જૈન દર્શન પરિભાષા કોશ

સંપાદક :
શ્રી તારાચંદભાઈ રવાણી

પરામર્શકો
ડૉ. ઈન્દ્રવદનભાઈ ઉપાધ્યાય
ડૉ. નરેશભાઈ વેદ

સંપર્ક
અજીત રવાણી
ravaniat@yahoo.com
(512) 335-4563
7500 Fireoak Drive
Austin, TX 78759,
USA

અર્પણ
જ્ઞાન અને ધર્મના પુરસ્કર્તા મારા
પૂજ્ય મોટાભાઈ
શ્રી જમુભાઈ રવાણીને.

– તારાચંદ રવાણી

હસ્ત પ્રતને ગ્રંથસ્થ નિહાળવાની સતત ખેવના સેવી, સરલ કાર્યશીલતા–ધગશના ધર્મી, કર્મી સ્વજન સ્વ. શ્રી અનંતભાઈ રવાણીને હાર્દિક સૌજન્યપૂર્ણ શ્રદ્ધાંજલિ.

–અજીત રવાણી

નિવૃત્તિની અણમોલ નિપજ

સતત પ્રવૃત્ત જીવનને અંતે પૂર્ણતયા નિવૃત્તિ લેવાનું આવે તે ઘણાને વસમુ થઈ પડે છે. તેને કારણે કેટલાંક માણસો તો ડિપ્રેશનમાં આવી જાય છે તો વળી કેટલાંકનો સ્વભાવ ચીડીયો થઈ જાય છે. તો બીજી બાજુ થોડાક એવા લોકો પણ જોવા મળે છે કે જેઓ યુવાનીના દિવસોની પ્રવૃત્તિ કરતાં પણ નિવૃત્તિનો ઉત્તમ ઉપયોગ કરી લે છે. આવા અપવાદ જેવા જે થોડાક માણસો જોવા મળે છે તેમાંના એક છે શ્રી તારાચંદભાઈ રવાણી. તેમનો પ્રવૃત્તિકાળ તો ઉજવળ હતો જ પણ તેમનો નિવૃત્તિકાળ તો તેનાથીય ઉજમાળો બની ગયો.

શ્રી તારાચંદભાઈ એક સફળ પ્રકાશક હતા. તેમણે તેમની કારકિર્દી દરમિયાન લગભગ ૧૫૦૦ થી ૧૮૦૦ જેટલાં સુંદર અને સરસ પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. વ્યવસાયમાં તેમનું નામ આગલી હરોળમાં હતું. પરંતુ તેમનું સમગ્ર કુટુંબ અમેરિકા સ્થાયી થતાં તેમને પણ અમેરિકા જવાનું થયું. તેથી તેમનો વ્યવસાય સમેટીલઈને તેમણે વિદેશની વાટ પકડી. સ્વભાવે તેઓ અભ્યાસી અને ધર્મ પ્રત્યેની અભિરૂચી પહેલેથી જ તેથી અમેરિકા ગયાપછી તેમણે વિત્ત ઉપાર્જનથી મુક્ત રહીને ધર્મ સાધી તેમણે અહીં-તહીંથી જૈન ધર્મનાં પુસ્તકો મંગાવીને તેનું પરિશીલન કરવા માંડ્યું. દરમિયાન તેમના વાંચવામાં આગમ ગ્રંથો પણ આવતા.

આ વાચન દરમિયાન તેમને લાગ્યું કે જૈન ધર્મના પારિભાષિક શબ્દોનો અર્થ સમજ્યા વિના ધર્મના હાર્દને સ્પર્શી શકાય તેમ નથી. વળી તેમણે તે પણ જોયું કે અજૈનો તો શું પણ ધાર્મિક ગણાતા ઘણા જૈનો પણ ધર્મના પારિભાષિક શબ્દોના અર્થ સમજ્યા વિના કેવળ ક્રિયાઓમાં અને વિધિવિધાનોમાં વ્યસ્ત રહે છે. તેથી તેનું જે ફળ મળવું જોઈએ તેનાથી તેઓ વંચિતરહી જાય છે.આ વાત લક્ષમાં આવતા તેમણે અનાયાસે સહજ ભાવે જૈન ધર્મના પારિભાષિક શબ્દોની નોંધ કરવા માંડી અને તે સામે તેના અર્થ લખવા લાગ્યા. તે વખતે તેમના મનમાં આવો કોઈ શબ્દકોશ તૈયાર કરવાનો વિચાર સ્પષ્ટ નહિ પણ અજાણતાં એ દિશામાં તેમના પગરણ થયાં. ધીમે ધીમે તેમની નોંધના કાગળો વધતા જ ગયા. આમને આમ લગભગ વીસેક વર્ષ નીકળી ગયા અને નોંધપત્રોને ઢગલો થઈ ગયો. દરમિયાન કાળ તો કાળનું કામ કરતો રહ્યો અને શ્રી તારાચંદભાઈ આ લોક છોડીને પરલોક ગમન કરી ગયા.

શ્રી તારાચંદભાઈના મૃત્યુ પછી એક વખત તેમના પુત્ર શ્રી અજીતભાઈ રવાણી અને તેમના ભત્રીજા શ્રી અનંતભાઈ રવાણીને વિચાર આવ્યો કે આ શબ્દ-અર્થ ભંડોળ ઘણું કિંમતી છે. સ્વાન્તઃ સુખાય થયેલા શ્રી તારાચંદભાઈના આ ભગીરથ કાર્યને બહુજન હિતાય ગ્રંથસ્થ કરીએ તો જૈન શાસનની અમૂલ્ય સેવા થશે. આ શબ્દ ભંડોળના કાગળો છૂટા-છવાયા આમ તેમ પડેલા અમેરિકામાં અને તેને ગ્રંથસ્થ કરવા માટેની સુવિધા ભારતમાં. આ સંજોગોમાં શ્રી અનંતભાઈએ આ કાર્યની બધી જ જવાબદારી પોતાને શિરે લઈ ગુજરાતના વિદ્વાનોનો સંપર્ક સાધ્યો અને પોતાના સંબંધોને આગળ કરીને આ ભગીરથ કાર્ય શરૂ કરાવ્યું. પરિણામે લગભગ અઢાર વર્ષની જહેમત પછી આ કોશ તૈયાર થયો અને ''જૈનદર્શન પરિભાષા કોશ'' તરીકે તેનું ડિઝિટલ પ્રકાશન થયું.

આ પરિભાષા કોશ ૧૧૫૦ જેટલાં પેજમાં પથરાયેલ છે. દરેક પેજ ઉપર ડબલ કોલમમાં પારિભાષિક શબ્દો અને તેના સરળ અર્થો આપવામાં આવ્યા છે. ઘણી જગ્યાએ તો શબ્દોની વિસ્તૃત સમજ પણ આપવામાં આવી છે. જૈન ધર્મની પાસે અત્યારે આ પ્રકારનો વિસ્તૃત પારિભાષિક શબ્દકોશ ગુજરાતીમાં નથી ત્યારે આ શબ્દકોશ ધર્મના સર્વ જિજ્ઞાસુ અને અભ્યાસી માણસોને અત્યંત ઉપયોગ થઈ પડશે એ વાત નિઃશંક છે.

શ્રી તારાચંદભાઈએ જાણતાં-અજાણતાં આ ભગીરથ કાર્ય કર્યું છે અને તેમ કરીને તેમણે ધર્મની ઘણી સેવા કરી છે. તેમના પુત્ર શ્રી અજિતભાઈ રવાણીએ આ શબ્દકોશનું પ્રકાશન કરીને પિતાના કાર્યને દીપાવ્યું છે શાસનની સારી સેવા કરી છે. શ્રી અનંતભાઈ ના સાથ સહયોગ અને પહેલ વિના આ કાર્ય કદાચ ન થઈ શક્યું હોત.

આવા ધર્મકોશને આવકારતાં મને અત્યંત આનંદ થાય છે. જેને ધર્મના કોઈપણ અભ્યાસીને આ કોશ ઘણો સહાયક થઈ પડશે તેની મને ખાત્રી છે.

– ચંદ્રહાસ ત્રિવેદી

ગ્રંથની ગરિમા

જીવમાત્રનો ધર્મ એ કર્મ છે. તો કર્મની નિષ્ઠાની ફલશ્રુતિ ધર્મ, અર્થ, કામ, મોક્ષ – જેવા પુરૂષાર્થ યા ભક્તિ, જ્ઞાન પ્રાપ્તિ છે. જીવ માત્રની જીવનયાત્રાને સાર્થક માર્ગ દર્શન પ્રત્યેક ધર્મના ધર્મગુરૂઓ, અભ્યાસીઓ, મુમુક્ષો કે સાધકો દ્વારા વિવિધ ગ્રંથોમાં ઉપલબ્ધ છે જ. તેવી જ રીતે પ્રત્યેક ધર્મના ગ્રંથોની ભાષા વિશેષ પણ જોવા મળે છે. ભાષા વિશેષને કારણે જે તે ધર્મગ્રંથોના અભ્યાસલક્ષી શબ્દભંડોળ (Vocabulary) પણ વિકસતું ગયું છે. પરિણામે ધર્મ વિશેષની વિચારણા પરિપાટી પણ તે શબ્દભંડોળ વિશેષના ઉપયોગથી જ વિકસતી રહી છે. આમ કોઈપણ ધર્મ વિશેષના ગ્રંથોના અભ્યાસાર્થે તેના શબ્દ ભંડોળ વિશેષનો અભ્યાસ અનિવાર્ય જણાયો, ગણાયો છે. વળી એક જ ધર્મની શાખા – પ્રશાખા વિકસતાં જતા તે પ્રમાણે નિશ્ચિત શાખાવાર શબ્દભંડોળ પણ વિકસતું રહ્યું છે યા સર્જાતું રહ્યું છે. જેના પરિણામે શબ્દાર્થ, શબ્દાર્થ ગ્રહણ અને ગ્રંથ–અર્થગ્રહણની વિવિધતાઓ વિકસતી જાય છે. વાસ્તવિકતા એ છે કે ધર્મ, કર્મ, ભક્તિ જ્ઞાનની અનુભુતિ વિશેષે રજુઆત વિશેષ અને ભાષા સંરચના બદલાતી રહેતાં શબ્દાર્થ, અર્થગ્રહણ પણ સામાન્ય પાઠકો માટે સુલભ કરતાં દુર્ગમ, દુર્લભ બન્યું છે.

આ દુર્ગમ ગ્રંથાર્થ ગ્રહણને સુલભ–સરળ બનાવવાનો યથાર્થ પરિશ્રમ – જે સ્વ. અભ્યાસી, મુમક્ષ, સંપાદક–લેખકની નિષ્ઠાનો પરિપાકરૂપે ગ્રંથના માર્ગદર્શનમાં તેની ગરિમા સર્જાતી રહી છે. જે કાર્ય આ બહુશ્રુતી પરિશ્રમી સિવાય શક્ય ન બન્યું હોત, એમ નિઃશંક કહી શકાય. વળી તેમના સ્વજનોએ તેમની મૂક ધર્મસેવાને મૂર્તિમાન કરી, ગ્રંથનું ગૌરવ પણ વધાર્યું છે.

આ ધર્મશાખા, પ્રશાખા વિશેષનું શબ્દભંડોળ અને પરિભાષાને સમજાવવાનો સંપાદનનો નિષ્ઠાભર્યો પ્રયત્ન ધર્મના અભ્યાસી, મુમુક્ષુ, અધિકારીઓ એવા પાઠકો તેને સાચા અર્થમાં મૂલવી શકશે, એવી શ્રદ્ધા સાથે ગ્રંથને બહુમૂલ્ય બનાવવાલક્ષી જરૂરી સૂચનો પણ આવકારું છું.

ગ્રંથસ્થકાર્ય નિમિત્તક
ડૉ. ઈન્દ્રવદન ઉપાધ્યાય

પ્રાંશુલભ્ય ફળ

ભાષા શબ્દોથી રચાય છે અને ભાષાનો વિકાસ થતાં તેના શબ્દભંડોળમાં પણ વધારો થતો જાય છે. કોઈપણ ભાષા કેટલી સમૃદ્ધ છે એ વાતની જાણ એના શબ્દભંડોળથી થાય છે. શબ્દનું નિર્માણ સંજ્ઞારૂપે થાય છે. વ્યકિત, વિચાર, વસ્તુ, બાબત, ઘટના, ક્રિયા વગેરેને ઓળખાવવા માટે, એને એના જેવી જ, એને મળતી કે ભળતી બાબતોથી અલગ પાડવા માટે ખાસ સંજ્ઞા યોજાય છે. આ સંજ્ઞાઓ શબ્દરૂપે ઘડાય છે, એના વડે ચોકકસ અર્થનું ધ્વનન થાય છે અને કાળક્રમ એ સંજ્ઞાઓનો વિકાસ સંપ્રત્યય (concept) રૂપે થાય છે. એકસરખો અર્થ પ્રગટ કરતા જણાતા શબ્દો કે એકની નજીકનો અર્થ ધરાવતા શબ્દોની અર્થછાયાઓ (Shade of meanings) જુદીજુદી હોય છે. જેમ કે ઈશ્વર વિશે, સ્ત્રી વિશે, સૂર્ય કે ચંદ્ર વિશે આપણી ભાષાઓમાં અનેક શબ્દો છે. પરંતુ એ બધી શબ્દસંજ્ઞાઓ એક સમાન અર્થની વાહક નથી હોતી, એ જુદી જુદી અર્થછાયાઓ ધરાવતી હોય છે. માટે જ અલગ શબ્દસંજ્ઞા નિર્મિત થયેલી હોય છે.

આથી, પ્રત્યેક ભાષા પાસે પોતાના શબ્દરાશિની વ્યાકરણગત અને અર્થગત વિશેષતા પ્રગટ કરી આપતા શબ્દકોશો હોય છે. વળી, શબ્દોના સમાનાર્થી કે વિરુદ્ધાર્થી શબ્દો ધરાવતા કોશ પણ રચાતા હોય છે. તેમ, ભાષામાં યોજાતાં રૂઢિપ્રયોગો અને કહેવતોના કોશો પણ તૈયાર થતા હોય છે. એજ રીતે, જ્ઞાનના જુદાજુદા વિષયોને પોતપોતાની ખાસ શબ્દસંજ્ઞાઓ હોય છે. જે તે વિષયની શાસ્ત્રીય અને તાર્કિક વિચારણામાં અને એ જાતનાં લખાણોમાં આવી શબ્દસંજ્ઞાઓનો ખાસ ઉપયોગ થતો હોય છે. આવી શબ્દસંજ્ઞાઓને પારિભાષિક સંજ્ઞાઓ (Terminology) કહે છે, આવી સંજ્ઞાઓ જે તે વિષયના મૂળભૂત ખ્યાલો કે સંપ્રત્યયોને સુરેખતાથી સ્પષ્ટ કરી આપતી હોય છે. વકતવ્યમાં કે લખાણમાં આવી સંજ્ઞાઓ યોજવાથી એ ખાસ અર્થવિચાર અભિવ્યકત થઈ જાય છે; એની ઝાઝા શબ્દો અને વાકયો યોજીને લંબાણથી સમજૂતી આપવી પડતી નથી.

ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને દર્શનશાસ્ત્ર જેવાં મૂળભૂત વિજ્ઞાનો, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરે જેવાં પ્રાકૃતિક વિજ્ઞાનો, તબીબીશાસ્ત્ર, ઈજનેરીશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, વહીવટીશાસ્ત્ર, પ્રબંધનશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, ઈલેકટ્રીક, ઈલેકટ્રોનિક, કમ્પ્યુટર જેવાં પ્રયોજય વિજ્ઞાનો, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર, ઈતિહાસવિદ્યા, ભૂગોળવિદ્યા જેવાં સામાજિક વિજ્ઞાનો, સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સંગીત, સાહિત્ય જેવી કલાઓ અને સૌંદર્યશાસ્ત્ર જેવી માનવવિદ્યાઓ–એમ જ્ઞાનનાં તમામ ક્ષેત્રના જુદા જુદા વિષયોને પોતપોતાની પારિભાષિક સંજ્ઞાઓ હોય છે.

એજ રીતે આપણા દેશમાં જન્મેલા હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ અને શીખધર્મને, સગુણ કે નિર્ગુણ ઉપાસના કરતાં વૈષ્ણવ, શાકત, શૈવ, ગાણપત્ય જેવા સંપ્રદાયોને અને સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વૈદિક દર્શનને પોતપોતાની આગવી પરિભાષા છે. જ્ઞાનપિપાસુ અને જિજ્ઞાસુએ આવી પારિભાષિક સંજ્ઞાઓ અને પદાવલિઓથી માહિતગાર બનવું પડે છે. જો તેઓ એનાથી વાકેફ હોય તો જ આવા ગૂઢ અને ગહન વિષયોની વિચારણા સમજાય છે.

આપણા મોટા ભાગના ધર્મસંપ્રદાયો પાસે પોતાના આચારવિચારના મતને પ્રતિપાદિત કરવા એકાદ પ્રતિનિધિ ધર્મગ્રંથ છે, પરંતુ જૈનો પાસે પોતાના મતવિચાર પ્રતિપાદિત કરતો કોઈ એક પ્રતિનિધિ ગ્રંથ નથી. પરંતુ અન્ય ભારતીય દર્શનોની જેમ જૈન તત્ત્વદર્શન પણ અનેક અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુમુનિઓ દ્વારા ખેડાણ પામતું રહ્યું છે. તેથી એમાં મનુષ્યનાં કર્મ અને ધર્મ અંગે, જીવનના ઉદ્દેશ અને એ પાર પાડવાના સાધનામાર્ગની ગંભીર વિચારણા થયેલી છે. એ વિચારણાને તર્કબદ્ધ રીતે અને વ્યવસ્થિતરૂપે રજૂ કરવા માટે તેમાં ખાસ પારિભાષિક સંજ્ઞાઓ અને પદાવલિઓ યોજાતી રહે છે. જેમ કે, અરહંત, અણુવ્રત, અનેકાંત દૃષ્ટિ, અતિચાર, આયંબિલ, આલોચના, કષાય, કેવળી, આસ્રવ, બંધ, કર્મવર્ગણા, નય, સંવર, નિર્જરા, પ્રતિક્રમણ, પ્રભાવના, લેશ્યા, સંલેખના, શલ્ય, સમુદ્‌ઘાત વગેરે. વળી, જૈન ધર્મના તીર્થંકરોમાંથી ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ પોતાના ઉપદેશ એ વખતને લોકભાષા પ્રાકૃતમાં કર્યો હોવાથી, એમાં પ્રાકૃત ભાષામાં પણ આવી સંજ્ઞાઓ યોજાઈ છે. જેમ કે, આલોયણ, ઉણોદરી, કાઉસગ્ગ, ગોચરી, ઉવસગ્ગ, નિયાણુ, સંઘયણ, સમવાસરણ, પજુષણ, લંછણ, વૈયાવચ્ચ, પચ્ચક્ખાણ, ચોથું વ્રત વગેરે.

સાંપ્રત સમયમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાઓમાંથી વિકસેલી અર્વાચીન ભારતીય ભાષાઓ પૈકીની એક ભાષા ગુજરાતી છે. ગુજરાતી ભાષામાં કેટલીક સંજ્ઞાઓ મૂળ સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં હતી તેવીને તેવી જ રહી છે, જયારે કેટલીક સંજ્ઞાઓનું રૂપાંતર થયું છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓ હાલ ચલણમાં રહી નથી. તેથી આજકાલની પેઢીના લોકોને એ ભાષાઓની પુરાણી સંજ્ઞાઓ અને પુરાણા સંપ્રત્યયો સમજવા કઠિન બને છે. આ સંજોગોમાં આવી સંજ્ઞાઓના અર્થો અને ખ્યાલો સમજાવતા કોશની જરૂરિયાત ઊભી થાય છે. આ જાતના કોશ તૈયાર કરી પ્રગટ કરવા એ ઘણું મુશ્કેલ અને અઘરું કામ છે. જો આવો કોશ રચવો હોય તો એ વિષયની સઘળી સંજ્ઞાઓ અને સઘળા સંપ્રત્યયોના અર્થો અને ખ્યાલોની પૂરેપૂરી સમજ અને એને શાસ્ત્રીય ઢબે પ્રગટ કરવા માટેનું ભાષાશૈલીનું સામર્થ્ય જોઈએ. ઉપરાંત સંયમ અને શિસ્ત જોઈએ. તેથી આવા શ્રમસાધ્ય અને કઠિન કામો ઓછાં થતાં હોય છે. ગુજરાતી ભાષામાં જ્ઞાનના જુદા જુદા વિષયોના આવા કોશોની તીવ્ર અછત છે.

ગુજરાતી પ્રજા વેપારીમાનસવાળી આળસુ પ્રજા છે એવું મહેણું ભાંગે એવો જૈનદર્શન પરિભાષા કોશ આપણને શ્રી તારાચંદભાઈ રવાણી દ્વારા મળે છે એ ઘટના પ્રસન્નતા અને પરિતોષ આપનારી છે. શ્રી તારાચંદભાઈ વ્યવસાયે અધ્યાપક કે લેખક ન હતા; પરંતુ પુસ્તક પ્રકાશક અને વિતરક હતા. કોશના રચનાનિર્માણની કોઈ તાલીમ એમણે લીધી નહતી કે નહતો આ જાતના લખાણને એમને મહાવરો. છતાં આ વિષયમાં રસપૂર્વક કેવળ નિજાનંદ ખાતર લાંબા સમય સુધી આ કોશનિર્માણનું કાર્ય કરતા રહ્યા. અનેક વિદ્વાનોનાં હાથ, હૈયાં અને મસ્તકના સાથ–સંગાથ વડે કોઈ મોટી સંસ્થા જ કરી શકે એવું કામ તેઓએ એકલ પંડે કર્યું છે એ વાત ઓછી મહત્ત્વની નથી.

ભલે એમની પાસે કોશવિદ્યાની જાણકારી નહીં હતી, ભલે એમની પક્ષે કોઈ કોશકાર જેવી તાલીમ, શિસ્ત અને પદ્ધતિ નહીં હોય; પરંતુ એમની પાસે નિષ્ઠા, નિસબત અને લગનીની મોટી મૂડી હતી. તેથી થાકયા, હાર્યા અને ડર્યા વિના વર્ષો સુધી તેઓ પોતાની સૂઝબૂઝ મુજબ આ કામમાં ખૂંપી રહ્યા હશે. જેને પરિણામે સહસ્ર શબ્દસંજ્ઞાઓનો આ કોશ તૈયાર થઈ શકયો છે. કોઈ વ્યકિત સંકલ્પબદ્ધ થઈ, એક લક્ષ્ય રાખી, જોમ-જુસ્સા અને મીશનરી સ્પીરીટ સાથે દત્તચિત્ત થઈને કાર્ય કરે તો કેવું પરિણામ આવે તેનું સુંદર ઉદાહરણ આ કોશ છે.

આ કોશમાં એમણે જૈન ધર્મ અને તત્ત્વદર્શનમાં યોજાયેલી અને યોજાતી રહેતી ખાસ અન્વર્યક સંજ્ઞાઓના અર્થો અને ખ્યાલોને સ્પષ્ટ કરીને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અલબત્ત, એમાં કેટલીક એવી શબ્દસંજ્ઞાઓ પણ છે જેને ચુસ્ત અર્થમા પારિભાષિક ગણવાનું મન ન થાય, પરંતુ મોટાભાગની શબ્દસંજ્ઞાઓ તો પારિભાષિક છે. કોશની કેટલીક ધ્યાનકર્ષક વિશેષતાઓ પૈકી પહેલી વિશેષતા એ છે કે એમાં જૈન ધર્મ અને તત્ત્વદર્શનમાં વપરાતી નાની-મોટી અનેક શબ્દસંજ્ઞાઓ સમજાવવામાં આવી છે. જે શબ્દસંજ્ઞા લોકપ્રચલિત હોય અને લોકવ્યવહારમાં રૂઢ થયેલી હોય તેમના માત્ર અર્થો આપવામાં આવ્યા છે. પરંતુ જે શબ્દસંજ્ઞાઓ કોઈ વિચાર, ખ્યાલ, કે સિદ્ધાંતને પ્રગટ કરનારી હોય તેમના કેવળ અર્થો આપી છૂટી જવાને બદલે, તેમની વિસ્તારથી સમજૂતી આપવામાં આવી છે. જૈન ધર્મ અને તત્ત્વદર્શન કોઈપણ ખ્યાલ કે સિદ્ધાંતમાં ઊંડાણમાં જવા માટે વર્ગીકરણ અને વિશ્લેષણમાં રાચતું દર્શન છે. એટલે જીવ તો કેટલા પ્રકારના, કર્મ તો કેટલા પ્રકારના, મોહ તો કેટલા પ્રકારના, તત્ત્વો તો કેટલા પ્રકારના-એમ સૂક્ષ્મતિસૂક્ષ્મ વિચારવાળું દર્શન છે. આ જાતના કૈશીકી પૃથકકરણને કારણે અનેક અવનવી સંજ્ઞાઓ એમાં પ્રયોજાયેલી છે. આ કોશમાં એવી બધી સંજ્ઞાઓની વિગતસમેત વિસ્તારથી સમજૂતી આપવામાં આવી છે. વળી, આ સમજૂતી આજનો શિક્ષિત મનુષ્ય સહેલાઈથી સમજી શકે તેવી સરળ, સુગમ, અને સુબોધ ભાષામા રજૂ કરવામાં આવી છે. આ પુસ્તકલેખન નથી, પણ કોશ છે એટલે એમાં શબ્દલાઘવથી લેખન થવું જોઈએ, એ વાતની જાણકારીને લઈને અહીં જે લખાણ થયું છે તે લાઘવ અને ચુસ્તતાથી થયું છે. જૈન ધર્મ અને તત્ત્વદર્શનનું હાર્દ પામવા ઈચ્છતા જિજ્ઞાસુ અને પિયાસુને, વર્ષોની અવિકલાની સાધના અને ભગીરથ પુરુષાર્થ વડે તૈયાર થયેલો આ કોશ ખૂબ ઉપયોગી પુરવાર થશે. શ્રી તારાચંદભાઈના સત,વ્રત અને તપના પરિપાકરૂપ આ ગ્રંથ આ વિષયના, આ જાતના ગ્રંથની ઊણપ પૂરી કરશે.

શ્રી તારાચંદભાઈ રવાણીએ તો આ કાર્ય પોતાના વ્યવસાયધર્મ અને સમાજધર્મ બજાવતા સમયાન્તરે ટૂકડે ટૂકડે કર્યું હશે અને વર્ષોથી એ અસ્તવ્યસ્ત સ્વરૂપમાં પડી રહ્યું હશે. પરંતુ એમના પુત્ર શ્રી અજિતભાઈ અને ભત્રીજા શ્રી અનંતભાઈએ એમની જીવનભરની સાધનાના આ ફળને પ્રિન્ટમીડીયા અને ઈલેકટ્રોનિક મીડીયા દ્વારા પ્રકાશિત કરી, સર્વજન સુલભ બનાવવાનો મનસૂબો કર્યો એમાં ઈશ્વરકૃપા થયેલી દેખાય છે. આજકાલ પોતાના પિતા અને કાકાને કોણ યાદ કરે છે કે તેમણે રચેલા ગ્રંથને પ્રગટ કરવાનો ઉદ્યમ અને સાહસ કોણ કરે? વળી, એ બંને વસે દૂર દેશાવરમાં. લખાણની સામગ્રી ભારતમાં અને તેઓ બંને વસી રહ્યા છે અમેરિકામાં, એ સંજોગોમાં આ કોશના સંશોધન-સંપાદનનું કાર્ય કેવી રીતે પાર પાડયું એ સમસ્યા એ બેઉને સતાવતી હશે. એ સમસ્યાનો ઉકેલ કરવા ભાઈશ્રી અનંતભાઈ રવાણીએ પોતાના વિદ્યાનગર નિવાસ દરમ્યાનના મિત્રોમાંથી શિસ્ત, સંયમ, ચીવટ અને ચોકકસાઈના આગ્રહી તથા સાચા વિદ્યાવાસંગી અને આરૂઢ વિદ્વાન ડૉ.ઉપાધ્યાયજીનો સંપર્ક કરી આ કોશના સંશોધન-સંપાદનની કઠિન કામગીરી એમને સોંપી. ડૉ.ઉપાધ્યાયએ પૂરી નિષ્ઠા અને કાળજીપુર્વક સંભાળી અને પાર પાડી. એમાં એમને સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ.નિરજંનભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો. પરિણામે આ ગ્રંથ એનું શાસ્ત્રીય સ્વરૂપ જાળવીને તૈયાર થઈ શકયો છે. જયાં દાનત છે ત્યાં દૈવત છે, જયાં દૈવત છે ત્યાં દાવત છે. દાનત, દૈવત અને દાવતનો યોગ રચાતા, આ પ્રાશુંલભ્ય ફળ પ્રાપ્ત થયું છે. શ્રી તારાચંદભાઈના યજ્ઞકાર્ય અને તપશ્ચર્યાનું એમના ફરજંદો દ્વારા થતું આ યથાયોગ્ય તર્પણ છે. આ શ્રીમત્ અને ઊર્જિતકાર્યમાં જોડાનાર સૌને સાધુવાદ ઘટે છે.

હું જન્મે, કર્મે અને માન્યતાએ જૈન નથી. છતાં જૈન ધર્મતત્ત્વ દર્શનના આ કોશનો ઉપોદ્‌ઘાત લખવાનું મને નિમંત્રણ આપવા માટે હું શ્રી અજિતભાઈ અને શ્રી અનંતભાઈ રવાણીનો આતઃકરણપૂર્વક આભાર માનું છું. મારા તરફના સ્નેહાદરને વશ થઈને આ કામ માટે મારી અપત્તિતાની વિનંતીઓનો તેમણે અસ્વીકાર કર્યો એ માટે હું એમનો ઋણી છું., આ કાર્યમાં મારી પાત્રતા કરતાં એમનું સૌજન્ય વિશેષ છે. હું વિનીતભાવે આ ગ્રંથના પ્રણયનમાં નિમિત્તરૂપ બનેલા સૌ કોઈને વંદન કરું છું. આ ઉપોદ્‌ઘાત લખવા માટે, આ ગ્રંથમાંથી પસાર થતાં હું જે કાંઈ પામ્યો છું તેને સદ્‌ભાગી લબ્ધિ સમજું છું.

ડૉ.નરેશ વેદ
પૂર્વકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી,
અને ભાવનગર યુનિવર્સિટી,
કદંબ બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.

સંપાદકનો પરિચય

શ્રી તારાચંદભાઈ માણેકચંદભાઈ રવાણીનો જન્મ ૧૯૧૫ માં મોટા આંકડીયામાં (જિ. અમરેલી, ગુજરાત) થયેલ અને દેહવિલય ૨૦૦૩માં સુઅલમાં (ન્યુ જર્સી, યુ.એસ.એ.) થયેલ. તેઓનું જીવન ખુબ સાદગી ભર્યું અને આદર્શવાદી હતું. અમરેલી બોર્ડિંગમાં રહી છ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો.

૧૯૪૦ થી ૧૯૮૨ સુધી પુસ્તક પ્રકાશક અને વિક્રેતા તરીકે કામ કર્યું હતું. ૧૯૫૩માં અમદાવાદમાં રવાણી પ્રકાશન ગૃહની સ્થાપના કરી. ૧૯૮૨માં અમેરિકા આવ્યા પછી પુસ્તક વ્યવસાય બંધ કર્યો.

અમેરિકામાં નિવૃતિ સમયે તેમની ધર્મ પ્રત્યેની સહજ આંતરિક પ્રેરણાથી ૨૦ વર્ષ જેટલા સમયમાં જૈનદર્શન જ્ઞાન શબ્દકોશનું (જૈનદર્શન જ્ઞાનકોશનું) સંપાદન કર્યું. પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીના આધ્યાત્મ ગ્રંથો જેવાકે સમયસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તીકાય, અષ્ટપાહુડ વિ. ઉપરના વિવેચનોનો તથા અન્ય આધ્યાત્મિક ગ્રંથો તેમજ પારિભાષિક શબ્દકોષોનો અભ્યાસ કરેલો. કોઈપણ નવો કે અઘરો શબ્દ આવે તેનો અર્થ શબ્દશઃ ઉતારી લેતા.

પ્રકાશકનું નિવેદન

અમારા પૂજ્ય વડીલ શ્રી તારાચંદ્રભાઈ જૈન ધર્મના ચુસ્ત અનુયાયી હતા. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર્ય અને સમ્યક્ દર્શનના ખ્યાલોમાં એમને ઊંડી આસ્થા હતી. વ્યવસાય તેઓ પુસ્તકના પ્રકાશક અને વિતરક હતા એટલે ધંધાર્થી હતા. એ કારણે વ્યાવહારિક કમાણી તો કરતા હતા, પરંતુ પારમાર્થિક કમાણી તરફ પણ બેધ્યાન હતા નહીં, એટલે વ્યવસાયધર્મ અને સમાજધર્મ યથોચિતરૂપે બજાવવા સાથે આત્મધર્મ બજાવવા તરફ પણ ઉન્મુખ રહેતા હતા. ધંધામાંથી અને સમાજકાર્યમાંથી જે કાંઈ ફુરસદ મળે એનો ઉપયોગ જૈન ધર્મના ધર્મસૂત્ર અને આચારસૂત્રના ગ્રંથોના વાચનમાં કરતા. એમ કરતાં કરતાં જૈન ધર્મ તત્ત્વધર્મનની પારિભાષિક સંજ્ઞાઓ એન એમાંથી વિકસેલી વિભાવનાઓમાં એમનો રસ વધતો ગયો. તેથી પોતાની સમજ વિશદ કરવા તેમણે આવી સંજ્ઞાઓના અર્થો અને વિચારોને સ્પષ્ટ કરતું લખાણ કરવાનું શરૂ કર્યું હતું. એમનું વાચન વિશાળ હતું અને એમનો સ્વાધ્યાય નિત્યપ્રતિ વર્ધમાન હતો એટલે આ કાર્ય મુશ્કેલ અને શ્રમસાધ્ય હોવા છતાં વર્ષો સુધી એકધારી લગની સાથે તેઓ કરતા રહેલા.

આવું એમનું લેખનકાર્ય ટુકડે ટુકડે અને સમયાંન્તરે થયેલું હતું. વળી, એમની પાસે કોશવિદ્યાની જાણકારી કોઈ આમ આદમી જેટલી સામાન્ય હતી. એની કોઈ તાલીમ તેઓ લઈ શકયા ન હતા. છતાં એવી બધી મર્યાદાઓ વચ્ચેય, અને ગુણકાર્યા વગર, પોતાની યથાશકિતમતિ આ કામ તેઓ કરતા રહેલા. એમનું આ લખાણ વર્ષો સુધી અસ્તવ્યસ્ત હાલતમાં જેમનું તેમ પડી રહેલું. એમનો ભૌતિક વારસો તો અમે સ્વીકારેલો પરંતુ એમનો ધર્મસંસ્કારનો વારસો પણ સ્વીકારવો એ ભાવનાને લઈને અમે એમનાં લખાણો તપાસતા રહેતા હતા. એમાંથી અત્રને આ મૂલ્યવાન હસ્તપ્રત પ્રાપ્ત થતાં અમને ઘણું અચરજ અને ઘણો આનંદ થયો.

એમની વર્ષોની સાધના અને તપશ્ચર્યારૂપ આ ગ્રંથ પ્રિન્ટેડ અને ડિઝિટલ ફોર્મમાં પ્રકાશિત કરીએ તો સંતાન તરીકે કરવા જેવું કામ અમે કર્યું છે, એવો સંતોષ અમને મળશે, એવો ખ્યાલ અમોને આવ્યો. પરંતુ એ કેવી રીતે પાર પાડયું એ મોટી સમસ્યા હતી. અમે રહીએ અમેરિકામાં, સામગ્રી બધી ભારતમાં અને પણ અસ્તવ્યસ્ત રૂપમાં, કોને એનાં સંશોધન-સંપાદનનું કામ સોંપવું કોની પાસે એની ચકાસણી કરાવવી, એ છે એજ રૂપમાં, ક્રમમાં અને ભાતમાં પ્રગટ કરવું કે એમાં વૈજ્ઞાનિક દષ્ટિએ જરૂરી ફેરફારો અને શૃદ્ધિવૃદ્ધિ કરવા, એ કોની પાસે કરાવવા, એને પુસ્તકાકારે પ્રગટ કરવું કે ડીવીડીરૂપે ઉપલબ્ધ કરાવવું, એનું પ્રકાશન અને વિતરણ કયાં, કોની વડે કરાવવું- એમ જાતજાતના અમારી સામે સવાલો હતા.

પરંતુ અમારો ઈરાદો નેક હતો, નિર્ણય સફર હતો. એટલે માર્ગ મળતો ગયો અને કામ ચાલતું થયું અને પૂરું પણ થયું. એ લખાણ છે એજ રૂપમાં, ક્રમમાં અને ભાતમાં પ્રગટ કરવું, એમાં જરા પણ શુદ્ધિવૃદ્ધિ કે ફેરફારો હાલને તબકકે ન કરવા એમ નકકી કરીને અમે આગળ વધવાનું વિચાર્યું. આમ મુરબ્બી વડીલ શ્રી અનંતભાઈ રવાણીને પોતાની ઓળખાણો અને સંબંધોને કામે લગાડીને આ કામ માટે પ્રસિદ્ધ વિદ્વાન શ્રી જે.એમ.ઉપાધ્યાય અને ડૉ. નિરંજનભાઈ પટેલ શોધી આપ્યા. એમણે એમને સંમત કર્યા અને કામ સોંપી પૂરું કરાવ્યું. આ તબકકે હું મારા મુરબ્બી વડીલ શ્રી અનંતભાઈ રવાણીનો, ડૉ.ઈન્દ્રવદન ઉપાધ્યાયજીનો અને ડૉ.નિરંજનભાઈ પટેલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ જાતના પુસ્તકની પ્રસ્તાવના કોની પાસે લખાવવી એ હું જાણતો ન હતો. મારા માટે એ મૂંઝવણનો વિષય હતો. પરંતુ મુરબ્બી વડીલશ્રી અનંતભાઈએ એ માટે ડૉ.નરેશભાઈ વેદને, એમની અનિચ્છા છતાં એમને રીઝવીને પ્રસ્તાવના તૈયાર કરાવી આપી. ડૉ.નરેશભાઈ વેદ મૂળે તો ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. અનેક પત્રો અને સામયિકોમા એ વિષ્યની કોલમો લખવામાં અને અનેક જગ્યાએ એ વિષયના વ્યાખ્યાનો આપવામાં, તેમજ એ વિષયનાં પુસ્તકો લખવામાં અત્યંત વ્યસ્ત હોય છે. છતાં એ બધી વ્યવસ્તાઓ વચ્ચેય અમારા પ્રેમાગ્રહને વશ થઈને એમણે સુંદર અને દ્યોતક પ્રસ્તાવના લખી આપી એ માટે હું એમનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જૈન ધર્મ સાહિત્યના મર્મજ્ઞ અભ્યાસી આદરણીય શ્રી ચંદ્રહાસભાઈ ત્રિવેદી એ પ્રસ્તુત ગ્રંથલક્ષી આવકાર લખી આપ્યા તે બદલ તેમનો હદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

પ્રસ્તુત ગ્રંથસ્થ કાર્યની મૂંઝવણ ભરી પરિસ્થિતિમાં પ્રિન્ટેડ અને ડિઝિટલકાર્યની સાદ્યંત કાર્યશીલ રહેલા મોહંમદશબ્બીર શેખની સંકલ્પ બદ્ધતા, ગતિશીલતા કેમ ભૂલી શકાય? તેઓ પણ જૈન વિચારધારાની ઘણી બધી બાબતોથી પ્રભાવિત થયા હતા, જેથી તેમની સંકલ્પ સમજૂતાને ખનોવેશ મળતો જે ગ્રંથસ્થ કાય પૂરૂણતાના ઉચિત ભાગીદાર છે.ઉપરાંત, આ ગ્રંથના ટાઈપસેટીંગ, પ્રૂફ રીડીંગ, વેઈટીંગ, ડિઝાઈનીંગ અને પ્રોડકશનના કામમાં જે કોઈનો સાથ સહકાર મળ્યો છે એ સૌનો પણ આભાર માનું છું.

અર્થ લેખનમાં ઉપયોગ ચુકાયો હોય તો તે બદલ સર્વગદેવની, પરમ કૃપાળુદેવની અને આપ સૌ સુજનોની ખરા અંતઃકરણથી ક્ષમાપના લઉં છું. ચોક્સાઈનો આગ્રહ કરતાં અનેકગણી કાળજી રાખી છતાંય ક્યાંયે ક્ષતિ લાગે કે શિષ્ટ સાહિત્યનો શિસ્તભંગ લાગે, તો ક્ષંતવ્ય ગણવા નમ્ર વિનંતી તથા આપ સૌના નમ્ર સૂચનો આવકાર્ય છે.

અજીત રવાણી

અસમીપતા :ગેરહાજરી; દૂરની વસ્તુ, અસમીપ = દૂર

અકથ્ય : ન કહી શકાય એવો.(૨) કહી શકાય નહિ તેવું; અકથનીય; વચનથી વર્ણવી શકાય નહિ તેવું. અનિર્વચનીય, વર્ણનાતીત, ભોગવ્યે જ છૂટકો પડે તેવું.

અકૃત :સ્વયંભૂ (૨) અકૃત્રિમ.

અકૃતકૃત્ય :અકૃતાર્થ; અસફળ.

અકૃત્રિમ :સ્વભાવિક; સ્વયંભૂ; કુદરતી.

અકત્વ ભાવના :આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે, અંતઃકરણથી એમ ચિંતવવું તે અકત્વભાવના.

અકત્વ વિભક્ત :ભિન્ન એકાકાર, પરથી ભિન્ન, પોતાથી અભિન્ન.

અકત્વ-અન્યત્વ :ધર્મ, અધર્મ અને લોકાકાશનું એકત્વ તો કેવળ એક ક્ષેત્રાવગાહથી અપેક્ષાએ જ કહી શકાય છે; વસ્તુપણે તો તમને અન્યત્વ જ છે, કારણ કે (૧) તેમનાં લક્ષણો ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહ હેતુત્વરૂપ ભિન્ન ભિન્ન છે તથા (૨) તેમનાં પ્રદેશો પણ ભિન્ન ભિન્ન છે.

એકત્વગતપણે :એકપણું માનીને.

એકત્વપણે :એક રૂપ; અભિન્ન;

અકતા :એક લક્ષણપણું. (દ્રવ્યપ્રધાન નિશ્ચયનયી માત્ર એકાગ્રતા, એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.)

અકંપ :કંપિત થયા વિના; યથાર્થ; સત્ય હોય તેવી રીતે; સ્થિર; અડગ. (૨) દઢ ચિત્તવાળા.

અકંપ ગુણવાળા :મન, વચન, કાયાના યોગની સ્થિરતાવાળા.

અકબંક :નિર્દોષ (આ દ્રવ્ય, પૂર્વે કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું છે.)

અંકુર :ફણગો; કોંટો; મૂળ; બીજ.

અકર્તાપણું :જ્ઞાતાપણું (૨) પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ને ટચ. આટલું કર તો બસ. આનું નામ સાક્ષાત્ અકર્તાપણું; એને સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર કહો કે ધર્મ કહો- એ બધું આ છે. કે પરને પર અને સ્વને સ્વપણે જોવી, પરથી ખસી સ્વમાં વસવું, જ્ઞાન સ્વભાવમાં વસવું, ને તેમાં જ કરવું તે સાક્ષાત્ અકર્તાપણું છે. ધર્મી જીવને કમજોરીનો રાગ થતો હોય છે, પણ તે રાગનો જરાય કર્તા થતો નથી. અકર્તા-જ્ઞાતા જ રહે છે.

આક્રંદન :પશ્ચાત્તાપથી અશ્રુપાત કરીને રડવું તે આક્રંદન છે ?

અક્રમ :ક્રમનો અભાવ; એકરૂપ. (૨) એક સાથે રહેનારા, સહવર્તી. (૩) ક્રમ રહિતતા; એક સાથ; (૪) સહભાવી; એકી સાથે; ક્રમ રહિત. (૫)

અક્રમે :એકી સાથે. (૨) ક્રમ રહિત; આયુષ્ય પૂર્ણ થયા પહેલાં. (૩) ક્રમપૂર્વક નહિ પણ એકી સાથે; સમગ્રપણે; યુગપદ્પણે.

અક્રમે અર્પે :એકી સાથે જ્ઞાનમાં જણાવે.

અક્રમે અર્પે છે :એકી સાથે જ્ઞાનમાં જણાવે છે.

અકર્મભૂતિ :ભોગભૂમિ. અસિ, મસિ, કૃષિ આદિ ષટ્કર્મ રહિત ભોગભૂમિ; મોક્ષને અયોગ્ય ક્ષેત્ર.

આક્રાન્ત :વિષયોને ઈચ્છતા અને તેમને જ ભોગવતાં થકા વિનાશપર્યંત (મરણ પામતાં સુધી) કલેશ પામે છે.

અક્રિય :નિષ્ક્રિય

અકલંક :નિર્દોષ. (આ દ્રવ્ય, પૂર્વે કહેલા સર્વ પ્રકારે નિર્દોષ લક્ષણવાળું છે.)

અકલેશ :કલેશ રહિત; ક્રોધ-માન-માયા-લોભ રહિત.

અકલુષતા :મેલ વિનાનું; શુદ્ધ; પાપ વિનાનું; નિષ્પાપ; નિર્દોષ. (૨) ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે ચિત્તનો ક્ષોભ તે કલુષતા છે. તેમના જ (ક્રોધાદિના જ) મંદ ઉદયે ચિત્તની પ્રસન્નતા તે અકલુષતા છે. તે એકલુષતા, કદાચિત કષાયનો વિશિષ્ટ (ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં, અજ્ઞાનીને હોય છે; કષાયના ઉદયને અનુસરતી પરિણતિમાંથી ઉપયોગ અસમગ્રપણે પાછો વાળ્યો હોય ત્યારે (અર્થાત્ કષાયના ઉદયને અનુસરતા અપરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે), મધ્યમ ભૂમિકાઓમાં (મધ્યમ ગુણસ્થાનમાં), કદાચિત જ્ઞાનીને પણ હોય છે.

અકુલીન :દુરાચારી; નીચ.

અકળ :સહન; અગમ્ય; ગૂઢ; કળી ન શકાય તેવું.

અકળગતિ :ન સમજાય એવી સ્થિતિ (અકળ =સમમ; બુદ્ધિ;)

અક્ષ :આત્માનું નામ અક્ષ પણ છે. (ઈન્દ્રિયજ્ઞાન અક્ષ એટલે ઈન્દ્રિય દ્વારા જાણે છે; અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન, અક્ષ એટલે આત્મા દ્વારા જ જાણે છે.)

અક્ષ :(૧) જ્ઞાન. (૨) આત્મા. (૩) જ્ઞાન; આત્મા. ત્રણે કાળની પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાય છે, તે સયુકત છે કારણ કેઃ- (a) તેનો દ્રષ્ટની સાથે (જગતમાં જે જોવામાં આવે છે-અનુભવાય છે, તેની સાથે) અવિરોધ છે. (જગતમાં) દેખાય છે કે છદ્મસ્થને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિંતવતાં, તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ, વ્યતીત અને અનાર્ગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે છે. (b) વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત, અનામત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (આલેખ્ય આકારો) સાક્ષાત, એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે. (વળી સર્વ જ્ઞેયાકારોનું તાત્કાલિકપણું (વર્તમાનપણું, સાંપ્રતિકપણું), અવિરુદ્ધ છે. જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના આલેખ્યાકારો, વર્તમાન જ છે. તેમ અતીત અને અનામત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે. જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો, એકી સાથે જણાવા છતાં, દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ-પ્રદેશ, કાળ, આકાર વગેરે, વિશિષ્ટતાઓ-સ્પષ્ટ જણાય છે; સંકર-વ્યતિકર થતા નથી.

અક્ષેપક :વિક્ષેપ રહિત.

અક્ષપતિત :ઈન્દ્રિયગોચર

અક્ષુબ્ધ :સ્વસ્થ; ક્ષોભ-ખળભળાટ ન પામેલું.

અક્રમ :એકસાથે.

અક્રમે અર્પે :એકી સાથે જ્ઞાનમાં જણાવે.

અક્ષમવાય :એકલાપણું, ...

અક્ષય :સર્વજ્ઞ ભગવાન, પર્યાયપણે ક્ષય ન પામે એવી અક્ષય ચીજ છે, તો આત્મા સ્વરૂપથી અક્ષય છે. ક્ષય રહિત. (૨) અવિનાશી; (૩) સર્વજ્ઞ ભગવાન પર્યાયમાં ક્ષેય ન પામે એવી અક્ષય ચીજ છે, તો આત્મા પોતે સ્વરૂપથી અક્ષય છે. (૪) જેનો વિનાશ ન થાય તેવું. (૫) અવિનાશી. (૬) કદી નાશ ન થાય તેવી. (૭) અખંડ; અવિનાશી. (૮)

અક્રમ :એક સાથે.

અક્ષય અમેય :ક્ષય રહિત મર્યાદા વિનાની ચીજ છે.

અક્ષયસુખ :મોક્ષ; અચળ સુખ.

અક્ષર :અવિનાશી.

અકષાય :અરાગી; અકષાય વેદનીય=નોકષાયરૂપ નવ નોકષાય.

અકષાય :રાગરહિત (૨) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર વિકારો વિનાનું. (૩) નોકષાય યા અકષાયનું લક્ષણ = અહીં ઈષત્ અર્થાત્ કિંચિત અર્થમાં નો નો પ્રયોગ હોવાથી કિંચિત કષાયને અકષાય (યા નોકષાય) કહે છે. જેનામાં પોતાને પરને કે બન્નેને અડચણ કરવી, હરકત કરવી અને અસંયમના આચરણમાં નિમિત્તરૂપ ક્રોધાદિ કષાય નથી હોતા, તથા બાહ્ય અને અભ્યંતર મળથી રહિત છે એવા જીવોને અકષાય જાણવા જોઈએ. (૪) અનાકૂળ; આનંદરૂપ

અકષાય વેદનીય :હાસ્ય, રતિ, અરતિ, શોક, જુગુપ્સા, સ્ત્રી વેદ, પુરુષવેદ અને નપુંસકવેદ આ નવ ભેદ અકષાય વેદનીયના છે.

અકષાયભાવ :અરણીતત્ત્વ; અરાગ; અસંગ. (૨) અરાગીતત્ત્વ; પુણ્ય-પાપ રહિતભાવ; શુભાશુભ રહિતભાવ; અસંગતત્ત્વ.

અક્ષિપ્ર :ઢીલ; વિલંબ (૨) કોઈ પદાર્થને ધીરે ધીરે ઘણા વખતે જાણવો; ચિરગ્રહણ.

અક્ષોભ :ખળભળાટ વિનાનું; સ્થિર; માનસિક અસ્વસ્થતાનો અભાવ; માનસિક સ્વસ્થતા.

એકાગ્ર સંચેતન :એક વિષયનું અનુભવન. (એકાગ્ર = એક જેવો વિષય હોય એવું.)

એકાંતે :કેવળ; સર્વથા; અત્યંત. (યતિ, કેવળ જ્ઞાનાનંદમયી દશાને જ અત્યંત અનુભવો.) (૨) નિયમથી. (૩) કેવળ; સર્વથા; અત્યંત. (યતિ કેવળ જ્ઞાનનંદમયી દશાને જ અત્યંત અનુભવો.)

અકાંતે છે :સ્યાદ્વાદ પૂર્વક નથી.

એકાત્મકતા :એક સ્વરૂપતા. (કાળ દ્રવ્ય વિના પણ અનાદિ કાળથી અનંત કાળ સુધી સમયો એક પછી એક પરસ્પર અંતર પડયા વિના પ્રવર્તે છે તેથી એક પ્રવાહરૂપ બની જવાથી તેમાં એક સ્વરૂપપણું આવે છે - એમ શંકાકાર તરફથી તર્ક છે.)

અકામ :કામ વિનાનું; નિષ્કામ; કર્મક્ષય થતાં નાશ પામે તેવું; મોક્ષ.

અકામ નિર્જરા :તેમાં બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ-તૃષા સહન કરવી એ છે અને ત્યાં જો મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા થાય છે અને દેવાદિ પુણ્યનો બંધ થાય-તેને અકામ નિર્જરા કહે છે. જે અકામનિર્જરાથી જીવની ગતિ કંઈક ઊંચી થાય છે તે પ્રતિકૂળ સંયોગો વખતે જીવ મંદકષાય કરે છે તેથી થાય છે, પણ કર્મો જીવને ઊંચી ગતિમાં લઈ જતાં નથી. (૨) પરાધીનપણે (પોતાની ઈચ્છા વગર) ભોગ-ઉપભોગનો નિરોધ થતાં સંકલેશતા રહિત થવું અર્થાત્ કષાયની મંદતા કરવી તે. (૩) ધર્મી જીવ, જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવે પરિણમે છે. તેને દરરોજ દશ વાગે ભોજન લેવાનો ટાઈમ હોય, પણ પ્રસંગવશ કોઈ વાર મોડું થાય ને બપોરે બે ત્રણ વાગે ભોજન લેવાનું બને, તો ત્યાં તે આકુળવ્યાકુળ થતો નથી, પણ સમભાવથી સહન કરે છે. ત્યારે જે નિર્જરા થયા છે, તે અકામ નિર્જરા છે. અજ્ઞાનીને પણ અકામ નિર્જરા થતી હોય છે, પણ તે સમભાવપૂર્વક હોતી નથી. અહીં કહે છે-જ્ઞાની, તેને જે અકામનિર્જરા થાય છે, તેને જાણે છે, કરે છે એમ નહિ. (૪) સહન કરવાની અનિચ્છા છતાં રોગ, ક્ષુધાદિ સહન કરે છે. કર્મના તીવ્ર ઉદયમાં ન જોડાતાં જીવ પુરુષાર્થ વડે મંદ કષાયરૂપ પરિણમે તે. (૫) તેમાં બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ, તૃષા સહન કરવી એ છે. અને ત્યાં જો મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા થાય અને દેવાદિ પુણ્યનો બંધ થાય તેને અકામનિર્જરા કહે છે. (૬) કર્મક્ષમ થતાં નાશ પામે તેવી નિર્જરા. (૭) પરાધીનપણે (પોતાની ઈચ્છા વગર) ભોગ-ઉપભોગનો નિરોધ થતાં સંકલેશતા રહિત થવું અર્થાત્ કષાયની મંદતા કરવી તે. (૮) તેમાં બાહ્યનિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ-તૃષા સહન કરવી એ છે અને ત્યાં જે મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા થાય અને દેવાદિ પુણ્ય નો બંધ થાય- તેને અકામ-નિર્જરા કહે છે. (૯) પરાધીનપણે (પોતાની ઈચ્છા વગર) ભોગ-ઉપભોગનો નિરોધ થતાં સંકલેશતા રહિત થવું અર્થાત્ કષાયની મંદતા કરવી તે. (૧૦) પરાધીનપણે (પોતાની ઈચ્છા વગર) ભોગ-ઉપભોગનો નિરોધ થતાં સંકલેશતા રહિત થવું અર્થાત્ કષાયની મંદતા કરવી તે. (૧૧) નિર્જરાની ઈચ્છા વિના પરાધીનપણે સહન કરાતાં ભૂખ-તરસ, પરતંત્રપણે કરવામાં આવતો ભોગ ત્યાગ. (૧૨) કર્મના ઉદય પ્રમાણે જ જીવ વિકાર કરતો નથી પણ ગમે તેવા કર્મોદય હોવા છતાં જીવ સ્વયં પુરુષાર્થ કરી શકે છે.

અકારક :અકર્તા; કર્તા નહિ. જ્ઞાતા.

અકારણ :જેનું કોઈ કારણ ન હોય એવું; અહેતુક. (ચૈતન્ય સત્ અને અહેતુક હોવાને લીધે, પોતાથી જ સિદ્ધ છે.)

અકાર્ય :ન કરવા જેવું; અયોગ્ય કાર્ય; અકૃત્ય; દુષ્કર્મ; દુરાચરણ; ખોટું કામ.

અકાર્યકારણત્વ શક્તિ :આત્મામાં, એક અકાર્ય કારણત્વ નામની શક્તિ છે. આ શક્તિ કારણે આત્મા અનુય કાર્ય નથી, એટલે આત્મા, અનાકુળ આનંદનો નાથ પ્રભુ, કોઈથી ઉત્પન્ન નથી એવો સ્વતઃસિદ્ધ છે. વળી આ શક્તિના કારણે આત્મા કોઈનું કારણ નથી. એટલે પુણ્ય-પાપ આદિ ભાવોને, આત્માએ ઉત્પન્ન કર્યા છે એમ નથી. અહાહા ! પર્યાયમાં જે રાગ થાય, પુણ્ય-પાપના ભાવો થાય એનું આત્મા કારણ નથી, અને કાર્ય પણ નથી. જૈન તત્ત્વમીમાંસા માં આવે છે, કે ઉપાદાનની જે ઉપાદેય પર્યાય થાય છે, તે પૂર્વના કારણના ક્ષયથી થાય છે. ત્યાં એમ લીધું છે કે ઉપાદાનકારણ વર્તમાન. અને એનું કાર્ય તે પછીની ઉત્તર પર્યાય. આ પણ વ્યવહારથી વાત કરી છે. બાકી તો સમય-સમયનું ઉપાદાન સ્વયંસિદ્ધ પોતાથી છે. નિમિત્તના કારણે નહિ, પૂર્વના (પૂર્વ પર્યાયના) કારણે નહિ, અને પોતાના દ્રવ્ય-ગુણના કારણે પણ નહિ. અહો ! આવું સત્ સ્વયં નિજ સમૃદ્ધિથી ભરેલું છે. નિત્ય અનાકુળ સ્વભાવી એક આત્મા જ દુઃખનું અકારણ છે. અનાકુળસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, રાગનું આકુળતાનું કારણ કેમ થાય ? તે

રાગનું આકુળતાનું કાર્ય કેમ કરે ? અને પરને કારણ બનાવી, પોતાનાં કાર્ય કેમ કરે ? અહાહા .... અકાર્ય કારણત્વશક્તિ વડે તે પરનું કારણ પણ નથી, અને પરનું કાર્ય પણ નથી.

અકાર્ય-કારણત્વ શક્તિ :જે અન્યથી કરાતું નથી અને અન્યને કરતું નથી એવા એક દ્રવ્ય સ્વરૂપ અકાર્ય કારણત્વશક્તિ. (જે અન્યનું કાર્ય નથી અને અન્યનું કારણ નથી એવું જે એક દ્રવ્ય તે સ્વરૂપ અકાર્યકારણત્વ શક્તિ.)

અકારાંતર :અન્ય આકાર.

અકાલ :અસમય.

અકિંચન :સ્વેચ્છાએ સર્વત્યાગ; જેની પાસે કશું જ (દ્રવ્યાદિ) નથી તેવું. (૨) જેની પાસે કશું જ (દ્રવ્યાદિ) નથી તેવું; નિર્ધન; સાવ ગરીબ; આત્મા સિવાય મારું કંઈ નથી; અસંગ ભાવ. (૨) જેની પાસે કંઈ પણ પરિગ્રહ નથી એવો.

અકિંચન્ય-ધર્મ :જે મુનિ નિઃસંગ થઈ, સુખ-દુઃખદાયક નિજભાવને રોકી નિદ્રપણે વર્તે છે તેને આકિંચન્ય ધર્મ છે.

અકિંચિત્કર :એક બીજાને કાંઈ કરી શકે નહિ. (૨) કાંઈ કરતું નથી. (૩) કશું જ ન કરનારું; અસમર્થ; સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી-કાંઈ કરતો નથી. (૪) પોતાનું ધારેલું કાંઈ કરી શકતો નથી, પરમાં કોઈનું કાર્ય કંઈ કરી શકાતું નથી. (૫) કાંઈ પણ કરવા સમર્થ નથી. (૬) કાંઈ કરતો નથી. (૭) બીજાને કાંઈ કરી શકે નહિ તે. (૮) કંઈ કરતો નથી, સ્વભાવનો, કિંચિત્ ઘાત કરતો નથી.

અકિંચિત્કર છે :કંઈ કરતું નથી; સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી.

અખંડ :ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું અખંડ એકરૂપપણું. (૨) આત્માનું જ્ઞાનમાત્ર તત્ત્વ અખંડ છે અર્થાત્ અનેક જ્ઞેયાકારોથી અને પ્રતિપક્ષી કર્મોથી જો કે ખંડ ખંડ દેખાય છે તો પણ જ્ઞાનમાત્રમાં ખંડ નથી. જ્ઞાન અખંડપણે જ રહે છે. (૩) એકરૂપ. (૪) કોઈપણ વસ્તુના સંયોગમાં રહ્યા છતાં તેમાં પરાધીનતા આવતી નથી કે ભેદ પડતા નથી, ચૈતન્યનો કોઈ અંશ અચેતન પણે કે રાગદ્વેષપણે થઈ જતો નથી. (૫) ક્યારે પણ ખંડિત ન થાય; મંદ ન થાય; નાશ ન પામે એવું જ્ઞાન વર્તે તેને કેવળ જ્ઞાન કહીએ. (૬) ક્યારે પણ ખંડિત ન થાય; મંદ ન થાય; નાશ ન પામે એવું.

અખંડ જ્ઞાન :ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન.

અખંડ નીતિ :દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં, સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેતું, તેનું નામ નીતિ છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય, એવી દશા આવશે ત્યાગ વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનું વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્‌ભુત સામર્થ્ય, મહાત્મ્ય અને રહસ્ય સમજાય છે; અને સર્વે વૃત્તિઓ, નિજપણે વર્તવાનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

અખંડ દ્રવ્યદૃષ્ટિના જોરે :સ્વની અસ્તિના જોરે.

અખંડિત :નિરંતર શાશ્વત સ્થિતિવાળા. (૨) પરિપૂર્ણ; અતીન્દ્રયજ્ઞાન માત્ર.

અખંડિત અરિહંત :આત્મઐશ્વર્યયુક્ત, અખંડિત, નિરંતર, શાશ્વત સ્થિતિવાળા અરિહંત.

અખિલ :સમસ્ત (૨) સર્વ યત્નથી

અંગ :મસ્તક, પીઠ, હૃદય, બાહુ, ઉદર, ઢીંચણ, હાથ, પગ તેને અંગ કહે છે. (૨) બે પગ, બે હાથ, નિતંબ, પીઠ, પેટ અને મસ્તક આ આઠ અંગ છે. (૩) શરીર. (૪) વત્સ.

અંગ અને અંગી :આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર તે અંગ.

અંગ બાહ્ય :અંગ બાહ્ય શ્રુતમાં ચૌદ પ્રકીર્ણક હોય છે. આ બાર અંગ અને ચૌદ પૂર્વની રચના જે દિવસે તીર્થંકર ભગવાનનો દિવ્યધ્વનિ છૂટે છે ત્યારે ભાવશ્રુતરૂપ પર્યાયથી પરિણત ગણધર ભગવાન એક જ મુહૂર્તમાં ક્રમથી કરે છે. આ બધાં શાસ્ત્રો નિમિત્ત માત્ર છે; ભાવ શ્રુતજ્ઞાનમાં તેને અનુસરીને તારતમ્યતા હોય છે – એમ સમજવું.

અગણિત :બેહદ; અપરિચિત.

અગતિ :અવગતિ; નરકમાં પડવું તે.

અગદ :ઔષધ

અગધર :અ + ગ એટલે જેને ગતિ-ગમન નથી એવો મહાન પર્વત ને ધર એટલે ધરી રાખનાર. મતલબ ભગવાનને અગધર અર્થાત્ ગિરિધર ભલે કહો પણ તેનો અર્થ જેમને ચાર ગતિના જનમ-મરણના ફેરા નથી તે છે. પ્રગટ અનંતની વીર્ય વડે નિજ અનંતા સ્વરૂપની રચના વા અનંતા ગુણ પર્યાયોની ભગવાને ધારી રાખ્યા છે માટે તેમને ગિરિધર -અગધર કહેવામાં આવે છે.

અગ્નિ :અગ્નિના ત્રણ મુખ્ય ગુણો વર્ણવ્યા છે : પાચક, પ્રકાશક અને દાહક. અગ્નિ અનાજને પકવે, એ પાચક. અગ્નિ પોતાને અને પરને પ્રકાશે, તે પ્રકાશક અને લાકડાં આદિને બાળે, તે દાહક. તેમ ભગવાન આત્મામાં ત્રણ મુખ્ય ગુણો છે. પાચક - સમ્યગ્દર્શન પૂર્ણાનંદને પચાવે છે, તે પાચક. એક સમયની સમ્યગ્દર્શનની પર્યાય, પૂર્ણાનંદસ્વરૂપને પચાવે . પ્રકાશક : જ્ઞાન સ્વ અને પરને જાણવાનો પ્રકાશ કરે છે, તે પ્રકાશક; અને દાહક : વીતરાગી ચારિત્ર રાગાદિને બાળી મૂકે છે. તે દાહક. જ્યાં આત્મામાં સ્થિરતા થઈ ત્યાં રાગ રહેતો નથી, એ દાહક. આમ અગ્નિના દૃષ્ટાંત, આત્મામાં ત્રણ ગુણ કહ્યા. (૨) તેમાં ત્રણ ગુણ છે - (a) પાચક, (b) પ્રકાશક અને (c) દાહક. આ ત્રણ ભેદ પાડવા, તે વ્યવહાર છે. (૩) અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી, અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે.

અગ્નિ પરીક્ષા :કસોટી કરવી.

અગ્નિકાયિક :અગ્નિ જ જેનું શરીર હોય છે એવો જીવ.

અગ્નિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ :૩ દિવસ રાત

અગુપ્તવીર્ય :ભલે શ્રેણિક રાજાને વ્રત પચ્ચખા કહી શકાય, તેવું ન હતું પણ ચિત્ત ભગવાનમાં જ વર્તતું હતું, અને એ જ અગુપ્ત વીર્ય.

અગુપ્તવીર્યથી :પ્રગટ પુરુષાર્થથી.

અગુપ્તિ :અરક્ષણ.

અંગ-પ્રકીર્ણક :તીર્થંકર કેવળીનો દિવ્યધ્વનિ દ્વારા ઉપદેશ થાય છે તે અનુસાર ગણધરદેવ ગ્રંથરચના કરે છે તેને અંગ પ્રકીર્ણક કહે છે.

અંગપ્રવિષ્ટ :અંગપ્રવિષ્ટ બાર ભેદનાંનામ. નામ = ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અંગ, ૬. જ્ઞાતુધર્મ કથા અંગ, ૭. ઉપાસક અધ્યયન અંગ, ૮. અન્તકૃતદશાંગ, ૯. અનુત્તરૌપપાદિક અંગ, ૧૦. પ્રશ્ન વ્યાકરણ અંગ, ૧૧. વિપાક સૂત્રાંગ, ૧૨. દૃષ્ટિપ્રવાહ અંગ.

અંગભૂત :ભાગરૂપ; અંગરૂપ બનેલું; આત્મીય; સ્વકીય; પોતાનું; અંગત.

અગમ :અગમ્ય; કઠણ; આકરો; અગમ્ય એટલે જ્યાં કોઈ ન પહોંચી શકે તેવું; ઈન્દ્રિયાતીત.

અગમનિગમ :કુદરતના તત્ત્વોની ભેદી કે રહસ્યમય ચર્ચા વિચારણા જેમાં છે તેવું પારંપારિક શાસ્ત્ર.

આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર :અધ્યાત્મમાં શુદ્ધ દ્રવ્યને નિશ્ચય કહે છે અને શુદ્ધ પરિણતિને વ્યવહાર કહે છે. આગમમાં શુદ્ધ પરિણતિને નિશ્ચય કહે છે અને તેની વર્તતા શુભ પરિણામને વ્યવહાર કહે છે.

અગરુ :ચંદન

અગ્ર :વિષય; ધ્યેય; આલંબન.

અગુરુલઘુધર્મ :-

અગુરુલઘુત્વગુણ કોને કહે છે ? :જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન પરિણમે, અથવા એક ગુણ બીજા ગુણરૂપે ન પરિણમે તથા એક દ્રવ્યના અનેક અથવા અનંતગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય, તેને અગુરુલઘુત્વ ગુણ કહે છે.

અગુરુ લઘુત્વગુણ :દ્રવ્ય અનંતગુણનો સમૂહ છે, તે સર્વ ગુણોના કાર્ય પણ ભિન્ન ભિન્ન છે. તેમાં એક દ્રવ્યત્વ ગુણ પણ છે તે ગુણનું કાર્ય એ છે કે દ્રવ્ય સદા પરિણમન કરતું રહે. કદી પણ પરિણામ રહિત ન હોય, દ્રવ્યત્વ ગુણના નિમિત્તે દ્રવ્ય સદા પરિણમન કર્યા કરે છે, પરંતુ પરિણમન કરવા છતાં પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ કદી થઈ શકતું નથી. અર્થાત્ જીવ દ્રવ્ય પુદ્ગલરૂપ અથવા અપુદ્ગલ દ્રવ્ય જીવરૂપ કહી શકતું નથી, આમ કેમ નથી થતું ? એનો ઉત્તર આ છે કે તે જ ગુણોમાં એક અગુરુલઘુ નામનો પણ ગુણ છે. તેનું કાર્ય એ છે કે કોઈ પણ દ્રવ્ય પરિણમન પોતાના સ્વરૂપમાં કરે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ કદી ન થાય, એક ગુણ પણ બીજા ગુણરૂપ ન થાય તથા એક દ્રવ્યના

અનંત ગુણ જુદા જુદા વિખરાઈ ન જાય પરંતુ તાદાત્મ્યરૂપે ટકી રહે. આ રીતે દ્રવ્ય ક્રમવર્તી-અક્રમવર્તી, નિત્ય-અનિત્ય, ભિન્ન-અભિન્ન, એક-અનેક, ઉભય-અનુભવ, પૃથક્-અપૃથક્ આદિ એક ધર્મોવાળું વિવિક્ષથી સિદ્ધ છે.

અગ્રને :વિષયને

અગુરુલઘુ :અગુરુ એટલે પૂર્ણતા થઈ, પછી તે પૂર્ણ શુદ્ધતાની મર્યાદા છોડીને વધી ન જાય, અલઘુ એટલે સંસારાવસ્થામાં જ્ઞાનગુણને ઘણું આવરણ આવી જાય અને ચેતનાશક્તિ ખૂબ વધી જાય, તો પણ અલ્પ જ્ઞાનનો ઉઘાડ (લઘુજ્ઞા)ને તો કોઈ કાળે ટળે નહિ. (૨) જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ એ જીવનાં વિશિષ્ટ લક્ષણો છે, તેમ અગુરુલઘુ નામનો ગુણ પણ એમાં છે. આત્મા ભારી હળવો થાય છે તે કર્મને લીધે, પણ તેનો મૂળ ગુણ અગુરુ લઘુ છે. અગુરુ લઘુ એટલે આત્મા નથી ભારે કે હળવો, વૈજ્ઞાનિકોએ આત્માનું વજન નક્કી કર્યું છે, તે આત્માનું નહિ પણ પરભાવ જતાં જીવ સાથે રહેલા તૈજસ અને કાર્મણ શરીરનું છે. આત્મા અરૂપી હોઈ તે મોટો પણ નથી. નાનો પણ નથી. નાનું અને મોટું એ વ્યવહાર પુદ્ગલાસ્તિકાયને જ લાગુ પડે છે. આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ તથાં સ્વગુણ ઉત્કૃષ્ટપણે પરિણમતો હોવા છતાં, પોતાનાં એકરૂપ સ્વદ્રવ્યની મર્યાદા ઉલ્લંઘીને અન્ય દ્રવ્યમાં કે બીજા આત્માના પ્રદેશોમાં ફેલાઈ જતો નથી. એવા મધ્યમ પરિણામ અગુરુલઘુ ગુણના કારણે છે. કોઈ ગુણ કે દ્રવ્ય અનન્યપણે ન થાય તો એપણ અગુરુ લઘુ ગુણનું કાર્ય છે.

અગુરુલઘુ ગુણ :દરેક દ્રવ્યની દ્રવ્યતા, કાયમ વ્યવસ્થિત રહે છે, તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું, કાંઈ કરી શકે નહિ; પર્યાય દ્વારા પણ કોઈ બીજા ઉપર અસર, પ્રભાવ, પ્રેરણા, લાભ-નુકશાનાદિ, કાંઈ કરી શકે નહિ. દરેક દ્રવ્ય પોતાના ક્રમબદ્ધ ધારાવાહી પર્યાય વડે, પોતાનામાં જ વર્તે છે. એ રીતે દરેક દ્રવ્ય, પોતામાં વ્યવસ્થિત નિયમ મર્યાદાવાળું હોવાથી, કોઈ દ્રવ્યને બીજાની જરૂર પડતી નથી. એમ અગુરુલઘુત્વ ગુણ બતાવે છે. (૨) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થઈ જાય એવું જેનું કાર્ય છે અને જેમાં ષટ્ગુણહાનિ વૃદ્ધિ થયા કરે છે તે અગુરુ લઘુ અનુજીવી ગુણ બીજો જ છે.

અગુરુલઘુત્વ :ગુરતા અને લઘુતા રહિત, એવો પદાર્થનો સ્વભાવ.

અગુરુલઘુત્વ ગુણ :જે શક્તિના કારણથી, દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (a) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે, ન થાય. (b) એક ગુણ બીજા ગુણરૂપે, ન થાય અને (c) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને, જુદા જુદા ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે. (૨) (a) અનંત ગુણોના પિંડરૂપ જીવનું સ્વદ્રવ્યપણું, કાયમ કહે છે અને તે શરીરાદિરૂપ કદી થતું નથી. (b) જીવનું અસંખ્યાત-પ્રદેશી સ્વક્ષેત્ર, કદી પરરૂપ ન થાય, પરમાં ભળી ન જાય અને બે જીવનું સ્વક્ષેત્ર કદી એક ન થાંય પણ (c) જીવના એક ગુણનો પર્યાય તે અન્ય ગુણના પર્યાયરૂપ ન થાય. (બીજાનું કંઈ કરી, બીજાથી ઊપજે-બદલે એમ ન થાય). (d) ભાવ એટલે ગુણ; જેટલા જે રૂપે છે, તેટલા તે રૂપે સત્ રહે, વિખરાય નહિ. (૩) (a) છયે દ્રવ્યો તથા તેના ગુણો અને પર્યાયોની સ્વતંત્રતા જાણતાં, પોતાનું ભલું-બુરું પોતાથી પોતામાં જ થાય છે, એવું યથાર્થ જ્ઞાન થાય છે. (b) કોઈપણ દ્રવ્ય કર્મ અથવા કોઈ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ, આ જીવને લાભ કે નુકશાન કરી શકે નહિ, એવો નિર્ણય થાય છે. (c) હું સ્વતંત્ર જ્ઞાન-આનંદ સ્વભાવી પદાર્થ છું, અને જગતના સમસ્ત પદાર્થ મારાથી ત્રિકાળ ભિન્ન છે, - એવી ભેદજ્ઞાનરૂપ જ્યોતિનો ઉદય થાય. તે જ સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપ ધર્મ છે. (૪) જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (a) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય. (b) એક ગુણ બીજા ગુણરૂપે ન થાય અને (c) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે. (૫) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ.એમ અગુરુલઘુત્વગુણ બતાવે છે. (૬) જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (a) એક દ્રવ્ય, બીજા દ્રવ્યરૂપે ન થાય. (b) એક ગુણ, બીજા ગુણ રૂપે ન થાય અને (c) એક દ્રવ્યના, અનેક અથવા અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વ ગુણ કહે છે. આથી વિશેષ એમ સમજવું કે (A) કોઈપણ દ્રવ્ય, બીજા દ્રવ્યને

આધીન નથી. (B) એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહિ. (C) દ્રવ્યનો એક, ગુણ તે જ દ્રવ્યના બીજા ગુણનું કંઈ કરી શકે નહિ. એ પ્રકારે હું, જ્ઞાન સ્વભાવી આત્મા, સર્વે દ્રવ્યથી ભિન્ન એને સ્વતંત્ર છું તેવો ભેદજ્ઞાન રૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે. (૭) ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમિત છે, છતાં દ્રવ્યના સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ આ શક્તિ વિશિષ્ટ ગુણસ્વરૂપ છે. એટલે શું? કે ભગવાન-આત્મા-અનંતગુણનિધાન પ્રભુ-સદાય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે- ટકી રહે છે, તે પોતાના સ્વરૂપથી પડીને કદી ય પરરૂપ-જડરૂપ થઈ જતો નથી, તેનો કોઈ ગુણ અન્ય ગુણરૂપ થઈ જતો નથી, તથા તેના અનંત ગુણ દ્રવ્યથી છૂટા પડી વિખરાઈ જતા નથી, તેમજ દ્રવ્યની-આત્માની કોઈ પર્યાય અન્ય પર્યાય રૂપે થઈ જતી નથી, સૌ પોતપોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અહો ! દ્રવ્યરૂપમાં પ્રતિષ્ઠિત રહેવારૂપ આત્માનો આ કોઈ અલૌકિક સ્વભાવ છે. દ્રવ્યરૂપ ઘટે નહિ, વધે નહિ, સ્વરૂપનો કોઈ અંશ (ગુણ) કદી છૂટે નહિ, શ દ્રવ્યરૂપ થાય નહિ, ને નવું કાંઈ તેમાં આવે નહિ. આવો અગુરુલઘુસ્વભાવી ભગવાન આત્મા છે. (૮) જે શક્તિના ત્રાણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (a) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ના થાય, (b) એક ગુણ બીજા ગુણરૂપે, ન થાય અને (c) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને, જુદા જુદા ન થઈ જાય, તે શક્તિને અગુરુલઘુત્વગુણ કહે છે. અગુરુલઘુત્વગુણથી વિશેષ એ સમજવું કે, (A) કોઈ પણ દ્રવ્ય, બીજા દ્રવ્યને આધીન નથી, (B) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું, કંઈ કરી શકે નહિ, (C) દ્રવ્યનો એક ગુણ બીજા ગુણનું, કંઈ કરી શકે નહિ. આ પ્રકારે હું જ્ઞાનસ્વભાવી આત્મા, સર્વે દ્રવ્યથી ભિન્ન અને સ્વતંત્ર છું, તેવો ભેદજ્ઞાનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે.

અગુરુલઘુત્વ પ્રતિજીવી :ગોત્ર કર્મના અભાવપૂર્વક, જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે, અને ઉચ્ચ-નીચનો વ્યવહાર દૂર થાય છે, તે ગુણને અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ :ગોત્રકર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને ઉચ્ચ-નીચતાનો વ્યવહાર પણ દૂર થઈ જાય છે તે ગુણને અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

અગુરુલઘુત્વશક્તિ :ષટ્સ્થાનપતિત-વૃદ્ધિહાનિરૂપે પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ (વસ્તુને સ્વરૂપમાં રહેવાના કારણરૂપ), એવો જે વિશિષ્ટ (ખાસ) ગુણ, તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ. અવિભાગ પરિચ્છેદોની સંખ્યારૂપ ષટ્સ્થાનોમાં પડતી. સમાવેશ પામતી-વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ, જેનાથી (જે ગુણથી) થાય છે, અને જે (ગુણ) વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે, એવો કોઈ ગુણ આત્મામાં છે; તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ આત્મામાં છે. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમિત છે, છતાં દ્રવ્યના સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ આ શક્તિ, વિશિષ્ટ ગુણસ્વરૂપ છે. એટલે શું ? કે ભગવાન આત્મા-અનંતગુણનિધાન પ્રભુ-સહાય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ટિત રહે છે-ટકી રહે છે; તે પોતાના સ્વરૂપથી પડીને કદીય પરરૂપ-જડરૂપ થઈ જતો નથી, તેનો કોઈ ગુણ અન્યગુણરૂપ થઈ જતો નથી, તથા તેના અનંત ગુણ, દ્રવ્યથી છૂટા પડી વિખરાઈ જતા નથી, તેમ જ દ્રવ્યની-આત્માની કોઈ પર્યાય, અન્ય પર્યાયરૂપે થઈ જતી નથી. સૌ પોતપોતાના સ્વરૂપમાં ટકી રહે છે. અહો ! સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહેવારૂપ આત્માનો, આ કોઈ અલૌકિક સ્વભાવ છે. સ્વરૂપ ઘટે નહિ, વધે નહિ, સ્વરૂપનો કોઈ અંશ (ગુણ) કદી છૂટે નહિ, અન્યરૂપ થાય નહિ, ને નવું કાંઈ તેમાં આવે નહિ. આવો અગુરુલઘુસ્વભાવી ભગવાન આત્મા છે, તેને ઓળખી દૃષ્ટિગત કરતાં, પર્યાયમાં નિર્મળતા-નિર્મળતા પ્રગટે છે, અને આ ધર્મ છે.

અગુરુલઘુનામ કર્મ :જે કર્મના ઉદયથી શરીર લોઢાના ગોળા જેવું ભારે અને આકડાના રૂના જેવું હલકું ન હોય તેને અગુરુલઘુ નામ કર્મ કહે છે.

અગ્રેસર :પ્રધાન; મુખ્ય.

અગ્રાહ્ય :ગ્રહણ યોગ્ય નહિ, ન જાણી શકાય એવું.

અવગાહ સંબંધ :સાંધ-સંધિ સ્વભાવ; તાદાત્મ્ય સંબંધ નહિ. એકરૂપતા નહિ; એક જગ્યામાં સાથે રહેવું;

અગૃહીત :અગૃહીત (નિસર્ગજ) તો ઉપદેશાદિના નિમિત્ત વિના થાય છે, પરંતુ ગૃહીતમાં ઉપદેશાદિ નિમિત્ત હોય છે.

અગૃહીત અને ગૃહીત :અગૃહીત નિસર્ગ જ છે. તે ઉપદેશાદિના વિના થાય છે. પરંતુ ગૃહીતમાં ઉપદેશાદિ નિમિત્ત હોય છે.

અગૃહીત મિથ્યાચારિત્ર-કુચારિત્રનું લક્ષણ :અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહિત પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે પ્રવૃત્તિ કરવી તેને અગૃહીત મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેયને દુઃખનાં કારણ જાણી તત્ત્વજ્ઞાન વડે તેનો ત્યાગ કરવો જોઈએ.

અગૃહીત મિથ્યાત્વ :અગૃહીત મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે. જીવ પર દ્રવ્યનું કાંઈ કરી શકે તે શુભ વિકલ્પી આત્માનો લાભ થયો એવી માન્યતા તે અનાદિનું અગૃહીતમિથ્યાત્વ છે. શુભવિકલ્પથી આત્માને લાભ થાય એવી અનાદિથી ચાલી આવતી જીવની માન્યતા તે મિથ્યાત્વ છે; તે કોઈના શીખવવાથી થયું નથી માટે અગૃહીત છે. (૨) હું પરનો કર્તા છું, કર્મથી રોકાયેલો છું, પરથી જુદો-સ્વતંત્ર નથી, શુભરણથી મને ગુણ થાય છે એવી જે ઊંધી માન્યતા અનાદિથી છે તે અગૃહીત મિથ્યાત્વ છે. (૩) પરોપદેશ વિના મિથ્યાત્વ કર્મના ઉદયવશ તત્ત્વોના અશ્રદ્ધાનરૂપ થાય છે તેને નૈસર્ગિક-અગૃહીત મિથ્યાત્વ કહે છે.

અગૃહીત-મિથ્યા દર્શન અને જીવતત્ત્વનું લક્ષણ :યથાર્થપણે શુદ્ધ આત્મદષ્ટિ દ્વારા જીવ, અજિવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એટલા માટે આ સાત તત્ત્વો જાણવા જરૂરના છે. સાતે તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન કરવું તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે. જીવ જ્ઞાન-દર્શન-ઉપયોગ સ્વરૂપ અર્થાત્ જ્ઞાતા-દષ્ટા છે, અમૂર્તિક-અરૂપી, ચૈતન્યમય અને ઉપમારહિત છે.

અગાધ :ઊંડા.

અગાધ સ્વભાવ :અગાધ જેમનો સ્વભાવ છે અને ગંભીર છે, એવાં સમસ્ત દ્રવ્યોને ભૂત, વર્તમાન તેમ જ ભાવિ કાળના, ક્રમે થતા, અનેક પ્રકારના, અનંત પર્યાયો સહિત, એક સમયમાં જ પ્રત્યક્ષ જાણવાનો આત્માનો સ્વભાવ છે.

અગાંભીર્ય :ઉછાંછળું; અવિચારી; ઉતાવળિયું; ઉદ્ધત; અવિવેકી વર્તનવાળું; ચંચળ;અસ્થિર; અવ્યવસ્થિત.

અગિયાર પ્રતિમાનું સ્વરૂપ :અગિયાર શ્રેણીઓમાં, પહેલાંનું ચારિત્ર આગળ આગળ વધતું જાય છે, પહેલાંના નિયમ છૂટી જતા નથી.

(૧) દર્શન પ્રતિમા=આ શ્રેણીમાં, ઉપર જે કહ્યા તે પાક્ષિક શ્રાવકને યોગ્ય નિયમ પાળતાં છતાં, સમ્યગ્દર્શનને નિર્મળ રાખે છે, તેના આઠ અંગ સહિત પાળે છે. નિશંક્તિાદિ આઠ અંગનું વર્ણન, સમ્યગ્દર્શનના અધ્યાયમાં થઈ ગયું છે. અહીં અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વસ્ત્રીસંતોષ અને પરિગ્રહપ્રમાણ, એ પાંચ અણુવ્રતોનો અભ્યાસ કરે છે. સ્થૂલપણે પાળે છે, અતિચાર ટાળી શકતા નથી.

(૨) વ્રતપ્રતિમા=આ શ્રેણીમાં, પહેલાંના સર્વ નિયમો પાળવા ઉપરાંત, પાંચ અણુવ્રતોના પચ્ચીસ અતિચારો ટાળે છે તથા સાત શીલોને પાળે છે. તેના અતિચાર પૂરા ટળતા નથી. ટાળવાનો અભ્યાસ કરે છે. સામાયિક શિક્ષાવ્રતમાં, કદી રાગાદિનાં કારણ ન પણ કરે, પ્રોષધોપવાસમાં પણ કદી ન કરી શકે તો ન કરે; એકાસણું કે ઉપવાસ શક્તિ અનુસાર કરે.

(૩) સામાયિક પ્રતિમા=આ શ્રેણીમાં પહેલાંના નિયમ પાળતાં એવો શ્રાવક, નિયમપૂર્વક પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ અને સાયંકાળે સામાયિક કરે છે. એ બે થકી અથવા ૪૮ મિનિટથી ઓછું કરતો નથી. કોઈ વિશેષ કારણના યોગે, અંતર્મુહૂર્ત ૪૮ મિનિટથી, કંઈ ઓછું પણ કરી શકે છે. સામાયિક પાંચે અતિચાર ટાળે છે.

(૪) પ્રોષધોપવાસ પ્રતિમા=આ શ્રેણીમાં, નીચેની ત્રણે પ્રતિમાઓના નિયમો પાળતા રહીને, નિયમપૂર્વક માસમાં ચાર દિવસ, પ્રોષધપૂર્વક ઉપવાસ કરે છે. અતિચારોને ટાળે છે. ધર્મ ધ્યાનમાં સમય ગાળે છે. એની બે પ્રકારે વિધિ છે. એક તો એ છે કે આગળના અને પાછળના દિવસે એકાસણું કરે, વચલા

દિવસે ઉપવાસ કરે. ૧૬ પ્રહર સુધી ધર્મધ્યાન કરે, એ ઉત્તમ છે. મધ્યમ એ છે કે, ૧૨ પ્રહરનો ઉપવાસ કરે, સાતમની સંધ્યાથી નોમના પ્રભાત સુધી આરંભ છોડે, ધર્મમાં સમય ગાળે, જઘન્ય એ છે કે ઉપવાસ તો ૧૨ પ્રહર સુધી કરે. પરંતુ લૌકિક આરંભ આઠ પ્રહર જ છોડે એટલે કે, આઠમનો દિવસ અને રાત્રિ આરંભ તજી ધર્મધ્યાનમાં ગાળે.

બીજી વિધિ એ છે કે, ઉત્તમ તો પહેલાં કહ્યા મુજબ ૧૬ પ્રહર સુધી કરે. ધર્મધ્યાન એ છે કે ૧૬ પ્રહર ધર્મધ્યાન કરે પરંતુ ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરે, આવશ્યકતા અનુસાર જળ વાપરે. જઘન્ય એ છે કે, ૧૬ પ્રહર ધર્મધ્યાન કરે, આવશ્યકતા પ્રમાણે પાણી વાપરતાં, વચમાં એક વખત આહાર પણ કરે. આ બે પ્રકારની વિધિઓમાં પોતાની શક્તિ અને ભાવને જોઈને, પ્રોષધોપવાસ કરે.

(૫) સચિત્તત્યાગ પ્રતિમા=આ શ્રેણીમાં, પહેલાંના નિયમો પાળતા રહીને, સચિત્ત પદાર્થ ખાતા નથી. કાચું પાણી, કાચું શાક, આદિ ન ખાય, પ્રાશુક અથવા ગરમ પાણી પીવે. સૂકી, પાકી, ગરમ કરેલી કે છિન્નભિન્ન કરેલી, વનસ્પતિ વાપરે. પાણીનો રંગ લવીંગ આદિ નાખવાથી બદલાઈ જાય છે, ત્યારે તે પાણી પ્રાશુક થઈ જાય છે. સચિત્તના વ્યવહારનો તેને ત્યાગ નથી.

(૬) રાત્રિભોજનનો ત્યાગ=આ શ્રેણીમાં, આગળના નિયમોને પાળતો રહી નિયમપૂર્વક ચારે પ્રકારના આહાર, પોતે રાત્રે કરતા નથી, બીજાને કરાવતા નથી. મન, વચન, કાયાથી રાત્રિભોજન કરવા કરાવવાથી વિરક્ત રહે છે.

(૭) બ્રહ્મચર્ય પ્રતિમા=સ્વસ્ત્રીનો પણ ભોગ ત્યાગીને, બ્રહ્મચારી થઈ જાય છે. સાદાં વસ્ત્ર પહેરે છે. સાદો આહાર કરે છે. ઘરમાં અકાંતમાં રહે છે, અથવા દેશાટન પણ કરી શકે છે. પહેલાંના સર્વ નિયમો પાળે છે.

(૮) આરંભત્યાગ પ્રતિમા = પહેલાંના નિયમો પાળતા રહીને, આ શ્રેણીમાં, સર્વ લૌકિક આરંભ વ્યાપાર, ખેતી આદિ ત્યાગી દે છે. આરંભી હિંસાથી વિરક્ત થઈ જાય છે. દેખીને જમીન ઉપર આવે છે, વાહનનો ઉપયોગ કરતા નથી, નિમંત્રણ મળે ત્યાં ભોજન કરી લે છે, પરમ સંતાષી થઈ જાય છે.

(૯) પરિગ્રહ ત્યાગ = પહેલાંના નિયમો પાળતા રહીને, આ શ્રેણીમાં, ધન, ધાન્ય, રૂપિયા પૈસા, મકાનાદિ પરિગ્રહને વહેંચી આપે છે, અથવા દાન કરી દે છે. થોડાં આવશ્યક કપડાં અને ખાવા પીવા માટે બે ત્રણ વાસણ રાખે છે. ઘરથી બહાર ઉપવન, આશ્રય કે ઉપાશ્રયમાં રહે છે. નિમંત્રણ મળે ત્યાં ભોજન કરે છે.

(૧૦) અનુમતિત્યાગ પ્રતિમા = આ પ્રતિમાવાળો શ્રાવક, પહેલા લૌકિક કાર્યોમાં ગુણ કે દોષ બતાવતાં, સમ્મતિ આપતો હતો, પણ હવે સંસારિક કાર્યોની સમ્મતિ દેવી, પણ ત્યાગી દે છે. ભોજનને વખતે નિમંત્રણ હોય, ત્યાં જાય છે. પહેલાંના સર્વ નિયમો પાળે છે.

(૧૧) ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા = આ શ્રેણીમાં, પહેલાંના નિયમો પાળતાં રહે છે પણ નિમંત્રણ સ્વીકારી, ભોજન કરતો નથી. ભિક્ષા-વૃત્તિથી જઈને એવું ભોજન લે છે, કે જે ગૃહસ્થીએ પોતાના કુટુંબને માટે તૈયાર કર્યું હોય, પણ તેને ઉદ્દેશીને તેને માટે ન બનાવ્યું હોય. તેથી આ પ્રતિમાને ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા કહે છે.

આ અગિયાર પ્રતિમાધારીના બે ભેદ છે :- (૧) ક્ષુલ્લક અને (૨) ઐલક.

(૧) ક્ષુલ્લક = એ શ્રાવક, એક લંગોટ અથવા એક એવી ચાદર રાખે છે, કે જેથી આખું અંગ ન ઢંકાય. મસ્તક ઢાંકે તો પગ ખુલ્લા રહે, પણ પગ ઢાંકે તો મસ્તક ખુલ્લું રહે, જેથી તેને શરદી, ડાંસ-મચ્છર આદિની બાધા, સહન કરવાનો અભ્યાસ થાય. અને શ્રાવક, નિયમથી જીવદયા માટે મોરની પીંછી રાખે છે. કારણ કે તે બહુ જ મૃદુ હોય છે. એનાથી ક્ષુદ્ર જંતુ પણ મરતાં નથી. તથા શૌચ માટેના પાણી માટે કમંડળ રાખે છે. તે કેટલેક ઘેરથી એકઠું કરીને ભોજન કરે છે. તે એક ભોજનનું પાત્ર પણ રાખે છે. પાંચ સાત ઘરેથી એકઠું કરી છેલ્લા ઘરમાં પાણી લઈ ભોજન કરી પોતાનું વાસણ સાફ કરી સાથે રાખી લે છે. જે ક્ષુલ્લક એક જ ઘેર ભોજન કરે છે, તે ભિક્ષાર્થે જાય ત્યારે આદરથી ભોજન આપે ત્યાં જઈને એક જ ઘરમાં બેસીને થાળીમાં જમી લે છે. એ ભોજનનું પાત્ર રાખતો નથી. એ મુનિપદની

ક્રિયાઓનો અભ્યાસ કરે છે, સ્નાન કરતો નથી, એક જ વખત ભોજન પાન કરે છે.

(૨) ઐલક = જે ચાદર પણ છોડી દે છે, માત્ર એક લંગોટી જ રાખે છે. એ સાધુની માફક ભિક્ષાર્થે જાય છે. એક જ ઘરમાં બેસીને, હાથમાં કોળીઆ આપે, તેનું ભોજન કરે છે, અહીં કમંડળ લાકડાનું રાખે છે, કેશનો લોચ પણ નિયમથી કરે છે. પોતાના હાથે કેશ ઉપાડે છે.

આવી રીતે અગીઆર શ્રેણીઓ દ્વારા ઉન્નતિ કરતાં, કરતા શ્રાવક, વ્યવહાર ચારિત્રના આશ્રયથી નિરાકુળતાને પામીને અધિક અધિક અધિક નિશ્ચય, સમ્યક્ચારિત્રરૂપ સ્વાનુભવનો અભ્યાસ કરે છે. પાંચમી શ્રેણીમાં અનંતાનુંબંધી અને અપ્રત્યાખ્યાન કષાયો તો, રહેતા જ નથી, અને અપ્રત્યાખ્યાન કષાયોનો પણ ઉદય, મંદ મંદ થતો જાય છે. અગીયારમી શ્રેણીમાં, અતિ મંદ થઈ જાય છે. જેટલા જેટલા કષાય ઓછા થાય છે, વીતરાગ ભાવ વધે છે, તેટલું તેટલું નિશ્ચય સમ્યક્ચારિત્ર પ્રગટ થતું જાય છે. પછી પ્રત્યાખ્યાન કષાયના ઉદયને બિલકુલ જીતીને, સાધુ પદમાં પરિગ્રહ ત્યાગીને નિર્ગ્રંથ થઈ, સ્વાનુભવનો અભ્યાસ કરતાં કરતાં ગુણસ્થાનના ક્રમથી ,અરહંત થઈ પછી ગુણસ્થાનથી બહાર, સિદ્ધ પરમાત્મા થઈ જાય છે.

અગિયારમું ગુણસ્થાન :ઉપરાંત મોહ

અંગી :અંગી, તે આત્મા અને અંગ, તે સ્વભાવભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

અંગી-અંગ :આત્મા તે અંગી અને સ્વભાવભૂત સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર તે અંગ.

અંગીકૃત :સમજવું. (૨) સ્વતઃસિદ્ધ; સ્વીકારેલું; પોતાની મેળે સિદ્ધ. (૩) સ્વીકારેલું; સ્વત પ્રતીત; પોતાની મેળે સિદ્ધ; સ્વીકાર. (૪) અંગનું-પોતાનું કરેલું; સ્વીકારેલું

અંગીકાર કરે છે :વસે છે; ગ્રહણ કરે છે; ધારણ કરે છે.

અંગીકાર :સ્વીકાર, ગ્રહણ કરવો.

અંગીકાર કરવું :માન્ય કરવું; માનવું. (૨) સ્વીકાર કરવું. (૩) ગ્રહણ કરવું, (૪) આદરવા લાયક છે (૫) ગ્રહણ કરવો.

અંગીકારવું :સ્વીકારવું; અંગીકાર = સ્વીકાર.

અગીતાર્થ :અજ્ઞાની. (ગીતાર્થ=જ્ઞાની)

અગોચર :કોઈપણ ઈંદ્રિયથી જઈ-જાણી-પામી શકાય નહિ તેવું; ઈન્દ્રિયાતીત; અગમ્ય. (૨) ન જણાય તેવો; અજાણ; અગમ્ય

અગોચર :અગમ્ય; જણાય નહિ તેવો.

અગોપ્ય :ન છુપાવી રાખવા જેવું; પ્રગટ રહેલું; ખુલ્લું; ઉઘાડું; પ્રગટ કરવું. (૨) પ્રગટરૂપે (૩) પ્રગટ; ગોપવ્યા વિના; છૂપાવ્યા વિના; ગુપ્ત રાખ્યા વિના પ્રગટ. (૪) છૂપાવ્યા વિના પ્રગટપણે કહેવું. (૫) પ્રગટ; ખુલ્લું; ઉઘાડું; ગોપવ્યા વગરનો.

અઘટિત :અયોગ્ય.

અઘન :વાદળાં રહિત.

અઘરું :સમઝવામાં-કરવામાં મુશ્કેલી ભરેલું; કઠણ મુશ્કેલીનો સમય.

અઘાત :આત્માને બાહ્ય સામગ્રીનો સંબંધ થવો; સંયોગ થવો.

અઘાતિ કર્મ :ચાર અઘાતિ કર્મના નિમિત્તથી આત્માને બાહ્ય સામગ્રીનો સંબંધ બને છે. ત્યાં વેદનીય વડે તો શરીરમાં વા શરીરથી બાહ્ય નાના પ્રકારનાં સુખ-દુઃખના કારણરૂપ પર દ્રવ્યોનો સંયોગ જોડાય છે. આયુકર્મ વડે પોતાની સ્થિતિ સુધી પ્રાપ્ત થયેલા શરીરનો સંબંધ છૂટી શકતો નથી. નામ કર્મ વડે ગતિ, જાતિ અને શરીરાદિક નીપજે છે, તથા ગોત્રકર્મ વડે ઊંચ-નીચ કુળની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે અઘાતિ કર્મો વડે બાહ્ય સામગ્રી એકઠી થાય છે, જે વડે મોહના ઉદયનો સાથ મળતાં જીવ સુખી-દુઃખી થાય છે. વળી શરીરાદિના સંબંધથી જીવનો અમૂર્તત્વાદિ સ્વભાવ પોતાના સ્વ-અર્થને કરી શકતો નથી. જેમ કોઈ શરીરને પકડે તો આત્મા પણ પકડાયો જાય છે. વળી, જ્યાં સુધી કર્મનો ઉદય રહે ત્યાં સુધી બાહ્ય સામગ્રી પણ તેમ જ બની રહે છે પણ અન્યથા થઈ શકતી નથી. એ પ્રમાણે અઘાતિકર્મોનું નિમિત્ત જાણવું. (૨) પ્રતિકૂળતા થવામાં અઘાતિ કર્મનું નિમિત્ત છે; અવગુણનો ભાવ લંબાવ્યા કરે તો પ્રતિકૂળતાના સંયોગ વખતે તેને દ્વેષ થાય છે, પ્રતિકૂળતાના સંયોગ વખતે ઉપચારથી એમ કહેવાય કે આ પ્રતિકૂળતા દુઃખનું કારણ છે

પણ અવગુણનો ભાવ પોતે ન છોડે તો પ્રતિકૂળતામાં તેને દુઃખ થયા કરશે. પૂર્વે વીર્ય ઊંધું નાખ્યું છે અને વર્તમાનમાં સવળો પુરુષાર્થ કરતો નથી પ્રતિકૂળતાના સંયોગ વખતે દ્વેષ થયા કરે છે.

અઘાતી કર્મ :વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મ છે.

અધિક પ્રકાશ :કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ તેજ.

અઘોર :અતિ ઘોર; ભયંકર. (૨) અતિ ભયાનક; ઘાતકી; ભાન સાન વગરનું; ઘણું સખત કે મુશ્કેલ.

અંઘોલણ :ઉકાળેલાં પાંદડા વગેરે.

અચક્ષુદર્શન :અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો. તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સમાન્યતઃ અવબોધે છેં. તે અચક્ષુદર્શન છે.

અચક્ષુદર્શન :ચક્ષુ ઈન્દ્રિય ને છોડીને, બાકીની ચાર ઈન્દ્રિયો અને મન દ્વારા મતિજ્ઞાન થયા પહેલાં, જે સામાન્ય પ્રતિભાસ થાય, તેને અચક્ષુદર્શન કહે છે. (૨) નેત્ર ઈન્દ્રિય વિના અન્ય ઈન્દ્રિયો તથા મન દ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને અચક્ષુદર્શન કહે છે. (૩) ચક્ષુ ઈન્દ્રિય સિવાય બાકીની ચાર ઈન્દ્રિય અને મનદ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે. (૪) ચક્ષુઈન્દ્રિય સિવાય બાકીની ચાર ઈન્દ્રિય અને મન દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાના સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે. (૫) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી એને ચક્ષુ સિવાય બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને, વિકળપણે સામાન્યતઃ અવબોધે છે. તે ચક્ષુદર્શન છે.

અચ્છેદ્ય :સર્વજ્ઞ વીતરાગ, કોઈથી છેદાય નહિ એવા અચ્છેદ્ય છે. એમ ભગવાન આત્મા, પણ અચ્છેદ્યે, છેદ-ખંડ થાય નહીં, છે એવી ચીજ છે.

અચ્છિન્ન :અતૂટક

અચ્છિન્ન ધારા :સતત વહેતો પ્રવાહ; અખંડ પ્રવાહ; કાયમી પ્રવાહ. (૨) અતૂટકધારા; અસ્ખલિતધારા; એક સરખી ધારા.

અચ્છિન્ન સંતાન :અતૂટ ધારા.

અચ્છિન્ન સંતાનપણે :અતૂટ ધારાએ.

અચેતન :રાગભાવ, દયા, દાન કે વ્રતનો વિકલ્પ હો કે, ગુણની ભેદનો વિકલ્પ હો, એ (સઘળા) વિકલ્પ, અચેતન છે. તેમાં જ્ઞાનસ્વભાવનું કિરણ નથી. રાગમાં, જ્ઞાન સ્વભાવનું કિરણ નથી.

અચેતન :આકાશ અચેતન છે, કાળ અચેતન છે. ધર્મ અચેતન છે, અધર્મ અચેતન છે ,પુદ્ગલ અચેતન છે. (૨) પુદ્ગલદ્રવ્ય; જડસ્રવ્ય; અભ્વ. (૩) ચૈતન્યનો અભાવ જેનો સ્વભાવ છે, તે અચેતન છે.

અચેતન દ્રવ્યો :પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, માત્ર પુદ્ગલ મૂર્તિ છે બાકીના ચાર અને જીવ અરૂપી છે.

અચેતનપણું :આત્મા સિવાયના પાંચ દ્રવ્યો અચેતન પદાર્થો છે. તેનો ગુણ અચેતનપણું (જડપણું) છે. પુદ્ગલ, આકાશ, ધર્મ, અધર્મ અને કાળ.

અચેતનપણું અને અમૂર્તપણું એ બન્ને પ્રતિજીવી ગુણો :ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં, અચેતનપણું અને અમૂર્તપણું એ બન્ને પ્રતિજીવી ગુણો, એ દ્રવ્યોમાં છે.

અચ્યુત :અવિચલિત; સ્થિર; ન ખસેલું; અખંડ. (૨) અચળ. (૩) નિશ્ચલ; પતન કે સ્ખલન વિનાનું અખંડ. (૪) ચ્યુત ન થવું; શુદ્ધ-બુદ્ધ સ્વરૂપથી પડી ન જવું. સિદ્ધ-પર્યાયને છોડી ભવ અથવા અવતાર ધારણાદિ રૂપે કદી સંસારી ન બનવું. (૫) પૂર્ણ; ધ્રુવ; ચૈતન્યભાવથી ખસી જતો નથી, પડી જતો નથી. ચૈતન્યભાવ પૂર્ણ, ધ્રુવ છે; અચળ; નિર્વિકાર; શુદ્ધ. (૬) અચળ; ધ્રુવ; નિશ્ચળ. (૭) અચળ; અવિચળ.

અચ્યુતપણું :અપતિત; અવિનષ્ટ; નિશ્ચયી.

અચ્યુતિ :અવિચલિતપણું; સ્થિરતા; મુક્તિ.

અચરજ :નવાઈ (૨) આશ્ચર્ય

અચરમશરીર આચાર્ય :પોતાના આત્માનો ભવાંત ન કરી શકે અને પરનો ભવાંત કરે. એટલે જેને હજુ અમુક ભવ ભાકી છે, પણ ઉપદેશમાર્ગના આત્માએ કરી જાણે છે, તેથી તેનાથી ઉપદેશ સાંભળી સાંભળનાર જીવ તે ભવે ભવનો અંત

પણ કરી શકે; અને આચાર્ય તે ભવે ભવાંત કરનાર અહીં હોવાથી તેમને બીજા ભંગમાં ગવેષ્યા છે.

અચલ :અવિચલ; નિશ્ચલ.

અચેલકપણું :વસ્ત્રરહિતપણું; દિગંબરપણું. (૨) નગ્નપણું.

અચલદર્શનાવરણીય :આંખ સિવાયની બાકીની ચાર ઈન્દ્રિયોના નિમિત્તે અચક્ષુદર્શનનો ઉપયોગ છે. તેની હીણી દશા અને અચક્ષુદર્શનાવરણીય કર્મનો ઉદય.

અચેલપણું :વસ્ત્રરહિતપણું; દિગંબરપણું.

અચલાર્ચિ :અનંત વીર્ય (બળ) નું પ્રગટ થવું; અનંત ગુણ પ્રગટ્યા તેને ન ચળવા દે એવું અચળ વીર્ય પ્રગટ્યું છે.

અચલાર્ચિ :અનંત વીર્ય (બલ); ચળવા ન દે એવું અચલ વીર્ય.

અચલિત :નિર્બાધ (૨) અચળ; સ્થિર. (૩) ચળે નહિ તેવી. (૪) ચળું નહિ એવો; ચંચળતા રહિત; (૫) ચળે નહિ એવી; અચળ; નિશ્ચલ. (૬) સ્થિર. (૭) સ્થિર; એકરૂપ. (૮) અચળ; નિશ્ચિત.

અચલિત શ્રુતિને કોપિત કરે છે :નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે.

અચળ :સદા ટકી રહેનાર (૨) જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ-ચળાચળ-થતું નથી; કંપરહિત; ધ્રુવ. (૩) સદા ટકી રહેનાર (૪) સદા ટકી રહેનાર; ત્રિકાળ એ જ સ્વરૂપે ટકીને રહેવું તે; શાશ્વત સ્વરૂપ. (૫) ફેરફાર વિનાની (૬) દઢ; નિશ્ચળ; અવિકારી. (૭) જ્ઞાનરૂપથી ચળતું નથી -જ્ઞેયરૂપ થતું નથી. (૮) સ્થિર. વિકાર રહિત (૯) વિશુદ્ધ; મલિનતા રહિત; નિશ્ચલ. (૧૦) જ્ઞાનરૂપથી મળતું નથી; જ્ઞેયરૂપ થતું નથી; સ્વ સંવેદ્ય છે (અર્થાત્ પોતાથી જ પોતે જણાય છે.)

અચળપણે :ક્ષણ પણ પ્રમાદ કર્યા વગર; દઢપણે; અડગપણે;

અચળિત :ત્રિકાળ ટકનારું; શાશ્વત (૨) ત્રિકાળ એ જ સ્વરૂપે ટકીને રહે તેવું; શાશ્વત.

આચાર્યકલ્પ :આચાર્યશ્રેષ્ઠ.

અચારિત્ર :કુત્સિત આચરણ; અવ્રત; અસંયમ. (૨) હિંસામાં, જૂઠામાં, ચોરીમાં, મૈથુનમાં અને પરિગ્રહમાં જે મનની પ્રવૃત્તિ છે તે અચારિત્ર છે. કુત્સિત આચરણ છે. કે જે કર્મસંતતિનું-કર્મોની ઉત્પત્તિ, સ્થિતિ અને પરિપાટીનું કારણ છે.

અચારિત્રી :કુત્સિતાચારી; અસંયમી.

અચિત :જીવ વિનાનું

અચિંતું :એકાએક બની આવેલું; અણધાર્યું.

અચિંત્ય :નિશ્ચિત (૨) અલૌકિક; અદ્‌ભુત; અનુપમ; સર્વોત્કૃષ્ટપણે. (૩) વિચાર ન કરવામાં આવ્યો હોય તેવું; ધારણા બહારનું; વિચાર ન થઈ શકે તેવું; અવિચાર્ય. (૪) ધારણા બહારનું; અવિચારણીય. (૫) નિશ્ચિંત (૬) ધારણા બહારનું; વિચાર ન થઈ શકે તેવું. અવિચાર્ય; વિચાર ન કરવામાં આવ્યો હોય તેવું. (૭) ચિંતા વિનાનું; નિશ્ચિત; નહિ ધારેલું; અણધાર્યું; ગૂઢ; અતર્ક્ય; એકાએક. (૮) નિર્વિકલ્પ (૯) ચિંતા વિનાનું; નિશ્ચિંત.

અચિંત્ય દ્રવ્ય :વિચાર ન થઈ શકે તેવું દ્રવ્ય; ધારણા બહારનું દ્રવ્ય; વિચાર ન કરવામાં આવ્યો હોય તેવું દ્રવ્ય.

અચિરાત :અલ્પકાળમાં.

અચિરે :અલ્પકાળમાં.

અચિરેણ :શીઘ્રજ.

અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર :

૧. જૂઠી વસ્તુને (અશુદ્ધ વસ્તુને) ઠીક જેવી કરીને, સાચી વસ્તુમાં ભેળવીને ચલાવવી એનું નામ પ્રતિરૂપ વ્યવહાર છે.

૨. ચોરીની પ્રેરણા કરવી અથવા ચોરી કરવાનો ઉપાય બતાવવો એ બીજો સ્તેનપ્રયોગ અતિચારે છે.

૩. ચોરીની વસ્તુ ખરીદવી તે ત્રીજો અતિચાર છે,

૪. રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અથવા રાજાનો કર ન આપવો એ ચોથો અતિચાર છે.

૫. અધિક મૂલ્યવાળી વસ્તુમાં ઓછી મૂલ્યવાળી વસ્તુ મેળવવી, માપવા, તોળવાનાં વાસણ, ત્રાજવાં વગેરે ઓછાંવત્તાં રાખવાં એ પાંચમો અતિસાર છે. આ પાંચ અચૌર્ય અનુવ્રતના અતિચાર છે.

અચૌર્ય-અણુવ્રતના પાંચ અતિચાર :

(૧) સ્તેન પ્રયોગ=ચોરી માટે, ચોરને પ્રેરણા કરવી કે તેનો ઉપાય બતાવવો.
(૨) ચોરે ચોરેલી વસ્તુને ખરીદવી.
(૩) રાજ્યની આજ્ઞા વિરુદ્ધ ચાલવું.
(૪) દેવા લેવાનાં માપ, ઓછાં વધારે રાખવાં અને
(૫) કિંમતી વસ્તુમાં હલકી (ઓછી કિંમતની) વસ્તુ મેળવીને, અસલી ભાવે વેચવી. આ પાંચ અચૌર્ય-અણુવ્રતના પાંચ અતિચારો છે.

અછતી :અછતું; છાનુ; ગુપ્ત.

અછેરાં :કાળદોષ; અપવાદરૂપ.

અછિન્ન :અતૂટક

અછિન્ન-સંતાનપણે :અતૂટ ધારાઓ.

અજ :બકરો (૨) જેનો જન્મ નથી તેવું; અજન્મા; પરમાત્મા; પરમેશ્વર; બ્રહ્મા; કામદેવ; બકરો; ઘેટો.

અજકુલ :ઘેટાંનું ટોળું.

અજગત :અલોક.

અજંગમ :સ્થિર.

અજ્ઞ :અજાણ; બિનવાકેફ. (૨) મૂર્ખ.

અજ્ઞ અધિકારીપણું :અયોગ્યતા.

અજ્ઞા વિચય :વીતરાગ આજ્ઞા વિચાર, સાધક દશાનો વિચાર, હું વર્તમાનમાં કેટલી ભૂમિકામાં છું એ સંબંધી વિચાર કરવો તે આજ્ઞાવિચય છે.

અજ્ઞેય :જાણી ન શકાય તેવું; અકળ; ગૂઢ.

અજ્ઞાનભાવ :પોતે સ્વ અને પરને સંપૂર્ણપણે જાણે એવા સર્વજ્ઞ સ્વભાવથી-એક જ્ઞાના-દ્રષ્ટા સ્વભાવથી ત્રિકાળ ભરેલો ભગવાન છે; પરંતુ આવા નિજ સ્વભાવના ભાવ વિના અનંત કાળથી એ દયા, દાન, વતાદિના રાગને પોતાની ચીજ માને , એ લાભદાયી છે એમ માને છે, એ પોતાનું કર્તવ્ય છે એમ માને એ અજ્ઞાન ભાવ છે. ઘાતા-દ્રષ્ટા સ્વભાવનો અનાદર કરીને રાગાદિભાવ તે હું છું, હું તેનો કર્તા છું એમ માનવું તે અજ્ઞાનભાવ છે, અને તે વડે તેને બંધ થાય છે.

અજ્ઞાતભાવ :જાણ્યા વિના અસાવધાનતાથી પ્રવર્તવું તે અજ્ઞાતભાવ છે.

આજ્ઞાધીનપણું :આજ્ઞાંકિતપણું; સ્વછંદનો રોધ.

અજ્ઞાન :મિથ્યાદર્શન; નિર્મળાનંદનો નાથ, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો દરિયો છે. તેને દ્રષ્ટિમાં ન લેતાં, હું એક કર્તા છું અને અંદર જે પુણ્ય-પાપના ક્રોધાદિ વિકાર થાય તે મારું એકનું (એક સ્વભાવી આત્માનું) કર્તવ્ય છે. એવી જે માન્યતા છે, તે અજ્ઞાન છે, મિથ્યાદર્શન છે. (૨) વિપરીત જ્ઞાન. (૩) અભાન (૪) પ્રકૃતિના કોઈપણ કાર્યને પોતાનું માની લેવું તેનું નામ અજ્ઞાન છે. (૫) મિથ્યાજ્ઞાન પર્યાય. (૬) તેં જ્ઞાનાવરણીય કર્મની પર્યાય છે. (૭) અજ્ઞાન શબ્દનો સાધારણ ભાષામાં જ્ઞાન રહિત અર્થ થાય છે. જેમ જડ જ્ઞાનથી રહિત છે તેમ; પણ નિર્ગંથ પરિભાષામાં તો મિથ્યાત્વસહિતના જ્ઞાનનું નામ અજ્ઞાન છે, એટલે તે દ્રષ્ટિથી અજ્ઞાનને અરૂપી કહ્યું છે. (૮) અગૃહીત મિથ્યાધ્વનિ હોય ત્યાં જે કઈ જ્ઞાન હોય તેને અગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે. તે મહાન દુઃખદાતા છે. તે ઉપદેશાદિ બાધ નિમિત્તોના આલંબન વડે નવું ગ્રહ્યું નથી પણ અનાદિનું છે, તેથી તેને અગૃહીત (સ્વાભાવિક-નિસર્ગ જ) મિથ્યાજ્ઞાન કહે છે. (૯)વિપરીત જ્ઞાનમાં, પાંચ ઈન્દ્રિયના વિષય-રૂપ રસ, ગંધ, સ્પર્શ, શબ્દમાં અને મદ એટલે અહંકારમાં મનુષ્યભાવ ગુમાવી દે છે. (૧૦) પર સાથે એકપણાની બુદ્ધિ છે તે અજ્ઞાન. (૧૧) પોતાના નિર્મળ વાસ્તવિક સ્વભાવનું અભાન. (૧૨) પોતાના નિર્મળ સ્વભાવનું અભાન. (૧૩) મિથ્યાત્વસહિત મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય તો તે અજ્ઞાન. (૧૪) અંધકાર સમાન અજ્ઞાન છે. જ્ઞાન પ્રકાશ થતાં તત્ક્ષણ જ અજ્ઞાન નાશ પામે છે. (૧૫) પોતાના નિર્મળ સ્વભાવનું અભાન. તે અજ્ઞાન વડે પરમાં સુખીની કલ્પના કરી છે. જેમાં સુખ નથી તેમાં કલ્પના કરી, મંદ આકુળતાને સુખ માની લે છે. (૧૬) જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને

જાણવાનો જ છે. જેમ દીપકનો સ્વભાવ ઘટ-પટાદિને પ્રકાશવાનો છે. એવો વસ્તુસ્વભાવ છે. જ્ઞેયને જાણવા માત્રથી જ્ઞાનમાં વિકાર થતો નથી. જ્ઞેયોને જાણી, તેને સારાં-નરસાં માની, આત્મા રાગી-દ્વેષી વિકારી થાય છે તે અજ્ઞાન છે. (૧૭) પોતાના વાસ્તવિક સ્વભાવનું અભાન (૧૮) મિથ્યાત્વ સહિત મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય તો તે અજ્ઞાન. (૧૯) સ્વભાવનો નકાર (૨૦) મિથ્યાત્વ સહિતનું જ્ઞાન ને અજ્ઞાન. (૨૧) વિપરીત જ્ઞાન; મિથ્યાત્વ સહિત જ્ઞાન તે અજ્ઞાન. (૨૨) પોતાનું સ્વજ્ઞેય ભૂલીને માત્ર પરજ્ઞેય કરે અને પરજ્ઞેયને પોતાનું જાણે તે જીવ અજ્ઞાન છે. તે જીવજ્ઞાનના ઊંધા ભાવ વખતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું નિમિત્ત છે તે અજીવ અજ્ઞાન છે. જડ કર્મ ઊંધો ભાવ આત્માને કરાવી દેતું નથી. પણ ઊંધો ભાવ જીવ પોતે કરે ત્યારે જડ ઉદયનું નિમિત્ત હોય છે. એમ બધા વિકારી ભાવોમાં જીવ અજીવ બબ્બે પ્રકાર છે, સમ્યગ્દર્શનની ભૂલ મિથ્યાત્વ, જ્ઞાનની ભૂલ તે અજ્ઞાન, ચારિત્રની ભૂલ તે અસ્થિરતા; મોહ ને ક્રોધાદિ તે ચારિત્રની ભૂલમાં સમાઈ જાય છે. (૨૩) આત્માના નિર્મળ સ્વભાવના ભાન વિનાનું. (૨૪) પોતાના વાસ્તવિક સ્વભાવનું અભાન. (૨૫) પરમાં ભલા-બુરાની કલ્પના-ભ્રાન્તિ કરી ઠીક-અઠીકપણું માનતાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તે અજ્ઞાન છે. (૨૬) જીવોને જે તત્ત્વનું અજ્ઞાન અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ-વિપરીત જ્ઞાન છે તે અજ્ઞાનનો ઉદય છે. આત્માના સ્વભાવ તરફનું જ્ઞાન નહિ કરતાં પરનું જ જ્ઞાન કરવું તે અજ્ઞાનભાવ છે. તે અજ્ઞાનનો ઉદય છે. (૨૭) પોતાને જાણવું મૂકીને એકલો પરનો જ વિષય કરે તે અજ્ઞાન.

અજ્ઞાની :મિથ્યાદષ્ટિ.

અજ્ઞાન ચેતના :રાગમાં એકાગ્ર થઈને પ્રવર્તે તે અજ્ઞાન ચેતના છે, અને તે ભવબીજ છે. એનાથી સંસાર ફળશે અને ફાલશે. (૨) અજ્ઞાનને ચેતનારી, અજ્ઞાનમાં જાગ્રત થયેલી ચેતના, અર્થાત્ સ્વરૂપને ચેતવા પ્રતિ આંધળી એવી ચેતના. મિથ્યા દર્શન છે. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ છે તેને હું છું એમ નહિ અનુભવતાં એનાથી અલ્પ વિરુદ્ધ જે શુભાશુભ ભાવ તેમાં આ હું છું એમ અનુભવવું તે અજ્ઞાન ચેતના છે. એ તે બે પ્રકારે છે. (૧) કર્મ ચેતના અને (૨) કર્મફળ ચેતના. હવે કહે છે - તેમાં જ્ઞાનથી અન્યમાં (અર્થાત્ જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં) એમ ચેતવું કે આને હું કુરું છું તે કર્મ ચેતના છે, અને જ્ઞાનથી અન્યમાં એમ ચેતવું કે આને હું ભોગવું છું તે કર્મફળચેતના છે. એમ બે પ્રકારે અજ્ઞાન ચેતના છે. (૩) શુભાશુભ ભાવને કરવારૂપ ને ભોગવવારૂપ પરિણામ કરે છે. સંસારનું બીજ છે દુઃખનું બીજ છે. (૪) અજ્ઞાનને ચેતનારી, અજ્ઞાનમાં જાગ્રત થયેલી ચેતના, સ્વરૂપને ચેતવા પ્રતિ આંધળી એવી ચેતના. (૫) અજ્ઞાનને ચેતનારી; અજ્ઞાનમાં જાગ્રત થયેલી ચેતના; સ્વરૂપને ચેતવા પ્રતિ આંધળી એવી ચેતના; મિથ્યાદર્શન; શુભાશુભ ભાવને કરવારૂપ અને ભોગવવારૂપ પરિણામ એ અજ્ઞાનચેતના છે; સંસારનું બીજ છે. દુઃખનું બીજ છે. ઊંસારનું કારણ જે આઠ પ્રકારનું કર્મ; તેનું અજ્ઞાન ચેતના બીજ છે; અર્થાત્ એનાથી શુભાશુભ ભાવ કરનાર ને ભોગવવાના ભાવથી કર્મ બંધાય છે.

અજ્ઞાન પરિષહ :સત્પુરુષનો યોગ થયા છતાં જીવને અજ્ઞાનનાં કારણો રાખવામાં હિમ્મત ન ચાલી શકતી હોય, મુંઝવણ આવી જતી હોય, આટઆટલું કર્યા છતાં હજી જ્ઞાન કેમ પ્રગટતું નથી એમ થયા કરે તે.

અજ્ઞાત ભાવ :જાણ્યા વિના અસાવધાનતાથી પ્રવર્તવું તે અજ્ઞાતભાવ છે.

અજ્ઞાન મિથ્યાત્વ : જ્યાં હિત - અહિતનો કોઈપણ વિવેક ન હોય, કે કાંઈ પણ પરીક્ષા કર્યા વગર ધર્મની શ્રદ્ધા કરવી, તે અજ્ઞાન મિથ્યાત્વ છે. જેમ કે પશુવધમાં ધર્મ માનવો તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

(૧) સ્વર્ગ, નરક, મુક્તિ કોણે દીઠાં ?

(૨) સ્વર્ગના સમાચાર કોને આવ્યા ? બધાં ધર્મશાસ્ત્ર જુઠ્ઠાં છે, કોઈ સાચું જ્ઞાન બતાવી શકતા નથી,

(૩) પુણ્ય-પાપ ક્યાં લાગે અથવા પુણ્ય-પાપ કાંઈ છે જ નહિ,

(૪) પરલોકને કોણે જાણ્યો ? શું પરલોકના સમાચાર પત્ર કે તાર કોઈને આવ્યા?

(૫) સ્વર્ગ-નરક ઈત્યાદિ બધું કહેવામાત્ર છે, સ્વર્ગ-નરક તો અહીં જ છે; અહીં સુખ ભોગવે તે સ્વર્ગ; દુઃખ ભોગવે તે નરકઃ

(૬) હિંસાને પાપ કહે છે તથા દયાને પુણ્ય કહે છે તે કહેવામાત્ર છે, કોઈ ઠેકાણું હિંસા રહિત નથી, સર્વમાં હિંસા છે, ક્યાંય પગ મુકવાનું ઠેકાણું નથી, જમીન પવિત્ર છે તે પગ મૂકવા આપે છે.

(૭) આ ભક્ષ્ય અને અભક્ષ્ય- એવો વિચાર પણ નિરર્થક છે, એકેંદ્રિય. ભૃક્ષ તથા ભક્ષ્ય વગેરે ભક્ષણ કરવામાં અને માંસ ભક્ષણ કરવામાં તફાવત નથી, તે બન્નેમાં જીવહિંસા સમાન છે,

(૮) જીવને જીવનો જ આહાર ભગવાને બતાવ્યો છે અથવા જગતની બધી વસ્તુઓ ખાવા ભોગવવા માટે જ છે ઈત્યાદિ- આ બધા અભિપ્રાયો અજ્ઞાન મિથ્યાત્વ છે.

(૯) ઉપર પ્રમાણે મિથ્યાત્વનું સ્વરૂપ જાણીને સર્વ જીવોને ગૃહીત તથા અગૃહીત મિથ્યાત્વ છોડવું જોઈએ. સર્વ પ્રકારના બંધનું મૂળ કારણ મિથ્યાત્વ છે, અને તે જ સૌથી પહેલાં ટળે છે. મિથ્યાત્વ ટાળ્યા વગર અન્ય બંધના કારણો (અવિરતિ આદિ) પણ ટળતાં નથી, માટે સૌથી પહેલાં મિથ્યાત્વ ટાળવું જોઈએ.

અજ્ઞાન લવ :જરાક અજ્ઞાન, અલ્પ અજ્ઞાન.

અજ્ઞાનનું લક્ષણ :જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો તો તે જ્ઞાન અજ્ઞાન કહેવા યોગ્ય છે.

અજ્ઞાનનું લક્ષણ :વેદના વેદતાં જીવને કંઈ પણ વિષમ ભાવ થવો તે અજ્ઞાનનું લક્ષણ છે; પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી. પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે. વર્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે; એટલે જીવને કાયા જુદાં છે એવો જે જ્ઞાનયોગ તે જ્ઞાની પુરુષનો અબાધ જ રહે છે.

અજ્ઞાનભવન વ્યાપાર રૂપ :ક્રોધાદિ વ્યાપાર રૂપ પ્રવર્તન

અજ્ઞાનભાવ :આનંત આત્મામાં છે તેની ખબર ન હોવી તે અજ્ઞાનભાવ છે. (૨) છ પદાર્થોના વિચારમાં ચૈતન્યધાતુ રોકાઈ ગઈ. (૩) ભગવાન આત્મા ત્રિકાળ શાશ્વત એક જ્ઞાન સ્વરૂપી ચીજ છે તેને ભૂલીને જ્યાં સુધી જીવ દેહાદિને રાગ-દ્વેષાદિ મારા માને ત્યાં સુધી અજ્ઞાનભાવ છે, એ જ્યાં સુધી અજ્ઞાન ભાવ છે ત્યાં સુધી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને સંસાર ઊભો રહે છે. આચાર્ય કહે છે કે અજ્ઞાનભાવને દૂર કરીને જ્ઞાન જ્ઞાનરૂપ થાઓ ને જ્ઞેય જ્ઞેયરૂપ જ રહો - કે જેથી ભાવ-અભાવને અર્થાત્ રાગ-દ્વેષરૂપ ઉત્પાદ-વ્યયને અટકાવી દેતો પૂર્ણ સ્વભાવ પ્રગટ થાય.

અજ્ઞાનલવ :જરાક અજ્ઞાન; અલ્પઅજ્ઞાન.

અજ્ઞાનવાદી જીવ :ક્રિયા કરવી નહીં, ક્રિયાથી દેવગતિ પ્રાપ્ત થાય, બીજું કાંઈ પ્રાપ્ત થતું નથી; જેથી ચાર ગતિ રઝળવાનું મટે તે ખરું એમ કહી સદાચરણ પુણ્યના હેતુ જાણી કરતાં નથી; અને પાપનાં કારણો સેવતાં અટકતાં નથી. આ પ્રકારના જીવોએ કાંઈ કરવું જ નહીં અને મોટી મોટી વાતો કરવી એટલું જ છે. આ જીવો અજ્ઞાનવાદી તરીકે મૂકી શકાય.

અજ્ઞાની :આત્મા અંદર અતીન્દ્રિય જ્ઞાનને, આનંદનો રસકંદ છે. એના અંતર-અનુભવની જેમ દશા નથી, તે અજ્ઞાની છે. ચિદાનંદ ઘન પ્રભુ આત્માની અંતર્દૃષ્ટિ વિના પણ પુણ્ય-પાપના ભાવ જે થાય, તે મારું નિજ સ્વરૂપ છે, એમ જે માને છે તે અજ્ઞાની છે. (૨) સાચા આત્મતત્ત્વની દૃષ્ટિમાં વિકાર ક્ષણિક અવસ્થા છે, તેથી તે પર્યાયાર્થિક છે; તે પરાશ્રિત છે માટે વ્યવહારે છે, વ્યવહાર છે તે સંયોગજનિક છે, સંયોગ આધીન ભાવ છે તે છાંડવા જોગ છે; એમ ન જાણે તે મિથ્યા દૃષ્ટિ, અજ્ઞાની છે. (૨) શુદ્ધ આત્માના જ્ઞાનને નહિ જાણનાર.

અજ્ઞાની અને જ્ઞાની જીવ પુણ્યાદિ સાત પદાર્થો કયા કયા પદાર્થોના કર્તા છે ?

:અજ્ઞાની જીવ, નિર્વિકાર સ્વસંવેદનાના અભાવને લીધે, પાપ પદાર્થનો તથા આસ્રવ-બંધ પદાર્થોનો, કર્તા છે; કદાચિત્ મંદ મિથ્યાત્વના ઉદયથી, દેખેલા-સાંભળેલા-અનુભવેલા ભાગોની આંકાક્ષારૂપ નિદાનબંધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનારા પુણ્યપદાર્થનો પણ, કર્તા થાય છે. જે જ્ઞાની જીવ છે તે નિર્વિકાર-આત્મતત્ત્વ વિષયક નિશ્ચય અનુભૂતિરૂપ અભેદરત્નત્રય પરિણામ વડે, સંસવર-નિર્જરા મોક્ષ પદાર્થોનો કર્તા થાય છે; અને જ્યારે પૂર્વોક્ત નિશ્ચયરતન્ત્રયમાં સ્થિર રહી શકતો નથી ત્યારે નિર્દોષ પરમાત્મસ્વરૂપ અર્હંત-સિદ્ધોની તથા, તેનું (નિદોર્ષ પરમાત્માનું) આરાધન કરનારા આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓની નિર્ભર અસાધારણ ભક્તિરૂપ એવું

જે સંસાર વિચ્છેદના કારણભૂત, પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકરપ્રકૃત્તિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું, વિશિષ્ટ પુણ્ય તેને અનીહિતવૃત્તિએ નિદાન રહિત પરિણામથી કરે છે. આ રીતે અજ્ઞાની જીવ પાપાદિ ચાર પદાર્થોનો કર્તા છે, અને જ્ઞાની સંવરાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે.

અજ્ઞાની જીવ :અજ્ઞાની જીવ, નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે, પાપ પદાર્થનો તથા આસ્રવ-બંધ પદાર્થો કર્તા થાય છે. કદાચિત્ મંદ મિથ્યાત્વનાતથા ઉદયથી, દેખેલા-સાંભળેલા-અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનાર, પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે. આ રીતે અજ્ઞાની જીવ, પાપાદિ ચાર પદાર્થોનો કર્તા થાય છે.

અજ્ઞાની જીવની ઊંધી માન્યતા :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપે પરિણમતાં પુદ્ગલો આત્માને કાંઈ કહેતા નથી કે તું અમને જાણ અને આત્મા પણ પોતાના સ્થાનથી છૂટીને તેમને જાણવા જતો નથી. બંન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (સંબંધ વિનાનો, તટસ્થ) છે, તો પણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારાં-નરસાં માનીને રાગી-દ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.

અજ્ઞાની યોગ :ઉપયોગનો કર્તા થાય છે, તેની પર ઉપર નજર છે માટે તેના યોગ અને ઉપયોગ પરવસ્તુના નિમિત્તપણે કર્તા થાય છે.

અજ્ઞાનીનું લક્ષ :અજ્ઞાનીનું લક્ષ્ય (ધ્યેય) સ્થૂળ હોય છે તેથી તેને કેવળ ભક્તિનું જ પ્રધાનપણું હોય છે.

(અજ્ઞાનીની) અનુકંપા :તીવ્ર, તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી, પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ કોઈ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે.

અજ્ઞાનીનો આત્મા કેવડો ? :અજ્ઞાનીના અજ્ઞાન જેવડો; એટલે કે વર્તમાન અવસ્થા જેવડો; એટલે કે એક સમયના પુણ્ય-પાપભાવ પૂરતો. કારણ કે ત્રિકાળી શુદ્ધ સ્વભાવને તે માનતો નથી માટે તે અજ્ઞાનીનો ત્રિકાળી આત્મા નથી. જેનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એ તો ક્યાંય જાય નહિ. પણ અહીં અજ્ઞાનીની માન્યતાની અપેક્ષાએ વાત છે.

અજ્ઞાની વસ્તુના સ્વરૂપના નિયમને જાણતો નથી એટલે શું ? :એટલે કે :-

(૧) હું ચિન્માત્ર વસ્તુ અકર્તા સ્વભાવી આત્મા છું, રાગનું કર્તાપણું મને નથી. એક વાત; અને

(૨) પર્યાયમાં જે વિકારના પરિણામ થાય છે તે પોતાથી થાય છે, પરદ્રવ્યથી થતા નથી. વિકારનું કર્તાપણું પરદ્રવ્યને નથી. આમ અજ્ઞાની જીવ વસ્તુના સ્વરૂપના નિયમને જાણતો નથી. તેથી તે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ-મોહાદિ ભાવે પરણિમે છે, રાગ-દ્વેષ-મોહને જ કરે છે. અનંત ગુણ-શક્તિઓનો પિંડ પ્રભુ આત્મા છે. પણ તેમાં રાગને-વિકારને કરે એવી કોઈ શક્તિ નથી. ભાઈ ! વસ્તુનો સહજ સ્વભાવ જ આવો છે કે તે રાગને કહે નહિ. તથાપિ પર્યાયમાં વિકાર થાય છે તે પોતાના ષટ્કારકના પરિણમનથી ઉત્પન્ન થયેલી દશા છે, તેને કોઈ પરકારકોની અપેક્ષા નથી. આવો વસ્તુના સ્વભાવનો નિયમ છે.

આજ્ઞાપ્રધાન :જે જીવો પરંપરા માર્ગ વડે ગમે તેવા દેશ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞા પ્રધાન કહીએ.

અંજન :પ્રાણ આરોપણ. (પ્રવચન-અંજન-પ્રવચનરૂપી પ્રાણ આરોપણ)

અંજનચૂર્ણ :આંજણનો ઝીણો ભૂકો.

અંજનશલાકા :આંજવાની સળી.

અજપાજાપ :રટણ.

અજપાજાપ :મન-વચન-કાયાના યોગથી બાહ્ય પ્રવૃત્તિ છૂટી આ લયમાં સમાવેશ પામે, - બાહ્ય ઉપાધિ છૂટી બાહ્ય સમાધિ પણ થાય એ નિરંતર જાય છે.

અંજલિકરણ :વિનયથી હાથ જોડવા.

અજાગ્રત :અસાવધ; જાગતું નહિ તેવું;

અજાત :અનુત્પન્ન; હયાતી અનુભવી નથી એવા.

અજીવ :પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય અને આકાશદ્રવ્ય એ પાંચ ભેદ, અજીવદ્રવ્યના છે. (૨) જેમાં ચેતના-જાણપણું નથી; તેવાં દ્રવ્યો પાંચ

છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, તે ચાર અરૂપી છે અને પુદ્ગલરૂપી-સ્પર્શ, ગંધ, રસ, વર્ણ સહિત છે. અજીવ વસ્તુઓ આત્માથી જુદી છે, તેમજ અનંત આત્માઓ પણ એક બીજાથી સ્વતંત્ર-જુદા છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ; પર તરફ વલણ કરતાં જીવને, પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે. (૩) જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, દ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાળ દ્રવ્ય - એ ચાર અરૂપી દ્રવ્ય છે, અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સહિત છે. (૪) અજીવના પાંચ ભેદ છે; પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્મા-સ્તિકાય, આકાશ અને કાળ. (૫) જેમાં ચેતના (જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિ) નથી હોતી તેને અજીવ કહે છે. (૬) પુદગલ, ધર્મ, અધર્મ અકાશ એ કાળદ્રવ્યમાં લક્ષણ અને ભેદ= જેમાં ચેતના (જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિ) નથી હોતી તેને અજીવ કહે છે. આ અજીવના પાંચ ભેદ છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ હોય છે તેને પુદ્ગલ દ્રવ્ય કહે છે. જે સ્વયં ચાલે છે એવા જીવ અને પુદ્ગલને ચાલવામાં નિમિત્તકારણ હોય છે તે ધર્મદ્રવ્ય છે અને સ્વયં (પોતાની મેળે) ગતિપૂર્વક સ્થિર રહેલાં જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્તકારણ છે તે અધર્મ દ્રવ્ય છે. જેમાં છ દ્રવ્યોનો નિવાસ છે તે સ્થાનને આકાશ કહે છે. જે પોતાની મેળે પલટે છે તથા પોતાની મેળે પલટતાં બીજા દ્રવ્યોને પલટવામાં નિમિત્ત છે તેને નિશ્ચયકાળ કહે છે. ઋતુ, દિવસ, ઘડી, કલાક વગેરેને વ્યવહારકાળ કહેવાય છે. આવી રીતે અભ્વ તત્ત્વનું વર્ણન કરે છે. જિનેદ્ર ભગવાને આ પાંચે દ્રવ્યોમાંથી પુદ્ગલ દ્રવ્યને બાદ કરતાં ચાર અભ્વ દ્રવ્ય અને જીવ દ્રવ્યને અમૂર્તિક (ઈન્સ્રિય અક્ષોચર) કહ્યાં છે. (૭) જેમાં ચેતના-જાણપણું નથી; તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત છે. (૮) પુદ્ગલ દ્રવ્યાદિક અચેતન દ્રવ્યો, તે અજીવ છે. પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, કાળદ્રવ્ય તથા આકાશદ્રવ્ય, એવા આજીવના પાંચ ભેદ છે. અજીવનું વિશેષલક્ષણ અચેતનપણું છે. (૯) આકાશ, કાળ, પુદ્ગલ, ધર્મ અને અધર્મમાં, જીવના ગુણોનો નથી, તેથી તેમને અચેતનપણુ કહ્યું છે. આકાશાદિને સુખદુઃખનું જ્ઞાન, હિતનો ઉદ્યમ અને અહિતનો ભય એ જેમને સહાય હોતાં નથી તેથી તે અજીવ છે. (૧૦) ચૈતન્યનો અભાવ જેનું લક્ષણ છ, તે અજીવ છે. તે અજીવ પાંચ પ્રકારે છે - પુદ્ગલાસ્તિક, ધર્માસ્તિક, અધર્માસ્તિક, આકાશાસ્તિક અને કાળદ્રવ્ય.

અજીવ અધિકરણ આસ્રવના ભેદો :અજીવ-અધિકરણ આસ્રવ બે પ્રકારની નિર્વર્તના, ચાર પ્રકારના નિક્ષેપ, બે પ્રકારના સંયોગ અને ત્રણ પ્રકારના નિસર્ગ - એમ કુલ ૧૧ ભેદરૂપ છે.

અજીવ દ્રવ્યો :પુદ્ગલ ધર્માસ્તિપ્રય, અધર્માસ્તિપ્રય, આકાશને કાળ.

અજીવતત્ત્વ :પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ પાંચઅભ્વ દ્રવ્યો છે. ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ અને પુદ્ગલ એ ચાર અજીવ તથા બહુ પ્રદેશી છે.

અટક :પકડ. (૨) બંધન.

અટકવું :રોકાવું; થોભવું; ગતિ કે પ્રવૃત્તિ બંધ પડવી.

અટલ :ન ટળે તેવું; નિત્ય; સનાતન.

અટવાઈ જવું :ખોવાઈ જવું; ગુંચવાવું; ભરાવું; ગુંજાવું; કાયર થવું; પિલાવું; ઘૂંટાઈને એકરસ થવું; પગમાં (કાંઈક) ભરાવું.

અટવી :વન; જંગલ. (૨) અનંત.

અઠ્ઠાવીસ મૂલ ગુણો :પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય નિરોધ, છ આવશ્યક, કેશલોચ, સ્નાનાભાવ, નગ્નતા, અંદતધોવન, ભૂમિ શયન, સ્થિતિભોજન અને એકવાર આહાર ગ્રહણ, એ અઠ્ઠાવીસ મૂલગુણો મુનિઓને હોય છે. (૨) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ મહાવ્રત છે, ઈર્યા, ભાષા એષણા આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓનાં નામ છે. સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોય એ પાંચ ઈન્દ્રિયો જેમનો નિરોધ-વશ કરવું, સામાયિક, સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન આ છ પરમ આવશ્યક છે, કેશલોચ, અસ્નાન, નગ્નપણું, અદંતધાવન, ભૂમિશયન, ઊભા રહીને

ભોજન કરવું અને એક વખત ભોજન કરવું આ યોગીઓના ૨૮ મૂળ ગુણ પાળવા યોગ્ય છે.

અઠ્ઠાવીસ શ્રમણના મૂળ ગણો :પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ પ્રકારનો ઈંદ્રિયરોધ, લોચ, છ પ્રકારનાં આવશ્યક, અચેલકપણું (દિગંબરપણું), અસ્નાન, ભૂમિશયન, અદંતધાવન, ઊભા ઊભા ભોજન, અને એક વખત આહાર, આ પ્રમાણે આ અઠ્ઠાવીસ નિર્વિકલ્પ, સામાયિક-સંયમના ભેદો હોવાથી, શ્રમણોના મૂળગુણો જ છે.

અડવી :શોભા વગરની.

અડાબીડ :મોભાદાર; જબ્બર; ભારે મોટું; ભારે જબરું; ભરચક; ભરપૂર.

અડોલ :નિશ્ચળ (૨) ડોલે નહિ એવું; સ્થિર.

અટળ :નિત્ય; સનાતન; ટળે નહિ તેવું. (૨) જંગલ; ચોરાસી લાખ યોનિના અવતારો-દેહોરૂપ મહાવન. (૩) વન; ચોર્યાસી લાખ અવતારો-દેહોરૂપ મહાવનને પ્રાપ્ત કરાવવાના નિમિત્તભૂત એવા સમસ્ત મોહરાગદ્વેષાદિ.

અઢાર દોષ :સત્‌દેવમાં અઢાર દોષ હોતા નથી. તેના નામ આ પ્રમાણે છે. પાંચ પ્રકારના અંતરાય (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપયોગાંતરાય, (૫) વીર્યાંતરાય અને (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) મિથ્યાત્વ, (૧૩) અજ્ઞાન, (૧૪) અપ્રત્યાખ્યાન અથવા અવિરતિ, (૧૫) રાગ, (૧૬) દ્વેષ, (૧૭) નિદ્રા અને (૧૮) કામ એ અઢાર દોષ સત્‌દેવમાં હોતા નથી.

અઢાર દોષનાં નામ :(દોહો)

જન્મ, જરા તૃષા, ક્ષુધા, વિસ્મય, અરતિ, ખેદ,
રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિન્તા, સ્વેદ,
રાગ, દ્વેષ, અરુ મરણચુર એ અષ્ટાદશ દોષ,
નહિં હોતે અરહંત કે સો છબિ લાયક મોક્ષ.

અઢી દ્વીપ :પિસ્તાલીસ લાખ જોજન - એક જોજન એટલે અહીં ચાર હજાર માઈલ - બે હજાર ગાઉ જાણવા. ૪૫ લાખ ગુણાકાર ૪૦૦૦ માઈલ એટલા વિસ્તારમાં મનુષ્ય વસ્તી છે. અઢાર અબજ માઈલ વિસ્તારમાં અઢી દ્વિપ ફેલાયેલ છે.

અણુ :એકપ્રદેશી (૨) સૂક્ષ્મ, અલ્પ (વ્રત); પુદ્‌ગલનો નાનામાં નાનો ભાગ. (૩) પ્રદેશ

અણગારત્વ :મુનિપણું

અણુ છતું :નાનું હોવા છતાં.

અણઉપયોગમય :અચેતન; જડ

અણુઓ :પ્રદેશો-મૂર્ત અને અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાના) અંશો તેમના વડે (બહુ પ્રદેશો વડે) મહાન હોય તે અણુમહાન. (૨) પ્રદેશો; મૂર્ત અને અમૂર્ત નિર્વિભાગ (નાનામાં નાનો) અંશો.

અણગળ પાણી :ગરણે ગાળ્યા વિનાનું પાણી.

અણગાર :ઘર વિનાના. (૨) સાધુ; સંન્યાસી; ઘરબાર વિનાનું. (૩) મુનિ. (૪) ઘર વિનાના.

અણગારે જાયા :અણગાર (મુનિ) સ્વરૂપે જેનો જન્મ થયો છે. (૨) આયગાર સ્વરૂપે જેનો જન્મ થયો છે આચાર્ય દેવ (કુન્દકુન્દાચાર્ય) પોતાની આત્મસિદ્ધિ પગટ થવામાં ચાર કારણો કહે છે.

(૧) શબ્દબ્રહ્મરૂપ પરમાગમની સેવા.
(૨) કુતર્કને કુમતનું ખંડન કરનાર નિર્બાધ અખંડ યુક્તિ.
(૩) સર્વજ્ઞ ભગવાનથી આવેલ પરંપરા ગુરુનો ઉપદેશ.
(૪ જાત અનુભવ.

ઉપરોક્ત ચાર કારણો વડે નિજ વિભવ પ્રગટ થયો છે. જે સર્વથી મેં આત્માને વર્ણવવા પ્રયત્ન કર્યો છે.

અણગારત્વ :મુનિપણું.

અણગારો :આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ.

અણજુગતું :અઘટિત; અયોગ્ય;

અણજાત :અનુત્પન્ન; ઉત્પન્ન થયા નથી.

અણપ્રવિષ્ટ :અણસ્પર્શવું; પદાર્થમાં ન રહેવું.

અણુપૂર્વી :આનુપૂર્વી; જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં સીધી રીતે જઈ શકે, એવી નામકર્મની એક પ્રકૃતિ.

અણુમહાન :જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ આ પાંચે દ્રવ્યો કાયત્વવાળાં છે કારણ કે તેઓ અણુમહાન છે. અણુમહાન્તની વ્યુત્પત્તિ ત્રણ પ્રકારે છે

(1) અણુભિઃ મહાન્તઃ અણુમહન્તઃ અર્થાત્ જેઓ બુહ પ્રદેશો વડે (બેથી વધારે પ્રદેશો વડે) મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે જીવો, ધર્મ અને અધર્મ અસંખ્યપ્રદેશી હોવાથી અણુમહાન છે; આકાશ અનંત પ્રદેશી હોવાથી અણુમહાન છે; અને ત્રિ-અણુક સ્કંધથી માંડીને અનંતાણુક સ્કંધ સુધીના બધી સ્કંધો બહુપ્રદેશી હોવાથી અણુમહાન છે.

(૨) અણુભ્યાસ મહાન્તઃ અણુમહાન્તઃ અર્થાત્ જેઓ બે પ્રદેશો વડે મોટા હોય તેઓ અણુમહાન છે. આ વ્યુપ્તત્તિ પ્રમાણે દ્વિ-અણુક સ્કંધો અણુમહાન છે.

(૩) અણવશ્ચ મહાન્તશ્રી અણુમહાન્તઃ અર્થાત્ જેઓ અણુરૂપ (એક પ્રદેશી) પણ હોય અને મહાન (અનેક પ્રદેશી) પણ હોય. તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે પરમાણુઓ અણુમહાન છે. કારણ કે વ્યક્તિ-અપેક્ષાએ તેઓ એક- પ્રદેશી છે અને શક્તિ-અપેક્ષાએ અનેક-પ્રદેશી પણ (ઉપચારથી) છે, આ રીત ઉપર્યુક્ત પાંચે દ્રવ્યો અણુમહાન હોવાથી કાયત્વવાળાં છે. એમ સિદ્ધ થયું.

કાળાણુને અસ્તિત્વ છે પરંતુ કોઈ પ્રકારે પણ કાયત્વ નથી, તેથી તે દ્રવ્ય છે પણ અસ્તિકાય નથી.

અણુમહાન :(૧) પ્રદેશો મોટાં અર્થાત્ અનેક પ્રદેશી (૨) એક પ્રદેશી (વ્યક્તિ-અપેક્ષાએ) તેમજ અનેક પ્રદેશી (શકિત-અપેક્ષાઓ)

(૧) અણુભિઃ મહાન્તઃ અણુમહાન્તઃ = જેઓ બહુ પ્રદેશો વડે (બેથી વધારે પ્રદેશો વડે) મોટા હોય, તેઓ અણુમહાન છે; આ વ્યુત્પત્તિ પ્રમાણે જીવો, ધર્મ અને અધર્મ અસંખ્યપ્રદેશી હોવાથી અણુમહાન છે; આકાશ અનન્તપ્રદેશી હોવાથી, અણુમહાન છે; અને ત્રિ-અણુક સ્કંધથી માંડીને અનંતાણુક સ્કંધ સુધીના બધા સ્કંધો, બહુપ્રદેશી હોવાથી અણમહાન છે.

(૨) અણુમ્યામ્ મહાન્તઃ અણુમહાન્તઃ અર્થાત્ જેઓ બે પ્રદેશો વડે મોટા હોય, તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે દ્વિ-અણુક સ્કંધો, અણુમહાન છે.

(૩) અણવશ્ચ મહાન્તશ્ચ અણુમહાન્તઃ અર્થાત્ જેઓ અણુરૂપ (એક પ્રદેશી) પણ હોય, અને મહાન (અનેક પ્રદેશી) પણ હોય, તેઓ અણુમહાન છે. આ વ્યુત્પત્તિ પ્રમાણે પરમાણુઓ અણુમહાન છે, કારણકે વ્યક્તિઅપેક્ષાએ તેઓ એક પ્રદેશી છે, અને શક્તિઅપેક્ષાએ અનેકપ્રદેશી પણ (ઉપચારથી) છે.

અણુમાત્ર દેહાદિક વિષે મૂર્છાભાવ હોય તો તે આત્મજ્ઞાનશૂન્ય છે :સરળ આગમના સારને હથેળીમાં રહેલા આકા સમાન કર્યો હોવાથી (હસ્તામલકવત સ્પષ્ટ જાણતો હોવાથી) જે પુરુષ, ભૂત-વર્તમાન-ભાવિ સ્વોચિત પર્યાયો સહિત અશેષ દ્રવ્યસમૂહને જાણનારા આત્માને જાણે છે

અણલિંગ :જેનું કોઈ ખાસ બાહ્ય ચિહ્ન નથી, કોઈ પ્રકારના વેષથી પર.

અણુવ્રત : અલ્પવ્રત; જે વ્રતોને શ્રાવકો ધારણ કરે છે. (૨) નિશ્ચય સમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી (અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિવિશેષને દશચારિત્ર કહે છે. આ શ્રાવક દશામાં પાંચ પાપોનો સ્થૂળરૂપ એકદેશ ત્યાગ હોય છે તેને અણુવત કહેવામાં આવે છે. (૩) અણુવ્રત એટલે સ્થૂળ હિંસા, સ્થૂલ અસત્ય; સ્થલ ચૌર્ય, સ્થૂલ અબ્રહ્મચર્ય, અને સ્થૂલ પરિગ્રહી નિવૃત્ત થવું.

(૧) સ્થૂલ હિંસા એટલે ત્રસ કે જંગમ જીવોની હિંસા. અહિંસાધર્મનું રહસ્ય સમજનાર મુમુક્ષુ ઉપાસકે જીવોની પણ નિરર્થક હિંસા ન કરવી. પ્રાણી પોતાનું જીવિત બચાવવા રાજ્ય પણ આપી દે છે એવા એ જીવિતનો વધ કરવાથી થતું પાપ આખી પૃથ્વી દાનમાં આપી દે તો પણ ન ધોઈ શકાય.

(૨) સ્થૂલ અસત્ય પાંચ પ્રકારનું છે : (a) કન્યા વિષયક, (b) ગાય-પશુ વિષયક, (c) ભૂમિ વિષયક, (d) થાપણ વિષયક અને (e) ખોટી સાક્ષી વિષયક. એ બધું લોકથી વિરુદ્ધ છે, વિશ્વાસનો ઘાત કરવારૂપ છે અને ધર્મથી ઊલટું છે.

અસત્યથી આ લોકમાં નિંદા અને હલકાપણું પ્રાપ્ત થાય છે, તા પરલોકમાં અધોગતિ થાય છે.

(૩) ચોરીના ફળ રૂપે દુર્ભાગ્ય, ગુલામી દાસત્વ, અંગછેદ અને દરિદ્રતા પ્રાપ્ત થાય છે, એમ જાણી બુદ્ધિમાને સ્થૂળ ચોરીનો ત્યાગ કરવો. કોઈનું પડી ગેયલું, ભુલાઈ ગયેલું, ખોવાઈ ગયેલું, માલિકનો પોતાની પાસેનું કોઈએ આપણે ત્યાં થાપણ તરીકે મૂકેલું, કે કોઈએ છુપાવીને સંઘરેલું એવું જે કાંઈ પારકું છે, તેને બુદ્ધિમાન તેના પરવાનગી વિના ન લે.

(૪) અબ્રહ્મચર્યના ફળરૂપે ષંઢત્વ તથા ઈન્દિય છેદ પ્રાપ્ત થાય છે. એમ જાણીને, બુદ્ધિમાન પુરુષે સ્વપત્નીમાં જ સંતુષ્ટ રહેવું, તથા પરસ્ત્રીનો ત્યાગ કરવો. આરંભમાં જ મનોહર પરંતુ પરિણામે કિંપાક વૃક્ષનાં ફળની પેઠે અતિ દારૂણ એવા મૈથુનને કોણ સેવે ? ઉપાસકે તો પોતાની સ્ત્રીને પણ આસક્તિપૂર્વક ન સેવવી જોઈએ, તો પછી સર્વ પાપોના મૂળરૂપ પરસ્ત્રીઓની તો વાત જ શી? પર-સ્ત્રી પુરુષમાં આસક્ત એવાં સ્ત્રી-પુરુષને ભવે ભવે નપુંસકતા, પશુતા અને દુર્ભાગ્યતા પ્રાપ્ત થાય છે.

(૫) પરિગ્રહ એટલે મમતા અથવા આસક્તિ. આસક્તિને કારણે અસંતોષ, અવિશ્વાસ અને દુઃખના કારણરૂપ હિંસાદિ પ્રવૃત્તિ પ્રાપ્ત થાય છે એમ જાણી તેનું નિયંત્રણ (મર્યાદા) કરવું. જેમ અતિશય ભાર ભરવાથી વહાણ ડૂબી જાય છે, તેમ અતિ પરિગ્રહથી પ્રાણી ભવસાગરમાં ડૂબી જાય છે માટે ઉપાસકે બને તેટલો અલ્પ પરિગ્રહ કરવો.

અણસંયુક્ત :અસંયોગી; વીતરાગી

અણહેતુ :કારણ વિના. (૨) વિના કારણ.

અણાશક્તિ :અનાસક્તિ = આસક્તિ-લગનીનો અભાવ; નિસ્પૃહતા; નિર્મોહિતા.

અણાહારક દશા :લાંબા સમય સુધી આહારની ઈચ્છા છૂટી જાય.

અણાહારી :આહાર ન કરનાર

અણિમા :બારીકમાં બારીક, અણુરૂપ થવાની શક્તિ.

અંતર જીવનિકા :અંદરનો પડદો.

અંતઃ તત્ત્વની વૃત્તિ :આત્માની પરિણતિ.

અંતઃ પ્રતીતિ :દઢ ખાતરી; દઢ શ્રદ્ધા.

અંતઃકરણ :ચેતન જે કર્મવળગણાનું, મનન કરવા, અવલંબન લે છે, તે અંતઃકરણ છે.

અંતઃકરણ :મન

અંતઃકરણ :ચિત્ત; મન.

અંતઃકરણ :આત્મા; ઉપયોગ. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચાર અંતકરણના ભેદ છે. મનમાં ઈચ્છાના તરંગો શાંત થયાં કે નહિ ? બુદ્ધિ સદ્‌બુદ્ધિ થઈ કે નહિ ? ચિત્તમાંથી બિનજરૂરી સ્મૃતિનો સંગ્રહરૂપી કચરો નીકળી જઈ ચિત્ત ચોખ્ખું થયું કે નહિ ? પર પૌદગલિક વસ્તુ પ્રત્યેનો મારાપણાનો ભાવ હુંકાર ભાવ તે અહંકાર. એ અહંકાર ઓછો થયો કે નહિ તેનું સાધકે આંતરદર્શન કરવું જોઈએ.

અંતઃકરણ :જ્ઞાન સ્વરૂપ. (૨) મન

અંતઃ તત્ત્વ :શુદ્ધ દ્રવ્ય; ચૈતન્ય સ્વભાવ. (૨) પૂર્ણ સ્વરૂપ; શુદ્ધ જીવવસ્તુ

અંતઃતત્ત્વ સ્વરૂપ :ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય; ભગવાન આત્મા.

અંતઃતત્ત્વની વૃત્તિ :આત્માની પરિણતિ

અંતઃતત્ત્વ :વસ્તુમાં રહેલું ગૂઢ તત્ત્વ; રહસ્ય; સાર; અભ્યંતર તત્ત્વ. (૨) આત્મતત્ત્વ; આત્મામાં અનંત ગુણો રહેલા છે તેથી તેને ગૂઢ તત્ત્વ પણ કહેવાય છે. (૩) આત્મતત્ત્વ; જ્ઞાયક તત્ત્વ;

અંતઃ તત્ત્વની વૃત્તિ :આત્માની પરિણતિ.

અંતઃપુર :જનાનખાનું; જ્યાં રાજાઓની રાણીઓ રહે છે.

અંતઃપુરુષાર્થહીન :ભાગ્યહીન.

અંતઃપાતિની :અંદર સમાઈ જવું. (૨) જ્ઞાનમાત્ર એક ભાવની અંદર પડનારી અર્થાત્ જ્ઞાનમાત્ર એક ભાવની અંદર આવી જતી અનંત શક્તિઓ અંદર સમાઈ જાય છે. (૩) અંદર પડનારી; અંદર આવી જતી; અંદર સમાઈ જવું. (૪) વચ્ચે આવી રહેનારું.

અંતઃયાતિની :અંતર પડનારી.

અંતઃસંધિ :અંતરંગ સંધિ

અતિક્રમવું :ઓળંગી જવું; પટાવી જવું; અવિનય બતાવવો.

અતડો :બીજા કોઈ સાથે મેળ ખાય નહિ, તેવો. (૨) પરથી જુદો; પક્ષ વગરનો; તડ વગરનો; અખંડ; રાગ દ્વેષના તડામાં ન ભળે એવો અતડો-પક્ષ વિનાનો છે. (૩) પરથી જુદો છે, રાગ-દ્વેષના તડામાં-પક્ષમાં ન ભળે એવો અતડો છે, અતડો એટલે પરથી જુદો છે, સ્વાધીન છે, તડ વગરનો અખંડ છે, આત્મા સ્વાધીન છે, ક્ષણમાં મોક્ષ પ્રાપ્ત કરે એવું સ્વતંત્ર દ્રવ્ય છે.

પ્રશ્ન-ધર્મ અતડો કેવો ?

ઉત્તર : ધર્મ અતડો છે, રાગ-દ્વેષના તડામાં ન ભળે એવો અતડો એટલે પરથી જુદો, સ્વાધીને, તડ વગરનો અખંડ છે માટે અતડો છે. આત્મા સ્વાધીન છે, ક્ષણમાં મોક્ષ પ્રાપ્ત કરે એવું સ્વતંત્ર દ્રવ્ય છે.

અતાત્કાલિક :અતીત-અનાગત કાળે વર્તતા-અવર્તમાન; અતાત્કાલિક.

અતત્ત્વ-અભિનિવેશ :યથાર્થ વસ્તુ સ્વરૂપથી વિપરીત, અભિપ્રાય.

અતતમાં તત[1]બુદ્ધિ :વસ્તુ જે સ્વરૂપે ન હોય તે સ્વરૂપે હોવાની માન્યતા; જેમ કે જડમાં ચેતનબુદ્ધિ (અર્થાત્ જડમાં ચેતનની માન્યતા); દુઃખમાં સુખબુદ્ધિ વગેરે.

અંતર્વ્યાપક :આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને

અતત્ત્વ-અભિનિવેશ :યથાર્થ વસ્તુસ્વરૂપથી, વિપરીત અભિપ્રાય.

અતત્ત્વશ્રદ્ધાન :તદ્ભાવ એટલે શ્રદ્ધાન કરવા યોગ્ય અર્થ. તેનો જે ભાવ અર્થાત્ સ્વરૂપ તેનું નામ તત્ત્વ છે. અને તત્ત્વ નથી તેનું નામ અતત્ત્વ છે. અતત્ત્વ છે તે અસત્ય છે તેથી તેનું જ નામ મિથ્યાત્વ છે. વળી આ આમ જ છે એવા પ્રતીતિભાવનું નામ શ્રદ્ધાન છે. અને અહીં શ્રદ્ધાનનું નામ જ દર્શન છે. હવે મિથ્યારૂપ જે દર્શન અર્થાત્ શ્રદ્ધાન તેનું નામ મિથ્યાદર્શન છે.

સત્‌થી અવિશિષ્ટ :સત્તાથી કોઈ જુદો નહિ એવો. અસ્તિત્વથી અભિન્ન એવો; અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો; અસ્તિત્વથી અનન્ય; અભિન્ન.

અતદ્ભાવરૂપ અન્યત્વ :સત્તા અને દ્રવ્યને એટલે કે ગુણ અને ગુણીને વિભક્ત પ્રદેશત્વનો અભાવ છે. બન્નેના પ્રદેશો એક છે એમ હોવા છતાં સત્તા અને દ્રવ્યને અન્યત્વ છે, એટલે અતદ્ભાવ છે. અહીં એક-બીજામાં અભાવરૂપ છે માટે અન્યત્વ છે. એમ નથી. દ્રવ્ય, ગુણ કે પર્યાય વચ્ચે અતદ્ભાવરૂપ અન્યત્વ છે. જે દ્રવ્ય છે તે ગુણ નથી, ગુણ છે તે દ્રવ્ય કે પર્યાય નથી અને પર્યાય છે તે દ્રવ્ય કે ગુણ નથી. આ પ્રમાણે અતદ્ભાવરૂપ અન્યત્વ છે. (૨) તે અન્યત્વનું લક્ષણ છે. (૩) (કથંચિત્) તે નહિ હોવું તે; (કથંચિત્) તે-પણે નહિ હોવું તે; (કથંચિત્) અતત્પણું. દ્રવ્ય (કથંચિત્) સત્તાપણે નથી, અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી, માટે તેમને અતદ્ભાવ છે.) (૪) તદ્ અભાવ; તેનો અભાવ; તદ્ અભાવ અતદ્ ભાવનું લક્ષણ સ્વરૂપ છે; અતદ્ભાવ અન્યત્વનું કારણ છે. એક દ્રવ્યમાં જે દ્રવ્ય છે તે ગુણ નથી, જે ગુણ છે તે દ્રવ્ય નથી. એ રીતે જે દ્રવ્યનું ગુણરૂપે અભવન (નહિ હોવું) અથવા ગુણનું દ્રવ્યારૂપે અભવન તે અતદ્ભાવ છે; કારણકે આટલાથી જ અન્યત્વવ્યવહાર (અન્યત્વરૂપ વ્યવહારે) સિદ્ધ થાય છે. પરંતુ દ્રવ્યનો અભાવ તે ગુણ, ગુણનો અભાવ તે દ્રવ્ય એવા લક્ષણોવાળો અભાવ તે અતદ્ભાવ નથી. જો એમ હોય તો (a) એક દ્રવ્યને અનેકપણું આવે, (b) ઉભય શૂન્યતા થાય (અર્થાત્ બન્નેનો અભાવ થાય), અથવા (c) આપોહરૂપતા થાય. (૫) (કથંચિત) તે પણે નહિ હોવું; (કથંચિત) તે નહિ હોવું તે; (કથંચિત) અતત્પણું. દ્રવ્ય (કથંચિત) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત) દ્રવ્યપણે ની માટે તેમને અતદ્ભાવ છે. (૬) તદ્ અભાવ; તદ્ અભાવ અતદ્ભાવનું લક્ષણ (અથવા સ્વરૂપ) છે. અતદ્ભાવ અન્યત્વનું કારણ છે. (૭) (કથંચિત) તે નહિ હોવું તે(કથંચિત) તે-પણે નહિ હોવું તે; (કર્થચિત) અતત્પણું -દ્રવ્ય (કથંચિત) સત્તાપણે નથી અને સત્તા (કથંચિત) દ્રવ્યપણે નથી માટે તેમને અતદ્ભાવ છે. અન્યત્વ છે. (૮) એક છે તે અન્ય નથી એવો ભાવ છે; એ અમુક ચોક્કસ વસ્તુ સિવાયની વસ્તુ. (૯) (કથંચિત્) 'તે' નહિ હોવું, તે (કથંચિત્) 'તે-પણે' નહિ હોવું, તે; (કથંચિત્) અતત્પણું. દ્રવ્ય(કથંચિત્) સત્તાપણે નથી, અને સત્તા (કથંચિત્) દ્રવ્યપણે નથી, માટે તેમને અતદ્ભાવ છે. અતદ્ભાવ, અન્યત્વનું અન્યપણાનું લક્ષણ છે. દ્રવ્યને અને ગુણને, પૃથક્‌પણું નથી. છતાં અન્યપણું છે. (૧૦) (કથંચિત્) તે-પણે નહિ હોવું તે.

અતદ્ભાવ અન્યત્વ :સત્તા અને દ્રવ્યને એટલે કે ગુણ અને ગુણીને વિભક્ત પ્રદેશત્વનો અભાવ છે. બન્નેના પ્રદેશો એક છે. એમ હોવા છતાં સત્તા અને દ્રવ્યને અન્યત્વ છે; એટલે અતદ્ભાવ છે. અહીં એકબીજામાં અભાવરૂપ છે માટે અન્યત્વ છે એમ નથી. દ્રવ્ય, ગુણ કે પર્યાય વચ્ચે અતદ્ભાવ અન્યત્વ છે. જે દ્રવ્ય છે તે ગુણ નથી, ગુણ છે તે દ્રવ્ય કે પર્યાય નથી અને પર્યાય છે તે દ્રવ્ય કે ગુણ નથી. આ પ્રમાણે અતદ્ભાવ અન્યત્વ છે.

અતદ્ભાવવિશિષ્ટ :દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા.

અંતર્દષ્ટિ :આત્મ દષ્ટિ. (૨) આત્મનિરીક્ષ; આત્માવલોકકન; આત્મજ્ઞાન;

અતનુ :કામદેવને શરીર વિનાના કામ એમ કહેવામાં આવે છે.

અતન્મય :જ્ઞાન દર્શનમય નહિ એવું.

અનંતનાથ સ્વામીનું સ્તવન :આનંદદાનજીએ અનંતનાથ સ્વામીના સ્તવનમાં કહ્યું છે કે, 'એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ધૂળ અનેકાંત લોચન ન દેખે; ધૂળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહી લેખે' . એટલે જે ક્રિયા કરવાથી અનેક ધૂળ થાય તે ક્રિયા મોક્ષાર્થે નહી. અનેક ક્રિયાનું ફળ મોક્ષ થવો તે હોવું જોઈએ. આત્માના અંશો પ્રગટ થવા માટે ક્રિયાઓ વર્ણવી છે. જો ક્રિયાઓનું તે ફળ ન થયું તો તે સર્વ ક્રિયા સંસારના હેતુઓ છે.

અતૃપ્ત :અપૂર્ણ.

આત્મોત્પન્ન :આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી આત્મોત્પન્ન.

આત્મા :આત્મા તો તેને કહીએ કે વર્તમાનમાં પણ વિકાસ દેખાય અને ભવિષ્યમાં પણ વિકાસ વધે, તે વિકાસ વર્તમાનમાં પણ સુખ, શાંતિ અને નિરાકૂળતાવાળો હોય અને ભવિષ્યમાં સુખ, શાંતિ અને નિરાકુળતા વધતી જ હોય તે પૂર્ણ થયે મુક્ત થાય તેને જ આત્મા કહીએ.

અંતમિક્ષ :આકાશઃ આત્મઃ અવકાશ.

આત્મીયપણે :પોતાપણે. (અજ્ઞાની જીવ દેહ, ધન વગેરે પરદ્રવ્યને પોતાનું માનીને તેમાં મમત્વ કરે છે.)

અત્યક્ષ :અતીન્દ્રિય; જે જ્ઞાન સ્પર્શનાદિ કોઈપણ ઈન્દ્રિયની સહાય વિના જાણે છે તે અત્યક્ષ (અતીન્દ્રિય) જ્ઞાન કહેવાય છે.

અત્યંત :સર્વથા (૨) સંપૂર્ણ. (૩) જે કલ્પેલી મર્યાદારૂપ અંત, તેને ઉલ્લંઘી જાય એવી અમર્યાદિત. (૪) અતિશય.

અત્યંત અભાવ :આત્મા અને રાગ વચ્ચેનો અત્યંત અભાવ, અધ્યાત્મનો છે. નિશ્ચય વ્યવહારના વિભાગ વડે, આત્મા અને પરનો, આત્મા અને શરીરનો, તથા આત્મા અને રાગનો, અત્યંત ભેદ (અભાવ) જ્ઞાનીઓએ બતાવ્યો છે.

અત્યંત ફળ સમુદ્ધ :અનંત કર્મફળોથી ભરેલા. (૨) અનંત કર્મફળોથી ભરેલા.

અત્યંત વિલક્ષણ :બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું; અનુપમ.

અત્યંત વિસંવાદી :આત્માનું અત્યંત બૂરું કરનારી.

અત્યંતફળ સમુદ્ધ :અનંત કર્મફળોની ભરેલા.

અત્યંતાભાવ :એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અત્યંતાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કોઈ પણ દ્રવ્ય સ્વતંત્ર અને ભિન્ન રહે.)આ ચાર પ્રકારના અભાવ સમજવાથી ધર્મ સંબંધી શું છે ?

(૧) પ્રાગભાવથી એમ સમજવું કે અનાદિ કાળથી અજ્ઞાન, મિથ્યાત્વાદિ દોષ કર્યા અને ધર્મ કદી પણ કર્યો નથી તો પણ ધર્મ વર્તમાનમાં નવા પુરુષાર્થથી થઈ શકે છે કારણકે વર્તમાન પર્યાય (અવસ્થા)નો પૂર્વ પર્યાય અભાવ છે.

(૨) પ્રધ્વંસાભાવથી એમ સમજવું કે વર્તમાન અવસ્થામાં ધર્મ ન કર્યો હોય તો પણ તે અધર્મ દશાનો તરત વ્યય(અભાવ) કરીને જીવ નવા પુરુષાર્થથી ધર્મ પ્રગટ કરી શકે છે.

(૩) અન્યોન્યાભાવથી એમ સમજવું કે એક પુદ્ગલ દ્રવ્યની પર્યાય બીજા પુદ્ગલ દ્રવ્યની પર્યાયને કાંઈ પણ કરી શકતી નથી. અર્થાત્ એકબીજાને મદદ, સહાય, અસર, પ્રેરણાદિ કાંઈ કરી શકતી નથી.

(૪) અત્યંતાભાવથી એક સમજવું કે પ્રત્યેક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ હોવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કાંઈ પણ કરી શકતું નથી. અર્થાત્ સહાય અસર, મદદ, પ્રેરણા ઈત્યાદિ કાંઈ કરી શકતું નથી. શાસ્ત્રમાં જે કાંઈ અત્યનું કરવું, કરાવવું વગેરેનું કથન છે તે ઘીના ઘડા સમાન વ્યવહારનું કથન માત્ર છે. સત્યાર્થ નથી.

આવી સમજણ કરવાથી સ્વસન્મુખપણાનો પુરુષાર્થ થાય છે. જે જ સાચો લાભ છે.

અવ્યતિરિક્ત :અભેદ.

અવ્યાઘાતી :પોતાના વિષયમાં કોઈપણ પરપદાર્થથી બાધિત થતું નથી, રોકાતું નથી; અબાધિત વિષયવાળું છે.

અવ્યાબાધ :વિઘ્નરહિત; બાધારહિત; પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિઘ્ન છે. શુભાશુભ ભાવો આત્માની શાંતિને બાધા કરનાર છે. (૨) વેદનીય કર્મના શાતા- અશાતાના ઉદયથી રહિત. એકરૂપ.

અંતર :વસ્તુના વિરહકાળને અંતર કહે છે. (૨) જુદાપણું.

અંતર :વસ્તુના વિરહકાળને અંતર કહે છે અંતર વિશેષ છે.

અંતર દષ્ટિ :દ્રવ્ય દષ્ટિ; ત્રિકાળી શુદ્ધ આત્મા તરફનું લક્ષ.

અંતર નિમગ્ન :અંતરલીન; ચિત્તમાં એકાકાર; અંતરમાં તદાકાર.

અંતર સ્થિરતા :ચારિત્ર.

અંતર આત્મા :સમ્યગ્દષ્ટિનું બીજું નામ અંતરઆત્મા છે. કેમકે પોતાના અંતરથી જ એટલે કે મારા ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના લક્ષે જ મને લાભ થઈ શકે એમ તે માને છે.

અંતરંગ :અંદરની (૨) અંદર રહેલું; મનમાં રહેલું; આત્મીય. (૩) અંતઃકરણ

અંતરંગ અને બહિરંગ :મુનિને (મુનિત્વોચિત) શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગ દશામાં વર્તતો જે (હક વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે. (શુદ્ધોપયોગ દશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે. તે શુભોપયોગ વ્યવહાર પ્રયત્નપણાને પણ પામતો નથી.)

અંતરંગ ગાંઠ :મિથ્યાત્વ

અંતરંગ છેદ :અંતરંગ હિંસા.

અંતરંગ તપ :શુભાશુભ ઈચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ જ્ઞાન-આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યપણે શોભવું.

અંતરંગ તપો :(૧) પ્રાયશ્ચિત તપ :

અર્થઃ- જે મુનિ મન-વચન- કાયાથી પોતે દોષ કરે નહિ, બીજા પાસે દોષ કરાવે નહિ, તથા કોઈ દોષ કરતો હોય તેને ઈષ્ટ-ભલો જાણે નહિ, તેને ઉત્કૃષ્ટ વિશુદ્ધતા હોય છે.

ભાવાર્થ :- અહીં વિશુદ્ધિ નામ પ્રાયશ્ચિતનું છે. પ્રાયઃ શબ્દથી તો પ્રદષ્ટ ચારિત્રનું ગ્રહણ છે, અર્થાત્ એવું ચારિત્ર જેને હોય તેને પ્રાયઃ કહે છે. અથવા સાધુ લોકોનું ચિત્ત જે કાર્યમાં, હોય તેને પ્રાયશ્ચિત કહે છે.

અંતરંગ પરિગ્રહ :૪ કષાય (ક્રોધ, માન, માયા અને લોભ), ૯ નો કષાય (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ) ૧ મિથ્યાત્વ, આમ કુલ ૧૪ અંતરંગ પરિગ્રહ છે.

અંતરંગ પરિગ્રહ :

૧. મિથ્યાત્વ, ૨. વેદ =(સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ), ૩. રાગ, ૪. દ્વેષ, ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા (ગ્લાનિ) ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪ લોભ : એ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહનો સંક્ષેપાર્થ :

(૧) મિથ્યાત્વ = જે મનુષ્યાદિ પર્યાય, શરીર, શરીરનાં નામ, શરીરનાં રૂપ, તથા શરીરને આધારે જાતિ, કુલ, પદવી, રાજ્ય, ધન, કુટુમ્બ, યશ-અપયશ, ઊંચાપણું-નીચાપણું, ધનવાનપણું-નિર્ધનપણું, માન્યતા. અમાન્યતા, બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રાદિક વર્ણ, સ્વામી-સેવક, યતિ-ગૃહસ્થપણું ઈત્યાદિ બહુ પ્રકાર છે તે પુદ્ગલરૂપ જે કર્મો તેનાથી ઉત્પન્ન થયેલાં પ્રત્યક્ષ દેખાય છે, સંભળાય છે, અનુભવમાં આવે છે.આ વિનાશી છે, પુદ્ગલમય છે, મારું સ્વરૂપ નથી; આમ સારી રીતે વારંવાર નિર્ણય કરી રાખ્યો છે, તો પણ અનાદિ કાલથી મિથ્યાત્વ કર્મના ઉદયથી એવા સંસ્કાર દઢ થઈ રહ્યા છે કે એના (ઉપર જણાવેલ શરીરાદિના પ્રકારોના) નાશથી પોતાનો નાશ માને છે; એના ઘટવાથી પોતાનું ઘટવું અને એના વધવાથી પોતાનું વધવું, ઊંચાપણું નીચાપણું માની સંપૂર્ણ દેહાદિકમય થઈ રહ્યો છે. જો કે પોતાની વાણીથી આ બધાને પરરૂપ રહે છે; આ અમારાં નથી, પરાધીન છે, વિનાશી

છે. તથાપિ અંતરમાં એના સંયોગ વિયોગમાં, રાગ દ્વેષ, સુખ-દુઃખરૂપ આત્માના ભાવ થયા છે તે મિથ્યાત્વ નામનો પરિગ્રહ છે.

(૨) વેદ = સ્ત્રી, પુરુષ, નપુંસક આદિમાં કામ સેવવારૂપ રાગ અંતરંગમાં થવો તે વેદ નામનો પ્રતિગ્રહ છે.

(૩) રાગ = પર દ્રવ્ય જે દેહ, ધન, સ્ત્રી, પુત્રાદિક તેમાં રંજાયમાન (રાજી)થવું તે રાગ પરિગ્રહ છે.

(૪) દ્વેષ = પરનું ઐશ્વર્ય, જોબન, ધન, સંપદા, યશ, રાજ્ય, વૈભવાદિ પ્રત્યે વેર રાખવું તે દ્વેષ, પરિગ્રહ છે.

(૫) હાસ્ય =હાસ્યનાં પરિણામ તે હાસ્ય પરિગ્રહ છે.

(૬) ભય = પોતાના મરણનો, વિયોગનો, વેદના આદિનો ડર રાખવો તે ભય પરિગ્રહ છે.

(૭) રતિ = પોતાને ગમતાં પદાર્થોમાં આસક્તિથી લીન થવું તે રતિ પરિગ્રહ છે.

(૮) અરતિ = પોતાને અનિષ્ટ લાગે તેમાં પરિણામ ન લગાડતાં (અણગમો રાખ્યા કરવો) તે અરતિ પરિગ્રહ છે.

(૯) ઈષ્ટનો વિયોગ થતાં કલેશરૂપ પરિણામ થવા તે શોક પરિગ્રહ છે.

(૧૦) કોઈ ઘૃણા ગ્લાનિ થાય તેવી વસ્તુ દેખીને, સાંભળીને, સ્પર્શ કરીને કે ચિંતવનાદિ કરીને પરિણામમાં ગ્લાનિ ઊપજવી; અથવા પારકાની ચઢતી દેખી ગમે નહીં તે જુગુપ્સા પરિગ્રહ છે.

(૧૧) રોષનાં પરિણામ તે ક્રોધ પરિગ્રહ છે.

(૧૨) ઊંચ જાતિ, કુલ, ધન, રૂપ, જ્ઞાન, વિજ્ઞાન, ઐશ્વર્ય અને બળ એ આઠમો મદ-ગર્વ કરીને પોતાને મોટા અને પરને હલકા સમજવારૂપ કઠોર પરિણામ તે માન પરિગ્રહ છે.

(૧૩) કપટ કરવાં જે વક પરિણામ કરવાં તે માયા પરિગ્રહ છે.

(૧૪) પર દ્રવ્યની ઈચ્છારૂપ પરિણામ તે લોભ પરિગ્રહ છે.

આ પ્રમાણે સંસારના મૂળ, આત્માની ઘાત કરનાર અને તીવ્ર બંધનું કારણ આ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

બાહ્ય પરિગ્રહ દસ પ્રકારનો છે :- (૧) ક્ષેત્ર, (૨) વાસ્તુ (મકાન), (૩) હિરણ, (૪) સુવર્ણ, (૫) ધન, (૬) ધાન્ય, (૭) દાસી, (૮) દાસ, (૯) કુપ્ય (વસ્ત્રાદિ), (૧૦) ભાંડ (વાસણ આદિ) એ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે. આ પ્રકારે અંતરંગ બહિરંગ મળીને ૨૪ પ્રકારના પરિગ્રહ રહિત નિર્ગ્રંથ તે સદ્‌ગુરુપદને યોગ્ય છે. એવો નિશ્ચય કરવો.

અંતરંગ પરિગ્રહ :મિથ્યાત્વ, ક્રોધ, માન,માયા, લોભ અને હાસ્ય, રતિ, અરતિ, ખેદ, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદ એ નવ નોકષાય મળીને ૧૪ પ્રકારનો અંતરંગ પરિગ્રહ હોય છે.

અંતરંગ વયનાં નામ :પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન.

અંતરંગ સુખ :સ્વાત્માનો અનુભવ છે તે અંતરંગ સુખ છે.

અંતરંગ સાધન :દ્રવ્યમાં, પોતાનામાં જ સ્વરૂપકર્તા અને સ્વરૂપકરણ થવાનું સામર્થ્ય છે. આ સામર્થ્યરૂપ સ્વભાવ જ, પોતાના પરિણમનમાં (અવસ્થાંતર કરવામાં), અંતરંગ સાધન છે.

અંતરંગ સાધન :દ્રવ્યમાં, પોતાનામાં જ સ્વરૂપકર્તા અને સ્વરૂપ કરણ થવાનું સામર્થ્ય છે. આ સામર્થ્યરૂપ સ્વાભાવ જ, પોતાના પરિણમનમાં (અવસ્થાંતર કરવામાં) અંતરંગ સાધન છે.

અંતરંગ હિંસા :શુદ્ધોપયોગનું હણાવુ તે અંતરંગ હિંસા છે. અંગરંગ છેદ છે. જીવ મરો કે ન મરો, જેને અપ્રયત આચરણ છે તેને શુદ્ધોપયોગ હણાતો હોવાથી અંતરંગ હિંસા થાય જ છે, અને તેથી અંતરંગ છેદ થાય જ છે. જેને પ્રયતઆચરણ છે તેને પર પ્રાણોના વ્યાપરોપરૂપ બહિરંગ હિંસાના-બહિરંગ છેદના સદ્‌ભાવમાં પણ , શુદ્ધોપયોગ નહિ હણાતો હોવાથી અંતરંગ હિંસા થતી નથી અને તેથી અંતરંગ છેદ થતો નથી.

અંતર્ગત :અંતરંગ (૨) જીવાસ્તિકાયની અંદર પોતે (નિજ આત્મા) સમાઈ જાય છે, તેથી જેવું જીવાસ્તિકાયનું સ્વરૂપ, વર્ણવવામાં આવ્યું છે તેવું જ પોતાનું સ્વરૂપ છે. અર્થાત્ પોતે પણ સ્વરૂપથી અત્યંત વિશુદ્ધ ચૈતન્ય સ્વભાવવાળો છે. (૩) અંદર સમાયેલું; માંહ્યલું; માંહેનું; અંદરનું; મનમાં રહેલું;

હૃદયમાંનું; છુપાયેલું; ગુપ્ત; દેખાતું બંધ થયેલું; પોતાનું; હૃદય; મન. (૪) અંદર સમાયેલું.

અંતરંગતપ :પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યત્સર્ગ અને ધ્યાન એવો ભેદોવાળાં અંતરંગતપ કહેવાય છે.

અંતરંગ તપના નામ :પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન.

અંતરંગભાવ :અંતર સ્વભાવના આશ્રયે પરિણતિ પ્રગટ કરવી તે અંતરંગ ભાવ છે. જડની ક્રિયામાં અને બહિરંગભાવોમાં એકત્વ બુદ્ધિ છોડીને અર્થાત્ પરભાવોમાં આત્મબુદ્ધિ છોડીને એકલા આત્મસ્વભાવનો આશ્રય કરવો તે અંતરંગભાવ છે અને એવા ભાવથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે જ આત્માનું કલ્યાણ છે.

અંતરંગમાં :મનમાં (૨) હૃદયપટમાં (૩) મનમાં; હૃદયમાં.

અંતગર્ભિત :આંતરિક; સત્ત્વવાળું કાંઈક હોય તેવું; આંતરિક સમાવી દઈને.

અંતર્જ્ઞાન :સ્વાભાવિક જ્ઞાન; આત્માનું જ્ઞાન.

અંતર જલ્પ :અંતરક્રિયા; અંતર કથન; (૨) રાગ-વિકલ્પ (૩) આત્માનો બકવાદ; ખોટો વાદવિવાદ. (૪) મનમાં બોલબોલ કરવું.

અંતરદયા :રાગાદિ શુભ-અશુભવૃત્તિ કર્મભાવ છે, તેમાં ન ટકવું તે અંતરની સ્વરૂપદયા છે.

અંતર્દશા :આત્માની દશા

અંતરદાહ :અંદરની બળતરા. (૨) અંતરંગ બળતરા

અંતર્ધાન :તિરોધાન; અદશ્ય થવું, અલોપ થઈ જવું તે.

અંતર્ધાન :લોપ થવું.

અંતર્ધાન :તિરોધાન; અદશ્ય થવું; અલોપ થઈ જવું તે.

અંતર નિર્મગ્ન :(જ્ઞાનગુણમાં જ્ઞાનની નિર્મળ અવસ્થા) સમાયેલી છે; એકરૂપ છે. (૨) સ્વભાવમાં સંપૂર્ણપણે લીન.

અંતર નિરીક્ષણ :અંતર્દર્શન.

અંતરપટ :પડદો; ભેદ.

અંત્રપણે :ઉદયપણે.

અંતર્ભૂત :સમાઈ જવું.

અંતર્ભૂત કરવું :અંદર સમાવી લેવું; સમાવિષ્ટ કરવું; સમાવેશ કરવો. (આ પંચાસ્તિકાય સંગ્રહ, નાના શાસ્ત્રમાં કાળનું મુખ્યપણે વર્ણન નથી, પાંચ અસ્તિકાયોનું મુખ્યપણે વર્ણન છે. ત્યાં જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના પરિણામોનું વર્ણન કરતાં, તે પરણિામો દ્વારા જેના પરિણામો જણાય છે,-મપાય છે, તે પદાર્થને (કાળને) તથા તે પરિણામોની અન્યથા અનુપપતિતિ દ્વારા, જેનું અનુમાન થાય છે તે પદાર્થને (કાળને) ગૌણપણે વર્ણવો ઉચિત છે, એમ ગણીને અહીં ચાસ્તિકાય પ્રકરણની અંદર ગૌણપણે કાળના વર્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે.) (૨) અંદર સમાવી લેવું; સમાવિષ્ટ કરવું; સમાવેશ કરવો.

અંતરભેદ :સ્વ અને પર વચ્ચેનો તફાવત; જડ-ચેતનના ભેદ પાડવા તે. (૨) આંતરિક વિરોધ; ભીતરને જાણી લેવાપણું. (૩) ભેદ વિજ્ઞાન; દેહ અને આત્માની ભિન્નતાનું વિજ્ઞાન.

અંતર્ભેદ જાગૃતિ :ભીતરને જાણી લઈ તેમાં જાગરૂકતા રહેવી; ભિન્ન આત્માને જાણી તેમાં રમણતા કરવી.

અંતર્ભેદ થયા વિના :દશા ફર્યા વિના; રાગ-દ્વેષ-કષાયાદિ વિભાવ ગયા વિના.

અંતરભાવ :આશય. (૨) સમાવેશ.

અંતર્મુખ :આત્મચિંતન; પરાયણ; અંદર વળેલું. (૨) ચિત્તની વૃત્તિઓ જેની આત્મા-પરામાત્મા તરફ વળેલી છે તેવું. (૩) અંતર એકાગ્ર થઈને જ્યારે જીવ લવલીન થાય છે તેને અંતર્મુખ થયો કહેવાય છે. (૪) આત્મજ્ઞાની તરફી; જ્ઞાયક સ્વભાવ તરફી.

અંતર્મગ્ન :તદાકાર થઈ, ડૂબી રહેવું

અંતર મુહૂર્ત :મુહૂર્તથી ઓછું અને આવલી (એક શ્વાસોચ્છ્વાસના નાનામાં નાનો ભાગ) થી અધિક તેને અંતર્મુહૂર્ત કહે છે. એક આવલીનું ગ્રહણ કરીને અસંખ્યાત સમયોથી એક આવલી થાયછે. આવી એ આવલીના અસંખ્યાત સમય કરી લેવા જોઈએ. અહીં મુહૂર્તમાંથી એક સમય કાઢી લેવાથી

શેષકાળના પ્રમાણને ભિન્ન મુહૂર્ત કહે છે. આ ભિન્ન મુહૂર્તમાંથી એક સમય કાઢી લેવાથી શેષ કાળનું પ્રમાણ અંતર મુહૂર્ત થાય છે. આ પ્રકાર ઉત્તરોત્તર એક એક સમય ઓછો કરતાં કરતાં ઉચ્છ્વાસના ઉત્પન્ન હોવા સુધી એક એક સમય કાઢતા જવો જોઈએ. જે બધા એક એક સમય ઓછો કરનાં કાળ પણ અતર્મુહૂર્ત પ્રમાણ થાય છે. આ પ્રકારે જ્યાં સુધી આવલી ઉત્પન્ન થતી નથી ત્યાં સુધી બાકી રહેલ એક ઉચ્છ્વાસમાંથી પણ એક એક સમય ઓછો કરતા જવો જોઈએ. એમ કરતાં જતાં જે આવલી ઉત્પન્ન થાય છે તેને પણ અંતર્મુહૂર્ત કહે છે. (૨) બે ઘડી; ૪૮ મિનિટ. (૩) આવલીથી ઉપર અને મુહૂર્તથી નીચેના કાળને અંતર્મુહૂર્ત કહે છે. (૪) મુહૂર્તની અંદરનો કાલ. (બે ઘડી, ૪૮ મિનિટ) મુહૂર્તથી ઓછો સમય.

અંતરમાં :આત્મામાં.

અંતરમાં સ્થિરતા થયા વિના :નિર્વિકલ્પ વીતરાગ થયા વિના.

અંતરમાન :અંદર પેસી જવું.

અંતરરહિત :જુદાઈ રહિત. (૨) અવકાશ રહિત; નિરંતર. (૩) નિરંતર (૪) સમયપાત્રના વિલંબ વિના; નિરંતર.

અંતરરોગ :આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતરરોગ.

અંતરલક્ષ આવ્યાથી :માર્ગ મળ્યાથી

અંતર લીન :અંદર લીન થયેલા; અંતર્મગ્ન. (૨) અંદર છુપાયેલો. (૩) ગર્ભિત.

અંતરવૃત્તિ :આત્માની અંદર પરિણમવું, તેમાં સમાવું, તે અંતરવૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતરવૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી કારણકે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઈત્યાદિક પદાર્થમાં સાવ માટીપણું ભાસે છે. (૨) આત્માની અંદર પરિણમવું, તેમાં શમાવું, તે અંતરવૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો આંતરવૃત્તિ રહે (૨) અંદરનું વર્તન; આત્મામાં વૃત્તિ.

અંતર્વેદન :શાંતિ

અંતરવ્યાપક :આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહનું, તે રૂપે પરિણમવું અને તે રૂપે ઉપજતું.

અંતર્વ્યાપક :જડ લંબાઈને-વ્યાપીને પ્રસરે છે.

અંતર્વર્તી :અંદર સમાવેશ પામવું.

અંતર્હિત :ગુપ્ત; અદશ્ય; અલોપ; અંતર્ગર્ભિત.

અંતરાત્મબુદ્ધિ :રાગ, શરીરાદિ સાથે સંબંધ હોવા છતાં હું તો શુદ્ધ અખંડાનંદમૂર્તિ છું એવી બુદ્ધિ તે અંતરાત્મ બુદ્ધિ છે. તેમાં રાગનો સર્વથા અભાવ થયો નથી પણ દષ્ટિમાં રાગરહિત શુદ્ધ પરિણમન થયું છે માટે એવા જીવોને અંતરાત્મા કહ્યા છે.

અંતરાત્મા :ચોથા ગુણસ્થાનમાં રહેનાર સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયનો અભાવ થવાથી સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે. પણ કષાયની ત્રણ ચોકડી અવશેષ હોવાથી બીજના ચંદ્ર સમાન વિશેષ પ્રકાશ હોતો નથી. અને પાંચમા ગુણસ્થાનવાળા આત્માને બે ચોકડીનો અભાવ હોવાથી ચોથા ગુણસ્થાન કરતાં પાંચમામાં રાગભાવ ઓછો છે, વીતરાગતા વધી છે; આથી સ્વસંવેદન જ્ઞાન પણ વિશેષ છે, પણ બે ચોકડી બાકી હોવાથી મુનિની સમાન પ્રકાશ અત્રે હોતો નથી; મુનિને ત્રણ ચોકડી (અનંતાનુબંધી, ક્રોધ, માન, માયા ને લોભ, અપ્રત્યાખ્યાનાવરણી ક્રોધ, માન, માયાને લોભ તથા પ્રત્યાખ્યાનાવરણી ક્રોધ, માન, માયા અને લોભ) નો અભાવ છે. માટે તેઓને રાગભાવ નિર્બળ હોય છે, વીતરાગ ભાવ પ્રબળ હોય છે. મુનિ અવસ્થામાં પહેલાં કરતાં નીચેની અવસ્થા કરતાં વીતરાગતા વિશેષ છે; પણ ચોથી ચોકડી (સંજવલન કષાય) બાકી છે તેથી અત્રે વીતરાગ સંયમી જેવો પ્રકાશ નથી, સાતમા ગુણસ્થાનમાં ચોથી ચોકડી મંદ થઈ જાય છે ત્યાં આહાર-વિહારાદિ ક્રિયા નથી હોતી, એમાં ધ્યાનારૂઢ અવસ્થા છે. સાતમાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં જયારે સંયમી આવે છે ત્યારે આહારાદિ ક્રિયા સંભવે છે. આ પ્રમાણે સંયમી છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનમાં સ્થિર રહેતો નથી, અંતર્મુહૂર્ત કાળમાં ગુણસ્થાનમાં પરિવર્તન થાય છે.

આઠમા ગુણસ્થાનમાં ચોથી ચોકડી અશ્વયંત મંદ થઈ જાય છે. જેથી ત્યાં રાગભાવ અશ્વયંત ક્ષય થઈને વીતરાગભાવ પુષ્ટિ પામે છે. અહીં સ્વસંવેદન જ્ઞાન વિશેષ વિકાસ પામે છે. આ ગુણસ્થાનોમાં મુનિ શ્રેણિ ચઢવા અર્થે શુક્લ ધ્યાનમાં સ્થિર થાય છે. શ્રેણિના બે ભેદ છે. એક ક્ષપક, બીજી ઉપશમ-ક્ષપક શ્રેણિવાળો આત્મા તે જ ભવમાં કેવળજ્ઞાન પામી નિર્વાણપદ પામે છે.

ઉપશમ શ્રેણિવાળો મુનિ આઠમા, નવમા, દશમા તથા અગિયારમા ગુણ સ્થાનોને સ્પર્શી પાછો પડે છે, પછી થોડાક ભવ ધારણ કરી મોક્ષ પામે છે. ગપક શ્રેણિવાળો સંયમી આઠમા, નવમા ગુણસ્થાનને પામી કષાયોનો સર્વથા અભાવ કરે છે, એક સંજવલન લોભ રહી જાય છે. અહીં પહેલા કરતાં વીતરાગતા અતિ પ્રબળ થાય છે. જેથી સ્વસંવેદન અશ્વયંત અધિક પ્રકાશ થાય છે. પરંતુ એક સંજવલન લોભ બાકી રહેલો હોવાથી અહીં સરાગચારિત્ર જ કહેવાય છે. દશમા ગુણસ્થાનના અંતમાં સૂક્ષ્મ લોભ પણ રહેતો નથી એ મોહનીય કર્મ સંપૂર્ણપણે ક્ષય થવાથી વીતરાગ ચારિત્રની સિદ્ધિ થાય છે.

ક્ષપક શ્રેણિવાળો જીવ દશમામાંથી બારમા ગુણ સ્થાને જાય છે, અગિયારમાને સ્પર્શતો નથી. અહીં યથાખ્યાતચારિત્ર પ્રગટે છે. બારમાના અંતે આત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયનો સર્વથા અભાવ કરી કેવલજ્ઞાન પામે છે મોહનીય કર્મનો ક્ષય દશમામાં પ્રથમ થઈ જાય છે. એમ ઘાતિયા કર્મોનો ક્ષય થવાથી આત્મા તેરમે ગુણ સ્થાને અરિહંત પરમાત્મા બને છે. ત્યાં આત્માના અનંત ગુણો પ્રગટતા પામે છે.

ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી તો જીવ અનંતરાત્મા કહેવાય છે તથા જ્યાં સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ છે ત્યાં તેરમે ગુણસ્થાને આત્માને પરમાત્મા કહેવામાં આવે છે. પૂર્ણ શુદ્ધતા પરમાત્મામાં પ્રગટે છે.

(૨) અંતરાત્મા સ્વરૂપના સાધક છે; જેણે સ્વરૂપની દષ્ટિ કરી વીતરાગ નિર્વિકલ્પ સર્માધિને અંશે સાધી છે - અનાકુળ અતીન્દ્રિય આનંદરસનો અંશે સ્વાદ ચાખ્યો છે તે અંતર દષ્ટિવંત ધર્માત્મા અંતરાત્મા છે. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના જીવોને અંતરાત્મા કહેવાય છે. (૩) સમ્યગ્દષ્ટિ જ્ઞાની આત્મા. (૪) જે જીવ ભેદવિજ્ઞાનના બળથી આત્માને દેહાદિની ભિન્ન જ્ઞાન અને આનંદસ્વભાવી જાણે છે, માને છે અને અનુભવે છે, તે જ્ઞાની (સમ્યગ્દષ્ટિ) આત્મા જ અંતરાત્મા છે. આત્મામાં જ આત્માપણું અર્થાત્ પોતાપણું માનવાને લીધે તથા આત્મા સિવાય બીજા કોઈમાં પણ પોતાપણાની માન્યતા છોડી દેવાને લીધે જ તે અંતરાત્મા કહેવાય છે. (૫) અંતરાત્મા ત્રણ પ્રકારના છે (a) ઉત્તમ અંતરાત્મા, (b) મધ્યમ અંતરાત્મા, (c) જઘન્ય અંતરાત્મા. (૧) ઉત્તમ અંતરાત્મા = અંતરંગ એ બહિરંગ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત શુદ્ધોપયોગી ક્ષીણકષાયવાળા મુનિ (બારમાગુણસ્થાનવર્તી) ઉત્તમ અંતરાત્મા છે. (૨) મધ્યમ અંતરાત્મા = ઉપરોક્ત બન્નેની વચ્ચેની દશાવાળા દેશવ્રતી શ્રાવક અને મુનિરાજ (પાંચમાથી અગિયારમા ગુણસ્થાનવર્તી) મધ્યમ અંતરાત્મા છે. (૩) જઘન્ય અંતરાત્મા = અવિરત સમ્યગ્દષ્ટિ (ચોથા ગુણસ્થાનવાળા) જઘન્ય અંતરાત્મા છે. (૬) જે જીવ પરમ સમાધિમાં સ્થિત થઈ શરીરથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ પરમાત્માને જાણે છે તે જ પંડિત અંતરાત્મા છે. જો કે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્માની સાથે દેહનો સંબંધ મનાય છે. તો પણ નિશ્ચયનયથી આત્મા તેથી જુદો જ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાન યુક્ત છે, એમ જે શુદ્ધ સહજાત્મા. પરમાત્માને સ્વરૂપસ્થ થઈને જાણે છે, તે જ પંડિત અંતરાતીત વિવેકી છે. કહ્યું છે કે પંડિત એટલે કોણ ? તો કે જે વિવેકવાત છે તે. જેને આત્મા અનાત્માનો ભેદ પડ્યો છે તે વિવેકી ભેદ-વિજ્ઞાની છે. (૭) જેઓ જિનવચનમાં પ્રવીણ છે, જીવ અને દેહમાં ભેદ (ભિન્નતા) જાણે છે અને જેમણે આઠ દુષ્ટ મદ જીશ્વયા છે તે અંતરાત્મા છે; અને તે ઉત્કૃષ્ટ, મધ્યમ તથા જઘન્ય ભેદથી ત્રણ પ્રકારના છે. ભાવાર્થ :- જે જીવ જિનવાણીનો સારી રીતે અભ્યાસ કરી જીવ અને દેહના સ્વરૂપને ભિન્ન ભિન્ન જાણે છે તે અંતરાત્મા છે; તેને જાતિ, લાભ, કુળ, રૂપ, વય , બળ, વિદ્યા અને ઐશ્વર્ય એ આઠ મદનાં કારણો છે તેમાં અહંકાર-મમકાર ઉપજતા નથી, કારણ કે એ બધા પરદ્રવ્યના સંયોગજનિત છે; તેથી તેમાં ગર્વ કરતા નથી. એ અંતરાત્મા ત્રણ પ્રકારના છે.ઉત્કૃષ્ટ અંતરાત્મા =જે જીવ પંચ મહાવ્રતથી

યુક્ત હો., નિત્ય ધર્મધ્યાન-શુકલધ્યાનમાં રમતો હોય અને નિદ્રા આદિ પ્રમાદો જેણે જીશ્વયા છે તે ઉત્કૃષ્ટ અંતરાત્મા છે.મધ્યમ અંતરાત્મા :- જે જીવ શ્રાવકના વ્રતોથી સંયુક્ત હોય યા પ્રમત્ત ગુણસ્થાન યુક્ત જે મુનિ હોય તે મધ્યમ અંતરાત્મા છે. કેવા છે તેઓ ? જે જિનેન્દ્રવચનમાં અનુરક્તલીન છે, આજ્ઞા સિવાય પ્રવર્તન કરતા નથી, મંદ કષાયઉપશમભાવરૂપ છે સ્વભાવ જેમનો મહાપરાક્રમી છે, પરિષહ આદિ સહન કરવામાં દઢ છે અને ઉપસર્ગ આવતાં પ્રતિજ્ઞાથી જે ચલિત થતા નથી તે મધ્યમ અંતરાત્મા છે. જઘન્ય અંતરાત્મા :- જે જીવ અવિરત સમ્યગ્દષ્ટિ છે અર્થાત્ સમ્યગ્દર્શન તો જેમને છે પણ ચારિત્રમોહના ઉદયથી વ્રત ધારણ કરી શકતા નથી તે જઘન્ય અંતરાત્મા છે. જે કેવા છે ? જિનેન્દ્રનાં ચરણોનાં ઉપાસક છે અર્થાત્ જિનેન્દ્ર, તેમની વાણી તથા તેમને અનુસરનારા નિર્ગ્રંથગુરુની ભક્તિમાં તત્પર છે, પોતાના આત્માને સદાય નિંદતા રહે છે, ચારિત્ર મોહના ઉદયથી વ્રત ધાર્યાં થતાં નથી અને તેની ભાવના નિરંતર રહે છે તેથી પોતાના વિભાવભાવોની નિંદા કરતા જ રહે છે. ગુણોના ગ્રહણમાં સમ્યક્ પ્રકારથી અનુરાગી છે, જેમનામાં સમ્યગ્દર્શનાદિ ગુણ દેખે તેમના પ્રત્યે અશ્વયંત અનુરાગ પ્રવર્તે છે, ગુણો વડે પોતાનું અને પરનું હિત જાશ્રયું છે તેથી ગુણો પ્રત્યે અનુરાગ જ થાય છે. એ પ્રકારે ત્રણ પ્રકારના અંતરાત્મા કહ્યા તે ગુણસ્થાન અપેક્ષાએ જાણવા. ભાવાર્થ :- ચોથા ગુણસ્થાનવર્તી જઘન્ય અન્તરાત્મા છે, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવર્તી મધ્યમ અંતરાત્મા છે તથા સાતમાથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના સાધકો ઉત્કૃષ્ટ અંતરાત્મા જાણવા. (૮) વિચક્ષણ; વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં પરણમેલો આત્મા અંતરાત્મા છે.

અંતરાય :અડચણ; આડખીલી; વિઘ્ન; અંતર; છેટાપણું; ભેદ; તફાવત. (૨) સાચા જ્ઞાનની પ્રાપ્તિમાં વિઘ્ન નાખવું તે અંતરાય છે. (૩) વિઘ્ન. (૪) અંતરાય કર્મથી અનંત દાન, લાભ, વીર્ય, ભોગ, ઉપભોગ શક્તિ રોકાઈ રહી છે. (૫) સાચા જ્ઞાનના પ્રાપ્તિમાં વિઘ્ન નાખવું તે અંતરાય છે.

અંતરાય કર્મ :અંતરાય કર્મથી અનંત દાન, લાભ, વીર્ય, ભોગ, ઉપભોગ શક્તિ રોકાઈ રહી છે. (૨) અંતર આત્મામાં જે સ્વભાવરૂપે અનંત વીર્ય-બળ પડયું છે તેનો આશ્રય લઈને જ્યારે તે કાર્યરૂપે અનંત વીર્ય પ્રગટ કરે છે ત્યારે અંતરાય કર્મનો નાશ થઈ જાય છે. અહીં જે આ ચાર કર્મો લીધાં છે તે ઘાતિકર્મો છે.

અંતરાયકર્મ કેમ જીતાય ? :હાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય, એ પાંચ પર્યાય છે. અંતરાયકર્મનો ઉદય આવે છે, માટે આ પાંચ પર્યાય હીણી થાય છે, એમ નથી. પરંતુ જ્યારે એ હીણીદશા થાય છે, ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહે છે. લાભાંતરાય, દાનાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય કર્મનો ઉદય આવે છે, તે જડમાં છે, અને તે સમયે હીણીદશા થવાની, પોતાના ઉપાદાનમાં લાયકાત છે; તેથી ઉદયને અનુસરતાં, હીણીદશારૂપ ભાવ્ય થાય છે. પરંતુ પરનું લક્ષ છોડીને, ત્રિકાળ વીતરાગમૂર્તિ અકષાયસ્વભાવી ભગવાન આત્માનો આશ્રય કરે, તો ભાવ્ય-ભાવકની એકતાનો સંકરદોષ જે થતો હશે, તે ટળી જાય છે. આ અંતરાયકર્મનું જીતવું છે.

અંતરાલ :કોઈપણ બે પદાર્થો વચ્ચેનો ગાળો; વચગાળો; વચમાંની જગ્યા; આકાશ; અંતરિક્ષ; અવકાશ. (૨) વચમાં જગ્યા; ગાળો; વચગાળો, મંદિરનો ગભાર અને ચાચર વચ્ચેનો ભાગ, અંદર; અંદરનો ભાગ. અવકાશ; જગા.

અંતરાળ :વચ્ચે.

અંતરાશય :બીજો કોઈ હેતુ.

અંતરિત :અંદર ગયેલું; અંદર રહેલું; છુપાવેલું, ગૂમ કરેલ. (૨) સ્વભાવથી ભેદરૂપ જુદું.

અંતરરોગ :આત્મ ભ્રાંતિ; મિથ્યાત્વ.

અતુલ :અસામાન્ય (૨) અસમાન; અનુપમ. (૩) જેની સરખામણી ન કરી શકાય તેવું; અનુપમ. (૪) જેની ઉપમા નથી એવો અપરિમિત. (૫)

ઉપમારહિત. (૬) તુલના થઈ શકે નહિ તેવું, અનુપમ. ઘણું જ; અપાર. (૭) અમાપ; જેનું માપ કાઢી ન શકાય તેવું. (૮) અનહદ; અતિ ભારે.

અંતલોપિકા :અંદરના અક્ષરો અમુક રીતે ગોઠવવાથી (કોઈનું નામ છે) બીજો અર્થ નીકળે એવી કાવ્યરચના.

અંતર્વ્યાપાર :શુભાશુભ પરિણામ ધાર

અંતેવાસી :ગુરુની પાસે રહી શિક્ષણ લેનાર; શિષ્ય.

અત્સૂત્ર :જેને કોઈ જાતનું બંધન નથી રહ્યું, તેવું; અવ્યવસ્થિત; ઢંગધડા વગરનું; શાસ્ત્રની આજ્ઞા નથી, તેવું; શાસ્ત્રથી ઉપરવટ ગયેલું.

અંતહારક :વાદ વિવાદનો નાશ કરનાર

અતાત્કાલિક :અતીત કે અનામત કાળે.

અતાદ ભાવિક :દ્રવ્ય તે ગુણ નથી અને ગુણ તે દ્રવ્ય નથી,-આવા દ્રવ્ય-ગુણના (ગુણ-ગુણી ભેદને) ભેદને, અતાદ્ભાવિક ભેદ (તે પણે નહિ હોવારૂપ ભેદ) કહે છે. દ્રવ્ય અને સત્તામાં આવો ભેદ કહેવામાં આવે, તો તે યોગ્ય જ છે.

અતિ નિકટપણે :અભિન્નપ્રદેશપણે.

અતિ નિષ્તુષ :નિર્બાધ યુક્તિ.

અતિપરિચય :ગાઢ સંબંધ; હદ કરતાં વધારે પરિચય.

અતિ લઘુ :અતિશય નિન્દ્ય.

અતિક્રમતું :ઓળંગતું; છોડતું.

અતિક્રમ :ઉલ્લંઘન; અવિનય; અસભ્યતા; સરસાઈ. (૨) મનની શુદ્ધિમાં ક્ષતિ થવી; મનમાં વિકારભાવ ઉત્પન્ન થવો તે અતિક્રમ છે. (૩) મર્યાદાનું ઉલ્લંઘન. (૪) ઓળંગવું.

અતિક્રમતું :ઓળંગતું; છોડતું.

અતિક્રમનાર :ઓળંગનાર. (અતિક્રમ=ઓળંગવું)

અતિક્રમવું :ઓળંગવું (૨) ઓળંગી જવું. હદની બહાર જવું; જ્ઞાનમાં ન જણાવું.

અતિક્રમવું :ઉલ્લંઘન કરવું; હદ બહાર જવું; કાળનું પસાર થવું; કાળનું વીતી જવું. (૨) ઓળંગવું; ઓળંગી જવું. (૩) ઓળંગી જવું. અતિક્રાન્ત = ઓળંગે.

અતિક્રમીને :ઓળંગી જઈને; છોડીને.

અતિક્રાન્ત :ઓળંગી જવું; અગોચર.

અતિક્રાન્ત :હદ બહાર ગયેલું; મર્યાદા વટાવી ગયેલું; ભૂતકાળમાં થઈ ગયેલું; બની ગયેલું; ઉલ્લંઘન. (૨) અગોચર (૩) ઓળંગી જવું. (૪) પાર પામેલી. (૫) ઉલ્લંઘન કરવું; હદ બહાર જવું. (૬) હદ બહાર ગયેલું; હદને ઓળંગી જવી; ઉલ્લંઘવું. છોડી દેવું. (૭) હદ બહાર ગયેલું; મર્યાદા વટાવી ગયેલું; ભૂતકાળમાં થઈ ગયેલું; બની ચૂકેલું; વિકલ્પથી પાર; વટાવી ગયેલું.

અતિક્રાન્તપણું :ઓળંગી જવું, દૂર થઈ જવું.

અતિચાર :વિષયમાં વર્તવું તે અતિચાર છે. (૨) વ્રતભંગ; ખરાબ કામ; દુષ્ટક્રિયા. (૩) ઉલ્લંઘન; અતિક્રમણ; વ્રતભંગ; ખરાબ કામ; દુષ્ટ ક્રિયા.

અતિચાર :દોષ

અતિચાર :ઉલ્લંઘન; અતિક્રમણ; વ્રત ભંગ; દુષ્ટ ક્રિયા; ખરાબ કામ. (૨) દોષ (લીધેલા વ્રતને મલિન કરે તેવો વ્રતભંગના ઈરાદાપૂર્વક નહીં આચરેલો દોષ.) વ્રતભંગ. (૩) અંશે ભંગ થાય અર્થાત્ દોષ લાગે તેને અતિચાર કહે છે, તેના પરિણામે સમ્યગ્દર્શન નિર્મૂળ થતું નથી, માત્ર મલિન થાય છે. અતિક્રમણ; ઉલ્લંઘન, વ્રતભંગ. આ બધા દોષો છતાં સમ્યગ્દષ્ટિ જીવ અને દોષ તરીકે ગણે છે અને તે દોષોનો તેને ખેદ છે, માટે અતિચાર છે. (૪) વ્રતનો એકદિથી ભંગ થવો તે અતિચાર કહેવાય છે. (૫) વ્રતની અપેક્ષા રાખવા છતાં તેનો એકદેશ ભંગ થવો તે અતિચાર છે.

અતિથિસંવિભાગ-શિક્ષાવ્રતના પાંચ અતિચાર :

(૧) પત્ર-પાન વગેરે, સચિત્ત વસ્તુમાં રાખીને, ભોજન દેવું.

(૨) સચિત્ત વસ્તુથી ઢાંકેલ, ભોજન દેવું.

(૩) બીજા દાતારની, વસ્તુને દેવી.

(૪) અનાદરપૂર્વક દેવું, અથવા બીજા દાતારની ઈર્ષાપૂર્વક દેવું અને

(૫) યોગ્ય કાળનું ઉલ્લંઘન કરીને દેવું. એ પાંચ અતિથિ સંવિભાગ શિક્ષાવ્રતના અતિચારો છે.

અતિધેયતા :કહેવાયોગપણું; વિવક્ષા; કથની.

અતીન્દ્રિય :ઈન્દ્રિયજ્ઞાનથી અગોચર; ઈન્દ્રિયોથી જાણી ન શકાય તેવું. (૨) ઈન્દ્રિયજ્ઞાન ગોચર નથી.

અતીન્દ્રિય જ્ઞાન :ઈન્દ્રિયનો ગુણ તો સ્પર્શાદિક એક ગુણને જ જાણવાનો છે, જેમ કે ચક્ષુ ઈન્દ્રિયનો ગુણ રૂપને જ જાણવાનો છે અર્થાત્ રૂપને જ જાણવામાં નિમિત્ત થવાનો છે. વળી ઈન્દ્રિયજ્ઞાન ક્રમિક છે. કે વળી ભગવાન તો ઈન્દ્રિયોના નિમિત્ત વિના સમગ્ર ઓત્મ પ્રદેશેથી સ્પર્શાદિ સર્વ વિષયોને જાણે છે. અને જે સમસ્તપણે પોતાનું ને પરનું પ્રકાશક છે એવા લોકોત્તર જ્ઞાનરૂપે (લૌકિક જ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાન રૂપે) સ્વયમેવ પરિણમ્યા કરે છે; માટે સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અવગ્રહાદિ ક્રમ વિના જાણતા હોવાથી કેવળી ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી. (૩) અતિન્દ્રિય જ્ઞાન સર્વને જાણનાર છે; સર્વજ્ઞતા. (૪) આત્માને ઈન્દ્રિયો વિના કઈ રીતે જ્ઞાન અને આનંદ હોઈ શકે? ઉત્તર :- આત્માને જ્ઞાન અને સુખરૂપે પરિણમવામાં ઈન્દ્રિયાદિ પર નિમિત્તોની જરૂર નથી; કારણ કે સ્વ-પરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવું જ્ઞાન અને અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ આત્માનો સ્વભાવ છે.

અતીન્દ્રિય રસ :હું નિર્દોષ જ્ઞાનમૂર્તિ છુ તેવું ભાન કરી પોતાનું સ્વજ્ઞેય કરવું, ને બીજા વિકારને ભૂલી જવું એટલે તેમાં ન જોડાવું, પણ પોતાના સ્વભાવરસમાં લીન રહેવું તેને અતીન્દ્રિય રસ કહે છે.

અતિનિકટપણે :અભિન્ન પ્રદેશપણે.

અતિનિસ્તુષ :ફોતરાં વિનાની અતિ માલવાળી પુષ્ટ.

અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ :ફોતરાં વગરના અખંડ ચાવલ જેવો સ્પષ્ટ ન્યાય.

અતિપરિણામીપણું :આત્માના પરિણામોનો અનંત પરંપરા; આત્માના પરિણામોનું અતિ-ઘણું ફળદાયીપણું; પરિભ્રમણમાં અત્યંત વધારો.

અતિપાક નિર્જરા :આત્મા સાથે એક ક્ષેત્રે રહેલાં કર્મ પોતાની સ્થિતિ પૂરી થતાં જુદા થઈ ગયાં તે સવિપાક નિર્જરા.

અતિભાર આરોપણ :પ્રાણીઓની શક્તિથી અધિક ભાર લાદવો તે .

અતિમતિમાન :મહાબુદ્ધિશાળી.

અતિમાત્રા :માત્રા-માપ-મર્યાદાને વટાવી જવામાં આવી છે, તેવી પરિસ્થિતિ.

અતિરિક્ત :શૂન્ય (૨) ભિન્ન

અતિવ્યાપ્તિ :જ્યારે અમૂર્તપણું અન્ય દ્રવ્યોમાં પણ છે, તેથી તેને જીવનું લક્ષણ કહેતાં, એમાં અતિવ્યાપ્તિનો દોષ આવે છે. અમૂર્તપણું તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ, એમ અન્ય દ્રવ્યોમાં પણ છે. તેથી અમૂર્તપણા વડે પણ, આત્મા જાણી શકાતો નથી. (૨) પોતાનામાં વ્યાપે અને બીજામાં પણ વ્યાપે તે અતિ વ્યાપ્તિ દોષ કહેવાય, જેમ કે-અરૂપીપણું જીવનું લક્ષણ કહીએ તો તેમાં અતિવ્યાપ્તિ દોષ આવે, કેમ કે અરૂપીપણું જેમ જીવમાં છે તેમ ધર્મ-અધર્મ આદિ બીજા દ્રવ્યોમાં પણ છે. માટે એરૂપીપણું એ જીવનું વાસ્તવિક લક્ષણ નથી. (૩) જે લક્ષણ લક્ષમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને અતિવ્યાપ્તિ દૂષણ કહીએ. પણ ચેતના જીવ પદાર્થ સિવાય બીજા કોઈ પદાર્થમાં નથી. જો આત્માનું લક્ષણ અમૂર્તવ્ય કહીએ તો અતિવ્યાતિ દૂષણ લાગે; કારણ કે જેવી રીતે આત્મા અમૂર્તિક છે તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ અમૂર્તિક છે.

અતિવ્યાપ્તિ દોષ :લક્ષ્ય તેમજ અલક્ષ્માં લક્ષણનું રહેવું તેને અતિવ્યાતિ દોષ કહે છે. જેમ કે ગાયનું લક્ષણ શીંગડાં.

અતિવ્યાપ્તિ દોષ કોને કહે છે ? :લક્ષ્ય તેમજ અલક્ષ્યમાં લક્ષણનું રહેવું તેને અતિવ્યાપ્તિ દોષ કહે છે. જેમકે ગાયનું લક્ષણ શીંગડાં.

અતિવિચક્ષણ પુરુષો :જ્ઞાની પુરુષો.

અતિશય :ચડિયાતાપણું; શ્રેષ્ઠતા; વિશિષ્ટતા. (૧) અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી, એવા અપૂર્વ, પરમ અદ્ભૂત આહ્લાદરૂપ હોવાથી, અતિશય. (૨) અગાધ (૩) શ્રેષ્ઠતા; વિશિષ્ટતા; ચડિયાતાપણું; પુષ્કળ. (૪) અસાધારણ વિશેષતાને અતિશય કહે છે. (૫) વિશેષ ગુણો; શ્રી અર્હંતને ૩૪ અતિશય હોય છે. (૬) વિશેષતા. (૭) અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવ્યો નથી એવો અપૂર્વ, પરમ અદ્ભૂત આહ્લાદરૂપ હોવાથી અતિશય.

અતિશય (સુખ) :અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્ભુત આહ્લાદકરૂપ હોવાથી અતિશય.

અતિશાયિપણું :ચઢિયાતાપણું.

અતીત :ગત; થઈ ગયેલા; ભૂતકાળના. (૨) રહિત (૩) જેનો, સ્વ-અસ્તિત્વકાળ વીતી ગયો છે તે. (૪) પસાર થયેલું; વીતેલું; ઓળંગી ગયેલું. (૫) ભૂતકાળ. (૬) ગત; થઈ ગયેલા; ભૂતકાળના. (૭) પર થયેલું; ને વટાવી ગયેલું; ગત; વીતેલું (૮) ભૂતકાળ; વીતી ગયેલ કાળ. (૯) ગત; થઈ ગયેલા; ભૂતકાળના.

અતીત અનંતર :ભૂતકાળનું સૌથી છેલ્લું; ચરમ. (સિદ્ધ ભગવંતોની અવગાહના ચરમ શરીર પ્રમાણ હોવાને લીધે તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાતું હોવા છતાં, ખરેખર તેઓ અત્યંત દેહરહિત છે.)

અતીત કાળ :ભૂતકાળ.

અતીન્દ્રિય :ઈન્દ્રિયોના વિષયોની લાલસાને વટાવી ગયેલું; ઈન્દ્રિયાતીત, ઈન્દ્રિયોનો જે વિષય નથી તેવું; અગોચર. (૨) ઈન્દ્રિયજ્ઞાન ગોચર નથી; ઈન્દ્રિયોના જ્ઞાનથી જાણી શકાય નહિ તેવું. (૩) ઈન્દ્રિય રહિત.

અતીન્દ્રિય જ્ઞાન :અતીન્દ્રિય જ્ઞાનના ભગવાન જિને બે ભેદ પાડ્યા છે. (a) દેશપ્રત્યક્ષ. તે બે ભેદે, અવધિ અને મનઃપર્યવ. ઈચ્છિતપણે અવલોકન કરતો આત્મા ઈન્દ્રિયના અવલંબન વગર અમુક મર્યાદા જાણે તે અવધિજ્ઞાન. અનિચ્છિત છતાં માનસિક વિશુદ્ધિના બળ વડે જાણે તે મનઃપર્યવ. (b) સામાન્ય વિશેષ ચૈતન્યાત્મ દૃષ્ટિમાં પરિનિષ્ઠિત શુદ્ધ કેવળજ્ઞાન. (૨) પરંતુ જે અનાવરણ અતીન્દ્રિય જ્ઞાન છે, તેને તો પોતાને અપ્રદેશ, સપ્રદેશ, મૂર્ત ને અમૂર્ત (પદાર્થમાત્ર) તથા અનુત્પન્ન તેમજ વ્યતીત પર્યાયમાત્ર, જ્ઞેયપણેને નહિ અતિક્રમતા હોવાથી, જ્ઞેય જ છે - જેમ પ્રજ્વલિત અગ્નિને અનેક પ્રકારનું ઈંધન, દાહ્યપણાને નહિ અતિક્રમતું હોવાથી, દાહ્ય છે. (જેમ પ્રદીપ્ત અગ્નિ દાહ્ય માત્રને-ઈંધન માત્રને બાળે છે, તેમ નિરાવરણ જ્ઞાન, જ્ઞેયમાત્રને-દ્રવ્યપર્યાયમાત્રને જાણે છે.) (૩) જે અનાવરણ અતીન્દ્રિય જ્ઞાન છે તેનો તો પોતાને અપ્રદેશ, સપ્રદેશ, મૂર્ત ને અમૂર્ત પદાર્થમાત્ર તથા અનુત્પન્ન તેમજ વ્યતીત પર્યાયમાત્ર જ્ઞેયપણાને નહિ અતિક્રમતા હોવાથી જ્ઞેય જે, નિરાવરણ જ્ઞાન જ્ઞેયમાત્રને -દ્રવ્યપર્યાય માત્રને જાણે છે.

અયથાતથ :જેવા નથી, તેવા.

અથથી ઈતિ :પહેલેથી છેલ્લે સુધી

અથાગ :અપાર.

અથાહ :અથાગ; અગાધ; અતાગ; પારવિનાનું; અથાક.

અદુઃખ ભાવિત :દુઃખની ભાવના સંસ્કાર સહિત નથી.

ભાવિત :વિચારેલું, ધારેલું.

અદુઃખરૂપ :સુખરૂપ

અદત્ત :વગર દીધેલું લેવું તે; ચોરી.

અદત્તાદાન :નહીં આપેલી વસ્તુ ગ્રહણ કરવી; ચોરી.

અદંતધાવન :દાંત સાફ ન કરવા તે; દાતણ ન કરવું તે.

અદ્ભુત :અલૌકિક; આશ્ચર્યકારક; અચરજ-અચંબો ઉપજાવે તેવું; નવાઈ ઉપજાવનારું; ચમત્કાર; વિસ્મય પમાડે તેવું. (૨) વીર્ય, યુદ્ધ, તપ, કેવળજ્ઞાન બધું અદ્ભુત છે. (૩) ભૂતકાળમાં કદી જોયું , જાણ્યું કે અનુભવ્યું નથી તેને અદ્ભૂત કહે છે.

અદ્ભુત નિર્વિકલ્પ આત્મસમાધિનું કારણ :દિવ્ય આત્માની સ્વરૂપ પરિણતિ.

અદ્ભૂતાદદ્ભૂત :અદ્ભૂત થી અદ્ભૂત.

અદ્ય :પાપ

અધ્યાત્મદષ્ટિ :અંતર્દષ્ટિ; આત્મદષ્ટિ.

અદ્યાપિ :હજુ સુધી; આજ પર્યંત.

અધોલોક :પૃથ્વીનો નીચેનો ભાગ; અધોલોકમાં રત્નપ્રભા, શર્કરા પ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા,ધૂમ પ્રભા, તમ પ્રભા અને મહાતમ પ્રભ એ સાત ભૂમિઓ છે અને ક્રમથી નીચે નીચે ઘનોદધિવાતવલય, ઘનવાતવલય, તનુવાતવલય તથા આકાશનો આધાર છે, આકાશ કહેતાં અલોકાકાશ

સમજવું. આ પૃથ્વીઓના રૂઢિગત નામ ૧. ધમ્મા, ૨. વંશા, ૩. મેઘા, ૪. અંજના, ૫. અરિષ્ટા, ૬. મઘવી અને ૭. માધવી છે.

અંદર પડતા :સમાઈ જતા.

અદર્શન :નહિ જોવામાં આવવું, તે.

અદ્રિ :પર્વત.

અદ્વૈત :વસ્તુપણે સ્વભાવથી એક. (૨) અમિલિત; એક. (૩) એક જ વસ્તુ; એક આત્મા કે બ્રહ્મ વિના જગતમાં બીજું કંઈ નથી એવી માન્યતા.

અદ્વૈત પ્રવર્તે છે : પંચ પરમેષ્ઠી પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે આરાધ્ય એવો પંચ પરમેષ્ઠી ભગવંતોનો અને આરાધક એવો પોતાનો ભેદ વિલય પામે છે. આ રીતે નમસ્કારમાં અદ્વૈત પ્રવર્તે છે. જો કે નમસ્કારમાં (a) પ્રણામ અને (b) વંદનોચ્ચાર બન્ને સમાતાં હોવાથી તેમાં દ્વૈત (બેપણું) કહ્યું છે તો પણ તીવ્ર ભક્તિભાવથી સ્વપરનો ભેદ વિલીન થઈ જવાની અપેક્ષાએ તેમાં અદ્વૈત પ્રવર્તે છે.

અદ્વૈત બ્રહ્મ :જીવ અને ઈશ્વરની એકરૂપતા-અનન્યતા; જડ-ચેતન સર્વ કાંઈ બ્રહ્માત્મક છે એવો ખ્યાલ; જીવ અને બ્રહ્મની જ્યાં એકાત્મકતા છે તેવું પરમપદ; જીવ-બ્રહ્મની અનન્યતા. અભેદમાર્ગ; બ્રહ્મ અને માયાની એકરૂપતા. (૨) એક જ આત્મા-બ્રહ્મ.

અદ્વૈતમાં દ્વૈત પ્રવર્તાવતો :ઈંદ્રિયવિષયોમાં આ સારા ને આ નરસા, એવું દ્વૈત નથી; છતાં ત્યાં પણ મોહાચ્છાદિત જીવ સારા નરસારૂપ દ્વૈત ઊભું કરે છે.

અદ્વૈતવાત :એકાંત સંગ્રહનયથી અદ્વૈતવાદ ઉત્પન્ન થયો છે.

અદ્ધાસમય :કાલનો નાનામાં નાનો અંશ; વસ્તુનું પરિવર્તન થવામાં નિમિત્તરૂપ એક દ્રવ્ય.

અદ્વિતીય :અજોડ; અનન્ય. (૨) જેમાં બીજું નથી તેવું; અનન્ય; અજોડ; અપ્રતિમ; અનુપમ; અદ્ભુત; વિલક્ષણ; અસાધારણ; અસામાન્ય. (૩) એની સાથે કોઈની ઉપમા કે તુલના ન થાય. (૪) સર્વશ્રેષ્ઠ

અદશ્ય :અલોપ.

અંદેશો :સંદેહ; વહેમ; શંકા; સંશય; કલ્પના; વિચાર. ગેરસમજ.

અદિશ માત્રથી :કથન માત્રથી

અદીન :દીન-રાંકડું નહિ તેવું; તવંગર; તેજસ્વી; ઠસ્સાદાર; પૈસાદાર.

અદીનપણે :પુરુષાર્થ પારાયણ રહીને.

અંધ :વિવેક રહિત.

અઘ હરે :પાપને હરનાર.

અધઃકરણ :યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના એક એક કરતાં વિશેષ નિર્મળ પરિણામ, તે દર્શનમોહ અને ચારિત્રમોહનું બળ ઘટાડી, સમ્યક્ત્વ કે શ્રેણીને યોગ્ય જીવને બનાવે છે. તેની અસર કર્મો ઉપર કેવી થાય છે તેનું બહુ સૂક્ષ્મ વર્ણન શાસ્ત્રોમાં છે, તેના સારરૂપઃ-પહેલાં અંતર્મુહૂર્ત કાળ સુધી અધઃકરણ કે યથાપ્રવૃત્તિકરણ હોય, ત્યારે ચાર આવશ્યક (જરૂરની ક્રિયા) બને છે,

(૧) સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા હોય.

(૨) એક એક સૂક્ષ્મ અંતર્મુહૂર્ત નવા બંધની સ્થિતિ ઘટતી જાય, તે સ્થિતિબંધ-અપસરણ આવશ્યક થાય.

(૩) સમયે સમયે પ્રશસ્ત પ્રકૃત્તિઓનો રસ અનંતગુણો વધે, અને

(૪) સમયે સમયે અપ્રશસ્વ પ્રકૃત્તિઓનો અનુભાગ (રસ) બંધ અનંતમાં ભાગે થાય; એવાં ચાર આવશ્યક થાય છે.

અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ :ચારિત્રમોહનીય ૧૧ પ્રકૃતિઓના ઉપશમ તથા ક્ષય થવામાં અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ ત્રણ પરિણામ નિમિત્ત કારણ છે.

(૧) અધઃકરણ પરણિામ=જે કરણમાં (પરિણામસમૂહમાં) ઉપરિતન સમયવર્તી તથા અધસ્તન સમયવર્તી જીવોના પરિણામ સદશ અને વિસદશ હોય તેને અધઃકરણ કહે છે. તે અધઃકરણ સાતમા ગુણસ્થાનમાં થાય છે.

(૨) અપૂર્વકરણ પરિણામ=જે કરણમાં (પરિણામસમૂહ) માં ઉત્તરોત્તર અપૂર્વ અને અપૂર્વ પરિણામ થતા જાય અર્થાત્ ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સદા વિસદશ જ દોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ પણ હોય

અને વિસદશ પણ હોય તેને અપૂર્વકરણ કહે છે અને એ જ આઠમું ગુણસ્થાન છે.

(૩) અનિવૃત્તિકરણ પરિણામ=જે કરણ (પરિણામસમૂહ) માં ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ વિસદશ જ હોય અને એક સમયવર્તી જીવોના પરિણામ સદશ જ હોય તેને અનિવૃત્તિકરણ કહે છે. આ જ નવમું ગુણસ્થાન છે. એ ત્રણેય કરણોમાં પરિણમનની પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધતા થાય છે.

ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના અને પ્રાયોગ્ય આ ચારેય લબ્ધિઓના થયા બાદ ભવ્ય જીવ અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણને કરે છે. આ ત્રણે કરણોને થવાનું નામ કરણલબ્ધિ છે. પ્રત્યેક કરણનો કાળ અન્તર્મુહૂર્ત છે.

કોઈ જીવને અધઃકરણ શરૂ થયાને થોડો સમય થયો હોય અને કોઈને ઘણો સમય થયો હોય તો પણ તેમના પરિણામ વિશુદ્ધતામાં સમાનતા જ હોય છે. આથી એનું નામ અધઃપ્રવૃત્ત કરણ છે. જેમાં પ્રતિ સમય જીવોના પરિણામ અપૂર્વ અપૂર્વ હોય છે તેને અપૂર્વકરણ કહે છે. જેમ કોઈ જીવને અપૂર્વકરણ આરંભ થયાને થોડો સમય થયો હોય અને કોઈને ઘણો સમય થયો હોય તો તેમના પરિણામ એકદમ ભિન્ન હોય છે. અને જે જીવમાં પ્રતિ સમય એક જ પરિણામ હોય તેને અનિવૃત્તિકરણ કહે છે. પહેલાં અધઃકરણમાં ગુણશ્રેણિ ગુણસંક્રમણ વગેરે કાર્ય હોતું નથી પરંતુ કેવળ પ્રતિ સમય અનંતગુણી વિશુદ્ધતા વધતી જાય છે. અપૂર્વકરણમાં પ્રથમ સમયથી શરૂ કરીને જ્યાં સુધી મિથ્યાત્વને સમ્યક્ત્વમોહનીય અને સમ્યક્મિથ્યાત્વરૂપ પરિણમાવે છે ત્યાં સુધી ગુણશ્રેણિ, ગુણસંક્રમણ, સ્થિતિખંડન અને અનુભાગખંડન એ ચાર કાર્ય થાય છે.

અનિવૃત્તિકરણમાં આ કાર્ય થાય છે-જ્યારે અનિવૃત્તિકરણનો બહુ ભાગ વીત્યા પછી એક ભાગ બાકી રહે છે ત્યારે જીવ દર્શનમોહને અન્તરકરણ કરે છે. વિવક્ષિત નિષેકોના બધા દ્રવ્યોના અન્ય નિષેકોમાં નિપેક્ષણ કરીને તે નિષેકોનો ભાવ કરી દેવાને અન્તરકરણ કહે છે.

અનિવૃત્તિકરણની સમાપ્તિ થતાં જ દર્શનમોહ અને અનંતાનુબંધીની ચારેય પ્રકૃતિનો ઉપશમ થવાથી જીવ ઔપશમિક સમ્યગ્દષ્ટિ થઈ જાય છે. ત્યારબાદ યોગ્ય સમય આવ્યા પછી સર્વે કર્મોનો ક્ષય કરી મુક્ત થાય છે.

અધઃકર્મ :પોતાને ઉદ્દેશી તૈયાર કરવામાં આવેલો ખોરાક લેવાથી જૈન સાધુને લાગતો દોષ.

અધઃ કર્મી આહાર :સમુચ્ચપણે મુનિ માટે તૈયાર કરેલો આહાર હોય તે

અધ્યવસાય :સ્વ-પરની એકતા બુદ્ધિ છે તે મિથ્યાત્વ છે.

અઘન :વાદળાં રહિત.

અધબિચ કૂવા :ચિદાકાશના મધ્યે એક અમૃતનો કૂવો છે, એટલે અમૃતસ્વરૂપી શાંત સુધારસમય આત્માનો ત્યાં વાસ છે. જેને સદ્‌ગુરુ મળ્યા છે તે જ તે અમૃતકૂપમાંથી શાંત સુધારસ ભરી ભરીને પીએ છે તેમની તૃષા છીપે છે, અવતૃષ્ણા શાંત થાય છે અને તે અમૃતપાનથી તે અમૃતપણાને પામે છે.

અધબીચ :અદ્ધર

અધમ :નીચ; નકારું; હલકી કોટિનું; નિકૃષ્ટ દરજ્જાનું; ધિક્કારવા યોગ્ય, કુપાત્ર, પાપી.

અધમાઅધમ :દોષો કરવા અને તેનું અભિમાન કરવું તે અધમાધમનું લક્ષણ છે.

અધ્યેતા :અધ્યયન કરનાર; વિદ્યાર્થી; ચોક્કસ શોધકાર્ય માટે વિદ્યાપીઠ તરફથી મળતા વેતનથી કામ કરનાર; ફેલો; સ્કોલર. (૨) અધ્યયન કરનાર; વિદ્યાર્થી;

અષ્ટાવક્ર :એક ઋષિનું નામ છે. જનક રાજાને જ્ઞાન દેનાર.

અધ્યવસિત :માની લીધેલું; બીજી રીતે માનવું.

અધ્યવસિત કર્યો છે :માન્યો છે.

અધ્યવસાન :મિથ્યા અભિપ્રાય સહિત, વિભાવ પરિણામ; વિભાવ રાગાદિ વિભાવ (૨) અધ્વસાન ત્રણ પ્રકારનાં છે : અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ. આત્માનો અને રાગદ્વેષના ઉદયમય તફાવત નહિ જાણવાને લીધે, ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે. ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી, (તે અધ્યવસાન)

મિથ્યાદર્શન, છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી, (તે અધ્યવસાન) અચારિત્ર છે. (૩) પોતાના અને પરના એકપણાની, માન્યાપૂર્વક પરિણમન. (૪) મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મ; પરદ્રવ્યમાં અહંકાર-મમકાર. (૫) મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ. (૬) તાદામ્ય; તદ્રૂપતા. (૭) કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ; રાગમાં એકતા બુદ્ધિ. (૮) મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ; વિભાવ; રાગદ્વેષ વડે મેલું જે વિભાવ પરિણામ; રાગથી લાભ થાય એવો મિથ્યા અભિપ્રાય તે અધ્યવસાન છે. (૯) શુભાશુભ ભાવ. (૧૦) કર્મના ઉદયની પ્રવૃત્તિ રૂપ. (૧૧) માન્યતા, વિપરીત માન્યતા. (૧૨) પોતાના અને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન. (૧૩) તાદાત્મ્ય; તદ્રૂપતા; આસક્તિ; અભિપ્રાય. (૧૪) અધ્યવસાન ત્રણ પ્રકારનાં છે; અજ્ઞાનરૂપ; મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ. (૧૫) શુભાશુભ ભાવના વિકલ્પો. તે બધાં પુદ્ગલ દ્રવ્યના પરિણામથી રચાયેલાં છે. (૧૬) કર્મના નિમિત્તને આધીન થવાથી જે ભાવ થાય તે અધ્યવસાન કહેવાય છે. આત્મા એકલો જ્ઞાતા છે તેને ભૂલીને કર્મના નિમિત્તે થતા પુણ્ય-પાપના ભાવ થાય તેમાં એકત્વબુદ્ધિથી માને છે કે આ અધ્યવસાન છે તે જ હું છું. એમ કર્મના નિમિત્તને આધીન થવાથી જે અધ્યવસાન થાય તેને આત્મા માનનારા અને તે અધ્યવસાન મને મદદ કરશે એમ માનનારા મૂઢ છે.

અધ્યવસાન પુણ્ય-પાપ ભાવોમાં એકત્વ બુદ્ધિ :પુણ્ય-પાપ ભાવોમાં એકત્વ બુદ્ધિરૂપ જે અધ્યવસાન છે તે જ એક બંધનું કારણ છે.

અધ્યવસાય :વૃત્તિઓ (૨) આશય; માન્યતા; જે પરિણામ મિથ્યા અભિપ્રાય સહિત હોય, (સ્વરપરના એકત્વના અભિપ્રાય સહિત હોય), અથવા વૈભાવિક હોય, તે પરિણામો મોટે અધ્યવસાય શબ્દ વપરાય છે. (મિથ્યા) નિશ્ચય, (મિથ્યા) અભિપ્રાય એવા અર્થમાં પણ, એ શબ્દ વપરાય છે. (૩) પર વસ્તુ પ્રત્યેની, એકત્વ બુદ્ધિરૂપ મિથ્યાત્વ. (૪) મિથ્યાત્વરાગાદિરૂપ ભાવ કર્મ. (૫) અજ્ઞાન; ઊંધો અભિપ્રાય; મિથ્યા અભિપ્રાય. (૬) નિશ્ચય; ઠરાવ; મનોવૃત્તિ; મનનું વલણ; પ્રયત્ન; મહેનત; કોશિશ; ધંધો; ઉદ્યમ. (૭) કષાયભાવ; કષાયના જે પ્રકારથી કર્મોના બંધમાં ફલદાન શક્તિની તીવ્રતા આવે છે તેને અનુભાવબંધ સ્થાન કહેવામાં આવે છે. (૮) પરમાં પોતાપણાની એકત્વની એકત્વબુદ્ધિ તેને અધ્યવસાય કહે છે. (૯) બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ આ આઠેય શબ્દો એકાર્થ જ છે. નામ જુદા છે પણ અર્થ એક જ છે. જેવો અધ્યવસાય શબ્દનો અર્થ છે તેવો જ આ બધા શબ્દનો અર્થ છે.

આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહયાં તે બધાંય ચેતન આત્માનાં પરિણામ છે. જ્યાં સુધી સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરનાં એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે તેને બુદ્ધિઆદિ આઠ નામોથી કહેવામાં આવે છે. (૧૦) પર વસ્તુનું એકત્વ બુદ્ધિ. (૧૧) સંકલ્પ વિકલ્પ; બહારની ઉપાધિ એ જ અધ્યવસાય, અધ્યવસાયનો ક્ષય જ્ઞાનથી થાય. (૧૨) પ્રયત્ન; મહેનત; નિશ્ચય; ખંત. (૧૩) લેશ્યા પરિણામની કંઈક સ્પષ્ટપણે પ્રવૃત્તિ. (૧૪) સમજવું; અવભાસ; અવબોધ. (૧૫) સમજણ,; અવભાસ; અવબોધ.

અધ્યવસાયવિશેષો :મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મો અને દ્રવ્ય કર્મો.

અધ્યવસાયો :મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મો.

અધ્યવસાયો :મિથ્યાત્વાદિરૂપ ભવકર્મો.

અધ્યવસાનાદિ ભાવો :પુણ્ય-પાપના ભાવો, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિ શુભ ભાવો અને કામ, ક્રોધાદિ અશુભભાવો ઉત્પન્ન કરનારું કર્મ તે સઘળા અધ્યવસનાદિ ભાવો છે.

અધ્યવસિત :જણાવું; મનાવું, સમજવું; ભાસવું.

અધ્યવસિત થાય છે :સમજાય છે; ભાસે છે. (૨) જણાય છે; મનાય છે; નિશ્ચિત થાય છે;

અધ્યવસિતિ :એકની બીજામાં માન્યતાપૂર્વક પરિણતિ- ખોટો નિશ્ચય થવો તેને અધ્યવસિતિ કહેવાય છે; અને તે જ- જેને અધ્યવસાય કહ્યો છે તે જ બોધન માત્રપણાથી બુદ્ધિ છે, વ્યવસાય માત્રપણાથી વ્યવસાય છે.

અધ્યસ્ત :આરોપવામાં આવેલું; ખોટુ કલ્પેલું કે સ્થાપેલું, જે વિશેનો ભ્રમ કોઈ અન્ય પદાર્થમાં હોય તેવું.

અધ્યસ્થ :અધ્યસત-ખોટું કલ્પેલું કે સ્થાપેલું; આરોપવામાં આવેલું.

અધ્યવસાય :નિશ્ચય; ઠરાવ; મનોવૃત્તિ; મનનું વલણ; પ્રયત્ન; મહેનત; ધંધો.

અધ્યાત્મ :રાગથી ભિન્ન, આત્મા (૨) આત્માનું પરમરૂપ. (૩) અધિ એટલે જાણવું, આત્મ = આત્માને, પોતાના આત્માને જાણવો તે જ અધ્યાત્મ. (૪) નામ અધ્યાત્મીઓ, શબ્દ અધ્યાત્મીઓ, સ્થાપના અધ્યાત્મીઓ, ને દ્રવ્ય અધ્યાત્મીઓનો તો જગતમાં સુકાળ છે પણ ભાવ-અધ્યાત્મની જ વિરલતા છે. નિજ સ્વરૂપને-આત્મ સ્વરૂપને જે ક્રિયા સાધે છે તે જ અધ્યાત્મ છે; જે ક્રિયા કરીને ચાર ગતિ સાધે છે તે અધ્યાત્મ નથી. નામ અધ્યાત્મ, સ્થાપન અધ્યાત્મ ને દ્રવ્ય અધ્યાત્મને છોડો; અને ભાવ અધ્યાત્મ કે જે નિજગુણને-આત્મગુણને સાધે છે તેમાં રુચિ કેળવીને મંડી પડો. અધ્યાત્મ તો જ્યાં આત્મવસ્તુનો વિચરા હોય તે છે. બાકી તો લપલપીયા-વાતોડીઆ છે. (૫) આત્મા સંબંધી. (૬) મિથ્યાત્વ, વિષયો, કષાયો આદિ બાહ્ય પદાર્થોનું આલંબન છોડી આત્મામાં તલ્લીન થવું તે અધ્યાત્મ છે. (૭) આત્મજ્ઞાન; બ્રહ્મજ્ઞાન; આત્મા-પરમાત્માને લગતું તત્ત્વ; આત્મા સંબંધી વિચાર કે ક્રિયા; ભેદ જ્ઞાન. (૮) આત્મા સંબંધી.

અધ્યાત્મ માર્ગ :યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે અધ્યાત્મમાર્ગ.

અધ્યાત્મશાસ્ત્ર :જેમાં શુદ્ધ નિશ્ચયસ્વરૂપ આત્મદ્રવ્ય કેવું છે અને તેની નિર્મળ પર્યાય કેવી છે તેનું નિરૂપણ છે તે અધ્યાત્મશાસ્ત્ર છે.

અધ્યાત્મચિંતન :શુદ્ધાત્માના ધ્યાનથી.

અધ્યાત્મચિંતન માટે બાહ્ય સામગ્રી :અધ્યાત્મ ચિંતનરૂપ ધ્યાન માટે ઉત્સાહ, નિશ્ચય (સ્થિર વિચાર), ધૈર્ય, સંતોષ, તત્ત્વદર્શન અને જનપદ ત્યાગ; આ છ પ્રકારની બાહ્ય સામગ્રી છે. ધ્યાનની સિદ્ધિ માટે બાહ્ય સામગ્રી રૂપે છ વાત બતાવવામાં આવી છે. તેમાં ઉત્સાહને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જો ઉત્સાહ જ ન હોય તો બધું જ વ્યર્થ છે. જો ધૈર્ય ન હોય તો સાધનામાં વિઘ્ન-કષ્ટ આદિ ઉપસ્થિતિ તથાં સ્ખલિત થઈ જવું બહુ જ સ્વાભાવિક છે. જેથી જ નીતિકારોએ, ધૈર્ય સર્વાર્થ સાધનં જેવાં વાક્યો દ્વારા ધૈર્યને સર્વ પ્રયોજનનો સાધક બતાવ્યો છે. વિષયોમાં લાલસાના અભાવનું નામ સંતોષ છે, આ સંતોષ પણ સાધનાની પ્રગતિમાં સહાયક થાય છે, જો સદા અસંતોષ બન્યો રહે તો તે એક મોટી વ્યાધિનું રૂપ લઈ લે છે, તેથી જ અસંતોષો મહાવ્યાધિઃ જેવા વાક્યો દ્વારા અસંતોષને મહાવ્યાધિ માનવામાં આવ્યો છે. જીવાદિ તત્ત્વોનું જે સારી રીતે દર્શનસ્વરૂપ અનુભવન ન હોય તો પછી ઉત્સાહ, નિશ્ચય, ધૈર્ય તથા સંતોષથી પણ શું થઈ શકે અને ધ્યાનમાં પ્રવૃત્તિ પણ કેવી રીતે થઈ શકે ? ન થઈ શકે. જેથી તત્ત્વદર્શનનું હોવું પરમ આવશ્યક છે, છેલ્લી છઠ્ઠી સામગ્રી છે જનપદ ત્યાગ, જ્યાં સુધી જનપદ અને જનસંપર્કનો ત્યાગ કરવામાં આવતો નથી ત્યાં સુધી સાધનાની પૂર્ણતા નથી. જનસંપર્કથી વાણીની પ્રવૃત્તિ, વાણીની પ્રવૃત્તિથી મનની ચંચળતા અને મનની ચંચળતાથી ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પ તથા ક્ષોભ થાય છે, જે બધા ધ્યાનમાં બાધક છે.

અધ્યાત્મશાસ્ત્ર :અધ્યાત્મશાસ્ત્રમાં જીવનું સ્વરૂપ મુખ્યપણે એકલું શુદ્ધ કહેલ છે. વર્તમાન પર્યાયને ગૌણ કરી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવને જીવ કહ્યો છે. (૨) જેમાં શુદ્ધ નિશ્ચયસ્વરૂપ આત્મદ્રવ્ય કેવું છે અને તેની નિર્મળ પર્યાય કેવી છે તેનું નિરૂપણ છે તે અધ્યાત્મશાસ્ત્ર છે. (૩) જે શાસ્ત્રમાં આત્માનું કથન છે તે. નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે. આનંદઘનજી.

અધ્યાત્મસ્થાન :સ્વ. પરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે વર્તતા વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદાપણું તેમનું લક્ષણ છે એવાં જે અધ્યાત્મસ્થાનો છે તે બધાંય જીવને નથી. અધ્યાત્મસ્થાન એટલે અધ્યવસાય, અધ્યવસાય એટલે વિકારી ભાવ. અહીં પાઠમાં જે વિશુદ્ધ શબ્દ છે તેનો અર્થ શુભ પરિણામ ન કરવો, પણ ત્યાં શુદ્ધ સ્વભાવની વાત છે. જે વિશુદ્ધ પરિણામથી જુદાં જે પુણ્ય-પાપ,શરીર, વાણીને મનની ક્રિયા- તેને અને પોતાના આત્માને એકપણે માનવાનો અધ્યવસાય ઊંધો અધ્યવસાય છે. શરીર, વાણી અને બહારનાં નિમિત્તો મને મદદ કરશે એવો જે ભાવ તે અધ્યવસાય છે. જે ભાવ હોય ત્યાં

સુધી કર્મ બાંધે અને સંસારમાં રઝળે. સ્વ-પરના એકપણાનો ભાવ તે અધ્યવસાય છે.

અધ્યાત્મસ્થાનો :સ્વપરના એકપણાનો અધ્યાસ, એવાં જે પરિણામ, તે અધ્યાત્મસ્થાનો, અર્થાત્ અધ્યવસાય છે. વિશુદ્ધ ચેતન્ય-પરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે, એવાં એ અધ્યાત્મસ્થાનો જીવને નથી. અધ્યાત્મસ્થાન, એટલે આત્માનાં સ્થાન નહીં. સ્વ પરની એકતા બુદ્ધિના અધ્યવસાયને અધ્યાત્મસ્થાન કહ્યાં છે. તે અધ્યાત્મસ્થાનો, બધાંય જીવને નથી. 'બધાંય' એમ કહ્યું છે ને ? એટલે સ્વપરની એકતાબુદ્ધિના જેટલા ભાવ છે, તે બધાય જીવને નથી. વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી, એટલે કે સ્વની એકતાનાં પરિણામથી. આ પર્યાયની વાત છે. સ્વની એકતાના પરિણામથી, સ્વ પરની એકતાના પરિણામ ભિન્ન છે.

સમયસાર બંધ અધિકારના ૧૭૩મા કળશમાં આવે છે, કે - હું પર જીવની રક્ષા કરું, તેના પ્રાણનો નાશ કરું, તેને સુખ-દુઃખ આપું, એવો જે અધ્યવસાય-સ્વપરની એકતાબુદ્ધિ- છે, તે મિથ્યાત્વ છે. તેનો ભગવાને નિષેધ કરાવ્યો છે. તેથી હું અમૃતચંદ્રાચાર્ય એમ સમજુ છું, કે પર જેનો આશ્રય છે એવો સઘળોય વ્યવહાર છોડાવ્યો છે. આચાર્યદેવ કહે છે કે સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે, તે બધાંય જિનભગવંતો એ પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે. તેથી અમે એમ સમજીએ છીએ કે પરના આશ્રયે જેટલો કોઈ વ્યવહાર થાય છે, તે સઘળોય ભગવાને છોડાવ્યો છે. આ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિના જે વિકલ્પ છે, તે વ્યવહાર છે અને તે પરના આશ્રય સહિત છે. તેથી તે સઘળો ય છોડાવ્યો છે. તો પછી આ સત્પુરુષો એક સમ્ય નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને, શુદ્ધજ્ઞાન, ધન સ્વરૂપ નિજ મહિમામાં સ્થિરતા કેમ ધરતા નથી ? આચાર્ય કહે છે કે આ પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચમહાવ્રતોનો ભાવ કે વ્યવહાર રત્નત્રયનો ભાવ, તે સઘળોય ત્યાજ્ય છે. તો પછી સંતો એક નિજ શુદ્ધ ચૈતન્યમાં જ લીન, કેમ રહેતા નથી ? (નિજ ચૈતન્યમાં જ લીન રહેવું જોઈએ.)

હું પરને જીવાડી શકું, તેના પ્રાણની રક્ષા કરી શકું, પરના પ્રાણ હરી શકું, અનુકૂળતા-પ્રતિકૂળતા આપી શકું, ભૂખ્યાને અનાજ અને તરસ્યાને પાણી પહોંચાડી દઉં તથા ગરીબોને પહેરવા કપડાં અને રહેવા મકાન દઈ દઉં ,વા જે બુદ્ધિ છે, તે બધીય એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાય છે, મિથ્યાત્વ છે. બાપુ ! હું પરને કાંઈ આપી શકું છું, એ વાત જ જૂઠી છે. કોઈ પરનું કાંઈ કરી શકતો જ નથી. આ પ્રમાણે પર સાથે એકતાબુદ્ધિના ભાવ- અધ્યવસાય, તે બધાય નિજ ચૈતન્ય દ્રવ્યમાં ઢળેલા વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી ભિન્ન છે. કારણ કે તેઓ પુદ્ગલ દ્રવ્યના પરિણામમય છે.

ભગવાન આત્મા, શુદ્ધ ચૈતન્યસ્વભાવી વસ્તુ છે. તે એકનો આશ્રય લઈને, સ્વાશ્રયે જે પરિણામ થાય છે. તે વિશુદ્ધ ચૈતન્ય-પરિણામ છે. તે ચૈતન્ય પરિણામથી, આ મિથ્યા અધ્યવસાય સઘળાય ભિન્ન છે, જુદા છે. - ચૈતન્યનાં વિશુદ્ધ પરિણામ થાય, ત્યાં આ સ્વપરની એકતાબુદ્ધિના અધ્યવસાયભાવ રહેતા નથી, એમ અહીં કહેવું છે. તેથી અધ્યાત્મસ્થાનો, સઘળાય જીવને નથી, કેમકે તેઓ પુદ્ગલ પરિણામમય હોવાથી, અનુભૂતિથી ભિન્ન છે. સ્વાનુભૂતિ થતાં, સ્વપરની એકતા બુદ્ધિનાં સઘળાં પરિણામ, ભિન્ન પડી જાય છે, એટલે અભાવરૂપ થઈ જાય છે. આવી વાત છે.

પ્રશ્ન :- તમે તો (સ્વરૂપને) સમજવું, સમજવું, સમજવું, બસ એટલું જ કહ્યા કરો છો ? (બીજું કાંઈ કરવાનું તો કહેતા નથી.)

ઉત્તર :- ભાઈ ! સ્વરૂપની સમજણ વિના જ, અનંતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. શ્રીમદે પણ એજ કહ્યું છે ને કે :-

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદગુરુ ભગવંત.'

અહીં આ બોલમાં એક વિશેષતા છે. બીજા બધા બોલમાં સમુચ્ચય લીધું છે. જેમકે પ્રીતિરૂપ રાગ, છે તે બધોય જીવને નથી, કારણકે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી, અનુભૂતિથી ભિન્ન છે. આ બોલમાં, જે સ્વપરની એકતાબુદ્ધિના ભાવ- અધ્યવસાય કહ્યા, તે વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદા

લક્ષણવાળા કહ્યા છે. અહીં એમ કહેવું છે કે, નિજ સ્વરૂપના આશ્રયે જે વિશુદ્ધ ચૈતન્ય પરિણામ થાય, તેમાં આ મિથ્યા અધ્યવસાય આવતા નથી, ઉપજતા નથી, અભાવરૂપ રહે છે. તથા અધ્યવસાયમાં-સ્વપરની એકતાબુદ્ધિના ભાવમાં, વિશુદ્ધ ચૈતન્ય પરિણામ રહેતાં નથી, ઉપજતા નથી. બીજા બોલ કરતાં, આમાં આ વિશેષતા લીધી છે કે, સ્વપરની એકતાબુદ્ધિમાં ચૈતન્યનાં વિશુદ્ધ પરિણામ નથી, અને ચૈતન્યના વિશુદ્ધ પરિણામ થતાં, સ્વપરની એકતાબુદ્ધિ રહેતી નથી.

પ્રશ્ન :- અમારે વેપાર ધંધો કરવો, કુટુંબઆદિનું ભરણપોષણ કરવું, ઈજ્જત-આબરૂ સાચવવી, કે પછી બસ આ જ સમજવું ?

ઉત્તર :- ભાઈ ! હિત કરવુ ંહોય, તો માર્ગ તો આ જ છે, બાપુ ! સ્વપરના એકત્વ-પરિણમનમાં, તારી ચડતી દેગડી ઊડી જાય છે, એ તો જો. હું પરનું કરી શકું, વેપાર કરી શકું, પૈસા કમાઈ શકું, પૈસા રાખી શકું, બીજાને આપી શકું, વાપરી શકું, - ઈત્યાદિ જે સ્વપરની એકતાબુદ્ધિના અધ્યવસાય છે, તે વિશુદ્ધ ચૈતન્યનાં પરિણામથી, વિલક્ષણ છે, જુદાં છે. એ મિથ્યા અધ્યવસાયી હયાતીમાં, શુદ્ધ ચૈતન્ય પરિણામ ઉત્પન્ન થતાં નથી, એ તો જો. અહીં ટીકામાં કહ્યું છે ને કે સ્વપરના એકપણાનો અધ્યાસ હોય ત્યારે, વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદાપણું, તેમનું લક્ષણ છે, એવાં જે અધ્યાત્મસ્થાનો, તે જીવને નથી કેમ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી, અનુભૂતિથી ભિન્ન છે. અધ્યાત્મ સ્થાનો એટલે, આત્માની નિર્મળતાનાં સ્થાનો, એમ અર્થ નથી. અધ્યાત્મસ્થાનોનો અર્થ, સ્વપરની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે, એ અધ્યવસાય, વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી જુદો છે. અરે, જુદાપણું જ, તેનું લક્ષણ છે. બહુ સૂક્ષ્મ વાત ! અહો ! આવી વાત દિગંબરોના શાસ્ત્રો સિવાય, બીજે ક્યાંય નથી.

અધ્યાત્મસ્થાનો સઘળાય જીવને નથી. કેમ નથી ? તો કહે છે કે, તેઓ વિશુદ્ધ ચૈતન્ય પરિણામથી, જુદા લક્ષણવાળા છે. ચિદાનંદઘન ભગવાન, આત્માના આશ્રયે, જે સ્વરૂપ એકત્વના વિશુદ્ધ ચૈતન્ય પરિણામ થાય તે, ચૈતન્ય પરિણામથી જુદાપણું જેનું લક્ષણ છે એવા સ્વપરની એકત્વબુદ્ધિના અધ્યવસાયોથી, ભિન્ન છે. જુઓ, વિશુદ્ધ ચૈતન્યના પરિણમનથી, અધ્યાત્મસ્થાનોનું જુદું લક્ષણ છે, એમ કહીને પછી તે એકત્વબુદ્ધિના પરિણામ, અનુભૂતિથી ભિન્ન છે, એમ કહ્યું છે. (આશય એમ છે કે સ્વપર એકત્વબુદ્ધિ બની રહે, ત્યાં સુધી શુદ્ધ ચૈતન્યનાં પરિણામ ઉપજે નહિ, અને નિજ શુદ્ધાત્માના આશ્રયે સ્વાનુભૂતિ પ્રગટ થતાં, એકત્વબુદ્ધિનાં પરિણામ ઉપજતાં નથી.)

અધ્યાત્મસ્થાનો :અધ્યવસાયો; સ્વ પરની એકતાબુદ્ધિ;

અધ્યાત્મસાર :એ નામના પુસ્તકમાં કહેલો આત્મનિશ્ચયાધિકાર એ ફરી ફરી મનન કરવા યોગ્ય છે એ એનું વિશેષપણું માનવું. રાજચંદ્ર.

અધ્યવસાન :કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ.

અધ્યાવસાન :રાગમાં એકતાબુદ્ધિ તે અધ્યવસાન છે. રાગ અને આત્મા એક છે એવો ભ્રમ તે અધ્યવસાન છે.

આ અધ્યવસાન કહે છે, જ્ઞાન નથી, કેમ કે અધ્યવસાન અચેતન છે, માટે કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ અધ્યવસાન અને જ્ઞાન જુદાં છે.

અધ્યાસ :મિથ્યા આરોપણ; ભ્રાન્તિ. (૨) નિર્ણય (૩) એક વસ્તુમાં, બીજી વસ્તુનું આરોપણ; અધ્યારોપ; ભ્રાંતિમય-પ્રતીતિ. (૪) ભ્રાન્તિમય પ્રતીતિ; એક વસ્તુમાં બીજી વસ્તુનું આરોપણ; અધ્યારોપ. (૫) આશ્રય; (૬) ટેવ; આદત. (૭) મિથ્યા આરોપણ; ભૂલ ભરેલું જ્ઞાન; ન હોય તેવા ગુણધર્મોનું આરોપણ કરવું. (૮) ભ્રાન્તિ. અધિક + આસ =જે સ્થળે બેસે તે પોતાની જગ્યા અથવા તે તે રૂપ હું છું એમ થઈ જાય છે. (૯) મિથ્યા આરોપણ; માયા; ભૂલ ભરેલું જ્ઞાન. (૧૦) જે વસ્તુમાં બીજી વસ્તુનું આરોપણ; અધ્યારોપ; ભ્રાંતિમય પ્રતીતિ. (૧૧) વાસના (૧૨) સ્વ-પરમાં એકત્વની માન્યતા. (૧૩) ભૂલ ભરેલું જ્ઞાન; મિથ્યા આરોપણ; ન હોય તેવા ગુણધર્મોનું આરોપણ કરવું તે; નિરંતર રહેતું લક્ષ કે ઊંડું ચિંતન. (૧૪) મિથ્યા આરોપણ; ભ્રાન્તિ; ભ્રમ. (૧૫) નિરંતર પરચિય; સ્વ-પરની એકત્વબુદ્ધિ. (૧૬) એક વસ્તુમાં બીજી વસ્તુનું અરોપણ; અધ્યારોપ; ભ્રાન્તિમય પ્રતીતિ (૧૭) મિથ્યા આરોપણ; ભ્રાંતિ. (૧૮) અનાદિના

વિપરીત અભ્યાસથી ઐક્યતા-એકત્વ ભાવના. (૧૯) ભ્રાન્તિ. અધિ + આસ =જે સ્થળે બેસે તે પોતાની જગ્યા અથવા તે રૂપ હું છું એમ થઈ જાય છે. એવી રીતે અનાદિ કાળથી દેહમાં વસવાથી દેહને જ આત્મા માન્યો અથવા રાગાદિ વિભાવોને આત્મા માન્યો છે. અભ્યાસ કરતાં અધ્યાસ વધારે દઢતા બતાવે છે. અભ્યાસ તો ક્વચિત્ ભૂલી પણ જવાય પણ અધ્યાસ તો ઊંઘમં પણ ન ભૂલે. (૨૦) શલ્ય. (૨૧) આશ્રય.

અધ્યાસિત :રહેલા છે; સાથે રહે છે. (૨) રહેલા.

અધૂરું :અલ્પ; અપૂર્ણ.

અધુરપ :અધૂરાશ.

અધર્મ દ્રવ્ય :જીવ અને પુદ્ગલને સ્થિતિમાં ઉદાસીન સહાય આપનાર, છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય (૨) સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમતાં જીવ અને પુદ્ગલને સ્થિર થવામાં જે નિમિત્ત હોય તેને અધર્મ દ્રવ્ય કહે છે. જેમ મુસાફરને સ્થિર થવા માટે ઝાડનો છાંયો. (૩) સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમેલા જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં જે નિમિત્ત હોય તેને અધર્મ દ્રવ્ય કહે છે; જેમ મુસાફરને સ્થિર રહેવામાં વૃક્ષની છાયા. (ગતિપૂર્વક સ્થિતિ કરે એવા જીવ-પુદ્ગલને જ અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત છે એવી મર્યાદા ન હોય તો સદાય સ્થિર રહેનારાં ધર્માસ્તિકાય, આકાશ અને કાળ-દ્રવ્યોને પણ સ્થિતિમાં અધર્મ દ્રવ્યનું નિમિત્તપણું આવી જાય.) (૪) સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમેલા જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં, જે નિમિત્ત હોય, તેને અધર્મદ્રવ્ય કહે છે તે એક છે. (૫) સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમતાં જીવ અને પુદ્ગલને સ્થિર થવામાં જે નિમિત્ત હોય તેને અધર્મદ્રવ્ય કહે છે. જેમ મુસાફરને સ્થિર થવા માટે ઝાડનો છાંયો .

અધર્મદ્રવ્યનો વિશેષ ગુણ :અધર્મ દ્રવ્યમાં સ્થિતિ હેતુત્વ વગેરેને વિશેષ ગુણ છે.

અધરમાન :યુક્તિક્ષમ.

અધર્માસ્તિકાય :તે દ્રવ્ય લોકાકાશ પ્રમાણ છે. અને જીવ-પુદ્ગલને ગતિમાંથી સ્થિતિરૂપ થવામાં વૃક્ષની છાયા જેમ વટેમાર્ગુને નિમિત્ત છે તેમ તે સહકારી નિમિત્ત છે.

અધર્માસ્તિકાય :હવે ચૌદ રાજુ પ્રમાણ એક અધર્માસ્તિકાય નામનું અરૂપી દ્રવ્ય છે કે જે સ્થિતિમાં નિમિત્ત છે તેની વ્યાખ્યા કરે છે. સ્વભાવ સ્થિતિ ક્રિયારૂપે અને વિભાવસ્થિતિ ક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્થિતિનું (સ્વભાવ સ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે. સિદ્ધ દશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસારકશામાં સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે ? શું કીધું આ ? કે આત્મા શરીર રહિત અશરીરી પરમાત્મા થાય ત્યારે સિદ્ધદશામાં તે સ્થિર રહે છે. ત્યાં તેને ગતિક્રિયા હોય નહિ, માત્ર સ્થિતિ જ હોય છે. આ જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે. સિદ્ધદશામાં સ્થિર રહેવું તે સ્વભાવ સ્થિતિક્રિયા છે; જ્યારે સંસારદશામાં જીવ સ્થિર રહે તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે; વળી એકલો પરમાણું સ્થિર રહે તે પુદ્ગલની સ્વાભાવિક સ્થિતિ ક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. જુઓ, એક છૂટો પોઈન્ટ-રજકણ અથવા પરમાણુ સ્થિર રહે તે તેની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે; કેમ કે બીજા પરમાણું કે સ્કંધનો ત્યારે તેને સંબંધ નથી. જ્યારે આ આંગળી કે પુસ્તકાદિ કે જે અંત રજકણોના સ્કંદ છે તે સ્થિર રહે તે પુદ્ગલની વૈભાવિક સ્થિતિ ક્રિયા છે. જેમાંના દરેક પરમાણુની પણ વૈભાવિક સ્થિતિ ક્રિયા છે, કેમકે તે પ્રત્યેક પરમાણું સ્કંધના બીજા પરમાણું ના સંબંધ સહિત છે. હવે કહે છે કે આ જીવન-પુદ્ગલની સ્વાભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિ દ્વિધામાં અધર્મ દ્રવ્ય નિમિત્તમાત્ર છે. આ રીતે લોકપ્રમાણ એક અરૂપી અધર્માસ્તિકાય દ્રવ્ય સિદ્ધ થયું.

અધર્માસ્તિકાય :એવી જ રીતે, એક જ કાળે, સ્થિતિપરિણત સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી સ્થિતિનું હેતુપણું, અધર્મને જણાવે છે, કારણ કે, કાળ ને પુદ્ગલ અપ્રદેશી હોવાથી, તેમને તે સંભવતું નથી, જીવ સમુદ્રઘાત સિવાય, અન્યત્રલોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી, તેને તે સંભવતું નથી, લોક અને અલોકની સીમા અચલિત હોવાથી, આકાશને તે સંભવતું નથી અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી, ધર્મને તે સંભવતું નથી. જેમ મનુષ્યને સ્થિતિમાં, નિમિત્તભૂત પૃથ્વી છે તેમ જીવ-પુદ્ગલોને, સ્થિતિમાં

નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી અધર્મ દ્રવ્ય છે. (૨) ધર્માસ્તિકાયની પેઠે અસ્પર્શ, અરસ, અગંધ, અવર્ણ અને અશબ્દ છે; લોક વ્યાપક છે. અખંડ, વિશાળ અને અસંખ્યાત પ્રદેશી છે. તે ધર્માસ્તિકાય ગતિક્રિયાયુક્ત ને કારણભૂત હોવાને બદલે, સ્થિતિ ક્રિયાયુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે. અર્થાત્ સ્થિતિક્રિયા પરણિત જીવ-પુદ્ગલોને નિમિત્તભૂત છે. ધર્માસ્તિકાય ગતિક્રિયાયુક્તને, પાણીના માફક કારણભૂત છે. અને આ અધર્મસ્તિકાય સ્થિતિ, ક્રિયા યુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે. જેમ પૃથ્વી પહેલેથી જ સ્થિતિરૂપે (સ્થિર), વર્તતી થકી અને પરને સ્થિતિ (સ્થિરતા) નહિ કરાવતી થકી, સ્વમેવ સ્થિતિરૂપે પરિણમતાં અશ્વાદિકને, ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે, સ્થિતિમાં અનુગ્રહ કરે છે. તેમ અધર્માસ્તિકાય પણ પોતે, પહેલેથી જ સ્થિતિરૂપે વર્તતો થકો અને પરને સ્થિતિ નહિ કરાવતો થકો, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતાં, જીવ-પુદ્ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે.

અધર્માસ્તિકાય દ્રવ્ય :સ્વયં ગતિપૂર્વક સ્થિતિ પરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્ગલને સ્થિર થતી વખતે જે નિમિત્ત (ઉદાસીનપણે હાજર) હોય તેને અધાર્મસ્તિકાય-અધર્મ દ્રવ્ય કહે છે. જેમકે સ્થિર થવા ઈચ્છનાર મુસાફરને માટે ઝાડનો છાંયો.

અધર્માસ્તિકાયનો વિશેષ ગુણ :એકી સાથે, સર્વ સ્થાન પરિણામી જીવોને અને પુદ્ગલોને, સ્થાનનું હેતુપણું (સ્થિતિનું અર્થાત્ સ્થિરતાનું નિમિત્તપણું), અધર્મનો વિશેષ ગુણ છે.

અધર્માસ્તિકાય :તે દ્રવ્ય લોકોકાશ પ્રમાણ છે. જીવ અને પુદ્ગલને ગતિમાંથી સ્થિતિરૂપ થવામાં વૃક્ષની છાયા જેમ વટેમાર્ગુને નિમિત્ત છે તેમ તે સહકારી નિમિત્ત છે.

અધ્રુવ :અધ્રુવમાં ભાવોની વધઘટની અપેક્ષા છે, અને અનિત્યમાં એક પછી એક અનુક્રમની અપેક્ષા છે. અનુક્રમ એટલે - જેમ ટાઢિયા તાવ વખતે ઉષ્ણ જવર ન હોય, અને ઉષ્ણજવર વેળા ટાઢિયો તાવ ન હોય, તેમ શુભભાવ વખતે અશુભ ન હાય અને ભાવ વખતે શુભ ન હોય. આ પ્રમાણે શુભ અશુભ ભાવો અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે. (૨) આસ્રવો વાઈના વેગની જેમ, વધતા-ઘટતા હોવાથી, અધ્રુવ છે. (૩) જે ક્ષણે હીન-અધિક થાય તેવું જ્ઞાન; અસ્થિર જ્ઞાન. (૪) વિકારી ભાવ તે અધ્રુવ છે, એક રૂપ રહેતા નથી; વધ-ઘટ થવી. (૫) એકરૂપ રહે નહિ તેવાં; (૬) એકરૂપ રહેતા નથી.

અધરાત ભાગતાં :મધ્યરાત વીત્યા પછી.

અધ્રુવ :એકરૂપ રહેતા નથી; અસ્થિર (૨) કાયમી ટકે તેવાં નહિ; અનિત્ય; વધતાં-ઘટતાં.

અધ્યવસાન :કર્મના ઉદયની પ્રવૃત્તિરૂપ; રાગમાં એકતાબુદ્ધિ; (૨) ઉદ્યમ; નિશ્ચય; મનોવૃત્તિ; પ્રયન્ત, મહેનત, વિશેષ અવસ્થા; ગતિ.

અંધાણ :ચિહ્ન.

અંધાધૂંધી :અરાજકતા; અંધેર; અન્વસ્થા; ગેરબંદોબસ્ત.

અધારવું :ધ્યાનમંદ હોવું; નિશ્ચિત કરવું; સાંભળવું; અવધારવું.

અધિ :સન્મુખ, આયઃ જોડાવું, સ્વરૂપમાં જ જોડાવું તે સ્વાધ્યાય છે.

અધિક :ભિન્ન (૨) ઉત્કૃષ્ટ; અસાધારણ; અત્યંત. (૩) ભિન્ન (ઈન્દ્રિયોથી અધિક = ભિન્ન આત્મ સ્વભાવ); પર્યાયથી અધિક = પર્યાયથી ભિન્ન. (૪) ભિન્ન; જુદું. (૫) જુદું; ભિન્ન. (૬) વધારે; ક્ષેત્રથી વધારે; ક્ષેત્રથી બહાર. (૭) જુદો (૮) ભિન્ન.

અધિકૃત કરીને :સ્થાપીને; રાખીને. (૨) અધિકાર આપીને; અંગીકૃત કરીને. (૩) ગુરુઓના સહવાસમાં અધિકાર આપીને; સ્થાપીને; અંગીકૃત કરીને. (૪) આત્માની અંદર સ્થાપીને; આત્માની અંદર રાખીને.

અધિકતા :વિશેષતા.

અધિકતા :ગૌરવ

અધિકરણ :આધાર; આશ્રય; આધારસ્થાન, અધિષ્ઠાન; (૨) જે દ્રવ્યનો આશ્રય લેવામાં આવે તે અધિકરણ છે, (૩) આધાર (૪) આધાર. (૫) સમ્યગ્દર્શનનું આભ્યંતર અધિકરણ આત્મા છે. અને બાહ્ય અધિકરણ

ત્રસનાડી છે. (લોકાકાશની મધ્યમાં ચૌદ રાજુ લાંબી અને એક રાજુ પહોળી જે સળંગ જગ્યા છે તેને ત્રસનાડી કહેવાય છે.) વસ્તુના આધારને અધિકરણ કહે છે. (૬) જાણે કે તેમનો એક આધાર હોય એ રીતે. (૭) સંસાર વધારનારા. (૮) નિમિત્ત તેના બે પ્રકાર છે : જીવ નિમિત્ત અને અજીવ નિમિત્ત. જીવ અને અજીવના પર્યાયો અધિકરણ છે. જીવ-અભ્વ સામાન્ય અધિકરણ નથી પણ જીવ-અજીવના વિશેષ પર્યાયો અધિકરણ થાય છે. (૯) આશ્રય.

અધિકરણ ક્રિયા :તલવાર આદિના આંરભ-સમારંભના નિમિતથી લાગું કર્મ બંધન.

અધિકરણભૂત :આધારભૂત; સાધનભૂત.

અધિકાર : વિભાગ.

અધિગમ : (૨) પરનો ઉપદેશ (૧) જ્ઞાન; પ્રાપ્તિ; લાભ; પહોંચ; શક્તિ; અભ્યાસ; સ્વીકાર. (૩) જણાવનાર; પ્રાપ્તિ; લાભ; પહોંચ; શક્તિ; અભ્યાસ; જ્ઞાન; સ્વીકાર. (૪) જ્ઞાન. (૫) જણાવનાર (૬) જ્ઞાન

અધિગમજ સમ્યગ્દર્શન :પરના આત્મજ્ઞાની પુરુષના ઉપદેશાદિથી જે સમ્યગ્દર્શન થાય તેને અધિગમજ સમ્યગ્દર્શન કહે છે.

અધિગમન :પ્રાપ્તિ; લાભ; સમાગમ; સંસર્ગ.

અધિકરણ :આધાર; આશ્રય; આધારસ્થાન; અધિષ્ઠાન; અધિકરણનો અર્થ નિમિત્ત થાય છે.

અધિરાજા :જેના હાથ નીચે બીજા રાજા હોય તે; રાજાધિરાજ.

અધિવાસ :આત્મવાસ; ગુરુઓનો સહવાસ.

અધિષ્ઠિત :નિયમમાં રાખનાર; ઉપરી થઈને રહેલ.

અધિષ્ઠાન :આધાર; રહેઠાણ. (આત્મા સુખ સંવેદનનો આધાર છે, જેટલામાં સુખનું વેદન થાય છે તેટલો જ આત્મા છે.)

અધિષ્ઠાતા :આધાર. (૨) સ્વામી. (૩) માલિક (૪) નિયામક.

અધિષ્ઠાન : (૨) આધાર. (જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ, શબ્દ બ્રહ્મને અને તેના વાચ્યરૂપ વિશ્વને, યુગપદ્ જાણવાનો છે. તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને, શબ્દબ્રહ્મનુ અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર) કહેલ છે. સંયત જીવને, એવા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય હોય છે. (૩) જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી, અને જેમાં તે લય પામી તે. (૪) આધાર સ્થંભ (૫) મુખ્ય સ્થાન; રહેઠાણ; આધાર; સત્તા; પ્રભાવ. (૬) આધાર; રહેઠાણ. (આત્મા સુખ સંવેદનનો આધાર છે.) જેટલામાં સુખનું વેદન થાય છે તેવડો જ આત્મા છે. (૭) હરિ ભગવાન, જેમાંથી વસ્તુ ઉત્પન્ન થઈ, જેમાં તે સ્થિર રહી અને જ્યાં જેમાં તે લય પામી. (૮) મૂળ આધાર.

અધિષ્ઠાન રીતિ :આત્મનિરીક્ષણ; આંતર અવલોકન.

અધિષ્ઠાનભૂત :સ્થાનભૂત; આધારભૂત.

અધિષ્ઠિત :સ્થાપેલું; નીમેલું; ઉપરી થઈને રહેલું, વસેલું, બરોબર સ્થિત થયેલું

અધીન :શરા; તાબે રહેલું; વિવશ; લાચાર; પરવશ; પરાધીન; આધીન.

અધીરાઈ :ધીરજનો અભાવ; ઉતાવળિયું; વિહ્વળતા; વ્યગ્રતા; આતુરતા.

અધીષ્ટ :ઉત્તમ; વધુ યોગ્ય; મુખ્ય અધિકારી (અધિ + ઇષ્ટ) (૨) યોગ્ય.

અધો ઉપમા :નીચ ઉપમા.

અધોગતિ :નરક અને તિર્યંચ ગતિ. (૨) નીચ ગતિ; નરક અને તિર્યંચના ભાવ. (૩) નરકગતિ.

અધોદશા :નીચી અવસ્થા.

અધોમન :જે નીચે જવા માટે છે તે.

અંધોલણ :ઉકાળેલા પાંદડા વગેરે.

અધોલોક :અધોલોક-નરકમાં રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકા પ્રભા, પંકપ્રભા, ધૂમ પ્રભા, તમ પ્રભા અને મહાતમ પ્રભા એ સાત ભૂમિઓ છે અને કર્મથી નીચે નીચે ઘનોદધિવાતવલય, ઘનવાત વલય, તનુવાતવલય તથા આકાશનો આધાર છે.

અન અધિકારી :જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા.

અન અધિકારીપણું :અપાત્રપણું, અયોગ્યપણું, અધિકાર કે હક વિનાનું

અને એ દરેકમાં પર્યાપ્તપણે રહેવાનો ઉત્કૃષ્ટકાળ (ભવ્યસ્થિતિ) :સંખ્યાત હજાર વર્ષ છે. એટલે તેટલા કાળ સુધી તેમાં જ જન્મે ને મરે.

અનઅભ્યાસથી :અપરિચયથી-ઉપશમ કરવાથી.

અનઅવકાશપણે :નિત્ય; નિરંતર; સદૈવ; (૨) ધારાવાહીપણે; અત્રુટકપણે; નિરંતર; આંતરા વિના.

અનેક :ભિન્ન. અનેકપણું=ભિન્નપણું. (૨) અનંત

અનેક દ્રવ્યપર્યાય :એકથી વધારે દ્રવ્યોના સંયોગથી થતો, પર્યાય.

અનેક દ્રવ્ય પર્યાયો :અનેક દ્રવ્યના પર્યાયો (એક ત્રિઅણુક સમાન જાતીય, અનેક દ્રવ્યના પર્યાયો, બીજો ચતુરઅણુક સમાનજાતીય, અનેક દ્રવ્યના પર્યાયો. તેમજ એક મનુષ્યત્વ સ્વરૂપ, અસમાન જાતીય દ્રવ્યપર્યાય અને બીજો દેવત્વસ્વરૂપ, અસમાન જાતીય દ્રવ્યપર્યાય.)

અનેક ધર્મોમાં વ્યાપક :અનેક ધર્મોને કહેનાર.

અનેક પરમાણુદ્રવ્યોનો એકપિંડપર્યાયરૂપ પરિણામાત્મક શરીર :શરીર, અનેક પરમાણુદ્રવ્યોનો એક પિંડપર્યાયરૂપ પરિણામ છે.

અનુક્ત :નહિ કહેવામાં આવેલો; કહી ન શકા તેવો. (૨) નહિ કહ્યું હોવા છતાં. (૩) (નહિ કહેલ) જે વસ્તુનું વર્ણન આપ્યું નથી તેને જાણવી, જેવું વર્ણન ન સાંભળવા છતાં પદાર્થ જ્ઞાનગોચર થવો. (૪) થોડુ; ઈષત્ કહેવું કરવો જોઈએ.

અનેકતઃ પ્રકાશવું :એકી સાથે અનેક વિષયોને જાણવું.

અનેકતઃ પ્રકાશવાને :એકી સાથે અનેક વિષયોને જાણવાને.

અનેકપણું :અનંતગુણના લક્ષણ સંખ્યાદિ ભેદથી જોવામાં આવે તો દરેક વસ્તુમાં અનેકપણું છે. (૨) વ્યવહાર દષ્ટિથી અનંત ગુણપર્યાયપણે અનેકરૂપ છે.

અનુકંપા :એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા'. (૨) શમ, સંવેગ, નિર્વેદ અને આસ્થા એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે 'અનુકંપા'. (૩) દુઃખી જોઈને કરુણા લાવવી. (૪) તૃષાતુર; ક્ષુધાતુર, રોગીને અથવા બીજા દુઃખી મનના જીવને તેનું દુઃખ મટાડવાના ઉપાયની ક્રિયા કરવામાં આવે તેનું નામ અનુકંપા. (૫) તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ કોઈ પ્રકારે હું આનો પ્રતિકાર કરું એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે; જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહિ પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માના અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે) સંકલેશના પરિત્યાગ વડે (અશુભ ભાવને છોડીને), યાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુઃખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે. (૬) જીવનાં દુઃખ ઉપર કરુણા; દયા; સહાનુભૂતિ. (૭) પોતે અને પર એમ સર્વ પ્રાણી પર દયાના પ્રાદુર્ભાવ. (૮) બંધાયેલા ચિહ્ન ચમત્કાર માટે કરુણા આવવી તે અનુકંપા. (૯) દયા; કૃપા; મહેર (૧૦) સર્વ જીવોના દુઃખ ઉપર કરુણા. (૧૧) બંધાયેલા ચિદ્ ચમત્કાર માટે કરુણા આવવી તે અનુકંપા. (૧૨) સર્વ જીવોમાં પોતાના આત્મા જેવી જ દષ્ટિ, સર્વ પ્રતિ કરુણાભાવ તે અનુકંપા. (૧૩) સર્વ પ્રાણી પર સમભાવ રાખવો તે; નિર્વેરબુદ્ધિ રાખવી તે.; કૃપા; દયા; મહેર. (૧૪) પ્રાણીમાત્ર ઉપર દયાનો ભાવ. (૧૫) શમ, સંવેગ, નિર્વેદ અને શ્રદ્ધા-આસ્થા એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે અનુકંપા. (૧૬) તૃષાતુર, ક્ષુધાતુર અથવા દુઃખીને દેખી જે જીવ, મનમાં દુઃખ પામતો થકો તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, તેનો એ ભાવ અનુકંપા છે. કોઈ તૃષાદિ દુઃખથી પીડિત પ્રાણીને દેખી, કરુણાને લીધે તેનો પ્રતિકાર(ઉપાય) કરવાની ઈચ્છાથી ચિત્તમાં આકુળતા થવી, તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા, તો નીચલી ભૂમિકાઓમાં વિહરતાં પોતે, નીચેના ગુણસ્થાનોમાં વર્તતા હોય ત્યારે), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી, (અર્થાત્ સંસાર સાગરમાં ડૂબેલા જગતને દેખવાથી) મનમાં જરા ખેદ થવો, તે છે. તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુક્ષા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી, અજ્ઞાની જીવ કોઈપણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું, એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે; જ્ઞાની તો સ્વાત્મભાવનાને, નહિ પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માના અનુભવથી ઉપલબ્ધિ ન થતી હો ત્યારે), સંકલેશના પરિત્યાગ વડે (અશુભ ભાવ છોડીને), યથાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુઃખી દેખીને, વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે. જય સેનાચાર્ય.

અનુકંપા (જ્ઞાનીની) :જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહિ પ્રાપ્ત કરતો થકો, (અર્થાત્ નિજાત્માની અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે), સંકલેશના

પરિત્યાગ વડે (અશુભ ભાવને છોડીને), યથાસંભવ પ્રતિકાર કરે છે. તથા તેને દુઃખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે.

અનુકંપા દાન :દીન અને દુઃખી પ્રત્યે અનુકંપાદાન પણ આપે.

અનુકમ્પા :અનુકમ્પા બે પ્રકારે છે :- (૧) અકષાય, (૨) સકષાય.

(૧) અકષાય અનુકમ્પા =ખરી અનુકમ્પા એટલે સ્વાભાવને અનુસરીને સમ્પવું, કે હે જીવ ! હવે ભવમરણથી થાક, તે કર્તૃત્વ-મમત્વ રહિત અકષાય કરુણા છે, અને તે સ્વદયા (રક્ષા) છે. અકષાયભાવમાં એવી સાવધાની રાખવી કે અલ્પ પણ કષાય કે ભાવહિંસા ન થાય, અને તેમાં જ જ્ઞાન-બળનો પુરુષાર્થ નિત્ય કરતા રહેવો તે જ કર્તવ્ય છે.

(૨) સકષાય અનુકમ્પા = બહારના પ્રાણીની દયા તે ઉદયભાવ, મનના શુભ રાગ સંબંધી તે પુણ્ય પરિણામ છે, તે નિજ ગુણને લાભ કરતા નથી. બાહ્યવ્રત, તપ, પૂજા, ભક્તિ, છ કાયના જીવોની દયા એ આદિ શુભ પરિણામ કરીને જીવે અનંતવાર નવ ગ્રૈવેચક સુધીના દેવના ભવ કર્યા, છતાં અજ્ઞાનભાવને કારણે પુણ્યમાં અટકવું થયું, શુભ ભાવની કરુણાથી પુણ્યમાં અટકવું થાય છે, માટે શુભ ભાવની કરુણા ઉપાદેય નથી. તે સકષાય કરુણા છે.

અનુકરણ :દેખાદેખી; નકલ.

અનેકરૂપપણું (ભાવોનું) :પર્યાયમાં, અનેક પ્રકારના મલિન વિકારીભાવો.

અનુકમ :એક પછી એક આવવું એ, શ્રેણી; હાર. (૨) વ્યવસ્થા; નિયમ; રીત; પદ્ધતિ; આચાર; રિવાજ.

અનુકૂળ :નિમિત્તને, અનુકૂળ કહેવામાં આવે છે; નિમિત્ત. (૨) યોગ્ય (સામગ્રી)

અનુકૂળતા :સગવડતા (૨) યોગ્યતા.

અનક્ષરાત્મક અને અક્ષરાત્મક શ્રુતજ્ઞાન :અનક્ષરાત્મક શ્રુતજ્ઞાનના બે ભેદઃ- પર્યાય-જ્ઞાન અને પર્યાયસમાસ છે. સૂક્ષ્મ નિગોદિયા જીવને ઉત્પન્ન થતી વખતે જે પહેલે સમયે સર્વ જઘન્ય શ્રુતજ્ઞાન હોય છે તે પર્યાય જ્ઞાન છે. બીજો ભેદ પર્યાય સમાસ છે. સર્વ જઘન્ય જ્ઞાનથી અધિક જ્ઞાનને પર્યાયસમાસ કહે છે. (તેનો અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે.) નિગોદિયા જીવને સમ્યક્ શ્રુતજ્ઞાન હોતું નથી પણ મિથ્યાશ્રુત હોય છે; માટે આ બે ભેદ સામાન્ય શ્રુતજ્ઞાનની અપેક્ષાએ કહ્યા છે એમ સમજવું. સમ્યક્ અને મિથ્યા એવા બે ભેદ નહિ લેતાં સામાન્ય મતિ-શ્રુતજ્ઞાનનો વિચાર કરીએ તો દરેક છદ્મસ્થ જીવને મતિ અને શ્રુતજ્ઞાન હોય છે. સ્પર્શ વડે કોઈ વસ્તુનું જાવું થયું તે મતિજ્ઞાન છે; અને તેમાં સંબંધથી આ હિતકારી નથી ઈત્યાદિ જ્ઞાન થવું તે શ્રુતજ્ઞાન છે, તે અનક્ષરાદિત્મક શ્રુતજ્ઞાન છે. એકેન્દ્રિયાદિક અસંજ્ઞી જીવોને અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન જ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને બન્ને પ્રકારનું શ્રુતજ્ઞાન હોય છે.

અનેકાકાર :જ્ઞાન પોતાને ન જાણે, અને પર વસ્તુ તમામને જાણે, તેને અનેકાકાર કહે છે.

અનેકાંત :અનેક અંત; અનેક ધર્મ. (દ્રવ્યશ્રુત અનેકાંતમય છે. સર્વ દ્રવ્યોના એકી સાથે પ્રવર્તતા, અને ક્રમે પ્રવર્તતા જે અનેક ધર્મો, તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને કહેનારા), અનેક ધર્મો દ્રવ્યશ્રુતમાં છે.)(૨) અનેક અંત; અનેક ધર્મ (૩) અનંત ધર્મવાળી વસ્તુનો સ્વીકાર. (૪) એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તેનું નામ અનેકાંત છે.

અનેકાત્મ એક :અહીં અનેકાત્મક એકના અનુભવમાં, જે અનેકાત્મકપણું છે. તે પરદ્રવ્યમય નથી. ત્યાં પરવ્યો તો નિવૃત્તિ જ છે; માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ, સ્વ-અંશોને લીધે જ, અનેકાત્મકપણું છે. માટે ત્યાં, અનેકાત્મકપણું હોવા છતાં, એકાગ્રપણું (એક-અગ્રપણું) પ્રગટ છે.

અનેકાંતવાદ :સાપેક્ષપણે એક પદાર્થના અનેક ધર્મોમાંથી અમુકને કહેનાર વચન.

અનૈકાંતિક :અનિશ્ચિત; નિયમરૂપ ન હોય એવું; એકાંતિક ન હોય એવું.

અનૈકાંતિક હેત્વાભાસ :એક પ્રકારે નિયમનું ન રહેવું તેનું નામ અનૈકાંતિક હેત્વાભાસ છે.

અનેકાન્ત : જે વસ્તુ તત્ છે તે જ અતત્ છે, જે વસ્તુ એક છે તે જે અનેક છે, જે વસ્તુ સત્ છે તે જ અસત્ છે. જે નિત્ય છે જે તે અનિત્ય છે- એમ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું એ અનેકાન્ત છે. (૨) અનેક અંત; અનેક ધર્મ. (દ્રવ્યશ્રુત અનેકાંતમય છે, સર્વ દ્રવ્યોના એકી સાથે પ્રવર્તતા, અને ક્રમે પ્રવર્તતા જે અનેક ધર્મો તેમાં

વ્યાપનારાં (અર્થાત્ તેમને કહેનારાં) અનેક ધર્મો દ્રવ્યશ્રુતમાં છે.) (૩) એક વસ્તુમાં એક-અનેક, નિત્ય-અનિત્ય, સત-અસત્ વગેરે પરસ્પર વિરુદ્ધ સ્વભાવો હોય છે તેને અનેકાન્ત કહેવાય છે. (૪) શુભભાવ કરતાં કરતાં પુણ્ય પણ બંધાય ને ધર્મ થાય, મોક્ષ પણ થાય તેમ માનવું તે અનેકાંન્ત છે. પરંતુ શુભ ભાવથી પુણ્ય બંધાય પણ ધર્મ ન થાય - મોક્ષ ન થા ય તેમ માનવું તે અનેકાન્ત છે. તેવી રીતે શુદ્ધ ભાવથી આત્માનો ધર્મ થાય. મોક્ષ થાય પરંતુ પુણ્ય ન બંધાય પણ કર્મની નિર્જરા થાય તેમ માનવું તે અનેકાન્ત છે. આવું અનેકાન્તનું સ્વરૂપ અદ્‌ભુત છે. (૫) પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાના સિદ્ધિ (સાબિતી) કરવાવાળી અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું એકસાથે પ્રકાશિત થવું તે અનેકાન્ત છે. (આત્મા સદાય સ્વસ્વરૂપે છે-પરરૂપે નથી એવી જે દષ્ટિ તે અનેકાન્ત દષ્ટિ છે.) (૬) વસ્તુમાં પરસ્પર બે વિરોધી શક્તિઓ (સત્-અસત્, તત્-અતત્, નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે) પ્રકાશીને વસ્તુને સિદ્ધ કરે તે સમ્યક્ એકાન્ત. (૭) એક પક્ષ રહિત. (૮) પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી (સિદ્ધિ કરનારી) અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. આત્મા સદા સ્વ-રૂપે છે અને પર-રૂપે નથી એવી જે દષ્ટિ તે જ ખરી અનેકાન્તદષ્ટિ છે. (૯) એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. વસ્તુ તે વસ્તુની અપેક્ષાએ નિત્ય છે એ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. વસ્તુ પોતાની અપેક્ષાએ સત્ અને પરની અપેક્ષાએ અસત્ છે. અવસ્થાથી અશુદ્ધ અને સ્વભાવથી શુદ્ધ તે અનેકાન્ત છે. આત્માને પોતાના સ્વભાવનું અવલંબન છે અને પરનું અવલંબન નથી તે અનેકાન્ત છે. એક સમય પૂરતી વિકારી અવસ્થા છે અને ત્રિકાળ દ્રવ્ય વિકારી થયું નથી તે અનેકાન્ત છે. (૧૦) એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. (૧૧) સ્યાદ્‌ભાવ. (૧૨) એનેક જેમાં ધર્મ છે એવો ભગવાન આત્મા-ચૈતન્યતત્ત્વ-તેને બતાવનારી વાણી અને કાન્તધર્મ વાણી, આત્માના સ્વરૂપને દેખાડનાર એવી સર્વજ્ઞ વીતરાગની દિવ્યધ્વનિ-વાણી. (૧૪) એક પક્ષ રહિત સ્યાદ્‌વાદ. (૧૫) એક પક્ષ રહિત સ્યાદ્‌વાદ (૧૬) (અનેક + અંત) એક ધર્મો. (૧૭) અનેકાંતાત્મક વસ્તુસ્વભાવની અપેક્ષા રહિત એકાંતવાદમાં મિથ્યા એકાંતને સૂચવતો જે જ શબ્દ વપરાય છે તે વસ્તુસ્વભાવ વિપરીત નિરૂપણ કરે છે તેથી તેનો અહીં નિષેધ કર્યો છે. (અનેકાંતાત્મક વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના, જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિણિતપણું-નિયમબદ્ધપણું - નિરપવાદપણું બતાવવા માટે જે જ શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ સમજવો.)

અનેકાન્ત એટલે શું ? :સત્તા જે ગુણ છે તેને અભેદપણે કહેવું તે દ્રવ્ય-સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય, તે જ સત્તા ભેદ અપેક્ષાએ ગુણરૂપ કહેવાય. સત્તાને વસ્તુરૂપ કહેવી, અભેદરૂપ કહેવી તે દ્રવ્યરૂપ છે. તેને ભેદથી કહેવી તે ગુણરૂપ છે. ભેદાભેદ તે અનેકાન્ત છે. આ ભગવાન આત્મા-જીવ દ્રવ્ય સુખ સ્વરૂપ છે એમ અભેદથી લીધું. ભેદથી કહેવું હોય તો સુખગુણવાળો તે આત્મા; એ ભેદનું કથન છે.

અનેકાન્તમયી મૂર્તિ :પ્રત્યગાત્મન પરયન્તી = પ્રત્યગાત્મનઃ પદરયન્તી જે આત્મતત્ત્વ અનંત ધર્મવાળું છે, જે પરદ્રવ્યોથી અને પર દ્રવ્યોના ગુણ-પર્યાયોથી ભિન્ન, તથા પર દ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન છે એવા એકાકાર તત્ત્વને - આત્માના નિત્ય સ્વરૂપને અર્થાત્ અસાધારણ સજાતીય કહેતાં પોતાથી ભિન્ન બીજા આત્માઓ અને વિજાતીય કહેતાં પોતાથી ભિન્ન પુદ્‌ગલાદિ દ્રવ્યો-એનાથી વિલક્ષણ એટલે વિપરીત લક્ષણવાળું પોતાનું જે નિજસ્વરૂપ તેને સરસ્વતીની મૂર્તિ દેખે છે - અવલોકન કરે છે.અહીં નિર્મળ પર્યાયથી ભિન્નથી વાત નથી કરી, કારણકે નિર્મળ પર્યાય તો ત્રિકાળીનું લક્ષ કરે છે. એનો આશ્રય કરે છે. પરથી અને રાગથી ભિન્ન આત્મતત્ત્વ એમ લીધું છે. ત્રિકાળી ભગવાન નિત્યાનંદ ભગવાન ધ્રુવ તે આત્મતત્ત્વ છે. આત્માનું સ્વરૂપ છે. દેહ, કર્મ અને રાગથી ભિન્ન એવા આત્મતત્ત્વને શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન જાણે છે અને વાણી એને બતાવે છે. (૨) સત્ય વસ્તુને નિત્ય પ્રકાશનાર વાણી - તે કેવી છે ?

''અનંત ધર્મણઃ પ્રત્યગાત્મનઃ તત્ત્વં પરયન્તી'' - અનન્ત ધર્માત્મક, દ્રવ્યકર્મ, ભાવ કર્મ- નો કર્મથી ભિન્ન, એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર સર્વજ્ઞ વીતરાગના સ્વરૂપની 'પરયન્તી' એટલે 'અનુભવશીલ' છે. અનુભવશીલ કહેતાં વાણી સર્વજ્ઞ અનુસારિણી છે. સર્વજ્ઞને અનુસરીને થવાનો જેનો સ્વભાવ છે, 'પશ્યન્તી'ની વ્યાખ્યા આમ કરી છે. ગજબની વાત છે ને ! સર્વજ્ઞ વિતરાગનો એકરાર કરનારી વાણી-એને અનુભવશીલ કહી છે. સમયસારમાં પં. જયચંદ્રજી એ 'પશ્યન્તી'નો અર્થ ભાવશ્રુતજ્ઞાન આત્માને પરોક્ષ દેખે છે, કેવળજ્ઞાન આત્માને પ્રત્યક્ષ દેખે અને દિવ્યધ્વનિ આત્માને દેખાડે છે એમ લીધું છે.

અનેકાન્તરૂપ વીતરાગ માર્ગ :જડ અને ચેતન બધી વસ્તુની અવસ્થા પોતપોતાના આધારે થાય છે, પરના આધારે કોઈ વસ્તુની અવસ્થા કદી થાય નહિ, કોઈ કોઈને પ્રેરણા કે અસર પણ કરી શકે નહિ; આ માનવું તે સમ્યક અનેકાન્તરૂપ વીતરાગનો ધર્મ છે. નિમિત્તની અસરથી કોઈની અવસ્થા થાય એમ માનવામાં આવે તો વ્યવહાર પોતે જ નિશ્ચય થઈ ગયો, કારણ કે તેમાં ત્રિકાળી ટકનાર અનંત સત્‌ને પરાધીન અને માલ વિનાના માનવારૂપ મિથ્યારૂપ એકાંત અધર્મ થયો.

અનેકાન્તવાદ :અનેક ધર્મોની સત્તાની અપેક્ષા નહિ કરતાં, વસ્તુને એક જ રૂપથી નિરૂપણ કરવી.

અનેકાન્તાત્મક :અનેક ધર્મસ્વરૂપ.

અનઅકાશ ચારિત્રદશા :એક સમય માત્ર પણ સ્વરૂપનો વિરહ નહિ તે.

અનંગ :અશરીરી; અતીન્દ્રિય; આત્મિક; અંગ વિનાનું.

અનંગક્રીડા :કામસેવન માટે નિશ્ચિત અંગોને છોડીને, અન્ય અંગોથી કામસેવન કરવું.

અનગત :અનુસરનારા.

અનુગત :પાછળ ગયેલું; લગતું; લાયક; ઘટતું. (૨) અનુસરતા અર્થવાળી (૩) જે વસ્તુમાં સદા એક સરખો જ ભાવ બતાવ્યા કરે તેને અનુગત પ્રતીતિ અથવા અન્વય ભાવ કહે છે. (૪) અનુસરતા; મળતા.

અનુગતાર્થ :મળતા અર્થવાળું; સમાનાર્થ; સહેલાઈથી સમજાય તેવું.

અનુગમ :લાયક; ઘટતું; મળતા અર્થ વાળી.

અનુગમન :પાછળ ચાલવું, તે. (૨) અનુસરણ; આજ્ઞાંકિતપણું; અનુકૂળ વર્તવું તે. (ગુરુઓ પ્રત્યે રસિકપણે (ઉલ્લાસથી, હોંશથી) આજ્ઞાંકિત વર્તવું, તે પ્રશસ્ત રાગ છે.)

અનુગ્રહ :કૃપા; મહેરબાની; પ્રસાદ.

અનુગ્રહ :કૃપા; દયા; મહેર; (૨) ઉપકાર; પાડ; આભાર. (૩) અમારી યોગ્યતા અનુસાર જ્યાં જ્યાં જેમ જેમ જોઈએ ત્યાં ત્યાં તેમ તેમ સમજાવીને પોષણ આપ્યું. અમુક વાતનો ન્યાય આનાથી કેમ પકડાય, અપૂર્વ તત્ત્વસ્વભાવની પ્રાપ્તિ કેમ થાય, તેની અસ્તિ-નાસ્તિ વડે સ્પષ્ટતા કરીને આત્મનિરોગતાનો સીધો ઉપાય બતાવ્યો છે. (૪) પરમ કૃપા (૫) કૃપા કરવી. (૬) ઉપકાર; કૃપા. (૭) શાપનું નિવારણ ફેવર (૮) ઉપકાર; રાગભાવ; કરુણા; કૃપા. (૯) સહાયરૂપ; નિમિત્તરૂપ. (ગમનમાં અનુગ્રહ કરવો, એટલે ગમનમાં ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ (નિમિત્તરૂપ) કારણમાત્ર હોવું.

અનુગ્રહ કરે છે :નિમિત્તભૂત હોય છે.

અનુગ્રહ યોગ્ય :મહેરબાની કરવા યોગ્ય; કૃપા યોગ્ય, આદર યોગ્ય. (૨) આદરણીય (૩) ઈચ્છવા યોગ્ય; ઉપકાર કરવા યોગ્ય.

અનુગૃહીત :આભારી; જેના ઉપર કૃપા કરવામાં આવી હોય તેવું.

અનુગૃહીત થાય છે :કૃપાવંત થાય છે.

અનુગામિની :અનુસરણ કરવું; પાછળ જવું.

અનુગામી :અનુયાયી.

અનુગામી અવધિજ્ઞાન :જે અવધિજ્ઞાન સૂર્યના પ્રકાશની માફક જીવની સાથે સાથે જાય તેને અનનુગામી કહે છે.

અનંગીકાર :અસ્વીકાર

અનુચટન :તણખા; કુલીંગ. (તપાયમાન લોઢાને ઘણ આદિથી ઘાત કરતાં જે તણખા-કુલીંગ ઊડે તે અનુચટન છે.)

અનુચર :સેવક; નોકર;

અનુચર ગોચર :અનુભવથી જાણમાં-સમજમાં આવે તેવું.

અનુચરણ :ચારિત્ર. (૨) અનુભવ વડે તન્મય થઈ જવું.

અનુચરણ કરવું :અનુભવ વડે, તેમાં લીન થવું. (૩) સમ્યક્શ્રદ્ધા -જ્ઞાનરૂપ ચારિત્રનું પર્યાયરૂપ, પરિણમન.

અનુચરિત :અનુભવમાં આવવા યોગ્ય વિશેષ સંબંધ સહિત.

અનુચિત :અયોગ્ય; અઘટિત.

અનુચિત :અયોગ્ય; ન શોભે એવા (૧) શોભે નહિ તેવું; (૨) રુચિ. (૩) અયોગ્ય; અણઘટતું.

અનુચિંતન :વારંવાર ચિંતન કરવું; કાળજી.

અનુજ :નાનો ભાઈ.

અનુજીવી અને પ્રતિજીવી ગુણ :જે ગુણ ભાવરૂપ હોય છે તેમને જ અનુજીવ ગુણ કહે છે. જ્ઞાન, સુખ, દર્શન, વીર્ય, અસ્તિત્વ વગેરે ગુણો અનુજીવી ગુણો છે. એ ગુણો પોતાની હયાતી ધરાવે છે. આજ જાતનો ગુણ વૈભાવિક પણ છે. જે ગુણ ભાવરૂપ ન હોય, કેવળ કર્મોના નિમિત્તે થયેલી અવસ્થાનો અભાવ થઈ જવાથી પ્રગટ થયા હોય, તેમને પ્રતિજીવી ગુણ કહે છે. જેમ કે ગોત્રકર્મના નિમિત્તે આત્મા ઊંચ, નીચ, કહેવાતો હતો. ગોત્ર કર્મ દૂર થઈ જવાથી, હવે ઊંચ નીચ કહેવાતો નથી. એનું જ નામ અગુરુલઘુ છે. આ અગુરુલઘુ ગુણ નથી પરંતુ ગુરુ અને લઘુપણાના અભાવને જ અગુરુલઘુ કહેવામાં આવેલ છે. આ પણ આત્માનો અભાવાત્મક ધર્મ છે. અભાવિક આત્માનો સતરૂપ ગુણ છે તેથી તે બંધનો હેતુ થઈ શકતો નથી.

અનુજીવી ગુણ :ભાવસ્વરૂપ ગુણોને, અનુજીવી ગુણ કહે છે. જેમકેઃ-સમ્યગ્ત્વ, ચરિત્ર, સુખ, ચેતના, સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિક.

અનુજીવી ગુણ :ભાવ સ્વરૂપ ગુણને, અનુજીવી ગુણ કહે છે. જેમકે જીવના ચેતના (દર્શન-જ્ઞાન) શ્રદ્ધા (સમ્યક્ત્વ). ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિક્ત્વ, કર્તુત્વ,ભોંકતુત્વ, ક્રિયાવતી શક્તિ વગેર, અનંત ગુણોય પુદ્ગલ અનુજીવી ગુણો-સ્પર્શ, રસ, ગંધ,વર્ણવ. (૨) ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિક, કર્તુત્વ ભોકતુત્વ, વગેરે જીવના અનંત અનુજીવી ગુણ છે. (૩) ભાવસ્વરૂપ ગુણોને અનુજીવી ગુણ કહે છે, જેમ કે - સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, ચેતના, સ્પર્શ, રસ , ગન્ધ, વર્ણાદિક. પ્રકૃતિબંધના આઠ ભેદોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય ચાર ઘાતિકર્મ કહેવાય છે, કેમકે તે જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત છે. વસ્તુમાં ભાવ સ્વરૂપ ગુણ અનુજીવી ગુણ છે અને અભાવસ્વરૂપ ગુણ પ્રતિજીવી ગુણ કહેવાય છે.

અનંત :કદી વિનાશ પામતો નહિ હોવાથી, અનંત છે. (૨) જેનો અંત નથી, તે અનંત. (૩) ક્ષેત્રથી અંત રહિત અને કાળથી અંત રહિત; ભાવથી અંત રહિત. (૪) કોઈ કાળે જેનો વિનાશ થતો નથી. (૫) અવિનાશી; સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી, અનંત. (૬) સિદ્ધ સ્વરૂપ. (૭) બેહદ; અમાપ. (૮) અવિનાશી. (૯) ક્ષેત્રથી અનંત નહિ, પણ પોતે પૂર્ણ શક્તિથી અનંત છે અને પોતાના સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવી અખંડ છે. (૧૦) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી અનંત (અવિનાશી)

અનંત અજ્ઞાન :અભવ્ય જીવને,અનંત અજ્ઞાન છે.

અનંત ગુણો :અનંત ગુણોનો આશ્રય એક દ્રવ્ય છે.

અનંત ચતુષ્ટય :અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત ચારિત્ર, અનંત વીર્ય. (૨) શ્રી જિન ભગવાન કેવળજ્ઞાન, કેવળ દર્શન, અનંત સુખ, અનંત વીર્ય એમ અનંત ચતુષ્ટય વડે પૂર્ણતા પ્રાપ્ત કરી. (૩) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય; આને અનંત ચતુષ્ટય કહે છે. (૪) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય-બળ સ્વરૂપ અનંત ચતુષ્ટય કહેવાય છે.

અનંત ચારિત્ર :મોહનીય કર્મના અભાવથી જે આત્મસ્થિરતા થાય છે તે.

અનંત જ્ઞાન :જે સમ્યક્ત્વથી ચ્યુત થવાનો ન હોય, એવા સમ્યક્ત્વી જીવને અનંત જ્ઞાન છે.

અનંત દર્શન :કેવળ ધ્વનિ.

અનંત પ્રદેશી :આકાશ.

અનંત પર્યાયો :અનંત કેવળજ્ઞાનની પર્યાયો, એક જ્ઞાનગુણમાં (શક્તિ રૂપે) પડી છે. શ્રદ્ધાની અનંત પર્યાયો, એક શ્રદ્ધાગુણમાં પડી છે. નિર્મળ ચારિત્રની અનંત પર્યાયો, એક ચારિત્રગુણમાં પડી છે, તથા અતીન્દ્રિય આનંદની અનંત પર્યાયો એક આનંદગુણમાં પડી છે. આમ પ્રત્યેક ગુણની અનંત પર્યાયો તેને ગુણમાં શક્તિરૂપે પડી છે. એવા જે ગુણ અને ગુણને ધરનાર ત્રિકાળી દ્રવ્ય, તેને અહીં અવ્યક્ત કહ્યું છે. અને એ દ્રવ્યને જાણનારી જે વર્તમાન પ્રગટ પર્યાય તેને વ્યક્ત કહી છે. વસ્તુ ધ્રુવ દ્રવ્ય પોતે, પોતાથી પ્રગટ જ છે પણ અહીં પર્યાય, જે વ્યક્ત છે તેનાથી તે અન્ય એ અપેક્ષાએ, તેને અવ્યક્ત કહ્યું છે. ઓ અવ્યક્ત ત્રિકાળી દ્રવ્યનું અને વ્યક્ત પર્યાયનું, એક સાથે જ્ઞાન જે પર્યાયમાં થાય, તે પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. અવ્યકત, વ્યક્તને સ્પર્શતો નથી. અહા ! વસ્તુ સૂક્ષ્મ અને ગંભીર છે. અહીં દ્રવ્ય અને પર્યાયને, જુદા સિદ્ધ કરે છે. જ્ઞાયક એવો આત્મા, પર દ્રવ્યથી તો ભિન્ન છે જ, પરંતુ જાણનારી. દેખનારી પર્યાયથી પણ ભિન્ન છ, એમ સિદ્ધ કરે છે. (૨) અનંત પર્યાયો દ્રવ્યને આલિંગે છે (દ્રવ્યમાં થાય છે) એવા સ્વરૂપવાળું દરેક દ્રવ્ય જણાય છે.

અનંત પર્યાયો દ્રવ્યને આલિંગે છે :(દ્રવ્યમાં થાય છે) એવા સ્વરૂપવાળું દરેક દ્રવ્ય જણાય છે.

અનંત રાશિ :ઘણી મોટી રાશિ.

અનંત સત્તારૂપ :કદી વિનાશ પામતો નથી, માટે અનંત છે. એ ભવિષ્યકાળની અપેક્ષાની વાત કરી. ભવિષ્યમાં પણ, નિરંતર ધ્રુવ સ્વરૂપે રહેશે. એનો ભવિષ્યમાં નાશ થશે, એમ કદીય બનવું સંભવિત નથી, તેથી અનંત છે. આમ આદિ-અંતરહિત ધ્રુવ જ્ઞાયકભાવ અનાદિ-અનંત સત્તારૂપ છે. આ પર્યાય વિનાના ધ્રુવની વાત છે. આ તો ત્રિકાળી જ્ઞાયકભાવ, જે ચૈતન્યપ્રકાશના નૂરથી ભરેલો ભગવાન આત્મા છે, તે અનાદિ-અનંત અવિનાશી ચીજ છે.

અન્તક :યમ; કાળ.

અનુત્કંઠાથી :વિયોગ બુદ્ધિથી; ઉલ્લાસ રહિત પણાથી; સ્વખેદપણે; નીરસપણે.

અનુત્કૃષ્ટ :મધ્યમ (૨)

અનંતકાય :જેમાં અનંત જીવો હોય તે; તેવાં શરીરોવાળાં, કંદમૂલાદિ. (૨) જેમાં અનંત જીવો રહ્યા હોય એવું (વનસ્પતિ)

અનંતકારણ :કાર્યની સિદ્ધિ પૂર્વનું અંતિમ કારણ તે અનંત કારણ.

અનંતકાળ :ભવિષ્યકાળ

અનંતજ્ઞાન :કેવળજ્ઞાન.

અનુત્તમ :જેનાથી બીજું કંઈ ઉત્તમ નથી એવી, સર્વશ્રેષ્ઠ. (૨) જેનાથી અધિક શ્રેષ્ઠ બીજી કોઈ વસ્તુ કે જ્ઞાન નથી તે.

અનુત્તર :સ્વર્ગના એક ભાગનું નામ. (૨) નિરુત્તર; ચૂપ; મૌન, જેનો ઉત્તર આપી ન શકાય તેવું શ્રેષ્ઠ; ઉત્તમ. (૩) જવાબ આપ્યો ન હોય તેવું; જવાબ આપવાના વિષયમાં મૂંગું. (૪) જવાબ ન આપ્યો હોય તેવું; જવાબ આપવાના વિષયમાં મૂંગું.

અનુત્તર જન્મ :પૂર્વ જન્મ ?

અનુત્તર ધર્મ :જેનાથી ઉત્તર પર કોઈ નથી ને જે સર્વથી ઉત્તર-પર છે એવા અનુત્તર આત્માના વાસી-વસનારા થઈને વર્તતા હતા.

અનંતતા :બેહદપણું

અનંતતાને :બેહદપણાને

અનંતધર્માત્મક :દ્રવ્યકર્મ, ભાવકર્મ એ નો કર્મથી ભિન્ન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને સર્વજ્ઞ વિતરાગ સ્વરૂપની અનુભવશીલ વાણી સર્વજ્ઞ અનુસારિણી છે.

અનંતધર્મો :આત્માને અનંતધર્મોવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો કયા કયા છે? ઉત્તરમાં પહેલાં સામાન્ય વસ્તુની (છયે દ્રવ્યોની - જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ) વાત કરી છે. અને છેલ્લે આત્માની વાત લીધી છે. વસ્તુમાં અસ્તિત્વ એટલે હોવાપણું છે, વસ્તુપણું છે, પ્રમેયપણું (જ્ઞેયપણું) છે પ્રદેશપણું છે, ચેતનપણું છે. મૂર્તિકપણું કહ્યું છે. વળી અમૂતિર્કપણું છે. અમૂર્તિકપણામાં ચેતન-અચેતન બન્ને છે. ઈત્યાદિ

ધર્મ તે ગુણ છે. ભાષામાં ધર્મ એમ કહ્યું છે પણ આ ધર્મ એટલે ગુણની વાત છે, ગુણોમાં સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. દરેક ગુણમાં (જડ અને ચેતન બન્નેમાં) ક્ષણે ક્ષણે પર્યાય (પરિણમન-અવસ્થા) થાય છે. દરેક ગુણની સમયવર્તી ત્રણે કાળ પર્યાયો હોય છે, તે અનંત છે.

અનુતન :અનાદિ. તે નવો થયો નથી. પણ તે પુરાણ પુરુષ અનાદિથી છે. છે ને છે જ.

અનુપન્ન :અયુક્ત; અસંગત; અઘટિત; ન બની શકે એવું. (૨) ઉત્પન્ન ન થયેલું; પેદા ન થયેલું; નિત્ય. (૩) ધ્રુવ. (૪) નહીં સંભવિત; નહીં સિદ્ધ થવા યોગ્ય. (૫) અનાગત; જેની ઉત્પત્તિ થઈ નથી તેવું; ભવિષ્યનું

અનંતર :લગોલગ આવેલું; પછી. (૨) છેલ્લા. (૩) પરસ્પર અંતર પડ્યા વિના એક પછી એક પ્રવર્તતા. (૪) લગોલગ આપેલું; પછી. (૫) તાત્કાલિક. (૬) પરસ્પર અંતર પડ્યા વિના, એક પછી એક પ્રવર્તતા, અનેક અંશો. (૭) તુરત જ

અંતરાય કર્મ :દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંવરાય, ઉપભોગેંતરાય અન વીર્યાંતરાય આવા પાંચ પ્રકારનાં અંતરાય કર્મ છે.

અંતરાય કર્મ આત્મામાં નથી, આનંદઘન અનંત વીર્યથી ભરપૂર આત્માનું સ્વરૂપ છે, તેમ વિચારી પુરુષાર્થ કરી ક્રમે ક્રમે વીતરાગપણું પ્રગટ કર. અતંરાય કર્મ જડ છે, તે તારામાં નથી.

(૧) દાનાંતરાય = તું તૃષ્ણા ઓછી કર તો દાનાંતરાય તને નડતું નથી. પોતે પુરુષાર્થ કરી આત્માની યથાર્થ પ્રતીત કરીને પોતે પોતાને દાન આપ્યું, તે અભ્યંતર દાન છે.

(૨) લાભાંતરાય = લાભાંતરાય કર્મનો ઉદય આત્મામાં નથી. લાભાંતરાય કર્મનો ઉદય હોય તો બહારની ચીજ ન મળે, પણ અંતર આત્મામાં લાભ લેવામાં લાભાંતરાય કર્મ નડતું નથી. પણ બહારમાં પૈસા ન મળે, બહારની અનુકૂળતા ન મળે વગેરે, તે બધો લાભાંતરાય કર્મનો ઉદય છે. પણ આત્માની ઓળખાણ કરીને નિજાનંદ સ્વરૂપ પ્રગટ કરવામાં લાભાંતરાય કર્મ રોકતું નથી. લાભાંતરાય કર્મ જડ છે, આત્મામાં તે છે જ નહિ.

(૩) ભોગાંતરાય = ભોગ એટલે એકવાર ભોગવાય તે, આત્માના ગુણની એક પર્યાય એક વાર ભોગવાય છે તે. ભોગાંતરાય કર્મ આત્માનો પુરુષાર્થ કરવામાં નડતું નથી, આત્માનો આનંદ લેવામાં તે નડતું નથી. પણ બહારના સંયોગમાં તે નડે છે. પાંચ પચીસ લાખની મૂડી હોય પણ પોતે બે પૂરી ને થોડું દૂધ ખાઈ શકે કારણકે શરીરમાં રોગ હોય તેથી વધારે ખાઈ ન શકે, તે ભોગાંતરાય કર્મનો ઉદય છે. જે ઉદય વખતે શાંતિ રાખવામાં ભોગાંતરાય કર્મ રોકતું નથી.

(૪) ઉપભોગાંતરાય = ઉપભોગ એટલે જે વાંરવાર ભોગવાય તે, આત્માના એક ગુણની અનંત પર્યાય થાય છે તે અપેક્ષાએ ગુણ વારંવાર ભોગવાય છે. ઉપભોગાંતરાય કર્મ છે તે આનંદ વારંવાર ભોગવવામાં રોકતું નથી. આત્માનો આનંદ વારંવાર ભોગવવો તે ઉપભોગ છે. બહારની ચીજ વારંવાર ન ભોગવી શકાય તો ઉપભોગાંવતાર કર્મનો ઉદય છે પણ તે ઉપભોગાંતરરાય કર્મ આત્માના સ્વરૂપને વારંવાર ભોગવવામાં રોકતું નથી. પોતે પુરુષાર્થ ન કરે તો ઉપભોગાંતરાય કર્મને નિમિત્ત કહેવાય.

(૫) વિર્યાંતરાય = વીર્યાંતરાય કર્મ તે જડ છે. પોતે પુરુષાર્થ કરે તો તે નડતું નથી, પણ પોતે પુરુષાર્થ ન કરે તો વીર્યાંતરાય કર્મને નિમિત્ત કહેવાય. અંતરાયકર્મ તારું સ્વરૂપ નથી.

આત્મા ઉપર આઠ કર્મ છે. જેની ૧૪૮ (એકસો અડતાલીસ) પ્રકૃતિ છે. એકેક પ્રકૃતિ અનંતા પરમાણુંનો પિંડ છે, આત્માને આવરણ થવામાં આત્માથી વિરુદ્ધ જાતના રજકણો જ નિમિત્ત હોય, કારણ કે આવરણમાં નિમિત્ત થવું છે માટે વિરુદ્ધ જાત જ હોય.

આચાર્ય દેવે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ કહીને આઠે કર્મો છે એમ વ્યવહાર રહયો છે.તે બધાં કર્મો છે ખરાં પણ તે કર્મો આત્મામાં નથી. વળી તે કર્મોનાનિમિત્તે આત્મામાં થતી અનાદિ ગુણની ઊંડી અવસ્થા તે પણ છે ખરી, પરંતુ તે આત્માનુ અખંડ સ્વરૂપ નથી. એમ કહીને પરમાર્થ બતાવ્યો છે.

અનુત્સેક :નમ્ર વૃત્તિ હોવી, મદનો અભાવ હોવો; અભિમાન ન હોવું; અશુભ ભાવનો અભાવ સમજવો.

અનંતાનુબંધી :કદી જાય નહિ તેવું (દોષ કે દુઃસ્વભાવ); અખંડ; પૂર્ણ; વ્યવસ્થિત.

અનંતાનુબંધી :જે કષાય પરિણામથી, અનંત સંસારનો સંબંધ થાય, તે કષાય પરિણામને જિન પ્રવચનમાં, 'અનંતાનુબંધી' સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે, અપ્રશસ્ત (માઠા) ભાવે, તીવ્રોપયોગે આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં અનંતાનુબંધીનો સંભવ છે. સત્‌દેવ, સદ્‌ગુરુ અને સત્‌ધર્મનો, જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમજ અસત્‌દેવ, અસદ્‌ગુરુ તથા અસત્‌ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્તતાં 'અનંતાનુબંધી' ''કષાયા'' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનમાં સ્ત્રીપુત્રાદિ ભાવોને, જે મર્યાદા પછી ઈચ્છતાં નિર્ધ્વંસ પરિણામ કહ્યાં છે. તે પરિણામે પ્રવર્તતાં પણ, ' અનંતાનુબંધી' હોવા યોગ્ય છે.

સંક્ષેપમાં 'અનંતાનુંબંધી કષાય'ની વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે.

ઉદયથી અથવા ઉદાસભાવ સંયુક્ત મંદપરિણત બુદ્ધિથી, ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં, જ્ઞાનીની આજ્ઞા પર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે, પણ જેવાં ભોગાદિને વિષે તીવ્ર તન્મયપણે પ્રવૃત્તિ થાય, ત્યાં જ્ઞાનીના અજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહિં, નિર્ભયપણે ભોગ પ્રવૃત્તિ સંભવે. જે વિધ્વંસ પરિણામ કહ્યાં છે; તેવાં પરિણામ વર્તે ત્યાં પણ અનંતાનુંબંધી સંભવે છે. તેમ જ 'હું સમજું છું', મને બાધ નથી, એવા ને એવા બફમમાં રહે, અને ભોગની નિવૃત્તિ ઘટે છે, અને વળી કંઈ પણ પુરુષત્વ કરે તો થઈ શક્વા યોગ્ય છતાં પણ, મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની, ભોગાદિકમાં પ્રવર્તના કરે, ત્યાં પણ અનંતાનુંબંધી સંભવે છે.

અનંતાનુબંધી :જે અનંત સંસારને બાંધે-વધારે તેને અનંતાનુબંધી કહે છે. અનંતાનુબંધી કષાય સમ્યગ્દર્શનનો પણ ઘાત કરે છે તેથી આ સંસારમાં અનંતકાળ સુધી તે ભ્રમણ કરાવે છે. (૨) અનંત = મિથ્યાત્વ સંસાર, અનુબંધી - તેને અનુસરીને બંધાય તે. (૩) અનંત ભવ બંધાવે તેવું; કદી છૂટે નહિ તેવા બંધનવાળજ્ય, કદી જાય નહિ તેવું (દોષ કે દુઃસ્વભાવ) (૪) તીવ્ર કષાય. (૫) અનંત =મિથ્યાત્વ, સંસાર; અનુબંધી = તેને અનુસરીને બંધાય તે. મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય છે તેને અનંતાનુંબંધી કષાય કહેવામાં આવે છે.

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભની વ્યાખ્યા નીચે મુજબ છે :

(૧) આત્માના શુદ્ધસ્વરૂપની અરુચિ તે અનંતાનુબંધી ક્રોધ છે.

(૨) હું પરનું કરી શકું એવી માન્યતાપૂર્વક જે અંહકાર તે અનંતાનુબંધી માન-અભિમાન છે.

(૩) પોતાનું સ્વાધીન સ્વરૂપ ન સમજાય એવી આડ મારીને વિકારી દશા વડે આત્માને ઠગવો, તે અનંતાનુબંધી માયા છે.

(૪) પુણ્યાદિ વિકારથી લાભ માનીને પોતાની વિકારી દશાને વધાર્યા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

અનંતાનુબંધી કષાય આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને રોકે છે. શુદ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. જેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે અને ચૌદમા ગુણસ્થાને તેની પૂર્ણતા થઈને સિદ્ધદશા પ્રગટે છે.

અનંતાનુબંધી અનંત :મિથ્યાત્વ; સંસાર; અનુબંધી = તેને અનુસરીને બંધાય તે. મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય તેને અનંતાનુબંધી કષાય કહેવામાં આવે છે.

અનંતાનુબંધી કર્મપદ્ધતિની સ્થિતિ :અનંતાનુબંધી કર્મ પદ્ધતિની સ્થિતિ, ચાલીશ કોડાકોડીની.

અનંતાનુંબંધી ક્રોધ :આત્મા જ્ઞાનસ્વભાવી છે તે સ્વભાવનું ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાબંધી ક્રોધ છે. હું કર્તાને શ્રેધાદિ મારાં કર્મ- એમ માનતાં ક્રોધાદિમાં પુણ્ય-પાપના બન્ને ભાવ આવી જાય છે. (૨) આત્માના શુદ્ધ સ્વરૂપની અરુચિ તે. (૩) વ્રતથી, તપથી, પૂજાથી, ભક્તિથી ધર્મ થશે એમ માની તેમાં રુચિ અને પોતાના સ્વભાવની રુચિ નહિ તે

અનંતાનુંબંધિ ક્રોધ છે. (૪) આત્માની શુદ્ધ સ્વરૂપની અશુદ્ધિ તે અનંતાનુબંધી ક્રોધ છે. (૫) આત્માના શુદ્ધસ્વરૂપની અરુચિ તે અનંતાનુબંધી ક્રોધ છે.

અનંતાનુબંધી ક્રોધ કષાય વેદનીય મોહનીયકર્મ :અનંત સંસારનું કારણ એવો જે ક્રોધ એનું જે વેદન તેને અનંતાનુબંધી ક્રોધકષાય વેદનીય મોહનીય કર્મ કહ્યું છે. મિથ્યાત્વની સાથે અનંતાનુબંધીનો ક્રોધ હોય છે તે અનંત સંસારનું કારણ છે. વ્યક્તિને તેનો ઉદય હોતો નથી. સત્તામાં કોઈ કર્મ પડ્યું હોય. ક્ષય થયો ન હોય તો, જ્ઞાની કહે છે, હું તેને ભોગવતો નથી, હું તો શુદ્ધ એક ચૈતન્ય સ્વરૂપને જ એકાગ્રપણે અનુભવું છું.

અનંતાનુબંધી કષાય :આત્માનુભવી સમ્યગ્દષ્ટિને જ, અનંતાનુબંધીનો અભાવ થાય છે. (૨) જે કષાયના ઉદયથી આત્માને સમ્યક્ત્વ અને સ્વરૂપઆચરણ ચારિત્ર ન થઈ શકે તે અનંતાનુબંધી કષાય છે. (૩) જે કષાયથી જીવ, પોતાના સ્વરૂપાચરણ ચારિત્રનું ગ્રહણ ન કરી શકે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે. અર્થાત્ આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને જે ઘાતે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે.

અનંત સંસારનું કારણ હોવાથી, મિથ્યાત્વને અનંત કહેવામાં આવે છે; તેની સાથે જે કષાયનો બંધ થાય છે, તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે

(૪) વિષયોની અનંતી આસક્તિ. (૫) અનંતાનુબંધી કષાય આત્માના ચારિત્રને રોકે છે. શુદ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે, અને ચૌદમા ગુણસ્થાને તેની પૂર્ણતા થઈને સિદ્ધ દશા પ્રગટે છે

અનંતાનુંબંધી માન :હું પરનું કરી શકું એવી માન્યતાપૂર્વક જે અહંકારા તે અનંતાનુબંધી માન અભિમાન છે. (૨) પોતે અનંત ગુણના પિંડરૂપ વસ્તુ છે તેમાં પોતાપણું નહિ સ્વીકારતાં, શુભાશુભભાવ અને શરીરાદિમાં પોતાપણું-અહંપણું સ્વીકારવું તે અનંતાનુબંધી માન છે.

અનંતાનુબંધી માયા : પોતાનું સ્વાધીન સ્વરૂપ ન સમજાય એવી આડ મારીને વિકારી દશા વડે આત્માને ઠગવો તે અનંતાનુબંધી માયા છે. (૧) પોતાનો સીધો સ્વભાવ જેમ છે તેમ જાણવો નહિ અને બહારના ક્રિયાકાંડ કરું તો સ્વભાવ ઊઘડે એવી આડ મારતાં પરિણામ તે અનંતાનુંબંધી માયા છે.

અનંતાનુબંધી લોભ :પુણ્યાદિ વિકારથી લાભ માનીને પોતાની વિકારીદશાને વધાર્યા કરવી તે અનુતાનુબંધી લોભ છે. (૨) પોતાની સ્વભાવ પર્યાય ઉઘાડું તો જ ખરો સંતોષ છે એમ નહિ માનતાં શુભાશુભ પરિણામમાં સંતોષ માનવો તે અનંતાનુંબંધી લોભ છે. (૩) અનંતાનુંબંધી કષાય આત્માને સ્વરૂપાચરણ ચારિત્રને રોકે છે. શુદ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે અને ચૌદમા ગુણસ્થાને તેની પૂર્ણતા થઈને સિદ્ધ દશા પ્રગટે છે.

અનતિચાર :દોષ રહિતપણું.

આનંદઘન :પરમાનંદ પ્રગટે કે વરસે તેનો બોધ વરસાવનાર.

અનુદ્ભવ :ઉપશમ.

અનુદય :ઉત્પત્તિનો અભાવ; અપ્રગટ. (૨) ઉદયનો અભાવ; ચડતી ન થવા પણું.

અનંદનુબંધી :અનંત = મિથ્યાત્વ, સંસાર; અનુબંધી =તેને અનસુરીને બંધાય તે. મિથ્યાત્વને અનુસરીને તે કષાય બંધાય છે તેને અનંતાનુબંધી કષાય કહેવામાં આવે છે.

અનુદિશ અનુચર વિમાન :સ્વર્ગના અમુક ભાગનું નામ.

અનદ્ય :દોર્ષ.

અનદ્ય :નિર્દોષ.

અનધ્યવસાય :અનિર્ણય (૨) અચોક્કસતા રહિત; ચોક્કસ (૩) કંઈક છે, એવો નિર્ધાર રહિત વિચાર, તેનું નામ અનધ્યવસાય છે. જેમકે, હું કોઈક છું એ જાણવું અન ધ્યવસાય છે. (૪) કિમિત્યાલોચનમાત્રમનદન્યાવસાયઃ = કંઈક છે એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. જેમ કે હું કોઈક છું એમ જાવું તે અનધ્યવસાય છે; અનિશ્ચય. (૫) કાંઈક છે એટલું જ જાણપણું હોય, વિશેષ વિચાર ન કરે તેને અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે. (૬) આપણે કંઈ સમજતા નથી પણ ધર્મ કાંઈક હશે એનું નામ અનધ્યવસાય; અઁક્કસતા ચોકકસતા રહિત (૭) કાંઈક છે એટલું જ જાણપણું હોય,

વિશેષ વિચાર ન કરે તેને અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે. જેમ કે ગમન કરતાં તૃણના સ્પર્શ જ્ઞાન થાય તે. (૮) (મોહ) કાંઈક છે પણ શું છે તેના નિશ્ચય રહિત જ્ઞાનને અનધ્યવસાય કહે છે. (૯) આપણે કાંઈ સમજતા નથી પણ ધર્મ કંઈક હશે એનું નામ અનધ્યવસાય. (૧૦) જેનો અધિકાર ની- પાત્રતા નથી-માન્યતા નથી તેવું; અપ્રમાણિત; બિનસત્તાવાર; અધિકાર વિના ઘૂસેલું.

અનધિકૃત પદાર્થો :જેનો અધિકાર ન હોય તેવા પદાર્થો.

અનધિકારી :અપાત્ર

અનધિકારીપણું :અપાત્રતા; અયોગ્યતા;

અવધિજ્ઞાન :અતીન્દ્રિય જ્ઞાનનો પ્રકાર.

અનનુગામી અવધિજ્ઞાન :જે અવધિજ્ઞાન જીવની સાથે ન જાય તેને અનુગામી કહે છે.

અનનુપૂર્વી નામ કર્મ :જે કર્મના ઉદયથી, આત્માના પ્રદેશ મૃત્યુ બાદ અને જન્મ પહેલાં, રસ્તામાં અર્થાત્ વિગ્રહગતિમાં (નવું શરીર ધારણ કર્યા પહેલાં), પહેલાના શરીર આકારે રહે.

અન્ન-પાન નિરોધ :પ્રાણીઓને વખતસર પૂરતું ખાવા-પાવીનું ન દેવું તે. અહીં અહિંસા અણુવ્રતના અતિચાર તરીકે પ્રાણવ્યપેણુંનું દેવું નહિ, કેમ કે પ્રાણવ્યપરોપણ તે હિંસાનું લક્ષણ છે એટલે તે અતિચાર નથી પણ અનાચાર છે, હિંસા છે.

અનનુભૂત :અપરિચિત (૨) અજાણ્યા; જેના પર પોતે પૂર્વે કહી ગયેલો નથી એવા. (૩) જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલ નથી એવા; અજાણ્યા.

અનન્ય :એકનિષ્ઠ; અદ્વિતીય, અજોડ; જેને બીજાપણાનો ભાવ નથી તેવું; એકાત્મ. (૨) અન્યપણા રહિત; અનેરી, જે નર-નારકાદિ પર્યાયો, તેથી રહિત છે. (૩) તેનું તે જ. (૪) અન્યમય નહિ એવો; એકાત્મક; એકનિષ્ઠ; અદ્વિતીય; અજોડ; જેને અન્યપણાનો-બીજાપણાનો ભાવ નથી તેવું; (૫) જેના જેવો બીજો નહીં, સર્વોત્કૃષ્ટ; અનન્ય ભક્તિભાવ એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ. (૭) બીજારૂપ નહિ; એકરૂપ. (૯) મનુષ્ય, તિર્યંચ, નકર , દેવ આદિ અન્ય ગતિથી રહિત. (૧૦) સ્વક્ષેત્રથી શુદ્ધ. નર, નારક, દેવ, પશુ દેહાકાર પર ક્ષેત્રથી જુદો અને પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશથી એકમેક છે. વર્તમાન દેહાકાર પૂરતો કે તેના નિકલ્પ પૂરતો નહિ, તેની મારામાં નાસ્તિ છે. હું ત્રિકાળી એકરૂપ છું. (૧૧) એકરૂપ; અન્ય-જુદું નહિ તેવું; અજોડ; એકનિષ્ઠ.

અનન્ય :અત્યુત્તમ; પરમોત્તમ. (૨૦) એકરૂપ (૨૧) એકરૂપ; એકરૂપતા; સદશ્યતા; આ તે જ છે એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (૨૨) અભિન્ન (જેમ અગ્નિ આધાર છે અને ઉષ્ણતા આધેય છે, છતાં તેઓ અભિન્ન છે, તેમ દ્રવ્ય આધાર છે અને ગુણપર્યાયો આધેય છે, છતાં તેઓ અભિન્ન છે.)

અનન્ય આશ્રયભક્તિ :એકનિષ્ઠ શરણભાવનાથી, જેમાં ભગવાનની ભક્તિ (ભક્તિ-સ્તુતિ-ભજન) કરવી.

અનન્ય ભક્તિભાવ :જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.

અનન્ય રૂપ :એકરૂપ; બીજા કોઈ રૂપે નહિ; અભિન્ન.

અનન્ય-અન્ય : અહીં જો કે સામાન્યપણે પદાર્થોનું લોકથી અનન્યપણું કહ્યું છે તો પણ નિશ્ચયથી અમૂર્તપણું, કેવળજ્ઞાનપણું, સહજ પરમાનંદપણું, નિત્ય નિરંજનપણું ઈત્યાદિ લક્ષણો વડે જીવોનું ઈતર દ્રવ્યોથી અન્યપણું છે અને પોતપોતાનાં લક્ષણો વડે ઈતર દ્રવ્યોનું જીવોથી ભિન્નપણું છે એમ સમજવું) જીવ વગેરે બાકીનાં દ્રવ્યો (આકાશ સિવાયનાં દ્રવ્યો) મર્યાદિત પરિમાણવાળાં હોવાને લીધે લોકથી અનન્ય જ છે; આકાશ તો અનંત હોવાને લીધે લોકથી અનન્ય તેમ અન્ય છે.

અનન્યગત ચિત્ત થઈને :કોઈ બીજા પદાર્થમાં પોતાની ચિત્તવૃત્તિ ન રાખીને.

અનન્યભૂત :અભિન્ન; એકરૂપ.

અનન્યભાવ :ઉત્કૃષ્ટ ભાવ; શુદ્ધ ભાવ.

અનન્યમતવાળો :જેની પરિણતિ અન્ય પ્રત્યે જતી નથી એવો; (મન=ચિત્ત; પરિણતિ; ભાવ.)

અનન્યમય :જેના જેવો બીજો કોઈ નહીં. અનંત સિદ્ધ આત્મા શુદ્ધ, બુદ્ધ, એક-સ્વભાવને ધારણ કરવાવાળા છે, દરેક આત્મા પણ શક્તિરૂપે સિદ્ધ પરમાત્મા

જેવો છે. (૨) અજોડ; એના જેવો બીજો કોઈ નથી તેથી અજોડ, સિદ્ધદશા એ આત્માની શુદ્ધ દશા છે. સિદ્ધ સિવાયના આત્માઓ કર્મથી અવરોધાયેલા છે, તેથી તેઓ શુદ્ધ આત્માની તોલે આવી શકે તેમ નહિ હોવાથી શુદ્ધાત્મ અનન્યમય છે.

અનન્યમય :અજોડ.

અન્નીતિનિષ્ઠ :પરમ પ્રમાણિક.

અનુપ :અનૂપમ; અજોડ; ઉત્તમ. (૨) અજોડ; શ્રેષ્ઠ. (૩) સર્વશ્રેષ્ઠ; જેની સરખામણી નથી તેવું. અનુપમનું ટૂંકું રૂપ.

અનપેક્ષ :સ્વતંત્ર; ઉદાસીન; અપેક્ષા વિનાનો.

અનુપેક્ષા :જેના તરફ બેદરકારી ન કરાય તેવું; ધ્યાનમાં લેવા જેવું. (૨) અર્થ વિચારવો, ભાવના કરવી.

અનુપચરિત :અનુભવમાં આવવા યોગ્ય; વિશેષ સંબંધ સહિત. (૨) રાગનો જે સૂક્ષ્મ અંશ વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી તેથી તે અનુપચરિત છે. (૩) અનુભવમાં આવવા યોગ્ય; વિશેષ સંબંધ સહિત. (વ્યવહાર)(૪) અનુભવમાં આવવા યોગ્ય; વિશેષ સંબંધ સહિત; એકક્ષેત્રાવગાહે; (૬) કર્મો જીવની સંસાર અવસ્થામાં સાથે ને સાથે રહે છે. અર્થાત્ તેઓ સદા-કાયમ સંબંધમાં રહે છે એટલે અનુપચરિત છે.

અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર :તથા જે સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વકનો રાગાંશ જે વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, ખ્યાલમાં આવતો નથી. તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર છે.

અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય :જે સૂક્ષ્મ રાગનો અંશ વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, પકડાતો નથી તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. (૨) આત્માની પર્યાયમાં જે રાગ છે, તે મૂળ સત્‌રૂપ વસ્તુમાં નથી, તેથી અસદ્‌ભૂત છે. ભેદ પાડ્યો, તેથી વ્યવહાર છે અને જે સૂક્ષ્મ રાગનો અંશ, વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, પકડાતો નથી, તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો, વિષય છે. (૩) આત્માની પર્યાયમાં જે રાગ છે તે મૂળ સત્‌રૂપ વસ્તુમાં નથી તેથી અસદ્‌ભૂત છે. ભેદ પાડ્યો તેથી વ્યવહાર છે અને જ્ઞાનમાં સ્થૂળ પણે જણાય છે તેથી ઉચારિત છે. આ રીતે રાગને આત્માનો કહ્યો તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે.

અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય :જ્ઞાન ને આત્મા એમ બે ભેદ પાડીને, કથન કરવું તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર છે. જ્ઞાન તે આત્મા, એમ કહેતાં ભેદ પડ્યો, તે વ્યવહાર પણ તે ભેદ આત્માને બતાવે છે, માટે તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે. (૨) જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા, આવા ભેદ, તે અનુપચરિત સદ્‌ભૂત, વ્યવહારનયનો વિષય છે. (૩) જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડીને કથન કરવું તે અનુપચરિત અદ્‌ભૂત વ્યવહાર છે. જ્ઞાન આત્મા અમ કહેતાં ભેદ પડયો તે વ્યવહાર પણ તે ભેદ આત્માને બતાવે છે માટે તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે.

અભૂત અર્થને પ્રગટ કરે છે એવો વ્યવહારનય ચાર પ્રકારે છે.

(૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય,
(૨) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય,
(૩) ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય,
(૪) અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય.

ભગવાન આત્મા અભેદ એકરૂપ વસ્તુ છે. તે ભૂતાર્થ છે. વ્યવહારના ઉપરોક્ત ચારેય પ્રકાર ત્રિકાળી જ્ઞાયકમાં નહીં હોવાથી અસત્યાર્થ છે, જૂઠા છે. વળી ધ્રુવ આત્મા અને વર્તમાન પર્યાય બન્નેને સાથે લઈએ તો તે પણ વ્યવહારનય-અશુદ્ધનયનો વિષય થઈ જાય છે. જેથી તે પણ અભૂતાર્થ-અસત્યાર્થ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરની વાણીમાં જે આવ્યું તે કુંદકુંદાચાર્ય દેવ અહીં જાહેર કરે છે. કહે છે -ત્રિકાળી ચીજ જ્ઞાયક જે છે તે મુખ્ય છે, સત્ય છે, ભૂતાર્થ છે. જેમાં જ્ઞાન તે આત્મા એવો જે ભેદ પડ્યો તે ગૌણ છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

અનુપન્ન :અયુક્ત. (૨) નહીં સંભવિત; નહીં સિદ્ધ થવા યોગ્ય.

અનુપપત્તિ :ઉત્પત્તિ નથી; નિષેધ કરવો. (૨) પુરાવાનો અભાવ; પ્રમાણનો અભાવ; અસિદ્ધિ; અયુક્તિ;

અનુપમ :કોઈ ઉપમા આપી શકાય નહિ, એવું. (૨) ઉપમા વિનાનું; અત્યંત વિલક્ષણ હોવાથી, અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી, અનુપમ. (૩) એક સમયમાં સર્વજ્ઞદશા, જેમને પ્રગટ થઈ છે, એવા ભગવાન, અનુપમ કહેતાં કોઈની સામે ઉપમા ન આવી શકાય, તેવા છે. ભગવાનને ઉપમા કોની ? એમ ઈષ્ટ સ્વરૂપ શુદ્ધ આનંદનો નાથ, ભગવાન આત્મા જે દૃષ્ટિનો વિષય છે, તે ત્રિકાળ અનુપમ છે. (૪) ઉપમા વિનાનું, અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી) અનુપમ. (૫) બીજા કોઈની ઉપમા આપી શકાય નહીં, પોતે જ બધા પદાર્થોને જાણનારો, જ્ઞાન વડે માપનારો, બેહદ ઐશ્વર્યવાળો છે માટે અનુપમેય છે, છતાં કથનમાં 'સિદ્ધ પરમાત્મા જેવો' કહી શકાય. જેમકે :- શુદ્ધ આત્મા કેવો છે. કે જે શુદ્ધ બુદ્ધ મુક્ત પ્રગટ સિદ્ધ પરમાત્મા થયા છે તેવો. જેવો છે તેવો (શાશ્વત ટંકોત્કીર્ણ) પર સત્તાથી ભિન્ન, સ્વસત્તામાં નિશ્ચલ છે. (૬) નિરુપમ; શુદ્ધાત્માઓને કોઈ પ્રકારની ઉપમા ઘટતી નથી. (૭) અપૂર્વ; પહેલાં ક્યારેય થયો નથી એવો.

અનુપપત્તિ :નહિ બની શકવું તે.

અનુપપન્ન :અયુક્ત; અસંગત; અઘટિત; ન બની શકે એવું.

અનુપયોગ :જડ; અંધકાર. (૨) બગાડ; બિનજરૂરી.

અનુપયોગ સ્વરૂપ :નહિ જાણવા દેખવાના અભાવવાળો જડ પદાર્થ.

અનુપ્રક્ષણ :ચિંતવન. (૨) અનુચિંતન, ફરી ફરી વિચારરૂપ પરિભાવન કર. (૩) પરિશીલન; મનનપૂર્વક અભ્યાસ; અનુશીલન; વારંવાર કર્યા કરવું તે; ચિંતન-મનન; વારંવાર કરવામાં આવતો અભ્યાસ.

અનુપ્રેક્ષા :(ભાવના) ભેદજ્ઞાનપૂર્વક સંસાર, શરીર અને ભોગો વગેરેનાં સ્વરૂપનો વારંવાર વિચાર કરીને તે પ્રત્યે ઉદાસભાવ કરવો તે. (૨) ચિંતવના (૩) આત્મામાં પરિણામ પામે તે અનુપ્રેક્ષા. (૪) (ભાવના) અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક , બોધિદુર્લભ અને ધર્મ - એ બાર ભાવનાઓ છે. (૫) આત્મામાં પરિણામ પામે તે અનુપ્રેક્ષા. (૬) ભાવના; વિચારણા; સ્વાધ્યાય વિશેષ.

અનુપ્રેક્ષા અને ભાવના :અનુપ્રેક્ષા અને ભાવના તે પર્યાયવાચક શબ્દો છે, તેમાં કોઈ તફાવત નથી.

અનુપરત :સર્વદા અટક્યા વિના.

અનુપર્ભવ :ધૂરીને ભવ નહિ થવો તે. (કેવળી ભગવાનને ફરીને ભવ થયા વિના જ, તે ભવનો ત્યાગ થાય છે; તેથી તેમના આત્માથી કર્મપુણ્ય પુદ્ગલોનો સદાને માટે સર્વથા વિયોગ થાય છે.)

આનુપૂર્વી નામકર્મ :જે કર્મના ઉદયથી મરણ પછી અને જન્મ પહેલાં વિગ્રહગતિમાં રસ્તામાં આત્માના પ્રદેશ મરણ પહેલાંના શરીરના આકારે રહે છે તેને આનુપૂર્વી નામકર્મ કહે છે.

અનુપવર્તન અને અનુદીરણા :એ બેનો અર્થ મળતો છે; તથાપિ તફાવત એ છે કે ઉદીરણામાં આત્માની શક્તિ છે, અને અપવર્તનમાં કર્મની શક્તિ છે.

અનપવાદ :અપવાદ વિના, અપવાદ રહિત. (૨) નહીં હણાયલા. (૩) અપ્રાપ્ત. (૪) અણમેળવેલા. (પ્રકાશ વગેરે અનુપાત્ત પર પદાર્થ છે.)

અનુપાત્ત :અપ્રાપ્ત (અનુપાત) (૨) અણમેળવેલા (પ્રકાશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે.)

અનપોહત્વ :અપોહરૂપપણું ન હોવું, તે; કેવળ નકારાત્મકપણું ન હોવું, તે.

અનુબદ્ધ :સંબદ્ધ; બાંધેલું; જોડેલું; (અનુબદ્ધતા = સાપેક્ષતા)

અબદ્ધસ્પૃષ્ટ :મુક્ત સ્વરૂપ;

અનુબંધ :સંબંધ; ચાલુ અનુક્રમ; આગળ પાછળનો સંબંધ; વિષય, પ્રયોજન, અધિકારી અને સંબંધ, એ ચારનો સમૂહ. (૨) અનુવર્તનરૂપ સંબંધ; પરીવહો ઉપસ્થિત થતાં તેમને જે દુઃખ થાય છે અને પરીવહોના અભાવમાં જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખ-દુઃખ બન્ને સાથે પોતાને બાંધવા ન જોઈએ- સુખી -દુઃખી ન થવું જોઈએ. (૩) પરિણામ; ફળ.

અનુભૂત :પરિચિત (૨) અનુભવેલું; સિદ્ધ; નક્કી થયેલું; ગ્રહણ થવું.

અનુભૂતિ :અનુભવવું; થવું; સ્વને અનુસરીને થવું; પરિણમવું; પોતાના દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સ્વભાવને અનુસરીને, થવું- પરિણમવું, તેને આત્માની અનુભૂતિ કહે છે. (૨) રહેવું; (ઉત્પાદ-વ્યય-ધ્રુવપણે રહેવું); (૨) અનુભવ

(સમ્યગ્જ્ઞાન); ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્તાનું હોવાપણું, તેને અનુભૂતિ કહેવામાં આવે છે. (૩) જ્ઞાન (૪) સમ્યગ્જ્ઞાન. (૫) અનિત્ય પર્યાય. (૬) અનુભવ; પ્રત્યક્ષ જ્ઞાન. (૭) ચારિત્ર. (૮) અનુભવ. (૯) અતીન્દ્રિય સુખ; શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ. (૧૦) અનુભવ. (૧૧) અનંત અનંત અતીન્દ્રિય સહજ સુખસ્વરૂપ આત્મા જ હું છું, જ્ઞાનજ્યોતિ, શુદ્ધ આત્માનો અનુભવ.

અનુભૂતિ અને જ્ઞાનમાં શું અંતર છે ? :જ્ઞાનમાં તો સંપૂર્ણ આત્મા જાણવામાં આવે છે, અને અનુભૂતિમાં તો ફક્ત પર્યાયનું જ વેદન થયા છે, દ્રવ્યનું વેદન થતું નથી.

અનુભૂતિ સ્વરૂપ :જ્ઞાયક સ્વરૂપ નિજ આત્મા

અનુભય :ઉભય નહી જોવું; એકાકી; એકલું.

અનભ્યસ્ત :નહિ અભ્યાસેલું.

અનભ્યાસ :આદતનો અભાવ.

અનભ્યાસથી :અપરિચયથી.

અનુભવ :વસ્તુ આત્મા, જે અતીન્દ્રિય આનંદનો નાશ છે તેનો વિચાર કરી, ધ્યાનમાં મન અનેક વિકલ્પોના કોલાહલથી વિશ્રામ પામે, શાંત થઈ જાય અને ત્યારે અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ આવે, તેને આત્મ-અનુભવ કહે છે. તે સમ્યગ્દર્શન છે, ધર્મ છે, આવા અનુભવથી વસ્તુનો નિશ્ચય કરવાની પ્રધાનતા છે. શાસ્ત્રના બહિર્લક્ષી જ્ઞાનનું, અહીં કામ નથી. (૨) વસ્તુ જે જ્ઞયકસ્વરૂપ, તેને જ્ઞાનમાં લઈ અંતરમાં ધ્યાન કરે છે, તેને મનના વિકલ્પો-ત્રણ વિશ્રામ પામે છે, હઠી જાય છે. મન શાંત થઈ જાય છે. ત્યારે અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદ આવે છે. પરિણામ અંતર્નિમગ્ન થતાં, અનાકુળ સુખનો સ્વાદ આવે છે. તેને અનુભવ અર્થાત્ જૈનશાસન કહે છે. (૩) કરવાથી-જોવાથી-અભ્યાસથી-અવલોકનથી-સીધા પરિચયથી આવેલી સમજ; સીધો પરિચય; ઈંદ્રિગમ્ય પરિચય. (૪) અનુ = અનુસરીને , ભવ = ભવન થવું; આત્માને જ્ઞાન માત્ર વસ્તુને અનુસરીને થવું, તે અનુભવ છે. (૫) ભેદજ્ઞાન કરનારાઓ, રાગથી-અધ્યવસાનથી જુદો જીવ સ્વયં, ઉપલભ્યમાન છે. અહાહા ! અખંડ એક જ્ઞાનાનંદ સ્વભાવી આત્માને, ભેદજ્ઞાનીઓ અધ્યવસાનથી ભિન્ન પ્રત્યક્ષ જુદો અનુભવે છે. અધ્યવસાનથી જુદો એટલે એના આશ્રય અને અવલંબન વિના, પોતે પોતાથી જ પ્રાપ્ત થાય છે, અનુભવમાં આવે છે. અહો શું અદ્‌ભુત ટીકા છે ! આને સિદ્ધાંત અને આગમ કહેવાય. એકલું ન્યાયથી ભરેલું છે ! કહે છે કે રાગનું લક્ષ છોડીને સ્વભાવ પ્રતિ દષ્ટિ કરતાં, ભેદજ્ઞાની સમકિતિઓને રાગથી ભિન્ન, ચિત્સ્વભાવમય જીવ અનુભવમાં આવે છે. જુઓ અહીં આગમ, યુક્તિ અને અનુભવથી એમ સિદ્ધ કર્યું કે, આ અધ્યવસાનાદિ ભાવો જીવ નથી. પરંતુ એમનાથી ભિન્ન, શુદ્ધ ચૈતન્યમય વસ્તુ જીવ છે. આવી વાત બીજે ક્યાંય છે નહિ. વસ્તુને સિદ્ધ કરવા, કેટકેટલો ન્યાય આપ્યો છે ! ઈન્દ્રિયો અને રાગના આશ્રય વિના ભેદજ્ઞાનીઓને સ્વયં શુદ્ધ જીવવસ્તુ અનુભવમાં આવે છે. પોતે પોતાથી જ અનુભવમાં આવે છે. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય, એમ જ્યાં કહેલું છે, ત્યાં, એ નિમિત્ત બતાવવા વ્યવહારનયથી કથન કરેલું છે. ભાઈ ! વસ્તુ તો રાગાદિથી ભિન્ન, ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવમય છે, અને તે તેની સન્મુખ થતાં, અનુભવમાં આવે છે. સ્વસન્મુખતાનો અભ્યાસ ન હોવાથી, આ વાત કઠણ લાગે છે. અનાદિથી પર તરફ વલણ જઈ રહ્યું છે, એને અન્તર્મુખ વાળવું તે જ પુરુષાર્થ છે. જે પર્યાય રાગાદિ ઉપર ઢળેલી છે, એને તો કાંઈ અંદર વાળી શકાય નહિ, પણ, જ્યાં દષ્ટિ ઉપર જાય છે ત્યાં તે જ ક્ષણે, પર્યાય સ્વંય અંતરમાં ઢળેલી હોય છે. ત્યારે તેને અંતરમાં વાળી એમ કહેવાય છે. અહીં ટીકામાં સ્વયંમેવ ઉત્પન્ન થયેલા, એવા રાગદ્વેષ એમ કહ્યું છે, ત્યાં એ અભિપ્રાય છે કે તેઓ (રાગદ્વેષ) આત્માથી ઉત્પન્ન થયા નથી. તથા ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે એમ કહીને એમ બતાવવું છે કે આત્માનો અનુભવ કરવામાં, અન્ય (રાગ, ઈન્દ્રિયો આદિ) કોઈની અપેક્ષા નથી. આત્મા, પોતે પોતાથી જ અનુભવમાં આવે છે. ભાઈ ! આવા યથાર્થ સ્વરૂપનો પ્રથમ નિર્ણય તો કર. અહાહા ! વસ્તુ આવી સહજ શુદ્ધ ચિત્સ્વભાવ છે એવો વિકલ્પ સહિતના જ્ઞાનમાં નિર્ણય તો કર. શ્રી સમયસાર ગાથા ૧૪૪માં, આ નિર્ણયની વાત લીધી છે. ભગવાને કહેલા

આગમથી પ્રથમ નિર્ણય કરે, કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે. ત્યાર પછી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવી, આત્મસન્મુખ કરે છે. જ્ઞાન જે પર તરફ ઢળેલું છે, તેને સ્વ તરફ વાળે છે. ત્યારે શું થાય છે ? અત્યંત વિકલ્પરહિત થઈને તત્કાળ નિજરસથી જ પ્રગટ તથા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ. કેવળ એક, આખાય વિશ્વના ઉપર, જાણે કે તરતો હોય તેમ અખંડ પ્રતિભાસમય, અનંત વિજ્ઞાનદાન, પરમાત્મારૂપ સમયસારને, આત્મા અનુભવે છે. રાગથી ભિન્ન, આત્માને અનુભવે નહિ અને રાગ વડે લાભ (ધર્મ) માને, તે બહારથી કંચન-કામિનીનો ત્યાગી, નિર્વસ્ત્ર દિગંબર અવસ્થા ધારી હોય તો પણ તેને સાધુ કેમ કહીએ ? રાગથી લાભ માનવો એ તો મિથ્યાદર્શન છે. આ કોઈ વ્યક્તિ વિશેષના અનાદરની વાત નથી પણ વસ્તુની સ્થિતિની વાત છે. અમને ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ છે, અમે ઘણી શાસ્ત્રસભાઓ સંબોધી છે, તેથી અમને આત્મજ્ઞાન છે, એમ કોઈ કહે, તો તે યથાર્થ નથી. એ તો બધી રાગની-વિકલ્પની વાતો છે. વસ્તુ આત્મા, તો શાસ્ત્રજ્ઞાનના વિકલ્પથી પાર નિર્વિકલ્પ છે. આવા નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યમય આત્માની દૃષ્ટિ કરી, તેનો અનુભવ કરવો, તે આત્મદર્શન અને આત્મજ્ઞાન છે. (૬) મનના શુભ ભાવથી જરાક છૂટીને સ્વભાવનું લક્ષ કરતાં બુદ્ધિપૂર્વક વિકલ્પ રહેતા નથી તે દશાને અનુભવ કહેવામાં આવે છે, એવા એકરૂપ અનુભવમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે, તે પર્યાયના ભેદ ઉપર લક્ષ જવું તે વ્યવહાર છે. જેના (ભેદના) લક્ષે નિર્મળતા ન થાય. (૭) કરવાથી-જોવાથી-અભ્યાસથી-અવલોકનથી-સીધાપરિચયથી આવેલી સમઝ; સીધો પરિચય; ઈન્દ્રિયગમ્ય પરિચય. (૮) સંવેદન. (૯) અનુ + ભવ = અંતરનો સ્વભાવને ભવવું-થવું તે અનુભવ. (૧૦) વેદન; ભોગવટો. (૧૧) આત્મસાક્ષાત્કાર. (૧૨) અનુભવમાં એકલું દ્રવ્ય કે એકલી પર્યાય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રુપ થઈ છે, તે દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો, આવી જે બન્નેની અભેદ અનુભૂતિ ને અનુભવ છે. દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વકલ્પ અનુભવ થાય નહીં. (૧૩) વેદન (૧૪) મનના શુભભાવથી જરાક છૂટીને સ્વભાવમાં લક્ષ કરતાં બુદ્ધિપૂર્વક વિકલ્પ રહેતા નથી તે દશાને અનુભવ કહેવામાં આવે છે. એવા એકરૂપ અનુભવમાં દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય છે. તે પર્યાયના ભેદ ઉપર લક્ષ જવું તે વ્યવહાર છે. તેના (ભેદના) લક્ષે નિર્મળતા ન થાય. (૧૫) અનુભવમાં એકલી પર્યાય કે એકલું દ્રવ્ય નથી, પણ સ્વસન્મુખ વળીને પર્યાય દ્રવ્ય સાથે તદ્રુપ થઈ છે, ને દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ નથી રહ્યો - આવી જે બન્નેની અભેદ અનુભૂતિ-તે અનુભવ છે. દ્રવ્ય-પર્યાય વચ્ચે ભેદ રહે ત્યાં સુધી નિર્વિકલ્પ અનુભવ થાય નહીં. (૧૬) પ્રત્યક્ષજ્ઞાન; વેદન; વસ્તુ વિચારત ધ્યાયતે મન પાસે વિશ્રામ, રસાસ્વાદન સુખ ઊપજે અનુભવ પાકો નામ શ્રી બનારસી દાસ. (૧૭) અનુ + ભવ = અંતરમાં સ્વભાવને ભવવું-થવું તે અનુભવ.

અનુભવ કરે :તેમાં લીન થાય.

અનુભવ કરતાં :જ્ઞાન કરતાં; આશ્રય કરીને;

અનુભવ ગમ્ય :પ્રવચનશાસ્ત્રસિદ્ધ વાત; અનુભવ સિદ્ધ. (૨) અંતર દૃષ્ટિથી; અંતર જ્ઞાનદૃષ્ટિથી સમજાય તેવું;

અનુભવગોચર :અનુભવથી જાણમાં-સમજમાં આવે તેવું.

અનુભવ સ્વરૂપ :બેમાંથી એકે સ્વરૂપ નથી.

અનુભવ સિદ્ધ :અનુભવથી નિવડી આવેલું.

અનુભવગમ્ય :અનુભવસિદ્ધ; ઈંદ્રિયગમ્ય પરિચયથી સમજી શકાય તેવું. (૨) ઈન્દ્રિયગમ્ય પરિચયથી સમજી શકાય તેવું.

અનુભવન :એકાગ્રતા.

અનુભવનશીલ :વાણી સર્વજ્ઞ અનુસારિણી; સર્વ સર્વજ્ઞ વીતરાગનો એકરાર કરનારી વાણી-એને અનુભવનશીલ કહી છે.

અનુભવ્ય :ભોગ્ય.

અનુભવરૂપ :બન્ને રૂપ નહીં.

અનુભવરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ :સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત, ઉત્કૃષ્ટ નિર્મળતા.

અનુભવવું :'અનુ' એટલે જ્ઞાનને અનુસરીને, 'ભવવુ' એટલે વર્તવું-તે રૂપ થવું; જ્ઞાનમાત્રનું કરવું; જ્ઞાનમાં જ ટકવું-પરિણમવું.

અનુભવરસજાહ્નવી :અનુભવરસગંગા.

અનુભાગ :ફળદાન શક્તિ

અનુભાગ સ્થાન :અનુભાગ એટલે ફળ દેવાની શક્તિ. જુદી જુદી પ્રકૃતિઓમાં જુદો જુદો રસ હોય છે; જેમ કે કોઈ કાર્ય એવું હોય કે જેની સ્થિતિ થોડી અને રસ ઘણો, કોઈ પ્રકૃતિનો રસ થોડો અને સ્થિતિ ઘણી, જેમકે શરીરમાં નાની એવી કોઈ ફોડલી થઈ હોય, એની પીડા ઘણી હોય અને સ્થિતિ થોડી હોય, અને કેટલાક રોગ એવા હોય છે કે જેની સ્થિતિ લાંબી હોય અને રસ થોડો હોય. તે બધી પ્રકૃતિઓ ઊંધી માન્યતાએ કષાયભાવે બંધાયેલી હોય છે. તે બધી રજકણની અવસ્થા છે. તે બધી પીડા શરીરમાં આવે છે. આત્મામાં આવતી નથી. કૂળદેવોની શક્તિ કર્મમાં હોય છે, આત્મામાં હોતી નથી. પ્રકૃતિબંધ, પ્રદેશબંધુ સ્થિતિ બંધ, અનુભાગ બંધ તે બધી પુદ્ગલની રચના છે. આત્માના સ્વભાવની જે રચના નથી.

આત્માના સ્વભાવની રચના તો જ્ઞાન અને આનંદ છે. પુદ્ગલમાં જેમ અનુભાગ છે તો આત્મામાં પણ અનુભાગ છે. આત્માનો અનુભાગ એટલે આત્મામાં આનંદરસ છે તે રસ પરથી નિરાળો અલૌકિક છે. તે પુદ્ગલના જડ અનુભાગથી તદ્દન ભિન્ન છે. પુદ્ગલનો અનુભાગ જડ છે.

અનુભાગ સ્થાનો :જુદી જુદી પ્રકૃતિઓના, રસના પરિણામ જેમનું લક્ષણ છે, એવાં જે અનુભાવ સ્થાનો, તે બધાંય જીવને નથી. અનુભાગસ્થાનો તો જડરૂપ છે, પણ આત્મામાં તેના નિમિત્તે જે ભાવ થાય છે, તે પણ ખરેખર જીવને નથી.કર્મના અનુભાગના નિમિત્તે, આત્મામાં જે પરિણામ થાય છે, તે અનુભાગ સ્થાનો છે, અને તે જીવને નથી. એકલા જડના અનભાગસ્થાનોની આ વાત નથી. પર્યાયમાં કર્મના રસના નિમિત્તે જે ભાવો થાય, તે અનુભાગસ્થાનો છે. તે ભાવ છે તો પોતાની પર્યાયમાં પણ તેને અહીં પુદ્ગલ દ્રવ્યના પરિણામમય ગણ્યા છે. સ્વભાવની દષ્ટિથી જોતાં સ્વભાવ, વિકારના અનુભાગપણે પરિણમે, એવો નથી. આત્મદ્રવ્યમાં કોઈ ગુણ કે શક્તિ એવાં નથી, કે વિકારરૂપે પરણિમે. તથા નિજ આત્મા દ્રવ્યનો અનુભવ કરતાં તે (અનુભાગ સ્થાનો) અનુભૂતિથી ભિન્ન રહી જાય છે. તેથી અનુભાગસ્થાનો, બધાય જીવને નથી.

અનુભાગબંધ :કોઈ કોઈ કર્મ ઉદય આવતાં, તેનાં ફળ જીવને મીઠાં લાગે છે, કોઈનાં ફળ કડવાં લાગે છે, કોઈનાં છોડાં વસમાં લાગે છ, તો કોઈનાં ફળ વધારે વસમાં લાગે છે, એવા જે ભેદ જણાય છે, તેને રસ અથવા અનુભાગ કહેવાય છે.

વિવિધ પ્રકારનો પાક તે અનુભવ છે.

(૧) મોહકર્મનો વિપાક થતાં જીવ જે પ્રકારનો વિકાર કરે તે પ્રકારે જીવે ફળ ભોગવ્યું કહેવાય છે, તેનો અર્થ એટલો કે જીવને વિકાર કરવામાં મોહકર્મનો વિપાક નિમિત્ત છે. કર્મનો વિપાક કર્મમાં થાય, જીવમાં થાય નહિ. જીવને પોતાના વિભાવભાવનો અનુભવ થાય તે જીવનો વિપાક અનુભવ છે.

(૨) આ સૂત્ર પુદ્ગલકર્મના વિપાક-અનુભવને સૂચવનારું છે. બંધ થતી વખતે જીવને જેવો વિકારીભાવ હોય તેને અનુસરીને પુદ્ગલકર્મમાં અનુભાગ બંધ થાય છે અને તે ઉદયમાં આવે ત્યારે કર્મનો વિપાક, અનુભાગ કે અનુભવ થયો એમ કહેવાય છે.

(૩) તે અનુભાગ બંધ કર્મોના નામ પ્રમાણે જ થાય છે.

જે કર્મનું જે નામ હોય છે. તે કર્મમાં તેનો જ અનુભાગબંધ પડે છે. જેમ કે; જ્ઞાનાવરણકર્મમાં જ્ઞાન જયારે રોકાય ત્યારે નિમિત્ત થાય એવો અનુભાગ હોય છે; દર્શનાવરણકર્મમાં દર્શન જયારે રોકાય ત્યારે નિમિત્ત થાય એવો અનુભાગ હોય છે.

અનુભાવ :ઉદયરૂપ વિપાક. (૨) રસ અનુભાગ. (૩) ઉદયરૂપ વિયાક

અનુભાવન :તીવ્ર કે મંદ ક્રિયાના રસનો વારંવાર અનુભવ કરવો;

અનુભાવના :આત્મબોધથી ઉત્પન્ન થયેલ આત્મભાવના. આત્મપરિણતિ.

અનુભાવના ગૃહીતવ્ય :આત્મબોધથી ઉત્પન્ન થયેલ આત્મભાવના, તેના વારંવાર સતત અભ્યાસથી અથવા અનુભવથી ગ્રહણ થવા યોગ્ય છે.

અનુભાવબંધ :રસ (તીવ્ર, મંદ વગેરે). કર્મોનું ફળ તીવ્ર કે મંદ બંધાવું તેને અનુભાવ બંધ કહેવાયે છે. જ્યારે કષાય અધિક હોય છ ત્યારે પાપકર્મોમાં અનુભાવ વધારે અને પુણ્યકર્મોમાં અનુભાગ, ઓછો પડે છે. કોઈ કોઈ કર્મ ઉદય પામતાં, તેનાં ફળ જીવને મીઠાં લાગે છે. કોઈનાં ફળ કડવાં લાગે છે, કોઈનાં થોડાં વસમાં લાગે છે, તો કોઈનાં વધારે વસમાં લાગે છે. એવા જે ભેદ જણાય છે, તેને રસ અથવા અનુભાગ કહેવાય છે.

અનુભાવ્ય :રાગાદિ પરિણામો (૨) ભોગ્ય.

અનભિજ્ઞ :અજાણ; નહિ જાણતો; જ્ઞાનથી શૂન્ય.

અનભિસંધિ :કષાયથી, વીર્યનું પ્રવર્તવું થાય તે. વીર્ય ઉપર પ્રમાણે બે પ્રકારે પ્રવર્તી શકે છે : અભિસંધિ અનભિસંધિ. (૨) કષાયથી વીર્યનું પ્રવર્તવું થાય તે. (૩) કષાયથી વીર્યનું પ્રવર્તવું થાય તે જ્ઞાન-દર્શનમાં ભૂલ થતી નથી પરંતુ ઉદયભાવે રહેલા દર્શન મોહને લીધે ભૂલ થવાથી એટલે ઔરનું તૌર જાણવાથી વીર્યની પ્રવૃત્તિ વિપરીતપણે થાય છે. જો સમ્યકપણે થાય તો સિદ્ધ પર્યાય પામે. આત્મા કોઈપણ વખતે ક્રિયા વગરનો હોઈ શકતો નથી. જ્યાં સુધી યોગો છે ત્યાં સુધી ક્રિયા કરે છે, તે પોતાની વીર્યશક્તિથી કરે છે. તે ક્રિયા જોવામાં આવતી નથી પણ પરિણામ ઉપરથી જાણવામાં આવે છે. ખાધેલો ખોરાક નિદ્રામાં પચી જાય છે, એમ સવારે ઊઠતાં જણાય છે. નિદ્રા સારી આવી હતી ઈત્યાદિ બોલીએ છીએ તે થયેલી ક્રિયા સમજાયાથી બોલવામાં આવે છે.

અનુમત :બીજાઓ કરે તેને ભલુ સમજવું, તેને અનુમત અનુમોદના કહેવાય છે. (૨) ખુશી.

અનુમત :બીજાઓ કરે તેને ભલું સમજવું એને અનુમત કહેવાય છે.

અનુમેય :અનુમાન કરી શકવા યોગ્ય.

અનુમેય માત્ર :કેવળ અનુમાનથી જ જાણવા યોગ્ય.

અનુમાન :અનુમાન બે પ્રકારના છે. એક ગતિજ્ઞાનનો ભેદ, બીજો શ્રુત જ્ઞાનનો ભેદ છે. સાધન દેખતાં પોતાથી સાધ્યનું જ્ઞાન થવું, તે મતિજ્ઞાન છે. બીજાના હેતુ અને તર્કના વાક્ય સાંભળીને, જે અનુમાન જ્ઞાન થાય, તે શ્રુતઅનુમાન છે; ચિહ્નાદિ ઉપરથી તે જ પદાર્થનું અનુમાન થવું, તે મતિજ્ઞાન છે, અને ચિહ્નાદિ ઉપરથી બાજા પદાર્થનું અનુમાન થવું, તે શ્રુતજ્ઞાન છે. (૨) સંભાવના; તક; અટકળ; અંદાજ; અડસટ્ટો; સિદ્ધાંત ઉપરથી મેળવેલો નિર્ણય. (૩) સન્મુખ ચિહ્નાદિ દેખી તે ચિહનવાળા પદાર્થનો નિર્ણય કરવો તેને અનુમાન (અભિનિ બોધ) કહે છે.

અનુમાન પ્રમાણ :રાગથી ભિન્ન પોતાની જ્ઞાન ચેતનાનું સ્વરૂપ અનુમાન પ્રમાણથી જાણીને નક્કી કરવું. એટલે શું ? કે જ્યાં જ્ઞાન ત્યાં આત્મા, અને જ્યાં જ્ઞાન નહિ ત્યાં આત્મા નહિ. મતલબ કે દયા, દાન, આદિનો રાગ થાય તે આત્મા નહિ. એ તો અનાત્મા છે. આ પ્રમાણે અનુમાન પ્રમાણથી જાણીને રાગથી ભિન્ન જ્ઞાન ચેતનાનું સ્વરૂપ નક્કી કરવું.

અન્માનાય :જિનાગમની પરંપરા

અનુમોદન :આદર (૨) બહુમાન; પ્રશંસા.

અનુમોદના :સંમતિ; સહાનુભૂતિ; ટેકો. (૨) સારું કહેવું. (૩) પ્રશંસા; સેવન.

અનુમોદવું :આનંદથી સંમત કરવું. (૨) સંમત કરવું.

અન્ય :ભિન્ન; જુદું. (૨) સ્વરૂપથી જુદી, એવી. (૩) પર; બીજું; ઈતર; જુદું; ભિન્ન

અન્ય આશ્રય ભક્તિ :આશ્રય=આશરો; આધાર; શરણ; વિશ્વાસ; વિસામાની જગ્યા; બચાવનું સાધન; ભરોસો.

અન્યગુણ :સત્તા સિવાયનો બીજો કોઈ પણ ગુણ.

અન્ય દ્રવ્યો :કેટલાક ગુણો, અન્ય દ્રવ્યો સાથે સંબંધ રહિત હોવાને લીધ, અર્થાત્ અન્ય દ્રવ્યોમાં નહિ હોવાને લીધે અસાધારણ છે અને તેથી વિશેષણભૂત-ભિન્ન લક્ષણભૂત છે; તેમના વડે દ્રવ્યોનું ભિન્નપણું, નક્કી કરી શકાય છે.

અન્ય દ્રવ્યોના ભાવો :કર્મનો ઉદય અને એનો ભાવ; પુદ્ગલ દ્રવ્ય અને એના ભાવનું લક્ષ.

અન્યનિરપેક્ષપણે :અન્ય દ્રવ્યથી નિરપેક્ષપણે; સ્વદ્રવ્યમાં જ.

અન્ય ભાવ :નાર, નારક તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્ય ભાવ છે.

અનન્ય શરણ :જેના જેવું બીજું શરણ નથી.

અન્યત્વ :બીજાપણાની ભાવના (૨) અતદ્‌ભાવ અન્યત્વનું લક્ષણ છે. (૩) અતદ્‌ભાવ; અતતપણું; તે પણે નહિ હોવું. તે.

અન્યથા જ અંગીકૃત કરીને :બીજી રીતે જ સમજીને.

અન્યથા :બીજી રીતે; ઊલટું; વિરુદ્ધ. (૨); આડું; (૩) વિપરીત. (૪) અન્ય પ્રકારે; બીજી રીતે. (મોક્ષમાં જીવની હયાતી જ ન રહેતી હોય, તો ઉક્ત આઠ ભાવો ઘટે જ નહિ. જો મોક્ષમાં જીવનો અભાવ જ થઈજતો હોય તો,

(૧) દરેક દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે,-એ વાત કેમ ઘટે ?

(૨) દરેક દ્રવ્ય નિત્ય રહીને, તેમાં પર્યાયોનો નાશ થાય કરે છે,-એ વાત કેમ ઘટે ?

(૩-૬) દરેક દ્રવ્ય સર્વદા અનાગત પર્યાયે ભાવ્ય, સર્વદા અતીત પર્યાયે અભાવ્ય, સર્વદા પરથી શૂન્ય અને સર્વદા સ્વથી અશૂન્ય છે,-એ વાતો કેમ ઘટે ?

(૭) કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન છે,-એ વાત કેમ ઘટે ? અને

(૮) કોઈક જીવદ્રવ્યમાં સાત અજ્ઞાન છ, (અર્થાત્ જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાનપરિણામનો અંત આવે છે.), - એ વાત કેમ ઘટે ? માટે આઠ ભાવો દ્વારા, મોક્ષમાં જીવનની હયાતી સિદ્ધ થાય છે.)

અન્યથા અંગીકૃત કરીને :બીજી રીતે સમજીને.

અન્યથા અધ્યવસિત થાય છે :બીજી રીતે જણાય છે-મનાય છે.

અન્યથા અનુપપત્તિ :બીજી કોઈ રીતે નહિ બની શકતું તે. (જીવ-પુદ્‌ગલોના ઉપત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ એટલે તેમની સમય વિશિષ્ટ. વૃત્તિ તે સમયવિશિષ્ટ સમયેને ઉત્પન્ન કરનારા કોઈ પદાર્થ વિના (નિશ્ચયકાળ વિના) હોઈ શકે નહિ જેમ આકાશ વિના દ્રવ્યો અવગાહ પામી શકે નહિ અર્થાત્ તેમને વિસ્તાર (તિર્યકપણું) હોઈ શકે નહિ તેમ નિશ્ચયકાળ વિના દ્રવ્યો પરિણામ પામી શકે નહિ અર્થાત્ તેમને પ્રવાહ (ઉર્ધ્વપણું) હોઈ શકે નહિ. આ પ્રમાણે નિશ્ચયકાળની હયાતિ વિના (અર્થાત્ નિમિત્તભૂત કાળદ્રવ્યના સદ્‌ભાવ વિના બીજી કોઈ રીતે જીવ-યુદ્‌ગલના પરિણામ બની શકતા નથી, તેથી નિશ્ચયકાળ વિદ્યમાને છે એમ જણાય છે - નક્કી થાય છે.)

અન્યથા પરિચ્છેદે :વિપરીતાદિ રૂપે.

અન્યધર્મ :પર ભાવ.

અન્યપણું :ભિન્ન ભિન્નપણું.

અન્યપણે :અભિન્નપણે. (જેમ અગ્નિ આધાર છે અને ઉષ્ણતા આધેય છે છતાં તેઓ અભિન્ને છે , તેમ દ્રવ્ય આધાર છે. અને ગુણપર્યાયો આધેય છે છતાં તેઓ અભિન્ન છે.)

અનુયપત્તિ :અપરિણમન.

અનુપન્ન :નહીં સંભવિત; નહીં સિદ્ધ થવા યોગ્ય.

અનુયાયી :અનુ = પાછળ પાછળ, યાયી = જનાર. અનુસરનાર.

અન્યોક્તિ :ઉપરથી દૂષણ જેવું જણાય પણ ખરી રીતે ગુણ કે વખાણરૂપ વર્ણન કરવું તે; કટાક્ષરૂપ વચન.

અનુયોગ :એકની પાછળ આવતો બીજો પ્રસંગ; ટીકા; વિવરણ; વ્યાખ્યાની ચોક્કસ પ્રકારની રીત.

અનુયોગ :ભગવાને કહેલો ઉપદેશ વિષય અનુસાર જુદા જુદા અધિકારમાં આવેલો છે, તે દરેક અધિકારને અનુયોગ કહે છે.

સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ આપવા અર્થે પ્રવૃત્ત થયેલો અધિકાર તે અનુયોગ છે.

અનુયોગ :(૧) પ્રયોગવીરોનાં જીવન રહસ્યરૂપ ધર્મકથાનુયોગ, (૨) કર્મતંત્ર રહસ્યરૂપ કરણાનુયોગ, (૩) સદાચાર વિધાનરૂપ ચરણાનુંયોગ અને (૪) વિશ્વપદાર્થ રહસ્યરૂપ દ્રવ્યાનુયોગ

આ પ્રમાણે ચાર અનુયોગો છે.

અનુયોગ :કથન, અનુશાસન (૨) અનુસરવું; આશ્રયે વર્તવું. (૩) વર્તવું નથી આશ્રય અનુયોગ સત્‌પુરુષોને આશ્રયે વર્તવુ જોઈએ તે નથી. (૪) અનુસરનાર; એકની પાછળ આવતો બીજો પ્રસંગ (૫) તીર્થંકરે કહેવતે ઉપદેશ વિષય અનુસાર જુદા જુદા અધિકારમાં આવેલો છે તે દરેક અધિકારને અનુયોગ કહે છે. જેમ કે કથાનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણાનુયોગ વગેરે. (૪) સત્શાસ્ત્રોમાં ચાર પ્રકારના અનુયોગ છે :

(a) પ્રયોગવીરોનાં જીવન રહસ્યરૂપ ધર્મકથાનું યોગ.
(b) કર્મતંત્ર રહસ્યરૂપ કરણાનુયોગ.
(c) સદાચાર વિધાનરૂપ ચરણાનુયોગ અને
(d) વિશ્વ પદાર્થ રહસ્યરૂપ દ્રવ્યાનુયોગ.

પરમાર્થ રહસ્યને પામવા મોટ આ ચારે અનુયોગોનો આશ્રયપૂર્વક સ્વાધ્યાય કરવો જોઈએ.

(૫) જિનવાણીમાં, અનેક શાસ્ત્રોનો સંગ્રહ છે. ચાર અનુયોગોમાં તે વહેંચાયેલો છે, જેને ચાર વેદ પણ કહેવાય છે.

(૧)પ્રથમાનુયોગ,=પ્રથમ અવસ્થામાં, અલ્પ જ્ઞાનવાળા શિષ્યોને તત્ત્વજ્ઞાનની રુચિ કરાવવા, જે સમર્થ થાય તેને પ્રથમાનુયોગ કહે છે. તેમાં જે મહાન પુરુષો અથવા સ્ત્રીઓએ ધર્મને ધારણ કરી, આત્માની ઉન્નતિ સાધ્ય કરી છે, તેમનાં જીવનચરિત્ર હોય છે. જેને પાપ કરવાથી ઘણાં દુઃખની પ્રાપ્તિ થઈ હોય, અને પુણ્ય કરવાથી સુખ-સાતાકારી સાધનોની પ્રાપ્તિ થઈ હોય, એવાં ચરિત્રોનું પણ તેમાં કથન હોય છે. આ પ્રકારનાં વર્ણનો વાંચવાથી, બુદ્ધિ ઉપર એવી છાપ પડે છે કે, આપણે પણ ધર્મનાં સાધનો કરીને, આપણું આત્મહિત સાધવું યોગ્ય છે.

(૨) બીજો અનુયોગ કરુણાનુયોગ છે=એમાં ચાર ગતિનું સ્વરૂપ, તથા લોકનું સ્વરૂપ બતાવ્યું છે. જીવોને અવસ્થાના ભેદ, ગુણસ્થાન અને માર્ગણા સ્થાનોનું કથન તથા કર્મોનો બંધ, ઉદય, સત્તા આદિનું નિરૂપણ છે. આત્માની અવસ્થાઓ, કર્મના સંયોગથી ભિન્ન ભિન્ન પ્રકારની થાય છે તે સર્વ હિસાબ તેમાં બતાવ્યો છે. અધ્યાત્મજ્ઞાન, માટે આ જ્ઞાનની બહુ આવશ્યકતા છે. જે ગુણસ્થાનકોને સમજે તે જ બરાબર જાણી શકે કે, સમ્યગ્દષ્ટિ કઈ અપેક્ષાએ બંધક અને કઈ અપેક્ષાએ અબંધક છે, તથા કર્મબંધ, કયા ગુણ સ્થાનક સુધી હોય છે, અને કર્મોની અવસ્થા કેવી રીતે બદલી શકાય છે. આ આત્મજ્ઞાનને બહુ સહકારી છે, કર્મ પુદ્ગલની સંગતિથી જીવના, સઘળા વ્યવહારનૃત્યનું દિગ્દર્શન, આ અનુયોગથી થાય છે.

(૩) ત્રીજો અનુયોગ, ચરણાનુયોગ છે=મન, વચન, કાયાને સ્થિર કરવા માટે, સ્વરૂપાચરણ નિશ્ચયચારિત્ર પ્રાપ્ત કરવા માટે, જે જે વ્યવહારચારિત્રની આવશ્યકતા છે, તે સર્વ આ અનુયોગમાં બતાવ્યું છે. સાધુનું ચારિત્ર, ગૃહસ્થ શ્રાવકનું ચારિત્ર, એ સર્વ વિસ્તારપૂર્વક એવી રીતે બતાવ્યું છે, કે દરેક સ્થિતિના માનવ પોતાની યોગ્યતા અનુસાર, તેનું આચરણ કરી શકે, સહજ સુખનું કરતાં છતાં, રાજકર્તવ્ય, દેશરક્ષાકર્મ, વાણિજ્ય કર્મ, કૃષિકર્મ, શિલ્પકર્મ આદિ, ગૃહસ્થને યોગ્ય આવશ્યક કર્મ પણ, કરી શકે અને દેશપરદેશમાં નાના પ્રકારનાં વાહન દ્વારા, મુસાફરી કરી શકે, એમ ભૌતિક ઉન્નતિ સર્વ પ્રકારની ન્યાયપૂર્વક કરતાં છતાં, સહજ સુખનું સાધન કરી શકાય. જેમ જેમ વૈરાગ્ય વધતો જાય, તેમ તેમ ચારિત્ર અધિક પાળી શકાય, અને અધિક અધિક આત્મધ્યાનની ઉન્નતિ કરી શકાય.

(૪) ચોથો અનુયોગ, દ્રવ્યાનુયોગ છે=એમાં છ દ્રવ્યો, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનું, વ્યવહારનયથી પર્યાયરૂપ તથા નિશ્ચયનયથી, દ્રવ્યરૂપ કથન છે. એમાં શુદ્ધાત્માનુભવની રીતિઓ બતાવી છે. જીવનમુક્ત દશાનાં સાધનો બતાવ્યાં છે, અને અતીન્દ્રિય સહજ સુખની પ્રાપ્તિનો, સાક્ષાત્ ઉપાય બતાવ્યો છે. આ ચાર અનુયોગોનાં શાસ્ત્રોનો, નિત્યપ્રતિ યથાસંભવ અભ્યાસ કરવો, તે વ્યવહાર સમ્યગ્જ્ઞાનનું સેવન છે.

અન્યોન્ય :એકબીજામાં. (૨) પરસ્પર. (૩) પરસ્પર બંધ યોગ્ય (સ્પર્શી). એક અંગ વિકળ છે અર્થાત્ બંધયોગ્ય બે અંગોમાંથી એક અંગ ખામીવાળું છે - સ્પર્શગુણ વિનાનું હોવાથી બંધની યોગ્યતાવાળું નથી.

અન્યોન્ય અગાહન :વિશિષ્ટ શક્તિ સહિત, એકક્ષેત્રાવગાહ સંબંધ.

અન્યોન્યવૃત્તિ :એકબીજાના આશ્રયે નભવું તે; એક બીજાના આધારે ટકવું તે; એક બીજાને લીધે હયાત રહેવું તે.

અન્યોન્યાભાવ :પુદ્ગલ દ્રવ્યની એક વર્તમાન પર્યાયનો બીજા પુદ્ગલની વર્તમાન પર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો એક પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયથી બીજા પુદ્ગલની દ્રવ્યની વર્તમાન પર્યાયથી સ્વતંત્ર અને ભિન્ન નહિ રહે.)

અનુરક્ત :તલ્લીન (૨) મગ્ન (૩) વિકારી, અસંયમી, અનુરાગી, રાગવાળાં (૪) રાગયુક્ત. (૫) રાગરૂપ; રાગી. (૬) અનુરાગી; પ્રેમાસક્ત; રંગાયેલું; તલ્લીન;

અનુરક્તતા :આસક્તિ. (૨) અનુરાગીપણું; આસકિત.પ્રેમા સકિત.

અનર્ગલ :નિરંકુશ; અપાર; પુષ્કળ; બેશુમાર; અંકુશ વિનાનું; સ્વતંત્ર

અનુરંજિત :અનુરક્ત; રાગવાળી; સરાગ; (૨) રંગાયેલ. (કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ, તે લેશ્યા છે. ત્યાં કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ, તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગ પ્રવૃત્તિરૂપ છે.)

અનુરકતતા : પ્રેમાશકિત.

અનર્થ :નુકસાન (૨) પાપ; અત્યાચાર; ખોટી મતલબ; અધર્મથી મેળવેલું ધન; નુકશાન; ઉપદ્રવ; હાનિ; ખોટો અર્થ; ખોટો આશય.

અનર્થ દંડ વ્રતના પાંચ અતિચાર :૧. રાગથી હાસ્ય સહિત અશિષ્ટ વચન બોલવાં, ૨. શરીરની કુચેષ્ટા કરીને અશિષ્ટ વચન બોલવાં, ૩. દુષ્ટતા પૂર્વક જરૂર કરતાં વધારે બોલવું. ૪. પ્રયોજન વગર મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવી અને ૫. ભોગ-ઉપભોગનો પદાર્થોનો જરૂર કરતાં વધારે સંગ્રહ કરવો. એ પાંચ અનર્થ દંડના અતિચારો છે.

અનર્થ :અહિત. (૨) જેનાથી કંઈ અર્થ એટલે કે પ્રયોજન સિદ્ધ ન થાય તે અનર્થ છે.

અનર્થ દંડ :પ્રયોજન વગરની મન, વચન, કાયા તરફની અશુભ પ્રવૃત્તિ.

અનર્થ દંડ ત્યાગ નામનું ગુણવ્રત :પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો તેને અનર્થ દંડ ત્યાગવ્રત કહે છે.તેના પાંચ ભેદ છે.

૧. અપધ્યાન ત્યાગવ્રત
૨. પાપોપદેશ ત્યાગવ્રત,
૩. પ્રમાદચર્યા ત્યાગવ્રત,
૪. હિંસા પ્રદાન ત્યાગવ્રત,
૫. દુઃશ્રુતિ ત્યાગવ્રત.

અનર્થ દંડ ત્યાગવ્રતના પાંચ અતિસાર :

૧. હાસ્ય સહિત ભાંડ વચન બોલવાં,
૨. કાયાથી કુચેષ્ટા કરવી,
૩. પ્રયોજનથી અધિક ભોગના પદાર્થો ભેગા કરવા તથા નામ ગ્રહણ કરવું,
૪. લડાઈ ઝઘડા કરાવનાર વચનો બોલવાં,
૫. પ્રયોજન વિના મન, વચન, કાયાનો વ્યાપાર વધારતા જવું - એ જ પાંચ અનર્થ દંડ ત્યાગવ્રતના અતિચાર છે.

અનર્થ દંડત્યાગ :અનર્થ દંડત્યાગના પાંચ ભેદ છે:

૧. અપધ્યાન અનર્થ દંડ ત્યાગ વ્રતનું સ્વરૂપ :- શિકાર, જય, પરાજય, યુદ્ધ, પરસ્ત્રીગમન, ચોરી આદિનું કોઈપણ સમયે ચિંતવન ન કરવું જોઈએ. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન અનર્થ દંડ ત્યાગવ્રત છે.

(૨) પાપોપદેશ = વિદ્યા, વ્યાપાર, લેખનકળા, ખેતી, નોકરી અને કારીગરીથી નિર્વાહ ચલાવનાર પુરુષોને પાપનો ઉપદેશ મળે એવું વચન કોઈપણ વખતે ન બોલવું જોઈએ.

(૩) પ્રમાદચર્યા = વિના પ્રયોજને પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવા,અતિશય ઘાસવાળી જમીન કચરવી, પાણી સીંચવું-ઢોળવું, પાંદડાં, ફળ, ફૂલો તોડવાં ઈત્યાદિ કોઈપણ કાર્ય પ્રયોજન વિના ન કરવું.

(૪) હિંસા પ્રદાન = હિંસા કરવાનાં સાધન છરી, વિષ, અગ્નિ, હળ, તરવાર, બાણ વગેરેનું દેવું અર્થાત્ બીજાને આપે નહિ, એને જ હિંસાદાન અનર્થદંડ ત્યાગવ્રત કહે છે.

(૫) દુઃશ્રુતિ અનર્થદંડ ત્યાગવ્રત = મિથ્યાત્વ સહિત રાગદ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું. એને જ દુઃશ્રુતિ અનર્થદંડ ત્યાગવ્રત કહે છે.

જે કથાઓ સાંભળવાથી , વાંચવાથી, અને શિખવવાથી વિષયાદિની વૃદ્ધિ થાય, મોહ વધે અને પોતાના તથા પરના પરિણામથી ચિત્તને સંકલેઈ થાય એવી રાજકથા, ચોરકથા, ભોજનકથા, સ્ત્રીકથા ઈત્યાદિ કથાઓ કહેવી નહિ.

અનર્થદંડ ત્યાગ :પ્રયોજન વિનાના પાપનો ત્યાગ. તેના પાંચ ભેદ છે.

૧. અપધ્યાન ત્યાગવ્રત, ૨. પાપોપદેશ ત્યાગવ્રત, ૩. પ્રમાદચર્યાત્યાગવ્રત, ૪. હિંસાદાન ત્યાગવ્રત અને ૫. દુઃશ્રુતિ ત્યાગવ્રત.

(૧) અપધ્યાન અનર્થદંડ ત્યાગવ્રત = શિકાર કરવાનું, સંગ્રામ કરવામાં કોઈની જીત અને હારનું , પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ત્યાશ્વયાદિ ખરાબ કાર્યો કે જે કરવાથી કેવળ પાપ જ થાય છે, તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ. એને જ અપધ્યાન અનર્થ દંડત્યાગ વ્રત કહે છે. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન છે, તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. જેનો ત્યાગ કરવો તે અપધ્યાન અનર્થ દંડત્યાગ વ્રત કહે છે.

અનર્થદંડવ્રત :પ્રયોજન વગરની મન,વચન, કાયા તરફની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ.

અનર્થાતભૂત :અભિન્નપદાર્થભૂત; અનન્યપદાર્થભૂત.

અનર્થાંતરપણું :અભિન્નપદાર્થપણું; અનન્યપદાર્થપણું.

અનુરૂપ :સામેની ચીજ ઉપાદાનને, અનુરૂપ કહેવામાં આવે છે ; નૈમિત્તિક.

અનર્પિત :ગૌણતા (૨) જે કથન ગૌણ રાવાનમાં આવ્યું હોય, તેને અનર્પિત કહે છે. અર્પિત અને અનર્પિત એ બંને કથનોને, એકત્રિત કરતાં જે અર્થ થાય, તે પૂર્ણ (પ્રમાણ) અર્થ છે. તેથી તે સર્વાંગ વ્યાખ્યા છે. (૩) અર્પિત કથનમાં અનર્પિતની જે ગૌણતા રાખવામાં આવી હોય તો તે નયકથન છે.

અનર્મલ :અપાર; પુષ્કળ; બેસુમાર; અંકુશ વિનાનું; સ્વતંત્ર.

અનેરા :ભિન્ન; પર (૨) જુદા; ભિન્ન.

અનુરાગ :નિત્યમાં નિત્યબુદ્ધિથી એની પ્રાપ્તિની વૃત્તિ એ શુદ્ધ લક્ષ્ય કહેવાય. એને અનુરાગ કહેવાય.

અનેરાપણું :જુદાપણું.

અનેરી :બીજી ચીજ. (૨) જુદી જુદી

અનેરો :અન્ય.

અનુરોધ :વિનયપૂર્વકનું દબાણ; આગ્રહભરી વિનંતી.

અનુરોધ વડે :અનુસરીને.

અનપોહત્વ :અપોહરૂપપણું ન હોવું તે; કેવળ નકારાત્મકપણું, ન હોવું તે.

અનુલક્ષિત :ધ્યાનમાં લીધેલું.

અનુલંધ્ય :ઉલ્લંઘનીય અથવા ખંડનીય ન હોતાં ગ્રાહ્ય હોય.

અનુલબ્ધિ :અપ્રાપ્તિ.

અનવકાશ :(સ્વભાવમાં) સંપૂર્ણપણે સ્થિર થવું. (૨) સમીપ; નિરંતર (૩) અવિચ્છિન્ન; અત્રૂટક; એક પ્રવાહરૂપ-ગોણ-મુખ્ય. (૪) અવકાશ-ખાલી જગ્યાનો અભાવ; ફુરસરનો અભાવ. (૫) અવકાશ રહિત (૬) પ્રવૃત્ત (૭) એકરૂપ; અભેદ; નિરંતર; અંતર રહિત. (૮) એક સમય માત્ર પણ સ્વરૂપનો વિરહ નહિ તે.

અનવકાશે :અંતર વિના; આંતરા વગર; ઘડીના વિલંબ વિના.

અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ :જેમાં એક સમયનો વિરહ નહીં તેવું ચિત્તનું આકર્ષણ.

અનવકાશિત :એકરૂપ

અનુવદતું :અનુક્રમે જણાવતું-વદતું.

અનવદ્ય :નિર્દોષ; અબાધ્ય.

અનવધિ :મર્યાદા વિનાનું

અન્વય :એકના સદ્ભાવમાં બીજું અવશ્ય હોય તેવું. (૨) ક્રમાનુસારી. (૩) એકરૂપતા; સદશ્યતા; આ તે જ છે એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (૪) સામાન્ય; અનુગમન; સંબંધ. (૫) સંતતિ; પ્રવાહ; સાથે સાથે; (૬) સાધન; સમય; ચેતન. (૭) ટકવાપણું દર્શાવે છે, અને વ્યતિરેકો ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે. (૮) એકરૂપતા; સદશતા; 'આ તે જ છે ' . એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (ગુણોમાં સહાય સદશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અન્વય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો (અન્વયવાળા ભદો છે.) (૯) જોડાયેલો. સંબંધ. ોઈની રુકાવટવિના

(અનર્ગળ) પ્રવાહરૂપ અને અય પદ ગતિના અર્થવાળા અય ધાતુમાંથી બનેલું છે. એનો અર્થ થાય છે કે ગતિ કરે, ચાલતું રહે અવો અનુગત અર્ધ ઘટતો હોવાથી દ્રવ્ય અન્વય કહેવાય છે. (સ્પષ્ટ અર્થ એ છે કે અખંડરૂપે દ્રવ્યની સાથે સાથે જે પરિણમન કરતું રહે તે અન્વયી છે. ગુણ દ્રવ્યની સાથે જ સદૈવ પરણિમન કરે છે.) (૧૦) સંબંધ; કારણ હોય ત્યાં કાર્યનું હોવું તે નિયમ, પદોનો પરસ્પર યોગ્ય સંબંધ; વંશ; ભાવાર્થ. (૧૧) પાછળ જવું એ; અનુગમન; સંબંધ; વંશ; કૂળ; એક વસ્તુ હોય ત્યાં બીજી વસ્તુનું નિયમ કરીને હોવાપણું. (૧૨) ત્રિકાળિક પ્રવાહરૂપ દ્રવ્ય. (૧૩) એકના સદ્‌ભાવમાં બીજું અવશ્ય હોય તેવું. (૧૪) પાછળ જવું તે; અનુગમન; સંબંધ; વંશ; કુળ; (૧૫) તે દ્રવ્ય છે. (૧૫) એકરૂપતા; સદશતા; આ તેજ છે, એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (ગુણોમાં સદાય સદશતા રહેતી હોવાથી, તેમનામાં સદાય અન્વય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વયી વિશેષો (અન્વયવાળા ભેદો) છે.) ધ્રૌવ્ય; નિત્યતા; સાથે સાથે; સંતતિ; પ્રવાહ. (૧૬) એકરૂપતા, સદશતા, આ તેજ છે, એવા જ્ઞાનના કારણભૂત એકરૂપપણું. (૧૭) ટકવાપણું દર્શાવે છે; એકરૂપતા. ધ્રુવ

અન્વય વ્યતિરેકો :(ભેદો) તે પર્યાયો છે. (૨) એકબીજામાં નહિ પ્રવર્તતા એવા જે અન્યયના વ્યતિરેકો- ચેતનાના પર્યાયો.

અન્વય શક્તિઓ :અન્વયરૂપ શક્તિઓ (અન્વયશક્તિઓ, ઉત્પત્તિ અને નાશ વિનાની છે. એકી સાથે પ્રવર્તે છે, અને દ્રવ્યને નિપજાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેર, આત્મદ્રવ્યની અન્વય શક્તિઓ છે.)

અન્વયનું વિશેષણ :ચેતનનું વિશેષણ, ચૈતન્યને ગુણ છે. (૨) ત્રિકાળિક પ્રવાહનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે. (૩) તે ગુણ છે.

અન્વયના વ્યતિરેકો :ચેતનના પર્યાયો

અન્વયના વ્યતિરેકો (ભેદો) :ત્રિકાળિક પ્રવાહમાં જે ક્ષણવર્તી ભેદો છે તે પર્યાયો છે.

અન્વયરૂપ :સામાન્યરૂપ (૨) સાથે જ. (૩) સાથે સાથે

અન્વયશક્તિ સાથે ગુંથાયેલો :એકરૂપપણે જોડાયેલો.

અન્વયશક્તિઓ :અન્વયરૂપ શક્તિઓ. (અન્વયશક્તિઓ ઉત્પત્તિ અને નાશ વિનાની છે. એકી સાથે પ્રવર્તે અને દ્રવ્યને નિપજાવે છે. ધ્યાન, દર્શન, ચારિત્ર વગેરે આત્મદ્રવ્યની અન્વય શક્તિઓ છે.)

અન્વયી :પાછળ આવી રહેલું; અનુસરીને રહેલું; સંબંધવાળું; એક જ વંશનું; સામાન્ય સ્વરૂપી; (૨) પાછળ આવી રહેલું; અનુસરીને રહેલું; સંબંધવાળું; એક જ વંશનું. (૩) આ અન્વય જેમના છે તે અન્વયી કહેવાય છે. આવા અન્વયી ગુણ કહેવાય છે એનો અર્થ એ છે કે વાસ્તવમાં ગુણ પોતાના જ પક્ષમાં રહે છે, પર્યાયોની અપેક્ષા રાખતા નથી.

અનુવર્તન અને અનુદીરણા :એ બેનો અર્થ મળતો છે, તથાપિ તફાવત છે કે ઉદીરણામાં આત્માની શક્તિ છે. એ અનુવર્તનમાં કર્મની શક્તિ.

અનુવર્તવું :અનસરીને પરિણમવું.

અન્વર્થ :અર્થને અનુસરતી; અર્થ પ્રમાણે.

અન્વર્થક :શબ્દ ભેદ છે પણ વાચ્યનો બીજ વાચ્ય વચ્ચે ભેદ નથી.

અન્વર્થક :યથાર્થ.

અનવરતપણે :નિરંતર, અસ્ખલિત; સતત ચાલુ; સદા; હમેશાં; અટક્યા વિનાનું.

અનવસ્થા :અપ્રમાણરૂપ અનંત પદાર્થોની ઉત્તરોત્તર કલ્પના કરતા જવું એનું જ નામ અનવસ્થા છે.

અનવસ્થા દોષ :અપ્રમાણરૂપ અનંત પદાર્થોની ઉત્તરોત્તર કલ્પના કરતા જવું એનું નામ જ અનવસ્થા દોષ છે. વસ્તુને પરથી સિદ્ધ માનવામાં અનવસ્થા નામનો દોષ આવે છે. આ દોષ મોટો છે. તે આ રીતે આવે છે કે-વસ્તુ જો પરથી સિદ્ધ થાય તો તે પર પણ કોઈ બીજા પર પદાર્થથી સિદ્ધ થશે. કારણ કે પર-સિદ્ધ માનનારાઓનો આ સિદ્ધાંત છે કે દરેક પદાર્થ પરથી જ ઉત્પન્ન થાય છે.

અનવસ્થાયી :અનિત્ય.

અનવસ્થિત : (૧) અસ્થિર. (મિથ્યાદષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, તોપણ તેમને અનંતકાળ સુધી અનંત ભિન્ન ભિન્ન ભાવો રૂપે-ભાવાંતર રૂપે, પરાવર્તન (પલટવું) થયા કરવાથી તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે અને

તેથી તેઓ સંસારતત્ત્વ જ છે. (૨) અનિશ્ચિત. (સૂકા-ભીના ચામડાની માફક જીવ, પર ક્ષેત્રની અપેક્ષાએ સંકોચ-વિસ્તાર પામતો હોવાથી, અનિશ્ચિત માપવાળો છે. આમ હોવા છતાં, જેમ ચામડાના સ્વઅંશો ઘટતા-વધતા નથી, તેમ જીવના સ્વઅંશો ઘટતા-વધતા નથી; તેથી તે સદાય નિયત અસંખ્યપ્રદેશી જ છે.) (૩) અનેકરૂપ; અનિશ્ચિત; પરિણમન શીલ; અસ્થિર.

અનવસ્થિત અવધિજ્ઞાન :પાણીના તંરગોની માફક ઘટતું-વધતું રહે, એક સરખું ન રહે તેને અનવસ્થિત અવધિજ્ઞાન કહે છે. મનુષ્યોને આ અવધિજ્ઞાન થાય છે એમ કહ્યું છે તેમાં તીર્થંકરો ન લેવા, બીજા મનુષ્યો સમજવા; તે પણ બહુ થોડા મનુષ્યોને થાય છે. આ અવધિજ્ઞાનને ગુણ પ્રત્યય પણ કહેવામાં આવે છે. તે નાભિની ઉપર શંખ, પદ્મ, વજ્ર, સ્વસ્તિક, કલશ, માછલાં આદિ શુભ ચિહ્ન દ્વારા થાય છે.

અનવસ્થિતપણું :અસ્થિરપણું; નહિ ટકવું તે.

અન્વાચય :એકને પ્રધાનરૂપે અને બીજાને ગૌણરૂપે બતાવવું, એ અન્વાચય શબ્દનો અર્થ છે. (૨) અન્વાચય એટલે એકને પ્રધાનપણે અને બીજાને ગૌણપણે બતાવવું એ અન્વાચય શબ્દનો અર્થ છે. (૩) એકને પ્રધાનરૂપે અને બીજાને ગૌણરૂપે બતાવવું એ અન્વાચય શબ્દનો અર્થ છે.

અનવાસ્થિત વૃત્તિવાળા :અસ્થિરભાવવાળા. (મિથ્યા દષ્ટિઓએ ભલે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય તો પણ તેમને અનંતકાળ સુધી અનંત ભિન્નભિન્ન ભાવો રૂપે-ભાવાંતર રૂપે પરિવર્તન પલટવું થયા કરવાથી તેઓ અસ્થિર પરિણતિવાળા રહેશે.)

(૧) ક્ષુધા - અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેષની કરનારી તે ક્ષુધા છે. (અર્થાત્ વિશિષ્ટ-ખાસ પ્રકારના-અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્ત થતું જે ખાવાની ઈચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે)

પૂર્ણ અમૃતનો સાગર જ્યાં અનુભવાય છે. ત્યાં ભગવાનને ક્ષુધા કેવી ? અંદર આત્મા અમૃતનો સાગર ભરેલો છે. જે જ્યાં પર્યાયમાં પૂરણ ઊછળી રહ્યો છે ત્યાં એવા અમૃતના અનુભવનારને-ભગવાન કેવળી ભગવાનને ક્ષુધા કેવી ? પરમેશ્વર, દેવ એને કહીએ જેને ક્ષુધા ન હોય. અરે ! નીચે (ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનોને પણ જ્યારે જીવ અમૃતસાગર પ્રભુ આત્માના અનુભવમાં હોય છે ત્યારે તેને આહારની ઈચ્છા હોતી નથી (જો કે બહાર વિકલ્પમાં આવશે ત્યારે વૃત્તિ ઊઠશે.). જો પછી કેવળી પ્રભુતો અનંત આનંદના સાગરમાં ડોલી રહ્યા છે, તેમને અતીન્દ્રિય આનંદનું પૂર્ણ (પ્રતિસમય) વેદન છે; પછી તેમને ક્ષુધા કેવી ? અહો ! ઊંમયે સમયે પરમેશ્વર અરિહંતદેવને અનંત અતીન્દ્રિય આનંદના ભોગવટાનું ભોજન હોય છે. જેમને ક્ષુધા હોય, ને તેઓ આહાર કરે એમ માનવું એ કંલક છે. એમ માનનાર સાચા દેવને ઓળખવો જ નથી.

ભગવાન સર્વજ્ઞ દેવને અશાતાનો તીવ્ર ઉદય હોતો નથી. એવો વિશિષ્ટ-ખાસ પ્રકારનો અશાતાવેદનીય કર્મનો ભગવાનને ઉદય નથી, અને મોહનીયનો તો સર્વથા અભાવ છે. જેથી ભગવાનને ભોજનની ઈચ્છારૂપ કલેશ-દુઃખ-ક્ષુધા અને ભોજન હોતાં નથી. અહા ! જેમની વાણી-દિવ્યધ્વનિ આગમ કહેવાય છે એ ભગવાનને ક્ષુધાદિ દોષ હોય નહિ; અને એવા દોષવાળાની વાણીને આગમ કહેવાય નહિ, અને તે દેવ પણ હોય નહિ.

ભગવાનને શરીરમાં રોગ થયો ને તેમણે આહાર લીધો તે બધાં કથન ખોટાં છે. જે પરમેશ્વર થયા એમને પણ હજી ક્ષુધા ? અરે ! જેમના ભક્તો જે દેવો અને ઈન્દ્રો છે તેમને પણ જ્યાં ૩૩ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છે ત્યાં તેમને (ભગવાનને) દિન-દિન પ્રતિ (દરરોજ) આહાર ? એમ હોઈ શકે નહિ. ભાઈ, તીર્થંકરના શરીરતો સદાય સુંદર જ હોય છે, તેમને નોકર્મરૂપ આહાર (શરીરને યોગ્ય રજકણો) સદાય આવ્યા જ કરે છે. પણ આ કવલાહાર તેમને હોય જ નહિ; ભગવાનને કવલાહાર હોય એમ જેઓ માને છે તેઓ ભગવાનને ઓળખતા જ નથી, અને પોતે પૂર્ણ પરમાત્મા સ્વરૂપ ચીજ શું છે તેનીય તેને ખબર નથી. જેની અંશ દશામાં પણ પૂર્ણતા છે

એવાને જે ક્ષુધા ઠરાવે છે તેને આખા આત્માની-નિજ પૂર્ણાનંદ સ્વરૂપરૂપ અંશીની ખબર ને શ્રદ્ધા નથી એમ કહે છે.

શરીરની અવસ્થામાં જઠરની વિશિષ્ટ અવસ્થા થતાં તેના ઉપર લક્ષ જાય ત્યારે મોહનીય કર્મના નિમિત્તે થતું ખાવાની ઈચ્છારૂપ દુઃખ-પીડા તે ક્ષુધા છે, અને તે (ક્ષુધા) વીતરાગ-પરમેશ્વર-પરમાત્માને તેઓ શરીરવાળા ને વાણીવાળા હોવા છતાં હોતી નથી, હોઈ શકે નહિ. જ્યાં મોહનો સર્વથા અભાવ થયો, અને જ્યાં અમૃતના દરિયા સર્વાંગ (સર્વ પ્રદેશે) ઊછળ્યા છે ત્યાં ક્ષુધા કેવી ?

(૨) તૃષા :- અશાતાવેદનીય સંબંધી તીવ્ર, તીવ્રતર (વધારે તીવ્ર), મંદ અથવા મંદતર પીડાથી ઊપજતી તે તૃષા છે.(અર્થાત્ વિશિષ્ટ અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના પર લક્ષ જોઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે પીવાની ઈચ્છારૂપ દુઃખ તે તૃષા છે.)

કેવળી પરમાત્માને તૃષા ન હોય. અંતર આત્મા વસ્તુ જ એવી અતીન્દ્રિય સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ છે કે તેનું જ્યાં ભાન થાય છે ત્યાં ધર્મી-સમ્યગ્દષ્ટિ પુરુષ પણ સમ્યગ્દર્શનમાં જે સ્વાનુભવમાં અતીન્દ્રિય આનંદનો નિર્વિકલ્પ રસ પીવે છે તો જેને પરમાત્મા દશા થાય તેનો તો નિરંતર પૂર્ણ નિર્વિકલ્પ આનંદના રસનું જ પીણું હોય છે; પરંતુ આ પાણી પીવું એ હોતું નથી. નિર્વિકલ્પ રસ પીજીએ એમ આવે છે ને ? અહા ! નિરંતર નિર્વિકલ્પ આનંદના રસને પીનારા ને શું પીડા કે પાણી પીવે ? ભગવાનને તૃષાય હોતી નથી ને પાણીનું પીવું ય હોતું નથી.

(૩) ભય :- આ લોકનો ભય, પરલોકનો ભય, અરક્ષાભય, અક્ષુપ્તિ ભય, મરણભય, વેદનાભય અને અકસ્માત ભય એમ ભય સાત પ્રકારનો છે.

(૧)ભગવાનને કોઈ ભય હોતો નથી. સાક્ષાત્ પરમામૃતના અનુભવમાં પડ્યા છે તેમને ભય કેવો ? અરે ! સમ્યગ્દષ્ટિને પણ ભયો હોતો નથી. પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર આત્મા છે. આત્માવસ્તુ અસ્તિ છે. જે સ્વભાવવાન છે. અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય ઈત્યાદિથી ભરપૂર ભરેલો પ્રભુ આત્મા છે. આવા નિજ સ્વરૂપની જેમ અંતદષ્ટિ થઈને ધર્મની દષ્ટિ પ્રગટી છે. અંતરમાં ભાન થયાં છે - તેને પણ ભય હોતો નથી, તે નિર્ભય છે. જો પછી જેમને પૂર્ણ ધમ પ્રગટ છે તે ધર્મના ઈશ્વર ભગવાન કેવળીને ભય કેમ હોય ? ન હોય, ન હોઈ શકે.

દેવને-ભગવાન કેવળીને આ લોકનો ભય હોતો નથી. કેમ ? કેમ કે નિજ ચૈતન્યલોક જ પોતાનો લોક છે. હવે એમાં તમને ભય કોનો ? અરે ! આ લોકમાં લક્ષ્મી ચાલી જશે તો ? દીકરો જન્મીને મરી જશે તો ? આદિ ભય હોતો નથી. આ લોકના પદાર્થો એના ચૈતન્યલોકમાં જ નથી તો ભય શાનો ? ભગવાન પૂર્ણ નિર્ભય છે. જ્યાં સમ્યગ્દષ્ટિ નિર્ભય છે તો કેવળીની તો શી વાત ? નિર્ભય-નિર્ભય-પૂર્ણ નિર્ણય.

સમ્યગ્દષ્ટિનો પહેલો જ ગુણ નિઃશંકપણું. છ્નર્ભયતા છે. છ્નઃશંક તે નિર્ભય એવો અખંડાનંદ સ્વરૂપ ચૈતન્ય વ્રજની

મૂર્તિ હું આત્મા છું. આ શરીર ને રાગ ને પુણ્ય-પાપ એ હું નહિ; કેમ કે એ બધા અનાત્મા છે, પર છે. આવું જે ને સ્વાનુભવથી દશા થઈ ને ભાન થયું છે એવા ધર્મીને-કે જે સુખના પંથે ચઢેલો છે તેને ભય હોતો નથી. અંદર નિઃશંક છે ને ? જેથી . ઉપરથી ઈન્દ્રોનાં વજ્ પડે તોય તે ભય પામતો નથી નિર્ભય મારી નગરી છે એમ તે સદાય જાણે છે.

(૨)વળી અહીંથી મરીને બીજે ક્યાં જઈશ ? હું તો ચિદાનંદ-જ્ઞાનાનંદ પ્રભુ આત્મા જયાં હોઉ ત્યાં સદા મારામાં જ છું. આ સ્ત્રી-પુત્રાદિમાં દેવ-નરકમાં ક્યાંય આત્મા નથી. એમ કહે છે. ખરી વાત ભાઈ ! અરે ! એને મોટી લપકમાં વળગાડ છે.હું ? કે જે પોતામાં નથી તેમાં રોકાઈ ગયો છે, ને પોતાને સંભાળવાનું સાવ ચૂકી ગયો છે.

અહીં તો ભગવાન ! મારા જન્મ-મરણના ફેરા કેમ ટળે ને તને શાશ્વત શાંતિ કેમ મળે એ એક જ વાત છે. બાકી બધા આ લોકમાં કે પરલોકમાં હેરાન-હેરાન દુઃખી છે. કરોડપતિ દુઃખી ને અબજોપતિ ય દુઃખી , રાજા દુઃખી ને રંક પણ દુઃખી એ બધા દુઃખની ઘાણીમાં પીલાય છે.

અહા ! ઈસ્તુ પોતે ભગવાન આત્મા આનંદનો નાથ છે, પણ તેની ખબરું વિના બધા પુણ્ય પાપ ને મિથ્યા ભાવની લક્ષણમાં પડ્યા છે. જેથી દુઃખી જ છે. ઠીક છે એમ બહારથી ભલે દેખાય, પણ અંદર તો હોળી સળગે છે. પણ અહીં કહે છે – જેને અંતરમાં ભાન થયું છે કે હું ચૈતન્ય દેવ છું તે ધર્મીપુરુષને પરલોકનો ભય નથી તો પછી ભગવાનન પરલોકનો ભય ક્યાંથી હોય ?

(૩)વળી ભગવાનને અરક્ષાનો ભય નથી. (જ્યાં શાશ્વત ચૈતન્યવસ્તુ આત્મા ત્રિકાળી અવિનશ્વર સત્ સ્વયમેવ પોતામાં સુરક્ષિત-સ્વરક્ષિત છે ત્યાં અરક્ષણ શું ? જેથી પૂર્ણ શાશ્વત દશાને પ્રાપ્ત ભગવાન કેવળીને અરક્ષાભય હોતો નથી.

(૪)ભગવાનને અક્ષુપ્તિભય નથી. ગઢમાં સંતાઈ જઉં જેથી અક્ષુપ્તિ ટળે એનો ભય ભગવાનને હોતો નથી. અહા ! સંર્વજ્ઞ પરમાત્મા તો અનંત આનંદના સ્વરૂપગઢમાં જ ગુપ્ત રહ્યા છે. ત્યાં કોઈનો પ્રવેશ જ નથી તો શાનો ભય ?

(૫)ભગવાનને મરણનો ભય નથી. કાર્માણ શરીર રહે ને ઔદારિક દેહ છૂટે તેને મરણ કહે છે, પણ ભગવાનને તો ઔદારિક દેહ છૂટતાં જ સાથે કાર્માણ શરીર છૂટી જાય છે. એટલે તેમને મરણ જ નથી, ને તેથી મરણભય પણ નથી.

(૬) ભગવાનને વેદનાભય નથી. પૂર્ણ આનંદનું જ્યાં વેદન છે ત્યાં બીજી વેદના-શરીરની વેદના ક્યાં છે ? વેદના ભય હોય ? અરે, પરમેશ્વર-પરમાત્મા કોને કહીએ તેની અજ્ઞાનીઓને ખબરું જ નથી ! જેને નિજ પરમાત્મા સ્વરૂપની ખબર છે તેને બીજા પરમેશ્વર કેવા હોય તેની બરાબર ખબર હોય જ. અને જેને બીજા પરમેશ્વરની ખબર નથી તેને પોતાના પરમેશ્વરની ય ખબર નથી. એ તો જ્યાં-ત્યાં બહારનું દેવ-દેવલાંને માને છે, ને માથાં ફોડે છે, ભાઈ, પોતે દેવ કેવો છે ને બહારમાં કેવા દેવની શ્રદ્ધા હોવી જોઈએ એની વાત છે.

અહો ! ભગવાનું શરીર તો પરમ ઔદારિક થઈ ગયું છે. જેમના શરીર પર બીજો નજર કરે તો તેના સાત ભવ ભાળે એવા તો શરીરના રજકણો નિર્મળ-સ્વચ્છ થઈ જાય છે. હવે એવા શરીરમાં વેદના થઈ એવી વાતુ બાપા ! શું વીતરાગ મારગમાં હોય ! ના હોય. આ તો વીતરાગ પરમેશ્વરનો મારગ. પ્રભુ ! અહા ! સંચ્ચિદાનંદ પ્રભુ પોતે આત્મા જ છે. એનું અંતરમાં ભાવ અને લીનતા થઈને જેને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ છે તેને વેદના ને વેદનાભય છે જ નહિ.

(૭)વળી ભગવાન અકસ્માત ભય અર્થાત્ નવું કંઈક થઈ જશે એનો ભય નથી. દીવાલ પડશે, વીજળી પડશે એવો ભય પરમાત્માને હોતો નથી. અહા ! જ્યાં સમ્યગ્દષ્ટિને પણ એવો ભય નથી ત્યાં કેવળીને ભય કેવો એમને વળી અકસ્માત ને આકસ્મિક શું હોય ? કાંઈ જ નહિ. જેથી ભગવાનને વિસ્મય કે અકસ્માતભય હોતો નથી.

આ રીતે સાત પ્રકારના ભય દેવને હોતા નથી.

(૪) રોષ-ક્રોધ :- ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.

ક્રોધાવેશમાં આવી જાય તેને રોષ થાય છે ને ? પણ એ ભગવાનને હોતો નથી. રાક્ષસને મારવા ધનુષ ચઢાવે તે ભૃકૂટિ ચઢાવે તે ભગવાન ન હોય. અહા ! જે પૂર્ણાનંદના શીતળ સ્વભાવમાં પરમ શાંત વીતરાગ થઈને રહ્યા છે તેમને રોષ ન હોય, ને રોષ હોય તે ભગવાન ન હોય.

(૫) રાગ :- રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય છે.

જુઓ રાગના બે પ્રકાર કીધા : (૧) પ્રશસ્ત રાગ અને (૨) અપ્રશસ્ત રાગ અર્થાત્ શુભ અને અશુભ, અને તે ભગવાન કેવળીને હોતા નથી. હવે એમાં વિશેષ ન્યાય કહે છે.

ધન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે.

બીજાને દાન આપે છે ને ? જો તેમાં શુભરાગ થાય છે; શીલ-બ્રહ્મચર્ય પાળે ને ઉપવાસ કરે, તેમાં શુભરાગ થાય છે. જુઓ. ઉપવાસને અહીં શુભરાગ કીધો છે !

વળી ગુરુજનોની પોતાના ગુરુ કે સંત-મહામુનિવરોની વૈયાવૃત્યમાં શુભરાગ છે, તે ધર્મ નથી એમ કહે છે.

અહા ! ધન, શીલ, ઉપવાસ ને ગુરજનોની સેવા એ પ્રશસ્ત રાગ-શુબરાગ છે, અને એ રાગ કેવળી પરમાત્મા તીર્થંકરદેવને હોતો નથી. અર્થાત્ કેવળી બીજાની સ્તુતિ કરે કે વિનય-વંદના કરે એમ હોતું નથી, કેમ કે ભગવાનને એવો રાગ હોતો નથી. જુઓ, છે કે નહિ આમાં ! અહા ! કેવળી ભગવાન છદ્મસ્થ ગુરુની સ્તુતિ-વિનય કરે એ કોઈ દિ હોય નહિ; કેમ કે કેવળીને પ્રશસ્ત રાગ નથી. વળી સેવા તો પોતાથી મોટા હોય એની હોય. પણ ભગવાનથી મોટું કોણ છે ?

પ્રશ્ન : જે એમનાથી પહેલાં કેવળજ્ઞાન પામ્યા છે એ મોટા છે કે નહિ ?

સમાધાન :- ના, એ મોટા નથી. કેવળીને બીજા કેવળી પ્રત્યે રાગ હોતો નથી. આ વાત હવે પછી (છઠ્ઠા બોલમાં) આવશે. અત્યારે તો ગુરુજનોની વૈયાવૃત્યથી ઉત્પન્ન થતો પ્રશસ્ત રાગ કેવળીને હોતો નથી એમ સિદ્ધ કરવું છે. અહા ! કેવળીને કેવળી પ્રત્યે રાગ ન હોય ત્યાં છદ્મસ્થ પ્રત્યે રાગ-વિનય હોય એમ કેમ બને ? કેમ કે પ્રશસ્ત રાગ કેવળીને દેવને હોતો નથી. આવો મારગ છે બાપા ! આમાં બે વાત થઈ.

(૧) કોઈ દાન, શીલ, ઉપવાસ કે ગુરુની સેવાને ધર્મ માને તો પણ એ ધર્મ નથી. માત્ર શુભ રાગ-પ્રશસ્ત રાગ છે.

(૨) આવો પ્રશસ્ત રાગ ભગવાન કેવળીને હોતો નથી.

હવે આગળ કહે છે : અને સ્ત્રી સંબંધી, રાજા સંબંધી, મોજ સંબંધી તથા ભોજન સંબંધી વિકથા કહેવાને સાંભળવાના કૌતુહલ પરણિામ તે પ્રશસ્ત રાગ છે !

જુઓ અહીં દેશ કથાને રાજા સંબંધી કથામાં સમાવી લીધા છે. અહા ! આવી વસ્તુઓ ભોજનમાં હતી તે કહેવાના ને સાંભળવાના કૌતુહલ ભાવ તે અપ્રશસ્ત રાગ છે - અશુભ રાગ છે- પાપના ભાવ છે. નવરો થયા ને માંડે કે આજે ભોજનમાં આ હતું જે તે હતું. પણ એમાં શું (લાભ) છે ? ધૂળ ય લાભ નથી સાંભળીને. એ તો વિકથા-પાપકથા છે, અપ્રશસ્ત રાગ છે, અને તે ભગવાન કેવળીને હોતો નથી એમ વાત છે.

(૬) મોહ :- ચાર પ્રકારના શ્રમણ સંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.

શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર.

(૧) ઋષિ : આ ઋષિ એટલે સાચા જૈન શ્રમણની વાત છે. કોં, કેમકે તે સિવાય બીજા કોઈ ઋષિ હોય નહિ. જૈનના ઋષિ એટલે ? જેમણે આત્મા આનંદસ્વરૂપ છે એના ભાવ વડે તેમાં લીન-પ્રલીન થઈ, રાગને જીતીને ઉગ્રપણે અંતરમાં આનંદ પ્રગટ કર્યો છે તે જૈન સાધુ ઋષિ છે. અહા ! જૈન કોઈ સંપ્રદાય નથી, પણ વસ્તુસ્વભાવ છે. જે સ્વભાવની ઉગ્ર આરાધનામાં પડેલા જૈનના સાચા સંત એવા ઋષિ છે. ઋષિના શાસ્ત્રમાં ઘણાં ભેદ છે. અહીં તો એટલું જ લીધું છે કે ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે. અહા તેમના પ્રત્યેનો વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત રાગ છે ને તે ભગવાનને હોતો નથી.

(૨) બીજો પ્રકાર મુનિ. અવધિજ્ઞાન. ઉનઃપર્યાય જ્ઞાન અથવા કેવળજ્ઞાન શ્રમણ તે મુનિ છે. આ કેવળીઓ પ્રત્યે કે મુનિઓ પ્રત્યે વાત્સલ્ય-પ્રેમ તે મોહ છે એમ કહે છે અને તે ભગવાન કેવળીને હોતી નથી એમ વાત છે. જુઓ, કેવળીને બીજા કેવળી પ્રત્યે મોહ હોતો નથી એમ આવ્યું કે નહિ ? જે પછી કેવળીને બીજા છદ્મસ્થ પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય-વિનય હોય એમ કેમ બને ? એમ હોતું જ નથી. ભાઈ, ત્રણ કાળ-ત્રણ લોકમાં વીતરાગ મારગનું કહેલું તત્ત્વ આ છે શું ? કે ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય તે મોહ છે, ને તે ભગવાન કેવળીને હોતો નથી. (આ ચતુર્વિધ સંઘ કેમ નભે એવો રાગ ભગવાનને હોતો નથી.) અહા ! કેવળીને કેવળી પ્રત્યે કે છદ્મસ્થ સાધુ પ્રત્યે જ્યાં મોહ જ નથી ત્યાં શું એમનો વિનય કરે ? ના કરે. હા, સાધુને ભગવાન કેવળી પ્રત્યે રાગ-વિનય હોય છે, કેમ કે સાધુને કિંચિત રાગનો ભાગ છે ને ? પણ

કેવળીને તે હોતાં નથી. કેમ કે ભગવાન પરમ વીતરાગ છે. ભાઈ, દેવ-ગુરુ પ્રત્યેનો પ્રેમ-ભક્તિ-વાત્સલ્ય એ કાંઈ ધર્મ નથી, પણ શુભરાગ છે, ને તે પુણ્યબંધનું કારણ છે. આવો વીતરાગનો મારગ છે.

પ્રશ્ન :- પ્રશસ્ત રાગ ને મોહમાં શું ફેર ?

સમાધાન : એ તો એનું એ છે. શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ એમ છે ને ? અહીં મોહ શબ્દથી પર તરફ સાવધાની જાય છે એટલું કહેવું છે.

(૩) ત્રીજો પ્રકાર : યતિ. ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરુઢ શ્રમણ તે યતિ છે ! અહા ! શ્રમણ આત્માની જનતામાં ચઢ્યા છે તે યતિ છે. ને તેમના પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય તે મોહ છે. હવે યતિ પણ બીજા પ્રત્યે પ્રેમ કરતા નથી. તેઓ શ્રેણિમાં આરૂઢ છે ને ? અંદર ધ્યાનમાં છે, આત્માની સ્થિરતામાં રમે છે. જેથી તેમને બીજા પ્રત્યે પ્રેમ નથી. તો પછી કેવળીને બીજા પ્રત્યે પ્રેમ કેવો ? અહા ! એક-એક વાતમાં બીજી કેટલી વાત ભરી છે ?

(૪) ચોથો પ્રકાર : અણગાર. અને સામાન્ય સાધુ તે અણગાર છે.

પ્રશ્ન : સામાન્ય સાધુ એટલે ?

સમાધાન : જે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં બિરાજમાન છે, ને જેમને કોઈ ઋદ્ધિ પ્રગટી નથી, જે અવધિજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન વા કેવળ જ્ઞાનથી રહિત છે તથા ઉપશમક કે ક્ષપક શ્રેણિ વિનાના છે તે સામાન્ય સાધુ એમ અર્થ છે પણ સામાન્ય સાધુ એટલે જૈન સિવાયના આ બધાય સાધુ એમ નહિ, થતા જૈનોના નામે ભેખ ધારીને બેઠા છે એય નહિ.

શ્રમણના ચાર ભેદ દીધા.

(૧) ઋષિ - ઋદ્ધિ સહિત શ્રમણ તે ઋષિ છે.

(૨) મુનિ-અવધિજ્ઞાન, મનઃપર્યય જ્ઞાન વા કેવળ જ્ઞાન સહિત ક્ષમણ તે મુનિ છે.

(૩) યતિ ઉપશમક વા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે.

(૪) અણગાર. ઉપરોક્ત ત્રણ સિવાયના અર્થાત્ ઋદ્ધિ વિનાના, શ્રમણિ, મનઃપર્યાય કે કેવળજ્ઞાન વિનાના અને શ્રેણિ વિનાના શ્રમણ તે સામાન્ય સાધુ-અણગાર છે. જે પાંચમા ગુણસ્થાનથી ઉપર અને આઠમા ગુણસ્થાનથી નીચે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં વિરાજમાન હોય છે.

આ ચારેય શ્રમણો પ્રત્યેનો વાત્સલ્ય સંબંધ મોહ તે પ્રશસ્ત છે ને તે ભગવાન કેવળી પરમાત્માને હોતો નથી. અને આ સિવાય તો બીજા પ્રત્યેનો મોહ તે અપ્રશસ્ત અર્થાત્ અશુભ-ભૂંડો જ છે. કુટુંબ-પરિવાર, ધન-સંપત્તિ પ્રત્યેનો મોહ-રાગ અશુભ છે; અને તેય ભગવાનને હોતો નથી. અરે ભાઈ ! ચાર પ્રકારના સાધુ પ્રત્યેનું વાત્સલ્ય પણ શુભરાગ છે, શાન્તિને બાળનારી આગ છે, તો પછી અશુભનું તો શું કહેવું ?

અહા ! મુનિવરોને પ્રેમથી-વત્સલતાથી-ભક્તિથી આહાર-પાણી દેવાં એ પણ રાગ-મોહ છે,અને તે ભગવાનને હોતો નથી. ભગવાન કોને આહાર દે ને કોણ લે ? ભાઈ ! અનંત-અનંત .. આનંદ આનંદ કોને કહે ? અરે ! ધર્મ કોને કહેવો એ લોકોને ખબર નથી ! એ તે બહારમાં લઈ બેઠા છે કે - આ ભક્તિ કરી ને ભગવાનની પૂજા કરી એટલે બસ થઈ ગયો ધર્મ; પણ એમાં ધૂળેય ધર્મ નથી, સાંભળ ને? તું લાખ ભક્તિ કરને, પણ એ તો બધો શુભરાગ છે, ને એવો પ્રશસ્ત વા અપ્રશસ્ત મોહ કેવળીને હોતો નથી. તેમને ચતુર્વિધ શ્રમણસંઘ પ્રતિ પણ રાગ હોતો નથી એમ કહે છે.

પ્રશ્ન : તો ભગવાન ઉપદેશ શું કામ આપે છે ?

સમાધાન : ઉપદેશ ? ઉપદેશ કોણ આપે ? ઉપદેશ તો વાણી છે, તે વાણી વાણીના કારણે એના કાળે નીકળે છે. ભગવાનમાં એ વાણી ક્યાં છે ? (ભગવાનની વાણી-એ તો વ્યવહારનું કથન છે.)

(૭) ચિંતા :- ધર્મરૂપ તથા શુકલરૂપ ચિંતન (ચિંતા, વિચાર) પ્રશસ્ત છે અને એ સિવાયનું (આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન) અપ્રશસ્ત જ છે. જુઓ, શું કીધું ? કે ધર્મધ્યાન ને શુકલ ધ્યાન પ્રશસ્ત છે; ને એ ભગવાનને નથી.

પ્રશ્ન : કેવળીઓને શુકલા ધ્યાન કહ્યું છે ને ?

સમાધાન : એ તો ઉપચારથી કહ્યું છે, કેમ કે કર્મ કરે છે ને ? માટે એટલી અપેક્ષા કરીને કહ્યું છે. વળી કેવળીને કષાય તો સર્વ નીકળી ગયો છે, પણ હજુ યોગ સાથે રહ્યો છે ને ? એટલે એ અપેક્ષા ગીને કહ્યું છે શુકલધ્યાન છે; બાકી શુકલ ધ્યાન તેમને છે કે નહિ ? જુઓ, કેવળીને શુકલધ્યાન નથી એમ આમાં કહે છે. છે કે નહિ ? છે. એ તો પ્રવચનસારમાં એમ આવ્યું છે કે કેવળજ્ઞાની કોનું ધ્યાન કરે છે ? ત્યાં સમાધાન કર્યું કે – આનંદનું ધ્યાન ઘટે છે, અર્થાત્ તેઓ અતીન્સ્રિય આનંદને અનુભવે છે. બાકી ભગવાને ત્યાં ધ્યાન ક્યાં છે ? જેઓ તો ધારાવાહી અનંત આનંદરૂપે પરિણમે છે. એકાગ્રતા તો અંદરપૂરણ પડી જ છે, નવી એકગ્રતા ક્યાં કરવી છે ?

અહો ! પરમેશ્વર શરીરમાં રહ્યા છે એમ દેખાય છતાં, તેમને વાણી નીકળે છે એમ દેખાય છતાં, તેઓ સમવસરણમાં બેઠા છે એમ દાખય છતાં, તેઓ અનંત આનંદમાં જ સ્થિત-બેઠા છે. અહા ! એવા ભગવાનને અહીં કહે છે, ધર્મધ્યાન કે શુકલધ્યાન હોતું નથી. સમજાણું કાંઈ...? આવો મારગ બહુ ઝીણો બાપુ !

વળી તે સિવયના આર્ત-રૌદ્રરૂપ અપ્રશસ્ત-માઠાં ચિંતન-ધ્યાન છે તેમ ભગવાનને હોતાં નથી.

(૮) જરા તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહ-વિકાર (વયને લીધે થતી શરીરની જીર્ણ અવસ્થા) તે જરા છે.

જુઓ, પશુ અને મનુષ્યોને વયકૃત જે શરીરનો વિકાર-વૃદ્ધાવસ્થા-થાય છે તે ભગવાનને હોતી નથી. નારકીને વૃદ્ધાવસ્થા સદાય હોય છે, અને દેવને તે ક્યારેય હોતી નથી. એટલે એ વાત અહીં લીધી નથી. પણ મનુષ્યને ને પશુને વયકૃત જીર્ણાવસ્થા થાય છે. (માટે તેની વાત કરી છે.) દેહવિકાર એટલે શું ? એ આ વાળ ધોળા થયા શરીરમાં કરચલી પડે ને શરીરને જીર્ણ થાય એવી જરા અવસ્થા ભગવાનને હોય નહિ ક્રોડ પૂર્વ સુધી દેહ રહે તોય ભગવાનને દેહમાં જરા ન હોય. ક્યાંથી હોય ? કેમ કે અશાતાનો ઉપદ ક્યાં છે ? ઓહો ! પૂર્ણ-આનંદને પ્રાપ્ત ભગવાનને પૂર્ણ શાંતિ-શાંતિ-શાંતિ છે, ને દેહ પણ જરારહિત જ છે. ઓહો ! અબજો-અબજો વર્ષ સુધી કેવળજ્ઞાનીપણે કહે તો પણ શરીરમાં જરા ન થાય. અહા ! ત્રણ્ટેટલા ખાય નહિ ને જરા હોય નહિ. (એવો કોઈ અલૌકિક દિવ્ય દેહ ભગવાનને હોય છે.)

(૯) રોગ :- વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (શરીર) સંબંધી પીડા તે જ રોગ છે.

અહા ! ગોશાળાએ તેજોલેશ્યા ફેંકી ને તેથી ભગવાનને છ માસ સુધી રોગ થયો – એ બધી ખોટી-કલ્પિત વાત છે, ગપેગપ છે; કેમ કે ભગવાનને એ બધું હોય જ નહિ. અહા ! અનંત આનંદની નીરોગતા જયાં અંદર પ્રગટ થઈ છે. ત્યાં દેહમાં રોગ કેવો ? અહો ! ભગવાનને તો પરમ ઔદારિક અશ્ચયંત સ્વચ્છ નિર્મળ સ્ફટિકરતન સમાન દિવ્ય દેહ હોય છે. જેથી એવા શરીરમાં રોગ હોઈ શકે જ નહિ. કવે જેને સાચા દેવના સ્વરૂપની શ્રદ્ધાની ખબર ન મળે તેને પોતાના આત્માના સ્વરૂપની શું ખબર હોય ? એ તો પ્રગટ અજ્ઞાની છે. જુઓ, આ ભેદરૂપ સમકિતની વ્યાખ્યા છે ને ? જેથી જેને અંતરમાં અભેદ સમક્તિ છે તેને સાચા દેવસંબંધી યથાર્થ શ્રદ્ધા હોય છે અને તે ભેદ સમક્તિ છે એમ કહે છે.

(૧૦) મૃત્યુ :- સાદિ – સનિધન, મૂર્ત ઈન્સ્રિયોવાળા, વિજાતીય નરનારકાદિ વિભાવ વ્યંજનપર્યાયની જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.

કહ્યું ? કે (સાદિ-સનિધન અર્થાત્ જે નવો ઉત્પન્ન થયો છે ને જેનો અંત છે એવા મૂર્ત ઈન્દ્રિયોવાળા અને આત્માની વિરુધ્દ જાતિવાળા નરકાદિ વિભાવવ્યંજન પર્યાય-શરીરપર્યાય તેનો વિનાશ થાય તેને મૃત્યુ કહેવામાં આવે છે; અને તે ભગવાનને છે નહિ. કાર્માણ શરીર સાથે લઈને જાય અને ઔદારિક શરીર નાશ પામે તેને મૃત્યું કહીએ. પણ ભગવાનને તો યૌદારિક શરીરની સાથે કાર્માણ શરીર નાશ પામે છે. માટે તેમને મૃત્યુ છે જ નહિ. દેહ છૂટતાં પછી જન્મે તેને મૃત્યુ કહીએ, પરંતુ તેય ભગવાનને ક્યાં છે ? માટે ભગવાનને મૃત્યુ છે નહિ.

(૧૧) સ્વેદ :- અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે. (પરસેવો)

અહા ! બસ ગંધ માટે, ને શ્રમથી પરસેવો થઈ ગંધ માટે તે અશાતાના ઉદયને લીધે હોય છે. પણ એ પરસેવો ભગવાનને હોય નહિ; કેમ કે ભગવાનને તે અશાતાનો ઉદય નથી. અહો ! ભગવાન તો અનંત અનંત આનંદ અને અનંત બળમાં બિરાજે છે; તેમને પરસેવો કેમ ?

જુઓ, અહીં અરિહંતદેવના સ્વરૂપનું કથન ચાલે છે. જેને નિજ આત્માનું શ્રદ્ધાન-સમ્યગ્દર્શન હોય તેને વ્યવહારે આવા નિર્દોષ દેવની જ માન્યતા હોય છે -એમ અહીં કહેવું છે.

(૧૨) ખેદ :- અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.

આ જગતમાં કાંઈ અનિષ્ટ જ નથી. (અને પરમવીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરને કાંઈ અનિષ્ટ ભાસતું જ નથી.) તેથી ભગવાનને ખેદ હોતો નથી. રોગ થવો, શત્રુ હોવો, સર્પ કે વીંછી કરડવો ઈત્યાદિને અજ્ઞાની જીવ અનિષ્ટ માને છે. પણ ભગવાન કેવળીને તો લોકમાં કાંઈ અનિષ્ટ જ નથી, અને તેથી ખેદ નથી.

(૧૩) મદ :- સર્વ જનતા (જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા સહજ ચતુર કવિત્વને લીધે ... આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.

અહા ! ભગવાનની દિવ્યવાણી ને કવિત્વ શક્તિનું શું જોવું ? જેમને એવી સહજ ચતુર કવિત્વશક્તિ હોય છે કે લાખો-ક્રોડો જીવોની સભા તે સાંભળીને જાણે અમૃત પીતા હોય તેમ બધા ડોલી-નાચી ઊઠે. અહા ! ભગવાન તો સર્વ વિદ્યાના પરગામી હોય છે, પણ એમને એવી કવિત્વશક્તિનું અભિમાન હોતું નથી. ભગવાન મદરહિત જ હોય છે. જેવી રીતે સહજ (સુંદર) શરીરને લીધે. આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.

ઓહો ! ભગવાનના શરીરના દરેક અવયવ કોમળ, સુંદર નમણાઈવાળા હોય છે. ત્રણ લોકમાં કોઈનેય ન હોય એવો ભગવાનને (તીર્થંકરને) સુંદર દેહ હોય છે. ઈન્દ્ર પણ તે દેખીને ચકિત થઈ જાય છે. જેમના જન્મકાળે બે આંખોથી જોઈને સંતોષ ન થાય એટલે ઈન્દ્ર હજાર નેત્ર કરીને જુએ છે. અહા ! એવું અદ્ભૂત અલૌકિક ભગવાનના દેહનું રૂપ હોય છે. છતાં ભગવાનને શરીરનો મદ હોતો નથી. કેમ ? કેમ કે શરીર ક્યાં એમનું પોતાનું છે ? એ તો જડ માટી-ધૂળનું છે. અહા ! ભગવાન તો જનમથી જ સમ્યગ્દર્શન અને ત્રણ જ્ઞાન લઈને જન્મે છે, અને આ શરીર મને છે એવો મદ તો પહેલેથી જ - સમકિત થયું ત્યારથી જ નથી. તો પછી પૂર્ણ દશા થતાં આ સુંદર શરીર હું છું એવો મદ ક્યાંથી હોય ?

અહીં કહે છે ભગવાનને સહજ સુંદર શરીર હોવા છતાં મદ હોતો નથી. હવે સમકિતીને પણ શરીરમદ ન હોય તો સર્વજ્ઞ ભગવાનને કેમ હોય ? હ ોતો જ નથી. વળી, સહજ (ઉત્તમ) કુળને લીધે... આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.

ભગવાનને સ્વાભાવિક ઉત્તમ કુળમાં જન્મ હોય છે, છતાં તેનું તેમને અભિમાન ન હોય કે મારા પિતા આવા રાજા હતા અને એના અમે પુત્ર છીએ. શ્રીમંતને-લક્ષ્મીવંતને ઘરે અમારા અવતાર છે એમ કુળનું-ધૂળનું અભિમાન ભગવાનને હોતું નથી. અરે ! સમ્યગ્દૃષ્ટિને કુળમદ હોતો નથી તો પછી ભગવાનને તો ક્યાંથી હોય ? ન હોય, કેમ કે આત્માને કુળ કેવું ? ભગવાન આત્મા તો નિર્લેપ, નિરાળો ચિદાનંદ પ્રભુ છે. જેમાં રાગ પણ નથી ત્યાં વળી શરીરને કુળ કેવું ? માટે કેવળી ભગવાનને કુળનું અભિમાન હોતું નથી. તેવી રીતે.

સહજ બળને લીધે... આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.

અહા ! મોટાં ચક્રવર્તીનાં પદ કે મહાન ઈશ્વરતાનાં પદ પ્રાપ્ત થયાં હોય છતાં ભગવાનને તેનાં અભિમાન હોતાં નથી-અજ્ઞાની તો કોઈ સંસ્થાનો મંત્રી પ્રમુખ હોય ત્યાં તો અંહકારમાં ચઢી જાય. જ્યારે ત્રણ લોકના ઈશ્વર-સ્વામી ભગવાન હોવા છતાં તેમને ઐશ્વર્યનો મદ હોતો નથી. ગજબની વાત છે ને?

(૧૪) રતિ :- મનોજ્ઞ (મનપસંદ) વસ્તુઓમાં પરમ પ્રીતિ તે જ રતિ છે. પણ ભગવાનને કાંઈ મનોજ્ઞ છે જ નહિ; અને તેથી રતિ નથી.

(૧૫) વિસ્મય :- પરમ સમરસી ભાવની ભાવના રહિત જીવોને (પરમ સમતાભાવના અનુભવ રહિત જીવોને) ક્યારેક પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.

અહાહા ...! ભગવાન આત્મા સમતારસનો પિંડ પરમ વીતરાગ સ્વભાવનો રસકંદ છે. અહા ! આવા નિજ આત્માસ્વરૂપની ભાવનાથી રહિત જીવોને આ શું ? આ શું ? એવો વિસ્મય ભાવ થતો હોય છે. કાંઈક નવું જુએ ત્યાં તેમને વિસ્મય થાય છે. પણ સર્વજ્ઞ ભગવાનને શું નવું છે ? શું જોયા વિનાનું છે ? કાંઈ જ નહિ. જેથી પરમ સમરસીભાવથી ભરપુર ભગવાન કેવળીને વિસ્મય હોતો નથી.

(૧૬) જન્મ :- કેવળ શુભ-કર્મથી દેવ પર્યાયમાં જે ઉત્પત્તિ, કેવળ અશુભ કર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી તિર્યંચ પર્યાયમાં જે ઉત્પત્તિ અને શુભાશુભ મિશ્ર કર્મથી મનુષ્ય પર્યાયમાં જે ઉત્પત્તિ, તે જન્મ છે !

જુઓ, કર્મના નિમિત્તે કોઈને કોઈ ગતિમાં ઉપજવું તે જન્મ છે. અહીં ચાર વાત લીધી છે.

(૧) જીવને કેવળ પુણ્યકર્મથી દેવપર્યાયમાં ઊપજે છે.

(૨) કેવળ અશુભ-પાપ કર્મથી નરકપર્યાયમાં ઊપજે છે.

(૩) માયાથી તિર્યંચ પર્યાયમાં ઊપજે છે. અહા ! જનમવાનાં ઘણાં સ્થાન તિર્યંચમાં છે હોં. પંચેન્દ્રિય તિર્યંચો પણ દેવથી ઝાઝાં છે.ઘણાં દેવો, નારકીઓ, મનુષ્યો ને પોતે પશુઓ પણ મરીને ત્યાં તિર્યંચમાં જન્મે છે.

(૪) કાંઈક પૂણ્ય અને કાંઈક પાપ - એમ મિશ્ર કર્મના નિમિત્તે મનુષ્યપર્યાયમાં જન્મ થાય છે.

અહા ! ચોરાસીનો જન્મ સમુદ્ર અપાર અપાધ છે. અહીં કહે છે સર્વ કર્મથી રહિત પરમપદને અરિહંત દશાને પ્રાપ્ત ભગવાનને જન્મ હોતો નથી.

(૧૭) નિદ્રા :- દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાન જ્યોતિ અસ્ત થઈ જાય છે તે જ નિદ્રા છે.

જુઓ, જ્ઞાન જ્યોતિ નિદ્રામાં અસ્ત થઈ જાય છે. પણ ભગવાનને જ્ઞાન જ્યોતિ નિરંતર પ્રગટ જ છે, કેમકે ભગવાનને દર્શનાવરણનીય કર્મનો સર્વથા અભાવ છે. જેથી ભગવાનને નિદ્રા હોતી નથી.

(૧૮) ઉદ્વેગ :- ઈષ્ટના વિયોગમાં વિકલવભાવ (ગભરાટ) તે જ ઉદ્વેગ છે.

આ (અઢાર) મહા દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે. વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે. અહા ! ભગવાનને લોકમાં કંઈ ઈષ્ટ નથી, અને તેથી તેના વિયોગમાં ઉદ્વેગ હોતો નથી. અહા ! આવા અઢાર દોષોથી રહિત દેવને જ સમકિતી દેવ માને છે, તે સિવાય બીજાને તે કદીય દેવ માને નહિ. જે બીજાને દેવ માને તે તો પ્રગટ મિથ્યા-દષ્ટિ જ છે. આ કોઈ પક્ષ નથી, આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. જ્યાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ ત્યાં પછી આ કોઈ દોષ રહેતા નથી. આવી વાત ! સમજાણું કાંઈ ?

અનુવિદ્ધ :ક્રમશઃ વિંધાયેલું; ક્રમપૂર્વક છિદ્ર.

અનુવિદ્યાયિત્વ :અનુસરવું, અનુસરણ

અનુવિધાયી :અનુસરતો (૨) અનુસરનારો.

અનુવિધાયી :અનુસરવું.

અનંશક :અપ્રદેશી; પ્રદેશમાત્ર, અંશરહિત.

અનશન :ઉપવાસ; ખાવું નહિ એ; અન્ન પાણીનો જીવન પર્યંત ત્યાગ, સંથારો; ભૂખ હડતાલ. (૨) ભોજનનો ત્યાગ

અનશન સ્વભાવ લક્ષણ તપ :અનશન સ્વભાવ, તેનું લક્ષણ છે. એવું તપ. (જે આત્માના અનશન સ્વભાવને જાણે છે, તેને અનશન સ્વભાવ લક્ષણ, તપ વર્તે છે.)

અનશન સ્વભાવી :આહારની ઈચ્છારહિત, સ્વભાવવાળો.

અનશનીય :અભક્ષ્ય, ખાવા માટે લાયક નથી.

અનશ્વર :કદી નાશ ન પામનાર.

અનુશાસન :ઉપદેશ; શિખામણ; નિયમન, અધિકાર; નિયમ, નિયમન; સત્તા; રાજ્યવહીવટ; કાયદો; ધારો; વિવરણ; શાસ્ત્ર.

અનુશીલન :સતત અને ઊંડો અભ્યાસ; દીર્થ સેવન.

અનેષક :એષણા રહિત; અનશન સ્વભાવી; આહારની ઈચ્છા રહિત.

અનુષ્ઠાન :આચરણ; આચરવું તે; અમલમાં મૂકવું તે. (૨) શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે, કરવામાં આવતું, કર્મ. (૩) સંયમ (૪) રમણતા (૫) ધાર્મિક

આચાર; ક્રિયા. (૬) દેહાદિ પર વસ્તુથી આત્મા ભિન્ન છે એવું જે જ્ઞાન થયું, તેને અનુરૂપપણે છાજે એમ રાગાદિનો ત્યાગ કરી શુદ્ધ આત્માની સિદ્ધિ કરવા પ્રવર્તવું તે અનુષ્ઠાન છે. એટલે કર્મ આસ્રવનો નિરોધ થઈ સંવર-નિર્જરા થાય. એમ સર્વ આત્મસાધનનું સેવન કરવું, એ જ ષડ્આવશ્યકાદિ સર્વ અનુષ્ઠાનનું અને અષ્ટાંગ યોગાદિ સર્વ ક્રિયાનું એકમાત્ર પ્રયોજન છે. (૭) ચરિત્રમય પરિણામ. (૮) પાલન; પૂરી રીતે પાલન; દોષ રહિત પાલન. (૯) ક્રિયા. (૧૦) આચરણ; ચારિત્રનું અનુષ્ઠાન = તપશ્ચરણ; પાલન. (૧૧) ચારિત્ર.

અનેષણીય :અભક્ષ્ય. (માંસ, મધ, કંદ, મૂળ, ફળ, પાંદડાં, માખણ વગેરે અભક્ષ્ય છે.) અગ્રાહ્ય અન્ન.

અનુસ્રોતગામી :પ્રવાહને અનુસરનાર. (૨) પૂરની સાથે તણાતા. (૩) ઝરણાંની પ્રવાહને અનુસરતી

અનુસંધાન :પૂર્વની વસ્તુ વગેરેની સાથેનું ચાલુ રહેતું જોડાણ; યોગ્ય સંબંધ; ચોકસાઈ

અનુસ્યૂત :ઓતપ્રોત; ગૂંથાયેલું; ગાઢ સંબંધવાળું; અંતર્ગત થતું.

અનુસ્યૂતિ :અન્વયપૂર્વક જોડાણ (સર્વ પરિણામો પરસ્પર અન્વયપૂર્વક ગૂંથાયેલા (જોડાયેલા) હોવાથી તે બધા પરિણામો એક પ્રવાહપણે છે તેથી તેઓ ઉત્પન્ન કે વિનષ્ટ નથી.)

અનુસરતા :મળતા

અનુસરીને :અનુલક્ષીને; પાછળ પાછળ આવતાં;

અનુસાર :અનુસરણ ભાવ; તદનુકૂળ અનુસરણ રૂપ ભાવ, તેને અનુકૂલ અનુસરવાપણું. (૨) તે પ્રમાણે. (૩) અનસરતો ભાવ; અનુવર્તતો ભાવ, આ વર્તમાન જન્મમાં પ્રાપ્ત થવાનો જોગ; અનુસરણ ભાવ; અનુસરણરૂપ ભાવ.

અનહદ ધ્વનિ :યોગીઓને સંભળાતો એવો ધ્વનિ; અનાહત નાદ; એની મેળે થતો ધ્વનિ.

અનહદ વીર્ય :ઉત્તમ વીર્ય.

અનાકુલત્વલક્ષણ :અનાકુળતા જેનું લક્ષણ છે, એવા.

અનાકુળ :સર્વ ઈચ્છાઓથી રહિત; નિરાકુળ. (૨) જેમાં કર્મના નિમિત્તથી થતા, રાગાદિથી ઉત્પન્ન આકુળતા નથી, તે. (૩) સર્વ આકુળતાથી રહિત. (૪) આકુળતાથી રહિત. (૫) સર્વ ઈચ્છાઓથી રહિત નિપૂછવુકુળ

અનાકાંક્ષા :આકાંક્ષાનો અભાવ; અનિચ્છા. (૨) નિર્વિકલ્પ (૩) વિશેષ વિના સામાન્યપણે દેખવું. (૪) આકારનો અભાવ (૫) આકાર નહિ તે. આત્માનું જે અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે તે જ તેનું ક્ષેત્ર છે. દર્શનને અનાકાર કહ્યું એ તો એનો વિષય સામાન્ય સત્તા માત્ર જ છે એ અપેક્ષાએ વાત છે. બધું સામાન્ય સક્ષપણે ગ્રહણ હોય છે.

અનાગત :જેનો, સ્વ-અસ્તિત્વકાળ ઉપસ્થિત થયો નથી તે. (૨) ભવિષ્યકાળ. (૩) નવીન કર્મોનું ન આવવું. (૪) અનુત્પન્ન. (૫) ભાવિ કાળ; ભવિષ્યમાં થનાર. (૬) જેને વ્રતને વિષે અપવાદ નહીં તે. (૭) મુનિ; સાધુ; ઘર વિનાના.

અનાચાર :આચાર-સદ્વર્તનનો અભાવ; દુરાચાર; ખરાબ ચાલ; કુરીતિ; પચખાણની હદનું ઉલ્લંઘન; આચાર-વ્યવહારનો ભંગ. (૨) આચાર- (૩) વિષયોમાં અતિશય આસક્ત થઈ જવું તે અનાચાર છે. (૪) દુષ્ટાચાર; દોષયુક્ત આચરવું. (૫) દુરાચાર; અધર્મ. (૬) જે જીવ દોષોને દોષ તરીકે ન જાણે અને ઉપાદેય આદરણીય ગણે તેને તો તે અનાચાર છે એટલે કે તે તો મિથ્યાદષ્ટિ જ છે. દુરાચાર; પચ્ચખાણની હદનું ઉલ્લંઘન. (૭) વ્રતોનો સર્વદેશ ભંગ કરવો તેને અનાચાર કહે છે. (૮) પાપ; દુરાચાર; વ્રતભંગ; આચાર; સદ્વર્તનનો અભાવ; સત્કર્મ ભ્રષ્ટતા; પચ્ચખાણની હદનું ઉલ્લંઘન; આચાર-વ્યવહારનો ભંગ.

અનાત્મજ્ઞ :આત્માને નહિ જાણવો.

અનાત્મા :આ આત્મા નહિ (૨) પર દ્રવ્ય; રાગથી માંડીને બધી ચીજો, અનાત્મા છે. આ આત્માની અપેક્ષાએ, સિદ્ધ ભગવાન પણ અનાત્માં છે. (૩) અચેતન; જડ; અજીવ.

અનાત્મજ્ઞપણું :પોતે આત્માને નહિ જાણવાપણું (૨) આત્માના જ્ઞાનનો અભાવ.

અનાથતા :જ્યાં ઉપાધિ છે ત્યાં અનાથતા છે.

અનાથપણું :નિરાધારપણું

અનાદેય :ગ્રહણ કરવા યોગ્ય નથી; આદરવા યોગ્ય નથી.

અનાદેય કર્મ :પાપ કર્મનો ઉદય (૨) ધર્માત્માને પાંચમે ગુણઠાણે અપયશ-કીર્તિ અને અનાદેય કર્મનો બાહ્ય કદાચ યોગ દેખાય. પણ અંતરમાં વેદન નથી.

અનાદેય નામકર્મ :જે કર્મના ઉદયથી કાન્તિસહિત શરીર ન ઉપજે તેને અનાદેય નામકર્મ કહે છે.

અનાદર :તિરસ્કાર; અવગણના; અનુસરણ છોડીને; પરથી હઠી જવું (૨) તિરસ્કાર; ઉપેક્ષા = નિંદા; અપ્રીતિ, અપમાન; તુચ્છકાર. (૩) ત્યાગ. (૪) આદરનો અભાવ, અપ્રીતિ; તુચ્છકાર;

અનાદિ :કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી, પોતે પોતાનાથી જ સિદ્ધ હોવાથી, અનાદિ સત્તારૂપ છે. (૨) કોઈ કાળે ઉત્પન્ન થયું નથી. (૩) જેની આદિ ન હોય.

અનાદિ મિથ્યાદષ્ટિ :મિથ્યાત્વ અને અનંતાનુબંધી ક્રોધ, માન,માયા અને લોભ. પ્રથમ જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યત્વ અને અનંતાનુબંધી કષાયની ચોકડીનો નાશ કરે છે. અને સાદિ મિથ્યાદષ્ટિની અપેક્ષાએ મિથ્યાત્વ, સમ્ય, મિથ્યાત્વ, સમ્યગ્પ્રકૃતિમિથ્યાત્વ એ ત્રણ તથા અનંતાનુબંધી ચાર કષાયો ક્રોધ, માન, માય અને લોભ મળીને શ્રાતનો નાશ થાય છે.

સમ્યગ્દર્શન ન થવામાં પહેલો મિથ્યાત્વ નામનો અંતરેગ પરિગ્રહ છે અને પહેલી ચોકડી અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર છે. આ રીતે સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે. જ્યાં સુધી એનો નાશ થતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી.

અનાદિ વિભ્રમ :મિથ્યા ભ્રમણા-પરમાં હું પણાની જૂઠી કલ્પના, માન્યતા, જૂઠો ભાવ, શરીર હું છું, રાગ હું છું એવી જૂઠી માન્યતા, તે મિથ્યાત્વ છે, અને તે પુણ્ય-પાપના ભાવનું મૂળ છે.

અનાદિ સત્તારૂપ :જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી, અનાદિ સત્તારૂપ છે. જ્ઞાયકભાવ ધ્રુવ પોતે, પોતાથી જ હોવાપણે છે. કોઈ ઈશ્વરે એને ઉત્પન્ન કર્યો છે, એમ નથી. તેથી અનાદિ સત્તારૂપ છે. એટલે એને (આત્માને), અનાદિથી હોવાપણું છે. એનું હોવાપણું નવું નથી. પ્રભુ સતરૂપ અનાદિ સત્તાવાળો છે, એ ભૂતકાળની અપેક્ષાથી વાત કરી.

અનાદિ સંતાનરૂપે :પ્રવાહરૂપે

અનાદિ સ્થિત :ત્રણે કાળમાં જ ગુરુગમયકી જ આસત્ તત્ત્વ દર્શનનો માર્ગ પ્રાપ્ત થાય, એમ ત્રિકાળાબાધિત સ્થિતિ છે.

અનાદિ સંસાર :દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભવ અને ભાવરૂપ પરાવર્તન, જીવને અનાદિથી છે.

અનાદિકાળ :ભૂતકાળ

અનાદિના અજ્ઞાની જીવને સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને:ઉત્તર : ના, એકલો વિકલ્પ નથી, સ્વભાવ તરફ ઢળી રહેલ જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મ સ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું... રાગ તરફનું જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડયું, ત્યાં (સવિકલ્પ દશા હોય છતાં) એકલો કામ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે. અને તેના જોરે આગળ વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.

અનાદિનાં કર્મો :અભાન વડે બાંધેલા કર્મો ભાન વડે તૂટી જાય છે. કર્મો કાંઈ અનાદિના હોતાં નથી, પણ અનાદિનો અર્થ એવો છે કે કર્મો પ્રવાહિ અનાદિનાં છે. જેમ એક પૂણીમાંથી બીજી પૂણી સંધાય, તેમાં પૂણી તો બીજી પૂણી હોય છે પણ એક પછી એક પૂણી ક્રમસર સંધાયા કરે છે. જેમ કર્મો તો નવાં નવાં-બીજાં બીજાં બંધાય, જૂનાં ટળી ને નવાં બંધાય,માટે તે કર્મો અનાદિનાં નથી પણ તે પ્રવાહ પ્રમાણે અનાદિનાં છે, એક ને એક કર્મો

કાંઈ અનંતકાળનાં હોતાં નથી, રાંકથી રાજા કે કીડીથી કુંજર કોઈ પાસે પણ અનંત કાળનાં કર્મો હોતાં નથી. પરંતુ અસંખ્ય વર્ષોનાં કર્મો વધારેમાં વધારે વર્તમાનમાં હોય છે. અભવી પાસે પણ સીત્તેરકોડાકોડી સાગરોપત્રની સ્થિતિ કરતાં વધારે સ્થિતિનાં કર્મો હોતાં નથી. લાખો ગાયોને કાપનાર કસાઈ પાસે પણ અસંખ્ય અબજ વર્ષોની સ્થિતિવાળાં કર્મો હોય, ગમે તેવા પાપી પાસે પણ અસંખ્ય અબજ વર્ષોની સ્થિતિવાળાં કર્મો હોય, કોઈની પાસે અનંત અબજ વરસની સ્થિતિવાળાં કર્મો હોય નહિ, કોઈ પણ આત્મા અનંત અબજ વર્ષનાં કર્મો બાંધે તેમ કોઈ કાળે બન્યું નથી, બનતું નથી, અને બનશે પણ નહિ.

આત્માનું ભાન કરે અને આત્માની નિર્મળ મોક્ષપર્યાય પ્રગટાવે તો તેની અનંતકાળની સ્થિતિ હોય, અનંતકાળ સુધી તે ટકે, તે મોક્ષની સ્થિતિ અનંતકાળની હોય. આત્માની મોક્ષરૂપ નિર્મળ અવસ્થામાં તેમ બને છે. પણ કર્મ અનંતકાળના બંધાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. તે કર્મનો નાશ કરવાનો આત્માનો અભાવ છે. જે કર્મથી જુદો આત્માનો સ્વભાવ સમ્યગ્દષ્ટિ જીવો વડે પ્રત્યક્ષ અનુભવાય છે.

અનાદિનિધન :આદિ અને અંતરહિત. (જે અનાદિ-અનંત હોય, તેની સિદ્ધિ માટે અન્ય સાધનની જરૂર નથી.) (૨) અનાદિ-અનંત. (ચેતનસામાન્ય આદિ, તેમ જ અંત રહિત છે.)

અનાદિની ભ્રાન્તિ :મોહનિદ્રારૂપ અજ્ઞાન.

અનાદિરૂઢ :વ્યવહારમાં મૂઢ; વ્યવહારમાં વિમૂઢ; રાગમાં આરૂઢ. (૨) અનાદિ કાળથી ચાલ્યા આવેલા.

અનાદિ સંતાનરૂપે :પ્રવાહરૂપે.

અનાનુપૂર્વી :કોષ્ટકાવલી

અનાભોગ :બિલકુલ યાદ ન રહેવું તે.

અનાભોગનિક્ષેપાધિકરણ :જીવ છે કે નહિ તે જોયા વગર, કે વિચાર કર્યા વગર શીઘ્રતાથી પુસ્તક, કમંડળ, શરીર કે શરીરના મેલને મૂકવા (નાંખવા), અને વસ્તુ જ્યાં રાખવી જોઈએ ત્યાં ન રાખવી, તે અનાભોગ નિક્ષેપાધિકરણ છે.

અનાયતન :ધર્મનું સ્થાન નહિ હોવું. તેના છ પ્રકાર છેઃ ખોટા દેવ, ખોટા ગુરુ, ખોટો ધર્મ અને ખોટા દેવોના સેવક, ખોટા ગુરુના સેવક અને ખોટા ધર્મના સેવક આ છ અનાયતન છે. (૨) અસ્થાન. આવા અનાયતન છ પ્રકારના છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને આ ત્રણેના ભક્તો - કુદેવના ભક્ત, કુગુરુના ભક્ત અને કુશાસ્ત્રના ભક્ત આ રીતે છ અનાયતન છે.

આયતન એટલે ઘર, નિવાસસ્થાન, અને અનાયતન એટલે ઘર નહિ. શાનાં? ધર્મના. જેમાં ધર્મ વહેતો નથી ને અનાયતન તે છ છે.

- કુગુરુ, (૨) કુદેવ, (૩) કુધર્મ, (૪) કુગુરુ સેવક, (૫) કુદેવ સેવક અને (૬) કુ ધર્મ સેવક એ છ અનાયતન (ધર્મના અસ્થાન) દોષ કહેવાય છે. તેની ભક્તિ, વિનય અને પૂજન વગેરે તો દૂર રહો પણ સમ્યગ્દષ્ટિ જીવ તેની પ્રશંસા પણ કરતો નથી. કારણ કે તેની પ્રશંસા કરવાથી પણ સમ્યક્ત્વમાં દોષ લાગે છે. સમ્યગ્દષ્ટિ જીવ જિનેદ્રદેવ, વીતરાગ મુનિ અને જિનવાણી સિવાય કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર વગેરેને (ભય, આશા, લોભ અને સ્નેહ વગેરેથી પણ) નમસ્કાર કરતાં નથી. કારણ કે તેને નમસ્કાર કરવામાત્રથી પણ સમ્યક્ત્વ દૂષિત થઈ જાય છે, અર્થાત્ કુગુરુસેવા, કુદેવસેવા અને કુધર્મ સેવાએ ત્રણ સમ્યક્ત્વના મૂઢતા નામના દોષ છે.
- છ પ્રકારના કુસ્થાન છે. કુદેવ, કુદેવના ભક્ત મનુષ્ય, કુજ્ઞાન, કુશાન ધારણ કરવાવાળા, કુલિંગ (કુગુરુ) અને કુગુરુઓની સેવા કરવાવાળા આ છ અનાયતન (કુસ્થાન) છ

અનાયુષ્ય :આયુષ્ય રહિતપણું.

અનારૂઢ :નહિ આરૂઢ; નહિ ચડેલા.

અનાર્થ :મ્લેચ્છ. (૨) આત્મામાં વકતા રાખનાર.

અનારંભ :આવદ્ય વ્યાપાર રહિત; જીવને ઉપદ્રવ ન કરવો તે; નિષ્પાપ.

અનારંભી :પાપ ન કરનાર.

અનાર્ય :આત્મામાં વકતા રાખનાર; મ્લેચ્છ. (૨) આર્યજાતિથી જુદું; જ્યાં આર્યોનો વસવાટ નથી તેવું. અસંસ્કારી; મ્લેચ્છ.

અનાર્હત :અર્હત્‌ના મતને નહિ માનનારો; અજૈન; મિથ્યાદષ્ટિ

અનારાધકપણું :આરાધના નહિ કરવાપણું, અનઉપાસકપણું

અનાવૃત :પ્રગટ (કરવું.) (૨) ખુલ્લો કરવો; પ્રગટ કરવો.

અનાવશ્યક :બિનજરૂરી

અનાસક્તિ : વિરક્તિ (૨)

કોઈ કહે છે કે અમે પરદ્રવ્યના કર્તાપણામાં અહંકાર ન કરીએ પણ અનાસક્તિ ભાવે પરનું કામ કરીએ તો ?

ઉત્તર : પરનુ કરવાની જ્યાં ઈચ્છા છે ત્યાં અનાસક્તિ ભાવ જ નથી પણ અનંતી આસક્તિ પરનું હું કરી શકું છું એમ જ્યાં જીવે સ્વીકાર્યું તે પાપી છે – મોહી છે, મૂઢ છે, અનંત આસકિતનો ધણી છે. જ્ઞાનીને પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ હોતી નથી. પણ કાર્ય થાય છે તે જ ખરી અનાસક્તિ છે પરંતુ પર દ્રવ્યને હું કરું તેવી બુદ્ધિ છે ત્યાં અનંતી આસક્તિ છે.

અનાહત :આત વિના એની મેળે થતો અનહદ નાદ, અનહદ નાદ.

અનહદ :હદ વગરના.

અનાહાર વિહારી :અનાહારી અને અવિહારી.

અનિઃસૃત :એક ભાગના જ્ઞાનથી સર્વ ભાગનું જ્ઞાન થવું. (જેમ બહાર નીકળેલી સૂંઢને દેખી પાણીમાં ડૂબેલા પૂરા હાથીનું જ્ઞાન થવું.) એક ભાગ અવ્યકત રહ્યા છતાં જ્ઞાનગોચર થવું.

અનિચ્છ :ઈચ્છા રહિત.

અનિચ્છાબુદ્ધિ :દ્વેષ; અદતિ.

અનિત્ય :આસ્રવો, શીતફાહજવરના આવેશના જેમ અનક્રમે ઉત્પન્ન તથા હોવાથી, અનિત્ય છે. (૨) ક્ષણિક. (૩) ક્ષણિક; ઘડી ઘડીમાં પલટવું. (૪) ક્ષણિક; તદ્દન ફરી જાય; અસ્થિરમય; પલટો થઈ જાય. (૫) જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા.

અનિત્ય જાગ્રિકા :અનિત્ય સભાનતા; અનિત્ય સાવચેતી; અસાવધતા;

અનિત્ય બોધ :સંયોગ મળ્યા તેનાથી સુખ-સગવડતા નથી, પરવસ્તુ આત્મતત્ત્વને કિંચિત માત્ર લાભદાયક કે નુકસાનકારક નથી, મેં આમ કર્યું માટે આમ થયું એ માન્યતા ખોટી છે, સંયોગથી જે વર્તમાન જાણપણું થયું છે તે અનિત્ય બોધ છે, તે જાણપણું પાંચ ઈન્સ્રિય તથા મનના ક્ષણિક સંયોગ આધીન હોવાથી ઈન્સ્રિય આદિ સંયોગનો નશ થતાં, નાશ પામે છે.

અનિત્ય સ્વભાવ :આત્મા કાયમ રહીને પલટતો રહે છે. આત્માના વિકારી દશા તે સંસાર છે અને નિર્મળ દશા તે મોક્ષ છે. શંરીર તો સંયોગી છે. જે તારો સ્વાભાવ નથી. અને ક્ષણિક વિકાર પણ તારો સ્વભાવ નથી. ત્રિકાળી સ્વભાવનું વેદન હો તે તારો સ્વભાવ છે. આત્મામાં અનિત્ય સ્વભાવ તો કાયમ રહે છે, પરંતુ વિકારી પર્યાય સદા રહેતી નથી, તેથી તે ખરેખર આત્માનો અનિત્ય સ્વભાવ નથી. સમયે સમયે જે જાણવાની પર્યાય થયા કરે છે, તે આત્માનો અનિત્ય સ્વભાવ છે, નવી નવી જ્ઞાનની પર્યાય સદા થતી રહે છે; તે જ આત્માનો અનિત્ય સ્વભાવ છે.

અનિત્યપણું :ક્ષણે ક્ષણે દરેક વસ્તુમાં અવસ્થાનું બદલવું ને નવી અવસ્થાનું ઊપજવું એ અનિત્યપણું છે. આ જાણવાની એ માટે જરૂર છે કે દરેક ચીજ સ્વતંત્ર છે, ત્રણે કાળે પરથી જુદા પણે છે, તેમ ન માને તો રાગ દ્વેષ; અજ્ઞાનને ટાળી સ્વભાવને ઓળખી શકાય નહિ. (૨) દરેક દ્રવ્ય ટકીને સમયે સમયે અવસ્થા બદલે છે તેથી અવસ્થા દષ્ટિએ અનિત્ય છે.

જે અપેક્ષા નિત્યપણું અને અનિત્યપણું એટલે વસ્તુથી ટકવાપણું અને અવસ્થાથી બદલવાપણું એ બે થઈને એક સ્વરૂપ છે. જો તદ્દન એકરૂપ અખંડ હોય તો વિકારી અવસ્થા બદલાવી અવિકારી થઈ શકે નહિ. કર્તા, કર્મ કે ક્રિયા કાંઈ રહે નહિ. જો વસ્તુ અનિત્ય જ હોય તો નિત્યપણાના આધાર વગર અનિત્યપણું કહી શકાય નહિ.

અનાદિરૂઢ :અનાદિ કાળથી ચાલ્યા આવેલા વ્યવહારમાં મૂઢ.

અનિંદિત :નિર્દોષ; વખણાયેલું; ઉત્તમ; પ્રશસ્ત, ન નિંદાયેલું.

અનિધન :અવિનાશી.

અનિન્દ્રિય :ઈન્દ્રિયથી પર. (૨) ઈન્દ્રિયરહિત; ઈન્દ્રિયોનો અભાવ. (૩) મન.

અભિનંદવું :પ્રશંસવું, અભિનંદન= પ્રશંસા; ધન્યવાદ.

અનિનશ્વર :અવિનાશી; અનંત; નાશ ન થાય ત્રિકાળ શાશ્વત જ્ઞાન સ્વભાવ છે, તે સ્વતઃ સિદ્ધ છે.

અનિન્હવપણું :નિન્હવપણું એટલે વિદ્યા કે જ્ઞાન જેની પાસેથી મળ્યું તે ગુરુને વિસારવા, તેનું નામ છૂપાવવું, તેને પ્રગટ ન કરવા, તેનો દ્રોહ કરવો તે. તેમ ન કરવું તે અનિન્હવ આચાર.

અનિમેષ :પલકારા વિનાનું; આંખ મીંચ્યા વિના તાકી રહેવું.

અનિયત :પરિણામ ક્રમનિયતનહિ થતાં આગળ-પાછળ થાય છે, એવો અર્થ નથી, પણ અનિયત એટલે, સ્વભાવમાં અનવસ્થિત, સ્વભાવમાં લીન નહિ, એવી વિભાવ પર્યાય, એમ ત્યાં અર્થ છે. (૨) વિભાવ પરિણામને, અનિયત કહેલ છે. (૩) નક્કી-ચોક્કસ કરેલું નહિ તેવું; અનિશ્ચિત; અનેકરૂપ; વિવિધ પ્રકારના. (૪) અનિશ્ચિત; અને કરૂપ; વિવિધ પ્રકારના. (૫) અનિશ્ચિત (જેમ પાંચ ઈન્દ્રિયોમાંની પ્રત્યેક ઈંદ્રિયનો વિષય નિયત છે, તેમ મનનો વિષય નિયત નથી, અનિયત છે.) (૬) અનિશ્ચિત; અનેકરૂપ; વિવિધ પ્રકારના. (૭) સ્વભાવમાં અનવસ્થિત અનેકરૂપ વિકારી પર્યાય; વિભાવ પર્યાય પ્રગટ થાય તેને અનિયત કહેલ છે. અગ્નિના નિમિત્તે પાણીની ઉષ્ણ દશા થાય તે અનિયત છે. વિકારી વિભાવ પર્યાયને અનિયત કહેલ છે. (૮) અનિશ્ચિત; નક્કી-ચોક્કસ કરેલું નહિ તેવું; (૨) નિયમથી મુક્ત (૯) અચોક્કસ આકાર (૧૦) અનિશ્ચિત (જેમ પાંચ ઈન્દ્રયોમાંની, પ્રત્યેક ઈન્દ્રિયનો વિષય નિયત છે, તેમ મનનો વિષય નિયત નથી. અનિયત છે.)

અનિયત પર્યાય :વિકારી-વિભાવ પર્યાયને અનિયત પર્યાય કહે છે. વાસ્તવમાં વિકારી પર્યાય પણ ક્રમબદ્ધ સ્વકાળે પ્રગટ થાય છે. કોઈ પણ પર્યાયની આઘી-પાછી થાય એવો વસ્તુનો સ્વભાવ જ નથી. એવી વસ્તુ જ નથી.

અનિયત ભાવ :અસંખ્યાત પ્રદેશ સંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે.

અનિયત સંસ્થાન :અચોક્કસ આકાર, અસંખ્ય પ્રદેશી નિયત આકારવાળો આત્મા અનિયત સંસ્થાનવાળા એટલે અચોક્કસ આકારવાળા અનંત શરીરમાં ફર્યો, તોપણ તે શરીરના આકારરૂપે થયો નહિ માટે તે અનિર્દિષ્ટ સંસ્થાનવાળો નિરંજન નિરાકાર છે.

અનિયતપણું :અનિશ્ચિતપણું, ઓછું-અધિકપણું, હીનાધિકપણું. (૨) અનિશ્ચિત્તપણું.

અનિર્દિષ્ટ :અનિયત; અનિશ્ચિત. (૨) જેનું કોઈ કહ્યું નથી.

અનિર્દિષ્ટ સંસ્થાન :શરીરના નિયત આકાર રહિત. (૨) ઈન્દ્રિયગ્રહણ યોગ્ય નહિ, એ; ઈન્દ્રિયગ્રહણ યોગ્ય નથી. જેનું કોઈ સંસ્થાન કહ્યું નથી, એવો. (૩) અરૂપી આકારવાળો; નિરાકાર. જેનો કોઈ આકાર નથી.

અનિર્ધારિત :અચોક્કસ; નક્કી કરવામાં ન આવેલું.

અનિર્વચનીય :વાણીથી જેનું વર્ણન થઈ શકે નહિ, તેવો. (૨) શબ્દથી જેનું વર્ણન થઈ શકે નહિ તેવું;

અનિલત્રુટિ :પવનનો જય.

અનિવૃત્ત :ફારેક ન થયેલું; પાછું ન ફરેલું.

અનિવૃત્તિકરણ :ઉદય આવવા યોગ્ય, મિથ્યાત્વકર્મનો અભાવ કરવો. (૨) અપૂર્વકરણ પછી અનિવૃત્તિકરણ થાય છે, તેનો કાળ અપૂર્વકરણના કાળથી, અસંખ્યાતમા ભાગે જાણવો. તેમાં ઉપર કહેલા આવશ્યક સહિત થોડો કાળ ગયા પછી, અનિવૃત્તિકરણના કાળ પછી એક મુહૂર્ત (બે ઘડી સુધી) માં ઉદય આવવા યોગ્ય, મિથ્યાત્વકર્મનો અભાવ કરે છે, એટલે તે કર્મની સ્થિતિને આઘીપાછી કરે છે, એટલે બે ઘડી સુધી મિથ્યાત્વ ઉદયમાં ન આવે, આંતરો પડે એવું કરે, તેને અંતરકરણ ક્રિયા કહે છે. પછી ઉપશમકરણ કરે છે, ઈત્યાદિ ક્રિયાથી બે ઘડી સુધી મિથ્યાત્વ ઉદયમાં ન આવે, તેવું બન્યું તે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વકાળ છે.

અનિવાર :અટકાવી ન શકાય તેટલું; પુષ્કળ; બહુ. (૨) અવશ્યમેવ, સર્વદા, સર્વત્ર, સર્વથા સર્વને (દ્રવ્ય, ક્ષેત્ર-કાળ-ભાવરૂપે) જાણે છે.

અનિવારિત :રોકી ન શકાય એવો; અમર્યાદિત. (૨) અબાધિત; અખંડિત. (૩) દૂર નહિ કરેલું; નહિ રોકાયેલું. (૪) અટકાવી ન શકાય તેવું; રોકી ન શકાય તેવું; અફર.

અનિશ્ચલ :અધ્રુવ; એકરૂપ નહિ.

અનિષ્ઠ :સદોષ; દોષવાળું. (૨) અજ્ઞાન અને રાગ દ્વેષ.

અનિષિદ્ધ :મના નહિ કરેલું; જેનો કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે, નિષેધ નથી કરવામાં આવ્યો, તેવું. છૂટ.

અનિષિદ્ધ :પ્રસિદ્ધ. (૨) નિંદિત નથી; જેનો કોઈપણ પ્રકારના ઉપયોગ માટે નિષેધ નથી કરવામાં આવ્યો તેવું; મના નહિ કરેલું.

અનહિનવ :છુપાવવું નહિ તે. પ્રગટ કરવું.

અતીત :ભૂતકાળ. (૨) ગત; થઈ ગયેલા; ભૂતકાળના.

અનીતિ :લોકમાં જૂઠું બોલે તે અનીતિ કહેવાય છે તેમ વસ્તુ સ્વભાવ જે જાતનો છે તેને તે રીતે નહિ માનતાં વિપરીત માને તે જ ખરું જૂઠું થયું માટે તે જ મોટામાં મોટી અનીતિ થઈ. બેહદ ચૈતન્યમૂર્તિ આત્મા છું તેના ભાન વિના વિકાર ટળે નહી અને જ્યાં સુધી આત્માનું ભાન નથી ત્યાં સુધી પર પદાર્થના વલણનો ભાવ ટળે નહિ. જે વિકારી પરિણામનું મૂળ કારણ અજ્ઞાન છે, વિકારી-અવિકારી સ્વરૂપનો અવિવેક છે તે અજ્ઞાન છે.

અનીહિત :ન મૂકેલું, ન સંઘરેલું (અનીહિત)

અનીહિત વૃત્તિ :તૃષ્ણા-આકાંક્ષા વિનાની વૃત્તિ; નિશ્ચેટ વૃત્તિ. અનીચ્છા; ચેષ્ટાનો અભાવ; નિદાન રહિત વૃત્તિ; કંઈપણ પ્રાપ્ત કરવાની ઈચ્છા રહિત પરિણામ.

અનીહિતવૃત્તિ :અનિચ્છિનિવૃત્તિએ.

અપોહરૂપતા :સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. (દ્રવ્ય અને ગુણમાં એકબીજાનો કેવળ નકાર જ હોય તો દ્રવ્ય ગુણવાળું છે, આ ગુણ આ દ્રવ્યનો છે વગે કથનથી સચવાતો કોઈ પ્રકારનો સંબંધ જ દ્રવ્યને અને ગુણને ન બને.)

અપકર્ષ :ઘટ; ક્ષય; ઊણપ; પડતી; અવનતિ; નીચે પડવું કે પાડી નાખવું. (૨) અયોગ્ય કામ; કુકર્મ; દુરાચરણ. (૩) (સંસારી જીવને અન્ય ભવમાં જતાં) અનુશ્રેણી ગમન અર્થાત્ વિદિશાઓ છોડીને ગમન.

અપૂર્ક્ય :હીનતા; અપ્રકર્ષ દશા = હીન દશા.

અપકર્ષ :નીચે ખેંચવું કે પાડી નાખવું; પડતી; અવનતિ; ઘટ; ક્ષય; ઊણપ. (૨) પડતી; ઓછું થવું.

અપકર્ષણ :નીચે ખેંચવું કે પાડી નાખવું; ઘટ; ક્ષય; ઊણપ; પડતી; અવનતિ. (૨) ઓછપ. (અપવાદ, વ્યવહારનય એક દેશપરિત્યાગ, અપહ્નસંયમ, (હીણો ઓછપવાળો સંયમ) સરાગ ચારિત્ર અને શુભોપયોગ, એ બધાં એકાર્થ છે.) (૩) નીચે ખેંચવું કે પાડી નાખવું એ; ઘટ; ઊણપ; ક્ષય;પડતી; દૂર હઠવાની શક્તિ ! ઊલટી દિશામાં જવું એ.

અપક્ષ અને વિપક્ષ :સાધ્યના અનુકૂળ દૃષ્ટાંતને અપક્ષ કહે છે અને તેના પ્રતિકૂળ દૃષ્ટાંતને વિપક્ષ કહે છે.

અપક્ષપાત :તટસ્થતા; સમાનભાવ; પક્ષપાતનો અભાવ.

અપેક્ષા :જરૂરિયાત; ઈચ્છા; આકાંક્ષા; અગત્ય; દરકાર; પરવા; વકી; ધારણા; તુલના; સરખામણી; (૨) જરૂર. (૩) જરૂરિયાત; ઈચ્છા.

અપકાય :પાણી એ જ જેની કાયા છે તેવા જીવ.

અપકાર :દુઃખદાતા.

અપગમ :દૂર થવાની ક્રિયા; વિયોગ; મૃત્યુ.

અપતિત :અવિનષ્ટ; નિશ્ચળ.

અપૃથક્ક :અભિન્ન (૨) અભિન્ન; અપૃથ-ભૂત.

અપૃથગ્ભૂત :અભિન્ન; અનન્યભૂત. (ઉપયોગ સદા જીવથી અભિન્ન જ છે, કારણ કે તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે) (૨) અભિન્નરૂપ. (૩) અભેદરૂપ; કતૃત્વ-કરણરૂપ ભેદ ને દૂર કરે છે. અભિન્ન. (૪) એકત્વરૂપ; અપૃથક્; અભિન્ન,(નિશ્ચયે ઉપયોગ આત્માથી અપૃથક્ છે, અને વ્યવહારે પૃથક્ છે .)

અયથાચાર :અયથાતથ આચાર; અયથાર્થ ચારિત્ર; અન્યથા આચરણ.

અયથાલબ્ધ :જેવો મળે તેવો નહિ પણ પોતાની પસંદગીનો; સ્વેચ્છાલબ્ધ.

અપદેશ :દ્રવ્યશ્રુત; સાન્ત = જ્ઞાનરૂપી ભાવશ્રુત.

અપધ્યાન :બીજાના દોષ ગ્રહ કરવા; બીજાના કલહ-કંકાસને દેખવો ઈત્યાદિ અપધ્યાન-પહેલો અનર્થદંડ છે. (૨) અનિષ્ટનું ચિંતન; વિપરીત ચિંતન; જૈન શાસનમાં દ્વેષથી કોઈને મારવાનો, બાંધવાનો, તથા છેલાનો વિચાર કે

રાગથી પારકાની સ્ત્રીનો વિચાર કરવો તેને અપધ્યાન કહે છે. તે ધ્યાન નરકનિગોધાદિનું કારણ છે. માટે સર્વથા હોય છે. (૩) શિકાર, જય, પરાજય, યુદ્ધ, પરસ્ત્રીગમન અને ચોરી આદિ અપધ્યાનના પ્રકારો છે. શિકાર કરવાનું, સંગ્રામમાં કોઈની જીત કે હારનું, પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ઈત્યાદિ ખરાબ કાર્યો કે જે કરવાથી કેવળ પાપ જ થાય છે. તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ. એને જ અપધ્યાન-અનર્થ દંડ ત્યાગવ્રત કહે છે. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાપન છે, તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. જેનો ત્યાગ કરવો તે અપધ્યાન-અનર્થ દંડ ત્યાગવ્રત કહે છે. (૪) દ્વેષથી કોઈને મારવાનો, બાંધવાનો થતા છેદવાનો વિચાર કે રાગથી પારકાની સ્ત્રીનો વિચાર કરવો તેને જૈન શાસ્ત્રોમાં નિપુણ પુરુષો અપધ્યાન કહે છે. જે ધ્યાન નરક નિગોદાદિનું કારણ છે. માટે સર્વથા હેય છે. (૫) માઠું યાન; અપકથન અને અથચેષ્ટા રૂપ પાપ સહિત ક્રિયા.

અપઘાત :કમોત; ખરાબ પ્રકારનો ઘાત.

અપને ધન :પોતાનું ધન; ચેતન; સ્વસમય.

અપુનર્ભવ :મોક્ષ. (૨) ફરીને ભવ નહિ થવો તે. (કેવળી ભગવાનને ફરીને ભવ થયા વિના જ તે ભવનો ત્યાગ થાય છે; તેથી તેમના આત્માથી કર્મ પુદ્ગલોનો સદાને માટે સર્વથા વિયોગ થાય છે.)

અપુનર્વૃત્તિ :પુનર્વૃત્તિ રહિત; ફરી ફરીને ઈચ્છા રહિત.

અપભ્રંશ :બીજી ભૂમિકાના અંતભાગની એક વિશાળ પ્રાકૃત ભાષા, (જેમાં ૧૦મી સદી સુધીમાં ૧૭ જેટલા પ્રાદેશિક ભેદ જાણવામાં આવ્યા છે. એમાં ગુજરાતી-મારવાડી (મેવાડી સાથે) ઢૂંઢાળી (જૈ પુરી) -મેવાતી-હાકૌતી-માળવી-નિમાકી એ પ્રાદેશિક ભાષા-બોલીઓને જન્મ આપનારો એવો ''ગૌર્જર અપભ્રંશ'' એક હતો.

અપમાન :અનાદર (૨) તિરસ્કાર.

અપર ભાવ :પર ભાવ

અપ્રકર્ષ :હીનતા; અનુત્કૃષ્ટ. (૨) ઘટાડવું; નહિ વધારવું; રોકવું. (૩) પ્રકર્ષનો અભાવ; પડતી દશા.

અપકર્ષણ :અપકીર્તિ.

અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કષાય વેદનીય કર્મ :અહીં પાંચમા ગુણસ્થાને કંઈક ચારિત્ર દશા છે. દેશચારિત્ર પ્રગટ થયું છે. ત્યાં કર્મના ઉદયમાં અગિયારમી પડિમા સુધીના વિકલ્પ છે તે રાગ છે.

અપ્રગટ :શક્તિરૂપ. (૨) ઢંકાયેલો.

અપ્રગટપણે :ગુપ્તપણે; છાની રીતે; પ્રકટ ન હોય તે રીતે; અપ્રસિદ્ધપણે; અપ્રકાશિતપણે.

અપરગુરુ :ગણધરાદિથી માંડી અમારા ગુરુ પર્યંત.

અપૂર્ણ :છલોછલ ભરેલું (તત્ત્વ)

અપર્ણ કરવું :જણાવવું.

અપૂર્ણોદય :પેટ ભરીને નહિ એવો; ઊણોદર.

અપ્રતબિદ્ધપણું :અસંગપણું; તદ્દન મુક્ત.

અત્યક્ષ :અતીન્દ્રિયને અત્યક્ષ કહે છે - જે જ્ઞાન સ્પર્શનાદિ કોઈ પણ ઈન્દ્રિયની સહાય વિના જાણે છે તે અત્યક્ષ (અતીન્દ્રિય) જ્ઞાન કહેવાય છે.

અપ્રત્યવેક્ષિત નિક્ષેપાધિકરણ :જોયા વિના વસ્તુ મૂકવી તે.

અપ્રત્યાખ્યાન :દયા,દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિના વિકલ્પ ઊઠે એ તો ખરેખર અપ્રત્યાખ્યાન છે, અશુદ્ધતા છે. (૨) અવિરતિ; અત્યાગ. (૩) ભવિષ્યના દોષથી ન નિવર્તવું તે. ગયા કાળમાં જે રાગ કર્યો તેવો રાગ પ્રવર્તનમાં પડ્યો છે તેથી તે દોષ વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં જે રાગ થાય તેવો રાગ વર્તમાન પડ્યો છે તેથી તે દોષ વર્તમાનમાં પણ છે; માટે વર્તમાનના દષ્ટિ ફેરવીને સ્વભાવ ઉપર દષ્ટિ કરતાં અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન છૂટી જાય છે. અને પ્રતિક્રમણ તથા પ્રત્યાખ્યાન થઈ જાય છે. એ રીતે વર્તમાન સુધરતાં ત્રણે કાળ સુધરી જાય છે. જ્યાં સુધી આત્માની નિમિષ ઉપર દષ્ટિ છે ત્યાં સુધી તે દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન કરે છે અને ત્યાં સુધી તે કર્તા થાય છે. અને સ્વભાવ તરફ દષ્ટિ કરે તો સ્વભાવ

અકારક છે. માટે તું અકર્તા થઈ જા એમ આચાર્યદેવનો ઉપદેશ છે. છ નમિત્ત વરદ્ નું વલણ તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને રાગાદિક ભાવ તે ભાવ-અપ્રતિક્રમણ છે; તે બન્ને પ્રકારથી નિવર્તવાનો-પાછા ફરવાનો ઉપદેશ છે. (૪) અવિરતિ. (૫) ભવિષ્યમાં મને મનુષ્યપણું મળે તો ઠીક, સારું સંઘયણ મળે તો ઠીક એમ અનુકૂળ નિમિત્તો ભવિષ્યમાં મળે તો ઠીક એવી વાસના રહે તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે, વસ્તુ તરફના રાગ-દ્વેષ ભાવ રહે તે ભાવ-અપ્રત્યાખ્યાન છે અને રાગ-દ્વેષ ભાવે ભવિષ્યમાં અમુક વસ્તુ મળે તો ઠીક એમ જે વસ્તુનો વિષય કર્યો તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે.

અપ્રત્યાખ્યાન ક્રિયા :જે ત્યાગ કરવા લાયક હોય તેનો ત્યાગ ન કરવો તે અપ્રત્યાખ્યાન ક્રિયા છે.

અપ્રત્યાખ્યાન કષાય :જે કષાયથી જીવ એક દેશરૂપ સંયમ (સમ્યગ્દષ્ટિ શ્રાવકનાં વ્રત) કિંચિત માત્ર પામી ન શકે તેને અપ્રત્યાખ્યાન કષાય કહેવાય છે.

અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધકષાય વેદનીયમોહનીય કર્મ :પાંચમા ગુણસ્થાને કાંઈક ચારિત્ર દશા છે, દેશ ચારિત્ર પ્રગટ થયું છે. ત્યાં કર્મના ઉદયમાં અગિયારમી પડિયા સુધીના વિકલ્પ છે તે રાગ છે. જ્ઞાની કહે છે, હું તે રાગને ભોગવતો નથી. મારી દષ્ટિ એ પ્રતિમાના વિકલ્પ પર નથી, હું તો ચૈતન્ય સ્વરૂપ આત્માને જ સંચેતું છું.

અપ્રત્યાખ્યાનાવરણ : અ=ઈષત્=થોડા; પ્રત્યાખ્યાન=ત્યાગને આવરણ= આચ્છાદિક કરવાવાળા.

અપ્રત્યાખ્યાનાવરણ કષાય :જે કષાયના ઉદયથી આત્માને દેશચારિત્ર ન પ્રાપ્ત થાય, તથા જેથી કિંચિત્ પણ ત્યાગ ન થઈ શકે તે અપ્રત્યાખ્યાનાવરણ કષાય છે. (૨) સમ્યગ્દષ્ટિ મહાવ્રતી મુનિને, પ્રત્યાખ્યાનાવરણ કષાયનો અભાવ થાયછે. (૩) જે થોડું પણ-એક દેશચારિત્ર પણ ન થવા દે, તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. અનંતાનુબંધી કષાયનો ઉદય બીજા ગુણસ્થાન સુધી રહે છે. અપ્રત્યાખાનાવરણ કષાયનો ઉદય ચોથા ગુણસ્થાન સુધી રહે છે. પ્રત્યાખ્યાનવર કષાયનો ઉદય પાંચમા ગુણસ્થાન સુધી રહે છે. ઊંજવલન કષાયનો ઉદય દસમા ગુણસ્થાન સુધી રહે છે. આ કષાયોનો જ્યાં સુધી ઉદય હોય છે ત્યાં સુધી એ પોતાની પ્રતિપક્ષી ગુણોને થવા દેતા નથી. આ કષાયોનો વાસનાકાળ આ પ્રમાણે છે :- સંજવલન કષાયનો પ્રત્યાખ્યાન કષાયનો એક પખવાડિયું અર્થાત્ પંદર દિવસ, અપત્યાખ્યાન કષાયનો છ મહિના અને અનંતાનુબંધીનો સંખ્યાત, અસંખ્યાત, તથા અનંતભવ, વાસનાકાળનો અભિપ્રાય એ છે કે આટલા કાળ સુધી આના સંસ્કાર આત્મામાં ટકી રહે છે.

અપ્રત્યાખાનાવરણ :અ = ઈષત્ = થોડા. પ્રત્યાખ્યાન = ત્યાગને, આવરણ = આચ્છાદિત કરવાવાળી. થોડા ત્યાગીને આચ્છાદિત કરવાવાળા એવો અપ્રત્યાખાનાવરણનો અર્થ થાય છે.

અપરત્વ :અભિન્નપણું; એકત્વ; એકરૂપપણું. (૨) જેને અલ્પ કાળ લાગે તેને અપરત્વ રહે છે. કાર્યો કાળને બતાવે છે માટે વર્તના-પરત્વાદિ કાળનાં લક્ષણ કહેવાય છે.

અપ્રતિકર્મપણું :સંસ્કાર રહિતપણું. (૨) શરીરની સજાવટનો અભાવ. (૩) સંસ્કાર રહિતપણું, નિષ્પ્રતિકર્મ (૪) શરીરની સજાવટનો અભાવ.

અપ્રતિપત્તિ :અપ્રાપ્તિ; અજ્ઞાન; અસ્વીકાર.

અપ્રતિપત્તિરૂપ :અપ્રાપ્તિરૂપ. (૨) અપ્રાપ્તિરૂપ મોહ; યથાર્થ તત્ત્વનો અનાદર એવો મોહ. (૩) વિપરીત માન્યતારૂપ.

અપ્રતિપાતિ :ન પડે, તેવું

અપ્રતિબદ્ધ :અસંગ; મુક્ત. (૨) બંધનરહિત; જોડાણ રહિત. (૩) ખુલ્લી; (રોકી શકતી નથી.) મુક્ત. (૪) અસંગ; નિર્વિકલ્પ; મુક્ત. (૫) દેવલોકના સુખોની, તૃષ્ણા વિનાનો. (૭) અટળ અનુભવ સ્વરૂપ આત્મા, સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો; મુક્તદશા; અસંગપણું; નિર્વિકલ્પ; મુક્ત. (૮) મુક્ત સ્વરૂપ. (૯) અજ્ઞાની; મિથ્યાદષ્ટિ; જીવ અનાદિથી મોહરૂપ અજ્ઞાન વડે જ અપ્રતિબદ્ધ છે. (૧૦) ખુલ્લી રોકી શકતી નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કામ, ભાવના પ્રતિબંધનો જયાં સર્વથા અભાવ છે એવી સર્વત્ર અપ્રતિબદ્ધ અંતરંગ નિર્ગ્રંથ દશા. (૧૧) આસક્તિ વિનાનું; અનાસક્ત; અસંગ; નિર્વિકલ્પ; મુક્ત. (૧૨) રુકાવટ વિનાનું; તદ્દન મુક્ત. (૧૩) અજ્ઞાની. (૧૪) તૃષ્ણાથી

શૂન્ય; લાલસાથી રહિત. અનુરાગથી રહિત; દિવ્ય શરીરના (ભવિષ્યના દેવશરીરના) અનુરાગથી રહિત. (૧૫) તદ્દન અજ્ઞાની, શરીર, મન, વાણીથી ધર્મ થાય તેમ માનનાર. આત્મા અને શરીર જુદાં છે એની કિંચિતમાત્ર ખબર નથી એવો અજ્ઞાની. (૧૬) જીવનમુક્ત.

અપ્રતિબુદ્ધ :તદ્દન અજ્ઞાની

અપ્રતિબદ્ધત્વ :અજ્ઞાની.

અપ્રતિબદ્ધપણું :દ્રવ્યથી એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું. ક્ષેત્રથી અસંખ્યાત, નિજ અવગાહ પ્રમાણ છું, કાળથી અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું. ધ્રવથી શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું. આમ આત્મસાધનરૂપે મુક્તપણાની -અપ્રતિબદ્ધપણાની વ્યાખ્યા આપી છે.

અપ્રતિબુદ્ધપણું :અજ્ઞાનપણું. અપ્રતિબદ્ધ = અજ્ઞાની, મિથ્યાદષ્ટિ

અપ્રતિબંધ :મુક્ત. (૨) અનાસક્ત; આશક્તિ વિનાનું. (૩) અટકાયત વિનાનું; પ્રતિબંધનો અભાવ; છૂટ; મુક્ત. (૪) મુક્ત; અટકાયત; રૂકાવટનો અભાવ; રૂકાવટ વિનાનું. (૫) અસંગભાવ.

અપ્રતિબંધતા :રુકાવટ વિનાનું; તદ્દન મુક્ત

અપ્રતિબંધભાવ :નિર્લેપ ભાવ

અપ્રતિમપ્રબોધ :સાતિશય દિવ્યધ્વનિથી ખરતો સર્વોત્તમ બોધ.

અપ્રતિહત :મહા સામર્થ્ય; પ્રબળ પુરુષાર્થ; ઉગ્ર પુરુષાર્થ (૨) સ્વતંત્ર; મુક્ત; અપ્રતિરુદ્ધ; અટકાયત વિના; સ્વાધીન-હણ્યા હણાય નહિ એવા. (૩) મુક્ત; સ્વતંત્ર; નિયત; અવસ્થિત; સ્થિત; સ્થિર; દઢપણે રહેલું; નિશ્ચળ પણે રહેલો. (૪) અપ્રતિરુદ્ધ; સ્વતંત્ર; મુક્ત; અટકાવી ન શકાય તેવું; સામનો કરી ન શકાય તેવું; ન ચેકી શકાયું હોય તેવું; પ્રતિઘાત વિનાનું. (૫) મૂળમાંથી ઊખડી ન જાય તેવું; પડી ન જાય તેવું. (૬) અટકાયત વિનાનું; અટકાવી ન શકાય-સામનો કરી ન શકાય તેવું; સ્વતંત્ર;મુક્ત. (૭) અવિચલ કશાયથી ચલાયમાન ન થયા તે. (૮) અટકાવ વિનાનું; અટકાવી યા હણી ન શકાય એવું. (૯) નિર્વિઘ્ન. (૧૦) અટકાયત વિનાનું; અપ્રતિસદ્ધ; સ્વતંત્ર; મુક્ત.

અપ્રતિહત ભાવ :પાછો ન પડે તેવો જ્ઞાનબળનો પુરુષાર્થ. જે ક્ષાયિકભાવ જેવો કહેવાય છે; પૂર્ણ જ્ઞાયકભાવની શ્રદ્ધા.

અપ્રદેશ :

અપ્રદેશ : સૂક્ષ્મ; અમૂર્ત. (૨) પ્રદેશમાત્ર અમૂર્ત દ્રવ્યના ગુણો

(૧) આકાશ દ્રવ્ય-એક જ કાળે સર્વ દ્રવ્યોને સાધારણ અવગાહનું સંપાદન (અવગાહ હેતુત્વલિંગ) પ્રકાશને જણાવે છે, કારણ કે બાકીનાં દ્રવ્યો સર્વગત (સ્વ વ્યાપક) નહિ હોવાથી તેમને તે સંભવતું નથી.

(૨) ધર્માસ્તિત્રય દ્રવ્ય - એવી જ રીતે એક જ કાળે ગતિ પરિણત (ગતિરૂપે પરિણમેલાં) સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી ગમનનું હેતુપણું ધર્મને જણાવે છે, કારણ કે કાળને પુદ્ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી. જીવ સમુદ્ઘાત સિવાય અનન્ય લોકના અસંખ્યમાં ભાગમાત્ર હોવાથી તેને તે સંભવતું નથી. લોક ને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી અધર્મને તે સંભવતું નથી. (કાળ ને પુદ્ગલ એક પ્રદેશી હોવાથી તેઓ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; જીવ સમુદ્ઘાત સિવાયના કાળે લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેતો હોવાથી તે પણ લોક સુધી ગમનમાં મિમિત્ત થઈ શકે નહિ; આકાશ ગતિમાં નિમિત્ત હોય તો જીવ પુદ્ગલોનિ ગતિ અલોકમાં પણ હોય અને તેથી લોક-અલોકની મર્યાદા રહે નહિ, માટે ગતિહેતુત્વ આકાશનો ગુણ પણ નથી; અધર્મ દ્રવ્ય તો ગતિથી વિરુદ્ધ કાર્ય જે સ્થિતિ તેમાં નિમિત્તભૂત છે. માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ. આ રીતે ગતિ હેતુત્વગુણ ધર્મ નામના દ્રવ્યનું અસ્તિત્વ જણાવે છે.)

(૩) અધર્મ દ્રવ્ય - એવી જ રીતે એક જ કાળે સ્થિતિપરિણત સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી સ્થિતિનું હેતુપણે અધર્મને જણાવે છે. કારણ કે કાળ ને પુદ્ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી. લોક ને અલોક સીમા

અચલિત હોવાથી આકાશને તે સંભવતું તથા અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી ધર્મને તે સંભવતું નથી.

(૪) કાળ – એવી જ રીતે (કાળ સિવાય) બાકીનાં સમસ્ત દ્રવ્યોને દરેક પર્યાયે સમયવૃત્તિનુ હેતુપણું કાળને જણાવે છે, કારણ કે તેમને સમયવિશિષ્ટ વૃત્તિ કારણાંતરથી સધાતી હોવાને લીધે (અર્થાત્ તેમને સમયથી વિશિષ્ટ એવી પરિણતિ અન્ય કારણથી થતી હોવાને લીધે) સ્વતઃ તેમને (સમય-વૃત્તિહેતુત્વ) સંભવતું નથી.

(૫) જીવ –એવી જ રીતે ચૈતન્ય પરિણામ જીવને જણાવે છે, કારણ કે તે ચેતન હોવાથી શેષ દ્રવ્યોને સંભવતો નથી.

આ પ્રમાણે ગુણ વિશેષથી દ્રવ્યવિશેષ જાણવો.

અપ્રદેશ :સૂક્ષ્મ.

અપ્રદેશી :પ્રદેશમાત્ર.

અપ્રધાનપણું :ગૌણપણું; અમુખ્યપણું; ઉતરતા દરજ્જાપણું.

અપ્રભુત્વ :દાસત્વ.

અપુર્ભવ :મોક્ષ. (પરમ પૂજ્ય ભગવાન શ્રી વર્ધમાનસ્વામી, હાલમાં પ્રવર્તતું જે રત્નત્રયાત્મક મહાધર્મ નાથ તેના મૂળ પ્રતિપાદન હોવાથી, મોક્ષ-સુખરૂપી સુદારસના પિપાસુ ભવ્યોને મોક્ષના નિમિત્તભૂત છે.)

અપ્રેમ :ઉદાસ.

અપરમ ભાવ :શ્રદ્ધા તથા જ્ઞાન-ચારિત્રના પૂર્ણને નથી પહોંચી શક્યા, તે સાધક અવસ્થા.

અપ્રમત્ત :સ્વરૂપનો ઉત્સાહ; જાગ્રત; અપ્રમાદી; કર્મના અભાવરૂપ. (૨) પ્રમાદનો અભાવ; જાગૃતિ; અપ્રમાદી. (૩) સાતમા ગુણસ્થાનથી, ચૌદ ગુણસ્થાન પર્યંતની પર્યાયો, તે અપ્રમત્ત છે. (૪) પ્રમત્ત નહિ એવું; જાગ્રત. (૫) અપ્રમાદી; જાગ્રત; નશો ન કાર્યો હોય તેવું. (૬) મિથ્યાજ્ઞાનનો અભાવ; આત્મજાગૃતિ.

અપ્રમત્ત દશા :આત્મસ્વરૂપની રમણતાની દશામાં સ્થિરતા આવે.

અપ્રમત્ત ગુણસ્થાન :સાતમું ગુણસ્થાનક છે. અપ્રમત્તપણે તે (ચારિત્ર) આચરણમાં સ્થિતિ તે સપ્તમ ગુણસ્થાનક.

અપ્રમત્તયોગ :આત્મજાગ્રતિનો યોગ.

અપરમભાવ :અપ્રતિષ્ઠિત (૨) શ્રદ્ધા તથા જ્ઞાન ચારિત્રના પૂર્ણભાવને પહોંચી શક્યા નથી, તે; સાધક અવસ્થા.

અપરમાત્મપણું :વિરોધપણું; રાગ-દ્વેષ; અજ્ઞાનપણું.

અપ્રમાદ :વિષય, કષાય, વિકથા, સ્નેહ, નિદ્રા એ સર્વ પ્રકારના પ્રમાદથી રહિત. (૨) સાવધાનતા; જાગૃતિ. (૩) ખબરદારી; જાગૃતિ; પ્રમાદનો અભાવ; સાવધાની

અપ્રમાદી :આત્મદશામાં જાગૃતિ રાખનાર.

અપરમાર્થ :અસત્યાર્થ.

અપ્રયત :પ્રયત્ન રહિત; અસાવધાન; બેદરકાર; અસંયમી; નિરંકુશ; સ્વચ્છંદી.

અપ્રયત આચાર :અશુદ્ધ ઉપયોગ વિના અપ્રયત આચાર કદી હોતો નથી માટે અપ્રયત આચાર જેને વર્તે છે તેને અશુદ્ધ ઉપયોગ અવશ્ય હોય જ છે. આ રીતે અપ્રયત આચાર વડે અશુદ્ધ ઉપયોગ પ્રસિદ્ધ થાય છે. જાણવામાં આવે છે. (૨) અશુદ્ધ ઉપયોગ; અસંયમી વ્યવહાર; સાવધાની વિનાનો આચાર.

અપ્રયત ચર્યા :આચરણ; પ્રયત્નરહિત; અસાવધાન; બેદરકાર; અસંયમી; નિરંકુશ; સ્વચ્છંદી. (અપ્રયત ચર્યા અશુદ્ધ ઉપયોગ વિના હોતી નથી.)

અપર્યાપ્ત નામ કર્મ :જે કર્મના ઉદયથી જીવની લબ્ધ અપર્યાપ્તક અવસ્થા હોય તેને અપર્યાપ્તક નામ કર્મ કહે છે એ એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન હોય તથા શ્વાસના અઢારમા ભાગમાં જ મરણ થવાવાળું હોય તેને લબ્ધ પર્યાપ્તક નામકર્મ કહે છે. (૨) જે કર્મના ઉદયથી, લબ્ધ પર્યાપ્તક અવસ્થા હોય, તેને અપર્યાપ્તક નામ કર્મ કહે છે.

અપૂર્વ :પૂર્વે અનંત કાળમાં કદી નહિ આવેલું-એવું. (૨) પૂર્વે કદી ન બનેલું હોય તેવું; અસામાન્ય; ઉત્તમ; અનુપમ; શ્રેષ્ઠ; વિલક્ષણ; મોલિક; અવનવું. (૩) અતિશય; પરમ અદ્‌ભૂત. (૪) ઉત્તમ; અનુપમ; શ્રેષ્ઠ. (૫) પૂર્વ

કાળે નહિ પ્રગટેલી એવી. (૬) અચિંત્ય; અલૌકિક. (૭) અસામાન્ય; પૂર્વે ન બનેલું તેવું; અવનવું.

અપૂર્વ અવસર :સમ્યગ્દર્શન સહિત પૂર્વ શુદ્ધ સ્વરૂપની રુચિ, પુરુષાર્થ તે અપૂર્વ અવસરની પ્રાપ્તિની ભાવના છે. (૨) આત્માની શક્તિ, નિર્ગ્રંથનો માર્ગ વગેરે જે કાંઈ આજ સુધી પ્રાપ્ત નથી કર્યું તે અપૂર્વ છે.પૂર્વે ક્યારેય પ્રાપ્ત નહીં થયેલો એવો મહાભાગ્યરૂપ નિર્ગ્રંથ દશાનો ઉદય.

અપૂર્વ વસ્તુ :આત્મજ્ઞાન.

અપૂર્વ વાણી :વચનાતિશયતા. (૨) નિજ અનુભવ સહિત જેનો ઉપદેશ હોવાથી, અજ્ઞાનીની વાણી કરતાં, પ્રત્યક્ષ જુદી પડે છે. (૩) સંપૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એકાંત આત્માર્થ બોધક હોઈ તેમને વિષે વાણીનું અપૂર્વપણું કહ્યું તે તેમનો વચનાતિશય સૂચવ્યો.

અપૂર્વ વાણી પરમશ્રુત :વાણી ધર્મે વર્તતું શ્રુત, પણ તેઓને વિષે કોઈ પણ નયન દુભાય, એવું સાપેક્ષપણે વર્તે છે, તે તેમનો પરમશ્રુત ગુણ વર્ણવ્યો.

અપૂર્વ શ્રેણી :શ્રપક શ્રેણિ.

અપૂર્વ સ્થિરતા :જ્ઞાનની એકાગ્રતા.

અપૂર્વ સમતા :સમાધિભાવ

અપૂર્વકરણ :તે પછી અપૂર્વકરણ (કદી નહીં થયેલાં તેવાં મંદમોહવાળા પરિણામ) થાય છે. તેનો કાળ યથાપ્રવૃત્તિના કાળનો, સંખ્યાતમો ભાગ છે. તેમાં એક વધારાનું આવશ્યક થાય છે : એક એક અંતર્મુહૂર્ત સત્તામાંના પૂર્વકર્મ ની સ્થિતિ ઘટાડે, તે સ્થિતિકાંડક ઘાત છે, તેથી નાના એક એક અંતર્મુહૂર્તે પૂર્વકર્મનો રસ (અનુભાગ) ઘટાડે, તે અનુભાગકાંડક ઘાત છે; ગુણશ્રેણીના કાળમાં, ક્રમે અસંખ્યાતગુણા પ્રમાણપૂર્વક કર્મ નિર્જરાને યોગ્ય બનાવે છે, તે ગુણશ્રેણી નિર્જરા છે.

અપૂર્વકરણ :કદી નહીં થયેલાં, તેવાં મંદમોહવામાં પરિણામ. (૨) પૂર્વે પ્રગટ થયેલ નહિ તેવું નિમિત્ત સંવર-નિર્જરા સ્વરૂપ. (૩) કરણ એટલે આત્માના પરિણામ, અપૂર્વ એટલે પૂર્વે નહિ કરેલ તે. આ જો આઠમે ગુણસ્થાને આત્માને પૂર્વે કદી કર્યો હોય તેવા ભાવો પ્રગટે છે. જેથી તે અપૂર્વ કરણ ગુણસ્થાન કહેવાય છે. અહીં મુનિ કષાયનો સંપૂર્ણ ક્ષય કરવા માટે પ્રબળ પુરુષાર્થ ઉપાડે છે, અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ્યા પછી જ તે પુરુષાર્થ છૂટે છે.

અપૂર્વવાણી :સન્માર્ગ પ્રકાશક વાણી (૨) સંપૂર્ણ નિજ અનુભવરૂપ અરિહંતદેવ વિષે વાણીનં અપૂર્વપણું કહ્યું તે તેમનો વચનાતિશય સૂચવ્યો.

અપ્રશસ્ત :નિંદ્ય; હલકું; ઊતરવું; કીર્તિ વિનાનું. (૨) પાપરૂપ; અશુભ; (૩) માંદા ભાવ (૪) અશુભ. (૫) ખોટું.

અપ્રશસ્ત રાગ :ચોથા-પાંચમા ગુણસ્થાનવર્તી જીવને સ્ત્રી, વિષય અને કુટુમ્બાકિ તરફના વલણનો અશુભ રાગ.

અપ્રશસ્તભાવ :માઠા ભાવ.

અપ્રશસ્વ :અશુભ; રાગદ્વેષ સહિત.

અપ્રસક્ત :પ્રસંગથી પ્રાપ્ત નહિ તેવું; સંબંધ વિનાનું; અનાસક્ત; નિર્મોહ. આગ્રહ વિનાનું.

અપ્રસ્તુત :પ્રસંગને બંધબેસતુ ન હોય તેવું; અપ્રાસંગિક, અનુપસ્થિત.

અપ્રસિદ્ધ :જાહેર નહિ થયેલું; અપ્રકટ; અપ્રકાશિત. (૨) અપ્રગટ.

અપ્રાકૃત :અલૌકિક; અસ્વાભાવિક; અકુદરતી.

અપરાધ :અજ્ઞાન (૨) દોષ.

અપ્રાપ્યકારી :જ્ઞેય વિષયોને સ્પર્શ્યા વિના કાર્ય કરનાર-જાણનાર. (મન અને ચક્ષુ અપ્રાપ્યકારી છે, ચક્ષુ સિવાયની ચાર ઈંદ્રિયો પ્રાપ્યકારી છે.)

અપ્રાર્થનીય :નહિ ઈચ્છવા યોગ્ય; અનિચ્છિત.

અપ્રાસુક :સચિત્ત પદાર્થ. (૨) સચિત્ત

અપ્રાસુક જળ :ઉકાળ્યા વિનાનું પાણી.

અપરિગ્રહી :ઈચ્છારહિતપણું. (૨) ઈચ્છારહિતપણું, જ્ઞાની અપરિગ્રહી છે, તે ધર્મને પણ ઈચ્છતાનથી, અર્થાત્ જેને વ્યવહાર ધર્મની પણ ઈચ્છા નથી તેથી જ્ઞાની માત્ર જ્ઞાતા છે.

અપરિચ્છેદ :યથાર્થ; સંપૂર્ણ. (૨) અખંડ; અમર્યાદ; અસ્ત્રીમ.

અપરિચય :ઓળખાણનો અભાવ;

અપરિમિત :બેહદ (૨) પરિમિત નહિ એવું; અમાપ.

અપરિણામી :પરિણમન ન પામે તે.

અપ્રતિક્રમણ :ગયા કાળમાં થયેલા દોષથી પાછા ન ફરવું તે.

અપ્રતિબદ્ધ :અજ્ઞાની. મોહરૂપ અજ્ઞાન; શુદ્ધ આત્માના જ્ઞાનને આત્માના શુદ્ધ જ્ઞાનથી અજાણ.

અપ્રતિવૃત શક્તિ :જ્ઞાન જ્યોતિ; કોઈની રોકી ન શકાય તેવી શક્તિ; જેને લોક. અલોકના સર્વ જ્ઞેય પદાર્થોને પોતાનો વિષય કરવામાં પછી કોઈ રોકી શકતું નથી.

અપ્રતિહત :અટકાવ વિનાનું; અટકાવી વા હણી ન શકાય એવું; રોકી ન શકાય તેવું. તોડી-હણી ન શકાય તેવું.

અપરિમેય :માપી ન શકાય એવું; અમર્યાદ; અસીમ. (૨) બેહદ; અનંત; અમાપ. (૩) અમર્યાદિત; ખૂબ ખૂબ મોટું; અસંખ્ય; માપવામાં ન આવેલું.

અપરિમિતતા :અમર્યાદિતતા

અપ્રિય વચન :જે વચન બીજાને અરતિ કરનાર અર્થાત્ બુરું લાગે તેવું હોય, ભય ઉપજાવનાર હોય, ખેદ ઉત્પન્ન કરનાર હો તથા વેર, શોક, કલહ (કજિયો) કરવાવાળું હોય અને બીજું જે દુઃખ તે ઉત્પન્ન કરનાર હોય છે તે સર્વ વચન અપ્રિય જૂઠનો ભેદ છે.

અપરિહાણિ :ભાવમાં હાનિ ન થવા દેવી.

અપરોક્ષ :પરોક્ષ નહિ તેવું; પ્રત્યક્ષ; વિષય અને ઈન્દ્રિયોના સંબંધથી થતું (જ્ઞાન). (૧) પ્રત્યક્ષ; અત્યંત પ્રત્યક્ષ; સ્પષ્ટ. (૨) ઈન્દ્રિયોના વિષયથી થતું જ્ઞાન.

અપલક્ષણ :નઠારું લક્ષણ; દુરાચરણ. (૨) દોષ. (૩) અવલખણ; તું તારી ચીજને-આત્માને-ત્રિકાળી પરિપૂર્ણ પ્રભુતાને-માનતો નથી અને પર્યાય ને રાગાદિ જેટલો જ પોતાને માને છે, એ તારું અપલક્ષણ છે.

અપલાપ :પ્રસંગ ટાળવા માટે આડી અવળી કહેવામાં આવતી વાત; બકવાદ; મિથ્યાવાદ.

અપવર્ગ :મોક્ષ (૨) સિદ્ધ ગતિ. (૩) મોક્ષ; સમાપ્તિ; અંત; છેડો. (૪) સિદ્ધગતિ; પંચમ ગતિ.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુનું સામાન્ય સ્વરૂપ :- જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત વિરાગી બનીને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને અંતરંગમાં તો તે જ શુદ્ધોપયોગ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી, જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પર ભાવોમાં મમત્વ કરતાં નથી, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માનીને તેમાં રાગ-દ્વેષ કરતા નથી, હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેમને અસ્તિત્વ જ મટી ગયું છે, અનેક વાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ આનંદમાં લીન રહ્યા કરે છે, જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે ૨૮ મૂળગુણોના અખંડ પાલનને માટે શુભ વિકલ્પ આવે અને એવા જ જૈનમુનિ ગુરુ હોય છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત છે.

અપવર્ગનગર :મોક્ષપુર.

અપવર્ગી :મોક્ષ પામેલું

અપવર્તન :વિશેષ કાળનું હોય તે કર્મ થોડા કાળમાં વેદી શકાય. તેનું કારણ પૂર્વનો તેવો બંધ હોવાથી તે પ્રકારે ઉદયમાં આવે-ભોગવાય.
'ત્રુટ્ય' શબ્દનો અર્થ બે ભાગ થયા એમ કેટલાક કરે છે; પણ તેમ નથી. જેવી રીતે દેવું ત્રુટ્યું 'શબ્દનો અર્થ' દેવાનો નિકાલ થયો; 'દેવું દઈ દીધું' ના અર્થમાં વપરાય છે, તેવી રીતે આયુષ ત્રુટ્યું શબ્દનો આશય જાણવો. (૨) પલટો; ફેરફાર. (૩) દુરાચરણ. (૪) અકાળ મૃત્યુ

અપવર્તનઘાત :બધ્યમાન આયુષ્યનું ઘટવું તે અપવર્તન ઘાત છે.

અપુનર્ભવ :મોક્ષ.(પરમ પૂજ્ય ભગવાન શ્રી વર્ધમાન સ્વામી, હાલમાં પ્રવર્તતું જે રત્નત્રયાત્મક મહાધર્મતીર્થ, તેના મૂળ પ્રતિપાદક હોવાથી, મોક્ષસુખરૂપી સુધારસના પિપાસુ ભવ્યોને મોક્ષના નિમિત્તભૂત છે.)

અપવાદ :નિંદા, દોષ દેખવા; દ્વેષ કરવો. (૨) ખાસ નિયમ-વિશેષ. (૩) નિયમોમાં છૂટછાટ; નિંદા. (૪) ખાસ નિયમ (૫) બદનામી; નિંદા; અપકીર્તિ; આરોપ; આક્ષેપ; ખોટું આળ; તહોમત;

અપવાદ નિરપેક્ષ :અપવાદની અપેક્ષા રહિત.

અપવાદ માર્ગ :વ્રતાદિનો શુભરાગ; શુભરાગભાવ; શુભરાગનો વ્યવહાર.

અપવાદ સાપેક્ષ :અપવાદની સાપેક્ષ સહિત.

અપવાદ માર્ગ :શુભવિકલ્પ તે અપવાદ માર્ગ છે. અસ્થિરતાવાશ વિકલ્પ આવે છે તે અપવાદ છે.

(૧) જે શ્રમણને શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત સર્વ કૃત્રિમતાઓથી રહિત યથાજાતરૂપ સન્મુખ વૃત્તિ જાય, તેને કાયાનો પરિષદ છે. (યથા જાત રૂપપણાને લીધે જે બહિરંગ લિંગભૂત છે એવાં કાય પુદ્ગલો છે;

(૨) જે શ્રમણને ગુરુ ઉપદેશના શ્રવણમાં વૃત્તિ રોકાય; તેને વચન પુદ્ગલોનો પરિગ્રહ છે;

(૩) જેમનું અધ્યયનકરવામાં આવે છે એવો નિત્યબોધક અનાદિનિધન શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત શબ્દાત્મક સૂત્ર પુદ્ગલો; (જે શ્રમણને સૂત્રાધ્યયનમાં વૃત્તિ રોકાય તેને સૂત્ર-પુદ્ગલોનો પરિગ્રહ છે.) અને

(૪) શુદ્ધ આત્મતત્ત્વને વ્યક્ત કરનાર દર્શનાદિક જે પર્યાયો તે રૂપે પરિણમેલા પુરુષ પ્રત્યે વિનીતતાનો અભિપ્રાય પ્રવર્તાવનારાં ચિત્ત પુદ્ગલો, (જે શ્રમણને યોગ્ય પુરુષના વિનયરૂપ પરિણામ થાય, તેને મનમાં પુદ્ગલોનો પરિગ્રહ છે.) અપવાદ માર્ગમાં જે ઉપકરણભૂત ઉપલબ્ધિનો નિષેધ નથી તેના ઉપરોક્ત ચાર ભેદો છે, તોપણ તેઓ વસ્તુધર્મ નથી.

શુદ્ધ આત્મત્ત્વની ઉપલબ્ધિના સાધકભૂત શ્રમણ્ય પર્યાયના પાલન માટે કેવળ યુક્ત આહાર વિહારી હોય છે.

અપવાદ સાપેક્ષ :અપવાદની અપેક્ષા સહિત.

અપવાસ :મીઠોવાસ

અપશ્યાન :અણઓળખાણ.

અપસદ :અધમ; હત.

અપસિદ્ધાંત :ખોટો અથવા ભૂલભરેલો સિદ્ધાંત.

અપસિદ્ધાંતરૂપ :કહેવામાત્ર રૂપ.

અપહૃત સંયમ :ઉપેક્ષા સંયમ એટલે મન,વચન, કાયા એ ત્રણ ગુપ્તિઓમાં ગુપ્ત રહેવું તે. અને અપહૃત સંયમ એટલે પાંચ સમિતિઓનું પાલન કરવું તે; અથવા સરાગસંયમ જે શુભોપયોગરૂપ છે એ વીતરાગ સંયમ જે શુદ્ધોપયોગરૂપ છે તે સર્વ શુદ્ધોપયોગમાં રહેનારા જીવોને થાય છે. અથવા સામાયિક છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત આદિ સંયમ પણ શુદ્ધોપયોગીઓને હોય છે. (૨) જેનું અપહરણ કરવામાં આવ્યું છે તેવું. (૩) હીણો સંયમ; અનુત્કૃષ્ટ સંયમ

અપહાર :નાશ

અપાઈ જવું :સામે ચાલીને ભેટ આપી દેવી તાબે થઈ જવું.

અપાકજા :અવિપાક.

અપાચક :માગ્યા વિના મળતું; અનિચ્છાપૂર્વક

અપાચ્ય :નહિ પાકવા યોગ્ય; રંધાવાની ચડી જવાની યોગ્યતા રહિત, કોરડું.

આપાદ મસ્તક :પગથી માથા સુધી

અપાદાન :જેમાંથી કર્મ કરવામાં આવે એવી ધ્રુવવસ્તુ તે અપાદાન; ધ્રુવવસ્તુ.

અપાદાન શક્તિ :ધ્રુવપણામય અપાદાનશક્તિના કારણે સદાય એવી ને એવી થયા જ કરે છે., ધ્રુવ ઉપર દૃષ્ટિ પડતાં જે નિર્મળ પર્યાય ઉત્પન્ન થઈ છે તે અપાદાન શક્તિને કારણે સદાય એવીને એવી રહે છે, નાશ પામતી નથી. ક્ષણિક પર્યાય નાશ થવા છતાં ધ્રુવ ઉપાદાન શક્તિના કારણે બીજી નિર્મળ પર્યાય તૈયાર જ છે તેથી કદી નાશ થતી નથી તેમ કહ્યું છે.

અપાનવાયુ :પ્રાણવાયુ અપાનવાયુના સંબંધથી રહેલ છે. દરેક વખતે શ્વાસને અપાનવાયુ શરીરની અંદર ખેંચે છે તે શ્વાસ કહેવાય છે. ને પ્રાણવાયુ શ્વાસને અંદરથી બહાર ખેંચે છે તેને ઉચ્છવાસ કહેવાય છે. પ્રાણ અને અપ્રાણની સંધિ છે. એ બંને વાયુનો સંબંધ જ્યારે છૂટો પડે છે ત્યારે પ્રાણ છૂટી ગયા એમ કહેવાય છે. જે વખતે જીવને જેવી લેશ્યા હોય તેવી ગતિ થાય છે, ને શક્તિબળે જીવોની લેશ્યા ફેરવી શકાય છે. ઈંધારે સરજવાની તમારામાં શક્તિ નથી. અનુભવથી સમજાય તેમ છે.

અપાનવાયુ અને પ્રાણવાયુ :દરેક વખતે શ્વાસને અયાનવાયુ શરીરની અંદર ખેંચે છે તે શ્વાસ કહેવાય છે ને પ્રાણવાયુ શ્વાસને અંદરથી બહાર ખેંચે છે, તને ઉચ્છવાસ કહેવાય છે. પ્રાણ અને અપાનની સંધિ છે. એ બન્ને વાયુનો સંબંધ જયારે છૂટો પડે છે ત્યારે પ્રાણ છૂટી ગયા એમ કહેવાય છે, તે વખતે જીવને જેવી લેશ્યા હોય તેવી ગતિ થાય છે, ને શક્તિબળે જીવોની લેશ્યા બદલી શકાય છે.

અપાય :દૂર જવાની ક્રિયા; અદર્શન; નાશ; સંકટ; આફત; નુકશાન; ખુવારી;

અપાય અપગમ :ઉપદ્રવનો નાશ.

અપાય અપગમ અતિશય :વીતરાગ ચારિત્ર દશા; અનર્થરૂપ રાગદ્વેષનો નાશ. (૨) સંકટ; આદૂત; નુકસાન; તોટો; ખુવારી; નાશ.

અપાય વિચય :બાધકતાનો વિચાર. વિઘ્ન કેટલું બાકી છે તેનો તથા દુઃખના કારણોનો વિચાર તે અપાયવિચય છે. (૨) રાગ, દ્વેષ, કામ, ક્રોધ એથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તેનું જે ચિંતન કરવું તે અપાયવિચય નામ બીજો ભેદ છે. અપાય એટલે દુઃખ (અવાયવિજમ) (૩) સંસારી જીવોના દુઃખનો અને તેમાંથી છૂટવાનો વિચાર કરવો તે.

અપાય-અપગમ :ઉપદ્રવ્યનો નાશ. (૨) બે પ્રકારે છે : સ્વાશ્રયી અને પરાશ્રયી. સ્વાશ્રયી પણ બે ભેદે છે : દ્રવ્ય ઉપદ્રવ્ય એટલે સર્વ રોગનો અભાવ હોય છે : અને ભાવ ઉપદ્રવ ૧૮ પ્રકારે છે; તેનો પણ પોતે શ્રમ કર્યો હોય છે. જે આ પ્રમાણે છે; ૧. દાનાંતરાય, ૨. લાભાંતરાય, ૩. ભોગાંતરાય, ૪. ઉપભોગાંતરાય, ૫. વીર્યાંતરાય, ૬. હાસ્ય, ૭. રતિ, ૮. અરતિ. ૯. ભય, ૧૦. શોક, ૧૧. જુગુપ્સા (ગ્લાનિ), ૧૨. કામ, ૧૩. મિથ્યાત્વ, ૧૪. અજ્ઞાન, ૧૫. નિદ્રા, ૧૬. અવિરતિ, ૧૭. રાગ અને ૧૮. દ્વેષ.

અપાયાગમાતિશય :અનર્થરૂપ રાગદ્વેષનો નાશ. (૨) વીતરાગ ચારિત્ર દશા (૨) વાતરાગ ચારિત્રદશા; અનર્થરૂપ રાગ-દ્વેષનો નાશ.

અપાર :જેનો ક્યાંય અંત નથી એવું; અમર્યાદિત. (૨) અનંતો.

અપાસ્ત કરવું. :તિરસ્કારવું; તર છોડવું; હેય ગણવું; દૂર કરવું; છોડી દેવું.

અપારખુ :અપરીક્ષક.

અપાસ્ત :હેય; તિરસ્કાર; દૂર.

અપાસ્ત કરવું :હેય માનવું; તિરસ્કાર કરવો; દૂર કરવો. (૨) તિરસ્કારવું; તરછોડવું; હેય ગણવું; દૂર કરવું; છોડી દેવું.

અપાર્થનીય :નહિ ઈચ્છવાયોગ્ય; અનિચ્છિત.

અપારવત્ :અંતવિનાની જેમ; પાર વિનાની જેમ; ખૂબ;

અપાસ્ત કરવું :તિરસ્કારવું; તરછોડવું; હેય ગણવું; દૂર કરવું; છોડી દેવું. (૨) હેય કરીને; તિરસ્કાર કરીને; દૂર કરીને.

અપાસ્ય :દૂર કરીને; છોડીને.

અપહૃત સંયમ :પાંચ સમિતિઓનું પાલન કરવું તે અપહૃત સંયમ છે.

અપરિગ્રહવ્રત :પરિગ્રહના ત્યાગની પ્રતિજ્ઞા.

અપીહક :ત્યાજક; ત્યાગ કરનાર.

અપધ્યાન :દ્વેષથી કોઈને મારવાનો, બાંધવાનો, તથા છેદવાનો વિચાર કે રાગથી પારકાની સ્ત્રીનો વિચાર કરવો તેને જૈનશાસ્ત્રોમાં નિપુણ પુરુષો અપધ્યાન કહે છે. જે ધ્યાન નરક નિગોદાદિનું કારણ છે. માટે સર્વથા હેય છે.

અપોહ :ઉત્તર.

અપોહે છે :ત્યાગે છે.

અપોહ રૂપતા :સર્વથા નકારાત્મકપણું; સર્વથા ભિન્નતા. (દ્રવ્ય અને ગુણમાં એકબીજાનો કેવળ ન કાર જ હોય તો દ્રવ્ય ગુણવાળું છે. આ ગુણ આ દ્રવ્યનો છે- વગેરે કથનથી સૂચવાતો કોઈ પ્રકારનો સંબંધ જ દ્રવ્યને અને ગુણને ન બને.)

અપોહક :ત્યાજક; ત્યાગ કરનાર. અપોહ્ય=ત્યાજય; ત્યાગવા યોગ્ય પદાર્થ. (૨) ત્યાજક; ત્યાગ કરનાર.

અપોહન :પૃથક્કરણ યોગ્ય.

અપોહન સ્વરૂપ :ત્યાગ સ્વરૂપ.

અપોહ્ય :ત્યાજય; ત્યાગવાયોગ્ય પદાર્થ.

અપૌરુષેય :માણસે નહિ બનાવેલું; દિવ્ય. (૨) દિવ્ય; માણસે નહિ બનાવેલું.

અફળ :કર્મફળ રહિત થયેલા. (૨) નિષ્ફળ; ફોગટ; નકામું.

અંબુ :વાત; પવન. (ઘનવાત, તનુવાત, ઘનોદધિ.) ત્રણ પ્રકાર.

અબદ્ધ :બંધ રહિત; રાગ અને કર્મના બંધથી, રહિત. (૨) મુક્ત (૩) દૂર-જુદા ક્ષેત્રે રહેલા. ઘર આદિ અબદ્ધ છે કારણ કે તે આત્મામાંથી દૂર ક્ષેત્રે રહેલાં છે.

અબદ્ધ સ્પષ્ટ :બંધ રહિત ખુલ્લું; બંધ રહિત સ્ફુટ; બંધ રહિત પ્રગટ (૨) વસ્તુપણે શુદ્ધ, ક્ષણિક સંયોગી ચીજ દ્રવ્ય કમ છે તેના બંધ-સ્પર્શ રહિત, સંકલેશપણા રહિત, પર દ્રવ્યો સાથે નહિ ભળવા યોગ્ય, અસંગ એમ સ્વતંત્ર વસ્તુપણે શુદ્ધ બતાવે છે. નિર્લેપ સ્વભાવી કમલપત્રના દષ્ટાંતે. (૩) અણબંધાયેલું અને અણસ્પર્શાયેલું.

અબુદ્ધિગોચર દુઃખ :બુદ્ધિથી ન પકડી શકાય તેવું એગોચર દુઃખ.

અબુદ્ધિપૂર્વક :ઈચ્છા વિના. (૨) વાંછા વિના (૩) ખ્યાલપૂર્વક વિકલ્પો પકડાતા નથી તેને અબુદ્ધિપૂર્વક કહેવાય છે. વાંછા વિના. અનુભવ વખતે અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જા શકે નહિ; જો જાણે તો તો બુદ્ધિપૂર્વકનો વિકલ્પ ગયો પછી અબુદ્ધિપણું કયાં રહ્યું ? માટે નિર્વિકલ્પ ધ્યાની અબુદ્ધિપૂર્વકના વિકલ્પને જા શકે નહિ. કેવળ જ્ઞાની જા શકે કે આ આત્માને સૂક્ષ્મ વિકલ્પ છે પણ તેને પોતાને ખબર નથી કે મને સૂક્ષ્મ વિકલ્પ છે. જે તો પોતાના સ્વરૂપમાં જ લીન છે. સાંતમી ભૂમિકાએ મુનિને પણ અનુભવ વખતે અબુદ્ધિપૂર્વકના વિકલ્પ આવે ખરા પણ તેને તે પકડી શકે નહિ. જે વિકલ્પને પકડવા માટે ઉપયોગ સૂક્ષ્મ જોઈએ અને જો ઉપયોગ એટલો બધો સૂક્ષ્મ થાય તો કેવળ જ્ઞાન થઈ જાય. નિર્વિકલ્પ ધ્યાન વખતે જો અબુદ્ધિપૂર્વક વિકલ્પ ન હોય તો કષાય ન હોય અને કષાય ન હોય તો અધૂરું જ્ઞાન ન હોય અને જો અધૂરું જ્ઞાન ન હોય તો સર્વજ્ઞ હોય, એટલે કે તે વખતે કેવળ જ્ઞાની થઈ જાય. પણ તેમ તો બનતું નથી તેથી અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે પણ તેની સ્વરૂપ ધ્યાનને ખબર નથી, તે તો પોતાના સ્વસંવેદનમાં લીન છે. (૫) ઈચ્છા વિના.

અબુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ :આત્માનો પુરુષાર્થ, જડકર્મના ઉપશમાદિ કરતો નથી કેમકે મોહકર્મના ઉપશમાદિ સ્વયં (જડકર્મોના પોતાના કારણે) થાય છે.

અબુદ્ધિપૂર્વકનો રાગ :જ્ઞાનમાં ન જણાય એવો રાગ.

અબધુ :અવધૂત = સાંસારિક વાસનાઓમાંથી મન ખેંચી લીધું છે. તેવું પરમ વિરક્ત; વૈરાગી. (૨) અવધૂત; વૈરાગી.

અબંધ :મુક્ત દશા (૨) જ્યારે આત્મા કાંઈ પણ ક્રિયા કરે નહીં ત્યારે અબંધ કહેવાય. (૩) બંધ વિનાનું. (૪) નિર્મળ; અસંગ. (૫) અબંધક; બંધના અભાવરૂપ અબંધદશા પામ્યાછીએ.

અબુધ :આત્મા-અનાત્માના સ્વરૂપથી અજ્ઞાત; જીવ અજીવના ભાવથી અજાણ. (૨) અજ્ઞાની.

અબંધ દશા :શુદ્ધ પરિણામ.

અબંધ પરિણામ :જે પરિણામોથી બંધ ન થાય; રાગદ્વેષ રહિત પરિણામ.

અભિગ્રહ :ખોરાક-પાણી-વહોરવામાં ટૂંકી મર્યાદા બાંધવી એટલે કે પોતે નક્કી કરેલા વેશ કે રંગનો માણસ અમુક સ્થિતિમાં આપે તોજ લેવું એવી જાતનો નિયમ; સ્વીકાર. હઠ; દુરાગ્રહ.

અબધૂત :વિદેહી. અહં બ્રહ્માસ્મિ, અમારે બધા રજકણ સરખા, માટે માંસને રોટલામાં ભેદ પાડવો તે ભ્રમ છે. - આવું ઊંધું સમજીને કેટલાક છાણ ખાય, કાછ ખાય, થોર ખાય, અને તેને જોનારા ગાંડા કહે છે કે શું અબધૂત છે ? શું વિદેહી છે ? પણ અહીં કહે છે કે અરે ! એ તો મૂઢ છે, અને પર્યાયનો પણ વિવેક નથી; એને માનનારા મૂઢ છે, ને તે પોતે પણ મૂઢ છે. અરે ભાઈ ! જેને અખંડ દ્રવ્યદષ્ટિના ભાનપૂર્વક પર્યાયનો વિવેક નથી તે મુક્તિના માર્ગે જ નથી, બંધના માર્ગે છે; તે સત્યપંથને દેખતો નથી તેથી અંધ છે. કઈ ભૂમિકાએ કઈ જાતના આહારના નિમિત્તે બહારથી હોય છે તેનો સમ્યગ્દષ્ટિને વિવેક છે. ગમે તે ખાવામાં ને ગમે તેમ વર્તવામાં વાંધો નથી એવું સાચા મુક્તિમાર્ગનું સ્વરૂપ નથી, પણ બંધનનું સ્વરૂપ છે.

અબંધતત્ત્વ :ભવના અભાવરૂપ ભાવ : આત્માનો જ્ઞાતા દષ્ટા, અક્રિયરૂપ સ્વભાવ.

અબંધદશા :જીવનમુક્તદશા

અબંધભાવ :વીતરાગ ભાવ

અબ્ધિ :સમુદ્ર.

અંબર :વસ્ત્ર; લુગડું; આકાશ; (૨) કિંમતી વસ્ત્ર; સુગંધી દ્રવ્ય.

અબ્રહ્મ :મૈથુન; સંભોગ; વિષયસુખ

અબાધ :બાધ રહિત; એક સ્વરૂપ; એકરૂપ; મુક્ત. (૨)બાધ-પ્રતિબંધનો અભાવ; મુક્તતા; અપ્રતિબંધ.

અબાધ્ય :એક સ્વરૂપે રહેલું; બાધ-પ્રતિબંધનો અભાવ; મુક્તતા. બાધા ન કરવા જેવું. (૨) ઈન્દ્રિયાતીત, ઈન્દ્રિય વ્યાપાર રહિત, મુક્ત. (૫) બાધા ન કરવા જેવું; મુક્ત; નિર્દોષ. (૬) નિર્વિઘ્ન; અબાધિત; પરમ પ્રતીતિકર. (૭) બાધિત ન કરી શકાય એવું; બાધક એવું; અબાધ.

અબાધાકાળ :કર્મના બંધ અને ઉદય વચ્ચેનો સમય.

અબાધિત :અવિનાશી. (૨) નિશ્ચિત્ત. (૩) અખંડિત. (૪) કોઈ ખોટી યુક્તિથી બાધા પામતું નથી. (૫) નિર્વિઘ્ન.

અબાળ-ગોપાળ :નાનાથી મોટા દરેક

અબોધતા :અજ્ઞાનતા.

અવબોધવો :જાણવો.

અબોધિ :અજ્ઞાની; મિથ્યાત્વી. (૨) બુદ્ધિહીન; મૂર્ખ; બોધ ન કરવા-કરાવા જેવું. (૩) મિથ્યાજ્ઞાન; અજ્ઞાન.

અભક્ષ્ય :દારૂમાંસાદિ; માંસાદિનો આહાર; શાસ્ત્રમાં જેને ખાવાલાયક ગણ્યું નથી, તેવું. (૨) ન ખાવા યોગ્ય.

અભંગ :અખંડ (૨) અખંડ; જેનો ક્રમ તૂટયો નથી તેવું; જેનો ભંગ નથી થયો તેવું. (૩) અખંડ વસ્તુ; આત્મવસ્તુ.

અભૂતપૂર્વ :પૂર્વે નહિ થયેલો એવો;

અભૂતાર્થ : અસત્યાર્થ. ગૌણ, જૂઠો. વ્યવહાર (૨) જેનો વિષય, વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે; અસત્ય; જૂઠો; (૩) ત્રિકાળ ન ટકે તેવો ક્ષણિક ભાવ; અસત્યાર્થ. (૪) અભૂતાર્થ નામ અસત્યાર્થનું છે. અભૂત એટલે જે પદાર્થમાં ન હોય તે, અર્થ એટલે ભાવ, તેને જે પ્રકાશે- અનેક કલ્પના કરે તેને અભૂતાર્થ કહીએ. જેમ જૂઠું બોલનાર માણસ જરાપણ કરવાનું બહાનું-છળ પામે તો અનેક કલ્પના કરી તાદશ કરી બતાવે. તે જ કહીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે તોપણ એકક્ષેત્રાવગાહ સંબંધનું છળ (બહાનું) પ્રાપ્ત કરીને આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે, મુક્ત દશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જે ભિન્ન ભિન્ન પ્રકાશવાને તૈયાર થાય છે. જેથી વ્યવહારનય અસત્યાર્થ છે. અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય તેના જાણપણાથી ઊલટો જે પરિણામ (અભિપ્રાય) તે બધોય સંસાર સ્વરૂપ છે.

સંસાર કોઈ જુદો પદાર્થ નથી. આ આત્માના પરિણામ નિશ્ચયનયના શ્રદ્ધાની વિમુખ થઈ, શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે તેનું જ નામ સંસાર. જેથી જે સંસારથી મુક્ત થવા ઈચ્છે છે તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.

અભૂતાર્થ :અસત્યાર્થ; ગૌણ; જૂઠો. (૨) ત્રિકાળ ન ટકે તેવો ક્ષણિક ભાવ. (૩) અસ્થાયી; ક્ષણિક. (૪) અસત્યાર્થ. (૫) વ્યવહાર (૬) ક્ષણિક; ત્રિકાળ ટકનાર નથી. (૭) વ્યવહાર; અસત્યાર્થ. (૮) અભૂતાર્થ નામ અસત્યાર્થનું છે. અભૂત એટલે જે પદાર્થમાં ન હોય તે અર્થ એટલે ભાવ, તેને જે પ્રકાશે, અનેક કલ્પના કરે તેને અભૂતાર્થ કહીએ. જેમ જૂઠું બોલનાર માણસ જરાપણ કારણનું બહાનું-છળ પામે તો અનેક કલ્પના કરી તાદશ કરી બતાવે. તે જ કહીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે તોપણ એકક્ષેત્રાવગાહ સંબંધન છળ (બહાનું) પ્રાપ્ત કરીને - આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે,- મુક્ત દશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જ ભિન્ન જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે તો પણ એક ક્ષેત્રાવગાહ સંબંધનું છળ (બહાનું) પ્રાપ્ત કરીને આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે. મુક્તદશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જ ભિન્ન ભિન્ન પ્રકાશવાને તૈયાર થાય છે તેથી વ્યવહારનય અસત્યાર્થ છે.

અભૂતાર્થ ધર્મ :મંદકષાય, શુભરાગ, વ્યવહારભાસીને ધર્મ માને છે. આ બધા અસત્યાર્થ છે, જૂઠા છે, શુદ્ધનય ભૂતાર્થ છે. ભૂતાર્થ આત્મસહભાવના આશ્રયે જ, સમ્યગ્દર્શન છે.

અભેદ :એક-ભિન્નતાનો અભાવ; એકરૂપતા; અભિન્નતા; અદ્વૈત; જીવ અને પરમાત્મા ભિન્ન નથી, એવી એકરૂપતા; અનન્યપણું. (૨) જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધા ગુણ સ્વમાં એક સાથે અભેદ છે. (૩) તન્મય. (૪) એકરૂપ; દ્રવ્ય અને પર્યાય બે થઈને એક વસ્તુ છે. ભિન્ન ભિન્ન ચીજ નથી; બે થઈને બે વસ્તુ નથી.

અભેદ દૃષ્ટિ :વસ્તુના સહજ સ્વભાવની ઓળખાણ વડે સ્વમાં સ્થિરતા વધે છે, અને પરનો અભાવ થાય છે. અભેદ દૃષ્ટિ વડે, અખંડ સ્વભાવને લક્ષમાં ન લે પણ ગુણ-ગુણી ભેદને લક્ષમાં લે તો દૃષ્ટિમાં રાગ રહે ને તેથી સમ્યગ્દર્શન થઈ શકે નહિ. હું પરથી જુદો છું એવા વિચાર કરે અથવા હું રાગ ટાળું, હું રાગ ટાળું, એમ કર્યા કરે તો તે પણ રાગે છે. (રાગનું વલણ રાખે ત્યાં વીતરાગ સ્વભાવનું નિર્વિકલ્પ લક્ષ થાય નહિ, પણ રાગથી જુદો પડી હું નિર્મળ છું. એવી દૃષ્ટિના જોરમાં જો આગળ વધ્યે જાય તો પૂર્ણ નિર્મળ થાય છે. અવિરોધપણે તત્ત્વને જુદું લીધા પછી અખંડપૂર્ણ નિર્મળ છું એવા સ્વલક્ષના જોરે નિર્વિકલ્પ સ્વરૂપસ્થિરતા (ચારિત્રની નિર્મળતા) સહેજે પ્રગટે છે. અખંડની દૃષ્ટિનું જોર અલ્પકાળમાં મોક્ષ લાવે છે., રાગ ટાળવાનો વિચાર તે નાસ્તિ પક્ષનું વલણ છે. શુદ્ધ દૃષ્ટિ સહિત રાગ ટાળવાનો વિચાર થાય તો ભેદદૃષ્ટિ હોવાથી શુભ ભાવ થાય છે, પણ રાગનો અભાવ થતો નથી. અહીં તો પ્રથમ જ શુદ્ધ અખંડની દૃષ્ટિ કરવા કહ્યું છે, તેમાં શુભ કરવાની વાત તો નથી જ પણ અંતર સ્થિરતારૂપ ચારિત્ર તે પણ ગૌણ છે. દૃષ્ટિમાં નિરાવલંબી અભેદપણું લક્ષમાં લીધા પછી તેના જોરે જ નિરાવલંબી, નિર્મળ ચારિત્ર પ્રગટે છે.

પ્રશ્ન :પ્રથમ સરાગ ચારિત્ર અને પછી તેનાથી વીતરાગ ચારિત્ર થાય એમ જ ને ?

ઉત્તર :નહિ, રાગ તો વિકાર છે, તેના વડે ચારિત્રને મદદ નથી. ચારિત્ર અકષાય સ્વરૂપે છે. અકષાય દૃષ્ટિ ઊઘડ્યા પછી વ્રત આદિનો શુભરાગ રહે, તેને ઉપચારથી વ્યવહાર ચારિત્ર કહેવાય. છતાં તે શુભભાવનો કરનાર હું છું અને તે મારું કાર્ય છે. એમ જેણે માન્યું, તેણ ધર્મને અવિકારી વિતરાગપણે ન માન્યો. પોતાને અવિકારી ન માન્યો તેથી તે દૃષ્ટિ મિથ્યા છે. ચારિત્ર આત્માનો અકષાય ગુણ છે, વ્રતાદિનો શુભરાગ તે વિકારી બંધન ભાવ છે, ચારિત્ર નથી.

આત્મા તો સદાય અરૂપી જ્ઞાતા છે, જાણનાર સ્વરૂપે છે, તેમાં પરનું લેવું મુકવું નથી. હું આને આમ ટાળું , આને મુકું, આને ટકાવી રાખું એવા શુભાશુભ ભાવો કષાય છે, તેથી તે આત્મગુણરોધક છે. ચારિત્ર તો અકષાય દૃષ્ટિના ભેદથી પ્રગટે છે. કું અખંડ છું, નિર્મળ છું એવા વિકલ્પ, દૃષ્ટિના વિષયમાં વળવા માટે, પૂર્ણ સ્થિર થયાપહેલાં આવે ખરા, પણ તે સ્થિરતામાં મદદગાર નથી. નિર્મળ અભેદ દૃષ્ટિના જોરે વીતરાગતા થાય છે, પણ હું પૂર્ણ છું. એવા વિકલ્પ વડે ચારિત્ર પ્રગટતું નથી, એને શુદ્ધ દૃષ્ટિ પણ ઊઘડતી નથી. અભેદ નિર્મળના લક્ષે વર્તમાન પર્યાય નિર્મળ થઈ સામાન્યમાં ભળી જાય છે, તેથી ભેદદૃષ્ટિને ગૌણ કરવા કહ્યું છે.

(૨) અભેદ દૃષ્ટિ ગુણ પર્યાયના ભેદને સ્વીકારતી નથી, પોતાના શુદ્ધ સ્વભાવને સ્વીકારે છે, તે શુદ્ધ એવ્યાર્થિક અભેદદૃષ્ટિ છે. એકવાર પણ તે ભૂતાર્થનયને ગ્રહણ કર ! પરમાર્થનય વડે જ્ઞાયિક સમ્યગ્દર્શન ઊપજે છે, ત્યારે દર્શનમોહનો નાશ થાય છે.

પરમાર્થ દૃષ્ટિ પોતાના પુરુષાર્થ વડે થાય છે, કાળ પાકે ત્યારે થાય છે એમ નથી પણ પોતે પુરુષાર્થ કરે ત્યારે થાય છે, ભ્રાંતિનો નાશ થયો તે ફરીને ઉત્પન્ન ન થાય. આ તો ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત છે, તેરમા ગુણસ્થાનની વાત નથી. ઊંધી માન્યતા ટળી ગઈ એટલે બંધન પણ ટળી ગયું, મિથ્યાત્વનો નાશ થયો તેને ફરીને સંસાર ઊક્ષવાનો નથી. ઝાડનું મૂળિયું નાશ થયું તેને ફરીને કાળાં પાદડાં ઊક્ષવાનાં નથી.

અભેદ ભક્તિ :આત્મા ને પરમાત્માની એકતાનો અનુભવ.

અભેદ સ્વરૂપ :વસ્તુ સ્વરૂપે આત્મા શુદ્ધ છે, તેવો જ પર્યાય પણ શુદ્ધ, વર્તે તેને અભેદ સ્વરૂપની પ્રાપ્તિ થઈ કહેવાય. (૨) દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડી

વિકલ્પમાં રોકાણો તેને અભેદ અનંતગુણનો પિંડ એવા નિર્વિકલ્પ આત્માનું લક્ષ થાય નહિ, અને એવું લક્ષ થયા વિના નિર્મળ શ્રદ્ધા થઈ શકે નહિ. અહીં ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરવાની વાત કરીએ છીએ.

અભેદ સ્વરૂપનું લક્ષ :ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં એકમપણાની શ્રદ્ધા.

અભેદ જ્ઞાન :અખંડ જ્ઞાન.

અભેદતા :એકરૂપતા; અભિન્નતા; (૨) એકતા.

અભેદપણું :દરેક આત્મા પોતાના વસ્તુસ્વભાવથી અભેદ છે. આત્મા અને ગુણમાં પ્રદેશ ભેદ નથી. (૨) બધા ગુણ એક વસ્તુરૂપ છે, તેથી અભેદપણું છે.

અભેદ્ય : (૨) ભગવાન સર્વજ્ઞ પર્યાયમાં 'અભેદ્ય' છે, એટલે કોઈથી ભેદાતા નથી. એમ ભગવાન આત્મા પણ 'અભેદ્ય' છે. જે પર્યાયથી ભેદાતો નથી એવો આત્મા અભેદ્ય છે. છરીથી ટુકડા થાય તેને છેદાવું કહે છે, અને સાકરનો ગાંગડો હોય તેનો ભૂકો થાય તેને ભેદાવું કહે છે.

અભિપ્રાય :રુચિ.

અભ્યુત્થાન :માનાર્થે ઊભા થઈ જવું, તે અને સામા જવું છે.

અભ્યંતર :અંદરનું.

અભ્યંતર જ્ઞાન :ભાવશ્રુત જ્ઞાન.

અભ્યંતર પરિગ્રહ :૧૪ પ્રકારના છે. (૧) મિથ્યાત્વ, (૪) કષાય - ક્રોધ, માન, માયા અને લોભ, (૯) નોકષાય-સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, હાસ્ય, રવિ, અરતિ, શોક, ભય અને જુગુપ્સા.

અભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે :- (૧) મિથ્યાત્વ, (૨) ક્રોધ, (૩) માન, (૪) માયા, (૫) લોભ, (૬) સ્ત્રીવેદ, (૭) પુરુષવેદ, (૮) નપુંસકવેદ, (૯) હાસ્ય, (૧૦) રતિ, (૧૧) અરતિ, (૧૨) શોક, (૧૩) ભય, (૧૪) જુગુપ્સા.

અભ્યંતર મોહિની :વાસના; રાગ-દ્વેષ

અભ્યતરપરિગ્રહ :

(૧)

(a) અંતરંગ પરિગ્રહ ૧૪ પ્રકારનો છે. ૧. મિથ્યાત્વ, ૨. પુરુષ વેદ, ૩. સ્ત્રીવેદ, ૪. નપુંસક વેદ તથા ૫. હાસ્ય, ૬. રતિ, ૭. અરતિ, ૮. શોક, ૯. ભય, ૧૦. જુગુપ્સા, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪. લોભ. આ ચૌદ અભ્યંતર પરિગ્રહ છે.

(b) શ્રી અર્હંતનું વિશેષ સ્વરૂપ = અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય - એ ચાર તથા બાહ્ય ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય એમ બાહ્ય-અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ ક્ષી અર્હંત ભગવાનને હોય છે.

(c) દશ અતિશય જન્મથી હોય છે :-

(૧) મલ-મૂત્રનો અભાવ, (૨) પરસેવાનો અભાવ, (૩) ધોળું લોહી, (૪) સમચતુસ્ર સંસ્થાન, (૫) વ્રજ વૃષભનારાય સંહનન, (૬) સુંદર રૂપ, (૭) સુંગધીશરીર, (૮) ઉત્તમ-ભલા લક્ષણ, (૯) અનંત બળ, (૧૦) મધુરનયન.

(d) દશ અતિશય કેવલજ્ઞાન ઊપજતાં હોય છે :-

(૧) ઉપસર્ગનો અભાવ, (૨) અદયાનો અભાવ, (૩) શરીરની છાયા પડે નહિ, (૪) ચાર મુખ દેખાય, (૫) સર્વ વિદ્યાનું સ્વામીપણું, (૬) આંખનું મટકું ફરે નહિ, (૭) સો યોજન સુધી સુભિક્ષવા (દુષ્કાળ પડે નહિ), (૮) આકાશ ગમન (પૃથ્વીથી વીસ હજાર હાથ ઊંચે ગમન) (૯) કવલાહાર નહીં, (૧૦) નખ કેશ વધે નહીં.

(e) ચૌદ અતિશય દેવકૃત હોય છે :-

(૧) સકલ અર્ધમાગધી ભાષા, (૨) સર્વ જીવોમાં મૈત્રીભાવ, (૩) સર્વ ઋતુમાં ફળ ફૂલ ફળે, (૪) દર્પણ સમાન ભૂમિ, (૫) કંટક રહિત ભૂમિ, (૬) મંદ સુગંધી પવન, (૭) સર્વને આનંદ, (૮) ગંધોદક વૃષ્ટિ, (૯) પગ તળે કમળ રચે, (૧૦) સર્વ ધાન્ય નિપજે, (૧૧) દસે દિશા નિર્મળ, (૧૨) આકાશમાં દેવોના આહ્વાન શબ્દ તથા જય-જય ધ્વનિ, (૧૩) ધર્મચક્ર આગળ ચાલે, (૧૪) આઠ મંગળ દ્રવ્ય આગળ ચાલે.

(f) આઠ મંગળ દ્રવ્યના નામ :-

(૧) છત્ર, (૨) ધજા, (૩) દર્પણ, (૪) કળશ, (૫) ચામર, (૬) ઝારી, (૭) પંખો, (૮) ઠવણાં.

(g) આઠ પ્રતિહાર્ય હોય છે તેનાં નામ :- (વિશેષ મહિમા બોધક ચિહ્ન.)

(૧) અશોક વૃક્ષ, (૨) પુષ્પ વૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, ૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ, (૮) સત્ર.

(h) શ્રી સિદ્ધનું સ્વરૂપ :

(૧) સમ્યકૃત્વ, (૨) દર્શન, (૩) જ્ઞાન, (૪) વીર્ય, (૫) અગુરુલઘુત્વ, (૬) અવગાહન, (૭) સૂક્ષ્મત્વ, (૮) અવ્યાબાધ.

એ આઠ ગુણની શુદ્ધ પર્યાયો જેને પ્રગટ થઈ છે તે સિદ્ધ ભગવાન છે. આ આઠ ગુણો વ્યવહારનયનથી છે. નિશ્ચયથી અનંત ગુણો છે.

(૨) શ્રી આચાર્યનું સ્વરૂપ :-

જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગ તો એ શુદ્ધોપયોગ વડે પોત પોતાને અનુભવે છે, પર દ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી. પોતાના જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે, પરભાવોમાં મમતા કરતા નથી, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ અશુભેત્યયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી, એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે. ૨૮ મૂલ ગુણોને જેઓ અખંડિત પાળે છે.

આવા આચાર્યના ૩૬ ગુણ :

૧૦ ઉત્તમ ક્ષમાદિ ધર્મ, ૧૨ પ્રકારનાં તપ, ૫ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચાર. ૬ આવશ્યક (૧. સામયિક, ૨. ચોવીસ તીર્થંકર અથવા પંચ પરમેષ્ઠીની સ્તુતિ, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. પ્રત્યાખ્યાન અને ૬. કાયોત્સર્ગ.) ૩ ગુપ્તિ (મન-વચન-કાય ગુપ્તિ) એ પ્રમાણે ૩૬ ગુણ પોતે પાળે છે તથા બીજા ભવ્ય જીવોને પળાવે છે આવા આચાર્ય મુનિઓના સંઘના અધિપતિ છે.

(૩) શ્રી ઉપાધ્યાયનું સ્વરૂપ :-

તેઓ પણ મુનિના ૨૮ મૂળ ગુણ તથા નિશ્ચય સમ્યદર્શનાદિ સહિત છે. એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગમ્બર સૌમ્ય મુદ્રાધારી થયા છે, આવા ઉપાધ્યાયના ૨૫ ગુણ - ૧૧ અંગ ૧૪ પૂર્વને પોતે ભણે તથા પાસે રહેનાર ભવ્ય જીવોને ભણાવે છે. (તે મુનિઓમાં શિક્ષક-અધ્યાપક હોય છે.)

(૪) સર્વ સાધુ પરમેષ્ઠીનું સ્વરૂપ :-

જે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ સહિત છે. વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, હિંસાદિરૂપ અશુભયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગંબર સૌમ્ય મુદ્રાચારી થાય છે. ૨૮ મૂળગુણોને અખંડિત પાળે છે.

સર્વ મુનિ (સાધુ-શ્રમણના ૨૮ મૂળ ગણનાં નામ) :-

(૫) મહાવ્રત-હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિરૂપ પાંચ પ્રકાર.

(૬) સમિતિ-ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપન, પ્રતિષ્ઠાપન.

(૭) ઈન્દ્રિયરોધ - પાંચ ઈન્દ્રિયો (સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શ્રવણ) ના વિષયોમાં ઈષ્ટ-અનિષ્ટ ન થવું- ન પરણિમવું.

(૬) આવશ્યક-સામાયિક, વંદના, ૨૪ તીર્થંકરની અથવા પંચ પરમેષ્ઠીની સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ.

(૨૨) કેશ લોચ, (૧૩) અચેલપણું - એટલે વસ્ત્રરહિત-દિંગબરપણું, (૨૪) અસ્નાનતા, (૨૫) ભૂમિ શયન, (૨૬) દાતણ ન કરવું, (૨૭) ઊભા ઊભા ભોજન. (૨૮) એક વખત આહાર. (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે નિશ્ચયરત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ-મુનિધર્મરૂપ. જે આત્મસ્વરૂપનું સાધન તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (સાવધાન-જાગ્રત) રહે છે. બાહ્યમાં ૨૮ મૂળ ગુણોના ધારક હોય છે. જેમની પાસે દયાનું ઉપકરણ પીછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. જેઓ

શાસ્ત્રકથિત ૪૬ દોષ, ૩૨ અંતરાય, ૧૪ મલદોષથી બચાવીને શુદ્ધ આહાર લે છે. જે જ મોક્ષમાર્ગના સાધક સાચા સાધુ છે અને એ જ ગુરુ કહેવાય છે.)

(શ્રી અર્હંત અને સિદ્ધ ભગવાન તે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે.)

શાસ્ત્રનું સ્વરૂપ :- જેમાં અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સાચો રત્નમયરૂપ મોક્ષમાર્ગ દેખાડે છે તે જૈન શાસ્ત્રો છે. (મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૮૮)

નવ દેવ : અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, જિન ધર્મ, જિન વચન, જિન પ્રતિમા, જિન મંદિર, એ નવ દેવ છે.

અરહંત ભગવાન ૧૮ દોષ રહિત છે. જે દોષનાં નામ = ક્ષુધા, તૃષા, ભય, રોષ (ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જરા,(વૃદ્ધાવસ્થા), રોગ, મૃત્યુ, સ્વેદ (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ - આ અઢાર દોષ છે તે અર્હંતને કદી હોતા નથી.

૨૮ દોષનાં નામ : દોહા

જન્મ, જરા, તૃષા, ક્ષુધા, વિસ્મય, અરતિ, ખેદ, રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિંતા, સ્વેદ, રાગ-દ્વેષ અરુ મરણયુત તે અષ્ટાદશ દોષ, નહિં હોતે અરહંતકો સો છબિ લાયક મોક્ષ.

અભયદાન :સર્વ જીવોની રક્ષા;રાગ, દ્વેષ, કામ ક્રોધદિનો નાશ કરી અસત્ય, અન્યાય, કુશીલ, પરધનહરણનો ત્યાગ કરી, સંતોષ ધારણ કરવો, તે અભયદાન છે. (૨) રક્ષણ આપવું; જીવોને બચાવવા.

અભ્યુન્થાન :માનોર્થે ઊભા થઈ જવું, તે.

અભ્યર્થના :પ્રાર્થના; માગણી; અરજ.

અભ્યસ્ત :જેનો અભ્યાસ કરવામાં આવ્યો છે તેવું; આદતવાળું; ટેવવાળું.

અભ્યસ્ત યોગ :વારંવાર કરી જોયેલા યોગ; મહાવરાવાળો યોગ; ટેવાયેલ; અભ્યાસથી જાણેલું કે અભ્યાસ કરાયેલું.

અભ્યાસ :સેવન; કોઈ પણ જાતની ક્રિયાનું પુનરાવર્તન; તાલીમ; ટેવ; આદત; અધ્યયન. (૨) સેવન. (૩) વારંવાર આસેવન (૪) મહાવરો; અધ્યયન. (૫) શાસ્ત્ર વાંચન, શ્રવણ, સત્સમાગમ, સ્વાધ્યાય, ચિંતન (૬) ઉદ્યમ; પ્રયત્ન; પુરુષાર્થ.

અભ્યાસ કરે :દેખે; અનુભવ કરે; સાક્ષાત્કાર કરે.

અભ્યાસ કરવા યોગ્ય વચનો :(૧) ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયોને સમાવો, (૨) સર્વ પ્રકારની અભિલાષાની નિવૃત્તિ કર્યા રહો. (૩) આટલા કાળ સુધી જે કર્યું તે બધાંથી નિવૃત્ત થાઓ, એ કરતાં વહે અટકો. (૪) તમે પરિપૂર્ણ સુખી છે, એમ માનો. અને બાકીનાં પ્રાણીઓની અનુકંપા કર્યા કરો. (૫) કોઈ એક સત્પુરુષ શોધો અને તેનાં ગમે તેવાં વચનોમાં પણ શ્રદ્ધા રાખો. એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે.પાંચમાંથી વળી ચારે સમાવેશ પામે છે, એ અવશ્ય માનો. અધિક શું કહું ?

અભ્યાસ કરવો :માત્ર વાંચવું અને સાંભળવું એટલો જ માત્ર અભ્યાસનો અર્થ નથી. પણ અભ્યાસ એટલે નિજ શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા કરવાના પુરુષાર્થની વાત છે.

અભ્યાસ જીવોને વિનતિ :

(૧) સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

(૨) સમ્યગ્દર્શન પામ્યા સિવાય કોઈપણ જીવને સાચાં વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે હોય નહીં કેમકે તે ક્રિયા પ્રથમ પાંચમે ગુણસ્થાને શુભભાવરૂપે હોય છે.

(૩) શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની એ બન્નેને થાય છે. પણ અજ્ઞાની તેનાથી ધર્મ થશે એમ માને છે અને જ્ઞાનીને બુદ્ધિમાં તે હેય હોવાથી તેનાથી કદી ધર્મ ન થાય એમ તે માને છે.

(૪) આ ઉપરથી ધર્મીને શુભ ભાવ હોતો જ નથી એમ સમજવું નહીં. પણ શુભ ભાવને ધર્મ કે તેથી ક્રમે ક્રમે ધર્મ થશે એમ તે માનતો નથી. કેમકે અનંત વીતરાગીઓએ તેને બંધનું કારણ કહ્યું છે.

(૫) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં, પરિણમાવી શકે નહીં, પ્રેરણા કરી શકે નહીં, લાભ-નુકસાન કરી શકે નહીં, પ્રભાવ પાડી શકે નહીં, અસર, મદદ

કે ઉપકાર કરી શકે નહીં, મારી-જીવાડી શકે નહીં એવી દરેક દ્રવ્ય ગુણ-પર્યાયની સંપૂર્ણ સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

(૬) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; તે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે, તથા તે શ્રદ્ધાન, દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થયા છે; માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું.

(૭) પહેલે ગુણસ્થાને જિજ્ઞાસુ જીવોને શાસ્ત્રનો અભ્યાસ, વાંચન-મનન, જ્ઞાની પુરુષોનો ધર્મોપદેશ સાંભળવો, નિરંતર તેમના સમાગમમાં રહેવું; દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન વગેરે શુભ ભાવો હોય છે; પરંતુ પહેલે ગુણસ્થાને સાચાં વ્રત, તપ વગેરે હોતાં નથી.

ઉપલક દષ્ટિએ જોનારને નીચેની બે શંકા થવાનો સંભવ છે :-

(૧) આવા કથન સાંભળવાથી કે વાંચવાથી લોકોને ઘણું નુકસાન થવા સંભવ છે.

(૨) હાલ લોકો જે કાંઈ વ્રત, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણાદિક ક્રિયા કરે છે તે છોડી દેશે.

તેનો ખુલાસો નીચે પ્રમાણે છે :-

સત્યથી કોઈપણ જીવને નુકસાન થાય એમ કહેવું તે ભૂલભરેલું છે. અર્થાત્ અસત્ કથનથી લોકોને લાભ થાય એમ માનવા બરાબર થાય છે. સત સાંભળવાથી કે વાંચવાથી જીવોને કદી નુકસાન થાય જ નહિ. એને વ્રત-પચ્ચક્ખાણ કરનારાઓ જ્ઞાની છે કે અજ્ઞાની છે તે જાણવાની જરૂર છે. જો તેઓ અજ્ઞાની હોય તો તેને સાચાં વ્રતાદિ હોતાં જ નથી તેથી તે છોડવાનો પ્રશ્ન જ નથી. જો વ્રત કરનાર જ્ઞાની હશે તો છદ્મસ્થ દશામાં તે વ્રત છોડી અશુભમાં જશે તેમ માનવું ન્યાયવિરુદ્ધ છે. એમ બને કે તે ક્રમે ક્રમે શુભ ભાવને ટાળી શુદ્ધને વધારે પણ તે તો લાભનું કારણ છે, નુકસાનનું કારણ નથી. માટે સત્ય કથનથી કોઈને નુકસાન થાય નહિ.

અભ્યિંતર :અભ્યંતર; આંતરિક; અંતર; મન.

અભરખો :અભિલાષ; તીવ્ર લાલસા; હોંશ; ઉમળકો.

અભ્રાન્ત જ્ઞાન :વિવેક

અભવ :જે ભવના સંસારના -સર્વ પ્રપંચોથી રહિત થઈ ગયા છે અથવા સંસાર રૂપે રહ્યા નથી તેને અભવ કહે છે.

અભવન :નહિ હોવું અથવા ગુણનું દ્રવ્યરૂપે, અભવન તે અતદ્ભાવ છે.

અભવ્ય :દૂર ભવ્ય (૨) ધર્મ પામવાના લાયક છે. (૩) નહિ થવા યોગ્ય. (૪) ધર્મ પામવાને નાલાયક; એક અભવ્ય જાતિ એવી છે કે તેને કોઈપણ પ્રકારે આત્માનું ભય ન થાય. જેમ દોરડું તંગ હોય તેને ગમે તેટલો નીચેથી તાપ આપો તો પણ તે પાણીમાં બફાય-ચઢે નહિ તેમ. (૫) દુર્ભવ્ય; પોતે તરે પણ નહીં અને બીજાને તારી પણ ન શકે. (૬) જેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ ન થઈ શકે તેવા જીવ. (૭) નહિ થવા યોગ્ય.

અભવ્ય જીવ :ધર્મ પામવાને નાલાયક જીવ. (૨) જે જીવ ઉત્કટ રસે પરિણમે, અને તેથી કર્મો બાંધ્યા કરે, અને તેને લીધે તેને મોક્ષ ન થાય.

અભવ્ય જીવો :શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો અસદ્ભાવ છે, તેમને અભવ્ય જીવો કહેવામાં આવે છે.

અભવ્યત્વ :મોક્ષ પામવાને કદી લાયક થતા નથી એવા જીવને અભવ્યત્વ હોય છે.

અભવ્યત્વ ગુણ :જે ગુણના કારણે, આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા, હોતી નથી તે ગુણને અભવ્યત્વ ગુણ કહે છે.

અભાવસ્વરૂપ :નિષેધ સ્વરૂપ, પ્રતિબંધ સ્વરૂપ;

અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ભાવના :હે આત્મન્ ! આ મનુષ્ય જન્મ સફળ કરવા નિરંતર જ્ઞાન અભ્યાસ જ કરો. જ્ઞાનના અભ્યાસ વિના એક ક્ષણ પણ ગુમાવો નહિ. જ્ઞાનના અભ્યાસ વિના મનુષ્ય પશુ સમાન છે. માટે શાસ્ત્રને ભણો, અર્થનું ચિંતન કરો વિશેષ જ્ઞાની ગુરુજન પ્રત્યે નમ્રતા, વંદન, વિનય આદિ કરો. ધર્મ, શ્રવણ કરવાની ઈચ્છાવાળાને ધર્મનો ઉપદેશ કરો, આને અભક્ષ્ણ જ્ઞાનોપયોગ કહે છે.

સર્વ દ્રવ્યોમાં એકમેક રહ્યા છતાં આત્માનો ભિન્ન અનુભવ થાય તે જ જ્ઞાનોપયોગ છે. જ્ઞાનના અભ્યાસ વડે વિષયોની વાંછા નાશ પામે છે. કષાયનો અભાવ થયા છે, મન સ્થિર થાય છે. ધર્મ અને શુકલ ધ્યાનમાં સ્થિર

થવાય છે. ધર્મની પ્રભાવના થાય છે. અજ્ઞાની જીવ ઘોર તપ વડે કરોડો ભવમાં જેટલાં કર્મ ક્ષય ન કરે તેટલાં બલકે તેથી વધુ કર્મોનો ક્ષય જ્ઞાની આત્મા અંતર્મુહૂર્તમાં કરે છે. જિનધર્મનો સ્તંભ જ્ઞાનનો અભ્યાસ જ છે. જ્ઞાનના અભ્યાસથી વિષયોની વાંછા છૂટી જાય છે. જ્ઞાન જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાય છે. જ્ઞાનથી જ મોક્ષ થાય છે. અભીક્ષ્ણ જ્ઞાનોપયોગનો મહિમા કરોડો જીભોથી પણ વર્ણવ્યો જાય તેમ નથી. તેથી નિરંતર તેની ભાવના ભાવો.

અભાવ : અસત્, વ્યય. (૨) ભેદ (૩) ક્ષય. (૪) અસત્ અન્ય દ્રવ્યો. (૫) એક પદાર્થમાં બીજા પદાર્થનું ન હોવું તેને અભાવ કહે છે. (૬) નૈયાયિકોએ જે પ્રમાણે તુચ્છાભાવને સ્વતંત્ર પદાર્થ માન્યો છે તે પ્રમાણે જૈન સિદ્ધાંત અભાવને સ્વતંત્ર-તુચ્છરૂપ માનતો નથી. જૈન મતમાં વર્તમાન સમય સંબંધી પર્યાયનો વર્તમાન સમયથી પહેલાના અભાવને પ્રાગ્ભાવ કહે છે તથા તેના જ વર્તમાન સમયથી પછીના અભાવને પ્રધ્વંસાભાવ કહે છે. દ્રવ્યની એક પર્યાયના સજાતીય અન્ય પર્યાયમાં અભાવને અન્યોન્યાભાવ કહે છે અને તેના જ વિજાતીય પર્યાયમાં અભાવને અશ્વયંતાભાવ કહે છે. આ ચારેય પ્રકારના અભાવ પર્યાયરૂપ છે અર્થાત્ અભાવ બીજી પર્યાય છે, તુચ્છાભાવ નથી

- પ્રાગ ભાવ, (૨) પ્રધ્વંસાભાવ, (૩) અન્યોન્ય અભાવ અને (૪) અત્યંતાભાવ પ્રમાણે, આગમમાં ચાર અભાવ, ન્યાય શાસ્ત્રમાં કહેલા છે.
- ચાર પ્રકારના અભાવ છે - (૧) અત્યંત અભાવ, (૨) અન્યોન્ય અભાવ, (૩) પ્રાગ્ અભાવ, (૪) ધ્વંસ અભાવ, એક પદાર્થનું, બીજા પદાર્થમાં નહિ હોવાપણું, - તેને અભાવ કહે છે.. (૧) પ્રાગભાવ = વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં જે અભાવ, તેને પ્રાગભાવ કહે છે. (૨) પ્રધ્વંસાભાવ =આગામી પર્યાયમાં, વર્તમાન પર્યાયના અભાવને, પ્રધ્વંસાભાવ કહે છે. (૩) અન્યોન્યા ભાવ = પુદ્ગલ દ્રવ્યના એક વર્તમાન પર્યાયમાં, બીજા પુદ્ગલના વર્તમાન પર્યાયના અભાવને, અન્યોન્યાભાવ કહે છે. (૪) અત્યન્તાભાવ =એક દ્રવ્યમાં, બીજા દ્રવ્યના અભાવને, અત્યન્તાભાવ કહે છે.
- એક પદાર્થમાં બીજા પદાર્થનું ન હોવું તેને અભાવ કહે છે. અભાવના ચાર ભેદ છે. પ્રાગ્ભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતાભાવ.

(૧) પ્રાગ્ભાવ = વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં જે અભાવ તેને પ્રાગ્ભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કાર્ય અનાદિ ઠરે.)

(૨) પ્રધ્વંસાભાવ = એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો તે જ દ્રવ્યની ભવિષ્યમાં થનારી પર્યાયમાં અભાવ હોવો તેને પ્રધ્વંસાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો તે જ કાર્ય અનંતકાળ રહે.)

(૩) અન્યોન્યાભાવ = પુદ્ગલ દ્રવ્યની એક વર્તમાન પર્યાયનો બીજો પુદ્ગલની વર્તમાન પર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો એક પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાય બીજા પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયથી સ્વતંત્ર અને ભિન્ન નહિ રહે.)

(૪) અશ્વયંતાભાવ = એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અશ્વયંતાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કોઈપણ દ્રવ્ય સ્વતંત્ર અને ભિન્ન ન રહે.)

આ ચાર પ્રકારના અભાવ સમજવાથી ધર્મ સંબંધી શું લાભ થાય ?

(૧) પ્રાગ્ભાવથી એમ સમજવું કે અનાદિકાળથી અજ્ઞાન. મિથ્યાત્વાદિ દોષ કર્યા અને ધર્મ કદી પણ કર્યો નથી તોપણ ધર્મ વર્તમાનમાં નવા પુરુષાર્થથી થઈ શકે છે. કારણ કે વર્તમાન પર્યાય (અવસ્થા)નો પૂર્વ પર્યાયમાં અભાવ છે.

(૨) પ્રધ્વંસાભાવથી એમ સમજવું કે વર્તમાન અવસ્થામાં ધર્મ ન કર્યો હોય તો પણ તે અધર્મ દશાનો તરત વ્યય (અભાવ) કરીને જીવ નવા પુરુષાર્થથી ધર્મ પ્રગટ કરી શકે છે.

(૩) અન્યોન્યાભાવથી એમ સમજવું કે એક પુદ્ગલ દ્રવ્યની પર્યાય બીજા પુદ્ગલની પર્યાયને કાંઈ પણ કરી શકતી નથી; અર્થાત્ એકબીજાને મદદ, સહાય, અસર, પ્રેરણાદિ કંઈ કરી શકતા નથી.

(૪) અશ્વયંતાભાવથી એમ સમજવું કે પ્રત્યેક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ હોવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કંઈ પણ કરી શકતું નથી. અર્થાત્ સહાય, અસર, મદદ, પ્રેરણા ઈત્યાદિ કંઈ કરી શકતું નથી. શાસ્ત્રમાં જે કંઈ સત્યનું કરવું, કરાવવું વગેરેનું કથન છે તે ઘીના ઘડા સમાન વ્યવહારનુ કથન માત્ર છે, સત્યાર્થ નથી.

આવી સમજણ કરવાથી સ્વ-સન્મુખપણાનો પુરુષાર્થ થાય છે તે જ સાચો લાભ છે.

અભાવ કોને કહે છે ? :એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવાપણું તેને અભાવ કહે છે.

અભાવ નામની આત્માની શક્તિ :રાગ અને કર્મના અભાવ સ્વભાવ સ્વરૂપ એક અભાવ નામની આત્મામાં શક્તિ છે. અશુદ્ધતા અર્થાત્ કર્મપણે ન થાય એવી આત્મામાં અભાવ નામની શક્તિ છે.

અભાવનું ભાવાન્તરના ભાવસ્વભાવે અવભાવન છે :નાશ, અન્યભાવના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે.

અભાવના ભેદ :અભાવના ચાર ભેદ છે. (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસ્તાભાવ, (૩) અન્યોન્યા ભાવ અને (૪) અત્યન્તા ભાવ.

અભાવ્ય :નહિ થવા યોગ્ય; નહિ પરિણમવા યોગ્ય.

અભાવવાચક :નાસ્તિ સૂચક

અભાવભાવ :અસત્નું ઉત્પાદ

અભાવવાળા :અવિદ્યમાન;

અભિક્ષાચરણ :ભિક્ષાચરણ સિવાયનો.

અભિગ્રહ :ખોરાક-પાણી વહોરવામાં ટૂંકી મર્યાદા બાંધવી, એટલે કે પોતે નક્કી કરેલા વેશ કે રંગનો માણસ અમુક સ્થિતિમાં આપો, તો જ લેવું એવી જાતનો નિયમ. અર્થ બરાબર સમજી શકાય, તેવી ભાષા. (૨) સ્વીકાર, હઠ, દુરાગ્રહ.

અભિધેય :ધ્યેય. ધ્યેય એટલે પકડવા લાયક, આશ્રય કરવા લાયક, અનુસરણ કરવા લાયક-જે ધ્રુવ છે તે.

અભિધેય :વસ્તુધર્મ કહી શકાય એવો. (૨) ધ્યેય. (૩) શબ્દથી કહી શકાય તેવું; નામ લેવાથી સમજાય તેવું; મૂળ અર્થ; વાચ્યાર્થ; શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે. (૪) કહેવા યોગ્ય વાચ્યભાવ.પવિત્ર, નિર્મળ, અસંયોગિ, શુદ્ધ આત્મ સ્વભાવ કહેવા યોગ્ય છે તે વાચ્ય છે, અને તેને જણાવનારા શબ્દો તે વાચક છે. (૫) પ્રયોજન. (૬) કહેવા યોગ્ય વિષય. (૭) વસ્તુધર્મ કહી શકાય એવો.

અભિધેય ભેદ :વાચ્યનો ભેદ અભિધેય = વાચ્ય.

અભિધેય વિષય :કહેવાનો વિષય; પ્રયોજન.

અભિધેયતા :વિવક્ષા; કથની. (૨) કહેવા યોગ્યપણું; વિવક્ષા; કથની.

અભિધેયભેદ :શબ્દથી કહી શકાય તેવો ભેદ; નામ લેવાથી સમજાય તેવો ભેદ; મૂળ અર્થભેદ; વાચ્યાર્થભેદ.

અભિધાન :નામ; સંજ્ઞા; કર્તા માટેનું વિધાન. (૨) વાચક (૩) વાચક.

અભિનંદે છે :પ્રશંસે છે; આવકારે છે. (૨) પ્રશંસા; ધન્યવાદ.

અભિનંદવું :પ્રશંસવું. (૨) પ્રશંસા કરવી. (૩) પ્રશંસા કરવી. (અભિનંદતા = પ્રશંસતા) ધન્યવાદ દેતા.

અભિન્ન :એકમેક. (૨) એકમેકઃ એકરૂપ.

અભિન્ન પ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું :અત્યંત નજીક રહેલાં મિશ્રિત દૂધ-જળને ભિન્ન પ્રદેશત્વ સ્વરૂપ અનન્યપણુ છે.પણ દ્રવ્ય અને ગુણને એવું અનન્યપણું નથી, પરંતુ અભિન્ન પ્રદેશત્વ સ્વરૂપ અનન્યપણું છે.

અભિન્ન સાધ્ય સાધન ભાવ :જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત્ એક પ્રકારનાં) હોય, તે અહીં નિશ્ચયનય છે; જેમકે નિર્વિકલ્પ ધ્યાન પરિણત (શુદ્ધાત્મ શ્રદ્ધાન જ્ઞાન ચારિત્ર પરિણત) મુનિને, નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન, એક પ્રકારનાં અર્થાત્ શુદ્ધાત્મરૂપ (શુદ્ધાત્મપર્યાયરૂપ) છે.

અભિન્નતા :એકત્વ

અભિનવ :તદ્દન નવા-(યથાજાત રૂપધરપણના, તદ્દન નવા અભ્યાસમાં પ્રવીણતા વડે, શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ, પ્રાપ્ત થાય છે.)

અભિનિવિષ્ટ :આગ્રહી (અભિનિવિષ્ટ)

આગમ વિના પદાર્થોનો નિશ્ચય થતો નથી.

પદાર્થોના નિશ્ચય વિના અશ્રદ્ધાજનિત તરલતા

પર કર્તુત્વાભિલાષાજનિત ક્ષોભ.

પર ભૌકતૃત્વાભિલાષાજનિત અસ્થિરતા.

અસ્થિરતાને લીધે એકાગ્રતા થતી નથી.

એકાગ્રતા વિના એક આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-વર્તનરૂપે પ્રવર્તતી શુદ્ધાત્મપ્રવૃત્તિ નહિ થવાથી મુનિપણું થતું નથી. માટે મોક્ષાર્થીનું પ્રધાન કર્તવ્ય શબ્દબ્રહ્મરૂપ (પરમ બ્રહ્મરૂપ વાકયનું વાચન દ્રવ્યશ્રુત) આગમમાં પ્રવીણતા પ્રાપ્ત કરવી તે છે.

અભિનિબોધ :સ્વાર્થાનુમાન-અનુમાન, એ તેનાં બીજાં નામ છે. સન્મુખ ચિહ્નાદિ દેખી તે ચિહ્નવાળા પદાર્થનો નિર્ણય કરવો, તે અભિનિબોધ છે.

અભિનિબોધિક :મતિ.

અભિનિવેશ :તન્મયતા; આસક્તિ; હઠ; આગ્રહ; અડગ નિશ્ચય; લીનતા. (૨) અભિપ્રાય; નિશ્ચય; (૩) એકાગ્રતા; આગ્રહ. (૪) દઢ નિશ્ચય; (૫) લૌકિક આસક્તિ; શાસ્ત્રીય આસક્તિ. (૬) આગ્રહ; મિથ્યાજ્ઞાન (૭) શ્રદ્ધાન; આગ્રહ; દઢ વિશ્વાસ; તન્મયતા; આસક્તિ, દઢ નિશ્ચય, હઠ. (૮) આસક્તિ. (લૌકિક અભિનિવેશ)

અભિનિવિષ્ટ :આગ્રહી; દઢ; મચેલો. (૨) અભિનિવેષ પામેલી; આગ્રહી.

અભિપ્રાય :શ્રદ્ધાન (૨) શ્રદ્ધા. (૩) નિર્ણય. (૪) માન્યતા; શ્રદ્ધા.

અભિપ્સા :પ્રબળ ઈચ્છા; વાંછના; અભિલાષા.

અભિભૂત :પરાભવ.

અભિભૂત કરીને :પરાભવ કરીને; કાર્યભૂત કરીને.

અભિભાવક :અનાદર કરનાર; અવજ્ઞા કરનાર.

અભિમુખ :સન્મુખ; ના તરફ મુખવાળું;

અભિમત :માન્ય કરેલું; સ્વીકારેલું; સંમતિ પામેલું; ઈચ્છવું; પસંદ કરવું.

અભિમત :સંમત; માન્ય (૨) ઈષ્ટ; પ્રિય; (૩) સંમત; માન્ય કરેલું; વીકારેલું.

અભિમાન :માન્યતા (૨) અહંકાર.

અભિમાને :એવા રાગે.

અભિયોગિક ભાવના :મંત્ર, અભિનય, કૌતૂક, ભૂતપ્રયોગ, આદિમાં પ્રવર્તતો સાતા, રસ અને ઋદ્ધિ એ ત્રણ ગારવના નિમિત્તે આભિયોગિક ભાવનાને ભજે છે.

અભિરુચિ :પ્રીતિ; શોખ; રુચિ.

અભિરત :ભોગોમાં રત; ભોગોમાં અત્યંત આસક્ત.

અભિરામ :સુંદર; (૨) મોક્ષપદ. (૩) સદા સુંદર; તિશય સુંદર; પરમ શોભનીક.

અભિલાષા :આકાંક્ષા; ઈચ્છા. (૨) પ્રબળ ઈચ્છા; અકાંક્ષા; (૩) ઉમંગ; હોંશ.

અભિલાષિત :જેની અભિલાષા હોય, તે; જેની તૃષ્ણા હોય, તે;

અભિવંદન :નમસ્કાર.

અભિવંદના :નમસ્કાર

અભિવંદ્ય :વંદન કરીને

અભિવ્યક્ત :પ્રગટ.

અભિવ્યંજક :પ્રકાશિત કરનાર; સ્પષ્ટતા કરનારું; વ્યક્ત કરનારું.

અભિવ્યંજન :અભિવ્યક્તિ. (૨) પ્રકાશિત થનાર.

અભિસંધિ :આત્માની પ્રેરણાથી, વીર્યનું પ્રવર્તવું થાય છે.

અભિસંધિવીર્ય :બુદ્ધિ કે ઈરાદાપૂર્વક કરવામાં આવતી ક્રિયારૂપે પરિણમનાર વીર્ય; આત્માની પ્રેરણાથી વીર્યનું પ્રવર્તવું થાય તે; વીર્યનો એક પ્રકાર.

અભિસાર :પ્રેમીને મળવા જવું તે; મિલન.

અભિસારિકા :સંકેત પ્રમાણે પ્રેમીને મળવા જનારી, સ્ત્રી.

અભિસિંચન :અભિષેક કરવો.

અભિહિત :વિહિત; સ્થાપિત.

અભીક્ષ્ણ :નિરંતર; સદા; અસ્ખલિત; અત્રૂટક.

અભીક્ષણ જ્ઞાનોપયોગ :સદા જ્ઞાનોપયોગમાં રહેવું તે સમ્યગ્જ્ઞાન દ્વારા પ્રત્યેક કાર્યમાં વિચાર કરીને તેમાં પ્રવૃત્તિ કરવી તે જ્ઞાનોપયોગનો અર્થ છે. (૨) નિરંતર સ્વાધ્યાય અને જ્ઞાન-ધ્યાનમાં વર્તવું તે સંવરનું મુખ્ય સાધન છે.

અભીષ્ટ :મનગમતું; કલ્યાણ; ભલું, ઈચ્છેલું;

અમુખ્ય :ગૌણ; ભેદ; નિમિત્તમાત્ર.

અમેચક :એકાકાર; શુદ્ધ; પવિત્રતા; (૨) એક અવસ્થારૂપ; શુદ્ધ એકાકાર. અભેદરૂપ એકાકાર; નિર્મળ (૩) અભેદ; વિવિધતા રહિત; એક.

અમિટ :અટળ.

અમૂઢ દષ્ટિ :મૂઢતા રહિતપણું.

અમૂઢ દષ્ટિ અંગ :દુઃખદાયક ખોટા માર્ગો અવા કુત્સિત ધર્મોમાં અને કુમાર્ગોમાં રહેલા પુરુષોમાં (ભલે તે લૌકિકમાં પ્રખ્યાત હોય) મનથી પ્રમાણિત માને નહીં, કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે તેને અમૂઢ દષ્ટિ અંગ કહે છે.(રત્ન.શ્રા.ગા.૧૪)

અમૂઢત્વ :દુઃખદાયક ખોટા માર્ગો અથવા કુત્સિત ધર્મોમાં અને કુમાર્ગોમાં પહેલા પુરુષોમાં (ભલે તે લૌકિક પ્રખ્યાત હોય) મનથી પ્રામાણિક માને નહીં, કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે તેને અમૂઢદષ્ટિ કહે છે.

અમૂઢદષ્ટિ :સમ્યગ્દર્શનનું ચોથું અંગ છે. રેવતી શ્રાવિકાની પેઠે કુદ્ર, કુગુરુ આદિ ઈંદ્રજાલિયા ચમત્કાર કરનારાથી ઠગાય નહિ, ભ્રાંતિમાં ન પડે. હિંસામાં ધર્મ ન માને, લૌકિક ધર્મ-યાત્રા, ક્રિયા આદિમાં ગાડરિયા પ્રવાહે ન જોડાય, શીતળા, પીંપાશ, દરિયા આદિ ન પૂજે. લૌકિક પર્વ, ઉત્સવોમાં ધર્મ ન માને. રાગ-દ્વેષ-અજ્ઞાનથી રહિત તે દેવ, હિંસાથી રહિત સર્વજ્ઞ ભગવાને બાંધેલો, તે ધર્મ અને નિર્ગ્રંથ જ્ઞાની ગુરુની માન્યતા રાખવા, તે અમૂઢદષ્ટિ નામે ચોથું અંગ છે.

અમૃત :જેનું મરણ નથી તથા જેનાથી અન્યનું મરણ નથી, તે અમૃત છે; વળી જે અત્યંત સ્વાદિષ્ટ (મીઠું) હોય, તો તેને લોકો રૂઢિથી અમૃત કહે છે.

અમૃતચંદ્ર જ્યોતિ :અમૃતમય ચંદ્રમા સમાન જ્યોતિ; જ્ઞાન; આત્મા.

અમૃતચંદ્રચાર્ય :અમૃતચંદ્રાચાર્ય ૧૦૦૦ વર્ષ પહેલાં થયા. તે ભાવ લિંગી દિગંબર સંત મુનિ હતા. જાણે ચાલતા સિદ્ધ ! અંતર-આનંદનો ઢગલો. અંદર અતીન્દ્રિય આનંદનો પ્રવાહ, વહેતો હતો. તેમણે કુન્દકુન્દાચાર્યના કેટલાક શાસ્ત્રોની, ટીકા બનાવી છે.

અમૃતરસજાહ્નવી :અમૃતરસગંગા, અનુભવરસજાહ્નવી = અનુભવ રસગંગા.

અમંદ :જોર; બળવાન; મોટો અવાજ

અમંદપણે :જોરથી; બળવાનપણે; મોટે અવાજે. (૨) ઉગ્રપણે. (૩)

સમુદ્ભવ :ઉત્પત્તિ; ઉત્પન્ન થવું તે.

અમનસ્ક :ઉદાસીન; નિઃસંગ; વિમનસ્ક; ઉદાસ. (૨) મન(ઈંદ્રિય) વિનાનું; વિચાર રહિત; વિકલ્પથી રહિત

આમ્નાય :શાસન; હકૂમત, હુકમ ચાલે તે.

અમનોહર :અસુંદર; કુરૂપ; કુબડું.

અમ્બુ (ઘનોદધિ) વાતવલય :વરાળનું ઘટ વાતાવરણ.

અમેય :મર્યાદા વિનાની; અમર્યાદિત. (૨) અનંત સામર્થ્યવાળી (૩) અમાપ.

અમર :દેવ; આત્મા

અમૂર્છિત કરવો :ભાનમાં લાવવો; સાવધ કરવો. (૨) મૂર્છા પામ્યું ન હોય તેવું; સાવધપણું; ભાનમાં હોય તેવું.

અમૂર્ત :સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે, તે અમૂર્ત છે. આકાશ અમૂર્ત છે, કાળ અમૂર્ત, ધર્માસ્તિકાય અમૂર્ત છે, અધર્માસ્તિકાય અર્મૂત છે. જીવ સ્વરૂપે અમૂર્ત છે, પરરૂપમાં પ્રવેશ દ્વારા (મૂર્ત દ્રવ્યના સંયોગથી અપેક્ષાએ) મૂર્ત છે. (૨) અમૂર્ત એવાં જે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે, મૂર્ત પદાર્થોમાં પણ અતીન્દ્રિય એવા, જે પરમાણુ વગેરે તથા દ્રવ્યે પ્રચ્છન્ન, એવાં જે કાળ વગેરે (દ્રવ્ય અપેક્ષાએ ગુપ્ત એવાં જે કાળ, ધર્માસ્તિકાય વગેરે), ક્ષેત્રે પ્રચ્છન્ન એવા જે અલોકાકાશના પ્રદેશ વગેરે, કાળે પ્રચ્છન્ન, એવા જે અસાંપ્રતિક પર્યાયો તથા ભાવે પ્રચ્છન્ન એવા જે સ્થૂલ પર્યાયોમાં અંતર્લીન સૂક્ષ્મ પર્યાયો, તે બધાંયનું કે જે સ્વ અને પર એ ભેદોથી વિભક્ત છે, તેમનું-ખરેખર તે અતીન્દ્રિય જ્ઞાનને અદૃષ્ટાપણું છે. (અર્થાત્ તે

બધાંયને તે અતીન્દ્રિય જ્ઞાન દેખે છે.) કારણકે તે અતીન્દ્રિય જ્ઞાન પ્રત્યક્ષ છે. (૩) અરૂપી; વર્ણ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શથી રહિત. (૪) વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત, એવો અમૂર્તિક (અરૂપી) જીવ પદાર્થ છે. (૫) અરૂપી; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (રંગ) વિનાની એ અરૂપી વસ્તુ છે. જીવના જ્ઞાન-દર્શન -આનંદ-વીર્ય આદિ ગુણો પણ અમૂર્તને અરૂપી છે. આમ સ્પર્શાદિ રહિત ચેતનની બધા પ્રકારે ઓળખાણ આપે છે પણ એને ક્યાં પડી છે ?

અમૂર્ત ગુણો :ઈન્દ્રિયોથી જણાતા નથી. અમૂર્તગુણો પુદ્ગલ દ્રવ્ય સિવાય, બાકીના પાંચ દ્રવ્યોના છે. કારણ કે પુદ્ગલ સિવાય બાકીનાં બધાંય દ્રવ્યો અમૂર્ત છે.

અમૂર્ત દ્રવ્યો :જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ.

અમૂર્ત-મૂર્ત :જીવ નિશ્ચયે અમૂર્ત-અખંડ-એક પ્રતિભાસમય હોવાથી, અમૂર્ત છે, રાગાદિરહિત સહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા, આત્મતત્ત્વની ભાવનારહિત જીવ વડે ઉપાર્જિતે મૂર્ત કર્મ, તેના સંસર્ગ દ્વારા વ્યવહારે મૂર્ત પણ છે.

અમૂર્તિક :રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વિનાની વસ્તુ. (૨) જેમાં રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ નથી તે.

અમૂર્તિકપણું :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિતપણું. છયે પદાર્થોમાં સમયે સમયે પરિણમન થવું છે - તે પર્યાય છે. જે અનંત છે.

અમર્યાદ :એટલે જ્ઞાન દર્શનની અનંત શક્તિ છે.

અમર્યાદિતતા :અમાપતા; અપરિમિતતા; અનંતતા.

અમરવરમય :પરમ અમર અમૃત આત્મમય જ દૃષ્ટિ થઈ છે. પરમ અમર પરમ અમૃત આત્માના આનંદનો અનુભવ થઈ રહ્યો છે.

અમરવર :દેવોમાં શ્રેષ્ટ-પ્રભુ; પરમેશ્વર; ન મરે એવામાં ઉત્તમ.

અમલ :રાગાદિ વિકારરૂપી મળથી રહિત; અકાળ. (૨) નિર્મળ.

અમલમદ :હાથ નીચે હોય તેને ભય પમાડવા જુલમ કરવા પડે કે થાય છે.

અમૂલ્ય :જેની કિંમત આંકી ન શકાય એવું, ઘણું જ કીમતી;

અમાન્ય કર્યો :વિસર્જન કર્યો.

અમાપ :અનંત. (૨) માપ ન થઈ શકે એવું. (૩) બેહદ; મર્યાદા રહિત. (૫) અનંત.

અમિતગતિ :દિગંબર જૈન પરંપરામાં અમિતગતિ નામના બે આચાર્ય થઈ ગયા છે એક માધવસેનસૂરિના શિષ્ય તથા નેમિષેણાચાર્યના પ્રશિષ્ય, તેમજ બીજા નેમિષેણાચાર્યના ગુરુ તથા દેવસેનસૂરિના શિષ્ય. ઈન્ને માથુર સંઘમાં થયા હતા. આ યોગસાર પ્રથમ અમિતગતિની રચના છે. લેખનશૈલી અને અર્થની ગંભીરતા ઉપરથી તે નિશ્ચિત થાય છે. જેમજ બીજા અમિતગતિના રચેલાં સુભાષિતરત્નસંદોહ, ધર્મપરીક્ષા, આરાધના, ઉપાસક આચાર અને પંચસંગ્રહ નામના અનેક ગ્રંથ છે, જેમાં ગ્રંથકારે પોતાની ગુરુપરંપરાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે, તે ઉપરથી નિશ્ચિત થાય છે. ઉક્ત ગ્રંથોમાં પ્રથમના અમિતગતિનો પોતાના ગુરુપરંપરામાં ઉલ્લેખ કર્યો છે, જેથી સ્પષ્ટતા થાય છે. સાંથોસાથ તેમનો સમય પણ વિક્રમની અગિયારમી શતાબ્દીની શરૂઆતનો ભાગ એટલે ૧૦૦૧ થી ૧૦૨૫ સુધીનું અનુમાન થાય છે.

અમિત :અનંત; અમાપ; અનાદિ. (૨) અમાપ; અપાર; માપેલું ન હોય તેવું.

અમીટ :અનિમેષ; આંખનો પલકારો માર્યા વિના. (૨) અટલ.

અમોઘ :મોઘ-નિષ્ફળ નહિ, તેવું; સફળ; સચોટ; રામબાણ; અચૂક; અફર;

અમોહ :સ્વરૂપમાં સાવધાની

અમોહપણું :નિર્મોહપણું; નિર્મુઝનપણું.

અયુક્ત :અયોગ્ય; અનુચિત; ...નહીં જોડાયેલું,-જોડેલું

આયુકર્મ :આયુકર્મથી અક્ષય સ્થિતિગુણ રોકાઈ રહ્યો છે.

અયુતસિદ્ધ :મૂળથી ભેગાં. (૨) નહિ જોડાયેલ; અસંયોગસિદ્ધ. (ધર્માસ્તિકાયને વિષે, જુદા જુદા પ્રદેશોનો સંયોગ થયેલો છે,એમ નથી. તેથી તેમાં વચ્ચે વ્યવધાન-અંતર-આવકાશ નથી; માટે ધર્માસ્તિકાય અખંડ છે.

અયુતસિદ્ધપણું :અભિમન્નપણું; અપૃથક્પણું

અયુતસિદ્ધિ :અપૃથક્સિદ્ધ; તાદાત્મ્યમય સહવૃત્તિ; અનન્યભૂત. (૨) પૃથક્પણું.

અયથાગ્રહણ :પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં, તેના વિષે અન્ય સમજણ.

અયથાચાર :અયથાતથ આચાર; અયથાર્થ ચારિત્ર; અન્યથા આચરણ.
અયથાજાતરૂપધર :(આત્માનું) અસહજ રૂપ ધરનાર.
અયથાતથપણે ગ્રહે છે :જેવા નથી, તેવા સમજે છે.
અયથાતથ :જેવા નથી તેવા.
અયથાર્થ :મિથ્યા; અવાસ્તવિક; ખોટું; યથાર્થ નહિ એવું.
અયથાલબ્ધ :જેવો મળે તેવો નહિ, પણ પોતાની પસંદગીનો; સ્વેચ્છાલબ્ધ.
અયન :પ્રયાણ; વિષુવવૃત્તની દક્ષિણમાં અને ઉત્તરમાં દેખાતી સૂર્યની ગતિ; એ ગતિને લાગતો વખત; છ માસ; ઉત્તરાયણ અને દક્ષિણાયનનું દૂરમાં દૂરનું બિંદુ; સોલ્સ્ટિસ.
આયુપ્રાણ :ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિ પર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે.
અયશઃ કીર્તિનામ કર્મ :જે કર્મના ઉદયથી જીવની લોકમાં પ્રશંસા ન થાય તેને અયશઃ કીર્તિનામ કર્મ કહે છે.
અયોગ :સત્પુરુષ સાથે જોડાણનો અભાવ; મન, વચન, કાયરૂપ યોગનું ન હોવાપણું.
અયોગી :દેહરહિત; નિરાકાર.
અયોગી સિદ્ધ :દેહરહિત સિદ્ધ આત્મા; નિરાકાર શુદ્ધ ચૈતન્યમૂર્તિ .
અરંગ :રંગરહિતપણું.
અર્ચન :પૂજા, કપાળે ચંદન લગાડવું તે.
અર્ચનિક :પૂજા કરવાને યોગ્ય.
અર્ચવું :પૂજન. ભક્તિ કરવી; કપાળે ચંદન વગેરે લગાડવું.
અર્ચા :પૂજા; સન્માન. (૨) (આત્માની અર્ચા) આધ્યાત્મરસની આર્દ્રતા; આત્મ અનુભવ. પૂજન; અર્ચન. (૩) પૂજા; સન્માન.
અરુચિ :દિલગીરી (૨) દ્વેષભાવ. (૩) અનાદર. (૪) અપ્રીતિ; અણગમો.
અશુચિપણું :મલિનતા; શુભાશુભભાવ; દુર્ગંધમય,; અપવિત્ર.
અર્જન :પ્રાપ્તિ.
અર્ણવ :સમુદ્ર

આરત :આર્ષ; પીડિત; ભીડમાં આવી પડેલું; પીડા; ભીડ; ગરજ.
અંતર્ગર્ભિત :આંતરિક માર્મિક; અર્થસૂચક.
અસાવધ :ગાફેલ; બેદરકારી; ગફલત; સચેત નહિ તેવું.
અરતિ :અપ્રતીતિ; ઉદ્વેગ; આસક્તિનો અભાવ; પ્રેમનો અભાવ-દ્વેષ. (૨) ભય. (૩) શોક. (૪) રતિનો અભાવ. (૫) અપ્રિય; બૂરું લાગે તેવો ભાવ. (૬) રતિ-આસક્તિનો અભાવ; (૭) ખેદ. (૮) નારાજગી; ગમગીની.
અરતિનોકષા વેદનીય મોહનીય કર્મ :નારાજગીના પરિણામ થાય તે મોહનીય કર્મનુ ફળ છે.
અર્થ :પદાર્થ (૨) લક્ષ્મી; તત્ત્વ; શબ્દનું બીજુ નામ; (૩) સમજ. (૪) અનેક શબ્દોના સંબંધથી કહેવામાં આવતી, વસ્તુપણે એક એવો પદાર્થ. (૫) ऋ ધાતુમાંથી અર્થ શબ્દ બન્યો છે. ऋ એટલે પામવું. પ્રાપ્ત કરવું, પહોંચવું, જવું. અર્થ એટલે (૧) જે પામે-પ્રાપ્ત કરે-પહોંચે તે, અથવા (૨) જેને પમાય-પ્રાપ્ત કરાય-પહોંચાય તે. (૬) અનેક શબ્દોના સંબંધથી, કહેવામાં આવતો, વસ્તુપણે એક, એવો પદાર્થ. (૭) દ્રવ્ય, ગુણ, પર્યાય. (૮) ઉદ્દેશ, હેતુ, કારણ, આશય, ભાવ, માયનો, પદાર્થ, વસ્તુ, કાર્ય, કામ, પ્રસંગ, ધન, દોલત, પૈસો, ચાર પરુષાર્થમાંનો બીજો, લાભ, ફાયદો, ગરજ, ખરી પરિસ્થિતિ, પરિણામ, જરૂરિયાત, શક્તિ, તાકાત. (૯) આત્મા ત્રિકાળી વસ્તુ છે તે અર્થ છે. આત્મા ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે અર્થ છે. (૧૦) લક્ષ્મી; (૧૧) વસ્તુ; દ્રવ્ય; પદાર્થ. (૧૨) હિત. (૧૩) (a) જે પામે-પ્રાપ્ત કરે-પહોંચે તે, અથવા (b) જે ને પમાય -પ્રાપ્ત કરાય- પહોંચાય તે. અર્થો (પદાર્થો એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો. એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી. વળી એ ત્રણમાં, ગુણો અને પર્યાયોનો આત્મા (તેમનું સર્વસ્વ) દ્રવ્ય જ છે. આમ, હોવાથી કોઈ દ્રવ્યના ગુણો અને પર્યાયો, અન્ય દ્રવ્યના ગુણો અને પર્યાયો રૂપે, અંશે પણ થતા નથી, સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોમાં રહે છે.-આવી પદાર્થોની સ્થિતિ મોહ- ક્ષયના નિમિત્તભૂત, પવિત્ર જિનશાસ્ત્રોમાં કહી છે. (૧૬) પ્રયોજન. (૧૭) આત્માપદાર્થ. (૧૮) સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. વિશ્વ એટલે સમસ્ત

પદાર્થો-દ્રવ્ય-ગુણ-પર્યાયો. (પદાર્થોમાં સ્વ અને પર એવા બે વિભાગ છે તે જાણનાર આત્માનું પોતાનું હોય તે સ્વ છે અને બીજું બધું પર છે. (૧૯) દ્રવ્ય-ગુણ-પર્યાય અર્થતે કહેતાં નિશ્ચય કરીએ તે અર્થ છે. વસ્તુ. (૨૦) આત્મા શુદ્ધ કહેતાં પવિત્ર છે. બુદ્ધ એટલે જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યધન કહેતાં અસંખ્ય પ્રદેશી છે. સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય આત્મા અસંખ્ય પ્રદેશી છે એવી વાત નથી. આત્મા સ્વંયજયોતિ છે, એટલે સ્વયં સિદ્ધ વસ્તુ છે. કોઈએ ઉત્પન્ન કરી હોય કે કોઈથી નાશ પામે એવી ચીજ નથી. તે સુખ ધામ છે, એટલે આનંદનું-અતીન્દ્રિય આનંદનું ધામ છે. આવો આત્મા અભેદ એકરૂપ ભૂતાર્થ વસ્તુ છે. તેને કરવિચારતો પામે- એટલે કે જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદનન વડે આવા જ્ઞાયકને લક્ષમાં લે તો તેની પ્રાપ્તિ થાય.

અમારી પાસેથી કાંઈ મળે તેમ નથી. પોતાના ગુણોમાં વ્યાપેલું અભેદ, અખંડ, જે ધ્રુવતત્વ એની દૃષ્ટિ કરવી એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આ સિવાય બહારના ક્રિયાકાંડમાં રાગમાં ધર્મ માની પ્રવર્તે તે મિથ્યાદૃષ્ટિ છે.

અર્થ નિશ્ચાયક :દ્રવ્યનો નિશ્ચય કરનારું; દ્રવ્યને નક્કી કરનારું. (દ્રવ્યનો નિર્ણય કરવાનું સાધન જે સ્વરૂપ-અસ્તિત્વ ને સ્વ-પરનો ભેદ પાડવામાં સાધનભૂત છે.)

અર્થ પર્યાય :પ્રદેશત્વ ગુણ સિવાયના, બાકીના સંપૂર્ણ ગુણોના વિશેષ કાર્યને, અર્થપર્યાય કહે છે. (૨) દ્રવ્યમાં રહેતા અનંત ગુણોની પર્યાયને અર્થ પર્યાય કહે છે. (૩) આ અનંત અવસ્થાઓમાંથી પ્રત્યેક સમયવર્તી પ્રત્યેક અવસ્થાને અર્થપર્યાય કહે છે. (૪) ગુણ અને અર્થ એ બન્ને ય એક અર્થવાળા છે તેથી ગુણ પર્યાયને અર્થપર્યાય પણ કહી છે. (૫) ષટ્ગુણી હાનિવૃદ્ધિરૂપ સ્વભાવ પર્યાય.

અર્થ પર્યાય કોને કહે છે? :પ્રદેશત્વ ગુણના સિવાય, અન્ય સમસ્ત ગુણોના વિકારને અર્થ પર્યાય કહે છે.

અર્થપર્યાયના કેટલા ભેદ છે ? :બે છે. સ્વભાવ અર્થ પર્યાય અને વિભાવ અર્થ પર્યાય

અર્થ પર્યાયના ભેદ :અર્થ પર્યાયના બે ભેદ છેઃ સ્વભાવ અર્થ પર્યાય અને વિભાવ અર્થ પર્યાય.

અર્થ પર્યાયો :ગુણ પર્યાયો

અર્થ વિકલ્પ :પ્રથમ તે અર્થ વિકલ્પ તે જ્ઞાન કે; ત્યાં .....

અર્થક્રિયા :પ્રયોજનભૂત ક્રિયા

અર્થક્રિયા :સર્વ પદાર્થને પોતાનું કાર્ય એટલે અર્થક્રિયા છે. ક્રિયા બે પ્રકારે છે. ૧. માત્ર પોતારૂપે પરિણમનરૂપ. ૨. પરિસ્પન્દન એટલે હલનચલન રૂપ. છયે દ્રવ્ય સમયે સમયે પરિણમવારૂપ ક્રિયા કરી રહ્યાં છે. પુદ્ગલ અને જીવને બન્નેને ક્રિયા છે.

ચેતનનું ક્રિયારૂપે પ્રવર્તન થાય છે તે શ્રી જિને ત્રણ પ્રકારે બતાવ્યું છે.

(૧) શુદ્ધ નિશ્ચયનય વિભાગ પરિણમનને લક્ષમાં લેતો નથી, શુદ્ધ દ્રવ્યની પરિણતિને જ લક્ષમાં લે છે. તેથી સ્વભાવ પરિણમનથી પોતાના ચેતન ગુણોપણે જ આત્મા પરિણમે છે અને ચેતન સ્વભાવનો જ કર્તા થાય છે.

(૨) ચેતનનું વિભાગપણે પરિણમન થાય છે ત્યારે અનુપચરિત એટલે અનુભવમાં આવવા યોગ્ય અશ્વયંત નિકટ સંબંધવાળા કર્મના સંબંધરૂપ વ્યવહારનયથી આઠ કર્મનો આત્મા કર્તા કહેવાય છે. ખરી રીતે વિભાગ પરિણામને નિમિત્તે કર્મ પુદ્ગલ ગ્રહણ થઈ પુણ્યપાપ બંધાય છે; તે દ્રવ્યકર્મનો કર્તા આત્મા (અસદ્ભૂત અનુપચરિત વ્યવહારનયથી) સંબંધને લઈને કહેવાય છે; તે દ્રવ્યકર્મ જો કે સૂક્ષ્મ છે તેથી જોવામાં આવતાં નથી પરંતુ આત્માને જન્મમરણ, સુખ-દુઃખના કારણ હોવાથી મહત્ત્વનાં છે.

(૩) પુદ્ગલ પદાર્થોમાં ફેરફાર કરવારૂપ ઘર, નગર ઈત્યાદિ અનેક કાર્ય જીવ કરે છે, તે આત્માથી વિશેષ દૂર અને સ્પષ્ટ ભિન્ન છે તેથી પુદ્ગલ ક્રિયાઓનો આત્મામાં આરોપ કરવારૂપ ઉપચારથી પુદ્ગલ પદાર્થોનો કર્તા છે.

અર્થક્રિયા :પ્રયોજનભૂત ક્રિયા; જેમ કે આત્માની અર્થક્રિયા જાણવું વગેરે છે. (૨) પ્રયોજનભૂત ક્રિયા.

અર્થક્રિયા સંપન્ન :કંઈને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે.

અર્થક્રિયા સંપન્ન :કંઈ પરિણામ ક્રિયા સહિત; ક્રિયા સંપન્ન. (૨) પરિણામ ક્રિયા; કર્મનો કર્તા. (૩) પરિણમન ક્રિયાથી પૂર્ણ.

અર્થક્રિયાકારી :પ્રયોજનભૂત ક્રિયાનો (સર્વ દુઃખપરિમોક્ષનો) કરનાર.

અર્થઘડી :૧૦ થી ૧૨ મિનિટ.

અર્થતઃ :અર્થ પ્રમાણે; વાચ્યને અનુલક્ષીને; વાચ્ય સાપેક્ષ; વાસ્તવિક રીતે.

અર્થનિશ્ચાયક :દ્રવ્યનો નિશ્ચય કરનારું; દ્રવ્યને નક્કી કરનારું. (દ્રવ્યનો નિશ્ચય કરવાનું સાધન, જે સ્વરૂપ અસ્તિત્વ તે સ્વ પરનો ભેદ પામવામાં, સાધનભૂત છ. એમ આ ગાથામાં સમજાવે છે.) (૨) દ્રવ્યનો નિશ્ચય કરનારું; દ્રવ્યને નક્કી કરનારું. (દ્રવ્યનો નિર્ણય કરવાનું સાધન જે સ્વરૂપ-અસ્તિત્વ તે સ્વ-પરનો ભેદ પાડવામાં સાધનભૂત છે.) અર્થનિશ્ચાયક.

અર્થપણું :પદાર્થપણું.

અર્થપર્યાય :જ્ઞાનાદિ ગુણને પણ સ્વભાવ યા વિભાવરૂપ પરિણમન છ પ્રકારે હાનિ-વૃદ્ધિરૂપ છે તેને અર્થપર્યાય કહે છે. (૨) પ્રદેશત્વગુણ સિવાય બાકીના બધાય ગુણોના વિકારને અર્થ પર્યાય કહે છે.

અર્થ પર્યાયના બે ભેદ છે - સ્વભાવ અર્થ પર્યાય અને વિભાવ અર્થ પર્યાય. અર્થપર્યાય = ગુણ પર્યાય.

જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં સ્વભાવ અર્થ પર્યાય, વિભાવ અર્થ પર્યાય, સ્વભાવ વ્યંજન પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય એમ ચારે પર્યાયો થાય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યમાં સ્વભાવ અર્થ પર્યાય અને સ્વભાવ વ્યંજન પર્યાય એમ ફક્ત બે પર્યાયો થાય છે. (૩) આત્મા અસંખ્ય પ્રદેશી ચૈતન્ય અનંત ગુણોનો પિંડલો છે. જો તે અનંત ગુણનું પરિણમન તે અર્થ પર્યાય છે. (૪) પ્રદેશત્વ સિવાયના ગુણોની અવસ્થાઓ. (૫) પ્રદેશત્વ ગુણના સિવાય સમસ્ત ગુણોના વિકારને અર્થ પર્યાય કહે છે. (૬) પ્રદેશત્વ ગુણના સિવાય, અન્ય સમસ્ત ગુણોના વિકારને, અર્થ પર્યાય કહે છે.

અર્થપર્યાયના ભેદ :(૧) અર્થ પર્યાયના બે ભેદ છે; સ્વભાવ અર્થ પર્યાય, અને વિભાવ અર્થ પર્યાય.

અર્થભાવન :ભાવદ્ઘાટન.

અર્થવિકલ્પ :સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન. (૨) અર્થ=સ્વ અને પર વિષય; વિકલ્પ=વ્યવસાય. અર્થવિકલ્પ=સ્વ પર વ્યવસાયાત્મક જ્ઞાન, એ જ્ઞાનને પ્રમાણ કહેવાય છે. (૩) સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અભવાસન તે જ્ઞાન છે. (૪) અર્થ ; સ્વ અને પર વિષય; વિકલ્પ = વ્યવસાય; અર્થવિકલ્પ = સ્વ-પર વ્યવસાયાત્મક જ્ઞાન; એ જ્ઞાનને પ્રમાણ કહેવાય છે.

અર્થસંક્રાન્તિ :અર્થ એટલે ધ્યાન કરવા યોગ્ય પદાર્થ અને સંક્રાન્તિ એટલે બદલવું તે, ધ્યાન કરવા યોગ્ય પદાર્થમાં દ્રવ્યને છોડી તેને પર્યાયને ધ્યાવે અથવા પર્યાયને છોડીને દ્રવ્યને ધ્યાવે તે અર્થ સંક્રાન્તિ છે.

અર્થસમય :સર્વ પદાર્થ સમૂહ, તે અર્થ સમય છે; પાંચ અસ્તિકાયના સમૂહરૂપ અર્થસમયને, સર્વજ્ઞ વીતરાગ દેવે લોક કહ્યો છે. તેથી ઉપરાંત માત્ર આકાશરૂપ અનંત, એવો અલોક છે. (૨) જીવપદાર્થ; શુદ્ધાત્મા.

અર્થાંતર :બીજો અર્થ; કહેવાનો હેતુ બદલાઈ જાય તે.

જુદા પદાર્થોપણું.

અર્થાંતર :અન્ય પદાર્થો; જુદો પદાર્થો પણું

અર્થાંતરપણું :ભિન્નપદાર્થપણું; અન્યપદાર્થપણું. (૨) અન્ય. જુદા પદાર્થો પણું

અર્થાંતરભૂત :એકત્વ અભિન્નતા ભિન્ન પદાર્થ ભૂત; એર્થાતરપણુ એકત્વ (૨) ભિન્નપદાર્થભૂત. (૩) અન્ય

અર્થાંતરો :ભિન્ન પદાર્થો; અન્ય પદાર્થો. (૨) જુદા પદાર્થો.

અર્થાન્તર :અન્યપદાર્થ; જુદો પદાર્થ.

અર્થાપત્તિ :જેનો સ્વીકાર કરવામાં ન આવે તો વસ્તુસ્થિતિનો ખુલાસો ન મળે એવી સ્થિતિ; એવું અનુમાન.

અર્થાવિગ્રહ :ચક્ષુ અને મન એ બે ઈન્દ્રિયો દ્વારા જે જ્ઞાન થાય છે તે જ્ઞાનને અર્થાવગ્રહજ્ઞાન કહે છે. (૨) ચોપડી ઉપર દૃષ્ટિ પડતાં, પ્રથમ જે જ્ઞાન પ્રગટરૂપ થાય છે તે વ્યક્ત અથવા પ્રગટ પદાર્થનો આગ્રહ (અર્થાવગ્રહ) કહેવાય છે. વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન સિવાયની ચાર ઈન્સ્રિયો દ્વારા હોય

છે; વ્યંજનાવગ્રહ પછી જ્ઞાન પોતાને પ્રગટરૂપ થાય છે તેને અર્થાવગ્રહ કહે છે. ચક્ષુ અને મન દ્વારા અર્થાવગ્રહ જ થાય છે.

મન તથા અક્ષુદ્વારા થતું જ્ઞાન વિષય સાથે ભિડાઈને (સ્પર્શાઈને) થતું નથી પણ દૂર રહેવાથી જ થાય છે; તેથી મન એ ચક્ષુ-દ્વારા જે જ્ઞાન થાય તે જ્ઞાન વ્યક્ત કહેવાય છે. ચક્ષુ તથા મન દ્વારા થતું જ્ઞાન અવ્યક્ત હોતું જ નથી. તેથી તે દ્વારા અર્થાવગ્રહ જ થાય છે.

જ્યારથી વિષયની વ્યકતતા ભાસવા લાગે છે ત્યારથી તે જ્ઞાનને વ્યક્ત જ્ઞાન કહે છે- તેનું નામ અર્થાવગ્રહ છે. આ અર્થાવગ્રહ (અર્થ સહિત અવગ્રહ) બધી ઈન્દ્રિયો તથા મન દ્વારા થાય છે.

અર્થાવબોધ :પદાર્થ જ્ઞાન

અર્થી :અભિલાષી (૨) ગરજવાળો; (૩) અભિલાષા (૪) ગરજવાન; મતલબી; યાચક; ગ્રાહક; ગ્રહણ કરનાર.

અર્થીપણે :ગરજુપણે; યાચકપણે; સેવકપણે; કાંઈક પ્રાપ્ત કરવાના પ્રયોજનથી (અર્થાત્ હિતપ્રાપ્તિના હેતુથી). (૨) ગરજુ થઈને; સેવક થઈને; દાસ થઈને; યાચક થઈને.

અર્થો :પદાર્થો (૨) પદાર્થો. (પ્રવચનસારની ૮૭મી ગાથામાં સમજાવ્યા પ્રમાણે પર્યાય પણ અર્થ છે.) (૩) પદાર્થો; એટલે દ્રવ્યો, ગુણો અને પર્યાયો. (દ્રવ્ય જ, ગુણો અને પર્યાયોનો આત્મા-સ્વરૂપ-સર્વસ્વ-સત્ત્વ છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં ગુણ-પર્યાયોનું દ્રવ્યથી અપૃથકપણું હોવાથી, તેમનો દ્રવ્ય જ આત્મા છે.) (૪) પદાર્થો. (પર્યાયો પણ અર્થ છે. જૂઓ પ્રવચનસાર. ગાથા ૮૭)

અર્થોની વ્યવસ્થા :પદાર્થોની સ્થિતિ.

અર્થો-પદાર્થો :દ્રવ્યો, ગુણો અને પર્યાયો. એ સિવાય વિશ્વમાં બીજું કાંઈ નથી.

અર્ઘ :પૂજાની સામગ્રી

અર્ધદગ્ધપણું :પોતાને જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માની બેસવાપણું.

અર્ધદગ્ધ :અધકચરા જ્ઞાનવાળું; (૨) અધકચરા જ્ઞાનવાળો; નહીં જ્ઞાની જેવો સમજુ, તેમ નહીં અજ્ઞાની જેવો જિજ્ઞાસુ.

અર્ધ ઘડી :૧૨ મિનિટ.

અર્ધનારાચ સંહનન :જેના ઉદયથી, શરીરના કાંઠાની, અર્ધમેખવાળી હોય.

અર્ધમાગધી :મહાવીર સ્વામીએ મગધ દેશમાંની પાલિથી જુદા પડતા પ્રકારની જે ભાષામાં ધર્મોપદેશ આપ્યો તે પ્રાકૃત ભાષા-પ્રકાર.

અર્ધપુદ્ગલ પરાવર્તન ક્ષણ :જગતના જેટલા પુદ્ગલ પરમાણું છે, તે એક એકને ભોગવી લેતાં જેટલો સમય લાગે તેને તીર્થંકર પ્રભુએ પુદ્ગલ પરાવર્તન કાળ કહ્યો છે. તેનાથી અડધો સમય તે અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ-તેમાં અસંખ્ય કાળચક્રો ફરી જાય છે.

અર્ધવિલોકનરૂપ કટાક્ષ :અરધી મીંચેલી આંખના કટાક્ષરૂપ; અધદૃષ્ટિકટાક્ષ.

અર્પણતા :આજ્ઞારાધન; આજ્ઞાંક્તિપણું; સ્વેચ્છાનો ત્યાગ; ઈચ્છાની સોંપણી. મન, વચન, કાયા અને તેમની પ્રવૃત્તિઓ પરત્વે અહંતા મમતાનો ત્યાગ. અર્પણતા એટલે પોતાના બાહ્ય સ્વરૂપી વ્યક્તિત્વનો હ્રાસ. (૨) શરણભાવ.

અર્પવું :જણાવવું.

અર્પવાનો સ્વભાવ :જણાવવાનો સ્વભાવ.

અર્પાઈ જવું :તણાઈ જવું. (૨) જોડાઈ જવું; ખૂંપી જવું.

અર્પિત :જે કથન મુખ્યતાએ કર્યું હોય, તેને અર્પિત કહેવામાં આવે છે. (૨) પ્રધાનતા (૩) શાસ્ત્રમાં જે કથન મુખ્યતાએ કર્યું હોય તેને અર્પિત કહેવામાં આવે છે.

અર્પિત અને અનર્પિત :દરેક વસ્તુ અનેકાંત સ્વરૂપ છે, એ સિદ્ધાંત આ સૂત્રમાં સ્યાદ્વાદ દ્વારા કહ્યો છે. નિત્યતા અને અનિત્યતા પરસ્પર વિરુદ્ધ ધર્મો હોવા છતાં તેઓ વસ્તુને નિપજાવનારાં છે; તેથી તે દરેક દ્રવ્યમાં હોય જ. તેનું કથન મુખ્ય-ગૌણપણે થાય છે, કેમકે બધા ધર્મો એકી સાથે કહી શકાતા નથી. જે વખતે જે ધર્મ સિદ્ધ કરવો હોય તે વખતે તેની મુખ્યતા લેવાય છે. તે મુખ્યતા-પ્રધાનતાને અર્પિત કહેવામાં આવે છે અને તે વખતે જે ધર્મ ગૌણ રાખ્યા હોય તેને અનર્પિત કહેવામાં આવે છે. અનર્પિત રાખેલ ધર્મ તે વખતે કહેવામાં આવ્યા નથી તોપણ વસ્તુમાં તે ધર્મો રહેલા છે એમ જ્ઞાની જાણે છે.

અરૂપી :જેમાં રૂપ આદિ પુદ્ગલના ગુણ ન હોય તે. (૨) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિત તે અરૂપી. (૩) અમૂર્ત. (૪) સૂક્ષ્મ.

અરૂપી :સ્પર્શ, રસ, ગંધ, વર્ણરહિત તે અરૂપી.

આર્યવિચાર :મુખ્ય કરીને આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, વર્તમાન કાળ સુધીમાં તે સ્વરૂપનું અજ્ઞાન તથા તે અજ્ઞાન અને અભાનમાં કારણોનો વિચાર.

અવાંધજ્ઞાન :તે મન-ઈન્દ્રિયોના નિમિત્ત વિના દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી રૂપી પદાર્થને સ્પષ્ટ જાણે છે.

અરવિંદ :કમળ.

અર્હંત :સર્વજ્ઞ પરમાત્મા, અર્હત એટલે સર્વને પૂજનીય છે, પર્યાયમાં બધાને પૂજવા લાયક છે, એમ ભગવાન આત્મા, પણ પૂજનીય અર્હત છે. પૂજનાર પર્યાય છે. પૂજવા યોગ્ય, ભગવાન આત્મા છે. (૨) અર્હંત; અરિહંત; જેમણે રાગ-દ્વેષ-મોહને અજ્ઞાનને હણીને પૂર્ણ જ્ઞાન તે આનંદની દશા પ્રગટ કરી છે એવા કાર્યપરમાત્મા તે અર્હંત-પરમેશ્વર છે. (૩) પૂજ્ય, ત્રણ કાળના ઈન્દ્રો વડે ત્રિલોક પૂજ્ય છે, ત્રણે લોકમાં સર્વને વંદનીય છે. બધા ગુણો નિર્મળ ઊઘડી ગયા છે અને પરમ પૂજ્ય ગુણની મુખ્યતા જેનામાં પ્રગટ છે તેથી પૂજ્ય છે એવા. (૪) પૂજવા યોગ્ય. (૫) સર્વને પૂજનીય.

અરહંત પદ :અરહંતપદ, ભાવમોક્ષ, જીવનમોક્ષ તથા કેવલ જ્ઞાનની ઉત્પત્તિ આ ચારે શબ્દો એક જ વસ્તુને સૂચવનારા છે.

નિર્વિકલ્પ સમાધિમાં લીન થવાથી આત્મામાં રહેલાં એવાં જ્ઞાનાવરણ, ઘાર્શનાવર, અંતરાય અને મિથ્યાવાદ આદિ ચાર ઘાતિયાં કર્મો નાશ પામે છે. તેથી આત્માને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને તે સમયે આત્મા અરિહંત, કેવલજ્ઞાની તથા જીવનમુક્ત કહેવાય છે. પછી અઘાત્યિાં કર્મો (આયુષ્ય, નામકર્મ, ગોત્રકર્મ અને વેદનીય કર્મો) નો વિધ્વંસ કરી સિદ્ધ પરમાત્મા થાય છે. સિદ્ધ પરમાત્મા વિદેહમુક્ત કહેવાય છે. અરિહંત તથા સિદ્ધની આરાધના કરવાથી આત્મા પોતાના સ્વરૂપને પામે છે.

અરિહંત ભગવાનનું જ્ઞાન સમસ્ત પદાર્થોના સમસ્ત પર્યાયોનો એકી સાથે એક સમયમાં જાણે છે તથા દર્શનથી દેખે છે. જે જ્ઞાન ઈન્સ્રિય વિનાનું છે, મતિજ્ઞાનની સમાન ક્રમપૂર્વક થતું નથી. તે કેવલી ભગવાનું સુખ તથા જ્ઞાન અવિનાશી, અતીન્દ્રિય તથા અનંત છે. એમાં શંકા કર્તવ્ય નથી.

અર્હંત પ્રવચનનો અંશ :ભગવાનશ્રી અરિહંતના શ્રીમુખેથી નીકળેલી દિવ્ય ધ્વનિ-વાણી- પ્રવચન એનો એક અંશ છે.

અર્હંત-સિદ્ધ-સાધુઓ :અર્હંત સિદ્ધ-સાધુઓમાં અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પાંચેય સમાઈ જાય છે. કારણકે સાધુઓમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણ સમાય છે. (નિદોર્ષ પરમાત્મા પ્રતિક્ષભૂત એવાં આર્ત રૌદ્ર-ધ્યાનો વડે ઉપાર્જિત જે જ્ઞાનાવરણાદિ પ્રકૃતિનો તેમનો, રાગાદિ વિકલપરહિત ધર્મ-શુકલધ્યાનો વડે વિનાશ કરીને, જેઓ ક્ષુધાદિ અઢાર દોષરહિત અને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સહિત થયા, તેઓ અર્હંત કહેવાય છે.

લૌકિક અંજનસિદ્ધ વગેરેથી વિલક્ષણ એવા, જેઓ જ્ઞાનાવરણાદિ-અષ્ટકર્મના અભાવથી સમ્યક્ત્વાદિ-અષ્ટ-ગુણાત્મક, છે અને લોકાગ્રે વસે છે, તેઓ સિદ્ધ છે.

વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે, એવા આત્મ તત્ત્વની નિશ્ચયરુચિ, તેવી જ જ્ઞપ્તિ, જેવી જ નિશ્ચળ અનુભૂતિ, પરદ્રવ્યની ઈચ્છાના પરિહારપૂર્વક તે જ આત્મા, દ્રવ્યમાં પ્રતપન અર્થાત્ તપશ્ચરણ અને સ્વશક્તિને ગોપવ્યા વિના તેવું જ અનુષ્ઠાન-આવા નિશ્ચય પંચાચારને, તથા તેના સાધક વ્યવહાર પંચાચારને - કે જેની વિધિ, આચારાદિ શાસ્ત્રોમાં કહી છે તેને - એટલે કે ઉભય આચારને જેઓ પોતે આચરે છે અને બીજાઓને અચરાવે છે, તેઓ આચાર્યો છે.

પાંચ અસ્તિકાયોમાં જીવાસ્તિકાયને, છ દ્રવ્યોમાં શુદ્ધ જીવ,દ્રવ્યને, સાત તત્ત્વોમાં શુદ્ધ જીવ, તત્ત્વને અને નવ પદાર્થોમાં, શુદ્ધ જીવ પદાર્થને જેઓ નિશ્ચયનયે ઉપાદેય કહે છે, તેમ જ ભેદાભેદ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગને પ્રરૂપે છે, અને પોતે ભાવે(અનુભવે) છે, તેઓ ઉપાધ્યાયો છે.

નિશ્ચય-ચતુર્વિધ-આરાધના વડે, જેઓ શુદ્ધ આત્માસ્વરૂપને સાધે છે, તેઓ સાધુઓ છે.

અર્હંતાદિગત રાગ :અરિહંતાદિ પ્રત્યેનો રાગ; અર્હંનાદિ વિષયક રાગ; અર્હંનાદિનો રાગ;
(જેમ ચંદનવૃક્ષનો અગ્નિ પણ ઉગ્રપણે બાળે છે, તેમ અર્હંવાદિનો રાગ. પણ, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિ વડે, અત્યંત અંતરંગ બળતરાનું કારણ થાય છે.)

અર્હંતો : અનંત ચતુષ્ટય સહિત થયા, તેઓ અર્હંતો કહેવાય છે.

અરાગ :રાગ વગરની દશા.

આરાધના :ઉપાસના.

અરિ અને બંધુ :શત્રુ અને બંધુ.

અરિહંત :અરિ નામ વિકાર, ને હંત તેનો નાશ કરી, સ્વના આશ્રયથી જે પૂરણ વીતરાગ સર્વજ્ઞદશાને પ્રાપ્ત થાય, તે અરિહંત પ્રભુ છે. (૨) કર્મશત્રુને હણનારા (૩) કેવલ પરમાત્મા (૪) અરિ એટલે અંતરંગ શત્રુ, તેમને હણનાર એ અરિહંત. રાગ, દ્વેષ અને અજ્ઞાન કે ચાર ઘાતિકર્મને જીતનાર તે જિન; અર્થ ઐશ્વર્યની પ્રાપ્તિ જેને છે તે ઈશ્વર. (૪) કર્મશત્રુના હણનાર. (૫) ચાર ઘાતિકર્મો રહિત, અનંત ચતુષ્ટય સહિત (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ આ ચાર અનંત ચતુષ્ટય કહેવાય છે.) વીતરાગી અને કેવળજ્ઞાની પરમાત્મા. (૬) કેવળી ભગવાન. (૭) કર્મરૂપી શત્રુને જેણે હણ્યા છે; ચાર ઘાતી કર્મ જેણે ક્ષય કર્યા છે. (૮) અરિ નામ પુણ્ય ને પાપના વિકારી ભાવ; અને હંત એટલે તેને જેઓએ હણ્યા છે એટલે નાશ કર્યા છે તે અરિહંત છે.

અરિહંત પ્રભુ :અરિ શમ વિકાર, ને હંત નામ તેનો નાશ કરી સ્વના આશ્રયથી જે પૂરણ વીતરાગ સર્વજ્ઞદશાને પ્રાપ્ત થાય તે અરિહંત પ્રભુ છે.

અરિહંત ભક્તિ ભાવના :અરિહંતના ગુણોમાં અનરાગ તે અરિહંત ભક્તિ છે. આ અરિહંત ભક્તિ સંસાર સમુદ્રમાંથી તારનારી છે. તેનું નિરંતર ચિંતવન કરો. સુખકારક એવા અરિહંતનું સ્તવન કરો. તેમના ગુણને અનુસરતાં તો અનંત નામ છે. ભક્તિપૂર્ણ ઈન્દ્રે ભગવાનનાં એક હજાર નામ સહિત સ્તવન કર્યું છે. અરિહંત ભક્તિ નરક આદિ ગતિનો નાશ કરનારી છે. અને દેવનાં સુખ પછી મનુષ્યનાં સુખ આપી અંતે અવિનાશી અક્ષય મોક્ષસુખ પમાડનારી છે.

અરિહંતનું સ્વરૂપ :જે કેવલજ્ઞાન, કેવલદર્શન તથા કેવલસુખ સ્વભાવ અને કેવલવીર્ય સ્વરૂપ અનંતચુતષ્ટય રૂપ જે સહજ આત્મ સ્વરૂપ પરમાત્મતત્ત્વ છે, તેની યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવરૂપ અભેદ રત્નત્રયમાં જેઓ પરિણમ્યા છે, તથા સુખદુઃખ, જીવન-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્રતામાં સમતાભાવની સાથે રહેનારી નિર્વિકલ્પ સમાધિપૂર્વક શ્રી વીતરાગનો આત્મદર્શક ઉપદેશ પામી જે અનંત ચતુષ્ટય યુક્ત થયા છે; ત્યાર પછી જેઓએ જીવાદિ પદાર્થ કે કેવલજ્ઞાનાદિ અનંત ગુણોની પ્રાપ્તિરૂપ મોક્ષનો અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ ભેદ અભેદવાળા મોક્ષમાર્ગનો પણ ઉપદેશ કર્યો છે એ જિનવરોને હું નમ્રભાવે પ્રણામ કરું છું. અહીં અરિહંતના ગુણસ્વરૂપ એવું જે પોતાનું આત્મસ્વરૂપ છે તે સર્વદા સર્વપ્રકારે ઉપાદેય છે.

અરિહંતના ૧૨ગુણ :૧. અશોકવૃક્ષ, ૨. સુરપુષ્પવૃષ્ટિ, ૩. દિવ્ય-ધ્વનિ, ૪. ચામર, ૫. સિંહાસન, ૬. ભામંડળ, ૭. દુંદુભિ. ૮. છત્ર. એ આઠ પ્રતિહાર્ય અને (૧) અપાય-અપગમ-અતિશય, (૨) જ્ઞાન-અતિશય, (૩) પૂજા અતિશય, (૪) વચન-અતિશય. એ ચાર અતિશય મળી અરિહંતના બાર ગુણ થાય છે.

આરોપાયેલા :(નવા અર્થાત્ ઔપાધિકરૂપે) કરાયેલા. (વિકારો સ્વભાવભૂત નહોતા, પણ ઉપાધિના નિમિત્તે ઔપાધિકરૂપે (નવા) થયેલા હતા.)

અલંક્ય :કોઈથી તોડી ન શકાય તેવું.

અલક્ષ્ય :અજ્ઞેય; અદશ્ય; અગોચર; નિરાકાર; ધ્યાનમાં ન આવે તેવું.

અલક્ષ્યલક્ષ્ય :અલક્ષ્ય છતાં તે જ્ઞાનથી દેખાય તેવું છે તે બ્રહ્મ.

અલખ :નિરાકાર; બ્રહ્મ; ધ્યાનમાં ન આવે તેવું અલક્ષ્ય; અજ્ઞેય; અદશ્ય; અગોચર; નિશાની ન જણાય તેવું. (૨) અલક્ષ; આત્માનો નિર્વિકલ્પ નિશ્ચય લક્ષ થયો છે, તે યોગથી ઉપયોગને જુદો પાડી દઈ આત્મામાં સમાઈ જાય છે. (૩) અજ્ઞેય; બ્રહ્મ. (૪) ઈન્દ્રિયથી પાર; અતીન્દ્રિય. (૫)

ઈંદ્રિયગોચર નથી. પાંચ ઈન્દ્રિયોથી જણાય તેવો આત્મા નથી. (૬) અગોચર; જડ ઈન્દ્રિયોથી, વિકલ્પ (રાગ)થી અને પરાશ્રયથી આત્મા જણાય તેવો નથી, તેથી તેને અલખ-અગોચર કહે છે. પરંતુ આત્મામાં જ્ઞાન ગુણ તેમજ પ્રમેયત્વ ગુણ હોવાથી સ્વ સંવેદન જ્ઞાનથી આત્મા અવશ્ય જણાય-અનુભવાય તેવો છે -એમ તેનો અર્થ જાણવો.

અલેખે :નકામો; ફોગટ; નિષ્ફળ. (૨) લેખામાં ન આવે એવો; નકામો; ગણનામાં ન આવે એવો. ફોગટ નહિ જાય. નિષ્ફળ નહિ જાય. (૩) અફળ; એળે; નકામું.

અલખ અગોચર :આત્મા અલખ-અગોચર છે એટલે શું ? જડ ઈન્દ્રિયોથી, વિકલ્પ (રાગ)થી અને પરાશ્રયથી આત્મા જણાય તેવો નથી. તેથી તેને અલખ-અગોચર કહે છે. પરંતુ આત્મામાં જ્ઞાનગુણ તેમ જ પ્રમેયત્વગુણ હોવાથી સ્વસંવેદન જ્ઞાનથી આત્મા અવશ્ય જણાય-અનુભવાય તેવો છે.

અલંધ્ય :કોઈથી તોડી ન શકાય એવું.

અલ્પ :અપૂર્ણઃ અધૂરું (૨) થોડું; જરા; લગાર; નાનું; ઝીણું; ટૂંકું; ક્ષુદ્ર; ક્ષુલ્લક; પામર.

અલ્પ :તુચ્છ (૨) જરા સરખી.

અલ્પ અનાચાર :અસત્ય અને સહજ માયા.

અલ્પ આરંભ :હિંસાના કાર્ય ન છૂટકે અલ્પ કરે. વ્યવહારમાં વર્તતા છતાં હિંસા-પાપ ન થાય તે સંભાળે.

અલ્પ પણ :જરા પણ.

અલ્પ બહુત્વ :અન્ય પદાર્થોની અપેક્ષાથી વસ્તુની હીનતા-અધિકતાના વર્ણનને અલ્પબહુત્વ કહે છે.

અલ્પકા :ન્યૂન; હલકાં, તુચ્છ.

અલ્પકાલીન :ટૂંક સમયનું; થોડા સમય માટેનું; થોડોક સમય ટકે તેવું;

અલ્પજ્ઞ :થોડું જાણનાર.

અલ્પબહુત્વ :અન્ય પદાથોની અપેક્ષાથી વસ્તુની હીનતા-અધિકતાના વર્ણનને અલ્પબહુત્વ કહે છે. અલ્પબહુત્વ વિશેષ છે.

અલ્પભાષી :અલ્પ બોલનાર.

અલ્પમતિ :તુચ્છ બુદ્ધિ.

અલ્પલેપી :અલ્પ બંધન.

અલ્પસ્થિતિ :મંદ રાગ; અલ્પ અશુદ્ધતા; સાક્ષી ભાવે-સ્વામીપણે નહિ.

અલેશી :લેશ્યા-લૌકિક બંધન વિનાનું; મુક્તાત્મા.

અલિંગ ગ્રહણ : લિંગથી અગ્રાહ્ય; ઈન્દ્રિયોથી જણામ નહિ તેવો.

(૧) ગ્રાહક (જ્ઞાયક) એવા જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રયણ (જોવું) થતું નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૨) ગ્રાહ્ય (જણાવા યોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જોવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા (ઈન્દ્રિયોથી જાણવા યોગ્ય ચિહ્ન દ્વારા) તેનું ગ્રહણ (જોવું) થતું નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૪) બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા અનુમેયપાત્ર (કેવળ અનુમાન નથી જ જણાવાયોગ્ય) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી તે અલિંગગ્રહણ છે ; આ રીતે જીવાત્મા અનુમાતા માત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૭) જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માના બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૯) જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. (બીજાથી લઈ જઈ શકાતું નથી) તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી ઓ અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૦) જેને લિંગમાં એટલે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ એટલે કે સૂર્યની માફક ઉપરાગ (મલિનતા, વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુદ્ધોપયોગ સ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૨) જેને લિંગો દ્વારા એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા વિષયનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૩) લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્સ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગાગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૪) લિંગનું એટલે કે મેહનાન્દ્રનું (પુરુષાદિના ઈન્સ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા લૌકિક સાધન માત્ર નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૫) લિંગ વડે એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો ની એવા અર્થની વ્યાપ્તિ થાય છે.

(૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી તે અલિંગ ગ્રહણ છે, આ રીતે આત્મા દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૭) લિંગોનું એટલે કે ધર્મ ચિહ્નોનું ગ્રહણ જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે એવા અર્થની પ્રાપ્તિ છે.

(૧૮) લિંગ એટલે કે ગુણ એવું જે ગ્રહણ એટલે કે પર્યાય

- લિંગથી અગ્રાહ્ય. (ગ્રાહક (જ્ઞાયક) એવા જેને લિંગો વડે, એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે.) આ રીતે આત્મા, અતીન્દ્રિય જ્ઞાનમય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧) ગ્રાહક (જ્ઞાયક) એવા જેને લિંગો વડે, એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૨) ગ્રાહ્ય (જણાવા યોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે, તેમ લિંગ દ્વારા એટલે કે, ઈન્દ્રિયગમ્ય દ્વારા (ઈન્દ્રિયોથી જણાવા યોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (જાણવું) થતું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, ઈન્દ્રિયપ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૪) બીજાઓ વડે, માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, અનુમેયમાત્ર (કેવળ અનુમાનથી જ જણાવા યોગ્ય) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, અનુમાતામાત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે, જેને ગ્રહણ થાય છે, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, પ્રત્યક્ષ જ્ઞાતા છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૭) જેને લિંગ વડે, એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે, ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને, બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૮) જે લિંગને એટલે, ઉપયોગ નામના લક્ષણને ગ્રહણ કરતો નથી, એટલે કે પોતે (ક્યાંક બહારથી) લાવતો નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૯) જેને લિંગનું, એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ, એટલે કે પરથી હરણ થઈ શકતું નથી, (બીજાથી લઈ શકાતું નથી), તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન, હરી જઈ શકાતું નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૦) જેને લિંગમાં, એટલે કે ઉપયોગ નામના લક્ષણમાં ગ્રહણ, એટલે કે સૂર્યની માફક ઉપરાગ (મલિનતા; વિકાર) નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, શુદ્ધોપયોગસ્વભાવી છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૧) લિંગ દ્વારા, એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ, એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા દ્રવ્ય કર્મથી, અસંયુક્ત (અસંબદ્ધ) છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૨) જેને લિંગો દ્વારા, એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપયોગ નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, વિષયોનો ઉપભોક્તા નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૩) લિંગ દ્વારા, એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા, ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, શુક્ર અને આર્તવને અનુવિધાયી (અનુસરીને થનારો) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૪) લિંગનું એટલે કે મેહનાકારનું, (પુરુષાદિની ઈંદ્રિયના આકારનું) ગ્રહણ જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, લૌકિક સાધનમાત્ર નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૫) લિંગ વડે ,એટલે કે અમેહનાકાર વડે જેનું ગ્રહણ, એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું ગ્રહણ નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, દ્રવ્યે તેમજ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૭) લિંગોનું એટલે કે ધર્મચિહ્નોનું ગ્રહણ જેને નથી, તે અલિંગ છે; આ રીતે આત્માને બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૮) લિંગ એટલે કે ગુણ, એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થજ્ઞાન) તે જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, ગુણવિશેષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૯) લિંગ એટલે કે પર્યાય, એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ તે જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પર્યાયવિશેષથી નહિ, આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૨૦) લિંગ એટલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ, એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધસામાન્ય તે જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, દ્રવ્યથી નહિ આલિંગિત એવો શુદ્ધ પર્યાય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

- બહારના કોઈપણ ચિહ્નથી (રસ, રૂપ, ગંધ, સ્પર્શ, શબ્દ, ઈંન્દ્રિય સંસ્થાન અને વ્યકતાપણાના અભાવ હોવાથી) પકડાય તેવો નથી. આત્મા જ્ઞાન આદિ અનંત ગુણથી ભરપૂર ભરેલો છે તેથી તે અલિંગ ગ્રહણ કરે છે.
- અતીન્દ્રિજ્ઞાનમય; ઈન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી.
- અલિંગ ગ્રાહ્ય એમ કહેવાનું છે ત્યાં જે અલિંગગ્રહણ એમ કહ્યું છે. તે ઘણા અર્થાની પ્રતિપ્રત્તિ (પ્રાપ્તિ, પ્રતિપાદન) કરવા માટે છે, તે આ પ્રમાણે છે.

(૧) ગ્રાહક (જ્ઞાયક), એવા જેને લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી, તે અલિંગ ગ્રહણ છે. આ રીતે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છ. એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૨) ગ્રાહ્ય (જણવા યોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઈન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૩) જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે, તેમ લિંગ દ્વારા એટલે કે ઈન્દ્રિયગમ્ય દ્વારા (ઈન્દ્રિયોથી જાણવા યોગ્ય ચિહ્ન દ્વારા), તેનું ગ્રહણ (જાણવું) થતું નથી, તે અલિંગ ગ્રહણ છ. આ રીતે, આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક અનુમાનનો વિષય નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૪) બીજાઓ વડે, માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી, તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા, અનુમેયપાત્ર (કેવળ અનુમાની જ જણાવાયોગ્ય) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૫) જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી, તે અલિંગગ્રહણ છે ; આ રીતે જીવાત્મા, અનુમાતા માત્ર (કેવળ અનુમાન કરનારો જ) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૬) લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે, જેને ગ્રહણ થાય છે તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા, પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૭) જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માના, બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૮) જે લિંગને એટલે કે ઉપયોગ નામના લક્ષણને, ગ્રહણ કરતો નથી એટલે કે પોતે (ક્યાંય બહારથી) લાવતો નથી, તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા, જે ક્યાંયથી લવાતું નથી એવા જ્ઞાનવાળો છે, એવા અર્થના પ્રાપ્તિ થાય છે.

(૯) જેને લિંગનું એટલે કે ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ, એટલે કે પરથી હરણ થઈ શકતું નથી. (બીજાથી લઈ જઈ શકાતું નથી), તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માનું જ્ઞાન, હરી જઈ શકાતું નથી એ અર્થની પ્રાપ્તિ થાયછે.

(૧૦) જેને લિંગમાં એટલે ઉપયોગ નામના લક્ષણમા, ગ્રહણ એટલે કે સૂર્યવાની માફક ઉપરાગ (મલિનતા, વિકાર) નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, શુદ્ધોપયોગ સ્વભાવી છે એવા અર્થની પ્રાપ્તિ થાયછે.

(૧૧) લિંગ દ્વારા એટલે કે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે કે પૌદ્ગલિક કર્મનું ગ્રહવું જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, દ્રવ્યકર્મથી અસંયુક્ત (અસંબદ્ધ) છ. એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૨) જેને લિંગો દ્વારા, એટલે કે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી, તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા, વિષયનો ઉપભોક્તા નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૩) લિંગ દ્વારા એટલે કે મન અથવા ઈન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા, ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી, તે અલિંગાગ્રહણ છે; આ રીતે આત્મા, શુક્ર અને આર્તવને અનુવિધાયી (અનુસરીને થનારો) નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૪) લિંગનું એટલે કે મેહનાકરાનું (પુરુષાદિના ઈન્દ્રિયના આકારનું) ગ્રહણ, જેને નથી તે અલિંગ ગ્રહણ છે; આ રીતે આત્મા, લૌકિક સાધન માત્ર નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૫) લિંગ વડે એટલે કે અમેહનાકરા વડે જેનું ગ્રહણ, એટલે કે લોકમાં વ્યાપવાપણું નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પાખંડિયોને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો-લોકવ્યાપ્તિવાળો નથી એવા અર્થની વ્યાપ્તિ થાય છે.

(૧૬) જેને લિંગોનું એટલે કે સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદોનું, ગ્રહણ નથી તે અલિંગ ગ્રહણ છે, આ રીતે આત્મા, દ્રવ્યે તેમ જ ભાવે સ્ત્રી, પુરુષ અને નપુંસક નથી, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૭) લિંગોનું એટલે કે ધર્મ ચિહ્નોનું ગ્રહણ, જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને, બહિરંગ (બાહ્ય) યતિલિંગોનો અભાવ છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૧૮) લિંગ એટલે કે ગુણ, એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ (પદાર્થ જ્ઞાન) તે જેને નથી, તે અલિંગગ્રહણ; આ રીતે આત્મા, ગુણ વિશેષની નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે એવા અર્થના પ્રાપ્તિ થાય છે.

(૧૯) લિંગ એટલે કે પર્યાય એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ વિશેષ તે જેને નથી, તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા, પર્યાય વિશેષથી નહિ આલિંગિત, એવું શુદ્ધ દ્રવ્ય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

(૨૦) લિંગ એટેલે કે પ્રત્યભિજ્ઞાનનું કારણ, એવું જે ગ્રહણ એટલે કે અર્થાવબોધ, સામાન્ય તે જેને નથી, તે અલિંગગ્રહણ છે;

આ રીતે આત્મા, દ્રવ્યથી, નહિ અલિંગિત એવો શુદ્ધ પર્યાય છે, એવા અર્થની પ્રાપ્તિ થાય છે.

અલિંગિત :સ્પર્શિત; આલિંગિત; આલિંગન. (૨) સ્પર્શિત.

અલીક :જૂઠું (૨) અસત્ય; (૩) અપ્રિય; ખોટું; મિથ્યા; કૃત્રિમ; અળખામણું. અસત્ય.

અલીક વચન :અસત્ય વચન; જૂઠું વચન; અપ્રિય; અણગમતું; અસભ્ય; અપ્રિય.

અલોક :પંચાસ્તિકાયસમૂહ જેવડો લોક છે, તેનાથી આગળ અમાપ, અર્થાત્ અનંત લોક છે. તે અલોક અભાવ માત્ર નથી પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને, અનંત ક્ષેત્રવાળું આકાશ છે. (અર્થાત્ અલોક શૂન્યરૂપ નથી, પરંતુ શુદ્ધ આકાશદ્રવ્યરૂપ છે.) (૨) માત્ર આકાશરૂપ અનંત એવો અલોક છે. (૩) લોક-દુનિયા સિવાયનો પ્રદેશ; પરમાણુ વગેરે રહિત પ્રદેશ-આકાશ. (૪) જ્યાં જેટલા આકાશમાં જીવ તથા પુદ્ગલનાં, ગતિ-સ્થિતિ થતાં નથી, ધર્મ તથા અધર્મ રહેલાં નથી અને કાળ વર્તતો નથી, તેટલું કેવળ આકાશ, જેનું સ્વપણે સ્વલક્ષણ છે, તે અલોક છે. (૫) જ્યાં લોકાકાશ સિવાયના દ્રવ્યો નથી એવી જગ્યા. (૬) પ્રકાશ.

અલોકાકાશ :ત્રણે લોકની બહારનો અનંત આકાશનો પ્રદેશ. (૨) લોકાકાશના બહારના અનંત આકાશને, અલોકાકાશ કહે છે. (૩) લોકાકાશના બહારના આકાશને આલોકાકાશ કહે છે.

આલોચન :(૧) સૂક્ષ્મતાથી જોઈ જવું તે; બારીકાઈથી વિચારવું તે; બરાબર ખ્યાલમાં લેવું તે. (૨) નિવેદન; કથન.

અલૌકિક :લોક સંબંધિ નહિ તેવું; પારલૌકિક; દિવ્ય; અસાધારણ; (૨) લોકોત્તર; અલૌકિક દૃષ્ટિમાં, પરમાર્થનું મુખ્યપણું છે. લૌકિક દૃષ્ટિમાં, વ્યવહાર (સાંસારિક કારણો)નું મુખ્યપણું છે. (૩) અસામાન્ય; અદ્ભુત; દિવ્ય. (૪) અદ્ભુત; દિવ્ય; અસાધારણ. (૫) લોક સંબંધી નહિ તેવું; પારલૌકિક; દિવ્ય; અસાધારણ; અસામાન્ય; અદ્ભુત; અપૂર્વ; સુંદર.

અવધારવું :ખ્યાલમાં લેવું.

અવગ્રહ :શરૂઆતનું મતિજ્ઞાન.

અવગાઢ :મજબૂત.

અવગાહ :એક પરમાણુ પ્રદેશ રોકે તે; વ્યાપવું.

અવગાહક :ઊંડા ઉતરનાર; નિમગ્ન થનાર.

અવગાહન :અધ્યયન; વાંચવું-વિચારવું; ઊંડો અભ્યાસ કરવો

અવગાહના :જે દેહે આત્મા સંપૂર્ણ સિદ્ધ થાય તે દેહપ્રમાણથી કિંચિત ન્યૂન જે ક્ષેત્ર પ્રમાણ ઘન થાય તે અવગાહના.

અવગાહવું :વિદ્યા-વગેરેના વિષયમાં ઊંડા ઊતરવું.

અવક્તત્ય :કહી શકાય નહિ એવું. (એકી સાથે સ્વરૂપ, તેમ જ પરરૂપની અપેક્ષાએ, દ્રવ્ય કથનમં આવી શકતું નથી. તેથી અવક્તવ્ય છે.) (૨) કહી શકાય નહિ એવું; અવાચ્ય. (એકી સાથે સ્વચતુષ્ટય તેમ જ પરચુતષ્ટયની અપેક્ષાથી દ્રવ્ય કથનમાં આવી શકતું નથી તેથી 'અવક્તવ્ય' છે.

અવકાશ :દૂર; અંતર; (૨) તક; અવસર; પ્રસંગ; નવરાશ; ફુરસદ; સ્થળ કે સમયનો ગાળો; ખાલી જગ્યા; શૂન્યાવકાશ. (૩) નિરંતર (૪) સ્થાન (૫) ભેદરૂપ; અનેકરૂપ. (૮); વેક્યુમ. (૯) અવગાહન આપવાનું કાર્ય. (૧૦) આકાશ; ક્ષેત્ર; ફુરસદ.

અનવકાશ આત્મચરિત્ર :એક સમય માત્ર પણ શુદ્ધ ચારિત્ર સ્વરૂપમાંથી ચલિત ન થાય તેવું.

અવકાશ પ્રાપ્ત કરવા :નિવૃત્તિ કરવા; અલગતા મેળવવા.

અવકાશદાન :જગા આપવાની શક્તિ.

અવકાશિત :મુક્ત; સર્વથા મુક્ત (વિભાવથી મુક્ત - સર્વથા મુક્ત) (૨) ભિન્ન

અવકાશિત :નિવૃત્ત

અવગુણ :રાગ-દ્વેષની વૃત્તિ (૨) દોષ. (૩) વિકાર. (૪) વિભાવ.

અવગત :જ્ઞાન; જોવું.

અવગ્રહ :મતિજ્ઞાનથી કોઈ પદાર્થને જાણવાની શરૂઆત થતાં, પ્રથમ જ અવગ્રહ થાય છે, કારણકે મતિજ્ઞાન અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, એ ક્રમથી જાણે છે. (૨) ચેતનામાં જે થોડો વિશેષાકાર ભાસવા લાગે છે તે પહેલાં થનારું જ્ઞાન,-તેને અવગ્રહ કહે છે. વિષય અને વિષયી (વિષય કરનાર) નું યોગ્ય સ્થાનમાં આવ્યા પછી, આદ્યગ્રહણ, તે અવગ્રહ છે. સ્વ અને પર બન્નેનો (જે વખતે) જે વિષય હોય, તેનો પહેલાં અવગ્રહ થાય છે.

- અવગ્રહના બે ભેદ છે. - (૧) વ્યંજન-અવગ્રહ (૨) અર્થ-અવગ્રહ.

(૧) વ્યંજનાવગ્રહ = અવ્યક્ત-અપ્રગટ પદાર્થના અવગ્રહને, વ્યંજનાવગ્રહ કહે છે.

(૨) અર્થાવગ્રહ =વ્યક્ત-પ્રગટ પદાર્થના અવગ્રહને, અર્થાવગ્રહ કહે છે.

વ્યંજનાગ્રહ ચક્ષુ અને મન સિવાયની ચાર ઈન્દ્રિયો દ્વારા હોય છે; વ્યંજનાગ્રહ પછી, જ્ઞાન પોતાને પ્રગટરૂપ થાય છે, તેને અર્થાવગ્રહ કરે છે. ચક્ષુ અને મન દ્વારા, અર્થાવગ્રહ જ થાય છે.

- પકડવું; ગ્રહણ કરવું; જોડાણ થવું.
- અવ = નિશ્ચયથી, ગ્રહ = જાણવું. બીજી ચીજ શું છે એમ અંદરમાં જોવું તે અવગ્રહ છે. ને તે અંદર ત્રિકાળી જ્ઞાન શક્તિરૂપ છે તેને અનુસરીને થાય છે, જ્ઞેયને અનુસરીને નહિ.
- કે જ્ઞાનમાં આ ચીજ છે એમ પહેલાં જાણવામાં આવે તેને અવગ્રહ કહે છે. આ શું છે ? એમ જે જ્ઞાનમાં જાણવામાં આવે તે જાણવાનો પર્યાય, અંદર ત્રિકાળી જ્ઞાનને અનુસરીને થાય છે. બહારના જ્ઞેયને અનુસરીને નહિ. અવગ્રહ એ મતિજ્ઞાનનો એક અંશ ભાગ છે. અવ = નિશ્ચયથી, ગ્રહ = જાણવું. બીજી ચીજ શું છે એમ અંદરમાં જાણવું તે અવગ્રહ છે. ને તે અંદર ત્રિકાળી જ્ઞાન શક્તિરૂપ છે તેને અનુસરીને થાય છે, જ્ઞેયને અનુસરીને નહિ. આવી ભારે વાત ભાઈ !
- ઈન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં રહેવાથી સામાન્ય પ્રતિભાસરૂપ દર્શનની પછી આવાન્તર સત્તા સહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે; જેમ કે ; આ મનુષ્ય છે.

અવગ્રહીને :ઈંદ્રિયગ્રહણ યોગ્ય મૂર્ત પદાર્થનો અવગ્રહ કરીને, જાણીને

અવગાઢ :મગ્ન. (૨) મજબૂત (૩) નિમગ્ન; ડૂબી ગયેલું; સુદઢ. (૪) સુદઢ (૫) નિમગ્ન; ઊંડા ઉતરવું (૬) નિમગ્ન; ગરક થયેલું; નીચું; ઊંડું; ડૂબકી મારેલું; તરબોળ. (૭) મગ્ન. (૮) સુદઢ; નિમગ્ન (૯) ડૂબકી મારેલું; નિમગ્ન; ગરક થયેલું; નીચું; ઊંડું. (૧૦) મગ્ન

અવગાઢ સમ્યકત્વ :અંગ અને અંગ બાહ્ય સહિત જૈન શાસ્ત્રોના અવગાહન વડે નીપજેલી દષ્ટિ તેઅવગાઢ સમ્યકત્વ છે.

અવગાઢ સમ્યગ્દર્શન :શ્રુતકેવળીને જે તત્ત્વશ્રદ્ધાન છે, તેને અવગાઢ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

અવગાઢગાઢ :અવગાહાઈને ગાઢ; ઠાંસોઠાસ વ્યાપેલાં.

અવગાહ :એક પરમાણુપ્રદેશ રોકે તે; વ્યાપવું. (૨) લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. (૩) લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. (એક જ કાળે સર્વ દ્રવ્યોને, સામાન્ય અવકાશની પ્રાપ્તિમાં આકાશદ્રવ્ય નિમિત્તભૂત છે.) (૪) શરીરપ્રમાણ. (૫) વિસ્તાર; તિર્યકપણું; ત્રાંસી ગતિ (૬) લીન થવું તે. (૭) લીન થવું; એક સાથે રહેવું; અવકાશ આપવો. જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે. એકબીજાની અવસ્થાના યોગ્યતા એવી થાય છે કે એક બીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મ પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તો પણ ભાવથી જુદા છે. એક જગ્યાએ રહે છે તેને

પરસ્પર અવગ્રાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ કહેવાય છે. (૮) અવકાશ. (૯) (એક ક્ષેત્રમાં) રોકી રહેવું (૧૦) શરીર પ્રમાણ. (૧૧) લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. (એક જ કાળે સર્વ દ્રવ્યોને સામાન્ય અવકાશીની પ્રાપ્તિમાં આકાશ દ્રવ્ય નિમિત્તભૂત છે. (૧૨) શરીર પ્રમાણ. (૧૩) જગ્યા. (૧૪) અવકાશ. (૧૫) લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. ધર્મ, અધર્મ અને લોકાકાશનું એકત્વ, તો કેવળ એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ જ કહી શકાય છે; વસ્તુપણે તો તેમને અન્યત્વ જ છે, કારણ કે • તેમનાં લક્ષણો ગતિહેતુત્વ, સ્થિતિ હેતુત્વ અને અવગાહ હેતુત્વરૂપ ભિન્ન ભિન્ન છે તથા • તેમના પ્રદેશી પણ ભિન્ન ભિન્ન છે. (૧૫) લીન થવું તે; મજ્જિત થવું તે; અવકાશ પામવો તે. (એક જ કાળે સર્વ દ્રવ્યોને, સામાન્ય અવકાશની પ્રાપ્તિમાં, આકાશદ્રવ્ય નિમિત્તભૂત છે.) (૧૬) ક્ષેત્રમાં વ્યાપવું, એક ક્ષેત્રમાં વ્યાપવું.

અવગાહન કરીને :ડૂબકી મારીને; ઊંડા ઊતરીને; નિમગ્ન થઈને.

અવગાહે છે :ક્ષેત્રમાં વ્યાપે છે.

અવગાહ સંબંધ :એક જગ્યાએ સાથે રહેવું; એક જગ્યાએ વ્યાપવું; સંયોગ સંબંધ. (૨) સાંધ-સંધિ છે. એકરૂપતા નથી; તદ્રૂપપણું નથી.

અવગાહ સંબંધ અને તાદાત્મ્યસંબંધ :અહીં બે પ્રકારના સંબંધની વાત કરી છે. (૧) અવગાહ સંબંધ (૨) તાદાત્મ્ય સંબંધ. ભગવાન આત્માને, રાગાદિ સાથે અવગાહ સંબંધ છે, પણ આત્માને, જેવો જ્ઞાન ગુણ સાથે તાદાત્મ્ય સંબંધ છે, તેવો રાગાદિ સંબંધ નથી. બીજી રીતે કહીએ તો આત્માને, રાગાદિ સાથે એકરૂપતા નથી, અર્થાત્ બન્ને વચ્ચે સાંધ-સંધિ છે. તેથી જ્ઞાનની પર્યાયને, સ્વભાવમાં વાળતાં બન્ને જુદા પડી જાય છે. આ દયા, દાન, વ્રત આદિ જે વિકલ્પો છે, એની સાથે આત્માને એકતા નથી, સંધિ છે. માટે જ્ઞાનની પર્યાય જ્યાં સ્વરૂપનું લક્ષ કરી અંદર ઢળી, ત્યાં વિકલ્પો ભિન્ન પડી જાય છે. પર્યાયમાં આવો અનુભવ થવો, તે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે.

અવગાહક :ઊંડા ઊતરનાર; નિમગ્ન થનાર.

અવગાહન :વિદ્યા વગેરેના વિષયમાં ઊંડા ઊતરવાની ક્રિયા. (૨) વિશિષ્ટ શક્તિ સહિત, એકક્ષેત્રાવગાહ સંબંધ. (૩) અધ્યયન; વાંચવું; વિચારવું; ઊંડો અભ્યાસ કરવો. વ્યાપ. (૪) મનન કરવું; ઊંડાણથી ચિંતવન કરવું; નિમગ્ન.

અવગાહન અર્થે :ઊંડી વિચારણા અર્થે.

અવગાહન કરવું :ડૂબકી મારવી; પ્રવેશ કરવો; (૨) ઊંડા ઉતરવું; નિમગ્ન થવું.

અવગાહન કરીને :ડૂબકી મારીને; ઊંડા ઊતરીને; નિમગ્ન થઈને.

અવગાહનત્વ પ્રતિજીવી ગુણ :આયુકર્મના અભાવપૂર્વક, જે ગુણનો શુદ્ધ પર્યાય થાય છે, તે ગુણને અવગાહનત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

અવગાહના :એટલે અવગાહના. અવગાહના એટલે કદ, આકાર એમ નહીં. કેટલાક તત્ત્વના પારિભાષિક શબ્દો એવા હોય છે કે જેનો અર્થ બીજા શબ્દોથી વ્યક્ત ન કરી શકાય; જેને અનુરૂપ બીજા શબ્દ ન મળે; જે સમજ્યા જાય પણ વ્યક્ત ન કરી શકાય.

અવગાહના એવો શબ્દ છે. ઘણા બોધે, વિશેષ વિચારે, એ સમજી શકાય. અવગાહ ક્ષેત્ર આશ્રયી છે. જુદું છતાં એક મેક થઈ ભળી જવું છતાં જુદું રહેવું. આમ સિદ્ધ આત્માનું જેટલા ક્ષેત્રપ્રમાણ વ્યાપકપણું તે તેની અવગાહના કહી છે. (૨) જે દેહે આત્મા સંપૂર્ણ સિદ્ધ થાય ને દેહ પ્રસણથી કિંચિત ન્યૂન જે ક્ષેત્ર પ્રમાણ ઘન થાય તે અવગાહના. (૩) અંતરમાં ઊંડા ઊતરવું; અધ્યાત્મરસ ચાખવો; અંતરની મીઠાશ અનુભવવી. (૫) એટલે અવગાહના. અવગાહના એટલે કદ આકાર એમ નહિ. કેટલાક તત્ત્વનો પારિભાષિક શબ્દો એવા હોય છે કે જેનો અર્થ બીજા શબ્દોથી વ્યક્ત ન કરી શકાય; જેને અનુરૂપ બીજા શબ્દ ન મળે; જે સમજ્યા જાય પણ વ્યક્ત ન કરી શકાય.

શ્રીમદ્ રામચંદ્ર. વચનામૃત ઉપદેશનોંધ.૧૩ (૬) ક્ષેત્ર વિસ્તાર. (૭) અવગાહના ક્ષેત્ર આશ્રયી છે, જુદું છતાં એકમેક ભળી જવું, છતાં જુદું રહેવું, આમ સિદ્ધ આત્માનું જેટલા ક્ષેત્રપ્રમાણ વ્યાપકપણું તે તેની અવગાહના કરી છે. અક્ષવાહના શબ્દ ઘા બોધે, વિશેષ વિચારે, એ સમજી શકાય. (૮)

આત્માના પ્રદેશો અસંખ્ય પ્રદેશી છે પણ તે સંકોચ-વિસ્તાર સહિત છે. તેને અવગાહના કહે છે. કીડીના શરીરમાં આત્માના અસંખ્ય પ્રદેશો સંકોચાઈ જાય છે અને એક હજાર જોજનવાળા મગરમચ્છના શરીરનો આત્મા અસંખ્ય પ્રદેશોવાળો વિસ્તાર પામે છે. પણ તેના પ્રદેશોની સંખ્યામાં કંઈ ન્યૂનાધિક થતું નથી. આ આત્માના પ્રદેશોની અવગાહના છે. (૯) વિદ્યા વગેરેના વિષયમાં ઊંડા ઊતરવાની ક્રિયા.

અવગાહપરિણામ :આકાશ.

અવગાહરૂપે જીવને ગ્રહે છે :કર્મપરિણિત પુદ્ગલોનું જીવ સાથે ખાસ અવગાહરૂપે રહેવું, તેને જ અહીં કર્મપુદ્ગલો વડે જીવનું ગ્રહવું કહ્યું છે.

અવગાહહેતુત્વ :આકાશમાં પણ અવગાહહેતુત્વગુણને લીધે, એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ, અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.

અવગાહાઈને :આખા લોકોમાં; વિસ્તારાઈને

અવધારણ :અંતરાત્મવૃત્તિનું પરિણમન.

અવંચક :મન-વચન-કાયાની પ્રવૃત્તિ સરળ, નિષ્કપટ, માયારહિત. (૨) સફળ. (૩) નહિ છેતરનારું; પ્રામાણિક.

અવંચક યોગ :સ્વરૂપ ઓળખાણ.

અવચ્છેદ :વિધ્વંસ; નાશ. (૨) વિભાગ; વિવેક; જુદાં.

અવચ્છેદપૂર્વક :પૃથક્કરણ કરીને; સૂક્ષ્મતાથી; વિશેષપણાથી; સ્પષ્ટતાથી.

અવચ્છિન્ન :વિશિષ્ટ; વિશેષ ગુણને લીધે જુદું તરી આવતું.

અવંચક :પ્રમાણિક; નહિ છેતરનારું.

અવજ્ઞા :અવગણના; તિરસ્કાર; માનભંગ; અપમાન; આજ્ઞાક્તિપણાનો અભાવ. (૨) તિરસ્કારબુદ્ધિ (૩) અનાદર; આજ્ઞાભંગ.

અવતરણ :નીચે ઊતરવું એ; દૈવી તત્ત્વોનું પૃથ્વી ઉપર જન્મ લઈ આવવું એ.

અવતાર થવો :જન્મ થવો.

અવૈતિ :જાણે છે.

અવેદક :વિરક્ત; અભોક્તા. (૨) વેદનાર નહિ. દ્રષ્ટા; અભોક્તા.

અવદ્ય :ન કહેવાય તેવું; ન કહેવા જેવું; નિંદ્ય; દોષવાળું; હલકું; અધમ; નીચ. (૨) પાપ સહિત.

અવદ્યસંયુત :સાવદ્ય = પાપયુક્ત વચન; છેદન. જે નાક વગેરે છેદવાનું વચન, કાપવાનું મારવાનું, શોષણ-ખેંચવાનું, વ્યાપાર કરવાનું, ચોરી કરવાનું વગેરે કહેવું તે બધું અવદ્ય સહિત જૂઠનું સ્વરૂપ છે, એનાથી પ્રાણીઓનો ઘાત થાય છે.

અવિદ્યા :પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું તે અવિદ્યા.

અવદર્શન :ખરાબ દર્શન; ઊતરતું દર્શન;

અવદાત :નિર્મળ; ઉજ્જ્વળ; રૂપાળું; સુંદર; પવિત્ર; શુભ; માંગલિક.

અવદાન :સ્વચ્છ; નિર્મળ;

અવધૂ :વૈરાગી; મસ્ત.

અવધૂત :વીતરાગી; વૈરાગી, વિરક્ત; (૨) પરમ વિરક્ત

અવધૂત કરી :ફગાવી દઈ. (સર્વસંગ ધૂતકાર કરી = સર્વ સંગ છૂપાવી દઈ)

અવંધ્ય :ફળદ્રુપ; સાર્થક; સફળ; વાંઝિયું નહિ તેવું.

અવધાન :એક વખતે અનેક કાર્યોમાં લક્ષ રાખી સ્મૃતિ શક્તિ તથા એકાગ્રતાની અદ્ભુતતા બતાવવી. (૨) લક્ષ. સ + અવધાન = સાવધાન = લક્ષપૂર્વક.

અવધારું :અખંડ શ્રદ્ધા ધારણ કરું.

અવધારજો :નક્કી કરજો; નક્કી માનજો; ધ્યાનપૂર્વક જો જો; તપાસજો.

અવધારણ :નિશ્ચય; નિર્ણય. (૨) વચનને લક્ષમાં રાખી સ્મૃતિશક્તિ તથા એકાગ્રતાની અદ્ભુતતા બતાવવી. (૩) ધ્યાનમાં લેવું.

અવધારવું :ખ્યાલમાં લેવું. (૨) ધ્યાનમાં લેવું; નિશ્ચિત કરવું; સાંભળવું.

અવધારવા :જાણવા

અવધારવો :સમજવો.

અવધારિત :નિશ્ચિત કરેલું (અવધારણ = નિશ્ચય; નિર્ણય)

અવધિ :મર્યાદા. (૨) કાળમર્યાદા; હદ; સીમા; અંત; છેડો; સમાપ્તિ; છેલ્લી ટોચ; મુદત; મર્યાદિત જ્ઞાન (જૈન.)

અવધિ દર્શન :અવધિ જ્ઞાનના પહેલાં થવાવાળા, સામાન્ય પ્રતિભાસને અવધિદર્શન કહે છે.

અવધિકારી :અધિકાર વિનાનું; અપાત્ર (આત્મસિદ્ધિ ગાથા ૩૧)

અવધિચક્ષુ :સૂક્ષ્મત્વવાળાં મૂર્ત દ્રવ્યોને, ગ્રહણ કરે, તે અવધિચક્ષુ છે. (૨) દેવો સૂક્ષ્મત્વવાળાં મૂર્ત દ્રવ્યોને ગ્રહણ કરતા હોવાથી, અવધિચક્ષુ છે; અથવા તેઓ પણ, માત્ર રૂપી દ્રવ્યોને દેખતા હોવાથી, તેમને ઈન્દ્રિય ચક્ષુવાળાંઓથી જુદા ન પાડવામાં આવે તો, ઈન્દ્રિય ચક્ષુ જ છે.

અવધિજ્ઞાન :જીવના પાંચ ભાવોમાંથી ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એ ત્રણ ભાવો (પરિણામો), જે અવધિજ્ઞાનનો વિષય થાય છે; અને જીવના બાકીના ક્ષાયિક તથા પારિમાણિક, એ બે ભાવો તથા ધર્મ દ્રવ્ય, અધર્મ દ્રવ્ય, આકાશ દ્રવ્ય અને કાળ દ્રવ્ય અરૂપી પદાર્થ છે, તે અવધિજ્ઞાનના વિષયભૂત થતા નથી.

આ જ્ઞાન સર્વરૂપી પદાર્થોને, અને તેના કેટલાક પર્યાયોને, જાણે છે. એમ સમજવું. (૨) જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના, રૂપી પદાર્થોને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે, તે અવધિજ્ઞાન છે. (૩) પોતાની મર્યાદા અનુસાર ક્ષેત્ર-કાળના પ્રમાણપૂર્વક રૂપી પદાર્થોને જે વડે સ્પષ્ટપણે જાણવામાં આવે તે અવધિજ્ઞાન છે. એ જ્ઞાન દેવો અને નારકીઓમાં તો સર્વને હોય છે તથા સંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ તથા મનુષ્યોમાં પણ કોઈ કોઈને હોય છે અને અસંજ્ઞી સુધીના જીવોને તો આ જ્ઞાન હોતું જ નથી. હવે આ જ્ઞાન પણ શરીરાદિક પુદ્ગલોને આધીન છે. અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે-દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ. એ ત્રણેમાં થોડા ક્ષેત્રકાળની મર્યાદાપૂર્વક કિંચિત્માત્ર રૂપી પદાર્થને જાણવાવાળું દેશાવધિજ્ઞાન છે, તે કોઈક જીવોને હોય છે, તથા પરમાવધિ, સર્વાવધિ અને મનઃપર્યય એ ત્રણ જ્ઞાન મોક્ષમાર્ગમાં જ પ્રગટે છે. કેવળજ્ઞાન મોક્ષમાર્ગસ્વરૂપ છે, તેથી આ અનાદિ સંસાર અવસ્થામાં તેનો સદ્ભાવ જ નથી. એ પ્રમાણે જ્ઞાનની પ્રવૃત્તિ હોય છે. (૪) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક, જે રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે, તેને અવધિજ્ઞાન કહે છે. (૫) આ આત્મા, અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બે પ્રકારે જાણવું. અથવા અવધિજ્ઞાન દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો વડે ત્રણ પ્રકારે છે. તેમાં, પરમાવદ્ધિ તે સર્વાવધિ ચૈતન્યના ઊછળવાથી ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદરૂપ ચમરસીભાવે પરિણત ચરમદેહી તપોધનોને હોય છે. ત્રણે પ્રકારનાં અવધિજ્ઞાનો વિશિષ્ટ સમ્યકત્વાદિ ગુણથી નિશ્ચયે થાય છે. દેવો અને નારકોને થતું ભવપ્રત્યયી જે અવધિ જ્ઞાન તે નિયમથી દેશાવધિ જ હોય છે. (૬) અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપ સાક્ષાત્ જાણવામાં આવે છે તેનું નામ અવધિજ્ઞાન છે. (૭) અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશયથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત્ જાણવામાં આવે છે તેનું નામ અવધિજ્ઞાન છે. (૮) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાપૂર્વક રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણનારું જ્ઞાન. (૯) જે ઈંદ્રિય કે મનના નિમિત્ત વિના રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો, મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે અવધિજ્ઞાન છે. (૧૦) મર્યાદાને વિષે રહેલ જે રૂપી દ્રવ્ય તેને ઈન્દ્રિયોની અપેક્ષા વિના જે જાણવું તે અવધિજ્ઞાન. અવધિ નામ મર્યાદાનું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદામાં રહેલા પુદ્ગલોનું અથવા પુદ્ગલ સહિત અશુદ્ધ જીવોનું વર્ણન જોવું તે આ જ્ઞાનનું કામ છે, આ જ્ઞાન થવામાં મન અને ઈન્દ્રિયોની જરૂર નથી. આત્મા પોતે જ જાણે છે. અવધિજ્ઞાનના બે ભેદ : ભવપ્રત્યય અને ગુણ પ્રત્યય. દેવ તથા નારકીઓને તે જન્મથી જ હોય છે તે ભવપ્રત્યય. પશુઓને તથા માનવોને સમ્યકત્વ કે તપના પ્રભાવથી થાય છે તે ગુણપ્રત્યય. (૧૧) જે ઈન્દ્રિય કે મનનના નિમિત્ત વિના રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે અવધિજ્ઞાન છે. (૧૨) અવધિજ્ઞાનના બે ભેદ છે :- • ભવપ્રત્યય, • ગુણ પ્રત્યય. પ્રત્યય કરણ અને નિમિત્ત એ ત્રણે એકાર્થવાચક શબ્દો છે. અહીં ભવપ્રત્યય શબ્દ બાહ્ય નિમિતત્ની અપેક્ષા કહેલ છે, અંતરંગ નિમિત્ત તો દરેક પ્રકારના અવધિજ્ઞાનમાં અવધિજ્ઞાનાવરણીય કમનો

ક્ષયોપશમ હોય છે.• દેવ અને નારક પર્યાય ધારણ કરતાં, જીવને જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ભવ પ્રત્યય કહેવાય છે. જેમ પક્ષીઓમાં જન્મ થવો તે જ આકાશમાં ગમનનું નિમિત્ત છે. નહિ કે શિક્ષા, જપ, તપ આદિક; તેમજ નારકી અને દેવના પર્યાયમાં ઉત્પત્તિમાત્રથી અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. (અહીં સમ્યગ્જ્ઞાનનો વિષય છે તો પણ અહીં સમ્યક્ કે મિથ્યાના ભેદ વગર સામાન્ય અવધિજ્ઞાન માટે ભવપ્રત્યય શબ્દ વાપર્યો છે.) •ભવ પ્રત્યય અવધિજ્ઞાન દેવ, નારકી તથા તીર્થંકરોને (છઠ્ઠસ્થ દશામાં) હોય છે, તે નિયમથી દેશાવધિ હોય છે; તે સમસ્ત પ્રદેશથી ઉત્પન્ન થાય છે. • ગુણપ્રત્યય-કોઈ ખાસ પર્યાય (ભાવ)ની અપેક્ષા ન રાખતાં, જીવના પુરુષાર્થ વડે જે અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ગુણ પ્રત્યય અથવા ક્ષયોપશમનિમિત્તક કહેવાય છે. • ક્ષયોપશમ-નિમિત્તક અવધિજ્ઞાન અનુગામી, અનનુગામી, વર્દ્ધમાન, હીયમાન, અવસ્થિત, અનવસ્થિત-એવા છ ભેદવાળું છે અને તે મનુષ્ય તથા તિર્યંચને થાય છે. (૧૩) અવધિજ્ઞાનના પ્રતિપાતિ (પડી જાય તેવું), અપ્રતિપાતિ (ન પડે તેવું), દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો પણ પડે છે.

જઘન્ય (સૌથી થોડું), દેશાવધિ સંયત થતા અસંયત મનુષ્યો અને તિર્યંચને થાય છે; (દેવ-નારકીને થતું નથી) ઉત્કૃષ્ટ, દેશાવધિ સંયતિ ભાવમુનિને જ થાય છે, અન્ય તીર્થંકરાદિક ગૃહસ્થ-મનુષ્ય, દેવ, નારકીને નહિ; તેમને દેશાવધિ થાય છે. • દેશાવધિ એ ઉપર કહેલા છ પ્રકાર અનુગામી, અનનુગામી , વર્ધમાન, હીયમાન, અવસ્થિત અને અનવસ્થિત તથા પ્રતિપાતિ અને અપ્રતિપાતિ એમ આઠ પ્રકારનું હોય છે. પરમાવધિ અનુગામી અનનુગામી, વર્ધમાન, અવસ્થિત અનવસ્થિત અને અપ્રતિપાતી હોય છે. (૧૪) અવધિજ્ઞાન રૂપી-પુદ્ગલ તથા તે પુદ્ગલના સંબંધવાળા સંસારી જીવ (ના વિકારી ભાવ) ને પ્રત્યક્ષ જાણે છે. • દ્રવ્ય અપેક્ષાએ જઘન્ય અવધિજ્ઞાનનો વિષય એક જીવના ઔદારિક શરીર સંચના લોકાકાશ-પ્રદેશ પ્રમાણ ખંડ કરતાં તેના એકખંડ સુધીનું જ્ઞાન હોય છે. • દ્રવ્ય અપેક્ષાએ સર્વાવધિજ્ઞાનનો વિષય એક પરમાણુ સુધી જાણે છે. • દ્રવ્ય અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય-જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના દ્રવ્યોના ભેદોને જાણે છે. • ક્ષેત્ર અપેક્ષાએ જઘન્ય અવધિ જ્ઞાનનો વિષય-ઉત્સેધાંગગુલના (આઠ યવમધ્યના) અસંખ્યાતમા ભાગ સુધીના ક્ષેત્રને જાણે છે. • ક્ષેત્ર અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો વિષય - અસંખ્યાત લોકપ્રમાણ સુધી ક્ષેત્રને જાણે છે. • ક્ષેત્ર અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય જઘન્ય. અને ઉત્કૃષ્ટની વચ્ચેના ક્ષેત્ર ભેદોને જાણે છે. • કાળ અપેક્ષાએ જઘન્ય અવધિજ્ઞાનનો વિષય - (જઘન્યથી) આવલિના અસંખ્યાત ભાગ પ્રમાણ ભૂત અને ભવિષ્યને જાણે છે. • કાળ અપેક્ષાએ ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનો વિષય-અસંખ્યાત લોકપ્રમાણ અતીત અને અનાગત કાળને જાણે છે. • કાળ અપેક્ષાએ મધ્યમ અવધિજ્ઞાનનો વિષય - જઘળ્ય અને ઉત્કૃષ્ટ વચ્ચેના કાળભેદોને જાણે છે. • દ્રવ્યની અપેક્ષાએ અવધિજ્ઞાનનો વિષય-પહેલાં દ્રવ્ય પ્રમાણ નિરૂપણ કરેલ દ્રવ્યોની શક્તિને જાણે છે.

અવધિદર્શન :અનાદિ દર્શનાવરણ કર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, તે પ્રકારના આવરણના ક્ષયોપશમી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અવધિદર્શન છે. (૨) અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસને અવધિદર્શન કહે છે. (૩) અવધિ જ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસને અવધિ દર્શન કહે છે. (૪) અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય અવલોકનને અવધિદર્શન કહે છે.

અવનિ :પૃથ્વી. (૨) વિશ્વ; સકળ બ્રહ્માંડ; જગત.

અવબોધ :જ્ઞાન. (૨) જાગૃતિ; જ્ઞાન; વિવેક. (૩) સમ્યગ્જ્ઞાન. (૪) જાગૃતિ; જ્ઞાન; વિવેકબુદ્ધિ; જાણવું. (૫) જ્ઞાનમાત્ર

અવબોધે :જાણે; જ્ઞાનમાં લે; વિવેકી બને.

અવબોધન :જાણવું.

અવબોધવું :જાગૃતિ લાવવી; જ્ઞાન કરવું; વિવેકી બનવું; વિવેક રાખવો.

અવભસ્યુ :આત્મસ્વરૂપની મર્યાદા પ્રમાણે જેમ છે તેમ ભાસ્યું જાણ્યું.

અવિભાજ્ય :જેના વિભાગ ન કરી શકાય, એવા.

અવભાસે :જણાય

અવભાસે છે :જણાય છે.

અવભાસન :અવભાસવું તે; પ્રકાશવું તે; જણાવું તે; પ્રગટ થવું તે. (૨) પ્રકાશવું; દેખાવું; જણાવવું. (૩) વિકલ્પ; અવભાસવું તે; પ્રકાશવું તે; જણાવું તે; પ્રગટ થવું તે.

અવભાસ્યું :નિજ સ્વરૂપુ સ્વરૂપ અવભાસ્યુ= આત્માનું સ્વરૂપ અવ આત્માસ્વરૂપની મર્યાદા પ્રમાણે જેમ છે તેમ ભાસ્યું- જાણયું;પૂણૅ આત્માજ્ઞાન પ્રાપ્ત કર્યું.

અવમૌદર્ય :ઉણોદરી; અલ્પાહાર.

અવ્યક્ત :અસ્પષ્ટ; અદશ્ય; અજ્ઞાત; પરમાત્વ તત્ત્વ. (૨) ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક. (૩) ઈન્દ્રિયોને ગોચર નથી; ઈંદ્રિયોથી અગોચર; અસ્પર્શ. (૪) અપ્રગટ. (૫) અદશ્ય; અસ્પષ્ટ; અજ્ઞાન; (૬) અનેરો; જુદો; અન્ય ઈન્દ્રિયોથી અગોચર; ઈન્દ્રિયોથી જણાય નહિ તેવો. (૭) ઈન્દ્રિયગોચર નહિ તે; ઈંદ્રિયોથી ન જાણી શકાય તે (૮) ધ્રુવ દ્રવ્ય. (૯) અપ્રગટ; અજ્ઞાત; (૧૧) ઈન્દ્રિય અપ્રત્યક્ષ; અતીન્દ્રિય પ્રત્યક્ષ.

અવ્યક્તત્વાદિ :અવ્યક્તત્વ વગેરે; અપ્રકટત્વ વગેરે.

અવ્યકતતા :અપ્રગટતા. (૨) નિરાકુળતા

અવ્યગ્રતા :નિરાકુળતા; અનાકુળતા; નિર્વ્યગ્ર.

અવ્યુત્પન્ન :અનુભવ વિનાનું; આવડત વિનાનું; વ્યાકરણનું જ્ઞાન જેને નથી તેવું; વિશેષ જ્ઞાનરહિત.

અવ્યતિરેક :અભિન્નતા.

અવ્યતિરિક્ત :અભિન્ન. (સ્વાભાવિક સુખ જ્ઞાનથી અભિન્ન છે. તેથી જ્ઞાન ચેતના સ્વભાવિક સુખના સંચેતન-અનુભવન-સહિત જ હોય છે.) (૨) અભિન્ન. (જેમ 'સાકર એક દ્રવ્ય છે અને ગળપણ તેનો ગુણ છે કોઈ સ્થળે દષ્ટાંતમાં કહ્યું હોય તો તે સિદ્ધાંત તરીકે ન સમજવું જોઈએ, તેમ અહીં પણ જીવના સંકોચ વિસ્તારરૂપ દર્ષ્ટાંતને સમજાવવા માટે રત્ન અને દૂધમાં ફેલાયેલી) તેની પ્રભાને જે અવ્યતિરિક્તપણું કહ્યું છે તે સિદ્ધાંત તરીકે ન સમજવું પુદ્ગલાત્મક રત્નને દષ્ટાંત બનાવીને અસંખ્યપ્રદેશી જીવદ્રવ્યના સંકોચવિસ્તારનો કોઈ રીતે ખ્યાલ કરાવવાના હેતુથી અહીં રત્નની પ્રભાને રત્નથી અભિન્ન કહી છે. (અર્થાત્ રત્નની પ્રભા સંકોચ વિસ્તાર પામતાં જાણે કે રત્નના અંશો જ રત્ન જ - સંકોચ વિસ્તાર પામેલ હોય એમ ખ્યાલમાં લેવાનું કહ્યું છે.) (૩)અભેદ. (૪) અભિન્ન; જુદું નથી; અભિન્નતા; એકપણું. (૫) અભિન્ન; જુદું નહિ તે.

અવ્યતિરિક્ત ભાવ :અવ્યતિરિક્તભાવ = અભિન્ન ભાવ.અભિન્નપણું.

અવ્યાબાંધ :મોક્ષ; કેવળ; નિરપેક્ષ; નિર્વિકલ્પ

અવ્યભિચારી :જે જ્ઞાનમાં કદી અન્યથા પરિણામરૂપ વ્યભિચારી દોષ આવતો નથી તેને અવ્યભિચારી સમજવું જોઈએ. (૨) જેનું કદી પણ સંશય-વિપર્યયાદિરૂપ અન્યથા પરિણમન થતું નથી.

અવ્યય :શાશ્વત; કદીય ખૂટે નહિ, એવી. (૨) કદીય જેનો અભાવ થવાનો નથી તે. ભગવાન આત્માવસ્તુપણે અવ્યય છે. (૩) સર્વજ્ઞપણું પ્રગટ થયું, પછી કદીય એનો અભાવ થવાનો નથી. એ અપેક્ષાએ તેઓ ભગવાન અવ્યય છે. પર્યાય બીજે સમયે વ્યય થાય, એ જુદી વાત છે. પણ એક વખત સર્વજ્ઞપણું પ્રગટ થયું, પછી અલ્પજ્ઞ થઈ જાય, એમ કદીય બનતું નથી. સર્વજ્ઞદશા, એ વ્યય વિનાનો ઉત્પાદ છે. ભગવાન, આત્મા વસ્તુપણે અવ્યય છે. (૪) અવિનાશી (૫) અવિનાશી; નિત્ય; પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વભાવથી ચ્યુત થતા નથી. (૬) અવિનાશી, નિત્ય, શાશ્વત, ન બદલાય એવું, અચ્યુત.

અવ્યયપદ :મોક્ષ. (૨) અવિનાશી પદ; જેનો કદી નાશ ન થાય તેવું પદ; મોક્ષપદ.

અવયવ :અંશ. (૨) આખી વસ્તુનો વિભાવ, અંશ; સાધન; ઉપકરણ.

અવયવભૂત :અંશરૂપ.

અવયવરૂપ :અંગરૂપ; અંશોરૂપ. ભાગરૂપ; હિસ્સારૂપ; પક્ષોરૂપ.

અવસ્થા :પયાર્ય.

અવ્યવસ્થિત :વ્યવસ્થા વગરની. ઢંગધડાવગરની

અવ્યવહાર રાશિ :નિરર્થક સમૂહ

અવયવી :અવયવવાળાં; સાવયવ; અંશવાળા; અંશી; જેમને અવયવો (અર્થાત્ એકથી વધારે પ્રદેશો) હોય એવા. (૨) અંશી.

અવ્યાકુળ :પરમાનંદ

અવ્યાકુળપણે :પરમાનંદપણે

અવ્યાકુળપણે નાચો :પરમાનંદ પરિણામે પરિણમો.

અવ્યાઘાતી :પર પદાર્થની બાધિત થતું નથી; રોકાતું નથી

અવ્યાપ્તિ :રાગાદિ ભાવો, જીવની સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી. માટે રાગાદિને જીવનું લક્ષણ માનતાં, અવ્યાપ્તિનો દોષ આવે છે. (૨) જેને જેનું લક્ષણ કહ્યું હોય તે તેના કોઈ લક્ષ્યમાં હોય, અને કોઈ લક્ષ્યમાં ન હોય. પણ કોઈ આત્મા ચેતના રહિત નથી. જો આત્માનું લક્ષણ રાગાદિ કહીએ તો અવ્યાપ્તિ દૂષણ લાગે છે, કારણ કે રાગાદિ સંસારી જીવને છે. સિદ્ધ જીવોને નથી. (૩) અવ્યાપ્તિ દોષ તેને કહે છે કે જેને જેનું લક્ષણ કહ્યું હોય તેના કોઈ લક્ષ્યમાં હોય, અને કોઈ લક્ષ્યમાં ન હોય.

અવ્યાપ્તિ દોષ :લક્ષ્યના એક દેશમાં (એક ભાગમાં) લક્ષણનું રહેવું તેને અવ્યાપ્તિ દોષ કહે છે; જેમ કે પશુનું લક્ષણ શીંગડું. (૨) વળી કેવળ જ્ઞાન જીવનું લક્ષણ કહીએ તો તેમાં અવ્યાપ્તિ દોષ આવે, કેમ કે કેવળ જ્ઞાન જીવની સર્વ અવસ્થાઓમાં વ્યાપતું નથી. જે લક્ષણ લક્ષ્યના એક ભાગમાં વ્યાપે તેને અવ્યાપ્તિ દોષ કહે છે. (૩) લક્ષ્યના એક દેશમાં (એક ભાગમાં) લક્ષણનું રહેવું તેને અવ્યાપ્તિ દોષ કહે છે; જેમ કે પશુનું લક્ષણ શીંગડું.

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ લક્ષણદોષની વ્યાખ્યા :લક્ષ્યના એક દેશમાં રહેનાર લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત છે, લક્ષ્યની બહાર અલક્ષ્યમાં પણ પ્રાપ્ત થનાર લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દૂષિત છે અને લક્ષ્યમાં જેનું રહેવું બાધિત છે તે અસંભવ દોષથી દૂષિત કહેવાય છે.

અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ અને અસંભવ :આ જ ચેતના અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષથી રહિત આ આત્માનું આસાધારણ લક્ષણ છે.

(૧) અવ્યાપ્તિ દોષ તેને કહીએ કે જેનું લક્ષણ કહ્યું હોય તે તેના કોઈ આત્મા ચેતના રહિત નથી.

જો આત્માનું લક્ષણ રાગાદિ કહીએ તો અવ્યાપ્તિ દૂષણ લાગે છે કારણકે રાગાદિ સંસારી જીવને છે, સિદ્ધ જીવોને નથી.

(૨) જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને અતિવ્યાપ્તિ દૂષણ કહીએ. પણ ચેતના જીવ પદાર્થ સિવાય બીજા કોઈ પદાર્થમાં નથી. જો આત્માનું લક્ષણ અમૂર્તત્વ કહીએ તો અતિવ્યાપ્તિ દૂષણ લાગે; કારણકે જેવી રીતે આત્મા અમૂર્તિક છે તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ અમૂર્તિક છે.

(૩) જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ. ચેતના જીવપદાર્થમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાય છે. જો આત્માનું લક્ષણ જડપણું કહીએ તો અસંભવ દોષ લાગે છે; કારણકે તે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે.

અવ્યાબાદ :કર્મથી મુક્ત; કર્મકલેશોથી રહિત; સ્વાશ્રિત; મૂર્તિ (ઈન્દ્રિયાદિ) સાથે સંબંધ વિનાનું અતીન્દ્રિય. (૨) કેવળ; નિરપેક્ષ; નિર્વિકલ્પ; મોક્ષ; શરીરને પીડા ન હોવાપણું; વેદનીય કર્મનો અભાવ. (૩) ઈન્દ્રિયવ્યાપારાતીત; ઈન્દ્રિય વ્યાપાર રહિત. અતીન્દ્રિયપણું. અન્ય દ્રવ્યના સંસર્ગ રહિત. (૪) સ્વાત્મોત્પન્ન, અનાકૂળતા લક્ષણ. (૫) બાધા વિનાની, વિઘ્ન વિનાની. (૬) પૂર્ણ; (૭) વેદનીય કર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને અવ્યાબાધ ગુણ કહે છે, બાધા વિનાની, વિઘ્ન વિનાની (૮) શાતા અને અશાતારૂપ આકુળતાનો અભાવ. અતિન્દ્રિય આનંદના સ્વભાવમાં કલ્લોલ કરતો આત્મા પર્યાયમાં પૂર્ણ ભાવથી ખીલી ઉઠ્યો ત્યાં તેનો પૂર્ણ આનંદમાં ફેલાવ છે, અને તે વિઘ્ન રહિત અવ્યાબાધ છે, એની પૂર્ણ એકાંત આનંદની દશામાં કોઈ વિઘ્ન-બાધા-અંતરાય-વિરોધ હોતો નથી. (૯) મોક્ષ; કેવળ નિરપેક્ષ; નિર્વિકલ્પ; (૧૦) કોઈ પ્રશ્ન કે વિરોધ હોય નહિ. બાધારહિત. શુભાશુભભાવ આત્માની શાંતિને બાધા કરનારા છે તેથી શુભાશુભ ભાવ રહિત દશા એ અવ્યાબાધ છે. વિષય-ભોગની વાસના છે તે દુઃખ છે. એ એથીય વિશેષ તે મને સુખરૂપ છે એવી તારી માન્યતા છે તે અનંત દુઃખનું મૂળ છે. શું કહ્યું ? કે જે રાગની, વિષયની, ભોગની કે માન આદિની વાસના ઊઠે છે તે પાપ છે, દુઃખ છે; પણ એના કરતાં પણ, તેમાં મને ઠીક પડે છે. મઝા આવે છે એવી જે માન્યતા છે તે મિથ્યાત્વનું અનંત પાપ છે, અને તે અનંતા દુઃખનું મૂળ છે. મોક્ષમાં એકલા નિરાબાધ

પરમાનંદના ફેલાવની સામે આ સંસારમાં એકલા દુઃખના ફેલાવાની વાત કહી. સંસારમાં એને કેટલું દુઃખ છે એની એને ખબર નથી.

અહા ! અવ્યાબાધ એટલે શું ? અતીન્દ્રિય આનંદના સ્વભાવમાં કલ્લોલ કરતો આત્મા પર્યાયમાં પૂર્ણ ભાવથી ખીલી ઊઠ્યો ત્યાં તેનો પૂર્ણ આનંદમાં ફેલાવ છે, અને તે વિઘ્નરહિત અવ્યાબાધ છે એની પૂર્ણ એકાંત આનંદની દશામાં કોઈ વિઘ્ન-બાધા-અંતરાય-વિરોધ હોતો નથી. જ્યારે સંસારમાં તે પ્રતિપળ એની શાંતિમાં બાધા હોવાથી એકલું દુઃખ જ છે. એની સામે મોક્ષમાં પરમ આનંદ છે, પૂર્ણ આનંદ છે, એકલો આનંદ છે એમ લેવું છે. તો, કહે છે -પર પદાર્થથી મને સુખ છે, પુણ્ય-પાપના વિકારી ભાવોથી મને આનંદ-મઝા પડે છે, ને વિષય-ભોગની વાસનાની કલ્પનામાં મને ઠીક પડે છે એવો જે ભાવ છે તે મહા મિથ્યાત્વ છે, ને તે અનંતાતીવ્ર દુઃખથી ફેલાયેલો ભાવ છે. એ મિથ્યાત્વના ભાવમાં આને પ્રતિક્ષણ વિઘ્ન-બાધા છે. જ્યારે આત્માની મોક્ષ દશામાં એને કોઈ બાધા કે વિરોધ છે નહિ આવી અવ્યાબાધ સુખની દશા તે મોક્ષ છે. અવ્યાબાધની આ વ્યાખ્યા છે.

અવ્યાબાધ :પર પદાર્થથી બાધિત થતું નથી, રોકાતું નથી. (૨) જરા પણ બાધા ન ઉપજે એવી. (૩) શાતા-અશાતારહિતપણું; વેદનીયકર્મરહિતપણું. (૪) અવ્યાબાધ શબ્દ પરમાર્થ દૃષ્ટિએ વપરાય અર્થાત્ અવ્યાબાધ સુખ-અવ્યાબાધ સ્વરૂપ અર્થાત્ અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિર કરાવનાર ત્રિકાળ જયવંત વર્તો. અવ્યાબાધ શબ્દની વ્યુત્પત્તિ કરવાનું કોઈ પ્રયોજન નથી. એટલે પૂર્ણજ્ઞાન-જેમાં કિંચિતમાત્ર પણ અન્યભાવ નહીં તેવું કેવળ જ્ઞાન. (૫) બાધા, પીડા વગરનું. (૬) બાધા વિનાની; વિઘ્ન વિનાની. (૭) બાધારહિત; વિઘ્નરહિત; અડચણરહિત. બાધાપીડા રહિત. (૮) મોક્ષ; કેવળ;નિરપેક્ષ; નિર્વિકલ્પ.

અવ્યાબાધ પ્રતિજીવી ગુણ :વેદનીય કર્મના અભાવપૂર્વક, જે ગુણનો શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે, તે ગુણને અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કહે છે.

અવ્યાભાવ સ્થિરતા :આત્મસ્થિરતા રૂપ આત્મ અવસ્થા.

અવ્યતિરિક્ત :અભેદ, અવ્યતિરેક = અભિન્ન.

અવર્ણવાદ :જેનામાં જે દોષ ન હોય, તેનામાં તે દોષનું આરોપણ કરવું તે અવર્ણવાદ છે. (૨) નિંદા.

અવ્રત :હિંસા, જૂઠું, ચોરી, મૈથુન અને પરિગ્રહ, એમ પાંચ પ્રકારનાં આસ્રવ છે.

અવરુદ્ધ : ઘેરાયેલો; વિંટળાયેલો.

અવરાઈ જવું :ઢંકાઈ જવું.

અવરાઈ રહેવું :આવરણથી ઢંકાઈ રહેવું. (૨) આવરવું; ઘેરી લેવું; વીંટી વળવું; આચ્છાદિત કરવું; ઢાંકવું; છાઈ દેવું.

અવરાય :આવરવું = આચ્છાદિત કરવું; ઢાંકવું; છાઈ દેવું; ઘેરી લેવું; વીંટી વળવું.

અવરાયેલાં :અપ્રગટ

અવરાળવું :અનાજમાંની કાંકરી છૂટી પાડવા માટે એને પાણીમાં ધોવું.

અવરોધ :પ્રતિબંધક કોટરૂપ (૨) તથાતથ્ય પ્રતીતિ.

અવલંબુ છું :પ્રાપ્ત થાઉં છું; એકાકાર થઈ વર્તું છું, લીન રહું છું, સ્થિર થઉં છું.

અવલંબન :આધાર; અવલંબ. (૨) નિમિત્ત. (૩) ગ્રહણ કરવા યોગ્ય; જાણવા યોગ્ય. (૪) આધાર; ટેકો; સહારો. (૫) જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત્ નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય, તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું ?

અવલંબવું :અનુસરવું.

અવલંબવા :જાણવા યોગ્ય; ગ્રહવા યોગ્ય.

અવલંબીને :અનુસરીને.

અવલાપ :ખરી વાત ઉડાવવી તે; છુપાવવું તે.

અવલોકન સુખનું :આત્મદર્શન સુખનું- જરા પણ વિસ્મય થાય નહિ.

અવલોકન :જોવાની ક્રિયા; ગુણદોષની તપાસ; સમીક્ષા; આલોચના. (૨) સ્વરૂપ વિચાર. (૩) અવ - જેમ છે તેમ વસ્તુસ્થિતિ પ્રમાણે - લોકન - સાક્ષાત્ દર્શન કરતાં અલ્પપણ-જરા પણ લેશપણ માયાનું બાહ્ય ઉપાધિરૂપ માયાનુ આવરણ બાધ-અંતરાય કરે નહિ. (૪) વિચારપૂર્વક વાંચન , ચિંતન-દર્શન.

અવલોકન કરે છે :દેખે છે.

અવલોકવું :તપાસી જેવું. (૨) સાક્ષાત્કાર કરવો; પ્રત્યેક્ષ પ્રગટ અનુભવ કરવો.

અવળું :ઊંધું

અવળા :મિથ્યા

અવળાઈ :વિપરીતતા.

અયશઃ કીર્તિનામકર્મ :જે કર્મના ઉદયથી જીવની લોકમાં પ્રશંસા ન થાય તેને અપયશકીર્તિનામ કર્મ કહે છે.

અવશપણે :પુરુષાર્થની નબળાઈથી-નિર્બળતાથી.

અવશ્ય :વશમાં ન રહે એમ જરૂર; વશપણે આવી જ પડે.

અવશ્યભાવી : જરૂર હોનાર; અપરિહાર્ય. (૨) અનિવાર્ય

અવશેષ :બાકીનાં.

અવિશેષ :એકરૂપ પરિણામ; સામાન્ય પરિણામ.

અવિશિષ્ટ :જુદા નહિ એવા.

અવષ્ટંભે :આધારે રહેલો.

અવસ્તુ :ભ્રમરૂપ

અવસર્પિણી :ઉતરતો કાળ.

અસ્વસ્થતા :ઉદ્વેગતા; બેચેની; અશાંતિ; ગભરાટવાળી.

આવસથમાં :નિવાસસ્થાનમાં.

અવસ્થા :અવ = નિશ્ચય + સ્થા = સ્થિતિ અર્થાત્ નિશ્ચયે પોતાની પોતામાં સ્થિતિ. (૨) આકાર; સ્થિતિ; દશા; ઘડપણ. (૩) પર્યાય; પરિણમન; હાલત. (૪) ભૂમિકા; (૫) પર્યાય; હયાતી; સ્થિતિ; વર્તમાન સ્થિતિ; હાલત, દશા, અંશ. પરિણતિ. (૬) પર્યાય; ભેદ(૭) વર્તમાન પર્યાય. (૮) સ્થિતિ; દશા; હયાતી; જિંદગી; અસ્તિત્વ; પર્યાય.

અવસ્થાંતર :બદલવું. (૨) બીજી બીજી અવસ્થા; એકમાંથી બીજી અવસ્થામાં જવાનું થવું તે - આવવું તે.

અવસ્થાન :સ્થિર. (૨) ટકવું તે; ધ્રુવ રહેવું તે. (૩) સ્થિર રહેવું; અવસ્થિત=સ્થિર રહેવું. (૪) સ્થિરતા નિવાસસ્થાન; રહેઠાણ. (૫) સ્થિતિ. (૬) સ્થિતિ; દશા; હાલત; આયુષના જુદા જુદા તબક્કાઓનો એકમ..

અવસ્થાયી :અવસ્થારૂપે; અવસ્થાની અપેક્ષાએ.

અવસ્થાયી :ટકનારો. (૨) સ્થિર રહેતાં. (૩) ટકવાપણું (૪) સ્થિર રહેતા. (૫) ત્રિકાળી દ્રવ્ય; (૬) સ્થિર.

અવસ્થિતિ :સ્થિરતા (૨) રહેલી. (૩) રહેલું; ટકેલુ; ટકતો.

અવસ્થિત :સ્થિર; (આ સંપૂર્ણ ક્ષામણ્યવાળા જીવને બીજા ભાવરૂપ પરાવર્તન (પલટાવું) થતું નથી, તે સદા એક જ ભાવરૂપે રહે છે -શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિ રૂપે રહે છે તેથી તે જીવ મોક્ષતત્ત્વ જ છે.) (૨) રહેલું; વસેલું; સ્થિર. (૩) નિશ્ચળ, સ્થિર. (૪) નિશ્ચળ રહેલું. (૫) રહેલું; ટકેલું; ટકતો. (૬) પોતાની સંખ્યાને ઉલ્લંઘન ન કરે તે અવસ્થિત.

અવસ્થિત શબ્દ એમ સૂચવે છે કે દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામને કરે છે. પરિણામ અને પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નથી. જો એક દ્રવ્ય, તેના ગુણ કે પર્યાય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરે કે કરાવે તો તે તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય. પરંતુ કોઈ દ્રવ્ય પરદ્રવ્યમય તો થતું નથી. જો કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો તે દ્રવ્યના નાશની આપત્તિ આવે અને દ્રવ્યનું અવસ્થિતપણું રહે નહિ. (૭) નિશ્ચળ રહેલું; પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું. (૮) રહેલું; ટકેલું. (૯) પોતાની સંખ્યાને ઉલ્લંઘન ન કરે તે અવસ્થિત. અવસ્થિત શબ્દ એમ સૂચવે છે કે-દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામને કરે છે. પરિણામ અને પરિણામીપણું બીજી કોઈ રીતે બની શકતું નથી. જો એક દ્રવ્ય તેના ગુણ કે પર્યાય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરે કે કરાવે તો તે તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય. પરંતુ કોઈ દ્રવ્ય પરદ્રવ્યમય તો થતું નથી. જો કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યમય થઈ જાય તો, તે દ્રવ્યના નાશની આપત્તિ આવે એ દ્રવ્યનું અવસ્થિતપણું રહે નહિ. વળી દ્રવ્યોનો નાશ થતાં તેનું નિત્યપણું પણ રહે નહિ. (૧૦) સ્થિર. (આ સંપૂર્ણ શ્રામણ્યવાળા જીવને બીજા ભાવરૂપ પરાવર્તન (પલટાવું) થતું નથી, તે સદા એક જ ભાવરૂપે રહે છે- શુદ્ધ સ્વભાવમાં સ્થિર પરિણતિ રૂપે રહે છે તેથી તે જીવ મોક્ષતત્ત્વ જ છે.) (૧૧) નિશ્ચળ રહેલું. (૧૨) પ્રમાણનિયતપરિમાણ; નિશ્ચિત માપ. (ધર્મ દ્રવ્ય અને અધર્મ દ્રવ્યનું માપ લોક જેટલું નિયત છે.) (૧૩) નિશ્ચળ

રહેલું; પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું. (૧૪) ટકતો; ટકે છે; હોવાથી (૧૫) નિશ્ચળ; સ્થિર; ધ્રુવ. (૧૬) રહેલું; ટકેલું.

અવસ્થિત અવધિજ્ઞાન :જે અવધિજ્ઞાન એક સરખું કહે, ન વધે-ન ઘટે, તેને અવસ્થિત અવધિજ્ઞાન કહે છે.

અવસ્થિત પ્રમાણ :નિયત પરિમાણ; નિશ્ચિત માપ. (ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્યનું માપ, લોક જેટલું નિયત છે.)

અવસ્થિતપણું :સ્થિરપણું; ટકી રહેવું તે. એકરૂપપણું અવિચળપણું.

અવસ્થિતિ :હયાતી; હાજરી. (૨) આચરણ; અનુષ્ઠાન.

અવસન્ન :જિનસૂત્રથી વિરુદ્ધ. ચારિત્રથી ભ્રષ્ટ, આળસુ એવા, વેષધારીને અવસન્ન કહેવાય.

અવશ્યભાવી :જરૂર હોનાર; અપરિહાર્ય.

અવસર :અવ + સર, અવ = નિશ્ચય, સર એટલે બાણ; - શુદ્ધનયરૂપી ધનુષ્ય અને શુદ્ધ ઉપયોગની તીક્ષ્ણતાની એકાગ્રતારૂપી બાણ વડે સર્વ કર્મ કલંકનો નાશ થઈ જાય, તેવો અવસર જલદી પ્રાપ્ત કરવાની ભાવના છે. (૨) તે તે ભાવની સ્થિરતાની અવસ્થા; એકાગ્રતા; અહીં મુખ્યપણે મુનિપણાની નિર્ગ્રંથદશાને અવસર ગણ્યો છે. (૩) પ્રસંગ; સમય; કાળ; સારો સમય; સારો વખત; સાચે કાળ, મોકો; તક; લાગ. (૪) અવ =નિશ્ચય, સર = શ્રેયોમાર્ગ; નિશ્ચય શ્રેયોમાર્ગ. (૫) પ્રસંગ; ટાણું.

અવસર્પિણી કાળ :ઊતરતો કાળ; જે કાલમાં જીવોની શક્તિઓ ધીમે ધીમે ક્ષીણ થતી જાય. ૧૦ કોડાકોડી સાગરનો આ કાલ હોય છે. (૨) નીચે સરકતો જતો એટલે ઉત્તરોત્તર નીચે ઊતરતો પડતો કાળ તે અવસર્પિણીકાળ. પંચમકાળ-કળિયુગ.

નિર્ણય. :

આ ભવિજ છે એવો નિર્ણય થવો તે અવાય છે, કેમ કે તેનામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ દેખાય છે માટે એ ભવિ છે- આવો જ્ઞાનમાં નિશ્ચય-નિર્ણય થાય તે અવાય છે. આવો નિર્ણય પોતામાં રહેલા જ્ઞાનને કારણે થાય છે હોં, એ કાંઈ પરવસ્તુને કારણે કે પરને અનુસરીને થાય છે એમ નહિ. આ છ મતિજ્ઞાનની કેટલી તાકાત ! અહો ! સામો જીવ સમ્યગ્દષ્ટિ-જ્ઞાની છે, માટે ભવિ જ છે એવો નિર્ણય કરવાની મતિજ્ઞાનની અચિંત્ય તાકાત છે. અહો ! આવું મતિજ્ઞાન ! છતાં, તે નિર્ણયનો પર્યાય સામા જીવને લઈને થાય છે એમ નથી, સામો જીવ છે તો આ નિર્ણય થયો છે એમ નથી; પરંતુ અંદરમાં ત્રિકાળી સ્વભાવજ્ઞાન છે અને તેને અનુસરીને આ નિર્ણય થયો છે, અને થાય છે. જુઓ આ ભગવાન આત્માના જ્ઞાનનો વૈભવ !

પહેલાં પ્રથમનું જ્ઞાન-અવગ્રહ થાય, પછી ઈહા-વિચારણા થાય, અને પછી અવાય-નિર્ણય થાય છે. જો તે બધીય પર્યાયોનો પ્રવાહ અંદરના ત્રિકાળી જ્ઞાનગુણને અનુસરીને આવે છે, અર્થાત્ એ ધ્રુવ-ખાણમાંથી-અંદરમાંથી-પ્રવાહ આવે છે, બહારમાંથી નહિ.

દ્રવ્ય સત્તાને ગુણ-સત્તા ત્રિકાળ છે તેમાંથી વર્તમાન પર્યાય સત્તાનું હોવાપણું આવે છે. ત્રિકાળ છે એમાંથી જ્ઞાનનો પ્રવાહ વહે છે એમ વાત છે.

અવાચક :વાચા રહિત; કહી શકે-નિર્દેશ કરી શકે નહિ તેવું; માંદગીની પરા કોટિએ બોલવાની શક્તિ નથી રહી તેવું; બેભાન; બેશુદ્ધ; બેહોશ. (૨) બોલવું બંધ થઈ જાય. (૩) કહી ન શકાય નહિ એવું.

અવાચ્ય :વચન અગોચર. (૨) અવર્ણ્ય; અકથ્ય; ન વંચાય એવું. (૩) ન કહી શકાય એવું. (૫) કહી શકાયનહિ એવું; અવક્તવ્ય.

અવાંતર :કોઈ પણ બે પદાર્થ-સ્થિતિ-સંયોગો વચ્ચે રહેલું; વચ્ચે રહેલું; વચલા ગાળાનું; સમાવેશ પામેલું; ગૌણ; બાહ્ય; બહારનું. (૨) વિશેષાત્મક

અવાંતર સત્તા :જે એક વસ્તુની સ્વરૂપ સત્તા છે તે બીજાની નથી. તેથી તે અનેક કહેવાય છે. (૨) પ્રતિનિશ્ચિત (એકેક નિશ્ચિત) વસ્તુમાં રહેનારી સ્વરૂપ-અસ્તિત્વને સૂચવવાની, અવાન્તર સત્તા (વિશેષ સત્તા) છે.

અવાંતર જાતિ :પેટા જાતિ. (પૃથ્વીકાય, અપ્કાય, તેજઃકાય અને વાયુકાય, એ ચારમાંના દરેકના સાત લાખ પેટાજાતિરૂપ ભેદો છે; વનસ્પતિકાયના, દસ લાખ પેટા ભેદો છે.)

અવાંતરસત્તા :પ્રતિનિયત વસ્તુમાં વ્યાપનારીતે અવાંતર સત્તા છે. નિશ્ચિત એક પર્યાયમાં વ્યાપના રીતે અવાંતર સત્તા છે.

અવાન્તર ભેદો :ભેદોના ભેદો, ભાગોના પણ ભાગો.

અવાન્તર રૂપ :ભેદરૂપ.

અવાન્તર સત્તા :વિશેષ સત્તા. કોઈપણ વિવક્ષિત પદાર્થોની સત્તાને, અવાન્તર સત્તા કહે છે.

અનાનુપૂર્વી :એક જ કામમાં નવકારમંત્રનું સ્મરણ કર્યા કરવાથી તે મુખપાઠી જ થઈ જાય છે. જેથી પાંચે નમસ્કાર માટે અંક નિશ્ચિત કરી તેને લોમવિલોમ સ્વરૂપમાં ગોઠવવામાં આવે છે અને જે અંક હોય તે પદનું સ્મરણ કરી નમસ્કાર કરવામાં આવે છે. આવા લોમ વિલોમ સ્વરૂપમાં ગોઠવાયેલા અંકવાળા કોષ્ટકને અનાનુપૂર્વી કહે છે. આ અનાનુપૂર્વીના અંક અનુસાર નમસ્કાર કરવામાં ચિત્તને વધુ એકાગ્ર બનવું પડે છે, એથી બીજા વિચારો કરતાં અટકે છે. પરિણામે કર્મની નિર્જરા વિશેષ થાય છે.

અવાય :વિશેષ ચિહ્ન દેખવાથી, એનો નિશ્ચય થઈ જાય, તે અવાય છે. (૨) ઈહાજ્ઞાનથી જાણેલા પદાર્થવિષયક સંદેહનું દૂર થઈ જવું તે, 'અવાય' (નિર્ણય) છે. પહેલાં ઈહાજ્ઞાનથી શું આ ભવ્ય કે અભવ્ય છે, એ પ્રકારે જે સંદેહરૂપી બુદ્ધિ દ્વારા વિષય કરવામાં આવેલો જીવ છે, તે અભવ્ય નથી, ભવ્ય જ છે. કેમકે તેમાં ભવ્યત્વના અવિનાભાવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ પ્રગટ્યા છે,-એ પ્રકારે ઉત્પન્ન થયેલ ચય (નિશ્ચય) જ્ઞાનનું નામ 'અવાય' છે. (૨) અવાયનો અર્થ નિશ્ચય અથવા નિર્ણય થાય છે; ઈહા પછીના કાળ સુધી ઈહાના વિષય પર લક્ષ્ય રહે તો જ્ઞાન સુદૃઢ થઈ જાય છે. અને તેને અવાય કહે છે. જ્ઞાનના અવગ્રહ, ઈહા અને અવાય એ ત્રણે ભેદોમાંથી અવાય ઉત્કૃષ્ટ અથવા સર્વથી અધિક વિશેષજ્ઞાન છે. (૩) નિર્ણય. (૫) ઈહાથી જાણેલા પદાર્થમાં આ તે જ છે અન્ય નથી વા દૃઢ જ્ઞાનને અવાય કહે છે; જેમ કે - તે ઠાકુરદાસજી જ છે, બીજો કોઈ નથી. અવાયથી જાણેલા પદાર્થમાં સંશય તો થયો નથી પરંતુ વિસ્મરણ થઈ જાય છે.

અવાસ્તવિક :વાજબી નહિ એવું; અયથાર્થ;

અવિપાક નિર્જરા :ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદા થઈ ગયાં તે અવિપાક નિર્જરા છે તેને સકામ નિર્જરા પણ કહેવાય છે.

અવિકલ :બાવરું નહિ તેવું, વ્યાકુળ નહિ તેવું, અવિચળ, સ્થિર, સ્થિતપજ્ઞ (૨) પવિત્ર. (૩) અખંડ; પૂર્ણ; વ્યવસ્થિત

અવિકલ્પ :અભેદ; ભેદ વિનાનો. (૨) શંકાનો અભાવ; ચોક્કસપણું; નિશ્ચય; ભેદની કલ્પનાથી રહિત; અભિન્ન.

અવિકળ : અખંડ; પૂર્ણ; વ્યવસ્થિત; જેમાંથી કલા-અંશમાત્ર પણ ખંડિત થયા નથી તેવું. (૨) નર્મળ; પરિપૂર્ણ; અખંડ; વ્યવસ્થિત; વ્યાકુળ-ગભરાયેલું નહિ એવું. (૩) આયુઃકર્મનો જે પ્રકારે બંધ હોય તે પ્રકારે દેહસ્થિતિ પૂર્ણ થાય. અંધારામાં ન દેખવું એ એકાંત દર્શનાવરણીય કર્મ ન કહેવાય, પણ મંદ દર્શનાવરણીય કહેવાય. તમસનું નિમિત્ત અને તેજસનો અભાવ તેને લઈને તેમ બને છે. આયુષયકર્મનો બંધ પ્રકૃતિ વિના થતો નથી; પણ વેદનીયનો થાય છે. આયુષ્યપ્રકૃતિ એક જ ભવમાં વેદાય છે. બીજી પ્રકૃતિઓ ભવમાં વેદાય અને અન્ય ભવમાં પણ વેદાય. જીવ જે ભાવની આયુષ્યપ્રકૃતિ ભોગવે છે તે આખા ભવની એક જ બંધ-પ્રકૃતિ છે. તે બંધ-પ્રકૃતિનો ઉદય આયુષ્યની શરૂઆત થઈ ત્યારથી ગણાય. આ કારણથી તે ભવની આયુષ્યપ્રકૃતિ ઉદયમાં છે તેમાં સંક્રમણ, ઉત્કર્ષ, અપકર્ષાદિ થઈ શકતાં નથી. આયુષ્યકર્મની પ્રકૃતિ બીજા ભવમાં ભોગવાતી નથી.

ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધ, અવગાહ (શરીરપ્રમાણ) અને રસ અમુક જીવે અમુક પ્રમાણમાં ભોગવવાં તેનો આધાર આયુષ્યકર્મ ઉપર છે. જેમકે, એક માણસની સો વર્ષની આયુષ્યકર્મ પ્રકૃતિનો ઉદય વર્તે છે; તેમાંથી તે એંસીમે વર્ષે અધૂરે આયુષે મરણ પામે તો બાકીના વીશ વર્ષ ક્યાં અને શી રીતે ભોગવાય ? બીજા ભવમાં ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધાદિ નવેસરથી છે; એકાશીમા વર્ષથી નથી; તેથી કરીને આયુષ ઉદયપ્રકૃતિ અધવચથી ત્રુટી શકે નહિ. જે જે પ્રકારે બંધ પડ્યો હોય; તે તે પ્રકારે ઉદયમાં આવવાથી કોઈની નજરમાં કદાચ આયુષ ત્રુટવાનું આવે; પરંતુ તેમ બની શકતું નથી. સંક્રમણ,

અપકર્ષ, ઉત્કર્ષાદિ કરણનો નિયમ આયુઃકર્મવર્ગણા સત્તામાં હોય ત્યાં સુધી લાગુ થઈ શકે; પણ ઉદયની શરૂઆત થયા પછી લાગુ થઈ શકે નહિ. આયુઃકર્મ પૃથ્વી સમાન છે; અને બીજાં કર્મો ઝાડ સમાન છે. (જો પૃથ્વી હોય તો ઝાડ હોય.) આયુષના બે પ્રકાર છેઃ-(૧) સોપક્રમ અને (૨) નિરુપક્રમ. આમાંથી જે પ્રકારનું બાધ્ય હોય તે પ્રકારનું ભોગવાય છે.ઉપશમ સમ્યક્ત્વ ક્ષયોપશમ થઈ ક્ષાયિક થાય; કારણકે ઉપશમમાં જે પ્રકૃતિઓ સત્તામાં છે તે ઉદય આવી ક્ષય થાય. ચક્ષુ બે પ્રકારે છેઃ-(૧)જ્ઞાનચક્ષુ અને (૨) ચર્મચક્ષુ. જેમ ચર્મચક્ષુ વડે એક વસ્તુ જે સ્વરૂપે દેખાય છે તે વસ્તુ દુરબીન તથા સૂક્ષ્મદર્શકાદિ યંત્રોથી જુદા જ સ્વરૂપે દેખાય છે; તેમ ચર્મચક્ષુ વડે જે સ્વરૂપે દેખાય છે તે જ્ઞાનચક્ષુ વડે કોઈ જુદા જ સ્વરૂપે દેખાય; ને તેમ કહેવામાં આવે તે આપણે પોતાના ડહાપણે, અહંપણે ન માનવું તે યોગ્ય નથી.

અવિક્ષેપ :સ્થિર. (૨) અડચણ વિના; હરકત વિના; સંકલ્પ-વિકલ્પ રહિત

અવિક્ષેપપણે :સ્થિર ચિત્તવાળું; એકાગ્ર; સાવધાન.

અવિક્ષેપ :સ્થિર; એકાગ્ર; અખંડ; સાવધાન.

અવિકાર :વિકારનો અભાવ; નિર્વિકાર સ્થિતિ.

અવિકાર ચૈતન્ય પરિણામ :અવિકાર ચૈતન્ય પરિણામ ત્રણ પ્રકારનું છે. મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ છે. અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સ્વ પરના સમસ્ત ભેદને છુપાવીને પોતાના સવિકાર ચૈતન્યના પરિણામનો કર્તા થાય છે.

અવિકારભાવ :સંવર, નિર્જરા, મોક્ષ.

અવિકારી :રાગ-દ્વેષથી, માનસિક વિકાર ન થયો હોય તેવું. રાગ-દ્વેષાદિથી માનસિક વિકાર ન થયો હોય તેવું; (૨) વિકારનો અભાવ; નિર્વિકારી સ્થિતિ; અરાગી; અનાસક્ત;

અવિકારી ચૈતન્ય પરિણામ :અવિકારી ચૈતન્ય પરિણામ ત્રણ પ્રકારનું છે- સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ ત્રણ પ્રકારનું અવિકારી ચૈતન્ય પરિણામ છે. અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ અનુચરણથી સ્વ-પરના સમસ્ત ભેદને પ્રગટ કરીને પોતાના અવિકાર ચૈતન્યના પરિણામનો કર્તા થાય છે.

અવિકારી ભાવ :સંવર, નિર્જરા અને મોક્ષનું સ્વરૂપ અવિકારી ભાવ છે.

અવિગત :આત્મા સર્વને જાણનારો છે; વિશેષ પ્રકારે સર્વને જાણવાના સ્વભાવવાળો.

અવિગ્રહગતિ :લોકાગ્ર પર્યંત.

અવિઘ્ન :નિર્વિઘ્ન.

અવિઘ્નથી :નિર્વિઘ્નપણે.

અવિચ્છિન્ન :તૂટ્યા વિનાની; અસ્ખલિત ધારા. (૨) અવિચ્છિન્ન-છેદાયેલું નથી તેવું, અખંડિત, અવિભક્ત; સતત ચાલું રહેલું, અસ્ખલિત રહેલું, અતૂટક. (૩) અતૂટક; અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી, અવિચ્છિન્ન. (૪) અખંડિત, અવિભક્ત; (૫) અખંડિત; અવિભક્ત; અસ્ખલિત રહેવું ; સતત ચાલુ રહેલું. (૬) અખંડ; સતત. (૭) સળંગ (૮) અતૂટક; અસ્ખલિત, ધારાવાહિક. (૯) અખંડ; સતત. (૧૦) સતત ચાલુ પ્રવાહરૂપ. (૧૧) અખંડ એકધારાવાહી પ્રવાહ; અત્રૂટક ધારા. (૧૩) અસ્ખલિત રહેવું. (૧૪) આવું શુદ્ધોપયોગી નિષાન્ન થયેલા આત્માઓનું સુખ છે. માટે તે સુખ સર્વથા પ્રાર્થનીય છે. અર્થાત્ સર્વ પ્રકારે ઈચ્છાયોગ્ય છે.

અવિચલ :નિશ્ચલ.

અવિચલ ગતિ :અચલ છે; ચૈતન્ય ઉપયોગમાં અશુદ્ધતા, ચળતા જે પર નિમિત્તે પોતાની ભૂલ વડે હતી તે પોતાના સ્વભાવના ભાન વડે પુરુષાર્થ વડે સર્વથા નાશ કરવાથી અચળગતિ પ્રાપ્ત થઈ છે, ફરીને અશુદ્ધતા આવવાની નથી માટે તે ગતિ અચળ છે.

અવિચલિત :સ્થિર; નિત્ય; સ્થાનભ્રષ્ટ ન થયેલું; અડગ. (૨) વિચલિત-સ્થાનભ્રષ્ટ ન થયેલું; ન ખસેલું. (૩) અચલિત; અચળ.

અવિચળ :નિશ્ચળ; કદી ન પડે. (૨) એકરૂપ (૩) કાયમ.

અવિચાર :વિવેકશૂન્યતા; વિચારનો અભાવ; ઉતાવળ.

અવિચિત્રતા :એકરૂપ.

અવિજ્ઞાન :અનંત અજ્ઞાન.

અવિનાભૂત :કાયમ માટે હોવાપણું; એક વિના બીજાનું ન હોવાપણું; એકતા વિના બીજું કદી ન હોય એ જાતનો સંબંધ.

અવિદ્યમાન :જે વસ્તુના સ્વરૂપમાં નથી, તે. (૨) ગેર હાજર; હયાત નથી તેવું; જેનું અસ્તિત્વ નથી તેવું; (૩) અપ્રગટ

અવિદ્યમાનતા :ગેરહાજરી.

અવિદ્યા :વિદ્યાનો અભાવ; ઈન્દ્રિયોની ખામીથી ઉત્પન્ન થયેલું જ્ઞાન; સત્ત્વ-રજસ્ અને તમસ્વાળું જગતનું મૂળ કારણ; પ્રકૃતિ; માયાનું જીવસ્વભાવગત એક સ્વરૂપ. (૨) મોહ (૩) અજ્ઞાન; મિથ્યાત્વ. (૪) વિપરિત માન્યતા, મિથ્યાત્વ, દેહાત્મ બુદ્ધિ, દેહાધ્યાસ, દર્શનમોહ, અવિદ્યા આદિ, અનેક નામે એક જ મોટો દોષ, જે સર્વ દોષનું મૂળ સૌથી પ્રથમ સર્વ પ્રયત્ને શીઘ્ર ટાળવાનો મહાપુરુષનો બોધ છે. તે આ અહંભાવ હજુ જતો નથી, કારણ કે, તે અહંભાવ ક્ષય કરવાનો અચૂક ઉપાય જ્ઞાની પુરુષોનો બોધ, તેની આજ્ઞા, તેનું આરાધના સર્વાર્પણપણે થતું નથી. (૫) અજ્ઞાન; માયા. (૬) પરને પોતાનું માનવું અને પોતાને ભૂલી જવું તે. (૮) મિથ્યાત્વ. (૯) વિદ્યાનો અભાવ; ઈન્દ્રિયોની ખામીથી ઉત્પન્ન થયેલં જ્ઞાન; પ્રકૃતિ. (૧૦) અજ્ઞાનથી મોહ પુષ્ટ છે, મોહકર્મ તેમાં નિમિત્ત છે. (૧૩) આત્માને અનાદિ અવિદ્યા કહેતાં અજ્ઞાનથી મોહ પુષ્ટ છે. મોહકર્મ તેમાં નિમિત્ત છે, મોહકર્મ જેનું નિમિત્ત છે એવા મોહના ઉદર અનુસાર અનાદિથી પ્રવૃત્તિ કરે છે - રાગદ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન આદિ વિકારરૂપ પરિણમે છે. આ વિકારી પરિણમનને આધીન થયેલો તે દર્શન-જ્ઞાન સ્વભાવરૂપ આત્મતત્ત્વથી છૂટી ગયો છે. (૧૪) અજ્ઞાન.

અવિદ્યાજનિત :અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ; અશુદ્ધભાવથી ઉત્પન્ન થયેલ.

અવિદ્યાજનિત વિભાવ પરિણામ :રાગદ્વેષ-અજ્ઞાનથી ઉદભવતા ક્રોધ, માન, મોહ અને લોભના પરિણામો તેને અવિદ્યા. જનિત વિભાવ પરિણામ કહેવાય છે. અનાદિકાળથી અતિદઢ બંધાયેલાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ દ્રવ્ય તેમજ ભાવઘાર્તિકર્મો તે અવિદ્યા. જનિત વિભાવ પરિણામો છે.

અવિનયી :માટીનો પિંડ, લાકડું કે ભીંત સમાન જે જીવ જડ-અજ્ઞાની છે. જેઓ વસ્તુસ્વરૂપનું ગ્રહણ કરવા (સમજવા અને ધારણ કરવા) માગતા નથી, વિવેક શક્તિદ્વારા હિતાહિતનો વિચાર કરવા માગતા નથી તા દઢપણે વિપરીત શ્રદ્ધાવાળા છે એ દ્વેષાદિકને વશ થઈ વસ્તુ સ્વરૂપને અન્યથા ગ્રહણ કરી રાખે છે, તેવા જીવો અવિનયી છે; આવા જીવોને અપદષ્ટિ પણ કહેવાય છે.

અવિનશ્વર :નિત્ય; કાયમ ટકવાવાળાં. (૨) નશ્વર-નાશવંત નહિ એવું; અવિનાશી; પરમેશ્વર

અવિનષ્ટ :અવિનાશી; ધ્રુવ; અનુત્પન્ન. (૨) નાશ નહિ કરેલો, એવો

અવિનાભાવ :તદાત્મકતા; એકતા; સમાનપણું; એકના વિના બીજું કદી ન હોય એ જાતનો સંબંધ, કાયમ સાતે હોવાપણું. (૨) એક વિના, બીજાનું નહીં હોવું તે; એકબીજા વિના હોઈ જ ન શકે, એવો ભાવ. (૩) એકબીજા વિના હોઈ કે રહી ન શકે એવો ભાવ કે લક્ષણ. (૪) એક વિના બીજાનું નહીં હોવું તે, એકબીજા વિના હોઈ જ ન શકે એવો ભાવ; તદાત્મકતા; એકતા; કાયમ સાથે રહેવાપણું; સમાનપણું (૫) એક વિના બીજાનું નહીં હોવું તે; એકબીજા વિના, હોઈ જ ન શકે એવો ભાવ.

અવિનાભાવી :જો કોઈ એક, કોઈ બીજા વિના ન હોય, તો પહેલાને બીજાનું અવિનાભાવ કહેવામાં આવે છે. અહીં ધર્મ-દ્રવ્યને ગતિ ક્રિયા પરણિતનું અવિનાભાવી સહાયમાત્ર કહ્યું છે, તેનો અર્થ એ છે કે ગતિક્રિયા પરિણત જીવ-પુદ્ગલો ન હોય તો ત્યાં ધર્મ દ્રવ્ય તેમને સહાય માત્રરૂપ પણ નથી; જીવ-પુદ્ગલો સ્વયં ગતિક્રિયારૂપે પરિણમતાં હોય તો જ ધર્મ દ્રવ્ય તેમને ઉદાસીન સહાયમાત્રરૂપ (નિમિત્તમાત્ર રૂપ) છે, અન્યથા નહિ. (૨) કદી છૂટું ન પડે તેવું. (૩) સાથે જ રહેવું. તેનો અર્થ એ છે કે - ગતિ ક્રિયા પરિણત જીવ-પુગલો ન હોય, તો ત્યાં ધર્મ દ્રવ્ય, તેમને સાહાયમાત્રરૂપ નથી; જીવ-

પુદ્ગલો સ્વયં ગતિક્રિયા રૂપે પરિણમતાં હોય, તો જ ધર્મ દ્રવ્ય તેમને ઉદાસીન સહાયમાત્ર રૂપ (નિમિત્તમાત્રરૂપ) છે, અન્યથા નહિ.

અવિનાભાવીપણું :એકપણું (૨) એક સાથે; એકાકાર (૩) એકી સાથે, એક સાથે. (૪) એક સાથે; પહેલાં અને પછી છે નહિ.

અવિનાશ :નિત્ય; ત્રણે કાળ હોય એવો પદાર્થ.

અવિનાશી :સર્વજ્ઞ પરમેશ્વર 'અવિનાશી' છે, એમ આ આત્મા પણ 'અવિનાશી' છે. (૨) ત્રિકાળી એકરૂપ કે નિત્ય; ધ્રુવ એકરૂપ. (૩) ત્રિકાળ ટકનાર, ત્રણે કાળ રહેનાર; નિરંતર ટકનાર. (૪) અવિકારી.

અવિપાક :કર્મ પાક વિના ખર્યાં માટે અવિપાક કહેલ છે. હું જ્ઞાતા છું, દેહની ક્રિયા મારી નથી, પરવસ્તુનો ત્યાગ કરી શકતો નથી, એવી સાચી દૃષ્ટિ થયા પછી કર્મ ખરે છે, તે અવિપાકનિર્જરા છે.

અવિપાક :કર્મનિર્જરાના બે પ્રકાર છે : સવિપાક : જેની મુદત પૂરી થયે ખરે તે સવિપાક. અવિપાક : જેની મુદત તો છે પણ અહીંયા પુરુષાર્થ-સ્વસન્મુખ કર્યો છે તો તે કારણે તેનો પાક- આ બાજુ પર્યાયમાં એકતાબુદ્ધિ નહીં મુદ્દલ તેને કારણે તે કર્મની પર્યાય ખરી જાય છે. તેને સવિપાક નિર્જરા હોતી નથી. મિથ્યાદૃષ્ટિને અવિપાક નિર્જરા હોય છે પણ સવિપાક નિર્જરા હોતી નથી. સમકિતને બેય સવિપાક અને અવિપાક નિર્જરા હોય છે.

અવિપાક નિર્જરા :ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદાં થઈ ગયાં તે અવિપાક નિર્જરા છે, તેને સકામ નિર્જરા પણ કહેવાય છે. (૨) ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપી આત્માના અનુભવમાં, પુરુષાર્થ કરતા આત્મા-પોતે જ્ઞાતા-દૃષ્ટા થયો. આવા સ્વરૂપના ભાનમા ઉગ્ર પુરુષાર્થ હોતાં, કર્મ ઉદયમાં ન આવે, આવવાની યોગ્યતા છે, પણ તત્કાલ ઉદયમાં આવ્યું નહિ, અને ખરી જાય, તેને અવિપાક નિર્જરા કરે છે. વર્તમાન અહીં મનુષ્યગતિનો ઉદય છે. વર્તમાન એક ગતિ, વિપાકપણે છે. બીજી ત્રણ વિપાકપણે નથી; પણ અંદર ઉદયમાં આવ્યા વિના મરી જાય, તે અવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે. આનંદનો નાથ પ્રભુ ત્રિકાળી આત્મા છે, તેમાં અંતઃપુરુષાર્થ કરવામાં આવતાં, કર્મ પુરુષાર્થથી ખરી જાય, તેને અવિપાક નિર્જરા કહે છે; તેને પણ જ્ઞાની પુરુષ બસ જાણે છે, કરે છે એમ નહિ. (૩) ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદાં થઈ ગયાંતે અવિપાક નિર્જરા છે. તેને સકામ નિર્જરા પણ કહેવાય છે.

અવિભક્ત :અભિન્ન. (દ્રવ્ય અને ગુણોના પ્રદેશો અભિન્ન છે તેથી દ્રવ્ય અને ગુણોને અભિન્નપ્રદેશત્વ સ્વરૂપ અનન્યપણું છે.)

અવિભાગ :અખંડ (૨) અભિન્ન (૩) અભિન્નપણું; એકપણું.

અવિભાગ પ્રતિચ્છેદ :અંશને છેદતાં છેદતાં જેના બે ભાગ ન પડે, એવા એક અંશને અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. (૨) જેનો બીજો ભાગ ન થઈ શકે તેવો અંશ. (૩) શક્તિના અવિભાગી સ્પર્શને અવિભાગ-પ્રતિચ્છેદ કહે છે, અથવા જેનો બીજો ભાગ થઈ શકે નહિ એવા અંશને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે. (૪) કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં), અંશ કલ્પના કરવામાં આવતાં, તેનો જ નાનામાં નાનો (નિરંશ) અંશ પડે, તેને તે ગુણનો(એટલે કે ગુણના પર્યાયનો), અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. (બકરી કરતાં, ગાયના દૂધમાં અને ગાય કરતાં, ભેંસના દૂધમાં ચીકાશના, અવિભાગ પ્રતિચ્છેદો વધારે હોય છે. ધૂળ કરતાં, રાખમાં અને રાખ કરતાં, રેતીમાં સૂકાપણાના, અવિભાગ પ્રતિચ્છેદો અધિક હોય છે.)

અવિભાગ પરિચ્છેદો :કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશ કલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (જયન્ય માત્રારૂપ, નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પરિચ્છેદ કહેવામાં આવે છે.

અવિભાજ્ય :જેના વિભાગ ન કરી શકાય એવા.

અવિનાભાવી :એક સાથે.

અવિરત :નિરંતર

અવિરત સમ્યગ્દૃષ્ટિ :અવિરત સમ્યગ્દૃષ્ટિને, મિથ્યત્વ અને અનંતાનુબંધી પ્રવૃત્તિઓનો તો આસ્રવ નથી થતો, પણ અન્ય પ્રવૃત્તિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ?

સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાની જ છે, કારણકે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી, નિવર્ત્યો છે. તેને પ્રવૃત્તિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે, તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દષ્ટિ થયા પછી, પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; માટે જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે, ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે, તેનું સ્વામીપણું તેને નથી. અભિપ્રાયમાં, તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે. તેથી તે જ્ઞાની જ છે. જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે, તેનું કારણ આ પ્રમાણે છેઃ- મિથ્યત્વસંબંધી બંધ, કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (કહેવા ધારેલો) છે. અવિરતિ આદિથી બંધ થાય છે, તે અલેપ સ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી. અથવા તો આ પ્રમાણે કારણ છેઃ-જ્ઞાન બંધનું કારણ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યત્વનો ઉદય હતો ત્યાં સુધી, તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચરિત્રમોહ સંબંધી વિકાર છે તેનો સ્વામી જ્ઞાની નથી, તેથી જ્ઞાનીને બંધ નથી; કારણકે વિકાર કે જે બંધરૂપ છે, અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી.

અવિરતપણે :સતતપણે.

અવિરતિ : **અવિરતિ** :અસંયમ. (૨) વિરતિનો અભાવ; વૈરાગ્યનો અભાવ; (૩) તે ચારિત્રમોહનીય કર્મની પર્યાય છે. (૪) પર પદાર્થ પ્રત્યેની આસક્તિનો અત્યાગભાવ તે જીવઅવિરતિ; પોતાના સ્વરૂપમાં સ્થિર નહિ રહેતાં અસ્થિર થઈ જાય તે અવિરતિ; સમ્યગ્દર્શન થતાં પર પદાર્થની આસક્તિનો શ્રદ્ધામાંથી ત્યાગ થઈ ગયો હોય, જે જે રાગ-દ્વેષના પરિણામ આવે તેનાથી જુદું ભાન વર્તતું હોય તો પણ અસ્થિરતામાંથી આસક્તિ છૂટી ન હોય તેનું નામ જીવઅવિરતિ. તે જીવઅવિરતિ વખતે અપ્રત્યાખ્યાનાવરણીય આદિ ચારિત્રમોહનો ઉદય છે તે અજીવ અવિરતિ છે. (૫) પાપોમાં પ્રવૃત્તિ; અસંયમ, અવ્રત. (૬) વૈરાગ્યનો અભાવ. (૭) અવિરતિના પાંચ ભેદ છે :- હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ. (૮) વળી જીવોને જે અવિસ્મરણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે. પરની આસક્તિથી નિવર્ત્યો નથી તે અત્યાગભાવ છે, એટલે કે અવિરતિભાવ છે. તે અવિરતિભાવમાં કર્મના ઉદયનું નિમિત્ત છે. (૯) પર વસ્તુમાં આસક્તિ તે અવિરતિ છે. પરવસ્તુમાં પ્રીતિનો અત્યાગભાવ તે અવિરતિ છે. અત્યાગભાવ. (૧૧) (a) ચારિત્ર સમ્બન્ધી નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અવ્રત પરિણામરૂપ વિકારને અવિરતિ રહે છે. (b) હિંસાદિક પાપોમાં તથા પાંચ ઈન્દ્રિયો અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવાને અવિરતિ કહે છે. અવિરતિના બાર ભેદ છે; છ કાયના જીવોની હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો તથા પાંચ ઈંદ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી એ રીતે અવિરતિના ૧૨ ભેદ છે. (૧૨) ચારિત્ર ગુણનો વિકાર. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણે અવસ્થા પર્યાય છે. એ ત્રણે ઉપયોગરૂપ, એ ત્રણે ચેતન્યનો અરૂપી વિકાર છે. નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ અભ્વ છે તે તો અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્ગલ કર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જીવ છે તે મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્ય પરિણામનો વિકાર છે.

- ચારિત્ર સમ્બન્ધી નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અકાત પરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે, (૨) હિંસાદિક પાપોમાં તથા પાંચ ઈન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવાને અવિરતિ કહે છે.

અવિરતિ સમ્યગ્દષ્ટિ :સમ્યગ્દર્શન સહિત, પરંતુ વ્રતરહિત એવા ચોથા ગુણસ્થાનવર્તી જીવ.

અવિરતિનું સ્વરૂપ :પાંચ ઈન્દ્રિયો તથા મનના વિષયો અને પાંચ સ્થાવર તથા એક ત્રસની હિંસા એ બાર પ્રકારના ત્યાગરૂપ ભાવ ન થવા તે બાર પ્રકારની અવિરતિ છે. જેને મિથ્યાત્વ હોય તેને તો અવિરતિ હોય જ છે, પરંતુ મિથ્યાત્વ છૂટી ગયા પછી તે કેટલોક કાળ રહે છે. અવિરતિ તે અસંયમ પણ કહેવાય છે. સમ્યગ્દર્શન પ્રગટ્યા પછી દેશચારિત્રના બળ વડે એક દેશ વિરતિ થાય તેને અશ્વ્રત કહેવાય છે. મિથ્યાત્વ છૂટ્યા પછી તરત અવિરતિનો પૂર્ણ

અભાવ થઈ જાય અને સાચાં મહાવ્રત થતા મુનિદશા પ્રગટ કરે એવા જીવો તો થોડા વિરલા જ હોય છે.

અવિરતિના ભેદ :અવિરતિના બાર ભેદ છે. છ કાયના જીવોની હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો તથા પાંચ ઈન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી એ રીતે અવિરતિના ૧૨ ભેદ છે. (૨) એક રીતે ત્રણ ભેદ છે. (a) અનન્તાનુબંધી કષાયોદય જનિત., (b) અપ્રત્યાખ્યાનાવરણ કષાયોદયજનિત અનેક પ્રત્યાખ્યાના-વરણકષાયોદયજનિત. બીજી રીતે કહીએ તો બાર ભેદ છે. છ કાયાના જીવોની હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો. તથા પાંચ ઈન્સ્રિયો અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી એ રીતે અવિરતિના કુલ ૧૨ ભેદ છે.

અવિરુદ્ધ :મેળવાળાં. (૨) વિરુદ્ધ નહિ તેવું; અનુકૂળ; બંધબેસતું. (૩) યથાર્થ

અવિરુદ્ધ અન્ય પ્રમાણ સમૂહ :પ્રત્યક્ષ પ્રમાણ.

અવિરુદ્ધ ઉપાય :અનુકૂળ ઉપાય;

અવિરુદ્ધ કાર્ય :દ્રવ્યમાં ગુણ ગણપેણે ત્રિકાળ કાયમ રહે છે, તેથી તે અવિરુદ્ધ છે. (૨) વસ્તુ પોતાપણે સતૂરૂપે છે. વસ્તુ સ્વપણે અસ્તિપણે છે.

અવિરુદ્ધ સ્વભાવનો અભાવ :વિરુદ્ધ સ્વભાવ. (૨) વિરુદ્ધ સ્વભાવનું હોવું.

અવિરમણ :ઈન્દ્રિય અને પ્રાણીરૂપ અસંયમ. (૨) વિરક્ત ન થવું. ત્યાગ ન કરવો તે.

અવિરોધ :વિરોધ મટાડીને ; વિરોધનો અભાવ કરીને; અનુકૂળતા. (૨) છઠ્ઠા ગુણસ્થાને મુનિ યોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમજ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવાં તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાન ને યોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમ જ દેશવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે. (૩) વિરોધ રહિત; વિરોધનો અભાવ; અનુકૂળતા. (૬) યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાયઃ સુમેળ. (૭) બાધા નથી. (૮) બાધા રહિત. (૧૧) બંધબેસતું. (૧૨) મેળવવાં; વિરોધ રહિત; અવિરુદ્ધ. (૧૩) :મેળ; બનાવ; પૂર્વાપર સંગતિ; વિરોધનો અભાવ.

અવિરોધ ઉપાય :યથા તથ્ય પ્રતીત થાય એવો ઉપાય.

અવિરોધપણે :સાંગોપાંગ; સકલ અવિકલપણે. (૨) મધ્યસ્થપણે.

અવિવેક :વિચારશૂન્યતા; સત્યાસત્યને ન સમજવું.

અવિવેક ફેરવવો :સારા નરસાની પરખનો અભાવ ટાળવો-દૂર કરવો.

અવિવક્ષી કરીને :ગૌણ કરીને.

અવિવિક્ત :અવિવેકવાળી; વિવેકશૂન્ય; ભેદ વિનાની; અભિન્ન ભેળસેળ.

અવિશુદ્ધ :સંસાર પર્યાયવાળો. (૨) રંગબેરંગી.

અવિનશ્વર :અવિનાશી

અવિશેષ :સમાન; અભિન્ન. (૨) વિશેષ રહિત; જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણોના, જે વિશેષો-ભેદો એ દ્રવ્ય સામાન્યમાં નથી, તેથી અવિશેષ છે.

અવિશેષ :એકરૂપ (૨) અભેદ (૩) સ્વભાવથી અભેદ. ગુણ-ગુણી ભેદ વસ્તુદષ્ટિમાં નથી. સામાન્ય એકભાવ સ્વરૂપ ધ્રુવ છું. સોનાના દષ્ટાંતે. એ ચાર બોલથી આત્માને જાણ્યો તેનું ફળ નિઃસંદેહ અનુભવ બતાવે છે. અણસંયુક્ત; વર્તમાન ક્ષણિક અવસ્થામાં, પર નિમિત્તમાં જોડાવાથી ઉત્પન્ન થતા પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન, પરપર્યાયમાં જોડાણરૂપ રાગદ્વેષની એકાગ્રતાના વેદનથી, મોહકર્મમાં હું સંયુક્ત છું એમ બંધ ભાવે બંધાયો હતો તે સંયોગાધીન દષ્ટિ સ્વલક્ષ વડે તોડીને પરરૂપે-રાગ રૂપે હું નથી, એમ ત્રિકાળી નિર્મળ એકાકાર સ્વભાવને લક્ષમાં લઈ, પૂર્ણ, અસંગ, ધ્રુવ સ્વભાવનું ધોલન કરતાં, સ્વભાવમાં એકાગ્ર દષ્ટિનું જોર આપતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંશે સ્થિરતા રૂપ નિર્મળ પર્યાય ઊઘડી ભૂલરૂપ વિકારરૂપ અવસ્થાનો નાશ થાય છે. ત્રિકાળી એકાકાર અખંડ જ્ઞાયક છું એમ શુદ્ધનયનું જોર થતાં પોતાનું અબદ્ધ સ્પૃષ્ટપણું અનુભવમાં આવે છે. (૪) એકરૂપ પરિણામ; સામાન્ય પરિણામ. (૫) વિશિષ્ટતાનો અભાવ; અભેદ; એકતા; સર્વસામાન્યતા. (૬) એકરૂપ પરિણામ; સામાન્ય પરિણામ. (૭) સમાન; તફાવત વિનાનું. (૮) એકરૂપ પરિણામ; સામાન્ય પરિણામ; સવિકાર ચૈતન્ય પરિણામ. (૯) સમાન; અભિન્ન. (૧૦) જ્ઞાન, દર્શન આદિ ગુણભેદ રહિત સામાન્ય એકરૂપ.

અવિશેષ દર્શનથી :સમાનપણાની શ્રદ્ધાથી

અવિશેષપણે :તફાવત વિના; વિશિષ્ટતાનો અભાવ; સર્વસામાન્યતા; અભેદ; એકતા. (૨) તફાવત વિના. (૩) તફાવત વિના; સમાનપણે.

અવિશિષ્ટ :અભિન્ન; અનન્ય. (૨) જુદા નહિ એવા. (૩) અભિન્ન; એક જ; અસ્તિત્વથી અનન્ય. (૪) અભિન્ન; સત્તાથી કોઈ જુદો નહિ, એવો. અસ્તિત્વથી અભિન્ન.

અવિશિષ્ટ સત્તાવાળું :અભિન્ન સત્તાવાળું; એક જ સત્તાવાળું. (કેરીની સત્તા લીલા તથા પીળા ભાવની સત્તાથી અભિન્ન છે, તેથી કેરી અને લીલો ભાવ તથા પીળો ભાવ, એક જ વસ્તુઓ છે, ભિન્ન વસ્તુઓ નથી.)

અવિષમ :વિષમ નહિ તેવું; સમ; એકસરખું;સુગમ; સહેલું; સપાટ; સમતળ; સમથળ. (૨) અવિકટ; (૩)અનુકૂળ; અવિરુદ્ધ; દારુણ નહિ એવું; ભયાનક નહિ એવું. (૪) સરળ; સાહજિક; અનુકૂળ; (૫) વિષમતાનો અભાવ; વિષય નહિ તેવું ; સમ, એકસરખું, સપાટ; સમતળ; સમથળ; સુગમ; સહેલું. આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. આત્મ સિદ્ધિ ૧૦ મું પદ. આત્મજ્ઞાન, સમદર્શિતા આદિ જે લક્ષણો દર્શાવ્યાં તે સંપત્તિ ધર્મ સ્થિત વીતરાગ દશા સાધક ઉપદેશક ગુણસ્થાને વર્તતા સદ્‌ગુરુના લક્ષે મુખ્યતાએ દર્શાવ્યાં છે, અને તેમના વિષે તે ગુણો ઘણા અંશે વર્તે છે. તથાપિ તે લક્ષણો સર્વાંશે સંપૂર્ણપણે તો તેરમા ગુણસ્થાન કે વર્તતા સંપૂર્ણ વીતરાગ અને કૈવલ્ય સંપન્ન જીવન્મુક્ત સયોગીકેવલી પરમ સદ્‌ગુરુ શ્રી જિન અરિહંત તીર્થંકરને વિષે વર્તે છે. તેમના વિષે આત્મજ્ઞાન અર્થાત્ સ્વરૂપસ્થિતિ સંપૂર્ણપણે વર્તે છે, તે તેમની જ્ઞાનદશા અર્થાત્ જ્ઞાનાતિશય સૂચવ્યો. તેઓને વિષે સમદર્શિતા અર્થાત્ ઈચ્છારહિતપણું સંપૂર્ણ પણે વર્તે છે, તે તેમની વીતરાગ ચારિત્રદશા અર્થાત્ અપાયાગમમાતિશય સૂચવ્યો. પૂર્ણપણે ઈચ્છારહિત હોવાથી વિચરવા આદિની તેઓની દૈહાદિક યોગક્રિયા પૂર્વ પ્રારબ્ધોદય વેદી લેવા પૂરતી જ છે, માટે વિચરે ઉદયપ્રયોગ કહ્યું. પૂર્ણ નિજ અનુભવરૂપ તેમની વાણી અજ્ઞાનીની વાણીથી વિલક્ષણ અને એકાંત આત્માર્થ બોધક હોઈ તેમને વાણીનું અપૂર્વપણું કહ્યું તે તેમનો વચનાતિશય સૂચવ્યો. વાણી ધર્મ વર્તવું શ્રુત પણ તેઓને વિષે કોઈ પણ નય ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે, તે તેમનો પરમશ્રુત ગુણ સૂચવ્યો. અને પરમશ્રુત જેને વિષે વર્તે તે પૂજવા યોગ્ય કોઈ તેમનો તેથી પૂજાતિશય સૂચવ્યો.

આ શ્રી જિન અરિહંત તીર્થંકર પરમ સદ્‌ગુરુને પણ ઓળખાવનારા વિદ્યમાન સર્વવિરતિ સદ્‌ગુરુ છે એટલે એ સદ્‌ગુરુના લક્ષે એ લક્ષણો મુખ્યતાએ દર્શાવ્યાં છે.

અવિષમ ઉપયોગ :સમ ઉપયોગ; એક સરખો ઉપયોગ

અવિષમતા :સમપણું; એકસરખાપણું.

અવિષમપણું :એકસરખાપણું; સપાટ; સમથળ; સુગમપણું. (૨) રાગાદ્વેષ રહિતપણે, અકલેશપણે;

અવિષમભાવ :સમભાવ.

અવસ્થિત :અવિચળ; એકરૂપ; સ્થિર.

અવિરમણ :અટક્યા વિના સતત કર્યા કરવું તે. (૨) અવિરક્તિ; અવૈરાગ્ય; અંતરથી વૈરાગ્યના અસ્તિત્વભાવનો અસ્વીકાર; પ્રમાદસહિત યોગનું અસ્તિત્વ.

અવિસંવાદ :મેળમળવાપણું; વિરોધ ન હોય તેવું; સંવાદવાળું. (૨) અવિરોધપણે; સમભાવપણે (૩) મેળમળવાપણું; પ્રમાણને અનુસરવાપણું; અવિરોધ; અનુકૂળ; (૪) નિર્વિવાદ; અવિરોધ; અસંગત નહિ એવું; મેળ ખાય તેવું; સુસંગત. (૫) વિરોધી ન હોય તેવું; સંવાદી મેળ મળવાવાળું.

અંશ :કોઈપણ ગુણના સૌથી જઘન્ય ભેદને અંઈ કહે છે.

અશક્ય :શક્ય જ નથી. દુર્લભ કહ્યું નથી પણ અશક્ય કહ્યું છે. અશક્યનો અર્થ એવો છે કે કોઈ રીતે પ્રાપ્ત ન થાય. (૨) કોઈ રીતે પ્રાપ્ત ન થાય એવો અર્થ અશક્યનો છે. (૩) અસંભવ. (૪) કોઈ રીતે પ્રાપ્ત ન થાય એવો અર્થ અશક્યનો છે.

અશુચિ :અપવિત્ર (૨) અપવિત્ર; અસ્વચ્છ; મરણ-સૂતકવાળું (૩) મલિન; દુર્ગંધમય, ગંદું; મેલુ. (૪) અપવિત્ર; અશુદ્ધ. (૫) સૂગ ઉપજાવે તેવાં; દુર્ગંધિમય. (૭) પદાર્થો.

અશુચિ ભાવના :આ શરીર અપવિત્ર છે, મળમૂત્રની ખાણ છે, રોગજરાનું નિવાસસ્થાન છે, એ શરીરથી હું ન્યારો છું; એમ ચિંતવવું તે છઠ્ઠી અશુચિ ભાવના.

અશુચિમય :ગંદો; મેલો; મળ; રાગ; અપવિત્ર; દુર્ગંધમય. (૨) મલિનતા; ગંદાપણું; મેલ; અપવિત્ર; દુર્ગંધમય.

અશુદ્ધ અવસ્થા :કેટલાક કહે છે કે શરીરના ધર્મ શરીરમાં થાય છે; રોગાદિની અવસ્થા દેહમાં થાય છે તે સાચી વાત પણ રોગ દેખી જે દ્વેષ મને નિરોગતા દેખી જે રાગ આત્મા ડરે છે, તે આત્મામાં થાય છે. સંયોગથી સુખદુઃખ થતું નથી. પણ સંયોગમાં સુખ-દુઃખની કલ્પના કરે છે. તે અશુદ્ધ અવસ્થા પોતાની માનવારૂપ જે અશુદ્ધ નયનો પક્ષ છે તે છોડવા જેવો કહ્યો છે, કારણ કે આત્મામાં પરના આશ્રયથી જે પુણ્ય-પાપ વિકાર થાય છે તે મારા છે, એવી અશુદ્ધ દષ્ટિરૂપ વ્યવહારનું ફળ ચોરાશીના અવતારમાં રખડવાનું છે.દેવનાગરીમા = કોઈ એક વિષયમાં ચિત્તને એકાગ્ર કરવું તે ધ્યાન છે. આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપી છે, તેના લક્ષે સ્થિર થતાં રાગ ટળી અંદર સ્થિરતા થાય છે અને રાગનો નાશ સહેજે થાય છે.

અશુદ્ધ ઉપયોગ :જીવને, પર દ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. અને તે અશુદ્ધ ઉપયોગ, વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે, શુભ અને અશુભપણે વિવિધતાને પામ્યો થકો, જે પુણ્ય અને પાપપણે વિવિધતાને પામે છે, એવું જે પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે. (ઉપરાગ મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ, એમ બે પ્રકારનો હોવાથી, અશુદ્ધ ઉપયોગ પણ, શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે; તેમાં, શુભ ઉપયોગ, પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે અને અશુભ ઉપયોગ, પાપરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે.) પરંતુ જ્યારે બન્ને પ્રકારના, આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે, ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે તો પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે. (અર્થાત્ શુદ્ધ ઉપયોગ, પરદ્રવ્યના સંયોગનું કારણ નથી.) (૨) શુભ અને અશુભ ઉપયોગ; મંદ-તીવ્ર ઉદયદશા. (૩) જેનો ઉપયોગ વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે. ઉગ્ર છે તથા ઉત્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે. વિશિષ્ટ ઉદયદશામાં રહેલા દર્શનો મોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે ઉપયોગ પરમ ભદ્રારક, તથા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અજ્યની-ઉન્માર્ગની- શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે.

અશુદ્ધ ઉપયોગના વિનાશની રીત :અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થતો હું અશુભોપયોગ રહિત થયો થકો તેમજ શુભોપયુક્ત નહિ થયો થકો જ્ઞાનાત્મક આત્માને ધ્યાઉં છું.

પરદ્રવ્યોના સંયોગના કારણ તરીકે કહેવામાં આવેલો અશુદ્ધ ઉપયોગ તે ખરેખર મંદ-તીવ્ર ઉદયદશામાં રહેલા પરદ્રવ્ય અનુસાર પરિણતિને આધીન થવાથી જ પ્રવર્તે છે. પરંતુ અન્ય કોઈ કારણથી નહિ. માટે બધાય પરદ્રવ્યમાં હું મધ્યસ્થ થાઉં, અને એમ મધ્યસ્થ થતો હું પર દ્રવ્ય અનુસાર પરિણતિને આધીન નહિ થવાથી શુભ-અશુભ એવો અશુદ્ધ ઉપયોગ તેનાથી મુક્ત થઈને કેવળ સ્વદ્રવ્ય અનુસાર પરિણતિને ગ્રહવાથી જેને શુદ્ધોપયોગ સિદ્ધ થયો છે એવો થયો થકો, ઉપયોગાત્મા વડે (ઉપયોગરૂપ નિજ સ્વરૂપ વડે) આત્મામાં જ સદા નિશ્ચળપણે ઉપયુક્ત રહું છું. આ મારો પરદ્રવ્યના સંયોગના કારણના વિનાશનો અભ્યાસ છે.

અશુદ્ધ ચેતના :શુભાશુભ રાગાદિ પરિણામ, સત્ય બોલવાના કે અહિંસાના પરિણામ તે પુણ્ય પરિણામ છે અને અસત્ય બોલવાના કે હિંસાના પરિણામતે પાપના પરિણામ છે; બેય જાતના ભાવને શુભ-અશુભ રાગની અશુદ્ધ પરિણતિ છે. મોહકર્મના ઉદયજન્ય ભાવ છે, તે જીવનું લક્ષણ નથી. હું પરજીવને દુઃખ ન દઉં, મેં તેને ન માર્યો, મેં તેની દયા પાણી, એવા શુભ

પરિણામ પણ ચેતના ગુણથી વિપરીત કષાય ભાવ છે. જે અજ્ઞાનીની દષ્ટિમાં હોય છે, કારણ કે તે કર્મભાવને મારો માનવો તે સ્વરૂપની હિંસા છે. ઉનની શુભવૃત્તિ કે દયા કરવાના પરિણામ પર શુભરાગ છે. જે મોહકર્મનો ભાવ છે, તેને ગુણકર કે સુખકર માનવો તે મહા અજ્ઞાન છે. માટે શુભભાવ હો કે અશુભ ભાવ હો તે બધાં પુણ્ય-પાપ બંધક અશુદ્ધ પરિણામ છે તેને ઠીક માને, મનાવે કે રૂડું જાણે તે અજ્ઞાની છે. (૨) કર્મની તેમજ કર્મફળની, અનુભૂતિસ્વરૂપ.

અશુદ્ધ જીવ :સંસારી અજ્ઞાની મિથ્યાદષ્ટિ જીવ.

અશુદ્ધ દ્રવ્ય નિરૂપણાત્મક :અશુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ.

અશુદ્ધ દ્રવ્યાર્થિક :અશુદ્ધ અવસ્થા.

અશુદ્ધ દ્રવ્યાર્થિકનય :વ્યવહારનય;પર્યાયાર્થિકનય. બધું એકાર્થ વાચક છે. (૨) પર્યાયાર્થિકનય; દ્રવ્યનુંપર્યાયમાં, અશુદ્ધ પરિણમન. (૩) અશુદ્ધ અવસ્થા. (૪) અશુદ્ધ વ્યવસ્થા. (૫) તારામાં વિકાર થાય છે તે અશુદ્ધ દ્રવ્યાર્થિક નય.

અશુદ્ધ નિશ્ચયનય :મોહરાગદ્વેષ આદિ.

અશુદ્ધ પર્યાય :સંસાર જીવની અશુદ્ધ પર્યાય તે સંસાર છે.

અશુદ્ધ પરિણામનું કારણ :દ્રવ્યકર્મના સંયોગમાંજ અશુદ્ધ પરિણામ હોય છે. દ્રવ્ય-કર્મ વિના કદી હોતો નથી; તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ પરિણામનું કારણ છે. (૨) દ્રવ્ય કર્મના સંયોગમાં જ, અશુદ્ધ પરિણામ હોય છે. દ્રવ્ય, કર્મ વિના કદી હોતો નથી; તેથી દ્રવ્યકર્મ, અશુદ્ધ પરિણામનું કારણ છે. દ્રવ્ય કર્મનું કારણ, અશુદ્ધ પરિણામ કહ્યો; પછી તે અશુદ્ધ પરિણામના કારણ વિષે પૂછવામાં આવતાં, તેનું કારણ પાછું દ્રવ્યકર્મ કહ્યું, તેથી શંકાકારને શંકા થાય છે કે, આ વાતમાં ઈતરેતરાશ્રય દોષ આવે છે. નવા દ્રવ્યકર્મનું કારણ, અશુદ્ધ આત્મપરિણામ છે, અને તે અશુદ્ધ આત્મપરિણામનું કારણ તો તેનું તે જ દ્રવ્યકર્મ નહિ, (અર્થાત્ નવું દ્રવ્યકર્મ નહિ) પણ પહેલાંનું (જૂનું) દ્રવ્યકર્મ છે; માટે ત્યાં ઈતરેતરાશ્રય, દોષ આવતો નથી.

અશુદ્ધતા :જે સમયે આત્મા કર્મોથી બંધાય છે તે જ સમયે અશુદ્ધ પણ છે. અશુદ્ધ વિના બંધન થઈ જ શકતું નથી. એ જ પ્રમાણે બંધન વિના અશુદ્ધતા પણ આવી શકતી નથી. તેથી બંધન અને અશુદ્ધતાપણું એ બન્ને અવિનાભાવી છે. એક વિના બીજું ન હોય એનું જ નામ અવિનાભાવ છે. જોકે આત્મા સ્વયં અદ્વૈત અર્થાત્ અમિલિત-એક છે. જો પણ અશુદ્ધતા ધારણ કરવાથી (પર પદાર્થોના નિમિત્તે) તે જ આત્મા દ્વૈત અર્થાત્ બે રૂપ ધારણ કરનાર (દોરંગી) બનેલો છે. (૨) શુભાશુભ.

અશુદ્ધનય :અશુદ્ધદ્રવ્યાર્થિકનય; પર્યાયાર્થિકનય; વ્યવહારનય, તે એકાર્થવાચક છે. (૨) અશુદ્ધનયનો વિષય, ભેદરૂપ અનેક પ્રકાર છે. તેથી તેઓ વ્યવહાર દ્વારા જ, પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહારનયને, પરમાર્થનો કહાનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. અહીં એમ ન સમજવું કે, વ્યવહારનું આલંબન કરાવે છે, પણ અહીં તો વ્યવહારનું આલંબન, છોડાવી પરમાર્થ પહોંચાડે છે, એમ સમજવું. (૩) વ્યવહાર; ઉપચાર. (૪) વ્યવહારનય

અશુદ્ધપણુ :પર નિમિત્તથી અપેક્ષાથી વર્તમાન અવસ્થામાં અશુદ્ધતા (પુણ્ય-પાપ, રાગ-દ્વેષરૂપ) ક્ષણિક વિકારીભાવ જીવમાં થાય છે. પરને પોતાનું માની રાગદ્વેષનો કર્તા છું, શુભાશુભ ભાવ કરવા જેવો છે. એવી ઊંધી માન્યતા તે અશુદ્ધ અવસ્થા છે, અને તે જ સંસાર છે. (૨) કામ, ક્રોધ, મોહની વૃત્તિ વર્તમાન અવસ્થામાં ક્ષણિક છે. તેનો (અશુદ્ધિનો) નાશ થઈ શકે છે. અને સ્વભાવમાં નિર્મળતાપણે અનંતગુણ છે તે રહી શકે છે. ઈંર્તમાન અશુદ્ધ અવસ્થા પણ છે. અને દ્રવ્ય સ્વભાવમાં પૂર્ણ શુદ્ધતા છે તે બેઉ પડખાં જાણવાં જોઈએ. જો આત્મા વર્તમાન અવસ્થામાં પણ શુદ્ધ જ હોય તો, સમજણ અને પરુષાર્થ કરી અશુદ્ધતા ટાળવાનું પ્રયોજન રહે નહિ.

અશુદ્ધભાવ :વિકાર

અશન :ભોજન. (૨) આહાર (૩) ખાવું-પીવું.

અશન તૃષ્ણા :આહારની ઈચ્છા. (૨) ભોજનની લાલસા; આહારની ઈચ્છા.

અશૂન્ય :શૂન્ય નહિ એવું; હયાત; સત્. (૨) ખાલી નહિ ત્વું; ભાવવાન; (૩) હયાત; સત્. (૪) ભરેલા. (૫) પૂર્ણ; ભરપૂર. (૬) શૂન્ય નહિ એવું; હયાત; સત્; અસ્તિ.

અશન-શયન-ગમનાદિક શરીર ચેષ્ટાઓ :આહારક્રિયા-સૂવાની ક્રિયા-જવાની ક્રિયા સંબંધી શરીરની ક્રિયાઓ. ગમન=સ્ત્રીસંભોગ.

અશનીય :ભક્ષ્ય; ભોજન યોગ્ય.

અશબ્દ :સ્વયં અનેક પરમાણુ દ્રવ્યાત્મક શબ્દ પર્યાયની વ્યક્તિના (પ્રગટતાના) અસંભવને લીધે અશબ્દ છે.

અશુભ :મોહમય પરિણામ તેમજ દ્વેષમય પરિણામ અશુભ છે. (૨) ખરાબ.

અશુભ આસ્રવ :મિથ્યાત્વ વિષય કષાયરૂપ અશુભ આસ્રવ. (૨) કર્મના આગમન.

અશુભ ઉપયોગ :જેનો ઉપયોગ વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે.

વિશિષ્ટ ઉદયદશામાં રહેલા, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર, પરિણતિમાં લાગેલો હોવાને લીધે, અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જે (ઉપયોગ) પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત સિદ્ધ અને સાધુ સિવાય અન્યની-ઉન્માર્ગની શ્રદ્ધા કરવામાં, તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે. (૨) હિંસાદિમાં અથવા કષાય પાપ અને વ્યસન વગેરે નિંદાપાત્ર કાર્યોમાં પ્રવૃત્તિ. (૩) હિંસાદિમાં અથવા કષાય, પાપ અને વ્યસન વગેરે નિંદાપાત્ર કાર્યોમાં પ્રવૃત્તિ. (૪) જેનો ઉપયોગ,ઉન્માર્ગની શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવમામાં, પ્રવર્તે છે, તે અશુભ ઉપયોગ છે. (૫) જેનો ઉપયોગ વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે. કુશ્રુતિ, કુવિચાર અને કુસંમતિમાં જોડાયેલો છે. ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે તેને તે અશુભ ઉપયોગ છે. વિશિષ્ટ ઉદય દશામાં રહેલા દર્શન મોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલી હોવાને લીધે અશુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી, જ ઉપયોગ પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંત, સિદ્ધ અને સાધુ સિવાય અન્યની-ઉન્માર્ગની શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને ઉગ્રતા આચરવામાં પ્રવર્તે છે તે અશુભ ઉપયોગ છે.

અશુભ નામકર્મ આસ્રવનું કારણ :યોગમાં કુટિલતા અને વિસંવાદન અર્થાત્ અન્યથા પ્રવર્તના તે અશુભનામકર્મ આસ્રવનું કારણ છે.

અશુભ ભાવ :તે નરકાદિ ગતિ છે. (૨) અશુભ ભાવ આર્ત રોદ્ર ધ્યાન અતિ મલિન છે. નરક તિર્યંચ આદિ અધોગતિના કારણ છે. માટે આશ્રયે જી તજવા યોગ્ય છે. (૩) હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહની મૂર્છા વગેરે અશુભ ભાવ છે, ને તેનાથી પાપબંધ થાય છે. (૪) રળવું, કમાવું, પરિગ્રહ કરવો, વિષયવાસના, હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મચર્ય, પરસ્ત્રી ગમન, શિકાર, માંસ લક્ષણ, મદ્યપાન આદિ અશુભભાવ છે. (૫) મિથ્યા શ્રદ્ધા, ક્રોધ, માન, માયા, લોભ અને વિષયવાસના વગેરે અશુભ ભાવો છે. (૬) જ્યાં મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે, ત્યાં અશુભ પરણિામ છે.

અશુભ ભાવનાઓ :કાન્દર્પી, કિલ્વિષિકી, સંમોહી, દાનવી અને આભિયોગિકી એ પાંચ અશુભ ભાવના છે.

(૧) કાન્દર્પી = રાગ થાય એવાં વચન, હલકા ચાળા, હાસ્યયુક્ત અસભ્ય વચનથી પરને સતત વિસ્મય પરમાડતો સાધુ કાન્દર્પી ભાવનાને ભજે છે.

(૨) કિલ્વિષી = કેવળી, ધર્મ, આચાર્ય, શ્રુત, સાધુ, સાધર્મી આદિના અવર્ણવાદ (નિંદા) બોલવામાં તત્પર અને માયાવી એવો તપસ્વી કિલ્વિષી ભાવનાને ભજે છે.

(૩) સંમોહી = સન્માર્ગને દૂષણ લગડનાર, ઉન્માર્ગ દેશનામાં ચાલાક, મોહ કરીને લોકોને સંમોહી ભાવનાનો આશ્રય કરે છે.

(૪) દાનવી = અનંતાનુબંધી કષાય અને કલહમાં આસક્તિથી અથવા શરીરાદિ પરિગ્રહમાં આસક્તિથી તેવાં નિમિત્તને મેળવતો કરુણા રહિત, પશ્ચાત્તાપ રહિત, પૂર્વનું વેર રાખનાર મુનિ દાનવી અથવા આસુરી ભાવનાને ધારે છે.

(૫) આભિયોગિક =મંત્ર, અભિનય, કૌતુક, ભૂત પ્રયોગ આદિમાં પ્રવર્તતો સાતા, રસ અને ઋદ્ધિ એ ત્રણ ગારવના નિમિત્તે આભિયોગિક ભાવનાને ભજે છે.

અશુભ યોગ :જીવોની હિંસા કરવી; અસત્ય બોલવું, પરધન હરણ કરવું, ઈર્ષા કરવી-ઈત્યાદિ ભાવોરૂપ અશુભ પરિણામથી રચાયેલા યોગને અશુભયોગ કહે છે.

અશુભનામકર્મ :જે કર્મના ઉદયથી શરીરના અવયવ સુંદર ન હોય તેને અશુભ નામ કર્મ કહે છે.

અશુભભાવ અને શુભભાવ :હિંસા, જૂઠ, ચોરી અને વિષયવાસના વગેરે પાપવૃત્તિને અશુભભાવ છે અને દયા, દાન, વ્રત-તપ, પૂજા-ભક્તિ વગેરે પુણ્યવૃત્તિ તે શુભભાવ છે. તે બન્ને પ્રકારના ભાવો વિભાવભાવ છે. જીવને અનાદિથી વિભાવનો જ પ્રેમ છે. તેથી અંદર જ્ઞાયક સ્વભાવનો પ્રેમ કદી થયો નથી. તે વિભાવનો પ્રેમ છોડ.

અશુભરાગ :અશુભ ભાવ; હિંસા; જૂઠ, ચોરી; વિષય-વાસના ઈશ્વયાદિ, અશુભરણ તે અશુભ ભાવ છે.

અશુભોપરક્ત ભાવ :અશુભરૂપ, વિકારી ભાવ.

અશરણ :જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષેણે જ દારુણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે. કોઈ થી રોકી રાખી શકાતો નથી, તેમ કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ, આસ્રવો નાશ પામી જાય છે, રોકી રાખી શકાતા નથી, માટે તેઓ (આસ્રવો) અશરણ છે. (૨) શરણનો અભાવ; આશ્રયનો અભ્યાસ; નિરાધાર; અનાથ; જેને કોઈનું શરણ નથી તેવું; આશરા વિનાનું. (૩) શરણહીન; પુણ્યપાપના ભાવમાં આત્માને ક્યાંય શરણ મળતું નથી-વિશ્રાંતિ મળતી નથી. (૪) શરણહીન; શરણ ન મળે તેવાં; વિશ્રાંતિ માટે નહિ તેવાં; પકડી શકાય નહિ તેવા; જાણી ન શકાય તેવાં. (૫) શરણહીન; આશરો આપે નહિ તેવાં; વિશ્રાંતિ મળે નહિ તેવાં છૂટી જાય તેવું, પકડી કે ઝાલી રાખી શકાય નહિ તેવું; રક્ષણ રહિત; અરક્ષિત.

અશરણરૂપ :આશ્રય કરવા લાયક નહિ; આધાર રાખવા યોગ્ય નહિ; પકડી રાખવા લાયક નહિ.

અશ્રદ્ધા :અવિશ્વાસ.

અશ્રમત દશા :પ્રમાદ રહિત જાગૃત દશા.

અશરીર :શરીર વિનાનું જેને ભૌતિકતાનો સંબંધ નથી તેવું; સિદ્ધ; નિરાવરણ.

અશરીરહેતુ :સિદ્ધિપણાના હેતુભૂત.

અશરીરી :શરીરભાવનો અભાવ થયો છે જેને; આત્મમગ્ન.

અશેષ :સમસ્ત (૨) સમસ્ત; સંપૂર્ણ.

અશેષ :સમસ્ત; સઘળાં; બધાં. (૨) સમસ્ત; સર્વ; પૂરેપૂરું; તમામ.

અશેષ જગત :સમસ્ત લોકાલોક.

અશેષવિશ્વ :સમસ્ત વિશ્વ. વિશ્વના સમસ્ત પદાર્થો.

આશંસા :આશા; આકાંક્ષા; ઈચ્છા; ઉમેદ.

અશાતના :અવિનય; અનાદર; તિરસ્કાર. (૨) અપમાન; અવિનય. (૩) અવિનય; અપમાન. (૪) અપવિત્રતા; અપવિત્ર કરવું તે. (૫) અવિનય; અપમાન; અધોગતિ (૬) શાતાનો અભાવ; શાંતિનો અભાવ. (૭) દુઃખ.

અશાતાનું વેદન :કલ્પનામાં જે પ્રતિકૂળપણે દુઃખરૂપ લાગે એવા ભેદરૂપ કર્મનો અનુભવ.

અંશી :અંશોવાળું; અંશોનું બનેલું. (દ્રવ્ય અંશી છે.)

અશોચ્યા કેવળી :જેમણે પૂર્વે કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો નથી તેને કોઈ તથારૂપ આવરણના ક્ષયથી જ્ઞાન ઉપજવું છે, તે આત્માનું માહાત્મ્ય દર્શાવવા, અને જેને સદ્‌ગુરુયોગ ન હોય તેને જાગ્રત કરવા, તે તે અનેકાન્તમાર્ગ નિરૂપણ કરવા દર્શાવ્યું છે; પણ સદ્‌ગુરુ આજ્ઞાએ પ્રવર્તવાનો માર્ગ ઉપેક્ષિત કરવા દર્શાવ્યું નથી. (૨) જેમણે પૂર્વે, કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો નથી, તેને કોઈ તથારૂપ આવરણના ક્ષયથી જ્ઞાન ઉપજ્યું છે, એવું સ્વયંબોધી. (૩)

અશોચ્યાકેવલી :કેવલી આદિ પાસે ધર્મ સાંભળ્યા સિવાય જે કેવલ જ્ઞાન પામે તે. (અસોચ્યા=અશ્રુત્વા)

અશૌચ :અપવિત્રતા; ગંદાપણું (૨) મલિનતા.

અશૌચતા :અપવિત્રતા.

અષ્ટકર્મ :જ્ઞાનીવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહ એ ચાર ઘાતિ કર્મ અને આયુષ્ય, નામ, ગોત્ર અને વૈદનીય એ ચાર અઘાતિ કર્મ મળીને આઠ દ્રવ્યકર્મ છે.

અષ્ટમભક્ત :ત્રણ ઉપવાસ.

અષ્ટમી ભૂમિકા :આઠમી ભૂમિના અગ્રભાગે મોક્ષસ્થાન; સિદ્ધશિલા.

અષ્ટાંગયોગ :યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ- એ આઠ યોગના અંગ.

અષ્ટાપદ :કૈલાસ પર્વતના ઘાટનું દેરાસર

અસંકુચિત :સંકડાશ વિનાનું; સંકોચાયેલું નહિ તેવું;

અસંકુચિત વિકાસત્વશક્તિ :ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત એવા ચિદ્ વિલાસ સ્વરૂપ (ચૈતન્યના વિલાસ સ્વરૂપ) અસંકુચિત વિકાસત્થશક્તિ.

અસકલ આત્મામાં :આત્માના સર્વ પ્રદેશોમાં નહિ, પણ થોડા જ પ્રદેશોમાં.

અસંકીર્ણ :ભેળસેળ નહિ એવા; સ્પષ્ટપણે ભિન્ન. (ભગવાન આત્મસ્વભાવ સ્પષ્ટ ભિન્ન (પર સાથે ભેળસેળ નહિ એવા) દ્રવ્ય-ગુણ-પર્યાયો વડે, સુસ્થિત છે.)

અસુખ :દુઃખ.

અસંખ્ય પુદ્ગલ પરાવર્તન :અનંત કાળ.

અસંખ્યાત :અનેક

અસંખ્યાત અને અનંત :અસંખ્યાત અને અનંત એ સંખ્યા સમજવા માટે ગણિતશાસ્ત્ર ઉપયોગી છે; તેમાં ૧૦/૩ એટલે કે ૧૦ ને ૩ થી ભાગતા = ૩.૩૩૩૩.... (અંત ન આવે ત્યાં સુધી ત્રગડા) આવે છે. પણ એનો છેડો આવતો નથી, તે અનંતનું દૃષ્ટાંત છે; અને અસંખ્યાતની સંખ્યા સમજવા માટે એક ગોળના પરિઘ અને વ્યાસનું પ્રમાણ ૨૨/૭ હોય છે. (વ્યાસ કરતાં પરિઘ ૨૨/૭ ગણો હોય છે) તેનો હિસાબ શતાંઈ મૂકતાં જે સંખ્યા આવે છે તે અસંખ્યાત છે. ગણિતશાસ્ત્રમાં આ સંખ્યાને ઈરેશનલ કહેવામાં આવે છે.

અસંખ્યાત પ્રદેશી :જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશ.

અસ્ખલિત :સતત; ચાલુ; વચ્ચે ખાંચો કે તૂટ પડ્યા વિનાનું; ફરે નહિ; પડી જાય નહિ એવા. (૨) જરાય ભેદપણે નહિ, થવા રૂપ; એકરૂપ વસ્તુ (૩) નિરંતર; અટક્યા વગર; સદાય. (૪) પોતાથી નહિ ચ્યુત થતો; સતત પ્રવાહરૂપ વહેતો. (૫) ફરે નહિ; પડી જાય નહિ. (૬) એક પ્રવાહરૂપ (૭) નિર્બાધ. (૮) સ્ખલન-ભૂલ કર્યા વિનાનું; વચ્ચે ખાંચી કે તૂટ પડ્યા વિનાનું; સતત; ચાલુ; એકરૂપ; અચળ; અતૂટક. (૯) નિર્બાધ. (૧૦) પોતાનાથી નહિ ચ્યુત થતો. (૧૧) (નિષ્કંપ) (૧૨) નિર્બાધ. (૧૩) પોતાથી, નહિ ચ્યુત થતો.

અસંગ :વીતરાગ (૨) અનાસક્તિ; અનાસક્ત; દુનિયાદારીના સંબંધથી મુક્ત; સંગનો અભાવ. (૩) અનાસક્ત; દુનિયાદારીના સંબંધથી મુક્ત; અનાસક્તિ. (૪) એકલું; અનાસક્ત; દુનિયાદારીના સંબંધોથી મુક્ત; આત્મા. (૫) અનાસક્ત; દુનિયાદારીના સંબંધથી મુક્ત; આત્મા. (૬) મૂર્છાનો અભાવ; પર દ્રવ્યથી મુક્ત. (૭) અનાસક્ત; દુનિયાદારીના સંબંધોથી મુક્ત.

અસંગત :અયથાર્થ. (૨) અયથાર્થ; અનુચિત; પરસ્પર વિરોધી;

અસંગદશાનો હેતુ :વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી, જીવને વિશે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગ દશા આવે, તો આત્મસ્વરૂપ સમજવું સ્રાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ, વૈરાગ્ય અને ઉપશમ છે.

અસંગપણું :આત્માર્થ સિવાયના સંગ પ્રસંગમાં પડવું નહીં. (૨) સંસારના સંગીના સંગમાં, વાતચીતાદિ પ્રસંગ શિષ્યાદિ કરવાના કારણે રાખવો નહીં. (૩) નિર્મોહપણું; યથાર્થ રામરસપણું. (૪) અસંગપણું એટલે આત્માર્થ સિવાયના સંગ પ્રસંગમાં પડવું નહિ. (૫) આત્માર્થ સિવાયના સંગપ્રસંગમાં પડવું નહીં. (૬) આત્માર્થ સિવાયના અંગ પ્રસંગમાં પડવું નહીં.

અસુગમ :દુર્લભ; મુશ્કેલ;

અસજ્જન :દુર્જન

અસંજ્ઞી :મન રહિત; એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો નિયમથી અસંજ્ઞી જ હોય છે પંચેન્દ્રિયોમાં તિર્યંચો સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને પ્રકારના હોય છે.

હિત-અહિતની શિક્ષા, ક્રિયા, ઉપદેશ વગેરેનું જે ગ્રહણ નથી કરતા તે અસંજ્ઞી છે. (૨) શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિરહિત પ્રાણી અસંજ્ઞી કહેવાય.

અસત્ :ખોટી સમજણ. (૨) નાસ્તિપણું (૩) અવિદ્યમાન. (૪) અવિદ્યમાન; અણછતી (વસ્તુ). (૫) નહિ હયાત એવું; અહયાત. (૬) હયાત ન હોય એવું; અસ્તિત્વ વિનાનું (અર્થાત નિત્ય). (દેહ-ધનાદિક પુદ્ગલ પર્યાયો હોવાને લીધે, અસત[1] છે તેથી આદિ-અંતવાળાં છે.) (૭) હયાત ન હોય એવુ; અસ્તિત્વ વિનાનું, (અર્થાત્ અનિત્ય). (દેહ, ધનાદિક પુદ[1]ગલ પર્યાયો હોવાને લીધે, અસત્ છે તેથી આદિ અનંતવાળા છે.) (૮) નહિ હયાત એવું. (જે અસત્ હોય તેનું ટકવું-હયાત કેવું ?) (૯) નાસ્તિરૂપ કાર્ય. (૧૦) અભાવ. (૧૧) અવિદ્યમાન પર્યાયસમૂહ. (૧૨) નાસ્તિ, નહિ હોવાપણું; દરેક આત્મા પરપણે અસત છે, એટલે પરની અપેક્ષાએ આત્મા નથી, અસત છે. (૧૩) નાસ્તિરૂપ પદાર્થ. (૧૪) નાસ્તિ, નહિ હોવાપણું, દરેક આત્મા પરપણે અસત છે. એટલે પરની અપેક્ષાએ, આત્મા નથી, અસત છે. આ પ્રમાણે જે રીતે તત્ત્વ છે, તે રીતે અવિરોધ દૃષ્ટિથી ન જાણે તો, યથાર્થ નિઃસંદેહતાની શાંતિ ન આવે અને સ્વરૂપમાં ઠરવાની તાકાત આવે નહિ. (૧૫) હયાતી વિનાનો; નહિ હયાત, એવું.

અસ્ત :નષ્ટ. (જે અસત્ હોય તેનું ટકવું-હયાત રહેવું કેવું ? માટે દ્રવ્યને અસત્ માનતાં, દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે અર્થાત્ દ્રવ્ય જ સિદ્ધ ન થાય.) (૨) આથમવું. (૩) નષ્ટ. (દ્રવ્યને અસત્ માનતાં દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે.) (૪) નષ્ટ (જે અસત્ હોય, તેનું ટકવું - હયાત રહેવું કેવું ? માટે દ્રવ્યને અસત્ માનતાં, દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે, અર્થાત્ દ્રવ્ય જ સિદ્ધ ન થાય.

અસત્ ઉપાદ :જીવ અનાદિ અનંત હોવા છતાં મનુષ્યકાળે દેવ પર્યાયની કે સ્વાત્મોપલબ્ધિ રૂપ સિદ્ધપર્યાયની અપ્રાપ્તિ છે. અર્થાત્ મનુષ્ય તે દેવ કે સિદ્ધ નથી માટે તે પર્યાયો અભ્ય અભ્ય છે. આ રીતે પર્યાયો અભ્ય હોવાથી, તે પર્યાયોને કરનાર, સાધન અને આધાર એવો જીન પણ પર્યાય-અપેક્ષાએ અભ્યપણાને પામે છે. આ રીતે, જીવની માફક, દરેક દ્રવ્યને પર્યાય અપેક્ષાએ અભ્યપણુ છે. આમ દ્રવ્યને અભ્યપણું હોવાથી દ્રવ્યને અસત્ ઉત્પાદ છે. એમ નિશ્ચિત થાય છે.

અસત્ રૂપ :અભાવરૂપ.

અસત્તા :અસ્તિત્વનો અભાવ; હયાતીનો અભાવ.

અસત્તા પામતો હોય :સત્તામાં ચાલ્યો જાય.

અસત્યભાવ પદાર્થ :અજ્ઞાન અદર્શનરૂપ અથવા મિથ્યાજ્ઞાનદર્શનરૂપ અશુદ્ધ આત્મા.

અસત્યાર્થ :ત્રિકાળ ટકે એવા સ્વરૂપથી વિપરીત તે અસત્યાર્થ.

અસત્સંગ :સત્સંગનો અભાવ; દુષ્ટનો સંગ.

અસ્તિ :હોવાપણું; હયાતી. (૨) જ્ઞાતાપણું (૩) છે. છે. છે. એવો ભાવ. ધ્રુવ ચિદાનંદ જે છે અર્થાત્ સમય નામનો પદાર્થ જે છે તેમાં સાર કહેતાં જે દ્રવ્યકર્મ,ભાવકર્મ, નો કર્મ રહિત શુદ્ધાત્મા-પવિત્ર આત્મા. (૪) છે. અસ્તિત્વ; હોવાપણું. અસ્તિત્વ = સત્તા.

અસ્તિકાય :પાંચ અસ્તિકાયોની વિશેષ સંજ્ઞા, સામાન્ય વિશેષ અસ્તિત્વ તથા કાયત્વ રહેલાં છે. તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમ સામાન્ય વિશેષ સત્તા નિયત-વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) હોવાથી, તેમને માં સામાન્ય અસ્તિત્વ પણ છે, એમ નક્કી કરવું. તેઓ અસ્તિત્વમાં નિયતહોવા છતાં, (જેમ વાસણમાં રહેલું વાસણથી અન્યમય છે તેમ), અસ્તિત્વથી અન્યમય નથી; કારણકે તેઓ સહાય પોતાથી નિષ્પન્ન (અર્થાત્ પોતાથી સત્) હોવાને લીધે (અસ્તિત્વથી), અનન્યમય છે. (જેમ અગ્નિ ઉષ્ણતાથી અનન્યમય છે તેમ) અસ્તિત્વથી અનન્યમય હોવા છતાં, તેમનું અસ્તિત્વમાં નિયતપણું નયપ્રયોગથી છે. બે નયો ભગવાને કહ્યા છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં કથન એક નયને આધિન હોતું નથી, પરંતુ તે બન્ને નયોને આધીન હોય છે. માટે તેઓ પર્યાયાર્થિક કથનથી, જે પોતાથી કથંચિત ભિન્ન પણ છે, એવા અસ્તિત્વમાં વ્યવસ્થિત (નિશ્ચિત રહેલાં) છે અને દ્રવ્યાર્થિક કથનથી, સ્વયમેવ સત્ (વિદ્યમાન, હયાત) હોવાને લીધે, અસ્તિત્વથી અનન્યમય છે. જીવો,

પુદ્ગલો, ધર્મ, અધર્મ અને આકાશ-એ તેમની વિશેષ સંજ્ઞાઓ, અર્થ પ્રમાણે જાણવી. તેમને કાયપણું પણ છે : જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પદાર્થો, અવયવી (એકથી વધારે પ્રદેશો હોય એવા) છે. પ્રદેશો નામના તેમના જે અવયવો છે, તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી, પર્યાયો કહેવાય છે. તેમની સાથે તે (પાંચ) પદાર્થોને અનન્યપણું હોવાથી, કાયત્વસિદ્ધિ ઘટે છે. પરમાણુ (વ્યક્તિ અપેક્ષાએ) નિરવયવ હોવા છતાં, તેને સાવયવપણાની શક્તિનો સદ્ભાવ હોવાથી, દાયત્વસિદ્ધિ નિરપવાદ છે. ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી, કે પુદ્ગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે અવિભાજ્ય હોવાથી, તેમના સાવયવપણાની કલ્પના ન્યાય વિરુદ્ધ (ગેરવાજબી) છે. આકાશ અવિભાજ્ય હોવા છતાં, તેમાં આ ઘટાકાશ છે. આ અઘટાકાશ (અથવા પટાકાશ) છે, એવી વિભાગ કલ્પના જોવામાં આવે છે જ. જો ત્યાં (કથંચિત) વિભાગ ન કલ્પવામાં આવે, તો જે ઘટાકાશ છે તે જ (સર્વથા) અઘટાકાશ થાય; અને તે તો દંષ્ટિ (માન્ય) નથી. માટે કાળાણુઓ સિવાય બીજા બધાને વિષે, કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું. (૨) જે દ્રવ્યોમાં અનેક પ્રદેશ હોય છે તે અસ્તિકાય છે અને જેમાં કેવળ એક જ પ્રદેશ હોય છે તે અસ્તિકાય ગણાતું નથી. (૩) બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે. (૪) અસ્તિ એટલે છે અને કાય એટલે પ્રદેશોનો સમૂહ. (૫) ઘણા પ્રદેશોવાળું દ્રવ્ય. (૬) બહુ પ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ એ આકાશ એ પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. કાળ દ્રવ્ય એક પ્રદેશી છે તેથી તે અસ્તિકાય નથી. જો કે પુદ્ગલ પરમાણુ એક પ્રદેશી છે તો પણ તેનામાં સ્કંધરૂપે થઈને બહુપ્રદેશી થવાની શક્તિ છે તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. (૭) બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્યો અસ્તિકાય છે. કાળ દ્રવ્ય અસ્તિકાય નથી. કારણ કે કાળદ્રવ્ય એક પ્રદેશી છે. તેથી તે અસ્તિકાય નથી. પુદ્ગલ પરમાણું પણ એક પ્રદેશી છે. જો પણ તે અસ્તિકાય કેવી રીતે છે ? જો કે પુદ્ગલ પરમાણુ એક પ્રદેશી છે તો પણ તેનામાં સ્કંધરૂપે થઈને બહુપ્રદેશી થવાની શક્તિ છે તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. (૮) બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ-પાંચ દ્રવ્યો અસ્તિકાય છે. કાલદ્રવ્ય એક પ્રદેશી છે, તેથી તે અસ્તિકાય નથી. પુદ્ગલ પરમાણુ એક પ્રદેશી છે, પણ એનામાં સ્કંધરૂપ બની બહુપ્રદેશી થવાની શક્તિ છે; તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. (૯) વિવિધ ગુણો અને પર્યાયો સાથે, સ્વપણું-પોતાપણું -અનન્યપણું છે.

અસ્તિકાય કેટલાં છે ? :પાંચ છે, જીવન, પુદ્ગલ, ધર્મદ્રવ્ય, અધર્મ દ્રવ્ય અને આકાશ. કાળ દ્રવ્ય બહુપ્રદેશી નથી, તે કારણથી તે અસ્તિકાય પણ નથી. પુદ્ગલ પરમાણું એકપ્રદેશી છે, તો તે અસ્તિકાય કેવી રીતે છે ?
પુદ્ગલ પરમાણુ શક્તિની અપેક્ષાથી અસ્તિકાય છે. અર્થાત્ સ્કંધરૂપમાં થઈ (રૂપે પરિણમી) બહુપ્રદેશી થઈ જાય છે, તે માટે ઉપચારથી તે અસ્તિકાય છે.

અસ્તિકાયપણું :અસ્તિપણું તથા કાયપણું.

અસ્તિત્વ :અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ વ્યય= ઉત્પાદ-ધ્રૌવ્ય છે. (૨) ઉત્પાદ્વ્યય, ધ્રૌવ્યરૂપ વર્તવું તે. (૩) સ્વયમેવ સત્; વિદ્યમાન; હયાત. અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ વ્યય,-ઉત્પાદ-ધ્રૌવ્ય છે. (૪) સત્પણું; હોવાપણું; હયાતી. (૫) ત્રિકાળ હોવાપણું. (૬) વસ્તુનું હોવાપણું. (૭) ત્રિકાળ હોવાપણું. (૮) અન્ય સાધનની અપેક્ષા વિના-સ્વયંસિદ્ધ છે તેથી આદિ અનંત છે. (૯) અસ્તિત્વનું કાર્ય હોવાપણું છે. (૧૦) પ્રથમ તો અસ્તિત્વ તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના ઐક્યસ્વરૂપ વૃત્તિ છે. તે વૃત્તિ અર્થાત્ હયાતી કાળને પ્રદેશ વિના હોય છે એમ કહેવામાં આવે તો તે સંભવતું નથી; કારણ કે પ્રદેશના અભાવે તે વૃત્તિમાનનો અભાવ હોય છે. તે તો શૂન્ય જ છે, કેમ કે અસ્તિત્વ નામથી વૃત્તિથી અર્થાન્તરભૂત છે. અન્ય છે. (૧૧) અસ્તિત્વનું લક્ષણ અથવા સ્વરૂપ, વ્યય-ઉત્પાદ-ધ્રૌવ્ય છે. (૧૨) બે પ્રકારનું કહેશે : (a) સ્વરૂપ = અસ્તિત્વ અને (b) સાદશ્ય-અસ્તિત્વ. (૧૩) સત્તા નામનો સત્નો ભાવ, અર્થાત્ સ્વત્વ. (૧૪) ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે, અને તે (અસ્તિત્વ) અન્ય સાધનની અપેક્ષા વિનાનું-

સ્વયંસિદ્ધ, તેથી અનાદિ-અનંત છે. (૧૫) સત્તા નામનો સત્‌નો ભાવ; સત્ત્વ; સત્પણું; હયાતપણું; વિદ્યામાનપણું; હયાતનો ભાવ; છે એવો ભાવ.

અસ્તિત્વ ગુણ :કોઈ દ્રવ્યની કદી ઉત્પત્તિ કે નાશ નથી, માટે કોઈ કોઈનો કર્તા નથી, - એમ અસ્તિત્વ ગુણ સૂચવે છે. (૨) જે શક્તિના કારણે દ્રવ્યનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન પણ ન થાય તેને અસ્તિત્વગુણ કહે છે. (૩) કોઈ દ્રવ્યની, કદી ઉત્પત્તિ કે નાશ નથી, માટે કોઈનો કોઈ કર્તા નથી,- એમ અસ્તિત્વગુણ સૂચવે છે. (૪) જે શક્તિના કારણે, દ્રવ્યોનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન પણ ન થાય, તેને અસ્તિત્વ ગુણ કહે છે.

અસ્તિત્વ નિષ્પન્ન :અસ્તિત્વનો બનેલો.

અસ્તિત્વ સામાન્યરૂપ અન્વય :છે, છે, છે, એવો એકરૂપ ભાવ, દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય=એકરૂપતા; સદશભાવ.) (૨) દરેક પદાર્થમાં સત્‌પણું (અસ્તિપણું) એવો ગુણ અનાદિ અનંત છે. માટે દરેક વસ્તુ પોતા વડે કરીને સત્ છે. કોઈને આધીન નથી. આ સમજવાથી સ્વાધીન સુખધર્મ પોતાથી પ્રગટે છે. એવું પોતાનુ પરથી ભિન્ન જ્ઞાન થાય તો પોતાનું સુખ પોતે પામે.

અસ્તિત્વનું લક્ષણ :હોવાપણું; સત્

અસ્તિત્વનિયત :અસ્તિત્વમાં નિયત; અસ્તિત્વથી અનન્યમય.

અસ્તિત્વાંતર :ભિન્ન અસ્તિત્વ (યુત સિદ્ધિનું કારણ ભિન્ન ભિન્ન અસ્તિત્વો. લાકડી અને લાકડીવાળાની માફક ગુણ અને દ્રવ્યનાં અસ્તિત્વો કદીયે ભિન્ન નહિ હોવાથી યુતસિદ્ધપણું હોઈ શકે નહિ.)

અસિધારા :તરવારની ધાર.

અસ્થિરતા :સ્વમાં એકાગ્રતા મૂકીને પરમાં એકાગ્રતા કરે તે અસ્થિરતા.

અસ્થાન :અયોગ્ય સ્થાન, અયોગ્ય વિષય; અયોગ્ય પદાર્થોનું અવલંબન.

અસ્થાનનો :અયોગ્ય સ્થાનનો, અયોગ્ય વિષય પ્રત્યેનો; અયોગ્ય પદાર્થોનો અવલંબનારો. (૨) અસ્થાનના રાગમાં.

અસ્થાયી :ક્ષણિક ; હદવાળાં

અસ્થિમજ્જા :હાડોહાડ.

અસ્થિર :ક્ષણભંગુર; સતત પીડાકારક, સતત સ્થિર રહેતું નથી.

અસ્થિર નામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરની ધાતુ અને ઉપધાતુ પોત પોતાના સ્થાને ન રહે, તેને અસ્થિર નામ કર્મ કહે છે.

અસ્થિરતા :પરભોક્તૃત્વાભિલાષાજનિત, અસ્થિરતા. (૨) જ્ઞાનીને પોતાની જ્ઞાતા-દષ્ટા સ્વભાવની સમજ હોય છે છતાં પણ કમજોર ભૂમિકામાં રાગ થઈ જતો હોય છે તે અણસમજનો રાગ નથી પણ અસ્થિરતાનો રાગ છે. હજુ પર્યાયમાં (ચારિત્રની) અશુદ્ધતા છે તેને અસ્થિરતાનો રાગ સમજે છે તે છોડવાનો છે એમ જાણે છે. પુણ્ય-પાપ આદિ કર્મરૂપ અને કર્મફળરૂપ ભાવોમાં એકાગ્ર થઈ તેમાં જ ઉપયોગને રોકી રાખે તે અજ્ઞાન ચેતના છે. જેથી કર્મનો બંધ થાય છે. જે બંધ જ્ઞાનની શુદ્ધતાને રોકી રાખે છે.

અસ્થિરનામ કર્મ :જે કર્મના ઉદયથી શરીરની ધાતુ અને ઉપધાતુ પોતપોતાના ઠેકાણે ન રહે તેને અસ્થિરનામકર્મ કહે છે.

અસદ્ ભૂત :અવિદ્યમાન (૨) કર્મો જીવથી અત્યંત જુદી ચીજ છે, જીવની પર્યાયમાં પણ કર્મ નથી, બહાર છે એટલે અસદ્‌ભૂત છે. (૩) અસત્ય (૪) અસદ્‌ભૂતનો અર્થ મિથ્યા, અસત્ય, અયથાર્થસ્વરૂપ થાય છે. (૫) અવિદ્યમાન; અનાગત.

અસદ્‌ભૂત વ્યવહાર :બે પ્રકારના છે (a) ઉપચરિત અસદ્‌ભૂત (b) અનુપચરિત અસદ્‌ભૂત. (૨) ઉપચાર માત્ર; કથન માત્ર; કહેવા પૂરતું; ખરેખર એવું નહિ.

અસદ્‌ભૂત વ્યવહારનય :જે મળેલા ભિન્ન પદાર્થોને અભેદરૂપે કથન કરે. જેમકે- આ શરીર મારું છે અથવા માટીના ઘડાને ઘીનો ઘડો કહેવો. (૨) રાગાદિ ભાવોમાં, ચેતનપણાનો ભ્રમ ઉપજે છે, પણ તે પરમાર્થે ચેતન નથી. સ્વભાવની દષ્ટિએ દયા, દાન, વ્રત, ભક્તિ, આદિનો રાગ કર્મ જન્ય છે. જડ કર્મનો સંબંધ, આત્માને અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. રાગનો સંબંધ, અશુદ્ધ નિશ્ચયનયથી છે. અને મતિજ્ઞાન આદિનો પણ ત્રિકાળી આત્મા સાથે, અશુદ્ધ નિશ્ચયનયી સંબંધ છે. ચાર ગતિની યોગ્યતા છે, તેને પણ અશુદ્ધ નિશ્ચયનયથી આત્મા સાથે સંબંધ છ. કેમકે તે આત્માની પર્યાયમાં છે.

અશુદ્ધ નિશ્ચયનય કહો કે વ્યવહાર કહો, બન્ને એક જ વાત છે. પર્યાય, તે વ્યવહાર અને દ્રવ્ય, તે નિશ્ચય છે.

અસદ્ભાવ :ભાવની ગેરહાજરી; ભાવની અસ્થિતિ; ભાવની અહયાતી. આશ્રયનો અભાવ; અનાશ્રય; અનાધાર.(૨) સદ્ભાવનો અભાવ; અણગમો; અરુચિ; ખરાબ અભિપ્રાય. (૩) અસત્ ઉત્પાદ; અવિદ્યમાનનો ઉત્પાદ

અસદ્ભાવ સંબંદ્ધ :અહયાતી સાથે સંબંધવાળો-સંકળાયેલો. (પર્યાયોની વિવધા વખતે, વ્યતિરેક વ્યક્તિઓને મુખ્ય અને અન્વય શક્તિઓને ગૌણ કરાતી હોવાથી, દ્રવ્યને અસદ્ભાવ સંબદ્ધ ઉત્પાદ (અસત્-ઉત્પાદ, અવિદ્યમાનનો ઉત્પાદ) છે.)

અસંદિગ્ધ :સ્પષ્ટ; નિશ્ચિત; નિઃશંક; સંદેહ રહિત.

અવસન્ન વેષધારી :જિનસૂત્રથી વિરુદ્ધ, ચારિત્રથી ભ્રષ્ટ આળસુ એવા વેષધારીને અવસન્ન કહેવાય.

અસન્નભવ્ય :નજીકમાં જેની મુક્તિ થવાની છે તેવો જીવ. (૨) નિકટભવ્ય; નજીકમાં જેને મુક્તિ થવાની છે તે. (૩) તે જે ભવે મોક્ષ પામે તે.

અસન્નભવ્ય જીવ :મોક્ષગામી જીવ.

અસપત્ન :સપત્ન એટલે શત્રુ; કેવળ જ્ઞાનના શત્રુ કર્મ છે. કેવળજ્ઞાનમાં તે રહ્યાં નથી તેથી કેવળજ્ઞાન અસપત્ન છે. જેણે પોતાના પ્રતિપક્ષી ઘાતી ચતુષ્કનો મૂળમાંથી નાશ કરી નાખ્યો છે, એ ઉક્ત કથનનું તાત્પર્ય છે. અસપત્ન = કર્મ શત્રુનો નાશ. (૨) સપત્નનો અર્થ શત્રુ છે. કેવળજ્ઞાના શત્રુ કર્મ છે. તે તેને ..... (૩) જેને હરીફ કે શત્રુ નથી તેવું; જેને અપર માતાનો જણેલો ભાઈ નથી તેવું.

અસપન્ન :શત્રુ રહિત; ઘાતીકર્મોના નાશ સહિત; ઘાકી કર્મો રહિત. કેવળ જ્ઞાનના શત્રુ ઘાતીચતુષ્કનો મૂળમાંથી નાશ કરી નાખ્યો છે.

અસંપ્રાપ્તસૃપાટિક સંહનન :જે કર્મના ઉદયથી, જુદા જુદા હાડ નસોથી બાંધેલાં હોય. પરસ્પર મેખ સહિત બંધાયેલાં, ન હોય.

અસ્પૃષ્ટ :પરના સ્પર્શ રહિત; જે વિસ્રસા પરમાણુઓ (કર્મ બાંધવાને યોગ્ય પરમાણુઓ જે એક-ક્ષેત્રાવગાહી છે), તેના સ્પર્શથી રહિત.

અસંભવ :વળી જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ. ચેતના જીવ પદાર્થમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાય છે. જો આત્માનું લક્ષણ જડપણું કહીએ તો અસંભવ દોષ લાગે છે; કારણ કે તે પ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે. (૨) જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ.

અસંભવ દોષ કોને કહે છે :લક્ષ્યમાં લક્ષણની અસંભવતાને અસંભવદોષ કહે છે.

અસમગ્રપણે :અપૂર્ણપણે; અધૂરાપણે; અંશે.

અસમંજસ :છાજે નહિ તેવું; અનુચિત; મેળ ન ખાય તેવું; ઢંગધડા વિનાનું; અસ્પષ્ટ; મૂર્ખાઈ ભરેલું. (૨) અસંગત વર્ણન; મિથ્યાત્વભાવ; મિથ્યા શ્રદ્ધા કરાવનાર. (૩) અનુચિત; છાજે નહિ તેવું; વ્યસ્ત; મેળ ન ખાય તેવું; અસ્પષ્ટ; ઢંગધડાવગરનું; મૂર્ખાઈ ભરેલું. (૪) છાજે નહિ તેવું; અનુચિત; અસ્પષ્ટ; મેળ ખાય નહિ તેવું, ઢંગધડાવિનાનું; મૂર્ખાઈ ભરેલું.

અસમંજસતા :અમળતાપણું, અસ્પષ્ટતા.

અસમંજસભાસ :વેરભાવ; (અસમંજસભાવ)

અસમતા :રાગદ્વેષપણું; અશાંતિ;

અસમય :અયોગ્ય સમય; કટાણું; કસમય.

અસમ્યક :મિથ્યાજ્ઞાન.

અસમ્યક :મિથ્યાભાવ.

અસમર્થ :નિર્બળ; અકુશળ.

અસમવાય :અમિલન; અસંબંધ; અમેળાપ.

અસમાધાન :મૂંઝવણ.

અસમાધિ :ચિત્તની સ્વસ્થતાનો અભાવ; એકાગ્રતાનો અભાવ; મનની ગૂંચવણ કે મૂંઝવણ. (૨) આત્મપરિણામની, અસ્વસ્થતા. (૩) આત્મપરિણામની અસ્વસ્થતાને શ્રી તીર્થંકર અસમાધિ કહે છે.

અસમાન :વિજાતીય.

અસમાન જાતિ :ભિન્ન ભિન્ન જાતિ. (આત્મા અને શરીર, અસમાન જાતિ છે.) કર્મ અને આત્મા પણ, અસમાન જાતિ છે.

અસમાન જાતીય :જીવ પુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે.

અસમાન જાતીય જ્ઞાનાવરણના ક્ષયને લીધે :અસમાન જાતિના પદાર્થોને જાણનારા જ્ઞાનને, આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે.

અસમાન જાતીય દ્રવ્ય પર્યાય :જેવા કે જીવ પુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે.

અસમીચીન :અસમ્યક્; અઠીક; અયોગ્ય.

અસમીપ :દૂર.

અસંમોહ :ભ્રાન્તિરહિત સ્થિરતા; ચિત્તની અત્યંત શુદ્ધિસહિત.

અસંમોહનું સ્વરૂપ :આગમપૂર્વક જ્ઞાન જ જ્યારે સત્ય અનુષ્ઠાનને અભ્રાંતરૂપ સ્થિરતાને –પ્રાપ્ત થાય છે ત્યારે તેને અસંમોહ કહે છે.

અસંયુક્ત :અન્યના સંયોગ રહિત; કર્મના નિમિત્તથી, જે વિકારી શુભાશુભભાવો પર્યાયમાં ઉત્પન્ન થાય છે, એનાથી ભગવાન આત્માઅસંયુક્ત છે, સંબંધ રહિત છે. (૨) સંપર્ક વિનાનો (૩) પુણ્ય અને પાપ, સુખદુઃખરૂપ કલ્પનાઓથી રહિત. (૪) સંપર્ક વિનાનો, સંબંધ રહિત. (૫) સંપર્ક વિનાનો. (૬) અસંગ; સંબંધ વિનાનો; સંપર્ક વિનાનો;

અસંયત :સંયમ વિનાનું; નિગ્રહ વિનાનું; નિરંકુશ. (૨) અસંયમી; ગૃહસ્થ; લૌકિક, દુન્યવી.

અસંયમ :શુદ્ધાત્મ સ્વરૂપની હિંસારૂપ પરિણામ, જેનું લક્ષણ છે એવો અસંયમ. (૨) ઉપયોગ મૂકી જવો.

અસંયમિત પૂજા :જેને જ્ઞાનપૂર્વક સંયમ ન હોય તેની પૂજા.

સ્યાદવાદ :સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે, બૌદ્ધમતી ક્ષણિક જ માને છે. સ્યાદ્વાદી કહે છ`કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય તો અનેક અવસ્થાનું પલટવું થાય છે તે કેવી રીતે બને છે ? જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો જે વસ્તુ પહેલાં દેખી હતી તે આજ છે એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે ? માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ ક્ષણિક છે. આ રીતે સ્યાદ્વાદ વડે સર્વાંગ વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ ? સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ તેના વિરોધને દૂર કરે છે.

અસંયતિ પૂજા :સંયમ વિનાનાની પૂજા; અસંયમીની પૂજા.

અસંયોગી :પરથી સર્વ પ્રકારે જુદી.

અસુર કુમાર :અસુર નામની દેવગતિ નામકર્મના ઉદયવાળા ભવનવાસી દેવ.

અસુરેન્દ્રો :અધોલોકવાસી દેવોના ઈન્દ્રો.

અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય અસુરેન્દ્રો :અધોલોકવાસી દેવોના ઈન્દ્રો.

= જે સૂક્ષ્મ રાગનો અંઈ વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, પકડાતો નથી તે અનુપરિત અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે.

અસુરેન્દ્રો :અધોલોકવાસી દેવોના ઈન્દ્રો

અવસર્પિણી કાળ :જે કાળમાં આયુ, કાય, સુખ એ બધાં ઘટતાં જાય, એ કાળને અવસર્પિણી કાળ કહે છે.

અસર્વ પ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપરામ :અમુક જ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને, આવરણમં નિમિત્તભૂત કર્મોની ક્ષયોપશમ.

અસર્વ પ્રકારનાં :બધા પ્રકારનાં નહિ, પણ અમુક જ પ્રકારનાં; અપૂર્ણ. (આ અપૂર્ણ સુખ, પરમાર્થે સુખાભાસ હોવા છતાં, તેને સુખ કહેવાની અપારમાર્થિક રૂઢિ છે.)

અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ :અમુક પ્રકારના પદાર્થોના જાણનારા જ્ઞાનને, આવરણમાં નિમિત્તભૂત કર્મોનો, ક્ષયોપશમ.

આસ્રવો :આસ્રવો નિબદ્ધ છે, અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુઃખરૂપ છે અને દુઃખફળરૂપ છે.

અસ્રાતા :વેદના; દુઃખ; અશાંતિ.

અસલ :મૂળ; પ્રાચીન; ઉત્તમ; ખરું; સાચું.

અસુલભ :દુર્લભ

અસ્વતંત્રતા :પરાધીનતા.

અસ્પર્શ :દેહમાં રહ્યા છતાં તે પુદ્ગલની સાથે એકમેક ક્યારેય થતો નથી. હંમેશા જલકમલવત્ અસ્પર્શ છે.

આસ્વાદ્યમાન છે :આસ્વાદ લેવાય છે; અનુભવાય છે.

અસંસાર :સંપૂર્ણ વિરક્ત; જગતના સંબંધનો જેને અભાવ છે તે.

અસંસાર :જગતના સંબંધનો અભાવ; સંપૂર્ણ વિરક્ત

અસંસારી :જગતના સંબંધનો જેને અભાવ છે તેવું; સંપૂર્ણ વિરક્ત.

અસહજ :અસ્વાભાવિક; કૃત્રિમ; બનાવટી; (૨) અસ્વાભાવિક

અસહસ :અનંતર

અસહાય :નિરાશ્રિત (૨) કોઈની સહાય વિના. (૩) બીજાની સહાય વગર; સ્વતંત્ર (૪) એક એક વસ્તુમાં નહિ વ્યાપતું; સમસ્ત વસ્તુઓમાં વ્યાપતું. (૫) પહેલાં એકને જાણે ને પછી બીજાને જાણે એવું છે નહિ. તે સમસ્ત વસ્તુઓમાં યુગપત્ એક સાથે વ્યાપે છે અને તેથી તે અસહાય છે. આ અસહાયની વ્યાખ્યા કરી શું ? કે પહેલાં એકને જાણે ને પછી બીજાને જાણે એવું કેવળજ્ઞાન છે નહિ, માટે તે અસહાય છે. (૬) કોઈની સહાય વિના

અસહાયપણે :કોઈની સહાય વિના; કોઈની મદદ વિના.

અસહાયરૂપ :સ્વતંત્ર.

અસાતા વેદનીયના આસ્રવનું કારણ :પોતામાં અને પરમાં અને બન્નેના વિષયમાં સ્થિત દુઃખ, શોક, તાપ, આક્રંદન, વધ, અને પરિદેવના તે અસાતાવેદનીય કર્માસ્રવનાં કારણો છે. (a) દુઃખ = પીડારૂપ પરિણામો વિશેષને દુઃખ કહે છે. (b) શોક = પોતાને લાભદાયક લાગતા પદાર્થનો વિયોગ થતાં વિકળતા થવી તે શોક છે. (c) તાપ = સંસારમાં પોતાની નિંદા વગેરે થતાં પશ્ચાત્તાપ થવો તે તાપ છે. (d) આક્રંદન = પશ્ચાતાપથી અશ્રુપાત કરીને રોવું તે આક્રંદન છે. (e) વધ = પ્રાણી વધનો વિયોગ કરવો તે વધ છે. (f) પરિદેવના = સંકલશ પરિણામોના અવલંબનને એવું રૂદન કરવું કે જેથી સાંભળનારના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ જાય તે પરિદેવના છે. બાહ્ય નિમિત્તોને અનસુરીને આસ્રવ કે બંધ થતો નથી, પણ જીવ પોતે જેવા ભાવ કરે તે ભાવને અનુસરીને આસ્રવ અને બંધ થાય છે. જો જીવ પોતે વિકારભાવ કરે તો બંધ થાય અને પોતે વિકારભાવ ન કરે તો બંધ ન થાય.

અસાદન :પર દ્વારા પ્રકાશ થવા યોગ્ય જ્ઞાનને રોકવું તે અસાદન છે.

અસાધ્ય :બેભાન (૨) સાધી ન શકાય તેવું; સિદ્ધ કરી ન શકાય તેવું, જેનો કોઈ ઈલાજ ન થઈ શકે તેવું (રોગ વગેરે)

અસાધારણ :જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું. (૨) વિશેષ; વિશિષ્ટ; ખાસ. (૩) અસામાન્ય; અલૌકિક. (૪) અનેરો; અચલાયમાન. (૬) બીજી ચીજમાં ન હોય એવા. (૭) જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું.

અસાધારણ ધર્મો :દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ, આત્માના અસાધારણ ધર્મો છે.

અસાંપ્રતિક :અતાત્કાલિક; વર્તમાનકાલીન નહિ એવા; અતીત-અનાગત.

અસામાન્ય :અદ્‌ભુત; અપૂર્વ; સુંદર; મનોહર; ઘણું રૂપાળું.

અસાર :હિતકારી; અહિતકારી દુઃખ જાણવું. (૨) અહિતકારી; અહિતકારી દુઃખ જોવું પરને જાણતાં સાચું જ્ઞાન અને સાચું સુખ થાય નહિ. (૩) અહિતકારી; દુઃખ.

અસાવધાની :ગાફેલ; બેદરકાર; સચેત નહિ; અજ્ઞાનપણું; મોહ સ્વભાવની સાવધાની. (૨) મોહ. (૩) પ્રમાદને લઈને કાળજી ન રાખવી.

અસિકર્મ :જે તરવાર વગેરે આયુધ ધારણ કરી આજીવિકા કરે તે અસિકર્મ.

અસિધારા :તલવારની ધાર.

અસિપત્રવન :નરકનું એક વન; જ્યાં પાંદડાં આપણા ઉપર પડે તો તલવારની પેઠે અંગ છેદે.

અસીમ :અનંત (૨) અમર્યાદ; હદ વિનાનું; બેહદ; પુષ્કળ; અપાર; ઘણું જ ઘણું.

અહં :હુંકાર; હું પણું; અહંકાર.

અહંકાર :હું છું એ પ્રકારનો ખ્યાલ; આત્મભાન; ગર્વ; મગરૂરી; અભિમાન; (૨) હું પણું (૩) ઉતાવળે જવાબ આપવો તે અહંકાર છે. (૫) હું પણું, મમકાર; મારાપણું. (૬) 'હુ' પણું

અહંકાર અને મમકાર :અહંકાર એટલે પરને હું કરી શકું છું અને મમકાર એટલે પરવસ્તુ મારી છે.

અહંકાર જન્ય :અવિદ્યાજન્ય; અજ્ઞાનજન્ય. (પુણ્ય અને પાપમાં તફાવત હોવાનો મત, અહંકારજન્ય-અવિદ્યાજન્ય-અજ્ઞાનજન્ય છે.) (૨) અવિદ્યાજન્ય; અજ્ઞાનજન્ય.

અહંકારિક તફાવત :પુણ્ય અને પાપમાં તફાવત હોવાનો મત, અહંકારજન્ય **અહેતુ** :અકારણ; જેનુ કોઈ કારણ નથી એવા.

અહેતુક :જેનું કોઈ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.

અહેતુક-સ્વહેતુક :ભાઈ ! એક સમયની પર્યાયમાં રાગ-અશુદ્ધતા જે થઈ છે, તે સત્ છે અને નથી. અહેતુક છે, એમ પંચાસ્તિકાયમાં સિદ્ધ કર્યું છે. એ રાગ અશુદ્ધતા (સ્વભાવના લક્ષે નહિ પણ) પરના લક્ષે થઈ છે, એમ બતાવવા એને સ્વપરહેતુક કહી છે. અને પછી ત્રિકાળ વસ્તુમાં એ રાગ-અશુદ્ધતા નથી, તથા પર્યાયમાં એક સમયના સંબંધે છે તે કાઢી નાખવા જવી છે તે અપેક્ષાએ, તેને કર્મજન્ય ઉપાધિ કહી છે. અહા ! એકવાર કહે છે કે, અશુદ્ધતા સ્વયં પોતાથી છે, પછી કહે કે તે સ્વ પર હેતુથી છે અને વળી કહે કે એકલી કર્મજન્ય છે !!! ભાઈ, જે અપેક્ષાએ જ્યાં જે કહ્યું હોય, તે અપેક્ષાએ ત્યાં તે સમજવું જોઈએ. શ્રીમદે પણ કહ્યું છે કે

'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'

ભાઈ ! જે અપેક્ષા હોય, તે અપેક્ષાથી જ્ઞાન કરવાને બદલે, બીજી અપેક્ષા ઓળખવા-ગોતવા જઈશ, તો સત્ય નહીં મળે. ઉત્પાદ વ્યય ધ્રોવ્ય યુક્તમ્ સત્ એમ સિદ્ધ કરવું હોય, ત્યાં રાગનો મિથ્યાત્વાદિનો ઉત્પાદ, દ્રવ્યની પર્યાયમં છે. અને તે પોતાથી સત્ છે. એમ કહે છે, સત્ છે માટે તેને પર કારકની અપેક્ષા નથી. એ જ વાત પંચાસ્તિકાયની ગાથા કરતાં કહી છે કે- 'જે સંસારની પર્યાય છે તે પર કારકની અપેક્ષા વિના સ્વતઃ જીવની પર્યાય છે.' તે કાંઈ પરથી થઈ છે એમ નથી. હવે તે મિથ્યાત્વાદિનો સંસારભાવ છે, તે વિભાવ છે. એ વિભાવ છે તે સ્વરૂપના લક્ષે ન થાય, પરંતુ પરના લક્ષે જ થાય. તેથી તેને, સ્વપર હેતુક કહેવામાં આવે છે. તથા આ ૫૮ થી ૬૦ ગાથામાં અને પરમાત્મપ્રકાશમાં તે બધાય ભાવોને પુદ્ગલ કહ્યા છે. કળશ ૪૪ માં આવે છે કે આ અનાદિકાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમં વર્ણાદિગાન પુદ્ગલ જ નાચે છે. જીવદ્રવ્યને, એકલા ધ્રુવ ચૈતન્યમાત્ર સ્વભાવથી જોઈએ, તો તે એક-એકલું જ છે. એ જીવદ્રવ્ય એકલું છે તે કેમ નાચે ? ભગવાન આત્માનો કાંઈ નથી. એ બધી પર્યાયોમાં, એ પુદ્ગલનો જ નાચ છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યની અપેક્ષાએ એ સઘળા અન્ય ભાવોમાં એક પુદ્ગલ જ નાચે છે - એમ કહ્યું છે . આ પ્રમાણે આવો ભગવાન જિનદેવનો ઉપેદશ, સ્યાદ્વાદરૂપ છે, અને પ્રમાણ સમજયે જ સમ્યગ્જ્ઞાન છે. જે અપેક્ષાએ આદિ દ્રવ્યમાં નથી અને જે અપેક્ષાએ તેઓ પર્યાયમાં છે. એમ જે ઉપદેશ કર્યો છે તે રીતે યથાર્થ જાણવું જોઈએ. જિનદેવની ઉપદેશમાં તો અપેક્ષાથી કથન છે માટે તે રીતે સમજે તો જ સમ્યગજ્ઞાન છે.

અહંત્વ :હું પણું; અહંકાર

અહેતુવત :અકારણવત

અહંતા :અહંકાર.

અહંબુદ્ધિ :હું પદ; અજ્ઞાન; હું કરું છું એવી મગરૂરી ભરેલી સમઝ. (૨) મમત્વભાવ

અહંભાવ :હુંપદ; અહંપણાભાવ અહંકાર; મૂઢતા; મમત્વભાવ; હું દેહસ્વરૂપ છું, હું કર્મસ્વરૂપ છું, હું મનુષ્ય છું, હું કૃશ છું, હું સ્થૂલ છે, હું ગોરો છું, હું શ્યામ છું, હું વૈશ્ય આદિ છું, હું બ્રાહ્મણ છું, હું અવિદ્વાન છું, હું વિદ્વાન છું, હું નિર્ધન છું, હું ધનવાન છું, ઈત્યાદિ પ્રકારે મનુષ્યોનું જે ચિંતન તે અહંકાર કહેવાય છે. તત્ત્વજ્ઞાનતરંગિણી. (૨) મમત્વભાવ (૩) હું પણાનો ભાવ. (૪) પરને પોતે માનવું. (૫) મમત્વભાવ.

અહર્નિશ :હંમેશ; હરસમય.

અહાનિવૃદ્ધિ :વૃદ્ધિહાનિ રહિત; એકસરખું.

આહારક શરીર :આહારક શરીર પ્રકૃતિ સાતમા કે આઠમા ગુણસ્થાને બંધાય છે તે છઠ્ઠા ગુણસ્થાને ઉદયમાં આવે છે. કોઈ જીવ ક્ષપકશ્રેણી વખતે આહારક શરીર બાંધે ને સીધો કેવળ જ્ઞાન પામે, છઠ્ઠે ગુણસ્થાને પાછો આવે જ નહિ એટલે તેને આહારક શરીરની રચનાનો પ્રસંગ ન આવે. છઠ્ઠા ગુણ સ્થાને આહારક શરીરની રચનાવાળા મુનિવરો એક સાથે વધુમાં વધું ૫૪ (ચોપન) હોય છે.

અહિત :બૂરું.

અહિતહેતુ :ગેરલાભનું કારણ.

અહિયાસવા :સહન કરવા.

અહિંસા :રાગાદિ વિભાવભાવોનો અભાવ તે અહિંસા. (૨) અહિંસાના બે પ્રકાર છે, ભાવહિંસા અને દ્રવ્યહિંસા.(a) ભાવહિંસા=જે રાગદ્વેષથી, ક્રોધ, માન, માયા, લોભાદિથી અથવા પ્રમાદભાવથી, આત્માના શુદ્ધ શાંત ભાવનો ઘાત થાય છે તે ભાવોને ભાવહિંસા કહે છે. (b) દ્રવ્યહિંસા=જ્યારે ક્રોધવશ કોઈને મારે પીટે છે અથવા હાનિ પહોંચાડે છે, ત્યારે દ્રવ્યહિંસા થાય છે. ભાવહિંસા દ્રવ્યહિંસાનું કારણ છે. (c) સંકલ્પી હિંસા=જે પ્રાણાઘાત હિંસાના સંકલ્પપૂર્વક કરવામાં આવે છે તે સંકલ્પી હિંસા છે. જેમ કે, પશુને ધર્મના નામે કાપવાં, શિકાર કરવો, માંસાહાર માટે પશુઓ કાપવાં આદિ. (d) આરંભી હિંસા=જે ગૃહસ્થીને, આવશ્યક સંસારી કાર્યોમાં કરવી પડે છે. ત્યાં હિંસા કરવાનો સંકલ્પ હોતો નથી. આરંભી હિંસાના ત્રણ ભેદ છે :-

(a) ઉદ્યમી હિંસા=જે આજિવિકા-સાધનના હેતુ અસિકર્મ (શસ્ત્રકર્મ), મસિકર્મ (લખવું તે), કૃષિકર્મ (ખેતી) વાણિજ્યકર્મ (વેપાર) શિલ્પકર્મ અને વિદ્યાકર્મ (કળાસંગીત), એ છ પ્રકારનાં કામો કરતાં હિંસા થાય છે, તે ઉદ્યમી હિંસા. (b) ગૃહારંભી હિંસા=જે ઘરમાં આહાર-પાન તૈયાર કરવામાં તથા મકાન, બાગ, કૂવા ખોદાવવામાં હિંસા થાય છે તે. (c) વિરોધી હિંસા=દુષ્ટો દ્વારા અથવા શત્રુ દ્વારા આક્રમણ કરવામાં આવે, ત્યારે પોતાની, પોતાના કુટુમ્બ, માલની, દેશની રક્ષા માટે થાય છે. (૩) રાગથી લાભ માનવો એ તો ચૈતન્યપ્રભુનો અનાદર છે. અહિંસાને ધર્મ કહ્યો છે તે અહિંસા એટલે રાગાદિની ઉત્પત્તિ ન થવી તે વીતરાગી અહિંસાધર્મ છે. પરની દયાનો ભાવ તે રાગ છે, એ રાગથી સ્વની હિંસા થાય છે. અહાહા ! આવી વાત પાત્ર વિના કોને બેસે ? (૪) નિશ્ચયથી રાગાદિના અભાવને અહિંસા કહે છે. રાગાદિની ઉત્પત્તિ નિશ્ચય હિંસા છે. કારણકે તેથી શુદ્ધ પ્રાણો (જ્ઞાન-દર્શન આદિ)નો ઘાત થાય છે. એમ જાણી રાગાદિ પરિણામરપ નિશ્ચય હિંસા તાજ્ય છે. રાગાદિ ભાવોના અભવને આગમમાં અહિંસા કહી છે. અને એ રાગાદિ પરિણામોની ઉત્પત્તિ થવી તે નિશ્ચય હિંસા છે એમ ભગવાને કહ્યું છે. (૫) વાસ્તવિક અહિંસા તો વિકારી પરિણામને જુદા પાડીને- તેનું ભેદજ્ઞાન કરીને સ્વભાવમાં ઠરવું તે છે. (૬) ભગવાન આત્મા અનંત ગુણનો અભેદ એક પિંડ પ્રભુ છે એની સન્મુખ થતાં જે નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય તેને ભગવાન અહિંસા કહે છે. અને પરદ્રવ્યના લક્ષે થતી શુભ કે અશુભ રાગની ઉત્પત્તિને હિંસા કહે છે.

અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર :બંધ, વધ, છેદ, ઘણો ભાર લાદવો અને અન્નપાનનો વિરોધ કરવો એ પાંચ અહિંસા અણુવ્રતના અતિચાર છે. (૨) બંધ, વધ, છેદ, ઘણો ભાર લાદવો અને અન્યપાનનો નિરોધ કરવો,-એ પાંચ અહિંસા અણુવ્રતના અતિચાર છે. (a) બંધ = પ્રાણીઓને, ઈચ્છિત સ્થાનમાં જતાં રોકવા માટે રસ્સી વગેરેથી બાંધવા, તે. (b) વધ = પ્રાણીઓને, લાકડી વગેરેથી મારવું તે. (c) છેદ = પ્રાણીઓના, નાક-કાન વગેરે અંગો છેદવા, તે. (d) અતિભાર-આરોપણ = પ્રાણીની શક્તિથી, અધિક ભાર લાદવો, તે. (e) અન્નપાન નિરોધ = પ્રાણીઓને, વખતસર ખાવા-પીવા ન દેવું તે. (૩) છેદન અર્થાત્ કાન, નાક, હાથ વગેરે કાપવા,તાડન અર્થાત્ લાકડી, ચાબૂક, આર વગેરેથી મારવું, બંધ અર્થાત્ એક જગ્યાએ બાંધીને રોકી રાખવું, અધિક ભાર લાદવો તથા યોગ્ય સમયે ઘાસચારો, પાણી વગેરે ન આપવાં - એ અહિંસવ્રતનાં પાંચ અતિચારો છે.

અહિંસા વ્રતની પાંચ ભાવનાઓ :(૧) વચન ગુપ્તિ, (૨) મનો ગુપ્તિ, (૩) ઈર્યા સમિતિ, (૪) આદાન નિક્ષેપણ સમિતિ, (૫) આલોકિત-પાન. ભોજન-દેખી તપાસીને, ભોજન ન કરવું.

અહિંસા-હિંસાનું નિશ્ચય લક્ષણ :પોતાના શુદ્ધોપયોગરૂપ પ્રાણોનો ઘાત રાગાદિ થાય છે. માટે રાગાદિ ભાવોનો અભાવ તે જ અહિંસા. આદિ શબ્દથી દ્વેષ, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, જુગુપ્સા, પ્રમાદાદિ, સમસ્ત વિભાવભાવ જાણવા. તેનાં લક્ષણ કહીએ છીએ. પોતાને કાંઈક ઈષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહીએ, પોતાને અનિષ્ટ જાણી અપ્રીતિરૂપ પરિણામ તેને દ્વેષ કહીએ. પર દ્રવ્યના મમત્વરૂપ પરિણામ તેને મોહ કહીએ, મૈથુનરૂપ પરિણામને કામ કહીએ, આણે અયોગ્ય કર્યું એમ જી પરને દુઃખદાયક પરિણામ તેને ક્રોધ કહીએ, બીજા કરતાં પોતાને મોટો માનવો તેને માન કહીએ, મન, વચન, કાયા એકતાનો અભાવ તેને માયા

કહીએ,પરદ્રવ્ય સાથે સંબંધ કરવાથી ઈચ્છારૂપ પરિણામને લોભ કહીએ, ભલી અથવા બૂરી ચેષ્ટા જોઈને વિકસિત પરિણામ તે હાસ્ય કહીએ, પોતાને દુઃખદાયક જાણી ડરરૂપ પરિણામ તેને ભય કહીએ, પોતાને ઈષ્ટનો અભાવ થતાં આર્તરૂપ પરિણામ તેને શોક કહીએ, ગ્લાનિરૂપ પરણિામને જુગુપ્સા કહીએ. કલ્યાણકારી કાર્યમાં અનાદરને પ્રમાદ કહીએ. ઈર્ષ્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે. જે ન થાય એ જ અહિંસા. જે રાગાદિભાવોનું ઊપજવું તે જ હિંસા. એવું જૈન સિદ્ધાંતનું રહસ્ય છે. જૈન સિદ્ધાંતનો વિસ્તાર તા અ ધો ધ છે, પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું જ છે કે ધર્મનું લક્ષણ અહિંસા, રાગાદિ ભાવોનો અભાવ થવો તે અહિંસા તેથી જેમ બને તેમ, જેટલો બને તેટલો રાગાદિ ભાવોનો નાશ કરવો. જે જ અબ્ધ ગ્રંથોમાં કહ્યું છે.

અહોરાત્ર :દિવસ.

આ આત્મા કોણ છે ? :પ્રથમ તો આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે, વ્યાપ્ત અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો, તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ, તે પ્રમાણ પૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મ દ્રવ્ય) પ્રમેય થાય છે, (જણાય છે). (a) તે આત્મદ્રવ્ય, કલ્પનયે પરમાત્રની માફક, ચિન્માત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે, તેમ. (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે.) (b) આત્મદ્રવ્ય, પર્યાયનયે તંતુમાત્રન

માફક, દર્શન જ્ઞાનાદિ માત્ર છે. (અર્થાત આત્મા પર્યાયનયે, દર્શનજ્ઞાન ચારિત્રાદિ માત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે, તેમ). (c) આત્મદ્રવ્ય, અસ્તિત્વનયે સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે; - લોહમય, દોરીને કામદાતા અંતચળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર, સ્વદ્રવ્યથી લોહમય છે; સ્વક્ષેત્રથી દોરી અને કામકરતા વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન દશામાં છે, અર્થાત્ આસન્નભવ્ય મહાત્મા = શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્ય દેવ.

આસાદન :પર દ્વારા પ્રકાશ થવા યોગ્ય જ્ઞાનને રોકવું તે આસાદન છે.

આકરગ્રંથ :સંદર્ભગ્રંથ.

આકંદન :પશ્ચાત્તાપથી અશ્રુપાત કરીને રોવું, તે આકંદન છે.

આક્રમવું :પહોંચી વળવું. (૨) પહોંચીવળીને

આકર્ષણ :રુચિ (૨) ખેંચાણ; બહારથી ખેંચાઈ આવવું; બહારથી અંદર આવવું. આવવું-જવું.

આકરા :ભારે; તીવ્ર.

આક્રાંત :અંકુરરૂપ થઈ, વૃક્ષરૂપે વૃદ્ધિ પામવી. (૨) ઉપસર્ગ;જેના ઉપર હુમલા કરવામાં આવ્યો છે, તેવું; આક્રમિત; (૩) જેના પર હુમલો કરવામાં આવ્યો છે તેવું; આક્રમિત; ચારે બાજુથી ઘેરાઈ ગયેલું; પરાશ્ત કરેલું; (૪) ઘેરાયેલ.

આક્રોશ :બુમબરાડા પાડવા. (૨) ગુસ્સે થવું; ગાળો દેવી, ઠપકો આપવો.

આકુલ-વ્યાકુલ :અત્યંત બેબાકળું; ખળભળી ઊઠેલું; એકબીજામાં ગુંથવાઈ ગયેલું; ઘેરાઈ ગયેલું; ખૂબ આકુળ.

આકુળ :અસર પામેલું; ઘેરાયેલું; રોકાયેલું; ખળભળી ઉઠેલું; વીખરાયેલું; (૨) ભરપૂર; ભરચક; પૂર્ણ. (૩) અસર પામેલું; (૪) દુઃખરૂપ; અશાંતિરૂપ.

આકુળતા :ક્ષોભ; દુઃખ. (૨) શુભ અને અશુભ લાગણીનું પોતામાં ઉત્થાન થવું, તે જ આકુળતા અને દુઃખ છે. (૩) અશાંતિ. (૪) ચિંતા; કલેશ. (૫) પર વસ્તુની ઈચ્છા કરી અને પરને ભોગવવાના ભાવ કર્યા તેમ આકુળતા છે; પોતાને ભૂલીને પરમાં જોડાવું, તેમાં રતિ માનવી તે જ આકુળતા છે અને દુઃખમય ભાવ છે. (૬) વળી કોઈ પર વસ્તુ અનુકૂળ છે ને કોઈ પ્રતિકૂળ એવી માન્યતાથી આકુળતા થાય છે. શરીર સારું રહે તો ઠીક એમ અનેરા પદાર્થોને પોતાને અનુકૂળ પરિણમાવવા માગે છે પણ તે પોતાને આધીન નથી. ઊંધી માન્યતા વડે અનેરા પદાર્થોને અનેરાં અનેરાં રૂપે પરિણમાવવા માગે છે. પણ અનંતા પદાર્થોનો હું જ્ઞાતા છું એ વાત બેસતી નથી, મારો જ્ઞાન સ્વભાવ અનંતા પદાર્થોને જાણવાનો છે. કોઈ પણ પર પદાર્થને પલટાવવાનો મારો અધિકાર નથી. આ એક જ આકુળતા મટાડવાનો ઉપાય છે.પણ અજ્ઞાની જીવ ઈચ્છે છે કે આ આવે તો ઠીક ને આ ચાલ્યો જાય તો ઠીક, પણ પર પદાર્થો તેના ધાર્યા પ્રમાણે પરિણમતા નથી ને તેથી આકુળતા મટતી નથી,

કાં તો પોતે મિથ્યાત્વ રાગ દ્વેષ ટાળે, કાં તો પર દ્રવ્યો પોતાની ઈચ્છાને આધીન પરિણમે તો આકુળતા ટળે પણ પર દ્રવ્યો તેને આધીન પરિણમતાં નથી. સર્વ કાર્યો આની ઈચ્છા અનુસાર થાય તો નિરાકુળતા થાય, પણ એમ બનતું નથી, કારણ કે કોઈપણ પર દ્રવ્યનું પરિણમન આને આધીન નથી, આત્માને આધીન શરીરની અવસ્થા નથી. માટે પરને પલટાવવા તે આકુળતા મટવાનો ઉપાય નથી પણ સ્વલક્ષ કરે ને પરનો જ્ઞાતા રહે તો આકુળતા મટે. વળી આકુળતાનું વધવું-ઘટવું સામગ્રીને આધીન નથી. મિથ્યાત્વ, રાગ-દ્વેષ વધારે કરે તો આકુળતા વધારે છે ને ઓછાં કરે તો આકુળતા ઓછી છે. અહીં કહે છે કે પુણ્ય તો સોજા સમાન છે. પુણ્યને લીધે સુખ નથી. આકુળતા તે દુઃખનું કારણ છે. સંયોગો સુખ-દુઃખનું કારણ નથી. આકુળતા પોતે કર્તા થઈને કરે છે છતાં સહજ થઈ આવે છે એમ માને છે તે ભ્રમણા છે. આકુળતા કાર્ય છે. તે કર્તા વિના ન હોય. આકુળતાનો કર્તા આત્મા છે, તે કરે છે તો થાય છે. જીવે શાંતિ રાખવી જોઈએ. પ્રતિકૂળ સંયોગોને જાણવા જોઈએ. તેને બદલે કલ્પના કરે છે. એ દુઃખનું કારણ છે. મોક્ષ એટલે પ્રગટ પૂર્ણ આનંદ દશા. તેમાં જરા પણ આકુળતા નથી. માટે ત્યાં આકુળતા મટાડવાના ઉપાય કરવાનું પ્રયોજન નથી. મોક્ષનો ઉપાય તે જ આકુળતા ટાળવાનો ઉપાય છે. ચિદાનંદસ્વરૂપ આત્મામાંથી શાંત પ્રગટે છે તે સુખ છે, માટે મોક્ષદશા હિતકારી છે. આ વાત નક્કી કરવી.

આકુળતામય :દુઃખરૂપ; અપવિત્ર; ગંદા; મેલા;

આકુળ વ્યાકુળ :અસ્વસ્થ; ખૂબ ગભરાયેલું. (૨) અત્યંત આકુળ; બેબાકળુ.

આક્ષેપ :આડંબર

આકાંક્ષા :ઈચ્છા (૨) આકુળતા. (૩) જિજ્ઞાસા. (૪) અભિલાષા; (૫) સ્પૃહા

આકાંક્ષા મોહનીય :મિથ્યાત્વ મોહનીયનો એક પ્રકાર; સંસાર સુખની ઈચ્છા કરવી.

આકાર :પ્રતિબિંબ (૨) સ્વરૂપ (૩) આકાર, એ પ્રદેશત્વ ગુણનો વ્યંજન પર્યાય છે, તેથી તે દ્રવ્યના પૂરા ભાગમાં હોય છે. દ્રવ્યની માત્ર બાહ્યકૃતિને, આકાર કહેવાય નહિ.પણ તેના કદને, આકાર કહેવાય. (૪) પરિણામ. (૫) જ્ઞાન અમૂર્તિક આત્માનો ગુણ છે, તેમાં જ્ઞેય પદાર્થનો આકાર ઊતરતો નથી. માત્ર વિશેષ પદાર્થ તેમાં ભાસવા લાગે છે. જેને આકૃતિ માનવી એ મતલબ છે. ઊંરાંશ-જ્ઞાનમાં પરપદાર્થની આકૃતિ વાસ્તવિક રીતે માની શકાય નહિ, પરંતુ જ્ઞાન-જ્ઞેય સંબંધના કારણે જ્ઞેયનો આકૃતિધર્મ ઉપચાર નયથી જ્ઞાનમાં કલ્પિત કરવામાં આવે છે, તે ઉપચારનું કારણ એટલું જ સમજવું કે પદાર્થની વિશેષ આકૃતિ નક્કી કરનાર જે ચૈતન્ય પરિણામ છે તે જ્ઞાન કહેવાય છે, પણ તે પદાર્થના વિશેષ આકાર તુલ્ય જ્ઞાન સ્વયં થઈ જાય છે એવો આકારનો અર્થ નથી. (૭) સ્વ અને પર સંબંધીનું વિશેષ જ્ઞાન થાય તેને અહીં આકાર કહેલ છે. સ્વ અને પર બે ભિન્ન ભિન્ન પ્રકાશનારી જ્ઞાનની પરિણતિને અંશ આકાર કહેલ છે. જ્ઞેયાકારોને જાણવાપણે જ્ઞાનનું વિશેષરૂપે પરિણમન થવું તેને અહીં આકાર કહેવામાં આવેલ છે. (૮) અર્થવિકલ્પને આકાર કહે છે. સ્વ-પર પદાર્થને અર્થ કહેવામાં આવે છે, ઉપયોગાવસ્થાને વિકલ્પ કહે છે અને તે જ્ઞાનનું લક્ષણ છે. આત્મા અથવા બીજા પદાર્થોનું ઉપયોગાત્મક ભેદવિજ્ઞાન થવું તેને જ આકાર રહે છે. પદાર્થોના ભેદાભેદને માટે થયેલા નિશ્ચતાભેદ બોધને જ આકાર કહે છે. અર્થાત્ પદાર્થોનું જોવું તે જ આકાર કહેવાય છે અને તે જ્ઞાનનું સ્વરૂપ છે.

આકારપણે :જાણવાપણે.

આકારાન્તર :અન્ય આકાર.

આકાશ :એક ચંદ્ર, અઠ્ઠાવીસ નક્ષત્ર, અઠ્ઠાસી ગ્રહ, ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા, આકાશમાં દેખાય છે. (૨) જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાને સ્થાન આપે છે તેને આકાશ દ્રવ્ય કહે છે. (૩) આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. (૪) આકાશમાં પણ અવગાહ હેતુત્વ ગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે. (૫) લોકમાં જીવોને અને પુદ્ગલોને, તેમજ બધાં બાકીનાં દ્રવ્યોને. જે સંપૂર્ણ અવકાશ આપે છે, તે આકાશ છે. નિશ્ચયનયે નિત્ય નિરંજન-જ્ઞાનમય પરમાનંદ જેમનું એક લક્ષણ છે,એવા અનંતાનંત જીવો, તેમનાથી અનંતગુણાં પુદ્ગલો, અસંખ્ય કાળાણુંઓ અને અસંખ્ય પ્રદેશી ધર્મ તથા અધર્મ - એ બધાંય દ્રવ્યો, વિશિષ્ટ અવગાહગુણ વડે લોકાકાશમાં - જો કે તે લોકાકાશ

માત્ર અસંખ્ય પ્રદેશી જ છે, તો પણ - અવકાશ મેળવે છે. ષટ્ દ્રવ્યાત્મ લોકમાં, બધાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરાં અવકાશનું નિમિત્ત છે, તે આકાશ છે - કે જે (આકાશ) વિશુદ્ધક્ષેત્રરૂપ છે. જીવો, પુદ્ગલકાયો, ધર્મ અને અધર્મ તેમજ કાળ, લોકથી અનન્ય છે; અંતરહિત એવું આકાશ તેનાથી (લોકથી), અનન્ય તેમજ અન્ય છે. આ લોકની બહાર, પણ આકાશ હોવાની સૂચના છે. જીવ વગેરે બાકીનાં દ્રવ્યો (આકાશ સિવાયનાં દ્રવ્યો), મર્યાદિત પરિમાણવાળાં હોવાને લીધે, લોકથી અનન્ય જ છે; આકાશ તો અનંત હોવાને લીધે, લોકથી અનન્ય તેમજ અન્ય છે. * અહીં જોકે સામાન્યપણે પદાર્થોનું લોકથી અનન્યપણું કહ્યું છે, તો પણ નિશ્ચયથી અમૂર્તપણું, કેવળજ્ઞાનપણું, સહજપરમાનંદપણુ, નિત્યનિરંજનપણું ઈત્યાદિ, લક્ષણો વડે જીવોનું ઈતર દ્રવ્યોથી અનન્યપણું છે, અને પોત-પોતાનાં લક્ષણો વડે ઈતર દ્રવ્યોનું ભિન્નપણું છે, એમ સમજવું.

આકાશ ક્યાં છે ? :આકાશ સર્વવ્યાપી છે.

આકાશ દ્રવ્ય :જે, જીવાદિક પાંચે દ્રવ્યોને રહેવાને માટે જગ્યા આપે, તે આકાશદ્રવ્ય છે. (૨) જીવ,અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળદ્રવ્ય આ પાંચ દ્રવ્યોને અવકાશદાન (અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ છે. અરૂપીને સર્વ વ્યાપક એવો આકાશ નામનો એક પદાર્થ છે. પોતાના સિવાય બાકીનાં પાંચ દ્રવ્યોને અવકાશ દેવો તે તેનું વિશેષ લક્ષણ છે. આ રીતે અનંત સર્વવ્યાપી અરૂપી આકાશ દ્રવ્ય કહ્યું. (૩) આકાશ દ્રવ્ય, ધર્મ દ્રવ્ય અને અધર્મ દ્રવ્ય એક એક છે. જીવ દ્રવ્ય અનંત છે, પુદ્ગલ દ્રવ્ય અનંતાનંદ છે અને કાલદ્રવ્ય અસંખ્યાત અણુરૂપ છે વળી એ ધર્મદ્રવ્ય, અધર્મ દ્રવ્ય અને આકાશ દ્રવ્ય ક્રિયા રહિત છે, અર્થાત્ તેઓ એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત થતાં નથી. ક્રિયા શબ્દના ઘણા અર્થ થાય છે. જેમ કે - ગુણની અરિણતિ, પર્યાય, એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે ગમન. આ અર્થમાંથી છેલ્લો અર્થ અહીં લાગુ પડે છે. કાલ દ્રવ્ય પણ ક્ષેત્ર ગમનાગમનરહિત છે. • ઉત્પાદ વ્યયરૂપ ક્રિયા દરેક દ્રવ્યમાં સમયે સમયે હોય છે, તે આ દ્રવ્યોમાં પણ છે એમ સમજવું. • દ્રવ્યોમાં ભાવવત અને ક્રિયાવત એમ બે પ્રકારની શક્તિઓ છે; તેમાં ભાવવતી શક્તિ બધા દ્રવ્યોમાં છે અને તેથી તે શક્તિનું પરિણમન-ઉત્પાદ વ્યય દરેક દ્રવ્યમાં દ્રવ્યપણું ટકીને થાય છે. ચક્રિયાવતી શક્તિ જીવ અને પુદ્ગલ એ બે જ દ્રવ્યોમાં છે; તે બન્ને એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જાય છે; પણ તેમાં વિશિષ્ટતા એટલી છે કે જીવ વિકારી હોય ત્યારે અને સિદ્ધગતિમાં જતી વખતે ક્રિયાવાન બને છે અને સિદ્ધગતિમાં તે સ્થિરપણું રહે છે. (સિદ્ધગતિમાં જતી વખતે જીવ એક સમયમાં સાત રાજુ જાય છે.) સૂક્ષ્મ પુદ્ગલો પણ શીઘ્ર ગતિએ એક સમયમાં ચૌદ રાજલોક જાય છે એટલે પુદ્ગલમાં મુખ્યપણે હલનચલનરૂપ ક્રિયા છે, જ્યારે જીવ -દ્રવ્યમાં સંસારી અવસ્થામાં કોઈ કોઈ વખતે હલનચલનરૂપ ક્રિયા થાય છે. (૪) જે જીવાદિ પાંચે દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે તેને આકાશ દ્રવ્ય કહે છે. આકાશદ્રવ્ય સર્વવ્યાપક છે, સર્વત્ર છે. આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. લોકાકાશ તથા અલોકાકાશ તેના ભેદ છે. (૫) જીવાદિ સમસ્ત દ્રવ્યોને અવકાશ. આપનાર દ્રવ્ય. (૬) જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાને સ્થાન આપે છે, તેને આકાશદ્રવ્ય કહે છે. લોકાકાશ અને અલોકાકાશ, એવા તેના બે ભાગ છે. અનંતાઅનંત પ્રદેશી છે. (૭) જીવાદિ સમસ્ત દ્રવ્યો, જેના નિમિત્તે અવગાહ (અવકાશ) પામે છે એવું કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકાલોકવ્યાપી આકાશ છે.

આકાશ પ્રદેશ :એક પરમાણુ પ્રદેશ જેવડા આકાશના ભાગને (ક્ષેત્રને) 'આકાશપ્રદેશ' કહેવામાં આવે છે. આ આકાશપ્રદેશ તે ક્ષેત્રનો એકમ છે. (ગણતરી માટે કોઈ વસ્તુના જેટલા પરિમાણને એક માપ સ્વીકારવામાં આવે, તેટલા પરિમાણને તે વસ્તુનો એક કહેવામાં આવે છે.) (૨) એક પરમાણુ, જેટલા આકાશમાં રહે તેટલા આકાશને,'આકાશ-પ્રદેશ', એવા નામથી કહેવામાં આવ્યું છે. તે એક (આકાશપ્રદેશ) પણ, બાકીનાં પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા, અનંત પરમાણુઓના સ્કંધોને અવકાશ દેવાને સમર્થ છે. આકાશ અવિભાગ (અખંડ), એક દ્રવ્ય હોવા છતાં, તેમાં (પ્રદેશોરૂપ) અંશ કલ્પના થઈ શકે છે, કારણ કે, જો એમ ન હોય તો, સર્વ પરમાણુઓને અવકાશ દેવાનું બને નહિ.

આકાશ, દ્રવ્યનો વિશેષ ગુણ :આકાશદ્રવ્યમાં અવગાહન હેતુત્વ વગેરે વિશેષ ગુણ છે.

આકાશદ્રવ્ય :જે જીવાદિક પાંચ દ્રવ્યોને રહેવાને, સ્થાન આપે છે. તેને આકાશ દ્રવ્ય કહે છે. (૨) જેમાં છ દ્રવ્યોનો નિવાસ છે તે સ્થાનને આકાશ કહે છે. જેવી રીતે કોઈ વાસણમાં પાણી ભરીને તેમાં ભસ્મ (રાખ) નાખવામાં આવે તો તે સમાઈ જાય છે, પછી તેમાં ખાંડ નાખવામાં આવે તો તે પણ સમાઈ જાય છે; પછી સોયો નાખવામાં આવે તો તે પણ સમાઈ જાય છે; એવી રીતે આકાશમાં પણ આત્મ અવગાહન શક્તિ છે. જેથી તેમાં સર્વ દ્રવ્યો એકી સાથે રહી શકે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને રોકતું નથી.

આકાશનું લક્ષણ :જેની અંદર સર્વ પદાર્થો આધાર કરીને નિયમથી રહે છે તેને તું આકાશ દ્રવ્ય જાણ, એમ ભગવાન જિનેન્દ્ર કહે છે. લોકાકાશ આધાર છે અને દ્રવ્યો આધેય છે. જોકે સમસ્ત પદાર્થો આકાશમાં એકક્ષેત્રાગાહપણે રહેલાં છે, તો પણ તેઓ આત્માથી અત્યંત ભિન્ન છે. (૨) નિશ્ચયનયે નિત્ય નિરંજન-જ્ઞાનમય પરમાનંદ જેમનું એક લક્ષણ છે એ અનંતાનંત જીવો, તેમનાથી અનંતગુણાં યુદ્ગલો, અસંખ્ય કાળાણુઓ અને અસંખ્ય પ્રદેશી ધર્મ તથા અધર્મ-એ બધાંય દ્રવ્યો વિશિષ્ટ અવગાહગુણ વડે લોકાકાશમાં - જો કે તે લોકાકાશ માત્ર અસંખ્ય પ્રદેશી જ છે તો પણ -અવકાશ મેળવે છે.

આકાશના ભેદ :આકાશ એક જ અખંડ દ્રવ્ય છે; પણ ધર્મ અધર્મ દ્રવ્ય, તેમાં હોવાથી આકાશના બે ભેદ છે - લોકાકાશ એ અલોકાકાશ. જો ધર્મ, અધર્મ દ્રવ્ય લોકમાં ન હોત તો, લોક-અલોક એવા ભેદ જ ન થાત. (૨) આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. લોકકાશ તથા અલોકાકાશ તેના ભેદ છે.

આકાશના ભેદ છે ? :આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. પણ ધર્મ-અધર્મ દ્રવ્ય તેમાં હોવાથી (આકાશના) બે ભેદ છે - લોકાકાશ અને અલોકાકાશ.
જો ધર્મ-અધર્મ દ્રવ્ય લોકમાં ન હોત તો લોક-અલોક એવા ભેદ જ ન થાત.

આકાશનો વિશેષ ગુણ :યુગપદ્ સર્વ દ્રવ્યોને, સાધારણ અગાહનુ હેતુપણું, આકાશનો વિશેષ ગુણ છે. ત્યાં એક જ, કાળે સર્વ દ્રવ્યોને સાધારણ અવગાહનું સંપાદન (અવગાહ હેતુત્વરૂપ લિંગ), આકાશને જણાવે છે કારણ કે બાકીનાં દ્રવ્યો, સર્વગત (સર્વ વ્યાપક) નહિ હોવાથી, તેમને તે સંભવતું નથી.

આકાશાસ્તિકાય :તે અનંત ક્ષેત્રરૂપ અરૂપી પદાર્થ અનાદિ અનંત છે, તે સર્વ વ્યાપક છે. અચેતન છે. તેના બે ભેદ છે (૧) લોકાકાશ, (૨) અલોકાકાશ. અ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, યપુદ્ગલ અને કાલાણુઓ જે જડ અને ચૈતન્ય જે જીવ એ બધાં જેટલા ક્ષેત્રમાં રહેલા છે તેટલા ક્ષેત્રને લોકાકાશ કહે છે. ઈ. લોકાકાશ સિવાયના અનંત આકાશને અલોકાકાશ કહે છે. ઋષ્ટેકો જેમ આકાશ કહે છે તે વાસ્તવિક આકાશ નથી. કારણકે આકાશ દ્રવ્ય તો અરૂપી છે ને જે આ દેખાય છે તે આકાશમાં તો રંગ દેખાય છે, કે જે પરમાણુંની અવસ્થા છે. આકાશને વર્ણ, ગંધ, રસ. સ્પર્શ નથી.

આકાંક્ષા :ઈચ્છા.

આકાશાસ્તિકાય :તે અનંત ક્ષેત્રરૂપી અરૂપી પદાર્થ અનાદિ અનંત છે; તે સર્વ વ્યાપક છે. અચેતન છે.

આકિંચન્ય :નિઃસ્પૃહતા; પરમાં એકત્વબુદ્ધિ અને લીનતાનો અભાવ. (૨) પરિગ્રહ રહિતપણું; અમમત્ત્વ; મમત્વરહિતતા.

આખડી :ફળ મેળવવા માટે ચોક્કસ પ્રકારની કરવામાં આવતી પ્રતિજ્ઞા; બાધા; માનતા; આડી.

આખો :પૂરણ; પૂર્ણ.

આંખો ખેંચાઈ જાય :અચંબો પામે.

આખો લોક :છ દ્રવ્યોથી, આખો લોક સમાપ્ત થાય છે. અર્થાત્ તે દ્રવ્યો, ઉપરાંત બીજું કાંઈ લોકમાં નથી.

આગંતુક :એક સમય પૂરાતા, નવા મહેમાન, સંયોગી ભાવ.

આગતિ :આગમન; પુનર્ભવ. (૨) અન્ય ગતિમાંથી આવવું તે આગતિ છે. (૩) આગલો ભવ. આગતિ.

આગમ :સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે. જે આગમમાં પરની દયાથી ધર્મ મનાવે, અને પરની દયાને સિદ્ધાંતનો સાર કહે, એ જૈન આગમ જ નથી. અહીં તો પૂજા, ભક્તિ, વ્રત, તપ, દાન , ધ્યાન જે વિકલ્પ તે જીવ નથી,

એવું જે અર્હત-પ્રવચને-તે આગમ છે એમ કહ્યું છે. પર જીવની દયા હું પાળી શકું. એવી માન્યતા છે તે મિથ્યાદર્શન છે. અને પરની હું રક્ષા કરું એવો જે વિકલ્પ છે, તે શુભભાવ છે, રાગ છે. એ મિથ્યા માન્યતા અને રાગ છે, તે જીવ નથી એવું જે સર્વજ્ઞનું વચન છે, તે આગમ છે. કોઈ એમ માને કે - બીજા જીવની રક્ષા કરવા માટે, કે બીજા જીવને ન હણવા માટે, ભગવાનની દિવ્યધ્વનિ છૂટી છે, તો તે બરાબર નથી. ભગવાને તો આત્માની પૂર્ણ આનંદની અને વીતરાગી શાન્તિની દશા પ્રગટ કરવા માટે વાણીમાં કહ્યું છે. ભગવાનની દિવ્ય ધ્વનિમાં તો એમ આવ્યું છે, કે પર જીવને તું હણી શકતો જ નથી કે પર જીવની તું રક્ષા પણ કરી શકતો જ નથી. તથા પર જીવની રક્ષા કરવાના જે ભાવ થાય છે, તે રાગ છે. અને રાગ છે તે ખરેખર તો પોતાના આત્માની હિંસા કરનારો પરિણામ છે. પર જીવની દયા પાળવાનો ભાવ રાગ છે, તેથી તે સ્વરૂપની હિંસા કરનારો છે. પુરુષાર્થ સિદ્ધ્યુપાયમાં અમૃતચંદ્ર આચાર્યે, રાગાદિના પ્રાદુર્ભાવને હિંસા કહી છે, અને રાગાદિના અપ્રાદુર્ભાવને, અહિંસા કહી છે, આવો ધોધમાર્ગ છે. અને એ ધોધમાર્ગને કહેનારું વીતરાગ સર્વજ્ઞદેવનું વચન છે, તે આગમ છે. તે આગમમાં રાગને જડસ્વભાવ અજીવ કહ્યો છે, તે જીવને લાભ કેમ કરે ? જીવને જીવનો સ્વભાવ લાભ કરે, પણ રાગાદિ, કદીય લાભ ન કરે. (૨) સર્વજ્ઞ પરમાત્માની વાણી, એ આગમ છે. (૩) જ્ઞાની પુરુષનાં વચનરૂપ શાસ્ત્ર. (૪) આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી, સમસ્ત વસ્તુ-વિસ્તારનું સ્થાપન કરવામાં અથાર્થ એવી ચતુર વચન રચના. (૫) જૈન સિદ્ધાંત. જેમ શરીર સહિત જીવ કાર્યકારી છે, જીવ વિનાનું મૃતક શરીર કંઈ કામનું નથી તેમ જૈન સિદ્ધાંત છે તે વચનાત્મક છે, વચન ક્રમવર્તી છે. તે જે કથન કરે છે તે એક નયની પ્રધાનતાથી કરે છે, પરંતુ જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદિથી વ્યાપ્ત છે. જ્યાં એક નયની પ્રધાનતા છે ત્યાં બીજો નય સાપેક્ષ છે, તેથી જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી કરે છે. અન્ય મતના સિદ્ધાંત એક પક્ષની દૂષિત છે, સ્યાદ્વાદ રહિત છે માટે કાર્યકારી નથી. જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાહરહિત શ્રદ્ધે છે તેને વિપરીત ફળ મળે છે. માટે સ્યાદ્વાદ પરમાગમનના જીવભૂત છે. (ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાંત જીવરૂપ છે.) (૬) ધર્મશાસ્ત્ર; જ્ઞાની પુરુષોનાં વચન. (૭) શાસ્ત્ર; આગમ એટલે આવવું; ભગવાન પાસેથી જે જ્ઞાન આવ્યું તે આગમ કહેવાય છે. (૮) ૐ કારરૂપી દિવ્ય ધ્વનિને સાંભળીને ગણધરો શાસ્ત્રો ગૂંથે છે તેને આગમ કહેવાય છે. (૯) ભગવાનનાં કહેલાં જે શાસ્ત્રો છે તેમાં આગમ અને આધ્યાત્મનાં શાસ્ત્રો છે. ભગવાને કહેલાં જે દ્રવ્યો છે તેનું જેમાં નિરુપણ કરવામાં આવ્યું છે તેને આગમ કહીએ. અનંતા આત્મા છે, અનંતાનંત પુદ્ગલ દ્રવ્યો છે. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને અસંખ્યાત કાલાણુ - આમ જાતિએ છ દ્રવ્યો છે, સંખ્યા એ અનંત છે. આ સર્વનું જેમાં નિરૂપણ છે તે આગમ છે. (૧૦) જ્ઞાનની મર્યાદારૂપ, પૂર્ણ સ્વભાવરૂપ હદ. (૧૧) સુશાસ્ત્ર; સત્શાસ્ત્ર. (૧૨) જેનો પ્રતિપાદન મૂળ પુરુષ આપ્ત હોય તે વચનો જેમાં રહ્યાં છે તે આગમ છે. વિતરાગ દેવના બોધેલા અર્થની યોજના ગણધરોએ કરી ટૂંકામાં મુખ્ય વચનોને લીધાં; તે આગમ, સૂત્ર એ નામથી ઓળખાય છે સિદ્ધાંત, શાસ્ત્રે એ બીજા તેના નામ છે. તીર્થંકર દેવે બાંધેલાં પુસ્તકોની યોજના દ્વાદશાંગીરૂપે ગણધરદેવે કરી,

તે બાર અંગના નામ આ પ્રમાણે છે; (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪)સમવાયાંગ,(૫)ભગવતી,(૬) જ્ઞાનધર્મ કથાંગ, (૬) ઉપાસકદશાં.(૭)અંત-કૃદ્દતકશાંગ,(૮) અનુત્તરૌપયાતિક,(૯) પ્રશ્નવ્યાકરણ, (૧૦) વિપાક અને (૧૧) દષ્ટિવાદ.

આગમ અને અધ્યાત્મ :મૂઢ જીવ આગમ પદ્ધતિને, વ્યવહાર કહે છે અને અધ્યાત્મપદ્ધતિને, નિશ્ચય કહે છે, તેથી તે આગમ અંગને એકાંપણે સાધી, મોક્ષમાર્ગ દર્શાવે છે; અધ્યાત્મઅંગને વ્યવહારથી પણ જાણે નહિ, એ મૂઢદષ્ટિ જીવનો સ્વભાવ છે; તેને એજ પ્રમાણે સૂઝે છે. શાથી ? કારણ કે આગમ-અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ-પ્રમાણ છે. તેનું સ્વરૂપ સાધવું એને સુગમ છે.બાહ્યક્રિયા કરવો થકો મૂઢ જીવ, પોતાને મોક્ષનો અધિકારી માને છે, પણ અંતર્ગભિત અધ્યાત્મક્રિયા, જે અંતદષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયા ને મૂઢ જીવ જાણે નહિ, કારણ અંતદષ્ટિના અભાવથી, અંતરક્રિયા દષ્ટિગોચર આવે

નહિ. અજ્ઞાની દયા-દાન-વ્રત-ભક્તિના ભાવને, આગમનો વ્યવહાર કહે છે, અને જે આત્માનું ત્રિકાળ સ્વરૂપ છે, તેની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિને, અધ્યાત્મ-નિશ્ચય કહે છે. તેથી વ્યવહાર-દયા-દાન,વ્રત-ભક્તિ અને પૂજાના વિકલ્પને સાધી, મોક્ષમાર્ગ માને છે. પરંતુ ત્રિકાળી જ્ઞાયકભાવ, એ નિશ્ચય અને તેની શુદ્ધ પરિણતિ-રાગ વિનાની સમ્યગ્જ્ઞાન, દર્શન-ચારિત્રની વીતરાગ પરિણતિ થવી, તે અધ્યાત્મનો વ્યવહાર છે, એનો મૂઢ જીવને ખ્યાલ નથી.

આગમ કૌશલ્ય :આગમમાં કુશળતા; આગમમાં પ્રવીણતા.

આગમગમ્ય :આગમથી, પ્રમાણિત કરવા યોગ્ય.

આગમ ચક્ષુ :ભગવંત શ્રમણો, આગમચક્ષુ હોય છે. તેઓ તે આગમરૂપ ચક્ષુ વડે; જો કે જ્ઞેય અને જ્ઞાનનું અન્યોન્ય મિલન હોવાને લીધે તેમને ભિન્ન કરવા અશક્ય છે. (અર્થાત્ જ્ઞેયોજ્ઞાનમાં ન જણાય, એમ કરવુ અશક્ય છે) તો પણ સ્વ પરનો વિભાગ કરીને, મહા મોહને જેમણે ભેદી નાખ્યો છે, એવા વર્તતા થકા, પરમાત્માને પામીને સતત જ્ઞાનનિષ્ઠ જ રહે છે. (૨) આગમરૂપ ચક્ષુ; જ્ઞેય અને જ્ઞાનના અન્યોન્ય મિલનને, ભિન્ન કરતું જ્ઞાન, તે આગમ ચક્ષુ; સ્વ-પરનો વિભાગ કરતું ભેદજ્ઞાન, તે આગમચક્ષુ.

આગમ ચક્ષુઓ :આગમ રૂપ ચક્ષુવાળાઓ.

આગમ પ્રમાણ :ભગવાનની ૐ ધ્વનિ સાંભળીને ગણધરદેવોએ-આચાર્યોએ આગમની રચના કરી છે. ભગવાનની વાણીમાં જે આવ્યું તેનું આગમમાં કથન છે. જે આગમ પ્રમાણથી પુણ્ય-પાપ અને તેના ફળથી આત્મરૂપ જ્ઞાન ચેતના ભિન્ન છે એમ પ્રથમ નક્કી કરવું. પંચમહાવ્રતનાં જે પરિણામ છે તે રાગ છે, આસ્રવ છે, આત્માના ચૈતન્ય સ્વભાવની વિરુદ્ધ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, અને એનાથી પોતાની નિર્મળ જ્ઞાનચેતનાપરિણતિ ભિન્ન છે એમ નક્કી કરવું એમ કહે છે. ઉહાવ્રતના પરિણામ છે તે ઉદયભાવ છે. જગપંથ છે, ચૈતન્યથી વિરુદ્ધ જાતિના છે. આમ આગમપ્રમાણથી જાણીને પ્રથમ નિર્ણય કરવો. ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ ચિદાનંદઘન પ્રભુ છે. અનાકુળ આનંદના રસથી આપૂર્ણ અર્થાત્ છલોછલ ભરેલું તત્ત્વ છે તેમાં એકાગ્ર થઈ પરિણમવું તે જ્ઞાન ચેતના છે, તે અનાકુળ આનંદરૂપ છે. કર્મચેતના અને કર્મફળ ચેતનાથી ભિન્ન પોતાની જ્ઞાન ચેતનાનું સ્વરૂપ આગળ-પ્રમાણથી જાણીને પહેલાં નક્કી કરવું અને તેનું દઢ શ્રદ્ધાન કરવું. (૨) ભગવાનની ૐધ્વનિ સાંભળીને ગણધર દેવોએ આચાર્યોએ આગમની રચના કરી છે.

આગમ પ્રવાહ :ભગવાન તીર્થંકરદેવની દિવ્યધ્વનિ છૂટી તે સાંભળીને ગણધરદેવો અને આચાર્ય સંતોએ આગમની રચના કરી છે. ભગવાનની વાણીમાં જે આવ્યું તેનું કથન છે. જે આગમ-પ્રમાણથી અહીં કહે છે, પુણ્ય-પાપ અને તેના ફળથી આત્મરૂપ જ્ઞાનચેતના ભિન્ન છે એ પ્રથમ નક્કી કરવું. પંચમ મહાવ્રતના જે પરિણામ છે તે રાગ છે, આસ્રવ છે, આત્માના ચૈતન્ય સ્વભાવથી વિરુદ્ધ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, અને એનાથી પોતાની નિર્મળ જ્ઞાન ચેતના પરિણતિ ભિન્ન છે એમ નક્કી કરવું, અને તેનું દઢ શ્રદ્ધાન કરવું.

આગમશાસ્ત્ર :આગમશાસ્ત્રમાં અનંતા આત્મા છે, અનંતા-અનંત પુદ્ગલ દ્રવ્યો છે, એક ધર્માસ્તિકાય છે, એક અધર્માસ્તિત્કાય છે, એક આકાશ અને અસંખ્યાત કાલાણું -આમ જાતિએ છ દ્રવ્યો છે. સંખ્યાએ અનંત છે, આ સર્વનું જેમાં નિરૂપણ છે તે આગમ છે. (૨) અનંતા આત્મા છે, અનંતા-અનંત પુદ્ગલ દ્રવ્યો છે,

આગમકૌશલ્ય :આગમમાં કુશળતા-પ્રવીણતા.

આગમચક્ષુઓ :આગમરૂપ ચક્ષુઓ

આગમન :આવવું તે

આગમની ઉત્પત્તિ :શ્રુત = આગમ શાસ્ત્ર; તેમાં સર્વજ્ઞથી આવેલી વાણી, તે શ્રુતથી ગુંથેલ સૂત્ર. એક વ્યક્તિએ નિમિત્ત રૂપે જે વાણી કહી તે અપેક્ષાએ આદિ કહેવાય. અને એક વ્યક્તિએ કહ્યા પહેલાં પણ આગમરૂપ શાસ્ત્રની વાણી હતી, એ અપેક્ષાએ પણ અનાદિની પ્રવાહરૂપ આગમવાણી થઈ. કેવળી = સર્વજ્ઞ; તેમનાથી ઉપદેશરૂપે નીકળેલું શાસ્ત્ર, તે કેવળજ્ઞાનીનું કહેલું આગમ અનાદિ કાળથી છે. સર્વજ્ઞ એટલે નિરાવરણ જ્ઞાની. જેનો સ્વભાવ જ્ઞાન, તેમાં ન જાણવું તેમ ન બને; આવરણ-ઉપાધિ રહિત, નિર્મળ, અખંડ

જ્ઞાન પ્રગટ થવું તેમાં કિંચિત્ અજાણ્યું રહે નહિ. જેનો સ્વભાવ જાણવું, તેમાં ક્રમ રહિત, બેહદ જાણવું આવે માટે જેને નિરાવરણ જ્ઞાયક સ્વભાવ પૂરો પ્રગટ છે તેને સર્વજ્ઞપણું છે. વળી શ્રુત કેવળી એ જે સાંભળી, આત્માથી અનુભવ કરી જાણ્યું, તે પરંપરા આચાર્ય દ્વારા આવેલું શ્રુતજ્ઞાન છે.અને તે સર્વ શ્રુતજ્ઞાનમાં પૂરા તે શ્રુત કેવળી છે. સર્વજ્ઞ વીતરાગ દશા પ્રગટ થયા પછી જેને વાણીનો યોગ હોય, તેને સર્વ અર્થ સહિત વાણી આવે છે, તેને સાક્ષાત્ ગણધર દેવ દ્વાશાંગ સૂત્રમાં ગૂંથે છે. જે પણ અંતરમાં ભાવ-જ્ઞાની દ્વદશાંગના જાણનારા શ્રુતકેવળી કહેવાય છે. એ રીતે શાસ્ત્રની પ્રમાણતા બતાવી અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો.

આગમ્ય :જેના સુધી પહોંચી ન શકાય તેવું;(૨) ન સમજાય તેવું; ન મળી શકે તેવું; નિષિદ્ધ.

આગમશાસ્ત્ર :આગમશાસ્ત્રમાં જીવનું સ્વરૂપ, માર્ગણાસ્થાન ને ગુણસ્થાન સહિત, તથા વર્તમાનપર્યાય સહિત નિરૂપણ કહેલ છે.

આગમીઓ :આગમવંતો; આગમના જાણનારાઓ.

આગ્રહ :નિશ્ચય; પ્રબળ નિરધાર. (૨) ગ્રહણ; પકડ. (૩) ધાર્યું કરવાની વૃત્તિ; પકડ; દઢ માન્યતા. (૧) તાણ; ખેંચ; દબાણ (૨) ધાર્યું કરવાનું વલણ; હક; જીદ; અમત. (૫) હઠ.

આગ્રહી :આગ્રહ ધરાવનારું.

આગ્રહો :પકડો. (૨) એકાન્ત અભિનિવેશી.

આંગ્લભૌમિઓ :અંગ્રેજીની ભૂમિ તે આંગ્લભૂમિ, તેમાં વસેલા તે આંગ્લભૌમિઓ.

આગાર :છૂટ; મોકળાશ (૨) ગૃહસ્થાશ્રમી; (૩) મકાન; ઘર; નિવાસસ્થાન. (૪) ઘરઃ વ્રતોમાં છૂટછાટ. (૫) વાપરવાની છૂટ; છૂટ; અપવાદ.

આગારવાસ :ગૃહવાસ; ગૃહસ્થાશ્રમ. (૨) ઘરવાસ; નિવાસસ્થાન; (૨) છૂટ; અપવાદ.

અગોચર :કોઈપણ ઈંદ્રિયથી જઈ-જોઈ-પામી શકાય નહિ તેવું.

આંગોપાંગા નામકર્મ :જે કર્મના ઉદયથી, હાથ,પગ આદિ અંગ અને નાસિક આદિ, ઉપાંગ બને.

આઘું :દૂર.

અઘાતી કર્મ :અઘાતી કર્મના ચાર ભેદ છે. :

(૧) વેદનીય (૨) આયુષ્ય (૩) નામ અને (૪) ગોત્રકર્મ

(૧) વેદનીય કર્મ

જ્યારે આત્મા પોતે, મોહભાવ વડે અકુળતા કરે છે, ત્યારે અનુકુળતા-પ્રતિકૂળતારૂપ સંયોગ પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને વેદનીય કર્મ કહે છે. એ શાતાવેદનીય અને અશાતાવેદનીયના ભેદથી બે પ્રકારે છે.

(૨) આયુષ્ય કર્મ

જીવ પોતાની યોગ્યતાથી જ્યારે નારકી, તિર્યંચ, મનુષ્ય અથવા દેવના શરીરમાં રોકાઈ રહે, ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને આયુષ્યકર્મ કહે છે. એ પણ નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુના ભેદથી ચાર પ્રકારે છે.

(૩) નામકર્મ

જે શરીરમાં જીવ હોય, ત્યારે તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને નામકર્મ કહે છે. એ શુભનામકર્મ અને અશુભ નામ કર્મના ભેદથી બે પ્રકારે છે.

(૪) ગોત્રકર્મ

જીવને ઊંચ અને નીચ આચરણવાળા કુળમાં જન્મ થવામાં, જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને ગોત્રકર્મ કહે છે. એ પણ ઊંચગોત્ર અને નીચગોત્ર, એ રીતે બે ભેદવાળું છે.

આ આઠ ભેદમાં પણ પેટાભેદ છે. જેને પ્રકૃતિ કહે છે. અને તે ૧૪૮ છે. બીજા પણ અનેક ભેદો દ્વારા તેને સમજી શકાય છે, (પણ) અત્યારે આટલું જ પૂરતું છે. જો વિસ્તારથી જાણવાની ઈચ્છા હોય તો 'ગોમ્મટ સાર કર્મકાંડ' વગેરે ગ્રંથોનું અધ્યયન કરવું જોઈએ.

આંચ :બાધા; હરકત; મુશ્કેલી.

આચ્છન્ન :આચ્છાદિત;

આચરણ :આ = અનાદિ અનંત એકાકાર જ્ઞાન-આનંદ સ્વરૂપ છે તેની મર્યાદામાં, ચરણ = ચરવું, જામવું, ટકવું એવો આચરણનો અર્થ થાય છે. (૨) વર્તણૂક.

આચરણ કરવું :એકાગ્ર થવું; રમણીકતા કરવી; અનુચરણ કરવું; એકરાર થવું; રમવું; ચરવું; જામી જવું; આનંદનું વેદન કરવું; નિજાનંદમાં રમવું; ઠરવું; સ્થિરતા કરવી. (૨) આત્મામાં એકાગ્ર થવું. આત્માની સ્વભાવમાં શ્રદ્ધા કરી તેમાં ઠરવું.

આચર્યું છે :અમલમાં મૂક્યું છે.

અળિ :જ્ઞાનરૂપી મળતું નથી; જ્ઞેયરૂપ થતું નથી.

આચાર :દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યના ભેદરૂપ પાંચ પ્રકારના આચાર છે તેના અધિગમને (શ્રદ્ધા) સમ્યગ્જ્ઞાન અને તપરૂપ પ્રવૃત્તિને સમ્યગ્ચારિત્ર કહેવામાં આવે છે. (૨) આચારના પાંચ ભેદ છે :- (•) દર્શનાચાર, (•) સમ્યજ્ઞાનાચાર, (૧) ચરિત્રાચાર, (૨) તપાચાર, (૩) વીર્યાચાર.

(૧) દર્શનાચાર = અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી આત્મા અને દ્રવ્યકર્મ, નોકર્મનો સંબંધ છે. તથા અશુદ્ધ નિશ્ચયનયથી મતિજ્ઞાનાદિ વિભાવ ગુણ, પર્યાય અને નર નારકાદિ વિભાવ દ્રવ્યપર્યાયનો પણ આત્માની સાથે સંબંધ છે તો પણ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સહજ-આત્મામાં ઉપર કહેલો કોઈ પ્રકારનો સંબંધ નથી, એવું જે ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવવાળું શુદ્ધ સહજાત્મતત્ત્વ છે, તે જ સર્વ પ્રકારે સત્ય છે. તે જ પરમાર્થરૂપ સમયસાર કહેવાય છે. તે શુદ્ધાત્મતત્ત્વ જ સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે અને તે સિવાય સકલ પદાર્થો હેય, તજવાયોગ્ય છે, એવી ચલ, મલિન અને અવગાઢ આદિ દોષોથી રહિત દઢ પ્રતીતિ થવી-શ્રદ્ધા થવી તે સમ્યક્ત્વ કહેવાય છે. તેનું જે આચરણ અર્થાત્ તે સમ્યગ્દર્શનરૂપે પરિણમન તે દર્શનાચાર છે.

(૨) સમ્યગ્જ્ઞાનાચાર :- ઉપરોક્ત શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં જ સંશય, વિપર્યય અને અન્યવસાય રહિત જે સ્વસંવેદનરૂપ ગ્રાહક બુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે, તેમાં આત્મપરિણતિ થવી તે સમ્યગ્જ્ઞાનાચાર છે. (૧) ચારિત્રાચાર = સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરીને નિત્ય આનંદમય, નિજ રસનો આસ્વાદ, અનિશ્ચલ અનુભવ તે સમ્યક્ચારિત્ર છે, તેનું જે આચરણ એટલે તે રૂપે પરિણમવું તે ચારિત્રાચાર છે. (૩) તપાચાર = પરવસ્તુની અભિલાષાનો ત્યાગ કરી આનંદમય શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તપવું તે તપ છે અને તેમાં તપમાં પરિણમવું તે તપાચાર છે. (૪)વીર્યાચાર = પોતાની શક્તિને છુપાવ્યા સિવાય શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી તે વીર્યાચાર છે.

આ પ્રમાણે નિશ્ચય પંચાચાર કહ્યા. વ્યવહાર પંચાચારનું લક્ષણ આ પ્રમાણે છે :-

(૧) નિઃશક્તિ આદિ આઠ ગુણોવાળો બાહ્ય દર્શનાચાર છે. (૨) જ્ઞાનાચાર = કાલ, વિનયઆદિ આઠ ભેદવાળો બાહ્ય જ્ઞાનાચાર છે. (૩) ચારિત્રાચાર = પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ થતા નિર્ગ્રંથરૂપ બાહ્ય ચારિત્રાચાર છે. (૪) તપાચાર = અનશનાદિ બાર ભેદવાળો બાહ્ય તપાચાર છે. (૫) વીર્યાચાર = તથા સંયમમાં પોતાની શક્તિને ન ગોપાવવારૂપ બાહ્ય વીર્યાચાર છે.

જેઓ ઉપરોક્ત પંચાચારમાં પોતે પ્રવર્તે છે તથા મોક્ષ અભિલાષી શિષ્યોને પ્રવર્તાવે છે તે આચાર્ય કહેવાય છે.

આચારો :મુનિઓ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારરૂપી પાંચ આચારો સહિત હોય છે.

આચાર્ય :જે સંયમ પાળે, પળાવે. (૨) વ્યવહાર અને નિશ્ચયના જાણનાર આચાર્યો આ લોકમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે. કેવા છે આચાર્ય ? મુખ્ય અને ઉપચાર કથન વડે શિષ્યના અપાર અજ્ઞાનભાવનો જેમણે નાશ કર્યો છે એવા છે.

ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણો જોઈએ. પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ. શા માટે ? જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે તે મુખ્ય (નિશ્ચય) કથન અને ઉપચાર (વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે, ત્યાં મુખ્ય કથન તો નિશ્ચયનયને આધીન છે, તે જ બતાવીએ છીએ. સ્વાશ્રિત તે નિશ્ચય. જે પોતાના જ આશ્રયે હોય તેને

નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જે સ્થાપન કરવું, પરમાણુ માત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. જેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ. અને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં અકથત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે, ભેદ વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સર્વ પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ કેવળ દશાને પામે છે. જે અજ્ઞાનીઆને જાણ્યા વિના ધર્મમાં લાગે છે તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપદેય જુદી, સંસારનું કારણ જે શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે. જેથી મુખ્ય (નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ. જે નિશ્ચયનયને આધીન છે તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ. કારણકે પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે ?

વળી પરાશ્રિતો વ્યવહારઃ જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ. કિંચિત્માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે. તેને જાણીને શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને, સંસારનાં કારણ જે આસ્રવ-બંધ તેને ઓળખીને, મુક્તિ થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે. અજ્ઞાની એને જાણ્યા. વિના શુદ્ધોપયોગી થવા ઈચ્છે છે તે પહેલાં જ વ્યવહાર સાધનને છોડીને પાપાચરણમાં જોડાઈ, નરકાદિ દુઃખ સંકટમાં જઈને પડે છે. તેથી ઉપચાર કથનનુ પણ જાણપણું જોઈએ. તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઈએ. આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તકો, બીજા નહિ (૩) જે સાધુઓને દીક્ષા-શિક્ષા આપીને ચારિત્રનું પાલન કરાવે તે.

આચાર્ય ભક્તિ ભાવના :આચાર્યભક્તિ એ જ ગુરુભક્તિ છે. ધન્યભાગ્ય જેનાં હોય તેને વીતરાગ ગુરુનના ગુણોમાં અનુરાગ થાય છે. ધન્ય પુરુષો સદ્ગુરુની આજ્ઞા મસ્તક ઉપર ચડાવે છે. સદ્ગુરુ છે તે અનેક ગુણોની ખાણ છે, શ્રેષ્ઠ તપના ધારક છે; એમના ગુણ મનમાં ધારણ કરીને પૂજવા લાયક છે. સમ્યગ્દર્શનાચારને નિર્દોષપણે તે ધારણ કરે છે, અંતરંગ-બહિરંગ ગ્રંથિથી રહિત નિર્ગ્રંથ માર્ગમાં પ્રવર્તવા તે તત્પર છે. નિર્જન વનમાં તે પર્વતોની મુદ્રાઓમાં નિશ્ચળ શુભ ધ્યાનમાં નિરંતર મગ્ન રહી આત્મદશામાં વિચરે છે. પોતાની કાયાની મમતા છોડીને રાત્રિ-દિવસ આત્મમગ્ન દશામાં નિમગ્ન રહે છે. આવા અનેક ગુણોના ધારક આચાર્ય સદ્ગુરુ ભગવાનના ગુણોનું સ્મરણ કરી તેમનું સ્તવન, વંદન કરતો પુરુષ પાપરૂપ પ્રવાહનો નાશ કરી અક્ષય સુખ પામે છે.

આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુનું સામાન્ય સ્વરુપ :જે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત વિરાગી બનીને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને, અંતરંગમાં તો તે જ શુદ્ધોપયોગ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે. પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી, જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પરભાવોમાં મમત્વ કરતાં નથી, કોઈને દષ્ટિ-અનિષ્ટ માનીને તેમાં રાગ-ધ્વેષ કરતા નથી, હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેમને અસ્તિત્વ જ મરી ગયું છે. અનેક વાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ આનંદમાં લીન રહ્યા કરે છે. જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે, ત્યારે ૨૮ મૂળ ગુણોના અખંડ પાલનને માટે શુભ વિકલ્પ આવે અને એવા જ જૈનમુનિ (-ગુરુ) હોય છે. (છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત છે.)એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, ૨૮ મૂળ ગુણોને જેઓ અખંડિત પાળે છે.

આચાર્યના ૩૬ ગુણ :૧૦ ઉત્તમ ક્ષમાદિ ધર્મ, ૧૨ પ્રકારનાં તપ, ૫ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, એ પાંચ આચાર. (૬) આવશ્યક - (૧. સામાયિક, ૨. ચોવીસ તીર્થંકર અથવા પંચ પરમેષ્ઠીની સ્તુતિ, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. પ્રત્યાખ્યાન અને ૬. કાર્યોત્સર્ગ). ત્રણ ગુપ્તિ (મન-વચન-કાયગુપ્તિ) એ પ્રમાણે ૩૬ ગુણ પોતે પાળે છે તથા બીજા ભવ્ય જીવોને પળાવે છે. આવા આચાર્ય મુનિઓના સંઘના અધિપિત હોય છે.

અર્હંત ભગવાન ૧૮ દોષ રહિત છે તે દોષનાં નામ : ક્ષુધા, તૃષા, ભય, રોષ, (ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જાર , રોગ, મૃત્યુ, સ્વેદ (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ. (આ અઢાર દોષ છે તે અર્હંતને કદી હોતા નથી.) (૨) પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ, બ્રહ્મચર્યની નવ ગુપ્તિ, ચાર કષાયની મુક, પાંચ મહાવ્રત, ૫ જ્ઞાન દર્શન ચારિત્ર, તપ, વીર્ય એ પંચાચાર પાલન, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ એમ એકંદર છત્રીશ ગુણ આચાર્યના છે.

આચાર્યપણું કરવું :બીજાને કહી, તે પ્રમાણે અંગીકાર કરાવવું.

આચાર્યો :વિશુદ્ધ જ્ઞાન દર્શન જેનો સ્વભાવ છે, એવા આત્મત્વની નિશ્ચયરુચિ, તેવી જ જ્ઞપ્તિ, તેવી જ નિશ્ચળ-અનુભૂતિ, પર દ્રવ્યની ઈચ્છાના પારિહારપૂર્વક, તે જ આત્મ દ્રવ્યમાં પ્રતપન, અર્થાત્ તપશ્ચરણ અને સ્વશક્તિને ગોપવ્યા વિના તેવું જ અનુષ્ઠાન,-આવા નિશ્ચયપંચાચારને- તથા તેના સાધક વ્યવહાર પંચાચારને- કે જેની વિધિ આચારાદિ શાસ્ત્રોમાં કહી છે, તેને -એટલે કે ઉભય આચારને જેઓ પોતે આચરે છે, અને બીજાઓને અચરાવે છે, તેઓ આચાર્યો છે.

અચિંત્ય :જેનું ચિંતન ન થઈ શકે તેવો વિશાળ, જેનેં મનન ન થઈ શકે એવો વિશાળ.માહાત્મ્યના ભાન વિના દષ્ટિ અને દોર વિના; વીતરાગી સ્વભાવના આશ્રય વિના, કષાય ટળી શકતા નથી, આત્મ સ્વભાવના આશ્રય વિના, અસ્તિના આશ્રય વિના કષાયની નાસ્તિ થતી નથી.

આ જન્મકવિ :જન્મથી યોગી.

આજ્ઞા :આદેશ; હુકમ; આણ. (૨) આ = મર્યાદા, જ્ઞા = જ્ઞાન. જેવો સ્વતંત્ર સ્વભાવ છે તેનું જ્ઞાન. (૩) આ વિશ્વમાં જડ ચૈતન્યાત્મક જે જે પદાર્થો છે તે સર્વનું સર્વ પ્રકારે યથાતથ્ય જ્ઞાન જેથી થાય તે આજ્ઞા. (૪) સત્પુરુષના વચનનું શ્રવણ, તેની પ્રતીતિ અને તેની આજ્ઞા-એટલે ઉપદેશ-આદેશ મુજબ પ્રવર્તતાં જીવ સાચા ચારિત્રને પામે છે, હુકમ; આણ. (૫) આદેશ; આણ; હુકમ. (૬) આ એટલે સમંતાત ચારે તરફથી, સમસ્ત પ્રકારે, અને જ્ઞા એટલે જ્ઞાપયતિ પદાર્થાન્ પદાર્થોને જણાવે તો આજ્ઞા. અથવા આ એટલે મર્યાદા, વસ્તુની જેવી મર્યાદા, સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ છે તેમ જાણવું જેથી થાય તે આજ્ઞા. આ વિશ્વમાં જડ ચૈતન્યાત્મક જે જે પદાર્થો છે તે સર્વનું સર્વ પ્રકારે યથાતથ્ય જ્ઞાન જેથી થાય તે આજ્ઞા.

આજ્ઞા આરાધક :આજ્ઞા પ્રમાણે ચાલનાર.

આજ્ઞાવિચય :આગમની પ્રમાણતાથી અર્થનો વિચાર કરવો તે.

આજ્ઞાધાર :આજ્ઞાંકિતપણે

આજ્ઞાવિચય :(આણાવિજય) આજ્ઞા એટલે સર્વજ્ઞ ભગવંતે ધર્મતત્ત્વ સંબંધી જે જે કહ્યું છે તે તે સત્ય છે, એમાં શંકા કરવા જેવું નથી; કાળની હીનતાથી ઉત્તમ જ્ઞાનના વિચ્છેદ જવાથી, બુદ્ધિની મંદતાથી કે એવા અન્ય કોઈ કારણથી મારા સમજવામાં તે તત્ત્વ આવતું નથી. પરંતુ અર્હંત ભગવંતે અંશ માત્ર પણ માયાયુક્ત કે અસત્ય કહ્યું નથી જ, કારણ એઓ નીરાગી, ત્યાગી અને નિઃસ્પૃહી હતા. મૃષા કહેવાનું કાંઈ કારણ એમને હતું નહીં, તેમ તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી અજ્ઞાનથી પણ મૃષા રહે નહીં. જ્યાં આજ્ઞાન જ નથી ત્યાં એ સંબંધી મૃષા ક્યાંથી હોય ? એવું જે ચિંતન કરવું તે આજ્ઞાવિચય નામે પ્રથમ ભેદ છે.

આજન્મ :જન્મથી માંડીને

આજીવ તત્ત્વની ભૂલ :મિથ્યાદષ્ટિ જીવ એમ માને છે કે શરીરના ઉત્પત્તિ (સંયોગ) થતાં હું જન્મ્યો અને શરીરનો નાશ (વિયોગ) થવાથી હું મરી જઈશ (આત્માનું મરણ માને છે.) ધન, શરીરાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતાનામાં ઈષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરમાં ક્ષુધા, તૃષારૂપ અવસ્થા થતાં મને ક્ષુધા-તૃષાદિ થાય છે, શરીર કપાતાં હું છેદાઈ ગયો, ઈત્યાદિ જે અજીવની અવસ્થાઓ છે તેને પોતાની માને છે તે અજીવ તત્ત્વની ભૂલ છે. (આત્મા અમર છે, તે વિષ, અગ્નિ, શસ્ત્ર, અસ્ત્ર કે બીજા કોઈથી મરતો નથી કે નવો ઉત્પન્ન થતો નથી. મરણ (વિયોગ) તો માત્ર શરીરનું જ થાય છે.)

આટત પુરુષ :રાગ દ્વેષ મોહાદિ દોષ અને જ્ઞાન-દર્શન આવરણ રાખ્યા છે તે જ પુરુષ આપ્ત (વિશ્વાસપાત્ર) હોવા યોગ્ય છે; કારણકે જ્ઞાનને આવરણ હોય

ત્યારે અપૂર્ણ જ્ઞાનને લીધે તેનું વચન-અસત્ય પણ હોય, એટલે તેના પર વિશ્વાસ મૂકી શકાય નહિ; અને રાગ-દ્વેષ-મોહાદિ હોય તો તેથી પણ અસ્તય વદવાનાં પ્રસંગ આવે, એટલે પણ વિશ્વાસ રાખી શકાય નહિ. પણ નિરાવરણ જ્ઞાન હોય અને રાગદ્વેષરહિતપણું-નિર્દોષપણું હોયતો જ તેનું વચન સંપૂર્ણ સત્ય હોઈ વિશ્વાસપાત્ર આપ્ત હોય.

આટલાથી :આટલું કરવાથી.

આટોપ :આડંબર. (૨) અહંકાર; ઘમંડ; ગર્વ; શેખી; આડંબર; ડોળ; દમામ

આઠ કર્મોનાં નામ :જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, આયુ, નામ, ગોત્ર અને વેદનીય, આ આઠને આચાર્યો દ્રવ્ય કર્મ કહે છે. પૂર્વ પદ્યમાં આત્મામાં પ્રવેશેલા પુદ્ગલોની જે આઠ-કર્મરૂપ પરિણમવાની વાત કહેવામાં આવી છે, તેમનાં આ પદ્યમાં નામ આપવામાં આવ્યા છે. પુદ્ગલનાત્મક હોવાથી, આ આઠેય દ્રવ્ય-કર્મ છે. આ કર્મોમાં પોત-પોતાના નામને અનુકૂળ કાર્ય કરવાની શક્તિ હોય છે, જેને પ્રકૃતિ કહે છે, અને તેથી આ આઠ મૂળકર્મ પ્રકૃતિઓ કહેવાય છે. જેમના ઉત્તરોત્તર ભેદ ૧૪૮ છે.

આઠ સમિતિ :ત્રણ ગુપ્તિ ને પાંચ સમિતિ.

આઠમું ગુણસ્થાન :આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં દીપકશ્રેણી જેને હોય છે. તેને અતિશય શુદ્ધ સ્વભાવમય પવિત્ર દશા વધતી જાય છે.

આતપ :સૂર્યનો તાપ. (૨) તડકો; સૂર્યનો તાપ; દુઃખ; પીડા. (૩) સૂર્યનો ઉત્તમ પ્રકાશ.

આપ્તનું સ્વરૂપ :ધર્મનું મૂળ ભગવાન આપ્ત છે. તેમનામાં નિર્દોષપણું, સર્વજ્ઞપણું અને પરમહિતોપદેશપણું એ ત્રણ મુખ્ય ગુણો હોય છે.

આતપનામ કર્મ :જે કર્મના ઉદયથી પરને આતાપરૂપ શરીર હોય, જેમ કે સૂર્યનું બિંબ.

આત્મ અર્પણતા :પરમાં મમત્વરૂપ બહિરાત્મભાવ તજી દઈ, અંતરાત્મપણે પરમાત્મ સ્વરૂપની ભાવનામાં, ચિંતવનમાં ચિત્તની એકાગ્રતારૂપ પરિણતિ, તે આત્મઅર્પણતા; બ્રહ્મભાવે મારું મનાતું સર્વસ્વ, આપના ચરણમાં અર્પણ કરી, આત્મશ્રેય માટે, એક આપ જ મારે પરમ શરણરૂપ છો, એવી કેવળ અર્પણતા; સદ્ગુરુ પ્રત્યે શરણભાવ.

આત્મખ્યાતિ :આત્માની ઓળખાણ; તે સમ્યગ્દર્શન છે.

આત્મ તત્ત્વનો ઘણા વખતથી અભ્યાસ કરવા છતાં આત્મા પ્રાપ્ત કેમ થતો નથી ? :ઉત્તર : આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે, એના અતીન્દ્રિય આનંદની તાલાવેલી જાગે, આત્મા સિવાય બીજે ક્યાંય મીઠાશ લાગે નહિ, બીજે ક્યાંય રસ પડે નહિ, જગતના પદાર્થોનો રસ ફીકો લાગે સંસારના રાગનો રસ ઊડી જાય. અહો ! જેના આટલા વખાણ થાય છે એ આત્મા અનંતાનંત ગુણોનો પુંજ પ્રભુ છે કોણ ? એમ આશ્ચર્ય થાય, એની લાગણી લાગે, એની ધૂન ચડે એને આત્મા મળે જ, ન મળે એમ બને જ નહિ. જેટલું કારણ આપે એટલું કાર્ય આવે. કારણ આપ્યા વિના કાર્ય આવતું નથી. કારણની કચાશને લઈને કાર્ય આવતું નથી. આત્માના આનંદ સ્વરૂપની અંદરની ખરેખરી લગની લાગે, તાલાવેલી લાગે, સ્વપ્નમાં પણ એનું એ જ રહે, એને આત્મા પ્રાપ્ત થાય છે.

આત્મ દ્રવ્યનો મહિમા વિશેષ છે કે તે દ્રવ્યને લક્ષમાં લેનારી પર્યાયનો મહિમા વિશેષ છે ? :ઉત્તર :- આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે. પર્યાય દ્રવ્યનું લક્ષ કહે ત્યારે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે તે અપેક્ષાએ પર્યાયનો મહિમા કહેવાય, પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો પર્યાયથી અનંત ગુણા સામર્થ્યવાળું ત્રિકાળી મહાપ્રભુ છે. તેથી આત્મ દ્રવ્યનો મહિમા જ વિશેષ છે.

આત્મ પ્રધાન :આત્મા જેમાં પ્રધાન છે, એવું. (આત્મા સમસ્ત વિશ્વને જાણે છે, તેથી તે વિશ્વમાં - વિશ્વના સમસ્ત પદાર્થોમાં-પ્રધાન છે.)

આત્મપુરુષાર્થ :ધુમાડાના બાચકા ન ભરાય, વેળુના ગઢ ન થાય, ટાટના કોથળામાં પવન ન ભરાય, તેમ પરને પોતાનું કરી રાતું-પીળું ન કરાય; ચૈતન્ય ભગવાન અનંત શક્તિનો પિંડ તેને ભૂલીને પરને પોતાનું કરે છે તો અવતાર જાશે એળે ! આવો સમાગમ મળ્યો છે, માટે આત્માનું કરીને ચાલ્યો જા.

આત્મપરિણામ :સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ તથા માનાદિ કષાયનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી. અને આત્મજ્ઞાન પ્રાપ્ત થયે તો તે ગુણો અત્યંત દઢ-બળવાન દઢમૂળ થાય છે. (૨) આત્માના પરિણામ.

આત્મ પરિણામ સંતતિ :આત્માના પરિણામોની પરંપરા

આત્મ મલિનતા :કર્મરજ.

આત્મ વિજ્ઞાનઘન થતો જાય છે :આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે, એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા, પોતામાં સ્થિર થતો જાય , ઠરતો જાય, તેને વિજ્ઞાનઘન થયો કહેવામાં આવે છે. જ્યાં સુધી મિથ્યાત્વ હો, ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય, તો પણ અજ્ઞાન કહેવામાં આવે છે. અગિયાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન હોય, પણ મિથ્યાત્વ ન ગયું હોય, તો તે અજ્ઞાન છે, વિજ્ઞાન નથી.તિર્યંચને જ્ઞાનનો ઉઘાડ ભલે ઓછો હોય, પણ જો તેનું જ્ઞાન અંદર સ્વભાવમાં સ્થિર થયું હોય, તો તે વિજ્ઞાન છે. જેમ જેમ તે જ્ઞાન, એટલે વિજ્ઞાન અંદર જામતું જાય, ઘટ્ટ થતું જાય, સ્થિર થતું જાય, તેમ તેમ આસ્રવી નિવૃત્તિ થતી જાય છે. અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે, તેમ તેમ વિજ્ઞાન જામતું જાય છે, ઘટ્ટ થતું જાય છે, સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે. જ્ઞાન જ્ઞાનમાં ઠરે, જ્ઞાન જ્ઞાનમાં જામે, જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય, તે વિજ્ઞાન છે. અને તે મોક્ષમાર્ગ છે. આગળ જઈને તેનું ફળ કેવળજ્ઞાન આવશે. પરંતુ સ્વભાવમાં ઠર્યો જ નથી, આસ્રવથી-શુભાશુભભાવથી ભેદજ્ઞાન ઠર્યું જ નથી, તેનું બધું જ્ઞાન, અજ્ઞાન છે. પરલક્ષી શાસ્ત્રજ્ઞાન ભેદ ઉઘાડ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ઈત્યાદિનું જ્ઞાન, ભેદજ્ઞાનના અભાવમાં અજ્ઞાન છે, વિજ્ઞાન નથી. માટે શુભાશુભભાવથી ભિન્ન નિજ જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપ વસ્તુનું લક્ષ કરી, એમાં જ ઠરતાં આત્માનો વિજ્ઞાનઘન સ્વભાવ પ્રગટ થાય છે. અને ત્યારે તેને કર્તાકર્મની પ્રવૃત્તિ મટે છે.

આત્મસંચેતન :આત્માનુભવન.

આત્મ સમૃદ્ધિ :આત્માભાવની સંપૂર્ણતા.

આત્મ સંવેદન :આત્મવેદના.

આત્મ સંવિત્તિ :જ્ઞાન.

આત્મ સિદ્ધિ :આત્માના શુદ્ધ સ્વરૂપને સાધે તે આત્મસિદ્ધિ.

આત્મ-અનુભૂતિ :આત્મ દ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ.

આત્મકપણું :સ્વરૂપપણું

આત્મક્રિયા :આત્મસ્વરૂપ પરિણમની ક્રિયા; સમ્યગ્દર્શનરૂપ ક્રિયા-ક્રિયા આત્માન અને આત્મસ્વરૂપ પરિણમનરૂપ સમ્યગ્દર્શનરૂપ ક્રિયાનો સમન્વય તે મોક્ષમાર્ગ છે.

આત્મસાક્ષાત્કાર થયો :આત્મા સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રગટ અનુભવસિદ્ધપણે દ્રષ્ટ થયો.

આત્મકારતા :આત્માનું આત્મસ્વરૂપરૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહીએ છીએ.

આત્મખ્યાતિ :શુદ્ધ ચૈતન્યઘનની પ્રસિદ્ધિ. (૨) આત્મસિદ્ધિ (૩) આત્માની પ્રસિદ્ધિ; આત્માની અનુભૂતિ. (૪) શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભતિ. શુદ્ધનયથી નવતત્ત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે. (૫) આત્માની ઓળખાણ; અનુભૂતિ ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે. આત્માની પૂર્ણ સુખરૂપ દશા પ્રગટ કરવાનું આ મૂળ છે. મારો પૂર્ણ સ્વભાવ અવકારી ધ્રુવ એકરૂપ છે. એવા સ્વભાવના જોરે વિકારી અવસ્થાનું લક્ષ ગૌણ કરી, નિત્ય એક સ્વભાવી ભૂતાર્થ (સત્યાર્થ) છું એવી યથાર્થ ઓળખાણ સ્વાનુભવમાં આવી તે નિઃશંક આત્માનુભૂતિ છે. જે જ અપૂર્વ આત્મસાક્ષાત્કાર છે. જે જ આત્મખ્યાતિરૂપ એકત્વની સાચી શ્રદ્ધા છે. અખંડ સ્વલક્ષે તે પ્રગટે છે.

આત્મગત :આત્મામાં. (૨) પોતાના મનની અંદર રહેલું; સ્વગત; સ્વગત ઉક્તિ.

આત્મઘાતી :નિશ્ચયથી ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો જે પુરુષ શ્વાસનિરોધ, જળ, અગ્નિ, વિષ. શસ્ત્રક્રિયા પોતાના પ્રાણને પૃથક્ કરે છે તેને આત્મઘાતનો દોષ થાય છે.

આત્મજ્ઞાન :હેય-ઉપાદેયની સ્પષ્ટતા સહિત અનંત ગુણ-પર્યાયથી અભેદ નિજાત્માનું જ્ઞાન. (૨) તે ભાવના એવી રાખે છે કે, આ સરાગતા ક્યારે મરે અને હું વીતરાગ થઈ જાઉં. તત્ત્વજ્ઞાની સમ્યક્ત્વીનું, હું નિશ્ચયથી, પરમાત્માવત્ શુદ્ધ નિર્વિકાર જ્ઞાતાદ્રષ્ટા છું. એવું જ્ઞાન, તે આત્મજ્ઞાન કહેવાય છે. એ જ આત્મજ્ઞાન પરમ સુખસાધન છે. એ આત્મજ્ઞાનને જ, નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહે છે, તેને જ જિનવાણીનો સાર ભાવશ્રુત જ્ઞાન કહે છે, એ આત્મજ્ઞાનમાં ઉપયોગની સ્થિરતાને, સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. સ્વાનુભવ કહે છે, કે આત્મધ્યાન કહે છે. ભાવશ્રુતજ્ઞાન દ્વારા, આત્માનો અનુભવ બીજના ચંદ્રમાતુલ્ય છે. તે જ અભ્યાસના બળથી, વધતો વધતો પૂર્ણ ચંદ્રમારૂપ, કેવલ જ્ઞાન થઈ જાય છે. જે રત્નત્રયથી સહજ સુખની સિદ્ધિ થાય છે, તેમાં આત્મજ્ઞાન જ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. (૩) સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વપદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. (૪) પરમશ્રુત =પ્રયોજનભૂત ઉત્તમ શ્રુતજ્ઞાન. (૫) ભાવશ્રુત જ્ઞાન; અનૃતતાનુભૂતિરૂપ આત્મજ્ઞાન. (૬) આત્મજ્ઞાન થાય તે પહેલાં પંચ લબ્ધિ જીવને થાય છે :-

(૧) ક્ષયોપશમલબ્ધિ = મનુષ્યભવ, પાંચ ઈન્દ્રિય વગેરે મળે તે.

(૨)વિશુદ્ધિલબ્ધિ = ખોટાં કામી ત્રાસ પામે ને સાચા ભાવ ભણી જીવ વળે તેથી પુણ્ય બાંધે. તેથી સત્પુરુષનો યોગ થાય.

(૩)દેશનાલબ્ધિ = સત્પુરુષનો યોગ થાય, સત્પુરુષ કહે તે સમજવાનું માહાત્મ્ય લાગે.

(૪) પ્રાયોગ્યલબ્ધિ = દેશનાનો વિચાર કરી તેમાં જ જીવન ગાળે તેથી સીત્તેર કોડાકોડીની કર્મ-સ્થિતિ ઘટીને અંતઃકોટાકોટાની થઈ જાય.

(૫) કરણલબ્ધિ = તેમાં આગળ વધતાં ગ્રંથિ ભેદ થાય.

ગ્રંથિભેદ થાય ત્યારે ઉપશમ સમક્તિ થાય છે. જેનો કાળઅંતર્મુહૂર્તનો છે, પણ તે ક્ષાયક જેવું નિર્મળ છે. આત્મા જાગ્રાયો તો મોક્ષ જરૂર થાય. એ પાંચે લબ્ધિનો સાર કૃપાળુદેવે આ પ્રમાણે કહ્યો છે, સર્વ કલેશથી અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે.

આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રથમ શું કરવું ? :આત્મા અભેદ એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છે. તેમાં ભેદ કેવો ? અને તેમાં એક સમયની પર્યાય કેવી ? ગંભીર વાત છે. ભાઈ કાળ થોડો છે અને કરવાનું ઘણું છે, ત્યાં વળી જીવને બહારનો બહુ મોહ છે. બહારનો ત્યાગ જોઈને તે ખૂબ રાજી-રાજી થઈ જાય છે, પણ તે બહારનો ત્યાગ આત્મામા છે ક્યાં ? અહીં તો કહે છે કે જ્ઞાનના ભેદ-આત્મામાં નથી તો એ સઘળા બાહ્ય ક્રિયાકાંડ વસ્તુમાં ક્યાંથી હોય ?છેને આકરી વાત, ભાઈ ! પ્રથમ મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ હોઈ શકે જ નહિ. એ મિથ્યાત્વના ત્યાગ માટે શું છોડવું ? જો કહે છે કે નિમિત્તને, રાગને અને ભેદને દષ્ટિમાંથી છોડવાં, અને અભેદ એકરૂપ નિર્મળાનંદ સ્વરૂપ ભગવાન આત્માની દષ્ટિ કરવી - સર્વજ્ઞ પરમેશ્વરે આજ માર્ગ કહ્યો છે.

આત્મજ્ઞો :જીવતત્ત્વના જ્ઞાતાઓ.

આત્મજોગ :આત્મયોગ; જીવનું બ્રહ્મ સાથે-આત્માનું પરમાત્મા સાથે, એકરાગપણું; જીવાત્મા અને પરમાત્માનો સંયોગ. (૨) આત્મપ્રાપ્તિ. દેહભાવથી જીવભાવનું છૂટવું. (૩) આત્માનો સંગ; આત્માની પ્રતીતિ; આત્મ ભાવ.

આત્મતત્ત્વ :સ્વદ્રવ્ય (૨) જ્ઞાયકતત્ત્વ

આત્મતત્ત્વદ્યોતક :આત્મવત્તાને સમજાવનારાં- પ્રકાશનારાં. અપવાદમાર્ગમા, જે ઉપકરણભૂત ઉપાધિનો નિષેધ નથી, તેના ચાર ભેદો નીચે પ્રમાણે છે :-

(૧)જે શ્રમણને, શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત, સર્વ કૃત્રિમતાઓથી રહિત, યથાજાત રૂપ સન્મુખ વૃત્તિ જાય, તેને કાયાનો પરિગ્રહ છે; (૨) જે શ્રમણને, ગુરુ-ઉપદેશના શ્રવણમાં વૃત્તિ રોકાય , તેને વચનપુદ્ગલોનો પરિગ્રહ છે; (૩) જે શ્રમણને, સૂત્રાધ્યયનમાં વૃત્તિ રોકાય; તેને સૂત્ર પુદ્ગલોનો પરિગ્રહ છે; અને (૪) જે શ્રમણને, યોગ્ય પુરુષના વિનયરૂપ, પરિણામ થાય, તેને મનમાં પુદ્ગલોનો પરિગ્રહ છે. જો કે આ પરિગ્રહો, ઉપકરણભૂત હોવાથી, અપવાદમાર્ગમાં તેમનો નિષેધ નથી, તો પણ તેઓ વસ્તુધર્મ નથી.

આત્મતત્ત્વ દ્યોતક :આત્મવત્તાને સમજાવનારાં- પ્રકાશનારાં.

આત્મતત્ત્વનો સ્વભાવ :આત્મતત્ત્વનો સ્વભાવ સુવિરુદ્ધ દર્શન અને જ્ઞાન છે.

આત્મત્વ :સમ્યક્જ્ઞાન; યથાર્થ દષ્ટિ; વસ્તુ ધર્મ.

આત્મત્વ અર્પશે :ઉદય આપશે.

આત્મત્વપ્રાપ્ય પુરુષ :નિર્ગ્રંથ આત્મા

આત્મદ્રવ્ય :આત્મદ્રવ્ય એ સામાન્ય વિશેષ ઉભયાત્મક સત્તાવાળું છે. સામાન્ય ચેતનસત્તા એ દર્શન. સવિશેષ ચેતનસત્તા એ જ્ઞાન.

(૨) પ્રશ્નઃ- ત્રિકાળ આત્મદ્રવ્યના આશ્રયે જ ધર્મ થાય એનું શું કારણ ?

ઉત્તર :- ત્રિકાળી આત્મદ્રવ્ય એ જ મૂળ વસ્તુ છે. ત્રિકાળી દ્રવ્યમાં આનંદ ભર્યો છે, તેથી ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેતાં પર્યાયમાં આનંદરૂપ ધર્મદશા પ્રગટ થાય છે.

પ્રશ્નઃ- ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની ?

જવાબ :- ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે તે ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે.

(૩)આત્મદ્રવ્ય સહજ એક શુદ્ધ પરમ પારિમાણિક ભાવલક્ષણ સદા પરમાત્મ સ્વરૂપ ચિન્માત્ર વસ્તુ છે. આવા નિજ પરમાત્મ દ્રવ્યનાં સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અનુચરણરૂપ પર્યાયે જીવ પરણિમે એનું નામ ધર્મ છે. અને એનું નામ મોક્ષનો માર્ગ છે. દેવ-ગુરુ શાસ્ત્રનું ભેદરૂપ શ્રદ્ધાન એ કાંઈ વાસ્તવિક શ્રદ્ધાન-સમકિત નથી; અને શાસ્ત્રનું જ્ઞાન તે કાંઈ વાસ્તવિક સમ્યગ્જ્ઞાન નથી, પણ પોતે સદાય અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ કારણ પરમાત્મા વિરાજી રહ્યો છે તેના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન અનુચરણરૂપ પર્યાયે પરિણમવું તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર છે અને તે સત્યાર્થ-મોક્ષમાર્ગ છે.

આત્મદર્શન :આત્મસાક્ષાત્કાર; સ્વાત્માનુભૂતિ; આત્મજ્ઞાન; શુદ્ધ સમકિત; સ્વાનુભવપ્રકાશ.

આત્મદર્શન :(એમ જ સહજ સાધ્ય નથી) અભ્યાસ દ્વારા સિદ્ધ થાય છે તેથી ઈન્દ્રિયોને વ્યાપાર રહિત અને મનને નિર્વિકલ્પ કરવાનો અભ્યાસ બરાબર વધારતા રહેવું જોઈએ. મનમાં જ્યારે રાગ-દ્વેષાદિની-કામ-ક્રોધ-માન-માયા-લોભ-મોહ-શોક-ભયાદિની લહેરો ન ઊઠે ત્યારે જ મન નિર્વિકલ્પ (સ્થિર) થાય છે અને આવા સ્થિર મનવાળો યોગી સાધક જ આત્મતત્ત્વના દર્શનનો અધિકારી થાય છે-બીજો કોઈ નહિ. (૨) પરનું, વિકલ્પનું, અને પર્યાયનું લક્ષ તોડીને એકરૂપ, અખંડ સ્વભાવની પ્રતીત કરવી તે જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે, તે જ આત્મદર્શન છે, તે જ નિશ્ચય સ્તુતિ છે અને તે જ પ્રથમ ધર્મ છે. (૩) આત્મ સાક્ષાત્કાર. (૪) આત્માની અનુભૂતિ; (૫) જો મન-રાગ-દ્વેષાદિથી આકુળ હોય તો ગમે તેટલો શ્રુતાભ્યાસ કર્યે જાઓ પણ તેના દ્વારા આત્મદર્શન થઈ શકશે નહિ. આત્મદર્શનની પાત્રતા માટે રાગદ્વેષાદિથી રહિત થવું આવશ્યક છે. માર્ગ કોઈપણ હોઈ શકે; ઈન્દ્રિય મનનો વ્યાપાર રોકીને દેખે અથવા નિર્મળ ભાવશ્રુતજ્ઞાન દ્વારા દેખે. જે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માના કેવળ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે તેમને શ્રુત કેવળી કહેવામાં આવે છે. (૬) આત્માના પરમરૂપની અનુભૂતિ; ઈન્દ્રિયોને વ્યાપારરહિત કરીને - ઈન્દ્રિયોની પોતાનાં વિષયોમાં પ્રવૃત્તિ રોકીને-સાથે મનને પણ નિર્વિકલ્પ કરવાનો અભ્યાસ બરાબર વધારતા રહેવું જોઈએ. આત્માના પરમરૂપની અનુભૂતિનો બીજો માર્ગ શ્રુતજ્ઞાન દ્વારા પણ કેવળ જ્ઞાન સમાન જાણવામાં આવે છે. જિનેંદ્ર ભગવાનના જે શ્રુતનો-સૂત્રરૂપ આગમનો અહીં નિર્દેશ કર્યો છે તે ય પૌદગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી દ્રવ્યશ્રુત છે. સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં પુદ્ગલના રૂપમાં છે. જેની જે જ્ઞપ્તિ-જાણકારી તે પભાવ-શ્રુતજ્ઞાન કહેવાય છે. એવા-શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ થવાથી તે દ્રવ્ય-શ્રુતને ઉપચારથી-વ્યવહારનયથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. શ્રુત્ર તો ઉપાધિરૂપ હોવાથી છૂટી જાય છે. જ્ઞપ્તિ જ બાકી રહી જાય છે તે જ્ઞપ્તિ કેવળ જ્ઞાનીની અને શ્રુતજ્ઞાનીની આત્માના સમ્યક્ અનુભવમાં સમાન જ હોય છે. વાંસ્તવમાં જ્ઞાનનો શ્રુત-ઉપાધિરૂપ ભેદ નથી.

આત્મદર્શિતા :આત્મદર્શન

આત્મદશા :આત્મરમણતા. (૨) અનુભવદશા; આત્માનુભવદશા.

આત્મધ્યાન :આત્મામાં પરિણમનરૂપ, એકાગ્રતારૂપ આત્મધ્યાન છે. ત્યાં અતીન્દ્રિય નિરાકુલતામય સત્સુખ છે. સર્વ ઈચ્છાનો નાશ છે, અને સાક્ષાત્

કર્મબંધ રહિત મોક્ષમય આત્મવિશુદ્ધિનો અનુભવ છે. માટે આત્મધ્યાનથી બીજું કોઈ પરમ સુખ નથી, બીજું કોઈ તપ નથી અને બીજો કોઈ સાક્ષાત્ મોક્ષમાર્ગ નથી. (૨) સિદ્ધનું ધ્યાન કરતાં આત્મધ્યાન થાય છે એનો પણ આવો જ અર્થ છે કે સિદ્ધ ભગવાનનું ધ્યાન કરતાં પોતે સ્વરૂપથી સિદ્ધ છું એમ સ્વરૂપની અંતદૃષ્ટિ થાય ત્યારે આત્મધ્યાન થાય છે.

આત્મધ્યાનની ઉત્પત્તિ :આત્મધ્યાનને ઉત્પન્ન કરનાર માતા સમાન આત્માના શુદ્ધ સ્વભાવની-શુદ્ધ સ્વરૂપની ભાવના છે. ભાવના ઘણા વખત સુધી કરી શકાય છે. ભાવના કરતાં કરતાં એકાએક ધ્યાન ઉત્પન્ન થાય છે. તે ધ્યાન ઓછા કે વધારે સમય સુધી તદ્દન એકાગ્ર રહે છે. ધ્યાન અવસરે મન, વચન અને કાયા એ ત્રણેનો વ્યાપાર બંધ થઈ જાય છે, ચિંતવન હોતું નથી. આત્મસ્વરૂપમાં એવી રમણતા થઈ જાય છે કે જેમ કોઈ સુંદર રૂપ જોવામાં ઉપયોગ એકાગ્ર થઈ જાય છે. તે સમયે ધ્યાતાને એવો વિચાર પણ નથી હોતો કે હું ધ્યાન કરું છું કે આત્માને ધ્યાવું છું. એ દશા એક એવી છે કે જેવું વર્ણન પણ થઈ ના શકે. તે દશાને અદ્વૈતભાવ કહે છે. ત્યાં એક આત્માનો જ સ્વાદ વિકલ્પ કે વિચાર રહિત હોય છે. આ સ્વાનુભવરૂપ આત્મધ્યાનને ઉત્પન્ન કરનાર આત્માની ભાવના જ છે. જેમ દહીંને વલોવતાં વલોવતાં માખણ નીકળે છે તેમ આત્માની ભાવના કરતાં કરતાં આત્મધ્યાન કે આત્માનુભવ થઈ જાય છે. હું શુદ્ધ છું, નિર્વિકાર છું, જ્ઞાયક છું, પરમાનંદમય છું, પરમાત્મસ્વરૂપ છું એવી ભાવના વારંવાર કરવી એ આત્માનુભવને જાગૃત કરનાર છે. જ્યારે આત્માનુભવ થાય છે ત્યારે એ ભાવના બંધ થઈ જાય છે. ત્યારે અદ્વૈતભાવ, નિર્વિકલ્પભાવ, સ્વાત્મરમણભાવ, એકાગ્રભાવ જ રહે છે. જ્યાં સુધી સ્વાનુભવ હોય છે ત્યાં સુધી નથી નિશ્ચયનયનો પક્ષ કે વિચાર કે નથી વ્યવહારનયનો પક્ષ કે વિચાર. આત્માનુભવ નયાતીત, વિકલ્પાતીત, અનિર્વચનીય, એક પરમાનંદમય અમૃતનો સમુદ્ર છે. આ સમુદ્રમાં સ્નાન કરતાં મગ્ન-લીન થવું એ આત્મધ્યાન છે.

આત્મધર્મ :સાચું સુખ.

આત્માનું જ્ઞાન કેવી રીતે થાય ? :જીવને, અનાદિથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે. માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી, આત્માનું સ્વરૂપ સાંભળીને, યુક્તિ દ્વારા આત્મજ્ઞાન સ્વભાવી છે, એવો નિર્ણય કરવો.... પછી પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો, જે ઈન્દ્રય દ્વારા તથા મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ તેને મર્યાદામાં લાવીને, એટલે પર પદાર્થો તરફથી પોતાનું લક્ષ ખેંચી, આત્મા પોતે જ્યારે સ્વસન્મુખ લક્ષ કરે છે ત્યારે, પ્રથમ સામાન્ય સ્થૂળપણે આત્મા સંબંધી જ્ઞાન થયું; તે આત્માનો અવગ્રહ થયો. પછી વિચારના નિર્ણય તરફ વળ્યો, તે ઈહા, નિર્ણય થયો તે અવાચ અર્થાત્ ઈહઆત્માનું ઈહાથી જાણેલા આત્મામાં આ તે જ છે, અન્ય નથી, એવા મજબૂત જ્ઞાનને અવાય કહે છે. આત્મા સંબંધી, કાળાંતરમાં સંશય તથા વિસ્મરણ ન થાય, તેને ધારણ કરે. ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનંમા છે ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો. પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિ સ્વરૂપે છે, તેમ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન, તે શ્રુત જ્ઞાન છે. અંદર સ્વલક્ષમાં મન-ઈન્દ્રય નિમિત્ત નથી. જીવ, તેનાથી અંશે જુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી, તેમાં ઠરી શકે છે. અવગ્રહ કે ઈહા થાય, પરંતુ જો તે લક્ષ ચાલુ ન રહે, તો આત્માનો નિર્ણય ન થાય એટલે કે, અવાયજ્ઞાન ન થાય. માટે અવાયની ખાસ જરૂર છે, આ જ્ઞાન થતી વખતે વિકલ્પ રાગ, મન કે પરવસ્તુ તરફ લક્ષ હોતું જ નથી, પણ સ્વસન્મુખ લક્ષ હોય છે. સમ્યગ્દૃષ્ટિને પોતાનું (આત્માનું) જ્ઞાન થતી વખતે, આ ચારે પ્રકારનું (અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા) જ્ઞાન થાય છે. ધારણા અને સ્મૃતિ છે; જે આત્માને સમ્યગ્જ્ઞાન અપ્રતિહત ભાવે થયું હોય, તેને આત્માનું જ્ઞાન ધારણા રૂપે રહ્યા જ કરે છે.

આત્મનિવેદન :અંતરની પ્રેરણા

આત્મનિષ્ઠ :આત્મરત; આત્મામાં નિષ્ઠાવાળું (૨) આત્મામાં નિષ્ઠાવાળું; મુમુક્ષુ; આત્મવિશ્વાસી; આત્મશ્રદ્ધા; આત્મવિશ્વાસ; આત્મ ભક્તિ; આત્મા વિશે આસ્થા.

આત્મપણે ભાવવું :સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદોને નહિ ભાવતાં, અભેદ આત્માને જ ભાવે છે -અનુભવે છે.

આત્મપ્રત્યયી :આત્મવિશ્વાસુ; આત્મભરોસાવાળું. (૨) આત્મ પ્રાપ્ત કરવાની ખાતરીવાળું.

આત્મપરિણામ સંતતિ :આત્માના પરિણામોની પરંપરા.

Record 5001 to 10000

આત્મપરિણામ સંતતિ :આત્માના પરિણામોની પરંપરા.

આત્મપરિણામની સ્થિરતા :આત્મમગ્નતા; સ્વરૂપની સાવધાનીરૂપ સમાધિ.

આત્મબુદ્ધિ :મારાપણું. (૨) આત્મલીનતા.

આત્મભૂત :પોતાનામાં કે પોતાનાથી ઊપજેલું; આત્મસ્વરૂપ; આત્મલીનતા;

આત્મભ્રાન્તિ :સંશય; ભ્રમણા.

આત્મમયપણે :પોતામયપણે.

આત્મમસ્તી :આત્મખુમારી.

આત્મરિદ્ધિ પ્રગટ થવાનાં ચાર કારણો :(a) શબ્દબ્રહ્મરૂપ પરમાગમની સેવા. (b) કુતર્ક ને કુમતનું ખંડન કરનાર નિર્બાધ અખંડ યુકિત-ન્યાય. (c) સર્વજ્ઞ ભગવાનથી આવેલ પરંપરા ગુરુનો ઉપદેશ. (d) જાત અનુભવ. ઉપરોક્ત ચાર કારણો વડે નિજવિભવ પ્રગટ થયો છે.

આત્મરોગ :આત્મભ્રાન્તિરૂપ રોગ.

આત્મલાભ :સ્વરૂપ પ્રાપ્તિ; સ્વરૂપને ધારી રાખવું તે; પોતાને ધારી રાખવું તે; હયાતી. (દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તેને પરિણામ છે.)

આત્મલીનતા :આત્મામાં તલ્લીન; આત્મામાં એકાગ્રતા;

આત્મવ્યવહાર :માત્ર અચલિત ચેતના, તે જ હું છું, એમ માનવું, પરિણમવું તે આત્મવ્યવહાર-આત્મારૂપ વર્તન છે. (૨) આત્મારૂપ વર્તન; આત્મારૂપ કાર્ય; આત્મારૂપ વ્યાપાર.

આત્મવર્તી :પોતાનામાં રહેવું.

આત્મવસ્તુ :પ્રશ્નઃ- આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય ?
ઉત્તર :- વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે-પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે ? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે - બતાવે છે.

આત્મવાદ પ્રાપ્ત :નિર્ગ્રંથ; ઉપયોગ છે લક્ષણ જેનું; અસંખ્ય પ્રદેશી સંકોચ વિકાસનું ભાજન, પોતાનાં કરેલાં કર્મોનો ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય પર્યાયરૂપ નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર. (૨) ઉપયોગ છે લક્ષણ જેનું, અસંખ્ય પ્રદેશી સંકોચ વિકાસનું ભાજન, પોતાનાં કરેલાં કર્મોનો ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય પર્યાયરૂપ, નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર.

આત્મવિચાર જાગૃત થવામાં સહાયક ગુણો :દાન, શીલ, તપ અને ભાવ, એમ ચાર પ્રકારે ધર્મ કહ્યો છે.

આત્મવિરોધક :આત્માનો અવરોધ કરનાર, આત્માનું ખંડન કરનારા

આત્મવીર્ય :આત્મશક્તિ (૨) જીવની શક્તિ.

આત્મશ્લાઘા :જાતનાં વખાણ; આપ વડાઈ કરવી એ. (૨) પોતાની પ્રશંસા. (૩) આત્મપ્રશંસા; આપવડાઈ.

આત્મસંચય :આત્માને વશ કરવો.

આત્મસંચેતન :આત્મ અનુભવ.

આત્મસ્તુતિ :પોતાની જૂઠી આપવડાઈ

આત્મસ્થ :આત્મામાં રહેલા.

આત્મસંભાષણ :અંતારાત્માને ઉદ્દેશીને વાત કહેવી.

આત્મસ્મૃતિપૂર્વક :આત્મસ્મરણપણે = પોતાને સંબોધે તે રીતે.

આત્મસમાધિ :આત્મકલ્યાણ.

આત્મસ્વભાવ :અવિકારી, નિરુપાધિક, શાંતસ્વરૂપ છે. (૨) સમ્યગ્દષ્ટિપણું

આત્મસ્વરૂપનું માહાત્મ્ય :આત્માના સ્વરૂપને ખ્યાલમાં લેવા માટે યોગ્ય પુરુષાર્થ જોઈએ. આત્મામાં અંદર અપાર શક્તિ પડી છે તેનું મહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ જ છે. કાંઈ આડું ઢાંકણું નથી. પ્રથમ વસ્તુનું મહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો માહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે; પણ પહેલાં માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય.

આત્મસંવિત્તિ :આત્મજ્ઞાન.

આત્મસાત :પોતારૂપ (૨) તદ્દન પોતાના જેવું; પોતાનું હોય એમ; એકરૂપ. (૩) આત્મારૂપ; પોતારૂપ.

આત્મસાધન :દ્રવ્ય, ક્ષેત્ર , કાળ અને ભાવ, એ આત્મસાધનનાં સાધનો છે.

દ્રવ્ય=હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર=અસંખ્યાત, નિજઅવગાહના પ્રમાણ છું.

કાળ=અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ=શુદ્ધ ચૈતન્યમાત્ર, નિર્વિકલ્પ દ્રષ્ટા છું.

કાયસંયમ=ઈન્દ્રિયસંક્ષેપતા, આસન સ્થિરતા, ઈન્દ્રિય સ્થિરતા, સઉપયોગ યથાસૂત્ર પ્રવૃત્તિ.

આત્મસિદ્ધિ :આત્મપ્રાપ્તિ; આત્મ-સાક્ષાત્કાર.

આત્મસિદ્ધિમાં ત્રણ પ્રકારનાં સમક્તિ ઉપદેશમાં છે :

(a) આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વરુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમક્તિ કહ્યું છે.

(b) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમક્તિનો બીજો પ્રકાર કહ્યો છે.

(c) નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમક્તિનો ત્રીજો પ્રકાર કહ્યો છે. પહેલું સમક્તિ બીજા સમક્તિનું કારણ છે. બીજુ સમક્તિ ત્રીજા સમક્તિનું કારણ છે. ત્રણ સમક્તિ વીતરાગ પુરુષે માન્ય કર્યા છે. ત્રણે સમક્તિ ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે.

આત્મા :(૧) આત્મા પર્યાય અપેક્ષાએ, અનેક છે અને દ્રવ્ય અપેક્ષાએ, એક છે. (૨) આત્મા પર્યાય અને અપેક્ષાએ, નાશવાન છે, અને દ્રવ્ય અપેક્ષાએ નાશવાન નહીં ,પણ ધ્રુવ છે. (૩) આત્મા, જ્ઞાન (માણવાની) અપેક્ષાએ, તેનો વિસ્તાર જોઈએ તો જાણે, કે લોકાલોકને મળી ગયો હોય તેટલો છે, અને બીજી તરફથી ક્ષેત્ર અપેક્ષાએ જોતાં, તે પાતાના અસંખ્ય પ્રદેશોમાં જ સમાયેલો છે.- આવો જ વસ્તુનો સ્વભાવ છે. (૨) આત્મા જ્ઞાનમય છે, તેથી અનુરૂપ અહેતુક જ્ઞાન જ, તેનું એક રૂપ છે. (૩) દર્શન - જ્ઞાન - ચારિત્રને, જે હંમેશા પ્રાપ્ત હોય તે આત્મા છે. દેખે તે આત્મા, જાણે તે આત્મા, અંતરમાં સ્થિર થાય, તે આત્મા. (૪) આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. (૫) તેમાં ત્રણ ગુણો છે (૧) દર્શન ગુણ, તે પાચક છે, (૨) જ્ઞાન ગુણ, તે પ્રકાશક છે અને (૩) ચારિત્રગુણ, તે દાહક છે. આ ત્રણ ભેદ પાડવા, તે વ્યવહાર છે. (૬) શાસ્ત્રમાં, આત્માને સ્વરૂપ-પ્રત્યક્ષ કહ્યો છે. સ્વરૂપ પ્રત્યક્ષ જ વસ્તુ તેથી જ તે, પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. વસ્તુ સ્વરૂપ પ્રત્યક્ષ જ જ્ઞાનમાં છે, તેથી પ્રત્યક્ષ પર્યાયથી જણાય છે.

- મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ =

(૧) આત્મા (કર્મરજના) પર દ્રવ્યપણાને લીધે કર્મ રજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે (મુક્ત થાય છે). તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિ-હેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો. કેવળજ્ઞાન અને કેવળદર્શન (નિજ) સ્વરૂપભૂત હોવાને લીધે તેનાથી નહિ મુકાતો થકો અનંત અદ્રિય સુખને અનુભવે છે.

(૨) તે મુક્ત આત્માને ભાવપ્રાણ ધારણ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'જીવત્વ' હોય છે.

(૩) ચિદ્રૂપ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'ચેતયિતૃત્વ' હોયછે.

(૪) ચિત્પરિણામ જેનું લક્ષણ (સ્વરૂપ) છે. એવો ઉપયોગ હોય છે.

(૫) પ્રાપ્ત કરેલા સમસ્ત (આત્મિક) અધિકારોની શક્તિમાત્રરૂપ પ્રભુત્વ હોય છે. શક્તિ = સામર્થ્ય; ઈશત્વ. (મુકાતાત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં અર્થાત્ તેમનો અમલ કરવામાં સ્વયં સમર્થ તેથી પ્રભુ છે.

(૬) સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્રરૂપ (નિજ સ્વરૂપને રચવારૂપ) 'કર્તુત્વ' હોય છે.

(૭) સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સુખની ઉપલબ્ધિરૂપ ભોક્તુત્વ હોય છે.

(૮) અતીત અનંતર (છેલ્લા) શરીર પ્રમાણે અવ

ગાહ પરિણામ રૂપ દેહ પ્રમાણપણું હોય છે.

મુક્તાત્માની અવગાહના ચરમ શરીર પ્રમાણ હોય છે તેથી તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેને દેહપ્રમાણપણું કહી શકાય છે.

(૯) અને ઉપાધિના સંબંધથી વિવિક્ત એવું આત્યંતિક (સર્વથા) અમૂર્તપણું હોય છે. વિવિકત = ભિન્ન ; રહિત મુક્ત આત્માને કર્મસંયુક્તપણું તો નથી જ હોતું, કારણકે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુક્તિ થઈ છે.

પૂર્વ સૂત્ર (ગાથા ૨૭માંનું કહેલા જીવત્વ આદિ નવ વિશેષોમાંથી પ્રથમના આઠ વિશેષો મુક્તાત્માને પણ યથા સંભવ હોય છે, માત્ર એકાકર્મ સંયુક્તપણું હોતું નથી.

(૧) દ્રવ્ય કમો તે પુદ્ગલ સ્કંધો છે અને ભાવ કર્મો તે ચિદ્વિવર્તો છે. (ચિદ્વિવર્ત = ચૈતન્યનો પલટો અર્થાત્ ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવારૂપે પલટાવું તે; ચિત્શક્તિનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવા રૂપે પરિણમવું તે.)

ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરાદિક કર્મોના સંપર્કે (સંબંધથી) સંકુચિત વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વના(સમસ્ત પદાર્થોના) એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે. પરંતુ જ્યારે જ્ઞાનાવરણાદિ કર્મોની સંપેર્ક વિનાશ પામે છે; ત્યારે તે જ્ઞેયભૂત વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી થકી કથંચિત્ * કૂટસ્થ થઈને, અન્ય વિષયને નહિ પામતી થકી વિવર્તન કરતી નથી. તે આ (ચિત્શક્તિના વિવતનનો અભાવ) ખરેખર નિશ્ચિત (નિયત, અચળ) સર્વજ્ઞપણાની અને સર્વદર્શપણાની ઉપલબ્ધિ છે.

આ જ, દ્રવ્ય કર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે.

આ જ વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે ઔપાધિક સુખદુઃખ પરિણામો ભોક્તુત્વનો વિનાશ છે.

અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે એવા આત્માને સ્વતંત્ર સ્વરૂપાગુભૂતિ લક્ષણ સુખનું (સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોક્તુત્વ છે.

(* કૂટસ્થ = સર્વ કાળે એકરૂપે રહેનારી; અચળ (આનાવરણાદિકર્મનો સંબંધ નષ્ટ થતાં કાંઈ ચિત્શક્તિ સર્વથા અપરિણામી થઈ જતી નથી; પરંતુ તે અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતી નથી- સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કંથંચિત્ કૂટસ્થ કહી છે.)

* ઔપાધિક = દ્રવ્ય કર્મરૂપ ઉપાધિ સાથે સંબંધવાળા; દ્રવ્યકર્મ-રૂપ ઉપાધિ જેમાં નિમિત્ત હોય છે એવા; અસ્વાભાવિક; વૈભાવિક; વિકારી.

- આત્મા (૧) જ્ઞાનાત્મક, (૨) દર્શનરૂપ, (૩) ઈન્દ્રિયો વિના, સર્વને જાણનારો મહાપદાર્થ, (૪) જ્ઞેય, પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી, અચળ અને (૫) જ્ઞેય, પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે; તેથી તે એક છે. આ રીતે એક હોવાથી, તે શુદ્ધ છે. આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને લીધે, તે જ એક ઉપલબ્ધ કરવા યોગ્ય છે.
- સંસાર અવસ્થાવાળા આત્માનું સોપાધિ નિયુપાધિ સ્વરૂપ :
  (૧) આત્મા નિશ્ચયે ભાવ પ્રાણના ધારણને લીધે જીવ છે; વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) દ્રવ્ય પ્રાણના ધારણને લીધે જીવ છે.
  (૨) નિશ્ચયે ચિત્સ્વરૂપ હોવાથી ચેતયિતા (ચેતનારો-જાણનાર) છે; વ્યવહારે (સદ્ભૂત વ્યવહારનયે) ચિત્શક્તિયુક્ત હોવાથી ચેતયિતા (જાણનાર) છે.
  (૩) નિશ્ચયે અપૃથગ્ભૂત એવા ચૈતન્ય પરિણામ સ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી ઉપયોગલક્ષિત (ઉપયોગવાળો) છે; વ્યવહારે (સદ્ભૂત વ્યવહારનયે) પૃથગ્ભૂત એવા ચૈતન્ય પરિણામ સ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી ઉપયોગવાળો છે..
  અપૃથગ્ભૂત = અપૃથક; અભિન્ન. (નિશ્ચયે ઉપયોગ આત્માથી અપૃથક્ છે અને વ્યવહારે પૃથક્ છે.

નિશ્ચયે ચિત્શકિતને આત્મા સાથે અભેદ છે અને વ્યવહારે ભેદ છે; તેથી નિશ્ચયે આત્મા ચિત્શક્તિ સ્વરૂપ છે અને વ્યવહારે ચિત્શક્તિવાન છે.

(૪) નિશ્ચયે ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી 'પ્રભુ' છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) દ્રવ્યકર્મો નાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ હોવાથી 'પ્રભુ' છે.(૫) નિશ્ચયે પૌદ્‌ગલિક કર્મો જેમનું નિમિત્ત છે એવા આત્મ પરિણામોનું કર્તુત્વ હોવાથી 'કર્તા' છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) આત્મ પરિણામો જેમનું નિમિત્ત છે એવાં પૌદ્‌ગલિક કર્મોનું કતૃત્વ હોવાથી કર્તા છે.

(૬) નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે એવાં સુખદુઃખ પરિણામોનું ભોક્તુત્વ હોવાથી ભોક્તા છે; વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત (પ્રાપ્ત) ઈષ્ટાનિષ્ટ વિષયોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોકતા' છે;

(૭) નિશ્ચયે લોક પ્રમાણ હોવા છતાં વિશિષ્ટ અવગાહ પરિણામની શક્તિવાળો હોવાથી નામકર્મથી રચાતા નાના-મોટા શરીરમાં રહેતો થકો વ્યવહારે સદ્‌ભૂત વ્યવહારનયે) 'દેહ પ્રમાણ' છે.

(૮) વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) કર્મો સાથે એકત્વ પરિણામને લીધે મૂર્ત હોવા છતાં, નિશ્ચયે અરૂપી સ્વભાવવાળો હોવાને લીધે 'અમૂર્ત' છે.

(૯) નિશ્ચયે પુદ્‌ગલ પરિણામને અનુરૂપ ચૈતન્ય પરિણાત્મ કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે. વ્યવહારે (અસદ્‌ભૂત વ્યવહારનયે) ચૈતન્ય પરિણામને અનુરૂપ પુદ્‌ગલપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે.

સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્‌ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત્ ભાવકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મ સંયુક્ત છે અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને અનુરૂપ એવા નૈમિત્તિક પુદ્‌ગલ-કર્મો સાથે (અર્થાત્ દ્રવ્યકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મ સંયુક્ત છે.

- અબદ્ધ સ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત છે.

  (૧) અબદ્ધ સ્પૃષ્ટ = કોઈ સંયોગથી બંધાયેલો નથી, પરાધીન નથી; આસંયોગી જ્ઞાયક છું.

  (૨) અનન્ય = પરરૂપે નથી, દેહીદિ મારાં નથી; હું તેનો નથી. પરક્ષેત્રનો કોઈ સંબંધ મારે નથી, સર્વ પરવસ્તુથી રહિત સ્વમાં ત્રિકાળ અભેદ છું.

  (૩) નિયત = એક એક સમયની અવસ્થાના ભેદ પૂરતો નથી પણ ત્રિકાળી ટકનાર નિત્ય એકરૂપ સ્વભાવી છું.

  (૪) અવિશેષ = ગુણના જુદાજુદા ભેદરૂપે નથી, પણ સામાન્ય એકાકાર અનંત ગુણનો પિંડ અભેદ સ્વરૂપે છું.

  (૫) અસંયુક્ત = કર્મના સંબંધે રાગ-દ્વેષ, હર્ષ-શોક આદિ જે ભેદ પડે છે તે ભેદ રૂપ અવસ્થાપણે નથી, નિમિત્તાધીન થતા વિકારનો કર્તા નથી, (ક્ષણિક અવસ્થામાં વિકાર કરે છે પોતે, પણ સ્વભાવમાં તેનો સ્વીકાર નથી.) સ્વભાવાશ્રિત ગુણોની નિર્મળતાનો જ ઉત્પાદક છું.

- આત્મામાં જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, વીર્ય (આત્મબળ), અસ્તિત્વ (ત્રિકાળ હોવાપણું), વસ્તુત્વ (પ્રયોજનરૂપ સ્વાધીન સ્વભાવપણું, કાર્ય કરવામાં પોતાનું સમર્થપણું), પ્રદેશત્વ (પોતાનો સ્વતંત્ર આકાર, પહોળાપણું), આદિ અનંતગુણના પિંડપણે આત્મા છે. ગુણના પાડ્યા વિના અખંડ તત્ત્વ સમજાવી શકાતું નથી વ્યવહારે ભેદ પાડી કહે છે કે આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર ત્રણ ગુણના ભેદ પાડી જુદા બતાવ્યા, પણ વસ્તુમાં તે ત્રણે ગુણો જુદા જુદા નથી, એક સાથે આત્મામાં છે છતાં અજ્ઞાનીને એકલો આત્મા ભેદ પાડ્યા સિવાય કહે તો તે સમજી શકે નહિ તેથી વ્યવહારથી ભેદ પાડી, જે દર્શન, જ્ઞાન, ચારિત્રને નિત્ય પ્રાપ્ત છે તે આત્મા છે એમ મુખ્ય ત્રણ ગુણોથી ભેદ પાડી સમજાવે છે. પરમાર્થ વસ્તુમાં ભેદ નથી.

- આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવો અનંત સામર્થ્યથી ભરપૂર વર્તમાનમાં જ છે, સમય-સમય ત્રિકાળી થઈને આત્મા અનંત છે એવી અનંતતા નથી પણ વર્તમાન સમયે જ અનંત

સામર્થ્યવાળા ભાવથી ભરેલો છે તેથી અનંત એવો આત્માનો બેહદ સ્વભાવ છે.

- આત્મા તો નિર્વિકલ્પ વીતરાગ સ્વરૂપ છે, એવા સ્વભાવનો જે અજાણ છે તે મંદબુદ્ધિ છે-અજ્ઞાની છે. આત્માના સ્વભાવનું જેને ભાન નથી તે બધા મંદબુદ્ધિ-અજ્ઞાનીમાં સમાઈ જાય છે.
- આત્મા (૧) જ્ઞાનાત્મક, (૨) દર્શનરૂપ, (૩) ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો મહાપદાર્થ, (૪) જ્ઞેય પરપર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી અળિ અને (૫) જ્ઞેય પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી નિરાલંબ છે; તેથી તે એક છે. આ રીતે એક હોવાથી તે શુદ્ધ છે. આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને લીધે તે જ એક ઉપલબ્ધ કરવા યોગ્ય છે.
- અતીન્દ્રિય જ્ઞાન દ્વારા સ્વરૂપનો નિર્ણય ન કર્યો તેથી ભવભ્રમણ ઊભું રહ્યું. આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય નથી પણ અતીન્દ્રિય આત્માનો નિર્ણય અતીન્દ્રિય જ્ઞાન દ્વારા થઈ શકે છે.
- આ દેખનાર, જાણનાર, આચરણ કરનાર પદાર્થ છે તે આત્મા છે.
- જ્ઞાનદર્શનતયી અવિનાશી પદાર્થ.
- સ્વ-પર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનાં પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.
- ચેતન; જીવ.
- દેહ દેવળમાં ભગવાન આત્મા સર્વ કાળે પ્રત્યક્ષ છે તો અત્યારે કેમ દેખાતો નથી ?

  ઉત્તર :- એ શક્તિ અપેક્ષાએ પ્રત્યક્ષ છે, જેની દૃષ્ટિ એના ઉપર જાય એને પ્રત્યક્ષ છે, ત્રણે કાળે નિર્મળ છે. ત્રણે કાળે પ્રત્યક્ષ છે, એના સ્વરૂપમાં દયા-દાન આદિના રાગ નથી. જે પ્રત્યક્ષ કરવા માગે છે તેને પ્રત્યક્ષ છે. જે વર્તમાન જ્ઞાનનો છે તેને ત્રિકાળી તરફ વળતા પ્રંત્યક્ષ છે.

- પ્રશ્નઃ- ભગવાન આત્માને જ્ઞાન માત્ર શા માટે કહેવામાં આવે છે ? આપ વારંવાર ભગવાન આત્મા, ભગવાન આત્મા કહો છો- મહેરબાની કરીને તેનું સ્વરૂપ બતાવો.

  ઉત્તર :- ભાઈ, ભગવાન આત્મા અનંત શક્તિઓનું સંગ્રહાલય, અનંત ગુણોનું ગોદામ, અનંત આનંદનો કંદ, અનંત મહિમા વંત, અતીન્દ્રિય મહાપદાર્થ છે; તેને જ્ઞાનમાત્ર પણ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાનમાત્ર છે એટલે કે શરીર, મન, વાણી અને પુણ્ય-પાપરૂપની. એક સમયની પર્યાય માત્ર પણ નથી. તે જ્ઞાન, દર્શન, અકાર્યકારણ, ભાવ-અભાવ આદિ અનંત શક્તિઓ એક સાથે રહે છે માટે તેઓ અક્રમવર્તી છે.

  આ પ્રમાણે આત્મદ્રવ્ય અક્રમવર્તી અને ક્રમવર્તી ગુણ પર્યાયોનો પિંડ છે. દ્રવ્ય શુદ્ધ છે. ગુણ પણ શુદ્ધ છે. માટે તેની દૃષ્ટિ કરવાથી પરિણમન પણ શુદ્ધ જ થાય છે. હું જ્ઞાનમાત્ર વસ્તુ છું. આવી દૃષ્ટિ થતાં પર્યાયમાં જીવત્વ શક્તિનું પરિણમન થયું, તેની સાથે જ્ઞાન, દર્શન, આનંદ, અકાર્યકારણત્વ વગેર અનંત શક્તિઓની પર્યાયો ઉછળે છે, પ્રગટ થાય છે.

  પ્રશ્ન :- ઉછળે છે એટલે શું ?

  ઉત્તર :- દ્રવ્ય વસ્તુ છે, તેમાં અનંતની શક્તિઓ છે, એક શક્તિનું જ્યારે પરિણમન થાય છે ત્યારે અનંતી શક્તિની પરિણતિ એક સાથે ઉત્પન્ન થાય છે તેને ઊછળે છે એમ કહેવામાં આવે છે.

- આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપી છે, તેની અવસ્થામાં પરના નિમિત્તે દોષ થાય છે. જેને મલિન અવસ્થા કહો, મલિન હાલત કહો, કર્મ તરફ જોડાણો છે તેમ કહો, એકાંત દૃષ્ટિમાં અટકી ગયો છે તેમ કહો. પોતાનું ભાન ભૂલીને કર્માધીન થયો છે તેમ કહો, તે બધા

  એકાર્થ વાચક છે, તે બધામાં અજ્ઞાનતાનો દોષ છે માટે તેને આત્મા કહ્યો નથી કારણ કે જેના ફળમાં લીલોતરી નાંનિગોહમાં જશે તેને આત્મા કેમ કહીએ ? અજ્ઞાન પર્યાયમાં વર્તમાનમાં પણ મૂઢતા છે, અને તેના ફળમાં

ભવિષ્યમાં પણ નિગોદ આદિમાં મૂઢ થઈ જવાનો તેને આત્મા કેમ કહેવાય? આત્મા તો તેને કહીએ કે વર્તમાનમાં પણ વિકાસ દેખાય અને ભવિષ્યમાં પણ વિકાસ વધે, તે વિકાસ વર્તમાનમાં પણ સુખ-શાંતિ અને નિરાકુળતાવાળો હોય, અને ભવિષ્યમાં પણ સુખ શાંતિ અને નિરાકુળતા વધતી જ હોય તે પૂર્ણ થયે મુક્ત થાય તેને જ આત્મા કહીએ. જેની દૃષ્ટિ જડ ઉપર છે, જેનું જ્ઞાન મૂઢતાને પામે છે તે આત્માને જડ કહ્યો છે કારણ કે પોતાની જાગૃતિનું ભાન નથી તે અપેક્ષાએ તે જડ છે. ઈશનુ સ્વરૂપ જેમ છે તેમ સમજ્યા વગર ભવનો અંત આવે તેમ નથી. ક્ષણને આત્માની જાગૃતિનું ભાન છે.

- આત્મા રાગ-દ્વેષ વિનાનું તત્ત્વ છે, તે પુદ્ગલની અવસ્થાથી અન્ય એવું ચૈતન્ય દ્રવ્ય છે. હું રાગી-દ્વેષી આત્મા છું તેવી માન્યતા તે જીવનો વિકારભાવ છે, મિથ્યાત્વ છે. જે જ્ઞાન એકલો પરદ્રવ્યને જ જાણે પરંતુ પોતાના સ્વદ્રવ્યને ન જાણે તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે અને વીતરાગ સ્વરૂપે નહિ રહેતાં રાગ-દ્વેષાદિ રૂપે અસ્થિર થાય છે તે જીવનો અવિરતિરૂપ વિકારભાવ છે.
- આ જાણવા દેખાવની જે એક સમયની અવસ્થા છે કે કાંઈ પૂરો આત્મા નથી; કેમ કે એ તો એક સમયની વર્તમાન દશામાત્ર છે, ને ભગવાન આત્મા તો અખંડ એકરૂપ ત્રિકાળ છે. અહીં ! આખી ચીજ તો અંદર ત્રિકાળ વસ્તુ છે, જે સહજ દર્શનોપયોગ, સહજ જ્ઞાનોપયોગ, સહજ શ્રદ્ધા, પરમ શુદ્ધ ચારિત્ર ને સુખામૃત અર્થાત્ પરમ આનંદામૃત એવા સ્વભાવરૂપ ત્રિકાળ એકરૂપ છે આ આખી અખંડ એકરૂપ વસ્તુ જે આત્મા છે તેનો આશ્રય કરે ત્યારે ધર્મ પ્રગટ થાય છે.
- (૧) આત્મા ત્રિકાળી સ્વરૂપ છે.

(૨) જ્ઞાન-દર્શન તેવા ત્રિકાળી ગુણ છે.

(૩) તેને અનુસરીને થતો-વર્તતો પરિણામ તે ઉપયોગ છે. તે ઉપયોગના બાર પ્રકાર છે.

(૪) આ ઉપયોગના પહેલાં બે સાધારણ ભેદ કહ્યા;

૧. જ્ઞાન, ૨. દર્શન.

(૫) પછી જ્ઞાનોપયોગના બે ભેદ કહ્યા :

૧. જ્ઞાન, ૨. વિભાવજ્ઞાન.

(૬) અને પછી સ્વભાવ જ્ઞાનના બે ભેદ કહ્યા. ૧. કાર્ય સ્વભાવ-જ્ઞાન ને ૨. કારણ સ્વભાવ જ્ઞાન.

હવે કહે છે કાર્યે તો સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળ જ્ઞાન છે.

આત્મામાં એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં કાર્યપણે જે કેવળજ્ઞાન થાય છે તે સર્વતઃ નિર્મળ છે, અને તે યુગપદ્ ત્રણ કાળ-ત્રણ લોકને સાક્ષાત્-પ્રત્યક્ષ જાણે છે. અહા ! આવા જે કેવળજ્ઞાનરૂપી પરિણામ છે તે અંતરંગ ગુણને અનુસરીને થતાં પરિણામ છે, અને તેને કાર્ય સ્વભાવજ્ઞાન કહે છે. કેમ ? કેમકે કે કાર્ય-પર્યાય છે ને ? તેથી તેને કાર્ય સ્વભાવજ્ઞાન કહેવામાં આવે છે. આ તો ધીમે ધીમે, હળવે હળવે લઈએ છીએ. પણ બહાર થોથાં (ક્રિયાકાંડ) માં એ પડ્યો છે, ને અંતરની ચીજના અભ્યાસમાં કોઈ દિ આવ્યો જ નથી ત્યાં શું થાય ?

- અવસ્થાના ક્ષણિક ભેદને ગૌણ કરનાર શુદ્ધનય આત્માને કેવો બતાવે છે ?

(૧) અબદ્ધ સ્પૃષ્ટ = વસ્તુપણે શુદ્ધ, ક્ષણિક, સંયોગી ચીજ દ્રવ્યકર્મ છે તેના બંધ-સ્પર્શ રહિત, રાગાદિ સંકલેશપણાથી રહિત, પરદ્રવ્યો સાથે નહિ ભળવા યોગ્ય, અસંગ એમ સ્વતંત્ર વસ્તુપણે શુદ્ધ બતાવે છે. નિર્લેપ સ્વભાવી કમળપત્રના દૃષ્ટાંતે.

(૨) અનન્ય = સ્વક્ષેત્રથી શુદ્ધ. નર, નારક, દેવ, પશુ દેહાકાર પરક્ષેત્રથી જુદો અને પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશથી એકમેક છે. વર્તમાન દેહાકાર પૂરતો કે તેના વિકલ્પ પૂરતો નહિ.તેની મારામાં નાક્તિ છે, હું ત્રિકાળી એકરૂપ છું.

(૩) નિયત = સ્વકાળથી અભેદ. વર્તમાન ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય તેટલો નથી, પણ ત્રિકાળ ટકનાર હોવાથી ત્રિકાળી શક્તિથી નિત્ય, સ્થિર, નિશ્ચલ, એકરૂપ જ્ઞાયક ભાવે છું. અવસ્થાભેદ ઉપર જોયા કરે તો વિકલ્પ તૂટતો નથી. પણ રાગનો ઉત્પાદ થાય છે. જેમાં સમુદ્રનું દૃષ્ટાંત છે.

(૪) અવશેષ = સ્વભાવથી અભેદ, ગુણ-ગુણીભેદ વસ્તુ દષ્ટિમાં નથી. સામાન્ય એકભાવ સ્વરૂપ ધ્રુવ છું. નાના દષ્ટાંતે. એ ચાર બોલથી આત્માને આશ્રયો તેનું ફળ નિઃસંદેહ અનુભવ બતાવે છે.

(૫) અુસંયુક્ત = વર્તમાન ક્ષણિક અવસ્થામાં અુસંયુક્ત. પરનિમિત્તમાં જોડાવાથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન, પરપર્યાયમાં જોડાણરૂપ રાગદ્વેષની એકાગ્રતાના વેદનથી, મોહકર્મમાં હું સંયુક્ત છું. એમ બંધ ભાવે બંધાયો હતો તે સંયોગાધીન દષ્ટિ સ્વલક્ષ વડે તોડીને પરરૂપે-રાગરૂપે હું નથી. એમ ત્રિકાળી નિર્મળ એકાકાર સ્વભાવને લક્ષમાં લઈ પૂર્ણ અસંગ ધ્રુવ સ્વભાવનું ધોલન કરતાં સ્વભાવમાં એકાગ્ર દષ્ટિનું જોર આપતાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને અંશે સ્થિરતારૂપ નિર્મળ પર્યાય ઊઘડી, ભૂલરૂપ વિકારરૂપ અવસ્થાનો નાશ થાય છે. ત્રિકાળી એકાકાર અખંડ જ્ઞાયક છું એમ શુદ્ધનયનું જોર થતાં પોતાનું અબદ્ધસ્પૃષ્ટપણું અનુભવમાં આવે છે.

- ચેક્ષક; વેદક; જ્ઞાયક.

૧ આત્મા અનંત ગુણનો પિંડ અવિનાશી છે. દેહાદિ સંયોગ અને સંયોગાધીન થતો પુણ્ય-પાપનો ભાવ તે ક્ષણિક છે. અનાદિકાળથી પોતાનું વિસ્મરણ અને પરનો બધો અભ્યાસ છે. ખરું હિત કરવું હોય તેને પ્રથમ સાચો નિર્ણય કરવા સત્સમાગમથી ઓળખાણ કરી, પાત્ર થઈ, વીતરાગે જેવો સ્વતંત્ર આત્મા બતાવ્યો છે તેવો જ તેની વિધિથી સમજવો પડશે લોકોત્તર અરૂપી સૂક્ષ્મ ધર્મ લોકોએ બહારથી માનેલી દરેક કલ્પનાથી તદ્દન જુદો છે. જગતમાં ધર્મના નામે વેવલાપણું અને મતમતાંતર ચાલે છે.

કોઈ કહે છે કે ઈશ્વર અમને સુધારે-બગાડે, સુખી-દુઃખી કરે, કોઈ કહે કે પૂર્વના પ્રારબ્ધ અમને સુધારે-બગાડે, સુખી-દુઃખી કરે. કોઈ કહે કે બધા મળીને એક આત્મા છે. કોઈ કહે દેહાદિ જડની ક્રિયા આત્મા કરી શકે છે. પરનો કર્તા . એકતા થઈ શકે છે, કોઈ એકાંત પક્ષથી આત્માને વર્તમાન દશામાં પણ તદ્દન શુદ્ધ માને છે, કોઈ એકલો બંધનવાળો, પુણ્ય-પાપવાળો આત્મા માને છે, શુભ રાગના વિકારથી ધીમે ધીમે ગુણ થશે. એમ કોઈ માને છે વગેરે અનેક પ્રકારે વસ્તુને અન્યથા માને છે. જે બધી જગતની ભ્રમણા ટાળવા માટે સર્વજ્ઞ વીતરાગના ન્યાય અનુસાર તત્ત્વનું રહસ્ય જાણવા, સત્સમાગમ મેળવી, યથાર્થ શ્રવણ, મનન અને અભ્યાસ કરવો જોઈએ.

૨ સ્વ પર પ્રકાશક ચેતન - જ્ઞાયક પદાર્થ. આત્મા અરૂપી હોઈ અતીન્દ્રિય અનુભવગમ્ય છે. એ દષ્ટિનો દષ્ટા છે, તે રૂપનો જ્ઞાતા પણ આત્મા છે.

૩ જેના જ્ઞાન સ્વભાવમાં ત્રણ કાળ-ત્રણ લોકને જાણવાની શક્તિ છે એવો ચિન્ચમત્કાર પ્રભુ તું આત્મા છો. આવો આત્મા અંતરંગમાં નિત્ય ધ્રુવ પ્રતિભાસે છે. આવી પોતાની યાદને ન દેખતાં એક સમયની શરીરની પર્યાયને આખી ચીજ માની તું ત્યાં રોકાઈ ગયો ભગવાન ! પણ એ તો તારી મૂઢતા છે. અજ્ઞાનતા છે.

૪ ભગવાન આત્મા દેહ, મન, વાણી, ઈન્દ્રિયો વગેરે જડ વસ્તુઓથી જુદો છે; તેમજ અંદર જે તેજસ અને કાર્મણ એવાં રજકણોનાં બનેલાં બે શરીર છે તેનાથી પણ જુદો છે, તે નિત્ય જ્ઞાન આનંદની મૂર્તિ છે, તેની ખબર વિના જે અનાદિનો અજ્ઞાની છે તેને આનંદનો સ્વાદ આવતો નથી.

વિકાર પુણ્ય-પાપ મારાં, એ વિકારરૂપ કષાયને લીધે સંસારથી દુઃખરૂપ તુરાશ (કષાય, આકુળતા)નો સ્વાદ તેને આવે છે. વિકાર તે મારો સ્વભાવ નથી, હું અવિકારી છું, એમ અવિકારી સ્વભાવને નહિ જોતાં જે અજ્ઞાની રાગ-દ્વેષ, પુણ્ય-પાપની ક્રિયાથી આત્માનો સ્વભાવ ઉઘાડવા માગે છે, પુણ્ય-પાપ વિકારની મદદથી ગુણ માને છે, તેને આત્માનો નિર્મળ માર્ગ ખ્યાલમાં આવતો નથી.

દેહની પ્રવૃત્તિથી કે કોઈ બાહ્ય સાધનથી ધર્મ નથી. ધર્મ ધર્મીમાં - આત્મામાં છે. તેને પ્રગટ કરવાનો ઉપાય સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન છે, તે વડે અજ્ઞાન નાશ પામે છે. જેમ ચણો શેકવાથી ફરી ઊગતો નથી. કારણ કે તેનો ઊગવાનો સ્વભાવ નથી, તેમ એકવાર અજ્ઞાનનો નાશ કર્યા પછી આત્માનો જન્મ-મરણ સ્વભાવ ન હોવાથી તે ભવભ્રમણમાં જાય નહિ. (અલ્પભવ હોય તો તે પરમાર્થ દષ્ટિમાં ગણાય નહિ.)

ભવભ્રમણનું કારણ પુણ્ય-પાપને પોતાનાં માનવાં અને પરમાં મમતા કરવી તે છે. આત્માનો તે મૂળ સ્વભાવ નથી. પુણ્ય-પાપ તો પર લક્ષે, કર્મના નિમિત્ત આધીન થવાથી થાય છે.અજ્ઞાની અજ્ઞાન વડે પરમ બંધનું નિમિત્ત બનાવે છે. એ અજ્ઞાનનો નાશ નિત્ય અખંડ જ્ઞાયક સ્વભાવના ભાન વડે થાય છે. અજ્ઞાનનો નાશ થાય છે તેથી આત્માનો નાશ થતો નથી. આત્મા તો ત્રિકાળ ટકનાર અખંડિત દ્રવ્ય છે. તેથી આચાર્ય ભગવાન પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા આત્માનો અખંડ સ્વભાવ બતાવે છે. તેને પરથી તથા વિકારથી ભિન્ન જાણી તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા કરાવવા અલૌકિક રીતે સમયસાર શાસ્ત્રની રચના કરી છે.

૫ અગ્નિમાં પાચક, પ્રકાશક અને દાહક ત્રણ ગુણ છે, તેમ આત્મામાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા ત્રણ ગુણ છે. જેમ અગ્નિ પાચક ગુણ વડે અનાજને પકાવે છે તેમ આત્મા પોતાના દર્શન ગુણ વડે પોતાના આખા શુદ્ધ સ્વભાવને પચવી શકે છે, જીરવી શકે છે; જેમ અગ્નિ પોતાના પ્રકાશ ગુણ વડે સ્વ-પરને પ્રકાશે છે તેમ આત્મા પોતાના જ્ઞાન ગુણ વડે સ્વ-પરનો પ્રકાશક છે; જેમ અગ્નિ પોતાના દાહક ગુણ વડે દાઘને બાળે છે, તેમ આત્માનો ચારિત્ર ગુણ વિકારીભાવોનો સર્વથા નાશ કરે છે. અંધારામાં જઈ જુઓ તો બધી ચીજો એક લાગે, જુદાઈ જણાય નહીં, પણ દીપક વડે જોતાં જુદી હતી તેમ જ જણાય છે; તેમ આત્માને પરથી જુદો જાણવા માટે પ્રથમ જ સમ્યગ્જ્ઞાનરૂપ પ્રકાશ જોઈએ. એ પહેલામાં પહેલો આત્મધર્મનો એકડો છે તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંતર્ચારિત્રની એકતાથી જ ધર્મ છે, અને તે અહીં કહેવાય છે.

ચેતનદ્રવ્ય-જ્ઞાતાદષ્ટા સ્વરૂપ.

જીવ; ચૈતન્ય; ચેતક; જ્ઞાતા-દષ્ટાનો કરનાર. જાણનાર.

૬ આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે; આત્મા અબંધ છે, આત્મા ધ્રુવ છે, આત્માશરણ રચિત છે, આત્મા નિત્ય છે, આત્મા સુખરૂપ છે અને સુખ-ફળરૂપ છે.

૭ ઉત્તમ ચેતના ગુણમાં સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ આત્મા છે તેને પુરુષ પણ કહે છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ-આત્મા કહીએ.

અખંડ જ્ઞાયક સ્વરૂપે ત્રિકાળ ટકનારો ધ્રુવ છે.

૮ આત્માને પરથી જુદો પૂર્ણ સ્વરૂપે ઓળખાવવા માટે તેના અનંત ધર્મોમાંથી કેટલાક ધર્મો વડે સમજાવાય છે, જેમકે શ્રદ્ધા કરે તે આત્મા, સ્વ-પરને જાણે તે આત્મા, અંતર સ્થિરતારૂપ ચારિત્રગુણ તે આત્મા. આ ત્રણે ગુણ દરેક સમયે આત્મામાં એક સાથે છે- અભેદ છે. પણ જે અજ્ઞાની સમજતો નથી તેને એકેક ગુણ જુદો પાડીને સમજાવવું તે વ્યવહાર છે.

જેમ પરનો વિશ્વાસ કરે છે તેમ પુણ્ય-પાપ વિકાર રહિત પોતાનો વિશ્વાસ કરે તેવો ગુણ આત્માનો છે; સ્વ-પરને જાણનાર પોતાનું જ્ઞાન છે; પુણ્ય-પાપ તથા પરના આશ્રય રહિત આત્મામાં એકાગ્રતા તે ચારિત્ર છે. પણ તેથી ત્રણ ગુણો જુદા થઈ જતા નથી. નિશ્ચયથી જુઓ તો બધા ગુણોનો એક સાથે પિંડ જે જ્ઞાયક છે તેને અભેદપણે જુઓ તો દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી, એટલે કે તે ગુણો જુદા જુદા પણે વિદ્યમાન કરતાં મનના સંબંધે વિકારરૂપ ભેદ પડે છે. તે વિકલ્પના લક્ષ વડે અંદરમાં સ્થિર થવાતું નથી. એટલે કે અભેદ સ્થિર સ્વરૂપ આત્માનો અનુભવ થતો નથી.

૯ જાણવું અને દેખવું અથવા જ્ઞાન-દર્શન શક્તિવાળી વસ્તુને આત્મા કહેવામાં આવે છે; જે સહાય જાણે અને જાણવારૂપી પરિણમે તેને જીવ અથવા આત્મા કહે છે.

૧૦ આત્મા અને જીવમાં કાંઈ અંતર નથી, પર્યાયવાચક શબ્દ છે.

દેખનાર, જાણનાર, આચરણ કરનાર પદાર્થ

૧૧ આત્મા અનુત્પન્ન પદાર્થ છે.

જ્ઞાનાવરણાદિ કર્મ સદા પોતપોતાનાં સુખદુઃખાદિ કાર્ય કરે છે તો પણ નિશ્ચયથી જે આત્મામાં તેમણે કાંઈ પણ નવીનતા ઉત્પન્ન કરી નથી તેમજ આત્માના અનંત જ્ઞાનાદિ સ્વરૂપનો નાશ પણ કર્યો નથી તથા બીજી સ્થિતિ પણ કરી નથી તે આત્માને તું પરમાત્મા જાણ તથા તેની ભાવના કર.

૧૨ વ્યવહારની સંસાર અવસ્થામાં શુદ્ધસ્વરૂપને આવરણ કરનારાં કર્મો પોતપોતાનાં કાર્યો કરે છે . જેમકે જ્ઞાનાવરણી કર્મ આત્માના જ્ઞાનગુણ આવરણ કરે છે. દર્શનાવરણ દર્શન ગુણ આવરે છે, વેદનીય સાતા-અસાતા ઉત્પન્ન કરીને આત્માના અતીન્દ્રિય સુખને દ્રતિ છે, મોહનીય કર્મ સમ્યકત્વ તથા ચારિત્રગુણને વિપરીત કરે છે, આયુકર્મ આત્માને શરીરમાં રોકી રાખે છે. એટલે અવિનાશી સ્વભાવને પ્રગટ થવા દેતું નથી. ગોત્રકર્મ જીવને ઊંચનીચ ગોત્રમાં નાખે છે, અને અંતરાય કર્મ અનંત વીર્યને પ્રગટ થવા દેતું નથી. આ પ્રમાણે કર્મ પોતપોતાનાં કાર્ય કર્યા કરે છે તો પણ શુદ્ધ નિશ્ચયનથી કર્મ આત્માના મૂળ સ્વભાવને નાશ કરી શકતાં નથી, તેમજ નાશ કર્યો પણ નથી, તથા કંઈ પણ નવીનતા ઉત્પન્ન કરી નથી, આત્મા જેવો છે તેવો જ છે. રૌદ્ર આદિ અશુભ ધ્યાન છોડીને એક શુદ્ધ સહજાત્મસ્વરૂપ પરમાત્માનું ધ્યાન કર, તે જ સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે.

૧૩ આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે; આત્મા અબંધ છે, ધ્રુવ છે, આત્મા શરણસહિત છે, આત્મા નિત્ય છે, આત્મા સુખરૂપ છે અને સુખફળ રૂપ છે.

૧૪ હું આત્મા જાણનાર છું, મારી ચિત્શક્તિ-જ્ઞાન શક્તિ નિદોર્ષ ને નિર્મળ છે. આસ્રવોથી મારું સ્વરૂપ ભિન્ન છે એમ વિવેક થતાં કર્મના વાદળાંનો રસ શિથિલ થઈ જાય છે. કર્મની રચના ખંડિત થઈ જાય છે, અને સહજપણે વિકાસ પામતી ચૈતન્ય શક્તિ વડે સ્વરૂપસ્થિરતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ આસ્રવોથી આત્મા નિવૃત્ત થતો જાય છે. જેમ જેમ આત્મા આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ સ્વરૂપ સ્થિરતા વધતી જાય છે.

૧૫ રસગુણના અભાવરૂપ, સ્વભાવવાળો હોવાથી, (૨) રૂપગુણના અભાવરૂપ, સ્વભાવળો હોવાથી, (૩) ગંધ ગુણના અભાવરૂપ, સ્વભાવવાળો હોવાથી, (૪) સ્પર્શગુણરૂપ વ્યકતતાના અભાવરૂપ, સ્વભાવવાળો હોવાથી, (૫) શબ્દપર્યાયના અભાવરૂપ, સ્વભાવવાળો હોવાથી, તથા (૬) તે બધાંને કારણે (અર્થાત્ રસ-રૂપ-ગંધ-વગેરેના અભાવરૂપ, સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાહ્ય હોવાથી અને (૭) સર્વ સંસ્થાનોના અભાવરૂપ, સ્વભાવવાળો હોવાથી, આત્માને, પુદ્ગલદ્રવ્યથી વિભાગના સાધનભૂત (૧) અરસપણું, (૨) અરૂપપણું, (૩) અગંધપણું, (૪) અવ્યક્તપણું, (૫) અશબ્દપણું, (૬) અલિંગપ્રાહ્યપણું, અને (૭) અસંસ્થાનપણું છે. પુદ્ગલ તેમજ અપુદ્ગલ જેવાં, સમસ્ત અજીવદ્રવ્યોથી વિભાગનું સાધન, તો ચેતનાગુણમયપણું છે; અને તે જ, માત્ર સ્વજીવ દ્રવ્યાશ્રિત હોવાથી, સ્વલક્ષણપણું ધરતું થકું, આત્માનો શેષ અન્ય દ્રવ્યોથી, વિભાગ સાધે છે.

<u>આત્મા (આજ્ઞાની) રાગનો કર્તા અને શોકનો ભોક્તા પણ જડકર્મનો કર્તા-ભોક્તા આત્મા કદીય નથી</u> :રોટલી, દાળ ,ભાત, શાક, ચટણી આદિ ખાવાની ઈચ્છા થઈ, ત્યાં ઈચ્છાનો કર્તા આત્મા છે. પણ રોટલી, દાળ, ભાત, શાક, ચટણી ખાવાની જે ક્રિયા થઈ, તેનો કર્તા આત્મા નથી. એ જડની ક્રિયા છે, અને તે મેં કરી નથી, એમ જે માને છે, તે દ્વિક્રિયાવાદી મિથ્યાદષ્ટિ છે.

<u>આત્મા અને આસ્રવોને ભિન્ન પાડવા માટે છ પ્રકાર બતાવ્યા</u> :

(૧) લાખ અને વૃક્ષ તેમ વધ્ય અને ઘાતક કહ્યા.

(૨) વાઈના વેગની જેમ વધતા-ઘટતા કહ્યા.

(૩) શીત અને દાહ જવરના જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય કહ્યા.

(૪) કામના રજકણ છૂટતાં કામના સંસ્કાર પણ છૂટી જાય છે, તેના જેમ આસ્રવોને અશરણ કહ્યા.

(૫) આકુળતાવાળા હોવાથી દુઃખરૂપ કહ્યા. અને

(૬) આસ્રવોનું ફળ પણ દુઃખરૂપ છે માટે આસ્રવોને દુઃખરૂપ કહ્યા. આ પ્રમાણે આસ્રવોને અને આત્માને ભિન્ન સ્વભાવવાળા કહ્યા.

આસ્રવો નિબદ્ધ છે, અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુઃખરૂપ છે અને દુઃખફળરૂપ છે.

આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે; આત્મા અબંધ છે, ધ્રુવ છે, આત્મા શરણ સહિત છે, આત્મા નિત્ય છે. આત્મા સુખરૂપ છે અને સુખફળરૂપ છે એમ આસ્રવોથી ભિન્ન યથાર્થ જ્ઞાન થયું ત્યાં જેમ જથ્થાબંધ

વાદળાં છૂટી જાય-ખંડિત થઈ જાય અને દિશાઓ ચોખી નિર્મળ-ઊજળી, વાદળોની આડ વિનાની થાય, દિશા વિસ્તારવાળી થાય; તેમ અમર્યાદપણે જેનો ફેલાવ છે એવો સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાન ઘન સ્વભાવ થતો જાય છે, તેમ તેમ આત્મા આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે.

આત્મા અને કર્મ :પહેલાં આત્મા શુદ્ધ હતો, અને પછી વિકારી થયો. પહેલાં કર્મબંધ નહોતો, અને પછીથી કર્મ બંધાયાં એમ નથી. અર્થાત્ આત્માનાં વિકારી પરિણામથી કર્મ થયાં, અને કર્મથી વિકારી પરિણામ થયાં એમ નથી, બન્ને અનાદિથી સ્વતઃસિદ્ધ છે. અનાદિકાળથી કર્મ કર્મરૂપે અને આત્માનાં પરિણામ વિકારરૂપે, સ્વતંત્રપણે થતાં આવ્યાં છે. કોઈથી કોઈ થયા છે, એમ નથી. અનાદિથી પુરાણાં કર્મ ખરતાં જાય, અને એનું નિમિત્ત પામીને જીવમાં નવાં નવાં વિકારી પરિણામ થતાં જાય, તથા એનું નિમિત્ત પામીને નવાં કર્મ બંધાતાં જાય, એમ પ્રવાહ છે; આ પ્રમાણે અનાદિ પ્રવાહપણાને લીધે, જીવ-પુદ્ગલનો જે બંધ થાય છે, એમાં ઈતરેતરાશ્રય દોષ નથી.

કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત, અજ્ઞાન છે. અને અજ્ઞાનનું નિમિત્ત પૂર્વનાં જૂનાં કર્મનો બંધ છે. અજ્ઞાન કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. અજ્ઞાન-પર્યાય સ્વયં (અશુદ્ધ) ઉપાદાન છે, અને તેનું નિમિત્ત પૂર્વનો કર્મબંધ છે. કર્મ છે તે કાંઈ અજ્ઞાન કરાવી દે છે, એમ નથી. પરંતુ પોતે જ્યાં લગી રાગ-દ્વેષ-અજ્ઞાન કર્યા કરે છે, ત્યાં લગી કર્મ નિમિત્ત થાય છે.

નિજ ચૈતન્ય સ્વભાવના લક્ષે, જેને અજ્ઞાન ટળી જાય છે, તેને કર્તા કર્મ પ્રવૃત્તિ મટે છે. અને કર્મબંધ પણ ટળી જાય છે. તથા જે સ્વભાવના લક્ષે પરિણમતો નથી, તેને અજ્ઞાન છે, તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે, અને નવો નવો કર્મબંધ પણ છે.

આત્મા અને જ્ઞાન :નિશ્ચયનયથી આત્મા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તથા કેવળજ્ઞાનથી અભિન્ન છે. આત્મા અને જ્ઞાનનો તાદાત્મ્ય સંબંધ છે. જેમ પદાર્થને જોવાથી એક પ્રકારે પદાર્થમાં વ્યાપક કહેવાય છે તેમ જ્ઞાન લોકાલોકને જાણતું હોવાથી વ્યવહારનયથી વ્યાપક કહેવાય છે. પદાર્થોને જાણવા છતાં જ્ઞાન તે જ્ઞાનરૂપે તથા પદાર્થ તે પદાર્થરૂપે જ રહે છે. ઘાન પદાર્થોમાં જતું નથી તેમ પદાર્થો પણ જ્ઞાનમાં આવતા નથી. નિશ્ચયથી આત્મા લોક પ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે, તો પણ વ્યવહારનયથી પ્રાપ્ત સ્વદેહ-પ્રમાણ છે. સંસાર-અવસ્થામાં આત્મા કર્મને લીધે સંકોચ-વિસ્તાર પામ્યા કરે છે. માટે જે કોઈ પદાર્થ ભય, મૈથુન અને પરગ્રિહ સંજ્ઞા આદિ સમસ્ત વિકલ્પ સમુદાયનો ત્યાગ કરીને જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે છે તે પુરુષ જ્ઞાનથી અભિન્ન હોવાથી જ્ઞાનમય અથવા જ્ઞાન કહેવાય છે. આત્મા અને જ્ઞાનમાં ભેદ નથી.

કહ્યું છે કે :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયતા કેવળજ્ઞાનમાં એક આત્મા જ છે, એમ જે કોઈ પરમાર્થને જાણે છે, તે નિર્વાણ પામે છે. આત્મા જ પરમ અર્થ એટલે ઉત્તમ પદાર્થ છે, તેને જાણી જીવ નિર્વાણ-મોક્ષ પામે છે.

આત્મા અને જીવ :આત્મા અને જીવમાં કાંઈ અંતર નથી. પર્યાય વાચક શબ્દ છે.

આત્મા અનંત ધર્મોનું અધિષ્ઠાન (આધાર) છે :અહીં વિશેષ સમજવું કે અનેકાંત બળવાન છે. એકાંતે જ્ઞાન આત્મા છે, એમ માનવામાં આવે તો, (જ્ઞાનગુણ આત્મદ્રવ્ય થઈ જવાથી) જ્ઞાનનો અભાવ થાય, (અને જ્ઞાનગુણનો અભાવ થવાથી) આત્માને અચેતનપણું આવે, અથવા વિશેષ ગુણનો અભાવ થવાથી, આત્માનો અભાવ થાય. સર્વથા આત્મા જ્ઞાન છે, એમ માનવામાં આવે તો, (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જતાં, જ્ઞાનને કોઈ આધારભૂત દ્રવ્ય નહિ રહેવાથી) નિરાશ્રયપણાને લીધે, જ્ઞાનનો અભાવ થાય. અથવા (આત્મદ્રવ્ય એક જ્ઞાનગુણરૂપ થઈ જવાથી) આત્માના શેષ પર્યાયોનો (સુખ, વીર્યાદિ ગુણોનો) અભાવ થાય, એને તેમની સાથે અવિનાભાવી સંબંધવાળા આત્માનો પણ અભાવ થાય (કારણકે સુખ, વીર્ય વગેરે ગુણો ન હોય તો આત્મા પણ હોતો નથી.)

આત્મ અનુભવ થતાં પહેલાં છેલ્લો વિકલ્પ કેવો હોય ? :ઉત્તર : છેલ્લા વિકલ્પનો કોઈ નિયમ નથી. રાગથીભિન્નતા પૂર્વક શુદ્ધાત્માની સન્મુખતાનો પ્રયત્ન કરતાં કરતાં ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. જ્યાં ત્રિકાળી જ્ઞાયક પ્રભુ તરફ પરિણતિ ઢળી રહી હોય, જ્ઞાયકધારાની ઉગ્રતા ને તીક્ષ્ણતા હોય ત્યાં છેલ્લો

કયો વિકલ્પ હોય એનો કોઈ નિયમ નથી. પર્યાયને અંદર ઊંડાણમાં ધ્રુવ પાતાળમાં લઈ જાય ત્યાં ભગવાન આત્માની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન થાય છે.

આત્મા અલખ અગોચર છે એટલે શું ? :જડ ઈન્દ્રિયોથી, વિકલ્પ (રાગ) થી અને પરાશ્રયથી આત્મા જણાય તેવો નથી, તેથી તેને અલખ-અગોચર કહે છે; પરંતુ આત્મામાં જ્ઞાન ગુણ તેમજ પ્રમેયત્વ ગુણ હોવાથી સ્વસંવેદન જ્ઞાનથી આત્મા અવશ્ય જણાય- અનુભવાય તેવો છે. એમ તેનો અર્થ જાણવો.

આત્મા આદિ, મધ્ય, અંત રહિત છે :એટલે કે આત્માની શરૂઆત નથી તેથી અંત પણ નથી, તો જેને શરૂઆત અને અંત ન હોય તેનું મધ્ય શું હોય ? આત્મા અનાદિનો તેનો તે જ છે, અખંડ આનંદ, અનંત ગુણનો પિંડ આદિ મધ્ય-અંત રહિત આત્મા વસ્તુ છે.

આત્મા આસ્રવોથી કઈ વિધિથી છૂટે ? :હું આત્મા એક છું, શુદ્ધ છું, મમતા રહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છે એવું ભાન થવાથી આત્મા આસ્રવોથી નિવર્તે છે, બંધન છૂટી જાય છે. આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

આત્મા એકત્વ-વિભક્ત છે :આત્મા સ્વભાવથી એકરૂપ છે અને પરભાવથી ભિન્ન છે.

આત્મા કેમ જણાય :પ્રશ્નઃ-હમણાં આત્મા કેમ જણાતો નથી ? ઉત્તરઃ-આત્માને જાણવા માટે જેટલી ગરજ જોઈએ, તેટલી ગરજ ક્યાં છે ? જે ઉપયોગથી તે પકડાય, તે ઉપયોગ ક્યાં પ્રગટ કરે છે ? સ્થૂળ ઉપયોગથી આત્મા પકડાતો નથી,પણ સૂક્ષ્મ ઉપયોગથી તે પકડાય છે. અજ્ઞાની ઉપયોગને સૂક્ષ્મ કરતો નથી, તેથી તેને આત્મા જણાતો નથી. જ્ઞાયક તરફ ઢળેલી મતિ-શ્રુત જ્ઞાનની પર્યાય તે સૂક્ષ્મ ઉપયોગ છે. એ સૂક્ષ્મ ઉપયોગ વડે,જ જ્ઞાયક આત્મા પકડાય છે. અરે ! કેટલાક તો વ્રત-તપ કરવામાં અટક્યા છે, તો વળી કેટલાક દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં કલ્યાણ છે, એમ માની અટક્યા છે. બન્નેય, એક જાતના મિથ્યાત્વમાં અટકેલા છે. તેને કહે છે કે ભાઈ ! વર્તમાન જ્ઞાનપર્યાય, જે લક્ષણ છે, તેને જ્ઞાયક ભણી વાળી દે, તો તને આત્મા અવશ્ય જણાશે.

આત્મા કેમ પકડાય ? :નિર્યતને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં આત્મા કેમ પકડાતો નથી ? ઉત્તર : એ જાતનું પ્રમાણ આવવું જોઈએ; તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી. જ્ઞાનમાં એનું જેટલું જોર જોઈએ એ જોર આવતું નથી એટલા પ્રકારથી એને પરદ્રવ્ય અને પરભાવની સ્પૃહા-ઈચ્છા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી - આત્મા પકડાતો નથી.

આત્મા કર્તા છે :સર્વ પદાર્થ અર્થક્રિયા સંપન્ન છે. આત્મા પણ ક્રિયા સંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે, ઉપચારથી ઘર નગર આદિનો કર્તા છે.

આત્મા કેવી રીતે જણાય ? :જે નિર્વિકાર સ્વસંવેદનરૂપ નિર્મળ શુદ્ધ જ્ઞાનના પરિણામ થાય તે વડે જણાય એવી આત્મવસ્તુ છે. પરંતુ અન્ય કોઈ સાધન-વ્રત, તપ,પૂજા, ભક્તિ કે વ્યવહાર રત્નત્રયના સાધન વડે આત્મા જણાય એવી એ ચીજ નથી. નિશ્ચયરત્નત્રય જે પ્રગટ થાય છે તે સ્વભાવના બળના પુરુષાર્થે પ્રગટ થાય છે.

આત્મા છે :જેમ ઘટપટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણે છે; તેમ સ્વ પર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

આત્મા જ્ઞાન છે અથવા અન્ય છે. :આત્મા તો જ્ઞાનગુણ દ્વારા જ્ઞાન છે, અથવા સુખાદિ અન્ય ગુણ દ્વારા, અન્ય છે.

આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું :હે યોગી ! એક પોતાના આત્માને જાણવાથી ત્રણે જગત જણાય છે, કારણ કે આત્માના સ્વભાવરૂપ કેવલજ્ઞાનમાં આ સર્વ લોક પ્રતિબિંબિત થઈને રહે છે.

(૧) વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન વડે આત્માને જાણતાં સર્વ શાસ્ત્રો જણાય છે, સર્વશાસ્ત્ર તથા ક્રિયાકાંડનું ફળ શુદ્ધાત્મસ્વરૂપના ધ્યાનમાં લીન

થવું તે છે. તેથી પૂર્વકાળમાં રામચંદ્ર, પાંડવ આદિ મહાપુરુષો સંસારનાં બંધનનો ત્યાગ કરી જિનદિક્ષા ધારણ કરી, વીતરાગની વાણીરૂપ દ્વાદશાંગનો અભ્યાસ કરી, તે અભ્યાસના ફળભૂત નિશ્ચયરત્ન ત્રયાત્મક એવા શુદ્ધ પરમાત્માના ધ્યાનમાં લીન રહેતા હતા. તે કારણથી વીતરાગ સ્વસંવેદન જ્ઞાન વડે પોતાના આત્માને જાણવો એ જ સાર છે. સમસ્ત દ્વાદશાંગી એક આત્મા જાણવા માટે છે. જો આત્મા જાણ્યો તો સમસ્ત દ્વાદશાંગી જાણ્યું. એટલે એક આત્માને જાણતાં સર્વ જણાય છે.

(૨) નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલ પરમાનંદને અનુભવનાર જ્ઞાનપુરુષ એમ જાણે છે કે મારું સ્વરૂપ જુદું છે, અને દેહરાગાદિ મારાથી જુદા સર્વ પર છે. એમ એક આત્માને જાણવાથી સર્વ ભેદો જણાય છે. માટે જે પોતાના આત્માને જાણે તે સર્વને જાણે છે.

(૩) આત્મા શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી (એટલે જ્યાં જ્યાં જ્ઞાન-દર્શન છે ત્યાં ત્યાં જીવ છે અને જ્ઞાન-દર્શન નથી તે અન્ય છે.) સમસ્ત લોકાલોકને જાણે છે. જે કારણથી પણ જે આત્માને જાણે છે તે સર્વને જાણે છે.

(૪) આત્મજ્ઞાનરૂપ બીજજ્ઞાનના ફળરૂપે કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી તે જ્ઞાનમાં દર્પણની સમાન સમસ્ત લોક અલોક પ્રતિબિંબિત થાય છે. આ કારણથી પણ એક આત્માને જાણતાં સર્વ જણાય છે.

એમ ચાર પ્રકારે તેની વ્યાખ્યા કરી અત્રે વિશેષાર્થ સમજાવ્યો છે માટે એ મર્મને સમજીને, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને તજીને તીવ્ર પુરુષાર્થ કરીને નિરંતર એક શુદ્ધાત્મતત્ત્વની પવિત્ર ભાવના કરવી જોઈએ.

સમયસારમાં શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે જે અનન્યભવ્ય જીવ સ્વસંવેદન જ્ઞાને કરીને પોતાના આત્માને અબદ્ધ સ્પૃષ્ટ, અનન્ય અને અવિશેષરૂપે જુએ છે, તે સર્વ જૈન શાસનને જુએ છે; અર્થાત્ આત્માને યથાર્થપણે જાણવાથી સમસ્ત જૈનશાસ્ત્રનો મર્મ પણ યથાર્થ જણાય છે.

શ્રીમદ્ રામજચંદ્રે લખ્યું છે કે હે મુમુક્ષુ, એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોકને જોઈ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવાર ઈચ્છાથી તું નિવર્ત અને એક નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વસ્વરૂપ એવા સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ તત્ત્વ જ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજાવું દુર્લભ છે.

આત્મા નિત્ય છે :ઘટ-પટ આદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી.

આત્મા પણ ક્રિયાસંપન્ન છે :ક્રિયામાં સંપન્ન છે, માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે. પરમાર્થથી સ્વભાવ પરણિતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે, ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

આત્મ પ્રધાન :આત્મા જેમાં પ્રધાન છે, એવું. (આત્મા સમસ્ત વિશ્વને જાણે છે, તેથી તે વિશ્વમાં-વિશ્વના સમસ્ત પદાર્થોમાં -પ્રધાન છે.)

આત્મા ભોક્તા છે :જે જે કંઈ ક્રિયા છે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે છે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થયા યોગ્ય જ છે, અને તે થાય છે તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

આત્મા વસ્તુ છે એટલે શું ? :કે જેમાં જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય ઈત્યાદિ અનંત ગુણ તદ્રૂપપણે - એકરૂપપણે વસેલા છે એવું અનંત ગુણનું વાસ્તુ-ઘર ભગવાન આત્મા છે. આવા નિજ ઘરના મહિમાની પ્રતીતિ ખાતરી-શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન, તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં નિવાસ કરવો, લીન થવું, ઠરવું તે સમ્યકચારિત્ર નામ ધર્મ છે. આવી જે શુભાશુભવિકારના પરિણામ તે બધો અંધકાર છે, કેમ કે ચૈતન્યના પ્રકાશનો તેમાં અભાવ છે.દયા, દાન, વ્રત. આદિનો રાગ છે તે અંધકાર છે ભાઈ ! કારણકે તેમાં ચૈતન્યનો પ્રકાશ નથી.

આત્મા વિજ્ઞાનઘન થતો જાય છે :આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થતો જાય છે, પોતાની કૃતકૃત્યતા જામતી જાય છે.

આત્મા શેનાથી જણાય? :ઈન્દ્રિયો વડે જાણે તે આતમા- તો કહે છે કે ના; આત્મા તો સર્વજ્ઞ સ્વભાવી છે. ઈન્દ્રિયો વડે જાણે તે આત્મા એમ માનતાં, તેનો સર્વજ્ઞ સ્વભાવનો અપવાદ થાય છે. તેમ જ સર્વજ્ઞનો પણ તેમાં અપવાદ થાય છે. સર્વજ્ઞનું જ્ઞાન અતીન્દ્રિય છે, તેને ઈન્દ્રિયોનું અવલંબન જરા પણ નથી. આવા અતીન્દ્રિય સ્વરૂપે આત્માને લક્ષમાં લેવો, તે જ સર્વજ્ઞની ખરી સ્તુતિ છે. અતીન્દ્રિય આત્માને ઈન્દ્રિય વડે જાણવો માનવો તેમાં સર્વજ્ઞની સ્તુતી નથી, પણ સર્વજ્ઞનો અપવાદ છે.

આત્મા શરીર નથી :ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, આહારક શરીર, તેજસ શરીર અને કાર્મણ શરીર-એ બધાં શરીરો પુદ્ગલદ્રવ્યાત્મક છે, તેથી નક્કી થાય છે કે આત્મા શરીર નથી.

આત્મા સર્વકાળે પ્રત્યક્ષ છે તો કેમ દેખાતો નથી ? :એ શક્તિ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. જેની દૃષ્ટિ આત્મા ઉપર જાય એને પ્રત્યક્ષ છે. ત્રણે કાળે નિર્મળ છે. ત્રણે કાળે પ્રત્યક્ષ છે, જેના સ્વરૂપમાં દયા-દાન આદિના રાગ નથી અને જે પ્રત્યક્ષ કરવા માગે છે તેને પ્રત્યક્ષ છે. જે વર્તમાન જ્ઞાનનો અંશ છે તેને ત્રિકાળી તરફ વાળતાં પ્રત્યક્ષ છે.

આત્મા સ્વયં ધર્મ થતો :આત્મા પોતે ધર્મપણે પરિણમતો.

આત્મા હણાય છે :એનો અર્થ એમ લેવો કે આત્મા હણાયો નથી, પણ આત્માની નિર્મળ અવસ્થા-પર્યાય હણાય છે. અવસ્થા હણાતાં આત્મા હણાય છે તેમ ઉપચારથી કહેવાય.

આત્માકારતા :આત્માનું આત્મસ્વરૂપરૂપે પરિણામનું હોવાપણું ને આત્માકારતા કહીએ છીએ.

આત્માંતર :અન્ય આત્મા.

આત્માનું એકરૂપપણું :આત્મામાં અનેક ગુણ અને તેની ક્રમે થતી પર્યાયો તે તેના અંશો છે અને તેના સમુદાયરૂપ અભેદ એકરૂપ તેને એકરૂપપણું કહે છે.

આત્માને એકપણું કયાં કારણોથી છે ? :(૧) જ્ઞાનાત્મકપણાને લીધે, (૨) દર્શનભૂતપણાને લીધે, (૩) અતીન્દ્રિય મહાપદાર્થપણાને લીધે, (૪) અચળપણાને લીધે અને (૫) નિરાલંબપણાને લીધે છે.

આત્મા (૧) જ્ઞાનાત્મક, (૨) દર્શનરૂપ, (૩) ઈન્દ્રિયો વિના સર્વને જાણનારો મહાપદાર્થ, (૪) જ્ઞેય પર પર્યાયોને ગ્રહતો-મૂકતો નહિ હોવાથી, અચળ અને (૫) જ્ઞેય. પરદ્રવ્યોનું આલંબન નહિ લેતો હોવાથી, નિરાલંબ છે; તેથી તે એક છે. આ રીતે એક હોવાથી, તે શુદ્ધ છે. આવો શુદ્ધ આત્મા ધ્રુવ હોવાને, લીધે તે જ એક ઉપલબ્ધ કરવા યોગ્ય છે.

આત્માનું કર્તવ્ય :જાણવું, જોવું અને સ્થિર રહેવું - તે સિવાય પોતાના જીવનું કાંઈ કર્તવ્ય આત્મા સ્વીકારતો નથી.

આત્માનું કર્મ :આત્મા, પોતાના ભાવને પ્રાપ્ત કરે છે-પહોંચે છે. તેથી તે ભાવ જ આત્માનું કર્મ છે.

આત્માને કર્મનો સંયોગ :આત્માને કર્મનો સંયોગ અનાંદિથી છે, પણ તે એક એક સમય પૂરતો વર્તમાન અવસ્થાથી છે; જયાં સુધી વિકારી ભાવ ટાળે નહિ ત્યાં સુધી તે રહેશે. કોઈ જીવ પાસે અત્યારે અનાદિના કર્મ નથી, પ્રવાહે અનાદિ છે, જીવ પરથી બંધાણો નથી પણ પરી જુદો છે છતાં એ ભાન ભૂલીને પરને પોતાનું માનીને પરવલણ-રાગમાં અનાદિકાળથી અનેક અવસ્થામાં જીવ અટક્યો છે.

જીવ અને કર્મને એક સાથે એક ક્ષેત્રની અપેક્ષાએ અનાદિનો સંયોગ-સંબંધ (એક એક અવસ્થાના પ્રવાહરૂપે) છે, પણ બન્ને જુદી જ ચીજ છે તેથી જુદી પડે છે. જેમ કનક પત્થરમાં સોનું, તલમાં તેલ અને ખોળ સાથે છે છતાં સ્વભાવે જુદા છે તેથી જુદા પાડી શકાય છે.

આત્માનું ક્ષેત્ર :આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી ઓછું માનવામાં આવે તો આત્માના ક્ષેત્રની બહાર વર્તતું જ્ઞાન ચેતનદ્રવ્ય સાથે સંબંધ નહિ હોવાને લીધે અચેતન ગુણ જેવું થવાથી જાણવાનું કામ ન કરી શકે, જેમ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે અચેતન ગુણો જાણી શકતા નથી તેમ. જો આત્માનું ક્ષેત્ર જ્ઞાનના ક્ષેત્રથી અધિક માનવામાં આવે તો જ્ઞાનના ક્ષેત્રની બહાર વર્તતો જ્ઞાનશૂન્ય આત્મા જ્ઞાન વિના જાણવાનું કામ ન કરી શકે. જેમ જ્ઞાન શૂન્ય ઘડો, વસ્ત્ર વગેરે પદાર્થો જાણી શકતા નથી તે માટે આત્મા જ્ઞાનથી હીન પણ નથી, અધિક પણ નથી, જ્ઞાન જેવડો જ છે.

આત્માનું કાર્ય :આત્મા પોતે થનાર છે, અને આત્માનું ખરેખરું કાર્ય તે સ્વભાવ કાર્ય છે; વિકલ્પ રહિત જ્ઞાન કરવું, વિકલ્પ રહિત શ્રદ્ધા કરવી અને વિકલ્પ રહિત રમણતા કરવી તે આત્માનું ખરેખરું કાર્ય છે. નિર્મળ શ્રદ્ધા, નિર્મળ જ્ઞાન, નિર્મળ ચારિત્ર તે સ્વભાવ કાર્ય છે.

અજ્ઞાન અવસ્થા તે કર્તા અને પુણ્ય-પાપના ભાવ તે કર્મ તે વિભાવકાર્ય છે. આત્મા જડનો કર્તા અને જડ આત્માનું કાર્ય થાય તેવી રીતે કર્તા-કાર્ય નથી. આત્મા થનાર છે અને વીતરાગ ભાવ તે તેનું ખરેખરું કાર્ય છે. કારણ પર્યાય કારણ છે અને નિર્મળ પર્યાય, પ્રગટે તે કાર્ય છે.

દ્રવ્ય, ગુણ અને કારણપર્યાય ઉપર વર્તમાનમાં અભેદ દૃષ્ટિ આપવાથી નિર્મળ ઉત્પાદ-વ્યયરૂપ કાર્ય પ્રગટે છે. નિર્મળ સમ્યગ્જ્ઞાન, નિર્મળ સમ્યક્ પ્રતીત અને નિર્મળ સમ્યક્ચારિત્ર તે સ્વભાવકાર્ય છે. વસ્તુ વર્તતી વર્તતી ત્રિકાળ વર્તે છે તે કારણપર્યાય છે. ઈંસ્તુ ધ્રુવ છે, વસ્તુનો ગુણ અને તેની વર્તમાન, વર્તમાન વર્તતી નિર્મળ પર્યાય અનાદિ અનંત ધ્રુવ છે, એનું મનન કરતાં સ્વભાવ પર્યાય પ્રગટે તે કાર્ય પર્યાય છે.

દ્રવ્ય, ગુણ અને તેની કારણ પર્યાય તે નિશ્ચય છે; તે ત્રણ ઉપર અભેદ દૃષ્ટિ આપવાથી અને તેમાં એકાગ્ર થવાથી નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર પ્રગટે છે તે વ્યવહાર છે. (૨) જાણવાની ક્રિયા તે આત્માનું કાર્ય છે. આ સદ્ભૂત વ્યાવહાર છે.

આત્માનું જ્ઞાન :સાચી સમજણ કરી વાસ્તવિક અનુભવ કરવા માટે વિકલ્પથી છૂટી અંદર કરવા માટેની જે વિચાર શ્રેણિ ચાલે છે તે આત્મા છે, કારણ કે તે જ્ઞાન રાગનું નથી, જડ ઈન્દ્રિયોનું નથી, પરનુ નથી, પર તરફ ઢળતું નથી; પણ આત્મા તરફ વળ્યું છે, આત્માને જ જાણે છે, તેથી તે જ્ઞાન આત્માનું જ છે. (૨) નિરુપાધિની ઉપાધિ.

આત્માની પર્યાય :આત્માની પર્યાયમાં જે નિર્મળતા છે તે પ્રગટ નથી પણ અનાદિ અનંત સ્વભાવ પ્રકારે છે. સાપેક્ષ પર્યાય જેમ પ્રગટ છે. તેમ આ નિપરેક્ષ પર્યાય પ્રગટ નથી પણ અપ્રગટ છે.

આત્માનો મોક્ષ છે :પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનાભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે. તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે. ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

આત્માને રાગના ત્યાગના કર્તાપણાનું નામ તે કથનમાત્ર છે :પરમાર્થથી જોવામાં આવે તો, એટલે કે વાસ્તવિકપણે જેમ છે તેમ જોવામાં આવે, તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, કારણ કે રાગ છોડ્યો, એવું આત્માના સ્વરૂપમાં છે જ નહિ. જ્યાં સ્વરૂપમાં કર્યો, ત્યાં રાગ જ થયો નહીં, તો પછી રાગ છોડ્યો એમ ક્યાંથી આવે ? રાગનો ત્યાગ કર્યો એનો અર્થ શું ? શું પ્રત્યાખ્યાનના કાળે, ચારિત્રના કાળે, રાગની હયાતી છે ? શું જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે, તે કાળે રાગની હયાતી છે ? ના. તે કાળે રાગનો અભાવ છે. પરંતુ પૂર્વે પર્યાયમાં રાગ હતો, તે વર્તમાનમાં ન થયો એમ દેખીને, નામમાત્રથી કહેવાય છે કે, આત્માએ રાગનો ત્યાગ કર્યો. અદ્ભુત વાત છે.

આત્માનું લક્ષણ :જ્ઞાન અને આનંદ. (૨) આત્મામાં સ્પર્શ; રૂપ; રસને ગંધ નથી. માટે તે અમૂર્તિક -અરૂપી છે. લોકાલોક પ્રકાશક, તથા કમ, કારણ અને વ્યવધાન (આડ-પડદો-ભંગ) થી રહિત એવું જે કેવલજ્ઞાન, તેથી આત્મા સહિત છે, તેથી જ્ઞાનમય છે, વીતરાગ પરમાનંદ એકરૂપ સુખામૃતના આસ્વાદથી સમરસી ભાવમાં પરિણમેલો હોવાથી આત્મા પરમાનંદ સ્વભાવવાળો છે. ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો હોવાથી આત્મા નિત્ય છે, ભાવરૂપ છે, ઉત્કૃષ્ટ પદાર્થ છે, અભાવરૂપ નથી. તથા મિથ્યાત્વ રાગાદિરૂપ અંજનનો અભાવ થવાથી આત્મા નિરંજન છે. આ પ્રમાણે આત્માને તું યથાર્થપણે જાણ. ઉપરોક્ત ગુણોવાળો આત્મા ઉપાદેય છે, શેષ સર્વ હેય છે.

આત્માને લાભ નુકશાનનું કારણ :લાભનું કારણ આત્મદ્રવ્ય તરફનું લક્ષણ અને નુકસાનનું કારણ પરલક્ષે તેના ક્ષણિક અવસ્થામાં વિકાર. આત્મદ્રવ્ય પોતે નુકસાનનું કારણ નથી. જે પર્યાય આખા દ્રવ્યને કારણપણે અંગીકાર કરે છે.

(એટલે કે સ્વલક્ષમાં એકાગ્ર થાય છે.) તે પર્યાયમાં લાભ પ્રગટે છે. પણ જો ક્ષણિક અવસ્થાના લક્ષમાં રોકાય તો પર્યાયમાં પ્રગટે નહિ. કોઈ પરવસ્તુનો આત્માને લાભ-નુકસાનનું કારણ નથી. લાભ, નુકસાન થાય છે તેનું કારણ તે અવસ્થા પોતે જ છે. અવસ્થા પોતે પોતાની યોગ્યતાની શુદ્ધતા કે અશુદ્ધતારૂપે પરિણમે છે. ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા રૂપે પરિણમનને લાભ છે, અને પરવસ્તુથી મને લાભ નુકસાન થાય એવી માન્યતા તે જ મોટું નુકસાન છે. પણ પરવસ્તુ તો કાંઈ લાભ કે નુકસાન કરતી નથી.

આત્માનું શુદ્ધ સ્વરૂપ :કર્મ-નોકર્મથી ભિન્ન, અજર-અમર અબંધ, સામાન્ય છે, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દાદિક આત્માને હોતા નથી. રાગાદ્વેષાદિ ઔદયિક ભાવો છે-સ્વભાવ ભાવ નથી.

આત્માનું સુખ :(૧) અનાદિ સંસારથી જે આહ્લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ આહ્લાદરૂપ હોવાથી અતિશય, (૨) આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિતે) પ્રવર્તતુ હોવાથી આત્મોન્પન્ન છે, (૩) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (સ્પર્શ, રસ,ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) વિષયાતીત છે, (૪) અશ્ચયંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી) અનુપમ છે, (૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી અનંત છે અને (૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી અવિચ્છિન્ન છે. આવું શુદ્ધપયોગથી નિષ્પન્ન થયેલ આત્માઓનું સુખ છે. માટે તે સુખ સર્વથા પ્રાર્થનીય છે. (અર્થાત્ સર્વ પ્રકારે ઈચ્છવા યોગ્ય છે.)

આત્માનું સર્વવ્યાપકપણું :જ્ઞાન ત્રણે કાળના સર્વ દ્રવ્ય-પર્યાયરૂપ વર્તતા સમસ્ત ક્ષેયાકારોને પહોંચી વળતું (જાણતું) હોવાથી સર્વગત કહેવામાં આવ્યું છે; અને એવા (સર્વગત) જ્ઞાનમય થઈને રહેલા હોવાથી ભગવાન પણ સર્વગત જ છે. એ રીતે સર્વ પદાર્થો પણ સર્વગત જ્ઞાનના વિષય હોવાને લીધે સર્વગત જ્ઞાનથી અભિન્ન એવા તે ભગવાનના તે વિષયો છે એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે; માટે સર્વ પદાર્થો ભગવાનગત જ (ભગવાનમાં પ્રાપ્ત જ) છે. ત્યાં એમ સમજવું કે નિશ્ચયનયે અનાકુળતા લક્ષણ સુખનું જે સંવેદન તે સુખ સંવેદનના અધિષ્ઠાનપણા જેવડો જ આત્મા છે અને તે આત્મા જેવડું જ જ્ઞાન સ્વતતત્ત્વ છે; તે આત્મપ્રમાણ જ્ઞાન કે જે નિજ સ્વરૂપ છે તેને છોડ્યા વિના સમસ્ત જ્ઞેયકારોની સમીપ ગયા વિના, ભગવાન (સર્વ પદાર્થોને) જાણે છે. નિશ્ચયનયે આમ હોવા છતાં વ્યવહાર નયે ભગવાન સર્વગત છે એમ કહેવાય છે. વળી નૈમિષિકભૂત જ્ઞેયાકારોને આત્મસ્થ (આત્મામાં રહેલા) દેખીને સર્વ પદાર્થો આત્મગત (આત્મામાં) છે એમ ઉપચાર કરવામાં આવે છે; પરંતુ પરમાર્થે તેમનું એકબીજામાં ગમન નથી, કારણ કે સર્વ દ્રવ્યો સ્વરૂપનિષ્ઠ (પોતપોતાના સ્વરૂપમાં નિશ્ચલ રહેલાં) છે.

આત્માનું હિત :આત્માનું પરમ હિત મોક્ષ જ છે. સ્વતંત્ર પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવી તે જ આત્માનું પરમ હિત છે. માટે તેનો જ ઉપાય કર્તવ્ય છે. નિમિત્તને લાવવા કે પુણ્ય કરવું તે કર્તવ્ય નથી. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ એક જ કર્તવ્ય છે. વચમાં શુભાશુભ ભાવ આવે તે આદરવા યોગ્ય નથી. માટે મોક્ષમાર્ગનો ઉપદેશ આપીએ છીએ.મોક્ષ જ હિત છે એવા નિર્ણય વિના સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રનો ઉપાય કરી શકે નહિ.

આત્માનુભવ :આત્માનો સાક્ષાત્કાર.

આત્માનુભવ થવામાં વિલંબ કેમ છે ? :કાળની કઠિનતા છે, ભાગ્યની સંવૃતા છે, સંતોની કૃપાદૃષ્ટિ ઈષ્ટગોચર નથી, સત્સંગની ખામી છે.

આત્માનુશાસન :શ્રી ગુણભદ્રાચાર્ય કૃત ગ્રંથ.

આત્માના અંતર્વ્યાપાર :શુભાશુભ પરિણામધારા

આત્માના અનુભવનો સ્વાદ :આત્માના અનુભવનો જે અતીન્દ્રિય આનંદ આવે છે તે આનંદ વચન અગોચર છે, અનુભવગમ્ય છે.

આત્માના અનુભવમાં :શુદ્ધ ઉપયોગમાં

આત્માના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાનું સ્વરૂપ શું છે ? :ઉત્તર :- જીવને અનાદિથી પોતાના સ્વરૂપની ભ્રમણા છે. માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળીને યુક્તિ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો નિર્ણય કરવો... પછી...

પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા તથા મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ તેને મર્યાદામાં લાવીને એટલે પર પદાર્થો તરફથી પોતાનું લક્ષ ખેંચી આત્મા-પોતે જ્યારે સ્વ-સન્મુખ લક્ષ કરે છે ત્યારે પ્રથમ સામાન્ય સ્થૂળપણે આત્મા સંબંધી જ્ઞાન થયું તે અવગ્રહ; પછી વિચારના નિર્ણય તરફ વળ્યો તે ઈહા; આત્માનું સ્વરૂપ આમ જ છે અન્યથા નથી. એમ સ્પષ્ટ નિર્ણય થયો તે અવાય; અને નિર્ણય કરેલા આત્માના બોધને દઢપણે ધારી રાખવો તે ધારણા.

ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનમાં ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો. પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિ-સ્વરૂપે છે એ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. અંતર સ્વલક્ષમાં મન-ઈન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી અંશે જુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી તેમાં ઠરી શકે છે.

આત્માના કર્તાપણા-અકર્તાપણા વિશે સત્યાર્થ સ્યાદ[1]વાદ-પ્રરૂપણ પ્રમાણે છે :આત્મા અમાન્ય અપેક્ષાએ તો જ્ઞાન સ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે, તેથી તે રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાન રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

આત્માના ગુણનો ફાલ ક્યાંથી પાંગરે ? :ઉત્તર :- સ્વભાવ આશ્રિત સમ્યક્દર્શનરૂપ બીજથી અને સમ્યક્ દર્શનથી કરેલી અખંડ સ્વલક્ષની સ્થિરતાથી; પણ શુભભાવથી કે કોઈપણ વિકારથી અવિકારી આત્માને ગુણ કદી પણ થાય નહિ, ગુણ તો સ્વભાવમાં જ છે; ઊઘડતા નથી પણ ગુણની પર્યાય ઊઘડે છે તેને ગુણ ઊઘડ્યા એમ વ્યવહારે બોલાય.

આત્માના ત્રણ ભેદ :મૂઢ બહિરાત્મા, વિચક્ષ અંતરાત્મા અને પરબ્રહ્મ પરમાત્મા એમ ત્રણ પ્રકારે છે જે દેહને આત્મા માને છે તે પ્રાણી બહિરાત્મા છે. મિથ્યાત્વ રાગાદિમાં પરિણમેલો આત્મા બહિરાત્મા છે, વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદજ્ઞાનમાં પરિણમેલો આત્મા અતંરાત્મા છે તથા શુદ્ધ-બુદ્ધ એક જ્ઞાયક સ્વભાવવાળો આત્મા પરમાત્મા કહેવાય છે. શુદ્ધ એટલે રાગાદિ રહિત તથા બુદ્ધ એટલે અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત, પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મથી પણ રહિત છે. આ પ્રકારે આત્મા ત્રણ ભેદવાળો છે.

આત્માના પ્રકાર :આત્માના ત્રણ પ્રકાર કહેલા છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.

(૧) બહિરાત્માભાવ એટલે આત્માનો પોતાના સિવાયની અન્ય સર્વ વસ્તુ માટેનો ભવ. અન્ય સર્વ વસ્તુ એટલે દેહ, કુટુંબ,લક્ષ્મી, પ્રભુતા વગેરે . તેમાં સ્વબુદ્ધિ કરનારા એવો જીવ તે બહિરાત્મા.

(૨) અંતરાત્મા = આત્મા શરીરાદિથી ભિન્ન છે, એવી પ્રતીતિ થાય, અન્ય તરફનો મોહ ટળી જાય અને પોતાના તરફ રુચિ થાય તે અંતરાત્મા.

(૩) પરમાત્મા = પરમ વિશુદ્ધ વીતરાગદશા જેનામાં હોય તે પરમાત્મા. કેવળીજ્ઞાન સ્વરૂપ વિશુદ્ધ આત્મા તે પરમાત્મા.

એમ કહી શકાય કે આત્માના આ ત્રણ પ્રકાર એ ખરી રીતે, વિકાસની દષ્ટિએ એક જ આત્માની એક એકથી ચડિયાતી ત્રણ ભૂમિકાઓ છે.

આત્માના પરમરૂપની અનુભૂતિનો માર્ગ :બધી ઈન્દ્રિયોનો વ્યાપાર રહિત કરીને-ઈન્દ્રિયોની પોતાના વિષયોમાં પ્રવૃત્તિ રોકીને-સાથે મનને પણ નિર્વિકલ્પ કરીને-જે થોડી ક્ષણો માટે અંતરંગમાં દેખાય છે તે આત્માનું રૂપ છે કે જે શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ છે.

આત્માના ભવો :આત્મા સર્વથી ઘણો કાળ નિગોદમાં એટલે બટાટા-સકરકંદમાં અને તિર્યંચ રહે છે. તેનાથી થોડો કાળ દેવમાં રહે છે. એનાથી થોડો કાળ નરકમાં, એનાથી થોડો કાળ મનુષ્યમાં અને સૌથી વધારે કાળ સિદ્ધગતિમાં રહે છે. જીવે અત્યાર સુધી સર્વ ઓછા ભવ મનુષ્યના કર્યા, મનુષ્યના ભવ કર્યા અનંતા પણ સૌથી થોડા અનંતા, તેથી અસંખ્યાત ગુણો કાળ નરકમાં ગયો. તેથી અસંખ્ય ગુણો કાળ દેવમાં ગયો. અને એથી અનંતગુણો કાળ

નિગોદતિર્યંચમાં ગયો. અને સૌથી અનંતગુણો વધારે કાળ સિદ્ધમાં છે. સૌથી અનંત ગુણો ઓછો કાળ મનુષ્યમાં છે.

આત્માના મોક્ષનો ઉપાય છે :કર્મ બંધથી વિપરીત સ્વભાવવાળાં એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે. ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

આત્માના શુદ્ધ સ્વરૂપને સમજવાની પાત્રતાના લક્ષણો :મુમુક્ષુને તૃષ્ણાનો ઘટાડો, દાન, કરુણા, સત્ય, બ્રહ્મચર્યનો રંગ, ધર્મનો પ્રેમ, પ્રભાવના, ભક્તિ, તીવ્ર આસક્તિની મોળપ અને માનાદિ પાતળા પાડી જંતુ કરવાની ટેવ, એવી લૌકિક વ્યવહારુ નીતિ તો હોવી જ જોઈએ, પણ તે અપૂર્વ નથી.

અહીં તો શરૂઆત આત્મામાં લોકોત્તર નીતિથી જ થાય છે, અનંતકાળે મોંઘું જતું મનુષ્યપણું મળ્યું તે વખતે ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે તેવું સ્વતંત્ર આત્મતત્ત્વ તું ન જાણ તો મનુષ્યપણું તમને શું કામનું થયું ? તારી જાતનો મહિમા આવ્યા વિના તૃષ્ણા-મમતા ખરેખરી મોળી ન પડે, માટે કહ્યું છે કે સમજ્યા પહેલાં આસક્તિ ઘટે તો અલ્પ ઘટે, પણ સમજ્યો એટલે સદેહે અનંતી મમતા અને તૃષ્ણા ટળે છે. મૂળ સમજણ ઉપર વજન છે. નિરપેક્ષ સ્વરૂપ સમજ્યા વિના એકલા વ્યવહારે શુભાશુભ કરી અનંતવાર નવ ગ્રૈવેયક સુધીના દેવત્વમાં જઈ આવ્યો પણ ભવ ન ઘટ્યો. માટે વીતરાગ દેવ કહે છે કે પ્રથમ અવિકારી આત્માને ઓળખો. વર્તમાનમાં સાક્ષાત્ શ્રી સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રે પરમાત્મા પછે છે. જેઓ પણ ધોકમાર્ગ એ રીતે કહે છે.

આત્માના સ્વભાવમાં દુઃખ છે શું ? :ના, નારકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહિ. પરમાણુંમાં પીડાની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ, સ્વર્ગના દેવને નરકના દુઃખની ગંધ નહિ, રાગમાં ધર્મની ગંધ નહિ, સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખ સ્વભાવમાં સંસાર દુઃખની ગંધ નહિ.

આત્માની અનુભૂતિ :જેટલે દરજ્જે નિરુપાધિક જ્ઞાનગુણ અવસ્થામાં પ્રગટે તે આત્મા જ છે અને આત્મા તે જ્ઞાન જ છે, બે વસ્તુ જુદી નથી. આ પ્રમાણે ગુણ-ગુણીનું અભેદપણું લક્ષમાં આવતાં હું નિત્ય-અભેદ જ્ઞાનસ્વરૂપે પૂર્ણ ગુણોથી ભરેલો છું. અને સર્વ પરદ્રવ્યોથી જુદો, મારા ગુણોમાં અને ગુણોની સર્વ પર્યાયોમાં એકરૂપ નિશ્ચલ છું; અને પર નિમિત્તાધીનપણે ઉત્પન્ન થતા રાગાદિ ભાવોથી ભિન્ન પોતાનું નિર્મળ સ્વરૂપ તેનું એકાકાર અનુભવન અર્થાત્ સ્વાશ્રિત સળંગ જ્ઞાન સ્વભાવનું અનુભવન (એકાગ્રતા) તે આત્માનું જ અનુભવન છે. અને જ્ઞાન સ્વભાવનું અનુભવન તે અંશે નિર્મળ ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું નિશ્ચળ અનુભવન છે.

શુદ્ધનય વડે દષ્ટિમાં રાગનો નકાર કરી સ્વભાવ ઉપર દષ્ટિ કરતાં તેમાં પરસંયોગનો કે રાગાદિ પરાશ્રયનો અનુભવ નથી પણ ત્રણે કાળના સર્વજ્ઞ ભગવંતોએ કહેલ અને જાતે અનુભવેલ એવો શુદ્ધ આત્માનો અનુભવ છે. નિશ્ચયનયથી-શુદ્ધદષ્ટિથી તેમાં કોઈ પ્રકારના ભેદ નથી. આવું જેણે જાણ્યું તેણે પોતાનું સ્વરૂપ જાણ્યું. (૨) જ્ઞાતાનુભૂતિ.

આત્માની અવસ્થાના ત્રણ પ્રકાર :અનાદિથી આત્મામાં ત્રણ પ્રકારની અવસ્થા છે; ઊંધી માન્યતા-મિથ્યાત્વ, ઊંધું જ્ઞાન-અજ્ઞાન અને ઊંધી એકાગ્રતા-ઊંધું ચારિત્ર-અવિરતિ. એ ત્રણ પ્રકારનો વિકાર છે. જો કે આત્માના ઉપયોગનો વેપાર-અવસ્થા તો શુદ્ધનયથી શુદ્ધ છે. ઉપયોગ છે તે આત્માની અવસ્થા છે તે પણ શુદ્ધ જ છે, વસ્તુ તો શુદ્ધ છે જ પણ તેનો ઉપયોગ એટલે અવસ્થા પણ અનાદિથી શુદ્ધ જ છે, નિરંજન છે, મલિનતા વગરની છે.

આત્માની ઉપમા :નાળિયેરના ચાર ભાગ છે; એક ભાગ છાલાં, એક કાચલી; એ કાચલી તરફની રાતી છાલ અને ચોથું મીઠું ધોળું ટોપરું. તે જ આ આત્માને વિષે, આ દેહ એ છાલાં સમાન છે., અંદર કર્મ છે, તે કાચલી છે, રાગ દ્વેષના ભાવ, તે રાતી છાલ જેવા છે.અને એ રાતી છાલના અંદર ટોપરાના સફેદ ગોળા જેવો આત્મા, એક જ્ઞાયકભાવપણે વિરાજે છે. જેમ મીઠો સ્વાદિષ્ટ ટોકરાપાક કરવો હોય, તો રાતડ-લાલ છાલ કાઢી નાખવી પડે, જેમ અનાકુળ આનંદ જોઈએ તેણે રાગથી ભિન્ન પડવુ જોઈએ. રાગથી ભિન્ન પડી, શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું આલંબન કર્યા વિના, બધું નિરર્થક છે.

આત્માની કથા :સર્વ પર દ્રવ્યોથી ભિન્ન એક ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન પોતાને તો પોતાથી કદી થયું નહિ, અને જેમને તે જ્ઞાન થયું હતું તેમની સેવા-સંગતિ-સોબત કહી કરી નહિ; તેથી તેની કથા (વાત) ન કહી સાંભળી, ન તેનો પરિચય કર્યો કે ન તેનો અનુભવ થયો. માટે તેની પ્રાપ્તિ સુલભ નથી, દુર્લભ છે.

ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુ જે ભગવાન આત્મા તેમાં એકત્વ થવું એ સુલભ નથી, કેમ કે અનંતકાળથી કર્યું નથી; માટે અસુલભ છે એટલે કે દુર્લભ છે.

માણસને ન સમજાય એ મનમાંથી કાઢી નાખવું જોઈએ, કારણકે આત્મા એકલો સમજણનો પિંડ છે. ન સમજાય એવી લાયકાતવાળો નથી, સમજે એવી લાયકાતવાળો છે. માટે બુદ્ધિ થોડી અને અમે ન સમજી શકીએ એ વાત કાઢી નાખવી. આમાં બુદ્ધિનું કામ ઝાઝું નથી. પણ યથાર્થ રુચિનું કામ છે.

આત્માની ક્રિયા :ચૈતન્ય પરિણતિ તે આત્માની ક્રિયા. મોહરહિત ક્રિયા મનુષ્યાદિ પર્યાયો રૂપ ફળ નિપજાવતી નથી અને મોહ સહિત ક્રિયા અવશ્ય મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ નિપજાવે છે. મોહસહિત ભાવો એક પ્રકારના હોતા નથી તેથી તેના ફળરૂપ મનુષ્યાદિ પર્યાયો પણ શાશ્વત એકરૂપ હોતા નથી.

આત્માની ક્રિયામાં કરવાનું શું ? :પર તરફ ઊંધી માન્યતાનું વીર્ય હતું તે વીર્ય પોતામાં આવે છે. પોતા તરફ વળ્યો એટલે અનંતુ વીર્ય થયું, અનંતી આત્માની અંતર ક્રિયા થઈ એટલે કે સ્વાભાવિક પરિણમન થયું તે મોક્ષમાર્ગની અનંતી ક્રિયા પ્રગટ થઈ; અજ્ઞાની કાળમાં-દશામાં કાળક્રમે બહારના અનંતો સંયોગો મળ્યા, કાળક્રમે અનંતા વિકારીભાવો થયા, પણ જ્યાં પોતાનો અનંતો સ્વભાવ સ્વીકાર્યો ત્યાં વિકાર ક્રિયા હતી તેના કરતાં પણ અનંતી સ્વભાવ ક્રિયા પ્રગટ થઈ; તે અનંતી ક્રિયા આત્માનું ભાન કરતી પ્રગટ થાય છે; આનું નામ મોક્ષમાર્ગ છે.

આત્માની ચૈતન્ય સંપદા :અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શ્રદ્ધા.અનંત શાંતિ આદિ અપાર ગુણોનો દરિયો છે.

આત્માની ધાતુઓ :જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આત્માની ધાતુઓ છે. એ પાંચ જીવના સ્વરૂપ લક્ષણો છે અને તે અંતઃકરણમાં રહેલ છે.ઠ

આત્માની નિર્મળતા :બાહ્ય વિષયોથી મુક્ત થઈ જેમ જેમ તેનો વિચાર કરવામાં આવે તેમ તેમ આત્મા અવિરોધી થતો જાય, નિર્મળ થાય.

આત્માની પર્યાય :આત્માની પર્યાયમાં જે નિર્મળતા છે તે પ્રગટ નથી પણ અનાદિ અનંત સ્વભાવ પ્રકારે છે, સાપેક્ષ પર્યાય જેમ પ્રગટ છે તેમ આ નિરપેક્ષ પર્યાય પ્રગટ નથી પણ અપ્રગટ છે.

આત્માની સ્તુતિ :રાગ અને નિમિત્તથી ભિન્ન પડીને, ભગવાન આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે, તેની સન્મુખ થવાથી, જેને પર્યાયમાં શુદ્ધતા પ્રગટી છે, (જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ દૂર થયો છે), તે જ્ઞાનને હજુ (મોહ) કર્મનું નિમિત્તપણું છે, અને તેના તરફના વલણવાળી, વિકારી, ભાવ દશા થાય છે. હવે એ જ્ઞાની, નિમિત્તનું લક્ષ છોડીને, અંદર નિજ જ્ઞાયકભાવનો ઉગ્ર આશ્રય લઈને, તે ભાવ્ય મોહ-રાગાદિને જીતે છે. અર્થાત્ મોહનો ઉપશમ કરે છે. તેથી તેને ભાવ્ય-ભાવક સંકરદોષ થતો હતો, તે ટળે છે, અને આત્માની સ્તુતિ થાય છે. અર્થાત્ આત્માના ગુણની વૃદ્ધિ થાય છે.

આત્માની સન્મુખતા :આત્મામાં જવાનો પ્રયત્ન કરતો હોય તો આત્માની સન્મુખતા કહેવાય. શાસ્ત્રના જાણપણામાં રોકાઈ રહે અને અંતર નિર્વિકલ્પમાં જવાનો પ્રયત્ન કરતો નથી તો તે આત્મસન્મુખ પણ કહેવાતો નથી.

આત્માનો અભ્યાસ કરવો :નિજ શુદ્ધ ચૈતન્યમાં એકાગ્રતા કરવાનો પુરુષાર્થ અંતરમુખ થઈ આત્મામાં પુરુષાર્થ કરતાં સ્વરૂપની રચના નિર્મળ થાય, થાય ને થાય જ.

આત્માનો અવગ્રહ-ઈહા-અવાય અને ધારણા :જીવને અનાદિથી પોતાના-આત્માના સ્વરૂપની ભ્રમણા છે. માટે પ્રથમ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ સાંભળીને, યુક્તિ દ્વારા આત્મા જ્ઞાનસ્વભાવી છે એવો નિર્ણય કરવો પછી...પર પદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઈન્દ્રિય દ્વારા તથા

મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિ તેને મર્યાદામાં લાવીને એટલે પર પદાર્થો તરફથી પોતાનું લક્ષ ખેંચી આત્મા પોતે જ્યારે સ્વસન્મુખ લક્ષ કરે છે ત્યારે પ્રથમ સામાન્ય સ્થૂળપણે આત્મા સંબંધી જ્ઞાન થયું; તે આત્માનો અર્થાવગ્રહ થયો. પછી વિચારના નિર્ણય તરફ વળ્યો તે ઈહા, નિર્ણય થયો તે અવાય અર્થાત્ ન્યહાથી જાણેલા આત્મામાં આ તે જ છે અન્ય નથી એવા મજબુત જ્ઞાનને અવાય કહે છે. આત્મા સંબંધી કાળાંતરમાં સંશય તથા વિસ્મરણ ન થાય તેને ધારણા કહે છે. ત્યાં સુધી તો પરોક્ષ એવા મતિજ્ઞાનમાં ધારણા સુધીનો છેલ્લો ભેદ થયો પછી આ આત્મા અનંત જ્ઞાનાનંદ શાંતિસ્વરૂપે છે તેમ મતિમાંથી લંબાતું તાર્કિક જ્ઞાન તે શ્રુતજ્ઞાન છે. અંદર સ્વલક્ષમાં મન-ઈન્દ્રિય નિમિત્ત નથી. જીવ તેનાથી અંશે જુદો પડે ત્યારે સ્વતંત્ર તત્ત્વનું જ્ઞાન કરી તેમાં કરી શકે છે.

અવગ્રહ કે ઈહા થાય પરંતુ જો તે લક્ષ ચાલુ ન રહે તો આત્માનો નિર્ણય ન થાય એટલે અવાયજ્ઞાન ન થાય, માટે અવાયની ખાસ જરૂર છે. આ જ્ઞાન થતી વખતે વિકલ્પ, રાગ, મન કે પરવસ્તુ તરફ લક્ષ હોતું જ નથી, પણ સ્વસન્મુખ લક્ષ હોય છે.

સમ્યગ્દષ્ટિનો પોતાનું (આત્માનું) જ્ઞાન થતી વખતે આ ચારે પ્રકારનું જ્ઞાન થાય છે. ધારણા એ સ્મૃતિ છે; જે આત્માને સમ્યગ્જ્ઞાન અપ્રતિહતભાવે થયું હોય તેને આત્માનું જ્ઞાન ધારણારૂપ રહ્યા જ કરે છે.

આત્માનો આકાર :દરેક વસ્તુને પોતાનો આકાર હોય છે અને આત્મા પણ વસ્તુ છે માટે તેને પણ આકાર છે જ. દરેક વસ્તુ પોતાના આકારરૂપ છે. પરના આકારરૂપે નથી. આત્માને ચૈતન્ય સ્વરૂપ અરૂપી આકાર છે. જ્યાં આત્માને નિરાકાર કહેવામાં આવ્યો છે ત્યાં એમ સમજવું કે તેમાં વર્ણ, રૂપ, રસ, ગંધવાળી જડ વસ્તુ જેવો રૂપી આકાર નથી; એટલે કે રૂપી પુદ્ગલની અપેક્ષાએ નિરાકાર છે, વસ્તુ અરૂપી છે તેથી તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પણ અરૂપી છે. છતાં તે વસ્તુ પોતાના આકારવાળી છે. આત્મા ચૈતન્ય આનંદની મૂર્તિ છે. વર્તમાન શરીર આકારે, શરીર જેટલા ક્ષેત્રમાં અત્યારે તે છે, છતાં શરીરથી જુદો સ્વગુણ આકારે છે.

આત્માનો ધર્મ :શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ ચારિત્રની એકતા છે.

આત્માનો પરિણામ :આત્માનો ભાવ.

આત્માનો મહિમા :આત્મા તો અરૂપી, જાણનાર સ્વરૂપે છે તે કોઈ પર ચીજનું કાંઈ કરી શકવા સમર્થ નથી. જે દેખાય છે તે જડની સ્વતંત્ર ક્રિયા છે. જીવ તો રાગ-દ્વેષ અને અજ્ઞાન કરી શકે છે, અથવા રાગ-દ્વેષ અને અજ્ઞાન ટાળી જ્ઞાન અને શાંતિ કરી શકે છે. તું જ રહે છે કે આત્મા દેખાતો નથી, તો નથી દેખાતો એવું કોણે નક્કી કર્યું ? દેહને જે જડ ઈન્દ્રિયોને ખબર નથી; તો તે બધાને જાણનારો કોણ છે ? સાચું ખોટું નક્કી કરનાર દેહ નથી માટે દેહથી જુદો આત્મા છે એમ પ્રથમ હા પાડી. તે પછી તે કેવા સ્વરૂપે છે. કેવા ગુણપણે છે, કઈ અવસ્થામાં છે, જુદો છે તો કોનાથી જુદો છે, એમ સમજણની રીતે યથાર્થ સમજાય તેમ છે. સાંભળીને મનન કરે નહિ તો શું થાય ?

આત્માનો સંસાર અને મોક્ષ :આત્માના સ્વભાવમાં કોઈ કાળે ફેર પડતો નથી તેથી તેમાં પર નિમિત્તની અપેક્ષાનો ભેદ નથી. પણ હું રાગી, હું પરનો કર્તા, પર મને લાભ-નુકસાન કરે એવી માન્યતાથી અવસ્થામાં સ્વભાવનો વિરોધી એવો વિકાર થયા કરે છે, તેવા ભાવ પોતે કરે ત્યારે થાય છે. જે ક્ષણિક વિકાર, ગુણની ઊંધી અવસ્થાથી નવો થાય છે, તે ઊંધી અવસ્થા એ જ સંસાર છે, જડમાં કે પર વસ્તુમાં સંસાર નથી.

આત્માના ગુણની સંપૂર્ણ નિર્મળતા તે મોક્ષ છે, સ્વભાવ તરફ ઢળતી અધૂરી નિર્મળ અવસ્થા તે મોક્ષમાર્ગ છે, તેમાં ગુણ નવા પ્રગટતા નથી પણ ગુણની ઊંધી અવસ્થા બદલાઈને ક્ષણે ક્ષણે નિર્મળ અવસ્થા પ્રગટ થતી જાય છે. ગુણ તે ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે, તેની પર્યાય બદલાયા કરે છે. ઊંધી માન્યતા બદલાઈને સવળી માન્યતા ધ્રુવ સ્વભાવના આધારે થાય છે; નિમિત્તના લક્ષે કે અવસ્થાના લક્ષે નિર્મળ દશા પ્રગટ થતી નથી પણ ઊલટો રાગ થાય છે.

આત્માનો સ્વભાવ :આત્માનો સ્વભાવ ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્યમય છે -એ સમ્યગ્દર્શનનો અને નિશ્ચયનયનો વિષય હોવાથી દ્રવ્યાર્થિક નયે આ ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્ય સ્વરૂપ આત્માને નિશ્ચય કહેવામાં આવે છે. આત્માનો તે

ત્રિકાળી સામાન્ય સ્વભાવ દ્રવ્યાર્થિકનયે આત્માનું સ્વરૂપ છે, એ ત્રિકાળી શુદ્ધતા તરફના વલણથી જીવનો જે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે શુદ્ધ પર્યાયને વ્યવહાર કહેવાય છે, તે સદ્‌ભૂત વ્યવહાર છે. અને અવસ્થામાં જે વિકાર કે રાગનો અંશ રહે છે તે પર્યાય જીવનો અસદ્‌ભૂત વ્યવહાર છે. અસદ્‌ભૂત વ્યવહાર જીવનું પરમાર્થ સ્વરૂપ નહિ હોવાથી ટળી શકે છે, અને તેથી નિશ્ચનયે તે જીવનું સ્વરૂપ નથી એમ સમજવું. (૨) જ્ઞાન અને આનંદ આત્માનો સ્વભાવ છે. તે આત્માની સ્વરૂપ સંપદા છે. (૩) અકૃત્રિમ છે એટલે કે સ્વતઃ સિદ્ધ, નિત્ય, કાયમ રહેનારી વસ્તુ છે. (૪) અરૂપીપણું અને નિર્વિકાર-વિશુદ્ધિપણું આત્માનો સ્વભાવ છે. (૫) ઉદાસીન જ્ઞાતા; શુદ્ધ શાંત પવિત્ર સ્વભાવ છે. (૬) શાંત, નિર્મળ અકૃત્રિમ અને પરમ આનંદરૂપ છે અને તેને તે રૂપે અનુભવે છે. (૭) વીતરાગ સ્વસંવેદન જ્ઞાન સિવાય આ આત્માનો બીજો કોઈ સ્વભાવ નથી. એટલે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. એમ જાણીને હે યોગી, પરવસ્તુમાં પ્રીતિ ન બાંધ, ન કર, અર્થાત્ દેહાદિ પર પદાર્થમાં મમત્વબુદ્ધિ ધારણ ન કર. (૮) આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે. આત્મા અબંધ છે, આત્મા ધ્રુવ છે, આત્મા શરણ સહિત છે, આત્મા નિત્ય છે, આત્મા સુખરૂપ છે અને સુખ ફળરૂપ છે. (૯) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય- ઈશ્વરના આદિ જે અનંત સ્વભાવ છે તે સાંભળતાં કાળજે ઘા વાગે ને શરીરની સોંસરવટ કાળજામાં-જ્ઞાનમાં ઊતરી જાય અને રુવાંડે રુવાંડા ખડાં થઈ જાય.

આત્મામાં અનંત શક્તિઓ છે તેમાંથી કોઈ શક્તિ એવી પણ હશે કે આત્મા પરદ્રવ્યનું કાર્ય પણ કરે ? :આત્મામાં અનંત શક્તિઓ છે તે પોતાનું સંપૂર્ણ કાર્ય કરે છે અને અન્ય દ્રવ્યથી ભિન્નપણે પોતાને ટકાવી રાખે છે. અન્ય દ્રવ્યો આત્માથી બહાર લોપ્તા હોવાથી અને અન્ય દ્રવ્યમાં આત્માનો વ્યાપ-વ્યાપક ભાવે અભાવ હોવાથી આત્મા જ્ઞાનાવરણીય કર્મ કે શરીરાદિ અન્ય દ્રવ્યનું કાર્ય કરવા અસમર્થ છે.

આત્મામાં દ્વિરૂપપણું-અશુદ્ધતા કેવી જાતની છે ? :આત્મા અને કર્મ, આ બન્ને સ્વરૂપનું જ્યારે વિકારરૂપ પરિણમન થાય છે, જયારે બન્નેય પોતાનું સ્વરૂપ છોડી દે છે, તેનું જ નામ અશુદ્ધતા છે. આ અશુદ્ધતાના વ્યવહાર દષ્ટિથી છે. વાસ્તવિક દષ્ટિએ આત્મા અમૂર્ત છે. અશુદ્ધતા કર્મ અને આત્માનો ભાવ, એ બન્નેના મળેથી થાય છે તેથી અશુદ્ધતામાં બે ભાગ હોય છે. તે બન્ને ભાગોનો જો વિચાર કરીએ તો એક ભાગ તો આત્માનો છે. કેમ કે અશુદ્ધતા આત્માના જ ગુણની વિકાર અવસ્થા છે, પરંતુ બીજો ભાગ કર્મનો છે. તેથી રાગદ્વેષાદિ વૈભાવિક અવસ્થાઓ જીવાત્મા અને પુદ્‌ગલ કર્મ, એ બન્નેની છે.

આત્મામાં વર્તમાન અવસ્થામાં ઊણપ અને દુઃખ છે :તે ત્રિકાળ ટકનાર આનંદગુણની-સુખ ગુણની વર્તમાન નિમિત્તાધીન વિકારી અવસ્થા છે. અંદર સ્વભાવમાં દુઃખ નથી. પરાશ્રિત વિકાર છે તે વર્તમાન એક એક સમયની અવસ્થા પૂરતો છે. તે સિવાય આખો ધ્રુવ સ્વભાવ વર્તમાનમાં પણ પૂર્ણ અખંડ નિર્મળ છે. જે વસ્તુ સત્ હોય તે નિત્ય સ્વતંત્ર હોય, અવિકારી હોય, અને જો તેની વર્તમાન પ્રગટ અવસ્થા પણ અવિકારી જ હોય તો આકુળતા હોય નહિ; પણ વર્તમાન અવસ્થામાં આકુળતા છે તેથી દુઃખ છે. આકુળતા એકેક સમય માત્રની સ્થિતિથી વર્તમાન અવસ્થામાં નિમિત્ત આધીન ભાવ કરવાથી થાય છે. પોતાના સ્વભાવના અભાન વડે અનાદિથી નિરાકુળ શાંતિને મૂકીને આકુળતાનું દુઃખ જીવ ભોગવી રહ્યો છે.

વિકારમાં પર સંયોગની નિમિત્તમાત્ર હાજરી છે અને અજ્ઞાનભાવે નિમિત્તાધીન થવાથી યોગ્યતા પોતાની છે. પર તરફના વલણથી વિકારી અવસ્થા જીવમાં થાય છે. જ્યાં ગુણ જ ન હોય ત્યાં તે ગુણની કોઈ અવસ્થા પણ ન હોય. લાકડામાં ક્ષમા ગુણ નથી તેથી તેની (ક્ષમા ગુણની) ઊંધી અવસ્થા ક્રોધ પણ તેમાં નથી. જ્યાં ગુણ હોય ત્યાં જ તે ગુણની વિકારી કે અવિકારી અવસ્થા પોતાથી થઈ શકે છે. છતાં કોઈ કાળે ગુણમાં દોષ પેસી જતા નથી. ગુણ તો એકરૂપ નિર્મળ રહે છે. આવા ત્રિકાળ સ્વભાવની જેને ખબર નથી તે પોતાના ધ્રુવ અવિકારી સ્વભાવની પોતામાં હયાતી જાણતો નથી અને તેથી ત્રિકાળી એકરૂપ અખંડ સ્વભાવને માનતો નથી, પણ વર્તમાન નિમિત્તાધીન વિકારની પ્રવૃત્તિને જ જુએ છે.

આત્મા અખંડ અક્રિય જ્ઞાનાનંદપણે ધ્રુવ છે. તેનો સ્વભાવ એક રૂપ (પરમાં) અક્રિય છે, તેને નહિ જોતાં વર્તમાન અવસ્થાના પુણ્ય-પાપની ક્રિયાના શુભાશુભ વિકારને જુએ છે; પણ તે પુણ્ય-પાપની ક્ષણિક વૃત્તિ સ્વભાવમાં નથી-સ્વભાવ આધીન પણ નથી. તે ક્ષણિક અવસ્થા નિમિત્તાધીન છે. તે વિકારી અવસ્થાનો નાશક પોતાનો જ્ઞાયક સ્વભાવ અવિકારી ધ્રુવ છે તેને જે માનતો નથી તેને સમ્યગ્દર્શન થઈ શકે નહિ. જ્ઞાનીને ક્ષણિક વિકારી અવસ્થા ઉપર વજન નથી, પણ માત્ર અવિકારીપણાની રુચિનું જોર છે, અને તે સ્વભાવના જોરે સ્થિર થવાથી વિકારનો નાશ કરે છે.

આત્માર્થ :આત્મા માટે. (૨) આત્મકલ્યાણ માર્ગ

આત્માર્થી :આત્માની ઈચ્છાવાળો કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ; ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ આત્મસિદ્ધિ ગાથા-૩૮ (૨) સમ્યક્ શ્રદ્ધાને વિપરીત અભિપ્રાયરહિતપણે સમજે, આચરે, સ્વસન્મુખ જ્ઞાનને જ્ઞાનપણે સમજે આચરે; અને આત્માનું ચારિત્ર યથાર્થ ચારિત્રપણે સમજે અને આચરે; જેને તે યથાર્થ સમજાયું નથી તે યથાર્થ સમજવાની સાચી જિજ્ઞાસા રાખે, પ્રયત્ન કરે તે તે આત્માર્થી છે. કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષી અભિલાષ; ભવે ખેદ્ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ. આત્મસિદ્ધિ ગાથા. (૩) આત્માનો કામી; આત્માને પામવાનો ઈચ્છુક; આત્મકલ્યાણની કામનાવાળો.

આત્માર્થીપણું :એકરૂપ વીતરાગ દશા.

આત્મારૂપી અધિકરણમાં રહેલા :આત્માના આશ્રયે રહેલા.

આત્મારામ :આત્મામાં જ આરામ કરતો; આત્મામાં જ રમણ કરતો.

આત્મારામી :આત્મામાં રમણતા કરનાર.

આત્માવલોકન :પુસ્તક છે. દીપચંદ્રજી તેના લેખક છે.

આત્મા વસ્તુ છે :તે પોતાના અસંખ્ય પ્રદેશી અરૂપી આકારવાળો છે. અસંખ્ય અવયવવાળોછે. અસંખ્ય કહ્યું એટલે કટકે કટકા જુદા જુદા થઈને અસંખ્ય છે તેમ નથી. પરંતુ અસંખ્ય પ્રદેશોનો પિંડ અખંડરૂપ છે, જેમ ગજથી તાકો મપાય એટલે તાકો ખંડ રૂપ થયો નથી પણ તાકો તો અખંડ રહે છે. જેમ આત્માના પ્રદેશને માપવાનું એક પરમાણુ-રજકણ તે માપલું છે તે એક પરમાણું જેવડો આત્માનો એક-એક પ્રદેશ છે તે અસંખ્ય પરમાણુ જેવડો આત્મા ક્ષેત્રથી છે, એ રીતે પરમાણુથી આત્માના પ્રદેશનું માપ આવે છે. પરંતુ તેથી આત્મા કાંઈ ખંડરૂપે નથી. અસંખ્ય પ્રદેશનો પિંડ આત્મા અખંડ છે.

આત્મસ્વભાવ :સુખથી ભરેલો છે; આત્મામાં આનંદરસ ભરપૂર છે. અતીન્દ્રિય સુખ સ્વભાવ છે. આત્મા શાંત સ્વભાવથી ભરેલો છે. આત્મા જ્ઞાન સ્વભાવ છે; અંતરમુહૂર્તમાં કેવળ જ્ઞાન લઈ લે એવી મહાન તાકાતવાળો છે.

આત્માસાત :પોતારૂપ.

આત્મસિદ્ધિની પ્રાપ્તિનો ઉપાય :જ્યારે આ આત્મા સ્વ-પર ભેદવિજ્ઞાન વડે શારીરાદિ પરદ્રવ્યને જુદા જાણે ત્યારે તેમાં આ ભલા-ઈષ્ટ, આ બૂરા તેવી બુદ્ધિનો ત્યાગ કરે. કારણ કે જે કાંઈ ભલું કે બૂરું થાય છે તે તો પોતાના પરિણામોથી જ થાય છે, પર દ્રવ્યના કરવાથી ભલું-બૂરું થતું નથી. તેથી સર્વ પરદ્રવ્યોમાં રાગદ્વેષ ભાવનો ત્યાગ કરે. જો આવશપણે (પુરુષાર્થની નિર્બળતાથી) રાગાદિ ઊપજે તો તેના નાશના માટે અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે. આમ કરતાં જ્યારે સર્વ વિભાવ-ભાવનો નાશ થાય, અક્ષુબ્ધ સમુદ્રવત, શુદ્ધાત્મસ્વરૂપમાં લવણવત્ પરિણામ લીન થાય, ધ્યાતા-ધ્યેયનો વિકલ્પ ન રહે, એમ ન જાણે કે હું શુદ્ધાત્મસ્વરૂપને ધ્યાવું છું, પોતે જ તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધાત્મ સ્વરૂપ થઈ નિષ્કંપણે પરિણમે, તે વખતે આ આત્માને જે કંઈ કરવાનું હતું તે કરી લીધું, કાંઈ કરવાનું હવે બાકી રહ્યું નહિ તેથી એને કૃતકૃત્ય કહીએ છીએ. જેની અવસ્થામાં પુરુષાર્થની સિદ્ધિ થઈ. પુરુષોનો જે અર્થ અર્થાત્ પ્રયોજનરૂપ કાર્ય તેની જે સિદ્ધિ થવાની હતી તે થઈ ગઈ. આવી અવસ્થાને જે પ્રાપ્ત થયો તે આત્માને કૃતકૃત્ય કહીએ છીએ.

આત્મિક સુખ :આત્મા સમય સમય ઉપયોગી છતાં, અવકાશની ખામી અથવા કામના બોજાને લઈને, તેને આત્મા સંબંધી વિચાર કરવાનો વખત મળી શકતો નથી, એમ કહેવું એ પ્રાકૃતજન્ય લૌકિક વચન છે. જો ખાવાનો પીવાનો ઊંઘવાનો ઈત્યાદિનો, વખત મળ્યો ને કામ કર્યું તે પણ આત્માના

ઉપયોગ વિના નથી થયું, તો પછી ખાસ જે સુખની આવશ્યકતા છે, ને જે મનુષ્યજન્મનું કર્તવ્ય છે, તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઈ કાળે સાચું માની શકે નહીં. એનો અર્થ એટલો જ છે કે બીજાં ઈન્દ્રિયાદિક સુખનાં કામો જરૂરનાં લાગ્યાં છે, અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે. આત્મિક સુખના વિચારનું કામ કર્યા વિના, અનંતો કાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે, એ વાત જરૂરની નથી લાગતી! મતલબ આ ચૈતન્યે કૃત્રિમ માન્યું છે. સાચું માન્યું નથી. (૨) અતીન્દ્રિય, સ્વાધીન, નિરાકુળ, સંતોષકારક, સ્થિર, અને અનંત, અવિનાશી હોવાથી નિર્દોષ છે.

આત્મીય :પોતાનું.

આત્મીયપણે :પોતાપણે. (અજ્ઞાની જીવ દેહ, ધન વગેરે પરદ્રવ્યને પોતાનું માનીને, તેમાં મમત્વ કરે છે.)

આત્મોત્પન્ન :આત્માને જ આશ્રય કરીને, સ્વાશ્રિત પ્રવર્તતું હોવાથી, આત્મોત્પન્ન.

આત્યંતિક :અનંત; સતત; ખૂબ; સર્વશ્રેષ્ઠ; આખરી; અંતિમ. (૨) સર્વથા. (૩) અત્યંતપણે. (૪) અત્યંત; પુષ્કળ; શાશ્વત; હંમેશનું; કાયમનું;

આંતરું :થોડું અંતર;

આંતર જ્યોતિ :અંતરંગ અધ્યાત્મ જ્યોતિ.

આંતર પરિગ્રહ :મિથ્યાત્વ, ચાર કષાય (ક્રોધ,માન, માયા, લોભ), નવ નોકષાય. (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદ આ નવ અલ્પકષાયને નોકષાય કહે છે.) એમ મળીને ૧૪ અંતરંગ પરિગ્રહ છે.

આંતરતબક્કો :આંતર વિભાગ.

આંતરો :કોઈ પણ બે પદાર્થ વચ્ચેનો ગાળો; ભેદભાવ; ફરક; અંતર. (૨) ભેદ; ગાળો; જુદાઈ; જુદાપણું; વાડ; આડચ; વ્યવધાન. (૪) છેટાપણું; અંતર; જુદાપણું; ભિન્નપણું. (૫) જુદાઈ; ભેદ; અંતર; તફાવત; ગાળો; પડદો; અંતરપટ.

આતાપ :પીડા (૨) અગ્નિની ઉષ્ણ વેદના.

આતાપકારી :પીડાકારી.

આતાપન :સૂર્યના પ્રખર તાપમાં બેસવું.

આતાપન યોગ :સૂર્યના તાપમાં તપ કરવું તે આતાપન યોગ છે. (૨) પર્વતના શિખર ઉપર તાપમાં ઊભા રહીને ધ્યાન કરવું . (૩) તડકામાં બેસી અથવા ઊભા રહી ધ્યાન કરવું તે.

આતાપનામ કર્મ :જે કર્મના ઉદયથી, પ્રકાશરૂપ (તેજ રૂપ) શરીર હોય. જેમ કે, સૂર્યનું પ્રતિબિંબ.

આકિંચત્ય :પર પદાર્થો, તેમજ તેના લક્ષ્યથી ઉત્પન્ન થવા વાળા સિદ્ધિકારો ને, પોતાના નહિ માનવા; નહિ જાણવા અને તેમાં લીન ન થવું, તે જ આકિંચત્ય છે.

આતિશય :ઉત્તમ.

અતીન્દ્રિય આત્મિક સુખ મેળવવાનાં સાધનો :ઈન્દ્રિયોમાં જીભ બળવાન છે. જ્ઞાનાવરણાદિ આઠે કર્મોમાં મોહકર્મ બળવાન છે; પાંચો મહાવ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત પ્રબળ છે એ ગુપ્તિઓમાં મનોગુપ્તિ ખાળવી કઠણ છે. આ ચારે વાતો કઠણાઈથી સિદ્ધ થાય છે.

આદેય :ગ્રહણ કરવા યોગ્ય.

આદેય નામકર્મ :જે કર્મના ઉદયથી કાન્તિસહિત શરીર ઊપજે તેને આદેય નામકર્મ કહે છે.

આદ્યકર્મ :આદિકર્મ

આદેયતા :લેવા-ગ્રહણ કરવા યોગ્યપણું, સ્વીકારવા યોગ્યપણું.

આદેયનામ કર્મ :જે કર્મના ઉદયથી કાન્તિવાળું શરીર ન હોય તેને અનાદેય નામ કર્મ કહે છે.

આદ્યાકર્મી આહાર :ઉદ્દેશીક આહાર; પ્રાસુક આહાર; મુનિને લક્ષે બનાવેલ આહાર

આદર :પ્રેમ; ભાવ; ભક્તિ; પૂજ્યભાવ; સામા તરફ માનની ભાવના; સત્કાર; સન્માન; આવકાર; કાળજી; સાવધાની; પ્રયત્ન; બહુમાન. (૨) આવકારભાવ; આશ્રય (૩) આરંભ, શરૂઆત. (૪) કાળજી; સાવધાની; પ્રયત્ન; બહુમાન.

આદરણીય :સંમાનનીય; માન આપવા પાત્ર.

આદરવું :સેવવું; આરંભ કરવો; શરૂઆત કરવી; ખંતથી કામે લાગવું, નિશ્ચયપૂર્વક કોઈપણ કામ કરવાનું ઉઠાવી લેવું.

આદેશ :કથન. (માત્ર ભેદકથન દ્વારા જ પરમાણુથી સ્પર્શ-રસ-ગંધ વર્ણનો ભેદ પાડવામાં આવે છે, પરમાર્થે તો પરમાણુથી સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભેદ છે. (૨) આમ વર્તો કે આમ કરો. (૩) આજ્ઞા.

આદેશવશાત :કથનનેવશ (આદેશવશાત્)

આદાન :ગ્રહણ; આવીને રોકાવું; કર્મોની સ્થિતિ અને અનુભાગનું કારણ છે.

આદિ અંત :શરૂઆત અને છેડો.

આદિપુરુષ :પરમાત્મા.

આદિત્ય :સૂર્ય.

આદિમાન :જેની શરૂઆત થઈ હોય એવું.

આધુનિક :હમણાંનું

આધુનિક કેળવણી :વર્તમાનમાં અપાતી પાશ્ચાત્ય કેળવણી ધર્મ વિનાની છે.

આધેય :ટેકો આપવા લાયક; આધાર આપવા લાયક.

આધ્યાત્મશાસ્ત્ર :આત્મ દ્રવ્ય શુદ્ધ નિશ્ચયસ્વરૂપ કેવું છે અને તેની નિર્મળ પર્યાય કેવી છે તેનું જેમાં નિરૂપણ કરેલું છે તે અધ્યાત્મશાસ્ત્ર છે.

અધ્યાત્મસ્થાનો :સ્વ-પરના એકપણાનો અધ્યાસ એવાં જે પરિણામો તે અધ્યામસ્થાનો અર્થાત્ અધ્યવસાય છે. વિશુદ્ધ ચૈતન્ય-પરિણામથી જુદાપણું જેમનું લક્ષણ છે એવાં અધ્યાત્મ સ્થાનો. અધ્યાત્મસ્થાન એટલે આત્માનાં સ્થાન નહીં. સ્વ-પરની એકતા-બુદ્ધિના અધ્યવસાયને અધ્યાત્મસ્થાન કહ્યાં છે.

ઓઘસંજ્ઞા :શું કરવા કરું છું તેનો વિચાર નથી તે ઓઘસંજ્ઞા.

આધાકર્મી=અધઃકર્મ :પોતાને ઉદ્દેશી તૈયાર કરવામાં આવેલો ખોરાક લેવાથી, જૈનસાધુને લાગતો દોષ.

આધાર :આશ્રય (૧) અવલંબન; ટેકો; આશ્રય; મદદ; પુરાવો; સાબિતી.

આધાર-આધેય :ઉપાદાન ઉપાદેયરૂપ; કારણ-કાર્યપણું. (૨) ઉપાદાન-ઉપાદેય; કારણ અને કાર્ય.

આધિ : (૧) માનસિક પીડા; માનસિક રોગ; ચિંતા. (૨) મનના શુભાશુભ વિકલ્પો તે વિકારી કાર્ય એટલે ચૈતન્યની અસ્થિરતા. (૩) અનુભવ (૪) વશ; તાબેદાર.

આધિ-વ્યાધિ-ઉપાધિ :માનસિક ચિંતા તે આધિ, શારીરિક રોગ તે વ્યાધિ અને બાહ્ય કુટુંબકબાલા સંબંધી ચિંતા તે ઉપાધિ.

આધિ-વ્યાધિ :આધિ એટલે માનસિક પીડાઓ; વ્યાધિ = શારીરિક કષ્ટપ્રદ રોગો. ઉપાધિ = સાંસારિક ચિંતાઓ.

આધીન :નમ્ર

અનુતાપ :પશ્ચાત્તાપ.

આનંદ :સંતોષ (૨) આનંદથી પરિપૂર્ણ (૩) સંતોષ. (૪) આનંદનું કાર્ય આહ્લાદ અનુભવવાનું છે. (૫) સ્વરૂપ રમણતા; સ્થિરતા.

આનંદ અને પરિગ્રહ :તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપસમ એ બે આરંભ અને પરિગ્રહના કાળ છે.

આનંદ સુસ્થિત :અનંત સુખનું પ્રગટ થવું.

આનંદકંદ :આનંદના મૂળરૂપ પરમાત્મા.

આનંદગુણ :આનંદગુણની બે અવસ્થા છે. (૧) વિકારી અને (૨) અવિકારી. પર ચીજના સંબંધ વિના વસ્તુ એક સ્વભાવપણે રહે તો વિકાર થાય નહિ. વિકાર પરથી થતો નથી, પણ પોતાની યોગ્યતાથી (તેવા ભાવ કરવાથી) અવસ્થામાં ક્ષણિક વિકાર થાય છે, નિમિત્ત સંયોગરૂપ પર ચીજ છે; દરેક વસ્તુ સ્વતંત્ર છે અને પોતાના આધારે ટકીને પોતાની અવસ્થા પોતાથી બદલાવે છે. આત્મા જાણનારો છે, તે પોતાના નિર્વિકારી અખંડ એકરૂપ જ્ઞાયક સ્વભાવને ન જોતાં, પોતાના સ્વભાવને ભૂલીને પર વસ્તુ ઉપર લક્ષ કરે છે અને તે નિમિત્ત આધીન થઈને હું રાગી છું હું દ્વેષી, હું પરનો કર્તા એવી ઊંધી માન્યતા અનુસાર ક્રોધ, માન, માયા, લોભની વિકારી વૃત્તિ

વર્તમાન ઊંધા પુરુષાર્થથી કરે છે, તે પુણ્ય-પાપની વિકારી વૃત્તિ મારી છે એને હું વિકારી છું એ માનવું તે મિથ્યાદષ્ટિનો વિષય છે.

આનંદઘન :આનંદથી ભરપૂર; શ્રી લાભાનંદજી મુનિનું બીજું નામ છે. (૨) આનંદ એટલે અંતરનો આનંદ, વિકલ્પ વગરનો આનંદ, વિકાર વગરનો આનંદ. એમાં પૌદ્ગલિક ભાવનો સંબંધ નહિ, માન આબરૂનો સંબંધ નહિ. એમાં કોઈ વ્યક્તિનું નામ નથી, કોઈ ગચ્છ, ત્રણ કે ઉપાસકનું નામ નથી, એમાં કોઈ મત, ફિરકા કે દર્શનનું નામ નથી. આનંદ એટલે આત્માની નિર્વિકારી દશા અને તેની વિપુલતા; તેની નકક્રતા તે આનંદઘન લંબાઈ, પહોળાઈ, અને ઊંચાઈ, એ ત્રણેના સમૂહને ઘન કહેવામાં આવે છે. અથવા છ સરખી બાજુની આકૃતિને ઘન કહેવામાં આવે છે. એટલે આનંદના ઘનને અહીં નજર સમક્ષ રાખ્યા છે. એમાં યોગ ભાષામાં સમજાવેલ આનંદનો નિર્વિકારી મૂળ ભાવ ઠાંસી ઠાંસીને ભરેલ હોય છે. આનંદઘન એ આત્મદશા છે, ચૈતન્ય ભાવ છે, વચનાતીત વિશિષ્ટ યોગદશા છે.

આનંદનું લક્ષણ :આહ્લાદ.

આનંદની ખુમારી :અલૌકિક મસ્તી.

આનંદસુસ્થિત :અનંત સુખ

આસન્નભવ્ય મહાત્મા :સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા મહાત્મા.

અનન્યભૂત :અન્યનું નહિ એવું એકલું પોતાનું જ.

અનુપ્રેક્ષણ :સ્વાધ્યાય વિશેષ; ચિંતવન.

આનુપૂર્વી :પૂર્વાપર ક્રમ.

આનુપૂર્વી કર્મ :આનુપૂર્વી નામની પ્રકૃતિ છે.

આનુષંગિક :પૂર્વ ગાથાના કથન સાથે સંબંધવાળી. (૨) સંબંધ ધરાવનારું; સહવર્તી; સહકારી; મુખ્ય નહિ તેવું; ગૌણ; પ્રસંગવશાત્ આવી મળેલું.

આનાપાન સત્તી :શ્વાસોચ્છ્વાસની સ્મૃતિ. આનાપાન=શ્વાસોચ્છ્વાસ અને સત્તી=સ્મૃતિ.

અનાસક્તિ :આસક્તિ રહિતપણું; વિરક્તિ.

આપ્ત :વિશ્વાસપાત્ર; પ્રમાણભૂત; યથાર્થ વક્તા. સર્વજ્ઞદેવ સમસ્ત વિશ્વ પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે અને તેઓ વીતરાગ (મોહ, રાગદ્વેષ રહિત) હોવાથી તેમને અસત્ય કહેવાનું લેશમાત્ર પ્રયોજન રહ્યું નથી, તેથી વીતરાગ-સર્વજ્ઞદેવ ખરેખર આપ્ત છે. આવા આપ્ત વડે આગમ ઉપદેશવામાં આવ્યું હોવાથી તે આગમ સફળ છે. (૨) વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ. (૩) સર્વજ્ઞ પરમેશ્વર આપ્ત છે. એમ આત્મા પણ નિશ્ચયથી આપ્ત છે. વીતરાગ પૂર્ણ હિતને માટે, માનવા લાયક છે. એમ આત્મા પણ હિતને માટે, માનવા લાયક છે. (૪) મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા પુરુષ. (૫) વિશ્વાસલાયક; સર્વ પદાર્થોને જાણી તેના સ્વરૂપનો સત્યાર્થ પ્રગટ કરનાર. (૫) પ્રમાણભૂત; પ્રમાણરૂપ. (૭) વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ. (૮) અઢાર દોષ રહિત, પરમ હિતોપદેશક, સર્વજ્ઞ. (૯) વિશ્વાસ કરવા યોગ્ય પુરુષ. (૧૦) મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા (૧૧) મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા (પુરુષ). (૧૨) ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષ, જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, વિસ્મય, નિદ્રા, ખેદ, સ્વેદ, મદ, મોહ, અરતિ, ચિન્તા એ અઢાર દોષ રહિત આપ્ત કહ્યા છે. (૧૩) શંકારહિત. શંકા એટલે સકળ મોહ રાગાદ્વેષાદિક દોષો આ રાગ-દ્વેષ મોહ આદિ સઘળા દોષો જેનામાં નથી એવા સકળ ગુણમય પુરુષ તે ભગવાન આપ્ત છે. આ પ્રમાણે આપ્ત અર્થાત્ દેવ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર કેવા હોય તેની વ્યાખ્યા કરી. (૧૪) સર્વજ્ઞ પરમેશ્વર ''આપ્ત' છે, એમ આત્મા પણ નિશ્ચયથી ''આપ્ત' છે. (૧૫) વિશ્વાસપાત્ર; પ્રમાણભુત; પર્યાય વક્તા. (સર્વજ્ઞ દેવ સમસ્ત વિશ્વને પ્રત્યેક સમયે સંપૂર્ણપણે જાણી રહ્યા છે, અને તેઓ વિતરાગ (મોહ રાગ રહિત) હોવાથી, તેમને અસત્ય કહેવાનું લેશમાત્ર પ્રયોજન નથી, તેથી વિતરાગ-સર્વજ્ઞદેવ ખરેખર આપ્ત છે. આવા ગમ્મત ..... વડે આગમ ઉપદેશવામાં આવ્યું હોવાથી તે (આગમ) સફળ છે.)

આપ્તપુરુષ :ધર્મનું મૂળ આપ્તપુરુષ છે. તેમનામાં નિર્દોષપણું, સર્વજ્ઞપણું અને પરમ હિતોપદેશાપણું એ ત્રણ મુખ્ય ગુણો હોય છે.

આપત્તિ :આવી પડવું તે. (૨) દોષ; આફત; સંકટ; મુશ્કેલી. (૩) આવી પડવું તે.

આપ્તપુરુષ :સર્વજ્ઞ ઉપદેશક.

આપ્તોપરી :આપ્ત દ્વારા પ્રથમ જ્ઞાન થઈને ઉપદેશાવેલું હોય.

આપદા :દુઃખ.

- આત્મા વસ્તુ છે તે દ્રવ્ય છે. (ચૈતન્યચિંતામણિમાળા)
- તેના ચૈતન્ય સ્વભાવમય ગુણો છે તે દોરા સમાન કાયમ નિત્ય છે.
- તે ગુણોના ધરનાર ગુણી એવા આત્માનો, બધા વિકલ્પોને મટાડી દઈ, અંતર્મુખ થઈ અનુભવ કરશે તે પર્યાય છે, તે નિર્મળ પર્યાયને મોક્ષનો માર્ગ કહીએ છીએ.

આપૂર્ણ :સંપૂર્ણ. (૨) છલોછલ ભરેલું (૩) છલોછલ ભરેલું તત્ત્વ.

અપ્રાકૃત :અલૌકિક; સંસ્કારી; પ્રાકૃતિક-ભૌતિક પ્રકારનું નહિ તેવું.

આપાસ્ત કરવું :તિરસ્કારવું; હેય ગણવું; દૂર કરવું; છોડી દેવું.

આપોઆપ :પોતાનાથી જ.

આબાધાકાળ :કર્મ બાંધ્યા પછીથી તે ઉદયમાં આવે (એટલે તેનાં ફળ ભોગવવાં પડે), ત્યાં લગીનો કાળ, તે આબાધાકાળ કહેવાય. એટલે કર્મ બાંધવું અને તે ભોગવવું, એ બેની વચ્ચેનો કાળ.

આભરણ :ઘરેણું; આભૂષણ. (૨) અલંકાર

આભાસ :ભ્રમ; ખોટો દેખાવ; ઝાંખો પ્રકાશ. (૨) બે વસ્તુ વચ્ચે સરખામણીનો દેખાવ; સાદશ્ય; ભ્રમ; ખોટો દેખાવ; ભ્રામક;

આભાસી :ભ્રામક

આભિયોગિક ભાવના :મંત્ર, અભિનય, કૌતુક, ભૂતપ્રયોગ-આદિમાં પ્રવર્તતો સાતા, રસ, એ ઋદ્ધિ એ ત્રણ ગારવના નિમિત્તે આભિયોગિક ભાવનાને ભજે છે.

ૐકાર એકાક્ષરી :અનક્ષરી દિવ્ય વાણી. તેને વચન ઈશ્વરી અર્થાત્ વાગીશ્વર કહેવાય છે. તે શબ્દ બ્રહ્મરૂપ છે. જ્યારે આત્માસર્વજ્ઞ વીતરાગ ભગવાન અર્હંત પરમાત્મા થાય છે ત્યારે પૂર્વે બંધાયેલા તીર્થંકર નામ કર્મ પ્રવૃત્તિના પુણ્ય પ્રારબ્ધના કારણે દિવ્યવાણીનો યોગ થવાથી હોઠ બંધ છતાં આત્માના સર્વ પ્રદેશોથી ૐકાર એકાક્ષરી દિવ્યવાણી છૂટે છે. અર્હંત પરમાત્મા તદ્દન અકષાય શુદ્ધ ભાવે પ્રણમેલા છે તેથી તેનું નિમિત્ત હોવાથી વાણી પણ એકાક્ષરી થઈ જાય છે ને તે વાણી ૐકાર પણે ઈચ્છા વિના છૂટે છે. એવો ૐકાર દિવ્ય ધ્વનિ-સરસ્વતીરૂપ તીર્થંકરની વાણી સહજ છૂટે છે.

આમ્નાય :પરંપરા; ધાર્મિક પરંપરા; સંપ્રદાય; પરંપરાથી મળેલ ધાર્મિક ગ્રંથ; પરંપરાથી ઊતરી આવેલ રિવાજ; રૂઢિ; શિષ્ટાચાર; રાજ્ય બંધારણ. (૨) જિનાગમની પરંપરા. (૩) માન્યતા; મત. (૪) શાસન; હકૂમત; હુકમ ચાલે તે.

આમળો :અવળો વળ

આમિષ :માંસ (૨) લલચાવવા માટે રાખેલી ખાવાની વસ્તુ; માંસ. (૩) લાલચ

આમોદ :સુગંધ; (૨) મોજ.

આય :શક્તિ; પહોંચ; હિંમત; આવક; આમદાની. (૨) શક્તિ (ચાલવાની આય રહેતી નથી)

આયુ કર્મના ચાર ભેદ :નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ-એ ચાર ભેદ આયુ કર્મના છે. (૨) આયુકર્મથી અક્ષય સ્થિતિ ગુણ રોકાઈ રહ્યો છે.

આયુકર્મ કેમ જીતાય ? :તેવી રીતે આયુકર્મનો ઉદય થાય છે, માટે જીવને શરીરમાં રહેવું પડે છે, એમ નથી. ભાવકકર્મનો ઉદય, જડકર્મમાં છે અને તેને અનુસરીને પર્યાયમાં રહેવાની લાયકાત, પોતાની છે માટે જીવ રહ્યો છે. આયુકર્મ તો નિમિત્તમાત્ર છે.

આયત :લંબાઈરૂપે; પ્રવાહરૂપે; ક્રમસર. (૨) લંબાઈ.

આયત સામાન્ય સમુદાય :આયત સામાન્યરૂપ સમુદાય. આયત એટલે લંબાઈ અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહ. દ્રવ્યના લંબાઈ અપેક્ષાના (એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી, કાળ-અપેક્ષિત) ભેદોને, (આયત વિશેષોને) પર્યાયો કહેવામાં આવે છે. તે ક્રમભાવી પર્યાયોમાં પ્રવર્તતો વિશેષપણાને ગૌણ કરી તો, એક દ્રવ્યપણારૂપ સામાન્યપણું એજ ભાંસે છ. આયત સામાન્ય (અથવા આયત સામાન્ય સમુદાય), તે દ્રવ્ય છે.

આયત્ત :આશ્રિત.

આયતન :સ્થાન; રહેઠાણ. (૨) કોઈપણ પદાર્થનું સ્થળ; પાત્ર. (૩) નિવાસસ્થાન; સંયમી મુનિના દેહને આયતન કહે છે.

આયત સામાન્ય સમુદાય :આયત સામાન્યરૂપ સમુદાય. આયત એટલે લંબાઈ, અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહ.

આયુષ્યની સ્થિતિ :મનુષ્ય પર્યાયના કાળની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની છે, અને અધન્ય અંતર્મુહૂર્તની છે. નરકગતિમાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અને જઘન્ય દશ હજાર વર્ષ; દેવગતિમાં પણ આયુષ્યસ્થિતિ નરકગતિ પ્રમાણે છે.

આયુધ :શસ્ત્ર; હથિયાર.

આયુપ્રકૃતિ :આયુનો બંધ એક આવતા ભવનો આત્મા કરી શકે. તેથી વધારે ભવનો ન કરી શકે.

આયુષ્ય :ઉપપાદ જન્મવાળા દેવ અને નારકી તથા ચરમ ઉત્તમ દેહવાળા એટલે તે ભવે મોક્ષગામીઓ તો અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા-ભોગભૂમિના જીવોના આયુષ્ય અપવર્તન (અકાળ મૃત્યુ) રહિત હોય છે.

(૧) આઠ કર્મોમાં આયુષ્ય નામનું એક કર્મ છે. ભોગ્યમાન (ભોગવતાં) આયુષ્યકર્મનાં રજકણો બે પ્રકારનાં હોય છે ૧. સોપક્રમ અને ૨. નિરુપક્રમ. તેમાં આયુષ્યના પ્રમાણમાં દરેક સમયે સરખા નિષેકો નિર્જરે તે પ્રકારનું આયુષ્ય નિરુપક્રમ એટલે કે અપવર્તન રહિત છે; અને જે આયુષ્યકર્મ ભોગવવામાં પહેલાં તે સમયે સમયે સરખા નિષેકો નિર્જરતા હોય પણ તેના છેલ્લા ભાગમાં ઘણાં નિષેકો એક સાથે નિર્જરી જાય તે પ્રકારના આયુષ્યને સોપક્રમ આયુષ્ય કહેવાય છે. આયુષ્ય કર્મના બંધની એવી વિચિત્રતા છે કે જેને નિરુપક્રમ આયુષ્યનો ઉદય હોય તેને સમયે સમયે સરખું નિર્જરે તેથી તે ઉદય કહેવાય છે અને સોપક્રમ આયુષ્યવાળાને પહેલાં અમુક વખત તો ઉપર પ્રમાણે જ નિર્જરે ત્યારે ઉદય કહેવાય, પણ છેલ્લા અંતર્મુહૂર્તમાં બધાં નિષેકો ભેગાં નિર્જરી જાય, તેથી તેને ઉદીરણા કહે છે. ખરેખર કોઈનું આયુષ્ય વધતું કે ઘટતું નથી પણ નિરુપક્રમ આયુષ્યથી સોપક્રમ આયુષ્યનો ભેદ બતાવવા માટે સોપક્રમવાળા જીવોને અકાલ મૃત્યુ પામ્યા એમ વ્યવહારી કહેવાય છે.

(૨) ઉત્તમ એટલે ઉત્કૃષ્ટ; ચરમદેહ ઉત્કૃષ્ટ હોય છે, કેમકે જે જે જીવો કેવળજ્ઞાન પામે તેમનું શરીર કેવળજ્ઞાન પ્રગટતાં પરમૌદારિક થાય છે. જે દેહે જીવો કેવળજ્ઞાન પામતા નથી તે દેહ ચરમ હોતો નથી તેમજ પરમૌદારિક હોતો નથી. મોક્ષ જનારા જીવનને શરીર સાથેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ કેવળજ્ઞાન પામતાં કેવો હોય છે તે બતાવવા આ સૂત્રમાં ચરમ અને ઉત્તમ એવાં બે વિશેષણો વાપર્યાં છે. કેવળજ્ઞાન પ્રગટે ત્યારે તે દેહ ચરમ સંજ્ઞા પામે છે; તેમજ પરમૌદારિકરૂપ થઈ જાય છે તેથી ઉત્તમ સંજ્ઞા પામે છે; પણ વજ્રર્ષભનારાયસંહનન તથા સમચતુરસ સંસ્થાનને કારણે શરીરને ઉત્તમ સંજ્ઞા આપવામાં આવતી નથી.

(૩) સોપક્રમ-કદલીઘાત અર્થાત્ વર્તમાન માટે અપવર્તન થતા આયુષ્યવાળાને બાહ્યમાં વિષ,વેદના, રક્તક્ષય, ભય, શસ્ત્રાઘાત, શ્વાસાવરોધ, કંટક, અગ્નિ, જળ, સર્પ, અજીર્ણ ભોજન, વજ્ ઘાત, શૂળી, હિંસક જીવ. તીવ્ર ભૂખ કે પિપાસા આદિ કોઈ નિમિત્ત હોય છે.

(૪) કેટલાક અંતકૃત-કેવળી એવા હોય છે કે જેમનાં શરીર ઉપસર્ગથી વિદીર્ણ થાય છે પણ તેમનું આયુષ્ય અપવર્તન રહિત છે. ચરમદેહવાળા ગુરુદત્ત, પાંડવો વગેરેને ઉપસર્ગ થયા હતા પણ તેમનું આયુષ્ય અપવર્તન રહિત હતું.

(૫) ઉત્તમ શબ્દનો અર્થ ત્રેસઠ શલાકાપુરુષ અથવા કામદેવાદિ ઋદ્ધિયુક્ત પુરુષો એવો કરવો તે ઠીક નથી, કેમકે સુભૌમ ચક્રવર્તી, છેલ્લા બ્રહ્મદત્ત ચક્રવર્તી તથા છેલ્લા અર્ધચક્રવર્તી વાસુદેવ આયુષ્ય અપવર્તન થતાં મરણ પામ્યા છે.

(૬) ભરત અને બાહુબલી તે ભવે મોક્ષગામી જીવો હતા. જેથી અંદરો અંદર લડતાં તેમનું આયુષ્ય બગડી શકે નહિ. એમ કહ્યું છે તે બતાવે છે કે ઉત્તમ શબ્દ તે ભવે મોક્ષગામી જીવો માટે જ વપરાતો છે.

(૭) બધા સકલચક્રી અને અર્ધચક્રીને અનપર્વતનાયુ હોય એવો નિયમ નથી.

આયા :કાઠીને આયા કહેવામાં આવે છે.

આયાત સામાન્ય સમુદાય :એક પછી એક પ્રવર્તતા, ક્રમભાવી, કાળ અપેક્ષિત ભેદોને પર્યાયો કહે છે.

આયાસ :ઉદ્યમ.

આરૂગ્ગં બોહિલાભં :ભવરોગ રહિતની ભાવ સમાધિ.

આર્જવ :સરળતા; નિષ્કપટતા. (૨) ઋજુતા; સરલતા; મૃદુતા; કોમળતા; નિખાલસપણું; નમ્રતા; સાદાઈ; સમ્યગ્દર્શન સહિત, વીતરાગી નિર્મમતા.

આર્જવ-ધર્મ :જે શ્રમણ કુટિલ-ભાવ (માયા) છોડી નિર્મળ હૃદયે ચરે છે. (ચારિત્રનું પાલન કરે છે), તેને નિશ્ચયે ત્રીજો આર્જવ-ધર્મ થાય છે.

આર્જિકા :જૈન ધર્મની દીક્ષાવાળી સાધ્વી; ગરણીજી; આર્યા.

આરૂઢ :સ્થિત

અર્ણવ :સાગર; સમુદ્ર; (અત્યાનંદાર્ણવ તરંગ = અતિ આનંદ સમુદ્રનાં મોજાં)

આરત :પીડા; સંકટ; દુઃખ; ભીડ; જરૂરિયાત; ગરજ

આર્ત :પીડિત; દુઃખી. (૨) દુઃખરૂપ પરિણામ (૩) ભયાકુળ

આર્તધ્યાન : :કોઈ પણ પર પદાર્થને વિષે ઈચ્છાની પ્રવૃત્તિ છે, અને કોઈ પણ પર પદાર્થના વિયોગની ચિંતા છે, તેને શ્રી જિન આર્ત્તધ્યાન કહે છે. (૨) આર્તધ્યાન ચાર પ્રકારે છે : (•) ઈષ્ટ વિયોગ, (•) અનિષ્ટ સંયોગ, (•) વેદના અને (•) નિદાન. (૩) કલેશ.

આર્તિ :દુઃખ; વિપત્તિ; પીડા.

આર્થિક :તે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન, શુદ્ધ દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

આરંભ :ઉપધિ સંબંધી કર્મપ્રક્રમના પરિણામ, જેનું લક્ષણ છે એવો આરંભ. (કર્મપ્રક્રમ = કામમાં જોડાવું તે; કામની વ્યવસ્થા.) (૨) તે કાર્યની શરૂઆત કરવી, તેને આરંભ કહેવાય છે. (૩) ઉદ્યમ (૪) પરિગ્રહ સંબંધી કામમાં જોડાવારૂપ પરિણામ જેનું લક્ષણ છે એવો આરંભ. (૪) તે કાર્યની શરૂઆત કરવી તેને આરંભ કહેવાય છે. (૫) હિંસાનાં કાર્ય. (૬) કોઈપણ ક્રિયાની તૈયારી; હિંસાનું કામ. (૭) યત્ન.

આરંભક્રિયા :નુકસાનકારી કાર્યોમાં રોકાવું; છેદવું; તોડવું; ભેદવું; કે બીજા કોઈ તેમ કરે તો હર્ષિત થવું તે આરંભક્રિયા છે.

આરંભથી :ઉદ્યમથી (૨) યત્નથી

આરંભ-પરિગ્રહ :આરંભ-પરિગ્રહ પ્રવર્તન વિશેષ રહેતું હોય તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમ કે આરંભ - પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે.

આર્ય :ઉત્તમ. આર્ય શબ્દ શ્રી જિનેશ્વરને, મુમુક્ષુને તથા આર્ય દેશના રહેનારને માટે વપરાય. (૨) જાણકાર. (૩) ઉત્તમ આચરણવાળા પુરુષ, સાધુ, પાપથી દૂર હોય તે આર્ય.

આર્ય આચાર :મુખ્ય કરીને દયા, સત્ય, ક્ષમાદિ ગુણોનું આચરવું તે. (૨) આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, વર્તમાન કાળ સુધીમાં તે સ્વરૂપનું અજ્ઞાન, તથા તે અજ્ઞાન અને અભાનનાં કારણો તે કારણોની નિવૃત્તિ. અને તેમ થઈ અવ્યાબાધ આનંદ સ્વરૂપ અભાવ એવા નિજપદને વિષે સ્વાભાવિક સ્થિતિ થવી તે.

આર્યજીવનું લક્ષણ :પ્રથમ તો સાધારણ રીતે આર્યજીવને અનીતિ તથા ક્રુરતાનો ત્યાગ હોય જ, સાધારણ આર્યપણું લૌકિક સરળતા, તેમજ પરસ્ત્રીનો ત્યાગ, અંતરમાં બ્રહ્મચર્યનો રંગ, આજીવિકા માટે પરને છેતરપિંડીનો ત્યાગ, નીતિ , સત્યવચન વગેરે તો જીવનમાં વણાઈ જવું જોઈએ. દેહાદિ પર વિષયોમાં તીવ્ર આસક્તિનો ત્યાગ વગેરે તો સાધારણ નીતિમાં હોય જ, પછી લોકોત્તર ધર્મમાં પ્રવેશ થઈ શકે છે.

આર્યદેશ :ઉત્તમ દેશ, જ્યાં આત્માદિ તત્ત્વોની વિચારણા થઈ શકે, આત્મોન્નતિ થઈ શકે તેવી અનુકૂળતાવાળો દેશ.

આર્યધર્મ :જ્ઞાની પુરુષો તો જેથી આત્માને નિજ સ્વરૂપની પ્રાપ્તિ થાય, એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ, તેને આર્યધર્મ કહે છે.

આર્યભાષા :આદિમ આર્યપ્રજાની મૂળ ભાષા; (જેમાંથી ભાષા શાસ્ત્રીઓએ જેની કામચલાઉ સંજ્ઞા આપી છે તે પ્રાગ્ભારત-યુરોપીય ભાષાઓનો વિકાસ થયો. આ પ્રાગ્ભારત-યુરોપીયમાંથી યુરોપીય અને ભારત-આર્ય-પારસીક અને એમાંથી ભારત-આર્ય અને ભારત પારસીક, ભારત આર્ય એટલે ઋગ્વેદની પ્રાચીન ભાષા, જેમાંથી એક બાજુ બ્રાહ્મણ-આરણ્યક-ઉપનિષદની મહાભારત રામાયણની સાહિત્યિક સંસ્કૃત તો બીજા બાજુ પાલિ

અર્ધમાગધી માગધી વગેરે પ્રાકૃતો, એમાંથી અપભ્રંશ ભાષાઓ અને એમાંથી અર્વાચીન ભારત-આર્ય ભાષાઓ અને બોલીઓ વિકસી. આ બધી આર્યભાષા. (૨) શિષ્ટ ભાષા - સંસ્કૃત ભાષા, ગીર્વાણ ભારતી.

આવિર્ભાવ :પ્રગટતાં.

આર્ષગ્રંથ :ઋષિએ રચેલો ગ્રંથ- આચાર્યે રચેલો ગ્રંથ.

આર્ષદૃષ્ટા :દૈવી જ્ઞાનવાળું; પવિત્ર નજરવાળું.

આર્ષવચન :આચાર્યોનાં વચન.

આરાધે :ઉપાસે, સેવે.

આરાધક :આત્માની સમજણપૂર્વક ઉપાસના કરનાર. (૨) આત્મ સ્વભાવને જાણનારો; તત્ત્વદૃષ્ટિને ધરનારો, સાધક.

આરાધક ભાવ :જો વર્તમાન અપૂર્વ પુરુષાર્થ કરીને જ્ઞાનને, સ્વ તરફ વાળીને, આત્મામાં અભેદ કરે, તો તેને આરાધકભાવ થાય. આરાધકભાવ સહિતનો જ્ઞાનીનો પુરુષાર્થ, આત્મા સાથે અભેદપણું ધરાવે છે. તેથી તેને જે જે જ્ઞાનનો ઉઘાડ છે, તે બધો વર્તમાન પુરુષાર્થમાં ભળી જાય છે. આરાધકભાવ સહિતનો જે જ્ઞાનનો અંશ છે, તેનું આત્મા સાથે અભેદપણું હોવાથી તે વધીને પૂર્ણ થઈ જવાનો; અને આરાધકભાવ વગરનું જે જ્ઞાન છે, તેનુ અભેદપણું આત્મા સાથે નહિ હોવાથી વિરાધકપણાને લીધે તે અત્યંત હીન થઈ જશે. વર્તમાન અપૂર્વ પુરુષાર્થ કરીને, જ્ઞાનને સ્વસન્મુખ કરવું, તેજ પ્રયોજન છે. જ્ઞાનને સ્વભાવ તરફ વાળીને આત્મામાં અભેદરૂપ કરે, તે આરાધક ભાવ છે.

આરાધન :મગ્નતા (૨) આ એટલે ચોતરફથી; રાધ એટલે, રાજી કરવું એટલે પરમ વીતરાગ પુરુષને, સર્વથા પરમ પ્રેમથી સર્વાર્પણભાવે આરાધવું તે. અને તે જ સર્વથા મુક્તિનું કારણ, તેનો અનુભવ અનુક્રમે થાય છે.

આરાધના :સ્વરૂપાચરણ. (૨) સાધના. (૩) પૂજા; સેવા સાધના. (૪) ઉપાસના (જેમાં પૂજા, અર્ચના, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે.) (૫) રાગ-દ્વેષનો ક્ષય જેનાથી થાય તે આરાધના. (૬) મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઈન્દ્રિયવિષયથી ઉપેક્ષા કરવી; તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલ એવા બોધને અનુસરવું, તેનું આચરણ કરવું અને આચરવામાં થતા પ્રમાદને છોડવો.

આરાધના યોગ્ય :પ્રાપ્ત કરવા યોગ્ય.

આરાધ્ય :આરાધના યોગ્ય.

આરાધવું :પ્રસન્ન કરવું; પૂજવું; ભજવું; સેવા કરવી; (૨) ઉપાસના કરવી. (૩) પ્રાપ્ત કરવું.

આરો :કાલ; ઉત્સર્પિણી-અવસર્પિણીનો વિભાવ.

આરોપાયેલા :(નવા અર્થાત્ ઔપાધિકરૂપે) કરાયેલા, (વિકારો સ્વભાવભૂત નહોતા પણ, ઉપાધિના નિમિત્તે ઔપાધિક રૂપે, (નવા) થયેલા હતા.)

આરોહણ :ચડવાની ક્રિયા; ઊંચે ચડવું; સવારી કરવી.

આલેખન :લખવું; ચીતરવું.

આલેખ્ય :ઓળખવા યોગ્ય; ચીતરાવા યોગ્ય.

આલેખ્યાકારો :આલેખાવાં યોગ્ય આકારો; ચીતરાવા યોગ્ય આકારો.

અલ્પ આરંભ :હિંસાના કાર્ય ન છૂટકે અલ્પ કરે. વ્યવહારમાં વર્તતા છતાં હિંસા પાપ ન થાય તે સાંભળે.

આલંબન :આશ્રય. (૨) ઉપાદેશ; આદરણીય. (૩) આધાર; ટેકો. (૪) સાધન. (૫) પરાવલંબી (૬) જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન, અર્થાત્ નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે, તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ?

આલંબન કાળે જ :જાણવા વખતે જ.

આલંબવું :આશ્રિત રહેવું.

આલંબાય :આશ્રિત. (આલંબે છે=આશ્રયે છે.)

આલંબાય છે :આશ્રિત છે.

આલંબિત ભાસે છે :જોવામાં આવે છે.

આલસ-વિલસ :અકળામણ; તરફડવું; આકુળતા. (૨) અછોછી; અકળામણ; વધુ પડતી બેચેની; તરસથી પીડાવું.

આલાપ :શબ્દ. (૨) ભેદ; પટલ; જ્ઞાન-ભેદ.

આલિખિત :આલેખાયેલા; ચિત્રિત; સ્પર્શાતાં; જણાતાં. (૨) પ્રગટ; સ્થૂળ.

આલિંગન :સ્પર્શ.

આલોક :પ્રકાશ.

આલોકમ :પ્રકાશપુંજ

આલોકાકાશ :લોકાકાશની બહારના અનંત આકાશને આલોકાકાશ છે.

આલોચન :(૧) સૂક્ષ્મતાથી જોઈ જવું તે; બારીકાઈથી વિચારવું તે; બરાબર ધ્યાનમાં લેવું તે. (૨) નિવેદન; કથન. (૨૧૧ મી ગાથામાં આલોચનનો પહેલો અર્થ ઘટે છે, અને ૨૧૨ મી ગાથામાં બીજો અર્થ ઘટે છે.) પ્રવચનસાર શાસ્ત્ર.

આલોચના :(૧) સૂક્ષ્મતાથી જોઈ જવું તે; બારીકાઈથી વિચારવું તે; બરાબર ખ્યાલમાં લેવું તે. (૨) નિવેદન; કથન. (પ્રવચનસાર શાસ્ત્રની ૨૧૧મી ગાથામાં આલોચનાનો પહેલો અર્થ ઘટે છે અને ૨૧૨ મી ગાથામાં બીજો અર્થ ઘટે છે.) (૩) વર્તમાન રાગથી રહિત તે આલોચના છે. (૪) ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે. વર્તમાન ઉદયમાં આવેલું જ કર્મ તેનું જે મમત્વ છોડે છે તે આત્મા આલોચના છે. નિજ જ્ઞાનાનંદ-પરમાનંદમય સ્વરૂપને જાણીને તેમાં જ લીન થઈ જાય તે સંવર છે, આલોચના છે. (૫) વર્તમાન કર્મોદયથી ભિન્ન થયા છે તે સંવર અને આલોચના છે. રાગથી રહિત થવું તે આલોચના છે. (૬) નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિના બળથી વર્તમાનમાં ઉદયમાં આવેલાં શુભ-અશુભનાં કારણ એવાં હર્ષ-વિષયાદિ અશુદ્ધ પરિણામોને આત્માથી ભિન્ન કરવાં તે નિશ્ચય આલોચના છે. (૭) વર્તમાન રાગથી રહિત તે આલોચના છે. (૮) અવલોકન; ગુણકોષનો વિચાર કરવો; સમીક્ષા. (૯) પ્રતિક્રમણ. (૧૦) ઉદયમાં આવેલા વર્તમાન કર્મનું મમત્વ છોડે તે આત્મા આલોચના છે. સદાય આવાં પ્રતિક્રમણ, પ્રત્યાખાન અને આલોચનાપૂર્વક વર્તતો આત્મા ચારિત્ર છે. (૧૧) વર્તમાન રાગથી રહિત, તે આલોચના છે.

આલોચના-કલ્પ :આલોચનાનો વિધિ.

આળ :કલંક; ખોટો આરોપ; તહોમત; આક્ષેપ; મિથ્યા શબ્દ

આળસ :ધર્મ કરવામાં આળસ, ધર્મ કોણ કરે ? ધર્મ કરવા આવ્યો હોય તોય આળસ કરે અને કષાયમાં પ્રવર્તે. એ બધાં લક્ષણો પ્રમાદ સૂચવે છે.

આળસુ :એદી; સુસ્ત; કામ કરવામાં અરુચિવાળું; પ્રમાદી; પુરુષાર્થહીન.

આવકાર :આદરમાન; સત્કાર. (૨) વ્યાપવું.

આવૃત્ત :પાછું ફરેલું; પાછું આવેલું; વીંટળાયેલું; વીંટેલું; વારંવાર થયેલું કે કરવામાં આવેલું. (૨) ચક્રાકારે ફરેલું; વીંટળાયેલું; વીંટેલું; પાછું ફરેલું; પાછું આવવું. (૪) આચ્છાદન.

આવૃત્તિ :કોઈ વસ્તુને પોતાના તરફ ખેંચવી તે આવૃત્તિ; પોતા તરફથી દૂર કરવી તે પરિવૃત્તિ. એક રાગ બીજો દ્વેષ.

અવમૌદર્ય :ઉણોદરી.

આવરક :જેમાં દીવો મૂક્યો હોય તે પાત્ર.

આવરણ :અંતરાય; વિઘ્ન; અડચણ; આચ્છાદન; ઢાંકણ. (૨) પડળ; પટલ; પડદો. (૩) વસ્તુના સ્વરૂપને ઢાંકનાર અંતરાય;

આવરણ કરનારાં કર્મો :પોત પોતાના ક્ષેત્રમાં આવરણ કરે છે. જેમકે :- જ્ઞાનવરણી કર્મ આત્માના જ્ઞાનગુણને આવરણ કરે છે; દર્શનાવરણ દર્શન ગુહા આવરે છે, વેદનીય સાતા-અસાતા ઉત્પન્ન કરીને આત્માના અતીન્દ્રિય સુખને ઘાતે છે, મોહનીય કર્મ સમ્યક્ત્વ તથા ચારિત્રગુણને વિપરીત કરે છે, આયુકર્મ આત્માને શરીરમાં રોકી રાખે -એટલે અવિનાશી સ્વભાવને પ્રગટ થવા દેતું નથી, ગોગકર્મ જીવને ઊંચ-નીચ ગોત્રમાં નાખે છે, અને અંતરાય કર્મ અનંત વીર્યને પ્રગટ થવા દેતું નથી. આ પ્રમાણે આવરણકર્મો પોતપોતાનાં કાર્ય કર્યા કરે છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી કર્મ આત્માના મૂળ સ્વભાવને નાશ કરી શકતાં નથી; તેમજ નાશ કર્યો પણ નથી, તથા કંઈ પણ નવીનતા ઉત્પન્ન કરી નથી, આત્મા જેવો છે તેવો જ છે. આત્મા કેવો છે ? નૈયાયિક મીમાંસક તથા વેદાંતદર્શનવાળા આત્માને સર્વવ્યાપક માને છે, સાંખ્યદર્શનના અનુયાયીઓ આત્માને જડ માને છે, જૈન દર્શનીઓ આત્માને દેહપ્રમાણ માને છે અને બૌદ્ધો આત્માને શૂન્ય માને છે. આ પ્રમાણે આત્માના સંબંધમાં જુદી જુદી માન્યતાઓ છે. નય અપેક્ષાએ આત્મા

સર્વગત્-સર્વ વ્યાપક છે, જડ પણ છે, દેહ પ્રમાણ પણ છે તથા શૂન્ય પણ છે. એમાં કાંઈ દોષ નથી.

(૧) આત્માનું સર્વગતપણું જણાવે છે :-

કર્મ રહિત શુદ્ધ આત્મા કેવલજ્ઞાન વડે લોકોલોકને જાણે છે. તેથી હે જીવ આ આત્મા સર્વગત કહેવાય છે.

આ આત્મા વ્યવહારથી કેવલજ્ઞાન દ્વારા લોકાલોકને જાણે છે અને શરીરમાં રહેવા છતાં નિશ્ચયથી પોતાના આત્માને જાણે છે. તેથી જ્ઞાનની અપેક્ષાએ આત્મા સર્વગત કહેવાય છે. પણ પ્રદેશોની અપેક્ષાએ સર્વગત નથી, અર્થાત્ આત્માના પ્રદેશો લોકમાં સર્વત્ર વ્યાપક નથી. આત્મા શરીર પ્રમાણે.

જેમ ચક્ષુ પદાર્થોને દેખે છે પણ તે પદાર્થોમાં તન્મય થતું નથી તેમ જ જ્ઞાન પદાર્થોને જાણે છે પણ તન્મય ન થાય તથા જ્ઞાન આત્મપ્રદેશોને મૂકીને પદાર્થો પાસે જતું નથી. જ્ઞાન જ્ઞાનમાં જ રહે છે, તે પદાર્થો પદાર્થોમાં રહે છે. જ્ઞાન તથા પદાર્થોમાં જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે તેથી જ્ઞાન સર્વ જ્ઞેયોને જાણે છે.

અને કોઈ પ્રશ્ન કરે કે - જો વ્યવહારથી આત્મા લોકાલોકને જાણે છે, પણ નિશ્ચયથી નહિ, તો વ્યવહારથી સર્વજ્ઞપણું કહેવાય, નિશ્ચયથી નહિ ?

તેનું સમાધાન :- જેમ આત્મા પોતાને તન્મયપણે (સ્વાનુભવથી) જાણે છે તેમ પરદ્રવ્યને તન્મયપણે જાણતો નથી તે કારણથી વ્યવહાર છે, પરંતુ જ્ઞાનનો અભાવ નથી. જ્ઞાનને સ્વ તથા પરને સમાન રીતે જાણે છે. જો નિશ્ચયથી સ્વદ્રવ્યની સમાન તન્મય થઈને પરદ્રવ્યને જાણે તો બીજાનાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ આદિ જાણવાથી જાણનાર આત્માને રાગ-દ્વેષ, સુખદુઃખ આદિ પ્રાપ્ત થાય. એ મોટો દોષ આવે છે મોટ જ્ઞાનાપેક્ષાએ આત્મા. સર્વગત છે. ૫૨

(૨) આત્મા કઈ અપેક્ષા જડ કહેવાય છે ?

આત્મ જ્ઞાનમાં સ્થિર રહેલા જીવોનું ઈન્દ્રિયજ્ઞાન નષ્ટ થઈ જાય છે, તે કારણથી હે યોગિ. જીવ ને જડ પણ જાણ.

વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રહેલા છદ્રાસ્થ મુનિઓને સ્વસંવેદન જ્ઞાન હોવા છતાં ઈન્દ્રિયોના વિષયોનું જ્ઞાન હોતું નથી અને કેવલી ભગવાનને તે સર્વથા ઈન્દ્રિયજ્ઞાન નથી. તેથી ઈન્દ્રિયજ્ઞાનનો અભાવ હોવાથી અપેક્ષાએ આત્મા કોઈ પ્રકારે જડ પણ કહેવાય છે. પણ પુદ્ગલની પેઠે સર્વથા જડ નથી. ઈન્દ્રિયજ્ઞાન હોયે અને અતીન્દ્રિય જ્ઞાન સર્વ પ્રકારે ઉપાદેય છે.

(૩) મુક્તાત્માઓ અંતિમ શરીરપ્રમાણ છે :-

વધવા તથા ઓછા થવાના કારણથી રહિત એવો શુદ્ધ જીવ વધતો પણ નથી અને ઘટતોય નથી તે કારણથી શ્રીજિનવર ભગવાન જીવને ચરમ (અંતિમ) શરીર-પ્રમાણ કહે છે.

સંસાર અવસ્થામાં શરીરની હાનિ-વૃદ્ધિનું કારણ શરીરનામકર્મ છે. તેને લીધે જીવ નાના મોટા શરીરને ધારણ કરે છે, તે અવસ્થામાં શરીર અનુસારે આત્મા પ્રદેશોનો સંકોચ-વિસ્તાર થાય છે. મુક્ત અવસ્થામાં શરીર નામકર્મનો ક્ષય થઈ જવાથી ત્યાં આત્મપ્રદેશો સંકોચ-વિસ્તાર પામતા નથી, ત્યાં આત્મા પુરુષઆકારે રહે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે -જયાં સુધી દીપકને આવરણ છે ત્યાં સુધી તે પૂર્ણ પ્રકાશનો નથી પણ આવરણ દૂર થવાથી તેનો પ્રકાશ સર્વત્ર ફેલાઈ જાય છે તેમ મુક્ત અવસ્થામાં આત્માને કોઈ પ્રકારનાં આવરણ ન હોવાથી તેના પ્રદેશો પણ લોકમાં સર્વત્ર વિસ્તાર પામવા જોઈએ. ચરમ શરીર પ્રમાણે આત્મા કેમ રહે ? ગ્રંથકાર ઉત્તર આપે છે :- દીપકનો પ્રકાશ કે વિસ્તાર સ્વાભાવિક છે, પરથી ઉત્પન્ન થયો નથી. પછીથી જ્યારે ભાજન (પાત્ર-વાસણ) આદિથી તે પ્રકાશને આવરણ કરવામાં આવે છે ત્યારે પ્રકાશ સંકેલાય છે પણ જ્યારે આવરણનો નાશ થાય છે ત્યારે તે વિસ્તારને પામે છે. એટલે દિપકના આવરણનો અભાવ થવાથી પ્રકાશ સર્વત્ર ફેલાય છે.

જીવ અનાદિ કાળથી કર્મના આવરણમાં છે. કદી પણ સ્વાભાવિક પ્રકાશને પામ્યો નથી. શરીરાનુસાર આત્મપ્રદેશો સંકોચવિસ્તાર પામ્યા કરે છે, તેમાં શરીર નામકર્મ કારણ બને છે. મુક્તદશામાં આત્મપ્રદેશોનો સંકોચ-વિસ્તાર થતો નથી.

જેમ જ્યાં સુધી માટીનું ભાજન પાણીથી ભીનું રહે છે ત્યાં સુધી પાણીના સંબંધની વધઘટ થાય છે. પણ જળનો અભાવ થવાથી ભાજનમાં વધઘટ

થતી નથી. જેવું છે તેવું વહે છે. તે જ રીતે જ્યાં સુધી આ જીવને નામ કર્મનો સંબંધ છે ત્યાં સુધી સંસાર અવસ્થામાં શરીરની હાનિ-વૃદ્ધિ થાય છે. તેની હાનિ-વૃદ્ધિથી આત્મપ્રદેશો સંકોચ-વિસ્તાર પામે છે. સિદ્ધ અવસ્થામાં નામકર્મ નથી. તેથી શરીરના અભાવમાં પ્રદેશોનો સંકોચ-વિસ્તાર થતો નથી, સદા એક સરખા રહે છે. જે શરીરથી આત્મા મુક્ત થયો છે તેથી કંઈક ન્યૂન તે શરીરના આકારે ત્યાં રહે છે.

(૪) આત્મા શૂન્ય પણ છે :-

અનેક ભેદવાળાં કર્મો તથા અઢાર પ્રકારના દોષોમાંથી એક પણ દોષ શુદ્ધાત્મમાં નથી. તેથી તે શૂન્ય પણ કહેવાય છે.

શુદ્ધ નિશ્ચાયનયથી આ આત્મામાં જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મ નથી, ક્ષુધાદિ દોષોના કારણભૂત કર્મોનો નાશ થવાથી ક્ષુધાદિ અઢાર દોષો નથી. પરમાત્મામાં સત્તા, ચૈતન્ય; જ્ઞાન, આનંદાદિ શુદ્ધ પ્રાણો છે પણ ઈન્દ્રિય આદિ અશુદ્ધ પ્રાણ નથી. સંસારી જીવોને શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે શુદ્ધપણું છે, એટલે રાગાદિ ભાવોથી શૂન્યતા છે તથા પરમાત્મા પ્રગટપણે સર્વ રાગાદિ ભાવોથી રહિત છે. માટે વિભાવભાવના અભાવની અપેક્ષાએ શૂન્યપણું છે. જ્ઞાનાદિ ગુણોથી તેઓ પૂર્ણ જ છે. બૌદ્ધમતની સમાન શૂન્ય નથી.

સિદ્ધાત્માઓનો જીવસ્વભાવ સ્થિર છે પણ સ્વભાવનો સર્વથા અભાવ નથી, તે સિદ્ધ પરમાત્મા દેહથી રહિત છે અને વચનથી અગોચર છે અર્થાત્ જેના સ્વભાવને વચન વ્યક્ત કરી શકતાં નથી.

અત્રે મિથ્યાત્વ રાગાદિભાવથી રહિત તથા એક ચિદાનંદ સ્વભાવવાળો પરમાત્મા જ ઉપાદેય છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયની અપેક્ષાએ આત્માનું સ્વરૂપ કહે છે :-

આ આત્મા કોઈથી ઉત્પન્ન થયો નથી અને આત્મા વડે પણ કોઈ દ્રવ્ય ઉત્પન્ન કરાયું નથી. દ્રવ્ય સ્વભાવે કરીને નિત્ય છે અને પર્યાયભાવથી નાશ પામે છે.

જો કે આ સંસારી જીવ શુદ્ધ આત્મજ્ઞાનના અભાવમાં ઉપાર્જન કરેલાં જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મના નિમિત્તે વ્યવહારનયથી નર નારકાદિ રૂપે ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે. તથા અજ્ઞાની આત્માઓ કર્મો ઉત્પન્ન પણ કરે છે. તો પણ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે સ્વયં શુદ્ધ છે. નર નારકાદિરૂપે ઉત્પન્ન થતો નથી. તથા પોતે કર્મ નો કર્મને ઉત્પન્ન પણ કરતા નથી. દ્રવ્યાર્તિકનયથી આત્મા નિત્ય છે, પર્યાયાર્થિકનયથી અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે.

મુક્તાત્માઓમાં ઉત્પાદ-વ્યય કેવી રીતે ઘટે છે ? તેનું સમાધાન - આગમમાં કહેલા એવા અગુરુ લઘુગુણની હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ મુક્તાત્માઓમાં ઉત્પાદ-વ્યય ઘટે છે. અગુરુ લઘુગુણની પરિણતિરૂપ અર્થ પર્યાય છે. તે સમયે સમયે આવિર્ભાવ-તિરોભાવરૂપ થાય છે. અર્થપર્યાયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય છે પણ સંસારી જીવોની સમાન ત્યાં ઉત્પાદ-વ્યય નથી. ષડ્ગુણી હાનિ-વૃદ્ધિનું સ્વરૂપ જ્ઞાની ગમ્ય છે. અથવા સમસ્ત જ્ઞેય પદાર્થો ઉત્પાદ-વ્યય તથા ધ્રોવ્ય રૂપે પરિણમે છે. તે સર્વ પદાર્થો સિદ્ધ પરમાત્માના જ્ઞાનમાં દેખાય છે. જ્ઞેયાકારે જ્ઞાનની પરિણતિ હોય છે. તેથી જ્ઞેયમાં જ ઉત્પાદ-વ્યય થાય છે. તે જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે. માટે જ્ઞાનની પરણિતિની અપેક્ષાએ ત્યાં ઉત્પાદ-વ્યય છે, એમ જાણવું. સિદ્ધ થયા ત્યારે સંસારપર્યાય નાથ પામ્યો, સિદ્ધ પર્યાયની ઉત્પત્તિ થઈ તથા દ્રવ્ય (જીવ) સ્વભાવથી સદા ધ્રુવ છે. આવી રીતે પરમાત્માઓમાં ઉત્પાદ વ્યય ઘટે છે.

આવરણ તિમિર :અંતરાયરૂપ અંધકાર

આવરણ સંયુક્ત :નિયમસારમાં ઔદયિકાદિ ચાર ભાવને, આવરણસંયુક્ત કહ્યાં છે. ત્યાં ઔદયિકભાવમાં, કર્મના ઉદય નિમિત્તની અપેક્ષા આવે છે, માટે તે આવરણ વાળો છે. એતો ઠીક પણ ઉપશમ, ક્ષયોપશમ અને જ્ઞાયિકભાવ, તો નિરાવરણ છે, છતાં નિમિત્તના અભાવની અપેક્ષા આવતી હોવાથી, ચારેય ભાવોને આવરણ સંયુક્ત કહી દીધા છે.

આવરણતમ :ગાઢ અંતરાય; ગાઢ આચ્છાદન; વિઘ્ન; ઢાંકણ; અડચણ. (૨)ગાઢ અંધકારના પડળ; મહાઅંધકાર.

અવર્ણવાદીઓ :નિંદરો.

આવર્ત :ફરી ફરીને આવતું વ્રત નિયમ પ્રમાણે; પુનરાવર્તી. ગોળ ગોળ ફરવું; પરિભ્રમણ.

આવર્તન :એનું એ વારંવાર વાંચવું અને વિચારવું.

આવરવું :ઢાંકવું. (આવરે છે= ઢાંકે છે.) (૨) ઘેરી લેવું; વીંટી વળવું; આચ્છાદિત કરવું; ઢાંકવું; છાઈ દેવું.

અવરાવું :આવરણ આવી જવું;

આવરિત :ઢંકાયેલું.

આવલી :એક શ્વાસમાં સંખ્યાત આવલી થાય છે. (૨) પંક્તિ; હાર; ઓળ; પરંપરા; શ્રેણી; એક શ્વાસોચ્છવાસનો નાનામાં નાનો ભાગ.

આવેશ :જુસ્સો; ઊભરો; ગુસ્સો.

આવશ્યક :છ આવશ્યક એ પ્રતિક્રમણમાં મૂળ તત્ત્વો છે. જેને મુનિપણું પાળવાની ઈચ્છા છે તેને માટે એ પ્રતિક્રમણ તૈયારીરૂપ છે. (•) સામાયિક, (•) ચોવીસ જિનના સ્તવન, (•) વંદના, (•) પ્રતિક્રમણ, (•) કાઉસગ્ગ અને (•) પચ્ચખાણ એ છયે આવશ્યક જીવને હિતકારી છે. (૨) મુનિઓએ અવશ્ય કરવા યોગ્ય સ્વવશ શુદ્ધ આચરણ. (૩) અવશ્ય કરવા યોગ્ય કાર્યો, નિયમો, સંયમી યોગ્ય ક્રિયાઓ. (૪) અવશ્ય કરવા યોગ્ય, અર્થાત્ અવશ અર્થાત્ પરને વશ નહિ પણ નિજ જ્ઞાયક આત્માને વશ એવું સ્વાધીન સ્વરૂપ-લાનતારૂપી કાર્ય. નિવૃત્ત થઈ અંદર સ્વરૂપમાં જેટલી લીનતા પ્રગટી તેટલી શાંતિ ને સ્વરૂપ આનંદ છે.

આવશ્યક અપરિહાણિ :આવશ્યક ક્રિયાના ભાવમાં હાનિ ન થવા દેવી.

આવશ્યક અપરિહાણિ ભાવના :અવશ્ય કરવા યોગ્ય હોય તે આવશ્યક કહેવાય છે. તે આવશ્યકની હાનિ નહિ કરવાની ભાવના તે આવશ્યક અપરિહાણિ ભાવના છે. ઈન્દ્રિયોને વશ વર્તવું નહિ તે અવશ્ય. એટલે ઈન્દ્રિયોને જીતનાર જ્ઞાની અવશ. તેમની ક્રિયા તે આવશ્યક તે છ પ્રકારે છે. (•) સામાયિક, (•) તીર્થંકરોનું સ્તવન, (•) વંદના, (•) પ્રતિક્રમણ, (•) પ્રત્યાખ્યાન અને (•) કાયોત્સર્ગ. આ છ આવશ્યક પરમ ધર્મરૂપ છે. દેહથી ભિન્ન જ્ઞાનરૂપ જ દેહવાળા પરમાત્મસ્વરૂપ કર્મરહિત ચૈતન્યમાત્ર શુદ્ધ આત્માનું એકાગ્રપણે ધ્યાન તે મોક્ષને આપે છે. વિકલ્પ રહિત શુદ્ધ આત્માના ગુણોમાં જ મનને એકાગ્ર રાખી શકે નહિ તે તપસ્વી જ્ઞાની છ આવશ્યક ક્રિયાને પુષ્ટ કરે છે. અને આવતાં અશુભ કર્મના આસ્રવને રોકે છે, ટાળે છે.

આવરિત :આચ્છાદિત થયેલું; ઢંકાયેલું; વ્યાપેલું; ઘેરાયેલું; રૂંધાયેલું.

આવસથ :નિવાસસ્થાન.

આવસથમાં :નિવાસસ્થાનમાં

અવિરતિ :અવિરતિ એટલે કે અવિરક્તભાવ, અર્થાત્ વિરક્ત કહેતાં વૈરાગ્ય ભાવનો અભાવ. આત્માની અભાવ દશા કે જેમાં લાવ-લાવ અને જોઈએ છે જોઈએ છે ની ગ્રહણવૃત્તિ છે, જે અપૂર્ણ દશા છે અને તેને અવિરતિ કહે છે. ટૂંકમાં અવિરતિ એટલે આરંભ, પરિગ્રહ અને ભોગ. આવી અવિરતિ આત્માના પૂર્ણ સ્વરૂપને ક્ષતિ પહોંચાડે છે.

આવિર્ભૂત :પ્રગટ (૨) આવિર્ભાવ પામેલું; પ્રગટેલું.

આવિર્ભાવ :પ્રકટીકરણ; પ્રગટ થવું તે. (૨) પ્રગટ થવું; ઊપજવું; ઉત્પત્તિ (૩) પ્રગટવું તે; પ્રકટીકરણ; અવતાર; જન્મ. (૪) બહાર નીકળવું તે; (૫) પ્રગટ થવું; અવસ્થારૂપે ઉપજવું.

આવિષ્કારો :સંશોધનો.

આવિષ્ટ :લીન બની ગયેલું; ઘેરાયેલું; વળગેલું; દાખલ થયેલું.

આશંકા :આશંકા એટલે આપની વાત યથાર્થ નથી, એમ શંકાશીલ થઈને નહિ,પણ આપ શું કહો છો, એ પોતાની સમજણમાં બેઠું નથી, તેથી સમજવા માટેના પ્રશ્નને, આશંકા કહે છે. (૨) સમજવા માટે વિચાર કરી પૂછવું તે આશંકા કહેવાય.

આશંકા મોહનીય :પોતાથી ન સમજાય તે; સાચુ જાણયું હોય છતાં ખરેખરો ભાવ આવે નહીં તે.

આશુપ્રજ્ઞ :જેની બુદ્ધિ તરત જ કામ કરે; હાજર જવાબી. (૨) આશુ ઝડપી, ઊતાવળું, પ્રજ્ઞ અશ્વયંત ડાહયુ,આશુપ્રજ્ઞ જલદી જ્ઞાન પાપ્ત કરનાર, અત્યંત બુદ્ધિશાળી

આશય :અભિપ્રાય

આશયમાં વળવું :ઠરવું.

આશ્રમ :વિશ્રામનું સ્થાન; બ્રહ્મચર્ય આદિ જીવન વિભાગો. (૨) આધાર; વલણ.

આશ્રય :આધાર, સમાગમ. (૨) સ્થાન. (૩) સદ્‌ગુરુની સેવા (૩) અવલંબન. (કર્મના આશ્રયે = કર્મને અવલંબીને.) (૪) જેમાં સ્ફટિકમણિ મૂકેલો હોય, તે વસ્તુ; આધાર. (૫) નિમિત્ત.(૬) અવલંબન; આધાર. (૭) લક્ષ્ય; આશરો; આધાર; શરણ; વિસામાની જગ્યા; બંધાવનું સ્થાન; વિશ્વાસ; ભરોસો. (૮) સેવન; આલંબન (૯) કારણ (૧૦) આશરો; આધાર; (૧૧) શરણ;(૧૨) વિસામાની જગ્યા; (૧૩) બચાવનું સ્થાન; વિશ્વાસ; ભરોસો. (૧૪) સમાગમ (૧૫) અર્પણતા (૧૬) આધાર. (૧૭) પરમ પુરુષની એક લક્ષે પરમ ભક્તિનો આધાર-આશ્રયપૂર્વક આરાધના. (૧૮) આશરો; આધાર; શરણ; વિસામાની જગા; બચાવનું સ્થાન; વિશ્વાસ; ભરોસો. (૧૯) અનુસરવું, આધાર. (૨૦) સહાય; મદદ

આશ્રયે :કારણે

આશ્રયપૂર્વક :શરણપૂર્વક; આશરાપૂર્વક; શરણસહિત; આશરા સહિત.

આશ્રય ભક્તિમાર્ગ :આરંભ પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્ પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવ સ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે.

આશ્રયભક્તિ :શરણભક્તિ; આશરાભક્તિ. (૨) જે પુરુષ અરિહંતપદને પામ્યા છે તેમના ઉપદેશને આશ્રયે ભક્તિ કરવી તેને આશ્રયભક્તિ કહે છે.

આશ્રયભાવના :આત્મ સ્વરૂપ પુરુષમાં સમર્પણતા.

આશ્રયમાત્રરૂપ :નિમિત્તમાત્રરૂપ.

આશ્રિતપણ ઉપજનારો :પરને અવલંબીને ઊપજતો.

આશયભરિત :માર્મિક અર્થ રહિત.

આશા :લાલસા; સ્પૃહા; તૃષ્ણા; આકાંક્ષા (૨) આશારૂપ બેડીમાં બંધાયેલી ચોરાશી લાખ જીવયોનિના જીવો જગતમાં દોડ્યા કરે છે. જન્મ મરણ કરીને ગમનાગમન કરે છે. જગતમાં આશા સમાન અન્ય કોઈ બંધન નથી.

મનુષ્યો આશાદેવીના ઉપાસક બનીને સંતોષ દેવની ઉપાસનાને ભૂલી જાય છે. જ્યાં સુધી આશારૂપ દાવાનલ-અગ્નિ મનમાં પ્રજ્વલિત છે, ત્યાં સુધી આત્માને સત્ય શાંતિ મળવી અસંભવિત છે.

જે જે પદાર્થોમાં સુખની આશા ધરવામાં આવે છે, તે તે દરેક પદાર્થો ક્ષણિક હોવાથી સુખની આશા કરવી વ્યર્થ છે.

આશાતના :અનાદર; અવગણના. (૨):અપમાન; તિરસ્કાર; સામાને થતું દુઃખ કે પીડા. (૩) આસાદન; પ્રશસ્ત જ્ઞાનનો વિનય ન કરવો, તેની સારાપણાની પ્રશંસા ન કરવી વગેરે આશાતના -આસાદન છે. (૪) અપમાન; તિરસ્કાર; અગણના; સામાને થતું દુઃખ કે પીડા; અધોગતિનું કારણ. (૫) દુરુપયોગ (૬) અવગણના; તિરસ્કાર; અપમાન; સામાને થતું દુઃખ કે પીડા. (૭) આશાનો પાશ, આશાનું બંધન.

આસક્ત :અનુરક્ત; ચોંટેલું; રાગી (૨) પ્રેમ; સ્નેહ; પ્રીતિ; લગની. (૪) રુચિ (૫) મોહ (૬) ઉત્સુકતા (૭) લાલસા; તૃષ્ણા; તીવ્ર ઈચ્છા; (૮) ગાઢ રાગ.

આસડવું :આસડવું; સબડકા ભરતાં ખાવું; અકરાંતિયા થઈને ખાવું.

આરત :ગરજ.

આસ્રવ :કર્મોનું આગમન.

આસ્રવના સમાન્ય હેતુ :શુભ તથા અશુભ ઉપયોગ દ્વારા જ્ઞાન-દર્શનના સારા-નરસા પરિણમના નિમિત્તે વાસનાને પ્રાપ્ત અથવા સંસ્કારિત થયેલી જે યોગોની-મન-વચન-કાયાની કર્મ-ક્રિયારૂપ પ્રવૃત્તિઓ છે તે સામાન્યપણે દુરિતોના શુભાશુભ કર્મોના આસ્રવનું આત્મામાં આગમન અથવા પ્રવેશનું કારણ થાય છે.

શાસ્ત્રભ્યાસ કરીને આગળ કેમ વધતા નથી ? :ભાઈ! શાસ્ત્રાભ્યાસ વાંચીને કે સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા પરદ્રવ્યનું અકર્તાપણું , રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્માશકિતનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે એ એમાં શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાયછે તે આગળ વધ્યા નથી ? અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા જ્ઞાનને સાચા કર્યા વિનાનાં જે ત્યાગ-વ્રત તપ આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે. પણ બાહ્ય દષ્ટિના આગ્રહવાળાને તે દેખાતો નથી.

શુદ્ધનયનો પક્ષ થયો છે એટલે શું ?

ઉત્તર : શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધ આત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ થયો નથી પણ રુચિ એવી થઈ છે કે તે અનુભવ કરે જ, પણ એ કંઈ ધારીને સંતોષ કરવાની વાત નથી. કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે અનુભવ કરશે જ. એ જીવને એવું જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

આસ્તિક :આત્મા; કર્મ વગેરેને જેમ છે તેમ માને તે આસ્તિક.

આસ્તિક્યગોચર :દઢ બુદ્ધિગત.

આસ્તિક્ય :પુણ્ય અને પાપ તથા પરમાત્મા પ્રત્યેનો વિશ્વાસ તે આસ્તિક્ય કહેવાય છે. (૨) જીવાદિ તત્ત્વોનું જેવું અસ્તિત્વ છે તેવું આગમ અને યુક્તિ વહે માનવું તે આસ્તિક્ય. (૩) માહાત્મ્ય જેવું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે.

આસ્થમિંજા :

આસ્થા :પ્રબળ સ્થિતિ; મક્કમપણું; સ્થિરતા; અચળતા; શ્રદ્ધા; વિશ્વાસ; યકીન; પૂજ્યબુદ્ધિ; આદર; માન. (૨) માહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા-આસ્થા. (૩) સાચા ગુણની સદ્‌ગુરુની આસ્થા થવી તે; શ્રદ્ધા; (૪) સત્પુરુષનાં વચનોના ભાવનો અંતરથી સ્વીકાર તે આસ્થા અથવા દેહાદિથી ભિન્ન હું ચેતન છું એવી શ્રદ્ધા તે આસ્થા. (૫) સત્પુરુષોનાં વચનોના ભાવનો અંતરથી સ્વીકાર તે આસ્થા અથવા દેહાદિથી ભિન્ન હું ચેતન છું એવી શ્રદ્ધા તે આસ્થા. (૬) વીતરાગ પ્રણીત માર્ગમાં જેનાં વચનોનું બહુ મૂલ્ય છે તે નિસ્પૃહી મહાત્માના વચનોમાં શ્રદ્ધા તે આસ્થા. (૭) માહાત્મ્ય જેનું પરમ છે તેવા નિઃસ્પૃહી પુરુષોના વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા આસ્થા. (૮) શ્રદ્ધા; માન્યતા.

આસન :બેસવું (૨) પરદ્રવ્યો અને પરભાવોથી વ્યાવૃત્ત થવા, અસંગ થવા અને શુદ્ધ આત્મરૂપ ધ્યેયમાં મન એકાગ્ર કરવા ધ્યાનને સહાયકારી એવાં યોગનાં- વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, કાયોત્સર્ગઆસન આદિ અનેક આસનોમાંથી કોઈ ગમે તે અનુકૂળ આસન જયનો અભ્યાસ કરવો, આસનની દઢતા કરવી, એક આસને કાયાને સ્થિર કરવાનો અભ્યાસ વધારવો તે આસન. તેથી મનની સ્થિરતા કરવામાં સુગમતા થાય.

આસન્ન માર્ગ :સૌથી નજીકનો માર્ગ, રસ્તો. (૨) સંનિકટ માર્ગ.

આસન્નભવ્ય :નજીકમાં જ જેની મુક્તિ છે તેવા. (૨) સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા. (૩) સંસાર સમુદ્રનો કિનારો જેમને નિકટ છે તેવા કોઈ મહાત્મા (શ્રીમદ્ ભાગવત્ કુંદકુંદાચાર્ય દેવ.) (૪) હળુકર્મીપણું; સમીપ યુક્તિગામીપણું.

આસન્નભવ્ય :સમીપ મુક્તિગામી; હળુ કર્મી; નિકટભવી.

આસન્નભવ્ય મહાત્મા :શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ

આસ્રવ :મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, જેમનાં લક્ષણ છે એવા જે પ્રત્યયો, એટલે કે આસ્રવો- તે બધાય જીવને નથી. અહીં કષાયમાં પ્રમાદ ગર્ભિત થઈ જાય છે. અહીં મલિન પર્યાયને -ભાવસ્રવને પુદ્‌ગલના પરણિામમય કહ્યા છે, કારણકે પોતે જ્યાં ચૈતન્યમૂર્તિ ભગવાન, આત્માનો આશ્રય કરે છે ત્યાં આસ્રવના પરિણામ, અનુભૂતિથી ભિન્ન રહી જાય છે. મિથ્યાત્વ તો ત્યારે ન જ હોય, પણ અન્ય આસ્રવો પણ ભિન્ન રહી જાય છે.

આ જડ મિથ્યાત્વાદિની વાત નથી. આ તો જે મલિન પરિણામરૂપ આસ્રવો-મિથ્યાત્વભાવ, આવિરતિભાવ, છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમાદ કષાયભાવ, અને યોગ છે, તે જીવના પરિણામ નથી કેમ કે તે અનુભૂતિથી ભિન્ન છે. જો તે ચૈતન્યસ્વરૂપ જીવના પરિણામે હોય, તો સદાય ચૈતન્યની સાથે રહે, પણ એમ નથી. કેમકે ચૈતન્યના અનુભવથી, તેઓ ભિન્ન રહી જાય છે.

આત્મા, શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. તેનાં પરિણામ, જ્ઞાન અને આનંદમય જ હોય છે. ચિત્શક્તિ જેનું સ્વર્સ્વ છે, એવી ચૈતન્યમય વસ્તુનાં પરિણામ, ચૈતન્યની જાતનાં જ હોય. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલ પરિણામ શુદ્ધ ચૈતન્યમય જ હોય. પરંતુ આ આસ્રવો બધાય પુદ્ગલ પરિણામમય હોવાથી, સ્વાનુભૂતિથી ભિન્ન છે તેથી તે જીવને નથી. અહો ! આચાર્યદેવે સ્વભાવની દૃષ્ટિ કરી સ્વાનુભૂતિની નિર્મળ પરિણતિ પ્રગટ કરવાની, શું પ્રેરણા કરી છે !

તો મોક્ષમાર્ગ પ્રકાશકમાં સાતમા અધિકારમા; શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલજીએ એમ કહ્યું છે, કે - ભાવકર્મ એ આત્માનો ભાવ છે, અને તે નિશ્ચયથી આત્માનો જ છે, પરંતુ કર્મના નિમિત્તથી થાય છે, તેથી વ્યવહારથી તેને કર્મનો કહીએ છીએ. વળી પંચાસ્તિકાયમાં પણ, ભાવકર્મ આત્માનો ભાવ છે, એમ કહ્યું છે. તે ભાવ કર્મ થાય છે, તે પોતાનો છે અને પોતાથી થાય છે એમ તેમાં કહ્યું છે. કર્મનો કહેવો એ તો નિમિત્તથી. વ્યવહારથી કહેવાય છે. નિશ્ચયથી તો વિકારનાં પરિણામ જીવમાં થાય છે, અને તેને જીવ કરે છે. ઉપર કહ્યું, તે બન્ને શાસ્ત્રોમાં શૈલી જુદી છે. એમાં રાગ, પોતાની પર્યાયમાં થાય છે, તે તેમ જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. (સ્વાભાવને ઓળખે નહિ અને) કોઈ એમ માની લે કે, આસ્રવના પરિણામ જડથી છે, અને જડના છે, તેને પર્યાયનું યથાર્થ જ્ઞાન કરાવવા એમ કહ્યું કે, ભાવકર્મ જીવના પરિણામ છે. (અન્યથા એ આસ્રવોથી નિવૃત્ત થવા શા માટે ઉપાય કરે ?)

અહીં આ ગાથામાં, અપેક્ષા જુદી છે. ભાવકર્મ પ્રથમ આત્માના (અવસ્થામાં) સિદ્ધ કરી, પછી તે જીવને નથી એમ કહ્યું છે. અહાહા ! આત્મા, ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક સ્વભાવી આખું અભેદ ચૈતન્યઘન છે. એનો અનુભવ કરતા આસ્રવો અનુભવમાં (જ્ઞાનમાં) સ્વપણે આવતા નથી, જુદા જ રહી જાય છે. માટે તેઓ નિશ્ચયે જીવના નથી. અહીં દૃષ્ટિ અપેક્ષાએ કથન કર્યું છે. ભાઈ ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ સૂક્ષ્મ છે. (જ્યાં જે શૈલી હોય, તે યથાર્થ સમજવી જોઈએ.)

એક બાજુ એમ કહે કે મિથ્યત્વના બે પ્રકાર છે, એક જીવ મિથ્યાત્વ અને બીજું અજીવ મિથ્યાત્વ. (સમયસાર ગાથા ૧૬૪/૬૫) ભાઈ ! એ કઈ અપેક્ષાએ કહ્યું છે ? એ તો જીવનાં પરિણામ જીવમાં, જડનાં પરિણામ જડમાં એટલું બતાવવા કહ્યું છે. જ્યારે અહીં તો કહે છે, કે ચૈતન્યસ્વરૂપ જે ત્રિકાળી શુદ્ધ આત્મા છે, તેના તે આસ્રવ પરિણામ નથી, કારણ કે અનુભતિની પર્યાય નિજ ચૈતન્ય સ્વભાવમાં ઢળતાં, તે આસ્રવો અનુભૂતિથી ભિન્ન રહી જાય છે, અનુભવમાં આવતાં નથી. ભાઈ, આ તો અંતરના અનુભવની વાત છે. તે કાંઈ કોરી પંડિતાઈથી સાર પડે, તેમ નથી.

અહાહા ! ચૈતન્યસ્વરૂપી જે જીવવસ્તુ છે, તેને મિથ્યાત્વાદિ આસ્રવો નથી. કેમ તેને નથી ? કેમ કે ચૈતન્યસ્વરૂપ ભગવાનની અનુભૂતિ કરતાં, તે આસ્રવો જુદા રહી જાય છે. તેનું (આસ્રવનું) અસ્તિત્વ ભલે હો, પરંતુ તે અસ્તિત્વ પર અજીવ તરીકે રહી જાય છે. આસ્રવો જીવને નથી તેથી તેઓ પર્યાયમાં તદ્દન ઉત્પન્ન જ થતા નથી એમ નથી. એ તો આગળના ગુણસ્થાનને જાય, ત્યારે (ક્રમશઃ) ઉત્પન્ન ન થાય. પરંતુ નીચેના ગુણસ્થાને (યથા સંભવ), ઉત્પન્ન તો થાય છે. પરંતુ અનુભૂતિમાં આવતાં નથી. આત્માનુભવ થતાં મિથ્યાત્વનાં પરિણામ, તો ઉત્પન્ન જ થતાં નથી. પરંતુ બીજા આસ્રોવો તો છે. પરંતુ સ્વરૂપમાં ઢળેલી જે અનુભૂતિ, તે અનુભૂતિથી તેઓ ભિન્ન રહી જાય છે. માટે તે જીવનાં નથી, પુદ્ગલના પરિણામ છે. અહો વસ્તુનું સ્વરૂપ ! અહો સમયસાર ! એમાં કેટકેટલું ભર્યું છે, હેં !

આસ્રવ :પાપના આગમન. (૨) વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થયા તે ભાવ, આસ્રવ અને તે સમયે નવાં કર્મ યોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું.), તે દ્રવ્ય આસ્રવ છે. પુણ્ય-પાપ એ બન્ને, આસ્રવના પેટા ભાગ છે. (૩) જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ, તે આસ્રવ છે. તેમજ તે (મોહરાગદ્વેષરૂપી પરિણામ) જેનું નિમિત્ત છે, એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્ગલોના કર્મપરિણામ, તે સ્રવ છે. (૪) આ એટલે મર્યાદાથી, અને સ્રવવું એટલે આવવું. મર્યાદાથી કર્મનું આવવું, તે આસ્રવ છે. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય, તો એના સંબંધમાં નવા (કર્મનાં) આવરણ આવે, તે આસ્રવ છે. (૫) વિકારી ભાવો. (૬) વિકારી શુભાશુભ ભાવપણે, અરૂપી અવસ્થા જીવમાં થાય, તે ભાવ-આસ્રવ અને તે સમયે નવાં કર્મ યોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એ ક્ષેત્રે રહેવું), તે દ્રવ્યાસ્રવ છે. (તેમાં જીવનો અશુદ્ધ પર્યાય, નિમિત્ત માત્ર છે.) પુણ્ય-પાપ, એ આસ્રવના પેટાભેદ છે. (૭) અજ્ઞાન અને રાગ-દ્વેષના ભાવ. આસ્રવના બે ભેદ છે. એક દ્રવ્ય આસ્રવ અને બીજો ભાવ-આસ્રવ. કર્મના રજકણોનું આવવું તે દ્રવ્ય-આસ્રવ અને ચૈતન્યના વિકારી-શુભાશુભ પરિણામને ભાવ-આસ્રવ. જ્યાં સુધી અજ્ઞાન અને રાગ-દ્વેષના ભાવ. આસ્રવ હોય છે ત્યાં સુધી નવાં કર્મોનું બંધન થયા જ કરે છે. (૮) વિકારી ભાવ. (૯) બંધનું કારણ. (૧૦) મન, વચન, કાયનું નિમિત્ત પામીને જીવના પ્રદેશનું ચલાચલ થવું તે યોગ છે તેને જ આસ્રવ કહે છે. તે ગુણસ્થાનની પરિપાટીમાં સૂક્ષ્મ સાંપરાય દશમા ગુણસ્થાન સુધી તો મોહના ઉદયરૂપ યથાસંભવ મિથ્યાત્વ કષાય સહિત હોય છે. જેને સંપરાયિક આસ્રવ કહે છે. જેમજ ઉપરના તેરમા ગુણસ્થાન સુધી મોહના ઉદયથી રહિત થાય છે તેને ઈર્યાપથ આસ્રવ કહે છે અને જીવના પ્રદેશ સુધી થાય છે તેને ભાવાસવ કહે છે. (૧૧) વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ-આસ્રવ અને તે સમયે નવાં કર્મ યોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એ ક્ષેત્રે રહેવું) તે દ્રવ્યાસ્રવ છે. (૧૨) આવવું; કર્મ આવવું; (૧૫) આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ વગેરે વિકારભાવો થાય છે તેને આસ્રવ કહે છે (૧૩) જેવી રીતે કોઈ વહાણમાં છિદ્ર પડવાથી તેમાં પાણી આવવા લાગે છે તેવી રીતે મિથ્યાત્વાદિ આસ્રવ મારફત આત્મામાં કર્મ આવવા લાગે છે તે. (૧૪) ઝરવું એ; ટપકવું એ; આસ્રવ (૧૫) ઈન્દ્રિયદ્વાર ; શરીરમાંનું પ્રત્યેક છિદ્ર; (૧૬) જેનાથી કર્મ બંધાય તે નિમિત્ત; કર્મબંધ હેતુ. (૧૭) ૫ મિથ્યાત્વ (એકાન્તિક મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ. સાંશયિક મિથ્યાત્વ, અજ્ઞાનિક મિથ્યાત્વ અને વૈનયિક મિથ્યાન) અવિરતિના ૧૨ દોષ, કષાયના ૨૫ દોષ અને યોગના ૧૫ દોષ છે. (૧૮) વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ આસ્રવ અને તે સમયે નવાં કર્મયોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એક ક્ષેત્ર રહેવું) તે દ્રવ્ય આસ્રવ છે. (૧૯) મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ એ પાંચે આસ્રવો છે. (૨૦) વિકારી પર્યાય; પુણ્યપાપના ભાવ. (૨૧) જ્ઞાનાવરણાદિ કર્મોનું આવવું. (૨૨) આસ્રવ છે તે અશુચિમય છે, શુભાશુભ ભાવ બન્ને આસ્રવ છે, તે બન્ને મલિન છે અને અશુચિમય છે. અશુભભાવ તો મલિન છે જ પણ શુભ ભાવને મલિન કોણ કહે કે જેણે આત્મસ્વભાવ શુભાશુભ ભાવરહિત મહા નિર્મળ અને શુદ્ધ છે એનો જેમણે અનુભવ કર્યો હોય, સ્વભાવનો આસ્વાદ લીધો હોય તે પુરુષો કહે કે શુભભાવ પણ આસ્રવ છે ને મલિન છે. બાકી એકલા શુભભાવમાં જ ધર્મ માનનારા અજ્ઞાની જીવો એકલા અશુભ ભાવને આસ્રવ કહે છે પણ શુભભાવને આસ્રવ નહિ કહેતાં ધર્મ કહે છે તે તેમનું અજ્ઞાનપણું છે, તે તેમનું મૂઢપણું છે.

જ્ઞાની પુરુષો શુભાશુભ ભાવરૂપ આસ્રવો દુઃખરૂપ છે, દુઃખનાં કારણો છે એમ જાણીને તેનાથી નિવૃત્તિ કરે છે અને આત્મસ્વભાવમાં પ્રવૃત્તિ કરે છે. (૨૩) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આસ્રવ છે. અને તેનાં ક્રમશઃ મિથ્યાત્વના પાંચ, અવિરતિના પાંચ, કષાયના ચાર અને યોગના ત્રણ ભેદ નિજશાસનમાં સમ્યક્પ્રકારે રહે છે. (૨૪) આસ્રવ સહિત. (૨૫) જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ, (તે આસ્રવ છે) તેમ જ તે (મોહ રાગદ્વેષ રૂપ પરિણામ) જેનું નિમિત્ત છે, એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્ગલોના કર્મપરિણામ, તે આસ્રવ છે.

આસ્રવ તત્ત્વ :પુણ્ય પાપના ભાવ.

આસ્રવ તત્ત્વનું વર્ણન :આસ્રવ તત્ત્વમાં મિથ્યાતત્ત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ ભેદ છે. આસ્રવ અને બંધ બન્નેમાં ભેદ :- જીવના મિથ્યાત્વ-મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ તે ભાવઆસ્રવ છે અને તે મલિન ભાવોમાં સ્નિગ્ધતા તે ભાવબંધ છે.

આસ્રવ ત્યાગનો ઉપદેશ અને બંધ, સંવર, નિર્જરાનું લક્ષણ :

(૧) આ મિથ્યાત્વાદિ જ આત્માને દુઃખનું કારણ છે; પણ પર પદાર્થ દુઃખનું કારણ નથી; તેથી પોતાના દોષરૂપ મિથ્યાભાવોનો અભાવ કરવો જોઈએ. સ્પર્શો સાથે પુદ્ગલોનો બંધ રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ તે પુદ્ગલ-જીવાત્મક બંધ કહેલ છે. (પ્રવચનસાર ગાથા-૧૦૭) રાગ પરિણામ માત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે. જે છોડવા યોગ્ય છે.

(૨) મિથ્યાત્વ અને ક્રોધાદિકરૂપભાવ તે સર્વને સામાન્યપણે કષાય કહેવાય છે. એવા કષાયનો અભાવ તેને દમ કહેવાય છે અને દમ એટલે જે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ ટાળી ઈન્દ્રિયોને જીતીને જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક (જુદો-પરિપૂર્ણ) આત્માને જાણે છે તેને - જે નિશ્ચયનયમાં સ્થિતિ સાધુઓ છે. તેઓ-ખરેખર જિતેન્દ્રિય કહે છે. (સમયસાર ગા.૩૧).

સ્વભાવ પરભાવના ભેદ જ્ઞાનના બળ વડે દ્રવ્યેન્સ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી આત્માનું સ્વરૂપ જુદુ છે એમ જાણવું તેનું નામ ઈન્દ્રિયોનું દમન કહેવામાં આવે છે. પરંતુ આહારાદિ તથા પાંચ ઈન્દ્રિયોના વિષયરૂપ બાહ્ય વસ્તુઓના ત્યાગરૂપ જે મંદ કષાય છે તેનાથી ખરેખર ઈન્દ્રિયદમન થતું નથી, કેમ કે તેનો શુભરાગ છે, પુણ્ય છે માટે બંધનું કારણ છે એમ સમજવું.

આસ્રવ થવાનું કારણ :મિથ્યા દર્શન, અસંયમ અઘસંગ્રહમાં અવ્રત, કષાય, પ્રમાદ અને યોગ આ પાંચ અથસંગ્રહમાં કર્મોના આત્મપ્રવેશ તથા ગ્રહણરૂપ બંધમાં કારણ છે.

આસ્રવ નિરોધ :આવતાં કર્મોની અટકાયત.

આસ્રવ ભાવ :અરિહંત ભગવાનની ભક્તિનો શુભ ભાવ તે આસ્રવતત્ત્વનો ભાવ છે.

આસ્રવતત્ત્વની ભૂલ :જીવ અને અજીવ કોઈ પણ પદાર્થ આત્માને કાંઈ પણ સુખ, દુઃખ, બગાડ, સુધાર કરી શકતા નથી, છતાં અજ્ઞાની તેમ માનતો નથી. પરમાં કર્તૃત્વ, મમત્વરૂપ મિથ્યાત્વ અને રાગાદ્વેષાદિ શુભાશુભ આસ્રવભાવ તે પ્રત્યક્ષ દુઃખ દેનારાં છે, બંધના જ કારણ છે, છતાં તેને અજ્ઞાની જીવ સુખકર જાણીને સેવે છે. જેથી શુભભાવ પણ બંધનનું કારણ છે, આસ્રવ છે, તેને હિતકર માને છે. પર દ્રવ્ય જીવને લાભ-નુકસાની કરી શકે નહિ, છતાં તેને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં પ્રીતિ-અપ્રીતિ કરે છે; મિથ્યાત્વ, રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી; પર પદાર્થ મને સુખ-દુઃખ આપે છે અથવા રાગ-દ્વેષ-મોહ કરાવે છે, એમ માને છે, આસ્રવતત્ત્વની ભૂલ છે.

આસ્રવનું વિશેષ સ્વરૂપ :મોહના ઉદયથી જે પરિણામ આ જીવનાં થાય છે. જે જ આસ્રવ છે. કે ભવ્ય જીવ ! જે પ્રત્યક્ષરૂપથી એમ જાણ. તે પરિણામ મિથ્યાત્વ આદિને લઈને અનેક પ્રકારનાં છે.

કર્મબંધનું કારણ આસવ છે. જે મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગના ભેદથી પાંચ પ્રકારના છે.

જેમાં સ્થિતિ અનુભાગરૂપ બંને કારણે મિથ્યાત્વાદિક ચાર જ છે. જે મોહના ઉદયથી થાય છે. અને જે યોગ છે તે સમયમાત્ર બંધને કરે છે. કંઈ પણ સ્થિતિ અનુભાગને કરતા નથી. એથી યોગ બંધના કારણમાં પ્રધાન (મુખ્ય) નથી.

આસ્રવનાં કારણો વિશેષ હેતુ મિથ્યાદર્શન, અસંયમ (અવ્રત), કષાય અને યોગ આ ચાર વિશેષરૂપે અઘ-સંગ્રહમાં-કર્મોના આત્મપ્રવેશ તથા ગ્રહણ-રૂપ બંધમાં કારણ છે.

આસ્રવના દ્વાર :હિંસા, અસત્ય, ચોરી, કુટીલ, પરિગ્રહ, એ પાંચ આસ્રવના દ્વાર છે. તેનાથી એવો પાપનો આસ્રવ થાય છે, કે જેથી સદા આત્માનો સંસાર સમુદ્રમાં નાશ થાય છે.

આસ્રવના પ્રકાર :મિથ્યાત્વ, અવિરત, પ્રમાદ, કષાય અને યોગના ભેદથી આસ્રવના પાંચ પ્રકાર છે.

આસ્રવભાવના :રાગ-દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઈત્યાદિ સર્વ આસ્રવ છે, તે રોકવા કે ટાળવા યોગ્ય છે એમ ચિંતવવું તે.

આસ્રવો :આસ્રવો અશુચિ છે, જડ છે, દુઃખનાં કારણો છે. આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રેવો આત્મા નિવૃત્તિ થાય છે. પુણ્ય-પાપને, જે પહેલાં ઉપાદેયપણે માનતો, તેને હવે હેય જાણીને, આત્માને ઉપાદેયપણે સ્વીકારે છે. તેને કર્મનો બંધ થતો નથી. સ્વ-આશ્રિત નિશ્ચય, અને પરાશ્રિત વ્યવહાર, તે એક સિદ્ધાંત છે. શુભભાવ તે ધર્મ નથી. ધર્મનું કારણ પણ નથી.

આત્મા અને આસ્રવોનો ભેદ જાણ્યા છતાં, જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો, તે ભેદજ્ઞાન જ નથી. અજ્ઞાન જ છે.

આસ્રવો : (૧) વિકારી ભાવો. (૨) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર આસ્રવો છે. તેનો વિશેષ ભેદ તેર પ્રકારના છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને સયોગીકેવળી ગુણસ્થાન સુધીના તેર પ્રકાર આસ્રવો છે. આ તેરે ગુણસ્થાનો પુદ્ગલ કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. જે અચેતન છે. જેઓ કર્મ કરે તો ભલે કરે પણ તે કર્મનો કર્તા અને ભોક્તા પણ આત્મા નથી. આત્મા તો અકર્તા છે. કષાય અને યોગના ચાર-પ્રકાર છે અને તેના વિશેષ પ્રકાર તેર છે. જે તેરે જડ છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશ વિરતિ, પ્રમત્ત સંયત, અપ્રમત સંયત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સૂક્ષ્મ સાપરાય, ઉપશાંત મોહ, ક્ષીણમોહ અને સંયોગકેવળી, એ તેરે ગુણસ્થાન કર્મના નિમિત્તની અપેક્ષા રાખે છે માટે જડ છે. ભગવાન આત્મા તો અખંડ જ્ઞાયક મૂર્તિ છે. (૪) આસ્રવો-પુણ્યપાપના ભાવો અશુચિ છે, ભગવાન આત્મા શુચિ છે, એ પહેલો બોલ થયો. (૫) આસ્રવો-પુણ્યપાપના ભાવો જડ, અચેતન છે, અને ભગવાન આત્મા વિજ્ઞાનદાનસ્વભાવ હોવાથી ચેતક છે, શુદ્ધ ચૈતન્યમય છે. આ બીજો બોલ થયો. (૬) આસ્રવો-પુણ્યપાપના ભાવો આકુળતા ઉપજાવનારા હોવાથી, દુઃખનું અકારણ જ છે. આ ત્રીજો બોલ કહ્યો. ત્રણ બોલથી આસ્રવો અને આત્માની ભિન્નતા કહી. આ પ્રમાણે આસ્રવોથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન, એવા આત્માની સન્મુખ થઈને ભેદ જ્ઞાન પ્રગટ કરવું, અર્થાત્ પર્યાયને ત્રિકાળીમાં, અભેદ કરવી તે ધર્મ છે. મોક્ષ માર્ગ છે. પર્યાયને અભેદ કરવી, એટલે દ્રવ્યસન્મુખ કરવી, એવો એનો અર્થ છે. પર્યાય દ્રવ્યસન્મુખ થતાં, સ્વભાવની જાતની પર્યાય થઈ, અને રાગથી ભિન્ન પડી ગઈ. એટલે તે દ્રવ્યથી અભિન્ન થઈ, એમ કહેવામાં આવે છે. (૭) આસ્રવો નિબદ્ધ છે, અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુઃખરૂપ છે અને દુઃખફળરૂપ છે. (૮) આસ્રવો નિબદ્ધ (બંધાયેલા) છે. અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુઃખરૂપ છે અને દુઃખ ફળરૂપ છે. (૯) નવા વિકારભાવો. (૧૦) આશ્રવો અને આત્માને ભિન્ન પાડવા માટે છ પ્રકાર બતાવ્યા.

(૧૧) લાખ અને વૃક્ષની જેમ વધ્યા - ઘાતક કહ્યા.

(૧૨) વાઈના વેગની જેમ વધતા-ઘટતા રહ્યા.

(૧૩) શીત અને દાહ જવરની જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય કહ્યા.

(૧૪) કામના રજકણ ઘૂટતાં કામના સંસ્કાર પણ છૂટી જાય છે તેનાં જેમ આસ્રવોને અક્ષરણ કહ્યા.

(૧૫) આકુળતાવાળા હોવાથી દુઃખરૂપ કહ્યા અને

(૧૬) આસ્રવનું ફળ પણ દુઃખરૂપ છે માટે તે આસ્રવોને દુઃખફળરૂપ કહ્યા.

આ પ્રમાણે-રીતે આસ્રવોને અને આત્માને ભિન્ન સ્વભાવવાળા કહ્યા.

આસ્રવો નિબદ્ધ છે. અધ્રુવ છે, શરણહીન છે, અનિત્ય છે, દુઃખરૂપ છે અને દુઃખફળરૂપ છે.

આસ્રવો અને આત્મા આત્માનો સ્વભાવ આસ્રવોથી ભિન્ન જાતિનો છે. આત્મા અબંધ છે, ધ્રુવ છે, આત્મા શરણરહિત છે, આત્મા નિત્ય છે, આત્મા સુખરૂપ છે અને સુખફળરૂપ છે. એમ આસ્રવોથી ભિન્ન યથાર્થ જ્ઞાન થયું ત્યાં જેમ જથ્થાબંધ વાદળાં છૂટી જાય, ખંડિત થઈ જાય અને દિશાઓ ચોખી-નિર્મળ-ઊજળી, વાદળાની આડ વિનાની થાય, દિશા વિસ્તારવાળી

થાય; તેમ અમર્યાદાપણે જેનો ફેલાવ છે એવો સહજપણે વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાન ઘન સ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે.

આસ્રવો અને આત્માનું ભેદજ્ઞાન :

(૧) આસ્રવો ઘાતક છે, પયાયવધ્ય છે.(વધ્ય=હણાવા યોગ્ય ; ઘાત થવા લાયક)

(૨) આસ્રવો અધ્રુવ છે, ભગવાન આત્મા જ ધ્રુવ છે.

(૩) આસ્રવો અનિત્ય છે, ભગવાન આત્મા જ નિત્ય છે.

(૪) આસ્રવો અશરેણ છે , ભગવાન આત્મા જ શરણ છે.

(૫) આસ્રવો દુઃખરૂપ છે., ભગવાન આત્મા જ અદુઃખરૂપ છે.

(૬) આસ્રવો, પુણ્ય-પાપ બંધના હેતુ હોવાથી, દુઃખફળરૂપ છે, ભગવાન આત્મા જ, પુણ્ય-પાપ બંધનો અહેતુ હોવાથી, અદુઃખ ફળરૂપ છે.

આસ્રવોથી છૂટવાની ક્રિયા :હું એક છું; શુદ્ધ છું; મમત્વ રહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું એવું ભાન થવાથી આત્મા આસ્રવોથી નિવર્તે છે, બંધન છૂટી જાય છે. આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ પરમાર્થિક વસ્તુવિશેષ છું.

આસ્રવોથી નિવર્તવાની વિધિ રીત શું છે ? :

(૧) હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત, ચિન્માત્ર જ્યોતિ-અનાદિ-અનંત નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘન સ્વભાવભાવપણાને લીધે એક છું.

(૨) (કર્તા, કર્મ, કરણ, સપ્રદાન, અપાદાન અને અધિકરણ-સ્વરૂપ), સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી, જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિના માત્રપણાને લીધે શુદ્ધ છું.

(૩) પુદ્ગલ દ્રવ્ય જેવું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપ પણું), તેના સ્વામીપણે પોતે સદાય નહિ. પરિણમતો હોવાથી મમતા રહિત છું.

(૪) ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું), વસ્તુ સ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું. - આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ, પર માયિક વસ્તુવિશેષ છું. તેથી હવે હું સમસ્ત પર દ્રવ્ય પ્રવૃત્તિથી, નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિર્મળ રહેતો થકો, સમસ્ત પર દ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા, જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે, આને જ (આ ચૈતન્ય સ્વરૂપને જ) અનુભવનો થકો, પોતાના અજ્ઞાન વડે, આત્મામાં ઉત્પન્ન જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય ક્ષય કરું છું.

આસ્રવોને અશુચિમય કહયાં છે તો શું દુર્ગંધ આવતી હશે ? :હા ! પુણ્ય પાપના પરિણામ અશુચિમય છે, અપવિત્ર છે; દુર્ગંધમય છે, આત્માના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ જાતનાં છે.

આસુરી ભાવના :અનન્તાનુબંધી કષાય અને કલહમાં આસક્તિથી અથવા શરીરાદિ પારિગ્રહમાં આસક્તિથી તેવાં નિમિત્તને મેળવતો કરુણારહિત, પશ્ચાત્તાપ રહિત, પૂર્વનું વેર રાખનાર મુનિ દાનવી અથવા આસુરી ભાવનાને ધારે છે.

આસ્રવ :નવા બંધનું કારણ.

આસ્વાદન :વેદન.

આસ્વાદ્યમાન છે :આસ્વાદ લેવાય છે; અનુભવાય છે.

આસાદન :પરદ્વારા પ્રકાશ થવા યોગ્ય જ્ઞાનને રોકવું તે આસાદન છે.

આસાદના :જીવાદિ પાંચ અસ્તિકાય, પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર તથા બે ઈન્દ્રિયો થી પાંચ ઈન્સ્રિય સુધી ત્રસકાય - આ રીતે છ જીવસમૂહ, અહિંસાદિ પાંચ મહાવ્રત, ઈર્યા આદિ પાંચ સમિતિ અને કાય,મન, વચન, આદિ ત્રણ ગુપ્તિ- એવી આઠ પ્રવચનમાના અને જીવાદિ નવ પદાર્થ- આ પ્રકારે તેત્રીસ પદાર્થ છે તેમનાં આસાદનનાં પણ આજ નામ છે. આ પદાર્થોનું સ્વરૂપ બીજી રીતે -અન્યથા કહેવું તેમાં શંકા વગેરે ઉત્પન્ન કરવી તેને આસાદના આશાતના કહે છે.

આસીન :બેઠેલા; બિરાજમાન.

આસીન થવું :સ્થિર થવું; સ્વરૂપમાં સ્થિર થવું તે જ ઉદાસીનતા છે.

આહતઆદાન :ચોરે ચોરેલી વસ્તુને ખરીદવી.

આહાર :

(૧) આહારના છ ભેદ છે-(૧) નોકર્મ આહાર, (૨) કર્માહાર, (૩)કવળાહાર, (૪) લેપાહાર, (૫) ઓજાહાર અને (૬) મનસાહાર-એ છ પ્રકારના આહાર

યથાસંભવ દેહની સ્થિતિનું કારણ છે. જેમકે- (૭) કેવળીને નોકર્મ આહાર બતાવ્યો છે, તેમને લાભાંતરાયકર્મના ક્ષયથી અનંત લાભ પ્રગટ થયો હોવાથી તેમના શરીર સાથે અપૂર્વ અસાધારણ પુદ્ગલોનો પ્રતિસમય સંબંધ થાય છે, તે નોકર્મ કેવળીને દેહની સ્થિતિનું કારણ છે, બીજું નથી; એ હેતુથી કેવળીને નોકર્મનો આહાર કહ્યો છે.(૮) નારકીઓને નરકાયુનામકર્મનો ઉદય છે તે તેને દેહની સ્થિતિનું કારણ છે તેથી તેને કર્મ આહાર કહેવાય છે. (૯) મનુષ્યો અને તિર્યંચને કવળાહાર પ્રસિદ્ધ છે. (૧૦) વૃક્ષ જાતિને લેપાહાર છે. (૧૧)પંખીના ઈંડાને ઓજાહાર છે. શુક્ર નામની ધાતુની ઉપધાતુ ઓજ છે. ઈંડાને પંખી સેવે તેને ઓજ આહાર ન સમજવો. (૧૨) દેવો મનથી તૃપ્ત થાય છે, તેમને મનસાહાર કહેવાય છે.

(૨) ચાર પ્રકારના આહાર છે. (૧) અશન-રોટલા, ભાત, પકવાન્ન વગેરે. (૨) પાન = પાણી વગેરે. (૩) ખાદ્ય = ફળ, મેવો વગેરે, (૪) સ્વાદ્ય = પાન, સોપારી, એચલી, લવીંગ વગેરે. એ ચારે પ્રકારના આહાર રાત્રે અભક્ષ્યરૂપ છે.

આહાર વર્ગણા :જે ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ શરીરરૂપે પરિણમે તેને આહાર વર્ગણા કહે છે.

આહારક :કર્મ-નોકર્મરૂપ આહાર કરનાર.

આહારક શરીર :આહારક ઋદ્ધિધારી મુનિને, પ્રશ્ન પૂછવાનો વિકલ્પ આવ્યો, માટે આહારક શરીર બન્યું એમ નથી. તે સમયે આહારક શરીરનો, પરિણમવાનો કાળ હતો, માટે તે આહારક શરીર બન્યું છે. જીવે તેને બનાવ્યું છે, એમ કહેવું એ બધી (વ્યવહારની) વાતો છે. (૨) છઠ્ઠા ગુણસ્થાન વર્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા ઉત્પન્ન થયેથી કેવળી અથવા શ્રુતકેવળીની સમીપ જવાને માટે મસ્તકમાંથી જે એક હાથનું પુતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે. (૩) આહારક ઋદ્ધિધાત્રી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા થતાં અથવા જિનાલયની વંદના કરવા માટે મસ્તકમંથી એક હાથ પ્રમાણ સ્વચ્છ અને સફેદ, સાત ધાતુ રહિત પુરુષાકાર જે પૂતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે.

આહારકનામ કર્મપ્રકૃતિ :તેના ચાર ભેદ છે-આહારક શરીર નામકર્મ, આહારકઅંગ-ઉપાંગ નામકર્મ, આહારક બંધ નામકર્મ, આહારક સંઘાતક નામકર્મ, આ પ્રકૃતિ બધાને ન હોય. આ પ્રકૃતિ મુનિને હોય છે.

આહાર-નીહારાદિ :ખોરાકનું ગ્રહણ કરવું અને મળ-મૂત્રનો ત્યાગ કરવો-વિસર્જન કરવું તે ક્રિયા.

આહારમાર્ગણા :આહારક અને અણાહારક એ બે અવસ્થા છે. એ બે અવસ્થામાં કર્મના નિમિત્તની અપેક્ષા આવે છે, માટે તે પણ આત્માનું અખંડ સ્વરૂપ નથી. આહારના ભાવ અને અણઆહારક અવસ્થા તે આત્માનું અખંડ સ્વરૂપ નથી; તે બન્ને પર્યાય થાય છે આત્મામાં, પરંતુ તે પર્યાય ઉપર લક્ષ મૂકતાં રાગ આવે છે, અને રાગ તે આત્માનું સ્વરૂપ નથી, માટે આહારક એ અણઆહારકની અવસ્થાના ભેદ આત્મામાં નથી.

આહાર્ય :આહારથી લાવવામાં આવતું; કુત્રિમ; ઔપાધિક. (સર્વ કૃત્રિમ-ઔપાધિક ભાવોથી રહિત એવું જે મુનિના આત્માનું સહજ રૂપ તે, વસ્ત્રાભૂષણાદિક સર્વ કૃત્રિમતાઓથી રહિત, યથાજાતરૂપપણાની અપેક્ષા રાખે છે. અર્થાત્ મુનિના આત્માનું રૂપ દશા સહજ હોવાથી, દેહ પણ યથા જાત જ હોવો જોઈએ, માટે યથાજાતરૂપપણું તે મુનિપણાનું બાહ્ય લિંગ છે.) માટે યથાજાતરૂપપણું, તે મુનિપણાનું બાહ્ય લિંગ છે.)

આહારવર્ગણા :ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ શરીરરૂપ જે પરિણમે તેને આહારવર્ગણા કહે છે.

ઈચ્છા :કામના (૨) તે વર્તમાન વર્તતી દશા ઉપરનો અણગમો, અને પર વસ્તુ તરફના રાગની હૈયાતી સૂચવે છે. ઈચ્છા તે દુઃખ છે. લોભ છે.

ઈચ્છાકાર :ઉત્કૃષ્ટ શ્રાવક; સમ્યગ્દષ્ટિવાન શ્રાવક

ઈડા :ડાબીનાસિકાનો સ્વર-ચંદ્રસ્વર.

ઈતર :બીજી; પરવસ્તુ.

ઈતરેત્તર :અન્યોન્યાશ્રય

ઈતરેતરશ્રય દોષ :જીવ અને પુદગલનો જે બંધ છે. તેમાં ઈતરેતરાય દોષ નથી. જીવના એના એ રાગના પરિણામથી બંધ થાય અને એના એ બંધથી પાછો એનો એ રાગ થાય, તો ઈતરેત રાય દોષ થાય પણ વસ્તુ સ્વરૂપ નથી, જેમ ની એક પૂણી પછી બીજી પૂણી હોય તો પણ દોરો સંધાયા કરે તેમ અમુક સ્થિતિ સુધી કર્મો આત્મામાં રહે, ટળતાં જાય અને નવાં બંધાતાં જાય પણ પ્રવાહ તૂટે નહીં જીવમાં નવા નવા રાગાદિ વિકારના પરિણામ થાય છે. અને જડ કર્મો પણ જૂનાં ટળતા જાય છે. અને નવાં બંધાતાં જાય છે. પણ પ્રવાહ તૂટતો નથી. જે પરિણામથી કર્મ બંધ થયો.તે બંધ તેના તે પરિણામનું નિમિત્ત થતું નથી.નવા પરિણામનું નિમિત્ત થાય છે. જે નવાં વિકારી પરિણામ થયાં તે જૂના બંધનું નિમિત્ત થતું નથી પણ નવા બંધનું નિમિત્ત થાય છે. માટે ઈતરેતશ્ર રાય દોષ લાગતો નથી.

પહેલા આત્માં શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો, પહેલા કર્મ ન હોતાં ને પછી કર્મ બંધાયાં તેમ નથી.એટલે કે આત્માંના પરિણામથી કર્મ થયા અને કર્મથી આત્માંના પરિણામ થયાં એમ નથી. એક બીજાના આધારે બન્ને સિદ્ધ થયા તેમ નથી પરંતુ અનાદિ કાળથી સ્વતઃ સિદ્ધ છે. અનાદિ કાળથી કર્મ કર્મપણે અને આત્માંના પરિણામ વિકાર પણે સ્વતંત્ર પરિણમતાં આવે છે. કોઈના આધારે કોઈ સિદ્ધ થતું નથી. માટે ઈતરેતરાયશ્ર દોષ લાગતો નથી

અનાદિકાળથી આવો બંધ છે. તે કર્તા, કર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન છે. તે અજ્ઞાનનું નિમિત્ત આ બંધ છે.

ઈતેરતરાશ્રય :એકબીજાનો આશ્રય; અન્યોન્યાશ્રય; એકબીજાનો ટેકો, એક પ્રકારનો દોષ.

ઈત્વારિકા ગમન :ઈત્વારિકા જે વ્યભિચારિણી સ્ત્રી, તેને ઘેરે જવું અથવા તેને પોતાના ઘરે બોલાવી (ધનાદિ) લેણ દેણ રાખે, પરસ્પર વાર્તા કરે, શ્રૃંગાર દેખે, તે ઈત્વારિકાગમન નામે અવિચાર છે.

ઈતિ :આ પ્રમાણે; સમામ; પુરું થવું એમ બતાવે છે; સમાપ્તિ,

ઈતિહાસ :ભૂતકાળનું વૃત્તાંત

ઈન્દ્ર :સ્વર્ગનો અધિપતિ (૨) અધિષ્ઠાતા; સ્વામી.

ઈન્દ્રવરણું :દેખીતું જેટલું સુંદર, તેટલું જ કડવું એવું એક ફળ; વિષફળઃ ઈન્દ્રવારણાં.

ઈન્દ્રાણી :ઈન્દ્રની સ્ત્રી

ઈન્દ્રિય :જ્ઞાનનું બાહ્ય સાધન (૧)આત્મા (ઈન્દ્ર-આત્મા) પરમ ઐશ્વર્યરૂપ પ્રવર્તે છે. એમ અનુમાન કરાવનારું શરીરનું ચિહ્ન; જ્ઞાન તથા કર્મનું (બહારનું કે આંતર) સાધન (ત્વચા, ચક્ષુ, કાન, જીભ અને નાક તથા વાચા, હાથ,પગ, અપદ્વાર અને ઉપસ્થેંદ્રિય એ પાંચ અનુક્રમે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો છે.) (૨) વિષય (૩) આત્માના ચિહ્નને ઈન્દ્રિય કહે છે.

ઈન્દ્રિય અતીત :અતીન્દ્રિય

ઈન્દ્રિય નિગ્રહ :ઈન્દ્રિયોને વશ રાખવી તે; સંયમ

ઈન્દ્રિય વિષય :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ

ઈન્દ્રિયગમ્ય :ઈન્દ્રિયથી જણાય તેવું.

ઈન્દ્રિયગમ્યદ્વારા :ઈન્દ્રિયોથી જણાવા યોગ્ય દ્વારા.

ઈન્દ્રિયજ :ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતું;

ઈન્દ્રિયજ્ઞાન :વિષયથી (૨) અંતઃકરણ (મન) પરોપદેશ અને ઈન્દ્રિયો (પાંચ ઈન્દ્રિયો) પૌદગલિક હોવાથી, તેમનું રૂપ જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન છે. તેઓ ઈન્દ્રિય જ્ઞાનમાં બહિરંગ કારણો છે.

ઉપલબ્ધિ (ક્ષયોપશમ) સંસ્કાર (પૂર્વે જાણેલા પદાર્થથી ધારણા), પ્રકાશ (ચક્ષુ ઈન્દ્રિયદ્વારા રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ નિમિત્તરૂપ કારણ છે) વગેરે, અંતરંગ સ્વરૂપ-કારણ પણે ગ્રહીને પ્રવર્તે છે. અને પ્રવર્તતું થકું તે, સપ્રદેશને જ જાણે છે. કારણ કે તે સ્થૂલને જાણનારું છે, અપ્રદેશને નથી જાણતું, કારણ કે સૂક્ષ્મનું જાણનાર નથી; મૂર્તને જ જાણે છે, કારણ કે મૂર્તિક વિષય સાથે તેને સંબંધ છે, અમૂર્તને નથી જાણતું. કારણ કે અમૂર્તિક વિષય સાથે ઈન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી. વર્તમાનને જ જાણે છે, કારણ કે વિષય-વિષયીના સંનિપાત(મેળાપ)નો સદ્ભાવ છે. વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું, કારણ કે ઈન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષ (સંબંધ-સમીપતા)નો અભાવ છે. (૩) ઈન્દ્રિયોના નિમિત્તથી મૂર્ત ઈન્દ્રિયજ્ઞાન સ્થૂલ ઈન્દ્રિયગોચર પદાર્થોને જ જ્ઞાનના જ્ઞાયોપશમિક ઉઘાડ અનુસાર જાણી શકે

છે. પરોક્ષ એવું તે ઈન્દ્રિયજ્ઞાન, ઈન્દ્રિય, પ્રકાશ આદિ બાહ્ય સામગ્રીને શોધવારૂપ વ્યગ્રતાને (અસ્થિરતાને) લીધે અતિશય ચંચળ-ક્ષુબ્ધ છે, અલ્પ શક્તિવાળું હોવાથી, ખેદ છતાં પગલે પગલે ઠગાય છે (કારણ કે પર પદાર્થો આત્માને આધીન પરિણમતા નથી); તેથી પરમાર્થે તો તે જ્ઞાન, અજ્ઞાન નામને જ યોગ્ય છે. માટે તે હોય છે.

ઈન્દ્રિયજ્ઞાન આત્મજ્ઞાનનું કારણ નથી. :અગિયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ થાય એ જ્ઞાન પણ ખંડ જ્ઞાન છે. આત્માનું જ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. ઈન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ. આંખથી હજારો શાસ્ત્રો વાંચ્યા કે કાનથી સાંભળ્યાં તે ઈન્દ્રિયજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિયજ્ઞાનથી જાણનારો છે, ઈન્દ્રિયજ્ઞાનથી જાણે છે, આત્મા નહિ. આત્માને જાણતાં જે આનંદનો સ્વાદ આવે છે, તે સ્વાદ ઈન્દ્રિયજ્ઞાનથી આવતો નથી. તેથી ઈન્દ્રિયજ્ઞાન તે આત્મા નથી.

ઈન્દ્રિયજન્ય સુખ :જે અસ્થિર છે, પીડાકારી છે, તૃષ્ણા વર્ધક છે, કર્મ-બંધનું કારણ છે, પરાધીન છે, તે ઈન્દ્રિય જન્ય સુખને જિનરાજાએ અસુખ જ કહ્યું છે.

ઈન્દ્રિયનિગ્રહ :ઈન્દ્રિયોને વશ રાખવી તે.

ઈન્દ્રિય સુખ :તે ક્ષણ ભંગુર છે-સતત સ્થિર રહેનાર નથી, પીડાકારી છે, દુઃખ સાથમાં લઈને રહે છે, માત્ર તૃષ્ણા ઉત્પન્ન જ નથી કરતું, પરંતુ તેને વધારે પણ છે, કર્મો આસ્રવ બંધનું કારણ છે અને સાથે જ સ્વાધીન ન હોઈને પરાધીન છે, તેથી જ જિનેદ્ર ભગાવન તેને વાસ્તવમાં દુઃખ જ કહે છે. (૨) શરીર અવસ્થામાં પણ આત્મા જ સુખરૂપ (ઈન્દ્રિયસુખરૂપ) પરિણતિએ પરિણમે છે, દેહ નહિ; તેથી ત્યારે પણ (સશરીર અવસ્થામાં પણ) સુખનું નિશ્ચયકારણ આત્મા જ છે. અર્થાત્ ઈન્દ્રિયસુખનું પણ વાસ્તવિક કારણ આત્માનો જ અશુદ્ધ સ્વભાવ છે.

અશુદ્ધ સ્વભાવે પરિણમતો આત્મા જ સ્વયમેવ ઈન્દ્રિયસુખ રૂપ થાય છે, તેમાં દેહ કારણ નથી; દેહ તો જડ છે કારણ કે સુખરૂપ પરિણતિ અને દેહ તદ્દન ભિન્ન હોવાને લીધે, સુખને અને દેહને નિશ્ચયથી કાર્યકારણપણું બિલકુલ નથી.

ઈન્દ્રિય સુખરૂપે પરિણમનાર આત્માને દર્શન જ્ઞાન વીર્યાત્મક સ્વભાવની ઉત્કૃષ્ટ શક્તિ રોકાઈ ગઈ છે, અર્થાત્ સ્વભાવ અશુદ્ધ થયો છે. (૩) • પરના સંબંધવાળું હોતું થકું પદાશ્રય પણાને લીધે પરાધીન છે. • બંધ સહિત હોતું થકું, ખાવાની ઈચ્છા, પાણી પીવાની ઈચ્છા, મૈથુનની ઈચ્છા ઈત્યાદિ, તૃષ્ણાનાં પ્રગટવાઓ સહિત હોવાને લીધે, અત્યંત આકુળ છે. • વિચ્છિન્ન (તૂટક) હોવું થકું આ શાતાવેદનીયનો ઉદય જેને નષ્ટ કરે છે એવા, શાતવેદનીયના ઉદય વડે પ્રવર્તતું અનુભવમાં આવતું હોવાને લીધે, વિપદાની ઉત્પત્તિવાળું છે. • બંધનું કારણ હોતું થકું વિષયોપભોગના માર્ગને લાગેલી વળગેલી, રાગાદિ કોષોની સેના અનુસાર કર્મરજનાં ઘાટાં ઘરનો સંબંધ થતો હોવાને, લીધે, પરિણામે, દુઃખ સહે છે, અને ૫. વિષમ હોતું થકું હાનિવૃદ્ધિમાં પરિણમતું હોવાને લીધે અત્યંત દુઃખદ છે. ને માટે ઈન્દ્રિય દુઃખ છે.

ઈન્દ્રિયાતીત :મનાતીત; શૂન્યમનસ્ક

ઈન્દ્રિયો :સ્પર્શન, રસના, ઘ્રાણા, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયો છે. એમના વિષય ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ છે. એ પાંચ વિષય ચેતના-રહિત જડ છે, મૂર્તિક છે, અને ચેતનામય અમૂર્તિક આત્માનો કાંઈ પણ ઉપકાર કે અપકાર કરતા નથી, છતાં પણ આત્મા વિકલ્પથી ભ્રાન્ત બુદ્ધિથી, તેમને પોતાના સુખના દાતા તથા દુઃખના દાતા માને છે. (૨) ઈન્દ્રિયો પાંચ હોય છે, વધારે હોતી નથી. ઈન્દ્ર કહેતાં, આત્માને એટલે સંસારી જીવને ઓળખાવનારું જે ચિહ્ન, તેને ઈન્દ્રિય કહે છે. દરેક દ્રવ્ય ઈન્દ્રિય પોત-પોતાના વિષયનું જ્ઞાન ઉપજે તેમાં નિમિત્તકારણ છે, કોઈ ઈન્દ્રિય બીજી કોઈ ઈન્દ્રિયને આધીન નથી. જુદી જુદી એકેક ઈન્દ્રિય પરની અપેક્ષારહિત છે. એટલે કે અહમિન્દ્રની જેમ, દરેક પોતપોતાને આધીન છે એવી ઐશ્વર્યતા (મોટાઈ) ધરે છે.

પ્રશ્નઃ- વચન, હાથ, પગ, ગુદા અને લિંગને પણ ઈન્દ્રિયગણવી જોઈએ?

ઉત્તરઃ- નહિં. અહીં ઉપયોગનું પ્રકરણ છે. ઉપયોગમાં સ્પર્શાદિ ઈન્દ્રિયો નિમિત્ત છે તેથી તેને ઈન્દ્રિય માનવી વ્યાજબી છે. વચન વગેરે ઉપયોગમાં

નિમિત્ત નથી, તે તો (જડ) ક્રિયાનાં સાધન છે; અને ક્રિયાના કારણ હોવાથી, જો તેને ઈન્દ્રિય કહીએ તો મસ્તક વગેરે બધાં આંગોપાંગ (ક્રિયાના સાધન) છે. તેમને ઈન્દ્રિયો કહેવી જોઈએ. માટે ઉપયોગમાં જે નિમિત્ત કારણ હોય, તે ઈન્દ્રિયનું લક્ષણ છે એમ માનવું વ્યાજબી છે.

જડ ઈન્દ્રિયો જ્ઞાનના ઉપયોગી વખતે નિમિત્ત હોય છે, પણ જ્ઞાન તે ઈન્દ્રિયોથી થતું નથી. જ્ઞાન આત્મા પોતે પોતાથી કરે છે. ક્ષાયોપશમિક જ્ઞાનનું સ્વરૂપ એવું છે કે, તે જ્ઞાન જે વખતે જે પ્રકારનો ઉપયોગ કરવામાં લાયક હોય ત્યારે તેને લાયક ઈન્દ્રિયાદિ બાહ્ય નિમિત્તો પોતે પોતાથી હાજર હોય છે, પણ નિમિત્તની રાહ જોવી પડતી નથી. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ઈન્દ્રિયો છે તેથી જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે ; જ્ઞાની તો જ્ઞાન પોતાથી થયું એમ માને છે, અને જડ ઈન્દ્રિયો, તે વખતે સંયોગરૂપ (હાજરરૂપ) સ્વયં હોય જ છે, એમ જાણે છે. (૩) પર દ્રવ્યો સાથે સ્વ-સ્વામિત્વ સંબંધ જેમનો આધાર છે, એવી ઈન્દ્રિયો.

ઈન્દ્રિયને કેવી રીતે જીતાય? :ચેતનનું પરિણમન અને જડનું પરિણમન જુદું છે; પરમાણુઓ તે સ્વતંત્ર વસ્તુ છે, અત્યારે આ પરમાણુઓની શરીરરૂપ અવસ્થા થઈ છે, ત્યાર પહેલાં તે પરમાણુઓ બીજી પર્યાય રૂપે હતા, આમ પરમાણુઓ પલટાયા કરે છે અને તે પરમાણુઓ જે પલટીને ઈન્દ્રિયોરૂપ થયા છે, માટે ઈન્દ્રિયો અને ઈન્દ્રિયો દ્વારા થતું રાગ-મિશ્રિત જ્ઞાન તે બન્ને મારું સ્વરૂપ નથી. પણ એકરૂપ ચૈતન્ય, તે હું છું- આમ, ઓળખાણ કરીને ઈન્દ્રિય તરફના રાગને તું છોડી દે તો તે પરમાણુઓમાં પણ ઈન્દ્રિયરૂપ અવસ્થા બદલીને છૂટી પડી જશે. તું તારા જ્ઞાનને ઈન્દ્રિય તરફથી ખેંચી લે તો ઈન્દ્રિયોના પરમાણુઓ સ્વયં બીજી અવસ્થારૂપે પરિણમી જશે. તારા જ્ઞાનને તું સ્વમાં વાળ, તો ઈન્દ્રિયોનું નિમિત્ત પણ પણ છૂટી જશે. આ તો હજી સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટેની વાત છે. આમ દ્રવ્યેન્દ્રિયોથી મારો ચૈતન્ય સ્વભાવ જુદો છે. એવા પ્રવીણ ભેદજ્ઞાનના અભ્યાસ વડે પોતાના ચૈતન્ય સ્વભાવને ઈન્દ્રિયોથી જુદો અનુભવવો તે દ્રવ્યેન્દ્રિયનું જીતવું છે, અને તે જ ભગવાનની ખરી સ્તુતિ છે. (૨) શરીર પરિણામને પ્રાપ્ત જે ઈન્દ્રિયો તેમને ચૈતન્ય સ્વભાવના અવલંબનના બળવડે, આત્માથી જુદી કરી આ ભેદજ્ઞાન છે. જુઓ, આમાં શરીર પરિણમન બન્ને સિદ્ધ કર્યાં છે. ચેતનથી જુદી એવી જડ વસ્તુ છે, તે જડ વસ્તુને તેનું પોતાનું સ્વતંત્ર પરિણમન છે, પોતે પોતાના પરિણામથી બદલીને ઈન્દ્રિયાદિરૂપ થાય છે.

ઈન્દ્રિયોના નામ અને તેનો અનુક્રમ :સ્પર્શન, રસના, ઘ્રાણ,-નાક, ચક્ષુ અને શ્રોત-કાન એ પાંચ ઈન્દ્રિયો છે.

૧. આ ઈન્દ્રિયો ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય એમ બંને પ્રકારની સમજવી. એકેન્દ્રિય જીવને પહેલી (સ્પર્શન) ઈન્દ્રિય, બે ઈન્દ્રિય જીવને, પહેલી બે એમ અનુક્રમે હોય છે.

૨. આ પાંચ ભાવેન્દ્રિયોમાં ભાવશ્રોત્રેન્દ્રિયને ઘણી લાભદાયક ગણવામાં આવી છે, કેમ કે તે ભાવ-ઈન્દ્રિયના બળથી સમ્યગ્જ્ઞાની પુરુષોનો ઉપદેશ શ્રવણ કરીને ત્યારબાદ વિચાર કરીને યથાર્થ નિર્ણય કરી હિતની પ્રાપ્તિ અને અહિતનો ત્યાગ જીવ કરી શકે છે. જડ ઈન્દ્રિય તો સાંભળવામાં નિમિત્ત માત્ર છે.

૩. • શ્રોત્રેન્દ્રિય (કાન)નો આકાર જવની વચલી નળી જેવો, • નેત્રનો આકાર મસુર જેવો, • નાકનો આકાર તલના ફૂલ જેવો, • રસનો આકાર અર્ધચંદ્ર જેવો હોય છે અને ૫. સ્પર્શનેન્દ્રિય શરીરાકારે હોય છે, સ્પર્શનેન્દ્રિય આખા શરીરમાં હોય છે.

ઈન્દ્રિયોના ભેદ :બધી ઈન્દ્રિયો દ્રવ્ય ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય એવા ભેદથી, બબ્બે પ્રકારની છે. ૧. નિર્વૃત્તિ અને ઉપકરણને દ્રવ્યેન્દ્રિય કહે છે.

ઈન્દ્રિયોના વિષય :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ (રૂપ, રંગ) અને શબ્દ એ પાંચ ક્રમથી ઉપર કહેલી પાંચ ઈન્દ્રિયોનો વિષય છે અર્થાત્ ઉપર કહેલી પાંચ ઈન્દ્રિયો તે તે વિષયને જાણે છે.

૧. જાણવાનું કામ ભાવેન્દ્રિયનું છે, પુદગલ ઈન્દ્રિય નિમિત્ત છે. દરેક ઈન્દ્રિયનો વિષય શું છે તે અહીં કહ્યું છે; આ વિષયો જડ પુદગલો છે.

૨. પ્રશ્નઃ- આ અધિકાર જીવનો છે છતાં તેમાં પુદગલ દ્રવ્યની વાત શા માટે લીધી?

ઉત્તરઃ- જીવને ભાવેન્દ્રિયથી થતા ઉપયોગરૂપ જ્ઞાનમાં જ્ઞેય શું છે, તે જણાવવા માટે કહ્યું છે. જ્ઞેય નિમિત્ત માત્ર છે, જ્ઞેય થી જ્ઞાન થતું નથી પણ ઉપયોગ રૂપ ભાવેન્દ્રિયથી જ્ઞાન થાય છે. એટલે કે જ્ઞાન વિષયી (વિષય કરનાર) છે અને જ્ઞેય વિષય છે એ બતાવવા આ સૂત્ર કહ્યું છે.

૩. સ્પર્શ= આઠ પ્રકારના છે. ૧.શીત, ૨. ઉષ્ણ, ૩. લૂખો, ૪. ચીકણો, ૫. કોમળ, ૬. કઠોર, ૭.હળવો, અને ૮.ભારે.

ઈન્દ્રિયોના વિષયાભૂત પદાર્થો :બાહ્યમાં નિંદા-પ્રશંસા આદિ થાય તેમાં એમ માને કે મારી નિંદા થાય છે, મારી પ્રશંસા થાય છે, વળી પરથી મને સુખ થાય છે, પરથી મને દુઃખ થાય છે, એમ માને છે. તે ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થોને પોતા સાથે એક કરે છે.

ઈન્દ્રિયોના વિષયો :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ છે.

ઈન્દ્રિયોના સ્વામી :વનસ્પતિકાય જેના અંતમાં છે એવા જીવોને અર્થાત્ પૃથ્વીકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, જળકાયિક અને વનસ્પતિકાયયિક જીવોને એક સ્પર્શન ઈન્દ્રિય જ હોય છે.

આ સૂત્રમાં કહેલા જીવો એક સ્પર્શન ઈન્દ્રિય દ્વારા જ જ્ઞાન કરે છે. આ સૂત્રમાં ઈન્દ્રિયોના સ્વામી એવું મથાળું બાંધ્યું છે, તેમાં ઈન્દ્રિયના બે પ્રકાર છે. જડ ઈન્દ્રિય અને ભાવેન્દ્રિય. જડ ઈન્દ્રિયની સાથે જીવને નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવવા માટે વ્યવહારથી સ્વામી કહેલ છે, ખરેખર તો કોઈ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું સ્વામી છે જ નહિ, અને ભાવેન્દ્રિય તે આત્માનો તે વખતનો પર્યાય છે, એટલે અશુદ્ધનયે તેનો સ્વામી આત્મા છે.

ઈર્યા પથ ક્રિયા :સંયમ વધારવા માટે સાધુ જે ક્રિયા કરે, તે ઈર્યા પથ ક્રિયા છે. ઈર્યાપથ પાંચ સમિતિરૂપ છે, તેમાં જે શુભભાવ છે તે ઈર્યાપથ ક્રિયા છે.

ઈર્યા સમિતિથી યુક્ત :સારી રીતે જોઈ તપાસીને, સાવધાનીથી ચાલતાં

ઈર્યાપથ આસ્રવ :જે કર્મ પરમાણુઓનો બંધ ઉદય અને નિર્જરા એક જ સમયમાં થાય, તેવા આસ્રવને ઈર્યાપથ્રસ્રવ કહે છે.

ઈર્યાપથ આસ્રવ :આ આસ્રવ સ્થિતિ અને અનુભાવ રહિત છે, અને તે અકષાયી જીવોને ૧,૧૨ અને ૧૩ મા ગુણસ્થાને હોય છે. ચૌદમે ગુણસ્થાને વર્તતા જીવ અકષાયી અને અયોગી બન્ને છે, તેથી ત્યાં આસવ છે જ નહી; કષાયરહિત જીવને સ્થિતિ રહિત કર્મનો આસ્રવ થાય છે, તે ઈર્યાપથ આસ્રવ કહેવાય છે.

ઈર્યાપથિકી ક્રિયા :કષાય રહિત પુરુષની ક્રિયા; ચાલવાની ક્રિયા.

ઈર્યાસમિતિ :અન્ય જીવની રક્ષાર્થે, ચારહાથ આગળ જમીન જોઈને, જ્ઞાનીની આજ્ઞા અનુસાર ચાલવું.

ઈરિયા :ગમન ક્રિયા; ધ્યાન પૂર્વકની ચાલ

ઈરિયા સમિતિ :ચારિત્રની રક્ષા માટે, જૈન મુનિને સંભાળપૂર્વક કરવાની, પાંચમાંની એક ક્રિયા

ઈશ્વર :ઈશ્વર શુદ્ધ સ્વભાવ

ઈશ્વરેચ્છા :પ્રારબ્ધ; કર્મોદય; ઉપચારથી ઈશ્વરની ઈચ્છા, આજ્ઞા.

ઈશારો :સૂચન; સંકેત

ઈષ્ટ :હિત; અનુમાનાદિવિષયક સ્વસંમત સિદ્ધાંતનું વિરોધ કરનારું ન હોય. (૨) પ્રિય; હિતાવહ; મનગમતું; ઈચ્છેલું; ઈચ્છિત; વાંછિત; યોગ્ય; કલ્પેલું; ધારેલું; ઈષ્ટ વસ્તુ.

ઈષ્ટ ઉપદેશ :હિતનો ઉપદેશ; પ્રિય ઉપદેશ

ઈષ્ટઅનિષ્ટ :સારું નરસું; સુખરૂપ, દુઃખરૂપ (૨) અનુકૂળ-પ્રતિકૂળ;ઠીક-અઠીક; ભલું-બુરું.

ઈષ્ટદેવ :પોતાને પ્રિય એવા વીતરાગી પરમાત્મા શ્રી વીર મહાવીર પ્રભુ. (૨) સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ શુદ્ધ છે, ઈષ્ટ દેવ છે. ભગવાન આત્મા પરમાર્થે શુદ્ધ છે, અને એજ આત્માને દષ્ટિ છે. પ્રવચનસારમાં કહ્યું છે. કે ભગવાનને (અરિહંતને) પુણ્ય-પાપરૂપી અનિષ્ટનો નાશ થઈ દષ્ટિ પણું પ્રગટ્યું છે. ઈષ્ટ જે વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ, એના આશ્રયે પર્યાયમાં ઈષ્ટપણું પ્રગટ્યું છે; અને અનિષ્ટ જે અજ્ઞાન અને રાગદ્વેષ-તેનો નાશ થયો છે.

ઈષ્ટદેવ :જેની ઉપર આસ્થા બેઠીલી હોય, તે દેવ.

ઈષ્ટ સિદ્ધિ :ઈચ્છેલા કાર્યની સિદ્ધિ

ઈષત્ પ્રાગ્ ભારા :સિદ્ધ પૃથ્વી પર ત્યાર પછી છે. (૨) સિદ્ધ શિલા (૩) સિદ્ધ પૃથ્વી. (૪) આઠમી પૃથ્વી; સિદ્ધશીલા.

ઈહા :તે અર્થાવગ્રહ પછી ઈહા થાય છે. અર્થાવગ્રહ જ્ઞાનમાં કોઈ પદાર્થની જેટલી વિશેષતા ભાસી ચૂકી છે, તેનાથી અધિક જાણવાની ઈચ્છા થાય, તો તે જ્ઞાન સત્ય (નક્કી કરવા) તરફ વધારે ઝૂકે છે. તેને ઈહાજ્ઞાન કહેવામાં આવે છે; તે (ઈહા) સુદૃઢ હોતી નથી. ઈહામાં પ્રાપ્ત થયેલ સત્ય વિષયનો જો કે પૂર્ણ નિશ્ચય નથી હોતો, તો પણ જ્ઞાનનો અધિકાંશ ત્યાં થાય છે. તે (જ્ઞાનના અધિકાંશ) વિષયના સત્યાર્થગ્રાહી જ હોય છે, તેથી ઈહાને સત્ય જ્ઞાનોમાં ગણવામાં આવ્યું છે. (૨) ઈચ્છા (૩) અવગ્રહ જ્ઞાનથી જાણેલા પદાર્થના વિશેષમાં ઉત્પન્ન થયેલા સંશયને દૂર કરતાં એવા અભિલાષ સ્વરૂપ જ્ઞાનને ઈહા કહે છે; જેમ કે-તે ઠાકુર દાસજી છે.

આ જ્ઞાન એટલું કમજોર છે કે કોઈપણ પદાર્થની ઈહા થઈને છૂટી જાય તો તેના વિષયમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ થઈ જાય છે. (૩) ઈચ્છા

ઈહાજ્ઞાન :અવગ્રહથી ગ્રહણ કરવામાં આવેલ અર્થને વિશેષ જાણવાની આકાંક્ષા તે ઈહા છે. જેમ કોઈ પુરુષને દેખી શું આ ભવ્ય છે કે અભવ્ય છે? એ પ્રકારની વિશેષ પરીક્ષા કરવાને ઈહાજ્ઞાન કહે છે. ઈહાજ્ઞાન સંદેહરૂપ નથી, કેમ કે ઈહાત્મક વિચાર-બુદ્ધિથી સંદેહનો વિનાશ થઈ જાય છે. સંદેહથી ઉપર અને અવાયથી નીચે તથા અંતરાળમાં પ્રવૃત્ત થતી વિચાર બુદ્ધિનું નામ ઈહા છે. (કન્સેપ્શન)

ઈહાપોહ :વિચાર

ઈચ્છે છે :માને છે.

ઈચ્છા બુદ્ધિ :રાગ; રતિ.

ઈચ્છારહિત :વિષય અને માનપૂજાદિ ઈચ્છાથી રહિત; પર ભાવની ઈચ્છાથી રહિત. (૨) ચારિત્રદશા.

ઈતર :અન્ય. (વીર્યાચાર સિવાયના બીજા.). (૨) અન્ય; બીજા; તે સિવાયના.

ઈતરેતરશ્રય દોષ :આનાથી, આ અને એનાથી - એને ઈતરેતરશ્રય દોષ કહે છે. જીવના રાગ-પરિણામથી બંધ, અને એ જ બંધ થી રાગ પરિણામ થાય, તો ઈતરેતરાશ્રય દોષ કહેવાય. પરંતુ એમ નથી. અ જ્ઞાની જીવ રાગદ્વેષ રૂપે પરિણમે છે, ત્યોર નવાં કર્મ બંધાય, અને તે અમુક સ્થિતિ સુધી એકક્ષેત્રાવગાહે રહે; તથા જે રાગદ્વેષ રૂપે પરિણમે છે એમાં પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત હોય છે. આ પ્રમાણે જે પરિણામથી કર્મનો બંધ થયો તે બંધ વિકાર પરિણામનું નિમિત્ત થતું નથી, પણ તે પરિણામમાં,જૂની કર્મોનો ઉદય નિમિત્ત થાય છે. તથા જે વિકારી પરિણામ થયાં, તે નવીન કર્મબંધનું નિમિત્ત થાય છે. આ પ્રમાણે ઈતરેતરાશ્રય દોષ નથી.

ઈતરેતર મિલન :એકબીજાનું-પરસ્પર-મળી જવું, અર્થાત્ મિશ્રિત થઈ જવું.

ઈતરેતરાશ્રય દોષ :એક અસિદ્ધ બાબતને સિદ્ધ કરવા, માટે બીજી અસિદ્ધ બાબતનો આશ્રય લેવામાં આવે, અને વળી તે બીજી બાબતને સિદ્ધ કરવા માટે, પહેલીનો આશ્રય લેવામાં આવે,-એ તર્ક દોષને ઈતરેતરાશ્રય દોષ કહેવામાં આવે છે.

દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ પરિણામ કહ્યું; પછી તે અશુદ્ધ પરિણામના કારણ વિષે પૂછવામાં આવતાં, તેનું કારણ પાછું દ્રવ્યકર્મ કહ્યું તેથી શંકાકારને શંકા થાય કે આ વાતમાં ઈતરેતરાશ્રય દોષ આવે છે.

સમાધાનઃ- નવા દ્રવ્યકર્મનું કારણ અશુદ્ધ આત્મપરિણામ છે, અને તે અશુદ્ધ આત્મપરિણામનું કારણ તો તેનું તે જ દ્રવ્યકર્મ નહિ (અર્થાત્ નવું દ્રવ્યકર્મ નહિ) પણ પહેલાંનું (જૂનું) દ્રવ્યકર્મ છે; માટે ત્યાં ઈતરેતરાશ્રય દોષ આવતો નથી.

ઈતરનિગોદ :નિત્યનિગોદમાંથી છ મહિના, અને આઠ સમયમાં છસો આઠ નીકળે છે, તેઓ પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને પ્રત્યેક વનસ્પતિરૂપ એકેન્દ્રિય પર્યાયોમાં, વા બે ઈન્દ્રિય, તે ઈન્દ્રિય, ચૌરેન્દ્રિયરૂપ પર્યાયોમાં, વા નકર, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ પંચેન્દ્રિય પર્યાયોમાં ભ્રમણ કરે છે. ત્યાં કેટલાક કાળ સુધી ભ્રમણ, કરી પાછા નિગોદ પર્યાયને પ્રાપ્ત થાય છે, તેને ઈતર નિગોદ કહે છે.

ઈતિ :અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, શલભપંખી, ઉંદર, પોપટ, સ્વચક્ર (પોતાના દેશનું સૈન્ય) અને પરચક્ર (દુશ્મનનું સૈન્ય), એ સાત ઈતિ મનાય છે, જેવી રીતે આ

ઈતિઓમાંથી, એક પણ ઈતિ કોઈ ખેતરમાં ઉત્પન્ન થાય, તો ખેતરની ખેતી બધી જ નષ્ટ થઈ જાય છે. તેથી તે ખેડૂતને કંઈ અનાજ પ્રાપ્ત થતું નથી.

ઈંદ્રગોપ :ચોમાસાનું થતું એક જીવડું.

ઈન્દ્રયગ્રાહ્ય :ઈન્દ્રિયોથી જણાય તેવા. સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ, ઈન્દ્રિયગ્રાહ્ય છે, કારણકે તેઓ ઈન્દ્રિયોના વિષયો છે. (પરમાણુ, કાર્મણવર્ગણા વગેરેમાં ઈન્દ્રિયગ્રાહ્યપણું વ્યક્ત નથી, તો પણ શક્તિરૂપે અવશ્ય હોય છે; તેથી જ ઘણા પરમાણુઓ સ્કંધરૂપે થઈ, સ્થૂલપણું ધારણ કરતાં ઈન્દ્રિયો વડે જણાય છે.)

ઈંદ્રિયસુખનું સાધન :શુભ ઉપયોગ (શુભોપયોગ સાધન છે, અને ઈંદ્રિયસુખ સાધ્ય છે.)

ઈંદ્રિયોની રુચિ વિષે અદ્વૈતમાં પણ દ્વૈત પ્રવર્તાવતો :ઈન્દ્રિયવિષયોમાં-પદાર્થોમાં આ સારા ને આ નરસા, એવું દ્વૈત નથી; છતાં ત્યાં પણ મોહાચ્છાદિત જીવ, સારા-નરસારૂપ દ્વૈત ઊભું કરે છે.

ઈન્દ્રનીલરત્ન :નીલમ

ઈન્દ્રિય :પુદ્ગલ ઈન્દ્રિયો પરદ્રવ્ય છે. તેનાથી આત્માને લાભ કે નુકસાન થાય નહિ; માત્ર ભાવેન્દ્રિયના ઉપયોગમાં, તે નિમિત્ત થાય. ઈન્દ્રિયનો અર્થ ભાવેન્દ્રિય, અને દ્રવ્યઈન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયો-એમ થાય છે, એ ત્રણે જ્ઞેયો છે; જ્ઞાયક આત્મા સાથે, તેઓના એકત્વની માન્યતા, તે (મિથ્યાત્વભાવ) જ્ઞેય જ્ઞાયક સંકરદોષ છે. (૨) વિષય

ઈન્દ્રિયચક્ષુ :મૂર્ત દ્રવ્યોમાં જ જેમની દૃષ્ટિ લાગતી હોય, તે ઈન્દ્રિયચક્ષુ છે.

ઈન્દ્રિયજ :ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતું; ઐંદ્રિય.

ઈન્દ્રિયજ્ઞાન :ઈન્દ્રિયજ્ઞાન ઉપદેશ, અંતઃકરણ, ઈન્દ્રિય વગેરેને, વિરૂપ-કારણપણે (ગ્રહીને), અને ઉપલબ્ધિ (ક્ષયોપશમ), સંસ્કાર વગેરેને, અંતરંગ સ્વરૂપ-કારણપણે ગ્રહીને, પ્રવર્તે છે; અને પ્રવર્તતું થકું (તે) સપ્રદેશને જ જાણે છે, કારણકે સ્થૂલનું જાણનાર છે, અપ્રદેશને નથી જાણતું (કારણકે સૂક્ષ્મનું જાણનાર નથી); મૂર્તને જ જાણે છે કારણકે તેવા (મૂર્તિક) વિષય સાથે તેને સંબંધ છે, અમૂર્તને નથી જાણતું (કારણકે અમૂર્તિક વિષય સાથે ઈન્દ્રિયજ્ઞાનને સંબંધ નથી); વર્તમાનને જ જાણે છે, કારણકે વિષય-વિષયીના સન્નિપાતનો સદ્ભાવ છે, વર્તી ચૂકેલાને અને ભવિષ્યમાં વર્તનારને નથી જાણતું (કારણકે કે ઈન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો અભાવ છે.) (૨) ઈન્દ્રિયજ્ઞાન, ઈન્દ્રિય સાથે પદાર્થનો (અર્થાત્ વિષયી અને વિષયનો) સન્નિકર્ષ-સંબંધ થાય, તો જ (અને તે પણ અવગ્રહ, ઈહા, અવાય, ધારણરૂપ ક્રમથી), પદાર્થને જાણી શકે છે. નષ્ટ અને અનુત્પન્ન પદાર્થોની સાથે, ઈન્દ્રિયોનો સન્નિકર્ષ નહિ હોવાથી, ઈન્દ્રિયજ્ઞાન તેમને જાણી શકતું નથી, માટે ઈન્દ્રિયજ્ઞાન હીન છે, હેય છે. પ્ર.સાર.ગાથા ૪૦

ઈન્દ્રિયવ્યાપારાતીત :ઈન્દ્રિય વ્યાપાર રહિત.

ઈન્દ્રિયસુખના અધિસ્થાનભૂત :ઈન્દ્રિયસુખના સ્થાનભૂત-આધારભૂત.

ઈન્દ્રિયાતીત :ઈન્દ્રિયઅગોચર. (૨) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (સ્પર્શ, રસ, ગેધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી વિષયાતીત (ઈન્દ્રિયાતીત).

ઈન્દ્રિયો :ઈન્દ્રિયો અને મન દ્વારા, જે જ્ઞાન થાય છે. તેનું નામ મતિજ્ઞાન છે. ત્યાં પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને વનસ્પતિ રૂપ એકેન્દ્રિયાને માત્ર સ્પર્શનું જ જ્ઞાન છે.

લટ, શંખ આદિ, બે ઈન્દ્રિય જીવોને સ્પર્શ અને રસનું જ્ઞાન છે.

કીડી, મકોડા આદિ, તે ઈન્દ્રિય જીવોને સ્પર્શ, રસ, અને ગંધનું જ્ઞાન છે.

ભમરો, માખી, પતંગિયાંદિક, ચૌરિન્દ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનું જ્ઞાન છે. તથા મચ્છ, ગાય, કબૂતર આદિ, તિર્યંચ તથા મનુષ્ય, દેવ, નારકી આદિ, પંચેન્દ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દનું જ્ઞાન છે.

વળી તિર્યંચોમાં, કોઈ સંજ્ઞી તથા કોઈ અસંજ્ઞી છે.

તેમાં સંજ્ઞીઓને, તો મન જ નિત જ્ઞાન હોય છે પણ અસંજ્ઞીઓને નહિ તથા મનુષ્ય, દેવ અને નારકી જીવો સંજ્ઞી છે. તે સર્વને, મનજનિત જ્ઞાન હોય છે. એ પ્રમાણે, મતિજ્ઞાનની પ્રવૃત્તિ જાણવી.

ઈન્દ્રિયોનો ભોગ :ઈન્દ્રિયોના ભોગસહિત મુક્તપણું નથી. ઈન્દ્રયોના ભોગ છે, ત્યાં સંસાર છે; તે સંસાર છે, ત્યાં મુકતપણું નથી.

ઈર્યા=ઈરિયા :ગમનક્રિયા; ધ્યાનપૂર્વકની ચાલ.

ઈર્યાપથઆસ્રવ :આ આસ્રવ, સ્થિતિ અને અનુભાગ રહિત છે. અને તે અકષાયા જીવોને, ૧૧,૧૨, અને ૧૩, આ ગુણસ્થાને હોય છે. ચૌદમે ગુણસ્થાને વર્તતા જીવ, અકષાયી અને અયોગી બન્ને છે, તેથી ત્યાં આસ્રવ છે જ નહીં.

ઈર્યા પથિકી ક્રિયા :ચાલવાની ક્રિયા.

ઈર્યા સમિતિ :ચારિત્રની રક્ષા માટે, જૈનમુનિને સંભાળપૂર્વક કરવાની, પાંચમાંની એક ક્રિયા.

ઈશ :સમર્થ; પ્રભુ. (૨) સમર્થ.

ઈશત્વ :ઈશિતા; સર્વોપરિપણું; સર્વવ્યાપક ઈશ્વર.

ઈશ્વરતા :સામર્થ્ય

ઈષ્ટ :માન્ય.

ઈષ્ટદેવ :સર્વકર્મથી રહિત, સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા. સમયસાર. (૨) સર્વજ્ઞ વિતરાગ અરિહંતદેવ શુદ્ધ છે, એ ઈષ્ટ દેવ છે. ભગવાન આત્મા પરમાર્થ શુદ્ધ છે, અને એ જ આત્માને ઈષ્ટ છે. ભગવાનને પુણ્ય-પાપરૂપ અનિષ્ટનો નાશ થઈ, ઈષ્ટપણું પ્રગટ્યું છે, ઈષ્ટ જે વસ્તુ, ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એના આશ્રયે પર્યાયમાં ઈષ્ટપણું પ્રગટ્યું છે; અને અનિષ્ટ જે અજ્ઞાન અને રાગદ્વેષ-તેનો નાશ થયો છે.

ઈષ્ટાનિષ્ટ વિષયોપભોગ ક્રિયા :ઈષ્ટાનિષ્ટ વિષયો જેમાં નિમિત્તભૂલ હોય છે એવા સુખ દુઃખ પરિણામોના ઉપભોગરૂપ ક્રિયાને જીવ કરતો હોવાથી તેને ઈષ્ટાનિષ્ટ વિષયોના ઉપભોગરૂપ ક્રિયાનો કર્તા કહેવામાં આવે છે.

ઈષ્ટો પ્રદેશ :એ નામનો ગ્રંથ છે.

ઈષત્ :કિંચિત.

ઈહા :ઈચ્છા; વાંછા; આશા; ઉમેદ; ચેષ્ટા; પ્રવૃત્તિ. (૨) અવગ્રહથી ગ્રહણ કરવામાં આવેલ અર્થને, વિશેષ જાણવાની આકાંક્ષા, તે ઈહા છે. ઈહાજ્ઞાન સંદેહરૂપ નથી, કેમકે ઈહાત્મક વિચારબુદ્ધિથી, સંદેહનો વિનાશ થઈ જાય છે. સંદેહથી ઉપર અને અવાયથી નીચે તથા અંતરાળમાં પ્રવૃત્ત થતી, વિચારબુદ્ધિનું નામ ઈહા છે. (૩) વિચારણા. મતિજ્ઞાનમાં વિચાર ચાલે તે ઈહા છે. આ વિચારણા પણ પર પદાર્થને લઈને થાય છે એમ નથી; વિચારણા પણ અંતર-જ્ઞાનને અનુસરીને થાય છે. જો કે અહીં સમ્યગ્જ્ઞાનની વાત ચાલે છે, છતાં અજ્ઞાન સંબંધી પણ વસ્તુ આમ જ છે. જ્ઞાન હો કે અજ્ઞાન, બન્નેમાં આમ જ વસ્તુસ્થિતિ છે. શું ? કે ઈહા-વિચારણાનો પર્યાય અંતરના જ્ઞાનભાવને અનુસરીને જ થાય છે.

ભગવાન આત્માના જ્ઞાનની -જ્ઞાનગુણના સત્તાની આ સીમા મર્યાદા છે કે તે ત્રિકાળી દ્રવ્યમાં રહે, અને તેને અનુસરીને થવું એ તેની વર્તમાન પર્યાયની સીમા-મર્યાદા છે, મતલબ કે બધું જ્ઞાન પોતાના જ કારણે થાય છે, પર જ્ઞેયને કારણે નહિ. આ વસ્તુસ્થિતિ છે.

ઈહાપોહ :વિચાર; ચિંતન; સંકલ્પ-વિકલ્પ અને તેનું પરિણામ નિશ્ચયથી ત્યાગ.

ઈહાપોહાભ્યાસ :શાસ્ત્રના એક વાક્યથી, અનેક નયથી, અનેક પ્રમાણોથી, જે ચિંતન, મનનથી પ્રમાણિત કરવું જોઈએ, તે ઈહાપોહાભ્યાસ.

ઉપકરણભૂત :સાધનભૂત

ઉક્ત :કહેલાં પદાર્થનું જ્ઞાન થવું, વર્ણન સાંભળ્યા પછી પદાર્થ જ્ઞાનગોચર થવો. (૨) કહેલું; બોલેલું. (૩) ઉપર કહેલાં

ઉક્તિ :કથન; શબ્દલાલિત્ય; વાક્યાતુર્ય. (૨) ઊંડી તર્કબુદ્ધિ; યુક્તિ

ઉકરડો :છાણ તથા કચરો-પૂંજો વગેરેનો કરવામાં આવતો ઢગલો, અને એનું સ્થાન; ગંદવાડ.

ઉદભેદ :સ્ફુરણ; પ્રગટતા; ફણગા; ઝરા; ફુવારા.

ઉગ્ર :આકરું; પ્રચંડ; પ્રખર; સખત; તીક્ષ્ણ; બળવાન; મજબૂત; પ્રબળ

ઉગ્રપણે :અત્યંતપણે

ઉચ્ચગોત્ર :લોકમાન્ય કૂળ (૨) સાત્વિકાભાવ યુક્ત સંસ્કારી જીવન.

ઉચ્ચગોત્ર કર્મ :જે કર્મના ઉદયથી ઉચ્ચ કુળમાં જન્મ થાય તેને ઉદયયોગ કર્મ કહે છે. ઉચ્ચ યોગ કમના ઉદયથી સજા થાય મોટો શોક થાય.

ઉચ્ચાર :કથન

ઉચ્છૃંખલ :અંકુશ વિનાનું; નિરંકુશ; ઉદ્ધત; સ્વચ્છંદી
ઉચ્છેદ :સમૂળગો વિનાશ. (૨) નાશ. (૩) વિનાશ (૪) નાશ કરનાર
ઉચ્છેદવું :જડમૂળમાંથી ઉખેડીનાખવું.
ઉચ્છવાસ :વીર્યાન્તરાય અને જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ, તથા અંગોપાંગ નામકર્મના ઉદયના નિમિત્તથી, જીવ જે અંદરનો વાયુ (શ્વાસ) બહાર ફેંકે છે, તેને ઉચ્છૂવાસ અથવા પ્રાણ કહે છે. અને તે જ જીવ, જે બહારના વાયુને અંદર લઈ જાય છે, તેને નિશ્વાસ અથવા અપાન કહે છે. આ બન્ને ઉચ્છૂવાસ અને નિશ્વાસ આત્માને ઉપકારી છે; કેમકે, તેને જીવિત રહેવામાં ક્ષારણ થાય છે.
ઉચ્છવાસ નામ કર્મ :જે કર્મના ઉદયથી, શ્વાસોચ્છ્વાસ હોય.
ઉચ્છૂવાસમાત્ર :રમતમાત્ર; લીલામાત્ર.
ઉચ્છવાસમાત્રથી જ :રમતમાત્રથી જ; લીલાથી જ.
ઉચાટ :ખળભળાટ
ઉચિત :યોગ્ય; ઘટિત; લાયક. (૨) યોગ્ય;શોભા આપે તેવું;
ઉછળવું :પ્રગટવું.
ઉછાંછળો :સ્તુતિ-નિંદાથી, ઊંચું-નીચું માનનારો.
ઉછાળવું :પરિણમવું
ઉજ્જ્વલ :પ્રસન્ન (૨) ઉજળું; દેદીપ્યમાન
ઉજ્જવળ :ધોળી (૨) પરમ નિર્મળ
ઉજમવા :પૂ. ગુરુદેવના બાનું નામ ઉજમવા હતું અને તેઓ ભૂંભલીનાં હતાં.
ઉજમાળ :ઉમંગ; ઊજળું; પ્રકાશમાન, હોંશ;
ઉજાગર :જાગ્રત (૨) જાગૃત; સાધક
ઉંડપ :ઊંડાણ
ઉડાડી દેવું :દૂર કરવું
ઉણોદરી તપ :પુરું ધરાઈને ન ખાવું.
ઉત્કટ :તીવ્ર
ઉત્કંઠા :આતુરતા; ઉત્સુકતા; હોંશ; ઉત્સાહ; અધીરાઈ.
ઉત્કંઠાથી :સોલ્લાસભાવથી
ઉત્કંઠિત :આતુર
ઉત્કર :ઉકેરો; ઉકરડો. (૨) કરવતાદિ વડે લાકડાને કાપવું-ચીરવું તે ઉત્કર છે.
ઉત્કર્ષ :ઉન્નતિ; ચડતી; આબાદાની; સમૃદ્ધિ; વિકાસ; વૃદ્ધિ; પ્રગતિ. (૨) પ્રભાવ; ઉત્કૃષ્ટપણું.
ઉત્કર્ષણ :કીર્તિ. (૨) ઊંચે તરફ ખેંચાણ; ઉત્કર્ષ કરનાર; (૩) ઊંચે તરફ ખેંચનારું; ઉત્કર્ષ કરનારું. (૪) કર્મોની સ્થિતિ અથવા અનુભાગને વધારી દેવો તે.
ઉત્કૃષ્ટ :સર્વ પ્રકારે (૨) ઉત્તમ;શ્રેષ્ઠ; ઉત્તમ કોટિનું; સર્વોત્તમ; સુંદર; રૂડુ; વખાણવા જેવું. (૩) અપરિમિત
ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય :તીવ્ર સંક્લેશ, ભૂંડા ભાવ. ક્રોધ, માન, માયા, લોભ, હિંસા, જૂઠ, વ્યભિચાર, વગેરે ભૂંડા અધ્યવસાયના કારણે નરક ગતિમાં જવું થાય છે. નારકીનો ભાવ કર્યો, તો નરકનો ભવ થયો.
ઉત્કૃષ્ટ ભાવ :પરમ ભાવ; શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો પૂર્ણ ભાવ.
ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય :તે ઉત્કૃષ્ટ શુભગતિ
ઉત્કીર્તન :શ્રેષ્ઠ ભક્તિ
ઉત્કોચ :ઉત્કર્ષ; અહંકાર
ઉત્તમ :ઉત્કૃષ્ટ
ઉત્તમ ગૃહસ્થ :પોતાની આવકના ચારભાગ પાડી એક ભાગ બચત (સંચય) કરવો; એક ભાગ ધંધામાં લગાડવો; એક ભાગ ધર્મ અને ભોગમાં ખર્ચવો અને એક ભાગ આશ્રિતોના પોષણમાં ખર્ચતો હોય તે ઉત્તમ ગૃહસ્થના લક્ષણ છે.
ઉત્તમ તત્ત્વજ્ઞાન :આત્મજ્ઞાન
ઉત્તમપાત્ર :વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેન્દ્રયપણું, આટલા ગુણો જે આત્મામાં હોય, તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.- શ્રીમદ્ રાજ ચંદ્ર
ઉત્તમગુરુ :સદ્ગુરુ
ઉત્તર :પછીના.
ઉત્તર અને પૂર્વ :પછીનો અને પહેલાંનો.

ઉત્તર અવસ્થાએ અવસ્થિત ગુણ :પછીની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો ઉત્તર પર્યાય; ઉત્તર ગુણપર્યાય.

ઉત્તર ઉત્તર :પછીના પછીના. (મનુષ્યાદિ પર્યાયો, રાગદ્વેષમય ક્રિયાના ફળરૂપ છે, તેથી કોઈપણ પર્યાય, પૂર્વ પર્યાયને નષ્ટ કરે છે અને પછીના પર્યાયથી, પોતે નષ્ટ થાય છે.)

ઉત્તર કર્મસંતતિ :પછીનો કર્મપ્રવાહ; ભાવી કર્મપરંપરા.

ઉત્તર પર્યાય :પછીના પર્યાય.

ઉત્તરકર્મ :ભવિષ્ય કાળનું કર્મ

ઉત્તર કર્મસંતતિ :પછીનો કર્મપ્રવાહ; ભાવી કર્મપરંપરા.

ઉત્તરંગ :જેમાં તરંગો ઊઠે છે, એવું; તરંગવાળું. (૨) જેમાં તરંગ ઉઠે છે- દરિયામાં મોજાં ઉઠે છે તે

ઉત્તર તર્કણા :બીજા વિષય સંબંધી વિચારો. (૨) તેને લગતા બીજા વિષય સંબંધી વિચારો.

ઉત્તરદાયી :જવાબદાર; જુસ્સેદાર; જવાબ આપનારું; ઉત્તરદાતા.

ઉત્તરોત્તર :એક પછી એક (૨) આગળ આગળ.

ઉત્તાદ્ય :કાર્ય

ઉત્તાન :છીછરા; છાછરા;

ઉત્તાપ :સંતાપ; પીડા; (૨) ચિંતા; ફિકર; (૩) તાપ; તડકો; બફારો.

ઉત્થાન :થવું. (૨) જાગૃતિ; ઉદય; ચડતી (૩) ઉદય; તાલાવેલી ઉગે. (૪) થવું.

ઉત્થાનવૃત્તિ :હલાહલ; અસ્થિરતા; વિકલ્પો; આકુળતા

ઉત્થાનિકા :ટીકા-વિવેચનનો આરંભનો ભાગ; નાની પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત (૨) અવતરણ; શરૂઆત કરવી;

ઉત્થાપન :ઉઠાડવાની ક્રિયા; ઊખેડી નાખવાની ક્રિયા.

ઉત્થાપિત :શબ્દ કોઈક વાર જ થતો હોવાથી અને નિત્ય નહિ હોવાથી.

ઉન્મત્તતા :અસ્થિરતા; ઉન્મત્ત=અસ્થિર

ઉત્પન્ન :યોગ્ય; ઘટિત; ન્યાયયુક્ત.

ઉત્પન્ન ધ્વંસી :ઉત્પત્તિ વિનાશવાળો (૨) સમય પર્યાય ઉત્પત્તિ-વિનાશવાળો. (૩) બની શકતી નથી; ઘટતી નથી-યોગ્ય નથી.

ઉત્પ્રેક્ષા :ધારણા; અટકળ; ઉપયોગમાં ઉપમાના ધર્મોનું આરોપણ કરવાની અટકળ; એ પ્રકારનો અર્થાલંકાર.

ઉત્પ્રેક્ષા :સંભાવના; ધારણા ; અટકળ;

ઉત્પાદ્ય :ઉત્પન્ન કરાવા યોગ્ય, જેની ઉત્પત્તિમાં અન્ય કોઈ નિમિત્ત હોય છે એવો.

ઉત્પાત :વિનાશકારી આપત્તિ; અશુભસૂચક આફત; ઉપાડો; ધમાલ.

ઉત્પાદ :ઊપજવું; પ્રાદુર્ભાવ; ઉત્પત્તિ. (૨) પ્રાદુર્ભાવ; પ્રગટ થવું; ઉત્પન્ન થવું. (૩) નવી પર્યાયનું થવું; ઊપજવું; ભાવરૂપ. તે પ્રાદુર્ભાવ. (અર્થાત્ પ્રગટ થવું; ઉત્પન્ન થવું.) દ્રવ્યમાં નવીન પર્યાયની પ્રાપ્તિને, ઉત્પાદ કહે છે. ઉદભવ દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે. કારણ;

ઉત્પાદક : ઉત્પન્ન કરનારું; જન્મ આપનારું; પેદા કરનારું.

ઉત્પાદક સામગ્રીના ભેદ :ઉત્પાદક સામગ્રીના બે ભેદ છે : (a) ઉપાદાન અને (b) નિમિત્ત. ઉપાદાનને નિજ શક્તિ અથવા નિશ્ચય, અને નિમિત્તને પરયોગ અથવા વ્યવહાર કહે છે..

ઉત્પાદન કારણ :ઉત્પત્તિનું કારણ

ઉત્પાદ કોને કહે છે ? :દ્રવ્યમાં નવીન પર્યાયની પ્રાપ્તિને, ઉત્પાદ કહે છે.

ઉત્પાદનું સ્વરૂપ :એ ત્રણે (ઉત્પાદ-વ્યય-ધ્રુવ)માં પરિણમન શીલ દ્રવ્યની નવીન અવસ્થાને, ઉત્પાદ કહે છે. આ ઉત્પાદ પણ દ્રવ્યાર્થિક અને પર્યાયર્થિક નયની અપેક્ષાએ, સત્ અને અસત્ ભાવથી વિશિષ્ટ છે.

ઉત્પાદનકારણ :ઉત્પત્તિનું કારણ.

ઉત્પાદની વિચિત્રતાના વશે :ઉત્પાદની વિચિત્રતાને, આ જીવ વશ થાય છે. કર્મનો ઉદય એને વશ કરે છે, એમ નથી, પોતે ઉદયને વશ થાય છે.

ઉત્પાદ્ય :ઉત્પન્ન કરાવા યોગ્ય; જેની ઉત્પત્તિમાં, અન્ય કોઈ નિમિત્ત હોય છે એવો.

ઉત્પાદ્ય :કાર્ય ઉત્પાદ્ય- ઉત્પાદક ભાવ= કાર્યકારણભાવ. (૨) કાર્ય; ઉત્પન્ન કરવા કે કરવાને પાત્ર.

ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ :કાર્યકારણભાવ

ઉત્પાદ-વ્યય :ટકીને બદલે ને બદલવા છતાં ટકી રહે એવું આશ્ચર્ય કારી વસ્તુનું સત સ્વરૂપ છે. (૨) ઉત્પાદ-વ્યયનાં પરિણામ પુંદગલ સાથે છે. જીવની સાથે વ્યાપતાં નથી. આથી ઉત્પાદ વ્યયરૂપ જે ભાવ છે, તે પુદગલ છે, તે જીવ નથી.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વશક્તિ :તે ગુણ છે, તે ધ્રુવ છે. એ આત્મદ્રવ્યનો ગુણ છે. જેના કારણે દ્રવ્ય નવી પર્યાયપણે ઉપજે અને પૂર્વ પર્યાય પણે નાશ પામે અને દ્રવ્યપણે ધ્રુવ-કાયમ રહે. આવી ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ આત્મામાં નિત્ય રહેલી છે. ભગવાન નિત્યાનંદસ્વરૂપ આત્મામાં જે અનંત શક્તિઓ છે તે બધી નિત્ય છે. ધ્રુવ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય :જો ગુણ હોય, તો જ ધ્રૌવ્ય હોય, અને જો પર્યાયો હોય, તો જ ઉત્પાદવ્યય હોય; માટે જો ગુણપર્યાયો ન હોય, તો ઉત્પાદવ્યયધ્રૌવ્ય, પોતાના સ્વરૂપને પામી શકે જ નહિ. આ રીતે દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું છે, એમ કહેતાં તે ગુણપર્યાયવાળું, પણ જાહેર થઈ જાય છે. (૨) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય ખરેખર પર્યાયોને આલંબે છે. અને તે પર્યાયો દ્રવ્યને આલંબે છે. (અર્થાત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, પર્યાયોનો આશ્રય છે. અને પર્યાયો દ્રવ્યના આશ્રયે છે): તેથી આ બધુંય એક જ દ્રવ્ય છે. દ્રવ્યાન્તર નથી. પ્રથમ તો દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે, (અર્થાત્ પર્યાયો દ્રવ્યને આશ્રિત છે. ઉત્પાદ વ્યય-ધ્રૌવ્ય પર્યાયોના આશ્રયે જ છે. પર્યાયથી ભિન્ન પદાર્થરૂપ નથી. તેમ પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે. દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. (૩) દ્રવ્યથી જુદા પદાર્થો નથી. ઉત્પાદ, સ્થિતિ અને ભંગ પર્યાયોમાં વર્તે છે; પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે, તેથી તે બધુંય દ્રવ્ય છે. (૪) સ્વયંભૂ સર્વજ્ઞ ભગાનને જે શુદ્ધાત્મ સ્વભાવ ઉત્પન્ન થયો, તે કદી નાશ પામતો નથી. તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે; અને અનાદિ અવિદ્યાજનિત વિભાવ પરિણામ, એકવાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઊપજત નથી. તેથી તેમને ઉત્પાદ વિનાનો વિસ્તાર છે. આ રીતે અહીં એમ કહ્યું કે, સિદ્ધ પણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે; કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે. દરેક દ્રવ્યઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય મય હોવાથી મુક્ત આત્માને પણ ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય અવશ્ય હોય છે. સ્થૂલતાથી જોઈએ તો, સિદ્ધ-પર્યાયનો ઉત્પાદ થયો. સંસાર પર્યાયનો વ્યય થયો અને આત્માપણું ધ્રુવ રહ્યું- એ અપેક્ષાએ મુક્ત આત્માને ઉત્પાદ-વ્યય-દ્રોવ્ય છે. અથવા, મુક્ત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે થયા કરે છે. તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં, જે જે પ્રકારે ઉત્પાદક થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં, ઉત્પાદિત થયા કરે છે. માટે મુક્ત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરુ લઘુ ગુણમાં થતી ષટગુણ હાનિવૃદ્ધિને લીધે, મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. અહીં જેમ સિદ્ધ ભગવાનમાં ઉત્પાદાદિ કહ્યાં તેમ, કેવળી ભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ :દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં હે છે. તેથી સત્ છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય સ્વરૂપ પરિણામ છે. જેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાંનાનો અંશ તે, પરિણામ છે. દરેક પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઉપજે છે. પૂર્વરૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એક પ્રવાહપણું હોવાથી, દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યમાં સમયભેદ નથી, ત્રણેય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ. મોતીના હારની માફક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય :ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રિપુટી (ત્રણનો સમૂહ).

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ એક જ અસ્તિત્વ છે :જેમકે સુવર્ણ જ કુંડળાદિ-ઉત્પાદો, બાજુબંધાદિવ્યયો અને પીળાશાદિ ધ્રૌવ્યનું, કર્તા, કરણ તથા અધિકરણ છે; તેથી સુવર્ણ જ, તેમનું સ્વરૂપ ધારણ કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો જ દ્રવ્યનાં કર્તા, કરણ અને અધિકરણ છે; તેથી ઉત્પાદ-ધ્રૌવ્યો જ, દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે.

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું સ્વરૂપ :ઉત્પાદ, સ્થિતિ, ભંગ એ ત્રણેય પર્યાયોને હોય છે, પદાર્થને હોતા નથી. અને તે પર્યાયોનો સમૂહ, જ દ્રવ્ય કહેવાય છે. તેથી તે ત્રણે મળીને દ્રવ્ય કહેવાય છે. જો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય પદાર્થના માનવામાં આવે તો, પદાર્થનો જ નાશ અને ઉત્પાદ થવા લાગે. પરંતુ ન તો કોઈ પદાર્થનો નાશ થાય છે, અને ન કોઈ પદાર્થની નવી ઉત્પત્તિ થાય છે. તેથી આ ત્રણે પદાર્થની અવસ્થાઓના ભેદ છે અને તે અવસ્થાઓ મળીને, જ દ્રવ્ય કહેવાય છે તેથી ત્રણેનો સમુદાય જ દ્રવ્યનું પૂર્ણ સ્વરૂપ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ :ક્રમવૃત્તિરૂપ અને અક્રમવૃત્તિરૂપ વર્તન જેનું લક્ષણ છે, એવી ઉત્પાદવ્યયધ્રુવત્વશક્તિ. (ક્રમવૃત્તિરૂપ પર્યાય, ઉત્પાદવ્યયરૂપ છે, અને અક્રમવૃત્તિરૂપ ગુણ, ધ્રુવત્વરૂપ છે.) આમાં ક્રમવૃત્તિરૂપ, અર્થાત્ એક પછી એક વર્તવારૂપ, પર્યાયો છે, ને અક્રમવૃત્તિરૂપ અર્થાત્ એક સાથે ત્રિકાળ વર્તવારૂપ ગુણો છે. દ્રવ્યમાં ગુણો, બધા અક્રમવૃત્તિરૂપ ત્રિકાળ એક સાથે પડ્યા છે, ને પર્યાય એક પછી એક સળંગ ઊંચાઈ-ઉર્ધ્વપ્રવાહરૂપે, ક્રમબદ્ધ થાય છે. પર્યાયો ક્રમવર્તી છે, તેથી ક્રમે પ્રવર્તવું જેનું લક્ષણ છે, એવી પર્યાયો, ઉત્પાદવ્યયરૂપ છે, ને અક્રમવૃત્તિરૂપ ગુણો, ધ્રુવત્વરૂપ છે. આમ આખું દ્રવ્ય ક્રમ-અક્રમવૃત્તિ વડે ઉત્પાદવ્યયધ્રુવ સ્વભાવવાળું છે. આત્મદ્રવ્યની એકેક શક્તિ અનંત ગુણોમાં વ્યાપક છે.

- એકેક શક્તિ, અનંતમાં (ગુણોમાં) નિમિત્ત છે.
- એકેક શક્તિ, દ્રવ્ય, ગુણ, પર્યાય-ત્રણેમાં વ્યાપે છે.
- એકેક શક્તિ, ધ્રુવ ઉપાદાન છે, અને તેની પર્યાય, ક્ષણિક ઉપાદાન છે તેમાં અક્રમે રહેવું, તે ધ્રુવ ઉપાદાન છે, ને ક્રમે વર્તવું, તે ક્ષણિક ઉપાદાન છે.
- એકેક શક્તિમાં, વ્યવહારનો-રાગનો ને નિમિત્તનો અભાવ છે. એકેક શક્તિ, ક્રમે પ્રવર્તે છે તે નિર્મળ, પરિણતિએ પ્રવર્તે છે, ને તેમાં વ્યવહારનો-રાગનો ને નિમિત્તનો અભાવ નામ નાસ્તિ છે. આ અનેકાન્ત છે. વ્યવહારના કે નિમિત્તના કારણે, અહીં શક્તિનું પરણિમન થયું છે, એમ છે નહિ.

ઉત્સર્ગ માર્ગ :યથાખ્યાત ચારિત્ર;

ઉત્સુક :ઉત્કંઠાવાળું; તલસતું; અધીરું;

ઉત્સુકતા :ઉત્કંઠા; અધીરાઈ; વ્યગ્રતા; ચિંતાયુક્ત; તલસાટ. (૨) આતુરતા; અધીરાઈ; ધીરજનો અભાવ.

ઉત્સંગ :ઉછંગ; ખોળો; ગોદ; (૧) મધ્યભાગ; વચગાળો.

ઉત્સૂત્ર :શાસ્ત્ર વિરુદ્ધ વાચન; અપ્રમાણ રૂપ વાચન

ઉત્સૂત્ર ભાષણ :સિદ્ધાંતનો ભંગ થાય તેવો ઉપદેશ

ઉતસૂત્રપ્રરૂપણા :આગમ વિરુદ્ધ બોલવું.

ઉત્સૂત્ર-પ્રરૂપણા :સિદ્ધાંતનો ભંગ થાય, તેવો ઉપદેશ.

ઉત્સૂત્રભાષી :સિદ્ધાંતનો ભંગ થાય તેવું બોલવું.

ઉત્સર્ગઅને અપવાદ :સામાન્ય નિયમ (૨) એટલે આમ હોવું જોઈએ, અથવા સામાન્ય. ઉત્સર્ગમાર્ગ એટલે યથાખ્યાત ચારિત્ર, જે નિરતિચારવાળું છે. ઉત્સર્ગમાં, ત્રણ ગુપ્તિ સમાય છે. અપવાદમાં, પાંચ સમિતિ સમાય છે. ઉત્સર્ગ, અક્રિય છે, અપવાદ, સક્રિય છે. ઉત્તમ ઉત્સર્ગમાર્ગ છે, ને તેથી જે ઉતરતો, તે અપવાદ છે. ચૌદમું ગુણસ્થાન, ઉત્સર્ગ છે, તેથી નીચેનાં ગુણસ્થાનકા, એકબીજાની અપેક્ષાએ અપવાદ છે. (૩) સામાન્ય નિયમ. અપવાદ=ખાસ નિયમ-વિશેષ. એ રીતે જ્યાં ઉત્સર્ગ કથન હોય, ત્યાં અપવાદ કથન ગર્ભિત છે-એમ સમજવું. (૪) મૂળ માર્ગ; આંતર આત્મામાં રમવું તે મૂળ માર્ગ છે. (૫) વિફળ (૬) ઉપયોગનું અંદર સ્વરૂપમાં ઠરવું; સ્વરૂપમાં ઠરવું; શુદ્ધ ઉપયોગ. (૭) સામાન્ય નિયમ (૮) વિશેષ કથન, સામાન્ય નિયમ; અપવાદ ખાસ નિયમ, વિશેષ (૯) મમત્વનો ત્યાગ (ઉત્સર્ગ)

ઉત્સર્ગ નિરપેક્ષ :સામાન્ય નિયમથી,અપેક્ષાથી રહિત.

ઉત્સર્ગ માર્ગ :સ્વરૂપમાં છરવું તે; શુદ્ધ ઉપયોગમાં રમણતા.

ઉત્સર્ગરૂપ ત્યાગ :સામાન્ય રૂપ સર્વથા ત્યાગ. ઉત્સર્ગ એટલે સામાન્ય. સામાન્ય પણે સર્વથા પ્રકારે ત્યાગ તેના નવ ભેદ છે. ૧. મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, ૨. બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ, ૩. અને કોઈએ કર્યું હોય તેને ભલું જાણે નહિ. ૪. વચનથી પોતે કરવાનું કહે નહિ, ૫. બીજાને કરાવવા

માટે, ઉપદેશ આપે નહિ, ૬. કોઈએ કર્યું હોય, તેને ભલું કહે નહિ, ૭. કાયાથી પોતે કરે નહિ, ૮. બીજાન હાથ વગેરે દ્વારા પ્રેરણા કરાવે નહિ, ૯. અને કોઈએ કર્યું હોય તેને હસ્તાદિ વડે પ્રર્શસે નહિ. આ નવ ભેદ કહ્યા. અપવાદ ત્યાગ અનેક પ્રકારનો છે. આ સ્વ ભંગ કહયા તેમાંથી કેટલાક ભાગોમાંથી અમુક પ્રકારે ત્યાગ કરે, અમુક પ્રકારે ન કરે, આ રીતે મારે આ કાર્ય કરવું, આ રીતે ન કરવું, એમ અપવાદ ત્યાગ ભિન્ન ભિન્ન પ્રકારે છે. માટે શક્ય હોય તે રીતે ત્યાગ કરવો.

ઉત્સર્ગ રૂપ નિવૃત્તિ :સામાન્ય ત્યાગ

ઉત્સર્ગસાપેક્ષ :સામાન્ય નિયમની, અપેક્ષા સહિત.

ઉત્સર્પિણી :ચઢતો કાળ. (૨) ઊંચે ઊંચે સરકતો જતો કાળ;ઉત્તરોત્તર ચઢતો કાળ,

ઉત્સર્પિણી કાળ :જે કાળચક્રમાં આયુ, કાય, સુખ વધતાં જાય,એવો કાળ. (૨) ઉત્-ઊંચે, સર્પિણી-સરકતો જતો એટલે કે ઉત્તરોત્તર ચઢતો કાળ તે ઉત્સર્પિણી કાળ. (૩) ચડતા છ આર પૂરા થાય તેટલો કાલ; દશ ક્રોડાકોડી સાગરોપમ પ્રમાણનો ચડતો કાલ; આયુષ્ય, વૈભવ; બળ આદિ વધતાં જાય તેવો કાલ પ્રવાહ.

ઉત્સાહ :આનંદમય પ્રસંગ.

ઉત્સાહ :રાગ

ઉતાપ :ચિંતા; ફિકર; દુઃખ; પીડા; સંતાપ; બળાપો; તાપ; તડકો; ઘામ; બફારો.

ઉતારુ :પ્રવાસી; મુસાફર.

ઉથાપવું :ઓળંગવું; ન માનવું; દૂર કરવું; ઉલ્લંઘવું. (૨) ઊંચા કરવા.

ઉથામવું :એક સ્થાનથી બીજા સ્થાનમાં નાખવું, ખાલી કરવું; ઠાલવવું; ફેરવી ફેરવીને જોવું. (૨) ઊંચા કરવું; આમથી તેમ ઊંચકવું ને મૂકવું; ફીંદવું; ઊંચું નીચું કે આમ તેમ કરી નાખવું; મિથ્યા મેહનત કરવી.

ઉદક પેઢાલ :સૂત્રકૃતાંગ નામના બીજા અંગમાં એક અધ્યયન છે.

ઉદ્ગમ :ઉત્પાદનનાદિ દોષોનું સ્વરૂપ જાણવા માટે મૂળાચાર આદિ ગ્રંથો જોવા જોઈએ.

ઉદ્ઘોષ :વચન ટંકાર (૨) પ્રકાશન

ઉદઘોષ્યું :પ્રકાશ્યું, જાણ કરી

ઉદ્દ્યોત :પ્રકાશ; ઝળહળાટ; ઉદ્યોત

ઉદ્દેશ :હેતુ;ધારણા; ઈરાદો.

ઉદ્દેશિક આહાર :દોષયુક્ત આહાર (૨) મુનિ સાધુ માટે બનાવેલ આહાર, તે દોષયુક્ત છે. (૩) અમુક વસ્તુનો આહાર, અમુક મુનિને માટે જ તૈયાર કરેલો હોય તે.

ઉદ્ધાત :ભવ્ય

ઉદ્ધત :સ્વતંત્ર (૨) કોઈને ગણે નહિ-નિમિત્તને ગણે નહિ, રાગનેય ગણે નહિ, ને પર્યાય ને ગણે નહિ, બધાને ગૌણ કરી છે. અહા! આવો ઉદ્ધત બોધ ધામ પ્રભુ, આત્મા છે. તેમ વર્તમાન જ્ઞાનની પર્યાય અંતર્મુખ કરી, પ્રત્યક્ષ જાણી લેવો એ કરવા યોગ્ય કામ છે. (૩) કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ છે. (૪) ઉગ્ર; કોઈનીય પરવા કરે નહિ તેવો; બધાને ગૌણ કરી દે તેવો સ્વતંત્ર.

ઉદ્ધ બોધ :શુદ્ધ વિજ્ઞાન ધન; ઊંચું. ઉન્નત જ્ઞાન; ભવ્ય જ્ઞાન. સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત; એક માત્ર જ્ઞાતા જ માનો.

ઉદ્ધત મોહની લક્ષ્મી :ઋદ્ધિ; શોભા.

ઉદ્ધાત્ત :ઉચ્ચ; કોઈને આધીન ન હોવું

ઉદ્ધારે છે. :નાશ થવા દેતો નથી.

ઉદુંબર ફળ :પાંચ પ્રકારનાં છે. ફળનાં નામ ઉમરો, કઠુંબર, વડ, પીપર, અને પીપળાનાં ફળ અથવા ગુલરનાં ફળ.

ઉદ્ભેદ :સ્ફુરણ; પ્રગટતા; ફણગા; ઝરા; ફુવારા.

ઉદ્ભવ :ઉદય

ઉદુમ્બર :જે વૃક્ષોને તોડવાથી દૂધ નીકળે છે એવા વડ, પીપર, ઉંબર, કઠુંબર, પાકર વૃક્ષોને, ક્ષીરવૃક્ષ અથવા ઉદુમ્બર કહે છે. તેમાં સૂક્ષ્મ તથા સ્થૂલ ત્રસ જીવોની, ઘણી ઉત્પત્તિ થાય છે.

ઉદુમ્બર ફળ :ગૂલર, વડ, પીપલ, પિલખન અને પાકર એ પાંચ ઉદુમ્બર ફળ છે. તેમાં બહુ બીજ છે તેથી શ્રાવક તેને ખાતાં નથી.

ઉદુમ્બર ફળના નામ :ઉમરો, કુંબર, વડ, પીપર અને પીપળાનાં ફળ અથવા ગુલરના ફળ આમ પાંચ ફળો છે.

ઉદય :વિપાક- અનુભવ. જીવ કષાયકર્મના ઉદયમાં જોડાઈને, જેટલો રાગ-દ્વેષ કરે, તેટલો કષાયનો ઉદય-વિપાક-અનુભવ તે જીવને થયો, એમ કહેવાય. કષાયકર્મના ઉદયમાં જોડાતાં, જીવને તીવ્ર ભાવ થાય, તે ચારિત્રમોહનીય કર્મના આસ્રવનું કારણ (નિમિત્ત) છે એમ સમજવું. (૨) ઉત્પત્તિ; ચડતી; ઉન્નતિ; પ્રગટતા. (૩) પ્રગટ થવું. (૪) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવને, લઈને કર્મ જે પોતાની શક્તિ દેખાડે છે, તેને કર્મનો ઉદય કહે છે; કર્મફળનું પ્રગટવું. (૫) ઉદય બે પ્રકારનો છે : એક પ્રદેશોદય, અને બીજો વિપાકોદય. વિપાકોદય બાહ્ય (દેખીતી) રીતે વેદાય છે, અને પ્રદેશોદય અંદરથી વેદાય છે. (૬) આવેલા કામોના પાકને, ઉદય કહે છે. (૭) જે આત્મા રાગ, દ્વેષ અને અજ્ઞાન ન હોય, તેને ઉદય કહીએ છીએ. (૮) કર્મનો વિપાક; અનુભવ. (૯) દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, તથા ભાવને લઈને કર્મ જે પોતાની શક્તિ દેખાડે છે, તેને કર્મનો ઉદય કહે છે. કર્મફળનું પ્રગટવું.

ઉદય પામે છે :ઉત્પન્ન થાય છે.

ઉદય પામવું :પ્રગટ થવું. (૨) ઉત્પન્ન થવું.

ઉદય ભાવ :કર્મોનો ફળ દેવામાં સમર્થપણે ઉદ્ભવે, તે ઉદયભાવ છે.

ઉદ્યત :તત્પર; સજ્જ; કૃતનિશ્ચય; આતુર; ઉદ્યમી; ખંતીલું; ઉદ્યોગી; તૈયાર થઈ રહેલું; નિશ્ચય કરી, ઊભું થયેલું.

ઉદ્યત :પ્રવૃત્ત (૨) તૈયાર; નિર્મળ

ઉદ્યત થવું :તત્પર થવું; લાગવું; ઉદ્યમવંત થવું; વળવું; ઢળવું.

ઉદ્યમ :પ્રયત્ન (૨) પુરુષાર્થ

ઉદ્યમ :પુરુષાર્થ સ્વરૂપમાં દૃષ્ટિ ને રમણતા જે વડે થાય, તેનું જ નામ પુરુષાર્થ છે.

ઉદયમાન :ઉદયમાં આવતું

ઉદયરૂપ :પ્રગટ રૂપ; પ્રત્યક્ષ;

ઉદ્યવ :તત્પર

ઉદયસ્થાનો :પોતાનું ફળ ઉત્પન્ન કરવામાં સમર્થ કર્મ અવસ્થા. જેમ કે ચાર ગતિ, ક્રોધ, માન, માયા, લોભ, આદિ જેટલા ઉદયના પ્રકારો છે એવું જેમનું વલણ છે તેને ઉદય સ્થાનો કહે છે.

ઉદયાધીન :સાતા-અસાતા, માન-પૂજા, તિરસ્કાર-પુરસ્કાર, લાભ-અલાભ આદિ, જે સ્થિતિ પ્રાપ્ત થાય, તેમાં માત્ર જ્ઞાતા-દ્રષ્ટા સાક્ષીભાવે કહી, સમભાવે, ભયરહિત નિઃસ્પૃહ, નિષ્કામપણે વિચરવું, કે જેથી વિષયકષાય અને પ્રમાદનો જય કરી, પરમ નિર્ગ્રંથદશા પ્રાપ્ત થાય.

ઉદયાભાવી ક્ષય :જે કર્મ ફળ આપ્યા વિના ખરી જાય, તેમને ઉદયાભાવી ક્ષય કહે છે.

ઉદ્યોત :પ્રકાશ; ઝળહળાટ (ઉદ્દ્યોત) (૨) પ્રભાવના; પ્રકાશવંત; જ્યોતિ. (૩) ચંદ્ર, ચંદ્રકાન્તમણિ, દીવા આદિનો પ્રકાશ તે ઉદ્યોત છે. (૪) જ્ઞાન પ્રકાશ.

ઉદ્યોત નામ કર્મ :જે કર્મના ઉદયથી ઉદ્યોત (ઝળહળાટ રૂપ), શરીર હોય.

ઉદ્યોત-ઉદ્દ્યોત :પ્રકાશ, ઝળહળાટ

ઉદ્યોતન :પ્રકાશન

ઉદ્યોતન :પ્રકાશિત, પ્રકાશન

ઉદ્યોતરૂપ :જ્યોતિસ્વરૂપ

ઉદ્રેક :પુષ્કળતા; વધારો;

ઉદ્વેગ :ખેદ; ખિન્નતા; ઉચાટ; (૨) ગભરાટ; વ્યાકુળતા; (૩) દિલગીરી; શોક; (૪) વ્યગ્રતા; ક્ષોભ.

ઉદ્વિગ્ન :ખિન્ન; ભારે દિલગીર; ઉદ્વેગ પામેલું; કંટાળેલું; ખેદ, ઉચાટ; ગભરાટ; વ્યાકુળતા; શોક; વ્યગ્રતા; ક્ષોભ; ઉદ્વેગ. (૨) પરિણતિ; કષાયની ઉદ્વિગ્નતા= રાગ-દ્વેષની પરિણતિ. (૩) ભયાકુળ; આશંકાથી ચિંતિત; આકુળિત

ઉદ્વિગ્નતા :ખેદ; ખિન્નતા; કંટાળો; ઉચાટ; ગભરાટ; વ્યાકુળતા; વ્યગ્રતા; ક્ષોભ, શોક, દિલગીરી;

ઉદ્દેશક આહાર :દોષયુક્ત આહાર; સાધુના નિમિત્તને બનાવેલ આહાર, તેને ઉદ્દેશક આહાર કહે છે, તે દોષયુક્ત છે.

ઉદાત્ત :કોઈને આધીન નથી; સ્વાધીન; પરાધીન નથી. (૨) ઉચ્ચ

ઉદાર :મોટા વિસ્તારવાળું; નિશ્ચય. (૨) નિશ્ચળ; મોટા વિસ્તારવાળું

ઉદારણા :કાળ પાક્યા પહેલાં, કર્મનાં ફળ તપાદિ કારણે ઉદયમાં આવે, તે ઉદીરણા.

ઉદાસ :વૈરાગી જેવો થઈ જાય.

ઉદાસભાવ :ઉપેક્ષાભાવ

ઉદાસી :ઉપેક્ષાવૃત્તિવાળું; તટસ્થ; શોકાતુર; દિલગીર; નિરાશ

ઉદાસીન :જેમ સિદ્ધ ભગવાન, ઉદાસીન હોવા છતાં, સિદ્ધગુણોના અનુરાગપણે પરિણમતા ભવ્ય જીવોને, સિદ્ધગતિના સહકારી કારણભૂત છે. તેમ ધર્મ પણ, ઉદાસીન હોવા છતાં, પોતપોતાના ભાવોથી જે ગતિરૂપે પરિણમતાં જીવ-પુદ્ગલોને, ગતિનું સહકારી કારણ છે. (૨) ઉદ્ એટલે ઊંચે અને આસ=બેસવું, સર્વ પરભાવો, પરદ્રવ્યોમાંથી, વૃત્તિ ઊઠી જઈ, ઊંચે એટલે સર્વથી અલિપ્ત ભાવમાં, આત્મભાવમાં એકાગ્ર થઈ, તે રૂપ ઉદાસીનતા; આસક્તિ રહિતદર વીતરાગતા; સર્વ ભાવ પ્રત્યે અસંગ અપ્રતિબદ્ધ, એવા સાક્ષીભાવે સમતા નિરંતર રહે. (૩) નિષ્ક્રિય; ઉપેક્ષાવૃત્તિવાળું; તટસ્થ; ખિન્ન; ગમગીન; શોકાતુર; દિલગીર; નિરાશ; નાસીપાસ; ભિન્ન અસરકારક. (૪) જેમ સિદ્ધ ભગવાન, ઉદાસીન હોવા છતાં, સિદ્ધ ગુણોના અનુરાગરૂપે પરિણમતા, ભવ્ય જીવોને સિદ્ધગતિના સહકારી કારણભૂત છે, તેમ ધર્માસ્તિકાય પણ ઉદાસીન હોવા છતાં, પોતપોતાના ભાવોથી જ, ગતિરૂપે પરિણમતાં જીવ-પુદ્ગલોને, ગતિનું સહકારી કારણ છે. (૫) સંબંધ વિનાનો; તટસ્થ (૬) નિષ્ક્રિય; મધ્યસ્થ. (૭) ઉદાસ; દિલગીર; શોકાર્ત્ત; શોક મગ્ન. (૮) તટસ્થ; સંબંધ વિનાનો. (૯) પરદ્રવ્યોથી વિરક્ત સ્વરૂપ (૧૦) ઉત+આસન= ઊંચે બેઠેલા સંસારના સર્વ પ્રપંચોથી ઊંચે જઈ બેઠા હતા. (૧૧) ઊંચે બેઠેલો; જગતના ભાવ ન સ્પર્શી શકે એવા ઊંચા; અસ્પર્શ્ય; અલેપ્ય; આત્મદશાના આસનમાં બેઠેલો. (૧૨) રાગ દ્વેષાદિથી અસ્પર્શ્ય; ઊંચી સ્થિતિરૂપ ભાવમાં વર્તવું. (૧૩) જ્ઞાતા-દ્રષ્ટા માત્ર અવસ્થા. (૧૪) સંબંધ વિનાનો; તટસ્થ; સમભાવ

ઉદાસીનતા :ઉપેક્ષાભાવ; વૈરાગ્ય. (૨) ઉદ્ એટલે ઊંચે અને આસ=બેસવું, સર્વ પરભાવો, પરદ્રવ્યોમાંથી, વૃત્તિ ઊઠી જઈ, ઊંચે એટલે સર્વથી અલિપ્ત ભાવમાં, આત્મભાવમાં એકાગ્ર થઈ, તે રૂપ ઉદાસીનતા; આસક્તિ રહિતદર વીતરાગતા; સર્વ ભાવ પ્રત્યે અસંગ અપ્રતિબદ્ધ એવા સાક્ષીભાવે, સમતા નિરંતર રહે. (૩) ઉદ્+ આસીનતા, ઉત્, ઉચેં, રાગદ્વેષ મોહ આદિ ભાવોથી અસ્પૃશ્ય, ઉચ્ચ આત્મસ્થિતિમાં આસીનતા, બેસવાપણું એ જ અધ્યાત્મની જનની, માતા છે; અર્થાત્ ઉદાસીનતા વિના અધ્યાત્મનો જન્મ સંભવતો નથી. માટે એક ઉદાસીનતા, વૈરાગ્ય, અનાસક્તિભાવ એજ સુખને આપનાર મિત્ર છે, અથવા તે ઉદાસીનતા જ અધ્યાત્મરૂપ શુદ્ધ આત્મદશા પ્રગટાવવા જનની સમાન અનન્ય કારણ છે. (૪) ઉદ્+આસીનતા. ઉદ્ એટલે ઊંચે, આસીનતા એટલે બેસવાપણું, રાગ દ્વેષ આદિથી ઊંચે બેસવાપણું તે ઉદાસીનતા. (૫) સમભાવ (૬) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયા પછી, શુભ કર્મના ઉદયથી સુખસાધનો પ્રાપ્ત થાય. તો તેનાથી હર્ષ ન થાય. અને અશુભ કર્મના ઉદયથી દુઃખદાયક સંયોગો મળે તો તેનાથી શોક ન થાય. અર્થાત્ કોઈ પણ દશામાં વિષય ભાવો ન થતાં આત્મા સમભાવી જ રહે, એક જ સરખી વૃત્તિથી બન્નેને વેદે, તે ઉદાસીનતા. આ દશામાં કષાયોનો ઉપશમ અને ક્ષય હોવાથી, સુખ દુઃખ સમભાવે વેદાતા હોવાથી બન્ને પ્રકારનાં કર્મોનો નાશ થાય છે. વૈરાગ્યદશાની જેમ શુભની વૃદ્ધિ કે અશુભનો ક્ષય તે દશામાં થતાં નથી, કારણ કે બન્ને ભાવો તરફ તે, ઉદાસન હોય છે. આમ ઉદાસીનતા એ આત્માનો ગુણ છે. કેટલાક ઉદાસીનતાને દુઃખની સ્થિતિમાં ઉદ્ભવતી મનની નબળાઈ તરીકે ગણાવે છે તે અયોગ્ય છે. ઉદાસીનતા અને દીનતામાં ઘણો તફાવત છે. દીનતા લાચારીમાંથી પ્રગટે છે, ઉદાસીનતા આત્માના સામર્થ્યમાંથી પ્રગટે છે. ઉદાસીનતામાં અશુભ અને શુભકર્મની નિર્જરા સાથે સાથે પુણ્યાનું બંધી પુણ્ય બંધાય છે, ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી, સરાગ સંયમ હોય છે, ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર સંપૂર્ણપણે પાળી શકાતું નથી, અને કેટલીક શુભ વૃત્તિઓ ઉદયમાં આવી જતાં, પુણ્યાનું બંધી પૂણ્યનાં તીર્થકરગોત્ર જેવાં કર્મો બંધાય છે. (૭)

ઉદ્+આસીનતા, ઉત્= ઉંચે, રાગ-દ્વેષ, મોહ આદિ ભાવોથી અસ્પૃશ્ય, ઉચ્ચ આત્મસ્થિતિમાં, આસીનતા= બેસવાપણું, એ જ અધ્યાત્મની જનની છે. અર્થાત્ ઉદાસીનતા વિના અધ્યાત્મનો જન્મ સંભવતો નથી.

ઉદાસીનમ :પરદ્રવ્યથી વિરક્ત સ્વરૂપ

ઉદાહરણ :દૃષ્ટાંત

ઉદિત :પ્રગટ થતા; સિદ્ધ. (૨) પ્રકાશમાન; પ્રગટ

ઉદિત કરે છે. :સિદ્ધ કરે છે.

ઉદિત થવું :સિદ્ધ થવું; ઉદિત કરવું=સિદ્ધ કરવું.

ઉદિત થાય છે. :સિદ્ધ થાય છે.

ઉદીરણ પ્રવૃત્તિ :જે પરાથાદિ યોગે કરવી પડે, તે.

ઉદીરણા :આયુષ્ય કર્મના બંધની એવી વિચિત્રતા છે કે, જેને નિરુપક્રમ આયુષ્યનો ઉદય હોય તેને સમયે સમયે સરખું નિર્જરે, તેથી તે હૃદય કહેવાય છે, અને સોપક્રમ આયુષ્યવાળાને પહેલાં અમુક વખતતો ઉપર પ્રમાણે જ નિર્જરે, ત્યારે ઉદય કહેવાય, પણ છેલ્લાં અંતગૃહૂર્તમાં બધાં નિષેકો ભેગાં નિર્જરી જાય, તેથી તેને ઉદીરણા કહે છે.

ઉદીરણા :કાળપાક્યા પહેલાં, કર્મના ફળ તપાદિ કારણે ઉદયમાં આવે, તે ઉદીરણા.

ઉદીરણા :કર્મના હૃદયની માફક ઉદીરણા પણ કર્મ ફળની પ્રગટતાનું નામ છે. પરંતુ અહીં એટલી વિશેષતા છે કે, કોઈ ક્રિયાથી અથવા અનુષ્ઠાન વિશેષો દ્વારા કર્મને, પોતાના સમય પહેલાં જ પકવી લેવાય છે, અથવા અપકર્ષણદ્વારા તેના પાકવાના સમય પહેલાં જ, ઉદયમાં લઈ આવામાં આવે છે. તેને ઉદીરણા કહે છે.

ઉદીરણા કરવી :ઉદયમાં લાવવું.

ઉધ્યમાન :ઉદયમાં આવતું

ઉધ્યાધીન :પૂર્વ પ્રકૃતિનો ઉદય આવે, તેને વિવેક સહિત જાણે કે, એમાં મારું કર્તવ્ય નથી, અને તેમાં મમત્વ-રાગ ન કરે, પ્રકૃતિના ઉદયને જ્ઞાનભાવે જાણે, અને જ્ઞાનમાં જ્ઞાનપણે વર્તે, પણ તેમાં કોઈ ઈચ્છા, વિકલ્પ કે મમતા ન કરે.

ઉધાં :જુદાં

ઉધામવું :આમથી તેમ ઊંચકવું ને મૂકવું; ફીંદવું, ઊંચુ નીચું કરવું; મિથ્યા મહેનત કરવી; આમ તેમ ખોળવું; ઉથામીને તપાસવું.

ઉન્મુખ :તત્પર; લાગેલો. તત્પર; લાગેલો. (સ્વભાવ સન્મુખ) તત્પર; લાગેલો હોવાથી

ઉન્મગ્ન :ઉપર આવવું; તરી આવવું; પ્રગટ થવું.(મુખ્ય થવું.)

ઉન્મજજન :ઉપર લાવવું.

ઉન્મત :અહંકારી; ગર્વિષ્ઠ; ઉદ્ધત; મદને લીધે છકેલું; ગાંડું; મદાંધ; મદમસ્ત તોફાની. (૧) પાગલ; પોતે, આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ભગવાન છે, તેને ભૂલીને પુણ્ય-પાપના પરિણામ અને તેનાં ફળને, પોતાનાં માને, તેને ઉન્મત્ત એટલે પાગલ કહ્યો છે. (૨) મદાંધ માર્ગ; અહંકારી માર્ગ; ઉદ્ધત માર્ગ. (૩) પાગલ; સત્ અને અસત્ (વિદ્યમાન અને અવિદ્યમાન) પદાર્થોનું ભેદરૂપ જ્ઞાન (યથાર્થ વિવેક) ન જાણનારને, ઉન્મત્ત કહેવામાં આવે છે; જીવને સત્ અને અસત્ ની સમજણ રહિતની જે દશા છે, તે ઉન્મત્ત જીવે છે; અજ્ઞાન દશા; મિથ્યાત્વ (૪) ગાંડું; ભાન વગરનું; કેફી; છાકટું; ક્રોધી; અહંકારી; અનાદર; તિરસ્કાર; બેદરકારી; બેપરવાઈ; લાપરવાઈ. (૫) ઘેલું; ઉન્મત્તતા= ઘેલછા ભરેલું

ઉન્મત્ત દશા :મિથ્યાજ્ઞાન દશા.

ઉન્મત્તપણું :મદને લીધે છકેલું; મદાંધપણું; અહંકારીપણું; ઉદ્ધતપણું

ઉન્મત્તા :મદોન્મત્ત પણું; સત્તાનો શક્તિનો મદ ચઢવારૂપ ઉચિતપણું

ઉન્મત્તદશા :મિથ્યા જ્ઞાન દશા.

ઉન્મત્તપ્રલાપદશા :ઘેલછાભર્યો બકવાટ; ગાંડપણને લઈને કરવામાં આવતો, બડબડાટ; પાગલનો બકવાટ.

ઉન્મતતા :ઘેલછા; મૂર્ખામિ; અસ્થિરતાનો ચારિત્ર દોષ.

ઉન્મથન :ઉલટપલટ કરવું; મારી નાખવું; મારીને ખાઈ જવું. (૨) મારીને ખાઈ જનાર

ઉન્મની :અનાસકત; ઉદાસીન; અમનતા; નિઃસંગતા

ઉન્મનીભાવ :મનનો નાશ. (૨) આત્મ મસ્તી; આત્માની ખુમારી; આત્માની અનુભૂતિ (૩) ચિરકાલ પર્યન્ત પણ ધારેલા પ્રયત્નો વડે, જે વાયુ ધારી શકાતો નથી, તે વાયુ ખરેખર, ઉન્મની ભાવ પ્રાપ્ત થયે છતે, તત્ ક્ષણ સ્થિર થઈ જાય છે. બ્રહ્મ રન્દ્રમાં ચિત્ત રાખવાથી નાસ્તિકા દ્વારા વહેતો વાયુ, બંધ પડતો હોય એવું જણાય છે.

ઉન્મૂલન :જડમૂળથી કાઢી નાખવું તે; નિકંદન.

ઉન્મેશ :પ્રગટ થવું તે; પ્રાકટ્ય; સ્ફુરણ. (૨) મનોવલણના (અભિપ્રાયના) ફણગા.

ઉન્માદ :ઉન્મત્ત; મદાંધ; અહંકારી; ઉદ્ધત્ત; ઘેલછા; તોર; કામાસક્ત. (૧) ઉન્મત્તપણું; ગાંડપણ; તોર; મદ; તોફાન. (૨) સનેપાતનો, એક પ્રકાર. (૩) ઘેલછા; ગાંડપણ; મદ; તોર; (૪) વૃત્તિ કાબુમાં ન રહે, તે ઉન્માદ; અત્યંત બેદરકારી; ધર્મની કંઈ પડી જ ન હોય, છકી ગયો હોય તે ઉન્માદ. અસ્થિરતાનો રાગ; વ્યવહારના વિકલ્પ (૫) ઉલટો માર્ગ; ખરાબ રસ્તો; અનીતિનો રસ્તો. (૬) વિપરીત માર્ગ; અવળો માર્ગ; ખોટો માર્ગ; (૭) ઉલટો માર્ગ; ખરાબ રસ્તો; અનીતિનો રસ્તો; સન્માર્ગની સન્મુખ ન વર્તવું. (૮) વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ, અને ઉગ્રતા આચરવામાં આવે, તે અશુદ્ધ આત્માની પ્રાપ્તિનો માર્ગ છે.

ઉન્મીલિત થયાં :ખૂલ્યાં, વિકસ્યાં

ઉપકંઠ :પાદર; પરવાડ; તળેટી; પાડોશ; નીકનેનો નાકનો ભાગ; નિકટતા

ઉપકરણ :સાધન.

ઉપકરણો :સાધનો- સ્ત્રી, પુત્ર, વસ્ત્ર, આભૂષણાદિ ઉપકરણો. તેમાં મમતા ન કર

ઉપક્રમ :આરંભ; શરૂઆત; આશ્રય. (૨) ક્રમ પૂર્વક; એક પછી એક; ક્રમસર (૩) આરંભ; શરૂઆત; આશ્રય.

ઉપેક્ષા :અનાદર; તિરસ્કાર; માધ્યસ્થ; શુદ્ધ સમદષ્ટિના બળવીર્યને યોગ્ય થવું; નિસ્પૃહભાવે, જગતના પ્રતિબંધને વિસારી, આત્મહિતમાં આવવું; ઉદાસીનભાવના. (૨) ઉદાસીનતા; વિરક્તિ; નિસ્પૃહતા; મધ્યસ્થભાવ; શત્રુ તરફ સરખી લાગણી હોવાપણું. (૩) અવજ્ઞા (૪) ઉદાસીનતા; વિરક્તિ; નિઃસ્પૃહતા; મધ્યસ્થ ભાવ; અનાદર; તિરસ્કાર. (૫) રાગદ્વેષ રહિતપણું. (૬) બેદરકાર; અજાગૃત. (૭) ઉદાસીનતા; ત્યાગ. (૮) લક્ષવગર; અનાદર; તિર્સકાર; ત્યાગ; ઉદાસીનતા; અનપેક્ષા; બેદરકારી; અવગણના (૯) માધ્યસ્થ; નિસ્પૃહભાવે, જગતના પ્રતિબંધને વિસારી, આત્મહિતમાં આવવું; શુદ્ધ સમદષ્ટિના બળ વીર્યને, યોગ્ય થવું.

ઉપેક્ષા કરતો :ઈષ્ટાનિષ્ટ બુદ્ધિથી રહિત; સમભાવ ધરતો. પરમાનંદ નિમગ્ન. (૨) લક્ષ છોડીને

ઉપેક્ષા યોગ્ય :ઉદાસીનતા યોગ્ય; વિરક્તિયોગ્ય; નિસ્પૃહતા યોગ્ય, અનાદર યોગ્ય.

ઉપેક્ષા સંયમ :ત્રણ ગુપ્તિઓમાં ગુપ્ત રહેવું તે ઉપેક્ષા સંયમ છે.

ઉપેક્ષિત :બેદરકાર; બેપરવાઈ; લાપરવાઈ; અનાદર; તિરસ્કાર (૨) મધ્યસ્થ

ઉપકાર :નિમિત્ત (૧) ભલું; હિતકારી; રૂડું. (૨) ગુણ, સહાય, સહયોગ પણ કહે છે. (૩) ઉપગ્રહ; સહાયકતા; નિમિત્ત. એક દ્રવ્યને પોતાને પોતાના કારણે લાભ-નુકસાન થયું, ત્યારે બીજું કયું દ્રવ્ય તે વખતે નિમિત્તરૂપ હાજર હતું- તે સૂચવવા માટે ઉપકાર શબ્દ વપરાયછે. ઉપકારને સહાયક, બલાધાન, બહિરંગ સાધન, બહિરંગ કારણ, નિમિત્ત, નિમિત્તકારણ એ આદિ નામથી સંબોધે છે. (૪) સુખદાતા (૫) બદલાની આશા વિનાની ભલાઈ; સપાડું; (૬) કૃપા; મહેરબાની; આભાર; અહેસાન; પાડ; બદલાની આશા વિનાની ભલાઈ; સપાડું. (૭) દ્રવ્યોનો નિમિત્ત-નૈમિક્તિક સંબંધ. (૮) અનુગ્રહ; કૃપા; વ્યવહારિક કથન

ઉપકારક :ઉપયોગી.

ઉપકારક :કીર્તિ

ઉપગત :પામેલા; પ્રાપ્ત કરેલા

ઉપગ્રહ :બીજા દ્રવ્યનું ભલું કરવું; લાભ કરવો; નિમિત્તરૂપ નિમિત્ત; અપેક્ષા; કારણ; હેતુ (૨) એક જીવ બીજાને સુખનું નિમિત્ત, દુઃખનું નિમિત્ત, જીવનનું નિમિત્ત, મરણનું નિમિત્ત, સેવા શુશ્રુષા આદિનું નિમિત્ત હોય છે તેને ઉપગ્રહ કહે છે.

ઉપગૂહન :સમ્યગ્દર્શનનું પાંચમું અંગ છે. પોતાના ગુણની પ્રસંશા જ કરે, પણ સદ્‌ગુણ પ્રાપ્ત કર્યા કરે, પરના દોષ ઢાંકે, પોતાને દોષ લાગ્યા હોય, તેનું સદ્‌ગુરુ સમક્ષ આલોચના સહિત પ્રાયશ્ચિત લે, પોતાની નિંદા કરે, અને પરની નિંદા તજે, સદ્‌ગુરુનાં ગુણ ગાયને ઉપગૂહન નામનું પાંચમું અંગ છે. (૨) દોષ ઢાંકવો. બીજાના દોષ ઢાંકવા.

ઉપગૂહન (ઉપબૃંહણ) :પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે, સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે, ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે, તથા ગુણની વૃદ્ધિ થાય. ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે, આવો ભાવ તે સમ્યગ્દષ્ટિનું ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે. દોષને ઢાંકવા દૂર કરવા, અને ગુણને વધારવા એ બન્ને વાત ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ઉપગુહન અંગ ઉપગૂહનત્વ :મોક્ષ માર્ગ પોતે તો શુદ્ધ જ છે તેની અશક્ત અને અજ્ઞાની જીવોના આશ્રયે થતી નિંદાને દૂર કરવી તેને, ઉપગૂહન કહે છે. (સ્વસન્મુખ તાનાબળ વડે શુદ્ધિની વૃદ્ધિ કરવી તેને, ઉપબૃંહણ અંગ કહે છે.

ઉપગૂહન કર :પરવસ્તુના સર્વ ધર્મને ગોપવનાર અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી.

ઉપઘાત :નાશ (૨) સત્ય, યથાર્થ પ્રશસ્ત જ્ઞાનમાં દોષ લગાડવો, અથવા પ્રશંસવા લાયક જ્ઞાનને દૂષણ લગાડવું, તે ઉપઘાત છે. (૩) ઈજા; શારીરિક ઘવાયાપણું; આથડામણ; નાશ.

ઉપઘાત નામ કર્મ :જે કર્મના ઉદયથી પોતાનો ઘાત કરનારાં અંગ હોય, તેને ઉપઘાત નામ કર્મ કહે છે.

ઉપઘાતક :હણનાર

ઉપચય :સંચય; ઢગલો.

ઉપચરિત :ઉપચાર; દૂર ક્ષેત્રે; જૂઠી નિમિત્ત દષ્ટિથી વ્યવહારથી. (૨) જ્ઞાનમાં રાગ સ્થૂળપણે જણાય છે તેથી તે ઉપચરિત છે. કારણ કે રાગ એ આત્માનું સ્વરૂપ નથી, તેથી રાગને આત્મા કહેવો તે, ઉપચરિત છે. (૩) કથંચિત; કથનમાત્ર (૪) અસદ્‌ભૂત વ્યવહારનય આત્માની પર્યાયમાં જેરોગ છે, તે મૂળ સત્‌રૂપ વસ્તુમાં નથી. તેથી અસદભૂત છે. ભેદ પાડ્યો તેથી વ્યવહાર છે, અને જ્ઞાનમાં સ્થૂળ પણે જણાય છે, તેથી ઉપચારિત છે. આ રીતે રાગને આત્માનો કહેવો, તે ઉપચરિત અસદભૂત વ્યવહારનયનો વિષય છે.

ઉપચરિત અસદભૂત વ્યવહારનય :આત્માની પર્યાયમાં જે રાગ છે, તે મૂળ સત્‌રૂપ વસ્તુમાં નથી. તેથી અસદ્‌ભૂત છે. ભેદ પાડ્યો તેથી વ્યવહાર છે, અને જ્ઞાનમાં સ્થૂળપણે જણાય છે, તેથી ઉપચરિત છે. આ રીતે રાગને આત્માનો કહેવો, તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. જે સૂક્ષ્મ રાગનો અંશ, વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી. તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે.

ઉપચરિત કારણ :ઉપચાર કરીને કારણ કહેવું તે, ઉપચરિત છે.

ઉપચરિત સદભૂત વ્યવહારનય :આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે, તેમાં આત્માનું જ્ઞાન, રાગને જાણે, પરને જાણે એમ કહેતાં-તે જ્ઞાન પોતાનું હોવાથી, સદ્‌ભૂત ત્રિકાળમાં ભેદ પાડ્યો માટે, વ્યવહાર અને જ્ઞાન પોતાનું હોવા છતાં, પરને જાણે છે, એમ કહેવું તે ઉપચાર છે. આ રીતે રાગનું જ્ઞાન એમ કહેવું (અર્થાત્ જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું), તે ઉપચરિતસદ્‌ભૂત વ્યવહારનય છે.

ઉપચાર :વસ્તુ છે તો ખરી, પણ તેનું લક્ષ્ય કરવા યોગ્ય નથી. તેથી દ્રવ્યદષ્ટિમાં તેને ગૌણ કરી, ઉપચાર કહેલ છે. (૨) આરોપ કરીને; વ્યવહાર; અસત્યાર્થ. (૩) વ્યવહાર; વિધિસરનું આચરણ; બહારનો વિનય. (૪) જ્ઞાન આત્માનું પોતાનું હોવા છતાં, પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. (૫) વ્યવહાર નિરૂપણ (૬) પરનિમિત્તથી થાય તે ઉપચાર; કથનમાત્ર. (૭) બહારનો વિનય; કહેવા પૂરતું; (૮) બીજાને ખુશ કરવા કરેલું મિથ્યા કથન; કથન માત્ર (૯) કથંચિત; કોઈ એક પ્રકારે; કથન માત્ર. (૧૦) વ્યવહાર; લક્ષણ દ્વારા થતો અર્થ બોધ (૧૧) પર નિમિત્તથી થાય તે ઉપચાર; કથન માત્ર. (૧૨) વ્યવહાર કથન (૧૩) અસત્ય; કથન માત્ર; કહેવા પૂરતું. (૧૪) પરનિમિયથી થાય તે ઉપચાર. (૧૫) કથનમાત્ર; કેહવા પૂરતું; બીજાને ખુશ

કરવા કરેલું, મિથ્યા કથન (૧૬) પર નિમિત્તથી થાય તે ઉપચાર (૧૭) પરમાર્થે ખોટાં છે.

ઉપચારથી :માત્ર આરોપથી કહેવાય છે કે સંબંધ છે. બાકી ખરેખર તો કાંઈ સંબંધ છે જ નહિ. કથનમાત્ર; કહેવા પૂરતું.

ઉપચરિત નિરૂપણ :સત્યાર્થ નિરૂપણને બદલે, અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે ? સમાધાન-જેને સિંહનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન, હોય તેને સિંહના સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા, અર્થાત્ બિલાડીના સ્વરૂપના નિરૂપણ દ્વારા, સિંહના યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છ. તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ન હોય, તેને વસ્તુસ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા, વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે, સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા, ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવા યોગ્ય છે, કે-જે પુરુષ, બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની, બિલાડીને જ સિંહ સમજી બેસે, ને તો ઉપદેશને જ યોગ્ય નથી. તેમ જે પુરુષ ઉપચરિત નિરૂપણને જ, સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને, ખોટી રીતે સમજી બેસે, તે તો ઉપદેશને જ યોગ્ય નથી.

ઉપજ્ઞ :સ્વયં જાણીને કહેવાયેલા. (૨) સ્વયં જાણીને પ્રણીત કરેલું.

ઉપજીવન :ગૌણ પેટાજીવન; વ્યવહાર જીવન. (૨) આજીવિકા (૩) અન્યને આધારે જીવનારું; સેવા-પરિચર્યા કરી જીવનારું; નોકર-ચાકર

ઉપજીવિકા :આજીવિકા જેથી મળે તે; વ્યાપાર વગેરેમાં ન્યાયથી વર્તે. (૨) આજીવિકા જેથી મળે તે ઉપજીવિકા એટલે વ્યાપાર વગેરેમાં ન્યાયથી વર્તે.

ઉપજોવા :ઉપજવું; ઉત્પાત; ઉત્પત્તિ

ઉપદેશ :આજ્ઞા (૨) બોધ; સલાહ; શિખામણ; ગુરુમંત્રનું પ્રદાન. (૩) ઉપદેશના ચાર મુખ્ય પ્રકાર છે :- (a) દ્રવ્યાનુયોગ (b) ચરણાનુયોગ (c) ગણિતાનુયોગ (d) ધર્મકથાનુયોગ.

(a) લોકને વિષે રહેલા દ્રવ્યો, તેનાં સ્વરૂપ, તેના ગુણ, ધર્મ, હેતુ, અહેતુ પર્યાયાદિ અનંત અનંત પ્રકારે છે, તેનું જેમાં વર્ણન છે, તે દ્રવ્યાનુયોગ.

(b) આ દ્રવ્યાનુયોગનું સ્વરૂપ સમજાયા પછી, કેમ ચાલવું તે સંબંધીનું વર્ણન, તે ચરણાનુયોગ.

(c) દ્રવ્યાનુયોગ અને ચરણાનુયોગથી, તેની ગણતરીનું પ્રમાણ, તથા લોકને વિષે રહેલા પદાર્થ, ભાવો, ક્ષેત્ર, કાળાદિની ગણતરીના પ્રમાણની જે વાત, તે ગણિતાનુયોગ.

(d) સત્પુરુષોનાં ધર્મચરિત્રની કથાઓ કે જેનો ધડો લઈ, જીવને પડતાં અવલંબનકારી થઈ, પરિણમે તે ધર્મકથાનુયોગ.

ઉપદેશ અને ઉપદેશક :વળી જેમનાથી ઉપદેશ મળે એમ ન કહેતાં, જેમનાથી યથાર્થ ઉપદેશ મળે, એમ ભાષા વાપરી છે. એમાં પણ ભાવ છે. અહીં ઉપદેશ સાંભળનાર ગુરુ પણ, વીતરાગી સત્પુરુષ જ હોવા જોઈએ. જ્યાં જ્યાં માથાં ફોડે, તો મિથ્યાત્વની જ પૃષ્ટિ થાય છે. તેથી યથાર્થ ઉપદેશદાતાનો પણ નિર્ણય કરવાની જવાબદારી છે, જે સત્પુરુષનાં વચનો, વીતરાગતાની પુષ્ટિ કરે, તેમનાં જ વચનો સાંભળવા યોગ્ય છે. એવા સત્પુરુષ પણ શોધી કાઢવા પડશે. શ્રીમદે કહ્યું છે ને કે, સત્પુરુષને શોધ. ઉપદેશ અને ઉપદેશક બન્ને, વીતરાગનાં પોષક હોવાં જોઈએ. જુઓ, નિમિત્ત પણ યથાયોગ્ય હોય છે. વીતરાગનાં વચનો તો એવાં હોય છે કે, તે એકદમ આત્માનો આશ્રય કરાવી પરનો આશ્રય છોડાવે છે.

ઉપદેશક :શિષ્યની જે ખામીઓ હોય છે, તે જે ઉપદેશકના ખ્યાલમાં આવતી નથી, તે ઉપદેશકર્તા ન સમજવો. આચાર્યો એવા જોઈએ કે, શિષ્યનો અલ્પ દોષ પણ જાણી શકે, અને એનો યથાસમયે બોધ પણ આપી શકે. (૨) આત્મજ્ઞાન સમદર્શિતા, વિચારે ઉદય પ્રયોગ; અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. સદ્‌ગુરુ યોગ્ય એ લક્ષણો દર્શાવ્યાં તે મુખ્ય પણે વિશેષ પણે ઉપદેશક અર્થાત્ માર્ગપ્રકાશક સદ્‌ગુરુનાં લક્ષણ કહ્યાં છે. ઉપદેશક ગુણસ્થાન છઠ્ઠું અને તેરમું છે; વચલાં સાતમાથી બારમાં સુધીનાં ગુણ સ્થાન અલ્પકાળવત છે એટલે ઉપદેશક પ્રવૃત્તિ તેમાં ન સંભવે. માર્ગ ઉપદેશક પ્રવૃત્તિ છ્ઠ્ઠેથી શરૂ થાય. છઠ્ઠે ગુણસ્થાન કે સંપૂર્ણ વીતરાગદશા અને કેવળજ્ઞાન નથી. તે તો તેરમે છે, અને યથાવત માર્ગ ઉપદેશકપણું તેરમે ગુણ

સ્થાને વર્તતા સંપૂર્ણ વિતરાગ અને કૈવલ્ય સંપન્ન પરમ સદગુરુ શ્રી જિન તીર્થંકરાદિને વિષે ઘટે. તથાપિ છઠ્ઠે ગુણસ્થાનકે વર્તતા મુનિ જે સંપૂર્ણ વીતરાગતા અને કૈવલ્યદશાના ઉપાસક છે, તે દશા અર્થે જેનાં પ્રવર્તન પુરુષાર્થ છે, તે દશાને સંપૂર્ણપણાને જે પામ્યા નથી, તથાપિ તે સંપૂર્ણ દશાપામવાના માર્ગ સાધન, પોતે પરમ સદગુરુ શ્રી તીર્થંકરાદિ આપ્તપુરુષના આશ્રયવચનથી જેણે જાણ્યાં છે, પ્રતીત્યાં છે, અનુભવ્યાં છે. અને એ માર્ગ સાધનની ઉપાસનાએ, જેની તે દશા ઉત્તરોત્તર વિશેષ વિશેષ પ્રગટ થતી જાય છે, તથા શ્રી જિન તીર્થંકરાદિ પરમ સદગુરુનું તેના સ્વરૂપનું ઓળખાણ જેના નિમિત્તે થાય છે, તે સદગુરુને વિષે પણ માર્ગનું ઉપદેશકપણું અવિરોધરૂપ છે. તેથી નીચેના પાંચમાં ચોથા ગુણસ્થાન કે માર્ગનું ઉપદેશકપણું ઘણું કરી ન ઘટે; કેમ કે ત્યાં બાહ્ય (ગૃહસ્થ) વ્યવહારનો પ્રતિબંધ છે, અને બાહ્ય અવિરતિ રૂપ ગૃહસ્થ વ્યવહાર છતાં વિરતિરૂપ માર્ગનું પ્રકાશવુ, એ માર્ગને વિરોધરૂપ છે. ચોથાથી નીચેના ગુણસ્થાનકે તો માર્ગનું ઉપદેશકપણું ઘટે જ નહિં, કેમ કે ત્યાં માર્ગની, આત્માની તત્ત્વની, જ્ઞાનીની ઓળખાણ પ્રતીતિ નથી, તેમજ સમ્યગ્ વિરતિ નથી, અને એ ઓળખાણ પ્રતીતિ અને સમ્યગ્ વિરતિ નહીં છતાં તેની પ્રરૂપણા કરવી, ઉપદેશક થવું એ પ્રગટ મિથ્યાત્વ, કુગુરુપણું અને માર્ગનું વિરોધપણું છે. ચોથે પાંચમેં ગુણસ્થાને એ ઓળખાણ પ્રતીતિ છે. અને આત્મજ્ઞાનાદિ ગુણો અંશોવર્તે છે અને પાંચમામાં દેશવિરતિપણાને લઈ ચોથાથી વિશેષતા છે, તથાપિ સર્વવિરતિના જેટલી ત્યાં વિશુદ્ધિ નથી.

ઉપદેશજ્ઞાન :જન્મમરણાદિ કલેશવાળા, આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં, વિવેકીને રુચિ કરવી હોય નહીં; માતાપિતા, સ્વજનાદિક સર્વનો, સ્વાર્થરૂપ સંબંધ છતાં આ જીવ, તે મળનો આશ્રય કર્યા કરે છે, એ જ તેનો અવિવેક છે; પ્રત્યક્ષ રીતે, ત્રિવિધ તાપરૂપ આ સંસાર જણાતાં છતાં, મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઈચ્છે છે; પરિગ્રહ, આરંભ અને સંગ, એ સૌ અનર્થના હેતુ છે, એ આદિ જે શિક્ષા છે, તે ઉપદેશ જ્ઞાન છે. વિષર્યાસ બુદ્ધિનું બળ ઘટવા, યથાવત વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે, અને એવાં જે જે સાધનો સંસાર ભય દઢ કરાવે છે, તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે, તે ''ઉપદેશબોધ' છે.

ઉપદેશજ્ઞાન અને સિદ્ધાંતજ્ઞાન એમ બે પ્રકારે કહેવાની શું જરૂર હતી? :સિદ્ધાંતનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદગુરુથી સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દઢ થવું ઘટે છે, કે જે ઉપદેશજ્ઞાનમાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે. વૈરાગ્ય અને ઉપશમ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય; અને સહેજ સહેજમાં સિદ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક, બળવાનપણે હોય છે, વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં. આગમમાં ''સિદ્ધાંત બોધ' કરતાં વિશેષણે વૈરાગ્ય અને ઉપશમને કથન કર્યાં છે. કેમ કે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે, અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે.

ઉપદેશબોધ :પદાર્થના નિર્ણયને પામવા, જીવને અંતરાયરૂપ, તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે કે અવ્યક્તપણે, વિપર્યાસપણે પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે, તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે, પ્રવેશ થવા, જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધન કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દઢ કરાવે છે, તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે,તે ઉપદેશબોધ છે.

ઉપદાન :પાત્રતા

ઉપદિષ્ટ :ઉપદેશેલું; સમઝાવેલું.

ઉપઘાતનામ કર્મ :જે કર્મના ઉદયથી, પોતાનો જ ઘાત કરનારું અંગ હોય.

ઉપધાન :ધર્મશાસ્ત્ર ભણવાની લાયકાત મેળવવા કરવામાં આવતું તપ

ઉપધિ :શરીર. (૨) પરિગ્રહ (૩) પરિગ્રહ (પરિગ્રહ સર્વથા અશુદ્ધ ઉપયોગ વિના હોતો નથી) તેથી અશુદ્ધ ઉપયોગના સદ્ભાવને લીધે, પરિગ્રહ એકાંતિક બંધરૂપ છે. ઉપાધિના સદ્ભાવમાં (હયાતીમાં) (•) મમત્વ-પરિણામ જેનું લક્ષણ છે, એવી મૂર્છા (•) ઉપાધિ સંબધી ક્રમ પ્રકમ (કામમાં જોડાવું તે; કામની અવસ્થા) નાં પરિણામ જેનું લક્ષણ છે, એવો આરંભ, અથવા (•)

શુદ્ધાત્મસ્વરૂપની હિંસારૂપ પરિણામ જેનું લક્ષણ છે, એ અસંયમ (એ ત્રણે) અવશ્યં ભાવી હોય છે. (૪) ઉકાર; પરિગ્રહ; ઉપકરણ

ઉપધિમાં :પરિગ્રહમાં. ઉપધિ = પરિગ્રહ.

ઉપપન્ન :યોગ્ય.

ઉપન્યાસ :કથન; સૂચન; લખાણ; પ્રારંભિક કથન; પ્રસ્તાવન. (૨) પાસે, જોડાજોડ મુક્યું તે; થાપણ; આડમાં મૂકેલી વસ્તુ, લખાણ, સૂચના; દરખાસ્ત

ઉપનિષદ્ :ઉપ-સમીપે. નિષદ[1]-બેસીને = સમીપે બેસવું.

ઉપપત્તિ :પુરાવો; પ્રમાણ; સિદ્ધિ; યુક્તિ; સાબિતીમાં પ્રમાણો અને ઉદાહરણો બતાવવાની ક્રિયા. (૨) સિદ્ધિ; પ્રાપ્તિ; અનુભૂતિ. (૩) નિષ્પન્ન થવું; સિદ્ધ થવું; પ્રાપ્તિ; સિદ્ધિ.

ઉપપન્ન :ઉચિત; યોગ્ય; ઘટિત; ન્યાયયુક્ત.

ઉપપન્ન નથી :બની શકતી નથી; ઘટતી નથી; યોગ્ય નથી.

ઉપપાદ :પુદગલોનું અન્ય પર્યાયરૂપ પરિણમવું, તે ઉપપાદ છે. (૨) વિવક્ષિત ગતિમાંથી અન્યગતિમાં ઉત્પન્ન થવું તે ઉપપાદ છે. જીવોના વિગ્રહ સહિત અને વિગ્રહ વિના આગમન, ગમન, અયન અને ઉપપાદને પણ સર્વજ્ઞ ભગવાન જાણે છે. (૩) જન્મ (૪) વિવક્ષિત ગતિમાંથી અન્ય ગતિમાં ઉત્પન્ન થવું તે, ઉપવાદ છે.

ઉપપાદ જન્મ :માતા-પિતાને રજ અને વીર્ય વિના દેવ અને નારકીઓના નિશ્ચિતસ્થાન વિશેષમાં ઉત્પન્ન થવાને, ઉપપાદ જન્મ કહે છે. આ ઉપપાદ જન્મવાળું શરીર વૈક્રિયિક રજકણોનું બને છે.

ઉપપાદજન્મ કોને કહે છે. :દેવ અને નારકીઓને ઉપપાદજન્મ જ હોય છે, અર્થાત્ ઉપપાદ જન્મ તે જીવોને જ હોય છે.

ઉપબૃહક :આત્મશક્તિનો વધારનાર

ઉપબૃંહણ :(આત્માનો ધર્મ) વધારવો. (૨) ઉપબૃંહણનો અર્થ વધારવાનું છે. ઉપબૃંહણ નામના ગુણ અર્થે માર્દવ, ક્ષમા, સંતોષાદિ ભાવનાઓ વડે, નિરંતર પોતાના આત્માના ધર્મની અર્થાત્ શુદ્ધ સ્વભાવની વૃદ્ધિ કરવી જોઈએ. અને બીજાના દોષોને ગુપ્ત રાખવા પણ જોઈએ. એ પણ કર્તવ્ય છે.

ઉપભોગ :જે વસ્તુ વારંવાર ભોગવાય, તે ઉપભોગ કહેવાય. (૨) વારંવાર ભોગવી શકાય એવી વસ્તુ.

ઉપભોગ પરિભોગ પરિણામ :શિક્ષાવ્રતનાં પાંચ અતિચાર :-

(૧) સચિત્ત-જીવવાળાં (કાચાં ફળ વગેરે) પદાર્થો.

(૨) સચિત્ત પદાર્થોની સાથે મળેલા, પદાર્થો.

(૩) ગરિષ્ટ પદાર્થો,

(૪) દુઃપક્વ, અર્થાત્ અર્ધ પાકેલ કે માઠી રીતે પાકેલ પદાર્થો,-તેમનો આહાર કરવો - એ પાંચ ઉપભોગ પરિભોગ શિક્ષાવ્રતના અતિચારો છે.

ભોગ=જે વસ્તુ એક જ વખત વપરાય, તે ભોગ. જેમકે, અન્ન; તેને પરિભોગ પણ કહેવાય છે.

ઉપભોગ=જે વસ્તુ વારંવાર વપરાય, તે ઉપભોગ. જેમકે વસ્ત્ર વગેરે.

ઉપમેય :ઉપમા અલંકારમાં જે મુખ્ય વર્ણ્ય છે, તે પદ કે જેની અન્ય ઉપમાન સાથે સરખામણી કરવામાં આવે છે. (૨) જ્ઞાન (૩) ઉપમા (૪) સરખામણી; તુલના; દાખલો; ઉદાહરણ; દૃષ્ટાંત. (૫) સરખામણી; મળતાપણું

ઉપમાન :વર્ણ્ય વ્યક્તિ દ્રવ્ય કે ક્રિયા વગેરેની અન્ય સાથે સરખામણી કરવામાં આવે, તે વ્યક્તિ, દ્રવ્ય કે ક્રિયા બતાવનારો શબ્દ. (૨) છ પ્રમાણોમાંનું એક પ્રમાણ (૩) દર્પણ

ઉપેય :ફળ; સાધ્ય; કાર્ય (૨) માર્ગફળ; માર્ગનું ફળ; સિદ્ધરૂપે (૩) ફળ; પ્રાપ્તિ, પરિપૂર્ણ શુદ્ધ પરિણમન, તે ઉપેય ફળ છે. (૪) ઉપાય દ્વારા જે સાધ્ય અથવા પ્રાપ્ય હોય, તેને ઉપેય કહે છે.

ઉપયુક્ત :જોડાવું

ઉપયુક્ત :યોગ્ય; લાયક; ઉચિત; વાજબી; ઉપયોગી; જોડાવું. (૨) ઉપયોગમાં લીધેલું; વાપરેલું; કામનું; ઉપયોગી; યોગ્ય; લાયક; ઉચિત; વાજબી; બંધબેસતું આવે તેવું. (૩) ઉપયોગ આકારે પરિણમવું; (૪) યોગ્ય; તન્મય.

(૫) આત્મસ્વભાવમાં જોડાવું (૬) ઉપયોગને તેમાં જ જોડીને; ઉપયોગની અંતર એકાગ્રતા (૭) જોડાવું; વિભાગમાં રંગાવું.

ઉપયુક્ત થઈને :ઉપયોગને તેમાં જ જોડીને તેના પ્રત્યે જ ચેત રાખવી, વા તેમાં જ જાગ્રત રહેવું.

ઉપયન્ન :ઉચિત.

ઉપેયભાવ :સકળ કર્મનો વિનાશ થતાં જે વસ્તુ નિષ્પન્ન થાય છે, તે પ્રકાર.

ઉપયોગ :ચેતનાની પ્રવૃત્તિ; શબ્દાદિ વિષયોમાં, ઈંદ્રિયોનું જોડાણ. (૨) ચૈતન્યગુણ સાથે સંબંધ રાખવાવાળા જીવના, પરિણામને ઉપયોગ કહે છે. ઉપયોગને જ્ઞાન-દર્શન પણ કહેવાય છે, તે બધા જીવોમાં હોય છે, અને જીવ સિવાય, બીજા કોઈ દ્રવ્યમાં હોતા નથી, તેથી તેને જીવનો અસાધારણ ગુણ અથવા લક્ષણ કહે છે; વળી તે સદ્‌ભૂત (આત્મભૂત) લક્ષણ છે. તેથી બધા જીવોમાં સદાય હોય છે. (૩) ચેતનાના પરિણામસ્વરૂપ ઉપયોગ,જીવદ્રવ્યની પરિણતિ છે. (૪) લક્ષ; રુચિ (૫) ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે. તે ચૈતન્ય સ્વભાવને અનુસરતો, આત્માનો જે પરિણામ, તેને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ જીવનું નિર્બાધ લક્ષણ છે. (૬) આત્માના જ પરિણામોને અનુસરીને થતાં, જ્ઞાનના પરિણામો, તે ઉપયોગ; ભાવ. (૭) કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે, થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા. (૮) સંભાળ; સાવચેતી; દરકાર. (૯) ચેતનાની પરિણતિ; જેથી પદાર્થનો બોધ થાય. (૧૦) આત્માનો ચૈતન્ય-અનુવિધાયી (અર્થાત્ ચૈતન્યને અનુસરનારો) પરિણામ, તે ઉપયોગ છે. તે પણ બે પ્રકારનો છે - જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. ત્યાં વિશેષને ગ્રહનારું જ્ઞાન છે, અને સામાન્યને ગ્રહનારું, દર્શન છે. (અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે, તે જ્ઞાન છે અને સામાન્ય જેમાં પ્રતિભાસે, તે દર્શન છે). વળી ઉપયોગ સર્વદા, જીવથી અપૃથગ્‌ભૂત જ છે, કારણકે, એક અસ્તિત્વથી રચાયેલા છે. (૧૧) (ઉપયોગ, સદા જીવથી અભિન્ન જ છે, કારણકે, તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે. ચેતનાનો પરિણામ, તે તે ઉપયોગ છે. આ ઉપયોગ, જીવરૂપી લક્ષ્યનું લક્ષણ છે.) (૧૨) ચિત્પરિણામ જેનું લક્ષણ (સ્વરૂપ) છે, એવો ઉપયોગ હોય છે. (૧૩) ચૈતન્ય-અનુવિધાયી પરિણામ, અર્થાત્ ચૈતન્યને અનુસરતો પરિણામ, તે ઉપયોગ છે. સવિકલ્પ ઉપયોગ, ને જ્ઞાન અને નિર્વિકલ્પ ઉપયોગને, દર્શન કહેવામાં આવે છે. જ્ઞાનોપયોગના ભેદોમાંથી, માત્ર કેવળજ્ઞાન જ શુદ્ધ હોવાથી, સકળ (અખંડ, પરિપૂર્ણ) છે. અને બીજા બધા અશુદ્ધ હોવાથી, વિકળ (ખંડિત, અપૂર્ણ) છે; દર્શનોપયોગના ભેદોમાંથી માત્ર, કેવળદર્શન જ શુદ્ધ હોવાથી, સકળ છે અને બીજા બધા અશુદ્ધ હોવાથી, વિકળ છે. (૧૪) ચૈતન્યગુણ સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને, ઉપયોગ કહે છે. ઉપયોગ, સદા જીવથી અભિન્ન જ છે, કારણકે, તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે. (૧૫) ઉપયોગના બે પ્રકાર છે : (•) ઉપયોગ એટલે જાણવું-દેખવું, એવો ત્રિકાળી ગુણ અને (•) ઉપયોગ એટલે આ જાણવું-દેખવું ત્રિકાળ છે, એમ નિર્ણય કરનારી પર્યાય-જાણનાર પર્યાય, વ્યક્ત છે અને પ્રસિદ્ધ છે. જાણવું, જાણવું, જાણવું એ લક્ષણ પ્રસિદ્ધ છે, તેનાથી પ્રસાધ્યમાન આત્માને, સાધી શકાય છે, જાણી શકાય છે. (૧૫) ઉપ= સમીપમાં, યોગ= જોડાઈને ટકી રહેવું તે. જ્ઞાનસ્વરૂપમાં જોડાઈને ટકી રહેવું, તે ઉપયોગ છે. (૧૬) જ્ઞાનાવરણના ક્ષયોપશમ વિશેષનું નામ લબ્ધિ છે, અને તેના નિમિત્તથી આત્માના જાણવારૂપ ભાવ થાય છે, તે ઉપયોગ છે. (૧૮) ચેતનાની પ્રવૃત્તિ; શબ્દાદિ વિષયોમાં ઈન્દ્રિયોનું જોડાણ; સંભાળ; સાવચેતી; દરકાર (૧૯) ધ્યાન; સાવચેતી; સંકલ્પ-વિકલ્પ મૂકી દેવા તે ઉપયોગ. (૨૦) જ્ઞાન દર્શન ચરિત્રરૂપ ઉપયોગથી ભાવધર્મ થાય છે. (૨૧) આત્માની નિર્મળ અવસ્થા; ચૈતન્ય વેપાર તે શુદ્ધ છે, નિરંજન છે. (૨૨) જીવની જ્ઞાન-દર્શન અથવા જાણવા દેખવાની શક્તિનો વ્યાપાર (૨૩) ઉપયોગ ને આત્માનો ચૈતન્યાનુવિધાથી પરિણામ છે. જેના મૂળ વિભાગ, દર્શન અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના છે. અને આ ભેદની દૃષ્ટિએ દેખવા તથા જાણવારૂપ ચૈતન્યાનું, વિદ્યાથી પરિણામને ઉપયોગ કહે છે. (૨૪) ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે તે ચૈતન્ય સ્વભાવને અનુસરતો, આત્માનો જે પરિણામ, તેને ઉપયોગ કહેવામાં આવે છે.

ઉપયોગ જીવનું નિર્બોધ લક્ષણ છે. (૨૫) સાધન; અધૂરું શુદ્ધ પરિણમન તે ઉપાય કારણમાર્ગ છે. (૨૬) ચેતનાની પરિણતિ વિશેષને ઉપયોગ કહે છે. ચેતના સામાન્ય ગુણ છે. અને જ્ઞાન દર્શન એ બે, ચેતનાની પર્યાય યા અવસ્થાઓ છે. તેમને ઉપયોગ કહે છે. (૨૭) ચેતનાના પરિણામ સ્વરૂપ ઉપયોગ જીવદ્રવ્યની પરિણતી છે. (૨૮) આત્માના ચૈતન્ય ગુણને અનુસરીને વર્તવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. ઉપયોગ બધા જીવોને સમયે સમયે થઇ રહ્યો છે. (૨૯) જ્ઞાનનું કષાયો સાથે જોડાવું (૩૦) આત્માનો ચૈતન્યને અનુસરીને વર્તનારો પરિણામ તે, ઉપયોગ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છે. અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છેઃ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. (૩૧) ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે, શરીરાદિનાં કાર્યો હું કરી શકું, હું તેને હલાવી-ચલાવી શકું એમ જે જીવો માને છે, તે ચેતન અને જડદ્રવ્યને એકરૂપ માને છે, તેઓની એ ખોટી માન્યતા છોડાવવા, અને જીવદ્રવ્ય જડથી સર્વથા જુદું છે એમ બતાવવા, જીવનું અસાધારણ લક્ષણ ઉપયોગ છે એમ અહીં બતાવ્યું છે. નિત્ય ઉપયોગ લક્ષણવાળું જીવદ્રવ્ય કહી પુદ્ગલ દ્રવ્ય પણે (શરીરાદિપણે) થતું જોવામાં આવતું નથી અને નિત્ય જડ લક્ષણવાળું શરીરાદિ પુદ્ગલ દ્રવ્ય કદી જીવદ્રવ્યપણે થતું જોવામાં આવતું નથી; કારણ કે ઉપયોગ અને જડપણાને એકરૂપ થવામાં, પ્રકાશ અને અંધકારની માફક, વિરોધ છે. જડ અને ચેતન એ બન્ને સર્વથા જુદાં જુદાં છે, કદાચિત કોઇપણ રીતે એકરૂપ થતાં નથી; તેથી હે જીવ! તુ સર્વ પ્રકારે પ્રસન્ન થા! તારું ચિત્ત ઉજ્જ્વળ કરી સાવધાન થા, અને સ્વદ્રવ્યને જ, આ મારું છે એમ અનુભવ, આવો શ્રી ગુરુઓ ઉપદેશ છે. જીવ, શરીર અને દ્રવ્યકર્મ એક આકાશપ્રદેશે બંધરૂપ રહ્યાં છે. તેથી તે ઘણા મળેલા પદાર્થોમાંથી, એક જીવ પદાર્થને જુદો જાણવા માટે, આ સૂત્રમાં જીવનું લક્ષણ કહેવામાં આવ્યું છે. (૩૨) ચેતનાની પ્રવૃત્તિ (૩૩) સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે. તે ગુણ સ્થાનોને સંક્ષેપથી ઉપયોગરૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્ય પૂર્વક (ઘટતો ઘટતો) સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તરતમત્ય પૂર્વક (વધતો વધતો)અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્ય પૂર્વક (વધતો વધતો) શુભોપયોગ અને છેલ્લા બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ આવું વર્ણન કથંચિત થઇ શકે છે. (૩૪) આત્માની નિર્મળ અવસ્થા; ચૈતન્ય વેપાર તે શુદ્ધ છે, નિરંજન છે, મલિન નથી. દ્રવ્ય ગુણમાં તો મેલ નથી, પરંતુ અવસ્થામાં પણ મેલ નથી. (૩૫) ચૈતન્યને અનુસરીને વર્તનારો પરિણામ તે, ઉપયોગ છેઃ ઉપયોગ બે પ્રકારનો છેઃ

• જ્ઞનોપયોગ અને •. દર્શનો પયોગ.

જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે.

• સ્વભાવ જ્ઞાનોપયોગ અને • વિભાવજ્ઞાનોપયોગ.

સ્વભાવ જ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છેઃ

• કાર્યસ્વભાવ જ્ઞાનોપયોગ (અર્થાત કેવળ જ્ઞાનોપયોગ) અને • કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ (અર્થાત સહજ જ્ઞાનોપયોગ.

• વિભાવ જ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છેઃ • સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને • મિથ્યા વિભાગ જ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવ જ્ઞાનોપયોગ).

•સમ્યક્ વિભાવ જ્ઞાનોપયોગના ચાર ભેદો (સુમતિ જ્ઞાનોપયોગ, સુશ્રુત જ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યય જ્ઞાનોપયોગ). મિથ્યા વિભાવ જ્ઞાનોપયોગના કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે : • કુમતિ જ્ઞાનોપયોગ, • કુશ્રુત જ્ઞાનોપયોગ અને • વિભંગ જ્ઞાનો પયોગ અર્થાત કુઅવધિ જ્ઞાનોપયોગ.

(૩૬)ચૈતન્ય સ્વભાવને અનુસરીને થતો આત્માનો વ્યાપાર તે ઉપયોગ છે.(૩૭) ચૈતન્ય ગુણ સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને, ઉપયોગ કહે છે. ઉપયોગને જ્ઞાન-દર્શન પણ કહે છે. બધા જીવોમાં હોય છે અને જીવ સિવાય, બીજા કોઇ દ્રવ્યમાં હોતો નથી. તેથી તેને જીવનો અસાધારણ ગુણ, અથવા લક્ષણ કહે છે. વળી તે સદ્ભૂત (આત્મભૂત) લક્ષણ છે તેથી બધા જીવોમાં સદાય હોય છે. (૩૮) જાણવાની દશા; નિર્માણ જાણવા દેખવાની મારી અવસ્થા. (૩૯) શુદ્ધોપયોગ, શુભ

ઉપયોગ, અને અશુભ ઉપયોગ- એ ત્રણ છે. આ ચારિત્રગુણની અવસ્થા છે. (તથા જાણવું-દેખવું તે જ્ઞાન દર્શન ગુણનો ઉપયોગ છે, તો વાત અહીં નથી.) (૪૦) ઉપયોગ છે તે આત્માની અવસ્થા છે. તે પણ શુદ્ધ જ છે. વસ્તુ તે શુધ્ધ છે જ, પણ તેનો ઉપયોગ એટલે અવસ્થા પણ અનાદિથી શુદ્ધ છે, નિરંજન છે, મલિનતા વગરની છે. અનાદિથી આત્મામાં ત્રણ પ્રકારની અવસ્થા છે. ઊંધી માન્યતા (મિથ્યાત્વ), ઊંધું જ્ઞાન (અજ્ઞાન) અને ઊંધી એકાગ્રતા (અવિરતિ) એ, ત્રણ પ્રકારનો વિકાર છે. જો કે આત્માના ઉપયોગનો વેપાર-અવસ્થા તો શુદ્ધનયથી શુદ્ધ છે. અહીં તો બંધ-મોક્ષ અને કર્મના સદ્‌ભાવ-અભાવની અપેક્ષા વગરની વાત છે, વસ્તુ તો દ્રવ્યથી ને ગુણથી વર્તમાનમાં, ત્રણ કાળના સામર્થ્યથી ભરપૂર છે, શુદ્ધ છે અને વસ્તુની વર્તમાનકાળ એટલે વર્તમાન અંશ, તે પણ શુદ્ધ છે. વસ્તુના વર્તમાન શુદ્ધ ઉપયોગનો વેપાર એટલે કે શુદ્ધ પર્યાય, તે એક જ પ્રકારે છે, તે પર્યાય ઊણી નથી, અધૂરી નથી, મલિન નથી, પણ શુદ્ધ નિરંજન એક જ પ્રકારે પૂરી છે. વસ્તુ તો શુદ્ધ નિરંજન છે, પણ તેના પરિણામ એટલે અવસ્થા, તે પણ શુદ્ધ નિરંજન છે. વસ્તુ હોય તેને વર્તમાન હોય ને? વર્તમાન વગરની વસ્તુ હોય ન હોય, અને વસ્તુની જેવો સ્વભાવ હોય તેવો જ તેનો અંશ હોય. તેનો વર્તમાન અંશ વિકારી અને અધૂરો ન હોય. વિકાર દેખાય છે, તે કર્મની અપેક્ષાવાળી સાપેક્ષ પર્યાય છે. મૂળ સ્વભાવભૂત નિરપેક્ષ પર્યાયમાં, વિકાર નથી, તે પર્યાય અનાદિ અનંત છે. શુદ્ધ છે. નિરંજન છે. તેને કારણ, પર્યાય કહેવાય છે. ગયા કાળની અવસ્થા અને ભવિષ્યની અવસ્થાનું સામર્થ્ય દ્રવ્યમાં ધ્રુવરૂપે છે. અને તેનો વર્તમાન વેપાર પણ ધ્રુવ છે. આકાશાદિમાં પદાર્થમાં પોતાના સ્વભાવની જાતનો જ નિર્મળ ઉત્પાદ-વ્યય થાય છે, અને આત્મામાં રાગ-દ્વેષના વિકારી ઉત્પાદ-વ્યયનું પરિણમન થાય છે. તે સાપેક્ષ પર્યાય છે. નિમિત્તના સદભાવની અપેક્ષા લાગુ પડે ત્યાં સંસાર અવસ્થા છે અને અભાવની અપેક્ષા લાગુ પડે, ત્યાં મોક્ષ અવસ્થા છે. તે બન્ને સાપેક્ષ છે. પણ આત્મા માં આકાશાદિ પદાર્થની જેમ, નિર્મળ નિરપેક્ષ પર્યાય પણ છે. કારણ કે આકાશ પણ પદાર્થ છે. અને આત્મા પણ પદાર્થ છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે જો નિરપેક્ષ હોય, તો જ વસ્તુની અખંડતા થાય છે. વસ્તુ અનંત ગુણ અન અનંત પર્યાયનો પિંડ છે. ગયા કાળમાં જે થઈ ગઈ, અને ભવિષ્યમાં જે થશે, તે બધી પર્યાયના સામર્થ્યરૂપ દ્રવ્ય છે. મોક્ષપર્યાય જે બહાર આવે છે, એટલે કે પ્રગટે છે, તે બધી તાકાત દ્રવ્યમાં ભરી પડી છે. વસ્તુ પોતે ગુણ-પર્યાયનો પિંડ છે. તો તેમાં શુધ્ધ કારણ પર્યાય પણ છે. જે વસ્તુ હોય, તેને વર્તમાન પણ હોય, વર્તમાન વગરની વસ્તુ ન હોય અને વર્તમાન અંશ પણ વસ્તુની જાતનો જ હોય. એક પરમાણુ છે તે વસ્તુ છે, વસ્તુમાં તેના સ્વભાવની જાતની જ નિર્મળ પર્યાય હોય. જેમ સ્ફટિકમાં નિર્મળ પર્યાય છે, તેમ આત્માનાં પણ નિર્મળ પર્યાય છે; સ્ફટિક તો સ્કંધની પર્યાય છે. તેથી તે મૂળ શૂદ્ધ પર્યાય નથી. દાખલો શું અપાય? વસ્તુ જ દાખલા વિનાની છે. આ વિષય તદ્દન જુદી જાતનો જ છે, અપૂર્વ છે. (૪૧) કોઈપણ વસ્તુનો જે વડે બોધ થાય તે વસ્તુ કોઈ પણ વસ્તુ સંબંધી લાગણી, બોધ, જ્ઞાન. (૪૨) સામાન્ય પણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિરૂપ, ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ. (૪૩) વિકારી ઉપયોગ (૪૪) અજ્ઞાનરૂપ ઉપયોગ ત્રણ પ્રકારનો છે, મિથ્યા દર્શન, અજ્ઞાન અને અવિરતિ, એ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ છે. તે પરનાં અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી, સ્વ-પરના સમસ્ત ભેદને છૂપાવીને, પોતાના સવિકાર ચૈતન્ય પરિણામનો કર્તા થાય છે. (૪૫) ચૈતન્ય ગુણ સાથે સંબધ રાખવાવાળા જીવના પરિણામને, ઉપયોગ કહે છે. ઉપયોગને જ્ઞાન-દર્શન પણ કહેવાય છે. તે બધા જીવોમાં હોય છે અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં હોતા નથી, તેથી તેને જીવનો અસાધારણ ગુણ અથવા લક્ષણ કહે છે. વળી તે અદ્‌ભૂત (આત્મ ભૂત) લક્ષણ છે. તેથી તે બધા જીવોમાં હોય છે. (૪૬) ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે. તે ચૈતન્ય સ્વભાવને અનુસરતો આત્માનો જે પરિણામ, તેને ઉપયોગ કહેવામાં આવે છે. ઉપયોગ જીવનું નિર્બાધ્ય લક્ષણ છે. (૪૭) આત્માનું લક્ષણ છે. અને તે દર્શન અને જ્ઞાનના ભેદથી બે પ્રકારનો બતાવ્યો છે. આત્માના ચૈતન્યાનુસાર પરિણામ છે. (૪૮) જ્ઞાનનો વ્યાપાર (૪૯)

ચેતનાની પ્રવૃત્તિ; શબ્દાદિ વિષયોમાં ઇન્દ્રિયોનું જોડાણ. (૫૦) જ્ઞાન-દર્શન, અર્થાત્ જાણવું-દેખવું ઉપયોગ છે તે, ગુણ (લક્ષણ) છે. જીવનો ગુણ ઉપયોગ છે. આત્માનો જાણવા-દેખવાનો જે ત્રિકાળી ભાવ છે તેને અનુસરીને વર્તનારો-થનારો વર્તમાન પરિણામ-પર્યાય તે, ઉપયોગ છે. (૫૧) જીવના લક્ષણરૂપ ચૈતન્ય ને અનુરૂપ પરિણામને, ઉપયોગ કહે છે. (૫૨) ઉપયોગ આત્માનું લક્ષણ છે, તેને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. આત્માના આલંબનથી ઉપયોગ પ્રગટ થાય છે. બાહ્ય પદાર્થોના આલંબનથી ઉપયોગ પ્રગટ થતો નથી. આત્માને તો પર પદાર્થોનું આલંબન નથી. પણ તેના ઉપયોગને પણ બાહ્ય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ લક્ષણને લક્ષ્ય, એવા આત્માનું આલંબન છે. પર પદાર્થોના આલંબનથી, એટલે કે દેવ-ગુરુ જીવાણીના આલંબનથી, આત્માનો ઉપયોગ પ્રગટ થતો નથી. પણ સ્વના આલંબનથી જ ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગની અસ્તિ જ્ઞેય પદાર્થોને લઈને નથી, પણ તે જેનું લક્ષણ છે એવા આત્માની અસ્તિરૂપ છે. તે ઉપયોગને પરનું આલંબન કેમ હોય? ઘણું વાંચે, ઘણું સાંભળે, માટે શુદ્ધિની વૃદ્ધિ થાય છે, એમ નથી. પણ શુદ્ધિની વૃદ્ધિ, આત્માના અવલંબને થાય છે. (૫૩) વ્યાપાર (૫૪) જ્ઞાન તો વ્યાપાર (૫૫) ચૈતન્ય ગુણ સાથે સંબંધ રાખવાવાળા જ્ઞાન-દર્શન રૂપ જીવના પરિણામને, ઉપયોગ કહે છે. ઉપયોગને જ્ઞાન-દર્શન પણ કહેવાય છે. તે બધા જીવોમાં હોય છે. અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં હોતો નથી, તેથી તેને જીવનો અસાધારણ ગુણ અથવા લક્ષણ કહે છે; વળી તે સદ્ભૂત (આત્મભૂત) લક્ષણ છે. તેથી બધાં જીવોમાં સદાય હોય છે. (૫૬) આત્મામાં જે વર્તમાન જાણવા દેખવાના ભાવ છે તે પરિણામ અસ્તિ છે ને? તો તે જાણવા-દેખવાના પરિણામ કાંઈ સામે જાણવા. દેખવાની ચીજ છે તેને લઈને અહીં (જીવમાં) થાય છે એમ નથી; પણ પોતે અંદર ભગવાન આત્મા ચૈતન્યવસ્તુ ત્રિકાળ છે તેની ચૈતન્ય જ્ઞાનને દર્શન એવી શક્તિને અનુસરીને તે થાય છે. આ રીતે જીવના દ્રવ્ય-ગુણ છે પર્યાયની સ્વતંત્રતા છે. સ્વતંત્ર અસ્તિ છે એમ કહે છે, તેના (જીવના) ગુણ દ્રવ્યના આશ્રયે છે, ને તેનું પરિણમન પણ ગુણના આશ્રયે છે; અર્થાત્ જાણવા-દેખવા રૂપ જે પ્રકાશ છે. કાયમી ગુણ હોય તે કાયમી ગુણરૂપ પ્રકાશ દ્રવ્યના આશ્રયે છે, અને તે જે પ્રકાશ છે તેના આશ્રયે તેને અનુસરીને આ જ્ઞેયને કે ઇન્દ્રિયને અનુસરીને થતા નથી. ભારે વાત ભાઈ ! અહા કહે છે. આત્માની.....અહાહા.....! આત્મા એ તો સ્વભાવવાન ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ થઈ, ને ચૈતન્ય એ એનો ધ્રુવ, અવિનાશી ગુણ શક્તિ ભાવ સ્વભાવ થયો, ને તેને અનુવર્તી પરિણામ તેને અનુસરીને થતો, વર્તમાન પરિણામ દશા, વર્તમાન અંશ, વર્તમાન પર્યાય-અવસ્થા-હાલત, તે ઉપયોગ છે; અર્થાત્ તેને ઉપયોગ કહેવામાં આવે છે. જુઓ, આ ઉપયોગનું સ્વરૂપ! ભાઈ, તારે મન જો એમ હોય કે આંખ આદિ ઇન્દ્રિ છે કે સામે પુસ્તક છે, તો અંદર જાણવા દેખવાની પર્યાય-વર્તમાન દશા થાય છે તો તે તારો ભ્રમ છે! ભ્રાન્તિ છે; એ તારું અજ્ઞાન છે. સમજાયે છે કાંઈ? (૫૭) ચેતનાની પરિણતિ, જેથી પદાર્થને બોધ થાય; ધર્મ. (૫૮) ક્ષયોપશમ હેતુથી ચેતનાના પરિણામ વિશેષને ઉપયોગ કહે છે. (૫૯) શક્તિના પરિણમનનું નામ ઉપયોગ છે. (૬૦) જાણવા દેખવાનો વર્તમાન વ્યાપાર (૬૧) જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. અને તે અશુદ્ધ ઉપયોગ વિશુદ્ધિ અને સંક્લેશરૂપ ઉપરાગને લીધે, શુભ અને અશુભપણે દ્વિવિધતાને પામ્યો થશે, જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતાને પામે છે, એવું જે પર દ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે. (૬૨) ચેતનાની પ્રવૃત્તિ; જ્ઞાનસ્વરૂપી આત્માની સ્વસ્વરૂપમાં પ્રવૃત્તિ (૬૩) પ્રથમ તો ઉપયોગ, ખરેખર આત્માનો સ્વભાવ છે. કારણ કે તે ઉપયોગ ચૈતન્યને અનુસરીને થતો પરિણામ છે. અને તે ઉપયોગ, જ્ઞાન ને દર્શન છે. કારણ કે ચૈતન્ય આકાર અને નિરાકાર એમ ઉભયરૂપ છે. હવે આ ઉપયોગના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ, પાડવામાં આવે છે. તેમાં શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (નિર્વિકાર) છે; અશુદ્ધ ઉપયોગ સોપરાગ (સવિકાર) છે. અને તે અશુદ્ધ ઉપયોગ શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે. (૬૪) વર્તના પરિણામ (૬૫) ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે, તે ચૈતન્ય સ્વભાવને અનુસરતો, આત્માનો જે જ્ઞાન દર્શન રૂપ પરિણામ, તેને ઉપયોગ કહેવામાં આવે છે.

ઉપયોગ જ્ઞાન દર્શનરૂપ પરિણામ, એ જીવનું નિર્બોધ લક્ષણ છે. (૬૬) સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને, મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યાં છે. તે ગુણસ્થાનોને સંક્ષેપથી પૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણ સ્થાનસુધી તારતમ્યપૂર્વક વધતો વધતો શુભોપયોગ, સાતમાંથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્ય પૂર્વક શુદ્ધોપયોગ, અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ, આવું વર્ણન કથંચિત થઈ શકે છે. (૬૭) જીવના લક્ષણરૂપ ચૈતન્યાનું વિદ્યાથી પરિણામને, ઉપયોગ કહે છે. (જીવના લક્ષણરૂપ ચૈતન્યને અનુરૂપ પરિણામને, ઉપયોગ કહે છે.)

ઉપયોગ ગુણ :જાણન-દેખનરૂપ ગુણ; જ્ઞાનગુણ.

ઉપયોગ ગુણ અધિક છે. :ઉપયોગ ગુણ વડે જુદો જણાય છે.

ઉપયોગ ચૈતન્ય અનુવિધાયી પરિણામ છે :ઉપયોગ, ચૈતન્યને અનુસરીને થતો,પરિણામ છે.

ઉપયોગ જાગૃતિ :પૂરેપૂરી તકેદારી

ઉપયોગ પૂર્વક :લક્ષપૂર્વક

ઉપયોગ વિશુદ્ધ :શુદ્ધોપયોગી. (૨) શુધ્ધોપયોગી તે આત્મા જ્ઞાનવરણ, દર્શાનાવરણ, અંતરાય અને મોહરૂપી રજથી રહિત સ્વયમેવ થઈ થકો જ્ઞેયભૂત પદાર્થોના પારને પામે છે. (૩) શુદ્ધોપયોગી; ચૈતન પરિણામ સહિત ઉપયોગ.

ઉપયોગ વિશુદ્ધરૂપ અને સંક્લેશરૂપ :વિકાર, મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ.

ઉપયોગ સ્વરૂપ :જ્ઞાન દર્શન સ્વભાવરૂપ; જાણવા દેખવાના સ્વભાવ વાળો આત્મા

ઉપયોગાત્મા :ઉપયોગરૂપ, નિજ સ્વરૂપ.

ઉપયોગને ઊંડે લઈ જવો. :ઉપયોગને સ્વમાં લઈ જવો; જ્ઞાયકભાવને આત્મામાં વાળવો; ઉપયોગ સ્વમાં વળતાં-ઢળતાં, આત્માના દર્શન થાય છે.

ઉપયોગના ભેદો :તે ઉપયોગના, જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ, એવા બે ભેદ છે; વળી તેઓ ક્રમથી આઠ અને ચાર ભેદસહિત છે. અર્થાત્ જ્ઞાન ઉપયોગના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ (એ પાંચ સમ્યગ્જ્ઞાન), અને કુમતિ, કુશ્રુત તથા કુઅવધિ (એ ત્રણ મિથ્યાજ્ઞાન), એમ આઠ ભેદ છે, તેમજ દર્શન ઉપયોગના, ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવળ, એમ ચાર ભેદ છે. આ રીતે જ્ઞાનના આઠ અને દર્શનના ચાર ભેદો મળી, ઉપયોગના કુલ બાર ભેદ છે.

ઉપયોગભૂ :આત્માનુંરાગાદિક સાથે હોવું; ઉપયોગભૂમિ.

ઉપયોગમયી :'જ્ઞાનશક્તિ સાકાર ઉપયોગમયી' છે. 'ઉપયોગવાળી' એમ નહિ, ઉપયોગમયી એમ કહીને, ઉપયોગનું જ્ઞાનગુણ સાથે અભેદપણું હોવાનું સિદ્ધ કર્યું છે. જે ઉપયોગ જ્ઞાનસ્વભાવી સ્વદ્રવ્યમાં એકાકાર અભેદ થઈ પ્રવર્તે તેને જ કહે છે, અમે ઉપયોગ કહીએ છીએ.

ઉપયોગમાં :જાણનક્રિયામાં.

ઉપયોગમાં ઉપયોગ છે :ઉપયોગમાં કહેતાં જાણનક્રિયામાં, ઉપયોગ છે, કહેતાં ધ્રુવ ત્રિકાળી આત્મા છે. જાણનક્રિયા, તે આધાર અને ધ્રુવ વસ્તુ તે આધેય કહી છે. ઉપયોગરૂપ જાણનક્રિયામાં આત્મા જણાયો, તેથી અહીં જાણનક્રિયાને આધાર કહી, અને તેમાં જે ધ્રુવ આત્મા જણાયો, તે વસ્તુને આધેય કહી છે. (૨) જાણનક્રિયામાં, ધ્રુવ ત્રિકાળી આત્મા છે. (જાણનક્રિયા તે આધાર અને ધ્રુવવસ્તુ, તે આધેય કહી છે. ઉપયોગરૂપ જાણનક્રિયામાં, ત્રિકાળી આત્મા જણાયો, તેથી અહીં જાણનક્રિયાને આધાર કહી, અને તેમાં જે ધ્રુવ આત્મા જણાયો, તે વસ્તુને આધેય કહી છે.) (૩) ઉપયોગમાં ઉપયોગ એટલે સમ્યગ્દર્શનની નિર્વિકલ્પ પરિણતિમાં ઉપયોગ, એટલે ત્રિકાળી આત્મા આવે છે. જણાય છે. આત્મા તો આત્મારૂપે ઉદાસીન રૂપે પડયો જ છે પણ નિર્વિકલ્પ થતો શુદ્ધાપયોગમાં ત્રિકાળી ઉપયોગ સ્વરૂપ આત્મા જણાય છે.

ઉપયોગરૂપ :અનુભવરૂપ (૨) જ્ઞાતા, દ્રષ્ટા સ્વરૂપ આત્મા; જાણવા દેખાવરૂપ આત્મા

ઉપયોગરૂપ મતિજ્ઞાન :આ કાળું છે, આ પીળું છે, ઈત્યાદિરૂપે અર્થગ્રહણ વ્યાપાર (પદાર્થને જાણવાનો વ્યાપાર), તે ઉપયોગરૂપ મતિજ્ઞાન છે.

ઉપયોગવૃત્તિ :ઉપયોગરૂપ પરિણતિ

ઉપયોગવિશુદ્ધ :શુદ્ધ ઉપયોગી.

ઉપયોગવિશેષ :ઉપયોગનો ભેદ; ઉપયોગનો પ્રકાર; અમુક પ્રકારનો ઉપયોગ. (અશુદ્ધ ઉપયોગ, પરદ્રવ્યના સંયોગનું કારણ છે.)

ઉપયોગસ્વભાવમય :જાણવા-દેખવાના સ્વભાવરૂપ, ચેતન.

ઉપયોગાત્મા :ઉપયોગરૂપ નિજ સ્વરૂપ.

ઉપયોગાત્મા વડે :ઉપયોગરૂપ નિજ આત્મા વડે.

ઉપયોગી :ઉપકારી

ઉપરક્ત :ઉપરાગયુક્ત; (કોઈ પદાર્થમાં થતો અન્ય ઉપાધિને અનુરૂપ વિકાર, (અર્થાત્ અન્ય ઉપાધિ, જેમાં નિમિત્તભૂત હોય છે, એવી ઔપાધિક વિકૃતિ-મલિનતા-અશુદ્ધિ), તે ઉપરાગ છે.) (૨) મલિન; વિકારી. (પરદ્રવ્યના નિમિત્તે,આત્માનો સ્વધર્મ વિકારી થાય છે.) (૩) વિકૃત; મલિન. (૪) રંગાયેલી; (૫) ઉપરાગયુક્ત; અશુદ્ધ. (૬) મલિન; વિકારી. (પરદ્રવ્યના નિમિત્તે, આત્માનો સ્વધર્મ ઉપરક્ત થાય છે.) (૭) ઉપરાગયુક્ત (કોઈ પદાર્થમાં થતો અન્ય ઉપાધિને, અનુરૂપ વિકાર (અર્થાત્ અન્ય ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ-મલિનતા-અશુદ્ધિ), તે ઉપરાગ છે.) (૮) મલિન; વિકૃત; વિકારી; કલુષિત. (૯) માલિન; વિકારી (વીર, ન્યાયના નિમિત્તે આત્માને સ્થાને થયા છે.

ઉપરક્ત ઉપયોગ :મલિન ઉપયોગ પૂર્વક

ઉપરક્ત ઉપયોગવાળો :રંજિત ઉપયોગવાળો

ઉપરક્તપણું :વિકૃતપણું; મલિનપણું; રંજિતપણું; ઉપરાગવાળાપણું. (૨) મલિનપણું; વિકારીપણું; મોહાદિપરિણામે પરિણમવું તે. (જેમ કોઈ પુરુષ, તપેલા લોખંડના ગોળા વડે પરને ઈજા કરવા ઈચ્છતો થકી, પ્રથમ પોતે પોતાને ઈજા કરે છે (પોતે પોતાના જ હાથને બાળે છે), પછી પરને તો ઈજા થાય કે ન થાય-નિયમ નથી; તેમ જીવ તપેલા લોખંડના ગોળા સમાન, મોહાદિપરિણામે પરિણમતો થકો, પ્રથમ તો નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ, નિજ શુદ્ધ ભાવપ્રાણને ઈજા કરે છે, પછી પરના દ્રવ્યપ્રાણોને, તો ઈજા થાય કે ન થાય-નિયમ નથી.) નિર્વિકાર, સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધ ભાવપ્રાણને જ, ઈજા કરે છે,

ઉપરંજક :ઉપયોગ કરનારા; મલિનતા કરનારા; વિકર કરનારા.

ઉપરણ :વિકાર બે પ્રકારનો છે : વિશુદ્ધિરૂપ અને સંકલેશરૂપ એમ બે પ્રકારનો છે. વિશુદ્ધિરૂપ ઉપરાગ, મંદકષાયરૂપ વિકાર છે અને સંકલેશરૂપ ઉપરાગ તીવ્રકષાયરૂપ, વિકાર છે. મંદકષાયરૂપ ઉપરાગને શુભ વિકાર કહે છે. અને તીવ્રકષાયરૂપ ઉપરાગને અશુભ વિકાર કહે છે.

ઉપરતપાપ :જેને પાપ વિરામ પામ્યું છે. ઉપરત= વિરામ પામવું.

ઉપર તરતો :તેમને જાણતાં છતાં, તે રૂપ નહિ થતો.

ઉપરમ :વિરામ; અટકી જવું તે. (જ્ઞાનીને જ્ઞાનીપણાને લીધે, કાય-વચન-મન સંબંધી કાર્યો અટકી જવાથી, ત્રિગુપ્તપણું પ્રવર્તે છે.) (૨) વિરામ પામવું તે.

ઉપર્યુક્ત :ઉપર કહેલું;

ઉપરવટણો :પીસવાનો પત્થર; વાટવાનો પથ્થર; ખલનો બત્તો.

ઉપકાર કરવો :ટકાવી રાખવું; ટકી રહેવું.

ઉપરાગ :કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો, ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપાધિક ભાવ; વિકાર; મલિનતા. (૨) બાલાશ. (૩) માલિનતા; વિકાર ઉપરાગ મંદકષાયરૂપ અને તીવ્ર કષાય રૂપ એમ બે પ્રકારનો હોવાથી, અશુદ્ધ ઉપયોગ પણ શુભ અને અશુભ એવા બે પ્રકારનો છે. તેમાં શુભ ઉપયોગ પુણ્યરૂપ, પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે. અને અશુભ ઉપયોગ પાપરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે. પરંતુ જ્યારે બંન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે ત્યારે, ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે પર દ્રવ્યના સંયોગનું અકારણ જ રહે છે. અર્થાત્ શુદ્ધ ઉપયોગ, પરદ્રવ્યના સંયોગનું કારણ નથી. (૪) કોઈ પદાર્થમાં, અન્ય ઉપાધિની સમીપતાના નિમિત્તે થતો ઉપાધિને અનુરૂપ વિકારી ભાવ; ઔપચારિક ભાવ; વિકાર; મલિનતા.

ઉપરાંઠા :નજીકનું; પાસેનું; મોટો અવાજ કરવો. (૨) અનાસક્ત

ઉપરાંત :વિશેષ સમજવું કે; વધારાનું

ઉપરામ :વિરામ પામવું. (૨) વૈરાગ્ય; નિર્વેદ; ઉપરતિ; ઉપરમ; શાંત થવું; ઉપેક્ષા.

ઉપરામતા :નિવૃત્તિ. ઉત્કર્ષ, અપકર્ષ અને સંક્રમણ, એ સત્તામાં રહેલી કર્મપ્રવૃત્તિનાં થઈ શકે છે; ઉદયમાં આવેલી પ્રવૃત્તિનાં, થઈ શકે નહિ. (૨) નિવૃત્તિ

ઉપરાર :કહેવાપૂરતું; કથનમાત્ર;

ઉપરોક્ત :ઉપર કહેલી; ઉપર્યુક્ત.

ઉપલક :ઉપર ટપકે.

ઉપલક દૃષ્ટિ :ખોટી દૃષ્ટિ; બાહ્ય દૃષ્ટિ;

ઉપલકપણે :ઉપર ચોટિયું: ફાલતું; વધારાનું; ટપકાવી રાખવું; અસંપૂર્ણ

ઉપલક્ષણ :દર્શન; નિરીક્ષણ; નિર્ણીતતા ; વ્યાખ્યા; એખ બીજાથી જુદું પાડનારું ચિહ્ન; વાચ્યાર્થ સાથોસાથ લક્ષ્યાર્થનું જ્ઞાનક

ઉપલબ્ધ :પ્રાપ્ત. (૨) અનુભવવું (૩) અનુભવતા. (૪) જણાયેલું.

ઉપલબ્ધ કરતા થકા :અનુભવતા થકા.

ઉપલબ્ધ કરતો :અનુભવતો

ઉપલબ્ધ કરવું :અનુભવ કરવો; અનુભવવું.

ઉપલબ્ધિ :ક્ષયોપશમ (૨) અનુભૂતિ (૩) અનુભવ; પ્રાપ્તિ. (૪) મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી, જનિત અર્થગ્રહણશક્તિ (પદાર્થને જાણવાની શક્તિ), તે ઉપલબ્ધિરૂપ મતિજ્ઞાન છે. (૫) જ્ઞાનવરણીય કર્મના, ક્ષયોપશમના નિમિત્તે ઉપજેલી, પદાર્થોને જાણવાની શક્તિ. (આ લબ્ધ શક્તિ જ્યારે ઉપયુક્ત થાય, ત્યારે જ પદાર્થ જણાય.) (૬) ક્ષયોપશમ; ઈન્દ્રિયો દ્વારા પદાર્થને જાણવું. (૭) બોધ; જ્ઞાન; પ્રાપ્તિ; લાભ. (૮) પ્રાપ્તિ, શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ (૯) મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે, એવી અર્થગ્રહણ શક્તિ (પદાર્થને જાણવાની શક્તિ) તે, ઉપલબ્ધિ છે. બીજા પદાર્થોને જાણવાની શક્તિ તે ઉપલબ્ધિ છે. ઉપલબ્ધિ કહો કે લબ્ધિ કહો-એક જ છે. અહા! તે પ્રગટ થયેલી લબ્ધિ દશા અંદરના ત્રિકાળી જ્ઞાનને અનુસરીને થાય છે; સાંભળીને કે વાંચીને તે પ્રગટ થાય છે એમ નથી.

ઉપલંભક :જણાવનાર; જાણવામાં નિમિત્તભૂત. (ઈન્દ્રિયજ્ઞાનને, પદાર્થો જાણવામાં નિમિત્તભૂત મૂર્ત, પંચેન્દ્રિયાત્મક શરીર છે.)

ઉપલભ્ય :જણાવા યોગ્ય.

ઉપલભ્યમાન :અનુભવરૂપ

ઉપવાસ :ઉપ એટલે સમીપ, વાસ એટલે વસવું, આનંદના નાથ ભગવાન આત્માની સમીપ વસવું, તે ઉપવાસ છે. (૨) ઉપનામ સમીપમાં-ભગવાન આનંદના નાથની સમીપમાં-વાસ એટલે વસવું,-અનુભવ વડે વસવું; આત્મામાં અનુભવ વડે લીન થવું, તે ચારિત્ર છે. (૩) ઉપવસતિ ઈતિ ઉપવાસઃ આત્માની, ચિદાનંદસ્વરૂપ ભગવાનની સમીપ વસુવું તે, ઉપવાસ છે; અને તે તપને નિર્જરા છે. (૪) ઉપવસતિ ઈતિ ઉપવાસ; શુદ્ધ ચૈતન્યની સમીપમાં વસવું, તે ઉપવાસ છે. (૫) વિકલ્પમાં ન રોકાવું અને આત્મામાં રોકાવું તે ખરો ઉપવાસ છે. શુભ પરિણામરૂપ ઉપવાસ તે પુણ્યબંધનું કારણ છે પરંતુ આત્મામાં રોકાવું તે ઉપવાસ મોક્ષનું કારણ છે.

ઉપશપ શ્રેણી :ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણી બે પ્રકારે છે. એક આજ્ઞારૂપઃ એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવા રૂપ. આજ્ઞારૂપ પણ આજ્ઞા આરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે, આ નજરે જોયેલી આત્માએ અનુભવેલી વાત છે.કોઈ શાસ્ત્રમાંથી નીકળી આવશે. ન નીકળે તો કંઈ બાધ નથી. તીર્થંકરોના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે. તે દશા શાથી અવરાઈ? તે દશા વર્ધમાન કેમ ન થઈ? લોકના પ્રસંગથી મનેચ્છાથી, અજાગૃતપણાથી ઈ. આવા કિંચિત પ્રમાદકારણ યોગે તે પોતાના આત્માને અનુભવમાં આવેલી ઉચ્ચદશા, આગળ ન વધતાં આવરણ પામી હતી; અને અંતે તો ઉપશમભાવની પ્રાપ્તિને લઈ ઉપશમશ્રેણી થઈ, ત્યાંથી પડવાનું થયું હતું. એમ પોતે પૂર્વે ઉપશમ શ્રેણી માંડી હતી, અને ત્યાંથી પડયા હતા.

ઉપશમ :કષાયાદિનું ઘણું જ મંદપણું; તે પ્રત્યે વિશેષ ખેદ. (૨) જીતવું. (૩) કષાયાદિનું ઘણું જ મંદપણું; તે (કષાય) પ્રત્યે, વિશેષ ખેદ. (૪) વિરામ;

અટકી જવું તે. (જ્ઞાનીને, જ્ઞાનીપણાને લીધે કાય-વચન-મન સંબંધી કાર્યો અટકી જવાથી, ત્રિગુપ્તપણું વર્તે છે. (૫) ગૃહ કુટુંબાદિ ભાવને વિષે, અનાસક્ત બુદ્ધિ થવી, તે વૈરાગ્ય છે; અને તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો, એવો જે કષાય (ક્રોધ, માન, માયા, લોભ) ક્લેશ તેનું મંદ થવું, તે ઉપશમ છે. (૬) ગૃહ કુટુમ્બ પરિગ્રહાદિ ભાવને, વિષે જે અહંતા મમતા અને તેની પ્રાપ્તિ, અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો, એવો જે કષાય,-ક્લેશ (રાગ-દ્વેષ કષાયરૂપ) તેનું મંદ થવું, તે ઉપશમ છે. (૭) જડકર્મ, જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી, આત્મા ભાવ્યરૂપ થતો હતો તેને ભેદજ્ઞાનના બળથી, જુદો અનુભવ્યો, તે જિનમોહ જિન થયો. ઉપશમ શ્રેણી ચઢતાં, મોહના ઉદયનો અનુભવ ન રહે, પણ પોતાના બળથી ઉપશમાદિ કરી, આત્માને અનુભવે, તે જિનમોહ છે. ઉપશમાદિ કેમ કહ્યું ? ઉપશમ શ્રેણીમાં જ્ઞાન, દર્શન અને વીર્યનો ક્ષયોપશમ ભાવ હોય છે, અને જેમ પાણીમાં મેલ હોય, તે ઠરીને નીચે બેસી જાય, તેમ વિકાર (ચારિત્રમોહ) ઉપશમશ્રેણીમાં દબાઈ જાય છે, પણ તેનો ક્ષય થતો નથી, તેથી તેને ઉપશમ કહે છે. ઉપશમ એક મોહકર્મનો હોય છે, ત્યારે ક્ષયોપશમ, ઉદય, ક્ષય, ચારેય ઘાતીકર્મનો હોય છે. ક્ષયોપશમ ભાવ ૧ થી ૧૨ ગુણસ્થાન સુધી, ક્ષાયિકભાવ ૪ થી ૧૪ ગુણસ્થાન સુધી, અને ઉદયભાવ ૧ થી ૧૪ ગુણસ્થાન સુધી હોય છે. પરિણામિકભાવ, તો સદાય સર્વ જીવોને હોય છે. (૮) વૈરાગ્ય અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય કલેશ, તેનું મંદ થવું, તે ઉપશમ છે. (૯) પ્રાપ્તિ; મેળવવું તે, કમાણી કરવી તે. (૧૦) સત્તામાં આવરનું રહેવું.

ક્ષાયોપશમ અને જ્ઞાયિક ભાવ :જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય એટલે પાણી નીતરીને નિર્ણળ થઇ ગયું હોય છે. તેમ જેમાં કષાય દબાઇ ગયો હોય છે એવી પર્યાય નિર્મળ પ્રગટ થાય છે. અને તે દશાને ઉપશમભાવ કહે છે. કંઇક નિર્મળતા અને હજુ મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષયોપશમભાવ કહે છે. અને રાગનો જેમાં સર્વથા ક્ષય થઇ જાય છે એ પર્યાયને જ્ઞાયિક ભાવ કહે છે. આ ત્રણને ભાવત્રય કહેવામાં આવે છે. આ ત્રણ ભાવ મોક્ષમાર્ગરૂપ છે; તેમાં મોક્ષમાર્ગમાં ઉદયભાવ સમાતો નથી. આ વ્યવહાર રત્નત્રયના પરિણામ જે ઉદયભાવ છે, તે મોક્ષમાર્ગમાં સમાતાં નથી.

ઉપશમ :કષાયની મંહતા; શાંત થવાની ક્રિયા; ઇંદ્રિયો ઉપરનો સંયમ; વૈરાગ્ય

ઉપશમે છે :શાંત થાય છે. ઉપશમવું=શાંત થવું.

ઉપશમ પરિણામ :વીતરાગ ભાવ.

ઉપશમ પામવું. :દબાઇ જવું.

ઉપશમ રસ :શાંતરસ, અકષાયી; વીતરાગસ્વરૂપી,

ઉપશમ સમ્યક્ :સમ્યક્ પતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી ત્યાં સુધી, ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ.

ઉપશમ સમ્યકત્વ :અનંતાનુબંધીની ચાર અને દર્શન મોહનીયની ત્રણ એ સાત પ્રકૃતિઓનો ઉપશમ થવાથી ઉપશમ સમ્યકત્વ થાય છે. ઉપશમ સમ્યકત્વનો ઉત્કૃષ્ટ અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે.

ઉપશમ સમ્યગ્દર્શન :અનંતાનુ બંધી કષાયની ચોકડી અને મિથ્યાત્વમોહ તે પ્રકૃત્તિઓ, જ્યારે જીવ ઉપશમ સમ્યગ્દર્શન પામે છે, ત્યારે ઉપશમી જાય છે, ઠરી જાય છે, દબાઇ જાય છે. જેમ પાણીનો ડોળ હોય અને ફટકડી નાખતાં તે ડોળ નીચે બેસી જાય, ત્યારે પાણીની નિર્મળ અવસ્થા થાય છે. તેમ આત્મામાં ઉપશમ સમ્યગ્દર્શન થાય ત્યારે કર્મનો ડોળ નીચે બેસી જાય છે. તે ઉપશમ સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ મોહ પ્રવૃત્તિના ત્રણ કટકા થાય છે, તેમાં એક મિથ્યા મોહનીય, મિશ્ર મોહનીય અને સમક્તિ મોહનીય, એવા ત્રણ ભંગ થાય છે. મિથ્યાત્વ મોહનીયનો પહેલે ગુણસ્થાને ઉદય હોય છે, મિશ્ર મોહનીયનો ત્રીજે ગુણસ્થાને ઉદય હોય છે, અને સમક્તિ મોહનીયનો ચોથે ગુણસ્થાનથી ક્ષયોપશમ સમક્તિ વખતે, ઉદય હોય છે.

ઉપશમ સ્વરૂપ :સમસ્વરૂપ

ઉપશમતા :નિવૃત્તિ

ઉપશમભાવ :આત્માના પુરુષાર્થથી, અશુદ્ધતાનું પ્રગટ ન થવું, અર્થાત્ દબાઈ જવું તે; આત્માના આ ભાવને, ઉપશમભાવ અથવા ઔપશમિકભાવ કહે છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને, જડ કર્મનું પ્રગટરૂપ ફળ, જડકર્મમાં ન

આવવું, તે કર્મનો ઉપશમ છે. આ, જીવનો, એક સમય પૂરતો પર્યાય છે. તે સમય-સમય કરીને, અંતર્મુહૂર્ત રહે છે પણ એક સમયે, એક જ અવસ્થા હોય છે. (૨) કર્મોનો ફળ દેવામાં અનુદ્ભવ, તે ઉપશમભાવ છે. (૩) તે કર્મના અનુદયના કારણરૂપ દશા છે; તે દશા પવિત્ર છે, પણ અંદર સત્તા હજી પડી છે, તો તેને ઉપશમ ભાવ કહેવામાં આવે છે. (૪) શાંતરસનું વેદન (૫) કર્મના શાંત થવાથી જે ભાવ થાય તે.

ઉપશમરસ :શાંતરસ; અકષાય સ્વભાવી; વીતરાગસ્વભાવી.

ઉપશમરસ :શાંત ભાવ; શાંતરસ; આત્માનો આનંદરસ; સંયમ; વૈરાગ્ય; સાંત્વન;

ઉપશમવું :નિવર્તવું.

ઉપશમશ્રેણી :ઉપશમશ્રેણીમાં ૧૧મા ગુણસ્થાને, ક્ષાયિકભાવ થતો નથી. તેથી મુની ત્યાંથી પાછા હઠે છે, અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી, મોહાદિનો ક્ષય કરે છે. ઉપશમ શ્રેણીમાં, પુરુષાર્થ મંદ હોય છે, જ્યારે ક્ષયક શ્રેણીમાં તે ઉગ્ર હોય છે.

ઉપશામ :જેમાં ચારિત્ર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનો ઉપશમ કરાય.

ઉપશમાવે :ફટાડે; ક્ષયકરે

ઉપશમાવવું :સંપૂર્ણ નાશ કરવો; શાંત કરવું; ઈંદ્રિયોને સંયમમાં લાવવી; વૈરાગ્યભાવના પ્રગટવી.

ઉપશમાવવું :ગૌણ કરવું.

ઉપશાંત :સમતા; નાશ; ક્ષય (૨) શાંત વૃત્તિવાળું; શમતાવાળું

ઉપશાંતક્ષીણમોહ :દર્શનમોહનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ.

ઉપશાંતિ :વૃત્તિઓનું શાંત થઈ જવું; શમતા; મૃત્યુ; અવસાન.

ઉપશાંતક્ષીણમોહ :દર્શનમોહનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ.

ઉપષ્ટંભજન્ય :આધારભૂત.

ઉપસ્થ ઇન્દ્રિય :પુરુષ અથવા સ્ત્રીની ગૃહેન્દ્રિય

ઉપસ્થાપક :ભેટમાં સ્થાપનાર

ઉપસ્થિત :વિદ્યમાન; હાજરરૂપ. (૨) આત્માની સમીપ સ્થિત. (૩) આવી પહોંચવું; (૪) હાજરરૂપ ; વિદ્યમાન (૫) આત્માની સમીપ સ્થિત. (૬) આત્માની સમીપ સ્થિત (૭) વિદ્યમાન (૮) આત્માની સમીપ સ્થિતિ (૯) વિદ્યમાન (૧૦) હાજર (૧૧) હાજરી

ઉપસર્ગ :ચાર પ્રકારના ઉપસર્ગ છે - મનુષ્યકૃત, દેવકૃત, તિર્યંચ, કૃત અને અચેતનકૃત એમ ચાર પ્રકારના ઉપસર્ગ છે. (૨) દેવ, મનુષ્ય, તિર્યંચ અને અચેતનકૃત, ચાર પ્રકારના ઉપસર્ગ કે મરણ થાય, તેવા ઉપદ્રવ્યો. (૩) રોગ; માંદગી; ઈજા; આફત; આપત્તિ; મરણનું ચિહ્ન. (૪) રોગાદિક ઉપાધિ. (૫) પીડા; શારીરિક કષ્ટ (૬) દુઃખદરૂપ (૭) આકરા રોગની પીડા; દુઃખરૂપ પીડા; આફત; ઈજા, રોગ; પીડા; દેવ અને મનુષ્ય તરફથી કનડગત. (૮) ઉપસર્ગ એ પરિષહથી જુદા પ્રકારના છે. અન્ય કોઈ જીવ તરફથી મુનિને ઈરાદાપૂર્વક અપાયેલું દુઃખ એ ઉપસર્ગ છે. મનુષ્ય સંબંધી, તિર્યંચ સંબંધી, દેવ સંબંધી અને આત્મ સંવેદનીય એમ ચાર પ્રકારના ઉપસર્ગ ઠાણાંગ સૂત્રમાં કહ્યા છે.

આ ચારમાંથી કોઈના પણ નિમિત્તથી મુનિને થતું દુઃખ તે ઉપસર્ગ.

૧. દેવ સંબંધીઃ- દેવ ચાર કારણથી ઉપસર્ગ કરવા પ્રેરાય છેઃ હાસ્ય કે કુતૂહલથી, પ્રદ્વેષથી, પરીક્ષા કરવા માટે અને વિમાત્રા આગળનાં ત્રણે કારણ સાથે હોય તેથી.

૨. મનુષ્ય સંબંધીઃ- મનુષ્ય પણ હાસ્યથી, દ્વેષથી પરીક્ષા માટે કે કુશીલના બોધથી ઉપસર્ગ કરે છે.

૩. તિર્યંચ સંબંધીઃ- તિર્યંચ પણ ચાર કારણથી ઉપસર્ગ કરે છેઃ ભયથી, પૂર્વભવના વૈરથી, આહાર માટે અને પોતાના રહેવાના સ્થળના રક્ષણાર્થે.

૪. આત્મ સંવેદનીયઃ- પોતાના કારણથી ઉત્પન્ન થતા ઉપસર્ગ પણ ચાર કારણથી છેઃ ઘટ્ટન, પ્રપત્તન, સ્તંભન અને શ્લેષણ. આંગળી આદિ ઉપાંગના ઘસવાથી તો કે આંખમાં ધૂળ પડવી, આંખ ચોળવી ઈત્યાદિથી થતો ઉપસર્ગ તે ઘટ્ટન ઉપસર્ગ છે. યત્ના વિના ચાલવાથી પડી જતાં લાગી જાય, વગેરે પ્રયત્ન ઉપસર્ગ છે. હાથ, પગ વગેરે અવયવો શૂન્ય બની જતાં જે દુઃખ થાય તે સ્તંભ ઉપસર્ગ છે, અને આંગળી વગેરે અવયવો ચોંટી જવાથી કે વાત, કફ, પિત્ત અને સન્નિપાતથી થતા ઉપસર્ગ તે શ્લેષણ છે.

- આફત; આપત્તિ; કુદરતી આફત; રોગ; માંદગી; ઈજા
- ઉપસર્ગ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એના જુદા જુદા અર્થ થાય છે. જેમ કે ૧. માંદગી, વ્યાધિ., ૨. દુર્ભાગ્ય, ૩. ઈજા અથવા હાનિ, ૪. ગ્રહણ, ૫. ભૂત પ્રેતાદિનો વળગાડ, ૬. મૃત્યુ આવવાની નિશાની અથવા આગાહી, ૭. અપશુકન, ૮. મરણનો ભય, ૯. આફત, ૧૦. વ્યાકરણમાં અવ્યયનો એક પ્રકાર-ધાતુની આગળ અથવા ધાતુ પરથી બનેલા, નામની આગળ જોડાતો શબ્દ, ૧૧. મહાકાવ્યનો એક નાનો ખંડ, ૧૨. દેવ, મનુષ્ય વગેરે તરફથી થતી કનડગત.

  જૈન પરંપરામાં ઉપસર્ગનો અર્થ થાય છે, આવી પડેલું ભયંકર કષ્ટ, ક્યારેક મારણાન્તિક પણ હોય છે.

  હિન્દી= જોડાવું. જેના વડે જીવ પીડા વગેરે સાથે સંબંધ વાળો થાય છે, તે ઉપસર્ગ કહેવાય છે.
- અગવડતાના પ્રસંગો; અશુભ કર્મના સંયોગો; ઊંધા પુરુષાર્થ વડે વિકારી પર્યાયનો, પૂર્વે સ્વીકાર કર્યો હતો તે ભૂલનું ફળ; પ્રતિકુળ પ્રસંગો.
- પીડા; દુઃખ; ઉપસર્ગ ચાર પ્રકારના છેઃ- ૧. દેવા અથવા વ્યંતર કૃત, ૨. તિર્યંચ કૃત, ૩. મનુષ્યકૃત અને ૪. અચેતન કૃત.
- ભાષાશાસ્ત્રમાં ઉપસર્ગનો અર્થ શું? કાર્ય શું? ધાતુના મૂળ અર્થને ઉલટાવવાનું કે ફેરવવાનું કાર્ય, ઉપસર્ગનું છે.
- બે પ્રકારના હોય છે, અનુકૂળ અને પ્રતિકૂળ. ગમતું કરે તે અનુકૂળ અને અણગમતું કરે તે પ્રતિકૂળ; દેવ અને મનુષ્ય વગેરે તરફની કનડગત; રોગ; માંદગી; ઈજા; અપશુકનઃ મરણચિહ્ન.
- ઉપદ્રવ; દેવો વગેરે કરેલો ઉપદ્રવ ઉપસર્ગ. ઉપસર્ગના મુખ્ય ત્રણ પ્રકારો છે. ૧. દેવતા કૃત, ૨. મનુષ્યકૃત અને ૩. તિર્યંચ કૃત. જે ભિક્ષુ દેવતા, તિર્યંચ અને મનુષ્યે કરેલા

ઉપસર્ગ અને પરિષહોનો જય :વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં, બાહ્ય સહાયક આવેલા ઉપસર્ગોને જીતીને, આત્મમાં સ્થિર રહેવા રૂપ પરિષયજય છે.

ઉપસંહાર :પૂરું કરી લેવું, એ; સંકેલી લેવું, એ. છેલ્લે સારરૂપે કહેવું, એ. સારરૂપે આટોપી લેવું, એ. (૨) સમાપ્ત

ઉપસાવું :આરાધવું; સેવવું.

ઉપહત :હણાયેલાં; ઈજા પામેલાં; અશુદ્ધ; મલિન; ભ્રષ્ટ. (૨) અનુપહત= નહીં હણાચલા

ઉપહાસ :ઠેકડી; મશ્કરી.

ઉપાંગ :કપાળ, નાસિકા, હોઠ આદિ ઉપાંગ છે. (૨) આંગળીઓ, કાન, નાક, મોઢું, આંખો આ બધાં ઉપાંગો કહેવાય છે.

ઉપાડતાં :આરંભતાં

ઉપાત્ત :પ્રાપ્ત; મળેલો. (૨) મેળવેલા. (ઈન્દ્રિય, મન વગેરે, ઉપાત્ત પર પદાર્થો છે.)

ઉપાદેય :ગ્રહણ કરવા યોગ્ય. (મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ્, સાચી અને અવિનાશી હોવાથી, ઉપાદેય છે.) (૨) આદરણીય (૩) આશ્રય કરવા યોગ્ય. (૪) ગુણ કરવા યોગ્ય, મોક્ષરૂપી લક્ષ્મી હિતતમ, સાચી અને અવિનાશી હોવાથી ઉપાદેય છે. (૫) આદરણીય; આદર દ્વારા થતો અર્થબોધ (૬) જ્ઞેય; જાણવાલાયક (૭) પ્રગટ કરવા યોગ્ય ગ્રહણ કરવા યોગ્ય; સારો માનવો; આશ્રય કરવા યોગ્ય; આદરણીય (૮) આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા. (૯) પ્રશસ્ત; ઉત્તમ; સ્વીકારી શકાય તેવું; સ્વીકાર્ય; પસંદ કરવા લાયક આદરણીય

ઉપાદેય તત્ત્વો ક્યાં છે? :અક્ષય અનંત સુખ તે ઉપાદેય છે; તેનું કારણ મોક્ષ છે; મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે; તેનું કારણ વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવી નિજ આત્મતત્વ સ્વરૂપના, સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન તથા આચરણ લક્ષણ સ્વરૂપ નિશ્ચયરત્ન ત્રય છે; તે નિશ્ચય રત્નત્રયને સાધવા માગનાર જીવે વ્યવહારત્નત્રય શું છે તે સમજીને પર દ્રવ્યો તેમજ રાગ ઉપરથી પોતાનું લક્ષ વાળવું જોઈએ; એ પ્રમાણે કરતાં નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટે છે, અને તેના જોરે સંવર, નિર્જરા તથા મોક્ષ પ્રગટે છે, માટે એ ત્રણ તત્ત્વો ઉપાદેય છે.

ઉપાદાન :ગ્રહણ; સ્વીકાર; કાર્યનું એવું કારણ કે, જે કાર્યમાં ઓતપ્રોત રહેલું હોય; સમવાયી કારણ. (૨) ઉપ=સમીપ, આદાન=ગ્રહવું. જે સમીપ કારણથી, કાર્યને ગ્રહાય તે ઉપાદાન છે. (૩) કારણભૂત; વસ્તુની સહજ શક્તિ. (૪) મૂળવસ્તુની શક્તિ (૫) ગ્રહણ; સ્વીકાર; સમાવેશ; અવયવ; ઘટક; કાર્યનું એક કારણ, કે જે કાર્યમાં ઓતપ્રોત થયેલું હોય; સમવાયી કારણ; સુખના સાધનનું જ્ઞાન; જ્ઞાન શક્તિ નિજશક્તિ (૬) મૂળ કારણ. (૭) આત્માની નિર્મળ-શુદ્ધ દશાનું પરિણમન તે શુદ્ધ ઉપાદાન છે. આત્માની શુદ્ધ જ્ઞાન દશાનું પરિણમન તેને ઉપાદાન કહે છે. (૮) પોતે તે પર્યાયમાં પરિણમનાર પદાર્થ (૯) જીવની વિશિષ્ટ યોગ્યતા; મોક્ષ સાધક જીવની યોગ્યતા (૧૦) પોતે તે પર્યાયમાં પરિણમનાર પદાર્થ (૧૧) જે દ્રવ્ય ત્રણે કાળમાં પોતાના સ્વરૂપને છોડીને અને નહિ છોડીને પૂર્વ રૂપથી અને અપૂર્વ રૂપથી વર્તી રહે છે, તે ઉપાદાન કારણ છે, એમ જાણવું. જે પોતાના સ્વરૂપને છોડી દે છે અને જે તેને સર્વથા છોડતા નથી, તે અર્થનું ઉપાદાન નથી થતું. જેમ કે, ક્ષણિક અને શાશ્વત ભાવાર્થ દ્રવ્યમાં બે અંશ છે. એક શાશ્વત અને એક ક્ષણિક ગુણ. શાશ્વત હોવાને લીધે, પોતાના સ્વરૂપને ત્રણે કાળ છોડતો નથી. અને પર્યાય ક્ષણિક હોવાને લીધે પોતાના સ્વરૂપને પ્રત્યેક પળે છોડી દે છે. આ બન્ને અંશ તે દ્રવ્યમાં, પૃથક્ કોઈ અર્થાન્તર રૂપ નથી. આ બન્નેથી સમવેત દ્રવ્ય જ કાર્યના ઉપાદાન કારણ છે. અર્થાન્તરભૂત રૂપથી સ્વીકાર કરવામાં આવેલ શાશ્વત પદાર્થ, અથવા ક્ષણિક પદાર્થ ક્યારેય પણ, ઉપાદાન બની શકતા નથી. કેમ કે સર્વથા શાશ્વત પદાર્થમાં પરિણમનનો અભાવ હોવાના કારણે, કાર્ય જ નથી થતું, તો કારણ કોને કહે? અને સર્વથા ક્ષણિક પદાર્થ પ્રતિક્ષણ વિનાશ જ પામે છે, ત્યારે તેને કારણપણું કેવી રીતે બની શકે? પરિણામ ક્ષણિક ઉપાદાન છે. અને ગુણ શાશ્વત ઉપાદાન છે. (૨૩) જે પદાર્થ પર્યાયની વર્તમાન શક્તિને પણ ઉપાદાન કારણ કહેવાય છે.(૨૪) મૂળ વસ્તુની શક્તિ! આત્માની ત્રિકાળી શક્તિ. (૨૫) (ઉપ+આદાન) ઉપ એટલે સમીપ અને આધાન એટલે ગ્રહણ થવું તે; જે પદાર્થના સમીપમાં કાર્યનું ગ્રહણ થાય છે તે વખતે જે પર પદાર્થની અનુકૂળ હાજરી હોય તે નિમિત્ત. જીવની પૂર્ણ શક્તિ તે ઉપાદાન છે. તેની ઓળખાણ કરે તો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ ઉપાદાન કારણ પ્રગટે, અને યુક્તિ થાય. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય પ્રગટ કરવાં તે આત્માનો મૂળ સ્વભાવ છે. સ્વભાવ કહો, શક્તિ કહો તે બધાનો અર્થ એક જ છે. (૨૬) મૂળ વસ્તુની શક્તિ; આત્માથી જ ઉત્પન્ન થયેલ.

ઉપાદાન અને નિમિત્ત :કાર્ય, હંમેશા નિજ ઉપાદાનથી જ થાય, અને કદીય નિમિત્તથી ન થાય એ સ્યાદ્વાદ છે. નિમિત્ત તો પર વસ્તુ છે. તેનું પરિણમન તેને લઈને, અને સ્વનું પરિણમન સ્વને લઈને છે. તેમાં નિમિત્તનું શું કામ છે ? ત્યારે તે કહે છે કે, શરીર ચાલે છે, તેમાં આત્માનું નિમિત્ત તો છે ને ? ભાઈ, નિમિત્ત તો છે, પણ નિમિત્ત છે એનો અર્થ શું ? શું નિમિત્ત છે માટે શરીર ચાલે છે ? પરિણમે છે ? તથા આત્માની અનુભૂતિનું પરિણમન, શું શરીર છે, તેથી થાય છે ? આજે આત્માનુભૂતિ થઈ છે, તે શું કાર્મણશરીરના ઉદયના અભાવને કારણે થઈ છે – એમ છે ? ના. એમ છે જ નહિ. દરેકનું પરિણમન સ્વતંત્ર છે. જ્યાં પોતાનું બળ (ઉપાદાન શક્તિ) છે, ત્યાં નિમિત્ત શું કરે ? સ્વ અને પરનું એકપણું , ત્રણ કાળમાં થતું નથી. માટે નિમિત્ત છે, તેથી પોતાનામાં પરિણમન થાય છે એમ છે જ નહિ. શરીરનું પરિણમન, જીવનું નિમિત્ત છે, તેથી થયું છે કે જીવની અનુભૂતિનું પરિણમન, નિમિત્ત છે માટે થયું છે એમ નથી. શરીરની પરિણતિ, શરીરમાં અને આત્માની પરિણતિ આત્મામાં છે. આત્માના નિમિત્તે, શરીરમાં પરિણતિ થઈ છે એમ નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. કોઈ વખતે નિમિત્તથી અને કોઈ વખતે ઉપાદાનથી કાર્ય થાય, એ સ્યાદ્વાદ નથી, પણ કુદડીવાદ છે, મિથ્યાવાદ છે. ત્રણે કાળ અને ત્રણે લોકમાં, ચૈતન્યની કે જડની ક્રમબદ્ધ પરિણતિ, પોતપોતાના ઉપાદાનથી થાય છે. એમાં પરની રંચમાત્ર અપેક્ષા નથી. ઉપાદાનનું પરિણમન નિમિત્તથી હંમેશાં, નિરપેક્ષ જ થાય છે. (૨) સ્વ તે ઉપાદાન, અને પર તે, નિમિત્ત (૩) ઉપાદાન એટલે નિશ્ચય અને નિમિત્ત એટલે વ્યવહાર. ઉપાદાન તે સ્વ છે, અને નિમિત્ત તે પર છે. ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ, આત્મા પરથી જુદો છે, દેહાદિ કોઈ પણ વસ્તુથી

આત્માનું કલ્યાણ નથી, એમ શ્રદ્ધા જ્ઞાન કરવાં તે, ઉપાદાન કારણ છે. નિમિત્ત એટલે અનુકૂળ સંયોગી બીજી ચીજ, જ્યારે આત્મા સાચી શ્રદ્ધા-જ્ઞાન કરે, ત્યારે જે દેવ-ગુરુ- શાસ્ત્ર હાજર હોય તેને, નિમિત્ત કહેવાય. ઉપાદાન તે ત્રિકાળી દ્રવ્ય છે. અને ઉપાદાન કારણ તે, પર્યાય છે. જે જીવ ઉપાદાન શક્તિને સંભાળીને ઉપાદાન કારણ કરે, તેને મુક્તિરૂપી કાર્ય પ્રગટે જ.

ઉપાદાન કારણ :આત્માની સહજ શક્તિ.

ઉપાદાનકારણ :૧. જે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે, તેને ઉપાદાન કારણ કહે છે. જેમ કે ઘડાની ઉત્પત્મિાં માટી. (૨) અનાદિ કાળથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે, તેમાં અનન્તર પૂર્વક્ષણવર્તી પર્યાય ઉપાદાન કારણ છે. અને અનંતર ઉત્તરક્ષણવર્તી પર્યાય કાર્ય છે. (૩) તે સમયની પર્યાયની યોગ્યતા, તે ઉપાદાન કારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે જ સાચું (વાસ્તવિક) કારણ છે. ૧. નં.૦૧ ધ્રુવ ઉપાદાન દ્રવ્યાર્થિક નયથી છે. નં.૨ અને ૩ ક્ષણિક ઉપાદાન પર્યાયાર્થિક નયથી છે.) ઉપસર્ગ= દુઃખરૂપ; રોગ; માંદગી; દેવ અને મનુષ્ય વગેરે તરફથી કનડગત આફત; ઈજા; અપશુકન; મરણચિહ્ન. (૨) વસ્તુની નિજશક્તિરૂપ છે. (૩) પર્યાયની વર્તમાન શક્તિને પણ ઉપાદાન કારણ કહેવાય છે. (૪) પુરુષાર્થ (૫) જે દ્રવ્ય સ્વયં કાર્યરૂપ પરિણમે, તેને ઉપાદાન કારણ કહે છે. જેમ કે ઘડાની ઉત્પત્તિમાં માટી તેનું ત્રિકાલી, ઉપાદાનકારણ છે. (દ્રવ્યાર્થિક નયે છે) (૬) વસ્તુની નિજશક્તિરૂપઃ

ઉપસ્થિતિનો શું નિયમ છે? :

પ્રશ્ન-૧ 'ગુરુ ઉપદેશ નિમિત્ત બિન, ઉપાદાન બલહીન ; જ્યોં નર દૂજે પાંવ બિન, ચલવેકો આધીન.' - ૧

પ્રથમ પ્રશ્નનો ઉત્તરઃ- 'જ્ઞાન નૈન કિરિયા ચારન, દોઊ શિવમગ ધાર; ઉપાદાન નિશ્ચય જહાઁ, તહઁ નિમિત્ત વ્યૌહાર.' -૨

અર્થઃ- સમ્યગ્દર્શન પાનરૂપ નેત્ર અને જ્ઞાનમાં ચરણ અર્થાત્ લીનતારૂપ ક્રિયા બન્ને મળીને, મોક્ષમાર્ગ જાણો. ઉપાદાનરૂપ નિશ્ચયકારણ જ્યાં હોય ત્યાં, નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય જ છે.

ભાવાર્થઃ-

(૧) ઉપાદાન તે નિશ્ચય અર્થાત્ સાચું કારણ છે, નિમિત્ત વ્યવહાર અર્થાત્ ઉપચાર કારણ છે. સાચું કારણ નથી, તેથી તો તેને અહેતુવત્ કહ્યું છે. અને તેને ઉપચાર (આરોપ) કારણ કેમ કહ્યું કે, તે ઉપાદાનનું કાંઈ કાર્ય કરતું- કરાવતું નથી તો પણ કાર્યના વખતે તેની ઉપસ્થિતિને કારણે તેને ઉપચારમાત્ર કારણ કહ્યું છે.

(૨) સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનમાં લીનતાને મોક્ષમાર્ગ જાણો, એમ કહ્યું તેમાં શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને, મોક્ષમાર્ગ ન જાણો તે વાત આવી જાય છે.પ્રથમ પ્રશ્નનું સમાધાનઃ-

ઉપાદાન નિજગુણ જહાઁ, તહઁનિમિત્ત પર હોય;
ભેદ જ્ઞાન પરમાણ વિધિ, વિરલા બૂઝે હો' -૩

અર્થઃ- જ્યાં નિજશક્તિ રૂપ ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્ત હોય જ છે, એવી ભેદજ્ઞાન પ્રમાણની વિધિ વ્યવસ્થા છે; આ સિદ્ધાંત કોઈ વીરલા જ સમજે છે.

ભાવાર્થઃ- જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય છે, નિમિત્તની વાટ જોવી પડે એમ નથી. અને નિમિત્તને કોઈ મેળવી શકે છે, એમ પણ નથી, નિમિત્તની રાહ જોવી પડે છે અથવા તેને હું લાવી શકું છું એવી માન્યા પર, પદાર્થમાં અભેદ બુદ્ધિ અર્થાત્ જ્ઞાન સૂચક છે, નિમિત્ત અને ઉપાદાન અસહાયરૂપ છે, એ તો મર્યાદા છે.

ઉપાદાન બલ જહાઁ તહાઁ, નહીં નિમિત્તકો દાવ;
એકકસોં રથ ચલેં, રવિકો યહૈ સ્વભાવ.' -૪

અર્થઃ- જ્યાં જુઓ ત્યાં સદા ઉપાદાનું જળ છે, નિમિત્ત હોય છે પરંતુ નિમિત્તનો કંઈ પણ દાવ(બળ) નથી. જેમ એક ચક્રથી સૂર્યનો રથ ચાલે છે. એવી રીતે પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતા-(સામર્થ્ય) થી જ થાય છે.

પ્રશ્ન-''હૌં જાને થા એક હી, ઉપાદાન સોં કાજ; થકૈ સહાઇ પૌન બિન, પાની માંહિં જહાજ'' -૫

બીજા પ્રશ્નનું સમાધાનઃ-

સધૈ વસ્તુ અસહાય જહૈ, તહૅં નિમિત્ત હૈ કૌન; જ્યોં જહાજ પરવાહમેં, તિરે સહજ વિન પૌન.૬

અર્થઃ- પ્રત્યેક વસ્તુ સ્વતંત્રતાથી પોતાની અવસ્થાને કાર્યને પ્રાપ્ત કરે છે, ત્યાં નિમિત્ત કોણ? જેમ વહાણ પ્રવાહમાં સહેજે જ પવન વિના જ તરે છે.

ભાવાર્થ : જીવ અને પુદગલ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રપણે જ, પોતાનાં પરિણામો કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રપણે નિમિત્તાધીન પરિણમન કરે છે. કોઇ નિમિત્ત તેને આધીન બનાવી શકતું નથી.૬

''ઉપાદાન વિવિધ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ;
વસે જુ જૈસે દેશમેં, કરે સુ તૈસે ભ'' - ૭

ભાવાર્થઃ- ઉપાદાનનું કથન કે 'યોગ્યતા' શબ્દ દ્વારા જ થાય છે. ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે, ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર ભિન્ન ભિન્ન કારણપણાનો આરોપ (ભેષ) આવે છે. ઉપાદાનની વિધિ નિર્વચન હોવાથી નિમિત્ત દ્વારા આ કાર્ય થયું, એમ વ્યવહારથી કહેવાય છે.

વિશેષાર્થઃઉપાય જ્યારે જેવું કાર્ય કરે છે ત્યારે તેવા, કારણપણાને આરોપ (ભેષ) નિમિત્ત ઉપર આવે છે. જેમ કોઇ વજ કાય શરીર ઉપર નરકના કારણપણાનો આરોપ આવે છે. અને જો જીવ મોક્ષને યોગ્ય નિર્મળ કરે તો તે જ નિમિત્ત પર, મોક્ષના કારણપણાનો આરોપ આવે છે. આ રીતે ઉપાદાનના કાર્યાનુસાર નિમિત્તમાં કારણપણાનો ભિન્ન ભિન્ન આરોપ કરવામાં આવે છે. એથી એમ સિદ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય થતું નથી પરંતુ કથન થાય છે. માટે ઉપાદાન સાચું કારણ છે, અને નિમિત્ત આરોપિત કારણ છે.

ઉપાદાનની યોગ્યતા :''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ; ભવે ખેદ, અંતરદયા, તે કહીએ જિજ્ઞાલ.'' ૧૦૮ જેના કષાયો શાંત થયાં છે, મોક્ષ ભાવદયાથી ભરપૂર અંતર, કરુણામય બન્યું છે. આટલા ગુણોથી રંગાયેલ આત્મા, ઉપાદનની પૂર્ણ તૈયારી કરી ચૂક્યો છે.

ઉપાદાનસદશ :ઉપાદાન જેવાં

ઉપાધ્યાય :પંચાસ્તિકાય, ષટદ્રવ્ય, સાતત્વ તથા નવ પદાર્થોમાં નિજ શુદ્ધ જીવસ્તિકાય, નિજ શુદ્ધ જીવતત્ત્વ, નિજ શુદ્ધ જીવદ્વારા, નિજ શુદ્ધજીવ પદાર્થ, જે પોતાના શુદ્ધભાવરૂપ છે, તે જ ઉપાદેય છે, તેથી અન્ય સર્વ હોય છે એમ ઉપદેશે છે, તથા શુદ્ધત્મસ્વભાવની શ્રદ્ધા,જ્ઞાન અને આચરણ રૂપ અભેદ રત્નત્રયાત્મક જે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તે માર્ગનું જેઓ કથન કર્યા કરે છે, તે ઉપાધ્યાય છે. (૨) જે સાધુ શાસ્ત્રોને શિખવાડે તે . (૪) જે આગમ ભણે, ભણાવે.

ઉપાધ્યાયનું સ્વરૂપ :તેઓ પણ મુનિના ૨૮ મૂળગુણ તથા નિશ્ચય સમ્યક દર્શાનાદિ સહિત છે, એવી અંતરંગ દશા થતાં બાહ્ય દિગમ્બર સૌમ્ય મુદ્રા ધારી થયા છે. આવા ઉપાધ્યાયના ૨૫ ગુણ-૧૧ અંગ ૧૪ પૂર્વનેં પોતે ભણે છે તથા પાસે રહેનાર ભવ્ય જીવોને ભણાવે છે (તે મુનિઓમાં શિક્ષક-અધ્યાપક હોય છે.

ઉપાધ્યાયના રૂપ ગુણ :(૧૧) અગિયાર અંગ, (૧૨) ઉપાંગ, (૧) ચરણ સિત્તેરી અને (૧) કરણ સિત્તેરી એ બધા મળી પચ્ચીશ ગુણ ઉપાધ્યાયના થાય છે.

ઉપાધિ :બહારથી આવી પડેલી મુશ્કેલી; પીડા; આપદા; પંચાત. (૨) સ્ત્રી, ધન, પુત્ર, આબરૂ વગેરેની ચિંતા કરવી, તે ઉપાધિ છે. (૩) જંજાળ; (૪) પરવસ્તુનો સંગ; અનાથતા; (૫) પરવસ્તુનો સંગ છે તે ઉપાધિ છે.

ઉપાધિભાવ :બહારથી આવી પડેલી મુશ્કેલીનો ભાવ, પીડા ભાવ, આપદાનો ભાવ, પંચાત કરવાનો સ્વભાવઃ (૨) કર્મના નિમિત્તમાં જોડાવાથી રાગદ્વેષ થાય, તે ઉપાધિભાવ, વિરોધભાવ કહેવાય. (૩) બંધભાવ (રાગદ્વેષ કરવાનો ઉપાધિ ભાવ= બંધભાવ)

ઉપાય :સાધન; કારણ. (૨) મોક્ષનું કારણ જે પ્રકારે છે તે પ્રકાર (૩) માર્ગ; સાધકરૂપ

ઉપાય ઉપેયભાવ :સાધક-સાધ્યભાવ; કારણ-કાર્યભાવ

ઉપાય કરવો. :ધર્મ કરવો.

ઉપાયાન્તર :અન્ય ઉપાય. (૨) બીજો ઉપાય

ઉપાર્જન :મેળવવું; કમાવું; કમાણી; કમાઈ.

ઉપાર્જિત :મેળવેલું

ઉપાર્જિત થાય છે :મેળવાય છે

ઉપાલંબ :ઠપકો

ઉપાલંભરૂપે :ઓળંભારૂપે; ઠપકારૂપે.

ઉપાશ્રય :ઉપ=આત્માની સમીપ, આશ્રય=તેના આશ્રયમાં રાગરહિત, જ્ઞાનપણે ટકી રહેવું.

ઉપાશ્રય :સાધુ-સાધ્વીઓનાં આશ્રય સ્થાન

ઉપાસક :પૂજાભક્તિ કરનાર; સાધુઓની ઉપાસના કરનાર શ્રાવક. (૨) શ્રાવક; પાંચ પાપના એકદેશ ત્યાગમાં લાગેલો જીવ શ્રાવક છે. (૩) ભક્ત; સાધક; અનુયાયી; સેવક.

ઉપાસન :શયન

ઉપાસન-પોષણ :તેમનાં અશન-શયન વગેરેની, ચિંતા.

ઉપાસના :ભક્તિ (૨) ભગવચ્ચિંતન; ઈષ્ટનું ચિંતન. (૩) સેવન; સાધના. (૪) સેવના (૫) ભક્તિ; બોધ; ઉપદેશ (૬) આરાધના; સેવા; ભક્તિ; ધ્યાન ઈત્યાદિ દ્વારા ઈષ્ટદેવનું ચિંતન વગેરે. (૭) આરાધના; સ્વસ્વભાવ આત્માના વાસ્તવિક સ્વરૂપની પ્રાપ્તિને માટે છે. અહીં એ પ્રશ્ન થઈ શકે છે કે, સ્વભાવનો કદી અભાવ થતો નથી, તે સદા વસ્તુમાં વિદ્યમાન રહે છે; તો પછી સ્વભાવની ઉપલબ્ધિ કેવી? એના જવાબમાં એટલું જ કહેવાનું છે કે સ્વભાવનો કદી અભાવ થતો નથી. એ બરાબર છે, પરંતુ તેનો તિરોભાવ (આચ્છાદને) થાય છે. તથા થઈ શકે છે. અને તે જીવ અને પુદગલ નામના બે દ્રવ્યોમાં જ થાય છે, કે જે વૈભાવિક પરિણમનવાળા હોય છે. આત્માનું વૈભાવિક પરિણમન સદાને માટે દૂર કરી, તેને તેના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત કરવો તે જ સ્વસ્વભાવોલબ્ધિ કહેવાય છે. જેને માટે પ્રયત્ન હોવો, કરવો જરૂરી છે. (૮) આરાધના સેવા, વ્યક્તિ આદિથી કરવામાં આવતી ધ્યાન વગેરે પ્રક્રિયા. (૧૧) સેવન; પર દ્રવ્ય અને પરદ્રવ્યના ભાવોનું લક્ષ છોડી, આત્માના જ્ઞાયકભાવું સેવન-ઉપાસના કરે તો, શુદ્ધ કહેવાય.વિકારનું લક્ષ છોડીને એમ ત્યાં નથી લીધું; પણ જે દ્રવ્ય કર્મ છે તે પર દ્રવ્ય અને દ્રવ્યકર્મના ઉદયરૂપ ભાવ, તે પરદ્રવ્યના ભાવો-એનું લક્ષ છોડીને એક જ્ઞાયકભાવ આત્મામાં એકાગ્ર થાય છે, ત્યારે પર્યાયમાં આત્માની ઉપાસના સેવા થાય છે. પરદ્રવ્યનું લક્ષ છોડી આત્મામાં લીન થયો, એટલે વિકારનું લક્ષ છૂટી ગયું એમ ત્યાં લીધું છે. એ દ્રવ્યની સેવા ઉપાસના થાય ત્યારે વસ્તુ ત્રિકાળી શુદ્ધ છે, એમ ખ્યાલમાં આવે છે. ત્રિકાળી શુદ્ધ શુદ્ધ છે એમ તો સૌ કહે છે, પણ પર્યાયમાં અશુદ્ધતા છે એને કેમ ટાળવી, એની ખબર ન હોય એટલે એ ત્રિકાળી શુદ્ધ છે. એમ જાણ્યું જ નથી. આત્મા જે જ્ઞાયકસ્વભાવ શુદ્ધ છે, એની પર્યાયમાં દૃષ્ટિ કરી અંતર્મુખ વળતાં એને જ્યારે શુદ્ધતાનું વેદન થાય, ત્યારે વેદનમાં દ્રવ્ય (૧૨) સેવતા જોવામાં આવવું.

ઉપાસ્ય :આદર્શ

ઉપાસેલો :સત્કારેલો; આદર કરેલો; ભક્તિ કરવા યોગ્ય.

ઉપાસવું :સેવવું (૨) લક્ષ કરવું; પરથી ભિન્ન જાણવું; સ્વભાવમાં ઠરવું.

ઉપાસવા યોગ્ય :પ્રાપ્ત કરવા યોગ્ય

ઉપાસવામાં આવવું. :પ્રસિદ્ધિમાં આવવું; નિમિત્તનું લક્ષ છોડી જ્ઞાયક ઉપર લક્ષ કરવું; જ્ઞાયક સ્વભાવને, પરભાવથી ભિન્નપણે સેવવો- જાણવો. નિત્ય ધ્રુવસ્વભાવ છે ત્યાં અંદર લક્ષ જતાં શુદ્ધતા ઉત્પન્ન થાય, ત્યારે એણે દ્રવ્યની ઉપાસના કરી અને તેને જ્ઞાયક શુદ્ધ છે, એમ જણાયું.

ઉપસ્થિતિ :રજૂઆત

ઉપોદઘાત :પ્રસ્તાવના. (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગના પ્રથમના બે અંગ, જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન, તેમના વિષયો નવ પદાર્થ છે; તેથી હવેની ગાથાઓમાં, નવ પદાર્થનું વ્યાખ્યાન કરવામાં આવે છે. મોક્ષમાર્ગનું વિસ્તૃત વ્યાખ્યાન આગળ ઉપર કરવામાં આવશે. અહીં તો નવ પદાર્થના વ્યાખ્યાનની પ્રસ્તાવનાના હેતુ તરીકે તેનું માત્ર સૂચન કરવામાં આવ્યું છે.)

ઉપોદઘાત :પ્રારંભ (૨) પ્રારંભ; પ્રસ્તાવના.

ઉભગેલા :કંટાળેલા

ઉભય શૂન્યતા :બન્નેનો અભાવ.

ઉભયબંધ :ભાવબંધના નિમિત્તે પુદ્ગલકર્મ અને જીવના પ્રદેશોનો જે પરસ્પર બંધ્ય-બંધકભાવ અર્થાત એકરૂપ મળી જવું તે જ ઉભયબંધ કહેવાય છે.

ભાવાર્થઃ- જે બાંધનાર છે તે બંધક કહેવાય છે. અને જે બંધાનાર છે તે બંધ્ય કહેવાય છે. જયારે બાંધનાર આત્મા અને બંધાનાર કર્મ બન્ને મળી જાય છે. ત્યારે બંધ્ય-બંધક ભાવ કહેવાય છે. એનું જ નામ ઉભયબંધ છે. આત્માના પ્રદેશ અને કર્મના પ્રદેશ બન્ને એકક્ષેત્રાવગાહી અર્થાત એકરૂપે મળી જાય છે. તેને જ ઉભયબંધ કહે છે. આ બંધ પણ રાગદ્વેષરૂપ ભાવબંધના નિમિત્તે જ થાય છે.

ઉભયરૂપ :બન્ને રૂપમય

ઉમેદવારીવાળાં :યોગ્યતાવાળાં.

ઉર :હૃદય

ઉર્ધ્વપણે :સ્પષ્ટપણે

ઉર્ધ્વગતિ :ઊંચે જવું.

ઊર્ધ્વગમન :મોક્ષદશા; સદ્ગતિ; શુદ્ધગતિ.

ઊર્ધ્વગમન સ્વભાવ :આત્મા પોતાના ઉર્ધ્વગમન સ્વભાવને કારણે, લોકાગ્રે જઈ સ્થિર રહે છે, આત્મા સૂક્ષ્મ, હળવો છે. તેનો ઉર્ધ્વગમન સ્વભાવ છે. અહીં કોઈ પૂછે કે આત્માનો ઊંચો જવાનો સ્વભાવ છે, તો આજ સુધી ઊંચે કેમ ન ગયો? તેનો ઉત્તર એ છે કે-દેરેક જીવ ઉચ્ચપણું ઈચ્છે છે, છતાં પોતાના અજ્ઞાનના કારણે, દેહાદિ પર વસ્તુમાં રાગ-દ્વેષ-મોહવડે, ઉપાધિરૂપ કર્મબંધનમાં અટકયો છે. જ્યાં સુધી સ્વસન્મુખ પૂર્ણપણે સ્વરૂપસ્થિરતા ન કરે ત્યાં સુધી, પોતાનો ઉર્ધ્વગમન સ્વભાવ પ્રગટ થતો નથી; પૂર્ણ શુદ્ધ થતાં શક્તિરૂપે મોક્ષ સ્વભાવ હતો તે પ્રગટ થતાં, તે જ સમયે ઊર્ધ્વગમન સ્વભાવ નામની શક્તિ પ્રગટ થાય છે. દેહાદિ કર્મબંધનથી છૂટ્યા પછી, તેનું નીચું રહેવું શક્ય નથી. આત્મા અરૂપી સૂક્ષ્મ છે, હળવો છે; હળવી ચીજ ઉપર જ જાય. માટીનો લેપ લગાડેલું તુંબડીને કૂવામાં નાખો તો તે ડૂબી જાય છે. પણ માટી ધોવાતાં તું બડી ઉપર આવે છે; તેમ ચૈતન્ય ભગવાન આત્માને કર્મપુદ્ગલના પરમાણુઓનો સંબંધ હતો, પણ તેનો જ્ઞાન-ધ્યાનથી નાશ કર્યો, તેથી પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપે, ઉપર લોકને છેડે બિરાજે છે.

ઉર્ધ્વગામી :મોક્ષગામી

ઉર્ધ્વતાસામાન્ય સ્વરૂપ દ્રવ્ય :કાળની અપેક્ષાએ ટકવું તેને અર્થાત્ કાળ અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઉર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતા સામાન્ય, અર્થાત્ અનાદિ-અનંત ઊંચો (કાળ-અપેક્ષિત) પ્રવાહ સામાન્ય, તે દ્રવ્ય છે. વળી વસ્તુ તો ઊર્ધ્વતા સામાન્ય સ્વરૂપ દ્રવ્યમાં, સહભાવી વિશેષ સ્વરૂપ (સાથે સાથે રહેનારા વિશેષો-ભેદો જેમનું સ્વરૂપ છે એવા) ગુણોમાં અને ક્રમભાવી વિશેષ સ્વરૂપ પર્યાયોમાં રહી થકી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે; માટે વસ્તુ પરિણામ સ્વભાવી જ છે.

ઉર્ધ્વપ્રચય રૂપ :ક્રમવર્તી; ક્રમપણે, ક્રમવર્તી

ઉર્ધ્વમન :જે ઊંચે જવા માંગે છે તે.

ઉર્ધ્વલોક :સ્વર્ગ; મોક્ષ.

ઉલઝણ :મૂંઝવણ; ગૂંચવણ; આંટી; મુશ્કેલી; કોયડો.

ઉલટી :ઉલ્લસી (૨) અવળો.

ઉલ્લંઘતો નથી :છોડતો નથી.

ઉલ્લંઘન :ઓળંગી જવાની ક્રિયા; વળોટવું એ; હદબહાર જવાપણું; અતિક્રમ; અનાદર; ઓળંગી જવું એ ; ઓળંગવું; આજ્ઞાભંગ, શાસન કે હુકમનો ભંગ. (૨) નહિ અનુસરવું; (૩) આજ્ઞાનો ભંગ કરવો; (૪) ઓળંવગવું; ઉપર થઈને જવું. (૫) ઓળંગવું તે; અતિક્રમ; અનાદર કરવો તે; વિરુદ્ધ જવું તે; છોડવું; અપરાધ.

ઉલ્લસે :ઉલ્લાસ આવવો; હર્ષ, પ્રસન્નતા; ખુશાલી; આનંદ

ઉલ્લસે છે :ઉછળે છે. (૨) પ્રકાશે છે.

ઉલ્લસતા :પ્રકાશમાન; આનંદમય.

ઉલ્લસવું :પ્રફુલ્લ થવું; હરખાવું; ઉલ્લાસ અનુભવવો. (૨) ઉછળવું; પ્રફુલ્લ થવું; હરખાવું; ઝળકવું. પ્રફુલ્લિતથવું

ઉલ્લસી :પ્રગટ, જળહળી ઊઠી. (૨) હર્ષ; પ્રસન્નતા; ખુશાલી; આનંદ;

ઉલ્લાસભાવ :પ્રફુલ્લિતતા; આનંદની ઊર્મિઓ; પ્રેમભાવ; એકતાર સ્નેહ ઉભરાવો;

ઉલસી :ઊલસવું; ઉલ્લસિત થવું; પ્રફુલ્લિત થવું; હરખાવું; પ્રકાશવું;

ઉવારી નાખવું :ઉતારી નાખવું

ઉષ્ણતા :અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી, અગ્નિને ઉષ્ણતા, અર્થાત્ ગરમી કહેવામાં આવે છે.

ઉષ્ણતાયુક્ત ઘી :ઘી સ્વભાવે, શીતળતાના કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે; તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે, મોક્ષનાં કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.

ઉષ્ણતાયુક્ત ઘીની જેમ :ઘી સ્વભાવે, શીતળતાના કારણભૂત હોવા છતાં, જો તે થોડી પણ ઉષ્ણતાથી યુક્ત હોય તો, તેનાથી (કથંચિત્) દઝાય પણ છે; તેવી રીતે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે, મોક્ષનાં કારણભૂત હોવા છતાં, જો તેઓ થોડી પણ પરસમયપ્રવૃત્તિથી યુક્ત હોય તો, તેમનાથી (કથંચિત્) બંધ પણ થાય છે.

ઉહ :પ્રશ્ન

ઉહાપોહાર્થે :ઊંડી તત્ત્વ વિચારણાર્થે; ઊંડી વિચારણાર્થે.

ઊખડવું :વંઠી જવું; છકી જવું; બગડી જવું; પાયમાલ કરવું; સર્વનાશ પામવું.

ઊખર જમીન :ખારવાળી જમીન; ઉજ્જડ, વેરાન જમીન.

ઊખર ભૂમિ :ક્ષારવાળી ભૂમિ.

ઊંધો અભિપ્રાય :ખોટી માન્યતા

ઊછળે છે :પરિણમે છે. (૨) પ્રગટે છે

ઊંડી ભાવના :એકાગ્રતા; ઊંડી લગની.

ઊણો :હીણો; અપૂર્ણ; ન્યૂન; ઓછપ.

ઊંધુ જ્ઞાન :પરને અને પોતાને એકપણે જાણે તે ઊંધું જ્ઞાન છે.

ઊંધે રવાડે :ખોટે રસ્તે ચડી જવું.

ઊંધા :વિફળ.

ઊંધી પ્રતીત અને ઊંધું જ્ઞાન :તે જ, સંસાર છે, સાચી પ્રતીત અને સાચું જ્ઞાન તે જ, મોક્ષ છે.

ઊંધી માન્યતા :પરને અને પોતાને એકપણે માને તે ઊંધી માન્યતા

ઊંધી સ્થિરતા :પરમાં એક પણે લીન થાય, તે ઊંધી સ્થિરતા છે.

ઊંધો અધ્યવસાન :કર્મ જનિત ઉપાધિને પોતાની માનવી તે ઊંધો અધ્યવસાન છે. ઊંધી રૂચિ, ઊંધી માન્યતા તે બધી કર્મજનિત ઉપાધિ છે. માટે પુદગલ છે.

ઉભાગેલા :સંસારથી કંટાળેલા

ઊમટે :જુવાળ આવે; હેલે ચડે; ઉલટભેર ધસે; ફેલાય;

ઊર્જિત :અતિશય પણાને પ્રાપ્ત

ઉરધતા :કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાન પણે જાણે, એમ બનવા યોગ્ય નથી. પ્રથમ પોતાનું વિદ્યમાન પણું ઘટે છે; અને કોઈ પણ પદાર્થનું ગ્રહણ ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન, થવામાં પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પ માત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય, તો જ થઈ શકે, એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે તો તે, બનવા યોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રગટ ઊર્ધ્વતાધર્મ તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.

ઊર્ધ્વ :ઊંચો; કાળ-અપેક્ષિત.

ઊર્ધ્વ પ્રચય :વૃત્તિઓનો પ્રચય (સમૂહ) તે ઊર્ધ્વ પ્રચય.

ઊર્ધ્વગામી :મોક્ષગામી

ઊર્ધ્વતા :કાળની અપેક્ષાએ ટકવું તેને અર્થાત્ કાળ અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. વસ્તુ તો કાવ્ય-ગુણ-પર્યાય મય છે. ત્યાં

ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય તે દ્રવ્ય છે. સાથે સાથે રહેવાના ભેદો તે ગુણો છે, અને ક્રમે ક્રમે થતા ભેદો તે, પર્યાયો છે.

ઊર્ધ્વતા સામાન્ય સ્વરૂપ દ્રવ્ય :કાળની અપેક્ષાએ ટકવું તે, અર્થાત્ કાળ-અપેક્ષિત પ્રવાહને ઊંચાઈ અથવા ઊર્ધ્વતા કહેવામાં આવે છે. ઊર્ધ્વતા સામાન્ય અર્થાત્ અનાદિ અનંત ઊંચો (કાળ અપેક્ષિત પ્રવાહ સામાન્ય, તે દ્રવ્ય.

ઊર્ધ્વપ્રચય :સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય, તે ઊર્ધ્વપ્રચય. ઊર્ધ્વપ્રચય, તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે, કારણકે દ્રવ્યની વૃત્તિ કોટિને (-ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણ કાળને) સ્પર્શતી હોવાથી, અંશો સહિત છે, પરંતુ આટલો ફેર છે કે, સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય, તે (કાળ સિવાય) બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વપ્રચય છે અને સમયોનો પ્રચય, તે જ કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણકે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ, સમયથી અર્થાંતરભૂત (અન્ય) હોવાથી, તે (વૃત્તિ) સમયવિશિષ્ટ છે, અને કાળદ્રવ્યની વૃત્તિ, તો સ્વતઃ સમયભૂત હોવાથી, તે (વૃત્તિ) સમયવિશિષ્ટ નથી. (૨) ક્રમવર્તી. ઉન્નતસમૂહરૂપ.૩-પદાર્થમાં જે ધર્મનું ઉદ્ભવતું થાય છે તે; ક્ષણે ક્ષણે થતી અવસ્થા

ઊલઝવું :ગુચવાવું; ગોટવાવું; ચક્કરમાં પડવું; વીંટાવું; લીન રહેવું; વાદ કરવો; ઝઘડવું; ચર્ચા કરવી

ઋજુબુદ્ધિ :સૂક્ષ્મબુદ્ધિ ગ્રાહ્ય

ઋજુમતિ :ઋજુ પરિણામી; સૂક્ષ્મ પરિણામી. (૨) સામાજીવના મનમાં રહેલા ભાવને પદાર્થને જાણે (૩) સત્ મૂર્તિ; શુદ્ધ વીતરાગ ભાવ નિર્ગ્રંથ; નિર્દોષ મૂર્તિ. (૪) સત્મૂર્તિ; માર્દવ મૂર્તિ.

ઋજુસૂત્રનય :(ઋજુ એટલે વર્તમાન, હાજર, સરળનું જે જ્ઞાનનો અંશ વર્તમાન પર્યાય માત્રને ગ્રહણ કરે તે ઋજુસૂત્રનય છે. ભૂત-ભવિષ્યની અપેક્ષા ન કરીને વર્તમાન પર્યાય માત્રને જે ગ્રહણ કરે તે ઋજુસૂત્રનય છે. (૨) વર્તમાન સમયમાત્ર; ક્ષણિકપણું; ક્ષણિક પર્યાયરૂપ.

ઋજુસૂત્રનયનો વિષય :જે વર્તમાન સમય પૂરતો જ માત્ર (ક્ષણિક).

ઋણ :કરજ

ઋદ્ધિ :સમૃદ્ધિ; આબાદી; ઉત્કર્ષ; સિદ્ધિ; લક્ષ્મીદેવી, પાર્વતી. (૨) વૃદ્ધિ; (૩) લબ્ધિ; સંપદા; યોગ્યતા. (૪) ભોગ અને ઉપભોગરૂપ ઘોડા, હાથી, મણિ અને રત્ન, રૂપ, , સંપદા તથા તે સંપદાની પ્રાપ્તિના કારણનું નામ ઋદ્ધિ છે. ત્રણ લોકમાં રહેનારી સર્વ સંપદાઓ તથા દેવ, અસુર અને મનુષ્યભવની સંપ્રાપ્તિના કારણોને પણ સર્વજ્ઞ ભગવાન જાણે છેઃ એ ઉક્ત કથનનું તાત્પર્ય છે.

ઋષભદેવ :જૈનોના આદિ તીર્થંકર.

ઋષભદેવ ભગવાન :ઋષભદેવ ભગવાન જન્મથી જ ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી હતા. ૮૩ લાખ પૂર્વ સુધી તેને ચારિત્ર ન આવ્યું. ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ત્યાં અજ્ઞાની કહે છે કે ચારિત્રમોહકર્મના ઉદયને કારણે તેમને ચારિત્ર પ્રગટ ન થયું. પણ ભાઈ ! એ અભિપ્રાય સત્યાર્થ નથી. પોતાની પુરુષાર્થની નબળાઈને લઈને તેમને ચારિત્ર ન આવ્યું એ સત્યાર્થ છે. કર્મના ઉદયના નિમિત્તે તેમને ચારિત્રનો અભાવ હતો એમ કહેવું એ તો ઉપચાર છે, વાસ્તવિક નથી. (૨) ઋષભદેવ ભગવાન તીર્થંકર થયા તે પહેલાં આભરત નેત્ર વચ્ચે અઢાર કોકોડી સાગરોપમનો ધર્મનો આંતરો હતો. કોઈ તીર્થંકર થયા ન હતા. તેમ પાંચમુ ગુણસ્થાન પણ તેટલા કાળમાં કોઈને આવે નહિ. એકલાં જુગલિયાં હતાં. તે જુગલિયાં મરીને બધાં દેવ થતાં, તે મરીને મનુષ્ય પણ થતાં નહિ ઢોર પણ થતાં નહિ. તે જુગલિયા મરીને એકે પણ થતાં નહિ. તે મરીને નરકે પણ જતાં નહિ; માત્ર એક દેવ ભવમાં જ બધાં જતાં હતાં. પણ જ્યાં ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું તે દિવ્યધ્વનિ છૂટી. તે ધ્વનિ બધાંએ સાંભળી ત્યાં વર્ગ પડી ગયા ને ચારેગતિ ચાલુ થઈ ગઈ. મનુષ્યની, તિર્યંચની નારકીની, ને સિદ્ધની દેવગતિ તો હતી જ. કલ્પવૃક્ષમાં ફળ ખૂટ્યાં, એટલે પહેલાં જેમ બધાને સમભાવ રહેતો તે હવે નહિ રહેતાં, કોઈને ક્રોધની તીવ્રતા ને કોઈને ક્રોધની મંદતા, એમ થવા લાગ્યું. જેમ વીરડે બાઈઓ પાણી ભરવા જાય ને વીરડામાં પાણી ખૂટે, ત્યારે જે બાઈ જોરાવર હોય તે એમ કહે કે, મને પહેલાં પાણી ભરવા દે, મારે ઘેર છોકરો રુવે છે ને ઘરે ઘણું કામ છે; ત્યારે બીજી કહે કે પહેલાં હું આવી છું, તને શેની ભરવા

દઉં? ત્યારે બીજી કહે બાઈ! ભરવા દેને એને, ઘરે છોકરું રોતું હશે, આપણે પાંચ મિનિટ પછી ભરીશું. 'પાણી' શબ્દ આત્માની જેવી પાત્રતા હોય, તે પ્રમાણે ક્રોધાદિની તારતમ્યતા દેખાય, કોઈ પાણી ભરતી ક્રોધાદિની ઉગ્રતા કરે, કોઈ તીવ્રતા કરે, કોઈ મંદતા કરે, કોઈ જતું કરે. એમ કલ્પવૃક્ષનાં ફળ ફૂલ જ્યારે ખૂટ્યાં ત્યારે કોઈ પાછળથી આવે ને એમ કહે કે મને પહેલાં ખાવા દે, મને ભૂખ લાગી છે; ત્યારે બીજો કહે તને શેનો પહેલાં ખાવા દઉં? પહેલાં તો અમે આવ્યા છીએ. ત્યારે ત્રીજો કહે કે ભાઈ! ખાવા દેને એને પહેલાં, એને ભૂખ લાગી છે તે ભલે ખાય, આપણે પછી ખાઈશું એમ કેટલાક ક્રોધાદિની મંદતા કરે, કેટલા તીવ્રતા કરે ને કેટલાક જતુ કરે, એમ અઢાર ક્રોડાકોડી સાગરોપમમાં જે ભંગ પડ્યો ન હતો, તે ભંગ પડવા માંડયો ને વિરોધ-અવિરોધના ભાવો વધવા લાગ્યા. તેમાં જેણે જતું કર્યું હતું ને શાંત પરિણામ રાખ્યા હતા, તે જીવો પાત્ર અને લાયક હતા. તેણે ભગવાનની દિવ્ય ધ્વનિ સાંભળી ત્યાં એમ થયું કે અહો! આ સ્વરૂપ; પુણ્ય-પાપથી જુદું, એકલું નિરાળું ને નિર્મળ એવું મારા આત્માનું સ્વરૂપ! એમ સમજી કેટલાક તો સમ્યગ્દર્શન પામ્યા; કેટલાકે મુનિપણું લીધું, કેટલાક તો કેવળ જ્ઞાન પામ્યા, ને કેટલાક તો ધ્વનિ સાંભળીને એવા વિરોધમાં પડયા કે, નરક નિગોદમાં જવાના પરિણામ શરૂ થઈ ગયાં ને ચોવીશ દંડકમાં જવાની તૈયારી કરી. ભગવાનની ધ્વનિ છૂટી તેમાં પાત્રને સવળું પડયું ને અપાત્રને અવળું પડયું. તે પડયું કોના કારણે? ઉત્તર- પોતાના કારણે, ભગવાનની ધ્વનિમાં તો ક્રોધ ને ક્ષમતા સ્વરૂપનો બધો ઉપદેશ આવે, એમાં જેણે ફળ ખાતી વખતે ક્રોધ કર્યો હતો. તેને એમ થયું કે આણે તો જો, વળી મારી જ માંડી છે કે ક્રોધનું ફલ આવું ને તેવું, તેમ મારી જ માંડી છે, એમ ક્રોધ કર્યો હતો તે અમને જ સંભળાવે છે, એમ કષાયની તીવ્રતા કરવા માંડ્યા. તેણે દુર્ગતિની તૈયારી કરી. ભગવાનની જ્યાં ધ્વનિ છૂટી ત્યાં સવળા ને અવળા બે ભાગ ફડાક દઈને પડી ગયા. સત્ય વાત બહાર આતાં સવળા ને સવળું ને અવળાને અવળું, જોર આવ્યા વિના રહે નહિ. એ વસ્તુસ્વભાવ છે. સમજાય તેમ સમજો.

ઋષિ :સિધ્ધિઓ પ્રાપ્ત કરનારતે ઋષિ (૨) બહુ ઋદ્ધિધારી હોય તે. ઋષિના ચાર ભેદ=(•)રાજર્ષિ,(•) બ્રહ્મર્ષિ, (•) દેવર્ષિ, (•) પરમર્ષિ. રાજર્ષિ= ઋધ્ધિવાળા, બ્રહ્મર્ષિ=અક્ષીણ મહાન ઋદ્ધિવાળા, દેવર્ષિ= આકાશગામી મુનિદેવ, પરમર્ષિ=કેવળજ્ઞાની.

ઋષીશ્વરો :જિન દેવો; તીર્થંકરો; લોકને પ્રગટ જાણનારા. ઋષીશ્વરો.

એક :અલ્પ અથવા એક પદાર્થનું જ્ઞાન થવું (જેમ એક માણસનું અથવા પાણીના પ્યાલાનું) થોડા પદાર્થ જ્ઞાનગોચર થવા. (૨) અખંડ હોવાથી એકરૂપ છે. (૩) અખંડ; એકરૂપ. તદ્રૂપ

એક અગ્રનું :એકલું આત્માના વિષયનું-સંવેદન કરતા હોવાથી તેમને પરમાનંદનું ધ્યાન છે.

એક અવિભાગ પ્રતિચ્છેદથી માંડીને અનંત અવિભાગ પ્રતિચ્છેદો સુધી તરતમતા પામે છે :એક ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. (બકરી કરતાં ગાયના દૂધમાં અને ગાય કરતાં ભેંસના દૂધમાં ચીકાશના અવિભાગ પ્રતિચ્છેદો વધારે હોય છે. ધૂળ કરતાં રાખમાં અને રાખ કરતાં રેતીમાં લૂખાપણાના અવિભાગ પ્રતિચ્છેદો અધિક હોય છે.)

એક ઓરડામાં પ્રગટાવેલ અનેક દીવાના પ્રકાશોની માફક :જેમ ઘણા દીવાના પ્રકાશો એક જ ઓરડામાં ભેગા રહ્યા, હોય તો સ્થૂલ દષ્ટિથી જોતાં તેઓ એકબીજામાં મળી ગયેલા ભાસે છે, તો પણ સૂક્ષ્મ દષ્ટિથી વિચારપૂર્વક જોતાં, તો તે પ્રકાશો ભિન્ન ભિન્ન જ છે. (કારણ કે એક દીવો બુઝાઈ જતા, તે જ દિવાનો પ્રકાશ નષ્ટ થાય છે, અન્ય દીવાના પ્રકાશો નષ્ટ થતા નથી.); તેમ જીવાદિ, અનેક દ્રવ્યો, એક જ ક્ષેત્રમાં રહ્યાં છે તો પણ, સૂક્ષ્મ દષ્ટિથી જોતાં તેઓ ભિન્ન ભિન્ન જ છે, એકમેક થયાં નથી.

એક ક્ષેત્રાવગાહપણે :એક જ સ્થાનમાં સાથે

એક ચૈતન્યસ્વભાવ :સમ્યક્ એકાંત

એક જ્ઞાયક ભાવ જેને યથાર્થ બેસે :એને બધા ભાવ યથાર્થ બેસી જાય. પણ જેને એક (જ્ઞાયક) ભાવનાં ઠેકાણાં ન મળે, તે નાખે કર્મ ઉપર. પણ તેથી શું થાય ? (સંસાર ન મટે)

એક જેમનો આશ્રય છે :અનંત ગુણોનો આશ્રય, એક દ્રવ્ય છે.

એક જીવને એક સાથે કેટલાં શરીર હોઈ શકે ? :એક જીવને એક સાથે ઓછામાં ઓછાં બે અને વધારમાં વધારે ચાર શરીર હોય છે. ખુલાસો આ રીતે છે – વિગ્રહ ગતિમાં તૈજસ અને કાર્માણ, મનુષ્ય અને તિર્યંચને ઔદારિક, તૈજસ અને કાર્માણ, દેવ તથા નારકીઓને વૈક્રિયિક, તૈજસ અને કાર્માણ તથા આહારક ઋદ્ધિધારી મુનિઓને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

એક દ્રવ્ય પર્યાયો :એક દ્રવ્યના પર્યાયો

એક દ્રવ્યપણે :દ્રવ્યે એકપણે.

એક દેશ :થોડો ભાગ.

એક દેશ વ્યક્તિરૂપ :અંશે પ્રગટરૂપ

એક પ્રદેશી :અવિભાજ્ય – એક ક્ષેત્રવાળો. (નિશ્ચયનયે ધર્માસ્તિકાય અવિભાજ્ય; એક પદાર્થ હોવાથી અવિભાજ્ય- એક ક્ષેત્રવાળો છે. (૨) કાલદ્રવ્ય અને પુદ્ગલ પરમાણુ.

એક ભેટે :એક અપેક્ષાએ.

એક મતિમાન :ઘણા બુદ્ધિશાળી.

એક વેદનથી વેદ્ય :એક જ્ઞાનથી જણાવા યોગ્ય. (નૈયાયિકો, શબ્દને આકાશનો ગુણ માને છે પણ તે માન્યતા પ્રમાણ છે. ગુણ-ગુણીના પ્રદેશો, અભિન્ન હોય છે, તેથી ગુણ જે ઈન્દ્રિયથી જણાય, તે જ ઈન્દ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ કર્ણેન્દ્રિયથી જણાય છે, માટે આકાશ પણ, કર્ણેન્દ્રિયથી જણાવું જોઈએ. પણ આકાશ તો કોઈ ઈન્દ્રિયથી જણાતું નથી, માટે શબ્દ આકાશ વગેરે, અમૂર્તિક દ્રવ્યોનો ગુણ નથી.)

એક શ્વાસનું કલ્પિત સુખ :૧૧ લાખ ૯૬ હજાર, નવસો પંચોતેર પલ્યોપમનું, દુઃખ.

એક સમયમાં એક જીવને કેટલાં જ્ઞાન હોઈ શકે ? :એક સમયમાં એક જીવને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ચાર જ્ઞાન હોય છે. તેનો ખુલાસો આ રીતે છે – એક કેવળ જ્ઞાન જ હોય છે. બે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન હોય છે. ચાર મતિ જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન અન મનઃ પર્યાયજ્ઞાન હોય છે.

એકક્ષેત્રાવગાહ :જીવ, અન્ય દ્રવ્યો-અનંત પરમાણુ, આકાશ, કાળ, ધર્મ, અધર્મ વગેરે, – સાથે એક જ ક્ષેત્રમાં મળીને, રહેવા છતાં, પોતાના ક્ષેત્રથી ભિન્નપણે રહી, પોતાના ચૈતન્યસ્વભાવરૂપ જ રહે છે, સ્વરૂપથી કદી છૂટતો નથી,અને અન્ય દ્રવ્યોમાં એકરૂપ થતો નથી. આવો જ વસ્તુ સ્વભાવ છે.

એકત્રિત :એકઠો; ભેગો.

એકત્વ :એકરૂપ ત્રિકાળી સ્વભાવ. એ એકપણું, એ નિશ્ચય. (૨) અસંગપણું; એકલાપણું. (૩) અભેદ. (૪) પરથી ભિન્ન આત્માના ગુણોથી અભિન્ન એવું એકત્વ. પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્ન અને આત્માના ગુણોથી અભિન્ન.

એકત્વનિશ્ચય :પોતામાં રહેલું પોતાનું રૂપ.

એકત્વ નિશ્ચયગત સમય :(•) એકેન્દ્રિયાદિ બધા પદાર્થોમાં જીવ દ્રવ્ય છે તે સુંદર છે. (•) એકત્વ નિશ્ચયગત એટલે પોતાના સ્વગુણની પર્યાયપણે પરિણમે તે સુંદર છે. (અહીં બીજા બોલમાં વિકારી અને અવિકારી બધી પર્યાયોપણે પરિણમે તેવી વાત છે.) (•) એકત્વ નિશ્ચયગત કહેતાં અભેદ રત્નત્રયપણે શુદ્ધ પરિણમે તે સુંદર છે, સત્ય છે.

એકત્વ નિશ્ચય-ગત સમય :નિજ શુદ્ધાત્મા એના એકત્વમાં પરિણમે એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયપણે પરિણમે તે સમય છે.

એકત્વ બુદ્ધિ :મારાપણાનો ભાવ.

એકત્વ-અભેદ :દર્શન, જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય, અસ્તિત્વ, દ્રવ્યત્વ વગેરે બધા ગુણો વસ્તુપણે એક છે છતાં કાર્યભેદે કથંચિત જુદા છે. જેમ કે શ્રદ્ધાનું કાર્ય પ્રતીત કરવાનું છે, જ્ઞાનનું કાર્ય જાણવાનું છે, આનંદનું કાર્ય આહ્લાદક

અનુભવવાનું છે, દર્શનનું કાર્ય સમાન્ય પ્રતિભાસ છે, અસ્તિત્વનું કાર્ય હોવાપણું છે. જ્ઞાન વડે બધા ગુણો જુદા જુદા અને કિંચિત એકમેક છે. જેમ જણાય છે. બધા ગુણોનો આનંદ જુદો જુદો છે. છતાં તે બધા ગુણનું એકપણું કેવી રીતે છે તે સમજીને એકત્વને લક્ષમાં લેવાની આ વાત છે. આ સમજણની વિધિ વિના ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજો ઉપાય નથી. એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ; પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. આત્મસિદ્ધિ ગાથા ૩૬ તત્ત્વમાં અવિરોધપણે સમજણપૂર્વકની જે વિચારણા, શ્રદ્ધા, જ્ઞાન તે જ પુણ્ય-પાપ રહિત અવિકારી સ્વરૂપમાં કરવામાં પ્રેરે, તે જ્ઞાનની સ્થિરતારૂપ વ્યવહાર જ્ઞાનીને કબૂલ છે. એ વિધિથી સ્વરૂપને સમજી એકવાર અંતરમાં લક્ષ તો કરી લે ! જેમાં વિકાર તો નથી પરંતુ ગુણ-ગુણીની જુદાઈ પણ નથી. વર્તમાનમાં એવા પૂર્ણ નિર્મળ સ્વભાવનો અનુભવ કરતાં વસ્તુમાં જે અનંત ગુણો છે, તે કિંચિત ભેગા અને ગુણના સ્વાદભેદે જુદા છે; એક સ્વાનુભવે અનુભવવામાં આવતાં દર્શન, જ્ઞાન, ચારિત્રના જુદા જુદા પ્રકાર અનુભવવામાં આવશે નહિ.

એકત્વગતપણું :(•) નિશ્ચયરત્નત્રયરૂપ પરિણતિ; દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત. (•) એક પણાની શ્રદ્ધા, એકપણાનું જ્ઞાન અને એકપણામાં રમણતા વર્તે છે, ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી, સ્વ સમય છે.

એકત્વગતપણે :એકપણું માનીને.

એકત્વનિશ્ચય :પોતામાં રહેલા પોતાના સ્વરૂપને પ્રાપ્ત થવું તે એકત્વનિશ્ચય. (૨) તારા આત્મદ્રવ્યમાં તારા અનંતગુણ અને તેની નિર્મળ પર્યાયથી ત્રણે કાળે તારું એકત્વ-લીનપણું છે, તે નિશ્ચય સત્ છે.

એકત્વનિશ્ચયને પ્રાપ્ત :નિજ શુદ્ધાત્મા એના એકત્વમાં પરિણમે; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, પર્યાયપણે પરિણમે.

એકત્વનિશ્ચયગત :દ્રવ્ય જે પોતે ધ્રુવ તેમાં પોતાના સ્વગુણ પર્યાયપણે પરિણમે તેને સ્વસમય કહેવામાં આવે છે.

એકત્વપ્રત્યભિજ્ઞાન :સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થમાં એકતા બતાવવા જોડરૂપ જ્ઞાનને એકત્વપ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે-આ તે જ મનુષ્ય છે કે જેને કાલે જોયો હતો.

એકત્વવિભક્ત :પરથી ભિન્ન અને સ્વથી એકત્વરૂપ તેવા આનંદમૂર્તિ ભગવાન આત્મા.

એકત્વમાં બીજાની સાથે બંધની કથા :નિમિત્તના સંબંધની કથા; કર્મના નિમિત્તથી થતા વિકારો,-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, શુભ કે હિંસા, જૂઠ આદિ, અશુભભાવો-સાથે એકત્વપણાની બંધ કથા.

એકત્વવિભક્ત :સ્વથી એકત્વ અને પરથી ભિન્ન; સ્વભાવથી એકત્વપણે છે અને રાગથી વિભક્ત છે; સ્વભાવથી અભિન્ન એન રાગથી ભિન્ન. (૨) ભિન્ન આત્માનું એકત્વ; સ્વથી એકરૂપ, પરથી ભિન્ન. પરથી ભિન્ન અને સ્વથી એકત્વરૂપ.

એકત્વવિભક્ત આત્મા :પરથી ભિન્ન અને સ્વથી એકત્વરૂપ, એવા આનંદમૂર્તિ ભગવાન આત્મા; સ્વભાવથી એકત્વ અને વિભાવથી વિભક્ત, એવો આત્મા; પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન, અને પોતાના સ્વરૂપ ચૈતન્યથી અભિન્ન, આત્મા.

એકતા-એકલક્ષણપણું :દ્રવ્ય પ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા, એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે.

એક દેશ વ્યક્તિરૂપ :અંશે પ્રગટરૂપ.

એકદેશ વિરતિ :એકદેશ પાપ ક્રિયાથી રહિત ગૃહસ્થાચાર; શ્રાવકાચાર-શ્રાવક ક્રિયા. અણુવ્રત ગ્રહણ કરવાની ક્રિયા.

એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી એમ નક્કી કરે છે :જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (આત્મદ્રવ્યને) જાણતો નથી તો તે યુગપદ્ સર્વ અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે ? આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે- અનુભવે-જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો-જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે-જણાય છે, કારણકે જ્ઞાનની

અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે. જો આમ ન હોય તો અર્થાત્ જો આત્મા સર્વને પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.

પ્રવચન સાર ગાથા ૪૯

એકને નહિ જાણનાર સર્વને જાણતો નથી :હવે ત્યારે એમ નક્કી થાય છે કે, સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન; અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક (પોતાને અનુભવનાર) હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં, પ્રતિભાસ કે પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં, અન્યોન્ય મિલન હોવાને લીધે (અર્થાત્ જ્ઞાન અને જ્ઞેય આત્માની -જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત એકમેક રૂપે હોવાને લીધે), તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી, બધું ય જાણે કે આત્મામાં નિખાત (પેસી ગયું) હોય, એ રીતે પ્રતિભાસે છે - જણાય છે. (આત્મા જ્ઞાનમય હોવાથી, પોતાને સંચેતે છે -અનુભવે છે - જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો-જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય, એ રીતે-જણાય છે, કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે.) જો આમ ન હોય તો (અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો), જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ થવાથી, પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.

એકેન્દ્રિય :પૃથ્વીકાયિક જીવ, અપકાયિત જીવ, અગ્નિકાયિક જીવ, વાયુકાયિક જીવ અને વનસ્પતિ કાયિક જીવ એ પાંચ પ્રકારના એકેન્દ્રિય જીવ છે. (૨) જેને એક સ્પર્શની ઈન્દ્રિય જ હોય છે એવો જીવ.

એકેન્દ્રિય જીવો :પૃથ્વીકાય, અપકાય, તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય, એવા આ પુદ્ગલપરિણામો બંધને લીધે, જીવ સહિત છે. તે બધાંય પુદ્ગલપરિણામો, સ્પર્શનેન્દ્રિયાવરણના ક્ષયોપશમવાળા જીવોને, બહિરંગ સ્પર્શનેન્દ્રિયની રચનાભૂત વર્તતા થકા, કર્મફળ ચેતનાપ્રધાનપણાને લીધે, પુષ્કળ મોહ સહિત જ સ્પર્શોપલબ્ધિ સંપ્રાપ્ત કરાવે છે. તેમાં ત્રણ- પૃથ્વીકાયિક, અપ્કાયિક ને વનસ્પતિકાયિક જીવો, સ્થાવર શરીરના સંયોગવાળા છે. તથા વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો ત્રસ છે. (વાયુકાયિક અને અગ્નિકાયિક જીવો ચલનક્રિયા દેખીને, વ્યવહારથી ત્રસ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો તેઓ પણ સ્થાવરનામકર્માધીનપણાને લીધે - જો કે તેમને વ્યવહારથી ચલન છે, તો પણ સ્થાવર જ છે.), તે બધાં મનપરિણામરહિત એકેન્દ્રિય જીવો જાણવા. પૃથ્વીકાયિક વગેરે પાંચે પ્રકારના જીવો, સ્પર્શનેન્દ્રિય (ભાવસ્પર્શનેન્દ્રિયના) આવરણના ક્ષયોપશમને લીધે, તથા બાકીની ઈન્દ્રિયોના (ચાર ભાવેન્દ્રિયોના) આવરણનો ઉદય, તેમજ મનના (ભાવમનના) આવરણોનો ઉદય હોવાથી, મનરહિત એકેન્દ્રિય છે. ઈંડાની અંદર રહેલાં, ગર્ભમાં રહેલાં અને મૂર્છા પામેલાં પ્રાણીઓના જીવત્વનો, તેમને બુદ્ધિપૂર્વક વ્યાપાર નહિ જોવામાં આવતો હોવા છતાં, જે પ્રકારે નિશ્ચય કરાય છે, તે પ્રકારે એકેન્દ્રિયોના જીવત્વનો પણ નિશ્ચય કરાય છે, કારણ કે બન્નેમાં બુદ્ધિપૂર્વક વયપરનું અદર્શન સમાન છે. ભાવાર્થ :- જેમ ગર્ભસ્યાદિ પ્રાણીઓમાં ઈહાપૂર્વક વ્યાવહારનો અભાવ હોવા છતાં, જીવત્વ છે જ, તેમ એકેન્દ્રિયોમાં પણ, ઈહાપૂર્વક વ્યવહારનો અભાવ હોવા છતાં, જીવત્વ છે એમ આગમ, અનુમાન ઈત્યાદિથી નક્કી કરી શકાય છે. અહીં એમ તાત્પર્ય ગ્રહવું કે - જીવ પરમાર્થે સ્વાધીન અનંત જ્ઞાન અને સૌખ્ય સહિત હોવા છતાં, અજ્ઞાન વડે પરાધીન ઈન્દ્રિયસુખમાં આસક્ત થઈને જે કર્મ બાંધે છે, તેના નિમિત્તે પોતાને એકિન્દ્રિય અને દુઃખી કરે છે. (૨) પાંચ પ્રકારના છે : (•) પૃથ્વી કાયિક, (•) અપ્ કાયિક, (•) અગ્નિ કાયિક, (•) વાયુ કાયિક અને (•) વનસ્પતિ કાયિક. આ જીવોને મોહનું પ્રબળપણું છે, અને સ્પર્શ ઈન્દ્રિયના વિષયનું તે જ્ઞાન છે. એ પાંચ પ્રકારનો જીવ સમૂહ, મન પરિણામથી રહિત છે. તે જીવો કર્મફળ ચેતના પ્રધાન હોય છે. (•) પૃથ્વીકાય, અપ્કાય, તેજઃ કાય, અને વાયુકાય ચારમાંના દરેકના, સાત લાખ પેટા-જાતિરૂપ ભેદો છે અને વનસ્પતિકાયના, દસ લાખ ભેદો છે. (•) પૃથ્વીકાયિક વગેરે જીવોને સ્પર્શનેન્દ્રિયપણાનો (ભાવ સ્પર્શનેન્દ્રિયના આવરણનો), ક્ષયોપશમ હોય છે અને તેને કાયો બાહ્ય સ્પર્શનેન્દ્રિયની રચનારૂપ હોય છે, તેથી તે તે કાયો તે તે જીવોને સ્પર્શની ઉપલબ્ધિમાં, નિમિત્તભૂત થાય છે. તે જીવોને થતી તે સ્પર્શોપલબ્ધિ, પ્રબળ મોહ સહિત

જ હોય છે. કારણ કે તે જીવો, કર્મફળ ચેતનાપ્રધાન હોય છે. તેમાં ત્રણ પૃથ્વીકાયિક, અપ્કાયિક ને વનસ્પતિકાયિક જીવો, સ્થાવર શરીરના સંયોગવાળા છે, તથા વાયુ કાયિકને અગ્નિકાયિક જીવો, ત્રસ છે; ત`બધા મનપરિણામ રહિત એકેન્દ્રિય જીવો જાણવા. (•) વાયુ કાયિક અને અગ્નિકાયિક જીવોને ચલનક્રિયા દેખીને,વ્યવહારથી ત્રસ કહેવામાં આવે છે; નિશ્ચયથી તો તેઓ પણ સ્થાવરનામ કર્માધીનપણાને લીધે, - જોકે તેમને વ્યવહારથી ચલન છે, તો પણ સ્થાવર જ છે. (•) પૃથ્વી કાયિક વગેરે જીવો, સ્પર્શનેન્દ્રિયના (ભાવ સ્પર્શને ઈન્દ્રિયનો) આવરણના ક્ષયોપશમને લીધે, તથા બાકીની ઈન્દ્રયોના (ચાર ભાવેંન્દ્રિયોના) આવરણનો ઉદય, તેમજ મનના (ભાવમનના) આવરણનો ઉદય હોવાથી, મનરહિત એકેન્દ્રિય છે. ઈંડાની અંદર રહેલા ગર્ભમાં રહેલાં, અને મૂર્ચ્છા પામેલાં પ્રાણીઓ ના જીવત્વનો, તેમને બુદ્ધિપૂર્વક વ્યાપાર નહિ જોવામાં આવતો હોવા છતાં, જે પ્રકારે નિશ્ચય કરાય છે તે પ્રકારે એકેંદ્રિયોના જીવત્વનો પણ નિશ્ચય કરાય છે; કારણ કે બંનેમાં, બુદ્ધિપૂર્વક વ્યાપારનું અદર્શન(નહિ જોવામાં આવવું તે) સમાન છે.

એકેન્દ્રિયાદિ જીવો :પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિકાય- આ સઘળા, એકેન્દ્રિયાદિ જીવો કર્ણેન્દ્રિય ન હોવા છતાં, અનંત કાળથી રાગ વેદે છે, રાગ સાથે એકતા અનુભવે છે. તેથી બંધકથા સાંભળી છે, એમ કહેવામાં આવે છે.

એકનિષ્ઠા :એક જ વસ્તુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા.

એકનિષ્ઠિત :એકનિષ્ઠાવાન.

એકપણું :સ્વસમયપણું (૨) વળી દરેક વસ્તુનું એકપણું છે. - પોતપોતાના અનંત સ્વભાવ અર્થાત્ ગુણવસ્તુ રૂપે એક છે માટે એકપણું છે. (૩) ત્રિકાળી અનંત ગુણ તથા અવસ્થારૂપ અખંડ પિંડ એકાકાર વસ્તુપણે દેખો તો નિશ્ચય દૃષ્ટિથી આત્મા એકરૂપ છે.

એકપણે :ક્ષીરનીરવત; પાણીમાં દૂધની માફક;

એકભક્ત :દિવસમાં એક જ વખત જમવું.

એકરૂપ :તદ્રૂપ (૨) એકમેક (૩) એકધારાએ.

એકરૂપતા :સદશતાં રહિત

એકરસ :સમરસ ભાવના.

એકલયપણે :ભક્તિપણે; સર્વાર્પણપણે.

એકલેશ :રાગ-દ્વેષ રહિત.

એકલા :નિર્ભેળ

એકવેદનથી વેદ્ય :એક જ્ઞાનથી જણાવા યોગ્ય, ((નૈયાયિકો શબ્દને આકાશનો ગુણ માને છે પણ તે માન્યતા અપ્રમાણ છે. ગુણ-ગુણીના પ્રદેશો અભિન્ન હોય છે, તેથી ગુણ જે ઈંદ્રિયથી જણાય તે જ ઈંદ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ કર્ણેન્દ્રિયથી જણાય છે. માટે આકાશ પણ કર્મેન્દ્રિયથી જણાવું જોઈએ, પણ આકાશ તો કોઈ ઈન્દ્રિયથી જણાતું નથી. માટે શબ્દ આકાશ વગરે અમૂર્તિક દ્રવ્યનો ગુણ નથી. વળી જો શબ્દ પુદ્ગલનો પર્યાય હોય તો પૃથ્વીસ્કંધની જેમ તે સ્પર્શાનાદિક ઈન્દ્રિયોનો વિષય હોવો જોઈએ અર્થાત્ જેમ પૃથ્વી સ્કંધરૂપ પુદ્ગલપર્યાય સર્વ ઈંદ્રિયોથી જણાય છે તેમ શબ્દરૂપ પુદ્ગલપર્યાય પણ સર્વ ઈન્દ્રિયોથી જણાવો જોઈએ (એમ તર્ક કરવામાં આવે તો) એમ પણ નથી, કારણ કે પાણી (પુદ્ગલ પર્યાય હોવા છતાં) ઘ્રાણેન્દ્રિયન વિષય નથી, અગ્નિ(પુદ્ગલ પર્યાય હોવા છતાં) ઘ્રાણેન્દ્રિય તથા રસનેન્દ્રિયનો વિષય નથી અને પવન (પુદ્ગલ પર્યાય હોવા છતાં) ઘ્રાણેનિદ્રય, રસનેન્દ્રિય તથા ચક્ષુ-ઈંદ્રિયનો વિષય નથી. વળી એમ નથી કે પાણી ગંધ વિનાનું છે (તેથી નાકથી અગ્રાહ્ય છે.) અગ્નિ ગંધ તથા રસ વિનાનો છે)તેથી નાક તથા જીભથી અગ્રાહ્ય છે) અને પવન, ગંધ,રસ તથા વર્ણ વિનાનો છે(તેથી નાક,જીભ તથા આંખથી અગ્રાહ્ય છે). કારણ કે સર્વ પુદ્ગલો સ્પર્શાદિ ચતુષ્ક સહિત સ્વીકારવામાં આવ્યાં છે, કેમ કે જેમને સ્પર્શાદિ ચતુષ્ક વ્યકત છે એવાં (૧) ચન્દ્રકાન્તને, (૨) અરણિને અને (૩) જવને જે પુદ્ગલો ઉત્પન્ન કરે છે તે જ પુદ્ગલો વડે (૧) જેને ગંધ અવ્યકત છે એવા પાણીની, (૨) જેને ગંધ તથા રસ અવ્યકત છે એવા અગ્નિની અને

(૩) જેને ગંધ, રસ તથા વર્ણ અવ્યકત છે એવા ઉદરવાયુની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે.

એકવાર :એકસરખું; એકરસ.

એકવિધ :એક પ્રકારના પદાર્થોનું જ્ઞાન થવું (જેમ એક જાતના ઘઉંનું જ્ઞાન); એક પ્રકારના પદાર્થો જ્ઞાનગોચર થયા.

એકસદશસ્વભાવ :અવિરુદ્ધ સ્વભાવ ત્રિકાળ છે.

એકાકાર :જ્ઞાન પોતાને જ જાણે, અને પરને ન જાણે, તેને એકાકાર કહે છે.

એકાકી :એકલો.

એકાગ્ર પરિણતપણારૂપ શ્રામણ્ય :દૃઢપણે એકાગ્રતામાં પરિણમવું, તે શ્રામણ્ય છે. જેનુ બીજું નામ મોક્ષમાર્ગ છે.

એકાગ્ર :જેનો એક જ વિષય (આલંબન) હોય એવું. (૨) સ્વભાવમાં લીન. (૩) લક્ષપૂર્વક; એક ચિત્તે, ધ્યાન દઈને; મન ન ભટકે તેમ.

એકાગ્ર ચિંતાનિરોધ :એક જ વિષયમાં-ધ્યેયમાં-વિચારને રોકવા, તે (એકાગ્રચિંતાનિરોધ, તે ધ્યાન છે.)

એકાગ્ર સંચેતન :એક વિષયનું અનુભવન. (એકાગ્ર=એક જેનો વિષય હોય એવું.)

એકાગ્ર સંચેતન લક્ષણ :એક અગ્રનું (વિષયનું ધ્યેયનું) સંચેતન, અર્થાત્ અનુભવન, તે ધ્યાનનું લક્ષણ છે.

એકાગ્રચિંતા નિરોધક :એક વિષયમાં વિચારને રોકનારો.

એકાગ્ર ચિંતાનિરોધ :એક જ વિષયમાં,-ધ્યેયમાં-વિચારને રોકવા તે. (એકાગ્ર ચિંતા નિરોધ, તે ધ્યાન છે.) (૨) એક વિષયમાં વિચારને રોકનાર, આત્મા.

એકાગ્રતા :એક ચિત્ત; એક ધ્યાન; તલ્લીન; એકલક્ષી (૨) એકાગ્રપણું; એક જ બિંદુ પર ચોંટાડેલી નજરવાળું. (૩) દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી માત્ર એકાગ્રતા એક જ મોક્ષમાર્ગનું લક્ષણ છે. પર્યાપ્ત પ્રધાન વ્યવહારનયના દર્શન-જ્ઞાન-ચારિત્રિક મોક્ષમાર્ગનું લક્ષણ છે. (૪) સ્વરૂપલીનતા. (૫) લીનતા.

એકાગ્રસંચેતન લક્ષણ :એક અગ્રનું (વિષયનું, ધ્યેયનું) સંચેતન, અર્થાત્, અનુભવન, તે ધ્યાનનું લક્ષણ છે.

એકાણુવ્યાપ્ય :એક પરમાણુથી વ્યાપ્ય હોય, એવડા.

એકાંત :કેવળ (૨) અસંગ થઈ, વિકારરહિત થઈ, રાગદ્વેષરહિત એકતા શુદ્ધ આત્માનું સેવન કરવું તે એકાંત છે. (૩) અયથાર્થ.

એકાંતે :કેવળ; સર્વથા; અત્યંત; (યતિ કેવળ જ્ઞાનાનંદમયી દશાને, જ અત્યંત અનુભવો) (૨) નિયમથી.

એકાંત આત્મર્થબોધક :એકલું આત્મહિત થાય; સંસારનો અભાવ થાય.

એકાંતે ઉપયોગ વિશુદ્ધ :સર્વથા શુદ્ધોપયોગી.

એકાંત ટાળી :કેવળ ક્ષય કરી.

એકાંતે મુમુક્ષ :કેવળ મોક્ષાર્થી; સર્વથા મોક્ષાર્થી.

એકાંત મિથ્યાત્વ :વસ્તુને સર્વથા અસ્તિત્વરૂપ, સર્વથા નાસ્તિરૂપ, સર્વથા એકરૂપ, સર્વથા અનેકરૂપ, સર્વથા અનિત્ય, ગુણ-પર્યાયોથી સર્વથા અભિન્ન, ઈત્યાદિ સ્વરૂપે માનવી તે એકાંત મિથ્યાત્વ છે; વળી કાળ જ બધું કરે છે, કાળ જ બધાનો નાશ કરે છે, કાળ જ ફળ-ફૂલ વગેરે ઉપજાવે છે, કાળ જ સંયોગ-વિયોગ કરાવે છે. કાળ જ ધર્મ પમાડે છે-ઈત્યાદિ માન્યતા જુઠ્ઠી છે, તે એકાંત મિથ્યાત્વ છે. દરેક વસ્તુ પોતે પોતાના કારણે પોતાની પર્યાય ધારણ કરે છે, તે જ તે વસ્તુનો સ્વકાળ છે અને તે વર્તતી કાળ દ્રવ્યની પર્યાય (સમય) તે નિમિત્ત છે; આમ સમજવું તે યથાર્થ સમજણ છે અને તે વડે એકાંત મિથ્યાત્વનો નાશ થાય છે. કોઈ કહે છે કે -આત્મા તો અજ્ઞાની છે, આત્મા અનાથ છે; આત્માનાં સુખ-દુઃખ, જીવન-મરણ, લાભ-અલાભ, જ્ઞાનીપણું, પાપીપણું, ધર્મીપણું, સ્વર્ગગમન, નરકગમન ઈત્યાદિ બધું ઈશ્વર કરે છે; સંસારના કર્તા ઈશ્વર છે, હર્તા પણ ઈશ્વર છે, ઈશ્વરથી જ સંસારની ઉત્પત્તિ અને પ્રલય છે, - ઈત્યાદિ પ્રકારે ઈશ્વરકર્તૃત્વની કલ્પના કરે છે તે મિથ્યાત્વ છે. ઈશ્વરપણું તો આત્માની સંપૂર્ણ શુદ્ધ (સિદ્ધ) અવસ્થા છે. આત્મા નિજ સ્વભાવે જ્ઞાની છે પણ પોતાના સ્વરૂપની અનાદિથી ખોટી માન્યતાના કારણે પર્યાયમાં અજ્ઞાનીપણું, દુઃખ, જીવન, મરણ, લાભ, અલાભ, પાપી પણું વગેરે પોતે પ્રાપ્ત કરે છે; અને જ્યારે પોતે પોતાના

સ્વરૂપની ખોટી માન્યતા ટાળે ત્યારે પોતે જ જ્ઞાની, ધર્મી થાય છે; ઈશ્વર (સિદ્ધ) તો તેના જ્ઞાતા-દ્રષ્ટા છે.

એકાંત વિરતિ રૂપા :સર્વથા પાપક્રિયાના ત્યાગ સ્વરૂપ છે. અથવા એક નિજ સ્વભાવના અનુભવ વડે સર્વથા પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે.

એકાંત શીતલીભૂત :નિર્લેપ.

એકાંતપણે :સર્વથા.

એકાત્મકતા :એકસ્વરૂપતા. (કાળદ્રવ્ય વિના પણ અનાદિ કાળથી અનંત કાળ સુધી સમયો એક પછી એક પરસ્પર અંતર પડ્યા વિના પ્રવર્તે છે તેથી એક પ્રવાહરૂપ બની જવાથી તેમાં એકસ્વરૂપપણું આવે છે તે શંકાકાર તરફથી તર્ક છે.)

એકાંતવાદ :એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની છે.

એકાંતાત્મક :એક ધર્મસ્વરૂપ.

એકાંતિક :નિશ્ચિત; નિયમરૂપ; અવશ્ય હોનાર. (૨) પરિપૂર્ણ; છેવટનું; એકલું; સર્વથા.(૩) એક તરફી; અનેકાંતથી વિરુદ્ધ એવું એક જ બાજું અથવા વસ્તુને લગતું એકક જ હેતુ, માણસ કે સિદ્ધાંતને વળગી રહેનારું (સિદ્ધાંત જેવું) છેવટનું.

એકાન્ત :(એક + અંત) એક ધર્મ. અનેકાન્ત અને એકાન્ત એ બન્નેના બબ્બે ભેદો છે; અનેકાન્તના બે ભેદો (૧) સમ્યક્ અનેકાન્ત અને (૨) મિથ્યા અનેકાન્ત; તથા એકાન્તના બે ભેદો (૧) સમ્યક્ એકાન્ત અને (૨) મિથ્યા એકાન્ત; સમ્યક્ અનેકાન્ત તે પ્રમાણે છે અને મિથ્યા અનેકાન્ત તે પ્રમાણાભાસ છે. સમ્યક્ એકાન્ત તે નય છે અને મિથ્યા એકાન્ત તે નયાભાસ છે.

એકાન્ત બોધબીજરૂપ સ્વભાવ :સમ્યગ્દર્શનના કારણરૂપ સ્વભાવ.

વસ્તુને સર્વથા અસ્તિરૂપ, સર્વથા નાસ્તિરૂપ, સર્વથા એકરૂપ, સર્વથા અનેકરૂપ, સર્વથા નિત્ય, સર્વથા અનિત્ય

૧. સંશય મિથ્યાત્વ : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, તે જ સાચો મોક્ષમાર્ગ હશે કે અન્ય સમસ્ત મતોમાં જુદા માર્ગ પ્રરુપ્યા છે. તે માર્ગ સાચો હશે ? તેમના વચનમાં પરસ્પર વિરુદ્ધતા છે. અને કોઈ પ્રત્યક્ષ જાણવાવાળા સર્વજ્ઞ ની, શાસ્ત્રો પરસ્પર એકબીજાને મળતાં નથી તેથી કોઈ નિશ્ચય નિર્ણય થઈ શકતો નથી - ઈત્યાદિ પ્રકારનો અભિપ્રાય તે સંશય મિથ્યાત્વ છે.

૨. વિપરીત મિથ્યાત્વ : (૧) સ્ત્રીના રાગી, રોટલા ખાનાર, પાણી પીનાર, માંદા થનાર, મંદવાડ થતાં દવા લેનાર ઈત્યાદિ, દોષ સહિત જીવને પરમાત્મા કે કેવળ જ્ઞાની માનવા; (૨) સતિ સ્ત્રીને પાંચ ભરથારવાળી માનવી, (૩) ગૃહસ્થ દશામાં કેવળ જ્ઞાનની ઉત્પત્તિ માનવી, (૪) કેવળજ્ઞાની ભગવાન છદ્મસ્થ જીવની વૈયાવરથ કરે, એમ માનવું, (૫) છઠા ગુણસ્થાન પછી પણ વંદ્યવંદકભાવ હોય અને કેવળ ભગવાનને છદ્મસ્થગુરુ પ્રત્યે, ચતુર્વિધ સંઘ, અર્થાત્ તીર્થ-પ્રત્યે કે બીજા કેવળી પ્રત્યે વંદ્યવંદક ભાવ હોય એમ માનવું, (૬) વસ્ત્રોને પરિગ્રહ તરીકે ન ગણવા અર્થાત વસ્ત્ર સહિત હોવા છતાં અપરિગ્રહીપણું માનવું, (૭) વસ્ત્ર વડે આત્માનું સાધન વધારે થઈ શકે, એવી બધી માન્યતાઓ તે વિપરીત મિથ્યાત્વ છે.

૩. અજ્ઞાન મિથ્યાત્વ : (૧) સ્વર્ગ, નરક, મુક્તિ કોણે દીઠાં ? (૨) સ્વર્ગના સમાચાર કોને આવ્યા ? બધાં ધર્મ શાસ્ત્ર જુઠ્ઠાં છે, કોઈ સાચું જ્ઞાન બતાવી શકતાં નથી. (૩) પુણ્ય-પાપ ક્યાં લાગે અથવા પુણ્ય-પાપ કાંઈ છે જ નહિ, (૪) પરલોકને કોણે જાણ્યો ? શું પરલોકના સમાચાર-પત્ર કે તાર કોઈને આવ્યા ? (૫) સ્વર્ગ-નરક તો ઈત્યાદિ બધું કહેવા માત્ર છે, સ્વર્ગ-નરક તો અહીં જ છે, અહીં સુખ ભોગવે તે સ્વર્ગ, દુઃખ ભોગવે તે નરક; (૬) હિંસાને પાપ કહે છે તથા દયાને પુણ્ય કહે છે તે કહેવા માત્ર છે, કોઈ ઠેકાણું હિંસા રહિત નથી, સર્વમાં હિંસા છે, ક્યાંય પગ મૂકવાનું ઠેકાણું નથી, જમીન પવિત્ર છે તે પગ મૂકવા આપે છે. (૭) આ ભક્ષ્ય અને આ અભક્ષ્ય-એવો વિચાર પણ નિરર્થક છે, એકેન્દ્રિય વૃક્ષ તથા અન્ન વગેરે ભક્ષણ કરવામાં અને માંસ ભક્ષણ કરવામાં તફાવત નથી, તે બન્નેમાં જિવહિંસા સમાન છે. (૮) જીવને જીવનો જ આહાર ભગવાને બતાવ્યો છે અથવા જગતની બધી

વસ્તુઓ ખાવા ભોગવવા માટે જ છે ઈત્યાદિ,- આ બધા અભિપ્રાયો અજ્ઞાન મિથ્યાત્વ છે.

એકાન્ત મિથ્યાતત્વ :પદાર્થનું સ્વરૂપ અનેકાન્તમય (અનેક ધર્મોવાળુ) હોવા છતાં, તેને સર્વથા એક જ ધર્મવાળું માનવું, તે એકાન્ત મિથ્યાત્વ છે. જેમકે જીવને સર્વથા ક્ષણિક અથવા સર્વા નિત્ય માનવો, એકાન્ત મિથ્યાત્વ છે.

એકાન્ત સ્વભાવ :પર નિમિત્તના ભેદ રહિત, સ્વાશ્રિતપણે નિત્ય ટકનાર જ્ઞાન સ્વભાવ.

એકાર્થ સમવાય :એક પદાર્થમાં સાથે રહી શકવારૂપ સંબંધ; (આત્મ પદાર્થમાં ધર્મ અને શુભોપયોગ સાથે હોઈ શકે છે તેથી શુભોપયોગને ધર્મની સાથે એકાર્થ સમજાય છે.)

એકાર્થ સમવાય :એક પદાર્થમાં સાથે રહી શકવારૂપ સંબંધ. (આત્મ-પદાર્થમાં ધર્મ અને શુભોપયોગ સાથે હોઈ શકે તેથી શુભોપયોગ ને ધર્મની સાથે એકાર્થ સમવાય છે.)

એકી ભાવે :એકત્વપૂર્વક

એંધાણ :નિશાની; ઓળખાણ; ખાતરી; ચિહ્ન.

એંઠ :જગતના ભૌતિક પદાર્થો, સ્ત્રીનું શરીર, ખાનપાનના પુદ્ગલો ઈત્યાદિ તો અનંતવાર, અનુભવમાં આવી ગયા છે તેથી તે બધા એંઠ છે. જ્ઞાની તે બાધાને એંઠવત જાણે છે. આવે છે ને કે :-

સકળ જગત તે એંઠવાત, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.

અનેકાત્મ એક :અહીં અનેકાત્મ એકના અનુભવમાં જે અનેકાત્મપણું છે તે દ્રવ્યમય નથી. ત્યાં પર દ્રવ્યોથી તો નિવૃત્તિ છે; માત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન. ચારિત્રમય સ્વ-અંશોને લીધે, જ અનેકાત્મકપણું છે. માટે ત્યાં અનેકાત્મકપણું હોવા છતાં, એકાગ્રપણું (એક અગ્રપણું) પ્રગટ છે.

અમિટ :અટળ.

એલાચાર્ય :કુંદકુંદાચાર્ય

એલોકન :દેખવું તે; જોવું તે; નિરીક્ષણ; તપાસ.

ઓળવવું :ખોટી રીતે લઈ લેવું; પચાવી પાડવું; છુપાવવું, સંતાડવું.

એવંભૂતનય :જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ છે, તે ક્રિયારૂપ પરિણમતા પદાર્થને જે નય ગ્રહણ કરે છે, તેને એવુંભૂતનય કહે છે. જેમકે, પૂજારીને, પૂજા કરતી વખતે જ પૂજારી કહેવો.

એષણારહિત :અનાહારી; આહારની ઈચ્છા રહિત.

એષણા :ઈચ્છા, વાંછના, વાસના.

એષણા રહિત આત્મા :જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે, સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે.

એષણા વિના :એષણા દોષ રહિત; ઈચ્છા-વાસના, દોષ રહિત.

એષણા સમિતિ :બેતાલીસ પ્રકારના દોષ વિનાની ભિક્ષાનું અન્ન મુનિએ લેવું એ. (૨) દિવસમાં એક જ વાર નિર્દોષ આહાર લેવો, તે એષણા સમિતિ છે.

ઐક્યતા :એકત્વભાવના.

ઐકાગ્ર પરિણતપણારૂપ શ્રાવણ્ય :દઢપણે એકાગ્રતામાં પરિણમવું, તે શ્રામણ્ય છે.

ઔદયિક :કર્મોના ઉદયવશ.

ઔદયિક ભાવ :મોહ સાથેનો જોડાણભાવ; આસ્રવ અને બંધ એ બે ઔદયિકભાવ છે. પુણ્ય, પાપ, દાન, પૂજા, વ્રતાદિ ભાવોનો સમાવેશ થાય છે એવા આસ્રવ અને બંધ એ બે ઔદયિકભાવ છે. (૨) કર્મોદયના નિમિત્તે આત્મામાં જે વિકારભાવ આત્મા કરે છે તે ઔદયિક ભાવ છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે. કેવળ જ્ઞાન પ્રગટ થયા પહેલાં જ્ઞાનના ઉઘાડનો જેટલો અભાવ છે તે ઔદયિકભાવ છે. જ્ઞાન, દર્શન, અને વીર્ય ગુણની અવસ્થામાં ઔપશમિકભાવ હોતો જ નથી. મોહનો જે ઉપશમ થાય છે, તેમાં પ્રથમ મિથ્યાત્વનો (દર્શન મોહનો) ઉપશમ થતાં જે સમ્યક્ત્વ પ્રગટે છે તે શ્રદ્ધાગુણનો ઔપશમિક ભાવ છે.

ઔદયિક ભાવો :મોક્ષશાસ્ત્રમાં ઔદયિક ભાવો એકવીસ જણાવ્યા છે. (•) નરકગતિ, (•) તિર્યંચ ગતિ, (•) મનુષ્ય ગતિ, (•) દેવગતિ, (•) ક્રોધ કષાય, (•) માન કષાય, (•) માયા કષાય, (•) લોભ કષાય, (•) સ્ત્રી વેદ (•) પુરુષ વેદ (•) નપુંસક વેદ, (•) મિથ્યાદર્શન, (•) અજ્ઞાન, (•) અસંયમ,

(•) અસિદ્ધ, (•) કૃષ્ણલેશ્યા, (•) નીલ લેશ્યા, (•) કપોત લેશ્યા, (•) પીત લેશ્યા, (•) પદ્મ લેશ્યા, (•) શુકલ લેશ્યા.
નારકાદિ આદિ રૂપ ગતિમાન કર્મના ઉદયથી ઉત્પન્ન નારકાદિ ચાર ઔદયિક ભાવ હોય છે; ક્રોધાદિજનક કષાય કર્મોના ઉદયથી ઉત્પન્ન ક્રોધાદિરૂપચાર ભાવ ઔદયિક જ હોય છે. સ્ત્રી લિંગાદિ કર્મોના ઉદયથી ઉત્પન્ન સ્ત્રીવેદાદિ ત્રણ પ્રકારના રાગભાવ પણ ઔદયિક હોય છે. મિથ્યાદર્શન કર્મના ઉદયથી ઉત્પન્ન અતત્ત્વ શ્રદ્ધાનરૂપ પરિણામ મિથ્યાદર્શન નામનો ઔદયિક ભાવ છે. જ્ઞાનાવરણ કર્મના ઉદયથી ઉત્પન્ન તત્ત્વોના અનવબોધરૂપ અજ્ઞાન નામનો ઔદયિક ભાવ છે. ચારિત્રમોહકર્મના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયથી ઉત્પન્ન અસંયત નામને....

ઔદયિક ભાવો :કર્મના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર પરિણામો.

ઔંદ્રિય :ઈન્દ્રિયજ; ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતું.

ઐલક :અગિયારમી પ્રતિમા સ્થાનમાં ગયેલ મનુષ્ય ઉત્કૃષ્ટ શ્રાવક કહેવાય છે. તેના બે ભેદ છે, પ્રથમ એક વસ્ત્રના રાખવાવાળા અને બીજા કોપીન માત્ર પરિગ્રહવાળા. પ્રથમ એક વસ્ત્ર રાખવાવાળા ઉત્કૃષ્ટશ્રાવક ક્ષુલ્લકની સમાન હોય છે અને બીજા કોપીન માત્ર રાખવાવાળા ઐલક કહેવાય છે. માત્ર વિશેષમાં તેમને નિયમથી દાઢી-મૂછ મસ્તકના વાળનો લોચ કરવો જોઈએ અને આહાર-પાણી માટે બે હથેલીઓનો ઉપયોગ કરવો જોઈએ. કાથમાં આહાર કરવો જોઈએ. અને પીછી તથા કમંડળ ધારણ કરે છે. એક માત્ર કોપીન સિવાય ઐલકની બધી ક્રિયા મુનિઓની સમાન હોય છે.

ઐશ્વર્ય :આઠ પ્રકારની ઈશ્વરીય મહાસિદ્ધિ, (અણિયા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશત્વ અને વશિત્વ.), ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ દેવી ગુણ, સાહબી; મોટાઈ; આબાદી; ઈશ્વરપણું; સ્વામીપણું; ઈશ્વરીય ગુણ લક્ષણ; પ્રભુત્વ. (૨) વિભૂતિ; ઈશ્વરપણું, સર્વોપરિપણું; મોટાઈ; પ્રભુતા. (૩) (•) ઈશ્વરપણું, સ્વામીપણું, ઈશ્વરીય ગુણ-લક્ષણ, પ્રભુત્વ.

ઐહિક :દુન્યવી; લૌકિક. (૨) સાંસારિક; આલોક સંબંધી

ઐહિક :દુન્યવી; લૌકિક (ખ્યાતિપૂજાલાભનાં નિમિત્તભૂત જયોતિષ, મંત્ર,વાદ, વૈદક વગેરેનાં કાર્યો ઐહિક છે.)

ઓઘસંજ્ઞા :જે ક્રિયામાં વર્તતાં પ્રાણી લોકની, સૂત્રની કે ગુરુનાં વચનની અપેક્ષા રાખતો નથી; આત્માના અધ્યયસાય રહિત કાંઈક ક્રિયાદિ કર્યા કરે.

ઓંકાર :શુદ્ધ ચૈતન્યપદ નિજ આત્મા. ૐકાર.

ઓગઠ :ઢોરને ખાતાં વધેલું કતરાયેલું ઘાસ-ચાર વગેરે

ઓગાળવું :વિચારવું (૨) વાગોળવું

ઓધવજી :ઊર્ધ્વગામી આત્મા.

ઓછપ : વિશેષતા.

ઓથ :આધાર; આશ્રય; અવલંબન; સોગંદ. (૨) ટેકો. (૩) આશરો; શરણ; મદદ.

ઓધ :સમૂહો (૨) સમુહ; ઢગલો; જથ્થો.

ઓછે ઓછે :સમજણ વગર;

ઓધ :સમૂહો

ઓધદષ્ટિ :સમજ વગર પોતાના મનમાં તરંગ પ્રમાણે વર્તવું એ. વેગસ્થ સંસ્કાર મોમેન્ટમ

ઓધભાવ :સમજ વગર પોતાના મનના તરંગ થાય તે. (૨) અવિચારી ભાવ.

ઓધવૃત્તિ :ભાન વિના થતો મનનો વ્યાપાર

ઓધસંજ્ઞા :સમજણ વિનાનું ભાન; સામાન્ય બોધ; વેગસ્થ સંસ્કાર બોધ. (૨) સમજણ વિનાનું ભાન.

ઓઘા :મુહપત્તિ (૨) ઓધવજી; ઊર્ધ્વગામી આત્મા;

ઓંધા :પર્વત-ડુંગરા પાસે ઊંડી ખીણ-ખાડા

ઓપિત :શોભિતું; તેજસ્વી; ચળકતું; દીપતું.

ૐ :ઓમ, શુદ્ધાત્મા; તીર્થંકર - કેવળી ભગવાનની દિવ્યધ્વનિ. પંચ પરમેષ્ઠી.

ૐ :ઓમ, શુદ્ધાત્મા, તીર્થંકર કેવળી ભગવાનની દિવ્યધ્વનિ, પંચ પરમેષ્ઠી અરિહંત, અશરીરી, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ. અ +અ + આ + ઉ + મ = ઓમ. ૐ

ૐ કાર :અ = અરિહંત, અ = અશરીરી સિદ્ધ પરમાત્મા; આ = આચાર્ય; ઉ = ઉપાધ્યાય; મ = મુનિ, અ + અ + આ + ઉ + મ =ૐ. આ મહામંત્રમાં પંચપરમેશ્વરીપદ, સર્વ શાસ્ત્રોનો સાર, સર્વ ગુણસંપન્ન શુદ્ધ આત્મસ્વરૂપનો ભાવ સમાય છે.

ૐ પરમાત્માને નમઃ :અહીં ભાવ ૐકાર આત્મા છે, ને દ્રવ્ય ૐકામ વાણી છે તેને નમસ્કાર તથા પરમસ્વરૂપ પરમાત્મા એવા ભગવાન આત્માને નમસ્કાર. આ રીતે માંગલિક પૂર્વક ગ્રંથ પ્રારંભ કરે છે.

ૐ કાર ધ્વનિ :દિવ્ય વાણી; ભગવાનની વાણી આપણા જેવી કમવાળી ન હોય, સર્વાંગોથી સ્ફુરતી તે નિરક્ષરી ૐકારધ્વનિરૂપ હોય છે, તેને ગણધરો સાંભળીને અર્થ વિચારીને શાસ્ત્રો રચે છે તેને આગમ કહે છે,

ઓલંભો :ઉપાલંભ; ઠપકો.

ઓલા :બીજા; પેલા.

ઓળખ :પ્રતીતિ (૨) આકાર; ભાત; ડિઝાઈન.

ઓળખવું :પરિણમન કરવું.

ઓળખાણ :પ્રતીતિ

ઓળંભો :ઉપાલંભ; ઠપકો; કનિયો. (૧) ગૂમડું થયું હોય ત્યાં એના મૂળમાં થતી ગાંઠ, ઢીમણું (૩) પડછાયો; ઓળો.

ઓળવું :ઓથ; આશરો.

ઓળવવું :છુપાવવું; સંતાડવું; ખોટી રીતે લઈ લેવું; પચાવી પાડવું. (૨) ખોટી રીતે પોતાની માલિકીનું બનાવી લેવું;

ઓળવીને :ભૂલીને; (ઓળવવું=ભૂલી જવું;)

ઓશિયાળ :પરાધીનતા; અધીન; પરવશ; ગરજ.

ઔપાધિક :ઉપાધિને લગતું; ઉપાધિને કારણે થયેલું;એકાએક થયેલું; શરતી.

ઓસ :ઝાકળ; ઠાર

ઓસર્યા છે :પાછા હઠ્યા છે;

ઓસરવું :ખસી જવું; ઓછું થવું; ઘટી જવું; દુબળું થઈ જવું; સુકાઈ જવું;શરમાવું.

ઓસરાવવી :મોળી પાડવી

ઓસરાવી :ખસેડી, ઓછી કરી; ઘટી જવું. (૨) સંકોચાવું; ઓછું થવું; ઘટાડવું; સુકાવું; શરમાવું.

ઓસવાળ :તે ઓરપાક જાતના રજપૂત છે.

ઔધ :આઉ; પશુ-માદાના આંચળ ઉપરનો ભરાવદાર ભાગ.

ઔદયિક :પુણ્ય-પાપનાં વિકલ્પો, પુણ્ય-પાપના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ ને હિંસાદિના વિકલ્પોને ઔદયિક ભાવ કહીએ, અને તેને ત્રિકાળી ભાવ ગમ્ય નથી. (૨) પુણ્ય-પાપના વિકલ્પો; પુણ્ય-પાપના પરિણામ. દયા, દાન,વ્રત, ભક્તિ ઈત્યાદિને હિંસા, જૂઠ ઈત્યાદિના પરિણામોને ઔદયિક ભાવો કહીએ. (૩) કર્મના ઉદયવશ થવું. સ્વભાવથી નથી હોતા.

ઔદયિક ભાવ :જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે, એવો જીવનો રાગાદિ વિકાર ભાવ, તે ઔદયિક છે, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તથા હિંસા, જૂઠ ચોરી, કુશીવ આદિના, જે ભાવ થાય તે ઔદયિક ભાવ છે, એક અપેક્ષાએ, તેને પારિણામિક કહ્યો છે. જીવ સ્વયં તે ભાવ કરે છે. તે અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે અને કર્મોદયના નિમિત્તના વશે થાય છે, માટે તેને ઔદયિકભાવ કહેવાય છે. અનાદિથી બધા સંસારી જીવોને, ઓદયિક ભાવ હોય છે. મોક્ષદશા થતાં, તેનો સર્વથા અભાવ થાય છે. (૨) સર્વ ઔદયિક ભાવો બંધનું કારણ છે એમ ન સમજવું, પણ માન મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ ચાર ભાવો બંધનું કારણ છે. (૩) કર્મોદયના નિમિત્તે આત્મામાં જે વિકારભાવ આત્મા કરે છે તે ઔદયિકભાવ છે. આ પણ આત્માની કે સમય પૂરતી અવસ્થા છે. (૪) કર્મોના ઉદય નિમિત્તે સર્વ સંસારી આત્માઓમાં જે દોષ ઉત્પન્ન થાય છે તેને ઔદયિક ભાવ કહે છે. તે મુખ્યપણે એકવીસ પ્રકારના માનવામાં આવ્યા છે. રાગ, દ્વેષ, મદ(માન), ક્રોધ, લોભ, મોહ (મિથ્યાદર્શન), નર, નારક, તિર્યંક, દેવ એવા ચાર ગતિઓના ભાવ, માયા કષાયનો પુરુષ. સ્ત્રી-નપુંસક ભાવરૂપ ત્રણ લિંગો (વેદો) નો કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ-શુકલરૂપ છ ભાવ લેશ્યાઓનો, એક અજ્ઞાન, એક અસંયમ અને એક અસિદ્ધ ભાવનો સમાવેશ થાય છે.

(૫) કર્મોના ઉદય નિમિત્તે ઉત્પન્ન થનાર પરિણામ છે તે બધા બંધનું કારણ છે. આ કથન રાગી જીવ સાથે સંબંધ રાખે છે, કારણ કે જ્ઞાની વીતરાગીને કોઈ કર્મ પાછલા પદ્યાનુસાર બંધનું કારણ થતું નથી. અર્હંતોને કેટલાક કર્મોનું ઉદય રહ્યો હોવાથી જે ઔદયિક ભાવ થાય છે તે, પૂર્ણ રીતે વીતરાગી થઈ જવાથી બંધનું કારણ રહેતો નથી. પારિમાણિક ભાવોને અહીં મુક્તિનો હેતુ કહ્યો છે. હવે આવી વાત ઓછે ઓછે સાંભળે અને શું સમજાય ? ભાઈ ! દયા પાળો, દાન કરો, વ્રત પાળો એમ પ્રરૂપણા કરે પણ બાપુ ! એ બધા રાગના ભાવ, ઔદયિક ભાવ છે. તે બંધના કારણરૂપ છે, તે કોઈ ભાવો મોક્ષનુ કારણ થતા નથી. અનાદિથી બધા સંસારી જીવે, ઔદયિક ભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે. (૭) ઔદયિક ભાવો ૨૧ પ્રકારના કહેવામાં આવ્યા છે; (૯) નરકગતિ, (૧૦) તિર્યંચ ગતિ, (૧૧) મનુષ્ય ગતિ, (૧૨) દેવ ગતિ, (૧૩) ક્રોધ કષાય, (૧૪)) માન કષાય, (૧૫) માયા કષાય, (૧૬) લોભ કષાય, (૧૭) સ્ત્રીવેદ (૧૮) પુરુષવેદ, (૧૯) નપુંસકવેદ, (૨૦) મિથ્યાદર્શન, (૨૧) અજ્ઞાન, (૨૨) અસંયમ, (૨૩) અસિદ્ધ, (૨૪) કૃષ્ણ લેશ્યા, (૨૫) નીલ લેશ્યા, (૨૬) કપોત લેશ્યા, (૨૭) પીત લેશ્યા, (૨૮) પદ્મ લેશ્યા અને (૨૯) શુક્લ લેશ્યા.

ઔદયિક ભાવો દ્વારા :કર્મોના ઉદયનું નિમિત્ત પામીને ઉત્પન્ન થનાર પરિણામોના સહયોગથી.

ઔદયિકભાવ :કર્મના ઉદયથી થતો ભાવ; કર્મ બંધાય તેવો ભાવ.

ઔદારિક :ઉદાર-ઉત્તમ મનોહર પુદ્ગલોનું ઉચ્ચ કોટિના જીવો તીર્થંકર ગણધર ચક્રવર્તી બલદેવ વાસુદેવ વગેરેનું શરીર. (૨) ઉદર; પેટ સંબંધી.

ઔદારિક શરીર :ઔદારિક શરીર પુદ્ગલમય પરિણામ છે. તેનું ક્ષણે ક્ષણે જે પરિણમન થાય છે, તે જડ પુદ્ગલમય છે. તે જીવમય નથી કે, જીવના પરિણામય નથી. અંદર આત્મા છે, માટે તે ચાલે છે, પરિણમે છે, એમ નથી. તેવી રીતે રાગનું નિમિત્ત છે, માટે કાર્મણ શરીરનું પરિણમન થાય છે, એમ નથી. રાગ છે માટે તે વખતે કર્મને ચારિત્રમોહપણે પરિણમવું પડે છે એમ નથી. તે વખતે પરમાણુમાં, તે રીતે પરિણમવાનો સ્વકાળ છે, તેથી તે રીતે તે પરિણમે છે. એમાં રાગની કાંઈ અપેક્ષા નથી.

ઔદારિક શરીર :મનુષ્ય-તિર્યંચના સ્થૂળ શરીરને ઔદારિક શરીર કહે છે. (૨) મનુષ્ય અને તિર્યંચના (પશુના) સ્થૂળ શરીરને ઔદારિક શરીર કહે છે. (૩) ભાવ પ્રાણ, કાર્મણ વર્ગણા અને તેજસાદિ પરમાણુઓનો સમૂહ છે.

ઔદિયિકી :ઉદયમાં આવેલી; ઉદય પામેલી; ક્ષાયિકી; ઉદયના પ્રભાવથી ઉત્પન્ન.

ઔદિયિકી ક્રિયા :પુરુષના પ્રયત્ન વિના સ્વતઃ કર્મના ઉદયથી થતી ક્રિયા તેમાં જો જીવ જોડાતો નથી તો તે કર્મોદય બંધનરૂપ થતું નથી.

ઔદારિક શરીર :સ્થૂળ શરીર; મનુષ્યો તથા તિર્યંચોને આ શરીર હોય છે.

ઔધ :ગાયના સ્તન ઉપર જે દૂધ રહેવાની થેલી છે તેને ઔધ કહે છે. તેમાંથી ઉત્પન્ન થયેલને ઔધસ એટલે દૂધ કહે છે.

ઓધે :વારસાગત;

ઔધારેક :ઉદરરૂપી દેહ; શરીર.

ઔપચારિક :આરોપિત

ઔપશમિક અને ક્ષાયોપશામિક ભાવ :સંવર અને નિર્જરા તે મોહના ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવ છે.

ઔપશમિક ચારિત્ર :જીવ જે ચારિત્રભાવ વડે ઉપશમ શ્રેણીને લાયક પ્રગટ કરે તેને ઓપશમિક ચારિત્ર કહેવાય છે; તે વખતે મોહનીય કર્મની અપ્રત્યાખ્યાનાવરણાદિ ૨૧ પ્રકૃતિઓનો સ્વયં ઉપશમ થાય છે.

ઔપશમિક ભાવ :આત્માના પુરુષાર્થથી અશુદ્ધતાનું પ્રગટ ન થવું અર્થાત્ દબાઈ જવું તે; આત્માના આ ભાવને ઉપશમભાવ અથવા ઔપશમિક ભાવ કહે છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામીને જડકર્મનું પ્રગટરૂપ ફળ જડકર્મમાં ન આવવું તે કર્મનો ઉપશમ કહે છે. આ જીવનો એક સમય પૂરતો પર્યાય છે, તે સમય-સમય કરીને અંતર્મુહૂર્ત રહે છે, પણ એક સમયે એક જ અવસ્થા હોય છે.

ઔપશમિક ભાવ :સંવર ભાવ. (૨) પાંચ ભાવોમાં, એક ઔપશમિક ભાવ છે. તે નિર્મળ છે. જેમ પાણીમાં મેલ હોય તે મેલ, નીચે કરી જાય અને ઉપર પાણી

નિર્મળ થઈ જાય, તેમ કર્મ જો ઉદય કરે અને અંદર પર્યાયમાં નિર્મળ ભાવ પ્રગટ થાય તેને ઔપશમિક ભાવ કહે છે. અનાદિ અજ્ઞાની જીવને, સૌ પ્રથમ જયારે પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરે, ત્યારે, ચોથે ગુણસ્થાને, ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. આ ઔપશમિક ભાવથી ધર્મની શરૂઆત થાય છે. પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. આ ઉપશમભાવ, એ નિર્મળ ભાવ છે. તેમાં મોહનો, વર્તમાન ઉદય નથી. તેમ જ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી. જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં, નીચે કાદવ બેસી ગયો હોય, તેમ સત્તામાં મોહકર્મ પડ્યું છે. જીવની આવી નિર્મળ પર્યાયને ઔપશમિક ભાવ કહે છે.

ઔપશમિક ભાવના ભેદો :ઔપશમિક સમ્યક્ત્વ અને ઔમશમિક ચારિત્ર એમ ઔષશમિક ભાવના બે ભેદ છે.

ઔપશમિક સમ્યક્ત્વ :જીવને પોતાના સત્ય પુરુષાર્થથી જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ પ્રગટે છે ત્યારે જડ કર્મો સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો હોય છે કે મિથ્યાત્વ કર્મનો અને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ કર્મનો સ્વયં ઉપશમ થાય છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવોને તથા કોઈ સાદિ મિથ્યાદષ્ટિને મિથ્યાત્વની એક અને અનંતાનુબંધીની ચાર એમ કુલ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપ થાય છે એ બાકીના સાદિ મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ, સમ્યગ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ પ્રકૃતિ એ ત્રણ તથા અનંતાનુંબંધીની ચાર એમ કુલ સાત પ્રકૃતિનો ઉપશમ થાય છે. જીવના આ ભાવને ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય છે.

ઔપશમિક સમ્યગ્દર્શન :તે દશામાં, મિથ્યાત્વ કર્મનાં તથા અનંતાનુંબંધી કષાયના જડ રજકણો, સ્વયં ઉપશમરૂપ હોય છે, જેમ મેલા પાણીમાં, મેલ નીચે બેસી જાય છે તેમ, અથવા જેમ અગ્નિને, રાખથી ઢાંકયો હોય તેમ; આત્માના પુરુષાર્થ વડે, જીવ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, ત્યારે ઔપશમિક સમ્યગ્દર્શન જ હોય છે. અનાદિ મિથ્યાદષ્ટિને, ઔપશમિક સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ચાર, એમ પાંચ પ્રકૃતિ, ઉપશમરૂપ હોય છે. અને સાદિ-મિથ્યાદષ્ટિને, ઔપશમિક સમ્યગ્દર્શન થતાં, જેને મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિ, સત્તારૂપે હોય છે .તેને, મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધીની ચાર એમ સાત પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે; અને જે સાદિ મિથ્યાદષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિ જ સત્તામાં હોય છે. તેને મિથ્યાત્વની એક અને અનંતાનુબંધીની ચાર, એમ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે. (૨) તે દશામાં મિથ્યાત્વકર્મનાં તથા અનંતાનુબંધી કષાયના જડ રજકણો સ્વયં ઉપશમરૂપ હોય છે, જેમ મેલા પાણીમાથી મેલ નીચે બેસી જાય છે તેમ, અથવા જેમ અગ્નિને રાખથી ઢાંકયો હોય તેમ; આત્માના પુરૂષાર્થ વડે જીવ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે ઔપશમિક સમ્યગ્દર્શન જ હોય છે. (૩) તે દશામાં મિથ્યાત્વ કર્મનાં તથા અનંતાનુંબંધી કષાના જડ રજકણો સ્વર્ય ઉપશમરૂપ હોય, જેમ મેલા પાણીમાં મેલ નીચે બેસી જાય છે તેમ, અથવા જેમ અગ્નિને રાખથી ઢાંકયો હોય તેમ; આત્માના પુરુષાર્થ વડે જીવ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરે છે ત્યારે ઔપશમિક સમ્યગ્દર્શન જ હોય છે. અનાદિ મિથ્યાદષ્ટિને ઔપશમિક સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ચાર, એમ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપ હોય છે. અને સાદિ-મિથ્યાદષ્ટિને ઔપશમિક સમ્યગ્દર્શન થતાં, જેને મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિ સત્તારૂપે હોય છે તેને, મિથ્યાત્વની ત્રણ અને અનંતાનુબંધીની ચાર એમ સાત પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે; અને જે સાદિ મિથ્યાદષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિ જ સત્તામાં હોય છે તેને મિથ્યાત્વની એક અને અનંતાનુબંધીની ચાર એમ પાંચ પ્રકૃતિ ઉપશમરૂપે હોય છે. (૪) પ્રથમ જીવ રાગ મિશ્રિત વિચાર દ્વારા વિકારીભાવ (પુણ્ય, પાપ, આસ્રવ, બંધ)નું તથા અવિકારી ભાવ (સંવર, નિર્જરા, મોક્ષ) નું સ્વરૂપ, આ તત્ત્વોનું જ્ઞાન કરીને પછી જ્યારે તે ભેદો તરફનું લક્ષ ટાળીને જીવ પોતાના ત્રિકાળી પારિણામિક ભાવનો-જ્ઞાયક ભાવનો યથાર્થ આશ્રય કરે છે ત્યારે તેને શ્રદ્ધાગુણનો ઔપશમિક ભાવ પ્રગટે છે. શ્રદ્ધાગુણના ઔપશમિકભાવને ઔપશમિક સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આ સમ્યગ્દર્શન પ્રગટતાં જીવને ધર્મની શરૂઆત થાય છે; ત્યારે જીવની અનાદિથી ચાલી આવતી શ્રદ્ધાગુણની મિથ્યાદશા ટળીને સમ્યક્દશા પ્રગટ થાય છે.

ઔપશમિકભાવ :સમ્યક્દર્શનની પર્યાય. તો તે ઔપશમિક ભાવને આશ્રયે પણ આત્મા ગમ્ય નથી. (૨) પાંચ ભાવોમાં એક, ઔપશમિક ભાવ છે. તે નિર્મળ છે. જેમ પાણીમાં મેલ હોય, તે મેલ નીચે ઠરી જાય અને ઉપર પાણી નિર્મળ થઈ જાય, તેમ કર્મનો ઉદય ઠરે, એ અંદર પર્યાયમાં નિર્મળ ભાવ પ્રગટ થાય, તેને ઔપશમિક ભાવ કહે છે. અનાદિ અજ્ઞાની જીવને, સૌ પ્રથમ જ્યારે પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરે, ત્યારે, ચોથે ગુણસ્થાને, ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. આ ઔપશમિક ભાવથી, ધર્મની શરૂઆત થાય છે. પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશ્રમશ્રેણી વખતે, મુનિને હોય છે. આ ઉપશમ ભાવ, એ નિર્મળ ભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી. તેમજ તેનો સર્વથા, ક્ષય પણ થઈ ગયો નથી. જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં, નીચે કાદવ બેસી ગયો હોય, તેમ સત્તામાં મોહકર્મ પડ્યું છે. જીવની આવી નિર્મળ પર્યાયને, ઔપશમિક ભાવ કહે છે.

ઔપાધિક :દ્રવ્ય કર્મરૂપ ઉપાધિ સાથે સંબંધવાળા; દ્રવ્યકર્મરૂપ ઉપાધિ જેમાં નિમિત્ત હોય છે એવા; અસ્વાભાવિક; વૈભાવિક; વિકારી.

ઔપાધિક :આવરણયુક્ત (૨) નિમિત્તરૂપ જ્ઞાનાવર્ણાદિક દ્રવ્યકર્મ. (૩) સંયોગી ભાવ; ઉપાધિ ભાવ. (૩) ઉપાધિને લગતું; ઉપાધિને કારણે થયેલું;

ઔષધિ :જ્ઞાનીએ, અનંત ઔષધિ અનંતા ગુણો સંયુક્ત જોઈ છે; પરંતુ મોત મટાડી શકે એવી ઔષધિ, કોઈ જોવામાં આવી નહીં ! વૈદ્ય અને ઔષધિ, એ નિમિત્તરૂપ છે.

ઐહિક :લૌકિક; ભૌતિક; સાંસારિક; આ દુનિયાને લગતું.

કુ પુરુષ :દુષ્ટ માણસઃ દુર્જન

કુઅવધિજ્ઞાન :અજ્ઞાનીના અવધિ જ્ઞાનને કુઅવધિજ્ઞાન અથવા વિભંગજ્ઞાન કહે છે. કોઈ મિથ્યાદષ્ટિને તે અભવિ હોય તો પણ તેને વિભંગ જ્ઞાન થાય છે, કે જમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર જણાય છે. પરંતુ એ બધું વિપરીત જ્ઞાન છે.

કુઆચાર :કુશીલ.

કુગુરુ :કુગુરુ વગેરેનું સેવન, તે તો અનાદિના દર્શન મોહને પુષ્ટ કરે છે. કુગુરુ કેવા છે? કે અંતરમાં તો જેને મિથ્યાત્વાદિ એ રાગાદિક છે, અને બહારમાં ધન, વસ્ત્ર વગેરેનો સ્નેહ રાખે છે; તથા શુધ્ધ દિગમ્બર દશા સિવાયના બીજા ખોટા વેષને ધારણ કરીને પોતાનો મહંતભાવ પોષે છે. તે કુગુરુઓ જન્મજળથી ભરપૂર એવા, આ સંસાર સમુદ્રમાં પત્થરની નૌકા જેવા છે; જેમ પત્થરની નૌકા પોતે ડૂબે છે, ને તેમાં બેસનાર પણ ડૂબે છે; તેમ કુગુરુઓ પોતે ભવ સમુદ્રમાં ડૂબે છે, ને તેનું સેવન કરનાર પણ, ભવ સમુદ્રમાં ડૂબે છે. (૨) વસ્ત્રાદિ સહિત હોવા છતાં પોતાને જિન લિંગ ધારક માને છે, તે કુગુરુ છે. જનિ માર્ગમાં ત્રણ લિંગ તો શ્રદ્ધાપૂર્વક છે. એક તો જિનસ્વરૂપ. નિર્ગ્રંથ દિગંબર મુનિલિંગ. બીજું ઉત્કૃષ્ટ શ્રાવકરૂપ ૧૦મી. ૧૧ મી પ્રતિમા ધારક શ્રાવક લિંગ, અને ત્રીજું આર્યિકાઓનું રૂપ, એ સ્ત્રીઓનું લિંગ, એ ત્રણ સિવાય કોઈ ચોથું લિંગ, સમ્યગ્દર્શન સ્વરૂપ નથી. માટે એ ત્રણ લિંગ વિના, અન્ય લિંગને જે માને છે તેને જિનમતની શ્રદ્ધા નથી પણ મિથ્યાઈષ્ટ છે. (દર્શન પાહુડ ગાથા ૧૮.) માટે કુલિંગના ધારક છે. મિથ્યાત્વાદિ અંતરંગ તથા વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ સહિત છે, તે પોતાને મુનિ માને છે, મનાવે છે તે કુગુરુ છે. જેવી રીતે પથ્થરની નાવ પોતે ડૂબે છે તથા તેમાં બેસનારા પણ ડૂબે છે; એ રીતે કુગુરુ પોતે પણ સંસાર સમુદ્રમાં ડૂબે છે. અને તેને વંદન, સેવા, ભક્તિ કરનારાઓ પણ, અનંત સંસારમાં ડૂબે છે અર્થાત્ કુગુરુની શ્રદ્ધા, ભક્તિ, વિનય, પૂજા તથા અનુમોદન કરવાથી ગૃહીત મિથ્યાત્વનું સેવન થાય છે અને તેથી જીવ અનંતકાળ ભવભ્રમણ કરે છે. (૩) જેને આત્મજ્ઞાન નથી એવા ગુરુ થઈ પડેલા.

કંઈ :અનેક; અનંત

કંકર :કાંકરો; નાનો પત્થર; કાંકરી; મરડિયો.

કુંકિત કરવું :રૂંધવું; અટકાવવું.

કુબ્જક સંસ્થાન :જે કર્મના ઉદયથી કુબડું શરીર હોય.

કંખા :ઈચ્છા.

કંખા મોહનીય :તપાદિ કરી પરલોકના સુખની અભિલાષા કરવી તે; કર્મ તથા કર્મના ફળમાં તન્મય થવું અથવા અન્ય ધર્મોની ઈચ્છા કરવી.

કંચન :સોનું

કુંજર :હાથી

કંણા :કાંક્ષા; આકાંક્ષા; દુંખા

કંત :કંથ; પતિ; સ્વામી.

કક્ષા :ભૂમિ (નયપક્ષ કક્ષાને= નયપક્ષની ભૂમિને)

કચ :વાળ

કજાત :પરજાત; પરજ્ઞેય (૨) નઠારું; દુર્ગુણી; અવિવેકી; ઉદ્ધત

કૂટ :જૂઠું; જૂઠાણા ભરેલું; સમઝમાં ન આવે તેવું, ખૂબ જ અઘરું અને કઠણ. ખૂબ અટપટું; કપટ; છેતરપીંડી; ઠગાઈ.

કુટણી :કુટિલસ્ત્રી

કુટલેખ ક્રિયા અતિચાર :પરને ઠગવા માટે અછતા-જૂઠા લેખ લખવા, એવો બધો કુટલેખ ક્રિયા નામનો અતિચાર છે.

કૂટલેખક્રિયા :પર પ્રયોગના વશે (અગણતાં), કોઈ ખોટો લેખ લખવો તે.

કૂટવૈદ્ય :કપટી, વૈદ્ય; ઠગનારો વૈદ્ય.

કુટસ્થ :લુહારને ત્યાં લોઢું ટીપવા માટે જમીમાં દાટેલી એરણા; નિત્ય એકરૂપ ટકવું.

કૂટસ્થ :એકરૂપ રહેલું; અપરિણામી. (૨) સર્વ કાળે એકરૂપ રહેનારું; અચળ. (કૂટસ્થ જ્ઞાન = જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મનો નાશ થતાં, કાંઈ જ્ઞાન સર્વથા અપરિણામી થઈ જતું નથી; પરંતુ તે અન્ય જ્ઞેયોને, જાણવારૂપે પલટાતું નથી. - સર્વદા, ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને, કથંચિત્ કૂટસ્થ જ્ઞાન કહ્યું છે. (૩) સર્વ કાળે એકરૂપે રહેનારું; અચળ. (જ્ઞાનાવરણાદિ કર્મોનો સંબંધ નષ્ટ થતાં કાંઈ ચિત્શક્તિ સર્વથા અપરિણામી થઈ જતી નથી; પરંતુ અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે, પલટાતી નથી-સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને, જાણ્યા કરે છે, તેથી તેને, કથંચિત્ કૂટસ્થ કહ્યું છે.)

કૂટસ્થ જ્ઞાન :સર્વકાળે એકરૂપે રહેનારું જ્ઞાન; અચળ જ્ઞાન. (જ્ઞાનાવરણાદિ ઘાતિકર્મોનો નાશ થતાં, કાંઈ જ્ઞાન સર્વથા અપરિણામી થઈ જતું નથી; પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે, પલટાતું નથી - સર્વદા ત્રણેકાળના સમસ્ત જ્ઞેયોને, જાણ્યા કરે છે, તેથી તેને, કથંચિત કુટસ્થ કહ્યું છે.)

કુટસ્થ બ્રહ્મ માનવામાં દોષ :

૧. જો વસ્તુ એક જ હોય અને બીજી વસ્તુ ન હોય તો સમજાવનાર અને સમજનાર એવો ભેદ રહેતો નથી, ભેદ તો પ્રત્યક્ષ છે છતાં ભેદને શ્રમ માને તો જાણનારનું જ્ઞાન ખોટું છે.

૨. ક્ષેત્રથી બધું સર્વ વ્યાપક હોય તો પણ ઉપરનો દોષ આવે છે.

૩. કાળથી આત્મા નિત્ય જ હોય અને વર્તમાન અવસ્થાથી બદલવું ન થતું હોય એટલે જો એકાંત નિત્ય બ્રહ્મ વસ્તુ હોય તો અશુદ્ધતા ટાળી શુદ્ધતા પ્રગટ કરવાનું રહે નહિ.

૪. ભાવથી જો બધા આત્મા એક શુદ્ધ બ્રહ્મરૂપ પૂર્ણ જ્ઞાન-ગુણમાત્ર હોય, અને કર્મ-શરીરાદિનો સંબંધ ન હોય એઠલે કે ભેદ રહિત, કાર્ય-કારણ રહિત હોય વગેરે એકાન્ત માનવાથી મિથ્યાદષ્ટિરૂપ અજ્ઞાનનો પ્રસંગ આવે.

કૂટસ્થ સ્થિતિ :એકરૂપે સ્થિતિ

કૂટસ્થપણે :સર્વકાળે એક રૂપે રહેનારું, અચળ. (કેવળજ્ઞાન સર્વથા, અપરિણામી નથી; પરંતુ તે એ જ્ઞેયથી અન્ય જ્ઞેય પ્રતિ પટલાતું નથી- સર્વદા, ત્રણે કાળના સમસ્ત જ્ઞેયાકારોને જાણ્યા કરે છે, તેથી તેને કૂટસ્થ કહ્યું છે.)

કુટારો :માથાકૂટ; ભાંજગડ; પંચાત; કુટામણ; ટિચામણ.

કુટિપ્રવેશ :શરીરમાં વૃદ્ધાવસ્થા કે કાંઈ વ્યાધિ હોય, તે સમસ્ત દૂર થઈ, કુટિપ્રવેશ નામની શરીરબુદ્ધિ માટેની, ક્રિયા કરનાર, તદ્દન નવું જ તંદુરસ્ત શરીર છે.

કઠણ :કષ્ટ સાધ્ય; કષ્ટનો અર્થ તે પુરુષાર્થ થાય છે; મહા કષ્ટે એટલે, મહા પુરુષાર્થ કરીને પણ શાતા, તળિયાપણું (પ્રમાદ) છોડી દે.

કુંઠિત :બુઠ્ઠું; ખાંડું; મંદ.

કુંઠિત કરવું :રૂંધવું

કઠિનતા :મુશ્કેલી; અઘરું; કપરું; સંકટમય;

કઠિનાઈ :મુશ્કેલી

કઠોરભાષા :ગર્વ યુક્ત હોય તે કઠોર ભાષા છે.

કૂડકપટ :જૂઠાણા ભરેલું કપટ; છળકપટ; છેતરપીંડી; દગો; ઠગાઈ.

કડપ :દાબ

કુડ્યાંતર :ભીંતનો આંતરો; ભીતનીં પડદી; ખાનગી રાખવાપણું
કડાયું :બકડિયું; કડાઇ, પેણો; નનો તાવડો
કેડાયતી :માર્ગે ચાલનારા
કુડિ :દેહ; શરીર
કેડી :માર્ગ (૨) સાંકડો પગ રસ્તો; પગદંડી પગથી; માર્ગ.
કણબી :પટેલ જ્ઞાતિનું એક નામ;
કણમાત્ર :રજકણ
કણસલું :અનાજના સાંઠાપર કણ ભરેલો ડોડો.
કણિયો :અનાજનું કણ
કૃત :પોતે જાતે કરવાનો ભાવ, તે કૃત કહેવાય છે. (૨) જે કાંઇ ત્રણ કાળે અન્ય દ્વારા નિષ્પન્ન થાય છે, તેનું નામ કૃત. (૩) ક્રિયા;કર્મ; કરેલું; રચેલું; બનાવેલું.
કૃતકૃત વીર્ય :સ્વરૂપનું બળ
કૃતકૃત્ય :જેની કામનાઓ પૂર્ણ થઈ છે, તેવું; કૃતાર્થ; જેનું કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું છે, તેવું; ભાગ્યશાળી. (૨) જેમની કામના પૂર્ણ થઈ છે, તેવું; કૃતાર્થ. (૩) કૃતકાર્ય. (પરિપૂર્ણ જ્ઞાનવાળા આત્માઓ, અત્યંત કૃતકાર્ય છે. તેથી, જોકે તેમને અનંત વીર્ય પ્રગટ થયું છે, તોપણ; તેમનું વીર્ય, કાર્યચેતનાને (કર્મચેતનાને) રચતું નથી, (વળી વિકારી સુખદુઃખ વિનષ્ટ થયું હોવાથી, તેમનું વીર્ય કર્મફળચેતનાને, પણ રચતું નથી,) જ્ઞાનચેતનાને જ, રચે છે.) (૪) જેની કામના પૂર્ણ થઈ છે ,તેવું; કૃતાર્થ; જેનું કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું છે, તેવું.
કતકફળ :નિર્મળી ઔષધિ. (૨) ફટકડી; નિર્મળી.
કૃતજ્ઞ :કરેલા ઉપકારની કદર કરનારું નિમકહલાલ.
કૃતજ્ઞતા :ઉપકારની લાગણી; કૃતજ્ઞપણું. (૨) દુષ્ટતા
કૃતઘ્નતા :કરેલા ઉપકાર ભૂલી જાય એવું; નિમકહરામ
કેતન :ચિહ્ન, લક્ષણ, ધ્વજ.
કૃતનિશ્ચય :નિશ્ચયવંત
કુતર્ક :કાલ્પનિક તર્ક. (૨) ખરાબ વિચાર; અનિષ્ટવિચાર; અયોગ્ય વિચાર; અવળો વિચાર.
કુતર્કવાદી :ખોટો તર્ક, ખરાબ વિચાર કરવાવાળું
કૃત્રિમ :બનાવટી
કુત્સા :દોષ; દુરાચાર; દુરાચારથી બદનામ.
કુત્સિત :ખોટા; ખરાબ; નિંદનીય તતા અપ્રશસ્ત
કુતુહલ : (૨) કૌતૂક; જિજ્ઞાસા; આશ્ચર્ય; મહિમા; વિસ્મયતા.
કૃતાર્થ :ભાગ્યશાળી; કૃતકૃત્ય; જેનું કાર્ય સિદ્ધ થઈ ચૂક્યું છે તેવું.
કુતાર્થતા :જેનું કાર્ય સિદ્ધ થઇ ચૂક્યું છે તેવું કૃતકૃત્યતા; ભાગ્ય શાળી.
કૃતિ કર્મ શાસ્ત્રોપદિષ્ટવંદનોચ્ચાર :કૃતિકર્મ શાસ્ત્રે ઉપદેશેલાં 'સ્તુતિ વચન', અંગબાહ્ય ૧૪ પ્રકીર્ણકોમાં, છઠ્ઠુપ્રકીર્ણક કૃતિકર્મ છે જેમાં નિત્ય નૈમિત્તિક ક્રિયાનું વર્ણન છે.
કૃતિકર્મશાસ્ત્રોપદિષ્ટ વંદનોચ્ચાર :કૃતિકર્મશાસ્ત્રે ઉપદેશેલુ સ્તુતિવચન.
કથંચિત :કોઈ એક પ્રકારે; કોઈ એક અપેક્ષાએ; સ્યાત્ (૨) કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ, (અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ). (જ્ઞાનીને વર્તતા શુદ્ધસંપ્રયોગને, કદાચિત્ વ્યવહારથી ભલે મોક્ષનો પંરપરાહેતુ કહેવામાં આવે, પરંતુ નિશ્ચયથી, તો તે બંધહેતુ જ છે, કારણ કે, અશુદ્ધિરૂપ અંશ છે.
કથંચિત પરિણામીપણું :જીવનો સ્વભાવ પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો સહજ શુદ્ધ ચિદાનંદ એકરૂપ છે. પરંતુ અનાદિ કર્મબંધરૂપ પર્યાયને પોતે વશ થવાથી તે રાગાદિ પર દ્રવ્ય ઉપાધિ-પર્યાયને ગ્રહણ કરે છે. પર્યાયમાં જીવ જો કે પર પર્યાયપણે (પરદ્રવ્યના લક્ષે થતા અશુદ્ધ પર્યાય પણે) પરિણમે છે. તો પણ નિશ્ચય નયથી શુદ્ધ સ્વરૂપને છોડતો નથી, પુદ્ગલ દ્રવ્યનું પણ તેમજ થાય છે. આ કારણે જીવ અજીવનું પરસ્પર અપેક્ષાસહિત પરિણમન હોવું, તે જ કથંચિત પરિણામી પણું શબ્દનો અર્થ છે. (૨) જેમ સ્ફૂટિકમણિ છે તે, જો કે સ્વભાવથી નિર્મળ છે તો પણ, જાસુદ પુષ્પ વગેરેની સમીપે પોતાની લાયકાતના કારણે પર્યાયાંતર પરિણતિ ગ્રહણ કરે છે; પર્યાયમાં સ્ફૂટિકમણિ જોકે ઉપાધિનું ગ્રહણ કરે છે તો પણ, નિશ્ચયથી પોતાનો જે નિર્મળ સ્વભાવ

છે તેને તે છોડતો નથી. તેમ જીવનો સ્વભાવ પણ શુદ્ધ દ્રવ્યાર્શિક નયથી તો સહજ શુદ્ધ ચિદાનંદ એકરૂપ છે, પરંતુ અનાદિ કર્મબંધ રૂપ પર્યાયને પોતે વશ થવાથી, તે રાગાદિ પરદ્રવ્ય ઉપાધિ-પર્યાયને ગ્રહણ કરે છે. પર્યાયમાં જીવ જો કે પર પર્યાયપણે (પર દ્રવ્યના પક્ષે થતા અશુદ્ધ પર્યાપણે) પરિણમે છે, તો પણ નિશ્ચયનયથી શુદ્ધ સ્વરૂપને છોડતો નથી. પુદગલ દ્રવ્યનું પણ તેમજ થાય છે.

કથન :કહેવાનો પ્રકાર; તે બે પ્રકારે હોય છે,-એક નિશ્ચય અને બીજું વ્યવહાર; તેમાં નિશ્ચય તે સત્યાર્થ છે, અને વ્યવહાર છે તે, ઉપચાર-અસત્યાર્થ છે. (૨) ઉપદેશ

કથા :વાત.

કદુક :શંકા; વાંધા વચકા

કુંદકુંદાચાર્ય :ભગાવન કુંદકુંદાચાર્યદેવ, નગ્ન દિગંબર ભાવલિંગી મુનિ હતા. આત્માના અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન કરતા હતા. તે મહાવિદેહમાં સીમંધર ભગવાન પાસે ગયા હતા. સીમંધર એટલે સ્વરૂપની પૂર્ણતાની સીમા ધરનારા, સીમંધરનાથ. તેમની પાસે તો સાક્ષાત્ સદેહે ગયા હતા. ત્યાં કેવળી અને શ્રુતકેવળીની વાણી સાંભળી, તેમણે આ શાસ્ત્રો બનાવ્યાં છે. તેઓ કહે છે કે ભિન્ન આત્માનું એકપણું એટલે કે પરથી ભિન્ન, રાગથી ભિન્ન અને સ્વભાવી અભિન્ન થવું, એકપણું, એણે અનંત કાળમાં કદી સાંભળ્યું નથી. (૨) ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ લગભગ બે હજાર વર્ષ ઉપર સંત હતા.

કદુડ કાઢ્યું :નાની લાકડી; દંડુકો

કદન :કદન-યુદ્ધ

કદલીઘાત :ભૂજ્યમાન-ભોગવવામાં આવતાં આયુષ્યનું ઘટવું, તે કદલીઘાત છે. વર્તમાન માટે, અપવર્તન થતા આયુષ્યવાળાને બાહ્યમાં વિષ, વેદના, રક્તક્ષય, ભય, શસ્ત્રાઘાત, શ્વાસારોધ, કંટક, અગ્નિ, જળ, સર્પ, અજીર્ણભોજન, વજપાત, શૂળી, હિંસક જીવ, તીવ્ર ભૂખ કે પિપાસા આદિ, કોઈ નિમિત્તે કદલીઘાત હોય છે.

કુદેવ :કુદેવ રાગ-દ્વેષની મેલ વડે મલિન છે અને સ્ત્રી-ગહા વગેરે ચિહ્નો વડે ઓળખાય છે તે કુદેવ છે; કુદેવની જે મૂર્ખ જીવ સેવા કરે છે, તેને ભવભ્રમણ છેદાતું નથી. સાચા સર્વજ્ઞ-વીતરાગ જિનદેવ તે સુદેવ છે. તેમનાથી વિરુદ્ધ સરાગીપણામાં કે વસ્ત્રાદિ પરિગ્રહ સહિતપણામાં દેવપણું માનવું તે, દેવની વિપરીત શ્રદ્ધા છે. એટલે કુદેવ સેવન છે, ને તે ભવભ્રમણનું કારણ છે, માટે તેનું સેવન છોડવું જોઈએ.

કુદેવનું (મિથ્યાદેવનું) સ્વરૂપ :જે રાગ અન દ્વેષ રૂપી મેલથી મેલાં (રાગી દ્વેષી) છે અને સ્ત્રી; ગહા, આભૂષણ વગેરેથી, જેને ઓળખી શકાય છે તે કુદેવ કહેવાય છે. જે અજ્ઞાની આવા કુદેવોની સેવા, (પૂજા, ભક્તિ અને વિનય) કરે છે, તે આ સંસારનો અંત કરી શકતા નથી, એટલે કે તેને અનંતકાળ સુધી ભવભ્રમણ મટતું નથી.

કદાગ્રહ :ખોટી પકડ; ઈન્દ્રિયોના નિગ્રહનું ન હોવાપણું; કુલધર્મનો આગ્રહ; માનશ્લાઘાની કામના; અમધ્યસ્થપણું એ કદાગ્રહ છે. (૨) ખરાબ આગ્રહ; મમત; જિદ્દ; અંટસ; અદાવત

કદાચિત :ક્યારેક.

કાદાચિત્ક :કદાચિત્-કોઈવાર હોય એવું; અનિત્ય. (૨) કોઈ વાર હોય એવું; અનિત્ય. (૩) કદાચિત્-કોઈવાર હોય એવું; અનિત્ય. (૪) કદાચિત; કોઈ વાર હોય એવું; અનિત્ય

કદાચિત્ક પણું :અનિત્યપણું.

કુદાન :ગૌ, કન્યા, સુવર્ણ, હાથી, ઘોડા, ઘર, પૃથ્વી, તલ, રથ અને દાસી એ દશ પ્રકારનાં કુદાન છે.

કૂદીને દરિયો ઓળંગી જવો. :ઘણું અઘરું કામ છે. તેમ તત્ત્વનો મર્મ પામવો, એ નાની વાત નથી.

કુધર્મ :જે રાગાદિ ભાવહિંસાથી સહિત છે. તેમજ ત્રસ સ્થાવરનાં મરણરૂપ દ્રવ્ય હિંસાનું સ્થાન છે. એવી જે ક્રિયાઓ તેને કુધર્મ જાણો, એવા કુધર્મની શ્રદ્ધા કરવાથી, જીવ દુઃખ પામે છે.

કુધર્મ અને ગૃહીત મિથ્યાદર્શનનું સંક્ષિપ્ત લક્ષણ :જે ધર્મમાં મિથ્યાત્વ તથા રાગાદિરૂપ ભાવહિંસા તથા ત્રસ અને સ્થાવર જીવોના ઘાતરૂપ દ્રવ્ય હિંસાને ધર્મ માનવામાં આવે છે, તેને કુધર્મ કહેવામાં આવે છે. જે પ્રાણી આ કુધર્મની શ્રદ્ધા કરે છે, તે દુઃખ પામે છે. આ ખોટા ગુરુ, દેવ અને ધર્મની શ્રદ્ધા કરવી, તેને ગૃહીત મિથ્યાદર્શન કહે છે. આ પરોપદેશ વગેરે બાહ્ય કારણના આશ્રયથી ગ્રહણ કરવામાં આવે છે, તેથી ગૃહીત કહેવાય છે.

કુધાતુ :પરુ, લોહી, વીર્ય, મળ, ચરબી, માંસ, હાડકાં વગેરે.

કનક :સોનું; ઉપકારક; ઉપયોગી. સુવર્ણ.

કનક-નગ :(કનક= સોનું, નગ= પહાડ) સુમેરું.

કનકબદ્ધ :સુવર્ણમાં જડેલા

કનકોપલ :સોનું અને પથ્થર આ બે મિશ્ર દ્રવ્યોનું નામ જ કનકોપલ છે તેથી કનકોપલ બે દ્રવ્યોના સમુદાયનું નામ છે.

કુન્દકુંદાચાર્ય :આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય થયા. મદ્રાસની આ બાજુ ૮૦ માઈલ દૂર ગામ છે. ૧૦,૦૦૦ ની વસ્તીવાળું છે. ત્યાંથી પાંચ માઈલ, દૂર પોજૂર હીર નામની ટેકરી છે. ત્યાં કુંદકુદાચાર્ય રહેતા હતા. તેઓ આત્માનુભવી ભાવલિંગી મુનિ હતા. ત્યાંથી પૂર્વ વિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન પાસે ગયા હતા, અને ત્યાંથી આવીને શાસ્ત્રો રચ્યાં છે. આ સાક્ષાત ભગવાનની વાણી છે.

કન્યાલીક :મનુષ્ય સંબંધી

કુનર :કુમનુષ્ય; હલકો મનુષ્ય

કનાત :(તુર્કી, તંબુની ચારે બાજુનો પડદો), જાડા બેવડા કપડાનો વાંસની સાથે સીવીને બનાવેલો, પડદો; તંબુની કપડાની દીવાલ.

કનિષ્ઠ :ઉતરતા;હલકા (૨)

કનિષ્ઠ આચાર :ખરાબ આચાર.

કૂપ :કૂવો. (૨) ઘડો. અમૃતનો કૂપ= અમૃતનો ઘડો

કપટ :કૂડ, છળ, પ્રપંચ, (૨) લુચ્ચાઈ, દગો.

કપટ રહિત આત્મ અરપણ :કપટ છોડી દો, ઘમંડ છોડી દો, દંભ પાખંડ છોડી દો, જેવા છો તેવા પ્રભુ સન્મુખ ખુલ્લા થાવ, અને તેનાં ચરણ પકડી કહો-તારા સિવાય મારું કોઈ જ નથી આ છે કપટરહિત આત્મ અરપણા.

કૃપણ :લોભી; કંજુસ

કુપ્ય :વસ્ત્ર

કુંપા :કાજળ રાખવાની શીશી

કુપાત્ર :ખરાબ પાત્ર; જેમાં વસ્તુ ન રહી શકે; જેને દાન દેવું નિરર્થક છે તેવા ભિખારી. (૨) ત્યાગ છતાં સમ્યગ્દર્શન નથી તે કુપાત્ર છે, તેમને ભક્તિપૂર્વક દાન આપવા યોગ્ય નથી.

કપિલ :સાંખ્યમતના પ્રવર્તક

કપોલ કલ્પના :મૂળ માથા વિનાની, કલ્પના કે ધારણા; ગપ.

કંબુગ્રીવા :કંબુ= શંખ, ગ્રીવા= ગળું. શંખ જેટલા ગાળા વાળો આકાર

કુબ્જ :ખૂંધો

કુબ્જક સંસ્થાન :શરીર કૂબડું હોય, કોઢ નીકળેલું હોય, તેને કુબ્જક સંસ્થાન કહે છે.

કુબુદ્ધિ :કુજ્ઞાન; અજ્ઞાન.

કુંભ :ઘડો; ઘટ;

કર્મચેતના :પુણ્ય-પાપના ભાવનું કરવું તે કર્મ ચેતના છે.

કુમતિ જ્ઞાન :મિથ્યાદર્શનના ઉદય સહિત જે અભિનિબોધિક જ્ઞાન છે તેને જ કુમતિ જ્ઞાન, જે શ્રુતજ્ઞાન છે તેને જ કુશ્રુતજ્ઞાન અને જે અવધિજ્ઞાન છે તેને જ વિભંગજ્ઞાન કહે છે. (૨) મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિક (મતિ) જ્ઞાન જ, કુમતિજ્ઞાન છે.(૩) જ્યાં મિથ્યા શ્રદ્ધા છે ત્યાં જે મતિજ્ઞાન છે, તે કુમતિજ્ઞાન છે. શ્રદ્ધામાં ફેર (વિપરીતતા) છે. માટે કુમતિ જ્ઞાન છે. પણ તે કુમતિ જ્ઞાનની પર્યાય જ્ઞાનને અનુસરીને થઈ છે.

કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને કુઅવધિજ્ઞાન :મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. પરંતુ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન મિથ્યાજ્ઞાન પણ હોય છે. તે મિથ્યા જ્ઞાનને કુમતિ જ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને કુઅવધિ (વિભંગ) જ્ઞાન પણ કહે છે. આ ત્રણ જ્ઞાન

સમ્યક્ પણ હોય છે અને મિથ્યા પણ હોય છે. તેને વિપર્યય કહે છે. તેમાં સંશય અને અનધ્યવસાય ગર્ભિતપણે આવી જાયછે. મતિ અને શ્રુતજ્ઞાનમાં સંશય, વિપર્યય અને અનધ્યાવસાવ એ ત્રણ દોષો છે. અવધિ જ્ઞાનમાં સંશય હોતો નથી, પણ અનધ્યવસાય અથવા વિપર્યય બે દોષો હોય છે. તેથી તેને કુઅવધિ અથવા વિભંગ કહે છે. અનાદિ મિથ્યાદષ્ટિને કુમતિ અને કુશ્રુત હોય છે અને તેને દેવ તથા નારકીના ભાવમાં કુઅવધિ પણ હોય છે. જ્યાં જ્યાં મિથ્યાદર્શન હોય છે, ત્યાં ત્યાં મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્ર અવિનાભાવપણે હોય છે. વિપર્યમાં સંશય અને અનધ્યવસાય સમાઈ જાય છે. તે સંબંધ હવે થોડું જણાવવામાં આવે છે.

૧. કેટલાકને ધર્મ કે અધર્મ એ કાઈ હશે કે નહિ, તેવો સંશય હોય છે.
૨. કેટલાકને સર્વજ્ઞાનના અસ્તિત્વ નાસ્તિત્વનો, સંશય હોય છે.
૩. કેટલાકને પરલોકના અસ્તિત્વ નાસ્તિત્વનો, સંશય હોય છે.
૪. કેટલાકને અનધ્યવસાય (અનિર્ણય) હોય છે, તેઓ કહે છે કે હેતુવાદ રૂપ તર્કશાસ્ત્ર છે તેથી તેનાથી કાંઈ નિર્ણય થઈ શકતો નથી, અને આગમો છે તે ભિન્ન ભિન્ન રીતે વસ્તુના સ્વરૂપને કહે છે, કોઈ કાંઈ કહે છે એ કોઈ કાંઈ કહે છે, તેથી તેની પરસ્પર વાત મળતી નથી.
૫. કેટલાકને એવો અનધ્યવસાય (અનિર્ણય) હોય છે કે કોઈ જ્ઞાતા સર્વજ્ઞ અથવા કોઈ મુનિ કે જ્ઞાની પ્રત્યક્ષ દેખાતા નથી કે જેમનાં વચન અને પ્રમાણ કરી શકીએ; વળી ધર્મનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ છે તેથી કેમ નિર્ણય થાય? માટે મોટા જે માર્ગે જાય તે માર્ગે આપણે જવું.
૬. કોઈ વીતરાગ ધર્મનો લૌકિક વાદો સાથે સમન્વય કરે છે; શુભ ભાવોના વર્ણનનું સમાનપણું કેટલાક અંશે દેખી જગતમાં ચાલતી બધી ધાર્મિક માન્યતાઓ એક છે એમ માને છે. (તે વિપર્યય છે.)
૭. કોઈ ગંદ કષાયથી ધર્મ (શુદ્ધતા) થાય એમ માને છે (તે પણ વિપર્યય છે)
૮. આ જગત કોઈ એક ઈશ્વરે પેદા કર્યું છે, એ તેનો નિયામક છે એમ ઈશ્વરનું સ્વરૂપ વિપર્યય સમજે છે.

એમ સંશય, વિપર્યય અને અનધ્યવસાય અનેક પ્રકારે મિથ્યા જ્ઞાનમાં હોય છે; માટે સત્ અને અસત્નો યથાર્થ ભેદ સમજી, સ્વછંદે કરવામાં આતી કલ્પનાઓ અને ઉન્મત્તપણું ટાળવાનું, આ સૂત્ર કહે છે. (મિથ્યાત્વને ઉન્મત્તપણું કહ્યું છે, કારણ કે મિથ્યાત્વથી અનંત પાપ બંધાય છે, તેનો જગતને ખ્યાલ નથી.)

કુમનષ્ય :હલકો મનુષ્ય; કુનર.

કેયૂર :ઝાંઝર

કુરુ :દેવકુરુ તથા ઉત્તર કુરુનાં ઉત્તમ ભોગભૂમિનાં કલ્પવૃક્ષોનાં વન.

કેર કરે :જુલમ કરે; જબરદસ્તી; અત્યાચાર; ગજબ, મહાનાશ.

કર વિચાર તો પામ :જ્ઞાનની પર્યાયમાં સ્વસંવેદન વડે આત્માજ્ઞાયકને લક્ષમાં લે તો, તેની પ્રાપ્તિ થાય. અમારી પાસેથી કાંઈ મળે તેમ નથી. પોતાના અનંત ગુણોમાં વ્યાપેલું અભેદ, અખંડ જે ધ્રુવતત્વ, એની દષ્ટિ કરવી, એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. આ સિવાય બહારના ક્રિયાકાંડમાં રાગમાં ધર્મ માની પ્રવર્તે તે મિથ્યા દષ્ટિ છે.

કુકચ :કરવત

કુરંગ :હરણ.

કૂર્ચ :દાઢી-મૂછ

કૂડ :જૂઠાણું; કપટ; દગો;છેતરપીંડી; ઠગાઈ.

કરડો પુરુષાર્થ :આકરો પુરુષાર્થ

કરણ :સાધન (૨) અંશ; સાધન. (૩) કારણ; સાધન. (૪) કરવું કરવાપણું (૫) પરિણામ (૬) શરીર; ઈન્દ્રિય (૭) કારણ; સાધન; ઉપાય (૮) ઈન્દ્રિયો

કરણ લબ્ધિ :એ અંતર પરિણામની શુદ્ધતાથી સ્વ તરફ ઢળતો ભાવ છે. તે લબ્ધિ સમ્યગ્દર્શન થવા વખતે હોય છે. (૨) અત્યંત આનંદથી સુંદર બોધતરંગ ઊછળે છે, તે કરણલબ્ધિ છે.

કરણનો વ્યાપાર :સાધનનું કાર્ય. (આત્મા કર્તા છે, અને જ્ઞાન કરણ છે. જો આત્મા, જ્ઞાનથી ભિન્ન જ હોય તો, આત્મા સાધનનો વ્યાપાર અર્થાત્

જ્ઞાનનું કાર્ય કરવામાં, અસમર્થ થવાથી જાણી શકે નહિ. તેથી આત્માને અચેતનપણું આવે.)

કરુણા :સંસારતાપથી દુઃખી, આત્માના દુઃખથી, અનુકંપા પામવી. (૨) કોઈપણ જીવને જન્મમરણથી મુકત થવાનું કરવું. (૩) સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી. (૪) અનુકંપા; દયા. (૫) જગતના જીવોના દુઃખ દેખીને અનુકંપિત થવું; સંસાર તાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી. (૬) કરુણાના બે પ્રકાર છે. એક પ્રશસ્ત વિકલ્પ તેમાં પણ અસ્થિરતાથી છૂટીને નિર્વિકલ્પ સ્થિરતાનો ભણકાર છે. અને બીજો પ્રકાર પૂર્ણ વીતરાગ સ્વરૂપ અરિહંત પરમાત્મા તીર્થંકર આદિ સર્વજ્ઞદેવ જેમને અકષાય કરુણા છે. (૭) દયા; સંસાર તાપથી દુઃખી આત્માના દુઃખથી, અનુકંપા પામવી. (૮) અનુકંપા; દયા; રહેમ.

કરણાનુયોગ :કરણ એટલે ગણિતકાર્યના કારણરૂપ જે સૂત્ર, તેનો જેમાં અનુયોગ, અર્થાત્ અધિકાર હોય, તે કરણાનુયોગ છે. આ અનુયોગમાં, ગણિતવર્ણનની મુખ્યતા છે.

કરુણાભાવ :તિર્યંચ અને મનુષ્યો પ્રત્યે કરુણાભાવ. દયાભાવ તે મોહ છે.

કરણી કરી :ક્રિયા પાળી.

કરણો :ત્રણ છે. કૃત, કારિત અને અનુમોદના. કરવું, કરાવવું અને અનુમોદના કરવી.

કર્તત્વ :કર્તાપણાનો ભાવ (૨) કર્તાપણું

કરતુતિ :શુભરાગની ક્રિયા

કર્તુસ્થિત :કર્તામાં રહેલી.

કર્તા :જે સ્વતંત્રપણે કરે, તે કર્તા. (૨) કર્તા એટલે થનારો, અને કર્મ એટલે થાય તે. દ્રવ્ય તે કર્તા છે. અને પર્યાય તે, કર્મ છે. સ્વતંત્રપણે કરે તે કર્તા; કર્તાનું ઈષ્ટ તે કર્મ; ઈષ્ટ એટલે વહાલું; અજ્ઞાની વહાલું શું કર્તવ્ય છે અને જ્ઞાનીને વહાલું શું કર્તવ્ય છે? જ્ઞાનીનું ઈષ્ટ જ્ઞાન છે અને અજ્ઞાનીને ઈષ્ટ રાગ-દ્વેષ છે. (૨) મનના વિષયરૂપ છ દ્રવ્ય વડે શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી તથા પાંચ ઈન્દ્રિયોના વિષયરૂપ કરવામાં આવેલા રૂપી પદાર્થો વડે (પોતાનો) કેવળબોધ (જ્ઞાન) ઢંકાયેલાં હોવાથી અને મૃતક ક્લેવર (શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી, તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે. (૩) જે પરિણમે છે, તે કર્તા છે. (૪) થનારો; દ્રવ્ય તે કર્તા છે; સ્વતંત્ર પણે કરે તે કર્તા (૫) પ્રયોજક (૬) કરનાર; બનાવનાર માણસ; રચયિતા

કર્તા કર્મ પણું :આત્માના પરિણામનો જડ કર્તા નથી, ને જડનું એ કાર્ય નથી. જડના પરિણામને આત્મા કરતો નથી ને આત્માનું એ કાર્ય નથી એમ પરસ્પર કર્તાકર્મપણાની અસિદ્ધિ છે તો પણ આત્માના રાગ-દ્વેષની હાજરીમાં પુદ્ગલકર્મ બંધાય છે એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

કર્તા, કારણ કર્મ અને કર્મફળ :કર્તા, કરણ વગેરે આત્મા જ છે એવો નિશ્ચય થતાં બે વાત નક્કી થઈ જાય છે; એક વાત તો એ કે કર્તા, કરણ વગેરે આત્મા જ છે, યુગદ્ગલાદિ નથી અર્થાત્ આત્માને પરદ્રવ્ય સાથે સંબંધ નથી;બીજી વાત એ નક્કી થાય છે કે અભેદ દૃષ્ટિમાં કર્તા, કરણ વગેરે ભેદો નથી, એ બધુંય એક આત્મા જ છે અર્થાત્ પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી ગયેલાં છે.

કર્તા-અકર્તા :આચાર્ય કહે છે-આત્મા સર્વથા અકર્તા છે ને રાગાદિ વિભાવનો કર્તા કર્મપ્રકૃતિ છે એમ, સાંખ્યોની જેમ, જૈનો ન માનો તો કેવી રીતે છે? તો કહે છે. જ્યાંસુધી સ્વપરનું ભેદ વિજ્ઞાન નહોય...! એટલે શું કે જડ માટી-ધૂળ એવું આ શરીર અને આત્માની અવસ્થામાં થતા પુણ્ય-પાપરૂપ આસ્રવ-બંધનાં પરિણામ એ સમસ્ત પરથી પોતાનું સ્વ-ચૈતન્યબિંબ એવું જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે એવું અંતર-અવલંબને ભાવભાસન ન થાય ત્યાં સુધી તેને (આત્માને) રાગાદિનો એટલે કે પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો કર્તા માનો.

આ ભગવાનની સ્તુતિ, ભક્તિ, પૂજા ઈત્યાદિ કરે છે ને? ણમો અરિહંતાણું, ણામો સિદ્ધાણું-એમ ભગવાનનું નામ સ્મરણ રે છે ને? એ બધો રાગ છ, શુભ રાગ છે. એ રાગ છે તે પર છે અને પોતે શુદ્ધ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ-આહાહા....! એકલા ચૈતન્ય ચૈતન્ય, ચૈતન્યના પ્રકાશનું પુર પ્રભુ આત્મા તે સ્વ છે. આ સ્વ અને પરનું ભિન્ન પણું જ્યાં સુધી અંતરમાં ભાસ્યું નથી ત્યાં સુધી તે અજ્ઞાની છે, અને અજ્ઞાની હોતો થકો તે પુણ્ય -પાપ આદિ

ભાવોનો કર્તા છે. તે રાગાદિ વિકાર થાય તેનો કર્તા છે. બીજું કોઈ બીજું-કર્મકર્તા છે? એમ છે જ નહિ.

ક્યાં સુધી આત્મા કર્તા છે? સ્વપરનું ભેદ વિજ્ઞાન ન થાય ત્યાં સુધી અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. જુઓ, ભગવાનના શ્રીમુખેથી નીકળેલી આ વાણી છે. વિકારથી ભિન્ન સ્વસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વભાવમય આત્માનું ભાન થતાં, તે રાગનો અકર્તા છે, જ્ઞાતા જ છે-એમ કહે છે. જુઓ આ સ્વભાવની રુચિનું જોર! સમ્યગ્દષ્ટિને કિંચિત્ અસ્થિરતાનો રાગ થતો હોય છે, પણ તેનું તેને સ્વામિત્વ નહિ હોવાથી, તેનો એ કર્તા નથી, જ્ઞાતા જ છે. આવો ભગવાનનો માર્ગ ભાઈ! ન્યાયથી કસોટી કરીને સમજવો જોઈએ.

કર્તાકરણ :કર્તા, કરણ વગેરે આત્મા જ છે, એવો નિશ્ચય થતાં બે વાત નક્કી થઈ જાય છે; એક વાત તો એ કે, કર્તા, કરણ વગેરે આત્મા જ છે, પુદ્ગલ નથી અર્થાત્ આત્માને, પરદ્રવ્ય સાથે સંબંધ નથી; બીજી વાત એ નક્કી થાય છે કે, અભેદદષ્ટિમાં કર્તા, કરણ વગેરે ભેદો નથી, એ બધું ય, એક આત્મા જ છે અર્થાત્ પર્યાયો દ્રવ્યની અંદર ડૂબી ગયેલા છે.

કર્તા-કરણ-અધિકરણ :ગુણ પર્યાયો જ દ્રવ્યના કર્તા (કરનાર) કરણ (સાધન) અને અધિકરણ (આધાર) છે, તેથી ગુણ-પર્યાયો જ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. (૨) દ્રવ્ય જ, ગુણ પર્યાયોનું કર્તા (કરનાર). તેમનું કરણ (સાધન), અને તેમનું અધિકરણ (આધાર) છે; તેથી, દ્રવ્ય જ, ગણ પર્યાયોનું સ્વરૂપ ધારણ કરે છે. (૩) દ્રવ્ય જ કારણ-પર્યાયોનું કર્તા (કરનાર), તેમનું કરણ (સાધન) અને તેનું અધિરણ (આધાર) છે; તેથી દ્રવ્ય જ ગુણ-પર્યાયનું સ્વરૂપ ધારણ કરે છે.

કર્તા કર્મ ઘટના :આત્મ કર્તા અને પર વસ્તુ એનું કાર્ય એમ ભિન્ન વસ્તુઓમાં કર્તા-કર્મ ઘટના હોતી નથી.

કર્તા-કર્મ પણું :સોનાના હાર વગેરે ઘાટ ઘડાઈને તૈયાર થાય, તો તે કહે છે સોનીનું કાર્ય નથી, કાપડમાંથી કોટ પહેરણી વગેરે સીલાઈને તૈયાર થાય, તે દરજીનું કાર્ય નથી. માટીનો ઘડો થાય, તે કુંભારનું કાર્ય નથી. આખું જગત માને છે તેનાથી આ જુદી વાત છે. ગજબ વાત છે ભાઈ! સોની, દરજી, કુંભાર આદિ કારીગર, સ્વપરિણામના-રાગના કર્તા છે, પણ તેઓ પર દ્રવ્યના પરિણામના કર્તા નથી, કેમ કે પરિણામ- પરિણામીથી અભિન્ન, એક હોય છે. અને ત્યાં જ કર્તા-કર્મ પણું સંભવે છે.

પ્રશ્નઃ- પણ દાગીના, કપડાં, ઘડો વગેરે કાર્યો, કર્તા વિના તો હોઈ શકે નહીં? (એમ કે સોની આદિ ન કરે તો કેમ હોય?)

સમાધાનઃ- અરે ભાઈ! દ્રવ્યમાં જે પ્રતિસમય પર્યાય-કાર્ય થાય, તે પરિણામ છે. અને તેનો કર્તા પરિણામી એવું તે દ્રવ્ય છે. જેમ જીવ દ્રવ્ય છે તેમ પુદ્ગલ એક દ્રવ્ય છે અને તેના પ્રત્યેક સમયે થતા પરિણામનો કર્તા પરિણામી, પુદ્ગલ દ્રવ્ય છે, પણ બીજું નથી. આ દાગીના આદિ કાર્ય છે તે પરિણામ છે અને તેનો કર્તા પરિણામી છે તે સુવર્ણ આદિના પુદગલ પરમાણુ છે, પણ સોની આદિ જીવ નથી. સોની આદિ તો તેને તે કાળે જે રાગ થાય, તેનો કર્તા છે પણ દાગીના આદિનો તે કર્તા નથી. આ પ્રમાણે જડમાં જે દાગીના વગેરે કાર્ય થાય તેનો કર્તા પરિણામી એવા તે તે જડ પુદ્ગલ પરમાણુઓ છે; તે કાર્ય કર્તા વિના થયાં છે એમ નથી. તેમ જ સોની આદિ જીવ તેનો કર્તા છે, એમ પણ નથી, આવી વાત છે! કોઈ સોની આદિ એમ માને કે, તે જડનાં કાર્યો મારાથી (પોતાથી) થયાં છે તો તે મૂઢ અજ્ઞાની છે કેમ કે તેની માન્યતા મિથ્યા છે.

સિદ્ધાંતની તારવણીઃ-

૧. ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે;
૨. અને પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે, અન્યનું નહિ;
૩. વળી કર્મ, કર્તા વિના હોતું નથી;
૪. તેમજ વસ્તુની એકરૂપે સ્થિતિ, હોતી નથી;
૫. માટે વસ્તુ પોતે જ, પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે, એ નિશ્ચય સિદ્ધાંત છે.

કર્તા-કર્મ સંબંધ :(પૂર્વ) કર્મ પ્રકૃત્તિના ઉદયના નિમિત્તે વિકારી ભાવ ઉત્પન્ન થાય છે. તે ભાવબંધ છે, અને ભાવ બંધ છે તે નવી કર્મ પ્રકૃતિના બંધમાં નિમિત્ત

છે. આ પ્રમાણે આત્મા અને પ્રકૃતિનું પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવથી પરિણમવું છે, અને તેથી સંસાર છે. એનાથી જીવ ચારગતિ અને ચોરાસી લાખ યોનિમાં ઘૂરે છે, અને તેથી જ તેમને કર્તા-કર્મનો વ્યવહાર છે.

આત્મા અને કર્મ પ્રકૃતિઓને પરમાર્થે કોઈ કર્તા કર્મ સંબંધ નથી. જીવમાં વિકાર થાય તેનો કર્તા જડકર્મ અને વિકાર થયો તે જડકર્મનું કાર્ય એમ નથી, તથા વિકારી પરિણામ કર્તા અને નવાકર્મનો બંધ થાય તે એનું કાર્ય એમ પણ નથી.

આત્મા અને પ્રકૃતિને પરમાર્થે કર્તા કર્મ સંબંધ નથી છતાં, પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવના કારણે બંધ થાય છે, અને તેથી સંસાર છે, ચાર ગતિનું પરિભ્રમણ છે. વિકારી પરિણામથી સંસાર છે. મિથ્યાત્વ તે સંસાર છે. કર્મની પુરાણી પ્રકૃતિ જે ઉદયમાં આવી, તેને નિમિત્ત કરીને જીવ વિકાર કરે છે. તે સંસાર છે, તે જ ચોરસીના અવતારનું બીજ છે; અને તેથી જ કર્તા-કર્મપણાનો વ્યવહાર છે.

કર્મના નિમિત્તે જે વિકાર થાય છે, તેનું કર્તાપણું છે તે મિથ્યાત્વ છે, અને તેજ સંસાર છે. દયા, દાન,વ્રત, ભક્તિ ઈત્યિાદિમાં જે ભાવ છે તે શુભરાગનાં પરિણામ છે; કર્મ પ્રકૃતિના નિમિત્તને આધીન થવાથી, તે ભાવ ઉત્પન્ન થાય છે. તે ભાવ મારા છે, મારા કર્તવ્ય પણે છે. અને મને લાભકારી છે એવી માન્યતા મિથ્યાત્વ છે. અને તે જ સંસાર છે, સ્વ-આશ્રયે મિથ્યાત્વનો નાશ થતાં, સંસારનો અભાવ જ થાય છે.

સમુદ્રમાં બિંદુની શી ગણતરી? એમ રે મિથ્યાત્વ ગયા પછી અવિરતિ, પ્રમાદ, કષાય આદિ થોડો દોષ રહે, પણ તે સમુદ્રમાં બિંદુ સમાન છે. અને તે પણ ક્રમે નાશ થવા યોગ્ય જ છે. મિથ્યાત્વ એ જ મહાદોષ છે. અને તે જ સંસાર છે.

કર્તા-કર્મ-કરણના અભેદ :જ્યારે આત્મા, આત્માને આત્માથી આચરે જાણે-દેખે છે, ત્યારે કર્તા પણ આત્મા, કર્મ પણ આત્મા અને કરણ પણ આત્મા છે; એ રીતે ત્યાં કર્તા-કર્મ-કરણનું, અભિન્નપણું છે.

કર્તાકર્મની પ્રવૃત્તિ :અનાદિ અજ્ઞાનથી, કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે, અને તે બંધના નિમિત્તથી, અજ્ઞાન છે, એ પ્રમાણે અનાદિ સંતાન (પ્રવાહ) છે. માટે તેમાં ઈતરેતરાશ્રય દોષ આવતો નથી.

જુઓ! સ્વરૂપના ભાવ વિના, વિકારનો સ્વામી થઈ, જીવ પોતે વિકાર કરે, ત્યારે નવો કર્મ-બંધ થાય છે. જે કર્મ બંધાય છે, તે સ્વયં સ્વતઃ પોતાના કારણે બંધાય છે. કર્મરૂપે બંધાવાની લાયકાતવાળા પરમાણુ સ્વયં, પોતાથી કર્મરૂપે પરિણમે છે. ત્યાં જીવ અને કર્મનું એકક્ષેત્રાવગાહે રહેવું, એ સંબંધ છે, પણ એકબીજાના કર્તાકર્મપણે થવું, એવો સંબંધ નથી.

એ બંધના નિમિત્તથી, અજ્ઞાન છે. એટલે કે એ બંધના ઉદયકાળે, પોતે સ્વતંત્રપણે નવું અજ્ઞાન કરે છે, ત્યારે પૂર્વકર્મનો બંધ નિમિત્ત છે. બંધને લઈને અજ્ઞાન છે, એમ નથી પણ પોતે સ્વયં, અજ્ઞાનરૂપે પરિણમે છે, ત્યારે પૂર્વના બંધના ઉદયને, તેનું નિમિત્ત કહેવામાં આવે છે. બંધનું તો નિમિત્ત છે, ઉપાદાન સ્વયં, પોતાનું અજ્ઞાન (પર્યાય) છે. આ પ્રમાણે અનાદિ સંતાન છે, પ્રવાહ છે. નવા કર્મબંધનું નિમિત્ત, અજ્ઞાનભાવ છે અને એ અજ્ઞાનભાવનું નિમિત્ત, તો જૂનાં પૂર્વનાં કર્મનો ઉદય છે. આ પ્રમાણે અનાદિ પ્રવાહ છે, માટે એમાં ઈતરેતરાશ્રય દોષ, આવતો નથી.

પ્રશ્નઃ- મોહાવરણક્ષયાત્,-શાસ્ત્રમાં તો એમ આવે છે ને ?

ઉત્તરઃ- મોહાવરણક્ષયાત્ એટલે મોહનો સર્વથી ક્ષય થવાથી, સર્વજ્ઞપદ પ્રગટ થાય છે. પરંતુ ત્યાં જે સ્વદોષ છે તે નિશ્ચયથી આવરણ છે, અને કર્મનું નિમિત્ત છે, તે વ્યવહારથી આવરણ છે.

વળી જ્યાં એમ આવે કે, બે કારણોથી કાર્ય થાય છે - (૧) ઉપાદાનકારણ અને (૨) સહકારી કારણ. ત્યાં એનો અર્થ એ છે કે, સહકારી (નિમિત્તપણે) એક ચીજ છે, તેનું જ્ઞાન કરાવ્યું છે, પણ સહકારી કારણથી, ઉપાદાનમાં કાર્ય થાય છે, એમ બીલકુલ નથી. રાગની ઉત્પત્તિ, આત્મા સ્વતઃ પોતાના અજ્ઞાનભાવથી કરે છે, અને કર્મનો બંધ પણ સ્વતઃ (રજકણોની), પોતાની યોગ્યતાથી થાય છે. વિકાર થવાની પોતાની યોગ્યતા છે, અને જે કર્મ બંધાયાં, તે એની યોગ્યતાથી બંધાયાં છે. વિકાર કર્યો માટે, કર્મને બંધાવું

પડ્યું એમ નથી, તથા કર્મના ઉદયના કારણે, વિકાર થયો એમ પણ નથી. સર્વત્ર યોગ્યતા જ, કાર્યની સાક્ષાત્ સાધક છે. નિમિત્ત, એ વાસ્તવિક કારણ નથી, ઉપાચારથી કારણ કહેવાય છે.

આ રીતે જ્યાં સુધી આત્મા, અજ્ઞાનથી ક્રોધાદિ કર્મનો કર્તા થઈ, પરિણમે છે ત્યાં સુધી, કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી, કર્મનો બંધ થાય છે.

કર્તા કર્મની પ્રવૃત્તિ :કર્તા-કર્મની પ્રવૃત્તિનું નિમિત્ત, અજ્ઞાન પર્યાય છે. અને અજ્ઞાન પર્યાયનું નિમિત્ત, પૂર્વનો બંધ છે. તેથી જેને અજ્ઞાન પર્યાય ટળી ગઈ, તેને બંધ પણ ટળી ગયો. અને તેની કર્માકર્મની પ્રવૃત્તિ પણ ટળી ગઈ. આ રીતે જ્ઞાન થવાથી જ સબંધ થઈ ગયો. જેને અજ્ઞાન પર્યાય છે, તેને બંધ પણ છે, અને તેને કર્તા, કર્મની પ્રવૃત્તિ પણ છે.

કર્તાકર્મપણું :સામાન્યપણે કર્તાનું કર્મ, ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે-નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. (૧) કર્તા વડે જે પ્રથમ ન હોય, એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે, તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે. (૨) કર્તા વડે, પદાર્થમાં વિકાર-ફેરફાર કરીને, જે કાંઈ કરવામાં આવે, તે કર્તાનું વિકાર્ય કર્મ છે. (૩) કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી, તેમજ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે, તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.

(૧) જીવ, પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી, કારણકે ચેતન જડને કેમ ઉપજાવી શકે ? માટે પુદ્ગલકર્મ, જીવનું નિર્વર્ત્ય કર્મ નથી. (૨) જીવ પુદ્ગલમાં વિકાર કરીને, તેને પુદ્ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી, કારણકે ચેતન જડને કેમ પરિણમાવી શકે ? માટે પુદ્ગલકર્મ, જીવનું વિકાર્ય કર્મ પણ નથી. (૩) પરમાર્થે જીવ, પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી કારણકે, અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે ? માટે પુદ્ગલકર્મ, જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી.

આ રીતે પુદ્ગલકર્મ, જીવનું કર્મ નથી અને જીવ, તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી, જ્ઞાનરૂપે પરિણમતો પોતે, પુદ્ગલકર્મને જાણે છે; માટે પુદ્ગલકર્મને જાણતા એવા જીવનો, પરની સાથે કર્તાસ્વભાવ કેમ હોઈ શકે ? ન જ હોઈ શકે.

કર્તાનો વ્યાપાર :કર્તાનું કાર્ય. (જ્ઞાન કરણ છે, અને આત્મા કર્તા છે. જો જ્ઞાન આત્માથી ભિન્ન જ હોય, તો જ્ઞાન કર્તાનો વ્યાપાર, અર્થાત્ આત્માનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી, જાણી શકે નહિ. તેથી જ્ઞાનને અચેતનપણું આવે.)

કર્તાનો વ્યાપાર :કર્તાનું કાર્ય. (જ્ઞાન કરણ છે, અને આત્મા કર્તા છે. જો જ્ઞાન આત્માથી ભિન્ન જ હોય, તો જ્ઞાન કર્તાનો વ્યાપાર, અર્થાત્ આત્માનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી, જાણી શકે નહિ. તેથી જ્ઞાનને અચેતનપણું આવે.

કર્તાપણ અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ[1]વાદ પ્રરૂપણ :આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે; પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિ કાળથી જ્ઞેય છે. અને જ્ઞાનના ભેદ વિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે. તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી, કર્તા છે; અને જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે, ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાન પરિણામે જ પરિણમતો, કેવળ જ્ઞાતા રહેવાથી, સાક્ષાત્ અકર્ત્તા છે.

કર્તાભાવ :હું પરની કરી શકું, પર મારું કરી શકે એવો કર્તાભાવ.

કર્તા-ભોકતા :૧. અજ્ઞાની જીવ પરમાં હરખ શોકના ભાવ કરે છે તેને ભોગવે છે, પરદ્રવ્યને સ્ત્રી,ધન મકાન ઈત્યાદિને ભોગવતો નથી. ૨. જ્ઞાની જીવને અંતરંગમાં સ્વભાવનું શુદ્ધ એક જ્ઞાયક ભાવનું, ભાન થયું છે તેથી તે સ્વભાવદષ્ટિએ સરાદિનો કર્તા નથી, અને તેનું ફળ જે દુઃખ, તેનો ભોકતા નથી. ૩. તો પણ જ્ઞાનીને જેટલું રાગનું પરિણમન છે તેટલું પરિણમનની અપેક્ષાએ કર્તાપણું છે. અને ભોકતા પણુંય છે. જ્ઞાની સ્વભાવની દષ્ટિની અપેક્ષાએ રાગને કરતો નથી, દુઃખને ભોગવતો પણ નથી. પણ એથી એકાંત પકડીને માને કે જ્ઞાનીને સર્વથા દુઃખ જ નથી, તો એમ વાત નથી. જ્ઞાનીને યત્કિંચિત્ જે રાગ છે, તેટલું તે વખતે દુઃખ છે અને તેટલો તે ભોકતા પણ છે. અહીં અત્યારે, એ જ્ઞાની ની વાત ચાલે છે કે જીવ સ્વપરિણામાત્મક રાગના પરિણામનો કર્તા છે. અને તેના ફળરૂપે જે હરખ-

શોકનાં પરિણામ થાય, તેનો તે ભોકતા છે, પણ પર દ્રવ્યનો કર્તા-ભોકતા નથી.

કર્દમ :પંક્, કાદવ, કિચડ,

કરંબિત :કર્મ જનિત ભાવમિશ્રિત જે આચરણ.

કરભર :પૂર્ણતાનો અંશ; પૂર્ણની રૂચિનું જોર ઊછળતાં;

કર્મ :જે જડ (દ્રવ્યકર્મ) છે તે. નોકર્મ-શરીર, મન,વાણી, આદિ, વર્ગ વર્ગણા અને સ્પર્ધક-આ બધા તો, સીધા જડ પુદ્ગલ જ છે. (૨) કર્મનો ઉદય આવે તે, જડની પર્યાય છે. (૩) આત્મા વડે કરાતું હોય, તે કર્મ છે. પ્રતિક્ષણ (ક્ષણે ક્ષણે) તે તે ભાવે ભવતા-થતા-પરિણમતા આત્મા વેડે ખરેખર કરાતો, એવો જે તેનો ભાવ તે જ, આત્મા વડે પ્રાપ્ય હોવાથી, કર્મ છે. અને તે (કર્મ) એક પ્રકારનું હોવા છતાં. દ્રવ્યકર્મરૂપ ઉપાધિની, નિકટતાના સદ્ભાવ અને અસદ્ભાવને કારણે, અનેક પ્રકારનું છે. (૪) કર્મના ચાર પ્રકાર છેઃ- (•) કોઈ પણ જડની અવસ્થા થાય, તે કર્મ છે. આ શરીરાદિની અવસ્થા છે, તે તેના કર્તાનું કર્મ છે. જડ પરમાણુ કર્તા છે. તેનું એ કાર્ય છે, એટલે કર્મ છે, પર્યાય છે. જે જડ દ્રવ્યકર્મ છે, તે પણ જડ કર્તાનું પરિણમન છે-કર્મ છે. (•) પુણ્ય-પાપનો વિકાર, મિથ્યાત્વનો ભાવ, તે ભાવકર્મ-વિકારી કર્મ છે. રાગ-દ્વેષ-મોહના પરિણામ, એ વિકારી કર્મ છે.(•) નિર્મળ પરિણતિ, તે પણ કર્મ છે. આત્માના આનંદની વેદનની ક્રિયા-શુદ્ધતાનો અનુભવ, તે પણ નિર્મળ પરિણમનરૂપ કર્મ છે.(•) ત્રિકાળ રહેનાર શક્તિ-સામર્થ્ય અંદર પડ્યું છે, તે પણ કર્મ છે. કાર્ય થવાનું સામર્થ્ય છે, તે કર્મશક્તિ છે. કાર્ય થવાનું સામર્થ્ય પોતાનામાં હોવાથી, તેના કાર્ય માટે નિમિત્ત કે પરની અપેક્ષા નથી. કાર્યરૂપ થવાની કર્મશક્તિ, વસ્તુમાં ત્રણે કાળ પડી છે. આવો ચિદ્દાનપરિપૂર્ણ શક્તિઓથી ભરેલો ભંડાર, તે હું છું, એમ જેના અનુભવમાં આવે છે, તે અનુભવ એક નિર્વિકારી કર્મ-કાર્ય છે, અને તેને મોક્ષમાર્ગ કહે છે. (૫) કર્તાનું કાર્ય. (૬) જીવથી કરાતો ભાવ, તે જીવનું કર્મ છે. તેના મુખ્ય બે પ્રકાર છે : (•) નિરુપાધિક (સ્વાભાવિક), શુદ્ધભાવરૂપ કર્મ, અને (•) ઔપાધિક, શુભાશુભ ભાવરૂપ કર્મ. (૭) ક્રિયા; યોગ. (૮) આત્મપરિણામની કંઈ પણ અચળ પરિણતિ થવી, તેને શ્રીતીર્થંકર કર્મ કહે છે. (૯) કર્મ, અનંત પ્રકારનાં છે. તેમાં મુખ્ય, ૧૫૮ છે. તેમાં મુખ્ય, આઠ કર્મપ્રકૃતિ વર્ણવવામાં આવી છે. આ બધાં કર્મમાં મુખ્ય, પ્રાધાન્ય એવું મોહનીય છે; જેનું સામર્થ્ય બીજા કરતાં અત્યંત છે; અને તેની સ્થિતિ પણ, સર્વ કરતાં વધારે છે. આઠ કર્મમાં, ચાર દાનઘાતી છે. તે ચારમાં પણ મોહનીય, અત્યંત પ્રબળપણે દાનઘાતી છે. મોહનીયકર્મ સિવાય, સાત કર્મ છે. તે મોહનીય કર્મના પ્રતાપથી, પ્રબળપણે થાય છે. જો મોહનીય ખસે તો, બીજાં નિર્બળ થઈ જાય છે. મોહનીય ખસવાથી, બીજાંઓનો પગ ટકી શકતો નથી. કર્મબંધના ચાર પ્રકાર છેઃ- પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ; તેમાં પ્રદેશ, સ્થિતિ અને રસ, એ ત્રણ બંધના સરવાળાનું નામ, 'પ્રકૃતિ' આપવામાં આવ્યું છે. પ્રદેશબંધ છે, તે આત્માના પ્રદેશની સાથે, પુદ્ગલનો જમાવ અર્થાત્ જોડાણ છે; ત્યાં તેનું પ્રબળપણું હોતું નથી; તે ખેરવવા ચાહે, તો ખરી શકે તેમ છે. મોહને લઈને, સ્થિતિ તથા રસનો બંધ પડે છે, અને તે સ્થિતિ તથા રસનો બંધ છે, તે જીવ ફેરવવા ધારે તો ફરી શકે, એમ બનવું અશક્ય છે. આવું મોહને લઈને, એ સ્થિતિ તથા રસનું પ્રબળપણું છે. (૧૦) કર્મ અર્થાત્ કાર્ય-પર્યાય. આત્મામાં કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. તેથી કાર્ય-પર્યાય, તે કર્મ ગુણમાંથી આવે છે. એ કર્મ ગુણનું રૂપ, બીજા અનંત ગુણોમાં છે. એક ગુણમાં બીજો ગુણ નથી. પણ એક ગુણમાં, બીજા ગુણનું રૂપ છે. કર્તા ગુણનું રૂપ, કર્મ ગુણનું રૂપ વગેરેનું, બીજા અનંત ગુણમાં છે. એક ગુણમાં કે એક ગુણના આશ્રયે, બીજો ગુણ છે એમ નહિ. ગુણો તો, સર્વ દ્રવ્યના આશ્રયે છે, પણ એક ગુણમાં, બીજા ગુણના રૂપનું સામર્થ્ય છે. કર્તા ગુણ છે તે જ્ઞાનગુણથી ભિન્ન છે, પણ જ્ઞાનગુણમાં, કર્તા ગુણનું રૂપ છે. તેવી રીતે કર્મગુણનું પણ રૂપ છે. આવો શુદ્ધ ચૈતન્યગુણધનનો નિધિ, હું છું, એમ જ્ઞાની અનુભવે છે. અહાહા! તેના સ્વભાવના સામર્થ્યની શું શક્તિ છે! રાગરૂપે થવું, એ કોઈ શક્તિ કે ગુણ નથી. વસ્તુ તો શુદ્ધ ચિદ્દાન એટલે શુદ્ધ આનંદદાન, શુદ્ધ જ્ઞાનદાન, શુદ્ધ વીર્યદાન,-એમ અનંતા ગુણનું દાન-સમૂહ છે. ભાઈ! તેને પ્રાપ્ત કરવા

કેટલો પુરુષાર્થ જોઈએ ? વીર્યનો વેગ જ્યાં અંતરમાં વળે છે, ત્યાં જ્ઞાની અનુભવે છે, કે હું તો પૂર્ણ-સ્વરૂપનિધિ છું, હું શરીર નથી, રાગ નથી, પુણ્ય-પાપ નથી, અને અલ્પજ્ઞ પણ નથી, તેમજ એકગુણરૂપ પણ નથી; હું તો અનંતા ગુણનું, એક નિદાત-ખાણ છું. (૧૧) જીવથી કરાતો ભાવ, તે (જીવનું) કર્મ છે. તેના મુખ્ય બે પ્રકાર છે; (•) નિરુપાધિક (સ્વાભાવિક) શુદ્ધભાવરૂપ કર્મ, અને (•) ઔપાધિક, શુભાશુભભાવરૂપ કર્મ. (૧૨) શુભાશુભ ભાવો. (૧૩) દ્રવ્યકર્મ (૧૪) ચેતનાગુણ રહિત જડ, મૂર્તિક અને અનંત પુદ્ગલપરમાણુઓનો પુંજ છે, માટે તે એક દ્રવ્ય નથી. (૧૫) ચેતનાગુણ રહિત જડ, મૂર્તિક અને અનંત પુદ્ગલ પરમાણુઓનો પુંજ છે; માટે, તે એક દ્રવ્ય નથી. (૧૫) કર્મ તે સંયોગી, વિકારી પુદ્ગલની અવસ્થા છે. (૧૬) વિષય કષાયથી રાગી અને મોહી જીવોના આત્મ પ્રદેશોમાં, જે પરમાણુઓ વળગે છે, તે પરમાણુના સમુદાયને શ્રી જિન, કર્મ કહે છે. શુદ્ધ આત્માની અનુભૂતિના અભાવમાં, આ આત્મા વિષય અને કષાયમાં પ્રવર્તે છે, તેથી રાગી દ્વેષી અને મોહી થાય છે. અને તે સમયે જે કર્મ વર્ગણા યોગ્ય પુદ્ગલ સ્કંધો આવે છે, તે પાનાવરણાદિ, આઠ કર્મો રૂપે પરિણમે છે. જેમ તેલથી ચિકાશવાળા શરીરમાં, ધૂળ લાગીને મેલરૂપે પરિણે છે, તેમ રાગી, દ્વેષી અને મોહી જીવોને વિષય, કષાયયુક્ત દશામાં પુદ્ગલ વર્ગણાઓ કર્મરૂપે પરિણમે છે. જે આત્મા, વિષય કષાયના સમયે કર્મોને ઉપાર્જન કરે છે, તે જ જ્યારે વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, અરિવન્ત બળે કર્મનો ક્ષય કરે છે. ત્યારે આરાધવા યોગ્ય થાય છે. (૧૭) આત્મપરિણામની કંઈ પણ ચપળ પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર કર્મ કહે છે. (૧૮) આત્મા રાગાદિ વિકારરૂપે પરિણમે, તો તેમાં નિમિત્ત રૂપે હોવાવાળા જડ કર્મ,-દ્રવ્યકર્મ (૧૯) નસીબ; પ્રારબદ્ધ (૨૦) કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વત્યે. કેવળી ભગવાનનું પ્રાપ્યકર્મ, વિકાર્ય કર્મ અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન જ છે, કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઉપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞાપ્તિ જ તેમનાં ક્રિયા છે આમ હોવાથી કેવળી ભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞાપ્તિ ક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિથીવ (જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે. જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આથ્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે જેના સમસ્ત જ્ઞેયા કારોને અત્યંત વિકસિત જ્ઞાપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે. (૨૧) થાયતે; પર્યાય તે કર્મ છે. કર્તાનું ઈષ્ટ વહાલું તે કર્મ. (૨૨) પુદ્ગલો (૨૩) પરિણમનારનું જે પરિણામ છે, તે કર્મ છે. (૨૪) કાર્ય; અવસ્થા; હાલત (૨૫) કર્તાનું કાર્ય; જેમ કે -માટીનું કાર્ય ઘડો. (૨૬) પરિણમનારનું જે પરિણામ છે, તે કર્મ છે. (૨૭) જીવવડે જે કરાતું હોય તે કર્મ છે. (૨૮) વિષય-કષાયથી રાગી અને મોહી જીવોના આત્મપ્રદેશોમાં જે પરમાણુ વળગે છે, તે પરમાણુના સમુદાયને શ્રી જિન, કર્મ કહે છે. શુદ્ધ આત્માની અનુભૂતિના અભાવમાં આ આત્મા વિષય તથા કષાયમાં પ્રવર્તે છે; તેથી રાગી, દ્વેષી અને મોહી થાય છે. અને તે સમયે જે કર્મવર્ઘણાયોગ્ય પુદ્ગલ સ્કંધો આવે છે, તે જ્ઞાનવરણાદિ આઠ કર્મરૂપે, પરિણમે છે. જેમ તેલથી ચિતકાશવાળા શરીરમાં, ધૂળ લાગીને મેલરૂપે પરિણમે છે, તેમ રાગી, દ્વેષી અને મોહી જીવોને વિષય-કષાય યુક્ત દશામાં પુદ્ગલ વર્ગણાઓ કર્મરૂપે પરિણમે છે. જે આત્મા વિષયક કષાયના સમયે, કર્મોને ઉપાર્જન કરે છે, તે જ જ્યારે વીતરાગ સમાધિના બળે કર્મોનો, ક્ષય કરે છે. ત્યારે આરાધવા યોગ્ય થાય છે. (૨૯) પુણ્યપાપને અનુસરીને દરેકને ભોગ-ઉપભોગની સામગ્રી પ્રયત્ન પૂર્વક કે પ્રયત્ન વિના મળે છે. (૩૦) કર્મ ત્રણ પ્રકારનાં છે. ૧. ભાવ કર્મ ,૨ દ્રવ્ય કર્મ અને ૩. નો કર્મ. ભાવ કર્મ જીવનો વિકાર છે અને દ્રવ્ય કર્મ તથા નો કર્મ જડ છે. ભાવકર્મનો અભાવ થતાં દ્રવ્યકર્મનો અભાવ થાય છે. અને દ્રવ્યકર્મનો અભાવ થતાં નો કર્મ (શરીર)નો અભાવ થાય છે. અસ્તિથી કહીએ તો, જીવની સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે અને નાસ્તિથી કહીએ તો, જીવની સંપૂર્ણ વિકારથી મુક્ત દશા, તે

મોક્ષ છે. આ દશામાં જીવ કર્મ તથા શરીર રહિત હોય છે. અને તેનો આકાર છેલ્લા શરીરથી સહેજ ન્યૂન હોય છે. (૩૧) રાગાદિ કષાયભાવ. (૩૨) કાર્ય (૩૩) દ્રવ્ય કર્મ, ભાવકર્મથી ભગવાન આત્મા નિશ્ચયથી ભિન્ન જ છે. જીવ દ્રવ્યના સ્વભાવમાં તો આઠેય અજીવ કર્મોનો ત્રિકાળ અભાવ છે. (૩૪) જેથી આત્માને આવરણ થાય, કે તેવી ક્રિયા. (૩૫) ચારિત્રમોહનો ઉદય.

કૂર્મ :કાચબો

ક્રમ :શ્રેણી; હાર; પંક્તિ; હારમાળા; એક પછી એક આવી રહેવું એ. (૨) પગલું ભરવું એ; પ્રવર્તન. (૩) અનુક્રમ; એક પછી એક એવી સંકલ્પના

કર્મ આવવાનાં દ્વાર :રાગ, દ્વેષ, મોહ, પાંચ ઈન્દ્રિયના વિષય, આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંજ્ઞા, ઋદ્ધિગારવ, રસગારવ, સાતાગારવ અને, એવા ત્રણ અભિમાનસ તથા ક્રોધાદિ કષાય, અને મન, વચન, કાયા, કર્મોને આવવાનાં દ્વાર છે.

કર્મકપાટ :કર્મરૂપી બારણાં;કર્મરૂપી કમાડ.

કર્મ કેમ જીતાય ? :એક બાજુ ૪૭ શક્તિઓના વર્ણનમાં એમ કહ્યું કે, કર્મના નિમિત્તે થતા રાગનું કર્તાપણું જીવને નથી. જીવ રાગનો અકર્તા છે, એવો એનો સ્વભાવ છે. રાગને ન કરે એવો તેનામાં અકર્તા ગુણ છે. સમસ્ત કર્મથી કરવામાં આવેલા, જ્ઞાતૃમાત્રથી જુદા જે પરિણામો, તે પરિણામોના કરણના ઉપરમરૂપ અકર્તૃત્વશક્તિ. કર્મથી કરવામાં આવેલા પરિણામ એટલે કે વિકારી પરિણામ જીવ કરે એવો ખરેખર એમાં કોઈ ગુણ નથી. તેથી પર્યાયમાં, જે વિકાર થાય છે તેને કર્મના નિમિત્તે થયેલો દેખી, કર્મથી કરવામાં આવેલો છે એમ કહ્યું છે. જ્યારે અહીં કહે છે કે રાગના ભાવ્યપણે થવાની લાયકાત, જીવની છે. માટે તે રાગનો કર્તા છે. પ્રવચનસારમાં ૪૭ નયોમાં એક કર્તૃત્વનય છે. એમાં કહે છે-આત્મદ્રવ્ય કર્તૃનયે, રંગરેજની માફક, રાગાદિ પરિણામનું કરનાર છે; જ્યાં ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે ત્યાં દ્રવ્યદૃષ્ટિથી આત્મા કર્તા છે, એમ કહ્યું છે. શક્તિમાં દૃષ્ટિનો વિષય, અને સ્વભાવની અપેક્ષાએ વર્ણન છે. તેથી જીવ રાગનો કર્તા નથી, એવો અકર્તાસ્વભાવી કહ્યો છે. જ્યારે અહીં પર્યાયમાં ક્ષણે ક્ષણે, કંઈક પરાધીનતા અને સ્વાધીનતા થાય છે તેનું જ્ઞાન કરાવ્યું છે. દૃષ્ટિ સાથે જે જ્ઞાન પ્રગટ થયું છે તે એમ જાણે છે કે જીવ કર્તૃનયે રાગરૂપે પરિણમનાર છે. કર્મના લઈને જીવ રાગરૂપે થાય છે એમ નથી. તેમ જ રાગ કરવા લાયક છે એમ પણ નથી. પરંતુ રાગરૂપે જીવ (સ્વયં) પરિણમે છે, તેથી કર્તા કહેવાય છે, છતાં પણ કર્તૃનય સાથે, અકર્તૃનય હોવાથી, રાગનો જ્ઞાની સાક્ષી જ છે, જાણનાર જ છે. રાગને ન કરે,એવો અકર્તૃત્વગુણ આત્મામાં છે, છતાં પર્યાયમાં જે રાગ થાય છે તે કર્મના નિમિત્તે, કર્મને અનુસરીને થવાની યોગ્યતા, પર્યાયમાં હોવાથી થાય છે. તે પર તરફનું વલણ છોડી સ્વનું વલણ કરવું તે સાચો પુરુષાર્થ છે. શક્તિ અને દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ જીવને રાગ-દ્વેષનો ભોગવટો નથી, કેમકે તેનામાં અભોક્તૃત્વ શક્તિ છે. કર્મના નિમિત્તથી થતાં વિકારીભાવના ઉપરમરૂપ આત્માનો અનુભવ, તે ખરેખર પોતાનો ભોગવટો છે. આ ગુણ અને દ્રવ્યને, અભેદ કરીને વાત છે, પરંતુ જ્યારે પર્યાયમાં શું છે, તે સિદ્ધ કરવું હોય, ત્યારે ભોક્તૃત્વનયથી સુખ-દુઃખ, સંકલ્પ-વિકલ્પ, પુણ્ય-પાપ અને રાગ-દ્વેષનો ભોગવનાર છે. આવો એક નય છે, પરંતુ પરને આત્મા ભોગવનાર નથી. ધવલના છઠ્ઠા ભાગમાં પણ કહ્યું છે, કે અંતરંગ કારણ પ્રધાન છે, નિમિત્ત નહિ.

કર્મ કેવી રીતે બંધાય છે? :આત્માના શુભાશુભ ઉપયોગ રૂપ ભાવકર્મ છે. તેથી જીવનું વીર્ય સ્ફુરાયમાન થઈને યોગ ચંચળ થાય છે,ત્યારે જડ કર્મરજ આત્મામાં ગ્રહણ થાય છે, તે બીજરૂપ હોઈ કાળ પાક્યે વિચિત્ર ફળ આપે છે. યોગને ઉપયોગથી આત્મા બધું કરે છે, રાગદ્વેષ સહિત પરમાં પરિણમવું, તે ભાવ કર્મ છે. તે આત્માની સવિકલ્પ દશા હોવાથી ચેતનાના વિભાવ પરિણામ છે, તેથી જીવનું વીર્ય સ્ફૂરે છે. તેથી મન, વચન, કાયાના યોગ ચંચળ થતાં, જીવના પ્રદેશો પણ કંપે છે અને તેથી કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમીને આત્માના પ્રદેશોમાં જોડાય છે. જીવના શુભાશુભ ભાવથી, કાર્મણ વર્ગણામાં અનેક પ્રકારની શક્તિ ઉત્પન્ન થાય છે અને મંત્રેલી ધૂળની સમાન તેમાં શાતા, અશાતા, જ્ઞાનાવરણ દર્શનાવરણીય, દર્શનમોહનીય, ચરિત્ર મોહનીય વગેરે રૂપે પરિણમવાની યંત્ર જેવી ચોક્કસ શક્તિ હોય છે.

કાર્મણ વર્ગણામાં એવું ચમત્કારિક બળ જીવના ભાવના સંયોગથી ઉપજે છે, ને યોગ્ય કાળે ફળ આપે છે. દષ્ટાંત તરીકે ઝેર અને અમૃત બન્ને પુદ્ગલ છે. તેમાં ઝેરનો ગુણ મૃત્યુ પમાડવાનો અને અમૃતનો ગુણ જીવન આપવાનો છે. તે બન્ને જડ હોવાથી. પોતાના ગુણને કે તેવું ફળ આપવાના સંકલ્પને જાણતાં નથી. જીવ ઝેર કે અમૃત ખાય તો થોડા કાળે તે પદાર્થ તેની પ્રકૃતિ પ્રમાણે ફળ આપે છે. તેમાં કંઈ ફેર પડતો નથી. તેવી રીતે જીવ શુભ કે અશુભ જેવા ભાવ કરે તેવાં શુભ કે અશુભ કર્મ બાંધે છે ને વખત જતાં તે કર્મો પુણ્ય કે પાપના ઉદયરૂપે જીવને ફળ આપે છે.

કર્મગ્રંથ :કર્મગ્રંથના બંધ ચક્રમાં આઠે કર્મપ્રકૃતિ જે બતાવી છે તેની ઉત્તરપ્રકૃતિઓ એક જીવઆશ્રયી અપવાદ સાથે બંધ ઉદયાદિમાં છે, પરંતુ તેમાં આયુ અપવાદરૂપે છે. તે એવી રીતે કે મિથ્યાત્વગુણસ્થાનકવર્તી જીવને બંધમાં ચાર આયુની પ્રકૃતિનો (અપવાદ) જણાવ્યો છે. તેમાં એમ સમજવાનું નથી કે ચાલતા પર્યાયમાં ચારે ગતિના આયુનો બંધ કરે; પરંતુ આયુનો બંધ કરવા માટે વર્તમાનપર્યાયમાં એ ગુણસ્થાનકવર્તી જીવને ચાર ગતિ ખુલ્લી છે. તેમાં ચારમાંથી એક એક ગતિનો બંધ કરી શકે. તે જ પ્રમાણે જે પર્યાયમાં જીવ હોય તેને તે આયુનો ઉદય હોય. મતલબ કે ચાર ગતિમાંથી વર્તમાન એક ગતિનો ઉદય હોઈ શકે; ને ઉદીરણા પણ તેની જ હોઈ શકે. સિત્તેર કોડાકોડીનો મોટામાં મોટો સ્થિતિબંધ છે. તેમાં અસંખ્યાતા ભવ થાય. વળી પાછો તેવો ને તેવો ક્રમે ક્રમે બંધ પડતો જાય. એવા અનંત બંધની અપેક્ષાએ અનંતા ભવ કહેવાય; પણ અગાઉ કહ્યા પ્રમાણે જ ભવનો બંધ પડે.

કર્મચેતના :કર્મ એટલે રાગરૂપી કાર્ય, રાગનું વિકારનું કરવાપું તે કર્મ ચેતના છે. તે આત્માની જ્ઞાન ચેતના નથી ભાઈ! દયા, દાન પૂજા, ભક્તિના શુભ ભાવને હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ તે બન્ને કર્મ ચેતના છે. (૨) પુણ્ય અને પાપના ભાવ તે કર્મ ચેતના છે. પુણ્ય-પાપરૂપ કાર્ય, તે કર્મચેતના છે. (૩) જેમાં રાગનું ચેતવું થાય છે,જ્ઞાનનું ચેતવું નથી, તે કર્મ ચેતના છે. આ હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ અશુભરાગ ને દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ, શુભરાગનું જે ચેતવું છે, તે કર્મ ચેતના છે.

કર્મ ચોંટે છે. :દ્રવ્ય કર્મ બંધાય છે.

કર્મ પ્રકૃતિ :કર્મ પ્રકૃતિના આઠ ભેદ છે. ૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩, મોહનીય, ૪. વેદનીય, ૫. આયુ, ૬. નામ, ૭. ગોત્ર અને ૮. અંતરાય.

૧. જ્ઞાનારણીય પ્રકૃતિના પાંચ ભેદ છે. ૧. મતિજ્ઞાનાવરણીય, ૨. શ્રુત જ્ઞાનાવરણીય, ૩. અવધિજ્ઞાનાવરણીય, ૪. મનઃ પર્યાય જ્ઞાનાવરણીય અને ૫. કેવળજ્ઞાનાવરણીય.

૨. દર્શનાવરણીય પ્રકૃતિના નવ ભેદ છે.
૧. ચક્ષુદર્શના વરણીય, ૨. અચક્ષુદર્શાનાવરણીય, ૩. અવધિ દર્શનાવરણીય, ૪. કેવળદર્શનાવરણીય, ૫. નિદ્રા દર્શનાવરણીય, ૬. નિદ્રાનિદ્રા દર્શનાવરણીય, ૭. પ્રચલા દર્શનાવરણીય, ૮. પ્રચલાપ્રચલા દર્શનાવરણીય, ૯. સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણીય.

૩. વેદનીય પ્રકૃતિના બે ભેદ છેઃ ૧. શાતાવેદનીય ૨. અશાતા વેદનીય

૪. મોહનીય પ્રકૃતિના ૨૮ ભેદ છે.
૧. સમ્યકત્વ મોહનીય, ૨. મિથ્યાત્વ મોહનીય, ૩. સમ્યક્ત્વ મિથ્યાત્વ મોહનીય, ૪. અનંતાનું બંધીકષાય વેદનીય, મોહનીય કર્મ, ૫. અપ્રત્યાખ્યાના વરણીય ક્રોધ વેદનીય મોહનીય કર્મ, ૬. પ્રત્યાખ્યાનવરણીય ક્રોધકષાય વેદનીય મોહકર્મ, ૭. સંજવલન ક્રોધ કષાય વેદનીય મોહકર્મ, ૮. અનંતાનુંબંધી માનકષાય વેદનીય મોહનીય કર્મ, ૯. અપ્રત્યાખ્યાનાવરણીય માનકષાય વેદનીય મોહ કર્મ, ૧૦. પ્રત્યાખ્યાનાવરણીય માન કષાય વેદનીય મોહનીય કર્મ, ૧૧. સંજવલન

કર્મ પ્રક્રમ :કામ માથે લેવું તે; કામમાં જોડાવું તે; કામની અવસ્થા. (૨) કામની વ્યવસ્થા.

ક્રમે પ્રવર્તતું :મૂર્તિક ઈંદ્રિય જ જ્ઞાન, ક્રમે પ્રવર્તે છે. યુગપદ થતું નથી; તેમ મૂર્તિક ઈંન્દ્રિય જ સુખ પણ, ક્રમે થાય છે, એકી સાથે સર્વ ઈંદ્રિયો દ્વારા, કે સર્વ પ્રકારે, થતું નથી.

કર્મ મલહીન :ચાર ઘાતિના કર્મથી રહિત. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ સાર ઘાતિયા કર્મ છે.

કર્મ વિપાક :કર્મનો ઉદય.

કર્મસંતતિ :સ્વભાવનું ન રુચવું; સ્વભાવનું ન ગોઠવું; સ્વભાવનો અણગમો; અખંડ સ્વભાવનું પોષણ ન થવું.

કર્મ સંયુક્ત :સંસારી આત્મા, નિશ્ચયે નિમિત્તભુત પુદ્ગલકર્મોને અનુરૂપ એવા, નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત્ ભાવકર્મો સાથે) સંયુક્ત હોવાથી, કર્મ સંયુક્ત છે. અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને, અનુરૂપ એવા નૈમિત્તિક પુદ્ગલ-કર્મો સાથે (અર્થાત્ દ્રવ્યકર્મો સાથે) સંયુક્ત હોવાથી, કર્મ સંયુક્ત છે.

કર્મ સંયુક્ત પરિણામ :દ્રવ્ય કર્મોના સંયોગે થતાં અશુદ્ધ પરિણામ

કર્મ સંયુક્તપણું :પૂર્વ સૂત્રમાં કહેલા, જીવાત્મા આદિ નવ વિશેષોમાંથી, પ્રથમ આઠ વિશેષો મુક્તાત્માને પણ યથાસંભવ હોય છે, માત્ર એક કર્મસ્યુક્તાપણું હોતું નથી.

૧ નિશ્ચયે, ભાવ પ્રાણના આધારે જીવ છે.

૨ નિશ્ચયે, ચિત્સ્વરૂપ હોવાથી ચેતયિતા છે.

૩ નિશ્ચયે, અપૃથગ્ભૂત એવા ચૈતન્ય પરિણામ સ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત હોવાથી ઉપયોગલક્ષિત છે.

૪ નિશ્ચયે, ભાવકર્મોનાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ કરવામાં સ્વયં ઈશ (સમર્થ) હોવાથી પ્રભુ છે.

૫ નિશ્ચયે, પૌદ્ગલિત કર્મો જેમનું નિમિત્ત છે, એવા આત્મ પરિણામોનું કર્તૃત્વ હોવાથી ,કર્તા છે. ૬ નિશ્ચયે, શુભાશુભ કર્મો, જેમનું નિમિત્ત છે, એવા સુખદુઃખ પરિણામોનું ભોક્તૃત્વ હોવાથી, ભોક્તા છે.

૭ નિશ્ચયે, લોકપ્રમાણ હોવા છતાં, વિશિષ્ટ અવગાહ પરિણામની શક્તિવાળો હોવાથી, નામકર્મથી રચાતા નાનામોટા શરીરમાં રહેતો થકો, વ્યવહારે (સદભૂત વ્યવહારનયે) દેહ પ્રમાણ છે.

૮ નિશ્ચયે, અરૂપી- સ્વભાવવાળો હોવાથી લીધે, અમૂર્ત છે.

કર્મ સામગ્રી વડે :પુણ્યના ફળ વડે.

ક્રમ-અક્રમરૂપ :ક્રમરૂપ એટલે, એક પછી એક થતી અવસ્થા જેમ કે ઘડીયાં ક્રોધ થાય, ઘડીમાં માન થાય, વળી પાછો લોભ થાય, મનુષ્યને અને નારકી આદિના ભવ, બધા એકસાથે થતા નથી માટે તે, ક્રમરૂપ છે, બાળ યુવાન અને વૃદ્ધ તે ત્રણ અવસ્થા ક્રમપૂર્વક વર્તે છે, ને અંદર થતા તીવ્ર-મંદ રાગદ્વેષ, તે પણ ક્રમપૂર્વક વર્તે છે. અને જોગ, કષાય લેશ્યા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે તે બધા ભેદ, આત્મામાં એક સાથે અક્રમરૂપ પ્રવર્તે છે.

કર્મકથાર :કર્મ, બારણાં; કર્મ

કર્મકપાટ :કર્મરૂપી બારણાં; કર્મરૂપી કમાડ.

કર્મકલંક (કર્મ મલિનતા) :તે દ્રવ્ય કર્મને, ભાવકર્મરૂપ છે.

કર્મકલેશ :કર્મને લીધે ઉત્પન્ન થતી, માનસિક પીડા, સંતાપ;

કર્મક્ષયનું કારણ :સંસારી જીવ (દ્રવ્ય અપેક્ષાએ), જ્ઞાન દર્શનમાં અવસ્થિત હોવાને લીધે, સ્વભાવમાં નિયત (નિશ્ચળપણે રહેલો) હોવા છતાં, જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને, પરિણતિ કરવાને લીધે ઉપરોક્ત ઉપયોગવાળો (અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે, ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને, લીધે તેને જે અનિયતગુણ પર્યાયપણું હોય છે, તે પરસમય, અર્થાત્ પરચારિત્ર છે; તે જ (જીવ), જ્યારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી, પરિણતિ કરવી છોડીને, અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છ. ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે ,તેને જે નિયતગુણપર્યાયપણું હોય છે, તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે. હવે ખરેખર જો કોઈ પણ પ્રકારે, સમ્યગ્જ્ઞાનજયોતિ પ્રગટ કરીને, જીવ પરસમયને છોડીને, સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધી અવશ્ય છૂટે છે; જેથી ખરેખર (એમ નક્કી થાય છે કે), જીવસ્વભાવમાં નિયત ચારિત્ર, તે મોક્ષમાર્ગ છે.

કર્મગ્રંથ પ્રતિપાદિત :ગોમટ્ટસારાદિ કર્મ પદ્ધતિમાં ગ્રંથોમાં, પ્રરૂપવામાં નિરૂપવામાં આવેલા (જીવસ્થાન, ગુણસ્થાન-માર્ગણાસ્થાન ઈત્યાદિ).

કર્મચેતન :જ્યારે રાગાદિ કાર્યરૂપે પરિણમે, ત્યારે કર્મચેતના કહે છે. (૨) પુણ્ય પાપના ભાવનું કરવું તે કર્મ ચેતના (૩) વિકારી ભાવમાં એકાગ્ર થઈને ચેતવું

તે કર્મ ચેતના છે. (૪) હું રાગ, હું મોહ, એવા શુભ-અશુભ ભાવ કરવામાં ચેતનાનું જોડાવું. (૫) આત્મા સિવાય અન્ય જે પુણ્ય-પાપના વિકારી ભાવ તેને 'હું કરું છું' એમ જે માને-અનુભવે, તે કર્મચેતના છે. અહીં કર્મશબ્દે જડ પુદ્ગલ કર્મની વાત નથી. અહીં તો ભાવ કર્મ જે શુભાશુભ ભાવે મારું કાર્ય નામ કર્મ છે, હું એને કરું છું, એમ જે માને છે, તે કર્મ ચેતના છે. (૬) પુણ્ય-પાપના ભાવનું કરવું તે કર્મચેતના; રાગનું કરવું દયા, દાન, પૂજા, ભક્તિના, શુભભાવ ને હિંસા જૂઠ, ચોરી આદિ અશુભભાવ, તે બંને કર્મચેતના કહે છે.

કર્મચેતના અને કર્મફળચેતના :કર્મચેતનાવાળા જીવને, જ્ઞાનાવરણ પ્રકૃષ્ટ હોય છે, અને કર્મફળચેતનાવાળાને, અતિપ્રકૃષ્ટ હોય છે.

ક્રમથી જાણવું :અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણવું તે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય છે.

કર્મદળ :વિભાવ

કર્મદળ :કર્મોનો સમૂહ

કર્મનું ઉપાદાન કારણ :કલુષતા છે.

કર્મને કુષે :મારીને; બાળીને કર્મને મારીને, બાળીને.

કર્મનું પરિણામ :નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિ રૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ છે, તે બધુંય પુદ્ગલ પરિણામ છે.

કર્મેન્દ્રિયો :વાણી, હાથ, પગ, ગુદા અને લિંગ, એ પાંચ કર્મેન્દ્રિયો છે.

કર્મના ચમત્કાર :કર્મનો પ્રભાવ.

કર્મના પ્રકાર :કર્મના ત્રણ પ્રકાર છે. ભાવિકર્મ, દ્રવ્ય કર્મ અને નોકર્મ. ભાવકર્મ જીવનો વિકાર છે અને દ્રવ્યકર્મ તથા નો કર્મ જડ છે. ભાવકર્મનો અભાવ થતાં દ્રવ્યકર્મનો અભાવ થાય છે. અને દ્રવ્ય કર્મનો અભાવ થતાં નો કર્મ (શરીર)નો અભાવ થાય છે.

કર્મના પ્રતિબંધનો અભાવ :જ્ઞાનાવરણાદિ, આઠ કર્મના આવરણોનો અભાવ.

ક્રમ નિયત :ક્રમ એટલે ક્રમસર, એક પછી એક અને નિયત એટલે નિશ્ચિત. ચોક્કસ. જે સમયે જે પર્યાય આવવાની તે જ આવે. ક્રમબદ્ધ છે તે ફરે નહિ. ત્રણ કાળમાં જે સમયે જે પર્યાય થવાની, તે જ થાય. જગતનો કર્તા ઈશ્વર તો નથી, કે પર દ્રવ્યનો કર્તા આત્મા તો નથી પણ રાગનો કર્તા પણ આત્મા નથી, અને પલટાતી પર્યાયનો પણ કર્તા આત્મા નથી. ષટકારકથી સ્વતંત્ર પણે કર્તા થઈને, પરિણતિ થાય છે. તે સત છે તેને કોઈની અપેક્ષા નથી. (૨) ક્રમનિયત શબ્દમાં, ક્રમ એટલે ક્રમસર અને નિયત એટલે નિશ્ચિત.

કર્મની વિચિત્રતા :કર્મના વિવિધ પ્રકાર.

કર્મનો આસ્રવ :કર્મોના આવવા અને ટકવારૂપ આસ્રવ અનેબંધની વ્યવસ્થા

કર્મનો કર્મ રૂપ પુદગલો :જીવો અને પુદ્ગલો સર્વ ભાવવાળા હોવા ઉફરાંત ક્રિયાવાળા પણ હોય છે, કારણ કે પરિસ્પંદ (કંપન) સ્વભાવવાળા હોવાને લીધે ગરિસ્પંદ વડે નવા કર્મ-નો કર્મ રૂપ પુદ્ગલોથી જીવો તેમની સાથે ભેગાથતાં હોવાથી અને કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો પાછા ભિન્ન પડતા હોવાથી તે અપેક્ષાએ તેઓ ઉપજે છે ટકે છે ને નષ્ય થાય છે.

કર્મનો ચમત્કાર :કર્મનો પ્રભાવ

કર્મનો સંન્યાસ કરતા :શુભભાવોને છોડતા

કર્મનો કર્મ રૂપ :જ્ઞાનાવરણાદિ કર્મરૂપ અને શરીરાદિ નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગો થયેલો જીવ, કંપન વડે પાછો છૂટી પડે છે. ત્યાં, (તે પુદ્ગલો સાથે) ભેગાપણે તે નષ્ટ થયો, જીવપણે તે ટક્યો, ને (તેમનાથી) છૂટાપણે તે ઊપજ્યો.

કર્મપ્રકૃતિનો ભેદ :મૂળ અને ઉત્તર, બે ભેદ.પ્રકૃતિ બંધ મૂળ અને ઉત્તર, એવા બે પ્રકારના છે.

કર્મપ્રકૃતિ :કર્મસ્વભાવ (૨) કર્મના ભેદો (૩) કર્મપ્રકૃતિના બંધના ચાર ભેદ આવે છે - (•) પ્રકૃતિબંધ, (•) પ્રદેશબંધ, (•) સ્થિતિબંધ, (•) અનુભાગબંધ. પ્રકૃતિ, એટલે સ્વભાવ, પ્રદેશ એટલે, પરમાણુની સંખ્યા, સ્થિતિ નામ કાળની મુદત અને અનુભાગ એટલે, ફળ દેવાની શક્તિ.

કર્મપ્રક્રમ :કામ માથે લેવું તે; કામમાં જોડાવું તે; કામની વ્યવસ્થા.

ક્રમપૂર્વક તપતી સ્વરૂપ સંપદાવાળા :એક પછી એક પ્રગટતા

ક્રમપ્રવૃત્ત :પર્યાયો.

ક્રમપરિણામ :ક્રમે થતાં પરિણામ

કર્મફળ :જીવના ભાવરૂપ કર્મ વડે, નીપજતું સુખ દુઃખ તે કર્મફળ છે, ત્યાં દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં, જોડાણ નહિ હોવાને લીધે, જે નિરુપાધિક શુદ્ધભાવરૂપ કર્મ થાય છે, તેનું ફળ તો, અનાકુળતા જેનું લક્ષણ છે એવું સ્વભાવભૂત સુખ છે; અને દ્રવ્યકર્મરૂપ ઉપાધિમાં જોડાવાના લીધે, જે ઔપાધિક શુભાશુભ-ભાવરૂપ કર્મ થાય છે, તેનું ફળ, વિકારભૂત દુઃખ છે કારણ કે, તેમાં અનાકુળતા નથી પણ આકુળતા છે. (૨) આત્મ-કર્મ વડે, નિપજાવવામાં આવતાં જે સુખ-દુઃખ, તે કર્મફળ છે. ત્યાં, દ્રવ્યકર્મરૂપ ઉપાધિની નિકટતા, અસદ્‌ભાવને કારણે, જે કર્મ હોય છે, તેનું ફળ અનાકુળત્વ લક્ષણ પ્રકૃતિભૂત સૌખ્ય છે; અને દ્રવ્ય કર્મરૂપ, ઉપાધિની નિકટતાના સદ્‌ભાવને કારણે, જે કર્મ હોય છે, તેનું ફળ વિકૃતિભૂત દુઃખ છે, કેમકે ત્યાં સૌખ્યના લક્ષણનો અભાવ છે. (૩) કર્મ અનેક પ્રકારનું ફળ છે; સુખ અથવા દુઃખ તે કર્મ ફળ કહેવામાં આવ્યું છે.

કર્મ ફળ ચેતના :રાગમાં હરખ થવો, એ દ્વેષમાં કંટાળો થવો, અણગમો થવો-તે હરખ-શોકનું જે વેદવું થાય તે કર્મ-ફળ ચેતના છે. કર્મ ચેતનારૂપ રાગનું જે કાર્ય થાય તું ફળ સુખ, દુઃખ, હરખ શોકનું વેદવું જે થાય તે કર્મફળ ચેતના છે. (૨) હર્ષ શોકના ભોગવટામાં ચેતનાનું જોડાવું. (૩) હરખ શોકને વેદવું, તે કર્મફળ ચેતના. (૪) કર્મફળ એટલે જડકર્મનું ફળ એમ વાત અહીં નથી. આત્માનો જે શુદ્ધ એક ચૈતન્યસ્વભાવ તેનાથી વિરુદ્ધ જે પુણ્ય-પાપરૂપ શુભાશુભભાવ છે તેને અહીં વિકારી કાર્યરૂપ કર્મચેતના કહી છે.અને તેના ફળ તરીકે હરખ-શોકનું વેદન થવું તે કર્મફળ ચેતના છે. જડકર્મ અને જડકર્મનું ફળ તેમ આ વાત નથી. શુભાશુભ રાગ થાય તેમાં આ ઠીક છે એવું જે હરખનું-સુખનું વેદન થાય તે કર્મ-ફળ-ચેતના છે, અને તેમાં આ અઠીક છે એવું જે દુઃખનું શોકનું વેદન થાય તેમ કર્મફળ ચેતના છે. આ કર્મ ચેતના અને કર્મફળ ચેતના-બન્ને આસ્રવ છે, બંધનું કારણ છે, દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે. આત્માના નિરાકુલ આનંદ સ્વભાવથી બન્ને વિરુધ્ધ ભાવ છે. પુણ્ય અને પાપ અને તેનું ફળ જે હરખ અને શોક તેમાં એકાગ્ર થવું તે બધું દુઃખનું વેદન છે ભાઈ! બન્ને ચેતના એક સાથે જ હોય છે, રાગ વખતે જ રાગનું વેદન છે. (૫) પુણ્ય-પાપરૂપ કાર્યમાં સુખદુઃખની કલ્પના કરવી, તેને કર્મફળ ચેતના કહે છે. શુભભાવ સુખરૂપ અને અશુભભાવ દુઃખરૂપ, એમ અનુભવ કરવો તે કર્મફળ ચેતના છે. (૬) જ્ઞાનથી આત્માથી અન્ય જે શુભાશુભ ભાવ-વિકારી ભાવ એને હું ભોગવું છું એમ માને-અનુભવે, તે કર્મફળ ચેતના છે. વિકારમાં હરખ-શોકનું વેદન કરે, તે કર્મફળ ચેતના છે. (૭) જ્યારે હર્ષ શોકાદિ વેદન રૂપ કર્મના ફળરૂપે, પરિણમે ત્યારે કર્મફળ ચેતના કહીએ. (૮) વિકારી પરિણામના ફળનું વેદવું, હરખ-શોકનું, સુખ-દુઃખનું જે ચેતવું-વહેવું થાય, તે કર્મફળ ચેતના છે. (૯) હરખ-શોકના ભોગવટામાં કર્મફળ ચેતના છે. કર્મફળ ચેતનારૂપ રાગનું જે કાર્ય થાય તેનું ફળ સુખ, દુઃખ હરખ, શોકનું વેદવું જે થાય તે કર્મફળ ચેતના છે. (૧૦) વિકારી ભાવમાં હરખ-શોક થાય તે કર્મફળ ચેતના છે.

ક્રમબદ્ધ :નિયમિત

ક્રમબદ્ધ પર્યાય :ક્રમ નિયમિત પર્યાય (૨) પર્યાય ક્રમબદ્ધ દ્રવ્યમાં ગોઠવાયેલી જ છે, એ સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે. નીચે વાળાને પ્રત્યક્ષ નથી. પણ યોગ્યતા અનુસાર પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેમ અનુમાન જ્ઞાનથી જાણે છે.
દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો, વર્તમાનમાં અવિદ્યમાન-અપ્રગટ હોવા છતાં, સર્વજ્ઞ ભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

ક્રમબદ્ધ પ્રવાહ :પ્રવચનસાર ગાથા ૯૩, માં દ્રવ્યસંબંધી વિસ્તારસમુદાય અને આયતસમુદાયની, વાત આવે છે. દ્રવ્યમાં જે અનંતગુણો એક સાથે હોય છે, તે વિસ્તારસમુદાય છે, અને ક્રમપ્રવાહરૂપે દોડતી જે પર્યાયો છે, તે આયતસમુદાય છે. ત્યાં પર્યાયો જે છે, તે ધારાવાહી દોડતા ક્રમબદ્ધ પ્રવાહરૂપે છે. વળી એમાં જ (પ્રવચનસારમાં) ગાથા ૧૦૨ માં, દરેક પદાર્થની જન્મ ક્ષણની વાત છે. એટલે પદાર્થમાં, જે તે પર્યાયનો જન્મ-ઉત્પત્તિ થવાનો, પોતાનો કાળ છે, તેથી તે થાય છે. નિમિત્ત છે માટે, તે પર્યાય ઉત્પન્ન થાય છે, એમ નથી. નિમિત્ત નિમિત્તમાં છે, અને ઉપાદાન

(વસ્તુ) ઉપાદાનમાં છે. કોઈપણ સમયે જો નિમિત્તને લઈને, ઉપાદાનમાં પરિણમન થાય, તો ક્રમપ્રવાહરૂપે ઉપાદાન- વસ્તુ પરિણમે, છે એ ક્યાં રહ્યું ? પ્રત્યેક વસ્તુમાં પર્યાયનો ક્રમબદ્ધ પ્રવાહ થાય છે, અને તે દોડતો થાય છે, એટલે વચ્ચે એક સમયનો, પણ આંતરો પડતો નથી. તે પર્યાયોના પ્રવાહમાં વસ્તુમાં, સ્વકાળે જે પર્યાય ઉત્પન્ન થાય ત્યારે નિમિત્ત હો ભલે, પણ તેમાં નિમિત્ત શું (કાર્ય) કરે ? નિમિત્ત તો નિમિત્તના, સ્વકાળમાં છે; બસ એટલું જ.

કર્મબંધ :કર્મબંધ પડયા પછી પણ તેમાંથી (સત્તામાંથી ઉદય આવ્યા પહેલાં) છૂટવું હોય તો આ બધાકાળ પૂર્ણ થતાં સુધીમાં છૂટી શકાય. (૨) કર્મબંધ ના ચાર ભેદ છેઃ પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ. તેમાં પહેલા બે પ્રકારના ભેદનું કારણ યોગ છે અને છેલ્લા બે ભેદનું કારણ કષાય છે. કષાય છે તે સંસારનું કારણ છે અને તેથી કષાય હોય ત્યાં સુધીના આસ્રવને સામ્પરાયિક આસ્રવ કહે છે; અને કષાય ટળ્યા પછી એકલો યોગ રહે છે ; કષાયરહિત યોગથી થતા આસ્રવને ઈર્યાપથ આસ્રવ કહે છે; આત્માનો તે વખતનો પ્રગટતો ભાવ તે ભાવ-ઈર્યાપથ છે અને દ્રવ્ય કર્મનો આસ્રવ તે દ્રવ્ય-ઈર્યાપથ છે. આ પ્રમાણે ભાવ અને દ્રવ્ય એવા બે ભેદ સામસાયિક આસ્રવમાં સમજી લેવા. ૧૧ થી ૧૩માં ગુણસ્થાન સુધી ઈર્યાપથ આસ્રવહોય છે. તે પહેલાંના ગુણસ્થાનોએ સામ્પરાયિક આસ્રવ હોય છે. જેમ વડનું ફળ વગેરે વસ્ત્રને કષાયેલા રંગનું નિમિત્ત થાય છે તેમ મિથ્યાત્વ-ક્રોધાદિક આત્માને કર્મ-રંગ લાગવાનું નિમિત્ત છે,તેથી તે ભાવોને કષાય કહેવામાં આવે છે, જેમ કોરા ઘડાને રજ અડીને ચાલી જાય, તેમ કષાય રહિત આત્માને કર્મ-રજ અડીને તેજ વખતે ચાલી જાય છે-આને ઈર્યાપથ આસ્રવ કહેવામાં આવે છે.

કર્મબંધનાં ચાર કારણો :આત્મા એક છે અને સામાન્ય પ્રત્યયો એટલે આસ્રવો ભગવાને ચાર કહ્યા છે. આસ્રવો એટલે કર્મબંધનાં કારણોઃ- મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ ચાર છે. અને તેનો વિશેષ ભેદ તેર પ્રકારનો છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને, સયોગી કેવળી (તેર ગુણસ્થાનો) સુધીના આસ્રવો, પુદ્ગલ કરે છે. આ તેરે ગુણસ્થાનો જડ-અચેતન છે. તેનાં નામ આ પ્રમાણે છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, અવિરતિ, દેશ વિરતિ, પ્રમત્તસંયત, અપ્રમત્ત સંયત, અપૂર્વ કરણ, અનિવૃત્તિ કરણ, સૂક્ષ્મસાંપરાય, ઉપશાંત મોહ, ક્ષીણ મોહ અને સયોગી કેવળી આ તેરે ગુણસ્થાન કર્મના નિમિત્તની, અપેક્ષા રાખે છે. માટે જડ છે. ભગવાન આત્મા, તો અખંડ જ્ઞાયકમૂર્તિ છે. અહીં દ્રવ્યદષ્ટિ, અભેદદષ્ટિ કરાવવાની વાત છે. અધૂરા પર્યાય સાથે રાગ જોડાયેલો હોય છે, તે અપેક્ષાએ ગુણસ્થાનને પણ જડ કહી દીધા છે. પણ વાસ્તવિક રીતે કાંઇ ગુણસ્થાનનો પર્યાય જડ નથી. તેરમે સયોગી કેવળી ગુણસ્થાનને, પણ અધૂરોપર્યાય છે. અકંપણું પ્રગટ્યું નથી, યોગનું કંપન ઊભું છે તેથી ઉપચારથી સયોગીકેવળી ગુણસ્થાનને જડ કહ્યું છે. પરંતુ તે કાંઇ વસ્તવિક રીતે જડ નથી, તે તો આત્માનો નિર્મળ પર્યાય છે.પરંતુ યોગનું કંપન છે તે વિકાર છે, જડ નિમિત્તથી થતો ભાવ પણ જડ છે, વિકાર જડ છે, માટે ગુણસ્થાન પણ જડ છે તેમ આચાર્ય દેવે કહી દીધું છે. તેર ગુણસ્થાનનાં ભંગ, કર્મના નિમિત્તથી પડે છે, કર્મ જડ છે માટે તે અપેક્ષાએ ગુણસ્થાનને જડ કહ્યાં છે. અધૂરા-પૂરા પર્યાયના ભંગ, શુદ્ધ દ્રવ્યદષ્ટિમાં નથી. શુદ્ધ અખંડ નિરપેક્ષ વસ્તુમાં અધૂરાપણા ને પૂરાપણાની અપેક્ષા લાગુ પડતી નથી, તે બધી અપેક્ષા પર્યાયદષ્ટિએ છે. અધૂરા પર્યાય ઉપર લક્ષ મૂકતાં રાગ આવે છે, નીચલી દશામાં અધૂરા પર્યાય સાથે, રાગ હોય છે. તેથી ગુણસ્થાન કર્મને કરે છે, તેમ કહ્યું છે. પણ ખરી રીતે ગુણસ્થાન કર્મને કરતા નથી. પરંતુ બાકી રહેલો જે રાગ છે, તે કર્મ બંધાવામાં નિમિત્ત થાય છે.

કરિમ્બિત આચાર :બનાવટી-દુષિત આચાર

કર્મભૂમિ :જ્યાં મનુષ્યો વ્યાપારાદિ વડે આજીવિકા કરે છે; મોક્ષને યોગ્ય ક્ષેત્ર (૨) જ્યાં અસિ, મસિ, કૃષિ વાણિજ્ય, વિદ્યા અને શિલ્પ એ છ કર્મની પ્રવૃત્તિ હોય તેને કર્મભૂમિ કહે છે. વિદેહના એક મેરુ સંબંધી બત્રીસ ભેદ છે; અને પાંચ વિદેહ તેથી ૩૨૫=૧૬૦ ક્ષેત્ર પાંચ વિદેહનાં થયાં, અને પાંચ ભરત તથા પાંચ ઔરાયત એ દસ મળીને કુલ પંદર કર્મભૂમિઓના ૧૭૦ ક્ષેત્રો છે. આ પવિત્રતાનાં ધર્મનાં ક્ષેત્રો છે અને મુક્તિ પ્રાપ્ત કરનારા ત્યાં જ જન્મે છે.

(૨) સર્વાર્થ સિદ્ધિ પહોંચવાનું શુભકર્મ અને સાતમી નરકે પહોંચવાનું પાપકર્મ, આ ક્ષેત્રોમાં જ જન્મેલા મનુષ્યો ઉપાર્જન કરે છે, અસિ, મસિ, કૃષિ આદિ છ કર્મ આ ક્ષેત્રોમાં જ થાય છે, તથા દેવપૂજા, ગુરુ ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એ છ પ્રકારના શુભ (પ્રશસ્ત) કર્મ પણ, આ ક્ષેત્રોમાં જ જન્મેલા મનુષ્યો કરે છે; તેથી આ ક્ષેત્રોને જ કર્મભૂમિ કહેવામાં આવે છે. (૩) જ્યાં અસિ, મસિ અને કૃષિનો વ્યવહાર હોય છે, તેને કર્મભૂમિ કહે છે. પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહના ક્ષેત્રને કર્મભૂમિ કહે છે.

કર્મભાવ :જ્યારે કોઈ જીવ ઉદયમાં આવેલ કર્મને ભોગવે છે, ત્યારે તેના ભાવ (મન-વચન-કાયરૂપ યોગોનું પરિણમન) શુભ કે અશુભરૂપ થાય, અને ભાવો અથવા પરિણામો સાથે સંબંધ પામેલ પુદ્ગલ (સ્વતઃ) કર્મભાવને પ્રાપ્ત થઈ જાય છે. તેમને કર્મરૂપે પરિણમાવવાની બીજી કોઈ, પ્રક્રિયા નથી. તત્કાલીન યોગોનું શુભ-અશુભ પરિણમન જ તે સંબંધિત પુદ્ગલોને, શુભાશુભ કર્મ રૂપે પરિણમાવી છે.

ક્રમભાવી :એક પછી એક. (૨) અવસ્થા એક પછી એક બદલે છે, તેથી તે ક્રમ ભાવી છે.

ક્રમભાવી વિશેષ સ્વરૂપ :પર્યાયો

કર્મમળ :જે કર્મ મળના નિમિત્તથી, આત્માનું પોતાની વૈભાવિક શક્તિને કારણે વિભાવ પરિણમન થાય છે તે મુખ્યપણે દ્રવ્ય અને ભાવમળના ભેદથી બે પ્રકારનો છે. જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપે પરિણમીને, આત્માની સાથે સંબંધ પામે જે પુદગ્લ પરમાણુ છે. તેમને દ્રવ્યકર્મ મળ કહે છે. અને દ્રવ્યકર્મમળના ઉદયનું નિમિત્ત પામીને, જે રાગ-દ્વેષ મોહાદિરૂપ વિકારભાવ ઉત્પન્ન થાય છે, તથા નવીન કર્મબંધનું કારણ બને છે, તેને ભાવકર્મમળ સમજવું જોઈએ.

કર્મરૂપે પરિણમતી પુદ્ગલરજ ખાસ અવગ્રાહ રૂપે જીવે ગ્રહે છે :કર્મ-પરિણામ પુદ્ગલોનું જીવ સાથે ખાસ અવગાહરૂપે રહેવું, તેને જ અહીં કર્મ પુદ્ગલો વડે જીવનું ગ્રહણ કહ્યું, છે.

ક્રમ વિક્રમ :ક્રમવાર કે ક્રમ ભંગ

કર્મવિપાક :કર્મનો ઉદય

કર્મવિયુક્ત :કર્મથી રહિતતા.

કર્મ સંયુક્ત પરિણામ :દ્રવ્યકર્મના સયોગે થતાં અશુદ્ધ પરિણામ.

કર્મસંયુક્તપણું :મુક્તાત્માને (૧) જીવત્વ (ભાવપ્રાણ), (૨) ચેતયિતા, (૩) ઉપયોગલક્ષિત, (૪) ઈશ, (૫) કર્તા, (૬) ભોક્તા, (૭) દેહપ્રમાણ, (૮) અમૂર્ત અને (૯) કર્મસંયુક્ત. આ પ્રમાણે નવ વિશેષોમાંથી, પ્રથમના આઠ વિશેષો મુક્તાત્માને પણ યથાસંભવ હોય છે, માત્ર એક, કર્મસંયુક્તપણું હોતું નથી.

ક્રમાતીત :ક્રમ રહિત; ક્રમવર્તી નથી. અર્થાત્ આદિ-મધ્ય અન્ત રહિત છે.

કર્માદાની ધંધા :પંદર પ્રકારનાં કર્મ દાન, શ્રાવક (સદગૃહસ્થો)ને ન કરવા, કરાવવા યોગ્ય કર્મ ધંધા; કર્મને આવવાના માર્ગ.

ક્રમાનુપાતી :ક્રમાનુસાર; ક્રમ અનુસાર

કર્માવૃત્ત :કર્મથી અવરાયેલા

કર્માંશો :જ્ઞાનાવરણીયાદિ કર્મભેદો.

કર્માંશો :જ્ઞાનાવરણાદિ કર્મ ભેદો. આઠ પ્રકારે છેઃ- જ્ઞાન વરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય આચાર ઘાતીકર્મો છે. અને આયુષ્ય નામ, ગોત્ર અને વેદનીય તૈયાર અઘાતી કર્મો છે.

કર્માસ્રવ :આસ્રવ અને બંધ; કર્મોનું આવવું અને ટકવું.

ક્રમિક જ્ઞાન :ક્રમે પ્રવર્તતું જ્ઞાન અનિશ્ચ છે, ક્ષાયોપશમિક છે; એવા ક્રમિક જ્ઞાનવર્ગો ગુરુ સર્વજ્ઞ હોઈ શકે નહિ.

કર્મો :ક્રોધાદિ દ્રવ્ય કર્મો અને શરીરાદિ નો કર્મો. (૨) શુભાશુભ ભાવો.

કર્મોની બહુપ્રકારતા :કર્મોની વિવિધ પ્રકૃતિ-પ્રદેશ-સ્થિતિ, અનુભાગરૂપ વિચિત્રતા.

કર્મોપાધિની ચાર પ્રકારની દશા :ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય, જેમનું નિમિત્ત છે એવા ચાર ભાવો છે; જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત, બિલકુલ નથી, માત્ર દ્રવ્યસભાવ જ, જેનું કારણ છે એવો એક, પારિણામિક ભાવ છે.

ક્રૂર :નિર્દય; કઠોર; ઉગ્ર. (૨) ઘાતકી; નિર્દય પરિણામ;

કરવું :તેમાં ઈચ્છા છે, ઈચ્છા એટલે રાગ, તે દુઃખ છે, તે ઈશ્વરમાં કેમ સંભવે ?

કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે :જાણવામાં અને કરવામાં તો, પરસ્પર વિરોધ છે; જ્ઞાતા રેહેશોતો, બંધ નહિ થાય, કર્તા થશે, તો અવશ્ય બંધ થશે.

કરવા, કરાવવા અને અનુમોદવાનો ભાવ :કરવા, કરાવવા અને અનુમોદવાનો ભાવ તો પોતાનો છે. કરવા, કરાવવા અને અનુમોદવાના ભાવમાં જે નિમિત્તો આવે તે નિમિત્ત તરફના ભંગ છે. પોતે પોતાના ભાવ કરે છે. પોતે પોતાના ભાવથી બીજાને કહે કે, આ પ્રમાણે તું કર, તે રીતે પોતાના ભાવમાં બીજાનું નિમિત્ત આવ્યું, પણ ભાવનો. પોતે કર્યો. પોતાના ભાવ પ્રમાણે પુણ્ય-પાપ બંધાય છે. સાચું નિમિત્ત તે પ્રમાણે કરે કે ન કરે, તેનું આને કોઈ પણ પુણ્ય કે પાપ લાગે નહિ. પોતાના ભાવનું પુણ્ય-પાપ પોતાની પાસે ને, સામાના ભાવનું પુણ્ય-પાપ સામાની પાસે છે. પોતાનું પોતાની પાસે સો એ સો ટકા, અને બીજાનું બીજાની પાસે સો એ સો ટકા. બીજાનું અને પોતાનું જરાય સહિયારું નથી. પોતાનો ભાવ બીજા કોઈને નુકશાન કરે કે મદદ કરે, તેમ ત્રણ કાળ ત્રણ લોકમાં બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિ. દરેક દ્રવ્યો સ્વતંત્ર જુદાં છે.

કરવાળની ધાર :એકધારો; એક પ્રવાહ રૂપે, એક સરખો; વહેવામાં ખંડિત નહીં, તેવો.

કરવાળ-લ :તલવાર, એકધારો, એક પ્રવાહરૂપે, એક ધારા; એક સરખો; વહેણમાં ખંડિત નહિ.

કરાતું :થતું

કરાતા :થતાં

કરાવું :થવું

ક્રિયમાણ :કરાતું હોય તે.

ક્રિયા :સ્વરૂપમાં રમણતા. લીનતા તે ક્રિયા છે. (૨) પ્રદેશાંતર પ્રાપ્તિનો હેતુ (અન્ય પ્રદેશની પ્રાપ્તિનું કારણ), એવો જે પરિસ્પંદરૂપ પર્યાય, તે ક્રિયા છે. ત્યાં બહિરંગ સાધન સાથે રહેલા, જીવો સક્રિય છે; બહિરંગ સાધન સાથે રહેલા પુદ્ગલો, સક્રિય છે. આકાશ નિષ્ક્રિય છે, ધર્મ નિષ્ક્રિય છે, અધર્મ નિષ્ક્રિય છે; કાળ નિષ્ક્રિય છે. (૨) પરિણમન. (૩) ક્રિયાના તેર સ્થાન કહેવાય છે. તેનાં નામ નીચે પ્રમાણે છે :-

(૧) અર્થદંડ (પ્રયોજન હોવાથી, પાપાચરણ કરવું તે)
(૨) અનર્થદંડ (વિના પ્રયોજન, હિંસા કરવી તે)
(૩) હિંસાદંડ
(૪) અકસ્માતદંડ (એક અપરાધીને બદલે, અન્યને શિક્ષા કરવી)
(૫) દૃષ્ટિ વિપર્યાસ દંડ (ભ્રમથી, ઘાત કરે)
(૬) મિથ્યા ભાષણ દંડ
(૭) ચોરી
(૮) મનમાં અનિષ્ટ ચિંતન (આર્તધ્યાન, રૌદ્ર ધ્યાન)
(૯) માન પ્રાત્યયિક (પોતાને ઉત્કૃષ્ટ માને, બીજાને હીન)
(૧૦) મિત્રનો દોહ (સામાન્ય કારણથી, કઠોર દંડ આપે)
(૧૧) માયા
(૧૨) લોભ
(૧૩) ઈર્યાપથિકી ક્રિયા.

આ તેર ક્રિયા. સ્થાન પ્રમાણે સર્વે જીવો, સુખદુઃખનો અનુભવ કરે છે.

- ક્રિયાનું લક્ષણ, પરિસ્પંદ(કંપન) છે.
- સત્કારાદિ ક્રિયા
- વસ્તુમાં સહજપણે પલટતી, અવસ્થા-પરિણામ હોય છે; તે પલટતી અવસ્થા-પર્યાયને, ક્રિયા કહેવામાં આવે છે.
- ક્રિયા ત્રણ પ્રકારે થાય છે : (૧) શરીર, મન, વાણી, ધનાદિ, જે જડ દ્રવ્ય છે, તેની ક્રિયા તે જડની ક્રિયા. (૨) પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન, રાગની ક્રિયા તે વિભાવરૂપ ક્રિયા. (૩) સ્વરૂપના લક્ષે ઉત્પન્ન, જ્ઞાનની ક્રિયા તે સ્વભાવભૂત ક્રિયા. જડની ક્રિયા, તો આત્મા ત્રણ કાળમાં કરતો નથી, કરી શકતો નથી. અને જ્ઞાન, તે આત્મા-એમ જ્ઞાનમાં પોતાપણે નિઃશંકપણે વર્તતો, તે રાગની ક્રિયાને પણ કરતો નથી. જ્ઞાન તે આત્મા-એમ

સ્વભાવસન્મુખ થઈ, સ્વાનુભવ કરતાં, તે જ્ઞાનક્રિયા કરે છે. આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે, સિદ્ધ થઈ ગયાં. આ જાણવું, જાણવું, જાણવું-એવો જેનો સ્વભાવ છે, તે દ્રવ્ય આત્મા; જાણવું જે સ્વભાવ, તે ગુણ. ગુણ અને ગુણી બે, એક અભિન્ન છે - એમ જે, સ્વલક્ષે પરિણમન થયું, તે જ્ઞાનક્રિયા-પર્યાય. આ જ્ઞાનક્રિયા તે ધર્મ છે, મોક્ષમાર્ગ છે. જ્ઞાન તે આત્મા-એમ સ્વ તરફ ઢળતાં, જે સ્વાત્મપ્રતીતિ થઈ, તે શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રની એકરૂપ પરિણતિ, તે મોક્ષમાર્ગ છે.

- (૧) શરીર, મન, વાણી, ધનાદિ, જે જડ પરદ્રવ્ય છે, તેની ક્રિયા, તે જડની ક્રિયા.(૨) પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન રાગની ક્રિયા, તે વિભાવરૂપ ક્રિયા. (૩) સ્વરૂપના લક્ષે ઉત્પન્ન જ્ઞાનની ક્રિયા, તે સ્વભાવભૂત ક્રિયા. ત્રણ પ્રકારની ક્રિયા છે.
- આત્માના પ્રદેશોના પરિસ્પંદનરૂપ યોગ તે ક્રિયા છે;તેમાં મન, વચન અને કાયા નિમિત્ત હોય છે. આ ક્રિયા, સકાષાય યોગમાં દસામાં ગુણ સ્થાન સુધી હોય છે. પૌદ્ગલિક મન, વચન કે કાયાની કોઈપણ ક્રિયા, આત્માની નથી અને તે આત્માને લાભકારક કે નુકશાનકારક નથી. આત્મા જ્યારે સકષાય યોગરૂપે પરિણમે, અને નવાં કર્મોનો આસ્રવ થાય, ત્યારે આત્માનો પોતે તે આસ્રવનું પુદ્ગલ-આસ્રવમાં નિમિત્ત છે, અને પુદ્ગલ પોતે તે આસ્રવનું ઉપાદાન કારણ છે. ભાવાસ્રવનું ઉપાદાન કારણ, આત્માની તે તે અવસ્થાની લાયકાત છે, અને નિમિત્ત જૂના કાર્યોનો ઉદય છે.
- કર્મ : આત્માના પ્રદેશોના પરિસ્પંદન રૂપ યોગ, તે ક્રિયા છે, તેમાં મન; વચન અને કાયા નિમિત્ત હોય છે. આ ક્રિયા સકષાય યોગમાં, દસમાં ગુણ સ્થાન સુધી હોય છે. પૌદ્ગલિક મન, વચન કે કાયાની કોઈ પણ ક્રિયા આત્માની નથી અને તે આત્માને લાભકારક કે નુકશાનકારક નથી. આત્મા જ્યારે સકષાય યોગરૂપે પરિણમે અને નવા કર્મોનો આસ્રવ થાય, ત્યારે આત્માનો સકષાય યોગ તે પુદ્ગલ આસ્રવમાં નિમિત્ત છે અને પુદ્ગલ પોતે તે આસ્રવનું ઉપાદાનકારણ છે, ભાવાસ્રવનું ઉપાદાનકારણ આત્માની તે તે અવસ્થાની લાયકાત છે અને નિમિત્ત જૂના કર્મોનો ઉદય છે.

પચ્ચીસ પ્રકારની ક્રિયાનાં નામ તથા તેના અર્થઃ

(નોંધઃ પચ્ચીસ પ્રકારની ક્રિયાના વર્ણનમાં ક્રિયાનો અર્થ, આત્માના પ્રદેશોની પરિસ્પંદનરૂપ ક્રિયા, એમ કરવો.

૧. સમ્યક્ત્વ ક્રિયા= ચૈત્ય, ગુરુ, પ્રવચનની પૂજા વગેરે કાર્યોથી સમ્યક્ત્વની વૃત્તિ થાય છે તેથી તે સમ્યકત્વ ક્રિયા છે. અહીં જે મન, વચન, કાયાની જે ક્રિયા થાય છે તે સમ્યકત્વની જીવને શુભભાવમાં નિમિત્ત છે; તેઓ શુભભાવને ધર્મ માનતા નથી. તેથી તે માન્યતાની દઢતા વડે, તેમને સમ્યકત્વની વૃદ્ધિ થાય છે; માટે તે માન્યતા આસ્રવ નથી, પણ જે સકષાય (શુભભાવસહિત) યોગ છે, તે ભાવ આસ્રવ છે; દ્રવ્યકર્મના આસ્રવમાં તે સકષાય યોગ માત્ર નિમિત્તકારણ છે.

૨. મિથ્યાત્વ ક્રિયા= કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રમાં સ્તવનાદિરૂપ મિથ્યાત્વ કારણવાળી ક્રિયામાં અભિરુચિ, તે મિથ્યાત્વ ક્રિયા છે.

૩. પ્રયોગ ક્રિયા= હાથ, પગ, વગેરે ચલાવવાના ભાવરૂપ ક્રિયા તે ક્રિયા છે.

૪. સમાદાન ક્રિયા= સંયમી પુરુષનું અસંયમ સન્મુખ થવું તે, સમાદાન ક્રિયા છે.

૫. ઈર્યાય ક્રિયા= સમાદાન ક્રિયાથી ઉલટી ક્રિયા એટલે કે સંયમ વધારવા માટે જે ક્રિયા કરે, તે ઈર્યાપથ ક્રિયા છે.

૬. પ્રાદોષિક ક્રિયા= ક્રોધના આવેશથી દ્વેષદિકરૂપ બુદ્ધિ કરવી, તે પ્રાદોષિક ક્રિયા છે.

૭. કાવિકી ક્રિયા= ઉપર્યુક્ત પ્રદોષ ઉત્પન્ન થતાં હાથથી મારવું, મુખતી ગાળો દેવી ઈત્યાદિ પ્રવૃત્તિનો ભાવ, તે કાયિકી ક્રિયા છે.

૮. અધિકારણિકી ક્રિયા= હિંસાના સાધનભૂત બંદૂક, છરી વગેરેનું દેવું રાખવું તે સર્વે અધિકારણિકી ક્રિયા છે.

૯. પરિતાપ ક્રિયા= બીજાનાં દુઃખ દેવામાં લાગવું, તે પરિતાપ ક્રિયા છે.

૧૦. પ્રાણાતિપાત ક્રિયા= બીજાનાં શરીર, ઇન્દ્રિય કે શ્વાસોચ્છવાસને નષ્ટ કરવા, તે પ્રાણાતિપાત ક્રિયા છે.
નોંધઃ-વ્યવહાર કથન છે, તેનો અર્થ એમ સમજવો કે જીવ પોતામાં આ પ્રકારના અશુભભાવ કરે છે, ત્યારે આ ક્રિયામાં બનાવેલી પરવસ્તુઓ બાહ્ય નિમિત્તરૂપે સ્વયં હોય છે. જીવ પર-પદાર્થોનું કાંઇ કરી શકે કે પર પદાર્થો જીવનું કાંઇ કરી શકે, એમ માનવું નહિ.

૧૧. દર્શન ક્રિયા= સૌંદર્ય જોવાની ઇચ્છા, તે દર્શન ક્રિયા છે.

૧૨. સ્પર્શન ક્રિયા= કોઇ ચીજને સ્પર્શ કરવાની ઇચ્છા, તે સ્પર્શન ક્રિયા છે. (આમાં બીજી ઇન્દ્રિયો સંબંધી વાંછાનો સમાવેશ સમજી લેવો).

૧૩. પ્રાત્યયિકી ક્રિયા= ઇન્દ્રિયોના ભોગોની વૃદ્ધિ માટે નવી નવી સામગ્રી એકઠી કરવી કે ઉત્પન્ન કરવી, તે પ્રાત્યયિકી ક્રિયા છે.

૧૪. સમન્તાનુપાત ક્રિયા= સ્ત્રી, પુરુષ તથા પશુઓને બેસવા ઉઠવાના સ્થાનો મળ-મૂત્રથી ખરાબ કરવાં, તે સમન્તાનુપાત ક્રિયા છે.

૧૫. અનાભોગ ક્રિયા= ભૂમિ જોયા વગર કે યત્નથી શોધ્યા વગર બેસવું, ઉઠવું, સુવું કે કાંઇ નાખવું, તે અનાભોગ ક્રિયા છે.

૧૬. સ્વહસ્ત ક્રિયા= જે કામ બીજાને લાયક હોય તે પોતે કરવું, તે સ્વહસ્ત ક્રિયા છે.

૧૭. નિસર્ગ ક્રિયા= પાપનાં સાધનો લેવા-દેવામાં સંમતિ આપવી, તે નિસર્ગ ક્રિયા છે.

૧૮. વિદારણ ક્રિયા= આળસને વશ થઇ સારાં કામો ન કરવાં અને બીજાના દોષો જાહેર કરવા, તે વિદારણ ક્રિયા છે.

૧૯. આજ્ઞા વ્યાપાદિની ક્રિયા= શાસ્ત્રની આજ્ઞાનું પોતે પાલન ન કરવું અને તેના વિપરીત અર્થ કરવા તથા વિપરીત ઉપદેશ આપવો, તે આજ્ઞા વ્યાપાદિની ક્રિયા છે.

૨૦. અનાકાંક્ષા ક્રિયા= ઉન્મત્તપણું કે આળસને વશ થઇ પ્રવચનમાં (શાસ્ત્રોમાં) કહેલી આજ્ઞાઓ પ્રત્યે આદર કે પ્રેમ ન રાખવો, તે અનાકાંક્ષા ક્રિયા છે.

૨૧. આરંભ ક્રિયા= નુકસાનકારી કાર્યોમાં રોકાવું, છેદવું, તોડવું, ભેદવું કે બીજા કોઇ તેમ કરે તો હર્ષિત થવું, તે આરંભ ક્રિયા છે.

૨૨. પરિગ્રહ ક્રિયા= પરિગ્રહનો કાંઇ પણ ધ્વંસ ન થાય એવા ઉપાયોમાં લાગ્યા રહેવું તે પરિગ્રહ ક્રિયા છે.

૨૩. માયા ક્રિયા= જ્ઞાનાદિ ગુણોને માયાચારથી છુપાવવા, તે માયા ક્રિયા છે.

૨૪. મિથ્યાદર્શન ક્રિયા= મિથ્યા દૃષ્ટિઓની તેમ જ મિથ્યાત્વથી ભરેલાં કામોની પ્રશંસા કરવી, તે મિથ્યાદર્શન ક્રિયા છે.

૨૫. અપ્રત્યાખ્યાન ક્રિયા= જે ત્યાગ કરવા લાયક હોય તેનો ત્યાગ ન કરવો, એ અપ્રત્યાખ્યાન ક્રિયા છે. (પ્રત્યાખ્યાનો અર્થ ત્યાગ છે, વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવાને બદલે તેમાં આસક્તિ કરવી, તે અપ્રત્યાખ્યાન છે.)
નોંધ નં.૧૦ ની ક્રિયાનીચે જે નોંધ છે તે નં. ૧૧ થી ૨૫ સુધીની ક્રિયાને પણ લાગુ પડે છે. નં. ૬ થી ૨૫ સુધીની ક્રિયાઓમાં આત્માનો અશુભભાવ છે; અશુભભાવરૂપ કષાયયોગ, તે ભાવ આસ્રવ છે, પરંતુ જડ મન, વચન કે શરીરની ક્રિયા તે કાંઇ ભાવ આસ્રવનું કારણ નથી. ભાવાસ્રવનું નિમિત્ત પામીને જડ રજકરણરૂપ કર્મો જીવ સાથે એક ક્ષેત્રાવગાહ રૂપે આવે છે. ઇન્દ્રિય કષાય તથા અવ્રત કારણ છે. અને ક્રિયા તેનું કાર્ય છે.

- ક્રિયાના ત્રણ પ્રકારો છે.
  1. શરીર, મન, વાણીની ક્રિયા તે જડની ક્રિયા છે, તેને આત્મા કરતો નથી.
  2. પુણ્ય-પાપના ભાવ થાય તે વિભાવ ક્રિયા છે તે દુઃખરૂપ છે. જ્ઞાનની વૃત્તિ તે ક્રિયાથી નિવૃત્ત છે.
     ક્રિયા ત્રણ પ્રકારની છે : એક જડની ક્રિયા. બીજી કરોતિ ક્રિયા ને ત્રીજી જ્ઞપ્તિ ક્રિયા.

૧. જડની ક્રિયા આત્મા કરી શકતો નથી કારણ કે સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે, તેથી તેની ક્રિયા પણ સ્વતંત્ર છે. સૌની ક્રિયા પોત-પોતાના દ્રવ્યને કારણે થાય છે, પર દ્રવ્યને કારણે થતી નથી.

૨. બીજી કરોતિ ક્રિયા તે ક્રિયા પર સાથે એકત્વ બુદ્ધિથી થાય છે. વિકારી ભાવ સાથે એકત્વરૂપ લીનતા, તે કરોતિ ક્રિયા છે, વિકારના કર્તા થવું તે કરોતિ ક્રિયા છે.

૩. જ્ઞપ્તિ ક્રિયા- આત્માના જ્ઞાતા દ્રષ્ટાપણાની શ્રદ્ધા ને લીનતા કરતાં જે ક્રિયા થાય છે, તે જ્ઞપ્તિ ક્રિયા છે. તે જ્ઞપ્તિ ક્રિયા પરને કરાણે થતી નથી. જેમ દ્રવ્ય સ્વતંત્ર સહજ અહેતુક છે, તેને કોઈ કારણ નથી તેમ તે દ્રવ્યની જ્ઞાપ્તિ ક્રિયા પણ સ્વતંત્ર સહજ અને અહેતુક છે, તેને કોઈનું પરનું કારણ નથી, વિકારી કારણ ને અવિકારી કાર્ય હોય એમ ત્રણ કાળમાં બને નહિ. અવિકારી કારણ અને અવિકારી કાર્ય હોય. તે જ્ઞાપ્તિ ક્રિયા છે. ભગવાન આત્મા સત્ અહેતુક છે, અને એની જ્ઞપ્તિ ક્રિયા પણ સત્ અહેતુક છે.

આત્મા સ્વયં અવિનાશી જ્ઞાયક છે, તે અવિનાશી જ્ઞાયકની ક્રિયા તે જ્ઞપ્તિ ક્રિયા છે. આ જ્ઞપ્તિ ક્રિયા થતાં, કરોતિ ક્રિયા છૂટી જાય છે. જડની ક્રિયા હું કરું છું, વિકારની ક્રિયા હું કરું છું-તેવી માન્યતા છૂટીને, જ્ઞાયક આત્માની શ્રદ્ધા કરીને તેમાં રહેતાં જે જ્ઞાનની ક્રિયા થવા લાગી, તે જ્ઞાપ્તિક્રિયા છે. નિર્મળ અવિનાશિની ક્રિયા તે જ એક સત્ આત્માની ક્રિયા છે. પરથી જુદા ચૈતન્ય આત્માની શ્રદ્ધા કરીને, તેમાં જ્ઞાયક પણે રહેવાથી કરોતિક્રિયા છૂટીને જ્ઞપ્તિ ક્રિયા થવા લાગી. દ્રવ્ય દ્રષ્ટિથી જુએ તો અનાદિઅનંત જ્ઞાયક દ્રવ્યમાં સત્ અહેતુક અકારણીય જ્ઞપ્તિક્રિયા થઈ જ રહી છે, પરિણમી જ રહી છે. આત્મા પરરૂપે કદી થયો જ નથી, પણ તેનું ભાન નથી, તેથી અજ્ઞાની કરોતિ ક્રિયારૂપે થઈ રહ્યો છે.

- જે પરિણતિ (અવસ્થાંતર થવું), તે ક્રિયા છે. ક્રિયા પર્યાયકી ફેરણી ભેદ દ્રષ્ટિથી કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે. પણ અભેદદ્રષ્ટિથી એ ત્રણેય, એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. દરેક વસ્તુ પોતામાં ક્રિયા કરે છે અને પોતે જ કર્તા-કર્મરૂપ થાય છે. સ્વતંત્રપણે કરે તે કર્તા; કર્તાનું કામ કોઈ સમયે તેનાતી જુદું ન હોય કે, તેનાથી ન બની શકે એવું ન હોય. જે વસ્તુ છે તેની અવસ્થા, કોઈ સમયે ન બદલે એવું હોય નહિ. દેહાદિની અવસ્થા હું કરી શકુ છું, મારી ઈચ્છાથી તે ક્રિયા-પરિણમન થાય છે. તે માન્યતા ત્રિકાળ ખોટી છે. કોઈ પણ આત્મા પરનો કર્તા વ્યવહારે પણ નથી. જડની કોઈ ક્રિયાથી, આત્માને કદી પણ લાભ કે નુકસાન થાય નહિ, તેમ જ પરના સંયોગમાં ફેરફાર થાય, તેથી કોઈને પુણ્ય, પાપ કે ધર્મ થાય નહિ.

- ક્રિયાનું લક્ષણ પરિસ્પંદ (કંપન) છે.

ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપી રહ્યું છે :એટલે કે સદાય પ્રગટ છે.

ક્રિયા ત્રણ પ્રકારે છે :(૧) જડની ક્રિયા - જડનું પરિણમવું, બદલવું તે. (૨) વિકારની ક્રિયા દયા,દાન,વ્રતાદિનાં પરિણામ તથા હિંસા, જૂઠ, ચોરી આદિ તથા ક્રોધાદિનાં પરિણામ તે. (૩) જ્ઞાનની ક્રિયા - આ જે આત્મા છે તે જ્ઞાનસ્વરૂપ છે એમ તાદામ્યપણે એમાં એકાગ્ર થવું તે જ્ઞાનની ક્રિયા, ધાર્મિક ક્રિયા.

ક્રિયા વિશેષો :ક્રિયાના પ્રકારો.

ક્રિયાકાંડ :બાહ્ય વ્રત-તપ.

ક્રિયાચેષ્ટિતપણું :વૃત્તિમાં જે સત્ વર્તે છે તે વર્તન અને ચેષ્ટામાં પ્રગટ દર્શન થઈ શકે.

ક્રિયાચેષ્ટિતપણું :આચરણમાં તારવા ક્રિયારૂપ છે.

ક્રિયાજડ :કાય કલેશ; કાય કષ્ટ. (૨) શરીર-ઈંદ્રિયોનું દમન કરવું; ઉપવાસ-આયંબિલ-શારીરિક વ્રત-તપ વગેરે કરવાં; અંતર્ભેદ પામ્યા વિના ક્રિયા કરવી; જ્ઞાનમાર્ગને નિષેધવો તેને ક્રિયાજડ કહે છે. જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કોર્ય કે કાયા જ માત્ર રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી, વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે ગમે તે ક્રિયાને અવગાહો, અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી; કેમ કે આત્મજ્ઞાન વિના તે પણ ભવનુ મૂળ છેદી શકતાં નથી માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્તો; અને કાયકલેશરૂપ પણ કષાયાદિનું

જેમાં તથારૂપ કાંઈ ક્ષીણપણું થતું નથી તેમાં તમે મોક્ષ-માર્ગનો દુરાગ્રહ રાખો નહિ, એમ ક્રિયા જડને કહ્યું. (૩) એકાંત ક્રિયા કરવી, તેથી જ કલ્યાણ થશે એવું માનનારાઓ સાવ વ્યવહારમાં કલ્યાણ માની, હઠાગ્રહ મૂકતા નથી. આવા જીવોને, ક્રિયાવાદી અથવા ક્રિયાજડ ગણવા. ક્રિયાજડને, આત્માનો લક્ષ હોય નહીં. (૪) બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યાં છે, અંતર કાંઈ જોડાયું નથી અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે તે. (૫) પાંચે ઈંદ્રિયોના રસને ઉત્તેજિત કરતી જે તીવ્રવૃત્તિઓ અંતરમાં છે તેને જીવે સમજણપૂર્વક જ્ઞાનપૂર્વક સંયમિત કરવાની છે. ઈન્દ્રિયોના રસને સૂકવવાના છે. અંદરના રસ મંદ થઈ જશે, સુકાઉ જશે તો પછી શરીરને સૂકવવાની જરૂર નહિ રહે. પણ ક્રિયા કરતાં કરતાં પોતે જડ જેવો થઈ જનાર અને ક્રિયામાંથી ભાવને મારી નાખીને ક્રિયાને જડ બનાવી દેનાર, આ પ્રકારની સમજણને પામતો નથી; અરે! આવી સમજણ હોવી જરૂરી છે તેમ પણ તે માનતો નથી અને તેથી જ તેવા જીવોને શ્રીમદ્‌જીએ ક્રિયાજડ કહ્યા છે.

ક્રિયાજડત્વ :કાયક્લેશ.

ક્રિયાતતિ :પરંપરા

ક્રિયાન્તર :અન્ય ક્રિયા (જ્ઞેય એ જ્ઞાતા અન્ય ક્રિયાથી નિવર્તે તેને લીધે રચાતી જે દેખનાર-જાણનાર આતમતત્વમાં પરિણતિ તે ચારિત્ર પર્યાયનું લક્ષણ છે.

ક્રિયાફળ :બંધ

ક્રિયામાર્ગની મુશ્કેલીઓ :ક્રિયામાર્ગે અસદ્ અભિમાન, વ્યવહાર આગ્રહ, સિદ્ધિ મોહ, પૂજા સત્કારાદિ યોગ અને દૈહિક ક્રિયામાં, આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે.

ક્રિયાવતી શક્તિ :જીવ અને પુદ્‌ગલ દ્રવ્યમાં ક્રિયાવતી શક્તિ નામે વિશેષ ગુણ છે. તેના કારણે જીવ અને પુદ્‌ગલને પોત-પોતાની યોગ્યતાનુસાર, કદી ગમન-ક્ષેત્રાન્તર ગતિરૂપ, પર્યાય થાય છે, અને કદી સ્થિરરૂપ, પર્યાય થાય છે. (કોઈ દ્રવ્ય (જીવ-પુદ્‌ગલ) એકબીજાને ગમવા સ્થિર કરી શકતા નથી. તે બન્ને દ્રવ્યો, પોતાની ક્રિયાવતી શકિતની, તે સમયની યોગ્યતા અનુસાર સ્વતઃ ગમન કરે છે અથવા સ્થિર રહે છે.) (૨) જીવ અને પુદ્‌ગલમાં પોતપોતાની ક્રિયાવતી શક્તિ નામનો ગુણ, નિત્ય છે. અને પોતપોતાની યોગ્યતાનુસાર કોઈવાર ગતિ-ક્ષેત્રાન્તરરૂપ પર્યાય થાય છે. કોઈવાર સ્થિર રહેવારૂપ પર્યાય થાય છે. કોઈ અન્ય દ્રવ્ય (જીવ કે પુદ્‌ગલ) એક બીજાને ગમત કે સ્થિર કરાવી શકતા નથી, પણ તે બન્ને દ્રવ્ય પોતપોતાની ક્રિયાવતી શક્તિની તે સમયની યોગ્યતા પ્રમાણે, પોતાથી ગમન કરે છે કે સ્થિર થાય છે. કોઈ દ્રવ્ય (જીવ યા પુદ્‌ગલ) એક બીજાને ગમન યા સ્થિર કરાવી શકતું નથી.

ક્રિયાવતી શક્તિ અને વૈભાવિક શક્તિ :એ બન્ને અનુજીવી ગુણો, જીવ અને પુદ્‌ગલ દ્રવ્યોમાં જ છે.

ક્રિયાવતી શક્તિ અને ભાવવતી શક્તિ :પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહે છે અને બાકીના અનંત ગુણોને ભાવવતી શક્તિ કહે છે. પરિણામન પણ બે પ્રકારનું હોય છે, એક તો જ્ઞાનાદિ ગુણોનું પરિણમન, બીજું આખાય દ્રવ્યનું પરિણમન જ્ઞાનાદિ ગુણોનું પરિણમન ક્રિયા રહિત છે. કેવળ ગુણોના અંશોમાં તરતમરૂપે. ન્યૂનાધિકતા થયા કરે છે.પરંતુ દ્રવ્યનું જે પરિણમન થાય છે, તેમાં તેના બધા પ્રદેશોમાં પરિવર્તન થાય છે. તે પરિવર્તન સક્રિય છે. દ્રવ્યનું પરિવર્તન પ્રદેશત્વ ગુણના નિમિત્તે થાય છે. તેથી પ્રદેશત્વ ગુણને ક્રિયાવતી શક્તિ કહેવામાં આવી છે અને બાકીના બધા ગુણો નિષ્ક્રિય છે તેથી તેમના ભાવવતી શક્તિ કહેવામાં આવી છે.

ક્રિયાવાન :દ્રવ્ય

ક્રિયાવિશેષો :ક્રિયાના પ્રકારો.

ક્રિયાવિહોણા :આત્મપરિણમન રસ વિહોણા

ક્રિડાવિલાસ :ભોગવિલાસ

કરીર :કેરડા

કોડાકોડી :એક કરોડને એક કરોડથી ગુણતાં, જે ગુણાકાર આવે, તે કોડાકોડી છે.

કરોતિ ક્રિયા :બહિર્મુખ દૃષ્ટિ કરવાથી-વિકાર સાથે એકત્વ બુદ્ધિ કરવાથી કરોતિ ક્રિયા પ્રગટ થાય છે.

ક્રોધ :આત્મા, શુદ્ધ ચિદાનંદમય અખંડ એકરૂપ, વસ્તુ છે. તેનો જેને પ્રેમ નથી, રુચિ નથી, તેને પોતાના આત્મા પ્રતિ, ક્રોધ છે. દ્વેષ અરોચક ભાવ,

સ્વભાવની અરુચિ-અણગમો, તે અનંતાનુબંધી ક્રોધ છે. પુણ્ય-પાપના ભાવો અને દેવ-શાસ્ત્ર-ગુરુ ઈત્યાદિ, પર પદાર્થોની રુચિ અને સ્વસ્વરૂપની અરુચિ, તે આત્મા પ્રત્યેનો દ્વેષ છે. અને તે અનંતાબંધી ક્રોધ છે. (૨) પરાધીનતાનો અને રાગદ્વેષરૂપ ઔપચારિક ભાવનો, આદર અને સ્વતંત્ર ચિદાનંદ આત્માનો અનાદર, તે અનંતાનું બંધી ક્રોધ છે. (૩) આણે અયોગ્ય કર્યું એમ જાણી, પરને દુઃખદાયક પરિણામ ઉજાવે, તેને ક્રોધ કહે છે. (૪) મોહકર્મરૂપ ભાવકનું ભાવ્ય-ફળ છે તે કંઈ આત્મસ્વભાવનું ફળ નથી. (૫) ક્રોધ છે તે મોહકર્મરૂપ ભાવકનું ભાવ્ય છે, ફળ છે, પણ તે કાંઈ આત્માના સ્વભાવનું ફળ નથી. તેમ નહિ માનવાથી હું જાણનાર છું. નિર્દોષ છું, એમ નહિ જાણવાથી, હું ક્રોધ છું એવી ભ્રાન્તિને લીધે ઊંધું માનતો થકો, વિકારી પરિણામને ચૈતન્ય પોતે, પરિણમતો થકો વિકારી ભાવનો કર્તા થાય છે. ક્રોધનો હું કર્તા છું અને ક્રોધ મારું કાર્ય છે, એમ માને છે. (૬) સ્વભાવનું ન રુચવું, ન ગોઠવું, તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાનું બંધી ક્રોધ છે. આત્મા તદ્દન જ્ઞાયક છે, તે સ્વભાવનું ન રુચવું, ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાનું બંધી ક્રોધ છે. અખંડ ચૈતન્ય સ્વભાવ તે હું નહિ, એમ સ્વભાવનો અણગમો તે ક્રોધ છે. વસ્તુ અખંડ છે, બધા ભંગ-ભેદ અજીવના સંબંધે દેખાય છે. દૃષ્ટિમાં તે અખંડ સ્વભાવનું પોષણ ન થયું તે ક્રોધ છે; પર પદાર્થ પ્રત્યે અહંબુદ્ધિ તે અનંતાનુબંધી માન છે. વસ્તુનો સ્વભાવ જેવો છે. તેવો નહિ માનતાં આડ મારીને બીજી રીતે ખતવું, તેનું નામ અનંતાનું બંધી માયા છે; સ્વભાવની ભાવના ચૂકીને વિકારની ઈચ્છા કરવી, તે અનંતાનું બંધી લોભ છે. (૭) સ્વભાવનું ન રુચવું; ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. (આત્માનો સ્વભાવ જ્ઞાયક છે તે સ્વભાવનું ન રુચવું, ન ગોઠવું તેનું નામ ક્રોધ છે. સ્વભાવ ન ગોઠે તે અનંતાનું બંધી ક્રોધ છે.

ક્રોધ, માન, માયા, લોભ :તે ચારિત્રમોહનીય કર્મની, પર્યાય છે.

ક્રોધાદિક આસ્રવો ક્ષય કરવાની રીત :શુદ્ધનયથી જ્ઞાનીએ, આત્માનો એવો નિશ્ચય કર્યો કે-હું એક છું, શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું, જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું. આમ નિશ્ચય કરીને, જ્યારે તે જ્ઞાની આત્મા, આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો, તેના જ અનુભવરૂપ થાય, ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે.

પ્રશ્નઃ- દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અને વ્યવહાર-ચારિત્રની આચરણની ક્રિયા એ બધાં સાધન-ઉપાય છે કે નહિ ?

ઉત્તરઃ- બીલકુલ નહિ. ભાઈ! એ રાગની ક્રિયાઓ તો, બધી આસ્રવ છે. તેનો તો ક્ષય કરવાનો છે. તે સાધન થાય, એમ કદીય બની શકે નહિ. પ્રભુ! આમ ને આમ (ખોટી માન્યતાઓ) જિંદગી ચાલી જશે. છેવટે ડૂબકી સંસારમાં ઊંડે મારશે, ત્યાં તને ભારે દુઃખ થશે. તેનાથી છૂટવાનો તો આ એક જ માર્ગ છે. ભાઈ! વસ્તુ જે જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છે, તેમાં એકાગ્રતા કરી, તલ્લીન થઈ સ્વરૂપને અનુભવવું, આ એક જ દુઃખના ક્ષયનો ઉપાય છે.

જ્યાં સુધી સમક્તિીને વ્યવહાર આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા ઈત્યાદિ, તથા વ્યવહારરત્નત્રયના રાગનો વ્યવહાર તેને હોય છે. પરંતુ રાગના સ્વામીપણે સદાય નહિ, પરિણમતો એવો હું નિર્મમ છું, એમ એને અંતરમાં નિશ્ચય થયેલો છે અને તે પ્રમાણે જે વ્યવહાર આવે છે તેનો સ્વામી થતો નથી.

ક્રોધાદિનો ત્યાગ કેવી રીતે થાય ? :પદાર્થો ઈષ્ટ-અનિષ્ટ ભાસતાં, ક્રોધાદિ થાય છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસથી જ્યારે કોઈ પણ પદાર્થ, ઈષ્ટ-અનિષ્ટ ન ભાસે, ત્યારે સ્વયં ક્રોધાદિ ઊપજતા નથી, અને ત્યારે જ, સાચો ધર્મ થાય છે.

કલ :શરીર, સકલ= શરીર સહિત. વિકલ્પ-અશરીરી, શરીર રહિત.

કલંક :મેલ; મલિનતા; જાળ (મળ) (૨) ડાઘ; લાંછન; બટ્ટો; આળ.(૩) મલિન.

કલગ :વિવાહિત સ્ત્રી પોતાની વિવાહિત સ્ત્રી.

કલગી :ચૂડામણિ મુગટમણિ. (૨) અલંકાર જેવા આ શાસ્ત્રના ચુડામણિ-મુગ્ધમણિ જેવા રત્નો.

કલત્ર :પત્ની; ભાર્યા; ઘરવાળી; વહુ.

કલુપ :મલિન, કલુષિત = મલિનતા

કલ્પ :ઉત્સર્પિણી અને અવસર્પિણીના મળીને, ૨૦ કોડાકોડી સમયને, કલ્પ કહે છે. (૨) વિધિ; વિધાન (૩) ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષોનો સમય (૪) નવ ગ્રૈવેષકાંની પહેલાંના સોળ સ્વર્ગોને, કલ્પ કહેવાય છે. તેની આગળનાં વિમાનો, કલ્પાપીત કહેવાય છે.

કલ્પે નહિ :ખપે નહિ

કલ્પકાલ :૨૦ કોડાકોડી સાગરનો આ કાલ છે, એક અવસર્પિણી તથા એક ઉત્સર્પિણીનો કાલ.

કલ્પદ્રુમ :કલ્પવૃક્ષ; કલ્પતરું; જે વૃક્ષ નીચે ઈચ્છા કરનારને, તેવુ મળે એવું વૃક્ષ (૨) કલ્પવૃક્ષ; નીચે બેસનાર જેનો વિકલ્પ કરે તે વસ્તુ આપે એવું મનાતું સ્વર્ગનું એક ઝાડ.

કલ્પના :ભ્રાન્તિ (૨) ઊંધી માન્યતા (૩) ભ્રાન્તિ (૪) જેથી કોઈ કાર્ય ન થાય તેવા વિચારો; મનના તરંગ. (૫) ઠીક અઠીકપણાની ભ્રાન્તિ

કલ્પનાથી પર :કલ્પનાથી આઘે કલ્પનાથી દૂર

કલ્પનાથી 'પર' :આઘે

કલ્પસૂત્ર :જૈન સાધુઓ માટે આચાર વર્ણવતું ધર્મ પુસ્તક

કલ્પિત :નિરર્થક; સાર્થક નહીં તે; જીવની કલ્પના માત્ર. (૨) નિરર્થક; સાર્થક નહીં તે; નકામી. (૩) ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે ન હોય, તે બધું કલ્પિત જ. કાવ્ય, સાહિત્ય કે સંગીત આદિ ભક્ત પ્રયોજનરૂપ કે આત્માર્થે ન હોય, તે બધું જ કલ્પિત જ.

કલ્મષ :કષાયાદિ કર્મમળ. (૨) કર્મમળનો વાચક છે. (૩) કષાયભાવ (૪) કર્મમાળ; મિથ્યાત્વાદિ કર્મો.

કલ્મષના ઉદયથી :મિથ્યાત્વાદિ કર્મોના ઉદયથી-ઉદય વશે.

કલ્મષો :કષાયાદિરૂપ કર્મો.

કલ્માષિત :મેલી; મલિન; મલિનતા.

કલ્યાણ :સુખ (૨) શુભ; માંગલિક; શ્રેય-રૂપ; શ્રેયસ્કર; સુખી; ભાગ્યશાલી; મંગળ; શ્રેય; હિત; ભલું; સુખશાંતિ. (૩) સત્પુરુષની આજ્ઞાએ ચાલવું તે.

કલ્યાણક :શુભકરનાર; મંગળકરનાર; શ્રેયરૂપ; શ્રેયસ્કર; સુખદાયક; ભાગ્યશાળી; મંગળદાયક; તીર્થંકર ભગવાનના જીવનને લગતા મુખ્ય મુખ્ય પ્રસંગોને, તે તે સમય (ચ્યવન-ગર્ભ ધારણ, જન્મ, કૈવલ્ય અને નિર્વાણમાંનો પ્રત્યેક સમય.)

કલ્યાણકો :(૧) ગર્ભ, (૨) જન્મ, (૩) તપ, (૪) જ્ઞાન અને (૫) નિર્વાણ કલ્યાણકો વિષે, ઈન્દ્રાદિક દેવો દ્વારા વિશેષ પૂજ્ય થઈ, હાલ સિદ્ધાલયમાં વર્તમાન ૨જ તીર્થંકરો વિરાજમાન છે.

કુલયોગી :જેઓ યોગીઓના કુલમાં જન્મ્યા છે.

કલ્લોલ :તરંગ. જ્ઞાન કલ્લોલો = જ્ઞાનના તંરગો, જ્ઞાનનાર આકારની ઝલક. (૨) મોજું; આનંદ; આનંદથી ઉભરાવું ને; તરંગ.

કલેવર :શરીર

કલેશ :કષાય. (૨) દુઃખ (૩) માનસિક સંતાપ; કંકાસ; ઝઘડો; કજિયો.

કલુષ :ક્રૂર; દુષ્ટ; કાદવવાળું; કીચડ-ગારાવાળું; કાદવ; ગુસ્સાવાળું; રૂંધાયેલું. (૨) મલિન. (૩) કષાયવાળું. (૪) કાદવવાળું; મેલું; ગંદું; દુષ્ટ; ઘાતકી; પાપી; કાદવ; મળ. પાપ.

કલુષતા :જ્યારે ક્રોધ,માન, માયા અથવા લોભ, ચિત્તનો આશ્રય પામીને જીવને ક્ષોભ કરે છે, ત્યારે તેને, જ્ઞાનીઓ કલુષતા કહે છે. ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે, ચિત્તનો ક્ષોભ, તે કલુષતા છે. તેમના જ (ક્રોધાદિના જ) મંદ ઉદયે, ચિત્તની પ્રસન્નતા ને અકલુષતા છે તે અકલુષતાં, કદાચિત્ કષાયનો વિશિષ્ટ (ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં, અજ્ઞાનીને હોય છે; કષાયના ઉદયને અનુસરતી પરિણતિમાંથી, ઉપયોગ અસમગ્રપણે પાછો વળ્યો, હોય ત્યોર (અર્થાત્ કષાયના ઉદયને અનુસરતા પરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે), મધ્યમ ભૂમિકાઓમાં (મધ્યમ ગુણસ્થાનમાં), કદાચિત જ્ઞાનીને પણ હોય છે. (૨) અસ્થિરતા (૩) ક્રૂરતા; દુષ્ટતા; મલિનતા; ગુસ્સાવાળું.

કલુષભાવ :જ્યારે ક્રોધ, માન, માયા કે લોભ ચિત્તમાં આવીને, જીવની અંદર ક્ષોભ કે મલિનતા ઉત્પન્ન કરે છે, ત્યારે તે ભાવને જ્ઞાનીઓએ, કલુષભાવ કહ્યો છે.

કલુષિત :મલિન

કલુષિતતા :ગંદકી; દુષ્ટતા; પાપ; ધાતકી પણું; કાદવ; મેલાશ.

કલહ :કજિયો; ટંટો; ઝઘડો; વિવાદ.

કુલાચલ :પર્વત

કલાપ :સમૂહ

કલ્યાણ :સુખ; મંગળ; ભલું; શુભ; શ્રેય; મુક્તિ.

કુલાલ :કુંભાર

કેલિ :ક્રીડા; રમત. (સ્વરૂપમાં રમણતા કરે) (૨) મોજ (૩) રમણતા

કલિકલુષપાપ :પંચમ કાળનાં મલિન પાપ

કુલિંગ :કુગુરુ

કલિલ :અભેદ્ય; ગહન; થી ઢંકાયેલું-થી ભરેલું (૨) મિશ્રિત

કલશ્યમાન :મહામોહરૂપ મિથ્યાત્વથી જે ગ્રસ્ત છે, કુમતિ-કુશ્રુતાદિ અજ્ઞાનથી પરિપૂર્ણ છે. વિષયો સેવવાની તીવ્ર તૃષ્ણારૂપ અગ્નિથી જેઓ અત્યંત દગ્ધ થઈ રહ્યા છે. અને વાસ્તવિક હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર કરવામાં જે વિપરીત છે. તે કારણે જેઓ દુઃખથી પીડિત છે, તે જીવો ક્લિશ્યમાન છે.

કેલી કર :રમણતા કર. આત્મા સ્વભાવ જાણીને તેમાં, મગ્ન થા. અંતરમાં જતા આનંદ આવશે.

કુલીન :ખાનદાન; ઊંચા કુળનું; કુળવાન.

ક્લીબ :નપુંસક; પાવૈયા. (૨) નપુંસક

કુળ :પિતાના ગોત્રને કુળ કહે છે. પિતા વગેરે પિતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી પુરુષ હોવાથી, હું રાજ કુમાર છું વગેરે, અભિજ્ઞાપન કરવું, તે કુળમદ છે.

કુળક્રમાગત :કુળના ક્રમે, ઊતરી આવતા.

કેળની ગાંઠની ઉપમા :જેમ કેળની ગાંઠમાંથી કેળનાં અનેક બચલાં ફૂટે છે, તેમ અજ્ઞાનરૂપી કેળમાંથી રાગ, દ્વેષ, તૃષ્ણારૂપ અનેક પ્રકારનાં બચલાં ફૂટે છે, અને તેનાં ફળરૂપી ચોરાથી લાખ યોનિના અવતાર થાય છે.

કુપ્ય :સુતરાઉ અને રેશમી વગેરેને વસ્ત્ર કુપ્ય કહે છે.

કળશ :દૂલશ્રુતિ

કળા :કોઈપણ વસ્તુનો એક ભાગ

કળિ કાળ :આ કળિકાળે-પંચમકાળે મનુષ્યને સ્વાર્થપરાયણ અને મોહવશ કરી માયિક સંપત્તિની ઈચ્છાવાળા કર્યા, મુમુક્ષુતાની ઈચ્છાવિહોણા ને ભક્તિશૂન્ય બનાવ્યા, સુલબબોધિ પણું દુર્લભ કર્યું અને પરમાર્થને ઘેરી લઈ અનર્થને પરમાર્થ બનાવ્યો. (૨) આ કળિકાળે મનુષ્યોને સ્વાર્થપરાયણ અને મોહવશ કરી માયિક સંપત્તિની ઈચ્છાવાળા કર્યા, મુમુક્ષતાની ઈચ્છા વિહોણા બનાવ્યા.

કળી લેવું :સમજી લેવું; જાણી લેવું; કળવું= જાણવું; સમજી જવું.

કવચ :બખ્તર

કવચિત :કોઈવાર; કદાચ; કદીક; કોઈ સ્થળે; ક્યાંક.

ક્વચિત :કોઈ સ્થળે; ક્યાંક (૨) કોઈ વાર

ક્વચિત જ :જવલ્લે જ; ભાગ્યે જ.

કેવલ દર્શન :કેવળ જ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનો કેવળ દર્શન કહે છે. (૨) કેવળ જ્ઞાનની ઉત્પત્તિ થવાથી, તેના ફળભૂત ઈચ્છારહિત, વિપરીત અભિનિવેશ રહિત પરિણામ લક્ષણવાળું જ્ઞાયિક દર્શન, અથવા કેવલદર્શન પણ શુદ્ધોપયોગ વાળા જીવોને હોયછે. વીતરાત સ્વસંવેદન જ્ઞાન, અને તેનું ફળ એવું કેવલજ્ઞાન, પણ શુદ્ધ જીવોને થાયછે. પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ થવાથી, શુધ્ધોપયોગી જીવોના દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મ નાશ પામે છે. માટે શુદ્ધોપયોગ-પરિણામ ને તે પરિણામોને ધારણ કરવાવાળા પુરુષો, સંસારમાં પ્રધાન મનાય છે. શદ્ધોપયોગમાં જ, સંયમાદિ સર્વ સમય છે.

કેવલજ્ઞાન :કેવળ સ્વભાવ પરિણામી જ્ઞાન તે (૨) લોકાલોકપ્રકાશક તથા ક્રમ, કારણ અને વ્યવધાનથી રહિત, એવું જે કેવલજ્ઞાન, તેથી આત્મા સહિત છે તેથી જ્ઞાનમય છે.

કેવલજ્ઞાન કેલિના કંદ :કેવલજ્ઞાનરૂપી શક્તિના પિંડ

કેવલ બોધ :જ્ઞાન

કૈવલ્ય કમલા :કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી

કૈવલ્યસરિતા :મુક્તિરૂપી સરિતા.

કેવળ :આત્મા નિશ્ચયથી, પરદ્રવ્યના તેમજ રાગદ્વેષાદિના સંયોગ વિનાનો, તથા ગુણ પર્યાયના ભેદો વિનાનો, માત્ર ચેતક સ્વભાવરૂપ જ છે; તેથી પરમાર્થ, તે કેવળ (અર્થાત્ કેટલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે. (૨) શુદ્ધ આત્મા. તેથી પરમાર્થે, તે કેવળ (અર્થાત્ એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે. (૨) સર્વથા

કેવળ જ્ઞાન :જ્ઞાનવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલ, જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્ત રૂપ દ્રવ્ય સમૂહને, વિશેષરૂપે જાણવામાં આવે છે, તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે, અને તે સ્વાભાવિક હોય છે. (૨) સકલ પ્રત્યક્ષ- સંપૂર્ણ પ્રત્યક્ષ છે. અહા! વર્તમાન એક સમયમાં ત્રણ કાળ-ત્રણ લોકને પ્રત્યક્ષ જાણનારી પર્યાય સકલપ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન ત્રણ કાળ-ત્રણ લોકને જાણે છે. એમ વ્યવહારથી વાત છે હોં, પણ શું થાય? એ સિવાય સમજાવવું શી રીતે? તો કહે છે, ત્રણ કાળ-ત્રણ લોક જેમાં પ્રત્યક્ષ જણાય, એવું કેવળજ્ઞાન તે સકલ પ્રત્યક્ષ છે. અહા! એવો જ ભગવાન આત્માની કાર્યરૂપ કેવળજ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. જુઓ, પહેલાં ત્રિકાળી સહજ જ્ઞાનને સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યું ને હવે અહીં વર્તમાન પ્રગટ કાર્ય સ્વભાવ જ્ઞાન, એવા કેવળજ્ઞાનને સકલ પ્રત્યક્ષ કહ્યું છે. આ કારણ અને કાર્યની સંધિ છે. સહજજ્ઞાન ત્રિકાળી કારણ સ્વભાવ જ્ઞાન છે, ને કેવળજ્ઞાન વર્તમાન કાર્ય સ્વભાવજ્ઞાન છે. અહા! આવી વાત! (૩) પૂર્ણ નિર્મળ જ્ઞાનની અવસ્થા. જેનો સ્વભાવ જ્ઞાન છે. તેમાં કિંચિત ન જાણવું એમ ન હોય. અટકીને ક્રમે ક્રમે જાણવું એમ પણ ન હોય, એક સાથે સર્વને (સ્વ-પરને) જાણવાનું સામર્થ્ય, એક સમયમાં જ હોય. કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થોની, તમામ પર્યાયો સહિત એક સમયમાં એક સાથે જણાય છે, એવો કેવળજ્ઞાન સ્વભાવ, દરેક ચૈતન્યમાં એક એક સમયમાં શક્તિરૂપે છે. કેવળજ્ઞાનમાં ભૂતકાળની અનંત પર્યાય અને ભવિષ્યની અનંત પર્યાય,જેવી વર્તમાન પર્યાય જણાય, તેવી જ પ્રત્યક્ષપણે જણાય. તેમાં વર્તમાન પર્યાય, જેમ વર્તમાનમાં વર્તે છે તેમ જાણો, ને ભૂત ભવિષ્યની પર્યાય જેમ વર્તી ગઈ, અને વર્તશે તે પણે જાણે, પણ વર્તમાન જેવી જ પ્રત્યક્ષ જાણે. હવે સમ્યગ્દર્શની જીવને પણ ત્રણે કાળની પર્યાયનું સામર્થ્ય, વર્તમાન દ્રવ્યમાં ભર્યું છે. તે આખા દ્રવ્યને સમ્યગ્દર્શને પ્રતીતિમાં લીધું છે, જ્ઞાનમાં લીધું છે. કેવળજ્ઞાનમાં ભૂત-ભવિષ્યની અનંતી પર્યાય પ્રત્યક્ષ જણાય ત્યારે સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાનમાં તે ભૂત-ભવિષ્યની પર્યાય પરોક્ષપણે જણાય. પણ તે જાણે જેવું કેવળજ્ઞાની જાણે તેવું જ. માત્ર પ્રત્યક્ષ ને પરોક્ષનો ભેદ છે. જેમ કેવળજ્ઞાની સ્વ-પરની પર્યાયને પ્રત્યક્ષ જાણે તેમ સમ્યક્ જ્ઞાની પણ સ્વ-પરની પર્યાય પરોક્ષ જણાય છે.

કેવળ જ્ઞાનની શક્તિ :

પ્રશ્નઃ- કેવળજ્ઞાનની શક્તિ અને કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ એ બન્નેમાં શુ ફેર છે?

ઉત્તરઃ- જે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનું છે તે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ સદાય છે. કેવળજ્ઞાનની શક્તિ અને કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ એ બન્ને જુદી ચીજ છે. કેવળજ્ઞાનની શક્તિ તો અભવ્યમાં પણ છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ તેનામાં નથી. અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિરૂપ સ્વભાવ છે, પણ તેને કેવળજ્ઞાન પર્યાય પ્રકટે નહિ એવો પણ તેનો સ્વભાવ છે.

કેવળ જ્ઞાનનો કક્કો :આત્મા વસ્તુપણે એકરૂપ રહે છતાં, તેની અવસ્થા એકરૂપ ન રહે, તેમ રજકણ વસ્તુપણે એકરૂપ રહે, છતાં તેની અવસ્થા બદલાયા કરે, એકરૂપ ન રહે. જડમાં જ્ઞાન નથી છતાં તે વસ્તુ છે તેથી ત્રિકાળી શક્તિમાન છે. દરેક સમયે પૂર્ણ ધ્રુવપણું રાખીને, પોતાની તાકાતથી અવસ્થાઓ બદલે છે. આ રહસ્ય કેવળજ્ઞાનનો કક્કો છે. દરેક વસ્તુની પૂરે પૂરી સ્વતંત્રતાની તેમાં જાહેરાત થાય છે.

કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવાન :દરેક પદાર્થની, ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન-અપ્રગટ હોવાં છતાં, સર્વજ્ઞ ભગવાન અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો, અવિદ્યમાન હોવા છતાં, કેવળ જ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અહાહા! જે પર્યાયો થઈ ને ગઈ છે, અને જે થઈ નથી એવી ભૂત ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે, એ જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને, દ્રવ્યમાં યોગ્યતા રૂપ જાણે છે, એમ નહિ. પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ

હોય, તેમ જાણે છે. જો સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. અહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની, આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે, તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

કેવળ દયા :અહિંસા ગુણની સિદ્ધ થાય તે.

કેવળ દર્શન :કેવળજ્ઞાનની સાથે થવા વાળા સામાન્ય પ્રતિભાસને, કેવળ દર્શન કહે છે. (આત્મા સ્વ-પરનો દર્શક અને સ્વ પરનો જ્ઞાયક છે.) (૨) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે , કેવળ જ (આત્મા એકલો જ). મૂર્ત-અમૂર્ત દ્રવ્યને, સકળપણે સામાન્યતઃ અવબોધે છે, તે સ્વાભાવિક કેવળદર્શન છે.

કેવળ બોધ :જ્ઞાન

કેવળ વ્યવહારસંબંધી(અજ્ઞાની) જીવોનું સવર્તન અને તેનું ફળ :પરંતુ જેઓ કેવળ વ્યવહારાલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર ભિન્ન સાધ્યસાધનભાવના (ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે. જયાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં 'આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે.' એમ સમજવું જોઈએ. કેવળ વ્યવહારલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધાના થકા અર્થાત્'ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકા નિરંતર અત્યંત ખેદ પામે છે.) અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા ,(૧) ફરી ફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી ,(૨) પુષ્કળ શ્રુત ના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને (૩) સમસ્ત યતિ-આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી, (૧)કયારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે, (૨) કયારેક કાંઈકના (કોઈક બાબતના) વિકલ્પ કરે છે. અને (૩) કયારેક કાંઈક આચરણ કરે છે, દર્શનાચરણ માટે-તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે. કદાચિત્ સંવેગ પામે છે. કદાચિત્ અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિકયને ધારે છે, શંકા,કાંક્ષા, વિચિકિત્સ અને મૂઢદષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અ જે નિત્ય કટિબદ્ધ રહે છે, ઉપબૃહંણ, સ્થિતિકરણ, વાત્સલય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે, જ્ઞાનાચરણ માટે સ્વાધ્યાયકાળને અવલોકે છે. બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે. દુર્ધર ઉપધાન કરે છે. સારી રીતે બહુમાનને પ્રસારે છે, નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને તે બન્નેની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે, ચારિત્રાચરણ માટે-હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની સર્વવિરતિરૂપ' પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે(યોગનો બરોબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે.) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે, ઈર્યા, ભાષા,એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્ને અત્યંત જોડે છે. જપાચરણ માટે-અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિકતશય્યાસન અને કાયકલેશમાં સતત ઉત્સાહિત રહે છે, પ્રાયશ્ચિત,વિનય,વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ સામગ્રી વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે, વીર્યાચરણ માટે-કર્મકાંડમાં સર્વ શકિત વડે રોકાયેલ રહે છે, આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે-જો કે અત્યંત અશુભકર્મ પ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ - શુભકર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ, સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાન ચારિત્રની ઐકયપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી મંદ થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા વર્તતા થકા, દેવલોકાદિના કલેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણાં લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે જેઓ ચરણ પરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ' પરમાર્થમાં વ્યાપાર રહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી. શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ-ટીકામાં વ્યવહાર એકાતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જે કોઈ જીવો વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય મોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળ શુભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને

છે, તેઓ તેના વડે દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે, પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિલક્ષણ નિશ્ચયમોક્ષમાર્ગને માને અને નિશ્ચયમોક્ષમાર્ગનું અનુષ્ઠાન કરવાની શકિતના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યગ્દષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.- આમ વ્યવહાર-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યાં. (અહીં જે 'સારગ સમ્યગ્દષ્ટિ' જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટયું છે. પરંતુ ચારિત્ર-અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દષ્ટિ કહ્યા છે એમ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જે નિશ્ચયસાધક (નિશ્ચયના સાધનભૂત) કહેવામાં આવ્યું છે એમ સમજવું.)

કેવળ સ્થિતિ :(ઉત્પાદ એ વ્યય વિનાનું), એકલું ધ્રુવપણું; એકલું ટકવાપણું; એકલું અવસ્થાન. (અન્વય વ્યતિરેકો સહિત જ, હોય છે. તેથી ધ્રૌવ્ય ઉત્પાદવ્યય સહિત જ હોય, એકલું હોઈ શકે નહિ. જે ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે, - સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે, - સમગ્ર દ્રવ્ય નથી.)

કેવળજ્ઞાન :જેણે આત્માને પ્રત્યક્ષપણે પૂર્ણ જોયો, એવું કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન, એમાં પ્રત્યક્ષ અને પરોક્ષનો જ, ફેર છે. (૨) નિજ સ્વભાવજ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજસ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે, તે કેવળજ્ઞાન છે. તથારૂપ પ્રતીતિપણે પરિણમે, તે સમ્યક્ત્વ છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે, તે ક્ષાયિકસમ્યક્ત્વ કહીએ છીએ. ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ, એમ પ્રતીતિ રહે, તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહે છે. આત્માને આવરણ ઉદય આવે ત્યારે, તે પ્રતીતિથી પડી જાય છે, તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જ્યાં થઈ રહ્યું છે, તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ. તથારૂપ પ્રતીતિ થયે, અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય. મનરૂપ યોગમાં, તારતમ્ય સહિત જે કોઈ ચારિત્ર આરાધે, તે સિદ્ધિ પામે છે; અને જે સ્વરૂપસ્થિરતા, ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે. નિરંતર સ્વરૂપલાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન, એ આદિ સ્વભાવ અંતરાયકર્મના ક્ષયે, પ્રગટે છે. કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન, તે કેવળજ્ઞાન છે. ઉપદેશછાયા-૧૦

(૨) કેવળજ્ઞાનમાં પણ પરણિામ થયા કરતાં હોવાથી, થાક લાગે અને તેથી દુઃખ થાય; માટે કેવળજ્ઞાન, એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે ? એવી શંકાનું અહિ સમાધાન કર્યું છે :

(૧) પરિણામ માત્ર, થાકનું કે દુઃખનું કારણ નથી. પણ ઘાતિકર્મોના નિમિત્તે થતા, પર-સન્મુખ પરિણામ, થાકનાંકે, દુઃખના કારણ. કેવળ જ્ઞાનમાં ઘાતિકર્મો અવિદ્યમાન હોવાથી ત્યાં થાક કે દુઃખ નથી.

(૨) વળી કેવળજ્ઞાન પોતે જ, પરિણામ શીલ છે; પરિણમન, કેવળજ્ઞાનનું સ્વરૂપ જ છે, ઉપાધિ નથી. પરિણામનો નાશ થાય, તો કેવળજ્ઞાનનો જ નાશ થાય. આ રીતે પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ હોવાથી કેવળજ્ઞાનને પરિણામ, દ્વારા ખેદ હોઈ શકે નહિ-હોતો નથી.

(૩) વળી કેવળજ્ઞાન, આખા ત્રિકાળિક લોકાલોકના આકારને (સમસ્ત પદાર્થોના ત્રિકાળિક જ્ઞેયાકાર સમૂહને), સર્વદા અડોલપણે જાણતુ થકું, અત્યંત નિષ્કંપ-સ્થિર. અક્ષુબ્ધ-અનાકુળ છે; અને અનાકુળ હોવાથી, સુખી છે - સુખ સ્વરૂપ છે. કારણ કે, અનાકુળતા સુખનું જ લક્ષણ છે. આમ કેવળજ્ઞાન અને અક્ષુબ્ધતા-અનાકુળતા, ભિન્ન નહિ હોવાથી, કેવળજ્ઞાન એ સુખ ભિન્ન નથી.

આ રીતે (૧) ઘાતિ કર્મોના અભાવને લીધે, (૨) પરિણામ કોઈ ઉપાધિ નહિ હોવાને લીધે, અને (૩) કેવળજ્ઞાન નિષ્કંપસ્થિર-અનાકુળ હોવાને લીધે, કેવળજ્ઞાન સુખ સ્વરૂપ જ છે.

- ક્રમપૂર્વક જાણવું , નિયત આત્મપ્રદેશેથી જ જાણવું, અમુકને જ જાણવું- ઈત્યાદિ, મર્યાદાઓ મતિ-શ્રુતાદિ જ્ઞાયોપશમિક જ્ઞાનમાં, જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી, યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત, સર્વ પદાર્થોને- તે પદાર્થો અનેક પ્રકારના અને

વિરુદ્ધ જાતિના હોવા છતાં પણ -જાણે છે અર્થાત કેવળજ્ઞાન એક જ સમયે, સર્વ આત્મપ્રદેશી સર્વ દ્રવ્ય-કાળ-ભાવને જાણે છે.

- કેવળજ્ઞાન, સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોને યુગપદ્ જાણે છે. અહીં પ્રશ્ન થવા યોગ્ય છે કે, નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને, જ્ઞાન વર્તમાન કાળે કેમ જાણી શકે ? તેનું સમાધાન જગતમાં પણ દેખાય છે કે, અલ્પજ્ઞ જીવનું જ્ઞાન પણ નષ્ટ, અને અનુત્પન્ન વસ્તુઓને ચિંતવી શકે છે. અનુમાન દ્વારા જાણી શકે છે. તદાકાર થઈ શકે છે; તો પછી પૂર્ણ જ્ઞાન નષ્ટ અને અનુત્પન્ન પર્યાયોને કેમ ન જાણી શકે ? ચિત્રપટની માફક, જ્ઞાન શક્તિ જ એવી છે કે, તે અતીત અને અનાગત પર્યાયોને પણ, જાણી શકે છે. વળી, આલેખ્યત્વશક્તિની માફક, દ્રવ્યોની જ્ઞેયત્વશક્તિ એવી છે કે તેમના અતીત અને અનાગત પર્યાયો પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપ થાય-જણાય. આ રીતે આત્માની અદ્‌ભુત જ્ઞાનશક્તિ, અને દ્રવ્યોની અદ્‌ભુત જ્ઞેયત્વશક્તિને લીધે, કેવળજ્ઞાનમાં સમસ્ત દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું એક જ સમયે ભાસવું અવિરુદ્ધ છે.
- જે ત્રણ લોક-ત્રણ કાલવર્તી, સર્વ પદાર્થોને (અનંત ધર્માત્મક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને), પ્રત્યેક સમયમાં યથાસ્થિત પરિપૂર્ણરૂપે, સ્પષ્ટ અને એક સાથે જાણે, તેને કેવળજ્ઞાન કહે છે.
- નિરાવરણજ્ઞાન. જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે, અને અન્ય પદાર્થને વિષે અહંતામમતા વર્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણ જ્ઞાન કહેવા યોગ્ય છે. કેવલજ્ઞાન નિરાવરણ કહેવાય છે તે પરિપૂર્ણ સત્ય છે.
  કેવલી જ્ઞાન વ્યવહારનયથી સર્વ જાણે છે. દેખે છે, નિશ્ચયથી તો કેવલજ્ઞાની આત્માને જાણે છે-દેખે છે.
- કેવળજ્ઞાનને સ્પષ્ટ કરવા માટે ત્રણ વિશેષણ આપવામાં આવ્યાં છે.
  ૧. અત્યક્ષ ૨. અવ્યભિચારી ૩. સ્વસંવિદિત. અત્યક્ષ અતીન્દ્રિયને કહે છે. જે જ્ઞાન સ્પર્શનાદિ કોઈપણ ઈન્દ્રિયની સહાય વિના, જાણે છે તે અત્યક્ષ (અતીન્દ્રિય) જ્ઞાન કહેવાય છે.
- પૂર્ણ નિર્માણ જ્ઞાનની સ્થિતિ. જેનો સ્વભાવ જ્ઞાન છે તેમાં કિંચિત ન જાણવું એમ ન હોય. અટકીને ક્રમે ક્રમે જાણવું એમ પણ ન હોય, એક સાથે સર્વને (સ્વ-પરને) જાણવાનું સામર્થ્ય એક સમયમાં જ હોય. કેવળજ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થની તમામ પર્યાયો સહિત એક સમયમાં એક સાથે જણાય છે, એવો કેવળજ્ઞાન સ્વભાવ દરેક ચૈતન્યમાં એક એક સમયમાં શક્તિરૂપે છે. કેવળજ્ઞાનમાં ભૂતકાળની અનંત પર્યાય અને ભવિષ્યની અનંત પર્યાય, જેવી વર્તમાન પર્યાય જણાય છે તેવી જ, પ્રત્યક્ષપણે જણાય તેમાં વર્તમાન પર્યાય જેમ વર્તમાનમાં વર્તે છે તેમ જાણે ને ભૂત-ભવિષ્યની પર્યાય જેમ વર્તી ગઈ અને વર્તશે તે પણે જાણે પણ વર્તમાન જેવી જ પ્રત્યક્ષ જાણે.
  હવે સમ્યગ્દર્શની જીવને પણ ત્રણે કાળની પર્યાયનું સામર્થ્ય વર્તમાન દ્રવ્યમાં ભર્યું છે. તે આખા દ્રવ્યને સમ્યગ્દર્શને પ્રતીતમાં લીધું છે. જ્ઞાનમાં લીધું છે. કેવળજ્ઞાનમાં ભૂત-ભવિષ્યની અનંતી પર્યાય પ્રત્યક્ષ જણાય ત્યારે સમ્યગ્દર્શન થતાં સમ્યગ્જ્ઞાનમાં તે ભૂત-ભવિષ્યની પર્યાય પરોક્ષપણે જણાય. પણ તે જાણે જેવું કેવળજ્ઞાની જાણે તેવું જ; માત્ર પ્રત્યક્ષ પરોક્ષનો ભેદ છે. જેમ કેવળીજ્ઞાની સ્વ-પરની પર્યાયને પ્રત્યક્ષ જાણે તેમ સમ્યગ્જ્ઞાનમાં પણ સ્વ-પરની પર્યાય પરોક્ષ જણાય છે.
- પૂર્ણ નિર્મળ જ્ઞાનની અવસ્થા.
- પૂર્ણ નિર્મળ જ્ઞાનદશા, ભેદજ્ઞાન જ્યોતિ પ્રગટ કરવાથી જ, બધા પદાર્થને જાણનાર કેવળજ્ઞાન પ્રગટે છે.
- અહીં કેવળજ્ઞાનમાં ૧. ખેદશો? ૨. પરિણામ શા? તથા કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક (ભેદ) શો? કે જે થી કેવળજ્ઞાનને એકાંતિક સુખપણું ન હોય?
  ૧. ખેદનાં આયતનો (સ્થાનો) ઘાતિકકર્મો છે, કેવળ પરિણામ માત્ર નહિ. ઘાતિકર્મો મહા મોહનાં ઉત્પાદક હોવાથી ધતુરાની માફક અતત્માં તત્‌બુદ્ધિ ધારણ કરાવી આત્માને શ્રેય પદાર્થ પ્રતિ પરિણમાવે છે. તેથી તે ઘાતિકર્મો. દરેક પદાર્થ પ્રતિ પરિણમી પરિણામીને થાકતાં તે

આત્માને ખેદનાં કારણ થાય છે. તેમનો (ઘાતિકર્મોનો) અભાવ હોવાથી કેવળપાનમાં ખેદતું પ્રગટવું ક્યાંથી ભાવ?

૨. વળી ત્રણ કાળ રૂપ ત્રણ ભેદો જેમાં પાડવામાં આવે છે એવા સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારોરૂપ વિવિધતાને પ્રકાશવાના સ્તાનભૂત કેવળજ્ઞાન, ચીતરેલી ભીંતની માફક, અનંત- સ્વરૂપે પોતે જ પરિણમનું હોવાથી કેવળજ્ઞાન જ પરિણામ છે. મારે અન્ય પરિણામ ક્યાં છે કે જે દ્વારા ખેદતી ઉત્પત્તિ થાય?

૩. વળી કેવળ જ્ઞાન સમસ્ત સ્વભાવપ્રતિ ઘાતના અભાવને લીધે નિરંકુશ અનંત શક્તિ ઉલ્લસી હોવાથી સકળ ત્રિકારિક લોકાલોક-આકારમાં વ્યાપીને કુટસ્થ પણે અત્યંત નિષ્કંપ રહ્યું છે તેથી આત્માથી અભિન્ન એવી, સુખના લક્ષણભૂત અનાકુળતા ધરતું થકું કેવળજ્ઞાન જ સુખ છે. માટે કેવળજ્ઞાન અને સુખનો વ્યતિરેક (ભેદ) ક્યાં છે?

આથી કેવળજ્ઞાન એકાંતિક સુખ છે એમ સર્વથા અનુમોદવા યોગ્ય છે. આનંદથી સંમત કરવા યોગ્ય છે.

- જ્ઞાનવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થેયલા જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્તરૂપ દ્રવ્ય સમૂહ ને વિશેષ રૂપે જાણવામાં આવે છે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે અને તે સ્વાભાવિક હોય છે.
- કેવળજ્ઞાનને સ્પષ્ટ કરવા માટે તેના ત્રણ વિશેષણ આપવામાં આવ્યા છે. ૧. અત્યક્ષ ૨. અવ્યભિચારી અને ૩. સ્વ સંવિદિત ૧. અત્યક્ષ અલીન્દ્રિયને કહે છે. જે જ્ઞાન સ્પર્શનાદિ કોઈ પણ ઈન્દ્રિયની સહાય વિના જાણે છે તે અત્યક્ષ (અતીન્દ્રિય) જ્ઞાન કહેવાય છે. ૨. જે જ્ઞાનમાં કદી પણ અન્યથા પરિણામરૂપ, વ્યભિચાર-દોષ આવતો નથી, તેને અવ્યભિચારી સમજવું જોઈએ. ૩. અને જે જ્ઞાન સ્વયં પોતાના દ્વારા સમ્યક્ જણાય છે. ભાનું મંડળની જેમ પર દ્વારા અપ્રકાશિત હોય છે. તેને સ્વસંવિદિત કહેવામાં આવે છે. આત્માનું કેવળજ્ઞાન સિવાય, બીજું કોઈ પરમરૂપ નથી.
- જેની આદિ નથી તેમજ અંત નથી, જેનું કોઈ કારણ નથી અને જે અન્ય કોઈ દ્રવ્યમાં નથી એવા, જ્ઞાનસ્વબાવને જ ઉપાદેય કરીને, કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત શુક્લધ્યાન નામના સ્વસંવેદનજ્ઞાને, જ્યારે આત્મા પરિણામે છે ત્યારે તેના નિમિત્તે સર્વઘાતિ કર્મોનો ક્ષય થઈ જાય છે અને તે ક્ષય થવાના સમયે જ, આત્મા સ્વયમેવ કેવળજ્ઞાન રૂપે પરિણમવા લાગે છે. તે કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈવા, અવાય અને ધારણારૂપ, ક્રમથી જાણતા નથી, પરંતુ સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને યુગપદ જાણે છે; એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે.
- કેવળજ્ઞાન પ્રગટ થાય ત્યારે બહારથી આહારની ક્રિયા ન હોય. કેવળજ્ઞાની તો કાયમી સ્વરૂપમાં જામી ગયાં. તેમને આહારના રાગનો ક્ષય થઈ ગયો, તેથી બહારથી આહારની ક્રિયા પણ હોતી નથી. જ્યાં રાગનો ક્ષય થયો ત્યાં તેવા નિમિત્તો પણ હોતાં નથી. કેવળ જ્ઞાનીને વાણી અને વિહાર છે, તે માત્રયોગનો ઉદય છે, તેને અંદરના રાગ સાથે સંબંધ નથી. કેવળજ્ઞાની તો વીતરાગ છે, તેમને સર્વ રાગનો ક્ષય થયો છે. માત્ર યોગનો ઉદય છે. રાગનો ક્ષય થાય તો પણ, અમુક જાતના યોગનો ઉદય રહી જાય, એવો વસ્તુ સ્વભાવ છે. યોગ અને ઉપયોગનું સ્વરૂપ જુદું છે, તે બન્ને એક નથી.
- લોકલોકની ત્રણે કાળની સ્થિતિ, એક સાથે જ્ઞાનની દરેક અવસ્થામાં સહજ જાણે, તે કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે.
- જે ત્રણકાળવર્તી સર્વ પદાર્થોને (અનંત ધર્માત્મક સર્વ દ્રવ્ય ગુણ-પર્યાયોને) પ્રત્યેક સમયમાં યથાવસ્થિત, પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક સાથે જાણે છે, તેને કેવળજ્ઞાન કહે છે.

(દ્રવ્ય, ગુણ, પર્યાયને કેવળી ભગવાન જાણે છે, પરન્તુ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી, વિશેષને જાણતા નથી એમ માનવું અસત્ય છે. અને તેઓ અનંત ને કે માત્ર પોતાના આત્માને જ જાણે છે. પણ સર્વથા (સર્વ પ્રકારે) ન જાણે એમ માનવું તે પણ ન્યાયથી વિરુદ્ધ છે. કેવળજ્ઞાની ભગવાન સર્વજ્ઞ હોવાથી અનેકાન્તાત્મક-કાન્તાત્મક પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણે છે.

- શ્રીમદ્ રાજચંદ્ર સ્વરૂપને પ્રાપ્ત સમકિતી સત્પુરુષ થઈ ગયા. તેઓ કહે છે : ''જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ

જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છા દશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળ જ્ઞાન સર્વ આવ્યા બાદ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રામાં જીવ પામવા યોગ્ય થયો એ સદ્‌પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિ એ નમસ્કાર હો! નમસ્કાર હો! અરિહંતાણં એટલે અરિનામ વિકાર, ને હંત નામ, તેનો નાશ કરી સ્વના આશ્રયથી જે પૂરણ વીતરાગ સર્વજ્ઞદશાને પ્રાપ્ત થયા તે, અરિહંત પ્રભુ છે. હવે જેને અરિહંતદશા પ્રગટ નથી, પણ હું સર્વજ્ઞ સ્વરૂપી અખંડ એક આત્મ દ્રવ્ય છું, એમ પ્રતીતિમાં આવ્યું તેને તે શ્રધ્ધાપણે કેવળજ્ઞાન થયું. વળી તે કાળે પ્રગટ જ્ઞાનમાં એવો નિશ્ચય થયો, તે વિચાર દશાએ કેવળજ્ઞાન થયું, વળી સર્વજ્ઞસ્વભાવની પૂરણ પ્રગટતા રૂપ કેવળ જ્ઞાનની ભાવના થઈ તે, ઈચ્છા દશાએ કેવળજ્ઞાન થયું. પહેલાં પર્યાય બુદ્ધિમાં કેવળજ્ઞાનનાં શ્રદ્ધાન-જ્ઞાન ને ભાવના ન હતાં. પર્યાયબુદ્ધિમાં હું અલ્પજ્ઞ જ છું, એમ માન્યું હતું, અને તેમાં જ રાગબુદ્ધિ વર્તતી હતી. પણ હવે, ચૈતન્ય પ્રકાશનો પુંજ, જ્ઞાનાનંદનો દરિયો, શાંતરસનો સમુદ્ર છું, સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્મા છું એમ અંતરમાં સ્વીકાર થયો ત્યાં પર્યાયમાં શ્રદ્ધાપણે કેવળજ્ઞાન પ્રગટ થયું, વિચાર દશાએ કેવળજ્ઞાન પ્રગટ થયું ને અલ્પકાળમાં આ મતિ-શ્રુતજ્ઞાનનો વ્યય થઈ કેવળજ્ઞાન થશે-એમ ભાવનાદશાએ કેવળજ્ઞાન થયું, અહા! જેમ આરસનાં સ્થંભની એક હાંસ દેખાતી હોય તો તે એક હાંસના જ્ઞાનથી આખા સ્તંભનું જ્ઞાન થઈ જાય છે તેમ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિશ્ચય થતાં, જ્ઞાનમાં આખા જ્ઞેયનો નિશ્ચય થઈ જાય છે.

- મોહનો ક્ષય થવાથી (અંતર્મુહૂર્ત ક્ષણકષાય નામનું ગુણસ્થાન પામ્યા બાદ) જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણે કર્મોનો એકી સાથે ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે.
- પરિપૂર્ણ આત્મ સાધન જ્ઞાન
- જ્ઞાનાવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલ, જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્તરૂપ દ્રવ્યસમૂહને વિશેષરૂપે જાણવામાં આવે છે, તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે, અને તે સ્વાભાવિક હોય છે.
- કેવળજ્ઞાનને અનંત ચક્ષુ અથવા સર્વચક્ષુ પણ કહેલ છે. કેવળજ્ઞાનમાં લોક-અલોક (આખું વિશ્વ) અણુની જેમ ત્રિકાળ દ્રવ્ય ગુણ પર્યાય સહિત, એક સમયમાં સ્પષ્ટ દેખાય છે. આવું અચિંત્ય બે હદ જ્ઞાન શક્તિવાળું કેવળજ્ઞાન, દરેક આત્મા સધ ચૈતન્યમય હોવાથી તેના સ્વદ્રવ્ય અને સ્વભાવનું ત્રિકાળ શક્તિરૂપે વિદ્યમાન છે; તેનો કોઈ સમયે અભાવ નથી.
- લોકાલોકની અંદર રહેલા રૂપીઅરૂપી સર્વ દ્રવ્યોને તથા તેના અતીત, અનાગત અને વર્તમાન કાળના સર્વ પર્યાયોને એક સાથે એક સમયે જાણે તેને કેવળજ્ઞાન કહીએ. જે ત્રણ લોકના ત્રણ કલાવર્તી સર્વ પદાર્થોને (સર્વ-દ્રવ્ય-ગુણ પર્યાયો સહિત) ભિન્ન ભિન્ન પ્રત્યેક સમયમાં યથાસ્થિત પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક સાથે એક કાળમાં દેખે અને જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. કેવળજ્ઞાનમાં કાંઈ પણ જણાયા વિના રહેતું નથી. સર્વ જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થવાથી અનંત જ્ઞાનનો પ્રકાશ થવો તે કેવળજ્ઞાન છે. શુકલ ધ્યાનના પ્રભાવથી સર્વ જ્ઞાનાવરણ કર્મનો જ્યારે ક્ષય થઈ જાય છે. ત્યારે આ જ્ઞાન તેરમા ગુણ સ્થાન કે સયોગી કેવળી જિનને પ્રકટ થાય છે. એક વખત પ્રકાશ થયા પછી ફરી મલિન થતું નથી. પાંચ જ્ઞાનોમાં મતિ, શ્રુત, પરોક્ષ છે, કારણ કે ઈન્દ્રિય અને મનથી થાય છે પરંતુ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે કારણ કે આત્માથી થાય છે.કેવળજ્ઞાન શક્તિરૂપે રહ્યું છે કે સત્તારૂપે? દિગ્મબર સમ્પ્રદાય એમ કહે છે કે આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે રહ્યું છે. શ્વેતામ્બર સંપ્રદાય કેવળજ્ઞાન સત્તારૂપે રહ્યાનું કહે છે. શક્તિ શબ્દનો અર્થ સત્તાથી વધારે ગૌણ થાય છે. શક્તિરૂપે છે એટલે આવરણથી રોકાયું નથી, જેમ જેમ શક્તિ વધતી જાય એટલે તેના ઉપર જેમ જેમ પ્રયોગ થતા જાય, તેમ તેમ જ્ઞાન વિશુદ્ધ થતું જઈ કેવળાજ્ઞાન પ્રગટ થાય. સત્તામાં એટલે આવરણમાં રહ્યું છે એમ કહેવાય. સત્તામાં કર્મપ્રકૃતિ હોય

તે ઉદયમાં આવે એ શક્તિરૂપે ન કહેવાય. સત્તામાં કેવળજ્ઞાન હોય અને આવરણમાં ન હોય, એમ ન બને. ''ભગવતી આરાધના'' જોશો.

- કેવળજ્ઞાનનો અર્થ વર્તમાનમાં શાસ્ત્રવેત્તા માત્ર શબ્દ બંધથી જે કહે છે તે પથાર્થ નથી. વળી ભૂત ભવિષ્ય જાણવું એનું નામ કેવળજ્ઞાન છે, એવી વ્યાખ્યા મુખ્યપણે શાસ્ત્રકારે પણ કહી નથી. જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવું તેને કેવળજ્ઞાન જ્ઞાની પુરુષોએ કહ્યું છે અને તે જ્ઞાનમાં મુખ્યતો આત્મસ્થિતિ અને આત્મસમાધિ કહ્યાં છે.
- જે ત્રણ કાળ અને ત્રણલોકવર્તી સર્વ પદાર્થોને (અનન્ત ધર્માત્મક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને) પ્રત્યેક સમયમાં યથાસ્થિત, પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એકસાથે જાણે છે, તેને કેવળજ્ઞાન કહે છે.

  સર્વ દ્રવ્ય ગુણ-પર્યાયને, કેવળજ્ઞાની ભગવાન જાણે છે પણ તેના અપેક્ષિત ધર્મોને, જાણી શકતા નથી- એમ માનવું તે અજ્ઞાન છે. તે અસત્ય છે અને તે અનંતને અથવા માત્ર પોતાના આત્માને જ જાણે, પણ સર્વને ન જાણે એમ માનવું તે પણ, ન્યયથી વિરુધ્ધ છે.

  કેવળજ્ઞાની ભવાન જ્ઞાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા રૂપ ક્રમથી જાણતા નથી. પરંતુ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ, ભાવને યુગપત્ (એક સાથે) જાણે છે. એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે. અતિ વિસ્તારથી બસ થાઓ, અનિવારિક (રોકી ન શકાય એવો એમર્યાદિત) જેનો ફેલાવ છે, એવા પ્રકાશવાળું હોવાથી જ્ઞાયિકજ્ઞાન (કેવળજ્ઞાન)અવશ્યમેવ, સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને જાણે છે.

  નોંધઃ- શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે કે, પ્રત્યેક દ્રવ્યમાંથી નિશ્ચિત અને ક્રમબદ્ધ પર્યાય થાય છે. આડા અવળા થતા નથી.
- નિજ સ્વભાવજ્ઞાનમાં કેવળ ઉપયોગે તન્મયાકાર, સહજ સ્વભાવે નિર્વિકલ્પણે આત્મા પરિણમે, તે કેવળ જ્ઞાન છે.

  (૧) કાળ પરિવર્તન સ્વરૂપ

  (૨) કર્મ ભૂમિ

  (૩) કુલાચલ

  (૪) કૃષિકર્મ
- અસહાય જ્ઞાન; એટલે કે ઈન્દ્રિય મન કે આલોકની અપેક્ષા રહિત આ જ્ઞાન છે, ત્રિકાળગોચર અનંત પદાર્થોને પ્રાપ્ત અનન્ત વસ્તુઓને તે જાણે છે. અસંકુચિત (સંકોચ વગરનું) છે, અને અપ્રતિક્ષારહિત છે, કેવળજ્ઞાન અમર્યાદિત છે. સર્વદ્રવ્ય અને તે દ્રવ્યના ત્રિકાળવર્તી અનંતાનંત પર્યાયોને અક્રમથી એક કાળે કેવળજ્ઞાન જાણે છે; તે જ્ઞાન સહજ (ઈચ્છા વિના) જાણે છે. કેવળજ્ઞાનમાં એવી શક્તિ છે કે અનંતાનંત લોક-અલોક હોય તો પણ તેને જાણવાને કેવળજ્ઞાન સમર્થ છે.
- જે સર્વ દ્રવ્યો અને તેના સર્વ પર્યાયોને યુગપત્ (એકસાથે) પ્રત્યક્ષ જાણે તે કેવળજ્ઞાન છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન :કેવળી ભગવાનને કેવળજ્ઞાન અને કેવળ દર્શન, એક સાથે જ પ્રવર્તે છે. આ પ્રમાણે હોવા છતાં કેવળી ભગવાનને તેમજ સિદ્ધભગવાનને જે સમયે જ્ઞાનપયોગ હોય, ત્યારે દર્શનોપયોગ ન હોય અને જ્યારે દર્શનોપયોગ હોય, ત્યારે જ્ઞાનોપયોગ ન હોય એમ માનવું, તે મિથ્યા માન્યતા છે.

કેવળજ્ઞાન એકાંતિક સુખ છે. :કેવળ જ્ઞાનમાં પણ પરિણામ થયા કરતાં હોવાથી થાક લાગે અને તેથી દુઃખ થાય; માટે કેવળજ્ઞાન એકાંતિક સુખ કઈ રીતે હોઈ શકે? એવી શંકાનું અહીં સમાધાન કરે છે.

૧. પરિણામ માત્ર થાકનું કે દુઃખનું કારણ નથી, પણ ઘાતિ કર્મોના નિમિત્તે થતા પરસન્મુખ પરિણામ થાકનાં કે દુઃખના કારણ છે. કેવળજ્ઞાનમાં ઘાતિકર્મો અવિદ્યમાન હોવાથી ત્યાં થાક કે દુઃખ નથી.

૨. વળી કેવળજ્ઞાન પોતે જ પરિણામ શીલ છે; પરિણમન કેવળજ્ઞાનનું સ્વરૂપ જ છે, ઉપાધિ નથી. પરિણામનો નાશ થાય તો કેવળપાનનો જ નાશ થાય. આ રીતે પરિણામ કેવળજ્ઞાનનું સહજ સ્વરૂપ હોવાથી કેવળજ્ઞાનને પરિણામ દ્વારા ખેદ હોઈ શકે નહિ હોતો નથી.

૩. વળી કેવળજ્ઞાન આખા ત્રિકાળિક લોકલોકના આકારને (સમસ્ત પદાર્થોના ત્રિકાળિક જ્ઞેયાકાર સમૂહને) સર્વદા અડોલપણે જાણતું થકું અત્યંત નિષ્કંપ-સ્થિર-અક્ષુબ્ધ-અનાકુળ છે; અને અનાકુળ હોવાથી સુખી છે. સુખ સ્વરૂપ છે, કારણ કે અનાકુળતા સુખનું જ લક્ષણ છે.

આમ કેવળજ્ઞાન અને અક્ષુબ્ધતા અનાકુળતા ભિન્ન નહિ હોવાથી કેવળજ્ઞાન અને સુખ ભિન્ન નથી.

આ રીતે ૧. ઘાતિકર્મોના અભાવને લીધે, ૨. પરિણામ કોઈ ઉપાધિ નહિ હોવાને લિધે, અને ૩. કેવળજ્ઞાન નિષ્કંપ સ્થિર અનાકુળ હોવાને લીધે, કેવળજ્ઞાન સુખસ્વરૂપ જ છે.

કેવળ જ્ઞાન ક્યારે પ્રગટ થાય? :ચાર ઘાતિ કર્મનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. મોહનીય કર્મ જેની મિથ્યાત્વ તથા કષાદાદિરૂપે ૨૮ પ્રકૃત્તિઓ છે. અંતરાય કર્મના દાન, લાભ, ભોગ, ભોગ-ઉપભોગ અને વીર્ય નામની પાંચ પ્રકૃતિઓ છે અને આવરણરૂપ જ્ઞાન અને દર્શનવીર્ય નામની પાંચ પ્રકૃત્તિઓ છે અને આવરણ રૂપ જ્ઞાન અને દર્શન આવરણરૂપ બે કર્મ મળીને કુલ ચાર મૂળ પ્રકૃત્તિઓ મળીને ઘાર્તિકર્મની પ્રકૃતિઓ કહેવામાં આવે છે. તેમનો પૂર્ણ રીતે ક્ષય થતાં આત્મામાં કેવળ જ્ઞાનનો ઉદય થાય છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ :શુદ્ધોપયોગી જીવ, ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે; અને એ રીતે, મોહનો ક્ષય કરી નિર્વિકાર ચેતનવાળો થઈને, બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો યુગપદ ક્ષય કરી, સર્વ જ્ઞેયોને જાણનારા, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ રીતે શુદ્ધોપયોગથી જ, શુદ્ધાત્મસ્વભાવનો લાભ થાય છે.

કેવળ જ્ઞાનની શક્તિ અને કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ :જે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનું છે તે જીવમાં કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ સધય છે. કેવળજ્ઞાનની શક્તિ અને કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ એ બન્ને જુદી ચીજ છે. કેવળજ્ઞાનીની શક્તિ તો અભવ્યમાં પણ છે, પરંતુ કેવળજ્ઞાન પ્રગટવાનો ધર્મ અભવ્યમાં નથી. અભવ્યમાં કેવળજ્ઞાનની શક્તિરૂપ સ્વભાવ છે, પણ તેને કેવળજ્ઞાન પર્યાય કહી પ્રગટે નહિ. એવો પણ તેનો સ્વભાવ છે.

કેવળજ્ઞાની :ચારિત્રાવરણથી સંપૂર્ણપણે મુક્ત. (૨) કેવળી (૩) કેવળજ્ઞાનીને શરીર સંબંધી સુખ કે દુઃખ નથી. કારણ કે અતીન્દ્રિયપણું થયું છે તેથી એમ જાણવું. કેવળી ભગવાનને સર્વ દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે; તે તેમને અવગ્રહ આદિ ક્રિયાઓથી નથી જાણતા. એકી સાથે જણાય છે. કેવળી ભગવાન સદા ઈન્દ્રિયાતીત છે. જે સર્વતરફથી (સર્વ આત્મપ્રદેશે સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે, અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલ છે. તે કેવળી ભગવાનને કાંઈ પણ પરોક્ષ નથી.

કેવળ દર્શન :સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ), મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે, સામાન્યતઃ અવબોધે છે, તે સ્વાભાવિક કેવળદર્શન છે. (૨) કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને કેવળ દર્શન કહે છે. આત્મા સ્વ-પરનો દર્શન અને સ્વ-પરનો જ્ઞાયક છે.

કેવળશ્રી :કેવળજ્ઞાન દર્શનરૂપી લક્ષ્મી; અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાન દર્શન જેમનો સ્વભાવ છે એવા (કેવળ જ્ઞાની અને કેવળ દર્શની જિનવીર.

કેવળસ્થિતિ :(ઉત્પાદન અને વ્યય વિનાનું) એકલું ધ્રુવપણું, એકલું ટકાવપણું; એકલું અવસ્થાન, (અન્વય વ્યતિરેકો સહિત જ હોય છે. તેથી ધ્રૌવ્ય ઉત્પાદ વ્યયસહિત જ હોય છે. એકલું હોઈ શકે નહિ. જેમ ઉત્પાદ (અથવા વ્યય) દ્રવ્યનો અંશ છે- સમગ્ર દ્રવ્ય નથી, તેમ ધ્રૌવ્ય પણ દ્રવ્યનો અંશ છે- સમગ્ર દ્રવ્ય નથી.)

કેવળી :જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો, એકી સાથે પરિણમે છે, એ કેવળજ્ઞાન વડે, કેવળ આત્માને અનુભવે છે, તે કેવળી કહેવાય છે. કેવળી સૂર્યસમાન કેવળજ્ઞાન વડે, આત્માને દેખે-અનુભવે છે. (૨) સર્વજ્ઞ (૩) ભગવાન સમસ્ત પદાર્થને જાણે છે તેથી કાંઈ તેઓ કેવળી કહેવાતા નથી, પરંતુ કેવળ અર્થાત્ શુદ્ધ આત્માને જાણતા-અનુભવતા હોવાથી તેઓ કેવળી કહેવાય છે. કેવળ શુદ્ધ આત્માને જાણનાર. અનુભવનાર શ્ત્રુતજ્ઞાની પણ શ્ત્રુકેવળી કહેવાય છે.

કેવળી અને શ્રુતકેવળી :કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે, - કેવળી, જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકીસાથે, પરિણમે છે એવા કેવળજ્ઞાન વડે,

કેવળ આત્માને અનુભવે છે. અને શ્રુતકેવળી, જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે, કેવળ આત્માને અનુભવે છે; અર્થાત્, કેવળી સૂર્ય સમાન કેવળજ્ઞાન વડે, આત્માને દેખે-અનુભવે છે. અને શ્રુત કેવળી, દીવા સમાન શ્રુતજ્ઞાન વડે, આત્માને દેખે-અનુભવે છે. આ રીતે કેવળીમાં અને શ્રુતકેવળીમાં સ્વરૂપ સ્થિરતાની તરતમતા રૂપ, ભેદ જ મુખ્ય છે, વત્તુઓછું (વધારે ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ, અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી, સ્વરૂપમાં જ નિશ્ચળ રહેવું યોગ્યછે, એ જ કેવળ જ્ઞાન પ્રાપ્તિ નો ઉપાય છે.

કેવળી ભગવંતોની ક્રિયાઓ :કેવળી ભગવંતોને સ્થાન (ઊભા રહેવું), આસન (બેસવું), અને વિહાર એ કાયયોગસંબંધી ક્રિયાઓ તથા દિવ્યધ્વનિથી નિશ્ચયવ્યવહારસ્વરૂપ ધર્મનો ઉપદેશ, એ વચનયોગસંબંધી ક્રિયા, અઘાતી કર્મના નિમિત્તે સહજ જ થાય છે. તેમાં કેવળી ભગવંતની ઈચ્છા, લેશમાત્ર નથી, કારણ કે મોહનીયકર્મનો જ્યાં સર્વથા ક્ષય થયો છે, ત્યાં તેના કાર્યભૂત ઈચ્છા ક્યાંથી હોય ? આ રીતે ઈચ્છા વિના જ-મોહરાગદ્વેષ વિના જ, થતી હોવાથી, કેવળીભગવંતોને, તે ક્રિયાઓ બંધનું કારણ થતી નથી.

કેવળી ભગવાન :કેવળી ભગવાનને વેદનીય, નામ અને ગોત્ર કર્મની સ્થિતિ ક્યારેક, સ્વભાવથી જ (અર્થાત્ કેવળી સમદ્રૂઘાતરૂપ નિમિત્ત હોયા વિના જઃ), આયુકર્મના જેટલી હોય છે. અને ક્યારેક, તે ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મની વધારે હોવા છતાં, તે સ્થિતિ ઘટી આયુકર્મ જેટલી થવામાં, કેવળી સમુદ્ઘાત નિમિત્ત બને છે. (૨) કેવળી ભગવાનને શરીર સંબંધી ક્ષુદ્ધાદિ દુઃખ કે ભોજનાદિ સુખ હોતું નથી તેમને કેવલાહાર હોતો નથી. (૩) કેવળી ભગવાનની વાણી તાળુ, ઓષ્ઠ વગેરે દ્વારા નીકળે, અને તેમાં ક્રમરૂપ ભાષા ન હોય. પણ સર્વાંગ નિરક્ષરી વાણી નીકળે- ૐ કારરૂપ ધ્વનિ નીકળે.

કેવળી ભગવાનને કર્મવિપાક :કેવળી ભગવાન, નિર્વિકાર-પરમાનંદ સ્વરૂપ, સ્વાન્મોત્પન્ન સુખથી તૃપ્ત છે. તેથી કર્મની વિપાક, જેમાં નિમિત્ત. ભૂત હોય છે, એવી સાંસારિક સુખ દુઃખરૂપ (હર્ષ વિષાદરૂપ) વિક્રિયા, તેમને વિરામ પામી છે.

કેવળી ભગવાનના અવર્ણવાદનું સ્વરૂપ :

૧. ક્ષુધા અને તૃષા તે પીડા છે, તે પીડાથી આર્ત (દુઃખી) થતા જીવો જ આહાર લેવાની ઈચ્છા કરે છે. ક્ષુધા કે તૃષાને કારણે દુઃખનો અનુભવ થવો, તે આર્તધ્યાન છે. કેવળી ભગવાન ને સંપૂર્ણ જ્ઞાન અને અનંત સુખહોય છે. તથા તેમને પરમ શુકલધ્યાન વર્તે છે; તે અવસ્થાને શુક્લધ્યાન પણ ઉપચારથી કહેવાય છે. ઈચ્છા તો વર્તમાન વર્તતી દશા ઉપરના અણગમો, અને પર વસ્તુ તરફના રાગની હૈયાતી સૂચવે છે. કેવળી ભગવાનને ઈચ્છા હોય જ નહિ; છતાં કેવળી ભગવાન અન્નો આહાર (કવળાહાર) કરે એમ માનવું તે ન્યાય વિરુદ્ધ છે. કેવળી ભગવાનને સંપૂર્ણ વીર્ય પ્રગટ્યું હોવાથી ઈચ્છા હોય જ નહિ. ઈચ્છા તે દુઃખ છે લોભ છે. માટે કેવળી ભગવાનમાં આહારની ઈચ્છાનો દોષ કલ્પવો તે જીવના પોતાના શુદ્ધ સ્વરૂપનો અવર્ણવાદ છે અને ઉપચારથી અનંત કેવળી ભગવાનનો અવર્ણવાદ છે. તે દર્શન મોહનીય કર્મના આસ્રવનું કારણ છે. એટલે કે તે અનંત સંસારનું કારણ છે.

૨. આત્માને કેવળજ્ઞાન પ્રગટ્યાપછી શરીરમાં ઝાડાનું કે બીજુંકોઈ દરદ થાય અને તેની દવા લેવી કે દવા લાવવા માટે કોઈને કહેવું તે અશક્ય છે. (તીર્થંકર ભગવાનને જન્મથી જ મળ મૂત્રહોતાં નથી અને તમામ કેવળી ભગવાનોને કેવળજ્ઞાન થયા પછી, આહાર-નિહાર હોતા નથી.) દવા લેવાની ઈચ્છા થવી અને દવા લાવવા માટે કોઈ શિષ્યને કહેવું તે બધું દુઃખની હયાતી સૂચવે છે. અનંત સુખના સ્વામી, કેવળી ભગવાનને આકુળતા, વિકલ્પ,લોભરૂપ ઈચ્છા કે દુઃખ હોય એમ કલ્પવું એટલે કે કેવળી ભગવાનને સામાન્ય છદ્મસ્થ છે જેવા કલ્પી લેવા, તે ન્યાય વિરુદ્ધ છે. જો આત્મા પોતાનું સાચું સ્વરૂપ સમજે, તો આત્માની બધી દશાઓનું સ્વરૂપ ખ્યાલમાં આવે. ભગવાન છદ્મસ્થ મુનિદશામાં કરપાત્ર (હાથમાં ભોજન કરનારા) હોય છે. અને આહાર માટે જાતે જ જાય છે; અને કેવળજ્ઞાન થયા પછી રોગ થાય, દવાની

ઈચ્છા ઉપજે અનેતે લાવવા માટે શિષ્યને આજ્ઞા કરે તે અશક્ય છે. કેવળજ્ઞાન થતાં શરીરની અવસ્થા ઉત્તમ થાય છે. અને પરમ ઔદારિકપણે પરિણમી જાય છે. તે શરીરમાં રોગ હોય જ નહિ. જ્યાં રોગ હોય ત્યાં રાગ હોય જ, એ અબાધિત સિદ્ધાંત છે. ભગવાનને રાગ નથી, તેથી તેમના શરીરને રોગ પણ કદી હોતો જ નથી. આનાથી વિરુદ્ધ માનવું તે, પોતાના આત્મસ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવંતોનો અવર્ણવાદ છે.

૩. કોઈપણ જીવને ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન પ્રગટે એમ માનવું, તે ભૂલભરેલું છે. ગૃહસ્થપણું છોડયા વિના ભાવસાધુપણું આવી શકે જ નહિ; ભાવસાધુપણું આવ્યા વગર કેવળજ્ઞાન તે પ્રગટે જ શી રીતે? ભાવસાધુપણું છઠ્ઠા-સાતમા ગુણ સ્થાને હોય છે, અને કેવળજ્ઞાન તેરમા ગુણસ્થાને હોય છે; માટે ગૃહસ્થપણામાં કદી પણ કોઈ જીવને કેવળજ્ઞાન થાય નહિ. આનાથી વિરુદ્ધ માન્યા તે, પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવાનોનો અવર્ણવાદ છે.

૪. છદ્મસ્થ જીવોને જે જ્ઞાન-દર્શન-ઉપયોગ થાય છે તે જ્ઞેય સન્મુખ થવાથી થાય છે, એ દશામાં એક જ્ઞેયથી ખસીને બીજા જ્ઞેય તરફ પ્રવૃત્તિ કરે છે. એવી પ્રવૃત્તિ વિના છદ્મસ્થ જીવનું જ્ઞાન પ્રવૃત્તિ થતું નથી; તેથી પહેલાં ચાર જ્ઞાન સુધીના કથનમાં, ઉપયોગ શબ્દનો પ્રયોગ તેના અર્થ પ્રમાણે (ઉપયોગના અન્વયાર્થ પ્રમાણે) કહી શકાયઃ પરંતુ કેવળજ્ઞાન અને કેવળદર્શન તો અખંડ અવિચ્છિન્ન છે, તેને જ્ઞેય સન્મુખ થવું પડતું નથી. એટલે કે કેવળજ્ઞાન તથા કેવળદર્શનને એક જ્ઞેયથી ખસીને બીજા જ્ઞેય તરફ જોડાવું પડતું નથી; માટે કેવળજ્ઞાન અને કેવળદર્શનને ઉપયોગ કહેવો તે ઉપચાર છે. કેવળીભગવાનને, કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે જ પ્રવર્તે છે. આ પ્રમાણે હોવા છતાં કેવળીભગવાનને તેમજ સિદ્ધ ભગવાનને જે સમયે જ્ઞાનોપયોગ હોય, ત્યારે દર્શનોપયોગ ન હોય અને જ્યારે દર્શનોપોયોગ હોય ત્યારે જ્ઞાનોપયોગ ન હોય, એમ માનવું તે મિથ્યા માન્યતા છે; તે માન્યતા કેવળીભગવાનને તથા સિદ્ધ ભગવાનને કેવળજ્ઞાન પ્રગટ્યા પછી જે અનંત કાળ છે તેના અર્ધા કાળમાં જ્ઞાનના કાર્ય વગર અને અર્ધા કાળમાં દર્શના કાર્ય વગર કાઢવાનો હોય છે એમ કહેવા બરાબર છે. એ માન્યતા ન્યાય વિરુદ્ધ છે. શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગાવનનો અવર્ણવાદ છે.

૫. ચોથું ગુણસ્થાન (સમ્યગ્દર્શન) સાથે લઈ જનાર આત્મા પુરુષપણે જન્મે છે. સ્ત્રીપણે જન્મતા નથી; તેથી સ્ત્રીપણે કોઈ તીર્થંકર હોઈ શકે નહિ; કેમ કે તીર્થંકર થનાર આત્મા સમ્યગ્દર્શન સહિત જ જન્મે છે, તેથી તે પુરુષ જ હોય છે. જો કોઈ કાળે પણ એક સ્ત્રી તીર્થંકર થાય એમ માનીએ તો (ભૂત-ભવિષ્યની અપેક્ષાઓ ભલે લાંબા કાળે થાય તો પણ) અનંત સ્ત્રીઓ તીર્થંકર થાય અને તેથી સમ્યગ્દર્શન સહિત આત્મા સ્ત્રીપણે ન જન્મે એ સિદ્ધાંત તૂટી જાય; માટે સ્ત્રીને તીર્થંકર પણું માનવું તે મિથ્યા માન્યતા છે; અને એમ માનનારે આત્માની શુદ્ધ દશાનું સ્વરૂપ જાણ્યું નથી. તે ખરેખર પોતાના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગાવનનો અવર્ણવાદ કરે છે.

૬. કોઈપણ કર્મભૂમિની સ્ત્રીને પ્રથમનાં ત્રણ ઉત્તમ સંહનનનો ઉદય હોતો જ નથી; જ્યારે જીવને કેવળજ્ઞાન થાય ત્યારે પહેલું જ સંહન હોયછે. એવો કેવળાન અને પહેલાં સંહનને નિમિત્ત-નૈમત્તિક સંબંધી છે. સ્ત્રીને પાંચમાં ગુણસ્થાન ઉપરની દશા પ્રગટ થતી નથી, છતાં સ્ત્રીને, તે જ ભયે કેવળજ્ઞાન થાય, એમ માનવું તે પોતાના શુદ્ધ સ્વરૂપનો અવર્ણવાદ છે. અને ઉપચારથી અનંત કેવળી ભગવાનોનો તથા સાધુસંઘનો અવર્ણવાદ છે.

૭. કેવળી ભગવાનની વાણી તાળુ, ઓષ્ઠ વગેરે દ્વારા નીકળે નહિ અને તેમાં ક્રમરૂપ ભાષા ન હોય. પણ સર્વાંગ નિરક્ષરી વાણી નીકળે. આનાથી વિરુદ્ધ માનવું, તે આત્માના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી કેવળી ભગવાનનો અવર્ણવાદ છે.

૮. સાતમા ગુણસ્થાનથી વંદ્ય-વંદક ભાવ હોતો નથી. તેથી ત્યાં વ્યવહાર, વિનય-વૈયાવૃત્ય વગેરે હોતાં નથી.કોઈ જીવ કેવળજ્ઞાન થયા પછી ગૃહસ્થ, કુટુમ્બીઓ સાથે રહે કે ગૃહકાર્યમાં ભાગ છે, એમ માનવું તે વીતરાગને સરાગી માનવા બરાબર છે. કોઈપણ દ્રવ્ય સ્ત્રીને કેવળજ્ઞાન ઉત્પન્ન થાય એમ માનવું તે ન્યાયવિરુદ્ધ છે. કર્મભૂમિની મહિલાને પહેલાં ત્રણ સંહનન હોતાં જ નથી. અને ચોથું સંહનન હોય, ત્યારે વધારેમાં વધારે સોળમાં સ્વર્ગ સુધી

તે જીવ જઈ શકે છે, આથી વિરુદ્ધ માનવું તે આત્માના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવાનનો અવર્ણવાદ છે.

૯. આત્મા સર્વજ્ઞ ન થઈ શકે એમ કેટલાકનું માનવું છે; તે માન્યતા ભૂલભરેલી છે. આત્માનું સ્વરૂપ જ જ્ઞાન છે. જ્ઞાન શું ન જાણે? જ્ઞાન સર્વને જાણે એવી તેનામાં શક્તિ છે અને વીતરાગી વિજ્ઞાન વડે તે શક્તિ પ્રગટ કરી શકાય છે. વળી કેટલા એક એમ માને છે કે, કેવળજ્ઞાની આત્મા સર્વ દ્રવ્યો, તેના અનંતગુણો અને તેના અનંત પર્યાયોને એક સાથે જાણે છે, છતાં તેમાંથી કેટલું જાણપણું હોતું નથી. જેમ કે, એક છોકરો બીજા છોકરાથી કેટલો મોટો, કેટલા હાથ લાંબો; એક ઘર બીજા ઘરથી કેટલા હાથ દૂર – એ વગેરે બાબત કેવળ જ્ઞાનમાં જણાતી નથી, આ માન્યતા દોષિત છે; તેમાં આત્માના શુદ્ધ સ્વરૂપને અને ઉપચારી અનંત કેવળી ભગવાનોનો અવર્ણવાદ છે.

૧૦. શુન્યથી ધર્મ થાય; શુભ કરતાં કરતાં ધર્મ થાય, એવો ઉપદેશ કેવળી તીર્થંકર ભગવાને કર્યો છે. એમ માનવું તે તેમનો અવર્ણવાદ છે. શુભ ભાવ વડે ધર્મ થતો હોવાથી ભગવાને શુભ ભાવો કર્યા હતા. ભગવાને તો બીજાઓનું ભલું કરવામાં પોતાનું જીવન અર્પી દીધું હતું, એ વગેરે પ્રકારે ભગવાનની જીવન કથા આલેખવી તે, પોતાના શુદ્ધ સ્વરૂપનો અને ઉપચારથી અનંત કેવળી ભગવાનનો અવર્ણવાદ છે.

૧૧. પ્રશ્નઃ- જો ભગવાને પરનું કાંઈ નથી કર્યું તો પછી જગત્ ઉદ્ધારક, તરણતારણ, જીવનદાતા, બોધિદાતા ઈત્યાદિ ઉપનામોથી ભગવાન કેમ ઓળખાવાય છે?

ઉત્તરઃ- એ બધાં ઉપનામો ઉપચારથી છે, જ્યારે ભગવાનને દર્શન વિશુદ્ધિની ભૂમિકામાં અનિચ્છકભાવે ધર્મરાગ થયો ત્યારે તીર્થંકર નામ કર્મ બંધાઈ ગયું. તત્ત્વસ્વરૂપ એમ છે કે, ભગવાનને તીર્થંકર પ્રકૃતિ બંધાતી વખતે જે શુભભાવ થયો હતો તે, તેમણે ઉપાદેય માન્યો જ ન હતો. પણ તે શુભભાવ અને તે તીર્થંકર પ્રકૃતિ-બંનેનો અભિપ્રાયમાં નકાર જ હતો. તેઓ રાગને તોડવાનો પુરુષાર્થ કરતા હતા. છેવટે રાગ ટાળી વીતરાગ થયા પછી, કેવળજ્ઞાન પ્રગટ્યું અને દિવ્યધ્વનિ સ્વયં પ્રગટયો; લાયક જીવો તે સાંભળીને સ્વરૂપ સમજ્યા અને તેવા જીવોએ ઉપચારથી જગત ઉદ્ધારક, તરણ તારણ ઈત્યાદિ ઉપનામ ભગવાનને આપ્યાં. જો ખરેખર ભગવાને બીજા જીવોનું કાંઈ કર્યું હોય કે કરી શકતા હોય તો જગતના સર્વે જીવોને મોક્ષમાં સાથે કેમ ન લઈ ગયા? માટે શાસ્ત્રનું કથન કયાં નામનું છે તે લક્ષમાં રાખીને, તેના યથાર્થ અર્થ સમજવા જોઈએ. ભગવાનને પરના કર્તા ઠરાવવા તે પણ ભગવાનનો અવર્ણવાદ છે. એ વગેરે પ્રકારે આત્માના શુદ્ધ સ્વરૂપમાં દોષોની કલ્પના આત્માને અનંત સંસારનું કારણ છે. આ પ્રમાણે કેવળી ભગવાનના અવર્ણવાદનું સ્વરૂપ કહ્યું.

કેવળીઓ :સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા ને કેવલજ્ઞાનીઓ આનો અર્થ એ થયો કે નીચેનાં ગુણસ્થાનોમાં પણ થોડું પ્રત્યક્ષ જ્ઞાન હોય છે. અવધિજ્ઞાન પણ પરને જાણવામાં દેશ-અંશે પ્રત્યક્ષ છે, અને મનઃ પર્યયજ્ઞાન પણ પરને જાણવામાં પ્રત્યક્ષ છે, કેમ કે પરની સહાયવિના જાણે છે,; પણ એ મનનો એક પ્રકાર છે માટે તેને પરોક્ષ પણ કહે છે. આ ચારેય જ્ઞાનને પરોક્ષ કહ્યાં છે. ભગવાન કેવલી સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા છે. એટલે શું? કે બધુંય ત્રણ-ત્રણ લોકવર્તી સમસ્ત દ્રવ્ય ગુણપર્યાય આદિ લોકાલોક સહિત ભગવાન કેવળીને યુગપદ્ પ્રત્યક્ષ થયું છે. આવા સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા ભગવાન કેવળીઓએ આનિયમસાર કહ્યું છે. અને શ્રુત કેવળીઓ તે સકળ દ્રવ્ય શ્રુતના ધરનારા છે. મતલબ કે જેટલાં શાસ્ત્રો છે તે બધાને તેમણે ધારી રાખ્યાં છે. (૨) સકલ પ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા

કેવળીના કેડાયતો :દિગંબર સંતો

કેવળીની સ્તુતિ :ભગવાન આત્મા શુધ્ધ ચૈતન્ય ઘન છે. દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિય-વિષયો એ ત્રણેય જ્ઞેય છે. એ પોતાની ચીજ નથી એમ જાણવું એને સર્વજ્ઞ પરમાત્મા કેવળીની સ્તુતિ કહે છે. જે પોતાની ચીજ હોય તે દૂર ન થાય, અને જે દૂર થાય એ પોતાની ચીજ કેમ હોય ? જેણે કેવળીની સ્તુતિ કરવી હોય તેણે આનંદ અને સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ ભગવાન

આત્મા સાથે રાગ અને નિમિત્તથી ભિન્ન પડી, એકતાની નિર્વિકલ્પ ભાવના કરવી.

કેવળીનો અવર્ણવાદ કરવો :કેવળીપણું, મુનિપણું, ધર્મ અને દેવપણું તે આત્માની જ જુદી જુદી અવસ્થાઓનું સ્વરૂપ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પાંચેપદ નિશ્ચયથી આત્મા જ છે. તેથી તેમનું સ્વરૂપ સમજવામાં જો ભૂલ થાય અને તેમનામાં ન હોય તેવા દોષો તેમનામાં કલ્પવામાં આવે, તો આત્માનું સ્વરૂપ સમજાય નહિ અને મિથ્યાત્વભાવનું વિશેષ પોષણ થાય. ધર્મ તે આત્માનો સ્વભાવ છે માટે, ધર્મ સંબંધી જુઠી દોષ કલ્પના કરવી તે પણ મહાન દોષ છે.

કુશતા :દુર્બળતા.

કુશ્રુત :તર્કજ્ઞાન; વિપરીત-ઊંધા, તર્કસહિત જ્ઞાન હોય તે કુશ્રુત છે.

કુશ્રુતજ્ઞાન :મિથ્યા દૃષ્ટિ જીવનું જે શ્રુત જ્ઞાન છે, તે કુશ્રુત જ્ઞાન છે. ભલે ને તે અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો હોય. તો પણ તે કુશ્રુત જ્ઞાન છે. કેમ કે ભગવાન આત્મા, તેને હાથ (નજરમાં દૃષ્ટિમાં) આવ્યો નથી. ભગવાન આત્માના તળના તળિયાં અજ્ઞાનીએ તપાસ્યાં નથી. ઉપર-ઉપર એકલા રાગ ને પર્યાય ને તપાસી જોઈ છે, ને તેને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. માટે વિપરીત શ્રદ્ધાવાળું હોવાથી તેના શ્રુતજ્ઞાનને કુશ્રુત જ્ઞાન કહેવામાં આવ્યું છે. (૨) મિથ્યાદર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન, કુશ્રુતજ્ઞાન છે. મિથ્યાત્વ દ્વારા, અર્થાત્ ભવ-આવરણ દ્વારા, અજ્ઞાન (કુમતિજ્ઞાન-કુશ્રુતજ્ઞાન-તથા વિભંગજ્ઞાન) અને અવિરતિ ભાવ હોય છે. તથા જ્ઞેયને અવલંબતાં (જ્ઞેય સંબંધી વિચાર અથવા જ્ઞાન કરતાં), તે તે કાળે દુઃનય અને દુઃપ્રમાણ હોય છે. (મિથ્યાદર્શનના સદ્‌ભાવમાં વર્તતું મતિજ્ઞાન, તે કુમતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન કે કુશ્રુતજ્ઞાન છે. અવધિ જ્ઞાન છે, તે વિભંગ જ્ઞાન છે; તેના સદ્‌ભાવમાં વર્તતા નયો, તે દુઃનયો છે, અને પ્રમાણે, તે દુઃપ્રમાણા છે.) (૩) મિથ્યાદર્શનના ઉદય સાથેનું, શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે.

કુશ્રુતિ :કુશ્રવણ; રાગ-દ્વેષ-મોહ જનિત શ્રવણ

કેશવ્રતના પાંચઅતિચતારો :૧. મર્યાદા બહારની ચીજ મંગાવવી, ૨. મર્યાદા બહાર નોકર વગેરેને મોકલવા, ૩. ખાંસી, શબ્દ વગેરેથી મર્યાદા બહારના જીવોને પોતાનો અભિપ્રાય સમજાવી દેવો. ૪. પોતાનું રૂપ વગેરેદેખાડીને મર્યાદા બહારના જીવોને ઈસારા કરવા અને ૫. મર્યાદા બહાર કાંકરા વગેરે ફેંકવા એ પાંચ દેશવ્રતના અતિચારો છે.

કુશીલ :જે કુષાયી થઈ પ્રતાદિકથી ભ્રષ્ટ બની, સંઘાદિકનો અવિનય કરે, તે મુનિવેષધારીને કુશીલ કહેવાય છે.

કુશીલ વેષધારી :જે કષાયી થઇ વ્રતાદિકથી ભ્રષ્ટ બની સંઘાદિકનો અવિનય કરે, તે મુનિવેષધારીને કુશીલ કહેવાય છે.

કષ : સંસાર, આય =લાભ, જેનાથી સંસાર લાભ થાય તે કષાય.
આ કષાય ૪ પ્રકારનાં : ક્રોધ, માન, માયા અને લોભ તે પ્રત્યેકના ૪ ભેદ છે; અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન. આમ કાષાયના કુલ ૧૬ પ્રકાર થાય. નોકષાય ૯ છે; હાસ્ય, વૃતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા અને સ્ત્રી, પુરુષ, નપુંસક એ ત્રણ વેદ મળી ૯ નોકષાય છે. કષાયની સાથે રહીને તેને ઉદ્દીપન કરતા હોવાથી તે નોકષાય કહેવાય છે.

ક્ષણ :સેકંડના ૪/૫ ભાગનો પળથી પણ વધુ એક ટૂંકો સમય; છેક જૂજ સમય; અવસર; તક; મોકો;

ક્ષણ ભંગ :ક્ષણ વિનાશ. (૨) ક્ષણે ક્ષણે થતો નાશ; ક્ષણ ભંગુરતા; અનિત્યતા.

ક્ષણ ભંગથી લક્ષિત :ક્ષણવિનાશ જેમનું લક્ષણ હોય એવાં.

કૃષ્ણ લેશ્યાવો જીવ :જે વૈર તજે નહિ, વિષય, કષાયોમાં આસક્ત રહે, નિર્દય હોય, દુષ્ટ હોય, નથી કોઈને વશ ન થતો હોય, એવો કૃષ્ણ લેશ્યાવાળો જીવ હોય છે.

ક્ષણ વિનાશ રૂપે :ક્ષણે ક્ષણે નાશ પામતા

ક્ષણભંગથી લક્ષિત :ક્ષણ વિનાશ જેમનું લક્ષણ હોય એવાં

ક્ષણભંગુર :થોડા સમયમાં નાશ પામે એવું; નશ્વર; નાશવંત (૨) નશ્વર; નાશવંત; થોડા સમયમાં નાશ પામે તેવું

ક્ષણભંગી :ક્ષણેક્ષણે નાશ પામનારો; પ્રતિ સમય જેનો ધ્વંસ થાય છે એવો; ક્ષણભંગુર ; ક્ષણિક

ક્ષણભેદ :ભિન્ન સમય; ભિન્ન ભિન્ન સમય.

ક્ષણવિનાશરૂપે :ક્ષણે ક્ષણે નાશ પામતા

ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેય પર્યાયો :ક્ષણે ક્ષણે નાશ પામતા જણાવા યોગ્ય પર્યાયો.

ક્ષણિક :એક સમય પૂરતી.

ક્ષણિક નાશ :નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી. હવે વર્તમાનની વાત કરે છે કે (આત્મા) નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી ક્ષણિક નથી. એટલે વર્તમાનમાં છે એવો ને એવો ત્રિકાળ છે. અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે. પરની અપેક્ષા રાખ્યા વિના પોતે પોતાને જ્ઞાનમાં સ્પષ્ટ પ્રત્યક્ષ જણાય એવી ચૈતન્ય જ્યોતિ પોતે છે.

ક્ષણિક ભાવ :અનિત્ય ભાવ; નાશવંત ભાવ; ચંચળ ભાવ. અસ્થાયી ભાવ. (૨) ત્રિકાળ ન ટેક તેવો ક્ષણિકભાવ; અભૂતાર્થ.

ક્ષણિક વ્યક્તિ :એક સમયથી એક પર્યાય; એક સમયની અવસ્થા.

ક્ષણિકવાદ :કોઈપણ વસ્તુ ક્ષણ માત્રથી વધુ ટકી શકતી નથી એવો મત સિધ્ધાંત (બૌધ્ધ)

ક્ષેત્ર : દ્રવ્યફ વસ્તુના વર્તમાનકાળના નિવાસને ક્ષેત્ર કહે છે. (૧) પરમાત્માના અસંખ્ય પ્રદેશરૂપ પહોળાઈ; પોતાની પહોળાઈરૂપ આકાર (અસંખ્ય પ્રદેશી) (૨) પ્રદેશ સંખ્યા.

ક્ષેત્રપરાવર્તન :વળી જીવ નિરંતરપણે અનંત ક્ષેત્રપરિવર્તન કરી ચૂકયો છે. ચૌદ બ્રહ્માંડનું ક્ષેત્ર છે. તેમાં દરેક પ્રદેશમાં અનંતવાર જન્મયો અને મર્યો છે. અનાદિની ચીજ છે ને ! તેથી દરેક ક્ષેત્રે અનંતવાર પરિભ્રમણ કરી ચૂકયો છે. ભાવપાહુડમાં આવે છે કે હજારો રાણીઓ છોડી, નગ્ન દિગંબર મુનિપણું ધારણ કર્યું, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો, પરંતુ આનંદનો નાથ ત્રિકાળી ભગવાન જે આત્મા તેની દ્રષ્ટિ અને અનુભવ કરવા જોઈએ તે ન કર્યા. એવાં દ્રવ્યલિંગ ધારણ કરી મુનિપણાં લઈને પણ દરેક પ્રદેશે અનંતવાર જન્મ-મરણ કરી ચૂકયો છે. જયાં સિધ્ધ ભગવાન બિરાજે છે. ત્યાં પણ અનંતવાર જન્મયો, મર્યો છે; કોઈ ક્ષેત્ર બાકી નથી. આમ જીવે અનંત ક્ષેત્રપરાવર્તન કર્યાં છે.

ક્ષેત્રાકાર વૃત્તિ :કાર્ય પ્રદેશાકાર વલણ

ક્ષપક શ્રેણી :મોહનીય કર્મના બે પ્રકાર છે; દર્શનમોહ અને ચારિત્રમોહ. દર્શનમોહ નાશ પામે ત્યોર સમકિત થાય છે. અને ત્યારથી ચારિત્રમોહનો ઉદય નબળો થવા માંડે છે. પૂર્વ વિભાગ (અપૂર્વ અવસર ક્યારે આવશેની ગાથા ૪ થી ૧૨ સુધી)માં બતાવ્યા પ્રમાણેનો પુરૂષાર્થ કરવાથી સાધક સાતમા ગુણસ્થાનના અંત ભાગમાં આવી જાય છે. તે પછીથી સાધકના ગુણસ્થાનની બે સ્પષ્ટ શ્રેણી પડી જાય છે : ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી. સાતમે ગુણસ્થાને ચારિત્રમોહની ૨૫ પ્રકૃતિનો ક્ષયોપશમ થયા પછી સાધક આઠમે ગુણસ્થાને આવે ત્યારે શ્રેણીની શરૂઆત કરે છે. ૮ થી ૧૨ ગુણસ્થાનોમાં આત્માની સ્થિતિ ઘણો અલ્પસમય રહે છે. પ્રત્યેક ગુણસ્થાને જઘન્ય સ્થિતિ એક સમય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્ મુહૂર્તની હોય છે. તેથી આત્મા શ્રેણી માંડે એટલે કે પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થાય ત્યારથી શરૂ થયેલો તેનો વિકાસ કેવળજ્ઞાનની પ્રાપ્તિએ અટકે છે, અથવા તો ઉપશમ શ્રેણીમાં આત્માનું ૧૧મા ગુણસ્થાનેથી પતન થાય છે. ઉપશમ શ્રેણીવાળો સાધક પોતાનાં ઘાતીકર્મોને ઉપશમાવતો ઉપશમાવતો ૧૧મા ગુણસ્થાને પહોંચે છે. એ ત્યાં કર્મના પ્રબળ ઉદયને લીધે તેનું પતન થાય થઈ તે છઠ્ઠે, ચોથે અથવા પહેલે ગુણસ્થાને અટકે છે. ક્ષપક શ્રેણીવાળો સાધક પોતાના કર્મોનો ક્ષય કરતો કરતો દશમાથી ૧૨મા ગુણસ્થાને આવી, ૨૩ મે ગુણસ્થાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. ક્ષપક, શ્રેણીમાં કર્મોનો ક્ષય થતો હોવાથી તે ઘાતીકર્મો ફરી કદી ઉદયમાં આવી શકતાં નથી. ક્ષપકશ્રેણીમાં આવી સમર્થતા હોય છે.

ક્ષપણ :અકિંચન (૨) ક્ષય કરવું તે. (૩) ઉપવાસ (૪) ક્ષય કરવું તે. (રાગ-દ્વેષનો નાશ કરવો તે.)

ક્ષપણમાં :ઉપવાસમાં (૨) અનશનમાં.

ક્ષપ્તિક્રિયા બંધનું કારણ નથી :કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે; પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. કેવળીભગવાનનું પ્રાપ્યકર્મ વિકાર્યકર્મ એ નિર્વર્ન્યકર્મ જ્ઞાન જ છે. કારણ કે તેઓ જ્ઞાનને જ ગ્રહે છે. જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઊપજે છે. આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ જ તેમની ક્રિયા છે. આમ હોવાથી કેવળી ભગવાનને બંધ થતો નથી, કારણ કે જ્ઞપ્તિ ક્રિયા બંધનું કારણ નથી. પરંતુ જ્ઞેયાર્થપરિણમન ક્રિયા અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી. (જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે.

ક્ષિપ્રમેવ :જલદી જ; તરત જ; શીઘ્રમેવ.

ક્ષપાવવું :ક્ષય કરવો; નાશ કરવો; નષ્ટ કરવો.

ક્ષપાવવા યોગ્ય :ક્ષપ કરવા યોગ્ય

ક્ષુબ્ધ :ઘૂમરી ખાવી. (૨) ક્ષોભ; અસ્થિરતા

ક્ષમ :યોગ્ય.

ક્ષેમ :કલ્યાણ; આત્મિક શ્રેય; સુખશાંતિ (૨) પ્રાપ્ત થયેલ વસ્તુને જાળવી રખાવનાર (૩) પ્રાપ્ત થયેલ વસ્તુને જાળવી રાખનાર. (૪) આકાર; આત્માના અસંખ્ય પ્રદેશરૂપ પહોળાઈ.

ક્ષેમક :કલ્યાણ કરનાર; હીતકારી;

ક્ષમણો :આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ

ક્ષમતા :શક્તિ; સહનશકિત; ધીરજ

ક્ષમા :કોઈ જીવને વિરાધે નહિ (૨) આત્માનો શાંતિરૂપ સ્વભાવ (૩) અનંતગુણમય-જ્ઞાનાનંદમય આત્માનું સ્વરૂપ ઓળખવું. આત્મામાં કોઈ વિભાવ નથી. આત્મા તો ક્ષમાનો સાગર, શાંતિનો સાગર છે. અનંત કાળથી અનંત ભવો થયા, ગમે એટલા નિગોદના ભવો થયા છતાં આત્મા તો ક્ષમાનો ભંડાર છે એને ઓળખવો એ જ સાચી ક્ષમા છે. (૪) કોઈ જીવને વિચધે નહિ; કોઈ જીવને દુઃખ ન આપે.

ક્ષય :અત્યંત વિશ્લેષ; અત્યંત વિયોગ; આંત્યતિક નિવૃત્તિ (૨) ટાળવું:; નાશ કરવો;

ક્ષયકરણ શીલ :ક્ષય કરવાના સ્વભાવવાળી.

ક્ષયથી યુકત :ક્ષય સહિત; ક્ષય સાથે સંબંધવાળો (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે ક્ષાયિકભાવ છે.)

ક્ષયોપશમ :સમ્યક્ત્વને વેદક સમ્યક્ત્વ પણ કહેવામાં આવે છે. પરંતુ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થવાના સંધિના વખતનું જે સમ્યક્ત્વ તે વાસ્તવિક રીતે વેદક સમ્યક્ત્વ છે. (૨) ઉદ્‌ભવ તેમજ અનુદ્‌ભવ તે ક્ષયોપશમ છે. (૩) નિત્ય સ્વભાવ; ધ્રુવ સ્વભાવ (૪) નાશ અને સમાઈ જવું

ક્ષયોપશમ જ્ઞાન :વિદ્વતા

ક્ષયોપશમ લબ્ધિ :અપ્રશસ્ત જ્ઞાનાવરણાદિ કર્મોનો અનુભાગ દરેક સમયે અનન્તગુણો ઘટતો જતો ઉદયમાં આવે તો તેને ક્ષયોપશમ લબ્ધિ કહે છે. ક્ષયોપશમ લબ્ધિ હોવાથી જે જીવના સાતા આદિ પ્રશસ્ત પ્રકૃત્તિઓનો બંધ યોગ્ય ધર્માનુરાગરૂપ શુભપરિણામ થાય છે તેને વિશુધ્ધિ લબ્ધિ કહે છે. (૨) આંખો પાડીને જિજ્ઞાસુ જોઈ જ રહે છે તે ક્ષયોપશમ લબ્ધિ છે. તેમાં હિત સવિરૂપ શું છે તે સમજવાની તાકાત બતાવે છે.

ક્ષયોપશમ સમક્તિ :ક્ષયોપશમ સમક્તિ વર્તતું હોય ત્યારે એક સમક્તિ મોહનીય પ્રકૃતિનો જરા ઉદય રહે છે તેને ક્ષયોપશમ સમ્યગ્દર્શન કહે છે.

ક્ષયોપશમ સમ્યકત્વ :અનંતાનુબંધીની ચાર ચોકડી અને મિથ્યાત્વ તથા સમ્યક્ મિથ્યાત્વ એ છ પ્રકૃતિઓનો અનુદય અને સમ્યક્ પ્રકૃતિનો ઉદય રહેતાં ક્ષયોપશમ સમ્યક્ત્વ થાય છે. ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ છાસઠ સાગર (અનંત સંસારની અપેક્ષાએ આ કાળ પણ થોડો છે.) અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષયોપશમ સમ્યક્ત્વ નિયમથી નષ્ટ થાય જ છે તેથી જ્યાં સુધી સમ્યક્ત્વ રહે છે ત્યાં સુધી આત્મા એક વિલક્ષણ શાંતિ અને આનંદનો અનુભવ કરે છે અને જ્યારે સમ્યક્ત્વ ભાવ નાશ પામવાથી મિથ્યાત્વનો ઉદય થાય છે ત્યારે આત્મા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થઈને કર્મ પરંપરા વધારે છે.

ક્ષયોપશમનું ચાલું :ક્ષાયિક ચારિત્ર છે ત્યાં મોહનીયનો અભાવ છે; અને જયાં મોહનીયનો અભાવ છે ત્યાં પહેલું, બીજું, ત્રીજું અને અગિયારમું એ ચાર ગુણસ્થાનકના સ્પર્શપણાનો અભાવ છે.

ક્ષયોપશમભાવ :કર્મોનો ફળ દેવામાં ઉદ્ભવ તેમજ અનુદ્ભવ તે ક્ષયોપશમભાવ છે. (૨) શાતંરસનું વેદન (૩) સમંત રસનું વેદન

ક્ષયોપશમિક જ્ઞાન :કાગડાને આંખ બે હોય છે પણ પૂતળી (કીકી) એક જ હોય છે. જે આંખથી કાગડાને જોવું હોય છે તે આંખમાં પૂતળી આવી જાય છે; તે વખતે તે બીજી આંખથી જોઈ શકતો નથી. આમ હોવા છતાં પૂતળી એટલી ઝડપથી બે આંખોમાં ફરે છે કે બન્ને આંખોમાં જુદી જુદી પૂતળી હોય એમ લોકોને લાગે છે. વાસ્તવિક રીતે પૂતળી એક જ હોય છે. આવી જ દશા ક્ષાયોપશમિક જ્ઞાનની છે. દ્રવ્ય ઈન્દ્રિયરૂપી દ્વારો તો પાંચ છે પણ ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક ઈન્દ્રિય દ્વારા જ જાણી શકે છે; તે વખતે બીજી ઈન્દ્રિયો દ્વારા કાર્ય થતું નથી. ક્ષાયોપશમિક જ્ઞાન જયારે નેત્ર દ્વારા વર્ણને જાણવાનું (જોવાનું) કાર્ય કરતું હોય છે ત્યારે તે શબ્દ, ગંધ રસ કે સ્પર્શને જાણી શકતું નથી. અર્થાત જયારે તે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે, નાકમાં કેવી ગંધ આવે છે વગેરે ખ્યાલ રહેતો નથી. જો કે જ્ઞાનનો ઉપયોગ એક વિષયમાંથી બીજા વિષયમાંઃ ઝડપથી પલટાતો હોવાથી જાણે કે બધા વિષયા એકી સાથે જણાતા હોય એમ સ્થૂલ દ્રષ્ટિએ જોતાં લાગે છે. તો પણ સૂક્ષ્મદ્રષ્ટિથી જોતાં ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક જ ઈન્દ્રિય દ્વારા પ્રવર્તતું સ્પષ્ટ રીતે ભાસે છે. આ રીતે ઈન્દ્રિયો પોતાના વિષયોમાંઃ પણ ક્રમે પ્રવર્તતી હોવાથી ઈન્દ્રિયજ્ઞાન પરોક્ષ છે.

ક્ષુલ્લક :સત્ત્વહીન; નિર્માલ્ય; છાસબાકળા જેવા. (૨) ક્ષુદ્ર; મામુલી; હલકું; તુચ્છ; અનુદાન મતનું. (૩) થોડું; અલ્પ; તુચ્છ; નજીવું.

કષાચિત :ઉપરક્ત; રંગાયેલો; મલિન

ક્ષાંતિ :શુભ પરિણામની ભાવનાથી ક્રોધાદિ કષાયમાં થતી તીવ્રતાના અભાવને ક્ષાન્તિ (ક્ષમા) કહે છે.

જ્ઞાનેન્દ્રિય :ત્વચા, ચક્ષુ, શ્રોત્ર, જિહ્વા અને નાસિકા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે.

કષાય :ક્રોધ, માન, માયા અને લોભ. તેના ૨૫ ભેદો છે. ચાર અનંતાનુબંધી, ક્રોધ, માન, માયા, લોભ, ચાર અપ્રત્યાખ્યાનાવરણ કષાય,-કેટલાક કાળ રહે તેવા ક્રોધાદિ, જેનાથી એક દેશ શ્રાવકનું ચારિત્ર ગ્રહણ કરી શકતું નથી તે; ચાર પ્રત્યાખ્યાનાવર કષાય,-જે ક્રોધાદિના ઉદયથી મુનિનો સંયમ ગ્રહણ કરી શકાતો નથી; ચાર સંજવલન કષાય, તથા નવનો કષાય નો એટલે નહિ તેવા અલ્પ કષાયઃ- હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, યુવેદ, નપુંસકવેદ-તેના ઉદયથી પૂર્ણ ચારિત્ર (યથાખ્યાન) થતું નથી. (૨) કષાયથી સ્થિતિ અને અનુભાગ બંધાય છે. (૩) સત્પુરુષો મળ્યે, જીવને તે બતાવે કે, તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે, તે કલ્યાણ નથી, છતાં તે કરવા માટે દુરાગ્રહ રાખે, તે કષાય. (૪) કષ +આય. જે સંસારનો લાભ આપે, તે રાગદશા, તો સંસારનો લાભ આપનારી છે. (૫) રાગદ્વેષરૂપ આત્માની પ્રવૃત્તિ, તે કષાય છે. તે પ્રવૃત્તિ તીવ્ર અને મંદ એમ બે પ્રકારની હોય છે. (૬) કષાયનો અર્થ મિથ્યાદર્શનરૂપ-ક્રોધાદિ થાય છે. સમ્યગ્દષ્ટિ જીવોને, મિથ્યાદર્શનરૂપ કષાય હોતો નથી, એટલે સમ્યગ્દષ્ટિ જીવોને લાગુ પડતો કષાયનો અર્થ, પોતાની નબળાઈથી થતા ક્રોધ-માન-માયા-લોભ વગેરે, એવો સમજવો. મિથ્યાદર્શન એટલે, આત્માના સ્વરૂપની મિથ્યા માન્યતા,-ઊંધી માન્યતા. (૭) જો કે કષાયનો રસ પુણ્ય અને પાપરૂપ છે, તો પણ તેનો સ્વભાવ કડવો છે. પુણ્ય પણ, ખારાશમાંથી થાય છે. પુણ્યનો ઓઠાણિયો રસ નથી, કારણ કે, એકાંત શાતાનો ઉદય નથી. કષાયના ભેદ બે : (•) પ્રશસ્તરાગ (•) અપ્રશસ્તરાગ - કષાય વગર બંધ નથી. આર્તધ્યાનનો સમાવેશ મુખ્ય કરીને, કષાયમાં થઈ શકે. 'પ્રમાદ'નો ચારિત્રમોહમાં અરે 'યોગ'નો નામકર્મમાં થઈ શકે. (૮) (કષ્= સંસાર+આય= લાભ) એટલે સંસારનો લાભ આપે અને આત્માના ગુણની હાનિ કરે તે. (૯) કષાયના ચાર પ્રકાર છે. અનંતાનું બંધી કષાય, અપ્રત્યાખ્યાન કષાય, પ્રત્યાખ્યાન કષાય અને સંજવલન કષાય. (૧૦) મિથ્યાત્વ અને ક્રોધ-માન-માયા-લોભરૂપ આત્માની વિભાવ પરિણતિને કષાય કહે છે. (૧૧) મોહના ઉદયમાં જોડાતાં જીવને મિથ્યાત્વ ક્રોધાદિભાવ થાય છે, તે સર્વનું નામ સામાન્યપણે કષાય છે. સકષાય યોગમાં મિથ્યાત્યાદિનો સમાવેશ થઈ જાય છે. સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ ભાવ નથી,

એટલે તેને ક્રોધાદિભાવ થાય તે અકષાય રોગ કહેવાય છે. સમ્યગ્દષ્ટિ જીવોને લાગુ પડતો કષાયનો અર્થ, પોતાની નબળાઈથી થતા ક્રોધ-માન-માયા-લોભ વગેરે એમ સમજયો. (૧૨) રાગ-દ્વેષરૂપ આત્માની પ્રવૃત્તિ, તે કષાય છે. તે પ્રવૃત્તિ તીવ્ર અને મંદ એમ, બે પ્રકારની હોય છે. (૧૩) રાગ દ્વેષ રૂપ આત્માની પ્રવૃત્તિ ને કષાય છે. તે પ્રવૃત્તિ તીવ્ર અને મંદ, એમ બે પ્રકારની હોય છે. (૧૪) કષ્=સંસાર, આય=લાભ. એટલે સંસારનો લાભ આપે અને આત્માના ગુણની હાનિ કરે તે. (૧૫) કષાયના ચાર ભેદ છે; ક્રોધ, માન, માયા અને લોભ. (૧૬) કષ+આય; કષ એટલે સંસાર, અને આય એટલે લાભ જે ભાવ વડે સંસારના ચોરાશીના દુઃખની ડાંગ ખાવાનો લાભ મળે તે કષાય. કષ એટલે કષીને અને કષીને એટલે ખેડ કરીને, ક્રોધ, માત્ર, માયા, લોભની ખેડ કરીને, ચોરાશીના અવતારને ઉગાડે, સંસારના દુઃખને ઉત્પન્ન કરે, તેને કષાય કહેવાય છે. રાગ-દ્વેષ, હર્ષ શોક, રતિ-અરતિ, અને વેદ તે બધાં કષાયોનો સમૂહ છે. (૧૭) કષાય એટલે આત્માની અશાંતતા, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે, જે આત્માને અશાંત રાખે છે. વાસ્તવિક કેવળજ્ઞાનના ચાર વિશેષણો છે. ૧. કેવળજ્ઞાન પ્રકાશ સ્વરૂપ છે. ૨, કેવળજ્ઞાન સર્વોચ્ચ પ્રકાશ છે. ૩.કેવળજ્ઞાન સ્વ પ્રકાશ સ્વરૂપ છે અને ૪. કેવળજ્ઞાન સર્વ પ્રકાશ છે. એ વિશેષણોની વિકૃતિ જ ક્રોધ (પ્રકાશ), માન (સર્વોચ્ચ પ્રકાશ), માયા (સ્વપર પ્રકાશ) અને લોભ (સર્વ પ્રકાશ) છે. પાંચ અસ્તિ કાયમાં જીવનું સ્થાન પરમ ઉચ્ચ છે. આવાં આ કષાય આત્માનાં પ્રશાંત સ્વરૂપને ક્ષતિ પહોંચાડે છે. (૧૮) ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક વગેરે, કષાયભાવો જીવના પરિણામમાં થાય છે, તે જીવક્રોધાદિ છે : તે ભાવો વખતે દ્રવ્યકર્મ રૂપ ક્રોધાધિ કર્મ, ઉદયમાં છે, તે જડ ક્રોધાદિ છે. (૧૯) મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને કષાય કહે છે. (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (ધૃણા), સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંકવેદરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને નોકષાય કહે છે. (૨૦) ક્રોધ, માન, માયા, લોભ, તે કષાય છે. (૨૧) મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને કષાય કહે છે. (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા (ધૃણા), સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસક વેદ રૂપ આત્માની અશુદ્ધ પરિણતિને નોકષાય કહે છે) (૨૨) જે આત્માને દુઃખ આપે, ગુણના વિકાસને રોકે તથા પરતંત્ર કરે તે , ક્રોધ-માન-માયાને લોભ, એ ચાર કષાય છે. (૨૩) કષાયના ૨૫ પ્રકાર છે. ક્રોધ, માન, માયા, લોભ તે દરેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજવલન આદિ ચાર પ્રકાર એ રીતે ૧૬ તથા હાસ્ય, રતિ,અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ આદિ ૯ નોકષાય; એ બધા કષાય છે, અને તે બધામાં આત્મહિંસા કરવાનું સામર્થ્ય છે. મિથ્યાત્વ, જ્યાં હોય ત્યાં તો કષાય અવશ્ય હોય જ છે, પણ એ ત્રણે ટળી જવા છતાં પણ કષાય હોઈ શકે છે. (૨૪) ચારિત્રમોહ. (૨૫) સમ્યકત્વ, દેશચારિત્ર, સકલ ચારિત્ર તથા યથાખ્યાત ચારિત્રરૂપી પરિણામોને ઘાતે એટલે ન થવા દે તે કષાય તે કષાયો ચાર પ્રકારના છે, અનંતાનું બંધી અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલન આત્માને કષે એટલે દુઃખ દે જે પરિણામોથી સંસારની વૃદ્ધિ થાય. (૨૬) આત્માના વિભાવ પરિણામને કષાય કહે છે. કષાયના ચાર ભેદ છે. ક્રોધ, માન, માયા અને લોભ કષાય. (૨૭) (કષ્= સંસાર+ આય=લાભ) સંસારનો લાભ આપે, અને આત્માનો ગુણની હાનિ કરે તે, ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર કષાય છે. (૨૮) ક્રોધ, માન, માયા, લોભરૂપે આત્માના વિભાવ પરિણામોને કષાય કહે છે. (૨૯) મિથ્યાત્વ અને ક્રોધ-માન-માયા-લોભરૂપ આત્માની વિભાવ પરિણતિને, કષાય કહે છે. (૩૦) ક્રોધ, માન, માયા અને લોભ તે કષાય છે.

કષાય અને ભ્રાન્તિ :કષાય અને ભ્રાન્તિ થવામાં ઘાતી કર્મનું નિમિત્ત છે. પ્રતિકુળતા થવામાં અઘાતિ કર્મનું નિમિત્ત છે. અવગુણનો ભાવ લંબાવ્યા કરે, તો પ્રતિકુળતાના સંયોગ વખતે, તેને દ્વેષ થાય છે. પ્રતિકુળતાના સંયોગ વખતે, ઉપચારથી એમ કહેવાય કે, આ પ્રતિકુળતા દુઃખનું કારણ છે. પણ અગુણનો ભાવ પોતે ન છોડે તો, પ્રતિકુળતામાં તેને દુઃખ થયા કરશે. પોતે વીર્ય ઊંધું

નાખ્યું છે એ વર્તમાનમાં સવાળો પુરષાર્થ કરતો નથી. તેથી પ્રતિકુળતાના સંયોગ વખતે દ્વેષ થયા કરે છે.

કષાય કણ :કુષાયનો નાનો અંશ

કષાય કેવી રીતે જીતાય ? :રાગ અને દ્વેષમાં, ચારેય કષાય આવી જાય છે. ક્રોધ તથા માન દ્વેષરૂપ છે, અને માયા તથા લોભ રાગરૂપ છે. ચારિત્રમોહનો ઉદય તો જડમાં આવે છે. છતાં સમકિતી અને મુનિને પણ, ચારિત્રમોહના ચારેય પ્રકારના ઉદયને અનુસરીને કષાયરૂપે પરિણમવાની યોગ્યતા છે. પરંતુ હવે તેને છોડી દે છે. કષાય પ્રગટ થયો અને પછી તેને જીતીને છોડી દે છે,એમ નહિ, પરંતુ કષાય ઉત્પન્ન જ થવા દીધો નહિ. કષાયના ઉદય તરફનું લક્ષ છોડી, અર્થાત્ તેનું અનુસરણ છોડીને સ્વભાવના લક્ષે સ્વભાવનું અનુસરણ કરતાં, ભાવક અને ભાવ્યનું ભેદજ્ઞાન થાય છે. તેથી ભાવ્ય-કષાય ઉત્પન્ન થતો જ નથી, તેને કષાય જીત્યો એમ કહેવાય છે.

કષાય ચક્ર :કષાયોનો સમૂહ

કષાય તે શું ? :ઉત્તરઃ- સત્પુરુષો મળ્યે જીવને તે બતાવે કે, તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે, તે કલ્યાણ નથી, છતાં તે કરવા માટે, દુરાગ્રહ રાખે તે કષાય. ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને; અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને, તે મિથ્યાત્વમોહનીય. ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ, એવો જે ભાવ, તે મિશ્રમોહનીય. આત્મા આ હશે ? તેનું જ્ઞાન થાય તે સમ્યક્ત્વ મોહનીય. આત્મા આ છે, એવો નિશ્ચયભાવ, તે સમ્યક્ત્વ. જ્ઞાની પ્રત્યે બરાબર પ્રતીતિ થાય, ને રાતદિવસ તે અપૂર્વ જોગ સાંભર્યા કરે તો સાચી ભક્તિ પ્રાપ્તિ થાય. નિયમથી જીવ કોમળ થાય છે, દયા આવે છે. મનનાં પરિણામો ઉપયોગ સહિત જો હોય તો કર્મ ઓછાં લાગે, ઉપયોગરહિત હોય, તો કર્મ વધારે લાગે. અંતઃકરણ કોમળ કરવા, શુદ્ધ કરવા, વ્રતાદિ કરવાનું કહ્યું છે. સ્વાદબુદ્ધિ ઓછી કરવા, નિયમ કરવો. કુળધર્મ જ્યાં જ્યાં જોઈએ છીએ, ત્યાં ત્યાં આડો આવે છે. ઉપદેશછાયા-૮

કષાય ભાવ :જ્ઞાનાવરણાદિ કર્મની ઉત્પત્તિનું ઉપાદાન કારણ કષાય ભાવ છે. રાગ-દ્વેષ એ અજ્ઞાન ભાવ.

કષાય વેદનીય :અનંતાનું બંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલના ભેદથી, તથા એ દરેકના ક્રોધ, માન, માયા અને લોભ, એ ચાર પ્રકાર એ સોળ ભેદ કષાય વેદનીયના છે.

કષાય-અનુરંજિત :કષાયરંજિત; કષાયથી રંગાયેલ. (કષાયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ, તે લેશ્યા છે.)

કષાયકણ :કષાયનો નાનો અંશ.

કષાય ભાવ :જડ પરિણતિનો ત્યાગ.

કષાયચક્ર :કષાયસમૂહ

કષાયની ઉપશાંતતા :હવે સત્સંગમાં આવે, બોધ સાંભળે છતાં એને પૂર્વ કર્મને લઈને કષાય ઉદય આવે છે. કંઈ નિમિત્ત મળતાં ધર્મનાં સાધન, સાધર્મી વગેરે પ્રત્યે પણ કષાય થાય તે અનંતાનું બંધી છે. પ્રકૃતિઓ ઉદય આવ્યા કરે ત્યારે તેને ઉપશમાવવા શું કરે? કષાય વેદાય, તેને આત્માના શત્રુ જાણે ને દૂર કરવા ક્ષમા આદિ ધારણ કરે. હું કષાય કરીશ તો મને જ કર્મ બંધાશે. વળી કોઈ નિંદા વગેરે કરે કે દુઃખ આપે તો, તેમાં પોતાનો દોષ હોય તો વિચારી કાઢી નાખે. દોષ ન હોય તો તે પૂર્વ કર્મનું ફળ જાણી, સંતોષ રાખે, કર્મ નિર્જરી જાય છે એમ જાણી સંતોષ રાખે અને વૃત્તિને ધર્મ ધ્યાનમાં વિશેષ પણે રોકે. એ રીતે અભ્યાસ કરતાં કષાય મંદ પડે એટલે કે ઉપશાંત થાય, ત્યારે આત્માર્થ વિચારવાનો અવકાશ મળે.

કષાયનો સ્વભાવ :દુઃખરૂપ અને આકુળતારૂપ છે. અને તેને દુઃખરૂપે અને આકુળતારૂપે અનુભવે છે.

કષાયભાવ :જીવોને જે મલિન અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત ઉપયોગ છે, તે કષાયનો ઉદય છે. ઉપયોગમાં નિર્મળતા-સ્વચ્છતા નથી રહેતી તે કષાય ભાવ છે, તે કષાયભાવમાં કષાય, કર્મના ઉદયનું નિમિત્ત છે.

કષાયેલું :કડછા સ્વાદવાળું

કષાયલવ :જરાક કષાય; થોડો કષાય.

કષાયેલા :બેસ્વાદ

કષાયાધ્યવસાયસ્થાન :કષાયના અંશો કે જે કર્મોની સ્થિતિમાં કારણ છે.

ક્ષાયિક જ્ઞાન :કેવળ જ્ઞાન (૨) નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવું તે જ ક્ષાયિક જ્ઞાનનું સ્વરૂપ છે. જ્ઞેય પદાર્થોમાં અટકવું-એમના સન્મુખ વૃત્તિ થવી તે ક્ષાયિક જ્ઞાનનું સ્વરૂપ નથી પણ કર્મને ભોગવનાર છે. જ્ઞાતા જો જ્ઞેય પદાર્થરૂપે પરિણમતો હોય, તો તે સકળ કર્મવનના ક્ષયે પ્રવર્તતા સ્વભાવિક જાણપણાનું-ક્ષાયિક જ્ઞાનનું-કારણ નથી; અથવા તેને પદાર્થરૂપે પરિણતિ દ્વારા મૃગતૃષ્ણામાં જળસમૂહની કલ્પના કરવાના માનસવાળોનો આત્મા દુઃસહ કર્મભારને જ ભોગવે છે એમ જિનેંદ્રોએ કહ્યું છે. (૩) અવશ્યમેવ સર્વથા સર્વદા સર્વસ્દા સર્વને જાણે છે. ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મ પ્રદેશેથી જ જાણવું, અમુકને જ જાણવું-ઈત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશામિક જ્ઞાનમાં જ સંભવે છે. જ્ઞાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને-તે પદાર્થો અનેક પ્રકારના અને વિરુધ્ધ જાતિના હોવા છતાં પણ-જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. (૪) ખરેખર ક્ષાયિક જ્ઞાનનું, સર્વોત્કૃષ્ટતાના સ્થાનભૂત પરમ મહાત્મ્ય છે. જે જ્ઞાન એકી સાથે જ (અક્રમે) સર્વ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે તે જ્ઞાન-પોતામાં સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારો પત્થરમાં ટાંકણાથી કોરેલી આકૃતિ માફક સ્થિત હોવાથી જેણે નિત્યત્વ પ્રાપ્ત કર્યું છે અને સમસ્ત વ્યક્તિઓ (ભેદો) પ્રાપ્ત કરી હોવાથી જેણે સ્વભાવ પ્રકાશક ક્ષાયિકભાવ પ્રગટ કર્યો છે એવું-ત્રણે કાળે સદાય વિષય રહેતા (અસમાનજાતિપણે પરિણમતા) અને અનંત પ્રકારોને લીધે વિચિત્રતાને પામેલા એવા આખાય સર્વ પદાર્થોના સમૂહને જાણતું થકું, અક્રમે અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પહોંચી વળતું હોવાથી જેણે અદ્‌ભુત માહાત્મ્ય પ્રગટ કર્યું છે એવું સર્વમત જ છે. ભાવાર્થ :- અક્રમે પ્રવર્તતું જ્ઞાન એક જ્ઞેયથી બીજા જ્ઞેય પ્રત્યે પલટાતું નહિ હોવાથી નિત્ય છે, પોતાની સમસ્ત શક્તિઓ ખુલી ગઈ હોવાથી ક્ષાયિક; આવા અક્રમિક જ્ઞાનવાળો પુરષ જ સર્વજ્ઞ હોઈ શકે. સર્વજ્ઞતા એ જ્ઞાનનું કોઈ પરમ અદ્‌ભુત માહાત્મ્ય છે. (૫) જ્ઞાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને - તે પદાર્થો અનેક પ્રકારના અને વિરૂદ્ધ જાતિના હોવા છતાં પણ-જાણે છે. અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. (૬) કેવળજ્ઞાન તો અમર્યાદિત હોવાથી પુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને - પદાર્થો અનેક પ્રકારના અને વિરૂદ્ધ જાતિના હોવા છતાં પણ જાણે છે. અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. (૭) જે જ્ઞાન એકી વખતે સર્વ આત્મપ્રદેશેથી તત્કાળ વર્તતા એ અતીત કે અનાગત કાળે વર્તતા સમસ્ત પદાર્થોને વિષમ (મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના સર્વ પદાર્થોને જાણે છે તે જ્ઞાનને ક્ષાયિક જ્ઞાન કહ્યું છે. (૯) કેવળજ્ઞાન.

ક્ષાયિક જીવ :આત્મા જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ ત્રિકાળ પરમ પરિણામિકભાવ સ્વરૂપ જ છે. એ તેને આશ્રયે આ જે કેવળજ્ઞાનાદિ નવી પર્યાય પ્રગટ થઈ છે તે ક્ષાયિકભાવરૂપ છે. કર્મનો (દ્રવ્ય કર્મ અને ભાવકર્મનો) અત્યંત ક્ષય થઈને તે ઉત્પન્ન થઈ છે ને ? તો તેને ક્ષાયિકભાવ કહે છે. જેને આ કેવળદર્શન-કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવની નવી પર્યાય પ્રગટ થઈ છે તેને અહીં ક્ષાયિક જીવ કહ્યા છે. (૨) આત્મા અંદર શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ આત્મા ત્રિકાળ ધ્રુવ સ્વરૂપે બિરાજે છે. તો તેને ધ્યેય બનાવીને જીવ પ્રથમ સમ્યક્‌દર્શન પ્રગટ કરે છે, અને તત્કાળ જ તને સમ્યગ્જ્ઞાન થાય છે. પછી ધ્યાનની એકાગ્રતાની વિશેષતા (શુકલ ધ્યાન) થઈને તેને પૂર્ણ ચારિત્રની તેમજ પૂર્ણ જ્ઞાન-દર્શન અને વીર્યની દશા પ્રગટ થાય છે. અહા ! ત્યાં જ કેવળદર્શન-કેવળજ્ઞાનાદિ દશા પ્રગટ થઈ તે ક્ષાયિકભાવ છે, કેમકે તે દ્રવ્યભાવ ઘાતિકર્મોનો ક્ષય થઈને પ્રગટ થઈ છે, ને હવે તે પ્રગટ થઈ છે તે કદીય જાશે (નષ્ટ થાશે) નહિ. આવો ક્ષાયિકભાવ જેને પ્રગટ થયો છે તે ક્ષાયિક જીવ છે. (૩) ક્ષાયિક ભાવ સ્વભાવની વ્યક્તિરૂપ હોવાથી અવિનાશી હોવા છતાં પણ સાદિ છે કારણ કે કર્મના ક્ષયથી ઉત્પન્ન થાય છે તેથી જ કર્મકૃત કહેવામાં આવે છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન :અત્યંત નિર્મળ તત્ત્વાર્થ શ્રધ્ધાન થાય તે ક્ષાયિક સમ્યગ્દર્શન છે. (૨) તે દશામાં મિથ્યાત્વ પ્રકૃત્તિનાં (ત્રણ પેટા વિભાગોનાં) રજકણો આત્મપ્રદેશેથી તદ્દન ખસી જાય છે, તેથી મિથ્યાત્વ તથા અનંતાનુબંધીની સાતે પ્રકૃત્તિનોક્ષય થયો કહેવાય છે. (૩) જે દશામાં મિથ્યાત્વ પ્રકૃતિના (ત્રણ પેટા વિભાગોનાં) રજકણો આત્મ પ્રદેશેથી ખસી જાય છે, તેથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીની સાતે પ્રકૃતિનો ક્ષય થયો કહેવાય. (૪) ક્ષાયિક સમ્યગ્દર્શનવાળો પાછો પડે નહિ. ચાર અનંતાનુબંધી અને ત્રણ દર્શન મોહનીયની એમ તે સાત પ્રકૃતિનો ક્ષય થાય તેને ક્ષાયિક સમ્યગ્દર્શન કહેવાય છે. તે ક્ષાયિક સમ્યગ્દર્શન પણ અવસ્થા છે. આત્મા ધ્રુવસ્વરૂપ એકરૂપછે તેમાં અવસ્થાના ભેદમાં પોતાને ગોતવા જાય કે હું ઉપશમ સમકિતી છું કે ક્ષયોપશમ સમકિત છું કે ક્ષાયિક સમકિતી છે તે બધા રાગમિશ્રિત છે. અરાગી આત્માની પર્યાય ઉઘાડવામાં રાગમિશ્રિત પરિણામ મદદ કરતાં નથી, પુરો થયા હેલાં વચ્ચે એવા વિચાર આવે ખરા, પણ તે રાગમિશ્રિત પરિણામ છે. તે આત્માની નિર્મળ પર્યાય ઉઘાડવામાં મદદ કરે નહિ પણ અભેદ આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી જ નિર્મળ પર્યાય ઊઘડે છે. ક્ષાયિક સમકિત તે પણ અવસ્થા છે તે અવસ્થા સાદિ અનંત છે અને આત્મા તો અનાદિ અનંત છે.

ક્ષાયિકભાવ :આત્માના પુરુષાર્થથી કોઈ ગુણની શુદ્ધ અવસ્થા પ્રગટે, તે જ્ઞાયિક ભાવ છે. આત્માના પુરુષાર્થનું નિમિત્ત પામી કર્મ આવરણ નો નાશ થવો, તે કર્મનો ક્ષય છે. આ પણ જીવની એક સમય પૂરતી અવસ્થા છે. સમય સમય કરીને તે સાદિ અનંત રહે છે, તો પણ એક સમયે એક જ અવસ્થા હોય છે. આદિ અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા કેવળ જ્ઞાન, કેવળ દર્શન, કેવળ સુખ,-કેવળ વીર્ય યુક્ત ફલરૂપ અંત ચતુષ્ટયની સાથે રહેલી, પરમ ઉત્કૃષ્ટ જ્ઞાયિકભાવની શુદ્ધ પરિણતિ તે કાર્ય શુધ્ધ પર્યાય છે તેને જ્ઞાયિકભાવ પણ કહેવાય છે. કેવળજ્ઞાન અવસ્થા, જ્ઞાયિકભાવ છે. (૨) ક્ષાયિક સમકિત, જ્ઞાન, દર્શન, આદિની પૂર્ણ પર્યાય-અવસ્થા. તો, આવી જે ક્ષાયિક દશા થાય છે તેના આશ્રયે પણ આત્મા ગમ્ય નથી. અહા ! એ પરમ સ્વભાવમય એવો આત્મા તો તેના પોતાના આશ્રયે જ જણાય તેવો છે. એક સહજ પરમ પારિણામિક ભાવને જ સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમ પારિણામિક ભાવનો આશ્રય થયો નથી. પરમ પારિણામિક ભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.

કષાયિત :ઉપરક્ત; રંગાયેલો; મલિન. (૨) કષાયવાળો; વિકારી; રંગાયેલો.

ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન :તે દશામાં મિથ્યાત્વ અને મિશ્રમિથ્યાત્વ કર્મનાં રજકણો આત્મપ્રદેશેથી છૂટા પડતાં તેનું ફળ આવતું નથી. અને સમક્મોહનીય કર્મનાં રજકણો ઉદયરૂપે હોય છે, તથા અનંતાનુબંધી કષાય કર્મનાં રજકણો વિસંયોજનરૂપે હોય છે.

ક્ષાયોપશમિક જ્ઞાન :ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશેથી જ જાણવું, અમુકને જ જાણવું-ઈત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને- તે પદાર્થો અનેક પ્રકારના અને વિરૂદ્ધ જાતિના હોવા છતાં પણ જાણે છે. અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે. (૨) ઊણા જ્ઞાનને લઈને રાગમાં અટકતું જ્ઞાન રૂપને જાણવા વખતે રૂપને જ જાણે, ગંધને જાણવા વખતે ગંધને જ જાણે, તેમ પાંચે ઈન્દ્રિયોમાં ખંડ ખંડ જાણે; જે વખતે જેને જાણવા તરફ વળે તેને જાણે તે જ્ઞાન ક્ષાયોપશમિક છે; ઊણું છે. ક્ષાયોપશમિક જ્ઞાન તે ખંડ ખંડ જ્ઞાન છે તેમાં જે વખતે જે ઈન્દ્રિય તરફ જાણવા માગે તે વખતે તે માત્ર એક જ ઈન્દ્રિયના વિષયને જાણી શકે છે. કાનથી શબ્દ સંભળાય, પણ કાનથી સ્વાદ ન આવે, તેમ આંખ તરફ લક્ષ કરે ત્યારે રૂપ જણાય, પણ આંખથી સુગંધ ન આવે, તેમ જાણવા માટે જીભ તરફ લક્ષ કરે ત્યારે સ્વાદ જણાય, પણ જીભથી સાંભળી શકાય નહિ, તેમ સુગંધ જાણવા માટે નાક તરફ લક્ષ કરે ત્યારે તેનાથી ગંધ જણાય, પણ નાકથી રસનો સ્વાદ જાણી શકાય નહિ, તેમ ટાઢો-ઊનો સ્પર્શ જાણવા માટે સ્પર્શેન્દ્રિય તરફ લક્ષ કરે તેના વડે ટાઢો-ઊનો વગેરે. સ્પર્શ જણાય પરંતુ

સ્પર્શેન્દ્રિય દ્વારા દેખી શકાય નહિ. એક ઈન્દ્રિયથી બીજી ઈન્દ્રિયનું કાર્ય થતું નથી, ક્ષાયોપશમિક જ્ઞાન તે ઈન્દ્રિયો વડે ક્રમે ક્રમે ખંડ ખંડ જાણે છે, માટે તે તે ખંડવાળું જ્ઞાન આત્માનો સ્વભાવ નથી, પરંતુ અખંડ જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે. બધી ઈન્દ્રિયોનું જ્ઞાન આત્મામાં છે. પણ ઈન્દ્રિયો તો પોતપોતાના વિષયનું જ કાર્ય કરે છે. (૩) દ્રવ્ય-ઈન્દ્રિયરૂપી દ્વારો તો પાંચ છે પણ ક્ષાયોપશમિક જ્ઞાન એક વખતે એક ઈન્દ્રિય દ્વારા જ જાણી શકે છે; તે વખતે બીજી ઈન્દ્રિયો દ્વારા કાર્ય થતું નથી. ક્ષાયોપશમિક જ્ઞાન જ્યારે નેત્ર દ્વારા વર્ણને જાણવાનું (જોવાનું) કાર્ય કરતું હોય છે ત્યારે તે શબ્દ, ગંધ, રસ કે સ્પર્શને જાણી શકતું નથી. અર્થાત્ જ્યારે જ્ઞાનનો ઉપયોગ નેત્ર દ્વારા વર્ણ જોવામાં રોકાયો હોય છે ત્યારે કાન પર શા શબ્દો પડે છે, નાકમાં કેવી ગંધ આવે છે વગેરે ખ્યાલ રહેતો નથી. જો કે જ્ઞાનનો ઉપયોગ એક વિષયમાંથી બીજા વિષયમાં ઝડપથી પલટાતો હોવાથી જાણે કે બધા વિષયો એકી સાથે જણાતા હોય એવી સ્થૂલ દષ્ટિએ જોતાં લાગે છે તો પણ સૂક્ષ્મ દષ્ટિથી જોતાં ક્ષાયોપશમિક જ્ઞન એક વખતે એક જ ઈંદ્રિય દ્વારા પ્રવર્તતું સ્પષ્ટ રીતે ભાસે છે. આ રીતે ઈન્દ્રિયો પોતાના વિષયમાં પણ ક્રમે પ્રવર્તતી હોવાથી પરોક્ષ એવું ઈન્દ્રિયજ્ઞાન હોય છે.

ક્ષાયોપશમિક ભાવ :આ ભાવમાં કાંઈક વિકાસ ને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમ ભાવ તો બધા છઠ્ઠાસ્થ જીવોને અનાદિથી હોય છે. પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમ ભાવ બતાવવો છે-એટલે સમ્યગ્દર્શન ભાપૂર્વકનો ક્ષયોપશમ ભાવ અહીં સમજવો. કર્મનો ઉદય છે તેનો ઉદયાભાવી ક્ષય અને અનુદય છે. તે ઉપશમરૂપે અંદર સત્તામાં રહે તેના નિમિત્તે જે જીવનો ભાવ હોય તેને ક્ષયોપશમભાવ કહે છે. (૨) જે કર્મ સત્તામાં પડ્યાં છે, તે ઉદયમાં ન આવે અને દેશઘાતી કર્મોની ઉદય હોય. આ અવસ્થાનું નામ ક્ષાયોપશમિ ભાવ છે. સર્વ ઘાતી કર્મોની ઉદયાભાવી ક્ષય થવાથી અને તે જ સર્વ ઘાતીકર્મોનો સત્તામાં ઉપશમ હોવાથી તથા દેશઘાતી કર્મોનો ઉદય હોવાથી ક્ષાયોપશમિક કહેવાય છે. આ ક્ષાયોપશમિક જ્ઞાન કર્મસહિત છે, કેમકે સત્તામાંના કર્મોનો હજી ક્ષય થયો નથી. તેથી આ જ્ઞાન પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ છે માટે બદ્ધ કહેવાય છે તથા આ અશુદ્ધ પણ છે. (૩) આત્માના પુરૂષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશે ક્ષય હોય અને સ્વયં અંશે ઉપશમ તે કર્મનો ક્ષાયોપશમ છે. અને ક્ષાયોપશ્રમિક ભાવ તે આત્માનો પર્યાય છે. આ પણ આત્માની એક સમયની પૂરતી અવસ્થા છે, તેની લાયકાત પ્રમાણેના ઉત્કૃષ્ટ કાળ સુધી પણ તે રહે છે પરંતુ સમયે સમયે બદલીને રહે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન એ અવસ્થાઓ ક્ષાયોપશમિક ભાવ છે. (૪) ક્ષાયોપશમિક ભાવો પણ તાત્ત્વિક દષ્ટિએ વિશુદ્ધાત્માના ભાવો નથી; કારણકે તેમની ઉત્પત્તિમાં પણ કર્મોના ક્ષયોપશમનો સંબંધ છે, દેશઘાતિ સ્પર્ધકો(કર્મણવર્ગણા-સમૂહ) નો ઉદય રહે સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયાભાવી ક્ષય અને તેમ જ (અગામી કાળમાં ઉદય આવવાની અપેક્ષાએ) સહવસ્થારૂપ ઉપશમ થવાથી ક્ષાયોપશમિક ભાવ થાય છે. (૫) ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદ છે :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયરૂપ ચાર જ્ઞાન; કુમતિ, કુશ્રુત, કુઅવધિરૂપ ત્રણ અજ્ઞાન; ચક્ષુ, અચક્ષુ, અવધિરૂપ ત્રણ દર્શન; દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યરૂપ પાંચ લબ્ધિઓ, એક સમ્યક્ત્વ જેને વેદક સમ્યક્ત્વ કહે છે, એક ચારિત્ર (સંયમ) અને એક સંયમા સંયમ. આ અઢાર ભેદોમાં જ્ઞાન,અજ્ઞાન, દર્શન એ લબ્ધિરૂપ ભાવ પોત પોતાના આવરણ અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી થાય છે. (૬) વર્તમાનમાં જ્ઞાનનો અંશ ઉઘાડ-વિકાસરૂપ છે તે. આ વકીલાત, ડૉક્ટરને જજના જ્ઞાનનો જે વર્તમાનમાં ઉઘાડ છે તે અજ્ઞાનનો ક્ષાયોપશમિક ભાવ છે અને તેનાથી આત્મા ગમ્ય નથી. એક કદાચિત સાચા જ્ઞાનનો ક્ષાયોપમિક ભાવ હોય તો ય તેના આશ્રયે આત્મા ગમ્ય નથી એમ કહે છે. (૭) આ ભાવમાં, કાંઈક વિકાસને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમ ભાવ, તો બધા છદ્મસ્થ જીવોને, અનાદિથી હોય છે, પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ, બતાવવો છે- એટલે સમ્યગ્દર્શનપૂર્વકનો ક્ષયોપશમભાવ અહીં સમજવો. કર્મનો ઉદય છે, તેનો ઉદયાભાવી ક્ષય અને અનુદય છે, તે ઉપશમરૂપે અંદર સત્તામાં રહે, તેના નિમિત્તે જે જીવનો ભાવ હોય, તેને ક્ષયોપશમ કહેલ છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં સમલ તત્ત્વાર્થ શ્રધ્ધાન થાય છે. અહીં જે મલપણું છે તેનું તારતમ્યસ્વરૂપ કેવળજ્ઞાનગમ્ય છે. આ અપેક્ષાએ તે સમ્ક્ત્વ નિર્મળ નથી.

ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન :તેદશામાં મિથ્યાત્વ અને મિશ્રમિથ્યાત્વ કર્મનાં રજકણો આત્મપ્રદેશોથી છૂટા પડતાં તેનું ફળ આવતું નથી, અને સમ્યક્મોહનીય કર્મનાં રજકણો ઉદયરૂપે હોય છે. તથા અનંતાનુબંધી કષાયકર્મનાં રજકણો વિસંયોજનરૂપે હોય છે. (૨) તે દશામાં મિથ્યાત્વ અને મિશ્રમિથ્યાત્વ કર્મના રજકણો આત્મપ્રદેશોથી છૂડા પડતાં તેનું ફળ આવતું નથી અને સમ્યક્ મોહનીય કર્મના રજકણો ઉદયરૂપે હોય છે, તથા અનંતાનુંબંધી કષાયકર્મના રજકણો વિસંયોજન રૂપે હોય છે.

ક્ષાલન :ધોવાઈ જવું તે.

ક્ષિતિશયન :ભૂમિશયન; પૃથ્વી પર સુવું

ક્ષિપ્ત :મધ્યમાં રહેલ; પડેલ. (૨) પડેલ; નાખેલ; મૂકેલ; રહેલ. (જ્ઞેય-ક્ષિપ્ત) = (જ્ઞેયની મધ્યમાં રહેલ)

ક્ષિપ્ર :થોડો કાળ; ટૂંકો કાળ (૨) અલ્પ; થોડો; ટૂંકો

ક્ષિપ્રમેવ :જલદી જ; તરત જ; શીઘ્રમેવ

ક્ષીણ-અક્ષીણ :પહેલાંનાં કર્મ ક્ષીણ થાય છે અને પછીનાં અક્ષીણપણે વર્તે છે.

ક્ષીણ મોહ :સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી, પછી જયારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહ જિન કહેવાય છે. પરિપૂર્ણ ભગવાન આત્માનો અનુભવ કરી જે જિતમોહ થયો છે તેણે રાગને દબાવ્યો છે, રાગનો ઉપશમ કર્યો છે પણ અભાવ કર્યો નથી, કેમ કે તેને સ્વભાવનું ઉગ્રઅવલંબન નથી. હવે જો તે નિજ જ્ઞાયકભાવનું અતિ ઉગ્ર અવલંબન લે તો મોહની સંતતિના પ્રવાહનો એવો અત્યંત વિનાશ થાય કે ફરીને મોહનો ઉદય ન થાય. આવી રીતે જયારે ભાવકરૂપ મોહનો ક્ષય થાય છે ત્યારે વિભાવરૂપ ભાવ્યનો પણ આત્મામાંથી અભાવ થાય છે. જે ભાવક મોહ છે તેના તરફનું વલણ છૂટતાં અને ઉગ્ર પુરુષાર્થ વડે સ્વભાવનું અવલંબન લેતાં ભાવકમોહ અને ભાવ્ય મોહ બન્નેનો અભાવ થાય છે. તેથી ક્ષીણમોહ ગુણસ્થાનમાં પરમાત્મપણાને પ્રાપ્ત થાય છે. ૧૨મા ગુણસ્થાનમાં ભાવ્યભાવક ભાવનો અભાવ થવાથી એકપણું થવાથી ટંકોત્કીર્ણ પરમાત્મપણાને પ્રાપ્ત થયેલો તે ક્ષીણમોહ જિન થયો છે.

ક્ષીણ કષાયપણામાં જ :ક્ષીણ કષાયપણું હોતાં જ; ક્ષીણ કષાય પણું હોય ત્યારે જ; (સમ્યક્ત્વ-જ્ઞાનયુકત ચારિત્ર-કે જે રાગદ્વેષ રહિત હોય તે, લબ્ધબુધ્ધિ ભવ્ય જીવોને,ક્ષીણ કષાયપણું હોતાં જ, મોક્ષનો માર્ગ હોય છે.)

ક્ષીણકષાયપણું :સમ્યક્ત્વ-જ્ઞાન યુકત ચારિત્ર કે જે રાગદ્વેષ રહિત હોય તે; લબ્ધ બુધ્ધિ ભવ્ય જીવોને ક્ષીણ કષાયપણું હોતાં જ મોક્ષનો માર્ગ હોય છે; કષાયરહિતપણું

ક્ષીણપ્રાતિઃ :પ્રાયઃ મોટે ભાગે; ઘણા અંશે; બહુધા; ક્ષીણ=ઘસાઈ ગયેલું; ક્ષય પામેલું; ઓછું થયેલું; પાતળું પડેલું

ક્ષીણમોહ :મોહનો સંપૂર્ણ નાશ કરવો.

ક્ષીર સાગર :દૂધનો સમુદ્ર

ક્ષોત્ર :કાન.

ક્ષોભ :ખળભળાટ; ગભરામણ; ગભરાટ; ડહોળાણ; સંકોચ; આંચકો; અસ્થિરતા; આકાંક્ષા; દ્વેષ (૨) પર કર્તુત્વાભિલાષાજનિત ક્ષોભ (૩) નિર્વિકાર નિશ્ચલ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરુધ્ધ ભાવ અર્થાત્ અસ્થિરતા તે ક્ષોભ. (૪) ચારિત્ર મોહનીયના ઉદયથી ઉત્પન્ન થાય તે ક્ષોભ. (૫) નિર્વિકાર નિશ્ચળ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરૂદ્ધભાવ અર્થાત્ અસ્થિરતા તે ક્ષોભ. (૬) અસ્થિરતા; ચારિત્રથી વિરૂદ્ધ ભાવ. (૭) ખેદ; પરમશોક; પરમ ખેદ; હાલકડોલક થવું. (૮) આકુળતા. (૯) ડોલવું; મનનો ગભરાટ; વ્યગ્રતા; શરમાવું; ખળભળાટ. (૧૦) ગભરાટ; આંચકો; શરમ; આંચકો; ચળાચળ રહિત; ચંચળતા રહિત.

ક્ષોભાયમાન :ચલાયમાન; હાલકડોલકમય.

કુસંગ :જેનાથી હંમેશનો પરિચય રહી રાગ, રંગ, ગાન તાન અને સ્વાદિષ્ટ ભોજન સેવાતાં હોય.... તે કુસંગ છે. એ શરીર અને ઈન્દ્રિયોને પોષે છે, અને એથી આત્માની મલિનતા વધે છે. તેથી તે કુસંગ છે.

કુસુબા વડે રંગાયેલું :લાલરંગ વડે રંગાયેલું.

કુસુંબિલ રંગ :લાલ રંગ. કસુંબાનો રંગ

કસુંબી :લાલ રંગ

કા પુરુષ :અધમ માણસ; બીકણ, કાયર માણસ; બાયલો; હીજડો; નપુંસક.

કાંઈ પણ :અન્ય કાર્ય

કાંઈક :કોઈક બાબત.

કાઉસગ્ગ :જીવ દેહથી ભિન્ન છે એમ સ્થિર ઊભા રહી વિચારે તેથી શાંતિ થાય.

કાકતાલીય :કાગનું તાડ પર બેસવું અને અકસ્માત્ તાડફળનું પડવું થાય, એવું અણધાર્યું; ઓચિંતુ

કાકતાલીય ન્યાય :અણધાર્યાપણું; ઓચિંતાપણું. (૨) કાગનું તાડ ઉપર બેસવું અને અકસ્માત તાડફળનું પડવું થાય એવું અણધાર્યું ઓચિંતુ થવું તે.

કાન્યબી : ઈંદ્રધનુષ્ય; મેઘધનુષ્ય

કાજ :અર્થે; માટે

કાટલાં :વજન કરવાનું માપ.

કાંડક :ખંડ; વિભાગ

કાંતિ :શોભા; સૌંદર્ય; તેજ; પ્રકાશ; નૂર; આભા; પ્રભા.

કાંતિમાન :મનહર; પ્રભાવદાર.

કાંદર્પીભાવના :રાગ થાય એવાં વચન, હલકા ચાળા, હાસ્ય યુકત, અસભ્ય વચનથી પરને સતત વિસ્મય પમાડતો સાધુ કાંદર્પી ભાવનાને ભજે છે.

કાદવથી સંયુક્ત :કાદવનો સંપર્ક પામેલ; કાદવના સંસર્ગવાળું. (જો કે જીવો, દ્રવ્યત્વભાવથી શુદ્ધ છે, તો પણ વ્યવહારથી અનાદિ કર્મબંધનને વશ, કાદવવાળા જળની માફક, ઔદયિકાદિ ભાવે પરિણત છે.)

કાદાચિત્ક :કોઈવાર હોય એવું; ક્ષણિક; અનિત્ય. (૨) માનેચ (૩) કદાચિત્ - (૪) કદાતિ; કોઈવાર હોય એવું; અનિત્ય.

કાન્ત :ઈચ્છિત, કમનીય, સુંદર, મનોહર, પ્રિય પતિ પ્રીતમ

કાન્તાદૃષ્ટિ :વીતરાગ સ્વરૂપ સિવાય, બીજે ક્યાંય સ્થિરતા થઈ શકે નહીં. વીતરાગસુખ સિવાય બીજું સુખ, નિઃસત્ય લાગે છે, આડંબર લાગે છે.

કાન્તિ :પ્રકાશ

કાપડમાં ઘડી :કરચલી

કાપોત લેસ્યા :જે યુદ્ધમાં મરવાને ઈચ્છે છે,પોતાની સ્તુતિથી સંતોષ પામે છે, તે કાપોત લેશ્યા યુક્ત છે. ઉપરની ત્રણ અશુભ લેશ્યાઓ છે.

કામ :પ્રયોજન. (૨) સ્પર્શેન્દ્રિય અને રસના-ઈન્સ્રિય, એ બેના વિષયસેવનને, શ્રી જયસેન આચાર્યદેવે, કામમાં ગણ્યા છે. (૩) વિષયોની ઈચ્છા; સ્પર્શેન્દ્રિય અને રસના ઈંદ્રિય, એ બેના વિષયે સેવનને કામમાં ગણ્યા છે; શુભાશુભ ઈચ્છાનું થવું. (૪) સ્પર્શ અને રસના ઈન્દ્રિયોને કામનું મુખ્યપણું છે. (૫) હું પરનું કાંઈ કરી શકું તેવી માન્યતા તે કામ (૬) મૈથુનરૂપ પરિણામને, કામ કહે છે.

કામભોગ :ઈન્દ્રિયોના વિષયો

કામધેનુ :મનોકામના પૂરી કરનાર, એક કલ્પિત ગાય.

કામના :કામ રહિત નિષ્કામ વીતરાગ (૨) ભાવના, અભિલાષા, પ્રયોજન, ફળની ઈચ્છા. (૩) પ્રયોજન

કામભોગ :કામ=વિષયોની ઈચ્છા, ભોગ=તેમને ભોગવવું. (૨) કામ કહેતાં, શુભાશુભ ઈચ્છાનું થવું અને ભોગ કહેતાં, એનું ભોગવવું. (૩) વિષયો સંબંધી રાગની અને રાગને ભોગવવાની કથા અનંતવાર સાંભળી છે. વિષયભોગ લેવો તે, એકલો કર્મભોગ નથી. જીવસ્ત્રીના શરીરને ભોગવવો નથી. શરીર તો હાડ, માંસ, ચામડાં છે. એતો અજીવ છે, જડ છે. એને તો ઈષ્ટગણીને રાગ કરે છે. તે રાગને અનુભવે છે. (૪) કામ એટલે ઈચ્છા અને ભોગ એટલે ઈચ્છાને ભોગવવું તે; આચાર્ય જયસેનદેવે સ્પર્શેન્દ્રિય અને રસના-ઈન્દ્રિય એ બેના વિષય સેવનને 'કામ'માં ગણ્યા છે અને ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય એ ત્રણના વિષયોને 'ભોગ'માં લીધા છે. આ પાંચેમાં અંદરના ભાવની વાત છે.

કાર્મણ શરીર :જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપ શરીર

કામાંગ :મળ બીજ, મળયોનિ, ગળતમૂળ, પૂતિગંધિ, અને બીભત્સ આ પાંચ વિશેષણોથી યુક્ત દેખો.

કામિની :સ્ત્રી

કામી :આતુર (૨) ઈચ્છુક

કાય :શરીર. (પૃથ્વીકાય વગેરે, કાયો પુદ્ગલ પરિણામો છે. તેમનો જીવ સાથે બંધ હોવાને લીધે, તેઓ જીવ સહિત હોય છે.) (૨) બહુ પ્રદેશ;કાયનો અર્થ શરીર થાય છે. તેમ ધર્માદિદ્રવ્યોને ઉપચારથી કાય કહે છે. જેમ શરીર પુદ્ગલદ્રવ્યના સમૂહરૂપ છે તેમ ધર્માદિ દ્રવ્યોને પણ પ્રદેશોનાં સમૂહરૂપ કાય સરીખો વ્યવહાર છે. અહીં કાયનો અર્થ બહુપ્રદેશ કરવો. (૩) ત્રસ સ્થાવર નામકર્મના ઉદયથી આત્માના પ્રદેશ સમૂહને કાય કહે છે.

(૧) ત્રસ=ત્રસનામા નામકમસ્ના ઉદયથી દ્વીઈન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પન્ચેન્દ્રિયોમાં જન્મ લેવા વાળા જીવોને ત્રસ કહે છે.

(૨) સ્થાવર =સ્થાવરનામા નામ કર્મના ઉદયથી પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિમાં જન્મ લેવા વાળા જીવોને સ્થાવર કહે છે.

(૩) બાદર=પૃથ્વી વગેરેથી જે અટકી જાય અથવા બીજાને અટકાવે તેને બાદર કહે છે.

(૪) સૂક્ષ્મ=જે પૃથ્વી વગેરેથી સ્વયં ન અટકે અને ન બીજા પદાર્થોને અટકાવે તેને સૂક્ષ્મ કહે છે.

(૫) વનસ્પતિ =તેના બે ભેદ છે. પ્રત્યેક અને સાધારણ

(૧) પ્રત્યેક વનસ્પતિ=એક શરીરના જે એક સ્વામી હોય તેને પ્રત્યેક વનસ્પતિ કહે છે.

(૨) સાધારણ વનસ્પતિ= જે જીવોને આહાર, આયુ, શ્વાસોચ્છવાસ, અને કાય સાધારણ (સમાન અથવા એક) હોય તેને સાધારણ કહે છે. જેમ કે ત્રિલોય (અમરવેલ આદિ)

પ્રત્યેક વનસ્પતિના બે ભેદ છે, સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક

સપ્રતિષ્ઠિત પ્રતયેક = જે પ્રત્યેક વનસ્પતિના આશ્રયે અનેક સાધારણ વનસ્પતિ શરીર હોય તેને સપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

અપ્રતિષ્ઠિત પ્રત્યેક = જે પ્રત્યેક વનસ્પતિનો આશ્રય કોઈ પણ સાધારણ વનસ્પતિ ન હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

સાધારણ વનસ્પતિ સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિમાં જ હોય છે. અથવા બીજે કયાંય પણ હોય છે. પૃથવી, અપ (જળ), તેજ, વાયુ, કેવલી ભગવાન, આહારક શરીર, દેવ, નારકી, આ આઠ સિવાય બધા સંસારી જીવોનાં શરીર સાધારણ અર્થાત્ નિગોદના આશ્રય છે. સાધારણ વનસ્પતિના (નિગોદના) બે ભેદ છે. એક નિગોદ અને બીજો ઈતર નિગોદ

નિત્યનિગોદ=જેને કયારેય પણ નિગોદની સિવાય બીજી પર્યાય થાય નહિ. અર્થાત્ આજ સુધી તે જ પર્યાયમાં રહેલ હોય તેને નિત્ય નિગોદ કહે છે.

ઈતર નિગોદ = જે નિગોદથી નીકળીને બીજી પર્યાય પ્રાપ્ત કરી ફરી નિગોદમાં ઉત્પન્ન થાય તેને ઈતર નિગોદ કહે છે.

બાદર અને સૂક્ષ્મ= પૃથિવી, અપ (જળ), તેજ, વાયુ, નિત્ય નિગોદ અને ઈતર નિગોદ આ છ બાદર અને સૂક્ષ બન્ને પ્રકારના હોય છે. અને બાકીના બધા જીવ બાદર જ હોય છે. સૂક્ષ્મ નથી હોતા. (૪) યોગ=પુદ્ગલ વિયાકી શરીર અંગોપાંગનામા નામકર્મના ઉદયથી મનોવર્ગણા, વચનવર્ગણા તથા કાયવર્ગણાના અવલંબનથી કર્મ, નોકર્મને ગ્રહણ કરનારી જીવની શક્તિ વિશેષને ભાવયોગ કહે છે. આ જ ભાવયોગના નિમિત્તથી આત્મ પ્રદેશના ચંચલ પરિણામને દ્રવ્યયોગ કહે છે.

યોગના પંદર ભેદ છે. ૪. મનોયોગ, ૪ વચનયોગ અને ૭ કાય યોગ

(૬) વેદ= નોકષાયના ઉદયથી ઉત્પન્ન થયેલ જીવને મૈથુન કરવાની અભિલાષાને ભાવ વેદ કહે છે. અને નામકર્મના ઉદયથી પ્રગટ થયેલ જીવના ચિહ્ન વિશેષને દ્રવ્યવેદ કહે છે.

વેદના ત્રણ ભેદ છે સ્ત્રી વેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.(૬) કષાય=જે આત્માના સમ્યક્ત્વ, દેશચારિત્ર, સકલ ચારિત્ર અને યશાખ્યાત ચારિત્રરૂપ

પરિણામોના ઘાતોને કષાય કહે છે, કષાયના સોળભેદ છે-અનંતાનું બંધી-૪ અપ્રત્યાખ્યાનાવરણીય ૪, પ્રત્યાખ્યાનાવરણીય-૪ અને સંજવલન ૪

(૭) જ્ઞાનવર્ગણા=જ્ઞાનના આઠ ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યય, કેવળ તથા કુમતિ, કુશ્રુત અને કુઅવધિ

(૮) સંયમ =અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પાંચ વ્રત ધારણ કરવા, ઈર્યાપથી આદિ પાંચ સમિતિનું પાલન, ક્રોધ-માન, માયા, લોભ એ ચાર કષાયનો નિગ્રહ કરવો.

મન, વચન, કાયાના ત્રણ યોગોને રોકવા, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ આદિ પાંચ ઈન્દ્રિયો પર વિજય કરવાને સંયમ કહે છે.

(૯) દર્શન=દર્શન માર્ગણાના ચાર ભેદ છે. ચક્ષુદર્શન, અચક્ષુ,દર્શન, અવધિદર્શન અને કેવળ દર્શન

(૧૦) લેશ્યા=લેશ્યા માર્ગણાના છ ભેદ છે. કૃષ્ણ, નીલ, કપોત, પીત પદ્મ અને શુકલ

(૧૧) ભવ્ય= ભવ્ય માર્ગણાના બે ભેદ છે- ભવ્ય અને અભવ્ય

(૧૨) સમ્યક્ત્વ=તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહે છે. સમ્યક્ત્વ માર્ગણાના છ ભેદ છે. ઉપશમ સમ્યકત્વ, ક્ષયોપશમસમ્યકત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, સમ્યકમિથ્યાત્વ, સાસાદન અને મિથ્યાત્વ

(૧૩) સંજ્ઞી =જેમાં સંજ્ઞા હોય તેને સંજ્ઞી કહે છે. દ્રવયમન દ્વારા શિક્ષાદિ ગ્રહણ કરવાને સંજ્ઞા કહે છે. તેના બે ભેદ છે-સંજ્ઞી અને અસંજ્ઞી

(૧૪) આહાર=ઔદારિક આદિ શરીર અને પર્યાપ્તિને યોગ્ય પુદગલોને ગ્રહણ કરવાને આહાર કહે છે. આહાર માર્ગણાના બે ભેદ છે-આહારક અને અનાહારક

કાય વ્યાપાર પૂર્વક :કાયાની હલનચલનાદિ ક્રિયા થવી.

કાયગુપ્તિ :કાયા તરફ ઉપયોગ ન જતાં, આત્મામાં જ લીનતા.

કાયગુપ્તિ :કાયાને હાલવા ન દેવી તે કાયગુપ્તિ

કાયત્વ :જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પદાર્થો અવયવી છે. પ્રદેશો નામના તેમના જે અવયવો છે તેઓ પણ પરસ્પર વ્યતિરેકવાળા હોવાથી, પર્યાયો કહેવાય છે. તેમની સાથે તે (પાંચ) પદાર્થોને, અનન્યપણું હોવાથી, કાયત્વસિદ્ધિ ઘટે છે. પરમાણુ (વ્યક્તિ અપેક્ષાએ) નિરવય હોવા છતાં, તેને સાવયવ પણાની, શક્તિનો સદ્ભાવ હોવાથી, કાયત્વસિદ્ધિ નિરપવાદ છે. ત્યાં એવી આશંકા કરવી યોગ્ય નથી કે પુદ્ગલ સિવાયના પદાર્થો અમૂર્તપણાને લીધે અવિભાજ્ય હોવાથી તેમના સવાયવપણાની કલ્પના, ન્યાયવિરુદ્ધ (ગેર વ્યાજબી) છે. આકાશ અવિભાજ્ય હોવા છતાં તેમાં આ ઘટાકાશ છે. આ અઘટાકાશ (અથવા પરાકાશ) છે, એવી વિભાગ કલ્પના કરવામાં આવે જ છે. જો ત્યાં (કથંચિત) વિભાગ ન કલ્પવામાં આવે, તો જે ઘટાકાશ છે તે જ (સર્વથા) અઘટાકાશ થાય; અને તે તો ઈષ્ટ (માન્ય) નથી. માટે કાળાણુઓ સિવાય, બીજા બધાને વિષે કાયત્વ નામનું સાવયવપણું નક્કી કરવું. વળી ધર્મ, અધર્મ અને આકાશ, - એ પ્રત્યેક પદાર્થ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) * વિભાગરૂપે પરિણત હોવાથી, તેમને કાયત્વ નામનું સાવયવપણું છે, એમ અનુમાન કરી શકાય છે. દરેક જીવને પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે, પરિણત લોકપૂરણ અવસ્થારૂપ વ્યક્તિની શક્તિનો સદા, સદ્ભાવ હોવાથી જીવોને પણ કાયત્વ નામનું સાવયવપણું છે, એમ અનુમાન કરી જ શકાય છે. પુદ્ગલો પણ ઊર્ધ્વ-અધો-મધ્ય એવા લોકના (ત્રણ) વિભાગરૂપે, પરિણત મહાસ્કંધપણાની પ્રાપ્તિની વ્યક્તિવાળાં અથવા શક્તિવાળાં હોવાથી તેમને પણ તેવી (કાયત્વ નામની) સાવયવપણાની સિદ્ધિ છે જ. * જો લોકના ઊર્ધ્વ; અધઃ અને મધ્ય, એવા ત્રણ ભાગ છે તો પછી, આ ઊર્ધ્વલોકનો આકાશભાગ છે, આ અવલોકનો આકાશભાગ છે અને આ મધ્યલોકનો આકાશભાવ છે એમ આકાશના ત્રણ વિભાગ કરી શકાય છે. અને તેથી તે સાવયવ, અર્થાત્ કાયત્વવાળું એમ સિદ્ધ થાય છે. એ જ રીતે ધર્મ અને અધર્મ પણ સાવયવ અર્થાત્ કાયત્વવાળાં છે.

કાયનો ઉત્સર્ગ કરીને :કાયાને છોડીને, અર્થાત કાયાની ઉપેક્ષા કરીને.

કાયપાતી :કાયાથી જેનું પતન થાય છે તે.

કાયમ ટકનાર સ્વભાવ :કાયમ ટકનાર સ્વભાવ શું? અને કામય નહિ ટકનાર તે શું? એમ બન્ને જુદા ન સમજે તો વિકારથી જુદું વર્તુળરૂપ કરે? જેમ છોકરાંરૂપ પ્રજાને પોતાની માને તેમ, આત્માની અંદર પુણ્ય પાપની લાગણી રૂપ પ્રજા થાય છે, તેને પોતાની માને, તે મારો વારસો રાખશે તેમ માને ત્યાં સુધી, તે કાર્ય જીવ કર્યા જ કરે, પરંતુ તેનાથી જુદો પ્રવર્તે નહિ.

હું આત્મા જ્ઞાન છું, શાંત છું, નિર્મળ છું તેવા પોતાના સ્વભાવને ભૂલીને, પુણ્ય-પાપના વિકારી ભાવ આત્મામાં થાય છે. તેને પોતાના માને છે, તે પોતાની મૂડીને ખોવે છે, તે વિકારી ભાવોને પોતાના માને, તે જ આસ્રવ છે; અજ્ઞાની વિકારી પર્યાયને પોતાની, માનીને પ્રવર્તે છે, તેથી તેને કર્મનો સંચય થાય છે. ખરેખર ત્રિલોકનાથ તીર્થંકર દેવ સર્વદર્શીએ બંધનનું સ્વરૂપ આ જ રીતે કહ્યું છે.

જ્ઞાન તે ગુણ છે અને આત્મા તે દ્રવ્ય છે- તે બન્નેને ત્રિકાળ તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે. તેને મારું પોતીકાનું સ્વરૂપ જાણતો થકો નિશંકપણે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે. અને જ્ઞાનમાં વર્તતો છે. તે જ્ઞાનક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે, નિષેધવામાં આવી નથી.

શરીરાદિની અને રાગાદિની જે ક્રિયા થાય છે, તેને જાણી લેવી તે જ્ઞાનની પરિણતિ જ્ઞાનની ક્રિયા છે. રાગની અવસ્થાને જ્ઞાતા ભાવે રહીને જાણી લેવી, તે જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થયું તે જ્ઞાનની ક્રિયા છે.

આત્મા જાણનાર અને જોનાર છે. જ્ઞાની જાણે છે કે આ રાગનો કર્તા હું નથી, પણ તેનો જ્ઞાતા રહેવું તે મારું કામ. તે મારી જ્ઞાનની ક્રિયા, આ ક્રિયા સર્વજ્ઞ ભગવાનો એ નિષેધી નથી, કેમ કે જ્ઞાનક્રિયામાં પુરુષાર્થ છે. જ્ઞાનક્રિયા પોતાનો સ્વભાવ છે. જ્ઞાનક્રિયા તે સદ્‌ભૂત વ્યવહાર છે. કર્તા કર્મ એટલે ? કર્તાથી તેનું કર્તવ્ય જુદું ન હોય. શરીરાદિ, રાગ વગેરે આત્માથી જુદાં પડી જાય છે તે માટે, તે જ્ઞાતાનું કર્તવ્ય નથી.

કાયર :વીર્યહીન, પુરુષો; હીજડાઓ

કાયાના બાર દોષ :સામાયિકમાં કાયાના બાર દોષ કહ્યા છે તે નીચે પ્રમાણે છે.

૧. અયોગ્ય આસન દોષ= સામાયિકમાં પગ પર પગ ચઢાવી બેસે એ ગુર્વાદિકનું અવિનય રૂપ આસન માટે એ પહેલો અયોગ્ય આસન દોષ.

૨. ચલાસન દોષ= ડગડગતે આસને બેસી સામાયિક કરે, અથવા વારંવાર જ્યાંથી ઉઠવું પડે તેવે આસને બેસે તે ચલાસન દોષ.

૩. ચલ દૃષ્ટિદોષ= કાયોત્સર્ગમાં આંખો ચંચળ રાખે તે ચલદૃષ્ટિદોષ.

૪. સાવદ્યક્રિયા દોષ= સામાયિકમાં કંઈ પાપક્રિયા કે તેની સંજ્ઞા કરે તે સાવદ્યક્રિયા દોષ.

૫. આલંબનદોષ=ભીંતાદિકે ઓઠીંગણ દઈ બેસે એથી ત્યાં બેઠેલા જંતુ આદિકનો નાશ થાય અને પોતાને પ્રમાદ થાય, તે આલંબન દોષ.

૬. આકુંચન પ્રસારણ દોષ= હાથ પગ સંકોચે, લાંબા કરે એ આદિ તે આકુંચન પ્રસારણ દોષ.

૭. આલસ દોષ= અંગ મરડે, ટચાકા વગાડે એ આદિ તે આલસદોષ.

૮. મોટન દોષ= આંગળી વગેરે વાંકી કરે, ટચાકા વગાડે તે મોટન દોષ.

૯. મલદોષ= ઘરડા ઘરડ કરી સામયિકમાં ચળ કરી મેલ ખંખેરે તે મલદોષ.

૧૦. વિમાસણદોષ= ગળામાં હાથ નાખી બેસે ઈ. તે વિમાસણદાષ

૧૧. નિદ્રાદોષ= સામાયિકમાં ઊંઘી આવવી તે નિદ્રાદોષ.

૧૨. વસ્ત્ર સંકોચન દોષ= સામાયિકમાં ટાઢ પ્રમુખની ભીતિથી વસ્ત્રથી શરીર સંકોચે તે વસ્ત્ર સંકોચન દોષ.

આ પ્રમાણે સામાયિકમાં મનના દશ દોષ , વચનના દશ દોષ અને કાયાના બાર દોષ રહિત સામાયિક કરવી; પાંચ અતિચાર ટાળવા.

કાયાની વૃક્ષદશા :આહાર-વિહારની નિયમિતતા

કાયાનો ઉત્સર્ગ કરીને :કાયાને છોડીને;અર્થાત્ તેની ઉપેક્ષા કરીને.

કાયોત્સર્ગ :શરીરની મમતા છોડીને આત્માની સન્મુખ થવું; આત્મધ્યાન કરવું. છ આવશ્યકોમાંનું એક આવશ્યક.

કારક :કરનાર; કર્તા (૨) કારક છે- કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ પ્રમાણે છ કારકો છે.

૧. કર્તા= જે સ્વતંત્રતાથી (સ્વાધીનતાથી) પોતાનાં પરિણામ કરે, તે કર્તા છે. (પ્રત્યેક દ્રવ્ય પોતામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાનાં જ પરિણામોનો કર્તા છે.)

૨. કર્મ = (કાર્ય) કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે, તે પરિણામ-તેનું કર્મ છે.

૩. કરણ = તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

૪. સંપ્રદાન = કર્મ (પરિણામ-કાર્ય) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે, તેને સંપ્રદાન કહે છે.

૫. અપાદાન = જેમાંથી કર્મ કરવામાં આવે છે, તે ધ્રુવવસ્તુને અપાદાન કહેવામાં આવે છે.

૬. અધિકરણ = જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે, તેને અધિકરણ કહે છે.

કારકો :કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ, એ છ કારકોનાં નામ છે. જે સ્વતંત્રપણે (સ્વાધાનપણે) કરે તે કર્તા; કર્તા જેને પહોંચે -પ્રાપ્ત કરે, તે કર્મ; સાધક તમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન, તે કરણ; કર્મ જેને દેવામાં આવે અથવા જેના માટે કરવામાં આવે, તે સંપ્રદાન; જેમાંથી કર્મ કરવામાં આવે તેવી ધ્રુવ વસ્તુ, તે અપાદાન; જેમાં અર્થાત્ જેના આધારે કર્મ કરવામાં આવે, તે અધિકરણ. આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય, એમ બે પ્રકારનાં છે. જ્યાં પરના નિમિત્તથી કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કારકો છે. એ જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી, કાર્યની સિદ્ધિ કહેવામાં આવે, ત્યાં નિશ્ચય કારકો છે.

વ્યવહાર કારકોનું દૃષ્ટાંત, આ પ્રમાણે છે : કુંભાર કર્તા છે; ઘડો કર્મ છે દંડ, ચક્ર, દોરી વગેરે કરણ છે. જળ ભરનાર માટે કુંભાર ઘડો કરે છે, તેથી જળ ભરનાર સંપ્રદાન છે; ટોપલામાંથી માટી લઈને ઘડો કરે છે, તેથી ટોપલો અપાદાન છે; જમીનના આધારે ઘડો કરે છે, તેથી જમીન અધિકરણ છે. આમાં બધાંય કારકો જુદાં જુદાં છે. અન્ય કર્તા છે. અન્ય કર્મ છે. અન્ય કરણ છે, અન્ય સંપ્રદાન, અન્ય અપાદાન અને અન્ય અધિકરણ છે. પરમાર્થે કોઈ દ્રવ્ય, કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી. માટે આ છ વ્યવહાર કારકો અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત, અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો સંબંધ છે જ નહિ.

નિશ્ચય કારકોનું દૃષ્ટાંત આ પ્રમાણે છે : માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે - પ્રાપ્ત કરે છે તેથી માટી કર્તા છે અને ઘડો કર્મ છે; અથવા, ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે; પોતાના પરિણમન સ્વભાવથી માટીએ, ઘડો કર્યો તેથી માટી જ કરણ છે; માટી એ ઘડારૂપ કર્મ પોતાને જ આપ્યું તેથી માટી પોતે જ સંપ્રદાન છે; માટીએ પોતાનામાંથી પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી તેથી પોતે જ આપાદન છે; માટીએ પોતાના જ આધારે ઘડો કર્યો, તેથી પોતે જ અધિકરણ છે. આ રીતે નિશ્ચયથી છ યે કારકો એક જ દ્રવ્યમાં છે. પરમાર્થે એક દ્રવ્ય બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી અને દ્રવ્ય પોતે જ, પોતાને, પોતાનાથી, પોતાને માટે, પોતાનામાંથી અને પોતાનામાં કરતું હોવાથી, આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.

શુદ્ધોપયોગમાં લીન આત્મા, પોતે જ છ કારકરૂપ થઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે આત્મા પોતે અનંત શક્તિવાળા, જ્ઞાયકસ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ કર્તા છે પોતે અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન કર્મ છે અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ કર્મ છે; પોતાના અનંત શક્તિવાળા પરિણમન સ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે, કેવળજ્ઞાન કરતો હોવાથી, આત્મા પોતે જ કરણ છે પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી આત્મા પોતે જ સંપ્રદાન છે; પોતાનામાંથી મતિશ્રુતાદિ અપૂર્ણ દૂર કરી કેવળજ્ઞાન કરતો હોવાથી એ પોતે સહજ જ્ઞાન સ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ અપાદાને છે. પોતાનામાં જ અથવા પોતાના જ આધારે કેવળજ્ઞાન, કરતો હોવાથી પોતે જ અધિકરણ છે. આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી તે સ્વયંભૂ કહેવાય છે. અથવા, અનાદિ કાળથી અતિ દઢ બંધાયેલા, (જ્ઞાનાવરણ, દર્શનાવરમ, મોહનીય અને અંતરાયરૂપ) દ્રવ્ય તેમજ ભાવ ઘાતિકર્મને નષ્ટ કરીને, સ્વયમેવ આવિર્ભૂત થયો; અર્થાત્ કોઈની સહાય વિના પોતાની મેળે જ,

પોતે પ્રગટ થયો તેથી, તે સ્વયંભૂ કહેવાય છે. (૨) કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ-એ છ કારકોનાં નામ છે.

આ છ કારકો, વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે, જ્યાં પરના નિમિત્તથી, કાર્યની સિદ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહારકારકો છે. અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી, કાર્યની સિદ્ધિ કહેવામાં આવે, ત્યાં નિશ્ચયકારકો છે.

શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી, સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી, જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે, એવો આ (પૂર્વોક્તિ) આત્મા,

(૧) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે, સ્વતંત્ર હોવાથી, જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો,

(૨) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે, પરિણમવાના સ્વભાવને લીધે, પોતે જ પ્રાપ્ય હોવાથી (પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો,

(૩) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે, પરિણમવાના સ્વભાવને લીધે, પોતે જ સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો,

(૪) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે, પરિણમવાના સ્વભાવને લીધે, પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી, (અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો,

(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે, પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા, વિકળજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં, સહજ જ્ઞાનસ્વભાવ વડે, પોતે જ ધ્રુવપણાને અવલંબતો હોવાથી, અપાદાનપણાને ધારણ કરતો, અને

(૬) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે, પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી, અધિકરણપણાને આત્મસાત્ કરતો-(એ રીતે), સ્વયમેવ છ કારકરૂપ થતો હોવાથી અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ દ્રવ્ય-ભાવ-ભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર, કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી, સ્વયંભૂ કહેવાય છે. પ્ર.સાર ગાથા-૧૬

- છ પ્રકારના કારકો છેઃ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ, આ સર્વકારકો પોતાની શુદ્ધ અનુભૂતિને લીધે છે.
- છ પ્રકારના કારકો છે : કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકો.

  રાગદ્વેષનો હું કર્તા નથી, રાગ દ્વેષ મારાં કામ રહ્યા નથી, રાગદ્વેષનું હું સાધન નથી, રાગદ્વેષને મેં રાખ્યા નથી, રાગદ્વેષ મારામાંથી થયા નથી. અને રાગ દ્વેષ તે મારા આધારે રહ્યા નથી. આ કોણ વિચારે છે? ધર્મી-જ્ઞાની જીવ વિચારે છે કે, મારા સ્વભાવમાં આ છ પ્રકારો છે જ નહિ, મારા આધારે આ રાગદ્વેષ થયા હોય તેમ, ત્રણ કાળમાં છે જ નહિ.

કારકોના નામ :કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એ અધિકરણ. જે સ્વતંત્રપણે (સ્વાધીન પણે) કરે, તે કર્તા; કર્તા જેને પહોંચે, પ્રાપ્ત કરે, તે કર્મ; સાધકતમ આર્થાત્ ઉત્કૃષ્ટ સાધન, તે કારણ; કર્મ જેને દેવામાં આવે

કારગત :અસર; સફળ ફતેહમંદ.

કારણ :સાધન; ઉપાય. (૨) બે છે; ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ. (૩) કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

કારણ અને કાય :પદાર્થો કારણ છે, અને તેમના જ્ઞેયાકારો (દ્રવ્ય-ગુણ-પર્યાયો), કાર્ય છે.

કારણ અને કાર્ય :

૧. પૂર્વ પર્યાય કારણ અને ઉત્તર પર્યાય કાર્ય, એમ પણ કહેવાય. જેમ કે મોક્ષમાર્ગ તે કારણ, ને મોક્ષ તે કાર્ય.

૨. અનેક વર્તમાન પર્યાયોમાં એક કારણ ને, બીજું કાર્ય એમ પણ કહેવાય. જેમ કે સમ્યગ્જ્ઞાન તે કારણ, ને સુખ કાર્ય.

૩. દ્રવ્ય કારણ અને પર્યાય કાર્ય, એમ પણ કહેવાય. જેમ કે, સમ્યગ્દર્શનનું કારણ શુદ્ધભૂતાર્થ આત્મા.

કારણ આત્મા :ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યતત્ત્વ અંદર નિત્ય વિરાજે છે તે કારણ-આત્મા છે, અને તે તું પોતે જ છો. જે મોક્ષની કાર્ય દશા, પરમ અતીન્દ્રિય

સુખની કાર્ય દશા પ્રગટ થાય છે, તેના કારણપણે અંદર નિત્ય વિરાજમાન કારણ તત્ત્વ-કારણ પરમાત્મા પ્રભુ! તું પોતે જ છો.

કારણ કોને કહે છે? :કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

કારણ દૃષ્ટિ :દર્શન ને શ્રદ્ધારૂપ ત્રિકાળી ભાવ. (૨) ત્રિકાળ સ્વરૂપ શ્રદ્ધા (૩) ત્રિકાળી દર્શનોપયોગ; વા ત્રિકાળી શ્રદ્ધા. (૪) જાણું, દેખવું ને શ્રદ્ધવું-એવો જે સ્વરૂપ સ્થિત ત્રિકાળી નિજ સ્વભાવ છે, તેના સત્તામાત્ર-હોવાપણા માત્ર નિજ વસ્તુ છે. લ્યો, આ કારણ દૃષ્ટિના, અર્થાત્ દર્શન ને શ્રદ્ધારૂપ ત્રિકાળી ભાવના હોવા માત્ર પણે વસ્તુ છે. ભારે વાતુ ભાઈ!

અંદર જે ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ, ત્રિકાળ દર્શન સ્વરૂપ ને ત્રિકાળ શ્રદ્ધાસ્વરૂપ સ્વભાવ છે, તેને કારણદૃષ્ટિ કહે છે. અને તે કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની છે.જે ત્રિકાળ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે તેની, અર્થાત્ એક સમયની પર્યાય નામ વિશેષ સિવાયનો જે આનંદનો કંદ, ધ્રુવધામ પ્રભુ આત્મા છે તેની સ્વરૂપ શ્રદ્ધા માત્ર છે. પર્યાય છે તે વિશેષ જે ભગવાન આત્મા છે તે શ્રદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધામાત્ર છે. તો તે સિવાયનો ત્રિકાળ સામાન્ય એવો કારણ દૃષ્ટિ છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપમાં જે શક્તિરૂપ શ્રદ્ધા પડી છે તેને કારણદૃષ્ટિ કહે છે. કે જેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શનરૂપી કાર્ય નવીન પ્રગટ થયા છે. અહા! આવી વાતુ! સમજાણું કાંઈ? (૫) ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધા માત્ર જ કારણ દૃષ્ટિ છે. આત્મામાં જે ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ, ત્રિકાળ દર્શન સ્વરૂપ ને ત્રિકાળ શ્રદ્ધા સ્વરૂપ સ્વભાવ છે, તેને કારણ દૃષ્ટિ કહે છે. આ કારણ દૃષ્ટિ. તે શુદ્ધાત્માનું જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે તેની, અર્થાત્ એક સમયની પર્યાય નામ વિશેષ સિવાયનો જે આનંદનો કંદ ધ્રુવધામપ્રભુ આત્મા છે, તેની સ્વરૂપ શ્રદ્ધા માત્ર છે. પર્યાય છે તે વિશે છે. તો તે સિવાયનો ત્રિકાળ સામાન્ય એવો જે ભગવાન આત્મા છે, તે શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધા માત્ર કારણ દૃષ્ટિ છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય માત્ર સ્વરૂપમાં જે શક્તિરૂપ શ્રદ્ધા પડી છે, તેને કારણ દૃષ્ટિ કહે છે, કે જેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શનરૂપી કાર્ય નવીન પ્રગટ થાય છે.

કારણ પરમાત્મા :ભાઈ! કારણપરમાત્મા તો અંદર ત્રિકાળ એક જ્ઞાયક ભાવપણે બિરાજી રહ્યો છે પણ એને અંતર્મુખપણે પ્રતીતિ માં આવે ત્યારે હું કારણ પરમાત્મા છું એમ ભાવ થાયને? પ્રતીતિમાં આવ્યા વિના એને કારણપરમાત્મા ક્યાં છે? ભગવાનપૂર્ણાનંદ સ્વરૂપ નિજ પરમાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન થાય તેને 'હું કારણ પરમાત્મા સ્વરૂપ છું.' એમ ભાસે છે ને તેને કાર્ય(કાર્ય પરમાત્મા) પ્રગટે છે. જે એક સમયની પર્યાય અને રાગની શ્રદ્ધામાં રહ્યો છે તેને કારણ પરમાત્મા કેમ ભાસે? તેને કાર્ય ક્યાંથી પ્રગટે? (૨) નિત્ય, ધ્રુવ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા છે. ત્રિકાળી દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ એ તેનો સહજ ત્રિકાળ અકૃત્રિમ સ્વભાવ છે. તથા તેમાં એક કારણ દૃષ્ટિ એટલે કે ત્રિકાળ શું શક્તિરૂપ એક શ્રદ્ધાનો સ્વભાવ છે. અહા! આવો ભગાવન આત્મા કારણ સમયસારૂ અર્થાત્ કારણ પરમાત્મા છે.

કારણ શુદ્ધ જીવ અને કાર્ય શુદ્ધ જીવ :દરેક જીવ શક્તિ અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજજ્ઞાનાદિક સહિત છે તેથી દરેક જીવ કારણ શુદ્ધ જીવ છે. જે કારણ શુદ્ધ જીવને ભાવે છે તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ-અપેક્ષાઓ શુદ્ધ (કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત કાર્યશુદ્ધ જીવ થાય છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કાર્ય શુદ્ધ જીવ કહેવાય છે.

(કારણ શુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ; અર્થાત્ શક્તિ અપેક્ષાએ શુદ્ધ; કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ

કારણ શુદ્ધ પર્યાય :દ્રવ્ય-ગુણનો વર્તમાન વર્તતો સ્વ-આકાર, તે કારણ શુદ્ધ પર્યાય છે. તે વર્તમાન કારણરૂપ છે. તેથી જેને વર્તમાન કાર્ય (સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ કાર્ય) પ્રગટ કરવું હોય, તેને તે ઉપયોગી છે. કેમ કે તે કારણનો આશ્રય કરતાં કાર્ય પ્રગટી જાય છે. દ્રવ્યથી તે કારણ શુદ્ધ પર્યાય કાંઈ જુદી નથી. દ્રવ્ય ત્રિકાળ એવું ને એવું પૂરેપુરું વર્તમાનમાં વર્તી રહ્યું છે. અરે જીવ! તું જ્યારે જો ત્યારે વર્તમાન કારણ પણે પુરું દ્રવ્ય તારી પાસે જ છે.....તે

તું જ છે. માત્ર તારા નયનની આળસે તે તારા કારણને જોયું. નથી તેથી જ તારું કાર્ય અટક્યું છે.

હવે તો અંતરમાં નજર કરીને, આ કારણને દેખ.... આ કારણનો સ્વીકાર કરી, તેનો આશ્રય કરતાં તારું નિર્મળ કાર્ય થઈ જશે.

કારણ સમયસાર સ્વરૂપ :ભગવાન આત્માનો ત્રિકાળ શક્તિરૂપ જે શ્રદ્ધા, જ્ઞાન ને દર્શનનો સ્વભાવ છે તે કારણ સમયસાર સ્વરૂપ છે. અર્થાત્ પૂર્ણ શાન્તિ, પૂર્ણજ્ઞાનને પૂર્ણ સુખના કારણ સ્વરૂપ ભગવાન આત્માનો ત્રિકાળી ભાવ છે.

કારણ સમયસાર :કારણ સ્વભાવજ્ઞાન સહજ દર્શન, સહજ ચારિત્ર, સહજ સુખ અને સહજ પરમ ચિત્શક્તિરૂપ નિજ કારણસમયસારનાં સ્વરૂપોને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી તેવું જ છે. આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.

કારણ સમયસાર સ્વરૂપ :આત્માનો ત્રિકાળ શક્તિરૂપ જે શ્રદ્ધા, જ્ઞાન ને દર્શનનો સ્વભાવ છે તે કારણ સમયસાર સ્વરૂપ છે. એટલે કે પૂર્ણ શાન્તિ, પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ સુખના કારણ સ્વરૂપ એવા ભગવાન આત્માનો ત્રિકાળી ભાવ છે. સખનું કારણ બહારમાં નથી, બહારની ચીજમાંથી સુખ મળે એમ નથી. અંતરમાં જે શ્રદ્ધા, જ્ઞાન, દર્શન, આનંદનો કારણસમયસાર સ્વરૂપ નિજ સ્વભાવ છે તેના આશ્રય સિવાય સુખનો કોઈબીજો મારગ ભગવાને જોયો નથી અને છે પણ નહિ.

કારણ જ્ઞાન સ્વભાવ જ્ઞાન ઉપયોગ :આ ઉપયોગ નિરપેક્ષ છે, તે પ્રગટ રૂપ નથી; વર્તમાનમાં ધ્રુવપણે છે. તેમાં ઉત્પાદ-વ્યય નથી. આ ઉપયોગ બધા જીવોમાં વર્તે છે. આ ઉપયોગ અનાદિ અનંત એકરૂપ છે. તેનો આશ્રય કેવળજ્ઞાન પ્રગટવાનું કારણ છે. કારણ સ્વભાવ જ્ઞાનઉપયોગ વર્તમાન-વર્તમાન છે. પણ તેમાં પ્રગટરૂપ પરિણમન નથી. તેમાંથી જે કેવળ જ્ઞાન વગેરે કાર્યરૂપ પર્યાય પ્રગટે છે તે તેનું સાપેક્ષ પરિણમન છે. કારણ સ્વભાવ જ્ઞાન ઉપયોગનું સહજ આનંદ, સહજ જ્ઞાન વગેરેને જાણવાનું સામર્થ્ય છે અને આનંદદાતા છે.

કારણ સ્વભાવજ્ઞાન :નિજ પરમાત્મામાં રહેલાં રહેલાં જુઓ પોતાનો આત્મા કહે છે, પરમાત્મા સ્વરૂપ જ છે. પરમાત્મા પરમ+ આત્મા= પરમ સ્વરૂપ. આહાહા! એવા ત્રિકાળ નિજ પરમ સ્વરૂપ પરમાત્મામાં રહેલાં છે શું? કે સહજ દર્શન-સ્વાભાવિક ત્રિકાળી દર્શન, સહજ ચારિત્ર સ્વાભાવિક ત્રિકાળી ચારિત્ર, સહજ સુખ-સ્વાભાવિક ત્રિકાળી સુખ, અને સહજ પરમ ચિત્શક્તિરૂપ અર્થાત્ સ્વાભાવિક પરમ જ્ઞાન-શક્તિરૂપ નિજ કારણ સમયસારનાં સ્વરૂપો..., અહાહા! તેને યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી, કહે છે, આ કારણ સ્વભાવ જ્ઞાન પણ તેવું જ છે.

અહાહા...! ત્રિકાળી જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ને ચારિત્ર આદિરૂપ અંદર વસ્તુનું ત્રિકાળી સ્વરૂપ છે. અહાહા....! અંદર જે ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા કારણ સમયસાર સ્વરૂપ બિરાજે છે તેના સ્વરૂપને એ અંતરનું જ્ઞાન (કારણ સ્વભાવજ્ઞાન) એક સાથે યુગપદ્ જાણવાને સમર્થ છે. આ શક્તિની વાત છે હો! અહા! કારણ સ્વભાવજ્ઞાન જો કે છે તો ધ્રુવ-ધ્રુવ ત્રિકાળ, છતાં તેનું સામર્થ્ય તેની શક્તિ-તાકાત આવી છે, એમ અહીં વાત છે.

અહાહા...! વસ્તુનું સ્વરૂપ અંદર ધ્રુવ...ધ્રુવ.... ધ્રુવ. એવું ત્રિકાળ ઉત્પાદ-વ્યય વિનાનું છે. અર્થાત્ સહજદર્શન ઉત્પાદ-વ્યય વિનાનું છે, સહજ ચારિત્ર ઉત્પાદ-વ્યય વિનાનું છે, સહજ સુખ ઉત્પાદ વ્યય વિનાનું છે, અને સહજજ્ઞાન પણ ઉત્પાદ્-વ્યય વિનાનું છે. અહા...! આવી ઉત્પાદ-વ્યય સહિત ત્રિકાળી શક્તિઓરૂપ જે વસ્તુ કારણ સમયસારનું પૂર્ણ સ્વરૂપ છે તેને કહે છે અંદરનું કારણ સ્વભાવ જ્ઞાન જાણવા સમર્થ છે, લ્યો, આ નિજ વૈભવ.

કારણ સામાન્યનું લક્ષણ :પ્રત્યક્ષ, કારણ અને નિમિત્ત એ અકાર્યવાચી નામ છે. જેના નિમિતથી વસ્તુ ઉત્પન્ન થાય છે તે સાધન છે, સાધન અર્થાત્ કારણ.

કારણજીવ :ત્રિકાળી જ્ઞાનદર્શનમય જીવસ્તુ તે કારણજીવ છે.

કારણદર્શન :કારણદષ્ટિ; કારણ શ્રદ્ધા; કારણ માન્યતા.

કારણદષ્ટિ :અંદર જે ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ, ત્રિકાળ દર્શન સ્વરૂપને ત્રિકાળ શ્રદ્ધાસ્વરૂપ સ્વભાવ છે તેને કારણદષ્ટિ કહે છે. અને તે કારણ દષ્ટિનો ખરેખર શુદ્ધાત્માની, અહાહા! જે ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે તેની, અર્થાત્ એક સમયની પર્યાય (૨) શુદ્ધાત્મા જે ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ, ત્રિકાળ

દર્શન- સ્વરૂપ ને ત્રિકાળ શ્રદ્ધા સ્વરૂપ સ્વભાવ છે તેને કારણ દૃષ્ટિ કહે છે. (૩) ત્રિકાળી દર્શનોપયોગ અને ત્રિકાળી ધ્રુવ શ્રદ્ધા એવા તેના બે અર્થો પણ છે. કારણ દર્શન; કારણ શ્રદ્ધા; સહજ પરમ પરિણામિક ભાવ; ત્રિકાળી જ્ઞાનોપયોગ ; ત્રિકાળી શ્રદ્ધા, કારણ દૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધામાત્ર જ છે.

કારણના ભેદ :હેતુ બે પ્રકારના છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય હેતુ પણ બે પ્રકારના છે. અનાત્મભૂત અને આત્મભૂત તેમ અભ્યંતર હેતુ પણ બે પ્રકારના હોય છે. આત્મભૂત અને અનાત્મભૂત.

કારણના ભેદોનું લક્ષણ :(જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગના પ્રકરણમાં)

કારણનિયમ :સહજ પરમ પારિણામિક ભાવે સ્વાભાવ અનંત ચતુષ્ટાત્મક શુદ્ધજ્ઞાન ચેતના પરિણામ સ્થિત છે. અને તે નિયમ-કારણનિયમ છે. જુઓ, શું કીધું આ! કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ તથા અનંત વર્ય-એમ સ્વભાવ ચતુષ્ટમય જે શુદ્ધજ્ઞાન ચેતના છે તે પરમ પારિણામિક ભાવમાં સ્થિત છે. આ ત્રિકાળી શુદ્ધ જ્ઞાન ચેતનની વાત છે હો. અહો! પહેલાં ત્રિકાળી પરમ પારિણામિક ભાવ કહ્યો, અને હવે તેમાં રહેલા-સ્થિત સ્વભાવ અનંત ચતુષ્ટય એ ગુણ કહ્યા; અને તે સ્વભાવ અનંત ચતુષ્ટયનું એકરૂપ, તે શુદ્ધ જ્ઞાન ચેતના છે એમ લીધું, તે કારણ નિયમ છે.

કારણપરમાત્મા :ત્રિકાળી ધ્રુવશક્તિ; કારણશુદ્ધ જીવ; તેમાંથી કેવળજ્ઞાનાદિરૂપ, કાર્ય થાય છે. કેવળજ્ઞાન, કેવળ આનંદ આદિ, પ્રગટ થવાની શક્તિ દ્રવ્યમાં છે. શુદ્ધ જીવ, કારણપરમાત્મા છે, તેમાંથી મોક્ષમાર્ગ અને મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય, કાર્યપરમાત્મા છે, ને શુદ્ધજીવ, શક્તિરૂપ કારણપરમાત્મા છે. જેની કારણપરમાત્મા ઉપર દૃષ્ટિ નથી પણ વ્યવહાર ઉપર દૃષ્ટિ છે. તે વ્યવહારભાસી મિથ્યાદૃષ્ટિ છે. દયાદાનાદિ પરિણામ સાધન નથી. પરમ પારિણામિકભાવ કે, જેને પરની અપેક્ષા નથી, લાગતી નથી તે સાધન છે. (૨) કારણશુદ્ધ જીવ; ત્રિકાળી ધ્રુવશક્તિ. ત્રિકાળી ધ્રુવશક્તિમાંથી કેવળજ્ઞાન, કેવળ આનંદ આદિ, પ્રગટ થવાની શક્તિ દ્રવ્યમાં છે. વર્તમાન પર્યાયમાં અથવા વ્યવહાર રત્નત્રયમાં, કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત નથી. હું શુદ્ધ ચિદાનંદ છું, એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે. શુદ્ધ જીવ કારણપરમાત્મા છે. તેમાંથી મોક્ષમાર્ગ ને મોક્ષરૂપી કાર્ય પ્રગટે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય, કાર્યપરમાત્મા છે, ને શુદ્ધ જીવ શક્તિરૂપ કારણપરમાત્મા છે. દયાદાનાદિ પરિણામ સાધન નથી, પરંતુ પરમ પારિણામિક ભાવ કે, જેને પરની અપેક્ષા લાગતી નથી, તે સાધન છે. (૩) કારણપરમાત્મા નો અંદર ત્રિકાળ એક જ્ઞાયક ભાવ પણે બિરાજી રહ્યો છે પણ, એને અંતર મુખ પણે પ્રતીતિમાં આવે ત્યારે 'હું કારણપરમાત્મા છું'- એમ ભાન થાય ને? પ્રતીતિમાં આવ્યા વિના એને કારણપરમાત્મા ક્યાં છે? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, નિજ પરમાત્મ દ્રવ્યનું સમ્યક શ્રદ્ધાન થાય, તેને હું કારણ પરમાત્મા સ્વરૂપ છું- એમ ભાસે છે. ને તેને કાર્ય(કાર્ય પરમાત્મા) પ્રગટે છે. જે એક સમયની પર્યાય અને રાગની શ્રદ્ધામાં રહ્યો છે, તેને કારણ પરમાત્મા કેમ ભાસે? તેને કાર્ય ક્યાંથી પ્રગટે? સમયસાર ગાથા ૧૭-૧૮માં આવી ગયું કે- આ બાળ ગોપાલ બધા આત્માઓને વર્તમાન જે જ્ઞાન પર્યાય છે, તેમાં નિજ પરમાત્મદ્રવ્ય જ ભાસે છે, પણ અજ્ઞાનીઓની દૃષ્ટિ ત્યાં નથી. આખું દ્રવ્ય પોતાના જ્ઞાનમાં જ જણાય, એવી પોતાની ચીજ છે કેમ કે, જ્ઞાનની પર્યાયનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, પણ એવી (અજ્ઞાની જીવની) દૃષ્ટિ સ્વ ઉપર નથી પણ, પર ઉપર છે. પર્યાય અને રાગ ઉપર છે. તેથી જે નિજ પરમાત્મ દ્રવ્ય જણાય છે તેનો અનાદર કરે છે અને રાગ અને અંશમાત્ર 'હું છું એમ તે માને છે' હવે આવી વાત છે, ત્યાં એને કાર્ય કેમ પ્રગટે?

કળશ ટીકામાં આવે છે કે-જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી, મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે. કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ તે સમ્યક્ત્વ છે. એક સમયની પર્યાય અને રાગ, જેટલો આત્માને માને, તેને આત્મા મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે, કેમ કે જીવતી જ્યોત નિજ પરમાત્મ દ્રવ્ય

તેની સન્મુખ થઈને, તેનો એને સ્વીકાર નથી. સ્વભાવથી વિમુખ થઈને રાગ અને વર્તમાન પર્યાયનો સ્વીકાર કરનાર જીવ, મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. ૧૧ અંગ અને નવ પૂર્વનો ઉઘાડ ભલે હોય, તે વિકાસમાં (વિકારમાં) સંતુષ્ટ થઈ જે રોકાઈ ગયો છે, તે જીવ સ્વભાવને ભૂલીને મરણને પ્રાપ્ત થઈ રહ્યો છે. અરે! અનંત કાળમાં એણે સ્વભાવની દૃષ્ટિ, કરી જ નથી.

અહીં કહે છે- ત્રિકાળ આનંદ સ્વરૂપ પોતે પરમાત્મ દ્રવ્ય છે, તેના શ્રદ્ધાન જ્ઞાન-આચરણરૂપ પર્યાયે જીવ પરિણમે તે, ભવ્યત્વ શક્તિની અર્થાત્ મોક્ષમાર્ગની યોગ્યતા રૂપ શક્તિની વ્યક્તિ (પ્રગટતાં) છે અને તે ધર્મ છે. અરે! પોતે આવો અંદર ભગવાન સ્વરૂપ છે, એનાં ગાણાંય કદી એણે સાંભળ્યાં નથી! પણ ભાઈ! જો અંદર શક્તિએ ભગવાન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં આવશે ક્યાંથી? બહારમાં તો કાંઈ છે નહિં. બહારમાં તું ભગવાનની (અર્હંતાદિની) ભક્તિ કરે, પૂજા કરે કે સંમેદશિખરની જાત્રા કરે, પણ એનાથી ધર્મ થાય એવું ધર્મનું સ્વરૂપ નથી. કેમ કે એ તો માત્ર શુભરાગ છે. અહીં શુભ છોડીને અશુભ કરો, એ વાત નથી. ધર્મીને વિશેષ શુભભાવ આવે છે, પણ તે ધર્મ, આ ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો જે સ્વદ્રવ્યના નિજપરમાત્મ દ્રવ્યના આશ્રયે પરિણમવું છે, તે છે. અરે ભાઈ! તુ એક વાર તેને (સ્વદ્રવ્યને) જોવાની ભાવના તો કર. (૪) પારિણામિક ભાવ; કારણ સમયસાર; જ્ઞાયક ભાવ તે, ત્રિકાળ સાદૃશ્યરૂપ છે.

કારણ પર્યાય :વસ્તુ હોય તેને વર્તમાન હોય ને? વર્તમાન વગરની વસ્તુ હોય? ન હોય, અને વસ્તુનો જેવો સ્વભાવ હોય, તેવો જ તેનો અંશ હોય. તેનો વર્તમાન અંશ વિકારી અને અધૂરો ન હોય, વિકાર દેખાય છે તે કર્મની અપેક્ષાવાળી સાપેક્ષ પર્યાય છે. મૂળ સ્વભાવભૂત નિરપેક્ષ પર્યાયમાં વિકાર નથી. તે પર્યાય અનાદિ અનંત છે, શુદ્ધ છે, નિરંજન છે, તેને કારણ પર્યાય કહેવાય છે.

ગયાકાળની અવસ્થા અને ભવિષ્યની અવસ્થાનું સામર્થ્ય દ્રવ્યમાં શુદ્ધધ્રુવરૂપે છે, અને તેનો વર્તમાન વેપાર પણ ધ્રુવ છે.

કારણભૂત :નિમિત્તરૂપ.

કારણભૂત પદાર્થ :પદાર્થ કારણ છે અને તેમના જ્ઞેયાકારો (દ્રવ્ય-ગુણ પર્યાયો) કાર્ય છે.

કારુણ્યમૂર્તિનો બોધ :પરમકૃપાળુ દેવનો બોધ. વ.૬૦૯ કલમ-૧૨ સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરુષતુલ્ય જાણી વિચારવો તથા આરાધવો કે જે આરાધનાથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. અથવા પૂર્વ સત્નો આરાધક હોય અને વર્તમાનમાં આ વચનોના હેતુથી પણ સમકિતની (બીજા નિશ્ચય સમકિતની) પ્રાપ્તિ થાય છે. વ.૨૩૮

કારણ સ્વભાવ જ્ઞાન :જે ત્રિકાળી ગુણરૂપ સ્વભાવ જ્ઞાન છે તે જે પરમ પારિણામિક ભાવ ધ્રુવ સ્વભાવ ભાવ છે તે. (એકલો જ્ઞાન સ્વભાવ)

કારણાંતર :અન્ય કારણ.

કારણાંતરથી સધાતી :અન્ય કારણથી થતી.

કાર્તિકેય સ્વામી :સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. દ્રવ્યને વસ્તુને યથાવત્ લક્ષણાં રાખી વૈરાગ્યનું એમાં નિરૂપણ કર્યું છે. દ્રવ્યનું સ્વરૂપ બતાવનાર ચાર શ્લોક અદ્ભૂત છે, અને માટે આ ગ્રંથની રાહ જોતા હતા. ગઈ સાલ જેઠ માસમાં મદ્રાસ ભણી જવું થયું હતું. કાર્તિક સ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન, ભવ્ય, ઊંચા, એલોક વૃત્તિથી ઊભેલા પહાડ નીરખી સ્વામી કાર્તિકેયયાદિની અડોલ , વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી.

નમસ્કાર દે સ્વામી કાર્તિકેયને. શ્રી રાજચંદ્ર ઉપદેશ નોંધ ૨૨

કાર્મણ વર્ગણા :શરીરના સૂક્ષ્મ પુદ્ગલ પરિણામ; જ્ઞાનાવરણ, દર્શના વરણષ મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય કર્મના સૂક્ષ્મ પુદ્ગલ પરિણામને કાર્મણા કહે છે.

કાર્મણ શરીર :જે ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અથવા કાર્મણ શરીર છે, તે બધુંય જીવને નથી. જુઓ, કાર્મણ શરીર પણ જીવને નથી, જીવમાં નથી કારણકે, તે જડનાં પરિણામ હોવાથી, ભિન્ન સ્વતંત્ર છે. આત્માને અને તેને નિમિત્ત -નૈમિષિક સંબંધ, પણ અહીં કહેવામાં આવ્યો નથી. અહીં એવી શૈલી લીધી છે, કે પુદ્ગલના પરિણામને આત્મદ્રવ્યથી ભિન્ન ન કહેતાં,

અનુભૂતિથી ભિન્ન કહ્યા છે. જેણે પરથી ભિન્ન પડીને, અનુભૂતિ વડે આત્માને જાણયો છે તેને તે સર્વ પર છે.

અહીં તો, વિશેષ કાર્મણ શરીરની વાત લેવી છે. કાર્મણ શરીર નિમિત્ત છે, માટે જીવમાં (રાગાદિ) પરિણમન થાય છે કે જીવમાં સ્વાનુભૂતિ પ્રગટ થઈ માટે, કાર્મણ શરીર અકર્મ અવસ્થા રૂપ થાય છે, એમ નથી. કારણકે તે પુદ્ગલના પરિણામમય હોવાથી, અનુભૂતિથી ભિન્ન છે. કહેવું છે તો આત્માથી ભિન્ન પણ અહીં અનુભૂતિથી ભિન્ન કહ્યું, કેમકે એ સર્વ શરીરથી ભિન્ન પડી, નિજ ચૈતન્યસ્વભાવી આત્માનું લક્ષ કરતાં જે સ્વાનુભૂતિ પ્રગટ થઈ, તે સ્વાનુભૂતિમાં હું દેહથી ભિન્ન છું, એવો નિજ ચૈતન્યસ્વરૂપ વસ્તુનો અનુભવ થાય છે. (૨) કાર્મણ શરીર, સ્થૂલદેહપ્રમાણ છે. જે તેજસ કરતાં સૂક્ષ્મ છે, તે પણ તેજસની માફક કહે છે. સ્થૂલ શરીરની અંદર, પીડા થાય છે, અથવા ક્રોધાદિ થાય, છે તે જ કાર્મણ શરીર છે. કાર્મણથી ક્રોધાદિ થઈ, તેજોલેશ્યાદિ ઉત્પન્ન થાય છે. વેદનાનો અનુભવ જીવ કરે છે, પરંતુ વેદના થવી, તે કાર્મણ શરીરને લઈને થાય છે. કાર્મણ શરીર, એ જીવનું અવલંબન છે. (૩) કાર્મણ શરીર, તે જ સ્થળે આત્મ પ્રદેશોને, પોતાના આવરણના સ્વભાવ બતાવે.

આત્માના આઠ રુચક પ્રદેશ,પોતાનું સ્થાન ન બદલે.

સામાન્ય રીતે, સ્થૂળ નયથી એ આઠ પ્રદેશ, નાભિના કહેવાય; સૂક્ષ્મપણે ત્યાં અસંખ્યાત, પ્રદેશ કહેવાય. (૪) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, આયુષ્ય કર્મ, નામ કર્મ, ગોત્ર કર્મ અને વદનીય કર્મ જૂથી આઠ દ્રવ્યકર્મથી કાર્મણ શરીરની સ્ચના થાય છે. તે સૂક્ષ્મ પરમાણુ હોય છે. (૫) પુદ્ગલનું શ્રેષ્ઠ પરિણામ

કાર્મણવર્ગણા :અનંત પરમાણુઓને સ્કંધ એટલે, જે કાર્મણ શરીરરૂપ પરિણમે તે મન, વચન, કાયા ને કર્મની વર્ગણા અપૂર્વ અવસર ગાથા.

કાર્માણવર્ગણા :જે વર્ગણા (પુદ્ગલસ્કંધ) થી કાર્માણ શરીર બને તેને કાર્માણવર્ગણા કહે છે. (૨) કર્મરજ

કાર્માણ શરીર :જ્ઞાનવરણ આદિઆઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે. (૨) આઠ કર્મો (જ્ઞાનવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર, અને વંદનીય) કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે. (૩) સંસારી દશામાં રહેલા આત્મા સાથે સ્થૂળ દેહ સિવાય અંદર ઝીણી ધૂળનું (આઠ કર્મોનું) બનેલું, એક સૂક્ષ્મ શરીર છે તે, કર્માણ શરીર કહેવાય છે. કર્માણ શરીરને દ્રવ્ય કર્મ પણ કહેવાય છે. જેમ દાળ,ભાત, રોટલી વગેરેના રજકરણો લોહી, માંસ વગેરે અવસ્થાપણે તેની સ્વતંત્ર તાકાતી પરિણમે છે, તેમ સૂક્ષ્મ કર્મરૂપે (જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર વેદનીય આઠ કર્મ રૂપે થવાની યોગ્યતા, જડ રજકણોમાં હતી તેની તાકાતથી કર્મરૂપે, પરિણમે છે. જડની કોઈ અવસ્થા જીવ, કરી શકે નહિ.

કાર્ય :(જીવ વડે) કરવામાં, આવતું હોય તે; ઈચ્છાપૂર્વક, ઈષ્ટાનિષ્ટ વિકલ્પરૂપ કર્મ. (જે જીવોને, વીર્યનો કાંઈક વિકાસ થયો છે, તેમને કર્મચેતનારૂપે પરિણમવાનું સામર્થ્ય પ્રગટ્યું છે. તેથી તેઓ મુખ્યપણે, કર્મચેતનારૂપે પરિણમે છે. આ કર્મ, ચેતના કર્મફળ, ચેતનાથી નિશ્ચિત હોય છે.) (૨) (જીવ વડે) (૩) પર્યાય (૪) કર્તવ્ય (૫) પરિણામ

કાર્ય કેવી રીતે થાય છે? :કારણ જેવાં જ કાર્ય હોવાથી કારણ જેવું જ કાર્ય થાય છે. કાર્યને ક્રિયા, કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ, પરિણમન અને પરિણતિ પણ કહે છે.

(અહીં કારણને ઉપાદાન કારણ સમજવું, કારણ કે ઉપાદાન કારણ તે જ સાચું કારણ છે.)

કાર્ય કારણ :પદાર્થો સાક્ષાત્ સ્વજ્ઞેયાકારોનાં કારણ છે. (અર્થાત્ પદાર્થો પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોનાં, સાક્ષાત્ કારણ છે) અને પરંપરાએ, જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારોનાં (જ્ઞાનાકારોનાં), કારણ છે.

કાર્ય દૃષ્ટિ :અંદર જે ત્રિકાળી દર્શનોપયોગ ને ત્રિકાળી શ્રદ્ધામય ધ્રુવ એક ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે તેનો આશ્રય કરતાં વર્તમાન દશામાં જ્ઞાયિક શ્રદ્ધાને કેવળ દર્શન પ્રગટ થાય છે, અને તે કેવળ દર્શન અને જ્ઞાયિક શ્રદ્ધાને અહીં કાર્ય દૃષ્ટિ કહેવામાં આવેલ છે.

કાર્યદૃષ્ટિ :કેવળ દર્શન

કાર્ય સ્વભાવ જ્ઞાન :કેવળ જ્ઞાન આવરણ વિનાના સ્વરૂપવાળું છે, આવરણ રહિત નિરાવરણ છે, અને તેથી ક્રમે ક્રમે જાણવું એવું તેને હોતું નથી. ઈન્દ્રિયનું તેને સાધન નથી. (ઈન્દ્રિય રહિત પ્રત્યક્ષ છે) તેમજ દેશ કાળાદિના વિઘ્ન અંતરાય વિનાનું છે. એટલે કે કોઈ દેશ-કાળનું આંતરું- આડ-પડદો કે અંતર નથી.

કાર્ય સ્વભાવજ્ઞાન ઉપયોગ :(કેવળજ્ઞાન) કારણ સ્વભાવ જ્ઞાનમાં એકાગ્રતાના જોરે જે કાર્ય પ્રગટે છે, તે કાર્ય સ્વાભાવ જ્ઞાન-ઉપયોગ અર્થાત્ કેવળ જ્ઞાન છે. આ આદિ-અનંત-એકરૂપ છે, ઉત્પાદ-વ્યય સહિત છે. (મહિમા કારણનો જ છે. કારણ ત્રિકાળ છે, કારણના જોરે કાર્ય નવું પ્રગટે છે. કાર્યનો દૃષ્ટિમાં મહિમા નથી. પણ કારણ જે ત્રિકાળ એકરૂપ પડયું છે તેનો મહિમા છે. ભોગવટો કારણનો નથી-કાર્યનો છે.

કાર્યકારણ પણું :નૈમિત્તિક (કાર્ય) નિમિત્ત (કારણ)

કાર્યકારણભૂત :કાર્ય એટલે નૈમિત્તિક અને કારણ એટલે, નિમિત્ત. (જીવ પરિણામાત્મક કર્મ અને પુદ્ગલ પરણિામાત્મક કર્મ, પરસ્પર કાર્યકારણભૂત, અર્થાત્ નૈમિત્તિક-નિમિત્તભૂત છે. તે કર્મો કોઈ જીવને, અનાદિ-અનંત અને કોઈ જીવને અનાદિ-સાંત, હોય છે.)

કાર્યકારી :ઉપકારી

કાર્યજીવ :ત્રિકાળી જ્ઞાન દર્શનમય જીવવસ્તુમાં અંતર્લીનતા રમણતા-અવસ્થિતિ રૂપ ચારિત્ર તે કાર્ય જીવ છે.

કાર્યદૂત કરવું :અમલમાં ઉતારવું.

આત્મા કદમાં શરીર પ્રમાણ નાનો દેખાય છે, પરંતુ તેના અંતરમાં સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શ્રદ્ધા, અનંત પવિત્રતા, સ્વચ્છતા ઈત્યાદિનું સત્વ પડયું છે. અર્થાત્ તેના અંતર તળિયામાં અનંતા સ્વભાવોની અક્ષય લક્ષ્મી પડી છે. તેમાં એકાગ્ર થવાથી, જે ચીજ અંદરમાં પૂર્ણધ્રુવ ચિદાનંદમય છે તેમાં દૃષ્ટિ લગાવવાથી (જ્ઞાયિક) સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે અને તેને કાર્યદૃષ્ટિ કહે છે. વળી એમાંથી જે પૂર્ણ દર્શનનો ઉપયોગ અર્થાત્ કેવળદર્શનનો ઉપયોગ પ્રગટ થાય છે, તેને કાર્યદર્શન ઉપયોગ કહે છે. જુઓ, કાર્યદૃષ્ટિ કહો, પરમ અવગાઢ સમક્તિ કહો કે કાર્ય દર્શન ઉપયોગ કહો- એ બધું એક જ છે, અને તે દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય,, મોહનીય ને અંતરાય-એ ઘાતિકર્મોનો ક્ષય થતાં ઉત્પન્ન થાય છે.

કાર્યદૃષ્ટિ (૧) દર્શનાવરણીય= આત્મા પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશ્રય લઈને તેમાં એકાગ્ર લીન થાય છે ત્યારે કેવળ દર્શન પ્રગટ થાય છે ને તેને કાર્ય દર્શન કહે છે; ને ત્યારે (તે જ ક્ષણે) દર્શનાવરણીયનો નાશ થાય છે.

- અંદર જે ત્રિકાળી દર્શનોપયોગને ત્રિકાળી શ્રદ્ધામય ધ્રુવ એક ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે તેનો આશ્રય કરતાં વર્તમાન દશામાં જ્ઞાયિક શ્રદ્ધા ને કેવળ દર્શન પ્રગટ થાય છે, અને તે કેવળદર્શન અને જ્ઞાયિક શ્રદ્ધાને અહીં કાર્યદૃષ્ટિ કહેવામાં આવેલ છે.

  ભગવાન આત્મા બહારમાં પુણ્ય-પાપના ભાવ જેવો કાળો (કલુષિત, મલિન) દેખાય છે, તે કદમાં શરીર પ્રમાણ નાનો દેખાય છે. પરંતુ તેના અંતરના સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત શ્રદ્ધા, અનંત પવિત્રતા, સ્વચ્છતા ઈત્યાદિનું સત્વ પડયું છે. અર્થાત્ તેના અંતર તળિયામાં અનંતા સ્વભાવોની અક્ષય લક્ષ્મી પડી છે. તેમાં એકાગ્ર થવાથી, જે ચીજ અંદરમાં પૂર્ણ ધ્રુવ ચિદાનંદમય છે, તેમાં દૃષ્ટિ લગાવવાથી (ક્ષાયિક) સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. અને તેને કાર્યદૃષ્ટિ કહે છે. વળી, એમાંથી જે પૂર્ણ દર્શનને ઉપયોગ અર્થાત્ કેવળ દર્શનનો ઉપયોગ પ્રગટ થાય છે, તેને કાર્ય દર્શન ઉપયોગ કહે છે.

કાર્યનો ઉત્સર્ગ કરીને :કાયાને છોડીને, અર્થાત્ તેની ઉપેક્ષા કરીને.

કાર્યરૂપ :પરિણામરૂપ; ફળરૂપ.

કાર્યસ્વભાવ જ્ઞાન :કાર્યરૂપ પર્યાયરૂપ જે કેવળજ્ઞાન થાય તે.

કારયિતા :કરાવનાર.

કાર્યોત્સર્ગ :બન્ને હાથોને લટકતા રાખવા અને બન્ને પગ વચ્ચે ચાર આંગળનું અંતર રાખીને નિશ્ચળ ઊભા રહેવાનું નામ કાર્યોત્સર્ગ છે.

કારિત :બીજા પાસે કરાવવાનો ભાવ તેને કારિત કહેવાય છે.

કાલ દ્રવ્ય :પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિક દ્રવ્યોને, પરિણમનમાં જે નિમિત્ત હોય, તેને કાલદ્રવ્ય કહે છે. તે એક પ્રદેશી છે. વર્તનાહેતુ તેનો ગુણ છે. અને લોકમાં અસંખ્ય છે.

કાલ દ્રવ્યનું સ્વરૂપ :વર્તના લક્ષણવાળા એવા કાલદ્રવ્યને પણ તું જાણ, જેમ રત્નોના ઢગલામાં રત્નો જુદાં જુદાં રહેલાં છે, તેમ તે કાલ દ્રવ્યના અણુઓ છે. એટલે કે એક કાલાણુ બીજા કાલાણુથી મળતો નથી.

પોતાની મેળે પરિણમતા દ્રવ્યોને જે બહિરંગ સહકારી કારણ છે, તે વર્તના છે. તે વર્તના કાલનું લક્ષણ છે. જો કે દ્રવ્ય પોતે પરિણમે છે પણ તેમાં બાહ્ય કારણની જરૂર હોય છે, જેમ કુંભારનો ચાક ફરે છે. પણ તેમાં નીચેનો ખીલો ચાક ફરવામાં સહાયક હોય છે, તેમ દ્રવ્યોના પરિવર્તનમાં કાલ સહાયક થાય છે, તે કાલ દ્રવ્ય અસંખ્યાન જુદા જુદા કલાણુઓ રૂપે છે.

અહીં કોઈ શંકા કરે છે કે, સમય જ નિશ્ચયકાલ છે અન્ય કોઈ નિશ્ચયકાલ નામવાળું કાલદ્રવ્ય નથી. અર્થાત્ સમયને જ મૂળ દ્રવ્ય માનો, કાલદ્રવ્ય માનવાની શી આવશ્યકતા છે?

આચાર્યશ્રી તેનું સમાધાન કરે છે કે; સમય કે કાલ દ્રવ્યનો પર્યાય છે, કારણ કે તે વિનાશ પામે છે, શ્રી પંચાસ્તિકાયમાં સમયનું નાશપણું બનાવ્યું છે. સમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આ કથનથી એમ જણાય છે કે, સમય એ પર્યાય (અવસ્થા) છે. દ્રવ્ય વિના પર્યાયનો સદ્ભાવ હોય નહિ. તો સમય કોનો પર્યાય છે? એમ વિચારીએ ત્યારે સમય પુદ્ગલનો પર્યાય થઈ શકે નહિ. કારણ કે જો તે પુદ્ગલનો પર્યાય હોય તો મૂર્તિકપણાનો પ્રસંગ આવે, પણ સમય તો અમૂર્તિક-અરૂપી છે. માટે સમય જેનો પર્યાય છે, એવું કાલ દ્રવ્ય છે.

પુદ્ગલ પરમાણુ આકાશના એક પ્રદેશથી, બીજા પ્રદેશે ગમન કરે અને તેમાં જેટલો વખત થાય, તેને સમય કેહવામાં આવે છે. અને તે સમય પર્યાય કાલદ્રવ્યનો છે. તે પુદ્ગલ પરમાણુના નિમિત્તે થાય છે નેત્રોનું ઉઘડવું તથા બંધ થવું, તેથી નિમેષ પર્યાય થાય છે.

જળ પાત્ર તથા હસ્તાદિના વ્યાપારથી (ક્રિયાથી) ઘટિકા (ઘડી) થાય છે. અને સૂર્ય બિંબના દર્શનથી, ઊગવાથી દિવસ થાયછે. એ પર્યાયો કાલ દ્રવ્યના છે. પણ પુદ્ગલ તેમાં નિમિત્ત કારણ છે. મૂળ કારણ નથી. મૂળ કારણ કાલ દ્રવ્ય છે. જો ઉક્ત પર્યાયોનું મૂળ કારણ પુદ્ગલ હોય તો પુદ્ગલની સમાન સમયાદિ પર્યાયો પણ મૂર્તિક-રૂપી ગણાય. પણ સમય અમૂર્તિક અરૂપી છે.કાલ દ્રવ્યના પર્યાય છે. સમય પોતે દ્રવ્ય નથી. કાલ દ્રવ્ય અણુરૂપ, અમૂર્તિક અને અવિનાશી છે. પણ સમયાદિ પર્યાય નાશવાન છે, તે અવિનાશી નથી. માટે સમયાદિ કાલદ્રવ્યના પર્યાય છે. પણ પુદ્ગલની પર્યાય નથી, એમ જાણવું.

કાલક્ષેપ :સમયનો દુર્વ્યય; વિલંબ; ઢીલ. (૨) વખત ગુમાવવો તે; વિલંબકરવો.

કાલદ્રવ્ય :પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતાં જીવાદિક દ્રવ્યોને પરિણમનમાં જે નિમિત્ત હોય, તેને કાલદ્રવ્ય કહે છે, જેમ કુંભારના ચાકને ઘુમાવવામાં લોઢાની ખીલી.

દરેક કાલાણુ દ્રવ્ય લોકાકાશના એક એકપ્રદેશે રત્નની રાશિ સમાન એક એક ભિન્ન ભિન્ન જ રહે છે.

કલાણુ અને પરમાણુ એક પ્રદેશી દ્રવ્ય છે.

કાલના બે ભેદ છે : નિશ્ચયકાલ અને વ્યવહાર કાલ.

નિશ્ચયકાલ= કાલ દ્રવ્યને નિશ્ચયકાલ કહે છે. લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલાં જ કાલ દ્રવ્યો છે અને લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક કાલદ્રવ્ય (કાલાણુ) સ્થિત છે.

વ્યવહારકાલ= સમય, પલ, ઘડી, દિવસ, મહિના, વર્ષ વગેરે કાળ દ્રવ્યના પર્યાયોને વ્યવહારકાળ કહે છે.

કાલધર્મ :સમયને યોગ્ય ધર્મ, મોત, મરણ.

કાલ પરિવર્તન :અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના જેટલા સમય થાય, તેટલા સર્વ સમયમાં જન્મવું અને મરવું તેને કાલ-પરિવર્તન કહે છે.

કાલ પરિવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરતો જીવ, અવસર્પિણી-ઉત્સર્પિણી કાલના સર્વ સમય અને આવલિકાઓમાં અનેકવાર જન્મે છે અને મરે છે.

કાલવર્તી :સમયવર્તી

કાલાણુ :નિશ્ચય કાલ દ્રવ્ય

કાલિમા :કાળપ

કાળ :સમય; (જીવ-પુદ્ગલોના ઉપત્પાદવ્યયધ્રૌવ્યાત્મક પરિણામ એટલે તેમની સમય વિશિષ્ટ. વૃત્તિ તે સમયવિશિષ્ટ. સમયેને ઉત્પન્ન કરનારા, કોઈ પદાર્થ વિના (નિશ્ચયકાળ વિના) હોઈ શકે નહિ, જેમ આકાશ વિના, દ્રવ્યો અવગાહ પામી શકે નહિ. અર્થાત્ તેમને વિસ્તાર (તિર્યકપણું) હોઈ શકે નહિ. તેમ નિશ્ચયકાળ વિના,દ્રવ્યો પરિણામ પામી શકે નહિ, અર્થાત્ તેમને પ્રવાહ (ઉર્ધ્વપણું) હોઈ શકે નહિ. આ પ્રમાણે નિશ્ચયકાળની હયાતિ વિના (અર્થાત્ નિમિત્તભૂત કાળદ્રવ્યના સદ્ભાવ વિના, બીજી કોઈ રીતે જીવ-પુદ્ગલનાં પરિણામ, બની શકતાં નથી, તેથી 'નિશ્ચયકાળ' વિદ્યમાન છે.એમ જણાય છે - નક્કી થાય છે.)

જો કે કાળદ્રવ્ય જીવ-પુદ્ગલોના પરિણામ, ઉપરાંત ધર્માસ્તિ-કાયાદિના પરિણામને પણ નિમિત્તભૂત છે, તો પણ જીવ-પુદ્ગલોના પરિણામ, સ્પષ્ટ ખ્યાલમાં આવતા હોવાથી,કાળદ્રવ્યને સિદ્ધ કરવામાં, માત્ર તે બેના પરિણામની જ વાત લેવામાં આવી છે.

લોકાકાશ, એકક પ્રદેશે, એકેક કાળાણુ (કાળ દ્રવ્ય) રહેલું છે. આ કાળાણું (કાળ દ્રવ્ય) ને નિશ્ચય કાળ છે. અલોકાકાશમાં, કાળાણું (કાળ દ્રવ્ય) નથી. (૨) બે પ્રકારે છે - વ્યવહાર કાળ; નિશ્ચય કાળ. વ્યવહાર કાળ, નિશ્ચયકાળના પર્યાયરૂપ હોવા છતાં, જીવ-પુદ્ગલોનાં પરિણામથી મપાતો જણાતો હોવાને લીધે, જીવ-પુદ્ગલોના પરિણામથી, ઉત્પન્ન થતો કહેવાય છે; અને જીવ-પુદ્ગલોના પરિણામ, બહિરંગ-નિમિત્તભૂત દ્રવ્યકાળના સદ્ભાવમાં, ઉત્પન્ન થતા હોવાને લીધે 'દ્રવ્ય કાળથી ઉત્પન્ન થતાં' કહેવાય છે. ત્યાં તાત્પર્ય એ છે કે, -વ્યવહારકાળ, જીવ-પુદ્ગલોના પરિણામ વડે, નક્કી થાય છે; અને નિશ્ચયકાળ, જીવ-પુદ્ગલોના પરિણામ, બીજી રીતે નહિ બની શકતા હોવાથી, નક્કી થાય છે.

વ્યવહાર કાળ ક્ષણે ક્ષણે નાશ પામનારો છે, કારણ કે સૂક્ષ્મ પર્યાય, એવડો જ માત્ર (ક્ષણ માત્ર જેવડો જ, સમયમાત્ર જેવડો જ) છે; નિશ્ચયકાળ નિત્ય છે, કારણ કે તે પોતાના ગુણ-પર્યાયોના આધારભૂત દ્રવ્યપણે, સદાય અવિનાશી છે.

કાળના નિત્ય અને ક્ષણિક, એવા બે વિભાગ છે. આ કાળ છે આ કાળ છે એમ કરીને, જે દ્રવ્ય વિશેષનું સદા કથન કરવામાં આવે છે. તે (દ્રવ્યવિશેષ અર્થાત્ નિશ્ચયકાળરૂપ ખાસ દ્રવ્ય) ખરેખર પોતાના સદ્ભાવને જાહેર કરતું, થકું નિત્ય છે; અને જે ઉત્પન્ન થતાં વેંત જ નષ્ટ થાય છે, તે (વ્યવહારકાળ) ખરેખર તે જ દ્રવ્ય વિશેષનો સમય નામનો પર્યાય છે. તે ક્ષણભંગી હોવા છતાં, પણ પોતાની સંતતિ (પ્રવાહને) દર્શાવતો હોવાને લીધે, તેને નયના બળથી લાંબા સમય સુધી ટકનારો કહેવામાં દોષ નથી; આવલિકા, પલ્યોપમ, સાગરોપમ ઈત્યાદિ, વ્યવહારનો નિષેધ કરવામાં આવતો નથી.

એ રીતે અહીં એમ કહ્યું છે કે, નિશ્ચયકાળ દ્રવ્ય હોવાથી નિત્ય છે, અને વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી, ક્ષણિક છે.

જેમ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશને, દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્ભાવ હોવાથી, તેઓ દ્રવ્ય સંજ્ઞાને પામે છે. તેમ કાળ પણ (તેને દ્રવ્યના સઘળાં લક્ષણોનો સદ્ભાવ હોવાથી) દ્રવ્ય સંજ્ઞાને, પામે છે. એ પ્રમાણે છ દ્રવ્યો છે. પરંતુ જેમ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશને, દ્વિઆદિ પ્રદેશો જેનું લક્ષણ છે, એવું અસ્તિત્વકાયપણું છે. તેમ કાળાણુઓને - જો કે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે, તો પણ - એકપ્રદેશીપણાને, લીધે અસ્તિત્વકાયપણું નથી. (૨) નિશ્ચય કાળ અને વ્યવહારકાળ; અથવા ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ. (૩) પોતાની વર્તમાન વર્તતી અવસ્થા. (૪) વસ્તુના સ્થિર રહેવાની મર્યાદાને કાળ કહે છે, કાળ સામાન્ય છે. (૫) વર્તમાન અવસ્થા (૬) સ્વકાળ (૭) પોતાની વર્તમાન વર્તતી અવસ્થા. (૮) પોતાની વર્તમાન વર્તતી પ્રગટ, અવસ્થા (૯) તે એક અરૂપી પદાર્થ છે. ચૌદ બ્રહ્માંડમાં અસંખ્યાતા કાલાણુ છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ ચાર અરૂપી દ્રવ્યો છે. તે યુક્તિથી ન્યાયથી

જાણી શકાય છે. (૧૦) બે પ્રકારના છેઃ ઉત્સર્પિણી એટલે, ચઢતી શ્રેણિ અને અવસર્પિણી એટલે, ઉતરતી શ્રેણિ.

કાળ ચક્ર :કાળ ચક્રના બે વિભાગ છે ઉત્સર્પિણી અને અવસર્પિણી ઉથ્સસર્પિણી= ઉત્ એટલે ઊંચે સર્પિણી જતો એટલે કે ઉત્તરોત્તર મઢતો કાળ તે ઉત્સર્પિણી; અવ-નીચે, સર્પિણી-જતો એટલે ઉત્તરોત્તર નીચે ઉતરતો પડતો કાળ તે અવસર્પિણી.

કાળ દ્રવ્ય :પોત પોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતાં જીવાદિક દ્રવ્યોને પરિણમન વખતે જે નિમિત્ત (ઉદાસીનપણે હાજર) હોય, તેને કાળ દ્રવ્ય કહે છે. જેમકે- કુંભારના ચાકને ફરવાના ટાળે લોઢાનો ખીલો. (૨) કાળ સમય અનુત્પન્ન અવિનષ્ટ છે. અને પર્યાય સમય ઉત્પન્ન ધ્વંસી છે, અર્થાત્ સમય પર્યાય ઉત્પત્તિ વિનાશવાળો છે. (૩) જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ આ પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ દ્રવ્ય છે, પોતાના (કાળના) સિવાય પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત બને તે કાળ નામના અસંખ્ય અરૂપી અણુઓ-કાલાણુઓ છે. ચૌદ રાજુપ્રમાણલોકમાં અસંખ્ય અરૂપી કાલાણુઓ છે કે, જે પોતાના કારણે બદલાતા જીવાદિ દરેક પદાર્થને બદલવામાં (પરિણમનમાં) નિમિત્ત છે, વળી (જીવ સિવાયનાં ચાર અમૂર્ત દ્રવ્યોનાં શુદ્ધ ગુણો છે; તેમનાં પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ ને કાળ, દ્રવ્યના ગુણો શુદ્ધ છે અને તેઓની પર્યાય-અવસ્થા-હાલત પણ શુદ્ધ જ હોય છે. જીવ-પુદ્ગલની જેમ તેમાં વિભાવ છે નહિ આવી વાત છે. (૪) પોતપોતાની અવસ્થારૂપે, સ્વયં પરિણમતાં જીવાદિ દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત હોય, તેને કાળ દ્રવ્ય કહે છે. જેમ કે કુંભારના ચાકને ફરવા માટે લોઢાનો ખીલો.

કાળ દ્રવ્યના બે ભેદ છ : નિશ્ચય કાળ અને વ્યવહાર કાળ

નિશ્ચયકાળ= કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. લોકાકાશના એકેક પ્રદેશ ઉપર એકેક કાળ દ્રવ્ય (કાલાણુ) સ્થિત છે.

વ્યવહાર કાળ= વર્ષ, મહિના, દિવસ, ઘડી, પળ વગેરેને વ્યવહારકાળ કહે છે. તે કાળ દ્રવ્યની પર્યાય છે.

કાળ દ્રવ્યનો વિશેષ ગુણ :કાળ દ્રવ્યમાં પરિણમન હેતુત્વ વગેરેનો વિશેષ ગુણ છે.

કાળ પ્રત્યા સત્તી :નિમિત્ત અને ઉપાદાનનો સમકાળ છે. શાસ્ત્ર ભાષામાં તેને કાળ પ્રત્યાસત્તી સમકાળ કહે છે.

કાળ પ્રતિબંધ વણ :શિયાળામાં અમુક ક્ષેત્ર મને અનુકૂળ પડે, ઉનાળામાં અમુક ઠેકાણે જવું-એવો કાળનો પ્રતિબંધ હોય નહિ.

કાળ પરિવર્તન લિંગ છે :(૧) જો પુદ્ગલોનું પરિવર્તન થાય છે, તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ,-એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા, કાળનું અનુમાન થાય છે. (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા, અગ્નિનું અનુમાન થાય છે , તેમ), તેથી કાળ પરિવર્તન લિંગ છે. (૨) વળી પુદ્ગલાદિ પરિવર્તન દ્વારા, કાળના પર્યાયો (થોડો વખત, ઘણો વખત, એવી કાળની અવસ્થાઓ) ગમ્ય થાય છે, તેથી પણ કાળ પરિવર્તન લિંગ છે.

કાળ લબ્ધિ :જે પર્યાયમાં-કાળમાં નિર્મળ સમ્યક દશા થાય, તે કાળલબ્ધિ પણ એનું જ્ઞાન સાચું કોને થાય? જે જ્ઞાયક સ્વભાવની પ્રતીતિ અને અનુભવન કરે એને પર્યાયમાં, આ કાળ પાક્યો એમ સાચું જ્ઞાન થાય (પરકાળ સામે જોવાથી કાળ લબ્ધિ ન થાય)

કાળચક્ર :અવસર્પિણી અને ઉત્સર્પિણી મળીને એક કાળચક્ર થાય. એકેકા ભેદના છ છ આરા છે. અવસર્પિણી કાળના છ આરા આ પ્રમાણે છેઃ ૧. સુષમા સુષમા-૪ કોડાકોડી સાગરોપમનો ૨. સુષમા-૩ કોડાકોડી સાગરોપમનો ૩. સુષમા દુષમા ૨ કોડાકોડી સાગરોપમનો. ૪. દુષમા સુષમા- ૧ કોડાકોડી સાગરોપમમાં બેતાલીસ હજાર વર્ષ ઓછાનો. ૫. દુષમા-એકવીસ હજાર વર્ષનો ૬. દુષમા દુષમા-એકવીસ હજાર વર્ષનો

પછી ઉત્સર્પિણી કાળ આવશે. તેમાં પહેલો આરો એકવીસ હજાર વર્ષનો દુષમા દુષમા, પછી દુષમા એમ અનુક્રમે ચઢતો કાળ થશે. અવસર્પિણી ઉત્સર્પિણી મળીને વીસ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય. એમ કાળની ગતિ અનંત છે. (૨) જૈન દર્શન અનુસાર, અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ બે વિભાગથી એક કાળચક્ર થાય છે. અવસર્પિણીમાં ધીરે ધીરે અનિષ્ટતા વધતી જાય છે, અને ઉત્સર્પિણીમાં તે અનિષ્ટતા ઘટતી જાય

છે. હાલમાં અવસર્પિણી કાળ ચાલે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં છ આરા હોય છે. અવસર્પિણીમાં પ્રત્યેક આરાનું કાળ પ્રમાણ નાનું થતું જાય છે અને ઉત્સર્પિણીમાં તે મોટું થતું જાય છે. અવસર્પિણીમાં પહેલો આરો ચાર ક્રોડા ક્રોડિ સાગરનો બીજો ત્રણનો, ત્રીજો બેનો, ચોથો ૧. ક્રોડા ક્રોડિ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછાનો , પાંચમોં ૨૧૦૦૦ વર્ષનો અને છઠ્ઠો પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે. ઉત્સર્પિણીમાં આથી બરાબર ઊલટું કાલપ્રમાણ હોય છે. પહેલો છઠ્ઠા પ્રમાણે, બીજો પાંચમાં પ્રમાણે વગેરે. હાલમાં અવસર્પિણીનો પાંચમો આરો ચાલે છે. એજ પ્રમાણે વેદાંતમાં સત્યુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કળિયુગ એમ ચાર વિભાગ છે. તેમાં પણ એક એક યુગે સદ્‌ગુણોનો લોપ થતો જાય છે. (૩) સમયની પૂર્વ તેમ પછી, એવો નિત્ય જે પદાર્થ છે, તે કાળદ્રવ્ય છે. (૪) જો કે કાળદ્રવ્ય જીવ-પુદ્‌ગલોના પરિણામ ઉપરાંત, ધર્માસ્તિકાયાદિના પરિણામને પણ, નિમિત્તભૂત છે. તોપણ જીવ-પુદ્‌ગલોનાં પરિણામ, સ્પષ્ટ ખ્યાલમાં આવતાં હોવાથી, કાળદ્રવ્યને સિદ્ધ કરવામાં, માત્ર તે બેના પરિણામની વાત જ, લેવામાં આવી છે. (૫) કાળદ્રવ્યનું સ્વરૂપ બે પ્રકારે છે : (•) વ્યવહારકાળ, (•) નિશ્ચયકાળ. વ્યવહારકાળ જીવ-પુદ્‌ગલોના પરિણામ વડે, નક્કી થાય છે; અને નિશ્ચયકાળ જીવ,-પુદ્‌ગલોના પરિણામ, બીજી રીતે નહિ બની શકતા હોવાથી, નક્કી થાય છે.

વ્યવહારકાળ ક્ષણભંગી છે, કારણકે, સૂક્ષ્મ પર્યાય એવડો જ માત્ર છે (ક્ષણમાત્ર જેવડો જ, સમયમાત્ર જેવડો જ છે); નિશ્ચયકાળ નિત્ય છે, કારણકે તે પોતાના ગુણ-પર્યાયોના આધારભૂત દ્રવ્યપણે, સદાય અવિનાશી છે.

આ કાળ છે, આ કાળ છે, એમ કરીને જે દ્રવ્ય વિશેષનો સદા નિર્દેશ-કથન કરવામાં આવે છે, તે (દ્રવ્યવિશેષ અર્થાત્ નિશ્ચય કાળરૂપ, ખાસ દ્રવ્ય) ખરેખર પોતાના સદ્‌ભાવને, જાહેર કરતું થકું નિત્ય છે; અને જે ઉત્પન્ન થતાંવેંત જ નષ્ટ થાય છે, તે (વ્યવહાર કાળ) ખરેખર તે જ દ્રવ્ય વિશેષનો, સમય સમાનો પર્યાય છે. તે ક્ષણભંગી હોવા છતાં, પણ પોતાની સંતતિને (પ્રવાહને) દર્શાવતો હોવાને લીધે, તેને નયના બળથી લાંબા વખત સુધી ટકનારો, કહેવામાં દોષ નથી; તેથી આવલિકા, પ્લયોપમ, સાગરોપમ ઈત્યાદિ વ્યવહારનો નિષેધ કરવામાં આવતો નથી.

આ રીતે અહીં એમ કહ્યું કે, નિશ્ચયકાળ દ્રવ્યરૂપ હોવાથી નિત્ય છે, વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી, ક્ષણિક છે.

જેમ ખરેખર જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્‌ભાવ હોવાથી, તેઓ દ્રવ્ય સંજ્ઞાને પામે છે, તેમ કાળ પણ, તેને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્‌ભાવ હોવાથી, દ્રવ્ય સંજ્ઞાને પામે છે. એ પ્રમાણે છ દ્રવ્યો છે. પરંતુ જેમ જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્વિ આદિ (અર્થાત્ બે અથવા વધારે; બેથી માંડીને અનંત પર્યંત), પ્રદેશો જેનું લક્ષણ છે, એવું અસ્તિકાયપણું છે. તેમ કાળાણુઓને -જો કે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે. તો પણ - એકપ્રદેશીપણાને લીધે, અસ્તિકાયપણું નથી.

કાળ દ્રવ્ય કેટલા ભેદરૂપ છે અને તેની સ્થિતિ ક્યાં છે? :લોકાકાશના જેટલા પ્રદેશ છે, તેટલા જ કાળ દ્રવ્ય છે. અને લોકાકાશના એક એક પ્રદેશ પર, એક એક કાલાણુ સ્થિત છે.

કાળધર્મ :મરણ

કાળના ભેદ :કાળના બે ભેદ છે : એક નિશ્ચયકાળ, બીજો વ્યવહારકાળ.

કાળનો વિશેષ ગુણ :(કાળ સિવાય) બાકીનાં અશેષ દ્રવ્યોને, દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું (સમય સમયની પરિણતિનું નિમિષપણું) કાળનો વિશેષ ગુણ છે.

એવી જ રીતે (કાળ સિવાય) બાકીનાં સમસ્ત દ્રવ્યોને, દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું, કાળને હોવાને લીધે (અર્થાત્ તેમને સમયથી વિશિષ્ટ એવી પરિણતિ, અન્ય કારણથી થતી હોવાને લીધે) સ્વતઃ, તેમને તે (સમય વૃત્તિ હેતુત્વ) સંભવતું નથી.

* (કાળ સિવાયનાં દ્રવ્યોની પરિણતિ, એક સમયમાં આ પરિણતિ થઈ છે, એમ સમયથી વિશિષ્ટ છે, અર્થાત્ વ્યવહારે તેમાં સમયની અપેક્ષા આવે છે, માટે તેમાં કોઈ દ્રવ્ય-કાળદ્રવ્ય-નિમિત્ત હોવું જોઈએ.)
જેમ કુંભારના ચક્રને ફરવામાં, ખીલી નિમિત્તભૂત છે તેમ (કાળ સિવાયના), સર્વ દ્રવ્યોને પરિણમનમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય અસંખ્ય કાળાણુઓ છે, કે જેમના પર્યાયો સમય,ઘડી, દિવસ, વર્ષ ઈત્યાદિ રૂપે વ્યક્ત થાય છે.

કાળ પ્રત્યાસત્તિ :કાળના નિમિત્તને લઈને

કાળ પરાવર્તન :વળી જીવે નિરંતરપણે, અનંત કાળ પરાવર્તન કર્યો છે. કાળ ચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી, એમ બે ભાગ છે. તે દરેક દશ ક્રોડાકોડી સાગરોપમ છે એક સાગર અસંખ્ય અબજ વર્ષોનો થાય છે. આ ઉત્સર્પિણી, અવસર્પિણીકાળના, દરેકના પ્રથમ સમયથી માંડી ક્રમશઃ દરેક સમયમાં જીવ જન્મ, મરણ કર્યા છે. આમ એક એક સમયે જન્મ-મરણ કરતાં અન્નતવાર જન્મ્યો અને મર્યા છે. અહા ! પણ આત્મજ્ઞાન અને આત્મદર્શન શું છે તેની વાત કદી સાંભળી નથી.

કાળ લબ્ધિ :દરેક દ્રવ્યની સમયે સમયે જે પર્યાય થાય છે, તે સ્વકાળે થાય છે. અને તે એની કાળલબ્ધિ છે. ત્યારે નિમિત્ત હો ભલે, પરંતુ નિમિત્તે પર્યાય ઉત્પન્ન કરી છે, એમ નથી. (૨) દરેક દ્રવ્યની, કાળલબ્ધિ હોય છે. છયે દ્રવ્ય કાળલબ્ધિ સહિત છે. એટલે કે દ્રવ્યની, જે સમયે જે પર્યાય થાય છે તે તેની કાળલબ્ધિ છે. તે સમયે નિમિત્ત હો ભલે, પણ નિમિત્તના કારણે, પર્યાય થઈ છે એમ નથી. પર્યાય સ્વકાળે, પોતાથી જ થાય છે, નિમિત્તથી નહિ-એમ કહેવું, તે અનેકાન્ત છે, સ્યાદ્વાદ છે. (૩) કાળ પાકી ગયો; કાળસિદ્ધિ; કાળ પ્રાપ્તિ (૪) જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે જ પર્યાય તે સમયે પ્રગટ થાય, એનું નામ કાળલબ્ધિ છે.

કાળ પદાર્થ :કાળપદાર્થને ખરેખર એક વૃત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ સંભવે છે. કારણ કે જે વૃત્તિમાન (કાળ પદાર્થને જે વૃત્યાંશની અપેક્ષાએ જે ઉત્પાદ છે તે જ (ઉત્પાદ) વૃત્તિમાનને તે જ વૃત્યંશમાં પૂર્વ વૃત્યાંશની અપેક્ષાએ વિનાશ છે. (અર્થાત્ કાળપદાર્થને જે વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે, તે જ પૂર્વ પર્યાયની અપેક્ષાએ વિનાશ છે.)
જો આમ ઉત્પાદ અને વિનાશ એક વૃત્યાંશમાં પણ સંભવે છે. તો કાળપદાર્થ નિરન્વય કઈ રીતે હોય, કે જેથી પહેલાંના અને પછીના વૃત્યંશની અપેક્ષાએ યુગપદ્ વિનાશ અને ઉત્પાદ પામતો હોવા છતાં પણ સ્વભાવે અવિનષ્ટ અને અનુમન્ન હોવાથી તે (કાળ પદાર્થ) અવસ્થિત ન હોય? કાળપદાર્થને એક વૃત્યંશમાં પણ ઉત્પાદ અને વિનાશ યુગપદ્ થતા હોવાથી તે નિરન્વય અર્થાત્ ખંડિત નથી માટે સ્વભાવે અવશ્ય ધ્રુવ છે.
આ પ્રમાણે એક વૃત્યાંશમાં કાળપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વાળો છે એમ સિદ્ધ થયું.

કાળાણુ :કાળદ્રવ્ય

કાળાણુ-કાળ :એક એક સમયમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો કાળને છે. આ જ કળાણુનો સદ્ભાવ છે અર્થાત્ આજ કાળાણુ અસ્તિત્વની સિદ્ધિ છે.

કાળાદિ લબ્ધિના વશે :સ્વભાવ વશે, પુરુષાર્થવશે એમ બધું સાથે લેવું. એકલા કાળની આ વાત નથી પણ, પાંચે સમવાય (કાળ લબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા, અને તે જ સમયે નિમિત્ત કર્મના ઉપશમાદિ એમ પાંચે સમવાય) ની આમાં વાત છે.

કાળી જાર :બગડેલી જુવાર (૨) કાળી જુવાર

કાષ્ઠભક્ષણ :કાષ્ઠમાં બળવા ઈચ્છે છે, અગ્નિમાં બળીને સતી થવું ૨. પંચાગ્નિ ની ધૂણીઓ સાત ગાવી, તેમાં કાષ્ઠહોમી તે અગ્નિનો પરિષહ સહન કરે છે.

કાષાયાદિ બંધહેતુઓના અનભ્યાસથી :તે તે કષાય ભાવોક્ષીણ થવાથી.

કિંકર :ચાકર;નોકર (૨) દાસ

કિંચિતમાત્ર :જરાક માત્ર; થોડુંક માત્ર; સહેજ સાજજ, અત્યંત થોડું.

કિટ્ટક :કાલિમા; મેલ મલિનતા

કિટ્ટીક :માટી; પથ્થર.

કિલ :નિશ્ચયથી

કિલ્વિષિકી ભાવના :કેવળી ધર્મ, આચાર્ય, સાધુ સાધર્મી આદિની અવર્ણવાદ બોલવામાં તત્પર અને માયાવી એવો તપસ્વી કિલ્વિષી ભાવનાને ભજે છે.
કિલષ્ટ :ક્લેશ પામેલું; સમઝવામાં મુશ્કેલી પડે, તેવું અઘરું; કઠણ; દુર્બોધ.
કિલષ્ટ :મલિન
કીટોડો :મલિનતા; ધાતુનો મેલ;કાટ; કીટો;
કીર્તન :યશોગાન; ગુણગાવા તે; ગાયન અને સંગીત સાથેનું ઈશ્વરનું ગુણવર્ણન કે કથાવાર્તા; વખાણ.
કીર્તિ :પ્રશંસા
કીલક સંહનન :જે કર્મના ઉદયથી, શરીરનાં હાડકાં પરસ્પર, મેખવાળા હોય.
કોઈ :અન્ય
કોઈપણ :ગમે તે.
કોટિ :પ્રકાર. (માટીપણું તો પિંડરૂપ પ્રકારમાં, તેમ જ રામપાત્રરૂપ પ્રકારમા,બન્ને પ્રકારમાં રહેલું છે.)
કોટિ :હદ
કોડ :અંતરનો ઉમંગ
કોપ :ક્રોધ; રોષ
કોપ ટાળવો :વિરાધના કરવી થવી.
કોમળ :વિનયવાળી
કોમળ વાણી :વિનયવાળી, માન વગરની ભાષા
કોયડો :વિશિષ્ટ જટિલ ગહન પ્રશ્ન
કોલુ :શેરડી પીલવાનો સંચો.
કોલાહલ :કલબલ કરવી.
કોળિયો કરી લે છે. :જાણી લે છે.
કોળી :પૂળી; સળગી ઊઠે, તેવું ઘાસ. (૨) પૂળો
કોશ :૧ ગાઉ.
કોશિયો મારવો :કૂવામાં ઊંધે માથે ભૂસકો મારી પડવું અને તળિયે જઈ તાગ લાવે તે.
કૌતુક :આશ્ચર્ય
કૌતૂહલ :કુતૂહલ-આશ્ચર્ય;વિસ્મય, નવાઈ, અચંબો; કૌતુક
કૌસ્તુભ રત્ન :અમૂલ્ય રત્નોમાં, ઉત્તમ રત્ન છે. તેમાંથી સોનું ઝરે છે. તે રત્ન શ્રીકૃષ્ણે, મેળવ્યું હતું. તે ઘણું દુર્લભ છે.
ખગ :સૂર્ય (ખ = આકાશ, ગ = ગમન)
ખટક :ચાનક; કાળજી; ચિંતા રાખવી.
ખચીત :અવશ્ય; જરૂર; ચોક્કસ; ખાતરીપૂર્વક; અચૂક; નક્કી
ખડ્ગ :તરવાર
ખગેન્દ્ર :ગરુડ; હંસ; પક્ષીઓના રાજા.
ખેંચાવું નહિ :ઝાઝો રાગ કરવો નહિ; રાગ અધિક થઈ જાય અને સ્વભાવ ઢંકાઈ જાય, એમ ન કરવું.
ખંડ :અંશ
ખંડભાષી :અસ્પષ્ટ ભાષાવાળા; તૂટક ભાષાવાળા
ખંડાન્વય :શબ્દોના પદોના સમૂહનો પરસ્પર યોગ્ય સંબંધ
ખંડિત :છિન્ન ભિન્ન.
ખંડિયું :જિતાઈ ગયું હોય તેવું (રાજ્ય), મોટા રાજ્યની સત્તા નીચેનું, સામંત પ્રકારનું (રાજ્ય)
ખંત :ઉત્સાહ
ખંત પ્રેરક :ઉત્સાહ પ્રેરનાર
ખડી :ઊજળી ધોળી ખનીજ માટી (જેમાંથી ચાક બનાવાય છે.)
ખતમ :ખલાસ; સંપૂર્ણ ખતમ કરવું= પૂર્ણ કરવું; પુરું કરવું; મારી નાખવું.
ખતરનાક :ખતરાવાળું; આપત્તિકારક; હાનિ-કારક; જોખમી
ખતરો :સંદેહ; શંકા; શક; સંશય; ભય; બીક; ડર; જોખમ; આફત.
ખંતી :મહાક્ષમાવંત (૨) ક્ષમા
ખંતી દંતી પ્રવજ્યા :જે દીક્ષામાં ક્ષમા તથા ઈંદ્રિય નિગ્રહ છે.
ખેદ :થાક; સંતાપ; દુઃખ, અનપાત; ખિન્નતા; અફસોસ; અપ્રસન્નતા; (૨) શોક; દિલગીરી; ખોડવાળું. (૩) કરુણાનો રાગ (૪) શોક; ખેદ કરનારને પુરુષાર્થ

ન હોય (૫) અંતરંગ વૈરાગ્ય; દુઃખનું કારણ (૬) શોચ; કરુણાઓનો રાગ; અંતરંગ વૈરાગ્ય (૭) કોઈવસ્તુ અનિષ્ટ લાગવી તે ખેદ છે.

ખેદ ખિન્ન :દુઃખી

ખેદ ખિન્ન :ગમગીન; દિલગીર

ખદબદાટ :ઊંચા નીચે થાય એવા પ્રવાહી, ગંદકીમાં કે નરમ આર્દ પદાર્થમાં કીડાઓનું ઊભરાવવું.

ખદબદાર :સળવળાટ; પૈસા હોય તેને, સળવળાટ મનમાં લાગવો.

ખેદાવું નહિ :ખેદ કરવો નહિ; શોક, સંતાપ, દિલગીરી કે દ્વેષ કરવાં નહિ.

ખંધ :સ્કંધ; પીઠ.

ખપ :ઉપયોગ

ખપેડી :મોલમાં થતી, એ નામની એક જીવાત

ખપાવવું :ક્ષય કરવું.

ખપી :ઈચ્છુક; ૫૧ જીવ, આત્મસ્વભાવના ઈચ્છુક (૨) ગરજવાન

ખપી થવું :જિજ્ઞાસુ થવું; ઘગશ થવી (૨) ઘગશ આવવી જોઈએ; અંદરથી ઘગશ આવવી જોઈએ.

ખબર :ઓળખાણ

ખબરદાર :વિશેષ જાગૃત તકેદારી રાખવી

ખમવું પડયું હતું. :વેઠવું પડયું હતું; સહન કરવું પડયું હતું.

ખમી ખૂંદવું :સહન કરી લેવું

ખ્યાતિ :પ્રસિદ્ધિ

ખરું સુખ :સમાધિ સુખ

ખરજ :ખંજવાળ; વલૂરું; સંગીતમાંનો પહેલો સ્વર સા; ષડજ

ખુરિયા :(પાંચે ખુરિયા પેટમાં હોય) કાચલી

ખરીફ :વરસાદને લગતું (ઉત્પન્ન-ખેતીનું) ખેતીનો ચોમાસુ પાક

ખલ :ઠગ; લુચ્ચા.

ખલતા :દુષ્ટતા

ખુલ્લાં :જાહેર; પ્રગટ.

ખુલ્લો :પ્રગટ.

ખેલવું :નાચવું

ખ્યાલ આવવો :ઝાંખી થવી.

ખેળ :રજ; પીઠી; લેપ

ખળી રહે :ખળી જવું; ચોંટી રહેવું.

ખાતી રહેવું :એટકી રહેવું (૨) અચકાવું; અટકવું; ચૂકવું; ભૂલવું; ખોટી થવું.

ખળી રહેવું :અટકી જવું

ખેવટિયો :નાવિક

ખસેડવું :અલગ કરવો; અલગ દર્શાવવું (૨) અલગ કરવું.

ખસવું :છૂટા પડવું, દૂર થવું, છૂટી જવું.

ખાએશ :ઈચ્છા

ખાનદાન :સારા ઘરનું; કુળવાન; પ્રતિષ્ઠિત; સજ્જન

ખામી :અપૂર્ણતા; અધૂરાપણું; ખોડ; ખોટ; કચાશ; કલંક; દોષ.

ખાલી :પોલો. (દૂધનો ઉભરો, તો ખાલી (પોલો) હોયછે. (૨) શૂન્ય

ખીચડો કરવો :એકમાં અનેક વાતો ભેળવી ગોટાળો કરવો.

ખીલવું :પ્રસરવું; ફેલાવું; વિસ્તરવું. (૨) ઝળકી ઉઠવું. (૩) વિકસવું, સુંદર દેખાવું, દીપવું (૪) ફૂલવું; ફાલવું; વિકસવું; શોભવું; દીપવું.

ખીલવટ :વિકસવું, દીપવું, સુંદર આકાર પકડવો. (૨) ઉઘાડ

ખો :ક્ષય; નાશ કરવો; ઘાત કરનાર; હાનિ કરનાર

ખો થઈ ગયો :નાશ થઈ ગયો.

ખોટવા જેવું :મૂળ સાથે ખેંચી કાઢવું, ખૂંટવું. (૨) ખડી જેવું, ઘટ્ટ

ખોટવા જેવું દહીં જામે :ખડી જવું દહીં જામે.

ખોટી :વિલંબ કે ઢીલ થાય એમ; વાર; વિલંબ;

ખોટી ભાવનાઓ :પાર્શ્વસ્થ, કુશીલ, સંસક્ત, અવસન્ન અને મૃગચારી આ પાંચ ખોટી ભાવનાઓ છે.

ખોટી માન્યતા :ખોટું જ્ઞાન; મિથ્યા માન્યતા; મિથ્યા દર્શન

ખોટી વાસના :ધર્મના ખોટા સ્વરૂપને ખરું જાણવું તે.

ખોળવા :ગોતવા; શોધવા. (ખોળવું = ગોતવું; શોધવું.)
ખોવાઈ ગયો :અટવાઈ ગયો
ગ્રહણ કરવું :જાણવું
ગગનમંડળ :ચિદાકાશ
ગચ્છ :મોક્ષમાર્ગ ઉપર ગમન કરવાને 'ગચ્છ' કહેવાય છે. (૨) સમુદાય, ગણ, સંઘ, સાધુસમુદાય, એક આચાર્યનો પરિવાર
ગુંચાઈ :ગુંથાઈ
ગજ :હાથી (૨) ૨૦ ઈંચ સામાન્ય રીતે એક હાથ આંગળાથી કોણી સુધીનો) ૨૦ ઈંચનોહોય છે.પરંતુ દરેક હાથ ૨૦ ઈંચનો હોતો નથી. તેથી કહવેત પડી કે દરેક પોતાના ગજ (હાથ) થી માપે છે. (૨) ચોવીસ તસુનું લંબાઈનું માપ. (૩) ચોવીસ ઈંચનું માપ
ગંજ :ઢગલો; સમૂહ; ભંડાર (૨) (જથ્થાબંધ) અનાજનું બજાર.
ગંજન :નાશ; જુલમ; પરાભવ.
ગુજ્ય :ગુંજારવ; દિવ્યધ્વનિ આત્મામાંથી ઊઠ્યા કરે. (૨) ગૂજ્ય ગૂઢ ગૂહ્યુ રહસ્યમય વાત; સમજાય છે.
ગજસુકુમાર :શ્રીકૃષ્ણ વાસુદેવના નાનાભાઈ
ગુડપ થઈ જવું :સમાઈ જવું, મગ્ન થઈ જવું, ભળી જવું.
ગડમથલ :ઘડમથલ = નિરર્થક મહેનત; નિરર્થક વિચારણા; નિરર્થક વાટાઘાટ.
ગૂઢ :ગહન; રહસ્યમય; ન સમજાય તેવું; અકળિત; છુપાયેલું, ઢંકાઈને રહેલું (૨) ગંભીર. (૩) ગહન, ન સમજાય એવું, ઈન્દ્રિયાતીત.
ગણ :સાધુ, મુનિઓનો સમૂહ (૨) ગણિના અનુચરોમાંનો પ્રત્યેક અનુચર; મુનિ. (૩) રત્નત્રય જ 'ગણ' કહેવાય છે.
ગુણ :પ્રશ્નઃ- ગુણને ઉત્પાદ- વ્યય હોય નહિ. જો ઉત્પાદ ધ્રુવત્વ ગુણ કેમ કહ્યા? ઉત્તરઃ- ગુણોને તો ઉત્પાદ વ્યય હોય નહિ એ બરાબર છે. જે ધ્રુવ છે એ પણ અહીં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ છે એ ગુણ છે તે ધ્રુવ છે. એ આત્મદ્રવ્યનો ગુણ છે. જેના કારણે દ્રવ્ય નવી પર્યાયપણે ઉપજે અને પૂર્વપર્યાયપણે નાશ પામે એ દ્રવ્યપણે ધ્રુવ-કાયમ રહે. આવી શક્તિ (ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ) આત્મામાં નિત્ય રહેલી છે, ભગવાન નિત્યાનંદ સ્વરૂપ આત્મામાં જે અનંત શક્તિઓ છે તે બધી નિત્ય છે, ધ્રુવ છે.
(૨) દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં જે રહે તેને ગુણ કહે છે. (૩) અંશ; અવિભાગ પરિચ્છેદ. (જીવમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ છે. તે સ્વભાવ જીવને સ્વરૂપ પ્રતિષ્ઠાત્વના (અર્થાત્ સ્વરૂપમાં રહેવાના) કારણભૂત છે. જેના અવિભાગ પરિચ્છેદોને અહીં અગુરુલઘુગુણો (અંશો) કહ્યા છે. (૪) અક્રમે પ્રવર્તે તે ગુણ; સહવર્તી પ્રવર્તે ને ગુણ (૫) દ્રવ્યના પૂરા ભાગમાં ને તેની સર્વ હાલતોમાં જે રહે તેને ગુણ કહે છે. (૬) અંશ અવિભાગ પ્રતિચ્છેદ (૭) શક્તિ (૮) સહવર્તી પર્યાય, ગુણોબધા દ્રવ્યમાં એકસાથે રહે છે તેથી ગુણને સહવર્તી પર્યાય કહેલ છે. આ સઘળા ગુણીને એક દ્રવ્યપીને બેઠું છે એટલે તે અનંત ગુણો દ્રવ્યમાં અભેદપણે છે, કદી ભેદરૂપ થતા નથી, માટે દ્રવ્ય એકરૂપ છે. (૯) વિશિષ્ટગુણના ધારક, દીક્ષા આપનાર; આચાર્ય; શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિના સાધક (૧૦) ત્રિકાળી શક્તિ (૧૧) અંશ; વિભાગ પરિચ્છેદ. (સર્વ દ્રવ્યોની માફક ધર્માસ્તિકાયમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ છે. તે સ્વભાવ ધર્માસ્તિકાયને સ્વરૂપ પ્રતિષ્ઠત્વના (અર્થાત સ્વરૂપમાં રહેવાના) કારણભૂત છે. તેના અવિભાગ પરિચ્છેદોને અહીં અગુરુલઘુ ગુણો (અંશો) કહ્યા છે.) (૧૨) લક્ષણ (૧૩) ત્રિકાળવર્તી પર્યાયોનો સમૂહ જ, ગુણ કહેવાય છે. (૧૪) ગુણ ત્રિકાળ હોય છે. (૧૫) ગુણનું લક્ષણ સહભૂત છે. સહ એટલે દ્રવ્યની સાથે છે, ભૂ એટલે સત્તા, દ્રવ્યમાં જે સદાકાળ પ્રાપ્ત છે તેને ગુણ કહીએ, આત્મામાં ગુણ બે પ્રકારે છે. જ્ઞાન-દર્શનાદિ અસાધારણ ગુણ છે, બીજા દ્રવ્યમાં તે હોતા નથી. અસ્તિત્વ, વસ્તુત્વ,પ્રમેયત્વાદિ, સાધારણ ગુણ છે, બીજા દ્રવ્યોમાં પણ હોય છે. (૧૬) જે દ્રવ્યના સર્વ ભાગોમાં અને તેની સર્વ અવસ્થાઓમાં રહે, તેને ગુણ કહે છે. (૧૭) પર્યાય પણ અર્થ થાય છે. (સમયસાર ગાથા. ૩૭૨) (૧૮) ગુણ ત્રણ પ્રકારના હોય છે. સાધારણ, અસાધારણ તથા સાધારણ-અસાધારણ. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ અને દ્રવ્યાત્વાદિ ગુણ સાધારણ છે. કારણકે આ છ ગુણો પ્રત્યેક દ્રવ્યમાં હોય છે.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઈત્યાદિ સ્વજાતિમાં સાધારણ એટલેકે, જીવ દ્રવ્યની અપેક્ષાએ સાધારણ, પણ જીવ સિવાય અન્ય દ્રવ્યમાં ન હોવાથી અસાધારણ છે. જ્ઞાન, સુખ આદિ ગુણો જીવનાં મુખ્ય લક્ષણ છે. અમૂર્તત્વ, પુદ્ગલ પુદ્ગલ દ્રવ્યમાં ન હોવાથી અસાધારણ છે અને આકાશાદિની અપેક્ષાએ સાધારણ છે. પ્રદેશત્વ, કાલદ્રવ્ય તથા પુદ્ગલ પરમાણુ પ્રત્યે અસાધારણ છે, અને બીજા પ્રત્યે અસાધારણ છે. (૧૯) અહીં પર્યાય શબ્દનો અર્થ ગુણ કરવો. કેમકે, ગુણને સ્રહવર્તી પર્યાય કહેવામાં આવે છે. એ બદલાતી દશાને ક્રમવર્તી પર્યાય કહી છે. ગુણો બધા દ્રવ્યમાં એક સાથે રહે છે તેથી ગુણને સહવર્તી પર્યાય કહેલ છે. (૨૦) શક્તિ, સ્વભાવનું સામર્થ્ય (૨૧)ગુણને અન્વય, સહવતી પર્યાય કે અક્રમવર્તી પર્યાય પણ કહે છે. (૨૨) દ્રવ્યના આશ્રયે, દ્રવ્યના બધા ભાગમાં ને તેની બધી હાલતમાં જે હંમેશા રહે તે. (૨૩)આત્મામાં ત્રિકાળ કરનાર શક્તિ. અનંત ગુણ પોતપોતાના સંપૂર્ણસાઅર્થપણે છે, તેમાં પણ નિમિત્તનો ભેદ કે ઉપચાર નથી. (૨૪) જે દ્રવ્યના સર્વ ભાગોમાં અને તેની સર્વ અવસ્થાઓમાં રહે છે, તેને ગુણ કહે છે. ગુણના બે ભેદ છે : સામાન્ય અને વિશેષ. સામાન્ય ગુણ-જે સર્વ દ્રવ્યોમાં વ્યાપે, તેને સામાન્ય ગુણ કહે છે. વિશેષગુણ-જે સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે, પોતે પોતાના દ્રવ્યમાં રહે, તેને વિશેષ ગુણ કહે છે. સામાન્ય ગુણ અનેક છે, પરુંતુ તેમાં મુખ્ય છ છે-

(•) અસ્તિત્વ (•) વસ્તુત્વ (•) દ્રવ્યત્વ (•) પ્રમેયત્વ (•) અગુરુલઘુત્વ (•) પ્રદેશત્વ (૨૪) રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ કહે છે, તે અહીં નથી પણ જે આત્માનો સ્વભાવ - આત્મસ્વભાવ છે, તે ગુણ છે. (૨૫) ફાયદો (૨૬) આત્મામાં ત્રિકાળ ટકનાર શક્તિ. અનંત ગુણ પોતપોતાના સંપૂર્ણ સામર્થ્યપણે છે, તેમાં પર નિમિત્તનો ભેદ કે ઉપચાર નથી.

ગુણ અને ગુણવિશેષ :વળી કોઈ જો એમ કહે કે આત્મામાં ગુણ નથી તો એ વાત પણ ખોટી છે. હા, પ્રકૃતિના જે રજોગુણ, તમો ગુણઈત્યાદિ છે તે આત્મામાં નથી એ વાત બરાબર છે. પરંતુ વસ્તુના ગુણો એટલે શક્તિઓ તો વસ્તુમાં છે જ. તો શ્રી પ્રવચનસારમાં અલિંગ્રહણના ૧૮મા બોલમાં એમ આવે છે ને કે " આત્મા ગુણવિષથી નહિ આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે? ત્યાં બીજું કહેવું છે.ત્યાં એમ કહેવું છે કે સામાન્ય જે વસ્તુ ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ અખંડ એકાકાર છે તે ગુણ વિશેષરૂપે થતી નથી. સામાન્ય ચિદ્રપ ચીજ જે ધ્રુવ છે તેમાં ગુણો છે તો ખરા, પણ ગુણ અને ગુણીનો ભેદ જ્યાં લક્ષમાં લેવા જાય ત્યાં વિકલ્પ રાગ ઊઠે છે. તેથી સામાન્ય જે છે તે ગુણવિશેષને નહિ આલિંગન કરતું શુધ્ધ દ્રવ્ય છે એમ ત્યાં કહ્યું છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમ્યગ્દર્શનનો વિષય અભેદ એકાકાર છે, ગુણ-ગુણીભેદ એ સમ્યકત્વનો વિષય નથી. ભેદના લક્ષે નહિ, પણ પૂર્ણ સત્ વસ્તુ જે અભેદ એકરૂપ સામાન્ય ચૈતન્ય સ્વરૂપ છે તેના લક્ષે સમ્યગ્દર્શન થાય છે.

ગુણ પર્યાયો :એક દ્રવ્ય પર્યાયો. (ગુણપર્યાયોને એક દ્રવ્યપણું છે. અર્થાત્ ગુણપર્યાયો એક દ્રવ્યના પર્યાયો છે, કારણ કે તેઓ એક જ દ્રવ્ય છે. ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી.જેમકે આમ્રફળ.) (૨) એક ગુણની એક સમયમાં જે અવસ્થા છે, તે અવસ્થામાં અવિભાગ પ્રતિચ્છેદરૂપ અંશકલ્પાને, ગુણમાં તિર્યક અંશ કલ્પના કહે છે. અને તે પ્રત્યેક અવિભાગ પ્રતિચ્છેદને, ગુણ પર્યાય કહે છે. (૩) અર્થ પર્યાય

ગુણ પર્યાય દ્રવ્ય :ગુણને પર્યાય- એ યુગલ (બેનોસમૂહ)

ગુણ વિશેષ :ગુણ ભેદ

ગુણ વિશેષથી દ્રવ્ય વિશેષ :સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી પુદ્ગલ દ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે, તેમ અહી અમૂર્ત દ્રવ્યોનું અસ્તિત્વ તેમનાં વિશેષ લક્ષણોથી પ્રગટ કરવામાં આવ્યાં છે.

(૧) ચૈતન્ય પરિણામરૂપ લક્ષણ અનુભવમાં આવતું હોવાથી અનંત જીવ દ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે. જીવાદિ સમસ્ત દ્રવ્યો જેના નિમિત્તે અવગાહ (અવકાશ) પામે છે, એવું કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકાલોક વ્યાપી આકાશ છે.

(૨) જીવ પુદ્ગલોની ગતિ કરતાં જણાય છે, તેથી જેમ માછલાંને ગતિમાં નિમિત્તભૂત જળ છે તેમ જીવ-પુદ્ગલો ને ગતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી ધર્મદ્રવ્ય છે.

(૩) જેમ મનુષ્યને સ્થિતિમાં નિમિત્તભૂત પૃથ્વી છે, તેમ જીવ-પુદ્ગલોને સ્થિતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોક વ્યાપી અધર્મ દ્રવ્ય છે.

(૪) જેમ કુંભારના ચક્રને ફરવામાં ખીલી નિમિત્તભૂત છે, તેમ (કાળ સિવાયનાં) સર્વ દ્રવ્યોને પરિણયનમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય અસંખ્યાત કાળાણુઓ છે, કે જેમનાં પર્યાયો સમય, ઘડી, દિવસ, વર્ષ ઈત્યાદિરૂપે વ્યકત થાય છે.

આ પ્રમાણે ગુણભેદથી દ્રવ્યભેદ નક્કી થયો.

ગુણ સ્થાન :ગુણ એટલે આત્માની જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ આદિ શક્તિઓ; અને સ્થાન એટલે તે શક્તિઓની તરતમ ભાવવાળી અવસ્થા. આત્મા પર રહેલાં કર્મનાં પડળ, જેમ જેમ દૂર થતાં જાય છે તેમ તેમ ગુણનો વિકાસ થતો જાય છે, એ જીવ એક પછી એક ગુણસ્થાન ચડતો જાય છે. એ ગુણસ્થાનો વિશેની પારિભાષિક ટૂંકી સમજણ આ પ્રમાણે છે.

(૧) મિથ્યાત્વ - આ ગુણસ્થાને વર્તતા જીવમાં દર્શન મોહનીય અને અનંતાનુબંધી કષાયની પ્રબળતા હોવાને લીધે તેને આત્મા તરફ રુચિ થતી જ નથી. તેને વીતરાગવાણીમાં શ્રદ્ધા હોતી નથી. મિથ્યાત્વી ત્રણ પ્રકારનાં હોય છે.

૧ અભવ્ય - જેના મિથ્યાત્વને આદિ કે અંત નથી.

૨ ભવ્ય - જેના મિથ્યાત્વને આદિ નથી, પણ અંત છે.

૩ પડવાઈ - જે જીવ સમક્તિ પ્રાપ્ત કર્યા પછી, પતન પામ્યો છે.

(૨) સાસ્વાદન - સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી પતન પામતો જીવ, પહેલો ગુણસ્થાને જતાં પહેલાં અહીં જરા વાર અટકે છે, અને તત્ત્વરુચિના આસ્વાદવાળી ભૂમિકા પ્રાપ્ત કરે છે. તે આસ્વાદન ગુણસ્થાન. ચડતી વખતે જીવ પહેલેથી ત્રીજે ગુણ સ્થાને જાય છે.

(૩) મિશ્ર-મિથ્યાત્વમાંથી નીકળી સમ્યગ્દર્શન પામતાં પહેલાં જે મનોમંથનવાળી ભૂમિકા જીવને પ્રાપ્ત થાય છે, તે મિશ્ર ગુણસ્થાન.

(૪) અવિરતિ સમ્યગ્દષ્ટિ - આત્મા અસંદિગ્ધપણે સત્ય દર્શન, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે તે. અહીં આત્મા પહેલ વહેલો આધ્યાત્મિક શાંતિ અનુભવે છે. અહીં અનંતાનુબંધી કષાયની ચોકડીનો વેગ નથી રહેતો. પણ ચારિત્રશક્તિને રોકનાર સંસ્કારોનો વેગ રહે છે, તેથી વિરતિત્યાગવૃત્તિ ઉદય પામતી નથી. આ ગુણ સ્થાન જીવ વ્રત, પચ્ચખાલી આદિ જાણે ખરો, પણ પૂર્વકર્મના ઉદયે પાળી ન શકે.

(૫) દેશવિરતિ સમ્યગ્દષ્ટિ - અહીં અલ્પાંશે વિરતિ - ત્યાગવૃત્તિ ઉત્પન્ન થાય છે. તેથી દેશવિરતિ કહેવાય છે. એક પચ્ચખાણથી માંડીને બાર વ્રત અને શ્રાવકની ૧૧ પ્રતિમા સુધીમાંનું જેટલું પાળી શકે તેટલું આદરે. અહીં ઈચ્છા અલ્પ હોય. તે જીવ અલ્પારંભી, અલ્પપરિગ્રહી, સુશીલ, ધર્મિષ્ઠ, ઉદાસીન, વૈરાગ્યવંત હોય.

(૬) પ્રમત્ત સંયત - વૈરાગ્યમાં જીવવુ દઢ બનતાં સર્વવિરતિ ગ્રહણ કરે છે. તેની ત્યાગવૃત્તિ ઉદય પામે છે. તેને પૂર્વધ્યાસથી થતી ભૂલોનો પશ્ચાત્તાપ થાય છે. અહીં સાધક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી નવતત્ત્વને જાણે છે, ૧૭ ભેદે સંયમ પાળે છે, ૧૨ ભેદે તપશ્ચર્યા કરે છે. પણ અપ્રમાદી રહેવાની ઈચ્છા છતાં ક્યારેક તેને પ્રમાદ આવતી હોવાથી આ ભૂમિકાને પ્રમત્ત સંયત ગુણસ્થાન કહેવાય છે.

(૭) અપ્રમત્ત સંયત - અહીં જીવ પ્રમાદનો ત્યાગ કરે છે. બીજી બાજુ પૂર્વ વાસનાઓ પોતા તરફ ખેંચે છે. તેથી જીવ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ઝોલાં ખાયા કરે છે.

(૮) અપૂર્વકરણ - આમાં પૂર્વે કહી નહીં અનુભવેલો એવો આત્મ-શુદ્ધિનો અનુભવ થાય છે, સાધક બાદર કષાયથી નિવર્ત્યો છે. આ ગુણસ્થાને સ્પષ્ટ બે શ્રેણી પડી જાય છે. ઉપરાગ શ્રેણી અને ક્ષપક શ્રેણી. આઠમાથી બારમા ગુણસ્થાન સુધીની ભૂમિકા ફક્ત એકાગ્ર ચિત્તની વિચારધારા નિરૂપે છે. તેથી તેને સ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની હોય છે. અને બારમે ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી, સાધકની સાધના ચડતી પડતી પામ્યા કરે છે.

ઉપશમ શ્રેણીવાળો સાધક મહોનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમાવતો (દબાવતો) ક્રમે ક્રમે ૧૧ મા ગુણસ્થાન સુધી પહોંચે છે. પણ ત્યાં કર્મનું

જોર વધતાં તેનું પતન અવશ્ય થાય છે. ક્યારેક તે પડતાં પડતાં છઠ્ઠે ગુણસ્થાને તો ક્યારે ચોથે ગુણસ્થાને અટકે છે; તો વળી ક્યારેક તે પડતાં પડતાં છેક પહેલે ગુણસ્થાને ઊતરી જાય છે. ત્યાંથી તેને ફરી ચડવાનું રહે છે. ક્ષપક શ્રેણી માંડતો સાધક મોહનીય કર્મની પ્રકૃતિના દળને મૂળમાંથી ક્ષય કરતો કરતો ૯ મે તથા ૧૦ મે ગુણસ્થાને થઈ, સીધો ૧૨ મેં ગુણસ્થાને પહોંચે છે. તે વચલા ૧૧ મા ઉપશાંત મોહ ગુણસ્થાનને સ્પર્શતો જ નથી, તેથી તેના પતનને અવકાશ રહેતો નથી.

(૯) અનિવૃત્તિ બાદર – મોહનીય કર્મના શેષ રહેલા અંશોને ઉપશમ કે ક્ષય, અહીંથી ચાલુ થાય છે. માયા ભાવ અહીં છૂટે છે.

(૧૦) સૂક્ષ્મ સાંપરાય – અહીં ૯ મા કરતાં વિશુદ્ધ દશા પ્રાપ્તિ થાયછે. નિર્મોહીપણું, નિરભિલાષા, અવિભ્રમ વગેરેનો આ સ્થાનમાં વિકાસ થાય છે.

(૧૧) ઉપશાંત મોહ – ઉપશમ શ્રેણી માંડેલા સાધક માટે જ આ ગુણસ્થાન છે, મોહનીયની બાકી રહેલી સંજવલન પ્રકૃતિ અહીં શાંત થાયછે, અને ત્યાંથી આત્માનો વિકાસ અટકે છે, અને જીવનું અવશ્ય પતન થવાથી તે નીચના ગુણસ્થાને ઊતરી જાયછે.

(૧૨) ક્ષીણ મોહ – અહીં દર્શનની મોહનીય અને ચારિત્ર્ય મોહનીયની કુલ ૨૮ પ્રકૃતિઓ ક્ષય થાય છે, તેથી ક્ષીણ મોહ ગુણ સ્થાન કહેવાય છે. અહીંથી અંતર્મુહૂર્ત જેટલા સમયમાં જીવ કેવળ જ્ઞાન પ્રગટાવે છે.

(૧૩) સયોગી કેવળી – આ ગુણ સ્થાને ૪ ઘન ઘાતી કર્મ–મોહનીય જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષય થઈ, સર્વજ્ઞપણું પ્રગટે છે. પણ આ સ્થાનમાં મન, વચન અને કાયાના યોગ હોય છે. તેથી તે સયોગી કેવળી કહેવાય છે.

(૧૪) અયોગી કેવળી – આ ગુણસ્થાને આત્મા મન,વચન અને કાયાના યોગને રૂંધીને, બાકીના ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી, મુક્તિ પામે છે; એક સમયમાત્રમાં ઊર્ધ્વગતિએ સિદ્ધ ક્ષેત્રે જઈ, જ્ઞાનના ઉપયોગે સિદ્ધ થાય છે. અહીં જીવ યોગ રહિત અને કેવળ જ્ઞાન સહિત હોય છે. તેથી અયોગી કેવળી કહેવાય છે.

ગુણગ્રામ :સદ્‌ગુણોનો સમૂહ

ગણધર :ગણ–સમુદાયના ધરવાવાળા (૨) આચાર્યની આજ્ઞાપ્રમાણે સાધુ સમુદાયને લઈ પૃથ્વી ઉપર ફરનાર તે તે મુખ્યસાધુ (મહાવીર સ્વામીના આવા ચૌદ પ્રધાન શિષ્યો ગણધર કહેવાયા છે.) (૩) ગુણના સમુદાયને ધરનારા. શ્રી ગણધર તીર્થંકર ભગવાનના પ્રધાન છે અને હજારો સંત–મુનિઓના નાયક છે. તેમણે ભગવાનની વાણીનો આશય(ભાવ, અર્થ) ધારણ કરેલ, તેમાંથી બાર અંગ (સૂત્રો) ની રચના કરી. તે મૂળ સૂત્રો હાલ વિચ્છેદ થઈ ગયાં છે. જે ભાવ શ્રી ભગવાનનો છે, તે જ ભાવ વિશાળપણે પોતાના જ્ઞાનમાં ધારી રાખનાર શ્રી ગણધર દેવને ચાર જ્ઞાન હોય છે. (૪) તીર્થંકરના મુખ્ય શિષ્ય, આચાર્યની આજ્ઞાનુસાર સાધુ સમુદાયને લઈને, મહીમંડલમાં વિચારનાર સમર્થસાધુ

ગણધર દેવ :ચાર જ્ઞાન – પ્રતિ શ્રુત, અવધિ અને મનઃપર્યય અને ચાર જ્ઞાનના ધણી, ગણધર દેવ કહેવાય છે. તેઓ પણ નિરંતર, નિર્વિકલ્પ ધ્યાનમાં સ્થિર રહી શક્યા નથી. તેથી અશુભમાં ન જવા માટે, વિશેષ જ્ઞાનનું મનન કરવા, સાક્ષાંત્ તીર્થંકર પ્રભુનો ઉપદેશ વારંવાર સાંભળે છે તથા તેમની પદવી અનુસાર હાવભાવમાં (છઠ્ઠા ગુણ સ્થાનમાં હોય ત્યોર) પણ પ્રવર્તે છે. ગૃહસ્થોને તો અશુભ વર્ણનાં નિમિત્તો ઘણાં છે તેથી અશુભ રાગથી બચવા માટે વારંવાર યથાર્થ તત્ત્વનો ઉપદેશ તથા વીતરાગી વચનોનું શ્રવણ, જિનપ્રતિમાનાં દર્શન, પૂજા, પ્રભાવના વગેરે, શુભ વ્યવસ્થા અંગીકાર કરવી જોઈએ. પણ તે શુભરાગની હદ પુણ્યબંધન જેટલી છે; તેનાથી ધર્મ નથી; તો પણ પરમાર્થની રુચિમાં આગળ વધવા માટે, વારંવાર વર્ગનું શ્રવણ, મનન કરવું પડે છે.

ગુણના પર્યાયવાચી શબ્દ :શક્તિ, લક્ષણ, વિશેષ ધર્મ, રૂપ, ગુણ, સ્વભાવ, પ્રકૃતિ, શીલ અને આકૃતિ. આ બધા શબ્દો, એક અર્થને કહે છે. બધા નામ ગુણના છે.

ગુણના બીજાં નામો :શક્તિ, લક્ષણ, વિશેષ, ધર્મ, રૂપ, ગુણ, સ્વભાવ, પ્રકૃતિ, શીલ એ આકૃતિ. આ બધા શબ્દો એક અર્થને કહે છે. બધા નામ ગુણનાં છે.

ગુણના ભેદ :ગુણના બે ભેદ છે : એક સામાન્ય, બીજો વિશેષ

ગુણનિષ્પન્ન :જેને ગુણો પ્રાપ્ત થયા છે.

ગુણપર્યાય : ગુણ-પર્યાયો જ દ્રવ્યના કર્તા (કરનાર),કરણ (સાધન) અને અધિકરણ (આધાર) છે; તેથી ગુણ-પર્યાયો જ દ્રવ્યનું સ્વરૂપ ધારણ કરે છે. (૨) ગુણ દ્વારા આયતની અનેકતાની પ્રતિપત્તિના કારણભૂત ગુણપર્યાય છે. જે પણ દ્વિવિધ છે. (•) સ્વભાવ પર્યાય અને (•) વિભાવ પર્યાય

૧. સ્વભાવ પર્યાય તેમાં, સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અક્ષુરુલુઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટસ્થાન પતિત હાનિવૃદ્ધિ રૂપ અનેક પણાની અનુભૂતિ તે સ્વભાવપર્યાય જેમ કે સિદ્ધના ગુણ પર્યાયો

૨. વિભાવ પર્યાય
રૂપાદિકને કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવ વિશેષોરૂપ અનેક પણાની આપત્તિ તે વિભાવ પર્યાય જેમ કે સ્વપર હેતુક મતિજ્ઞાનપર્યાય (સ્વ તે ઉપાદાન અને પર તે નિમિત્ત)

ગુણપર્યાયદ્વય :ગુણને યથાર્થ - એ યુગલ (બેનો સમૂહ)

ગુણપર્યાયનું નામાન્તર :કેટલાક બદ્ધિમાનો ગુણપર્યાયનું બીજું નામ પણ કહે છે. ગુણ અને અર્થ, એ બન્ને ય એક અર્થવાળા છે. તેથી ગુણપર્યાય ને અર્થપર્યાય પણ કહી દે છે.

ગુણ-પર્યાયરૂપ ધર્મો :જેમ દ્રવ્યના અનંત ગુણો પરસ્પર ભિન્ન છે, તેમ ગુણોની એકેક સમયની પર્યાયો પણ પરસ્પર ભિન્ન સ્વતંત્ર છે. અનંત ગુણોની પર્યાયો બધી એક સાથે છે, પણ તેમાં કોઈ એક ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયરૂપ નથી. તેઓને પરસ્પર એકપણું નથી. વળી એક જ ગુણની પર્યાય બીજા ગુણની પર્યાયરૂપ નથી, તેઓને પરસ્પર એકપણું નથી. વળી એક જ ગુણની ક્રમે પ્રગટ થતી પર્યાયોમાં પણ એક સમયની પર્યાય તેના પૂર્વવર્તી સમયની પર્યાયરૂપ થતી નથી કે ઉત્તરવર્તી સમયની પર્યાયરૂપ પણ થતી નથી. દરેક ગુણની સમય-સમયવર્તી એમ અનંત સમયની દરેક પર્યાય સ્વતંત્ર છે. અહા ! આવા ગુણ-પર્યાયરૂપ ધર્મોનો અભેદ પિંડ પ્રભુ આત્મા છે.

ગુણપર્યાયો :ગુણપર્યા?થી અવ્યય દ્વારા ધ્રૌવ્યને સૂચવે છે અને વ્યતિરેક દ્વારા ઉત્પાદવ્યયને સૂચવે છે; આ રીતે તેઓ ઉત્પાદવ્યયધ્રૌવ્યને સૂચવે છે, બીજું ગુણપર્યાયો અવ્યય દ્વારા નિત્યતાને જણાવે છે અને વ્યતિરેક દ્વારા અનિત્યતાને જણાવે છે આ રીતે તેઓ નિત્યાનિત્યસ્વરૂપ સર્તને જણાવે છે. (૨) એક દ્રવ્યના પર્યાયો છે, તે ઓ એક જ દ્રવ્ય છે, ભિન્ન ભિન્ન દ્રવ્યો નથી.

ગુણરિદ્ધિ :સમૃદ્ધિ

ગુણવૃંદ :શુદ્ધ ગુણના સમૂહરૂપ

ગુણવૃદ્ધિ :અધિકગુણવાળા સંગથી, ગુણવૃદ્ધિ થાય છે.

ગુણવ્યક્તવ્ય : (૧) ગુણનું સ્પષ્ટ દેખવું; ગુણનું સ્પષ્ટ દેખાવવું, ગુણનું સ્પષ્ટ અનુભવાવું

ગુણવ્રત :ગુણવતના ત્રણ પ્રકારો છે. ૧. દિગવ્રત, ૨. દેશવ્રત અને ૩. અનર્થદંડવ્રત. આ ત્રણે ગુણવ્રતના પાંચ-પાંચ અતિચારો છે. ૧. દિગ્વ્રના પાંચ અતિચારો ૧. માપથી અતિ ઊંચાઈવાળા સ્થળોએ જવું. ૨. માપથી નીચે (કૂવો, ખીણ વગેરે) સ્થળોએ ઉતરવું. ૩. ત્રાંસા અર્થાત્ સમાન સ્થાનના માપથી વધારે દૂર જવું. ૪. મર્યાદા કરેલા ક્ષેત્રને વધારવું અને ૫. મર્યાદા કરેલા ક્ષેત્રને ભૂલી જવું. આ પાંચ દિગ્વ્રતના અતિચારો છે. (૨) અણુવ્રતો અને મૂળ ગુણોને પુષ્ટ કરનાર વ્રત.

ગુણવાસનાના ઉન્મેષ :દ્રવ્યમાં અનેક ગુણો હોવાના વલણનું (અભિપ્રાયનું) પ્રાકટ્ય;ગુણભેદ હોવારૂપ વલણના (અભિપ્રાયના) ફણગા.

ગુણસ્થ :ગુણવાન

ગુણસ્થાન :સિદ્ધાંતમાં જીવનાં અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે, તે ગુણસ્થાનોને સંક્ષેપથી ઉપયોગ' રૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણ સ્થાનોમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો

અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠાગુણસ્થાન સુધી તારતમ્ય પૂર્વક (વધતો વધતો) શુભોપયોગ, સાતમાંથી બારમાં ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણ સ્થાનોમાં શુદ્ધાપયોગનું ફલ આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે. (૨) પ્રથમ ત્રણ ગુણસ્થાન મિથ્યાત્વ સાસાદન, મિશ્રગુણસ્થાનમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભ ઉપયોગ, ત્યારબાદ અસંયતઃ સમ્યગ્દષ્ટિ, દેશવિરતિ અને પ્રમત્ત સંયત ગુણસ્થાન સુધી તારતમ્ય પૂર્વક વધતો વધતો શુભોપયોગ ત્યારબાદ અપ્રમત્તાદિથી ક્ષીણકષાંય સુધી સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અનેત્યારબાદ સયોગી અને અયોગી એ બે છેલ્લાં ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ આવું વર્ણન કથંચિત થઈ શકે છે. (૩) મોહ અને યોગના સદ્ભાવ કે અભાવથી આત્માના ગુણ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)ની હીના ધિકતા અનુસાર થવાવાળી અવસ્થાઓને, ગુણસ્થાન કહેવાય છે. (૪) મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરુપ આત્માના ગુણોની તારતમ્યરુપ અવસ્થા વિશેષને, ગુણસ્થાન કહે છે, ગુણોની પ્રગટતા તે ગુણસ્થાન. (૫) આત્માની ગુણની ચૌદ ભૂમિકા છે, તેમાં ચોથી ભૂમિકામાં અપૂર્વ આત્મસાક્ષાત્કાર, નિર્વિકલ્પ અનુભવ થાય છે, ત્યાં યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. પછી અંશે સ્થિરતા વધે તે પાંચમી ભૂમિકા છે. અંતરજ્ઞાનમાં વિશેષ સ્થિર થઈ કષાયની ત્રણ ચોકડીનો અભાવ કરી, નિર્વિકલ્પ ધ્યાનદશા પ્રકટે તેને અપ્રમત્ત નામે સાતમી ભૂમિકા કહે છે. પછી સુવિકલ્પ દશા આવે, તેને છઠ્ઠુ પ્રમત્ત ગુણસ્થાન કહે છે. મુનિ આ બે દશા વચ્ચે વારંવાર ઝુલ્યા કરે છે.

નિર્વિકલ્પ દશામાં જો વિશેષ કાળ ટકે તો મુનિ અન્તર્મુહૂર્તમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે; એમ ન થાય ત્યાં સુધી હજારો વાર છઠ્ઠી-સપ્તમી ભૂમિકા બદલ્યા કરે છે. ત્રણે કાળે મુનિ દશા આવી જ હોય છે, તે મુનિદશા બાહ્ય તેમજ આભ્યંતર પરિગ્રહી રહિત હોય છે. આત્મજ્ઞાન સહિત નગ્ન દિગંબરપણું હોય છે. સાતમે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક વિકલ્પો છૂટી જાય છે અને આત્મસ્વરૂપની સ્થિરતામાં તદ્દન નિર્વિકલ્પ આનંદમાં લીન થઈ જાય છે. ત્યાં ક્ષણે ક્ષણે સાક્ષાત સિદ્ધ પરમાત્મા જેવો આનંદ અંશે અનુભવાય છે. હું આત્મા છું, શુદ્ધ આનંદસ્વરૂપ છું, એવા વિકલ્પ પણ ત્યાં હોતા નથી, માત્ર સ્વસંવેદન હોય છે, એવી સ્થિતિ-સાધકદશા ભગવાન કુંદકુંદાચાર્યને હતી. ક્ષણે પ્રમત્ત અને ક્ષણે અપ્રમત્ત દશામાં તેઓ ઝૂલતા હતા.

આચાર્યને કેવળ જ્ઞાન પ્રગટ થવામાં સંજવેલન કષાયનો અંશ જિતવાનો બાકી રહ્યો છે. ક્ષણમાં છઠ્ઠી ભૂમિકામાં આવતાં આત્મ-સ્વભાવની વાત કરે છે, ને ક્ષણમાં તે શુભ વિકલ્પ તૂટીને સાતમી ભૂમિકામાં માત્ર અતીન્દ્રિય આત્માનંદમાં ઠરે છે. એવી તે ઉત્કટ સાધક દશા છે. તે જિનવિભવથી તેઓ આત્માનું વાસ્તવિક સ્વરૂપ જગતને કહે છે, કે જ્ઞાયક નિત્ય એકરૂપ ચૈતન્યજ્યોતિ છે. તે વર્તમાન ક્ષણિક અવસ્થાના કોઈ ભેદરૂપે નથી, પણ કેવળ જ્ઞાયકપણે શુદ્ધ છે, અખંડ એકાકાર જ્ઞાયક સ્વભાવમાં અપ્રમત્ત-પ્રમત્તના ભેદ પરમાર્થે નથી.

ગુણસ્થાનક :ઉન્નતિની શ્રેણી જીવ અને પુદગલ દ્રવ્યોના સંયોગ-વિયોગથી થવાવાળી અવસ્થાઓ

ગુણસ્થાનકો :ગુણસ્થાનકો ચૌદ છે. તેમનાં નામો નીચે મુજબ છે.

૧. મિથ્યાત્વ ગુણસ્થાનક,	૨. સારવારધ્ન ગુણ સ્થાનક
૩. મિશ્ર ગુણસ્થાનક,	૪. અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનક
૫. દેશવિરતિ ગુણસ્થાનક,	૬. પ્રમત્ત સયંત ગુણસ્થાનક
૭. અપ્રમત્ત સંયત ગુણસ્થાનક,	૮. અપૂર્વકરણ ગુણસ્થાનક
૯. અનિવૃત્તિબાદર ગુણસ્થાનક,	૧૦. સૂક્ષ્મ સાંપયય ગુણસ્થાનક
૧૧.ઉપશાંત મોહ ગુણસ્થાનક,	૧૨. ક્ષણમોહ ગુણસ્થાનક
૧૩.સયોગી કેવળી ગુણસ્થાનક	૧૪. અયોગી કેવળી ગુણસ્થાનક

ગુણસ્થાનો પુદ્ગલ જ છે :ગુણસ્થાનોનું પુદગલ સાથે કર્તાકર્મપણાનું ત્રણ પ્રકારે સિદ્ધ કર્યું છે. ૧.યુક્તિ, ૨. આગમ, ૩. અનુભવથી.

૧. એકતો એ કે ગુણસ્થાનો પુદ્લના વિપાકપૂવ થાય છે માટે પુદગલ જ છે, જીવ નથી. તેમાં મુક્તિ બતાવી કે જવપૂર્વક જે જવ થાય છે તે જવ છ, તેમ પુદ્ગલ પૂર્વક થતા ગુણસ્થાનો પુદ્ગલ જ છે.

૨. હવે આગમથી સિદ્ધ કરે છે કે ગુણસ્થાનોનું સદાય અચેતનપણું આગમથી સિદ્ધ છે નિશ્ચયના આગમનો-પરાગમનો એ સિદ્ધાંત છે કે ગુણસ્થાન અચેતન છે, પુદ્ગલ છે, કેમ કે તે મોહ અને યોગથી થયેલાં છે.

પ્રશ્નઃ- આગમમાં તો ગુણસ્થાન આદ ભાવો જીવના છે એમ છે ને?

ઉત્તરઃ- ભાઈ! એ પર્યાયની સિદ્ધિ કરનાર આગમ છે જ્યારે અહીંતો વસ્તુના સ્વભાવની સિદ્ધિ કરનાર આગમની વાત છે.

પ્રશ્નઃ- અવ્યસાન આદિ ભાવોને તમે પુદ્ગલના કહો છે પણ સવજ્ઞના આગમમાં તો તેમને જીવપણે કહયાં છે?

ઉત્તરઃ- તેનો ઉત્તર ગાથા ૪૬માં આપ્યો છે કે તે ભાવોને વ્યવહારથી જીવના કહ્યા છે પણ નિશ્ચિયથી તેઓ જીવના નથી. આ વ્યવહાર અને નિશ્ચિય- જેમ છે તેમ યથાર્થ સમજવા જોઈએ. બે પ્રકાર થયા હવે ત્રીજો.

૩. ભેદજ્ઞાનીઓ વડે ચૈતન્ય સ્વભાવી આત્માથી ગુણસ્થાનોનું ભિન્નપણં ઉપલભ્યમાન છે. ચૈતન્ય સ્વભાવી આત્માનો અનુભવ કરનાર જ્ઞાનીને રાગ સ્વયં ભિન્નપણે જણાય છે. જ્ઞાનની પર્યાય અંતરમાં વળતાં એટલે કે ચૈતન્ય સ્વભાવી આત્માનો અનુભવ થતાં, એમાં રાગનો અનુભવ આવતો નથી પણ તે ભિન્ન પણે સ્વયં ઉપલભ્યમાન છે. એટલે શું કહયું? કે અનુભવ થતાં, રાગ કે જે પુદ્ગલ છે તે જ્ઞાનમાં સ્વતઃ ભિન્નપણે જણાઈ જાય છે.

ગોમ્મટસ્થાનો :ગ્રંથનું નામ છે. જેમાં વર્ણથી માંડી ગુણસ્થાન પ્રર્યતના જે ભાવો છે તેમનું વિસ્તારથી વર્ણન છે.

ગુણસ્થાનો :૧. મિથ્યા અર્થાત વિપરીત દ્રષ્ટિના પરિણામ તે પહેલું ગુણધાન, ૨. સાસાદન સમ્યગ્દષ્ટિ તે બીજુંગુણસ્થાન, ૩. સમ્યગ મિથ્યાદષ્ટિ મિશ્ર તે ત્રીજું ગુણસ્થાન અસંયત સમ્યગ્દષ્ટિ તે ચોથું ગુણસ્થાન, ૫. સંયતાસંયત તે શ્રાવકનું પાંચમુ ગુણસ્થાન, ૬. પ્રમત્તસંયત તે છઠ્ઠું ગુણસ્થાન, ૭. અપ્રમત્ત સંયન તે સાતમું ગુણસ્થાન, ૮. અપૂર્વ કારણ તે આઠમું ગુણસ્થાન તેમાં ઉપશમ અને ક્ષયેક બન્નેય લેવાં. ૯. અનિવૃત્તિકરણ-ઉપશમ અને ક્ષયેક તે નવમું ગુણસ્થાન, ૧૦. સૂક્ષ્મ સાંપરાય-ઉપશમ અને ક્ષયેક ને દશમું ગુણસ્થાન, ૧૧. ઉપશાંત કષાય તે અગિયારમું ગુણસ્થાન, ૧૨. ક્ષીણકષાય તે બારમું ગુણસ્થાન, ૧૩. સંયોગ કેવળી તે તેરમું ગુણસ્થાન અને ૧૪.અયોગ કેવળી તે ચૌદમું ગુણસ્થાન. આ ગુણસ્થાનો છે તે મોહ અને યોગના ભેદથી બને છે. આા ભેદલક્ષણવાળાં જે ગુણસ્થાનો છે તે બધાંય જીવને નથી. જીવદ્રવ્યમાં ભેદ નથી અને દ્રવ્યનો અનુભવ કરતાં તેમાં પણ ભેદ આવતો નથી. માટે ભેદ બધીય પુદ્ગલનો છે.

આ પ્રમાણે ઉપરોક્ત બધાય ભાવો પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી જીવને નથી, જીવતો પરમાત્મસ્વરૂપ ચૈતન્યશક્તિ-સ્વભાવ માત્ર છે.

ગુણસ્થાનો :ગુણસ્થાનોને સંક્ષેપથી ઉપયોગ કહે છે.

ગુણાઢ્ય :ગુણથી સમૃદ્ધ; ગુણથી ભરપૂર.

ગુણાત્મક :ગુણોના બનેલાં; ગુણોથી રચાયેલાં.

ગુણાંતર :અન્ય ગુણ પર્યાય (૨) એક દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યના ગુણમાં બદલવાં

ગુણાધિક :ગુણે અધિક શ્રમણો

ગુણાંશ :ગુણપર્યાય, ગુણપર્યાયને અર્થપર્યાય પણ કહેવાય છે. જેટલા કોઈ ગુણાંશ છે તે જ ગુણપર્યાય કહેવાય છે. આ વાત અવિરુદ્ધપણે સિદ્ધ છે કે અંશ સ્વરૂપ જ પર્યાયો હોય છે.

ગણિ :જૈન સાધુઓના ગચ્છનો, તે તે મુખ્ય આચાર્ય; ગણી; આચાર્ય

ગણિતાનુ યોગ :જે શાસ્ત્રમાં લોકનુમાપ તથા સ્વર્ગ, નરક આદિની લંબાઈ આદિનુ કર્મના બંધાદિનું વર્ણન કરેલું હોય.

ગણી :શુદ્ધાત્મ તત્ત્વની ઉપલબ્ધિના સાધક આચાર્ય. (૨) આત્મા; જેમાં ગુણ રહેલા છે તે દ્રવ્ય.

ગુણી એને ગુણ :ગુણી એને ગુણમાં વસ્તુ અપેક્ષાએ અભેદ છે તેથી આત્મા કહો કે જ્ઞાનકહો-બન્ને એક જ છે. ઉપર જેને આત્મા શબ્દથી કહ્યો હતો તેને જ અહીં જ્ઞાન શબ્દથી કહેલ છે. જે જ્ઞાનમાં નિજાતમાં-નિજાતમા વડે નિશ્ચલ પરિણતિ કરીને તેનું સંચેતન-સંવેદન-અનુભવનકરવું તે ધ્યાન છે.

ગુણીયાજી :રાજગૃહી નગરી પાસેનું ગામ. ત્યાં ગૌતમસ્વામી, નિર્વાણ પામ્યાનું કહેવાય છે.

ગુણો :તે વિસ્તાર વિશેષો- તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી બેપ્રકારનાં છે. જેમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તતત્વ, અમૂર્તત્વ, સક્રિયતત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેતનત્વ, કર્તુત્વ, અકર્તુત્વ, ભોકતૃત્વ, અભોકૃત્વ, અગુરુલઘુત્વ ઈત્યાદિ સામાન્યગુણો છે. અવગાહહેતૃત્વ, ગતિ નિમિત્તતા, સ્થિતિ કારણત્વ, વર્તનાયતનત્વ, રૂપાદિમત્વ, ચેતનત્વ ઈત્યાદિક વિશેષ ગુણો છે. (૨) કેટલાક ગુણો અન્ય દ્રવ્યો સાથે સંબંધ રહિત હોવાનેલીધે અર્થાત્ અન્ય દ્રવ્યોમાં નહિ હોવાને લીધે અસાધારણ છે અને તેથી વિશેષણભૂત-ભિન્નલક્ષણભૂત છે; તેમના વડે દ્રવ્યોનું ભિન્નપણું નક્કી કરી શકાય છે. (૩) વસ્તુના અન્વય વિશેષો તે ગુણો છે. (ગુણોમાં સદાય સદશતા રહેતી હોવાથી તેમનામાં સદાય અવ્યય છે, તેથી ગુણો દ્રવ્યના અન્વથી વિશેનો (અવ્યવયવાળા ભેદો) છે. (૪) જેઓ દ્રવ્યો ને આશ્રય તરીકે પામે, પ્રાપ્ત કરે, પહોંચે છે, અથવા જેઓ આશ્રય ભૂત દ્રવ્યો વડે પમાય- પ્રાપ્ત કરાય-પહોંચાય છે, એવા અર્થો તે ગુણો છે. (૫) વિસ્તારવિશેષો તેઓ સામાન્ય વિશેષાત્મક હોવાથી બે પ્રકારના છે.

ગત :ચાલ

ગુપ્તિનું લક્ષણ અને ભેદ :જીવના ઉપેયોગુંનું મન સાથે જોડાણ તે મનોયોગ વચન સાથે જોડાણ તે વચન યોગ છે અને કામ સાથે જોડાણ તે કામયોગ છે. તથા તેનો અભાવતે અનુકમે મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાય ગુપ્તિ છે. આ રીતે નિમિત્તના અભાવની અપેક્ષાએ ગુપ્તિના ત્રણ ભેદ છે.

સર્વ મોહ-રાગ-દ્વેષને દૂરકરીને ખંડ રહતિ અદ્વૈત પરમ ચૈતન્યમાં સારી રીતે સ્થિત થવું તે નિશ્ચય મનોગુપ્તિ છે. સંપૂર્ણ અસત્ય ભાષાને એવી રીતે ત્યાગવી કે અથવા એવી રીતે મૌનવ્રત રાખવું કે મૂર્તિ કે દ્રવ્યમાં અમૂર્તિક દ્રવ્યમાં કે બંનેમાં વચનની પ્રવૃત્તિ અટકે અને જીવ પરમ ચૈતન્યમાં સ્થિર થાય તે નિશ્ચય વચન ગુપ્તિ છે.સંયમવધારી મુનિ જ્યારે પોતાના આમસ્વરૂપ ચૈતન્યમય શરીરથી જડ શરીરનું ભેદજ્ઞાન કરે છે (અર્થાત્ શુદ્ધાત્માના અનુભવમાં લીન થાય છે) ત્યારે અંતરંગમાં પોતાના આત્માની ઉત્કૃષ્ટ મૂર્તિનું નિશ્ચયપણું થવું તે કાયગુપ્તિ છે.

ગુપ્તિનું સ્વરૂપ :વીતરાગભાવ થતાં જ્યાં મન-વચન કાયાની ચેષ્ટા થાય નહિ ત્યાં સાચી ગુપ્તિ છે. ખરી રીતે ગુપ્તિનો એક જ પ્રકાર છે અને તે વીતરાગ ભાવરૂપ છે. ગુપ્તિના ત્રણ પ્રકાર નિમિત્તની અપેક્ષાએ કહ્યા છે. મન-વચન-કાયા એ તો પરદ્રવ્ય છે. તેની કોઈ ક્રિયા બંધ કે અબંધપણાનું કારણ નથી. વીતરાગભાવ થતાં જેટલે અંશે મન-વચન-કાયાતરફ જીવ જોડતો નથી તેટલે અંશે નિશ્ચયગુપ્તિ છે અને તે જ સંવરનું કારણ છે.

ગતભવ :પૂર્વભવ, પૂર્વજન્મ

ગત્યાનુ પૂર્વી નામકર્મ :જે કર્મના ઉદયથી મરણ પછી અને જન્મ પહેલાં વિગ્રહ-ગતિમાં રસ્તામાં, આત્માના પ્રદેશ મરણ પહેલાંના શરીરના આકારે રહે છે, તે ગત્યાનુ પૂર્વી છે.

ગતશોક :શોક રહિત

ગતિ :રાગદ્વેષાદિ તીવ્ર હોય તો નરક કે તિર્યંચાદિ ગતિમાં જાય છે અને મંદહોય તો દેવ કે મનુષ્ય થાય છે. (૨) દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચ ગતિ અને નારકગતિ, ચારેગતિમાંથી એકમાત્ર મનુષ્યદેહથી મોક્ષ છે. બાકીની ત્રણે ગતિથી મોક્ષ નથી. (૩) રસ્તો (૪) મનુષ્યગતિ, તિર્યંચ ગતિ, દેવ ગતિ અને નરક ગતિ. (૫) નારક, તિર્યંચ, દેવ અને મનુષ્યરૂપ જીવની અવસ્થા વિશેષને, ગતિ કહે છે એમાં ગતિ નામે નામકર્મ નિમિત્ત છે. (૬) લોકાલોક વ્યાપ્તરૂપ ગતિ. (૭) નારક, તિર્યંચ દેવ અને મનુષ્યરૂપ, જીવની અવસ્થા વિશેષને ગતિ કહે છે. તેમાં ગતિ નામે નામ કર્મ નિમિત્ત છે. (૮) મૃત્યુ થયા પછી ચાર ગતિમાંથી, કોઈ એક ગતિમાં જન્મવું. (૯) ઈચ્છિત ગતિમાંથી અન્ય ગતિમાં જવું, તે ગતિ છે. (૧૦) જેના ઉદયથી જીવ બીજો પર્યાય (ભવ) પામે છે. (૧૧) માર્ગ (૧૨) સંસારમાં થતાં જન્મ મરણ (૧૩) ઈચ્છિત ગતિમાંથી અન્ય ગતિમાં જવું તે ગતિ છે.

ગતિ આગતિ :ગતિ એટલે અન્ય ગતિમાં જવા રૂપ, ગમન અને આગતિ એટલે બીજેથી આવીને, જન્મવારૂપ આગમન, એ રૂપ જન્મ મરણયુક્ત સંસાર પરિભ્રમણ (૨) જવું આવવું

ગતિ નામકર્મ :જે કર્મ જીવનો આકાર, નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ સમાન બનાવે.

ગતિપરિણત :ગતિ રૂપે પરિણમેલાં

ગતિ વિશિષ્ટ પર્યાયો :દેવ, મનુષ્યાદિ પર્યાયો

ભાવાર્થ :જીવોને દેવત્વાદિની પ્રાપ્તિમાં પૌદ્ગલિક કર્મ નિમિત્તભૂત છે તેથી દેવત્વાદિ જીવનો સ્વભાવ નથી.

(વળી દેવ મરીને દેવ જ થયા કરે અને મનુષ્ય મરીને મનુષ્ય જ થયા કરે એ માન્યતાનો પણ અહીં નિષેધ થયો. જીવોને પોતાની લેશ્યાને યોગ્ય જ ગતિનામકર્મ અને આયુષકર્મ બંધાય છે અને તેથી તેને યોગ્ય જ અન્ય ગતિ આયુષ પ્રાપ્ત થાય છે.)

ગતિનામકર્મ અને આયુષ કર્મ :જીવોને, જેનું ફલ શરૂ થયું હોય છે એવું અમુક ગતિનામ કર્મ અને અમૂક આયુષ્યકર્મ ક્રમે ક્ષય પામે છે. આમ હોવા છતાં તેમને કષાય-અનુરંજિત યોગ પ્રવૃત્તિરૂપ લેશ્યા અન્ય ગતિ અને અન્ય આયુષનું બીજ થાય છે (અર્થા લેશ્યા જ અન્ય ગતિ અને અન્ય આયુષ તેઓ પ્રાપ્ત કરે છે. આ રીતે પહેલાંના કર્મક્ષીણ થાય છે અને પછીનાં અક્ષીણપણાને પ્રાપ્ત છતાં ફરી ફરીને નવીનવી ઉત્પન્ન થતાં એવા ગતિનામકર્મ અને આયુષકર્મ (પ્રવાહરૂપે) જો કે તેઓ અનાત્મસ્વભાવભૂત છે (અર્થાર્ત દેવપણું, મનુષ્યપણું, તિર્યસપણુ અને નારકપણું આત્માનો સ્વભાવ નથી) તો પણ-ચિરકાળ (જીવોન) સાથે સાથે રહેતાં હોવાથી, આત્માને નહિ ચેતનારા જીવો સંસરણ કરે છે (અર્થાર્ત આથ્માને નહિ અનુભવનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે)

જીવોને દેવત્વાદિની પ્રાપ્તિમાં પૌદ્લિક કર્મ નિમિત્તભૂત છે. જેથી દેવત્વાદિ જીવનો સ્વભાવ નથી. (વળી દેવ મરીને દેવ જ થયા કરે અને મનુષ્ય મરીને મનુષ્ય જ થયા કરે. એ માન્યતાનો પણ અહીં નિષેધ થયો. જીવોને પોતાની લેશ્યાને યોગ્ય જ ગતિ નામકર્મ અને આયુષ કર્મ બંધાય છે અને તેથી તેને યોગ્ય જ અન્ય ગતિ-આયુષ પ્રાપ્ત થાય છે.)

ગતિનો ઉદાસીન પ્રસારના :ગતિ પ્રસારમાં ઉદાસીન નિમિત્તભૂત

ગતિપરિણન :ગતિરૂપે પરિણમેલાં

ગતિપરિણત :ગતિરુપે પરિણમેલાં

ગતિપરિણામ :ધર્માસ્તિકાય

ગતિનામ કર્મ :જે કર્મ, જીવના કાર નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ જેવા બનાવે, તેને ગતિનામ કર્મ કહે છે.

ગતિસ્થ :સ્થિત રહેનાર

ગુધ્ધિ :લોલુપતા (૨) આહારાદિકને વિષે અત્યંત આકાંક્ષા (૩) લાભ, મમતા (૪) લોલુપતા; આસક્તિ; લાલચ; લોલુપ. (૫) લોલુપતા (૬) અતિલોભ, તૃષ્ણા, લોલુપતા (૭) અતિલોભ, તૃષ્ણા, લોલુપતા

ગુધ્ધિપું :લોલુપતા,

ગદ્યકૃતિ :ગદ્યાત્મક રચના; જેમાં પદ્ય નથી, તેવી રચના.

ગુદ્રપિચ્છાચાર્ય :કુંદકુદાચાર્ય

ગુદ્ધિ :અતિ લોભ; તૃષ્ણા.

ગંધ :વાસ- બે પ્રકારની હોય છે. સુગંધ અને દુર્ગંધ. (૨) સુગંધ અને દુર્ગંધ એમ બે પ્રકારની છે. (૩) સુરભિ એટલે સુગંધ અને દુરભિ એટલે દુર્ગંધ પ્રકારની ગંધમાંથી આત્માને એકે ગંધ નથી, કારણકે પુદગલ પરમાણુની અવસ્થા છે.

ગુધ્ધિ :લોલુપતા, લાલચ, આસક્તિ

ગંધનામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરમાં ગંધ હોય.

ગંધોદક :ગંગજલ : કેસર ચંદન વગેરે નાખ્યાં હોય તેવું પાણી, સુગંધિત પાણી ગંધોદક

ગુપ્ત :સુરક્ષિત

ગુપ્તિ :મન, વચન, કાયા તરફ ઉપયોગની પ્રવૃત્તિને સારી રીતે આત્મભાનપૂર્વક રોકવી અર્થાત્ આત્મામાં જ લીનતા થવી તે ગુપ્તિ છે.

ગુપ્તિ :મન વચન કાયાના સંક્ષેપપણાને ગુપ્તપણાને-સંરક્ષિતપણાને જૈન પરિભાષામાં ગુપ્તિ, એવું યથાર્થ નામ આપેલ છે. (૨) સમ્યક્ પ્રકારે યોગનો નિગ્રહ તે ગુપ્તિ છે. સમ્યગ્દર્શનપૂર્વક જ ગુપ્તિ હોય છે. અજ્ઞાનીને ગુપ્તિ હોતી નથી. તથા જેને ગુપ્તિ હોય, તે જીવને વિષયસુખની અભિલાષા હોતી નથી. એમ પણ સમ્યક્ શબ્દ બતાવે છે. જો જીવને સંકલેશતા (આકુળતા) થાય, તો તેને ગુપ્તિ હોતી નથી.

ગુપ્તિની વ્યાખ્યા :જીવના ઉપયોગનું મન સાથે જોડાણ, તે મનોયોગ છે. વચન સાથે જોડાણ, તે વચનયોગ છે અને કામ સાથે જોડાણ તે કામયોગ છે. તથા તેનો અભાવ તે અનુક્રમે મનગુપ્તિ, વચનગુપ્તિ અને કામ ગુપ્તિ છે. આ રીતે નિમિત્તના અભાવની અપેક્ષાએ, ગુપ્તિના ત્રણ ભેદ છે.

સર્વ મોહ-રાગદ્વેષને દૂર કરીને, ખંડરહિત અદ્વૈત પરમ ચૈતન્યમાં સારી રીતે સ્થિત થયું તે, નિશ્ચયમનો ગુપ્તિ છે, સંપૂણ અસત્ય ભાષાને એવી ત્યાગવી કે (અથવા એવી રીતે મૌનવ્રત રાખવું કે) મૂર્તિક દ્રવ્યમાં, અમૂર્તિક દ્રવ્યમાં કે બન્નેમાં વચનની પ્રવૃત્તિ અટકે, અને જીવ પરમ ચૈતન્યમાં સ્થિર થાય, તે નિશ્ચય વચન ગુપ્તિ છે. સંયમધારી મુનિ, જ્યારે પોતાના આત્મસ્વરુપ ચૈતન્યમય શરીરથી જડ શરીરનું ભેદજ્ઞાન કરે છે. (અર્થાત શુદ્ધાત્માના અનુભવમાં લીન થાય છે.) ત્યારે અંતરંગમાં, પોતાના આત્માની ઉત્કૃષ્ટ મૂર્તિનું નિશ્ચલપણું થવું તે કામ ગુપ્તિ છે.

ગંભીર :ઊંડા

ગંભીરતા :જે જાણ્યું તે કહી ન દે, સમાવી રાખે, મોટું પેટ રાખે, વખાણ, નિંદાથી રાજી,નારાજ ન થાય, હોય એવા સમભાવે રહે, આચાર્યને ઘણું શમાવવું પડે છે, આનું આને ન કહે.

ગમ :બોધ બોધ છે એ ગેમ છે (૨) સૂઝ; સમઝ (૩) સૂઝ; સમઝ. (ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.) = કહેવાનું તાત્પર્ય ન સમઝે તો આગમની વાત ઊંધી સમજી લે, તો નુકશાન કરી બેસે છે.

ગમઠ :હિંગ

ગમન :સ્ત્રી સંભોગ; જવાની ક્રિયા (૨) પ્રવેશવું (૩) પરિણમન (૪) પ્રવેશવું વર્તવું (ગ્રહણ કરવું અને જાણવું અર્પવું અને જણાવવું.)

ગમન પરિણામી :ગતિરૂપે પરિણયેલાં

ગમનમાં અનઢક્ષ્રહ કરવો :ગમનમાં ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ (નિમિત્તરૂપ) કારાત્ર હોવું.

ગમ્ય :ગોચર; જણાય એવો (૨) જણાવું, જણાય; સમજાય.

ગુમાન :અભિમાન, અહંકાર

ગુરુ :ભેદાભેદ રત્નત્રયના પોતે અરાધક, તથા તે અરાધનાના અર્થી અજ્ય ભવ્ય જીવોને જિનદીક્ષાના દેનાર, તે ગુરુ. (૨) ભારે; મહાન; જે સહજમાં નાશ ન થઈ શકે એવાં મહાન. (૩) આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે. (૪) ભારી

ગુરુ કર્મ :જે સહજમાં નાશ ન થઈ શકે, એવાં મહાન કર્મ

ગરકાવ :મગ્ન

ગુરુગમ :ગુરુદ્વારા મળેલું જ્ઞાન; જ્ઞાની પુરુષના પ્રત્યક્ષ સમાગમ વિના, સત્ય ગૂઢાર્થ-પરમાર્થ સમજવો અત્યંત મુશ્કેલ છે.

ગુરુગમ્ય :ગુરુ દ્વારા જ સમજાય એવુ

ગુરુગમ્યતા :આજ્ઞાએ વર્તવું, સ્વચ્છંદે ન વર્તવું

ગરજ :અપેક્ષા (૨) ખપ; જરૂર; સ્વાર્થ; ધગશ. (૩) અપેક્ષા

ગરજુ :ઈચ્છાવાળો; જરૂર પડવી; આવશ્યકતા ઊભી થવી.

ગર્તા :ખાડો

ગુરુતા :મોટાઈ (૨) મહત્તા (૩) મહત્તા. તે ગુણોરૂપી સ્વભાવની છે, પુદ્ગલની નથી, કે જેથી પાછા નીચે પડે.

ગરથ :ધન (ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે)

ગ્રંથ :બાહ્ય-અભ્યંતર પરિગ્રહ, ગ્રંથ-શાસ્ત્રરચના (૨) બાહ્ય-અભ્યંતર પરિગ્રહ; અભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારે છે : મિથ્યાત્વ, સ્ત્રી વેદ, પુરુષ વેદ અને નપુંસક વેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ, એમ ચૌદ પ્રકારે અભ્યંતર પરિગ્રહ છે.

બાહ્ય પરિગ્રહ ક્ષેત્ર, વાસ્તુ (મકાન), હિરણ્ય, સુવર્ણ, ધન ધાન્ય, દાસી, દાસ, કુપ્ય (વસ્ત્ર) અને ભાંડ (વાસણો), આ દસ પ્રકારે બાહ્ય પરિગ્રહ છે.

ગ્રંથ પંથ આદ્યંત :ગ્રંથ સમાપ્તિ પર્યંત, પ્રગતિના પંથમાં, આદિથી અંત સુધીમાં

ગ્રંથભેદનું થવું :એકપણાની આંટી ઊકેલવી; તત્ત્વરુચિ અને મંથનના પરિણામ થવા.

ગ્રંથાયેલો :એકરૂપગપણે જોડાયેલો

ગ્રંથિ :ગાંઠ (૨) ગ્રંથિના બે ભેદ છે. એક દ્રવ્ય,બ્રાહ્ય ગ્રંથિ (ચતુષ્ક, દ્વિપદ, અપદ ઈ.) ; બીજીભાવ, અભ્યંતર ગ્રંથિ (આઠકર્મ ઈ.) સમ્યર્ક પ્રકારે બન્ને ગ્રંથિથી નિવર્તે તે 'નિગ્રન્થ' (૩) બંધન; (૪) ગાંઠ (જીવનના કદાચિત અશુદ્ધ અને કદાચિત શુદ્ધ એવા પર્યાયો ચૈતન્યવિવર્તન-ચૈતન્ય પરિણનની-ગ્રંથિઓ છે; નિશ્ચિયથી તેમના વડે જીવને જાણો. (૫) રાગદ્વેષની નિબિડ ગાંઠ, મિથ્યાત્વની ગાંઠ (આત્મસિદ્ધિ ગાથા ૧૦૦) (૬) ગ્રંથિના બે ભેદ છે : એક દ્રવ્ય, બાહ્યગ્રંથિ (અનુષ્પદ, દ્વિપદ, અપદ છે.) , બીજી ભાવ,અભ્યંતક ગ્રંથિ (આઠ કર્મ છે.), સમ્યક્ પ્રકારે બન્ને ગ્રન્થિથી નિવર્તે તે નિર્ગ્રંથ.

ગ્રંથિ રહિત :ગાંઠરહતિ મિથ્યાત્વ તે અંતરગ્રંથિ છે. પરિગ્રહ તે બાહ્યગ્રંથિ છે. ણયળમાં અભ્યંતર ગ્રંથિ ન છે હાય ત્યાં સુધી ધર્મનું સ્વરૂપ સમજાય નહીં.

ગ્રંથિભેદ :ગાંઠ છોડવાની ક્રિયા. (૨) જડને ચેતનનો ભેદ કરવો (૩) મિથ્યાત્વની ગાંઠ ભેદવી. (૪) અનંતાનું બંધી, ક્રોધ, અનંતાનું બંધી યક્ષ, અનંતાનુ બંધી માયા, અને અનંતાનુ બંધી લોભ, એ ચાર કષાય તથા મિથ્યાત્વ મોહિની, મિશ્ર મોહિની અને સમ્યક્ત્વમોહિની એ ત્રણ દશર્ન, મોહિની એમ એ સાત પ્રકૃર્તિ જ્યાં સુધી ક્ષાયાપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી, સમ્યદ્રષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃર્તિ જેમ જેમ મંદતાને પામે, તેમ તેમ સમ્યકત્વ નો ઉદય થાય છે. જે પ્રકર્તિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ, તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો, ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે, તે ભેદવા ભણી દ્રૂષ્ટિ આપશે તે, આત્મા આત્મત્વને પામશે, એ નિઃસંદેહ છેઃ અપૂર્વકરણરુપ આત્મપુરુષાર્થથી આ ગ્રંથિભેદ થાય છે.

ગ્રંથીભેદ થવાની રીત :પ્રજ્ઞારૂપી છીણી અંતરના જોરથી પટકવાથી ગ્રંથીભેદ થાય છે.

ગ્રંથિભેદ કરે :રાગ-દ્વેષની પકડરૂપ મિથ્યા ગાંઠનો નાશ કરે.

ગ્રથિલ :ગાંડો માણસ

ગુરુનું સ્વરુપ :ભાવલિંગી દિગંબરમુનિ-આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે.

(૧) આચાર્યનું સ્વરુપ-પંચાચારોથી પરિપૂર્ણ પંચેન્દ્રિયરુપી હાથીના મદનું દલન કરનાર, ધીર અને ગુણગંભીર એવા આચાર્ય હોય છે. (આચોર્યના ૩૬ ગુણ હોય છે)

(૨) ઉપાધ્યાયનું સ્વરુપ-રત્નત્રય સંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ રહિત એવા ઉપાધ્યાય છે. (ઉપાધ્યાયના ૨૫ ગુણ હોય છે. તે મુનિઓમાં શિક્ષક અધ્યાપક છે.

(૩) શ્રી સાધુનું સ્વરુપ-સમસ્ત વ્યાપારથી વિમુક્ત, ચાર પ્રકારની આરાધનામાં સદા લવલીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. (સાધુના ૨૮ મૂળગુણ હોય છે.)

ગ્રન્થ :પુસ્તક,શાસ્ત્ર, બાહ્ય અભ્યંતર પરિગ્રહ (આત્મસિદ્ધિ ગાથા ૧૦૦) (૨) બાહ્ય-અભ્યંતર પરિગ્રહ. મિથ્યાત્વ, ત્રણવેદ, અર્થાત્ સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુસકવેદ, હાસ્ય રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ, એમ ચૌદ પ્રકારે અભ્યંતર પરિગ્રહ છે; અને ક્ષેત્ર, વાસ્તુ (મકાન), હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય અને ભાંડ, આ દશા પ્રકારનો બાહ્ય પરિગ્રહ કહેવાય છે.

ગુરુનાં લક્ષણ :

(૧) ભગવાનની આજ્ઞા કર્મથી છૂટવાની, રાગ-દ્વેષ રહિત સમતા ક્ષમા ધારણ કરવાની છે, તે જાણે અને પાળે. બીજાને બોધ કલ્પનાથી આપે નહીં, પરંતુ ભગવાને કહ્યું છે, તેવું જ કહે. સદ્ગુરુને ઓળખવા માટે આ મુખ્ય વાત કહી. હવે ભગવાને સાધુને આજ્ઞા કેવી કરી છે, તે કહે છે.

(૨) કંચન અને કામિની એ બેથી સંસાર રહ્યો છે. સુવર્ણ અને સ્ત્રીના તે સર્વભાવથી એટલે મન, વચન, કાયાથી ત્યાગી હોય અર્થાત્ એ બંનેના પ્રલોભનથી સર્વથા છૂટ્યા હોય.

(૩) ભાવથી શુદ્ધિ માટા વિશુદ્ધ એટલે કોઇ પણ દોષ આવે નહીં, એવા આહાર, જળ લેતા હોય.

(૪) બાવીસ પરિષદ સહન કરતા હોય.

(૫) ક્ષાંત-ક્ષમાવાળા, દાન્ત-દમન કરનાર, ઇન્દ્રિયોને વિષયમાં ન જવા દે તે. નિરારંભી-આરંભ ઉપાધિથી રહિત હોય. જિતેન્દ્રિય-ઇન્દ્રિયોને જીતી લીધી હોય.

(૬) સ્વાધ્યાય આદિમાં કાળ ગાળે.

(૭) શરીરનો નિર્વાહ ધર્મને માટે પુરુષાર્થ કરી શકે, તે માટે કરતા હોય, પણ કીર્તિ કે શરીરને પુષ્ટ કરવા અર્થે નહીં.

(૮) ભગવાને મોક્ષનો પંથ કહ્યો છે, તે નિર્ગ્રંથ સાધુનો આચાર પાળતાં કાયર ન હોય, એટલે થાકે નહીં.

(૯) આપ્યા વિના કંઇ ન લે. સળી પણ જોઇએ તો પૂછીને લે.

(૧૦) રાત્રે સર્વ પ્રકારના આહાર એટલે અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય, ખાય નહીં તેમજ રાખે પણ નહીં.

(૧૧) સમભાવ-સમતા રાખે.

(૧૨) નીરાગતાથી સત્યોપતેશક-રાગદ્વેષ ન કરે. ટૂંકામાં આવા ગુણો જેનામાં હોય, તેને કાષ્ઠસ્વરુપ સદ્‌ગુરુ જાણવા. એવા કાષ્ઠસ્વરુપ ગુરુ, પોતે તરે ને બીજાને તારે.

ગુરુપાસ્તિ :ગુરુની ભક્તિ

ગર્ભજન્મ કોને હોય છે ? :જરાયુજ, અંડજ અને પોતજ, એ ત્રણ પ્રકારના જીવોને ગર્ભ જન્મ જ હોય છે. અર્થાત્ તે જીવોને જ ગર્ભજન્મ હોય છે.

(૧) જરાયુજ-જાળની સમાન માંસ અને લોહીથી વ્યાપ્ત, એક પ્રકારની થેલીથી લપેટાયેલ જે જીવ જન્મે છે, તેને જરાયુજ કહે છે. જેમકે - ગાય, ભેંસ, મનુષ્ય વગેરે

(૨) અંડજ-જે જીવ ઇંડામાંથી જન્મે છે, તેને અંડજ કહે છે. જેમકે ચકલી, કબૂતર, મોર વગેરે પક્ષીઓ

(૩) પોતજ-જન્મતી વખતે, જે જીવોનાં શરીર ઉપર કોઇપણ પ્રકારનું આવરણ ન હોય, તેને પોતજ કહે છે. જેમકે સિંહ, વાઘ, હાથી, હરણ, વાંદરો વગેરે

(૪) અસાધારણ ભાષા અને અધ્યયનાદિ જરાયુજ જીવોમાં જ હોય છે. ચક્રધર, વાસુદેવાદિ મહા પ્રભાવશાળી જીવો જરાયુજ છે. મોક્ષ પણ જરાયુજને જ થાય છે.

ગરભલો :તૈયાર કોળિયો

ગર્ભાધાનથી હરાયો :ગર્ભમાં જ મરી જાય.

ગર્ભિત :અર્થસૂચક; માર્મિક; છાનું; છૂપું;, ગુપ્ત.

ગર્ભિતપણું :અંદર સમાવશ પામવો (૧) ગર્ભિત અંદર રહેલું; છાનું;છૂપું; માર્મિક; અર્થ સૂચક

ગરલ :વિષ; ઝેર. ગરોળીની લાળ

ગર્વ :ગર્વ ત્રણ પ્રકારે છે. ઋદ્ધિ ગર્વ, રસ ગર્વને શાતા ગર્વ. જે આ સઘળું તજે તે સંસારમાં નિત્ય પરિભ્રમણ કરતો નથી.

ગ્રૈવેયક :સોળમા સ્વર્ગથી ઉપર અને પહેલી અનુદિશથી, નીચેનાં દેવોને રહેવાનાં સ્થાન

ગ્રસ્ત :ગરકાવ; મગ્ન; તલ્લીન; (રોગથી ઘેરાયેલું)

ગ્રસવું :ગળી જવું; જ્ઞાનમાં જાણી લેવું. (૨) ગળી જવું; ઓગાળી જવું; ગ્રહણ કરવું; (સૂર્ય-ચંદ્રનું) ઢંકાઇ જવું. (૩) ગળી જવું; ઓગાળી જવું; ગ્રહણ કરવું, જાણવારૂપ ગળી જવું; તદાકાર થઇ, ડૂબી જવું.

ગ્રહે છે :સમજે છે (૨) તે રૂપે થાય છે તે રૂપે ઉપજે છે.

ગ્રહણ :આદરથી સ્વીકાર (૨) જોવું; જાણવું (૩) નિંદા; ગિલા. (૪) આદરથી સ્વીકાર; જાણવું; વિષયોનો ઉપભોગ.

ગ્રહણ-વિસર્જન :ગ્રહણત્યાગ

ગ્રહણ કરવું :જાણી લેવું

ગ્રહણ ત્યાગ :ગ્રહણ વિજર્સન

ગ્રહણ ત્યાગ સ્વરૂપ :જ્ઞપ્તિ ક્રિયાનું પલટાયા કરવું અર્થાત્ જ્ઞાનમાં એક જ્ઞેયગ્રહવું ને બીજું છોડવું તે ગ્રહણ ત્યાગ છે. આવાં ગ્રહણ ત્યાગ તે ક્રિયા છે એવી ક્રિયાનો કેવળી ભગવાનને અભાવ થયો છે.

ગ્રહણ વિસર્જન :ગ્રહણ ત્યાગ

ગ્રહણ સ્વરૂપ :જ્ઞાનસ્વરૂણ

ગ્રહનારી :જાણનારી

ગ્રહવું :આશ્રય કરવો; ધ્રુવ; પ્રાપ્ય (૨) જોવું (૩) અંગીકાર કરવું (૪) જાણવું, ગ્રહણ કરુવું (૫) જાણવું, સમજવું, લેવું, પકડવું, વેદવું, અનુભવવું

ગ્રહવાયોગ્ય :જાણવા યોગ્ય, અવલંબવું (૨) જણાવાયોગ્ય

ગર્હા :નિંદા; ધિક્કાર (૨) ગુરુ પાસે પોતાના દોષોની કબુલાત કરતાં, સંકોચ ન પામવો.

ગ્રહાય :જણાય

ગર્હિત :નિંદ્યવચન, દુષ્ટતા અથવા કુથલીરૂપ હાસ્યવાળું, કઠોર, મિથ્યા-શ્રદ્ધાવાળું, અને પ્રલાપરૂપ-બકવાદ તથા શાસ્ત્ર-વિરુદ્ધ વચન છે, તે બધાંને નિંદ્યવચન કહ્યું છે. (૨) નિંદ્ય વચન.

ગ્રહો :પાપનો પશ્ચાતાપ, સ્વનિંદા, પ્રાયશ્ચિત લેવું

ગ્રામ :સંગીતમાં મૂર્છનાના આશ્રયરૂપ સ્વરસમૂહ (સંગીત)

ગ્રાસીભૂત કરવું :કોળિયો કરી જવો; તે સ્વને જાણે અને જે રાગ હોય તેને પણ જાણે; જાણી લેવું; કર્તૃવ્ય રહિત થવું; જ્ઞાતારૂપે થવું.

ગ્રાસીભૂત :કોળિયો કરી જવો, ગળી જવું, ઢંકાઈ જવું. સમાઈ જવું, જણાઈ જવું. (૨) જાણી લેવું.

ગ્રાસીભૂત કરવું :જાણી લેવું

ગ્રાહ્ય ગ્રાહક સંબંધ :ઈંદ્રિયગોચર પદાર્થ ગ્રાહ્ય છે અને ઈંદ્રિય ગ્રાહક છે.

ગ્રાહક :જ્ઞાયક (૨) જાણનારું જ્ઞાન (૩) આત્મા

ગ્રાહ્ય :જણાવા યોગ્ય. (૨) નિમિત્ત (૩) જણાવા યોગ્ય પર પદાર્થો. (૪) જાણવાયોગ્ય

ગ્રાહ્ય ગ્રાહક સંબંધ :ઈન્દ્રિયગોચર પદાર્થ ગ્રાહ્ય છે અને ઈન્દ્રિય ગ્રાહક છે.

ગ્રાહવાના અને અર્પવાના સ્વભાવવાળા :જેવી રીતે આંખરૂપી પદાર્થોમાં પ્રવેશતી નથી અને રૂપી પદાર્થો આંખમાં પ્રવેશતાં નથી તો પણ આંખરૂપી પદાર્થોના જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના જાણવાના સ્વભાવવાળી છે અને રૂપી પદાર્થો પોતાના જ્ઞેયાકારોને અર્પવાના જણાવવાના સ્વભાવવાળા છે, તેવી રીતે આત્મા પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના જાણવાના સ્વભાવવાળો છે અને પદાર્થો પોતાના સમસ્ત જ્ઞેયાકારોને અર્પવાના જણાવવાના સ્વભાવવાળા છે.

ગરિમા :આઠ સિદ્ધિઓમાંની એક મોટો આકાર ધારણ કરવાની શક્તિ; ગૌરવ; મહત્તા (૨) આઠ સિદ્ધિઓમાંની એક-મોટો આકાર ધારણ કરવાની શક્તિ.

ગરિષ્ટ :સ્વાદિષ્ટ. (૨) ભારે

ગ્રીષ્મ ઋતુ :વૈશાખ અને જેઠ માસની ઋતુ - ઉનાળાની ઋતુ

ગલતી :ભૂલ ચૂક

ગલન :ગળવું તે; દુર્બળ થવું તે; કૃશતા; હાનિ;ઘટાડો.

ગુલાંટ :ઊલટું ફરી જવું

ગુલાંટ ખાઈ ગઈ છે. :ભૂલાઈ ગઈ છે.

ગ્લાન :વ્યાધિગ્રસ્ત; રોગી; દુર્બળ (૨) ખિન્ન; ઉદ્વિગ્ન; ઉત્સાહ વિનાનું; થાકેલું.

ગ્લાનિ :ઘૃણાઃ અણગમો, અનુત્સાહ; ખિન્નતા; થાક; જુગુપ્સા (૨) ખેદ; ઉદ્વેગ; ઉત્સાહનો અભાવ; થાક; ઉદાસીનતા; નિરાશા. (૩) અણગમો; જુગુપ્સા; ઉદ્વેગ; સૂગ; ઘૃણા; તિરસ્કાર. (૪) સૂગ; અણગમો; ઉદ્વેગ; (૫) ખેદ; ઉદ્વેગ; ઉત્સાહનો અભાવ; થાક; જુગુપ્સા.

ગળકાં ખાય :પાણીમાં ડૂબેલો માણસ પાણી મોઢામાં પેસે, ત્યારે ગળકાં ખાય, ડચક ડચક થાય તે.

ગળિત :ગળી ગયેલું, ટપકી ગયેલું, ટપકેલું, પડેલું

ગવેષક :તપાસ કરનાર, ખોજ કરનાર, શોધખોળ કરનાર.

ગવેષણા :અન્વેષણા, ખોળવું, શોધવું (૨) અંતરશોધ, રટણા. (૩) ખોજવું, તપાસ, શોધખોળ (૪) વિચારણા

ગવેષતા :પ્રાપ્ત કરવા ઈચ્છતા.

ગવેષવું :શોધવું (૨) જાણવું, જ્ઞાન પ્રાપ્ત કરવું, વિચાર કરવો (૩) ખોળવું, શોધવું, અન્વેષણ કરવું, ખોળવું, તપાસ કરવી.

ગવેષવો :ઓળખવો; જાણવો;

ગૃહસ્થ પ્રત્યયી :ગૃહસ્થ સંબંધી

ગેહ :ઘર

ગહન :ગૂઢ; ગુપ્ત; ગોપ્ય.

ગુહ્ય :ગુપ્ત, છાનું, છૂપું, રહસ્યમય, રહસ્ય, મર્મ, છૂપી-છાની વાત

ગહવર :ગુફા

ગૃહસ્થ ધર્મ :શ્રાવક ધર્મ; અણુવ્રત પાળવાની ક્રિયા.

ગૃહસ્થ શ્રાવક :ગૃહસ્થ દ્રવ્યનું જે કથાર્જન કરી તેના છ ભાગ કરે. એક ભાગ તો ધર્મના ખર્ચે આપે, એક ભાગ કુટુમ્બમાં પોષણમાં આપે, એક ભાગ પોતાના ભોગમાં ખર્ચ કરે, એક ભાગ પોતના સ્વજન સમૂહના વ્યવહારમાં ખર્ચે અને બાકીના બે ભાગ અનામત ભંડોળ તરીકે રાખે. તે દ્રવ્ય કોઈ મોટા પૂજ્ય વા પ્રભાવનામાં અઘળા કાળમાં દુકાળમાં કામ આવે. એ પ્રમાણે કરવાથી ગૃહસ્થને આકષ્ટતા ઉપજે નહિ અને ધર્મ સાધી શકાય.

ગૃહસ્થી :શ્રાવક, સંસારી

ગુહા :ગુફા

ગૃહીતમિથ્યાત્વ :ખોટા દેવ, ખોટા ગુરુ અને ખોટાં શાસ્ત્રોની શ્રદ્ધા, તે ગૃહીત મિથ્યાત્વ છે. જન્મ થયા પછી, પરોપદેશના નિમિત્તથી જે અતત્ત્વશ્રદ્ધા જીવ ગ્રહણ કરે છે, તે ગૃહીતમિથ્યાત્વ કહેવાય છે. ગૃહીત મિથ્યાત્વના પાંચ ભેદ છે. (૧) એકાંત મિથ્યાત્વ, (૨) સંશય મિથ્યાત્વ, (૩) વિનય મિથ્યાત્વ, (૪) અજ્ઞાન મિથ્યાત્વ, અને (૫) વિપરીત મિથ્યાત્વ

ગૃહીત :ગ્રહણ કરેલું, માની લીધેલું

ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ :શરીર અને આત્માનું ભેદ વિજ્ઞાન નહિ હોવાથી યશ, ધન, દોલત, આદર-સત્કાર વગેરેની ઈચ્છાથી માન આદિ કશાયને વશીભૂત થઈને શરીરને ક્ષીણ કરવાવાળી, અનેક પ્રકારની ક્રિયા કરે છે. તેને ગૃહીત મિથ્યા ચારિત્ર કહે છે.

ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ :

(૧) વસ્તુ અનેક ધર્માત્મક છે; તેમાંથી કોઈ પણ એકજ ધર્મને, આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત (મિથ્યા) તથા વિષય-કષાય આદિને પુષ્ટ કરવાવાળાં, કુગુરુઓનાં બનાવેલાં સર્વ પ્રકારનાં ખોટાં શાસ્ત્રોને, ધર્મ બુદ્ધિથી લખવાં-લખાવવાં, ભણવાં-ભણાવવાં, સાંભળવાં અને સંભળાવવાં, તેને ગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે.

(૨) જે શાસ્ત્ર જગતમાં સર્વથા, નિત્ય, એક, અદ્વૈત અને સર્વ-વ્યાપક બ્રહ્મમાત્ર વસ્તુ છે, અન્ય કોઈ પદાર્થ નથી, એમ વર્ણન કરે છે તે શાસ્ત્ર એકાન્તવાદથી દુષિત હોવાથી, કુશાસ્ત્ર છે.

(૩) વસ્તને સર્વથા ક્ષણિક-અનિત્ય અથવા

(૪) ગુણ-ગુણી સર્વથા જુદા છે, કોઈ ગુણના સંયોગથી વસ્તુ છે, એમ કથન કરે, અથવા

(૫) જગતનો કોઈ કર્તા, હર્તા અને નિયંતા છે, એમ વર્ણન કરે,

(૬) અથવા દયા, દાન, મહાવ્રતાદિના શુભભાવ જે પુણ્યાસ્રવ છે, તેનાથી તથા મુનિને આહાર દેવાના શુભભાવથી સંસાર પરિત (ટૂંકો, મર્યાદિત) થયો; તથા ઉપદેશ દેવાના શુભ ભાવથી ધર્મ થાય વગેરે, જેમાં વિપરીત કથન છે, તે શાસ્ત્રો એકાન્ત અને અપ્રશસ્ત હોવાથી કુશાસ્ત્ર છે. કેમકે તેમાં પ્રયોજનભૂત સાત તત્ત્વનું યથાર્થપણું નથી. જ્યાં એક તત્ત્વની ભૂલ હોય, ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ, એમ સમજવું.

ગૃહીત મિથ્યાત્વ :પરમાર્થ તત્ત્વના વિરોધરૂપ વા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ઠીક માનવા તે ગૃહીત મિથ્યાત્વ છે. (૨) જે પરોપદેશના નિમિત્તથી તત્ત્વોના અશ્રદ્ધાનરુપ થાય છે. તેને પરોપદેશિક અથવા ગૃહીત મિથ્યાત્વ કહે છે.

સર્વાર્થ સિદ્ધિ, આદિ બીજા ગ્રંથોમાં મિથ્યાત્વના પાંચ ભેદોનો પણ ઉલ્લેખ છે. જેમના નામ છે. એકાંત મિથ્યાદર્શન, વિપરીત મિથ્યાદર્શન, વૈનયિક મિથ્યાદર્શન, અજ્ઞાનિક મિથ્યાદર્શન, એને સંશય મિથ્યાદર્શન. જેમાંથી પ્રથમ ચારને અહીં ગૃહીત મિથ્યાત્વની અંતર્ગત સમજવા જોઈએ.

ગૃહીત મિથ્યાત્વના ભેદ :ગૃહીત મિથ્યાત્વના પાંચ ભેદ છે. (૧) એકાન્ત મિથ્યાત્વઃ (૨) સંશય મિથ્યાત્વઃ (૩) વિનય મિથ્યાત્વઃ (૪) અજ્ઞાન મિથ્યાત્વઃ અને (૫) વિપરીત મિથ્યાત્વ. તે દરેકની વ્યાખ્યા નીચે મુજબ છે.

ગૃહીત મિથ્યાદર્શન :કુગુરુ, કુદેવ અને કુધર્મની સેવા કરવાથી ઘણા કાળ સુધી મિથ્યત્વનું જે પોષણ થાય છે, એટલે કે ગુરુ, કુદેવ અને કુધર્મનું સેવન જ, ગૃહીત મિથ્યાદર્શન કહેવાય છે.

ગાંગડો :કોઈ પણ ઘન પદાર્થનો અવ્યવસ્થિત ગોળ ટુકડો.

ગાંડપણ :પાગલપણું

ગાડરિયો પ્રવાહ :ગાડર-મેંઢાની જેમ આંધળી રીતે, એક પછી એક દેખાદેખી ચાલનાર સમુદાય

ગાડવો :ઘાડવો; માટીનો ઘડો; માટલી; માટલું; તેલનો કૂંપો.

ગાંડા :ગાફેલ; ઘેલુ, ઘેલછા

ગાઢ :વ્યાપેલાં, નિબિડ; ઘાટુ; ભયાનક; વિકટ; કઠણ; દુર્ગમ; ઘણું; ખૂબ (૨) જ્ઞામિક સમ્યકત્વ ગાઢ છે. (૩) મજબૂત.

ગાઢોગાઢ :ઠસાઠસ; ખીચોખીચ,

ગાયબ :ગૂમ

ગારવ :ગારવ ત્રણ પ્રકારના કહ્યા છે : રસગારવ, ઋદ્ધિગારવ અને શાતા ગારવ. ત્યાં રસલાભ એવો છે કે મિષ્ટ, ઈષ્ટ, પુષ્ટ ભોજનાદિ મળતા રહે ત્યારે, તેનાથી પ્રમાદી બને છે. ઋદ્ધિલાભ એવો છે કે કંઈક તપના પ્રભાવાદિથી ઋદ્ધિની પ્રાપ્તિ થાય, તેનું ગૌરવ આવી જાય છે. તેનાથી ઉદ્ધત, પ્રમાદી રહે છે, તથા શાતાલાભ એવો છે કે શરીર નિરોગી રહે, કંઈ ક્લેશુનં કારણ ન આવે, ત્યારે સુખીપણું આવી જાય છે, તેનાથી મગ્ન રહે છે.- ઈત્યાદિ ગારવભાવની મસ્તીથી ખરા ખોટાનો વિચાર કરતા નથી, ત્યારે દર્શનભ્રષ્ટનો વિનય કરવા લાગી જાય છે. (૨) મદ (૩) ગર્વ, મસ્તાઈ (રસ, ઋદ્ધિ, શાતા સંબંધી)

ગુણાત્મક :ગુણરૂપ; ગુણમય; ગુણથી પૂર્ણ; સગુણ

ગિરિધર :શ્રીકૃષ્ણને ગિરિધર (અર્થાત્ પર્વતને ધરી રાખનાર)કહેવામાં આવે છે. શ્રી જિનભગવાન અનંત વીર્યવાન હોવાથી, તેમને અહીં ગિરિધર કહ્યા છે.

ગિરીદ્રકંદરાદિક આવસથ :ઊંચા પર્વતની ગુફા વગેરે નિવાસ સ્થાન

ગિલા :ચાડી-ચૂગલી; નિંદા.

ગોકુલચરિત્ર :શ્રી મનસુખલાલ સૂર્યરામે લખેલું શ્રી ગોકુલજી ઝાલાનું જીવનચરિત્ર

ગોટાળો :ગૂંચવણ

ગોઠે છે :ગમે છે

ગોઠે :ગમે; પસંદ પડે

ગોઠેલું :ગમતું, કરવા ધારેલું

ગોઠવું :રુચવું; ગમવુ.

ગોઠશે :રુચશે, પસંદ પડશે.

ગોત :શોધ; ખોળ; ગોતવું.

ગોત્ર કર્મ :ઉંચ ગોત્ર અને નીચ ગોત્ર એ બે ભેદ ગોત્ર કર્મના છે. (૨) ગોત્રકર્મથી અટલ અવગાહના રુપ આત્મશક્તિ રોકાઈ રહી છે. (૩) ઊંચ નીચ ગોત્રમાં અવતરે છે. ઊંચનીચ કુળમાં જન્મ થવો તે, ગોત્રકર્મના કારણે છે. તે ગોત્રકર્મ આત્માનું સ્વરૂપ નથી. (૪) ગોત્રરર્મની પ્રકૃતિના બે ભેદ છે : ઉચ્ચગોત્રકર્મ જેના ફળમાં રાજા થાય, મોટો શેઠ થાય. નીચ ગોત્રકર્મ-જેનાફળમાં, ચંડાળ આદિ નીચકુળમાં જન્મ થાય.

ગોત્રકર્મ કેમ જીતાય ? :ગોત્રકર્મ સંબંધી, પણ આમ સમજી લેવું. આમ આઠેય કર્મનો ઉદય, તો જડમાં છે અને ભાવક કર્મને અનુસરીને થવાયોગ્ય, જે ભાવ્ય તે આત્માની દશા પોતાથી છે, કર્મના કારણે નહિ. જ્ઞાની, તે ઉદયને અવગણીને, તેનું લક્ષ છોડીને, નિષ્કર્મ નિજ જ્ઞાયકભાવને અનુસરતાં, તે તે ભાવ્યદશા પ્રગટ થતી નથી. તે કર્મને જીતવું થયું કહેવાય છે.

ગોપ્ય :ગુપ્ત; ખાનગી; રહસ્યભૂત, બાકી રાખ્યા વિના; બાકાત રાખ્યા વિના.

ગોપવ્યા વિના :છૂપાવ્યા વિના

ગોપવવું :છૂપાવી રાખવું; સંતાડવું

ગોપીઓ :આત્મસ્વરૂપના અનુપમ સૌંદર્યથી જે ચિત્તવૃત્તિઓ રૂપ ગોપીઓને, પોતાના સ્વરૂપ સૌદર્ય ભણી આકર્ષી રાખે છે એવા, આત્મારૂપ કૃષ્ણનો જેને લેશ પણ પ્રસંગ થાય, તેને સંસારનો રંગ ન ગમે.

ગુણસ્થાન :આ મિથ્યાત્વાદિ ગુણસ્થાનો-પહેલાથ માંડીને ચૌદમાગુણ-શઅથાનસુધીના બધાય પૌદગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થાય છે એ તેથી તેઓ સદાય અચેતન છે. સંસ્કૃત ટીકામાં વિપાક શબ્દ લીધો છે, જ્યારેગુજરાતીમાં ઉદય શબ્દ છે. જે જડ મોહકર્મ છે એના ઉદય નામ વિયાકકાળે વિપાકપૂર્વક આ ચૌદ ગુણસ્થાન થાય છે. જેવી રીતે વિશુદ્ધિનાં સ્થાન રાગની મંદતાનાંસ્થાન અર્થાત્ અસંખ્ય પ્રકારના પ્રશસ્ત શુભરાગના ભાવ પણ મોહકર્મની પ્રકૃતિના વિયાપકૂર્વક થાય છે અને તેથી તે અચેતન પુદ્ગલ છે. આ જે દયા, દાન, પ્રત, તપ ભક્તિ આદિ જે શુભભાવ-વિશુદ્ધભાવ છે તે સર્વ પુદ્ગલ-કર્મના વિપાકપૂર્વક થયેલા છે અને તેથી અચેતન પુદગલ છે એમ કહે છ.

સમયસાર ગાથા ૬૫-૬૬માં પર્યાપ્ત, અપર્યાપ્ત, બાહર, સૂક્ષ્મ આદિ ભેદો નામપ્રકૃતિથી થયા છે એમ લીધું હતું. અહીં મિથ્યાત્વાદિ ચૌદેય ગુણથાનો મોહકર્મની પ્રકૃતિના ઉદયથી થયા છે એમ કહે છે. જયસેનાચાર્યની ટીકામાં મોહુજોગ ભવા એવું ગોમ્મટસારનું વચન ઉદ્ધત કરી દર્શાવ્યું છે કે મોહ અને યોગના નિમિત્તથી આ બધા ગુણસ્થાનના ભેદ પડે છે.

ગોલીક :પશુ સંબંધી (ગોવાલીક)

ગોળીટા ખાય :તૃષ્ણાના કોકડાંની જાળમાં ગુંચાય. (૨) ગલોટિયા ખાય; ગુલાંટ ખાય.

ગોસાંઈ :ઈન્દ્રિયોને કાબુમાં રાખે, તે ગોસાંઈ (૨) ઈંદ્રિયોને કબજે કરે તેને ગોંસાઈ કહીએ.

ગૌણ :અમુખ્ય (૨) મુખ્ય ન હોય તેવું; અમુખ્ય; પેટામાં સમાય તેવું (૩) ઉપાય (૪) અપ્રધાન; મુખ્ય નહિ. (૫) વજન નહિ, વજન એક સ્વાશ્રયભાવનું જ છે. આત્મા તરફ ઢળતાં જે ભાવ થાય, તે ભાવનું અહીં વજન છે.

ગૌણ કરવો પડ્યો :દબાવી દેવો પડ્યો; અંતરમાં સમાવી દેવો પડ્યો.

ગૌતમ :ભગવાન મહાવીરના પ્રધાન શિષ્ય, એમનું બીજું નામ ઈંદ્રભૂતિ હતું

ઘટ :શરીર (૨) ઘડો

ઘટપરિચય :હૃદયનું ઓળખાણ

ઘટ-પ્રદીપ :ઘડામાં મૂકેલો દીવો.

ઘટાટોપ :ચારેબાજુ ઢંકાઈ જાય, તેવી ઘટા

ઘટારત જ છે :હોવી જોઈએ

ઘટારત :યોગ્ય

ઘટિત :પોતપોતાની યોગ્યતા પ્રમાણે, યથાયોગ્ય.

ઘડી :૨૪ મિનિટ બે ઘડી ૪૮ મિનિટ (૨) ૨૪ મિનિટ અહોરાત્રિ મળીને, ૩૦ ઘડીનો દિવસ થાય છે. (૩) ૨૪ મિનિટ, ૬૦ ઘડી-એક દિવસ

ઘણાં :સંખ્યાથી અનેક

ઘન :સજ્જડ ગાઢ, નક્કર, ગીચ

ઘનઘાતી કર્મ :ચાર છે- જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ, મોહનીયકર્મ તથા અંતરાયકર્મ. આત્માના મૂળ ગુણોને આવરણ કરનાર હોવાથી, એ ચારે કર્મ ઘનઘાતી કહેવાય છે.

ઘન પટલ :ઘટ (ઘાટા) થર; ઘણો જથ્થો (૨) ઘટ્ટ થર; ઘણો જથ્થો

ઘનરજ્જુ :જેની લંબાઈ પહોળાઈ એને જાડાઈ સરખી થાય એવી રીતે રજ્જુનું પરિમાણ કરવું તે. મધ્યલોક પૂર્વથી પશ્ચિમ એક રજ્જુ પ્રમાણ છે, તેટલો જ લાંબો પહોળો ઊંચોલોકનો વિભાગ

ઘનવાત :ઘનોદધિ અથવા વિમાન આદિના આધારભૂત, એક પ્રકારનો કઠિન વાયુ.

ઘનવાત વલય :ઘટ હવાનું વાતાવરણ (૨) વલયાકારે રહેલ ઘનવાયુ, ઘટ હવાનું વાતાવરણ (૩) એમાં સઘન વાયુ છે. આ ઘનોદધિ વાતવલયને ઘનવાતવલયે ઘેરી રાખ્યો છે.

ઘનોદધિ વાતાવલય :આ વાતવલયમાં પાણી મિશ્રિત હવા છે. સર્વ લોક પહેલાં ઘનોદધિ વાતાવરણથી વીંટાયેલો છે.

ઘનોદધિ (અમ્બ) વાતવલય :વરાળનું ઘટ વાતાવરણ (નલય)

ઘા દીવાના પ્રકાશોની માફક :જેમ ઘણા દીવાના પ્રકાશો એક જ ઓરડામાં ભેગા રહ્યા હોય, તો સ્થૂળ દૃષ્ટિથી જોતાં તેઓ એકબીજામાં મળી ગયેલાં લાગે છે. તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારપૂર્વક જોતાં, તો તે પ્રકાશો ભિન્ન ભિન્ન જ છે. (કારણ કે એક દીવો બુઝાઈ જતાં, તે જ દીવાનો પ્રકાશ નષ્ટ થાય છે. અન્ય દીવાના પ્રકાશો નષ્ટ થતા નથી) તેમ જીવાદી અનેક દ્રવ્યો, એક જ ક્ષેત્રમાં રહ્યાં છે. તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં, તેઓ ભિન્ન ભિન્ન જ છુ. એકમેક થતાં નથી.

ઘ્રાણ :વાસ

ઘ્રાણની :નાસિકા

ઘણાં :સંખ્યાથી અનેક અનંત

ઘાટપ :ગાઢ્ય, ગાઢપણું, ઘટ્ટપણું.

ઘાત :ઘાથી મારવાની ક્રિયા હત્યા, વધ, કતલ (૨) હણનાર, નાશ કરનાર, ઘાત કરનાર, હાનિ કરનાર

ઘાતકી :આંબળા

ઘાતવું :ઢાંકવું, આવરણ આવવું

ઘાતિ કર્મો :આત્માના ગુણોનો ઘાત કરનારાં ચાર ઘાતિકર્મો છે. જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીય કર્મ, અંતરાય કર્મ એને મોહનીય કર્મ. આ ચાર ને ઘાતિકર્મો કહેવાય છે.

આત્માના જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ અનંત ગુણો છે. તેથી તેના જેવી જ તેની વર્તમાન પ્રગટ પર્યાય-દશા-અવસ્થા થવી જોઈએ. છતાં તેમ ન થતાં પોતાના અપરાધોથી તેમાં અશુદ્ધ પરિણમન થાય છે. અને તેમાં એ ઘાતિકર્મો નિમિત્ત છે, તેથી તેને ઘાત કરનારાં ઘાતિ કર્મો કહેવામો આવે છે. જ્ઞાનને આવરણમાં-ઘાતમાં જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત છે, દર્શનને આવરણમાં દર્શનાવરણીય કર્મ છે. વીર્યશક્તિને આવરણમાં અંતરાયકર્મ છે, અને શ્રદ્ધા ને ચારિત્રને આવરણમાં, મોહનીયકર્મ નિમિત્ત છે. પોતાની અશુદ્ધ દશા પોતાથી, પોતાના અપરાધથી છે, તેમાં ઘાતિકર્મો નિમિત્ત છે બસ.

ઘાતિકર્મ :આત્મા પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશ્રય લઈને, તેમાં અકાગ્ર-લીન થાય છે. ત્યારે કેવળદર્શન પ્રગટ થાય છે; ને તેને કાર્યદર્શન કહે છે, ને ત્યારે જ (તે જ ક્ષણે) દર્શનાવરણીયનો નાશ થાય છે.

તેવી રીતે ત્રિકાળી નિત્ય જ્ઞાન સ્વભાવી ધ્રુવ ધામનો આશ્રય લઈને, જ્યારે આત્મા કેવળ જ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જ્ઞાનાવરણીયનો નાશ થાય છે.

તેવી રીતે જ્યારે તે(આત્મા) અંદરના ત્રિકાળી ચારિત્ર-વીતરાગતા પ્રગટ કરે છે, ત્યારે મોહકર્મનો ક્ષય થાય છે. અને અંતર આત્મામાં જે સ્વભાવરૂપે અનંત વીર્ય-બળ પડ્યું છે તેનો આશ્રય લઈને, જ્યારે તે કાર્યરૂપે અનંત વીર્ય પ્રગટ કરે છે, ત્યારે અંતરાયકર્મનો નાશ થઈ જાય છે.

ઘાતિકર્મ મળ :જ્ઞાના વરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરુપ, ચાર ઘાતિ કર્મરૂપી મેલ

ઘાતિની કર્મ :આત્માના ગુણનો ઘાત કરે તે ઘાતિની કે ઘાતિ કર્મ, અર્થાત, (૧) તે ગુણને આવરણ કરવાનો, અથવા (૨) તે ગુણનું બળવીર્ય શોધવાનો, અથવા (૩) તેને વિકળ કરવાનો છે, અને તે માટે ઘાતિની, એવી સંજ્ઞા તે પ્રકૃતિને આપી છે.

આત્માના ગુણ જ્ઞાન, દર્શન તેને આવરણ કરે તેને અનુક્રમે (૧) જ્ઞાનાવરણીય અને (૨) દર્શનાવરણીય એવું નામ આપ્યું. અંતરાય પ્રકૃતિ એ ગુણને આવરતી નથી, પણ તેના ભોગ, ઉપભોગ આદિને, તેનાં વીર્યબળને રોકે છે. આ ઠેકાણે આત્મા ભોગાદિને સમજે છે, જાણે-દેખે છે એટલે આવરણ નથી, પણ સમજતાં છતાં ભોગાદિકમાં વિઘ્ન, અંતરાય કરે છે. માટે તેને આવરણ નહી પણ અંતરાય પ્રકૃતિ કહી.

આમ ત્રણ આત્મઘાતિની પ્રકૃતિ થઈ. ચોથી પ્રકૃતિ મોહનીય છે. આ પ્રકૃતિ આવરતી નથી, પણ આત્માને મૂર્છિત કરી, મોહિત કરી વિકળ કરે છે. જ્ઞાન, દર્શન છતાં અંતરાય નહીં છતાં પણ આત્માને વખતે વિકળ કરે છે, ઊંધા પાટા બંધાવે છે, મુંઝવે છે માટે એને મોહનીય કહી. આમ આ ચારે સર્વઘાતિની પ્રકૃતિ કહી.

કર્મની મૂળ પ્રકૃતિ આઠ, તેમાં ચાર ઘાતિની અને ચાર અઘાતિની કહેવાય છે. બાકીની ચાર પ્રકૃતિ જોકે આત્માના પ્રદેશ સાથે જોડાયેલી છે તથા તેનું કાર્ય કરે છે, એને ઉદય અનુસાર વેદાય છે. તથાપિ તે આત્માના ગુણને આવરણ કરવા રૂપે કે અંતરાય કરવા રૂપે કે તેને વિકળ કરવારુપે ઘાતક નથી. માટે તેને અઘાતિની કહી છે.

ઘાતિયા :અનંત ચતુષ્ટયને રોકવામાં નિમિત્તરુપ કર્મને, ઘાતિયા કહે છે.

ઘાતી કર્મ અને અઘાતીકર્મ કેટલા અને તેનાં નામો શું છે ? :મળરુપે, આ કર્મ આઠ પ્રકારના છે. આ આઠ પ્રકારનાં કર્મોમાં જ્ઞાનવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર તો, ઘાતી કર્મ કહેવાય છે એને વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર, અઘાતી કર્મ કહેવાય છે.

(૧) જ્ઞાનાવરણ

જ્યારે આત્મા પોતે જ પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે છે, અર્થાત જ્ઞાનશક્તિને વ્યક્ત કરતો નથી, ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને જ્ઞાનાવરણ કહે છે.

(૨) દર્શનાવરણ

જ્યારે આત્મા પોતે જ પોતાના દર્શનગુણ (ભાવ) નો ઘાત કરે છે, ત્યારે દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને દર્શનાવરણ કહે છે. જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું છે અને દર્શનાવરણ નવ પ્રકારનું છે.

(૩) મોહનીય

જીવ પોતાનુ સ્વરુપ ભૂલીને, અન્યને પોતાનું માને અથવા સ્વરૂપ આચરણમાં અસાવધાની કરે ત્યારે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને મોહનીય કર્મ કહે છે. એ બે પ્રકારનું છેઃ ૧ દર્શન મોહનીય, ૨ ચારિત્ર મોહનીય. મિથ્યાત્વ આદિ ત્રણ ભેદ, દર્શન મોહનીયના છે. ૨૫ કષાયો તે, ચારિત્ર મોહનીયના ભેદ છે.

(૪) અંતરાય

જીવના ધન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં, જે કર્મનો ઉદય નિમિત્ત હોય, તેને અંતરાય કર્મ કહે છે. એ પાંચ પ્રકારનું છે.

ઘાતી કર્મો :જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મો છે તે અનંત જ્ઞાન અનંત દર્શન અનંત સુખ અને અનંત વીર્ય (અનંત શક્તિ) એ ચાર ગુણોને આવરે છે, તેથી તેને ઘાતીકર્મ કહેવાય છે.કારણ કે આત્માના સ્વભાવો ઘાત કરી રહ્યાં છે.

ઘાતીકર્મ :કષાય અને ભ્રાન્તિ થવામાં, ઘાતીકર્મનું નિમિત્ત થાય છે.

ઘાતીકર્મનો ક્ષય કેમ થાય ? :ઘાતીકર્મને કારણે, આત્મામાં ઘાત થાય છે, એમ નથી. પરંતુ દ્રવ્યઘાતીકર્મના ઉદયકાળે, પર્યાયમાં તે જાતની હીણી દશારૂપે, પરિણમવાની એટલે ભાવઘાતીરૂપે થવાની, પોતાની લાયકાત છે, પરંતુ કર્મના કારણે, તે લાયકાત નથી. કર્મના કારણે, કર્મમાં પર્યાય થાય છે, આત્મામાં નહિ. અહાહા ! પરને કારણે બીજામાં કાંઈ થાય, એવું જૈનધર્મમાં છે જ નહિ. ગુણોની પર્યાય થાય છે, તેમાં પોતે જ કારણ છે, કારણકે પોતે જ કર્મનું અનુસરણ કરે છે. પોતે જેટલે દરજ્જે (અંશે) નિમિત્તનું અનુસરણ છોડી, સ્વભાવ, જે સાક્ષાત્ વીતરાગસ્વરૂપ છે, તેને અનુસરી વીતરાગ પર્યાય પ્રગટ કરે છે તેટલે અંશે ભાવ્ય-ભાવક સંકરદોષ ટળે છે.

ઘાત :જીવના સ્વભાવનો ઘાત કરવો, અભાવ જીવની શક્તિનું વ્યક્ત ન થવું. (૨) સાત ધાતુના મેળાપ જેવું એકરૂપ હોય તે. ધાતુ સાત છે, રસ, રકત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક. અથવા સોનું, રૂપું, ત્રાંબુ, કથીર, જસત, સીસું અને લોઢું.

ઘાતક :હણનાર; ઘાત કરનાર

ઘોતક :બતાવનાર (૨) પ્રકાશ કરનારું, દર્શાવનારું, સ્પષ્ટ કરનારું. (૩) પ્રકાશ કરનરારું, દર્શાવનારું, સ્પષ્ટ કરનારું, ઘુત=વૃતિ, તેજ, પ્રકાશ

ઘોતક :કથન પદ્ધતિ.

ઘોર :ઉગ્ર, તીવ્ર, ભારે (૨) અતિવિકટ, અત્યંત દુઃખ દાયક

ઘોલન :મનન

ઘૂમરી ખાતો :આમતેમ ભમતો, ચક્કર ચક્કર ફરતો, ડામાડોળ વર્તતો.

ઘૃણા :ગ્લાનિ, અણગમો

ઘંત :ઈન્દ્રિયવિજયી.

ઘૂંટવું :દઢ કરવું

ચક :સમૂહ (૨) ચાકડો

ચક્રધરો :ચક્રવર્તીઓ.

ચક્રરત્ન :ચક્રવર્તીનાં ચૌદ રત્નમાંનું એક રત્ન.

ચક્રરૂપ :ગોળાકાર.

ચક્રવર્તી :સમ્રાટ; ભરત આદિ ક્ષેત્રના છ ખંડના અધિપતિ.

ચેકવું :ટોંકવું, અટકાવવું.

ચક્ષુ :આંખ (૨) સંતોને આગમચક્ષુ કહ્યા છે. આ આંખ છે એ તો જડ છે. સર્વ જીવ ઈન્દ્રિયચક્ષુ છે. ભગવાન કેવળ જ્ઞાન ચક્ષુ છે અને છદ્મસ્થજ્ઞાની આગમચક્ષુ ભઈ! આ ઈન્દ્રિય પ્રભક્ષની ચીજ નથી.

ચક્ષુ-અચક્ષુદર્શનની પ્રવૃત્તિ :ઈન્દ્રિય વા મનના સ્પર્શાદિક વિષયોનો સંબંધ થતાં પ્રથમ કાળમાં, મતિજ્ઞાન પહેલાં જે સત્તામાત્ર અવલોકનરૂપ પ્રતિભાસ થાય છે એનું નામ ચક્ષુદર્શન વા અચક્ષુદર્શન છે. ત્યાં નેત્રઈન્દ્રિય વડે જે દર્શન થાય તેનું નામ ચક્ષુદર્શન છે, તથા સ્પર્શન, રસના, ઘ્રાણ અને શ્રોત્ર-એ ચાર ઈન્દ્રિય તથા મન દ્વારા જે દર્શન થાય તેનું નામ અચક્ષુદર્શન છે.

ચક્ષુગોચર :આંખથી દેખી શકાય.

ચક્ષુદર્શન :ચક્ષુ ઈન્દ્રિય દ્વારા મતિજ્ઞાન થયાપહેલાં જે સામાન્ય પ્રતિભાસથાયતેને ચક્ષુદર્શન કહે છે. (૨) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મા પ્રદેશોમાં વ્યાપક વિશુદ્ધ દર્શનજ્ઞાન સામાન્ય સ્વરૂપ છે તે (આત્મા) ખરેખર અનાદિ દર્શનાવરણ કર્મથી આચ્છાદિ પ્રદેશોવાળો વર્તતો થકો તે પ્રકારના (અર્થાત્ ચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુઈંદ્રિયના અવલંબનથી મૂર્ત દ્રવ્યને વિકળ પણે સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે. (૩) આત્મા ખરેખર અનાદિ દર્શાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો તે પ્રકારના (અર્થાતચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ ઈન્દ્રિયના અવલંબનથી મૂર્ત દ્રયને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે. (૪) આંખે જણાતી વસ્તુનો પ્રથમ સામાન્ય બોધ થાય તે. (૫) ચક્ષુ ઈન્દ્રિય દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના, સામાન્ય પ્રતિભાસ ને ચક્ષુદર્શન કહે છે. (૫) ચક્ષુ ઈન્દ્રિય દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના, સામાન્ય પ્રતિભાસને ચક્ષુદર્શન કહે છે. (૬) નેત્ર ઈન્દ્રિય દ્વારા વસ્તુના સમાન્ય અવલોકનને, ચક્ષુદર્શન કહે છે.

ચક્ષુદર્શનાવરણ :દર્શનાવરણીય કર્મની એક એવી પદ્ધતિ છે કે જેના ઉદયથી જીવ ચક્ષુદર્શન (આંખથી સામાન્ય બોધ થાય તે) ન પામે.

ચકાર :ચાર પ્રકારનાં મનુષ્ય પર્યાયનાં દુઃખો. ૧. અકસ્માત ૨. માનસિક ૩. રાગ-વ્દેષાદિ અને ૪. શારીરિક

ચંચલ :તરલ; અસ્થિર; ક્ષુબ્ધ. ચક્ષુ ઈન્દ્રિય દ્વારા રૂપી પદાર્થને જોવામાં પ્રકાશપણ નિમિત્તરૂપ થાય. અતીન્દ્રિય જ્ઞાન.

ચંચલ-ળ :ચપળ ઈંદ્રિયોવાળું; ડગમગ્યા કરતું; અધીરું; ચકોર; ચાલાક; પ્રવૃત્તિશીલ. (૨) અસ્થિર (૩) તરલ; અસ્થિર; ક્ષુબ્ધ. (૪) તરલ અસ્થિર, ક્ષુબ્ધ (૫) અસ્થિર; તરંગની જેમ; ક્ષણિક; અનિત્ય; નાશવંત.

ચંચળ કલ્લોલો :પુણ્ય અને પાપરૂપ રાગના વિકલ્પો

ચંચળ ચિત્ત :સંકલ્પવિકલ્પ.

ચ્યવન :તીર્થંકર પ્રભુનું ગર્ભમાં આવવું-ગર્ભધારણ

ચટકી :તીવ્રલાગણી, મોહિની, ભૂરકી, ચમક, કાંતિ, તેજરેખા

ચૂડામણિ :મુગટમણિ

ચંડાળ :ઘાતકી કામ કરનારું; પાપી; (૨) નિર્દય; ઘાતકી; પાપી; નીચ; જલ્લાદ;

ચંડી શકવું :આંકી શકવું

ચેત :ચેતનાર, દર્શક જ્ઞાયક (૨) જાગ; સાવધાન થા; સમજ. (૩) અનુભવ.

ચેતે :સમજે (૨) ચેતવું = સમજવું.

ચેતે છે :વેદે છે; અનુભવે છે; ઉપલબ્ધ કરે છે. (૨) અનુભવે છે. (૩) અનુભવે છે -જ્ઞાતા ભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામીત્વ-કર્તાપણું છોડે છે). (૪) અનુભવે છે; જ્ઞાતાભાવે જાણી લે છે; અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે.

ચેત રાખવી :જાગ્રત રહેવું.

ચેતક :જ્ઞાતા પોતાને અને પરને જાણે છે. (૨) ચેતનાર; દર્શક જ્ઞાયક. (૩) જ્ઞાયક (૪) જ્ઞાતા, પોતાને અને પરને આત્મા જાણે છે. માટે ચૈતન્યથી અનન્ય(એકરૂપ) સ્વભાવવાળો છે; આત્મા.

ચેતક સ્વભાવી :આત્મા પોતે પોતાને તેમજ પરને પણ જાણે, એવો ચેતક સ્વભાવી છે.

ચેતચિતા :આત્મા, ચેતનારો, જ્ઞાયક

ચેતતાં :જાણતાં; અનુભવતાં. (૨) જાણતો (૩) અનુભવતો.

ચેતન :આત્મા (૨) જીવ દ્રવ્યને ચેતન કહે છે. (૩) ચૈતન્યનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે ચેતન છે. (૪) જાણક (૫) આત્મા. (૬) જીવ, જીવાત્મા, સજીવ, જીવનરૂપ તત્ત્વ કે શક્તિ (૭) ભગવાન સર્વજ્ઞદેવના જ્ઞાનમાં છ દ્રવ્યો જાણવામાં આવ્યાં છે. તેનું શું સ્વરૂપ છે તે સંબંધીનું જ્ઞાન મોક્ષમાર્ગની અંદર (મોક્ષમાર્ગમાં સ્થિત જીવને) અવશ્ય હોય છે. સમકિતી ને છ દ્રવ્યનું સ્વરૂપ યથાસ્થિત નિઃસંદેહ જ્ઞાનમાં જાણવામાં આવી ગયું હોય છે, કેમકે જ્ઞાનની એક સમયની પર્યાયમાં પણ આટલી તાકાત ! ને એવી અનંતી પર્યાયોનો પિંડ એક જ્ઞાનગુણ છે, ને એવા અનંતા ગુણોનો પિંડ, ભગવાન આત્મા છે, તે ચેતન છે. (૮) અરૂપી જ્ઞાનમય આત્મા. (૯) જાણનાર; જીવ; ચૈતન્ય. (૧૦) જ્ઞાયક; જાણવા-દેખવારૂપ; (૧૧) જ્ઞાતા; દ્રષ્ટા; જાણનાર; જ્ઞાયક, ચિત્તવૃત્તિ નિરોધે ધ્યાનમ્ =તેમાં નાસ્તિથી વાત થઈ સર્વજ્ઞનું કહેલું એમ છે કે એકાગ્ર ચિન્તાનિરોધો ધ્યાનમ્ તેમાં અસ્તિથી વાત થઈ, કોઈ એક વિષયમાં ચિત્તમાં ચિત્તને એકાગ્ર કરવું તે ધ્યાન છે. આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપી છે, તેના લક્ષે સ્થિરથતાં રાગ ટળી અંદર સ્થિરતા થાય છે, અને અને રાગનો નાશ સહેજ થાય છે. એમ અસ્તિ અને નાસ્તિ બે થઈને અખંડ સ્વરૂપ છે. (૧૨) આત્મા. આ ચેતન છે. એવો જે અન્વય તે દ્રવ્ય છે.

ચેતન એવો જે અન્વય :તે દ્રવ્ય છે. અન્વયને આશ્રિત રહેલું ચૈતન્ય, એવું જે વિશેષણ તે ગુણ છે. અને એક સમયમાત્રની મર્યાદાવાળું જેનું કાળ પરિમાણ હોવાથી, પરસ્પર અપ્રવૃત્ત એવા જે અન્વયવ્યતિરેકો (એકબીજામાં નહિ પ્રવર્તતા એવા જે અન્વયના વ્યતિરેકો, તે પર્યાયો છે, કે જેઓ ચિદ્‌વિવર્તનની (આત્માના પરિણમનની) ગ્રંથિઓ છે.

ચેતન સ્ત્રી :(દેવી, મનુષ્ય, તિર્યંચ) ત્રણ પ્રકારની, તે સાથે ત્રણ કરણ (કરણ, કારવણ એ અનુમનોદન) થી ત્રણ (મન, વચન કાયારૂપ) યોગ દ્વારા પાંચ કર્ણ, ચક્ષુ, નાસિકા, જીજ્ઞા, સ્પર્શ રૂપ) ઈન્દ્રિયોથી ચાર (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) સંજ્ઞાસહિત દ્રવ્ય અને ભાવથી સોળ (અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજવલન એ ચાર પ્રકારે ક્રોધ, માન, માયા અને લોભ, એ દરેક પ્રકારથી સેવન ૩ * ૩ * ૩ * ૫ * ૪ * ૨ * ૧૬ = ૧૭૨૮૦ ભેદ થયા.

પ્રથમના ૭૨૦ ભેદ શીલના અને આ બીજા ૧૭૨૮૦ ભેદો મળી, ૧૮૦૦૦ ભેદ, મૈથુનકર્મના દોષરૂપ ભેદ છે તેનો અભાવ તે શીલ; અને નિર્મળ સ્વભાવ- શીલ કહે છે.

ચેતન, ચૈતન્ય અને ચેતના કોને કહે છે ? :

(૧) જીવદ્રવ્યને ચેતન કહે છે.

(૨) ચૈતન્ય તે ચૈતન્યદ્રવ્યનો ગુણ છે. તેમાં દર્શન અને જ્ઞાન-એ બન્ને ગુણોનો સમાવેશ થઈ જાય છે.

(૩) ચૈતન્ય ગુણના પર્યાયને ચેતના કહેવામાં આવે છે.

ચેતનત્વ :અનુભવ.

ચેતનત્વવિશેષો :સુખ દુઃખનું સંચેતન, હિત અર્થે પ્રયત્ન અને અહિતની ભીતિ આ ચેતનત્વ વિશેષો છે જેને ચેતનવિ સામાન્ય હોયતેને ચેતનત્વવિશેષો હોવા જ જોઈએ જેને ચેતનત્વવિશેષો ન હોય તેને ચેતનત્વ સામાન્ય પણન જ હોય.

ચેતનતા :સ્પષ્ટ પ્રકાશપણું, અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણિ, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશ વિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોતે પોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી, જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે, તે પદાર્થ જે કોઈ છે તે જીવ છે. અર્થાત્ તે લક્ષણ પ્રગટપણે સ્પષ્ટ

પ્રકાશમાન, અચળ એવું નિરાબાધ પ્રકાશ્યમાન ચૈતન્ય, તે જીવનું તે જીવપ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ દેખાય છે. (૨) જ્ઞાયકતા; જાણવા-દેખવાના સ્વભાવરૂપ ચૈતન્ય શક્તિ.

ચેતનદ્રવ્ય :જીવાત્મા, જ્ઞાયક આત્મા

ચેતનદેહ :સૂક્ષ્મ શરીર, જ્ઞાયક અરૂપી જ્ઞાનસ્વરૂપી આત્મા.

ચેતનના ભેદ :ચેતનના બે ભેદ છે દર્શન ચેતના (દર્શનોપયોગ) અને જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ)

ચેતનપણું :આત્માનો જાણવા દેખવારૂપ ગુણ છે. દેહના કોઈ ભાગમાં કોઈ ચીજનો સંયોગ થતાં, ચેતના ગુણ વડે આત્માને જાણી લે છે. દેહ જડને જાણપણું નથી. કારણકે સુખદુઃખની જડને લાગણી નથી. આખા દેહ આકારે દેહથી ભિન્ન ચૈતન્ય ઘન આત્મા છે, તે પોતે સ્વભાવવાળો છે. રૂપ, ગંધ, સ્પર્શ, વર્ણાદિને જાણનારો આત્મા છે. સ્વ એ પરનું યથાર્થ સ્વરૂપ ન જાણે, ત્યાં સુધી તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન ન કહેવાય.

ચેતન્ય :જીવત્ત્વ, ચેતના, સત્વ, આત્મા

ચૈતન્ય :તે ચેતનનું વિશેષણ છે ગુણ.ચૈતન્યને ચેતનમાં જ અંતર્હિત કરીને કેવળ આત્મા ને જાણતા ઉતરોતર ક્ષણે ક્રિયા,કર્મ અને કર્તા વિભાગ ક્ષય પામતો જતા હોવાથી નિષ્ક્રિય ચિંન્માત્ર ભાવને પામે છે. જેમ હાર ખરીદનાર માણસ ખરીદ કરતી વખતે હાર, તેની ધોળાશ અને તેનાં મોતી એ બધાંયની પરીક્ષા કરે છે પરંતુપછી ધોળાશ અને મોતીઓને હારમાંજ સમાવી દઈને તેમના પરનું લક્ષ છોડી દઈને કેવળ હારને જ જાણે છે જો એમ ન કરે તો હાર પહેર્યાની સ્થિતિમાં પણ ધોળાશ વગેરેના વિકલ્પો રહેવાથી હાર પહેર્યાનું સુખ વેદી શકે નહિ. (૨) ચૈતન્ય તે ચેતન દ્રવ્યનો ગુણ છે.તેમાં દર્શન અને જ્ઞાન એ બન્ને ગુણોનો સમાવેશ થઈ જાય છે. (૩) આત્મા (૪) જે જ્ઞાન ને આનંદનો કંદ છે, જેમાં અનંત ગુણ વસેલા છે એવી જે વસ્તુ-ચીજ છે, તેને અહીં ચૈતન્ય કહ્યું છે. આત્મા. (૫) જ્ઞાયક; જ્ઞાતા-દ્રષ્ટા. (૬) ચેતનપણું, ચેતના, જીવતત્ત્વ, અરૂપી જ્ઞાતા. (૭) જ્ઞાનમય; આત્મત્ત્વ; જીવ; આત્મ. (૮) ચેતનપણું, ચેતના, જીવતત્ત્વ (૯) જાણવા-દેખવારૂપ શક્તિ; જાણવા-દેખવાના સ્વભાવરૂપ-શકિતરૂપ, જે ત્રિકાળી ભાવ છે. તે ચૈતન્યનો ગુણ છે. અને તે ગુણને અનુસરીને જે વર્તમાન દશા-પરિણામ-પર્યાય થાય તે ઉપયોગ છે. (૧૦) જ્ઞાન દર્શનમય જીવ. (૧૧) આત્માનું રૂપ ચૈતન્ય છે અને તેને જ્ઞાનમય કહેવામાં આવ્યું છે. તે પ્રતિબંધક કારણોના બળથી પોતાના કાર્યમાં પ્રર્વત થતું નથી. કેવળ જ્ઞાનના પ્રતિબંધક કારણો ચાર છ : જ્ઞાનાવરણ, દર્શનાવરણ મોહનીય અને અંતરાય. આ ચાર ઘાતીકર્મો નષ્ટ થતાં, કેવળ જ્ઞાન પ્રગટે છે.

ચૈતન્ય અનુવધિયી પરિણામ :ચૈતન્યને અનુસરનારું પરિણામ

ચૈતન્ય અનુવિધાયી :ચૈતન્યને અનુસરીને વર્તનારી; ઘણાચેતન્યને અનુકૂળપણે-વિરુદ્ધપણે નહિ-વર્તનારી.

ચૈતન્ય અનુવિધાયી પરિણામ :ચૈતન્યને અનુસરતો પરિણામ તે ઉપયોગ છે.

ચૈતન્ય ગૃહ :જ્ઞાન તે ચૈત્ય છે અને જ્ઞાનને રહેવાનું સ્થળ, તે ચૈત્યગૃહ છે. છ કાયના જીવોનું હિતકરનાર સંયમીમુનિને, ચૈત્યગૃહ કહે છે.

ચૈતન્ય ઘન સ્વભાવ :ધ્રુવ સ્વભાવ, સામાન્ય સ્વભાવ, અભેદ સ્વભાવ, અખંડ ચૈતન્ય માત્ર વસ્તુ.

ચૈતન્ય ચમત્કાર :શુદ્ધાત્મા (૨) આત્મા; આત્માનો પ્રભાવ. (૩) આત્મા અનંત જ્ઞાનાનંદથી લક્ષ્મી ભરેલો સચ્ચિદાનંદ પ્રભુ છે; ચૈતન્યનો પ્રભાવ; આત્માનો પ્રભાવ જ્ઞાનનો પ્રભાવ.

ચૈતન્ય ચિદાનંદ પ્રભુ તારો નાથ છે નાથ એટલે શું :નાથ એટલે નિજ ચૈતન્ય સ્વભાવનો આશ્રય કરતાં જે શાંતિ અને આનંદની નિર્મળ દશા પ્રગટી તેની રક્ષા કરનારો છે, તથા વર્તમાનમાં પરિપૂર્ણ શાંન્તિ અને પરિપૂર્ણ આનંદની દશા જે નથી પ્રગટી તેને મેળવી આપનારો છે તેથી આત્માને નાથ કહીએ છીએ. ઉળેલાની રક્ષાકરે અને નહીં મેળલાને મેળવી આમે તેને નાથ કહેવાય છે. પ્રગટ શાંતિ અને વીતરાગતાની રક્ષા કરતાં કરતાં ક્રમશઃ પૂર્ણવીતરાગતા અને કેવળજ્ઞાન મેળવી આપે એવો ભગવાન આત્મા નાથ છે. પરંતુ રાગને રાખે અને રાગને મેળવી આપે એવું આત્માનું સ્વરૂપ નથી.

ચૈતન્ય ચિહ્ન :ચૈતન્ય લક્ષણ.

ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા છે :રાગ-દ્વેષમાં ચૈતન્યના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવ હોવાથી પુણ્ય-પાપના ભાવ જીવ નથી પણ જડ છે. વિરુદ્ધ સ્વભાવ હોવાથી અને જડના નિમિત્તે થતા હોવાથી, તે જડ છે.

ચૈતન્ય તત્ત્વ :જ્ઞાનમાત્ર વસ્તુ.

ચૈતન્ય ધાતુ :આત્માના સ્વભાવને ધરી રાખે, તે ધાતુ.

ચૈતન્ય ધાતુમય :આત્માના સ્વભાવને ધરી રાખે, તે ધાતુ.

ચૈતન્ય લક્ષ્મી :અંતરની લક્ષ્મી.

ચૈતન્ય વિશેષોવાળા કેવળજ્ઞાન :કેવળજ્ઞાનમાં સમસ્ત લોકાલોકના જ્ઞેયાકારો સ્પષ્ટ પ્રત્યક્ષસમ જણાય છે. તે ચૈતન્ય સામાન્યનું મહાત્મ્ય છે.

ચૈતન્ય સત્તા :જ્ઞાયક સત્તા; જ્ઞાયક ભગાવ; ધ્રુવભાવ; સામાન્ય ભાવ; નિત્યભાવ; પંચમ પરિણામિકભાવ.

ચૈતન્ય સંપદા :ચૈતન્ય લક્ષ્મી (૨) આત્મલક્ષી.

ચૈતન્ય સૂર્ય :જ્ઞાન સૂર્ય

ચૈતન્ય સ્વભાવ :ચૈતન્ય સ્વભાવ, શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે છે; તે સ્વસમયરૂપ-શુદ્ધસ્વરૂપ છે, એમ હે શિષ્ય ! તું જાણ.

ચૈતન્ય સામાન્ય :જે જ્ઞાન આત્માને જ વળગેલું છે; આત્માદ્વારા સીધું પ્રવર્તે છે. (૨) જ્ઞાતા દ્રષ્ટા રૂપ ચૈતન્ય પદાર્થ; અતીન્દ્રિયજ્ઞાન. (૩) ચૈતન્ય સામાન્ય આદિ તેમજ અંત રહતિ છે. તેથી અનાદિ અનંત છે; જેનું કોઈ કારણ નથી એવું. સ્વયંસિદ્ધ, સહજ છે તેથી નિષ્કારણ છે; જે બીજા કોઈ દ્રવ્યમાં નથી એવું અસાધારણ છે; પોતે પોતાથી જ વેદાતું. અનુભવાતું હોવાથી, સ્વસંવેદ્યમાન છે; ચૈતન્ય સામાન્ય જેનો મહિમા છે તથા ચેતક સ્વભાવ એટલે ચેતનાર, દર્શન જ્ઞાયક પડે એકપણું હોવાથી જે કેવળ એકલો નિર્ભેળ, શુદ્ધ અખંડ છે, એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે.

ચૈતન્યઘન :જ્ઞાનાદિ ગુણોથી ભરપૂર.

ચૈતન્યચક્ષુ :જ્ઞાનમૂર્તિ, જેમ આંખ દ્રશ્ય પદાર્થને દેખતાં દ્રશ્યમાં જતી નથી, તેમ ચૈતન્યચક્ષુ પ્રભુ આત્માપરને જાણતાં, પરમાં જતા નથી, પરથી ભિન્ન રહીને, પરને જાણે છે.

ચૈતન્યતત્ત્વ :જ્ઞાયક ભાવ (૨) જ્ઞાયક તત્ત્વ.

ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો જ છે. :ચૈતન્યની અન્ય સ્વભાવવાળો નથી

ચૈતન્યદળ :અનંત ગુણોનું અભેદ દળ જે જ્ઞાયક આત્મા

ચૈતન્યધન :અસંખ્ય પ્રદેશી આત્મા (૨) ચેતન તત્ત્વથી પૂર્ણ, પરમાતત્ત્વ (૩) અસંખ્ય પ્રદેશી આત્મા સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય, આત્મા અસંખ્ય પ્રદેશી છે એવી વાત નથી. (૪) જ્ઞાયકભાવથી ભરેલો અસંખ્ય પ્રદેશી પ્રભુ.

ચૈતન્યધાતુમય :આત્માના સ્વભાવને ધરી રાખે તે ધાતુ.

ચૈતન્યને ચૈતન્યમાંથી પરણિમેલી ભાવના :શબ્દો થોડા છે, પણ ભાવ ઘણાં ઊંચા છે. ચૈતન્ય કહેવો કોને ? પરમાનંદ અને પરમજ્ઞાનની શક્તિના પિંડલાને - સ્વભાવે જે અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદમય દ્રવ્ય છે, એ ત્રિકાળી ચીજને. આવરણ રહિત એવી અંદર જે ચીજ છે, તેની દ્રષ્ટિ થઈને એમાંથી પરિણમેલી દશા, એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભાવના, યથાર્થ હોય તો તે ફળ્યે જ છૂટકો.

રાગદ્વેષ નહિ, પુણ્ય-પાપ નહિ, જેનાં નૈતિક જીવન ઊંચા હ છે, તે તરફ લક્ષ નહિ. પણ અંતરમાં જે ચૈતન્યવસ્તુ છે, તેની દ્રષ્ટિ થતાં તેમાંથી નીકળેલી - પરિણમેલી દશા, ચૈતન્યના દળમાંથી જેમ કુવામાંથી અવેડામાં આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય તેમ, પરિણમીને પ્રવાહ આવ્યો, એવી જે દશા એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઉગેલી ભાવના-એવી યથાર્થ ભાવના હોય તો તે ફળે જ.

બેન તો તીર્થંકર પાસે હતાં. મહાવિદેહમાં (સીમંધર) ભગવાન બિરાજે છે, એમની પાસે હતાં. ત્યાં (પુરુષમિત્રપણે) અમારી સાથે હતા. અમે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે અંદરથી નક્કી થઈ ગયું છે. મહા વિદેહમાંથી આવ્યા છીએ. ત્યાં સીમંધર પ્રભુ સમવસરણમાં બિરાજે છે. ત્યાં હું રાજકુમાર તરીકે હતો. હાથી ઘોડા ને અબજોની પેદાશ હતી. વિક્રમ સંવત

૪૯માં શ્રી કુંદકુંદાચાર્ય દેવ, અહીંથી મહાવિદેહમાં ગયા હતા ત્યારે હું પણ હાથીના હોદ્દે દર્શન કરવા ગયેલો. ઝીણી વાત છે. કાનજી સ્વા.

બેન ત્યાં શેઠના દિકરા હતા ત્યાંથી અમે આવ્યા છીએ. અમારી વાતો ઝીણી છે. અમારા મોઢે અમારી વાત કહેવી શોભે નહિ. અહીંથી સ્વર્ગમાં જવાના છીએ. અહીંથી દેવ થવાના છીએ. (ત્યારપછી) બીજા ભવમાં તીર્થંકરના પુત્ર તરીકે (મારો) અવતાર જે ત્રીજા ભવમાં (અહમિન્દ્રનું) સ્વર્ગ છે. ચોથા ભવમાં (ધાતકી ખંડના વિદેહ ક્ષેત્રમાં) તીર્થંકર થઈને મોક્ષ જવાનો છું.

પુ. કાનજી સ્વામી- વચનામૃત પ્રવચન ખંડ-૧. પ્રવચન-૬

ચૈતન્યનું પ્રતપન :ચૈતન્યની વિશેષ શુદ્ધતા થાય, તે તપ એ નિર્જરા છે. અંદરના ધ્યાન વડે અને આત્માની વિશેષ શુદ્ધતા થાય, તે તપ અને નિર્જરા છે.

ચૈતન્યાનુ વિધાયી :ચૈતન્ય અનુવિધાયી; ચૈતન્યને અનુસરીને વર્તનારી; ચૈતન્યને અનુકૂળપણે-વિરુદ્ધપણે નહિ-વર્તનારી.

ચૈતન્યની નિર્મળ પર્યાયનું ફળ :ચૈતન્યની નિર્મળ પર્યાયનું ફળ શાંતિ છે, નિરાકુળતા છે, સમાધિરૂપ છે, માટે તે પર્યાય ચૈતન્યની છે. તેમાં જડકર્મનું નિમિત્ત નથી - ચૈતન્યની નિર્મળ પર્યાય ચેતનરૂપ છે અને વિકારી પર્યાય જડરૂપ છે.

ચૈતન્યની શક્તિ :જેમ પરમાણુની શક્તિ પર્યાયને પામવાથી વધતી જાય છે, તેમ ચૈતન્યદ્રવ્યની શક્તિ વિશુદ્ધતાને પામવાથી વધતી જાય છે. કાચ, ચશ્માં, દુરબીન આદિ પહેલા(પરમાણુ)ના પ્રમાણ છે, અને અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન, લબ્ધિ, ઋદ્ધિ વગેરે બીજા(ચૈતન્યદ્રવ્ય)નાં પ્રમાણ છે.

ચૈતન્યની સાચી મીઠાશ :અતીન્દ્રિય સુખ.

ચૈતન્યમય :સર્વ ભાવને પ્રકાશવા રૂપ સ્વભાવમય

ચૈતન્યમૂર્તિ :તેમાં ચિદ્ ધાતુ છે તેથી તેનો અર્થ એ થાય છે કે કેવળ જ્ઞાનનો ઘન. જેમ મીઠાનો ગાંગડો એક ક્ષારરસની લીલાના અવલંબન વડે ક્ષારરસથી જ ભરચક ભર્યો પડ્યો છે; તેમ જે એક જ્ઞાનસ્વરૂપને અવલંબે છે તે કેવળ જ્ઞાનરસથી ભરચક ભર્યો પડ્યો પોતાને અનુભવે છે. જેનો સ્વભાવ ખંડિત કરવા કોઈ સમર્થ નથી, જે સ્વભાવથી જ પ્રગટ છે, તે અરૂપી પદાર્થ ચૈતન્ય છે, તેથી જીવને ચૈતન્યમૂર્તિ કહેવામાં આવે છે. (૨) ચિદ્ ધાતુ પરથી એનો અર્થ કેવળ જ્ઞાનનો ઘન એવો થાય છે. આત્મા કેવળ જ્ઞાનમય છે અને જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ છે. જ્ઞાન, અરૂપી અને ચૈતન્યમય છે. તેથી આત્માને ચૌતન્યમૂર્તિ કહેવામાં આવે છે. (૩) જ્ઞાયક, શદ્ધ જ્ઞાયક મૂર્તિ, જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા ચેતન, ચૈતન્ય અને ચેતના કોને કહે છે ?

ઉત્તર-

(૧) જીવ દ્રવ્યને ચેતન કહે છે.

(૨) ચૈતન્ય તે ચેતન (જીવ) દ્રવ્યનો ગુણ છે. તેમાં દર્શન અને જ્ઞાન, એ બન્ને ગુણોનો સમાવેશ થઈ જાય છે.

(૩) ચૈતન્યગુણના પર્યાયને, ચેતના કહેવામાં આવે છે.

(૪) ચેતન્યગુણને પણ ચેતનાગુણ કહેવામાં આવે છે.

પ્રશ્નઃ- ચેતના કોને કહે છે ?

ઉત્તરઃ-જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે.

પ્રશ્નઃ-ચેતનાના કેટલા ભેદ છે ?

ઉત્તરઃ-બે ભેદ છ : દર્શનચેતના (દર્શન ઉપયોગ) અને જ્ઞાન ચેતના(જ્ઞાનોપયોગ)

પ્રશ્નઃ-દર્શન ચેતના કોને કહે છે ?

ઉત્તરઃ-જેમાં પદાર્થોના ભેદ રહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) હોય, તેને દર્શન ચેતના કહે છે, જેમકે જ્ઞાનનો ઉપયોગ છડા તરફ હતો ત્યાંથી છૂટીને બીજા પદાર્થો સંબંધી જ્ઞાનોપયોગ શરુ થાય, તે પહેલાં જે ચૈતન્યની સામાન્ય પ્રતિભાસરૂપ વ્યાપાર થાય, તે દર્શન ઉપયોગ છે.

પ્રશ્નઃ-જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ કોને કહે છે ?

ઉત્તરઃ-જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને જ્ઞાનોપયોગ કહે છે. અર્થાત્ જ્ઞાનગુણને અનુસરીને વર્તવાનો ચૈતન્ય પરિણામ, તે જ્ઞાનોપયોગ છે.

ચૈતન્યરૂપ :માત્ર ચેતન જ જેનું સ્વરુપ છે. (૨) માત્ર ચૈતન્ય જ.

ચૈતન્યલક્ષી :જ્ઞાનાનંદની લક્ષ્મી.

ચૈતન્યવિવર્ત ગ્રંથિરૂપ :(ગ્રંથિ એટલે ગાંઠ) જીવના કદાચિત્ અશુદ્ધ અનેકદાચિત શુદ્ધ એવા પર્યાયો ચૈતન્ય વિવર્તની ચૈતન્યપરિણમનની ગ્રથિઓ છે. નિશ્ચયનયથી તેમના વડે જીવને જાણો

ચૈતન્ય શાળી :ચૈતન્યવંત; ચૈતન્ય વડે શોભાયમાન.

ચૈતન્યસૂર્ય :જ્ઞાન સૂર્ય.

ચૈતન્યાનું વિધાયી :ચૈતન્યને અનુસરતો; ચૈતન્યની રચના કરતો. (૨) ચૈતન્ય-અનુવિધાયી, ચૈતન્યને અનુસરીને વર્તનારી, ચૈતન્યને અનુકૂળપણે વિરુદ્ધપણે નહિ-વર્તનારી.

ચૈતન્યાનુ વિધાયી પરિણામ :ચૈતન્યને અનુસરીને થતું પરિણામ, તે ઉપયોગ છે.

ચેતના :શુદ્ધ ચેતના જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે અને અશુદ્ધ ચેતના કર્મની તેમ જ કર્મફળની અનુભૂતિ સ્વરૂપ છે. (૨) અનુભૂતિ, ઉપલબ્ધિ, વેદના (૩) પ્રકાશ (૪) ચૈતન્ય ગુણના પર્યાયને ચેતના કહેવામાં આવે છે.ચૈતન્ય ગુણને ચેતનાગુણ કહેવામાં આવે છે. (૫) જીવનશક્તિ, ચૈતન્ય (૬) જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય, તેને ચેતના કહે છે. (૭) જ્ઞાતા દ્રષ્ટારૂપ. (૮) જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે. ચેતનાના બે ભેદ છે : દર્શન ચેતના અને જ્ઞાનચેતના.દર્શનચેતના = જેમાં પદાર્થોનો ભેદ રહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) થાય, તેને દર્શનચેતના કહે છે. જ્ઞાનચેતના = જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાનચેતના કહે છે. (૯) જ્ઞાયક, આત્મા, વેદક, જાણનાર, અનુભવનાર, ભોગવનાર (૧૦) જાણવું અને દેખવુ, જ્ઞાન અને દર્શન (૧૧) ચેતના આત્માનો ગુણ છે. તેની મુખ્ય બે શક્તિ છે : (•) દર્શન ચેતના : તેનો વ્યાપાર નિર્વિકલ્પ, નિરાકાર, સામાન્ય છે. (•) જ્ઞાનચેતના : તેનો વ્યાપાર સવિકલ્પ, સાકાર, વિશેષ છે. ચોરાશી લાખ મુનિઓ નિત્ય નિગોદ, ઈતર નિગોદ, ધાતુ (પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય અને વાયુકાય) દરેકની સાત લાખ (કુલ ૪૨ લાખ); વનસ્પતિકાયની દશ લાખ, વિકલેન્દ્રિયની (દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય દરેકની બે લાખ મળી) છ લાખ; દેવ; નારકી અને તિર્યંચની ચાર-ચાર લાખ અને મનુષ્ય પંચેન્દ્રિયની ચૌદ લાખ એમ મળીને ચોરાશી લાખ યોનિઓ છે. (૧૨) જાણવું, દેખવું તે, પ્રકાશ (૧૩) જે શક્તિના કારણે પદાર્થોનો પ્રતિભાસ થાય, તેને ચેતના કહે છે. (૧૪) જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે. ચેતના ના બે ભેદ છે : દર્શન ચેતના અને જ્ઞાન ચેતના. (૧૫) જ્ઞાન-સ્વરૂપ આત્મા. શુદ્ધ ચેતના પ્રકાશનો કોઈ એવો જ મહિમા છે, કે તેમાં જેટલા પદાર્થો છે તે બધા જ પોતાના આકાર સહિત, પ્રતિભા સમાન થાય છે. કયા દ્રષ્ટાંતે ? અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ. અહીં અરીસાનું દ્રષ્ટાંત આપ્યું છે તેનું પ્રયોજન એ જાણવું કે, અરીસાને એવી ઈચ્છા નથી કે હું આ પદાર્થોને પ્રતિબિંબિત કરું. જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે, તેમ અરીસો પોતાનું સ્વરૂપ છોડી તેમને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપ જતો નથી. વળી તે પદાર્થો પણ પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. જેમ કોઈ પુરુષ (બીજા) કોઈ પુરુષને કહે કે અમારું આ કામ કરો જ, તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરતા નથી. સહજ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે એવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિબિંબિ પડતાં અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માચે ભલા છે, ઉપકારી છે, રાગ કરવા યોગ્ય છે, બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવ પ્રવર્તે છે. જેવી રીતે અરીસામાં કેટલાક ઘટ ઘટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી જ રીતે જ્ઞાનરૂપી ચેતનામાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે. એવું કોઈ દ્રવ્ય કે પર્યાય નથી કે જે જ્ઞાનમાં ન આવ્યું હોય. આવા શુદ્ધ ચૈતન્યરૂપ પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અહીં ગુણનું સ્તવન કર્યું, કોઈ પદૈાર્થનું નામ ન લીધું તેનું કારણ શું ?

પહેલા પદાર્થનું નામ લેવું જોઈએ અને પછી ગુણનું વર્ણન કરવું જોઈએ. તેનો ઉત્તરઃ-અહીં આચાર્યે પોતાનું પરીક્ષાપ્રધાનપણું પ્રગટ કર્યું છે. ભક્ત બે પ્રકારના છ : એક આજ્ઞાપ્રધાન, બીજા પરીક્ષા પ્રધાન.

જે જીવો પરંપરા માર્ગ વડે ગમે તેવા દેવ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને, વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞા-પ્રધાન કહીએ અને જેઓ પાતાના

સમ્યગ્જ્ઞાન વડે, પહેલાં સ્તુતિ કરવા યાગ્ય ગુણનો નિશ્ચય કરે, અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે, તેને પરીક્ષાપ્રધાન કહેએ. કેમકે કોઈ પદ, વેશ અથવા સ્થાન પૂજ્ય નથી, ગુણ પૂજ્ય છે. તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે એમ આચાર્યે નિશ્ચય કર્યો. જેમનામાં એવો ગુણ હોય, તે સહજ જ સ્તુતિ કરવા યોગ્ય થયો. કારણકે જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે, જુદો નથી એમ વિચારીને નિશ્ચય કરીએ તો એવો ગુણ પ્રગટરૂપ અરિહંત અને સિદ્ધમાં હોય છે. આ રીતે પોતાના ઈષ્ટદેવનું સ્તવન કર્યું. (૧૬) જીવનશક્તિ, ચેતન્ય, અરૂપી જ્ઞાન ગુણ. (૧૭) જ્ઞાન-દર્શન અર્થાત્ જાણવા-દેખવાની શક્તિ હોય તેને ચેતના કહે છે.

ચેતના કોને કહે છે? :જેમાં પદાર્થનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીતિ) થાય તેને ચેતના કહે છે.

ચેતના ગુણ સ્વરૂપ :જાણવું-દેખવું એવા ગુણસ્વરૂપ (૨) જાણવું દેખવું, એવા ગુણસ્વરુપ ભગવાન, આત્મા છે.

ચેતના વિશેષત્વ :ચેતનાનું વિશેષપણું.

ચેતનાત્મક :ચેતના સ્વભાવવાળા

ચેતનાનું પરિણમન :ચેતના જ્ઞાનપણે, કર્મપણે અને કર્મફળપણે એમ ત્રણ પ્રકારે પરિણમે છે. ત્યાં જ્ઞાનપરિણતિ (જ્ઞાનરૂપે પરિણતિ) તે જ્ઞાનચેતના, કર્મપરિણતિ તે કર્મચેતના, કર્મફળપરિણતિ કે કર્મફળચેતના છે.

ચેતનાના કેટલા ભેદ છે ? :બે ભેદ છે : દર્શન ચેતના (દર્શન ઉપયોગ) અને જ્ઞાન ચેતના (જ્ઞાનોપયોગ)

ચેતનાના ભેદ :ચેતનાના બે ભેદ છે : દર્શનચેતના અને જ્ઞાનચેતના.

ચેતનારા :અનુભવનારા

ચેતનાવિશેષત્વ :ચેતનાનું વિશેષપણું

ચેતપિતા :ચેતનારો; આત્મા; જાણનારો; જ્ઞાયક.

ચેત્ય :ચેતાવા યોગ્ય, જણાવા યોગ્ય, દેખાવા યોગ્ય. (૨) જણાવા યોગ્ય; ચેતાવા યોગ્ય.

ચૈત્ય :અર્હંતાદિની પ્રતિમા (૨) જ્ઞેય

ચૈત્ય ચેતક ભાવ :જ્ઞેય જ્ઞાયક ભાવ

ચૈત્ય-ચેતક :જ્ઞેય-જ્ઞાયક

ચેતયિતૃત્વ :ચેતયિતાપણું, ચેતનારપણું, ચેતકપણું

ચેતયિતા :ચેતનરો, આત્મા

ચેતયિતા :ચેતનાર; જાણનાર; દેખનાર; આત્મા.

ચેતયિતાઓ :આત્માઓ ચેતયિતા= આત્મા

ચતુર :વિદ્વાન. (૨) ડાહ્યો

ચતુર્ગતિ :ચાર ગતિ; દેવગતિ; મનુષ્યગતિ, નિર્યંચ (પશુ) ગતિ, નરકગતિ.

ચતુરણુક :ચાર અણુઓનો (પરમાણુઓનો) બનેલો સ્કંધ; સમાન જાતીય અનેક દ્રવ્યપર્યાયો. (૨) ચાર અણુઓનો (પરમાણુઓનો) મળેલો સ્કંધ.

ચતુર્થજ્ઞાનધારી :મનઃપર્યાય જ્ઞાનના ધરનારા.

ચતુરાંગલ હે રૂગસે મિલહે :ચતુર પુરુષને આંગળી કરીને દિશા બતાવે છે ત્યારે તે દગ એટેલ સમ્યગ્દર્શનને જ્ઞાનીના સંકેતને અનુસરતાં પ્રાપ્ત કરે છે.

ચતુરિંદ્રિય જીવો :સ્પર્શનેન્દ્રિય રસનેદ્રિય, ઘ્રાણેંદ્રિય, અને ચક્ષુરિંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા શ્રોતેંન્દ્રિયના આવરણનો ઉદય તેમજ મનના આવરણનો ઉદયહોવાથી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણને જાણનારા ડાંસ, મચ્છર, માખી, મધમાખી, ભમરા અને પતંગિયા વગેરે જીવો મનરહિત ચતુરિંદ્રિય જીવો છે.

ચેતવું :જાણવું (૨) વેદવું (૩) જાણવું, અનુભવવું (૪) અનુભવવું; વેદન કરવું; વેદવું. (૫) અનુભવવું; વેદવું; ભોગવવું; સં ઉપસર્ગ લાગવાથી સંચેતવું એટલે એકાગ્રપણે અનુભવવું; એકાગ્રપણે વેદવું,(૬) સમજવું (૭) અનુભવવું. ચેતતો = અનુભવતો; વેદતો. (૮) જાણવું

ચુત્વા :મોહથી છૂટીને.

ચતુષ્ક :ચતુષ્ટય, ચારનો સમૂહ(સર્વ પુદ્ગલોમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ બધાંયમાં -સ્પર્શાદિ ચારેય ગુણો હોય છે. માત્ર ફેર એટલો જ છે કે પૃથ્વીમાં ચારે ગુણો વ્યકત છે, પાણીમાં ગંધ અવ્યકત છે, અગ્નિમાં ગંધ તથા રસ

અવ્યકત છે અને વાયુમાં ગંધ, રસ તથા વર્ણ અવ્યકત છે. આ વાતની સિધ્ધિને માટે યુકિત આ પ્રમાણે છે, ચંદ્રકાન્તમણિરૂપ પૃથ્વીમાંથી પાણી ઝરે છે, અરણિના લાકડામાંથી અગ્નિ થાય છે અને જવ ખાવાથી પેટમાં વાયુ થાય છે, માટે (૧) ચંદ્રકાન્તમણિમાં, (૨) અરણિમાં અને(૩) જવમાં રહેલા ચારે ગુણો (૧) પાણીમાં, (૨) અગ્નિમાં અને (૩) વાયુમાં હોવા જોઈએ. માત્ર ફેર એટલો જ છે કે તે ગુણોમાંથી કેટલાક અપ્રગટરૂપે પરિણમ્યા છે. વળી પાછા પાણીમાંથી મોતીરૂપ પૃથ્વીકાય નીપજતાં અથવા અગ્નિમાંથી કાજળરૂપ પૃથ્વીકાય નીપજતાં ચારે ગુણો પ્રગટ થતા જોવામાં આવે છે.

વળી કયાંક (કોઈ પર્યાયમાં) કોઈ ગુણનું કાદાચિત્ક પરિણામની વિચિત્રતાને કારણે થતું વ્યકતપણું કે અવ્યકતપણું નિત્યદ્રવ્યસ્વભાવને પ્રતિઘાત કરતું નથી(અર્થાત્ અનિત્ય પરિણામને લીધે થતી ગુણની પ્રગટતા અને અપ્રગટતા નિત્ય દ્રવ્યસ્વભાવ સાથે કાંઈ વિરોધ પામતી નથી.) માટે શબ્દ પુદ્ગલનો પર્યાય જ હો.

ચતુષ્ક :ચતુષ્ટય; ચારનો સમૂહ. (સર્વ પુદ્ગલોમાં –પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ બધાંયમાં સ્પર્શાદિ ચારે ગુણો હોય છે. માત્ર ફેર એટલો જ છે કે પૃથ્વીમાં ચારે ગુણો વ્યકત છે, પાણીમાં ગંધ અવ્યકત છે, અગ્નિમાં ગંધ તથા રસ અવ્યકત છે . અને વાયુમાં ગંધ, રસ તથા વર્ણ અવ્યકત છે. આ વાતની સિધ્ધિને માટે યુકિત આ પ્રમાણે છે; ચંદ્રકાન્ત–મણિરૂપ પૃથ્વીમાંથી પાણી ઝરે છે, ખરણિના લાકડામાંથી અગ્નિ થાય છે અને જવ ખાવાથી પેટમાં વાયું થાય છે; માટે

(૧) ચંદ્રકાન્તમણિમાં, (૨) અરણિમાં અને (૩) જવમાં રહેલા ચારે ગુણો (૧) પાણીમાં, (૨) અગ્નિમાં અને (૩) વાયુમાં હોવા જોઈએ, માત્ર ફેર એટલો જ છે કે તે ગુણોમાંથી કેટલાક અપ્રગટરૂપે પરિણમ્યા છે. વળી પાછા, પાણીમાંથી મોતીરૂપ પૃથ્વીકાય, નીપજતાં અથવા અગ્નિમાંથી કાજળરૂપ પૃથ્વીકાય નીપજતાં ચારે ગુણો પ્રગટ થતા જોવામાં આવે છે.

વળી, કયાંક (કોઈ પર્યાયમાં) કોઈ ગુણનું કાદાચિત્ક પરિણામની વિચિત્રતાને કારણે, થતું વ્યકતપણું કે અવ્યકતપણું નિત્ય દ્રવ્ય સ્વભાવનો પ્રતિઘાત કરતું નથી. (અર્થાત્ અનિત્ય પરિણામને લીધે થતી ગુણની પ્રગટતા, અને અપ્રગટતા નિત્ય દ્રવ્ય સ્વભાવ સાથે, કાંઇ વિરોધ પામતી નથી.).

ચતુષ્ટય :દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચતુષ્ટય છે. ચતુષ્ટયમાં આ બધાની પર્યાય પણ આવી જાય છે.

ચતુષ્પાદ :પશુ; ચોપગું પ્રાણી.

ચેતીને :જાણીને, અનુભવીને

ચૈન્ય :અર્હતાદિની પ્રતિમા

ચદ્ધાંત :સિદ્ધાંત

ચેન :સુખ; આરામ; મોજ; આરામ; નિરાંત. (૨) આનંદ (૩) સુખ બુદ્ધિ

ચેને :સમજે

ચેનરૂપ :હેતરૂપ

ચપેટ :થપ્પડ, લપાટ

ચપલા :વિદ્યુત્

ચપળ :ચંચળ; (૨) હોશિયાર; ચાલાક.

ચપળપણું :ચંચળ, ઈન્દ્રયોવાળું, ડગમગ્યા કરતું અધીરું

ચૂંબે છે :સ્પર્શે છે. ચૂંબવું =સ્પર્શવું. (૨) સ્પર્શે છે, અડે છે, આલિંગન કરે છે.

ચંબતું :અડતું. ચુંબવું = અડવું; સ્પર્શવું.

ચુંબવું :સ્પર્શવું; અટવું; આલિંગન કરવું.

ચમત્કૃતિ :ચમત્કાર થાય કે અનુભવાય એવું કામ; ચમત્કાર.

ચમત્કાર :પ્રભાવ (૨) પ્રભુતા. ચૈતન્યચમત્કાર = આત્માની પ્રભુતા. (૩) રાગનું વેદન તો જીવને અનાદિ કાળથી છે, તેનું લક્ષ છોડી, અંતરમાં સ્વભાવનું ગ્રહણ કરીને, અતીન્દ્રિય આનંદમય જે સ્વ–સંવેદન પ્રગટ થાય છે, તે જ ચૈતન્યનો ચમત્કાર છે. અહા !! ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ નિર્મળ સ્વસંવેદનની તો શી વાત ! એ તો કોઈ અપૂર્વ, અદ્ભૂત અને અનુપમ દશા છે. આત્માને પોતાની પર્યાયમાં પૂર્વે કદી નહોતું પ્રગટ્યું એવું, અતીન્દ્રિય આનંદમય નિર્મળ સ્વસંવેદન પ્રગટ થતાં, આખો શુદ્ધાત્મા દ્રવ્યસ્વભાવ કેવો છે તે

અનુભવમાં આવ્યો. આવું સ્વસંવેદન આજે પણ પ્રગટ કરી શકાય છે. (૪) પ્રભાવ; મહિમા; શક્તિ; તેજ, વૈભવ.

ચય :નિશ્ચય.

ચ્યુત :ખસી પડવું; સ્થાનભ્રષ્ટ થવું. (૨) સ્થાનભ્રષ્ટ થયેલું; ખસી પડેલું. (૩) ખસી ગયેલું; (૪) છોડવું; છૂટા પાડવું; ખસવું.

ચ્યુત કરે :સ્વસ્થ ભાવનો નાશ કરે

ચ્યુત કરવું :ખસેડવું; પદભ્રષ્ટ કરવું. (શાતા વેદનીયનો ઉદય તેની સ્થિતિ અનુસાર રહીને ખસી જાય છે અને અશાતા વેદનીયનો ઉદય આવે છે.)

ચ્યુત થવું :સ્થાન છૂટીને બીજે જવું; સ્થાનથી પડી જવું; સ્થાનથી ખસી જવું. (૨) પોતાના સ્થાનથી ખસવું; પોતાના સ્થાનથી છૂટવું; સ્થાનભ્રષ્ટ થવું.

ચ્યુતિ :ભૂલ, ખામી, સ્ખલન (૨) ખસી પડવું એ; સ્થાનભ્રષ્ટતા; ચ્યવન; સ્ખલન; ભૂલ; ખામી. (૩) નાશ; નષ્ટ થવું; પડી જવું; ભ્રષ્ટ થવું. (૪) નાશ.

ચયન :પુદ્ગલોમાં વિવક્ષિત પર્યાયનો નાશ થવો તે ચયન છે. (૨) સૌધર્માદિક દેવોને પોતાની સંપત્તિનો વિરહ થવો તે ચયન છે.

ચ્યવન :દેહત્યાગ, સ્થાનભ્રષ્ટ તાને, ખસી પડવું ચ્યુતિ

ચયવિચય :જેવું આવવું

ચ્યવીને :દેહત્યાગકરીને, સ્થાન ભ્રષ્ટ થઈને, ખસી પડીને

ચયોપચય :જવું જવું,પણ પ્રસંગ વશાત આવવું જવું, ગમનાગમન માણસના જવાઆવવાને લાગુ પડે નહીં. શ્વાસોચ્છવાસ ઈત્યાદિ સૂક્ષ્મ ક્રિયાને લાગુ પડે. (૨) જવું જવું પણ આવવું જવું, ગમનાગમ માણસના જવા આવવાને લાગુ પડે નહીં. શ્વાસોચ્છવાસ ઈત્યાદિ સૂક્ષ્મ ક્રિયાને લાગુ પડે.ચયવિચય જવું આવવું. (૩) જવું જવું, પણ પ્રસંગવશાત્ આવતું જવું. ગમનાગમન. માણસના જવા આવવાને લાગુ પડે નહીં. શ્વાસોચ્છવાસ ઈત્યાદિ સૂક્ષ્મ ક્રિયાને લાગુ પડે.

ચર :રમવું

ચરે છે :પ્રવર્તે છે, પરિણમે છે, આચરણકરે છે.

ચર્યા :ચારિત્ર (૨) વિવાદ. (૩) રમણતા; લીનતા. (૪) વિવાદ.

ચરણ :ચારિત્ર; શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા.

ચરણ તળાંસ્યા :પગની પરિચર્યા કરવી; પગની ચંપી કરવી.

ચરણકમળમાં :આજ્ઞામાં.

ચરણપ્રતિપત્તિ :શુદ્ધ આચરણની ઉપાસના.

ચરણરેણુ :પગની રજ

ચરણરૂપ :સ્થિરતારૂપ.

ચરણશરણ :(જ્ઞાનીનું) અવલંબન; આશ્રય.

ચરણાધીન વર્તું :એટલે કે જેવું સ્વરૂપ છે તેવી શ્રદ્ધા, જ્ઞાન અને જ્ઞાનની એકાગ્રતારૂપ સ્વચારિત્રમાં રમણતા કરું. તમારા ચરણકમળમાં વર્તું, તે ઉપચાર છે, પણ ઉપકારીનો અનહદ ઉપકાર આવ્યા વિના રહે નહિ.

ચરણાનુ યોગ :જે શાસ્ત્રોમાં મુનિ તથા શ્રાવકના આચારનું કથન હોય તે. (૨) જે શાસ્ત્રમાં ગૃહસ્થ (શ્રાવક) અને મુનિના ધર્મોનું નિરૂપણ હોય તે શાસ્ત્રને ચરણાનુયોગ કહે છે. (૩) જે શાસ્ત્રોમાં મુનિ તથા શ્રાવકના આચારનું કથન હોય છે તે.

ચરણારવિંદ :સત્પુરુષોનું શુદ્ધ આત્માસ્વરૂપ (૨) (•) પગ, (•) આચરણ, (•) વચનો સદાય હૃદયમાં બહુમાનપણે પૂજ્યભાવે સ્થિર રહો.

ચૂર્ણિ :મહાત્માકૃત છૂટક પદની વ્યાખ્યા (સર્વ વિદ્વાનોના મદને ચૂર્ણ કરે તે ચૂર્ણિ.) (૨) મૂળસૂત્રના અર્થ કરવામાં પૂર્ણિ એટલે તદ્વિદકૃત છૂટક પદની વ્યાખ્યા. (૩) અડદ; મગ, ચણા, ચોળા આદિની દાળ-ફાડ તે ચૂર્ણિકા છે.

ચરણોપાસના : વિનય, સદ્બોધ ગ્રહણ કરવો અને સદ્ગુરુનાં લક્ષણો જાણી, સાચી અર્પણતા કરવી. (૨) સત્પુરુષમાં પરમ જ્ઞાન, પરમ દર્શન અને પરમ ચારિત્ર, પૂર્ણ સ્વરૂપે પ્રગટ્યું છે એવા વીતરાગ પુરુષની ઉપાસના-ભક્તિ. વીર પ્રભુના સાચા ચારિત્રની આરાધનાપૂર્વક ચરણોપાસના અથવાવિનયોપાસના.

ચરતો :વિચરતો; રમતો. (૨) આચરણ કરતો.

ચરનાર :વિચરનાર. (૨) ચરવું = વિચરવું; અણ કરવું.

ચરમ :છેલ્લું આખરી; ઊંચીં કક્ષાએ રહેલું (૨) અંતિમ (૩) અંતિમ; છેવટનું; (૪) અંતિમ. ચરમ શરીર = અંતિમ શરીર.

ચરમ ઉત્તમ દેહ :તે જ ભવે મોક્ષગામીઓ. ચરમ =છેલ્લું.

ચર્મ ચક્ષુ :બૌદ્ધિક કૂતૂહલતા; હું ને મારું ચર્મચક્ષુ ફોડી નાખો અને દિવ્યચક્ષુ આપોઆપ ખૂલશે. જ્યાં માત્ર બૌદ્ધિક કુતૂહલતા છે ત્યાં અહં અને મનની પુષ્ટિ છે.

ચરમ નયણ :ચર્મ ચક્ષુ-બાહ્ય દષ્ટિ.

ચરમ શરીર :અંતિમ શરીર. (૨) છેલ્લું શરીર- જે શરીરથી તે ભવે મોક્ષે જવાય. (૩) અંતિમ શરીર. (૪) છેલ્લું શરીર; મોક્ષના માર્ગ તરફ ગતિ કરનારું શરીર; આખરી શરીર.

ચેતના પરિણામની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે : (૧) જ્ઞાન ચેતના = જ્યારે આ ચેતના શુદ્ધ જ્ઞાનરૂપ પરિણમે ત્યારે જ્ઞાન ચેતના કહીએ, (૨) કર્મ ચેતના =જયારે રાગાદિ કાર્યરૂપે પરિણમે, ત્યારે કર્મચેતના કહીએ, (૩) કર્મફળ ચેતના =હર્ષ-શોકાદિ વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણમે, ત્યારે કર્મફળ ચેતના કહીએ. આવી રીતે ચેતના અનેક સ્વાંગ કરે, પણ ચેતનાનો અભાવ કદી થતો નથી. આવા ચેતન લક્ષણથી વિરાજમાન જીવ નામના પદાર્થનું નામ, પુરુષ છે.

ચર્મરત્ન :ચૌદ રત્નમાંનું એક રત્ન. ચર્મરત્નના એક હજાર દેવતા સેવક હોય છે. સમુદ્રમાં આ દેવતાઓ ચર્મરત્નને પકડી રાખે છે તેના પર થઈને ચક્રવર્તીનું લશ્કર સમુદ્ર પાર કરે છે. (૨) ચક્રવર્તીનું એક રત્ન જેને પાણીમાં પાથરવાથી જમીનની પેઠે તેના ઉપર ગમન કરાય છે, ઘરની પેઠે ત્યાં રહેવાય છે.

ચર્યા :રમણતા. (૨) આચરણ; વર્તવું; ગતિ; હિલચાલ. (૩) વર્તન.

ચરવું :વિચરવું; રમવું. (૨) આચરવું; આચરણ કરવું.

ચૂરવું :ભૂકો કરવો.

ચરાચર :જીવ- અજીવ (૨) ચેતન અને જડ; જંગમ અને સ્થાવર. (૩) જીવ-અજીવ, ચેતન અને જડ, જંગમ અને સ્થાવર, ગતિ કરનાર અને ગતિસ્થ (સ્થિત રહેનાર) (૪) ગતિ કરનાર અને સ્થિત રહેનાર ગતિરથ.

ચરી :પથ્ય.

ચલ :અસ્થિર; ચંચલ

ચલ શબ :ચાલતાં મડદાં.

ચલઈ સો બંધે :યોગ નું ચલાયમાન થવું તે બંધ યોગનું સ્થિર થવું તે અબંધ જ્યારે અબંધ થાય ત્યારે મુક્ત થયા કહેવાય.

ચલન સ્વરૂપકર્મ :કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ

ચલાચલ :અસ્થિર અને સ્થિર; જંગમ અને સ્થાવર.

ચલાયમાન :ચલિત થતું; બદલતું; હલતું.

ચૂલિકા :શાસ્ત્રમાં નહિ કહેવાઈ ગયેલાનું વ્યાખ્યાન કરવું અથવા કહેવાઈ ગયેલાનું વિશેષ વ્યાખ્યાન કરવું અથવા બન્નેનું યથાયોગ્ય વ્યાખ્યાન કરવું તે.

ચૂલિકારૂપે :વિશેષ કથનરૂપે.

ચલિત :સ્થાનથી ખસેલું; ચળેલું; અસ્થિર મગજનું.

ચળ :અસ્થિર, વિકાર

ચળવિચળ :અસ્થિર, ડગમગતું (૨) આશંકા, શંકાકુશંકા; સ્થિરાસ્થિર

ચળાચળતા રહિત :મલિનતા રહિત, વિકાર રહિત, નિર્મળ ચકચકાટવાળું

ચવવું :જન્માન્તર પામવું; દેવલોકમાંથી જન્મીને મનુષ્યલોકમાં અવતરવું.

ચૂવા :સુગંધી પદાર્થ; એક જાતનું સુખડ.

ચૂવાદિક :ચૂવા નામનો એક જાતનો સુગંધી પદાર્થ

ચવીને :ચાલુ ભવ પૂરો કરીને; મૃત્યુ પામીને નવા જન્મમાં;

ચેષ્ટા :પ્રવૃત્તિ પ્રવર્તન, હિલચાર, ચાલચલગત, ટિખળ, ચાળા (૨) હિલચાલ; ચાલચલગત; વર્તન.

ચાનક :જાગૃતિ; કાળજી; ચેતવણી; ચાલાકી; ચેતતા રહેવું.

ચાર આશ્રમ :બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યસ્ત.

ચાર ઈન્દ્રિય જીવ :સ્પર્શ, રસ, ગંધ અને ચક્ષુ, એ ચાર ઈન્દ્રિયવાળા જીવો ભ્રમર વગેરે.

ચાર કલ્યાણમય ભાવના :

(૧) મૈત્રી=એટલે સર્વ જગતથી નિર્વૈર બુદ્ધિ.

(૨) પ્રમોદ=એટલે કોઈપણ આત્માના ગુણ જોઈ, હર્ષ પામવો.
(૩) કરુણા=એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી,અનુકંપા પામવી. અને
(૪) ઉપેક્ષા = એટલે નિસ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું.

ચાર ગતિ :નરકગતિ, તિર્યંચ ગતિ, મનુષ્યગતિ અને દેવગતિ

ચાર ગતિનું નિવારણ :પરતંત્રતાની નિવૃત્તિ અને નિવાણની ઉત્પત્તિ (અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ)

ચાર પ્રકારના શ્રમણ સંઘ :શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે. ૧. ઋષિ, ૨. મુનિ, ૩. યતિ અને ૪. અણગાર ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષ છે, અવધિજ્ઞાન મનઃ પર્યાયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે; ઉપશમક અથવા ક્ષય શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

ચાર પુરુષાર્થ :ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ચાર મંગલ :ચત્તારિ મંગલંઃ

ચત્તારી લોગુત્તમ : અરહંતા લોગુત્તમા, સિદ્ધ લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવલિ પણ્ણતો ધમ્મો લોગુત્તમા.

ચત્તારિ સરણં પવ્વજ્જામિ-અરહંતે સરણં પવ્વજ્જામિ, સિદ્ધે સરણં પવ્વજ્જામિ, સાહુ સરણં પવ્વજ્જામિ, કેવલિ પણ્ણતો ધમ્મો સરણં પવ્વજ્જામિ.

અર્થ-મંગલભૂત પદાર્થો ચાર જ છે. અરહંતો, સિદ્ધ ભગવંતો, સાધુઓ અને કેવલિ-કથિત ધર્મ.

લોકમાં ઉત્તમ તથા શરણરૂપ પણ ચાર જ છે.

અરહંત દેવો, સિદ્ધ પરમાત્માઓ, સાધુઓ અને કેવલિ-કથિત ધર્મ-તેથી જ હું એ ચાર - અરહંત ભગવંતો, સિદ્ધ-પરમાત્માઓ, સાધુઓ અને કેવલિ પ્રરૂપિત ધર્મનું શરણ અંગીકાર કરું છું.

ચાર વેદ :ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

ચાર વર્ગ :બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર.

ચાર વસ્તુઓ કઠણ છે :ઈન્દ્રિયોમાં, જીભ બળવાન છે, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોમાં, મોહ કર્મ બળવાન છે, પાંચે મહાવ્રતોમાં, બ્રહ્મચર્યવ્રત પ્રબળ છે અને ત્રણે ગુપ્તિઓમાં, મનોગુપ્તિ પાળવી કઠણ છે. આ ચારે વાતો કઠણાઈથી સિદ્ધ થાય છે.

ચાર શિક્ષાવ્રત :જે વ્રતોના અભ્યાસથી સાધુપદમાં ચારિત્ર પાળવાની શિક્ષા મળે તેને શિક્ષાવ્રત કહે છે.

(૧) સામાયિક - એકાંતમાં બેસીને રાગદ્વેષ છોડીને સમતાભાવ રાખી આત્મધ્યાનનો અભ્યાસ કરવો, પ્રાતઃકાળે, મધ્યાહ્નકાળે અને સાયંકાળે યથાસંભવ ધ્યાન કરવું તે સામાયિક છે.

(૨) પ્રોષધોપવાસ - એક માસમાં બે આઠમ અને બે ચૌદશ પ્રોષધ દિન છે. તે દિવસે ઉપવાસ કે એકાસણું કરીને ધર્મધ્યાનમાં સમય વ્યતીત કરવો તે પ્રોષધોપવાસ છે.

(૩) ભોગોપભોગ પરિમાણ - જે એક જ વાર ભોગવવામાં આવે તે ભોગ છે. જે વારંવાર ભોગવવામાં આવે તે ઉપભોગ છે. એવા પાંચે ઈન્દ્રિયોના ભોગવવા યોગ્ય પદાર્થોની સંખ્યા દરરોજ પ્રાતઃકાળે એક દિન રાત માટે સંયમની વૃદ્ધિ માટે કરી લેવી તે ભોગોપભોગ પરિમાણ વ્રત છે.

(૪) અતિથિસંવિભાગ - સાધુઓને તથા અન્ય ધર્માત્મા પાત્રોને ભક્તિપૂર્વક અને દુઃખિત ભૂખ્યાને કરુણાપૂર્વક દાન દઈ આહાર કરાવવો તે અતિથિ સંવિભાગ શિક્ષાવ્રત છે. આવી રીતે શ્રાવકે પાંચ અણુવ્રત અને સાત શીલવ્રત એમ બાર વ્રત પાળવાં જોઈએ અને તેરમા વ્રતની ભાવના ભાવવી જોઈએ. તે નીચે પ્રમાણે છે :-

ચારે કોરથી :ચારે તરફથી; વીતરાગની વાણી પરથી, સંયોગથી, નિમિત્તથી અને રાગી આત્માને ભિન્ન બતાવી ઉદાસીનતા પ્રેરે છે.

ચાર ગતિ :મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકી આદિ ગતિ પર નિમિત્તથી, એટલે પુણ્ય, પાપ, વિકારને કારણે સંયોગથી ઉત્પન્ન થાય છે. તેથી દેવ, ઈન્દ્ર આદિ પદ મળે તો પણ ધ્રુવ નથી, માટે ચારે ગતિ વિનાશિક છે. તેથી આ પંચમગતિ-સિદ્ધગતિમાં એ વિનાશિકતાનો અભાવ થયો.

ચાર ગતિનું નિવારણ :નારકત્વ, તિર્યંકચત્વ, મનુષ્યત્વ અને દેવત્વ સ્વરૂપચાર ગતિઓની પરતંત્રતાની નિવૃત્તિ અને નિર્વાણની ઉત્પત્તિ-અર્થાત્ સ્વતંત્રતાની પ્રાપ્તિ તે સમયનું ફળ છે.

ચાર ગતિના જીવો :ઈન્દ્રિયોના ભેદની અપેક્ષાએ ચતુર્ગતિનો સંબંધ હોય છે. દેવગતિનામ અને દેવાયુના ઉદયથી (અર્થાત્દેવગતિનામ કર્મ અને દેવાયુકર્મના ઉદયના નિમિત્તથી) દેવો હોયછે. જેઓ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવા નિકાયભેદોને લીધેચાર પ્રકારના છે. મનુષ્યગતિનામ અને મનુષ્યાયુના ઉદયથી મનુષ્યો હોયછે, તેઓ કર્મ ભૂમિ જ અને ભોગભૂમિ જ એવા ભેદોને લીધે બે પ્રકારના છે. છતર્થગગતિનામ અને તિયગચાયુના ઉદયથી તિર્થંચો હોયછે, તેઓ પૃથ્વી, શંબૂક, જૂ,ડાંસ, જળચર, ઉપરગ પક્ષી, પરિસર્પ, ચતુષ્પાદ (ચોપગાં) ઈત્યાદિ ભેદોને લીધે અનેક પ્રકારનાં છે. નસ્કગિતનામ અને નરકાયુના ઉદયથી નારકો હોયછે, તેઓ રત્નપ્રભાભૂમિ જ શર્કરા પ્રભા ભૂમિ જ, વાલુકા પ્રભાભૂમિ જ, પંકપ્રભાભૂમિ જ ધૂમપ્રભાભૂમિ જ તમઃ પ્રભભૂમિ જ અને મહાતમઃ પ્રભાભૂમિ જ એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.

તેમાં દેવો, મનુષ્યો અને નારકો પંચેન્દ્રિય જ હોય છે. તિર્યંચો કેટલાંક પંચેન્દ્રિય હોય છે અને કેટલાંક એકેન્દ્રિય, દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિંદ્રિય પણહોય છે.

અહીં એમ તાત્પર્ય ગ્રહવું કે ચાર ગતિથી વિલક્ષણ, સ્વાત્મો પલબ્ધિ જેનું લક્ષણ છે એવી જે સિદ્ધ ગતિ તેની ભાવનાથી રહિત જીવો અથવા સિદ્ધ સદશ નિજશુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવો જે ચતુર્ગતિનામકર્મ ઉપાર્જિત કરે છે તેના ઉદયવશ તેઓ દેવાદિ ગતિઓમાં ઉપજે છે.

ચારુતર :અત્યંત સુંદર

ચારત્રિના ભેદ :ચારત્રિના ચાર ભેદ છે : સ્વરૂપાચરણ ચારિત્ર દેશચારિત્ર, અકલ ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર

(૧) સ્વરૂપાચરણ ચારિત્ર=નિશ્ચય સમ્યદર્શન થતાં આત્માનુભવપૂર્વક આત્મ સ્વરૂપમાં જે સ્થિરતા થાય છે તેને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. (અવિરત સમ્યગ્દ્રષ્ટિને પણ મોક્ષના કારણરૂપ જ ધન્ય ચારિત્ર (સ્વરૂપાચરણ) હોય છે.

(૨) દેશ ચારિત્ર=નિશ્ચય સમ્યદર્શન સહિત ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી (અનંતાનું બંધી-અપ્રત્યાખ્યાતી કષાઓના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિવિશેષને, દેશચારિત્ર કહે છે. (આ શ્રાવકદશામાં વ્રતાદિરૂપ શુભભાવ હોય છે.)

(શુદ્ધ દેશચારિત્રથી ધર્મ થાય છે અને વ્યવહાર વ્રતથી બંધ થાય છે. નિશ્ચય ચરિત્ર વિના સાચું વ્યવહાર ચારિત્ર હોઈ શકે નહિ.)

(૩) સકલ ચારિત્ર = નિશ્ચય સમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની શુદ્ધિની વૃદ્ધિ થવાથી, (અનંતાનુબંધી આદિ ત્રણ જાતનિા કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન (ભાવલિંગ મુનિપદને યોગ્ય) આત્માની શુદ્ધિ વિશેષને, સકલચારિત્ર કહે છે. અને મુનિપદમાં ૨૮ મૂળ ગુણ આદિના શુભભાવ હોય છે, તેને વ્યવહાર સકલ ચારિત્ર કહે છે.

(નિશ્ચય ચારિત્ર આત્માશ્રિત હોવાથી, મોક્ષમાર્ગ છે. ધર્મ છે. અને વ્યવહાર ચારિત્ર પરાશ્રિત હોવાથી, બંધમાર્ગ છે, ધર્મ નથી.)

(૪) યથાખ્યાત ચારિત્ર = નિશ્ચય સમ્યગ્દર્શન રહિત ચારિત્રગુણની પૂર્ણ શુદ્ધતા થવાથી કષાયોના સર્વથા અભાવપૂર્વક ઉત્પન્ન આત્માની શુદ્ધિ વિશેષને, યથાખ્યાત ચારિત્ર કહે છે.

ચાર્વાક :આત્માના હોવાપણા વિશ જેને શંકા પડે તે ચાર્વાક કહેવાય. (૨) નાસ્તિક મત; જે જીવ, પુણ્ય, પાપ, નરક, સ્વર્ગ, મોક્ષ નથી એમ કહે છે; દેખાય તેટલું જ માનનાર. (૩) આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ, મોક્ષ આદિને ન સ્વીકારે, તેવું એક જ દર્શન છ , જે ચાર્વાકને નામે ઓળખાય છે. ચાર્વાકમતવાદીઓ જગતમાં જેટલું દેખાય છે, તે તેટલું જ સાચું છે, તેમ માને છે.

ચાર્વાક મત :આત્માના ભિન્ન અસ્તિત્વને સ્વીકારતા નથી. ભગવાન આત્મા તો શુદ્ધ જ્ઞાયકસ્વભાવી વલસ્તુ છે. પરંતુ જ્ઞાયક તરફ જેમનું લક્ષ નથી એવા

અજ્ઞાનીઓ પર્યાયબુદ્ધિ વડે જે શરીર દેખાય છે તેને જ જીવ માને છે. જેઓ કહે છે કે શરીરની ઉત્પત્તિએ જીવની ઉત્પત્તિ અને શરીરના નાશે નાશ.શરીર નો સદભાવ જયાં સુધી રહે છે ત્યાં સુધી જીવ રહે છે. શરીર છૂટતાં જીવ રહેતો નથી આવો તેમનો ભ્રમ છે. ઈંળી પોતાની ઈચ્છાનુસાર શરીરમાં ક્રિયા થાય છે. માટે શરીર એ જ આત્મા છે આવો તો અજ્ઞાનીઓનો મત છે. આ ચાર્વાકમત છે. (૨) જડવાદ, એકાન્તે દ્રશ્ય એવા વ્યવહાર નયને માનનાર મનુષ્યોથી ચાર્વાક, અર્થાત્ જડવાદની ઉત્પત્તિ થઈ છે.

ચાર્વાકમતિ :ચાર્વાક મતવાળા પંચભૂતને માને, આત્માને માને નહીં, જન્મથી મૃત્યુ સુધી જીવન છે પછી નથી એવું માનનારા નાસ્તિકો.

ચારિત્ર :આત્મા સ્થિર થાય તે. (૨) જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્યે જતી નથી એવો વર્તતો થકો, આત્માને સ્વભાવભૂત જ્ઞાન દર્શન પરિણામ વડે સ્થિરતાપૂર્વક જાણે દેખ છે, તે જીવસ્વચારિત્ર આચરનાર છે,કારણ કે દેશિજ્ઞપ્તિ સ્વરૂપ આત્મામાં માત્ર દશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે. (૩) સ્વરૂપમાં રમણતા; સ્વસમયમાં પ્રવૃત્તિ; સ્વભાવમાં પ્રર્વતવું શુદ્ધ ચૈતન્યનુ પ્રકાશવું (૪) શુધ્ધત્વ શક્તિનું નામ ચારિત્ર છે. શાંતિ અને વીતરાગરૂપ સ્વભાવ તે ચારિત્ર. (૫) સ્વરૂપમાં ચરવું (રમવું) તે ચારિત્ર છે; સ્વસમયમાં પ્રવૃત્તિ અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું એવો તેનો અર્થ છે. (૬) રાગ રહિત, પુણ્યાદિ શુભભાવ વિનાની જ્ઞાનમાત્ર દશા-જ્ઞાનસ્વરૂપમાં ટકવું તે જ ચારિત્ર; ચારિત્રથી વિષય-કષાય વાસનાનું છેદન એ વીતરાગદશા છે. (૭) આત્મા સ્થિર થાયતે ચારિત્ર (૮) સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છે. • સ્વચારિત્ર અને • પરચારિત્ર • સ્વસમય અને • પર સમય એવો અર્થ છે. ત્યાં સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વ સ્વરૂપ (ચારિત્ર)તે સ્વચારિત્ર છે અને પરભાવમાં અવસ્થિત અસ્તિત્વપ (ચારિત્ર) તે પરચારિત્ર છે.તેમાંથી (અર્થાત્ `બે પ્રકારનાં ચારિત્રમાંથી) સ્વભાવમાં અવસ્થિત અસિતત્વરૂપ ચારિત્ર કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે અત્યંત અનિંદિત છે તે અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું.

(આજ ચારિત્ર 'પરમાર્થ' શબ્દથી વાચ્ય એવા મોક્ષનું કારણ છે, અન્ય નહિ, એમ નહિ જાણતાં થકાં, મોક્ષી ભિન્ન એવા અસાર સંસારના કારણસર મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતાં થકાં આપણો અનંતકાળ ગયો; એમ જાણીને તેજ જીવસ્વભાવનિયત ચારિત્રની કે જે મોક્ષના કારણભૂત છે તેની નિરંતર ભાવના કરવી યોગ્ય છે. (૯) પંચમહાવ્રતના પરિણામ છે એ રાગ છે. એ કાંઈ આત્માના નિર્મળ પરિણામરૂપ ચારિત્ર નથી. નિજ સ્વરૂપમાં રમતાં-સ્થિર થતાંજે અતીન્દ્રિય આનંદનો ભરપુર-પ્રચુર સ્વાદ આવે તેનું નામ ચારિત્ર છે. (૧૦) શદ્ધ સ્વભાવમાં સ્થિરતા (૧૧) આત્મા સ્થિર થાય તે (૧૨) નય-નિક્ષેપથી ચારિત્રના સ્વરૂપનું જ્ઞાન થવું (વિકલ્પ ઉઠે તે) એ વ્યવહાર ચારિત્ર છે. અને અદર જ્ઞાનસ્વરૂપમાં અતીન્દ્રિ આનંદરૂપ સ્થિરતા થવી એ નિશ્ચય ચારિત્ર છે. દેહની ક્રિયા એ તો જડપુદગલની ક્રિયા છે. એ કાંઈ ચારિત્ર નથી. અંધ અહિંસા, સત્ય, આચાર્યો બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ મહાવ્રતના વિકલ્પ ઉઠવા એ પણ રાગભાવ છે. એનાથી રહિત પરિપૂર્ણ આનંદમૂર્તિ ભગવાન આત્મામાં નિર્વિકલ્પ સ્થિરતા થવી એ ચારિત્ર છે. આમ નય-નિક્ષેપથી ચારિત્રનું સ્વરૂપ જાણી આનંદનો નાથ પરિપૂર્ણ ભગવાન આત્મા જે જ્ઞાન શ્રદ્ધાનમાં લીધો છે તેમાં ચરવું, રમવું, સ્થિર થવું એ નિશ્ચય ચારિત્રછે. ત્રિકાળીમાં લીન થવું, પણ જ્ઞાન-શ્રદ્ધામાં લીન થવું એમ કહ્યું નથી, કેમ કે એ તો પર્યાય છે. (૧૩) જે વસ્તુ અખંડ અભેદ છે એને દેખવી, જોવી અને એમાં જ વિશ્રામ લેવો શુદ્ધ સ્વભાવમાં ધ્રુવ, ધ્રુવ ધામમાં સ્થિરતા વિશ્રામ-વિશ્રામ-વિશ્રામ તે ચારિત્ર છે. (૧૪) આત્મા સ્થિર થાય તે. (૧૫) રાગ રહિત દશા (૧૬) પુણ્ય-પાપના ભેદ રહિત અકષાય ભાવની સ્થિરતાને, સર્વજ્ઞ ભગવાને ચારિત્ર કહ્યું છે. એવું સમજ્યા વગર, માત્ર બાહ્ય પ્રવૃત્તિને ચારિત્ર માની લે, વ્યવહાર વ્યવહાર કર્યા કરે પણ સમજે નહિં કાંઈ, તેને ધર્મ ક્યાંથી થાય ? (૧૭) આત્મા સ્થિર થાય તે. (૧૮) નિશ્ચય સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરણ કરવું (રમવું); પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી, તે ચારિત્ર છે અને તે ચારિત્ર મિથ્યાત્વ એ અસ્થિરતા સહિત અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. અને આવી

પર્યાયોને ધારણ કરનાર ગુણને, ચારિત્રગુણ કહે છે. *(આવાં પરિણામોને સ્વરૂપસ્થિરતા, નિશ્ચયતા, વીતરાગતા, સામ્યધર્મ અને ચરિત્ર કહે છે. આત્માના ચારિત્રગુણની આવી શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર ક્રિયાનો યથાસંભવ નિરોધ થઈ જાય છે.) (૧૯) નિશ્ચય સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરણ કરવું (રમવું); પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી, તે ચારિત્ર છે અને તે ચારિત્ર મિથ્યાત્વ અને અસ્થિરતા રહિત અત્યંત નિર્વિકાર, એવો જીવનો પરિણામ છે. અને આવી પર્યાયોને ધારણ કરનાર ગુણને ચોરિત્ર ગુણ કહે છે. (૨૦) ભૂતકાળના પુણ્ય-પાપીથી છૂટવું, ભવિષ્યના પુણ્ય-પાપથી છૂટવું અને વર્તમાન કાળના પુણ્ય-પાપના ભાવથી છૂટવું. અને નિજાનંદ સ્વરૂપમાં લીન-સ્થિર થવું, તેને ભગવાન ચારિત્ર કહે છે. (૨૧) સાધુના અઠ્ઠાવીસ મૂલગુણોનું તથા ચોરાસી લાખ ઉત્તરગુણોનું જે પાલન છે, તે વ્યવહારથી ચારિત્રમાં પરિણમેલો નિજ શુદ્ધાત્મા જ નિશ્ચયથી ચારિત્ર છે. માટે નિજ શુદ્ધ આત્મ સ્વરૂપને તજીને નિશ્ચયથી અન્ય કોઈ જ્ઞાન, દર્શન અને ચારિત્ર નથી. આ આત્મા જ, એ ત્રણ મય છે. માટે અભેદ રત્નત્રયમાં પરિણમેલો પરમાત્મા જ ઉપાદેય છે. (૨૨) અશુભ કાર્યોનો ત્યાગ કરીને શુભમાં પ્રવર્તન તે વ્યવહાર ચારિત્ર કહેવાય છે. આત્મસ્વરૂપમાં રમણતા તથા તેમાં જ સ્થિરતા તે નિશ્ચયથી ચારિત્ર છે. (૨૩) અશુભભાવથી નિવૃત્તિ અને શુભભાવમાં પ્રવૃત્તિ, તે ચારિત્ર વ્યવહારનયથી તે ચારિત્ર વ્રત, સમિતિ, ગુપ્તિ રૂપે શ્રી વીતરાગે કહ્યું છે. સંસારના મૂળ હેતુઓનો વિશેષ નાશ કરવાને, બાહ્ય અને અંતરંગ ક્રિયાનો જ્ઞાની પુરુષને નિરોધ થાય, તેનું નામ પરમ સમ્યક્ચારિત્ર વીતરાગોએ કહ્યું છે. મોક્ષના હેતુરૂપ એ બન્ને ચારિત્ર ધ્યાનથી, આવશ્ય મુનિઓ પામે છે, તેટલા માટે પ્રયત્નવાન ચિત્તથી ધ્યાનનો ઉત્તમ અભયાસ કરો. જો તમે અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે ચિત્તની સ્થિરતા ઈચ્છતા હો, તો પ્રિય અથવા અપ્રિય વસ્તુનો મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો. (૨૪) આત્મા શુદ્ધ ચિદાનંદ છે. તેમાં સહજ આનંદ આવે તે ચારિત્ર છે. તેને સુખરુપ જાણવું જોઈએ. શુદ્ધ આત્માનું ભાન થયા પછી અમૃતના ઝરણામાં લીનતા થાય, તેને ઉપવાસ કહે છે. બાકી અપ(માઠા) વાસ છે. આત્માના આનંદમાં ઉગ્રદશા વધે, તે તપ છે. (૨૫) ચારિત્રના પ્રસિદ્ધ અંગભૂત અહિંસા, સત્ય, અસ્તેય (અચૌર્ય) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રુપે, જે પાંચ મહાવ્રતોનો ઉલ્લેખ છે, તેમના વિષયમાં એક બહું જ મહત્વની વાત સમજાવી છે અને તે એ કે, જ્ઞાન, કષાયથી-રાગદ્વેષથી વ્યાકુળ અને દુષિત થાય ત્યારે એકપણ મહાવ્રત સ્થિર રહી શકતું નથી. બધાં આત્મામાંથી ચાલ્યા જાય છે. માટે જે મહીકાળી છે. જેમણે મુનિદીક્ષા ધારણ કરતી વખતે પંચ મહાવ્રતના પાલનની પ્રતિજ્ઞા લીધી છે. તથા જે તેમનું પાલન કરી રહ્યા છે - તેમણે સમજવું જોઈએ કે, જે કોઈ વખતે આપણે ઓપણા જ્ઞાનને કષાયથી વ્યાકુળ થવા દેશું તે જ વખતે આપણા પાંચેય મહાવ્રતનો ભંગ થઈ જશે. અને ત્યાં સુધી તે ભંગ રહેશે જ્યાં સુધી, જ્ઞાનમાં કષાયની તે ઉદ્વિગ્નતા અથવા રાગ દ્વેષની તે પરિણતિ સ્થિર રહેશે અને તેથી વ્રતભંગથી ભયભીત મુનિઓ તથા યોગીજનો એ ઘણી જ સાવધાનીથી વર્તવું જાઈએ-એમને એમ પોતાને દરેક વખતે મહાવ્રતી સમજી લેવા ન જોઈએ. જે જ્ઞાની જે કોઈ વખતે કષાયને વશ થાય છે તે તેજ વખતે અસંયમી થઈ જાય છે. (૨૬) જ્ઞાનભાવમાં, આત્મામાં સ્થિરતા છે તે ચારિત્ર. (૨૭) આત્મા સ્થિર થાય છે. (૨૮) શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા (૨૯) અંતર સ્વરૂપમાં ઠરવું; ગુણની એકાગ્રતાના સ્વાદમાં જામી જવું, એવા શુદ્ધભાવનને ભગવાન ચારિત્ર કહે છે. (૨૯) શદ્ધ જ્ઞાન સ્વરૂપ આત્મામાં ચરવું-પ્રવર્તવું, તે ચારિત્ર છે. (૩૦) અંતર સ્વરુપમાં કરવું, ગુણની એકાગ્રતાના સ્વાદમાં જાગી જવું, એવા શુદ્ધ ભાવને ભગવાન ચારિત્ર કહે છે. (૩૧) રાગદ્વેષ રહિત પોતામાં સ્થિરતા (૩૨) કોઈ બહારની વ્રતાદિ રાગની ક્રિયાને ચારિત્ર કહે છે, પણ ચારિત્રનું એ વાસ્તવિક સ્વરુપ નથી. અંદર વસ્તુ પોતે શુદ્ધ ચિદાનંદ ઘન, ચૈતન્યમૂર્તિ પ્રભુ સદા વિરાજી રહેલ છે. તેની એકાગ્રતાપૂર્વક તલ્લીન થઈ પ્રચૂર આનંદમાં રમતાં રમતાં તેમાં જ ઠરીને રહેવું, તે ચારિત્ર છે અને તે ધર્મ છે. નિજાનંદ સ્વરુપમાં ચરવું, તે ચારિત્ર છે. રાગની ક્રિયા કાંઈ ચારિત્ર નથી. (૩૩) સમસ્ત કર્મથી રહિત એવી દશાનું નામ ચારિત્ર છે. (૩૪) અંતર નિજાનંદ

સ્વરૂપમાં રમણતા કરવી, તેમાં લીનતા કરવી, તેમાં ચરવું, તેમાં ઠરવું ને તેનું વેદન કરવું એનું નામ ભગવાને ચારિત્ર કહ્યું છે. તે ચારિત્રની પૂર્ણતા તે યથાખ્યાત કાર્યશુદ્ધચારિત્ર છે. (૩૫) નિજ સ્વભાવમાં એકાગ્રતા-લીનતા તે ચારિત્ર છે. (૩૬) પુણ્ય-પાપરૂપ પર સમયને દૂર કરીને પ્રગટ થાય છે. (પુણ્ય-પાપને) દૂર કરવામાં બે પ્રકાર સમજવા;

(૧) શુભાશુભ ભાવની ઉત્પત્તિનું મૂળ, જે મિથ્યાત્વ તેને દૂર કરે છે, અને

(૨) શુભાશુભ ભાવને પણ યથાસંભવ દૂર કરે છે.

લ્યો, આમ શુભાશુભ ભાવને દૂર કરે છે, ત્યારે ચારિત્ર પ્રગટ થાય છે.

હવે આમ છે ત્યાં શુભ કરતાં કરતાં ચારિત્ર થાય, એ વાત ક્યાં રહી ? ભાઈ ! આ તો મારગ જ વીતરાગનો જુદો પડે બાપુ !

(૩૭) ચારિત્ર એ આત્માનો (૩૮) અતીન્દ્રિય આનન્દના સ્વરૂપમાં રમવું, તે ચારિત્ર છે. જેમાં અતિપ્રચુર આનંદનું વેદન છે એવી સ્વરૂપલીનતા, તે ચારિત્ર છે. અને તે આનંદની ધારા વર્દ્ધમાન થતી થકી મુક્તિ-પૂર્ણાનંદની દશા થઈ જાય છે. (૩૯) અનુષ્ઠાન; સ્વસ્વરૂપનું અનુષ્ઠાન, એ જ ચારિત્ર. નિજ પરમાત્મતત્ત્વમં સમ્યક્ પ્રકારે કરવું-વિશ્રામ લેવો, એવું આ અનુષ્ઠાન જ ચારિત્ર છે. (૪૦) ચારિત્રમાં પ્રતિક્રમણ, પ્રત્યાયાન અને આલોચનાનું વિધાન છે. તેમાં, પૂર્વે લાગેલાં દોષથી આત્માને નિવર્તાવવો તે પ્રતિક્રમણ છે, ભવિષ્યમાં દોષ લગાડવાનો ત્યાગ કરવો, તે પ્રત્યાખ્યાન છે. એ વર્તમાન દોષથી આત્માને જુદો કરવો, તે આલોચના છે. (૪૧) મોહ-ક્ષોભ રહિત આત્માના શુદ્ધ પરિણામ; ભાવલિંગી શ્રવકપદ અને ભાવલિંગી, મુનિપદ. (૪૨) સ્વરૂપમાં ચરવુ-રમવું તે ચારિત્ર છે. (૪૩) જીવસ્વભાવ ખરેખર જ્ઞાન-દર્શન છે અને તેમાં નિશ્ચય લીનતા-સ્થિરતા, તે જ ચારિત્ર છે. એ તે જ મોક્ષમાર્ગ છે. (૪૪) સ્વરૂપમાં મરવું-રમવું તે ચારિત્ર છે. સ્વસમયમાં પ્રવૃત્તિ અર્થાત્ પોતાના સ્વભાવમાં પ્રવર્તવું એ ચારિત્ર છે. શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે. (૪૫) શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા. (૪૬) અજ્ઞાની દેહના કષ્ટને ચારિત્ર માને છે. ભાઈ, ચારિત્રમાં કષ્ટ નથી. એ તો મહા આનંદરૂપ જગત્પૂજ્ય પદ છે. ચારિત્ર કાંઈ દેહની દશામાં નથી, ચારિત્ર કાંઈ રાગમાં નથી, ચારિત્ર એ તો ચેતનમાં આત્માની રમણતામાં છે. તેમાં દુઃખ કેવું ? (૪૭) ૪૭ શક્તિઓમાં એક અભાવ નામની આત્માની શક્તિ છે. રાગ અને કર્મના અભાવ સ્વભાવ સ્વરૂપ, એક અભાવ નામની આત્મામાં શક્તિ છે. અશુદ્ધતા અર્થાત્ કર્મપણે ન થાય એવી, આત્મામાં અભાવ નામની શક્તિ છે. છતાં નિમિત્ત વશ થતાં અવસ્થા વિકૃત થાય છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાતા રહીને તેને, પરજ્ઞેય પણે માત્ર જાણે છે, વિકૃતદશા મારી છે, એમ તે માનતો નથી. અહીં એથી વિશેષ વાત છે કે, ભવિષ્યમાં હું સમસ્ત કર્મ કરીશ નહિ,કરાવીશ નહિ, અનુમોદીશ નહિ, - મનથી, વચનથી અને કાયાથી એમ ધર્માત્મા સર્વ કર્મથી છૂટો પડી, સ્વસન્મુખતા દ્વારા શુદ્ધોપયોગરૂપ પરિણમનમાં સ્થિર થાય છે. સ્વસ્વરૂપમાં જ ઉપયોગને રમાવે છે. આનું નામ પચખાણ છે, ચારિત્ર છે, સ્વરૂપમાં ચરવું, રમવું, ઠરવું એનું નામ, ચારિત્ર છે. (૪૮) આત્મામાં અનુભવ વડે લીન થવું તે ચારિત્ર. (૪૯) શુદ્ધત્વ શક્તિનું નામ ચારિત્ર છે. (૫૦) નિશ્ચય જ્ઞાન દર્શનાત્મક કારણ, પરમાત્મામાં અવિચળ સ્થિતિ (નિશ્ચળપણે લીન રહેવું), તે જ ચારિત્ર છે. ભગવાન આત્મા-કારણ પરમાત્મા નિશ્ચય ત્રિકાળ જ્ઞાનદર્શન-સ્વરૂપ છે, તેમાં અંતર્લીનતા-સ્થિરતા રમણતા થાય, તેને ચારિત્ર કહે છે.

ચારિત્રમોહ :સરલતા (નિમાનપણું) અને જિતેન્દ્રિયપણું-એ બે ગુણ ચારિત્રમોહ ટાળવાનો ઉપાય છે. (૨) વિષય કષાય નોકષાયરૂપ ચારિત્રમોહ.

ચારિત્ર મોહનીય :તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય તે સ્થિરતાને રોધક એવા પૂર્વ સંસ્કારરૂપ કષાય અને નોકષાય તે ચારિત્રમોહનીય. ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગ ભાવ છે. એટલે અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે,-તે તેનો અચૂક ઉપાય છે,-તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે. (૨) તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વ સંસ્કારરૂપ કાય અને નોકષાય તે ચારિત્ર મોહનીય. ચારિત્ર મોહનીયને વીતરાગપણું નાશ કરે છે, ચારિત્ર

મોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગ ભાવ છે. (૩) ચારિત્ર મોહનીય કર્મમાં ચાર અનંતાનુંબંધી કષાય કર્મ છે, જેના ઉદયથી દીર્ઘકાળ સ્થાયી કઠિનતાથી મટે તેવાં કષાય પરિણામ થાય છે, જેમ પત્થરમાં કોતરેલી લીટી કઠિનતાથી મટે છે તેવા અનંતાનુંબંધી કષાય (ક્રોધ,માન,માયા,લોભ) છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ અને અત્યારસુધી સમ્યક્ત્વ થયું નથી, તેના સમ્યગ્દર્શન ગુણને મિથ્યાત્વ કર્મ અને ચાર અનંતાનુંબંધી કષાયોએ ઢાંકી રાખ્યો છે. જયાં સુધી તે ઉદયમાંથી ખસે નહિ, ત્યાં સુધી સમ્યગ્દર્શનગુણ પ્રગટ થઈ શકતો નથી. આ કર્મોના આક્રમણને હઠાવવા માટે વ્યવહાર સમ્યગ્દર્શનનું સેવન જરૂરી છે. જેમ ઔષધ ખાવાથી રોગ જાય છે, તેમ વ્યવહાર સમ્યગ્દર્શનના સેવનથી નિશ્ચય સમ્યગ્દર્શનનો પ્રકાશ થાય છે અને મિથ્યાત્વ રોગ જાય છે. (૪) તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વ સંસ્કારરૂપ કષાય અને નોકષાય, તે ચારિત્રમોહનીય. ચારિત્ર મોહનીય રાગાદિક પરિણામ રૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગ ભાવ છે. (૫) ચારિત્ર મોહનીયથી અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, એ ચાર પ્રકારનાં મિથ્યાત્વ થાય છે.

ચારિત્ર ગુણ :નિશ્ચય સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરવું-રમવું. પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે. તે ચારિત્ર, મિથ્યાત્વ અને અસ્થિરતા રહિત અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે, અને એવા પર્યાયોને ધારણ કરનાર ગુણને ચારિત્રગુણ કહે છે.

એવા પરિણામોને સ્વરૂપ સ્થિરતા, નિશ્ચલતા, વીતરાગતા, સામ્ય, ધર્મ અને ચારિત્ર કહે છે.જયારે આત્માને ચારિત્રગુણનો એવો શુદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે બાહ્ય અને આભ્યંતર ક્રિયાનો યથા સંભવ (ભૂમિકાનુસાર) નિરોધ થઈ જાય છે.

ચારિત્ર ગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્દર્શનની વ્યાખ્યા :જ્ઞાન ચેતનામાં, જ્ઞાન શબ્દથી જ્ઞાનમય હોવાના કારણે શુદ્ધાત્માનું ગ્રહણ છે. અને તે શુદ્ધાત્મા, જે -દ્વારા અનુભૂત થાય, તેને જ્ઞાનચેતના કહે છે.

આત્માનો જ્ઞાનગુણ, સમ્યક્ત્વયુક્ત થતાં આત્મસ્વરૂપની જે ઉપલબ્ધિ થાય છે, તેને જ્ઞાનચેતના કહે છે.

નિશ્ચયી આ જ્ઞાનચેતના, સમ્યગ્દષ્ટિને જ હોય છે.

નોંધ :- અહીં આત્માનો જે શુદ્ધોપયોગ છે - અનુભવ છે, તે ચારિત્ર ગુણનો પર્યાય છે.

આત્માની શુદ્ધ ઉપલબ્ધિ, સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

નોંધ :- અહીં એટલું લક્ષમાં રાખવું કે જ્ઞાનની મુખ્યતાએ તથા ચારિત્રની મુખ્યતાએ જે કથન છે, તેને સમ્યગ્દર્શન બાહ્ય લક્ષણ જાણવું, કેમકે સમ્યગ્જ્ઞાન અને અનુભવની સાથે સમ્યગ્દર્શન અવિનાભવી હોવાથી, સમ્યગ્દર્શનને અનુમાનથી સિદ્ધ કરે છે. એ અપેક્ષાએ તેને વ્યવહાર કથન કહેવામાં આવે છે અને દર્શન (શ્રદ્ધા) ગુણ અપેક્ષાએ જે કથન છે, તેને નિશ્ચયકથન કહેવામાં આવે છે.

દર્શનનું નિશ્ચય સ્વરૂપ એવું છે, કે -ભગવાન પરમાત્મા સ્વભાવના અતીન્દ્રિય સુખની રુચિ કરવાવાળા જીવમાં શુદ્ધ, અંતરંગ, આત્મિક તત્ત્વના આનંદને ઊપજવાનું થાય, એવા શુદ્ધ જીવાસ્તિકાયનું (પોતાના જીવસ્વરૂપનું) પરમ શ્રદ્ધાન, દઢ પ્રતીતિ અને સાચો નિશ્ચય એ જ દર્શન`. (આ વ્યાખ્યા સુખ ગુણની મુખ્યતાથી છે.)

ચારિત્ર દશા :આત્મા અતીન્દ્રિય આનન્દમૂર્તિ છે. એનું ભાન થઈને એમાં વિશેષ વિશેષ લીનતા-રણમતા થતાં જે પ્રચુર આનંદનું વેદન થાય તે ચારિત્રદશા છે.પ્રથમ જેને સમ્યગ્દર્શનહોય તેને વિશેષ સ્થિરતા થાય તે ચારિત્ર છે. સમ્યગ્દર્શન ન હોય અને પાધરા (સીધા) વ્રત લઈને બેસી જાય એ તો બધાં એકડા વિનાનાં મીડાં છે. એ બધું મિથ્યાત્વની ભૂમિકા છે.

ચારિત્ર દશા :સમસ્ત કર્મથી રહિત, એવી દશાનું નામ ચારિત્ર છે.

ચારિત્રનું અપૂર્વકરણ :પૂર્ણ સ્થિરતા લાવવાનો તથા કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ કરવાનો પ્રયોગ; સ્વરૂપસ્થિરતાની શ્રેણીમાં આરૂઢ થવું તે.

ચારિત્રના પાંચ પ્રકાર :(૧) સામાયિક-સમભાવ રાખવો. (૨) છેદોપસ્થાપના=સામાયિકમાંથી પડી જવાય ત્યારે ફરી સામાયિકમાં સ્થિર

થવું. (૩) પરિહાર વિશુદ્ધિ-એવું આચરણ કે જેમાં વિશેષ હિંસાનો ત્યાગ હોય. (૪) સૂક્ષ્મ સાંપરાય-દશમા ગુણસ્થાનવર્તીનું ચારિત્ર, કે જેમાં માત્ર સૂક્ષ્મ લોભનો ઉદય છે, (૫) યથાખ્યાત પૂર્ણવીતરાગ ચારિત્ર.

ચારિત્રના ભેદ :ચારિત્રના ચાર ભેદ છે :- સ્વરૂપાચરણ ચારિત્ર, દેશ ચારિત્ર, અકલ ચારિત્ર અને યથાખ્યાત ચારિત્ર.

ચારિત્રના ભેદ અપેક્ષાએ નિશ્ચય સમ્યગ્દર્શનનું કથન :નિશ્ચયસમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનકથી શરૂ થાય છે, ચોથા અને પાંચમા ગુણસ્થાનકે ચારિત્રમાં મુખ્યપણે રાગ હોય છે તેથી તેને સરાગ સમ્યક્ત્વ કહેવાય છે. છઠ્ઠા ગુણસ્થાનકે ચારિત્રમાં પણ ગૌણ છે અને પછીનાં ગુણસ્થાનોમાં ને ટળતાં ટળતાં છેવટે, સંપૂર્ણ વીતરાગ ચારિત્ર થાય છે તેથી છઠ્ઠા ગુણસ્થાનકથી વીતરાગ સમ્યક્ત્વ કહેવાય છે.

ચારિત્રની રમણતા :સ્થિર ઉપયોગ.

ચારિત્ર પર્યાય :જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃત્તિ તેના વડે રચાતી દ્રષ્ટિ જ્ઞાતૃતત્ત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે ચારિત્રપર્યાય છે.

ચારિત્રમોહ :રાગદ્વેષના પરિણામ (૨) તે પરિમિતિ મોહ છે; તે મર્યાદિત મોહ છે. (૩) આત્માના ચારિત્રને રોકવામાં નિમિત્ત, મોહનીય કર્મો. (૪) સ્વસ્વરૂપને આવરણ કરનાર સર્વ વ્યાપારોનો સર્વથા ત્યાગ કરવો અને સ્વસ્વરૂપમાં સંપૂર્ણ લીનતા કરવી તે સમ્યક્ ચારિત્ર. તેને આવરણ કરનારું કર્મ, તે ચારિત્ર મોહનીય. એના બે ભેદ છે :- કષાય અને નોકષાય. (૫) સમજણ વિપરીત થવાથી માન્યતા વિપરીત થઈ, તે કારણે રાગ-દ્વેષ રૂપ વિપરીત પ્રવર્તન, તે ચારિત્રમોહ. (૬) ચારિત્રમોહનો ઉદય, દશમા ગુણસ્થાન સુધી રહે છે. ચારિત્રમોહનો સર્વથા ક્ષય બારમા ગુણ સ્થાને થાય છે. (૭) રાગદ્વેષમાં ચારિત્ર મોહની પચ્ચીસ પ્રકૃતિ સમાવેશ પામે છે. રાગ = ૪ લોભ, ૪ માયા, ૧ હાસ્ય, ૧ રતિ, ૩ વેદ =૧૩, દ્વેષ =૪ ક્રોધ, ૪ માન, ૧ અરતિ, ૧ ભય, ૧, શોક, ૧, જુગુપ્સા = ૧૨

ચારિત્રમોહ આસ્રવનું કારણ :કષાયના ઉદયથી તીવ્ર પરિણામ થાય, તે ચારિત્રમોહનીયના આસ્રવનું કારણ છે.

ઉદયનો અર્થ વિપાક-અનુભવ છે. જીવ કષાયકર્મના ઉદયમાં જોડાઈને જેટલો રાગ દ્વેષ કરે તેટલો કષાયનો ઉદય-વિપાક-અનુભવ તે જીવને થયો એમ કહેવાય. કષાય કર્મના ઉદયમાં જોડાતાં જીવને તીવ્ર ભાવ થાય તે ચારિત્ર મોહનીય કર્મના આસ્રવનું કારણ (નિમિત્ત) છે, એમ સમજવું.

ચારિત્ર મોહનીય આસ્રવનું વિસ્તારથી વર્ણન નીચે પ્રમાણે છે :-

(૧) પોતાને તથા પરને કષાય ઉપજાવવો.
(૨) તપસ્વી જનોને ચારિત્રદોષ લગાડવો.
(૩) સંકલેશ પરિણામને ઉપજાવવાવાળા વેષ-વ્રત વગેરે ધારણ કરવા;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **કષાય કર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) ગરીબોનું અતિહાસ્ય કરવું;
(૨) ઘણો વૃથા પ્રલાપ કરવો;
(૩) હાસ્ય સ્વભાવ રાખવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **હાસ્યકર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) ગરીબોનું અતિહાસ્ય કરવું.
(૨) વ્રત-શીલમાં અરુચિ પરિણામ કરવા;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **રતિકર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) પરને અરતિ ઉપજાવવી;
(૨) પરની રતિનો વિનાશ કરવો;
(૩) પાપ કરવાનો સ્વભાવ હોવો;
(૪) પાપનો સંસર્ગ કરવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **અરતિ કર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) પોતાને શોક ઉપજાવવો;
(૨) પરના શોકમાં હર્ષ માનવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **શોકકર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) પોતાને ભયરૂપ ભાવ રાખવો;
(૨) બીજાને ભય ઉપજાવવો;

એ વગેરે લક્ષણવાળા પરિણામ **ભય-કર્મ**ના આસ્રવનું કારણ છે.

(૧) ભલી ક્રિયા આચાર પ્રત્યે ગ્લાનિ એ વગેરે પરિણામ હોવાં, તે જુગુપ્સા કર્મના આસ્રવનું કારણ છે.
(૧) જુઠું બોલવાનો સ્વભાવ હોવો;
(૨) માયાચારની તત્પરતા રહેવી;
(૩) પરના છિદ્રની આકાંક્ષા અથવા અતિ ઘણો રૈાગ હોવો;
એ વગેરે પરિણામ **સ્ત્રીવેદકર્મ**ના આસ્રવનું કારણ છે.
(૧) અલ્પ ક્રોધ હોવો;
(૨) ઈષ્ટ પદાર્થમાં ઓછી આસક્તિ હોવી;
(૩) પોતાની સ્ત્રીમાં સંતોષ હોવો.
એ વગેરે પરિણામ, **પુરુષવેદ કર્મ**ના આસ્રવનું કારણ છે.
(૧) કષાયની પ્રબળતા હોવી
(૨) ગુહ્ય ઈન્દ્રિયોનું છેદન કરવું
(૩) પરસ્ત્રીગમન કરવું;
એ વગેરે પરિણામ, હોવા, તે **નપુંસકવેદ**ના આસ્રવનું કારણ છે.

ચારિત્ર મોહનીય કર્મ :ચારિત્ર મોહનીય કર્મનાં ચાર અનંતાનુબંધી કષાયકર્મ છે, જેના ઉદયથી દીર્ઘકાળ સ્થાયી કઠિનતાથી મટે તેવાં કષાય પરિણામ થાય છે. જેમ પથ્થરમાં કોતરેલી લીટી કઠિનતાથી મટે છે, તેવા અનંતાનુબંધી કષાય (ક્રોધ, માન, માયા, લોભ) છે. અનાદિ મિથ્યાદષ્ટિ જીવ જેને અત્યાર સુધી સમ્યક્ત્વ થયું નથી, તેના સમ્યગ્દર્શનગુણને મિથ્યાત્વ કર્મ અને ચાર અનંતાનુબંધી કષાયોએ ઢાંકી રાખ્યો છે. જ્યાં સુધી તે ઉદયમાંથી ખસે નહિ, ત્યાં સુધી સમ્યગ્દર્શનગુણ પ્રગટ થઈ શકતો નથી. આ કર્મોના આક્રમણને હઠાવવા માટે વ્યવહાર સમ્યગ્દર્શનનું સેવન જરૂરી છે. જેમં ઔષધ ખાવાથી રોગ જાય છે, તેમ વ્યવહાર સમ્યગ્દર્શનના સેવનથી નિશ્ચય સમ્યગ્દર્શનનો પ્રકાશ થાય છે અને મિથ્યાત્વ રોગ જાય છે.

ચારિત્રાચાર :અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત પંચમહાવ્રત સહિત કાય, વચન, મનગુપ્તિ અને ઈર્યા-ભાષા-એષણા-આદાન નિક્ષેપણ પ્રતિષ્ઠાપન સમિતિ સ્વરૂપ ચારિત્રાચાર! યુદ્ધ આમાનો તુ નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાંસુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આથ્માને ઉપલબ્ધ કરું. (૨) અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત, પંચમહાવ્રત સહિત કાય, વચન, મનગુપ્તિ અને ઈર્યા-ભાષા-એષણા-આદાન-નિક્ષેપણ-પ્રતિષ્ઠાપનસમિતિસ્વરૂપ ચારિત્રાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૩) અહો મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિના કારણભૂત, પંચમહાવ્રત સહિત કાય-વચન, મનગુપ્તિ અને ઈર્ષા-ભાષા-એષણા-આદાન-નિક્ષેપણ-પ્રતિષ્ઠાપન સમિતિ સ્વરુપ ચારિત્રાચાર । શુદ્ધઆત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું તો પણ ત્યાં સુધી, તેને અંગીકાર કરું છું કે જ્યા સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૪) પંચમહાવ્રત સહિત કાય-વચન-મનુગુપ્તિ, અને ઈર્યા-ભાષાએષણા- આદાન નિરપેક્ષ-પ્રતિષ્ઠાપન સમિતિ સ્વરૂપ ચારિત્રાચાર. (૫) સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરી, જે નિત્ય આનંદમય, નિજ રસનો આસ્વાદ, નિશ્ચલ અનુભવ, તે સમ્યક્ ચારિત્ર છે, તેનું જે આવરણ એટલે તે રૂપે પરિણમવું, તે ચારિત્રાચાર છે.

ચિત્ :જ્ઞાન (૨) ચિદ્ સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યમય આત્મા. (૩) જ્ઞાન સ્વરૂપ આત્મા.

ચિત્ સામાન્ય :આત્માનો જ્ઞાનસ્વભાવ, આત્માનો આખો જ્ઞાનગુણ

ચિત્ચમત્કાર :જ્ઞાનના વૈભવરૂપી પ્રભુ આત્મા.

ચિત્ત :મન (જે અનિયત વિષયવાળું, અ પ્રાપ્ય કારી અને મતિ શ્રુતજ્ઞાનના સાધનભૂત (મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનના નિમિત્તભૂત) છે તે મૂર્ત તેમજ અમૂર્તને ગ્રહણ કરે છે (જાણે છે) (૨) મન. (૩) ચિત્ત એટલે મન,મનનો વિષય આત્માનથી, મનમાં પ્રતીત નથી પણ આત્મામાં પ્રતીત છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે આત્મા વિષે પ્રતીત, આત્મા વિષે પ્રતીત થાય છે પણ મન વિષે પ્રતીત થતી નથી. શુભાશુભ ભાવમાં ચેતાઈ જવું, તે ચિત્ત. અજ્ઞાનીને ચેતનનું ભાન નથી તે પરમાં ચેતાઈ જાય છે, તેનું નામ ચિત્ત.

ચિત્ત સ્વભાવ :જ્ઞાનચેતના જેનો મુખ્ય ખાસ ગુણ છે, તેથી પૂર્ણ ચૈતન્ય સ્વભાવ, ત્રિકાળી સ્વાધીનપણે છે.

ચિત્તનું સરળપણું :સત્પુરુષની એ આજ્ઞાએ વર્તાવાની તથા રૂપ પરિણતિઓ જગતમાં નિરાગીત્વ, વિનયતા અને સત્પુરુષની આજ્ઞા નહીં મળવાથી (સત્પુરુષ આજ્ઞા કરે અને જીવન ઉપાસે તેવી પાત્રતા નહીં મેળવવાથી) આ આત્મા અનંત કાળથી રખડયો, પણ નિરુપાયતા થઈ તે થઈ (પરમ કરુણા અનેસહિષ્ણુતા) હવે આપણે પુરુષાર્થ કરવો ઉચિત છે. જય થાઓ વ.૪૨ (પરમ આશિષ)

ચિત્ત પ્રસાદ :ચિત્તની પ્રસન્નતા, ચિત્તની વિશુદ્ધતા, ઉજ્જ્વળતા (૨) ચિત્તની પ્રસન્નતા, ચિત્તની ઉજ્જ્વળતા, ચિત્તની વિશુદ્ધતા

ચિત્તપ્રસાદ પરિણામ :અહીં જ્ઞાનીના વિષ્ટિ પુણ્યને સંસારવિચ્છેદના કારણભૂત કહ્યું ત્યાં એમ સમજવુંકે ખરેખર તો સમ્ય્ગ દર્શન જ્ઞાન ચારિત્ર જ સસારવિચ્છેદના કારણભૂત છે. પરંતુ જ્યારે ત સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્ર અપૂર્ણ દશામાં હોયછે ત્યારે તેની સાથે અનિચ્છિત વૃત્તિઓ વર્તતા વિશિષ્ય પુણ્યમાં સંસાર વિચ્છેદના કારણપણાનો આરોપ કરવામાં આવે છે. તે આરોપ પણ વાસ્તવિક કરાણની સમ્યગ્દર્શનાદિની હયાતીમાં જ થઈ શકે છે.

ચિત્તપાતી :ચિત્તથી જેનું પતન થાય છે તે.

ચિત્તભૂમિ :ચૈતન્યરુપી ભીંત (૨) ચિત્તરૂપી ભૂમિ અથવા ભીંત.

ચિત્તશક્તિઓ :જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદો

ચિત્તસ્થિતિ :મનની એકાગ્રતા એક ચિતથી

ચિત્પ્રકાશ :ચૈતન્યમય આત્માનો પ્રકાશ. (૨) ચિત્પિંડ = અનંતદર્શનનું પ્રગટ થવું.

ચિત્પિંક :અનંત દર્શનનું પ્રગટ થવું.

ચિત્ર વિચિત્રતા યુક્ત :વિવિધ વિભાવ પર્યાયવાળો

ચિંતવ :જાણ.

ચિંતવન :ચિત્તની એકાગ્રતારૂપ પરિણતિ; ચિંતન; ધ્યાન કરવું એ. તત્ત્વદર્શનનો પ્રયત્ન; વિચાર કરવો એ. (૨) વિચાર.

ચિત્શકિત :જ્ઞાન શક્તિ. ચિત્શકિત = જ્ઞાન શક્તિ.

ચિત્સ્વરૂપ :નિશ્ચયે ચિત્શક્તિને આત્મા સાથે અભેદ છે અને વ્યવહારે ભેદ છે, તેથી નિશ્ચયે આત્મા ચિત્શક્તિ સ્વરૂપ છે અને વ્યવહારે ચિત્શક્તિવાન છે.

ચિત્સ્વરૂપ આત્મા :જ્ઞાનસ્વરૂપ આત્મા

ચિંતા :ચિંતવનજ્ઞાન અર્થાત્ કોઈ ચિહ્નને દેખીને અહીંતે ચિહ્નવાળો જરૂર હોવો જોઈએ એવો વિચાર તે ચિંતા છે આજ્ઞાનને ઊહ,ન્યહા,તર્ક અથવા વ્યામિજ્ઞાન પણ કહે છે. (૨) વિચાર; ધ્યાન. (૩) કલેશ; કષાય; શોક.

ચિંતામણિ રત્ન :જે મણિને ચિંતવતાં ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય તે ચિંતામણિ રત્ન.

ચિતિ :ચૈતન્ય, ચિત્શક્તિ, જ્ઞાન, સમજ.

ચિતિશક્તિ :અજડત્વ અર્થાત્ ચેતનત્વ જેનું સ્વરૂપ છે. એવી ચિતિ શક્તિ; અજડત્વ સ્વરૂપ ચિતિશક્તિ.

ચિદ્ :ચિત્; જ્ઞાન. (૨) આનંદ.

ચિદ્ ઘન :જ્ઞાનનો પિંડ, અભેદ જ્ઞાયકનો પિંડ

ચિદ્બ્રહ્મસ્વરુપ :જ્ઞાતા-દ્રષ્ટારૂપ સ્વભાવ, સ્વ અને પરને જાણે, એવો સહજ સ્વભાવ.

ચિદ્ઘન :જ્ઞાન માત્ર.

ચિદ્રાય :પરમાત્મા

ચિદ્રુપ :જ્ઞાનરુપ, જાણવા-દેખવાના સ્વભાવવાળો (૨) જ્ઞાન સ્વરૂપ; જ્ઞાતા-દષ્ટા. (૩) ચિદ્ એટલે જ્ઞાન-દર્શન, રૂપ એટલે સ્વરૂપ; જ્ઞાનદર્શનમય સ્વરૂપ છે જેનું એવા સર્વ જીવ, આત્મા તે ચિદ્રૂપ. સર્વ કર્મમલ રહિત સંપૂર્ણ સહજ શુદ્ધ સ્વાભાવિક દશા જેણે પ્રગટ કરી છે તે સહજ આત્મસ્વરૂપ કે શુદ્ધ ચિદ્રૂપ તે જ શુદ્ધાત્મા, પરમાત્મા, પરમ પુરુષ.

ચિદ્રુપસ્વરૂપ :સ્વસ્વરૂપ; આત્મ સ્વરૂપ.

ચિદ્રાય :ચિદાનંદરૂપ આત્મા.

ચિદ્વૃત્તિ :ચૈતન્યની પરિણતિ.

ચિદ્વિકાર :ચૈતન્યવિકાર

ચિદ્વિવર્તન :આત્માનું પરિણમન.

ચિદાકર :જ્ઞાનાકાર

ચિદાનંદ :સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયે 'ચિદાનંદ' છે, એમ ભગવાન આત્મા શક્તિએ 'ચિદાનંદ' છે. ચિદાનંદ સ્વભાવ છે તો ચિદાનંદ પર્યાયે પ્રગટ થાય છે. (૨) જ્ઞાનાનંદ. (૩) સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયે, ચિદાનંદ છે. અમ ભગવાન આત્મા શક્તિ, એ ચિદાનંદ છે. ચિદાનંદ સ્વભાવ છે, તો ચિદાનંદ પર્યાય પ્રગટ થાય છે. (૪) ચિત્ + આનંદ) = જેને આત્મિક આનંદ હોય.

ચિન્તામણિ :ઈચ્છા કરવા માત્રથી ઈચ્છાનુસાર વસ્તુ દેવાવાળું, એક ખાસ રત્ન.

ચિન્મય :આત્મસ્વરૂપ; ચિદાત્મક; ચેતનરૂપ; ચૈતન્યસ્વરૂપ. (૨) આત્મજ્ઞાન; આત્મામય.

ચિન્મૂરત :જ્ઞાનરુપ

ચિન્માત્ર :ચૈતન્ય માત્ર (પરમ આત્મા કેવળચૈતન્યમાત્ર છે કે જે ચૈતન્ય અનંત શક્તિવાળું છે. (૨) જ્ઞાનમાત્ર (૩) શુદ્ધજ્ઞાન-ચિન્મય. (૪) ચૈતન્ય માત્ર (પરમ આત્મા માત્ર ચૈતન્યમાત્ર છે કે જે ચૈતન્ય અનંત શક્તિવાળું છે.)

ચિન્માત્ર આત્મા :ચિત્વભાવી આત્મા

ચિન્માત્ર જ્યાતિ :આત્મા (૨) જ્ઞાનમાત્ર આત્મા.

ચિન્માત્ર મૂર્તિ :આત્મા સર્વજ્ઞ સ્વભાવવી છે.

ચિન્યો :જાણ્યો

ચિર :બહુકાળ, લાંબો કાળ

ચિરકાળ :દીર્ઘકાળ

ચિરકાળ રહેતો નથી :અલ્પ કાળમાં મુક્ત થાય છે.

ચિરગ્રહણ :કોઈ પદાર્થને ધીમે ધીમે ઘણા વખતે જાણવો. અક્ષિપ્ત.

ચિદ્વિવર્ત :ચૈતન્યનો પલટો અર્થાત્ ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષય ને જાણવારૂપે પલટાવું તે ; ચિત્શક્તિનું અન્ય અન્ય જ્ઞેયોને જાણા રૂપે પરિણવું તે

ચિરસંચિત :લાંબાકાળથી સંચય પામેલા

ચિહ્ન :લક્ષણ.

ચીકણાં :અત્યંત કઠિનતાથી દૂર થઈ શકે તેવાં મહાન.

ચીન :માન; જાણ; ચીનવું = ઓળખવું; જાણવું.

ચેકના :ચતના ત્રણ પ્રકારની છે ૧. કર્મફળ ચેતના- એકેન્દ્રિય જીવ અનુભવે છે. ૨. કર્મ ચેતના વિકલેન્દ્રિય (બે ઈન્દ્રિયથી ચાર ઈન્દ્રિય) તથા પન્રોન્દ્રિય અનુભવે છે. ૩. જ્ઞાનચેતના- સિદ્ધ પર્યાય અનુભવે છે.

ચો વિહાર :રાત્રે ચાર પ્રકારના આહારનો ત્યાગ :- ૧. ખાદ્ય-જેથી પેટ ભરાય, જેમ રોટલી આદિ; ૨. સ્વાદ્ય - સ્વાદ લેવા યોગ્ય, જેમ એલચી; ૩. લેહ્ય - ચાટવા યોગ્ય પદાર્થ જેમ કે રાબડી; ૪. પેય - પીવા યોગ્ય જેમ પાણી,દૂધ ઈત્યાદિ.

ચોડવવું :પકડવું, રાંધવું

ચોથું ગુણસ્થાન :ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દર્શન થતાં શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે. જ્યારે દેહાદિ તથા રાગાદિથી ભિન્ન કેવળ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે સ્વાનુભવ-સ્વરૂપચરણ પ્રગટે છે, પણ ચારિત્રગુણ પૂરો ઉઘડ્યો નથી.

ચોભંગી :ચાર ભેદ.

ચોળ :મજીઠ; રાતું અને લાલ સાથે ખૂબ એ અર્થમાં.

ચોવિચાર :ચારે પ્રકારના આહારનો ત્યાગ, ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય (અન્ન, સુખડી, મુખવાસ અને પાણી) આ પ્રકારના ચારે આહારનો ત્યાગ તેને ચૌવિહાર કહે છે.

ચોવિહાર પ્રત્યાખ્યાન :રાત્રે ચાર પ્રકારના આહાર એટલે અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યનો ત્યાગ-અશન = રોટલા, ભાત, પકવાન્ન વગેરે. પાન = પાણી વગેરે, ખાદ્ય = ફળ, મેવો વગેરે. સ્વાદ્ય = પાનસોપારી, એલચી, લવીંગ વગેરે.

ચોવીસ તીર્થંકરોના દેહના રંગો :સોળ તીર્થંકર સોનાવર્ણે હતા, બે રાતા વર્ણે બે ધોળા વર્ણે, બે નીલ વર્ણે અને બે અંજનવર્ણે હતા

ચોવીસ તીર્થંકરોના નામ :(૧) શ્રી વૃષભ, (૨) અજિત, (૩) સંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ, (૬) પદ્મપ્રભ, (૭) સુપાર્શ્વ, (૮) ચંદ્રપ્રભ, (૯) પુષ્પદંત, (૧૦) શીતલ, (૧૧) શ્રેયાંસ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલ,

(૧૪) અનંત, (૧૫) ધર્મ, (૧૬) શાંતિનાથ, (૧૭) કંથુનાથ, (૧૮) અરનાથ, (૧૯) મલ્લિનાથ, (૨૦) મુનિસુવ્રત, (૨૧) નમિનાથ, (૨૨) નેમીનાથ, (૨૩) પાર્શ્વનાથ અને (૨૪) વર્ધમાન એ નામના ધારક ચોવીસ તીર્થંકર આ ભરતક્ષેત્રમાં વર્તમાન ધર્મતીર્થના નાયક થયા.

ચોવીસ દંડક :૧ નરક, ૧૦ અસુરકુમાર, ૧ પૃથિવીકાય, ૧ જલકાય, ૧ અગ્નિકાય, ૧ વાયુકાય, ૧ વનસ્પતિકાય, ૧ તિર્યંચ, ૧ બે ઈંદ્રિય, ૧ તે ઈંદ્રિય, ૧ ચતુરિન્દ્રિય, ૧ મનુષ્ય, ૧ વ્યંતર, ૧ જ્યોતિષીદેવ, અને ૧ વૈમાનિકદેવ એમ ૨૪ દંડક છે.

ચોસઠ પહોરી :પૂરો રૂપિયે રૂપિયો – એક રૂપિયાના ચોસઠ પૈસા અગાઉ આવતા. પૂરે પરો રૂપિયો એટલે ચોસઠ પૈસા પૂરા. એક રૂપિયાના સોળ આના અને એક આનાના ચાર પૈસા.

ચોંસઠ પહોરી તીખાશ :પૂરણ સોળ આની તીખાશ. (લીંડી પીપરમાં અંદર શક્તિરુપે ભરી છે. તેને ઘૂંટવાથી તેમાંથી ૬૪ પહોરી તીખાશ બહાર પ્રગટ થાય છે.)

ચૈતન્યના અનંત વિલાસ સ્વરૂપ :ચૈતન્યના અંગત આનંદખેલ સ્વરૂપ

ચૌદ ગુણસ્થાન :સંસારમાં મગ્ન થઈ રહેલાં પ્રાણી જે માર્ગ ઉપર ચાલતાં શુદ્ધ થઈ જાય છે તે માર્ગની ચૌદ સીડીઓ છે. એ સીડીઓનો પાર પામીને આ જીવ સિદ્ધ પરમાત્મા થઈ જાય છે. એ ચૌદ વર્ગ કે દરજ્જા છે. ભાવોની અપેક્ષાએ એકબીજાથી ઊંચા ઊંચા છે. મોહનીય કર્મતથા મન, વચન, કાય યોગોના નિમિત્તથી આ ગુણસ્થાન બન્યાં છે. આત્મામાં નિશ્ચયનયથી તે નથી. અશુભ નિશ્ચયનય અથવા વ્યવહારનયથી એ ગુણસ્થાન આત્માના કહેવાય છે. મોહનીય કર્મના મૂલ બે ભેદ છે. એક દર્શન મોહનીય, બીજું ચારિત્ર મોહનીય. દર્શનમોહનીયના ત્રણ ભેદ છે, મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ મોહનીય.

જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન ગુણનું વિપરીત પરિણામ થાય; મિથ્યાદર્શનરૂપ થાય; જે વડે આત્મા કે અનાત્માનું ભેદવિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે નહિ તે મિથ્યાત્વકર્મ છે.

જેના ઉદયથી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનાં મિશ્ર પરિણામ થાય તે કર્મને સમ્યગ્મિથ્યાત્વ અથવા મિશ્રકર્મ કહે છે.

જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન રહે, કોઈ દોષ, મલ કે અતિચાર લાગે તેને સમ્યક્ત્વમોહનીય કહે છે.

ચારિત્ર મોહનીયના પચ્ચીસ ભેદ છે :-

ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ-દીર્ઘકાળ સ્થાયી. કઠિનતાથી મટે સેવા, જેના ઉદયથી સમ્યગ્દર્શન કે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થતું નથી. તેના હઠવાથી પ્રગટ થાય છે તે.

ચાર અપ્રત્યાખ્યાનાવરણ કષાય-કેટલોક કાળ રહે તેવા ક્રોધાદિ, જેના ઉદયથી એક દેશ શ્રાવકનું ચારિત્ર ગ્રહણ કરી શકાતું નથી તે.

ચાર પ્રત્યાખ્યાનાવરણ કષાય-જે ક્રોધાદિના ઉદયથી મુનિનો સંયમ ગ્રહણ કરી શકાતો નથી.

ચાર સંજવલન ક્રોધાદિ અને નવનો કષાય-નો=નહિજેવા-અલ્પ કષાય હાસ્ય, રતિ, અરતિ, શેક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુંવેદ, નપુંસકવેદ,-એના ઉદયથી પૂર્ણ ચારિત્ર (યથાખ્યાત) થતું નથી.

ચૌદ ગુણસ્થાનકોનાં નામ :(૧) મિથ્યાત્વ, (૨) સાસાદન, (૩) મિશ્ર, (૪) અવિરત સમ્યક્ત્વ, (૫) દેશવિરત, (૬) પ્રમત્ત વિરત, (૭) અપ્રમત્ત વિરત, (૮) અપૂર્વ કરણ, (૯) અનિવૃત્તિ કરણ, (૧૦) સૂક્ષ્મ સાંપરાય, (૧૧) ઉપશાંત મોહ, (૧૨) ક્ષીણ મોહ, (૧૩) સયોગ કેવલી જિન, (૧૪) અયોગ કેવલી જિન.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાન=જ્યાં સુધી અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ કર્મનો ઉદય ચાલુ હોય છે ત્યાં સુધી મિથ્યાત્વ ગુણસ્થાન રહે છે. આ શ્રેણીમાં જીવ સંસારમાં લિપ્ત, ઈન્દ્રિયોનો હાસ, બહિરાત્મા, આત્માની શ્રદ્ધારહિત, અહંકાર મમકારમાં ફસેલો રહે છે. શરીરને જ આત્મા માને છે. પ્રાયે સંસારી જીવ આ શ્રેણીમાં હોય છે.

આ શ્રેણીથી જીવ તત્ત્વજ્ઞાન પામીને જ્યારે સમ્યગ્દષ્ટિ થાય છે ત્યારે અનંતાનુબંધી ચાર કષાય તથા મિથ્યાત્વકર્મનો ઉપશમ કરીને ઉપશમ

સમ્યગ્દષ્ટિ થાય છે. આ ઉપશમ અર્થાત્ ઉદયને દબાવી દેવું તે એક અંતમુહૂર્તથી અધિક થતો નથી. ઉપશમ સમ્યક્ત્વના વખતમાં મિથ્યાત્વકર્મનાં પુદ્ગલના ત્રણ વિભાગો થઈ જાય છે-મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વમોહનીય. અંતરમુહૂર્ત પૂરું થતાં પહેલાં જો એકદમ અનંતાનુબંધી કષાયનો ઉદય આવી જાય તો મિથ્યાત્વનો ઉદય ન થાય ત્યાં સુધી આ જીવ, ઉપશમ સમ્યક્ત્વથી પામેલા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી પડીને બીજા સાસાદન ગુણસ્થાનમાં રહે છે. જો કદાચિત્ મિથ્યાત્વનો ઉદય આવ્યો તો ચોથેથી એકદમ પહેલા ગુણસ્થાનમાં આવી જાય છે. જો સમ્યગ્મિથ્યાત્વનો ઉદય આવે તો ચોથેથી ત્રીજા મિશ્રગુણસ્થાનમાં આવી જાય છે. જો ઉપશમ સમ્યક્ત્વને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય આવી જાય તો ઉપશમ સમ્યક્ત્વ ને બદલે સમ્યક્ત્વ થઈ જાય છે. ગુણસ્થાન ચોથું જ રહે છે.

(૨) સાસાદન ગુણસ્થાન=ચોથેથી પડવાથી થાય છે. પછી મિથ્યાત્વમાં નિયમથી આવી પડે છે. અહીંયા ચારિત્રની શિથિલતાના ભાવ હોય છે.

(૩) મિશ્ર ગુણસ્થાન=ચોથેથી પડવાથી અથવા પહેલેથી ચડવાથી પણ થાય છે. અહીં સમ્યક્ત્વ અને મિથ્યાત્વના મિશ્ર પરિણામ દૂધ અને ગોળના મિશ્ર પરિણામના જેવા થાય છે. સત્ય અસત્ય બન્ને શ્રદ્ધા મિશ્રરૂપે હોય છે, અંતમુહૂર્ત રહે છે. પછી પહેલામાં આવે છે કે ચોથામાં ચઢી જાય છે.

(૪) અવિરત સમ્યક્ત્વ=આ ગુણસ્થાનમાં ઉપશક સમ્યક્ત્વી અંતમુહૂર્ત રહે છે. ક્ષયોપશમ સમ્યક્ત્વી વધારે પણ રહે છે. જે અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીયની ત્રણે પ્રકૃતિઓનો ક્ષય કરી દે છે તે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે ક્ષયિક છૂટતું નથી. ક્ષયોપશમ સમ્યક્ત્વમાં મોહનીયના ઉદયથી મલીનતા થાય છે. આ શ્રેણીમાં આ જીવ મહાત્મા કે અંતરાત્મા થઈ જાય છે. આત્માને આત્મારૂપ જાણે છે. સંસારને કર્મનું નાટક સમજે છે. અતીન્દ્રિય સુખનો પ્રેમી થઈ જાય છે. ગૃહવાસમાં રહેતાં, અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પ કે વિદ્યાકર્મથી આજીવિકા કરે છે, રાજ્યપ્રબંધ કરે છે, અન્યાયી શત્રુના દમનને અર્થે યુદ્ધ પણ કરે છે. તે વ્રતોને નિયમરૂપે પાલતો નથી, માટે એને અવિરત કહે છે. તથાપિ એનાં ચાર લક્ષણ હોય છે.

(૧) પ્રશમ-શાંતભાવ,

(૨) સંવેગ-ધર્માનુરાગ-સંસારથી વૈરાગ્ય,

(૩) અનુકંપા-દયા,

(૪) આસ્તિક્ય-આત્મા અને પરલોકમાં વિશ્વાસ-આ શ્રેણીવાળાને છએ લેશ્યાઓ હોઈ શકે છે. સર્વે સંજ્ઞી પંચેન્દ્રિય, તિર્યંચ, મનુષ, દેવ, નારકી આ ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે છે. આ દશા મોક્ષમાર્ગનું પ્રવેશાદ્વાર છે. એ પ્રવેશભૂમિકા છે. આ ગુણસ્થાનનો કાળ ક્ષાયિક કે ક્ષયોપશમની અપેક્ષાએ ઘણો છે.

(૫) દેશવિરત=જ્યારે સમ્યક્ત્વી જીવને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય હોતો નથી અને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ક્ષયોપશમ કે મંદ ઉદય હોય છે, ત્યારે શ્રાવકનાં વ્રતોને પાળે છે. એકદેશ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ અને પરિગ્રહથી વિરક્ત રહે છે. પાંચ અણુવ્રત તથા સાત શીલને પાળતાં સાધુપદની જ ભાવના ભાવે છે. આ ચારિત્રનું વર્ણન આગળ કરાશે. આ ગુણસ્થાનમાં રહેતાં શ્રાવક ગૃહીકાર્યને કરે છે અને ધીરે ધીરે ચારિત્રની ઉન્નતિ કરતાં કરતાં સાધુપદમાં પહોંચે છે. એનો કાળ થોડામાં થોડો અંતમુહૂર્ત અને વધારેમાં વધારે જીવનપર્યંત છે. આ શ્રેણીને પંચેન્દ્રિય સંજ્ઞી પશુ તથા મનુષ્ય ધારણ કરી શકે છે. છઠ્ઠા પદથી માંડી નીચે જણાવેલાં બધાં ગુણસ્થાન મનુષ્યને જ હોય છે.

(૬) પ્રમત્ત વિરત=જ્યારે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ થઈ જાય છે ત્યારે અહિંસાદિ પાંચ મહાવ્રતોનો પાળનાર મહાવ્રતી મહાત્મા થઈ જાય છે. હિંસાદિનો પૂર્ણ ત્યાગ છે તેથી મહાવ્રતી છે. તથાપિ આ ગુણસ્થાનમાં આહાર, વિહાર ઉપદેશાદિ કરાય છે. તેથી પૂર્ણ આત્મસ્થ હોતા નથી અને કંઈક પ્રમાદ છે. તેથી તેને પ્રમત્તવિરત કહે છે. એનો કાળ અંતમુહૂર્તથી અધિક નથી.

(૭) અપ્રમત્તવિરત=જ્યારે મહાવ્રતી ધ્યાનસ્થ થાય છે, બિલકુલ પ્રમાદ હોતો નથી ત્યારે આ શ્રેણીમાં હોય છે એનો કાલ પણ અંતમુહૂર્તથી અધિક નથી. મહાવ્રતી ફરી ફરી આ છઠ્ઠાથી સાતમા ગુણસ્થાન આવતો, ચઢતો રહે છે. હિંડોળાની માફક છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે જવું આવવું, આઠમે ન જાય ત્યાં સુધી થયા કરે છે.

આઠમા ગુણસ્થાનથી બે શ્રેણિયો છે-એક ઉપશમ શ્રેણી, બીજી ક્ષપક શ્રેણી. જ્યાં કષાયોનો ઉપશમ કરવામાં આવે, ક્ષય કરવામાં ન આવે, તે ઉપશમ શ્રેણી છે, જ્યાં કષાયોનો ક્ષય કરવામાં આવે તે ક્ષયક શ્રેણી છે. ઉપશમ શ્રેણી આઠમા, નવમા, દશમા અને અગિયારમા ગુણસ્થાનક સુધી હોય છે. પછી નિયમથી ધીમે ધીમે પડીને સાતમામાં આવી જાય છે. ક્ષપકશ્રેણીમાં પણ ચાર ગુણસ્થાન છે. આઠમું, નવમું, દશમું અને બારમું. ક્ષપકવાળો ૧૧માનો સ્પર્શ કરતો નથી, બારમામાંથી તેરમામાં જાય છે.

(૮) અપૂર્વ કરણ=અહીં ધ્યાની મહાવ્રતી મહાત્માના અપૂર્વ ઉત્તમભાવ હોય છે, શુક્લ ધ્યાન હોય છે, અંતમુહૂર્તથી અધિક કાળ નથી.

(૯) અનિવૃત્તિકરણ=અહીં ધ્યાની મહાત્માના બહુ જ નિર્મળ ભાવ હોય છે. શુક્લ ધ્યાન હોય છે. ધ્યાનના પ્રતાપથી સૂક્ષ્મ લોભ સિવાયના સર્વે કષાયોનો ઉપશમ કે ક્ષય કરી દે છે. કાળ અંતમુહૂર્તથી અધિક નથી.

(૧૦) સૂક્ષ્મ સામ્પરાય=અહીં ધ્યાની મહાત્માને એક સૂક્ષ્મ લોભનો જ ઉદય રહે છે, તેનો સમય પણ અંતમુહૂર્તથી અધિક નથી.

(૧૧) ઉપશાંત મોહ=જ્યારે મોહકર્મ બિલકુલ દબાઈ જાય છે ત્યારે આ અવસ્થા અંતમુહૂર્ત માટે થાય છે. યથાખ્યાત ચારિત્ર અથવા આદર્શ વીતરાગતા પ્રગટ થાય છે.

(૧૨) ક્ષીણ મોહ=મોહનો બિલકુલ ક્ષય, ક્ષપકશ્રેણી દ્વારા ચઢતાં, દશમા ગુણસ્થાનકમાં થઈ જાય છે ત્યારે ત્યાંથી (દશમામાંથી) સીધો અહીં આવીને અંતમુહૂર્ત ધ્યાનમાં સ્થિર થાય છે. શુક્લધ્યાનના બળથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો નાશ કરી દે છે અને કેવલજ્ઞાનનો પ્રકાશ થતાં અરિહંત પરમાત્મા કહેવાય છે. ગુણસ્થાન તેરમું થઈ જાય છે.

(૧૩) સયોગી કેવલી જિન=અરિહંત પરમાત્મા ચાર ઘાતિયાં કર્મોનો ક્ષય થવાથી અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર એ નવ કેવલ લબ્ધિઓથી વિભૂષિત થઈ જન્મપર્યંત આ પદમાં રહે છે, ધર્મોપદેશ દે છે, વિહાર કરે છે, ઈન્દ્રાદિ ભક્તજન તેમની બહુ ભક્તિ કરે છે.

(૧૪) અયોગી કેવલી જિન=અરિહંતના આયુષ્યમાં અ, ઈ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વ (સ્વર) અક્ષરના ઉચ્ચાર કરવા જેટલો વખત બાકી ત્યારે આ ગુણસ્થાન હોય છે. આયુષ્યના અંતમાં બાકીના અઘાતિય કર્મ આયુ, નામ, ગોત્ર, વેદનીયનો પણ નાશ થઈ જાય છે અને એ આત્મા સર્વ કર્મરહિત થઈને સિદ્ધ પરમાત્મા થાય છે. જેમ શેકેલા ચણા ફરી ઉગતા નથી તેમ સિદ્ધ પરમાત્મા સંસારી થતા નથી. ચૌદ જીવસમાસ, ચૌદમાર્ગણા, ચૌદ ગુણસ્થાન એ સર્વે વ્યવહાર કે અશુદ્ધનયથી સંસારી જીવોનાં હોય છે. જીવસમાસ એક કાલના એક જીવને એક જ હોય, વિગ્રહગતિનો સમય અપર્યાપ્ત ગર્ભિત છે. માર્ગણાઓ ચૌદેય એક સાથે હોય છે જે આગળ દેખાડી ચૂક્યા છીએ, ગુણસ્થાન એક જીવને એક સમયમાં એક જ હોય.

ચૌદ જીવ સમાસ :(૧) એકેન્દ્રિય સૂક્ષ્મ એવાં પ્રાણી આખા લોકમાં ભર્યા છે કે જે કોઈને બાધક નથી, તેમ કોઈથી બાધા પામતા નથી. સ્વયં મરે છે. (૧) એકેન્દ્રિય બાદર જે બાધા પામે છે અને બાધક છે. (૩) દ્રીન્દ્રિય (૪) ત્રીન્દ્રિય (૫)ચતુરિન્દ્રિય (૬)પંચેન્દ્રિય અસંજ્ઞી (મન વગરના) (૭) પંચેન્દ્રિય સંજ્ઞી. એ સાત સમૂહ કે સમાસ પર્યાપ્ત તથા અપર્યાપ્ત એમ બે પ્રકારના હોય છે. એવી રીતે ચૌદ જીવ સમાસ છે.

ચૌદ પૂર્વ :૧. ઉત્પાદપૂર્વ, ૨. આગ્રાયણીય પૂર્વ, ૩. વીર્યાનુવાદ પૂર્વ, ૪. અસ્તિનાસ્તિપ્રવાહ, ૫. જ્ઞાન પ્રવાહ, ૬. સત્ય પ્રવાહ, ૭. આત્મપ્રવાહ, ૮. કર્મપ્રવાહ, ૯. પ્રત્યાખ્યાન પૂર્વ, ૧૦. વિદ્યાનુવાદ પૂર્વ, ૧૧. કલ્યાણવાદ, ૧૨. પ્રાણવાદ-પૂર્વ, ૧૩ ક્રિયાવિશાલ પૂર્વ, ૧૪. ત્રિલોકબિંદુ સારપૂર્વ. આ ચૌદ કહેવાય છે. (ગોમ્મટસાર, જીવકાંડ)

ચૌદ પૂર્વધારી :ચૌદ પૂર્વને જાણનાર; શ્રુતકેવળી, શ્રી ભદ્રબાહુસ્વામી ચૌદપૂર્વ જાણનારા હતા.

ચૌદ માર્ગણાઓ :સંસારી જીવોની એવી અવસ્થાઓ હોય છે કે જ્યાં શોધવાથી તે મળી શકે તે ચૌદ હોય છે જેને માર્ગણા કહે છે.

(૧) ગતિ, (૨) ઈન્દ્રિય, (૩) કાય, (૪) યોગર્દ, (૫) વેદ, (૬) કષાય, (૭) જ્ઞાન, (૮) સંયમ, (૯) દર્શન, (૧૦) લેશ્યા, (૧૧) ભવ્ય (૧૨) સમ્યકત્વ, (૧૩) સંજ્ઞી, (૧૪) આહાર-એના વિશેષ ભેદ આ પ્રકારે છે :-

(૧) ચાર ગતિ=નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

(૨) ઈન્દ્રિય પાંચ=સ્પર્શન, રસના, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર.

(૩) કાય છ=પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય.

(૪) યોગ ત્રણ=મન, વચન, કાય અથવા પંદર યોગ-સત્ય મન, અસત્ય મન, ઉભય મન, અનુભય મન, સત્ય વચન, અસત્ય વચન, ઉભય વચન, અનુભય વચન, ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિયિક, વૈક્રિયિક મિશ્ર, આહારક, આહારક મિશ્ર, કાર્માણા-જે વિચાર કે વચનને સત્ય કે અસત્ય કાંઈ ન કહેવાય તે અનુભય કહે છે. મનુષ્ય તિર્યંચોના સ્થૂલ શરીરને ઔદારિક કહે છે. એને અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકમિશ્રયોગ કહે છે. પર્યાપ્ત અવસ્થામાં ઔદારિક યોગ હોય છે. દેવ કે નારડિયોના સ્થૂલ શરીરને વૈક્રિયિક કહે છે. એને અપર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયિક મિશ્રયોગ કહે છે. પર્યાપ્ત અવસ્થામાં વૈક્રિયિક યોગ હોય છે. આહારક સમુદ્‌ઘાતમાં જે આહારક શરીર બને છે તેની અપર્યાપ્ત અવસ્થામાં આહારક મિશ્રયોગ હોય છે. પર્યાપ્ત અવસ્થામાં આહારકયોગ હોય છે. એક શરીરને છોડીને બીજા શરીરને પ્રાપ્ત કરતી વખતે વચમાંની વિગ્રહગતિમાં કાર્માણયોગ હોય છે. જેના નિમિત્તથી આત્માના પ્રદેશ સકંપ થાય અને કર્મોનું ખેંચાણ થાય તેને યોગ કહે છે. પંદર પ્રકારના એવા યોગ છે. એક સમયમાં એક યોગ હોય છે.

(૫) વેદ ત્રણ=સ્ત્રીવેદ, પુંવેદ, નપુંસકવેદ-જેનાથી ક્રમથી પુરુષભોગ, સ્ત્રીભોગ કે ઉભયભોગની ઈચ્છા થાય.

(૬) કષાય ચાર=ક્રોધ, માન, માયા, લોભ.

(૭) જ્ઞાન આઠ=મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ અને કુમતિ, કુશ્રુતિ, કુઅવધિ.

(૮) સંયમ સાત=સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત, અસંયમ.

(૯) દર્શન ચાર= ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ.

(૧૦) લેશ્યા છ=કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ, શુક્લ-કષાયોના ઉદયથી અને મન, વચન, કાયયોગોના ચલનથી જે ભાવ શુભ કે અશુભ થાય છે તેને બતાવવાળી છ લેશ્યાઓ છે, પહેલી ત્રણ અશુભ છે. શેષ શુભ છે. ઘણા જ ખોટા ભાવ અશુભતમ કૃષ્ણ લેશ્યા છે. અશુભતર નીલ છે, અશુભ કપોત છે. થોડા શુભ ભાવ પીત લેશ્યા છે, શુભતર પદ્મ છે અને શુભતમ શુક્લ છે.

(૧૧) ભવ્ય બે=જેને સમ્યક્‌ત્વ થવાની યોગ્યતા છે તે ભવ્ય, જેની યોગ્યતા નથી તે અભવ્ય છે.

(૧૨) સમ્યક્‌ત્વ છ=ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર-એનું સ્વરૂપ નીચે જણાવેલા ગુણસ્થાનકના મથાળામાં જુઓ.

(૧૩) સંજ્ઞી બે=મનસહિત સંજ્ઞી, મનરહિત અસંજ્ઞી.

(૧૪) આહાર બે=આહાર, અનાહાર. જે સ્થૂલ શરીરને બનવા યોગ્ય પુદ્‌ગલને ગ્રહણ કરવું તે આહાર-ન ગ્રહણ કરવું તે અનાહાર.

સામાન્ય દૃષ્ટિથી આ ચૌદ માર્ગણાઓ એક સાથે દરેક પ્રાણીમાં મળી આવે છે. જેમ દૃષ્ટાંત માખી અને મનુષ્યનું લઈએ તો આ પ્રમાણે મળી આવશે.

	માખીને	માનવને
૧	તિર્યસગતિ	મનુષ્ય ગતિ
૨	ઈન્દ્રિય ચાર	ઈન્દ્રિય પાસ
૩	ત્રસ કાય	ત્રસ કાય
૪	વચન અને કાય	મન,વચન અને કાચ
૫	નપુંસક વેદ	સ્ત્રી,પુરુષ કે નપુંસક
૬	કષાય ચારે	કષાય ચારે
૭	કુમતિ,હશ્રુત	આકય જ્ઞાન હોઈ શકે

૮	અસંયમ	સાતેય સંયમ હોઈ શકે
૯	ચક્ષુ અને અચક્ષુ દર્શન	ચારેય દર્શન હોઈ શકે
૧૦	કૃષ્ણ,નીલ,કયાષ લેશ્યા	છએ લશ્યાઓ હોઈ શકે છે
૧૧	ભવ્ય કે અભવ્ય હોઈ	ભવ્ય કે અભવ્ય હોઈ
૧૨	મિથ્યાત્વ	છ એ સમાકત્વ હોઈ શકે
૧૩	અસંજ્ઞી	સંજ્ઞી
૧૪	આહાર કે અનાહાર	આહાર કે અનાહાર

ચૌદ વ્રત :શ્રાવકને ચૌદ વ્રત હોય છે. તેના નામ આ પ્રમાણે છે : પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત, ચાર શિક્ષા વ્રત, એક સંલેખના અને એક સમ્યકત્વ. આ રીતે શ્રાવકને ચૌદ વ્રત હોય છે.

ચૌદમું ગુણસ્થાન :હજી ચાર અઘાતિકર્મ બળેલા દોરડી જેવાં વિદ્યમાન છે, પણ તે બાધક નથી. અને આયુષ્ય પૂર્ણ થતાં સુધી, તેની સ્થિતિ છે. આયુષ્ય પૂરું થતાં દેહમાં રહેવાની જીવની સ્થિતિ પૂરી થાય છે. અને મુક્તિ પામે છે; ફરી અવતાર થતો નથી.

ચૌદમા ગુણસ્થાને બાકીના ચાર અઘાતી આવરણ છૂટવાનો કાળ પાંચ હ્રસ્વ સ્વર (અ,ઈ,ઉ.ઋ, લૃ) કહીએ તેટલો છે. તેટલો વખત ચૌદમું અયોગી ગુણસ્થાન છે. ત્યાં આત્મપ્રદેશોનું કંપન નથી, તથા કોઈ પણ કર્મ પરમાણુંનો આસ્રવ નથી. ઉપર કહ્યા તે પાંચ હ્રસ્વ સ્વરો કહેવા જેટલો કાળ પૂરો થતાં આયુ, નામ, ગોત્ર અને વેદનીય એ ચારે કર્મોની સ્થિતિ પૂરી થઈ આત્મા અવિનાશી મુક્ત સિદ્ધદશાને પામે છે.

ચૌવ્યાહાર :ચો વિહાર =સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં અન્ન, પાણી, સુખડી કે મુખવાસ ન લેવાનું વ્રત, એ ચૌવિહાર.

ચૌવિહાર :ચાર પ્રકારનાં ભોજન-અન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય આહારને, રાત્રિ વિષે ભોગવાતો નથી. તેને ચૌવિહાર-રાત્રિ ભોજન ત્યાગ કહેવાય છે.

ચ્યુત થવું :સ્થાનથી છૂટવું.

છ આવશ્યક :૧.સામાયિક, ૨.વંદન, ૩.ચોવીશ તીર્થંકરોની અથવા પંચપરમેષ્ટીની સ્તુતિ, ૪.પ્રતિક્રમણ, ૫.સ્વાધ્યાય, ૬.કાયોત્સર્ગ. (૨) આવશ્યકના છ પ્રકાર છે :-સામાયિક, ચોવીસથ્થો, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. સામાયિક એટલે સાવદ્યયોગની નિવૃત્તિ. સામાયિક શાસ્ત્રકારે વિચાર કર્યો કે કાયાને સ્થિર રાખવાની હશે, તો પછી વિચાર કરશે, બંધ નહીં બાંધ્યો હોય તો બીજા કામે વળગશે એમ જાણી તેવા પ્રકારનો બંધ બાંધ્યો. જેવાં મન પરિણામ રહે તેવું સામાયિક થાય. મનના ઘોડા દોડતા હોય તો કર્મબંધ થાય. મનના ઘોડા દોડતા હોય, અને સામાયિક થાય-કર્યું હોય તો તેનું ફળ તે કેવું થાય ? (૩) સામાયિક, ચોવિસ જિનના સ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્ચખાણ . આ છ યે આવશ્યક જીવને હિતકારી છે.

છ આવશ્યક ક્રિયા :સામાયિક, સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન, આ છયે ક્રિયા આત્માની ઓળખાણ પૂર્વકની આ એક નિચિત્ત સ્તુતિમાં સમાઈ જાય છે.

(૧) સામાયિક :- પોતાના જ્ઞાન સ્વભાવની એકાગ્રતા થતાં, પુણ્ય સારા અને પાપ ખરાબ, એવો નિયમભાવ છૂટી ગયો અને પુણ્ય થાય બન્ને મારુ સ્વરૂપ નહિ, એમ સમભાવ તેનો જ્ઞાતા રહી ગયો, તે જ સાચી સામાયિક છે.

(૨) સ્તુતિ = પહેલાં પરમાં એકાગ્રતા કરીને, જ્ઞાન સ્વભાવને ભૂલી જતો, હવે જ્ઞાન સ્વભાવની એકાગ્રતા કરી, તે જ સાચી સ્તુતિ, તેમાં અનંતા કેવળી-સિદ્ધ ભગવંતોની સ્તુતિ આવી જાય છે.

(૩) વંદન = પહેલાં વિકારથી લાભ માનીને, વિકારમાં ઢળી જતો તેને બદલે હવે વિકારથી, જુદુ સ્વરૂપ જાણીને સ્વમાં ઢળ્યો, તે જ સાચું વંદન, તેમાં અનંત તીર્થંકર ભગવાનોને વંદન આવી જાય છે.

(૪) પ્રતિક્રમણ = પહેલાં શુભરાગથી આત્માને લાભ માનતો, અનાદર અને મિથ્યાત્વના મહાન પાપનું સેવન હતું, પણ હવે સાચી ઓળખાણ કરી કે મારું જ્ઞાન પરને લીધે થતું નથી. અને શુભરાગથી મને ધર્મ થતો નથી. એટલે સાચી સમજણ વડે મિથ્યાત્વ મહાન પાપથી પાછો ફર્યો, તે જ સાચું પ્રતિક્રમણ છે, સાચી સમજણ થતાં ક્ષણે ક્ષણે અસત્ ના અનંત પાપથી પાછો ફરી ગયો છે.

(૫) પ્રત્યાખ્યાન = પહેલાં ઊંધી સમજણ વડે, હું પર પદાર્થોનું કરી શકું અને પર પદાર્થ તેમજ પુણ્યથી મને લાભ થાય એમ માનીને અનંત પરદ્રવ્યોનું અને વિકારનું સ્વામીત્વ માનતો હતો. તે મહા અપ્રત્યાખ્યાન હતું. હવે હું કોઈ પરનું કહે ન કરું, પર મારું ન કરે. પાપ-પુણ્ય મારું સ્વરૂપ નહિ, એવી સાચી સમજણ થતાં અનંત પર દ્રવ્યો અને વિકારનું સ્વામીત્વ છૂટી ગયું, એ જ ખરું પ્રત્યાખ્યાન છે.

(૬) કાયોત્સર્ગ = પહેલાં શરીરની બધી ક્રિયાનો કર્તા થતો હતો, પણ હવે એમ સમજ્યો કે હું તો જાણનાર છું, શરીરની એકપણ ક્રિયા મારાથી થતી નથી, શરીરની કોઈ ક્રિયાથી મને લાભ-નુકશાન નથી, આ રીતે શરીરથી ઉદાસીન થઈને જાણનાર રહી ગયો, તે જ કાયોત્સર્ગ છે, આ રીતે છએ આવશ્યક ક્રિયાઓ એક નિશ્ચય સ્તુતિમાં આવી જાય છે, અને આ નિશ્ચય સ્તુતિ, તે પોતાના એકત્વ સ્વરૂપ પરથી અને વિકાર પરથી અને વિકારી ભિન્ન જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માની સાચી સમજણ છે. આવી સાચી સમજણ કરનારા સમ્યગ્દષ્ટિ જીવો જિનેશ્વરદેવના લઘુ નંદન છે.

છ કાય :પાંચ સ્થાવરકાય (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય) અને છઠ્ઠી ત્રસકાય મળી જીવરાશિને છ કાય કહે છે. (૨) પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય, એમ છ કાયના જીવો છે.

છ કાયની વિરાધના :શ્રમણ સંઘને શુદ્ધાત્મપરણિતિના રક્ષણમાં નિમિત્તભૂત એવી જે ઉપકાર પ્રવૃત્તિ, શુભોપયોગી શ્રમણો કરે છે. તે પ્રવૃત્તિ છ કાયના વિરાધના વિનાની હોય છે, કારણ કે તેમણે (શુભપયોગી શ્રમણોએ) સંયમની પ્રતિજ્ઞા લીધેલી હોય છે.

છ કારકો :રાગ-દ્વેષનો હું કર્તા રહ્યો નથી, રાગદ્વેષ મારાં કામ-કર્મ, રહ્યાં નથી, રાગ-દ્વેષનું સાધન-કરણ નથી, રાગ દ્વેષને મેં રાખ્યાં (સંપ્રદાન) નથી, રાગ-દ્વેષ મારામાંથી (અપાદાન) થયા નથી અને રાગ-દ્વેષતે મારા આધારે (અધિકરણ) રહ્યા નથી.

આ કોણ વિચારે છે ? ધર્મી-જ્ઞાની જીવ વિચારે છે કે મારા સ્વભાવમાં આ છ પ્રકારો છે જ નહિ, મારા આધારે આ રાગ-દ્વેષ થયો હોય તેમ ત્રણ કાળમાં છે જ નહિ.

(૧) કર્તા :- જે સ્વતંત્રતાથી (સ્વાધીનતાથી) પોતાના પરિણામ કરે, તે કર્તા છે. (પ્રત્યેક દ્રવ્ય પોતાનામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી, પોતાના જ પરિણામોનો કર્તા છે.)

(૨) કર્મ :- કર્તા જે પરિણામોને પ્રાપ્ત કરે છે, તે પરિણામ, તેનું કર્મ છે.

(૩) કરણ :- તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટસાધનને કરણ કહે છે.

(૪) સંપ્રદાન :- કર્મ (પરિણામ-કાર્ય) જેને દેવામાં આવે અથવા જેના માટે કરવામાં આવે છે, તેને સંપ્રદાનકહે છે.

(૫) અપાદાન :- જેમાંથી કર્મ કરવામાં આવે છે તે ધ્રુવ વસ્તુને, અપાદાન કહેવામાં આવે છે.

(૬) અધિકરણ :- જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે, તેને અધિકરણ કહે છે.

સર્વ દ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છ એ કારક એક સાથે વર્તે છે. તેથી આત્મા અને પુદ્ગલ શુદ્ધદશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં જ છ યે કારકરૂપ પરિણમન કરે છે. અને અન્ય કોઈ કારકો (કારણો)ની, અપેક્ષા રાખતા નથી.

છ કોટિ, આઠ કોટિ, નવ કોટિ :મન, વચન, કાય ૩ * ૩ કરવું-કરાવવું-અનુમોદવું =૯ આમ કોઈપણ ક્રિયા મન,વચન, કાયાથી કરવી, કરાવવી અને અનુમોદવી, તે નવ કોટિ. આમાંથી જેટલું ઓછું તેમ ઓછી કોટિએ કહેવાય.

છ ખંડ :આ ભરતક્ષેત્રના છ ખંડ છે. તેમાં ૧ આર્ય ખંડ તથા ૫ મલેચ્છ ખંડ છે.

છ દ્રવ્યો :જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. (૨) ભગવાન સર્વજ્ઞે આ જગતમાં છ વસ્તુ અનાદિ અનંત ભિન્ન-ભિન્નપણે છે, એમ જોયું છે.

(૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) ધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાય, (૫) આકાશ, (૬) કાળ. તેમાં એક આત્માને જ સંસારરૂપ બંધન છે. તે બે ભાવરૂપ પરસમયપણું વિરોધરૂપે છે.

શુદ્ધ સ્વરૂપમાં ટકે તે સ્વ-સમય; અને પર મારાં છે એમ માની પરમાં ટકે તે પરસમયી કહેવાય. આત્મા વસ્તુ એક અને તેમાં અવસ્થા બે, નિર્મળ અને મલિન. એમાં પરના સંબંધની વિકારી દશાથી આત્માને ઓળખવો તે વિખવાદવાળી વાત છે.

(૧) જીવ = તે અરૂપી ચૈતન્ય સ્વરૂપ છે. જાણવું-દેખવું એ એનું લક્ષણ છે. આવા જીવો અનંત છે. દરેક જીવ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી સંપૂર્ણ જ્ઞાન તેનો સ્વભાવ છે ને તે પ્રગટ કરી શકે છે.

જગતમાં જે જે પદાર્થો છે તે બધાને જાણવામાં ખરી રીતે જ્ઞાનનું સામર્થ્ય જણાય છે. વળી તે જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય પર પદાર્થના ગુણ-લક્ષણથી જુદો છે તે પણ અહીં જણાવવું છે. મારાથી જુદા પદાર્થ -તત્ત્વ કેટલા અને કેવા છે, તે જાણવાની જરૂર છે. યથાર્થ લક્ષણથી પોતાને જુદો જાણ્યો નથી. તેથી બીજા સાથે ખીચડો માની પોતાની જુદી જાતને ભૂલી ગયો છે. જેને સુખી થવું હોય તેણે પરાધીનતા, આકુળતા છોડી પોતાની સ્વાધીનતા, નિરાકુળતા જાણવી જોઈએ.

(૨) પુદ્ગલ = પુદ = પુરાવું, એકબીજામાં મળવું અને ગલ = જુદા પડવું તે; અથવા પુદ્ + ગલ = જેમ અજગર પોતાના પેટમાં માણસને ગળી જાય તેમ અરૂપી ચૈતન્યપિંડ આત્માએ શરીરની મમતા કરી તેથી, શરીરના રજકણના દળમાં, આત્મા આખા શરીરમાં એવો વ્યપાઈ રહ્યો છે કે જાણે દેહે આત્માને ગળ્યો હોય તેમ દેખાય છે. અજ્ઞાનીની દષ્ટિ માત્ર દેહાદિ ઉપર હોય છે, જ્યોર જ્ઞાનીની દષ્ટિ દેહાદિથી ભિન્ન અરૂપી ચૈતન્ય ઉપર હોય છે. એકેક રજકણમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થા બદલાયા કરે છે - વધઘટ થયા કરે છે. જડ દેહાદિ પુદ્ગલની અવસ્થાની વ્યવસ્થા તે જડ પોતે જ કરે છે; જે દેહાદિ સ્થૂલ પરમાણુઓનો જથ્થો બદલાતો દેખાય છે, તેમાં એકેક મૂળ પરમાણુ પણ તેની અવસ્થાઓ બદલે છે, એ સૂક્ષ્મ પરમાણુઓ એકલાં ન બદલાતાં હોય તો સ્થૂલ આકાર કેમ બદલાય ? માટે અનાદિ અનંત ટકીને અવસ્થા બદલવાનો સ્વભાવ પુદ્ગલનો પણ છે.

(૩) ધર્મસ્તિકાય = તે અનાદિ અનંત પદાર્થ છે. અરૂપી છે. લોકાકાશ પ્રમાણ તે એક અખંડ દ્રવ્ય છે. તે દ્રવ્ય પોતે ગતિ કરતું નથી. પણ જીવ-પુદ્ગલને ગતિ કરવામાં સહકારી નિમિત્ત છે. જેમ માછલાને ગમન કરવામાં જળ નિમિત્ત છે તેમ.

(૪) અધર્માસ્તિકાય = તે દ્રવ્ય લોકાકાશ પ્રમાણ અરૂપી પદાર્થ છે, અને જીવ-પુદ્ગલને ગતિમાંથી સ્થિતિરૂપ થવામાં, વૃક્ષની છાયા જેમ વેટમાર્ગુને નિમિત્ત છે તેમ તે સહકારી નિમિત્ત છે.

(૫) આકાશાસ્તિકાય = તે અનંત ક્ષેત્રરૂપ અરૂપી પદાર્થ અનાદિ અનંત છે, તે સર્વ વ્યાપક છે. અચેતન છે. તેના બે ભેદ છ :

(૧) લોકાકાશ, (૨) અલોકાકાશ.

અ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલ અને કાળાણુઓ જે જડ છે, અને ચૈતન્ય જે જીવ છે. એ બધાં જેટલા ક્ષેત્રમાં રહેલાં છે, તેટલા ક્ષેત્રને લોકાકાશ કહે છે.

બ. લોકાકાશ સિવાયના અનંત આકાશને અલોકાકાશ કહે છે.

લોકો જેને આકાશ કહે છે તે વાસ્તવિક આકાશ નથી. કારણકે આકાશ દ્રવ્યતો અરૂપી છે, ને જે આ દેખાય છે તે આકાશમાં તો રંગ દેખાય છે, કે જે પરમાણુની અવસ્થા છે. આકાશને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી.

(૬) કાળ = તે એક અરૂપી પદાર્થ છે. ચૌદ બ્રહ્માંડમાં અસંખ્યાતા કાળાણુ છે. આ ચાર ધર્મ, અધર્મ, આકાશ ને કાળ અરૂપી દ્રવ્યો છે. તે યુક્તિથી-ન્યાયથી જાણી શકાય છે.

છ દ્રવ્યોના આકાર :

(૧) જીવ=જીવનો મૂળ આકાર લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે.

(૨) આકાશ=આકાશ એક અખંડ દ્રવ્ય અનંત પ્રદેશી છે. તેની મધ્યમાં જ્યાં જીવાદિ દ્રવ્યો છે તે ભાગને લોકાકાશ કહે છે. તેને જો પ્રદેશરૂપ ગજથી માપવામાં આવે તો આ લોક અસંખ્યાત પ્રદેશી છે. એટલો જ મોટો મૂળમાં જીવ છે. આકાશનો અનંત આકાર છે.

એક અવિભાગી પુદ્ગલ પરમાણુ જેટલા આકાશને રોકે છે તેટલા ક્ષેત્રને પ્રદેશ કહે છે. તથાપિ આ જીવ જે શરીરમાં રહે છે તેટલું મોટું પોતાનું દેહપ્રમાણ માપ કરીને રહે છે. નામ કર્મના ઉદયથી તેનામાં સંકોચવિસ્તારશક્તિ કામ કરે છે, જેથી શરીર પ્રમાણ સંકોચિત કે વિસ્તૃત થઈ જાય છે.

(૩) પુદ્ગલ=પુદ્ગલના સ્કંધ અનેક આકારના ગોળ, ચોરસ, ત્રિકોણ, મોટા, નાના બને છે. એક પરમાણુનો એક પ્રદેશ માત્ર આકાર છે.

(૪) ધર્માસ્તિકાય અને (૫) અધર્માસ્તિકાય દ્રવ્ય બન્ને લોકાકાશ પ્રમાણ વ્યાપક છે.

(૬) કાલાણુ=કાલાણુ અસંખ્યાત લોકાકાશના પ્રદેશોમાં એક એક અલગ અલગ છે. કદી મળતા નથી. એટલા માટે એક પ્રદેશ માત્ર દરેક કાલાણુનો આકાર છે.

છ દ્રવ્યોના નામ :જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. (૨) જીવ, પુદ્લ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, સદાય આ છ દ્રવ્ય જ વિશ્વ છે. તેમાંથી કદી ઓછાં વધતાં થતાં નથી.

છ દ્રવ્યોના વિશેષ ગુણ :જે ગુણ એ એક દ્રવ્યમાં જ હોય, બીજા દ્રવ્યમાં ન હોય, તેને વિશેષગુણ કહે છે.

(૧) જીવના વિશેષ ગુણ=જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર આદિ જીવના વિશેષ ગુણો છે.

(૨) પુદ્ગલના વિશેષ ગુણ=સ્પર્શ, રસ, ગંધ, વર્ણ પુદ્ગલના વિશેષ ગુણો છે.

(૩) ધર્મદ્રવ્યનો વિશેષ ગુણ=ગતિ કરનારાં જીવ અને પુદ્ગલોને ઉદાસીનરૂપથી ગતિમાં સહકારી થવું તે ધર્મદ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૪) અધર્મદ્રવ્યનો વિશેષ ગુણ=સ્થિતિ કરનારાં જીવ અને પુદ્ગલોને સ્થિતિમાં ઉદાસીનપણે સહાય કરવી અધર્મદ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૫) આકાશદ્રવ્યનો વિશેષ ગુણ=સર્વ દ્રવ્યોને અવકાશ કે જગા દેવી તે આકાશદ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૬) કાલદ્રવ્યનો વિશેષ ગુણ=સર્વ દ્રવ્યોની અવસ્થા પલટવામાં સહાયકારી થવું તે કાલદ્રવ્યનો વિશેષ ગુણ છે.

છ દ્રવ્યોની સંખ્યા :ધર્મ, અધર્મ, આકાશ એક એક દ્રવ્ય છે, કાલાણું અસંખ્યાત છે, જીવ અનંત છે, પુદ્ગલ અનંત છે.

છ દર્શન :છયે દર્શન એક જૈન દર્શનમાં સમાય છે. તેમાં પણ જૈન એક દર્શન છે. બૌદ્ધ-ક્ષણિકવાદી પર્યાયરૂપે સત્ છે. વેદાંત-સનાતન-દ્રવ્યરૂપે સત્ છે. ચાર્વાક નિરીશ્વરવાદી જ્યાં સુધી આત્માની પ્રતીતિ થઈ નથી ત્યાં સુધી તેને ઓળખવારૂપે સત્ છે.

છ દર્શનો :(૧) બૌદ્ધ, (૨) ન્યાય, (૩) સાંખ્ય, (૪) જૈન, (૫) મીમાંસક અને (૬) વૈશેષિક. વૈશેષિક ન્યાયમાં અંતર્ભૂત કર્યું હોય તો નાસ્તિક વિચાર પ્રતિપાદન કરતું એવું ચાર્વાક દર્શન છઠ્ઠું ગણાય છે.

(૧) ન્યાય, (૨) વૈશેષિક, (૩) સાંખ્ય, (૪) યોગ, (૫) ઉત્તરમીમાંસા અને (૬) પૂર્વ મીમાંસા એમ છ દર્શન વેદ પરિભાષામાં ગણવામાં આવ્યા છે.
વેદપરિભાષામાં દર્શાવેલાં દર્શનો વેદને માન્ય રાખે છે તે દૃષ્ટિથી ગણ્યાં છે; અને ઉપર જણાવેલ ક્રમે તે વિચારની પરિપાટીના ભેદથી ગણ્યા છે. જેથી આ જ ક્રમ યોગ્ય છે.

છ પદ :શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે પદને સમ્યગ્દર્શનનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે :-

પ્રથમ પદ :- આત્મા છે : જેમ ઘટપટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદ :- આત્મા નિત્ય છે : ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટ આદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે; કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે

અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે ક્ષય પણ ન હોય નહીં.

ત્રીજું પદ :- આત્મા કર્તા છે : સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

ચોથું પદ :- આત્મા ભોક્તા છે : જે જે કંઈ ક્રિયા છે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

પાંચમું પદ :- મોક્ષપદ છે. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું. તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે, તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ :- તે મોક્ષનો ઉપાય છે : જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે. (વ.૪૯૩ માંથી)

છ પર્યાપ્તિ :આહાર, શરીર, ઈંદ્રિય, ભાષા, શ્વાસોચ્છવાસ, અને મન. (૨) આહાર, શરીર, ઈન્દ્રય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ, જીવ ગર્ભમાં આવ્યા પછી અંતર્મુહૂર્ત પૂર્ણ કરે.

છ પર્યાપ્તિઓ :આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ કહેવાયા છે.

છ સામાન્ય ગુણોનું પ્રયોજન :

(૧) કોઈ દ્રવ્યની કદી ઉત્પત્તિ કે નાશ નથી, માટે કોઈ કોઈનો કર્તા નથી-એમ અસ્તિત્વગુણ સૂચવે છે.

(૨) દરેક દ્રવ્ય નિરંતર પોતાની જ પ્રયોજનભૂત ક્રિયા કરે છે તેથી કોઈ દ્રવ્ય એક સમય પણ પોતાના કામ (કાર્ય) વિના નકામું હોતું નથી-એમ વસ્તુત્વગુણ બતાવે છે.

(૩) દરેક દ્રવ્ય નિરંતર પ્રવાહક્રમે પ્રવર્તતી પોતાની નવી નવી અવસ્થાઓને સદાય પોતે જ બદલે છે, માટે કોઈના કારણે પર્યાય પ્રવર્તે કે રોકાય એવું પરાધીન કોઈ દ્રવ્ય નથી-એમ દ્રવ્યત્વગુણ બતાવે છે.

(૪) દરેક દ્રવ્યમાં જણાવા યોગ્યપણું હોવાથી જ્ઞાનથી કોઈ અજાણ્યું (ગુપ્ત) રહી શકે નહિ, તેથી કોઈ એમ માને કે અલ્પજ્ઞને નવ તત્ત્વો શાં ? આત્મા શું ? ધર્મ શું ? એ ન જણાય; તો તેની તે માન્યતા ખોટી છે; કેમ કે જો યથાર્થ સમજવાનો પુરુષાર્થ કરે તો સત્ય અને અસત્યપણું સ્વરૂપ (સમ્યગ્ મતિ-શ્રુતજ્ઞાનનો વિષય હોવાથી) તેના જ્ઞાનમાં અવશ્ય જણાય-એમ પ્રમેયત્વગુણ બતાવે છે.

(૫) દરેક દ્રવ્યની દ્રવ્યતા કાયમ વ્યવસ્થિત રહે છે, તેથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ; પર્યાય દ્વારા પણ કોઈ બીજા ઉપર અસર, પ્રભાવ, પ્રેરણા, લાભ-નુકસાનાદિ કાંઈ કરી શકે નહિ.

દરેક દ્રવ્ય પોતાના ક્રમબદ્ધ ધારાવાદી પર્યાય વડે પોતાનામાં જ વર્તે છે. એ રીતે દરેક દ્રવ્ય પોતામાં વ્યવસ્થિત નિયત મર્યાદાવાળું હોવાથી કોઈ દ્રવ્યને બીજાની જરૂર પડતી નથી, એમ અગુરુલઘુત્વગુણ બતાવે છે.

(૬) કોઈ વસ્તુ પોતાના સ્વક્ષેત્રરૂપ આકાર વિના હોય નહિ; અને આકાર નાનો-મોટો હોય તે લાભ-નુકસાનનું કારણ નથી. છતાં દરેક દ્રવ્યને સ્વઅવગાહનારૂપ પોતાનો સ્વતંત્ર આકાર અવશ્ય હોય છે, એમ પ્રદેશત્વગુણ બતાવે છે.

આમ છયે સામાન્ય ગુણો દરેક દ્રવ્યની સ્વતંત્ર વ્યવસ્થા બતાવે છે.

છૂટાં પુદ્ગલો :છૂટાં પુદ્ગલો કંપન વડે, ભેગાં મળે છે. ત્યાં છૂટાપણે તેઓ નષ્ટ થયાં, પુદ્ગલપણે ટક્યાં, ને ભેગાપણે તે ઊપજ્યાં.

છઠ્ઠ અને સાતમું ગુણસ્થાન :છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનમાં સર્વ વિરતિ મુનિપણું છે.

છઠ્ઠ છઠ્ઠ :બે ઉપવાસ પારણું કરે, ફરી વળી બે ઉપવાસ કરે, એમ ક્રમ સેવવો.

છઠ્ઠી ગાથા :પ્રમત્ત-અપ્રમત્તના ક્ષણિક વર્તમાન અવસ્થામાં, વિકારનું લક્ષ છોડી અભેદ સ્વરૂપનું લક્ષ કરવાનું કહ્યું.

છઠ્ઠી ગાથામાં વિકારથી જુદો અભેદ જ્ઞાયક આત્મા કહ્યો, એટલે આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો અખંડ પિંડ છે તેને લક્ષમાં લેવા કહ્યું. ક્ષણિક એક અવસ્થા પુરતો આત્મા નથી. તેથી તે ભેદને ગૌણ કરી, એક આત્માને નિર્મળ, અસંયોગી અવિકારીપણે લક્ષમાં લેવો તે જ શ્રદ્ધાનો વિષય છે. શરીરાદિના સંયોગ તો આત્માથી ઘણે દૂર છે, તે તરફની આસક્તિ તો પ્રથમથી જ ઘટાડવી જોઈએ. દેહાદિ કોઈ સંયોગપણે હું નથી, એનાં કોઈ કાર્ય મને આધીન નથી. એટલી સમજણ તો આવું સાંભળનારને હોય જ, એમ આચાર્યે માની લીધું છે. (૨) સમયસાર શાસ્ત્રની છઠ્ઠી ગાથામાં કહ્યું કે એકલો જ્ઞાયક આત્મા છે. તેમાં સમ્યગ્દર્શન-મિથ્યાદર્શન વિરત-અવિરત પ્રમત્ત- અપ્રમત્ત સકષાય-અકષાય, બંધ-માક્ષ એવા પર્યાયના ભેદ નથી. છદ્મસ્થને નિર્મળ પર્યાય ઉપર દષ્ટિ જતાં અશુદ્ધતા (વિકલ્પ) આવે છે. પર્યાયના (ભેદના) લક્ષે અશુદ્ધતા ટળતી નથી.

પર્યાયના ભેદ ઉપર લક્ષ કરવું તે અભતાર્થ. તેના લક્ષે વિકલ્પ ઉપજે છે. અને સ્વભાવ એકરૂપ, અખંડ, નિર્મળ, ધ્રુવ છે. તેના લક્ષે દર્શન, જ્ઞાન, ચારિત્રની નિર્મળ પર્યાય ઉઘડે છે. તે નિર્મળ પર્યાય ઉપર લક્ષ કરતાં, અશુદ્ધતા-રાગ થાય છે. તેથી નિર્મળ અવસ્થા ઉપર પણ અશુદ્ધતાનો આરોપ, કરી દીધો છે. સાતમી ગાથા (સમયસાર શાસ્ત્ર) માં અખંડ સ્વભાવની દષ્ટિનો એકરૂપ વિષય, અખંડ જ્ઞાયક પૂર્ણરૂપ આત્મા જણાવવાનો છે, તેમાં ભેદરૂપ ગુણને વ્યવહાર-અભૂતાર્થ કહ્યા છે. વસ્તુ-સ્વરૂપ તો અનંત ગુણમય અખંડ છે, ત્રણ જુદા ગુણરૂપે નથી. આત્મા એક ગુણ જેવડો નથી, વિકારના ભેદ રહિત એકરૂપ વિષય કરવો, તે જ્ઞાયક જ છે.

ભાઈઓ ! અનંત કાળનું દળદર ફીટે એવી અપૂર્વ આ વાત છે. બાહ્યસંયોગ, વિયોગ, એ તો પૂર્વની પ્રકૃતિને આધીન છે; એવા સંયોગ વિયોગ તો અનેક પ્રકારના થયા કરે. સંયોગ તો મુનિને સિંહ ફાડી ખાય એવા પણ હોય, તેમાં આત્માને શું ? આત્મા તો સદાય જાણનારપણે છે. તેને સંયોગ સાથે કાંઈ સંબંધ નથી.

જે રીતે આત્માનો નિર્મળ સ્વભાવ, પરિપૂર્ણ સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તે રીતે જીવે કદી તે સાંભળ્યો નથી, સમજ્યો નથી, અને તેને જાણનારા અનુભવી જ્ઞાનીનો, પરિચય પણ કર્યો નથી. આ મનુષ્ય જન્મ અને આત્માની સત્યવાત સાંભળવાનો અવસર ફરી ફરી નહિ મળે. જન્મ મરણની ભૂખ ભાંગવી હોય, તો અખંડ જ્ઞાયક આત્માની વાત રસપૂર્વક સમજવી જોઈએ.

જેમા સર્વ સમાધાન સ્વરૂપ અનંત સુખ છે. એવો અમૃતનો કુંડ ભગવાન આત્મા, વર્તમાનમાં અજ્ઞાનરૂપી આવરણ વડે દેહની ઓથે છુપાઈ રહ્યો છે. તેની સ્વાધીનતાનો મહિમા સાંભળી, સમજવાની હોંશ ઉછળવી જોઈએ.

ચૈતન્યના અપૂર્વ સ્વભાવને સાંભળવામાં, સમજવામાં કઠણતા માની, સમજવાનો કંટાળો ન લાવીશ. સર્વજ્ઞ ન્યાયથી, અનેક પડખાંથી, જેમ છે તેમ, જે વિધિ છે તે વિધિએ-અને જેવડો છે તેવડો બરાબર લક્ષમાં લે, તે ન્યાલ થઈ જાય. એટલે કે તેને અનંત સુખ મળે, અન્યથા માને તે ઉપાય પણ અન્યથા કરે, અને તેનું ફળ પણ અન્યથા જ આવે, માટે સતને જિજ્ઞાસાથી સમજી લે.

છઠ્ઠી ગથામાં ક્ષણિક વર્તમાન અવસ્થામાં વિકાસનું લક્ષ છોડી, અભેદ સ્વરૂપનું લક્ષ કરવાનું કહ્યું, અને સાતમી ગાથામાં ગુણગુણીના ભેદનું લક્ષ છોડી, અભેદ અખંડ જ્ઞાયક સ્વરૂપનું લક્ષ કરાવે છે; એ અભેદ દષ્ટિના જોરે ક્રમે ક્રમે રાગનો નાશ અને નિર્મળતાની વૃદ્ધિ થઈ, કેવળજ્ઞાનની પૂર્ણતા પ્રગટ થાય છે.

છત્રીસ વર્ષ :દર છત્રીશમે વર્ષે માસ, તિથિ અને વાર એક જ આવે છે.

છેતાલીસ દોષ :દાતાને આશ્રયે સોળ ઉદ્‌ગમ દોષપાત્રને આશ્રયે સોળ, ઉત્પાદન દોષ તથા આકાશ સંબંધી, દશ દોષ અને ભોજનક્રિયા સંબંધી, ૪ દોષ એમ કુલ ૪૬ દોષ છે.

છતી :હયાત (૨) મોજૂદ; પ્રાપ્ત; હાજર. (૩) વિદ્યમાન

છતો :જીવંત; પ્રગટ; વિદ્યમાન.

છંદ :ઈચ્છા; મરજી; તરંગ; વ્યસન. (૨) સ્વચ્છંદ, પોતાની મતિકલ્પના. (૩) છાંદો; મરજી; અભિપ્રાય.

છેદ :દોષ; સંયમમાં ખંડિત થવું તે. (૨) સંયમનો છેદ બે પ્રકારનો છે : બહિરંગ અને અંતરંગ. તેમાં માત્ર કાયચેષ્ટા સંબંધી તે બહિરંગ છે અને ઉપયોગસંબંધી તે અંતરંગ છે. ત્યાં જો સમ્યક્ ઉપયુક્ત શ્રમણને પ્રયત્નકૃત કાયચેષ્ટાનો કથંચિત્ બહિરંગ છેદ થાય છે, તો તે સર્વથા અંતરંગ છેદથી રહિત હોવાને લીધે આલોચનપૂર્વક ક્રિયાથી જ તેનો પ્રતીકાર (ઈલાજ) થાય છે. પરંતુ જો તે જ શ્રમણ ઉપયોગસંબંધી છેદ થવાને લીધે સાક્ષાત્ છેદમાં જ ઉપયુક્ત થાય છે, તો જિનોક્ત વ્યવહારવિધિમાં કુશળ શ્રમણના આશ્રયે, આલોચનપૂર્વક તેમણે ઉપદેશેલા અનુષ્ઠાન વડે (સંયમનું) પ્રતિસંધાન થાય છે. (૩) બંધ (૪) પ્રાણીઓના નાક-કાન-વૃષણ વગેરે અંગોને છેદવા તે. (૫) અશુદ્ધોપયોગી શુદ્ધોપયોગ મુનિપણું (•) છેદાતું હોવાથી, (•) હણાતું હોવાથી, અશુદ્ધાપયોગ (•) છેદે જ છે, (•) હિંસા છે, એ જ્યાં સૂવું; બેસવું; ઊભા રહેવું, ચાલવું વગેરેમાં અપ્રયત આચરણ હોય છે ત્યાં નિયમથી અશુદ્ધોપયોગ તો હોય જ છે, માટે અપ્રયત આચરણ તે છેદ જ છે. હિંસા જ છે. (૬) દોષ. (૭) છેદ શબ્દ અનેક અર્થોમાં વપરાય છે. જેમ કે છિદ્ર, ખંડન, ભેદન (કાન, નાક આદિના રૂપે) નિવારણ (સંશયચ્છેદ), વિનાશ (ધર્મચ્છેદ, કર્મચ્છેદ), વિભાગ-ખંડ (પ્રકરણ). ઋતુ-દોષ, અતિચાર, પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિતભેદ, દિવસ માસાદિના પરિમાણથી દીક્ષાનો છેદ. સામાન્ય રીતે ત્રુટિ દોષમાં વપરાય છે. (૮) હિંસા.

છેદ સૂત્ર :(૧) વ્યવહાર સૂત્ર (૨) બૃહત્કલ્પસૂત્ર (૩) દશા શ્રુતસ્કંધસૂત્ર (૪) નિશીથ સૂત્ર (૫) મહા નિશીથ સૂત્ર (૬) જિત કલ્પ સૂત્ર એ છ છેદ સૂત્ર છે.

છેદકદશા અથવા દશા :અજ્ઞાનદશા બંધનું કારણ છે અને તેને લઈને જીવ અનંત પ્રકારના બંધ પાડે છે તેના સામી જ્ઞાનદશા તે અજ્ઞાનદશારૂપ કારણને છેદનારી છે અને અજ્ઞાનરૂપ કારણ છેદાયાથી અનંત પ્રકારનો કર્મબંધ થતો અટકે છે. તે જ્ઞાનદશા સમ્યક્ વિચારદશા છે; તે વિચાર દશાની સાથે વર્તન રહેલું છે.

છેદક દશા એટલે જ્ઞાનદશા છે. તે પ્રાપ્તિનો ઉપાય સજીવનમૂર્તિનો જોગ અને તેના વિરહમાં તે મૂર્તિનો લક્ષ-એ રૂપદશા તે અજ્ઞાનના કારણને છેદનારી જણાય છે. એટલે ટૂંકમાં એમ છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર તે દશા છે. અને અભેદરૂપ દષ્ટિએ જોતાં તો જીવનું શુદ્ધ સ્વરૂપ છે. એટલે જીવ જો નિજ વિચારમાં પડે તો કર્મબંધનનો નાશ થાય અને નિજ વિચારથી બહાર નીકળે તો કર્મબંધ પાડે એમ સમજાય છે. છેદકદશા એટલે સમ્યગ્જ્ઞાનદશા લાગે છે. તેમાં વિચાર અને વર્તન અંતરભૂત આવી જાય છે.

દશા=આત્માની સ્થિતિ.

મોટાભાઈના તા.૨૬-૩-૮૮ ના પત્રમાંથી

છેદથી અનન્યભૂત છે :છેદથી કોઈ જુદી વસ્તુ નથી.

છેદદ્રવ્ય :બે પકારના છેદ. (અહીં (૧) સંયમમાં જ ૨૮ મૂળગુણરૂપ ભેદ પડે, તેને પણ ભેદ કહેલ છે. અને (૨) ખંડનને અથવા દોષને પણ છેદ કહેલ છે.

છેદદ્વય :બે પ્રકારના છેદ-ભેદ. (સંયમમાં જે ૨૮ મૂળગુણરૂપ ભેદ પડે છે, તેને પણ ભેદ કહેલ છે. અને બીજા ભેદ સંયમના ખંડનને-અથવા દોષને, પણ છેદ કહેલ છે.)

છદ્મસ્થ :આવરણયુક્ત. (૨) અલ્પજ્ઞ (૩) આવરણ સહિત જીવ; જેને કેવલજ્ઞાન પ્રગટ્યું નથી તે; આવરણ યુક્ત. (૪) આવરણ યુક્ત. (૫) અપૂર્ણ. (૬) અલ્પજ્ઞાની. (૭) આવરણ યુક્ત.

છદ્મસ્થ અવસ્થા :જ્ઞાન દર્શનને આવરણ કરનાર કર્મ રહે, ત્યાં સુધીની અવસ્થા. બારમા ગુણસ્થાન સુધી છદ્મસ્થા અવસ્થા હોય છે.

છદ્મસ્થ જીવો :છદ્મસ્થ જીવોને જે જ્ઞાન-દર્શન-ઉપયોગ થાય છે. તે જ્ઞેય સન્મુખ થવાથી થાય છે, એ દશામાં એક જ્ઞેયથી ખસીને બીજા જ્ઞેય તરફ પ્રવૃત્તિ કરે છે. એવી પ્રવૃત્તિ વિના છદ્મસ્થ જીવનું જ્ઞાન પ્રવૃત્ત થતું નથી; તેથી પહેલાં ચાર જ્ઞાન સુધીના કથનમાં ઉપયોગ શબ્દનો પ્રયોગ તેના અર્થ પ્રમાણે કહી શકાય.

છદ્મસ્થદશા :અલ્પજ્ઞાનદશા

છદ્મસ્થદશામાં સમકિતી ધર્માત્મા આત્માને કેવો અનુભવે છે ? :હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. અગ્નિની જ્યોતિ, દીવાની જ્યોતિ હોય છે એ તો જડ છે. આ તો ચૈતન્યમાત્ર જ્યોતિ એટલે દેખવા-જાણવાના સ્વભાવરૂપ જ્યોતિ હું આત્મા છું. તે મારા પોતાના જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. વજન અહીં છે કે મારા અનુભવથી એટલે આનંદના વેદનથી હું મારા આત્માને જાણું છું. પરથી, વિકલ્પથી કે નિમિત્તથી નહિ પણ મારા જ અનુભવથી હું આત્માને પ્રત્યક્ષ જાણું છું.

હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું. અહાહા! ત્રિકાળી જ્ઞાનસત્વ, સર્વજ્ઞ સ્વભાવ, જ્ઞ ભાવ, એક જ્ઞાયકભાવસ્વરૂપ ચૈતન્યમાત્ર ઝળહળ જ્યોતિ હું છું. રાગ અને પર હું નથી. એક સમયની પ્રગટ પર્યાય જેટલો પણ હું નથી અને આ જ્ઞાયકસ્વભાવી આત્મા મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. એનો અનુભવ કરવામાં કોઈ પરના-નિમિત્તના કે વિકલ્પના સહારાની જરૂર નથી. સીધું જ્ઞાન પોતાને અને પરને જાણે છે એવો હું છું.

અહીં ચિન્માત્ર જ્યોતિ હું આત્મા છું એમ કહીને જીવનો સ્વભાવ જ્ઞાનમાત્ર છે એમ કહ્યું. જ્ઞાનમાત્ર કહેતાં એમાં બીજા અનંત ગુણો છે તેનો નિષેધ કરવો નથી, પરંતુ રાગાદિ વિકારનો નિષેધ કરવો છે. અહાહા! હું ચિન્માત્ર જ્યોતિસ્વરૂપ આત્મા છું એવો સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શનના કાળમાં અનુભવ થાય છે.

છરપલાની ધાર જેવું જળ :છરી જેવાં મોજાંવાળું પાણી; જીભ કાપી નાખે તેવું પાણી.

છલ :કપટ; દગો; છેતરપીંડી; ઠગાઈ; ધુતારાવેડા; વાણીથી દગો; (૨) દોષ; બહાનું.

છલકાવું :ઉભરાવું.

છળ :બહાનું; છળ.

છપ્પરપગી :ખરાબ પગલાંની.

છદ્મસ્થવિહિત :અજ્ઞાનીએ કહેલ.

છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે :છદ્મસ્થે-અજ્ઞાનીને કહેલા દેવગુરુ ધર્માદિને વિષે.

છેદવું :કાપવું; ઉખેડવું; ઉચ્છિન્ન કરવું; કાણુ પાડવું; વીંધાવું; છિદ્રકરવું. (૨) કાપી નાખવું; મૂળમાંથી ઉખેડી નાખવું.

છેદવા :જુદા પાડવા.

છેદાવું :છરીથી ટુકડા થાય તેને છેદાવું કહે છે. (૨) કાપવું; ઉખેડવું; કાણું પાડવું; બાંધવું.

છેદી શકાય :જુદા કરી શકાય.

છેદોપ સ્થાપક :છેદ બે પ્રકારના છે. સંયમમાં જે ૨૮ મૂળ ગુણરૂપ ભેદ છે. જેમકેઃ- પાંચ મહાવ્રત, પાંચ પ્રકારની સમિતિ, પાંચ પ્રકારનો ઈન્દ્રિયનિરોધ, લોચ, છ પ્રકારના આવશ્યક, અચેલકપણું, અસ્નાન, ક્ષિતિશયન, અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન અને એક વખત આહાર. એ પ્રમાણે અઠ્ઠાવીસ મૂળગુણોનો ભેદ પડે તેને છેદ કહે છે અને તેના ખંડનને અથવા દોષને પણ છેદ કહેલ છે.. તે દોષ-છેદને છોડીને પાછા સંયમમાં સ્થાપિત કરે છે, તે છેદોપસ્થાપક છે. (૨) છેદ પ્રત્યે ઉપસ્થાપક (ભેદમાં સ્થાપનાર) તે નિર્યાપક છે. (૩) છેદોપસ્થાપકના બે અર્થ છે : (•) જે છેદ (ભેદ) પ્રત્યે ઉપસ્થાપક છે અર્થાત્ જે ૨૮ મૂળ ગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે તે

છેદોપસ્થાપક છે; તેમજ (•) જે છેદ થતાં ઉપસ્થાપક છે એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં ફરી તેમાં સ્થાપિત કરે છે તે પણ છેદોપસ્થાપક છે. (૪) છેદોપસ્થાપકના બે અર્થ છે : (•) જે છેદ (ભેદ) પ્રત્યે ઉપસ્થાપક છે, અર્થાત્ જે ૨૮ મૂળ ગુણરૂપ ભેદો સમજાવી, તેમાં સ્થાપિત કરે છે તે છેદોપસ્થાપક છે; તેમજ (•) જે છેદ થતાં ઉપસ્થાપક છે એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં, તેમાં સ્થાપિત કરે છે, તે પણ છેદોપસ્થાપક છે. (૫) જે સંયમમાં દોષ લગાડતાં, પોતાના ઉપદેશ દ્વારા તે છેદ પ્રાપ્ત મુનિને સંયમમાં સ્થાપિત કરે છે. જે દીક્ષા ગ્રહણ પછી કોઈપણ શ્રમણના વ્રત સંયમમાં એક દેશ કે સર્વદેશ છેદ ભંગ ઉત્પન્ન થતાં, તેને સંવેગ-વૈરાગ્ય જનક પરમાગમના ઉપદેશ-દ્વારા ફરીથી તે સંયમમાં ઉપસ્થિત કરે છે. આવા નિર્યાપક ગુરુઓનો શ્રી જયસેનાચાર્યે 'શિક્ષાગુરુ' અથવા 'શ્રુતગુરુ'ના નામથી પણ ઉલ્લેખ કર્યો છે.

છેદ શબ્દ અનેક અર્થોમાં વપરાય છે. જેમકે છિદ્ર, ખંડન, ભેદન (કાન,નાક આદિના રૂપે) નિવારણ (સંશય મોહ), વિનાશ (ધર્મચ્છેદ, કર્મચ્છેદ), વિભાગ-ખંડ (પ્રકરણ), ઋતુ દોષ, અતિચાર, પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત ભેદ, દિવસ-માસ આદિના પરિમાણથી દીક્ષાનો છેદ.

અહીં તે ત્રુટિ-દોષના અર્થમાં વપરાયેલો છે. (૬) સંયમમાં દોષ લગાડતાં મુનિને ઉપદેશ દ્વારા સંયમમાં ફરી સ્થાપિત કરે છે, તે છેદોપસ્થાપક. નિર્યાપક કહે છે.

છેદોપસ્થાપન :સંયમના પ્રતિપાદક હોવાથી છેદ પ્રત્યે ઉપસ્થાપન.

છંદાભુવત્તગ :પોતાની મરજી પ્રમાણે ન આવતાં ગુરુની મરજી પ્રમાણે વર્તનાર.

છંદાય :છોડાય.

છૂપાવવું :ઢાંકી દેવું; સંતાડવું.

છાક :મદ (૨) કેફ.

છાકે :કેફ ચઢે; છાક = કેફ.

છાયા :પ્રકાશ-અજવાળાને ઢાંકનાર તે છાયા છે. તે બે પ્રકારે છે : (૧) તદ્વર્ણ પરિણિત, (૨) પ્રતિબિંબ સ્વરૂપ. રંગીન કાચમાંથી જોતાં, જેવો કાચનો રંગ હોય તેવું દેખાય, તે તદ્વર્ણ પરિણતિ. તથા દર્પણ, ફોટા, આદિમાં પ્રતિબિંબ દેખાય, તે પ્રતિબિંબ સ્વરૂપ છે.

છાર :ઈંટવાડાનો ઘસાઈને પડેલો ભૂકો; રાખ.

છિન્ન :છેદ પામેલો; ખંડિત; તૂટેલો; દોષપ્રાપ્ત. છેદોપસ્થાપકના બે અર્થ છે : (•) જે છેદ (ભેદ) પ્રત્યે ઉપસ્થાપક છે અર્થાત્ જે ૨૮ મૂળગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે તે છેદોપસ્થાપક છે; તેમ જ (•) જે છેદ થતાં ઉપસ્થાપક છે એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં ફરી તેમાં સ્થાપિત કરે છે તે પણ છેદોપસ્થાપક છે. (૨) છેદ પામેલો; ખંડિત; તૂટેલો; દોષપ્રાપ્ત. (૩) છેદેલું; જુદું પાડેલું.

છિન્ન ભિન્ન :ભાંગી, તૂટી ગયેલું; અસ્તવ્યસ્ત.

છિન્ન સંયમ :સંયમથી છેદ પામેલો; સંયમથી ખંડિત, તૂટેલો, દોષપાત્ર છેદોપસ્થાપકના બે અર્થ છે : (•) જે છેદ (ભેદ) પ્રત્યે ઉપસ્થાપક છે અર્થાત્ જે ૨૮ મૂળગુણરૂપ ભેદો સમજાવી તેમાં સ્થાપિત કરે છે, તે છેદોપસ્થાપક છે. તેમજ (•) જે છેદ થતાં ઉપસ્થિપિક છે, એટલે કે સંયમ છિન્ન (ખંડિત) થતાં ફરી તમાં સ્થાપિત કરે છે, તે પણ છેદોપસ્થાપક છે.

છીંછરું :ઉપરછલું; ઉપર ચોટિંયું.

છીંછરી :ઉપરછલી.

છોડાવવું :મટાડવું.

છોડી :દીકરી; છોડિયું = દીકરીઓ; પુત્રીઓ; છોકરીઓ.

જ કાર :અનેકાંતાત્મક વસ્તુસ્વભાવની અપેક્ષા રહિત એકાંતવાદમાં મિથ્યા એકાંતને સૂચવતો જે 'જ' શબ્દ વપરાય છે તે વસ્તુસ્વભાવથી વિપરીત નિરૂપણ છે. (તેથી તેનો અહીં નિષેધ કર્યો છે.) (અનેકાંતાત્મક વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિર્ણીતપણું-નિયમબદ્ધપણું-નિરપવાદપણું બતાવવા માટે જે જ શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ ન સમજવો.) (૨) અનેકાંતાત્મક વસ્તુ સ્વભાવની અપેક્ષા રહિત, એકાંતવાદમાં મિથ્યા એકાંતને સૂચવતો જે 'જ' શબ્દ વપરાય છે તે વસ્તુસ્વભાવથી વિપરીત નિરૂપણ કરે છે. તેથી તેનો

અહિં નિષેધ કર્યો છે.(અનેકાંતાત્મક વસ્તુસ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના, જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય, તે અપેક્ષાએ તેનું નિર્ણીતપણું-નિયમબદ્ધપણું-નિરપવાદપણું બતાવવા માટે, જે 'જ' શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ ન સમજવો)

જક્ષ :યક્ષ; કુબેરનો અનુચર.

જગત :લોકાલોક (૨) વર્તમાનકાળની પેઠે આ જગત સર્વકાળ છે. પૂર્વકાળે ન હોય, તો વર્તમાનકાળે તેનું હોવું પણ હોય નહીં. વર્તમાનકાળમાં છે, તો ભવિષ્યકાળમાં તે અત્યંત વિનાશ પામે નહીં. પદાર્થ માત્ર પરિણામી હોવાથી, આ જગત પર્યાયાંતર દેખાય છે, પણ મૂળપણે તેનું સદા વર્તમાનપણું છે. (૩) સર્વ જીવરાશિ (૪) લોક

જગત વિદિત :જગત સમક્ષ પ્રગટ કરવું.

જગતના સ્વભાવની ભાવનાનું લક્ષ્ય :અહીં જગતના સ્વભાવની સદા ભાવના કરવાનો ઉપદેશ આપ્યો છે. એ તેના ત્રણ ઉદ્દેશ્ય બતાવ્યા છે - એક સ્વાત્મદ્રવ્યમાં રતિ, બીજું પરદ્રવ્યથી વિરકિત અને ત્રીજું સમસ્ત કર્મમળથી આત્માની શુદ્ધિ. સમસ્ત કર્મમળમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ એ નોકર્મરૂપ ત્રણ પ્રકારનાં કર્મમળ આવે છે. જગત છ દ્રવ્યોથી બનેલું છે.

જીવ, પુદ્ગલ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, આ છયેના યથાર્થ સ્વરૂપના ચિંતનમાં જગતના સ્વભાવની બધી ભાવના આવી જાય છે.

જગ્યા :અવકાશ.

જગતવાસી :જગતદષ્ટિ (૨) જગતદષ્ટિ જીવો.

જગતવિદિત :વિશ્વ પ્રસિદ્ધ.

જગન :યજ્ઞ

જઘન્ય :હીન; હલકો; સોથી થોડું. (૨) ઓછામાં ઓછું.

જઘન્ય સ્નેહગુણ :સ્પર્શગુણના પર્યાયરૂપ ચીકાશ. (જેમ જઘન્ય ચીકાશની સંમુખ વર્તતો પરમાણુ ભાવી બંધથી પરાઙ્મુખ છે, તેમ જેને રાગાદિ જીર્ણ થતા જાય છે એવો પુરુષ ભાવી બંધથી સરાઙ્મુખ છે.)

જનક :પિતા

જનની : માતા

જન્મિન :પ્રાણી.

જન્ય :જન્મવાયોગ્ય, ઉત્પન્ન થવા યોગ્ય; સંતાન.

જનરંજનાર્થે :મનુષ્યના આનંદ માટે.

જન્મ :

(૧) કર્મના નિમિત્તે કોઈ ને કોઈ ગતિમાં ઉપજવું તે જન્મ છે. અહીં ચાર ગતિ લીધી છે :

(૧) જીવ કેવળ પુણ્ય કર્મથી, દેવપર્યાયમાં ઉપજે છે.

(૨) કેવળ અશુભ-પાપ કર્મથી, નરકપર્યાયમાં ઉપજે છે.

(૩) માયાથી તિર્યંચપર્યાયમાં ઉપજે છે. જન્મવાનાં ઘણાં સ્થાન તિર્યંચમાં હોં, પંચેન્દ્રિય તિર્યંચો પણ, દેવથી ઝાઝાં છે. ઘણાં દેવો, નારકીઓ, મનુષ્યો ને પોતે પશુઓ પણ મરીને, ત્યાં તિર્યંતમાં જન્મે છે.

(૪) કાંઈક પુણ્ય અને કાંઈક પાપ - એમ મિશ્ર કર્મના નિમિત્તે, મનુષ્યપર્યાયમાં જન્મ થાય છે.

અહા! ચોરાસીનો જન્મસમૂહ અપાર છે, અગાધ છે. અહીં કહે છે. સર્વ કર્મથી રહિત, પરમપદને-અરિહંત દશાને પ્રાપ્ત ભગવાનને, જન્મ હોતો નથી.

(૨) નવીન શરીર ધારણ કરવું તે જન્મ છે.

(૧) સમ્મૂર્ચ્છન જન્મ-પોતાના શરીરને યોગ્ય પુદ્ગલો દ્વારા, માતાપિતાના રજ એ વીર્ય વિના જ, શરીરની રચના થવી, તેને સમ્મૂર્છન જન્મ કહે છે.

(૨) ગર્ભ જન્મ = સ્ત્રીના ઉદરમાં રજ અને વીર્યના મળવાથી, જે જન્મ થાય, તેને ગર્ભજન્મ કહે છે.

(૩) ઉપપાદ જન્મ = માતા-પિતાના રજ અને વીર્ય વિના દેવ અને નારકીઓના નિશ્ચત સ્થાન વિશેષમાં, ઉત્પન્ન થવાને, ઉપપાદ જન્મ કહે છે. આ ઉપપાદ જન્મવાળું શરીર, વૈક્રિયિક રજકણોનું બને છે.

(૪) સમન્તતઃ + મૂર્ચ્છનં - એ વડે, સમ્મૂર્ચ્છન શબ્દ બન્યો છે; તેમાં સમન્તતઃ નો અર્થ, ચારે બાજુ અથવા જ્યાં-ત્યાં થાય છે. અને મૂર્ચ્છનંનો અર્થ, શરીરનું બની જવું એવો થાય છે.

(૫) જીવ અનાદિ અનંત છે એટલે તેને જન્મ મરણ હોતાં નથી, પણ અનાદિથી જીવને, પોતાના સ્વરૂપની ભ્રમણા (મિથ્યાદર્શન) હોવાથી, તેને શરીર સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધ થાય છે. અને અજ્ઞાનથી શરીરને પોતાનું માને છે. વળી શરીરને હું હલાવી-ચલાવી શકું, શરીરની ક્રિયા હું કરી શકું, એ વગેરે ઊંધી માન્યતા જીવને અનાદિથી ચાલી આવે છે; તે વિકારભાવ હોય ત્યાં સુધી જીવને નવાં નવાં શરીરો સાથે સંબંધ થાય છે, તે નવા શરીરના સંબંધને (સંયોગ)ને જન્મ કહે છે, અને જૂના શરીરના વિયોગને મરણ કહે છે. સમ્યગ્દૃષ્ટિ થયા પછી ચારિત્રની પૂર્ણતા ન થાય ત્યાં સુધી, જીવને નવું શરીર પ્રાપ્ત થાય છે. તેમાં જીવનો કષાયભાવ નિમિત્ત છે.

જન્મકાળ :જન્મક્ષણ

જન્મના ભેદ :સમ્મૂર્ચ્છન, ગર્ભ અને ઉપપાદ એ ત્રણ પ્રકારના જન્મ હોય છે.

જન્મયોનિઓના ભેદ :સચિત્ત, શીત, સંવૃત્ત તેનાથી ઊલટી ત્રણ અચિત્ત, ઉષ્ણ, વિવૃત્ત, અને ક્રમથી એકમેકથી મળેલી ત્રણ, અર્થાત્ સચિત્તાચિત, શીતોષ્ણ અને સંવૃત્ત-વિવૃત્ત એ નવ જન્મયોનિઓ છે.

(૧) જીવોના ઉત્પત્તિ સ્થાનને, યોનિ કહે છે; યોનિ આધાર અને જન્મ આધેય છે.

(૨) સચિત્તયોનિ = જીવ સહિત યોનિ ને, સચિતયોનિ કહે છે.

સંવૃત્તયોનિ =જે કોઈના દેખવામાં ન આવે, એવા ઉત્પત્તિ-સ્થાનને, સંવૃત્ત (ઢંકાયેલી) યોનિ કહે છે.

વિવૃત્તયોનિ = જે સર્વના દેખવામાં આવે, એવા ઉત્પત્તિ સ્થાનને, વિવૃત્ત (ખુલ્લી) યોનિ કહે છે.

(૩) ૧ માણસ કે બીજા પ્રાણીના પેટમાં, જીવો (કરમિયાં) ઉત્પન્ન થાય છે તેની અચિત્તયોનિ છે. ૩. માણસે પહેરેલ ટોપી વગેરેમાં જીવો ઉત્પન્ન થાય, તેની સચિત્તાચિત્ત યોનિ છે.

(૪) ઠંડીમાં જીવો ઉત્પન્ન થાય, તેની શીત યોનિ છે,

(૫) ગરમીમાં જીવો ઉત્પન્ન થાય, તેવી ઉષ્ણયોનિ છે.

(૬) પાણીના ખાડામાં સૂર્યની ગરમીથી, પાણી ઊનું થતાં જીવો ઉત્પન્ન થાય, તેની શીતોષ્ણયોનિ છે.

(૭) પેકબંધ ટોપલામાં રહેલાં ફળમાં જીવો ઉત્પન્ન થાય, તેની સંવૃત્ત યોનિ છે.

(૮) પાણીમાં જીવો (લીલ ફૂગ વગેરે) ઉત્પન્ન થાય તેની વિવૃત્ત યોનિ છે અને

(૯) થોડો ભાગ ઉઘાડો અને થોડો ઢંકાયેલો એવા સ્થાનમાં, જીવો ઊપજે તેની સંવૃત્તિવિવૃત્તયોનિ છે.

(૪) ગર્ભ-યોનિના આકારના ત્રણ ભેદ છે : ૧. શંખાવર્ત, ૨. કૂર્મોન્નત અને ૩. વંશપત્ર. શંખાર્વતયોનિમાં ગર્ભ રહેતો નથી. કૂર્મોન્નતયોનિમાં તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર અને તેના ભાઈઓ સિવાય, કોઈ ઉત્પન્ન થતું નથી. વંશપત્રયોનિમાં બાકીના ગર્ભજન્મવાળા, સર્વ જીવો ઉત્પન્ન થાય છે.

જન્મસિદ્ધ :સ્વયંસિદ્ધ

જટિલ :મુંઝવણ ભરેલો. (૨) ગહન.

જનિત :ઉત્પન્ન થવું.

જમદૂત :હલકા કુતૂહલી દેવો.

જયણા :જતન; સંભાળ. (૨) સાવચેતી.

જયવંત :અંતરંગ કર્મસેનાને જીતનારા; મરણને હરનારા. (૨) અંતરંગ કર્મસેનાને જીતનારાઃ મરણને હરનારા; સંસાર-સમુદ્રને તરનારા; (૩) અંતરંગ કર્મ સેનાને જીતનારા.

જયવંત વર્તે છે :એમ ને એમ સદાકાળ-આદિ અનંતકાળ રહેશે. ફરી જન્મ લેવો પડશે નહિ. લૌકિકમાં માને છે, તેમ ભગવાનને નવો અવતાર લેવો પડે, એવું આ મોક્ષનું સ્વરૂપ નથી.

જયોતિ :જોત; અગ્નિ.

જરા :વૃદ્ધાવસ્થા.

જલકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ :૭૦૦૦ વર્ષ

જલદ :(જલ=પાણી, દ=આળનાર) વાદળ.

જલદી :એકદમ; શીઘ્ર

જલ્પ :બોલવું. બાહ્ય જલ્પ = સ્પષ્ટ બોલવું. અતંર્જલ્પ =મનમાં જ બોલવું. (૨) કહેવું એ; કથન; પરપક્ષ ખંડન અને સ્વપક્ષ મંડનની દષ્ટિએ કરવામાં આવતો વાદ; બબડાટ; બકવાદ; લવારો.

જલ્પના :બડબડાટ; બકવાદ; લવારો; કહેવું એ; કથન; પરપક્ષ ખંડન; અને સ્વપક્ષ મંડનની દષ્ટિએ કરવામાં આવતો વાદ. (૨) વાણીના અંતરંગમાં, અંદરને અંદર કાંઈ બોલવારૂપ, સૂક્ષ્મ પ્રકારોની પ્રવૃત્તિ, તે જલ્પના.

જળકલ્લોલ :તરંગ

જળરાશિ :સમુદ્ર

જળો જથ્થા :વેર વિખેર કરી નાખવું એ; કુટુંબ જીવનની ઉપાધિ; જંજાળ.

જ્વલંત :પુષ્ટ, હૃષ્ટપુષ્ટ; તેજસ્વી; ઝળહળતું; પ્રકાશમાન; નજરે દેખાતું; ઉઘાડું; તદ્દન ખુલ્લું; સ્પષ્ટ, પ્રબળ. (૨) દેદીપ્યમાન.

જંકાર :અનેકાંતાત્મક વસ્તુસ્વભાવની અપેક્ષા એકાંતવાદમાં મિથ્યા એકાંતનો સૂચવતો જે જ શબ્દ વપરાય છે તે વસ્તુસ્વભાવથી વિપરીત નિરૂપણ કરે છે, તેથી તેનો અહીં નિષેધ કર્યો છે. (અનેકાન્તાત્મક વસ્તુ સ્વભાવનો ખ્યાલ ચૂક્યા વિના, જે અપેક્ષાએ વસ્તુનું કથન ચાલતું હોય તે અપેક્ષાએ તેનું નિર્મીતપણું-નિયમપદ્ધપણું-નિરપવાદપણું બતાવવા માટે જે જ શબ્દ વાપરવામાં આવે છે, તેનો અહીં નિષેધ ન સમજવો.

જંજાળ :ઉપાધિમય લફરાં; કુટુંબકબીલાની ઉપાધિમય જમાવટ; સાંસારિક ઉપાધિ.

જંજાળમોહિની :સંસારની ઉપાધિ.

જંજિર :કેદ; સાંકળથી બંધાયેલ. રાગની એકતા અને પરનું અવલંબન એ બધું કેદ છે.

જુખામ :સળેખમ, શરદી.

જુગુપ્સા :સખત અણગમો; જોતાં ચીતરી ચડવાની સ્થિતિ; નિંદા. (૨) ઘૃણા; તિરસ્કાર. દુર્ગચ્છા; ઘૃણા; નિંદા; ચીતરી; સખત અણગમો. (૩) ગ્લાનિરૂપ પરિણામને, જુગુપ્સા કહે છે. (૪) ગ્લાનિ; સૂત્ર. (૫) ક્ષોભ; ગભરાટ; વ્યગ્રતા; ખળભળાટરૂપ અશાંતિ; ઘૃણા.

જુગુપ્સિત :જેના તરફ અણગમો બતાવવામાં આવ્યો છે તેવું; જેને જોતાં ચીતરી ચડે તેવું; નિંદિત. (૨) નિંદિત; ચીતરી ચડે તેવું.

જંગમ પ્રતિમા :પરિગ્રહ રહિત, સંયમી મુનિનું સ્વરૂપ, જંગમ પ્રતિમા છે.

જુગાર :સાત વ્યસનોમાં પહેલું અથવા બધાં અનર્થોમાં મુખ્ય, સંતોષનો નાશ કરનાર, માયાચારનું ઘર અને ચોરી તથા અસત્યનું સ્થાન, એવા જુગારનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ.

જંઘાચારણ :ભૂમિથી ચાર આંગળ ઊંચા આકાશમાં શીઘ્રતાથી સેંકડો યોજન ગમન કરવામાં સમર્થતા તે જંઘાચરણઋદ્ધિ છે.

જુગોજુગ :અનંત કાળ.

જુટાવવું :મેળવવું.

જૂઠ વચનમાં હિંસાનો સદ્ભાવ :સર્વ પ્રકારનાં જૂઠ વચનોમાં પ્રમાદયોગ જ કારણ છે તેથી જૂઠુ વચન બોલવામાં, હિંસા અવશ્ય જ થાય છે. કારણ કે હિંસા પ્રમાદથી જ થાય. પ્રમાદ વિના હિંસા થાય નહિ. જ્યાં પ્રમાદ ન હોય, ત્યાં હિંસા હોય નહિ. અને જ્યાં પ્રમાદ છે, ત્યાં હિંસા અવશ્ય થાય છે. (પ્રમાદના યોગથી પ્રાણોનો ઘાત કરવો, તે હિંસા છે. એ વચન પ્રમાણે)

જૂઠ વચનના ત્યાગી મહામુનિ હેય અને ઉપાદેયનો વારંવાર ઉપદેશ કરે છે ; ત્યાં પાપની નિંદા કરતો પાપી, જીવને તેમનો ઉપદેશ બૂરો લાગે, અથવા કોઈ ધર્મોપદે આપવાથી ખરાબ લાગે, તે દુઃખ પામે, પણ તે આચાર્યોને જૂઠનો દોષ લાગતો નથી, કેમકે તેમને (પ્રમાદ) કષાય નથી. પ્રમાદપૂર્વક વચનમાં જ હિંસા છે. તેથી જ કહ્યું છે કે પ્રમાદ સહિત યોગથી, વચન બોલવામાં તે જ જૂઠ છે, અન્યથા નહિ.

જૂઠનો ત્યાગ બે પ્રકારે છે. એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ બને છે, તથા એકદેશ ત્યાગ, શ્રાવક ધર્મમાં હોય છે. જે શ્રાવક ભોગ-ઉપભોગના સાધનમાં કદાચ કષાયના ઉદયથી (અર્થાત્ કષાયવશ) સર્વથા ત્યાગ ન બને, તો એક દેશ ત્યાગ તો અવશ્ય જ કરવો

જોઈએ. કારણકે શ્રાવક અવસ્થામાં અન્ય જૂઠના સર્વ ભેદોનો ત્યાગ કરે છે. પણ સાવદ્ય જૂઠનો ત્યાગ કરી શકે નહિ. તો ત્યાં પણ પોતાના ભોગ-ઉપભોગના નિમિત્તે, જે સાવદ્ય જૂઠ બોલે, તે પ્રયોજન વિના બોલે નહિ.

જૂઠી :વિપરીત; ખોટી.

જડ :અચેતન; જ્ઞાનરહિત (૨) મૂળ; મૂળિયું. (૩) નિર્જીવ

જડ સ્વરૂપ :અજીવ સ્વરૂપ.

જડકર્મ :ધર્મી પુરુષને જે વિકાર થાય, તેમાં જડ કર્મ વ્યાપક અને વિકાર એનું વ્યાપ્ત, એમ કર્તા-કર્મ અધિકારમાં આવ્યું છે ને ? હા, આવ્યું છે. પણ એ તો ત્યાં સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ વાત છે. વિકાર કર્મથી થાય છે, એમ એનો અર્થ નથી. રાગદ્વેષાદિ વિકાર કર્મથી-પરદ્રવ્યથી થાય, એમ માને એને તો મૂઢ અજ્ઞાની કહ્યો છે. ત્યાં એમ કહેવું છે કે, જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થયો તે ધર્મી પુરુષની નિર્મળ દશામાં ચૈતન્ય સ્વભાવ વ્યાપક અને તે નિર્મળ દશા એનું વ્યાપ્ત છે. તેથી તે સ્વભાવ, દૃષ્ટિવંત પુરુષને પર્યાયમાં રાગ થાય, તે અપરાધને બાહ્ય ગણીને, કર્મ વ્યાપક અને રાગ એનું વ્યાપ્ત-એમ ત્યાં કહ્યું છે, એ તો રાગ સ્વભાવની ચીજ નથી, અને તે કાઢી નાખવાની ચીજ છે, એ અપેક્ષાએ કહ્યું છે.

જડકર્મને આત્મા માનનારા :કર્મથી લાભ માનનારા. કર્મને આત્મા માનનારા; કર્મમાં આત્મા માનનારા; કર્મ, મને મારગ આપે તેથી ધર્મ થાય, તેમ માનનારા બધા અજ્ઞાની મૂઢ છે.

જડત્વ અનુજીવી ગુણ :પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યોનો જડત્વ અનુજીવી ગુણ છે.

જડત્વ પ્રતિજીવી ગુણ :જીવ દ્રવ્યનો છે.

જડતા :જડપણું; અજ્ઞાનતા.

જડધૂપ :જડની ધૂપ; દ્રવ્યકર્મરૂપ પુદ્ગલની વર્ગણા.

જડનાં કાર્યો તારાં નથી :શરીર, વાણી ને મન; પૈસા, મકાન ને ધંધો કે સ્ત્રી પુત્ર વગેરે પરજીવ-તેમનાં કોઈ કાર્યો કાંઈ તારાં નથી. શરીરનું હાલવું-ચાલવું, વાણી નીકળવી, ધંધો બરાબર ચાલવો એ બધાં કાર્યો જડનાં છે, આત્માનાં નથી.

જડભાવ :દુઃખમય ભાવ.

જડમતિ :મૂર્ખ; મિથ્યાદૃષ્ટિ; મૂઢ.

જડ સ્વભાવ :અજાણ સ્વભાવ એવા કર્મપુદ્ગલરૂપ અને એના ભાવરૂપ.

જડસ્વભાવરૂપ :કર્મપુદ્ગલરૂપ અને એના ભાવરૂપ-રાગરૂપ.

જડી દે :સ્થિર કરી દે.

જડી બુટ્ટી :જાદુઈ ગુણવાળી જડી; જડી ઔષધિના ગુણવાળાં મૂળિયાં

જઘન્ય :સૌથી થોડું (૨) હલકો

જઘન્ય કર્મસ્થિતિ :કર્મની ઓછામાં ઓછી સ્થિતિ.

જેની સિદ્ધિ માટે :આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવા માટે.

જૈન :આત્મામાં જે જ્ઞાયકભાવ બિરાજે છે, જે કદીય રાગરૂપ-જડરૂપ મલિનતારૂપ થતો નથી એવા જ્ઞાયકની સન્મુખ થઈને એને જ્ઞાન અને દૃષ્ટિમાં લે તેને જૈન કહે છે. જૈન કોઈ વાડો કે વેશ નથી, એ તો વસ્તુસ્વરૂપ છે. (૨) નિજ શુદ્ધાત્મ દ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિને જીતનારી નિર્મળ પરિણતિ જેણે પ્રગટ કરી છે, તે જ જૈન છે. મિથ્યાત્વના નાશ પૂર્વક જેટલા અંશે, જે રાગાદ્વિનો નાશ કરે છે, તેટલા અંશે તે જૈન છે. વાસ્તવમાં જૈનત્વનો પ્રારંભ, નિશ્ચય સમ્યગ્દર્શનથી જ થાય છે. (૩) પરમાત્મ સ્વરૂપ પામેલા, મહાપુરુષના આશ્રિત, ધર્માત્માઓ. (૪) જૈન કોઈ સંપ્રદાય નથી. ગુણસ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન, તેને જે પર્યાયમાં ઉપાદેય કરી-આશ્રય લઈ અનુભવે, તેણે રાગ અને અજ્ઞાનને જીત્યા, તેને જૈન કહેવાય. (૫) જીતનાર. કોને જીતવું છે અને કોણ જીતનાર છે એ જાણવું જોઈએ. પરદ્રવ્યોથી તો આત્મા ભિન્ન છે, પણ એક આત્મામાં બે પડખાં છે : એક તો ત્રિકાળી સ્વભાવ છે, અને બીજું વર્તમાન અવસ્થા છે. તેમાં જે ત્રિકાળી સ્વભાવ છે, તે તો શુદ્ધ જ છે, તેમાં કાંઈ જીતવાનું નથી, પણ વર્તમાન અવસ્થામાં દોષ છે તે દોષને જીતવાના છે. કોઈ પર પદાર્થોને જીતવા નથી - જીતી જ શકાતા નથી. તેમ જ કોઈ પર પદાર્થોની મદદથી પણ જીતવું નથી

– જીતી શકાતું નથી; પણ પોતાની વર્તમાન અવસ્થા પર લક્ષે થતી હોવાથી દોષવાળી છે. તે અવસ્થાને સ્વભાવ તરફ વાળીને દોષને જીતવા છે. અને તે પોતાથી થઈ શકે છે. પોતાના ત્રિકાળી સ્વભાવના યથાર્થ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સ્વ-સ્વરૂપમાં સ્થિરતા કરીને, અવસ્થાના દોષને જીતવાના છે. એ રીતે જીતનાર, આત્મા અને જીતવાનું પણ પોતાનામાં જ છે. આ રીતે બન્ને પડખાંને પોતાનાં જાણીને, ત્રિકાળી સ્વભાવની રુચિના પુરુષાર્થથી, વર્તમાન પર્યાયના-અવસ્થાના દોષને, જે જીતે, તે જૈન છે. આ રીતે જૈનપણું કોઈ વાડમાં, સંપ્રદાયમાં, વેશમાં કે શરીરની ક્રિયામાં નથી. પણ આત્માસ્વરૂપની ઓળખાણમાં જ જૈનપણું છે. હું મારા ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા વડે, વર્તમાન ક્ષણિક અવસ્થાના દોષને જીતનાર છું, એ જે જીવ અભ્યંતર માર્ગમાં શ્રદ્ધાવાન છે, તે જ વીતરાગધર્મનો ઉપદેશ આપી શકે.

હું મારા સ્વભાવથી પરિપૂર્ણ છું, મારા ગુણો પરિપૂર્ણ જ છે. ગુણ કાંઈ ઘટી ગયા નથી, અને પર્યાયમાં મારા દોષથી વિકાર છે, પણ તે વિકાર મારા ગુણસ્વભાવમાં નથી. વિકાર ટાળીને નિર્મળ પર્યાય બહારથી લાવવાની નથી પણ મારા પરિપૂર્ણ વર્તમાન છે, તેમાં એકાગ્રતા કરતાં પર્યાયનો વિકાસ થઈને નિર્મળતા પ્રગટે છે. કોઈ બીજાના કારણે વિકાર થયો નથી. અને કોઈ બીજાના અવલંબને તે ટળતો નથી. આમ પોતાના પરિપૂર્ણ ગુણોની પ્રતીતિ દ્વારા, અવસ્થાના અવગુણને જાણીને, જે ટાળે છે. તે જૈન છે.

ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન પ્રગટતાં, વાસ્તવિક જૈનપણું શરૂ થાય છે, અથવા તો સમ્યગ્દર્શનની સન્મુખ જે જીવ હોય, તેને પણ જૈન કહેવાય છે, અને તેરમા ગુણસ્થાને જે જિનદશા પ્રગટે છે, તે સંપૂર્ણ જૈનપણું; તેમને રાગ-દ્વેષ જીતવાના બાકી રહ્યા નથી. જૈનધર્મ એ વસ્તુનું સ્વરૂપ છે; જગતના જડ ચેતન પદાર્થોનું યથાર્થ સ્વરૂપ બનાવનાર, જૈન દર્શન તે વિશ્વદર્શન છે. સંપૂર્ણ રાગ-દ્વેષને જીતનાર પોતાના વીતરાગ સ્વરૂપનું જેને ભાન છે, પણ હજી પૂર્ણ રાગ-દ્વેષ જીત્યા નથી તે છદ્મસ્થ જૈન છે. અને વીતરાગ સ્વરૂપના ભાન પૂર્વક જેણે સંપૂર્ણ રાગ-દ્વેષ જીત્યા છે, તે પૂર્ણ જૈન છે. આવા પુરુષો જ જૈનદર્શનના રહસ્યના વકતા થઈ શકે. (૬) નિજ શુદ્ધાત્મ દ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ, રાગ-દ્વેષાદિને જીતનારી નિર્મળ પરિણતિ જેણે પ્રગટ કરી છે, તે જ જૈન છે. મિથ્યાત્વના નાશપૂર્વક જેટલા અંશે જે રાગાદિનો નાશ કરે છે, તેટલા અંશે તે જૈન છે. વાસ્તવમાં જૈનત્વનો પ્રારંભ, નિશ્ચય સમ્યગ્દર્શનથી જ થાય છે.

જૈન થવાને લાયક જીવ :એ જીવ શરાબ, માંસ, મધ, ઉમરો, અંજીર, પાપર કે પીપળાના ફળ અને વડના ટેટા આ આઠ ચીજનો ત્યાગ કરે છે તેને જિનનો ઉપદેશ દેવા લાયક છે.

જૈન દર્શન :દરેક નયથી સંપૂર્ણ અપેક્ષાઓને સ્વીકારીને, આત્મત્વનું કથન કરનાર દુનિયામાં કોઈપણ દર્શન હોય, તો ખરેખર તે જૈનદર્શન છે.

આખી દુનિયાના દર્શનોને-નયનોની અપેક્ષા વડે, -સત્ય અને અસત્યનો ભેદ પાડી, ન્યાય આપનાર જૈન દર્શન છે.

જૈન દર્શન :હું તો એક ત્રિકાળી ધ્રુવ પરમ સ્વભાવભાવમય શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપી પરમાત્મ દ્રવ્ય જ છું; દયા-ધનના વિકલ્પેય હું નહિ અને એક સમયની પર્યાય પણ હું નહિ. -એમ ધ્રુવમાં એકપણે રહીને, આ ભાવના ધ્રુવનો નિર્ણય કરે છે. આનું નામ જૈન દર્શન છે. એ મહા અદ્‌ભૂત અલૌકિક ચીજ છે. (૨) જૈન શાસન શું છે ? જૈન શાસન એ ત્રિકાળી જ્ઞાયક ભાવ છે. એમાં એકાગ્રતા થવી-ભાવમતિ-ભાવશ્રુતજ્ઞાન દ્વારા, પ્રત્યક્ષપણે અંદરમાં એકાગ્ર થવું- એ જૈન શાસન છે. જૈન શાસન કોઈ આત્માની પર્યાયથી પૃથક્ રહે છે, એવું નથી. જૈનશાસન, એ વીતરાગ સ્વરૂપ ત્રિકાળ જે છે - નિજબિંબ ત્રિકાળ ધ્રુવ જેને અહીં પારિણામિક ભાવ કહ્યો, એ અકષાયસ્વરૂપ-નિજબિંબ વીતરાગ આત્મા છે. એને જ ખરો આત્મા, કહેવામાં આવેલ છે.

એ આત્માનો વિષય કરવાવાળી જે પર્યાય છે, એ પર્યાયને જિન શાસન કહે છે. એમાં રાગ, દયા, દાન, શુભરાગ કે વિકલ્પ આવતા નથી.

એ ત્રણ ભાવને ભાવત્રય કહેવાય છે. આગમભાષાએ ઉપશમ ભાવ - શાંતરસનું વેદન - ક્ષયોપશમ ભાવ, સમંતરસનું વેદન અને ક્ષાયિકભાવ. ઉગ્ર શાંતરસનું વેદન - એ ત્રયભાવ મોક્ષનાં કારણ અથવા નિશ્ચય-મોક્ષમાર્ગ,

આ ત્રણ ભાવરૂપ છે. શાંત ! શાંત ભાવ ! કેમકે ભગવાન આત્મા શાંત રસનો પિંડ જ છે.

અકષાય સ્વભાવ – વીતરાગ સ્વભાવ, એ ભરપૂર ધ્રુવ સ્વભાવ છે. (આત્મા) ! એની શાંતરસની શક્તિની વ્યક્તિ છે. ને ત્યાં ભવ્યત્ત્વશક્તિની વ્યક્તિ (પ્રગટ) થાય છે. એ સ્વભાવમાં જે શાંત-વીતરાગતા પડી છે, અર્થાત્ ધ્રુવશક્તિ છે, એમાં એકાગ્રતા થઈને, પર્યાય નામ વર્તમાન દશામાં, શાંત દશા થવી, એ નિશ્ચયમોક્ષમાર્ગ છે, એ ભાવના છે, એ પરિણામ છે. એ પર્યાય છે, એ અધ્યાત્મભાષાએ 'શુદ્ધાત્મ અભિમુખ પરિણામ' :

જૈન દર્શનમાં મતમતાંતરોના કારણો :(•) પોતાની શિથિલતાને લીધે, કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની, પ્રાધાન્યતા ઘટાડી હોય. (•) પરસ્પર બે આચાર્યોને વાદવિવાદ. (•) મોહનીય કર્મનો ઉદય અને તે રૂપે, પ્રવર્તન થઈ જવુ. (•) ગ્રહાયા પછી, તે વાતનો માર્ગ મળતો હોય, તો પણ તે દુર્લભ. બોધિતાને લીધે ન ગ્રહવો. (•) મતિની ન્યૂનતા. (•) જેના પર રાગ, તેના છંદમાં પ્રવર્તન કરનારા, ઘણા મનુષ્યો. (•) દુઃષમ કાળ એ (•) શાસ્ત્ર જ્ઞાનનું ઘટી જવું.

જૈનધર્મ :એ કોઈ ક્રિયાકાંડ કે સંપ્રદાય નથી. વસ્તુના સ્વભાવની દષ્ટિ કરીને અજ્ઞાન અને રાગદ્વેષને જીતવાં એનું નામ જૈનધર્મ છે. (૨) જૈનધર્મ તે રાગ-દ્વેષ-અજ્ઞાનને જીતનાર આત્મસ્વભાવ છે. તેથી જેટલે અંશે રાગ-દ્વેષ-અજ્ઞાનનો નાશ કરે, તેટલે અંશે જૈનપણું છે. જૈનપણાની શરૂઆત, સમ્યગ્દર્શનથી જ થાય છે. (૩) જે રાગ-દ્વેષ અજ્ઞાનને જિતનાર, આત્મ સ્વભાવ છે. વાડો-વેશ નથી.

જૈનપાક્ષિકો :પાક્ષિક જૈનો; જૈનમાર્ગ સત્ય છે એના નિશ્ચયપૂર્વક પક્ષ કરનારા.

જૈન શાસન :જૈન સિદ્ધાંતનું તથ્ય એ છે કે , આત્મા પોતે જ્ઞાન આનંદથી ભરપૂર ભગવાન છે તે અનુભવમાં આવે. આવા અનુભવને જ જૈન શાસન કહ્યું છે.

જૈન સિદ્ધાંત :જેમ શરીર જીવ સહિત કાર્યકારી છે. જીવ વિનાનું મૃતક શરીર કંઈ કામનું નથી. તેમ જૈન સિદ્ધાંત છે, તે વચનાત્મક છે, વચન કર્મવર્તી છે. તે જે કથન કરે છે તે એક નયની પ્રધાનતાથી કરે છે. પરંતુ જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદથી વ્યાપ્ત છે. જ્યાં એક નયની પ્રધાનતા છે, ત્યાં બીજો નય સાપેક્ષ છે. તેથી જૈન સિદ્ધાંત, આ જીવને કાર્યકારી છે. અન્ય મતના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે, સ્યાદ્વાદરહિત છે માટે કાર્યકારી નથી. જે જૈન શાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી, સ્યાદ્વાવરહિત શ્રદ્ધેછે. તેને વિપરીત ફળ મળે છે. માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે. તેને નમસ્કાર કરું છું. (૨) જૈન તત્ત્વ દર્શન.

જૈનતત્ત્વમીમાંસા :એ નામનો ગ્રંથ છે. તેમાં પર્યાયસંબંધી બહુ સારું સ્પષ્ટીકરણ કર્યું છે. તેના લેખક પંડિત શ્રી ફૂલચંદજી છે.

જૈનદર્શન :કોઈ અદ્‌ભૂત અલૌકિક છે. તેમાં મૂળસ્વરૂપ-નિશ્ચયસ્વરૂપ તો યથાર્થ છે જ કે જે બીજે ક્યાંય નથી, પણ પર્યાય કે જે વ્યવહાર છે એનું સ્વરૂપ પણ જૈનદર્શનમાં જેવું બતાવ્યું છે એવું બીજે ક્યાંય નથી. એકેક ભેદોનું જ્ઞાન કરાવી પછી એનો નિષેધ કરે છે. ભિન્ન ભિન્ન શુભભાવ છે, ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિ ભેદો છે, પણ એ અનુભૂતિથી ભિન્ન છે-એમ કેવળજ્ઞાનમાં જે વ્યવહાર જણાયો એ વ્યવહારનું જ્ઞાન કરાવી ત્રિકાળીની દષ્ટિમાં અનો નિષેધ કરે છે. (૨) જૈનશાસન શું છે ? જૈન શાસન એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે એમાં એકાગ્રતા થવી-ભાવમતિ-ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષપણે અંદરમાં એકાગ્ર થવું- એ જૈન શાસન. (૩) અનંત એવા લોકાકાશની વચ્ચે આ વિશ્વ-લોક આવેલ છે. તે ત્રણે કાળે-આદિ-મધ્ય અને અંતમાં એ રૂપે રહેવાનો છે અર્થાત્ અલોકાકાશમાં એકલું આકાશ દ્રવ્ય છે. તેની વચ્ચે પુરૂષાકારે લોક આવેલો છે.

આ લોકમાં છ દ્રવ્ય છે. તેમાંવ દ્રવ્ય ચેતન છે. બાકીના પાંચ દ્રવ્ય પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ અજીવ છે. જેમાં પુદ્‌ગલ દ્રવ્ય રૂપી છે. બાકીના પાંચ દ્રવ્યો જીવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ અરૂપી છે.

આ છએ દ્રવ્યોના છ ગુણો સામાન્ય છે : અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ એ અગુરૂ લઘુત્વ

(૧) અસ્તિત્વગુણની શક્તિને કારણે દ્રવ્યોનો કદીપણ નાશ ન થાય; કોઈથી ઉત્પન્ન પણ ન થાય તેને અસ્તિત્વગુણ કહે છે.
અસ્તિત્વગુણથી હું સ્વતંત્ર અનાદિ અનંત મારાથી ટકી રહેનારો છું કોઈ પરથી અને કોઈ સંયોગથી મારી ઉત્પત્તિ થઈ નથી. તથા મારો કદી નાશ થતો નથી આથી મરણનો ભય ટળી જાય છે.

(૨) વસ્તુત્વગુણની શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા કરવાપણું હોય છે. જીવની અર્થક્રિયા જાણવું અને ઘડાની અર્થક્રિયા જળ ધારણ કરવું વગેરે .

(૩) દ્રવ્યત્વગુણની શક્તિના કારણથી દ્રવ્ય અવસ્થાઓ નિરંતર બદલાયા કરે છે. બધા દ્રવ્યોની અવસ્થાઓનું પરિવર્તન (બદલવું) નિરંતર તેના પોતાથી પોતામાંથી જ થયા કરે છે. પણ બીજું કોઈ તેની અવસ્થા બદલતું નથી.

(૪) પ્રદેશત્વગુણના શક્તિને કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય, તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

(૫) પ્રમેયત્વગુણની શક્તિના કારણે દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય છે.

(૬) અગુરૂલઘુત્વ ગુણની શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્ (•) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય, (•) એક ગુણ બીજા ગુણ રૂપે ન થાય અને (•) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય તે શક્તિને અગુરૂ લઘુત્વ ગુણ કહે છે. અગુરુલઘુત્વગુણને (•) કોઈપણ દ્રવ્ય બીજા દ્રવ્યને આધીન નથી. (•) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકે નહિ, (•) દ્રવ્યનો એક ગુણ તે જ દ્રવ્યના બીજા ગુણનું કંઈ કરી શકે નહિ.
એ પ્રકારે હું જ્ઞાન સ્વભાવી આત્મા સર્વે દ્રવ્યથી ભિન્ન એ સ્વતંત્ર છું તેવો ભેદજ્ઞાનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ થાય છે.

વિશેષ ગુણો :-

(૧) જીવ દ્રવ્યમાં ચૈતન્ય (જ્ઞાન,જ્ઞાતા, દર્શન, દષ્ટા), શ્રદ્ધા (સમ્યક્ત્વ) ચારિત્ર. સુખ, વીર્ય, ક્રિયાવતી શક્તિ, વૈભાવિક શક્તિ વગેરે. (૨) પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ વગેર.

(૩) ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિ હેતુત્વ વગેરે એટેજીવ અને પુદ્ગલને ગતિ કરવામાં જે સહાયકારી થાય છે તે ધર્માસ્તિક દ્રવ્ય.

(૪) અધર્માસ્તિકાય દ્રવ્યમાં સ્થિહેતુત્વ વગેરે : એટલે કે જીવ એ પુદ્ગલને સ્થિર રહેવામાં જે સહાયકારી ાય તે અધર્માસ્તિ દ્રવ્ય.

(૫) આકાશ દ્રવ્યમાં અવગાહન હેતુત્વ વગેરે એટલે જીવાદિ પાંચે દ્રવ્યને જે રહેવાની જગ્યા આપે છે તે આકાશ.

(૬) કાળ દ્રવ્યમાં પરિણમન હેતુત્વ વગેરે.

જૈનદર્શનનું વિશેષપણું શું છે ? :કર્મગ્રંથમાં જે જે ગુણસ્થાન, કે જે જે કર્મપ્રકૃતિઓની બંધ, ઉદય, ઉદીરણા, સત્તા વર્ણવી છે, અને તેના બંધના તથા છૂટવા વગેરેના જે જે પ્રકારો વર્ણવ્યા છે, તેવા કોઈ દર્શનમાં નથી.

જૈનદર્શનના શાસ્ત્રોના ભાવ સમજવા માટે અવશ્ય લક્ષ્યમાં રાખવા યોગ્ય નિયમો :

(૧) જૈનદર્શન અનેકાન્ત સ્વરૂપ છે, તે દરેક વસ્તુને અનેકાન્ત સ્વરૂપ બતાવે છે. દરેક તત્ત્વ પોતાના સ્વરૂપમાં અસ્તિરૂપ અને પરના સ્વરૂપથી નાસ્તિરૂપ છે. આ અનેકાન્ત, એ જ વસ્તુનું સ્વરૂપ સમજવાનો ઉપાય છે. તેનાથી જ જૈન દર્શનની મહત્તા છે.

(૨) દરેકે દરેક તત્ત્વ સ્વતંત્ર છે, પોતે પોતાથી અસ્તિરૂપ છે, અને પરથી નાસ્તિરૂપ છે. જેમાં જેની નાસ્તિ હોય, તેમાં તે કાંઈ કરી શકે નહિ. તેથી કોઈ તત્ત્વનું કાંઈ પણ કરવા કદી, સમર્થ નથી.

(૩) દરેક દ્રવ્યો એકબીજાથી જુદાં હોવાથી, તેમના ગુણો અને પર્યાયો પણ ત્રિકાળ જુદે જુદાં જ છે. અને દરેક દ્રવ્યના ગુણ-પર્યાય પોતપોતાના દ્રવ્યના જ આધારે છે. કોઈ પણ દ્રવ્યના ગુણ-પર્યાય, કદી પણ કોઈ બીજા દ્રવ્યના આધારે નથી.

(૪) જીવ પોતે બીજા અનંત પર પદાર્થોથી ભિન્ન છે. તેથી કોઈ પર પદાર્થો, જીવને લાભ-નુકસાન કરી શકે નહિ, જીવનો પુરુષાર્થ સ્વતંત્ર છે. જગતના સર્વ દ્રવ્યો સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ - એમ અનેકાન્ત સ્વરૂપ છે. એ અનેકાન્ત દ્વારા વસ્તુસ્વરૂપની સ્વતંત્રતા અને પૂર્ણતા છે. આમ

ભેદજ્ઞાન કરાવીને, જૈનદર્શન આત્મસ્વભાવ સાથે એકતા કરાવે છે, ને પરનો સંબંધ તોડાવે છે.

(૫) જૈન દર્શનના શાસ્ત્રનું કોઈ પણ કથન હોય, તેનું મૂળ પ્રયોજન વીતરણભાવ જ છે. એ પ્રયોજનને અખંડ રાખીને જ, જૈનશાસ્ત્રોના અર્થ સમજવા.

ઉપર મુજબના પાંચ નિયમો બરાબર લક્ષમાં રાખીને, સત્શાસ્ત્રોના અર્થ સમજવામાં આવે, તે તેનું સાચુ ંરહસ્ય સમજાય છે. કોઈ પણ શાસ્ત્ર હોય અને તેમાં નિશ્ચયનયનું કથન હોય કે વ્યવહારનયનું કથન હોય, તેનો સાચો ભાવાર્થ સમજવા માટે ઉપરના નિયમો લક્ષમાં રાખીને, તેના અર્થ કરવા જોઈએ.

અસ્તિ-નાસ્તિરૂપ અનેકાન્તના મર્મને સમજીને, જો અર્થ કરે તો શાસ્ત્રરૂપી સમુદ્રને પાર પામી જાય,-શાસ્ત્રના ગમે તે કથનમાં પણ તે મૂંઝાય નહિ. અને જો અનેકાન્તના સાચા મર્મને જાણે નહિ, તથા એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં કાંઈ કરે ઈત્યાદિ પ્રકારે પક્ષ રાખીને, શાસ્ત્ર વાંચે તો તે શાસ્ત્રના અનેક વિવક્ષાઓના કથનને ઉકેલી શકશે નહિ, તે શાસ્ત્રના કથનને જ પકડીને, ત્યાં જ મૂંઝાઈ જશે - એટલે કે તેનું જ્ઞાન મિથ્યા રહેશે. તે શાસ્ત્રોમાં રહેલા જ્ઞાનીઓના આશયને સમજી શકશે નહિ.

જૈનધર્મ : સંયોગ અને રાગની મિથ્યાશ્રદ્ધા છોડવીને અભાવની શ્રદ્ધા કરવી તે જૈન ધર્મ છે. (૨) રાગ-દ્વેષ અને અજ્ઞાનને દૂર કરીને, પરમ વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરે, તે જૈન ધર્મ છે. (૩) હું તો અખંડ, એક જ્ઞાયક સ્વભાવી ચૈતન્યજ્યોતિ માત્ર, વસ્તુ આત્મા છું - આવી નિર્વિકાર નિર્મળ અંતઃદષ્ટિ થવી, તે જૈન ધર્મ છે. જૈન ધર્મ, એ કોઈ વાડો કે સંપ્રદાય નથી; જૈનધર્મ તો વસ્તુનું સ્વરૂપ છે. (૪) જૈન ધર્મ તે રાગ-દ્વેષ અજ્ઞાનને જીતનાર, આત્મસ્વભાવ છે. તેથી જેટલે અંશે રાગ-દ્વેષ અજ્ઞાનનો નાશ કરે, તેટલે અંશે જૈનપણું છે. જૈનપણાની શરૂઆત સમ્ગ્દર્શનથી થાય છે. (૫) રાગ અને અજ્ઞાન દૂર કરીને, પરમ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટ કરે, તે જૈનધર્મ છે.

જૈન ધર્મના ઉપદેશનો સાર :જૈન ધર્મના બધા ઉપદેશનો સાર આ છે કે, પોતાના આત્માને જગતના પદાર્થોથી ભિન્ન, તેમજ શુભાશુભ ભાવોથી પણ ભિન્ન, જ્ઞાન,-આનંદ સ્વરૂપે જાણીને, તેને જ ધ્યાવીને, તેમાં એકાગ્ર થવું - આમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ત્રણે આવી જાય છે, તે જ મોક્ષનો માર્ગ છે. તે જ મુમુક્ષુનું કર્તવ્ય છે.

પુણ્યના ફળમાં ધનના ઢગલા કે સમાજમાં મોટાઈ મળે, તેથી કાંઈ આત્માને લાભ થઈ જતો નથી. તે બધું મળવાથી, કાંઈ આત્માનું કામ થઈ જતું નથી. આત્માના હિતને માટે કોઈ સંયોગ, કે તેના તરફનો ભાવ કાંઈ કામ આપતો નથી. હું આત્મા જ્ઞાનાનંદ છું - એમ પોતાની વસ્તુને ઓળખીને, તે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે. તો તેનાથી આત્માનું પરમ હિત છે, ને તે આત્માની વસ્તુ હોવાથી, આત્મા સાથે અચળ રહે છે. તેનો વિયોગ થતો નથી. પુણ્યના ફળરૂપ સંયોગ, તો છૂટી જાય છે.

અરે જીવ ! તુ વિવેક તો કર, કે કઈ ચીજ મળવાથી તારું હિત છે ? ધન-સ્ત્રી વગેરેનો સંયોગ કે ભગવાનનો ને, ગુરુનો સંયોગ ! તે કોઈ પણ સંયોગ તને હિત આપે તેમ નથી. તું પોતે સંયોગથી ભિન્ન, આત્માનું જ્ઞાન કર, તે જ્ઞાન જ તને હિતરૂપ છે, શ્રી દેવ-ગુરુ પણ તને એમ જ, કરવાનું ફરમાવે છે, અને એમ કરવું તે જ, શ્રીદેવ-ગુરુનો પરમાર્થ વિનય છે.

હવે જેમ પુણ્યનો સંયોગ હિત આપતો નથી, તેમ પાપના ફળમાં અસાતા વગેરે પ્રતિકૂળતા હોય, તો તે કાંઈ હિતમાં રોકાતી નથી; તે વખતે પણ અંદર ભેદજ્ઞાન કરે, તો જીવ પોતાનું હિત કરી શકે છે. સંયોગ શું કરે ? નરકમાં પણ જીવ સમ્યગ્દર્શન પામે છે - ત્યાં સંયોગ એક કોર પડ્યા રહે છે, ને તેનું લક્ષ છોડીને જીવ અંદર પોતામાં ઊતરી જાય છે, ત્યાં અપૂર્વ શાંતિ પ્રગટે છે.

સંયોગ, સંયોગમાં રહ્યા,આત્મામાં તેનો પ્રવેશ નથી. સંયોગ વખતે જેમ આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરી શકે છે, તેમ લક્ષ બદલીને, સંયોગથી ભિન્ન આત્માના લક્ષે ભેદજ્ઞાન કરીને, ધર્મધ્યાન પણ કરી શકે છે. કરોડો પ્રતિકૂળતા દુઃખનું કારણ નથી. ને કરોડો અનુકૂળતા સુખનું કારણ નથી; છતાં તેને દુઃખ

સુખનું કારણ માનનારા જીવ મિથ્યાત્વના મહાન પાપને સેવતો થકો, સંયોગ બુદ્ધિથી અનંત રાગ-દ્વેષ કરે છે. ને અનંતા કર્મોથી બંધાય છે.
સંયોગથી જુદો આત્મા જાણીને, આત્માની ભાવના કરનાર જીવને ભવિષ્યમાં, એવા પ્રતિકૂળ સંયોગ પણ આવતા નથી. સંયોગની ભાવના કરનારો જીવ, સ્વભાવની ભાવના છોડી, સ્વભાવને વિરાધક થઈ, એવા કર્મો બાંધશે કે ભવિષ્યમાં મહા પ્રતિકૂળ સંયોગ આવશે, માટે કહે છે કે હે ભાઈ ! તું અત્યારે આવો સુયોગ પામીને, લાખ પ્રતિકૂળતા વચ્ચે પણ , અને બહારનાં લાખ કામ છોડીને પણ , તારા આત્માને ઓળખીને, તેને ધ્યાવ. આત્મા પુણ્ય-પાપના સંયોગથી જૂદો, પોતે પરમ શાંત નિરાકૂળ જ્ઞાન સ્વરૂપ છે. આવા આત્માને લક્ષમાં લઈને તેમાં વળેલી, પર્યાય સંયોગને સ્પર્શતી નથી, રાગ-દ્વેષ કરતી નથી; તેને હર્ષ શોક કરાવે, એવી કોઈ સંયોગમાં તાકાત નથી.

જૈનવિજ્ઞાન :જૈન વિજ્ઞાન અનુસાર જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, કાળ અને આકાશ, એ છ દ્રવ્ય છે. એના સિવાય બીજું કોઈ દ્રવ્ય નથી. બીજા જે દ્રવ્યોની લોકમાં કલ્પના કરવામાં આવે છે, તે બધાનો સમાવેશ આમાં જ થઈ જાય છે. એ નિત્ય અને અવસ્થિત છે - પોતાના છ ની સંખ્યાનો કદી પરિત્યાગ કરતા નથી. એમાં પુદ્ગલ સિવાય બાકીના બધા દ્રવ્યો અરૂપી છે. અને આ બધાની ચર્ચાથી પ્રાયઃ બધા જૈન સિદ્ધાંત ગ્રંથો ભરેલા છે.

જૈનશાસન :વસ્તુનું સ્વરૂપ (૨) કુંદકુંદાચાર્ય કહે છે કે એકવાર પૂર્વનો આગ્રહ છોડી સાંભળ, કે અંતરમાં એકરૂપ પરમાત્મતત્ત્વ સામાન્યસ્વભાવ નિર્લેપ ભગવાન છે એને જાણવો, એની પ્રતીતિ અને રમણતા કરવી-એવો જે શુદ્ધોપયોગ છે તે જૈનશાસન છે. આ જૈનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. જયસેના આચાર્યની ટીકામાં આવે છે કે બાહ્યદ્રવ્યશ્રુતમાં એમ જ કહ્યું છે કે અબદ્ધસ્પૃષ્ટ આત્માનો અનુભવ કરવો એ જ જૈનશાસન છે. બારઅંગરૂપ વીતરાગની વાણીનો આ જ સાર છે-કે શુદ્ધ આત્માનો અનુભવ કર. દ્રવ્યશ્રુત વાચક છે, અંદર ભાવશ્રુતજ્ઞાન તેનું વાચ્ય છે. દ્રવ્યશ્રુત અબદ્ધસ્પૃષ્ટ આત્માના સ્વરૂપને નિરૂપે છે, ભાવશ્રુત અબદ્ધસ્પૃષ્ટ આત્માનો અનુભવ કરે છે. (૩) શુદ્ધ ચિદાનંદ ભગવાનને જેણે અંતર્મુખ થઈ અનુભવ્યો તે, કહે છે, સર્વ જિનશાસનને દેખે છે, કે જે બાહ્ય દ્રવ્યશ્રુત (તીર્થંકર દેવની વાણીમાંથી રચાયેલા આગમો) તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુત (આત્માની શુદ્ધ અનુભૂતિ રૂપ શ્રુતજ્ઞાન) વાળું છે જે પુરુષે નિજ શુદ્ધોપયોગમાં આત્માનુભવ કરીને, મોક્ષમાર્ગ પ્રગટ કર્યો તેણે સકળ જિન શાસન જોયું. આવું જિનશાસન, એક વીતરાગભાવરૂપ છે.

જૈની :જિન ભગવાનની

જંપ :શાંતિ; નિરાંત.

જાગૃત :પ્રગટ

જાગતો જીવ :ધ્રુવ જ્ઞાયક ભાવ. (૨) જ્ઞાયક જીવ; જાણનાર જીવ; જ્ઞાતા જીવ; દ્રષ્ટાજીવ- એ ધ્રોવ્ય છે. ધ્રુવ ભાવે હાજરાહાજુર જ્ઞાયક ભગવાન ક્યાં જાય ? શું એ દયા-દાન વગેરે વિકલ્પોમાં આવે ? તે તો સનાતન ધ્રૌવ્યપણે સદા ઊભો જ છે. ત્યાં નજર કર તો તે અવશ્ય પ્રાપ્ત થાય જ.

જાગ્રત :સભાનતા; સાવચેત; સાવધ; ચેતન, સભાન; જાગતું. (૨) સ્વસ્થ (૩) સાવધ.

જાજવલ્યમાન :દેદીપ્યમાન

જડ કર્મો :જ્ઞાનાવરણાદિ આઠ જડ કર્મો.

જાણે છે :જાણવારૂપ પરિણમે છે.

જાણગ :જાણનાર.

જાણનક્રિયા :સાચું ભાન થયું કે અહો ! આ જાણનક્રિયા કરનારો હું, જ્ઞાનસ્વરૂપ આત્મા છું; આ જાણનક્રિયા છે. તે મુક્તિના માર્ગની ક્રિયા છે. જડની ક્રિયાને અજ્ઞાની લોકો, મુક્તિના માર્ગની ક્રિયા માને છે. શુભ પરિણામની ક્રિયાને પણ, અજ્ઞાની મુક્તિની ક્રિયા માને છે; પરંતુ મુક્તિ કરવી છે આત્માની, તો આત્માની ક્રિયાથી મુક્તિ થાય કે જડની ક્રિયાથી મુકિત થાય ? મુક્તિ પોતે અવિકારી ભાવ છે. તો અવિકારી ભાવ, અવિકારી ક્રિયાથી પ્રગટે કે શુભ પરિણામરૂપ વિકારી ક્રિયાથી પ્રગટે ? માટે એમ સિદ્ધ થયું કે શરીરાદિ જડની ક્રિયારહિત, અને શુભ પરિણામરૂપ વિકારી ક્રિયાથી રહિત, અવિકારી એવી

જાણનક્રિયા, તે જ મુક્તિના માર્ગની ક્રિયા છે. ને તે જ ક્રિયા મુક્તિનું કારણ છે.

જાણવું :માનવુ; અનુભવવું. (૨) અનુભવવું; ઓળખવું (૩) જાણવું તે આત્માનો સ્વભાવ છે. તે જાણવાના સ્વભાવમાં ન જાણવું. ન આવે. તે જાણવાના સ્વભાવની મર્યાદા ન હોય. તે જાણવાના સ્વભાવમાં કઈ ચીજ ન જણાય ? બધાં દ્રવ્ય, બધું ક્ષેત્ર, બધો કાળ, અને બધા ભાવોને જાણે. એવો જ્ઞાનસ્વભાવ અમર્યાદિત છે. જીવ એક અખંડ દ્રવ્ય હોવાથી, તેનું જ્ઞાન સામર્થ્ય પણ સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય, તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. એવી એક એક આત્મામાં તાકાત-ત્રેવડ છે.

આત્મા પરને જાણવા જતો નથી પરંતુ જગતના અનંત દ્રવ્યો, અનંત ક્ષેત્ર, અનંત કાળ અને અનંતભાવો, આત્માના જ્ઞાનમાં સહજપણે જણાય છે, એવો જ્ઞાનનો સ્વ પર પ્રકાશક સ્વભાવ છે. પર જ્ઞેયો આત્મામાં આવતા નથી. પર જ્ઞેયોની આત્મામાં નાસ્તિ છે. પરંતુ જ્ઞાન પરને જાણે છે. પોતાને જાણે છે, જ્ઞાન જ્ઞાનને જાણે છે. જ્ઞાન આત્મામાં રહેલા બીજા અનંત ગુણોને પણ જાણે છે, અને જ્ઞાન લોકાલોકને પણ જાણે છે એવો જ્ઞાનનો સ્વ પર પ્રકાશક સ્વભાવ છે. (૪) ઓળખવું.

જાણવાના ક્ષોભથી :આકાંક્ષાથી

જાણવાની ક્રિયા-જાણવાના પરિણામ :પુસ્તકનું વાંચન કે વ્યાખ્યાન સાંભળતાં, જે વર્તમાન પરિણામ થાય છે, તે કાંઈ શબ્દોને અનુસરીને થતાં નથી, પણ જીવના ત્રિકાળી જાણવા-દેખવાના સ્વભાવ-ત્રિકાળી જ્ઞાન-દર્શન ગુણને અનુસરીને થાય છે.

જાણવાની પર્યાયનો ઉઘાડ :આત્માના જ્ઞાન-દર્શન ગુણને અનુસરીને, પોતાની યોગ્યતા અનુસાર, જાણવાની પર્યાયનો ઉઘાડ થાય છે.

જાત્યાંતર :બીજી જાતિમાં પલટાવી નાખવું. (૨) પટલાવવું; જાતિભેદ;

જાતિ :માતાના ગોત્રને જાતિ કહે છે. મામા વગેરે માતૃપક્ષના રાજા વગેરે, પ્રતાપી વ્યક્તિ હોવાનું અભિમાન કરવું તે જાતિ ભેદ છે. (૨) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આદિ વર્ણો. (૩) અવ્યભિચારી સદશ્યતાથી એકરૂપ કરવાવાળા, વિશેષને જાતિ કહે છે. (૪) તે સદશ ધર્મવાળા પદાર્થોને જ, ગ્રહણ કરે છે.

જાતિ કોને કહે છે? :અવ્યભિચારી સદશતાથી એકરૂપ કરવા વાળા વિશેષને, જાતિ કહે છે. અર્થાત્ તે સદશધર્મ વાળા પદાર્થોને જ, ગ્રહણ કરે છે.

જાતિ નામકર્મ :જે કર્મના ઉદયથી, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય કહેવાય છે.

જાતિ સંધ :જન્માંધ; રાગ અને પર્યાયની રુચિવાળા જન્માંધ.

જાતિ સ્મરણ :પૂર્વ ભવનું જ્ઞાન.

જાતિ સ્મરણજ્ઞાન :એ જાતિજ્ઞાનના ધારણા નામના, ભેદમાં સમાય છે. તે પાછલા ભવ જાણી શકે છે. તે જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય, ત્યાં સુધી આગળ ચાલી શકે છે.

જાતિવૃદ્ધતા :જાતિ અપેક્ષાએ મોટાપણું.

જાનુપ્રદેશ :ઘૂંટણ; ગોઠણ.

જામી જવું :ઠરી જવું.

જાવજીવ :આજીવન.

જાહેર કરે છે :વિસ્તારે છે.

જિજ્ઞાસુ :પર સાથે આત્માને કાંઈ સંબંધ નથી, પર પોતાથી (આત્માથી) ત્રિકાળ નાસ્તિપણે છે. વર્તમાન વિકારી અવસ્થામાં પણ, પર વસ્તુ આત્મામાં નથી. દેહમાં આત્મા નથી પણ નિમિત્તથી કહીએ, તો એક આકાશક્ષેત્ર આત્મા અને દેહાદિ જડ પદાર્થો સંયોગપણે રહેલા છે. છતાં વસ્તુપણે દરેક પરમાણુ તથા દરેક આત્મા જુદા જુદા છે, જે આત્માથી જુદા પડે, તે અત્માના હોય નહિ. એવા સ્થૂલ વ્યવહારુ મિથ્યાત્વનો ત્યાગ, તો સમયસારના જિજ્ઞાસુને હોય જ. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર અને કોઈ પ્રકારે હિતકર નથી. દેહાદિ મારું સ્વરૂપ નથી, એમ સમજીને વ્યવહાર ભૂલ છોડીને જ. આ પરમાર્થ સ્વરૂપ સમજવા જિજ્ઞાસુ આવ્યો છે.

જિજ્ઞાસા :જાણવાની ઈચ્છા. (૨) તત્ત્વ જાણવાની ઈચ્છા. ''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ, અભિલાષ''; ''ભવે ખેદ, અંતરદયા, તે કહિયે જિજ્ઞાસ-આત્મસિદ્ધિ ગાથા.'' (૨) જાણવાની ઈચ્છા.

જિજ્ઞાસિત :જેની જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા) હોય તે.

જિતેન્દ્રય :ચારિત્રગુણ (૨) જ્ઞેયજ્ઞાયક સંકરદોષને જીતવો; દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો-એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્ય દ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવવો તે નિશ્ચયથી જિતેન્દ્રિય છે. (૩) ચૌદ પ્રકારના આંતરિક પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહોનો જ્યાં સુધી સાચા હૃદયથી ત્યાગ થતો નથી ત્યાં સુધી ઈન્દ્રિય-વ્યાપારનું અટકવું અને જિતેન્દ્રિય થવું પણ બનતું નથી. (૪) મોહનો ઉપશમ કરવો તે. (૫) ઈન્દ્રિયોને જીતી લીધી હોય.

જિતમોહ :કર્મના ઉદયના કાળે મોહનો તિરસ્કાર કરીને એટલે કે ચારિત્રમોહના ઉદયને અવગણીને, તેનું અનુસરણ છોડી નિજ જ્ઞાયકભાવને અનુભવે તે નિશ્ચયથી જિતમોહ જિન છે.

જિંદગી ચાલી જશે :પરિભ્રમણ ઊભું રહેશે.

જિન :સર્વજ્ઞ પરમેશ્વર જિન છે, આ આત્મા પણ જિનસ્વરૂપ છે. જિનસ્વરૂપ જ પોતે છે. (૨) ત્રણ પ્રકારે જિન કહ્યા છે. પ્રથમ જિતેન્દ્રિય જિન, બીજો ઉપશમ અપેક્ષાએ જિતમોહ જિન અને ત્રીજો ક્ષાયિકરૂપ ક્ષીણમોહ જિન. સમ્યગ્દર્શન થતાં જિતેન્દ્રિય જિન થાય છે. ઉપશમ શ્રેણી થતાં જિતમોહ જિન થાય છે. અને અતિ ઉગ્ર પુરુષાર્થ દ્વારા પૂર્ણ વીતરાગસ્વરૂપ પ્રગટ થતાં ક્ષાયિક જિન-ક્ષીણમોહ જિન થાય છે. બીજા પ્રકારની સ્તુતિમાં ઉપશમ શ્રેણીની વાત છે, ઉપશમ સમકિતની વાત નથી. તેવી રીતે ત્રીજા પ્રકારની સ્તુતિમાં કેવળજ્ઞાનની વાત નથી, પરંતુ ૧૨મા ક્ષીણમોહ ગુણસ્થાનની વાત છે, કેમ કે કેવળજ્ઞાન તો સ્તુતિનું ફળ છે. ક્ષીણમોહ જિન થતાં જે પૂર્ણ વીતરાગતા થઈ તે ત્રીજા પ્રકારની ઉત્કૃષ્ટ સ્તુતિ છે. (૩) વીતરાગ, રાગ-દ્વેષ અજ્ઞાનને સ્વરૂપસ્થિરતા વડે, જીત્યા, એવા પૂર્ણ પવિત્ર વીતરાગને, જિન કહીએ. (૪) મોહ, રાગ, દ્વેષ જીત્યા, તે જિન કે જૈન કહેવાય; વીતરાગ કહેવાય. (૫) રાગ-દ્વેષ અજ્ઞાન આદિ અંતરંગ શત્રુઓને જેણે જીત્યા છે, તે જિન. અનંત ચતુષ્ટય સહિત અને ક્ષુધાદિ અઢાર દોષ રહિત, સર્વજ્ઞ વીતરાગ દેવ નિજ ભગવાન છે. (૬) સર્વજ્ઞ પરમેશ્વર જિન છે. આ આત્મા પણ જિન સ્વરૂપ છે. જિન સ્વરૂપ જ પોતે છે. (૭) ભગવાન આત્મા શક્તિરૂપે, સત્ત્વરૂપે, સ્વભાવે જિનસ્વરૂપ જ છે. જો તે જિનસ્વરૂપ ન હોય, તો જિનપર્યાય પ્રગટ ક્યાંથી થાય ? તેથી નિજ સ્વભાવનું કારણ લઈને, જેણે સમસ્ત મોહરાગ-દ્વેષને જીત્યા છે, તે જિન છે. અને એવા જિનને વીર કહીએ. જિન છે તે, વીર છે. (૮) રાગદ્વેષને જીતનાર તે જિન. (૯) જયતિ સજિનઃ = મોહાદિ અંતરંગ શત્રુઓને જીતે, તે જીવ, અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ; તેમાં વર એટલે શ્રેષ્ઠ, તે જિનવર, શ્રી ગણધરાદિ મુનિવરો; તેમાં વૃષભ એટલે પ્રધાન, એવા શ્રી તીર્થંકરદેવ, તે જિનવર વૃષભ. (૧૦) વીતરાગ (૧૧) સમસ્ત મોહ-રાગ-દ્વેષાદિકને જે જીતે છે તે જિન છે. (૧૨) રાગદ્વેષ જીત્યા, તે જિન; વીતરાગ (૧૩) ગુણ વડે અવગુણને જીતનાર. (૧૪) વિતરાગ; જીતનાર. (૧૫) પરમાત્મા સ્વરૂપ પામેલા સ્વરૂપ. (૧૬) શુદ્ધ આત્મા તે જ જિન છે.

જિન પ્રતિમા :શૃંગારાદિ દોષ સહિત, એ સાક્ષાત્ જિનેશ્વર સમાન હોય, એવી જ વીતરાગ દેવની પ્રતિમાને સમ્યગ્જ્ઞાની, જિનપ્રતિમા માને છે.

જિન ભગવાનનાં ચાર વિશેષણો :

(૧) પ્રથમ તો જિન ભગવંતો સો ઈન્દ્રોથી વંદ્ય છે. આવા અસાધારણ નમસ્કારને યોગ્ય બીજું કોઈ નથી, કારણકે દેવોને અને અસુરોને યુદ્ધ થતું હોવાથી (દેવાધિદેવ જિનભગવાન સિવાય) અન્ય કોઈ પણ દેવ સો ઈન્દ્રોથી વંદિત નથી.

(૨) બીજું, જિન ભગવાનની વાણી ત્રણ લોકને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતી હોવાથી હિતકર છે; વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સહજ-અપૂર્વ-પરમાનંદરૂપ પારમાર્થિક સુખરસાસ્વાદના રસિક જનોમાં મનને હરતી હોવાથી (અર્થાત્ પરમ સમરસીભાવના રસિક જીવોને મુદિત કરતી હોવાથી) મધુર છે; શુદ્ધ જીવાસ્તિકાયાદિ સાત તત્ત્વ, નવ પદાર્થ, છ

દ્રવ્ય અને પાંચ અસ્તિકાયનું સંશય, વિમોહ, વિભ્રમ રહિત નિરૂપણ કરતી હોવાથી અથવા પૂર્વાપરવિરોધાદિ દોષ રહિત હોવાથી વિશદ-સ્પષ્ટ-વ્યક્ત છે. આ રીતે જિન ભગવાનની વાણી જ પ્રમાણભૂત છે; એકાંતે અપૌરુષેય વચન કે વિચિત્ર કથારૂપ કલ્પિત પુરાણવચનો પ્રમાણભૂત નથી.

(૩) ત્રીજું, અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણનારો અનંત કેવળજ્ઞાનગુણ જિનભગવંતોને વર્તે છે. આ રીતે બુદ્ધિ આદિ સાત ઋદ્ધિ તેમજ મતિજ્ઞાનાદિ ચતુર્વિધ જ્ઞાનથી સંપન્ન ગણધરદેવાદિ યોગીંદ્રોને પણ તેઓ વંદ્ય છે.

(૪) ચોથું, પાંચ પ્રકારના સંસારને જિનભગવંતોએ જીત્યો છે. આ રીતે કૃતકૃત્યપણાને લીધે તેઓ જ બીજા અકૃતકૃત્ય જીવોનું શરણ છે.

જિન ભાવના :જિન ભાગવાન જે પરમ શાંતરસે પરિણમી સ્વરૂપસ્થ થયા, તે પરમ શાંત સ્વરૂપચિંતવના. (૨) જિન ભગવાન તે પરમ શાંતર સે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમ શાંતસ્વરૂપ ચિંતવના; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. (૩) જૈન મત. દોષોથી સર્વથા મુક્ત છે; મિથ્યામતરૂપી શત્રુઓને અગ્નિ પેઠે બાળનાર છે. અનાદિ અનંત છે. (૪) જૈન મત. દોષોથી સર્વથા મુક્ત છે; મિથ્યા મતરૂપી શત્રુઓને અગ્નિની પેઠે બાળનાર છે; અનાદિ અનંત છે.

જિન સ્વરૂપ :વીતરાગ સ્વરૂપ; નિજ જ્ઞાયક સ્વભાવ.

જિનકલ્પ :એકાકી વિચરનારા સાધુઓને માટે કલ્પેલો અર્થાત્ બાંધેલો, મુકરર કરેલો જિનમાર્ગ વા નિયમ. (૨) ઉત્કૃષ્ટ આચાર પાળનાર સાધુનો-જિનકલ્પીનો વ્યવહારવિધિ; એકાકી વિચરનારા સાધુઓને માટે કલ્પેલો, અર્થાત્ બાંધેલો, મુકરર કરેલો જિનમાર્ગ વા નિયમ.

જિનકલ્પી :ઉત્તમ આચાર પાળનાર સાધુ.

જિનતત્ત્વ સંક્ષેપ :અનંત અવકાશ છે. તેમાં જડ ચેતનાત્મક વિશ્વ રહ્યું છે. વિશ્વમર્યાદા એ અમૂર્ત્ત દ્રવ્યથી છે. જેને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એવી સંજ્ઞા છે. જીવ અને પરમાણુપુદ્ગલ, એ બે દ્રવ્ય સક્રિય છે. સર્વ દ્રવ્ય, દ્રવ્યત્વે શાશ્વત છે. અનંત જીવ છે. અનંત અનંત પરમાણુપુદ્ગલ છે. ધર્માસ્તિકાય એક છે. આકાશાસ્તિકાય એક છે. અધર્માસ્તિકાય એક છે. કાળ દ્રવ્ય છે. વિશ્વપ્રમાણ ક્ષેત્રાવગાહ કરી શકે, એવો એકેક જીવ છે.

જિનેન્દ્ર :ચાર ઘાતિયા કર્મોને જીતીને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ કરનાર પરમાત્મા.

જિનેન્દ્રિય :તીર્થંકર ભગવાન.

જિનનીતિ :જિનેશ્વર દેવનો માર્ગ. (૨) જિનેશ્વર દેવનો માર્ગ; જિનદેવનો સ્યાદ્વાદ ન્યાય;

જિનપદ :આત્માનું પૂર્ણ વીતરાગ પદ.

જિનપ્રવચન :ભગવાન જિનેશ્વરદેવની દિવ્યધ્વનિનો મર્મ

જિનબિંદ :જિન પ્રતિમા.

જિનબિંબ :ભગવાન તો નગ્ન-દિગમ્બર વીતરાગસ્વરૂપ હોય છે. તેથી જ નગ્ન-દિગમ્બર વીતરાગી મૂર્તિ તે જિનબિંબ છે.

જિનભાવ :આત્માભાવ; આત્મધર્મ; શાંત આત્મભાવ; રાગ દ્વેષરહિત ભાવ.

જિનભાવના :જિન ભગવાન જે પરમ શાંતરસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમ શાંતસ્વરૂપ ચિંતવના.

જિનમુદ્રા :બે પગ વચ્ચે ચાર આંગળનું અંતર રાખી હાથ લબડતા રાખી સરખા ઊભા રહીને, હાઉસગ્ગ કરવો તે. ખડા રહીને ધ્યાન ધરવું તે.

જિનમોહ :મોહનો તિરસ્કાર કરી આવતાં પૂર્વે ટાળવો, રોકવો.

જિનલિંગનું સ્વરૂપ :જે સદા જ્ઞાન-દર્શન ઉપયોગ સહિત છે. (સોપયોગ), (અનારંભ) સાવદ્યકર્મરૂપ આરંભથી રહિત છે. (લુંચિત શ્મશ્રુમસ્વકં) જેમાં દાઢી તથા મસ્તકના કેશોનો, લોચ કરવામાં આવે છે, (નિરસ્ત-તમુ-સંસ્કાર) તેલ મર્દનાદિ રૂપે, શરીરના સંસ્કાર કરવામાં આવતા નથી. (સદા સંગ-વિવર્જિતં) જે સદા બાહ્યભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહોથી મુક્ત છે, (નિરાકૃત-પરોપેક્ષં) પરની અપેક્ષા રહિત, (અયાચકમ) આચના-વિહીન, (નિર્વિકાર) વિકાર -વિવર્જત અને (જાતરૂપધરં) નવા જન્મેલા બાળક સમાન, વસ્ત્રાભૂષણ રહિત દિગંબરરૂપ સહિત છે. તે જિનલિંગ છે. કે જે મુક્તિનું કારણ છે. મોક્ષની પ્રાપ્તિમાં સહાયક છે.

જિનવચન :કર્મને કાપે, તે જ જિનવચન છે.

જિનવર :સર્વજ્ઞ વીતરાગ દેવ.

જિનવર ગત :જિનવરમાં પ્રાપ્ત.

જિનવર પુરુષો :અર્હંતો.

જિનવર વૃષભ :જિનવરોમાં શ્રેષ્ઠ; તીર્થંકર.

જિનવરગત :જિનવરમાં પ્રાપ્ત.

જિનવરવૃષભ :જિનવરોમાં શ્રેષ્ઠ; તીર્થંકર; અર્હંત.

જિનવરવૃષભો :અરિહંતો.

જિનવાણી :રાગ દ્વેષ અજ્ઞાનાદિ અંતરંગ શત્રુઓને જીતે તે જિન. તે જીવનમુક્ત પુરુષ ભગવાનને સર્વજ્ઞતા આદિ સર્વ આત્મા ઐશ્વર્ય પ્રગટ્યું હોવાથી એવા જ્ઞાનીની જે વાણી તે અલૌકિક, અચિંત્ય માહાત્મ્યવાળી છે. (૨) જિનવાણી સ્યાદ્વાદરૂપ છ પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે, જુઓ શુદ્ધનયને સત્ય કહ્યો અને પર્યાયને અસત્ય, અવિદ્યમાન કહી તે શા માટે ? એનો ખુલાસો કરે છે. કહે છે કે જિનવાણી સ્વાદ્વાદરૂપ છે-એટલે અપેક્ષાથી કથન કરનારી છે. જેથી જ્યાં જે અપેક્ષા હોય, ત્યાં તે સમજવી જોઈએ. પ્રયોજનવશ શુદ્ધનયને મુખ્ય કરી સત્યાર્થ કહ્યો છે અને વ્યવહારને ગૌણ કરી અસત્ય કહ્યો છે. ત્રિકાળી અભેદ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરતાં જીવને જીવને સમ્યગ્દર્શન થાય છે. આવા પ્રયોજનને સિદ્ધ કરવા ત્રિકાળી દ્રવ્યને અભેદ કહીને ભૂતાર્થ કહ્યું છે, અને પર્યાયનું લક્ષ છોડાવવા તેને ગૌણ કરી અસત્યાર્થ કહી છે. આત્મા અભેદ ત્રિકાળી ધ્રુવ છે. તેની દૃષ્ટિ કરતાં ભેદ દેખાતો નથી અને ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પતા થતી નથી. માટે પ્રયોજનવશ ભેદને ગૌણ કરી અસત્યાર્થ કહેલો છે. અનંત કાળમાં જન્મમરણનો અંત કરવાના બીજરૂપ સમ્યગ્દર્શન જીવને થયું નથી. એવા સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું અહીં પ્રયોજન સિદ્ધ કરવું છે. તેથી શુદ્ધ જ્ઞાયકને મુખ્ય કરી સત્યાર્થ કહ્યો છે. અને પર્યાય તથા ભેદને ગૌણ કરી વ્યવહાર કહી તેને અસત્યાર્થ કહ્યો છે. (૩) વીતરાગનાં વચન. તેમાં બે વાત છે.(•) પરથી ખસવું અને (•) સ્વમાં વસવું, જમવું, રમવું, ઠરવું. (૪) વીતરણ ભગવાનના આગમ. જિનવાણી-ભગવાનના આગમ-નિર્વાણના કારણનું કારણ છે. નિર્વાણ નામ પરમ સુખસ્વરૂપ, પરમ શાંતિસ્વરૂપ, પરમાનંદમય એવી જે મુક્તિ તે મુક્તિના કારણનું, કારણ છે. મુક્તિનું કારણ શુદ્ધ રત્ન ત્રયરૂપ, મોક્ષમાર્ગ છે. ને તે મોક્ષમાર્ગનું બાહ્ય કારણ, આ પરમાગમ છે. આત્માની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન, અને આત્મામાં રમણતા તે સમ્યક્ ચારિત્ર - એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ, તેનું પરમાગમ નિમિત્ત કારણ છે. (૫) જિનવાણી શુદ્ધ છે, એમ કહે છે; કેમ કે વસ્તુ (આત્મા) નિર્વિકાર શુદ્ધમાં રહેવાનું કહે છે. તે રાગ-વિકારથી ધર્મ બતાવતી નથી, તેથી વાણી શુદ્ધ છે. અહાહા...! શુદ્ધને બતાવનારી વાણી પણ શુદ્ધ છે એમ કહે છે, વાણીને અહીં શુદ્ધ કેવી રીતે કીધી છે ?

કેમ કે વાણી પોતે, શુદ્ધ ભાવને બતાવે છે ને ? તેથી ઉપચાર કરીને, અહીં શુદ્ધ કીધી છે. (૬) આગમ શાસ્ત્રો; અધ્યાત્મ ગ્રંથો.

જિનેશ્વરની ભક્તિ :જિનેશ્વરની ભક્તિ કરીએ, તો આપણને એમની દશા સમજાય, એમનો પુરુષાર્થ સમજાય, અને આપણને પણ તે પ્રાપ્ત થાય, એવું છે એમ સમજાતાં, તે પ્રાપ્ત કરવા બળ સ્ફુરે. જિનેશ્વરની ભક્તિથી પુરુષાર્થ થાય છે, વિકારથી વિરકતતા થાય છે, શાંતિ એ નિર્જરા થાય છે, આત્મસ્વરૂપનું ભાન થાય છે. અને સ્વસ્વરૂપાનંદની શ્રેણીએ મોક્ષ થાય છે. આપણું સ્વરૂપ જોવા માટે, ભગવાનના સ્વરૂપનું ચિંતવન દર્પણ સમાન છે. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો, મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

જિનશાસન :રાગ વિનાની વીતરાગી દશા, તે જિનશાસન છે. શુદ્ધોપયોગ વડે જિનસ્વરૂપ ભગવાન આત્મામાં રમણતા કરવી, એને જાણવો, અનુભવવો એને ભગવાને, જિનશાસન કહ્યું છે. આ જૈનશાસન પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. આ પૂર્ણ જિનસ્વરૂપ આત્માને ગ્રહણ કરનાર, શુદ્ધોપયોગ એ જ જૈનશાસન છે, પરમેશ્વરનો માર્ગ છે. એકવાર પૂર્વનો આગ્રહ છોડીને સાંભળ કે, અંતરમાં એકરૂપ પરમાત્મતત્ત્વ, સામાન્ય સ્વભાવ નિર્લેપ ભગવાન છે,

એને જાણવો, એની પ્રતીતિ અને રમણતા કરવી,-એવો જે શુદ્ધોપયોગ છે તે જૈનશાસન છે.

જિનો, જિનેન્દ્રો અને શ્રમણો :સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ; સામાન્ય ચરમશરીરીઓ, તીર્થંકરો અને ચરમશરીરી મુમુક્ષુઓ.

જિનોદિત :જિનદેવે કહેલા.

જીતભવ :ભવ ઉપર જેમણે જય મેળવ્યો છે.

જીતવું :જીતવું કહેતાં કાંઈ તે પદાર્થોને દર હડસેલવા નથી. તેમજ તે પરદ્રવ્યોમાં કંઈ ફેરફાર કરવો નથી. પરંતુ પોતાનું લક્ષ સ્વ તરફ ફેરવીને, લક્ષમાંથી તેમને દૂર કરવા છે. તે બધા તરફનું લક્ષ છોડી દઈને, સ્વભાવનું લક્ષ કર્યું, તે જ તેમનું જીતવું છે. દ્રવ્ય ઈન્દ્રિયોથી ખંડ, ખંડરૂપ જ્ઞાનથી કે જ્ઞેય પદાર્થોથી આત્માનું સમ્યગ્દર્શનનાદિ કાર્ય કરી શકું એવી જે માન્યતા છે તેમાં જ્ઞેયજ્ઞાયકસંકર દોષ છે. સ્વ-પરની એકત્વ માન્યતા છે, તે જ મિથ્યાત્વ છે. પરંતુ તે તરફ લક્ષ છોડીને સ્વલક્ષે તે સ્વ-પરના એકત્વપણાની માન્યતા છોડી દેતાં સંકરદોષ દૂર થયો અને સમ્યગ્દર્શન થયું.

જીર્ણ :જૂની.

જીવ :જીવને ચાર પ્રાણો છે : ઈન્દ્રિય, બળ, આયુ તથા ઉચ્છ્વાસ. (૨) ચેતનામય; ઉપયોગમય. (ચેતનામય તથા ઉપયોગમય જીવ છે.) જીવનું વિશેષ લક્ષણ ચેતનામયપણું તથા ઉપયોગમયપણું છે. ચેતનાના પરિણામસ્વરૂપ ઉપયોગ જીવદ્રવ્યની પરિણતિ છે. જીવનો એક જ ભેદ છે. એવી જ રીતે ચૈતન્યપરિણામ જીવને જણાવે છે, કારણકે ચેતન હોવાથી શેષ દ્રવ્યોને તે સંભવતો નથી.

ચૈતન્યપરિણામરૂપ લક્ષણ અનુભવમાં આવતું હોવાથી અનંત જીવદ્રવ્યોનું અસ્તિત્વ જણાય છે. (૩) જીવ અર્થાત્ આત્મા. તે સદા જ્ઞાતાસ્વરૂપ, પરથી ભિન્ન અને ત્રિકાળ સ્થાયી (ટકનારો) છે. (૪) (વ્યવહારથી કહેવામાં આવતા એકેન્દ્રિયાદિ તથા પૃથ્વીકાવિકાદિ જીવોમાં) ઈન્દ્રિયો જીવ નથી અને છ પ્રકારની શાસ્ત્રોક્તકાયો પણ જીવ નથી; તેમનામાં જે જ્ઞાન છે તે જીવ છે એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે. પંચાસ્તિકાય માયા ૧૨૧

ટીકા : આ વ્યવહાર જીવત્વ ના અમની માન્યતાનું ખંડન છે (અર્થાત જેને માત્ર વ્યવહારનયથી કહેવામાં આવે છે તેને ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે).

જે આ એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે જીવો કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા (જીવને મુખ્યતા અર્પીને) જીવો કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઈન્દ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્ય સ્વભાવના અભાવને લીધે જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિ રૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. (૫) જીવ એટલે આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પરનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે તેને શુભભાવ (પુણ્ય) થાય છે; અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે અશુભભાવ (પાપ) થાય છે; અને જ્યારે સ્વાવલંબી થાય છે ત્યારે શુદ્ધભાવ (ધર્મ) થાય છે. (૬) જેમાં ચેતના અર્થાત્ જ્ઞાન દર્શનરૂપ શક્તિ હોય તેને જીવદ્રવ્ય કહે છે. (૭) જે આ એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક અને છ પ્રકારની શાસ્ત્રોક્ત કાયો વગેરે જીવો કહેવામાં આવે છે, તે અનાદિ જીવ-પુદ્ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા (-જીવને મુખ્યતા અર્પીને) જીવો કહેવામાં આવે છે. નિશ્ચયથી તેમનામાં સ્પર્શનાદિ ઈન્દ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્ય સ્વભાવના અભાવને લીધે જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ. ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે જીવપણે પ્રરૂપવામાં આવે છે. (૮) સ્વરૂપે અમૂર્ત છે. પરરૂપમાં પ્રવેશ દ્વારા (મૂર્ત દ્રવ્યના સંયોગની અપેક્ષાએ) મૂર્ત પણ છે. જીવ નિશ્ચયે અમૂર્ત-અખંડ-એકપ્રતિભાસમય હોવાથી અમૂર્ત છે. રાગાદિરહિત સહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા આત્મતત્ત્વની ભાવનારહિત જીવ વડે ઉપાર્જિત જે મૂર્ત કર્મ તેના સંસર્ગ દ્વારા વ્યવહારે મૂર્ત પણ છે. (૯) જીવ નામનો પદાર્થ તે સમય છે. નીચેના સાત બોલથી સમયને સિદ્ધ કર્યો છે :-(•) ઉત્પાદ-

વ્યય-ધ્રુવયુક્ત સત્તાથી સહિત છે. (•) દર્શનજ્ઞાનસ્વરૂપ પરિણમન સહિત છે. (•) અનંત ધર્મોમાં રહેલા એકધર્મીપણાને લીધે તેને દ્રવ્યપણું પ્રગટ છે. (•) અક્રમવર્તી અને ક્રમવર્તી એવા ગુણપર્યાયો સહિત છે. (•) સ્વ-પર સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી તેને સમસ્તરૂપને પ્રકાશનારું એકરૂપપણું છે. (•) અસાધારણ ચૈતન્ય ગુણના સદ્‌ભાવને લીધે તથા પરદ્રવ્યોના વિશેષ ગુણોના અભાવને લીધે પરદ્રવ્યોથી ભિન્ન છે. (•) અન્ય દ્રવ્યોથી અત્યંત એકક્ષેત્રાવગાહ હોવા છતાં પોતાના ભિન્ન ક્ષેત્રપણે રહેતો ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે. (૧૦) ચેતનામય, અને ઉપયોગમય; આત્મદ્રવ્ય. (૧૧) ચૈતન્ય જેનું લક્ષણ છે તે જીવ છે. તેને જીવાસ્તિકાય પણ કહે છે. ચૈતન્ય એ ચેતન દ્રવ્યનો ગુણ છે. તેમાં દર્શન અને જ્ઞાન એ બન્ને ગુણોનો સમાવેશ થાય છે. (૧૨) આત્મા. જીવ નામના પદાર્થનું પ્રથમ સાત બોલથી વર્ણન કર્યું છે :

(•) જીવ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તા સ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવની એકતારૂપ અનુભૂતિ ને સત્તા કહેલ છે. અનુભૂતિનો અર્થ સત્તા થાય છે. અનાદિથી જીવ સત્તારૂપ પદાર્થ છે.

(•) દર્શન જ્ઞાનમયી ચેતના સ્વરૂપ છે. દર્શન-જ્ઞાનના પરિણમનની વાત લીધી છે.

(•) અનંત ધર્મ સ્વરૂપ દ્રવ્ય છે. દ્રવ્ય હોવાથી વસ્તુ છે.

(•) ગુણ પર્યાયોવાળો છે. જીવ નામની વસ્તુ ગુણ-પર્યાયવાળી છે.

(•) તેનું સ્વ-પરપ્રકાશક જ્ઞાન અનેકાકારરૂપ એક છે. જ્ઞાનમાં અનંતને જાણે-લોકાલોકને જાણે છતાં જ્ઞાનની પર્યાય એકરૂપ છે.

(•) વળી તે જીવ પદાર્થ આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્ય ગુણસ્વરૂપ છે.

(•) અન્ય દ્રવ્યો સાથે એકક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. ભલે અશુદ્ધરૂપે પરિણમે તો પણ પોતામાં જ રહે છે, પરમાં જતો નથી. પરરૂપે થતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે.

(૧૩) સંસારી જીવ બે પ્રકારના છે : એક સ્થાવર અને એક ત્રસ. જે એક સ્પર્શેન્દ્રિય સહિત. એકેન્દ્રિય જીવ, તે સ્થાવર છે. તેના પાંચ ભેદ છે. પૃથ્વીકાયિક. જળકાયિક, અગ્નિકાયિક, પવનકાયિક અને વનસ્પતિકાયિક. જે બે ઈન્દ્રિયાદિ જીવ છે તેને ત્રસ કહીએ છીએ. તેના ચાર ભેદ છે. સ્પર્શન અન રસના ઈન્દ્રિય સહિત ઈયળ, કોડી, શંખ, ગીંગોડા, વગેરે દ્વીન્દ્રિય જીવ છે. સ્પર્શ, રસન (જીભ) અને નાસિકા સંયુક્ત કીડી, મકોડા, કાનખજૂરા વગેર ત્રીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક અને આંખ સહિત ભમરા, પતંગિયા, વગેર ચતુરિન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન સહિતના જીવ પંચેન્દ્રિય છે. તેના બે ભેદ છે, જેને મન હોય તે સંજ્ઞી અને મન ન હોય તે અસંજ્ઞી. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા, તિર્યંચગતિના ભેદ છે. સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર પ્રકાર છે : દેવ મનુષ્ય, નારકી અને તિર્યંચ. એમાં દેવ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસીના ભેદથી ચાર પ્રકારે છે. મનુષ્ય આર્ય અને મ્લેચ્છના ભેદથી બે પ્રકારે છે. નારકીના જીવ સાત ભૂમિની અપેક્ષાએ, સાત પ્રકારના છે. તિર્યંચોમાં મચ્છાદિક જળચળ, વૃષભાદિક સ્થળચર, અને હંસાદિક નભચર એ ત્રણ પ્રકારે છે. આ ભેદ ત્રસ-સ્થાવરના જાણી, તેની રક્ષા કરવી. (૧૪) જ્ઞાયક મૂર્તિ ચૈતન્ય તે જીવ છે. (૧૫) જેમાં ચેતના, અર્થાત્ જ્ઞાનદર્શનરૂપ શક્તિ હોય, તેને જીવદ્રવ્ય કહે છે. (૧૬) આત્મા સર્વથા કુટસ્થ નથી, પણ ટકીને પરિણમવું, તેનો સ્વભાવ છે; તેથી જેવા જેવા ભાવે તે પરિણમે છે, તેવો તેવો તે પોતે થઈ જાય છે. જેમ સ્ફટિકમણિ સ્વભાવે નિર્મળ હોવા છતાં, જ્યારે લાલ કે કાળા ફૂલના સંયોગ નિમિત્તે પરણિમે છે, ત્યારે લાલ કે કાળો પોતે જ થાય છે. તેમ આત્મા સ્વભાવે શુદ્ધ-બુદ્ધ-એકસ્વરૂપી હોવા છતાં, વ્યવહારે જ્યારે ગૃહસ્થ દશામાં સમ્યક્‌ત્વપૂર્વક દાનપૂજાદિ શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે, અને મુનિદશામાં મૂળગુણ તથા ઉત્તર ગુણ વગેરે, શુભ અનુષ્ઠાનરૂપ શુભોપયોગે પરિણમે છે. ત્યારે પોતે જ શુભ થાય છે, અને મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યય (આસ્રવ) રૂપ અશુભપયોગે પરિણમે છે ત્યારે પોતે જ અશુભ થાય છે. વળી જેમ સ્ફટીકમણિ પોતાના સ્વાભાવિક નિર્મળ રંગે પરિણમે છે ત્યારે પોતે જ

શુદ્ધ થાય છે. તેમ આત્મા પણ નિશ્ચયરત્નત્રયાત્મક શુદ્ધાપયોગે પરિણમે છે, ત્યારે પોતે જ શુદ્ધ થાય છે.

સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને મધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે. તે ગુણ સ્થાનોને સંક્ષેપથી ઉપયોગ રૂપે વર્ણવતાં, પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક ઘટતો ઘટતો અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો) સુભોપયોગ, સાતમાથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક શુદ્ધોપયોગ અને છેલ્લાં બે ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ આવું વર્ણન કથંચિત થઈ શકે છે. (૧૭) જેમાં ચેતના અર્થાત્ જ્ઞાન દર્શનરૂપ શક્તિ હોય, તેને જીવદ્રવ્ય કહે છે. તે અસંખ્ય પ્રદેશી છે. અને અનંત છે. (૧૮) ષટ્ દ્રવ્યનો સમુદાય તે લોક છે. જીવ અચિંત્ય જ્ઞાનશક્તિથી તેને જાણે છે; તેથી જીવ સિવાય, બાકીના દ્રવ્યો જ્ઞેય છે અને જીવ, જ્ઞાન તેમજ જ્ઞેય છે. તે જીવને વસ્તુના સ્વરૂપભૂત હોવાથી, જે કદી નાશ પામતું નથી એવું નિશ્ચય જીવત્વ સદાય છે. તે નિશ્ચય-જીવત્વનું કારણ, સ્વાભાવિક એવી અનંતાજ્ઞાન શક્તિ છે. આવું નિશ્ચયજીવત્વ, જીવને સદાય હોવા છતાં, સંસાર દશામાં પોતે પુદ્ગલના સંબંધથી દૂષિત હોવાને લીધે ચાર પ્રાણોથી સંયુક્ત છે. અને તેથી તેને વ્યવહાર જીવત્વ પણ છે. તે વ્યવહાર જીવત્વના કારણરૂપ, જે ચાર પ્રાણોથી સંયુક્તપણું, તેનાથી જીવને ભિન્ન કરવા યોગ્ય છે. (૧૯) નિર્દોષ જ્ઞાનસ્વભાવ; અવિકારી સંબંધ સ્વરૂપ આત્મા. (૨૦) આત્મા; જીવપદાર્થ. (૨૧) સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્વાસ નામના દસ પ્રાણોથી (સંસાર દશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે જીવ છે, આ સંગ્રહનય કહ્યો. નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે જીવ છે. શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી કેવળ જ્ઞાનાદિ શુદ્ધ ગુણોનો આધાર હોવાને લીધે કાર્યશુદ્ધ જીવ છે. અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવ ગુણોનો આધાર હોવાને લીધે અશુદ્ધ જીવ છે. શુદ્ધ નિશ્ચયથી સહજ જ્ઞાનાદિ પરમ સ્વભાવ ગુણોનો આધાર હોવાને લીધે કારણશુદ્ધ જીવ છે. આ (જીવ) ચેતન છે; આના (જીવના) ચેતન ગુણો છે. આ અમૂર્ત છે; આના અમૂર્ત ગુણો છે. આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે. આ અશુદ્ધ છે; આના અશુદ્ધ ગુણો છે - પર્યાય પણ આ પ્રમાણે છે. દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે અર્થાત્ સહજ જ્ઞાનાદિક સહિત છે તેથી દરેક જીવ કારણશુદ્ધ જીવ છે. જે કારણ શુદ્ધ જીવને ભાવે છે. તેનો જ આશ્રય કરે છે, તે વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ (કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે અર્થાત્ કાર્યશુદ્ધ જીવ થાય છે, શક્તિમાંથી વ્યક્તિ થાય છે, માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. (કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.) (૨૨) બે પ્રકારના છે ; સંસારી અને મુક્ત. (૨૩) જીવ નામનો પદાર્થ તે સમય છે., સાત બોલથી સમય સિદ્ધ કર્યો છે :-

(•) ઉત્પાદ -વ્યય ધ્રુવ યુક્ત સત્તાથી સહિત છે.

(•) દર્શન-જ્ઞાન સ્વરૂપ પરિણમન સહિત છે.

(•) અનંત ધર્મોમાં રહેલા એકધર્મીપણાને લીધે, તેને દ્રવ્યપણું પ્રગટ કરે છે.

(•) અક્રમવર્તી અને ક્રમવવર્તી, એવા ગુણપર્યાયો સહિત છે.

(•) સ્વ-પર સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી, તેને સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું છે.

(•) અસાધારણ ચૈતન્ય ગુણના સ્વભાવને લીધે, તથા પર દ્રવ્યથી વિશેષ ગુણોના અભાવને લીધે, પરદ્રવ્યોથી ભિન્ન છે.

(•) અન્ય દ્રવ્યોથી અત્યંત એક ક્ષેત્રાવગાહ હોવા છતાં, પોતાના ભિન્ન ક્ષેત્રપણે રહેતો, એક ટંકોત્કીર્ણ (શાશ્વત) ચૈતન્ય સ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે.

જીવ નામના પદાર્થનું પ્રથમ સાત બોલથી વર્ણન કર્યું છે.

(•) જીવ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયી સત્તાસ્વરૂપ છે. ટીકામાં ઉત્પાદ વ્યય-ધ્રુવની એકતારૂપ સત્તા કહેલ છે. અનુભૂતિનો અર્થ સત્તા થાય છે. અનાદિથી જીવ સત્તારૂપ પદાર્થ છે.

(•) દર્શન-જ્ઞાનમયી ચેતના સ્વરૂપ છે. દર્શન-જ્ઞાનના પરિણમનની વાત લીધી છે.

(•) અનંત ધર્મસ્વરૂપ દ્રવ્ય છે. દ્રવ્ય હોવાથી વસ્તુ છે. તેમાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ આધિ અનંત ગુણો છે.

(•) ગુણ પર્યાયવાળો છે. જીવ નામની વસ્તુ ગુણ પર્યાયવાળી છે.

(•) તેનું સ્વ-પર પકાશક જ્ઞાન અનેકાકાર રૂપ એક છે. જોયું ? જ્ઞાનમાં અનંગને જાણે-લોકાલોકને જાણે છતાં જ્ઞાનની પર્યાય એકરૂપ છે.

(•) વળી તે જીવ પદાર્થ આકાશાદિથી ભિન્ન, અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે.

(•) અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં, પોતાના સ્વરૂપને છોડતો નથી. ભલે અશુદ્ધ રૂપે પરિણમે તો પણ, પોતાનામાં જ રહે છે, પરમાં જતો નથી-પરરૂપે થતો નથી. આવો જીવ નામનો પદાર્થ. સમય છે.

હવે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન તથા મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમનના સ્વરૂપને સ્પષ્ટ કરે છે. જે શુદ્ધ ચૈતન્ય પ્રાણથી ત્રિકાળ જીવે, તે શુદ્ધ જીવ છે. ક્ષયોપશમ ભાવરૂપ અશુદ્ધભાવ પ્રાણ અને પરદ્રવ્યરૂપ ઈન્દ્રિયાદિ પ્રાણોને દષ્ટિમાંથી છોડી, ત્રિકાળ શુદ્ધ જીવની દષ્ટિ-રુચિ, એનું જ જ્ઞાન અને એમાં જ એકપણે રમણતા કરવી, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે - એ આત્માનો સદ્ભૂત વ્યવહાર પ્રાણ છે. એ સ્વસમય છે. એને ધર્મરૂપપરિણમન કહે છે. આ ધર્મ કથા છે. ભાઈ ! આ સિવાય બધી વિકથા છે. આકરી વાત લાગે પણ વસ્તુ સ્વરૂપ જેમ છે, તેમ છે. (૨૪) જીવ એટલે આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પરનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે અશુભભાવ (પાપ) થાય છે; અને જ્યારે સ્વાવલંબી થાય, ત્યારે શુદ્ધભાવ(ધર્મ) થાય છે.

(૨૫) જીવ પદાર્થને દ્રવ્ય પર્યાય સ્વરૂપે સાત બોલથી નક્કી કરવામાં આવે છે.

(•) એક એક આત્માનું સ્વરૂપ સ્વતંત્ર દ્રવ્ય પર્યાય સ્વરૂપે, અનેકાંતપણું નક્કી કરવામાં આવે છે.

(•) જીવ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપ્રયી સત્તાસ્વરૂપ છે. ક્ષણે ક્ષણે એક પછી એક પર્યાય બદલતો નિત્ય ટકી રહે છે.

(•) દર્શન જ્ઞાનમયી ચેતના સ્વરૂપ છે.

(•) અનંતગુણમયી, અનંત ધર્મસ્વરૂપ દ્રવ્ય હોવાથી, ગુણ-પર્યાયવાળો છે.

(•) સ્વ-પરને જાણનાર સ્વભાવ વડે અનેકાકારરૂપ એક છે, અર્થાત્ અનેકને જાણતાં અનેકરૂપ થઈ જતો નથી.

(•) વળી તે જીવ પદાર્થ આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણ સ્વરૂપ છે.

(અસાધારણ એટલે પરમાં નહિ વહેંચાયેલો, જુદો ગુણ, એ તેનો સ્થૂળ અર્થ છે, અસાધારણ ગુણનો સૂક્ષ્મ અર્થ એમ થાય છે કે જ્ઞાનગુણ સિવાયના અનંત ગુણોનો જે આત્મામાં છે તે બી નિર્વિકલ્પ છે. તે સ્વ-પરને જાણતા નથી. માત્ર એક જ્ઞાનરૂપ પોતાને અને પોતાથી અન્ય બધા ગુણ પર્યાયને જાણે છે તેથી અસાધારણ છે.)

(•) અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ 'સમય' છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિર રહે છે, અર્થાત્ સ્વમાં એકત્વપણે પરિણમે છે ત્યારે તો 'સ્વસમય' છે, અને પરમાં એકત્વપણે લીન થઈ, રાગ દ્વેષ રૂપે પરિણમે છે ત્યારે 'પર સમય' છે. (૨૬) પુદ્ગલોનો અન્ય દ્રવ્યકૃત ઉપકાર = જીવ તથા પુદ્ગલ દ્રવ્યોને ધર્મદ્રવ્ય, તેમની ગતિમાં અધર્મ દ્રવ્ય સ્થિતિમાં, આકાશ દ્રવ્ય અવગાહનમાં, કાળ દ્રવ્ય વર્તના-પરિવર્તનમાં ઉદાસીનરૂપે સહાયક થાય છે. કોઈ ઈચ્છાની પૂર્તિ અથવા પ્રેરણારૂપે નહીં. કેમ કે, આ ચારેય દ્રવ્ય અચેતન તથા નિષ્ક્રિય છે એમાં ઈચ્છા તથા પ્રેરણાદિનો ભાવ બનતો નથી. એ તો ઉદાસીન રહીને,

જીવો તથા પુદ્ગલોના ગતિ આદિ રૂપ પરિણામ-કાર્યોમાં તેવી જ રીતે સહાયક થાય છે. જેવી રીતે માછલીને ગતિ-કાર્યમાં જળ, મુસાફરને સ્થિતિ-કાર્યમાં માર્ગમાં કરેલ વૃક્ષ આદિ સહાયક થાય છે. સંસારી જીવ એક બીજાના ઉપકાર - અપકાર કે સુખ-દુઃખમાં સહયોગ કરે છે. અથવા નિમિત્તકરણ બને છે. મુકતજીવ કોઈને પણ ઉપકાર કરતા નથી. કારણકે જેનો ઉપકાર કરવામાં આવે છે અથવા કરી શકાય છે, તે સંસારી જીવ હોય છે. મુકત જીવ સંસારથી સદાને માટે ભિન્ન થઈ ગયા છે, તેથી સંસારી જીવોના તે કાંઈ, ઉપકાર કે અપકાર નથી કરતા. પુદ્ગલોના સંસારી જીવો, પ્રત્યે ઉપકાર-અપકારનું સૂચન કરવામાં આવ્યું છે જેને તેઓ પોતાના સહકાર-સહયોગ દ્વારા સંપન્ન કરે છે. અથવા એમ કહી કે તેમના નિમિત્તે, દેહધારીઓને જીવન-મરણ, સુખ-દુઃખાદિ પ્રાપ્ત થાય છે. જીવનાદિની સાથે શરીર-વચન-મન-શ્વાસોચ્છવાસ તથા પંચેન્દ્રિયાદિનું ગ્રહણ ઉપલક્ષણથી થાય છે. તે પણ પુદ્ગલકૃત ઉપકાર છે. બીજા પણ ઘણાં ઉપકાર-અપકાર, શરીર સંબંધને કારણે પુદ્ગલદત થાય છે.

વસ્તુત : નિશ્ચય દ્રષ્ટિએ, જે પદાર્થ પોતાના સ્વરૂપમાં નિમગ્ન છે. સ્વભાવ પરિણમન સહિત છે. તેમનો કોઈપણ કોઈનો કદી રંચ માત્ર, ઉપકાર-અપકાર કરતું નથી.

ઉપર પુદ્ગલ દ્રવ્યોનો જીવદ્રવ્યો પ્રત્યે જે ઉપકારનો નિર્દેશ છે, તે બધો વ્યવહાર-નયની અપેક્ષાએ છે. નિશ્ચયનયની દ્રષ્ટિએ તો, પોતપોતાના સ્વરૂપમાં નિમગ્ન થઈને સ્વભાન પરિણમન કરતાં દ્રવ્યોમાંથી, કોઈ પણ દ્રવ્ય કોઈપણ પર દ્રવ્યોનો કહી કાંઈ, ઉપકાર કે અપકાર કરતું નથી. ધર્મ-અધર્મ, આકાશ અને કાળ અને ચાર દ્રવ્ય, તો સહાય પોતાના સ્વરૂપમાં સ્થિત રહીને, સ્વભાવ પરિણમન કરે છે, અને તેથી નિશ્ચયથી, કોઈના કપણ ઉપકારાદિ કરતા નથી. જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્ય વૈભાવિક શકિત સહિત છે, અને તેથી તેમનામાં સ્વભાવ-વિભાવ બન્ને પ્રકારનું પરિણમન હોય છે. જીવોમાં વિભાવ પરિણમન, સંસાર અવસ્થા સુધી કર્મ તથા શરીરાદિના સંયોગથી, થાય છે.

મુકતાવસ્થામાં વિભાવ પરિણમન ન થતાં, કેવળ સ્વભાવ પરિણમન જ થયા કરે છે. પુદ્ગલોનું સ્વભાવ પરિણમન, પરમાણુ રૂપે અને વિભાવ પરિણમન, સ્કંધના રૂપે થાય છે. પરમાણુ રૂપે રહેતું પુદ્ગલ કોઈનો પણ ઉપકાર કે અપકાર કરતું નથી, એ સમજી લેવું જોઈએ. (૨૬) જીવના બે પ્રકાર છે : વ્યવહાર જીવ અને નિશ્ચય જીવ, અશુદ્ધ જીવ અને શુદ્ધ જીવ.

વ્યવહાર જીવની વ્યાખ્યાઃ સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયો. મન, વચન, અને કાય એ ત્રણ બળ, અને શ્વાસોચ્છ્વાસ ને આયુ, એમ દશ પ્રાણોથી સંસાર દશામાં જે જીવે છે, જીવશે અને જીવતો હતો, તેને વ્યવહારજીવ કહીએ. તેને અશુદ્ધ જીવ પણ કહે છે.

બીજો નિશ્ચયજીવ : નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે, જીવ છે. ખરેખર તો જ્ઞાન, આનંદ, સત્તા આદિ ભાવપ્રાણ ધારણ કરનારને, નિશ્ચયજીવ કહીએ. પણ ભાવપ્રાણમાં, અશુદ્ધ ભાવપ્રાણ પણ લેવાય ને ? માટે શુદ્ધ ભાવપ્રાણ અને અશુદ્ધ ભાવપ્રાણ,-એમ બન્ને લેવા.

અશુદ્ધ ભાવપ્રાણ એટલે શું ? આ જડ પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાર્ય, શ્વાસોચ્છ્વાસ ને આયુના નિમિત્તે જીવની અશુદ્ધ દશ પ્રાણની જે યોગ્યતા છે તે અશુદ્ધ ભાવપ્રાણ છે, ને તે વડે જે જીવે છે તે જીવ છે - એ અશુદ્ધનય કહ્યો. આમાં શું કહ્યું તે સમજાયું ?

આ જડ પ્રાણોથી જીવ જીવે છે, એમ કહેવું એ અસદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. તથા પોતે પોતાની (અશુદ્ધ ભાવપ્રાણની) યોગ્યતાથી જીવે છે, એમ કહેવું તે અશુદ્ધનયનું કથન છે. પાંચ ઈન્દ્રિયની યોગ્યતા, મન-વચન-કાયનું વીર્ય, શ્વાસોચ્છ્વાસ ને આયુના પ્રમાણે રહેવાની યોગ્યતા એ અશુદ્ધ ભાવપ્રાણ છે. અને એનાથી જીવે છે તેને અશુદ્ધનયથી, જીવ કહીએ છીએ. રોટલા ખાવાથી જીવે, તે જીવ છે - એમ નથી. સમજાણું કાંઈ ?

જો અંદરના ભાવ પ્રાણ લઈએ તો શુદ્ધ જ્ઞાન-દર્શન-આનંદ-સત્તા- એવા શુદ્ધ ભાવપ્રાણને ધારણ કરી, એનાથી જીવે છે તેને જીવ કહીએ છીએ.

આવી વાત! (૨૭) શુદ્ધ ભાવ; ત્રિકાળ શુદ્ધ ભાવ. (૨૮) જીવ જીવ રૂપે -પોતા રૂપે છે પણ જીવ પરરૂપે નથી. (૨૯) જીવ શબ્દમાં, જીવ વસ્તુ નથી, અને જીવ પદાર્થમાં, શબ્દાદિ નથી. અહીં જીવ શબ્દ કહ્યો, તે દ્વારા જીવ પદાર્થને દ્રવ્યપર્યાય સ્વરૂપે નક્કી કરવામાં આવે છે; તે સાત બોલથી કહેલો છે :-

(•) એક એક આત્માનું સ્વતંત્ર દ્રવ્ય-પર્યાય સ્વરૂપે, અનેકાંતપણું નક્કી કરવામાં આવે છે.

(•) જીવ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તા સ્વરૂપ છે. ક્ષણે ક્ષણે એક પછી એક, પર્યાય બદલતો નિત્ય ટકી રહે છે.

(•) દર્શન-જ્ઞાનમયી ચેતના, સ્વરૂપ છે.

(•) અનંત ગુણમયી, અનંત ધર્મ સ્વરૂપ દ્રવ્ય હોવાથી, ગુણ પર્યાયવાળો છે.

(•) સ્વ-પરને જાણનાર સ્વભાવ વડે, અનેકાકાર રૂપ એક છે, અર્થાત્ અનેકને જાણતાં અનેકરૂપ થઈ જતો નથી.

(•) વળી તે આકાશાદિથી જુદો, અસાધારણ ચૈતન્ય ગુણ સ્વરૂપ છે. (અસાધારણ એટલે પરમાં નહિ વહેંચાયેલો, જુદો ગુણ, એ તેનો સ્થૂળ અર્થ છે. અસાધારણ ગુણનો સૂક્ષ્મ અર્થ, એમ થાય છે કે જ્ઞાનગુણ સિવાયના અનંતગુણો, જે આત્મામાં છે તે બધા નિર્વિકલ્પ છે. તે સ્વ પરને જાણતા નથી. માત્ર એક જ્ઞાનગુણ પોતાને અને પોતાથી અન્ય બધા ગુણ પર્યાયને જાણે છે તેથી અસાધારણ છે.)

(•) અન્ય દ્રવ્ય સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં તે પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ 'સમય' છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત રહે છે. અર્થાત્ સ્વમાં એકત્વપણે, પરિણમે છે ત્યારે તો 'સ્વ-સમય' છે. અને પરમાં એકત્વપણે લીન થઈ, રાગદ્વેષ રૂપે પરિણમે છે, ત્યારે પર-સમય છે. (૩૦) જીવ સૂક્ષ્મ છે. શરીર, મન, વાણી, શ્વાસ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્થૂળ છે અને આત્મા સૂક્ષ્મ છે.

જીવ અને કર્મ :હે આત્મા ! જીવોને અનાદિ કાલથી કર્મ છે. અર્થાત્ જીવ અને કર્મનો અનાદિ કાલનો સંબંધ છે, જ્ઞાનાવરણાદિ કર્મ જીવથી ઉત્પન્ન થયેલા નથી, તથા કર્મ વડે જીવ પણ ઉત્પન્ન કરાયો નથી. કેમકે જીવ અને કર્મની આદિ નથી, બન્ને અનાદિનાં છે.

વ્યવહારનયની અપેક્ષાએ જીવ અને કર્મનો બીજ-વૃક્ષની સમાન અનાદિકાલનો સંબંધ છે, અર્થાત્ બીજરૂપ કર્મોને લીધે, જીવ દેહ ધારણ કરે છે અને દેહ ધારણ થતાં નવાં કર્મ ઉપાર્જન કરે છે, આ પ્રમાણે જન્મ પરંપરા ચાલ્યા કરે છે. જો શુદ્ધ નિશ્ચનયથી વિચારવામાં આવે, તો જીવ નિર્મળ જ્ઞાન, દર્શન સ્વભાવવાળો જ છે. વ્યવહારનયથી જીવ નર, નારકાદિ પર્યાયો ધારણ કરે છે, તથા કર્મબંધ પણ કરે છે. આત્મા સર્વથા મુક્ત છે એમ નથી. જો આત્મા પ્રથમ મુક્ત જ હોય, તો બંધાય શી રીતે ? અને જો એકાંતો બંધાયેલો હો તો મુકાય શી રીતે ? અબદ્ધ મુકાતો નથી - એટલે કે જે બંધનમાં નથી, તેને મૂકવાનું શું રહ્યું ? અપેક્ષાવાદથી સર્વ ઘટે છે. પણ એકાંત માનતાં પરસ્પર વિરોધ આવે છે.

આ જીવ શુદ્ધ નિશ્ચયનયથી વીતરાગ ચિદાનંદ એક સ્વભાવવાળો છે, તો પણ વ્યવહારનયથી વર્તમાનમાં તે સ્વભાવની પ્રગટતા ન હોવાથી રાગાદિ વિભાવ ભાવે પરિણમીને શુભ-અશુભ ભાવો વડે પુણ્ય-પાપરૂપ થાય છે. જો કે વ્યવહારનયથી આત્મા પુણ્ય-પાપરૂપ થાય છે. તો પણ પરમાત્માની અનુભૂતિની સાથે રહેનાર તે વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર તથા ઈચ્છાનિરોધ રૂપ તપાદિ ચાર નિશ્ચય આરાધનાથી મોક્ષ પણ પમાય છે.

જીવ અને પુદ્ગલનું ષટ્કારક :કર્મ ખરેખર (૧) કર્મપણે પ્રવર્તતા પુદ્ગલ-સ્કંધરૂપે કર્તાપણાને ધરતું, (૨) કર્મપણું પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતું, (૩) પ્રાપ્ય એવા કર્મત્વ પરિણામરૂપે કર્મપણાને અનુભવતું, (૪) પૂર્વભાવનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવું, (૫) ઊપજતા પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી (અર્થાત્ ઊપજતા પરિણામરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલું અને (૬) ધારી રાખવામાં આવતા

પરિણામનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવું સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું અન્ય કારકની અપેક્ષા રાખતું નથી.

એ પ્રમાણે જીવપ્રાણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, (૨) ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો, (૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો, (૪) પૂર્વ ભવાપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો, (૫) ઊપજના ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલો અને (૬) ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવો-સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.

માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાને જીવકર્તા નથી અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી. (જ્યાં કર્મ કર્તા છે ત્યાં જીવ કર્તા નથી અને જ્યાં જીવ કર્તા છે ત્યાં કર્મ કર્તા નથી.)

ભાવાર્થ :- (૧) પુદ્ગલ સ્વતંત્રપણે દ્રવ્યકર્મને કરતું હોવાથી પુદ્ગલ પોતે જ કર્તા છે; (૨) પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમવાની શક્તિવાળું હોવાથી પુદ્ગલ પોતે જ કરણ છે; (૩) દ્રવ્યકર્મને પ્રાપ્ત કરતું-પહોંચતું હોવાથી દ્રવ્યકર્મ કર્મ છે, અથવા દ્રવ્યકર્મથી પોતે અભિન્ન હોવાથી પુદ્ગલ પોતે જ કર્મ (-કાર્ય) છે; (૪) પોતાનામાંથી પૂર્વ પરિણામનો વ્યય કરીને દ્રવ્યકર્મરૂપ પરિણામ કરતું હોવાથી અને પુદ્ગલ દ્રવ્યરૂપે ધ્રુવ રહેતું હોવાથી પુદ્ગલ પોતે જ અપાદાન છે; (૫) પોતાને દ્રવ્યકર્મરૂપ પરિણામ દેતું હોવાથી પુદ્ગલ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે દ્રવ્યકર્મ કરતું હોવાથી પુદ્ગલ પોતે જ અધિકરણ છે.

એ જ પ્રમાણેઃ- (૧) જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી જીવ પોતે જ કર્તા છે; (૨) પોતે જીવભાવરૂપે પરિણમવાની શક્તિવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે; (૩) જીવભાવને પ્રાપ્ત કરતો-પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે, અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે; (૪) પોતાનામાંથી પૂર્વભાવનો વ્યય કરીને (નવીન) જીવભાવ કરતો હોવાથી અને જીવદ્રવ્યરૂપે ધ્રુવ રહેતો હોવાથી જીવ પોતે જ અપાદાન છે; (૫) પોતાને જીવભાવ દેતો હોવાથી જીવ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે જીવભાવ કરતો હોવાથી જીવ પોતે જ અધિકરણ છે.

જીવ અને પરમાણુ :જીવ અને પરમાણુ- તે બે દ્રવ્યે જ વિભાવપણે પરિણમે છે, ને બાકીના ચાર દ્રવ્યો સ્વભાવપણે પરિણમે છે. પરમાણુમાં બે જાતની વૈભાવિક પર્યાય થાય છે : એક સ્કંધરૂપે થવાની અને એક કર્મપણે થવાની એમ બે પ્રકારે થવાની. તાકાત છે. (પરમાણુ કર્મપણે થાય છે, તેમાં આત્માની વિભાવ પર્યાયનું નિમિત્ત છે); આત્મામાં તો રાગ-દ્વેષરૂપે, એક જ પ્રકારે વિકાર થાય છે.

જીવ અને પરમાણુ :જીવ ને પરમાણુ તે બે દ્રવ્યો જ વિભાવપણે, પરિણમે છે. ને બાકીના ચાર દ્રવ્યો (ધમાસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ) સ્વભાવપણે, પરિણમે છે. પરમાણુમાં બે જાતની વૈભાવિક પર્યાય થાય છે, એક સ્કંધરૂપ થવાની અને એક કર્મપણે થવાની, એમ બે પ્રકારે થવાની તાકાત છે. (પરમાણુ કર્મપણે થાય છે, તેમાં આત્માની વિભાવ પર્યાયનું નિમિત્ત છે.) આત્મામાં તો રાગ-દ્વેષ રૂપે, એકજ પ્રકારે વિકાર થાય છે.

જીવ અને વિકાર :વિકારની પર્યાયને જીવ કરે, એવો એનો સ્વભાવ નથી. કેમકે જીવમાં એવી કોઈ શક્તિ નથી, જે વિકારને કરે. શું કીધું ? આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રભુત્વ આદિ, અનંત અનંત શક્તિઓ ભરી છે, પણ એમાં એવી કોઈ શક્તિ નથી, જે વિકારને ઉત્પન્ન કરે. શક્તિઓ તો બધી નિર્મળ જ નિર્મળ છે.

તો પર્યાયમાં વિકાર તો થાય છે ?

હા, પર્યાયમાં જે વિકાર થાય છે, તે સ્વતંત્ર તે સમયના ષટ્કારકના પરિણમનથી થાય છે. જીવદ્રવ્ય, એનું કારણ નહિ ને નિમિત્ત-કર્મ પણ, એનું વાસ્તવિક કારણ નહિ.

જીવ જ્ઞાન છે યા અન્ય છે :આત્મા જ્ઞાનગુણ દ્વારા જ્ઞાન છે અથવા સુખાદિ અન્ય ગુણ દ્વારા અન્ય છે.

જીવ તત્ત્વની વિપરીત શ્રદ્ધા :પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ અજીવ દ્રવ્ય છે. જીવ ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ અને પુદ્ગલાદિ દ્રવ્યોથી જુદો છે; પણ મિથ્યાદષ્ટિ જીવ આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા નહિ કરતાં અજ્ઞાનવશ ઊલટું માનીને ,શરીર તે જ હું છું, શરીરના કાર્ય હું કરી શકું છું, મારી ઈચ્છાનુસાર શરીરની વ્યવસ્થા રાખી શકું છું. એમ શરીરને જ આત્મા માને છે. આ જીવતત્ત્વના વિષયમાં મિથ્યાત્વ (ઊંધી શ્રદ્ધા).

જીવ દ્રવ્ય :જીવદ્રવ્ય તો દેખવા-જાણવારૂપ ચૈતન્યગુણનું ધારક છે; ઈન્દ્રયગમ્ય ન હવા યોગ્ય અમૂર્તિક છે, તથા સંકોચ-વિસ્તારશક્તિ સતિ અસંયાત પ્રદેશી એક દ્રવ્ય છે. (૨) દેખવા-જાણવારૂપ ચૈતન્યગુણનું ધારક છે; ઈન્દ્રિયગમ્ય ન હોવા યોગ્ય અમૂર્તિક છે તથા સંકોચ-વિસ્તાશક્તિ સહિત અસંખ્યાત પ્રદેશી એક દ્રવ્ય છે. (૩) તે અરૂપી ચૈતન્ય સ્વરૂપ છે. જાણવું-દેખવું એ, તેનું લક્ષણ છે. આવા જીવો અનંત છે. દરેક જીવ, એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, સંપૂર્ણ જ્ઞાન તેનો સ્વભાવ છે ને તે પ્રગટ કરી શકે છે. (૪) જેમાં ચેતના અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ શક્તિ છે તેને જીવદ્રવ્ય કહે છે. (જીવ = આત્મા) (૫) જીવ ચેતન છે. (૬) તે અરૂપી ચૈતન્ય સ્વરૂપ છે. જાણવું-દેખવું એ તેનું, લક્ષણ છે. આવા જીવો અનંત છે. દરેક જીવ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, સંપૂર્ણ જ્ઞાન તેનો સ્વભાવ છે. ને તે પ્રગટ કરી શકે છે. (૭) તે અરૂપી ચૈતન્ય સ્વરૂપ છે. જાણવું-દેખવું, એ તેનું લક્ષણ છે. આવા જીવો અનંત છે. દરેક જીવ એક સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, સંપૂર્ણ જ્ઞાન તેનો સ્વભાવ છે. ને તે પ્રગટ કરી શકે છે. (૮) જેમાં ચેતના, અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ શક્તિ છે, તેને જીવદ્રવ્ય કહે છે. (જીવ = આત્મા.)

પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ, લોકાકાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે. પરંતુ સંકોચ-વિસ્તારના કારણે, પોતાના શરીર પ્રમાણ છે. અને મુક્ત જીવ, અંતના શરીર પ્રમાણ છે.

મોક્ષ જતાં પહેલાં કેવળી સમુદ્રઘાત કરનાર જીવ, લોકાકાશ જેવડો મોટો થાય છે.

જીવ પદાર્થને દ્રવ્ય પર્યાય સ્વરૂપે સાત બોલથી નક્કી કરવામાં આવે છે; :

(૧) એક એક આત્માનું સ્વતંત્ર-દ્રવ્ય-પર્યાય સ્વરૂપે અનેકાંતપણું નક્કી કરવામાં આવે છે.

(૨) જીવ પદાર્થ ઉત્પાદ્-વ્યય-ધ્રોવ્યમયી સત્તા સ્વરૂપછે. ક્ષણે ક્ષણે એક પછી એક પર્યાય, બદલતો નિત્ય ટકી રહે છે.

(૩) દર્શન-જ્ઞાનમયી ચેતના સ્વરૂપ છે.

(૪) અનંત ગુણમયી, અનંત ધર્મસ્વરૂપ દ્રવ્ય હોવાથી, ગુણ પર્યાયોવાળો છે.

(૫) સ્વ-પરને જાણનાર સ્વભાવ વડે અનેકાકાર રૂપ એક છે, અર્થાત્ અનેકને જાણવા અનેકરૂપ થઈ જતો નથી.

(૬) વળી તે કાશાદિથી જુદો અસાધારણ ચૈતન્ય ગુણ સ્વરૂપ છે.

(અસાધારણ એટલે પરમાં નહિ વહેંચાયેલો, જુદો ગુણ, એ તેનો સ્થૂળ અર્થ છે. અસાધારણ ગુણનો સક્ષ્મ અર્થ એમ થાય છે કે જ્ઞાનગુણ સિવાયના અનંત ગુણો જે આત્મામાં છે તે બધા નિર્વિકલ્પ છે, તે સ્વ-પરને જાણતા નથી. માત્ર એક જ્ઞાનગુણ પોતાને અને પોતાથી અન્ય બધા ગુણ પર્યાયને જાણે છે તેથી અસાધારણ છે.)

(૭) અન્ય દ્રવ્ય સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં તે પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત રહે છે અર્થાત્ સ્વમાં એકત્વપણે પરિણમે છે ત્યારે તો સ્વસમય છે. અને પરમાં એક્ત્વપણે લીન થઈ રાગદ્વેષરૂપે પરિણમે છે ત્યારે પર સમય છે.

જીવ રોટલા તો થાય છે ને ? :કોણ ખાય ને કોણ પીએ છે ? ખાવા-પીવાની ક્રિયા જડની જડમાં છે, તે ક્રિયા વખતે પરને અનુસરીને, જે વિકાર થાય છે એ પણ વિભાવ છે, ચૈતન્યનું સ્વભાવકાર્ય નથી. અહા ! આવું છે આકરું કામ ! આમાં પ્રવીણતા કરવી પડશે. ચૈતન્ય સ્વરૂપ ભગવાન, આત્માને યથાર્થપણે ઓળખીને તેનો અનુભવ કરીને. અંતરમાં જ્ઞાનનું પરિણમન કરવું પડશે - જો આત્મકલ્યાણની ભાવના હોય તો.

દુકાન ઉપર બેસી ધંધો કરવો, પૈસા મેળવવા, બંગલા બંધાવવા, એ જડનાં કાર્યો તો તારાં નથી, પણ અંદર જીવની દશામાં થતા પૂણ્ય-પાપના વિકારી ભાવો પણ, આત્માનાં કાર્ય નથી. જો તારે તારા હિતનું કાર્ય કરવું હોય તો, પરમ પદાર્થ એવા નિજ જ્ઞાયક પ્રભુને પ્રાપ્ત કરવો હોય, તો મિથ્યાત્વ અને પુણ્ય-પાપની પ્રાપ્તિ તો અનાદિથી કરી છે. પરંતુ એ બધા તો ૮૪ લાખ યોનિઓમાં રખડવાના રસ્તા છે; તેનાથી તારે છૂટવું હોય તો - જ્ઞાન, શાંતિને અકષાય-સ્વભાવથી ભરપૂર એવા નિજ, ભગવાન આત્માને અનુસરીને, અંતર્મુખ પરિણમન કરવું, એ તારું કાર્ય છે; જડને અનુસરવું તે તારું કાર્ય નથી. જડનાં કાર્યો તારાં નથી.

જીવ સમાસ :જીવોનો ભેદ.

જીવ-અજીવ :ચેતન-અચેતન; આત્મા-અનાત્મા; અજીવને જડ પણ કહે છે.

જીવ-અધિકરણના ભેદ :જીવ અધિકરણ-આસ્રવ સંરંભ સમારંભ-આરંભ, મન-વચન-કાયરૂપ ત્રણ યોગ, કૃત-કારિત-અનુમોદના તથા ક્રોધાદિ ચાર કષાયોની વિશેષતાથી ૩ *૩ *૩* ૪ = ૧૦૮ ભેદરૂપ છે.

જીવકર્મ અને પુદ્લકર્મનું ચક્ર :આ લોકમાં સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વશે સ્નિગ્ધ પરિણામ થાય છે, પરિણામથી પુદ્ગલપરિણાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ, પરિણામથી પાછું પુદ્ગલપરિણાત્મક કર્મ, કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ. એ પ્રમાણે આ અન્યોન્ય કાર્ય કારણભૂત જીવપરિણાત્મક અને પુદ્ગલ પરિણાત્મક કર્મજાળ સંસારચક્રમાં જીવને અનાદિ અનંતપણે અથવા અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને થયા કરે છે.

જીવકાર્યો :જીવ બધું જાણે છે અને દેખે છે, સુખને ઈચ્છે છે, દુઃખથી ડરે છે. હિત-અહિતને (શુભ-અશુભ ભાવોને) કરે છે અને તેમના ફળને ભોગવે છે. આ અન્યથી અસાધારણ એવાં જીવકાયોનું કથન છે. (અર્થાત્ અન્ય દ્રવ્યોથી અસાધારણ એવાં જે જીવનાં કાર્યો તે અહીં દર્શાવ્યા છે.)

ચૈતન્યસ્વભાવપણાને લીધે કર્તૃસ્થિત (કર્તામાં રહેલી) ક્રિયાનો જ્ઞપ્તિ તથા દર્શિનો-જીવ જ કર્તા છે; અને તેના સંબંધમાં રહેલું પુદ્ગલ તેનું કર્તા નથી. જેમ આકાશાદિ નથી તેમ. (ચૈતન્યસ્વભાવને લીધે જાણવાની અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે; જ્યાં જીવ છે ત્યાં ચાર અરૂપી અચૈતન દ્રવ્યો-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ-પણ છે તોપણ તેઓ જેમ જાણવાની અને દેખવાની ક્રિયાના કર્તા નથી તેમ જીવની સાથે સંબંધમાં રહેલાં કર્મનોકર્મરૂપ પુદ્ગલો પણ તે ક્રિયાનાં કર્તા નથી.) ચૈતન્યના વિવર્તરૂપ (પલટારૂપ) સંકલ્પની ઉત્પત્તિ (જીવમાં) થતી હોવાને લીધે, સુખની અભિલાષારૂપ ક્રિયાનો, દુઃખના ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા સ્વસંવેદિત હિત-અહિતની નિષ્પત્તિરૂપ ક્રિયાનો (-પોતાથી ચેતવામાં આવતા શુભ-અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો) જીવ જ કર્તા છે; અન્ય નહિ. શુભાશુભ કર્મના ફળભૂત ઈષ્ટાનિષ્ટવિષયોપભોગક્રિયાનો, સુખદુઃખસ્વરૂપ સ્વપરિણામક્રિયાની માફક, જીવ જ કર્તા છે; અન્ય નહિ.

આથી એમ સમજાવ્યું કે (ઉપરોક્ત) અસાધારણ કાર્યો દ્વારા પુદ્ગલથી ભિન્ન એવો આત્મા અનુમેય (-અનુમાન કરી શકવા યોગ્ય) છે.

ભાવાર્થઃ- શરીર, ઈન્દ્રિય, મન, કર્મ વગેરે પુદ્ગલો કે અન્ય કોઈ અચેતન દ્રવ્યો કદાપિ જાણતાં નથી, દેખતાં નથી, સુખને ઈચ્છતાં નથી, દુઃખથી ડરતાં નથી, હિત-અહિતમાં પ્રવર્તતાં નથી કે તેમનાં ફળને ભોગવતાં નથી; માટે જે જાણે છે અને દેખે છે, સુખની ઈચ્છા કરે છે, દુઃખના ભયની લાગણી કરે છે, શુભ-અશુભ ભાવોમાં પ્રવર્તે છે અને તેમનાં ફળને ભોગવે છે તે, અચેતન પદાર્થોની સાથે રહ્યો હોવા છતાં સર્વ અચેતન પદાર્થોની ક્રિયાઓથી તદ્દન વિશિષ્ટ પ્રકારની ક્રિયાઓને કરનારો, એક વિશિષ્ટ પદાર્થ છે. આમ જીવ નામનો ચૈતન્યસ્વભાવી પદાર્થવિશેષ કે જેને જ્ઞાનીઓ સ્વયં સ્પષ્ટ અનુભવે છે તે-તેની અસાધારણ ક્રિયાઓ દ્વારા અનુમેય પણ છે.

જીવંત :વિદ્યમાન; છતો (પદાર્થ) (૨) વિદ્યમાન; છતો; પ્રગટ.

જીવતું જીવન :ત્રિકાળી જીવદ્રવ્ય

જીવતત્ત્વનું લક્ષણ :જીવતત્ત્વનું લક્ષણ જ્ઞાનસ્વભાવ.

જીવતત્ત્વની ભૂલ :જીવ તો ત્રિકાલ જ્ઞાન સ્વરૂપ છે. તેને અજ્ઞાની જીવ જાણતો નથી. અને જે શરીર તે હું જ છું, શરીરનું કાર્ય હું કરી શકું છું, શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય, બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને પ્રતિકૂળ સંયોગથી હું દુઃખી, હું નિર્ધન, હું ધનવાન, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર એમ માને છે, શરીર આશ્રિત ઉપદેશ અને ઉપવાસાદિ ક્રિયાઓમાં, પોતાપણું માને છે. એ વગેરે મિથ્યા અભિપ્રાય વડે, જે પોતાના પરિણામ નથી. પણ બધાય, પર પદાર્થના છે. શરીર વગેરે જે પદાર્થ દેખવામાં આવે છે, તે અત્માથી ત્રિકાળ જુદાં છે, તે પદાર્થોના ઠીક રહેવાથી કે બગડવાથી, આત્માનું તે કાંઈ ઠીક થતું નથી તેમજ બગડતું નથી. પરંતુ મિથ્યાદષ્ટિ એનાથી ઊલટું માને છે. તે જીવતત્ત્વની ભૂલ છે.

જીવત્વ :ચૈતન્યપણું; જીવનપણું જ્ઞાનાદિ ગુણયુક્ત રહેવું, તે જીવન કહેવાય છે.

જીવત્વ ગુણ :આત્મ દ્રવ્યના કારણભૂત, ચૈતન્યમાત્ર ભાવરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે, તે શક્તિને જીવત્વ ગુણ કહે છે.

જીવત્વ શક્તિ :ચૈતન્યભાવપ્રાણ; આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમય ભાવનું ધારણ, જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે, એવી જીવત્વશક્તિ, જ્ઞાનમાત્ર ભાવમાં આત્મામાં ઉછળે છે. (૨) જીવત્વશક્તિ દર્શન-જ્ઞાન સ્વભાવરૂપ શુદ્ધ ચૈતન્ય ભાવપ્રાણરૂપ છે તે જીવનું વાસ્તવિક જીવતર છે.

જીવતો :હયાત

જીવદયા :વાસ્તવમાં જીવ જ્ઞાન અને આનંદથી ભરેલો, પૂર્ણાનંદ પ્રભુ છે એમ અંતરમાં સ્વીકાર કરવો, તે જીવનું જીવન છે અને તેનું જ નામ, જીવદયા છે, તેનું જ નામ જૈનધર્મ છે.

જીવદ્રવ્ય :જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે, અનિર્દિષ્ટ સંસ્થાન હોવાને લીધે તથા અવ્યક્તતત્ત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઈંદ્રિયગ્રહણયોગ્ય નથી. તે ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમજ અરૂપી અજીવોથી વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે. (૨) જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે, અનિર્દિષ્ટ સંસ્થાન હોવાને લીધે તથા અવ્યક્તત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઈન્દ્રિયગ્રહણયોગ્ય નથી તે, ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમજ અરૂપી અજીવોથી વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે. (૩) સ્વરૂપથી જીવદ્રવ્ય શુદ્ધ ચૈતન્યસ્વભાવમય છે. ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવમય એક જ્ઞાયકમાત્ર છે. અહાહા! એ ત્રિકાળી સત્‌નું સત્વ, ભાવવાનનો ભાવ અભિન્ન એક ચૈતન્યમાત્ર છે એને ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્‌લદ્રવ્યથી ભિન્ન કહેવામાં આવેલ છે. (૪) આત્મા જ્ઞાન પ્રમાણ છે; જ્ઞાન જ્ઞેય પ્રમાણ કહ્યું છે. જ્ઞેય લોકાલોક છે, તેથી જ્ઞાન સર્વગત (અર્થાત્ સર્વ વ્યાપક) છે. (૫) જેમાં ચેતના ગુણ પ્રાપ્ત હોય, તેને જીવદ્રવ્ય કહે છે.

જીવદ્રવ્ય કેટલા અને ક્યાં છે ? :જીવ દ્રવ્ય અનંતાનંત છે, અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે. એક જીવ કેટલો મોટો છે ?

એક જીવ પ્રદેશોની અપેક્ષાએ લોકાકાશની બરાબર છે. પરંતુ સંકોચ અને વિસ્તારના કારણથી, શરીર પ્રમાણ છે; અને મુક્ત, જીવ અંતના શરીરપ્રમાણ છે.

લોકાકાશની બરાબર કયો જીવ છે ?

મોક્ષ જતાં પહેલાં સમુદ્રઘાત કરવાવાળો જીવ, લોકાકાશની બરાબર થાય છે.

જીવદ્રવ્યના વિશેષ ગુણ :જીવ દ્રવ્યમાં ચૈતન્ય (દર્શન-જ્ઞાન) સમ્યક્‌ત્વ,ચારિત્ર, સુખ, ક્રિયાવતી શક્તિ વગેરે.

જીવદ્રવ્યમાં વિભાવવ્યંજનપર્યાય ક્યાં સુધી હોય છે ? :ચૌદમા ગુણસ્થાન સુધી સર્વ સંસારી જીવોને વિભાવવ્યંજનપર્યાય હોય છે, કારણકે ત્યાં સુધી જીવને પરનિમિત્ત (પૌદગલિક કર્મ) સાથે સંબંધ રહે છે.

મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યરૂપ અવસ્થાવિશેષને ગુણસ્થાન કહે છે. ગુણસ્થાન ૧૪ છે :-

(૧) મિથ્યાત્વ, (૨) સાસાદન, (૩) મિશ્ર, (૪) અવિરત સમ્યગ્દષ્ટિ, (૫) દેશવિરતિ, (૬) પ્રમત્તવિરત, (૭) અપ્રમત્તવિરત, (૮) અપૂર્વકરણ, (૯)

અનિવૃત્તિકરણ, (૧૦) સૂક્ષ્મસામ્પરાય, (૧૧) ઉપશાંત મોહ, (૧૨) ક્ષીણ મોહ, (૧૩) સયોગી કેવલી, (૧૪) અયોગી કેવલી.

જીવને અવધિજ્ઞાન ક્યારે ઊપજે ? :આરંભ, પરિગ્રહથી નિવર્ત્યે

જીવને એક સમયમાં કેટલાં જ્ઞાન હોઈ શકે ? :એક સમયમાં એક જીવને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ચાર જ્ઞાન હોય છે. તેનો ખુલાસો આ રીતે છે – એક કેવળજ્ઞાન જ હોય છે. બે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન હોય છે. ચાર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન હોય છે.

જીવનું કર્તવ્ય :જીવે તત્ત્વાદિકનો નિશ્ચય કરવાનો ઉદ્યમ કરવો, તેનાથી ઔપશમાદિક સમ્યક્ત્વ સ્વયં થાય છે. દ્રવ્યકર્મના ઉપશમાદિક તે તો પુદ્ગલની શક્તિ (પર્યાય) છે; જીવ તેનો કર્તા હર્તા નથી. પુરુષાર્થ પૂર્વક ઉદ્યમ કરવાનું કામ જીવનું છે; જીવે પોતે તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગ લગાવવો જોઈએ. એ પુરુષાર્થથી, મોક્ષના ઉપાયની સિદ્ધિ આપોઆપ થાય છે. જીવ પરુષાર્થ વડે, જ્યારે તત્ત્વનિર્ણય કરવામાં, ઉપયોગ લગાવવાનો અભ્યાસ રાખે છે, ત્યારે તેને વિશુદ્ધતા વધે છે, કર્મોનો રસ સ્વયંહીન થાય છે, અને કેટલાક કાળે જ્યારે પોતાના પરુષાર્થ વડે, જીવમાં પ્રથમ ઔપશમિકભાવે પ્રતીતિ પ્રગટે છે, ત્યારે દર્શનમોહનો આપોઆપ ઉપશમ થાય છે. જીવનું કર્તવ્ય તો, તત્ત્વના નિર્ણયનો અભ્યાસ છે; જીવ જ્યારે તત્ત્વનિર્ણયમાં ઉપયોગ લગાવે, ત્યારે દર્શન મોહનો ઉપશમ સ્વયં જ થાય છે, કર્મના ઉપશમમાં, જીવનું કાંઈ જ કર્તવ્ય નથી.

જીવને કેવળજ્ઞાન ક્યારે ઊપજે ? :આરંભ, પરિગ્રહથી નિવર્ત્યે.

જીવન જાય છે જીવન :ખોટી માન્યતામાં આયુષ્ય પૂરું થઈ જશે.

જીવન દીપક :આયુષ્યરૂપી દીવો.

જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ :જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ અશુદ્ધ ઉપયોગ છે. અને તે અશુદ્ધ ઉપયોગ વિશુદ્ધ અને સંકલેશરૂપ ઉપરાગને લીધે શુભ અને અશુભપણે બેપણાને પામ્યો થકો, જે પુણ્ય અને પાપપણે દ્વિવિધતા–બેપણાને પામે છે. એવું જે પરદ્રવ્ય તેના સંયોગના કારણ તરીકે કામ કરે છે. ઉપરાગ–વિકાર મંદકષાયરૂપ અને તીવ્ર કષાયરૂપ, એ બે પ્રકારનો હોવાથી, અશુદ્ધ ઉપયોગ પણ શુભ છે. અને અશુભ એવા બે પ્રકારનો છે; તેમાં શુભ ઉપયોગ પુણ્યરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે. અને અશુભ ઉપયોગ પાપરૂપ પરદ્રવ્યના સંયોગનું કારણ થાય છે. પરંતુ જ્યારે બન્ને પ્રકારના આ અશુદ્ધ ઉપયોગનો અભાવ કરવામાં આવે, ત્યારે ખરેખર ઉપયોગ શુદ્ધ જ રહે છે; અને તે પરદ્રવ્યના સંયોગનું અકારણ જ છે. અર્થાત શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યના સંયોગનું કારણ નથી.

જીવનપ્રાસાદ :જીવરૂપી મહેલ.

જીવને મતિજ્ઞાન ક્યારે ઊપજે ? :આરંભ, પરિગ્રહથી નિવર્ત્યે.

જીવને મનઃપર્યયજ્ઞાન ક્યારે ઊપજે ? :આરંભ, પરિગ્રહથી નિવર્ત્યે

જીવનું લક્ષણ :જીવનું લક્ષણ ઉપયોગ છે. અને ઉપયોગ દર્શન અને જ્ઞાનના ભેદથી, બે પ્રકારનો બતાવ્યો છે. આ ભેદોની દષ્ટિએ, દેખવા અને જાણવારૂપ ચૈતન્યને અનુસરીને થતા પરિણામને ઉપયોગ સમજવો.

જીવનું લક્ષણ :વર્ણ, રસાદિ રહિત, શુદ્ધ ચૈતન્ય જીવનું લક્ષણ છે. શુદ્ધ સહજ આત્મ સ્વરૂપમાં જ જડ દ્રવ્યના ગુણ તથા લક્ષણ નથી તેથી શુદ્ધાત્મા અજીવથી તદ્દન જુદો છે. અજીવ દ્રવ્ય બે પ્રકારે છે : એક જીવ સંબંધી અને અજીવ સંબંધી દ્રવ્ય કર્મ, ભાવકર્મ તથા નોકર્મ જીવ સંબંધી, અજીવ દ્રવ્ય છે. અને પુદ્ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અજીવ, જીવ સંબંધી નથી. માટે જીવથી જુદા છે.

આ પ્રમાણે જીવ અને અજીવ બન્ને પદાર્થો ભિન્ન ભિન્ન છે. તેને હે શિષ્ય એક જાણીશ નહિ. રાગાદિ જે કર્મજન્ય છે તે પર છે તેને પર જ માન. આત્માથી ભિન્ન માન. અહીં જે શુદ્ધ લક્ષણ સંયુક્ત શુદ્ધ સહજાત્મ સ્વરૂપ છે તે જ ઉપાદેય છે.

આ શુદ્ધ આતમા મન રહિત છે, અતીન્દિય છે. જ્ઞાનમય છે, અમૂર્તિક છે, ચૈતન્ય માત્ર છે, તથા ઈન્દ્રિયોથી જણાય તેવો નથી. આ પ્રમાણે જીવનાં અનિશ્ચિત લક્ષણ કહ્યાં છે.

પરમાત્મા મન રહિત છે, કારણ કે મન સંકલ્પ-વિકલ્પ રૂપ છે. અને પરામાત્મામાં સંકલ્પ-વિકલ્પનો અભાવ છે.
પાંચ ઈન્દ્રિયોથી રહિત હોવાને લીધે પરમાત્મા અતીન્દ્રિય છે.
લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન સહિત હોવાથી પરમાત્મા જ્ઞાનમય છે.
આત્મામાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શનો અભાવ છે. તેથી તે અમૂર્તિક છે.
અન્ય દ્રવ્યોમાં ચૈતન્યપણાનો અભાવ છે.
માત્ર જીવ દ્રવ્યમાં ચૈતન્યપણું છે તેથી તે ચિન્માત્ર કહેવાય છે.
પરમાત્મા ઈન્દ્રિયો વડે જાણવામાં આવતો નથી. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનથી જ જણાય છે. માટે ઈન્દ્રિય અગોચર છે.
આવાં લક્ષણોવાળો આત્મા છે.

જીવનું લક્ષણ :જીવનું જે લક્ષણ છે તે ઉપયોગ છે, કે જે આત્માનો ચૈતન્યાનું વિદ્યાપી પરિણામ છે. જેના મૂળ વિભા દર્શન અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના છે. આ ભેદોની દૃષ્ટિએ દેખવા અને જાણવા રૂપ ચૈતન્યને અનુસરીને થતા પરિણામને ઉપયોગ સમજવો જોઈએ. જેમાં આ પરિણમન વાસ્તવિક રીતે જણાય છે તે જ લક્ષ્યભૂત જીવતતત્ત્વ છે, કેમ કે જીવનો સદાન અનન્યભૂત પરિણામ છે. ને જીવથી પૃથક, બીજે ક્યાંય કહી લક્ષિત થતો નથી. (૨) ઉપયોગ છે, અને તે ઉપયોગ જ્ઞાન દર્શનના ભેદથી, બે પ્રકારનો બતાવ્યો છે.

જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઊપજે ? :આરંભ, પરિગ્રહથી નિવર્ત્યે.

જીવનું સ્વરૂપ :જીવ બે પ્રકારના છે : (૧) સંસારી અર્થાત્ અશુદ્ધ અને (૨) સિદ્ધ અર્થાત્ શુદ્ધ. તેઓ બન્ને ચેતના સ્વભાવવાળા છે અને ચેતનાનો પરિણામ તે ઉપયોગ છે. સંસારી જીવો દેહસહિત છે અને સિદ્ધ જીવો દેહરહિત છે. સંસારીઓ ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે. પાચ્ય અને અપાચ્ય મગની માફક, જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો સદ્ભાવ છે તેમને ભવ્ય અને જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો અસદ્ભાવ છે તેમને અભવ્ય કહેવામાં આવે છે.

જીવને સંસારચક્રમાં આવવાનું કારણ :આ લોકમાં સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વિશે સ્નિગ્ધ પરિણામ થાય છે, પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઈન્દ્રિયો, ઈંદ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ, પરિણામથી પાછું પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઈન્દ્રિયો, ઈંદ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ. એ પ્રમાણે આ અન્યોન્ય કાર્યકારણભૂત જીવપરિણામાત્મક અને પુદ્ગલપરિણામાત્મક કર્મજાળ સંસારચક્રમાં જીવને અનાદિ અનંતપણે અને અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને ઘટત કરે છે.

જીવનની સફળતા :ભાઈ ! આ અનંતકાળના ફેરા ટાળવાનાં ટાણાં છે માટે સત્સ્વરૂપની જિજ્ઞાસા કર ! મનન કર ! વિચાર કર ! પુરુષાર્થ કર ! વૈરાગ્ય કર ! અંતરમાં ઠર ! તો જ આ મનુષ્યભવ સફળ છે. જો આ જીવનમાં રાગ-દ્વેષ, અજ્ઞાન, ક્રોધ, માન, માયા અને લોભના કષાયથી અટકી, કંઈ નવીન સતપરુષાર્થ ન કર્યો, સત્જ્ઞાન કરી, શરીર અને આત્મા જુદા છે, એનું ભેદજ્ઞાન કરી કાંઈ અપૂર્ણતા ન કરી, તો જીવન મળ્યું કે ન મળ્યું બરાબર છે. કૂતરા કાગડા સૌ જન્મે ને મરે છે. પણ આ જીવનમાં જો આત્મજ્ઞાન મેળવીને કાંઈ અપૂર્વતા થઈ, અંતરવલણ વળ્યું, તો જ આ જીવનની સફળતા છે.
આ માટે સત્પુરુષનો સંગ, સત્શાસ્ત્રનું શ્રવણ, મનન અને સ્વાધ્યાય કરીને, આત્માના પરિણામ મંદ કરી કષાયભાવથી અટકીને, શરીર એ હું નથી પણ મારો આત્મા શુદ્ધ છે, તેમાં લીન થવાનો અભ્યાસ કરવો. આમ પોતાના સ્વભાવના જ્ઞાન-ધ્યાનમાં એકાગ્ર થાય ત્યાં કર્મનું ઝેર ફટ દઈને ઊતરી જાય છે, કર્મ એની મેળાએ ઝરી જાય છે અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન તરફ જીવ વળે છે.

જીવન્મુક્ત :જીવનના ત્રણ પ્રકારના તાપને વટાવી બ્રહ્માનંદનો અનુભવ કરનાર (જીવ), પરમહંસ, જીવદશામાં પણ દુન્વયી આસક્તિથી મુક્ત, બ્રહ્મનિષ્ઠ.

જીવનમુક્ત દશા :સહજાત્મસ્વરૂપસ્થિતિ; સાક્ષાત્ મોક્ષદશા.

જીવન્મુક્તિ :જીવતાં મુક્તિ; દેહ હોવા છતાં મુક્તિ.

જીવનસૂત્રો :

(૧) પ્રમાદને લીધે, આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

(૨) જે જે કાળે જે જે કરવાનું છે, તેને સદા ઉપયોગમાં રાખ્યા રહો.

(૩) ક્રમે કરીને પછી, તેની સિદ્ધિ કરો.

(૪) અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

(૫) શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી, એ જ આત્માની શ્રેષ્ઠતા છે. કદાપિ તે જિજ્ઞાસા પાર ન પડી, તો પણ, જિજ્ઞાસા તે પણ, તે જ અંશવત્ છે.

(૬) નવાં કર્મ બાંધવાં નહીં અને જૂનાં ભોગવી લેવાં, એવી જેવી અચળ જિજ્ઞાસા છે ને, તે પ્રમાણે વર્તી શકે છે.

(૭) જે કૃત્યનું પરિણામ ધર્મ નથી, તે કૃત્ય મૂળથી જ કરવાની ઈચ્છા, રહેવા દેવી જોઈતી નથી.

(૮) મન જો શંકાશીલ થઈ ગયું હોય, તો દ્રવ્યાનુયોગ વિચારવો યોગ્ય છે. પ્રમાદી થઈ ગયું હોય, તો ચરણકરણાનુયોગ વિચારવો યોગ્ય છે, અને કષાયી થઈ ગયું હોય, તો ધર્મકથાનુયોગ વિચારવો યોગ્ય છે; જડ થઈ ગયું હોય, તો ત્રણિતાનુયોગ વિચારવો યોગ્ય છે.

(૯) કોઈ પણ કામની નિરાશા ઈચ્છવી; પરિણામે પછી જેટલી સિદ્ધિ થઈ તેટલો લાભ; આમ કરવાથી સંતોષી રહેવાશે.

(૧૦) પૃથ્વી સંબંધી ક્લેશ થાય તો એમ સમજી લે જે કે, તે સાથે આવવાની નથી; ઉલટો હું તેને દેહ આપી જવાનો છુ; વળી તે કંઈ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી ક્લેશ, શંકાભાવ થાય, તો આમ સમજી અન્ય ભોક્તા પ્રત્યે હસજે કે તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો. (જે વસ્તુનો આપણે નિત્ય ત્યાગ કરીએ છીએ તેમાં!) ધનસંબંધી નિરાશા કે ક્લેશ થાય, તો તે ઊંચી જાતના કાંકરા છે, એમ સમજી સંતોષ રાખજે; ક્રમે કરીને તો તું નિઃસ્પૃહી થઈ શકીશ.

(૧૧) તેનો તું બોધ પામ, કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.

(૧૨) એકવાર જો સમાધિમરણ થયું, તો સર્વકાળનાં અસમાધિમરણ ટળશે.

(૧૩) સર્વોત્તમ પદ, સર્વ ત્યાગીનું છે.

એક પ્રૌઢ તત્ત્વજ્ઞાનીને છાજે તેમ, તત્ત્વસંકલના બદ્ધપણે ગૂંથેલા આ જીવનસૂત્રોમાં સૂચવ્યું છે તેમ, - અપ્રમાદ રાખી, સદા ઉપયોગ રાખી, કાર્યની ક્રમે કરીને સિદ્ધિ કરવી; અલ્પ આહારાદિથી, ને મન-વચન-કાયાની નિયમિતતાથી, મનને વશ કરવુ; શ્રેષ્ઠ વસ્તુ ઈચ્છવી, એ જ આત્માની શ્રેષ્ઠતા જાણવી; નવાં કર્મ બાંધવા નહીં અને જૂનાં ભોગવી લેવા; જે કૃત્યનું પરિણામ ધર્મ નથી, તે કૃત્ય મૂળથી જ કરવાની ઈચ્છા રહેવા દેવી નહિ; ચાર અનુયોગમાં કયા કયામાં મનને ક્યારે ક્યારે પ્રવર્તાવવું; કોઈ પણ કામની નિરાશા ઈચ્છવી; પૃથ્વી, સ્ત્રી ધન સંબંધી ક્લેશ થાય, તો શું સમજી સમતા રાખવી; સમાધિમરણની પ્રાપ્તિ અર્થે બોધ પામવાનું ઈચ્છવું; સર્વોત્તમ પદ સર્વ ત્યાગીનું છે, તે ઈચ્છવું.

જીવના અનુજીવી ગુણ :ચેતના, શ્રદ્ધા, ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિક, કર્કૃત્વ, ભોકૃત્વ વગેરે જીવના અનુજીવી ગુણ અનંત છે.

જીવના અનુજીવી ગુણો કયા કયા છે :ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભયત્વ, જીવત્વ, વૈભાવિક, કર્તૃત્વ, ભોકૃત્વ વગેરે, અનંત ગુણ છે.

જીવના પ્રતિજીવી ગુણ કયા કયા છે ? અવ્યાબાધ, અવગાહ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ ઈત્યાદિ.

જીવના આ સાધારણ ભાવો :પર્યાયભાવ-ક્ષણિક ભાવ

(૧) ઔદયિક ભાવ કર્મોના ઉદય સાથે સંબંધ ધરાવતો, વિકાર ભાવ. કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાં, જ્ઞાનના ઉઘાડનો જટેલો અભાવ છે, તે ઔદયિક ભાવ. (૨૧)

- ગતિ (૪) - કષાય (૪) - લિંગ (૩) - મિથ્યાદર્શન
- અજ્ઞાન - અસંયમ - અસિદ્ધત્વ - લેશ્યાયોગ (૬)
- બંધના કારણ.

(૨) ઔપશમીક ભાવ.

ઉપશમિક ભાવ. કર્મોના ઉપશમ સાથેના સંબંધનાનો ભાવ.

(૨) – સમ્યક્ત્વ ભાવ – ચારિત્ર ભાવ.

(૩) જ્ઞાયોપમિક ભાવ

કર્મોનો સ્વયં અંશે ક્ષય અને સ્વયં અંશે ઉપશમ સાથેના સંબંધવાળો ભાવ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન. અવધિજ્ઞાન, મનઃ પર્યાય જ્ઞાન. (૧૮)

– સમ્યકત્વ	– ચારિત્ર	– ચક્ષુ દર્શન	– અચક્ષુદર્શન
– દેશ સંયમ	– મતિજ્ઞાન	– શ્રુત જ્ઞાન	– અવધિજ્ઞાન
– મનઃ પર્યય જ્ઞાન		– કુમતિ જ્ઞાન	– કુશ્રુત જ્ઞાન
– કુઅવધિજ્ઞાન	– દાન	– લાભ	– ભોગ
– ઉપભોગ	– વીર્ય	– અવધિ દર્શન.	

(૪) ક્ષાયિક ભાવ.

કર્મોનો સર્વથા નાશ સાથેના સંબંધવાળો અત્યંત શુદ્ધ ભાવ

કેવળ જ્ઞાન

(૯)

– જ્ઞાયિક સમ્યક્ત્વ	– જ્ઞાયિક ચારિત્ર	– જ્ઞાયિક દર્શન
– જ્ઞાયિક જ્ઞાન	– જ્ઞાયિક દાન	– જ્ઞાયિક લાભ
– જ્ઞાયિક ભોગ	– જ્ઞાયિક ઉપભોગ	– જ્ઞાયિક વીર્ય.

ત્રિકાળ સ્વભાવ

(૫) પારિમાણિક ભાવ

કર્મોની ઉપશમ, ક્ષય ક્ષયોપશમ અથવા ઉદયની અપેક્ષા રાખ્યા વિના, જીવનો જે સ્વભાવ ભાવ, તેને પારિણામિક ભાવ કહે છે.

(૩)

– જીવત્વ – ભવ્યત્વ – અભવ્યત્વ.

જીવનાં કાર્યો :ચૈતન્યસ્વભાવપણાને લીધે, કર્તૃસ્થિત (કર્તામાં રહેલી) ક્રિયાનો-જ્ઞપ્તિ તથા દર્શિનો-જીવ જ કર્તા છે; તેના સંબંધમાં રહેલું પુદ્ગલ તેનું કર્તા નથી, જેમ આકાશાદિ નથી તેમ (ચૈતન્યસ્વભાવને લીધે જાણવાની અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે; જ્યાં જીવ છે ત્યાં ચાર અરૂપી અચેતન દ્રવ્યો પણ છે તોપણ તેઓ જેમ જાણવાની અને દેખવાની ક્રિયાનાં કર્તા નથી તેમ જીવની સાથે સંબંધમાં રહેલાં કર્મનોકર્મરૂપ પુદ્ગલો પણ તે ક્રિયાનાં કર્તા નથી.) ચૈતન્યના વિવર્તરૂપ સંકલ્પની ઉત્પત્તિ (જીવમાં) થતી હોવાને લીધે, સુખની અભિલાષારૂપ ક્રિયાનો, દુઃખના ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા સ્વસંવેદિત હિત-અહિતની નિષ્પત્તિરૂપ ક્રિયાનો (-પોતાથી ચેતવામાં આવતા શુભ-અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો) જીવ જ કર્તા છે; અન્ય નહિ. શુભાશુભ કર્મના ફળભૂત ઈષ્ટાનિષ્ટવિષયોપભોગક્રિયાનો, સુખ-દુઃખસ્વરૂપ સ્વપરિણામ ક્રિયાની માફક જીવ જ કર્તા છે; અન્ય નહિ.

આથી એમ સમજાવ્યું કે (ઉપરોકત) અસાધારણ કાર્યો દ્વારા પુદ્ગલથી ભિન્ન એવો આત્મા અનુમેય (અનુમાન કરી શકવા યોગ્ય) છે.

ભાવાર્થ :- શરીર, ઈંદ્રિય, મન, કર્મ વગેરે પુદ્ગલો કે અન્ય કોઈ અચેતન દ્રવ્યો કદાપિ જાણતાં નથી, દેખતાં નથી, સુખને ઈચ્છતાં નથી, દુઃખથી ડરતાં નથી, હિત-અહિતમાં પ્રવર્તતાં નથી કે તેમનાં ફળને ભોગ વતાં નથી; માટે જે જાણે છે અને દેખે છે, સુખની ઈચ્છા કરે છે, દુઃખના ભયની લાગણી કરે છે, શુભ-અશુભ ભાવોમાં પ્રવર્તે છે અને તેમનાં ફળને ભોગવે છે, તે (જીવ) અચેતન પદાર્થોની સાથે રહ્યો હોવા છતાં સર્વ અચેતન પદાર્થોની ક્રિયાઓથી તદ્દન વિશિષ્ટ પ્રકારની ક્રિયાઓનો કરનારો, એક વિશિષ્ટ પદાર્થ છે. આમ જીવ નામનો ચૈતન્યસ્વભાવી પદાર્થવિશેષ-કે જેને જ્ઞાનીઓ સ્વયં સ્પષ્ટ અનુભવે છે તે-તેની અસાધારણ ક્રિયાઓ દ્વારા અનુમેય પણ છે.

જીવના ચૌદ ગુણ સ્થાનો :સિદ્ધાંતમાં જીવના અસંખ્ય પરિણામોને, માધ્યમ વર્ણનથી ૧૪ ગુણસ્થાનરૂપે કહેવામાં આવ્યા છે. તે ગુણસ્થાનોને ઉપયોગરૂપે વર્ણવતાં, ત્રણ વિભાગ પાડ્યા છે.

(૧) અશુભ ઉપયોગ = પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યપૂર્વક (ઘટતો ઘટતો) અશુભ ઉપયોગ.

(૨) શુભ ઉપયોગ = ચોથા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો) શુભ ઉપયોગ.

(૩) શુદ્ધ ઉપયોગ = સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક, શુદ્ધ ઉપયોગ છે. અને છેલ્લા બે ગુણસ્થાનો ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનોમાં શુદ્ધોપયોગનું ફળ,-આવું વર્ણન કથંચિત થઈ શકે છે.

જીવના તેર ગુણ સ્થાન :(૧) મિથ્યાદષ્ટિ, (૨) સાસાદન, (૩) સમ્યગ્મિથ્યાદષ્ટિ, (૪) અસંયત સમ્યગ્દષ્ટિ, (૫) દેશ સંયત, (૬) પ્રમત્ત સંયત, (૭) અપ્રમત સંયત, (૮) અપૂર્વકરણ, (૯) અનિવૃત્તિકરણ, (૧૦) સૂક્ષ્મ સામ્પરાય, (૧૧) ઉપશાંત મોહ (૧૨) પરમ ક્ષીણ મોહ, (૧૩) સયોગી કેવળી : આ તેર ગુણસ્થાનો તત્ત્વજ્ઞાનીઓએ કર્મ પ્રકૃત્તિઓથી નિર્મિત પૌદ્ગલિત કહ્યાં છે.

જીવના પાંચ ભાવો :જીવના ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવોને જીવના પાંચ પ્રધાન ગુણો કહેવામાં આવ્યા છે.

જીવના ભેદોઃ-

(૧) એક જ છે=ખરેખર નિત્યચૈતન્ય-ઉપયોગી હોવાથી એક જ છે.

(૨) બે ભેદવાળો છે=જ્ઞાન અને દર્શન એવા ભેદોને લીધે બે ભેદવાળો છે.

(૩) ત્રિલક્ષણ છે=કર્મફળચેતના, કાર્યચેતના અને જ્ઞાનચેતના એવા ભેદો વડે અથવા ધ્રૌવ્ય. ઉત્પાદ ને વિનાશ એવા ભેદો પડે લક્ષિત હોવાથી ત્રિલક્ષણ (ત્રણ લક્ષણવાળો) છે.

(૪) ચતુર્વિધ ભ્રમણવાળો છે=ચાર ગતિ (-નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ) માં ભમતો હોવાથી ચતુર્વિધ ભ્રમણવાળો છે.

(૫) પાંચ મુખ્ય ગુણોની પ્રધાનતાવાળો કહ્યો છે=ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક આ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો છે.

(૬) ઉપયોગી એવો તે જીવ છ અપક્રમ સહિત છે=ચાર દિશાઓમાં, ઊંચે અને નીચે એમ ષડ્વિધ ભવાંતર-ગમનરૂપ અપક્રમથી મુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશાઓમાં ગમન થતું હોવાથી) છ અપક્રમ સહિત છે.

(૭) સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો છે=(૧) દ્રવ્ય સ્યાત્ અસ્તિ છે; (૨) દ્રવ્ય સ્યાત્ નાસ્તિ છે; (૩) દ્રવ્ય સ્યાત્ અસ્તિ અને નાસ્તિ છે; (૪) દ્રવ્ય સ્યાત્ અવક્તવ્ય છે; (૫) દ્રવ્ય સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય છે; (૬) દ્રવ્ય સ્યાત્ નાસ્તિ અને અવક્તવ્ય છે; (૭) દ્રવ્ય સ્યાત્ અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય છે. આ સાત ભંગો વડે જેનો સદ્ભાવ છે એવો હોવાથી સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો છે.

(૮) જીવ આઠના આશ્રયરૂપ છે=(૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુકર્મ, (૬) નામકર્મ, (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાય આ આઠ કર્મોના અથવા સમ્યક્ત્વાદિના આઠ ગુણો અથવા અંગો હોય છે-(૧) નિઃશંક્તિ અંગ; (૨) નિઃકાંક્ષિત અંગ; (૩) નિર્વિચિકિત્સા અંગ; (૪) અમૂઢદષ્ટિ અંગ; (૫) ઉપગૂહન અંગ; (૬) સ્થિતિકરણ અંગ; (૭) વાત્સલ્ય અંગ; (૮) પ્રભાવના અંગ. આ આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી આઠના આશ્રયરૂપ છે.

(૯) નવ અર્થરૂપ છે=નવ પદાર્થો અથવા તત્ત્વો આ પ્રમાણે છે-(૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ અને (૯) મોક્ષ. આ નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી નવ-અર્થરૂપ છે.

(૧૦) દશ સ્થાનગત કહેલ છે-(૧) પૃથ્વી, (૨) પાણી, (૩) અગ્નિ, (૪) વાયુ, (૫) સાધારણ વનસ્પતિ, (૬) પ્રત્યેક વનસ્પતિ, (૭) દ્વીંદ્રિય, (૮) ત્રીંદ્રિય, (૯) ચતુરિન્દ્રિય અને (૧૦) પંચેન્દ્રિય. આ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી દશ સ્થાનગત છે.

જીવના પ્રતિજીવી ગુણ :અવ્યાબાધ, અવગાહ, અગુરુલઘુ, સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ ઈત્યાદિ જીવના પ્રતિજીવી ગુણ છે. (૨) અવ્યાબાધત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ ઈત્યાદિ.

જીવના પ્રાણો :ઈન્દ્રિયપ્રાણ, બળપ્રાણ, આયુપ્રાણ તથા શ્વાસોચ્છ્વાસપ્રાણ એ ચાર જીવોના પ્રાણો છે.

સ્પર્શના, રસના, ઘ્રાપ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયપ્રાણ છે; કાય, વચન અને મન એ ત્રણ બળપ્રાણ છે; ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિ પર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે; નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છ્વાસ પ્રાણ છે.

જોકે નિશ્ચયથી જીવ સદાય ભાવપ્રાણથી જીવે છે, તોપણ સંસારદશામાં વ્યવહારથી તેને વ્યવહારજીવનના કારણભૂત ઈન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવતો કહેવામાં આવે છે. આમ છતાં તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી કારણકે તેઓ પુદ્ગલદ્રવ્યથી બનેલા છે.

(૧) મોહાદિક પૌદ્ગલિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણોથી સંયુક્ત થાય છે અને (૨) પ્રાણોથી સંયુક્ત થવાને લીધે પૌદ્ગલિક કર્મફળને (મોહી-રાગી-દ્વેષી જીવ મોહ-રાગ-દ્વેષપૂર્વક) ભોગવતો થકો ફરીને પણ અન્ય પૌદ્ગલિક કર્મો વડે બંધાય છે, તેથી (૧) પૌદ્ગલિક કર્મના કાર્ય હોવાને લીધે અને (૨) પૌદ્ગલિક કર્મના કારણ હોવાને લીધે પ્રાણો પૌદ્ગલિક જ નિશ્ચિત (નક્કી) થાય છે.

પ્રથમ તો પ્રાણોથી જીવ કર્મફળને ભોગવે છે; તેને ભોગવતો થકો મોહ તથા દ્વેષ ને પામે છે; મોહ તથા દ્વેષથી સ્વજીવ અને પરજીવના પ્રાણોને બાધા કરે છે. ત્યાં કદાચિત (-કોઈવાર) પરના દ્રવ્યપ્રાણોને બાધા કરીને અને કદાચિત (પરના દ્રવ્યપ્રાણોને) બાધા નહિ કરીને, પોતાના ભાવપ્રાણોને તો ઉપરક્તપણા વડે (અવશ્ય) બાધા કરતો થકો, (જીવ) જ્ઞાનાવરણાદિ કર્મો બાંધે છે. આ પ્રમાણે પ્રાણો પૌદ્ગલિક કર્મોના કારણપણાને પામે છે.

દ્રવ્યપ્રાણોની પંરપરા ચાલ્યા કરવાનું અંતરંગ કારણ અનાદિ પુદ્ગલકર્મના નિમિત્તે થતું જીવનું વિકારી પરિણમન છે. જ્યાં સુધી જીવ દેહાદિક વિષયોમાં મમત્વરૂપ એવું તે વિકારી પરિણમન છોડતો નથી, ત્યાં સુધી તેના નિમિત્તે ફરી ફરી પુદ્ગલકર્મ બંધાયા કરે છે અને તેથી ફરી ફરી દ્રવ્યપ્રાણોનો સંબંધ થયા કરે છે.

ખરેખર પૌદ્ગલિક પ્રાણોની સંતતિની નિવૃત્તિનો અંતરંગ હેતુ પૌદ્ગલિક કર્મ જેનું કારણ (નિમિત્ત) છે એવા ઉપરક્તપણાનો અભાવ છે. અને તે અભાવ જે જીવ સમસ્ત ઈન્દ્રિયાદિક પરદ્રવ્યો અનુસાર પરિણતિનો વિજયી થઈને, (અનેક વર્ણોવાળા) આશ્રય અનુસાર સઘળી પરિણતિથી વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિની માફક, અત્યંત વિશુદ્ધ ઉપયોગમાત્ર આત્મામાં એકલામાં સુનિશ્ચળપણે વસે છે, તે જીવને હોય છે.

આ અહીં તાત્પર્ય છે કે-આત્માનું અત્યંત વિભક્તપણું સાધવા માટે વ્યવહાર જીવત્વના હેતુભૂત પૌદ્ગલિક પ્રાણો આ રીતે ઉચ્છેદવા યોગ્ય છે.

જેમ અનેક રંગવાળી આશ્રયભૂત વસ્તુ અનુસાર જે (સ્ફટિકમણિનું) અનેકરંગી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા સ્ફટિકમણિને ઉપરક્તપણાનો અભાવ છે, તેમ અનેક પ્રકારનાં કર્મ, ઈન્દ્રિયો ઈત્યાદિ અનુસાર જે (આત્માનું) અનેક પ્રકારનું વિકારી પરિણમન તેનાથી તદ્દન વ્યાવૃત્ત થયેલા આત્માને (-કે જે એકલા ઉપયોગમાત્ર આત્મામાં સુનિશ્ચળપણે વસે છે તેને) ઉપરક્તપણાનો અભાવ હોય છે. તે અભાવથી પૌદ્ગલિક પ્રાણોની પંરપરા અટકે છે.

આ પ્રમાણે પૌદ્ગલિક પ્રાણોનો ઉચ્છેદ કરવા યોગ્ય છે.

(૨) ઈંદ્રિયપ્રાણ; બળપ્રાણ; આયુપ્રાણ તથા શ્વાસોચ્છ્વાસપ્રાણ આ ચાર જીવના પ્રાણો છે. તેમાં સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયપ્રાણ છે; કાયટ, વચન અને મન એ ત્રણ બળપ્રાણ છે; ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિપર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે; નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છ્વાસ પ્રાણ છે. આમ વિસ્તાર કરતાં દસ પ્રાણો છે.

વ્યુત્પત્તિ પ્રમાણે પ્રાણસામાન્યથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. એ રીતે (પ્રાણસામાન્ય) અનાદિ સંતાનરૂપે (પ્રવાહરૂપે) પ્રવર્તતા હોવાને લીધે (સંસારદશામાં) ત્રણે કાળ ટકતા હોવાથી પ્રાણસામાન્ય જીવને જીવત્વના હેતુ છે જ. તથાપિ તે (પ્રાણસામાન્ય) જીવનો સ્વભાવ નથી કારણકે પુદ્ગલદ્રવ્યથી નીપજેલા-રચાયેલા છે.

જોકે નિશ્ચયથી જીવ સદાય ભાવપ્રાણથી જીવે છે. તોપણ સંસારદશામાં વ્યવહારથી તેને વ્યવહારજીવત્વના કારણભૂત ઈન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોથી જીવતો

કહેવામાં આવે છે. આમ છતાં તે દ્રવ્યપ્રાણો આત્માનું સ્વરૂપ બિલકુલ નથી કારણકે તેઓ પુદ્ગલદ્રવ્યથી બનેલા છે.

જીવના પરિણામ :મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામની વાત છે. (સમયસાર ગાથા ૮૦-૮૧-૮૨ અહીં અજ્ઞાનીની વાત છે.) જીવના વિકારી પરિણામ તે પુદ્ગલકર્મના પરિણામનું નિમિત્ત છે અને પુદ્ગલકર્મનો ઉદય તે જીવના રાગ-દ્વેષ-પરિણામનું નિમિત્ત છે છતાં એ બન્નેને કર્તાકર્મપણું નથી એમ કહે છે. (૨) વીતરાગી નિર્મળ પરિણામ (સમયસાર ગાથા ૭૫ થી ૭૯)

જીવના પાંચ પ્રધાન ગુણો :જીવના ઔદયિક, ઔપચારિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવોને જીવના પાંચ પ્રધાન ગુણો કહેવામાં આવ્યા છે.

જીવો ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોથી આદિ સાંત છે. તેઓ ક્ષાયિકભાવથી આદિ અનંત છે. તેમજ જીવો ખરેખર સહજ ચૈતન્યલક્ષણ પારિણામિક ભાવથી અનાદિ અનંત છે.

જીવના ભેદ :બહિરાત્મા અને અંતરાત્માનું લક્ષણ = જીવ (આત્મા) ત્રણ પ્રકારના છે. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા, (૩) પરમાત્મા. તેમાં શરીરને અને આત્માને એક માને, તે બહિરાત્મા કહે છે, તેને કોઈ અવિવેકી અથવા મિથ્યાદષ્ટિ પણ કહે છે. જે શરીરને અને આત્માને પોતાના ભેદ વિજ્ઞાની જુદા જુદા માને છે, તે અંતરાત્મા અર્થાત્ સમ્યગ્દષ્ટિ છે. અંતરાત્માના ત્રણ ભેદ છે. ઉત્તમ-મધ્યમ-જઘન્ય. તેમાં અંતરંગ અને બહિરંગ, એ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત, સાતમાથી બારમા ગુણસ્થાનમાં વર્તતા શુદ્ધઉપયોગી કારણ કે પુદ્ગલ દ્રવ્યથી નીપજેલા-રચાયેલા છે. (૨) જીવ મહાત્મા (•) ખરેખર નિત્ય ચૈતન્ય ઉપયોગી હોવાથી એક જ છે; (•) જ્ઞાન ને દર્શન એવા ભેદોને લીધે બે ભેદવાળો છે; (•) કર્મફળચેતના, કાર્યચેતના ને જ્ઞાનચેતના એવા ભેદો વડે અથવા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વિનાશ એવા ભેદો વડે લક્ષિત હોવાથી ત્રિલક્ષણ (ત્રણ લક્ષણવાળો) છે. (•) ચાર ગતિમાં ભમતો હોવાથી ચતુર્વિધ ભ્રમણવાળો છે. (•) પારિણામિક, ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો છે. (•) ચાર દિશાઓમાં ઊંચે અને નીચે એમ ષડ્વિધ ભવાંતર ગમનરૂપ અપક્રમથી યુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશાઓમાં ગમન થતું હોવાથી) છ અપક્રમ સહિત છે. (•) અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગો વડે જેનો સદ્ભાવ છે એવો હોવાથી સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો છે, (•) (જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મોના અથવા (સમ્યક્ત્વાદિ) આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી આઠના આશ્રયરૂપ છે; (•) નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી નવ-અર્થરૂપ છે; (•) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીમદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી દશસ્થાનગત છે.

જીવના ભાવો :જીવના પાંચ ભાવો છે - ૧.ઔદયિક; ૨. ઓપશમિક, ૩. ક્ષાયોપશમિક, ૪. ક્ષાયિક, ૫. પારિણામિક.

જીવના સ્વભાવના ખરાભવનું કારણ :મનુષ્યાદિ પર્યાયોમાં, કર્મ કાંઈ જીવના સ્વભાવને હણતું કે આચ્છાદિત કરતું નથી; પરંતુ ત્યાં જીવ પોતે જ પોતાના દોષથી કર્મ અનુસાર પરિણમે છે તેથી તેને પોતાના સ્વભાવની ઉપલબ્ધિ નથી.

જીવનિકાય :જીવસમૂહ

જીવની અનાદિના સાત ભૂલો :

(૧) 'શરીરને હું છું.' તેમ જીવ અનાદિથી રહ્યો છે, તેથી હું તેને હલાવી-ચલાવી શકું, શરીરના કાર્યો હું કરી શકું, શરીર સારું હોય, તો મને લાભ થાય- એ વગેરે પ્રકારે તે શરીરને પોતાનું માન છે. આ મહાભ્રમ છે. આ જીવ તત્ત્વની ભૂલ છે, એટલે કે જીવને તે અજીવ માને છે.

(૨) શરીરની ઉત્પત્તિથી જીવના જન્મ અને શરીરના વિયોગથી, જીવનુ મરણ તે માને છે, તેમાં અજીવને જીવ માને છે. આ અજીવતત્ત્વની ભૂલ છે.

(૩) મિથ્યાત્વ, રાગાદિ પ્રગટ દુઃખ દેનારાં છે. છતાં તેનું સેવન કરવામાં સુખ માને છે. આ આસ્રવતત્ત્વની ભૂલ છે.

(૪) શુભને લાભદાયક અને અશુભને નુકશાનકારક તે માને છે. પણ તત્ત્વ દૃષ્ટિએ, તે બન્ને નુકશાન કારક છે. એમ તે માનતો નથી. આ બંધ તત્ત્વની ભૂલ છે.

(૫) સમ્યગ્જ્ઞાન તથા તે પૂર્વકનો વૈરાગ્ય જીવને સુખરૂપ છે, છતાં તે પોતાને કષ્ટ આપનાર, અને ન સમજાય એવાં છે-એમ માને છે, તે સંવરતત્ત્વની ભૂલ છે.

(૬) શુભાશુભ ઈચ્છાઓને નહિ રોકતાં, ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે ઈચ્છા કર્યા કરે છે, તે નિર્જરાતત્ત્વની ભૂલ છે.

(૭) સમ્યગ્દર્શન પૂર્વક જ પૂર્ણ નિરાકૂળતા પ્રગટ થાય છે, અને તે જ ખરું સુખ છે - એમ ન માનતાં, બાહ્ય વસ્તુઓની સગવડોથી સુખ મળી શકે, એમ જીવ માને છે. તે મોક્ષતત્ત્વની ભૂલ છે.

જીવનો આકારનો સંકોચ-વિસ્તાર :

(૧) ભીના ચામડાની માફક જીવના પ્રદેશો પોતાની શક્તિથી સંકોચ-વિસ્તારરૂપ થાય છે.

(૨) નાના મોટા શરીરપ્રમાણ સંકોચ-વિસ્તાર થવા છતાં અને પોતાના એક-એક પ્રદેશમાં પોતાના બીજા પ્રદેશો અવગાહના પામવા છતાં મધ્યના આઠ રુચકાદિ પ્રદેશો સદાય અચલિત રહે છે; અર્થાત્ તેઓ એકબીજામાં અવગાહના પામતા નથી.

જીવનો વિશેષ ગુણ :ચૈતન્ય પરિણામ જીવનો વિશેષ ગુણ છે. આ પ્રમાણે અમૂર્ત દ્રવ્યોના આકાશનો અવગાહ, ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ, અને વળી અધર્મદ્રવ્યનો ગુણ સ્થાનકારણતા છે. કાળનો ગુણ વર્તના છે, આત્માનો ગુણ ઉપયોગ કહ્યો છે, વિશેષ ગુણોનું સંક્ષેપ જ્ઞાન થતાં અમૂર્તદ્રવ્યોને જાણવાનાં લિંગ પ્રાપ્ત થાય છે.

જીવનોદક :અમૃતવાણી.

જીવપદાર્થ :જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. જીવ એવો અક્ષરોનો સમૂહ તે પદ છે અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાન્ત સ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. એ જીવપદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે, દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે, દ્રવ્ય હોવાથી વસ્તુ છે, ગુણપર્યાયવાળો છે. તેનું સ્વપરપ્રકાશક જ્ઞાન અનેકાકારરૂપ એક છે, વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી. આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિર હોય ત્યારે તે સ્વસમય છે અને પરસ્વભાવ-રાગદ્વેષમોહરૂપ થઈને રહે ત્યારે પરસમય છે. એ પ્રમાણે જીવને વિવિધપણું આવે છે.

જીવબંધ :જીવને જે ઔપાધિક મોહ-રાગ-દ્વેષરૂપ પર્યાયો સાથે એકત્વ પરિણામ તે કેવળ જીવબંધ છે.

જીવભૂત :જીવ સહિત. (૨) જીવયોગ્ય, જીવને લાયક.

જીવમાં હર્ષ અહર્ષ આદિના સ્થાનો નથી તો તે કોના છે ? :જીવના મૂળ સ્વભાવમાં વિકાર નથી તેથી વિકારના સ્થાનોને પુદ્ગલ કર્મના કહેવામાં આવે છે.

જીવરૂપ કર્તાના નિશ્ચય કર્મભૂત :જીવ કર્તા છે અને શુભપરિણામ તેનું (અશુધ્ધ નિશ્ચયનયે) નિશ્ચય કર્મ છે.

જીવરાશિ :જીવસમુદાય.

જીવલોક :જે સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે, નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે, સમસ્ત વિશ્વને એક છત્ર રાજ્યથી વશ કરનાર, મોટું મોહરૂપી ભૂત જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે, જોરથી ફાટી નીકળેલા, તૃષ્ણારૂપી રોગના દાહથી જેને અંતરંગમાં પીડા, પ્રગટ થઈ છે, આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને (ઈન્દ્રિયવિષયોના સમૂહને) જે ઘેરો ઘાલે છે, અને જે પરસ્પર આચાર્યપણું કરે છે (અર્થાત્ બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે.), તેથી કામત્યોગની કથા તો સૌને સુલભ છે. (૨) આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર, પંચ પરાવર્તનરૂપ ભ્રમણ કરે છે. ત્યાં તેમને મોહ, કર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે, તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ દાહથી, પીડિત થાય છે અને જે દાહનો ઈલાજ, ઈન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે; તથા પરસ્પર વિષયોને જ ઉપદેશ કરે છે. એ રીતે કામ (વિષયોની ઈચ્છા) તથા ભોગ (તેમને ભોગવવું), એ બેની કથા તો અનંતવાર સાંભળી, પરિચયમાં લીધી અને અનુભવી તેથી સુલભ છે.

જીવસ્તવ શક્તિ :ચિતિ શક્તિ, જ્ઞાન શક્તિ, સર્વજ્ઞાનાક્તિ.

જીવસ્થાનો :પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત એવાં બાદર ને સૂક્ષ્મ એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેન્દ્રિય જેમનાં લક્ષણ છે એવાં જે જીવસ્થાનો તે બધાંય જીવને નથી. કારણકે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય છે તેથી અનુભૂતિથી ભિન્ન છે. અભેદ શુદ્ધ વસ્તુમાં ભેદ નથી કેમ કે અભેદના ધ્યાનમાં તે ભેદ અંદર આવતા નથી. (૨) એકેન્દ્રિયપણું, બેઈંદ્રિયપણું, ત્રણઈન્દ્રિયપણું, ચાર ઈન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું, સંજ્ઞી કે અસંજ્ઞીપણું, બાદર તથા સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત-સર્વ પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાય છે. આઠ કર્મમાં એક નામકર્મ છે. તેમાં એક પ્રકૃતિ છે જે પ્રકૃતિના કારણે પર્યાપ્ત-અપર્યાપ્ત, સૂક્ષ્મ-બાદરની દશા ઉત્પન્ન થાય છે. આ જે નામકર્મ છે એની ૯૩ પ્રકૃતિ છે. એમાં એક એવી પ્રકૃતિ છે કે જે પર્યાપ્તાદિને ઉપજાવે છે. એ જીવને ઉપજાવે છે એમ નથી. પંચાસ્તિકાયમાં આવે છે કે છ કાય તે જીવ નથી. પરંતુ એમાં જે જ્ઞાનમાત્ર સ્વરૂપ છે તે જીવ છે. અહીં કહે છે કે છ કાયના શરીરની ઉત્પત્તિ એ કાર્ય છે અને એ, કરણ એવા પુદ્ગલથી થયું છે. બેસવું ભારે કઠણ પણ ભાઈ! ભગવાન આત્મા તો જ્ઞાનઘન ચૈતન્યબિંબ પ્રભુ છે. એમાંથી આ પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ ભેદ ક્યાંથી રચાય ?

જીવસંબદ્ધ કે જીવ-અસંબદ્ધ :જીવ સાથે સંબદ્ધ કે જીવ સાથે અસંબદ્ધ એવા અજીવને જાણવાનું પ્રયોજન એ છે કે સમસ્ત અજીવ પોતાથી (સ્વજીવથી) તદ્દન ભિન્ન છે એવી બુદ્ધિ ઉત્પન્ન થાય.

જીવસ્વભાવ :પ્રાણધારણરૂપ જીવત્વ; દ્રવ્યપ્રાણના ધારણરૂપ જીવસ્વભાવ; ભાવપ્રાણના ધારણસ્વરૂપના જીવસ્વભાવ.

જીવાદિ અનેક દ્રવ્યો એકમેક થતાં નથી :જેમ ઘણા દીવાના પ્રકાશો એક ઓરડામાં ભેગા રહ્યા હોય તો સ્થૂળ દૃષ્ટિથી જોતાં તેઓ એકબીજામાં મળી ગયેલા લાગે છે. તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારપૂર્વક જોતાં તે તે પ્રકાશો ભિન્ન ભિન્ન જ છે (કારણ કે એક દીવો બુજાઈ જતાં તે જ દિવાનો પ્રકાશ નષ્ટ થાય છે, અન્ય દીવાના પ્રકાશો નષ્ટ થતા નથી; તેમ જીવાદિ અનેક દ્રવ્યો એ જ ક્ષેત્રમાં રહ્યાં છે તો પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં તેઓ ભિન્ન ભિન્ન જ છે. એકમેક થતાં નથી.

જીવાદિ દ્રવ્ય કેટકેટલાં છે અને ક્યાં રહે છે ? :જીવ દ્રવ્ય અનંતાનંદ છે. એ સમસ્ત લોકાકાશમાં ભરેલાં છે. જીવ દ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્ગલ દ્રવ્ય છે અને તે સંપૂર્ણ લોકમાં ભરેલા છે. ધર્મ અને અધર્મ દ્રવ્ય એકેક છે, અને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આકાશ દ્રવ્ય એક છે, એ લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાળ દ્રવ્ય અસંખ્યાત છે, અને સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે. પ્રત્યેક જીવ કેવડો મોટો છે ? = પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ, લોકાકાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે. પરંતુ સંકોચ-વિસ્તારના કારણે, પોતાના શરીર પ્રમાણ છે. અને મુક્તજીવ અંતના શરીર પ્રમાણ છે. લોકાકાશ બરાબર કયો જીવ થાય છે ? મોક્ષ જતાં પહેલાં, કેવળી સમુદ્રઘાત કરતાં જીવ, લોકાકાશ જેવડો મોટો છે.

જીવાદિક દ્રવ્ય કેટલાં છે અને તેઓ ક્યાં આવેલાં છે ? :જીવ દ્રવ્ય અનંત છે, અને તે સંપૂર્ણ લોકાકાશમાં ભરેલાં છે. જીવ દ્રવ્યથી, અનંતગુણા અધિક પુદ્ગલ દ્રવ્યો છે. અને તે સંપૂર્ણ લોકાકાશમાં ભરેલાં છે. ધર્મ અને અધર્મ દ્રવ્ય, એક, એક છે અને તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આકાશદ્રવ્ય એક છે અને તે લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાલદ્રવ્ય અસંખ્યાત છે, અને તે લોકાકાશમાં (દરેક પ્રદેશે એક, એક, એવી રીતે) વ્યાપ્ત છે.

જીવાસ્તિક :જીવાસ્તિકાય. (૨) ચૈતન્ય જેનું લક્ષણ છે એવો જીવાસ્તિક તે જીવ છે.

જીવાસ્તિકાય :જ્ઞાનદર્શન સ્વરૂપ આત્મા; તે આત્મા અસંખ્યાત પ્રદેશી છે, તેથી અસ્તિકાય કહેલ છે.

જીવિત :ટકવું (૨) જીવતર

જીવો :જીવો ભાવવાળા હોવા ઉપરાંત ક્રિયાવાળા પણ હોય છે, કારણકે પરિસ્પંદ સ્વભાવવાળા હોવાને લીધે, પરિસ્પંદ વડે નવાં કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો ભિન્ન જીવો, તેમની સાથે ભેગા થતા હોવાથી, અને કર્મ-નોકર્મ રૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો, પાછા ભિન્ન પડતા હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે.

(જ્ઞાનવરણાદિ કર્મરૂપ અને શરીરાદિ નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગો થયેલો જીવ કંપન વડે પાછો છૂટો પડે છે. ત્યાં (તે પુદ્ગલો સાથે) ભેગાપણે તે નષ્ટ થયો. જીવપણે તે રહ્યો, ને (તેમનાથી) છૂટાપણે તે ઉપજ્યો.)

જીવોના અનુજીવી ગુણો :ચેતના, સમ્યક્ત્વ (શ્રદ્ધા), ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિકત્વ, કર્તત્વ, ઈત્યાદિ અનંત ગુણ છે.

જીવોના અનુજીવો ગણો :ચેતના, સમ્યક્ત્વ (શ્રદ્ધા), ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિક્ત, કત્વ ઈશ્વયાદિ અનંત ગુણ છે.

જીવોના પ્રકાર :જીવો બે પ્રકારના છે : સંસારી અને સિદ્ધ. સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે અને સિદ્ધજીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે. પંચાસ્તિકાય ગાથા-૧૨૨.

જીહ્વા લંપટ :જીભની લોલુપતાવાળો.

જોગ :યોગ; સંયોગ; અનુકૂળતા; વૈરાગ્ય; સંસારત્યાગ; (૨) પ્રાપ્તિ; યોગ્યતા. (૩) પ્રસંગ; સત્સંગ. (૪) યોગ્યતા; પ્રાપ્તિ; યોગ; વૈરાગ્ય; સંસારત્યાગ.

જોગ્ય :યોગ્ય; ને લાયક; પરમાત્મા સાથે સંબંધ કરવાનો, ઉપાય; યોગ

જોગા પયડિયદેસા :યોગથી પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે.

જોગાનલ :ધ્યાનરૂપી અગ્નિ.

જોજન :બે હજાર ગાઉનો, એક જોજન. (૨) અહીં જોજન બે હજાર ગાઉનો જાણવો. બે માઈલ એટલે કે એક ગાઉ.

જોર :વલણ.

જોવું :તપાસવું (જો=તપાસ.)

ઝૂકવું :ઢળવું.

ઝંકાર :એકાક્ષરી; અનક્ષરી; દિવ્યવાણી; વચનઈશ્વરી; વાગીશ્વરી. અ = અરિહંત; અ = અશરીરી સિદ્ધ પરમાત્મા; આ = આચાર્ય; ઉ = ઉપાધ્યાય; મ = મુનિ.

અ + અ + આ + ઉ + મ = ૐ; આ મહામંત્રમાં પંચપરમેષ્ટીપદ, સર્વ શાસ્ત્રોનો સાર, સર્વગુણસંપન્ન શુદ્ધ આત્મસ્વરૂપનો ભાવ સમાય છે.

ઝુકાવ :વલણ; વૃત્તિ; એકબાજુ નમવું. (૨) રુચિ. (૩) મચી રહેવું.

ઝંખાતી જતી :ઝાંખી પડતી જતી.

ઝંટિયાં :માથા પરના વાળ.

ઝનૂની :ક્રૂર.

ઝંપાપાત :ઝંપલાવવું એ; ભારે મોટો કૂદકો; મોટી છલાંગ.

ઝૂરણા :કલ્પાંત; વિયોગ દુઃખ; ઝૂરવું; યાદ કરવું; સુકાવું; તલસવું; મરણિયો થાય; વિરહનું દુઃખ.

ઝૂરવું :યાદ કરી કરીને ટળવળવું; તલસવું; હીજરાવું.

ઝલક :ઝાંય

ઝળકે :જણાય; પ્રકાશે. (૨) ઝળકવું = જણાવું.

ઝળકે છે :જણાય છે.

ઝળકવું :પ્રતિબિંબિત થવું. (૨) જળહળી ઊઠવું; પ્રકાશવું; પરિણમવું. જણાવું. (૩) ખીલી ઊઠવું; પકાશવું; પ્રકાશિત થવું. (૪) પ્રકાશ ફેલાવવો; ચળકવું; ખરો સ્વભાવ વ્યક્ત કરવો; પોત દેખાડવું.

ઝાંખી :સંસ્કાર.

ઝાંઝવાનાં જળ :જેમ ઝાંઝવાંમાંથી જળ પ્રાપ્ત થતું નથી, તેમ ઈન્દ્રિયવિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.

ઝાઝા પૈસા :ઘણા રૂપિયા.

ઝાંય :ઝાંઈ, આછો પ્રકાશ; ઝાંખો પ્રકાશ.

ઝાયાં :વલખાં; ડૂબતા માણસનાં તરફડિયાં; આધાર કે આશરા માટે, આમતેમ ખાલી મથવું. (૨) વલખાં; ડૂબતા માણસના તરફડિયાં; આધાર કે આશરા માટે વલખાં.

ઝાલવું :પકડી રાખવું.

ઝાવા :ઝાઝા.

ઝાવાં :પાણીમાં ડૂબતી વ્યક્તિનાં કાંઈક પકડી લેવા માટેના ફાંફાં. (૨) વલખાં; ફાંફાં;

ઝાવાં નાખવાં :પાણીમાં ડૂબતી વ્યક્તિનાં કાંઈક પકડી લેવા, માટેના ફાંફાં. વલખાં મારવાં. (૨) હવામાં બાચકા ભરવા; જ્યાંથી કાંઈ મળવાનું ન હોય, ત્યાંથી

મેળવવા પ્રયત્ન કરવો; ડૂબતા માણસના તરફડિયાં; વલખાં મારવાં; આધાર કે આશ્રય માટે, આમ તેમ ખાલી મથવું.

ઝીણું :સૂક્ષ્મ.

ઝીલવું :નાહવું; પકડી લેવું

ઝોડિયા :ભૂત-પલિત;

ટકવું :કહેવું

ટળી જવું :નાશ પામવું.

ટળ્યો ઓરતો :તત્ત્વસંબંધી જિજ્ઞાસા પરિતૃપ્ત થઈ, આતુરતા મટી.

ટેવ :આદત

ટાઢી માટી :જીવ દેહમાંથી નીકળી જાય, ત્યારે શરીર ઠંડું થાય તે માટી, એટલે શરીર

ટાણું :ટાંકણું, ટંકુ વખત, અવસર, સારો નરસો પ્રસંગ (૨) અવસર, પ્રસંગ

ટાળવું :ક્ષય કરવો.

ટીકા :વિશેષ સ્પષ્ટતા. (૨) ગાથામાં ભરેલા સામાન્ય ભાવને, વિશેષ સ્પષ્ટતાથી વિવેચન કરે છે. (૩) તત્ત્વની વ્યાખ્યા

ટોવું :દોહવું (૨) આચંળ દોહવા

ટંકણખાર :એક જાતનો ક્ષાર, ખારું, ખારાશવાળું તત્ત્વ

ટંકોત્કીર્ણ :પથ્થરમાં ટાંકણાથી કોરેલી મૂર્તિની જેમ એકાકાર જેવો ને તેવો સ્થિત; નિશ્ચલ; નિત્ય. (૨) સદા એકરૂપ; નિત્ય. (૩) શાશ્વત; ટાંકણાથી કોતરીને બનાવ્યાં હોય તેવા શાશ્વત. (૪) ટાંકણાથી કોતરેલા (૫) નિરૂપાધિક (૬) નિત્ય ટાંકણાથી કોતરીને બનાવ્યાં હોય, તેવાં શાશ્વત (૭) સદા એક રૂપ ટાંકણાથી કોતરેલી, શાશ્વત, કોઈથી ભૂંસાય નહિ તવો.

ટંકોત્કીર્ણ ન્યાય :કઠણ પત્થરમાં જે ટાંકણાથી ઊંડું કોતરકામ કરવામાં આવે છે, તે ભૂસાતું નથી. આવું જ નામ ટંકોત્કીર્ણ ન્યાય છે. આ પણ સ્થૂળતાથી, અહીં ગ્રાહ્ય છે.

ટંકોત્કીર્ણ ન્યાયે :પથ્થરમાં ટાંકણાથી કોરેલી આકૃતિ માફક; શાશ્વત; નિત્ય. (૨) પથ્થરમાં ટાંકણાથી કોરેલી આકૃતિ માફક.

ટૂંબો :પ્રબળ ટપલો કે ધબ્બો; મહેણું.

ઠડ :ઠરડ : સખત કામ કરવાથી થાકી જવાની, પરેશાની

ઠરવું :સ્વરૂપમાં વસવું; સ્થિર થવું. (૨) શાંતિ થવી, તૃપ્તિ થવી, ટાઢક થવી.

ઠેલવું :હડસેલવું, દૂર કરવું, ધકેલવું, આગળ ધકેલવું

ઠવણ અધ્યાત્મીઓ :સ્થાપના અધ્યાત્મ

ઠવણી :ઠમણી = વાંચતી વખતે પુસ્તક મૂકવાની લાકડાની ધોડી

ઠૂશ :તદ્દન નબળું (૨) તદ્દન થાકી જવાની તેવી સ્થિતિ

ઠસકું :ગળામાં કફ ભરાઈ જતાં, બડખો બહાર કાઢવાની ક્રિયા (૨) ખોંખારો; ઉધરસ; કફ કાઢવાની ક્રિયા. (૩) ઉધરસ ખાવી, ગળામાં ભરાયેલો કફ કાઢવો.

ઠસાઠસ :ભરપૂર, સંપૂર્ણ, ઠાંસી ઠાંસીને

ઠામ ઠામ :ઠેકાણે ઠેકાણે સ્થળે સ્થળે

ઠીક :સારું

ડખલ :હરકત, તકલીફ

ડસકું :ખોંખારો, ઉધરસ

ડહાપણ :પુરુષાર્થ

ડાહ્યો :ચતુર (૨) શાણો, સમજદાર

ડેરો :ગાયના આગળા બે પગ વચ્ચે. લાકડું નાખવામાં (ટીંગાડવામાં) આવે છે, તેને ડેરો કહે છે. (૨) લાકડું, ગાયને બે પગ વચ્ચે. ગળામાં દોરડું બાંધી, લાંબુ લાકડું જમીનને અથડાય તેવું લટકાવે છે, તેને ડેરો કહે છે. જેથી ગાય દોડી ન શકે.

ડોલમડોલ :આમતેમ ડોલવું-ઝૂલવું

ઢળવું :એકાગ્ર થવું; વળવું.

ઢળી :ઠરી

ઢૂંકડી :નજીક

ઢંકાયેલો :અપ્રગટ

ઢીઢું :શરીર, ધડ

ઢીમ :ઘન (૨) ઢગલો, મોટું ચોસલું (૩) સોનાની લગડી, પરમ ઐશ્વર્યવાન આત્મા

ઢીમર :માછીમાર; પારધી. (૨) માછી, ખારવો

ઢીલ :વાર ન કરું, સમય ન લગાડું

ઢૂંઢવું :શોધવું, ગોતવું

ઢોળણી :ખાટલો, પલંગ

ત્યાગ :આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે. (૨) તે તાદાત્મ્ય અધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે, બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે , તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે. (૩) આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્તવો તેને શ્રી જિન ત્યાગ કહે છે. (૪) અભાવ; નાશ. (૫) પોતાથી (આત્માથી) ભિન્ન સમસ્ત પર પદાર્થોને એ પર છે એવું જાણીને જ્યારે ત્યાગ કરવામાં આવે છે ત્યારે તે પ્રત્યાખ્યાન અર્થાત્ ત્યાગ કહેવાય છે. આથી એ સિદ્ધ થાય છે કે વસ્તુતઃ જ્ઞાન જ પ્રત્યાખ્યાન અર્થાત્ ત્યાગ છે.

ત્યાગ જ્ઞાનમાં જ થાયછે અર્થાત્ પરને પર જાણીને તેનાથી મમત્વભાવ તોડવો તે જ ત્યાગ છે. સમયસાર ગાથા ૩૪ (૬) અભાવ; નાશ. (૭) વનસ્પતિ સંબંધીનો ત્યાગ, એટલે તે સંબંધી રાગનો ત્યાગ, એ પણ મિથ્યા અભિપ્રાયના ત્યાગરૂપ અને સ્વાશ્રયના ગ્રહણરૂપ સમ્યગ્દર્શન વિના, યથાર્થ રીતે વ્યવહાર ત્યાગ, એવા નામને પામતો નથી. ધર્મીજીવને ત્રસ અને યથાવર જીવના ભેદ જાણવા જોઈએ. બે ઈન્દ્રિય આદિથી પંચેન્દ્રિય સુધીના જીવને ત્રસ, તથા પૃથ્વીકામિક, જળ કામિક, વાયુ કામિક, અગ્નિકામિક અને વનસ્પતિકામિક જીવને સથાવર કહે છે. (૮) આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તયો, તેને જિન ત્યાગ કહે છે. (૯) આત્મ પરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય અધ્યાસ નિવર્તવો તેને શ્રીજિન ત્યાગ કહે છે. તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે, આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે. કાર્યકારી છે બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી એમ છે, તો પણ આ જીવે અંતર્ત્યાગને અર્થે, બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે. અર્થાત્ બાહ્યત્યાગની ખાતર અંતર્ત્યાગ નહિ, પણ અંતર્ત્યાગની ખાતર બાહ્ય ત્યાગ કર્તવ્ય છે. (૧૦) સમ્યગ્દર્શન પૂર્વકનો જેટલે અંશે વીતરાગભાવ પ્રગટે તેટલે અંશે કષાયોનો ત્યાગ થાય છે, તેને ધર્મ કહેવાય છે. સમ્યગ્દર્શનાદિ અસ્તિ રૂપ ધર્મ છે. અને ત્યાં મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ, તે નાસ્તિરૂપ ધર્મ છે. પણ સમ્યગ્દર્શન વિનાના ત્યાગથી ધર્મ નથી. જો મંદકષાય હોય, તો પુણ્ય થાય. (૧૧) અભાવ

ત્યાગ અને વૈરાગ્યમાં શો ફેર ? :ત્યાગ એટલે કોઈ બાહ્યવસ્તુ અથવા અંતરના વિભાવ ભાવને છોડવા, તે અને વૈરાગ્ય એટલે વિ+રાગ=રાગ નહીં તે. એટલે આસકિત રહિત થવું. વસ્તુ છોડે પણ આસકિત રહે, એમ બને. જો આસકિત એટલે રાગને દૂર કરે, તો જ તે વસ્તુનો ત્યાગ ટકે. તેથી આસકિત છે ત્યાં સુધી ખરો ત્યાગ નથી.

ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ :આત્મામાં ત્યાગઉપાદાન શૂન્યત્વ નામની શક્તિ છે. પરવસ્તુનું ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. પરવસ્તુને ગ્રહે કે છોડે એ આત્મામાં છે જ નહિ. કપડાં, સ્ત્રી, પુત્ર, પરિવાર, ઈત્યાદિ ગ્રહે અને છોડે એવો આત્મામાં ગુણ છે જ નહિ. પરવસ્તુ તો સ્વતંત્ર જગતની ચીજ છે. શરીર, વાણી, પૈસા, બાયડી, છોકરાં ઈત્યાદિ જીવે ગ્રહ્યાંય નથી અને છોડ્યાંય નથી. અહીં કહે છે કે સમકિતીને જે અસ્થિરતાનું રાગરૂપ પરિણમન છે તે રાગરૂપે થઈને રહેવાનું મારું સ્વરૂપ નથી એમ જાણી અંદર સ્વરૂપમાં સ્થિર થયો ત્યારે એ સ્વરૂપસ્થિરતાના કાળે રાગની ઉત્પત્તિ જ થઈ નહિ તેને રાગનો ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન કહેવામાં આવે છે. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા નથી, અર્થાત્ પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પણ આત્માને નથી.

ત્યાગ ધર્મ :સર્વે દ્રવ્યો પ્રત્યે મોહ તજી (સંસાર-દેહ-ભોગ પ્રત્યે) ઉદાસીનતા જે ભાવે છે, તેને ત્યાગ-ધર્મ થાય છે. (૨) જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારુ

ટળે જ નહિ, તેમ નિજ શુદ્ધાત્માના આશ્રય વડે, નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતા રૂપ, શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ કર્યા વિના, રાગનો ત્યાગ અર્થાત્ વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય, અને મોક્ષ મળે નહિ.

ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ શક્તિ :પરનો ત્યાગ અને પરનું ગ્રહણ આત્મા કરી શકે જ નહિ.

ત્યાગવું :છોડવું.

ત્યાગાદાન :ગ્રહણત્યાગ

ત્યાગોપાદના શૂન્ય :ગ્રહણ ત્યાગ રહિત (૨) ગ્રહણ-ત્યાગથી રહિત; વધ-ઘટ રહિત; નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ.

ત્વચા :ચામડી

તકેદારી :ઉપયોગ જાગૃતિ,

તકરાર :વિવાદ.

તજજ્ઞ :યથાર્થ જાણકાર

તટસ્થ :કાંઠે; તે સ્થળે. (૨) સંબંધરહિત (૩) મધ્યસ્થપણું, સાક્ષીપણું

તડજોડ :બાંધછોડ; વાણિયાવેડા.

તણતણાટ :વેદના, સણકા નાખવા, થરથરાટ છૂટવો. (૨) તમરાનો અવાજ થાય એમ, તાંતનો અવાજ થાય એમ. તણતણવાની ક્રિયા, તણતણ એવો અવાજ કરવો.

તથા :અન્યને પણ

તથા પ્રકારે :જેમ છે તેમ, યથાર્થ

તથાગતિ પરિણામ :ઉર્ધ્વગમન સ્વભાવ

તથાભૂત :સિદ્ધભત

તથારૂપ :કહ્યા પ્રમાણેનું સ્વરૂપ ધરાવતું. (૨) યથાર્થ (૩) કહ્યા પ્રમાણેનું સ્વરૂપ ધરાવવું. (૪) યથાર્થ

તથાવિધ :તેવું (અર્થાત્ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત) (૨) તે પ્રકારનું. (તથાવિધ પુદ્ગલદ્રવ્ય=શરીરાદિરૂપ પ્રકારે) (૩) તે તે પ્રકારની. (૪) તેવું. (અર્થાત્ શ્રામણ્ય પર્યાયના સહકારી કારણભૂત) (૬) તે પ્રકારનો; તેવો. (૭) તે તે પ્રકારની, તે પ્રકારનો, તેવો (૮) તેવું (અર્થાત્ શ્રામણ્યપર્યાયના સહકારી કારણભૂત)

તત્કાળ :વર્તમાનકાળ

તત્કાળ બોધક :તે કાળે જજ (ઉપદેશ કાળે જ) બોધ દેનારાં. (શાસ્ત્ર શબ્દો સદા બોધનાં નિમિત્તભૂત હોવાથી નિત્યબોધક કહેવામાં આવ્યા છે; ગુરુવચનો ઉપદેશ કાળે જ બોધનાં નિમિત્તભૂત હોવાથી તત્કાળબોધક કહેવામાં આવ્યાં છે.) (૨) તે કાળે જ (ઉપદેશકાળે જ) બોધ દેનારાં. (શાસ્ત્રશબ્દો સદા બોધનાં નિમિત્તભૂત હોવાથી નિત્યબોધક કહેવામાં આવ્યાં છે; ગુરુવચનો ઉપદેશકાળે જ બોધનાં નિમિત્તભૂત હોવાથી તત્કાળબોધક કહેવામાં આવ્યા છે.) **તદ્ અભાવ** :તેનો અભાવ; તદ્ અભાવ અતદ્ ભાવનું લક્ષણ છે. લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે. અતદ્ભાવ અન્યત્વનું કારણ છે. (૨) 'તે' પણે હોવું, 'તે' હોવું તે, 'તે' પણું તત્પણું. (૩) તેનો અભાવ (તદ્-અભાવ અતદ્ભાવનું લક્ષણ છે, (અથવા સ્વરૂપ) છે. અતદ્ભાવ અન્યત્વનું કારણ છે.) (૪) અતદ્ભાવ, તે પણે હોવાનો અભાવ, તે અન્યત્વનું કારણ છે.

તદનુયાયી :એને અનુસરનારું; એની પાછળ પાછળ જનારું. (૨) તેને અનુસરનારી

તદબીર :યુક્તિ; તરકીબ; પેરવી; પ્રયત્ન; તજવીજ; વ્યવસ્થા. (૨) ઉપાય

તદુભય :તે બન્ને (અર્થાત્ અર્થ તેમ જ વ્યંજન બન્ને).

તદુભયપૂર્વક :તે બન્ને પૂર્વક.

તદ્ભાવ :તે-પણું; તે-પણે હોવું તે; સ્વરૂપ. (૨) તે હોવું તે; તે-પણે હોવું તે; તે-પણું; તત્પણું. (૩) તે પણું, તે પણે હોવું તે, સ્વરૂપ. (૪) જે પહેલા સમયે હોય તે જ બીજા સમયે હોય તેને તદ્ભાવ કહે છે.

તદ્રૂપ :એકરૂપ; તદ્રૂપ.

તદ્રુપ :એકરૂપ (૨) એકાકાર (૩) તાદાત્મ્યરૂપ; એકરૂપ. (૪) કોઈપણ પદાર્થમાં લીનતા (૫) એકરૂપ, એકમેક (૬) રમણતા, લીનતા, સ્વરૂપમાં એકતા, એકમેક

તદ્રૂપપણે :એકરૂપપણે

તદ્રૂપપણું અને અતદ્રૂપપણું :આત્મામાં વિરુદ્ધધર્મત્વ નામની એક શક્તિ છે. આ ત્રિકાળ શક્તિની વાત છે. જે વડે આત્મામાં તદ્રૂપપણું અને અતદ્રૂપપણું હોય છે. એટલે કે આત્મા સ્વપણાને છોડે નહિ અને પરપણાને ગ્રહે નહિ એવી શક્તિ છે.

તદાકાર :તન્મય; તદ્રૂપ; એકાકાર; એકરૂપ. (૨) તદ્રરૂપ, તન્મય, લીન, તેના જ આકારનું, તાદામ્ય (૩) તન્મય, તદ્રૂપ, એનામાં એકરૂપાત્મક

તાદાત્મ્ય :એકરૂપતા

તદાશ્રિત :તેને આશ્રિત.

તન :શરીર

તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ :જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાન સ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.

તન્નિમિત્તકજ્ઞાનસ્વરૂપ સ્વધર્મ :જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે. એવું જે જ્ઞાન તે સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.

તન્મય :એકમેક; તે-મય; એકરૂપ. (૨) તદાકાર; તલ્લીન; એકાગ્ર; મશગુલ; એકધ્યાન. (૩) તદ્રૂપ, એકરૂપ, તે પણે, સ્પર્શ કરવો, પ્રવેશ કરવો, તે-મય, અનન્ય (૪) એકાગ્ર, લીન, તદાકાર, મશગૂલ, એકધ્યાન (૫) પરદ્રવ્યમય, એકાગ્ર, લીન. (૬) એકાગ્ર, લીનતા. (૭) એકરૂપ, પરદ્રવ્યમય (૮) લીન, એકરૂપ. (૯) આત્મમય

તન્મ્ય આત્મયોગમાં પ્રવેશે છે. :જેમ છે તેમ આત્મામય, આત્માનંદ ઉપયોગમાં, એક આત્માને ધારી રહ્યો છે.

તન્મય થતો નથી :તેમાં પ્રવેશ કરતો નથી, તેને સ્પર્શ શુદ્ધાં કરતો નથી.

તન્મયતા :લીનતા (૨) તદ્રૂપતા (૩) તદ્રૂપ પરિણમન, તદ્રુપતા

તનય :પુત્ર

તનુવાત વલય :આ હલકા વાયુનો પુંજ છે. તેણે ત્રીજા ધનવાતવલયને, તનુવાતવલયે ઘેરી રાખ્યો છે.

તનુવાતવલય :પાતળી હવાનું વાતાવરણ

તપ :સચ્ચિદાનંદમય આત્મા પોતે-તેમાં લીન થઈ પ્રતાપવંત રહેવું તેનું નામ ઈચ્છાના અભાવરૂપ તપ છે અને તે સત્યાર્થ ધર્મ છે. (૨) અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત-શય્યાસન અને કાયક્લેશાદિ ભેદોવાળાં છ બહિરંગ તપો છે અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા ભેદોવાળા છ અંતરંગ તપો મળી કુલ બાર તપ છે.

(જે જીવને સહજ શુદ્ધસ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચય-તપ હોય તે જીવના હઠ વિના વર્તતા અનશનાદિસંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. તેમાં વર્તતો શુદ્ધિરૂપ અંશ તે નિશ્ચય-તપ છે અને શુભપણારૂપ અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. (મિથ્યાદષ્ટિને નિશ્ચય-તપ નથી તેથી તેના અનશનાદિ સંબંધી શુભભાવોને વ્યવહાર-તપો પણ કહેવાતા નથી; કારણકે જ્યાં વાસ્તવિક તપનો સદ્‌ભાવ જ નથી, ત્યાં તે શુભ ભાવોમાં આરોપ કોનો કરવો ?)) (૩) તપ છ પ્રકારેઃ-

(૧) અંતર્વૃત્તિ થાય તે.
(૨) એક આસને કાયાને બેસાડવી તે.
(૩) ઓછો આહાર કરવો તે.
(૪) નીરસ આહાર કરવો અને વૃત્તિઓ ઓછી કરવી તે.
(૫) સંલીનતા.
(૬) આહારનો ત્યાગ તે.

(૪) જે જીવને સહજ શુદ્ધ સ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચય-તપ હોય તે જીવના હઠ વિના વર્તતા અનશનાદિ સંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. તેમાં વર્તતો શુદ્ધિરૂપ અંશ તે નિશ્ચય-તપ છે અને શુભપણારૂપ અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. (મિથ્યાદષ્ટિને નિશ્ચયતપ નથી તેથી તેના અનશનાદિ સંબંધી શુભ ભાવોને વ્યવહાર-તપો પણ કહેવાતા નથી; કારણકે જ્યાં વાસ્તવિક તપનો સદ્‌ભાવ જ નથી, ત્યાં તે શુભ ભાવોમાં આરોપ કોનો કરવો ?) (૫) સ્વભાવના ભાનપૂર્વક ઈચ્છાનું અટકી જવું તે જ્ઞાનનંદનું પ્રતપન થયું તે તપ છે. (૬) ઈચ્છાને રોકવી તે તપ છે. શુભ-અશુભ ઈચ્છા

તે તપ નથી પણ શુભ-અશુભ ઈચ્છા મટતાં ઉપયોગ શુદ્ધ થાય છે. તે સમ્યક્તપ છે. (૭) અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એ છ પ્રકારના બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાન એ છ પ્રકારના અંતરંગ તપો ચિત્તને વશ કરવા અર્થે છે. તેર વ્રતોને દોષરહિત પાળવા માટે તેને પાંચ પાંચ અતિચાર પ્રસિદ્ધ છે. તેને દૂર કરવા એ શ્રાવકનું કર્તવ્ય છે.

(૧) અહિંસા અણુવ્રતનાં પાંચ અતિચાર=

(૧) બંધ-કષાયપૂર્વક કોઈને બાંધવો કે બંધનમાં નાખવો,

(૨) વધ-કષાયથી કોઈને મારવો, ઘાયલ કરવો,

(૩) છેદ-કષાયથી કરી કોઈના અંગ કે ઉપાંગ છેદી સ્વાર્થ સાધવો,

(૪) અતિભાસરોપણ-હદ ઉપરાંત ભાર ભરવો,

(૫) અન્નપાનનિરોધ-પોતાને આધીન મનુષ્ય કે પશુઓના ખાનપાન રોકી દેવાં.

(૨) સત્યઅણુવ્રતના પાંચ અતિચાર=

(૧) મિથ્યાઉપદેશ બીજાને મિથ્યા કહેવાનો ઉપદેશ દઈ દેવો,

(૨) રહોડભ્યાખ્યાન=સ્ત્રીપુરુષની એકાંત ગુપ્તવાતોને પ્રગટ કરી દેવી,

(૩) કૂટ લેખક્રિયા-કપટથી અસત્ય લેખ લખવા.

(૪) ન્યાસાપહાર-બીજાની થાપણને જૂઠું બોલી ઓળવવી; પાછું કાંઈ આપવું નહિ.

(૫) સાકારમંત્રભેદ-કોઈના ગુપ્ત અભિપ્રાયને અંગોના હલનચલનથી જાણી લઈ પ્રગટ કરી દેવો. આ બધામાં કષાયભાવ હેતુરૂપ છે.

(૩) અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર=

(૧) સ્તેનપ્રયોગ-બીજાને ચોરી કરવાનો માર્ગ બતાવી દેવો,

(૨) તદાહ્યતાદાન-ચોરીને આણેલો માલ જાણીને કે શંકા છતાં લેવો,

(૩) વિરુદ્ધરાજ્યાતિક્રમ-રાજ્યની મનાઈ હોવા છતાં મર્યાદાને ઓળંગીને અન્યાયપૂર્વક લેવું-દેવું,

(૪) હીનાધિકમાનોન્માન-ઓછા તોલમાપથી આપવું, અને વધારે તોલમાપથી લેવું,

(૫) પ્રતિરૂપક વ્યવહાર-ખોટા સિક્કા ચલાવવા, અથવા ખરી વસ્તુમાં ખોટી ભેળવી ખરી કહી વેચવું.

(૪) બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર=

(૧) પરવિવાહકરણ=પોતાના પુત્રપૌત્રાદિક સિવાય બીજાના સંબંધ જોડવા.

(૨) પરિગ્રહીતાઈત્વરિકાગમન-વિવાહિત વ્યભિચારિણી સ્ત્રી પાસે જવું આવવું,

(૩) અપરિગ્રહિતા ઈત્વારિકા ગમન-વિવાહિત નહિ એવી વેશ્યાદિકની પાસે જવું આવવું.

(૪) અનંગક્રીડા-કામસેવનનાં અંગ સિવાય અન્ય અંગોથી કામસેવન કરવું.

(૫) કામતીવ્રાભિનિવેશ-કામસેવનની તીવ્ર લાલસા સ્વસ્ત્રીમાં પણ રાખવી.

(૫) પરિગ્રહ પ્રમાણ વ્રતના પાંચ અતિચાર=દસ પ્રકારના પરિગ્રહની પાંચ જોડી થાય છે. ક્ષેત્ર-મકાન, ચાંદી-સોનું, ધન-ધાન્ય, દાસી-દાસ, કપડાં-વાસણ એમાંથી કોઈ એક જોડીમાં એકને ઘટાડી બીજાની મર્યાદા વધારી લેવી તેવા પાંચ દોષ છે.

(૬) દિગ્વિરતિના પાંચ અતિચાર=

(૧) ઊર્ધ્વ વ્યતિક્રમ-ઊંચે જેટલું દૂર જવાનું પ્રમાણ કર્યું હોય તેને કોઈ કષાયને વશ થઈ ઓળંગી આગળ ચાલ્યા જવું.

(૨) અધઃવ્યતિક્રમ-નીચેના પ્રમાણને ઓળંગી આગળ ચાલ્યા જવું.

(૩) તિર્યક વ્યતિક્રમ-બાકીની આઠ દિશાઓના પ્રમાણને ઓળંગી આગળ ચાલ્યા જવું.

(૪) ક્ષેત્રવૃદ્ધિ-ક્ષેત્રની મર્યાદા એક તરફ ઘટાડી બીજી તરફ વધારી દેવી.

(૫) સ્મૃત્યન્તરાધાન મર્યાદાને ભૂલી જવી.

(૭) દેશવિરતિના પાંચ અતિચાર=
(૧) આનયન-મર્યાદાની બહારથી વસ્તુ મંગાવવી.
(૨) પ્રેષ્ય પ્રયોગ-મર્યાદાથી બહાર કોઈ મોકલવું.
(૩) શબ્દાનુપાત-મર્યાદાથી બહાર વાત કરી લેવી.
(૪) રૂપાનુપાત-મર્યાદાથી બહારરૂપ બતાવીને પ્રયોજન બતાવી દેવું.
(૫) પુદ્ગલ ક્ષેપ-મર્યાદાથી બહાર પત્ર કે કાંકરો આદિ નાખી પ્રયોજન બતાવી દેવું.

(૮) અનર્થદંડ વિરતિના પાંચ અતિચાર=
(૧) કંદર્પ-બિભત્સ મશ્કરીનાં વચન અસભ્યતાપૂર્ણ બોલવાં.
(૨) કૌત્કુચ્ય-બિભત્સ વિકારી વચનોની સાથે સાથે કાયાની કુચેષ્ટા પણ કરવી.
(૩) મૌખર્ય-બહુ બકવાદ કરવો.
(૪) અસમીક્ષ્ય અધિકરણ-વિચાર વગર કામ કરવું.
(૫) ઉપભોગ પરિભોગાનર્થક્ય-ભોગ અને ઉપભોગના પદાર્થોનો વૃથા સંગ્રહ કરવો.

(૯) સામાયિકના પાંચ અતિચાર=
(૧) મનઃદુઃપ્રણિધાન-સામાયિકની ક્રિયાથી બહાર મનને દોડાવવું, ચંચળ કરવું.
(૨) વચનદુઃપ્રણિધાન-સામાયિકના પાઠાદિ સિવાય બીજી કોઈ વાત કરવી.
(૩) કાયદુઃપ્રણિધાન-શરીરને સ્થિર ન રાખતાં આળસમય પ્રમાદી રાખવું.
(૪) અનાદર-સામાયિક કરવામાં આદરભાવ ન રાખવો.
(૫) સ્મૃત્યનુપ સ્થાન-સામાયિક કરવું ભૂલી જવું અથવા સામાયિકના પાઠાદિ ભૂલી જવા.

(૧૦) પ્રોષધોપવાસના પાંચ અતિચાર=
(૧), (૨), (૩) અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ, આદાન, સંસ્તરોપક્રમણ દેખ્યા વિના, વાળીને સાફ કર્યા વિના મળ મૂત્રાદિ કરવાં. તેવી જ બેદરકારીથી વસ્તુ ઉઠાવવી અથવા ચટાઈ આદિ પાથરવી
(૪) અનાદર-ઉપવાસમાં આદરભાવ ન રાખવો.
(૫) સ્મૃત્યાસ્મૃત્યનુપસ્થાન-ઉપવાસને દિવસે ધર્મક્રિયાને ભૂલી જવી.

(૧૧) ભોગોપભોગ પરિણામ વ્રતના પાંચ અતિચાર= જે કોઈ શ્રાવક કોઈ દિવસે સચિત્તનો બિલકુલ ત્યાગ કરે અથવા અમુક ત્યાગ કરે તેની અપેક્ષાએ આ પાંચ અતિચાર છે.
(૧) સચિત્ત-ત્યાગેલી સચિત્ત વસ્તુને ભૂલથી ખાઈ લેવી.
(૨) સચિત્ત સંબંધ-ત્યાગેલી સચિત્ત વસ્તુની સાથે મળેલી વસ્તુને ખાઈ લેવી.
(૩) સચિત્ત સમ્મિશ્રી-ત્યાગેલી સચિત્ત ચીજને અચિત્તમાં મેળવીને ખાવી.
(૪) અભિષવ-કામોદ્દીપક પૌષ્ટિક રસ ખાવો.
(૫) કાચો રહેલો, દાઝી ગયેલો અને અપચો થાય તેવો દુઃપક્વાહાર થોડો પકાવેલો અથવા વધારે પકાવેલો અથવા પચવાલાયક આહાર કરવો.

(૧૨) અતિથિ સંવિભોગ વ્રતના પાંચ અતિચાર= સાધુને આહાર દેતાં આ અતિચાર થાય છે.
(૧) સચિત્ત નિક્ષેપ-સચિત્ત ઉપર રાખીને કાંઈ દાન દેવું.
(૨) સચિત્ત અપિધાન=સચિત્તથી ઢાંકેલી વસ્તુ દાનમાં આપવી.
(૩) પરવ્યપદેશ-પોતે દાન ન દેતાં બીજાને દાન દેવાની આજ્ઞા કરવી.
(૪) માત્સર્ય-બીજા દાતાર સાથે ઈર્ષાભાવ રાખીને દાન દેવું.
(૫) કાલાતિક્રમ-દાનનો કાળ વીતાવી અકાળે દાન દેવું.

(૧૩) સલ્લેખનાના પાંચ અતિચાર=
(૧) જીવિત આશંસા-વધારે જીવતા રહેવાની ઈચ્છા કરવી.

(૨) મરણાશંસા-જલદી મરવાની ઈચ્છા કરવી.
(૩) મિત્રાનુરાગ-લૌકિક મિત્રો સાથે સાંસારિક રાગ બતાવવો.
(૪) સુખાનુબંધ-ભોગવેલાં ઈન્દ્રિયસુખોને યાદ કરવાં.
(૫) નિદાન-ભવિષ્યમાં વિષયભોગ મળે એવી ઈચ્છા કરવી.

આ સાધારણ તેર વ્રત શ્રાવકનાં છે. વિશેષ એ છે કે દિગંબર જૈન શાસ્ત્રોમાં આવકની અગિયાર પ્રતિમાઓ અથવા શ્રેણીઓ બતાવી છે જેમાં ક્રમથી આગળ વધતાં સાધુપદની યોગ્યતા આવે છે. એ અગિયાર શ્રેણીઓ પાંચમા દેશવિરતિ ગુણસ્થાનમાં છે. ચોથા અવિરત સમ્યગ્દર્શન ગુણસ્થાનમાં જો કે ચારિત્રનો નિયમ હોતો નથી તો પણ તે સમ્યક્ત્વી અન્યાયથી બચીને ન્યાયરૂપ પ્રવૃત્તિ કરે છે.

પાક્ષિક શ્રાવકને યોગ્ય કંઈક સ્થૂલરૂપ નિયમોને પાળે છે તે નિયમ નીચે પ્રકારે છેઃ-

(૧) માંસ ખાતા નથી. (૨) મદિરા પીતા નથી. (૩) મધ ખાતા નથી. (૪) વડના ટેટા ખાતા નથી. (૫) પીપળના ટેટા ખાતા નથી. (૬) ઉમરડાં ખાતા નથી. (૭) અંજીર ખાતા નથી. (૮) જુગાર રમતા નથી. (૯) ચોરી કરતા નથી. (૧૦) શિકાર કરતા નથી. (૧૧) વેશ્યાનું વ્યસન રાખતા નથી. (૧૨) પરસ્ત્રી સેવનનું વ્યસન રાખતા નથી. (૧૩) પાણી બેવડે કપડે ગાળીને શુદ્ધ પીવે છે. (૧૪) રાત્રિભોજન ત્યાગ કરવાનો યથાશક્તિ ઉદ્યોગ રાખે છે અને ગૃહસ્થનાં આ છ કર્મ સાધે છે=

(૧) દેવપૂજા-શ્રી જિનેન્દ્રની ભક્તિ કરે છે. (૨) ગુરુભક્તિ-ગુરુની સેવા કરે છે. (૩) સ્વાધ્યાય-શાસ્ત્ર નિત્ય ભણે છે. (૪) તપ-રોજ સામાયિક પ્રતિક્રમણ કરે છે. (૫) સંયમ-નિયમાદિ લઈને ઈન્દ્રિયદમન કરે છે. (૬) દાન-લક્ષ્મીને આહાર, ઔષધિ, વિદ્યા અને અભયદાનમાં અથવા પરોપકારમાં વાપરે છે, દાન કરીને પછી ભોજન કરે છે.

- અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ-એ છ પ્રકારના બાહ્ય તપ છે તથા પાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન-એ છ પ્રકારના અંતરંગ તપ મળી કુલ બાર પ્રકારનાં તપ મુનિઓને હોય છે.
- સ્વરૂપની રમણતાની ઉગ્રતા તે તપ છે. સ્વરૂપની રમણતાનો ઉગ્ર પુરુષાર્થ, કરે ત્યાં ઈચ્છાનો સહેજે અભાવ વર્તે, તેનું નામ તપ છે.
- અનશનાદિ, બાર પ્રકારનાં બાહ્ય તપ કહેવાય છે, અને અંતરંગમાં સમસ્ત પર દ્રવ્યોની ઈચ્છાનો વિરોધ કરીને, આત્મસ્વભાવમાં રહેવું, તે અભ્યંતર તપ છે. તથા તેથી સમસ્ત વિભાવભાવ જીતાય છે, તે તપરૂપ આત્મા છે.
- સ્વરૂપવિશ્રાંત, નિસ્તરંગપણે, નિજ શુદ્ધતામાં પ્રતાપવંત હોવું-શોભવું તે તેમાં જેટલી શુભાશુભ ઈચ્છાઓ રોકાઈ જાય છે, અને શુદ્ધતા થાય છે, તે તપ છે. (અન્ય બાર પ્રકાર તો વ્યવહાર, (ઉપચાર) તપના ભેદ છે.
- અનશનાદિ બાર પ્રકારનાં બાહ્ય તપ કહેવાય છે, અને અંતરંગમાં સમસ્ત પર દ્રવ્યોની ઈચ્છાનો નિરોધ કરીને આત્મસ્વભાવમાં રહેવું, તે અભ્યંતર તપ છે. તથા તેથી સમસ્ત વિભાવભાવ જીતાય છે, તે તપરૂપ આત્મા છે.
- ઉપવાસ તથા કાયકલેશાદિ, તે તપ છે.
- ઈચ્છાને રોકવી તે તપ છે. શુભ-અશુભ ઈચ્છા, તે તપ નથી પણ શુભ-અશુભ ઈચ્છા મટતાં, ઉપયોગ શુદ્ધ થાય છે, તે સમ્યક્તપ છે. અને તે તપથી જ નિર્જરા થાય છે.

  સ્વરૂપમાં વિશ્રાંત, તરંગ વિનાના ચૈતન્યનું પ્રતપન, તે તપ છે. એટલે કે સ્વરૂપની સ્થિરતારૂપ તરંગ વગરનું (નિર્વિકલ્પ), ચૈતન્યનું પ્રતપન (દેદીપ્યમાન થવું), તે તપ છે.

  એટલે કે સહજ નિશ્ચયનય સ્વરૂપ, પરસ્પર સ્વભાવમય પરમાત્માનું પ્રતપન (અર્થાત્ દઢતાથી તન્મય થવું), તે તપ છે. નિયમસાર ગા. ૫૫ ટીકા એટલે કે પ્રસિદ્ધ શુદ્ધ કારણ પરમાત્વ તત્ત્વમાં સદા અંતરમુખપણે જે પ્રતપન (અર્થાત્ લીનતા) તે તપ છે. નિયમસાર ટીકા ગાથા ૧૮૮નું મથાળું સમ્યક્ પ્રકારે પ્રાયશ્ચિત, સમ્યક્ વિનય, સમ્યક્ વૈયાવૃત્ય, સમ્યક્ સ્વાધ્યાય સમ્યક્ વ્યુત્સર્ગ અને સમ્યક્ધ્યાન, એ છ પ્રકાર આભ્યંતર તપના છે.

- અનશનાદિ બાર પ્રકારનાં બાહ્ય તપ કહેવાય છે. અને અંતરંગમાં સમસ્ત પર દ્રવ્યોની ઈચ્છાનો નિરોધ કરીને, આત્મસ્વભાવમાં હેવું તે અભ્યંતર તપ છે. તથા તેથી સમસ્ત વિભાવ ભાવ જીતાય છે. તે તપરૂપ આત્મા છે.
- જ્યાં સુધી યોગી તપસ્વી શુદ્ધ આત્મતત્ત્વને નથી જાણતો- ઓળખતો ત્યાં સુધી, તેનો બાહ્ય તથા અભ્યંતર બન્ને પ્રકારના તપમાંથી, કોઈપણ પ્રકારનું તપ કરવા છતાં, કર્મોની નિર્જકરા થતી નથી. સંવરના અધિકારમાં જે રીતે સંવરના અધિકારીને માટે, આત્મતત્ત્વને જાણવા અને તેમાં સ્થિત થવાની વાત કહેવામાં આવી છે, તેવી જ રીતે નિર્જરાના અધિકારી માટે પણ તે સમજવું જોઈએ. જે આત્માને જ નથી સમજતો, તેનું બાહ્ય અભ્યંતર બન્ને પ્રકારનું તપ જેમાં ધ્યાન પણ સામેલ છે, એક પ્રકારે નિરર્થક થાય છે. - તેનાથી ન સંવર થાય છે અને ન નિર્જરા. જપશ્ચરણની સાથે આત્માને જાણવો, તે શૂન્ય સાથે અંકની જેમ તેને સાર્થક બનાવે છે. જેથી કેવળ તપશ્ચરણના મોહમાં જ ગુંચવાઈ રહેવું ન જોઈએ. આત્માને જાણવા તથા ઓઈખવાનો. ઊીથી પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ.
- અનંત વરસ સુધી તું બહારનો તપ કરે, તો પણ આત્મધર્મ ન પ્રગટે, પણ આત્માની ઓળખણ કરીને પર પદાર્થની ઈચ્છાનો નાશ કરવો, તે આત્માનું તપ છે, તેવું તપ કરવાથી આત્મધર્મ પ્રગટે છે. માટે પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કરવી, પ્રેમ કરવો, મનન કરવું તે જ સત્ સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે. પર પદાર્થના આશ્રયે સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન થાય, તેમ નથી-એમ પહેલું જાવું જોઈએ.
- તપ છ પ્રકારે છે. (૧) અંતર્વૃત્તિ થાય તે. (૨) એક આસને કાયાને બેસાડવી તે. (૩) ઓછો આહાર કરવો તે. (૪) નીરસ આહાર કરવો તે. અને વૃત્તિઓ ઓછી કરવી તે. (૫) સંલીનતા (૬) આહારનો ત્યાગ તે.
- ગૃહસ્થને નિશ્ચય સાધનામાં બાર પ્રકારનાં તપ હોય છે. બાહ્ય અને અંતરંગ એવા ભેદથી તપ બે પ્રકારનું છે. બાહ્ય તપ છ પ્રકારનાં છે. ૧. અનશન, ૨.ઉણોદર ૩. વિવિકત શય્યાસન ૪. રસપરિત્યાગ, ૫. કાયકલેશ અને ૬. વૃત્તિ સંખ્યા. આ છ પ્રકારના તપનું વિવરણ આ પ્રકારે છે.

(૧) અનશન તપ - અર્થાત્ ઉપવાસ દ્વારા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો. ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય એ રીતે આહાર ચાર પ્રકારનો છે.

(૨) અવમોદ્ય - ઉણોદર તપ - એટલે એકાશન કરવું, ભૂખથી ઓછું ખાવું. એ બેઉ પ્રકારના તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે. અને ધ્યાનની પ્રાપ્તિ થાય છે. નિદ્રા મટે છે, દોષ ઘટે છે, સંતોષ થાય છે, સ્વાધ્યાય કરવામાં મન લાગે છે.

(૩) વિવિકત શય્યાસન - જ્યાં મનુષ્યોનું આવાગમન-અવરજવર ન હોય એવા એકાંત સ્થાનમાં વાસ કરવો.

(૪) રસપરિત્યાગ - દૂધ, દહીં, ઘી, સાકર અને તેલ - આ પાંચ રસનો ત્યાગ અને મીઠાનો તેમજ લીલોતરીનો પણ ત્યાગ કરવો તેને રસ પરિત્યાગ કહે છે. જો કે રસ તો પાંચ જ છે. તો પણ ઈન્દ્રિસંયમની અપેક્ષાએ, સાતેયનો ત્યાગ કરવો જોઈએ. એના ત્યાગનો ક્રમ મીઠું, લીલોતરી, સાકર, ઘી, દૂધ, દહીં અને તેલ એ પ્રમાણે છે. અને એ રવિવારના દિવસથી શરૂ કરવું જોઈએ.

(૫) કાયકલેશ - શરીરને પરિષહદ ઉપજાવીને પીડા સહન કરવી, તેનું નામ કાયકલેશ છે. આ કાયકલેશનો અભ્યાસ કરવાથી, અનેક કઠોર ઉપસર્ગ સહન કરવાની શકિત ઉત્પન્ન થાય છે, શરીર સાથેનો મમત્ત્વભાવ ઘટે છે અને રાગનો અભાવ થાય છે.

(૬) વૃત્તિસંખ્યા - વૃત્તિની મર્યાદા કરી લેવી. જેમ કે આજે મને આવું ભોજન મળે તો હું આહાર કરીશ અથવા આટલાં ઘરે ભોજન માટે જઈશ - વગેરે પ્રકારથી નિયમ કરી લેવો. આ રીતે છ પ્રકારનાં બાહ્ય તપનું વિવરણ કર્યું.

અંતરંગ તપના છ ભેદ છે - વિનય, વૈયાવૃત્ય, પ્રાયશ્ચિત અને એવી જ રીતે ઉત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાન એ રીતે અંતરંગ તપ સેવન કરવા યોગ્ય છે.

(૧) વિનય - વિનય અંતરંગતપ ચાર પ્રકારનું છે. ૧. દર્શન વિનય, ૨. જ્ઞાન વિનય, ૩. ચારિત્ર વિનય અને ૪. ઉપચાર વિનય.

૧) સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય કરવો, સમ્યગ્દર્શનના મહાત્મ્યનો પ્રચાર કરવો, સમ્યગ્દષ્ટિ જીવોની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા, તથા પોતાનું સમ્યગ્દર્શન સદા નિર્દોષ રાખવું, એ દર્શન વિનય છે.

૨) જ્ઞાનની પ્રાપ્તિ કરવી, જ્ઞાનનો પ્રચાર કરવો, સ્વાધ્યાય શાળા, વિદ્યાલય ખોલાવવાં, શાસ્ત્રો વહેંચવા એ બધો જ્ઞાન વિનય છે.

૩) ચારિત્ર પ્રાપ્ત કરવું, ચારિત્રનો ઉપદેશ દેવો વગેરે, ચારિત્ર વિનય છે.

૪) રત્નત્રય ધારકોનો અને બીજા ધર્માત્મા ભાઈઓનો શારીરિક વિનય કરવો, તે આવે ત્યારે ઊભા થવું, નમસ્કાર કરવા, હાથ જોડવા, પગે પડવું વગેરે – એ બધા ઉપચાર વિનય છે. તીર્થક્ષેત્રની વંદના કરવી, એ પણ ઉપચાર વિનય છે, પૂજા ભકિત કરવી એ પણ ઉપચાર વિનય છે, રત્નત્રયની પ્રાપ્તિ કરવી, એ જ સાચો વિનય છે. આ રીતે વિનયતપનું વર્ણન પૂર્ણ કર્યું.

(૨) વૈયાવૃત્ય – પોતાના ગુરૂ વડે આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા, ત્યાગી ઈત્યિાદિ ધર્માત્મા સજજનોની સેવા-સુશ્રૂષા કરવી, એને વૈયાવૃત્ય કહે છે. કોઈ વાર કોઈ વ્રતધારીને રોગ થઈ જતાં શુદ્ધ પ્રાસુક ઔષધથી તેમનો રોગ દૂર કરવો. જંગલોમાં વસતિકા, કુટી વગેરે બનાવવાં, એ બધું વૈયાવૃત્ય જ છે.

(૩) પ્રાયશ્ચિત – પ્રમાદથી જે કાંઈ દોષ થઈ ગયો હોય, તેને પોતાના ગુરૂ સામે પ્રગટ કરવો, તેમના કહેવા પ્રમાણે તે દોષને દોષ માનીને, તથા આગામી કાળમાં તે પ્રમાણે ન કરવાની પ્રતિજ્ઞા કરીને, જે કાંઈ દંડ દે તે દંડનો સ્વીકાર કરવો, તેને પ્રાયશ્ચિત અંતરંગતપ કહે છે. એનાથી વ્રત-ચારિત્રની શુદ્ધિ થાય છે. ૧. આલોચન, ૨. પ્રતિક્રમણ, ૩.વિવેક, ૪. વયુત્સર્ગ,૫. તપ, ૬. છેદ, ૭. પરિહાર અને ૮. ઉપસ્થાપના – એ રીતે પ્રાયશ્ચિતના નવ ભેદ છે.

(૪) ઉત્સર્ગ – શરીરના મમત્વનો ત્યાગ કરવો, તથા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો, અને સંસારની વસ્તુઓને પોતાની ન માનવી, ઈત્યિાદિ મમત્વ – અહંકાર બુદ્ધિનો ત્યાગ કરવો તેને જ ઉત્સર્ગ નામનું અંતરંગ તપ કહે છે.

(૫) સ્વાધ્યાય – પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ, અને દ્રવ્યાનુયોગ એ, ચારે પ્રકારના શાસ્ત્રોની સ્વાધ્યાય કરવી, શીખવું, શીખવવું, વિચારવું, મનન કરવું. એ સ્વાધ્યાય કરવાથી, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અન્ય જીવોને સમ્યગ્જ્ઞાનનો બોધ થાય છે, પરિચય સ્થિર રહે છે. સંસારથી વૈરાગ્ય થાય છે. ધર્મની વૃદ્ધિ થાય છે વગેરે, અનેક ગુણ પ્રગટ થાય છે, તેથી સ્વાધ્યાય કરવી જોઈએ.

(૬) ધ્યાન – એકાગ્ર ચિત્ત થઈને સમસ્ત આરંભ – પરિગ્રહથી મુકત થઈ, પંચ પરમેષ્ઠી અને આત્માનું ધ્યાન કરવું તેને જ ધ્યાન કહે છે. એ આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન- એ રીતે ચાર પ્રકારનું છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્ધ્યાન સંસારના કારણ છે તથા ધર્મધ્યાન અને શુકલધ્યાન મોક્ષનાં કારણ છે.

ધ્યાનના સામાન્ય રીતે ત્રણ ભેદ થઈ શકે છે – અશુભધ્યાન, શુભધ્યાન, અને શુદ્ધ ધ્યાન. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, એ બે અશુભધ્યાન છે. ધર્મધ્યાન શુભ ધ્યાન છે, અને શુકલધ્યાન અવશ્ય અપનાવવું જોઈએ.

ધ્યાનના અવલંબરૂપે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ચાર ભેદ છે. એનું વિશેષ વર્ણન પણ જ્ઞાનાર્ણવ ગ્રન્થમાંથી જાણી લેવું, અહીં લખવાથી ઘણો વિસ્તાર થઈ જશે.

ભાવાર્થ :- અહીં એ વાત જાણી લેવી બહુ જરૂરી છે કે, બાહ્યતપ અને અંતરંગ તપમાં શું તફાવત છે. બાહ્યતપમાં કેવળ બાહ્યપદાર્થ તથા શરીરની ક્રિયા જ પ્રધાન કારણ હોય છે, અને અંતરંગ તપમાં આત્મીય ભાવ તથા મનનું અવલંબન જ પ્રધાન કારણ પડે છે. જેમ અગ્નિ સોનાને શુદ્ધ બનાવે છે. તેમ આ બન્ને પ્રકારનાં તપ આત્માને શુદ્ધ બનાવે છે. કારણ કે તપ વિના ચારિત્ર હોતું નથી અને ચારિત્રવિના

કર્મોની નિર્જરા થતી નથી, માટે આ બન્ને પ્રકારના તપનું આચરણ અવશ્ય કરવું જોઈએ. અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું.

- અતીન્દ્રિય જ્ઞાનમાં લીન થતાં, ઈચ્છાનો સહેજે નિરોધ થાય, તેને ભગવાને તપ કહ્યું છે. એવી શ્રદ્ધા પછી જેટલી લીનતા કરે, તેટલી ઈચ્છા ચેકાય છે. ક્રમે કરી સર્વ ઈચ્છા ટળી, પૂર્ણ આનંદ પ્રગટે છે.
- સર્વ વસ્તુઓની ઈચ્છાનો ત્યાગ કરી, શુદ્ધ સહજાત્મામાં મગ્ન રહેવું, અથવા કામક્રોધાદિ શત્રુઓને આધીન ન થતાં, પોતાના શુદ્ધાત્મામાં પ્રતાપરૂપ વિજયરૂપ જિતેન્દ્રિયરૂપે તપવું, રહેવું, તે તપ છે. આ તપ પણ શુદ્ધાત્માઓને હોય છે.
- ઈચ્છાનો નિરોધ થયો તે તપ, સંસારભાવમાં જતી વૃત્તિ રોકાઈ આત્મભાવમાં જોડાઈ તે તપ, તેથી નિર્મળ શીલ, આત્મસ્વભાવ તેને જ તપ કહ્યું
- ઈચ્છા રહિત, અતીન્દ્રિય જ્ઞાનમાં લીન થતાં, ઈચ્છાનો સહેજે નિરોધ થાય, તેને ભગવાને તપ કહ્યું છે. એવી શ્રદ્ધા પછી જેટલી લીનતા કરે, તેટલી ઈચ્છા રોકાય છે, ક્રમે કરી સર્વ ઈચ્છા ટળી, પૂર્ણ આનંદ પ્રગટે છે.
- ઈન્દ્રિયમન, તપસ્યા, ઈચ્છાનો નિરોધ, ઉપવાસાવદિ બાર પ્રકારે છે.
- ઈચ્છાનો નિરોધ તેનું નામ તપ છે. સ્વરૂપમાં લીનપણે રહેવું તે, વ્રત અને તપ છે. આ સિવાય બીજું વ્રત, તપ કાંઈ નથી.
- સ્વરૂપની રમણતાની ઉગ્રતા, તે તપ છે. આ બહારના ઉપવાસ કરે તે તપ, એમ નહિ. સ્વરૂપ ની રમણતાનો ઉગ્ર પુરૂષાર્થ, કરે ત્યાં ઈચ્છાનો સહેજે અભાવ વર્તે, તેનું નામ તપ છે.

તપે છે :પ્રતાપવંત વર્તે છે.

તપકર્મ :તપરૂપ કાર્ય.

તપ-ધર્મ :વિષય કષાયનો વિશેષ નિગ્રહભાવ કરી, ધ્યાન અને સ્વાધ્યાયથી જે આત્માને ચિંતવે, તેને નિયમથી તપ-ધર્મ થાય છે.

તપાચાર :અહો અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગસ્વરૂપ તપાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૨) પર વસ્તુની અભિલાષાનો ત્યાગ કરી, આનંદમય શુદ્ધ સહજાત્મ સ્વરૂપમાં ઠરવું-તપવું, તે તપ છે, તેમાં-તપમાં અતીન્દ્રિય પરિણમવું, તે તપાચાર છે.

તપોપધ્યાન :ધર્મશાસ્ત્ર ભણવાની લાયકાત મેળવવા, કરવામાં આવતું તપ

તફાવત :ભેદ, જુદાપણું, ભિન્નપણું

તમ :અંધારું

તમતમા :ગાઢ અંધકારવાળી, સાતમી નરક

તમતમા પ્રભા :સાતમી નરક

તમા :લાલચ; દરકાર; પવના; ગરજ. (૨) દરકાર, બહાદુરી

તરી :જળ, પાણી

તત્ત્વાવબોધ :તત્ત્વજ્ઞાન

તત્ત્વાર્થ શ્રદ્ધાન :સમ્યગ્દર્શનનું: લક્ષણ છે. તે તત્તવાર્થ શ્રદ્ધાન બે પ્રકારે છે. એક સામાન્યરૂપ, એક વિશેષ રૂપ. જે પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે, તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન તો નારકી, તિર્યંઆદિ સર્વ સમ્યગ્દ્રષ્ટિ જીવોને હોય છે અને જીવ અજીવાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે, તે વિશેષ તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય દેવાદિ, વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે. પરંતુ ધ્યજમાર્ગ (મુખ્યમાર્ગ)ની અપેક્ષાએ સાતતત્ત્વો જે જાણવાં તે, સમ્યકત્વનું સમ્યક્ શ્રદ્ધાનનું કારણ છે. કારણ કે જો તત્ત્વોને જાણે નહિ તો શ્રદ્ધાન શાનું કરે ?

તત્તાર્થ :તત્ત્વ (વસ્તુ)ના સ્વરૂપ સહિત અર્થ-જીવાદિ પદાર્થો.

તત્પર :સાવધાન, જાગ્રત (૨) એકધ્યાન, બરાબર પરોવાયેલું, તૈયાર

તત્પ્રત્યયી :તત્સંબંધી; તે સંબંધી; તે જેનું નિમિત્ત છે એવા.

તત્પૂર્વક :તે-પૂર્વક. (૨) ઉપરક્ત (મલિન) ઉપયોગપૂર્વક.

તન્મય :પરદ્રવ્યમય

તર્ક :કોઈ ચિહ્ન દેખીને અહીં તે ચિહ્નવાળો જરૂર હોવો જોઈએ. એવો વિચાર તે તર્ક (ચિંતા) છે. આ જ્ઞાનને ઉહ અને વ્યાપ્તિજ્ઞાન પણ કહે છે. (૨) યુકિત

તર્ક કમળના સૂર્ય :તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્યસમાન.

તર્કણા :વિચરાણા; યુક્તિ વગેરેના આશ્રયવાળું જ્ઞાન. (૨) વિચાર, તર્ક. (૩) વિચારણા; યુક્તિ વગેરેના આશ્રયવાળું જ્ઞાન.

તર્કણાથી :તર્ક તેની સાથે; વિચારથી.

તે :તે દરેકની વ્યાખ્યા નીચે મુજબ છે.

(૧) એકાન્ત મિથ્યાત્વ-પદાર્થનું સ્વરુપ અનેકાંતમય (અનેક ધર્મોવાળુ) હોવા છતાં, તેને સર્વથા એક જ ધર્મવાળું માનવું તે એકાંત મિથ્યાત્વ છે. જેમકે જીવને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય માનવો, તે એકાંત મિથ્યાત્વ છે.

(૨) સંશય મિથ્યાત્વ-આત્મા પોતાના કાર્યનો કર્તા થતો હશે કે પરવસ્તુના ગાર્યનો કર્તા થતો હશે ? એ વગેરે પ્રકારે સંશય રહેવો, તે સંશય મિથ્યાત્વ છે.

(૩) વિનય મિથ્યાતવ-સમસ્ત દેવને તથા સમસ્ત ધર્મ મતોને સરખા માનવા, તે વિનય મિથ્યાત્વ છે.

(૪) અજ્ઞાન મિથ્યાત્વ-જ્યાં હિત-અહિતનો કાંઈ પણ વિવેક ન હોય, કે કાંઈ પણ પરીક્ષા કર્યા વગર, ધર્મની શ્રદ્ધા કરવી, તે અજ્ઞાન મિથ્યાત્વ છે.

(૫) વિપરીત મિથ્યાત્વ-અગ્રંથને નિર્ગ્રંથ માનવા, મિથ્યા દ્રષ્ટિ સાધુને સાચા ગુરુ માનવા, કે વાણીના સ્વરુપને વિપરીતપણે માનુવું ઈત્યાદિ, પ્રકારે ઊંધી રુચિ તે, વિપરીત મિથ્યાત્વ છે.

તેજ :પ્રકાશ (૨) પ્રતાપ; પ્રકાશ. (૩) કેવળ જ્ઞાન અને કેવળ દર્શનરૂપ (સમસ્ત જ્ઞાનાવરણ અને દર્શનાવરણનો પ્રલય થયો હોવાથી, અધિક જેનું કેવળજ્ઞાન અને કેવળ દર્શન નામનું તેજ છે.

તેજસ પરમાણુની ક્રિયા :કાંતિ, દીપ્તિ, શરીરનું વળવું, ખોરાકનું પાચન થવું, લોહીનું ફરવું, ઉપરના પ્રદેશોનું નીચે આવવું, નીચેનાનું ઉપર જવું (વિશેષ કારણથી સમુદ્ઘાતાદિ), રતાશ, તાવ આવવો, એ બધી તેજસ્ પરમાણુની ક્રિયાઓ છે. તેમજ સામાન્ય રીતે આત્માના પ્રદેશો ઊંચાનીચા થયા કરે એટલે કંપાયમાન રહે તે પણ તેજસ્ પરમાણુથી.

તેજસ શરીર :તેજસ અને કાર્મણશરીર સ્થૂલદેહપ્રમાણ છે. તેજસ શરીર ગરમી કરે છે, તથા આહાર પચાવવાનું કામ કરે છે.

શરીરના અમુક અમુક અંગ ઘસવાથી ગરમ જણાય છે, તે તેજસના કારણથી જણાય છે. માથા ઉપર ઘૃતાદિ મૂકી તે શરીરની પરીક્ષા કરવાની રૂઢિ છે. તેનો અર્થ એ કે તે શરીર સ્થૂલ શરીરમાં છે કે શી રીતે ? અર્થાત્ સ્થૂલ શરીરમાં જીવની માફક તે આખા શરીરમાં રહે છે. (૨) ઔદારિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીરોમાં કાન્તિ ઉત્પન્ન થવામાં નિમિત્ત છે, તે શરીરને તૈજસ શરીર કહે છે. (૩) ઔદારિક, વેક્રિયક અને આહારક, એ ત્રણ શરીરોમાં કાન્તિ ઉત્પન્ન થવામાં નિમિત્ત છે, તે શરીરને તૈજસ શરીર કહે છે.

તૈજસ અને કાર્માણ શરીર :સર્વ સંસારી જીવોને, તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

તૈજસવર્ગણા :જે વર્ગણાથી તૈજસ શરીર બને છે, તેને તૈજસ વર્ગણા કહે છે. (૨) ઔદારિક અને વૈક્રિયક શરીરને કાન્તિ આપવાવાળું, તૈજસ શરીર જે વર્ગણાથી બને, તેને તૈજસવર્ગણા કહે છે.

તંડુલ :ફોતરાં વિનાના ચોખાં, ફોતરાં વિનાનું અનાજ, તાંદુલ

તુચ્છ :ક્ષુદ્ર; હલકું; મામુલી; નિંદાપાત્ર; અધમ. (૨) હલકી (૩) હલકો, ક્ષુદ્ર, મલીન (૪) ક્ષુદ્ર, હલકું, (૫) મામુલી (૬) નિંદાપાત્ર, અધમ (૭) મામુલી, નજીવું, માલ વગરનું.

તૃપ્તિ :સંતોષ, સુખ અને શાંતિ

તૃણ :સૂકું ઘાસ

તૃણ-તુલ્ય :તલખણા સમાન; પામર.

તૃણવત :તુચ્છ.

તંત :મતાગ્રહ

તંત્ર :શાસ્ત્ર, ઔષધિ

તંત્રશાસ્ત્ર :હિંદુઓનાં અનેક શાસ્ત્રો (તેમાં મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર વધુ ભાર મૂકેલો છે, ઔષધિ શાસ્ત્ર.

તત્ત્વ :આત્મસ્વરૂપ. (૨) ભાવ; સ્વરૂપ; વસ્તુ (૩) વસ્તુનું યથાર્થ સ્વરૂપ. (૪) વસ્તુસ્વરૂપ. (૫) આત્માનો જ્ઞાનસ્વભાવ તે તત્ત્વ છે. જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા ઈત્યિાદિ ગુણસ્વભાવ, તે તત્ત્વ છે. (૬) ભાવ (૭) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાતે તત્ત્વ છે.

(૧) જીવ :- જીવ એટલે આત્મા, તે સદા જ્ઞાન સ્વરૂપી, પરથી ભિન્ન અને ત્રિકાળ સ્થાયી છે.

(૨) અભ્વ :- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં પાંચ દ્રવ્યો છે. જેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે, અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ વર્ણ સહિત છે.

(૩) આસ્રવ :- વિકારી શુભાશુભ ભાવરૂપ, જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે ભાવ અસ્રવ છે. અને તે સમયે નવાં કર્મયોગ્ય રજકણોનું સ્વયં સ્વતઃ આવવું (આત્મા સાથે એકક્ષેત્રે આગમન થવું), તે દ્ર્વ્ય આસ્રવ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

પુણ્ય-પાપ એ બન્ને આસ્રવના અને બંધના ભેદ છે. પુણ્ય = દયા, દાન, ભકિત, પૂજા, વ્રત વગેરેના શુભભાવ જીવની પર્યાયમાં થાય છે, તે અરૂપી વિકારી ભાવ છે.-તે ભાવ પુણ્ય છે, અને તે સમયે કર્મ યોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં સ્વતઃ (પોતાના કારણે, પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે, જીવની સાથે બંધાય છે. તે દ્રવ્યના પુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

પાપ = હિંસા, અસત્ય, ચોરી, અવ્રત, પરિગ્રહ વગેરેના અશુભભાવ, તે ભાવપાપ છે અને તે સમયે કર્મ યોગ્ય જડની શકિતથી, પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય, તે દ્રવ્ય પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.) પરમાર્થે-ખરેખર આ પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે, આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય-પાપ, પુદ્ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે, તે આત્માને હિત-અહિત કરી શકે નહિ.

(૪) બંધ :- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું, તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું, તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

(૫) સંવર = પુણ્ય-પાપના વિકારી ભાવને (આસ્રવને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા, તે ભાવસંવર છે. અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે, તે દ્રવ્ય સંવર છે.

(૬) નિર્જરા = અખંડાનંદ નિજ શુદ્ધત્માના બળથી આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાની આંશિક હાની કરવી તે ભાવ નિર્જરા છે. અને તે સમયે ખરવા યોગ્ય કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે.

(૭) મોક્ષ = સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ, પરમ વિશુદ્ધ પરિણામો, તે ભાવ મોક્ષ છે અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્યકર્મોનો, આત્મપ્રદેશોથી અશ્વયંત અભાવ થવો, તે દ્રવ્યમોક્ષ છે.

(૮) સ્વરૂપ (૯) શુદ્ધ સ્વરૂપ (૧૦) આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે તત્ત્વ છે. આત્માના જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા, ઈત્યિાદી ગુણ-સ્વભાવ, તે તત્ત્વ છે. અર્થનું તત્ત્વ એટલે વસ્તુ-દ્રવ્ય તેનો ભાવ. ભાવવાન વસ્તુ તે અર્થ અને તેનો ભાવ, તે અર્થનું તત્ત્વ છે. (૧૧) વસ્તુસ્વરૂપ (૧૨) ભાવ (૧૩) સ્વરૂપ, ભાવ, જે પદાર્થ જેમ અવસ્થિત છે, તેમ તેનું હોવું, તે તત્ત્વ છે. (૧૪) તત્પણું, તેપણું, દરેક વસ્તુને-તત્ત્વને સ્વરૂપથી તત્પણું છે, અને પરરૂપથી અતત્પણું છે. (૧૫) રહસ્ય, સાર, સત્પદાર્થ, વસ્તુ, પરમાર્થ, યથાવસ્થિત વસ્તુ (૧૬) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ (૧૭) વસ્તુનું યથાર્થ સ્વરૂપ, વસ્તુનો યથાર્થ સ્વભાવ. (૧૮) સ્વરૂપ, ભાવ, ગુણ (૧૯)

વસ્તુનું યથાર્થ સ્વરૂપ (૨૦) વસ્તુનું સાચું સ્વરૂપ, તે તત્ત્વ છે. જે વસ્તુ જેવી છે, તેનો જે ભાવ, તે જ તત્ત્વ છે. (૨૧) વસ્તુસ્વરૂપ (૨૨) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.

મિથ્યાદષ્ટિ જીવ આ સાત તત્ત્વોની કેવી કેવી ભૂલ કરે છે તે નીચે મુજબ છે.

(૧) જીવ તત્ત્વની ભૂલ

જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, તેને અજ્ઞાનવશ જીવ જાણતો નથી. અને જે શરીરી છે તે, હું જ છું, શરીરનું કાર્ય હું કરી શકું છું એમ માને છે. તથા શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય છે, બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને બાહ્ય પ્રતિકૂળ સંયોગથી દુઃખી, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર એમ માને છે, શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયાઓમાં નિજત્વ માને છે, એમ માનવું તે જીવતત્ત્વની ભૂલ છે.

(૨) અજીવતત્ત્વની ભૂલ

મિથ્યા અભિપ્રાયવશ જીવ એમ માને છે કે, શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઈશ. ધન, શરીર ઈત્યાદિ જડ પદાર્થોમાં પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને ભાવ આવ્યો, શરીરને ભૂખ, તરસરૂપ અવસ્થા થતાં મને ભૂખ, તરસ લાગી છે એમ માનવું, શરીર કપાઈ જતાં હું કપાઈ ગયો ઈત્યાદિરૂપ અજીવની અવસ્થાને, અજ્ઞાની જીવ પોતાની અવસ્થા માને છે. આ અજીવતત્ત્વની ભૂલ છે, કેમ કે અજીવને જીવ માની લીધો.

(૩) આસ્રવતત્ત્વની ભૂલ

મિથ્યાત્વ, રાગ-દ્વેષ, શુભાશુભભાવ આસ્રવ છે, તે ભાવ આત્માને પ્રગટપણે, દુઃખ દેવાવાળા છે. પરંતુ મિથ્યાદષ્ટિ જીવ, તેમને હિતરૂપ જાણીને, નિરંતર તેમનું સેવન કરે છે. તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

(૪) બંધતત્ત્વની ભૂલ

જેવી સોનાની બેડી તેવી જ લોઢાની બેડી - બન્ને બંધનકારક છે. તેવી જ રીતે પુણ્ય અને પાપ બન્ને જીવને બંધનકર્તા છે. પરંતુ મિથ્યાદષ્ટિ જીવ એમ ન માનતાં, પુણ્યને ભલું-હિતકારી માને છે. તત્ત્વદષ્ટિથી તો પુણ્ય-પાપ બન્ને અહિતકર જ છે. પરંતુ અજ્ઞાની તેમ માનતો નથી, તે બંધ તત્ત્વની ભૂલ છે.

(૫) સંવરતત્ત્વની ભૂલ

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જીવને હિતકારી છે. પણ મિથ્યાદષ્ટિજીવ તેમને કષ્ટદાયક માને છે, તે સંવરતત્ત્વની ભૂલ છે.

(૬) નિર્જરાતત્ત્વની ભૂલ

આત્મામાં એકાગ્ર થઈને શુભ અને અશભુ બન્ને પ્રકારની ઈચ્છા રોકવાથી, જે નિજ આત્માની શુદ્ધિનું પ્રતપન થવું, તે તપ છે. અને તે તપથી નિર્જરા થાય છે. એવું તપ સુખદાયક છે. પરંતુ અજ્ઞાની, તેને કલેશ દાયક માને છે અને આત્માની જ્ઞાનાદિ અનંત શકિતઓને ભૂલીને, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માનીને, તેમાંજ પ્રીતિ કરે છે, તે નિર્જરાતત્ત્વની ભૂલ છે.

(૭) મોક્ષતત્ત્વની ભૂલ

આત્મની પરિપૂર્ણ શુદ્ધ દશાનું પ્રગટ થવું, તે મોક્ષ છે. તેમાં આકુળતાનો અભાવ છે- પૂર્ણ સ્વાધીન નિરાકુળ સુખ છે. પરંતુ અજ્ઞાની એમ ન માનતાં, શરીરમાં મોજશોખમાં જ સુખ માને છે. મોક્ષમાં દેહ, ઈન્દ્રિયો, ખાવું, પીવું મિત્રાદિ કંઈપણ હોતું નથી. માટે અતિન્દ્રિય મોક્ષસુખ અજ્ઞાની માનતો નથી. તે મોક્ષતત્ત્વની ભૂલ છે.

આ રીતે સાત તત્ત્વોની ભૂલથી અજ્ઞાની જીવ અનંતકાળથી સંસારમાં અટકી રહ્યો છે.

તત્ત્વ નિવૃત્તિરૂપ છે :દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, અને સ્વભાવથી સદાય પરિપૂર્ણ છે જ. અને પરદ્રવ્યાદિકથી શૂન્ય અર્થાત્ નિવૃત્તિરૂપ જ છે. વર્તમાન અશુદ્ધ દશામાં પરદ્રવ્યના આલંબન વડે, રાગી જીવને બાહ્ય સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ ભૂમિકાનુસાર હોય છે. તેનો આશ્રયના બળ વડે ત્યાગ કરાવવા માટે, બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે. વાસ્તવમાં તો આત્માને પર વસ્તુનો ત્યાગ જ છે, પણ જે કાંઈ રાગ, મમત્ત્વભાવ છે, તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા અંશે થાય છે તેટલા જ અંશે, રાગાદિની ઉત્પત્તિ થતી જ નથી. જ્યાં આવું હોય ત્યાં તે જીવને, પર વસ્તુના ત્યાગનો કર્તા કહેવો, તે તે જાતના અભાવરૂપ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે, અસદ્‌ભૂત વ્યવહાર નયનું કથન છે. (નિશ્ચય સમ્યદર્શન વિના, અજ્ઞાનીના હક રૂપ ત્યાગને વ્યવહારે પણ ધર્મસંજ્ઞા નથી.)

તત્ત્વ નિષ્ઠા :તત્ત્વમાં આસ્થા

તત્ત્વ પ્રદીપિકા :તત્ત્વનો પ્રકાશ કરનાર.

તત્ત્વ પામવાની લાયકાત :વિશાળબુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા, જિતેન્દ્રિયપણું, આટલા ગુણ જેનામાં હોય તે તત્ત્વ પામવાને લાયક છે.

તત્ત્વ વિપ્લન :વસ્તુ સ્વરૂપમાં અંધાધૂંધી. (તત્ત્વ = વસ્તુ સ્વરૂપ. વિપ્લવ = અંધાધૂંધી; ગોટાળો; વિરોધ; વિનાશ.)

તત્ત્વ વિચાર :તત્ત્વ ઓળખાય (સમજાય) તેમ વિચાર કરવો, જેથી ભાવ સ્ફુરે

તત્ત્વ વિપ્લવ :વસ્તુ સ્વરૂપમાં અંધાધૂંધી

તત્ત્વ -અપ્રતિપત્તિ :વસ્તુ સ્વરૂપનું અજ્ઞાન-અણસમજ-અનિર્ણય-અપ્રાપ્તિ.

તત્ત્વ-અપ્રતિપત્તિલક્ષણ :તત્ત્વની અપ્રતિપત્તિ (-અપ્રાપ્તિ, અજ્ઞાન, અસમજણ, અનિર્ણય) જેનું લક્ષણ છે એવો; વસ્તુસ્વરૂપના અજ્ઞાનથી.

તત્ત્વજ્ઞાન :આત્મજ્ઞાન (૨) તત્ત્વ સંબંધી જ્ઞાન (૩) આત્માસંબંધી જ્ઞાન (૪) આત્મજ્ઞાન

તત્ત્વજિજ્ઞાસુ :તત્ત્વશ્રવણમાં જાગ્રતિ અને સમજવાની ધગશ, તથા પાત્રતા જોઈએ.

તત્ત્વતઃ :ખરી રીતે; તત્ત્વની દૃષ્ટિએ; પરમાર્થે. (૨) યથાર્થ સ્વરૂપે.

તત્ત્વદૃષ્ટિ :આત્મદૃષ્ટિ

તત્ત્વને પહોંચી જવું :વિશેષ મર્મ પામવો.

તત્ત્વનું સ્વરૂપ :તત્ત્વ (વસ્તુ) સત્ લક્ષણવાળુ છે, અથવા સત્ સ્વરૂપ જ છે. અને તે સ્વતઃ સિદ્ધ છે. તેથી અનાદિનિધન છે. પોતાની સહાયથી જ તે ઊપજે છે, અને વિણસે છે અને તે નિર્વિકલ્પ (વતનાતીત) છે.

ભાવાર્થ :- વસ્તુ સત્ લક્ષણવાળી છે. આ પ્રમાણ લક્ષણ છે. પ્રમાણમાં એક ગુણ દ્વારા, આખી વસ્તુનું ગ્રહણ થાય છે. વસ્તુમાં અસ્તિત્ત્વ, વસ્તુત્ત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ અને અગુરૂલઘુત્વ આદિ અનંત ગુણ છે. અસ્તિત્વ ગુણનું નામ જ સત્ છે. સત્ કહેવાથી અસ્તિત્વગુણનું જ ગ્રહણ થવું જોઈએ. પરંતુ અહીં સત્ કહેતાં, આખી વસ્તનું ગ્રહણ થાય છે. એનું કારણ એ જ છે કે, અસ્તિત્વ આદિ બધા ગુણ અભિન્ન છે. અભિન્નતાના કારણે જ સત્ કહેવાથી, સર્વગુણોના સમુદાયરૂપ વસ્તુનું ગ્રહણ થઈ જાય છે. તેથી જ વસ્તુને સત્‌સ્વરૂપ પણ કહી દીધી છે. સત્ અને ગુણના સમૂહરૂપ વસ્તુ, બન્ને અભિન્ન છે. તેથી સત્‌રૂપ જ વસ્તુ છે.

તત્ત્વનિષ્કર્ષ :તત્ત્વનો સાર.

તત્ત્વની શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય ? :

(૧) જૈન શાસ્ત્રોમાં કહેલા જીવના ત્રસ-સ્થાવર વગેરે ભેદોને, ગુણસ્થાન-માર્ગણાસ્થાન વગેરે ભેદોને, જીવ-પુદ્‌ગલ વગેરેના ભેદોને, તથા વર્ણાદિ ભેદોને, તો જીવ જાણે છે, પણ અધ્યાત્મશાસ્ત્રોમાં ભેદ વિજ્ઞાનના કારણભૂત, અને વીતરાગ દશા થવાના કારણભૂત, વસ્તુનું જેવું નિરૂપણ કર્યું છે, તેવું જે જાણતો નથી, તેને જીવ અને અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

(૨) વળી કોઈ પ્રસંગથી ભેદ વિજ્ઞાનના કારણભૂત અને વીતરાગ દશાના કારણભૂત, વસ્તુના નિરૂપણનું જાણવું માત્ર શાસ્ત્રાનુસાર હોય, પરંતુ પોતાને પોતારૂપ જાણીને તેમાં પરનો અંશ પણ (માન્યતામાં) ન મેળવવો, તથા પોતાનો અંશ પણ (માન્યતામાં) પરમાં ન મેળવવો..., એવું શ્રદ્ધાન જ્યાં સુધી જીવ ન કરે, ત્યાં સુધી તેને જીવ અને અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

(૩) જેમ અન્ય મિથ્યાદષ્ટિ, નિર્ધાર વિના (નિર્ણય વગર) પર્યાય બુદ્ધિથી (દહે દષ્ટિથી) જાણ પણામાં, તથા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ જે જીવ આત્માશ્રિત, જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત થતી ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયામાં પોતાપણું માને છે, તેને જીવ-અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી. એવો જીવ કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બોલે, પરંતુ ત્યાં તેને અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધા નથી, તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા કહે, તો પણ તે શાણો નથી તેમ, આ જીવ પણ સમ્યગ્દષ્ટિ નથી.

(૪) વળી તે જીવ, કોઈ બીજાની જ વાત કરતો હોય, તેમ આત્માનું કથન કરે છે, પરંતુ એ આત્મા હું જ છું, એવો ભાવ તેને ભાસતો નથી. વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય, તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે. પરુંત હું એ શરીરાદિથી ભિન્ન છું, એવો ભાવ તેને ભાસતો નથી, તેથી તેને જીવ-અજીવની યથાર્થ શ્રદ્ધા નથી.

(૫) પર્યાયમાં (વર્તમાન દશામાં) જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી, અનેક ક્રિયા થાય છે, તે સર્વને બે દ્રવ્યોનાં મેળાપથી બનેલી માને છે. પણ આ જીવની ક્રિયા છે, અને આ પુદ્ગલની ક્રિયા છે. એમ ભિન્ન ભિન્ન ભાવ, તેને ભાસતો નથી. આવો ભિન્ન ભાવ ભાસ્યા વિના, તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ. કારણકે જીવ-અજીવને જાણવાનું પ્રયોજન, તો એ જ હતું તે આને થયું નહિ.

(૬) જ્યાં સુધી આવી યથાર્થ શ્રદ્ધા ન થાય ત્યાં સુધી, જીવ સમ્યગ્દષ્ટિ થતો નથી એમ મોક્ષશાસ્ત્રના પહેલા અધ્યાયના બત્રીસમા સૂત્રમાં કહ્યું છે. તેમાં સત શબ્દથી જીવ પોતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ શું છે, તે સમજવા કહયું છે અને અસત્ શબ્દથી એ બતાવ્યું છે કે, જીવમાં થતો વિકાર જીવમાંથી ટાળી શકાય છે, માટે તે પર છે. પર વસ્તુઓ અને આત્મા ભિન્ન હોવાથી કોઈ પરનું કાંઈ કરી શકે નહિ, આત્માની અપેક્ષાએ પરવસ્તુઓ અસત્ છે નાસ્તિપણે છે. આમ યથાર્થ સમજે ત્યારે જ સત્-અસત્ ના વિશેષનું યથાર્થજ્ઞાન જીવને થાય છે. જ્યાં સુધી એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવને, આસ્રવ ટળે નહિ, જયાં સુધી જીવ પોતાનો અને આસ્રવનો ભેદ જાણે નહિ, ત્યાં સુધી તેને વિકાર ટળે નહિ. તેથી એ ભેદ સમજાવવા આસ્રવનું સ્વરૂપ, મોક્ષશાસ્ત્રના છઠ્ઠા અને સાતમા અપ્રયાયોમાં કહ્યું છે.

તત્ત્વબોધની પર્યટના કરો :બોધને વારંવાર વિચારો

તત્ત્વવેદી :વસ્તુ સ્વરૂપનો જાણનાર

તત્ત્વવચન :યથાર્થ વચન

તત્ત્વવૈજ્ઞાનિક :સાયન્ટીફીક

તત્ત્વવેત્તાઓ :તત્ત્વજ્ઞાનીઓ, તત્ત્વને જાણનારાઓ

તત્ત્વવેદી :તત્ત્વને જાણનાર, સ્વરૂપનો અનુભવનાર, તત્ત્વનો વેદનાર.

તત્ત્વવિજ્ઞાન :શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ તત્ત્વવિજ્ઞાન છે.

તત્ત્વવિપ્લવ :વસ્તુસ્વરૂપમાં અંધાધૂંધી (તત્ત્વ=વસ્તુસ્વરૂપ, વિપ્લવ=અંધાધૂંધી; ગોટાળો; વિરોધ; વિનાશ.)

તત્ત્વાર્થ :તત્ત્વ = ભાવ. અર્થ = પદાર્થ (દ્રવ્ય, ગુણ, પર્યાય) પદાર્થ (એટલે કે દ્રવ્ય, ગુણ, પર્યાયના) ભાવનું યથાર્થ ભાસન થવું તે વિશ્વય સમ્યક્દર્શન છે. (૨) તત્ત્વ એટલે જેનો જેવો કાંઈ નિજ ભાવ છે, તેવો જ હોવો તે. તે તત્ત્વથી સંયુકત જે અર્થ એટલે, પદાર્થ તે તત્ત્વાર્થ.

કેવું શ્રદ્ધાન કરવા યોગ્ય છે? બીજાને બીજારૂપે માનવારૂપ, મિથ્યાત્મથી રહિત શ્રદ્ધાન કરવું. જે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. જે શ્રદ્ધાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઉપજે છે તે જ સિદ્ધ અવસ્થા સુધી રહે છે. જેથી ઉપાધિભાવ નથી. આત્માનો નિજ ભાવ છે.

તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. જે તત્ત્વશ્રદ્ધાન બે પ્રકારે છેઃ એક સામાન્યરૂપ, એક વિશેષરૂપ. જે પરભાવોથી ભિન્ન, પોતાના ચૈતન્ય સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે, તે સામાન્ય તત્ત્વશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન તો નારકી, તિર્યંચાદિ, સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. અને જીવ-અભ્વાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે, વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિમાન, જીવોને હોય છે. પરંતુ રાજમાર્ગ (મુખ્યમાર્ગ)ની અપેક્ષાએ, સાત તત્ત્વોને જાણવાં, તે સમ્યક્ત્યનું

સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે. કારણ કે જો તત્ત્વોને જાણે નહિ, તો શ્રદ્ધાન શાનું કરે? તેથી સાત તત્ત્વોનું થોડુંક વર્ણન કરીએ છીએ.

તત્ત્વાર્થ શ્રદ્ધાન :તત્ શબ્દ છે તે યત્ શબ્દની અપેક્ષા સહિત છે, તેથી જેનું પ્રકરણ હોય તેને, તત્ કહીએ અને જેનો જે ભાવ અર્થાત્ સ્વરૂપ છે, તેને તત્ત્વ જાણવું, કારણકે એવો તત્ત્વ શબ્દનો સમાસ થાય છે. તથા જાણવામાં આવતા એવા જે દ્રવ્ય વા ગુણ પર્યાય છે, તેનું નામ અર્થ છે. વળી, તત્ત્વ કહેતાં પોતાનું સ્વરૂપ, એ વડે સહિત પદાર્થનું શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શન છે. આથી જો તત્ત્વશ્રદ્ધાન જ કહીએ, તો જેનો આ ભાવ (તત્ત્વ) છે, તેના શ્રદ્ધાન વિના કેવળ તો ભાવનું શ્રદ્ધાન કાર્યકારી નથી. તથા જો 'અર્થશ્રદ્ધાન' જ કહીએ, તો ભાવના શ્રદ્ધાન વિના કેવળ પદાર્થ શ્રદ્ધાન, પણ કાર્યકારી નથી.

જાણવામાં આવતા એવા જે દ્રવ્યફ-ગુણ-પર્યાયો, તે બધા અર્થો છે. જે પદાર્થોનું સ્વરૂપ તે તત્ત્વ છે. તત્ત્વ એટલે પોતાનું સ્વરૂપ અથવા પોતાનો ભાવ, તે ભાવ સહિત વસ્તુ તે, અર્થ છે. ઊંતે તત્ત્વો તે અર્થ છે. અને તેમનો પોતાનો જે ભાવ છે, તે તત્ત્વ છે. આવા તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તત્ત્વોના ભાવનું ભાસન થયા વિના, સાચી પ્રતીતિ થાય નહિ. ઈંસ્તુ શું અને તેનું સ્વરૂપ શું તે જીને શ્રદ્ધા કરે, તો યથાર્થ પ્રીતીતિ થાય. માટે કહ્યું કે વિપરીત માન્યતા રહિત, તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

તત્ત્વાર્થરાજવાર્તિક :આ નામનો ગ્રંથ છે. તેના રચયિતા શ્રી અકલંકદેવ છે.

તત્ત્વાર્થશ્રદ્ધાન : (૨) વસ્તુ તે અર્થ અને તેની સ્વભાવશકિત તે તત્ત્વ, એ રીતે પદાર્થ અને તેના ભાવને ઓળખીને શ્રદ્ધા કરવી તે તત્ત્વાર્થશ્રદ્ધાન છે અને આવું તત્ત્વાર્થશ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણવાળી :તત્ત્વાર્થનું શ્રદ્ધાન જેનું લક્ષણ છે એવી. (સમ્યગ્દર્શનનું લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન છે. તે આગમપૂર્વક હોય છે. આગમનું ચિહ્ન સ્યાત્ કાર છે.)

તત્ત્વાવબોધ :તત્ત્વજ્ઞાન અને શીલ. (૨) તત્ત્વજ્ઞાન

તત્ત્વો :સાત તત્ત્વોની બરાબર ઓળખાણ કરતાં તેમાં આત્માની ઓળખાણ આવી જાય છે.

(૧) જીવતત્ત્વ = જીવ સદા ઉપયોગ લક્ષણરૂપ છે. તે શરીરાદિ અજીવથી જુદું તત્ત્વ છે.

(૨) અજીવતત્ત્વ = પુદ્ગલ વગેરે અજીવ તત્ત્વો છે. તેમનામાં જ્ઞાન નથી. આ જીવ અને અજીવ બન્નેનાં કામ જુદાં, પોતપોતામાં છે.

(૩) આસ્રવતત્ત્વ = મિથ્યાત્વાદિ ભાવો છે, તે આસ્રવ છે, પુણ્ય-પાપ બન્ને પણ આસ્રવમાં સમાય છે. તે આસ્રવભાવો જીવને દુઃખદાયક છે.

(૪) સંવરતત્ત્વ = સમ્યગ્દશૃનાદિ વીતરાગ ભાવ વડે, કર્મનો સંવર થાય છે. તે સમ્યગ્દર્શનાદિ ભાવો જીવને સુખરૂપ છે. મોક્ષનાં કારણ છે.

(૫) બંધતત્ત્વ = મિથ્યાત્વાદિ ભાવો, તે બંધના કારણ છે., શુભરાગ તે પણ બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

(૬) નિર્જરાતત્ત્વ = સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતાથી કર્મોની નિર્જરા થાય છે.

(૭) મોક્ષ તત્ત્વ = આત્માની પૂર્ણ શુદ્ધતા થતાં, આકુળતાનો સર્વથા અભાવ થવો, ને કર્મોથી આત્મનું છૂટી જવું, તે મોક્ષતત્ત્વ છે. તે પૂર્ણ સુખરૂપ છે.

(૨) બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ, એવા બે ભેદોવાળાં છે. અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે, સાત પ્રકારનાં છે. તેમનું આપ્તનું, આગમનું અને તત્ત્વોનું સમ્યક્ શ્રદ્ધાન, તે વ્યવહાર સમ્યક્ત્વ છે. એકલા પરમાત્મ સ્વરૂપ નિજ અંતઃતત્ત્વનો અનુભવ ને તેની શ્રદ્ધા, તે નિશ્ચય સમકિત છે. (૩) નવ તત્ત્વોનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) જીવ :- જીવ, આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદોને, ત્રિકાળ ટકનારો છે. જયારે પર નિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે શુભભાવ (પુણ્ય) થાય છે. અશુભ અવલંબનમાં જોડાય, ત્યારે

અશભુભાવ (પાપ) થાય છે, જ્યારે સ્વાવલંબી થાય છે, ત્યારે શુદ્ધ ભાવ થાય છે.

(૨) અજીવ :- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે તે પુદ્ગલ રૂપી વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ સહિત છે.

અજીવ વસ્તુઓ આત્મથી જુદી છે, તેમજ અનંત આત્મઓ પણ એક બીજાથી સ્વતંત્ર, જુદા છે. પર સંયોગ રહિત એકલું તત્ત્વ હોય, તેમાં પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે. જીવ જયારે રાગાદિ કરે, ત્યારે જડ કર્મની ઝીણી ધૂળ, જે ક્ષણિક સંયોગ સંબંધ છે, તે નિમિત્ત થાય છે.

(૩) પુણ્ય :- દયા, ધન, ભકિત, પૂજા, વ્રત વગેરેના ભાવ જીવને થાય, તે અરૂપી વિકારી ભાવ છે. તે ભાવ પુણ્ય છે, અને તેના નિમિત્તે, જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે-પોતાથી) એક ક્ષેત્રાવગાહ સંબંધે, જીવની સાથે બંધાય છે. તે દ્રવ્યપુણ્ય છે.

(૪) પાપ :- હિંસા, અસત્ય, ચોરી, અવ્રત પરિગ્રહ વગેરેનો અશુભ ભાવ, તે ભાવ પાપ છે. અને તેના નિમિત્તે જડની શકિતથી પરમાણુઓનો જથ્થો, સ્વયં બંધાય તે દ્રવ્ય પાપ છે.

પરમાર્થે પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી. આત્મામાં પર સંબંધે વિકાર થાય છે, તે મારાં નથી.

(૫) આસ્રવ :- વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય, તે ભાવ આસ્રવ છે. અને નવાં કર્મ રજકણોનું આવવું (આત્મ સાથે એક ક્ષેત્રે રહેવું), તે દ્રવ્ય આસ્રવ છે.

(૬) સંવર :- પુણ્ય-પાપના વિકારી ભાવ (આસ્રવ)ને, આત્માના શુદ્ધ ભાવ દ્વારા રોકવા, તે ભાવસંવર છે.અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે, તે દ્રવ્ય સંવર છે.

(૭) નિર્જરા :- અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના લક્ષના જોરે, સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે, અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો, તે ભાવ નિર્જરા છે. અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરીજવું, તે દ્રવ્ય નિર્જરા છે.

(૮) બંધ :- આત્માનું રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું, તે ભાવબંધ છે. અને તેના નિમિત્તે પુદ્ગલનું તેની શકિતથી કર્મરૂપ બંધાવું, તે દ્રવ્યબંધ છે.

(૯) મોક્ષ :- અશુદ્ધ- અવસ્થાનો સર્વથા નાશ થઈ, પૂર્ણ નિર્મળ પવિત્ર દશાનું પ્રગટ થવું, તે ભાવ મોક્ષ છે. અને નિમિત્તકારણ દ્રવ્યકર્મનો સર્વથા નાશ (અભાવ), તે દ્રવ્ય મોક્ષ છે.

આ પ્રમાણે જેવું નવ તત્ત્વનું સ્વરૂપ છે, તેવું શુભભાવથી વિચારે છે, તે શુદ્ધનું લક્ષ હોય, તો વ્યવહાર સમકિત છે. વ્રતાદિના શુભભાવને સંવર-નિર્જરામાં ગણે, તો આસ્રવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ આવે.

વ્યવહાર શ્રદ્ધામાં કોઈ પડખે ભૂલ ન આવે. એમ નવ ભેદમાંથી શુદ્ધનય વડે, એકરૂપ અખંડ જ્ઞાયક સ્વભાવી આત્મને તારવી લેવો, તે પરમાર્થ-શ્રદ્ધા-સમ્યગ્દર્શન છે. ધર્મન નામે લોકોમાં પોતાનું માનેલું સમકિત બીજાને કહે છે- આપે છે. પણ તેવું સમકિત હોઈ શકે નહિ. કારણકે કોઈનો ગુણ તથા ગુણની અવસ્થા, કોઈ બીજાને આપી શકાતી નથી.

<u>તત્ત્વોનાં નામ</u> :(૧) જીવ, (૨) અજીવ, (૩) આસ્રવ, (૪) બંધ, (૫) સંવર, (૬) નિર્જરા, અને (૭) મોક્ષ. એ સાત તત્ત્વો છે.

(૧) જીવ :- જીવ એટલે આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પરિનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે તેને શુભભાવ (પુણ્ય) થાય છે. અશુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે અશુભ ભાવ (પાપ) થાય છે, અને જ્યારે સ્વવાલંબી થાય, ત્યારે શુદ્ધભાવ (ધર્મ) થાય છે.

(૨) અજીવ :- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં પાંચ દ્રવ્યો છે. જેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે. અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ વર્ણ સહિત છે.

અભ્વ વસ્તુઓ આત્માથી જુદા છે. જેમજ અનંત આત્માઓ પણ એક બીજાથી સ્વતંત્ર જુદા છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ, પર તરફ વલણ કરતાં જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે.

(૩) આસ્રવ :- વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય, તે ભાવ અસ્રવ છે અને તે સમયે નવાં કર્મયોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું) તે દ્રવ્ય આસ્રવ છે.

પુણ્ય-પાપ એ બન્ને આસ્રવના પેટા ભાગ છે. પુણ્ય = દયા, દાન, ભકિત, પૂજા, વ્રત વગેરેના શુભભાવ જીવની પર્યાયમાં થાય છે. તે અરૂપી વિકારી ભાવ છે-તે ભાવ પુણ્ય છે, અને તે સમયે કર્મ યોગ્ય જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે, પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે, જીવની સાથે બંધાય છે. તે દ્રવ્યના પુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

પાપ = હિંસા, અસત્ય, ચોરી, અવ્રત, પરિગ્રહ વગેરેના અશુભભાવ, તે ભાવપાપ છે અને તે સમયે કર્મ યોગ્ય જડની શકિતથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય, તે દ્રવ્ય પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.) પરમાર્થે-ખરેખર આ પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે, આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય-પાપ પુદ્ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે, તે આત્માને હિત-અહિત કરી શકે નહિ.

(૪) બંધ :- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું, તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

(૫) સંવર = પુણ્ય-પાપના વિકારી ભાવને (આસ્રવને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા, તે ભાવસંવર છે અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે, તે દ્રવ્ય સંવર છે.

(૬) નિર્જરા = અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો, તે ભાવ નિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું, તે દ્રવ્ય નિર્જરા છે.

(૭) મોક્ષ = સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો, તે ભાવ મોક્ષ છે અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી, અશ્વયંત અભાવ થવો, તે દ્રવ્યમોક્ષ છે. જીવ અશ્વયંત શુદ્ધ થઈ જાય, તે દશાને મોક્ષ તત્ત્વ કહે છે.

તત્ત્વોપદેશનું કર્તા હોય :વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદક હોય, બધાને માટે હિત રૂપ હોયે.

તત્સ્વભાવ :નિશ્ચય

તમોગ્રંથિ :અંધકારનો ગઠ્ઠો; અંધકારનો સમૂહ.

તમોવૃત્તિ :અંધકારદશા, અજ્ઞાન પરિણતિ.

તરખડ :વ્યવસ્થા; ગોઠવણ; તજવીજ; ભાંજઘડ; પ્રપંચ. (૨) ત્રિષટ્, ખટપટ

તરણા ઓથે ડુંગર તે :તરણું૦ એટલે તૃષ્ણા અને ડુંગર એટલે આત્મા, તૃષ્ણાની આડશે આત્મા દેખાતો નથી.

તરણાતુલ્ય :પામરતા; અલ્પતા; (પામર; અલ્પ;)

તરણિ :સૂર્ય

તરતમ :ઓછોવત્તો

તરતમ :અધિકપણું

તરતમતા :હીનાધિકતા

તરતો :બધાયથી જુદો, ઉપર ને ઉપર, અધિક ને અધિક.

તરંગ :મોજાં; લહરી.

તરંગિણી :નદીરૂપ

તરમય :ઓછો વત્તો, હીનાધિકતા

તરલતા :અસ્થિરતા; ચંચળતા;

તરસ :ઝંખના, પિપાસા, તૃષા, તીવ્ર જિજ્ઞાસા.

તલખવું :તલસવું, ઝંખવું, આતુરતાથી રાહ જોવી, અતિ અધીરું બનવું.

તર્થનાથ :નાથ કોને કહીએ ? કે જે પ્રાપ્ત છે તેને જાળવી રાખે, રક્ષણ કરે., અને જે અપ્રાપ્ત છે, તેને મેળવી આપે. ભગવાન મહાવીર પ્રાપ્ત ધર્મની રક્ષા કરનારા છે. અને અપ્રાપ્ત મેળવી આપનારા છે, માટે તેઓ તીર્થનાથ છે. આ નિમિત્તની વાત છે, હો.

તસ્કર :ચોર

તસલ્લી :સંતોષ

તળ :તળિયું, પાતાળ

તળાંસવું :પગની ચંપી કરવી, (પગની) પરિચર્યા કરવી.

તાકાત :યોગ્યતા

તાકી :બહુ તીવ્ર

તાત્કાલિક :વર્તમાન; સાંપ્રતિક. (૨) વર્તમાન, તત્કાળ વર્તતા, વર્તમાનકાલીન

તાત્પર્ય :સારરૂપ ભાવ. (૨) સાર (૩) રહસ્ય (૪) હેતુ, સાર

તાત્પર્યવૃત્તિ :તાત્પર્ય એટલે સારભૂત કહેવું તે, વૃત્તિ નામ પરિણમન. પરિણામ થાય એવી આ ટીકા, તે હું કહીશ.

તાત્ત્વિક :પરમાર્થભૂત (૨) પારમાર્થિક, નિશ્ચયાત્મક

તાત્ત્વિક લોભ સમારી :લોભને તાત્ત્વિકરૂપે સમારી, સુધારીને પલટાવીને તાત્ત્વિક આત્મસુખ, આત્મઐશ્વર્ય, આત્મસંપદાને પમાડું.

તાદાત્મ :એકત્વ (૨) તત્ત્વરૂપ, તત્સ્વરૂપ સંબંધ (૩) એકરૂપતા; અભિન્નતા; એકાત્મકતા; અભેદપણું. (૪) સમાનતા, એકતા, લીનતા (૬) એકરૂપપણું (૭) એકરૂપ થવું

તાદાત્મ્ય અધ્યાસ :ભિન્નભિન્ન પદાર્થમાં એકતારૂપ ભ્રાંતિ; અસત્યમાં સત્યપણાની ભ્રાન્તિ; અભિન્નતારૂપ ભ્રાંતિ.

તાદાત્મ્ય અધ્યાસ :એકરૂપતાપણે ભ્રાંતિમય પ્રતીતિ, ભ્રાન્તિરૂપ અભિન્નતા

તાદાત્મ્ય સંબંધ :એકતારૂપ સંબંધ; લીનતારૂપ સંબંધ; તન્મયપણું. (૨) એકરૂપ સંબંધ, જીવને પુદ્ગલ કર્મ તથા શરીર સાથે પ્રવાહરૂપે, અનાદિથી જે સંયોગ સંબંધ છે, તેને જીવ એકરૂપ પણે (તાદાત્મ્ય સંબંધપણે) માને છે. આ રીતે અજ્ઞાનપણે, જીવ શરીરને પોતાનું માનતો હોવાથી, શરીર સાથે માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ, તેની સાથે કર્તા-કર્મ સંબંધ માને છે.

તાદાત્મ્ય સંબંધ અને સંયોગસિદ્ધ સંબંધ :જ્ઞાન અને આત્મા તો તાદાત્મ્યસ્વરૂપ છે. એટલે કે એક સ્વરૂપ છે અને આત્માની પર્યાયમાં થતા વિકારી આસવભાવને, આ આત્મા સાથે સંયોગ સિદ્ધ સંબંધ છે. (૨) ગોળ અને ગળપણને તાદાત્મ્ય સંબંધ છે. પણ ડાબલાને અને ગોળને સંયોગસિદ્ધ સંબંધ છે. તેમ આત્માને અને રાગદ્વેષને સંયોગ સિદ્ધ સંબંધ છે. વિકારી ભાવ થાય છે તે પરના સંયોગે થાય છે, માટે તેની સાથે આત્માને સંયોગ સિદ્ધ સંબંધ છે, એટલે સાજો રહેલ સંબંધ છે. અને તાદાત્મ્ય એટલે તત્સ્વરૂપ સંબંધ, વિકારીભાવને આત્મા સાથે ક્ષણ પૂરતો સંબંધ છે, માટે તે સંયોગી ભાવ છે.

તાદાત્મ્ય સિદ્ધ સંબંધ :સ્વરૂપ સિદ્ધ સંબંધ, ત્રિકાળ સ્વરૂપનો સંબંધ, જ્ઞાન તે ગુણ છે. અને આત્મા તે દ્રવ્ય છે - તે બન્નેને ત્રિકાળ તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે.

તાદાત્મ્યરૂપ :એકરૂપ; તદ્રૂપ.

તાદાત્મ્યવૃત્તિ :એકપણું. તાદામ્ય=એકરૂપ થવું.

તાદાત્મ્યસંબંધ :એકરૂપતા; તદ્રૂપતા; એકરૂપસંબંધ; તદ્રૂપસંબંધ; સ્વભાવભાવ.

તાપ :સંસારમાં પોતાની નિંદા વગેરે થતાં પશ્ચાત્તાપ થયો તે તાપ છે.

તાપ થવો :મનમાં ઉકળાટ અનુભવાવો; ભારે દુઃખની લાગણી થવી.

તાપકર :સંતાપ કરાવનાર, દુઃખ ઉત્પન્ન કરનાર.

તાપથી ઉત્તીર્ણ થયેલા :છેલ્લો તાપ દેવાઈને અગ્નિમાંથી બહાર નીકળેલો.

તામસી વૃત્તિ :હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ, એ પાંચે પાપ તામસી વૃત્તિમાં હોય છે.

તાદાત્મ્ય સ્વરૂપ :એકરૂપ સ્વરૂપ

તારું નામું :અંતર અવલોકન

તારણતરણ :સંસાર સમુદ્રને તરનારા અને ભવ્યત્માને તારનાર.

તારતમ્ય :સત્વ; અધિકપણું. (૨) ઓછાવત્તાપણું (૩) તરતમભાવ, તફાવત, ભેદ, ફેર, ન્યૂનાધિકતા, ઓછાવત્તાપણું (લા.) સાર, રહસ્ય, મતલબ, તાત્પર્ય (૪) સત્ત્વ

તારનાર :ઉદ્ધારનાર

તાલ :સંગીતમાં ઠેકાનું માપ. રિધમ.

તાલાવેલી :અધીરાઈ, ધાલાવેલી.

તુચ્છ સંસારી :અલ્પ સંસારી

તુચ્છકાર :અનાદર, તિરસ્કાર, નજીવું, માલવગરનું અતિ અલ્પ

તુચ્છતા :પામરતા; ક્ષુદ્રતા; હલકાઈ; નિંદાપણું; અધમતા; મામુલીપણું.

તુર્યાવસ્થા :તુરીયાવસ્થા=પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ જાગૃતિરૂપ અવસ્થા, ત્યાં અનાદિ વિપર્યાસ નિર્બીજપણાને પ્રાપ્ત થવાથી, કોઈપણ પ્રકારે ઉદ્‌ભવ થઈ શકે જ નહિ. તથાપિ તેથી ન્યૂન એવા વિરત્યાદિ ગુણસ્થાને વર્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે અને ક્ષણે ક્ષણે આત્મજાગૃતિ યોગ્ય છે. જન્મ મરણ વટાવીને બ્રહ્મની સાથે થતી એકાત્મકતા. (૨) ચોથી અવસ્થા (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુર્યા), જેમાં સમસ્ત ભેદજ્ઞાનનો નાશ થઈ, આત્મા બ્રહ્મ એક જણાય છે. (૩) જન્મ-મરણ વટાવીને બ્રહ્મની સાથે થતી એકાત્મકતા.

તુર્યાવસ્થા=તુરીયાવસ્થા :જન્મ આત્મા વિષે સંપૂર્ણ જાગૃતિ. ચાર ઘનઘાતી કર્મ જ્યાં છિન્ન થયાં છે. એવી સહજ આત્મસ્વરૂપતા.

તુરત જ :અંતર પડ્યા વિના.

તુલના :સરખામણી, સમાનતા, ઉપમા, કદર, કિંમત (૨) વિચાર

તુલ્ય :સમાન; સરખું; જેવડું. (૨) માફક, જેવો જ, તેવો જ, એક સરખો (૩) સમાન

તુલ્ય ક્ષેત્રાવગાહી :સમાન ક્ષેત્રે રહેલા;

તુલ્યકાળે :એકીસાથે

તુલા :ત્રાજવા

તુષ :ડાંગરના ફોતરાં, અનાજના ફોતરાં

તુષ :(ધાન્યનું) ફોતરું; કણસલું.

તુષ્ટમાન :પ્રસન્ન, રાજી (૨) ખુશી.

તૃષ્ણા :ઈચ્છા (૨) લાલસા; કામના; વાસનાવાળી ઈચ્છા; (૩) ઈચ્છા, પર ઉપરની મમતા. (૪) ઈચ્છા જેટલું મળે કે, તરત ચાહનાને વધારી દે, સટોડિયા વગેરે જીતે તેમ તેમ વધારે મેળવવા જાય. સંતોષથી જ ઈચ્છા રોકાય છે. તૃષ્ણા આકાશ જેવી અનંત છે. જેમ આકાશનો અંત નથી, તેમ તૃષ્ણા વધે ત્યારે તેનો અંત નથી. તૃષ્ણા અને લોભ એક જ છે. જ્યારે લોભ જાય ત્યારે નિર્મળ થાય છે.

તૃષ્ણાયતન :તૃષ્ણાનાં ઘર-રહેઠાણ (૨) વિષયાસકિતનાં સ્થાન

તૃષ્ણારૂપી દાહ :તીવ્ર ઈચ્છારૂપી દુઃખ

તૃષ્ણાવ્યક્તિઓ :તૃષ્ણાની પ્રગટતાઓ.

તુષમાષભિન્ન :માષ એટલે અડદ અને તુષ એટલે ફોતરાં- અડદની દાળમાંથી ફોતરાં કાઢી નાખું છું. શિવભૂતિ મુનિ હતા તેમને હું શુદ્ધ ચિદાનંદ છું એવું માનતો હતું પણ વિશેષ લીનતા કરી તે વીતરાગ પામ્યા. મન,વાણી, દેહથી હું ભિન્ન છું, રાગદ્વિષા ફોતરાં છે, તેનાથી રહિત હું જ્ઞાનસ્વભાવી છું. એમાં વિશેષ લીનતા કરવાથી તે કેવળજ્ઞાન પામ્યા; શાસ્ત્રનું જ્ઞાન ન હતું, છતાં કેવળ જ્ઞાન પામ્યા. સમ્યગ્દર્શન પછીની આ વાત છે. શિવભતિ મૂનિ જે શબ્દો બોલ્યા તે સિદ્ધાંતના શબ્દ ન હતા. પરંતુ સ્વ પરના ભાન સહિત ધ્યાન કર્યું તેથી તેઓ કેવળજ્ઞાન પામ્યા.

તૃષા :તરસ; પિપાસા; પ્યાસ; તીવ્ર ઈચ્છા.

તૃષાતુર :તરસ્યો

તૃષાનલ :ફોતરાંનો અગ્નિ. (તુલાનલ ભૂકાના આકારે હોય છે અને અંગારો ગાંગડાના આકારે હોય છે.)

તિક્ષ્ણ બુદ્ધિ :સૂક્ષ્મ બુદ્ધિ, સૂક્ષ્મ ઉપયોગવાળો.

તિમિરપટ :અંધકારનું આવરણ

તિરછો :તિર્યક; સર્વ પ્રદેશે.

તિર્યક્પ્રચય :પ્રદેશોના સમૂહ તે તિર્યક્પ્રચય. આકાશ અવસ્થિત (નિશ્ચલ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય પ્રદેશો વાળો હોવાથી અને પુદ્ગલ દ્રવ્યે અનેક પ્રદેશી પણાની શકિત સહિત, એક પ્રદેશ વાળું તથા પર્યાયે બે અથવા ઘણા - સંખ્યાત, અસંખ્યાત ને અનંત પ્રદેશો વાળું હોવાથી તેમને તિર્યકપ્રચય છે.

પરંતુ કાળ ને તિર્યકપ્રચય નથી. કારણ કે તે શકિતએ તેમજ વ્યકિત એ, એક પ્રદેશોવાળો છે.

તિર્થંકરોના ત્રણ પ્રકાર :તિર્થંકર દેવો ત્રણ પ્રકારના છે. (૧) પંચ કલ્યાણિક, (૨) ત્રણ કલ્યાણિક અને (૩) બે કલ્યાણિક. જેમને પૂર્વભવમાં તીર્થંકરપ્રકૃતિ બંધાયેલી હોય તેઓને તો નિયમથી ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ, એ પાંચ કલ્યાણિક હોય છે. જેઓને વર્તમાન મનુષ્ય પર્યાયના ભવમાં જ ગૃહસ્થા અવસ્થામાં તીર્થંકર પ્રકૃતિ બંધાય, તેમને તપ, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણિક હોય છે. અને જેઓ

તિર્યંચ :પશુગતિ (૨) પશુ, ઢોર, પક્ષી, આડાં અંગવાળાં પ્રાણી

તિર્યંચ ગતિનાં દુઃખોનું વર્ણન :આ જીવનિગોદમાં અનંતકાળ સુધી રહી, ત્યાં એક શ્વાસમાં ૧૮ વાર જન્મધારણ કરીને, જેનું કથન ન થઈ શકે એવું દુઃખ ઉઠાવે છે. ત્યાંથી નીકળીને, બીજા સ્થાવર પર્યાયો પ્રાપ્ત કરે છે. ત્રસ પર્યાય તો, ચિંતામણિરત્ન સમાન ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. ત્યાં પણ વિકલ ત્રયના શરીરો ધારણ કરી, ઘણું દુઃખ પામે છે. કદાચિત અસંજ્ઞી પંચેન્દ્રિય થયો, તો મન વગર દુઃખ પામે છે. સંજ્ઞી થાય, તો પણ ત્યાં કમજોર પ્રાણી, બળવાન પ્રાણી દ્વારા સતાવાય છે. બળવાન પ્રાણી, બીજાને દુઃખ આપી, ઘણાં પાપનો બંધ કરે છે. તથા છેદન, ભેદન, ભૂખ, તરસ, શીત, ગરમી વગેરે, અદશ્ય દુઃખ પામે છે.

તિર્યક :તીરછો; આડો; ક્ષેત્ર અપેક્ષિત.

તિર્યક પ્રચય :પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્યક પ્રચય. (૨) સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે ઊર્ધ્વપ્રચય.

ત્યાં આકાશ અવસ્થિત (-નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી અને પુદ્ગલ દ્રવ્યે અનેક પ્રદેશીપણાની શક્તિ સહિત એકપ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (-સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી તેમને તિર્યક્ પ્રચય છે. પરંતુ કાળને તિર્યક્પ્રચય નથી, કારણકે તે શક્તિએ તેમજ વ્યક્તિએ એક પ્રદેશવાળો છે. (૩) તીરછા-ત્રાંસા સમૂહરૂપ; તીરછા જથ્થારૂપ; અક્રમવર્તી.

તિર્યકપ્રચયરૂપ :તિરછા, એક બાજુ: વાંકુ, ત્રાંસુ

તિર્યંચ :પશુ આદિ (૨) તિર્યંચગતિનામ અને તિર્યંચાયુના ઉદયથી તિર્યંચો હોય છે. તિર્યંચો કેટલાંક પંચેન્દ્રિય હોય છે અને કેટલાંક એકેંન્દ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય પણ હોય છે. તેઓ પૃથ્વી, શંબૂક, જૂ, ડાંસ, જળચર, ઉરગ, પક્ષી, પરિસર્પ, ચતુષ્પાદ (ચોપગાં) ઈત્યાદિ ભેદોને લીધે અનેક પ્રકારનાં છે.

તિર્યંચ આયુના આસ્રવનું કારણ :માયા-છળકપટને તિર્યંચાયુના આસ્રનું કારણ છે.

૧) માયાથી, મિથ્યાધર્મનો ઉપદેશ કરવો.
૨) બહુ આરંભ-પરિગ્રહમાં, કપટમય પરિણામ કરવા.
૩) કપટ-કુટિલ કર્મમાં, તત્પરપણું હોવું.
૪) પૃથ્વીભેદ સમાન, ક્રોધીપણું હોવું.
૫) શીલરહિતપણું હોવું.
૬) શબ્દથી ચેષ્ટાથી, તીવ્ર માયાચાર કરવો.
૭) પરના પરિણામમાં, ભેદ ઉપજાવવો.
૮) અતિ, અનર્થ પ્રગટ કરવો.
૯) ગંધ-રસ-સ્પર્શનું, વિપરીત પણું કરવું.
૧૦) જાતિ-કુળ-શીલમાં, દૂષણ લગાડવું
૧૧) વિસંવાદમાં, પ્રીતિ રાખવી.
૧૨) પરના ઉત્તમ ગુણને, છૂપાવવો.
૧૩) પોતામાં ન હોય તેવા ગુણો, કહેવા.
૧૪) નીલ-કાપોત લેશ્યારૂપ, પરિણામ કરવા.

૧૫) આર્ત્તધ્યાનમાં, મરણ કરવું.

આ વગેરે લક્ષણવાળા પરિણામો તિર્યંચાયુના આસ્રવનાં કારણો છે.

તિર્યંચગતિ :જે જીવો ક્રોધ, માન, લોભમાં થોડા જોડાયા અને કપટ વધારે કર્યું, તે તિર્યંચ પશુ થયા.

તિર્યંચોની આયુષ્ય સ્થિતિ :તિર્યંચોની આયુષ્યની ઉત્કૃષ્ટ તથા જઘાન્ય સ્થિતિ મનુષ્યના જેટલી જ છે.

નિર્યંચોના આયુષ્યના પેટા વિભાગ નીચે પ્રમાણે છે.

જીવની જાત	ઉત્કૃષ્ટ આયુષ્ય
(૧) પૃથ્વીકાય	૨૨૦૦૦ વર્ષ
(૨) વનસ્પતિકાય	૧૦૦૦૦ વર્ષ
(૩) અપ્કાય	૭૦૦૦ વર્ષ
(૪) વાયુકાય	૩૦૦૦ વર્ષ
(૫) અગ્નિકાય	૩ દિવસ
(૬) બે ઇન્દ્રિય	૧૨ વર્ષ
(૭) ત્રણેન્દ્રિય	૪૯ દિવસ
(૮) ચતુરેન્દ્રિય	૬ માસ
૧. કર્મભૂમિના પશુ, અસંજ્ઞી પંચેન્દ્રિય, માછલાં વગેરે	૧ કરોડ પૂર્વ વર્ષ
૨. પરિસર્પ જાતનાં સર્પો	૯ પૂર્વાંગ વર્ષ
૩. સર્પો	૪૨૦૦૦ વર્ષ
૪. પક્ષીઓ	૭૨૦૦૦ વર્ષ
૫. ભોગભૂમિનાં પોપગાં પ્રાણી	૩૫૯૫

ભોગભૂમિયા સિવાયનાં એ સર્વેનું જીઘન્ય આયુષ્ય એક અંતર્મુહૂર્ત છે.

તિર્યંચપણું :માયાનું ફળ તિર્યંચપણું છે.

તિર્યંચ :પૂર્વે તીવ્ર કપટ, વક્રતા વગેરે કરેલ, તેના ફળમાં તિર્યંચને આડાં શરીર માન્યાં છે, આડાં શરીરવાળાં, પશુ પક્ષી.

તિરસ્કાર :ઉપશમ; અનાદર.

તિરોભૂત :આચ્છાદિત, ઢંકાઈ જવું, આવરણ આવી જવું (૨) ઢંકાયેલા

તિરોભાવ :ઢંકાઈ જવું. (૨) આચ્છાદન (૩) ઢંકાઈ રહેવું. (૪) ઢંકાવું; નાશ થવું; નાશ; વ્યય. (૫) ગોપન (૬) આવરણ આવી જવું (૭) અવસ્થાનું અપ્રગટ રહેવું, અવસ્થાનો વ્યય થઈ જવો. (૮) ઢંકાઈ જવું

તિરોહિત :તિરોભૂત; આચ્છાદિન; અદશ્ય; ઢંકાયેલા.

તિલતુષ :ફોતરાં માત્રરૂપ

તીક્ષ્ણ કરવત કે છીણી પડે અને બે કટકા ન થાય એમ બને જ નહિ :તેમ જેણે રાગની રુચિ છોડી અને સ્વભાવની રુચિ કરી તેને સ્વભાવ પ્રાપ્ત ન થાય એમ બને જ નહિ. જો પ્રાપ્તિ ન થાય તો એનો અર્થ એટલો જ છે કે સ્વભાવ તરફના પુરુષાર્થની ખામી છે. હા, પર વસ્તુ હોય તેની પ્રાપ્તિ ન થાય. અર્થાત્ જે સ્વરૂપમાં નથી તેની કેમે ય કરીને પ્રાપ્તિ ન થાય. ગમે તેટલો પુરુષાર્થ કરે તોપણ રાગ પોતાનો ન થઈ જાય. પરંતુ જે સ્વસ્વરૂપ છે તેનું વલણ કરી તેના અનુભવનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય. આત્મામાં વીર્ય નામનો ગુણ છે. તેનું કાર્ય સ્વરૂપની રચના કરવાનું છે. તેથી અંતર્મુખ થઈ આત્મામાં પુરુષાર્થ કરતાં સ્વરૂપની રચના નિર્મળ થાય, થાય અને થાય જ.

તીક્ષ્ણ બુદ્ધિવાળો :ઉપયોગને જે તીણો-સૂક્ષ્મ કરી આત્મામાં મૂકે છે-એકાગ્ર કરે છે તે તીક્ષ્ણ બુદ્ધિવાળો છે.

તીખું :આકરું, પ્રચંડ, ઉગ્રતા. (૨) સૂક્ષ્મ, પાણીવાળું, તેજ, ઉગ્ર, પરથી જુદું, બળવાન

તીખું જ્ઞાન :અત્યંત પ્રંચડ જ્ઞાન.

તીખી તમન્ના :એકાગ્રતા, સ્વરૂપ પામવાની ઉગ્ર તાલાવેલી, સ્વરૂપમાં એકાગ્રતા પ્રગટ કરવાની ઉગ્ર ભાવના, તીવ્ર ચટપટી લાગે.

તીખો ઉપયોગ :જાણવા-દેખવાનો સૂક્ષ્મ ભાવ.

તીચ્છા :પહોળાઈ

તીર્થ :તરવાનો માર્ગ. (૨) માર્ગ. (અર્થાત્ મોક્ષમાર્ગ); ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય); ઉપદેશ; શાસન. (૩) જેનાથી તરાય તે તીર્થ છે; એવો વ્યવહારધર્મ છે. (૪) ધર્મ, તરવાનું સ્થાન, શાસન, સાધુ, સાધ્વી, શ્રાવક,

શ્રાવિકારૂપ સંઘ, સમુદાય, ગંગા જમુનાદિ લૌકિક તીર્થ છે. (૫) વ્યવહારરૂપ ધર્મનું સ્થાન – આત્માના અભેદ પરમાર્થ સ્વરૂપને, સમજાવવા માટે પ્રથમ નિમિત્તરૂપે, તીર્થની (વ્યવહાર ધર્મની) પ્રવૃત્તિ અર્થે, અભૂતાર્થ (વ્યવહાર) નયથી, નવતત્ત્વના ભેદ પાડવામાં આવે છે, કે આ જાણે છે, તે આત્મા છે, જે ન જાણે તે અચેતન-અજીવ છે, કર્મના નિમિત્તાધીન જે શુભાશુભ ભાવ થાય છે, તે પુણ્ય પાપના વિકારી ભાવ છે. તેથી તે આસ્રવ છે. એન તેમાં જોડાવાથી બંધન થાય છે. સ્વભાવને ઓળખીને ઠરવાથી, સંવર નિર્જરારૂપ અવસ્થા થાય છે. અને સ્વભાવમાં પૂર્ણપણે ઠરવાથી, મોક્ષરૂપ પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે. (૬) તરવાનો ઉપાય બતાવે તે તીર્થ, મોક્ષમાર્ગ (૭) વ્યવહારમાર્ગ (૮) ચાર પ્રકારના તીર્થ છે. (•) નિર્ગ્રન્થ સાધુ (•) અર્જિકા (•) શ્રાવક (•) શ્રાવિકા (૯) સાધુ, અર્જિકા, શ્રાવક ને શ્રાવિકા એ તીર્થ છે. એટલે કે તીર્થના રક્ષણ કરનારા છે. (૧૦) મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ અધૂરી પર્યાય, તે તીર્થ છે. (૧૧) વ્યવહાર ધર્મ

તીર્થ અને તીર્થફળ :જેનાથી તરાય એ તીર્થ છે. અંતરમાં મોક્ષમાર્ગની પર્યાય છે તે તીર્થ છે કેમ કે તેનાથી તરાય છે. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાસ્વરૂપ જે રત્નત્રયની પર્યાય એ તીર્થ છે. એનાથી સંસાર તરાય છે. રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય તે વ્યવહાર છે. એ પર્યાય છે ને ? તેથી તેને વ્યવહારધર્મ કહ્યો છે. શુભરાગ એ વ્યવહારધર્મ એ વાત અહીં નથી. ત્રિકાળી દ્રવ્ય જે નિષ્ક્રિય છે તે નિશ્ચય. તેની અપેક્ષાએ મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય તે વ્યવહાર છે. દ્રવ્ય તે વ્યવહાર છે. દ્રવ્ય તે નિશ્ચયનયનો વિષય અને પર્યાય તે વ્યવહારનયનો વિષય છે. કહે છે કે જો વ્યવહારનય ન હોય તો તેના વિષયભૂત તીર્થ અને તીર્થનું ફળ ક્યાં ગયું ? પર્યાય ક્યાં ગઈ ? તેથી મોક્ષનો માર્ગ તે તીર્થ છે, પાર થવું તે તીર્થનું ફળ છે. પૂર્ણ કેવળજ્ઞાન પામવું એ મોક્ષમાર્ગનું ફળ છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે ને ? પર્યાયને ન માનો તો મોક્ષમાર્ગ રહેતો નથી, અને મોક્ષમાર્ગનું ફળ જે કેવળજ્ઞાન અને સિદ્ધપદ તે પણ રહેતાં નથી, કેમકે એ પર્યાય છે. પર્યાય છે તે વ્યવહાર છે. માટે તીર્થ અને તીર્થફળની એવી જ વ્યવસ્થિતિ છે તે યથાર્થ જાણવી. વ્યવહારધર્મ તે તરવાનો ઉપાય છે તેથી કોઈ અહીં એમ કહે કે પુણ્યભાવ જે શુભરાગ છે તે વડે તરાય છે તો તેની વાત જુદી છે. શુભરાગ એ તો બંધનું કારણ છે, એ તો અસદ્‌ભૂત વ્યવહાર છે. અહીં તો સદ્‌ભૂત વ્યવહારની વાત છે. ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લઈને જે નિર્મળ પર્યાય પ્રગટે તે સદ્‌ભૂત વ્યવહાર છે, તે મોક્ષમાર્ગ છે અને તેનું ફળ જે કેવળજ્ઞાન તે સદ્‌ભૂત પૂર્ણદશા થઈ તે છે.

તીર્થંકર :પોતે તરે અને બીજાને તારે તે શ્રી તીર્થંકરાદિ. (૨) ધર્મનો ઉપદેશનાર, જેનાં ચાર દાનઘાતી કર્મ નાશ પામ્યાં છે તથા જેને તીર્થંકર નામ કર્મની પ્રકૃતિનો ઉદય વર્તે છે. તીર્થને સ્થાપનાર (૩) તીર્થંકરને એક સમયે દર્શન અને તે જ સમયે જ્ઞાન એમ બે ઉપયોગ દિગંબરમત પ્રમાણે છે, શ્વેતાંબરમત પ્રમાણે નથી. બારમા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણ પ્રકૃતિનો ક્ષય એકી સાથે થાય છે; અને ઉત્પન્ન થતી લબ્ધિ પણ સાથે થાય છે. જો એક સમયે ન થતું હોય તો એક બીજી પ્રકૃતિએ ખમવું જોઈએ. શ્વેતાંબર કહે છે કે જ્ઞાન સત્તામાં રહેવું જોઈએ, કારણ એક સમયે બે ઉપયોગ ન હોય; પણ દિગંબરની તેથી જુદી માન્યતા છે.

શ્રી તીર્થંકર અગિયારમું ગુણસ્થાનક સ્પર્શે નહીં, તેમજ પહેલું, બીજું તથા ત્રીજું પણ ન સ્પર્શે.

તીર્થંકર ગોત્ર કોને બંધાય? :રાગનો એક અંશ પણ આદરણીય નથી, એમ માન્યતા થયા પછી, જ્ઞાની હજુ વીતરાગ થવો, તેથી તેનો પ્રશસ્તરાગ આવી જાય છે. અધૂરાશને કારણે, ઊંચી જાતનો પ્રશસ્ત રાગ આવી જતાં, તીર્થંકર ગોત્રનો બંધ થાય છે. આવા જ્ઞાનીને તીર્થંકર ગોત્ર બંધાય છે. જેનો ઊંચો પ્રશસ્ત ભાવ પણ જડ છે.

તીર્થંકર નામ કર્મ :અર્હંતપદના કારણભૂત કર્મને, તીર્થ કરનામ કર્મ કહે છે.

તીર્થંકર ભગવાન :તીર્થંકર ભગવાનને જન્મથી જ મળ-મૂત્ર હોતાં નથી, અને તમામ કેવળી ભગવાનોને, કેવળ જ્ઞાન થયા પછી આહાર-નિહાર હોતા નથી.

તીર્થંકરનું શરીર :જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. દેવોને ઈન્દ્રોના શરીર કરતાં પણ તીર્થંકરદેવના શરીરમાં રૂપ અને કાંતિ ઉત્કૃષ્ટ સુંદર કાયમ હોય છે. બીજા માણસને જુવાન અવસ્થામાં અમુક રૂપ હોય, તે પછી વૃદ્ધાવસ્થામાં બદલાઈ જાય, પણ જિનેન્દ્ર દેવના શરીરની સુદરતા છેવટ સુધી એવી ને એવી જયવંત રહે છે. જિનેન્દ્રનાઁ સર્વ અવયવો હંમેશાં અવિકાર એટલે, સદાને માટે નિર્વિકાર હોય છે. ભગવાનના સર્વ અંગો-અવયવો સુસ્થિત હોય છે. અંગોમાં કયાંય દૂષણ ન હોય, ને જે ઠેકાણે જેમ જોઈએ તેમ સુંદર અંગો ગોઠવાયેલા હોય. ભગવાનને જન્મથી જ અપૂર્વ લાવણ્યતા હોય છે કે જે લાવણ્યતા જોઈને ઈન્દ્રો પણ વિસ્મય પામે છે. અપૂર્ણ લાવણ્યતા સ્વાભાવિક હોય છે, કૃત્રિમ ન હોય, ભગવાનની લાવણ્યતા ચતુરાઈ ને એવી અપૂર્વ હોય છે કે જે દેખીને ઈન્દ્રો પણ થંભી જાય છે. જિનેન્દ્રદેવ બાળક હોય, ત્યારથી તેમની બોલણી એવી મીઠી ને મધુરી હોય છે કે બધાને પ્રિય થઈ પડે છે. જીર્થંકરદેવનું શરીર વગર દાગીને સુશોભિત રહે છે. શરીરને રૂપવાન દેખાડવા માટે કાંઈ પટાપટી કે કૃત્રિમતા કરવી પડતી નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવનું શરીર નાની વયમાંથી જ સમુદ્રની જેમ સહજ ગંભીર હોય, તીર્થંકરદેવનું શરીર સમુદ્રની જેમ અક્ષોભ હોય છે, કંઈ નવીન જાણવાનું આવે તો કુતૂહલતા, વિસ્મયતા, હાસ્ય, આશ્ચર્યતા ઈક્ષેરે તેમના શરીરમાં દેખાય નહિં. ત્રિલોકનાથ તીર્થંકરદેવનું શરીર નાનું છતાં અતિ ગંભીર હોય છે, જાણે કે બધો અનુભવ કરી, કૃજ્હત્ય કેમ થઈ ગયા હોય ! જેમ દરિયો માઝા ન મૂકે તેમ ભગવાનનું શરીર બાળક દશામાં પણ ગંભીર હોય છે- અક્ષોભ હોય છે. ઈરીરમાં કોઈ જાતની વિસ્મયતા નહિ, કુતૂહલ નહિ, આશ્ચર્ય નહિ, ચંચળતા નહિ, કૃત્રિમતા નહિ, તેવું ગંભીર હોય છે. બીજાને તો કાંઈક નવીન જાણવાનું કે જોવાનું હોય ત્યાં તો કુતૂહલતા થઈ જાય ને કોઈનો તાર કે કાગળ આવે ત્યાં તો ક્ષોભ પામી જાય, આકુળ-વ્યાકુળ થઈ જાય, પણ ભગવાનનું શરીર તો ઠેઠ સુધી, તેવું ને તેવું અક્ષોભ રહે.

આ બધા શરીરના પુણ્યના વર્ણનથી એમ સમજવાનું નથી, કે તે પુણ્ય આદરણીય છે પણ ઉત્કૃષ્ટ શુભભાવથી તેવું પુણ્ય બંધાય છે, તેમ અહીં કહેવું છે. આ શરીરનું રૂપ તે આત્માનું રૂપ નથી પણ તે પુદ્ગલની અવસ્થા છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ પૂર્વ ભવમાં જ્યારે પવિત્ર દશામાં આગળ વધતા હોય, ત્યારે અલૌચહક શુભભાવ ઓવતાં, આવાં અલૌચહક પુણ્ય બંધાય છે

તીર્થંકરો :આ ભરતક્ષેત્રમાં વર્તમાન ધર્મતીર્થના ૨૪ તીર્થંકર નાયક થયા. (૧) શ્રી વૃષભ, (૨) અજિત, (૩) સંભવ, (૪) અભિનંદન, (૫) સુમતિ, (૬) પદ્મપ્રભ, (૭) સુપાર્શ્વ, (૮) ચંદ્રપ્રભ, (૯) પુષ્પદંત, (૧૦) શીતલ, (૧૧) શ્રેયાંસ, (૧૨) વાસુપૂજ્ય, (૧૩) વિમલ, (૧૪) અનંત, (૧૫) ધર્મ, (૧૬) શાંતિ, (૧૭) કુંથુ, (૧૮) અર, (૧૯) મલ્લિ, (૨૦) મુનિસુવ્રત, (૨૧) નમિ, (૨૨) નેમિ, (૨૩) પાર્શ્વ અને (૨૪) વર્ધમાન. એ નામના ધારક ચોવીસ તીર્થંકર ભરતક્ષેત્રમાં વર્તમાન ધર્મતીર્થના નાયક થયા.

ગર્ભ-જન્મ-તપ-જ્ઞાન અને નિર્વાણ કલ્યાણકો વિષે ઈન્દ્રાદિક દેવો દ્વારા વિશેષ પૂજ્ય થઈ હાલ સિદ્ધ લય વિરાજમાન છે.

વળી (૧) શ્રી સીમંધર, (૨) યુગમંધર, (૩) બાહુ, (૪) સુબાહુ, (૫) સંજાતક, (૬) સ્વયંપ્રભ, (૭) વૃષભાનન, (૮) અનંતવીર્ય, (૯) સૂરપ્રભ, (૧૦) વિશાલકીર્તિ, (૧૧) વજધર, (૧૨) ચંદ્રાનન, (૧૩) ચંદ્રબાહુ, (૧૪) ભુજંગમ, (૧૫) ઈશ્વર, (૧૬) નેમપ્રભ, (૧૭) વીરસેન, (૧૮) મહાભદ્ર, (૧૯) દેવયશ અને (૨૦) અજિતવીર્ય એ નામના ધારક પાંચ મેરુસંબંધી વિદેહક્ષેત્રમાં વીસ તીર્થંકર હાલ કેવળજ્ઞાન સહિત વિરાજમાન છે.

તીર્થપ્રવર્તના=તીર્થ=માર્ગ (અર્થાત્ મોક્ષમાર્ગ), પ્રવર્તના :ઉપાય (અર્થાત્ મોક્ષનો ઉપાય) ઉપદેશ; શાસન.

તીર્થફળ :પોતાના સ્વરૂપને પામવું તે તીર્થફળ છે; પાર થવું તે વ્યવહારધર્મનું ફળ છે. આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો; કારણકે વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહારમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચય વિના તત્ત્વ

(વસ્તુ) નો નાશ થઈ જશે. (૨) અને પૂર્ણ નિર્મળ અવસ્થાની પ્રાપ્તિ, તે તીર્થફળ છે.

તીરમાર્ગ :કાંઠાનો માર્ગ, ભવ અંતનો ઉપાય, મોક્ષમાર્ગ

તીવ્ર કષાય :(૧) પોતાની પ્રશંસા કરવી, (૨) પૂજ્ય પુરૂષોમાં દોષ જોવાનો સ્વભાવ, (૩) લાંબા સમયસુધી વેર બાંધી રાખવું આ સર્વે તીવ્ર કહ્રોયના ચિન્હો છે.

તીવ્ર જ્ઞાન દશા :જે દશામાં જ્ઞાન અતિશય આત્મનિષ્ઠા હોય

તીવ્ર મુમુક્ષતા :તીવ્ર મુમુક્ષતા એ છે કે અનન્ય પ્રેમે, મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું. (૨) ક્ષણેક્ષણે સંસારથી છૂટવાની ભાવના

તીવ્રજ્ઞાન દશા :સર્વવિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજપર્યાયને સહજપણે આત્મા ભજે, તેને શ્રી જિને તીવ્રજ્ઞાન દશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈપણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે. કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન, કહીયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. આત્મસિદ્ધિ ગાથા ૧૧૩

તીવ્રભાવ :અત્યંત વધેલા ક્રોધાધિ દ્વારા જે તીવ્રરૂપ ભાવ થાય છે, તે તીવ્રભાવ છે.

તેર પ્રકારનું ચારિત્ર :પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, અને ત્રણ ગુપ્તિ.

તેરમું ગુણસ્થાન :તેરમા ગુણ સ્થાને જીવ સયોગી કેવળી, જિન, વીતરાગ, સર્વજ્ઞ ભગવાન થાય છે. ત્યાં અનંત ચતુષ્ટય પૂર્ણપણે પ્રગટ થાય છે. તેરમા ગુણસ્થાને, આત્માની પૂર્ણ, શુદ્ધ, પવિત્ર, કેવળજ્ઞાન દશા પ્રગટ થાય છે. ભવના બીજનો નાશ થાય છે. ચાર ઘાતીકર્મ (જ્ઞાનાવરણ, દર્શનવરણ મોહનીય અને અંતરાય)નો ક્ષય થાય છે. અનંત ચતુષ્ટય (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંતસુખ અને અનંત વીર્ય)ની હીનતામાં, ચાર ઘાતીકર્મ નિમિત્ત છે. પોતે ઉંધો પરિણમે તો તે નિમિત્ત કહેવાય છે. જે કર્મો ઘનઘાતી છે અને આત્મા જ્ઞાનઘન છે. ત્યાં અઘાતી ચાર કર્મ (વેદનીય, આયુ, નામ અને ગોત્ર), બળેલી દોરડી જેવાં બાકી રહ્યાં છે, પણ તે સ્વરૂપને વિઘ્નરૂપ નથી.

આ તેરમી ભૂમિકામાં આત્માની પૂર્ણ શાંતિ સમાધિ (બેહદ સુખદશા), પરમાવગાઢ સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્ર પ્રગટે છે. જેરમે ગુણસ્થાને સાક્ષાત્ સર્વજ્ઞ પ્રભુ પૂર્ણ વિતરાગ હોવા છતાં યોગનું કંપન હોવાથી, એક સમય માત્રનો કર્મનો આસ્રવ થાય છે, અને તે જ સમયે ખરી જાય છે. જેરમી ભૂમિકા પ્રાપ્ત થતાં, આ જડ દેહના રજકણો અતિ ઉજ્જ્વલ સ્ફટિક જેવા સ્વચ્છ થઈ જાય છે, અને જમીનથી પાંચ હજાર ધનુષ ઉંચે સહજપણે (ઈચ્છા વગર) દેહનું વિચરવું થાય છે.

તીર્થંકર નામ કર્મની ઉત્કૃષ્ટ પુણ્યકૃતિનો યોગ હોય, તો ઈન્દ્રો વડે સમયસરણ (ધર્મસભા)ની અલૌકિક, આશ્ચર્યકારક રચના થાય છે. ત્યાં ગંધકુટી, રત્નજડિત સિંહાસન, અશોકવૃક્ષ, માનસ્તંભ આદિ ઘણા પ્રકારની અતિ સુંદર રચના થાય છે. ઈન્દ્રો ભગવાનની ભકિત કરે છે. લાયક જીવોને અતિ ઉપકારી નિમિત્તે એવો દિવ્યવાણીનો ધ્વનિ (ઓંકાર) છૂટે છે. આવા સાક્ષાત્ પ્રભુ વર્તમાનમાં પંચમહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.

તેરમું વ્રત-સલ્લેખના :મરણ સમયે આત્મસમાધિ અને શાંતભાવસહિત પ્રાણ છૂટે એવી ભાવના કરવી તે સલ્લેખના કે સમાધિમરણવ્રત છે. જ્ઞાની શ્રાવક પોતાના ધર્માત્મા મિત્રોનું વચન લઈ લે છે કે પરસ્પર સમાધિ મરણ કરાવવું. આ તેર વ્રતોને દોષરહિત પાળવા માટે તેના પાંચ પાંચ અતિચાર પ્રસિદ્ધ છે. તેને દૂર કરવા એ શ્રાવકનું કર્તવ્ય છે.

તેમાં જ એક પરાયણપણું :નમસ્કાર કરવા યોગ્ય પદાર્થમાં; ભાવમાં; ભાવ્યમાં (માત્ર ભાવ્યમાં જ પરાયણ-એકાગ્ર-લીન થવું તે ભાવ નમસ્કારનું લક્ષણ છે.)

તોષ :ખુશી (૨) સંતોષ (૩) સંતોષ, રાગ કરવો. (૪) ખુશ થવું, ખુશી થવું

તોલ :નિશ્ચય-માપ.

તંતહારક :ભવ પરંપરાનો અંત કરનાર

ત્રણ ઈન્દ્રિય જીવ :સ્પર્શ-રસ-ગંધ જેને હોય, તે જીવ-કીડી વગેરે

ત્રણ ગુપ્તિ :શરીરને સારી રીતે શાસ્ત્રોક વિધિથી વશ કરવું, તથા વચનનું સારી રીતે અવરોધન કરવું અને મનનો સમ્યક્‌પણે નિરોધ કરવો- આ રીતે ત્રણ ગુપ્તિઓને જાણવી જોઈએ.
ગુપ્તિ નામ ગોપવાનું અથવા છુપાવવાનું છે,જેમ કે મનની ક્રિયા રોકવી એટલે કે મનની ચંચળતા રોકી, એકાગ્રતા કરી લેવી, તે મનગુપ્તિ છે તથા વચનને ન બોલવાં, વચનને વશમાં રાખવાં તે વચનગુપ્તિ છે અને શરીરની ક્રિયા રોકવી અર્થાત્ સ્થિર થઈ જવું, તે કાયગુપ્તિ છે. આ ત્રણ ગુપ્તિઓમાંથી મનોગુપ્તિનું પાલન જ ઘણું કઠિન છે. જે મુનિને મનગુપ્તિ હોય છે, તેમને અવધિજ્ઞાન અવશ્ય નિયમથી હોય છે. જ્યારે ત્રણે ગુપ્તિ થઈ જાય છે ત્યારે આત્મધ્યાન હોય છે.

ત્રણ ગુણવ્રત :જે પાંચ અણુવ્રતોનું મૂલ્ય ગુણન કરે, વધારે તેને ગુણવ્રત કહે છે. જેમ ૪ ને ૪ ગુણા કરવાથી ૧૬ થાય અને ૧૬ ને ૧૬ ગુણવાથી ૨૫૬ થાય છે.

(૧) દિગ્વિરતિ=જન્મપર્યંત સુધી જે લૌકિક પ્રયોજન માટે દશદિશાઓમાં જવાનો કે વ્યાપારાદિ કરવાનો નિયમ કરવો અને તેથી અધિકમાં જવાની અને વેપાર કરવાની લાલસાનો ત્યાગ કરવો દિગ્વિરતિ છે. એથી ફળ એ થાય છે કે શ્રાવક નિયમ કરેલા ક્ષેત્રની અંદર જ આરંભ કરી શકે તેની બહાર આરંભી હિંસા પણ ન કરે.

(૨) દેશવિરતિ=જન્મપર્યંત માટે જે પ્રમાણ કર્યું હોય તેથી થોડી હદમાં ઘટાડીને એક દિવસ, બે દિવસ કે એક અઠવાડિયા માટે જવાનો વ્યવહાર કરવાનો નિયમ કરવો તે દેશવિરતિ છે. તેથી એટલો અધિક લાભ થાય છે કે નિયમિત કાળ સુધી નિયમિત ક્ષેત્રમાં જ તે આરંભ કરી શકે છે, તેથી બહાર આરંભી હિંસાથી બચે છે.

(૩) અનર્થ દંડ વિરમણ=નિયમિત ક્ષેત્રમાં પણ પ્રયોજનભૂત કાર્ય સિવાય વ્યર્થ આરંભ કરવાનો ત્યાગ તે અનર્થ દંડ વિરતિ છે. તેના પાંચ ભેદ છે :- (૧) પાપોપદેશ - બીજાને પાપ કરવાનો ઉપદેશ આપવો,(૨) હિંસાદાન - હિંસાકારી વસ્તુઓ બીજા માગે તેને આપવી, (૩) પ્રમાદચર્યા - પ્રમાદ કે આળસથી નકામો વસ્તુઓનો નાશ કરવો, જેમકે નકામાં ઝાડનાં પાંદડાં તોડવાં, (૪) દુઃશ્રુતિ - રાગદ્વેષ વધારનારી વિષય ભોગોમાં ફસાવનારી ખોટી કથાઓ વાંચવી કે સાંભળવી. (૫) અપધ્યાન - બીજાનું અહિત કરવાના વિચાર કરીને હિંસક પરિણામ રાખવાં, નિરર્થક પાપોના ત્યાગથી અને સાર્થક કામ કરવાથી અણુવ્રતોનું મૂલ્ય વિશેષ વધી જાય છે.

ત્રણ ચોકડી :પાંચ વિષય, પાંચ પ્રમાદ અને ચાર કષાય (ક્રોધ,માન, માયા અને લોભ) એમ મળીને, ત્રણ ચોકડી કહેવાય છે.

ત્રણ તત્ત્વ :સત્‌દેવ, સત્‌ધર્મ અને સત્ ગુરુ

ત્રણ પ્રકારના વિષમ પ્રવાહો :

(૧) શુષ્કક્રિયા પધાનપણું
(૨) બાહ્ય ક્રિયા અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવી.
(૩) સ્વમતિ કલ્પનાએ અધ્યાત્મ ગ્રંથો વાંચી, કથન માત્ર, અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે.

ત્રણે પ્રકારના સમયને :દ્રવ્ય-ગુણ-પર્યાયમય નિજ આત્માને.

ત્રણ ભુવન :અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોક, નરલોક, મનુષ્યલોક અને દેવલોક આ ત્રણ ભુવન છે.

ત્રણ મૂઢતા :કુગુરૂ-સેવા, કુદેવ-સેવા અને કુધર્મ-સેવા, એ ત્રણ સમ્યક્‌ત્વના મૂઢતા નામના દોષ છે.

ત્રણ મનોરથ :(૧) આરંભ પરિગ્રહને ત્યાગવા, (૨) પંચ મહાવ્રતને ધારણ કરવાં, (૩) મરણકાળે આલોચના કરી સમાધિમરણની પ્રાપ્તિ

ત્રણ રત્ન :સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર

ત્રણ લોક :ઊર્ધ્વ-અધો-મધ્ય ત્રણ લોકના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળા ભાવો-કે જેઓ ત્રણ લોકના વિશેષ સ્વરૂપ છે તેઓ-ભવતા થકા (પરિણમતા થકા) તેમનાં મૂળ પદાર્થોનું ગુણપર્યાયયુક્ત અસ્તિત્વ સિદ્ધ કરે છે. (ત્રણ લોકના ભાવો સદાય કથંચિત્ સદશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે તે એમ સિદ્ધ કરે છે કે ત્રણ લોકના મૂળ પદાર્થો કથંચિત્ સદશ રહે છે અને કથંચિત્ પલટાયા કરે છે અર્થાત્ તે મૂળ પદાર્થોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું અથવા

ગુણપર્યાયવાળું અસ્તિત્વ છે.) (૨) ઊર્ધ્વ, મધ્ય, અધોલોક. (૩) ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ એ ત્રણ લોક.

ત્રણ શલ્ય :માયા, નિયાણું અને મિથ્યાત્વ.

ત્રણ સમકિત :(૧) ઉપશમ સમકિત, (૨) ક્ષાયોપશમિક સમકિત અને (૩) ક્ષાયિક સમકિત, અથવા (૧) આપ્તપુરૂષના વચનથી પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્ત પુરૂષની ભકિતરૂપ, એ પ્રથમ સમકિત કહ્યું છે. (૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ, તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે. (૩) નિર્વિકલ્પે પરમાર્થ અનુભવ, તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.

ત્રણભુવન :ઉર્ધ્વ, મધ્ય અને અધોલોક

ત્રસ :બે ઈન્દ્રિય, તે ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય તથા પંચેન્દ્રિય જીવોને ત્રસ કહે છે. (૨) પોતે ભય્તદિનું કારણ દેખી નાસી જતાં, હાલતાં-ચાલતાં એ આદિ શકિતવાળાં, બે ઈન્દ્રિયવાળાં પ્રાણીથી માંડીને, પાંચ ઈન્દ્રિયવાળાં પ્રાણી સુધીના ત્રસ કહેવાય. પાંચ ઉપરાંત કોઈપણ પ્રાણીને ઈન્દ્રિય હોતી નથી. (૩) દ્વિન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો.

ત્રસ જીવ :જે બે ઈન્દ્રિયાદિ જીવ છે તેને ત્રસ કહે છે. તેના ચાર ભેદ છે. સ્પર્શના અને રસના ઈન્દ્રિય સહિત ઈયળ, કોડી, શંખ, ગીંગોડા વગેરે દ્વીન્દ્રિય જીવ છે, સ્પર્શ, જીભ અને નાસિકા સંયુકત કીડી, મકોડા, કાન ખજૂરા વગેરે ત્રીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક અને આંખ સહિત ભમરા, પતંગિયા વગેરે ચતુરિન્દ્રિય છે. સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન સહિતના જીવ પંચેન્દ્રિય જીવ છે. તેના બે ભેદ છે. જેને મન હોય તે સંજ્ઞી, જેને મન ન હોય તે અસંજ્ઞી. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા તિર્યંગ્ય ગતિના ભેદ છે. સંજ્ઞી પંચેન્દિયના ચાર પ્રકાર છે. દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચ. એમાં દેવ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસીના ભેદથી ચાર પ્રકારે છે. મનુષ્ય આર્ય અને મ્લેચ્છના ભેદથી બે પ્રકારે છે. નારકીના જીવ સાત ભૂમિની અપેક્ષાએ સાત પ્રકારના છે. તિર્યંચોમાં મચ્છાદિક જલચર, વૃષભાદિક, સ્થળચર અને હંસાદિક નભચર,- એ ત્રણ પ્રકાર છે. આ ભેદ ત્રસના જાણી તેની રક્ષા કરવી. (૨) બે ઈન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિયાદિરૂપ શરીરને ધારણ કરનાર ત્રસજીવ કહેવાય છે. (૩) બે ઈન્દ્રિય આદિથી પંચેન્સ્રિય સુધીના જીવને ત્રસ કહેવાય છે.

ત્રસ જીવના ભેદ :બે ઈન્દ્રિયથી શરૂ કરીને અર્થાત્ બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય જીવો, ત્રસ કહેવાય છે.

(૧) એકેન્દ્રિય જીવ સ્થાવર છે અને તેને એક સ્પર્શન-ઈન્દ્રિય જ હોય છે. તેને સ્પર્શન-ઈન્દ્રિય, કાયબળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ, એ ચાર પ્રાણો હોય છે.

(૨) બે ઈન્દ્રિય જીવને સ્પર્શન અને રસના એ બે ઈન્દ્રિયો જ હોય છે, તેનો રસના અને વચનબળ એ બે પ્રાણો વધતાં, કુલ છ પ્રાણો હોય છે.

(૩) ત્રણ ઈન્સ્રિયો જીવને સ્પર્શન, રસના અને ઘ્રાણ (નાક), એ ત્રણ ઈન્સ્રિયો જ હોય છે. જેને ઘ્રાણ-ઈન્સ્રિય વધતાં, કુલ સાત પ્રાણો હોય છે.

(૪) ચાર ઈન્સ્રિય જીવને સ્પર્શન, રસના, ઘ્રાણ અને ચક્ષુ, એ ચાર ઈન્સ્રિયો હોય છે. જેને ચક્ષુ ઈન્સ્રિય વધતાં, કુલ આઠ પ્રાણો હોય છે.

(૫) પંચેન્સ્રિય જીવને સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર (કાન), એ પાંચ ઈન્સ્રિયો હોય છે, તેને કર્ણ ઈન્સ્રિય વધતાં, કુલ નવ પ્રાણો અસંજ્ઞીને હોય છે. આ પાંચ ઈન્સ્રિયોમાં ઉપર જે ક્રમે કહ્યો, તેનાથી આડી અવળી ઈન્સ્રિયો કોઈ જીવને હોતી નથી, જેમ કે સ્પર્શન અને ચક્ષુ એ બે ઈન્સ્રિયો, કોઈ જીવને હોઈ શકે નહિ, પણ જો બે હોય, તો તે સ્પર્શ અને રસના જ હોય. સંજ્ઞી જીવને મનબળ હોય છે, તેથી તેને કુલ દસ પ્રાણો હોય છે.

ત્રસ જીવો :બે ઈન્દ્રિયથી અયોગી કેવળી ગુણ સ્થાન સુધીના જીવો ત્રસ જીવો છે. મુક્ત (સિદ્ધ) જીવો ત્રસ કે સ્થાવર નથી. કેમકે ત્રસ અને સ્થાવર એ ભેદો સંસારી જીવોના છે. (૨) બે ઈન્દ્રિયથી અયોગ કેવળી ગુણસ્થાન સુધીના જીવો, ત્રસ છે મુકત (સિદ્ધ) જીવો, ત્રસ કે સ્થાવર નથી. કેમ કે ત્રસ અને સ્થાવર, એ ભેદો સંસારી જીવોના છે.

બે ઈન્દ્રિયથી શરૂ કરીને, અર્થાત્ બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય જીવો ત્રસ કહેવાય છે.

ત્રસ નામ કર્મ :જે કર્મના ઉદયથી જીવ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પન્ચેન્દ્રિયોમાં જન્મે-ઉપજે, તેને ત્રસ નામ કર્મ કહે છે. (૨) જે કર્મના ઉદયથી, દ્વીન્દ્રિયાદિ જીવોમાં, જન્મ હોય.

ત્રસકાયજીવ :બે ઈન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવો. ત્રસ અવસ્થાની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરથી કાંઈક અધિક છે. આ ઈયળ, કીડી, ભમરો, પશુ, નારકી, મનુષ્ય, દેવ વગેરેમાં રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગર જેટલી છે. એ સ્થિતિ પૂરી થયે નિયમથી મિથ્યાદષ્ટિજીવ નિગોદમાં-એકેન્દ્રિયમાં જાય છે. કદાચિત પંચેન્દ્રિયમાં રહે તો એક હજાર સાગર રહે અને સમગ્રપણે ત્રસમાં રહેવાનો વધુમાં વધુ બે હજાર સાગર જેટલો કાળ છે. આ કાળમાં જો સમ્યગ્દર્શન આદિ પ્રગટ કરે તો અનંત સુખમય સિદ્ધપદ પામે અને જો ન કરે તો મહાદુઃખમય નિગોદ અવસ્થાને પ્રાપ્ત થાય. ત્યાં અનંતકાળ દુઃખ ભોગવે.

ત્રસનાડી :લોકાકાશની મધ્યમાં ચૌદ રાજુ લાંબી, અને એક રાજુ પહોળી જે સળંગ જગ્યા છે, તેને ત્રસનાડી કહેવાય છે. જેમ અન્ય મિથ્યાદષ્ટિ, નિર્ધાર વિના (નિર્ણય વગર) પર્યાય બુદ્ધિથી (દહે દષ્ટિથી) જાણ પણામાં, તથા વર્ણાદિમાં અહંબુદ્ધિ ધારે છે, તેમ જે જીવ આત્માશ્રિત, જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત થતી ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયામાં પોતાપણું માને છે, તેને જીવ-અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી. એવો જીવ કોઈ વખત શાસ્ત્રાનુસાર સાચી વાત પણ બોલે, પરંતુ ત્યાં તેને અંતરંગ નિર્ધારરૂપ શ્રદ્ધા નથી, તેથી જેમ કેફી મનુષ્ય માતાને માતા કહે, તો પણ તે શાણો નથી તેમ, આ જીવ પણ સમ્યગ્દષ્ટિ નથી. (•) વળી તે જીવ, કોઈ બીજાની જ વાત કરતો હોય, તેમ આત્માનું કથન કરે છે, પરંતુ એ આત્મા હું જ છું, એવો ભાવ તેને ભાસતો નથી. વળી જેમ કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય, તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે. પરુંત હું એ શરીરાદિથી ભિન્ન છું, એવો ભાવ તેને ભાસતો નથી, તેથી તેને જીવ-અજીવની યથાર્થ શ્રદ્ધા નથી. (•) પર્યાયમાં (વર્તમાન દશામાં) જીવ-પુદ્ગલના પરસ્પર નિમિત્તથી, અનેક ક્રિયા થાય છે, તે સર્વને બે દ્રવ્યોનાં મેળાપથી બનેલી માને છે. પણ આ જીવની ક્રિયા છે, અને આ પુદ્ગલની ક્રિયા છે. એમ ભિન્ન ભિન્ન ભાવ, તેને ભાસતો નથી. આવો ભિન્ન ભાવ ભાસ્યા વિના, તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ. કારણકે જીવ-અજીવને જાણવાનું પ્રયોજન, તો એ જ હતું તે આને થયું નહિ. (•) જ્યાં સુધી આવી યથાર્થ શ્રદ્ધા ન થાય ત્યાં સુધી, જીવ સમ્યગ્દષ્ટિ થતો નથી એમ મોક્ષશાસ્ત્રના પહેલા અધ્યાયના બત્રીસમા સૂત્રમાં કહ્યું છે. તેમાં સત શબ્દથી જીવ પોતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ શું છે, તે સમજવા કહયું છે અને અસત્ શબ્દથી એ બતાવ્યું છે કે, જીવમાં થતો વિકાર જીવમાંથી ટાળી શકાય છે, માટે તે પર છે. પર વસ્તુઓ અને આત્મા ભિન્ન હોવાથી કોઈ પરનું કાંઈ કરી શકે નહિ, આત્માની અપેક્ષાએ પરવસ્તુઓ અસત્ છે નાસ્તિપણે છે. આમ યથાર્થ સમજે ત્યારે જ સત્-અસત્ ના વિશેષનું યથાર્થજ્ઞાન જીવને થાય છે. જ્યાં સુધી એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવને, આસ્રવ ટળે નહિ, જયાં સુધી જીવ પોતાનો અને આસ્રવનો ભેદ જાણે નહિ, ત્યાં સુધી તેને વિકાર ટળે નહિ. તેથી એ ભેદ સમજાવવા આસ્રવનું સ્વરૂપ, મોક્ષશાસ્ત્રના છઠ્ઠા અને સાતમા અપ્રયાયોમાં કહ્યું છે.

ત્રસપર્યાય :જીવ વધુમાં વધુ માત્ર બે હજાર સાગરોપમ કાળ જ ત્રસપર્યાયમાં રહી શકે છે; પછી ચોક્કસ એકેન્દ્રિય અને નિગોદમાં અનંતકાળ રહેવું પડે છે.

ત્રયાત્મક :ત્રણ સ્વરૂપ; ત્રણના સમૂહ સ્વરૂપ. (દ્રવ્યનો સ્વભાવ દ્રવ્ય, ગુણને પર્યાય એવા ત્રણ ભેદોવાળો તથા ધ્રૌવ્ય, ઉત્પાદ અને વ્યય એવા ત્રણ ભેદોવાળો છે.) (૨) સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રાત્મક માર્ગ.

ત્રાણ :રક્ષણ

ત્રાતા :રક્ષક

ત્રિક :ત્રણનો સમુદાય. (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણનો સમુદાય ખરેખર દ્રવ્ય જ છે.)

ત્રિકાલાબાધિત :ત્રણે કાળ અબાધિત, ભૂત, વર્તમાન અને ભવિષ્ય, એમ ત્રણે કાળ ટકવાવાળું.

ત્રિકાળ પરિપાટી :ત્રણે કાળની પદ્ધતિ; ત્રણે કાળનો ક્રમ-શ્રેણી.

ત્રિકાળઅવસ્થાયી :ત્રણે કાળે ટકનારા.

ત્રિકાળિક :ત્રિકાળિક આત્મા

ત્રિકાળી ધ્રુવરૂપ :સકળ નિરાવરણ

ત્રિકાળીનું જ્ઞાન :સમ્યક્ એકાંત

ત્રિકોટિ સત્તા :ત્રણ પ્રકારની સત્તા; ત્રિકાળિક હયાતી; ત્રણે કાળે હયાત એવો જીવ. (૨) ત્રણ પ્રકારની સત્તા, ત્રિકાળિક હયાતી.

ત્રુટવું :ત્રુટ્યું શબ્દનો અર્થ, બે ભાગ થવા એમ કેટલાક કરે છે, પણ તેમ નથી. જેવી રીતે દેવું ત્રુટયું શબ્દનો દેવાનો નિકાલ થયો, દેવું દઈ દીધું ના અર્થમાં વપરાય છે, તેવી રીતે આયુષ્ય ત્રુટયું શબ્દનો આશય જાણવો.

ત્રેસઠ શલાકા પુરૂષ :૨૪ તીર્થંક ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બલભદ્ર એમ ૬૩ ઉત્તમ પુરૂષો છે.

ત્રૈકાલિક :ત્રણે કાળના (૨) ત્રણે કાળ, ભૂત-વર્તમાન,ભવિષ્ય

ત્રૈકાલિક ત્રિભુવનસ્થ :ત્રણે કાળના અને ત્રણે લોકના

ત્રૈકાલિક ત્રિભુવનસ્થ પદાર્થો :આ વિશ્વમાં એક આકાશદ્રવ્ય છે, એક ધર્મદ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, અસંખ્ય કાળદ્રવ્યો છે, અનંત જીવદ્રવ્યો છે અને તેનાથી પણ અનંતગણા પુદ્ગલદ્રવ્યો છે; વળી તેમને જ પ્રત્યેકને અતીત, અનાગત અને વર્તમાન એવા ત્રણ ભેદોથી ભેદવાળા નિરવધિ વૃત્તિપ્રવાહની અંદર પડતા (-સમાઈ જતા) અનંત પર્યાયો છે.

ત્રિદંડ :મનદંડ, વચનદંડ, કાયદંડ

ત્રિધા :ત્રણ પ્રકારે. (૨) ત્રિકાળસ્પર્શી

ત્રિપદ :ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય અથવા જ્ઞાન દર્શન, ચારિત્ર

ત્રિપદી :હેય, ક્ષેય અને ઉપાદેય : ત્યાગ કરવા યોગ્ય, જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય એમ ત્રણ ભેદ (૨) ઉત્પાદ, વ્યય, ધ્રુવ, એ ત્રિપદી પદાર્થનું સ્વરૂપ સમજવા માટે છે.

ત્રિભુવન :ત્રણે લોક

ત્રિભુવનસ્થ :ત્રણે લોકના (૨) ત્રણે લોક, અધો-મધ્ય-ઉચ્ચ.

ત્રિયોગ :મન, વચન અને કાયાને, ત્રિયોગ કહે છે. (૨) મન-વચન અને કાય યોગ.

ત્રિરાશિ :મુકત જીવ, ત્રસ તથા સ્થાવર જીવ, જીવ, અજીવ, તથા બેના સંયોગરૂપ અવસ્થા

ત્રિલક્ષણ :ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણવાળું, ત્રિસ્વરૂપ; ત્રયાત્મક. (૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક.

ત્રિલક્ષણપણું :પર્યાયપ્રધાન વ્યવહારનયથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિક મોક્ષમાર્ગનું લક્ષણ છે.

ત્રિલિંગ :ત્રણ લિંગ, સ્ત્રીલિંગ, પુલ્લિંગ-પુરુષલિંગ, અને નપુસક લિંગ.

ત્રિલોકના એક :અનન્ય; સર્વોત્કૃષ્ટ

ત્રિલોકના એક ગુરુ :અનન્ય સર્વોત્કૃષ્ટ અરિહંત દેવ.

ત્રિવર્ગ :ધર્મ, અર્થ, કામ એ ત્રિવર્ગ છે. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી અને કામ એટલે વિષયવાસના-આ ત્રિવર્ગ છે. મોક્ષગતિ આ વર્ગમાં નથી. મોક્ષને અપવર્ગ કહેવાય છે.

ત્રિવલી :દૂંટી આસપાસ આડી જણાતી ત્રણ લીટી; ક્રોધને કારણે કપાળમાં દેખાતી ત્રણ લીટી.

ત્રિવિધ કાળકોટિ :ત્રણે કાળ-ભૂત વર્તમાન અને ભવિષ્યને સ્પર્શનું ત્રિકાળ સ્પર્શી.

ત્રિવિધ તાપ :આધિ, વ્યાધિ, ઉપાધિ, માનસિક સંતાપ, શારીરિક રોગ અને સાંસારિક જંજાળ (૨) જન્મ-મરણ, જન્મવું, મોટા થવું, એ મરી જવું (૩) આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ

ત્રિશલાતનય :ત્રિશલા માતાના પુત્ર મહાવીર પ્રભુ.

ત્રિસમય અવસ્થાયી :ત્રણે કાળ રહેનારું.

ત્રિસ્વભાવ સ્પર્શી :ત્રણે સ્વભાવને સ્પર્શનારું (દ્રવ્ય ઉત્પાદ્-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વભાવને ધારે છે.)

ત્રીજો ફકરો :મોહ-રાગ-દ્વેષનો વ્યય થતા નાશ કરવાથી અંદર પરમ પવિત્ર નિત્ય પ્રકાશમાન ઝળહળતી જ્ઞાનજ્યોતિ બિરાજે છે તે પ્રગટ થાય છે. અર્થાત્ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્માની પરમ પવિત્ર પૂર્ણદશાની ઉત્પતિ

થાય છે. મોહ-રાગ-દ્વેષનો વ્યય થતાં અંદર પૂર્ણ જ્ઞાનની-કેવળ જ્ઞાનની દશા પ્રાપ્ત થાય છે. અંદર ધ્રુવ-ધ્રુવ-ધ્રુવ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ પોતે છે તેના આશ્રયમાં રહેતાં મોહ-રાગ-દ્વેષનો નાશ થઈ આ જ્ઞાન પ્રગટ થાય છે. એમ આ વાત છે.

ત્રીધા :ત્રણ પ્રકારે

ત્રીન્દ્રિયજીવો :જૂ, કુંભી, માકડ, કીડી અને વીંછી વગેરે જંતુઓ રસ, સ્પર્શ અને ગંધને જાણે છે; તે ત્રીન્દ્રિય જીવો છે.

સ્પર્શનેન્દ્રિય, રસનેંદ્રિય અને ઘ્રાણેન્દ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઈન્દ્રિયોના આવરણનો ઉદય તેમજ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ અને ગંધને જાણનારા આ (જી વગેરે) જીવો મનરહિત ત્રીન્દ્રિય જીવો છે. (૨) સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય અને ઘ્રાણેદ્રિંયના આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઈન્દ્રિયોના આવરણનો ઉદય તેમજ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ અને ગંધને જાણનારા જૂ, કુંભી, માકડ, કીડી, વીંછી આદિ અનેક પ્રકારના બીજા પણ કીડાઓ મનરહિત ત્રીંદ્રિય જીવો છે.

ત્રેલોકયપ્રકાશક :સર્વ આવરણ દૂર થયાં હોવાથી, ભગવાનને ત્રણે લોકનું અને ત્રણે કાળનું જ્ઞાન છે. તેથી ત્રૈલોકયપ્રકાશક છે.

ત્રેવડ :શકિત (૨) ગુંજાશ, શકિત, પહોંચ, કરકસર, તજ વીજ, ગોઠવણ, વ્યવસ્થા

ત્રેવડી :ત્રણ અંશવાળી.

થઠા :હોવાથી

થંભાવ :થોભવું; અટકી પડવું; રોકાઈ જવું; આધારને લીધે ટકી રહેવું.

થયો થકો :રહી રહ્યો

થરથરાટ :ધ્રૂજારી

થલ :ભૂમિ

થવું :ઉપજવું

થાપણ મૃષા :વિશ્વાસથી રાખવા આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા માગતાં, તે સંબંધી ઈન્કાર જવું તે.

થોડી થોડી વિશુદ્ધિ :જેવી રીતે ધોબી પાષાણશિલા, પાણી એ સાબુ વડે મલિન વસ્ત્રની શુદ્ધિ કરતો જાય છે તેવી રીતે પ્રાક્પદવીસ્થિતિ જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે. એમ વ્યવહારનયે કહેવામાં આવે છે. પરમાર્થ એમ છે કે ભેદરત્નત્રયવાળા જ્ઞાની જીવને શુદ્ધ ભાવોની સાથે જે શુદ્ધાત્મ સ્વરૂપનું આંશિક આલંબન વર્તતુ હોય છે તે જ ઉગ્ર થતું થતું વિશેષ શુદ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. સાથે રહેલા શુભભાવોને શુદ્ધિની વૃદ્ધિનું સાધન કહેવું તે તો માત્ર ઉપચારકથન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિત સાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે કે જે જીવને શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન (શુદ્ધાત્મસ્વરૂપનું પયોચિત આલંબન) પ્રગટ કર્યું હોય.

થોથું :નકામું લાગતું મોટું પુસ્તક; બુઠ્ઠું બાણ; સડેલી વસ્તુ.

થોથેથોથાં :નકામું.

થોથાં :નકામાં લાગતાં પુસ્તકો.

થોય :સ્તુતિ

દગ્ધ :બળી; હલકી; શાપિત. (દગ્ધ એ તિરસ્કારવાચક શબ્દ છે.) (૨) સળગી ગયેલું; માનસિક સંતાપ પામેલું. (૩) બળી રહેલાં (૪) બળી, હલકી, શાપિત ઈન્દ્રિયોના વિષયોમાં-પદાર્થોમાં, આ સારા ને આ નરસા એવું દ્વૈત નથી, છતાં ત્યાં પણ મોહાચ્છાદિત જીવ સારા-નરસારૂપ દ્વૈત, ઊભું કરે છે.

દત્ત :દીધેલું લેવું તે. (૨) દાન, બક્ષિસ

દપધ :બળવા યોગ્ય પદાર્થ.

દુભાય :દુઃખી થાય

દમ :ઈન્દ્રિયોને દબાવવી તે

દમન :ઈન્દ્રિયોને વિષયોમાં જતી રોકવી. સમ્યદર્શન વિના દમન થાય, પણ જીતાય નહીં.

દમવું :ત્રાસ આપવો, દુઃખી કરવું, દુઃખ આપવું.

દરકાર :ધગશ, પરવા, કાળજી, તમા. (૨) કાળજી, લાગણી અગત્ય, પરવા, ગરજ, તમા, ખપ, ઉપયોગિતા.

દશ અપવાદ :આ દશા અપવાદોને આશ્ચર્ય પણ કહેવામાં આવે છે. (૧) તીર્થંકર પર ઉપસર્ગ (૨) તીર્થંકરનું ગર્ભહરણ (૩) સ્ત્રી તીર્થંકર (૪) અભાવિત પરિષદ (૫) કૃષ્ણનું અપરકંકા નગરીમાં જવું, (૬) ચંદ્ર તથા સૂર્યનું વિમાન સહિત ભગવાન મહાવીરની પરિષદમાં આવવું, (૭) હરિવર્ષના મનુષ્યથી હરિવંશની ઉત્પત્તિ (૮) ચમરોત્પાત, (૯) ૧ સમયમાં ૧૦૮ સિદ્ધ (૧૦) અસંયતિ પૂજા આદશ અપવાદ છે. (ઠાણાંગ)

દશધર્મો :ક્ષમા, માર્દવ, આર્જવ(સરળપણું), શૌચ, સત્ય, આકિંચન, બ્રહ્મચર્ય, ત્યાગ, તપ અને સંયમ એ રીતે દશ પ્રકારનો ધર્મ સેવન કરવા યોગ્ય છે.

(૧) ક્ષમા = ક્રોધનો ત્યાગ કરી ક્ષમા ધારણ કરવી, તે ઉત્તમ ક્ષમા પહેલો ધર્મ છે.

(૨) માર્દવ = માન કષાયનો ત્યાગ કરીને કોમળતા ધારણ કરવી, તે ઉત્તમ માર્દવ નામનો બીજો ધર્મ છે.

(૩) આર્જવ = સરળપણું : માયાચાર (કપટ)નો ત્યાગ કરીને સરળતા ધારણ કરવી, તે આર્જવ નામનો ત્રીજો ધર્મ છે.

(૪) શૌચ = લોભનો ત્યાગ કરી, સંતોષ ધારણ કરવો, તે શૌચ નામનો ચોથો ધર્મ છે. શૌચ નામ શુદ્ધિનું છે. આ શુદ્ધિ બે પ્રકારની છે. (૧) બાહ્ય શુદ્ધિ (૨) અંતર શુદ્ધિ, સ્નાન વગેરેથી શરીરને પવિત્ર રાખવું, એ બાહ્ય શુદ્ધિ છે અને લોભકષાયનો ત્યાગ કરવો એને અંતર શુદ્ધિ છે. આ બન્ને પ્રકારની શુદ્ધિ કરવી, એને જ શૌચધર્મ કહે છે. અહીં આ એક વાત વિચારવા જેવી છે, કે આ બન્ને પ્રકારની શુદ્ધિ ગૃહસ્થ-શ્રાવકની અપેક્ષાએ જ છે. મુનિની અપેક્ષાએ નથી, કારણ કે મુનિ મહારાજને તો અંતરંગ શુદ્ધિની મુખ્યતા છે.

(૫) સત્ય = બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, નિન્દનીય કપટી વચનો ન બોલવાં, તેને સત્ય કહે છે. અને એ જ પાંચમો ઉત્તમ સત્યધર્મ છે.

(૬) સંયમ = પાંચ ઈન્દ્રિયોના વિષયોને તથા મનના વિષયને રોકવા અને છ કાયના જીવોની હિંસા ન કરવી, એને જ સંયમ કહે છે. વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિઓનું પાલન કરવાથી, કષાયોનો નિગ્રહ કરવાથી અને મન-વચન,કાયાને વશ રાખવાથી, આ સંયમનું પાલન થાય છે. એ જ છઠ્ઠો સંયમ ધર્મ છે.

(૭) તપ = જેવી રીતે સોનાનો મેલ દૂર કરવા માટે અગ્નિનો તાપ દેવામાં આવે છે, તેવી જ રીતે આત્મા સાથે લાગેલાં કર્મો દૂર કરવાને માટે (સંયમ-વીતરાગ કથિત) તપ કરવામાં આવે છે. આ તપ બાર પ્રકારના છે. એ સાતમો તપધર્મ છે.

(૮) ત્યાગ = લોકમાં આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન આપવું, તેને ત્યાગધર્મ કહે છે, પરંતુ એ ત્યાગ પણ સાચો ત્યાગ નથી. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો, તેજ સાચો ત્યાગ છે. માટે પ્રત્યક્ષપણે મુનિમહારાજ કાંઈ દાન કરતા નથી, તો પણ વાસ્તવમાં કષાયોનો ત્યાગ કરનાર તેઓ જ સાચા દાની છે અને જે વખતે જે જીવને લોભકષાયનો ત્યાગ થઈ ગયો, તેને બાહ્ય પદાર્થોનો ત્યાગ થઈ જ ગયો, કેમ કે લોભ કષાય છોડયા વિના, બાહ્ય વસ્તુનો ત્યાગ થતો નથી. તેથી એમ સિદ્ધ થયું કે (તત્ત્વજ્ઞાનના બળ વડે) લોભાદિ કષાયોનો ત્યાગ કરવો, એ જ સાચો ત્યાગ છે, તે જ દાન છે.

(૯) આકિંચન = મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો આકિંચન્ય ધર્મ છે. ચાંદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ, એ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી દેવો, તે જ ઉત્તમ આકિંચન્ય ધર્મ છે.

(૧૦) બ્રહ્મચર્ય = સંસારના સર્વ પદાર્થો પ્રત્યેથી મનની વૃત્તિ ખસેડીને, કેવળ એક આત્મામાં જ રમણ કરી શકે, તે બ્રહ્મચર્ય છે.

એ દશા તે વખતે થઈ શકે છે, કે જ્યારે આત્મા પાંચે ઈન્દ્રિયોના વિષયોને રોકવા માટે સમર્થ હોય, તથા ખાસ કરીને સ્પર્શેન્દ્રિયના વિષય, અર્થાત્ કાયવાસનાને જીતવા માટે સમર્થ થઈ જાય, અને તે કાયવાસનાનો ત્યાગ ત્યારે જ થાય છે, કે જ્યારે સ્ત્રીમાત્રનો ત્યાગી

થાય અર્થાત્ સંસારની સ્ત્રી માત્રને મન-વચન-કાયાથી ત્યાગે. પણ એવો ત્યાગ તો કેવળ એક મુનિ મહારાજ જ કરી શકે છે. શ્રાવક તો એક દેશ ત્યાગ કરી શકે છે, અર્થાત્ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખીને, પોતાની સ્ત્રી સિવાય બાકીની સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા, બહેન કે પુત્રી સમાન જ જાણે છે - એ જ એકદેશ બ્રહ્મચર્યનું પાલન છે.

આ રીતે આ દશ ધર્મોનું વર્ણન કર્યું. તે ધર્મોનું પાલન કરવું તે પ્રત્યેક પ્રાણીનું, મુખ્ય કર્તવ્ય છે, કારણ કે આ જ દશા, ધર્મ મોક્ષ માર્ગનું સાધન કરવા માટે મુખ્ય કારણ છે.

દશબોલ વિચ્છેદ :શ્રી જમ્બુસ્વામીના નિર્વાણ પછી, નીચે પ્રમાણે દસ વસ્તુઓ વિચ્છેદ થઈ (૧) મનઃપર્યયજ્ઞાન, (૨) પરમાવધિજ્ઞાન, (૩) પુલાકલબ્ધિ, (૪) આહારક શરીર, (૫) ક્ષપક શ્રેણી, (૬) ઉપહમ શ્રેણી, (૭) જિનકલ્પ, (૮) ત્રણસંયમ-પરિહારવિશુદ્ધ સંયમ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત ચારિત્ર, (૯) કેવલજ્ઞાન, (૧૦) મોક્ષગમન (પ્રવચન સારો દ્વારા)

દશમદ્વાર :બ્રહ્મરંધ્ર; તાળવું.

દશલક્ષણધર્મ :ઉત્તમ ક્ષમા-માર્દવ-આર્જવ-શૌચ-સત્ય-સંયમ-તપ-ત્યાગ-આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ ધર્મો છે.

(૧) ક્ષમા=નિંદા, ગાળ,હાસ્ય,અનાદર, માર, શરીરનો ઘાત વગેરે થતાં અથવા તો તે પ્રસંગ નજીક આવતાં દેખીને ભાવોમાં મલિનતા ન થવી તે ક્ષમા છે.

(૨) માર્દવ=ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ રૂપ, ઉત્તમ જ્ઞાન, ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, ઉત્કૃષ્ટ શક્તિ, ઉત્તમ તપ અને ઉત્તમ લાભ વગેરે આઠ પ્રકારના મદના આવેશથી થતા અભિમાનનો અભાવ તે માર્દવ છે, અથવા પરદ્રવ્યનું હું કરી શકું એવી માન્યતારૂપ અહંકારભાવને જડમૂળથી ઉખેડી નાખવો તે માર્દવ છે.

(૩) આર્જવ= માયા-કપટથી રહિતપણું, સરળતા, સીધાપણું તે આર્જવ છે.

(૪) શૌચ=લોભથી ઉત્કૃષ્ટપણે ઉપરામ પામવું-નિવૃત્ત થવું તે શૌચ અર્થાત્ પવિત્રતા છે.

(૫) સત્ય=સત્ જીવોમાં-પ્રશંસનીય જીવોમાં સાધુવચન (સરળ વચન) બોલવાનો ભાવ તે સત્ય છે.

(૬) સંયમ=સમિતિમાં પ્રવર્તનારા મુનિને પ્રાણીઓને પીડા કરવાનો ત્યાગ છે તે સંયમ છે.

(૭) તપ=ભાવકર્મના નાશ માટે પોતાની શુદ્ધતાનું પ્રતપન તે તપ છે.

(૮) ત્યાગ=સંયમી જીવોને યોગ્ય જ્ઞાનાદિક દેવાં તે ત્યાગ છે.

(૯) આકિંચન્ય=વિદ્યમાન શરીરમાં પણ સંસ્કારના ત્યાગ માટે આ મારું છે એવા અનુરાગની નિવૃત્તિ તે આકિંચન્ય છે. આત્મસ્વરૂપથી ભિન્ન એવા શરીરાદિકમાં કે રાગાદિકમાં મમત્વરૂપ પરિણામોનો અભાવ તે આકિંચન્ય છે.

(૧૦) બ્રહ્મચર્ય=સ્ત્રી માત્રનો ત્યાગ કરી પોતાના આત્મસ્વરૂપમાં લીન રહેવું તે બ્રહ્મચર્ય છે, પૂર્વે ભોગવેલા સ્ત્રીઓના ભોગનું સ્મરણ તથા તેની કથા સાંભળવાના ત્યાગથી તથા સ્ત્રીઓ પાસે બેસવાનું છોડવાથી અને સ્વચ્છંદ પ્રવર્તન રોકવા માટે ગુરુકુળમાં રહેવાથી બ્રહ્મચર્ય પરિપૂર્ણ પળાય છે.

આ દશે બોલવામાં ઉત્તમ શબ્દ લગાડતાં ઉત્તમ ક્ષમા વગેરે દશ ધર્મ થાય છે. ઉત્તમ કહેતાં સમ્યગ્દર્શન સહિત એમ સમજવું. સમ્યગ્દર્શન વગર ઉત્તમક્ષમા વગેરે ધર્મો હોતાં નથી. એટલે ઉત્તમ ક્ષમાદિ આ દશ ધર્મો શુભરાગરૂપ ન સમજવા પણ કષાયરહિત શુદ્ધ ભાવરૂપ સમજવા.

દશા :સ્થિતિ, હાલત, અવસ્થા, સ્વરૂપ, સ્વભાવ (૨) પર્યાય, હાલત, અવસ્થા તે સર્વના એક જ અર્થ છે.

દશા ફર્યા વિના :વિભાવ થયા વિના.

દશિ :દર્શન. (૨) દર્શનક્રિયા; સામાન્ય અવલોકન. (૩) દર્શન; દેખવાની ક્રિયા;

દર્શક :દેખનારો, શ્રદ્ધનારો. (૨) આત્મા દર્શનશકિતથી પરિપૂર્ણ ભરેલો પદાર્થ છે.

દર્શન :માન્યતા. (૨) આત્માની યથાતથ્ય પ્રતીતિ તે દર્શન. (૩) જગતના કોઈપણ પદાર્થનું ભેદરૂપ રસગંધરહિત નિરાકાર પ્રતિબિંબિત થવું, તેનું અસ્તિત્વ જણાવું; નિર્વિકલ્પપણે કાંઈ છે એમ આરસીના ઝબકારાની પેઠે સામા પદાર્થનો ભાસ થવો એ દર્શન. વિકલ્પ થાય ત્યાં જ્ઞાન થાય.

દર્શનાવરણીય કર્મના આવરણને લઈને દર્શન અવગાઢપણે અવરાયું હોવાથી, ચેતનમાં મૂઢતા થઈ ગઈ, અને ત્યાંથી શૂન્યવાદ શરૂ થયો.

દર્શન રોકાય ત્યાં જ્ઞાન પણ રોકાય.

દર્શન અને જ્ઞાનની વહેંચણ કરવામાં આવી છે. જ્ઞાન દર્શનના કાંઈ કટકા થઈ જુદા પડી શકે એમ નથી. એ આત્માના ગુણો છે. રૂપિયાના બે અર્ધા તે જ રીતે આઠ આના દર્શન અને આઠ આના જ્ઞાન છે.

તીર્થંકરને એક સમયે દર્શન અને તે જ સમયે જ્ઞાન એમ બે ઉપયોગ દિગંબરમત પ્રમાણે છે. શ્વેતામ્બરમત પ્રમાણે નથી. બારમા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણ પ્રકૃતિનો ક્ષય એક સાથે થાય છે, અને ઉત્પન્ન થતી લબ્ધિ પણ સાથે થાય છે. જો એક સમયે ન થતું હોય તો એકબીજી પ્રકૃતિએ ખમવું જોઈએ. શ્વેતાંબર કહે છે કે જ્ઞાન સત્તામાં રહેવું જોઈએ, કારણ એક સમયે બે ઉપયોગ ન હોય; પણ દિગંબરની તેથી જુદી માન્યતા છે. (૪) જગતના કોઈપણ પદાર્થનું ભેદરૂપ રસગંધરહિત નિરાકાર પ્રતિબિંબિત થવું, તેનું અસ્તિત્વ જણાવું, નિર્વિકલ્પપણે કાંઈ છે એમ આરસીના ઝબકારાની પેઠે સામા પદાર્થનો ભાસ થવો. એ દર્શન વિકલ્પ થાય ત્યાં જ્ઞાન થાય. દર્શનાવરણીય કર્મના આવરણને લઈને દર્શન અવગાઢપણે અવહરાયું હોવાથી, ચેતનમાં મૂઢતા થઈ ગઈ, અને ત્યાંથી શૂન્યવાદ શરૂ થયો. દર્શન રોકાય ત્યાં જ્ઞાન પણ રોકાય. (૫) આત્માની યથાતથ્ય પ્રતીતિ તે. (૬) ત્રિકાળી શુદ્ધ સ્વભાવનું અવલોકન; એમાં શ્રદ્ધા અને દેખવું બન્ને ભાવ આવ્યા. (૭) સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દશસ્ન છે. પ્રતીતિ-સ્વભાવ તે દર્શન (૮) શ્રદ્ધા; આસ જ છે-અન્યથા નથી એવો પ્રતીતિ ભાવ. (૯) શ્રદ્ધાન. (૧૦) દર્શન શબ્દના અનેક અર્થ થાય છેઃ-(•) સમ્યગ્દર્શન શબ્દમાં દર્શનનો અર્થ શ્રદ્ધા છે. (•) ઉપયોગના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થવસ્તુનું સામાન્ય ગ્રહણ માત્ર છે. અને (•) ઈન્દ્રિયના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ નેત્ર વડે દેખવા માત્ર છે. (૧૧) શુદ્ધ આત્માનું અવલોકન, શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણવું, શ્રદ્ધા અને દેખવું, એ બન્ને ભાવ આવ્યા. (૧૨) ભાવોનું સામાન્ય સ્વરૂપ જે ઉપયોગ ગ્રહણ કરી શકે, તે દર્શન એમ આગમમાં કહ્યું છે. દર્શન શબ્દ શ્રદ્ધાના અર્થમાં પણ વપરાય છે. છદ્મસ્થને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે. કેવળીભગવાનને, બન્ને સાથે થાય છે. (૧૩)ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન, એમ દર્શન ઉપયોગના ચાર ભેદ છે. આંખોથી જોવું-દેખવું, તે ચક્ષુ દર્શન છે અને મનથી દેખવું, તે અચક્ષુ દર્શન છે. આ ચારે દર્શનોમાંથી માનસ, અચક્ષુદર્શન આત્મગ્રાહક છે. અને તે આત્મ દર્શન, મિથ્યાત્વ આદિ સાતપ્રકૃતિઓનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થવાથી થાય છે. આ સમ્યગ્દષ્ટિનું દર્શન, તત્ત્વાર્થ શ્રદ્ધાન પૂર્વક હોવાથી મોક્ષનું કારણ છે. મિથ્યાદષ્ટિઓને આત્મદર્શન થતું નથી. તેમને મોહનીય કર્મને લીધે, આત્મશ્રદ્ધા થતી નથી. તેઓ ઈન્દ્રિયો વડે સ્થૂલ પદાર્થોને જાણે-દેખે, છે તે સમ્યગ્દર્શન નથી. તેથી બાહ્ય દર્શન, મોક્ષનું કારણ નથી. (૧૪) દર્શનના ચાર પ્રકાર છે. ચાર દર્શનોમાં કેવલ દર્શન, શુદ્ધ સંપૂર્ણ તથા અખંડ છે અને ચક્ષુ આદિ ત્રણ દર્શન અસમ્પૂર્ણ તથા અશુદ્ધ છે. (૧૫) દર્શનનું કાર્ય સામાન્ય પ્રતિભાસ છે. (૧૬) શાસ્ત્રમાં એક જ શબ્દનો કોઈ ઠેકાણે તો કોઈ અર્થ થાય છે, તથા કોઈ ઠેકાણે કોઈ અર્થ થાય છે, (૧૭) શુદ્ધ સ્વભાવનું અવલોકન (૧૮) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને, શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિ સ્થાન, જે નિજ શુદ્ધ જીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમ શ્રદ્ધાન, તે જ દર્શન છે. (૧૯) દેખવું, સામાન્યપણે અવલોકવું, સામાન્ય પ્રતિભાસ થવો. (૨૦) દષ્ટિ, (દર્શન અથવા દષ્ટિના બે અર્થ છે.) (•) સામાન્ય પ્રતિભાસ (•) શ્રદ્ધા. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. ઈન્ને અર્થ ગર્ભિત હોય ત્યાં, બન્ને સમજવા. (૨૧) કોઈપણ પદાર્થ જાણવા પહેલાં, સામાન્ય વલણરૂપ નિર્વિકલ્પ અંતર વ્યાપાર, તે દર્શન (દ્રષ્ટાગુણ) છે. જે પછી વિશેષ જાણવાનું કાર્ય, તે જ્ઞાન- વ્યાપાર છે. (૨૨) શુદ્ધ સ્વભાવનું અવલોકન (૨૩) આત્મા ની યથાતથ્ય પ્રતીતિ તે. (૨૪) દર્શન છ પ્રકારનાં છે. (•) બૌદ્ધ (•) નૈયાયિક, (•) સાંખ્ય, (•) જૈન, (•) મિમાંસા અને (•) ચાર્વાક. તેમાં પહેલાં પાંચ આસ્તિકદર્શનો છે, એટલે કે તે બંધ-મોક્ષાદિ ભાવને સ્વીકારનારાં દર્શનો છે. સાંખ્ય જેવો જ યોગનો અભિપ્રાય છે, સહેજ ભેદ છે. મિમાંસા દર્શનના બે ભેદ છે. પૂર્વ મિમાંસા અને ઉત્તર મિમાંસા. પૂર્વ મિમાંસાનું 'જેમિની' એન ઉત્તર મિમાંસાનું 'વેદાંત', એમ નામ પણ

પ્રસિદ્ધ છે. બૌદ્ધ અને જૈન સિવાયનાં ત્રણ દર્શનો વેદને મુખ્ય રાખી પ્રવર્તે છે, માટે વેદાશ્રિત દર્શન છે. બૌદ્ધ અને જૈન વેદાશ્રિત નથી, સ્વતંત્ર દર્શન છે. આત્માદિ પદાર્થને નહીં સ્વકીરવાનું, એવું ચાર્વાક નામે છઠ્ઠું દર્શન છે. જૈનદર્શનમાં સહજ પ્રકારઃતરથી બે ભેદ છેઃ દિગંબર અને શ્વેતાબંર. આ છ દર્શનોની વિચારરેણીમાં મુખ્ય ભેદ શું છે ? = બૌદ્ધ, સાંખ્ય, જૈન અનુ પૂર્વ મિમાંસાને અભિપ્રાયે, સૃષ્ટિકર્તા એવો કોઈ ઈશ્વર નથી. નૈયાયિકોને અભિપ્રાયે, તટસ્થપણે ઈશ્વર કર્તા છે. વેદાંતને અભિપ્રાયે, આત્માને વિષે જગત વિવર્તરૂપ એટલે, કલ્પિત પણે ભાસે છે. અને તે રીતે ઈશ્વર કલ્પિતપણે, સ્વીકાર્યો છે. યોગને અભિપ્રાયે નિર્યતાપણે ઈશ્વર પુરુષ વિશેષ છે. વેદાંતવાળા બ્રહ્મમાં સમાઈ જવારૂપ, મુકિત માને છે, તેથી ત્યાં પોતાને પોતાનો અનુભવ રહેતો નથી. પૂર્વ મિમાંસક, દેવલોક માને છે, ફરી જન્મ, અવતાર થાય, એવો મોક્ષ માને છે. બૌદ્ધને અભિપ્રાયે સર્વ વ્યાપક, એવા અસંખ્યા જીવ છે. ઈશ્વર પણ સર્વ વ્યાપક છે, આત્માદિને, મનના સાંનિધ્યથી જ્ઞાન ઊપજે છે. સાંખ્યને અભિપ્રાયે, સર્વવ્યાપક એવા અસંખ્ય આત્મા છે, તે નિત્ય, અપરિણામી અને ચિન્માત્ર સ્વરૂપ છે. જૈનને અભિપ્રાયે, અનંત દ્રવ્યઆત્મા છે, પ્રત્યેક જુદા છે, જ્ઞાનદર્શનાદિ ચેતના સ્વરૂપ, નિત્ય અને પરિણામી, પ્રત્યેક આત્મા અસંખ્યાત પ્રદેશી, સ્વશરીરાવગાહર્તી માન્યો છે. પૂર્વ મિમાંસાને અભિપ્રાયે, જીવ અસંખ્યા છે, ચેતન છે. ઉત્તર મિમાંસાને અભિપ્રાયે, એક જ આત્મા સર્વવ્યાપક અને સચ્ચિદાનંદમય, ત્રિકાળાબાધ્ય છે. સાંખ્ય, પતંજલિ, વેદાંત કહે છે કે, બુદ્ધિ જડ છે. જિન કહે છે કે, બુદ્ધિ ચેતન છે. બૌદ્ધ ક્ષણિકવાદી, પર્યાયરૂપે 'સત્' છે. વેદાંત સનાતન દ્રવ્યરૂપે 'સત્' છે. ચાર્વાક નિરશ્વરવાદી, જ્યાં સુધી આત્માની પ્રતીતી થઈ નથી ત્યાં સુધી, તેને ઓળખવા રૂપે 'સત્' છે. સર્વ દર્શનની શિક્ષા કરતાં, જિનની કહેલી બંધ-મોક્ષ સ્વરૂપની શિક્ષા જેટલી અવિકળ પ્રતિભાસે છે, તેટલી બીજાં દર્શનની પ્રતિભાસતી નથી. અને જે અવિકળ શિક્ષા, તે જ પ્રમાણસિદ્ધ છે. (૨૯) (•) મોક્ષમાર્ગ સંબંધી કથન કરતાં સમ્યગ્દર્શન શબ્દ કહ્યો છે. ત્યાં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધા છે. (•) ઉપયોગના વર્ણનમાં દર્શના શબ્દનો અર્થ, વસ્તુનું સામાન્ય ગ્રહણ માત્ર છે. અને (•) ઈન્દ્રિયના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ નેત્ર વડે દેખવાનો થાય છે. (૨૫) આત્માના ઉપયોગનું પદાર્થ તરફ ઝૂકવું તે દર્શન. (૨૬) નિરાકાર-નિર્વિકલ્પ છે. (૨૭) કોઈપણ પદાર્થ જાણવા પહેલાં, સામાન્ય વલણરૂપ નિર્વિકલ્પ અંતરવ્યાપાર, તે દર્શન (દૃષ્ટીગુણ) છે. (૨૮) નિજ શુદ્ધાત્મ સ્વરૂપ, એ જ ઊપાદેય છે. એવી જે રુચિ, તે સમ્યક્ દર્શન છે, તે પણ આત્મા છે. (૨૯) સામાન્યપણે વસ્તુને જાણે, તે દર્શન (૩૦) હું પરિપૂર્ણ છું, એવી શ્રદ્ધા (૩૧) શ્રદ્ધા, દેવગુરુ ધર્મની શ્રદ્ધા-ગુરુ પર શ્રદ્ધા હોવાથી, તેમની આજ્ઞા માન્ય થાય. આત્માની શ્રદ્ધા દઢ કરી લેવી. છ પદ વિચારી દઢ શ્રદ્ધા કરવી. નવતત્ત્વ સમજવાં. જેટલા પ્રમાણમાં શ્રદ્ધા દઢ તેટલા પ્રમાણમાં વીર્ય સ્ફુરે છે. ''રુચિ અનુયાયી વીર્ય ચરણ ધારા સધે''. રુચિ હોય તેટલું સ્ફુરે અને તેટલા પ્રમાણમાં ચારિત્ર અથવા આત્મામાં સ્થિરતા કરી શકે. (૩૨) સમ્ગ્દર્શન, જીવાજીવાદિ પદાર્થોનું સ્વરૂપ જેમ ભગવાને કહ્યું છે, તેમ શ્રદ્ધા અને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરે, તેથી કર્મ આવતાં રોકાય.

દર્શન=દર્શન કયારે ઉત્પન્ન થાય છે ? :છદ્મસ્થ જીવોને જ્ઞાન પહેલાં, અને કેવળજ્ઞાનીઓને જ્ઞાનની સાથે સાથે જ, દર્શન (ઉપયોગ) થાય છે.

દર્શન અને જ્ઞાન :જ્ઞાન-દર્શનના કાંઈ કટકા થઈ જુદા પડી શકે એમ નથી. એ આત્માના ગુણો છે.

દર્શન ઉપયોગ :દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથનઃ-

(૧) ચક્ષુદર્શન,
(૨) અચક્ષુદર્શન,
(૩) અવધિદર્શન અને
(૪) કેવળદર્શન-એ પ્રમાણે દર્શનોપયોગના ભેદોનાં નામનું કથન છે.

હવે તેમના સ્વરૂપનું કથન કરવામાં આવે છેઃ- આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ દર્શન સામાન્ય સ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો,

(૧) ચક્ષુદર્શન – તે પ્રકારના (અર્થાત્ ચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુઈન્દ્રિયના અવલંબનથી મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે.

સામાન્યતઃ અવબોધવું=દેખવું. (સામાન્ય અવબોધ અર્થાત્ સામાન્ય પ્રતિભાસ તે દર્શન છે.)

(૨) અચક્ષુદર્શન – તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનના અવલંબનથધી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અચક્ષુદર્શન છે.

(૩) અવધિદર્શન – તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અવધિદર્શન છે.

(૪) કેવળદર્શન – સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ) મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે સામાન્યતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળદર્શન છે.

આ પ્રમાણે દર્શન ઉપયોગના ભેદોના સ્વરૂપનું કથન છે. સકળપણે=સંપૂર્ણપણે.

દર્શનચેતના :જેમાં પદાર્થોના ભેદરહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) હોય તેને દર્શનચેતના કહે છે; જેમકે જ્ઞાનનો ઉપયોગ ઘડા તરફ હતો ત્યાંથી છૂટી બીજા પદાર્થો સંબંધી જ્ઞાનોપયોગ શરૂ થાય તે પહેલાં જે ચૈતન્યનો સામાન્ય પ્રતિભાસરૂપ વ્યાપાર થાય તે દર્શનોપયોગ છે.

દર્શન મોહનીય :પરમાર્થને વિશે અપરમાર્થ બુદ્ધિ અને અપરમાથને વિષે પરમાર્થ બુદ્ધિ રૂપ. દર્શનમોહનીય છે. તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે.

દર્શનાચાર :અહો નિઃશક્તિત્વ, નિઃકાંક્ષિતત્વ, નિર્વિચિકિત્સત્વ, નિર્મૂઢ દષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના-સ્વરૂપ દર્શનાચાર ! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્મો ઉપલબ્ધ કરું.

દર્શન ઉપયોગ :કોઈપણ પદાર્થને જાણવાની યોગ્યતા (લબ્ધિ) થતાં તે પદાર્થ તરફ સન્મુખતા, પ્રવૃત્તિ અથવા બીજા પદાર્થો તરફથી હઠીને વિવક્ષિત પદાર્થ તરફ ઉત્સુકતા પ્રગટ થાય છે તે દર્શન છે. તે ઉત્સુકતા ચેતનામાં જ થાય છે. વિવક્ષિત પદાર્થને થોડો પણ જાણવામાં આવતો નથી ત્યાં સુધીના ચેતનાના વ્યાપારને દર્શન ઉપયોગ કહેવામાં આવે છે. દષ્ટાંતઃ- એક માણસનો ઉપયોગ ભોજન કરવામાં લાગી રહ્યો છે અને તેને એકદમ ઈચ્છા થઈ કે બહાર મને કોઈ બોલાવતું તો નથી ને ? હું તે જાણી લઉં; અથવા કોઈનો અવાજ કાનમાં પડવાથી તેનો ઉપયોગ ભોજન તરફથી હઠીને શબ્દ તરફ લાગી જાય છે. આમાં ચેતનાના ઉપયોગનું ભોજનથી ખસવું અને શબ્દ તરફનું લાગવું થયું પણ જ્યાં સુધી શબ્દ તરફનું કાંઈ પણ જ્ઞાન ન થાય ત્યાં સુધીનો વ્યાપાર તે દર્શન ઉપયોગ છે.

પૂર્વના વિષયથી હઠવું અને પછીના વિષય તરફ ઉત્સુક થવું તે જ્ઞાનનો પર્યાય નથી તેથી તે ચેતનાપર્યાયને દર્શન ઉપયોગ કહેવામાં આવે છે.

આત્માના ઉપયોગનું પદાર્થ તરફ ઝૂકવું તે દર્શન છે. (૨) દર્શન ઉપયોગના ચાર ભેદો છે : ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિદર્શન અને કેવળદર્શન નેત્ર ઈન્દ્રિયદ્વારા, વસ્તુના સામાન્ય અવલોકનને ચક્ષુદર્શન અન્ય ઈન્દ્રિયો દ્વારા તથા મનદ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને અચક્ષુદર્શન, અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય અવલોકનને, અવધિદર્શન અને કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનને, કેવળદર્શન કહે છે. દર્શનનું લક્ષણ, વસ્તુ સામાન્યવેદક આપ્યું છે, જેને આકારાદિ-વિષયક કોઈ વિશેષ, પૃથક્ અને ભેદકલ્પના વિના, વસ્તુના સામાન્ય રૂપનો ગ્રાહક સમજવો જોઈએ. તેથી જ દર્શનને, નિરાકાર અને જ્ઞાનને, સાકાર બતાવેલ છે. (૩) દર્શન ઉપયોગના બે ભેદ છે, સ્વભાવ દર્શનોપયોગ અને વિભાવ દર્શનોપયોગ. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે. કારણ સ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ. (૪) દર્શન ઉપયોગના ચાર ભેદ છે. ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન, અવધિ દર્શન અને કેવળ દર્શન (૫) દર્શન ઉપયોગ સામાન્ય છે અને જ્ઞાન ઉપયોગ વિશેષ છે. સામાન્ય એટલે, ભેદ પાડયા વગર જ્ઞાન થયા પહેલાં, પર વિષયથી ખાલી, એકલો આત્મ વ્યાપાર, તે દર્શન ઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન ભિન્ન પણે રાગના વિકલ્પ વગર જાણવું, તે જ્ઞાન

ઉપયોગ છે. (૬) શાસ્ત્રમૌ એક જ શબ્દનો કોઈ ઠેકાણે તો કોઈ અર્થ થાય છે, તથા કોઈ ઠેકાણે કોઈ અર્થ થાય છે, દર્શન શબ્દના પણ એક અર્થ થાય છે. (•) મોક્ષશાસ્ત્ર અધ્યાય સૂત્ર ૧-૨માં મોક્ષ માર્ગ સંબંધી કથન કરતાં, સમ્યગ્દર્શન શબ્દ કહ્યો છે ત્યાં દર્શન શબ્દનો અર્થ શ્રદ્ધા છે. (•) ઉપયોગના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ, વસ્તુનું સામાન્ય ગ્રહણ માત્ર છે. અને (•) ઈન્દ્રિયના વર્ણનમાં દર્શન શબ્દનો અર્થ, નેત્ર વડે દેખવા માત્ર છે. આ ત્રણ અર્થોમાંથી અહીં ચાલતા ઉપયોગ સૂત્રમાં, બીજો અર્થ લાગુ પડે છે. દર્શન ઉપયોગ-કોઈ પણ પદાર્થને જાણવાની યોગ્યતા (લબ્ધિ) થતાં, તે પદાર્થ તરફ સન્મુખતા, પ્રવૃત્તિ અથવા બીજા પદાર્થો તરફથી હઠીને, વિવક્ષિત પદાર્થ તરફ ઉત્સુકતા પ્રગટ થાય છે તે દર્શન છે. તે ઉત્સુકતા ચેતનામાં જ થાય છે. વિવક્ષિત પદાર્થને થોડો પણ જાણવામાં આવતો નથી, ત્યાં સુધીના ચેતનાના વ્યાપારને દર્શન ઉપયોગ કહેવામાં આવે છે.

દ્રવ્યસંગ્રહની ૪૩મી ગાથામાં, સામાન્ય શબ્દ વાપર્યો છે, તેનો અર્થ 'આત્મા' થાય છે. અને સામાન્ય ગ્રહણ એટલે 'આત્મગ્રહણ', આત્મગ્રહણ, તે દર્શન છે.

દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ :જીવોને જે જ્ઞાન થાય છે, તે નિયમથી દર્શન પછી થાય છે, અર્થાત્ દર્શન ઉપયોગપૂર્વક થાય છે, અને તે જ્ઞાન, વસ્તુઓની વિશેષતાને જાણે છે. હે જીવ! તે જ્ઞાનને તું સંશય, વિમોહ અને વિભ્રમરહિત જાણ.

પદાર્થને જે સામાન્યપણે ગ્રહણ કરે પણ વિશેષરૂપે ગ્રહણ ન કરે, તે દર્શન ઉપયોગ છે. તથા જે વસ્તુને ભેદ, આકાર, નામાદિ રૂપે જાણે, તે જ્ઞાનોપયોગ છે. આ પ્રમાણે દર્શન જ્ઞાનનું સ્વરૂપ છે.

શુદ્ધાત્મ ભાવનાના વ્યાખ્યાનના અવસરે, વ્યવહાર સમ્યગ્જ્ઞાનની વાત અત્રે અપ્રસ્તુત છે. તોપણ પ્રથવ અવસ્થામાં પ્રસંશનીય છે, એમ ભગવાને કહ્યું છે. ચક્ષુ, અચક્ષુ, અવધિ તથા કેવલના ભેદથી, દર્શન ઉપયોગ ચાર પ્રકારે છે. ભવ્યજીવને માનસ નિર્વિકત અચક્ષુદર્શન દર્શનમોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ તથા ઉપશમ થવાથી, શુદ્ધાત્માનું રુચિરૂપ વીતરાગ સમ્યક્ત્વ થાય છે- ત્યારે હોય છે. અર્થાત્ સ્વાનુભૂતિ સમયે, જેમ સમ્યગ્દષ્ટિ જીવોને માનસ અચક્ષુદર્શન હોય છે, તેમ શુદ્ધાત્માનુભૂતિમાં, સ્થિરતારૂપ વીતરાગ ચારિત્ર થાય છે, તે સમયે પૂવેકિત સત્તા અવલોકન રૂપ મનસંબંધી નિર્વિકલ્પ દર્શને નિશ્ચય પારિત્રના બળથી, નિર્વિકલ્પ નિજ શુદ્ધાત્માનુભૂતિના ધ્યાનથી, સહકારી કારણ થાય છે. માટે વ્યવહાર સમ્યગ્દર્શન અને વ્યવહાર સમ્યગ્જ્ઞાન, ભવ્યાત્માઓને હોય છે પણ અભવ્ય જીવોને નહિ, કારણકે તેઓ મુકિતના અપાત્ર છે, જે મોક્ષના પાત્ર છે, તેને જ વ્યવહાર રત્નત્રયની પ્રાપ્તિ થાય છે. વ્યવહાર રત્નત્રય પરંપરાએ મુકિતનું કારણ છે અને નિશ્ચય રત્નત્રય સાક્ષાત્ મુકિતનું કારણ છે. (૨) દર્શન ઉપયોગ સામાન્ય છે અને જ્ઞાન ઉપયોગ વિશેષ છે. સામાન્ય એટલે ભેદ પાડયા વગર જ્ઞાન થયા પહેલાં, પર વિષયથી ખાલી, એકલો આત્મવ્યાપાર, તે દર્શનઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન ભિન્ન પણે, રાગના વિકલ્પ વગર જાણવું, તે જ્ઞાન ઉપયોગ.

દર્શન અને જ્ઞાન વચ્ચે ભેદ :અંતર્મુખ ચિત્તપ્રકાશને, જ્ઞાન કહેવામાં આવે છે. સામાન્ય- વિશેષાત્મક બાહય પદાર્થને ગ્રહણ કરવાનું, દર્શન છે.

દર્શન કયારે ઊત્પન્ન થાય છે? :છદ્મસ્થ જીવોને, જ્ઞાન પહેલા અને કેવળ જ્ઞાનીઓને, જ્ઞાનની સાથેસાથે જ દર્શન (ઉપયોગ) થાય છે.

દર્શન ચેતના :જે પદાર્થો ને નિરકાર રૂપે સામાન્ય પણે દેખે, તેને દર્શન ચેતના કહીએ. (૨) જેમાં પદાર્થોનો ભેદ રહિત સામાનય પ્રતિભાસ (અવલોકન)થાય, તેને દર્શન ચેતના કહે છે. ટર્શન ચેતનાના ચાર ભેદ છે: ચક્ષુ દર્શન, અક્ષિ દર્શન, અવધિદર્શન અને કેવળદર્શન. (૩) જે પદાર્થો ને નિરાકાર રૂપે, સામાન્ય પણે દેખે, તેને દર્શન ચેતના કહી એ.

દર્શન જ્ઞાન :સામાન્ય સ્વરૂપ દર્શન જ્ઞાન સામાન્ય અર્થાત્ ચેતના જેનું સ્વરૂપ છે એવો.

દર્શન જ્ઞાન સામાન્ય સ્વરૂપ :ચેતાના જેવું સ્વરૂપ છે, એવો.

દર્શન પરિષહ :પરમાર્થ પ્રાપ્ત થવા વિષે, કોઈપણ પ્રકારનું આકુળવ્યાકુળપણું રાખવું-થવું,-તેને દર્શન પરિષહ કહ્યો છે. એ પરિષહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે, પણ જો ધીરજથી તે વેદાય, તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ

થવાનો સંભવ થાય છે. (૨) પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઈપણ પ્રકારનું આકુળ વ્યાકુળપણું રાખવું -થવું,- તેને દર્શન પરિષહ કહ્યો છે. જે પરિષહ ઉત્પન્ન થાય તેતો સુખકારક છે, પણ જો ધીરજથી તે વેદાય, તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે.

દર્શન મોહ :દેહાદિ પરમાં પોતાપણાની માન્યતારૂપ વિપરીત શ્રદ્ધા. (૨) પુણ્ય-પાપ રાગાદિ શુભાશુભ પરિણામ વૃત્તિને, પોતાની માનવી, તેને આદરણીય માનવી, તેનું નામ દર્શન મોહ છે. આત્માના અભિપ્રાયમાં ભ્રાન્તિ, પરભાવમાં એકત્વબુદ્ધિ થવી, તેનું નામ દર્શનમોહ છે. એક આત્મતત્ત્વને બીજા તત્ત્વના ભેળવાળો, ઉપાધિવાળોઃ, બંધવાળો, માનવો, તે દર્શનમોહ છે. મોહકર્મની એક જડ પ્રકૃતિનું નામ, દર્શન મોહ છે. (૩) આત્માના સ્વરૂપની વિપરીત શ્રદ્ધા (૪) સ્વરૂપની ભ્રમણા. (૫) આત્માના આ દર્શનને આવરણ કરનાર કર્મ, તે દર્શનમોહ નીય છે. તેની ત્રણ પ્રકૃતિ છે.:મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યકત્વ મોહનીય . નવતત્વઃ- જીવ, અભ્વ, પુણ્ય, પાપ, આસવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની જિનેશ્વર ભગવાને, જે પ્રમાણે પ્રરૂપણા કરી છે, તે સમ્ય, દર્શન.

આત્મસ્વરૂપને આવરણ કરે તે દર્શન મોહ અને ચારિત્રને આવરે, તે ચારિત્રમોહ. આત્માસ્વરૂપને આવરણ કરનાર દર્શન મોહનો નાશ થાય, ત્યારે સ્વસ્વરૂપ પ્રગટ થાય. દર્શન મોહનો નાશ થવાથી અનુભવ બોધ ઊપજે છે. (૬) મિથ્યાત્વ, મિથ્યાત્વપ્રકૃતિ, સમ્યક્ત્વપ્રકૃતિ અને સમ્યક્મિથ્યાત્વપ્રકૃતિ. (૭) દર્શન મોહનીય કર્મના ઉદયથી, તેને દષ્ટિ વિકારથી તત્ત્વો અને પદાર્થોનું અશ્રદ્ધાનરૂપ સમજવું. વસ્તુના યથાર્થરૂપમાં પોતાની અશ્રદ્ધાના કારણે, જ્ઞાનને મિથ્યાજ્ઞાનરૂપ કરે છે. તે મિથ્યાત્વના ત્રણ ભેદ- ગૃહીત, અગૃહીત અને સાંશયિક આ ભેદો ઉત્પન્ન થાય છે.

(૧) તેને પરોપદેશિક અથવા ગૃહીત મિથ્યાત્વ કહે છે.

(૨) જે પરોપદેશ વિના, મિથ્યાત્વકર્મના ઉદયવશ તત્ત્વોના અશ્રદ્ધાનરૂપ થાય છે, તેને નૈસર્ગિક-અગૃહીત મિથ્યાત્વ કહે છે.

(૩) વસ્તુતત્ત્વના યથાર્થ શ્રદ્ધાનમાં, વિરૂદ્ધ અનેક કોટિના સ્પર્શનાર અને કોઈનો પણ નિશ્ચય ન કરનારા શ્રદ્ધાનને, સંશય મિથ્યાત્વ કહે છે. જેમ કે મોક્ષમાર્ગ દર્શનજ્ઞાન ચારિત્રરૂપ છે કે નહિ, આ પ્રકારે કોઈ એક પક્ષનો સ્વીકાર ન કરવાનો સંદેહ ચાલુ રાખવો તે.

સર્વાર્થસિદ્ધ આદિ બીજા ગ્રંથોમાં મિથ્યાત્વના પાંચ ભેદોનો પણ ઉલ્લેખ છે. જેમનાં નામ છે- એકાંત મિથ્યાદર્શન, વિપરિત મિથ્યાદર્શન, વેનયિક મિથ્યાદર્શન, અજ્ઞાનિક મિથ્યાદર્શન અને સંશય મિથ્યાદર્શન, જેમાંથી પ્રથમ ચારને, અહીં ગૃહીત મિથ્યાત્વની અંતર્ગત સમજવા જોઈએ.

દર્શન મોહના આસ્રવનું કારણ :કેવળ, શ્રુત, સંઘ, ધર્મ અને દેવનો અવર્ણવાદ કરવો, તે દર્શન મોહનીય કર્માસ્રવનાં કારણો છે.

દર્શન મોહનીય :પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિ. દર્શનમોહને આત્મબોધ નાશ કરે છે. કેમ કે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે; તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે. (૨) મિથ્યાત્વ, રાગમાં એકાગ્રતા, તે દીર્ઘ સંસારનું મૂળ છે. (૩) પરમાર્થને વિષે અપરમાર્થ બુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થ બુદ્ધિરૂપ. મિથ્યાબોધ, તે દર્શનમોહનીય છે, તેનો પ્રતિપક્ષ સત્યાત્મ બોધ છે.

દર્શન મોહનીય કર્મમાં કેટલા ભેદ છે ? :ત્રણ છેઃ મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિ

દર્શન મોહનીય કર્માસ્રવના કારણો :કેવળી, શ્રુત, સંઘ ધર્મ અને દેવનો અવર્ણવાદ કરવો, તે દશૂન મોહનીય કર્માસ્રવનાં કારણો છે, અને દર્શનમોહ, તે અનંત સંસારનું કારણ છે.

દર્શન મોહનીયતા ભેદ :સમ્યક્ત્વ મદોહનીય, મિથ્યાત્વ મોહનીય અને સમ્યગ્મિથ્યાત્વ મોહનીય, આ ત્રણ ભેદ દર્શન મોહનીયતા છે.

દર્શન શકિત :ભેદને વિષય નહિ કરતી હોવાથી, દર્શનશકિત અનાકાર ઉપયોગમયી છે. અને ભેદ-અભેદ સર્વને જાણી લેતું હોવાથી, જ્ઞાન સાકાર છે. અહો ! જ્ઞાનની કોઈ અચિંત્ય અદ્ભૂત લીલા છે.

દર્શન ચેતના :જેમાં મહાસત્તાનો (સામાન્યનો) પ્રતિભાસ (નિરાકાર ઝલક) હોય, તેને દર્શનચેતના કહે છે. (૨) દર્શનચેતનાના ચાર ભેદ છેઃ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળ દર્શન

દર્શનચેતનાના ભેદ :દર્શનચેતનાના ચાર ભેદ છે : ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન . તેઓ દર્શન ગુણને અનુસરી વર્તનારા ચૈતન્ય પરિણામ છે

દર્શનજ્ઞાન સામાન્ય સ્વરૂપ :દર્શન જ્ઞાન સામાન્ય અર્થાત્ ચેતના જેનું સ્વરૂપ છે એવો.

દર્શન-જ્ઞાન-ચારિત્ર :દર્શન-જ્ઞાન-ચારિત્રમાં દર્શનને પહેલું કહેવામાં, કારણ એ છે કે દર્શન એટલે શ્રદ્ધાની પૂર્ણતા પહેલાં છે, પછી જ્ઞાનની પૂર્ણતા, તેરમા ગુણસ્થાનના પહેલા સમયે થાય છે અનુ ચારિત્રની પૂર્ણતા તેરમા ગુણસ્થાનના છેલ્લા, સમયે થાય છે. જેથી પહેલાં દર્શન પછી જ્ઞાન, અને પછી ચારિત્ર, એમ આવે છે. (૨) દર્શન અર્થાત, શૃધ્ધ આત્માનું અભેદ પણે અવલોકન, અથવા તેની નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અર્થાત પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવને પરથી જુદોજાણવો તે અને ચારિત્ર અર્થાત્, શદ્ધ સ્વભાવમાં સ્થિરતા-તેનાથી જ શદ્ધ સાધ્યની સિદ્ધિ થાય છે. આ જ મોક્ષમાર્ગ છે, તે સિવાય બીજા કોઈ મોક્ષ માર્ગ નથી. (૩) શ્રદ્ધા કરે, તે આત્મા, સ્વ-પરને જાણે, તે આત્મા, અંતરસ્થિરતા રૂપ ચારિત્રગુણ, તે આત્મા - એ ત્રણ ગુણ દરેક સમયે આત્મામાં એક સાથે છે. - અભેદ છે. જેમ પરનો વિશ્વાસ કરે છે, તેમ પુણ્ય-પાપ વિકાર રહિત પોતાનો વિશ્વાસ કરે, તેવો ગુણ આત્માનો છે, સ્વ-પરને જાણનાર પોતાનું જ્ઞાન છે. પુણ્ય-પાપ તથા પરના આશ્રય રહિત આત્મારૂપ એકાગ્રતા તે ચારિત્ર છે. પણ તેથી ત્રણ ગુણો જુદા થઈ જતા નથી. નિશ્ચયથી જુઓ તો બધા ગુણોનો એક સાથે પિંડ જે જ્ઞાયક, છે તેને અભેદપણે જુઓ તો દર્શન નથી, જ્ઞાન નથી, ચારિત્ર નથી, એટલે કે તે ગુણો જુદા જુદા પણે વિદ્યમાન નથી, પણ અનંતગુણો ભેગા છે. ઈંદપાડીને લક્ષ, કરતાં મનના સંબંધ વિકારરૂપ ભેદ પડે છે. તે વિકલ્પના લક્ષ વડે, અંદરમાં સ્થિર થવાનું નથી, એટલે કે, અભેદ સ્થિર સ્વરૂપ આત્માનો અનુભવ થતો નથી.

જો એક સાથે બધા ગુણના અભેદ પિંડ, અખંડ નિર્મળ દષ્ટિથી દેખો તો દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ વિકલ્પ ઉઠતા નથી. એક સમયમાં, ધ્રુવ સ્વભાવી અનંતગુણ સ્વરૂપ અખંડ પિંડ આત્મા છે, એમ નિશ્ચય સ્વરૂપ અહીં જણાવે છે. આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ હોવાથી, તેમાં ગુણનો ભેદનો નકાર આ સાતમી ગાથામાં કર્યો છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રે સાધ્યસિદ્ધિ :દર્શન-શુદ્ધ સ્વરૂપનું અવલોકન, જ્ઞાન- શુદ્ધ સ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, ચારિત્ર - શુદ્ધ સ્વરૂપનું આચરણ. આવાં કારણો કરવાથી સાધ્ય-સકળકર્મક્ષયલક્ષણ, મોક્ષની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે.

દર્શનના ભેદો :નેત્ર ઈન્દ્રિય દ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને, ચક્ષુદર્શન, અન્ય ઈન્દ્રિયો તથા મન દ્વારા વસ્તુના સામાન્ય અવલોકનને, અચક્ષુદર્શન. અવધિ જ્ઞાનની પહેલાં થનાર સામાન્ય અવલોકનને અવધિદર્શન અને કેવળજ્ઞાનની સાથે થનાર સામાન્ય અવલોકનને કેવલ દર્શન કહે છે.

દર્શનમૂલ :સમ્યગ્દર્શન જેનું મૂલ છે તે ધર્મ છે.

દર્શનમોહ :મિથ્યાત્વ (૨) સ્વચ્છંદ; ઊંધી માન્યતા; મિથ્યાત્વ મોહ; વિભાવ; શુભ-અશુભ વિકલ્પ આદિ પરભાવને પોતાના માનવા; જ્ઞાન સિવાય કંઈ પણ પોતાનું માનવું તે દર્શનમોહ મિથ્યાત્વ છે. (૩) ચેતનની વિકારી માન્યતા તે પોતાની ભ્રાન્તિ છે, તેનું નામ દર્શનમોહ છે. (૪) જે રૂપ પોતે નથી અથવા જે પોતાના નથી તેવાં, દેહ, ઘર આદિ રૂપ પોતાને, કે પોતાનાં માનવાં એટલે વિપરીત માન્યતા, તે દર્શન મોહ. (૫) દેહાદિ પર વસ્તુમાં જે આન્મભ્રાંતિ રૂપ મોહ, તે દર્શનમોહ (૬) દર્શન મોહનીય કર્મનો ઉદય થતાં, ઉત્પન્ન થયેલ તે મિથ્યાત્વ- ગૃહીત, અગૃહીત અને સાંશયિક, એમ ત્રણ પ્રકાર નું કહ્યું છે. (૭) અપરિમિત મોહ છે, સમર્યાદિત છે. (૮) દર્શનમોહનીય કર્મનો ઉદય થતાં ઉત્પન્ન થયેલ તે મિથ્યાત્વ ગૃહીત, અગૃહીત અને સાંસયિક એમ ત્રણ પ્રકારનું છે,

મિથ્યાત્વના સંસ્કારવાળો અથવા મિથ્યાત્વની ભાવનાથી પ્રભાવિત જીવ અતત્ત્વને તત્વરૂપ માને છે. જેમ ધતુરો ખાઈને ભ્રમિત થયેલો જીવ જે ખરેખર સુવર્ણરૂપ નથી તે બધા પદાર્થોને સુવર્ણરૂપ દેખે છે.

દર્શનમોહ ઘટાડવાનો ઉપાય :મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના અને ગુણજિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે.

દર્શન મોહનીય :દર્શનમોહનીયના ત્રણ ભેદ છે :- (૧) મિથ્યાત્વ પ્રકૃતિ, (૨) સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિ, (૩) સમ્યક્ત્વ મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિ. આ ત્રણમાંથી બંધ એક મિથ્યાત્વ પ્રકૃતિનો જ થાય છે. જીવનો એવો કોઈ ભાવ નથી કે જેનું નિમિત્ત પામીને સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિ કે સમ્યક્મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિ બંધાય. (૨) દર્શનમોહનીયના ત્રણ ભેદ છે - મિથ્યાત્વપ્રકૃતિ, સમ્યકૃત્વપ્રકૃતિ અને સમ્યક્મિથ્યાત્વપ્રકૃતિ. આ ત્રણમાંથી બંધ એક મિથ્યાત્વપ્રકૃતિનો જ થાય છે. જીવનો એવો કોઈ ભાવ નથી કે જેનું નિમિત્ત પામીને, સમ્યક્ત્વમોહનીયપ્રકૃતિ કે સમ્યક્ત્વમિથ્યાત્વ મોહનીય પ્રકૃતિ બંધાય, જીવને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થવાના કાળમાં (ઉપશમકાળમાં), મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા થઈ જાય છે. તેમાંથી એક મિથ્યાત્વરૂપે રહે છે. એક સમ્યક્ત્વપ્રકૃતિરૂપે થાય છે અને એક સમ્યગ્મિથ્યાત્વપ્રકૃતિ રૂપે થાય છે. (૩) જેના ઉદયથી જીવને સ્વસ્વરૂપનું ભાન ન થાય, તત્ત્વની રુચિ ન થાય.

દર્શનમોહનીય કર્મ કોને કહે છે. :આત્માના સમ્યક્ત્વગુણને જે ઘાતે, તેને દર્શન મોહનીય કર્મ કહે છે.

દર્શનવિશુદ્ધિ ભાવના :આ જીવે અનાદિ કાળથી દર્શનમોહ કર્મને વશ થઈ, પોતાના સ્વરૂપની અને પરની ઓળખાણ જ કરી નથી. દેહને જ પોતાનું સ્વરૂપ માની, પોતાનું સત્ય સ્વરૂપ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જયોતિ સુખધામ, એવું સિદ્ધ સદશ સહજાત્મસ્વરૂપ તેને ઓળખ્યુ નહિ, તેથી ચારે ગતિમાં ભ્રમણ કર્યું. હવે સદ્ગુરુ આદિના યોગે સમ્યગ્દર્શન પ્રગટાવી, સ્વપરના ભેદજ્ઞાનને પામી, મોક્ષલક્ષ્મીને પામવાનો અવસર આવ્યો છે, માટે મોક્ષરૂપ અવિનાશી આત્મસુખની ઈચ્છાવાળા હે ભવ્યો! અન્ય સર્વ પરદ્રવ્યની અભિલાષા છોડી, એક સમ્યગ્દર્શનની જ ઉજ્જ્વળતા કરો.

દર્શન વિશુદ્ધિ એટલે સમ્યગ્દર્શનની નિર્મળતા. દર્શન વિશુદ્ધિ મોક્ષસુખનું કારણ છે, દુર્ગતિને દૂર કરનારી છે, વિનય સંપન્નતા આદિ, બીજી પંદર ભાવનાઓ હોતી નથી. તેથી તે સંસારનાં દુઃખરૂપ અંધકારનો નાશ કરવા માટે સૂર્ય સમાન છે. ઈવ્ય જીવોને પરમ શરણરૂપ છે.

સમ્યગ્દર્શનને મલિન કરનારા શંકા કાંક્ષાઆદિ (દોષો, કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને તેના માનનારા, એ છ અનાયતન, લોકમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતા એ ત્રણ મૂઢતા, તથા કુળ, જાતિ, રૂપ, બળ, વિદ્યા, ઐશ્વર્ય, તપ અને શાસ્ત્ર આદિ આઠ મદ, એ સર્વ મળી પચીસી દોષોને ત્યાગી, સમ્યગ્દર્શનને વિશુદ્ધ રાખવાની ભાવના, ચિંતતવાનો પુરુષાર્થ નિરંતર કર્તવ્ય છે. જેથી સમ્યગ્દર્શન ઉજ્જ્વળ થાય છે.

દર્શનાચાર :અહો નિઃશંકિતત્ત્વ, નિઃકાંક્ષિતત્ત્વ, નિર્વિચકિત્સત્વ, નિર્મૂઢદષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાસ્વરૂપ દર્શનાચાર ! શુદ્ધ આત્માનો તું નથી, એમ નિશ્ચયથી હું જાણું છું. તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું, કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૨) શુદ્ધ આત્મતત્ત્વ જ, સર્વ પ્રકારે ગ્રહણ કરવા યોગ્ય છે, અને તે સિવાય સકલ પદાર્થો હય, તજવા યોગ્ય છે. એવી ચલઅસ્થિર, મલિન અને અવગાઢ આદિ દોષોથી રહિત, દઢ પ્રતીતિ થવી-શ્રદ્ધા થવી, તે સમ્યકત્વ કહેવાય છે. તેનું જે આચરણ અર્થાત્ તે સમ્યગ્દર્શનરૂપે પરિણમન, તે દર્શનાચાર છે. (૩) દર્શન સંબંધમાં આવેલા પ્રદોષ, નિહ્નવ, માત્સર્ય, અંતરાય, આસાદન, અને ઉપાઘાત તે દર્શનાવરણ કર્માસ્રવનાં કારણો છે.

દર્શનાવરણ :અદર્શન

દર્શનાવરણીય :આત્માની જે અનંત દર્શન શકિત છે, તેને આચ્છાદન કરે તે.

દર્શનાવરણીય કર્મ કેમ જીતાય ? :કેવળ દર્શનાવરણીય કર્મનો ઉદય આવતાં, તેને અનુસરે તો, જરી દર્શનની હીણતારૂપ ભાવ્ય થાય છે. જ્ઞાની અને મુનિને પણ, પર્યાયમાં દર્શનની હીણીદશારૂપ ભાવ્ય થવાની લાયકાત હોય છે, તેથી

ભાવ્ય થાય છે, કર્મના કારણે નહિ. જો તે (ઉદય) તરફનું લક્ષ છોડી સ્વભાવમાં આવે (સંપૂર્ણ આશ્રય પામે), તો કેવળ દર્શનાવરણીય, કર્મ જીતાય છે. તેવી જ રીતે ચક્ષુ, અચક્ષુ અને અવધિ દર્શનાવરણીય, કર્મને જીતવા સંબંધમાં પણ સમજવું.

દર્શનો :ધર્મમતો.

દર્શનોપયોગ :દર્શનોપયોગ છદ્મસ્થ જીવોને જ્ઞાનોપયોગ પહેલાં અનમે કેવલજ્ઞાનીઓને જ્ઞાનોપયોગ સાથે જ થાય છે.

દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ :દર્શન ઉપયોગ સામાન્ય છે, અને જ્ઞાન ઉપયોગ વિશેષ છે. સામાન્ય એટલે ભેદ પાડયા વગર જ્ઞાન થયા પહેલાં, પર વિષયથી ખાલી, એકલો આત્મવ્યાપાર, તે દર્શન ઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન ભિન્નપણે, રાગના વિકલ્પ વગર જાણવું, તે જ્ઞાન ઉપયોગ.

દહન :અગ્નિ; પદાર્થને આકારે અગ્નિ થાય છે અને દહન કરે છે. (૨) બાળવું તે; અગ્નિ; દહવું. (૩) બાળવું તે; અગ્નિ; દહવું તે. (૪) બાળવું તે, અગ્નિ, અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી, અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે. ઈળવું, દહવું (૫) બાળવું તે, અગ્નિ

દહનક્રિયા :અગ્નિ બાળવાની ક્રિયા કરતો હોવાથી અગ્નિને ઉષ્ણતા અર્થાત્ ગરમી કહેવામાં આવે છે.

દક્ષ :ચતુર; હોંશિયાર; કુશળ; નિપુણ; કાબેલ; પ્રવીણ. (૨) વિવેકમાં નિપુણ પુરુષ

દયા :જેમાં કોઈ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યાં છે ત્યાં દયા નથી; અને દયા નથી ત્યાં ધર્મ નથી. (૨) આત્માના ભાનપૂર્વક અરાગપરિણામ થવા તે નિશ્ચય-દયા છે. ને શુભભાવ તે વ્યવહાર-દયા છે. (૩) રાગની ઉત્પત્તિનો અભાવ તેનું નામ દયા છે, તેનું નામ અહિંસા છે. આત્મા શુદ્ધ ચૈતન્યધન વસ્તુ છે તેના આશ્રયે, તેમાં સ્થિર તથાં વીતરાગી પર્યાયની ઉત્પત્તિ થવી તેને દયાધર્મ કહે છે. (૪) પરનું લક્ષ છોડી, વર્તમાન પર્યાય ત્રિકાળી ભૂતાર્થસત્ નિજ જ્ઞાયકના આશ્રયે જે વીતરાગ દશા પ્રગટ કરે, તેને ભગવાન અહિંસા કહે છે. તે સાચી દયા છે. (૫) દયા બે પ્રકારની છે (•) રાગાદિનો અભાવ તે સ્વદયા અને (•) પ્રમાદ રહિત વિવેકરૂપ કરુણાભાવ તે પરદયા છે. આ સ્વદયા તથા પરદયા ધર્મનું મૂળ કારણ છે. પાપી પ્રાણીઓના પરિણામોમાં પવિત્રતા હોતી નથી. પર પ્રાણીનો ઘાત થવો, તે તેના આયુષ્યને અનુસાર છે. પણ આત્મા કોઈને મારી નાખવાનો જ્યાં વિચાર કરે છે, ત્યાં જ તે વિચાર વિકૃતિને લીધે, તત્કાલ આત્મઘાતી થાય છે. (૬) વિષય અને કષાયાદિ દોષ ગયા વિના, સામાન્ય આશયવાળાં દયા વગેરે આવે નહિ, તો પછી ઊંડા આશયવાળાં દયા વગેરે ક્યાંથી આવે ?

દયાધર્મ :સર્વ જીવોને અભયદાન.

દયાના આઠ ભેદો છે. :

(૧) દ્રવ્ય દયા- ઘરનાં કે બીજાં કામ કરતાં જેમ બને તેમ, બીજા જીવોને દુઃખ ન થાય, હિંસા ન થાય તેમ યત્નાથી વર્તવું. દશ પ્રાણ દ્રવ્યરૂપ છે, તે ન હણાય તે દ્રવ્યદયા.

(૨) ભાવદયા - બીજા જીવોના ભાવ સુધરે, દુર્ગતિમાં ન જાય અને મોક્ષનું કારણ થાય તેમ કરવું, તે ભાવદયા.

(૩) સ્વદયા - પોતના આત્માની દયા. આ આત્મા મિથ્યાત્વમાં ખેંચાયેલો, તત્ત્વ પામતો નથી અને જિજ્ઞાસા પાળી શકતો નથી, માટે તે તત્ત્વ સમજી જિનાજ્ઞામાં પ્રવેશ કરવો, તે સ્વ દયા.

(૪) પરદયા- પૃથ્વીકાય, અપકાય, તેજકાય, ક્વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છ કાય જીવને જાણીને સર્વ જીવની રક્ષા કરવી, તે પરદયા.

(૫) સ્વરૂપ દયા - પોતાનું ખરું સ્વરૂપ શું છે ? તેનો વિચાર સદ્‌ગુરુના બોધથી કરવો. દેહથી હું ભિન્ન છું, મારા ગુણો જ્ઞાન દર્શન છે, મારા ભાવ નિર્મળ કેમ થાય ? એમ દ્રવ્ય-ગુણ-પર્યાય સૂક્ષ્મ વિવેકથી વિચારે, તે સ્વરૂપદયા.

(૬) અનુબંધદયા-શિષ્ય ગુનો કર્યો હોય તેનો દોષ કઢાવવા, ગુરુ ધમકાવીને કહે, પરંતુ અંતરમાં દયા છે અને જાણે છે કે એથી આનું હિત થશે, તે અનુબંધદયા અનુબંધ=પરિણામ, ફળ

(૭) વ્યવહારદયા-ઉપયોગપૂર્વક-લક્ષપૂર્વક વિધિપૂર્વક=યોગ્ય રીતે જેમ ભગવાને કહી હોય, તે વિધિથી દયા પાળે, મુનિને કહ્યું હોય તેમ મુનિ વર્તે, જેમ કે પાણી ગાળવાની વિધિ વગેરે, જેમ કહ્યું હોય તેમ કરે, તે વ્યવહારદયા.

(૮) નિશ્ચયદયા-સદ્‌ગુરુએ જે સ્વરૂપ કહ્યું છે અને પ્રગટ કર્યું છે, તે શુદ્ધ સ્વરૂપ જ સાધવા યોગ્ય છે અને એ જ મારું સ્વરૂપ છે, અર્થાત્ સદ્‌ગુરુના સ્વરૂપમાં અને મારા સ્વઅપમાં કંઈ ભેદ નથી, એમ વિચારવું તે એકતાભાવ, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મામાં લીનતા કરવી, તે અભેદ ઉપયોગ, તે નિશ્ચય દયા.

દયાવું :ધ્યાન ધરવું, એકાગ્રચિત બનવું, ધ્યાનયોગથી ઉપાસના કરવી.

દરી :ગુફા

દાન :દુઃખિત, ભૂખ્યા વગેરે જીવોના ઉપકાર અર્થે ધન, ઔષધિ, આહારાદિક દેવાં તથા વ્રતી સમ્યગ્દષ્ટિ સુપાત્ર જીવોને ભક્તિપૂર્વક દાન આપવું તે દાન છે. (૨) દાન આપવાના ભાવ તો શુભ છે, પુણ્યબંધનું કારણ છે. રાગ મંદ કરીને આપે તો પુણ્ય છે અને જો વાહ-વાહ કરાવવાના માનાર્થે આપે તો પાપ છે. એનાથી ધર્મ થાય એ વાત તો ત્રણ કાળમાં નથી. દાન આપતાં રાગ મંદ કરે તોપણ હું રાગ કરું છું એમ કર્તાપણું માને તો તે મિથ્યાત્વ છે અને હું પૈસા આપું છું એમ માને તો તે જડનો સ્વામી થાય છે. (૩) પોતાના ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક ભગવાનની દષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય પ્રગટ થાય તે પર્યાયનું પોતાને દાન દેવું તે વાસ્તવિક ધન છે અને તે ધર્મ છે અને તેનો પોતે જ કર્તા છે. (૪) દાન આપવા યોગ્ય વસ્તુઓ કેવી હોવી જોઈએ, તો બતાવે છે :- જે વસ્તુ રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ અને ભય ઉત્પત્તિનું કારણ નથી. અને જે વસ્તુ તપ અને શાસ્ત્રના સ્વાધ્યાયને વધારનાર છે તેનું જ દાન કરવું જોઈએ.

ભાવાર્થ :- જે દ્રવ્યનું દાન આપવાથી, પોતાના કર્મોની નિર્જરા થાય અને પાત્ર જીવનો તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિ થાય તેવાં દ્રવ્યોનું જ દાન શ્રાવકે આપવું જોઈએ. જેનાથી આળસ વગેરેની વૃદ્ધિ થાય એવાં ગરિષ્ટ ભોજન વગેરેનું દાન આપવું નહિ. આવું ઉત્કૃષ્ટ દાન ચાર પ્રકારનું છે. (૧) આહારદાન-શરીરની સ્થિરતા માટે આહાર આપવો તે પહેલું દાન છે. (૨) ઔષધદાન - રોગાદિની પીડા દૂર કરવા માટે ઔષધ આપવું તે બીજું દાન છે. (૩) જ્ઞાન દાન - અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો વિકાસ કરવા માટે શાસ્ત્ર વગેરે આપવાં, તે ત્રીજું દાન છે. (૪) અભયદાન - જંગલમાં ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે બંધાવી આપવી. અંધારાવાળા રસ્તામાં પ્રકાશ આદિ થાય તેવી વ્યવસ્થા કરાવી આપવી, તે ચોથું અભયદાન છે.

આ રીતે આત્મકલ્યાણના નિમિત્તે દાન આપવું તે જ ખરું દાન છે. પણ જે વસ્તુઓનું દાન આપવાથતી સંસારના વિષય આદિ અને રાગદ્વેષની વૃદ્ધિ થાય, એવું દાન ન આપવું જોઈએ.

જેમ કે -પૃથ્વીનું દાન, હાથી, ઘોડા, સોનું ચાંદી સ્ત્રી વગેરેનું દાન કરવું તે જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય, તેને જ કુદાન કહે છે. આવું દાન કરવાથી હલકી ગતિના બંધ સિવાય, બીજું કાંઈ થતું નથી, માટે એવું કુદાન ન કરવું જોઈએ.

- દુઃખિત, ભૂખ્યા વગેરે જીવોના ઉપકાર અર્થે ધન, ઔષધિ, આહારાદિક દેવાં તથા વ્રતી સમ્યગ્દષ્ટિ સુપાત્ર જીવોને ભકિતપૂર્વક દાન આપવું, તે દાન છે.
- તૃષ્ણા ઘટાડે, તેને દાન કહેવાય. ત્યાગભાવના, તે દાન.
- ખરેખર જ્યારે આપણો અંતરંગ કષાય જે લોભ છે, તેનો ત્યાગ થાય છે ત્યારે જ આપણા પરિણામ બાહ્ય વસ્તુમાં વિતરણ કરવાના થાય છે, તેથી લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે. અને લોભ કષાય ભાવહિંસાનો એક ભેદ છે, તેથી જે સત્‌પુરૂષ દાન કરે છે, તેઓ જ ખરી રીતે અહિંસાવ્રત પાળે છે.
- પોતાના પૈસામાંથી દસમો ભાગ દાનમાં કાઢે, તે ઊંચો દાની છે. અને પોતાનામાંથી દસમો ભાગ દાનમાં કાઢે, તે નાનામાં નાનો દાની છે. પદ્મનંદી આચાર્ય.

દાન યોગ્ય વસ્તુ :જે વસ્તુ રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ અને ભય ઉત્પત્તિનું કારણ નથી અને જે વસ્તુ તપ અને શાસ્ત્રના સ્વાધ્યાયને વધારનાર છે, તેનું જ દાન કરવું જોઈએ.

જે દ્રવ્યનું દાન આપવાથી પોતાના કર્મોની નિર્જરા થાય, અને પાત્ર જીવોને તપ, સ્વાધ્યાય, વગેરેની વૃદ્ધિ થાય, તેવાં દ્રવ્યોનું જ દાન શ્રાવકે આપવું જોઈએ. જેનાથી આળસ વગેરેની વૃદ્ધિ થાય, એવાં ગરિષ્ઠ ભોજન વગેરેનું દાન આપવું નહિ. આવું ઉત્કૃષ્ટ દાન ચાર પ્રકારનું છે. (૧) આહાર દાન – શરીરની સ્થિરતા માટે આહાર આપવો, તે પહેલું દાન છે. (૨) ઔષધ દાન – રોગાદિની પીડા દૂર કરવા માટે ઔષધ આપવું તે બીજું દાન છે. (૩) જ્ઞાન દાન – અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો વિકાસ કરવા માટે શાસ્ત્ર વગેરે આપવાં, તે ત્રીજું જ્ઞાન દાન છે. (૪) અભય દાન – જંગલમાં ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે બંધાવી આપવી. અંધારાવાળા રસ્તામાં પ્રકાશ આદિ થાય તેવી વ્યવસ્થા કરાવી આપવી, તે ચોથું અભયદાન છે.

આ રીતે આત્મ કલ્યાણના નિમિત્તે દાન આપવું તે જ ખરું દાન છે. પણ જે વસ્તુઓનું દાન આપવાથી, સંસારના વિષય આદિ અને રાગ દ્વેષની વૃદ્ધિ થાય, એવું દાન ન આપવું જોઈએ.

જેમ કે – પૃથ્વીનું દાન, હાથી, ઘોડા, સોનું, ચાંદી, સ્ત્રી વગેરેનું દાન કરવું. તે જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય, તેને જ કુદાન કહે છે. આવું દાન કરવાથી હલકી ગતિના બંધ સિવાય બીજું કાંઈ થતું નથી, માટે એવું કુદાન ન કરવું જોઈએ.

દાન, લાભ, ભોગ, ઉપભોગ ને વીર્યનું સ્વરૂપ :પોતાના સ્વભાવનું પોતાને દાન દેવું, તે દાન, પોતાના સ્વભાવનો પોતે લાભ લેવો, તે લાભ, પોતાની સ્વાભાવિક વીતરાગી પર્યાયનો એકવાર ભોગવટો, તે ભોગ, તથા પોતની વીતરાગી પર્યાયનો વારંવાર ભોગવટો એટલે કે વારંવાર વીતરાગી સ્વભાવનો અનુભવ, તે ઉપભોગ. અને વીર્ય એટલે બળ, વીતરાગી નિર્મળ પર્યાય પ્રગટ કરવાનું બળ તે વીર્ય.

દાનના પ્રકાર :આહારદાન, ઔષધદાન, અભયદાન અને શાસ્ત્ર(જ્ઞાન) દાન.

દાનવી ભાવના :અનંતાનુબંધી કષાય અને કલહમાં આસક્તિથી અથવા શરીરાદિ પરિગ્રહમાં આસક્તિથી, તેવાં નિમિત્તને મેળવતો કરુણા રહિત, પશ્ચાતાપ રહિત, પૂર્વનું વેર રાખનાર મુનિ, દાનવી અથવા આસુરી ભાવનાને ધારે છે.

દાનાંતરાયકર્મ :જે કર્મ દાનાદિકમાં વિઘ્ન-અંતરાય કરે છે, તે દાનાંતરાય કર્મ છે.

દામ :ધન આપવારૂપ દામ.

દારુણ :ભયંકર. (૨) અસહ્ય, તીવ્ર

દાર્ષ્ટાંત :સિદ્ધાંત

દારા :સ્ત્રી.

દાળદર :અજ્ઞાન, દરિદ્રતા

દાવ :બળ

દાવાનળ :દાવાગ્નિ, દવ, વનમાં એની મેળે સળગતો અગ્નિ. (૨) અત્યંત પ્રજ્વલિત તીક્ષ્ણ અગ્નિનું નામ, દાવાનળ છે, જે વનમાં વન ભસ્મ કરી નાખે છે. સૂકાંની જેમ કોઈ લીલું છમ વૃક્ષ પણ વનમાં તેના ઝપટમાં આવીને ભસ્મ થવાથી બચતું નથી. (૩) અત્યંત પ્રજ્વલિત, તીક્ષ્ણ અગ્નિનું દાવાનળ છે.

દાસત્વ :સેવકપણું

દાહ :દુઃખ

દાહ :તૃષ્ણા

દાહજ્વર :શરીરમાં ગરમીની બળતરાનું દુઃખ

દાહ્ય :બળવા યોગ્ય પદાર્થ; છાણાં, લાકડાં વગેરે દાહ્ય છે. (૨) બાળવા યોગ્ય પદાર્થ.

દાક્ષિણ્યતા :સભ્યતા.

દળિયાં :પડ

દળ :સેના (૨) કદ, આકાર

દાતા :રત્ન કરંડ શ્રાવકાચારમાં દાતાના સાત ગુણ કહ્યા છે. (૧) ભકિત-ધર્મમાં તત્પર રહી, પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ, પાત્રને અંગીકાર કરે, પ્રમાદ રહિત, જ્ઞાન સહિત, શાન્ત પરિણામી થયો પાત્રની ભકિતમાં પ્રવર્તે

(૨) તૃષ્ટિ-દેવામાં અતિ આસકત પાત્ર, લાભને પરમ નિધાનનો લાભ માને. (૩) શ્રદ્ધા (૪) વિજ્ઞાન, (૫) અલોલુપ (૬) સાત્વિક અને (૭) ક્ષમાવાન હોય.

- દાતાના સાત ગુણ છે. (૧) ઐહિક ફૂલ -દાન આપીને આ લોક સંબંધી સારા ભોગોવભોગની સામગ્રીની ઈચ્છા ન કરવી. (૨) શાંન્તિ - ક્ષમા અને સહનશીલતા, દાન આપતી વખતે ક્ષમાભાવ ધારણ કરવો. (૩) નિષ્કપટતા - કપટ ન કરવું તે. બહારમાં ભકિત કરે અને અંતરમાં પરિણામ ખરાબ રાગે, તેમ ન કરવું જોઈએ. (૪) અનસૂયત્વમ્- ઈર્ષા રહિતપણું, બીજા દાતા પ્રત્યે દુર્ભાવ ન રાખવો, અર્થાત્ પોતાને ઘેર મુનિ મહારાજનો આહાર ન થવાથી અને બીજાને ઘેર આહાર થવાથી બીજા પ્રત્યે બુરો ભાવ ન રાખવો. (૫) અવિષાદપણું-અખિન્ન ભાવ, વિષાદ ન કરવો તે. અમારે ત્યાં સારી વસ્તુ હતી, તે અમે આપી શકયા નહિ વગરે પ્રકારે ખિન્નતા કરવી નહિ. (૬) મુદિત પણું - હર્ષ ભાવ, દાન આપીને ખૂબ હર્ષભાવ ન કરે. (૭) નિરહંકારી પણું - નિરભિમાનપણું, અભિમાન ન કરવું.

આ સાત ગુણ દાતાના છે. પ્રત્યેક દાતામાં અવશ્ય હોવા જોઈએ. આ રીતે નવ પ્રકારની ભકિત પૂર્વક તથા સાત ગુણ સહિત જે દાતા દાન આપે છે, તે દાન ઘણું ફળ આપનાર થાય છે અને જે એ સિવાય દાન આપે છે તે ઘણું ફળ આપવા થતું નથી.

શ્રી રત્નકરંડ શ્રાવકાચાર ગા. ૧૩૩માં દાતાના સાત ગુણ આ પ્રકારે કહ્યા છે. (૧) ભકિત-ધર્મમાં તત્પર રહી, પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ, પાત્રને અંગીકાર કરે, પ્રમાદ રહિત, જ્ઞાન સહિત શાન્ત પરિણામી થયો પાત્રની ભકિતમાં પ્રવર્તે (૨) તુષ્ટિ-દેવામાં અતિ આસતત, પાત્ર લાભને પરમ નિધાનનો લાભ માને. (૩) શ્રદ્ધા (૪) વિજ્ઞાન, (૫) અલોલુપ (૬) સાત્ત્વિક (૭) ક્ષમા.

દાતાના સાતગુણ :શ્રદ્ધા, તુષ્ટિ, ભકિત, વિજ્ઞાન, અલુબ્ધતા, ક્ષમા અને શકિત, એ સાત ગુણો દાતાના કહ્યા છે, અન્ય સાત પ્રકાર પણ આ પ્રમાણે કહ્યા છે: આ લોકના ફળની વાંછા ન કરે, ક્ષમાવાન હો, કપટ રહિત હો, અન્ય દાતાની ઈર્ષા ન કરે, કરેલા દાન માટે વિષાદ ન કરે, લઈને હર્ષ કરે, ગર્વ ન કરે. આ પ્રમાણે પણ સાત પ્રકાર દાતાના કશ્યા છે.

દાંત :દમન કરના, ઈન્દ્રિયોને વિષયમાં ન જવા દે, તે.

દાંત આવલી :દાંતની પંકિત

દિગંબર જૈન ધર્મ :જિનેશ્વરદેવનો માર્ગ છે.

દિગંબર દર્શન :જૈન દર્શન; દિગંબર કોઈ પક્ષ કે વાડો નથી. વસ્તુનું સ્વરૂપ તે દિગંબર ધર્મ છે.

દિગંબર સંતો :કેવળીના કેડાયતો; ભગવાન કેવળીએ જે દિવ્યધ્વનિમાં કહ્યું છે તે વાત તેઓ જગત સમક્ષ જાહેર કરે છે.

દિગ્મૂઢ :દિશા ભૂલેલું.

દિગમ્બર જૈન ધર્મ :સાચો જૈન ધર્મ, વિશ્વ ધર્મ, આત્માનો ધર્મ, સનાતન જૈન ધર્મ

દિગ્વ્રતના પાંચ અતિચાર :૧. મર્યાદા કરેલી ઉપરની દિશાઓનું ઉલ્લઘંન કરવું ૨ મર્યાદા કરેલી નીચેની દિશાઓનું ઉલ્લઘંન કરવું. ૩. મર્યાદા કરેલી તિર્યક દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૪. મર્યાદા કરેલા ક્ષેત્રને વધારવું, ૫. પરિણામ કરેલી મર્યાદાને ભૂલી જઈને, હદ વધારી દેવી -એ પાંચ અવિચાર દિગ્વ્રતનાં છે.

દિન(નં)કર :સૂરજ

દિવ્ય :દૈવી, અદ્‌ભૂત, ચમત્કારિક

દિવ્ય આત્મા :

દિવ્ય ચક્ષુ :દિવ્ય ચક્ષુ છે આત્મદર્શનની ઝંખના, ઈશ્વરી તેમની લગની, સ્વત્વની પ્રતીતિ અને અનુભૂતિ, હાર્દિક વ્યાકુળતા.

દિવ્ય દષ્ટિ :દ્રવય દષ્ટિ, દિવ્ય ચક્ષુ=દ્રવ્ય ચક્ષુ, અંતરના સ્વભાવચક્ષુ

દિવ્ય ધ્વનિ :સત્ય ધર્મનો ઉપદેશ (૨) પાંત્રીસ ગુણોથી યુકત મેઘધારા જેવી વાણી. જેના વડે શુદ્ધ બોધબીજ, એટલે શુદ્ધ સમકિત પ્રાપ્ત થાય. (૩) સર્વજ્ઞની વાણી, તીર્થકરની વાણી.

દિવ્યતા :પરાકાષ્ઠા; અદ્‌ભૂત; ચમત્કારિક; પ્રકાશમાન.

દિવ્યધ્વનિ :તીર્થંકર ભગવાનની ૐ એટલે આત્મને ઓળખાવનારી વાણી, સહેજે છૂટે છે. ઇચ્છા વિના ભાષા સહજ છૂટે છે. તે વાણી, ભગવાન આત્માનો અરૂપી જ્ઞાન ઘનસ્વભાવ છે તેને, તથા છ દ્રવ્યોમાં જે અનંત ધર્મો છે તેને, અનેકાન્ત ન્યાયથી સમજાવે છે. (૨) આ ધ્વનિ જે ઊઠે છે એ તો જડની (પૌદ્ગલિક) પર્યાય છે, આત્માથી તે ધ્વનિ ઊઠતી નથી. ભગવાનની દિવ્ય ધ્વનિ એમ વ્યવહારથી કહેવાય છે, ખરેખર ભગવાનનો આત્મા દ્રિવ્યધ્વનિનો કરનારો (કર્તા) નથી. દિવ્ય ધ્વનિ છે તે તેના કારણે ભાષાવર્ગણામાં ભાષારૂપ (શબ્દરૂપ) પર્યાય થવાની જન્મક્ષણ છે તેને લઈને થાય છે.

દિવ્યધ્વનિ-વાણી :જગતને સત્-આત્મા-તેનું સ્વરૂપ સમજવામાં સર્વજ્ઞ વીતરાગની દિવ્યધ્વનિ-વાણી નિમિત્ત છે. મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે અને સુશાસ્ત્રની ઉત્પત્તિ ભગવાનની દિવ્ય ધ્વનિથી થાય છે. અહીં કેવળજ્ઞાન જે મોક્ષ, શ્રુતજ્ઞાન- જે મોક્ષનો ઉપાય અને સુશાસ્ત્ર- જે ઉપાય બતાવે છે એ ત્રણેયને વંદનીય અને પરોપકાર માનવા લાયક કહ્યા છે.

દિશા :પૂર્વ, પશ્ચિમ, ઉત્તર , દક્ષિણ, વાયવ્ય, નૈઋત્ય અગ્નિકોણ,ઉર્ધ્વ અને અધો એ દશ દિશા છે.

દિશામૂઢ :માર્ગથી અજ્ઞાત. (૨) અજાણ, દિશા ભૂલેલો.

દીન :અનાથ; રંક. (૨) રાંક

દીનતા :નિરભિમાનપણું, સારા અધ્યાત્મ અર્થમાં દીનતા, એટલે પોતાને સત્પુરુષનો દાસ માને અને અશ્વયંત વિનય ધારણ કરે. બીજો અર્થ દીનતા એટલે ગરીબાઈ એમ લૌકિક અર્થ છે.

દીનનાથ :અનાથના નાથ; દીનના બંધુ; અશરણના શરણરૂપ.

દીનાનાથ દયાળ :દીન અને અનાથ જીવો પર દયા વર્ષાવતાવાળા, હે સમર્થ

દીર્ઘશંકા :શૌચાદિક્રિયા

દીર્ઘકાળ :અસંખ્યાત વર્ષો, એક સાગરોપમથી માંડી, નેત્રીશ સાગરોપમ પર્યંત.

દુઃખ :સુખથી વિપરીત લક્ષણવાળા વેદન. (૨) પરિતાપ. (૩) પીડારૂપ પરિણામવિશેષને દુઃખ કહે છે. (૪) વિકાર (૫) વિષયો તરફનુઃ વલણ તે તો આકુળતા છે, તે દુઃખ છે, પાપના રણમાં તો આકુળતા છે, તે પુણ્ય તરફના વલણમાં પણ આકુળતા જ છે, એટલે દુઃખ જ છે, તેમાં સુખ નથી. (૬) પીડારૂપ પરિણામ વિશેષને, દુઃખ કહે છે. (૭) આત્માની અંદર જે આનંદસ્વભાવ ભર્યો છે, તેની વિકૃતિ તે દુઃખ છે. આનંદસ્વભાવના અનુભવ વડે, વિકૃત દશા ટળીને આનંદદશા પ્રગટે છે. (૮) પોતાના સુખ ગુણની ઊંધી અવસ્થારૂપ વિકાર. (૯) પોતાના સુખ ગુણની ઊંધી અવસ્થારૂપ વિકાર (૧૦) કર્મનો વિપાક થતાં જે પુણ્ય-પાપના ભાવો થાય છે, કે કર્મના ફળપણે અનુભવાય છે, અને તે દુઃખ છે.

દુઃખ અને અજ્ઞાન :દુઃખની અવસ્થા વખતે પણ આત્મામાં પૂર્ણ જ્ઞાન, અનંદ સ્વભાવ, ભર્યો છે. જે સ્વભાવમાં અજ્ઞાન અને દુઃખનો નાશ કરવાની તાકાત દરેક ક્ષણે છે. જે નિરપેક્ષ અખંડ નિર્મળ સ્વભાવમાં, અભેદ દષ્ટિનું જોર કરતાં વિકારી અવસ્થાનો નાશ અને અનુપમ આનંદથી ઉત્પત્તિ થઈ શકે છે. વર્તમાન અવસ્થા વખતે પણ ત્રિકાળી પૂર્ણશકિત ધ્રુવપણે ભરી છે. જેમાં દુઃખ કે ભૂલ નથી. ભૂલ અને વિકાર રૂપ અવસ્થા, તો વર્તમાન એકેક સમય પૂરતી (પ્રવાહ રૂપે અનાદિથી) છે. નિત્ય અખંડ શુદ્ધ સ્વભાવના લક્ષે તે ભૂલ અને વિકારનો નાશ થઈ શકે છે.

દુઃખ મોક્ષાર્થી :દુઃખથી મુકત થવાની ઈચ્છાવાળા. (૨) દુઃખથી મુકત થવાના અર્થી

દુઃખ રૂપ :આત્માના સ્વભાવથી વિરુદ્ધ જેટલા ભાવ છે, તે દુઃખરૂપ છે. ને ભવિષ્યના દુઃખના કારણરૂપ છે. સર્વજ્ઞે કહેલા તત્ત્વાર્થ શ્રદ્ધા સિવાય, અન્યના કલ્પિત તત્ત્વોની માન્યતા આદિ કરવા, તે દુઃખરૂપ છે, ને દુઃખનું કારણ છે. તેને દુઃખરૂપ જાણીને હેય માનવાં, તત્ત્વથી વિરૂદ્ધ માન્યતાવાળા, વ્યવહારથી ધર્મ માનવાવાળા, બધાને દુઃખના કારણરૂપ જાણવા. મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છોડવા જેવા છે, એમ માની તેનો ત્યાગ કરવો.

પ્રથમ મોક્ષમાર્ગથી વિરુદ્ધ વાત બતાવી. હવે મોક્ષમાર્ગ બતાવે છે. નિશ્ચયને નિશ્ચય સમજાવો, રાગને રાગ સમજવો આત્માના સ્વભાવને શુદ્ધ સમજોવો. આમ યર્થાથ ઉપદેશ સમજાવો.

દુઃખ રૂપ :આકુળતામય, અશાંતિમય, અસુખમય (૨) પુણ્ય-પાપના ભાવોમાં ક્યાંય સુખ મળતું નથી, ક્યાંય શાંતિ મળતી નથી, પણ માત્ર આકુળતા જ વેદાય છે. વળી પુણ્ય-પાપના ભાવોનું ભવિષ્યે જ ફળ આવે છે, તે પણ દુઃખરૂપ જ છે.

દુઃખ સંતાપ :દુઃખ દાહ, દુઃખની બળતરા-પીડા

દુઃખથી સંતપ્ત થયા થકી :દુઃખ દાહને નહિ સહી શકતા થકી.

દુઃખધા :બળતરા.

દુઃખનું કારણ :આત્મજ્ઞાનનો અભાવ કે આત્મા વિષેનું અજ્ઞાન, તેજ દુઃખનું મુખ્ય કારણ છે. (૨) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર, તેનો નાશ તો જિનવાણી કરાવે છે. (૩) મોહ, રાગ, દ્વેષ દુઃખનું કારણ છે.

દુઃખના નાશનો ઉપાય :દુઃખનો નાશ કરવો હોય, તો આઠ કર્મોનો નાશ કરવો પડશે. આઠ કર્મોનો નાશ કરવા માટે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ, શ્રદ્ધા કરવી પડશે.

દુઃખના પ્રકાર :જન્મનું દુઃખ, જરાનું દુઃખ, મરણનું દુઃખ, રોગનું દુઃખ, શોકનું દુઃખ, ઈષ્ટ વિયોગનું દુઃખ, અનિષ્ટ સંયોગનું દુઃખ આમ, આ સાત પ્રકારમાં જગતના તમામ દુઃખનો સમાવેશ થાય છે.

દુઃખફળ રૂપ :આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલ પરિણામના હેતુ હોવાથી દુઃખફળ રૂપ છે (અર્થાત્ દુઃખ જેમનું ફળ છે એવા છે).

દુઃખમ કાળ :પંચમકાળ, કળિયુગ અનિષ્ટકાળ, દુઃખે કરીને પ્રાપ્ત.

દુઃખમૃષ્ટનિક્ષેપાધિકરણ :યત્નાચારરહિત થઈને વસ્તુ મૂકવી તે.

દુઃખમોક્ષાર્થી :દુઃખથી મુક્ત થવાના અર્થી.

દુઃખરૂપ :આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે.

દુઃખસંતપ્ત :દુઃખ સંતાપ, દુઃખ દાહ, દુઃખની બળતરા-પીડા

દુઃખસંતાપ :દુઃખદાહ; દુઃખની બળતરા-પીડા.

દુઃપ્રયુક્ત જ્ઞાન :દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન. (૨) દુષ્ટભાવવાળી ધર્મક્રિયામાં મોહ; દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન; વગર પ્રયોજને (નકામું) શુભકર્મથી અન્યત્ર (અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન. (૩) દુષ્ટપણે અશુભ કાર્યમાં જોડાયેલું જ્ઞાન.

દુઃષમ કાળ :પંચમ કાળ, કળિયુગ, દુઃખદકાળ, પરમાર્થની પ્રાપ્તિના કારવ્યો મળવાની બહુદુર્લભ ન હોય એવો કાળ, મોક્ષમાર્ગની પ્રાપ્તિ અતિ દુર્લભ હોય, એવો કાળ. કળિકાળ, અવસર્પિણી કાળનો પાંચમો આરો. (૨) જે કાળમાં મનુષ્યો મહાદુઃખ વડે આયુષ્ય પૂર્ણ કરતાં હોય, તેમ જ ધર્મારાધના રૂપ પદાર્થો પામ કરવામાં દુઃષમતા, એટલે મહાવિઘ્નો આવતાં હોય, તેને દુઃષમકાળ કહેવામાં આવે છે.

દુઃષહ :અસહ્ય, અત્યંત દુઃખદાયક, સહી ન શકાય તેવું.

દુઃસ્થિત :ખરાબ સ્થિતિવાળું; બરબાદ; ખુવાર; પાયમાલ. (૨) અશાંત સ્થિતિ (અર્થાત્ તળે ઉપર થવું તે, ખદખદ થવું તે); અસ્થિરતા; ખરાબ-કફોડી સ્થિતિ. (અગ્નિતપ્ત જળ ખદખદ થાય છે, તળે-ઉપર થયા કરે છે, તેમ દુઃખ આકુળતામય છે.) (૩) ખરાબ સ્થિતિવાળું; બરબાદ; ખુવાર; પાયમાલ. (૪) અશાંત સ્થિતિ (અર્થાત્ તળે-ઉપર થવું તે , ખદબદ થવું તે); છે, ઉપર-તળે થયા કરે છે, તેમ દુઃખ આકુળતામય છે.)

દુઃસમતા :ધર્મરાધનારૂપ પદાર્થો પ્રાપ્ત કરવામાં મહા વિઘ્નો આવતાં હોય, તેને કહેવામાં આવે છે.

દુઃસ્વર નામ કર્મ :જે કર્મના ઉદયથી, મધુર સ્વર ન હોય, જેમ કાગડા, કૂતરા, ગધેડા વગેરેને હોય છે, તેવો કર્કશ હોય, તેને દુઃસ્વર નામ કર્મ કહે છે. (૨) જે કર્મના ઉદયથી, મીઠો સ્વર ન હોય, તેને દુઃસ્વર (ધોધરો) નામ કર્મ કહે છે.

દુકૂલ :બારીક રેશમી વસ્ત્ર

દુગંછા :નિંદા, ચીતરી, સખત અણગમો, જુગુપ્સા. (૨) દુર્ગંધ

દૂર કરીને :છોડીને, દૂર કરવું = છોડવું

દુરૂઅભિનિવેશ :મિથ્યા માન્યતા, દુરભિનિવેશ

દુર્ગતિ :નિગોદગતિ

દુર્ગતિ :ખરાબ ગતિ; ખરાબ દશા; નઠારી પરિસ્થિતિ; અવગતિ; અસદ્ગતિ; નરકવાસની પરિસ્થિતિ; અધોગતિ; વિપત્તિ; પડતી. (૨) જેનાથી ગતિ કહેતાં ભવભ્રમણ થાય, તે દુર્ગતિ છે.

દુર્ગમ :જ્યાં દુઃખેથી મહામુશ્કેલીથી જઈ શકાય તેવુ; ન સમઝાય તેવું; અગોચર. (૨) મુશ્કેલીથી સમજાય તેવું. (૩) મુશ્કેલીથી સમજાય તેવો, કઠિન, સમજવો કઠિન પડે, તેવો. (૪) મુશ્કેલ (૫) મહા મુશ્કેલીએ સમજાય તેવા.

દુર્ઘટ :દુઃસંભવ; મુશ્કેલીથી બને કે બનાવાય તેવું; મુશ્કેલીથી ઘડાય તેવું. (૨) મુશ્કેલીથી ઘડાય તેવું; દુઃસંભવ; મુશ્કેલીથી બને કે બનાવાય તેવું. (૩) મુશ્કેલીથી ઘડાય તેવું; મુશ્કેલીથી બને કે બનાવાય તેવું; દુઃસંભવ. (૪) મુશ્કેલીથી ઘડાય તેવું; મુશ્કેલીથી બને કે બનાવાય તેવું; દુઃસંભવ. (૫) વિકટ, દુર્ગમ (૬) મુશ્કેલીથી પાર પડે-બને એવું, અશકય, મુશ્કેલ (૭) મુશ્કેલીથી ઘડાય તેવુ, મુશ્કેલીથી બને કે બનાવાય તેવું, દુઃસંભવ

દુર્ઘટતા :દુઃસંભવ; મુશ્કેલીથી બને કે બનાવાય તેવું; મુશ્કેલીથી ઘડાય તેવું.

દુર્બુદ્ધિ :વિકાર ગ્રસિત બુદ્ધ

દુષ્કૃત :દોષ (૨) અશુભ (૩) અશુભ ભાવ, હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, કામ-ભોગની વાસના, ક્રોધ, માન, માયા ને લોભ ઈત્યિાદિ, પાપભાવ તે દુષ્કૃત છે. (૪) અશુભભાવ, હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, કામ-ભોગની વાસના, ક્રોધ, માન, માયા, ને લોભ ઈત્યિાદિ પાપભાવ, તે દુષ્કૃત દુઃખના ભાવ છે. તે સંસારનું મૂળ છે.

દુષ્કર :અઘરું; કઠણ; મુશ્કેલીથી કરી શકાય તેવું; કઠિન. (૨) મુશ્કેલીથી કરી શકાય તેવું, કઠણ, અઘરું. (૩) મહા મુશ્કેલીએ પ્રાપ્તિ થાય એવો, મુશ્કેલ. કઠિન, મુશ્કેલ.

દુષ્કાર :અઘરું , કઠણ, મુશ્કેલીથી કરી શકાય, તેવું.

દુષ્ટ :અનિષ્ટ; ઘાતક; નિષિદ્ધ.

દેખે છે :અંતરમાં અનુભવે છે.

દેખતભૂલી :દર્શન મોહ, દેહાધ્યાસ

દેખતો :માનતો, દેખવું =માનવું

દેખનાર :માનનાર.

દેખવું :શ્રદ્ધવું, અનુભવવું. (૨) અનુભવવું. (૩) શ્રદ્ધવું (૪) માનવું, સમજવું (૫) માનવું, સમજવું, જોવું, અનુભવવું, સામાન્યપણે અવલોકવું (૬) સમજવું, અનુભવવું (૭) સામાન્યપણે અવલોકવું, સામાન્ય પ્રતિભાસ થવો. (૮) માનવું, સમજવું

દેદીપ્યમાન :સ્પષ્ટ (૨) પ્રકાશમાન, ઝાગઝગાટ, ઝળહળતું, તેજસ્વી.

દેદીપ્યમાન છે :જાણવામાં આવે છે.

દુરાગ્રહ :ખોટી હઠનો આગ્રહ, મમત ભરેલી તાણ, કરવામાં આવતી જિદ્ધ.

દેવો : દેવો અવધિચક્ષુ છે. (૨) દેવગતિનામકર્મ અને દેવાયુકર્મના ઉદયથી નિમિત્તી દેવો હોય છે. તેઓ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવા નિકાય(સમૂહ) ભેદોને લીધે ચાર પ્રકારના છે.

(૧) ભવનવાસી દેવો દશ પ્રકારના છે; અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, અગ્નિકુમાર, વ્હીપકુમાર, ઉદધિકુમાર, દિસિકુમાર, વાયુકુમાર, અને સ્તનિત કુમાર.

તેઓ કુમારની માફક દેખાવમાં મનોહર, સુકુમાર થાત મૃદુ-મધુર ગતિવાળા અને ક્રિડાશીલ હોય છે તેથી કુમાર કહેવાય છે. તેઓ મોટે ભાગે આવાસોમાં અને ક્યારેક ભવનોમાં રહે છે. આવાસ મંડપ જેવા હોય છે અને ભવન નગર જેવા હોય છે તેથી ભવનવાસી કહેવાય છે.

(૨) વ્યંતર - આઠ પ્રકારના છે. ૧. પિશાચ, ૨. ભૂત, ૩. યક્ષ, ૪. રાક્ષસ, ૫. કિન્નર, ૬. કિંપુરુષ, ૭. મહોરગ અને ૮ ગાંધર્વ. તેઓ પણ ભવનો અને આવાસોમાં રહે છે. તેઓ પોતાની ઈચ્છાથી તથા બીજાની પ્રેરણાથી ભિન્ન ભિન્ન જગ્યાએ જાય છે, એમાંથી કેટલાક મનુષ્યની સેવા કરે છે.

(૩) જ્યોતિષ્ક - જ્યોતિષિ દેવતાઓ પાંચ પ્રકારના છે. ૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. નક્ષત્ર, ૪. ગ્રહ અને ૫. તારાઓ. બધા આમાંના જીવ જે

મનુષ્યક્ષેત્રમાં છે તે બા ગતિ કરનારા અને મનુષ્યક્ષેત્રની બહાર રહેનારા સ્થિર હોય છે.

(૪) વૈમાનિક દેવો – બે પ્રકારના કહ્યા છે – ૧. કલ્પવાસી અને ૨. અકલ્પવાસી (કલ્પાતીત).

(૧) કલ્પવાસી દેવોના બાર પ્રકાર છે – ૧. સૌધર્મ, ૨. ઈશાન, ૩. સનતકુમાર, ૪. મહેન્દ્ર ૫. બ્રહ્મલોક, ૬. લાંતક, ૭. મહાશુક્ર, ૮. સહસ્રાર, ૯. આનત, ૧૦. પ્રાણ, ૧૧. આરણ અને ૧૨. અચ્યુત.

(૨) કલ્પાતીત દેવો બે પ્રકારના કહ્યા છે (૧) ગ્રૈવેયક અને (૨) અનુત્તર. ગૈવેયકની ત્રણ ત્રિકો છે- હેઠેની, મધ્યમ અને ઉપરની. અને તે દરેકની પાછી નીચેની, મધ્યમ અને ઉપરની એમ ત્રણ ત્રિકો મળીને કુલ નવ પ્રકારના ગ્રૈવેયક કહ્યા છે.

અનુત્તર વિમાનમાં રહેનારા વૈમાનિક દેવોના પ્રકાર પાંચ છે –

૧. વિજય ૨. વૈજયંત ૩. જયંત ૪. અપરાજિત અને ૫. સર્વાર્થ –સિદ્ધ.

કલ્પવાસી દેવોમાં સ્વામી-સેવક ભાવ છે, પણ કલ્પાતીતમાં નથી. મનુષ્યલોકમાં પણ કોઈ નિમિત્તથી જવાનું થાય, તો કલ્પવાસી જ જાય છે. કલ્પાતીત દેવો સ્થાન છોડી ક્યાંય જતા નથી.

જીવોને દેવત્વાદિની પ્રાપ્તિમાં પૌદ્ગલિક કર્મ નિમિત્તભૂત છે. તેથી દેવત્વાદિ જીવનો સ્વભાવ નથી. વળી, દેવ મટીને દેવ જ થયા કરે અને મનુષ્ય મટીને મનુષ્ય જ થયા કરે – એ માન્યતાનો પણ અહીં નિષેધ થયો. જીવોને પોતાની લેષ્યાને યોગ્ય જ ગતિનભકર્મ અને આયુષકર્મ બંધાય છે અને તેથી તેને યોગ્ય જ અન્ય ગતિ – આયુષ પ્રાપ્ત થાય છે.

દેશ :ઘણા અંશોનો સમૂહ, તે દેશ (૨) અખંડ દ્રવ્ય, ગુણોના સમૂહથી દેશ કહેવાય છે. (૩) ક્ષેત્ર. આત્મા તારો દેશ અહીં શરીરમાં અંદરમાં છે. અસંખ્ય પ્રદેશી અનંત ગુણોનો આખો એક સમાજ તારો દેશ છે. અનંત ગુણોનું વાસ્તુ એવો તારો દેશ છે. લોકમાં જેટલા પ્રદેશો છે, એવડો અસંખ્યપ્રદેશી ભગવાન! જારો દેશ છે. અને તેમાં અનંત ગુણોનો સમાજ વસે છે. આવડો મોટો દેશ, અને તેમાં અધધધ આવડી મોટી સંખ્યા વસે! ધાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય, અકર્તુત્વ અભોકતૃત્વ કરણ, સંપ્રદાન, જીવત્વઆદિ અનંત, અનંત શકિતરૂપી સમાજનો જેમાં એકમેકપણે વાસ છે. એવો મહાન દેશ પ્રભુ! જું આત્મા છો. જે દ્રવ્યાર્થિક તપ વિષય છે. આ જ્ઞાનનું પરમજ્ઞેય અને ધ્યાનનું એકમાત્ર ધ્યેય છે. આવું તારું તત્ત્વ બહુ ઝીણું સૂક્ષ્મ છે, પ્રભુ!

દેશકાલ :દેશ-કાળને જાણનાર, દેશકાળનો જાણ (દેશ કાલજ્ઞ)

દેશકાલજ્ઞ :દેશ-કાળને જાણનાર; દેશકાળનો જાણ.

દેશચારિત્ર :નિશ્ચય સમ્યગ્દર્શન સહિત, ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી, (અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાની કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિ વિશેષને, દેશચારિત્ર કહે છે.

(આ શ્રાવકદશામાં, વ્રતાદિરૂપ શુભભાવ હોય છે.)

(શુદ્ધ દેશચારિત્રથી ધર્મ થાય છે અને વ્યવહાર વ્રતથી બંધ થાય છે. નિશ્ચય ચારિત્ર વિના, સાચું વ્યવહાર ચારિત્ર હોઈ શકે નહિ.)

દેશના :ઉપદેશ (૨) ઉપદેશ, બોધ. (૩) સત્બોધ સરસ્વતી, દિવ્યવાણીરૂપી સરસ્વતી.

દેશના લબ્ધિ :એકવાર સ્વરૂપ ગુરુ પાસેથી, પોતાની રુચિના જોર યર્થાથ સત્ય સાંભળે છે, તેને દેશનાલબ્ધિ કારણ કહેવાય છે. (૨) આત્મા આખો કેવો છે તે સાંભલ્યું તે દેશના લબ્ધિ છે. (૩) યથાર્થ ઊપદેશ (૪) જે જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે, તે જીવ તે વખતે અથવા પૂર્વ ભવે સમ્યક્જ્ઞાની આત્મા પાસેથી ઉપદેશ સાંભળે હોય છે, તેને દેશનાલબ્ધિ કહેવામાં આવે છે. (૫) ગુરુનો ઉપદેશ; સદ્ગુરુનો ઉપદેશ. (૬) છ દ્રવ્યો અને નવ પદાર્થોનો ઉપદેશ કરવાવાળા આચાર્ય વગેરેથી ઉપદેશનો લાભ મળવો તેને દેશનાલબ્ધિ કહે છે. (૭) અનાદિનો નિયમ છે કે, એકવાર યર્થાથ સત્સમાગમે પ્રત્યક્ષ જ્ઞાનીની વાણી કાને પડવી જોઈએ. આ શ્રવણને, શાસ્ત્ર ભાષામાં દેશના લબ્ધિ કહે છે. પછી તે ભવે કે બીજા ભવે પોતાની મેળે તત્ત્વમનનથી જાગે, પણ પ્રથમ ગુરુગમ વિના એકલો શાસ્ત્ર વાચેં, કોઈની મારફત વાતો સાંભળે, કલ્પના કરેતો, તત્ત્વ સમજાય તેવું નથી. (૮) જે જીવને સમ્યગ્દર્શન પ્રગટે છે, તે

જીવે તે વખતે અથવા પૂર્વભવે સમ્યગ્જ્ઞાની આત્મા પાસેથી, ઉપદેશ સાંભળેલ હોય છે, તેને દેશનાલબ્ધિ કહેવામાં આવે છે.

દેશવ્રતના પાંચ અતિચાર :૧. મર્યાદા બહાર નોકર ચાકરને મોકલવા. ૨ઉ મર્યાદા બહારથી કોઈ વસ્તુ મંગાવવી, ૩ઉ મર્યાદા બહાર શબ્દ કહીને, બોલીને પોતાનું કામ કરવું, ૪ઉ મર્યાદાની બહાર પોતાનું રૂપ દેખાડીને સ્વાર્થ સાધવો, ૫. મર્યાદા બહાર કોઈ ચીજ વગેરે ફેંકીને પણ, પોતાનું કાર્ય કરી લેવું – એ પાંચ દેશવ્રતના અતિચાર છે.

દેશવ્રતી :શ્રાવકના વ્રતીને ધારણ કરનાર, સમ્યગ્દષ્ટિ પાંચમા ગુણસ્થાને વર્તતા જીવ.

દેશવિરતિ ધર્મ :જેણે પોતાની ઉપજીવિકા જેટલાં સાધન માત્ર અલ્પ આરંભથી રાખ્યાં છે, શુદ્ધ એક પત્નીવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પ રાગ, અલ્પ દ્રવ્યમાયા અને સત્ય તેમજ શાસ્ત્રાધ્યયન રાખ્યું છે. જે સત્પુરુષોને સેવે છે, જેણે નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવો છે, જેના વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ટછે તે પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે, તે દેશ વિરતિ ધર્મ છે.

દેશાંશ :પ્રદેશ, અંશનો નાનામાં નાનો ભાગ, તે પ્રદેશ. (૨) આકાર (દ્રવ્યના દેશાંશ = દ્રવ્યના પ્રદેશના આકાર) (૩) છેદ– દેશના છેદ (૪) આકાર

દેશિ :દર્શનક્રિયા; સામાન્ય અવલોકન.

દેવ :સર્વ દોષ રહિત પરમાત્મા તે દેવ. (૨) દેવ ગતિને પ્રાપ્ત જીવોને, દેવ કહેવાય છે. તેઓ અણિમાં, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશત્વ અને વશિત્વ, એ આઠ સિદ્ધિ (ઐશ્વર્ય) વાળા હોય છે. જેમને મનુષ્યના જેવા આકારવાળું સાત કુધાતુ રહિત સુંદર શરીર હોય છે (૩) શ્રી અર્હંત અને સિદ્ધ ભગવાન, તે દેવ છે. (૪) સર્વ દોષ રહિત પરમાત્મા તે દેવ. (૫) ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી અને વૈજ્ઞાનિક.

દેવ ગુરુ નું સ્વરૂપ :શ્રી અર્હંત અને સિદ્ધ પરમેષ્ઠીદેવ છે. અને ભાવલીંગી દિગંબર મુનિ – આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, તે ગુરુ છે.

ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યે નિયમસારમાં, દેવ–ગુરુ નું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છે.

(૧) શ્રી અર્હંતનું સ્વરૂપ

ઘનઘાતિ કર્મ રહિત કેવળ જ્ઞાનાદિ પરમ ગુણ સહિત અને ચોવીસ અતિશય સંયુકત, એવા અર્હંત હોય છે. (ગાથા ૭૧)

(બાહ્ય– અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ શ્રી અરિહંત દેવ ને હોય છે. શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને દર્શન ઉપયોગ અને જ્ઞાન ઉપયોગ એકસાથે વર્તે છે, ક્રમથી નહી.)

(૨) શ્રી સિદ્ધનું સ્વરૂપ

આઠ કર્મના બંધનો જેમણે નાશ કર્યો છે, આઠ મહા ગુણો સહિત, પરમ લોકના અગ્રભાવમાં સ્થિત અને નિત્ય એવા સિદ્ધ હોય છે. (ગાથા ૭૨)

(સિદ્ધ ભગવાનમાં વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી અનંતા ગુણ છે.)

(૩) આચાર્યનું સ્વરૂપ

પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિય રૂપી હાથીના મદનું દલન કરનાર, ધીર અને ગુણગંભીર, એવા આચાર્ય હોયછે. ૭૩. આચાર્યના ૩૬ ગુણ હોય છે.

(૪) ઉપાધ્યાયનું સ્વરૂપ

રત્ન સંયુકત જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત એવા ઉપાભ્યાય હોય છે. ૭૪. (ઉપાધ્યાયના ૨૫ ગુણ હોય છે. તે મુનિઓમાં શિક્ષક અધ્યાપક છે.)

(૫) શ્રી સાધુ નું સ્વરૂપ

સમસ્ત વ્યપારથી વિમુકત, ચાર પ્રકારની આરાધનામાં સદા લવલીન, નિગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. ૭૫. (સાધુના ૨૬ મૂળગુણ હોય છે)

દેવ દુંદુભિ :દેવલોકનું વાજીંત્ર નગારું, ભેરી.

દેવ મૂઢતા :ભય, આશા, સ્નેહ, લોભવશ, રાગી–દ્વેષી દેવોની સેવા કરવી તે, વંદન–નમસ્કાર કરવા તે.

દેવપણું :શુભભાવનું ફળ, દેવપણું

દેવગતિ :દેવગતિમાં ઉત્કૃષ્ટ આયુષ્યસ્થિતિ ૩૩ સાગરોપમ અને જઘન્ય દસ હજાર વર્ષની છે. (૨) જે શુભ ભાવમાં વધ્યા, તે દેવ થયા (૩) દેવગતિ નામ કર્મના ઉદયથી, ચાર પ્રકારના દેવોમાંથી કોઈ એકમાં જન્મ લેવો.

દેવગતિનું કારણ :જે જીવમાં મરણ સમયે આર્ત એટલે દુઃખરૂપ પરિણામ ન હોય અને શાંતિમાન અર્થાત્ રાગદ્વેષ રહિત સમભાવરૂપ શાંત ચિત્ત હોય તે જીવ તિર્યંચ કે નરકગતિમાં દેહ ધારણ ન જ કરે. પરંતુ જો જીવ ધર્મધ્યાન પૂર્વક અનશનવ્રત સહિત મરણ કરે તો સ્વર્ગલોકમાં ઈન્દ્ર કે મહર્દ્ધિક દેવ થાય. પણ કનિષ્ઠ પર્યાય ધારણ ન કરે એવો નિયમ છે.

દેવાયુના આસ્રવનું કારણ :સરાગ સંયમ, સંયમા સંયમ, અકામનિર્જરા અને બાળતપ, તે દેવાયુના આસ્રવનાં કારણો છે.

સમ્યગ્દર્શન પણ દેવાયુના આસ્રવનું કારણ છે. અર્થાત્ સમ્યગ્દર્શન સાથે રહેલો રાગ, તે પણ દેવાયુના આસ્રવનું કારણ છે.

દેવાલય :દેરાસર, દેવમંદિર, દેવોની સ્થાપના કરી હોય તે મંદિર-જગ્યા

દેવનું સ્વરૂપ :શ્રી અર્હંત અને પરમેષ્ઠી દેવ છે

(૧) શ્રી અર્હંતનું સ્વરૂપ : ઘનઘાતિ કર્મ રહિત, કેવળજ્ઞાનાદિ પરમગુણ સહિત અને ચોત્રીસ અતિશય સંયુકત, એવા અર્હંત હોય છે.

(બાહ્ય-અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ, શ્રી અરિહંત દેવને હોય છે. શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને દર્શન ઉપયોગ અને જ્ઞાનોપયોગ, એક સાથે વર્તે છે, ક્રમથી નહિ.)

(૨) શ્રી સિદ્ધનું સ્વરૂપ : આઠ કર્મોનાં બંધનો, જેમણે નાશ કર્યો છે, આઠ મહાગુણો સહિત, પરમ, લોકના અગ્રભાગમાં સ્થિત અને નિત્ય, એવા સિદ્ધ હોય છે.

(સિદ્ધ ભગવાનમાં વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી અનંત ગુણ છે.)

દેવના અવર્ણવાદનું સ્વરૂપ :સ્વર્ગના દેવના અવર્ણવાદ નો એક પ્રકાર, સંઘના અવર્ણવાદના સ્વરૂપમાં જણાવ્યો છે. તે ઉપરાંત તે દેવમાંસ ભક્ષણ કરે, મધપાન કરે, ભોજનાદિક કરે, મનુષ્યણી સાથે કામ સેવન કરે. ઈત્યાદિ માન્યતા, તે દેવનો અવર્ણવાદ છે.

દેવાન્ત :દેવો સુધીના સમસ્ત સંસારીઓ

દેવાભાસો :દેવ હોવાનો દેખાવ કરનારા, દેવ નથી પણ દેવના આભાસ માત્ર છે. અમે ઈશ્વર છીએ, ને જગતના કર્તા-હર્તા છીએ એમ કહેનારા બધા દેવભાસો છે. દેવના અભિમાનીઓ.

દેહ દેવાલયમાં આત્મા રહે છે :દેહ મૂર્તિક છે અને આત્મા અરૂપી છે, દેહમાં આત્મા રહેવા છતાં, આત્મા દેહને સ્પર્શતો પણ નથી.

દેહ સાદિ સાંત છે :શરીદ આદિ અને અંત સહિત છે.

દેહ-અવગાહના :દેહ જે ક્ષેત્રને ઘેરે તે.

દેહગેહ :શરીર તેમજ દ્વાર.

દેહના નેહરૂપ :દેહના રાગરૂપ, દેહની મમતારૂપ

દેહપ્રમાણ :મુક્ત આત્માની અવગાહના ચરમ શરીરપ્રમાણ હોય છે તેથી તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને દેહપ્રમાણપણું કહી શકાય છે.

દેહાતીત :દેહથી સ્પષ્ટ જુદું; દેહાદિની કલ્પના રહિતચ આત્મામય જેની દશા વર્તે છે તે. (૨) દેહથી અતીત, વિદેહી દશા.

દેહાતીત દશા :વિદેહી દશા, શરીર રહિતપણું, અશરીરીભાવ.

દેહાધ્યાસ :દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે દેહાધ્યાસ. (૨) દેહાત્મબુદ્ધિ. (૩) દેહ જ આત્મા છે એવી દષ્ટિ. (દેહાધ્યાસ) અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે, તેથી આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે; પણ આત્મા અને દેહ બન્ને જુદાં છે. (૪) દેહમાં આત્મબુદ્ધિ અને આત્મામાં દેહબુદ્ધિ. દેહને આત્મા માનવી અને આત્માને દેહ માનવો તે. (૫) દેહ જ આત્મા છે એવો ખ્યાલ, દેહાત્મ દષ્ટિ. (૬) દેહભાવ, હું દેહ છું એમ થવું, તે દેહાધ્યાસ, દેહનો પરિચય. (૭) જ્ઞાન સ્વરૂપમાં દેહ, મન, વાણી કર્મ અને નોકર્મનો એકરૂપે ભાસ થવો તે દેહાધ્યાસ છે. મનની અંદર જોડાણ કરવાથી શુભ-અશુભ પરિણામ જે થાય, તે પણ એક ન્યાયે દેહ છે. પુણ્ય-પાપ, હર્ષ-શોક થાય, તેનું કારણ કાર્મણ શરીર છે. તેમાં દેહાધ્યાસ કાર્યનો આરોપ કરીને કહ્યું છે કે, દેહાધ્યાસ છૂટે તો તું પરનો-કર્મનો કર્તા-ભોકતા નથી. મળની શુભાશુભ વૃત્તિ ઊઠે, તે પણ દેહ છે. હું દેહાતીત-

અતીન્દ્રિય અરાગી તત્ત્વ છું, હું કેવળ જ્ઞાન સ્વરૂપ છું. મારા નિત્ય સ્વભાવમાં દોષ નથી, એમ નિર્દોષ અનુભવ કરતાં દેહાધ્યાસ છૂટે છે. (૮) દેહમાં આત્મબુદ્ધિ, દેહ તેજ આત્મા છે, એવી બુદ્ધિ (૯) દેહમાં આત્મ બૃદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ, દેહમાં આત્માતા મનાઈ છે, અને તેને લીધે, સ્ત્રીપુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્તે છે.

દેહાર્થ :દેહ માટે

દેહાંતર :એક ગતિમાંથી બીજી ગતિમાં જવું.

દેહાંતર રૂપ :ભવાંતર રૂપ

દૈત્યતા :વિનય.

દૈવત :દેવત્વ; દિવ્ય તેજ; શરીરની તાકાત; શક્તિ; બળ; સત્ત્વ. (૨) તેજ

દંડ :શકિત પ્રમાણે, તેને શિક્ષા કરવારૂપ દંડ

દંતવાક્ય :દાંતમાંથી જે વાકય નીકળે તે, પાછું ન ફરે.

દંતી :ઈન્દ્રિયોને નિગ્રહ કરવાવાળું. (૨) ઈન્દ્રિયનિગ્રહ (૩) ઈન્દ્રિય નિગ્રહ કરવો

દંભી :માયાચારી

દંભોલી :વજ્ર, (વજ્ર)

દઢ ભાન :એકાગ્ર ઉપયોગ. ભાન=લક્ષ; વિચાર.

દઢતર :બહુ દઢ

દઢતા :સત્સ્વરૂપની નિઃશંક પકડ.

દઢપણે :એકનિષ્ઠપણે.

દઢીકૃત :દઢ નહોતું તેવું દઢ કરેલું; મજબૂત કરેલું.

દઢ :ગાઢ (૨) બળવાન (૩) બળવાન, સ્થિર, અટલ, નિશ્ચિત (૪) મજબૂત, અશિથિલ, ગાઢ, બળવાન, શકિતવાળું, ટકાઉ, સ્થિર, અટલ

દઢધર્મા :દઢધર્મ નિશ્રાયી. પ્રથય દેહદ્રષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ, દ્રષ્ટિ થઈ, આત્મા માં, ગયો, દેહથી નેહ, પ્રથમ દેહની દશામાં ફેશફાર થયે એટલે કે રોગ થયે, પોતે દેહના ભાવ પણે કર્તા- ભોકતા થતો હતો, તે અશુદ્ધ ચેતનાનું એકાગ્રપણૂ: છૂટયું, ત્યાં શુભ-અશુભ રાશાદિરૂપ અશુદ્ધ પરિણામ થી છૂટીને શુદ્ધ ચેતનાનો કર્તા- ભોકતા થયો, આ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. સમકિત-નું સ્વરૂપ છે, આમાં બીજું કાંઈ કરવાનું ન આવ્યું, તેમાં આ કાંઈ ઊંચામાં ઊંચી વાત નથી, પણ જૈન દર્શન- મોક્ષમાર્ગનો એકડામાં એકડો છે. આ સિવાય બીજું માનવું, તે મિથ્યા માનવું છે.

દુરંત :જેનો અંત દૂર છે એવા. (૨) મટવું બહુ કઠણ. (૩) જેનો અંત દૂર છે, એવા (૪) પાર ઊતરી શકાય નહી તેવું, મહા મુશ્કેલીથી પાર પમાય તેવું , ખરાબ પરિણામ વાળું. (૫) અપાર, અનંતકાળ (૬) અનંત, અપાર, અંતે ખરાબ પરિણામતું, દુર્જય, અકળ, અગમ્ય (૭) અનંત, અપાર, દુર્જય, અકળ, અગમ્ય. (૮) જેનો પાર પામવો કઠિન છે, તથા જેનું પરિણામ ખરાબ છે.

દુરુત્તર :અનુત્તર = જવાબને ટાળી શકાતો નથી. (૨) ટાળી ન શકાય તેવું.

દુરુત્તર છે :કોઈપણ રીતે ટાળી શકાતો નથી.

દુસ્તર :મુશ્કેલીથી તરી કે વટાવી જવાય તેવું. દર્શન રોકાયે જ્ઞાન રોકાય.

દૂરતર :વિશેષ દૂર.

દૂરી ભૂત :અત્યંત દૂર, ઘણો જ દૂર, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી

દુર્દ્ધર :દુઃસાધ્ય

દુર્ઘટ :મુશ્કેલીથી ઘડાય તેવું, મુશ્કેલીથી બને કે બનાવાય તેવું, દુઃસંભવ

દુર્ધર :પકડી રાખવું મુશ્કેલ; મુશ્કેલીથી ધારણ કરી શકાય તેવું. (૨) મુશ્કેલીથી ધારણ કરી શકાય તેવું. (૩) મુશ્કેલીથી ધારણ કરી શકાય તેવું; પકડી રાખવું મુશ્કેલ. (૪) ઉગ્ર, પ્રચંડ (૫) આકરું, કઠિનતાથી ધારણ કરી શકાય, એવું. (૬) મુશ્કેલીથી ધારણ કરી શકાય તેવું, પકડી રાખવું મુશ્કેલ.

દુર્નિવાર :નિવારવો મુશ્કેલ; રાખવો મુશ્કેલ. (૨) ટાળવું મહાકઠણ. (૩) નિવારવો મુશ્કેલ; ટાળવો મુશ્કેલ. (૪) નિવારી શકાય નહિ તેવું, ટાળી ન શકાય તેવું, અટકાવી ન શકાય તેવું. (૫) અપાર અજ્ઞાન, મહા મુશ્કેલીથી છૂટે તેવું. (૬) અવશ્ય, અટકાવી ન શકાય તેવું

દુર્બુદ્ધિઓ :મિથ્યા દષ્ટિઓ

દુર્બળ :સૂક્ષ્મ, પાતળો.

દુર્ભગ :દુર્ભાગી; ભાગ્યહીન; અભાગી.

દુર્ભગ નામ કર્મ :જે કર્મના ઉદયથી બીજા જીવો પોતાથી અપ્રીતિ કરે, તેને દુર્ભગ નામ કર્મ કહે છે. (૨) જે કર્મના ઉદયથી, બીજા જીવો પોતાના ઉપર અપ્રતીતિ કરે, દ્વેષ કરે, એવું શરીર હોય, તેને દુર્ભગનામ કર્મ કહે છે. (૩) જે કર્મના ઉદયથી બીજા જીવો, પોતાના ઉપર અપ્રીતિ કરે, દ્વેષ કરે એવું શરીર હોય, તેને દુર્ભગનામ કર્મ કહે છે.

દૂરભવ્ય :અભવ્ય; નિકટ (સમીપ)માં જેનો મોક્ષ નથી થવાનો એવા.

દુર્ભાગ્ય :જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું જેનું ભાગ્ય નથી તે; કમનસીબ; અભાગિયું.

દૂરભિનિવેશ :દુરાગ્રહ, મિથ્યા માન્યતા. (૨) હઠાગ્રહ, મિથ્યાગ્રહ, મિથ્યા માન્યતા

દુરિચ્છા :ખોટી ઈચ્છા

દુરસ્ત :ખરું; વાજબી; ઠીક-ઠાક; સમારકામ કર્યું છે તેવું.

દુરૂહ :મુશ્કેલીથી કલ્પનામાં બેસે તેવું; મુશ્કેલીથી સમઝાય તેવું; કલ્પનામાં ન બેસે તેવું.

દુરાગ્રહ :ખોટો આગ્રહ, ખોટી મમત. (૨) ખોટો આગ્રહ, ખોટીપકડ, મમત, ઉજદ્.

દુરાચાર :પાપ બંધાય એવા, ખરાબ આચાર.

દુરાત્મત :આત્માનો ઘાત કરનાર (૨) આત્માનો ઘાત કરનાર, આત્માના અહિંસક સ્વભાવ ને નહિ જાણકાર

દુરિત :અનિષ્ટ

દુરિચ્છા :ખરાબ ઈચ્છા; ખોટી ઈચ્છા; ખરાબ અભિલાષા; ખોટી વાસના. (૨) દુષ્ટ ભાવના; દુષ્ટ વાસના; દુષ્ટ ઈચ્છા; ખરાબ આકાંક્ષા. (૩) ખોટી ઈચ્છા

દુરિત :દુઃખો, પાપો (૨) દુરિત શબ્દ સામાન્ય રીતે પાપ કે પાપકર્મના અર્થમાં યોજાય છે, પરંતુ અહીં તે કર્મમાત્ર, આઠ પ્રકારની કર્મ પ્રકૃતિઓના અર્થમાં યોજાયો છે. એના પર્યાય નામો છેઃ અધ, કલિલ, રજસ્, એનસ્, આગસ્, રેફ્સ, અંહસ્ અને પાતક. (૩) દુરિત શબ્દ સામાન્ય રીતે, પાપ કે પાપકર્મના અર્થમાં યોજાય છે, પરંતુ અહીં તો, તે કર્મમાત્ર અથવા આઠે પ્રકારની કર્મપદ્ધતિઓના અર્થમાં યોજાયો છે. કર્મ વિશેષ જે પાપ તેના આશયમાં નથી. એના પર્યાય નામો છે અધ, કલિલ, રજસ્, એનસ્, આગસ, રેફસ્ અંહસ્ અને પાતક, જે બધાનો પ્રયોગ પણ ગ્રંથમાં દુરિતના ઉકત આશયવાળો છે, કેવળ પાપના આશય માટે નથી.

દુરિત આસ્રવ :શુભાશુભ કર્મોનું આગમન, કર્માસ્રવ, કર્માષકના આગમનના અર્થમાં, આ દુરિતશબ્દનો પ્રયોગ થાય છે. બધા જ કર્મ પાપ રૂપ છે. જે આત્માને બંધનમાં બાંધીને પરાધીન બનાવીને, તેને સંસારમાં ભ્રમણ કરાવે છે. તેથી જ શ્રી કુંદકુંદાચાર્યે સમય સારમાં, પુણ્ય કર્મને પણ સુશીલ માન્યું નથી, કે જે આત્માને સંસારમાં જ પ્રવેશ (ભવ ગ્રહણના રૂપમાં ભમ્રણ) કરાવ્યા કરે છે. (૨) દુરિતોના શુભાશુભ કર્મોના આસ્રવોનું આત્મામાં આગમન. (૩) શુભાશુભ કર્મોનો આસ્રવ, જ્ઞાનાવરણાદિ આઢે કર્માસ્રવ દુરિતના બીજા અર્થો , અર્ધ, કલિલ, રજસ્, એનસ્, આગસુ રેફસ્, અંહસ્ અને પાતક

દુર્મેધ :ઓછી બુદ્ધિવાળા; મંદબુદ્ધિ; ઠોઠ.

દુર્વાસના :કુનયની વાસના

દુવિધા :શું કરવું, શું ન કરવું એવી વિમાસણઃ દુગ્ધા, આપત્તિ, મુશ્કેલી, મૂંઝવણ, જંજાણ

દુર્લભ :દુઃખ કરીને પ્રાપ્ત થાય. (૨) મળવું મુશ્કેલ. (૩) દુઃખ કરી તે પ્રાપ્ત થાય, એવો દુર્લભ શબ્દનો અર્થ છે, દુષ્કર. (૪) મહા મોંઘી, મુકેલી વેડીને ય પ્રાપ્ત ન થાય, તેવી (૫) દુઃખે કરીને પ્રાપ્ત થાય (૬) દુઃખે કરીને પ્રાપ્ત થાય એવો દુર્લભ શબ્દનો અર્થ છે. (૬) આ જગતમાં સૌથી વધુ દુર્લભ નીચેની ચાર વસ્તુઓ છે –

(૧) શુદ્ધ આત્મામાં પ્રીતિ-રુચિ કરે તેવા જીવો તથા કરાવે તેવાં નિમિત્તો મળવાં દુર્લભ છે;

(૨) શુદ્ધ આત્મસ્વરૂપ અને તેની પ્રાપ્તિના ઉપાયોનું વર્ણન કરનાર અધ્યાત્મશાસ્ત્રની પ્રાપ્તિ;

(૩) શુદ્ધ આત્માના અનુભવી તથા આત્મતત્ત્વના ઉપદેશક સાક્ષાત્ આત્મજ્ઞાની સદ્‌ગુરુની પ્રાપ્તિ;

(૪) પોતાના શુદ્ધ આત્માની સાક્ષાત્ ઓળખાણ, આત્મ અનુભવ, ચિંતામણિરૂપ ભેદજ્ઞાનની પ્રાપ્તિ તે તો ત્રણે કાળ અને ત્રણે લોકમાં દુર્લભમાં પણ દુર્લભ છે.

દુર્લભબોધિ :સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિની દુર્લભતા

દુષ્કૃત્ય :પાંચ ઈન્દ્રિયોના વિષયો.

દુષમ :દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય, એવો. (૨) કઠિન (૩) મુશ્કેલઃ અઘરું, દુષ્કર, (૪) દુઃખ કરીને પ્રાપ્ત થવા યોગ્ય (૫) દુઃખ કરીને પ્રાપ્ત થવા યોગ્ય

દુષમ (કલિયુગ) :પંચમકાલ, આ આરો પંચમકાલ છે. અન્ય દર્શનકારો એને જ કલિયુગ કહે છે. જિનાગમમાં આ કાળને દુષમ એવી સંજ્ઞા કહી છે.

દુષમ કાળ :શાસ્ત્રોને વિષે આ કાળ ને અનુક્રમે, ક્ષીણપણા યોગ્ય કહયા છે, અને તે પ્રકારે અનુક્રમે થયા કરે છે. એ ક્ષીણપણું મુખ્ય કરીને પરમાર્થ સંબંધીનું કહયું છે. જે કાળમાં અત્યંત દુર્લભ પણે, પરમાર્થની પ્રાપ્તિ થાય તે કાળ દુષમ કહેવા યોગ્ય છે. જો કે સર્વ કાળને વિષે પરમાર્થ પ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે. જીવોની પરમાર્થ વૃત્તિ ક્ષીણ પરિણામે, પામતી જતી હોવાથી, તે પ્રત્યે જ્ઞાની પુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેથી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થ માર્ગ, અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે. શ્રીમદ રાજચંદ્ર (વચનામૃત આંક- ૩૯૮)

દુષમ કાળના પાંચ કારણો :(૧) પૂર્વના આરાધક જીવો આ કાળમાં જન્મતા નથી, તે પહેલું કારણ છે. (૨) પૂર્વે જેમણે મોક્ષમાર્ગનું આરાધન કર્યુ નથી, તેવા જ મોટા ભાગના જીવો આ કાળમાં, મનુષ્યપણું પામ્યા છે. જે બીજું કારણ છે. (૩) આવા જન્મેલા મનુષ્યોને મોક્ષમાર્ગ આરાધવાનું સૂઝતું નહી હોવાથી, સત્સંગની અતિ દુર્લભતા થઈ પડી છે તે ત્રીજું કારણ છે. (૪) આવા જીવ ને જો કોઈ સંજોગોમાં સત્પુરુષનો યોગ થાય, તો તેને ઓળખી શકતા નથી અને પોતાના મતાગ્રહમાં જ તણાઈ જાય છે, તે ચોથું કારણ છે.(૫)અને કાચિત જો સત્સમાગમનો યોગ બને, જ્ઞાનીની ઓળખ થાય તોપણ પ્રબળ પુરુષાર્થ ઊપાડી શકે, તેટલું વીર્ય કે શકિત આ કાળમાં નથી તે આ કાળને દુષમ કહેવાનું પાંચમું કારણ છે.

દુષમકાળ :પંચમ કાળ, દુઃખોથી ભરેલો કાળ.

દૂષિત :દોષરૂપ; નિંદિત.

દુસ્તર :દુરંત (૨) અતિ મુશ્કેલીથી પાર કરી શકાય તેવું, તરીને પાર ન જવાય, તેવું (૩) મુશ્કેલીથી તરાય- ઓળંગાય એવું. (૪) મુશ્કેલીથી તરાય, મુશ્કેલીથી ઓળંગાય એવું. (૫) સહેલાઈથી જેનો પાર પમાતો નથી એવી.

દુ-શ્રુતિ અનર્થ દંડ ત્યાગ વ્રત :મિથ્યાત્વ સહિત રાગ દ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કઈ પણ ન કરવું. એને જ દુઃશ્રુતિ અનર્થ દંડ ત્યાગ વ્રત કહે છે. જે કથાઓ સાંભળવાથી, વાંચવાથી અને શિખવવાથી વિષયાદિની વૃદ્ધિ થાય, મોહ વધે અને પોતાના તથા પરના પરિણામથી ચિત્તને સંકલેશ થાય, એવી રાજકથા, ચોર કથા, ભોજન કથા, ઈત્યિાદિ કથાઓ કહેવી નહિ.

દોકડા :ટકા

દોગુંદશદેવ :ઘણી ક્રીડા કરનાર, દેવતાની જાત

દોડતા :વહેતા; પ્રવાહરૂપ.

દોણ :નિર્ધનતા.

દોષદળવો :સર્વ દોષનો ક્ષય કરવો.

દોરંગી :સમયે સમયે જુદો જુદો ધારણ કરતું; મનસ્વી. (૨) બે રંગવાળું, ચંચળ

દોલાયમાન :ડામાડોળ.

દોલાયમાન :ડામાડોળ

દોવું :દોહવું, ઢોરના આંચળમાંથી દૂધ કાઢવું, સાર ખેંચવો, કસ કાઢી લેવો.

દોષ :અઢાર પ્રકારના દોષ કેવળી તીર્થંકરને હોતા નથી. તેના નામ આ પ્રકારે છે. (૧) ક્ષુધા, (૨) તૃષા, (૩) ભય, (૪) રોષ, (૫) રાગ, (૬) મોહ (૭) ચિંતા, (૮) જરા, (૯) રોગ, (૧૦) મૃત્યુ, (૧૧) સવેદ, (પરસેવો) (૧૨)

ખેદ, (૧૩) મદ, (૧૪) રતિ, (૧૫) વિસ્મય, (૧૬) નિદ્રા, (૧૭) જન્મ અને (૧૮) ઉદ્વેગ. આ અઢાર દોષ છે.

- વર્તમાન અવસ્થામાં, પરાશ્રિત દષ્ટિ રાખે ત્યાં સુધી, વ્યવહારે એકેક સમયની અવસ્થા પૂરતો રાગ-દેષ, મોહરૂપી વિકાર, નવો થાય છે. ત્વભાવમાં વિકાર નથી.
- ચાર પ્રકારના છેઃ- (૧) અહંકાર, (૨) અવિનય, (૩) અર્ધદગ્ધપણું, પોતાને જ્ઞાન નહીં છતાંઃ પોતાને જ્ઞાની માની બેસવાપણું અને (૪) રસલુબ્ધપણું. એ ચારમાંથી એકપણ દોષ હોય, તો જીવને સમકિત ન થાય. આમ શ્રીઠાણાંગ સૂત્રમાં કહયું છે.
- ભૂલ, ચૂક, ખોડખાંપણ, ખામી,

દોષને દળવા :દોષનો ક્ષય કરવો.

દોષિત :દુષ્ટ

દોષો :જગતનાં છએ દ્રવ્યો અત્યંત નિકટ. (૨) સર્વ વિકારો

દોષોને કળવા :દોષોનો નાશ કરવો.

દોષોને દળવા :દોષોનો નાશ કરવો.

દોહદ :ગર્ભિણી સ્ત્રીને થતો અભિલાષ, તીવ્ર ઇચ્છા

દશ્ય :દેખાવા યોગ્ય (૨) દેખવાયોગ્ય પદાર્થ

દશ્યને અદશ્ય કરી, અદશ્યને દશ્ય કરું :દેહ તરફ દષ્ટિ ન દેતાં, અંદર રહેલા ચૈતન્યને જોઉં, અંતર દષ્ટિથી સર્વત્ર આત્મા, આત્મા, તુંહિ, તુંહિ, એક એ જ પરમાત્મતત્ત્વને જોઉં, સર્વ આત્માઓનું અને મારું મૂળ શુદ્ધ ચૈતન્ય આનંદઘન પરમાત્મ સ્વરૂપને ચિંતવું, ભાવું, ધ્યાવું, અનુભવું તો, કેવું અપૂર્વ આત્મશ્રેય સધાય?

દશિ :દર્શન

દર્શિતા :દેખાડેલું, બતાવવામાં આવેલું.

દુષ્કૃત :દોષ

દષ્ટ :પ્રત્યક્ષ

દષ્ટાંત :સિદ્ધાંત (૨) ઉદાહરણ, દાખલો (૩) દષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત;ઉપમેય.(અહીં પરમાણુ તે વર્ણાદિક દષ્ટાંતરૂપ પદાર્થો છે તથા જીવ ને જ્ઞાનાદિક દાષ્ટાંતરૂપ પદાર્થો છે.) (૨) દષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત; ઉપમેય; સિદ્ધાંત.

દષ્ટિ :બુદ્ધિ (૨) શ્રદ્ધા (૩) લક્ષ, જ્ઞાન, સમઝ, સૂઝ, ધ્યાન, લક્ષ્ય, અભિગમ, વલણ, નજર (૪) દર્શન, સમ્યગ્દર્શન, સમ્યગદષ્ટિ, સમ્યકત્વ (૫) બુદ્ધિ (૬) નજર,

દષ્ટિ શકિત :જોવાની શકિત

દષ્ટિગોચર :જોનારને પ્રત્યક્ષ થાય, ઇન્દ્રિયોથી અનુભવી શકવાની સ્થિતિ. (૨) આંખને પ્રત્યક્ષ

દષ્ટિનું જોર કયાં દેવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય ? :જ્ઞાયક નિષ્ક્રિયતળ ઉપર તું દષ્ટિ થાય ને ? પર્યાય ઉપર શું કામ જોર દે છો ? આ મારી ક્ષયાપરામની પર્યાય વધી, આ મારી પર્યાય થઇ એમ પર્યાય ઉપર જોર શું કામ દો છો ? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે ? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે, તેના ઉપર જોર છે ને ? ધાનાનંદ સાગરના તરંગો ઉછળે છે તેના ઉપર જોર ન દે. જરંગો ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર છો તે છોડી દેને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દષ્ટિને થાય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે.

દષ્ટિની :નેત્ર

દષ્ટિનો આધાર :વિષય

દષ્ટિપ્રધાન :સત્યશોધક નજર, ભેદને પારખનાર

દષ્ટિભ્રમ :જોવામાં થયેલી, ભ્રાન્તિ કે ભૂલ

દષ્ટિરાગ :ધર્મનો ધ્યેય ભૂલી વ્યીકતગત રાગ કરવો તે.

દષ્ટિવંત :જ્ઞાની આત્મા (૨) આચાર્ય આદિ પુરૂષો

દષ્ટિવિકાર :મિથ્યા દર્શન, ભવબીજ

દૃષ્ય :જોવા યોગ્ય પદાર્થ

દશિ શકિત :અનાકાર ઉપયોગથી દશિશકિત. જેમાં જ્ઞેયરૂપ આકાર અર્થાત્ વિશેષ નથી, એવા દર્શનોપયોગમયી સત્તામાત્ર પદાર્થમાં ઉપયુકત થવામયી દશિશકિત, અથવા દર્શનક્રિયારૂપ શકિત.

આત્મામાં અનાકાર ઉપયોગથી એક દશિશકિત છે. તેનું કાર્ય શું ? તો કહે છે – આ આત્મા, આ જ્ઞાન, આ દર્શન, આ પર્યાય, આ હલય ને આ ઉપાદેય,– એમ કોઈ ભેદ પાડયા વિના, જે સામાન્ય પ્રતિભાસ થાય છે, તે દશશકિતનું કાર્ય છે. ભેદ જેનો વિષય નથી, એવી અનાકાર ઉપયોગમયી, દશશકિત છે. અનાકાર એટલે વિશેષ વિના સામાન્યપણે દેખવું. જેમાં જ્ઞેયરૂપ આકાર નથી.વિશેષ નથી. જેમાં સત્તામાત્ર પદાર્થનો પ્રતિભાસ થાય છે, એવી સામાન્ય અવલોકન માત્ર દશશકિત છે. આ દશશકિત સૂક્ષ્મ છે. ભેદ પાડીને વિશેષપણે જાણવું એ તો જ્ઞાનનું કાર્ય છે. આ આત્મા છે એમ નિર્ણય થયો, એ તો જ્ઞાન છે. જ્ઞાનના થવા પહેલાં (છઠ્ઠાસ્થને) દશશકિતમાં સામાન્ય પ્રતિભાસરૂપ ઉપયોગ વર્તે છે. (કેવળીને જ્ઞાનને દર્શન બન્ને, ઉપયોગ સાથે વર્તે છે.)

દશિ-જ્ઞપ્તિ-વૃત્તિરૂપ :દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ.

દશિશકિત :અનાકાર ઉપયોગમયી દશિશકિત છે. જેમાં જ્ઞેયરૂપ આકાર નથી. વિશેષતા નથી, બધું સામાન્ય સત્તામાત્ર દેખવામાં આવે છે, એવા ઉપયોગમય દર્શનશકિત છે. આત્મા સહિત સર્વ પદાર્થોની સત્તાને દેખે, તે જ એનું વાસ્તવિક કાર્ય છે.

દ્રઢભાન :એકાગ્ર ઉપયોગ

દ્રવે છે :પામે છે; વ્યાપે છે. દ્રવ્ય = દ્રવવું; પામવું.

દ્રવત્વ :પ્રવાહીપણું.

દ્રવ્ય :ત્રિકાળી શકિતઓનો પિંડ (૨) ગુણોના સમુદાયને દ્રવ્ય કહે છે. (૩) ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. (૪) દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો ? (અર્થાત્ જો ગુણોને સમુદાયથી ભિન્ન માનવામાં આવે તો સમુદાય ક્યાંથી ઘટે ? એટલે કે દ્રવ્ય જ ક્યાંથી ઘટે?) એ પ્રમાણે, જો દ્રવ્ય ગુણોનું દ્રવ્યથી ભિન્ન પણું હોય તો દ્રવ્યનો અભાવ થાય. દ્રવ્ય અને ગુણોને અવિભકત પ્રદેશાત્વસ્વરૂપ અનન્યપણું સ્વીકારવામાં આવે છે; પરંતુ વિભકતપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું તથા (વિભકત પ્રદેશત્વ સ્વરૂપ) અનન્યપણું સ્વીકારવામાં આવતું નથી. તે સ્પષ્ટ, સમજાવવામાં આવે છે :– જેમ એક પરમાણુંની એક સ્વપ્રદેશ સાથે અવિભકતપણું હોવાથી અનન્યપણું છે. તેમ એક પરમાણુને અને તેમા રહલા સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણો ને અવિભકત પ્રદેશો હોવાથી (અવિભકત પ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું છે; પરંતુ જેમ અત્યંત ક્રૂર એવા સહ્યાદ્રિ અને વિંધ્યાચલ નામના પર્વતોને ભિન્ન પ્રદેશત્વ સ્વરૂપ અન્યપણું છે તા અત્યંત નજીક રહેલાં એવાં મિશ્રિત દૂધ-જળને ભિન્ન પ્રદેશત્વ સ્વરૂપ અનન્યપણુ છ.તેમ દ્રવ્ય અને ગુણોને વિભકત પ્રદેશો નહિ હોવાથી (વિભકત પ્રદેશત્વ સ્વરૂપ) અન્યપણું તથા (વિભકત પ્રદેશત્વ સ્વરૂપ) અનન્યપણું નથી, પરંતુ અભિન્ન પ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે. (૫) અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય. (૬) વસ્તુ; આદિ-અંત વિનાની ત્રિકાળી ધ્રુવ અવિનાશી ચીજ આત્મવસ્તુ એને દ્રવ્ય કહે છે. (૭) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દ્રવ્યથી જુદા પદાર્થો નથી. બીજ, અંકુર અને વૃક્ષત્વ એ વૃક્ષના અંશો છે. બીજનો નાશ, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રૌવ્ય (ધ્રુવપણું) ત્રણે એકીસાથે છે. આ રીતે નાશ બીજને આશ્રિત છે, ઉત્પાદ અંકુરને આશ્રિત છે અને ધ્રૌવ્ય વૃક્ષત્વને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય બીજ-અંકુર-વૃક્ષત્વથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી બીજ-અંકુર-વૃક્ષત્વ પણ વૃક્ષથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક વૃક્ષ જ છે. એ જ નષ્ટ થતો ભાવ, ઊપજતો ભાવ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતો ભાવ એ દ્રવ્યના અંશો છે. નષ્ટ થતા ભાવનો નાશ, ઊપજતા ભાવનો ઉત્પાદ અને ટકતા ભાવનું ધ્રૌવ્ય એકી સાથે છે. આ રીતે નાશ નષ્ટ થતા ભાવને આશ્રિત છે, ઉત્પાદ ઊપજતા ભાવને આશ્રિત છે; નાશ-ઉત્પાદ-ધ્રૌવ્ય તે ભાવોથી ભિન્ન પદાર્થરૂપ નથી. વળી તે ભાવો પણ દ્રવ્યથી ભિન્ન પદાર્થરૂપ નથી. માટે આ બધાંય, એક દ્રવ્ય

જ છે. (૮) ખરેખર દ્રવ્ય લોકપણે અને અલોકપણે વિશેષવાળું (ભેદવાળું) છે. કારણ કે નિજ નિજ (ભિન્ન) લક્ષણોનો સદ્‌ભાવ છે. (૯) ભાવ ભેદે ભિન્ન ઘાતિકર્મો = દ્રવ્ય ન ભાવ-એવા બે ભેદવાળાં ઘાતિકર્મો, દ્રવ્ય ઘાતિમકર્મોને ભાવ ઘાતિકર્મો. (૧૦) દ્રવ્યનું લક્ષણ અસ્તિત્વ છે અને અસ્તિત્વ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. માટે કોઈ પર્યાયથી ઉત્પાદ, કોઈ પર્યાયથી વિનાશ અને કોઈ પર્યાયથી ધ્રુવપણું દરેક પદાર્થને હોય છે. (૧૧) દ્રવ્ય શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે : (•) એક તો સમાન્ય વિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવાયમાં આવે છે; જેમકે - દ્રવ્ય ઉત્પાદ વ્યયધ્રૌવ્ય સ્વરૂપ છે. (•) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે - દ્રવ્યાર્થિક નય અર્થાત્ સામાન્ય અંશગ્રાહી નય. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. (૧૨) વસ્તુ; તત્ત્વ; પદાર્થ. (૧૩) દ્રવ્ય શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે : (૧) એક તો સામાન્યવિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે; જેમ કે-દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂ પ છે. (૨) બીજું. વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે; જેમકે-દ્રવ્યાર્થિક નય અર્થાત્ સામાન્ય અંશગ્રાહી નય. જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. (૧૪) ઉત્પાદ-વ્યય-ધ્રુવ આદિ અનંત ધર્મોની એકતાથી થયેલું એકધર્મીપણું તે દ્રવ્ય છે. (૧૫) (•) દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે, (•) નિત્યદ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે, (•) દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (થવા યોગ્ય, પરિણમવા યોગ્ય) છે, (•) દ્રવ્ય સર્વદાભૂત પર્યાયોરૂપે અભાવ્ય (નહિ થવા યોગ્ય) છે, (•) દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે, (•) દ્રવ્ય સદ્રવ્યથી સદા અશૂન્ય છે, (•) કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન અને કોઈકમાં સાંત જ્ઞાન છે, (•) કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને કોઈકમાં સાંત અજ્ઞાન છે. આ બધું અન્યથા નહિ ઘટતું થકું, મોક્ષમાં જીવના સદ્‌ભાવને જાહેર કરે છે.

(૧) જે સમ્યક્‌ત્વથી ચ્યુત થવાનો ન હોય એવા સમ્યક્‌ત્વી જીવને અનંત જ્ઞાન છે અને જે ચ્યુત થવાનો હોય એવા સમ્યક્‌ત્વી જીવને સાંત જ્ઞાન હોય છે.

(૨) અભવ્ય જીવને અનંત અજ્ઞાન છે અને જેને કોઈ કાળે પણ જ્ઞાન થવાનું છે એવા અજ્ઞાની ભવ્ય જીવને સાંત અજ્ઞાન છે.

(૩) અન્યથા=અન્ય પ્રકારે; બીજી રીતે (મોક્ષમાં જીવની હયાતી જ ન રહેતી હોય તો ઉક્ત આઠ ભાવો ઘટે જ નહિ-જો મોક્ષમાં જીવનો અભાવ જ ન થઈ જતો હોય તો, (૧) દરેક દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે- એ વાત કેમ ઘટે ? (૨) દરેક દ્રવ્ય નિત્ય રહીને તેમાં પર્યાયોનો નાશ થયા કરે છે-એ વાત કેમ ઘટે ? (૩-૬) દરેક દ્રવ્ય સર્વદા અનાગત પર્યાયે ભાવ્ય, સર્વદા અતીત પર્યાયે અભાવ્ય, સર્વદા પરથી શૂન્ય અને સર્વદા સ્વથી અશૂન્ય છે-એ વાતો કેમ ઘટે ? (૭) કોઈ જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન છે-એ વાત કેમ ઘટે ? અને (૮) કોઈક જીવદ્રવ્યમાં સાંત અજ્ઞાન છે (અર્થાત્ જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાનપરિણામનો અંત આવે છે)-એવાત કેમ ઘટે ? માટે આઠ ભાવો દ્વારા મોક્ષમાં જીવની હયાતી સિદ્ધ થાય છે.)

- લોક દ્રવ્યોનો સૂમહ છે. અને તે દ્રવ્ય છ મુખ્ય જાતિયોમાં વિભાજિત છે. ગણતરીમાં તેઓ અનંતાઅનંત છે. પરિણમન કરતા રહેવું, તેમનો સ્વભાવ છે. કેમ કે પરિણમન વિના આર્થકિ-યા અને અર્થ ક્રિયાની વગર દ્રવ્યના લોપ (નાશ)નો પ્રસંગ આવે છે. જો કે દ્રવ્યમાં એક સમય એક જ પર્યાય રહે છે, પરંતુ જ્ઞાનમાં જોવાથી અનંતાગુણો અને તેમની ત્રિકાળી પર્યાયોનાં પિંડ જણાઈ આવે છે. દ્રવ્ય ગુણ અને પર્યાયમાં જો કે કથન અપેક્ષાથી ભેદ પ્રતીત થાય છે, પણ વાસ્તવમાં તેમનું સ્વરૂપ એક રસાત્મક છે. દ્રવ્યની આ ઉપર જણાવેલી વ્યવસ્થા સ્વતઃ સિદ્ધ છે. કોઈએ કરેલી (ફતક) નથી.
- દ્રવ્યમાં પ્રદેશભેદ ન હોવા છતાં નામભેદ, લક્ષણ ભેદ, સંખ્યા ભેદથી ગુણ-ગુણી વચ્ચે ભેદ છે. ગુણીને ગુણી (દ્રવ્ય) કહેવો. ગુણને ગુણ કહેવો, એ નામ ભેદ છે. દ્રવ્યનું લક્ષણ- કે ગુણને ધારી રાખે, તે દ્રવ્ય. એમ દ્રવ્યનુંલક્ષણ દ્રવ્યના આશ્રયે અને ગુણનું લક્ષણ ગુણના આશ્રયે, એમ લક્ષણભેદ છે. તથા ગુણી એક અને ગુણો અનેક એમ સંખ્યાભેદ છે. એમ

હોવા છતાં પણ પ્રદેશથી અભેદ છે. એમ ન માનનાર, સર્વથા ભેદ માનનારનો મત જૂઠો છે.

- દ્રવ્ય અને પર્યાય બને ભેંગુ થઈને દ્રવ્ય કહેવાય છે. જે નહી, અર્થાત્ ગુણ-પર્યાય નો પિંડ તે દ્રવ્ય, એ અપેક્ષા અહીં નથી. પણ અહીં તો વર્તમાન અંશને ગોણ કરીને, ત્રિકાળ શકિત તે દ્વ્ય છે. જે સામાન્ય સ્વભાવ છે, અને વર્તમાન અંશ તે વિશેષ છે. -પર્યાયછે. એ બે થઈને આખું દ્રવ્ય
- જેમાં ગુણ અને પર્યાય પ્રાપ્ત હોય, તે દ્રવ્ય છે. અર્થાત્ ગુણ પર્યાય જેમાં પ્રાપ્ત હોય, તે દ્રવ્ય છે. આ વાકયનો સ્પષ્ટ અર્થ એ છે કે ગુણ અને પર્યાયોનો સમુદાય જ, દ્રવ્ય છે.
- ત્રણે કાળમાંઃ જે વસ્તુ જાત્યંત થાય નહીઃ તેને શ્રીજિન દ્રવ્ય કહે છે. કોઈ પણ દ્રવ્ય પર પરિણામે પરિણામે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં . પ્રત્યેક દ્રવ્ય(દ્રવ્ય- ક્ષેત્ર- કાળ ભાવથી) સ્વપરિણામી છે. છ્નયત અનાદિ મયાર્ચદાપણે વર્તે છે. જે ચેતન છે. જે કોઈ દિવસ અચેતન થાય નહી. જે અચેતન છે. જે કોઈ દિવસ ચેતન થાય નહી.
- અનંત ગુણ પર્યાયરૂપ વસ્તુ
- જેઓ ગુણો ને પર્યાયો ને પામે- પ્રાપ્ત કરે- પહોંચે છે. અથવા જેઓ ગુણો અને પર્યાયો વડે પમાય- પ્રાપ્ત કરાય-પહોંચાય છે. એવા અર્થો, તે દ્રવ્યો છે.
- અનંત ગુણ પર્યાય રૂપ વસ્તુ, ગુણ અને પર્યાયોનો સમુદાય જ દ્રવ્ય છે.
- આ વિશ્વમાં જે સ્વભાવ ભેદ કર્યા વિના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રય થી અને ગુણ-પર્યાય દ્વયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે. જેમાં -સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ એ છ શબ્દો કહ્યા :- (૧) દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વ, સામાન્યરૂપ અન્વય છે, છે, છે, એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય= એકરૂપતા, સદેશભાવ) અસ્તિત્ત્વ બે પ્રકરનું કહેશે : (૧) વિરૂપ-અસ્તિત્વ અને (૨) સાદશ્ય અસ્તિત્વ (૨) ઉત્પાદ તે પ્રાદુર્ભાવ- અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું. (૩) વ્યય તે પ્રચ્યુતિ - અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું. (૪) ધ્રૌવ્ય તે અવસ્થિતિ- અર્થાત ટકવું. (૫) ગુણો તે વિસ્તાર વિશેષો. જેઓ સામાન્ય - વિશેષાત્મક હોવાથી, બેપ્રકારના છે. જેમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તત્વ , અમૂર્તત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેતનત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોત્વ, અભોત્વ, અક્ષુરુ લધુત્વ ઈશ્વયાદિ, સામાન્ય ગુણો છે. અવગાહહેતુત્વ, ગતિનિમિત્તતા , સ્થિતિ કારણત્વ, વર્તનાયતનત્વ, રૂપાદિમત્વ, ચેતનત્વ ઈશ્વયાદિક, વિશેષ ગુણો છે. (૬) પર્યાયો તે આયત વિશેષો છે. જેઓ ચાર પ્રકારના છે. દ્રવ્ય પર્યાય વિવિધ છેઃ (૧) સમાન જાતીય અને (૨) અસામાન જાતીય. જેવીજ રીતે ગુણપર્યાય પણ વિવિધ છે. (૧) સ્વભાવ પર્યાય અને (૨) વિભાવ પર્યાય.

(૧)સમાન જાતીયઃ જેમકે વિઅણુક, ત્રિઅણુક વગેરે સ્કંધ.

(૨) અસમાન જાતીયઃ જેમ કે જીવપુદગલાત્મક દેવ, મનુષ્ય વગેરે

(૩) સ્વભાવ પર્યાયઃ જેમ કે સિદ્ધ ના ગુણ પર્યાયો.

(૪) વિભાવ પર્યાયઃ જેમ કે સ્વપર હેતુક મતિજ્ઞાન પર્યાય.

- જીવ, અજીવ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, આ છ દ્રવ્યો છે. આ છ દ્રવ્યોની સંખ્યામાં કદી વધઘટ થતી નથી. તેમજ આ દ્રવ્યો, એક સત્ લક્ષણવાળાં, બીજું ઉત્પાદ-વ્યય-ધૌવ્યથી યુકત અને ત્રીજું ગુણ પર્યાયોના આધારભૂત, એમ ત્રણ પ્રકારનાં લક્ષણોવાળાં છે.

દ્રવ્ય છ લક્ષણવાળાં હોય છે. (૧) દ્રવ્ય સત્તામય છે. (૨) ગુણમય છે. (૩) પર્યાયમય છે. (૪) ઉત્પાદ્ (૫) વ્યય અને (૬) ધૌવ્યમય છે. આ છ લક્ષણો દરેક દ્રવ્યમાં હોય છે.

સત્તાનું લક્ષણ આપ્યું છે, તેને ઉત્પાદ-વ્યય-ધૌવ્યાત્મક બતાવ્યું છે. તથા સર્વ પદાર્થોમાં વ્યાપ્ત કહ્યું છે. કોઈપણ પદાર્થ ચાહે તે ઉત્પાદરૂપ, વ્યયરૂપ કે ધૌવ્યરૂપ હોય, પણ તે સત્તાથી ખાલી નથી. અને તે સત્તાની એકથી માંડીને, અનંત પર્યાયો છે. સત્તારૂપ દ્રવ્યની પર્યાયોનો કદી કયાંય અંત આવતો નથી. જો અંત આવી જાય તો દ્રવ્ય જ સમાપ્ત થઈ જાય, અને દ્રવ્ય સત્રૂપ હોવાથી અને સત્ ધૌવ્યરૂપ હોવાથી, તેનો કદી નાશ થતો નથી.

ઉત્પાદ-વ્યય દ્રવ્યની પર્યાયોમાં થયા કરે છે, દ્રવ્યમાં અથવા ધૌવ્યરૂપ ગુણોમાં નહિ.

સત્તાને પ્રતિપક્ષ સાથે વિરોધ ન રાખનાર બતાવી છે. સત્તાનો પ્રતિપક્ષ અસત્તા છે. સત્તા ઉત્પાદ-વ્યયની દૃષ્ટિએ, બન્ને રૂપ છે. તેથી અસત્તાની સાથે તેનો વિરોધ બનતો નથી.

આ સર્વે પદાર્થ સ્થિત અને સવિશ્વરૂપ સત્તાને, પંચાસ્તિ કાયમાં એક બતાવી છે, અને તેથી તે મહાસત્તા છે. પદાર્થોના ભેદની દૃષ્ટિએ મહાસત્તાની અવાન્તર-સત્તાઓ, તે જ રીતે અનેકાનેક તથા અનંત થાય છે, જેવી રીતે અખંડ એક આકાશ દ્રવ્યમાં, અંશ કલ્પના દ્વારા તેની અનંત અવાન્તર સત્તાઓ થાય છે. સત્તાનો પ્રતિપક્ષ જેમ અસત્તા છે, તેમ એકરૂપતાનો પ્રતિપક્ષ નાના રૂપતા, એક પદાર્થ સ્થિતિનો પ્રતિપક્ષ નાના પદાર્થ સ્થિતિ, ધૌવ્યોત્પત્તિ વિનાશ ત્રિલક્ષણા સત્તાનો પ્રતિપક્ષ, ત્રિલક્ષણાભાવ. એકનો પ્રતિપક્ષ અનેક, અને અનંત પર્યાયનો પ્રતિપક્ષ એક પર્યાય છે.

- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે
- ત્રિકાળી વસ્તુ, અનંત ગુણ સ્વભાવનો પિંડ
- ગુણ તથા પર્યાયનો સમૂહ

  દ્રવ્યનું લક્ષણ સત્ (અસ્તિત્વ) છે.

  સત્ = જે ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય સહિત હોય તે.
- ગુણોના સમૂહને, દ્રવ્ય કહે છે.
- પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, ધ્રુવ વસ્તુ આત્મા.
- મૂર્ત કે અમૂર્ત કોઈપણ પદાર્થ
- જીવ,પુદ્ગલુ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.
- ત્રિકાળી વસ્તુ, અનંત ગુણ સ્વભાવનો પિંડ
- વસ્તુસ્વભાવ
- ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. દ્રવ્યના છ ભેદ છે : જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

જીવદ્રવ્યમાં ચૈતન્ય (દર્શન-જ્ઞાન), સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ, ક્રિયાવતી શકિત, વગેરે વિશેષ ગુણો છે.

પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શકિત વગેરે, વિશેષ ગુણો છે.

ધર્મદ્રવ્યમાં ગતિહેતુત્વ વગેરે, વિશેષ ગુણો છે.

અધર્મદ્રવ્યમાં સ્થિતિ હેતુત્વ વગેરે, વિશેષ ગુણો છે.

આકાશદ્રવ્યમાં અવગાહનહેતુત્વ વગેરે, વિશેષ ગુણ છે.

કાળ દ્રવ્યમાં પરિણમન હેતુત્વ વગેરે વિશેષ ગુણ છે.

જીવ દ્રવ્ય અનંતાનંત છે અને સમસ્ત લોકાકાશમાં ભરેલાં છે. જીવદ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્ગલદ્રવ્ય છે, અને તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આકાશદ્રવ્ય એક છે અને લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાળદ્રવ્ય અસંખ્યાંત છે અને સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે.

- અનંતગુણોના આશ્રય એક દ્રવ્ય છે.
- સ્વભાવને છોડયા વિના જે ઉત્પાદ-વ્યય-ધૌવ્ય સંયુકત છે તથા ગુણવાળું ને પર્યાય સહિત છે, તેને દ્રવ્ય કહે છે.

  (સ્વભાવ, ઉત્પાદ, વ્યય, ધૌવ્ય, ગુણને પર્યાય, એ છ શબ્દો કહ્યા ં તેમાં)

  દ્રવ્યનો સ્વભાવ તે અસ્તિત્વ, સામાન્યરૂપ અન્વય. અસ્તિત્વ બે પ્રકારનું કહેશે. (૧) સ્વરૂપ-અસ્તિત્વ અને (૨) સાદશ્ય અસ્તિત્વ.

  ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ ભ્રષ્ટ થવું, ઉત્પન્ન થવું), વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું) ધૌવ્ય તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું.)

  ગુણો તે વિસ્તાર વિશેષો. તેઓ સામાન્ય-વિશેષાત્મક હોવાથી, બે પ્રકારનાં છે. તેમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસર્વગતત્વ, સપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચૈતનત્વ, અચેનત્વ, કર્તૃન્વ, અકર્તૃત્વ, ભોકતૃત્વ, અભોકતૃત્વ, અગરૂલધુત્વ ઈત્યિાદિ, સામાન્ય ગુણો છે.

  અવગાહ હેતુત્વ, ગતિનિમિત્તતા, સ્થિતિકારણત્વ, વર્તનાયતત્વ, રૂપાદિમત્વ, ચેતનત્વ ઈત્યિાદિ વિશેષ ગુણો છે.

પર્યાયો તે આયતવિશેષો. તેઓ ચાર પ્રકારના છે. દ્રવ્ય પર્યાય બે પ્રકારનાં છેઃ-સમાન જાતીય અને અસમાનજાતીય ગુણપર્યાયો બે પ્રકારનાં છેઃ- સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાય

- ગુણ-પર્યાયવાળું, દ્રવ્ય કહેવાય છે.
- અનંત ગુણોનો આશ્રય, એક દ્રવ્ય છે.
- ગુણોના સમૂહ
- પોતાના અનંત ગુણ - પર્યાયનો અખંડ પિંડ.
- આદિ અંત વિનાની ત્રિકાળ ધ્રુવ, અવિનાશી ચીજ આત્મવસ્તુ એને દ્રવ્ય કહે છે.
- વસ્તુ, આત્મા-વર્તમાન પર્યાયમાં દ્રવ્ય આવતું નથી પણ દ્રવ્યનું જ્ઞાન, પર્યાયમાં આવે છે.
- જેમ દ્રવ્ય સ્વભાવથી જ સિદ્ધ છે, તેમ તે સત્ છે, એવું પણ તેના સ્વભાવથી જ સિદ્ધ છે, એમ નિર્ણય હો, કારણકે સત્તાત્મક એવા પોતાના સ્વભાવથી નિષ્પન્ન થયેલા માનવાં છે. દ્રવ્યનો સત્ છે. એવો ભાવ દ્રવ્યના સત્તાસ્વરૂપ સ્વભાવનો જ બનેલો-રચાયેલો છે.
- દ્રવ્યમાં ત્રણે કાળની બધી પર્યાય વર્તમાન પણે છે, તેમાં કોઈ પર્યાય ભૂત કે ભાવિમાં ગઈ નથી, છતાં વસ્તુમાં દરેક ગુણની એક સમયે, એક પર્યાય પ્રગટ હોય અને તે એકેક અવસ્થા વખતે, શકિતપણે અનંત ગુણો ધ્રુવરૂપ રહ્યા છે તેથી અનંત તાકાતપણે, વસ્તુ વર્તમાનમાં પૂર્ણ છે. આત્માનો સ્વભાવ વર્તમાન એકેક સમયમાં, ત્રિકાળી શકિતથી પૂર્ણ છે. વિકારી દશા થાય નો દ્રવ્યમાં પ્રવેશ નથી. સ્વભાવ વિકારનો નાશક છે. જેથી નવતત્ત્વના વિકલ્પ અભૂતાર્થ છે.
- 'દ્રવ્ય' શબ્દ મુખ્યપણે બે અર્થમાં વપરાય છે. (૧) એક તો, સામાન્ય વિશેષના પિંડને અર્થાત્ વસ્તુને દ્રવ્ય કહેવામાં આવે છે, 'જેમ કે દ્રવ્ય-ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરૂપ છે.' (૨) બીજું, વસ્તુના સામાન્ય અંશને પણ દ્રવ્ય કહેવામાં આવે છે, જેમ કે-'દ્રવ્યાર્થિકનય' અર્થાત્ સામાન્ય અંશગ્રાહી નય, જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો.
- ત્રિકાળ પોતાના ગુણ પર્યાયને દ્રવે-પ્રાપ્ત થાય છે, તેને દ્રવ્ય કહેવામાં આવે છે. પોતાના ગુણપર્યાયને દ્રવ્ય પ્રાપ્ત થાય છે, એટલે કે પરના ગુણપર્યાયને કોઈ પ્રાપ્ત ન થાય, એમ (અસ્તિ-નાસ્તિરૂપ) અનેકાન્ત દૃષ્ટિએ અર્થ થાય છે. પુદ્ગલ પોતાના પર્યાયરૂપ શરીરને પ્રાપ્ત થાય, પણ જીવ કે બીજું કોઈ દ્રવ્ય શરીરને પ્રાપ્ત ન થાય. જો જીવ શરીરને પ્રાપ્ત થાય તો, શરીર જીવનો પર્યાય થઈ જાય, તેથી એ સિદ્ધ થયું કે, જીવ અને શરીર અશ્વયંત ભિન્ન પદાર્થ છે. અને તેથી જીવ શરીરને પ્રાપ્ત થતો નહિ, હોવાથી શરીરનું કાંઈપણ ત્રણે કાળમાં કરી શકે નહિ.
- ભાવભેદે ભિન્ન ધાતિ કર્મો = દ્રવ્ય ને ભાવ - એવા બે ભેદવાળા ધાતિકર્મો, દ્રવ્ય ધાતિકર્મો અને ભાવ ધાતિકર્મો

દ્રવ્ય અને ગુણ :દ્રવ્ય-ગુણ ધ્રુવ છે, કૂટસ્થ છે, અક્રિય છે. એમાં કોઈ ક્રિયા પરિણમન, બદલવું નથી. ક્રિયાનો પરિણતિ-પર્યાયમાં છે તેથી જે પર્યાય અંદર દ્રવ્ય સ્વભાવ તરફ વળે છે તે પર્યાય એમ નક્કી કરે છે કે ઉપયોગ ગુણ વડે આત્મા સર્વ પર દ્રવ્યોથી ભિન્ન છે, અધિક છે.

દ્રવ્ય અને પર્યાય :ભાઈ! અનાદિ-અનંત સદા એકરૂપ પરમ સ્વભાવ ભાવ સ્વરૂપ, નિજપરમાત્મ દ્રવ્ય તો ધ્રુવ ત્રિકાળ છે. તે મોક્ષમાર્ગ તે પરમ સ્વભાવભાવને આશ્રયે પ્રગટેલી, વર્તમાન પર્યાય છે. એક ત્રિકાળભાવ, તે એક વર્તમાન પર્યાયભાવ. આવા દ્રવ્ય-પર્યાયરૂપ બન્ને સ્વભાવો વસ્તુમાં એક સાથે છે. વસ્તુ કદી પર્યાય વગરની હોય નહિ. દરેક સમયે તે નવી નવી પર્યાયે પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવ ભાવમાં ઢળેલી હોય, તો તે મોક્ષનું કારણ છે, ને બહિર્મુખ પરભાવમાં ઢળેલી હોય તો તે બંધનું કારણ છે. આમ બંધ-મોક્ષની રમતુ તારી પર્યાયમાં જ સમાય છે, બીજું કોઈ તારા બંધ-મોક્ષનું કારણ નથી. પોતાના પરમ સ્વભાવમાં એકાગ્ર થઈને, આનંદને અનુભવનારી ધ્રુવમાં ઢળેલી ને ધ્રુવમાં ભળેલી જ દશા થાય, તે મોક્ષમાર્ગ છે અને તે ધર્મ છે.

ધ્રુવસામાન્યને ધ્યેયમાં લઈને જે દશા પ્રગટી, તે નવી છે. ધ્રુવ નવું નથી પ્રગટયું પણ નિર્મળ અવસ્થા નવી પ્રગટી છે, ને તે વખતે મિથ્યાત્વાદિ જૂની અવસ્થાનો નાશ થયો છે. નાશ થવું ને ઉપજવું, તે પર્યાયધર્મ છે, ને ટકી રહેવું તે દ્રવ્ય સ્વરૂપ છે. આવી વસ્તુ દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે. અહો! દ્રવ્ય અને પર્યાયનું આવું અલૌકિક સત્યસ્વરૂપ સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જોઈને ઉપદેશ્યું છે. અહા ! આને સમજતાં તો તું ન્યાલ થઈ જાય અને તેના ફળમાં કેવળજ્ઞાન ફળે, એવી આ અલૌકિક વાત છે. (૨) તે બન્ને એક નથી. દ્રવ્યની અપેક્ષાએ, વસ્તુ નિત્ય છે. અને પર્યાયની અપેક્ષાએ, વસ્તુ અનિત્ય છે. (૩) ભગવાન આત્મા ત્રિકાળી એકરૂપ દ્રવ્ય છે. તેમાં એક સમયની પર્યાય છે, તે ઉપર ઉપર છે. અસંખ્ય પ્રદેશમાં દરેક પ્રદેશની ઉપર ઉપર પર્યાય છે. ઉપર ઉપર એટલે શું? કે તે પર્યાય દ્રવ્યમાં પ્રવેશતી નથી (અર્થાત્ ત્રિકાળી દ્રવ્યરૂપ થઈ જતી નથી.). ચેન-સાંકળી હોય તેમાં હજાર કડી અંકોડા હોય છે. તેમ આત્મામાં અસંખ્ય પ્રદેશો છે. તેમાં અંદરનું જે દળ (દ્રવ્યમાન) છે, તે ધ્રુવ છે. અને જ્યાં ધ્રુવ છે ત્યાં ઉપર ઉપર પર્યાય થાય છે. શુદ્ધનયનો વિષય ધ્રુવ દ્રવ્ય જ્યાં છે ત્યાં ઉપર ઉપર પર્યાય છે. અને જ્યાં પર્યાય ઉપર છે ત્યાં ધ્રુવ સમીપ છે. એમ પર્યાયનું ક્ષેત્ર ખરેખર તો ભિન્ન છે, પર્યાયનું ક્ષેત્ર ભિન્ન અને અંદર ધ્રુવનું ક્ષેત્ર ભિન્ન છે. એક ક્ષેત્રના બે અંશ છે. અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં પર્યાય ઉપર ઉપર ભિન્ન છે, તે પર્યાયને અંતરમાં વાળવાની છે. બધા ક્ષેત્રે પર્યાયને અંતરમાં વાળવાની છે.

પ્રમાણનો વિષય દ્રવ્ય-પર્યાય બન્ને છે. શુદ્ધનયનો વિષય એકલું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. ધ્રુવ ઉપર જે વર્તમાન પર્યાય છે, તે અંદર પ્રવેશતી નથી, ઉપર ઉપર રહે છે, જેમ પાણીના દળમાં તેલનું ટીપું પ્રવેશતું નથી. તેમ ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ધ્રુવ દળ છે. તેમાં બદલવું કે પલટવું નથી. એવા ધ્રુવની ઉપર ઉપર પલટતી અવસ્થા રહે છે, તે ધ્રુવધામમાં પ્રવેશતી નથી. આવું વીતરાગનું તત્ત્વ ખૂબ ઝીણું છે. વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ વાળી તેનો અનુભવ કરવો, એનું નામ સમ્યગ્દર્શન છે, અને એનું નામ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

શુદ્ધ નયનો વિષય અનંત શકિતવાળો, ચૈતન્યચમત્કારમાત્ર, નિત્ય, અભેદ, એક છે. તેમાં પર્યાય ગૌણ છે. પણ પર્યાયથી જોતાં પર્યાયમાં રાગાદિ છે, તે પોતાના જ અપરાધથી છે, એમ કહે છે. ધ્રુવ તો શદ્ર- છે, પણ પોતાના જ અપરાધથી તે રાગદ્વેષ પરિણમાવે છે. ભાઈ! તારા ઊંધા પુરૂષાર્થથી જ, તને રાગાદિ વિકાર થાય છે. કર્મના માથે દોષ ન નાખ. મને કર્મ વિકાર કરાવે છે એમ પર દ્રવ્યનો વાંક ન કાઢ. પરદ્રવ્ય પર કોપ ન કર. વિકાર થવામાં જેઓ પર દ્રવ્યનો-કર્મનો જ વાંક કાઢે છે, તેઓ અજ્ઞાનીઓ છે. ને તેઓ મોહનદીને પાર કરી-ઉતરી શકતા નથી. તેઓ મોહની સેનાને જીતી શકતા નથી, પોતે હારી જાય છે, તેમને રાગદ્વેષ મટતા નથી. કેમ મટતા નથી ?

કારણકે તે રાગદ્વેષ કરવામાં જો પોતાનો પુરૂષાર્થ હોય, તો જ તેમેને મટાડવામાં પણ હોય. પરંતુ જો પરના કરાવ્યા જ રાગદ્વેષ થતા હોય, તો પર તો રાગદ્વેષ કરાવ્યા કરે, ત્યાં આત્મા તેમને ક્યાંથી મટાડી શકે ? માટે રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડયા મરે છે. - એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ કરવામાં જો પોતાનો પુરૂષાર્થ હોય, તો જ પોતે તેને સમ્યક્ પુરુષાર્થ વડે ટાળી શકે, પણ જો કર્મન લઈને વિકારી ભાવ થતા હોય, તો તેને કેવી રીતે ટાળી શકે ? પરના-કર્મના કરાવ્યા થતા હોય, તો પર તો રાગદ્વેષ કરાવ્યા જ કરે. જેમાં આત્માના હાથની વાત તો કાંઈ રહી નહીં. પણ એમ છે નહિ. માટે રાગદ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડયા મટે છે. એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. ધર્મીને પણ રાગદ્વેષ પોતાની અસ્થિરતાના અપરાધથી થાય છે. કર્મથી નહિ-એમ યર્થાથ માનવું. સર્વથા કર્મ જ રાગદ્વેષ કરાવે છે, એમ ન માનવું. આ રાગદ્વેષ થાય છે તે મારો જ અપરાધ છે, કર્મતો તેમાં બાહ્ય નિમિત્તમાત્ર (ઉપસ્થિતિ માત્ર) છે, એમ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. રાગનો કરનારો હું અને મટાડનારો પણ હું છું. જે જોડે તે તોડે. શું કીધું ? કર્મના નિમિત્તથી સંબંધ પોતે જ જોડે છે અને પોતે જ તેને તોડે છે, એમ કથંચિત્ માનવું તે સમ્યગ્જ્ઞાન છે. (૪) દ્રવ્યમાં ત્રણે કાળની, બધી પર્યાય વર્તમાનપણે છે. તેમાં કોઈ પર્યાય ભૂત કે ભાવિમાં ગઈ

નથી. છતાં વસ્તુમાં દરેક ગુણની એક સમયે, એક પર્યાય પ્રગટ હોય અને તે એકેક અવસ્થા વખતે, શકિત પણે અનંતગુણો ધ્રુવરૂપ રહ્યા છે તેથી અનંત તાકાતપણે વસ્તુ વર્તમાનમાં પૂર્ણ છે. આત્માનો સ્વભાવ વર્તમાન એકેક સમયમાં ત્રિકાળી શકિતથી પૂર્ણ છે. વિકારી દશા થાય તેનો દ્રવ્યમાં પ્રવેશ નથી. સ્વભાવ વિકારનો નાશક છે. જેથી નવતત્ત્વના વિકલ્પ અભૂતાર્થ છે.

દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ :આત્માના પોતાના અંદરના ભાવોની આ વાત છે. તેમાં શુદ્ધ પારિમાણિક ભાવ છે, તે ત્રિકાળ પરમભાવ છે. તેમાં ઉત્પાદ વ્યય નહિ ને તેનો કદીય અભાવ નહિ, એવો શાશ્વત ધ્રુવ એકરૂપ ભાવ છે. પર્યાયરૂપ જે ચાર ભાવો છે, તે ઉત્પાદ-વ્યયરૂપ છે. અશુદ્ધતાનો વ્યય થઈને અંશે શુદ્ધતારૂપ મોક્ષમાર્ગ પ્રગટે, ને મોક્ષમાર્ગનો વ્યય થઈને, પૂરણ મોક્ષદશા પ્રગટે, પણ જે પરમ ભાવરૂપ દ્રવ્ય છે, તેનો વ્યય પણ ન થાય અને તે નવો પ્રગટે પણ નહિ. આ રીતે પલટતી પર્યાય ને ત્રિકાળ ટકતું દ્રવ્ય- આવું વસ્તુસ્વરૂપ છે. દ્રવ્ય અપેક્ષાએ વસ્તુ અપરિણામી સક્રિય અને પર્યાય અપેક્ષાએ પરિણમનશીલ સક્રિય છે. શ્રુત સર્વજ્ઞદેવે આવું દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુનું સ્વરૂપ ઉપદેશ્યું છે. જેમાં કહે છે - દ્રવ્ય-પર્યાય સર્વથા અભિન્ન નહિ. આવું વસ્તુનું સ્વરૂપ છે. ઊર્વથા ભિન્ન નહિ, સર્વથા અભિન્ન નહિ, કથંચિત ભિન્ન છે. અહા સર્વથા ભિન્ન હોય તો વસ્તુ અવસ્થા વગરની થઈ જતાં, વસ્તુ જ ન રહે, તથા સર્વથા અભિન્ન હોય, તો પર્યાયનો નાશ થતાં, દ્રવ્યનો જ નાશ થઈ જાય. -અર્થાત્ વસ્તુ જ ન રહે. માટે દ્રવ્ય-પર્યાય કથંચિત ભિન્ન છે એ યથાર્થ છે.

દ્રવ્ય અને સત્તામાં પ્રદેશ છે ? :દ્રવ્ય અને સત્તામાં પ્રદેશ ભેદ નથી; કારણ કે પ્રદેશભેદ હોય તો પુતસિદ્ધપણું આવે - જે પ્રથમ જ રદ કરી બાતાવ્યું છે.

દ્રવ્ય અપેક્ષાએ :ભૂતાર્થ સ્વભાવે, ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપે.

દ્રવ્ય આસ્રવ :અને તેમાં કર્મનું જે નિમિત છે તે દ્રવ્ય-આસ્રવ એ દ્રવ્ય આસ્રવને અહીં કરનાર કહ્યો છે. નવાં કર્મ આવે તે દ્રવ્ય આસ્રવ એ વાત અહીં નથી. આ તો પૂર્વના જૂનાં કર્મ જે નિમિત્ત થાય તેને દ્રવ્ય આસ્રવ કહ્યો છે. એ બન્ને આસ્રવ છે એક ભાવઆસ્રવ અને બીજો દ્રવ્ય આસ્રવ

દ્રવ્ય ઉત્પાદવ્યય ધ્રૌવ્યાત્મક છે :દરેક દ્રવ્ય સદાય સ્વભાવમાં રહે છે તેથી સત્ છે. તે સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે. તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. દરેક પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઊપજે છે, પૂર્વ રૂપથી નાશ પામે છે અને સર્વ પરિણામોમાં એકપ્રવાહપણું હોવાથી દરેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ-ધ્રુવ રહે છે, વળી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં સમયભેદ નથી. ત્રણેય એક જ સમયે છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક પરિણામોની પરંપરામાં દ્રવ્યસ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય પોતે પણ, મોતીના હારની માફક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે.

દ્રવ્ય કર્મ :જ્ઞાનવરણાદિ આઠકર્મ (૨) જડકર્મનો વિકાર (૩) પુણ્ય-પાપકર્મ તે દ્રવ્ય કર્મ (૪) રાગદ્વેષ મોહ વગેરેના વિચારોથી બંધાતું, તે તે કર્મ (૫) પુદ્ગલ પિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, દ્રવ્ય કર્મ કહેવાય છે. (આઠ કર્મ = જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય એ ચાર ધાતિકર્મ છે. અને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર કર્મ, અધાતિકર્મ છે. એ બન્ને મળીને આઠ દ્રવ્યકર્મ થાય છે.) (૬) આઠ પ્રકારના છે. ૧. જ્ઞાનાવરણ, ૨. દર્શનાવરણ, ૩. મોહનીય, ૪. અંતરાય, ૫. આયુષ્ય, ૬. નામ કર્મ, ૭. ગોત્રકર્મ, અને ૮. વેદનીય કર્મ

દ્રવ્ય કર્મ મળ અને ભાવ કર્મ મળ :જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ રૂપે પરિણમીને આત્માની સાથે સંબંધ પામેલ જે પુદ્ગલ પરમાણુ છે, તેમને દ્રવ્ય કર્મ મળ કહે છે. અને દ્રવ્ય કર્મ મળના ઉદયનું નિમિત્ત પામીને જે રાગ-દ્વેષ-મોહાદિરૂપ વિકાર ભાવ ઉત્પન્ન થાય છે, તથા નવીન કર્મ બંધનું કારણ બને છે, તેને ભાવ કર્મ મળ સમજવું જોઈએ.

દ્રવ્ય કર્મ મળ-ભાવ કર્મ મળ :જે કર્મ મળના નિમિત્તથી, આત્માનું પોતાની વૈભાવિક શકિતને કારણે વિભાવ પરિણમન થાય છે, તે મુખ્યપણે દ્રવ્ય અને ભાવ મળના ભેદથી બે પ્રકારનો છે. જ્ઞાના વરણાદિ દ્રવ્યકર્મ રૂપે પરિણમીને, આત્માની સાથે સંબંધ પામેલ જે પુદગલ મપરમાણુ છે, તેમેને દ્રવ્ય કર્મ મળ કહે છે. અને દ્રવ્ય કર્મ મળના ઉદયનું નિમિત્ત પામીને, જે રાગ -દ્વેષ-

મોહાદિરૂપ વિકારભાવ ઉત્પન્ન થાય છે, તથા નવીન કર્મ બંધનું કારણ બને છે, તેને ભાવ કર્મ મળ સમજવું જોઈએ.

દ્રવ્ય ક્રિયા :બાહ્ય ક્રિયા, શરીરની ક્રિયા, દ્રવ્યક્રિયામાં જ અટકી ન રહેતાં, તેમાં અવગાહન કરવું જોઈએ. જે ક્રિયામાં ઊંડા ઊતરવું જોઈએ અને અધ્યાત્મમાં પ્રવેશ કરવો જોઈએ. જો જ તેનો ઈષ્ટ ઉદ્દેશ જળવાય.

દ્રવ્ય ક્રિયા :શરીર, વાણી, મન આદિથી થતી જડ ક્રિયા -વ્રત, તપ, પૂજા, ભકિત આદિ જડ શુભક્રિયા છે. આત્મજ્ઞાન રહિત ક્રિયા

દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ :દ્રવ્ય પોતાના અનંત ગુણ પર્યાયનો અખંડ પિંડ .

દ્રવ્ય ગુણ પર્યાય :હે શિષ્ય ! તું આત્માને દ્રવ્ય જાણ, અને જ્ઞાન-દર્શનને, તેના ગુણ જાણ. ચાર ગતિના ભાવ અને શરીરને, કર્મ જનિત વિભાવ પર્યાય જાણ.

શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવવાળો આત્મા, દ્રવ્ય છે, જે ગુણ અને પર્યાય સહિત છે. તેને તું દ્રવ્ય જાણ. જે સદાય દ્રવ્યની સાથે રહે છે, તે ગુણ છે. અને દ્રવ્યમાં ક્રમે ક્રમે થનારી અવસ્થાઓ પર્યાય છે, એમ કહ્યું છે.

દ્રવ્ય ગુણ પર્યાયવાળું છે. ગુણ પર્યાય વિનાનું, દ્રવ્ય ન હોય. દ્રવ્યની પ્રત્યેક અવસ્થામાં, તેની સાથે રહેનાર ગુણ કહેવાય છે. તથા દ્રવ્યમાં ક્રમે ક્રમે થનારી અવસ્થાઓ, પર્યાય છે. આ એક સામાન્ય લક્ષણ છે.

ગુણ દ્રવ્યના સહભાવી છે, એટલે નિત્ય છે, અને પર્યાય સમયે સમયે પલટાય છે. જે પરિણતિ-પર્યાય પ્રથમ સમયમાં હોય છે, તે બીજા સમયમાં હોતી નથી, માટે પર્યાય ક્રમવર્તી કહેવાય છે.

જીવમાં જ્ઞાન-દર્શનાદિ તથા પુદ્ગલમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, આદિ ગુણ છે. જે સ્વભાવ તથા વિભાવના ભેદથી બે પ્રકારે છે. જીવના સિદ્ધત્વાદિ સ્વભાવ, પર્યાય છે અને કેવળજ્ઞાનાદિ સ્વભાવ, ગુણ પર્યાય છે, આ પર્યાય જીવના અસાધારણ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રદેશત્વ, પ્રમેયત્વ અને અક્ષુરૂલઘુત્વાદિ સ્વભાવગુણ સર્વ દ્રવ્યોમાં હોય છે. અક્ષુરૂ લઘુગુણનું પરિણમન, ષડગુણી હાનિ-વૃદ્ધિરૂપ છે. આ સ્વભાવ પર્યાય, બધા દ્રવ્યોમાં છે.

સંસારી જીવોને મતિજ્ઞાનાદિ, વિભાવગુણ અને નર નારકાદિ વિભાવ, પર્યાય હોય છે. પરમાણુ પુદ્ગલ દ્રવ્ય છે. જે પરમાણુનું પરમાણુરૂપે રહેવું તથા વર્ણથી વણાંતર થવારૂપ સ્વભાવ પર્યાય છે તે પરમાણુમાં વર્ણાદિ, સ્વભાવગુણ છે. એક પરમાણુમાં જ્યારે, બે ત્રણ બીજા પરમાણુઓ મળે છે ત્યારે, તે સ્કંધરૂપે પરિણમે છે. જે સમયે તેને વિભાવ દ્રવ્યવ્યંજન, પર્યાય કહેવામાં આવે છે. જે એક પુદ્ગલ પરમાણુમાં, વર્ણ ઈત્યિાદિ સ્વભાવ, ગુણ પર્યાય છે અને સ્કંધોમાં જે વર્ણ ઈત્યિાદિ છે, તે વિભાવ ગુણ પર્યાય છે.

ધર્મ, અધર્મ, આકાશ તથા કાલમાં, સ્વભાવ ગુણ પર્યાય છે, કારણ કે આ દ્રવ્યો વિભાવરૂપે પરિણમતા નથી. આકાશને જે ઘટાકાશ, મઠાકાશ કહેવામાં આવે છે, તે ઉપચાર માત્ર છે. અંગે તો શુદ્ધ ગુણ પર્યાય સહિત, શુદ્ધ જીવ જ ઉપાદેય છે.

જીવના વિશેષપણે ગુણ પર્યાય કહે છે કે :-

હે શિષ્ય ! તું આત્માને દ્રવ્ય જાણ, અને જ્ઞાન-દર્શનને, તેના ગુણ જાણ. ચાર ગતિના ભાવ તથા શરીરને કર્મજનિત વિભાવ, પર્યાય જાણ.

શુદ્ધ નિશ્ચયયનથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવવાળો આત્મા દ્રવ્ય છે. સવિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ દર્શન, આત્માના ગુણ છે. વિશેષપણે જાણવું તે જ્ઞાન-સવિકલ્પ છે. અને સામાન્ય પણે જાણવું તે દર્શન-નિર્વિકલ્પ કહેવાય છે. તે જ્ઞાન આઠ પ્રકારે છે. તેમાં કેવળજ્ઞાન સંપૂર્ણ અખંડ તથા શુદ્ધ છે, બાકીનાં સાત જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કુમતિ, કુશ્રુત અને કુઅવધિ) ખંડિત તથા ક્ષયોપશમની અપેક્ષાએ અશુદ્ધ પણ છે. સાત જ્ઞાનમાંથી મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર સમ્યગ્જ્ઞાન છે. તથા મિથ્યાત્વને લીધે કુમતિ, કુશ્રુત અને કુઅવધિ, એ ત્રણ જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે. ચાર દર્શનોમાં કેવલદર્શન શુદ્ધ, સંપૂર્ણ તથા અખંડ છે. ચક્ષુ, અચક્ષુ, અને કુઅવધિ, દર્શન એ ત્રણ દર્શન અસમ્પૂર્ણ તથા અશુદ્ધ છે.

ગુણ ત્રણ પ્રકારના હોય છે. - સાધારણ, અસાધારણ તથા સાધારણ-અસાધારણ. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરૂ લઘુત્વાદિ ગુણ સાધારણ કહેવાય છે. કારણકે, આ ગુણો પ્રત્યેક દ્રવ્યોમાં હોય છે. જ્ઞાન,

સુખ ઈત્યાદિ સ્વજાતિમાં સાધારણ-એટલે જીવ દ્રવ્યની અપેક્ષાએ સાધારણ, પણ જીવ સિવાય અન્ય દ્રવ્યમાં ન હોવાથી, અસાધારણ છે. જ્ઞાન, સુખ આદિ ગુણો જીવનાં મુખ્ય લક્ષણ છે. અમૂર્તત્વ-અરૂપીપણું પુદ્ગલદ્રવ્યમાં ન હોવાથી, અસાધારણ છે અને આકાશાદિની અપેક્ષાએ સાધારણ છે. પ્રદેશત્વ કાળદ્રવ્ય તથા પુદ્ગલ પરમાણુ પ્રત્યે, અસાધારણ છે અને બીજા પ્રત્યે સાધારણ છે.

દ્રવ્ય ગુણ પર્યાય :માળાની ઉપમા આપીને સમજાવે છે :-

દ્રવ્ય = આત્મા વસ્તુ છે, તે દ્રવ્ય છે. (ચૈતન્ય ચિંતામણી માળા)

ગુણ = તેના ચૈતન્ય સ્વભાવમય ગુણો છે, તે દોરા સમાન કાયમ નિત્ય છે.

પર્યાય = તે ગુણોના ધરનાર ગુણી એવા આત્માનો, બધા વિકલ્પોને મટાડી દઈ, અંતર્મુખ થઈ અનુભવ કરવો, તે પર્યાય છે, તે નિર્મળ પર્યાયને, મોક્ષનો માર્ગ કહીએ છીએ.

દ્રવ્ય દૃષ્ટિ :નિશ્ચય દૃષ્ટિ. (૨) વસ્તુનો સ્વભાવ જિનવાણીમાં દ્રવ્યપર્યાય સ્વરૂપ કહ્યો છે. માટે સ્યાદ્વાદથી એવો અનેકાન્ત સિદ્ધ થાય છે કે પર્યાય અપેક્ષાએ તો વસ્તુ ક્ષણિક છે, અને દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે.

જીવ પણ વસ્તુ હોવાથી, દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે. તેથી પર્યાય દૃષ્ટિએ જોવામાં આવે, તો કાર્યને કરે છે એક પર્યાય, અને ભોગવે છે અન્ય પર્યાય. જેમ કે, મનુષ્ય પર્યાયે શુભાશુભ કર્મ કર્યા અને તેનું ફળ દેવાદિ પર્યાયે ભોગવ્યું. દ્રવ્યદૃષ્ટિએ જોવામાં આવે, તો જે કરે છે તે જ ભોગવે છે. જેમ કે, મનુષ્ય પર્યાયમાં જે જીવ દ્રવ્યે, શુભાશુભ કર્મ કર્યાં તે જીવ દ્રવ્યે, દેવાદિ પર્યાયમાં, પોતે કરેલા કર્મનું ફળ ભોગવ્યું.

દેવાધિદેવ જિનેન્દ્રદેવની વાણીમાં, વસ્તુનો સ્વભાવ દ્રવ્યપર્યાય સ્વભાવ નિરૂપ્યો છે. ત્યાં દ્રવ્ય તે ત્રિકાળ નિત્ય છે અને જે પર્યાય છે તે ક્ષણિક છે. પર્યાય છે તે ક્ષણેક્ષણે બદલતી હોવાથી ક્ષણિક છે. અને દ્રવ્ય તો ઉત્પાદ-વ્યયરહિત ત્રિકાળ શાશ્વત નિત્ય છે. આવું વસ્તુનું અનેકાન્ત સ્વરૂપ છે જે સ્યાદવાદથી સિદ્ધ થાય છે તે આ રીતે કે પર્યાય અપેક્ષાએ વસ્તુ ક્ષણિક છે અને દ્રવ્ય અપેક્ષાએ તે નિત્ય છે. ટકીતે પલટવુંતે પલટીને ટકી રહેવું એ દ્રવ્ય નામ વસ્તુનો સ્વભાવ છે. (૨) શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે.

દ્રવ્ય નમસ્કાર :શુભભાવરૂપ સ્તુતિ, તે દ્રવ્ય નમસ્કાર છે. (૨) શબ્દરૂપ-વચન, દ્રવ્ય નમસ્કાર છે. દ્રવ્ય નમસ્કાર વ્યવહારનય અપેક્ષાએ, સાધક દશામાં હોય છે. ભાવ તથા દ્રવ્ય નમસ્કાર, વ્યવહારનયની અપેક્ષાએ, સાધક દશામાં હોય છે. શુદ્ધ નિશ્ચયનયથી વંદ્યવંદક ભાવ નથી. (૩) શુભભાનરૂપ સ્તુતિ, તે દ્રવ્ય, નમસ્કાર છે.

દ્રવ્ય નિક્ષેપ :ભૂત, ભવિષ્ય પર્યાયની મુખ્યતા લઈ, તેને વર્તમાનમાં કહેવી-જાણવી, તે દ્રવ્યનિક્ષેપ છે. જેમ શ્રેણીક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે, તેને વર્તમાનમાં તીર્થંકર કહેવા-જાણવા, અને મહાવીર ભગવાનાદિ ભૂતકાળમાં થયેલ તીર્થંકરોને વર્તમાન તીર્થંકરો ગણી સ્તુતિ કરવી, તે દ્રવ્યનિક્ષેપ છે.

દ્રવ્ય નિર્જરા :નિર્જરા કરનાર (દ્રવ્ય-કર્મનું ખરી જવું) એ નિમિત્ત છે. એ દ્રવ્ય-નિર્જરા છે. એ બન્ને નિર્જરા છે. (૨) અશુદ્ધતા માં જે નિમિત્ત કર્મ હતું, તે કર્મમાં ટળવાની યોગ્યતા તેને કારણે થઈ, નિર્જરવાયોગ્ય રજકણોની અવસ્થા બદલી, તે દ્રવ્ય નિર્જરા છે.

દ્રવ્ય પુણ્યપાપ :શુભાશુભ પરિણામ દ્રવ્ય પુણ્યપાપનું નિમિત્તકારણ હોવાને લીધે મૂર્ત એવાં તે પુદ્ગલ પરિણામ રૂપ (શાતા-અશાતાવેદનીયાદિ) દ્રવ્યપુણ્યપાપ વ્યવહારથી જીવનું કાર્ય કહેવાય છે. (અર્થાત્ જીવના પુણ્ય-પાપ ભાવના નિમિત્તે શાતા-અશાતા વેદનીયાદિ પુદ્ગલમાત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે.

પુદ્ગલ કર્તાના નિશ્ચય કર્મભૂત વિશિષ્ટ પ્રકૃતિરૂપ પરિણામ (શાતા વેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ) - કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે તે -દ્રવ્યપુણ્ય છે. પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટ પ્રકૃતિરૂપ પરિણામ (અશાતા વેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ) કે જેમાં જીવના અશુભ પરિણામ નિમિત્ત છે તે દ્રવ્યપાપ છે. (પુદ્ગલ કર્તા છે એને

વિશિષ્ટ પ્રકૃતિરૂપ પરિણામ તેનું નિશ્ચય કર્મ છે. (અર્થાત્ નિશ્ચયથી પુદ્ગલ કર્તા છે અને શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ તેનું કર્મ છે.)

દ્રવ્ય પ્રતિબંધ વણ :કોઈ પર વસ્તુ વિના ન ચાલે, તેમાં અટકવું પડે તેમ હોય નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય, જ્ઞાનીને કાંઈ જોતું નથી.

દ્રવ્ય પરમાણુ :દ્રવ્ય-ગુણ પર્યાયના સ્વરૂપની સૂક્ષ્મતાને, દ્રવ્ય પરમાણુ કહ્યું છે, તે ભાવ પરમાણુ

દ્રવ્ય પર્યાય :પ્રત્યેક અંઈ ને દ્રવ્યપર્યાય કહે છે. (૨) વ્યંજન પર્યાય

દ્રવ્ય પર્યાય અને ગુણ પર્યાય :પ્રદેશત્વ ગુણના નિમિત્તે, જે દ્રવ્યના બધા પ્રદેશોમાં આકારાન્તર થયા કરે છે, તેને દ્રવ્ય પર્યાય અથવા વ્યંજન પર્યાય કહે છે. અને બાકીના ગુણોમાં જે તરતમરૂપે પરિણમન થાય છે, તેને ગુણપર્યાય અથવા અર્થપર્યાય કહે છે.

દ્રવ્ય પર્યાયનું નામાન્તર :પ્રદેશત્વ ગુણનું પરિણમન, સંપૂર્ણ દ્રવ્યમાં થાય છે, તેથી તે ગુણના પરિણમનને, દ્રવ્ય પર્યાય અથવા વ્યંજન પર્યાય કહે છે.

દ્રવ્ય પર્યાયાત્મક :દ્રવ્ય એટલે વસ્તુ, પર્યાય એટલે અવસ્થા ને આત્મક એટલે સ્વરૂપ; વસ્તુની અવસ્થાનું સ્વરૂપ.

દ્રવ્ય પ્રાણના ભેદ :દ્રવ્યપ્રાણના દશ ભેદ છે - પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ (મન, વચન, કાય), શ્વાસોચ્છ્વાસ અને આયુ. (આ બધી પુદ્ગલદ્રવ્યોની પર્યાયો છે. જીવોને આ દ્રવ્યપ્રાણોના સંયોગથી જીવન અને વિયોગથી મરણરૂપ અવસ્થા વ્યવહારથી કહેવાય છે.) (૨) દશ છે. મન, વચન, કાય, સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય,ક્ષોત્રિન્દ્રિય, શ્વાસોચ્છવાસ અને આયુ.

દ્રવ્ય પરાવર્તન :આ જગતમાં જે અનંત અનંત પુદ્ગલ પરમાણુઓ છે તેનો સંબંધ આ જીવને અનંતવાર થઈ ચૂક્યો છે. આ શરીરમાં રજકણો, માટી (પુદ્ગલ) છે, એ આ પૈસા, ધન, ભવન ઈત્યાદિ (કર્મ-નોકર્મ) પણ ધૂળ (પુદ્ગલ)નાં રજકણો છે, કહે છે કે આ બધા પુદ્ગલો અનંતવાર સંબંધમાં આવી ગયા છે. આ ધનસંપત્તિ, રૂપાળું શરીર, ભવન ઈત્યાદિનો સંબંધ એ કાંઈ નવું નથી, અપૂર્વ નથી; એકમાત્ર શુદ્ધ આત્માની અનુભૂતિ એ જ અપૂર્વ છે. એ વાય અનંત પુદ્ગલો છે જે જીવના સંબંધમાં આવ્યા નથી, છતાં તેનું લક્ષ રાગ ઉપર છે તેથી અનંત પરાવર્તનમાં બધાય પુદ્ગલથી સંબંધની લાયકાતવાળો જીવ છે એમ કહ્યું છે.

દ્રવ્ય પરિવર્તન :અહીં દ્રવ્યનો અર્થ પુદ્ગલ દ્રવ્યો છે. જીવને વિકારી અવસ્થામાં પુદ્ગલો સાથે જે સંબંધ થાય છે, તેને દ્રવ્ય પરિવર્તન કહે છે, તેના બે પેટા ભેદ છે. ૧ નોકર્મ દ્રવ્યપરિવર્તન અને ૨. કર્મ દ્રવ્ય પરિવર્તન.

(૧) નોકર્મ પરિવર્તનનું સ્વરૂપઃ- ઔદારિક, વૈક્રિયિક અને આહારક, એ ત્રણ શરીર અને છ પર્યાપ્તિને લાયક જે પુદગલસ્કંધો એક સમ્યમાં એક જીવે ગ્રહણ કર્યા તે જીવ ફરી, તે જ પ્રકારના સ્નિગ્ધ-રૂક્ષ, સ્પર્શ, વર્ણ ,રસ, ગંધ આદિથી તથા તીવ્ર, મંદ કે મધ્યમ ભાવવાળા સ્કંધો ગ્રહણ કરે, ત્યારે એક નોકર્મ દ્રવ્ય પરિવર્તન થાય.(વચમાં બીજા જે નોકર્મનું ગ્રહણ કરવામાં આવે તે હિસાબમાં ગણવા નહી.) તેમાં પુદ્ગલોની સંખ્યા અને જાત બરાબર તે જ પ્રકારના નોકર્મની હોવી જોઈએ.

(૨) કર્મદ્રવ્ય પરિવર્તનનું સ્વરૂપઃ- એક જીવે એક સમયમાં આઠ પ્રકારના કર્મ સ્વભાવવાળાં જે પુદ્ગલો ગ્રહણ કર્યા તેવાં જ કર્મ સ્વભાવવાળાં પુદ્ગલો ફરી ગ્રહણ કરે, ત્યારે એક કર્મ દ્રવ્યપરિવર્તન થાય.(વચમાં તે ભાવોમાં જરા પણ ફેરવાળા બીજા જે જે રજકણો ગ્રહણ કરવામાં આવે, તે હિસાબમાઃ ગણવા નહીં.) તે આઠ પ્રકારનાં કર્મ પુદ્ગલોની સંખ્યા અને જાત બરાબર તે જ પ્રકારનાં કર્મ- પુદ્ગલોની હોવી જોઈએ.

ખુલાસોઃ- આજે એક સમયે શરીર ધારણ કરતાં, નોકર્મ અને દ્રવ્યકર્મના પુદગલોનો સંબંધ, એક અજ્ઞાની જીવને થયો, ત્યાર પછી નોકર્મ અને દ્રવ્ય કર્મોનો સંબંધ, તે જીવને બદલાયા કરે છે, એ પ્રમાણે ફેરફાર થતાં, જયારે તે જીવ ફરીને તેવું જ શરીર ધારણ કરીં, તેવા જ નોકર્મ અને દ્રવ્યકર્મોને પ્રાપ્ત કરે, ત્યારે એક દ્રવ્ય પરિવર્તન પૂંરું કર્યું કહેવાય છે. (નોકર્મ દ્રવ્ય પરિવર્તન અને કર્મ દ્રવ્ય પરિવર્તન નો કાળ સમાન જ હોય છે.)

દ્રવ્ય બંધ :આ આત્મા લોકાકાશતુલ્ય અસંખ્ય પ્રદેશવાળો હોવાથી સપ્રદેશ છે; તેના એ પ્રદેશોમાં કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાના આલંબનવાળો પરિસ્પંદ (કંપ) જે પ્રકારે થાય છે, તે પ્રકારે કર્મપુદ્ગલના

સમૂહો સ્વયમેવ પરિસ્પંદવાળા વર્તતા થકા પ્રવેશે પણ છે, રહે પણ છે અને જાય પણ છે; અને જો જીવને મોહ-રાગ-દ્વેષરૂપ ભાવ હોય તો બંધાય પણ છે. માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે. (૨) કર્મપ્રદેશ, પરમાણુઓ અને જીવનો અન્યોન્ય પ્રવેશ રૂપે સંબંધ થવો, તે દ્રવ્યબંધ.

દ્રવ્ય બંધનો હેતુ ભાવબંધ છે. :આ આત્મા લોકાકાશતુલ્ય અસંખ્ય પ્રદેશવાળો હોવાથી સપ્રદેશ છે. તેના એ પ્રદેશોમાં કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણાના આલંબનવાળો, પરિસ્પંદ (કંપ) જે પ્રકારે થાય છે, તે પ્રકારે કર્મ પુદ્ગલના સમૂહો સ્વયમેવ, પરિસ્પંદવાળા વર્તતા થકા પ્રવેશે પણ છે, રહે પણ છે અને જાય પણ છે, અને જો જીવને મોહ-રાગ-દ્વેષરૂપ ભાવ હોય, તો બંધાય પણ છે. માટે નકકી થાય છેકે, દ્રવ્યબંધનો હેતુ ભાવબંધ છે.

દ્રવ્ય ભાવ :ધારણા જ્ઞાનથી આગળ વધાતું નથી, પરંતુ દ્રવ્યના બળે, આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ, તો જ આગળ વધાય છે.

દ્રવ્ય મન :છાતીની મધ્યભાગમાં, આઠ પાંખડીના ખીલેલા કમળના આકારે રજકણોનું બનુલું છે, તે દ્રવ્યમન.

દ્રવ્ય મુનિપણું :જે જીવ દ્રવ્યમુનિપણું પાળતો હોવા છતાં, સ્વપરના ભેદ સહિત પદાર્થોને શ્રદ્ધતો નથી, તે જીવ નિશ્ચય સમ્યક્ત્વપૂર્વક, પરમ સામાયિક સંયમરૂપ મુનિપણાના અભાવને લીધે, મુનિ નથી. તેથી જેને ધૂળ અને સુવર્ણના કણનો વિવેક નથી, એવા ધૂળ ધોયાને ગમે તેટલી મહેનત કરવા છતાં, સુવર્ણની પ્રાપ્તિ થતી નથી. તેમ જેને સ્વ અને પરનો વિવેક નથી, એવા તે દ્રવ્યમુનિને, ગમે તેટલું દ્રવ્યમુનિત્વની ક્રિયાઓનું કષ્ટ ઉઠાવવા છતાં, ધર્મની પ્રાપ્તિ થતી નથી.

દ્રવ્ય મળ :જ્ઞાનાવરણાદિ

દ્રવ્ય મોક્ષ :અને સર્વ કર્મના અભાવરૂપ નિમિત્ત તે મોક્ષ કરનાર દ્રવ્ય મોક્ષ છે. આમ એ બન્ને મોક્ષ છે.

હવે કહે છે કે એકને જ પોતાની મેળે એટલે કે પોતાની એકપણાની અપેક્ષાએ પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની ઉત્પત્તિ બનતી નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની અપેક્ષા વિના એકને નવભેદો (નવ તત્ત્વો) સ્વાખિત થતા નથી. એકને પર્યાયમાં બીજાનું નિમિત્ત છે એનાથી આ નવ ભેદો ઊભા થાય છે. તે બન્નેમાં એક જીવ અને બીજું અજીવ છે.

હવે બાહ્ય (સ્થૂલ) દ્રષ્ટિથી જોઈએ તોઃ જીવ-પુદગલના અનાદિ બંધપર્યાયની સમીપ જોઈને એટલે કે પર્યાયદ્રષ્ટિ કરીને આ યોગ્યતા અને આ નિમિત્ત એ બેને એકપણે અનુભવ કરતાં આ નવ તત્વો સાચાં છે. પર્યાયબુધ્ધિથી જોતાં ભૂતાર્થ છે. વ્યવહારનયે નવતત્વો છ; પણ એ સમ્યગ્દર્શનનો વિષય નથી. વેદાંત કહે છે પર્યાય નથી, તો એમ નથી. નવ ભેદની પર્યાય છે. વ્યવહારનયે, પર્યાયબુધ્ધિ કરીને એની સન્મુખ જોઈ એકપણે અનુભવ કરતાં નવતત્ત્વો ભૂતાર્થ છે, રાગની પર્યાય અને નિમિત્તની પર્યાય બન્નેને એકપણે અનુભવતાં નવ તત્ત્વોનો ભેદો સત્યાર્થ છે.

અને એક જીવદ્રવયના સ્વભાવની સમીપ જઈને એટલે કે એક જ્ઞાયક માત્ર દ્રવ્ય સ્વભાવનો આશ્રય લઈને અથૉત તે એકને એકપણે અનુભવ કરતાં તે નવ તત્ત્વો અભૂતાર્થ છે, જીવના એકાકાર સ્વરૂપમાં એ નવતત્વો નથી. એકરૂપ અભેદ જ્ઞાયકભાવ, એકાકાર સચ્ચિદાનંદ સ્વભાવમાં અનેક પ્રકારના ભેદો નથી. અહો! આ તો શબ્દે શબ્દ મંત્ર છે. આ ધર્મ કેમ થાય એની વાત ચાલે છે. આ વ્યવહારનયે નવ (તત્વો) છે એનું તાત્પર્ય શું? કે એ નવનું લક્ષ છોડીને એક સ્વભાવનું લક્ષ કરવું એ તાત્પર્ય છે. એ નવના લક્ષે ધર્મ ન થાય, પણ રાગ અને અધર્મ થાય. અને અખંડ એક ત્રિકાળી જ્ઞાયકના આશ્રયે અર્થાત તે એકને એકપણે અનુભવતાં સમ્યગ્દર્શન થાય. ધર્મ થાય.

એવી રીતે અંતદષ્ટિથી જોઈએ તોઃ જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે. વિકાર એટલે વિશેષ કાર્ય-જીવની પર્યાય. અહીં વિકાર એટલે દોષ એમ અર્થ નથી, પણ વિશેષ કાર્ય એમ સમજવું. વળી, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ વિકાર હેતુઓ કેવળ અજીવ છે. આવા આ નવ તત્ત્વો એટલે જીવના વિકારો જેના અજીવ-હેતુઓ છે એ નવ તત્વો જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે-પોતે

ઉપાદાન કારણ અને પર નિમિત્ત કારણ છે-એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે, પર્યાયો પર્યાય અપેક્ષાએ છે. વ્યહારનય છે. વ્યવહારનયનો વિષય પર્યાયો છે એ જાણવાલાયક છે. પણ આશ્રય કરવા યોગ્ય નથી. (૨) કર્મવર્ગણાથી આત્મદ્રવ્યનું જુદું થઈ જવું, તે દ્રવ્યમોક્ષ.

દ્રવ્ય યોગ :કર્મ-નોકર્મને ગ્રહણ કરવાની આત્માની શકિત વિશેષ, તે ભાવયોગ છે, અને તે શકિતના કારણે, આત્મપ્રદેશોનું પરિસ્પદંન (અંચળ થવું), તે દ્રવ્યયોગ છે. (અહીં દ્રવ્યનો અર્થ, આત્મદ્રવ્યના પ્રદેશો થાય છે.)

દ્રવ્ય વચન :વિકલ્પથી પરિભાષણ. (૨) શુભભાવ અથવા શુભ વિકલ્પ. (૩) વિકલથી પરિભાષણ (૪) શુભભાવ અથવા શુભવિકલ્પ (૫) શુભ ભાવ અથવા શુભ વિકલ્પ (૬) વિકલ્પથી પરિભાષણ

દ્રવ્ય વિધાયક :દ્રવ્યનો રચનારો.

દ્રવ્ય વિના :દ્રવ્યથી જુદું.

દ્રવ્ય વિવેક :શરીર, આહાર અને સંયમના સાધનો વગેરેથી આત્માને જુદો ભાવવો તે દ્રવ્યવિવેક છે.

દ્રવ્ય વિશેષો :દ્રવ્યોમાં ભાવનું લક્ષણ, પરિણામ માત્ર છે. ક્રિયાનું લક્ષણ, પરિસ્પંદ (કંપન) છે. ત્યાં સઘળાંય દ્રવ્યો, ભાવવાળાં છે, કારણ કે પરિણામ સ્વભાવવાળાં હોવાને લીધે, પરિણામ વડે અન્વય (ટકવાપણું) અને વ્યતિરેકો (ઊપજવા પણું તથા નષ્ટ થવાપણું) ને પામતાં થતાં, તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. પુદ્ગલો તો (ભાવવાળાં હોવા ઉપરાંત) ક્રિયાવાળા પણ હોય છે. કારણ કે, પરિસ્પંદ સ્વભાવવાળાં હોવાને લીધે પરિસ્પંદ વડે છૂટાં પુદ્ગલો ભેગાં મળતાં હોવાથી અને ભેગાં મળેલાં પુદ્ગલો પાછાં છૂટાં પડતાં હોવાથી તે અપેક્ષાએ તેઓ ઉપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. તથા જીવો પણ ભાવવાળા હોવા ઉપરાંત) ક્રિયાવાળા પણ હોય છે, કારણ કે પરિસ્પંદ સ્વભાવવાળા હોવાને લીધે, પરિસ્પંદ વડે નવાં કર્મ-નોકર્મરૂપ પુદ્ગલોથી ભિન્ન જીવો, તેમની સાથે ભેગા થતા હોવાથી, અને કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો, વાદન ભિન્ન પડતા હોવાથી, તે અપેક્ષાએ તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે.

દ્રવ્ય શ્રુત :સર્વજ્ઞ ભગવાનનાં વચનરૂપ, આગમનો અભ્યાસ કરવો.

દ્રવ્ય સંતતિ :દ્રવ્ય પરંપરા; દ્રવ્ય સમૂહ.

દ્રવ્ય સ્તુતિ :શુભવલણવાળો ભકિતભાવ, તે દ્રવ્યસ્તુતિ છે. તે દ્રવ્યસ્તુતિમાં અલ્પ રાગનો ભાગ છે ખરો, પણ તે ગૌણ છે. (૨) શુભ વલણવાળો ભકિતભાવ તે દ્રવ્યસ્તુતિ છે. (૩) શુભ ભાવ રૂપ સ્તુતિ, તે દ્રવ્ય નમસ્કાર છે. શુભવલણ- વાળો ભકિતભાવ, તે દ્રવ્ય-સ્તુતિ છે. તે દ્રવ્ય -સ્તુતિમાં અલ્પરાગનો ભાગ છે ખરો, પણ તે ગૌણ છે.

દ્રવ્ય સ્તુતિથી નમસ્કાર :દ્રવ્યથી એટલે વિકલ્પથી સ્તુતિ કરવી; સિદ્ધ ભગવાન આવ્યા છે એવો (તેમના સ્વરૂપનો વિચાર) વિકલ્પ ઊઠવો એ દ્રવ્ય નમસ્કાર છે.

દ્રવ્ય સમય :કાળ દ્રવ્ય,- કાળ દ્રવ્ય અનુત્પન્ન અને અવિનષ્ટ છે અને સમય પર્યાય (પર્યાય સમય) ઉત્પત્તિ અને વિનાશવાળો છે. આ સમય નિરંશ છે.

દ્રવ્ય સંયમ :શુભભાવ; બાહ્ય સંયમ. (૨) શરીર, વાણી, મન આદિથી થતો જડ સંયમ : આત્મ જ્ઞાન રહિત જડ પુદ્ગલ આદિનો સંયમ

દ્રવ્ય સ્વભાવ :પદાર્થ સ્વભાવ; તત્ત્વ સ્વભાવ; વસ્તુ સ્વભાવ; ચૈતન્યભાવ.

દ્રવ્ય સંવર :પુદ્ગલ પરમાણુઓનું નવાં કર્મ પણે થતાં અટકવું, તે દ્રવ્ય સંવર, એ યોગ્યતા જડની છે. પાપનો ભાવ કરેતો ઉદય રૂપ કર્મને પાપ ભાવમાં નિમિત કહેવાય. અને સ્વભાવનો આશ્રય કરેતો, તે જ કર્મનો સંવારકને (૧૨ કરનાર નિમિત રૂપે) આરોપ આવે. આ રીતે પોતાના ભાવ અનુસાર નિમિત્તમાં આરોપ કરવાનો વ્યવહાર છે. બન્ને માં પરસ્પર નિમિત્તાધીન અપેક્ષાથી, અને સ્વતંત્ર ઊપાદાનની યોગ્યતાથી સંવાર્ય (સંવરરૂપ થવા યોવ્ય) અને સંવારક (સંવર કરનાર), એવા બે ભેદ પડે છે (૨) કષાયોનો નિરોધ (ભાવ સંવર) થતાં, જે જ્ઞાનાવરણાદિ પૌદગલિક કર્મોનો આત્મામાં પ્રવેશ થતો અટકે છે, તેને દ્રવ્ય સંવર છે.

દ્રવ્ય સામાન્ય :જ્યારે અનાદિ સિદ્ધ પૌદ્ગલિક કર્મના બંધનરૂપ ઉપાધિની નિકરતાથી, ઉત્પન્ન થયેલા ઉપરાગ વડે, જેની સ્વપરિણતિ રંજિત હતી, એવો હું- જાસુદપુષ્પની નિકટતાથી ઉત્પન્ન થયેલા, ઉપરાગ (બાલાશ) વડે, જેની સ્વપરિણતિ રંજિત (રંગાયેલી) હોય, એવા સ્ફટિકમણિની માફક, પર વડે આરોપાયેલા વિકારવાળો હોવાથી, સંસારી હતો. ત્યારે પણ (અજ્ઞાન દશામાં પણ) ખરેખર મારું કોઈ પણ (સંબંધી) નહોતું. ત્યારે પણ હું એકલો જ કર્તા હતો, કારણ કે, હું એકલો જ ઉપરકત ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર હતો (અર્થાત્ સ્વાધીનપણે કરતો હતો). હું એકલો જ કરણ હતો, કારણકે હું એકલો જ ઉપરકત ચૈતન્ય રૂપ સ્વભાવ વડે સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હતો. હું એકલો જ કર્મ હતો, કારણ કે હું એકલે જ ઉપરકત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે, આત્માર્થ પ્રાપ્ય (પ્રાપ્ત થવા યોગ્ય) હતો, અને હું એકલો જ સુખથી વિપરી લક્ષણવાળું, દુઃખ નામનું કર્મફળ હતો- કે જે (ફળ) ઉપરકત ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવ વડે, નિપજાવવામાં આવતું હતું.

હવે વળી અનાદિસિદ્ધ પૌદ્ગલિક કર્મના બંધનરૂપ નિકટતાના નાશથી, જેને સુવિશુદ્ધ સહજ (સ્વાભાવિક) સ્વપરિણતિ પ્રગટ થઈ છે, એવો હું - જાસુદપુષ્પની નિકટતાના નાશથી, જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ હોય, એવા સ્ફટિકમણિની માફક-પર વડે, આરોપાયેલો વિકાર જેને અટકી ગયો છે, એવો હોવાથી એકાંતે મુમુક્ષુ છું, હમણાં પણ (મુમુક્ષુદશામાં અર્થાત્ જ્ઞાન દશામાં પણ) ખરેખર મારું કોઈ પણ નથી. હમણાં પણ હું એકલો જ કર્તા છું કારણ કે, હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સ્વતંત્ર છું (અર્થાત્ સ્વાધીનપણે કરું છુ), હું એકલો જ કરણ છું, કારણ કે, હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ વડે સાધકતમ છું, હું એકલો જ કર્મ છું, કારણ કે, હું એકલો જ સુવિશુદ્ધ ચૈતન્યરૂપે પરિણમવાના સ્વભાવને લીધે, આત્માથી પ્રાપ્ય છું, અને હું એકલો જ અનાકુળતા લક્ષણવાળું, સુખ નામનું કર્મફળ છું - કે જે (ફળ) સુવિશુદ્ધ ચૈતન્યરૂપે, પરિણમવાના સ્વભાવ વડે, નિપજાવવામાં આવે છે.

આ રીતે બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં આત્મા એકલો જ છે. એમ ભાવનાર આ પુરૂષ, પરમાણુની માફક એકત્વ ભાવનામાં ઉન્મુખ હોવાથી (અર્થાત્ એકત્વને ભાવવામાં તત્પર-લાગેલો-હોવાથી), તેને પરદ્રવ્યરૂપ પરિણતિ બિલકુલ થતી નથી, અને પરમાણુની માફક (અર્થાત્ જેમ એકત્વભાવે પરિણમનાર પરમાણુ, પર સાથે સંગ પામતો નથી તેમ) એકત્વને ભાવનાર પુરૂષ, પર સાથે સંયુકત થતો નથી, તેથી પરદ્રવ્ય સાથે, અસંયુકતપણાને લીધે, તે સુવિશુદ્ધ હોય છે. વળી, કર્તા, કરણ, કર્મ અને કર્મફળને આત્માપણે ભાવતો થકો તે પુરૂષ, પર્યાયોથી સંકીર્ણ (ખંડિત) થતો નથી, અને તેથી પર્યાયો વડે સંકીર્ણ નહિ થવાને લીધે, સુવિશુદ્ધ હોય છે.

આ રીતે દ્રવ્યસામાન્યના વર્ણનનો ઉપસંહાર કરે છે. દ્રવ્ય વિશેષ (૧) એક જ કાળે સર્વ દ્રવ્યોને, સાધારણ અવગાહનું સંપાદન (અવગાહ હેતુત્વરૂપ લિંગ), આકાશને જણાવે છે. કારણકે, બાકીના દ્રવ્યો સર્વગત (સર્વવ્યાપક) નહિ હોવાથી, તેમને તે સંભવતું નથી. (૨) એવી જ રીતે, એક જ કાળે ગતિ પરિણત (ગતિરૂપે પરિણમેલાં) સમસ્ત જીવ-પુદ્ગલોને, લોક સુધી ગમનનું હેતુપણું, ધર્મદ્રવ્યને જણાવે છે. કારણ કે, કાળને પુદ્ગલ અપ્રદેશી હોવાથી, તેમને તે સંભવતું નથી. લોક ને અલોકની સીમા અચલિત હોવાથી, આકાશને તે સંભવતું નથી અને વિરૂદ્ધ કાર્યનો હેતુ હોવાથી, અધર્મદ્રવ્યને તે સંભવતું નથી. (કાળ ને પુદ્ગલ એક પ્રદેશી હોવાથી, તેઓ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ, જીવ સમુદ્રઘાત સિવાયના કાળે, લોકના અસંખ્યાતમાં ભાગમાં જ રહેતો હોવાથી, તે પણ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ. આકાશ ગતિમાં નિમિત્ત હોય, તો જીવ-પુદ્ગલોની ગતિ અલોકમાં પણ હોય અને તેથી, લોક-અવલોકની મર્યાદના રહે નહિ, માટે ગતિ હેતુત્વ આકાશનો ગુણ પણ નથી, અધર્મદ્રવ્ય તો ગતિથી વિરૂદ્ધ કાર્ય જે સ્થિતિ તેમાં નિમિત્તભૂત છે, માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ. આ રીતે ગતિ હેતુત્વ ગુણ ધર્મ નામના દ્રવ્યનું, અસ્તિત્વ જણાવે છે. (૩) એવી જ રીતે એક જ કાળે સ્થિતિ, પરિણત સમસ્ત જીવ-પુદ્ગલોને, લોક સુધી સ્થિતિનું, હેતુપણું અધર્મદ્રવ્યને જણાવે છે. કારણકે કાળને પુદ્ગલ

અપ્રદેશી હોવાથી, તેમને તે સંભવતું નથી. જીવ સમુદ્‌ઘાત સિવાય, અન્યત્ર લોકના અસંખ્યાતમા ભાગમાત્ર હોવાથી, તેને તે સંભવતું નથી, લોક ને અલોકની સીમા અલિત હોવાથી, આકાશને તે સંભવતું નથી અને વિરૂદ્ધ કાર્યનો હેતુ હોવાથી, ધર્મદ્રવ્યને તે સંભવતું નથી. (૪) એવી જ રીતે (કાળી સિવાય) બાકીનાં, સમસ્ત દ્રવ્યોને દરેક પર્યાયે, સમય વૃત્તિનું હેતુપણું કાળને જણાવે છે, કારણ કે, તેમને સમય વિશિષ્ટ વૃત્તિ કારણાંતરથી સધાતી હોવાને લીધે (અર્થાત્ તેમને સમયથી વિશિષ્ટ એવી પરિણતિ અન્ય કારણથી થતી હોવાને લીધે), સ્વતઃ તેમને તે (સમય વૃત્તિ હેતુત્વ) સંભવતું નથી. (૫) એવી જ રીતે ચૈતન્ય પરિણામ જીવને જણાવે છે, કારણ કે ચેતન હોવાથી, શેષ દ્રવ્યોને તે સંભવતો નથી.

આ પ્રમાણે ગુણ વિશેષથી, દ્રવ્ય વિશેષ જાણવો.

<u>દ્રવ્ય સામાન્ય અને વિશેષાત્મક</u> :દરકે દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય, તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ આવું કામયાત્મક હોવાથી, દ્રવ્યના અનન્યપણામાં અને અન્યપણામાં વિરોધ નથી.

દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં, દ્રવ્ય સામાન્ય જ જણાય છે. તેથી અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે. અને પર્યાયાર્થિકનય રૂપી બીજા એક ચક્ષુથી જોતાં, દ્રવ્યના પર્યાયો વિશેષ જણાય છે. તેથી તે દ્રવ્ય અન્ય ભાસે છે. બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં, દ્રવ્ય સામાન્ય તથા, દ્રવ્યના વિશેષો બંને જણાય છે તેથી દ્રવ્ય અનન્ય તેમ જ... અન્ય બન્ને ભાસે છે.

<u>દ્રવ્ય હિંસા</u> :ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો ઘાત કરવો

<u>દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ</u> :(૧) દ્રવ્ય- હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુકત છું. (૨) ક્ષેત્ર- અસંખ્યાત નિજઅવગાહના, પ્રમાણ છું. (૩) કાળ- અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું. (૪) ભાવ- શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.

(૧) દ્રવ્ય- ચેતન કે જડ પદાર્થોમાં રાગદ્વેષથી, બંધન ન કરે.

(૨) ક્ષેત્ર- અમુક ક્ષેત્ર સારું, ખોટું એમ ન કરે.

(૩) કાળ- ઉનાળો, શિયાળો, ચોમાસું, સારું ખરાબ, જુવાની સારી વદ્ધાવસ્થા ખરાબ, એમ કાળમાં પ્રતિબંધ ન કરે.

(૪) ભાવ- મોક્ષ સિવાયના આદર્શો- ભાવો સેવ્યા હોય, તેનો વિચાર આવતાં તેમાં ઈષ્ટપણું માની, બંધાઈ ન જાય. ઈષ્યિની કે ભૂતકાળની કાંઈ ઈચ્છા ન કરે. માત્ર વર્તમાનમાં, જે ઉદય હોય તેને સમતાથી વેદે. ઈવિષ્ય માટે આમ થા ઓ કે આમ, એમ કંઈ પણ લોભવૃત્તિ ન હોય, છતાં મોક્ષ માટે પુરુષાર્થ તો હોય જ. જે પુરુષાર્થ તે સંવર ને નિર્જરા. જેને સમતાભાવથી આરાધે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ સાપેક્ષ છે., એટલે ત્યાગવા યોગ્ય પણ છે. અને આરાધવા યોગ્ય પણ છે.

<u>દ્રવ્ય, ગુણ, પર્યાયના આકાર</u> :દ્રવ્યનો આકાર તે જ ગુણ અને પર્યાયનો આકાર છે, કારણકે ત્રણેનું ક્ષેત્ર એક છે; માટે ત્રણેનો આકાર સરખો અને એક છે.

<u>દ્રવ્યકર્મ</u> :એનું બીજું નામ પ્રકૃતિ છે. પ્રકૃતિ આદિ જડ છે. (૨) પુદ્‌ગલપરિણામસંતતિ; પુદ્‌ગલોના પરિણામોની પરંપરા. (૩) દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે. દ્રવ્ય-કર્મ વિના કદી હોતો નથી; તેથી દ્રવ્યકર્મ અશુદ્ધ પરિણામનું કારણ છે. (૪) આત્માની વિકારી અવસ્થારૂપ ભૂલનું નિમિત્ત પામીને કર્મરજ ચોંટે તે દ્રવ્યકર્મ છે. એ રીતે દ્રવ્યકર્મનું નિમિત્ત જીવના રાગદ્વેષ છે. (૫) જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય આદિને યોગ્ય પરમાણુ તે દ્રવ્યકર્મ કહેવાય છે. (૬) કર્મ છે તે પરમાણુરૂપ અનંત પુદ્‌ગલ દ્રવ્યો વડે નિપજાવેલું કાર્ય છે, તેથી તેનું નામ દ્રવ્યકર્મ છે. હવે દ્રવ્યકર્મના નિમિત્તથી ભાવકર્મ તથા ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મોનો બંધ થાય છે. ફરી પાછો દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એ જ પ્રમાણે પરસ્પર કારણ-કાર્ય ભાવ વડે સંસારચકમાં પરિભ્રમણ થાય છે. (૭) દ્રવ્યકર્મના સંયોગમાં જ, અશુદ્ધ પરિણામ હોય છે. દ્રવ્ય, કર્મ વિના કદી હોતો નથી : તેથી દ્રવ્યકર્મ, અશુદ્ધ પરિણામનું કારણ છે. (૮) પુદ્‌ગલસંબંધ દ્રવ્યકર્મ છે. કર્મ પ્રદેશ, પરમાણુઓ અને જીવનો અન્યોન્ય પ્રવેશરૂપે સંબંધ થવો, તે દ્રવ્યબંધ (૯) મોહ-રાગ-દ્વેષભાવોનું નિમિત્ત પામીને,

કાર્માણવર્ગણા (કર્મરજ) કર્મરૂપે પરિણમીને, આત્મા સાથે જોડાઈ જાય છે, તેને દ્રવ્યકર્મ કહે છે. (૧૦) જ્ઞાનાવરણાદિકરૂપ કર્મ પરમાણુઓને, દ્રવ્યકર્મ કહે છે, તે મુખ્યપણે આઠ છે. (૧૧) રજકણ- ઝીણી ધૂળ, જ્ઞાના વરણાદિ આઠ કર્મ તે. જડરૂપી કર્મ પ્રકૃતિ ને છે. (૧૨) જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ, તેના પેટા ભેદ ૧૪૮ પ્રકૃતિ છે. તે જડરૂપી કર્મ પ્રકૃતિ છે.

દ્રવ્યકર્મ અને ભાવકર્મ :પરમાણુરૂપ અનંત દ્રવ્યોથી નિપજાવેલું કાર્ય છે તેનું નામ દ્રવ્ય કર્મ છે. તથા મોહના નિમિત્તથી મિથ્યાત્વ-ક્રોધાદિરૂપ જીવના પરિણામ છે તે અશુદ્ધ ભાવથી નિપજાવેલું કાર્ય છે, તેથી તેનું નામ ભાવ કર્મ છે. દ્રવ્યકર્મના નિમિત્તથી ભાવકર્મ થાય છે, તથા ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મનો બંધ થાય છે.

દ્રવ્યકર્મ મોક્ષ :દ્રવ્યકર્મનું સર્વથા છૂટી દેવું તે; દ્રવ્યમોક્ષ. ખરેખર ભગવાન કેવળીને, ભાવમોક્ષ હોતાં. પરમ સંવર સિદ્ધ થવાને લીધે ઉત્તર કર્મ સંતતિ નિરોધ પામી થકી અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન સિદ્ધ થવાને લીધે પૂર્વ કર્મ સંતતિ- કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મ જેટલી હોય છે અને કદચિત્ સમુધ્ધત વિધાનથી આયુ, કર્મના જેટલી થાય છે તે - આયુકર્મના અનુસ્તરે જ નિર્જરતી થકી અપુનર્વયને માટે તે ભવ છૂટવાના સમયે થતો જે વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મ પુદ્ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે.

દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ :દવ્યકર્મ એટલે આડ કર્મના જડ રજકણો, ભાવકર્મ એટલે બાહ્ય નિમિતો.

દ્રવ્યકર્મથી સંયુકત :દ્રવ્યકર્મના સંયોગમાં જ અશુદ્ધ પરિણામ હોય છે, દ્રવ્યકર્મ વિના કદી હોતો નથી, તેથી દ્રવ્યકર્મ, અશુદ્રક પરિણામનું કારણ છે.

દ્રવ્યકર્મના નિરોધ થી સંસારનો નિરોધ થાય છે. :અભેદ, શુદ્ધ ચિન્માત્ર, પૂર્ણાનંદ પ્રભુ આત્મનાં જ્યાં દષ્ટિ, જ્ઞાનને રમણતા લીનતા થયાં, તો શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ, હવે તેને ભાવકર્મ કેમ ઉત્પન્ન થયાં? ઉત્પન્ન ન થાય. સવભાવની એકાગ્રતામાં શુદ્ધ દશા જ્યાં પ્રગટ થઈ, ત્યાં અુશદ્ધ પરિણામ ઉત્પન્ન થતા નથી, પણ રોકાઈ જાય છે, અને અશુદ્ધતાનો નિરોધ થતાં, નવું કર્મ તેને આવતું નથી, અને તેથી સંસારનો નિરોધ થાય છે, સંસારનો વ્યય થઈ જાય છે.

પૂર્ણ સ્વભાવની પરિણતિ પ્રગટ થતાં ભાવકર્મ ઉત્પન્ન થતું નથી. અને તેથી નવું દ્રવ્યકર્મ આવતું નથી. અને તે સ્વભાવની પરિણતિ પૂર્ણ થતાં સંસારનો વ્યય થઈ જાય છે. અર્થાત્ દ્રવ્યકર્મના અટકવાથી, દ્રવ્યકર્મને રોકવાથી રુંધવાથી સંસારનો જે ઉદયભાવ છે, તેનો-અભાવ થઈ જાય છે-સંસાર એટલે ઉદયભાવ, અને તેનો અભાવ થઈ જતાં એકલો ક્ષાયિક ભાવ પ્રગટ થાય છે. આમ તે પૂર્ણ દશા-મોક્ષદશાને પ્રાપ્ત થાય છે.

દ્રવ્યકર્મમોક્ષ :દ્રવ્યકર્મનું સર્વથા છૂટી જવું તે; દ્રવ્યમોક્ષ (અહીં ભાવમોક્ષનું સ્વરૂપ દ્રવ્યમોક્ષના નિમિત્તભૂત પરમ-સંવરરૂપે દર્શાવ્યું છે.)

દ્રવ્યકર્મરૂપ સંતતિ :પુદ્ગલ પરિણામરૂપ સંતતિ.

દ્રવ્યકર્મો :તે પુદ્ગલ સ્કંધો છે.

દ્રવ્યક્રિયા :શરીરની ક્રિયા; દેહની ક્રિયા; બાહ્ય ક્રિયાકાંડ

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ :દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, અનંત ગુણ સ્વભાવનો પિંડ. ક્ષેત્ર એટલે એને પ્રદેશ -પહોળાઈ. કાળ એટલે વર્તમાન અવસ્થા. ભાવ એટલે ત્રિકાળી શકિત.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ :દ્રવ્ય = પોતાના અનંત ગુણપર્યાયોનો અખંડ પિંડ
ક્ષેત્ર = પોતાની પહોળાઈ રૂપ આકાર. (અસંખ્ય પ્રદેશી)
કાળ = પોતાની વર્તમાન વર્તતી પ્રગટ અવસ્થા
ભાવ = પોતાના અનંત ગુણ અથવા ત્રિકાળી શકિત.

દ્રવ્ય-ગુણ-પર્યાય :દ્રવ્યનામ, ત્રિકાળી શકિતઓનો પિંડ ગુણ નામ, ત્રિકાળી શકિત અને પર્યાય, એટલે વર્તમાન ક્ષણિક અવસ્થા.

દ્રવ્ય-ગુણ-પર્યાય :કોઈપણ પર દ્રવ્યનો, કોઈપણ ગુણ કે પર્યાય, પોતાના આત્મા માટે વાસ્તવમાં ઈષ્ટ કે અનિષ્ટ થતો નથી. નકામી કલ્પના દ્વારા, તેને ઈષ્ટ કે અનિષ્ટ માની લેવામાં આવે છે. અને એના કારણે આ જીવ કષ્ટ ઉઠાવે છે. તેથી પર પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના છોડવા યોગ્ય છે. (૨) વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. ત્યાં ત્રૈકાલિક ઉર્ધ્વ પ્રવાહ સામાન્ય, તે દ્રવ્ય છે.

ઊંથે રહેનારા ભેદો, તે ગુણો છે અને ક્રમે ક્રમે થતા ભેદો, તે પર્યાયો છે. આવાં દ્રવ્ય-ગુણને પર્યાયની એકતા વિનાની, કોઈ વસ્તુ હોતી નથી-બીજી રીતે કહીએ તો વસ્તુ ઉત્પાદ-વ્યય-ધૌવ્યમય છે, અર્થાત્ તે ઊપજે છે, વિણસે છે અને ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાયમય અને ઉત્પાદ-વ્યય-ધૌવ્યમય હોવથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે. માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે. (૩) અનાદિ અનંત ત્રિકાળ ટકે, તે દ્રવ્યવસ્તુ છે. ભૂત-ભવિષ્યની અવસ્થારૂપ થવાની શકિત, તે ગુણ છે. અને વર્તમાન પ્રગટ અવસ્થા, તે પર્યાય છે.

દ્રવ્યત્વ :પ્રવાહીપણું. (૨) અસ્તિત્વ

દ્રવ્યત્વ ગુણ :દરેક દ્રવ્ય નિરંતર પ્રવાહક્રમે પ્રવર્તતી પોતાની નવી નવી અવસ્થાઓને સદાય પોતે જ બદલે છે, માટે કોઈના કારણે પર્યાય પ્રવર્તે કે રોકાય એવું પરાધીન કોઈ દ્રવ્ય નથી-એમ દ્રવ્યત્વગુણ બતાવે છે. (૨) જે શકિતના કારણથી દ્રવ્ય સદા એક સરખાં ન રહે. અને જુની પર્યાયો (હાલની-અવસ્થા) હંમેશા બદલતી રહે. તેને દ્રવ્યત્વગુણ, કહે છે. (૩) જે શક્તિના કારણથી દ્રવ્યની અવસ્થાઓ નિરંતર બદલ્યા કરે છે તેને દ્રવ્યત્વગુણ કહે છે. દરેક દ્રવ્ય નિરંતર પ્રવાહક્રમે પ્રવર્તતી પોતાની નવી નવી અવસ્થાઓને સદાય પોતે જ બદલે છે - એમ દ્રવ્યત્વગુણ બતાવે છે.

દ્રવ્યથી :વિકલ્પથી

દ્રવ્યદષ્ટિ :અનંત ગુણપર્યાયથી પરિપૂર્ણ તત્ત્વ છે, તેને અધૂરા વિકારી જે પૂરા પર્યાયની અપેક્ષા વગર લક્ષમાં લેવું, તે દ્રવ્યદષ્ટિ છે. તે જ પદાર્થ દષ્ટિ છે. (૨) સ્વભાવદષ્ટિ, સમ્યક્દષ્ટિ (૩) દ્રવ્ય એટલે ત્રિકાળી ધ્રુવ અને દષ્ટિ તે પર્યાય છે - દ્રવ્ય તે વિષય છે, અને દષ્ટિ - પર્યાય વિષય કરનાર છે. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. પર્યાય પોતે વિષય નથી. દ્રવ્યદષ્ટિ કરવી તે જ એક કરવાનું કાર્ય છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યની દષ્ટિ વિનાનું, જાણપણું કે ક્રિયા આદિની કંઈ કિંમત નથી. એ તો બધો સંસાર છે. (૪) સ્વભાવ દષ્ટિ, સ્વભાવ અપેક્ષાએ. (૫) ધ્રુવ સ્વભાવ તરફ નજર-લક્ષ ધ્રુવ-દ્રવ્ય (૬) વસ્તુ સ્વભાવ.

દ્રવ્યદષ્ટિ અને પર્યાયદષ્ટિ :વર્તમાન પર્યાયને જોનારી દષ્ટિ, તે પર્યાય દષ્ટિ છે. અને ત્રિકાળી સ્વભાવ ને જોનારી દષ્ટિ, તે દ્વ્યદષ્ટિ છે. (આત્મસ્વભાવ અત્યંત દૂર છે.)

દ્રવ્યનું અને ગુણપર્યાયનું એક જ અસ્તિત્વ :જેમ કે સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં - સિદ્ધ થવામાં - નીપજવામાં મૂળ સાધન પીળાશાદિ ગુણો અને કુંડળાદિપર્યાયો જ છે.

દ્રવ્યનું અસ્તિત્વ :અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશેદ નથી; વળી તે તે અસ્તિત્વઅનાદિ અનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.

ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણકે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે; કારણકે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.

દ્રવ્યાનું યોગ :દ્રવ્યાનુ યોગ, પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે, શુકલધ્યાનનું અનન્ય કારણ છે. શુકલધ્યાનથી, કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનું યોગની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભવ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસના બળથી, દ્રવ્યાનુંયોગ પરિણમે છે.

જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુ યોગ યર્થાથ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્ દર્શન નું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનું યોગ થાય છે.

સામાન્યપણે દ્રવ્યાની યાગેમી યોગ્યતા પામવી દુર્લભ છે. આતમા રામપરિણામી, પરમ વીતરણ દષ્તિવંત , પરમ અસંગ એવા મહાત્મા પુરુષો, તેનાં મુખ્ય પાત્ર છે.

હે આર્ય ! દ્રવ્યાનું યોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. જે આ પુરુષનાં વચન તારા અંતઃકરણ માં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહી. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વદઃખથી મુકત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

દ્રવ્યનું લક્ષણ :ગુણને ધારી રાખે તે દ્રવ્ય. (૨) અહીં આ વિશ્વમાં જે સ્વભાવને છોડયા વિના, ઉત્પાદ -વ્યય-ધ્રૌવ્ય ત્રયથી ગુણ-પર્યાયથી લક્ષિત થાય છે, તે દ્રવ્ય છે. તેમાં સ્વભાવ, ઉત્પાદ, વ્યય,ધ્રૌવ્ય, ગુણ ને પર્યાય, છ શબ્દો કહ્યા. તેમાં દ્રવ્યનો સ્વભાવ, તે અસ્તિત્વ. સામાન્યરૂપ અન્વય અસ્તિત્વ બે પ્રકારનું કહેશે (•) સ્વરૂપ-અસ્તિત્વ અને (•) સાદશ્ય અસ્તિત્વ. ઉત્પાદ તે પ્રાદુર્ભાવ (અર્થાત્ પ્રગટ થવું, ઉત્પન્ન થવું), વ્યય તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું), ધ્રૌવ્ય તે અવસ્થિગતિ (અર્થાત્ ટકવું), ગુણો તે વિસ્તાર વિશેષો, તેઓ સામાન્ય - વિશેષાત્મક હોવાથી, બે પ્રકારનાં છે. તેમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, એકત્વ, અન્યત્વ, દ્રવ્યત્વ, પર્યાયત્વ, સર્વગતત્વ, અસવર્ગતત્વ, સ્વપ્રદેશત્વ, અપ્રદેશત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ, સક્રિયત્વ, અક્રિયત્વ, ચેતનત્વ, અચેનત્વ, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોકત્વ, અભોકત્વ, અગુરુલઘુત્વ ઈત્યિાદિ સામાન્ય ગુણો છે, અવગાહહેતુત્વ, ગતિનિમિત્તતા, સ્થિતિકારણત્વ, વર્તનાયનત્વ, રૂપાદિમત્વ, ચેતનત્વ ઈત્યિાદિ, વિશેષ ગુણો છે. પર્યાયો તે આયત વિશેષો, તેઓ ચાર પ્રકારના છે (૧) દ્રવ્ય પર્યાય અને ગુણપર્યાય. તેમાં દ્રવ્ય પર્યાયો બે પ્રકારના છે. (•) સમાન જાતીય - જેમ કે દ્વિ અણુક, ત્રિઅણુક વગેરે સ્કંધો, (•) અસમાન જાતીય : જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણ પયાર્યો પણ બે પ્રકારના છે : (•) સ્વભાવ પર્યાય : જેમ કે સિદ્ધના ગુણપયાર્યો, (•) વિભાવ પર્યાય : જેમ કે સ્વપર હેતુક મતિ જ્ઞાન પર્યાય.

દ્રવ્યનું વાસ્તુ :દ્રવ્યનો સ્વ-વિસ્તાર; દ્રવ્યનું સ્વક્ષેત્ર; સ્વ-કદ; દ્રવ્યનું સ્વ-દળ (વાસ્તુ=ઘર; રહેઠાણ; નિવાસસ્થાન; આશ્રય; ભૂમિ.) (૨) દ્રવ્યનો સ્વવિસ્તાર, દ્રવ્યનું સ્વક્ષેત્ર, દ્રવ્યનું સ્વકદ, દ્રવ્યનું સ્વદળ.

દ્રવ્યન્તર :અન્ય દ્રવ્ય

દ્રવ્યેન્દ્રિયો :શરીર પરિણામને પ્રાપ્ત જડ ઈન્દ્રયો પરજ્ઞેય હોવા છતાં તે મારી છે એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વભાવ, સંકર-ખીચડો છે. જેની આવી માન્યતા છે તેણે જડની પર્યાય અને ચૈતન્યની પર્યાયને એક કરી છે. શરીર પરિણામને પ્રાપ્ત જડ ઈન્દ્રિયોથી ભિન્ન ભગવાન આત્મા નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત થાય છે. બીજી કોઈ રીતે પ્રાપ્ત થતો નથી. જ્ઞાનની પર્યાયને જ્ઞાયકમાં વાળતાં નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવના અવલંબનના બળ વડે જડ ઈન્દ્રિયોને પોતાથી સર્વથા જુદી કરાય છે, જીતાય છે.

દ્રવ્યેન્દ્રિયોને જુદી પાડવાની રીત :શરીર એ જડ પરમાણુઓનો સ્કંધ છે અને પાંચ ઈન્દ્રિયો. સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન તે જડ શરીરના પરિણામ છે. શરીરના પરિણામને પ્રાપ્ત જડ ઈન્દ્રિયોને દ્રવ્યેન્દ્રિયો કહે છે. તે દ્રવ્યેન્દ્રિયો આત્માના પરિણામ (પર્યાયો) નથી. જડ દ્રવ્યેન્દ્રિયોને જીતવી એટલે તેનાથી ભિન્ન, અધિક-જુદો પરિપૂર્ણ એક જ્ઞાયકને અનુભવવો. કર્મના બંધને મર્યાદા નથી, તે અનાદિ આનંદ સ્વરૂપ આત્માના સંબંધમાં નિમિત્તરૂપે જડ કર્મની બંધ અવસ્થા અનાદિની છે. અજ્ઞાની બંધ પર્યાયને કારણે નહિ પણ બંધ પર્યાયને વશ થઈને પરને પોતાનાં માને છે. ભગવાન આત્મા ચિદ્ઘન જ્ઞાયક સ્વરૂપ છે. પરંતુ અજ્ઞાની જડ કર્મને વશ થઈને અધર્મને સેવે છે. પર્યાયમાં પરને વશ થવાનો ધર્મ (યોગ્યતા) છે. તેથી તે પરને વશ થઈને રાગાદિ કરે છે. કર્મનો ઉદય વિકાર કરાવે છે એમ નથી. અજ્ઞાની કર્મના ઉદયને વશ થઈ જડ ઈન્દ્રિયો પોતાની માને છે તેથી અજ્ઞાનીને વિકાર થાય છે. બંધ પર્યાયથી વિકાર થતો નથી પણ બંધ પર્યાયને વશ થતાં અજ્ઞાની વિકારરૂપે પરિણમે છે.

શરીરની અવસ્થાને પ્રાપ્ત જે જડ દ્રવ્યેન્દ્રિયો છે તેને પોતાથી એકપણે માનવી તે અજ્ઞાન, મિથ્યાત્વ, અધર્મ છે. તે દ્રવ્યેન્દ્રિયોને પોતાની જુદાઈ કેમ કરવી તેની હવે વાત કરે છે. ધર્મી નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી દ્રવ્યેન્દ્રિયોને જુદી કરે છે. હું તો જ્ઞાયક છું, શરીરની અવસ્થા તે હું નહિ -

આવું (સ્વસંવેદન) જ્ઞાન તે નિર્મળ ભેદ જ્ઞાન છે. ઈન્દ્રિયો પર અને હું સ્વ એમ એકલું વિકલ્પ દ્વારા ધારી રાખવું તે કાંઈ નિર્મળ ભેદ જ્ઞાન નથી.

જો કે વાત ક્રમે સમજાવે છે પણ અંદરમાં ક્રમ નથી. સમજાવવામાં ક્રમ પડે છે, પણ જ્યારે ભિન્ન પડે છે ત્યારે એકી સાથે ભિન્ન થાય છે. નિર્મળ ભેદ-અભ્યાસ એટલે પરથી ભેદ પાડવાનો અભ્યાસ. તે નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી એટલે જ્ઞાનની પર્યાયને જ્ઞાયક તરફ ઢાળવાથી અંદરમાં પ્રગટ જે અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ તે પ્રાપ્ત થાય છે. અને તેના અવલંબનના બળથી દ્રવ્યેન્દ્રિયોને સર્વથા પોતાથી જુદી કરાય છે. કથંચિત્ જુદી કરાય છે. એમ નહિ, સર્વથા જુદી કરાય છે. શરીર પરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિયો અતિ સ્થૂળ અને જડ છે. અને નિર્મળભેદ-અવસ્થાની પ્રવીણતાથી પ્રાપ્ત અંતરંગમાં પ્રગટ જે દ્રવ્યસ્વભાવ તે અતિ સૂક્ષ્મ અને ચૈતન્યસ્વરૂપ છે. આવા અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવના અવલંબનના બળ વડે દ્રવ્યેન્દ્રિયોને જુદી પાડવામાં આવે છે. આ સમ્યગ્દર્શન પામવાની કળા છે.

અનાદિથી અજ્ઞાની જડ શરીરને અને આત્માને એકપણે માને છે. તેને શ્રીગુરુ કહે છે કે - પ્રભુ ! તું (આત્મા) તેનાથી (ઈન્દ્રિયોથી) ભિન્ન છે. ત્યાં શ્રીગુરુની વાત ધારણામાં લઈ તે અંતરમાં એકાગ્ર થવાનો પ્રયોગ કરે છે. અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ અંદરમાં વસ્તુ તરીકે જે પ્રગટ છે તેને નિર્મળ ભેદ-અભ્યાસથી પ્રાપ્ત કરી તેમાં એકાગ્ર થતાં તેનો આશ્રય કરતાં દ્રવ્યેન્દ્રિયો સર્વથા જુદી પડે છે. આ સમ્યગ્દર્શન એટલે ધર્મનું પહેલું પગથિયું પ્રાપ્ત કરવાની રીત છે.

જુઓ કેટલી વાત કરી છે ? એક તો કર્મના ઉદયને વશ થવાથી વિકાર-મિથ્યાભાવ થાય છે. તે વડે જીવ પોતાને અને દ્રવ્યેન્દ્રિયોને એકપણે માને છે પણ જુદાઈ માનતો નથી. બીજું શરીર પરિણામને પ્રાપ્ત જડ ઈન્દ્રયોને પોતાની જુદી પાડવાનો અભ્યાસ તે નિર્મળ ભેદજ્ઞાન છે. આવા નિર્મળ ભેદજ્ઞાન વડે પ્રાપ્ત અંતરંગમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થતાં દ્રવ્યેન્દ્રિયો જુદી પડી જાય છે.

અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ અંદરમાં વસ્તુ તરીકે પ્રગટ છે. વસ્તુ તરીકે તો તે પ્રગટ, સત્, મોજૂદ, અસ્તિપણે વિદ્યમાન છે. આવા અંતરંગમાં વિદ્યમાન અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવના અવલંબન-આશ્રય વડે દ્રવ્યેન્દ્રિયોને પોતાથી સર્વથા જુદી કરવી તેને દ્રવ્યેન્દ્રિયોનું જીતવું કહેવાય છે.

દ્રવ્યનય અને દ્રવ્યાર્થિકનયના વિષયમાં શું ફેર છે ? :જે દ્રવ્યનય કહ્યો તેનો વિષય તો એક જ ધર્મ છે. દ્રવ્યનય તો વસ્તુમાં ભેદ પાડીને તેના એક ધર્મને લક્ષ લે છે. દ્રવ્યનય તો અનંત ધર્મોમાંથી એક ધર્મનો ભેદ પાડીને વિષય કરે છે.

દ્રવ્યાર્થિકનય છે, તેનો વિષય તો અભેદ છે. દ્રવ્યાર્થિક નય તો ભેદ પાડયા વગર વર્તમાન પર્યાયને ગૌણ કરીને, અભેદ દ્રવ્યને લક્ષમાં લે છે. શુદ્ધ નિશ્ચયનયનો જે વિષય છે તે આ દ્રવ્યનયનો વિષય નથી, તે નિશ્ચયનયનો જે વિષય છે તો વર્તમાન અશંને અને ભેદને, ગૌણ કરીને આખો અનંતગુણોને પિંડ છે.

દ્રવ્યના આધારે પર્યાય :કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થી શકે નહિ પણ તે દ્રવ્યના આધારે- દ્રવ્યમાંથી-ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો થાય, એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.) તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતાનામાંથી ઉત્પન્ન થાય - એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ એ વાત યથાર્થ નથી. આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાની જ જણાય છે. જેમ દીવારૂપ આધારમાંથી ઉત્પન્ન અને પ્રકાશપર્યાય સ્વપરને પ્રકાશે છે તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાન પર્યાય સ્વપરને જાણે છે. વળી, જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિદ્ધ પણ છે.

દ્રવ્યના ગુણ :જે શકિતના કારણથી, દ્રવ્યની અવસ્થાઓ નિરન્તર બદલ્યા કરે છે. તેને દ્રવ્યત્વ ગુણ કહે છે. દ્રવવું તે. પરિણમન.

દ્રવ્યના ગુણો :અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ અને પ્રદેશત્વ આ છ ગુણો તમામ દ્રવ્યને હોય છે.

દ્રવ્યના પર્યાયવાચક શબ્દ :સત્તા, સત્ત્વ, સત્, સામાન્ય , દ્રવ્ય, અળ્વય, વસ્તુ, અર્થ, વિધિ, આ બધા શબ્દો સામાન્ય રીતે એક દ્રવ્ય રૂપ અર્થના વાચક છે.

દ્રવ્યના ભેદ :દ્રવ્યના છ ભેદ છે. (૧) જીવ (૨) પુદ્ગલ, (૩) ધર્મ, (૪) અધર્મ, (૫) આકાશ અને (૬) કાળ.

દ્રવ્યના વિશેષો :કોઈ દ્રવ્યો ભાવ તેમજ ક્રિયાવાળાં હોવાથી અને કોઈ દ્રવ્યો કેવળ ભાવવાળાં હોવાથી તે અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ (અર્થાત્ ભેદ) છે. ત્યાં, પુદ્ગલ તથા જીવ (૧) ભાવવાળાં તેમજ (૨) ક્રિયાવાળાં છે, કારણકે (૧) પરિણામ દ્વારા તેમજ (૨) સંઘાતને ભેદ દ્વારા તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. બાકીનાં દ્રવ્યો તો ભાવવાળાં જ છે, કારણકે પરિણામ દ્વારા જ તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. આમ નિશ્ચય (અર્થાત્ નક્કી) છે. તેમાં ભાવનું લક્ષણ પરિણામ માત્ર છે; ક્રિયાનું લક્ષણ પરિસ્પંદ (કંપન) છે. ત્યાં સઘળાંય દ્રવ્યો ભાવવાળાં છે કારણકે પરિણામ સ્વભાવવાળાં હોવાને લીધે પરિણામ વડે અન્વય અને વ્યતિરેકોને પામતાં થકાં તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. પુદ્ગલો તો (ભાવવાળાં હોવા ઉપરાંત) ક્રિયાવાળા પણ હોય છે, કારણકે પરિસ્પંદ સ્વભાવવાળાં હોવાને લીધે પરિસ્પંદ વડે છૂટાં પુદ્ગલો ભેગાં મળતાં હોવાથી અને ભેગાં મળેલાં પુદ્ગલો પાછાં છૂટાં પડતાં હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. તથા જીવો પણ (ભાવવાળાં હોવા ઉપરાંત) ક્રિયાવાળા પણ હોય છે, કારણકે પરિસ્પંદસ્વભાવવાળા હોવાને લીધે પરિસ્પંદ વડે નવાં કર્મ-નોકર્મરૂ પુદ્ગલોથી ભિન્ન જીવો તેમની સાથે ભેગા થતા હોવાથી અને કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો પાછા ભિન્ન પડતા હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઊપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે.

દ્રવ્યના સ્વભાવભૂત જ પરિણામ :ઉત્પાદ, વ્યય, ધૌવ્યાત્મક પરિણામ.

દ્રવ્યનિક્ષેપ :ભૂત, ભવિષ્ય પર્યાયની મુખ્યતા લઈને તેને વર્તમાનમાં કહેવી જાણવી તે દ્રવ્યનિક્ષેપ છે. જેમ શ્રેણીક મહારાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તેને વર્તમાનનાં તીર્થંકર કહેવા-જાણવા, અને મહાવીર ભગવાનાદિ ભૂતકાળમાં થયેલા તીર્થંકરોને વર્તમાન તીર્થંકરો ગણી સ્તુતિ કરવી તે દ્રવ્યનિક્ષેપ છે. (૨) વસ્તુમાં જે અવસ્થા વર્તમાન પ્રગટ નથી, પણ તેમાઃ યોગ્યતા જોઈને ભૂતકાળમા થએલ અથવા ભાવિકાળે થનાર અવસ્થાથી વસ્તુ ને વર્તમાનમાં કહેવી, તે દ્રવ્યનિક્ષેપ છે. (૩) ભૂત, ભવિષ્ય પર્યાયની મુખ્યતા લઈ, તેને વર્તમાનમાં કહેવી જાવી, તે દ્રવ્યનિક્ષેપ છે.

દ્રવ્યનિક્ષેપે :અત્ સન્મુખ થઈ

દ્રવ્યનિર્જરા :તે પુદ્ગલ પરમાણુંઓનું આત્માપ્રદેશથી ખરી પડવું, તે દ્રવ્ય નિર્જરા.

દ્રવ્યપુણ્ય :એમાં કર્મ નિમિત્ત છે તે વિકાર કરનાર અજીવ તે દ્રવ્ય પુણ્ય છે.

દ્રવ્યપુણ્યાસ્રવ :શાતાવેદનીયાદિ પુદ્ગલપરિણામરૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના પ્રશસ્તરાગાદિ શુભભાવો નિમિત્તકારણ છે માટે દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભભાવોને પણ ભાવપુણ્યાસ્રવ એવું નામ છે.

દ્રવ્યપદાર્થ :જડ પદાર્થ

દ્રવ્યપર્યાય :દ્રવ્યપર્યાય દ્વિવિધ છે : (૧) સમાન જાતીય અને (૨) અસમાન જાતીય. ત્યાં (૧) સમાન જાતીય તે જેવા કે અનેક પુદ્ગલાત્મક દ્વિ-અણુક, ત્રિઅણુક વગેરે; (૨) અસમાન જાતીય તે-જેવા કે જીવપુદ્ગલાત્મક દેવ, મનુષ્ય વગેરે.

દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે :એટલે કે તેને પરવસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. પોતાનું દ્રવ્ય અને પોતાની પર્યાય પરથી ભિન્ન છે અને પોતે અભેદરૂપ છે. પરથી ભિન્ન છે એ અપેક્ષાએ દ્રવ્ય-પર્યાય અભિન્ન છે એમ કહ્યું છે. ત્યાં દ્રવ્ય અને પર્યાય એક થયાં છે એમ નથી. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ છે એટલે પરની સાથે છે રાગની સાથે કાંઈ સંબંધ નથી. નિર્મળ પર્યાય અને દ્રવ્ય અભેદ છે એટલે કે નિર્મળ પર્યાય છે તે વ્યાપક એવા દ્રવ્યનું વ્યાપ્ય છે. એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે એમ અભેદનો અર્થ

અરે ભાઈ ! અનંતકાળની પોતાની ચીજ છે, તેની દષ્ટિ કરવી તે કાંઈ સાધારણ વાત નથી. જે પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ અનાદિથી છે તેમાં પલટો મારીને દ્રવ્યબુદ્ધિ કરવી એ સાધારણ (પુરૂષાર્થની) વાત નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે. તે છે એમ

જ્યાં પર્યાય દ્રવ્ય સન્મુખ ઢળીને તેનો સ્વીકાર કરે છે ત્યારે દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે. જે પર્યાય દ્રવ્યની સન્મુખ થઈ તે દ્રવ્યનો સ્વીકાર કરે છે. અને ત્યાં તેને શાન્તિનો અનુભવ થાય છે. પોતે આત્મા વ્યાપક અને પોતાની નિર્મળ પર્યાય તે વ્યાપ્ય એમ અભેદરૂપ પરિણમન છે ત્યાં શાંતિ છે. પણ પોતે આત્મા વ્યાપક અને પુણ્ય-પાપના ભાવ તે મારું વ્યાપ્ય એમ જે માને તેને અશાંતિ છે,આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ. આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું, વ્યાપ્ય-વ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય; અતત્સ્વરૂપમાં ન જ હોય.

જુઓ ! શું કહે છે ? જે દ્રવ્યનું સ્વરૂપ છે એ જ પર્યાયનું સ્વરૂપ છે. પર્યાય એની જાતની છે ને ! પર્યાય અને દ્રવ્ય બન્ને એક થયા છે એમ નથી. પર્યાય પર્યાયમાં રહીને દ્રવ્યને જાણે છે. દ્રવ્યમાં ભળીને જાણતી નથી; પરંતુ પરથી ભિન્નપણું છે એ અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે એમ કહ્યું છે. અપેક્ષા બરાબર સમજવી જોઈએ. આ પ્રમાણે દ્રવ્યનું સ્વરૂપ વા સત્ત્વ તે જ પર્યાયનું સ્વરૂપ વા સત્ય છે.આમ હોઈને એટલે કે દ્રવ્ય-પર્યાયની અભિન્નતા હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.

દ્રવ્યપ્રાણ :જીવને ચાર દ્રવ્યપ્રાણ છે; ઈન્દ્રિયપ્રાણ, બળપ્રાણ, આયુપ્રાણ તથા શ્વાસોચ્છવાસ પ્રાણ. આ ચાર જીવોના દ્રવ્ય પ્રાણ છે.

(૧) ઈન્દ્રિયપ્રાણ = સ્પર્શન, રસના, પ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર, એ પાંચ ઈન્દ્રિયપ્રાણ છે.

(૨) બળપ્રાણ = કાય, વચન અને મન, એ ત્રણ બળપ્રાણ છે.

(૩) આયુપ્રાણ =ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિ પર્યાયની સ્થિતિનું નિમિત્ત) તે આયુપ્રાણ છે.

(૪) શ્વાસોચ્છ્વાસ પ્રાણ = નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે, શ્વાસોચ્છ્વાસ પ્રાણ છે.

આ ચાર પુદ્ગલ જનિત છે.

દ્રવ્યપ્રાણના ભેદ :દ્રવ્યપ્રાણના દશ ભેદ છે. પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ (મન, વચન, કાય) બલ, શ્વાસોચ્છ્વાસ અને આયુ.(એ સર્વ દ્ગલ પર્યાયો છે. આ દ્રવ્યપ્રાણોના સંયોગ-વિયોગથી જીવોની જીવન-મરણરૂપ અવસ્થા વ્યવહારથી કહેવાય છે.)

દ્રવ્ય-પરિવર્તન :જ્યારે કોઈ જીવદ અનંતાનંત પુદ્ગલોને, અનંતવાર ગ્રહણ કરી છોડી દે છે, ત્યારે તેનું એક પુદ્ગલ-પરિવર્તન થાય, આ જીવે એવાં અનેક, દ્રવ્ય-પરિવર્તન કર્યાં છે.

પુદ્ગલ-પરિવર્તનરૂપ સંસારમાં ખરેખર જીવ, એકજ સર્વેય પુદ્ગલ વર્ગણાઓ, વારંવાર અનંતવાર ભોગવે છે. અને છોડે છે.

દ્રવ્યપાપ :કર્મનું નિમિત્ત જે વિકારનો કરનાર અજીવનો પર્યાય તે દ્રવ્ય પાપ છે.

વસ્તુ સ્વભાવ પોતે પુણ્ય-પાપને કરનાર નથી. શુભભાવ થવા લાયક જીવ(પર્યાય) અને એનો કરનાર કર્મનો ઉદય તે અજીવ છે તેને દ્રવ્ય પુણ્ય કહીએ. એવી રીતે હિંસા, જૂઠ ચોરી આદિ ભાવપાપ થવા લાયક તો જીવ છે, પર્યાયમાં એવી લાયકાત છે અને કર્મનું જે નિમિત્ત છે તેને દ્રવ્યપાપ કહીએ.

દ્રવ્યબંધ :શુભાશુભ પરિણામના નિમિત્તી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (વિશિષ્ટ શક્તિ સહિત એક ક્ષેત્રાયગાહ સંબંધ) તે દ્રવ્ય બંધ છે. (૨) સામે પૂર્વકર્મનું નિમિત્ત છે એ બંધન કરનાર છે. નવો બંધ થાય એની વાત અહીં નથી. આ તો પૂર્વ કર્મ જે નિમિત્ત થાય છે અને અહીં દ્રવ્યબંધ કહ્યો છે. ભગવાન આત્મા તો અબધ્ધ-સ્પૃષ્ટ છે, પણ એની પર્યાયમાં બંધ યોગ્ય લાયકાત છે તે (જીવ) ભાવબંધ છે. અને બંધન કરનાર કર્મ-નિમિત્ત છે તે દ્રવ્યબંધ છે, આમ બન્ને બંધ છે. (૩) આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે. (૪) જડ પ્રકૃતિ બંધાય તે દ્રવ્યબંધ. તેમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત. (૫) દ્રવ્ય રૂપ, આત્મ દ્રવ્યનું શુદ્ધ સ્વરૂપ છે, તેવું પોતે પ્રગટાવ્યું છે, તે દ્રવ્યરૂપ થયા છે.

દ્રવ્યભાવ ભેદે ભિન્ન ઘાતિ કર્મો :દ્રવ્યને ભાવ. એવા બે ભેદવાળા ઘાતિકર્મો, દ્રવ્ય ઘાતિકર્મો ને ભાવ ઘાતિ કર્મો.

દ્રવ્યભાવ પરમાણુ :આત્મભાવની સૂક્ષ્મતા.

દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મો :દ્રવ્યને ભાવ એવા બે ભેદવાળા ઘાતિકર્મો; દ્રવ્ય ઘાતિકર્મો અને ભાવઘાતિકર્મો. (૨) દ્રવ્ય અને ભાવ એવા બે ભેદવાળાં ઘાતિકર્મો, દ્રવ્ય ઘાતિકર્મોને ભાવ ઘાતિ ધર્મો-જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહનીયરૂપ ઘાતિ કર્મો

દ્રવ્યમન :જ્ઞાનાવરણ અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ તથા અંગોપાંગનામકર્મના ઉદયથી જે પુદ્ગલ મનરૂપ થઈને ગુણદોષના વિચાર તથા સ્મરણ આદિ વ્યાપાર તરફ અભિમુખ થઈને આત્માને ઉપકાર કરે છે તેને દ્રવ્યમન કહે છે. આથી દ્રવ્યમન પૌદ્ગલિક છે. (૨) છાતીના મધ્યમાં આઠ પાંખડીના ખીલેલા કમળના આકારે રજકણોનું બનેલું છે, તે દ્રવ્યમન.

દ્રવ્યમય :દ્રવ્યસ્વરૂપ.

દ્રવ્યમરણ :દેહ છૂટે તે દ્રવ્યમરણ.

દ્રવ્યમોક્ષ :ખરેખર ભગવાન કેવળીને, ભાવમોક્ષ હોતાં, પરમ સંવર સિદ્ધ થવાને લીધે ઉત્તરકર્મસંતતિ નિરોધ પામી થકી અને પરમ નિર્જરાના કારણભૂત ધ્યાન થવાને લીધે પૂર્વ કર્મ સંતતિ-કે જેની સ્થિતિ કદાચિત્ સ્વભાવથી જ આયુકર્મના જેટલી હોય છે અને કદાચિત્ સમુદ્ઘાતવિધાનથી આયુકર્મના જેટલી થાય છે તે-આયુકર્મના અનુસારે જે નિવર્તતી થકી અપુનર્ભવને માટે તે ભવ છૂટવાના સમયે થતો જે વેદનીય-આયુ-નામ-ગોત્રરૂપ કર્મપુદ્ગલોનો જીવની સાથે અત્યંત વિશ્લેષ (વિયોગ) તે દ્રવ્યમોક્ષ છે.
આ દ્રવ્યમોક્ષના સ્વરૂપનું કથન છે. (૨) આઠ કર્મથી સર્વથા છૂટી જવું

દ્રવ્યયાયાસ્રવ :આખશાતાવેદનીયાદિ પુદ્ગલ પરિણામરૂપ દ્રવ્યયાયાસ્રવનો પ્રસંગ બને છે તેમાં જીવના અશુભ ભાવો નિમિત્તકારણ છે માટે દ્રવ્યપાપાસ્રવની પાછળ પાછળ તેના નિમિત્તભૂત અશુભ ભાવોને પણ ભાવપાપાસ્રવ એવું નામ છે.

દ્રવ્યયોગ :કર્મ-નોકર્મને ગ્રહણ કરવાની આત્માની શકિતના કારણે આત્મપ્રદેશોનું પરિસ્પંદન (ચંચળ થવું) તે દ્રવ્યયોગ છે. અહીં દ્રવ્યનો અર્થ ''આત્મદ્રવ્યના પ્રદેશો'' થાય છે.

દ્રવ્યલિંગ :શાસ્ત્રજ્ઞાન તે દ્રવ્યલિંગ છે, નવતત્ત્વ ભેદવાળી શ્રદ્ધા તે દ્રવ્યલિંગ છે. અને છ જીવનકાર્યનું ચારિત્ર, તે પણ દ્રવ્યલિંગ છે. ઈરીરનું નગ્નપણું તે પણ દ્રવ્યલિંગ છે. શાસ્ત્રના વિકલ્પો, પંચમહાવ્રત ન રોકાણા અને ભાવલિંગરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કરતાં, યક્ષ મોક્ષમાર્ગ અને મોક્ષને પામ્યા. જો દ્રવ્ય લિંગ મોક્ષનું કારણ હોય તો, તેને છોડીને અંદર આત્માના આશ્રયે કેમ જાત ? જે શ્રદ્ધા-જ્ઞાનને ચૈતન્ય પ્રભુનો આશ્રય નથી, એ શ્રદ્ધા-જ્ઞાન દ્રવ્યલિંગ છે. શરીર-આશ્રિત છે, પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી. (૨) શરીરાદિ (૩) આદિ વ્યવહારમાં મુગ્ધ થઈ રહ્યા છે, = શરીરાદિની ક્રિયામાં મમત્વ કર્યા કરે છે. (૪) સમ્યગ્દર્શન વિનાનો, બાહ્ય સાધુવેઈ

દ્રવ્યવિધાયક :દ્રવ્યને રચનારો.

દ્રવ્યવિના :દ્રવ્યથી જુદું.

દ્રવ્યવિશેષો :દ્રવ્યના ભેદો. (૨) દ્રવ્યના ભેદો. કોઈ દ્રવ્યો ભાવ તેમ જ ક્રિયા વાળાં હોવાથી, અને કોઈ દ્રવ્યો કેવળ ભાવ વાળાં હોવાથી, તે અપેક્ષાએ દ્રવ્યનો વિશેષ (અર્થાત્ ભેદ) છે. ત્યાં પુદ્ગલ તથા જીવ (•) ભાવવાળાં તેમજ (•) ક્રિયાવાળાં છે, કારણ કે (•) પરિણામ દ્વારા તેમજ (•) સંઘાત ને ભેદ દ્વારા તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. બાકીનાં દ્રવ્યો તો ભાવવાળાં જ છે, કારણ કે પરિણામ દ્વારા જ તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. આમ નિશ્ચય (અર્થાત્ નકકી) છે. (૩) દ્રવ્યના ભેદો, દ્રવ્યના જીવ અને શકય એવા બે ભેદો.

દ્રવ્યશૂન્યતા :સત્નો ઉચ્છેદ.

દ્રવ્યશ્રુત :વીતરાગની વાણી; વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ૐ ધ્વનિ અનુસાર રચાયેલાં પરમાગમ તે દ્રવ્યશ્રુત છે. (૨) જિનવાણી. (૩) પૌદ્ગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી દ્રવ્યશ્રુત છે -સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં, પુદ્ગલના રૂપમાં છે. તેની જે જ્ઞાપ્તિ જાણકારી, તે ભાવ શ્રુત જ્ઞાન છે. ભાવ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ થવાથી, તે દ્રવ્ય શ્રુતને પણ ઉપચારથી, વ્યવહારનયથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સૂત્ર તો ઉપાધિરૂપ હોવાથી છૂટી જાય છે. જ્ઞાપ્તિ જ બાકી રહી જાય છે. તે જ્ઞાપ્તિ કેવળ જ્ઞાનીને અને શ્રુતજ્ઞાનીની આત્માના

સમ્યક્ અનુભવમાં, સમાન જ હોય છે. ઈંસ્તવમાં જ્ઞાનનો શ્રુત ઉપાધિરૂપ ભેદ નથી. (૪) જિનેન્દ્ર ભગવાનના શ્રુતનો સૂત્રરૂપ આગમનો અહીં નિર્દેશ કર્યો છે, તે પૌદગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી, દ્રવ્યશ્રુત છે. સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં, પુદ્ગલના રૂપમાં છે. (૫) શાસ્ત્રના શબ્દો, દિવ્ય ધ્વનિ, વાણી તો જડ છે. પણ વાણીના સાંભળનારાઓ વાણી સાંભળીને, અંતર્મુખ થઈને ભાવશ્રુતપણે પરિણમે છે. તેથી ભગવાનની વાણીમાં ભાવશ્રુતથી ઉપદેશ છે એમ કહ્યું છે. વાણી કોઈ ભાવશ્રુત નથી, વાણીમાં કેવળજ્ઞાનેય નથી. વાણી તો દ્રવ્યશ્રુત અચેતન જ છે.

દ્રવ્યશ્રુત :વીતરાગ, સર્વજ્ઞ પરમાત્માની ૐ ધ્વનિ અનુસાર રચાયેલાં પરમાગમ ને દ્રવ્ય શ્રુત છે. વીતરાગની વાણી-દ્રવ્યશ્રુત (૨) શાસ્ત્રના શબ્દો, આગમ (૩) ભાવશ્રુત, જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્માનું જ્ઞાન (૪) આગમવાણી, શબ્દબ્રહ્મ (૫) વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની ૐ ધ્વનિ અનુસાર રચાયેલાં પરમાગમ, તે દ્રવ્યશ્રુત છે. (૬) શબ્દરૂપ આગમ શાસ્ત્ર. (૭) જિનેન્દ્ર ભગવાનના જે શ્રુતનો-સૂત્રરૂપ આગમનો અહીં નિર્દેશ કર્યો છે તે પૌદ્ગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી દ્રવ્યશ્રુત છે. સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં પુદ્ગલનાં રૂપમાં છે. (૮) જિનવાણી; પરમાગમ.

દ્રવ્યશ્રુતજ્ઞાન :આગમના શબ્દોના અર્થનું જ્ઞાન. દ્રવ્યશ્રુત વાચક છે, અંદર ભાવશ્રુતજ્ઞાન, તેનું વાચ્ય છે, દ્રવ્યશ્રુત અબદ્ધસ્પૃષ્ટ આત્માના સ્વરૂપને નિરૂપે છે, ભાવશ્રુત અબદ્ધસ્પૃષ્ટ આત્માનો અનુભવ કરે છે.

દ્રવ્યસ્તુતિથી નમસ્કાર :દ્રવ્યથી એટલે વિકલ્પથી સ્તુતિ કરે છે. સિદ્ધ ભગવાન આવા છે એવો (તેમના સ્વરૂપનો વિચાર) વિકલ્પ ઉઠયો, એ દ્રવ્ય નમસ્કાર છે.

દ્રવ્યસ્થાનીય :દ્રવ્ય સમાન; દ્રવ્યના દૃષ્ટાંતરૂપ.

દ્રવ્ય સંવર :સંવર કરનાર સંવારક એ નિમિત્ત છે. સંવરની સામે જેટલો કર્મનો ઉદય નથી (અભાવરૂપ છે) એને દ્રવ્ય-સંવર કહે છે. એ બન્ને સંવર છે. એક ભાવ-સંવર અને બીજો દ્રવ્ય સંવર

દ્રવ્યસામાન્ય :દ્રવ્યપણારૂપ સામાન્યની અપેક્ષાએ, દ્રવ્યોમાં એકપણું છે. ત્યાં જીવનો આત્મદ્રવ્ય જ, એક ભેદ છે. ચેતનાના પરિણામ સ્વરૂપ ઉપયોગ, જીવદ્રવ્યની પરિણતિ છે.

દ્રવ્યપણારૂપ સામાન્યની અપેક્ષાએ, દ્રવ્યોમાં એકપણું છે તો પણ, વિશેષ લક્ષણોની અપેક્ષાએ તેમના જીવ અને અજીવ એવા બે ભેદ છે. જે (દ્રવ્ય) ભગવતી ચેતના વડે અને ચેતનાના પરિણામ સ્વરૂપ ઉપયોગ વડે રચાયેલા છે, તે જીવ છે. અને જે (દ્રવ્ય) ચેતના રહિત હોવાથી અચેતન છે, તે અજીવ છે. જીવનો એક જ ભેદ છે. અજીવના પાંચ ભેદ છે. (૧) પુદ્ગલ (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય, (૪) આકાશ અને (૫) કાળ. આ પાંચે દ્રવ્યો અભ્વ છે.

દ્રવ્યા સ્થાનીય :દ્રવ્ય સમાન, દ્રવ્યના દૃષ્ટાંત રૂપ.

દ્રવ્યાંતર :અન્ય દ્રવ્ય; જુદું દ્રવ્ય. (૨) બીજાં દ્રવ્યો; દ્રવ્યથી જુદાં. (૩) ભિન્ન દ્રવ્ય, ભિન્ન ભિન્ન દ્રવ્યો

દ્રવ્યાંતરરૂપે :અન્ય દ્રવ્યરૂપે, એક દ્રવ્યનું બીજા દ્રવ્યરૂપે થવું

દ્રવ્યાદિક વિષે જે મૂઢભાવ :દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ તે મોહ છે.

દ્રવ્યાનુ યોગ :મૂર્ત કે અમૂર્ત કોઈપણ પદાર્થનું વિવરણ, આત્મવિધાનું શાસ્ત્ર.

દ્રવ્યાનુયોગ :છ દ્રવ્યો અને સાત (અથવા નવ) તત્ત્વોનું નિરૂપણ જે શાસ્ત્રમાં કરવામાં આવ્યું હોય તેને દ્રવ્યાનુયોગ કહે છે. (૨) દ્રવ્યનું વિવરણ; દ્રવ્યની ટીકા; દ્રવ્યની વ્યાખ્યાની ચોક્કસ પ્રકારની રીત; દ્રવ્યની પાછળ એક પાછળ આવતો બીજો પ્રસંગ. (૩) એકલા દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી નિશ્ચયાભાસી થઈ જાય ? ના, દ્રવ્યાનુયોગના અભ્યાસથી નિશ્ચયાભાસી ન થાય. પણ વ્યવહાર છે જ નહિ તેમ નિષેધ કરે, તો નિશ્ચયાભાસી થઈ જાય. એથી કહ્યું છે કે, જેને નિશ્ચયનો અતિરેક હોય, તેણે વ્યવહાર ગ્રહણ કરવો. અને જેને વ્યવહારનો અતિરેક હોય, તેણે નિશ્ચયને ગ્રહણ કરવો. (૪) દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુકલ ધ્યાનનું અનન્ય કારણ છે. શુકલ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે.

મહાભાગ્ય વડે, તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષના ચરણકમળની ઉપાસનાના બળથી, દ્રવ્યાનુયોગ પરિણમે છે.જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યગ્દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનુયોગ થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમ્વીતરાગદષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરુષો તેનાં મુખ્ય પાત્ર છે. કોઈ મહત્ પુરૂષના મનનને અર્થે પંચાસ્તિકાયનું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું, તે મનન અર્થે, આ સાથે મોકલ્યું છે. કે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરૂષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુકત થવાનો અનન્ય ઉપાય, એ જ છે.શ્રીમદ રાજચંદ્ર વચનામૃત-૮૬૬ (૫) જે શાસ્ત્રમાં મુખ્યરૂપે, જીવાદિ છ દ્રવ્ય, સાત તત્ત્વોનું કથન હોય તે. (૬) દ્રવ્યાનુયોગ= દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે, શુકલધ્યાનનું અનન્ય કારણ છે. શુકલ ધ્યાનથી કેવલજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરૂષના ચરણકમળની ઉપાસનાના બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે. જેમ જેમ સંયમ વર્ધમાન થાય છ. તેમ તેમ દ્રવ્યાનુંયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યગ્દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનુયોગ થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગ-દષ્ટિવંત, પરમ અસંગ એવા મહાત્મા પુરૂષો તેનાં મુખ્ય પાત્ર છે. હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરૂષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વિશેષ હું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુકત થવાનો અનન્ય ઉપાય એ જ છે. શ્રીરામરાજચંદ્ર, વચનામૃત ૮૬૬ (૭) જે શાસ્ત્રમાં મુખ્યપણે, જીવાદિ છ દ્રવ્ય, સાત તત્ત્વોનું કથન હોય તે.

દ્રવ્યાનુયોગનું ફળ :હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુકત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

દ્રવ્યાનુસારિ ચરણ અને ચરણાનુસારિ દ્રવ્ય :કાયાની વિસારી માયા સ્વરૂપે સમાપ્યા એવા, નિર્ગ્રંથનો પંથ ભવઅંતનો ઉપાય છે.

દ્રવ્યાર્થિક નય :દ્રવ્ય+અર્થ+નય = દ્રવ્ય જેનું પ્રયોજન છે, મૂળ વસ્તુ જેનું પ્રયોજન છે, તે નયને-તેવા જ્ઞાનને દ્રવ્યાર્થિક નય કહે છે. જેનું પ્રયોજન અખંડ અભેદ એકરૂપ નયનો વિષય છે. (૨) ત્રિકાળી એકરૂપ અભેદ વસ્તુને વિષય કરનાર-જાણનાર-જ્ઞાનના અંશને, દ્રવ્યાર્થિક નય કહે છે. દ્રવ્ય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે દ્રવ્યાર્થિક છે. વસ્તુ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય જેનું પ્રયોજન છે, તેને દ્રવ્યાર્થિકનય કહે છે. (૩) આત્મા ની ત્રૌકાળિક શુદ્ધ અવસ્થા બતાવનારું જ્ઞાનનું પડખું. વિશ્વમાં છ સ્વતંત્ર દ્રવ્યો છે. તેને ઓળખાવનાર દ્રવ્ય દષ્ટિ છે.

દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય :દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે અને પર્યાયાર્થિકનયનો વિષય ક્ષણિક પર્યાય છે. દ્રવ્યાર્થિક નયના વિષયમાં જુદો ગુણ નથી, કેમ કે ગુણને જુદો પાડી લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે. અને વિકલ્પ તે પર્યાયાર્થિક નયનો વિષય છે.

દ્રવ્યાર્થિકનયને નિશ્ચય, શુદ્ધ, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, સ્વાવલંબી, સ્વાશ્રિત, સ્વતંત્ર, સ્વાભાવિક, ત્રિકાળી, ધ્રુવ, અભેદ્ અને સ્વલક્ષી નય કહેવામાં આવે છે.

પર્યાયાર્થિક નયને - વ્યવહાર અશુદ્ધ, અસત્યાર્થ, અપરમાર્થ, અભૂતાર્થ, પરાવલંબી, પરાશ્રિત, પરતંત્ર, નિમિતાધીન, ક્ષણિક, ઉત્પન્નધ્વંસી ભેદ અને પરલક્ષી નય કહેવામાં આવે છે.

દ્રવ્યાર્થિકનય :જે વચન, વસ્તુની મૂળસ્થિતિને કહે, શુદ્ધ સ્વરૂપને કહેનાર, દ્રવ્ય જેનું પ્રયોજન છે, તે દ્રવ્યાર્થિક નય. (૨) નિશ્ચયનય (૩) જે દ્રવ્યપર્યાય

સ્વરૂપ વસ્તુમાં, દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે, તે દ્રવ્યાર્થિકનય છે. દ્રવ્યાર્થિકનયનો વિષય બંધ-મોક્ષની અપેક્ષા રહિત, ત્રિકાળી ગુણ અને ત્રિકાળી નિરપેક્ષ પર્યાય સહિત, ત્રિકાળી જીવદ્રવ્ય સામાન્ય, તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આ અર્થમાં શાસ્ત્રોમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય વાપરવામાં આવ્યા છે, એટલે ગુણાર્થિકનયની જરૂર રહેતી નથી. જીવ સિવાયના, પાંચ દ્રવ્યોના ત્રિકાળી ધ્રુવ સ્વરૂપમાં તેના ગુણ સમાઈ જાય છે માટે જુદા ગુણાર્થિકનયની જરૂર નથી.

દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે અને પર્યાયાર્થિક નયનો વિષય ક્ષણિક છે. દ્રવ્યાર્થિકનયના વિષયમાં જુદો ગુણ નથી, કેમકે ગુણને જુદો પાડી લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે અને વિકલ્પ તે પર્યાયાર્થિકનયનો વિષય છે. (૪) ત્રિકાળી શુદ્ધ પરમાત્મ દ્રવ્યનું લક્ષ કરીને, જે પ્રગટ ત્રિકાળી શુદ્ધ પરમાત્મ દ્રવ્ય પ્રગટ થયું, તે શુદ્ધ નિશ્ચયનયનો દ્રવ્યાર્થિક નયને વિષય છે. (૫) દ્રવ્ય = વસ્તુ, અર્થ = પ્રયોજન, દ્રવ્ય જેનું પ્રયોજન છે અર્થાત્ જેનું પ્રયોજન અખંડ, અભેદ, એકરૂપ ત્રિકાળી વસ્તુ છે, તે દ્રવ્યાર્થિકનય છે, અને આ પારિણામિક ભાવ છે, તે આ રીતે દ્રવ્યાથિકનયનો વિષય છે. પર્યાયાર્થિકનય વર્તમાન ઉત્પાદવ્યયરૂપ બદલતી અવસ્થા-પર્યાયને બતાવે છે, જ્યારે દ્રવ્યાર્થિક નય ત્રિકાળી એકરૂપ દ્રવ્યને બતાવે છે.

દ્રવ્યાલિંગી મુનિ :અગિયાર અંગીધારી દ્રવ્યલિંગી મુનિ, સ્વ સન્મુખ દષ્ટિ કરતો નથી. અતીન્દ્રિય આત્માની સન્મુખ દષ્ટિ કરતો નથી. તેને ધારણામાં બધી વાતો આવે છે પણ અંતર મુખનો પ્રયત્ન જ કરતો નથી. દ્રવ્યલિંગીની ભૂમિકા કરતાં, સમ્યક્ સન્મુખની ભૂમિકા ઠીક છે. દ્રવ્યલિંગી તો સંતોષાઈ ગયો છ. અને સમ્યક્ સન્મુખવાળો તો પ્રયત્ન કરે છે. દ્રવ્યલિંગી મુનિ શુદ્ધાત્માનું ચિંતવન કતો કરે, પણ આત્મમય થઈને કરતો નથી.દ્રવ્યાલિંગી એ ક્ષયોકપશમની ધારણાથી, ને બાહ્ય ત્યાગથી બધું કર્યું છે. એમ તો એને બાહ્યથી વૈરાગ્ય, ઘણો દેખાય. હજારો રાણી, રાજપાટ છોડયાં હોય છે, પણ એ એનો વૈરાગ્ય સાચો નથી. પુણ્ય-પાપના પરિણામથી અંદર વિરકિત થયો નથી. સ્વભાવ મહાપ્રભુ છે, અનંતાનંત ગુણોનો દરિયો આનંદથી ભર્યો છે. એનો અંદરથી મહિમા આવ્યો નથી. દ્રવ્યલિંગીને શુભમાં રૂચિ છે. કાયા અને કષાયમાં એકત્વ છે. તેનો તેને ખ્યાલ આવતો નથી. તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન, તો બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે, તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે.

દ્રવ્યાસ્રવ :જ્ઞાનવરણીયાદિ કર્મને યોગ્ય જે પુદગલ ગ્રહણ થાય છે, તે દ્રવ્યાસ્રવ જાણવો. જિનભગવાને તે અનેક ભેદથી, કહયો છે.

દ્રવ્યો :કેટલાંક દ્રવ્યો ભાવ એ ક્રિયાવાળા અને કોઈ દ્રવ્યો કેવળ ભાવવાળાં છે. ત્યાં પુદ્ગલ અને જીવ (•) ભાવાવાળાં તેમજ (•) ક્રિયાવાળાં છે. કારણકે પરિણામ દ્વારા તેમ સંઘાત ને ભેદ દ્વારા તેઓ ઊપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. બાકીનાં દ્રવ્યો તો ભાવવાળાં જ છે, કારણ કે પરિણામ દ્વારા જ ઊપજે છે, ટેકે છે અને નષ્ટ થાય છે. તેમાં ભાવનું લક્ષણ પરિણામ માત્ર છે. ક્રિયાનું લક્ષણ પરિસ્પંદ (કંપન) છે. ત્યાં સઘળાંય દ્રવ્યો ભાવવાળાં છે, કારણ કે પરિણામ સ્વભાવવાળાં હોવાને લીધે પરિણામ વડે અનવ્મ અન વ્યતિરેકોને પામતાં થકાં તેઓ ઉપજે છે, ટકે છે અને નષ્ટ થાય છે. (અન્વય ટકવાપણું દર્શાવે છે અને વ્યતિરેકો ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે.) પુદ્ગલો તો (ભાવવાળા હોવા ઉપરાંત ક્રિયાવાળી પણ હોય છે. કારણ કે પરિસ્પંદ સ્વભાવવાળાં હોવાને લીધે પરસ્પિંદ વડે પુદ્ગલા ભેગાં મળતાં હોવાથી એને ભેગાં મળેલાં પુદ્ગલો પાછા છૂટા પટડતાં હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઉપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે. (છૂટાં પુદ્ગલો કંપન વડે ભેગાં મળે છે ત્યાં છૂટાપણે તેઓ નષ્ટ થયાં, પુદ્ગલપહો ટક્યાં ને ભેગા પણે ઊપજ્યાં.) તથા જીવો પણ (ભાવવાળા હોવા ઉપરાંત) ક્રિયાવાા પણ હોય છે કારણકે પરિસ્પંદ સ્વભાવવાળા હોવાને લીધે પરિસ્પંદ વડે નવાં કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો ભિન્ન જીવો તેમની સાથે ભેગા થતા હોવાથી અને કર્મ-નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગા થયેલા જીવો પાછા ભિન્ન પડતા હોવાથી (તે અપેક્ષાએ) તેઓ ઉપજે છે, ટકે અને નષ્ટ થાય છે. • જ્ઞાનાવરણાદિ કર્મરૂપ અને શરીરાદિ નોકર્મરૂપ પુદ્ગલો સાથે ભેગો થયેલો જીવ કંપન વડે પાછો છૂટો પડે છે. ત્યાં, (તે પુદ્ગલો સાથે) ભેગા પણે તે નષ્ટ થયો, જીવપણે તે

ટક્યો ને (તેમનાથી) છૂટાપણે તે ઊપજ્યો. (૨) દ્રવ્યો ખરેખર સહભાવી ગુણોને તથા ક્રમભાવી પર્યાયોને અનન્યપણે આધારભૂત છે. તેથી વર્તી ચૂકેલા, વર્તતા અને ભવિષ્યમાં વર્તનારા ભાવોના પર્યાયોના સ્વરૂપે પરિણમતા હોવાને લીધે (પાંચ) અસ્તિકાયો અને પરિવર્તન લિંગ કાળ (તે છયે) દ્રવ્યો છે. ભૂત વર્તમાન અને ભાવી ભાવો સ્વરૂપે પરિણમતાં હોવાથી તેઓ કંઈ અનિત્ય નથી, કારણકે ભૂત, વર્તમાન અને ભાવી ભાવરૂપ અવસ્થાઓમાં પણ પ્રતિનિયત (પોતપોતાના નિશ્ચત) સ્વરૂપને નહિ છોડતાં હોવાથી તેઓ નિત્ય જ છે. (૩) આકાશ અવસ્થિત (નિશ્ચળ, સ્થિર) અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્મ તથા અધર્મદ્રવ્ય અવસ્થિત, અસંખ્ય પ્રદેશોવાળું હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર) અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી, અને પુદ્ગલ દ્રવ્યે અનેક પ્રદેશીપણાની શકિત સહિત એક પ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (અસંખ્યાત, સંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી, તેમને નિર્યક પ્રચય છે. પરંતુ કાળને તિર્યકપ્રચય નથી. કારણકે, તે શકિતએ તેમજ વ્યકિત એ, એક પ્રદેશવાળો છે. ઊર્ધ્વ પ્રચય, તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે. કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ કોટિની (ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણ કાળને) સ્પર્શતી હોવાથી, અંશો સહિત છે. પરંતુ આટલો ફેર છે કે, સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય તે (કાળ સિવાય), બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વ પ્રચય છે અને સમયોનો પ્રચય તે જ, કાળદ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે, કારણ કે, બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાન્તરભૂત (અન્ય) હોવાથી, તે વૃત્તિ સમયવિશિષ્ટ છે. (સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે, એવી છે) અને કાળદ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ સમયરૂપ હોવાથી, તે વૃત્તિ સમયવિશિષ્ટ નથી. કાળ પદાર્થનો ઊર્ધ્વ પ્રચય નિરન્વય હોવાથી, વાતનું ખંડન કરે છે.

<u>દ્રવ્યોના છ સામાન્ય ગુણ</u> :સર્વ છ દ્રવ્યોમાં છ ગુણ સામાન્ય છે, સર્વમાં હોય છે.

(૧) અસ્તિત્વ ગુણ= જે શકિતના નિમિત્તથી દ્રવ્યનો કદી નાશ ન થાય તેને અસ્તિત્વગુણ કહે છે.

(૨) વસ્તુત્વગુણ=જે શકિતના નિમિત્તથી વસ્તુ કાંઈ કાર્ય કરે, વ્યર્થ ન હોય તેને વસ્તુત્વગુણ કહે છે, જેમ પુદ્ગલમાં શરીરાદિક બનાવવાની અર્થક્રિયા (પ્રયોજનભૂતક્રિયા) છે.

(૩) દ્રવ્યત્વગુણ= જે શકિતના નિમિત્તથી દ્રવ્ય ધ્રુવ રહેવા છતાં પણ પલટાતું રહે, તેમાં પર્યાયો થતા રહે, તેને દ્રવ્યત્વ ગુણ કહે છે, જેમ પુદ્ગલ માટીથી ઘડો બનવો.

(૪) પ્રમેયત્વ ગુણ=જે શકિતના નિમિત્તથી દ્રવ્ય કોઈના જ્ઞાનનો વિષય થાય તેને પ્રમેયત્વગુણ કહે છે.

(૫) અગુરુલઘુત્વગુણ=જે શકિતના નિમિત્તથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થઈ જાય, એક ગુણ બીજા ગુણરૂપ ન થઈ જાય, અથવા એક દ્રવ્યમાં જેટલા ગુણ હોય તેટલા જ રહે, ન કોઈ ઘટે કે ન કોઈ વધે તેને અગુરુલઘુત્વગુણ કહે છે.

(૬) પ્રદેશત્વગુણ=જે શકિતના નિમિત્તથી દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વગુણ કહે છે. આકાર વિના કોઈ વસ્તુ હોઈ શકતી નથી. આકાશમાં જે વસ્તુ રહે છે તે જેટલા ક્ષેત્રને રોકે તે તેનો આકાર છે. છએ દ્રવ્યોમાં પોતપોતાનો આકાર છે. પુદ્ગલ મૂર્તિક છે, તેનો આકાર પણ મૂર્તિક છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણમય છે. શેષ પાંચ દ્રવ્ય અમૂર્તિક છે, તેનો આકાર પણ અમૂર્તિક છે.

<u>દ્રવ્યોમાં વિશેષ ગુણો</u> :જીવ દ્રવ્યોમાં ચેતના, સમ્યકત્વ, ચારિત્ર, ક્રિયાવતી શકિત ઈત્યાદિ, પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ક્રિયાવતી શકિત, ધર્મદ્રવ્યમાં ગતિ હેતુત્વ વગેરે, અધર્મ, દ્રવ્યમાં સ્થિતિ હેતુત્વ વગેરે, આકાશ દ્રવ્યમાં અવગાહન હેતુત્વ અને કાળ દ્રવ્યમાં પરિણમન હેતુત્વ વગેરે.

(જીવ અને પુદ્ગલમાં પોતપોતાની ક્રિયાવતી નામની ખાસ એક શકિત છે, કે જેના કારણે તે પોતપોતાની લાયકાત અનુસાર ગમન કે સ્થિર થાય છે. કોઈ દ્રવ્ય (જીવ કે પુદ્ગલ) એક બીજાને ગમન કે સ્થિર કરાવતું નથી. તે બન્ને દ્રવ્યો પોતાની ક્રિયાવતી શકિતની તે સમયની પર્યાયની લાયકાત અનુસાર ગમન કરે છે, અને સ્થિર થાય છે.)

દ્રષ્ટાંતાભાસ :જૂઠા દષ્ટાંત ને દષ્ટાંતાભાસ કહે છે. (૨) સાધ્યની સિદ્ધિ કરાવનારને દષ્ટાંત કહે છે, પરંતુ જે સાધ્યની સિદ્ધિ તો ન કરાવે, પરંતુ દષ્ટાંત જેવા દેખાતા હોય, તેને દષ્ટાંતા ભાસ કહે છે.

દ્રવવું :પામવું; વ્યાપવું.

દ્રોહ :બેવફાઈ; વિશ્વાસઘાત.

દ્રવિક કરવું :પ્રાપ્ત થવું

દ્રવિત કરે છે :પ્રાપ્ત થાય છે.

દ્રહ :સરોવર

દ્યુતિ :દિવ્યતા; ભવ્યતા; મહિમા. (ગણધરદેવાદિ બુધ પુરુષોના મનમાં શુદ્ધ આત્મસ્વરૂપની દિવ્યતાનાં સ્તુતિગામ કોતરાઈ ગયાં છે.)

દ્યુતિ :પ્રકાશ; તેજ; કાંતિ; પ્રભા; દીપ્તિ; લાવણ્ય; સૌંદર્ય.

દ્યુતિ :દિવ્યતા; ભવ્યતા; મહિમા. (ગણધરદેવાદિ બુધ પુરુષોના મનમાં શુદ્ધાત્મ સ્વરૂપની દિવ્યતાનાં સ્તુતિગાન કોતરાઈ ગયાં છે.)

દ્યૂતિમાન :તેજસ્વી; કાંતિમાન.

દ્યોત :પ્રકાશ; તેજ; ઝળહળાટ; ઝગમગાટ. (૨) પ્રકાશક

દ્યોતક :પ્રકાશ પાડનાર; દર્શાવનાર; બતાવનાર.

દ્વયભાવ :દ્વૈતભાવ. (જડ ત્રણે કાળ જડભાવે અને ચેતન ચેતનભાવે રહે એવો બેયનો જુદો જુદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે.)

દ્વેષ :જે અપ્રીતિરૂપ દ્વેષ છે તે બધોય જીવને નથી. અસંખ્ય પ્રકારના જે અણગમા રૂપ દ્વેષના ભાવ છે તે બધાય જીવને નથી કારણ કે જ્યારે અનુભૂતિ થાય છે ત્યારે તે દ્વેષભાષા ભિન્ન રહી જાય છે. દ્વેષભાવમાં ચૈતન્યનો જ્ઞાનનો અંશ નથી. તેથી તે જીવથી અન્ય અજીવ પુદ્ગલ-પરિણામમય છે. જીવ તો ચૈતન્યમય ચિત્સ્વરૂપ છે. તેની ચૈતન્યશક્તિનો અંશ દ્વેષમાં નથી. માટે દ્વેષ સઘળોય અચેતન અજીવ છે. કેમકે અનુભૂતિથી તે ભિન્ન છે. (૨) અરોચક ભાવ; સ્વભાવની અરુચિ-અણગણો; તે અનંતાનુબંધ ક્રોધ છે. પુણ્ય-પાપના ભાવો અને દેવ-શાસ્ત્ર-ગુરુ ઈત્યાદિ પર પદાર્થોની રુચિ અને સ્વસ્વરૂપની અરુચિ. તે આત્મા પ્રત્યેનો દ્વેષ છે, અને તે અનંતાનુબંધી ક્રોધ છે. તેવી રીતે પુણ્ય-પાપ આદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ થવી એ અનંતાનુબંધી માન છે. પુણ્ય-પાપ આદિ પર પદાર્થોના પ્રેમની આડમાં ચૈતન્ય સ્વભાવમય નિજ આત્માનો ઈન્કાર કરવો તે અનંતાનુબંધી માયા છે તથા સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ આદિ પર પદાર્થોની અભિલાષા વાંછા કરવીતે અનંતાનુંબંધીલોભ છે. (૩) અનંતાનુબંધી ક્રોધ, અપ્રત્યાખ્યાની ક્રોધ, પ્રત્યાખ્યાની ક્રોધ, સ્વજવલંન ક્રોધ, ચાર પ્રકારની માયા, અરતિ, શોક, ભય અને જુગુપ્સા આ બાર કષાય દ્વેષ છે. (૪) ક્રોધ-માન એ બે કષાય અને અરતિ, શોક , ભય, જુગુપ્સા એ બધાનું નામ દ્વેષ છે, કારણકે એના ઉદયથી અનિષ્ટ બુદ્ધિ થઈ દ્વેષ વર્તે છે. (૫) ક્રોધ અને માન. (૬) અણગમો, અરુચિ (૭) અરુચિ, ધાર્યું ન થાય ત્યાં મોઢું ફરી જાય. (૮) શરીરમાં રોગ આવે, વીંછી કરડે, શ્વાસ સરખો ન ચાલે ને મૂંઝવણ થાય, કોઈ અપશબ્દ કહે ને અપમાન કરે, ઈત્યિાદિ પ્રસંગમાં મનમાં જે અણગમો લાગે છે, તે દ્વેષ છે. (૯) પોતાને કાંઈક અનિષ્ટ જાણી, અપ્રીતિરૂપ પરિણામ થાય, તેને દ્વેષ કહે છે (૧૦) ક્રોધ અને માન (૧૧) ક્રોધ અને માન, અણગમો

દ્વૈત :બે-પણું. (૨) બે-પણું. (વ્યવહારનયે આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગથી અપેક્ષા આવતી હોવાથી દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી ત્યાં પણ દ્વૈત છે. (૩) વસ્તુપણે એક હોવા છતાં, ગુણ પર્યાયથી અનેક છે. (૪) બેપણું, (વ્યવહારનયે આત્માના બંધને વિષે, કર્મસાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી, દ્વૈત છે અને આત્માના મોક્ષને વિષે, કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી, ત્યાં પણ દ્વૈત છે.

દ્વેષ રૂપ :ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા (ગ્લાનિ), આ છ દ્વેષરૂપ છે. મિથ્યાદર્શન સહિતનો રાગ જ, મોહ કહેવાય છે. (૨) વૈરભાવ

દ્વાદશ તપ :બહારનાં બાહ્ય તપ (૧) અનશન, (૨) ઉણોદરી, (૩) વૃત્તિ સંક્ષેપ, (૪) રસ પરિત્યાગ, (૫) કાય કલેશ, (૬) સંલીનતા.

અભ્યંતર તપ : (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાપચ. (૪) શાસ્ત્ર પઠન, (૫) ધ્યાન અને (૬) કાયોત્સર્ગ.

દ્વાદશવ્રત :અહિંસા, સત્ય, અૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ-પરિમાણ એ પાંચ અશ્વ્રત, દિગવ્રત, ભોગોપભોગપરિણામ, અનર્થદંડ-વિરતિ, એ ત્રણ ગુણવ્રત અને સામાયિક દેશાવકાશિક, પ્રોષધોપવાસ, અતિથિ સંવિભાગ એ ચાર શિક્ષાવ્રત

દ્વિઅણુક :બે અણુનો બનેલો સ્કંધ.

દ્વિઅણુક કાર્યની નિષ્પાદક :બે અણુના બનેલા સ્કંધરૂપ કાર્યની નિપજાવનારી.

દ્વિઆદિ :બે અથવા વધારે; બેથી માંડીને અનંત પર્યંત.

દ્વિ-આદિ પ્રદેશો :બે અથવા વધારે પ્રદેશો; બેથી માંડીને અનંત પર્યંત પ્રદેશો.

દ્વિતીય :બીજું (બંધ તો બે વચ્ચે હોય, એકલો આત્મા બંધ સ્વરૂપ કેમ હોઈ શકે ? એવા પ્રશ્નનો ઉત્તર એ છે કે, એક તો આત્મા અને બીજો મોહ, રાગદ્વેષાદિભાવ-એમ હોવાથી, મોહરાગદ્વેષાદિ ભાવ વડે મલિન સ્વભાવવાળો આત્મા, પોતે જ ભાવબંધ છે.)

દ્વિધા વિદારિત :બે ભાગમાં ખંડિત.

દ્વિનયાશ્રિત :બે નયોનો આશ્રય કરનારી.

દ્વિપટિક :બે તાકા સાંધીને બનાવેલું એક વસ્ત્ર. (બન્ને તાકા એક જ જાતના હોય, તો સમાન જાતીય દ્રવ્યપર્યાય કહેવાય. અને જો બે તાકા ભિન્ન જાતિના, જેમ કે એક રેશમી ને બીજો સુતરાઉ) હોય, તો અસમાન જાતીય દ્રવ્યપર્યાય કહેવાય) (૨) બે તાકા સાંધીને બનાવેલું એક વસ્ત્ર. (બન્ને તાકા એક જ જાતના હોય તો સમાન જાતીય દ્રવ્યપર્યાય કહેવાય અને જો બે તાકા ભિન્ન જાતિના (જેમ કે એક રેશમી અને બીજો સુતરાઉ) હોય તો અસમાન જાતીય દ્રવ્યપર્યાય કહેવાય.)

દ્વિપ્રદેશી :(બે પ્રદેશો) વગેરે, સ્કંધોની ઉત્પત્તિના કારણભૂત જે સ્નિગ્ધ-રૂક્ષ ગુણો, તે રૂપે પરિણમવાની શકિત, પુદ્ગલનો સ્વભાવ છે.

દ્વીંદ્રિય જીવો :સ્પર્શનેંદ્રિય અને રસનેદ્રિંયના (એ બે ભાવેં-દ્રિયોના) આવરણના ક્ષય ઉપશમને લીધે તથા બાકીની ઈન્દ્રિયોના (ત્રણ ભાવેન્દ્રિયોના) આવરણનો ઉદય તેમજ મનના (ભાવમનના) આવરણનો ઉદય હોવાથી સ્પર્શ અને રસને જાણનારા આ શંબૂક, માતૃવાહ, શંખ, છીપ અને પગ વગરના કૃમિ વગેરે જીવો મન રહિત દ્વીંદ્રિય જીવો છે. (૨) શંબૂક, માતૃવાહ, શંખ, છીપ અને પગ વગરના કૃમિ-કે જેઓ રસ અને સ્પર્શને જાણે છે તેઓ દ્વીન્દ્રિય જીવો છે. સ્પર્શનેન્દ્રિય અને રસનેન્દ્રિયના (-એ બે ભાવેન્દ્રિયોના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઈન્દ્રિયોના (-ત્રણ ભાવેન્દ્રિયોના) આવરણનો ઉદય તેમજ મનના (-ભાવમનના) આવરણનો ઉદય હોવાથી સ્પર્શ અને રસને જાણનારા આ (શંબૂક વગેરે) જીવો મનરહિત દ્વીન્દ્રિય જીવો છે.

દશ્ય :દેખવા યોગ્ય; દર્શનનો વિષય.

દષ્ટા :દેખનાર

દષ્ટાંત :દાખલો; અહીં એ ખ્યાલમાં રાખવું કે દષ્ટાંત એ દાષ્ટાંત અમુક અંશોમાં જ એકબીજા સાથે મળતાં (સમાનતાવાળા) હોય છે, સર્વ અંશોમાં નહિ.

દષ્ટિ :અભિપ્રાય (૨) નજર

દષ્ટિભ્રમ :જોવામાં થયેલી ભ્રાન્તિ કે ભૂલ.

દષ્ટિવાદ :જેમાં પ્રત્યક્ષ પ્રમાણ જ નિયામક છે તેવો મત -સિદ્ધાંત; નજરે દેખાય તે અને તેટલું જ સાચું એ પ્રકારનો સિદ્ધાંત.

દષ્ટિવિમુખ :ધ્યાન ચૂકી જવું; ધ્યાન બહાર નીકળી જવું; ધ્યાન ન આપવું; મોં ફેરવી લેવું.

ધજાની પૂંછડી :બધી વાતની હા જીહા ભણે, એકેયે વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી નહિ, એવા ધજાની પૂંછડી જેવા.

ધણીપણું :કર્તાપણું

ધન :નિબિડ; કઠણ (૨) પૈસો; દોલત; નાણાં; સંપત્તિ; સમૃધ્ધિ (૩) સમ્પત્તિ, સમૃધ્ધિ, દોલત, પૈસા, નાણાં (૪) ગાય, ભેંસ, હાથી, ઘોડા, ઊંટ વગેરેને, ધન કહે છે.

ધન્ય :પ્રશંસનીય, કલ્યાણમય (૨) કૃતાર્થ, કૃતકૃત્ય, ભાગ્યશાળી, નસીબદાર, વખાણવા યોગ્ય

ધન્યરૂપ :કૃતાર્થરૂપ, કૃતકૃત્યરૂપ, ભાગ્યશાળી, નશીબદાર.

ધનુષ્ય :૪ હાથનો એક ધનુષ્ય થાય છે. સીમંધર ભગવાનને પાંચસો ધનુષ્યનો ઊંચો, દેહ છે, ક્રોડ પૂર્વનું તેમનું આયુષ્ય છે.

ધનુષ્યનું માપ :૪ હાથનું ધનુષ્ય. અઢાર ઈંચનો હાથ. ૭૨ ઈંચ એટલે બે વાર લાંબુધનુષ્ય હોય છે. સિમંધર ભગવાનની કાયા, ચાંચસો ધનુષ્ય ઊંચી છે. બે હજાર હાથ ઊંચાઈની, સીમંધર ભગવાનની કાયા છે.

ધમાધમ :દુઃખી થવાના વિકલ્પો, ને સંકલ્પો.

ધર્તા :ધારણ કરવું

ધર્મની મુદ્રા :જિનેન્દ્રદેવની વાણી ઝીલીને જે ધર્મ કે ચારિત્ર પ્રગટ્યું છે તેનાથી નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો એવો સુંદર જે પ્રચુર અતીન્દ્રિય આનંદ તે ધર્મની મુદ્રા છે.

ધર્મ :આત્મામાં નિર્વિકલ્પ અનુભવની દશા થવી; આત્મામાં અતીન્દ્રિય આનંદની દશા થવી તેનું નામ ધર્મ છે. (૨) આત્મસ્વરૂપને ઓળખવું, આત્મામાં સ્થિર થવું તે ધર્મ. (૩) આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે. (૪) શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો આત્મા, ધર્મ સ્વરૂપ પરિણામ વાળો છે. ધર્મ પરિણમેલા સ્વરૂપવાળો આત્મા, જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય, તો મોક્ષના સુખને પામે છે. અને જો શુભઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે. (૫) ધર્મ એટલે પરનિમિત્ત રહિત, આત્માનો પૂર્ણ સ્વાધીન સ્વભાવ છે. આવું જાણપણું, આત્માએ અનંત કાળમાં કર્યું નથી, કર્યું હોય, તો પૂર્ણ પવિત્ર સ્વભાવની પ્રાપ્તિ થયા વગર રહે નહીં. અખંડ પૂર્ણ સ્વભાવનું યથાર્થ લક્ષ કરવાથી, સમ્યગ્દર્શન પ્રગટે છે. (૬) ધર્મ એટલે જ્ઞાનાનંદ રૂપ આત્માની ચીજ. પોતીકો સ્વભાવ, સ્વતંત્ર ભાવ. તે સદાય પોતામાં છે. પોતાના આધારે જ ઊધડે છે. શરીરાદિ કોઈ સંયોગ મારા નથી, કોઈ સાથે મારે સંબંધ નથી, એમ સ્વભાવ સમીપ જઈ, અંતરદૃષ્ટિથી જોતાં, ક્ષણિક બંધન સંયોગરૂપ અવસ્થા અભૂતાર્થ છે, નાશ પામવા યોગ્ય છે. પ્રભુ! તું પૂર્ણ છો, મુક્ત છો. અંદર નજર કર. (૭) ધર્મ એટલે પરનિમિત્ત રહિત, આત્માનો પૂર્ણ સ્વાધીન સ્વભાવ છે. આવું જાણપણું આત્મા એ, અનંત કાળમાં કર્યું નથી, કર્યું હોયતો, પૂર્ણ પવિત્ર સ્વભાવની પ્રાપ્તિ થયા વગર રહે નહી. અખંડ પૂર્ણ સ્વભાવનું યર્થાથ લક્ષ કરવાથી, સમ્યગ્દશન પ્રગટે છે. (૮) આત્માનો અવિકારી સ્વભાવ તે ધર્મ છે. તે સ્વભાવને ગુરુગમથી જાણી, સાચો સમજણનો અભ્યાસ કરી, ખોટી માન્યતા છોડી, વિકાર કર્તા આત્મા નથી, પુણ્યના શુભ વિકલ્પ મારા સ્વભાવમાં નથી. તેમ જ તે મારું કર્તવ્ય પણ નથી, તેમ માની ને તથા નિર્મળ પર્યાય ના ભેદનું લક્ષ ગૌણ કરી, અખંડ જ્ઞાયક ધ્રુવ સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં લેવો તે શુદ્ધ નયનો વિષય છે અને તેનું ફળ, મોક્ષ છે. શુદ્ધનયનો આશ્રય કરવાથી, સમ્યગ્દર્શન થાય છે. આ વાત શ્રાવક અને મુનિ થયા પહેલાંની છે. (૯) નિજ આત્માની અહિંસાને, ધર્મ કહે છે. (૧૦) વસ્તુનો સ્વભાવ, તે જ ધર્મ છે. આત્માનો સ્વભાવ, સ્વભાવમાં કાંઈ બીજી લપ ન થવા દેવી અને સ્વભાવરૂપે રહેવું, તેનું નામ ધર્મ. (૧૧) દુઃખથી મુકિત અપાવનાર, નિશ્ચય રત્નત્રણ સ્વરૂપ મોક્ષમાર્ગ, જેનાથી આત્મા મોક્ષ પામે છે. (રત્નત્રય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર). (૧૨) ધર્મ તો ભગવાન આત્મા, આનંદસ્વરૂપ છે. એના અતીન્દ્રિય આનંદના વેદનમાં રહેવું, તે છે. (૧૩) આત્મ સ્વરૂપને ઓળખવું, આત્મામાં સ્થિર થવું, તે ધર્મ. (૧૪) ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દસ પ્રકારના ધર્મ છે. (દશે ધર્મને ઉત્તમ સંજ્ઞા છે. તેથી નિશ્ચય સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગ ભાવના જ, એ દશ પ્રકાર છે.) (૧૫) આત્માનો નિર્મળ સ્વભાવ-આત્મામાં જ, સ્વાધીનપણે છે. તે બહારથી કે કોઈ બહારની મદદથી, આવતો નથી, કોઈપણ પરથી, શુભ વિકલ્પ મદદથી આત્માનો અવિકારી ધર્મ, પ્રગટે તેવો નથી, અજ્ઞાની પરસંયોગાધીન વિકારી અવસ્થાનો કર્તા થઈ, પોતાને ભૂલીને, દેહાદિ તથા રાગાદિપણે, પરની ક્રિયા કરનારપણે, પોતાને માને છે. પણ પરમાર્થે આત્મા, તે સર્વથી જુદો છે. દરેક સમયે, અનાદિ અનંત પૂર્ણ છે. સ્વતંત્ર છે. (૧૬) ધર્મ એટલે અનંત સુખસ્વરૂપ આત્માનો નિત્ય સ્વભાવ, તે અનંત

સુખ સ્વરૂપ પ્રગટ થવાના કારણમાં, કષ્ટ છે. એમ માને, તે સાચો ધર્મ સમજયો નથી. ધર્મનો આત્માનો સ્વભાવ છે, તેથી કષ્ટપદ નથી. લોકો બહારથી માપ કાઢે છે કે છ મહિના આહાર છોડયો. ધર્મમાં આકરા પરિષહ સહન કરવા પડે છે. એમ જે ધર્મમાં દુઃખ માને છે, તેણે ધર્મને કલેષ રૂપ માન્યો છે, પણ ધર્મ કલેષરૂપ નથી. આત્મા ના આહારી જ્ઞાનસ્વભાવના આનંદમાં લીન થવાં, જ્ઞાનીને છ મહિના આહાર સહેજે છૂટી જાય અને દેહ સૂકાય, તે ઉપર દષ્ટિ પણ ન જાય. અખંડ સ્વરૂપની શાંતિમાં સહેજે ઈચ્છા રોકાઈ જાય, તેનું નામ તપ. જેમાં કષ્ટ નથી, પણ અવિકારી આનંદ છે. (૧૭) રાગાદિ રહિત, આત્માનો પોતાનો શુદ્ધ ભાવ જ, ધર્મ છે, એમ માનીને તેને ગ્રહણ કરો. જે આત્મધર્મ, ચારગતિનાં દુઃખમાં પડતા આ જીવને ઉદ્ધરીને મોક્ષરૂપ આનંદધામમાં ધરિ, રાખે, વિરાજમાન કરે છે. ધર્મ જ, જીવને દુઃખથી બચાવી, ઉત્તમ સુખમાં લઈ જાય છે. જીવને સંસારના અનંત અને અપાર દુઃખમાંથી ઉગારી, જે સુખરૂપ મોક્ષપદમાં ધારે, વિરાજમાન કરે, તે ધર્મ છે, તે મોક્ષપદ દેવેન્દ્ર, નાગેન્દ્ર ઈત્યાદિ, સર્વને પૂજ્ય છે. અહીં ધર્મ શબ્દથી, જીવના શુદ્ધભાવનું ગ્રહણ છે. શુદ્ધભાવ જ ધર્મરૂપ છે. એમાં જ ધર્મ શબ્દની સર્વ વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે. અહિંસા લક્ષણવાળો ધર્મ છે, તે ધર્મ જીવના શુદ્ધસ્વભાવ વિના, સંભવતો નથી. સાગાર-અનાગાર ધર્મ, તેમજ ઉત્તમક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ છે, તે પણ શુદ્ધભાવની અપેક્ષા રાખે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રને ધર્મેશ્વર એવા તીર્થંકરાદિ મહાપરુષો ધર્મ કહે છે. આ લક્ષણમાં પણ આત્માની શુદ્ધિની પ્રધાનતા છે. રાગ-દ્વેષ રહિત આત્મ પરિણામ, તે ધર્મ છે, એમાં પણ આત્મશુદ્ધિની મુખ્યતા છે. (૧૮) આત્માની આત્મરૂપ દશા છે, તે ધર્મ છે. (૧૯) હું શાશ્વત જ્ઞાનને આનંદસ્વરૂપ ચૈતન્ય દ્રવ્ય છું. એમ નિજ સ્વરૂપ સન્મુખ થઈને, તેમાં એકાગ્ર થવું, તેની ધ્યાનમાં ભાવના કરવી, વર્તમાન જ્ઞાનની દશાનું ધ્યેય-વિષય ધ્રુવ, આત્માને બનાવવો, એને ભાવના કહેવામાં આવે છે, અને એનું નામ, ધર્મ છે. (૨૦) ભગવાન આત્મા અંદર પૂરણ જ્ઞાન, અને આનંદના સ્વભાવથી ભરેલું સત્ત્વ છે, તે સ્વભાવની સન્મુખ થઈને પરિણમતાં, શકિતની નિર્મળ વ્યકિત (પ્રગટતા) થાય છે. અંદર શકિત તો વિદ્યમાન છે જ, તે શકિતની સન્મુખ થઈ, તેનો સ્વીકાર, સત્કાર અને આદર જ્યાં કર્યો કે, તત્કાલ તે પર્યાયમાં વ્યકતરૂપે પ્રગટ થાય છે. આનું નામ, ધર્મ ને મોક્ષમાર્ગ છે. (૨૧) ત્રિકાળ આનંદસ્વરૂપ પોતે, પરમાત્મદ્રવ્ય છે, તેના શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ પર્યાયે જીવ પરિણમે, તે ભવ્યત્વ શકિતની અર્થાત્ મોક્ષમાર્ગની યોગ્યતારૂપ શકિતની, વ્યકિત છે અને તે ધર્મ છે. અરે! પોતે આવો અંદર ભગવાન સ્વરૂપ છે, એના ગાણાંય કદી એણે સાંભળ્યા નથી, પણ ભાઈ! જો અંદર શકિતએ ભગવાન સ્વરૂપ ન હોય, તો પર્યાયમાં આવશે ક્યાંથી? બહારમાં તો કાંઈ છે નહિ. બહારમાં તું ભગવાનની (અર્હંતાદિની) ભકિત કરે, પૂજા કરે કે સમ્મેદશિખરની જાત્રા કરે, પણ એનાથી ધર્મ થાય, એવું ધર્મનું સ્વરૂપ નથી, કેમ ક, એ તો માત્ર શુભરાગ છે. અહીં શુભ છોડીને અશુભ કરો, એ વાત નથી. ધર્મીને વિશેષે શુભ ભાવ આવે છે, પણ તે ધર્મવા ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ તો જે સ્વદ્રવ્યના-નિજપરમાત્મદ્રવ્યના આશ્રયે પરિણમવું છે, તે છે. અરે ભાઈ! તું એકવાર સ્વદ્રવ્યને જોવાની ભાવના તો કર! (૨૨) ધારી રાખેલો ભાવ, વસ્તુનો સ્વભાવ, વર્તમાન અવસ્થા, વર્તમાન પર્યાય, દ્રવ્ય ગુણ ત્રિકાળ છે. અને તેની વર્તમાન અવસ્થા તે પર્યાય છે, તે ધર્મ છે. (૨૩) આત્મસ્વરૂપને ઓળખવું, આત્મામાં સ્થિર થવું, તે ધર્મ. (૨૪) આત્મદ્રવ્ય, સહજ એક શુદ્ધ પરમપારિણામિકભાવ લક્ષણ, સદા પરમાત્મસ્વરૂપ ચિન્માત્ર વસ્તુ છે. આવા નિજ પરમાત્મદ્રવ્યનાં, સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે જીવ પરિણમે, એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રનું ભેદરૂપ શ્રદ્ધાન, એ કાંઈ વાસ્તવિક શ્રદ્ધાન-સમકિત નથી, અને શાસ્ત્રનું જ્ઞાન તે કાંઈ વાસ્તવિક સમ્યગ્જ્ઞાન નથી, પણ પોતે સદાય, અંદર શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ કારણ પરમાત્મા વિરાજી રહ્યો છે, તેના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમવું તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે. (૨૫) સૌ કોઈ, આ જગતમાં ધર્મ ધર્મ એવો શબ્દ કહે છે, પરંતુ ધર્મ શબ્દનો મર્મ તો, કોઈ વિરલા જ જાણે છે.

તેનો શબ્દાર્થ એવો છે, કે જે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આદિ, ગતિમાં ભમવારૂપ દુઃખથી આત્માને બચાવે, ઉદ્ધારી ઉત્તમ આત્મિક, અવિનાશી, અતીન્દ્રિય મોક્ષસુખમાં સ્થાપે, તે ધર્મ છે. આવો ઉત્તમ ધર્મ કંઈ બજારમાં વેચાતો મળતો નથી કે, ધન ખર્ચીને કે દાન-સન્માન વડે વેચાતો લઈ શકાય, તે કોઈનો આપ્યો પણ અપાતો નથી, કે સેવા ઉપાસનાથી રાજી કરીને લઈ શકાય, મંદિર, પર્વત, જળ, અગ્નિ, દેવમૂર્તિ કે તીર્થ આદિ સ્થળોમાં તે ધર્મ રાખી મૂકયો નથી, કે ત્યાં જઈને લઈ અવાય, ઉપવાસ, વ્રત, કાયકલેશ આદિ, તપથી શરીર સૂકવી નાખવાથી પણ તે મળે એમ નથી. દેવાધિદેવના મંદિરમાં છત્ર આદિપૂજાની સામગ્રીના દાન વડે, પૂજન આદિ વડે તથા ઘર છોડી, વનમાં કે સ્મશાનમાં રહેવાથી, કે પરમેશ્વરના નામના જાપ કરવાથી, તેવો ધર્મ પામી શકાતો નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે, પર પદાર્થમાં આત્મબુદ્ધિ- થઈ રહી છે, તે છોડી, પોતાના જ્ઞાતા, દષ્ટિરૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ વર્તવારૂપ, આચરણ, તે ધર્મ છે. (૨૬) આત્મસ્વરૂપને ઓખળવું, આત્મામાં સ્થિર થવું, તે ધર્મ. આત્માનો સ્વભાવ, તે ધર્મ. (૨૭) જે નરક, નિર્યંચ આદિ ગતિમાં ભમવારૂપ દુઃખથી આત્માને બચાવી-ઉદ્ધારી ઉત્તમ આત્મિક, અવિનાશી, અતીન્સ્રિય મોક્ષસુખમાં ધારણ કરે, તે ધર્મ છે. પર પદાર્થમાં આત્મ્બુદ્ધિ થઈ રહી છે, તે છોડી પોતાના જ્ઞાતા, દષ્ટારૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સવભાવમાં જ વર્તવારૂપ આચરણ, તે ધર્મ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચળ્ય, અને બ્રહ્મચર્ય રૂપ, પોતાના આત્માનાં પરિણામ, તે ધર્મ છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય રત્નત્રયરૂપ ધર્મ છે, અહિંસારૂપ આત્માનાં પરિણામ થાય, ત્યારે આત્મા, પોતે જ ધર્મરૂપ થાય છે. (૨૮) આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી, તેને શ્રી તીર્થંકર, ધર્મ કહે છે. (૨૯) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં ધર્મનો અર્થ, આત્માનો સ્વભાવ નથી. પણ પુણ્યના, અર્થમાં છે. દયા, દાન, વ્રત આદિ, પુણ્યનો ભાવ છે. (૩૦) જે પ્રાણીઓને સંસારના દુઃખોથી છોડાવીને, ઉત્તમ-આત્મસુખ આપે. (૩૧) સંસારના ચારગતિનાં ભયંકર પરિભ્રમણરૂપ અનંત દુઃખના અપાર સમુદ્રમાં પડતા જીવોને ધરી રાખે, ઉધ્ધાર કરી, સંસારમાં સર્વોત્તમ ઈન્દ્ર, નરેન્દ્ર, ચક્રવર્તી આદિનાં સુખની પ્રાપ્તિ કરાવી પ્રાન્તે અનંત આત્મિક સુખમય શાશ્વત મોક્ષપદમાં સ્થાપે, ધારે તે ધર્મ. એ ધર્મ ચાર પ્રકારે કહ્યો છેઃ-

(૧) વસ્તુનો સ્વભાવ તે ધર્મ,
(૨) સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયાત્મક ધર્મ,
(૩) ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ આદિ દશ લક્ષણરૂપ ધર્મ અને
(૪) અહિંસાલક્ષણ ધર્મ, પ્રકારાન્તરે દાન, શીલ, તપ, અને ભાવ એ ચાર પ્રકારે પણ ધર્મ કહ્યો છે.

(૩૨) ચાર પ્રકારના ધર્મ કહ્યા છે-દાન, શીલ, તપ અને બ્રહ્મચર્ય. તે આ પ્રમાણે છે.

(૧) પોતાના ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક ભગવાનની દષ્ટિ કરવાથી જે નિર્મળ પર્યાય પ્રગટ થાય, તે પર્યાયનું પોતાને દાન, તેવું તે વાસ્તવિકદાન છે અને તે ધર્મ છે અને તેનો પોતે જ કર્તા છે.

(૨) પોતાનો શીલ નામ સ્વભાવ, જે એક જ્ઞાયકભાવ તેમાં જ અંતર-રમણતાં કરતાં, જે નિર્મળ રત્નત્રય પ્રગટ થાય, તે શીલ નામ ચારિત્ર છે, અને તે જ ધર્મ છે.

(૩) પોતે બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે, તેમાં એકાગ્ર થઈ ચરવું-રમવું, તે બ્રહ્મચર્ય છે. અને તે યથાર્થમાં ધર્મ છે.

(૪) સચ્ચિદાનંદમય આત્મા પોતે-તેમાં લીન થઈ, પ્રતાપવંત રહેવું, તેનું નામ ઈચ્છાના અભાવરૂપ તપ છે. અને તે ધર્મ છે. આવું ધર્મનું સ્વરૂપ છે.

ધર્મી પુરુમને બહારમાં સાથે સાથે દાન, શીલ, તપ, બ્રહ્મચર્યનો રાગ, થતો હોય છે. તેને સહકારી જાણી ઉપચારથી તેને ધર્મ કહીએ છીએ, પરંતુ તેઓ રાગ નિશ્ચયથી ધર્મ છે, વા તે કરતાં કરતાં ધર્મ થાય છે, એવું ધર્મનું સત્યાર્થ સ્વરૂપ નથી.

અહીં કહે છે-વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે, એ નિશ્ચય છે. પરદ્રવ્યનું કર્તા પરદ્રવ્ય ત્રણકાળમાં નથી. પરદ્રવ્યનો કર્તા આત્મા, ત્રણ કાળમાં નથી. આ મૂળવાત છે.

(૩૩) ધર્મ એટલે શકિત-સ્વભાવ. ધર્મી એક શાશ્વત, આત્મદ્રવ્ય છે, અને તેના ચિતિશિ, જ્ઞાન, સુખ, વીર્ય, આદિ ધમો ત્રિકાળ શાશ્વત છે, તેની પર્યાય પ્રગટે છે, તે એક સમયની છે, પર્યાય શાશ્વત નથી, ક્ષણિક છે, પણે તે શાશ્વત ધ્રુવના આશ્રયે પ્રગટ થાય છે. (૩૪) પડતી વૃત્તિને સ્વભાવમાં ટકાવી રાખે, તે ધર્મ છે. અધોગતિમાં એટલે પરભાવમાં (વિભાવમાં, પ્રમાદમાં) જવા ન દે અને સ્વભાવમાં સ્થિર રાખે, તે ધર્મ. (૩૫) આત્મસ્વરૂપને ઓળખવું, આત્મામાં સ્થિર થવુ, તે ધર્મ છે. (૩૬) નરક, તિર્યંચ આદિ ગતિમાં ભમવારૂપ દુઃખથી, આત્માને બચાવ-ઉદ્ધારી, ઉત્તમ આત્મિક અવિનાશી, અતીન્દ્રિય મોક્ષસુષ્ટમાં ધારણ કરે, તે ધર્મ છે. (૩૭) ધર્મ, તે આત્માનો સ્વભાવ છે. પરપદાર્થમાં આત્મ બુદ્ધિ થઈ રહી છે, તે છોડી, પોતાના જ્ઞાતા, દષ્ટારૂપ સ્વભાવની શ્રદ્ધા, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ વર્તવારૂપ આચરણ, તે ધર્મ છે. ઉત્તમ થયા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન અને બ્રહ્મચર્યરૂપ, પોતાના આત્માનાં પરિણામ, તે ધર્મ છે. ધર્મ, અર્થ, કામને મોક્ષ-એ ચારે પુરુષ-અર્થોમાં (પુરુષ પ્રયોજનમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ, તાત્ત્વિક) પુરુષઅર્થો. (૩૮) હંમેશા રહેનારો ગુણ, સ્વભાવ, ગુણ

ધર્મ એટલે શું ? :

(૧) કર્મના નિમિત્તાધીન થવાથી (રાગદ્વેષમાં જોડાવાથી, બંધનભાવની જે વૃત્તિ થાય, તે મારું સ્વરૂપ નહિ. એમ સ્વભાવના જોર વડે, જે પરાશ્રયમાં પડતાં ધારી રાખે (અટકાવે), તે ધર્મ.

(૨) હું પરાશ્રિત નથી. નિરાવલંબી, અવિકારી, અસંગ, જ્ઞાનાનંદથી પૂર્ણ છું, એવા નિત્ય સ્વભાવના જોરે પોતાના જ્ઞાન, શ્રદ્ધાન અને ચારિત્રરૂપ નિર્મળ ભાવના ધારી રાખવા, તે ધર્મ છે. (ધારી રાખવા એટલે ટકાવી રાખવા.)

ધર્મ કોને કહે છે ? :નિજ આત્માની અહિંસાને, ધર્મ કહે છે.

ધર્મ દ્રવ્ય :જે સ્વયં ગમન કરતા જીવ અને પુદ્ગલને ગમન કરવામાં નિમિત્ત હોય, તેને ધર્મ દ્રવ્ય કહે છે. તે એક છે. (૨) જે સ્વયં ગતિ કરતાં, જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં નિમિત્ત હોય, તેને ધર્મ દ્રવ્ય કહે છે. જેમ ગતિ કરતી માછલીને ગતિ કરવામાં, પાણી.

ધર્મ ધુરંધર :ધર્મમાં અગ્રેસર, ધર્મની જવાબદારી ઉપાડનાર, ધર્મના સ્થંભ.

ધર્મ પ્રયત્ન :આત્માના હિતમાં લાગી જવું

ધર્મ સન્યાસ :ક્રોધ, માન, માયા, લોભ આદિ દોષો છેદ્યદ તે.

ધર્મ,અર્થ, કામ અને મોક્ષ :ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી, અને શ્રમ એટલે વિષયની વાસના-આ ત્રિ વર્ગ છે. મોક્ષગતિ એ અપવર્ગમાં છે. સિધ્ધ ગતિનું નામ અપવર્ગ છે.

ધર્મ કથાનુયોગ :જે શાસ્ત્રોમાં તીર્થંકર આદિ પુરુષોનાં જીવનચરિત્ર હોય

ધર્મકર્તવ્ય :ભકિત કરતાં જે આત્મહિતના વિચાર આવે, કષાયની મંદતા થાય, આત્માના પરિણામ સ્થિર થાય, તે ધર્મકર્તવ્ય છે.

ધર્મતત્વ :ધર્મનું સ્વરૂપ

ધર્મદ :ધર્મ આપનાર

ધર્મદ્રવ્ય :જે સ્વયં ગમન કરતાં જીવ અને પુદગલોને ગમન કરવામાં નિમિત્ત હોય તેને ધર્મદ્રવ્ય કહે છે; જેમ સ્વયં ગમન કરતી માછલીને ગમન કરવામાં પાણી.

ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય :ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય બન્ને, એક એક અખંડદ્રવ્ય છે. અને તે બન્નેય, સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે.

ધર્મદ્રવ્યનો વિશેષ ગુણ :ધર્મ દ્રવ્યમાં ગતિ હેતુત્વ વગેરે, તેનો વિશેષ ગુણ છે.

ધર્મધનભોગ :વીતરાગ ધર્મરૂપી ધનનો, ભોગવટો.

ધર્મધ્યાન :ધર્મમાં ચિત્તની લીનતા. તે ધ્યાન ચાર પ્રકારે છે :- આણાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાન વિચય. (૨) ધર્મ ધ્યાનમાં ચાર લક્ષણ કહું છું :- (•) આજ્ઞારુચિ-એટલે, ભગવાનની આજ્ઞા અંગીકાર કરવાની રુચિ ઉપજે, તે. (•) નિસર્ગરુચિ - આત્મા સ્વાભાવિકપણે જાતિસ્મરણાદિશ જ્ઞાને કરી, શ્રુતસહિત ચારિત્રધર્મ ધરવાની રુચિ પામે, તેને નિસર્ગરુચિ કહે

છી. (•) સૂત્રરુચિ – શ્રુતજ્ઞાન અને અનંત તત્ત્વના ભેદને માટે ભાખેલાં, ભગવાનનાં પવિત્ર વચનોનું જેમાં ગુંથન થયું છે. તે સૂત્ર શ્રવણ કરવા, મનન કરવા અને ભાવથી પઠન કરવાની રુચિ ઉપજે, તે સૂત્રરુચિ. (•) ઉપદેશરુચિ – અજ્ઞાને કરીને ઉપાર્જ્યા કર્મ જ્ઞાને કરીને, ખપાવીએ, તમેજ જ્ઞાન વડે કરીને નવાં કર્મ ન બાંધીએ, મિથ્યાત્વે કરીને ઉપજર્યાં કર્મને સમ્યક્‌ભાવથી ખપાવીએ, સમ્યક્‌ભાવથી નવાં કર્મ ન બાંધીએ, અવૈરાગ્યે કરીને, ઉપાજર્યાં કર્મ, તે વૈરાગ્યે કરીને ખપાવીએ, અને વૈરાગ્ય વડે કરીને પાછાં નવાં કર્મ ન બાંધીએ, કષાય. કરી, ઉપાજર્યાં કર્મ તે કષાય ટાળીને ખપાવીએ, ક્ષમાદિથી નવાં કર્મ ન બાંધઅી, અશુભ યોગ. કરી ઉપાજર્યાં કર્મ તે શુભયોગે કરી ખપાવીએ, શુભયોગે કરી નવાં કર્મ ન બાંધીએ, પાંચ ઈન્દ્રિયોના સ્વાદરૂપ આસ્રવને કરી, ઉપાજર્યાં કર્મ તે સંવરે કરી ખપાવીએ, તપરૂપ સંવરે કરી નવાં કર્મ ન બાંધીએ, તે માટે અજ્ઞાનાદિક આસ્રવમાર્ગ છોડીને, જ્ઞાનાદિક સંવર માર્ગ ગ્રહણ કરવા માટે, તીર્થંકર ભગવંતોનો ઉપદેશ સાંભળવાની રુચિ ઊપજે, તેને ઉપદશેરુચિ કહીએ. એ ધર્મ ધ્યાનનાં ચાર લક્ષણ કહેવાયાં.

ધર્મધ્યાનનાં ચાર આલંબન કહું છું. (•) વાંચના, (•) પૃચ્છના, (•) પરાવર્ત્તના, (•) ધર્મકથા.

(•) વાંચના– એટલે વિનય રહિત નિર્જરા તથા જ્ઞાન પામવાને માટે, સૂત્ર સિદ્ધાંતના મર્મના જાણનાર ગુરુ કે સત્પુરુષ સમીપે સૂત્ર તત્ત્વનું વાંચન લઈએ, તેનું નામ વાંચનાલંબન.

(•) પૃચ્છના– અપૂર્વ જ્ઞાન પામવા માટે, જિનેશ્વર ભગવંતનો માર્ગ દીપાવવાને, તથા શંકાશસ્ય નિવારણને માટે, તેમ જ અજ્યના તત્ત્વની મધ્યસ્થ પરીક્ષાને માટે, યથાયોગ્ય વિનય સહિત, ગુર્વાદિકને પ્રશ્ન પૂછીએ, તેને પૃચ્છના કહીએ.

(•) પરાવર્ત્તના–પૂર્વે જિનભાષિત સૂત્રાર્થ જે ભણ્યા હોઈએ, તે સ્મરણમાં રહેવા માટે, નિર્જરાને અર્થે શુદ્ધ ઉપયોગ સહિત, શુદ્ધ સૂત્રાર્થની સજઝાય કરીએ, તેનું નામ પરાવર્ત્તનાલંબન.

(•) ધર્મકથા–વીતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણીત કર્યા છે, તે ભાવ તેવા લઈને. ગ્રહીને વિશેષે કરીને નિશ્ચય કરીને, શંકા, કંખા અને વિતિગિચ્છારહિતપણે, પોતાની નિર્જરાને અર્થે સભામધ્યે, તે ભાવ તેના પ્રણીત કરીએ, તેને ધર્મકથાલંબન કહીએ. જેથી સાંભળનાર, સદ્‌હનાર (શ્રદ્ધનાર) બન્ને ભગવંતની આજ્ઞાના આરાધક થાય. એ ધર્મધ્યાનના, ચાર આલંબન કહેવાયાં.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા કહું છું. (•) એકત્વાનુપ્રેક્ષા (•) અનિત્યાનુપ્રેક્ષા (•) અશરણાનુપ્રેક્ષા (•) સંસારાનુપ્રેક્ષા.

(૩) ચોથે ગુણસ્થાનકે આવેલો પુરુષ પાત્રતા પામ્યો ગણી શકાય, પણ ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે મધ્યમ ગૌણતા છે. છઠ્ઠે મુખ્યતા પણ મધ્યમ છે. ઊંતમે મુખ્યતા છે. (૪) ધર્મધ્યાનના બીજા પણ ચાર ભેદ છે. (•) પદસ્થ, (•) પિંડસ્થ, (•) રૂપસ્થ અને (•) રૂપાતીત.

(•) પદસ્થ ધ્યાન=પવિત્ર નવકારમંત્ર (પદો)નું આલંબન લઈને જે ધ્યાન કરવામાં આવે છે તેને પદસ્થ ધ્યાન કહે છે.

(•) પિંડસ્થ ધ્યાન=પિંડસ્થધ્યાનમાં પાંચ ધારણાઓ હોય છે. પાર્થિવી, આગ્નેયી, વારુણી અને તાત્ત્વિકી. આ પ્રકારે પાંચ રૂપોમાંથી કોઈ એક રૂપનું ચિંતવન કરે તેને પિંડસ્થ ધ્યાન કહે છે.

(•) રૂપસ્થ ધ્યાન = ધ્યાની પુરુષે સમવસરણમાં સ્થિત જિનેન્દ્ર ભગવાનનું ચિંતન કરવું તેને રૂપસ્થ ધ્યાન કહે છે.

(•) રૂપાતીત ધ્યાન=રૂપસ્થ ધ્યાનમાં જેનું ચિત્ત સ્થિર થઈ ગયું છે અને જેનો વિભ્રમ નષ્ટ થઈ ગયો છે એવા ધ્યાની પુરુષ ચિદાનંદમય, શુધ્ધ, અમૂર્ત,પરમાક્ષરરૂપ આત્માનું આત્મા દ્વારા ધ્યાન કરે તેને રૂપાતીત ધ્યાન કહે છે.

આ ચારે પ્રકારના ધ્યાનનું વિસ્તૃત વર્ણન સ્વામી કાર્તિકેય નુપ્રેક્ષાના ૧૨મા ધર્માનુપ્રેક્ષા વિભાગમાં ગાથા નં.૪૮૨નું વાંચન પૃષ્ઠ સંખ્યા ૩૬૬ થી ૩૭૯ સુધીમાં આપેલ છે. તેનું મનન કરવું

ધર્મધ્યાનના ચાર પ્રકાર :

(૧) વીતરાગ આજ્ઞાવિચાર = સાધક દશાનો વિચાર. હું વર્તમાન કેટલી ભૂમિકામાં છું.

(૨) બાધકતાનો વિચાર=વિઘ્ન કેટલું બાકી છ તે અને દુઃખના કારણોનો વિચાર

(૩) વિપાક વિચાર=કર્મ ઉદય જન્ય કષાયભાવ અસ્થિરતા ટાળવાનો વિચાર.

(૪) સંસ્થાન વિચાર=કર્માંદયની સત્તાનો કયારે નાશ થશે અને મારા શુધ્ધ આત્મદ્રવ્યનું પ્રગટ નિરાવરણ સંસ્થાન કેવા પુરુષાર્થથી પ્રગટ થશે. શુધ્ધ ઉપયોગની આકૃત્તિ સહિત અગુરુલઘુગુણની સ્વભાવ અર્થપર્યાય અને સ્વભાવ વ્યંજનપર્યાયનો સ્વયં સ્થિર શુધ્ધ આકાર કયારે પ્રગટશે તેનો વિચાર તે નિત્યતાનો વિચાર છે. આ પરમાર્થ ધર્મધ્યાનનો વિચાર છે.

ધર્મધ્યાનની ચાર ભાવનાઓ :ચોથે ગુણસથાનકે આવેલો પુરુષ પાત્રતા પામ્યો ગણી શકાય, ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે મધ્યમ ગૌણતા છે. છઠ્ઠે મુખ્યતા પણ મધ્યમ છે, સાતમે મુખ્યતા છે.

(૧) મૈત્રી = સર્વ જગતના જીવ ભણી, નિર્વૈરબુદ્ધિ

(૨) પ્રમોદ = અંશમાત્ર પણ કોઈનો ગુણ નીરખીને, રોમાંચિત ઉલ્લસવાં.

(૩) કરુણા = જગતજીવનાં દુઃખ દેખીને, અનુકંપિત થવું.

(૪) માધ્યસ્થ કે ઉપેક્ષા = શુદ્ધ સમદૃષ્ટિના બળવીર્યને, યોગ્ય થવું.

ચાર તેના અવલંબન છે, ચાર તેની રુચિ છે, ચાર તેના પાયા છે, એમ અનેક ભેદે વહેંચાયેલું, ધર્મધ્યાન છે.

ધર્મના અવર્ણવાદનું સ્વરૂપ :આત્માનો સ્વભાવ તે ધર્મ છે, સમ્યગ્દર્શન પ્રગટતાં, તે ધર્મ શરૂ થાય છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય નહિ, પુણ્ય વિકાર હોવાથી, તેનાથી ધર્મ થતો નથી તેમજ તે ધર્મમાં, સહાયક થતું નથી. આવું ધર્મનું સ્વરૂપ છે. તેનાથી વિપરીત માનવું, તે ધર્મનો અવર્ણવાદ છે. જિનેન્દ ભગવાને કહેલા ધર્મમાં કાંઈ પણ ગુણ નથી, તેને સેવવાવાળા અસુર થશે, તીર્થંકર ભગવાને જે ધર્મ કહ્યો છે, તે જ પ્રમાણે જગતના અબ્યમતોના પ્રવર્તકો પણ કહે છે. એમ માનવું, તે ધર્મનો અવર્ણવાદ છે. આત્માના સાચા સ્વરૂપને સમજવું અને સાચી માન્યતા કરવી, તથા ખોટી માન્યતા છોડવી તે દર્શન અપેક્ષાએ આત્માની અહિંસા છે. અને ક્રમે ક્રમે સમ્યક્ચારિત્ર વધતાં રાગ દ્વેષ સર્વથા ટળી જાય છે તે આત્માની સંપૂર્ણ, અહિંસા છે. આવી અહિંસા તે જીવનો ધર્મ છે, એમ અનંત જ્ઞાનીઓએ કહ્યું છે, તેનાથી વિરુદ્ધ માન્યતા તે ધર્મનો અવર્ણવાદ છે.

ધર્મના કર્તા :શુદ્ધ સ્વરૂપ પરિણતિના કરનાર

ધર્મના જુદાં જુદાં લક્ષણો :

(૧) વસ્તુનો સ્વભાવ, તે ધર્મ, (૨) અહિંસા, (૩) ઉત્તમ ક્ષમાદિ દસ લક્ષણ, (૪) નિશ્ચય રત્નત્રય-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

ધર્મના વ્યવહારિક જ્ઞાતાઓ :શાસ્ત્રના અભ્યાસીઓ

ધર્મની અનાદરતા :ધર્મનું અબહુમાનપણું, ધર્મ સારો છે એ ભાવનહીં, તે અનાદરપણું

ધર્મની શરૂઆત કેમ થાય ? :કષાયોની લાગણી તે એક સમય પૂરતી પ્રગટ છે, અને આત્મા સમય પૂરતો નથી પણ ત્રિકાળ છે, માટે તે સમય પૂરતી પર્યાયથી આત્મા અન્ય હોવાથી, તે અવ્યકત છે. આખો આત્મા ધ્રુવ ત્રિકાળી સ્વભાવવાન, અવિનાશી છે. અને ક્રોધ, માન, માયા, લોભની પર્યાય, તે વિકારી ક્ષણિક અને નાશવાન હોવાથી, આત્મા તેનાથી અન્ય છે, જુદો છે, માટે પણ અવ્યકત છે.

કોઈ કહેશે કે આમાં ધર્મ શું આવ્યો ? આમાં ધર્મ એ આવ્યો છે, તે ક્રોધ માન આદિ જે શુભાશુભ ભાવો થાય છે, તે જ્ઞેય છે અને હું આત્મા તેનો જાણનારો જ્ઞાયક છું. તેમ જાણવું, તેની પ્રતીત કરવી. અને તે જ્ઞાયક સ્વભાવમાં ઠરવું તે જ ખરો ધર્મ છે. જેને આત્માનો ધર્મ કરવો હોય, તેને આ કષાયોના સમૂહથી જીવને જુદો જાણવો પડશે, શુભાશુભવિકારી અવસ્થાથી, જુદો જાણવો જ પડશે. અને તે રીતે જુદો જાણયે જ, ધર્મની શરૂઆત થાય છે. બાકી બીજા લાખ કે ક્રોડ ઉપાયે પણ, ધર્મની શરૂઆત થાય તેમ નથી.

ધર્મનીતિ :ધર્મનો આચાર

ધર્મનો ધાગો :ધર્મનો છાંટો, ધર્મનો સહેજ અંશ.

ધર્મપુત્ર :યુધ્ધિષ્ઠિર

ધર્મપ્રેમી જીવો :દુઃખને ટાળવાના સાચા ઉમેદવારો.

ધર્મભાવના :ધર્મભાવનામાં તો, વારંવાર વિચારની મુખ્યતા છે અને ધર્મમાં નિજગુણોમાં સ્થિર થવાની, પ્રધાનતા છે.

ધર્મમંથન કાળ :તત્ત્વમંથનકાળ

ધર્મલાભ :શુદ્ધાત્મ-અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ.

ધર્મલાભ થતો નથી :શુદ્ધાત્મ- અનુભવરૂપ ધર્મપ્રાપ્તિ થતી નથી.

ધર્માચાર્ય :આચર્યાનો મુનિઓ સાથે ધાર્મિક સંબંધ જ હોય છે. પરંતુ ગૃહસ્થાચાર્યનો ગૃહસ્થોની સાથે, ધાર્મિક અને સામાજિક બન્ને પ્રકારનો સંબંધ રહે છે. તેથી આચાર્યને ધર્મનું વિશેષણ આપ્યું છે.

ધર્માત્મા :ધર્મી જીવ

ધર્માનુરાગ :દેવ-ગુરુ- યતિની કે તેમની પ્રતિમાની પૂજામાં આહારાદિ ચતુર્વિધ દાનામાં, આચારાંગાદિ શાસ્ત્રોમાં કહેલાં, શીલવ્રતોમાં તથા ઉપવાસાદિક તપમાં પ્રીતી, તે ધર્માનુ રાગ છે.

જે આત્મા દ્વેષરૂપ અને વિષયાનુરાગરૂપ, અશુભ યોગ ને ઓળંગી જઈને, ધર્માનુરાગને અંગીકાર કરે છે, તે શુભોપયોહિ છે.

ધર્માસ્તિકાય :આ સ્વાભાવિક તેમ જ વૈભાવિક ગતિક્રિયામાં, ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે. આ ધર્માસ્તિકાયને સિદ્ધ કરે છે. કહે છે - એક ધર્માસ્તિકાય નામનું, ચૌદ રાજુ પ્રમાણ (લોકપ્રમાણ) દ્રવ્ય છે, અને તે જીવ સ્વાભાવિક ગતિ ક્રિયા કરે, તેમાં નિમિત્ત છે, તેવી જ રીતે (છૂટો) પરમાણુ, સ્વાભાવિક ગતિક્રિયા કરે કે પુદ્ગલ સ્કંધ વૈભાવિક ગતિક્રિયા કરે, તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય નિમિત્ત છે. (૨) અસ્પર્શ,અરસ, અગંધ, અવર્ણ અને અશબ્દ છે; લોકવ્યાપક છે; અખંડ; વિશાળ અને અસંખ્યાતપ્રદેશી છે.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનો અત્યંત અભાવ હોવાથી ધર્મ (ધર્માસ્તિકાય) ખરેખર અમૂર્ત સ્વભાવવાળો છે; અને તેથી જ અશબ્દ છે; સમસ્ત લોકાકાશમાં વ્યાપીને રહેલો હોવાથી લોકવ્યાપક છે; અયુતસિદ્ધ (નહિ જોડાયેલો) પ્રદેશવાળો હોવાથી અખંડ છે. સ્વભાવથી જ સર્વતઃ વિસ્તૃત હોવાથી વિશાળ છે; નિશ્ચયનયે એકપ્રદેશી હોવા છતાં વ્યવહારનયે અસંખ્યાતપ્રદેશી છે.

ધર્માસ્તિકાય અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે રૂપે સદા પરિણમે છે, નિત્ય છે. ગતિક્રિયાયુક્તને કારણભૂત (નિમિત્તરૂપ) છે અને પોતે અકાર્ય છે.

ધર્મ અને અધર્મ વિદ્યમાન છે. કારણકે લોક અને અલોકનો વિભાગ અન્યથા બની શકે નહિ. જીવાદિ સર્વ પદાર્થોના એકત્ર અસ્તિત્વરૂપ લોક છે; શુદ્ધ એક આકાશના અસ્તિત્વરૂપ અલોક છે. ત્યાં જીવ અને પુદ્ગલ સ્વરસથી જ (સ્વભાવથી જ) ગતિપરિણામને તથા ગતિપૂર્વક સ્થિતિપરિણામને પ્રાપ્ત હોય છે. જો ગતિપરિણામ અથવા ગતિપૂર્વકસ્થિતિપરિણામને સ્વયં અનુભવતાં એવાં તે જીવ-પુદ્ગલને બહિરંગ હેતુઓ ધર્મ અને અધર્મ ન હોય, તો જીવ-પુદ્ગલને નિરર્ગળ ગતિપરિણામ અને સ્થિતિપરિણામ થવાથી અલોકમાં પણ તેમનું (જીવ-પુદ્ગલનું) હોવું કોનાથી વારી શકાય ? (કોઈથી ન જ વારી શકાય.) તેથી લોક અને અલોકનો વિભાગ સિદ્ધ ન થાય. પરંતુ જો જીવ-પુદ્ગલની ગતિના અને ગતિપૂર્વક સ્થિતિના બહિરંગ હેતુઓ તરીકે ધર્મ અને અધર્મનો સદ્ભાવ સ્વીકારવામાં આવે તો લોક અને અલોકનો વિભાગ (સિદ્ધ) થાય છે. (માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે.) વળી (તેમના વિશે વિશેષ હકીકત એ છે કે), ધર્મ અને અધર્મ બન્ને પરસ્પર પૃથગ્ભૂત અસ્તિત્વથી નિષ્પન્ન હોવાથી વિભક્ત (ભિન્ન) છે; એકક્ષેત્રાવગાહી હોવાથી અવિભક્ત (અભિન્ન) છે; સમસ્ત લોકમાં વર્તનારાં જીવ-પુદ્ગલને ગતિ-સ્થિતિમાં નિષ્ક્રિયપણે અનુગ્રહ કરતા હોવાથી (નિમિત્તરૂપ થતા હોવાથી) લોકપ્રમાણ છે.

ધર્માસ્તિકાય ગમન કરતો નથી અને અન્ય દ્રવ્યને ગમન કરાવતો નથી; તે જીવો તથા પુદ્ગલોને (ગતિપરિણામમાં આશ્રયમાત્રરૂપ હોવાથી) ગતિનો ઉદાસીન પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારમાં ઉદાસીન (નિમિત્તભૂત) છે.) (૨) તે અનાદિ અનંત પદાર્થ છે. અરૂપી છે, લોકાકાશ પ્રમાણ, તે એક અખંડ દ્રવ્ય છે. તે દ્રવ્ય પોતે ગતિ કરતું નથી. પણ જીવ પુદ્ગલને ગતિ

કરવામાં, સહકારી નિમિત્ત છે. જેમ માછલાને ગમન કરવામાં જળ નિમિત્ત છે, તેમ. (૩) સ્વયં ગતિરૂપ પરિણત જીવ અને પુદ્ગલોને ગમન કરતી વખતે, જે નિમિત્ત (ઉદાસીનપણે હાજર) હોય, તેને ધર્માસ્તિકાય કે ધર્મદ્રવ્ય કહે છે. જેમ કે માછલીને માટે પાણી. (૪) તે અનાદિ અનંત પદાર્થ છે. અરૂપી છે. લોકાકાશ પ્રમાણ, તે એક અખંડ દ્રવ્ય છે. તે દ્રવ્ય પોતે, ગતિ કરતું નથી. પણ જીવ-પુદ્ગલને ગતિ કરવામાં સહકારી નિમિત્ત છે, જેમ માછલાને ગમન કરવામાં જળ નિમિત્ત છે, તેમ. (૫) સકળલોકવ્યાપી, અસંખ્ય પ્રદેશોના પ્રસ્તાર (ફુલાવ-વિસ્તાર) રૂપ હોવાથી, ધર્માસ્તિમકાય પ્રદેશવાન છે. (૬) અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે. સકળલોકપ્રમાણ છે, અખંડિત વિસ્તીર્ણ અને અસંખ્યાતપ્રદેશાત્મક દ્રવ્ય છે. અનંત અગુરુલઘુપણે તે નિરંતર પરિણમિત છે. ગતિક્રિયાયુકત જીવાદિને કારણભૂત છે, પોતે અકાર્ય છે, અર્થાત કોઈથી ઉત્પન્ન થયેલું, તે દ્રવ્ય નથી. જેમ મત્સ્યની ગતિને, જળ ઉપકાર કરે છે, તેમ જીવ અને પુદ્ગલ દ્રવ્યની ગતિને, ઉપકાર કરે છે. જે ધર્માસ્તિકાય જાણવો. (૭) જે ગતિપરિણત જીવ તથા પુદ્ગલોને, ચાલવામાં સહાય કરે, જેમ પાણી, માછલાંને ચાલવામાં મદદરૂપ છે.

ધર્માસ્તિકાયનું સ્વરૂપ :સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનો અત્યંત અભાવ હોવાથી ધર્માસ્તિકાય ખરેખર અમૂર્ત સ્વભાવવાળો છે; અને તેથી જ અશબ્દ છે; સમસ્ત લોકાકાશમાં વયાપીને રહેલો હોવાથી લોકવ્યાપક છે; અયુતસિધ્ધ પ્રદેશવાળો હોવાથી અખંડ છે; સ્વભાવથી જ સર્વતઃ વિસ્તૃત હોવાથી વિશાળ છે; નિશ્ચયનયે એક પ્રદેશી હોવા છતાં વ્યવહારનયે અસંખ્યાત પ્રદેશી છે.

ધર્માસ્તિકાયનો વિશેષ ગુણ :એકી સાથે સર્વગમનપરિણામી (ગતિરૂપે પરિણમેલાં) જીવ-પુદ્ગલોને ગમનનું હેતુપણું ધર્મનો વિશેષ ગુણ છે.

એવી જ રીતે એક જ કાળે ગતિપરિણત (ગતિરૂપે પરિણમેલાં) સમસ્ત જીવ-પુદ્ગલોને લોક સુધી ગમનનું હેતુપણું ધર્મને જણાવે છે, કારણકે કાળ ને પુદ્ગલ અપ્રદેશી હોવાથી તેમને તે સંભવતું નથી, જીવ સમુદ્ઘાત સિવાય અન્યત્ર લોકના અસંખ્યમા ભાગ-માત્ર હોવાથી તેને તે સંભવતું નથી, લોક ને અલોકની સીમા અચલિત હોવાથી આકાશને તે સંભવતું નથી અને વિરુદ્ધ કાર્યનો હેતુ હોવાથી અધર્મને તે સંભવતું નથી. (કાળ ને પુદ્ગલ એકપ્રદેશી હોવાથી તેઓ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; જીવ સમુદ્ઘાત સિવાયના કાળે લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહેતો હોવાથી તે પણ લોક સુધી ગમનમાં નિમિત્ત થઈ શકે નહિ; આકાશ ગતિમાં નિમિત્ત હોય તો જીવ-પુદ્ગલોની ગતિ અલોકમાં પણ હોય અને તેથી લોક-અલોકની મર્યાદા રહે નહિ, માટે ગતિહેતુત્વ આકાશનો ગુણ પણ નથી; અધર્મ દ્રવ્ય તો ગતિથી વિરુદ્ધ કાર્ય જે સ્થિત તેમાં નિમિત્તભૂત છે, માટે તે પણ ગતિમાં નિમિત્ત થઈ શકે નહિ. આ રીતે ગતિહેતુત્વગુણ ધર્મ નામના દ્રવ્યનું અસ્તિત્વ જણાવે છે.)

જીવ-પુદ્ગલો ગતિ કરતા જણાય છે. તેથી જેમ માછલાંને ગતિમાં નિમિત્તભૂત જળ છે તેમ જીવ-પુદ્ગલોને ગતિમાં નિમિત્તભૂત કોઈ દ્રવ્ય હોવું જોઈએ; તે દ્રવ્ય લોકવ્યાપી ધર્મદ્રવ્ય છે.

ધર્મી :અનેક ધર્મોના સમૂહનું નામ જ, ધર્મી છે. ધર્મ અને ગુણ, એ બન્નેય એકાર્થ છે. જ્યારે કોઈ ખાસ ગુણનું વિવેચન કરવામાં આવે છે ત્યારે તે વિવેચનીય ગુણ તો ધર્મ કહેવાય, અને બાકીના અનંત ગુણોનો સમુદાય, તે ધર્મી (પિંડ દ્રવ્ય) કહેવાય છે.

ધર્મી જીવ :ધર્મી જીવ એટલે, ચોથા ગુણસ્થાનવાળો જીવ, ધર્મી જીવ એટલે, પૂર્ણ દશાને પ્રગટ કરનારો જીવ.

ધર્મી જીવની ભાવના :શુદ્ધ નિશ્ચય નયની શું એક કેવલ ત્રણ લોકમાં ત્રણકાલમાં મન-વચન-કાયાથી અને કૃત-કારિત-અનુમોદનાથી ઉદાસીન છું. નિજ નિરંજન શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્અનુષ્ઠાનરૂપ, નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન, વીતરાગ સહજાનંદ સુખાનુભૂતિમાત્ર લક્ષણવાળા સ્વસંવેદનજ્ઞાનથી, સ્વસંવેદ્ય-ગમ્ય-પ્રાપ્ય એવો પરિપૂર્ણ હું છું, રાગ દ્વેષ,મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઈન્દ્રિયોનો વિષય વ્યાપાર, મન-વચન-કાયાના વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ,

નોકર્મઃ ખ્યાતિ, પૂજા, લાભ, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાત્વ, એ બણ શલ્પ આદિ સર્વ વિભાવ-પરિણામોથી રહિત, શૂન્ય હું છું. ઊર્વ જીવો પણ આવા જ છે. એવી નિરંતર ભાવના કરવી. જુઓ આ ધર્મીની ભાવના-એકરસ-સમરસભાવના.

ધર્મીનો ધર્મ :જો તારે હિત કરવું હોય, ધર્મ કરવો હોય અને ભવનો અંત લાવવો હોય, તો સહજ જ્ઞાનને આનંદ સ્વરૂપ, પૂર્ણ પ્રભુત્વમય, સહજ પરમ ઐશ્વર્યસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ, નિજ જ્ઞાયકતત્ત્વને અનુસરીને પરિણમન કરવું, એ જ તારું કાર્ય છે. પુણ્ય-પાપરૂપ વિકારી ભાવો, અનાદિકાળથી કરતો આવ્યો છે, પણ તે સંસાર છે, દુઃખમય છે અને પરિભ્રમણનું કારણ છે. હવે જો તારે ધર્મકાર્ય કરવું હોય, તો જ્ઞાયકભાવ કોણ છે. અને આ પુણ્ય-પાપમય વિકારી પરિણમન શું, છે એનું ભેદજ્ઞાન કરી, ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકતત્ત્વ અનુસાર નિર્મળ દશા પ્રગટ કરવી, એ જ તારું કર્તવ્ય છે. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનને સમ્યક્રમણતાએ, તત્ત્વના અનુસારે થતી, સાધક દશા છે. ધર્મીનો ધર્મ છે.

ધ્યાતા :ધ્યાન કરનાર

ધ્યાન :ધ્યેયમાં વિશેષ એકાગ્રતા, ધ્યેયમાં એકાગ્રતા અમુક કાળ ચાલુ રહે તે ધ્યાન. ધ્યાન ચાર પ્રકારનાં છે. પ્રથમ બે આર્ત અને ચૈદ્ર ધ્યાન તજવા યોગ્ય છે. અને ધર્મ અને શુક્લ ધ્યાન ઉપાદેય છે. (૨)

(૧) પદસ્થ ધ્યાન=પવિત્ર મંત્રાક્ષરાદિ પદોનું અવલંબન લઈ જે ધ્યાનમાં એકાગ્રતા કરવી તે પદસ્થ ધ્યાન છે.

(૨) પિંડસ્થધ્યાન=પાર્થિવી, આગ્નેયી,મારુતી, વારુણી અને તત્વભૂત આ પાંચ ધારણાઓ વડે ચિત્તને એકાગ્ર કરી દેવેન્દ્રોના પ્રભાવથી પણ જેનો અધિક પ્રભાવ છે એવા સર્વજ્ઞ પરમાત્મા સમાન પોતાન આત્માને ચિંતતવો તે પિંડસ્થદયાન છે.

(૩) રૂપસ્થ ધ્યાન= સર્વ અતિશયોથી પરિપૂર્ણ, કેવળ જ્ઞાનથી શોભતા સમવસરણ (દિવ્યસભા)માં વિરાજેલાં સર્વજ્ઞ ભગવાનનારૂપનું આલંબન લઈ જે આત્મદયાનમાં એકાગ્રતા કરવી તે રૂપસ્થ ધ્યાન છે.

(૪) રૂપાતીત ધ્યાન=આકૃતિ રહિત જ્ઞાનાનંદ સ્વરૂપ નિરંજન (કર્મરહિત) સિધ્ધ પરમાત્માનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

- ચિંતન; ઈંદ્રિયોની બધી વૃત્તિઓની એકાગ્રતા
- મુનિને જ શુધ્ધાત્મ સ્વરૂપનું નિશ્ચળ ઉગ્ર આલંબન વર્તે તેને અહીં મુખ્યપણે ધ્યાન કહ્યું છે. (શુધ્ધાત્મા લંબનની ઉગ્રતાને મુખ્ય ન કરીએ તો, અવિરત સમ્યગ્દ્રિટને પણ જઘન્ય ધ્યાન કહેવામાં વિરોધ નથી, કારણ કે તેને પણ શુધ્ધાત્મ સ્વરૂપનું જઘન્ય આલંબન તો હોય છે.
- ગુણી અને ગુણમાં વસ્તુ અપેક્ષાએ અભેદ છે તેથી આત્મા કહો કે જ્ઞાન કહો-બન્ને એક જ છે. તે જ્ઞાનમાં-નિજાત્મામાં-નિજાત્મા વડે નિશ્ચય પરિણતિ કરીને તેનું સંચેતન-સંવેદન-અનુભવન કરવું તે ધ્યાન છે.
- ભગવાને ચાર પ્રકારનાં ધ્યાન કહ્યા છે,

(૧) આર્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન.

ધર્મધ્યાનના મુખ્ય સોળ ભેદ છેઃ-(૧) આજ્ઞાવિચય, (૨) સપાયવિચય, (૩) વિપાકવિચય, (૪) સંસ્થાનવિચય. આ ચાર ભેદ છે.

ધર્મધ્યાનના ચાર લક્ષણ કહે છેઃ-(૧) આજ્ઞારુચિ, (૨) નિરાર્ગરુચિ, (૩) સૂત્રરુચિ, અને (૪) ઉપદેશરુચિ.

ધર્મધ્યાનના ચાર અવલંબન છેઃ-(૧) વાંચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્તના અને (૪) ધર્મકથા.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છેઃ-(૧) એકત્વાનુપ્રેક્ષા, (૨) અનિત્યાનુપ્રેક્ષા, (૩) અશરણાનુપ્રેક્ષા અને (૪) સંસારાનુપ્રેક્ષા.

- સિદ્ધ ભગવાનનું ધ્યાન કરતાં હું પોતે સ્વરૂપથી સિદ્ધ છું એમ સ્વરૂપની અંતદષ્ટિ થાય ત્યારે આત્મધ્યાન થાય છે.
- જેને મોહ અને રાગદ્વેષ નથી તથા યોગોનું સેવન નથી. (અર્થાત મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે) તેને શુભાશુભને બાળનારો ધ્યાનમય અગ્નિ પ્રગટે છે.

શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્ય પરિણતિ તે ખરેખર ધ્યાન છે. તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છેઃ-જયારે ખરેખર યોગી, દર્શન

મોહનીય અને ચારિત્ર મોહનીયનો વિપાક પુદ્ગલકર્મ હોવાથી તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દલને, તદ્નુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને (તે વિપાકને અનુરૂપ પરિણમવામાંથી ઉપયોગને નિવર્તાવીને);

મોહી, રાગી અને દ્વેષી નહિ થતા એવા તે ઉપયોગને અત્યંત શુધ્ધ આત્મામાં જ નિષ્કંપપણે લીન કરે છે ત્યારે તે યોગીને કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્યરૂપ સ્વરૂપમાં વિશ્રાંત છે. મન-વચન-કાયને ભાવતો નથી. અને સ્વકર્મોમાં વ્યાપાર કરતો નથી. તેને સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં સમર્થ હોવાથી અગ્નિ સમાન એવું, પરમ પુરુષાર્થ સિધ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.

હમણાં પણ ત્રિરત્નશુધ્ધ જીવો (આ કાળે પણ સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુધ્ધ એવા મુનિઓ) આત્માનું ધ્યાન કરીને ઈંદ્રપણું તથા લૌકાંતિક-દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને (મનુષ્યભવ પામી) નિર્વાણને પ્રાપ્ત કરે છે.

શ્રુતિઓનો અંત નથી. (-શાસ્ત્રોનો પાર નથી), કાળ થોડો છે, અને આપણે દુર્મેધ છીએ; માટે તે જ કેવળ શસખવા યોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે.

ભાવાર્થઃ-નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્ય ચમત્કારમાં નિશ્ચલ પરિણતિ તે ધ્યાન છે. આ ધ્યાન મોક્ષના ઉપાયરૂપ છે.

જેમ થોડો પણ અગ્નિ પુષ્કળ ઘાસ અને કાષ્ઠના રાશિને અલ્પ કાળમાં બાળી નાખે છે, તેમ મિથ્યાત્વ-કષાયાદિ વિભાવના પરિત્યાગ સ્વરૂપ મહા પવનથી પ્રજવલિત થયેલો અને અપૂર્વ સદભૂત-પરમ-આલ્હાદકાત્મક સુખસ્વરૂપ ઘીથી સીંચાયેલો નિશ્ચય-આત્મ સંવેદનરૂપ ધ્યાનાગ્નિ મૂલોત્તરપ્રકૃત્તિ ભેદવાળા કર્મરૂપી ઈંધનના રાશિને ક્ષણમાત્રમાં બાળી નાખે છે.

આ પંચમકાળમાં પણ યથાશક્તિ ધ્યાન થઈ શકે છે. આ કાળે જે વિચ્છેદ છે તે શુક્લ ધ્યાનનો કે, ધર્મ ધ્યાનનો નહિ. આજે પણ અહીંથી જીવો ધર્મ ધ્યાન કરીને દેવનો ભવ અને પછી મનુષ્યનો ભવ-પામી મોક્ષને પ્રાપ્ત કરે છે.

વળી બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે એમ પણ નથી; સારભૂત અલ્પશ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે. માટે મોક્ષાર્થીઓએ શુધ્ધાત્માનો પ્રતિપાદક, સંવર નિર્જરાનો કરનારો અને જરામરણનો હરનારો સારભૂત ઉપદેશ ગ્રહીને ધ્યાન કરવા યોગ્ય છે.

(અહીં એ લક્ષમાં રાખવા યોગ્ય છે કે ઉપરોકત ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી; કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્ય ચમત્કારની (શુધ્ધાત્માની) સમ્યક પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ કયાંથી થઈ શકે ? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઈચ્છનારે જીવે પ્રથમ તો જીનોક્ત દ્રવ્યગુણ પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપની યર્થાથ સમજણપૂર્વક નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્ય ચમત્કારની સમ્યક પ્રતીતિનો સર્વ પ્રકારે ઉદ્યમ કરવા યોગ્ય છે; ત્યાર પછી જ તે ચૈતન્ય ચમત્કારમાં વિશેષ લીનતાનો યર્થાથ ઉદ્યમ થઈ શકે છે.)

- અંતદષ્ટિ સહિત તે ધ્યાન, અતીન્દ્રિય આનઃદરૂપ, અંતદષ્ટિ
- રાગનું અને પરનું લક્ષ છોડી, ધ્રુવ સ્વભાવમાં લક્ષ કરવું, શુદ્ધાત્મામાં એકપણા રૂપ પરિણમન કરવું. દષ્ટિનો વિષય તો એક ત્રિકાળ ધ્રુવ દ્રવ્ય છે. આવા એક ધ્રુવ સ્વભાવને, દષ્ટિનો વિષય ન માનતાં દ્રવ્ય-પર્યાય બેને દષ્ટિનો વિષય માને છે, તે ભૂલ છે. અંતઃતત્ત્વ સ્વરૂપ ભગવાન આત્મા અને બહિર્તત્ત્વ, એવી નિર્મળ પર્યાય એ બેની માન્યતા (શ્રદ્ધાન) એ વ્યવહાર સમકિત છે. બેને વિષય કરે, એ રાગ છે. તેથી જીવને રાગ જ ઉત્પન્ન થાય. વ્યવહાર સમકિત, એ રાગરૂપ પરિણામ છે. બેપણું જેનો વિષય છે, તે રાગ છે અને એકપણું (નિજ ધ્રુવસ્વભાવ), તે સમ્યગ્દર્શનનો વિષય છે.
- ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે, એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર, એ જ ધ્યાન.
- ચિત્તની જો સ્થિરતા થઈ હોય, તો તેવા સમય પરત્વે સત્પુરુષોના ગુણોનું ચિંતન, તેમનાં વચનોનું મનન, તેમના ચારિત્રનું કથન, કીર્તન, અને

પ્રત્યેક ચેષ્ટાંના ફરી ફરી નિદિધ્યાસન, એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો, અને મન જીતવાની ખરેખરી કસોટી એ છે. એમ થવાથી ધ્યાન શું છે, એ સમજાશે. પણ ઉદાસીનભાવે ચિત્તસ્થિરતા સમય પરત્વે તેની ખૂલી માલૂમ પડે.

- પરિણામની સ્થિરતા
- ગુણ સ્થાનમાં, અપ્રત્યાખ્યાન વરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાય- નો, તો ઉદય જ નથી હોતો, અને સંજવલન કષાયનો પણ મંદ ઉદય હોય છે. તથા શુકલધ્યાન તેનાથી પણ, મંદ કષાય નો ઉદય હોવાથી, ઉત્પન્ન થાય છે, અર્થાત્ જયારે ધર્મધ્યાન, ત્રણ શુભ લેશ્યાઓમાંથી કોઈએક શુભ લેશ્યાના, સદ્ભાવમાં થાય છે, ત્યારે શુકલધ્યાન કેવળ એક શુકલવાળાને જ, થાય છે. આથી શુકલધ્યાન આઠમાં, અપૂર્વકરણ આદિ ગુણસ્થાનોમાં હોય છે, કેમ કે આઠમાં નવમાં , અને દસમાં ગુણસ્થાનમાં, સંજવલન કષાયનો ઉત્તરોત્તર મંદ ઉદય રહે છે. તથા સાતમાઃ ગુણસ્થાનની અપેક્ષાએ મંદતર, ઉદય રહે છે. પરંતુ શુકલધ્યાન કષાયના કેવળ મંદતમ ઉદયમાં પણ નથી હોતો, પરંતુ કષાયના ઉદયથી રહિત, ઉપશાંત કષાય નામના અગિયારમા ગુણસ્થાન માં અને ક્ષીણ કષાય નામના બારમા ગુણસ્થાનમાં, પણ ઉત્પન્ન થાય છે. તથા તેરમા અને ચૌદમા ગુણસ્થાન વર્તી કેવળી ભગવાનને પણ હોય છે. આશય આ છે કે શુકલધ્યાનના ચાર ભેદ છે -પૃથકત્વવિતર્કવીચાર, એકત્વ વિતર્ક અવીચાર,સૂક્ષ્મક્રિયા પ્રતિ પાતિ અને વ્યુયવેત ક્રિયાનિવૃતિ. આ ચારેમાંથી શરૂના બે, શુકલધ્યાન બારઅંગ અને ચૌદ પૂર્વવાળા સફળ શ્રુતના જ્ઞાતા શ્રુત કે વળી મુનિને હોય છે. આ મુનિઓને, ધર્મધ્યાન પણ હોય છે. પરંતુ એક સાથે એક વ્યકિતને, બે ધ્યાન નથી હોઈ શકતાં. આથી શ્રેણિ માંડતા, પહેલાં ધર્મધ્યાન હોય છે અને ઉપરાગ અથવા ક્ષપક શ્રેણિમાં, બે શુકલ ધ્યાન હોય છે.આથી સકળ શ્રુતધારીને, અપૂર્વકરણ નામના, આઠમા ગુણસ્થાનથી પહેલા ધર્મધ્યાન હોય છે. અને આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં, નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં, દસમા સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થાનમાં, અગિયારમા ઉપરાંત કષાય ગુણસ્થાનમાં પૃથકત્વ વિતર્કવીચાર નામનું, પહેલું શુકલધ્યાન હોય છે.ક્ષીણ કષાય નામના બારમા ગુણસ્થાનમાં એકત્વ વિતર્ક અવીચાર નામનું, બીજું શુકલધ્યાન હોય છે અને અયોગ કેવળીને વ્યુપરત ક્રિયા નિવૃતિ નામનું, ચોથું શુકલધ્યાન હોય છે. શુકલધ્યાન મોક્ષનું સાક્ષાત કારણ છે. પરંતુ ઉપરાંત શ્રેણિ અપેક્ષાએ ત્રીજા ભવે મોક્ષ થાય છે. કેમ કે ઉપશમ શ્રેણિમાં જે જીવનું મૃત્યું થઈ જાય છે, તે જીવ દેવગતિ પ્રાપ્ત કરીને અને ફરી મનુષ્ય જન્મ ધારણ કરી, શુકલ ધ્યાનના બળથી મોક્ષ પ્રાપ્ત કરે છે.
- ''એકાગ્રચિંતાનિરોધો ધ્યાન'' આત્મામાં એકાગ્રતા પૂર્વક ચિંતાનું રુંધન તે ધ્યાન છે. આ વાકય અસ્તિ તરફનું છે. અસ્તિના જોરે, નાસ્તિ થાય છે.
- જે મોહમળનો ક્ષય કરી, વિષયથી વિરકત થઈ, મનનો વિરોધ કરી, સ્વભાવમાં સમવસ્થિત છે, તે આત્માને ધ્યાનાર છે.

  મોહમળનો જેણે ક્ષય કર્યો છે, એવા આત્માને, મોહમળ જેનું મૂળછે, એવી પરદ્રવ્યમાં પ્રવર્તવાનો આભાવ થવાથી, વિષયવિરકતતા થાય છે, તેથી (અર્થાત્ વિષય વિરકતતા થવાથી), સમુદ્રના મધ્યમાં રહેલા હેમ વહાણના પંખીની માફક, અધિકરણભૂત દ્રવ્યાંતરોનો અભાવ થવાને લીધે, જેને અન્ય કોઈ શરણ રહયું નથી, એવા મનનો નિરોધ થાય છે. (અર્થાત્ જેમ સમુદ્રના મધ્યમાં રહેલાં કોઈ એકાકી વહાણના ઉપર બેઠેલાં પંખીને તે વહાણ સિવાય અળ્ય કોઈ વહાણોનો, વૃક્ષોનો કે ભૂમિ વગેરેનો આધાર નહિ.
- જ્ઞાનનું કોઈ એક દ્રવ્યમાં અથવા પર્યાયમાં સ્થિર થઈ જવું, તેને જ ધ્યાને કહે છે. જ્ઞાનનો ઉપયોગ એક વસ્તુમાં અન્તર્મુહૂર્ત સુધી જ એકાગ્ર રહે છે, આથી ધ્યાનનો ઉત્કૃષ્ટ સમય ૪૮ મિનિટ નો જ હોય છ.

  ધ્યાન સારું પણ, હોય છે અને ખરાબ પણ હોય છે. જે ધ્યાનથી પાપકર્મનો આસ્રવ થાય છે, તે અશુભ ધ્યાન છે. અને જે ધ્યાનથી કર્મોની નિર્જરા થાય છે, તે શુભ ધ્યાન છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે, તો અશુભ ધ્યાન છે અને ધર્મધ્યાન તથા શુકલ ધ્યાન એ બન્ને, શુભ અને શુભત્તર છે. શરૂનું આર્તધ્યાન તીવ્ર કષાયથી થાય છે, અને રૌદ્રધ્યાન અતિ તીવ્ર કષાયથી થાય છે.

પીડા અને દુઃખને આર્ત કહે છે. દુઃખથી થવા વાળા ધ્યાન ને આર્તધ્યાન કહે છે. આ આર્તધ્યાન, તીવ્ર કષાયથી ઉત્પન્ન થાય છે. કૃષ્ણલેશ્યાવાળા ક્રૂર પ્રાણીને, રુદ્ર કહે છે. અને રુદ્રના કર્મને અથવા રુદ્રમાં થવાવાળા ધ્યાનને, રૌદ્ર કહે છે. આ રૌદ્રપ્રયાન આર્તધ્યાનથી પણ ખરાબ છે, કમે કે આ અશ્વયંત તીવ્ર કષાયથી ઉત્પન્ન થાય છે. આથી તે બન્ને, અશુભ ધ્યાન છે.

ધર્મ સહિત ધ્યાનને, ધર્મધ્યાન કહે છે. જે ધર્મધ્યાન શુભ છે. કેમ કે, આથી પુણ્યકર્મોનો બંધ થાય છે, આથી તે સ્વર્ગ વગેરે સુખોને આપવાવાળા છે, તથા પરંપરાથી, મોક્ષનું પણ કારણ છે. જીવને નિર્મળ પરિણામોથી, શુકલલેશ્યાથી જ થવાવાળા ધ્યાનને, શુકલ ધ્યાન, આ ધ્યાન સફેદ રંગની જેમ, સ્વચ્છ હોય છે. એ રુચિ ગુણ સહિત હોવાથી કારણે એને શુકલ ધ્યાન કહે છે. આ ધ્યાન ધર્મધ્યાનથી પણ શ્રેષ્ઠ છે, કમે કે મોક્ષની પ્રાપ્તિ, આ જ ધ્યાનથી થાય છે. ધર્મ ધ્યાન મંદ કષાયથી થાય છે, અને શુકલ ધ્યાન અશ્વયંત મંદ કષાષથી થાય છે. તથા આ ધ્યાન કષાય રહિત, શ્રુત જ્ઞાનીને અને કેવળજ્ઞાનીને પણ હોય છે.

ભાવાર્થ :- ધર્મધ્યાન અપ્રત્યખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન કષાયના ઉદયમાં, હોય છે. આથી અવિરત સમ્યગ્ દૃષ્ટિથી લઈને, અપ્રમત્તસંયત ગુણસ્થાન સુધી હોય છે. કેમ કે, આ ગુણ સ્થાનોમાં કષાયની મંદતા રહે છે. પરંતુ મુખ્યપણે ધર્મધ્યાન, સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનમાં જ હોય છે. કમ કે સાતમા

- એકાગ્રચિંતન, શુદ્ધ આત્માના સ્વરૂપનું ચિંતન
- ધ્યાનના ચાર પ્રકાર છેઃ

(૧) પદસ્થ (૨) પિંડસ્થ, (૩) રૂપસ્થ અને (૪) રૂપાતીત

(૧) પદસ્થ ધ્યાન = નમસ્કાર (ણમોકાર) આદિ મંત્રનું જે ધ્યાન છે, તે પદસ્થ ધ્યાન કહેવાય છે.

(૨) પિંડસ્થ ધ્યાન = શરીરમાં રહેલા પોતાના આત્માના ચિંતવનને, પિંડસ્થ ધ્યાન કહે છે.

(૩) રૂપસ્થ ધ્યાન = સતશરીરી પરમાત્મા અરિહંત દેવનું ધ્યાન, તે રૂપસ્થ ધ્યાન છે.

(૪) રૂપાતીત ધ્યાન = નિરંજન (સિદ્ધ ભગવાન)નું ધ્યાન, તે રૂપાતીત ધ્યાન છે. તે ધ્યાનના પ્રભાવથી આત્મા, કર્મ-મલિનતા દૂર કરી, સિદ્ધ પરમાત્મા થાય છે.

કર્મ-કલંક (કર્મમલિનતા) દ્રવ્યકર્મને ભાવકર્મ છે પુદ્ગલપિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ કર્મ, દ્રવ્યકર્મ કહેવાય છે, અને રાગાદિ સંકલ્પ વિકલ્પરૂપ પરિણામ, ભાવકર્મ છે.

- પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત, એમ ધર્મ ધ્યાનના ચાર પ્રકાર છે. પરમાર્થે તો, ચાર પ્રકારનાં ધર્મધ્યાન નિર્વિકલ્પ છે. કેમ કે જ્યારે વિકલ્પ છૂટીને ઉપયોગ સ્વમાં થંભે, ત્યારે જ ખરું ધર્મધ્યાન કહેવાયે. પહેલાં, પિંડસ્થ એટલે દેહમાં રહેલો શુદ્ધ આત્મા, પદસ્થ એટલે શબ્દના વાચ્યરૂપ શુદ્ધ આત્મા, રૂપસ્થ એટલે અરિહંત સર્વજ્ઞદેવ તથા રૂપાતીત એટલે દેહાતીત સિદ્ધ પરમાત્મા, એ ચાર પ્રકારના સ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન બીજા વિકલ્પમાંથી છૂટીને, મનને એકાગ્ર કરવા ટાણે આવે. તેને વ્યવહારે ધર્મધ્યાન કહેવાય. પણ પછી તેના વિકલ્પો છૂટીને, નિજ સ્વરૂપમાં ઉપયોગ જામે ત્યારે ખરું ધર્મધ્યાન કહેવાય. આ રીતે ચાર પ્રકારના સવિકલ્પ ચિંતનને વ્યવહારે ધર્મધ્યાન કહ્યું, પરમાર્થ ધર્મધ્યાન નિર્વિકલ્પ છે. પરમાર્થ ધર્મધ્યાન વીતરાગ છે, ને તેજ મોક્ષનું સાધક છે.
- ભગવાને ચાર પ્રકારનાં ધ્યાન કહ્યાં છે, આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ. પહેલાં બે ધ્યાન ત્યાગવા યોગ્ય છે. પાછળનાં બે ધ્યાન આત્મસાર્થકરૂપ છે. શ્રુતજ્ઞાનના ભેદ જાણવા માટે, શાસ્ત્રાવિચારમાં કુશળ થવા માટે, અને ગ્રહણ કરવા યોગ્ય ધર્મધ્યાનના, મુખ્ય સોળ ભેદ છે. પહેલાં ચાર ભેદ (૧) આજ્ઞાતિવિચાય (૨) અપાયવિચાય (૩) વિપાકવિચાય અને (૪) સંસ્થાનવિચય. ધર્મ ધ્યાનના ચાર લક્ષણ છે. (૧) આજ્ઞારુચિ (૨)

નિસર્ગરુચિ (૩) સૂત્રરુચિ અને (૪) ઉપદેશરુચિ. ધર્મધ્યાનના ચાર આલબંબન છે. (૧) વાંચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્ત્તના અને (૪) ધર્મકથા. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે. (૧) એકત્વાનુપ્રેક્ષા (૨) અનિત્યાનુપ્રેક્ષા (૩) અશરણાનુપ્રેક્ષા અને (૪) સંસારાનુપ્રેક્ષા. આ પ્રકારે ધર્મધ્યાનના મુખ્ય સોળ ભેદ છે.

- જે જ્ઞાન ચળાચળતા રહિત અચળ પ્રકાશવાળું, અથવા દેદિપ્યમાન થાય છે, તે ધ્યાન છે.

બીજા વિચારોથી નિવૃત્તિની અપેક્ષાએ અભાવ છે, પરંતુ ધ્યાન અસતરૂપ નથી. પરંતુ સ્વવિષયના આકારની અપેક્ષાએ, સદ્‌ભાવ છે, એટલે કે તેમાં સ્વરૂપની પ્રવૃત્તિનો સદ્‌ભાવ છે, એમ એકાગ્ર શબ્દથી નકકી કરી શકાય છે. સ્વરૂપની અપેક્ષાએ, ધ્યાન વિદ્યમાન-સત્‌રૂપ છે.

ધ્યાનના ચાર પ્રકારો છે.

આર્ત્તધ્યાન = દુઃખ-પીડા, વિષે ચિંતવન

રૌદ્રધ્યાન = નિર્દય-ક્રૂર આશયનું, ચિંતવન

ધર્મધ્યાન = ધર્મસહિત, ચિતંવન

શુકલ ધ્યાન = શુદ્ધ પવિત્ર ઉજ્જ્વળ પરિણામવાળું, ચિંતવન.

આ ચાર ધ્યાનોમાં પહેલાં બે અશુભ છે, અને બીજાં બે ધર્મરૂપ છે.

- સર્વ વિકલ્પો છોડીને, પોતાન જ્ઞાનને લક્ષ્યમાં સ્થિર કરવું.
- ધ્યાનના ચાર પ્રકાર છેઃ

પદસ્થધ્યાન = નમસ્મર (ણમોકાર) આદિ મંત્રનું જે ધ્યાન છે, તે પદસ્થ ધ્યાન કહેવાય છે.

પિંડસ્થ ધ્યાન = શરીરમાં રહેલા, પોતાના આત્માના ચિંતવનને, પિંડસ્થ ધ્યાન કહે છે.

રૂપસ્થ ધ્યાન = સશરીરી પરમાત્મા અરિહંતદેવનું ધ્યાન, તે રૂપસ્થ ધ્યાન કહેવાય છે.

રૂપાતીત ધ્યાન = નિરંજન સિદ્ધ ભગવાનનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે.

તે ધ્યાનના પ્રભાવથી આત્મા કર્મ-મલિનતા દૂર કરી, સિદ્ધ પરમાત્મા થાય છેઃ

ધ્યાન અને ધ્યેય :અનંત... અનંત.... અનંત ગુણનું એકરૂપ દળ, પ્રભુ આત્મા છે. તે કહે છે, ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. સમ્યગ્દર્શનની પર્યાય ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય એનું ધ્યેય છે. આત્માનું સ્વસંવેદનજ્ઞાન, તે ધ્યાનરૂપ છે અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, એનું ધ્યેય. આત્મરમણતા ધ્યાનરૂપ છે અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય, તેનું ધ્યેય છે. ધ્યાન તો, ધ્યેયમાં એકાગ્ર થયેલી પર્યાય છે, ને ધ્યેય, ત્રિકાળ ધ્રુવ સ્વભાવ છે. ધ્યાનની પર્યાય ધ્યેયને ધ્યાવે છે, તો પણ ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી.

દયા, દાન, વ્રત, તપના પરિણામ, તે બંધના કારણરૂપ ક્રિયા છે, તે આત્મદ્રવ્યમાં નથી, અને શુદ્ધભાવની પરિણતિ, જે નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિબરૂપ છે, તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે, તે પણ આત્મદ્રવ્યમાં નથી. માટે કહે છે, એમ જાણવામાં આવે છે કે, શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

શુદ્ધપારિણામિક ભાવરૂપ, ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ, તે ધ્યાનનું ધ્યેય છે, ધ્યાન નથી. અહાહા...! જેમાં નિરાકુળ આનંદનો સ્વાદ આવે, એવાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવામાં ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુ એના ધ્યેય શું અને ધ્યાન શું ? એની ખબરેય ન મળે ને મંડી પડે ધ્યાન ધરવા આસન લગાવીને, ધૂળમાંય ધ્યાન નથી સાંભળ એ તો બધી મિથ્યા રાગની ક્રિયા છે.

અહીં કહે છે-શુદ્ધ પારિણામિકભાવરૂપ, ચિન્મૂર્તિ પ્રભુ આત્મા ધ્યાનનું ધ્યેય છે, તે ધ્યાનરૂપ નથી. પર્યાયને કથંચિત્ દ્રવ્યથી ભિન્ન કહેલ છે ને ? તે વાત, અહીં સિદ્ધ કરી છે.

ભગવાન! નિજ ધ્યેયને ભૂલીને પોતાની નજરને તેં રાગમાં રોકી રાખી છે, તેથી ધ્યેયરૂપ નિજ જ્ઞાનાનંદનો દરિયો તને દેખાતો નથી. અરે! નજરને વર્તમાન પર્યાયની રૂચિમાં રોકી દીધી છે, તેથી અનંતગુણ નિધિ શુદ્ધચેતન સિંધુ, એવો ભગવાન આત્મા તને ભાસતો નથી. અરે ભાઇ ! ધ્યાનરૂપ

પર્યાય રાગ વગરના નિર્મળભાવરૂપ છે, અને એનું ધ્યેય, પરમ સ્વભાવ ભાવરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મદ્રવ્ય છે. માટે રુચિ પલટી નાખને ધ્રુવ સ્વભાવામાં ઉપયોગને સ્થિર કરીને, તેને ધ્યાય અહા! ઉપયોગને ધ્યેયમાં એકાગ્ર કરીને ધ્યાવતાં જે ધ્યાન પ્રગટ થશે, તેમાં અતિન્દ્રિય આનંદથી ધારા ઉલસશે.

પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર તો, જ્ઞાયક જ જણાઈ રહ્યો છે. આ વાત આચાર્યદેવે સમયસર ગાથા ૧૭-૧૮માં કરી છે. જ્ઞાનની પર્યાયનો, સ્વપર પ્રકાશકપણાનો સ્વભાવ છે. જેથી વર્તમાન જ્ઞાન-પર્યાયમાં, જે આ વસ્તુ ત્રિકાળ પરમ પરિણામિકભાવે સ્થિત છે, તે જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ ત્રિકાળી દ્રવ્ય જ્ઞાનમાં જણાય છે, પણ એની નજર, એના ઉપર નથી. દૃષ્ટિનો ફેર છે બાપા! ધ્રુવની દૃષ્ટિ કરવાને બદલે, તે પોતાની નજર પર્યાય ઉપર રાગ ઉપર, નિમિત્ત ઉપર ને બહારના પદાર્થ ઉપર રાખે છે. અને તેથી અંદરનું ચૈતન્ય, નિધાન, જોવા મળતું નથી.

ધ્યાન પ્રાપ્તિના હેતુઓ :ચિંતાનો અભાવ; એકાંત સ્થાનમાં નિવાસ, આસન્નભવ્યપણું (સમીપ મુક્તિગામીપણાની યોગ્યતા), ભેદવિજ્ઞાન અને પરપદાર્થોમાં એ શુધ્ધ ચિદ્રુપના ધ્યાનનાં સમુચ્ચય કારણો છે.

ધ્યાનતપ :સ્વમાં એકાગ્ર થવું તે ધ્યાનતપ છે. ધ્યાનતપ તો સમસ્ત પર અને વિષય વિકારોથી ચિત્તને હઠાવીને એક આત્મામાં જ સ્થિર કરવું તે દયાનતપ છે. જો કે શુધ્ધોપયોગરૂપ ધ્યાનની દશા એક અંતર્મૂહૂર્ત પણ રહી જાય તોય કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે.

સમસ્ત તપોનો સાર ધ્યાનતપ છે. એની પ્રાપ્તિ-સિધ્ધિને માટે જ બધા તપ છે.

ધ્યાનનું અંતિમ ફળ :શાશ્વત જ્યોતિ સ્વરૂપ અનુપમ પરમાત્મપદની પ્રાપ્તિ, એ ધ્યાનનું અંતિમ ફળ છે.

ધ્યાનનું સ્વરૂપ :શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે. તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છેઃ- જ્યારે ખરેખર યોગી, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક પુદ્ગલકર્મ હોવાથી તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને, તદનુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને (-તે વિપાકને અનુરૂપ પરિણમવામાંથી ઉપયોગને અત્યંત શુદ્ધ આત્મામાં જ નિષ્કંપપણે લીન કરે છે, ત્યારે તે યોગીને-કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્યરૂપ સ્વરૂપમાં વિશ્રાંત છે, વચન-મન-કાયને ચિંતવતો નથી અને સ્વકર્મોમાં પ્રવૃત્તિ કરતો નથી તેને- સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં સમર્થ હોવાથી અગ્નિસમાન એવું, પરમ પુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.

જેને મોહ અને રાગદ્વેષ નથી તથા યોગોનું સેવન નથી અર્થાત્ મન, વચન, કાયા પ્રત્યે ઉપેક્ષા કરે છે તેને શુભાશુભને બાળનારો ધ્યાનમય અગ્નિ પ્રગટે છે.

આ પંચમકાળમાં પણ યથાશક્તિ ધ્યાન થઈ શકે છે. આ કાળે જે વિચ્છેદ છે તે શુક્લધ્યાનનો છે, ધર્મધ્યાનનો નહિ. આજે પણ અહીંથી જીવો ધર્મધ્યાન કરીને દેવનો ભવ અને પછી મનુષ્યનો ભવ પામીને મોક્ષને પ્રાપ્ત કરે છે. વળી બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે એમ પણ નથી; સારભૂત અલ્પ શ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે. માટે મોક્ષાર્થીઓએ શુદ્ધાત્માનો પ્રતિપાદક, સંવરનિર્જરાનો કરનારો અને જરામરણનો હરનારો સારભૂત ઉપદેશ ગ્રહીને ધ્યાન કરવા યોગ્ય છે.

ધ્યાનના મુખ્ય પાંચ કારણો છે :વૈરાગ્ય, તત્ત્વવિજ્ઞાન, નિર્ગ્રંથતા (પરિગ્રહ રહિતપણું) મનોજય અને આવેલા ઉપસર્ગ અને પરીષહોનો જય આ પાંચ ધ્યાનનાં કારણો છે.

(૧) વૈરાગ્ય = વિષય-કષાયની નિવૃત્તિરૂપ, અને શુદ્ધાત્માનુભૂતિ સ્વભાવવાળો વૈરાગ્ય છે.

(૨) તત્ત્વ વિજ્ઞાન = શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ, તત્ત્વવિજ્ઞાન છે.

(૩) નિર્ગ્રન્થતા = દસ પ્રકારના બાહ્ય અને ચૌદ પ્રકારના અભ્યંતર, પરિગ્રહના ત્યાગયુકત નિર્ગ્રન્થતા છે.

(૪) મનોજય = નિશ્ચિતપણે આત્માનુભૂતિરૂપ, મનોજય છે.

(૫) ઉપસર્ગ અને પરિષહજય = વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં, બાહ્ય સહાયક-આવેલા ઉપસર્ગોને જીતીને, આત્મામાં સ્થિર રહેવારૂપ, પરીષહજય છે. આ કારણોની પ્રાપ્તિથી, ધ્યાન સંપૂર્ણપણે થાય છે. અને તેથી પરમાનંદ રૂપ, પરમાત્માનો અનભુવ થાય છે.

ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય,
ધર્મ વિવેકે નીપજે, જો કરીએ, તો થાય.

લોકો આ પદ બોલ્યા કરે છે. તેમાં પણ એમ આવ્યું કે, ધર્મ વિવેકે નીપજે, ધર્મ બહારની ક્રિયાથી થતો નથી પણ, ધર્મ વિવેકથી થાય છે. વિવેક એટલે પરથી જુદાપણાનું સાચું જ્ઞાન, વિવેક એટલે, કર્મથી, મનથી, વાણીથી, શરીરથી અને શુભાશુભ પરિણામથી, આત્માનું જુદું ભાન. વિવેક એટલે, પર પદાર્થ અને મારો આત્મા ત્રણે કાળ જુદા છે, મારે અને પર પદાર્થને, ત્રણ કાળમાં મેળ નથી.

ધ્યાનની પ્રાપ્તિ :આગમ દ્વારા અનુમાન દ્વારા અને ધ્યાનના અભ્યાસ રૂપ રસ દ્વારા, ત્રણ પ્રકારે બુદ્ધિને વિશુદ્ધ કરતો થકો ધ્યાતા + પવિત્ર ધ્યાનને પ્રાપ્તિ થાય છે.

ધ્યાનની બાહ્ય સામગ્રીનો ઉલ્લેખ કરીને, અહીં અંતરંગ સમાગ્રીરૂપે બુદ્ધિની શુદ્ધિને, પાવન ધ્યાનનું કારણ બતાવ્યું છે. અને તે બુદ્ધિની શુદ્ધિ માટે, ત્રણ ઉપાયોનો નિર્દેશ કર્યો છે, કે જે આગમ, અનુમાન તથા ધ્યાનભ્યાસના રસરૂપે છે.

આગમજન્ય શ્રુતજ્ઞાન દ્વારા, જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જાણવું તે, 'આગમોપાય' છે. આગમોથી જાણેલા જીવાદિના સ્વરૂપમા અનુમાન પ્રમાણથી દઢતા લાવવી, તે 'અનુમાનોપાય' છે. અને ધ્યાનને અભ્યાસ કરતાં તેમાં જે એક પ્રકારની રુચિની વૃદ્ધિરૂપે રસ-આનંદ ઉત્પન્ન થાય છે. તેને ધ્યાનાભ્યાસ રસ કહે છે. આ ત્રણે ઉપાયો દ્વારા બુદ્ધિનું જે સંશોધન થાય છે, તેનાથી તે શુદ્ધ આત્મધ્યાન બને છે. જેમાં વિવિકત આત્માનું સાક્ષાત દર્શન હોય છે.

ધ્યાનની બાહય સામગ્રી :પણ કેવી રીત થઈ શકે? ન થઈ શકે. તેથી તત્વદર્શનનું હોવું પરમાવશ્યક છે, તેથી જ, આ યોગસાર ગ્રંથમાં તત્વોનું આવશ્યક નિરુપણ કરવામાં આવ્યું છે.અને છેલ્લી છડી સામગ્રી છે. જનપદત્યાગ, જયાં સુધી જનપદ અને જનસંપર્કનો ત્યાગ કરવામાં આવતો નથી ત્યાં સુધી, સાધનાની પૂર્ણતા થતી નથી. જન સંપર્કથી વાણીની પ્રવૃત્તિ, વાણીની પ્રવૃત્તિથી મનની ચંચળતા અને મનની ચંચળતાથી, ચિત્તમાં અનેક પ્રકારના વિકલ્પ તથા ક્ષોભ થાય છે. જે બધા ધ્યાનમાં બાધક છે.

શ્રી કુન્દકુદાચાર્યે તો પ્રવચનસારમાં ત્યાં સુધી લખ્યું છે કે, જે લૌકિક જનોનો સંસર્ગ છોડતો નથી તે નિશ્ચિત સૂત્રાર્થ પદ (આગમનો જ્ઞાતા) શમિત કષાય અને તપમાં ખૂબ વધેલ હોવા છતાં પણ, સંયતમુનિ રહેતો નથી. (પ્રવચનસાર ગાથા ૨૬૮, પૃષ્ઠ ૪૮૦) ત્રીજી આવૃત્તિ.

સંસર્ગના દોષથી, અગ્નિના સંસર્ગને પ્રાપ્ત થવાથી, જે જળની જેમ અવશ્યમેવ વિકાર (ગરમ જળ થઈ જાય છે)ને પ્રાપ્ત થઈ જાય છે.તેથી ધ્યાન સિદ્ધિ માટે નગરોનો નિવાસ છોડીને, ઘણું કરીને, પર્વતાદિ નિર્જન સ્થાનોમાં રહેવાની આવશ્યકતા છે.

ધ્યાનનો વિષય :સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વભાવવાળો, શુદ્ધ આત્મા, એ ધ્યાનનો વિષય છે.

ધ્યાવે છે :ભાવે છે,

ધ્યાવતાં :વિચારતાં

ધ્યાવવું :ચિંતવવું; ચિંતન-મનન કરવું; ચિંત્વન કરવું; અંતર એકાગ્રતા કરવી. (૨) ધ્યાન કરવું, પોતાની શકિતમાંથી ચૂસીને, અંતર એકાગ્રતા વડે પોતાની પૂર્ણ પવિત્ર દશા, પ્રગટ કરવી.

ધ્યાવીને :શકિતમાંથી ચૂસીને અંતર એકાગ્રતા વડે, પોતાની પૂર્ણ પવિત્ર દશા પ્રગટ કરે, તે.

ધ્યેય :ધ્યાન કરવા યોગ્ય; પકડવા લાયક; આશ્રય કરવા લાયક; અનુકરણ કરવા લાયક; અનુસરણ કરવા લાયક-જે ધ્રુવ છે તે. (૨) લક્ષ્ય કરવાનો વિષય કે પદાર્થ (૩) પકડવા લાયક, આશ્રય કરવા લાયક, અનુકરણ કરવા લાયક,

અનુસરણ કરવા લાયક જે ધ્રુવ આત્મા છે, તે. શુદ્ધ આત્માનું સ્વરૂપ છે, તે ધ્યેય છે. (૪) ધ્યાન કરવા યોગ્ય દ્રવ્ય-આત્મા-ધ્રુવ, આત્મા જ ધ્યેય છે. (૫) ધ્યાન કરવા યોગ્ય દ્રવ્ય-આત્મ-શુદ્ધ આત્મા. ધ્યેય એટલે, પકડવા લાયક, આશ્રય કરવા લાયક, અનુકરણ કરવા લાયક, અનુસરણ કરવા લાયક- જે ધ્રુવ છે, તે. શુદ્ધ આત્માનું સ્વરૂપ, તે ધ્યેય છે.-અભિધેય છે. દૃષ્ટિમાં લેવા યોગ્ય શુદ્ધ આત્મા, ધ્રુવ છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે. (૬) ધ્યાન કરવા યોગ્ય. દ્રવ્ય, શુદ્ધ આત્મા, પકડવા લાયક, આશ્રય કરવા લાયક, અનુકરણ કરવા લાયક, અનુસરણ કરવા લાયક, જે ધ્રુવ છે, તે શુદ્ધ આત્મા. (૭) ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવ, આત્માની ઉપલબ્ધિ. (૮) નિશાન, સાધ્ય લક્ષ.

ધ્યેય અને ધ્યાનનું સ્વરૂપ :શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિક નયે, જીવ કર્તૃત્વ-ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે. બંધ અને બંધનું કારણ, મોક્ષ અને મોક્ષનું કારણ - એ ચારેય ચીજ, ત્રિકાળી શુદ્ધ દ્રવ્યમાં નથી.

દયા, દાન, વ્રત, તપના પરિણામ, તે બંધના કારણરૂપ ક્રિયા છે, તે આત્મદ્રવ્યમાં નથી, અને શુદ્ધભાવના પરિણતિ જે નિર્મળ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે, તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે. તે પણ આત્મ્દ્રવ્યમાં નથી. માટે કહે છે-એમ જાણવામાં આવે છે કે, શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ છે. ધ્યાનરૂપ નથી.

આ શું કીધું ? કે, શુદ્ધ પારિમાણિકભાવરૂપ ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય, નિત્યાનંદ-ચિદાનંદ પ્રભુ, તે ધ્યાનનું ધ્યેય છે, ધ્યાન નથી. અહાહા...! જેમાં નિરાકુળ આનંદનો સ્વાદ આવે, એવાં નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થવામાં ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુ, એના ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી, કેમ કે ત્રિકાળી વસ્તુ છે, તે અક્રિય છે. હવે ધ્યેય શું ને ધ્યાન શું ? એની ખબરેય ન મળે, તે મંડી પડે ધ્યાન ધરવા આસન લગાવીને, ધૂળમાંય ધ્યાન નથી સાંભળને, એ તો બધી, મિથ્યા રાગની ક્રિયા છે.

અહીં કહે છે -શુદ્ધ પારિણામિકભાવરૂપ ચિન્મૂર્તિ પ્રભુ આત્મા, ધ્યાનનું ધ્યેય છે, તે ધ્યાનરૂપ નથી, પર્યાયને કવંચિત્ દ્રવ્યથી ભિન્ન કહેલ ને ? તે વાત અહીં, સિદ્ધ કરી છે.

અહાહા...! વસ્તુ ત્રિકાળી છે, તે શુદ્ધચૈતન્યનો મહા દરિયો છે. શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ,-એમ આવે છે, ને ? અહાહા.....! અનંત અનંત ગુણનું એકરૂપ દળ પ્રભુ આત્મા છે. તે કહે છે, ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. સમ્યગ્દર્શનની પર્યાય ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, એનું ધ્યેય છે. આત્માનું સ્વસંવેદનજ્ઞાન, તે ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, એનું ધ્યેય છે. આત્મરમણત ધ્યાનરૂપ છે, અને ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તેનું ધ્યેય છે. ધ્યાન તો ધ્યેયમાં એકાગ્ર થયેલી, પર્યાય છે, તે ધ્યેય ત્રિકાળ ધ્રુવસ્વભાવ છે. ધ્યાનની પર્યાય, ધ્યેયને ધ્યાવે છે તો પણ, ધ્યેય છે તે ધ્યાનરૂપ નથી. અહો! આ અલૌકિક વાત છે.

ભગવાન ! નિજ ધ્યેયને, પોતાની નજરને તેં રાગમાં રોકી રાખી છે, તેથી ધ્યેયરૂપ નિજ જ્ઞાનાનંદનો દરિયો, તને દેખાતો નથી. અરે! નજરને, વર્તમાન પર્યાયની રુચિમાં, રોકી દીધી છે. તેથી અનંતગુણનિધિ શુદ્ધ ચેતનાસિંધુ, એવો ભગવાન આત્મા, તને ભાસતો નથી. અરે ભાઈ! ધ્યાનરૂપ પર્યાય, રાગ વગરના નિર્મળ ભાવરૂપ છે. અને એનું ધ્યેય પરમ સ્વભાવભાવરૂપ, ત્રિકાળ શુદ્ધ આત્મદ્રવ્ય છે. માટે રુચિ પલટી નાખને, ધ્રુવસ્વભાવમાં ઉપયોગને સ્થિર કરીને, તેને ધ્યાવ. અહા! ઉપયોગને ધ્યેયમાં એકાગ્ર કરીને ધ્યાવતાં, જે ધ્યાન પ્રગટ થશે, તેમાં અતીન્સ્રિય આનંદથી ધારા ઉલસશે.

પર તરફ વળેલી જ્ઞાનની પર્યાયમાં પણ ખરેખર જ્ઞાયક જ જણાઈ રહ્યો છે. ધાનની પર્યાયનો, સ્વપરપ્રકાશકપણાનો સ્વભાવ છે. જેથી વર્કતમાન જ્ઞાન-પર્યાયમાં જે આ વસ્તુ ત્રિકાળ પરમપારિણામિકભાવે સિથત છે તે જાણવામાં આવે છે. અજ્ઞાનીને પણ તે ત્રિકાળી દ્રવ્ય, જ્ઞાનમાં જણાય છે, પણ એની નજર એના ઉપર નથી. દૃષ્ટિનો ફેર છે. ધ્રુવની દૃષ્ટિ કરવાને બદલે, તે પોતાની નજર પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર ને બહારના પદાર્થ, ઉપર રાખે છે, અને તેથી તેને અંદરનું ચૈતન્યનિધાન જોવા મળતું નથી.

ધુરંધર :બોજો વહેનાર

ધૂન :રટણ, લગની

ધૂની :ધ્વનિ

ધુત્તિ :ધીરજ; ખામોશી; મનની દ્ઢ સ્થિતિ; સ્થિરતા; શાંતિ

ધુતિ :જયોતિ. (૨) દિવ્યતા, ભવ્યતા, મહિમા (ગણધરદેવાદિ બુધ પુરૂષોના મનમાં, શુદ્ધાત્મ સ્વરૂપની દિવ્યતાનાં સ્તુતિગાન કોતરાઇ ગયાં છે. (૩) ધારણ કરવું એ; ધીરજ; ધૈર્ય; ખામોશી; મનની દ્ઢ વિચતિ; સ્થિરતા

ધંધ :તોફાન

ધંધાધાપા :વ્યાપાર, રોજગાર, વ્યવસાય

ધૈર્ય :સહનશીલતા; મક્કમતા; ફર્મનેસ

ધર્યો રહેશે :અટકી જશે, પડ્યો રહેશે.

ધ્રુવ :કાયમપણે રહેવું. (૨) સ્થિર; અચળ; નિશ્ચળ; નિશ્ચિત; નક્કી (૩) ત્રિકાળ કાયમ ટકનાર. (૪) ધ્રુવ આત્મા આંધળો નથી, પણ મહાપ્રભુ છે. ધ્રુવ જાણવાની અવ્યકત શકિતઓનો પિંડ છે. પર્યાય વ્યકત છે. પ્રગટ છે, તે ધ્રુવને જાણે છે. (૫) ચોકકસ છે, નિશ્ચલ છે, ચલાયમાન નથી, ચારે ગતિ પર નિમિત્તથી, એટલે પુણ્ય, પાપ, વિકારના કારણે સંયોગથી, ઉત્પન્ન થાય છે. તેથી દેવ, ઈન્દ્ર આદિ પદ મળે તો પણ, તે ધ્રુવ નથી, માટે ચાર ગતિ વિનાશિક છે. તેથી આ પંચમ ગતિમાં, એ વિનાશિકતાનો અભાવ થયો. (૬) ચોકકસ (૭) ઘણા કાળ સુધી, જ્ઞાન એવું ને એવું રહેવું, દઢતાવાળું જ્ઞાન

ધ્રુવપણે :નિશ્ચિતપણે; નિયમથી; અત્યંત ચોકકસ; નિયતપણે

ઘ્રાણશકિત :સુંઘવાની શકિત

ધ્રાસકો :ફાળ.

ધરી રાખવું :અટકાવવું

ધ્રૌવ્ય :અવસ્થિતિ; ટકવું. (૨) તે અવસ્થિતિ (અર્થાત્ ટકવું) (૩) પ્રત્યભિજ્ઞાનના કારણભૂત, દ્રવ્યની કોઈપણ અવસ્થાની નિત્યતાને, ધૌવ્ય કહે છે. (૪) વસ્તુમાં કોઈરીતે પરિણમન હોવા છતાં, વસ્તુનું જે વસ્તુપણું કાયમ રહે છે, તે. (૫) પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઈ અવસ્થાની નિત્યતાને, ધ્રૌવ્ય કહે છે.

ધ્રૌવ્ય નું સ્વરૂપ :ધ્રૌવ્ય પણ કથંચિત પર્યાયાર્થિક નયની અપેક્ષાએ, પદાર્થને હોય છે. પર્યાયદ્રષ્ટિ સિવાય, કેવળ પદાર્થને ધ્રૌવ્ય નથી હોતુ, પરંતુ ઉત્પાદ અને વ્યયની જેમ, તે પણ એક અંશસ્વરૂપ છે, સર્વાંઈ રૂપ નથી.

ધ્રૌવ્ય કોને કહે છે ? :પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની, કોઈ પણ અવસ્થાની નિત્યતાને, ધ્રૌવ્ય કહે છે.

ધૂળ કર્યું :બધું વ્યર્થ

ધૂળકટ :ધૂળ ઊડવાને કારણે આકાશકમાં ધૂળ પથરાઈ જવી કે કિલ્લા જેવું થઈ જવું એ; વંટોળ

ધૂળધમાહો :માલવગરની વાત, ઠેકાણા વગરનું કામ

ધૂળધોયા :ધૂળ અને સુવર્ણકણિકાનો વિવેક કરનાર.

ધૂળેય :કાંઈ

ધ્વનિ :ગર્જના

ધવળ :''ષટ્ ખંડ આગમ'' જેનાં દર્શન કરવા હજારો લોકો જતા હતા, તે હજારો વર્ષથી જૂનો ઊંચામાં ઊંચો ગ્રંથાધિરાજ છે, જેમાં સનાતન જૈનધર્મનું રહસ્ય છે તે શાસ્ત્રના આજે તાઃ ૨૬/૧૧/૧૯૩૯ના રોજ આનંદનિકેતન-રાજકોટમાં દર્શન થયા.

પ.પૂ.શ્રી કાનજી સ્વામી શ્રી આત્મ સિધ્ધિ પ્રવચન-ગાથા ૧૨૯

ધ્રુવેવા :ધ્રુવ, અચળતા, ધ્રુવતા

ધ્વંસ :નાશ (૨) વિનાશ

ધૃણા :તિરસ્કાર

ધૃષ્ટતા :હિંમત, બેશરમી, ઉદ્ધાતાઈ

ઘાતિકર્મ :જ્ઞાનાવરણાદિ ભેદો વડે આઠ પ્રકારનાં કર્મ છે. ત્યાં ચાર ઘાતિકર્મોના નિમિત્તથી તો જીવના સ્વભાવનો ઘાન થાયછે. જેમાં જ્ઞાનાવરણ-દર્શનાવરણ વડે જીવના જ્ઞાન-દર્શન સ્વભાવની વ્યકતતી થતી નથી, પણ કર્મોના ક્ષપોપશમ અનુસાર કિંચિત જ્ઞાનદર્શનની વ્યકતતારહે છે. મોહનીય

વડે જીવના સ્વભાવ નહિ એવા મિથ્યા શ્રદ્ધાન વા ક્રોધ, માન, માયા અને લોભાદિક કષાયોની વ્યકતતા થાયછે. તથા અંતરાય વડેજીવનો સ્વભાવ દીક્ષા લેવાના સામર્થ્ય રૂપ જે વીર્ય તેની વ્યકતતા થતી નથી, પણ તેના ક્ષયોપશમ અનુસાર કિંચિત શક્તિ રહે છે. એ પ્રમાણે ઘાર્તિ કર્મોના નિમિત્તથી જીવના સ્વભાવનો અનાદિથી જ ઘાત થયો છે. પણ એમ ન સમજવું કે પહેલાં તો સ્વભાવરૂપ શુદ્ધ આત્મા હતો, પરંતુ પાછળથી કર્મ નિમિત્તથી સ્વભાવ ઘાતવડે અશુદ્ધ થયો. (૨) મહા મોહના ઉત્પાદક સ્થાનો (૩) • જ્ઞાનાવરણીય, • દર્શનાવરણીય, • અંતરાય અને • મોહનીય આ ચાર ઘાતિકર્મો છે. ઘાર્તિકર્મ એટલે જેનાથી આત્માના ગુણોનું આવરણ થાય અ પ્રકટપણું રહે શુદ્ધોપયોગના સામર્થ્યથી જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યા છે અને ક્ષાયોપશમિક જ્ઞાન દર્શન સાથે અસંયુક્ત (સંપર્ક વિનાનો) હોવાથી જે અતીન્દ્રિ થયો છે તેના સમસ્ત જ્ઞાનાવરણનો પ્રલય થવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે, સમસ્ત દર્શનાવરણનો નાશ થવાથી કેવળ દર્શન પ્રગટ થાય છે,સમસ્ત અંતરાયનો ક્ષય થવાથી અનંતજેનું ઉત્તમ વીર્ય અભાવને લીધે અત્યંત નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા આત્માને અનુભવતો થકો સ્વયમેવ (પોતે જ) સ્વપર પ્રકાશકતા લક્ષણ જ્ઞાન અને અનાકૂળતા લક્ષણ સુખ થઈને પરિણમે છે.

ધાન્ય :અનાજ. ધાન્ય અઢાર પ્રકારનાં હોય છે.-ઘઉં, ધાન, જવ, સવસવ, અડદ,મગ, ચોખા, ફાંગ, તલ, કોંદો, મસૂર ,ચણા, કળથી, અતસી, અરહર, સમાઈ, રાજમાષ અને નાલ.

ધા નાખવી :મદદ માટે પોકાર કરવો, રક્ષણ માટે પ્રબળ માગ.

ધાર્મિક કથાવાર્તા :છદ્મસ્થ મુનિને ધાર્મિક કથાવાર્તા કરતાં પણ નિર્મળ ચૈતન્ય વિકલ્પયુક્ત થવાથી અંશે મલિન થવાય છે-થાય છે, તેથી તે ધાર્મિક કથાને પણ વિકથા એટલે કે શુધ્ધાત્મદ્રવ્યથી વિરુધ્ધ કથા કહી છે.

ધાર :સંસાર સમુદ્રનો કિનારો; સંસર સમુદ્રનો પાર પામવો.

ધારે :સ્થાપે

ધાર થશે :સાધન બનશે. (૨) સંસાર સમુદ્રનો કિનારો, લાવી સંસાર સમુદ્રનો પાર પામવા, ઉત્તમ સાધનાનું સવોત્તમ સાધન બનશે. (૩) સાધન બનશે; આધાર બનશે.

ધારણ કરવું :ધારી રાખવું; એક કાનથી સાંભળી બીજા કાને કાઢી નાખવું એમ નહીં.

ધારણા :શુધ્ધચિદ્રુપ નિજ નિર્મળ આત્મ સ્વરૂપતે ધ્યેય તેમાં ચિત્તનું એકદેશે બંધાવું; સ્થિર થઈ જવું તે ધારણા. તત્ત્વસ્વરૂપ ધ્યેયને મનમાં ધારણ કરવું (૨) અવાયથી નિર્ણય કરેલા પદાર્થને કાળાંતરે ન ભૂલવો તે ધારણા છે. (૩) મનસૂબો; ધારવું એ; સંભાવના; ખ્યાલ; લક્ષ્યનો નિશ્ચય. (૪) નિર્ણય થયા પછી એને ધારી રાખનારું જ્ઞાન થાય છે તે ધારણા છે. તે ધારણામાંથી જ સ્મૃતિ આવે છે ને ? જે પૂર્વભવનું જાતિસ્મરણ થયા છે તે, પૂર્વે ધારણા કરી હોય તેમાંથી આવે છે. તો, પૂર્વે જે ધારણા કરી હોય તે મતિજ્ઞાનનો એક ભેદ છે. તે ધારણા પણ પોતાના ત્રિકાળી જ્ઞાનને અનુસરીને થતી હોય છે, પર ચીજન અનુસરીને નહિ. અહા ! જે સ્વભાવ છે તેની શું વાત કરવી ? (૫) અવાચથી નિર્ણય કરેલા પદાર્થને, કાળાંતરે ન ભૂલવો, તે ધારણા છે. (૬) ધારણા એ અવાચ પછી થાય છે. પરંતુ તેમાં કાંઈક અધિક દઢતા ઉત્પન્ન થયા સિવાય, બીજી વિશેષતા નથી. ધારણાની સુદઢતાને કારણે, એક એવો સંસ્કાર ઉત્પન્ન થાય છે કે, જે થઈ જવાથી પૂર્વના અનુભવનું, સ્મરણ થઈ શકે. (૭) જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં, કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન થાય, તેને ધારણા કહે છે.

ધાર્યા નથી :ઉપયોગપૂર્વક, અર્થ શીખ્યા નથી.

ધારવું :યાદ રાખવું

ધારાવાહી :એકતાર; અખંડિત

ધાલમેલ :ગરબડ-સરબડ, પંચાત, પ્રપંચ, ખટપટ, સેળભેળ, આઘુંપાછું કરવું

ધિઠાઈ :ધૃષ્ટતા; નફટાઈ; હિમંતવાન

ધીઠ :(ધિટ્ઠ-ઠ) ધૃષ્ઠ; નફ્ફટ (૨) ધિઠ્ઠ=ધૃષ્ટઃ નફ્ફટ; દુષ્ટ ચિત્ત

ધીમંત :બુદ્ધિમાનો

ધીમાન :બુદ્ધિમાન પુરુષ.

ધીર :કોઈ પ્રકારે આકુળતારૂપ નથી. (૨) નિશ્ચલ; અચંચળ. (૩) નિશ્ચલ, અચંચલ (૪) અનાકુળ (૫) મોટા વિસ્તારવાળું, દઢચિત્ત. (૬) (મોટા વિસ્તારવાળું) સ્થિરવૃત્તિનું, ઠરેલ, ખામોશીવાળું, ધીરજવાળું (૭) અનાકુળ, કોઈ પ્રકારે આકુળતારૂપ નથી.

ધીરું :શાશ્વત અને શાંત, આત્માનો સ્વભાવ વર્તમાન પર્યાયમાં ધીરું-શાંત કરીને, સૂક્ષ્મતાથી અંદર જો, તો તને આત્મા પકડાશે. અનુભવમાં આવશે.

ધોક :પુષ્કળ; ઘણો; (ધોખ)

ધોકડું :રૂ ની મોટી ગાંસડી.

ધોકમાર્ગ :ધોખમાર્ગ= (ઢગલો, થોક, પુષ્કળ, ઘણું), સરળ માર્ગ, સીધો માર્ગ, સમૃદ્ધિથી ભરેલો માર્ગ. પૂર્ણ સામગ્રીથી ભરેલો માર્ગ. (૨) પૂર્ણ સમૃદ્ધિનો માર્ગ. (૩) મૂળમાર્ગ, પ્રથમ અવિકારી આત્માને ઓળખવો, આત્મ સમૃધ્ધિનો માર્ગ, આત્મવૈભવનો માર્ગ, પૂર્ણ આત્મ સમૃધ્ધિનો માર્ગ.

ધોકો :ધોકા, હઠ, જિદ, મમત, આગ્રહ, અંધેર, અવ્યવસ્થા, દગો.

ધોત :પ્રકાશ

ધોત્ય :પ્રકાશ્ય વસ્તુ, પ્રકાશિક પદાર્થ

દ્યોતક :પ્રકાશવું, દેખવું (૨) બતાવનાર (૩) પ્રકાશક

ઘોર :અસહ્ય; કમાટી ઉપજાવે તેવું; ક્રૂર; ઘાતકી; ભયંકર; ભયાનક બિહામણું ગાઢ ગંભીર

ધૌતન :પ્રકાશન, જ્ઞાપન, જ્ઞેય

ધૌત્ય :પ્રકાશનીય વસ્તુ (૨)

ધૌવ્ય :પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની, કોઈ અવસ્થાની નિત્યતાને, ધૌવ્ય કહે છે.

નકોર :નકકર, સાવકોરું, તદ્દન, પોલાણ રહિત.

નગ્ન :આત્મમગ્ન

નજરૂ :નજર, ધ્યાન.

નજર ઠરે :રાજી થાય, આનંદ પામે.

નજીકનો પ્રતિબંધ :આગમ વિરુદ્ધ આહાર વિહારાદિ તો મુનિએ છોડ્યા હોવાથી, તેમાં પ્રતિબંધ થવો, તે તો મુનિને દૂર છે, પરંતુ આગમકથિત આહાર વિહારાદિમાં મુનિ પ્રવર્તે છે, તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી, તે પ્રતિબંધ નજીકનો છે.

નજીકનો સૂક્ષ્મપરદ્રવ્ય પ્રતિબંધ :આગમ વિરુધ્ધ આહાર વિહારાદિ તો મુનિએ છોડયા હોવાથી તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે; પરંતુ આગમકથિત આહારવિહારાદિમાં મુનિ પ્રવર્તે છે તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી તે પ્રતિબંધ-પરદ્રવ્યમાં સૂક્ષ્મ પ્રતિબંધ નજીકનો છે.

નદાવા :કોઈ જ વાતનો હક્ક કે દાવો ન રહે, એ રીતે.

નપુંસક :દયા દાન વ્રત તપ ભક્તિ ઈત્યાદિ શુભરાગ જે પુણ્યભાવ છે એનાથી ધર્મ થાય, એનાથી આત્મલાભ થાય એમ માનનારાઓને અહીં નપુંસક કહ્યા છે. જેમ નપુંસકને પ્રજા ન હોય તેમ શુભભાવથી ધર્મ માનનારને ધર્મની (રત્નત્રયરૂપ ધર્મની) પ્રજા ન હોય. શુભભાવથી ધર્મ થવાનું માનનારને, ભગવાન આત્મા એનાથી ભિન્ન છે એવું ભાન નથી. તેથી શુભભાવમાંથી ખસીને શુધ્ધમાં આવતો નથી. આ કારણે તે નામર્દ, નપુસંક, પુરુષાર્થહીન જીવ છે.

શુભાશુભ ભાવોથી ભિન્ન પડી પોતાના જ્ઞાનસ્વભાવથી જે પોતાને જાણે, અનુભવે અને મર્દ અને પુરુષ કહ્યો છે. પછી ભલે એ સ્ત્રીનો આત્મા તો શુભાશુભભાવોનો ઉચ્છેદ અનંતવીર્યનો સ્વામી છે.

નપુંસકવેદ :જે કષાયના ઉદયથી સ્ત્રી તથા પુરુષ બન્નેની ઈચ્છા કરે.

નમસ્કૃતિ=નમઃકૃતિ :ચૈતન્યથી વિપરીત વિકાર અને સંયોગનો આદર ન કરતાં સત્ ચિદાનંદ, આનંદ કંદ, ધ્રુવ સ્વભાવનું ધ્યાન કરવું-તેમાં લીનતા કરવી-આદર કરવો તેનેં નામ નમસ્કૃતિ; બાકી માત્ર શરીરના નમવાથી કાંઈ પુણ્ય પણ ન થાય તે ધર્મ પણ ન થાય.

નમસ્કાર :પ્રણમન અને વંદન (દેહથી નમવું અને વચનથી સ્તુતિ કરવી.) (૨) દેહથી નમવું અને વચનથી સ્તુતિ કરવી એમ પ્રણમન અને વંદન બન્ને અર્થ

સમાય છે. (૩) નમસ્કારમાં પ્રણમન અને વંદન, બન્ને સમાય છે. (૪) નમવું, ઢળવું, સ્વભાવમાં પરિણમવું.

નમસ્કારમંત્ર :નવકારમંત્ર

નમાલા :નપુંસક જેવા

નમું ધર્મધન ભોગ :મારી ધર્મરૂપી લક્ષ્મીના ભોગને ભોગવતો, હું રહું છું. આનંદરૂપી લક્ષ્મી, તે ખેરખર આત્માનું ધન છે. આનંદનોનાથ પ્રભુ આત્મા, તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં, જે આનંદનો લાભ થાય, તેનો ભોગ-અનુભવ કરું છું.

નમ્રીભૂત :બહુવિનય, ભકિતપૂર્વક

નત :પ્રણામ; નમસ્કાર (૨) વંદનીય

નભ :આકાશ.

નભચર :પક્ષીઓ

નભવું :ટકવું

નવ નો કષાય :અલ્પ કષાયને નો કષાય કહે છે. તે નોકષાયો નવ પ્રકારના છેઃ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

નવ પદાર્થો :જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અન મોક્ષ.

નવ પ્રકારે :કૃત, કારિત, અનુમોદન, સહિત મન, વચન, કાયાના ભેદથી નવ પ્રકારે છે. નવ ભેદનું સ્વરૂપ, આ પ્રમાણે છેઃ મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ, અને કોઈએ કર્યું હોય, તેને ભલું જાણે નહિ. વચનથી પોતે કરવાનું કહે નહિ, બીજાને કરાવવા માટે, ઉપદેશ આપે નહિ, કોઈએ કર્યું હોય તેને ભલું કહે નહિ કાયાથી પોતે કરે નહિ, બીજાને હાથ વગેરે દ્વારા પ્રેરણા આપી, કરાવે નહિ અને કોઈએ કર્યું હોય, તેને હસ્તાદિ વડે પ્રશંસે નહિ-આ નવ ભેદ કહ્યા.

નવ રસ :શૃંગાર, હાસ્ય, શોક, કરુણ, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંચ રસ, આમ સાહિત્ય, નૃત્ય, નાટકમાં નવ રસનું આલેખન હોય છે.

નવકારમંત્ર :જૈનોનો અત્યંત માન્યમંત્ર-નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું નમો આયરિયાણું, નમો ઉવજઝાયાણં નવો લોએ સવ્વસાહૂણં, આ નવકારમંત્ર છે.

નવગ્રૈવેયિક :સ્વર્ગોની ઉપર, નવ ગ્રૈવેયિકોની રચના છે. ત્યાં બધા અહમિન્દ્રો હોય. તે વિમાનોનાં નામ આ પ્રમાણે છેઃ સુદર્શન, અમોધ, સુપ્રબુદ્ધ, યશોધર, સુભદ્ર, સુવિશાલ, સૌમનસ, પ્રીતિકર.

નવતત્ત્વના રસાનુભવીઓ :નવતત્ત્વના અનુભવ કરનાર. શ્રુતથી તત્ત્વને જાણે તેથી ધર્મધ્યાન થાય. શ્રુતની લીનતાને શ્રુતસમાધિ કહેવાય. સમ્યક્દર્શનથી નિર્ણય થતાં સહજસમાધિ થાય. સમ્યક્જ્ઞાનથી વિશેષ કરે. સમ્યક્ચારિત્રથી કષાય ઘટે, તેથી તે રસને અનુભવે તેવો થાય, તેથી શાંતિ થાય.

નવતત્ત્વ :નવતત્ત્વને બરાબર સમજવામાં જ પોતાની બુદ્ધિ વાપરતો નથી, તે પરથી જુદા ભગવાન ચિદાનંદ આત્માનો નિઃસંદેહ નિર્ણય કરવાની તાકાત કયાંથી લાવશે? સાચા નવતત્વના આંગણે આવ્યા વિના પરિપૂણૂ સ્વભાવનો યથાર્થ સ્વીકાર થશે નહિ. મનની શુદ્ધિરૂપ નવતત્ત્વ જાણ્યા પછી, તે નવના વિકલ્પના વ્યવહારનો ભૂકો ઉડાડી, નિમિત્ત અને વિકલ્પનો અભાવ કરે, ત્યારે ભેદનું લક્ષ ભૂલીને, એકરૂપ સ્વભાવમાં આવી શકાય છે. નિમિત્ત અને અવસ્થા જેમ છે, તેમ માત્ર જાણવા યોગ્ય છે. પણ તેનો આદર ન જોઈએ, તે ઉપર વજન ન જોઈએ.

નવતત્ત્વના જ્ઞાનથી શો લાભ થાય છે? :ઉત્તર : સર્વ પ્રકારની સિદ્ધિ, પવિત્રતા, મહાશીલ, નિર્મળ ઊંડા અને ગંભીર વિચાર, સ્વચ્છ વૈરાગ્યની ભેટ, એ બધું તત્ત્વજ્ઞાનથી મળે છે.

નવતત્ત્વો :

(૧) જીવ :- જીવ એટલે આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદો ને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પરિનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે તેને શુભભાવ (પુણ્ય) થાય છે. અશુભ અવલંબનમાં જોડાય છે, ત્યારે અશુભ ભાવ (પાપ) થાય છે, અને જ્યારે સ્વવાલંબી થાય, ત્યારે શુદ્ધભાવ (ધર્મ) થાય છે.

(૨) અજીવ :- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં પાંચ દ્રવ્યો છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, તે ચાર અરૂપી છે, અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ વર્ણ સહિત છે.

અજીવ વસ્તુઓ આત્માથી જુદી છે, તેમજ અનંત આત્માઓ પણ, એક બીજાથી સ્વતંત્ર, જુદા છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ, પર તરફ વલણ કરતાં, જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી, લાગણી થાય છે.

(૩) પુણ્ય = દયા, દાન, ભકિત, પૂજા, વ્રત વગેરેના શુભભાવ, જીવની પર્યાયમાં થાય છે, તે અરૂપી વિકારી ભાવ છે,-તે ભાવ પુણ્ય છે, અને તે સમયે કર્મ યોગ્ય, જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે, પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે, જીવની સાથે બંધાય છે તે દ્રવ્ય પુણ્ય છે.

(૪) પાપ = હિંસા, અસત્ય, ચોરી, અવ્રત, પરિગ્રહ વગેરેના, અશુભભાવ તે ભાવપાપ છે. અને તે સમયે કર્મ યોગ્ય, જડની શકિતથી પરમાણુઓનો જથ્થો, સ્વયં બંધાય, તે દ્રવ્ય પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

પરમાર્થે-ખરેખર આ પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે, આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય-પાપ પુદ્ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે તે આત્માને હિત-અમિત કરી શકે નહિ.

(૫) આસ્રવ :- વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ અસ્રવ છે અને તે સમયે નવાં કર્મયોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું) તે દ્વ્ય આસ્રવ છે.

(૬) સંવર = પુણ્ય-પાપના વિકારી ભાવર્ત (આસ્રવ) ને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા, તે ભાવસંવર છે. અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે, તે દ્રવ્ય સંવર છે.

(૭) નિર્જરા = અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સિથરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવ નિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે.

(૮) બંધ :- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

(૯) મોક્ષ = સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો તે ભાવ મોક્ષ છે અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે દ્રવ્યમોક્ષ છે. જીવ અશ્વયંત શુદ્ધ થઈ જાય તે દશાને મોક્ષ તત્ત્વ કહે છે.

આ પ્રમાણે જેવું નવતત્ત્વનું સ્વરૂપ છે તેવું શુભભાવથી વિચરે છે, તે શુદ્ધનું લક્ષ હોય, તો વ્યવહાર સમકિત છે.

વ્રતાદિના શુભભવાને સંવર નિર્જરામાં ગણે તો આસ્રવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ આવે. વ્યવહાર શ્દધામાં કોઈ પડખે ભૂલ ન આવે, એમ નવભેદમાંથી શુદ્ધનય વડે એકરૂપ અખંડ જ્ઞાયક સ્વભાવી આત્માને તારવી લેવો તે પરમાર્થ-શ્રદ્ધા-સમ્યગ્દર્શન છે.

નવદ્વાર :બે કાન, બે આંખ, બે નસકોરાં, એકમોઢું, મૂત્રદ્વાર અને મળદ્વાર (ગુદા) એમ, નવ દ્વારમાંથી નિરંતર દુર્ગંધ, મળ ઝરે છે. (૨) બે કર્ણ છિદ્ર, બે આંખ, બેનાકનાં છિદ્ર, બે કમરનાં (લિંગ અને ગુદા) અને એક મુખ. આ નવ મોટાં દ્વાર છે. બાકી નાના કરોડો રોમ-છિદ્રો છે તેમાંથી રાતદિવસ પરસેવારૂપી મેલ જ નીકળે છે.

નવધા :નવ પ્રકારે

નવધા ભકિત :શ્રવણ, કીરતન, ચિંતવન, વંદન, સેવન, ધ્યાન, લઘુતા, સમતા, એકતા, નવધાભકિત પ્રમાન. શ્રી બનારસીદાર

(૧) શ્રવણભકિત = ગુરુદેવ ભગવંતની કથા સાંભળવી, તે શ્રવણભકિત છે; તેમના ગુણો સાંભળી, તેમનુ માહાત્મ્ય હદયમાં વસવાથી, આપણી વૃતિ તેવા બનવા પ્રેરતી જાય છે.

(૨) કીર્તન= દેવ- ગુરુના ગુણગ્રાન કરતાં, તેમના સ્વરૂપમાં મન જોડાય છે, અને ઉત્તમ ભાવના પોષાય છે. શ્રવણ કીર્તનનો ક્રમ ઘણા આરાધે છે, પણ આગળનો ક્રમ આરાધનાર, બહુ વિરલ જીવો હોય છે.

(૩) ચિંતવન એટલે મનન કરવું, કથાદિ સાંભળીને, સ્તવન કરીને, તે ઉપરથી આપણા આત્માવિકાસનો માર્ગ, વિચારવો જરૂરનો છે.

(૪) વંદન એટલે નમસ્કાર આદિ, વિનયભકિત કરવી.

(૫) સેવન એટલે ગુરુ આદિ, પૂજ્ય જનોની સેવાચાકરી, તેમના વચનામૃતોનું, આજ્ઞાનું, ઔષધની સમાન સેવન, કરવું અને આત્મભ્રાન્તિ રૂપ રોગ દૂર કરવો.

(૬) ધ્યાન એટલે મનોવૃત્તિ જ્ઞાની પુરુષની આજ્ઞામાં એકાગ્ર કરવી અથવા આત્માના ગુણોનું ધ્યાન કરી, આત્માજ્ઞાની બનવું.

(૭) લઘુતાઃ- પોતાનામાં ગુણોની વૃદ્ધિ થયાં છતાં, છલકાઈ ન જવું; બાહ્ય પદાર્થોનું, શાસ્ત્રજ્ઞાન આદિનું, માહાત્મ્ય લક્ષમાં ન રાખતાં, ફળ બેસતાં વૃક્ષની ડાળ નમે, તેવા નમ્રભાવે વર્તવું તે.

(૮) સમતાઃ- ''સર્વાત્મમાં સમદષ્ટિ ધો'' આ વચનને હૃદયે લખો. સર્વ જીવને પોતાના સમાન માની, રાગ દ્વેષ ન થવા દેવા, તે પરમાત્મદશા પામવાનો માર્ગ છે.

(૯) એકતાઃ- એકત્વ ભાવના, અસંગ દશા, ઈષ્ટ દેવમાં તલ્લીન થઈ જવું તે. શ્રી સુંદરદાસનું પ્રેમલક્ષણા ભકિત વિષે નીચેનું કાવ્ય વિચારવા યોગ્ય છે.:-

ઈન્દ્રવ છંદ

પ્રેમ લગ્યો પરમેશ્વર સોં તબ, ભૂલિગયો સિગરો ઘરુ બારા,
જર્યો ઉનમત્ત ફિરે જિતહીં તિત, નેક રહો ન શરીર સંભારા,
શ્વાસ ઉસાસ ઊઠે સબ રોમ, ચલૈદગ નીર અખંડિત ધારા,
સુંદર કૌન કરે નવધા વિધિ, છાકિ પર્યો રસ પી મતવારા.

નવધા ભકિતનાં નામ :પ્રતિગ્રહણ, ઊંચુ આસન આપવું, પગ ધોવાં, પૂજા કરવી, નમસ્કાર કરવા, મન શુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ રાખવી અને ભોજન શુદ્ધિ. આ રીતે આચાર્યો, નવધાભકિત રૂપ વિધિ કહે છે.

(૧) સંગ્રહ-એટલે પડગાહન કરવું, મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને ઘરમાં પ્રવેઈ કરાવવો.

(૨) ઉચ્ચ સ્થાન-એટલે ઘરમાં લઈ જઈને તેમને ઊંચા આસન પર બેસાડવાં.

(૩) પાદોદક અર્થાત્ તેમના પગ નિર્દોષ જળથી ધોવા.

(૪) અર્ચન- અર્થાત્ આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી અથવા ફકત અર્ઘ ચડાવવો.

(૫) પ્રણામ અર્થાત પૂજન પછી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી.

(૬) વાક્શુદ્ધિ અર્થાત્ વિનયપૂર્વક વચન બોલવા એવી વચનશુદ્ધિ.

(૭) કાયશુદ્ધિ અર્થાત્ હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું.

(૮) મનશુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું જેમ કે દાન દેવામાં પરિણામ સેવા તથા ભકિતરૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા.

(૯) એષણાશુદ્ધિ અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી. આહારની બધી વસ્તુઓ નિર્દોષ રાખવી.

આ રીતે નવ પ્રકારની ભકિતપૂર્વક જ આહારદાન આપવું જોઈએ. આ નવધાભકિત, મુનિ મહારાજને માટે જ છે. અન્યને માટે યોગ્યતા પ્રમાણે ઓછી વત્તી છે.

નવધા ભકિતનાં નામ :

૧. સંગ્રહ એટલે પડગાહન કરવું, મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને ઘરમાં પ્રવેશ કરવાવો.

૨. ઉચ્ચસ્થાન અર્થાત્, ઘરમાં લઈ જઈને તેમને, ઊંચા આસન પર બેસાડવાં.

૩. પાદોદક અર્થાત્, તેમના પગ નિર્દોષ જળથી ધોવા.

૪. અર્ચન અર્થાત્, આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી, અથવા ફકત અર્ઘ્ય ચડાવવો.

૫. પ્રણામ અર્થાત્ પૂજન પછી પ્રણામ કરીને, ત્રણ પ્રદક્ષિણા કરવી.

૬. વાક્ શુધ્ધિ અર્થાત્ વિનય પૂર્વક વચન બોલવાં, એવી વચન શુદ્ધિ.

૭. કાયશુદ્ધિ અર્થાત હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું,

૮. મન શુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું. જેમ કે, દાન દેવામાં પરિણામ સેવા તથા ભકિત રૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા.

૯. એષણા શુદ્ધિ અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી, આહારની બધી વસ્તુઓ નિર્દોષ રાખવી. આ રીતે નવ પ્રકારની વ્યકિત પૂર્વક જ આહાર દાન આપવું જોઈએ. આ નવધાભકિત મુનિમહારાજને માટે જ છે, અન્યને માટે યોગ્યતા પ્રમાણે ઓછી વત્તી છે,

નવધાભકિત :પ્રતિગ્રહ, ઉચ્ચસ્થાન, પાદ પ્રક્ષાલન, પૂજા કરવી, પ્રમાણ કરવું, મનની શુદ્ધતા, વચનની શુદ્ધતા, કાયાની શુદ્ધતા આહારની શુદ્ધતા, એ નવધાભકિત છે. (૨) (•) પ્રતિગ્રહ,(•) ઉચ્ચસ્થાન, (•) પાદપ્રક્ષાલન, (•) પૂજન, (•) પ્રણામ, (•) મનશુદ્ધિ, (•) વચન શુદ્ધિ, (•) કાયશુદ્ધિ તથા (•) આહાર શુદ્ધિ આ પ્રમાણે નવાધાભકિત છે. (૩) નવ પ્રકારની ભકિત : (શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદન)

(૧) સંગ્રહ એટલે પડગાહન કરવું, મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને, ઘરમાં પ્રવેશ કરાવવો.

(૨) ઉચ્ચ સ્થાન, અર્થાત્ ઘરમાં લઈ જઈને, તેમને ઊંચા આસન પર બેસાડવાં.

(૩) પાદોદક, અર્થાત્ તેમના પગ નિર્દોષ જળથી ધોવા.

(૪) અર્ચન, અર્થાત્ આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી અથવા ફકત અર્ઘ્ય ચડાવવો.

(૫) પ્રણામ, અર્થાત્ પૂજન પછી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી.

(૬) વાક્શુદ્ધિ, અર્થાત્ વિનયપૂર્વક વચન બોલવા, એવી વચનશુદ્ધિ.

(૭) કાયશુદ્ધિ, અર્થાત્ હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું.

(૮) મનશુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું જેમ કે, દાન દેવામાં પરિણામ સેવા તથા ભકિતરૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા.

(૯) એષણાશુદ્ધિ, અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી. આહારની બધી વસ્તુઓ, નિર્દોષ રાખવી.

આ રીતે નવ પ્રકારની ભકિતપૂર્વક જ આહારદાન આપવું જોઈએ. આ નવધાભકિત, મુનિ મહારાજને માટે જ છે. અન્યને માટે યોગ્યતા પ્રમાણે, ઓછી વત્તી છે.

નવનિધિ :ચક્રવર્તી નવનિધિના સ્વામી હોય છે. તે નવનિધિ આ પ્રમાણે છે: કાલનિધિ, મહાકાલનિધિ, પાંડુનિધિ, માણવકનિધિ, શંખનિધિ, નૈસર્પનિધિ, પદ્મનિધિ, પિંગલનિધિ અને રત્નનિધિ.

નવપદ :અરિહંદ, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા તપ.

નવમું અને દસમું ગુણસ્થાન :આઠમા ગુણસ્થાન પછી, ક્રમે ક્રમે નવમું અને દસમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

નવા :અપૂર્વ, પૂર્વે કદી ન થયું હોય, તેવું

નવાઈ :નવું, નવીન.

નવીન કર્મબંધ કેમ થાય છે ? :ફળ દેવાનો સ્વભાવ, જડ કર્મમાં અને તેને જાણવાને સ્વભાવ, જીવનો છે. જડનું ફળ ભોગવવાનો, જીવનો સ્વભાવ નથી, પણ જે જીવ, પોતાને ભ્રાંતિરૂપ માની રાગ દ્વેષવાળો થાય છે, તે માને છે કે, હું સુખી-દુઃખી છું, હું પુણ્યવંત છું, હું પાપી છું, એ પ્રમાણે, કર્મ પ્રકૃતિના ફળમાં સ્વામિત્વ સ્થાપીને, તેમાં રતિ-અરતિ કરે છે. પુણ્ય ફકત સંયોગ આપે, તે પુણ્યના સંયોગ કહેતા નથી કે, તું અમને ભોગવ, તેમાં જેને પુણ્યનાં ફળ મીઠાં લાગે, અને તેને હું ભોગવું છું, એમ જે માને, તે મહા અજ્ઞાની છે. તે પુણ્યના સંયોગ એમ નથી કહેતા કે, અમારા નિમિત્તે તું રાગ કર, હર્ષ કર, અમારો સ્વામી થા, છતાં જીવ તેમાં કર્તાપણાની, મારાપણાની, ભોકતાપણાની કલ્પના કરે છે. અને એ જ્ઞાનની ભૂલ કરે છે. જેમ કોઈને, પાપ સંયોગની પ્રતિકૂળતા આવી એટલે કે, શરીરમાં ક્ષયરોગ થયો, જુવાન દીકરી વિધવા થઈ, પુત્ર મરી ગયો, ઘર સળગી ગયું તે બધા સંયોગો કહેતા નથી કે, તું દ્વેષ દુઃખની કલ્પના કર, મમતા કર. જડ કર્મ પણ નથી કહેતું કે, તું ભુલ કર, પણ જીવને, પર વસ્તુમાં મમતા છે, રાગ છે, તેથી તે તેને ઠીક-અઠીક માને છે, સ્વરૂપમાં ભ્રાન્તિ થવાથી જીવે તેમ માન્યું છે.

કોઈ એમ કહે કે પુણ્ય ભોગવ્યા વિના ટળે નહિ. તો તે બરાબર નથી. પુણ્ય તો ચૈતન્યથી ભિન્ન, વિકારી વિજાતીય વસ્તુ છે, તે પર ઉપાધિને ભોગવવાનો ભાવ તું કેમ રાખે છે? તેનો પ્રેમ તે તો ચેતનનો સ્વયં અપરાધ છે, પુણ્યનું કાર્ય તો સંયોગ આપે છે, પણ કોઈને પરાણે રાગ કરાવે, મમતા કરાવે, એમ થતું નથી, પણ જો તેમાં સુખબુદ્ધિ મોહભાવે જીવ કરે, તો નવીન કર્મબંધ થાય. એવો પુદ્ગલ અજીવ દ્રવ્યનો, સ્વતંત્ર સ્વભાવ છે, અને તે તેની સ્થિતિ (કાળ) પૂરી થયે ફળ દેખાડે છે.

નમું ધર્મધનભોગ :મારી ધર્મરૂપી લક્ષ્મીના ભોગને ભોગવતો હું નમું છું. આનંદરૂપી લક્ષ્મી તે ખરેખર (આત્માનું) ધન છે. આનંદનો નાથ પ્રભુ આત્મા તેની દ્રષ્ટિ કરતાં પર્યાયમાં જે આનંદનો લાભ થાય તેનો ભોગ-અનુભવ કરું છું

નય-સપ્તભંગી :જે સપ્તભંગીથી કહેવામાં આવેલ, ગુણ અથવા પર્યાય દ્વારા, તે ગુણ કે પર્યાયનું જ્ઞાન થાય, તે નય-સપ્તભંગી છે.

નય-નય સાર :નવા નવા નયોનો સાર. જ્ઞાનના પવિત્ર અંશો વડે, સ્વાધ્યાય વધતાં, સ્વકાળનો અકષાય પુરુષાર્થનો સાર વધતો જાય છે.

નય :બે નયો છે. બે નયોના બે વિષયો પણ છે અને શાસ્ત્રોમાં કથન પણ બે નયથી આવે છે. પરંતુ તેમાંથી એક નય (આતેયની અપેક્ષા) હેય છે અને એક નય (આશ્રયની અપેક્ષા) ઉપાદેય છે. બન્ને નય પરસ્પર સ્વરુધ્ધ છે. દ્રવ્યનયથી પર્યાયનય અને પર્યાયનયથી દ્રવ્યનય વિરુધ્ધ છે. નિશ્ચયનયથી વ્યવહારનય અને વ્યવહારનયથી નિશ્ચયનય પરસ્પર વિરુધ્ધ છે. બેમાંથી નિશ્ચયનય એક આશ્રય કરવા યોગ્ય છે. જયારે વ્યવહારનય હેયપણે જાણવાલાયક છે. આ રીતે બે નય પરસ્પર વરુધ્ધ છે છતાં વ્યવહારથી ન્ચિય માને તો બે નય કયાં માન્યા ? ભાઈ ! વાદવિદથી પાર આવે એવું નથી. વસ્તુસ્વરૂપ જ આવું છે. (૨) પ્રમાણ દ્વારા નકકી થયેલી વસ્તુના એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે તેને નય કહે છે. પ્રમાણ દ્વારા નકકી થયેલ અનંત ધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે તે નય છે. વસ્તુઓમાં ધર્મ અનંત છે તેથી તેના અવયવો અનંત સુધી થઈ શકે છે. શ્રુતપ્રમાણના વિકલ્પ ભેદ કે અંશને નય કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. જે નય છે તે પ્રમાણ સાપેક્ષરૂપ હોય છે. (મતિ, અવધિ, કે મનઃપર્યય-જ્ઞાનમાં નયના ભેદ પડતા નથી.) (૩) વક્તાનો અભિપ્રાય તે નય. વસ્તુને સર્વાંગે ગ્રહણ કરે તે જ્ઞાન પ્રમાણજ્ઞાન. પ્રમાણજ્ઞાનના અંશ તે નય. વસ્તુના એક અંશને કહેનાર સાપેક્ષવચન તે નય. (૪) નય બે પ્રકારે છેઃ- દ્રવ્યાર્થિક અને પર્યાયર્થિક. ત્યાં દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. તે બન્ને નયો દ્રવ્ય અને પર્યાયનો પર્યાયથી (ભેદથી, ક્રમથી) અનુભવ કરતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને દ્રવ્ય તથા પર્યાય એ બન્નેથી નહીં આલિંગન કરાયેલા એવા શુધ્ધવસ્તુમાત્ર જીવના (ચૈતન્યમાત્ર) સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. (૫) જ્ઞેય પદાર્થ અખંડ છે છતાં તેને જાણતાં જ્ઞેય પદાર્થના જે ભેદ (અંશ, પડખાં) કરવામાં આવે છે તેને નિક્ષેપ કહે છે. તે અંશને જાણનાર જ્ઞાનને નય કહે છે. નિક્ષેપ નયનો વિષય છે. નય નિક્ષેપનો વિષય કરનાર (વિષયી) છે. (૬) શ્રુતજ્ઞાનનું પડખું (૭) શ્રુતજ્ઞાનનું પડખું (૮) યથાર્થપણે જાણેલા પદાર્થમાંથી, એક પડખાને મુખ્ય અને બીજા પડખાને ગૌણ કરીને, જાણનારુ જ્ઞાન. (૯) પ્રમાણારા નકકી થયેલી વસ્તુના, એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે, તેને નય કહે છે. (૧૦) તે નિક્ષેપને (અંશને) જાણનાર જ્ઞાનને, નય કહે છે. નિક્ષેપ, નયનો વિષય છે, નય નિક્ષેપનો વિષય કરનાર (વિષયી) છે. (૧૧) પ્રમાણદ્વારા નકકી થયેલી વસ્તુના, એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે, તેને નય કહે છે. પ્રમાણ દ્વારા નકકી થયેલ, અનંત ધર્માત્મક વસ્તુના, એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે, તે નય છે. શ્રુતપ્રમાણના વિકલ્પ, ભેદ કે અંશને, નય કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. નય બે પ્રકારના છેઃ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નય. (૧૨) શ્રુતજ્ઞાનનું પડખું (૧૩) વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર જ્ઞાનને, નય કહે છે. જૈનશાસ્ત્રોમાં મુખ્યપણે, બે નયોનું વર્ણન છે. દ્રવ્યાર્થિક નય તથા પર્યાયાર્થિક નય. આ નયોમાં જ બધા નયોનો, સમાવેઈ થઈ જાય છે. (૧૪) પદાર્થના અનંત સ્વરૂપને, જુદી જુદી અપેક્ષાએ કહે, તે નય. નયના મુખ્ય સાત ભેદ છે,

નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત (૧૫) શ્રુત જ્ઞાન પ્રમાણનો જે અંશ, તેને નય કહીએ. (૧૬) નિશ્ચય અને વ્યવહાર. (૧૭) સમ્યક્ એકાન્તને, નય કહેવામાં આવે છે. તે ટૂકું કથન છે, ખરી રીતે સમ્યક્ એકાન્તનું જ્ઞાન, તે નય છે. (૧૮) વસ્તુના એકદેશ (ભાગ)ને જાણવાવાળા જ્ઞાનને, નય કહે છે. (૧૯) સામાન્ય અને વિશેષ અંશને સાપેક્ષપણે બતાવે, તેને નય કહે છે. (૨૦) વસ્તુના એક અંશને મુખ્ય કરીને જાણે, તે નય છે. અને તે ઉપયોગયાત્મક છે,-સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રમાણનો અંઈ, તે નય છે. (૨૧) દ્રવ્યનય અને ભાવનયના ભેદથી, બે પ્રકારે નય છે. પૌદ્ગલિક શબ્દ, દ્રવ્યનય કહેવાય છે, તથા જીવનો ચેતના ગુણ સ્ભાવનય કહેવાય છે. પદાર્થના એક અંશનું, પ્રતિપાદક વાક્ય, દ્રવ્યનય કહેવાય છે અને પદાર્થના એક અંશને, વિષય કરનાર જ્ઞાન, ભાવનય કહેવાય છે. (૨૨) નય બે હોય છે : નિશ્ચય અને વ્યવહાર, દ્રવ્ય અને પર્યાય. વાણીમાં કથન, બેનયો દ્વારા હોય છે. કથનનો નિશ્ચય અને વ્યવહારનું, દ્રવ્ય અને પર્યાયનું, બેયનું હોયને ? (૨૩) વસ્તુના કોઈ એક ગુણનું, ગ્રાહક જ્ઞાન. (૨૪) યર્થાથ પણે જાણેલા પદાર્થમાંથી, એક પડખાને મુખ્ય અને બીજા પડખાને ગૌણ કરીને, જાણનારું જ્ઞાન. (૨૫) એક વસ્તુને એક પડખેથી લક્ષમાં લઈ, બીજા પડખાને ગાંણ કરવું, તે નય છે. (૨૬) નયના બે પ્રકાર છેઃ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ત્યાં દ્રવ્ય પર્યાયસ્વરૂપ વસ્તુમાં, દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે, તે દ્રવ્યાર્થિકનય છે. અને પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે, તે પર્યાયાર્થિક નય છે. (૨૭) શ્રુતજ્ઞાનનું પડખું (૨૮) વકતાનો અભિપ્રાય, તે નય. વસ્તુને સર્વાંગે ગ્રહણ કરે, તે જ્ઞાન પ્રમાણજ્ઞાન. પ્રમાણજ્ઞાનના અંશ, તે નય. વસ્તુના એક અંશને કહેનાર સાપેક્ષવચન, તે નય. (૨૯) અભિપ્રાય (૩૦) દૃષ્ટિ. (૩૧) નય તો જ્ઞાતા એટલે કે જાણનાર છે, અને નિક્ષેપ જ્ઞેય, અર્થાત્ જ્ઞાનમાં જાણવા યોગ્ય છે. (૩૨) યથાર્થપણે જાણેલા પદાર્થમાંથી, એક પડખાને મુખ્ય અને બીજા પડખાને ગૌણ કરીને, જાણનારું જ્ઞાન, તેને નય કહે છે. (૩૩) પૂરા પદાર્થના જ્ઞાનપૂર્વક તેમાં ભાગ પાડીને જાણે તેને નય કહેવાય.

(•) જ્ઞાનમાં અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન તો, પ્રત્યક્ષ છે. જે મતિ તથા શ્રુતજ્ઞાન પરોક્ષ છે. હવે નય તે પરોક્ષ જ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાનનો અંશ તો પ્રત્યક્ષ જ હોય એટલે, તેમાં નય ન હોય. કેવળજ્ઞાન પૂર્ણ સ્પષ્ટ પ્રત્યક્ષ છે, તેમ જ અવધિ અને મનઃપર્યયજ્ઞાન પણ પોતપોતાના વિષયમાં પ્રત્યક્ષ છે, તેથી તે પ્રત્યક્ષ જ્ઞાનોમાં, પરોક્ષ નય હોતા નથી.

(•) મતિ જ્ઞાન જો કે કપરો છે, પણ તેનો વિષય અલ્પ છે, તે માત્ર સાંપ્રતિક એટલે, વર્તમાન પદાર્થને જ વિષય કરે છે. સર્વક્ષેત્ર અને સર્વકાળવર્તી પદાર્થોને, તે ગ્રહણ કરતું નથી. તેથી તેમાંય નય પડતા નથી કેમ કે, પૂરા પદાર્થના જ્ઞાનપૂર્વક તેમાં ભાગ પાડીને જાણે, તેને નય કહેવાય.

(•) શ્રુતજ્ઞાન પોતાના વિષયભૂત સમસ્તક્ષેત્ર-કાળવર્તી પદાર્થને, પરોક્ષપણે ગ્રહણ કરે છે, તેથી તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાનમાં પણ, જેટલું સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ ગયું છે. તેટલું તો પ્રમાણ જ છે. ને જેટલું પરોક્ષપણું રહ્યું છે, તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાન સર્વથા પરોક્ષ જ નથી. સ્વસંવેદમાં તે અંશે, પ્રત્યક્ષ છે. એવા સ્વસંવેદન પૂર્વક જ, સાચો નય હોય છે. શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનની જેમ સકલ પદાર્થોને ભલે ન જાણે, પણ પોતાના વિષયને, યોગ્ય પદાર્થને સકળ કાળ ક્ષેત્ર સહિત, પૂરો ગ્રહણ કરે છે, જે તેમાં એકદેશરૂપ નય હોય છે.

પક્ષ : શ્રુતજ્ઞાન ત્રિકાળી પદાર્થને પરોક્ષ જાણે છે, તેથી તેમાં જ નય હોય છે-આમ કહ્યું છે, તેમાં શું કોઈ રહસ્ય છે ?

ઉત્તર : હા, રહસ્ય છે. જેમાંથી એવો ન્યાય નીકળે છે કે, દ્રવ્યાર્થિકનય મુખ્ય છે, ને પર્યાયાર્થિક નય ગૌણ છે. ત્રિકાળી પદાર્થનું જ્ઞાન હોયતો જ, તેના અંશના જ્ઞાનને પર્યાયાર્થિકનય કહેવાયો, જ્યારે દ્રવ્યાર્થિકનયથી, ત્રિકાળી દ્રવ્યને જાણ્યું ત્યારે, તેના પર્યાયરૂપ અંશને જાણનાર જ્ઞાનને, પર્યાયાર્થિક નય કહેવાયો. ત્રિકાળી દ્રવ્યથી સન્મુખ થઈને, તેને જાણ્યું ત્યારે જ, તેના અંશના જ્ઞાનને, વ્યવહારનય કહેવાયો. ત્રિકાળીના જ્ઞાન વગર, અંશના જ્ઞાનરૂપ વ્યવહારનય હોય નહિ, એટલે એ વાત નક્કી થઈ કે, નિશ્ચય વિના વ્યવહાર નહિ, દ્રવ્યના જ્ઞાન વિના, પર્યાયનું

જ્ઞાન નહિ. વ્યવહારનય તો અંશને જાણે છે. અંશ કોનો ? કે ત્રિકાળી પદાર્થનો, તો તે ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના, અંશનું જ્ઞાન યથાર્થ થાય નહિ. શ્રુતજ્ઞાન પણ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ તરફ વળે તો જ, તેમાં નય હોય છે. ત્રિકાળીના જ્ઞાન વગર એકલી પર્યાયને કે ભેદને જાણવા જાય તો, પર્યાયબુદ્ધિનું એકાંત થઈ જાય છે, મિથ્યાત્વ થઈ જાય છે, તેમાં નય હોતા નથી. આત્મા નિત્ય છે, શુદ્ધ છે-એવું જાણનાર નયો, ત્રિકાળી પદાર્થના જ્ઞાન વિના હોય નહિ, અને શુદ્ધતા, નિત્યતા વગેરેને જાણ્યા વગર, એકલી અશુદ્ધતાને કે અનિત્યતાને જાણવા જાય, તે એકાંત મિથ્યાત્વ થઈ જાય છે, એટલે ત્યાં, વ્યવહારનય પણ હોતો નથી.

(૩૪)વસ્તુના અનેક ધર્મોમાંથી, કોઈ એકની મુખ્યતા કરી, અન્ય ધર્મોનો વિરોધ કર્યા વગર, તેમને ગૌણ કરી સાધ્યને જાણવો, તે નય છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત એ સાત નયો છે. દરેક વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે, તેથી તે અનેકાન્તસ્વરૂપ છે. ('અંત' નો અર્થ, ધર્મ થાય છે.) અનેકાંતસ્વરૂપ સમજાવવાની પદ્ધતિને, સ્યાવ્હાદ કહેવામાં આવે છે. સ્યાદ્વાદ દ્યોતક છે, અનેકાન્ત દ્યોતક છે, સ્યાત્‌ની અર્થ 'કથંચિત' થાય છે, એટલે કે કોઈ યથાર્થ પ્રકારની વિવક્ષાનું કથન, તે સ્યાદ્વાદ અનેકાંતનો પ્રકાશ કરવા માટે, 'સ્યાત્' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. હેતુ અને વિષયના સામર્થ્યની અપેક્ષાએ, પ્રમાણથી નિરૂપણ કરવમાં આવેલા અર્થનો એકદેશને કહેવો તે નય છે. જેને 'સમ્યક્ એકાન્ત' પણ કહેવામાં આવે છે. શ્રુતપ્રમાણ, સ્વાર્થ અને પરાર્થ બે પ્રકારે છે, તેમાં પરાર્થ શ્રુતપ્રમાણનો અંશ, તે નય છે, શાસ્ત્રના ભાવો સમજવા માટે, નયોનું સ્વરૂપ સમજવાની જરૂર છે, સાત નયોનું સ્વરૂપ, નીચે મુજબ છે.

(•) નૈગમનય = જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે, અથવા ભવિષ્યના પર્યાયમાં, વર્તમાનવત્ સંકલ્પ કરે, તથા વર્તમાન પર્યાયમાં, કંઈક નિષ્પન્ન (પ્રગટરૂપ) છે કંઈક નિષ્પન્ન નથી, તેનો નિષ્પન્નરૂપ સંકલ્પ કરે, તે જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે.

(•) સંગ્રહનય = જે સમસ્ત વસ્તુઓને તથા સમસ્ત પર્યાયને, સંગ્રહ રૂપ કરી જાણે તથા કહે, તે સંગ્રહનય છે. જેમ સત્, દ્રવ્ય ઈશ્વયાદિ.

(•) વ્યવહારનય = અનેક પ્રકારના ભેદ કરી વ્યવહાર કરે-ભેદ, તે વ્યવહાર નય છે. સંગ્રહનય દ્વારા ગ્રહણ કરેલ પદાર્થોનો વિધિપૂર્વક ભેદ કરે, તેને વ્યવહાર કહે છે, જેમ સત્ બે પ્રકારે છે -દ્રવ્ય અને ગુણ. દ્રવ્યના છ ભેદ છે,- જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. ગુણના બે ભેદ છે-સામાન્ય અને વિશેષ. આ રીતે, જ્યાં સુધી ભેદ થઈ શકે છે ત્યાં સુધી, આ નય પ્રવર્તે છે.

(•) ઋજુસૂત્ર નય = (ઋજુ એટલે વર્તમાન, હાજર, સરળ), જે જ્ઞાનનો અંઈ વર્તમાન પર્યાય માત્રને ગ્રહણ કરે, તે ઋજુસૂત્રનય છે.

(•) શબ્દનય = જે નય લિંગ, સંખ્યા, કારક આદિના વ્યભિચારને દૂર કરે છે, તે શબ્દનય છે. આ નય લિંગાદિકના ભેદથી પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે છે. જેમ દાર (પુ.), ભાર્યા (સ્ત્રી.), કલત્ર (ન.) એ દાર ભાર્યા અને કલત્ર ત્રણે શબ્દો ભિન્ન લિંગવાળા હોવાથી, જોકે એક જ પદાર્થના વાચક છે, તો પણ આ નય, સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ત્રણ ભેદરૂપ જાણે છે.

(•) સમભિરૂઢ નય = (૧) જે જુદા જુદા અર્થોને ઉલ્લંઘી, એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે, તે. જેમ કે, ગાય. (૨) પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે, તે. જેમ ઈન્દ્ર, પુરંદર, શક્ર એ ત્રણે શબ્દો ઈન્દ્રનાં નામ છે, પણ આ નય, ત્રણેનો જુદો જુદો અર્થ કરે છે.

(•) એવંભૂતનય = જે શબ્દનો, જે ક્રિયારૂપ અર્થ છે, તે ક્રિયારૂપ પરિણમતા પદાર્થને જે નય ગ્રહણ કરે છે, તેને એવંભૂત નય કહે છે. જેમ કે પૂજારીને પૂજા કરતી વખતે જ, પૂજારી કહેવો. પહેલા ત્રણ ભેદ દ્રવ્યાર્થિકનયના છે, તેને સામાન્ય, ઉત્સર્ગ અથવા અનુવૃત્તિ એવા નામથી, પણ કહેવામાં આવે છે. પાછળના ચાર ભેદ, પર્યાયાર્થિકનયના છે. જેને વિશેષ, અપવાદ અથવા વ્યાવૃત્તિ, એવા નામથી, પણ કહેવામાં આવે છે.

પહેલા ચાર નય અર્થનય છે, પછીના ત્રણ શબ્દનય છે.

પર્યાય બે પ્રકારના છે : (•) સહભાવી – જેને ગુણ કહેવામાં આવે છે, (•) ક્રમભાવી – જેને પર્યાય કહેવામાં આવે છે,

દ્રવ્ય એ નામ, વસ્તુઓનું પણ છે. અને વસ્તુઓના સામાન્ય સ્વભાવમય, એક સ્વભાવનું પણ છે. જ્યારે દ્રવ્ય પ્રમાણનો વિષય હોય, ત્યારે તેનો અર્થ વસ્તુ (દ્રવ્ય, ગુણ અને ત્રણેયકાળના પર્યાયો સહિત), એવો કરવો, નયોના પ્રકરણમાં જ્યારે દ્રવ્યાર્થિક વપરાય, ત્યારે 'સામાન્ય સ્વભાવમય એક સ્વભાવ', (સામાન્યત્મક ધર્મ) એવો તેનો અર્થ કરવો.

દ્વ્યર્થિકમાં નીચે પ્રમાણે ત્રણ ભેદ થાય છે.

- સત્ અને અસત્ પર્યાયના સ્વરૂપમાં, પ્રયોજનવશ પરસ્પર ભેદ ન માની બન્નેને વસ્તુનું સ્વરૂપ માનવું, તે નૈગમનય છે.
- સત્‌ના અંતર્ભેદોમાં ભેદ ન ગણવો, તે સંગ્રહનય છે.
- સત્‌માં અંતર્ભેદો માનવા, તે વ્યવહારનય છે.

નયના જ્ઞાનનય, શબ્દનય અને અર્થનય, એવા પણ ત્રણ પ્રકાર પડે છે.

- વાસ્તવિક પ્રમાણજ્ઞાન છે, અને એકદેશગ્રાહી તે હોય, ત્યારે તેને નય કહે છે. તથા જ્ઞાનનું નામ નય છે, અને તેન જ્ઞાનનય કહેવામાં આવે છે.
- જ્ઞાન દ્વારા જાણેલા પદાર્થનું પ્રતિપાદન, શબ્દદ્વારા થાય છે, તેથી તે શબ્દને, શબ્દનય કહેવામાં આવે છે.
- જ્ઞાનનો વિષય પદાર્થ છે, તેથી નયથી પ્રતિપાદન કરવામાં આવતા પદાર્થને, પણ નય કહેવામાં આવે છે, તે અર્થનય છે.

આત્માના સંબંધમાં આ સાત નયો નીચેના ચૌદ બોલમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉતારેલા છે, તે સાધકને ઉપયોગી હોવાથી, અહીં અર્થ સાથે આપવામાં આવે છે.

- એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્રસ્થિતિ કર = પૂર્ણતાને લક્ષે, શરૂઆત કર.
- ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર. = સાધકદૃષ્ટિ દ્વારા સાધ્યમાં સ્થિતિ કર.
- નૈગમદૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર = તું પૂર્ણ છે એવી સંકલ્પદૃષ્ટિ વડે, પૂર્ણતાને પ્રાપ્ત કર.
- એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર = પૂર્ણદૃષ્ટિથી અવ્યકત અંશ, વિશુદ્ધ કર.
- સંગ્રહદૃષ્ટિથી એવંભૂત થા = ત્રિકાળી સત્‌દૃષ્ટિથીસ પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટરૂપ કર.
- એવંભૂત દૃષ્ટિથી સંગ્હ વિશુદ્ધ કર = નિશ્ચયદૃષ્ટિથી સત્તાને વિશુદ્ધસ કર.
- વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યેજા = ભેદદૃષ્ટિ છોડીને, અભેદ પ્રત્યેજા.
- એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર નિવૃત્ત કર = અભેદદૃષ્ટિથી, ભેદને નિવૃત્ત કર.
- શબ્દદૃષ્ટિની એવંભૂત પ્રત્યેજા = શબ્દના રહસ્યભૂત પદાર્થની દૃષ્ટિથી, પૂર્ણતા પ્રત્યે જા.

- એવંભૂતદષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર = નિશ્ચયદષ્ટિથી, શબ્દના રહસ્યભૂત પદાર્થમાં, નિર્વિકલ્પ થા.
- સમભિરૂઢ દષ્ટિ થી એવંભૂત અવલોક = સાધક અવસ્થાના, આરૂઢ ભાવથી, નિશ્ચયને જો.
- એવંભૂતદષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર = નિશ્ચયદષ્ટિથી સમસ્વભાવ પ્રત્યે, આરૂઢ સ્થિતિ કર.
- એવંભૂત સ્થિતિથી એવંભૂત થા = નિશ્ચય દષ્ટિથી, નિશ્ચયરૂપ થા.
- એવંભૂત સ્થિતિથી એવંભૂત દષ્ટિ શમાવ = નિશ્ચય સ્થિતિથી, નિશ્ચયદષ્ટિના વિકલ્પને, શમાવી દે.

(૩૫) દરેક આત્મા તથા દરેક વસ્તુમાં, સામાન્ય-વિશેષ, નિત્ય-અનિત્ય, એમ બે પડખાં છે. જેને જોનાર દષ્ટિથી, તે પડખાનું જ્ઞાન કરી શકાય છે. બે પડખાંમાંથી એકી સાથે આખી વસ્તુ ખ્યાલમાં લેવી, તે જ્ઞાનપ્રમાણ છે. આત્મામાં ત્રિકાળ ટકનાર, નિર્મળ અખંડ ગુણસ્વભાવા છે. તે રાગ-દ્વેષ અને ભૂલનો નાશક છે. તે નિત્ય સ્વભાવના પડખે જોનાર જ્ઞાનનો અંશ , તે દ્રવ્યાર્થિક નય છે. ગુણથી વિરોધ ભાવ, તે અવગુણ છે, તે ક્ષણિક અવસ્થા પૂરતો, પર તરફના રાગરૂપ વલણથી, નવો થાય છે. જે આત્મા સાથે નિત્ય ટકનારો નથી, તેથી તે અણૂતાર્થ છે. અવગુણ માટે જોઈતા નથી, એટલે કે મારે પવિત્ર વીતરાગ ભાવ રાખવો છે, તે રાખનારો ત્રિકાળી ટકનાર છે, એમ જાણી અવસ્થા બદલી શકે છે, તે ભેદનું લક્ષ કર્યું, તે વ્યવહાર નય અથવા પર્યાયાર્થિક નય છે.

નય છે, તે પ્રમાણ (શ્રુતજ્ઞાન) ના ભેદ છે, નિક્ષેપ છે, તે જ્ઞેયના ભેદ છે. ધાન અનુસાર નકકી થયેલ વસ્તુમાં, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવપણે ભેદ પાડીને, જાણવાનો વ્યવહાર, તેને નિક્ષેપ કહે છે.

નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણ નિક્ષેપ તો, દ્રવ્યાર્થિક નયનો વિષય છે, ભાવનિક્ષેપ, પર્યાયાર્થિક નયનો વિષય છે. નામ અને સ્થાપના, એ બે નિક્ષેપ નિમિત્તને સંજ્ઞાથી તથા આકારની સ્થાપનાથી ઓળખના વ્યવહાર માટે પ્રયોજનવાન છે. દ્રવ્યનિક્ષેપ પોતામાં ધરાવે તો, તે સ્વરૂપ સન્મુખતાપણે હોવાથી, વર્તમાન ભાવ નિક્ષેપનું ઉપાદાન કારણ છે. ઈવનિક્ષેપ તેનું વર્તમાનપ્રગટરૂપ છે.

(૩૬)વકતાનો અભિપ્રાય તે નય, વસ્તુને સર્વાંગે ગ્રહણ કરે, તે જ્ઞાન પ્રમાણજ્ઞાન. અંશ તે નય, વસ્તુના એક અંશને કહેનાર સાપેક્ષવચન, તે નય.

નયનનો દુરુપયોગ :નયનથી પણ ઈષ્ટાનિષ્ટ ભાવની વૃધ્ધિ થઈ રાગ-દ્વેષ વધ્યા જ કરે છે. નિરર્થક જયાં ત્યાં જોવાની જ આતુરતા, અભ્યાસ અને જયાં ત્યાં જેમ તેમ બોલ્યા જ કરવાની કુટેવથી કેવાં કેવાં કર્મબંધન થઈ રહ્યાં છે અને પોતાને કેવી હાનિ થઈ રહી છે તેનો વિચાર સરખોય આવતો નથી ! એ જ મોહનું પ્રાબલ્ય છે.

નેત્રોથી આ અસાર અને સ્વપ્નવત જગતને જોવાનું બંધ કરી, અંતરમાં દિવ્ય વિચાર અને જ્ઞાનચક્ષુ ખોલી, અનંત ઐશ્વર્યશાળી સુખનિધાન, અજરામર એવા પોતાના આત્મદેવનું દર્શન કર્યું છે. દ્રશ્યને અદ્રશ્ય કર્યું અને અદ્રશ્યને દ્રશ્ય કર્યું એવું જ્ઞાની પુરુષોનું આશ્ચર્યકારક અનંત ઐશ્વર્યવીર્ય વાણીથી કહી શકાવું યોગ્ય નથી. ધન્ય છે તે ઈન્દ્રિયો અને મનનો જય કરનાર પરાક્રમશાળી જ્ઞાનીપુરુષોના પુરુષાર્થ પરાક્રમને !

નયનયસાર :નવા નવા ન્યાયોનો સાર, જ્ઞાનના પવિત્ર અંશો વડે સ્વાધ્યાય વધતાં, સ્વકાળનો, અકષાય પુરુષાર્થનો સાર વધતો જાય છે.

નયના પ્રકારો :નય બે પ્રકારના છે.-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય. તેમાં જે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિકનય છે અને જે પર્યાયનો મુખ્યપણે અનુભવ કરાવે તે પર્યાયાર્થિક નય છે.

દ્રવ્યાર્થિક નયને શુધ્ધ, નિશ્ચય, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, સ્વાવલંબી, સ્વાશ્રિત, સ્વતંત્ર, સ્વાભાવિક, ત્રિકાળી, ધ્રુવ, અભેદ અને સ્વલક્ષીનય કહેવામાં આવે છે.

પર્યાયાર્થિક નયને વ્યવહાર, અશુધ્ધ, અસત્યાર્થ, અપરમાર્થ, અભૂતાર્થ, પરાવલંબી, પરાશ્રિત, પરતંત્ર, નિમિતાધીન,ક્ષણિક, ઉત્પન્નદવંસી, ભેદ અને પરલક્ષી નય કહેવામાં આવે છે. (૨) નયના બે પ્રકારો – નય રાગવાળા તથા રાગ વગરના એમ બે પ્રકારના છે. તેમાં આગમનો પ્રથમ અભ્યાસ કરતાં નયોનું જે જ્ઞાન થાય તે રાગસહિત નય છે; ત્યાં તે રાગ હોવા છતાં રાગથી ધર્મ નથી એમ જીવ માને તો તે નયનું જ્ઞાન સાચું છે, પણ એ રાગથી ધર્મ થાય એમ માને તો તે જ્ઞાન નયાભાસ છે. બન્ને નયોનું સાચું જ્ઞાન કર્યા પછી પોતાના પર્યાય ઉપરનું લક્ષ છોડી પોતની ત્રિકાળી શુધ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ જીવ લક્ષ કરે ત્યારે સમ્યગ્દર્શનાદિ શુધ્ધભાવ પ્રગટે છે. તેથી તે નય રાગરહિત નય છે; તેને શુધ્ધ નયનો આશ્રય અથવા શુધ્ધનયનું અવલંબન પણ કહેવામાં આવે છે; તે દશાને નયાતિક્રાન્ત પણ કહેવામાં આવે છે; તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે અને આત્માનો અનુભવ પણ તેને જ કહેવામાં આવે છે.

નયસુજ્ઞ :વિવેકને ભલી રીતે જાણવાવાળા પુરુષો

નયાતિક્રાન્ત :નયના બે પ્રકારોઃ નય રાગવાળા તથા રાગ વગરના, એમ બે પ્રકારના છે. તેમાં આગમનો પ્રથમ અભ્યાસ કરતાં, નયોનું જે જ્ઞાન થાય, તે રાગસહિત નય છે. ત્યાં તે રાગ હોવા છતાં, રાગથી ધર્મ નથી, એમ જીવ માને, તો તે નયનું જ્ઞાન સાચું છે. પણ જો રાગથી ધર્મ થાય, એમ માને તો તે, જ્ઞાનનયાભાસ છે. બન્ને નયોનું સાચું જ્ઞાન કર્યા પછી, પોતાના પર્યાય .પરનું લક્ષ છોડી, પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ જીવ લક્ષ કરે, ત્યારે સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ પ્રગટે છે. તેથી તે નય, રાગ રહિત નય છે. તેને શુદ્ધનો આશ્રય અથવા શુદ્ધ નયનું અવલંબન, પણ કહેવામાં આવે છે. તે દશાને નયાતિક્રાન્ત પણ કહેવામાં આવે છે. તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે, અને આત્માનો અનુભવ પણ, તેને જ કહેવામાં આવે છે. (૨) શુદ્ધ નયનો આશ્રય, શુદ્ધ નયનું અવલંબન, રાગરહિત નય.

નયો :આ આત્મા કોણ છે (કેવો છે) અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે. અને (અહીં) ફરીને પણ કહેવામાં આવે છેઃ-

પ્રથમ તો, આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે પ્રાપ્ત અનંત ધર્માનું અધિષ્ઠાતા (સ્વામી) એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્માંમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે. (જણાય છે.)

(૧) તે આત્મ દ્રવ્ય દ્રવ્યનયે પરમાત્રની માફક ચિન્માત્ર છે. (અર્થાતૂ આત્મા દ્રવ્યનયે (ચિન્માત્ર) ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે તેમ.)

(૨) આત્મદ્રવ્ય પર્યાયનયે તંતુમાત્રની માફક, દર્શનજ્ઞાનાદિમાત્ર છે (અર્થાતૂ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાન ચારિત્રાદિ માત્ર છે, જેમ વસ્તુ તંતુમાત્ર છે તેમ.)

(૩) આત્મ દ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે; લોહમય, દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યાન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે. સ્વક્ષેત્રથી દોરીને કામઠાના વચગાળામાં રહેલું છે. સ્વકાળથી સંધાન દશામાં છે અર્થાત ધનુષ્ય પર ચડાવીને ખેચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાતૂ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

(૪) આત્મ દ્રવ્ય નાસ્તિત્વનયે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે; અલોહમય, દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંની તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે, તેમ આત્મા નાસ્તિત્વ નયે પરચતુષ્ટયથી નાસ્તિવાળો છે.)

(૫) આત્મદ્રવ્ય અસ્તિત્વ નાસ્તિત્વ નયે ક્રમશઃ સ્વપરદ્રવ્યક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છેઃ-લોહમય તેમજ અલોહમય, દોરી અને કાઠાની અંતરાળમાં રહેલા તેમ જ દોરને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા એને. લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પર ચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વ નયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે)

(૬) આત્મ દ્રવ્ય અવક્તવ્યનયે યુગપદૂ સ્વપરદ્રવ્યક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે; લોહમય અને અલોહમય, દોરી અને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંભાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોનમુખ એવા પહેલાંના તીરની માફક (જેમ પહેલાંનું તીર યુગપદૂ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદૂ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવક્તવ્ય છે, તેમ આત્મા અવક્તવ્યનયે યુગપદૂ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવક્તવ્ય છે.)

(૭) આત્મદ્રવ્ય અસ્તિત્વ-અવકતવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદૂ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું અવક્તવ્ય છે; (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદૂ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય દોરીને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકી સાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ અવકતવ્યનયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદૂ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવકતવ્ય છે.)

નયો દ્વારા આત્મદ્રવ્યનું કથન :

(૧) તે આત્મદ્રવ્ય દ્રવ્યનયે પટમાત્રની માફક, ચિન્માત્ર છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્ર માત્ર છે તેમ.)

(૨) આત્મદ્રવ્ય પર્યાયનયે તંતુ માત્રની માફક, દર્શન જ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયનયે દર્શનજ્ઞાનચારિત્રાદિમાત્ર છે, જેમ વસ્ત્ર તંતુમાત્ર છે તેમ.)

(૩) આત્મ દ્રવ્ય અસ્તિત્વનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું છે; - લોહમય, દોરને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ તીરની માફક. (જેમ કોઈ તીર સ્વદ્રવ્યથી લોહમય છે, સ્વક્ષેત્રથી દોરી અને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે. અર્થાત ધનુષ્ય પર ચડાવીને ખેંચાયેલી સ્થિતિમાં છે અને સ્વભાવથી લક્ષ્યોન્મુખ છે અર્થાત્ નિશાનની સન્મુખ છે, તેમ આત્મા અસ્તિત્વનયે સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

(૪) આત્મદ્રવ્ય નાસ્તિત્વનયે પર દ્રવ્ય-ક્ષેક્ષ કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે; અલોહમય, દોરી અને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી દોરી ને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી અલક્ષ્યોન્મુખ છે. તેમ આત્મા નાસ્તિત્વનયે પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.)

(૫) આત્મ દ્રવ્ય અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વનાસ્તિત્વવાળું છે;-લોહમય તેમજ અલોહમય દોરી અને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરી અને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ

રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી લોહમયાદિ અને અલોહમયાદિ છે, તેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.)

(૬) આત્મદ્રવ્ય અવકતવ્યનયે યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવક્તવ્ય છે; જેમ લાહય તેમજ અલોહમય, દોરી અને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર યુગપદ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી યુગપદ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી અવકતવ્ય છે, તેમ આત્મા અવકતવ્યનયે યુગપદ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે.)

(૭) આત્મ દ્રવ્ય અસ્તિત્વ-અવકતવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેક્ષ-કાળ-ભાવથી તથા યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું અવકતવ્ય છે; (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી અને કામઠાના અંતરાળમાં રહેલા તેમ જ દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (•) સ્વચતુષ્ટયની તથા (•) એકીસાથે સ્વપર ચતુષ્ટયની અપેક્ષાથી (•) લોહમયાદિ તથા (•) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ અવકતવ્યનયે (•) સ્વચતુષ્ટયની તથા (•) યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (•) અસ્તિત્વવાળો તથા (•) અવકતવ્ય છે.)

(૮) આત્મદ્રવ્ય નાસ્તિત્વ-અવકતવ્યનયે પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર -કાળ-ભાવથી નાસ્તિત્વવાળું અવકતવ્ય છે; (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ સ્વપરચતુષ્ટયથી) લોહમય તેમ જ અલોહમય, દોરી ને કામઠાનાં અંતરાળમાં રહેલાં તેમ જ દોરી તે કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમ જ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમ જ અલક્ષયોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પ્રથમનું તીર (•) અલોહમયાદિ તથા (•) એકી સાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (•) અલોહમયાદિ તથા (•) અવકતવ્ય છે, તમ આત્મા નાસ્તિત્વ-અવકતવ્યનયે (•) પરચતુષ્ટયની તથા (•) યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (•) નાસ્તિત્વવાળો તથા (•) અવકતવ્ય છે.)

(૮) આત્મ દ્રવ્ય અસ્તિત્વ-નાસ્તિત્વ-અવકતવ્યનયે સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ- ભાવથી તથા યુગપદ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું-અવકતવ્ય છે; (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરી અને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, (પરચતુષ્ટયથી) અલોહમય, દોરી, ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને અલક્ષ્યોન્મુખ એવા તથા (યુગપદ સ્વપર ચતુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં રહેલા તેમજ દોરી અને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ એવા પહેલાંના તીરની માફક. (જેમ પહેલાંનું તીર (•) સ્વચતુષ્ટયની (•) પરચતુષ્ટયની તથા (•) યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (•) લોહમય, (•) અલોહમય તથા (•) અવકતવ્ય છે, તેમ આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વ-અવકતવ્યનયે (•) સ્વચતુષ્ટયની (•) પરચતુષ્ટયની તથા (•) યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (•) અસ્તિત્વવાળો, (•) નાસ્તિત્ત્વાળો તથા (•) અવકતવ્ય છે.)

(૧૦) આત્મ દ્રવ્ય વિકલ્પનયે, બાળક, કુમાર અને વૃધ્ધ એવા એક પુરુષની માફક, સવિકલ્પ છે. (અર્થાત આત્મા ભેદનયે, ભેદસહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃધ્ધ એવા ભેદવાળો છે તેમ.)

(૧૧) આત્મ દ્રવ્ય અવિકલ્પનયે એક પુરુષ માત્રની માફક, અવિકલ્પ છે. (અર્થાત્ અભેદનયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ, બાળક, કુમાર-વૃધ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષમાત્ર છે તેમ.)

(૧૨) આત્મદ્રવ્ય નામનયે, નામવાળાની માફક, શબ્દબ્રહ્મને સ્પર્શનારું છે. (અર્થાત્ આત્મા નામ નયે શબ્દબ્રહ્મથી કહેવાય છે, જેમ નામવાળો પદાર્થ તેના નામરૂપ શબ્દથી કહેવાય છે તેમ.)

(૧૩) આત્મ દ્રવ્ય સ્થાપનાનયે. મૂર્તિપણાની માફક, સર્વ પુદગલોને અવલંબનારું (અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્યની પૌદગલિક સ્થાપના કરી શકાય છે મૂર્તિની માફક.)

(૧૪) આત્મ દ્રવ્ય દ્રવ્યનયે, બાળક શેઠની માફક અને શ્રમણ રાજાની માફક, અનાગત અને અતીત પર્યાયે પ્રતિભાસે છે (અર્થાત્ આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે, જેમ બાળક શેઠપણાસ્વરૂપ ભાવી પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે. અને મુનિરાજા સ્વરૂપ ભૂત પર્યાયરૂપે ખ્યાલમાં આવે છે તેમ.)

(૧૫) આત્મદ્રવ્ય ભાવનયે, પુરુષસમાન પ્રવર્તતી સ્ત્રીની માફક, તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે. (અર્થાત આત્મા ભાવનયે વર્તતો પર્યાયરૂપે પ્રકાશે છે, જેમ પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રી પુરુષત્વરૂપે પર્યાયરૂપે પ્રતિભાસે છે તેમ.)

(૧૬) આત્મ દ્રવ્ય સામાન્યનયે હાર-માળા-કંઠીના દોરાની માફક, વ્યાપક છે (અર્થાત આત્મા સામાન્ય નયે સર્વ પર્યાયોમાં વ્યાપે છે, જેમ મોતીની માળાનો દોરો સર્વ મોતીમાં વ્યાપે છે તેમ.)

(૧૭) આત્મ દ્રવ્ય વિશેષ નયે, તેના એક મોતીની માફક અવ્યાપક છે (અર્થાત આત્મા વિશેષનયે અવ્યાપક છે, જેમ પૂર્વોકત માળાનું એક મોતી આખી માળામાં વ્યાપક છે તેમ.)

(૧૮) આત્મ દ્રવ્ય નિત્યનયે, નટની માફક, અવસ્થાયી છે (અર્થાત આત્મા નિત્યનયે નિત્ય-ટકનારો છે, જેમ રામ-રાવણ અનેક અનિત્ય સ્વાંગ ધરતો હોવા છતાં પણ નટ તેનો તે જ નિત્ય છે તેમ.)

(૧૯) આત્મ દ્રવ્ય અનિત્યનયે, રાવણની માફક અનવસ્થાયી છે (અર્થાત્ આત્મા અનિત્યનયે અનિત્ય છે, જેમ નટે ધારણ કરેલા રા-રાવણ સ્વરૂપ સ્વાંગ અનિત્ય છે તેમ.)

(૨૦) આત્મ દ્રવ્ય સર્વગતનયે, ખુલ્લી રાખેલી આંખની માફક, સર્વવર્તી (બધામાં વ્યાપનારું) છે.

(૨૧) આત્મ દ્રવ્ય અસર્વગતનયે, મીંચેલી આંખની માફક આત્મવતી(પોતામાં રહેનારું) છે.

(૨૨) આત્મ દ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે.

(૨૩) આત્મ દ્રવ્ય અશૂન્ય નયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે.

(૨૪) આત્મ દ્રવ્ય જ્ઞાનજ્ઞેય-અદ્વૈતનયે (જ્ઞાન અને જ્ઞેયના અદ્વૈતરૂપનયે) મોટા ઈંધન સમૂહરૂપે પરિણત અગ્નિની માફક એક છે.

(૨૫) આત્મ દ્રવ્ય જ્ઞાનજ્ઞેયદ્વૈતનયે, પરનાં પ્રતિબિંધોથી સંપૃકત દર્પણની માફક, અનેક છે. (અર્થાત આત્મા જ્ઞાન અને જ્ઞેયના દ્વૈતરૂપ નયે અનેક છે, જેમ પર-પ્રતિબિંબોનો અંગવાળો અરીસો અનેકરૂપ છે તેમ.)

(૨૬) આત્મ દ્રવ્ય નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે એવા અગ્નિની માફક (આત્મા નિયતિનયે નિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી અગ્નિ નિયત સ્વભાવવાળો ભાસે છે તેમ.)

(૨૭) આત્મદ્રવ્ય અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (-નિયમ વડે) નિયમિત નથી એવા પાણીની માફક. (આત્મા અનિયતિનયે અનિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના

નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી પાણી અનિયત સ્વભાવવાળું ભાસે છે તેમ.)

(૨૮) આત્મ દ્રવ્ય સ્વભાવનયે સંસ્કારને નિરર્થક કરનારું છે. (અર્થાત આત્માને સ્વભાવનયે સંસ્કાર નિચુરપયોગી છે) જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી. (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે.) એવા તીક્ષ્ણ કાંટાની માફકા

(૨૯) આત્મ દ્રવ્ય અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે. (અર્થાત આત્માને અસ્વભાવનયે સંસ્કાર ઉપયોગી છે.) જેને (સ્વભાવથી અણી હોતી નથી પણ સંસ્કાર કરીને) લુહાર વડે અણી કાઢવામાં આવી હોય છે એવા તીક્ષ્ણ તીરની માફક.

(૩૦) આત્મ દ્રવ્ય કાળનયે જેની સિધ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિધ્ધિ સમય પર આધાર રાખે છે. ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક)

(૩૧) આત્મ દ્રવ્ય અકાળનયે જેની સિધ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.

(૩૨) આત્મ દ્રવ્ય પુરુષાકારનયે જેની સિધ્ધિ યત્નસાધ્ય છે એવું છે, જેને પુરુષાકારથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે. (-ઊગે છે.) એવા પુરુષાકારવાદીની માફક. (પુરુષાર્થનયે આત્માની સિધ્ધિ પ્રયત્નથી થાય છે, જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે તેમ)

(૩૩) આત્મ દ્રવ્ય દૈવનયે જેની સિધ્ધિ અયત્નસાધ્ય છે. (યત્ન વિના થાય છે) એવું છે, પુરુષાકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે એવા દૈવવાદીની માફક.

(૩૪) આત્મ દ્રવ્ય ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરના બાળકની માફક.

(૩૫) આત્મ દ્રવ્ય અનીશ્વર નયે સ્વતંત્રતા ભોગવનાર છે, હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા સિંહની માફક

(૩૬) આત્મ દ્રવ્ય ગુણી નયે ગુણગ્રાહી છે, શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવા કુમારની માફક.

(૩૭) આત્મ દ્રવ્ય અગુણીનયે કેવળ સાક્ષી જ છે. (-ગુણગ્રાહી નથી) શિક્ષણ વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર તેને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

(૩૮) આત્મ દ્રવ્ય કર્તૃનયે, રંગરજની માફક, રાગાદિપરિણામનું કરનાર છે. (અર્થાત આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે તેમ.)

(૩૯) આત્મ દ્રવ્ય અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે. (-કર્તા નથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (-પ્રેક્ષકની) માફક.

(૪૦) આત્મ દ્રવ્ય ભોક્તૃનયે સુખદુઃખાદિનું ભોગવનાર છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીની માફક. (આત્મા ભોક્તાનયે સુખદુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અન્નને ખાનાર રોગી સુખ કે દુઃખને ભોગવે છે તેમ.

(૪૧) આત્મ દ્રવ્ય અભોક્તૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી-અહિતકારી અન્નને ખાનાર રોગીને જોનાર વૈદ્યની માફક. (આત્મા અભોક્તાનયે કેવળ સાક્ષી જ છે-ભોકતા નથી, જેમ સુખદુઃખને ભોગવનાર રોગીને જોનાર જે વૈદ્ય તે તો કેવળ સાક્ષી જ છે તેમ.)

(૪૨) આત્મ દ્રવ્ય ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિધ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દ્રષ્ટિ ઉત્પન્ન થઈને જેને નિધાન મળે છે એવા અંધની માફક. (ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિધ્ધિ થાય એવો છે, જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી માથામાંના લોહીનો વિકાર દૂર થવાને લીધે આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય તેમ.)

(૪૩) આત્મ દ્રવ્ય જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિધ્ધિ સધાય એવું છે;ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી તેની માફક. (જ્ઞાનનયે આત્માને વિવેકની પ્રધાનતાથી સિધ્ધિ થાય છે;

જેમ ઘરના ખૂણામાં બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદી લે તેમ.)

(૪૪) આત્મ દ્રવ્ય વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધ કરનાર) અને મોચક (મુક્ત કરનાર) એવા અન્ય પરમાણુ સાથે સંયુકત થતા અને તેનાથી વિયુકત થતા એવા પરમાણુની માફક. (વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદ્ગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવા રૂપ દ્વૈતને પામે છે તેમ.)

(૪૫) આત્મ દ્રવ્ય નિશ્ચયનયે બંધ અને મોક્ષને વિષે અદ્વૈતને અનુસરનારું છે, એકલો બંધાતો અને મુકાતો એવો જે બંધ માક્ષોચિત્ત સ્નિગધત્વ રૂક્ષત્વગુણે પરિણત પરમાણુ તેની માફક. (નિશ્ચયનયે આત્મા એકલો જ બધ્ધ અને મુક્ત થાય છે, જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ એકલો જ બધ્ધ અને મુકત થાય છે તેમ.)

(૪૬) આત્મ દ્રવ્ય, અશુધ્ધનયે, ઘટ અને રાગપાત્રથી વિશિષ્ટ માટી માત્રની માફક, સોપાધિસ્વભાવવાળું છે.

(૪૭) આત્મ દ્રવ્ય, શુધ્ધનયે, કેવળ માટી માત્રની માફક, નિરુપાધિસ્વભાવવાળું છે.

નરક : નરકમાં આહારનો એક કણ કે પાણીનું એક બિંદુ પણ મળતું નથી. અને જન્મ થતાં જ એને સોળ રોગ હોય છે. ત્રીજા નરક સુધી પૂર્વના વેરી પરમાધામીઓ રૂની ગાંસડી વાળે તેમ શરીરને બાંધી ઉપરથી ધગધગતા લોઢાના સળિયાથી મારે છે. (૨) પાપકર્મના ઉદયમાં જોડાવાથી, જેમાં જન્મથી જ જીવ અસહ્ય અને અપરિમતિ, વેદના પામવા લાગે છે, બીજા નારકીઓ મારફત સતાવું વગેરેથી, દુઃખનો અનુભવ કરે છે. તથા જ્યાં દ્વેષથી ભરેલું જીવન વીતે, છે તે સ્થાન. (૩) નરકગતિનામ અને નરકાયુના ઉદયથી નારકો હોય છે. તે સાત પ્રકારના છે

૧. રત્નપ્રભાભૂમિજ (રત્નપ્રભા નામની ભૂમિમાં (પ્રથમ નરકમાં) ઉત્પન્ન થયેલ.)
૨. શર્કરા પ્રભાભૂમિજ
૩ વાલુકા પ્રભાભૂમિજ,
૪ પંકપ્રભાભૂમિજ,
૫ ધૂમપ્રભાભૂમિજ,
૬ તમઃપ્રભાભૂમિજ અને
૭ મહાતમઃપ્રભા ભૂમિ જ. આવા ભેદોને લીધે સાત પ્રકારના નારકી હોય છે. નરકની ભૂમિને સંજીવની કહેવામાં આવે છે; કારણ કે ત્યાં અત્યંત દુઃખ પામીને પણ (કપાતાં, છેદાતાં, ખુંદાતા, ભેદાતાં, હણાતાં, બાળતાં છતાં પણ) નારક જીવો અકાળે મરતાં નથી. તેમજ આયુષ્ય ઘણું લાંબું હોય છે.

નરક અને તિર્યંચ એ બે ગતિના નદવા થઈ જાય છે :સચ્ચિદાનંદ શાંતમૂર્તિ આત્માનું માન થતાં, અનંત સંસાર ટળી જાય છે. અને વર્તમાન માં ૪૧ પ્રકૃતિનો નવો બંધ, ક્ષણે ક્ષણે અટકી જાય છે. અને ભવિષ્યમાં નરક-તિર્યંચ એ બે ગતિના નદાવા થઈ જાય છે. એ બે ગતિમાં જીવ જન્મ ધારણ કરતો નથી, તેને નદાવા કહે છે. મનુષ્ય ગતિ મળે, તેમાં પણ દશાંગી સુખ મળે છે. દેવમાં જાય તો, ત્યાં પણ ઊંચો દેવ થાય છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં પુણ્ય પણ, અપૂર્વ બંધાય છે. કોઈ કહેશે કે, તેણે આવું તે શું કર્યું. અરે, તેણે તો અનંત કાળમાં જે ન કર્યું હતું, તેવું અપૂર્વ કર્યું. આત્મા માં અપૂર્વ ભાન પ્રગટયું, ત્યાં અનંતો સંસાર ટળી ગયો. જુઓ, સમ્યગ્દર્શનનું આ ફળ છે.

નરક ગતિનાં દુઃખો :જ્યારે કોઈ સમયે ખોટા પરિણામથી મરણ પામે છે તો, નરકમાં જઈ પડે છે, ત્યાંની માટીનો એક કણ પણ અહીં આવી જાય તો, અહીંના અનેક ગાઉ સુધીના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ એની દુર્ગંધથી મરી જાય છે. ત્યાંની જમીનને અડવાથી જ અસહ્ય દુઃખ, થવા લાગે છે. ત્યાં વૈતરણી નદી, સેમરઝાડ, શરદી, ગરમી, અન્નપાણીના અભાવથી સ્વતઃ મહાન દુઃખ થાય છે. જ્યારે બીલોમાં ઊંધે માથે લટકે છે, ત્યારે ઘોર દુઃખોના

અનુભવ કરે છે. પછી બીજા નારકી જીવ, તેને દેખતાં જ કૂતરાંની માફક, મારપીટ કરવા લાગી જાય છે. ત્રીજી નરક સુધી અમ્બ અને અમ્બરીષ વગેરે, નામના સંકિલષ્ટ પરિણામી અસુરકુમાર દેવ જઈને, અવધિજ્ઞાન દ્વારા પૂર્વના વિરોધનું સ્મરણ કરાવી અંદરો અંદર લડાવી મારે છે, ત્યારે નારકીઓ દ્વારા ઘાણીમાં પીલાવું, અગ્નિમાં બળવું, કરવતથી ચીરાવું

નરક ગતિમાં જવાનું કારણ :જે જીવોની હિંસા કરે છે, જૂઠ બોલે છે, પરધન હરણ કરે છે, પરનારીને વાંચ્છે છે, ઘણા આરંભ કરે છે, પરિગ્રહમાં આસકત છે, ઘણો ક્રોધી, તીવ્ર માની, અતિ કપટી, અતિ કઠોરભાષી, પાપી, ચુગલીખોર, અતિકૃપણ, દેવ-ગુરુ શાસ્ત્રનિંદક, અધમ,દુર્બુદ્ધિ, કૃતઘ્ની અને ઘણોજ શોક-દુઃખ કરવાની જ જેનીસ પ્રકૃતિ છે, એવો જીવ મરીને નરકમાં જાય છે, અને ત્યાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવે છે.

નરકગતિ :માંસ, દારૂ, વગેરેના ભક્ષણનો ભાવ, આકરું, જુઠું, ચોરી, કુશીલ તથા લોભ વગેરેના, તીવ્ર અશુભભાવને કારણે જીવ નરકગતિ પામે છે. (૨) નરકગતિ નામકર્મના ઉદયથી નરકમાં જન્મ લેવો. (૩) જે પંચેન્દ્રિય વધ, શિકાર, ગર્ભપાત વગેરે, મહા આકરાં પાપ કરે, તેનું ફળ નરકગતિ છે. (૪) જેણે તીવ્ર ક્રોધ, માન, માયા, લોભમાં ચૈતન્ય-વીર્યને, ખૂબ જોડયું છે, પરને દબાણ અને અનીતિ, ભૂંડા આચાર સેવ્યા છે, તે ભયંકર નરકગતિના નપુંસક થયા, નપુંસક વેદવાળા જીવને સ્ત્રી-પુરુષ બેઉના કામ-ભોગની, અનંતી તીવ્ર આકુળતા હોય છે. (૫) નરકગતિની પૃથિવીઓનાં નામઃ રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા અને મહાતમ પ્રભા છે. તેના રૂઢિગત નામઃ (•) ધમ્મા (•) વંશા, (•) મેધા, (•) અંજના, (•) અરિષ્ઠા, (•) મઘવી અને (•) માધવી છે. (૬) જે ગતિમાં જીવોને અતિશય ત્રાસ છે. તેથી સાત નરક છે. (•) રત્નપ્રભા (•) શર્કરાપ્રભા (•) વાસુકાપ્રભા (•) પંકપ્રભા (•) ધૂમપ્રભા (•) તમ પ્રભા તથા (•) મહાતમ પ્રભા (તમતમ પ્રભા).

નરકગતિની પર્યાય :નરક ગતિના કાળની સ્થિતિ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ અને જ ઘન્ય દશ હજાર વર્ષની છે.

નરકાયુના આસ્રવનું કારણ :બહુ-ઘણો આરંભ-પરિગ્રહ હોવો, તે નારકીના આયુના આસ્રવનું કારણ છે.

(૧) બહુ આરંભ-પરિગ્રહ રાખવાનો જે ભાવ છે, તે નરકાયુના આસ્રવનો હેતુ છે, બહુ શબ્દ, સંખ્યાવાચક છે. તેમજ પરિણામવાચક છે. એ બન્ને અર્થો, અહીં લાગુ પડે છે. અધિક સંખ્યામાં આરંભ-પરિગ્રહ રાખવાથી, નારકાયુનો આસ્રવ થાય છે. આરંભ-પરિગ્રહ રાખવાના બહુ પરિણામથી, નારકાયુનો આસ્રવ થાય છે, બહુ આરંભ-પરિગ્રહનો ભાવ, તે ઉપાદાન કારણ છે. અને બાહ્ય બહુ આરંભ-પરિગ્રહ, તે નિમિત્ત કારણ છે.

(૨) આરંભ = હિંસાદિ પ્રવૃત્તિનું નામ, આરંભ છે. જેટલો પણ આરંભ કરવામાં આવે, તેમાં સ્થાવરાદિ જીવોનો નિયમથી વધ થાય છે. આરંભની સાથે, બહુ શબ્દનો સમાસ કરીને ઘણો આરંભ, અથવા બહુ તીવ્ર પરિણામથી જે આરંભ કરવામાં આવે, તે બહુ આરંભ, એવો અર્થ થાય છે.

(૩) પરિગ્રહ = આ વસ્તુ મારી છે, હું તેનો સ્વામી છું. એવું પરમાં પોતાપણાનું અભિમાન, અથવા પર વસ્તુમાં આ મારી છે, એવો જે સંકલ્પ, તે પરિગ્રહ છે. કેવળ બાહ્ય ધન-ધાન્યાદિ પદાર્થોને જ, પરિગ્રહ નામ લાગુ પડે છે, એમ નથી. બાહ્યમાં કાંઈપણ પદાર્થ ન હોવા છતાં, જો ભાવમાં મમત્વ હોય, તો ત્યાં પણ પરિગ્રહ કહી શકાય છે.

(૪) સૂત્રમાં નારકાયુના આસ્રવનાં કારણનું, જે વર્ણન કર્યું છે, તે સંક્ષેપથી છે. ભાવોનું વિસ્તારથી વર્ણન નીચે પ્રમાણે છે :-

(૧) મિથ્યાદર્શન સહિત, હીનાચારમાં તત્પર રહેવું,
(૨) અત્યંત માન કરવું,
(૩) શીલાભેદ સમાન, અત્યંત તીવ્ર ક્રોધ કરવો,
(૪) અત્યંત તીવ્ર લોભનો, અનુરાગ રહેવો,
(૫) દયારહિત, પરિણામોનું હોવું,
(૬) બીજાઓને દુઃખ દેવાનું, ચિત્ત રાખવું,
(૭) જીવોને મારવાનો તથા બાંધવાનો, ભાવ રાખવો,
(૮) જીવોને નિરંતર ઘાત કરવાના, પરિણામ રાખવા,

(૯) જેમાં બીજા પ્રાણીઓનો વધ થાય, એવાં જૂઠાં વચન બોલવાનો સ્વભાવ રાખવો,
(૧૦) બીજાઓનું ધન હરણ કરવાનો, સ્વભાવ રાખવો,
(૧૧) બીજાની સ્ત્રીઓને આલિંગન કરવાનો, સ્વભાવ રાખવો,
(૧૨) મૈથુનસેવનથી, વિરકિત ન થવી,
(૧૩) અત્યંત આરંભમાં, ઈન્દ્રિયોને લગાવી રાખવી,
(૧૪) કામભોગોની અભિલાષાને, સદૈવ વધાર્યા કરવી,
(૧૫) શીલ-સદાચાર રહિત, સ્વભાવ રાખવો,
(૧૬) અભક્ષ્ય ભક્ષણને ગ્રહણ કરવાનો કે, કરાવવાનો ભાવ રાખવો,
(૧૭) ઘણા કાળ સુધી, વૈર બાંધી રાખવું,
(૧૮) મહાક્રૂર, સ્વભાવ રાખવો,
(૧૯) વિચાર્યા વિના રોવા-કૂટવાનો, સ્વભાવ રાખવો,
(૨૦) દેવ-ગુરુ-શાસ્ત્રોમાં મિથ્યા દોષ લગાડવા,
(૨૧) કૃષ્ણલેશ્યાના, પરિણામ રાખવા,
(૨૨) રૌદ્રધ્યાનમાં, મરણ કરવું.

આ વગેરે લક્ષણવાળા પરિણામ, નરકાયુનું કારણ થાય છે.

નરકોળ :નવેડોળ્ય, નવેરું, ગાળી

નરત :અનાસકત

નરાધિપતિ :રાજા.

નરેન્દ્રો :(મધ્યલોકવાસી) મનુષ્યોના અધિપતિઓ; રાજાઓ.

નવ અનુદિકા :દિગંબર જૈન શાસ્ત્રોમાં, ઊર્ધ્વલોકમાં, નવગ્રૈવેયિકની ઉપર નવ વિમાન, બીજાં માનેલાં છે. તેઓમાં સમ્યગ્દષ્ટિ જ જન્મ ધારણ કરે છે. તથા ત્યાંથી આવીને જીવ ઉત્કૃષ્ટ, બે ભવ ધારણ કરીને મોક્ષે જાય છે.

નવ કેવલલબ્ધિ :ચાર ઘનઘાતી કર્મના ક્ષય થવાથી કેવળી ભગવાનને ૯ વિશેષ ગુણો પ્રગટે છે, જેમ કે અનંતજ્ઞાન, અનંતદર્શન, ક્ષાયિક, સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય.

નવ તત્ત્વ :જીવ; અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા તથા મોક્ષ. આ નવ તત્ત્વ છે. (૨) નવતત્ત્વના વિચાર તો પૂર્વે અનંતવાર કર્યા છે. તો પણ લાભ ન થયો. પૂર્વે જે નવતત્ત્વના વિચાર કર્યા, તેના કરતાં આ કાંઈક જુદી રીતની વાત છે. પૂર્વે નવતત્ત્વના વિચાર કર્યા, તે અભેદરૂપના લક્ષ વગર કર્યા છે. ને અહીં તો, અભેદસ્વરૂપના લક્ષ સહિતની વાત છે. પૂર્વે એકલા મનના સ્થૂલ વિષયથી, નવતત્ત્વના વિચાર રૂપ આંગણા સુધી તો, આત્મા અનંતવાર આવ્યો છે. પણ ત્યાંથી આગળ વિકલ્પ તોડી, ધ્રુવ ચૈતન્યતત્ત્વમાં એકપણાની શ્રદ્ધા કરવાની અપૂર્વ સમજણ શું છે, તે ન સમજ્યો તેથી ભવભ્રમણ ઊભું રહ્યું. (૩) સાચા નવ તત્ત્વની ઓળખાણમાં, દેવ, ગુરુ, શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે. તેનું સ્વરૂપ ટૂંકમાં કહે છે. (•) જીવ તત્ત્વ રાગદ્વેષ, અજ્ઞાન રહિત અસંયોગી શુદ્ધ આત્માને માનવો, તે નિશ્ચય શ્રધ્ધા. (૨-૩-૪-૫-૬) અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ પાંચ તત્ત્વને આત્માના સ્વભાવમાં નાસ્તિરૂપ માનવા તે હેયરૂપ છે, એવી શ્રધ્ધા કરવી. કુદેવ, કુગુરુ, અને કુશાસ્ત્ર, તે આસ્રત અને બંધના કારણભૂત હોવાથી હેયરૂપ તત્ત્વ છે તેની પણ હેયરૂપ શ્રદ્ધા આ પાંચ તત્વોમા આવી જાય છે. (૭-૮) સંવર, નિર્જરા તે નિર્મળ દર્શન, જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે, સાધકભાવ છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુરૂપે શ્રીગુરુ છે, તેનું સ્વરૂપ સંવર નિર્જરામાં આવી જાય છે. (૯) મોક્ષ = પૂર્ણ નિર્મળ અવસ્થા, તે મોક્ષ છે. અર્હંત અને સિદ્ધ પરમાત્મા, સર્વજ્ઞ વીતરાગ દેવ છે. જેનું સ્વરૂપ મોક્ષમાં આવી જાય છે.

નવ તત્ત્વ :જીવાદિ નવ પદાર્થો દર્શન છે, કારણ કે, તે નવ પદાર્થો દર્શનનો આશ્રય છે-આ પ્રમાણે વ્યવહાર છે.

જીવાદિ નવ પદાર્થો છે તેમાં એક આખો જીવ છે ને એક આખો અજીવ છે. જે બે તત્ત્વના પરસ્પર નિમિત્તે પુણ્ય-પાપ વગેરે, નવ તત્ત્વ થાય છે. એ રીતે નવ તત્ત્વ છે. કર્મના નિમિત્તે જીવ પોતે, પુરુષાર્થની મંદતાએ વિકારી ભાવ કરે છે, ત્યારે થાય છે. એ રીતે જીવ અને અજીવ બન્નેના નિમિત્તથી નવ તત્ત્વ છે. શુભભાવથી પુણ્ય બંધાય છે, ને અશુભભાવથી પાપ બંધાય છે. શુભાશુભ ભાવથી નવા કર્મનું આવવું થાય, તે આસ્રવ છે. આત્માના

ભાનથી આસ્રવોનું અટકી જવું, તે સંવર છે. સંવરમાં જે શુદ્ધની વૃદ્ધિ થાય અને તેથી જૂના કર્મનું ખરી જવું, તે નિર્જરા છે, શુભાશુભભાવથી બંધ થાય, તે બંધ છે અને સંપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ બંધનું સર્વથા છૂટી જવું, તેનું નામ મુક્તિ છે.

આ નવ પદાર્થોના નવ ભેદ પાડીને પ્રતીત કરવી, તે વ્યવહાર છે. જે પુણ્યબંધનું કારણ છે. જીવ છે, અજીવ છે, પુણ્ય છે, પાપ છે, આસ્રવ છે, સંવર છે, નિર્જરા છે, બંધ છે ને મોક્ષ છે,-એમ નવ તત્ત્વની શ્રદ્ધા કરવી, તે વ્યવહાર શ્રદ્ધા છે કારણ કે, તે ભેદવાળા છે, રાગવાળા છે. અભેદ શ્રદ્ધામાં, વિકલ્પના ભેદ પડતા નથી. હું અખંડ આત્માછું, તેમાં વિકારી પર્યાય મારો સ્વભાવ નથી. સંવર, નિર્જરા વગેરે પર્યાય પૂરતો, હું નથી, હું અખંડ જ્ઞાયક મૂર્તિ છું એવી શ્રદ્ધા, તે અભેદશ્રદ્ધા છે ને તે મુક્તિની પર્યાય પ્રગટવાનું કારણ બને છે. પર્યાયના ભેદ જ્ઞાનમાં જણાય ખરા પણ દૃષ્ટિ અભેદ આત્મા ઉપર હોય, તેથી તે સાચી દૃષ્ટિ છે.

નવ તત્વ ઉપસ્થિત કેમ થયાં તે કહે છેઃ :આ જીવાદિ નવ તત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે. (એ નિયમ કહ્યો) કારણ કે તીર્થની (વ્યવહાર ધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી કહેવામાં આવે છે. એવાં આ નવ તત્ત્વો-જેમનાં લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે-તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી, શુધ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે. તેની પ્રાપ્તિ હોય છે. (શુધ્ધનયથી નવ તત્વને જાણવાથી આત્માની અનુભૂતિ થાય છે તે હેતુથી આ નિયમ કહ્યો. ત્યાં વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર એ બન્ને પુણ્ય છે, તેમ જ વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર એ બન્ને પુણ્ય છે, તેમ જ વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર-એ બન્ને પાપ છે, આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર-એ બન્ને આસ્રવ છે, સંવર થવા યોગ્ય (સંવાર્થ) અને સંવર કરનાર - (સંવારક)-એ બન્ને સંવર છે, નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-એ બન્ને નિર્જરા છે, બંધાવા યોગ્ય અને બંધન કરનાર-એ બન્ને બંધ છે અને મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર એ બન્ને મોક્ષ છે; કારણ કે એક ને જ પોતાની મેળે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિધ્ધિ) બનતી નથી. તે બન્ને જીવ અને અજીવ છે. (અર્થાત્ તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે.)

બાહ્ય (સ્થૂલ) દ્રષ્ટિથી જોઈએ તોઃ જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતાં આ નવ તત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને એક જીવ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે. અસત્યાર્થ છે. (જીવના એકાકાર સ્વરૂપમાં તેઓ નથી) તેથી આ નવ તત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એવી રીતે અંતદ્રષ્ટિથી જોઈએ તા જ્ઞાયક ભાવ જીવે છે અને જીવના વિકારનો હેતુ અજીવ છે; વળી પુણ્ય,પાપ,આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જેમનાં લક્ષણ છે એવા તો કેવળ જીવના વિકારો છે અને પુણ્ય,પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ વિકાર હતુઓ કેવળ અજીવ છે. આવાં આ નવ તત્ત્વો જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર જેમનાં કારણ છે એવા એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવ કરવામાં આવતાં ભૂતાર્થ છે અને સર્વકાળે અસ્ખલિત એક જીવ દ્રવ્યના સ્વભાવની સમીપ જઈને અનુભવ કરવામાં આવતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. તેથી આ નવ તત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે. એમ તે એકપણે પ્રકાશતો, શુધ્ધનયપણે અનુભવાય છે અને જે આ અનુભૂતિ તે આત્મખ્યાતિ (આત્માની ઓળખાણ) જ છે, ને આત્મખ્યાતિ તે સમ્યગ્દર્શન જ છે.

નવ તત્ત્વનું યથાર્થ સ્વરૂપ :જીવતત્ત્વ, રાગદ્વેષ, અજ્ઞાન રહિત, અસંયોગી શુદ્ધ આત્માને માનવો, તે નિશ્ચળ શ્રદ્ધા. અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ પાંચ તત્ત્વને, આત્માના સ્વભાવમાં નાસિતરૂપ માનવા, તે હેયરૂપ છે એવી શ્રદ્ધા કરવી, કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તે આસ્રવ, અને બંધના કારણભૂત હોવાથી હેયરૂપ તત્ત્વ છે. તેની પણ દહેયરૂપ શ્રદ્ધા, આ પાંચ તત્ત્વોમાં આવી જાય છે.

સંવર, નિર્જરા, તે નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે, સાધકભાવ છે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુરૂપે શ્રીગુરુ છે, તેનું સ્વરૂપ સંવર, નિર્જરામાં આવી જાય છે.

મોક્ષ : પૂર્ણ નિર્મળ અવસ્થા, તે મોક્ષ છે. અર્હંત અને સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ દેવ છે, તેનું સ્વરૂપ મોક્ષમાં આવી જાય છે.

નવ તત્ત્વનું વ્યવહાર સ્વરૂપ :આ જાણે છે તે આત્મા છે, જે ન જાણે, તે અચેતન-અજીવ છે, કર્મના નિમિત્તાધીન જે શુભાશુભ ભાવ થાય છે, તે પુણ્ય-પાપના વિકારી ભાવ છે. તેથી તે આસ્રવ છે અને તેમાં જોડાવાથી બંધન થાય છે. સ્વભાવને ઓળખીને ઠરવાથી, સંવર-નિર્જરારૂપ અવસ્થા થાય છે, અને સ્વભાવમાં પૂર્ણપણે ઠરવાથી, મોક્ષરૂપ પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે.

નવ તત્ત્વની વ્યાખ્યા :આત્માના અભેદ પરમાર્થ સ્વરૂપને સમજાવવા માટે, પ્રથમ નિમિત્તરૂપે તીર્થની (વ્યવહાર ધર્મની) પ્રવૃત્તિ અર્થે, અભૂતાર્થ (વ્યવહાર) નયથી, નવતત્ત્વના ભેદ પાડવામાં આવે છે કે, આ જાણે છે, તે આત્મા છે, જે ન જાણે તે અચેતન-અજીવ છે, કર્મના નિમિત્તાધીન જે શુભાશુભ ભાવ થાય છે. જે પુણ્ય-પાપના વિકારી ભાવ છે, તેથી તે અસ્રવ છે અને તેમાં જોડાવાથી બંધન થાય છે. સ્વભાવને ઓળખીને ઠરવાથી, મોક્ષરૂપ પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે.

સાચાં નવ તત્ત્વની ઓળખાણમાં દેવ, ગુરુ, શાસ્ત્રની ઓળખાણ આવી જાય છે. જેનું સ્વરૂપ ટૂંકમાં કહે છે : જીવ તત્ત્વ = રાગ દ્વેષ, અજ્ઞાન રહિત અસંયોગી, શુદ્ધ આત્માને માનવો, તે નિશ્ચય શ્રદ્ધા. અભ્વ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ = એ પાંચ તત્ત્વને, આત્માના સ્વભાવમાં નાસ્તિકરૂપ માનવા, તે હેયરૂપ છે, એવી શ્રદ્ધા કરવી. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તે આસ્રવ અને બંધના કારણભૂત હોવાથી, હેયરૂપ તત્ત્વ છે. તેની પણ હેયરૂપ શ્રદ્ધા, આ પાંચ તત્ત્વોમાં આવી જાય છે.

સંવર, નિર્જરા = તે નિર્મળ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે, સાધકભાવ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુરૂપે શ્રીગુરુ છે, તેનું સ્વરૂપ, સંવર નિર્જરામાં આવી જાય છે.

મોક્ષ = પૂર્ણ નિર્મળ અવસ્થા, તે મોક્ષ છે, અર્હંત અને સિદ્ધ પરમાત્મા, સર્વજ્ઞ વીતરાગ દેવ છે. જેનું સ્વરૂપ મોક્ષમાં આવી જાય છે.

નવ તત્ત્વનો વિચાર :પ્રથમ નવતત્ત્વનો વિચાર અને સાચાજ્ઞાન વિના, સ્વભાવ પ્રગટે નહિ અને નવતત્ત્વના વિકલ્પરૂપ વિચાર માં રોકાય, તોતે શુભરાગથી પણ, આત્માનો ગુણ પ્રગટે નહિ. નવતત્ત્વના વિચાર પ્રથમ આવે ખરા. તે વિના પરમાર્થમાં સીધા જઈ શકાય નહિ. તેનાથી પણ જઈ શકે નહિ. જેમ આંગણાંમાં આવ્યા વિના ઘરમાં જઈ શકાય નહિ, અને આંગણું સાથે લઈને પણ ઘરમાઃ જઈ શકાય નહિ, પણ આંગણાંમાં આવ્યા પછી, તેનો આશ્રય છોડી એકલો ઘરમાઃ જાય, તો જ જઈ શકે. તેમ સાચા નવ તત્ત્વ બરાબર ન જાણે, અને માને કે સમજયા વિના ઉપાદાનથી, આત્માનો વિકાસ થશે, તો તે બને નહિ.

ઉપાદાનનું જ્ઞાન વિકલ્પ વ્દ્વારા થાય, તેને જેમ છે, તેમ ન જાણે, તો ભૂલ થાય.

કોઈ એકલો આત્મા જ માને અને આત્મામાં અવસ્થા ન માને, વિકલ્પ પુણ્ય-પાપ ન માને , નવતત્ત્વનો વ્યવહાર પણ ન માને, તો પરમાર્થની સાચી શ્રદ્ધા ત્રણ કાળમાં થાય નહિ. વળી નવતત્ત્વને સાચા તો માને, પણ તેના શુભભાવથી ગુણ ઘડે એમ માને, તો પણ ખોટું જ છે. હુ પરપણે નથી, ક્ષણિક વિકારપણે નથી, પરમને લાભ- નુકશાન કરનાર નથી, તેમજ હું પરને કાંઈ, કરી શકતો નથી. હું અનંત ગુણથી પૂર્ણ જ્ઞાયક સ્વરૂપે છું એમ યથાર્થ સ્વભાવને જાણે, તો બધાં સમાધાન થઈ જાય.

સ્વતંત્રપણે ત્રિકાળ એકરૂપ ટકનાર આતમા, અનંત છે અને પરમાણુંઓ પણ અનંત છે. અવસ્થામાં વિકાર છે. જે ક્ષણિક અવસ્થા પર, નિમિત્ત આધીન જીવમાં થાય છે, અને જીવ, તેનો અજ્ઞાનભાવે કર્તા છે. અનંત જીવ સ્વતંત્રપણે, એકેક પૂર્ણ છે. પરમાર્થે દરેક આત્માની શકિત પૂર્ણ સિદ્ધ પરમાત્મા સમાન, દરેક સમયે છે, એવા પોતાના સ્વભાવને ભૂલીને, પરલક્ષે વિકારી ભાવ વર્તમાન એક જ સમયની, અવસ્થા પૂરતા છે. પણ પ્રવાહરૂપે અનાદિથી પોતાની વર્તમાન ભૂલ, અને પુરુષાર્થની નબળાઈ વડે થાય છે, તે

ક્ષણિક વિકારને ટાળનાર, અવિકારી નિત્ય છું, એમ અખંડ સ્વભાવના જોર વડે, ભૂલ અને મલિન અવસ્થાનો નાશ કરીને, સ્વાશ્રયના જોરે, સ્થિરતા વધીને ક્રમે ક્રમે નિર્મળતા થતાં, છેવટે પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટ થઈ શકે છે. આમાં ઘણાં ન્યાય આવી ગયા, નવતત્ત્વનો સાર આવી ગયો.

નવ તત્વો :જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વો છે. તેમાં જીવ અને અજીવ બે પદાર્થ છે. જીવ છે, શરીર, કર્મ આદિ અજીવ છે, કર્મના નિમિત્તના સંબંધમાં પુણ્ય-પાપ અને આસ્રવ અને બંધ થાય છે. તથા સંવર, નિર્જરા અને મોક્ષ નિમિત્તના (કર્મના) અભાવમાં થાય છે. પણ આ નવે તત્ત્વોમાં નિમિત્તની અપેક્ષા આવે છે. તે અપેક્ષા છોડી દઈને એકલો જ્ઞાયક, જ્ઞાયકભાવ જે પૂર્ણજ્ઞાનઘન છે એની દ્રષ્ટિ કરવી, એનો સ્વીકાર કરવો, સત્કાર કરવો એનું નામ સમ્ય્ગદર્શન છે. આ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા કે નવતત્ત્વને ભેદથી માનવા તે કંઈ સમ્ય્ગદર્શન નથી. આ સમ્યક્ અનેકાન્ત છે. (૨) જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ (૩) જીવ, અજીવ, પુણ્યુ, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. જીવનું એકરૂપ યથાર્થપણું નક્કી કરવા માટે, ભેદરૂપ વ્યવહારનયની મુખ્યતામાં શુભ વિકલ્પોથી નવ તત્ત્વોને જાણવા, તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે. તે નવતત્ત્વોનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ

(૧) જીવ = આત્મા, તે સદાય જાણનારો, પરથી જુદોને ત્રિકાળ ટકનારો છે. જયારે પરનિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે, શુભભાવ (પુણ્ય) થાય છે. અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે, અશુભભાવ પાપ) થાય છે, જયારે સ્વાવલંબી થાય છે ત્યારે, શુદ્ધભાવ થાય છે.

(૨) અજીવ :- જેમાં ચેતના-જાણપણું નથી, તેવાં પાંચ દ્રવ્યો છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે, અને પુદ્ગલ રૂપી-સ્પર્શ, રસ, ગંધ વર્ણ સહિત છે.
અજીવ વસ્તુઓ આત્માથી જુદા છે, તેમજ અનંત આત્માઓ પણ એક બીજાથી સ્વતંત્ર-જુદા છે. પર સંયોગ રહિત એકલું તત્ત્વ હોય, તેમાં વિકાર થાય નહિ, પર તરફ વલણ કરતાં, જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી, થાય છે. જીવ જ્યારે રાગાદિ કરે ત્યારે, જડ કર્મની ઝીણી ધૂળ જે ક્ષણિક સંયોગ સંબંધે છે, તે નિમિત્ત થાય છે.

(૩) પુણ્ય = દયા, દાન, ભકિત, પૂજા, વ્રત વગેરેના ભાવ જીવને થાય, એ અરૂપી વિકારી ભાવ છે-તે ભાવ પુણ્ય છે, અને તેના નિમિત્તે, જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે, પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે, જીવની સાથે બંધાય છે, તે દ્રવ્યના પુણ્ય છે.

(૪) પાપ = હિંસા, અસત્ય, ચોરી, અવ્રત, પરિગ્રહ વગેરેના અશુભભાવ, તે ભાવપાપ છે અને તેના નિમિત્તે જડની શકિતથી, પરમાણુઓનો જથ્થો સ્વયં જીવદ્રવ્ય સાથે બંધાય, તે દ્રવ્ય પાપ છે. પરમાર્થે પુણ્ય-પાપ મારું સ્વરૂપ નથી. આત્મામાં ક્ષણિક અવસ્થામાં પર સંબંધે વિકાર થાય છે, તે મારાં નથી.

(૫) આસ્રવ = વિકારી શુભાશુભભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય, તે ભાવ આસ્રવ અને નવાં કર્મ રજકણોનું આવવું (આત્મા સાથે એક ક્ષેત્રે રહેવું), તે દ્રવ્ય આસ્રવ છે.

(૬) સંવર = પુણ્ય-પાપના વિકારી ભાવ (આસ્રવ), તે આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા, તે ભાવસંવર છે અને તે અનુસાર નવાં કર્મ બંધાતાં અટકે, તે દ્રવ્ય સંવર છે.

(૭) નિર્જરા = અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી, સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે, અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો, તે ભાવ નિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું, તે દ્રવ્ય નિર્જરા છે.

(૮) બંધ :- આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું, તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્ગલનું

સ્વયં કર્મરૂપ બંધાવું, તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય, નિમિત્ત માત્ર છે.)

(૯) મોક્ષ = અશુદ્ધ અવસ્થાનો સર્વથા નાશ થઈ, પૂર્ણ નિર્મળ પવિત્ર દશાનું પ્રગટ થવું, તે ભાવ મોક્ષ છે. અને તેના નિમિત્તકારણે દ્રવ્યકર્મોનો સર્વથા નાશ (અભાવ) થવો, તે દ્રવ્યમોક્ષ છે.

આ પ્રમાણે જેવું નવ તત્ત્વનું સ્વરૂપ છે, તેવું શુભભાવથી વિચરે છે, તે શુદ્ધનું લક્ષ હોય તો, વ્યવહાર સમકિત છે. વ્રતાદિના શુભભાવને સંવર-નિર્જરામાં ગણે, તો આસ્રવતત્ત્વની શ્રદ્ધામાં ભૂલ આવે. વ્યવહાર શ્રદ્ધામાં કોઈ પડખે, ભૂલ ન આવે. એમ નવ ભેદમાંથી શુદ્ધનય વડે, એકરૂપ અખંડ જ્ઞાયક સ્વભાવી આત્માને તારવી લેવો, તે પરમાર્થ-શ્રદ્ધા-સમ્યગ્દર્શન છે. ધર્મને નામે લોકોમાં પોતાનું માનેલું સમકિત, બીજાને કહે છે-આપે છે પણ તેનું સમકિત હોઈ શકે નહિ, કારણકે કોઈનો ગુણ તથા ગુણની અવસ્થા કોઈ બીજાને, આપી શકાતી નથી.

(૪) નવતત્ત્વના લક્ષે પરમાર્થ શ્રદ્ધા કે નિર્મળ ચારિત્ર ઊઘડે નહિ, કારણ કે, ભેદના લક્ષે વિકલ્પ ઉપજે છે. નિશ્ચય શ્રદ્ધામાં નવ તત્વના ભેદ નથી. મોક્ષ અને મોક્ષનો માર્ગ, એ બન્ને વ્યવહાર નયના વિષયમાં જાય છે. સંસાર અને મોક્ષ એ બન્ને પર્યાય છે. સંસાર એ કર્મના સદભાવની અપેક્ષારૂપ પર્યાય છે, અને મોક્ષ તે કર્મના અભાવની અપેક્ષારૂપ પર્યાય છે. મોક્ષપર્યાય જેટલો આત્મા નથી. મોક્ષપર્યાય તો કર્મના અભાવનું ફળ છે, તેથી તે વ્યવહારે સાધ્ય કહેવાય, પણ નિશ્ચયે સાધ્ય તો ધ્રુવ દ્રવ્યસ્વભાવ છે. પરમાર્થ સાધ્યરૂપ અખંડ, એક સ્વભાવના જોરે મોક્ષ પર્યાય સહેજે ઉઘડે છે, અને ક્ષણિક પર્યાય ઉપર, જોર કરવાનું નથી. જોર વસ્તુમાં છે.

દ્રવ્યમાં ત્રણે કાળની બધી પર્યાય વર્તમાનપણે છે. તેમાં કોઈ પર્યાય ભૂત કે, ભાવિમાં ગઈ નથી. છતાં વસ્તુમાં દરેક ગુણની, એક સમયે એક પર્યાય પ્રગટ હોય, અને તે એકેક અવસ્થા વખતે શકિતપણે અનંત ગુણો ધ્રુવરૂપ રહયા છે, તેથી અનંત તાકાતપણે વસ્તુ વર્તમાનમાં પૂર્ણ છે. આત્માનો સ્વભાવ, વર્તમાન એકેક સમયમાં ત્રિકાળી શકિતથી પૂર્ણ છે. વિકારી દશા થાય, તેનો દ્રવ્યમાં પ્રવેશ નથી. સ્વભાવ વિકારનો નાશક છે. તેથી નવતત્ત્વના વિકલ્પ અભૂતાર્થ છે.

નવ દેવ :શાસ્ત્રમાં નવ દેવ પૂજ્ય કહ્યાં છેઃ પંચ પરમેષ્ઠી , જિન ધર્મ, જિનવાણી, જિન ચૈત્યાલય અને જિનબિંબ-એ નવદેવ તરીકે પૂજ્ય છે. (૨) અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ, જિનધર્મ, જિનવચન, જિનપ્રતિમા, જિનમંદિર અને એ નવ દેવ છે.

નહેરું :નાની નહેર.

નષ્ટ :અતીત, ભૂતકાળનું, વિલય પામેલું.

ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન :પેટની ઉપરનો ભાગ લાંબો વડ જેવો, અને નીચેનો ભાગ નાનો હોય તો તે બધો, શરીરનો આકાર છે.

ન્યગ્રોધપરિમંડલ :જે કર્મના ઉદયથી, જસવનું શરીર વડના વૃક્ષની માફક હોય, અર્થાત્ નાભિ (ડુંટી) ની નીચેના અગં, નાના અને ઉપરના મોટાં હોય .

ન્યૂન :ઓછે, ઓછું (૨) ઓછી, ઉતરતી (૩) અલ્પ, ઓછો. (૪) ઓછો, ઓછું ઊણું.

ન્યૂનતા :ઊણપ; ઓછપ (૨) કચાશ, ઓછપ, કસર. (૩) નબળાઈ, દોષ

ન્યૂનદશા :અપૂર્ણ દશા.

ન્યૂનાધિક :ઓછું અદકું; ઓછું-વધારે-અધિક (૨) ઓછું-વત્તું; વધુ-ઘટુ; ઓછું-અદકું; અસમાન (૩) ઓછુંવત્તું, ઓછું અદકું

ન્યૂનાર્થિકતા :નાનું કે મોટું, ઓછું કે વધારે.

ન્યાય=ની :લઈ જવું, દોરી જવું જેવો વાસ્તવિક સ્વભાવ છે, એ તરફ જ્ઞાનને દોરી જવું

ન્યાય :આશય (૨) લોજીક, જેવી ચીજ છે તેવી તેને જાણવા પ્રતિ, જ્ઞાનને દોરી જવું, એનું નામ ન્યાય છે. (૩) વસ્તુના સ્વરૂપને જાણવા પ્રતિ ની નય જ્ઞાનને દોરી જવું, તેનું નામ ન્યાય છે. (૪) વસ્તુના સ્વરૂપને જાણવા પ્રતિ

(ની નય)(હિન્દી મે) ધાનને દોરી જવું, તેનું નામ ન્યાય છે. (૫) ન્યાય શબ્દમાં 'ની' ધાતુ છે. ની=લઈ જવું, દોરી જવું, જેવો વાસ્તવિક સ્વભાવ છે, તે તરફ જ્ઞાનને દોરી જવું.

ન્યાય વિરુધ્ધ :ગેરવાજબી

ન્યાયપૂર્વક :જે અપેક્ષાથી કહુ છું તે, અપેક્ષાથી સમજવું.

ન્યાયસંગત :ન્યાયને બંધ બેસતી વાત.

ન્યાયીજ્ઞાન :સાચું જ્ઞાન.

ન્યારું :જુદું; નોખું; નિરાળું

ન્યારા :નિર્લેપ (૨) જુદો; નિરાળો; નોખો; અનેરો; વિચિત્ર

ન્યાસ :જમાવ; વર્ગણાના સમૂહરૂપ (૨) પદાર્થના ભેદ; નિક્ષેપ (૩) પદાર્થના ભેદને ન્યાસ અથવા નિક્ષેપ કહે છે. (૪) પદાર્થના ભેદને ન્યાસ અથવા નિક્ષેપ કહેવામાં આવે છે. (૫) પદાર્થના ભેદને, ન્યાસ અથવા નિક્ષેપ કહેવામાં આવે છે. (૬) પદાર્થના ભેદને, ન્યાસ અથવા નિક્ષેપ કહેવામાં આવે છે. (૭) પદાર્થનો ભેદ, નિક્ષેપ, ભેદ, પડખાં

ન્યાસ અપહાર :કોઈ માણસ કાંઈ વસ્તુ મૂકી ગયો અને તે પાછી માંગવી વખતે તેણે ઓછીં માંગી ત્યારે એ પ્રમાણે ઓછું પાછું કહીને તમારું જેટલું હોય તેટલું લઈ જાવ એ કહેવું તથા આપવું તે ન્યાસ અપહાર છે. (૨) પોતાની પાસે કોઈ થાપણ મૂકી ગયું હોય અને તે ભૂલી ગયો, તથા ઓછી વસ્તુ માગવા લાગ્યો ત્યારે, તેને એમ કહેવું કે જેટલી હોય તેટલી લઈ જાવ, એને ન્યાસ અપહાર કહે છે.

ન્યાસાપહાર :કોઈ પુરુષે કોઈની પાસે કંઈક દ્રવ્ય જમાં કરાવ્યું. એ દ્રવ્ય પાછું લેતી વખતે, તે મૂળ સંખ્યા ભૂલી ગયો અને જેટલું દ્રવ્ય મૂક્યું હતું, તેનાથી ઓછું તેણે માગ્યું. તો જેની પાસે તેણે જમા કરાવ્યા હતા, તેણે તેને માગ્યા તેટલું દ્રવ્ય આપી દે છે. જેટલું દ્રવ્ય મૂગ્યું હતું, તે લેનાર જાણતો હોવા છતાં, તેને તે કહેતો નથી કે, તે મારે ત્યાં વધુ દ્રવ્ય મૂક્યું હતું તું ઓછું કેમ માગે છે? આ ન્યાસાપહાર નામનો અતિચાર છે.

ન્યાસાપહાર અતિચાર :કોઈ રૂપિયા- મહોર- ઘરેંણાંદિ, પોતાને સોંપી ગયો હોય અને પાછળથી તેની ગણતરી ભૂલી, અલ્પ પ્રમાણમાં માગવા લાગ્યો તેને હા, ઠીક છે, તમારું આ છે તે લઈ જાઓ, એમ કહેવું તે ન્યાસાપહાર અતિચાર છે.

નાકે રૂપ નિહાળતા :એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે. રૂપાવલોકન દ્રષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકન દ્રષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકનદ્રષ્ટિ પરિણમે છે.

નાચો :ફુલાઓ; પરિણમો

નાભિનંદન :નાભિરાજાના પુત્ર, ઋષભનાથ.

નાણ :જ્ઞાન

નાનાત્વ :અનેક હોવાપણું, વિવિધતા, વૈવિધ્ય, ભેદભાવ, જુદાજુદાપણું, ભિન્નતા.

નાથ :મળેલાની રક્ષા કરે અને નહિ મળેલાને મેળવી આપે, તેને નાથ કહેવાય છે. પ્રગટ શાંતિ અને વીતરાગની રક્ષા કરતાં, ક્રમશઃ પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન મેળવી આપે, એવો ભગવાન આત્મા નાથ છે. (૨) સંસારી અનાથ જીવોના નાથ. (૩) બધા જીવોની રક્ષા કરે, તે નાથ (૪) બધા જીવોની રક્ષા કરે, તેથી નાથ

નામ :આકાશ

નામ કર્મ :નામ કર્મથી, અમૂર્તરૂપ દિવ્યશકિત રોકાઈ રહી છે. (૨) જે જીવને ગતિઆદિ જુદા જુદા રૂપે પરિણમાવે અથવા શરીરાદિક બનાવે. નામ કર્મ આત્માના સૂક્ષ્મત્વ ગુણનો ઘાત કરે છે. નામ કર્મ ત્રાણું (૯૩) ભેદ છે. ચાર ગતિ (નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ) પાંચ જાતિ (એકેન્દ્રિય, બેઈન્યિ,ત્રછન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જાતિ) પાંચ શરીર (ઔદાકિ, વૈક્રિયિક આહારક, તૈજસ અને કાર્માણ શરીર) ત્રણ આંગોપાંત્ર (ઓદારિક, વૈક્રિયિક અને આહારક) એક નિર્માણ કર્મ, પાંચ બંધન કર્મ, (ઔદારિક બંધન , વૈક્રિયિક બંધન, આહારક બંધન , તૈજસ બંધન, કાર્માણબંધન) પાંચ સંધાત (ઔદારિકઃ વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્માણ), છ સંસ્થાન, વામન સંસ્થાન, હુંડક સંસ્થાન) છ સંહનન (નારાચ સંહનન, અર્ધનારાચ

અંહનન, કીલક સંહનન, અસંપ્રાપ્ત સૃપાટિકા સંહનન, વજ્રર્ષભનારાચ સંહનન, વજ્ર નારાચ સંહનન) પાંચ વર્ણ કમૃ (કૃષ્ણ, વાદળી, રાતો, પીળો અને સફેદ) બે ગંધ કર્મ (સુગંધ ,દુર્ગંધ) પાંચ રસકમૃ (ખાટો, મીઠો (ગળ્યો) કડછો, કડવો,અને તૂરો) આઠ સ્પર્શ (કઠોર, કોમળ, હલકો, ભારે (વજનદાર) ઠંડો ,ગરમ, ચીકણો, લુખો) ચાર આનુપૂર્વ્ય (નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ), એક અધુરુ લગુકર્મ, એક ઉપઘાત કર્મ એક પરઘાતકર્મ, એક આતાપકર્મ, એકઉર્ધોત કર્મ, બે વિહાયો ગતિ (એક મનોજ્ઞ, બીજી અમનોજ્ઞ), એક ઉચ્છ્વાસ, એક ત્રસ, એકસ્થાવર, એક બાદર, એક સૂક્ષ્મ, એક પર્યાપ્તકર્મ, એક અપર્યાયપ્તકર્મ, એક પ્રત્યેક નામ કર્મ, એક સાધારણ નામકર્મ, એક સ્થિરનામકર્મ, એક અસ્થિર નામકર્મ, એક શુભનામકર્મ, એક અશુભ નામકર્મ, એક સુભગ નામકર્મ, એક દુર્ભગ નામકર્મ, એક સુસ્વર નામકર્મ, એક દુઃસ્વર નામકર્મ, એક આદેયનામકર્મ, એક અનાદેય નામકર્મ, એક યશઃકીર્તિ નામકર્મ, એક અયશઃકીર્તિ નામકર્મ અને એક તીર્થંકર નામકર્મ.

નામ કર્મના બેતાલીસ ભેદ :ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ,આનૂપૂર્વ્ય, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છવાસ, અને વિહારી ગતિ-એ એકવીસ તથા પ્રત્યેક શરીર, ત્રસ, સુભગ, સુસ્વર, શુભ, સૂક્ષ્મ, પર્યાપ્તિ, સ્થિર, આદે ય અને યશ કીર્તિ એ દસ તેમના ઉલટા દસ અર્થાત્ સાધારણ શરીર, સ્થાવર, દુર્ભગ, દુસ્વર, અશુભ, બાદર (સ્થુળ) અપર્યાપ્ત, અસ્થિર, અનાદેય અને અયશઃકીર્તિ-એ દસ અને તીર્થંકરત્વ એ રીતે કુલ બેંતાલીસ ભેદ નામ કર્મના છે.

તેમજ ઉપર જણાવેલ ભેદના કેટલાકના પેટા ભેદ છે. જેમ કે ગતિના ચાર, જાતિના પાંચ, શરીરના પાંચ, અંગોપાંગના ત્રણ, નિર્માણના બે, બંધનના પાંચ, સંઘાતના પાંચ, સંસ્થાનનાછ, સંહનનના છ, સ્પર્શના આઠ, રસના પાંચ, ગંધના બે, વર્ણના પાંચ, આનુપૂર્વ્યના ચાર અને વિહાયોગતિના બે એમ પંદરના કુલ મળીને ૬૮ નામકર્મ થાય છે. તેમાંથી પંદરના અકેક નામ આવી જતાં તે બાદ કરતાં બાકી ૫૩ નામકર્મના પેટાભેદ ઉમેરતાં નામકર્મના ભેદ અને પેટા ભેદ સહિત ગણવામાં આવે તો કુલ ૯૩ ભેદ થાય છે.

નામ નય :નામવાળો પદાર્થ

નામ નિક્ષેપ :ગુણ, જાતિ કે ક્રિયાની અપેક્ષા રહિત માત્ર ઈચ્છાનુસાર કોઈનું નામ રાખવું તે નામનિક્ષેપ છે. જેમ કોઈનું નામ જિનદત્ત રાખ્યું, ત્યાં જો કે તે જિનદેવનો દીધેલો નથી તો પણ લોકવ્યવહાર (ઓળખવા) માટે તેનું જિનદત્તનામ રાખવામાં આવ્યું છે. એક વસ્તુની ઓળખાણ થઈ જાય તેટલા જ માટે જે સંજ્ઞા આપવામાં આવી હોય તેને નામનિક્ષેપ કહેવામાં આવે છે.

નામું મીંઢવવું :હિસાબ-કિતાબ બરાબર લખીને મેળ મેળવવો.-પુરાંત બરાબર મળી રહે. સરવૈયું બરાબર કાઢી શકે, તેન નામું મીંઢવવું કહે છે.

નામકર્મ :નામકર્મના ઉદયાદિકને લીધે મનુષ્ય, નારક, તિર્થય, દેવ આદિ જીવન પર્યાયો છે. (૨) બાહ્ય સંયોગ મળવા, શરીરાદિની રચના મળવી, કંઠ સારો મળવો, શરીરના હાડકાંની મજબૂતાઈ મળવી, જસ થવો, અપજસ થવો, શરીરના જુદા જુદા આકાર મળવા, તે બધું, નામકર્મનું ફળ છે, નામ કર્મની ૯૩ પ્રકૃતિ છે. તે બધા પુદ્ગલના પરિણામ છે. આત્મનું સ્વરૂપ તેનાથી, જુદું છે.

નામકર્મ કેમ જીતાય ? :તેવી રીતે નામકર્મનો ઉદય તો જડમાં છે, અને તેના નિમિત્તે જીવની સૂક્ષ્મ અરૂપી-નિર્લેપદશા, પ્રગટ હોવી જોઈએ તે થતી નથી, તે જીવ પોતાની યોગ્યતાથી છે, કેમ કે તે કાળે ઉદયનું અનુસરણ હોય છે.

નામકર્મની પ્રકૃત્તિઓ :નારક, તિર્થંચ મનુષ્ય અને દેવ.

નામનિક્ષેપ :ગુણ, જાતિ કે ક્રિયાની અપેક્ષારહિત, માત્ર ઈચ્છાનુસાર કોઈનું નામ રાખવું, તે નામનિક્ષેપ છે, એક વસ્તુની ઓળખાણ થઈ જાય, તેટલા જ માટે માત્ર જે સંજ્ઞા આપવામાં આવી હોય, તેને નામ નિક્ષેપ કહેવામાં આવે છે.

નામભેદ :(સંજ્ઞાભેદ) આત્મા જ્ઞાનપણે છે એમ, વસ્તુ અને ગુણના નામભેદ ન પાડે તો, આત્મા કઈ રીતે જણાવે ? માટે અખંડ સ્વરૂપ જણાવવા, નામભેદ પડે છે.

નામમાત્રથી :કથનમાત્રથી

નામાખ્ય :નામ સમાખ્યં = નામ સંજ્ઞાવાળું

નામાખ્ય કર્મ :ના સંજ્ઞાવાળું કર્મ. (૨) નામરૂપ સંજ્ઞાવાળું કર્મ.

નામાંતરો :અન્યનામો

નામાન્તર :બીજું નામ, પર્યાય નામ

નામાંકિત :પ્રસિદ્ધ

નાના :અનેક (૨) વિવિધ; તરેહ તરેહનું (૩) અનેક, ભિન્ન ભિન્ન, જુદા જુદા

નાના પ્રકાર :અનેક પ્રકાર; વિવિધ જાતિ

નાના રૂપ :અનેકરૂપ.

નાનાત્વ :જુદાપણું

નારકી જીવો :સ્ત્રી કે પુરુષ હોતાં નથી, પરંતુ નપુસકો હોય છે. તેઓ વૈક્રિયિક શરીરવાળાં હોય છે, જાતજાતનાં બિહામણાં શરીર બનાવી લે છે. જેમના શરીરને કાપીને ટૂકડે ટૂકડા કરી નાખે, તોપણ તે મરતાં નથી, હરણીયા પારા જેમ, તે પાછાં એકઠાં મળીને એકરૂપ થઈ જાય છે. જેમનું આયષ્ય ખૂબ લાંબું દીર્ઘકાળ ટકે, તેવું હોય છે. આયુષ્ય પુરું ભોગવ્યા વિના, તે મુત્યુ પામતા નથી.

નારકીપણું :અશુભભાવનું ફળ, નારકીપણું છે.

નારાચ સંહનન :જે કર્મના ઉદયથી, બેઠક અને મેખ સહિત હાડ હોય.

નારાયણ :પરમાત્મા, શ્રીકૃષ્ણ

નાલી :ઘડી; ૨૪ મિનિટનો સમય; ત્રીસ ઘડીનો એક દિવસ થાય છે.

નાળિયેરની આત્માની ઉપમા :જેમ નાળિયેરમાં ઉપરનાં છાલાં તેમજ કાચલી છે તે નાળિયેર નથી. તથા તે કાચલી તરફની લાલ છાલ તે પણ નાળિયુર નથી. અંદર જે ધોળો અને મીઠો ગોળો છે તે નાળિયેર છે. તેમ આ શરીર છે તે ઉપરનાં છાલાં છે, અંદર જે કર્મ છે તે કાચલી છે તથા જે દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ, આદિ પુણ્ય-પાપના જે ભાવ છે. તે લાલ છાલ છે. અને ચંદર આનંદનો શુધ્ધ ગોળો છે એ ભગવાન આત્મા છે. જેમ ધોળો અને મીઠો ગોળો તે નાળિયેર છે. એમ જ્ઞાનાનંદ શુધ્ધ ગોળો એ આત્મા છે. આમ સર્વ ભિન્ન ભિન્ન છે.

નાસ્તિ :અભાવ

નાસ્તિક :આત્માદિ પદાર્થોને, ન માનનાર.

નાસ્તિક દર્શન :આત્માને નહિ માનનારા, ચાર્વાક દર્શન.

નાસ્તિત્વ :અસત્‌પણું

નિકટ :સમીપ; બે પ્રકારે છે. -ક્ષેત્રથી અને ભાવથી.

નિકટપણું :એકક્ષેત્રાવગાહ, એક ક્ષેત્રે સાથે રહેલા.

નિકટભવી :અલ્પકાળમાં ભવનો અંત આવવાનો છે એવાં.

નિકટવર્તી :સત્ય સમજવાનો કામી, પાત્ર છે, સમજવા માટે નિકટ આવેલો છે, જ્ઞાની પાસે આવીને ઊભો છે. નિકટ બે પ્રકારે છે (•) ક્ષેત્રે નિકટ, (•) ભાવે નિકટ. બાહ્યમાં સાક્ષાત્ જ્ઞાની પાસે આવ્યો છે, તેક્ષેત્ર નિકટ, અને અંતરથી સમજવાની જેની તૈયારી છે, તે ભાવે નિકટ. (૨) સમજવા માટે નિકટ આવેલો છે, જે સમજવા માટે પાત્ર-લાયક જીવ છે, સત્ય સમજવાનો કામી. નિકટવર્તીનો અર્થ ''જ્ઞાની પાસે આવીને ઉભો છે'', એવો થાય છે. નિકટનો અર્થ બે પ્રકારે છે (•) ક્ષેત્રે નિકટ (•) ભાવે નિકટ. બાહ્યમાં સાક્ષાત્ જ્ઞાની પાસે આવ્યો છે, તે ક્ષેત્રે નિકટ છે. અને અંતરથી સમજવાની જેની તૈયારી છે, તે ભાવે નિકટ છે. (૩) સમજવા માટે નિકટ આવેલો છે, પાત્ર જીવ, અનંતકાળમાં જે સ્વરૂપ સમજ્યો નથી, તે આત્મા કેવો છે, તેને સમજવાની ધગશવાળો છે, તે નિકટવર્તી છે, સત્ય સમજવાનો કામી. (૪) કર્મો દૂર નથી, નજીકમાં એક ક્ષેત્રાવગાહે રહે છે, તેથી નિકટવર્તી કહયા છે.

નિકટવર્તીઓ અર્થ :જ્ઞાની પાસે આવીને ઊભો છે. નિકટ બે પ્રકારે છેઃ (૧) ક્ષેત્રે નિકટ. (૨) ભાવે નિકટ. બાહ્યમાં સાક્ષાત્ જ્ઞાની પાસે આવ્યો છે, તે ક્ષેત્રે નિકટ છે. અને અંતરથી સમજવાની જેને તૈયારી છે, તે ભાવે નિકટ છે.

નિકલ :શરીર રહિત.

નિકલ પરમાત્માનું લક્ષણ :ઔદારિક આદિ શરીર રહિત શુદ્ધ જ્ઞાનમય દ્રવ્ય. ભાવ-નોકર્મ રહિત. નિર્દોષ અને પૂજ્ય સિદ્ધ પરમેષ્ઠી નિકલ પરમાત્મા કહેવાય છે. તે અક્ષય અનંતકાળ સુધી અનંત સુખનો અનુભવ કર્યા કરે છે.

આ ત્રણ બહિરાત્માપણું મિથ્યાત્વ સહિત હોવાથી, હેય (છોડવા લાયક) છે. તેથી આત્મહિતેચ્છુએ તેને છોડીને અંતરાત્મા (સમ્યગ્દષ્ટિ) બનીને, પરમાત્માપણું પ્રાપ્ત કરવું જોઈએ, કારણ કે તેથી હંમેશા સંપૂર્ણ અને અનંત આનંદ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે.

નિકૃષ્ટ :સૌથી ખરાબ, ખરાબમાં ખરાબ, અત્યંત હીનદશા.

નિકાચિત :કોઈપણ પ્રકારે, ફરી શકતો નહિ હોવાથી, અત્યંત દઢપણાને કારણે નિકાચિત છે.

નિકાચિત કર્મ :પૂર્વ કર્મ બે પ્રકારનાં છે, અથવા જીવથી જે જે કર્મ કરાય છે તે બે પ્રકારથી કરાય છે. એક પ્રકારનાં કર્મ એવાં છે કે જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે તે જ પ્રકારે ભોગવી શકાય. બીજો પ્રકાર એવો છે કે જ્ઞાનથી, વિચારથી કેટલાંય કર્મ નિવૃત્ત થાય. જ્ઞાન કરવા છતાં પણ જે પ્રકારનાં કર્મ અવશ્ય ભોગવવાં યોગ્ય છે તે પ્રથમ પ્રકારનાં કર્મ કહ્યાં છે,અને જે જ્ઞાનથી ટળી શકે છે તે બીજા પ્રકારનાં કર્મ કહ્યાં છે; નિકાચિત કર્મમાં સ્થિતિબંધ હોય તો બરોબર બંધ થાય છે. સ્થિતિકાળ ન હોય તો વિચારે, પશ્ચાતાપ, જ્ઞાન વિચારે નાશ થાય. સ્થિતિકાળ હોય તો ભોગવ્યે જ છૂટકો. (૨) જે કર્મમાં સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ વડે ફેરફાર ન થાય, પણ સમય પર જ ઉદય આવે. (૩) અત્યંત ચીકણાં કર્મો! ભોગવ્યે જ છૂટા થાય, તેવાં. (૪) પૂર્વના બાંધેલા આકરાં કર્મ, જે પૂરા ભોગવ્યા વિના છૂટતાં નથી, તેને નિકાચિત કર્મ કહે છે. બહુ ચીકણાં કર્મ, તેથી સંસારના ભોગ છૂટતા નથી. (૫) જે કર્મમાં સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ આદિ વડે, ફેરફાર ન થાય, પણ સમય પર જ ઉદય આવે.

નિકાય :સમૂહ (૨) ફેંસલો, પતાવટ કરવી, પૂરું થવું તે, પતવું.

નિકાસિત કર્મ :પૂર્વે બાંધેલા કર્મ ભોગવ્યે જ છૂટકો થાય તે નિકાસિત કર્મ છે.

નિકૃષ્ટ :દુષ્ટ

નિખાત :પેસી ગયું; ખોદીને અંદર ઊંડું ઊતરી ગયેલું; અંદર પેસી ગયેલું (૨) ખોદીને અંદર ઊંડું ઊતરી ગયેલું; અંદર પેસી ગયેલું

નિખાલસ :સરલ, સહજ, નિર્દોષપણે.

નિગમ :ઈશ્વર કે મહાપુરુષનું વચન; વેદશાસ્ત્ર; તર્ક; વેપાર; વણજાર; કોઈ પણ વિષયનું તંત્ર-કોર્પોરેશન (૨) વિકલ્પ, તેમાં હોય તે નૈગમ.

નિર્ગ્રંથ :સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી જેઓ રહિત થયા છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જેઓ અપ્રતિબંધ પણે વિચરે છે, શત્રુ, મિત્ર પ્રત્યે જે સમાન દ્રષ્ટિવાળા છે અને શુધ્ધ આત્મધ્યાનમાં જેમનો કાળ નિર્ગમન થાય છે અથવા સ્વાધ્યાય ધ્યાનમાં જે લીન છે, એવા જિતેન્દ્રીય અને જિતકષાય તે નિર્ગ્રંથો પરમ સુખી છે. (૨) આત્મવાદ પ્રાપ્ત; આત્મવાદ પ્રાપ્તનો અર્થ ઉપયોગ છે લક્ષણ જેનું, અસંખ્ય પ્રદેશી સંકોચ વિકાસનું ભાજન, પોતાના કરેલા કર્મોના ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય પર્યાયરૂપ નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર.

નિગ્રર્થંતા :બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગ યુકત, નિર્ગ્રંથતા છે.

નિગ્રહ :પકડી લેવું; પકડી રાખવું એ; ઈનિદ્રયોનો સંયમ; અવરોધ; અટકાવ (૨) ઈન્દ્રિયોનો સંયમ; અવરોધ-અટકાવ; પકડી લેવું-પકડી રાખવું એ. (૩) અવરોધ, અટકાવ, દમન, બંધન, સજા (૪) અપકાર, તિરસ્કાર, દ્વેષભાવ. (૫) પકડી લેવું- પકડી રાખવું, એ ઈદ્રિયોનો સંયમ, અવરોધ- અટકાવ. (૬) કેદ કરવી, અટકાવ, અવરોધ, (૭) ઈન્દ્રિયોનો સંયમ (૮) ઈન્દ્રિયોનો સંયમ

નિગ્રહ અને અનુગ્રહ :અપકાર કે ઉપકાર, રાગ કે દ્વેષ. (૨) અપકાર અને ઉપકાર (નિગ્રહ એટલે અપકાર અને અનુગ્રહ એટલે ઉપકાર.)

નિગુર્ણ :ગુણ વિનાની (સત્તા નિગુર્ણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કંઈ ગંધગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી (કારણ કે વર્ણ કાંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી); વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે પરંતુ સત્તા ગુણવાળી નથી. (અહીં જેમ દંડી દંડ વાળો છે તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું; કારણ કે દંડી અને દંડને પ્રદેશભેદ છે. દ્રવ્ય તે ગુણ તો અભિન્નપ્રદેશી છે.) (૨) ગુણ વિનાની (સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે જેમ કરી વર્ણગુણવાળી,

ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કંઈ ગંધ ગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી.(કારણ કે વર્ણ કંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી.); વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો વગેરે છે, પરંતુ જ્ઞાનગુણ કાંઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી; તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે, પરંતુ સત્તા ગુણવાળી નથી (અહીં જેમ દંડી દંડવાળો છે, તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું; કારણ કે દંડી અને દંડને તો પ્રદેશભેદ છે, દ્રવ્ય ને ગુણ તો અભિન્નપ્રદેશ છે.) (૩) આત્મા નિર્ગુણ છે, તે કેવી રીતે ? રજોગુણ, તમોગુણ અને સત્વગુણ, એ ત્રણે પ્રકૃતિના છે. તે આત્મામાં નથી. તે વિકાર છે. રાગભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી. તેનો અભાવ થઈ શકે છે. (૪) ગુણ વિનાની. (સત્તા નિર્ગુણ છે. દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શગુણવાળી વગેરે છે. પરંતુ વર્ણગુણ કાંઈ ગંધગુણવાળો, સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી, (કારણ કે વર્ણ કંઈ સૂંઘાતો કે સ્પર્શાતો નથી.) વળી જેમ આતમા જ્ઞાનગુણવાળો ,વીર્યગુણવાળો વગેરે છે, પરંતુ જ્ઞાનગુણ કંઈ વીર્યગુણવાળો કે અબ્ય કોઈગુણવાળો નથી, તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે. પરંતુ સત્તા ગુણવાળી નથી. (અહી જેમ દંડી દંડવાળો છે, તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું કારણ કે, દંડી અને દંડને પ્રદેશભેદ છે. દ્રવ્ય ને ગુણ તો અભિન્ન પ્રદેશી છે.) (૫) ગુણ વિનાની (સત્તા નિર્ગુણ છે, દ્રવ્ય ગુણવાળું છે. જેમ કેરી વર્ણ ગુણવાળી, ગંધગુણવાળી, સ્પર્શ ગુણ વાળી વગેરે છે, પરંતુ વર્ણગુણ કંઈ, ગંધગુણવાળો કે સ્પર્શગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી. (કારણ કે વર્ણ કંઈ, સુંઘાતો કે સ્પર્શાતો નથી), વળી જેમ આત્મા જ્ઞાનગુણવાળો, વીર્યગુણવાળો વગેરે છે. પરંતુ જ્ઞાનગુણ કંઈ વીર્યગુણવાળો કે અન્ય કોઈ ગુણવાળો નથી, તેમ દ્રવ્ય અનંત ગુણોવાળું છે, પરંતુ સત્તા ગુણવાળી નથી. (અહીં જેમ દંડી દંડવાળો છે, તેમ દ્રવ્યને ગુણવાળું ન સમજવું, કારણ કે દંડી અને દંડને, તો પ્રદેશભેદ છે. દ્રવ્યને ગુણ તો અભિન્ન પ્રદેશી છે.))

નિર્ગુણતા :નિઃસારતા, અસારતા.

નિર્ગ્રંથ પ્રવચન :વીતરાગ દર્શન.

નિર્ગમન :વીતવું એ; વિતાવવું એ; બહાર નીકળી આવવું એ. (૨) સ્થાનાંતર (૩) ગાળવું, ગુજારવું

નિર્ગમવું :બહાર નીકળી આવવું; વીતવું એ; સ્થાનાંતર કરવું; પસાર કરવું; ગુજારવું; ગાળવું

નિર્ગ્રંથ :જીવને સંસારમાં જકડી રાખતી રાગદ્વેષની ગાંઠ કપાઈ ગઈ છે, તે નિર્ગ્રંથ, અર્થાત્ જેના રાગ અને દ્વેષના ભાગ છૂટી ગયા છે, તે.
અહીં શ્રીમદે બાહ્યથી એટલે બાહ્ય વેશથી, ગૃહસ્થપણું છોડી, મુનિવેશ ધારણ કરવાનો છે. અંતરથી નિર્ગ્રંથ થવું એટલે, રાગદ્વેષ રહિત થવું. ગમે તેવા સંજોગો હોય, બધા માન આપતા હોય, અનેક જાતની લબ્ધિઓ પ્રગટી હોય, છતાં તે વિશે, જરાપણ માનભાવ ન આણ્યો, તેમ જ ગમે તેટલી અશાતાનો ઉદય હોય, ગમે તેટલા ઉપસર્ગો, ને પરિષહો સહન કરવા પડતા હોય કે, નિંદા-અપમાન થતાં હોય છતાં, એનું નિમિત્ત બનનાર પ્રત્યે, લેશ પણ દ્વેષભાવ ન આવે, સારી કે દુઃખકારી બન્ને સ્થિતિમાં સમભાવ રહે, તે આંતરિક નિર્ગ્રંથપણું. અભ બાહ્ય તેમ જ, અંતરવૃત્તિથી નિર્ગ્રંથ થવાની ભાવના, અહીં વ્યકત કરાઈ છે. (૨) બંધનમુકત, અપરિગ્રહી, વૈરાગ્ય પામેલું, માયિક ઉપાધિ વિનાનું (૩) રાગ, દ્વેષ, અજ્ઞાનરૂપ ગ્રંથિ, જેણે છેદી નાખી છે, તે નિર્ગ્રંથ. (૪) સાધુ, જેની મોહની ગાંઠ છૂટી છે.

નિર્ગ્રંથ ગુરુ :જેને અંતરમાં મિથ્યાત્વાદિ રાગની ગાંઠ, છુટી ગઈ છે અને બાહ્યમાં વસ્ત્રાદિ છૂટી ગયાં છે, એવા નિર્ગ્રંથ મુદ્રાધારી ભાવલિંગી સંત, તે નિર્ગ્રંથ ગુરુ છે.

નિર્ગ્રંથતા :આરંભ પરિગ્રહનો ત્યાગ; સ્ત્રી, પુત્ર, ધન, સ્વજનાદિ બાહ્ય પરિગ્રહના ત્યાગરૂપ બાહ્યનિર્ગ્રંથતા અને મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાયરૂપ ચૌદ પ્રકારના અભ્યંત પરિગ્રહના ત્યાગરૂપ અંતરંગ નિર્ગ્રંથતા

નિર્ગ્રંથનાં લક્ષણો :બધા જ ભાવો પ્રત્યે, ઉદાસીનતા પ્રગટી હોય, દેહને પણ ફકત, સંયમનો હેતુરૂપે જ ગણ્યો હોય, તે હેતુ સિવાય, કોઈ પણ વસ્તુને કોઈપણ

કારણે ઈચ્છે નહિ, તે પણ એટલે સુધી કે, દેહ વિષે પણ સહેજે મમત્વભાવ કે મૂર્છા ન હોય,-તેને નિર્ગ્રંથ દશા કહી છે.

નિર્ગ્રંથ મુનિને સર્વભાવ એટલે કે મોહ, રાગ, દ્વેષ વગેરે, કષાય ભાવ-પરભાવ પ્રત્યે ઉદાસીનતા હોય છે. સંસારવર્ધક ભાવોથી, તે પર રહેવા ઈચ્છે છે, તેથી તે પ્રત્યે મુનિ ઉદાસીનતા ધારણ કરે છે.

નિર્ગ્રંથશ્રેણી :નિરાગ શ્રેણી

નિર્ગ્રંથિની :સાધ્વી

નિર્ગોત્ર :ગોત્ર, કર્મ, રહિતપણું

નિગોટ :સાધારણ વનસ્પતિ, એક ઈન્દ્રિય.

નિગોદ :નિ=નિરંતર, ગો=ભૂમિ, એટલે અનંત ભવ, દ=દેવાનું જે સ્થાન છે તે. (૨) એકેન્દ્રિય અને નિગોદમાં અનંતકાળ સુધી રહેવું પડે છે. તે ક્ષણિક દેહોમાં રખડતો રખડતો એવા સ્થાનમાં જઈ પડશે કે જેને સૂક્ષ્મ નિગોદના થાળાં કહે છે, તેમાં એક શ્વાસોચ્છવાસમાં ૧૮ ભવ થાય છે. એમ અનંત કાળ દેહ બદલ્યાજ કરે. (૩) નિ=નિરંતર, ગો=ભૂમિ એટલે અનંત ભવ, દ=દેવાનું જેમાં સ્થાન છે તે; અનંત ભવ દેવાનું સ્થાન તે નિગોદ (૪) એક ઈન્દ્રિયધારી, બટાટા વગેરે કંદમૂળમાં ઉત્પન્ન થનારા જીવ છે. રાઈની કટકી જેટલા ભાગમાં, અસંખ્યાત શરીરો હોય છે. અને એવા એક શરીરમાં અનંત જીવો છે. જે તીવ્ર મૂઢતા આકૂળતા વડે એક શ્વાસોચ્છ્વાસમાં અઢારવાર જન્મે મરે છે. જેને નારકીના જીવ કરતાં પણ, અનંતગણું અધિક દુઃખ છે. પૂર્વે તત્ત્વજ્ઞાનનો વિરોધ કરેલો, તેથી જ્ઞાનની અનંતી શકિત ઘટાડી, ગુણની અનંત હીણી દશાને પામ્યા, તેમાં આકૂળતાનું દુઃખ છે. જ્ઞાયક સ્વરૂપમાં સાવધાની, તે સુખ અને વિકારી ભાવમાં સાવધાની, તે દુઃખ છે. (૫) એક ઈન્દ્રિયધારી બટાટા વગેરે, કંદમૂળમાં ઉત્પન્ન થનારા જીવ છે. રાઈની કટકી જેટલા ભાગમાં, અસંખ્યાત શરીરો હોય છે. અને એવા એક શરીરમાં, અનંત જીવો છે, તે તીવ્ર મૂઢતા આકૂળતા વડે, એક શ્વાસોશ્વાસમાં અઢારવાર જન્મે મરે છે. તેને નારકીના જીવ કરતાં પણ, અનંતગણું અધિક દુઃખ છે. બાહ્યનો સંયોગ તે દુઃખ નથી, પણ અજ્ઞાન અને આકૂળતા દુઃખ છે. પૂર્વે તત્ત્વજ્ઞાનનો વિરોધ કરેલો, તેથી જ્ઞાનની અનંતી શકિત ઘટાડી, ગુણની અનંતી હીણી દશાને પામ્યા, તેમાં આકૂળતાનું દુઃખ છે. જ્ઞાયકસ્વભાવમાં સાવધાની, તે સુખ અને વિકારી ભાવમાં સાવધાની, તે દુઃખ છે. (૬) એક શરીરમાં અનંતાજીવ હોય, તે અનંતકાય. (૭) સાધારણ નામકર્મના ઉદયથી એક શરીરના આશ્રયે અનંતા અનંત જીવો, સમાનરૂપે જેમાં રહે છે, મરે છે અને પેદા થાય છે, તે અવસ્થાવાળા જીવોને, નિત્ય નિગોદ કહેવાય છે. (૮) ચૈતન્ય સ્વભાવની, શકિતની અત્યંત હાનિ, તે નિગોદ છે. સંસારમાઃ વધારેમાં વધારે, આપદાનું સ્થાન, નિગોદ છે. અંતરશકિતની હીણપને અજ્ઞાની જીવો, જાણી શકતા નથી, તેથી લોકો માને છે કે, નિગોદ કરતાં નરકનું દુઃખ વધારે છે, પરંતુ ખરેખર નિગોદના જીવોને, સર્વથી વધારે દુઃખ છે.

નિગોદ અને એકેન્દ્રિય :નિગોદ અને એકેન્દ્રિયના પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ, કાયના-જીવની કાયસ્થિતિ જ ધન્ય, અંતરમુહૂર્તની અને ઉત્કૃષ્ટ બધાની થઈને, અસંખ્ય પુદ્ગલ પરાવર્તન કાળની છે. એક પુદ્ગલ પરાવર્તનના અનંતમાં ભાગે કાળ જાય, તેમાં અસંખ્યાત ચોવીસનો લાંબો કાળ જાય છે.

જેમ દોરો પરોવાયેલી સોય નીચે પડી જાય તો, ગોતતાં હાથ આવે, તેમ જો એકવાર સમ્યગ્જ્ઞાન સહિત, સાચી દષ્ટિ કરી હોય, ને પછી ભૂલ થઈ જાય તો, અલ્પ કાળમાં આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે. પણ બે ઈન્દ્રિયમાંથી માંડ માંડ મનુષ્ય થયો, ત્યારે પણ આત્માનું, યથાર્થ ભાન ન કર્યું, ધર્મના નામે કદાગ્રહમાં રોકાયો, સત્યનો અનાદર કર્યો તો, તેની ત્રસની સ્થિતિ પૂરી થઈ, ફડાક એકેન્દ્રિયમાં જવું પડશે. પુણ્યની લાંબી સ્થિતિ હશે, તે પણ રાખી શકશે નહિ. કારણકે ત્રસમાં રહેવાની અલ્પ સ્થિતિ, તે વ્યવહાર છે અને નિગોદમાં ઘણી લાંબી સ્થિતિ હોવાથી, અશુદ્ધ નિશ્ચય છે.

અવિરોધીપણે તત્ત્વને જીને સત્નો આદર કર્યો તો, સત્ની આરાધનાનું ફળ, મોક્ષ અને સત્ની દરકાર ન કરી તો, વિરાધનાનું ફળ, નિગોદ છે. વચ્ચે ત્રસનો અલ્પકાળ, વ્યવહારમાં જાય છે. સિદ્ધ ભગવાન, દરેક સમયે અનંત

આનંદનો અનુભવ વેદે છે. અને નિગોદમાં ઊંધો સિદ્ધ ભગવાન, દરેક સમયે અનંતી આકૂળતારૂપ મૂર્છા વેદે છે. ત્યાં નરક કરતાં પણ, અનંતગણું વધુ દુઃખ છે.

નિગોદિયા જીવો :જે દ્વિઇન્દ્રિયાદિ ત્રસ જીવોના રસ-રકતાદિ મિશ્રિત, કલેવરોમાંથી ઉત્પન્ન થાય છે, જે એક શ્વાસમાં અઢારવાર જન્મ-મરણ કર્યા કરે છે, તે ઉત્પાદ બરાબર રહ્યા કરે છે. તેથી જે કોઈપણ માંસને અડે છે કે ખાય છે, તે ઘણા જીવોની હત્યાનો ભાગીદાર થાય છે.

નિજ અનુભૂતિ :પોતાના આત્માનું, સ્વસંવેદન જ્ઞાન.

નિજ અર્થ :નિજ અર્થ, પોતાનું સ્વરૂપ, આત્મ સ્વરૂપ.

નિજ છંદ :પોતાની મરજી પ્રમાણે ચાલવું.

નિજ પરમાત્મા :સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય, તે જ હું છું.

નિજ મહિમા :આત્મ સ્વરૂપ

નિજ રસ :સ્વભાવ

નિજ વૈભવ :આત્મા, પોતાની અનંત શકિત વડે ત્રિકાળ સ્વતંત્ર છે, આત્માના અનંતગુણ, તે જ અનંતશકિતરૂપ નિજ વૈભવ, તે અપ્રગટ હતો, પણ વર્તમાન અપૂર્વ પુરુષાર્થ વડે, વીતરાગની વાણીને વારંવાર અનુસરવાથી, તેનો જન્મ થયો છે.

નિજ સ્વભાવ :નિજનિધિ.

નિજ સ્વરૂપ અવભાસ્યું :આત્માનું સ્વરૂપ, 'અવ'-આત્મ સ્વરૂપની મર્યાદા પ્રમાણે, જેમ છે તેમ ભાસ્યું-જાણ્યું, પૂર્ણ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું.

નિજકલ્પ :એકાકી વિચરનારા સાધુઓને માટે કલ્પેલો અર્થાત્ બાંધેલો, મુકરર કરેલો જિનમાર્ગ વા નિયમ.

નિજક્ષણ :જન્મક્ષણ

નિજછંદ :સ્વચ્છંદ

નિજજ્ઞાન :આત્મજ્ઞાન

નિજપક્ષ :પોતાના પક્ષનો પૂર્વાગ્રહ, ઊંધી માન્યતાઓ, પોતાની દૃષ્ટિમાં જે નિર્ણય થયો, તેમાં સર્વસ્વ કલ્પીને, તેમાં પોતાની માન્યતાને, સ્વચ્છંદને પોષણ આપે, અને કહે કે, અમને આત્માનું તેજબિંબ દેખાય છે, દેવ દેખાય છે, અથવા કહે કે, મને પૂર્વ જન્મના સંસ્કાર છે વગેરે, અનેક કલ્પના દ્વારા પોતાની દૃષ્ટિએ, ઊંધી માન્યતા કરી છે તે, પોતાનો સ્વચ્છંદ, માન્યતા, આગ્રહ.

નિજપદ :શુધ્ધ આત્મ સ્વરૂપ; શુધ્ધ આત્મસ્વભાવ; આત્મસન્મુખ (૨) આત્મસ્વભાવ (૩) આત્મસ્વરૂપ; આત્મ સ્વભાવ (૪) આતમ સ્વભાવ; આત્મ સન્મુખ (૫) આત્મસ્વભાવ, આત્મસન્મુખતા (૬) મોક્ષપદ, નિર્વાણપદ (૭) શુદ્ધ, આત્મસ્વરૂપ

નિજરસરૂપે :જ્ઞાન આદિ, સ્વભાવે.

નિજરસ :જ્ઞાન રસ; જ્ઞાન ચેતનારૂપી રસ; ચૈતન્ય રસ.

નિજવૈભવ :(૧) આગમનું સેવન (૨) યુક્તિનું અવલંબન (૩) પરાપર ગુરુનો ઉપદેશ અને (૪) સ્વસંવેદન. એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનનો વૈભવ. તેને આત્માનો નિજ વૈભવ કહે છે, (૫) શુધ્ધ ચૈતન્યધન આત્માને દ્રષ્ટિમાં લઈ તેને ધ્યેય અને સાધન બનાવતાં અમને શુધ્ધોપયોગરૂપ ધર્મ થયો છે. પર્યાયમાં નિરાકુળ શાંતિ અને આનંદ જે પ્રગટયાં છે તે અમારો નિજવૈભવ છે. (૬) ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકના અવલંબને મારી નિર્મળ પર્યાયમાં મને જે વીતરાગતા પ્રગટ થઈ છે તે મારો નિજ વૈભવ છે. (૭) આત્મના અનંતગુણ, તે જ અનંતશકિત રૂપ નિજ વૈભવ, તે અપ્રગટ હતો પણ, વર્તમાન અપૂર્વ પુરુષાર્થ વડે, વીતરાગની વાણીને વારંવાર અનુસરવાથી, તેનો જન્મ થયો છે.

નિજસ્રા :ઉદયમાં આવતા પૂર્વકર્મસ્નો જાગૃતિ પ્રમાણ અંશે ક્ષય

નિજ-સૌખ્યનિષ્ઠ :નિજ સુખમાં લીન

નિત્ય :નિરંતર. (૨) કદી નષ્ટ ન થાય, તે નિત્ય. (૩) ધ્રુવ, કાયમ (૪) કદી નષ્ટ ન થાય તે, નિત્ય. (૫) સદા, ત્રિકાળ (૬) અવિનશ્વર, અવિનાશી

નિત્ય આનંદના ફેલાવથી સરસ :શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત

નિત્ય ઉદિત :સદા પ્રકાશમાન.

નિત્ય ઉધોતરૂપ :સ્પષ્ટ પ્રકાશમાન, જયોતિરૂપ.

નિત્ય ઉપયુકત :નિત્ય જાણવા દેખવાના ઉપયોગવાળો; નિત્ય જ્ઞાનના ઉપયોગના વેપારવાળો.

નિત્ય ઉપયોગ સ્વભાવ :દ્રવ્યની અનાદિ અનંત નિરપેક્ષ કારણ પર્યાય પણ શુદ્ધ છે. દ્રવ્યને ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. પણ તેની નિરપેક્ષ પર્યાય પણ શુદ્ધ છે.

નિત્ય નિત્ય સ્વરૂપ :દ્રવ્ય પર્યાય સ્વરૂપ.

નિત્ય વિભુ :સર્વવ્યાપક

નિત્યઉદ્યોત :નિત્ય પ્રકાશ

નિત્યકર્તુત્વ :સર્વ અવસ્થાઓમાં, કર્તાપણું રહેવું.

નિત્યપણું :ત્રિકાળહોવાપણું (૨) આત્મા ચિદાનંદ એકરૂપ ટકી રહે છે, એમ વસ્તુદષ્ટિએ નિત્ય છે. (૩) આત્મા ચિદાનંદ એકરૂપ ટકી રહે છે, એમ વસ્તુદષ્ટિએ નિત્ય છે. (૪) વસ્તુમાં ત્રિકાળી ટકી રહેવાની અપેક્ષાએ, નિત્યપણું છે.

નિત્યબોધક :(શાસ્ત્ર શબ્દો સદા બોધનાં નિમિત્તભૂત હોવાથી નિત્યબોધક કહેવામાં આવ્યાં છે.) અનાદિનિધન શુધ્ધ આત્મતત્ત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત, શબ્દાત્મક સૂત્ર પુદગલો.

નિત્યમુકત :સંસાર, અભાવરૂપ સદાય મુકતપણાને પામે.

નિત્યવૃત્તિ :નિત્ય ટકવાપણું; નિત્ય હયાતી; સદા વર્તવું તે.

નિત્ય-સ્થિર :વૃધ્ધિ-હાનિ વિનાનાં; નિશ્ચલ; ઉત્પાદ-વ્યયરહિત; ધ્રુવ

નિત્યા નિત્ય સ્વરૂપ :દ્રવ્ય પર્યાય સ્વરૂપ.

નિત્યાનંદ :એકસ્વરૂપ, નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે.

નિત્યાનિત્ય સ્વરૂપ :દ્રવ્ય પર્યાય સ્વરૂપ

નિતાંત :નિરંતર

નિદનશલ્ય :આગામી વિષય-ભોગોની વાંછા, તે નિદાન શલ્ય છે.

નિદ્રા :દર્શનાવરણીય કર્મ, જેના ઉદયથી ગાઢ નિદ્રા આવે. મહાપ્રયત્ને જાગે,

નિદ્રા નિદ્રા :વિશેષ નિદ્રા, ગાઢનિદ્રા

નિદ્રાધીન :ઉંઘમાં પડેલો

નિદ્રાનિદ્રા :વિશેષ નિદ્રા

નિદાન :નકકી; ખચીત; ચોકકસ; અવશ્ય; (૨) મૂળકારણ; કાર્ય-કારણનો વિચાર; (૩) ચિકિત્સા. (૪) મૂળ કારણ; કાર્ય-કારણનો વિચાર; ચિકિત્સા; નકકી; ચોકકસ; ખચીત; અવશ્ય; ઓછામાં ઓછું; અંતે; પરિણામે; છેલ્લે; આખરે. (૫) ઈંદ્રિય વિષયોની ઈચ્છા (૬) આલોક અને પરલોકના ભોગોની, વાંચ્છા. (૭) દાન, પૂજા, જપ, તપ આદિ કરીને, ભોગોની ઈચ્છા કરવી, તે નિદાન શલ્ય છે. (૮) લાભ, કેવળ, નકકી (ભોગોને આકાંક્ષારૂપ નિદાન-લાભ એ બંધસહિત જ્ઞાન, તપ દાનાદિ વડે ઉપાર્જન કરાયેલ, કર્મ તજવા યોગ્ય છે.) કારણકે, નિદાનવાળા પુણ્યથી ભવાંતરમાં રાજ્યાદિ વિભૂતિ પામીને, અજ્ઞાની જીવ વિષય ભોગોને તજી શકતો નથી. તેથી તે પુણ્યાદિની સમાપ્તિ થયા પછી, જીવ નરકાદિ ગતિના દુઃખ પામે છે. (૯) ધર્મ કરીને આવતા ભવ માટે, સુખની અભિલાષા કરવી, કારણ. (૧૦) ભોગોની અભિલાષા (૧૧) જોયેલો, સાંભળેલા અને અનભુવેલા ભોગોની અભિલાષા રૂપ નિદાન, બંધાધિ વિભાવભાવો. (૧૨) આગમી કાળમાં, સારા સારા ભોગોની પ્રાપ્તિની ઈચ્છા કરવી. (૧૩) આગામી કાળમાં સારા સારા ભોગોનીસ પ્રાપ્તિની ઈચછા કરવી. (૧૪) કારણ (૧૫) પરિણામ, અંત, ઓછામાં ઓછું, છેવટે, આખરે, અવશ્ય મૂળકારણ, રોગનાં કારણોની તપાસ, રોગ નકકી કરવો તે, રોગની ઓળખ. (૧૬) ખાણ, ખજાનો, ભંડાર. (૧૭) દાન,પૂજા, જપ, તપ આદિ કરીને, ભોગોની ઈચછા કરવી, તે નિદાન શલ્ય છે. શલ્ય એટલે કાંટો. જેમ શરીરમાં કાંગો-શૂળ ખૂંચ્યા કરે, તેમ શલ્યને લીધે આત્મા અંતરંગમાં કલેશ અનુભવ્યા કરે છે, પણ શલ્ય રહિત થવાથી, જ્ઞાનથી મોક્ષ થાય છે. (૧૮) મૂળ કારણ (૧૯) ભવિષ્યમાં વિષયો મળે એવી ઈચ્છા કરવી; આગામી વિષય-ભોગોની વાંછા.

નિદાન બુદ્ધિ :લોક-પરલોક સંબંધી કાંઈપણ કામનારૂપ નિદાનબુદ્ધિ

નિદાનશલ્ય :આગામી વિષય-ભોગોની વાંછા, તે નિદાન શલ્ય છે.

નિદિધ્યાસન :અખંડ ચિંતવન, ભાવના કરવી (૨) ઈષ્ટદેવ કે પરમ તત્ત્વનું નિત્ય ચિંતન (૩) અખંડ ચિંતવન (૪) નિરંતર ચિંતવન

નિધત્ત :તિરસ્કાર ને પાત્ર.

નિધન :ધર્મ કરીને, આવતા ભવ માટે સુખની અભિલાષા કરવા, કારણ. (૨) અવસાન, મૃત્યુ, મરણ

નિર્ધૂતકલિલાત્મા :નિર્ધૂત = સારી રીતે હલાવેલું, ખૂબ હલબલાવેલું, સાફ કરેલું, રદબાતલ કરેલું, દૂર કરેલું, કલિલ થી ઢંકાયેલું, અભેદ્ય, ગહન, અવ્યવસ્થિત, ઢગલો.

નિધાન :પૂંજી; ભંડાર; નિધિ; ખાણ (૨) નિધિ, ખજાનો, આધાર. (૩) ખજાનો (૪) ખજાનો, ભંડાર, આશ્રય સ્થાન. (૫) લક્ષ્મી, ખજાનો (૬) ધનના ભંડારો; ધન નિધિ (૭) ખજાનો

નિન્દા અને સ્તુતિનાં વચનો :નિંદા અને સ્તુતિનાં, જે કોઈ વચન સાંભળવામાં આવે છે તે બધાં, વાસ્તવમાં પૌદ્ગલિક તથા મૂર્તિક હોવાથી, પોતાના આત્મા સાથે, તેમનો વાસ્તવમાં સંબંધ થઈ શકતો નથી. અને તેથી તેઓ પોતાના આત્માનો ઉપકાર કે અપકાર કરતાં નથી, તેથી તેમને સાંભળીને રુષ્ટ થવું કે સંતુષ્ટ થવું, એ એક આત્માસાધના કરનાર યોગીને માટે, વ્યર્થ છે.

નિષ્પત્તિ :નીપજવું તે; થવું તે, સિધ્ધિ.

નિપટ :તદ્દન

નિષેધ્ય :ત્યાજ્ય.

નિપુણ :નિષ્ણાત, કુશળ, હોશિયાર, કાબેલ, પ્રવીણ, દક્ષ.

નિષ્ઠાપના :પૂર્ણતા.

નિંબ :લીમડો

નિબદ્ધ :બંધાયેલો (૨) બંધાયેલા છે. (૩) બંધાયેલા, પુણ્ય-પાપના ભાવ, તે આત્માની સાથે બંધાયેલા છે, પણ તે આત્માનો, સ્વભાવ નથી. (૪) બંધાયેલો, બંધન, બંધાવું. (૫) બંધાયેલા, અબંધ (૬) બંધાયેલાં.

નિબંધન :બંધણી; બંધન (૨) બંધન;બંધણી; (૩) બંધન; બંધણી; બાંધવાનું સાધન; રચના; કૃતિ (૪) બંધન, બંધણી, બાંધવાનું સાધન, રચના, કૃતિ (૫) બાંધેલું (૬) બંધન, બંધણી

નિર્બાધ :સફળ

નિભૃત :નિશ્ચળ, આત્મલીન.

નિભૃતોથી :મૌન અનુભવ કરતા, પુરુષોથી

નિભ્રાન્ત :ભ્રાન્તિ રહિત, નિઃસંદેહ

નિમકહલાલ :જેનું લુણ ખાધું હોય તેને વફાદાર રહેવું

નિમગ્ન :તલ્લીન (૨) લીન (૩) અંતર્ભૂત, અંતર્લીન (૪) લીન, એકતાર (૫) અંતર્મુખ (૬) ગરકાય, તદાકાર, લીન (૭) મશગૂલ, લીન, એકતાર, ગરકાવ, ડૂબી ગયેલું, ગરક

નિમગ્ન થવું :ડૂબી જવું (ગૌણ થવું) નિમગ્ન

નિમગ્ન :અંતર્મગ્ન; અંતભૂર્ત; અંતલીન

નિમજ્જન :નિમગ્ન થનાર. (૨) બુડાવવું, ડૂબકી મારવી એ. (૩) અંતરમાં ઢૂબકી મારવી.

નિમેષ :ખુલ્લી આંખને મીંચાતા જે વખત લાગે તેને નિમેષ કહેવામાં આવે છે અને તે એક નિમેષ અસંખ્યાત સમયનો હોય છે. (૨) ખુલ્લી આંખને મીંચાતા જે વખત લાગે તેને નિમેષ કહેવામાં આવે છે. એક નિમેષ અસંખ્યાત સમયોનો હોય છે. પંદર નિમેષોની એક કાષ્ટા ત્રીશ કાષ્ટાની એક કળા વીશથી કાંઈક અધિક કળાની એક ઘડી અને બે ઘડીનું એક મુહૂર્ત બને છે. અહોરાત્ર સૂર્યના ગગનથી પ્રગટ થાય છે. (તે એક અહોરાત્ર ત્રીશ મુહૂર્તનું હોય છે. ત્રીશ અહોરાત્રનો એક માસ, બે માસની એક ઋતુ , ત્રણ ઋતુનું એક અયન અને બે અયનનું એક વર્ષ બને છે. આ બધો વ્યવહારકાળ છે.

નિમિત્ત :હાજરરૂપ અનુકૂળ પર વસ્તુ (૨) સંયોગી કારણ (૩) સંયોગરૂપ કારણ (૪) જે વિકૃત પર્યાય આત્મામાં થાય છે તે પર નિમિત્તથી થાય છે. નિમિત્તથી થાય છે એટલે કે થાય છે તો પોતાથી પોતામાં, પણ નિમિત્તના લક્ષે થાય છે એમ અર્થ છે. શુભાશુભભાવ-દયા, દાન, વ્રત, ભક્તિ વગેરેના

શુભભાવ અને હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના આદિ અશુભભાવ-તે સર્વ પર્યાયમાં થતા ચૈતન્યના સ્વભાવ કે સ્વભાવના પરિણામ નથી. તેઓ કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા છે અને ચૈતન્ય જેવા દેખાય છે. ચૈતન્યમય તો નથી, પણ જાણે ચૈતન્ય કેમ ન હોય એવા દેખાય છે. તો પણ તે દિચદ્વિકારો ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશન્ય છે, જડ છે. (૫) સંયોગરૂપ કારણ. (૬) ઉપસ્થિતિ, હાજરી,અસ્તિત્વ; સહચર (૭) કારણ; પ્રયોજન; હેતુ; સબબ; બહાનું (૮) હાજરરૂપ અનુકુળ પર વસ્તુ (૯) પર સંયોગની હાજરી (૧૦) સંયોગ રૂપ કારણ ઉપાદાન= વસ્તુની સહજ શક્તિ (૧૧) પર સંયોગની હાજરી (૧૨) નિમિત્ત શરૂઆતમાં હાજર હોય, અને પરિણતિ વખતે, જેનો અભાવ થાય તે. (૧૨) પર સંયોગની હાજરી. (૧૩) સંયોગરૂપ કારણ. (૧૪) કર્મ (૧૫) પર (૧૬) પરદ્રવ્ય (૧૭) નૈમિત્તિક સંબંધ કોને કહે છે ? = ઉપાદાન સ્વતઃ, કાર્યરૂપે પરિણમે છે. વખતે ભાવરૂપ કે અભાવરૂપ, કયા ઉચિત (યોગ્ય) નિમિત્ત કારણોનો, તેને સાથ-સંબંધ છે, એ બતાવવાને માટે તે કાર્યને નૈમિત્તિક કહે છે. આ રીતે ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહે છે.

(નિમિત્ત નૈમિત્તિક સંબંધ, પરતંત્રતાનો સૂચક નથી. પરંતુ નૈમિત્તિકની સાથે કયો નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નૈમિત્તિક કહ્યું છે, તેને જ ઉપાદાનની અપેક્ષાએ, ઉપાદેય પણ કહે છે.) (૧૮) સંયોગરૂપ પર વસ્તુ, ઉપસ્થિતિ, ઉપચાર કારણ, અહેતુવત્ (૧૯) કારણ, પ્રયોજન, હેતુ, બહાનું (૨૦) હાજરરૂપ અનુકૂળ પરવસ્તુ. (૨૧) સંયોગરૂપ કારણ. (૨૨) પર સંયોગની હાજરી. (૨૩) હાજરરૂપ અનુકૂળ પરવસ્તુ (૨૪) સામી વસ્તુની હાજરી (૨૫) સંયોગરૂપ વસ્તુ. (૨૬) હાજરરૂપ, અનુકૂળ પરવસ્તુ, ઉપસ્થિત, વિદ્યમાન (૨૭) સંયોગરૂપ કારણ. (૨૮) સાનુકુળ યોગ.

પ્રશ્ન : ઉપદેશમાત્રથી લાભ ન થાય એમ આપ કહો છો અને હિતનો ઉપદેશ તો આપ આપો છો ?

સમાધાન :-ભાઈ, વાણીના કાળે વાણી નીકળે છે અને સાંભળનારને પણ તેની યોગ્યતાના કાળે એવું નિમિત્ત હોય છે. પણ સાંભળે છે તેથી તથા સંભળાવનાર નિમિત્ત છે. તેથી જ્ઞાન થાય છે એમ નથી. ત્યાં તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવાની અ જન્મક્ષણ જ છે. સ્વસન્મુખ થઈને નિર્મળ પર્યાય થાય તે કાળે તેવી નિર્મળતા થવાનો સ્વકાળ જ છે. અને નિમિત્તાદિ પણ એમ જ છે. છતાં રાગ કે નિમિત્ત છે માટે નિર્મળતા થાય છે એમ નથી. નિર્મળ પર્યાય થવાની યોગ્યતાનતા કાળે યથાર્થ ઉપદેશનું નિમિત્ત હોય અને ઉપદેશ સાંભળવાનો વિકલ્પ પણ હોય તેથી એ નિમિત્ત કે વિકલ્પ જ્ઞાન કરી દે છે એમ નથી.

નિમિત્તાદિ, વસ્તુની જન્મક્ષણ નીપજાવનાર નથી. વસ્તુની જે જન્મક્ષણ છે તે (જન્મથી વ્યાપ્ત છે, ઉત્પાદથી વ્યાપ્ત છે, વ્યય વ્યયથી વ્યાપ્ત છે અને ધ્રુવ ધ્રુવથી વ્યાપ્ત છે. પ્રવચનસારમાં આ વાત લીધી છે. આ પ્રવચન સાર તો દિવ્ય ધ્વનિનો સાર છે. ભગવાન એમ કહે છે કે-તું અમારી દિવ્ય ધ્વનિ સાંભળે છે એથી તેને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે એમ નથી. પરંતુ જ્ઞાનની પર્યાયનો જન્મક્ષણ છે તેથી ઉત્પન્ન થાય છે.

નિમિત્ત કારણ :કોઈ પણ કાર્ય રૂપ પરિણામ માટેનું અલગ સાધનરૂપ કારણ (૨) સંયોગરૂપ વસ્તુ (૩) જે પદાર્થ પરમાં સ્વયં કાર્યરૂપ ન પરિણમે, પરંતુ ઉપાદાન કાર્યની ઉત્પત્તિમાં, અનુકુળ હાજરીરૂપ હોય, તેને નિમિત્ત કારણ કહે છે. (૪) જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકુળ હોવાનો જેના ઉપર આરોપ આવી શકે, તે પદાર્થને નિમિત્તકારણ કહે છે. જેમ કે, ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર, આદિ (નિમિત્ત સાચું કારણ નથી. અહેતુવત્ (અકારણવત) છે, કારણ કે તે ઉપચાર માત્ર અથવા વ્યવહાર માત્ર કારણ છે. (૫) નિમિત્તદષ્ટિ તે સંસાર છે. (૬) પરવસ્તુ-બીજી ચીજ, આરોપિત કારણ. (૭) જે પોતે કાર્યરૂપ ન થાય પણ, કાર્યની ઉત્પત્તિ વખતે હાજરરૂપ, ઉપસ્થિત કારણ. (૮) જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો, જેના ઉપર આરોપ આવી શકે, તે પદાર્થને નિમિત્ત કારણ કહે છે. જેમ કે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર

આદિ. (નિમિત્ત સાચું કારણ નથી.- અહેતુવત્ (અકારણવત્) છે, કારણ કે, તે ઉપચાર માત્ર અથવા વ્યવહાર માત્ર કારણ છે.

નિમિત્ત = નૈમિત્તક :વસ્તુની વિકારી પર્યાય, તે નૈમિત્તિક અને કર્મ નિમિત્ત એવો વ્યવહાર સંબંધ, પર્યાયમાં છે, કર્મ, તે નિમિત્ત અને રાગાદિનું થવું, તે નૈમિત્તિક, એમ નિમિત્ત-નૈમિત્તિક ભાવની દૃષ્ટિથી જોવામાં આવે, તો તે વ્યવહાર, કથંચિત સત્યાર્થ છે.

નિમિત્ત નૈમિત્તિક સંબંધનાં દૃષ્ટાંત :(૧) કેવળજ્ઞાન નૈમિત્તિક છે, અને લોકાલોકરૂપ સર્વ જ્ઞેયો, નિમિત્ત છે. (પ્રવચનસાર ગાથા ૨૬ની ટીકા) (૨) સમ્યગ્દર્શન નૈમિત્તિક છે, અને સમ્યગ્જ્ઞાનીના ઉપદેશાદિ, નિમિત્ત છે. (આત્માનુશાસન ગા. ૧૦ની ટીકા) (૩) સિદ્ધ દશા નૈમિત્તિક છે, અને પુદ્ગલ કર્મનો અભાવ, નિમિત્ત છે. (સમયસાર ગા. ૮૩ની ટીકા.) (૪) જેવી રીતે અધઃકર્મથી ઉત્પન્ન, અને ઉદ્દેશથી ઉત્પન્ન થયેલ, નિમિત્તભૂત(આહારાદિ) પુદ્ગલ દ્રવ્યોનો ત્યાગ ન કરતો, આત્મા (મુનિ) નૈમિત્તિકભૂત બંધ, સાધકભાવનું પ્રત્યાખ્યાન (ત્યાગ) કરતો નથી, તેવી જ રીતે, સમસ્ત પરદ્વ્યનું પ્રત્યાખ્યાન ન કરતો, આત્મા તેના નિમિત્તથી થવાવાળા ભાવને ત્યાગતો નથી, આમાં જીવનો બંધસાધક ભાવ નૈમિત્તિક છે, અને તે પરદ્રવ્ય નિમિત્ત છે. (સમયસાર ગા. ૨૮૬-૮૭ની ટીકા)

નિમિત્ત પરક :નિમિત્તને લઈને, નિમિત્તના કારણે, અપેક્ષાથી

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ :નિમિત્ત એટલે પર અને નૈમિત્તિક એટલે ઉપાદાન પોતે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધના કારણે જ, સંસાર-મોક્ષ બન્ને ઊભા છે. નિમિત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ, કર્તાકર્મપણું નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ, કર્તાકર્મપણું નથી. નિમિત્ત નૈમિત્તિક પણું છે, અને કર્તાકર્મપણું નથી એવું ચારે પડખાનું બધું સ્વરૂપ સમજયે જ, સંસારના નાશનો ઉપાય હાથમાં આવે, અને તે પ્રમાણે પુરુષાર્થ કરવાથી તત્કાળ મોક્ષ થાય.

નિમિત્તપણું :કારણપણું

નિમિત્તમાત્ર :ઉપસ્થિતિમાત્ર

નિમિત્તરૂપ :હાજરી રૂપ

નિમિત્તો :સામગ્રી

નિયત :અવસ્થિત; સ્થિત; સ્થિર; દૃઢપણે રહેલું, નિશ્ચળપણે રહેલો; નિશ્ચિત; એકરૂપ અમુક; એક જ પ્રકારના. (૨) નિશ્ચિત; એકરૂપ; અમુક એક જ પ્રકારના; નિશ્ચયચળપણે રહેલો. (૩) વ્યવસ્થિત; નિશ્ચિત; દૃઢપણે રહેવું. (૪) સ્વભાવલીન પરિણામને નિયત કહેલ છે. (૫) અવસ્થિત; સ્થિત; સ્થિર; દૃઢપણે રહેલું (૬) સ્વભાવલીન પરણામને નિયત કહેલ છે. (૭) નિશ્ચિત રહેલાં, વ્યવસ્થિત; દૃઢપણે રહેલાં (૮) ચળાચળતા રહિત; જ્ઞાન અને બીજાં અનંત ગુણોની પર્યાયોમાં હીનાધિકપણું થાય છે એ અનિયત છે. એનાથી રહિત ભગવાન આત્મા નિયત છે. (૯) અવસ્થિત; સ્થિત;સ્થિર; દૃઢપણે રહેલું; નિશ્ચિત; એકરૂપ; અમુક એક જ પ્રકારના. (૧૦) નિશ્ચિત રહેલાં, વ્યવસ્થિત, દૃઢપણે વહેલાં (૧૧) સ્વકાળથી અભેદ. વર્તમાન ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય તેટલો નથી, પણ ત્રિકાળ ટકનાર હોવાથી ત્રિકાળી શક્તિથી નિત્ય, સ્થિર, નિશ્ચલ, એકરૂપ જ્ઞાયક ભાવે છું. અવસ્થાભેદ ઉપર જોયા કરે તો વિકલ્પ તૂટતો નથી, પણ રાગનો ઉત્પાદ થાય છે. તેમાં સમુદ્રનું દૃષ્ટાંત છે. (૧૨) નિશ્ચિત, નકકી કરેલું કે ઠરેલું (૧૩) નિશ્ચિત (૧૪) નિશ્ચિત, સ્વભાવ અને સ્વભાવલીન, નિર્મળ પર્યાય પ્રગટ થાય, તેને નિયત કહેલ છે, પાણીનો શીતલ સ્વભાવ છે, તે નિયત છે, સ્વભાવલીન શીતળદશા, તે નિયત છે.

નિયત અને અનિયત ધર્મો વસ્તુમાં એક સાથે છે એટલે શું? :નિયત અને તેની સાથે નિયત સિવાયના બીજા અનિયત (એટલે કે, પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રદ્ધા,નિમિત્ત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે, માટે તેને નિયત અનિયતનો મેળ થયો.

(અહીં અનિયતનો અર્થ અક્રમબદ્ધ એમને સમજવો, પણ નિયતની સાથે રહેલા, નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં અનિયત કહ્યા છે, એમ સમજવું). એ રીતે વસ્તુમાં નિયત અનિયત બન્ને ધર્મો એક સમયે એક સાથે છે, એટલે અનેકાન્ત સ્વભાવ છે. ને તેની શ્રદ્ધામાં અનેકાન્ત વાદ છે.

નિયત અને અનિયત પર્યાય :શુદ્ધ પયાર્ય અને વિકારી પર્યાય એ બન્ને, ક્રમસર પ્રગટ થાય છે. નિયત એ શુદ્ધ અને અનિયત એ શુભ-અશુભ, અને વિકારી છે. પરંતુ બંને નિયત કે અનિયત પર્યાય, ક્રમસર જ થાય છે.
સ્વભાવ અને સ્વભાવલીન નિર્મળ પર્યાય પ્રગટ થાય, તેને નિયત કહેલ છે. અને વિભાવ પર્યાય પ્રગટ થાય, તેને અનિયત કહેલ છે. અનિયત પર્યાય એટલે, તે આગળ-પાછળ કે આડી-અવળી થાય, એવો ત્યાં અર્થ નથી. અનિયત એટલે, સ્વભાવમાં અનવસ્થિત, અનેકરૂપ વિકારી, પર્યાય, તે પણ જે સમયે પ્રગટ થાય, તે નિયત ક્રમબદ્ધ જ, પ્રગટ થાય છે. પંચાસ્તિકાય ગાથા ૧૫૫ માં અને ટીકામાં પણ, ગુણસ્વભાવ અને નિર્મળ પર્યાયને, નિયત કહેલ છે અને વિકારી વિભાવ પર્યાયને, અનિયત કહેલ છે. અહીં અનિયતનો અર્થ, પર્યાય આકડી-અવળી થાય છે, એમ છે નહિ. પાણીનો શીતલ સ્વભાવ, તે નિયત છે. સ્વભાવલીન શીતલદશાને નિયત છે, અને અગ્નિના નિમિત્તે તેની ઉષ્ણ દશા, તે અનિયત છે.

નિયત પ્રદેશે :અમુક મર્યાદા-ભાગમાં

નિયત વૃત્તિરૂપ :નિશ્ચયરમણતારૂપ-ટકવારૂપ વર્તવું; અસ્તિત્વરૂપ

નિયતત્વરૂપ :નિશ્ચતપણે જેમનું તેમ રહેવારૂપ

નિયતપણે :અવશ્ય

નિયતપ્રદેશ :અમુક મર્યાદા ભાગ

નિયતવૃતિ રૂપ :નિશ્ચય રમણતારૂપ; ટકવારૂપ વર્તવું, ત્રિકાળધ્રુવનો આત્મતત્વ, તેની સાથે એકત્વગતપણે વર્તે છે, નિશ્ચય રત્નત્રયરૂપ પરિણતિથી વર્તે છે. (૨) અસ્તિત્વ રૂપ, નિશ્ચય રમણતા રૂપ, દર્શન જ્ઞાન સ્વભાવમાં, ટકવારૂપ.

નિયતવૃતિ :ત્રિકાળધ્રુવ

નિયતવાદ :નિયતિવાદ=બધું જ કુદરતના ક્રમ પ્રમાણે થયા રે છે એ પ્રમાણેનો મત સિધ્ધાંત; દૈવ-વાદ; કર્મ-વાદ; પ્રારૂબ્ધ-વાદ (૨) નિશ્ચિતપણું

નિયતસ્વરૂપ :નિશ્ચિતપણે

નિયંતા :નિયમમાં રાખનાર; કાબૂમાં રાખનાર; પરમેશ્વર; પરમાત્મા.

નિયતિ :નિયમ; ઈશ્વરી કાયદો;કુદરત; પ્રકૃતિ; ભાગ્ય; નસીબ (૨) નિયમ, ભાગ્ય, નશીબ, ઈશ્વરી કાયદો, કુદરતી નિયમ, પ્રકૃતિ (૩) ભાગ્ય, નિયમ (૪) ભાગ્ય, જે થવાનું છે તે , નિયમ, ઈશ્વરી કાયદો, નસીબ, કુદરત, પ્રકૃત્તિ. (૫) નિશ્ચિત ક્રમ (૬) નિયમ, ભાગ્ય, જે થવાનું છે, તે.

નિયતિવાદ :બધું જ કુદરતના ક્રમ પ્રમાણે થયા કરે છે, એ પ્રમાણેનો સિદ્ધાંત, દૈવવાદ, કર્મવાદ, પ્રારબ્ધવાદ.

નિષેધ :નકાર; મનાઈ

નિષપન્ન થવું :નીપજવું; ફળરૂપ થવું; સિધ્ધ થવું. (શુધ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુધ્ધોપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા)

નિયમ :નિશ્ચય (૨) આત્માને વિશેષરૂપે વિશુધ્ધ અને નિયમિત કરનાર પાંચ નિયમ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન- (ધ્યાન) અથવા ત્યાગ, મૌન ઉપવાસ વગેરે અમુક થોડા વખત માટે લેવાય તે પણ નિયમ જણાય છે. (૩) ચોકકસ (૪) અમુક વખત માટે અમુક, ત્યાગ ઉપવાસ મૌન આદિ કરવાં, તે નિયમ. (૫) નિયમ કોઈ કાળે ફરે નહિ, ફરે તો, નિયમ કહેવાય નહિ. (૬) આ નિયમ, તે કારણ નિયમ છે, કેમ કે, તે સમ્યગ્જ્ઞાન- દર્શન ચારિત્રરૂપ કાર્ય, નિયમનું કારણ છે.(કારણનિયમના આશ્રયે કાર્યનિયમ પ્રગટે છે.) (૭) નિયમથી (નકકી) જે કરવા યોગ્ય હોય તે. શું કરવા યોગ્ય છે? પર્યાય, જુઓ, પર્યાય નકકી- નિયમથી કરવા યોગ્ય છે. કઈ પર્યાય? તો કહે છે. જ્ઞાનને આદિમાં લઈને, જ્ઞાન- દર્શન ચારિત્રની પર્યાય કરવા યોગ્ય છે. તે નિશ્ચયથી, જ્ઞાન-દર્શન- ચારિત્રની પર્યાય કરવા યોગ્ય છે. નિશ્ચયથી આ જ કરવા યોગ્ય છે. પણ વ્યવહાર રત્નત્રયનો પર્યાય, કર્તવ્ય છે, એમ નથી. પરમાં તો આત્માને, કંઈ કર્તવ્ય છે જ નહિ, કેમ કે પરનું તો આત્મા, કંઈકરી શકતો જ નથી, એ તો ફકત જૂઠું માને છે, કે હું કરું છું. (બાકી શું કરે? પરમાં એનો પ્રવેશ જ નથી .) અને અશુભભાવ, પણ કરવા લાયક નથી. અરે ખરેખર તો વ્યવહાર રત્નત્રયના શુભભાવ પણ કરવાલાયક નથી, એમ કહે છે. આ સત્ય છે. નિશ્ચયથી, બસ જ્ઞાન-દર્શન-ચારિત્ર કરવા લાયક છે. તે કોના આશ્રયે થાય છે? તે દ્રવ્યના આશ્રયે થાય

છે. નિશ્ચય કરવા યોગ્ય જ્ઞાન-દર્શન-ચારિત્ર, એ ત્રિકાળીધ્રુવ એક જ્ઞાયક સ્વરૂપ, આત્મદ્રવ્યના આશ્રયે થાય છે. એ કંઈ પર્યાયના આશ્રયે થતા નથી; કેમ કે એ (પર્યાય) તો કરવા યોગ્ય છે. પૂર્ણાનંદ નો નાથ પ્રભુ, અંદર પોતે આત્મા છે, તેને આશ્રય લઈને નિયમથી કરવાયોગ્ય હોય તો, બસ સમ્યગ્દર્શન- જ્ઞાન- ચારિત્ર છે. અર્થાત્ આત્માનું જ્ઞાન, તેનું શ્રદ્ધાન અને તેનું જ, આચરણ કરવા લાયક છે. હવે 'સાર' શબ્દ (પદ) જોડેલ છે. તેનું પ્રયોજન બતાવે છે. વિપરીતના પરિહાર અર્થે-જ્ઞાન- દર્શન- ચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે. લ્યો, નિશ્ચય રત્નત્રયથી વિરુદ્ધભાવોના ત્યાગ માટે, ''સાદ'' પદ જોડેલ છે. (૮) અમુક વખત માટે અમુક ત્યાગ, ઉપવાસ, મૌન આદિ કરવાં, તે નિયમ (૯) નિયમ કોઈ કાળે ફરે નહિ, ફરે, તો નિયમ કહેવાય નહિ.

નિયમથી :ચોક્કસ

નિયમસાર :એ નામનો ગ્રંથ છે. તેના રચાયિતા શ્રી કુંદકુંદાચાર્યદેવ છે.

નિયમસાર :મોક્ષમાર્ગ. (૨) 'નિયમ શબ્દ' પ્રથમતો, સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર માટે છે. 'નિયમસાર' (નિયમનો સાર) એમ કહેતાં, શુદ્ધ રત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.

નિયમા :ચોકકસ

નિયમિત :નિશ્ચિત

નિયય :આધાર

નિયાણું :મને આ તપશ્ચર્યાથી ઋદ્ધિ મળે કે વૈભવ મળે કે અમુક ઈચ્છિત થાઓ એવી ઈચ્છાને નિયાણું, નિદાન દોષ કહે છે. (૨) આ લોક પરલોકની વાંછા (૩) મને આ તપશ્ચર્યાથી ઋદ્ધિ મળો કે અમુક ઈચ્છિત થાઓ એવી ઈચ્છાને નિયાણું નિદાન દોષ કહે છે. (૪) સકામ ધર્માચ્ચારણ; ઉત્તમ કાર્ય કરવાની પાછળ રહેલી સ્વાર્થભાવના; ફળ મળે એ માટે કર્મ કરવાં એ. (૫) નિદાન (૬) મને આ તપશ્ચર્યાથી ઋદ્ધિ મળો કે વૈભવ મળો, કે અમુક ઈચ્છિત થાઓ, એવી ઈચ્છાને, નિયાણું-નિદાનદોષ કહે છે.

નિયોગ :સંબંધ, મેળ (૨) નિયુકત કર્તવ્ય.

નિર અતિયાચાર :દોષ રહિત

નિરુક્ત :નિર્વચન; વ્યુત્પત્તિ; સંસ્કૃત વ્યુત્પતિશાસ્ત્ર (યાસ્કની રચના)

નિરુક્તિ :વ્યુત્પત્તિ; સારી રીતે જાણવું એ; સમઝવા જેટલું જ્ઞાન; શબ્દના અર્થનો બોધ કરનાર શક્તિ; શબ્દોનો ક્રમિક વિકાસ (૨) વ્યુત્પત્તિ, સારી રીતે જાણ્યું એ, સમઝવા જેટલું જ્ઞાન. (૩) કહેવાય છે. (૪) વ્યુત્પત્તિ (૫) વ્યુત્પત્તિ; શબ્દના અર્થનો બોધ કરનાર શક્તિ; સારી રીતે જાણવું એ; સમજવા જેટલું જ્ઞાન.

નિરંકુશ :અંકુશ વિનાની; વિરુધ્ધ પક્ષ વિનાની; નિઃપ્રતિપક્ષ. (સામાન્ય વિશેષાત્મક સતા ઉપર વર્ણવી તેવી હોવા છતાં સર્વથા તેવી નથી, કથંચિત્ (સામાન્ય-અપેક્ષાએ) તેવી છે, અને કથંચિત્ (વિશેષ-અપેક્ષાએ) વિરુધ્ધ પ્રકારની છે.) (૨) અંકુશ વિનાની; વિરુધ્ધ પક્ષ વિનાની; નિઃપ્રતિપક્ષ

નિરંગ :નીરાગ, નિર્વિકાર.

નિરર્ગળ :અકુંશ વિનાની, બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીનછે. તેમને બેહદ એકાંતદષ્ટિ ઊછળે છે. (૨) નિરંકુશ; અમર્યાદ

નિરંજન :અંજન દોષ મલીનતા રહિત; કર્મમલરહિત નિર્દોષ આત્મા તે નિરંજન જડના ગુણોથી રહિત ચૈતન્ય સ્વરૂપ છે. (૨) આ શુદ્ધ ચૈતન્ય ભગવાન, નિત્ય નિરંજન છે. સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયમાં, નિરંજન છે. અંજન કહેતાં મેલ જેમાં નથી, તે નિરંજન કહેવાય છે. (૩) દોષ વિનાનું, મલિનતા રહિત. (૪) દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જે નિત્ય અવિનશ્વર છે, રાગાદિ કર્મમળરૂપ અંજનથી રહિત હોવાને લીધે, જે નિરંજન છે, કેવલજ્ઞાનથી પૂર્ણ છે, પરમાનંદ સ્વભાવવાળા છે, એવા જે પરમાત્મા છે, તે શાંત અને શિવસ્વરૂપ છે, તે પરમાત્માના શુદ્ધ-બુદ્ધ સ્વભાવને તું જાણ, તથા તેનું ધ્યાન કર. તે પરમાત્મા વીતરાગ સ્વભાવને લીધે, શાંત અને પરમાનંદ સુખ સ્વભાવને લીધે નિરંજન કહેવાય છે. જે શુદ્ધ પરમાત્મ સ્વભાવની ભાવના કર. (૫) કર્મકાલિમા, રહિત. (૬) નિષ્કલંક (૭) કર્મરૂપ અંજન, મેશ, મલિનતા, અશુદ્ધિરહિત દેવ, સ્વરૂપાનંદમાં રમણ કરતા, કર્મમુકત, શુદ્ધ સહજાત્મા (૮) રાગાદિ કર્મ- મલરૂપ અંજનથી રહિત હોવાને લીધે, જે નિરંજન છે. (૯)

બિલકુલ મેલ વગરની, કર્મ અંજનથી રહિત, કર્મકલંકથી રહિત, શુદ્ધ પરમાત્મા (૧૦) મમલરૂપ અંજન રહિત, મલિનતાથી રહિત. (૧૧) જેને વર્ણ , રંગ નથી, ગંધ નથી, રસ નથી, શબ્દ નથી, સ્પર્શ નથી, જન્મ નથી, તથા મરણ નથી, તે પરમાત્માની નિરંજન સંજ્ઞા છે. જેને ક્રોધ નથી, મોહ નથી, મદ નથી, માયા નથી, માન નથી, જેને કર્મજન્ય સ્થાન નથી તથા ધ્યાન નથી, તેને હે જીવ તું નિરંજન જાણ. જેને પુણ્યનથી, પાપનથી, હર્ષનથી, વિષાદ નથી, જેને અઢાર દોષોમાંથી એકપણ દોષ નથી તે નિરંજન પરમાત્માં છે. (૧૨) રાગ, દ્વેષ, રૂપ, વગરનો. (૧૩) મલિનતા રહિત, અશરીરી.

નિર્જરવું :ખરી જવું

નિર્જરવા :ખરીજવા.

નિર્જરા :સંવરપૂવક અશુધ્ધતાનું ખરવું, કર્મનું ગળવું અને શુધ્ધતાનું વધવું એ ત્રણેય નિર્જરા છે. (૨) કર્મના વીર્યનું (કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ (બાર પ્રકારના) તપો વડે વૃધ્ધિ પામેલો જીવનો શુધ્ધોપયોગ તે નિર્જરા છે, તેમ જ તેના પ્રભાવથી-વૃધ્ધિ પામેલા શુધ્ધોપયોગના નિમિત્તથી-નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મ પુદ્ગલોનો એક દેશ સંક્ષય તે નિર્જરા છે. (૩) કર્મના વીર્યનું (-કર્મની શક્તિનું) શાતન કરવામાં (પાતળું કરવું-હીન કરવું-ક્ષીણ કરવું-નષ્ટ કરવું) સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ (બાર પ્રકારના) તપો વડે વૃધ્ધિ પામેલો જીવનો શુધ્ધોપયોગ (તે નિર્જરા છે.) તેમ જ તેના પ્રભાવથી (-વૃધ્ધિ પામેલા શુધ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મ પુદગોનો એક દેશ સંક્ષય (સમ્યક પ્રકારે ક્ષય) તે નિર્જરા છે. (૪) ઉદયમાં આવતા પૂર્વકર્મનો જાગૃતિ પ્રમાણ અંશે ક્ષય. આત્મ પ્રદેશમાંથી કર્મને છૂટાં પાડવા એ. (૫) અહંકાર રહિત; કદાગ્રહ રહિત; લોકસંજ્ઞા રહિત આત્મામાં પ્રવર્તવું તે નિર્જરા (૬) જડ કર્મ સાથેના બંધનો અંશે અંશે અભાવ (૭) અખંડાનંદ શુધ્ધ આત્મ સ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સ્થિરતાની વૃધ્ધિ વડે અશુધ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવ નિર્જરા છે અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે. (૮) એ રીતે ખરેખર આ (પૂર્વોકત) ભાવમુક્ત (-ભાવમોક્ષવાળા) ભગવાન કેવળીને-કે જેમને સ્વરૂપતૃપ્તપણાને લીધે કર્મવિપાકકૃત સુખદુઃખરૂપ વિક્રિયા અટકી ગઈ છે તેમને આવરણનાં પ્રક્ષીણપણાને લીધે, અનંત જ્ઞાનદર્શનથી સંપૂર્ણ શુધ્ધ જ્ઞાનચેતનામયપણાને લીધે તથા અતીંદ્રિયપણાને લીધે જે અન્ય દ્રવ્યના સંયોગ વિનાનું છે અને શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યવૃત્તિરૂપ હોવાને લીધે જે કથંચિત ધ્યાન નામને યોગ્ય છે. એવું આત્માનું સ્વરૂપ (-આત્માની નિજ દશા) પૂર્વસંચિત કર્મોની શક્તિનું શાતન અથવા તેમનું પતન અવલોકીને નિર્જરાના હેતુ તરીકે વર્ણવવામાં આવે છે. ભાવાર્થઃ કેવળી ભગવાનના આત્માની દશા જ્ઞાનદર્શનાવરણના ક્ષયવાળી હોવાને લીધે શુધ્ધજ્ઞાન ચેતનામય હોવાને લીધે તથા ઇન્દ્રિયવ્યાપારાદિ બહિર્દ્રવ્યના આલંબન વિનાની હોવાને લીધે તથા અન્ય દ્રવ્યના સંસર્ગ રહિત છે અને શુધ્ધ સ્વરૂપમાં નિશ્ચળ ચૈતન્ય પરિણતિરૂપ હોવાને લીધે કોઇ પ્રકારે ધ્યાન નામને યોગ્ય છે. તેમની આવી આત્મદશા નિર્જરાના નિમિત્ત તરીકે વર્ણવવામાં આવે છે. કારણ કે તેમને પૂર્વોપાર્જિત કર્મોની શક્તિ હીન થતી જાય છે તેમ જ તે કર્મો ખરતાં જાય છે.આ દ્રવ્યકર્મ મોક્ષના હેતુભુત એવી પરમ નિર્જરાના કારણભૂત ધ્યાનનું કથન છે. (૯) સંવર એટલે શુભાશુભ પરિણામનો નિરોધ, અને યોગ એટલે શુધ્ધોપયોગ; તેમનાથી (-સંવર અને યોગથી) યુકત એવો જે (પુરુષ), અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિકતશૈય્યાસન, અને કાયકલેશાદિ ભેદોવાળાં બહિરંગ તપો સહિત તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત-એમ બહુવિધ તપો સહિત પ્રવર્તે છે તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા કરે છે. કર્મના વીર્યનું (-કર્મની શકિતનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વૃધ્ધિ પામેલો શુધ્ધોપયોગ તે ભાવનિર્જરા છે અને તેના પ્રભાવથી (-વૃધ્ધિ પામેલા શુધ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદગલોનો એક દેશ સંક્ષય તે દ્રવ્ય નિર્જરા છે. (૧૦) સંવર એટલે

શુભાશુભ પરિણામનો નિરોધ, અને યોગ એટલે શુધ્ધ ઉપયોગ; તેમનાથી (-સંવર અને યોગથી) યુકત એવો જે (પુરુષ), અનશન, અવમૌદર્ય, વૃત્તિ પરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિકત શય્યાસન અને કાયકલેશાદિ ભેદોવાળાં બહિરંગ તપો સહિત તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, અને ધ્યાન એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત એમ બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા કરે છે. તેથી કર્મના વીર્યનું (-કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વૃધ્ધિ પામેલો શુધ્ધોપયોગ તે ભાવનિર્જરા છે અને તેના પ્રભાવથી (-વૃધ્ધિ પામેલા શુધ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્ગલોનો એક દેશ સંક્ષય તે દ્રવ્ય નિર્જરા છે. (૧૧) સમ્યક્ત્વ પ્રગટે, તો નિર્જરા થાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ બધાં, નિર્જરાના કારણ છે. (૧૨) આત્માના ભાવ અનુક્રમે શુદ્ધ થવા, તે નિર્જરાતત્ત્વ છે. (૧૩) અખંડાનંદ નિજશુદ્ધાત્માના, લક્ષ્યના બળથી, અંશે શુદ્ધિની અને તે સમયે ખરવા યોગ્ય કર્મોનું અંશે છૂટી જવું, તે દ્રવ્યનિર્જરા છે. (૧૪) જેવી રીતે વહાણમાં આવેલા પાણીમાંથી થોડું (કોઈ વાસણમાં ભરી) ફેંકી દેવામાં આવે છે, તેવી રીતે નિર્જરા દ્વારા થોડાં કર્મ, આત્માથી અલગ કથઈ જાય, તે નિર્જરા. (૧૫) અશુદ્ધતાનું ગળવું, શુદ્ધતાનું વધવું ને કર્મનું ખરી જવું, એમ નિર્જરા ત્રણ પ્રકારે છે. એમાં અશુદ્ધતાનું ગળવું, એ વ્યવહારનયથી છે, કર્મનું ટળવું, એ અસદ્ભૂત વ્યવહારનયથી છે. શુદ્ધતાનું વધવું, એ વાસ્તવિક નિર્જરા છે. એક સમયમાં, એ ત્રણેય છે. હવે એ છે એને કરવું શું? અહાહા..... ! શુદ્ધતાનું વધવું, એ એક સમયનું તે-તે સમયે સત્ છે, હવે એ પર્યાય સત્-વિદ્યમાન છે, તેને કરવી શું ? અહાહા....! શુદ્ધાપયોગની સ્થિરતા થતાં, ત્યાં શુદ્ધતાનું વધવું હોય છે. હવે છે, ઉપજે છે, એને કરવું શું? જેમ મોક્ષ ઉપજે છે તેમ નિર્જરા પણ ઉપજે છે. હવે હયાતી લઈને જે ઉપજે છે, છે એને કરવું છે, એ વાત ક્યાં છે ? નથી. તેથી નિર્જરાનેય એ કરતો નથી, કેવળ જાણે જ છે.

અહાહા....! પર્યાયના ક્રમબદ્ધ પ્રવાહમાં, એનાકાળે નિર્જરાય થાય છે. તેને કરવી શું ? હવે આવી વાત સમજમાં બેસે નહિ, એટલે એને ઠેકાણે કોઈ લોકો કહે કે, પરને સહાય કરવી, ગરીબોનાં આંસુ લૂંછવા, એકબીજાને મદદ કરવી- અન્ન, વસ્ત્ર, ઔષધિ આપવાં - ઈત્યાદિ કરે, તે ધર્મ, જનસેવા તે પ્રભુ સેવા, લ્યો આવું કહે. અનંતકાળથી ઓશિયાળી દૃષ્ટિ ખરી ને ! પણ બાપુ, એ તો વિપરીત દૃષ્ટિ છે. ભાઈ! એ વીતરાગનો મારગ નહિ પ્રભુ! (૧૬) સંચિત કર્મોનું ખરીજવું, છૂટા પડી જવું. (૧૭) નિર્જરાના બે પ્રકાર છેઃ સવિપાક (પાકજા) નિર્જરા અને અવિપાક (અપાકજા) નિર્જરા. પાકજા નિર્જરા તે છે જેમાં, પાકેલા ફળ દેવોને તૈયાર કર્મોનો જ વિનાશ થાય છે. અને અપાકજા નિર્જરા તે કહેવાય છે કે જેમાં પાકેલા (કાળપ્રાપ્ત) તથા નહિ પાકેલા (અકાળપ્રાપ્ત) બન્ને પ્રકારનાં કર્મોનો, વિનાશ થાય છે. જેવી રીતે દાવાનળ દ્વારા સૂકાં અને લીલાં વૃક્ષો બળી જાય છે તેવી જ, રીતે એકાગ્ર ચિંતનરૂપ ધ્યાનપણ અવી જ પ્રબળ અગ્નિ છે. જેની ઝાળમાં આવેલું કોઈપણ કર્મ, ચાહે તે ઉદયને યોગ્ય હોય કે ન હોય તોપણ બાળીને રાખ, અથવા શકિતક્ષીણ થઈ જાય છે. અહીં અપાકજા નિર્જરાની શકિતને દાવાનળના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. (૧૮) પૂર્વોપાર્જિત કર્મોનો એકદેશ વિનાશ. પૂર્વોપાર્જિત કર્મોમાં, પૂર્વ જન્મમાં કરેલાં તથા આત્માની સાથે બંધાયેલાં, કર્મ જ નહિ, પરંતુ આ જન્મમાં પણ વર્તમાન કાળથી પૂર્વે કરેલાં તથા બંધાયેલા, કર્મ પણ સામેલ છે. અને એક દેશ સંક્ષયનો અર્થ છે. આંશિક વિનાશ, પૂર્ણતા વિનાશ નહિ. કારણ કે કર્મોના પૂર્ણપણે વિનાશ થવાનું નામ તો છે, મોક્ષ-નિર્જરા નહિ. જયાં સુધી નવા કર્મોનો આસ્રવ રોકાતો નથી, અને બંધ-હેતુઓનો અભાવ થતો નથી, ત્યાં સુધી નિર્જરા થતી જ નથી. ઉપર કહેલ નિર્જરાના બે ભેદ છેઃ એક પાકજા(સવિપાક) અને બીજો અપાકજા (અવિપાક). એકાગ્ર ચિંતરૂપ ધ્યાન પણ આવી જ, પ્રબળ અગ્નિ છે. જેની ઝાળમાં આવેલું કોઈ પણ કર્મ, ચાહે તે ઉદયને યોગ્ય હોય કે ન હોય, બળીને રાખ અથવા શકિતક્ષીણ થઈ જાય છે. પાકજા નિર્જરામાં પાકેલાં કર્મોનો જ, વિનાશ થાય છે. અપાકજા

નિર્જરામાં પાકેલાં-નહિ પાકેલાં, બન્ને પ્રકારના કર્મોનો વિનાશ થાય છે. (૧૯) પૂર્વોપાર્જિત કર્મોનો એકદેશ વિનાશ. જ્યાં સુધી નવાં કર્મોનો આસ્રવ રોકાતો નથી, અને બંધ-હેતુઓનો અભાવ થતો નથી, ત્યાં સુધી નિર્જરા થતી જ નથી. (૨૦) અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે, અશુદ્ધ(શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો, તે ભાવ નિર્જરા છે અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું, દ્રવ્ય નિર્જરા છે. (૨૧) જડકર્મ સાથેના બંધનો, અંશે અંશે અભાવ થાય છે, તેનું નામ નિર્જરા છે; ક્રમે ક્રમે શુદ્ધિ વધતાં વિકાર ટળે છે, તે નિર્જરા છે. (૨૨) અંશે અંશે કર્મોનું, આત્માથી છૂટા પડવું. (૨૩) પોતે રાગના ઉદયમાં ન જોડાણો અને હું જ્ઞાન છું, એમ સ્વલક્ષે સ્થિર રહયો ત્યાં પૂર્વ કર્મનો ઉદય, સ્વભાવરૂપ નિર્જરામાં નિમિત્ત કહેવાય છે. વિકારનો અભાવ કરી, શુદ્ધિની વૃદ્ધિ કરી, તે ભાવનિર્જરા છે. અને કર્મનો અંશે અભાવ થયો, તે દ્રવ્યનિર્જરા છે. અંદર કર્મમાં કેવું જોડાણ થાય છે, તે દેખાય નહિ, પણ નિમિત્ત કર્મમાં જેટલું જોડાણ હોય, તેટલી રાગદ્વેષની આકુળતારૂપ લાગણીનો અનુભવ થતાં, જ્ઞાનથી માની શકાય છે.જેમ પરમાં સુખ માન્યું છે, એકલ્પના અરૂપી છે, તે સુખ પરમાં જોઈને માન્યું નથી, છતાં તે તેમાં નિઃસંદેહતા માની બેઠો છે. તેમાં સુખ છે તે નજરે જોઉ, તે જ માનું એવો સંદેહ તે કરતો નથી. કપટનો- આકુળતાનો અભાવ આંખે ન દેખાય, છતાં માને છે. જે પરમાં જોયા વિના, નિઃસંદેહ પણે, માને છે. જે માન્યતાનો ભાવ, પોતાનો છે, તે માન્યતાને ફેરવી, સ્વમાં જોડે તો આત્મામાં અરૂપી ભાવને માની શકે કે, પરલક્ષમાં વર્તમાન અવસ્થાથી રોકાણો ન હોંઉ, તો રાગની ઉત્પત્તિ ન થાય. પરમાં નિઃસંદેહપણે સુખ માન્યું છે, તે માન્યતા પલટીને અવિરોધી સ્વભાવને માને, તો ત્રિકાળ સ્વાધીન છું, પૂર્ણ છું, એમ જાતે નિઃસંદેહ થઈ શકે છે. નિર્જરા પ્રત્યક્ષ જોઈ, શકાય નહિ પણ અનુભવમાં નિરાકુળ શાંતિની વૃદ્ધિ થાય છે, તેટલું તો જાતે નકકી થાય છે, અને તેથી તેના વિરોધી તત્ત્વ નિમિત્ત કારણનો અભાવ થયો છે, એમ અનુમાન થઈ શકે છે. પ્રત્યક્ષ તો કેવળ જ્ઞાનમાં દેખાય છે. અંદરમાં સૂક્ષ્મકર્મ ટળ્યાં, તે ઉપર જોવાનું મારું કામ નથી, પણ પુરુષાર્થથી મારો ધ્રુવ સ્વભાવ કબૂલીને, જેટલું સ્વભાવ તરફ એકાગ્રતાનું જોર કરું, તેટલું વર્તમાનમાં ફળ આવે છે. જે નિઃસંદેહતા સ્વભાવના આશ્રયથી આવે છે. (૨૪) બંધ પ્રદેશોનું ગલન, તે નિર્જરા છે- એમ શ્રી જિનોએ કહ્યું છે. જે વડે સંવર થાય તે વડે નિર્જરા, પણ થાય છે. વળી તે નિર્જરા બે પ્રકારની જાણવી. એક તો સ્વકાળ પાકતાં, અને બીજી તપ વડે કરવામાં આવતાં. તેમાં પહેલી ચારે ગતિવાળા જીવોને, અને બીજી વ્રતીઓને હોય છે. (૨૫) નવકારમંત્ર, અનાનુપૂર્વી, સામાયિક એ બધામાં, નિર્જરા થાય છે. (૨૬) નિર્જરાના ચાર ભેદ છેઃ અહામ, સવિપાક, સકામ અને અવિપાક. (૨૭) પોતે રાગના ઉદયમાં ન જોડાણો અને હું જ્ઞાન છું, એમ સ્વલક્ષે સ્થિર રહયો ત્યાં પૂર્વ કર્મનો ઉદય, અભાવ રૂપ નિર્જરામાં નિમિત્ત કહેવાય છે. વિકારનો અભાવ કરી, શુધ્ધિની વૃધ્ધિ કરી તે ભાવ નિર્જરા છે અને કર્મનો અંશે અભાવ થયો, તે દ્રવ્ય નિર્જરા છે. (૨૮) પોતપોતાની સ્થિતિપૂર્ણ થતાં કર્મોનું ખરી જવું તે દરેક સમયે અજ્ઞાનીને પણ થાય છે, તે કાંઇ શુદ્ધિનુઃ કારણ થતું નથી, પરંતુ સમ્યગ્દર્શન જ્ઞાન- ચારિત્ર અને આત્માના શુદ્ધ પ્રતપન વડે જે કર્મો ખરી જાય છે, તે અવિપાક અથવા સકામ નિર્જરા કહેવાય છે. (૨૯) જે સમયે શુદ્ધપર્યાય (શુદ્ધોપયોગ) પ્રગટે, તે જ સમયે નવો અશુદ્ધ પર્યાય (શુભાશુભપયોગ) અટકે, તે સંવર છે અને તે જ સમયે, જૂની અશુદ્ધિ ટળે અને શુદ્ધતા વધે, તે નિર્જરા છે, શુદ્ધિની વૃદ્ધિ, તે નિર્જરા. (૩૦) ચાર ભેદ છેઃ અકામ, સવિપાક, સકામ, અવિપાક. (૩૧) અખંડાનંદ શુદ્ધ આત્મસ્વભાવના અવલંબનના બળથી, સ્વરૂપસ્થિરતાની વૃદ્ધિ વડે અશુધ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે કરવો, તે ભાવ-નિર્જરા અને તેનું નિમિત્ત પામીને, જડ કર્મનું અંશે ખરી જવું, તે દ્રવ્ય-નિર્જરા છે. (૩૨) નિર્જરા ચાર પ્રકારની છે. (૧)અકામ નિર્જરા (૨) સકામ નિર્જરા (૩) સવિપાક નિર્જરા અને (૪) અવિપાક નિર્જરા

(૧) અકામ નિર્જરા=બાહ્યથી પ્રતિકૂળ સંયોગ હોય ને તે વખતે કષાય મંદતા કરે તો અકામ નિર્જરા થાય છે. ગરીબ લોકોને અનાજ વગેરે

મળે નહિ તે વખતે કષાયકંદતા કરે તો પુણ્ય થાય. નાની ઉંમરમાં કોઈ બાળ વિધવા થાય; ત્યાં કષાયમંદતા વડે બ્રહ્મચર્ય પાળે તે પુણ્ય છે. તેને અકામ નિર્જરા થાય છે.

(૨) સકામ નિર્જરા=આત્મા શુધ્ધ ચિદાનંદ સ્વરૂપ છે, તેવા સકષાય સ્વભાવનું લક્ષ હોય; દેહાદિની ક્રિયા જડથી થાય છે, પુણ્ય પાપના ભાવ બન્ને બંધ છે. બંધ રહિત શુધ્ધ સ્વભાવનું ભાન હોય તેને સકામનિર્જરા થાય છે.

(૩) સવિપાક નિર્જરા= વળી લોભ આદિના પરિણામ સમયે સમયે કરે છે, ત્યારે જે કર્મના પરમાણુ ખરી જાય છે તેને સવિપાક નિર્જરા કહે છે. અજ્ઞાનીને નવા બંધ સહિત આ નિર્જરા થાય છે. આ સવિપાક નિર્જરા ચારે ગતિના જીવોને થાય છે.

(૪) અવિપાકનિર્જરા=હું જ્ઞાતા છું, દેહથી ક્રિયા મારી નથી, પર વસ્તુનો ત્યાગ કરી શકતો નથી, એવી સાચી દ્રષ્ટિ થયા પછી કર્મ ખરે છે તે અવિપાક નિર્જરા છે.

આત્માની ભાવના સહિત એવો સકામ શબ્દનો અર્થ થાય છે. હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું:, રાગ કરવો કે દેહની ક્રિયા કરવી તે મારા સ્વભાવમાં નથી; એવા જ્ઞાનીને અકામ, સકામ, સવિપાક ને અવિપાક-એમ ચારે પ્રકારની નિર્જરા હોય છે. કર્મ પાક વિના ખર્ચા માટે અવિપાક કહેલ છે. આત્માનો પુરુષાર્થ બતાવવા તેને જ સકામ નિર્જરા કહે છે. સકામ અને અવિપાક નિર્જરા જ્ઞાનીને જ હોય છે. તે ઉપરાંત જ્ઞાનીને અકામ ને સવિપાક નિર્જરા પણ હોય છે. અજ્ઞાનીને અકામ ને સવિપાક બે જ પ્રકારની નિર્જરા હોય છે.

નિર્જરા તત્ત્વમાં ભૂલ :આત્મામાં આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાનિ થવી, તેને સંવરપૂર્વક નિર્જરા કહેવામાં આવે છે. તે નિશ્ચય, સમ્યગ્દર્શનપૂર્વક જ હોઈ શકે છે. જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર થવાથી, શુભ-અશુભ ઈચ્છાનો નિરોધ થાય, તે તપ છે. તપ બે પ્રકારનાં છે (૧) બાળતપ, (૨) સમ્યક્તપ. અજ્ઞાનદશામાં જે તપ કરવમાં આવે છે, તે બાળતપ છે, તેનાથી કદી, સાચી નિર્જરા થતી નથી: પણ આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિરતા અનુસાર, જેટલો શુભ-અશુભ ઈચ્છાનો અભાવ થાય છે, તે સાચી નિર્જરા છે. સમ્યક્તપ છે. પણ મિથ્યાદષ્ટિ જીવ, એમ માનતો નથી. પોતાની અનંત જ્ઞાનાદિ શકિતને ભૂલે છે, પરાશ્રયમાં સુખ માને છે, શુભાશુભ ઈચ્છા અને પાંચ ઈન્સ્રિયોના વિષયોની, ચાહને રોકતો નથી. આ નિર્જરાતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.

નિર્જરાતત્ત્વ :અખંડાનંદ શુધ્ધ આત્મ સ્વભાવના બળે આંશિક શુધ્ધિની વૃધ્ધિ અને અશુધ્ધ (શુભાશુભ ઈચ્છારૂપ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે ભાવનિર્જરા છે; અને તેનું નિમિત્ત પામીને જડ કર્મનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે.

નિર્જરાનું કારણ :સંવરથી અર્થાત શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુકત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો પર પ્રયોજનથી જેની બુધ્ધિ નિવૃત્ત થઈ છે. અને કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેની બુધ્ધિ તત્પર થઈ છે. એવો વર્તતો થકો આત્માને પોતાને સ્વાનુભવ વડે અનુભવીને, ગુણ-ગુણીને વસ્તુપણે અભેદ હોવાથી તે જ જ્ઞાનને-સ્વને-સ્વ વડે અવિચળ પરિણતિવાળો થઈને સંવેદે છે, તે જીવ ખરેખર અત્યંત મોહરાગદ્વેષ રહિત વર્તતો થકો -જેને ચીકાશના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુધ્ધ સ્ફટીકના સ્તંભની માફક-પૂર્વાપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે. આથી એમ દર્શાવ્યું કે નિર્જરાનો મુખ્ય હેતુ ધ્યાન છે. આ ધ્યાન શુધ્ધ ભાવરૂપ છે.

નિર્જરાનું મુખ્ય કારણ :સંવરથી અર્થાત શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુકત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો પર પ્રયોજનોથી જેની બુધ્ધિ વ્યાવૃત્ત થઈ છે અને કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું મન ઉદ્યત થયું છે. એવો વર્તતો થકો, આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને. (-પોતાને સ્વાનુભવ વડે અનુભવીને), ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી તે જ જ્ઞહનને-સ્વને સ્વ વડે અવિચળ પરિણતિવાળો થઈને સંચેતે છે, તે જીવ ખરેખર અત્યંત નિ:સ્નેહ

વર્તતો થકો જેને સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુધ્ધ સ્ફટિકના સ્તંભની માફક પૂર્વોપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે.

આથી એમ દર્શાવ્યું છે કે નિર્જરાનો મુખ્ય હેતુ ધ્યાન છે.

નિર્ઝરવું :ટપકવું

નિરત :મગ્ન;લીન; મશગૂલ; ગરકાવ

નિરંતર :અખંડપણે (૨) હરપળે (૩) આંતરા રહિત (૪) અસ્ખલિતપણે, ચાલુ રહેવું

નિરંતર ગમન :પરિણમન

નિરંતરની :ભવિષ્યકાળની

નિરુત્સાહ :બેદરકારી

નિરતિચાર :દોષરહિત; અતિચાર રહિત

નિર્દ્વંદ્વ :અજોડ;અદ્વિતીય; રાગ-દ્વેષ; સુખ-દુઃખ; શીત-ઉષ્ણ; માન-અપમાન, લભા-અલાભ વગરે જોડકાંને વટાવી ગયેલું; દ્વંદો પરથી

નિર્દય રીતે :ઉગ્ર રીતે

નિરુદ્યમી :આળસુ; પ્રમાદી

નિર્દ્વન્દ :રાગ-દ્વેષ, માન-અપમાન ઈત્યિાદિ, દ્વંદ્વોથી પર-રહિત

નિર્દેશ :સૂચન, કથન, વર્ણન, વિધાન, ભેદ, પડખાં, ઉલ્લેખ. (૨) વસ્તુસ્વરૂપના કથનને, નિર્દેશ કહે છે. જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ, શ્રદ્ધાપૂર્વક નિજ શુદ્ધાત્માનો પ્રતિભાસ-વિશ્વાસ-પ્રતીતિ. (૩) ઉલ્લેખ, જ્ઞાનનો જે વિભાગ, ભાષા દ્વારા દર્શાવવામાં આવે તે. (૪) વસ્તુ સ્વરૂપ ના કથનને, નિર્દેશ કહે છે.

નિર્દેશ કરવો :જણાવવું, બતાવવું.

નિર્ઘૃણ્ય :નિર્દયતા, હિંસાનો ભાવ.

નિર્ધૂતકલિલાત્મા :જેના ઘાતી કર્મમળ રૂપ, ચારે કર્મ દૂર થયાં છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહનીયરૂપ, ચારે ઘાતિકર્મ નાશ પામ્યા છે, તે નિર્ધૂતકલિલાત્મા કહેવાય છે.

નિર્ધૂતકલિલાત્મા :ઘાતી કર્મ મ્રળ દૂર થયેલ શુદ્ધાત્મા. છનરાવરણ આત્મા. (૨) શુદ્ધ કરેલ ગહન આત્મા.

નિર્ધૂમ :ધુમાડા વગર

નિરંધવું :રોકવું, અટકાવવું

નિરૂંધવું :ચિત્તવૃત્તિઓનો નિગ્રહ કરવો; ચિત્તની બધી પ્રવૃત્તિઓ ઈષ્ટદેવમાં પરોવી દેવી.

નિર્ધ્વંસ :ક્રૂર (૨) વિનાશ

નિર્ધ્વંસ પરિણામ :આક્રોશ પરિણામપૂર્વક ઘાતકીપણું કરતાં બેદરકારીપણું અથવા ભયપણું નહી; ભવભીરુંપણું નહીં એવા પરિણામ.

નિર્ધાર :નિર્ણય (૨) નિશ્ચય; ઠરાવ; મનની દ્દઢતા (૩) નિર્ણય; નિશ્ચય (૪) વ્યર્થ (૫) નિર્ણય, નિશ્ચય, મનની દઢતા, ઠરાવ.

નિર્ધારવું :નિશ્ચય કરવો; નક્કી કરવું; ઠરાવવું; મનની દ્દઢતા કરવી. (૨) નિર્ણય કરી લેવો.

નિરુંધી :ચિત્તવૃત્તિઓનો નિગ્રહ કરી. મનના વલણ ઉપરનો કાબૂ કરી; અટકાવી; અવરોધી

નિરેન્દ્રો :(મધ્ય લોકવાસી) મનુંષ્યોના અધિપતિઓ, રાજાઓ.

નિરન્વય :અન્વય રહિત, એક પ્રવાહપણે ન હોય એવો, ખંડિત (૨) અનેકરૂપ, ભિન્નભિન્ન. (૩) વંશ ન રહ્યો હોય તેવું, નિર્વંશ. (૪) અન્વય રહિત, એક પ્રવાહપણે ન હોય એવો, ખંડિત. (૫) ખંડિત, અન્વય રહિત, એક પ્રવાહ પણે ન હોય એવો, એકરૂપતા - સદશતા રહિત.

નિર્નામ :નામ રહિતપણું.

નિરૂપક્રમ :નિકાચિત, દેવ, નારક, જુગલિયાં, ત્રેસંઠ શલાકા પુરુષ ને ચરમ શરીરીને, તે હોય છે. (૨) નિકાચિત કર્મમાં સ્થિતિબંધ હોય તો, બરોબર બંધ થાય છે, સ્થિતિકાળ ન હોય તો, તે વિચારે, પશ્ચાતાપે, જ્ઞાન વિચારે નાશ થાય. સ્થિતિકાળ હોય તો, ભોગવ્યે છૂટકો.

નિરૂપક્રમ આયુષ :જે આયુષ તૂટે નહીં એવું, નિકાચિત આયુ.

નિરુપક્રમ :નિકાચિત દેવ, નારક, જુગલિયાં, ત્રેસક શલાકાપુરુષ ને ચરમશરીરને તે હોય છે. (૨) આરંભ ન કર્યો હોય તેવું, અકર્મણ્ય (૩) નિકાચિત, દેવ, નાર, જુગલિયાં, ત્રેસઠ શલાકાલપુરષ ને ચરમ શરીરીને તે હોય છે. (૪) નિકાચિત, દેવ, નારક, જુગલિયા, ત્રેસઠ શલાકા પુરુષને ચરમ શરીરીને, તે હોય છે. (૫) નિકાચિત, દેવ, નારક, જુગલિયાં, ત્રેસઠ પુરુષને ચરમ શીરીરીને, તે હોય છે.

નિરૂપક્રમ આયુ :જે આયુષ્યની પૂર્ણતામાં, બાહ્ય સંયોગ નિમિત્તરૂપ ન હોય, તેને નિરૂપક્રમ આયુ કહેવાય છે.

નિરપેક્ષ :બીજાની અપેક્ષા વિના. (૨) નિસ્પૃહ (૩) કોઈપણ વસ્તુની અપેક્ષા વિના; નિસ્પૃહ; નિશ્ચય (૪) અપેક્ષા વિનાનું (૫) સ્વતંત્ર (૬) અપેક્ષા વિનાનું; અસ્તિત્વ અન્ય સાધનની અપેક્ષા વિનાનું સ્વયંસિધ્ધ છે તેથી અનાદિ અનંત છે. (૭) સ્વતંત્ર; અપેક્ષા રહિત (૮) કોઈપણ વસ્તુની, અપેક્ષા વિનાનો. (૯) અપેક્ષા વગરનું, નિઃસ્પૃહ, સ્વતંત્ર (૧૦) સ્વાપેક્ષ, સાપેક્ષ, કોઈની અપેક્ષા વિના, કોઈની સહાય વિના, સ્વતંત્ર, સહજ જ સ્વતઃ (૧૧) સ્વતંત્ર. (૧૨) પરવસ્તુની અપેક્ષા રહિત, નિમિત્તની અપેક્ષા રહિત, ભેદ-વિકલ્પથી રહિત. (૧૩) કર્મ આદિ કોઈની, અપેક્ષા રહિત. (૧૪) સ્વતંત્ર, કોઈની અપેક્ષા વગર. (૧૫) નિઃસ્પૃહ, કોઈપણ વસ્તુની, અપેક્ષા વિનાનો. (૧૬) કોઈપણ વસ્તુની અપેકા (ઈચ્છા-ઔકાંક્ષા) વિનાનો. (૧૭) પરથી નિરાળો. (૧૮) પરથી નિરાળો, નિસ્પૃહ, જેમાં કોઈ જાતની અપેક્ષા-ઈચ્છા-કામના જરૂર ન હોય તેવું, તટસ્થ, સ્વતંત્ર. (૧૯) પરની અપેક્ષા રહિત. (૨૦) પરથી ભિન્ન ને સ્વથી એક અભેદ સ્વરૂપે નિરપેક્ષ નિરાલંબી.. (૨૧) અપેક્ષા વગરનું, નિસ્પૃહ, સ્વતંત્ર, પોતાની મેળે નભે, એવું. (૨૨) સ્વતંત્ર

નિર્પક્ષ :નિષ્પક્ષપાત

નિરપેક્ષ પર્યાય :દ્રવ્યમાં નિરપેક્ષ પર્યાય, અનાદિ અનંત છે. જો નિરર્પક્ષ પર્યાય ન માનો તો, વસ્તુ પરિપૂર્ણ સિદ્ધ થતી નથી. રાગ, દ્વેષાદિ વિકારી પર્યાય થાય છે, તે અપેક્ષિત પર્યાય છે. અને કેવળજ્ઞાન વગેરે નિર્મળ પર્યાયનો જે, ઉત્પાદ થાય છે, તે પણ અપેક્ષિત છે. માટે દ્રવ્યમાં નિરપેક્ષ પર્યાય, અનાદિ અનંત છે. દ્રવ્ય, ગુણ અને કારણ પર્યાય ત્રણે, નિર્મળપણે અનાદિ અનંત એકરૂપ છે. અહીં દષ્ટિનો વિષય છે. દષ્ટિ એ, આખા નિરપેક્ષ દ્રવ્યને લક્ષમાં લે છે.

નિરૂપચાર :વિકલ્પરહિત, ઉપચાર વિનાના, આરોપ કર્યા વિનાના અનારોપિત, વાસ્તવિક.

નિરૂપણ :અનુભવ (૨) સમીક્ષા, વિવેચન, અવલોકન, કહી બતાવવું એ, વર્ણન કરી બતાવવું એ. (૩) કથન. (૪) કહી બતાવવું તે, વર્ણન કરી બતાવવું, અવલોકન, સમીક્ષા, વિવેચન (૫) બરોબર વર્ણવવું રજૂ કરવૂં તે, વર્ણન, અવલોકન, વિવરણ.

નિરૂપણ સ્વરૂપે છે. :શુધ્ધ જ નિરૂપે છે.

નિરૂપણતાથી :અપેક્ષાથી.

નિરૂપણા :અપેક્ષા

નિરૂપધિ :પરિગ્રહ રહિત; જેમાં કાંઈ પર દ્રવ્ય સંબંધી ગ્રહણ ત્યાગ નથી એવું. (૨) ઉપાધિવિનાની, પરિગ્રહ રહિત, બાહ્ય સામગ્રી રહિત, ઉપાધિ રહિત, છળકપટ રહિત, સરળ. (૩) પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણ ત્યાગ નથી, એવું. (૪) પરિગ્રહ રહિત, જેમાં કંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણ-ત્યાગ નથી, એવું .

નિરૂપમ :જેને કોઈ ઉપમા આપી ન શકાય, એવાં (૨) શુદ્ધાત્માઓને, કોઈ પ્રકારની ઉપમા ઘટતી નથી. (૩) શુદ્ધાત્માઓને કોઈ પ્રકારની ઉપમા ઘટતી નથી.

નિરુપરાગ :ઉપરાગ વિનાનો, વિકાર વગરનો, નિર્મળ, નિર્વિકારી, શુદ્ધ (૨) વિશુદ્ધિમત્વ = ઉપરાગ (મલિનતા, વિકાર) વિનાની વિશુદ્ધિવાળાપણું (અરૂપીપણું અને નિર્વિકાર-વિશુદ્ધિવાળાપણું આત્માનો સ્વભાવ છે.) (૩) ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુધ્ધ; (નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તો પણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર રહસ્યસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના

આસ્વાદથી પૂર્ણ-કળશની માફક, સર્વ આત્મ પ્રદેશે ભરેલો હોય છે.) (૪) ઉપરાગ (મલિનતા, વિકાર) રહિત (૫) નિર્વિકાર (૬) ઉપરાગ વિનાનો; નિર્મળ; નિર્વકારી; શુધ્ધ (૭) ઉપરાગ વિનાનો; નિર્મળ; નિર્વિકારી શુધ્ધ (૮) ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુધ્ધ(નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તો પણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર આનંદસ્યંદી પરમાનંદસ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ-કળશની માફક, સર્વ આત્મ પ્રદેશે ભરેલો હોય છે.) (૯) વિકાર રહિત મલિનતા રહિત (૧૦) નિર્વિકાર; શુધ્ધ (૧૧) ઉપરાગ(વિકાર, મલિનતા) વગર, રહિત (૧૨) શુધ્ધ સ્વરૂપ; ઉપરાગ રહિત (નિર્વિકાર) શુધ્ધ જેનું સ્વરૂપ છે એવું એવા આત્મતત્ત્વથી વિપરીત મોહોદય. જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહપરિણતિ તે નિર્મમતા છે. (૧૨) ઉપરાગ રહિત; નિર્મળ; અવિકારી; શુધ્ધ (નિરુપરાગ ઉપયોગવાળો જીવ સમસ્ત બાહ્ય-અભ્યંતર સંગથી શૂન્ય છે તો પણ નિઃસંગ પરમાત્માની ભાવના દ્વારા ઉત્પન્ન સુંદર-આનંદસ્યંદી પરમાનંદ સ્વરૂપ સુખસુધારસના આસ્વાદથી, પૂર્ણ-કળશની માફક સર્વ આત્મપ્રદેશે ભરેલો હોય છે.)

નિરુપરાગ-વિશુધ્ધિમત્વ :ઉપરાગ(-મલિનતા, વિકાર) વિનાની વિશુધ્ધિવાળાપણું (અરૂપીપણું અને નિર્વિકાર-વિશુધ્ધિવાળાપણું આત્માનો સ્વભાવ છે.)

નિરુપરાગ-શુભ સ્વરૂપ :ઉપરાગ રહિત (નિર્વિકાર) શુધ્ધ જેનું સ્વરૂપ છે. એવા.

નિરપવાદ :અપવાદ રહિત; (પાંચ અસ્તિકાયોને કાયપણું હોવામાં એક પણ અપવાદ નથી કારણ કે (ઉપચારથી) પરમાણુને પણ શક્તિ અપેક્ષાએ અવયવો પ્રદેશો છે.)

નિરુપાધિ :નિશ્ચય (૨) ઉપાધિ વિનાનો; ઔપાધિક ન હોય એવો. (જીવનો પારિણામિક ભાવ સર્વ કમાપાધિથી નિરપેક્ષ હોવાને લીધે નિરુપાધિ છે.) (૩) ઉપાધિ રહિત; જેમાં પરની અપેક્ષા આવતી ન હોય એવું

નિરુપાધિની ઉપાધિ :આત્માનું જ્ઞાન

નિરૂપાય :લાચાર, ઉપાય વગરનું (૨) કોઈ ઉપાય રહ્યો ન હોય તેવું, ઈલાજ વિનાનું

નિરૂપાયતા :ઉપાય નથી, ચિંતવન

નિબાવલંબી :પરના આધાર રહિત, સ્વાવલંબી

નિર્બળતા :અશક્તિ

નિર્બાધ :અખંડિત; ખંડિત થતો નથી; બાધા રહિત. (૨) વિરોધવાળું નથી; વિરોધરહિત (૩) સફળ, સમ્યક, (૪) ઉપદ્રવ રહિત, અડચણ વિનાનું, બાધારહિત.

નિર્ભય :નિઃશંક અને નિઃસંદેહ પણું.

નિર્ભયપણે :નિઃશંકપણે

નિર્ભયપણે આરૂઢ થવું :પોતામાં નિઃશંકપણે-નિઃસંદેહપણે, સ્થિર થવું, પોતાની સત્તામાં રૂઢપણે, સ્થિર થવું.

નિર્ભર :ભરેલું; ભરપૂર; આધાર રાખનારું; આધારિત; અવલંબિત; આશ્રિત (૨) ભરપૂર ભરેલો

નિર્ભરપણે :ગાઢ પણે

નિર્ભ્રાંત :સંદેહ રહિત (૨) નિઃસંદેહ, શંકારહિત. (૩) સંદેહ રહિત. (૪) નિઃસંદેહ, ભ્રાન્તિ વગરનું, નિર્મોહ, નિઃશંક, સંદેહ રહિત.

નિર્ભારતા :બોજા રહિત, ભારરહિત.

નિર્ભરપણે :ગાઢપણે

નિર્મુંઝનપણું :નિર્મોહપણું, અમોહપણું, નિઃશંકપણું, નિર્ભયપણું

નિર્મમ :મમતા રહિત

નિર્મમતા :રાગાદિ-ઉપાધિ રહિત ચૈતન્ય પ્રકાશ જેનું લક્ષણ છે એવા આત્મતત્ત્વથી વિરિત મોહોદય જેની ઉત્પત્તિમાં નિમિત્તભૂત હોય છે એવા મમકાર-અહંકારાદિરૂપ વિકલ્પસમૂહથી રહિત નિર્મોહ પરિણતિ તે નિર્મમતા છે.

નિર્મળ :ચોખ્ખું, મલિનતા રહિત. (૨) સ્વચ્છ (૩) રાગ-દ્વેષના મેલ વગરનો. (૪) સ્વચ્છ. (૫) ચોકખી. (૬) નિર્દોષ (૭) રાગ-દ્વેષના, મેલ વગરનો. (૮) ઔપશમિક ક્ષાયિક સમ્યકત્વ નિર્મળ છે.

નિર્મળ અવસ્થા :આત્મા સ્વભાવે નિર્મળ છે. પણ વર્તમાન અવસ્થામાં, સાક્ષાત્ નિર્મળ નથી. જો અવસ્થાએ નિર્મળ હોય, તો પુરુષાર્થ કરીને રાગ ટાળવાનું રહે નહિ, અને નિર્મળ અવસ્થા પ્રગટ હોય, તો પ્રત્યક્ષ આનંદ હોય, પણ પ્રત્યક્ષ આનંદ નથી, તેથી અવસ્થામાં અશુદ્ધતા છે, તે ટાળવા માટે, પુરુષાર્થ કરવો જોઈએ.

નિર્મળ અવસ્થા કેમ પ્રગટે છે? :શ્રદ્ધાના લક્ષે પૂર્ણ દશા ઉઘડે નહિ, કારણકે શ્રદ્ધા, તો આત્માના ગુણની પર્યાય છે. તે ઊણી અવસ્થાના જોરથી, પૂર્ણ નિર્મળ મોક્ષદશા ઉઘડે નહિ, પણ સર્વ શકિતના પૂર્ણ સામર્થ્યરૂપ સ્વવસ્તુ તરફ, જોરદાર એકાગ્રતા કરતાં પ્રથમ અધૂરી નિર્મળ અવસ્થા, અને પછી પૂર્ણ નિર્મળ અવસ્થા પ્રગટે છે.

એકરૂપ સ્વભાવ ઉપર, યથાર્થ નિશ્ચયની દષ્ટિનું જોર આવતાં, ભ્રમણા અને વિકારી દશા-અવસ્થાનો નાશ, નિશંક સમ્યગ્દર્શન અને અંશે નિર્મળતાની ઉત્પત્તિ થાય છે. અને વસ્તુ એકરૂપ ધ્રુવ રહે છે. વર્તમાન અવસ્થા જે થાય, તેને જોનારી વ્યવહારદષ્ટિ, ગૌણ કરી નિર્મળ, નિરાવલંબી, અસંગ, એકરૂપ સદશ સ્વભાવને, અખંડપણે લક્ષમાં ભેદો, તે સમ્યગ્દર્શન. એ શ્રદ્ધાનો વિષય અભેદ છે, પણ જેવી અવસ્થાઓ થાય, તેમ તેને જ્ઞાનથી ન જાણે તો જ્ઞાનમાં ભૂલ જોવી તે થાય, અને જ્ઞાનમાં ભૂલ થતાં, દષ્ટિમાં ભૂલ થાય, માટે આમાં નિરપેક્ષ સ્વભાવને જોવો, તે નિશ્ચય અને અવસ્થાને જોવી, તે વ્યવહાર. એમ બન્નેને એક વસ્તુમાં જાણે, તે જ્ઞાન પ્રમાણ છે. વિકાર ઉપાદેય નથી, જાણવા માત્ર છે.

નિર્મળ ચારિત્ર દશા :નિર્મળ રત્નત્રય ચારિત્રદશા, મનુષ્યપણાના પર્યાયમાં પ્રગટ થાય છે. નરક-દેવ-તિર્યંચાદિ, પર્યાયમાં નહિ.

નિર્મળ પર્યાય કયારે ઉઘડે ? :ઊણી અવસ્થા, વિકારી અવસ્થા, અને બહારનો સંગ તે ત્રણે રહિત, આત્માના સ્વભાવની શ્રદ્ધા કરે, તો નિર્મળ પર્યાય ઉઘડે. ઊણી અવસ્થામાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મ એ ત્રણે નિમિત્તરૂપે, આવી જાય છે. વિકારી અવસ્થામાં, મોહનીય કર્મ નિમિત્તરૂપે આવી જાય છે અને બહારના સંગમાં ચાર, અઘાતિ કર્મ આવી જાય છે. ઊણી અવસ્થા રહિત પૂરો પોતાનો સ્વભાવ છે, તેની શ્રદ્ધા કરે, વિકાર રહિત, અવિકારી સ્વભાવની શ્રદ્ધા કરે અને સંગરહિત, અસંગી પદાર્થની શ્રદ્ધા કરે, તો ધર્મ પ્રગટ થાય.

નિર્મળતા :સ્વરૂપ સ્થિરતા. (૨) જ્ઞાચક સ્વભાવના અવલંબને પ્રગટતી નિર્મળતા, શુદ્ધભાવ તે એક જ ધમ છે. (૩) કર્મનિર્જરા

નિર્મળી :જેનાં બી મેલું પાણી સ્વચ્છ કરવાને વપરાય છે. તેવી એક વનસ્પતિ; ફટકડી (૨) કતકફળ

નિર્માણ :રચના.

નિર્માણ નામ કર્મ :જે કર્મના ઉદયથી, અંગોપાંગની ઠીક ઠીક રચના થાય, તેને નિર્માણનામ કર્મ કહે છે. (૨) જેના ઉદયથી, આંગોપાંગની બરાબર રચના બને. (૩) જે કર્મના ઉદયથી, અંગોપાંગની ઠીક ઠીક રચના થાય, તેને નિર્માણનામ કર્મ કહે છે.

નિર્માન :માન-અપમાન રહિત

નિર્માનતા :મૃદુતા, નમ્રતા

નિર્માની :નિરહં, નિર્મમપણું

નિર્માપિત :સ્થિર, નિશ્ચય

નિર્માલ્ય :દમ વગરના, શૂરવીરપણા વગરના

નિર્મોહ :મોહ ચાલ્યો ગયો હોય તેવું, મોહ વિનાનું, આસકિત અને મમતા વિનાનું

નિર્મોહી :સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ (૨) મમતા અને કામ ક્રોધના અંશો થાય, તેમાં જોડાતો નથી તેને ભગવાન, નિર્મોહી કહે છે.

નિર્મૂળ :મૂળમાંથી ઉખાડી નાખવું.

નિર્મૂળ કરવો :મૂળમાંથી નાશ કરવો, મૂળમાંથી ઉખાડી નષ્ટ કરવો.

નિર્યુક્તિ :નિષ્ણાતે કરેલ પ્રાકૃત ટીકા. (૨) વ્યુત્પતિ પરક લક્ષણ. (૩) શબ્દની સાથે અર્થને જોડનાર, ટીકા

નિર્યુક્તિ પરક :સૂત્ર ગ્રંથોને લઈને, સૂત્રગ્રંથોને કારણે, સૂત્રગ્રંથોની અપેક્ષાથી (૨) દ્રવ્ય છ ભેદરૂપ છે. (૧) સત્તામય છે (૨-૩-૪) સ્પિાદ્-વ્યય-ધ્રૌવ્ય યુકત છે, (૫) અવિનશ્વર છે. અને (૬) ગુણ-પર્યાયો દ્વારા દ્રવિત થાય છે. ગુણ-પર્યાયોને દ્રવિત કરે છે, તે દ્રવ્ય છે.

નિર્યાપક :નિર્વાહ કરનાર; સહુપ્રદેશથી દ્દઢ કરનાર; શિક્ષાગુરુ; શ્રુતગુરુ (૨) દીક્ષા ગ્રહણ કર્યા પછી કોઈપણ શ્રમણના વ્રત-સંયમમાં, એકદેશ કે સર્વદેશ છેદ-ભંગ ઉત્પન્ન થતાં, તેને સંવેગ-વૈરણ્યજનક પરમાગમના ઉપદેશ વ્દારા ફરીથી, તે સંયમમાં સ્થાપિત કરે છે. આવા નિર્યાપક ગુરુઓને શિક્ષાગુરુ અથવા શ્રુતગુરુ કહે છે. (૩) શિક્ષાગુરુ, શ્રુતગુરુ, જે સંયમમાં દોષ લગાડતાં, શ્રમણને પોતાના ઉપદેશ દ્વારા તે છેદ પ્રાપ્ત મુનિને, સંયમમાં સ્થાપિત કરે છે, તે નિર્યાપક કહેવાય છે. (૪) નિર્વાહ કરનાર, સદુપદેશથી દ્દઢ કરનાર, શિક્ષાગુરુ, શ્રુતગુરુ.

નિરર્ગલ :મર્યાદા રહિત; સ્વચ્છંદપણું (૨) રુકાવટ વિનાનું; પ્રતિબંધ વિનાનું; નિરંકુશ; અનર્ગળ પુષ્કળ, અપાર (૩) મર્યાદારહિત, સ્વચ્છંદપણે. (૪) રુકાવટ વિનાનું, પ્રતિબંધ વિનાનું, નિરંકુશ, અનર્ગલ, પુષ્કળ, અપાર.

નિરર્ગળ :અંકુશ વિનાની; સંયમ વિનાની; નિરંકુશ; સ્વચ્છંદી (૨) અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે તેમને બેહદ એકાંત દ્રષ્ટિ ઊછળે છે. (૩) અંકુશ વિનાની; બેહદ. (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે. તેમને બેહદ એકાંતરદ્દષ્ટિ ઉછળે છે.) (૪) અંકુશ વિનાની; સંયમ વિનાની; નિરંકુશ; સ્વચ્છંદી (૫) નિરંકુશ; અમર્યાદ. (૬) અંકુશ વિનાની, બેહદ (જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તેમને બેહદ એકાંતદષ્ટિ ઊછળે છે.) (૭) અનર્ગળ, અપાર, પુષ્કળ, રુકાવટ-અંકુશ વિનાનું (૮) અંકુશ વિનાની, સંયમ વિનાની, નિરંકુશ, સ્વચ્છંદી.

નિરર્થક :વ્યર્થ; નકામું; અર્થહીન; નિષ્પ્રયોજન; નિષ્કારણ; બિનજરૂરી; નિષ્ફળ (૨) મિથ્યા; ખોટી નકામી; નિષ્ફળ (૩) વૃથા, નકામો, કંઈ કામનો નહિ. (૪) મિથ્યા, નકામી, વ્યર્થ, જૂઠી, નિષ્ફળ. (૫) મિથ્યા, જૂઠી, નકામી, વ્યર્થ.

નિર્લેપ :અલિપ્ત (૨) મલિનતા વિનાનો, નિર્મળ- રાગ થી નિરાળો. (૩) નિર્મળુ, અલિપ્ત લેપ વગરનો. (૪) નહિ લેપાયેલું, નહિ ખરડાયેલું, નિર્લિપ્ત

નિર્વિકલ્પ :નિરપેક્ષ; જ્ઞાના-જ્ઞેય વગેરેના ભેદ વિનાનું; કોઈપણ જાતના વિકલ્પ વિનાનું; જેમાં કોઈપણ પ્રકારનો અપવાદ કે બેપણું ન હોય તેવું

નિર્વેગ :પાંચે ઈન્દ્રિયોના, વિષયની વિરકિત.

નિરવદ્ય :નિર્દોષ; નિર્બાધ; અવિરુધ્ધ; વિરોધવાળું નહિ.

નિર્વતાવીને :ટાળીને.

નિર્વૃત :જે સાંસારિક બધી પ્રવૃત્તિઓથી છૂટકારો પામી ચૂકયા છે તેને નિર્વૃત કહે છે.

નિર્વતક :નિરોધક

નિર્વૃત્તિ :મુકિત (૨) પુદગલવિપાકી નામકર્મના ઉદયથી પ્રતિનિયત સ્થાનમાં થતી ઈન્દ્રિયરૂપ પુદગલની રચના, વિશેષને બાહ્યનિર્વૃત્તિ કહે છે; અને ઉત્સેધ અંગુલના અસંખ્યાત્મા ભાગ પ્રમાણે થતા, આત્માના જે વિશુદ્ધ પ્રદેશ, તેને આભ્યંતર નિર્વૃત્તિ કહે છે; એમ નિર્વૃત્તિના બે ભેદ છે. જે આત્મપ્રદેશો નેમાદિ ઈન્દ્રિયાકારે થાય છે, તે આભ્યંતરનિર્વૃત્તિ છે, અને તે જ આત્મપ્રદેશો, નેમાદિ આકારે જે પુદગલસમૂહ રહે છે. તે બાહ્યનિર્વૃત્તિ છે. કર્ણેન્દ્રિયના તથા નેત્રેન્દ્રિયના, આત્મપ્રદેશો અનુક્રમે જળની નળી તથા મસુરના આકારે હોય છે અને પુગદગલ-ઈન્દ્રિયો પણ તેતે આકાર હોય છે. ઉપકરણ-નિર્વૃત્તિનો ઉપકાર કરવાવાળો પુદગલ સમૂહ, તે ઉપકરણ છે. તેના બાહ્ય અને આભ્યંતર એવા બે ભેદ છે. જેમ નેવમાં ધોળું અને કાળું મંડળ, તે આભ્યંતર ઉપકરણ છે. અને પાંપણ, ડોળો વગેરે, બાહ્ય ઉપકરણ છે. તેમ ઉપકારનો અર્થ નિમિત્તમાત્ર સમજવો, પણ તે લાભ કરે છે, એમ ન સમજવું. આ બન્ને ઉપકરણો જડ છે.

નિર્વતના :રચના કરવી; નીપજાવવું

નિર્વર્ત્ય :નિપજાવવું.

નિર્વતવું :છૂટવું

નિર્વેતસો :ખસી ગયેલો, છૂટી ગયેલો, હઠી ગયેલો

નિર્વેદ :જ્યારથી એમ સમજાયું કે, ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું, ત્યારથી હવે ઘણી થઇ, અરે જીવ! હવે થોભ, એ નિર્વેદ (૨) વૈરાગ્ય; પશ્ચાતાપ; શાંતભાવ (૩) જયારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઇ અરે જીવ! હવે થોભ, એ નિર્વેદ; ખેદ; સંતાપ; દિલગીરી; અફસોસ; પશ્ચાતાપ; પસ્તાવો; વૈરાગ્ય (૪) જયારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઇ, અર જીવ! હવે થોભ અરે નિર્વેદે (૫) કલેશમય સંસારથી વિરામ, પામવાના ભાવ, તે નિર્વેદ (૬) સંસારથી થાકી જવું તે, સંસારથી અટકી જવું તે, ખેદ, સંતાપ, દિલગીરી, અફસોસ, અણગમો, અભાવો, કંટાળો, પશ્ચાતાપ, પસ્તાવો, વૈરાગ્ય (૭) સંસારથી વૈરાગ્ય પામવો. (૮) જ્યારથી એમ સમજાયું કે, ભ્રાન્તિમાં જ પરિભ્રમણ કર્યું, ત્યારથી હવે ઘણી થઇ, અરે જીવ/ હવે થોભ, એ નિર્વેદ, ખેદ, સંતાપ, દિલગીરી, અફસોસ, અણગમો, અભાવો, કંટાળો, પશ્ચાત્તાપ, પસ્તાવો, વૈરાગ્ય (૯) સંસારથી વૈરાગ્ય, તે નિર્વેદ, પરમ વૈરાગ્ય (૧૦) વૈરાગ્ય, પશ્ચાત્તાપ, પસ્તાવો, ખેદ, સંતાપ, દિલગીરી, ઉદાસીનતા. (૧૧) વૈરાગ્ય (૧૨) સંસારથી થાકી જવું તે, સંસારથી અટકી જવું તે. (૧૩) સંસાર, શરીર અને ભોગમાં સમ્યક્ પ્રકારે ઉદાસીનપણું, અર્થાત્ વૈરાગ્ય. (૧૪) વૈરાગ્ય. (૧૫) પરમ વૈરાગ્ય ભવે, વૈરાગ્યરૂપ નિર્વેદ ભાવે, ખેદરૂપ વૈરાગ્ય (૧૬) વૈરાગ્ય

નિર્વેદ અને સંવેગ :એક સિક્કાના બે પાસાં જેવા આત્મ વૈરાગ્ય રૂપ નિર્વેદ, અને મોક્ષ અભિલાષારૂપ, સંવેગ. (૨) ફરી ફરી જન્મવું ને ફરી ફરી મરવું, એવી અનંત પરિભ્રમણરૂપ ભવભ્રાંતિમાંથી છૂટવું, અને મોક્ષરૂપ આત્મશાંતિ અનુભવવી, જીવતાં છતાં મુકત દશા,-જીવનમુકત દશાપણું અનુભવવું.

નિર્વેદ પ્રાપ્ત :વૈરાગ્યને પામેલો.

નિર્વેદની કથા :જે કથામાં, વૈરાગ્ય રસની પ્રધાનતા હોય, તેવી કથા.

નિર્વેદપ્રાપ્ત :વૈરાગ્યને પામેલો, જ્ઞાની

નિરવદ્ય :સ્વાભાવિક, નિર્દોષ, અનિંદ્રા, અનવદ્ય, નિષ્પાપ (૨) નિર્દોષ; નિર્બાધ;કિંચિત; વિરોધવાળું નથી; સ્વાભાવિક; અનવદ્ય; અનિંદ્ય; અવિરુધ્ધ (૩) નિર્દોષ; અનિંદ્ય; અનવદ્ય; સ્વાભાવિક; નિષ્પાપ; નિર્બાધ. (૪) નિષ્પાપ

નિર્વધ્ય :વધ નહિ કરાયેલી; અહિંસક

નિરવધિ :ત્રણે કાળે (૨) અનાદિ (૩) અવધિ-હદ-મર્યાદા-અંત વગરનું (૪) ત્રણે કાળે; જેમાં અવધિ ન હોય તેવું; સમય મર્યાદા વિનાનું; નિરંતર ચાલું (૫) અનાદિ (૬) અવધિ-હદ-મર્યાદા-અંત વગરનું (૭) અનાદિ (૮) અવધિ અંદર ઊંડું ઊતરી ગયેલું, અંદર પેસી ગયેલું.

નિરવયવ :અવયવ વગરનો; અંશ વગરનો; નિરંશ; એકથી વધારે પ્રદેશ વિનાનો

નિર્વર્તના :રચના કરવી-નિપજાવવું, તે નિર્વર્તના છે, તેના બે પ્રકાર છેઃ

૧. શરીરની કુચેષ્ટા ઉપજાવવી, તે દેહ-દુઃપ્રયુકત નિર્વર્તના છે. અને

૨. શસ્ત્ર વગેરે હિંસાના ઉપકરણની રચના કરવી, તે ઉપકરણ નિર્વર્તના છે. અથવા બીજા પ્રકારે બે ભેદ આ પ્રમાણે પડે છેઃ

૧. પાંચ પ્રકારના શરીર, મન, વચન, શ્વાસોચ્છવાસનું નિપજાવવું, તે મૂળગુણ નિર્વર્તના છે

૨ કાષ્ટ, માટી વગેરેથી ચિત્ર વગેરેની રચના કરવી, તે ઉત્તરગુણ નિર્વર્તના છે.

નિર્વર્ત્ય :ઉપજવું; ઉપજતો; ઉત્પાદ

નિર્વર્ત્ય :નિપજાવવું, જે કોઇ પર્યાય પ્રથમ ન હોય, પણ નવીન જ ઉત્પન્ન કરવામાં આવે, તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે,-જેમ કે આત્મામાં સમ્યગ્દર્શનની પર્યાય, પ્રગટ નહોતી તે કર્તાએ પુરુમાર્થ, વડે પ્રગટ કરી, તે આત્માનું નિર્વર્ત્ય કર્મ છે.

નિર્વર્ત્ય :ઉપજાવવું, નિપજાવવું. (૨) નીપજવું, ઉપજવું, નિપજાવવું.

નિર્વર્ત્ય કર્મ :પુદ્ગલ પોતે પોતાના પર્યાયને નિપજાવે છે, તે તેનું નિર્વર્ત્ય કર્મ છે.

નિરવર્ધ :નિર્દોષ, સ્વાભાવિક, અનિંધ, અનવધ.

નિરવશેષ :જેમાં કાંઇ બાકી રહયું ન હોય તેવું, સમગ્ર, પૂર્ણ, સર્વ બધું.

નિરવશેષપણે :સર્વથા; સંપૂર્ણપણે (૨) કાંઇપણ બાકી રાખ્યા વિના. (૩) સંપૂર્ણપણે, કંઇપણ, બાકી રાખ્યા, વિના.

નિરવશેષપણે સર્વને :આખા આત્માને; સર્વ જ્ઞેયોને

નિર્વહણ કરવું :સ્મરણ કરવું, યાદ કરવું.

નિર્વાણ :જેને સાત તત્ત્વોમાં, મોક્ષ નામથી ગણવામાં આવેલ છે. અને જેનું લક્ષણ સંસારપણાનો અભાવ છે. અર્થાત્ જેમાં ભવ-પરિવર્તન જન્મ-મરણ નથી, શરીર નથી, ઇન્દ્રિયો નથી. ઇન્દ્રિયો દ્વારા, વિષય ગ્રહણ નથી, રાગ-દ્વેષ-મોહ નથી, ક્રોધ-માન-માયા-લોભ નથી, હાસ્ય-રતિ-અરતિ શોક-ભય-જુગુપ્સા નથી, કામ સેવા નથી, કોઇ પ્રકારની ઇચ્છા નથી, તૃષ્ણા નથી, અહંકાર-મમકાર નથી, સંયોગ-વિયોગ નથી. ઇષ્ટ વિયોગ, અનિષ્ટયોગ જન્ય, કોઇ કષ્ટ નથી, રોગ નથી, જરા નથી, બાળ-યુવા-વૃદ્ધાવસ્થા નથી, ભૂખ તરસ નથી, ખાવું, પીવું, સૂવું-જાગવું નથી, ક્યાંય જવું-આવવાનું નથી, કોઇની સાથે કાંઇ વાર્તાલાપ નથી, કોઇ ધંધો-વ્યાપાર નથી, કોઇ જાતની સાધના -આરાધના નથી, માટી-ઇંટ-પથ્થર-ચુના આદિનાં, મકાનોમાં રહેવાનું નથી, સંસારનું કોઇ સુખ-દુઃખ નથી, અનિત્યતા-ક્ષણભંગુર નથી, અને ન કોઇ પ્રકારનું કોઇ વિભાવ પરિણમન છે, તે સ્વ-સ્વભાવ સ્થિતિ, નિર્વિકાર શુદ્ધશાશ્વત જ્ઞાનાનંદ સ્વરૂપને, સંસારાતીત લક્ષણ કહે છે. આ લક્ષણથી યુકત નિર્વાણ તત્ત્વ વાસ્તવમાં એક જ છે. મોક્ષ, મુકિત, નિર્વૃત્તિ, સિદ્ધિ આદિ, શબ્દભેદ અથવા સંજ્ઞા (નામ) ભેદને કારણે ભેદ હોવા છતાં, પણ અર્થનો કોઇ ભેદ નથી-બધા નામ તાત્ત્વિક દૃષ્ટિએ એક જ અર્થના વાચક છે.

નિર્વાણ :મોક્ષ, મુકિત. (૨) અનંત સુખસ્વરૂપ મોક્ષઃ પરમ સુખસ્વરૂપ, પરમ શાંતિ સ્વરૂપ, પરમાનંદમય, એવી જે મુકિત તે નિર્વાણ છે. (૩) આત્માની શુદ્ધ અવસ્થા, મોક્ષ (૪) મોક્ષ, મુકિત, નિવૃત્તિ, સ્વસ્વભાવની ઉપલબ્ધિ (૫) ટકાવી રાખવું; પાલન કરવું

નિર્વાહવું :ચાલું રાખવું (૨) (ચલાવી લેવું, નિભાવી લેવું) પરિપાલન કરવું, અમલ થવો, ટકાવવું. (૩) ટકાવવું, પરિપાલન કરાવવું, અમલ થવો, તે (૪) ટકાવી રાખવું (૫) પરિવાહન કરવું, અમલ થવો, ટકાવવું (૬) પાર ઉતારવું, સાંગોપાંગ, પાર પાડવું.

નિર્વાહવાની :પાર ઉતારવાની, સાંગોપાંગ પાર પાડવાની.

નિર્વાહવો :ટકાવી રાખવો.

નિર્વાહી :સમ્યક્ પ્રકારે પૂરું કરી, (નિર્વાહી)

નિર્વિકચિકિત્સા :સમ્યગદર્શનનું ત્રીજું અંગ છે. રોગી, વૃધ્ધ આદિ ધર્મમૂર્તિરૂપ સત્પુરુષની સેવા કરે પણ ગ્લાનિ, સૂગ, દુર્ગંધ ન આણે; નગ્નપણું; મલિનપણું આદિ ધર્માત્માનાં અંગના ધર્મસૂચક લક્ષણોને દૂષણરૂપ ન ગણવાં, પણ પોતાના દોષ પ્રત્યે અણગમો રાખી તે દોષો દૂર કરે તે નિર્વિચિકિત્સા નામે ત્રીજો ગુણ છે.

નિર્વિકલ આનંદ :નિત્ય સત્ય આ છે. પુરુષાર્થને વિકલ્પથી ખસેડી અંતરમાં જતાં, આત્માર્થી જીવને બધા વિકલ્પો છૂટી જાય છે. જેની દૃષ્ટિમાં, જેના પ્રયોજનમાં, ભગવાન આત્મા જ છે, એવા આત્માર્થી જીવને વિકલ્પો છૂટતાં, અંદર જે અતીનિદ્રય આનંદનું વેદન થાય છે. એનું નામ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્ર કહેવામાં આવે છે. જીવને બધા વિકલ્પો છૂટી જતાં, અંદર અતીનિદ્રય આનંદનું વેદન થાય, કેમ કે પ્રભુ આત્મા પોતે અતીન્દ્રિય આનંદનો કંદ છે. જયારે આનંદ નિધાનનો આદર કર્યો, સ્વીકાર કર્યો, સત્કાર કર્યો, ધ્યાન-જ્ઞાનમાં ઉપાદેયરૂપ એ આવ્યો, ત્યારે બધા વિકલ્પો છૂટીને પર્યાયમાં આનંદનું વેદન થાય છે. એનું નામ સમ્યગ્દર્શન અને આત્માજ્ઞાન કહેવામાં આવે છે.

શુભાશુભ વિકલ્પો છૂટી જઇને, અરે અબદ્ધ અને જ્ઞાયકનો પણ વિકલ્પ છૂટી જઇને, જયારે અપૂર્વ પુરુષાર્થથી સ્વરૂપમાં જાય છે. ત્યારે જે અતીન્દ્રિય અનંદનો અનુભવ થાય છે, તેનું નામ ધર્મ છે. એનું નામ જન્મ-મરણથી રહિત થવાનો પંથ છે.

નિર્વિકલ્પ :જ્ઞાતા-જ્ઞેય વગેરેના ભેદ વિનાનું; નિરપેક્ષ; અદ્વૈત પ્રકારની પારલૌકિક સમઝ; વિકલ્પનો અભાવ; ઉપયોગની સ્થિરતા. (૨) મન, ઇન્દ્રિયોના અવલંબન વિનાનું, કેવળ અંતરનો અનુભવ. સ્થિર ઉપયોગ, કોઇપણ જાતના વિકલ્પ વિનાનું, જ્ઞાત-જ્ઞેયવગરેના ભેદ વિનાનું, જેમાં કોઇ અપવાદ કે બેપણું ન હોય તેવું, નિરપેક્ષ. (૩) સ્થિર ઉપયોગ સ્વરૂપની એકાગ્રતા.

(૪) ચૈતન્યનો અનુભવ. (૫) નિરાકાર, દર્શનોપયોગ, ઉપયોગની સ્થિરતા, વિકલ્પનો અભાવ. (૬) કોઈપણ પ્રકારના રાગ-દ્વેષનો અભાવ, તે નિર્વિકલ્પ છે. (૭) વિકલ્પ રહિત, વીતરાગી શાન્તિની દશા. અતંર એકાગ્રતા કરીને, સ્થિરતા પામવી. (૮) સંદેહ વિનાનું, જ્ઞાતા-જ્ઞેય ઈશ્વયાદિ ભેદ વગરનું, ધ્યાન-સ્થિર, નિશ્ચિત (૯) વચનાતીત (૧૦) વિકલ્પ વગરનો, રાગ-દ્વેષ વિનાનો, શુભાશુભભાવ રહિત (૧૧) સ્થિર, મનમાં જ્યારે રાગ-દ્વેષાદિની-કામ-ક્રોધ-માન-માયા-લોભ-મોહ-શોક-ભયાદિની લહેરો ન ઉઠે, ત્યારે જ મન નિર્વિકલ્પ (સ્થિર) થાય છે. (૧૨) વચનાતીત. (૧૩) નિર્ભેદ (૧૪) અભેદ (૧૫) જેમાં કોઈ અપવાદ કે બેપણું ન હોય તેવું, કોઈપણ જાતના વિકલ્પ વિનાનું, જ્ઞાતા-જ્ઞેય વગેરેના ભેદ વિનાનું, નિરપેક્ષ, અભેદ. (૧૬) જ્ઞાતા-જ્ઞેય ઈત્યિાદિ, ભેદ વગરનું (ધ્યાન) સ્થિર, નિશ્ચિત

નિર્વિકલ્પ અનુભૂતિ :નિર્વિકલ્પ અનુભૂતિમાં મનનો સંબંધ છૂટી ગયો છે, તે વાત સો એ સો ટકા સાચી છે. ત્યાં નિર્વિકલ્પરૂપ જે પરિણમન છે, તેમાં મનનું અવલંબન જરા પણ નથી. તેમાં તો મનનો સંબંધ તદ્દન છૂટી ગયો છે. પણ તે વખતે, અબુદ્ધિપૂર્વક જે રાગ પરિણમન બાકી છે, તેમાં મનનો સંબંધ છે.

નિર્વિકલ્પ દર્શન :સામાન્યપણે જાણવું, દર્શન-નિર્વિકલ્પ કહેવાય છે.

નિર્વિકલ્પ નિર્ણય :નિશ્ચયરૂપ જ્ઞાન

નિર્વિકલ્પદશા :સ્થિરતા, સ્વરૂપની એકાગ્રતા

નિર્વિકલ્પપણે :અભેદપણે

નિર્વિકલ્પસ્વરૂપ :અસ્તિત્વ

નિર્વિક્ષ :અબાધિત

નિર્વિક્ષેપ :વિઘ્ન વિનાનું, વિક્ષેપ વગરનું, અવિક્ષિપ્ત (૨) વિક્ષેપ રહિત, અસ્થિરતા રહિત.

નિર્વિકાર :રાગદ્વેષથી થતા, સર્વ વિકારથી રહિત. (૨) વિકાર રહિત, વીતરણ. (૩) નિર્વિકાર પરિણામોને સ્વરૂપ સ્થિરતા, નિશ્ચલતા, વીતરાગતા, સામ્યધર્મ અને ચારિત્ર કહે છે. આત્માના ચારિત્રગુણની આવી શુદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, ત્યારે બાહ્ય અને અભ્યંતર ક્રિયાનો યથાસંભવ નિરોધ થઈ જાય છે.

નિર્વિકાર નિશ્ચળ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરૂદ્ધ ભાવ :અસ્થિરતા, ક્ષોભ.

નિર્વિકારપણે :પ્રવૃત્તિરહિતપણે.

નિર્વિઘાત :શુદ્ધ સ્વભાવે સ્થિત, બંધ કારણોથી રહિત.

નિર્વિચિકિત્સા :નિર્જુગુપ્સા, ગ્લાનિ ન કરવી, અણગમો ન લાવવો, ઉદ્વેગરૂપ ન થવું. (૨) ગ્લાનિ, અણગમો, ખેદ, શોક, જુગુપ્સા આદિથી રહિત, તેનું નામ વિચિકિત્સા રહિત તે નિર્વિચિકિત્સા. પાપના ઉદયથી દુઃખ દાયક ભાવનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું. કારણ કે, ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી. એ દુઃખથી અમૂર્તિક આત્માનો ઘાત પણ નથી. વળી વિષ્ટાદિ નિંધ વસ્તુમાં ગ્લાનિરૂપ ન થવું કારણ કે, વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આતમા ને શું? અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તું નિંધ છે. માટે ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, વગેરે નાના પ્રકારના દુઃખદાયક પર્યાયો અને અપવિત્ર વિષ્ટા આદિ, પદાર્થોમાં ગ્લાનિ ન કરવી, તે નિર્વિચિકિત્સા છે. (૩) સમ્યગ્દર્શનનું ત્રીજું અંગ છે, મહાત્માઓના મલિન શરીર દેખીને, દુગંછા ન કરવી. (૪) દુર્ગંછા, ઘૃણા, અશુચી, ગ્લાનિ, મલિનતાથી રહિત

નિર્વિચિકિત્સા અંગ :રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર, પરન્તુ સ્વાભાવિક અપવિત્ર શરીરમાં (મુનિ-ધર્માત્માના મલિન શરીરમાં), ગ્લાનિ-સૂત્ર ન કરવી, પણ તેમના ગુણોમાં પ્રીતિ કરવી, તેને નિર્જુગુપ્સા અંગ કહે છે. (રત્ન, શ્રા.ગા. ૧૩)

નિર્વિતથ :સાચી.

નિર્વિઘ્ન :અબાધિત

નિર્વિઘ્ન :વિઘ્ન વિનાનું; અડચણ વિનાનું; હેમખેમ (૨) હરકત વગરનું, સંકટ વિનાનું, મુશ્કેલી વિનાનું, વિઘ્નવગરનું.

નિર્વિધાત :અક્ષય; અવિનાશ; અબંધ; નિર્બંધ (૨) નાશ વિના; ક્ષય વિના (૩) નાશનો અભાવ, બંધનો અભાવ, બંધ રહિત, નિત્યમુકત, બંધનાં કારણો નો અભાવ, સંસારનો અભાવ.

નિર્વિભાગ :અખંડ (૨) નાનામાં નાના. જેનો બીજો ભાગ ન થઈ શકે તેવું

નિર્વિવાદ :ચોક્કસ; બિનતકરારી

નિર્વિશેષ :પૂર્ણ; સમગ્ર; નિરવશેષ; જેમાં કાંઈ બાકી રૂહયું ન હોય તેવું (૨) વિશેષ વિનાનું (૩) નિરવશેષ; નિરપેક્ષ; નિર્વિકલ્પ

નિર્વિશેષપણે :તફાવત વિના.

નિર્વિસંવાદ :અવિરોધ; અનુકૂળતા; સુમેળ; સુસંગત

નિરંશ :ફરી જેનો, ખંડ ન થઈ શકે તે. (૨) અંશ રહિત, દેશ, અખંડ દેશાત્મક, એક સત્ જ છે.

નિરંશ અંશ :જેમાં પછી, બીજો અંશ ન કરી શકાય, તેને જ નિરંશ અંશ કહે છે. (જેનો ફરીથી અંશ ન થઈ શકે, તે નિરંશઅંઈ કહેવાય છે.)

નિરસ્ત :નાશ; નષ્ટ (૨) દૂર કરીને; નષ્ટ કરીને; ખંડિત કરીને; નિરાકૃત કરીને (૩) જેનો ખુલાસો કરવામાં આવ્યો હોય તેવું; નાશ (૪) નાશ કરેલું, નાશ પામેલું, દૂર કરેલું, કાઢી મૂકેલું. (૫) નષ્ટ કરવું, નાશ કરવો. (૬) જેનો ખુલાસો કરવામાં આવ્યો હોય, તેવું (૭) દૂર કરેલું, કાઢી મૂકવું, નાશ પામેલું. (૮) ક્ષય થવો, નાશ પામવું, નષ્ટ થવું.

નિરસ્ત કરવું :ખંડિત કરવું ; રદબાતલ કરવું; નિષિદ્ધ કરવું (૨) દૂર કરીને; નષ્ટ કરીને; ખંડિત કરીને; નિરાકૃત કરીને.

નિરસ્તકરીને :દૂર કરીને, નષ્ટ કરીને, ખંડિત કરીને, નિરાકૃત કરીને.

નિરસન :નિરાકરણ; ખુલાસો; ક્ષમાધાન; નિરાસ. (૨) નિરાકરણ, સ્પષ્ટતા, ખુલાસો (૩) નિરાકરણ, સ્પષ્ટતા (૪) ખુલાસો, નિરાકરણ, સમાધાન , નિરાસ.

નિરાકૃત :બદબાતલ; બહિષ્કૃત

નિરાકરણ :નિષેધ; ખંડન (૨) નિવેડો, છેવટ, નાકબૂલ, રદબાતલ કરવું તે. (૩) ખુલાસો; સમાધાન; ફેંસલોઃ ચુકાદો; પરિણામ; અંત (૪) નિવેડો, છેવટ (૫) નાકબૂલ-રદબાતલ કરવું છે.

નિરાકર્તા :ત્યાગ કરનાર.

નિરાકુળ :આકુળતા વિનાનું (૨) સર્વ ઈચ્છાઓથી રહિત, અનાકુળ. (૩) આકુળતા રહિત, અનાકુળ

નિરાકુળ સુખ :જેને હિત કરવું હોય, તેણે પ્રથમમાં પ્રથમ શું ઉપાય કરવો, તે કહેવાય છે. નિરાકુળ સુખ આત્મામાં છે. શરીર આદિની સગવડમાં (સંયોગોમાં), સુખ નથી. છતાં અજ્ઞાની જીવ તેમાં સુખ માની રહયો છે. પણ પરના આશ્રયની પરાધીનતા, તે સુખ ત્રણ કાળમાં નથી. જેણે પોતામાં સુખ ન ભાળ્યું તેને, પરસંયોગની મોટાઈ લાગે છે. પરસંયોગના આશ્રયે સુખ છે. એમ માન નાર પોતાને નમાલો, રાંકો, ઓશિયાળો માને છે. એ અજ્ઞાન ભાવની મૂઢતાથી, માનેલી કલ્પના છે. જે પરને હિતરૂપ માને છે, તે પરાશ્રય રહિત અવિકારી આત્મા, સ્વભાવ ને હિતરૂપ માનતો નથી. પર મારાં છ પરમાં સુખ છે, પરનું કાંઈ કરી શકું, એવી ઊંધી કલ્પના કરનારું પોતાનું વિપરીત જ્ઞાન છે. જડ દેહાદિ, પોતાને ભૂલ કરાવતા નથી. આત્મા પરથી જુદો નિત્ય પદાર્થ છે. પોતે જે સ્વભાવે છે, તેનું ભાન નથી. તેથી પરમાં કયાંક પોતાના હોવા પણાની, પોતાના સુખપણાની કલ્પના કરી છે. તે અજ્ઞાનથી, ચોરાશી લાખના અવતાર છે, સ્વતંત્ર સ્વભાવને યર્થાથપણે સત સમાગમે ઓળખીને, તે ઊંધી માન્યતારૂપ ભૂલ કાઢી નાખતાં, નિત્ય સ્વભાવ આશ્રિત, નિર્મળ આનંદની ઉત્પત્તિ થાય છે. વર્તમાન વિકારી અવસ્થા વખતે પણ બાહય ભાવની માન્યતા કાઢી ને દેખે તો, તે એક અવસ્થા સિવાય, આખા નિર્મળ સ્વભાવ ત્રિકાળી શુદ્ધપણે, વર્તમાનમાં પણ જણાય છે. પામરતા, અશરણપણું , અવગુણપણું, પામરતાની ભૂમિકામાં રહીને ન ટળાય. પામરતા વખતે જ, તુચ્છતા રહિત ધ્રુવસ્વભાવ પૂર્ણ મહિમાપણે છે.

પૂર્ણ નિર્મળ પરમાત્મા દશા જેણે પ્રગટ કરી, તે સાક્ષાત ભગવાન છે. હું પણ, શકિતપણે પૂર્ણ ભગવાન છું, એમ સત્સમાગમથી ઓળખી, પૂર્ણ સ્વાધીન ધ્રુવ સ્વભાવનું મહાત્મ્ય કરે તો પોતામાં કલ્પેલી હીણપનું ધણીપણું દષ્ટિમાંથી છૂટી જાય છે. પછી વર્તમાન પુરુષાર્થની નબળાઈથી, પરમાં રોકાય તે રુચિભાવે, રોકાતો નથી. સ્વભાવના જોરે, રાગદ્વેષ તોડવા માગે છે, વિકારનું એટલે રાગની વૃત્તિનું, ધણીપણું કરતો નથી.

વિકારનો નાશ કરવા માગે, તે વિકાર સ્વરૂપ હોઈશકે નહિ. વિકારનો જાણનારો, તે ક્ષણિક વિકારપણે નથી. જોવિકાર ટાળવાની શકિત આતમાં ન હોય, તો જે ન હોય તે જગતમાં ત્રણ માળમાં થઈ શકે નહિ, પણ અનંતાજ્ઞાની પૂર્ણ પવિત્ર, ઉત્કૃષ્ટ પરમાત્મ દશા પ્રગટ કરી ગયા છે. છાત્ય સ્વભાવના જોરે, અમુક અંશે રાગ ટાળ્યો તેવા રસે કરી રાગ ન થવા દે, તો પૂર્ણ પુરુષાર્થથી અંશમાત્ર રાગ-વિકાર ન થવા દે, એવી આતમાની તાકાત દરેક સમયે, દરેક આત્મામાં છે.

જો કોઈ બીજા પોતાના દોષ કાઢી, આપે તો કોઈ નકરમાં અને દુઃખમાં પણ નાખી દે,પણ એવું પરાધીનપણું જીવને નથી. દોષ ટાળવામાં પોતે એકલો છે, તો પોતે ત્રિકાળી પૂર્ણ અને સ્વતંત્ર અસંયોગીપણે, વર્તમાનમાં પૂરો છે. માન્યતાથી પરનો સંબંધ માન્યો છે, તે નિમિત્ત આધીન દષ્ટિની ભૂલ છે, અને તે જ સંસાર છે. કું પૂર્ણ પ્રભુતા વાળો છું એવા નિત્ય સ્વભાવના જોરે, પામરતા ટળી, તે જ સમયે નિર્મળપવિત્રતા અંશે પ્રગટે છે.

નિરાકુળતા :પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. પારમાર્થિક સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા-નિરાકુળતા છે. (૨) આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત, શાંતિ

નિરાકાંક્ષ :નિરિચ્છ, આકાંક્ષારહિત, ઈચ્છારહિત

નિરાકાર :આકારો વિનાનું; ભેદો વિનાનું; નિર્વિકલ્પ; સામાન્ય

નિરાકાર :જડ પુદ્ગલના આકાર વગરનો એવો, આત્મા છે. શરીરના બધા ઘાગમાં આત્મા છે, તે પોતાના અનંત ગુણનો પિંડ, દેહ આકારે, દેહથી જુદો છે. (૨) દર્શન એક પદાર્થથી, બીજાને જુદો પાડતું નથી, તેથી તેને નિરાકાર કહેવાય છે.

નિરાગી :નિર્દોષ, નિષ્પાપ, રાગવિનાનું (૨) પાપ વિનાનું, નિષ્પાપ, નિરાગસ

નિરાધના :અવરોધવું, અપરાધ કરવાની ક્રિયા, આડખીલીરૂપ બનવું.

નિરાબાધ :સર્વજ્ઞ પરમાત્મા બાધારહિત નિરાબાધ છે. સર્વજ્ઞને બાધા કેવી ? ભગવાનનો સર્વ ઉપયોગ- તેનો કદી નાશ થતો નથી. ઉપયોગનું કદીય પરથી હરણ થઈ શકતું નથી. એમ આત્મા વસ્તુપણે નિરાબાધ છે. (૨) બાધા રહિત; કદી નાશ ન થાય તેવું; કદીય પરથી હરલ ન થઈ શકે તેવું. (૩) બાધા વિનાનું; વિઘ્ન રહિત (૪) બાધા વિનાનું; વિઘ્ન રહિત; સહજ સુખ અને જ્ઞાન વાળો હોવાથી સર્વ બાધા રહિત (સકલ આત્મામાં સર્વ પ્રકારનાં (પૂરેપૂરા) સુખ અને જ્ઞાનથી ભરપૂર હોવાને લીધે આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારનાં પરિપૂર્ણ) સૌખ્ય અને જ્ઞાનથી સમૃધ્ધ હોય છે. (૫) અડચણ વિનાનું; બાધા ન રહી હોય તેવું; અનૂકૂળ (૬) સંકલ્પ વિકલ્પ રહિત (૭) સર્વજ્ઞ પરમાત્મા બાધા રહિત, નિરાબાધ છે. સર્વજ્ઞને બાધા કેવી ? ભગવાનનો સર્વજ્ઞ ઉપયોગ- તેનો કદી નાશ થતો નથી. અલિંગ-ગ્રહણના નવમા બોલમાં આવે છે કે, ઉપયોગનું કદીય પરથી હરણ થઈ શકતું નથી. એમ આત્મા વસ્તુપણે, નિરાબાધ છે. (૮) અંતરાય વિનાનું, અડચણ વગરનું (૯) સર્વ પ્રકારની આકુળતા આદિ, બાધાઓ રહિત. (૧૦) બાંધા વિનાનું, વિઘ્ન રહિત. (૧૧) અડચણ વિનાનું, પ્રતિબંધ વિનાનું, વિરોધ વગરનું (૧૨) નિર્ભય

નિરાબાધપણું :પૂર્વાપાર, અવિરોધપણું

નિરામય :નિર્વિકાર (૨) રોગાદિ સમસ્ત કલેશ, વિનાનું પદ.

નિરારંભી :આરંભ ઉપાધિથી રહિત એવુ

નિરાલંબન :સ્વાવલંબી (૨) આલંબન વિનાનું, ટેકા વિનાનું, નિરાધાર, નિરાશ્રય.

નિરાળું :અલગ, જુદું, ન્યારું, એકત્રસ્થિતિ ન કરનારું.

નિરાવરણજ્ઞાન :જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટયો છે, અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે. અર્થાત જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણજ્ઞાન કહેવા યોગ્ય છે.

નિરાવરણ :આવરણ વિનાનું; આડચ કે અડચણ વિનાનું; ખુલ્લું (૨) આવરણ રહિત. આવરણ તો પર્યાયમાં હોય, પણ પર્યાય નિરપેક્ષ ત્રિકાળી સ્વભાવને, આવરણ શું? ત્રિકાળી સ્વભાવને આવરણ હોય નહિ. (૩) આવરણ વિનાનું, ખુલ્લું, આડચ કે અડચણ, વિનાનું (૪) અંતરાય વિનાનું, આવરણ રહિત, ખુલ્લું

નિરાવરણ જ્ઞાન :જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે. અને અન્ય પદાર્થને વિષે, અહંતામમતા વર્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણ જ્ઞાન, કહેવા યોગ્ય છે. કેવળજ્ઞાન નિરાવરણ કહેવાય છે, તે પરિપૂર્ણ સત્ય છે. (૨) જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટયો છે, અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્તતા નથી. તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે. અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણ જ્ઞાન ચચચકકહેવા યોગ્ય છે.

નિરાવલંબન :આધાર રહિત (૨) સ્વાવલંબી

નિરાશ્રય :આશ્રય વિનાનું (૨) નિરાધાર; આધાર રહિત (૩) જેને આશરો ન રહ્યો હોય તેવું, નિરાધાર

નિરાશ્રિત :અનાથ

નિરાસ :નિરાકરણ; ખંડન (૨) નિરાકરણ; ખુલાસો; સમાધાન

નિરાસ :નિરસન, નિરાકરણ, ખુલાસા, સમાધાન.

નિરાસ્રવ :આસ્રવ રહિત. (૨) સંકલ્પ-વિકલ્પ રહિત; આસ્રવ રહિત; શુધ્ધોપયોગી (૩) આસ્રવ રહિત

નિરાહાર :આહારવિના

નિરિચ્છા :અનિચ્છા (૨) ઈચ્છારહિત. (૩) લાભની

નિરિહિ :અમન. (અંતઃકરણ (મન)નું વિલીનિકરણ, અમન (નિરિહિ) અવિનાશી-પરમ આત્મતત્ત્વ છે.

નિરીક્ષણ :ઝીણવટથી દેખભાળ રાખવી એ, બારીક તપાસ

નિરીહ :નિષ્કામ, ઈચ્છારહિત. (૨) ઈચ્છા રહિત. (૩) નિષ્કામી, ઈચ્છા રહિત (૪) ચેષ્ટા વિનાનું, ચેષ્ટાનો અભાવ, ઈચ્છા ન કરનારું, નિરિચ્છ, ઈચ્છા-આકાંક્ષાનો અભાવ (૫) નિષ્કામ (૬) ચેષ્ટા વિનાનું, ચેષ્ટા ન કરનારું, (૨) ઈચ્છા ન કરનારું, નિરિચ્છ.

નિરીહતા :સંતોષ (૨) ચેષ્ટાવિનાનું, ઈચ્છા ન કરનાર.

નિરોધ :નિગ્રહ (૨) અટકાવ; વિલય; નાશ (૩) અવરોધ; ચિત્તવૃત્તિઓનો નિગ્રહ; અટકાયત; મનના વલણ ઉપરનો કાબૂ; ચિત્તની બધી પ્રવૃત્તિઓ ઈષ્ટદેવમાંઃ પરોવી દેવીએ. સંયમ; વિલય; અભાવ (૪) અટકી જવું, વિલય થવો. (૫) રોકાઈ જવું, નાશ કરવો. (૬) અટકવું, ટળવું, દૂરથવું. (૭) રોકવું, અટકાવવું.

નિલય :ધામ, ઘર.

નિવેડો :ઉકેલ, ફેંસલો. (૨) નિકાલ, નિરાકરણ, ફેસલો, ચુકાદો, પરિણામ, અંત ઉકેલ.

નિવૃત્ત :પાછું ફરેલું; ફારક થયેલું; પરવારીને બેઠેલું (૨) દૂર રહેવુ (૩) પાછું ફરેલું; ફારેક થયેલું; પરવારીને બેઠેલું

નિવૃત્તિ :ત્યાગ (૨) પુણ્ય-પાપના ભાવથી રહિત થવું, તેનું નામ નિવૃત્તિ છે.

નિવૃત્ત થવું :પાછું વાળવું

નિવૃત્ત થવાને અર્થે :પાછો વાળવાને અર્થે

નિવૃત્તિ :ક્ષય (૨) નિર્વાણ, નિઃશ્રેયસ, મોક્ષ. (૩) નિર્વાણ, નિવૃત્તિ-નિશ્રેયસ્, મોક્ષ. (૪) યોગ (૫) પુણ્ય-પાપના ભાવથી રહિત થવું, તેનું નામ નિવૃત્તિ છે. (૬) સમાપ્તિ, છૂટવું તે, સર્વથા મુકિત

નિવૃત્તિ થવી :ટળી જવી, બંધ ટળી જવો, વિકારી ભાવ, મટી જવો.

નિવર્તવું :ત્યાગ કરવો.

નિવતાવીને :ટળીને

નિવર્તે :વૈરાગ્ય પામે

નિવર્ત્યે :નિવૃત્ત થવું; પાછા ફરવું

નિવર્તવું :ટાળવું; નિવર્તાવનારી=ટાળનારી (૨) છૂટવું: પાછા ફરવું; ખસવું; રૂચિથી ખસી જવું; હઠવું; રાગ સાથેની એકતા તૂટી જવી. (૩) છૂટી જવું, ખસી જવું (૪) પાછું ફરવું (૫) જુદા પડવું, છૂટા પડવું, ભેદ પાડવો. (૬) ટાળવું. (૭) પાછા ફરવું (૮) પાછા ફરવું, મટવું, ટળવું, વૈરાગ્ય પામવો.

નિવર્તવું :છૂટવું (૯) જુદા પડવું, ભેદ પાડવો. (૧૦) છૂટવું. ઉદાસ થયું. (૧૧) મટવું, ટળવું, પાછા ફરવું (૧૨) ભેદ પાડવો, જુદાપડવું.

નિવર્તાવવું :ટાળવું (૨) પાછા વળવું; અટકાવવું; દૂર રાખવું

નિવર્તાવીને :ટાળીને.

નિવેશ :પ્રવેશ; પ્રવેશદ્વાર; ઉતારો; નિવાસસ્થાન; ઘર; મકાન; છાવણી; શિબિર; તંબૂ

નિવેશસ્થાન :દાખલ થઈ રહેવાનું ઠેકાણું; ઘર; મકાન; નિવાસ

નિવારણ :ઉપાય; ઈલાજ; નિરાકરણ; ફેંસલો; ચુકાદો; રોકીને પાછું વાળનાર. (૨) અટકાવ; રોકી ન શકાય એવું (૩) ઉપાય, ઈલાજ, નિરાકરણ, ફેંસલો, ચુકાદો, નાબુદી, વારવું એ, રોકીને વારવું એ, અટકાયત. (૪) ઉપાય, ઈલાજ, નિરાકરણ, ફેંસલો, ચુકાદો, નાબુદી, વારવું તે, રોકીને વારવું એ, રોકી ન શકાય એવું, રોકાય નહિ એવી શકિતવાળું.

નિવારવું :નાશ કરવો

નિવૃકલ્પ ઉપયો :દર્શન

નિર્વિઘ્ન :અબાધિત.

નિવિષ્ટ :સ્થિર થવું.

નિરૂયયએકાંત :વળી જેઓ કેવળ નિશ્ચયાલંબી વર્તતા થકા રાગાદિ વિકલ્પરહિત પરમ સમાધિરૂપ શુધ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચરવા યોગ્વ્ય ષડઆવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવા યોગ્ય દાનપૂજાદિ ૫ અનુષ્ઠાનને દૂષણ દે છે, તેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકી, નિશ્ચય વ્યવહાર અનુષ્ઠાન યોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકી પાપને જ બાંધે છે. (અર્થાત કેવળ નિશ્ચય-અનુષ્ઠાનરૂપ શુધ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહાર અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે.) પરંતુ જો શુધ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહારસાધનરૂપ) વ્યવહાર, મોક્ષમાર્ગને માને તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શકિતનો અભાવ હોવાથી શુભ અનુષ્ઠાન રહિત હોય તથાપિ-જો કે તેઓ શુધ્ધાત્મભાવના સાપેક્ષ શુભ અનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તો પણ સરાગ સમ્યક્ત્વાદિ વડે વ્યવહાર સમ્યગ્દ્રષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે. આમ નિશ્ચય એકાંતની નિરાકરણની મુખ્યતાથી બે વાક્ય કહેવામાં આવ્યા.

(અહીં જે જીવોને વ્યવહાર સમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દ્રષ્ટિ છે એમ ન સમજવું. પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દ્રષ્ટિ છે એમ સમજવું. તેને ચારિત્ર અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કાહીને વ્યવહાર સમ્યગ્દ્રષ્ટિ કહ્યા છે. શ્રી જયસેનાચાર્યદેવે પોતે જ ગાથા ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં કહ્યું છે કે-જયારે આ જીવ આગમભાષાએ કાળાદિલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુધ્ધ આત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દ્રષ્ટિ થાય છે.)

નિશ્ચય કારકોનું દ્રષ્ટાંત આ પ્રમાણે છે :

(૧) માટી સ્વતંત્રપણે ઘડારૂપ કાર્યને પહોંચે છે - પ્રાપ્ત કરે છે, તેથી માટી કર્તા છે.

(૨) અને ઘડો કર્મ છે; અથવા ઘડો માટી અભિન્ન હોવાથી, માટી પોતે જ કર્મ છે;

(૩) પોતાના પરિણમન સ્વભાવથી, માટીએ ઘડ્યો ઘડો કર્યો, તેથી માટી પોતે જ કરણ છે;

(૪) માટી એ ઘડારૂપ કર્મ, પોતાને જ આપ્યું, તેથી માટી પોતે જ સંપ્રદાન છે;

(૫) માટીએ પોતાનામાંથી, પિંડરૂપ અવસ્થા નષ્ટ કરીને, ઘડારૂપ કર્મ કર્યું અને પોતે તો ધ્રુવ રહી, તેથી પોતે જ અપાદાન છે;

(૬) માટીએ પોતાના જ આધારે, ઘડો કર્યો તેથી પોતે જ, અધિકરણ છે. આ રીતે નિશ્ચયથી છ યે કારકો, એક જ દ્રવ્યમાં છે. પરમાર્થ, એક દ્રવ્ય

બીજાને સહાય નહિ કરી શકતું હોવાથી, અને દ્રવ્ય પોતે જ, પોતાને, પોતાનાથી, પોતાને માટે, પોતાનામાંથી, પોતાનામાં કરતું હોવાથી, આ નિશ્ચય છ કારકો જ, પરમ સત્ય છે.

ઉપર્યુક્ત રીતે દ્રવ્ય પોતે જ પોતાની, અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી, પોતે જ, છ કારકરૂપ થઈને પોતાનું કાર્ય નિપજાવાને સમર્થ છે; તેને બાહ્ય સામગ્રી કાંઈ મદદ કરી શકતી નથી. માટે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરતા ઈચ્છનાર આત્માએ, બાહ્ય સામગ્રીથી અપેક્ષા રાખી, પરતંત્ર થવું નિરર્થક છે.

(૧) શુદ્ધ ઉપયોગમાં લીન આત્મા, પોતે જ છ કારક રૂપ થઈને....અનંત શક્તિવાળા જ્ઞાનસ્વભાવ વેડે સ્વતંત્ર હોવાથી પોત જ કર્તા છે.

(૨) પોતે, અનંત શક્તિવાળા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી, કેવળજ્ઞાન કર્મ છે, અથવા કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી, પોતે જ કર્મ છે;

(૩) પોતાના અનંત શક્તિવાળા પરિણમન સ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે, કેવળજ્ઞાન કરતો હોવાથી, આત્મા પોતે જ કરણ છે;

(૪) પોતાને જ કેવળજ્ઞાન દેતો હોવાથી, આત્મા પોતે જ સંપ્રદાન છે;

(૫) પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણ જ્ઞાન દૂર કરીને, કેવળજ્ઞાન કરતો હોવાથી, અને પોતે સહજ જ્ઞાન સ્વભાવ વડે, ધ્રુવ રહેતો હોવાથી, પોતે જ અપાદાન છે;

(૬) પોતાનામાં જ અર્થાત પોતાના જ આધારે, કેવળજ્ઞાન કરતો હોવાથી, પોતે જ અધિકરણ છે.

આ રીતે સ્વયં (પોતે જ) છ કારકરૂપ થતો હોવાથી, તે સ્વયંભૂ કહેવાય છે. અથવા, અનાદિ કાળથી, અતિદઢ બંધાયેલા (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ), દ્રવ્ય તેમ જ ભાવ ઘાતિ કર્મોને નષ્ટ કરીને, સ્વયમેવ આવિર્ભૂત તથા કોઈની સહાય વિના પોતાની મેળે જ, પોતે પ્રગટ થયો, તેથી તે સ્વયંભૂ કહેવાય છે.

નિશ્ચય સમ્યક્ત્વ :ઉપશમ સમ્યક્ત્વ જીવનો સ્વ સન્મુખ પુરુષાર્થ પૂર્વકથી સાત પ્રકૃતિઓનો સ્વયં ઉપશમ થાય છે ત્યારે જીવનો જે ભાવ થાય તેને ઉપશમ સમ્યક્ત્વ કહે છે.

દર્શન મોહનીય (૩) : મિથ્યાત્વ, સમ્યક્ત્વ મિથ્યાત્વ અને સમ્યક્ પ્રકૃતિ.

ચારિત્ર મોહનીય (૪) : અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા,લોભ.

પ્રથમોપશમ સમ્યક્ત્વ.

- અનાદિ મિથ્દષ્ટિને, પાંચ પ્રકૃતિઓ (મિથ્યાત્વ,ક્રોધ,માન,માયા, લોભ)
- સાદિ મિથ્દષ્ટિને, સાત પ્રકૃતિઓ ઉપશમથી જે ઉત્પથાય, તેને પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ કહે છે.

દ્વિતીયોપશમ સમ્યક્ત્વ

- સાતમા ગુણ સ્થાન કે, ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ, શ્રેણી ચઢવાની સન્મુખ અવસ્થામાં ક્રોધ, માન, માયા. લોભનું વિસર્જન કરીને, દર્શન મોહની ત્રણ પ્રકૃતિઓના ઉપશમ કાળે, જીવ જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, તેને દ્વિતીય ઉપશમ સમ્યક્ત્વ કહે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ

છ પ્રકૃતિઓ (મિથ્યાત્વ, સમ્યક્ત્વ, ક્રોધ,માન,માયા, લોભ) ના અનુદય, અને સમ્યક્ પ્રકૃતિના ઉદયમાં જોડાવાથી, જે ભાવ ઉત્પન્ન થાય તેને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહે છે.

ક્ષાયિક સમ્યક્ત્વ

જીવનો સ્વસન્મુખ પુરુષાર્થથી, સાતે પ્રકૃતિઓનો ક્ષય થાય છે. ત્યારે જીવનો જે ભાવ થાય છે, તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે.

નિશ્ચેતન :અણસમજું; જડ જેવા (૨) જડ, ચેતન રહિત.

નિશ્ચેતનને :જડ જેવાને, અણ સમજુને.

નિશ્ચય :હું પૂર્ણ પવિત્ર જ્ઞાયક જ છું; અસંગ છું, એ નિશ્ચય (૨) શુધ્ધ આત્મ સ્વભાવ (૩) ખરેખર (૪) શુધ્ધ આત્મસ્વભાવ (૫) પર નિમિત્તની અપેક્ષા રહિત, સ્વઆશ્રિત, તે નિશ્ચય. (૬) ખરેખર (૭) જે પોતાના જ

આશ્રયે હોય, તેને નિશ્ચય કહીએ. (૮) નિમિત્તને જાણવું તે વ્યવહાર, અને તે પોતામાં નથી તેમ નિષેધ કરવો, તે નિશ્ચય. આત્મા પોતે અનંત ગુણોનો પિંડ અખંડ દ્રવ્ય છે. તેમ પ્રતીત કરવી, અને પરસ્વરૂપે પોતે નથી તેમ નિષેધ કરવો, તે નિશ્ચય. (૯) યથાર્થ. (૧૦) જે પોતાનું એક શુદ્ધ ચૈતન્યતત્ત્વ ચિદાનંદમય વસ્તુ, એક ઉપયોગરૂપ ચિન્મૂર્તિ, પ્રભુ આત્મા. (૧૧) આંગણામાં આવ્યો અને નિરાવલંબી સામાન્ય એકરૂપ, નિર્વિકાર સ્વભાવનું એકાકાર લક્ષ કરે, ત્યારે નિશ્ચયથી સર્વ જિનશાસનને જાણ્યું. (૧૨) સ્વરૂપ તરફનું લક્ષ અને રુચિ લંબાવી ગુણમાં એકાગ્રતા કરી, વ્યવહાર અને ભેદનું લક્ષ ગૌણ કરી, અખંડ સ્વભાવને જાણવો, તે નિશ્ચય છે. (૧૩) પર નિમિત્તની અપેક્ષા વિના-રહિત, સ્વઆશ્રિત, તે નિશ્ચય. (૧૪) પર નિમિત્તની અપેક્ષા રહિત, સ્વઆશ્રિત, તે નિશ્ચય. (૧૫) એકલા શુદ્ધ આત્મામાં રુચિ-જ્ઞાન-એકાગ્રતા, તે યથાર્થ વાસ્તવિક શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો, સત્ય મોક્ષમાર્ગ છે તે નિયમથી મોક્ષમાર્ગ છે, તેના સેવનથી મોક્ષ જરૂર થાય જ, એવો નિયમ છે. (૧૬) સાચી દૃષ્ટિ (૧૭) શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટ થતાં શુદ્ધજ્ઞાન-દર્શન-ચારિત્ર. (૧૮) યથાર્થ (૧૯) ત્રિકાળ, કાયમ, અવિચળ, કદી ચળે નહિ, તેવો. (૨૦) એકલા શુદ્ધ આત્મામાં રુચિ-જ્ઞાન-એકાગ્રતા તે યથાર્થ વાસ્તવિક શુદ્ધ- ઉપાદાનથી પ્રગટેલો સત્ય મોક્ષમાર્ગ છે, તે નિયમથી મોક્ષમાર્ગ છે. (૨૧) પર નિમિત્તની અપેક્ષા રહિત, સ્વઆશ્રિત, તે નિશ્ચય.

નિશ્ચય અને વ્યવહાર :પરમાર્થરૂપ નિશ્ચય વસ્તુમાં, મોક્ષનો માર્ગ અને મોક્ષ, એમ બે ભંગ પડ્યા તે વ્યવહાર છે. અને અખંડ વસ્તુસ્વરૂપ લક્ષમાં લેવું, તે નિશ્ચય છે. (૨) અનાદિની પરાશ્રયની શ્રદ્ધાનો,-પુણ્ય-પાપનો બધો વ્યવહાર ઉગમ્યો છે. અવસ્થામાં બંધ છે, તે જાણવું, તેનું નામ વ્યવહાર અને પાંચ ભાવોથી એકરૂપ (અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુકત), પોતાનું નિર્મળ સ્વરૂપ જાણવું, તે નિશ્ચય. સ્વરૂપની શ્રદ્ધા વડે, અંશે અંશે સ્થિરતા, વડે રાગ ટાળવો, તે વ્યવહાર છે. નિત્ય સ્વપણે છું, પરપણે નય, પરનો કર્તા નથી, ભાવગુણ પરાશ્રયે કે રાગવિકલ્પ નય છે, તેમ નથી. અંદર ગુણની શ્રદ્ધાના જોરે, ગુણથી ગુણ ઉઘડે છે, આમ જાણવું, તે સમ્યગ્જ્ઞાન છે, તે જ અનેકાન્તધર્મ છે.

નિશ્ચય અને વ્યવહાર પર્યાયનું સ્વરૂપ :સમ્યગ્દૃષ્ટિ જીવને નિશ્ચય (શુદ્ધ) અને વ્યવહાર (શુભ), એવા ચારિત્રના મિશ્ર પર્યાય નીચલી અવસ્થામાં, એકી વખતે હોય છે. કોઈ વખતે નિશ્ચય (શુદ્ધ ભાવ), મુખ્યપણે હોય છે. કોઈ વખતે વ્યવહાર (શુભભાવ), મુખ્યપણે હોય છે. આનો અર્થ એવો છે કે, સમ્યગ્દૃષ્ટિ જીવ, પોતાના સ્વરૂપમાં સ્થિર રહે, તેનું નામ નિશ્ચય પર્યાય (શુદ્ધતા) છે, અને તેમાં સ્થિર રહી શકે નહિ, ત્યારે સ્વલક્ષે અશુભભાવ ટાળી, શુભમાં રહે અને તે શુભને ધર્મ માને નહિ, તેને વ્યવહાર પર્યાય (શુભ પર્યાય) કહેવામાં આવે છે, કેમ કે, તે જીવને શુભ પર્યાય થોડા વખતમાં ટળી, શુદ્ધ પર્યાય પ્રગટે છે, આ અપેક્ષા લક્ષમાં રાખી, વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય, એમ પર્યાયાર્થિકનયે કહેવામાં આવે છે. તેનો અર્થ એવો છે કે, સમ્યગ્દૃષ્ટિનો શુભ પર્યાય ટળી ક્રમે ક્રમે, શુદ્ધ પર્યાય થતો જાય. આ બન્ને પર્યાયો હોવાથી, તે પર્યાયાર્થિકનયનો વિષય છે. આ ગ્રંથમાં કેટલેક ઠેકાણે, નિશ્ચય અને વ્યવહાર એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. ત્યાં તેનો આ અર્થ સમજવો. વ્યવહાર (શુભભાવ)નો વ્યય, તે સાધક અને નિશ્ચય (શુદ્ધભાવ)નો ઉત્પાદ, તે સાધ્ય એવો તેનો અર્થ થાય છે, તેને ટૂંકમાં વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય, એમ પર્યાયાર્થિકનયે કહેવામાં આવે છે.

નિશ્ચય ચારિત્ર :સંસારના કારણોનો નાશ કરવા માટે જ્ઞાનીને બહિરંગ અને અંતરંગ ક્રિયાઓને રોકવાને નિશ્ચય ચારિત્ર કહે છે. (૨) પ્રતિક્રમણ સ્વરૂપ, પ્રત્યાખ્યાન સ્વરૂપ અને આલોચના સ્વરૂપ, આત્માનું નિરંતર અનુભવન, તે જ નિશ્ચય ચારિત્ર છે. જે આ નિશ્ચય ચારિત્ર, તે જ જ્ઞાનચેતના (અર્થાત્ જ્ઞાનના અનુભવનથી), સાક્ષાત્ જ્ઞાનચેતનાસ્વરૂપ કેવળજ્ઞાનગમ્ય, આત્મા પ્રગટ થાય છે.

નિશ્ચય દૃષ્ટિ :પરમાર્થ સ્વભાવ. (૨) યથાર્થ દૃષ્ટિ, નિત્ય દૃષ્ટિ, સાચી દૃષ્ટિ, પરમાર્થ દૃષ્ટિ, સ્વાભાવિક દૃષ્ટિ-સ્વભાવદૃષ્ટિ.

નિશ્ચય પ્રતિબુદ્ધ :નિશ્ચયના જાણનારા

નિશ્ચય પ્રયત્નપૂર્વક :મુનિને (મુનિત્વોચિત) શુધ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુધ્ધોપયોગદશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી શુભોપયોગ તે બહિરંગી અથવા વ્યવહાર પ્રયત્ન છે; (શુધ્ધોપયોગ દશા ન હોય ત્યાં શુભોપયોગ હદ સહિત હોય છે; તે શુભોપયાગ વ્યવહાર-પ્રયત્નપણાને પણ પામતો નથી.)

નિશ્ચય મિથ્યાત્વ :જેટલા શુભાશુભ રાગ છે, તે અશુદ્ધભાવ છે. શુભાશુભ ભાવને, પોતાનું સ્વરૂપ માનવું, તેને ગુણકર માનવા, કરવા જેવા માનતા, તે નિશ્ચય મિથ્યાત્વ-અગૃહિત મિથ્યાત્વ છે.

નિશ્ચય સમ્યક્ત્વ :વ્યવહાર સમ્યક્ત્વદ્વારા સાધવા યોગ્ય વીતરાગ સમ્યક્ત્વને નિશ્ચય સમ્ક્તવ કહે છે. અને પોતાના સ્વરૂપના નિર્વિકલ્પરૂપથી જાણવાને અર્થાત નિર્વિકલ્પ સ્વ સંવેદન જ્ઞાનને નિશ્ચયજ્ઞાન કહે છે.

નિશ્ચય સમ્યક્ત્વ :આત્મા આ છે, એવો નિશ્ચયભાવ, તે નિશ્ચય સમ્યક્ત્વ.

નિશ્ચય સમ્યગ્જ્ઞાન :આત્માનું પર દ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થજ્ઞાન, તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે.

નિશ્ચય સમ્યગ્દર્શન :શ્રદ્ધાગુણની જે અવસ્થા પ્રગટ થવાથી, પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય, તે સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞભગવાનની વાણીમાં, જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે, તેવું શ્રદ્ધાન, તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. (નિશ્ચયસમ્યગ્દર્શન નિમિત્તને, અધૂરા કે વિકારી પર્યાયને, ભંગ-ભેદને કે ગુણભેદને, સ્વીકારતું નથી-લક્ષમાં લેતું નથી) (૨) આત્માનું પર દ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થ શ્રદ્ધાન, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રનું સ્વરૂપ :પર પદાર્થોથી ત્રિકાળ જુદા, એવા નિજ આત્માનો અટલ વિશ્વાસ કરવો, તે નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે, આત્માને પર વસ્તુઓથી જુદો જાણવો (જ્ઞાન કરવું), તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. તથા પર દ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં એકાગ્રતાથી મગ્ન થવું, તે નિશ્ચય સમ્યક્ચારિત્ર (યથાર્થ આચરણ) કહેવાય છે.

નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય :નિમિત્તાધીન અુશદ્ધદષ્ટિનો પક્ષ છોડીને, વિકારી અવસ્થા તથા નિમિત્તના સંયોગને, જેમ છે તેમ જાણનાર વ્યવહાર નયને, ગૌણ કરી એક અસાધારણ જ્ઞાયકભાવ, ચૈતન્યત્રય આત્માનો અભેદ સ્વભાવ ગ્રહણ કરીને, તેને શુદ્ધનયની દષ્ટિથી

(૧) સર્વ પર દ્રવ્યોથી ભિન્ન.

(૨) ત્રિકાળી સર્વ પર્યાયોમાં, પોતાના અરૂપી અસંખ્ય પ્રદેશના અખંડ પિંડપણે એકાકાર.

(૩) વર્તમાન વર્તતી પર્યાયના, હીનાધિકપણાના ભેદ, રહિત.

(૪) અનેક ગુણના જુદા જુદા ભેદ, રહિત.

(૫) નિમિત્તમાં જોડાવારૂપ વિકારી ભાવથી, રહિત, એટલે

પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ અને ગુણના ભેદ રહિત, નિર્વિકલ્પ સામાન્ય વસ્તુપણે જોતાં, સર્વ પર દ્રવ્યો અને પરભાવોના અનેક ભેદોરૂપ અવસ્થાની, સ્વભાવમાં નાસ્તિ છે. આ રીતે, નિશ્ચય સમ્યગ્દર્શનનો નિષય કહ્યો.

નિશ્ચય કાળ :કાળ દ્રવ્યને, નિશ્ચય કાળ કહે છે.

નિશ્ચયચારિત્ર :પર દ્રવ્યોનું આલંબન છોડીને, આત્મ સ્વરૂપમાં લીન થવું, તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે.

નિશ્ચયદયા :સમ્યગ્દર્શનની પ્રાપ્તિ

નિશ્ચયદષ્ટિ :પરમાર્થ સ્વભાવ (૨) નિરાવલંબી નિત્ય સ્વભાવદષ્ટિ, એટલે ભૂતાર્થદષ્ટિ નિશ્ચયદષ્ટિ છે, તેને આશ્રિત સમ્યગ્દષ્ટિ છે.

નિશ્ચયધર્મ :મિથ્યાત્વ ટાળવું અને આત્માને, આત્મભાવે ઓળખવો. આ સંસાર તે મારો નથી. હું એથી ભિન્ન, પરમ અસંગ, સિદ્ધ સદશ શુદ્ધ આત્મા છું. મોહના વિકલ્પથી, હું ભિન્ન છું. સિદ્ધ સદશ એટલે સિદ્ધ ભગવાનના જેવો. જેવા સિદ્ધ ભગવાન છે, તેવો જ હું છું. શુદ્ધ એટલે વિભાવ રહિત છું. એવી આત્મસ્વભાવ વર્તના, એટલે આત્માના શુદ્ધ સ્વભાવમાં પરિણમવું, તે નિશ્ચયધર્મ છે.

નિશ્ચયનય :"સત્યાર્થ એમ જ છે", એમ જાણવું, તે નિશ્ચયનય છે. (૨) સત્યાર્થ એમ જ છે, એમ જાવું તે. (૩) શુદ્ધ વસ્તુને, પ્રતિપાદન કરનાર (૪) સત્યાર્થ એમ જ છે, એમ જોવું તે. (૫) સાચી દષ્ટિ (૬) સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિને, યથાવત નિરૂપણ કરે છે.

તથા કોઈને કોઈમાં મેળવતો નથી, તેથી એવાં જ શ્રદ્ધાનથી, સમ્યક્ત્વ થાય છે. માટે તેનું શ્રદ્ધાન કરવું. (૭) જે વસ્તુને વસ્તુની સ્વએપક્ષાએ જાણે અને કથના કરે, તે જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે. જાણે તે જ્ઞાનનય અને કથન કરે, તે શબ્દનય છે. સ્વાશ્રિતતે નિશ્ચયનયને પરાશ્રિત, તે વ્યવહાર નય. (૯) સાચી દૃષ્ટિ (૧૦) સ્વાશ્રિત સ્વભાવ, પોતાનો માનવો, તે નિશ્ચય નય. (૧૧) ''સ્વાશ્રિત તે નિશ્ચય'', જે પોતાના જ આશ્રયે હોય, તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય, તે દ્રવ્યમાં તેનું સ્થાપન કરવું, પરમાણુંમાત્ર પણ અન્ય કલ્પના, ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ. એને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં, એકત્વ શ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે. ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સર્વ પર દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો અનુભવ થાય છે. ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ, કેવળ દશાને પામે છે. જે અજ્ઞાની આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે, તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી, સંસારનું કારણ જે શુભોપયોગ, તેને જ મુકિતનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે. તેથી મુખ્ય (નિશ્ચય) કથનનું જાણપણું, અવશ્ય જોઈએ. જે નિશ્ચયનયને આધીન છે. (૧૨) નિર્મળ, અખંડ, પરમાર્થ આત્મા છે, તે નિશ્ચયનયનો વિષય છે. સમ્યગ્દર્શનનો વિષય, તે નિશ્ચયનયનો વિષય છે. અને તેને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ પાડીને લક્ષમાં લેવો, તે વ્યવહાર છે. ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી, અભેદ સ્વરૂપ ખ્યાલમાં લેવું, તે જ પરમાર્થ છે. તેમાં અભેદની શ્રદ્ધા, તે પણ પરમાર્થ નથી, કારણ કે, તે પણ ગુણની એક અવસ્થા છે, તેથી વ્યવહાર છે. સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે પણ, પરમાર્થનો વિષય નથી. દેવ, ગુરુ શાસ્ત્રનો વિષય, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા કરવી, તે શુભાશુભ ભાવ છે, તેના પરમાર્થમાં પ્રવશે નથી, કારણ કે, તે અસદભૂત વ્યવહાર છે. સમ્યગ્દર્શને, અખંડ જ્ઞાયક આખો આત્મા લક્ષમાં લીધો, તે પરમાર્થ છે, પણ લક્ષમાં લેનાર સમ્યગ્દર્શન પરમાર્થ નથી, પણ વ્યવહાર છે.-પર્યાય છે, તે નિશ્ચયથી અભૂતાર્થ છે કેમ કે, તે ત્રિકાળી નથી. ત્રિકાળી ટકનાર, અખંડ ધ્રુવ સામાન્ય સ્વભાવ, તે પરમાર્થને ભેદ દૃષ્ટિ ગૌણ કરવા છતાં, અભેદ સમજાવતાં વચ્ચે તે વ્યવહાર આવે જ છે, કેમ કે, એમ ભેદ દ્વારા સમજાવ્યા વિના, અભેદ સમજાય નહિ. ભેદના લક્ષે, નિર્મળતા કે સમ્યગ્દર્શન થતું નથી. ભેદના લક્ષે (મોક્ષમાર્ગની પર્યાયના લક્ષે), મોક્ષમાર્ગ પ્રગટતો નથી, અને મોક્ષમાર્ગના લક્ષે, મોક્ષ પ્રગટતો નથી. કારણ કે તે અવસ્થા છે, અને ઘણી અવસ્થા વડે, પૂર્ણ અવસ્થા મોક્ષ પ્રગટે નહિ. અવસ્થા ક્ષણિક હોય છે, એક સમયે એક અવસ્થા, પ્રગટ હોય છે, ઊણી હોય ત્યારે, પૂરી અવસ્થા ન હોય. ઘણી પર્યાય કારણ, અને પૂર્ણ પર્યાય કાર્ય, અને પરમાર્થે થાય નહિ. આત્મા નિર્મળ, અખંડ પરિપૂર્ણ છે, તે પૂર્ણતાના જોરે મોક્ષ દશા પ્રગટે છે. વર્તમાનમાં પણ દરેક સમયેસ દ્રવ્યમાં અનંત બેહદ સામર્થ્ય ભર્યુ છે, ત્રિકાળી જ્ઞાયક મોન્ય અનંત ગુરુ કોર્ય ને પ્રાપ્ત છે. તેમા '' પ્રાપ્ત કરે '' તેનો બંધ છે. આ જીવે, અનાદિથી ભેદ ઉપર લક્ષ કર્યું છે. ભેદદૃષ્ટિ એટલે, વ્યવહારનું અવલંબન, તે વડે શુભ વિકલ્પ ભાવ પણ, અભેદ નિર્મળનું લક્ષ ન થાય. પરમાર્થ સ્વરૂપને જાણી, ભેદને ગૌણ કરી અખંડ વસ્તુનો મહિમા કરવાથી, અખંડ નિર્મળના લક્ષે, સમ્યગ્દર્શન પ્રગટે છે.

નિશ્ચયનય અને વ્યવહારનય :નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી, તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. અને વ્યવહારનય પરદ્રવ્યના પરિણામને, આત્મપરિણામ દર્શાવતો હોવાથી, તેને અશુદ્ધ દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. અહીં શુદ્ધદ્રવ્યનું કથન, એક દ્રવ્યાશ્રિત પરિણામની, અપેક્ષાએ જાણવું, અને અશુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ, અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ, જાણવું, નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે.

નિશ્ચયનયથી નિરપેક્ષ :નિશ્ચયનય પ્રત્યે ઉપેક્ષા વાળો, નિશ્ચયનય પ્રત્યે બેદરકાર, નિશ્ચયનયને નહિ ગણતો.

નિશ્ચયની વાત :સત્યાર્થ વાત. (૨) સત્યવાત, ત્રણકાળ, ત્રણ લોકના પદાર્થોની, સત્યાર્થ સ્થિતિની વાત.

નિશ્ચયપ્રતિબદ્ધ :નિશ્ચયના જાણનારા

નિશ્ચયબંધ :રાગપરિણત જીવ જ, નવા દ્રવ્ય કર્મથી બંધાય છે, વૈરાગ્યપરિણત બંધાતો નથી, રાગપરિણત જીવ, નવા દ્રવ્યકર્મથી મુકાતો નથી, વૈરાગ્યપરિણત જ મુકાય છે, રાગપરિણત જીવ સંસ્પર્શ કરતા (સંબંધમાં આવતા), એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત (લાંબા કાળથી સંચય પામેલા) એવા જૂના દ્રવ્યમકર્મથી, અને ચિરસંચિત એવા જૂના દ્રવ્યકર્મથી મુકાય જ છે, બંધાતો નથી, માટે નકકી થાય છે કે, દ્રવ્યબંધનો સાધકતમ (ઉત્કૃષ્ટહેતુ) હોવાથી, રાગપરિણામ જ, નિશ્ચયથી બંધ છે.

નિશ્ચયભકિત :આત્મ આરાધના. (૨) પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ, ભગવાન આત્મા સિદ્ધ સ્વરૂપ, પરમાત્મા છે, તેની અંતર્મુખ એકતાથી પ્રાપ્ત, શ્રદ્ધાન તે નિશ્ચય ભકિત, અર્થાત્ સમકિત છે, અને તેને નિમિત્તરૂપે બતાવનાર, આવા ભગવાનની શ્રદ્ધાનો વિકલ્પ, તે વ્યવહર ભકિત છે. (૩) પરમાર્થે, પોતાનો ચિદાનંદ સ્વભાવી ભગવાન, આત્મા, તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થવું, તે નિશ્ચયભકિત છે.

નિશ્ચયવાદીઓ :સત્યાર્થવાદીઓ.

નિશ્ચયસ્તુતિ :પહેલા નંબરની નિશ્ચયસ્તુતિમાં, મોહથી જુદો જાણવો ને માનવો તેમ કહ્યું. બીજા નંબરમાં, મોહમાં ભળ્યો નહિ પણ દૂરથી પાછો વળ્યો, એટલે મોહનો તિરસ્કાર કર્યો, એ રીતે મોહનો ઉપશમ કર્યો, તેમ કહ્યું. ત્રીજા નંબરમાં મોહનો ક્ષય કર્યો છે. આ પ્રમાણે જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ સ્તુતિ કહી. પોતાના આત્માની ઉત્કૃષ્ટ શુદ્ધ-નિર્મળભાવની ભાવના, એટલે અંતર એકાગ્રતા, નિર્વિકલ્પ સ્વભાવમાં ઠર્યો. એકલા શુદ્ધ વીતરાગ સ્વભાવમાં એકાગ્રતા કરવા મંડ્યો, તેનું સારી રીતે અવલંબન એવું કર્યું કે, બે ઘડીમાં કેવળજ્ઞાન લે તેવી આ ઉત્કૃષ્ટ ભકિત છે.

નિશ્ચયસાધિત :નિશ્ચય વડે, સિદ્ધ થયેલો.

નિશ્ચયાભાસી :જે કોઈ જીવ નિશ્ચયનયના અભિપ્રાયને યર્થાથ જાણતો નથી અને સદવ્યહાર કહેતાં આત્મવ્યવહારને લોપે છે અર્થાત નિશ્ચય રત્નત્રય પ્રગટ કરતો નથી તે સાધન રહિત થયો થકો નિશ્ચયાભાસી મિથ્યાદ્રષ્ટિ છે. શ્રીમદે કહેલી પંક્તિઓ આ પ્રમાણે છેઃ-

અથવા નિશ્ચયનય ગ્રહે માત્ર શબદની માંય;
લોપે સદવ્યવહારને સાધન રહિત થાય. (આત્મસિધ્ધિ)

સાધન રહિત થાય એમ કહ્યું ત્યાઃ કયું સાધન ? આ શુભભાવ જે અજીવ ભાવ છે એ સાધન ? એ તો સાધન છે જ નહિ. અંતરંગ સાધન નિજ શુધ્ધાત્મા છે અને તેના લક્ષે પ્રગટ થતાં જે નિશ્ચયરત્નત્રય તે બાહ્યસાધન છે. આ સિવાય અન્ય કાંઈ સાધન નથી. (૨) નિશ્ચયનું જ્ઞાન કરી લે પણ અનુભવ કરે નહિ, અને પોતાને અનુભવી માની લે તો, તે નિશ્ચયભાસી છે. (૩) જે જીવ, આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે, પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે, તે ન સ્વીકારે, - તે નિશ્ચયાભાસી છે, તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે. (૪) જે જીવ, આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે, પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે, તે ન સ્વીકારે,-તે નિશ્ચયાભાસી છે, તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે. (૫) જે જીવ આત્માના, ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને, વિકાર છે તે ન સ્વીકારે, તે નિશ્ચયાભાસી છે. તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે.

નિશ્ચલ :નિત્ય, સ્થિર. (૨) અડોલ

નિશ્ચેલ- કરપાત્રત્વ :વસ્ત્રરહિતપણું અને હાથ રૂપી પાત્રમાં, ભોજન કરવાપણું.

નિશ્ચળતારૂપ :નિષ્કંપરૂપ

નિશ્ચારિત્ર :ચારિત્ર રહિત.

નિશ્ચિત :રહેલા (૨) નકકી (૩) નિર્ણીત, નકકી

નિશ્ચિતપણું :નિર્વિકલ્પ પણું

નિશ્ચયસ્તુતિ :ઉત્કૃષ્ટ આત્મ સ્વભાવ પૂર્ણ, વીતરાગ સ્વભાવમય શુદ્ધ સિદ્ધ દશા, જેને પ્રગટ છે તેને ઓળખીને, જે નમસ્કાર કરે છે તે નિશ્ચય સ્તુતિ છે. પરમાત્માને નમસ્કાર કરનાર, પોતાના ભાવે, પોતાના ઈષ્ટ સ્વભાવને નમે છે, તેમાં જ ઢળે છે.

નિશ્ચિત :નિયત; અચળ.

નિશ્ચેતનને :અણસમજુને; જડ જેવાને;

નિશ્ચયનય :જે દ્રષ્ટિથી પદાર્થનો મૂળ શુધ્ધ એક સ્વભાવ જોવામાં આવે છે, તે દ્રષ્ટિ, અપેક્ષા, નય (દ્રષ્ટિબિંદી) ને નિશ્ચયનય કહે છે.

નિશ્ચય :ઉપાદાન (૨) ખરેખર (૩) નકકી

નિશ્ચય અને વ્યવહાર :નિશ્ચય અને વ્યવહાર એ બે નયને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે. નિશ્ચયનયનો વિશેષ અભેદ છે, વ્યવહારનયનો વિષય ભેદ છે. બે વિરુધ્ધ થયા ને ? નિશ્ચયનય પૂર્ણાનંદસ્વરૂપ એક અખંડ અભેદ આત્માને વિષય બનાવે છે. અને વ્યવહારનય, વર્તમાન પર્યાય, રાગ આદિ ભેદને વિષય બનાવે છે. આમ બન્નેના વિષયમાં ફેર છે. નિશ્ચયનો વિષય દ્રવ્ય છે, વ્યવહારનો વિષય પર્યાય છે. એટલે બે નયોને પરસ્પર વિરોધ છે, આ નયોના વિરોધનો નાશ કરનાર સ્યાતપદ થી ચિહ્નિત જિનવચન છે. સ્યાત એટલે કથંચિત્ત અર્થાત કોઇ એક અપેક્ષાએ જિનવચનામાં પ્રયોજનવશ દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરીને એને નિશ્ચય કહે છે અને પર્યાયાર્થિક વા અશુધ્ધ દ્રવ્યાર્થિકનયને ગૌણ કરીને વ્યવહાર કહે છે. પર્યાયમાં જે અશુધ્ધતા છે તે દ્રવ્યની જ અશુધ્ધતા છે તેથી પર્યાયાર્થિકનયને અશુધ્ધ દ્રવ્યાર્થિક કહ્યો છે. જુઓ, ત્રિકાળ ધ્રુવ અખંડ એક જ્ઞાયકભાવને મુખ્ય કરી નિશ્ચય કહીને સત્યાર્થ કહે છે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી અસત્યાર્થ કહે છે. આમ જિનવચન સ્યાતપદ વડે બન્ને નયોના વિરોધ મટાડે છે.

જિનવાણીમાં દિવ્યધનિમાં ત્રિકાળ શુધ્ધ જીવવસ્તુ ચૈતન્યમૂર્તિ ઉપાદેય કહી છે. એમાં સ્યાતપદ આવી જાય છે. આવા સ્યાતવાદ મુદ્રિત જિનવચનમાં જે પુરુષો રમે છેઃ અહીં જિનવચનમાં રમવું એનો અર્થ એમ છે કે જિનવાણીમાં જે શુધ્ધ જીવવસ્તુ જ્ઞાયકભાવ ઉપાદેય કહ્યો છે તેમાં સાવધાનપણે એકાગ્ર થવું, તે જ્ઞાયકભાવનું પ્રત્યક્ષ વેદન કરવું, જીવને રાગનું અને વિકારનું વેદન તો અનાદિથી છે અને તે વડે એ દુઃખી છે. હવે એ દુઃખથી છોડાવવા વિકારની રાગની રાગની પર્યાયને ગૌણ કરી એટલે એના પરથી લક્ષ હઠાવી લઇ ભગવાન આત્મા સચ્ચિદાનંદ, એક, અખંડ જે જ્ઞાયકભાવ તેમાં દ્રષ્ટિ કરી, તેનો પ્રત્યક્ષ અનુભવ કરવો, તેમાં એકાગ્રતા અને સ્થિરતા કરવી. આ જ સુખનો માર્ગ છે. એટલે જે પુરુષો જિનવચનમાં રમે છે અર્થાત શુધ્ધ એક જ્ઞાયકભાવને ઉપાદેય કરી પ્રચુર પ્રીતિ સહિત તેમાં એકાગ્રતાનો વારંવાર અભ્યાસ કરે છે, તે સ્વયં વાતમોહાઃ અહાહા ! તે પુરુષો પોતાની મેળે, અન્ય કારણ વિના મિથ્યાત્વકર્મનું વમન કરે છે. તેમને મિથ્યાત્વભાવ રહેતો નથી, ઊડી જાય છે.

નિશ્ચય સ્તુતિ :આત્મા રાગ અને પરથી ભિન્ન પડીને એક નિજ જ્ઞાયકભાવમાં એકાગ્ર થઇ તેને અનુભવે તે તીર્થંકર અને કેવળીની નિશ્ચય સ્તુતિ છે. (૨) શુધ્ધ જ્ઞાન સ્વરૂપ પૂર્ણ પવિત્ર આનંદ ધામ ભગવાન આત્મા છે. તેની સન્મુખ થઇને અને નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઇને અંદર એકાગ્ર થતાં પર્યાયબુધ્ધિ છૂટવાથી કેવળીની પહેલા પ્રકારની સ્તુતિ થાય છે. રાગથી ભિન્ન ચૈતન્ય સ્વરૂપ આત્માનો અનુભવ થતાં સમ્યગ્દર્શન થાય છે તે પહેલી સ્તુતિ છે. છતાં એ સમ્યગ્દ્રષ્ટિને કર્મના ઉદય તરફના ઝુકાવથી પોતામાં પોતાને કારણે ભાવક કર્મના નિમિત્તો વિકારી ભાવ્ય થાય છે. આ ભાવ્ય ભાવકસંકરદોષ છે. હવે કર્મના ઉદયનું લક્ષ છોડી વસ્તુ જે અખંડ એક ચૈતન્યધન પ્રભુ છે તેની સન્મુખ થઇ તેમાં જોડાણ કરતાં ઉપશમભાવ દ્વારા જ્ઞાની તે મોહને જીતે છે તે બીજા પ્રકારની સ્તુતિ છે.

પ્રથમ સ્તુતિમાં સમ્યગ્દર્શન સહિત આનંદનો અનુભવ છે. બીજી સ્તુતિમાં ભાવક મોહકર્મના ઉદયના નિમિત્તે જે વિકારી ભાવ્ય થતું હતું તે સ્વભાવના આશ્રયે દબાવી દઇ ઉપશમભાવ પ્રગટ કર્યો. આ પ્રકારની સ્તુતિમાં સ્વભાવ સન્મુખતાનો પુરુષાર્થ તો છે, પણ તે મંદ છે. હવે ત્રીજી સ્તુતિમાં પ્રબળ પુરુષાર્થથી અંદર એકાગ્ર થતાં રાગનો નાશ થાય છે. બીજી સ્તુતિમાં જે ઉપશમશ્રેણી હતી તેનાથી પાછા હઠીને ક્ષપકશ્રેણીમાં જતાં રાગાદિનો ક્ષય થાય છે–ઉપશમ શ્રેણીમાં રાગાદિનો ક્ષય થતો નથી. તેથી પાછા હઠીને ૭મા ગુણસ્થાને આવીને પછી ઉગ્ર પુરુષાર્થ વડે ક્ષપકશ્રેણી માંડતાં રાગાદિનો અભાવ થાય છે.

અહાહા ! અનાદિથી પોતાનું સ્વરૂપ અખંડ આનંદકંદ પ્રભુ ભગવાનસ્વરૂપ જ છે. આત્મા સ્વયં પરમાત્મસ્વરૂપ, જિન સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ જ છે. અને

જે વિકલ્પ ઊઠે છે એ તો અન્ય સ્વરૂપ કર્મ છે. એકલો અકષાય સ્વભાવી આનંદકંદ આત્મા છે. તેની દ્રષ્ટિ કરી અનુભવ કરવો તે પ્રથમ પ્રકારની આત્માની સ્તુતિ છે. ત્યારપછી રાગના ઉદયમાં પોતાના પુરુષાર્થની કમજોરીથી જોડાણ થતું હતું તે જોડાણ પોતાના સ્વરૂપ તરફના પુરુષાર્થથી ન કરતાં રાગને દાબ્યો, રાગનો ઉપશમ કર્યો. આ ઉપશમ શ્રેણી છે. એ બીજા પ્રકારની સ્તુતિ છે. આ ઉપશમ શ્રેણી ૮મા ગુણ સ્થાને શરૂ થાય છે. પછી ૧૧મા ગુણસ્થાને ઉપશમભાવ થાય છે, પણ ત્યાં ક્ષાયિકભાવ થતા નથી. તેથી ત્યાંથી પાછા હઠીને સાતમા ગુણસ્થાને આવીને ફરી પુરુષાર્થની અતિ ઉગ્રતાથી રાગનો નાશ કરવામાં આવે છે તે ત્રીજી સ્તુતિ છે. રાગ ઉપશમ પામે કે ક્ષય પામે કામ તો પુરુષાર્થનું જ છે.

આ આત્મા પરમાત્મા છે. તે એક સમયની પર્યાય વિનાની પપિુર્ણ વીતરાગ સર્વજ્ઞસ્વભાવી પરમભાવસ્વરૂપ વસ્તુ છે. તેમાં ઉગ્ર અપ્રતિહત પુરુષાર્થ દ્વારા સ્થિર થઈ મુનિરાજ મોહનો અત્યંત નાશ કરે છે. અને ત્યારે જ્ઞાન સ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય છે. (તેને ક્ષીણમોહ જિન કહે છે.) બારમા ગુણસ્થાનને પ્રાપ્ત પૂર્ણ વીતરાગ ક્ષીણમોહ જિન છે. તે ત્રીજા પ્રકારની ઉત્કૃષ્ટ સ્તુતિ છે. આ ઉત્કૃષ્ટ સ્તુતિનું ફળ ૧૩મું ગુણસ્થાન કેવળજ્ઞાન છે. આમ જે કેવળજ્ઞાન સ્વભાવી પોતાનો આત્મા જ્ઞાતા-દ્રષટાસ્વરૂપ છે તેના તરફના સંપૂર્ણ ઝુકાવ અને સત્કારથી પર્યાયમાં રાગનો અને તેના ભાવક કર્મનો સત્તામાંથી નાશ થાય છે તેને ત્રીજા પ્રકારની કેવળીની ઉત્કૃષ્ટ સ્તુતિ કહે છે. પોતાની સંપુર્ણ સત્તાનો જે અનાદર હતો તે છોડીને તેનો સ્વીકાર અને સંભાળ કરવાથી રાગની અને કર્મની સત્તાનો નાશ થાય છે, અને ત્યારે તે ક્ષીણ જિન થાય છે.

નિશ્ચય સમ્યગ્દર્શન :સમ્યગ્દ્રષ્ટિને નીચે મુજબની પ્રતીતિ હોય છે.

(૧) સાચા દેવ, ગુરુ અને ધર્મમાં દ્રઢ પ્રતીતિ

(૨) જીવાદિ સાત તત્ત્વોની સાચી પ્રતીતિ

(૩) સ્વ-પરનું શ્રધ્ધાન

ઉપરોકત લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રધ્ધા થાય છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (આ પર્યાયનો ધારક શ્રધ્ધા (સમ્યકત્વ) ગુણ છેઃ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેના પર્યાયો છે.)

નિશ્ચયથી :નક્કી (૨) ખરેખર

નિશ્ચયદાન :આત્મામાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એમ ષટકારક ગુણ છે. એમાં સંપ્રદાન નામનો ગુણ છે, એ સંપ્રદાકનગુણનું કાર્ય શું ? નિર્મળ વીતરાગી પર્યાય પોતે પોતાને કે અને પોતે જ લે. આને નિશ્ચયદાન કહેવામાં આવે છે. પૂર્ણાનંદનો નાથ જે અખંડ અભેદ એક આત્મા તેને સ્વસંવેદનજ્ઞાન વડે જાણતાં અને તેમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદ પ્રગટે તે આનંદનું દાન દેનાર પોતે અને લેનાર પણ પોતે તેને નિશ્ચયદાન કહે છે.

નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય હેય છે. :

પ્રશ્નઃ દ્રવ્ય સામાન્યનું આલંબન જ ઉપાદેય હોવા છતાઃ અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયોનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે ?

ઉત્તર : રાગ પરિણામનો કરનાર પણ આત્મા જ છે, અને વીતરાગ પરિણામનો કરનાર પણ આત્મા જ છે, અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે અને જ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છેઃ-આવા પદાર્થ જ્ઞાનની અંદર દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જો વિશેષોનું બરાબર યર્થાથ જ્ઞાન હોય તો એ વિશેષોને કરનાર સામાન્ય જ્ઞાન હોવું જ જોઈએ. દ્રવ્ય સામાન્યના જ્ઞાન વિના પર્યાયોનું યર્થાથ જ્ઞાન હોઈ શકે જ નહિ. માટે ઉપરોકત નિશ્ચયનયમાં દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં તેમ જ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં આત્મા એકલો જ છે એમ યથાર્થપણે (દ્રવ્ય સામાન્યની અપેક્ષા સહિત) જાણે છે, તે જીવ પર દ્રય વડે સંપૃક્ત થતો નથી અને દ્રવ્ય સામાન્યની અંદર પર્યાયોને ડુબાડી દઈને સુવિશુધ્ધ હોય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય સામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય સામાન્યના

આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

નિશ્ચયનયથી નિરપેક્ષ :નિશ્ચયનય પ્રત્યે ઉપેક્ષાવાળો; નિશ્ચયનય પ્રત્યે બેદરકાર; નિશ્ચયનયને નહિ ગણતો.

નિશ્ચયનય :નયચક્રમાં આવે છે કે –પ્રમાણ પૂજ્ય નથી પણ નિશ્ચયનય પૂજ્ય છે.

પ્રશ્ન :પ્રમાણ કેમ પૂજ્ય નથી ?

ઉત્તર :કારણ કે એમાં પર્યાયનો (વ્યવહારનો) નિષેધ થતો નથી. જ્યારે નિશ્ચયનયમાં પર્યાયનો નિષેધ થાય છે.

પ્રશ્ન :નિશ્ચયનયમાં તો એક દ્રવ્ય જ માત્ર છે, જ્યારે પ્રમાણજ્ઞાનમાં તો દ્રવ્ય-પર્યાય બન્નેય આવે છે. માટે તે પ્રમાણજ્ઞાન પૂજ્ય કેમ નહિ ?

ઉત્તર :કારણ કે નિશ્ચયનયમાં પર્યાયનો નિષેધ છે અને સ્વનો આશ્રય છે. પર્યાયના નિષેધપૂર્વક સ્વનો આશ્રય કરે છે તેથી નિશ્ચયનય પૂજ્ય છે. આવી ખુલ્લી ચોખ્ખી વાત છે. કોઈ બીજા પ્રકારે માને તો માનો, પણ તેથી વસ્તુ સ્વરૂપ કાંઈ બદલાઈ જતું નથી.

પ્રશ્ન : જો ઉપાદાનથી જ (કાર્ય) થતું હોય તો આપે બોલવાની (પ્રવચન કરવાની) કંઈ જરૂર નથી. પણ આપ બોલો તો છો ? આપ નિમિત્તનો આશ્રય જ્યારે લો છો ત્યારે તો બીજાને સમજાવી શકો છો. માટે નિમિત્ત સિધ્ધ થઈ ગયું

ઉત્તર :ભગવાન! નિમિત્ત તો છે. (છે અને કોણ નિષેધ કરે છે) પણ નિમિત્ત કરે શું? ભાઈ ! શરીરના એકેએક રજકણનો તો તે કાળે પરિણમવાનો સ્વભાવ છે તેથી તે પોતાના કારણે સ્વકાળે પરિણમે છે. તેમાં નિમિત્તનો દાવ જ ક્યાં છે ? રમતમાં દાવ અવે ત્યારે પાસા નાખે છે. પણ અહીં તો નિમિત્તનો દાવ જ આવતો નથી. કહ્યું છે ને કે–

એક ચક્ર સૌં રથ ચલૈ રવિ કો ચહૈ સ્વભાવ.

જેમ સૂર્યનો રથ એક પૈડાથી ચાલે છે તેમ દરેક પદાર્થ એકલા પોતાના પરિણમન સ્વભાવથી જ પરિણમે છે, તેમાં બીજાની અપેક્ષા નથી. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ શુધ્ધરત્નત્રયના પરિણમનમાં પણ પરની અપેક્ષા નથી. શ્રી નિયમસારની બીજી ગાથાની ટીકામાં આવે છે કે નિજ પરમાત્મતત્વનાં સમ્યક-શ્રધ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ શુધ્ધ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે. આમ નિશ્ચય મોક્ષમાર્ગને વ્યવહારની કે નિમિત્તની અપેક્ષા છે જ નહિ. આ પરમ વીતરાગના શાસનનું કથન છે.

પ્રશ્ન : તો વ્યવહારનય શી રીતે પ્રયોજનવાન છે ?

ઉત્તર : તેને જાણવો તે પ્રયોજનવાન છે. સમયસારની બારમી ગાથાની ટીકામાં આવે છે કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. તે કઈ રીતે ? કે નિશ્ચય સ્વભાવનો આશ્રય થતાં સ્વાનુભુતિ પ્રગટ થાય છે, સમ્યગ્દર્શન થાય છે છતાં પર્યાયમાં અપૂર્ણતા તથા રાગનો અશુધ્ધતાનો ભાગ તે તે કાળે હોય છે. તેને તે તે કાળે જાણવો-તદાત્વે પ્રયોજનવાન પ્રયોજનવાન છે. જ્યાં સુધી પૂર્ણ શુધ્ધતા થાય નહીં ત્યાં સુધી પર્યાયમાં જે અશુધ્ધતાનો ભાગ છે તેને તે સમયે જાણવો-એમ વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. તે વ્યવહારનય છે, વ્યવહારનયનો વિષય પણ છે; પરંતુ વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો નહિ.

ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય છે. તે નિશ્ચયનયનો વિષય છે. જ્યારે પર્યાયમાં જે સાધકપણું છે, અપૂર્ણતા છે અર્થાત શુધ્ધતા તેમ જ અશુધ્ધતાના અંશો છે એ બધો વ્યવહારનયનો વિષય છે. તેને તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારનય આશ્રય કરવા લાયક નથી. માટે વ્યવહારનય છે જ નહિ એમ નથી. જો વ્યવહારનય હોય જ નહિ તો ચોથું, પાંચમું, છઠ્ઠું, આદિ ગુણસ્થાનો બનશે જ નહિ. અને તો પછી તીર્થનો જ નાશ થશે, અર્થાત પર્યાયના જે ભેદ છે તે રહેશે જ નહિ. માટે જેમ નિશ્ચયનયનો વિષય છે. તેમ વ્યવહારનયનો પણ વિષય તો છે પણ તે આશ્રય કરવા લાયક નથી એમ યર્થાથ સમજવું.

નિશ્ચયપ્રતિબુદ્ધ :નિશ્ચયના જાણનારા

નિશ્ચયમાર્ગ :સત્ય માર્ગ

નિશ્ચયવાદીઓ :સત્યાર્થવાદીઓ

નિશ્ચયાભાસીનું સ્વરૂપ :જે જીવ આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે તે ન સ્વીકારેતે નિશ્ચયાભાસી છ, તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે.

નિશ્ચારિત્ર :ચારિત્ર રહિત.

નિશ્ચિત :નિયમરૂપ; નિણ્ત (૨) નક્કી

નિશ્ચયનય :જે નયમાં સાધ્ય અને સાધન અભિન્ન (અર્થાત એક પ્રકારના) હોય તે અહીં નિશ્ચયનય છે; જેમ કે નિર્વિકલ્પધ્યાનપરિણત (શુધ્ધાત્મશ્રધ્ધાન જ્ઞાન ચારિત્ર પરિણત) મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે કારણ કે ત્યાં (મોક્ષરૂપ) સાધ્ય અને (મોક્ષમાર્ગરૂપ) સાધન એક પ્રકારનાં અર્થાત શુધ્ધાત્મરૂપ(-શુધ્ધાત્મ પર્યાયરૂપ) છે.

નિશ્ચયબંધ :રાગપરિણત જીવ જ નવા દ્રવ્યકર્મથી બંધાય છે. વૈરાગ્ય પરિણત બંધાતો નથી; રાગપરિણત જીવ નવા દ્રવ્યકર્મથી મુકાતો નથી; વૈરાગ્ય પરિણત જ મુકાય છે; રાગ પરિણત જીવ સંસ્પર્શ કરતા (-સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત (લાંબા કાળથી સંચય પામેલા) એવા જૂના દ્રવ્યકર્મથી બંધાય જ છે, મુકાતો નથી; વૈરાગ્યપરિણત જીવ સંસ્પર્શ કરતાં (સંબંધમાં આવતા) એવા નવા દ્રવ્યકર્મથી અને ચિરસંચિત એવા જુના દ્રવ્યકર્મથી મુકાય જ છે, બંધાતો નથી; માટે નક્કી થાય છે કે દ્રવ્યબંધનો સાધકતમ (ઉત્કૃષ્ટ હેતુ) હોવાથી રાગપરિણામ જ નિશ્ચયથી બંધ છે.

નિશ્ચયમોક્ષમાર્ગ :નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગને સાધ્ય-સાધનપણું અત્યંત ઘટે છે એમ જે કહેવામાં આવ્યું છે તે વ્યવહારનય દ્વારા કરવામાં આવેલું ઉપચરિત નિરૂપણ છે. તેમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુભ વિકલ્પોને નહિ પણ છઠ્ઠા ગુણસ્થાને વર્તતા શુધ્ધિના અંશને અને સાતમા ગુણસ્થાન યોગ્ય નિશ્ચય મોક્ષમાર્ગને ખરેખર સાધન સાધ્યપણું છે; છઠ્ઠા ગુણસ્થાને વર્તતો શુધ્ધિનો અંશ વધીને જયારે અને જેટલા કાળ સુધી ઉગ્ર શુધ્ધિને લીધે શુભ વિકલ્પોનો અભાવ વર્તે છે ત્યારે અને તેટલા કાળ સુધી સાતમા ગુણસ્થાન યોગ્ય નિશ્ચયમોક્ષમાર્ગ હોય છે.

નિશ્રાંતિ :અભાવ

નિશેષ :અશેષ, કાંઈપણ બાકી ન રહે એવું, તમામ, બધું, પૂરેપરી રીતે, અમર્યાદ

નિશેષ વિશેષ :અસાધારણ, પરિપૂર્ણ.

નિશેષાવરણ :જ્ઞાનાવરણ અને દર્શનાવરણ

નિશાચર :રાત્રે ફરનારા-ઘુવડ; સર્પ ભૂત વગેરે

નિષ્કંપ :સ્થિર; અક્ષુબ્ધ; અનાકુળ (૨) અચળ; નિશ્ચળ (૩) અડોલ; સુસ્થિર; નિશ્ચલ; અકંપ (૪) નિશ્ચળ; સ્થિર (૫) સ્થિર. (૬) અચાર, સ્થિર, કંપ વગરનું. (૭) અચળ

નિષ્કપટ :કપટ વિનાનું; (કપટ=કૂડ; છળ; પ્રપંચ; લુચ્ચાઈ; દગો ઠગાઈ)

નિષ્કમ્પ :અચલ

નિષ્કષાયતા :વીતરાગતા

નિષ્કર્મ :સર્વ કર્મોથી રહિત. (૨) સર્વ કર્મોથી રહિત, નિરાગ, નિદોર્ષ, નિર્મળ (૩) કર્મ રહિત, સર્વ કર્મોથી રહિત, સુખમય દશા. (૪) કર્મ ન કરનારું, આળસુ, નવરું, કર્મો વડે લિપ્ત ન થનારું, અનાસકત (૫) સર્વ કર્મોથી રહિત. (૬) રાગના કાર્ય વિનાનું સુખ, સહજ સ્વાભાવિક સુખનો સમૂહ

નિષ્કર્મ સુખ :રાગના કાર્ય વિનાનું સુખ; સહજ સ્વાભાવિક સુખ. (૨) રાગરહિત વીતૃરાગી સુખ. છ્નષ્કર્મ- વીતરાગી સુખના સમૂહરૂપ, જે અમૃત સરોવર છે. જેમાં મગ્ન થાય છે. છ્નષ્કર્મ એટલે રાગ દ્વેષના કાર્ય વિનાનું સુખ; સહજ સ્વભાવિક સુખ, મોક્ષને લાયક, એવો જીવ કર્મજન્ય સુખને પરિહરીને અવશ્ય નિષ્કર્મ, વીતરાગી સુખને પામે છે.

નિષ્કર્ષ :સાર; સારતત્ત્વ નિચાડ; સારાંશ; તાત્પર્ય (૨) નીચોડરૂપ.

નિષ્ક્રિય :અક્રિય, ક્રિયાવિહીન (૨) બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે, રાગાદિ મલિન ભાવ, તે રૂપ શુદ્ધ પારિણામિક ભાવ થતો નથી, તેથી તેને નિષ્ક્રિય કહે છે. આ પુણ્ય-પાપના ભાવ જે થાય, તે બંધના કારણરૂપ ક્રિયા છે. અને તેનો શુદ્ધ પારિણામિકમાં અભાવ છે, તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે.
તે ક્રિયા પર્યાયમાં તો છે, પણ શુદ્ધ દ્રવ્યવસ્તુમાં નથી. માટે શુદ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે.

જડની ક્રિયાઓ બોલવું, ચાલવું, ખાવું, પીવું, લખવું ઈત્યિાદિ, તો ભગવાન આત્મામાં છે જ નહિ. અહીંતો કહે છે કે એની પર્યાયમાં રાગાદિ વિકારની જે ક્રિયા થાય છે, તે ક્રિયારૂપે શુદ્ધ દ્રવ્ય થતું નથી, તથા એની પર્યાયમાં મોક્ષની સાધક, જે જ્ઞાનભાવરૂપ ક્રિયા થાય છે, તે ક્રિયારૂપે પણ શુદ્ધ દ્રવ્ય થતું નથી. અહા! જે એક જ્ઞાયકભાવ છે તે તો તે જ છે, તે કદીય પ્રમત્ત-અપ્રમત્તરૂપ થયો નથી. માટે કહે, ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય અક્રિય છે. અહો! કોઈ અલૌકિક શૈલીથી વીતરાગી સંતોએ, શુદ્ધ દ્રવ્યસ્વભાવનું રહસ્ય ખોલ્યું છે, બાપુ! આતો અંતરનાં નિધાન ખોલ્યાં છે. (૨) બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે, રાગાદિ મલિનભાવ તે રૂપ શુદ્ધ પારિણામિક ભાવ નથી, તેથી તેને નિષ્ક્રિય કહે છે, આ પુણ્ય-પાપના ભાવ જે થાય, તે બંધના કારણરૂપ ક્રિયા છે, તેની શુદ્ધ પારિણામિકમાં અભાવ છે. તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે. તે ક્રિયા પર્યાયમાં તો છે, પણ શુદ્ધ દ્રવ્યવસ્તુમાં નથી. માટે શુદ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે.

નિષ્કલ :શરીર રહિત, નિષ્ક્રિય (૨) જેને શરીર નથી એવા નિષ્કલ પરમાત્મા નિરાકાર સ્વરૂપ અશરીરી સિદ્ધ પરમેષ્ઠી.

નિષ્કલંક :સર્વજ્ઞ વીતરાગ પર્યાયમાં નિષકલંક છે. એમ ભગવાન આત્મા વસ્તુપણે નિષ્કલંક છે. (૨) જે ભવ ધારણ ન કરે તે. (૩) કલંક વગરનું, નિષ્પ્રયોજન, વગર કારણે.

નિષ્કાંક્ષિતપણું :સમ્યગ્દર્શનનું બીજું અંગ છે. આલોક-પરલોકમાં ઈન્દ્રિયનાં સુખરૂપ ફલની ઈચ્છા વિના ધર્મનું આરાધન કરવું; નિયાણું, તૃષ્ણા, આશા વાસના ન રાખવી તે બીજું નિષ્કાંક્ષિત અંગ છે. નિસ્પૃહા; નિર્મોહીપણું

નિષ્કાન્ત :મુનિ, સન્યાસી, ગૃહસ્થપણાથી, બહાર નીકળી ગયેલા.

નિષ્કામ :કામના વિનાનું; ફળની ઈચ્છા વિનાનું; અનાસકત (૨) કામના વિનાનું; ફળની ઈચ્છા વિનાનું; અનાસકત; જેના ફળની કોઈ ઈચ્છ નથી તેવું (૩) કામના વિનાનું, ફળની ઈચ્છા વિનાનું, અનાસકત, જેના ફળની કોઈ ઈચ્છા નથી, તેવું (કર્મ) (૪) નિઃસ્વાર્થ, ફળની ઈચ્છા વિનાનું, કામના વિનાનું

નિષ્કામબુદ્ધિ :માન, પૂજા, સત્કાર, આહારાદિની અપેક્ષાવિના, કેવળ નિષ્કામબુદ્ધિથી આત્માર્થે સ્વાધ્યાય કરવો.

નિષ્કારણ :જેનું કાંઈ કારણ નથી એવું; સ્વયં સિધ્ધ; સહજ (૨) નિયોજન; નિર્હેતુક; કારણ વિના; અમથું અમથું; અમસ્તુ (૩) જેનુ કોઈ કારણ નથી એવુ; સ્વયંસિધ્ધ; સહજ (૪) નિર્હેતુક; નિષ્પ્રયોજન; કારણ વિના

નિષ્કારણ :નિષ્પ્રયોજન, નિર્હેતુક, કારણ વિના, અમસ્તુ, અમથું અમથું (૫) કારણ વગરનું, શુદ્ધ, નિર્દોષ (૬) જેનું કોઈ કારણ નથી એવું, સવયંસિદ્ધ, સહજ. (૭) કારણ વિના, નિષ્પ્રયોજન, નિર્હેતુક

નિષ્કિંચન યોગી :હું કોઈનો નથી અને તેથી બીજો કોઈપણ બાહ્ય પદાર્થ મારો નથી, વાસ્તવમાં અકિંચન, નિઃસંગ અથવા અપરિગ્રહી, યોગીનું એ જ રૂપ છે.

નિષ્ક્રિય :બંધના કારણભૂત જે ક્રિયા એટલે કે રાગાદિ મલિનભાવ તે-રૂપ શુધ્ધ પારિણામિકભાવ નથી તેથી તેને નિષ્ક્રિય કહે છે. આ પુણ્ય-પાપના ભાવ જે થાય તે બંધના કારણરૂપ ક્રિયા છે અને તેનો શુધ્ધ પારિણામિકમાં અભાવ છે તેથી તેને નિષ્ક્રિય કહ્યો છે. તે ક્રિયા પર્યાયમાં તો છે પણ શુધ્ધ દ્રવ્ય વસ્તુમાં નથી. માટે શુધ્ધ દ્રવ્યવસ્તુ નિષ્ક્રિય છે.

તેમજ મોક્ષના કારણરૂપ જે ક્રિયા-શુધ્ધભાવના પરિણતિ તે-રૂપ પણ શુધ્ધ પારિણામિકભાવ થતો નથી. મોક્ષના કારણરૂપ ક્રિયા છે તે નિર્મળ નર્વિકાર શુધ્ધભાવના પરિણતિ છે. તે ક્રિયાપણે ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય થતું નથી, માટે તે નિષ્ક્રિય છે. સમ્ગદર્શનનો વિષય જે ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય તે સમ્યગ્દર્શનની ક્રિયાપણે થતું નથી.

જડની ક્રિયાઓ-બોલવું, ચાલવું, ખાવું, પીવું, લખવું ઈત્યાદિનો જે ભગવાન આત્મામાં છે જ નહિ. અહીં તો કહે છે. એની પર્યાયમાં રાગાદિ વિકારની જે ક્રિયા થાય છે તે ક્રિયારૂપે શુધ્ધ દ્રવ્ય થતું નથી, તથા એની પર્યાયમાં મોક્ષની સાધક જે જ્ઞાનભાવરૂપ ક્રિયા થાય છે તે ક્રિયારૂપે પણ શુધ્ધ દ્રવ્ય થતું નથી. જે એક જ્ઞાયકભાવ છે તે તો તે જ છે, તે કદીય પ્રમત્ત અપ્રમત્ત થયો નથી. માટે કહે છે, ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય અક્રિય છે.

નિષેકો :રજકણો; (છાંટવું એ; રેડવું એ; સિંચન; વીર્ય સિંચન) (૨) આયુષ્યકર્મના રજકણો

નિષધ્યા :ધ્યાનને માટે નિયમિત કાળ સુધી આસનથી ચ્યુત ન થવું, તે નિષદ્યાપરિષદ જય છે.

નિષ્ઠુર :લાગણીહીન

નિષ્ઠા :શ્રધ્ધા; આસ્થા; વિશ્વાસ; વફાદારી; ભક્તિ; મનની એકાંત સ્થિતિ (૨) બારમા ગુણ સ્થાનકના અંત સુધી સજીવન મૂર્તિથી શ્રવણ થયેલ શિક્ષા બોધનો આશય પરિણામ પામવો તે. અર્થાત નિષ્ઠા એટલે કેવળ અર્પણભાવ. (૩) શ્રદ્ધા, આસ્થા, વિશ્વાસ, (૪) વફાદારી, ભકિત, (૫) મનની એકાંત સ્થિતિ. (૬) કેવળ અર્પણભાવ; બારમા ગુણસ્થાનકના અંત સુધી સજીવન મૂર્તિ (અરિહંતદેવ)થી શ્રવણ થયેલ શિક્ષાબોધનો આશય પરિણામ પામવો તે.

નિષ્ઠાપક :નિષ્ઠાપન; પુર્ણતા; સમાપ્તિ

નિષ્ઠિતાત્મા :સિદ્ધાત્મા

નિષ્ણાત :જ્ઞાન; અનુભવ; જાણકાર

નિષ્તુષપણે :ફોતરા વિના, સ્પષ્ટપણે

નિષેધ :ત્યાગ (૨) મનાઈ; પ્રતિબંધ કરવો એવા પ્રકારની રૂકાવટ; નકાર (૩) ખંડન (૪) નકાર; મનાઈ; પ્રતિષેધ કરવો; રૂકાવટ; ના કહેવી; અટકાયત (૫) અસ્વીકાર (૬) નકાર (૭) નકારક

નિષેધતો :પરિહરતો.

નિષેધ્ય :છોડવા યોગ્ય; ત્યાજ્ય

નિષેધવું :જડમૂળથી ઉખેડી નાખવું (૨) નિષેધ કરવો; મનાઈ કરવી; કરવા વગેરે માટે અટકાવવું (૩) પરિહરવું, છોડવું, ત્યાગવું, તજવું.

નિષેધવા યોગ્ય :તજવા યોગ્ય.

નિષદ્યા :ધ્યાનને માટે નિયમિત કાળ સુધી આસનથી ચ્યુત ન થવું તે નિષદ્યા પરિષદજય છે.

નિષ્પક્ષપાત :પક્ષપાતરહિત, સમદર્શી

નિષ્પત્તિ :નીપજવું તે; થવું તે; સિધ્ધિ (સુવર્ણનું અસ્તિત્વ નિષ્પન્ન થવામાં-સિધ્ધ થવામાં નીપજવામાં મૂળ સાધન પીળાશાદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો જ છે. (૨) નિર્માણ (૩) નીપજવું તે, થવું તે, સિદ્ધ.

નિષ્પત્તિમાત્રરૂપ :નિજ સ્વરૂપને રચવારૂપ

નિષ્પન્ન :સિધ્ધરૂપ (૨) રચાયેલાં (૩) નીપજેલા; રચાયેલા (૪) સિધ્ધ થયેલું; પ્રાપ્ત થયેલું; નિશ્ચિત થયેલું; પરિણામ રૂપ મળેલું; નીવડેલું; ઊપજેલું; નીપજેલું. (૫) સિધ્ધરૂપ (૬) નીપજેલું; ઊપજેલું; સિધ્ધ થયેલુ; પ્રાપ્ત થયેલું; નિશ્ચિંત થયેલું (૭) સિદ્ધરૂપ (૮) સિદ્ધરૂપ (૯) રચાવું; રચાયેલ (૨) પોતાથી સત

નિષ્પન્ન થવું :નીપજવું; ફળરૂપ થવું; સિધ્ધ થવું; (શુધ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુધ્ધોપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા.)

નિષ્પન્ન યોગદશા :સિદ્ધદશા

નિષ્પન્નતા :સિધ્ધપણાને પામેલા.

નિષ્પન્નપણું :રચાયેલાપણું; બનેલાપણું (૨) રચાવું

નિષ્પ્રપંચ :નિષ્કપટ; નિખાલસ; કાવાદાવા ન કરનારું; પ્રપચ વિનાનું

નિષ્પાદક :નીપજાવનારી.

નિષ્પાવ :આત્માની અભેદ ચિંતનારૂપ, સંયમ.

નિષાદ :હાથી બોલે તેવો સ્વર

નિષિધ્ધ :જેની વાપરવા-ભોગવવા-ખાવા કરવાની મનાઈ કરવામાં આવી હોય તેવું; નઠારું; ખરાબ; દુષિત; અગ્રાહ્ય

નિઃસંદેહ :નિઃસંશય, નિઃશંક, શંકા વિના, સંદેહ વિના, શંકાનો અભાવ.

નિસ્તુષ :ફોતરાં વગરના અખંડ ચાવલ, જેવો સ્પષ્ટ ન્યાય. (૨) નિર્મળ, રાગરહિત, શુદ્ધ. (૩) નિર્મળ, રાગરહિત શુદ્ધ, વીતરાગી અનુભવનય, નિઃસાર

નિસ્તરંગ :જેમાં તરંગો વિલય પામ્યા છે એવું; તરંગ વિનાનું; તરંગ રહિત; તરંગને સમાવી દેવા; તરંગનુ શમી જવું (૨) તરંગ વિનાનું; ચંચળતા રહિત; શાંત, વિકલ્પ વગરનું (૩) તરંગ રહિત; સ્થિરતા રચાતી જાય. (૪) તરંગ રહિત

(૫) જેમાં તરંગો વિલય પામ્યા છે તે, એટલે કે, દરિયામાં મોજાં સમાઈ જાય છે તે.

નિસ્તાર :છૂટકારો (૨) પાર ઉતરવું એ; મુક્તિ; છૂટકારો

નિસ્તારક :નિસ્તાર કરનારા; તારનારા; પારઉતારનાર

નિસ્પૃહ :લાલસા વિનાનો. (૨) નિષ્કામ,

નિસ્પૃહા :નિષ્કામના

નિસ્પૃહતા :નિષ્કામ, સ્પૃહા વગરનું, ઈચ્છા વગરનું, તૃષ્ણા રહિત (૨) નિષ્કામતા, નિરંહતા, નિર્મમતા, નિર્મનતા, નિસંગતા

નિસ્પૃહવૃત્તિવાન :સર્વ પ્રકારની ઈચછાથી, રહિત થાય.

નિસર્ગ :પ્રવર્તવું તે, (૨) પ્રવર્તવું, તે નિસર્ગ છે, તેના ત્રણ ભેદ છેઃ ૧. મનને પ્રવર્તાવવું, તે મનનિસર્ગ છે, ૨. વચનોને પ્રર્વતાવવાં, તે વચનનિસર્ગ છે અને ૩. કાયાને પ્રવર્તાવવી, તે કાય નિસર્ગ છે. (૩) સ્વયમેવ

નિસર્ગજ સમ્યગ્દર્શન :જે પરના ઉપદેશ વિના, આપોઆપ (પૂર્વના સંસ્કારથી) ઉત્પન્ન થાય, તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહે છે.

નિઃકેવલ :પરથી કેવલ ભિન્ન

નિઃકાંક્ષિત :વાંચ્છા રહિત

નિઃકાંક્ષિત અંગ :(વિષયોની-વિષયના સાધનોની અભિલાષા-આશાને, કાંક્ષા કહે છે) અર્થાત્ કર્મને વશ થઈને, અંતવાળા, ઉદયમાં દુઃખમિશ્રિત અને પાપના બીજરૂપ સુખમાં, અનિત્યતાનું શ્રદ્ધાન થવું, તે નિઃકાંક્ષિત અંગ છે. (રત્ન, શ્રા. ગા. ૧૨)

નિઃપ્રતિપક્ષ :પ્રતિપક્ષ રહિત, વિરોધ રહિત, અપ્રતિપક્ષ (અમૂર્ત અતીન્સ્રિય જ્ઞાન, અજ્ઞાન રહિત જ હોય છે. અને અમૂર્ત અતીન્સ્રિય સુખ, તેના પ્રતિપક્ષભૂત, દુઃખ રહિત જ હોય છે.)

નિઃપ્રયાસ :સહજ, પ્રયત્ન વિના

નિઃશંક :અવિચળ શ્રધ્ધા (૨) શંકા રહિત, અડોલ, નિઃશંક (૩) શંકાવગરનું, ભય વગરનું

નિઃશંકતા :નિર્ભયતા, નિર્મુંભવ્યપણું, નિઃસ્પૃહતા, નિર્મોહતા

નિઃશકિત :નિર્ભયતા

નિઃશંકિત :શંકા રહિત, સંદેહરહિત, સંશય રહિત.

નિઃશકિતપણું :સમ્યગ્દર્શનનું પહેલું અંગ છે. હિંસામાં ધર્મ કહેશે કે અહિંસામાં ? ક્ષણિકવાદ સાચો હશે કે નિત્યવાદ ? ઈત્યાદિ શંકાઓ તજી સ્યાદવાદ્ અને સર્વજ્ઞ વીતરાગ વિષે નિશંકપણું તે પ્રથમ અંગ છે.

નિઃશ્રેય :પરમ કલ્યાણ; મોક્ષની અંતિમ દશા; નિઃશ્રેયસ

નિઃશ્રેયસ :પરમ કલ્યાણ; મોક્ષની અંતિમદશા

નિઃશ્રેયસ :મોક્ષ (૨) પરમ કલ્યાણ, મોક્ષની અંતિમ દશા

નિઃશલ્ય :નિર્વિઘ્ન, અડચણ વગર-અડચણ રહિત

નિઃશેષ :સંપૂર્ણ; જરાય બાકી ન રહે એવો. (૨) અશેષ (૩) જેમાં કાંઈ બાકી રહેતું ન હોય તેવું, સંપૂર્ણ રીતે. (૪) સંપૂર્ણ રીતે. (૫) સંપૂર્ણ. કંઈ બાકી રહે નહિ, તે. (૬) સંપૂર્ણ, કંઈ બાકી વધે નહિ, તેનું સર્વ.

નિઃશેષદોષ રહિત :સર્વદોષ રહિત.

નિઃશેષપણે :કાંઈ જરાય બાકી ન રહે એ રીતે. (૨) કાંઈ જરાય બાકી ન રહે એ રીતે; નિરવશેષપણે; પરિપૂર્ણ; આખું; અખંડ (૩) કાંઈ જરાય બાકી ન રહે એ રીતે, નિરવશેષપણે, પરિપૂર્ણ.

નિઃસંગ :આત્મતત્વથી વિપરીત એવો જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહ તેનાથી રહિત પરિણતિ તે નિંસગતા છે.

નિઃસંગતા :મહાત્મામાં જેનો દઢ નિશ્ચય થાય છે, તેને મોહાસકિત મટી, પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ, સર્વ પ્રકારનાં દુઃખથી નિર્ભય હોય છે. અને તેથી નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે. (શ્રીમદ્ રાજચંદ્ર વ. ૨૫૪)

નિઃસૃત :બહાર નીકળેલું, નીકળી આવવું, પ્રગટ થવું. (૨) બહાર નીકળેલા, પ્રગટ પદાર્થોનું જ્ઞાન થવું, પૂર્ણ વ્યકત હોય, તેવા પદાર્થનું જ્ઞાનગોચર થવું.

નિઃસ્તુષ :નિર્મળ, રાગ રહિત શુદ્ધ (વીતરાગી અનુભવન), ફોતરા સમાન, નિઃસાર

નિઃસંદેહ :નિઃશંક; શંકા ન રહી હોય તેવું; શંકા વિના; બેલાશક; સંદેહ રહિત; નિઃસંશય (૨) ચોક્કસ; નિઃસંશય (૩) નિર્ભય (૪) સંદેહ રહિત, ચોકકસ, શંકારહિત (૫) નિઃશંક (૬) નિઃશંક

નિઃસંધિ :બેનું એક થવું; નિઃસંધિ થયા નથી=બે એક થયા નથી, તડ વિનાના; સંધિ વિનાના; એકપણું (૨) એકપણું. (૩) એકરૂપતા, એકતા.

નિઃસ્નેહ :સ્નેહ રહિત; મોહ રાગદ્વેષ રહિત

નિઃસપત્ન :પ્રતિપક્ષી કર્મો વિનાનો; રાહુબંબથી તથા વાદળાં આદિથી આચ્છાદિત ન થવાનું જણાવે છે.

નિઃસ્પૃહ :નિષ્કામ, સ્પૃહાવગરનું

નિઃસ્પૃહ વૃત્તિવાન :સર્વ પ્રકારની ઈચ્છાથી, રહિત

નિઃસ્પૃહી :સ્પૃહા વિનાનું, ઝંખના વગરનું, ઈચ્છા-આકાંક્ષા રહિત

નિઃસંશય :નિઃશંક, સુવિનિશ્ચય, આત્મવિનિશ્ચય.

નિઃસંશયપણે :ચોકકસ

નિઃસંસાર :સંસાર રહિત; અસંસાર અવસ્થા; સાધકની મોક્ષમાર્ગની દશા. (૨) આત્માની અવસ્થામાં વિકાર રહિત સર્વથા નિર્મળપણું, તેનું નામ મોક્ષ દશા છે. મોક્ષદશા, તે જ નિઃસંસાર છે. (૩) મોક્ષ

નિઃસંસાર અવસ્થા :શુધ્ધ ચૈતન્ય સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી જીવની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની અવસ્થા

નિઃસાર :અસાર; તુચ્છ; નાશવંત (૨) નિરર્થક (૩) અસાર

નિઃસારભૂત :અસારતા; સાર વિનાનું; સત્વ વિનાનું

નિઃસીમ :અનંત (૨) સીમા ન રહી હોય તેવુ; બેહદ; પુષ્કળ; ઘણું જ; અપાર; અનંત; અમાપ (૩) અપાર

નિઃશંકિત અંગ :તત્ત્વ આ જ છે, આવું જ છે, અન્ય નથી અથવા બીજી રીતે નથી, એવી નિષ્કમ્પ પલવારની તીક્ષ્ણધાર સમાન, સન્માર્ગમાં સંશય રહિત રુચિ-વિશ્વાસને, નિઃશંકિત અંગ કહે છે. (૨૮ શ્રા. ગા. ૧૧)

નિહ્નવ :વસ્તુ સ્વરૂપના, જ્ઞાનાદિનું છૂપાવવું જાણતો હોવા છતાં, હું નથી જાણતો એમ કહેવું તે નિહનવ છે. નિયત, વૃદ્ધિ હાનિરૂપ અનસ્થાથી રાહિત (૨) વસ્તુ સ્વરૂપના જ્ઞાનાદિનું છૂપાવવું-જાણતો હોવા છતાં હું નથી જાણતો એમ કહેવું તે નિહ્વ છે. (૩) વસ્તુ સ્વરૂપના જ્ઞાનાદિનું છૂપાવવું-જાણતો હોવા છતાં, હું નથી જાણતો એમ કહેવું, તે નિહ્નવછે. (૪) ચોર; અવિનયી (૫) વસ્તુસ્વરૂપના જ્ઞાનાદિનું છૂપાવવું-જાણવો હોવા છતાં હું નથી જાણતો એમ કહેવું તે નિહ્નવ છે. જિનપ્રણીત શાસ્ત્રોથી વિપરીત પ્રરૂપણા કરનાર સાત નિહ્નવો પ્રાચીન કાળમાં થઈ ગયાં છે. નિહ્નવ બે પ્રકારનાં છે. (•) પ્રવચન નિહ્નવ અને (•) નિંદક નિહ્નવ. શાસ્ત્રમાં પ્રવચન નિન્હવના કરતાં નિંદક નિહ્નવને ખરાબ કહ્યાં છે. પ્રવચન નિહ્નવ માત્ર પ્રવચનથી ઉત્થાપના કરે છે પણ નિંદક નિહ્નવ તો પ્રવચનની અને પ્રવચનના પ્રરૂપક કેવળ જ્ઞાની, ધર્માચાર્ય, ચતુર્વિધસંઘ એ સર્વની માથા કપટ સહિત નિંદા કરે છે, અને કહે છે કે, હું જે કહું છું તે જ સત્ય છે, શાસ્ત્ર તો થોથાં છે. શાસ્ત્રવચન મિથ્યા છે. અમે શોધક બુધ્ધિથી કરેલો નિર્ણય તે જ સાચો છે. જે પ્રવચન નિહ્નવ હોય છે તે તો નવગ્રૈવક સુધી જાય છે. પણ નિંદક નિહ્નવ તો કિલ્વિષીમાં ઉત્પન્ન થાય છે. (૬) છુપાવવું, (વસ્તુસ્વરૂપના જ્ઞાનનું છુપાવવું, જાણતો હોવા છતાં, હું નથી જાણતો એમ કહેવું, તે નિહ્નવ છે.

નિહાર :શૌચ, મલત્યાગ (૨) શરીરના મળની ત્યાગક્રિયા

નિહાલ :બધી રીતે સંતુષ્ટ અને સમૃધ્ધ; સુખી; ન્યાલ

નિક્ષેપ :પ્રકાર; ભેદ; વિભાગ

નિક્રિય :ક્રિયા વિહીન.

નિક્ષેપ :વસ્તુને મુકવી તે. (૨) પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા લોકવ્યવહારને નિક્ષેપ કહે છે. (૩) પ્રકાર; ભેદ; વિભાગ; ત્યાગ (૪) પ્રકાર; ભેદ; વિભાગ (૫) પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા લોકવ્યવહારને નિક્ષેપ કહે છે. જ્ઞેય પદાર્થ અખંડ છે છતાં તેને જાણતાં જ્ઞેયપદાર્થના જે ભેદ (અંશ પડખાં) કરવામાં આવે છે તેને નિક્ષેપ કહે છે. તે અંશને જાણનાર જ્ઞાનને નય કહે છે. નિક્ષેપ નયનો વિષય છે. નય નિક્ષેપનો વિચાર કરનાર વિષયી છે. (૬) પ્રકાર, ભેદ, વિભાગ (૭) નિક્ષેપના ચાર ભેદ છેઃ- નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. આ ચાર નિક્ષેપ તે જ્ઞેયના ભેદ છે.

તેમાં સ્થાપના નિક્ષેપ, તે વ્યવહારનયનો વિષય છે. તેથી અરિહંતની સ્થાપનારૂપ પ્રતિમા, તે ધર્મી-સમકિતીને પૂજનીક છે, અને તે યથાર્થ નિમિત્ત છે. આ પ્રમાણે સમ્યગ્દર્શન થયા પછી, ભગવાનની ભકિત, સ્તુતિ અને પૂજાના ભાવ જ્ઞાનીને, અવશ્ય થતા હોય છે, અને તેને વ્યવહાર, કહેવામાં આવે છે. (૮) પ્રાણ તથા નયજ્ઞાન અનુસાર જાણેલ પદાર્થને, નામમાં, આકારમાં, યોગ્યતામાં અને કોઈ ભાવરૂપ અવસ્થામાં, ભેદરૂપે બતાવવાનો વ્યવહાર કરવો, તેને નિક્ષેપ કહે છે. નિક્ષેપના ચાર ભેદ છે : નામનિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ.

(૧) નામનિક્ષેપ = જે પદાર્થમાં જે ગુણ નથી, તેને તે નામથી કહેવું, તેને નામ નિક્ષેપ કહે છે. જેમ કે જીવાભાઈ, તેમનામાં જીવના લક્ષણ ગુણ વગેરે નથી, પણ નામ માત્ર છે.

(૨) સ્થાપનાનિક્ષેપ = આ તે એમ અન્ય વસ્તુમાં, અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું, તેને સ્થપાના નિક્ષેપ કહે છે. જેમ કે જીવાભાઈના ફોટાને જીવાભાઈ કહેવા.

(૩) દ્રવ્યનિક્ષેપ = વર્તમાનથી અન્ય એટલે કે, અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી, તેને દ્રવ્યનિક્ષેપ કહે છે, જેમ કે આમાં મોક્ષની લાયકાત છે, તે યોગ્યતા જોઈને વર્તમાનમાં તેને મોક્ષ કહેવો, તે દ્રવ્યનિક્ષેપ.

(૪) ભાવનિક્ષેપ = વર્તમાન પર્યાય સંયુકત વસ્તુને, ભાવનિક્ષેપ કહે છે. જેમ કે સાક્ષાત કેવળજ્ઞાની ભગવાનને, ભાવજીવ કહેવા.

(૯) અહીં જીવ જ્ઞેય છે, જ્ઞેયનો અંશ, તે નિક્ષેપ છે. અસ્તિ, નાસ્તિ વગેરે ભંગો, તે જીવના અંશો છે. જીવ સ્વજ્ઞેય છે. અને અસ્તિ, નાસ્તિ વગેરે સ્વજ્ઞેયના અંશરૂપ, નિક્ષેપ છે, આ ભાવનિક્ષેપ છે, તેનું યથાર્થ જ્ઞાન, તે નય છે. નિક્ષેપ, તે વિષય છે અને નય, તે તેનો વિષય કરનાર (વિષયી) છે. (૧૦) પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા, લોક વ્યવહારને નિક્ષેપ કહે છે. (૧૧) પદાર્થના ભેદને, ન્યાસ અથવા નિક્ષેપ કહે છે, પ્રમાણ અને નયના અનુસારે પ્રચલિત થયેલા, લોકવ્યવહારને નિક્ષેપ કહે છે, જ્ઞેય પદાર્થ અખંડ છે, છતાં તેને જાણતાં જ્ઞેયપદાર્થના જે ભેદ (અંશ, પડખાં) કરવામાં આવે છે, તેને નિક્ષેપ કહે છે. નય નિક્ષેપનો વિષય કરનાર (વિષયી) છે. ચનક્ષેપના ભેદોની વ્યાખ્યા (૧૨) જ્ઞેય પદાર્થ અખંડ છે છતાં, તેને જાણતાં હોય. પદાર્થના જે ભેદ (અંશ- પડખાં) કરવામાં આવે છે, તેને નિક્ષેપ કહે છે. (૧૩) નયજ્ઞાન દ્વારા બાધા રહિતપણે, પ્રસંગવશાત્ પદાર્થમાં નામાદિની સ્થાપના કરવી, તે નિક્ષેપ છે. (૧૪) વસ્તુને મૂકવી, તે નિક્ષેપ છે. તેના ચાર ભેદ છે. : • જોયા વિના વસ્તુ મૂકવી, તે અપ્રત્યવેક્ષિત, નિક્ષેપાધિકરણ છે. • યત્નાચારરહિત થઈને વસ્તુ મૂકવી, તે દુઃખમૃષ્ટનિક્ષેપાધિકરણ છે. • ભયાદિકથી કે અન્ય કાર્ય કરવાની ઉતાવળમાં, પુસ્તક, કમંડળ, શરીર કે શરીરાદિના મેળને મૂકવા, તે સહસા નિક્ષેપાધિકરણ એ અને • જીવ છે કે નહિ, તે જોયા વગર કે વિચાર કર્યા વગર શીઘ્રતાથી પુસ્તક, કમંડળ, શરીર કે શરીરના મેલને મૂકવા(નાંખવા) અને વસ્તુ જ્યાં રાખવી જોઈએ ત્યાં ન રાખવી, તે અનાભોગનિક્ષેપાધિકરણ છે. (૧૫) પ્રમાણ અને નયના અનુસારે, પ્રચલિત થયેલા લોકવ્યવહારને, નિક્ષેપ કહે છે. (૧૬) પ્રકાર, ભેદ, વિભાગ (૧૭) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ મુખ્ય ચાર, નિક્ષેપ વ્યવહાર ચલાવવા માટે જરૂરના છે. (૧૮) પદાર્થના ભેદને, ન્યાસ અથવા નિક્ષેપ કહેવામાં આવે છે. (પ્રમાણ અને નયના અનુસારે, પ્રચલિત થયેલા લોક વ્યવહારને, નિક્ષેપ કહે છે.) જ્ઞેય પદાર્થ અખંડ છે, છતાં તેને જાણતાં જ્ઞેયપદાર્થના જે ભેદ, કરવામાં આવે છે. જેને નિક્ષેપ કહે છે. (૧૯) ઉપચાર, ઘટનારૂપ જ્ઞાન. (૨૦) પદાર્થોમાં લોકવ્યવહાર ને માટે કરાયેલ સંકેત, તે નિક્ષેપ તે ચાર પ્રકારે મુખ્યપણે કહયા છે.

(૧) નામ નિક્ષેપ- લોકવ્યવહાર માટે અતદ્‌ગુણ વસ્તુમાં, ગમે તે નામ રાખવું, તે અથવા જે પદાર્થમાં જે ગુણ ન હોય, તેને તે નામે કહેવો, તે નામ નિક્ષેપ.

(૨) દ્રવ્ય નિક્ષેપ- દ્રવ્યની પૂર્વ અથવા ઉત્તર અવસ્થાને, વર્તમાનમાં કહેવી, તે દ્રવ્યનિક્ષેપ.

(૩) સ્થાપના નિક્ષેપ- મૂળ વસ્તુને સમજવા માટે કોઈ પણ પદાર્થમાં, તે વસ્તુની સ્થાયના કરવી, તે સ્થાપના નિક્ષેપ.

(૪) ભાવ નિક્ષેપ- વર્તમાન પર્યાયથી યુકત પદાર્થ, તે ભાવ નિક્ષેપ.

(૨૧) પદાર્થોમાં, લોકવ્યવહારને માટે કરાયેલ સંકેત, તે નિક્ષેપ. તે ચાર પ્રકારે મુખ્યપણે કહ્યા છે.

(૧) નામ નિક્ષેપ = લોકવ્યવહાર માટે અતદ્‌ગુણ વસ્તુમાં ગમે, તે નામ રાખવું તે, અથવા જે પદાર્થમાં જે ગુણ ન હોય તેને તે નામે કહેવો, તે નામનિક્ષેપ.

(૨) દ્રવ્યનિક્ષેપ = દ્રવ્યની પૂર્વ અથવા ઉત્તર અવસ્થાને, વર્તમાનમાં કહેવી, તે દ્રવ્યનિક્ષેપ.

(૩) સ્થાપના નિક્ષેપ = મૂળ વસ્તુને સમજવા માટે, કોઈપણ પદાર્થમાં તે વસ્તુની સ્થાપના કરવી, તે સ્થાપના નિક્ષેપ.

(૪) ભાવ નિક્ષેપ = વર્તમાન પર્યાયથી યુકત પદાર્થ, તે ભાવનિક્ષેપ.

(૨૨) ચાર પ્રકારે છે-

(૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય અને (૪) ભાવ.

(૧) વસ્તુમાં જે ગુણ ન હોય તે ગુણના નામથી (વ્યવહાર માટે) વસ્તુની સંજ્ઞા કરવી તે નામ નિક્ષેપ છે.

(૨) આ તે છે એમ અન્ય વસ્તુમાં અન્ય વસ્તુનું પ્રતિનિધિત્વ સ્થાપવું (-પ્રતિમારૂપ સ્થાપન કરવું) તે સ્થાપના નિક્ષેપ છે.

(૩) વર્તમાનથી અન્ય એટલે કે અતીત અથવા અનાગત પર્યાયથી વસ્તુને વતમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ છે.

(૪) વર્તમાન પર્યાયથી વસ્તુને વર્તમાનમાં કહેવી તે ભાવનિક્ષેપ છે. આ ચારે નિક્ષેપોનો પોતપોતાના લક્ષણભેદથી (વિલક્ષણ રૂપે-જુદા જુદારૂપે) અનુભવ કરવામાં આવતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને ભિન્ન લક્ષણથી રહિત એક પોતાના ચૈતન્ય લક્ષણરૂપ જીવ સ્વભાવનો અનુભવ કરતાં એ ચારેય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. આ રીતે આ પ્રમાણ-નય-નિક્ષેપોમાં ભૂતાર્થપણે એક જીવ જ પ્રકાશમાન છે.

(૨૩) પદાર્થોમાં, લોકવ્યવહારને માટે કરાયેલ સંકેત તે નિક્ષેપ. તે ચાર પ્રકારે મુખ્યપણે કહ્યાં છે.

(૧) નામ=લોક વ્યવહાર માટે અતદગુણ વસ્તુમાં ગમે તે નામ રાખવું તે અથવા જે પદાર્થમાં જે ગુણ ન હોય તેને તે નામ કહેવો તે નામનિક્ષેપ.

(૨) દ્રવ્ય=દ્રવ્યની પૂર્વ અથવા ઉત્તર અવસ્થાનને વર્તમાનમાં કહેવી તે દ્રવ્ય નિક્ષેપ

(૩)સ્થાપના=મૂળ વસ્તુને સમજવા માટે કોઈ પણ પદાર્થમાં તે વસ્તુની સ્થાપના કરવી તે સ્થાપના નિક્ષેપ

(૪) ભાવ=વર્તમાન પર્યાયથી યુકત પદાર્થ તે ભાવનિક્ષેપ.

<u>નિક્ષેપના ભેદો</u> :

(૧) નામ નિક્ષેપઃ- ગુણ, જાતિ કે ક્રિયાની અપેક્ષા રહિત માત્ર ઈચ્છાનુસાર કોઈનું નામ રાખવું તે નામ નિક્ષેપ છે. જેમ કોઈનું નામ જિનદત્ત રાખ્યું, ત્યાં જો કે જિનદેવનો દીધેલો નથી તોપણ લોકવ્યવહાર (ઓળખવા) માટે તેનું જિનદત્ત નામ રાખવામાં આવ્યું છે. એક વસ્તુની ઓળખાણ થઈ જાય તેટલા જ માટે જે સંજ્ઞા આપવામાં આવી હોય તેને નામ નિક્ષેપ કહેવામાં આવે છે.

(૨) સ્થાપનાનિ ક્ષેપઃ- અનુપસ્થિત (હાજર ન હોય એવી) કોઈ વસ્તુ નો બીજી ઉપસ્થિત વસ્તુનાં સંબંધ યા મનોભાનવના જોડી ને આરોપ કરી દેવો કે 'આ તે જ છે'. એવી ભાવના ને સ્થાપના કહેવામાં આવે છે-આ- આરોપ જયાં થાય છે--- 'આ તેજ છે.'

સ્થાપના બે પ્રકારની થાય છે. જદાકાર અને અતદાકાર. જે પદાર્થનો જેવો આકાર હોય તેવો આકાર તેની સ્થાપનામાં નિક્ષેપનું કારણ સમજવું નહિ, પણ કેવળ મનોભાવના જ તેનુઃ કારણ છે. જનસમુદાયની એ માનસિક ભાવના જયાં થાય છે. ત્યાં સ્થાપનાનિક્ષેપ માનવો જોઈએ. વીતરણ-પ્રતિમા જોતાં ઘણા જીવોને ધગવાન અને તેમની વીતરણતાની મનોભાવના થાય છે, માટે તે સ્થાપનાનિક્ષેપ છે.

(૩) દ્રવ્યનિક્ષેપઃ- ભૂત, ભવિષ્ય પર્યાયની મુખ્યતા લઈ તેને વર્તમાનમાં કહેવી.- જાણવી તે દ્રવ્યનિક્ષેપ છે. જેમ શ્રેણીક રાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે તેને વર્તમાનમાં તીર્થકર કહેવા-જાણવા, અને મહાવીર ભગવાનાદિ ભૂતકાળમાં થયેલા તીર્થકરોને વર્તમાન તીર્થકરો ગૌ સ્તુતિ કરવી તે દૃવ્યનિક્ષેપ છે.

(૪) ભાવનિક્ષેપઃ- કેવળ વર્તમાન પર્યાયની મુખ્યતાથી જો પદાર્થ વર્તમાન જે દશામાં છે તે રૂપ કહેવો જાણવો તે ભાવનિક્ષેપ છે. જેમ સીમંધર ભગવાન વર્તમાન તીર્થકર પદે મહાવિદેહમાં બિરાજે છે. જેમેને તીર્થકર કહેવા જાણવા અને મહાવીર ભગવાન હાલ સિદ્ધ છે તેમને સિદ્ધ કહેવા-જાણવા તે ભાવ નિક્ષેપ છે.

નિક્ષેપો :ભગવાનના નામ નિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપ, તે શુભભાવનાં નિમિત્ત છે, તેથી વ્યવહાર છે, દ્રવ્યનિક્ષેપ, તે નિશ્ચયપૂર્વક વ્યવહાર હોવાથી, પોતાનો શુદ્ધ પર્યાય થોડા વખતમાં પ્રગટશે, એમ સૂચવે છે. ભાવનિક્ષેપ, તે નિશ્ચય પૂર્વક પોતાનો શુદ્ધ પર્યાય હોવાથી, ધર્મ છે, એમ સમજાવું.

નિક્ષેપોનો સિદ્ધાંત :ભગવાનના નામનિક્ષેપ અને સ્થાપના નિક્ષેપ, તે શુભભાવનાં નિમિત્ત છે, તેથી વ્યવહાર છે, દ્રવ્યનિક્ષેપ, તે નિશ્ચયપૂર્વક વ્યવહાર હોવાથી, પોતાનો શુદ્ધ પર્યાય થોડા વખતમાં પ્રગટશે, એમ સૂચવે છે. ભાવનિક્ષેપ, તે નિશ્ચયપૂર્વક શુદ્ધ પર્યાય હોવાથી, ધર્મ છે, એમ સમજવું.

નિક્ષેપ :પ્રકાર, ભેદ, વિભાગ

નિદિધ્યાસન :ચિંતન

નિહિત :નીચે મૂકેલું; રાખી મૂકેલું; સાચવી રાખેલું (૨) નિધાનરૂપે સુરક્ષિત, સુગુપ્ત મૂકેલ છે, નિધાનરૂપ તત્ત્વ. (૩) મૂકેલું, ગોઠવાયેલું, સમાયેલું, સંઘરાયેલું, સાચવી રાખેલું

નિયિત :અબુદ્ધિપૂર્વક

નિંદા :અપકર્ષણ; અપકીર્તિ

નિંદિત ચારિત્રમાં અનુરાગ :જે હિંસા, જૂઠ ચોરી, મૈથુન અને પર પદાર્થોમાં ગાઢ મમત્વરૂપે જાણવા-ઓળખવામાં આવે છે.

નિંદ્યદૃષ્ટિ :જ્ઞાની પુરુષો નિંદે એવી વર્તના, વ્યસન

નિબિડ :ઘાડું, ભારે મુશ્કેલ

નિબિડ :ગીચ; ઘાડું; દ્ઢ મજબૂત (૨) ઘાટું, દઢ, મજબૂત, ગીર, ઘટ્ટ (૩) ઘટ્ટ, ગાઢ (૪) કઠણ, ઘટ્ટ, ઘન, સખત. (૫) ઘનપિંડ; નકોર; અંદર કશું પ્રવેશી શકે નહિ એવું;

નિર્માનદશા :મધ્યસ્થ દશા; વીતરાગ દશા.

નિર્યુક્તિ :પૃથકકરણ, સૂત્રગ્રંથો, આકરગ્રંથોમાં નો યોગ્ય અર્થ તારવી આપનાર, વિવરણ- પ્રકાર.

નિરવદ્ય :હિંસાથી, દોષોથી રહિત, નિર્દોષ.

નિવર્તાવવું :પાછા વાળવું, અટકાવવું, દૂર રાખવું, હઠાવવું.

નિશ્ચય અને વ્યવહાર :સર્વજ્ઞ વીતરાગની સ્યાદ્વાદવાણી, અવિરોધી સ્વભાવ જણાવનાર છે. વસ્તુમાં બે અપેક્ષા (નિશ્ચય અને વ્યવહાર)ને જેમ છે, તેમ ન જાણે, તો એકવસ્તુમાં ભેદ-અભેદપણું બન્ને માનવામાં, વિરોધ લાગે છે. પણ વીતરાગની વાણી કથંચિત વિવક્ષાથી, વસ્તુસ્વરૂપ કહીને વિરોધ મટાડી દે છે.

નીચગોત્રકર્મ :જે કર્મના ઉદયથી, ચાંડાલ આદિ નીચ કુળમાં જન્મ થાય, તેને નીચ ગોત્રકર્મ કહે છે.

નીતિ :દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા, આદિમાં સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેવું, તેનું નામ નીતિ છે. એ નીતિ ચૂકતાં, પ્રાણ જાય એવી દશા આવ્યે. ત્યાગ, વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે. (૨) દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં, સાંગોપાંગ ન્યાય સંપન્ન રહેવું, તેનું નામ નીતિ છે.

નીપજેલા :રચાયેલા

નીરંગ :નીરાગ; નિર્વિકાર (૨) વિકાર રહિત.

નીરન્વય :અન્વય રહિત, એક પ્રવાહપણે ન હોય એવો, ખંડિત એકરૂપતા, સદશ્યતા રહિત.

નીરસપણું :વિરસપણું, રસરહિતપણું

નીરોગ સ્વરૂપ :આનંદ સ્વરૂપ આત્મા નિરોગ સ્વરૂપ છે. તેની શ્રધ્ધા, જ્ઞાન-ચારિત્રરૂપી નીરોગતાનો લાભ મને મળો. હું શક્તિએ નીરોગ સ્વરૂપ છું પણ પર્યાયમાં આપના જેવી નિરોગતા મને પ્રાપ્ત થાઓ એવી ભાવના ભાવે છે.

નીલલેશ્યા :ધન ધાન્યાદિમાં તીર્વ મૂર્ચ્છાવાળો તથા સંસારમાં સુખની તીર્વ ઈચ્છાવાળો, નીલલેશ્યાવાળો જીવ હોય છે.

નીલમ :ઈન્દ્રનીલ રત્ન, ઈન્દ્રનીલમણિ.

નીલવર્ણ :વાદળી રંગ; આસમાની રંગ

નીવં :પાયો; મૂળ

નીવડ :શાશ્વત, નકકર, ટંકોત્કીર્ણ નિવડ, સખત ધન પદાર્થ.

નીહાળવા :ઢૂંઢવા, અવલોકવા.

નેકી :ઈમાનદારી, ભલાઈ.

નેપથ્ય :નાટકના પડદાની પાછળ, અંતર

નેમ :આશય, હેતુ, કાર્ય, લક્ષ્ય (૨) આકાંક્ષા, લક્ષ્ય, નિશાન, સ્પૃહા (૩) આશય, હેતુ, કાર્ય, લક્ષ (૪) નિયમ (૫) આકાંક્ષા, લક્ષ્ય, નિશાન. (૬) આકાંક્ષા, લક્ષ્ય, નિશાન. (૭) આશય, હેતુ, કાર્ય, લક્ષ્ય. (૮) લક્ષ્ય, નિશાન

નેષ્ટ :ન+ઈષ્ટ= ન ઈચ્છેલું; નિષિધ્ધ; હોન કોટિનું; અનિષ્ટ; નકારું (૨) ન ઈચ્છેલું, નિષધ્ધ, હીન કોટિનું, નઠારું, અનિષ્ટ.

નેષ્ટિક :નિષ્ઠાવાળું, શ્રદ્ધાવાળું, ગૃહસ્થાશ્રમ જ ન માંડી, સમગ્ર જીવન બ્રહ્મચર્ય દશામાં, ગાળનાર.

નેષ્ટી :સત્યાનાશ, પાયમાલી.

નેહ :પ્રેમ

નો આગમભાવ નમસ્કાર :અંગબાહ્ય ૧૪ પ્રકીર્ણમાં, છઠ્ઠુ પ્રકીર્ણક કૃતિકર્મ છે. જેમાં નિત્યનૈમિત્તિક ક્રિયાનું વર્ણન છે. તેનો આગમમાં, 'કૃતિ કર્મશાસ્ત્રોપ દિષ્ટ વંદનોચાર' (કૃતિ કર્મશાસ્ત્ર ઉપદેશેલાં સ્તુતિવચન), તે વડે સંભાળું છું. (મોક્ષ લક્ષ્મીના સ્વયંવર સમાન, જે પરમ નિર્ગ્રંથતાની દીક્ષાનો ઉત્સવ (આનંદમય પ્રસંગ), તેને ઉચિત મંગળાચરણભૂત, જે કૃતિકર્મ શાસ્ત્રે ઉપદેશેલાં સ્તુતિવચન, તેને ભાવનમસ્કાર કરું છું.)

નો કર્મ :ઔદારિક, તેજસ, વૈક્યિક, આહારક શરીરાદિ તથા મન-વચન-કાયા, ધન, ધાન્ય સ્ત્રીધર આદિ, તથા અન્ય નો કર્મ રૂપી પરજ્ઞયો તે નોકર્મ છે. શરીર ઈન્દ્રિય વગેરે સ્થૂળ પુદ્ગલપિંડ, નોકર્મ છે. (૨) ઔદારિક વગેરે શરીર તથા છ પર્યાપ્તિઓને યોગ્ય, પુદ્ગલ પરમાણુઓ, નોકર્મ કહેવાય છે. (૩) આહાર; શરીર; ઈન્દ્રિય; શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિને યોગ્ય કર્મના પરમાણું તે નોકર્મ છે. (૪) મકાન, દાસ-દાસી, સ્ત્રી, કુટુમ્બ, શરીર, મન વાણી, પ્રકાશ, દૂધ, દહીં, ધી, બદામ, પીસ્તા વગેરે, બહારની સામગ્રી તે બધાં નોકર્મ છે. તેને આત્મા સાથે એકત્વ બુદ્ધિએ માનવા, એકત્વ બુદ્ધિએ જાણવા, અને એકત્વ બુદ્ધિએ લીન થવું, તે અજ્ઞાન છે. (૫) શરીર, મન, વાણી, મકાન, દાસ, દાસી, સ્ત્રી, કુટુંબ, પ્રકાશ, દૂધ, દહીં, ધી, બદામ, પીસ્તાં, વગેરે બહારની સામગ્રી, તે બધાં નોકર્મ છે. તેને આત્મા સાથે એકત્વબુદ્ધિએ માનવા, એકત્વબુદ્ધિએ જાણવા અને એકત્વબુદ્ધિએ લીન થવું, તે બધું અજ્ઞાન છે, અને તે બંધનું કારણ છે. (૬) શરીર દેહાદિ (૭) જડદ્રવ્યનો વિકાર (૮) ભાવકર્મ અને દ્રવ્યકર્મના

ફળરૂપ, અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળે, તે નોકર્મ છે. શુભ-અશુભભાવ અને પુણ્ય-પાપકર્મના ફળરૂપ, અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળે, ત નોકર્મ છે. (૯) કાર્મણ વર્ગણાને છોડીને, બાકીનો ઓગણીસ પ્રકારની વર્ગણાઓ, નોકર્મ વર્ગણાઓ છે. અર્થાત્ કુલ ૨૩ પ્રકારની વર્ગણાઓમાંથી, કાર્માણ, ભાષા, મનો અને તેજસ્, આ ચારને છોડીને, શેષ ૧૯ વર્ગણઓ નોકર્મ વર્ગણાઓ છે. ઔદારિક, વૈક્રિયક, આહારક અને તેજસ નામકર્મના ઉદયથી, ચાર પ્રકારનાં શરીર હોય છે, તે નોકર્મ શરીર છે. પાંચમું જે કાર્માણ શરીર, તો કર્મ રૂપ જ છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર તે નોકર્મ છે. આહારવર્ગણા, ભાષાવર્ગણા, તેજસવર્ગણા અને મનોવર્ગણા, આ ચાર વર્ગણાઓ જ્યારે આત્મા સાથે સંબંધ કરે છે, ત્યારે, તે નોકર્મના નામથી ઓળખાય છે. અને કાર્માણવર્ગણા, જ્યારે આત્માની સાથે સંબંધ રૂપ થઈને, કર્મરૂપ-જ્ઞાનાવરણાદિરૂપ, આઠ કર્મરૂપે પરિણમે છે, ત્યારે દ્રવ્યકર્મના નામથી, ઓળખાય છે. આ કર્મ અને નોકર્મ પુદ્ગલોની પર્યાયો છે, તેથી તે મૂર્ત છે. (૧૦) ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ્ અને કાર્માણાદિક શરીર. (૧૧) શરીર ઈન્દ્રિય વગેરે, સ્થૂળ પુદ્ગલપિંડ (૧૨) શરીર. (૧૩) ઔદારિક, તેજસ, વૈક્રિયક, આહારક શરીર આદિ, તથા મન, વચન, કાયા, ધન-ધાન્ય, સ્ત્રી આદિ, તથા અન્ય નોકર્મરૂપી પરજ્ઞેયો, તે નોકર્મ છે.

નો ઈન્દ્રિય :મનોજનિતસંકલ્પ વિકલ્પની જાળને, નોઈન્દ્રિય કહે છે. (૨) મન; જે સૂક્ષ્મ પુદગલસ્કંધ મનોવર્ગણા નામથી, ઓળખાય છે, તેનું બનેલું શરીરનું અંતરંગ અંગ, તે આઠ પાંખડીનાં કમળના આકારે, હૃદયસ્થાન પાસે છે.

નોકર્મ કેમ જીતાય ? :જેવી રીતે દ્રવ્યકર્મ જીતાય છે, તેમ નોકર્મને અનુસરીને, જે વિકારી ભાવ થાય છે, તેને છોડી સ્વભાવને અનુસરતાં, નોકર્મનું જીતવું થાય છે.

નોકર્મનું પરિણામ :સ્પર્શ, રસ, ગંધ, વણ્ર, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે, બહાર ઉત્પન્ન થતું જે શરીરનું પરિણામ, તે નોકર્મનું પરિણામ છે. તે બધુંય પુદ્ગલ પરિણામ છે.

નોકષાય :કિંચિતકષાય. (૨) ક્રોધાદિ જેવા એ બળવાન નથી તેથી એને ઈષત કષાય અર્થાત્ નોકષાય કહેવામાં આવે છે. અહીં નો શબ્દનો અર્થ ઈષત કિંચિત્ વાચક જાણવો. એ નો કષાયનો ઉદય ક્રોધાદિકની સાથે યથાસંભવ હોય છે. (૩) • હાસ્ય, • રવિ, • અરતિ, • શોક, • ભય, • જુગુપ્સા (ગ્લાનિ), • સ્ત્રીવેદ, • પુરુષવેદ, • નપુંસકવેદ.

નોંધ :જ્ઞાન; સમજ (૨)

- વૈમાનિક દેવોનાં સ્વર્ગ ૧૬ છે. પરંતુ તેમાં ઈન્દ્ર ૧૨ છે. અહીં ઈન્દ્રોની અપેક્ષાએ, ૧૨ ભેદ કહ્યા છે – પહેલાં ચાર તથા છેલ્લા ચાર સ્વર્ગમાં, દરેકનો એક ઈન્દ્ર છે અને વચલાં આઠ સ્વર્ગોમાં, બબ્બે સ્વર્ગનો, એક ઈન્દ્ર છે.
- પાંચમા સ્વર્ગમાં જે લોકાંતિક દેવો રહે છે, તેમનું આયુષ્ય ૮ સાગરનું હોય છે.

નૌતમ :નવીન (નવતમ)

નઃકુષ્ટતા :દુષ્ટતા

નુતિ :સ્તુતિ

નૃપ :નૃપતિ, મનુષ્યના પતિ, પાળનાર રાજા.

નૈમિત્તિકભૂત જ્ઞેયાકારો :જ્ઞાનમાં થતા(જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારો (આ જ્ઞેયાકારોને જ્ઞાનાકારો પણ કહેવામાં આવે છે, કારણ કે જ્ઞાન) આ જ્ઞેયાકારરૂપે પરિણમે છે. આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે. અને પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને સમસ્ત પર પદાર્થો આત્મામાં છે. એમ ઉપરચાર કરવામાં આવે છે.

નૈમિત્તિક :ઉપાદાન પોતે

નૈમિત્તિક ભૂત જ્ઞેયાકારો :જ્ઞાનમાં થતાં (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકરો. (આ જ્ઞેયાકારો ને જ્ઞાનાકારો પણ, કહેવામાં આવે છે. કારણ કે જ્ઞાન, આ જ્ઞેયાકારરૂપે પરિણામે છે. આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે, અને પર પદાર્થોના દ્રવ્ય ગુણ- પર્યાયો, તેનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને, સમસ્ત પર પદાર્થો આત્મામાં છે, એમ ઉપચાર કરવામૌ આવે છે. આ વાત

કરમી ગાથામાં દર્પણના દૃષ્ટાંતથી સમજાવશે. (૨) જ્ઞાતમાં થતાં (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારો, (આ જ્ઞેયાકારોને જ્ઞાનાકારો પણ કહેવામાં આવે છે, કારણ કે, જ્ઞાન આ જ્ઞેયાકાળરૂપે પરિણમે છે. આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે અને પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો, તેમનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને "સમસ્ત પર પદાર્થો આત્મામાં છે". એમ ઉપચાર કરવામાં આવે છે. (આ વાત પ્ર.સા.ગાથા ૩૧માં દર્પણના દૃષ્ટાંતથી સમજાવાશે.)

નૈયનનય :

(૧) નૈગમનય જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે, અથવા ભવિષ્યના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે, તથા વર્તમાન પર્યાયમાં કંઈક નિષ્પન્ન (પ્રગટરૂપ) છે અને કંઈક નિષ્પન્ન નથી, તેનો નિષ્પન્ન રૂપ સંકલ્પ કરે, તે જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે.

(૨) જે નય અનિષ્પન્ન અર્થના સંકલ્પ માત્રને ગ્રહણ કરે, નૈગમનય છે, જેમ કે - લાકડાં, પાણી, આદિ સામગ્રી એકઠી કરનાર પુરુષને કોઈ પૂછે છે કે, આપ શું કરી રહ્યા છો? તેના ઉત્તરમાં તે કહે છે કે, હું રોટલી બનાવી રહ્યો છું, જેમ કે તે સમયે તે રોટલી બનાવી રહ્યો ન હતો, તથાપિ નૈગમનય તેના એ ઉત્તરને, સત્યાર્થ માને છે.

(૪) બે પદાર્થોમાંથી એકને ગૌણ અને બીજાને પ્રધાન કરી ભેદ અથવા અભેદને વિષય કરવાવાળું (જાણવાવાળું) જ્ઞાન, નૈગમનય છે. જેમ કે કોઈ પુરુષ રસોઈમાં ચોખા લઈને વીણતો હતો. તે વખતે કોઈએ તેને પૂછયું કે, તમે શું કરી રહ્યા છો? ત્યારે તેણે કહ્યું કે, હું ભાત બનાવી રહ્યો છું. અહીં ચોખા અને ભાતમાં અભેદ-વિવક્ષા છે, અથવા ચોખામાં ભાતનો સંકલ્પ છે.

નૈયાયિક :ન્યાય શાસ્ત્રને લગતું, ન્યાયશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર, તાર્કિક, ન્યાયશાસ્ત્રી

નૈષ્કર્મ્ય :નિષ્કર્મ અવસ્થા, કર્મોથી રહિત અવસ્થા, નિરાગ, નિર્દોષ

નૈગમનય :જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા વર્તમાન પર્યાયમાં કંઈક નિષ્પન્ન (પ્રગટરૂપ) છે અને કંઈક નિષ્પન્ન નથી તેનો નિષ્પન્નરૂપ સંકલ્પ કરે તે જ્ઞાનને તથા વચનને નૈગમનય કહે છે.

નૈગમ :જેમાં વિકલ્પ હોય તે.

નૈગમનય :ત્રણ પ્રકારનો છેઃ ભૂત નૈગમ, વર્તમાન નૈગમ અને ભાવી નૈગમ. અહીં ભૂત નૈગમ નયની અપેક્ષાએ, ભગવંત સિધ્ધોને પણ, વ્યંજન પર્યાયવાળા પણું અને અશુદ્ધપણું સંભવે છે. કેમ કે, પૂર્વકાળે તે ભગવંતો, સંસારીઓ હતા એવો વ્યવહાર છે. (૨) જે ભૂતકાળના પર્યાયને, વર્તમાન વત્ સંકલ્પિત કરે (અથવા કહે.) ભવિષ્યકાળના પર્યાયને, વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે.), અથવા કંઈક નિષ્પન્નતા યુકત અને કંઈક અનિષ્પન્નતા યુકત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત સંકલ્પિત કરે (અથવા કહે.), તે જ્ઞાનને (અથવા વચનને) નૈગમનય કહે છે. (૩) જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે), ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે) અથવા કંઈક નિષ્પન્નતાયુકત અને કંઈક અનિષ્પન્નતા યુકત વર્તમાન પર્યાયને સર્વ નિષ્પન્નવત્ સંકલ્પિત કરે (અથવા કહે), તે જ્ઞાનને (અથવા વચનને) નૈગમનય કહે છે.

નૈષ્ઠિક :નિષ્ઠાવાળું; શ્રદ્રદાવાળુ,ગૃહસ્થ,શ્રમ જન માંડી સમગ્ર જીવન બ્રહ્મચર્ય દશામાં ગાળનાર

નૈષ્ઠિક :શ્રદ્ધાવાન

નૈષ્ઠિક :નિષ્ઠાવાળું, નિષ્ઠાવાન, શ્રદ્ધાવાન, ગૃહસ્થાશ્રમ જ ન માંડી, સમગ્ર જીવન બ્રહમચર્ય દશામાં ગાળનાર.

નૈષ્ઠિક :નિષ્ઠાવાળું, શ્રદ્ધાવાળું, (૨) ગૃહસ્થાશ્રમ જ ન માંડી, સમગ્ર જીવન બ્રહ્મચર્ય દશામાં ગાળનાર

નૂર :રૂપ; સ્વરૂપ

પકડવું :ગ્રહવું

પકડી રખાતા નથી. :ઝાલી શકાતાં નથી; રોકી રાખી, શકાતા નથી.

પચખીને :ત્યાગીને

પચીસ દોષ :સમ્યક્ત્વના પચીસ દોષો, આ પ્રમાણે છે : આઠ પ્રકારના મદ

(૧) કુળમદ (૨) જાતિ મદ (૩) રૂપ મદ (૪) વિદ્યા કે જ્ઞાન મદ (૫) ધન-ઋદ્ધિમદ, (૬) બળમદ, (૭) તપમદ, (૮) પૂજા-પ્રતિભામદ. ત્રણ મૂઢતા-કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રની ભક્તિ, પ્રશંસા તે. આઠ સમ્યકત્વના દોષ-શંકા, કાંક્ષા, વિચિકત્સા, મૂઢદષ્ટિ, અનૂપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના, આ સમ્યકત્વના આઠ દોષ છે. અને છ અનાયતન-કુદેવ, કુગુરુ, કુધર્મ, કુદેવસેવક, કુગુરુસેવક આ છ અનાયતન છે. આમ ૮ મદ, ૩ મૂઢતા ૬ અનાયતન (અધર્મસ્થાન) ૮ શંકાદિદોષ, આ પ્રમાણે સમ્યકત્વના ૨૫ દોષ છે.

પચંગ્મુખ :બહારની બાજુ નજર હોય તેવું; વિમુખ; બેદરકાર; અવળચંડુ.

પચ્ચકખાણ :હું એક જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવવાળો છું. જે અન્ય દ્રવ્યના નિમિત્તથી વિભાવ પરિણામો થાય છે તે મારા સ્વભાવપણે થવાને લાયક નથી. આમ સ્વભાવ અને રાગને ભિન્ન જાણવા તે રાગનો ત્યાગ છે. આ રાગ છે તે હું નહિ. એ ભિન્ન રાગપણે હું થવાને લાયક નથી અને રાગ મારા સ્વભાવપણે થવાને લાયક નથી. આમ જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે. જે જ્ઞાનમાં જણાયું કે આ રાગ છે તે મારા સ્વભાવ વડે વ્યાપ્ત થતો નથી અને મારો પણ સ્વભાવ નથી કે હું રાગપણે થાઉં એ જાણપણું એ પચ્ચકખાણ છે, સામાયિક છે, કેમ કે એમ જાણનાર રાગથી ખસીને સ્વરૂપમાં કરે છે. (૨) ત્યાગ; વિભાવ-વિકારીભાવ આત્માના સ્વભાવ વડે વ્યાપ્ત થવાને લાયક નથી, તેથી તેને પરપણે જાણવા એ જ તેનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. (૩) ત્યાગ; પ્રત્યાખ્યાન; શુદ્ધતા, શુદ્ધ ઉપયોગમાં રમણતા. (૪) ચૈતન્ય તત્ત્વનું યથાર્થ જ્ઞાન થયે, તેમાં અંશે અંશે થંભ્યો, તે જ ખરું પચ્ચખાણ છે. યથાર્થ આત્માના જ્ઞાન વિના, પચ્ચખાણનું સ્વરૂપ, અજ્ઞાની નહિ જાણી શકે, પરંતુ શુભ ભાવરૂપ પચ્ચખાણ, બંધનરૂપ છે અને સ્વરૂપની સ્થિરતા-રમણતારૂપ, પચ્ચખાણ જ, અબંધનરૂપ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયે જ, અનંતો બંધ અટકી જાય છે. પછી અલ્પ બંધ રહે છે, એને ગણતરીમાં ગણ્યો નથી. અને તે અલ્પ બંધ પણ, સ્વરૂપ સ્થિરતા થયે, અલ્પ કાળમાં નાશ થઈ જ જવાનો, માટે સમ્યગ્જ્ઞાન થયે જ, બંધન અટકી જાય છે. સંસારનાશનો ઉપાય, ચૈતન્ય સ્વરૂપ આત્માને ઓળખવો, તે જ છે. બીજો કોઈ ઉપાય, છે જ નહિ.ગૃ

હસ્થાશ્રમમાં રહ્યા થકી, આત્માનું શ્રદ્ધા અને જ્ઞાન થઈ શકે છે. આત્માનું ભાન થતાં પરપદાર્થ પ્રત્યેનો અનંતો રાગદ્વેષ, ટળી જાય છે, સમ્ગ્યદર્શન પામ્યા પછી, પાંચમી ભૂમિકા થતાં, અંશે સ્વરૂપ સ્થિરતા વધતાં, અણુવ્રતનાં શુભ પરિણામ આવે છે. પ્રથમ સાચી સમજણ થાય, પછી સાચાં વ્રત થાય. સાચી સમજણ, સાચી રુચિ વગર થાય નહિ, પર પદાર્થની રુચિ, અંતરથી ખસીને, આત્માની રુચિ, અંતરથી જાગે, ત્યારે આ વાતની અંતરથી ઘડ બેસે તેમ છે.

જેને આત્માની રુચિ અંતરથી જાગે, તે બધા નિર્ધન કે સધન- આ વાતને સમજી શકે તેમ છે. સહ્રદયનું શ્રવણ કરીને, જે સત્ય સમજવાનો પ્રયાસ કરે, તેને સાચી સમજણ થાય, અને સમ્યગ્દર્શન થાય, અને પછી સાચાં વ્રત આવે, દુનિયા દોરંગી છે, જેને જેમ ઠીક પડે, તેમ બોલે, પરંતુ સત્ય તે ત્રિકાળ સત્ છે.

પચ્ચખાણ :આત્મ સ્વરૂપમાં સ્થિરતા; રમણતા તે પચ્ચખાણ છે. (૨) કશુંક ત્યાગવાનું વ્રત-પ્રતિજ્ઞા, પચખાણ

પચ્ચખીને :ત્યાગીને; છોડીને.

પચ્યમાન :પકાવવામાં આવતા

પટ :વસ્ત્ર

પટકવુ :નાખવું; મારવું

પટળ(પટલ) :પડદો; પડ; આચ્છાદન.

પટારો :નિધિ

પઠન કરવું :વાંચી જવું

પઠન-પાઠન :પઠન એટલે વાંચવું એ; અભ્યાસનું કે પાઠનું, મોઢેથી પરિશીલન કરવું એ; મુખ-પાઠ; અભ્યાસ કરવો એ; શિક્ષા; તાલીમ; ભણતર; પાઠન એટલે વંચાવવું એ, ભણાવવું એ. પઠન-પાઠન એટલે વાંચવું અને વંચાવવું; ભણવું અને ભણાવવું એ.

પડગાહન કરવું :રજોહરણથી, સૂવા બેસવા તથા બિછાનાને સાફ કરવું, જે વસ્તુ જે સ્થાનમાં રાખી હોય, તેને ઉઠાવવી, મૂકવી એ બધી વગર દેખે જાણે યત્નરહિત રજોહરણથી સાફ કરીને, લેવા મૂકવાનું રાખવું, તેને પડગાહન કહે છે.

પડઘો :અવાજ પાછો આવી, સામો અથડાય તે.

પડછાં :ઘાસ; ફોતરાં (૨) કોઈ પણ જાતની નાની મોટી, વનસ્પતિમાંથી નીકળેલો, અણીદાર સોટો. ફોતરાં. (૩) ઘાસ-પૂળાં; ફોતરાં

પડળ :આંખના ડોળાને છાવરી લેતું આવરણ; પોપચું; આંખે આવતો છારીનો રોગ.

પડંગ :નપુંસક

પતન :નાશ; ગલન; ખરી જવું તે.

પતિતતા :ધર્મભ્રષ્ટતા; નીતિ-ભ્રષ્ટતા; આચાર-ભ્રષ્ટતા.

પતંગ :પતંગિયુ

પદ :શબ્દ (૨) સ્થાન, ભૂમિકા

પદ પદ માર, દેહ દુઃખ કર :પર્યાયે પર્યાયે અંતર જ્ઞાનના તર્કના બળ વડે, પાપરૂપી દુઃખકારી મરણ-ભાવમરણનો, નાશ કરે છે.

પદે પદે :પગલે પગલે; પર્યાયે પર્યાયે. (૨) કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં.

પદાર્થભેદ :નવ પદાર્થરૂપ ભેદ.

પદાર્થ :જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે. જીવ એવો અક્ષરોનો સમૂહ તે પદ છે. અને તે પદથી જે દ્રવ્ય પર્યાયરૂપ અનેકાન્તસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. (૨) સંવર નિર્જરા આદિ એક સમયના હોવા છતાં તે પદાર્થ છે. તેના વાચક શબ્દો અર્થને બતાવે છે માટે પદાર્થ કહેવાય છે. કોઈ જગ્યાએ તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. ને કોઈ જગ્યાએ પદાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. એ પ્રમાણે તત્ત્વ ને અર્થ એ, બે પદ કહેવાનું પ્રયોજન છે. (૩) વસ્તુ (૪) દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલો છે. (૫) વસ્તુ; દ્રવ્ય; ધર્મસ્તિકાય; અધર્માસ્તિકાય; આકાશાસ્તિકાય; કાળ અને પરમાણુ, જેમ ખાસ વસ્તુ છે. ખાસ ખાસ જુદા પદાર્થ છે., તેમ હું આત્મા પણ, ખાસ જુદો પદાર્થ છું. તે બધાના સ્વભાવ કરતાં, ખાસ સ્વભાવમાં ફેર છે. હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું અને જ્ઞાનદર્શનથી પૂર્ણ છું ; આકાશાદિ દ્રવ્યો, તો જડ સ્વભાવી છે, પણ હું તો ચેતનસ્વભાવી છું. આકાશાદિ જેમ ખાસ પદાર્થ છે, તેમ હું પણ એક ખાસ પદાર્થ છું. આકાશાદિ દ્રવ્યો મલિન થાય નહિ, અને હું મલિન કેમ થાઉ? માટે નિરપેક્ષ દૃષ્ટિથી જોતાં, હું પર્યાયથી પણ મલિન થયો નથી. નિરપેક્ષ પર્યાયમાં મલિનતા નથી, પણ સાપેક્ષ પર્યાયમાં મલિનતા છે. (૬) જે વસ્તુ હોય, તે નિત્ય સ્વયંસિદ્ધ હોય, કોઈને આધી ન હોય. આત્મા, પુદ્ગલ વગેરે પદાર્થો ત્રિકાળ સ્વયંસિદ્ધ છે. જેમ કોઈ પાણીને શીતળ ન માને તો, તેથી તેનો સ્વભાવ ફરે નહિ તેમ પુદ્ગલ, ચેતન પદાર્થ, ત્રિકાળ જુદા છે. કોના કાર્યકારણપણે નથી. છતાં તેમ ન માને, તો સ્વભાવ ફરે નહિ. પોતાનું જુદાપણું ભૂલી, નિમિત્તાધીન દૃષ્ટિથી જોનારે, જેને જોયું તેને પોતાનું માન્યું. શરીર, ઈન્દ્રિયો તે હું, હું કર્તા, હું રાગી, હું દ્વેષી, હું પરનું કરી શકું, એમ માન્યું. પણ હું જુદો નિત્ય જ્ઞાયક છું, એમ અનંતકાળમાં સેંકડમાત્ર પણ, માન્યું નથી.નિમિત્તાધીન દૃષ્ટિ છોડી, સ્વાધીન સ્વભાવની એક રૂપ દૃષ્ટિએ જોતાં, જ્ઞાયકભાવ જીવ છે, એકલો જાણનારો નહિ. પણ અનંત સત્વસ્વરૂપ, બીજા અનંત ગુણોથી પૂર્ણ છુ.તેને વર્તમાન અવસ્થામાં પુણ્ય-પાપના વિકારનું નિમિત્ત કારણ, અજીવ છે. (જીવને પુદ્ગલ વિકાર કરાવે, એવો અર્થ ન લેવો.) પોતાને ભૂલી, નિમિત્તને પોતામાં ગુણ-દોષદાતા માની, વિકારી અવસ્થા આત્મા પોતે કરે છે, ત્યારે પર ચીજની હાજરી, નિમિત્ત કહેવાય છે. તેના બે પડખાં છેઃ (૧) નવ પ્રકારના વિકલ્પપણે, વિકારી ભાવ જેમનાં લક્ષણ છે. તે તો જીવની અવસ્થા છે. જો વિકારી થવાની લાયકાત, જીવમાં ન હોય, તો નવી થાય નહિ, પણ એકેક સમયની અવસ્થા પૂરતી તે હોવાથી, નિત્ય સ્વભાવના લક્ષે, ક્ષણમાં નિર્મળપણે પલટી શકે છે. (૨) જીવની વિકારી અવસ્થાના, નવ ભેદમાં નિમિત્ત કારણ, જડ કર્મ છે.

ત્રિકાળી સ્વભાવમાંથી વિકાર આવતો નથી. પણ નિમિત્ત આધીન દૃષ્ટિથી, નવી થાય છે. આત્મા પુણ્ય-પાપના રાગમાં અટકી જાય, તો ગુણનો વિકાસ અટકી જાય છે. તે ભાવ બંધન છે. નિંદા, પ્રશંસા સાંભળવા જયાં અટકયો, ત્યાં બીજો ખ્યાલ કરવાથી, આત્માની શક્તિ હીણી થઈ જાય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો તરફ, ઠીક અઠીકનું વલણ કરી રાગમાં જે અટકવું થાય છે. તે જ પરમાર્થે ભાવબંધન છે. (૭) પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય અનંત ગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયો બે પ્રકારના છેઃ (•) દ્રવ્યપર્યાય (•) ગુણ પર્યાય. તેમાં દ્રવ્ય પર્યાયો બે પ્રકારના છે. (•) સમાનજાતીય, જેમ કે, દ્વિ.અણુક, ત્રિ-અણુક વગેરે સ્કંધ; (•) અસમાન જાતીય-જેમ કે, મનુષ્ય દેવ વગેરે.

ગુણપર્યાયો પણ બે પ્રકારના છેઃ (૧) સ્વભાવ પર્યાય - જેમ કે, સિદ્ધના ગુણપર્યાયો; (૨) વિભાવ પર્યાય - જેમ કે, સ્વપરહેતુક મતિજ્ઞાન પર્યાય. આવું જિનેન્દ્ર ભગવાનની વાણીએ દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ જ યર્થાથ છે. જે જીવો દ્રવ્ય-ગુણને નહિ જાણતા થકી, કેવળ પર્યાયને જ અવલંબે છે, તેઓ નિજ સ્વભાવને નહિ જાણતા થકા પર સમય છે.

(૮) પદાર્થ દ્રવ્ય સ્વરૂપ છે. દ્રવ્ય અનંત ગુણમય છે. દ્રવ્યો અને ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયો બે પ્રકારના છે : (•) દ્રવ્ય પર્યાય (•) ગુણપર્યાય. તેમાં દ્રવ્ય પર્યાયો બે પ્રકારના છે. (•) સમાન જાતીય. જેમ કે, દ્વિઅણુક, ત્રિઅણુક વગેરે સ્કંધ; (•) અસમાનજાતીય - જેમ કે, મનુષ્ય, દેવ વગેરે. (•) ગુણ પર્યાયો પણ બે પ્રકારના છેઃ (•) સ્વભાવ પર્યાય - જેમ કે, સિદ્ધના ગુણ પર્યાયો ; (•) વિભાવ પર્યાય - જેમ કે, સ્વપર હેતુક, મતિજ્ઞાન પર્યાય.

આવું જિનેન્દ્ર ભગવાનની વાણીએ, દર્શાવેલું સર્વ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ જ, પર્યાય છે. જે જીવો દ્રવ્ય ગુણને નહિ જાણતા થકી, કેવળ પર્યાયને જ અવલંબે છે, તેઓ નિજ સ્વભાવ ને નહિ જાણતા થકી, પરસમય-મિથ્યાદૃષ્ટિ છે.

પદાર્થગ્રહણ :અર્થાત્ પદાર્થનો બોધ એકી સાથે ન થતાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા વગેરે ક્રમપૂર્વક હોવાથી ખેદ થાય છે. (૨) પદાર્થનો બોધ એકી સાથે ન થતાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા વગેરે ક્રમપૂર્વક થતો હોવાથી ખેદ થાય છે. (૩) પદાર્થનો બોધ એકી સાથે ન થતાં ઉપગ્રહ, વગેરે ક્રમપુર્વક થતો હોવાથી ભેદ થાય છે.

પદાર્થના સ્વરૂપનો નિશ્ચય કરનાર જીવ કેવો હોય છે? :તે જીવ પોતાના આત્માને કૃતનિશ્ચય, નિષ્ક્રિય અને નિર્ભોગ દેખે છે. સ્વ પરના સંબંધી, તેને સંદેહ ટળી ગયો છે, પર દ્રવ્યની કોઈ પણ ક્રિયાને, તે આત્માની માનતી નથી. તેમ જ પોતાના આત્માને, પર દ્રવ્યમાં પ્રવૃત્તિરૂપ ક્રિયાથી રહિત-નિષ્ક્રિય દેખે છે. અને પરદ્રવ્યના ભોગવટા સહિત નિર્ભોગ દેખે છે. આવા પોતાના સ્વરૂપને દેખતો થકો તે જીવ, સંદેહ અને વ્યગ્રતાથી રહિત થયો થકો નિજસ્વરૂપમાં એકાગ્ર થાય છે. નિજ સ્વરૂપની ધૂનનો ધૂની થઈને, તેમાં તે છે. આ રીતે વસ્તુસ્વરૂપનો નિશ્ચય કરનારને જ, ચારિત્ર હોય છે.

પદાર્થપ્રભેદ :કાળસહિત પંચાસ્તિકાયનો નવપદાર્થરૂપ ભેદ. (૨) પાંચ અસ્તિકાય અને છ દ્રવ્ય પદાર્થના પેટાભેદ-નવ તત્ત્વ. (૩) નવ પદાર્થરૂપ ભેદ; કાળસહિત પંચાસ્તિકાયનો નવપદાર્થરૂપ ભેદ.

પદાર્થો :પદાર્થો સાક્ષાત્ સ્વજ્ઞેયાકારોનાં કારણ છે (અર્થાત્ પદાર્થો પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયોનાં સાક્ષાત્ કારણ છે) અને પરંપરાએ જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારોનાં (જ્ઞાનાકારોનાં) કારણ છે.

પદાર્થો જ્ઞાનમાં વર્તે છે :જ્ઞાન શબ્દથી અનંત ગુણ-પર્યાયોના પિંડરૂપ જ્ઞાતૃદ્રવ્ય ખ્યાલમાં લેવું.

પદાર્થોની અયથાતથપણે પ્રતિપત્તિ :પદાર્થો જેવા નથી તેવા તેમને સમજવા અર્થાત્ અન્યથા સ્વરૂપે તેમને અંગીકાર કરવા.

પદાર્થોની અયથાતથપણે પ્રતિપ્રતિ :પદાર્થો જેવા નથી તેવા તેમને સમજવા અર્થાત અન્યથા સ્વરૂપે તેમને અંગીકાર કરવા તે.

પદો અને અર્થો :પદાર્થો

પદ્ધતિબુદ્ધિ :પદ્ધતિ એટલે પરંપરા યા રીતરિવાજ. એને અનુસરવાને ટેવાયેલી બુદ્ધિ એવો અર્થ સમજવો જોઈએ. (૨) પરંપરા યા રીતરિવાજને અનુસરવાને ટેવાયેલી બુદ્ધિ. (૩) પદ્ધતિ એટલે પરંપરા યા રીત રિવાજ, તેને અનુસરવાને ટેવાયેલી વૃદ્ધિ

પદ્ય :વંદનીય

પદ્યકૃતિ :કાવ્ય રચના

પદ્મનંદિનાથ :કુંદકુંદાચાર્યદેવ

પયખવું :ત્યાગવું

પયાપ્તિ :આહાર, શરીર, ઈન્દ્રિય, ભાષા, મન અને શ્વાસોચ્છવાસ, એમ છ પર્યાપ્તિ યોગ્ય, પુદગલસ્કંધો છે.

પર :ઉત્તમ (૨) વસ્ત્ર (૩) આધેડ; દૂર (૪) વીતરાગ નિર્વિકલ્પ સમાધિની ભાવનાના વિરોધી, એવા રાગાદિ પોતાનાં પરિણામ જ, નિશ્ચયથી પર, કહેવાય છે અને વ્યવહારથી મિથ્યાત્વ રાગાદિ ભાવમાં, પરિણમેલા પુરુષો પર, કહેવાય છે. (૫) આત્માથી (જીવથી) જુદી વસ્તુઓને, પર કહેવાય છે.

પર પરિણતિ :વિકારી ભાવ

પર પરિતાપરૂપ :બીજાને દુ:ખ દેવા રૂપ

પર પદાર્થ પ્રત્યેની પ્રીતિ :આસક્તિ

પર પ્રાણોનો વ્યપરોપ :બીજાના પ્રાણોનો વિચ્છેદ.

પર પરિણતિ :વિકારી ભાવ

પર સમય :જેઓ મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તે એકાંત દષ્ટિવાળા લોકો, મનુષ્ય વ્યવહારનો આગ્રહ કરતા હોવાથી, રાગી-દ્વેષી થાય છે. અને એ રીતે, પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ કરતા હોવાથી, તેઓ પરસમય છે.

પર અપેક્ષિત દષ્ટિ :પર્યાય દષ્ટિ; ભેદ દષ્ટિ

પર ધન :જડ; પરસમય.

પર દ્રવ્ય :જે આત્મ પદાર્થથી જુદા જડ પદાર્થ છે, તેને પર દ્રવ્ય જાણો. અને તે પુદ્ગલ, ધર્મ,અધર્મ, આકાશ અને કાલ આદિ, અચેતન દ્રવ્ય છે, એ સર્વેને પરદ્રવ્ય જાણો. તથા જીવ દ્રવ્ય પણ, પરસ્પર જુદા જુદા છે. એકમેક નથી. અનંત ચતુષ્ટય સ્વરૂપવાળા, પોતાના આત્માને જ પોતાનો સમજો. આત્માની સાથે અનાદિકાલથી રાગાદિરૂપ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ તથા શરીરાદિ નો કર્મનો સંબંધ છે. તો પણ તે બધા, આ આત્માથી જુદા છે, એ પુદ્ગલ આદિ પાંચ, દ્રવ્ય જડ અને પર હોવાથી, હેય છે. એક શુદ્ધ સહજાત્મા જ, ઉપાદેય છે. (૨) સવિકલ્પ ભેદ-કલ્પના. (૩) પુણ્ય-પાપના ભાવ તે ભાવકર્મ, મોહનીયાદિ આઠ દ્રવ્યકર્મ અને શરીર, મન, ઈન્દ્રિય, વાણી ઈત્યાદિ નોકર્મ-એ બધાંને પરદ્રવ્યો કહે છે. (૪) જે આત્મપદાર્થથી જુદા જડ પદાર્થ છે, તેને તમે પર દ્રવ્ય જાણો અને તે પુદ્ગલ,ધર્મ,અધર્મ, આકાશ તથા પાંચમું કાલ દ્રવ્ય છે. એ સર્વને પરદ્રવ્ય જાણો.દ્રવ્ય છ છે, તેમાં પાંચ દ્રવ્ય, અચેતન અને એક,જીવદ્રવ્ય જ, ચેતન છે. આ બધાં દ્રવ્યો, પોતાના આત્માથી જુદાં છે, એમ જાણો. તથા જીવદ્રવ્ય પણ, પરસ્પર જુદાજુદા છે, એકમેક નથી. અત્યંત ચતુષ્ટય સ્વરૂપવાળા, પોતાના આત્માને જ, પોતાનો સમજો. આત્માની સાથે, અનાદિકાલથી રાગાદિરૂપ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ,દ્રવ્યકર્મ, તથા શરીરાદિ નોકર્મનો સંબંધ છે, તો પણ, તે બધા આ આત્માથી જુદા છે, એ પુદ્ગલ આદિ, પાંચ દ્રવ્ય જડ છે અને પર હોવાથી હેય છે, એક શદ્ધ સહજાત્મા જ ઉપાદેય છે. (૫) અંતરંગમાં રાગાદિ વિકાર, તથા બહારમાં શરીર આદિ પદાર્થો પર દ્રવ્ય કહેવાય છે. (૬) દ્રવ્ય છ છે, તેમાં પાંચ દ્રવ્ય અચેતન છે. અને એક જીવ દ્રવ્ય જ, ચેતન છે. પુદ્ગલ, ધમાસ્તિ; અધર્માસ્તિ, આકાશ અને પાંચમું કાલ દ્રવ્ય છે. એ સર્વેને પરદ્રવ્ય જાણો.જીવ દ્રવ્ય પણ પરસ્પર જુદા જુદા છે, એક મેક નથી.અનંત ચતુષ્ટય સ્વરૂપવાળા પોતાના આત્માને જ, પોતાનો સમજો. આત્માની સાથે અનાદિકાલથી રાગાદિરૂપ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ તથા શરીરાદિનો કર્મનો સંબંધ છે. તો પણ તે બધા, આ આત્માથી જુદા છે. એ પુદ્ગલાદિ પાંચ દ્રવ્ય, જડ અને પર હોવાથી હેય છે. એક શુદ્ધ સહજાત્મા જ, ઉપાદેય છે. (૭) ઈંદ્રિયાદિ

પરદ્રયનો સંપર્ક :ઇન્દ્રિયાદિનો સંબંધ

પરક :અપેક્ષાથી; કારણને લઈને; નિમિત્તને લઈને (૨)....ને લઈને... ને કારણે; અપેક્ષાથી

પરકીય :પારકું.

પરખે :જાણે ; જુએ

પરખવું :ખબર પડવી; પરીક્ષા કરવી; ઓળખવું (૨) પરીક્ષા કરવી; કસોટી કરવી; ઓળખવું; પિછાણવું (૩) જાણવું; જોવું;

પરચકખાણ :જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થતાં શુદ્ધ ચૈતન્યના લક્ષે જે સ્વરૂપનાં શ્રદ્ધાન અને જ્ઞાન પ્રગટ થયાં અને જે અંશે સ્વરૂપમાં સ્થિરતા થઈ એ જ વાસ્તવિક પરચકખાણ છે. સમ્યક્ત્વ થતાં મિથ્યાત્વ સંબંધીનો અને અનંતાનુબંધીનો બંધ તો એને થતો જ નથી. અને જે અલ્પબંધ થાય છે તે ગૌણ છે. ભેદજ્ઞાનના બળે સ્વરૂપસ્થિરતા વધારતાં તેનો પણ અલ્પ કાળમાં નાશ થઈ જાય છે. અજ્ઞાની બાહ્ય ત્યાગસંબંધી શુભભાવને પરચકખાણ માને છે. પરંતુ ભાઈ! શુભભાવ તો ચૈતન્યથી અન્ય સ્વભાવવાળો છે, અચેતન છે, બંધરૂપ છે. એનાથી બંધન કેમ અટકે ? (ન અટકે). માટે શુદ્ધ ચૈતન્યના લક્ષે થતું જ્ઞાનમાત્ર પરિણમન એ જ બંધન અટકાવવાનો-મુક્તિનો ઉપાય છે. એ જ સાચું પરચકખાણ છે. (૨) ત્યાગ.

પરચતુષ્ટય :પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ.

પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે :અહીં ખરેખર શુભોપરક્ત ભાવ (શુભરૂપ વિકારી ભાવ) તે પુણ્યાસ્રવ છે અને અશુભોપરક્ત ભાવ (અશુભરૂપ વિકારી ભાવ) પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે, તે ભાવ જ્યારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે-એમ (જિનેન્દ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે, તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી.

પરચારિત્રમાં પ્રવર્તનારનું સ્વરૂપ :જે (જીવ) ખરેખર મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિવશાત્ (અર્થાત્ મોહનીયના ઉદયને અનુસરીને પરિણમવાને લીધે) રંજિત ઉપયોગવાળો (ઉપરક્ત ઉપયોગવાળો) વર્તતો થકો પરદ્રવ્યને વિષે શુભ કે અશુભ ભાવને ધારણ કરે છે, તે (જીવ) સ્વચારિત્રથી ભ્રષ્ટ એવો પરચારિત્રનો આચરનાર કહેવામાં આવે છે; કારણકે ખરેખર સ્વદ્રવ્યને વિષે શુદ્ધ-ઉપયોગરૂપ પરિણતિ તે સ્વચારિત્ર છે અને પરદ્રવ્યને વિષે ઓપરાગ-ઉપયોગરૂપ પરિણતિ તે પરચારિત્ર છે.

પરચીજ :સંયોગ

પરકાળ :દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા તે જ અવસ્થાન્તર ભેદરૂપ કલ્પનાથી પરકાશ કહેવાય છે

પરદ્રવ્ય અને પરભાવ :પરદ્રવ્ય, તે નિમિત્ત છે અને આત્માના રાગાદિક ભાવ, તે નૈમિતિક છે. નૈમિતિક એટલે પરને આધીન થયેલો, પોતાનો ભાવ; આને નિમિત્તને, નૈમિતિક સંબંધ કહેવાય છે. નિમિત્તના કર્તાપણાની દૃષ્ટિ છોડ અને આત્માના અકારક સ્વભાવની દૃષ્ટિ કર, એ વાત સમજાવવા માટે, આચાર્ય દવે આ વાત કરી છે.

પરદ્રવ્ય પ્રતિબંધ :પર દ્રવ્યોમાં રાગાદિપૂર્વક સંબંધી કરવો તે; પર દ્રવ્યોમાં બંધાવું-રોકાવું-લીન થવું તે; પર દ્રવ્યોમાં રુકાવટ

પરદ્રવ્ય પ્રવૃત્તિ :પર દ્રવ્યમાં, પ્રવર્તવું, તે

પરદ્રવ્ય પરિણામક :પરદ્રવ્યના પરિણામ સ્વરૂપ

પરદ્રવયનું કર્તાપણું :પરદ્રવ્યના કર્તાપણાનાં અભિમાન કર્યા હોય ને એમાં જયાં ધાર્યું ન થાય ત્યાં એવો કષાય ચડે કે મરણ કરે પાંચ લાખની મૂડી કહેવાતી હોય ને એમાં જયાં ખોટ જયાં ત્યાં તો શરમ શરમ થઈ પડે અને વિચારે કે આના કરતાં તો મરી જઈએ તો નિરાંત થાય. તો શું ! ત્યાં માશીબા બેઠાં છે ? કે આવો ભાણેજ ! તમારા માટે અહીં પલંગ પાથર્યા છે. તેમ કહેનારો કોઈ પરભવમાં બેઠું નથી. જેવા પરિણામ કર્યા હશે તેવી ગતિમાં ચાલ્યો જઈશ. કયાંય કાગડે, કૂતરે, નરક, નિગોદમાં ચાલ્યો જઈશ. આબરૂ સરખી રહેવી કે ન રહેવી એ પુદ્ગલની ક્રિયા છે. તેમાં તારા આત્માનું કોઈ કાર્ય નથી.

ઘટ, પટ,કર્મ, નોકર્મ, આબરૂ, કીર્તિ, લક્ષમી વગેરે પરદ્રવ્યનો હું રખોપિયો છું અને હું એનો નાશક છું એમ માનવું તે વ્યવહારી લોકોનું અજ્ઞાન છે.

પરદ્રવ્યના સંપર્ક વડે :ઈન્દ્રિયાદિ સંબંધ વડે.

પરદ્રવ્યની પર્યાય :આત્માની નિર્મળ પર્યાય (સમયસાર ગાથા-૭૫ માં).

પરદ્રવ્યનો કર્તા :યોગ અને ઈચ્છા, પરવસ્તુની અવસ્થા થવામાં નિમિત્ત છે. દ્રવ્યનો વિકારી ઉપયોગ, અને કંપન તે બન્ને, વિકારી પર્યાય પર દ્રવ્યની અવસ્થા થવામાં, નિમિત્તપણે કર્તા છે. પણ તે યોગ-ઉપયોગનો, અજ્ઞાની કર્તા થાય છે. જ્ઞાની કર્તા થતો નથી.

પરદ્રવ્યપ્રતિબંધ :પરદ્રવ્યોમાં રાગાદિપૂર્વક સંબંધ કરવો તે; પરદ્રવ્યોમાં બંધાવું-રોકાવું-લીન થવું તે; પરદ્રવ્યોમાં રુકાવટ.

પરદ્રવ્યપર્યાય :રાગ અને હર્ષશોકની પર્યાય.

પરદ્રવ્યપ્રવૃત્તિ :પર દ્રવ્યમાં પ્રવર્તવું તે.

પરઘાત :બીજાથી થતી ઈજા; બીજાથી થતો નાશ.

પરઘાત નામકર્મ :જે કર્મના ઉદયથી, બીજાનો ઘાત કરવાવાળાં, અંગોપાંગ હોય. (૨) જે કર્મના ઉદયથી બીજાનો ઘાત કરવાવાળો અંગ ઉપાંગ હોય, તેને પરઘાત નામકર્મ કહે છે.

પરંપરા :રાગદ્વેષ પરિણામ અને કર્મબંધ અનાદિકાળથી એકબીજાને કાર્યકારણરૂપ છે. (૨) રૂઢિગત; રૂઢિને અનુસરનારા

પરંપરા કારણ :નિમિત્ત કારણ (૨) જેને શુદ્ધતાનો અનુભવ પ્રગટ થયો છે તેને શુભરાગમાં અશુભરાગ ટળ્યો છે. તેના શુભરાગને વ્યવહારથી પરંપરાકારણ કહેવામાં આવ્યું છે. એ તો ઉપચાર કથન છે. પરંતુ નિશ્ચય વિના વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ કેવું ? એમ છે જ નહિ. અનાદિરૂઢ વ્યવહારમાં અજ્ઞાની મૂઢ છે. નિશ્ચય વિના જે વ્યવહારમાં લીન છે એ તો વ્યવહારમૂઢ છે. જાણનારો અંદર જ્યાં જાગ્યો, નિશ્ચયમાં આરૂઢ થયો ત્યારે તેને જે રાગની મંદતા હોય તેના ઉપર નિશ્ચયનો આરોપ આપવામાં આવે છે.

પરંપરાએ :વ્યવહારે

પરપ્રાણ વ્યપરોપ :પર જીવોના પ્રાણોનો, ઘાત કરવો. (૨) બીજાના પ્રાણોનો વિચ્છેદ

પરપરિણતિ :પરને પરિણમાવવું

પરપરિણતિના ઉચ્છેદદ્વારા :પરદ્રવ્યરૂપ પરિણમાનના, નાશ દ્વારા

પરપરિણતિનો :પરને પરિણમાવવાનો.

પરલક્ષી :શરીર-વાણી-મન, રાગ, પુણ્ય ને પાપના લક્ષવાળો

પરબ્રહ્મ :શુદ્ધ પરમાત્મા (૨) પરમ આનંદનો નાથ પર્યાયમાં પ્રગટયો તેને પર બ્રહ્મ કહેવાય છે. આત્મા 'વસ્તુપણે પરબ્રહ્મ' છે. (૩) પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન પરમ બ્રહ્મ. (૪) પરમ આનંદનો નાથ પર્યાયમાં પ્રગટ્યો, તેને પરબ્રહ્મ કહેવાય છે. આત્મા વસ્તુપણે પરબ્રહ્મ છે. (૫) શુદ્ધ પરમાત્મા (૬) પરમ આનંદનો નાથ પર્યાયમાં પ્રગટયો તેને પરબ્રહ્મ કહેવાય છે. (૭) પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન પરમબ્રહ્મ.

પરંબ્રહ્મ :જે બધા વિભાવોનો અભાવ કરી પોતાના શુદ્ધ ચિદાનંદમય આત્મ સ્વરૂપમાં સ્થિત થઈ ગયા છે તેને પરંબ્રહ્મ કહે છે.

પરભાવ :પરભાવના ત્રણ પ્રકાર છે-(૧) કર્મનો ભાવ તે પરભાવ છે. (૨) રાગાદિ જે વિકાર થાય તે પરભાવ છે અને (૩) જે નિર્મળ પર્યાય થાય તે પણ સ્વભાવની અપેક્ષાએ પરભાવ છે. (૨) વિભાવ (૩) દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના, તેને પરભાવ કહેવાય છે. (૪) શરીર, કર્મ વગેરે. (૫) વિકાર; તે પુરુષાર્થની વિપરીતતા અથવા નબળાઈથી થાય છે. (૬) પુણ્ય-પાપ તરફ લક્ષ (૭) આત્માની દશામાં, પુણ્ય-પાપના વિકલ્પો અને રાગ-દ્વેષ આદિ, વિભાવભાવ થાય છે, તે પરભાવ અંદર દ્રવ્ય-વસ્તુ, સ્વભાવમાં નથી. બહાર પર્યાયમાં, રાગાદિ વિભાવ ભાવ હો, પણ તેઓ આત્માની અંદર નથી. આત્માની અંદર તો, સહજ જ્ઞાન-દર્શન-આનંદ-વીર્ય-આદિ, અનંત ગુણરૂપી મણિરત્નની ખાણરૂપ, ભગવાન આત્મા છે. આ પુણ્ય પાપના વિકલ્પો, આ રળવાનો કમાવાનો ભાવ, ભોગનો ભાવ, ક્રોધ, માન, માયા, લોભના ભાવ,ને પૈસા સાચવવા ને વાપરવાનો ભાવ, તથા દયા, દાન આદિ વિકલ્પ ઈત્યાદિ, બધો ભાવ પણ વર્તમાન અસ્તિરૂપ છે. પરંતુ તે છે આકુળતા ને દુઃખનો ભાવ, તથા તે વિભાવો પરભાવ છે. તો કહે છે કે, તે પર્યાયમાં ભલે હો, છતાં અંદર વસ્તુ આત્મા, તો સહજ ગુણમણિની ખાણ છે. લ્યો, પોતાનું ત્રિકાળી શુદ્ધ મહા અસ્તિત્વ, આ છે, કે જે ઉપાદેય છે. આમ અસ્તિ તરીકે તો, આ બે ય

સિદ્ધ કર્યા હો. એમ કે એ બન્ને પરભાવ ને સ્વભાવ છે. (૮) પરભાવના ત્રણ પ્રકાર છે. એક કર્મનો ભાવ, તે પરભાવ છે. બીજો રાયાદિ જે વિકાર થાય છે, તે પરભાવ છે અને ત્રીજો જે નિર્મળ પર્યાય થાય, તે પણ સ્વભાવની અપેક્ષાએ પરભાવ છે. (૯) તારી દશામાં પુણ્ય-પાપના વિકલ્પો અને રાગ-દ્વેષ આદિ, વિભાવભાવ રહ્યા હોવા છતાં,... એમ કે, પર્યાયમાં પુણ્ય-પાપ આદિ વિભાવભાવ છે. પણ તેઓ (પરભાવ), અંદર વસ્તુ સ્વભાવમાં નથી. તો અંદર શું છે? ભગવાન આત્મા, અંદર તો સ્વાભાવિક ગુણમણિની ખાણ છે. વળી તે અંતઃતત્ત્વ પરમ પવિત્ર પૂર્ણ, જ્ઞાનસ્વરૂપ છે. અનંત બેહદ, જેનો જ્ઞાનસ્વભાવ છે, એવો આત્મા કહે છે-પૂર્ણ જ્ઞાન સ્વરૂપ શુદ્ધ છે.

પરભાવરમણતા :સ્વ અને પરનું ભેદવિજ્ઞાન સ્ફૂરે એટલે ચિત્તખેદ અભય બને, પરભાવરમણતા, ભય, દ્વેષ અને નબળાઈની દ્યોતક છે. સ્વભાવરમણતા અભય, અદ્વેષ અને અખેદની દ્યોતક છે.

પરભાવો :ત્રણ પ્રકારથી છે. (૧) પર દ્રવ્ય જે શરીર, મન, વચન, કર્મ આદિ (૨) પરદ્રવ્યના ભાવ એટલે કર્મના ઉદયાદિ તથા (૩) પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવભાવો જે વિકારાદિ-તે સર્વ પરભાવો છે.

પરભાવોમાં વર્તમાન પર્યાય આવે કે નહિ ? :પર્યાય છે તો દ્રવ્યથી ભિન્ન, પણ એ વાત અહીં નથી. ત્રિકાળીનો વિષય કરનારી પર્યાય, કર્મ, કર્મનો ભાવ અને વિભાવથી ભિન્ન પડીને અંતરમાં દ્રવ્ય તરફ જૂકે છે-ત્યારે એ પર્યાય આત્મસ્વભાવને પરભાવોથી ભિન્ન પ્રગટ કરે છે.

પરમ :ઉત્કૃષ્ટ (૨) ઉત્તમ

પરમ અવગાઢ સમ્યગ્દર્શન :કેવળી ભગવાને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને પરમ અવગાઢ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

પરમ ઔદારિક :કેવળી પરમાત્માનું શરીર, એવું પરમ ઔદારિક થઈ ગયું હોય છે કે, તેમના શરીર પર બીજા નજર કરે, તો તેને પોતાના સાત ભવ જણાય, એવા તો શરીરના રજકણો, નિર્મળ સ્વચ્છ થઈ જાય છે.

પરમ કૃપાળુ દેવ :પરમ કૃપાળુ દેવ સંવત ૧૭૫૧ માં ઈડર ભૂમિમાં વિચરતા હતા. તેમની સાથે બે મુનિઓ હતા. એ ત્રણેયને કોઈ કારણસર ઝેર આપવામાં આવ્યું હતું. સ્મશાનભૂમિમાં ત્રણેય મુનિઓની છત્રી છે. તેમાં અને દિગંબરમંદિરમાં શિલાલેખ છે. તે અમે સિંદુરથી સ્વચ્છ કરી ઉપરના બન્ને સ્થળોએ શિલાલેખ વાંચેલ છે. તે વખતે પણ તેમનું નામ શ્રી રાજચંદ્ર લખેલ છે. અને તેઓ ત્રણેય દિગંબર મુનિઓ હતા.

કૃપાળુદેવે એક વખત અંબાલાલભાઈ વિગેરે ત્રિપુટીને વઢવાણ કેમ્પમાં કહ્યું કે વઢવાણ શહેરના શાસ્ત્રભંડારમાં અમુક નામનો ગ્રંથ છે તેમાં અમારે વિષે અમુક પાને અમુક લીટીમાં લખેલું છે.

ત્રિપુટીએ કાર્યકરો પાસે વિનંતી કરીને શાસ્ત્રભંડાર ખોલાવ્યો અને ઘણા વર્ષ સુધી બંધ એવા ભંડારની જૂની હવા જવા દઈ ધૂપદીપ કરી તાડપત્રીનો તે ગ્રંથ કાઢ્યો. પાન ખરી જવા જેવા હતા. એટલે પ્રભુએ કહ્યું તે જ પાન કાઢ્યું. તેમાં પંચમ કાળમાં થનાર ૨૦૦૪ યુગપ્રધાન પુરુષોની શુભનામાવલી હતી. એ જ પંક્તિમાં જણાવ્યું હતું કે વિક્રમસંવત ૧૯૨૪ ના (વીર સંવત યાદ નથી.) કાર્તિક પૂર્ણિમાએ શ્રીમદ્ રાજચંદ્ર નામના યુગપ્રધાન પુરુષનો જન્મ થશે. ત્રિપુટીને આ વાંચીને ખૂબ આનંદ થયો.(પૂ. મોટાભાઈના ૨૩.૩.૮૮ના પત્રમાંથી.)

પરમ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ :આત્મામાં સામાન્ય... સામાન્ય...સામાન્ય..., એવો સદાય એકરૂપ જે દર્શન, જ્ઞાનનો ઉપયોગને, શ્રધ્ધાનો ભાવ છે. તે પરમ ચૈતન્યનું, સામાન્ય સ્વરૂપ છે. મતલબ કે વિશેષ અવસ્થા, એ તેનું સ્વરૂપ નથી. સદા એકસદશ્ય રહે, એવું એનું ત્રિકાળ ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે.

પરમ જ્યોતિ :સર્વજ્ઞ પરમેશ્વર પ્રગટ પરમ જ્યોતિ છે, આત્મા ત્રિકાળ પરમચૈતન્ય જ્યોતિ છે. (૨) સમય સાર; ચૈતન્યની પરમ જ્યોતિ; જ્ઞાનની ઝળહળ જ્યોતિ.

પરમ તત્ત્વ :આ જે વિવિક્ત-કર્મકલંક રહિત, નિર્ભય અને નિરામય (નિર્વિકાર) અંતરંગ, અધ્યાત્મ જ્યોતિ છે. તે પરમ તત્ત્વ છે. તેનાથી ભિન્ન, બીજું બધું ઉપદ્રવ છે. (૨) આત્માનું સાચું સ્વરૂપ

પરમ ધર્મ અફળ છે તો ક્રિયા જરૂર અફળ નથી :એક વીતરાગ ભાવ જ, મનુષ્યાદિ પર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, પરંતુ રાગદ્વેષમય ક્રિયા, તો અવશ્ય કે ફળ ઉપજાવે છે.

પરમનોગત :પારકાના મન સાથે સંબંધવાળા.

પરમ્પર આમ્નાય :ધાર્મિક પરંપરા; સંપ્રદાય; પરંપરાથી મળેલ ધાર્મિક ગ્રંથ.

પરમપુરુષ :સર્વજ્ઞને પરમ-પુરુષ કહેવામાં આવે છે. એમ આત્મા વસ્તુપણે પરમ પુરુષ છે. અંદર આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ એ પરમ પુરુષ છે.

પરમભાવગ્રાહક :ત્રિકાળી એક જ્ઞાયક સ્વભાવ, તેને ગ્રહનાર અર્થાત, જાણનાર; શુદ્ધ દ્રવ્યાર્થિક નય, અતીન્દ્રીય આનંદરૂપજ્ઞાયક, ધ્રુવ સ્વભાવરૂપ.

પરમ નૈષ્કર્મ્યરૂપ :પરમ નિષ્કર્મપણારૂપ.

પરમ પ્રગટસત્ :આત્મદષ્ટિવંત પ.પૂ. ભાઈશ્રી; શુકરાજદેવ; પૂ. શ્રી પોપટલાલભાઈ.

પરમ પ્રભાવ :સર્વોત્કૃષ્ટ શક્તિ; સામર્થ્ય.

પરમ પુરુષ :સર્વજ્ઞને પરમપુરુષ કહેવામાં આવે છે, એમ આત્મા વસ્તુપણે પરમ પુરુષ છે. અંદર આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ-સ્વરૂપ, એ પરમ પુરુષ છે. (૨) સર્વજ્ઞને પરમ પુરુષ કહેવામાં આવે છે.અંદર આનંદનો નાથ, પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એ પરમ પુરુષ છે.

પરમ પારિણામિક ભાવ :પારિણામિક ભાવ તો, ત્રિકાળ છે. પણ અંતર્મુખ જ્ઞાનના પરિણમનમાં, તેનો પ્રતિભાસ થાય ત્યારે, તે છે એમ નિશ્ચય થાય છે. સ્વસ્વરૂપમાં અંતર એકાગ્ર થઈ, તેની સત્તાનો સ્વીકાર કરે, ત્યારે પારિણામિક ભાવ ત્રિકાળ છે, એમ જણાય છે. (૨) ત્રિકાળી, ચૈતન્ય સ્વભાવ (૩) આ પરમ પારિણામિક ભાવમાં, પારિણામિક શબ્દ હોવા છતાં, તે ઉત્પાદ વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી. અને પર્યાયાર્થિક નયનો વિષય નથી; આ પરમ પારિણામિક ભાવ, તો ઉત્પાદ વ્યય નિરપેક્ષ એકરૂપ છે. અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે. (૪) શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્યરૂપ છે તે આત્માનો અહેતુક, અકૃત્રિમ, સહજ સ્વભાવ છે. ચાર પ્રકારની પર્યાયના આવરણ રત, શુદ્ધ ચૈતન્યઘન પ્રવાહરૂપ એક શુદ્ધ ચૈતન્યના ધ્રુવપ્રવાહરૂપ, શુદ્ધ જીવત્વ છે. તે નિરાવરણ શુદ્ધ પારિણામિક ભાવ (૫) ત્રિકાળી ધ્રુવ સહજ, એક પરમ પારિણામિક ભાવ જ, સદા પવિત્ર એવો નિજ પરમ સ્વભાવ છે. અને બાકીના ઔદયિકાદિ ચાર ભાવો છે. તે તો અપેક્ષિત ભાવો છે. અને તેથી વિભાવ સ્વભાવ પરભાવો છે, વળી તે પર્યાયભાવો છે, ને તેથી તે પર્યાય ભાવો નો આશ્રય કરવાથી, ધ્રુવ દ્રવ્યનો આશ્રય થતો નથી. અર્થાત્ ધ્રુવ દ્રવ્ય સ્વભાવ પર્યાયના આશ્રયે જણાવા યોગ્ય નથી. અગમ્ય છે. ત્રિકાળી ધ્રુવ, આનંદકંદરૂપ એક પરમ સ્વભાવરૂપ આત્મા છે, તેનો એકનો જ આશ્રય કરવાથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્ર, કેવળ જ્ઞાન અને મોક્ષ ઈત્યાદિ, મોક્ષ પર્યંતની નિર્મળ અવસ્થાઓ થાય છે. પરંતુ ઔદયાદિક વર્તમાન વર્તતી પર્યાયના આશ્રયે, કાંઈ નિર્મળ પર્યાય થતી નથી. આ ઝીણી વાત છે. ભારે સૂક્ષ્મ (૭) જે દર્શનોપયોગ અને ત્રિકાળી શ્રદ્ધાનો ભાવ છે, તે ઔદયિકાદિ વર્તમાન પર્યાયના આશ્રયે જણાય એવો નથી. (૮) પોતાના શુદ્ધાત્માનો ત્રિકાળી જ્ઞાયક ભાવ.

પરમ ભટ્ટારક :પરમ પુરુષ. દિગંબર આમ્નાયમાં પરમ પુરુષ માટે ભટ્ટારકની પદવી ગણાય છે. (૨) મહા દેવાધિદેવ; પરમેશ્વર; અરિહંત; સિદ્ધ; પરમપૂજ્ય.

પરમ ભદ્દારક :મહાધિદેવ; પરને પદ; પરમ શૂન્ય

પરમ યોગ, પ્રાપ્ત :મહાપાત્ર; સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

પરમ વિચક્ષણ :પરમ વિવેક; પરમ વિનય

પરમ વિવિધતા :સમસ્ત પદાર્થસમૂહ કે જે અનંત વિવિધતામય છે.

પરમ શીલ :આત્મામાં સ્થિરતા કરવારૂપ આચરણ.

પરમ સુખ :આત્મસુખ

પરમ સમરસીભાવ :પારમાર્થિક સુખરસાસ્વાદ.

પરમ સમાધિ :અંતર આત્માની દષ્ટિ કરતાં પર્યાયમાં જે શાંતિનો અંશ પ્રગટ થાય છે તેનું નામ પરમ સમાધિ છે.

આત્મા પૂર્ણ-પૂર્ણ-પૂર્ણ સમાધિ-વીતરાગી શાંતસ્વભાવે પડ્યો છે તેની પ્રતીતિ, જ્ઞાન અને અનુભવ કરતાં જે શાંતિ પ્રગટ થાય છે તેને પરમ સમાધિ કહી છે.

માત્ર મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ક્ષય થયો હોય છતાં પરમ સમાધિસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરવાથી શાંતિ પ્રગટ થઈ છે માટે તેને પણ પરમસમાધિ કહી છે. આવી પરમસમાધિમાં જે સ્થિત છે તેને અંતરાત્મા કહેવાય છે.

પરમ સંયમ પ્રધાન :ઉત્કૃષ્ટ સંયમ જેમાં મુખ્ય હોય એવું.

પરમ સ્વભાવભાવરૂપ :અતીન્દ્રિય આનંદરૂપ; જ્ઞાયક રૂપ; ધ્રુવ સ્વભાવ ભાવરૂપ; શુદ્ધ ઉપાદાનભૂત; ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય

પરમ સ્વરૂપ :અર્હંત ભગવાનનું શુદ્ધ સ્વરૂપ; જે ભગવાન અરિહંતના સ્વરૂપને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચય કરીને મોહ નાશ પામે. (૨) અર્હંત ભગવાનનું શુદ્ધ સ્વરૂપ અર્થાત્ જે ભગવાન અરિહંતના સ્વરૂપને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે અને તેનો નિશ્ચય કરીને મોહનાશ પામે. વ.૭૫૩,વ.૨૩૮ ઉપર વિવેચન.

પરમ સૌખ્ય :ઉત્કૃષ્ટ મોક્ષસુખ; પરમ નિર્વાણસુખ.

પરમ સૌમ્ય :પૂર્ણ આનંદ

પરમઅમૃતરૂપ વિજ્ઞાનઘન :આત્મા પોતે.

પરમકળા :પરમ સુખ-રસમાં લીન, નિર્વિકાર સ્વસંવેદન રૂપ પરમકળા

પરમગુરુ :અર્હંતદેવ (૨) સર્વજ્ઞદેવ; તીર્થંકરપ્રભુ; ત્રિકાળી ધ્રુવ, પોતાનો આત્મ સ્વભાવ.

પરમગુરુના ચરણ કમળયુગલની સેવા :પ્રભુ.! તારો ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અંદર નિત્ય પૂર્ણાનંદસ્વરૂપે બિરાજે છે. તો ત્યાં દ્રષ્ટિ કર, તેનું જ્ઞાન કર, ને તેમાં સ્થિર થા, તને પરમ આનંદ થશે, આવો પરમગુરુનો ઉપદશે છે.

પરમત :જૈન મત સિવાયના બીજા બધા, મિથ્યામત

પરમવિનય પૃચ્છા :સત્ય તત્ત્વ જાણવાની, અપૂર્વ જિજ્ઞાસા.

પરમવિશુદ્ધિ :સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા;

પરમેશપદ :પરમેશ્વરના પુનિત પદારવિંદ (ચરણકમળ).

પરમશ્રુત :પ્રયોજનભૂત ઉત્તમ શ્રુતજ્ઞાન. (૧) જીવ, (૨) અજીવ, (૩) પુણ્ય, (૪) પાપ, (૫) આસ્રવ, (૬) સંવર, (૭) નિર્જરા, (૮) બંધ, (૯) મોક્ષ- એ નવતત્ત્વ; સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, હેય-ઉપાદેય, નિમિત્ત-નૈમિત્તિક બેઉની સ્વતંત્રતા, નિશ્ચયવ્યવહાર, એનું જાણવું પ્રયોજનભૂત જ્ઞાન છે.

પરમશ્રુત :ષડ્દર્શન અવિરુદ્ધ દશાએ જાણનાર; શ્રુતજ્ઞાનનું વિશેષપણું. (૨) ષડ્દર્શનના યથાસ્થિત જાણનાર. (૩) વાણીધર્મે વર્તતું શ્રુત પણ તેઓને વિષે કોઈ નય ન દુભાય એવું સાપેક્ષપણે વર્તે છે. તે તેમનો પરમશ્રુત ગુણ સૂચવ્યો અને પરમશ્રુત જેને વિષે વર્તે તે પૂજવા યોગ્ય હોઈ તેમનો તેથી પૂજાતિશય સૂચવ્યો. (૪) ષડ્દર્શનના યથાસ્થિત જાણનાર.

પરમશ્રુત પ્રભાવક મંડળ :પરમ એટલે, જેનાથી પર કોઈ નથી, ને જે બીજા બધાથી પર છે, એવું શ્રુત-સતશ્રુત-સતશાસ્ત્ર, તેનો જે પ્રભાવ વર્તાવે- પ્રભાવના કરે, તે પરમશ્રુત પ્રભાવક અને આ પરમશ્રુત પ્રભાવના પરમ પુણ્ય કાર્યમાં જે જોડાય, તે મંડળ.

સંવત ૧૯૫૬ના ભાદરવા વદમાં વઢવાણ કેમ્પક્ષેત્રે શ્રીમદે સ્થાપના કરી.

પરમશ્રી :મોક્ષરૂપી, લક્ષ્મી

પરમશ્રીરૂપી કામિની :પરમ ઉત્કૃષ્ટ લક્ષ્મી; મુક્તિરૂપી રમણી, મોક્ષરૂપ પરિણતિ; પરમાનંદની પ્રાપ્તિ.

પરમશીલ :આત્મામાં સ્થિરતા કરવારૂપ આચરણ

પરમેષ્ટ :સર્વોત્કૃષ્ટ ઈષ્ટ હોય તેનું નામ પરમેષ્ટ છે.

પરમાં :રાગમાં, લક્ષ્મીમાં, સ્ત્રીસંગમાં

પરમાગમ :ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાંત, તીર્થંકર પ્રભુ,ની દિવ્યવાણી (૨) સિદ્ધાંતશાસ્ત્ર

પરમાણ :માપ

પરમાણુ :રૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ પરમાણુ છે. (૨) પુદ્ગલ સ્કંધરૂપ પર્યાયોનો જે અંતિમ ભેદ (નાનામાં નાનો ભાગ) તે પરમાણુ છે. અને તે તો, વિભાગના અભાવને લીધે અવિભાગી છે; નિર્વિભાગ-એક પ્રદેશવાળો

હોવાથી એક છે; મૂર્તદ્રવ્યપણે સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; અનાદિ-અનંત રૂપાદિના પરિણામે ઊપજતો હોવાથી મૂર્તિપ્રભવ છે; અને રૂપાદિ પરિણામે ઊપજતો હોવા છતાં પણ અશબ્દ છે એમ નિશ્ચિત છે, કારણકે શબ્દ પરમાણુનો ગુણ નથી. (૩) એક પરમાણુ એક પ્રદેશી છતાં છ દિશાને સ્પર્શે. ચાર દિશા તથા એક ઊર્ધ્વ અને બીજી અધો એ મળી છ દિશા. (૪) જેનો બીજો કોઈ ભાગ થઈ શકે નહિ એવા સૌથી નાનામાં નાના પુદ્લને પરમાણુ કહે છે. જે પૂરે-ભેગા થાય અને છૂટા પડે તે પુદ્ગલ. (૫) પરમાણુ પોતે બધી રીતે નિર્મળ છે પરંતુ પરમાણુમાં બે પ્રકારનો વિભાવ પણ થાય છે અને પરમાણુ ભેગા થઈને આત્માની વિભાવપર્યાયનું નિમિત્ત પામીને કર્મપણે પરિણમે છે તે બીજા પ્રકારનો વિભાવ છે. (૬)પૃથ્વી, જળ, તેજ અને વાયુ, એ ચાર પરમાણુઓની ધાતુઓ છે. (•) સ્કંધનું જે કારણ થાય, તેને કારણ પરમાણુ કહ્યો. (•) સ્કંધમાંથી છૂટા પડતાં, જે (અંતિમ) ભાગ રહે, તેને કાર્ય પરમાણુ (•) સ્કંધમાં જોડાવાનું કામ કરે, તેને ઉત્કૃષ્ટ કહ્યો. (૭) સર્વથી નાના પુદ્ગલને, પરમાણુ કહે છે. (૮) પરમાણુ પોતે બધી રીતે, નિર્મળ છે. પરંતુ પરમાણુમાં, બે પ્રકારના વિભાવ પણ થાય છે. પરમાણુની સ્કંધરૂપે, અવસ્થા થાય છે. તે એક પ્રકારનો વિભાવ છે. અને પરમાણુ ભેગા થઈને, આત્માની વિભાવ પર્યાયનુ નિમિત્ત પામીને, કર્મપણે પરિણમે છે, તે બીજા પ્રકારનો વિભાવ છે. (૯) રૂપી પદાર્થની, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ, પરમાણુ છે. (૧૦) પરમ+અણુ; છેલ્લામાં છેલ્લો સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાગ, તે પરમાણુ છે. આવો એક છૂટો પરમાણુ ગતિ કરે, તે પુદ્ગલની સ્વભાવગતિ ક્રિયા છે. તેમાં વિભાવ ગતિક્રિયા નથી; કેમ કે બીજા પરમાણુનો, ત્યારે સંબંધ નથી. તેથી તેને સ્વભાવગતિક્રિયા કહે છે, એટલે કે છૂટો રજકણ-પરમાણુ, એક ક્ષત્રથી બીજા ક્ષેત્રે તેની મેળાએ જાય, એવો એનો સ્વભાવ છે, અર્થાત્ સ્વભાવગતિક્રિયા રૂપે પરિણમન, એ એનો (છૂટા પરમાણુનો) સ્વભાવ છે. ટીકામાં પણ કહ્યું છે ને કે, સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે, પરિણત જીવ-પુદ્ગલોને એટલે કે જીવ-પુદ્ગલોને, જે સ્વભાવગતિનું કે વિભાવગતિનું પરિણમન છે, તે પોતાનું છે. અને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. (૧૧) પરમાણુને ચાર સ્પર્શે, પાંચ રસ, બે ગંધ અને પાંચ પર્ણન સદ્ભાવ છે. (૧૨) જેનો બીજો ભાગ થઈ શકતો નથી, એવા સૌથી નાના, પુદ્ગલને પરમાણુ કહે છે. (૧૩) સર્વ સ્કંધરૂપ પર્યાયોનો જે અંતિમ ભેદ (નાનામાં નાનો ભાગ) તે પરમાણુ છે. તે વિભાગના અભાવને લીધે અવિભાગી છે; નિર્વિભાગ એક પ્રદેશવાળો હોવાથી એક છે; મૂર્તદ્રવ્યપણે સદાય અવિનાશી હોવાથી નિત્ય છે, અનાદિ-અનંત રૂપાદિના પરિણામે ઊપજતો હોવાથી મૂર્તિપ્રભવ છે; અને રૂપાદિના પરિણામે ઊપજતો હોવા છતાં પણ અશબ્દ છે એમ નિશ્ચિત છે, કારણ કે શબ્દ પરમાણુનો ગુણ નથી.

માત્ર ભેદકથન દ્વારા જ પરમાણુથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણનો ભેદ પાડવામાં આવે છે. પરમાર્થે તો પરમાણુથી સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભેદ છે.

પૃથ્વીમાંઃ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચારે ગુણો વ્યક્ત (અર્થાત વ્યકતપણે પરિણત હોય છે; પાણીમાં સ્પર્શ, રસ ને વર્ણ વ્યકત હોય છે; ને ગંધ અવ્યકત હોય છે; અગ્નિમાં સ્પર્શ ને વર્ણ વ્યકત હોય છે અને બાકીના બે અવ્યકત હોય છે; વાયુમાં સ્પર્શ વ્યકત હોય છે અને બાકીના ત્રણ અવ્યકત હોય છે.

(૧૪) અવિભાગી તે પરમાણુ છે. (૧૫) બે પ્રકારે છે.-પરોક્ષ અને પ્રત્યક્ષ (૧૬) સાચા જ્ઞાનને-નિર્દોષ જ્ઞાનને અર્થાત્ સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહે છે. અનંતગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પરવસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. પ્રમાણ વસ્તુના સર્વ દેશને (બધાં પડખાંને) ગ્રહણ કરે છે-જાણે છે.

પરમાણુ બોમ્બ :જો કોઈ ભોળો જીવ એમ કહે કે, બોમ્બના રૂપે પરમાણુ તો મહાન વિનાશક કાર્ય કરે છે. ઘણાને અપકાર કરે છે, તો તેને ઉપકાર-અપકાર રહિત, કેવી રીતે કહેવાય?

તેનો ઉત્તર એટલો જ છે, જેને પરમાણુ બોમ્બ કહેવામાં આવે છે, તે તો નામનો પરમાણુ છે= કોઈ અપેક્ષાએ તેને પરમાણુ નામ આપવામાં આવે છે, તો તે વિસ્ફોટક પદાર્થરૂપે અનેક દ્વિઅણુક આદિ નાના મોટા સ્કંધો

સહિત, એક મોટો સ્કંધ હોય છે; તેને વાસ્તવમાં, પરમાણુ કહી શકાતો નથી. પરમાણુ તો તે છે, જેનો આદિ-મધ્ય-અંત હોતો નથી. વિભાગ થઈ શકતો નથી. અને જે ઈન્દ્રિયગોચર હોતો નથી.

પરમાણુઓ અણુમહાન છે :વ્યક્તિ અપેક્ષાએ તેઓ એકપ્રદેશી છે અને શક્તિ અપેક્ષાએ અનેક પ્રદેશી પણ (ઉપચારથી) છે. એ રીતે પરમાણુઓ અણુમહાન છે.

પરલોક :પર એટલે, ઉતકૃષ્ટ વીતરાગ ચિદાનંદ, શુદ્ધ સ્વભાવવાળો આત્મા. તેનો જ લોક એટલે, અવલોકન, નિર્વિકલ્પ સમાધિમાં અનુભવ કરવો, તે પરલોક શબ્દનો અર્થ છે. અથવા જેના પરમાત્મ સ્વરૂપમાં એટલે, કેવલજ્ઞાનમાં જીવાદિ પદાર્થો દેખાય છે, માટે તે પરમાત્માનું નામ પરલોકમાં છે. વ્યવહારનયથી સ્વર્ગ મોક્ષને પરલોક કહે છે. સ્વર્ગ તથા મોક્ષનું કારણ, ભગવાનનો ધર્મ છે. માટે કેવલી ભગવાનને પણ, પરલોક કહેવામાં આવે છે. પરમાત્માની સમાન, જે પોતાનો આત્મા છે, તે જ પરલોક છે, તે જ ઉપાદેય છે. (૨) શુદ્ધ સહજ, આત્મસ્વરૂપરૂપ મોક્ષ (૩) પરમાત્મ તત્ત્વ (૪) મુકતાત્માઓ લોકના અગ્ર ભાગમાં રહે છે. તે જ બ્રહ્મલોક છે, તે જ વિષ્ણુલોક છે, અને તે જ શિવલોક છે, તે સિવાય, અન્ય કોઈ શિવલોક નથી. એમ ભાવાર્થ છે. અત્રે પરલોક શબ્દનો અર્થ પરમાત્વ તત્ત્વ છે. (૫) પરમ આત્મ તત્ત્વ; પરમાત્વ તત્ત્વ

પરલોક શબ્દથી પરમાત્મા કહે છે :શુદ્ધ નિશ્ચયનયથી કેવલજ્ઞાન, કેવલદર્શન, સ્વભાવવાળો પરમાત્મા, શક્તિરૂપે સર્વ સંસારી જીવોમાં રહેલા છે, અર્થાત્ સર્વસંસારી જીવોમાં, પરમાત્મા થવાની શકિત છે. કર્મબદ્ધ આત્મા સંસાર અવસ્થામાં, એકેન્દ્રિયાદિ જુદી જુદી અવસ્થાઓ ધારણ કરે છે, પણ જયારે કર્મરહિત થાય છે, ત્યારે સિદ્ધ બને છે, કર્મયુકત અવસ્થામાં જીવ, શકિતરૂપે પરમાત્મા છે. અને સિદ્ધ અવસ્થામાં, વ્યકિત (પ્રગટ) પણે પરમાત્મા છે. શકિતની અપેક્ષાએ, આ આત્મા પણ પરમ બ્રહ્મા, પરમ વિષ્ણુ, પરમ શિવ આદિ, નામોથી કહી શકાય છે, પણ પ્રગટ પણે તો, અરિહંત તથા સિદ્ધને જ, પરમાત્મા શબ્દથી કહેવા યોગ્ય છે. અરિહંત તથા સિદ્ધ સિવાય, કોઈ અન્ય જગદ્વ્યાપી તથા એક પરમ બ્રહ્માદિ, અથવા શિવ નથી. મુકતાત્માઓ, લોકના અગ્રભાગમાં રહે છે. તે જ બ્રહ્મલોક છે. તે જ વિષ્ણુલોક છે, અને તે જ, શિવલોક છે. તે સિવાય અન્ય કોઈ શિવલોક નથી. એમ ભાવાર્થ છે. અત્રે પરલોક શબ્દનો અર્થ પરમાત્મ તત્ત્વ છે.

પરસ્પર :એકબીજામાં

પરસ્પર અપ્રવૃત્ત :એક બીજામાં નહિ પ્રવર્તતા, એવા પર્યાયો.

પરસ્પર કાર્યકારણભૂત :રાગદ્વેષપરિણામ અને કર્મબંધ અનાદિ કાળથી એકબીજાને કાર્યકારણભૂત છે.

પરસ્પરગમન :એકબીજામાં પ્રવેશવું.

પરસ્પરમાં :એકમેક

પ્રસ્ફૂટિત :ફાટવું

પરસમયપ્રવૃત્તિ :પરસમયપ્રવૃત્તિયુકત દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કથંચિત મોક્ષરૂપ કાર્યથી વિરુધ્ધ કાર્યનું કારણપણું (અર્થાત બંધરૂપ કાર્યનું કારણપણું) વ્યાપે છે. (શાસ્ત્રોમાં કયારેક દર્શન-જ્ઞાન-ચારિત્રને પણ, જો તેઓ પરસમયપ્રવૃત્તિયુકત હોય તો કથંચિત બધના કારણ કહેવામાં આવે છે; વળી કયારેક જ્ઞાનીને વર્તતા શુભભાવોને પણ કથંચિત મોક્ષના પરંપરહેતુ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં આવતાં આવા ભિન્ન ભિન્ન પધ્ધતિનાં કથનો ઉકેલવામાં એ સારભૂત હકીકત ખ્યાલમાં રાખવી કે-જ્ઞાનીને જયારે શુધ્ધાશુધ્ધરૂપ મિશ્રપર્યાય વર્તતો હોય છે ત્યારે તે મિશ્રપર્યાય એકાંતે સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોતો નથી કે એકાંતે આસ્રવ-બંધના કારણભૂત હોતો નથી. પરંતુ તે મિશ્રપર્યાયનો શુધ્ધ અંશ સંવર-નિર્જરા-મોક્ષના કારણભૂત હોય છે. અને અશુધ્ધ અંશ આસ્રવબંધના કારણભૂત હોય છે.)

પરસમય :પરધર્મીઓ (૨) મૂઢદ્રષ્ટિ (૩) મિથ્યાદષ્ટિ. (૪) જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે. (૫) અનાત્મા (૬) આત્માને અનાદિ અવિદ્યા કહેતાં અજ્ઞાનથી મોહ પુષ્ટ છે. મોહકર્મ તેમાં નિમિત્ત છે. મોહકર્મ જેનું નિમિત્ત છે એવા મોહના ઉદય અનુસાર અનાદિથી પ્રવૃત્તિ કરે છે-રાગદ્વેષ, પુણ્ય-પાપ,દયા, દાન આદિ

વિકારરૂપ પરિણમે છે. આ વિકારી પરિણમનને આધીન થયેલો તે દર્શન-જ્ઞાન સ્વભાવરૂપ આત્મતત્વથી છૂટી ગયો છે. સ્વસમય પરિણમનમાં દર્શનજ્ઞાન સ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ જે એકતા હોય છે તે અહીં વિકારી પરિણમનને આધીન થયેલો જીવ દર્શન-જ્ઞાન સ્વભાવથી-નિજ શુધ્ધાત્મતત્વથી છૂટી જાય છે એમ કહ્યું છે. તેથી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન એવા મોહ-રાગ-દ્વેષાદિ ભાવો સાથે એકી સાથે એકપણાને પામતો અને જાણતો તે પુદગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવાથી પરસમય છે એમ જાણવામાં આવે છે. પુણ્ય-પાપના વિકારીભાવો એકપણું માનીને વર્તે છે તે મિથ્યાદ્રષ્ટિ પર સમય છે. (૭) મિથ્યા દષ્ટિ; પર્યાય મૂઢ. (૮) અનાદિ, અવિદ્યારૂપી જે કેળ તેના મૂઈની ગાંઠ જેવો જે (પુષ્ટ થયેલો મોહ, તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શન જ્ઞાન સ્વભાવ, નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી, પર દ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગ દ્વિષાદિ ભાવોમાં, એકતારૂપે લીન થઈ જીવ પ્રવર્તે છે, ત્યારે પુદ્ગલકર્મના કાર્મણ સ્કંધરૂપ પ્રદેશોમાં, સ્થિત થવાથી પર દ્રવ્યને પોતાની સાથે, એક પણે એક કાળમાં જાણતો, અને રાગાદિરૂપ પરિણમતો એવો તે પર સમય, એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે. પુણ્યને ધર્મ માનવાનો નિષેધ છે, પણ પાપથી બચવા પુણ્ય કરવાનો નિષેધ હોય નહિ. પુણ્યથી ધીમે ધીમે, આત્મગુણ પ્રગટ થશે, એવી અનાદિની ઊંધી માન્યતાનો નિષેધ, મોક્ષ માર્ગમાં છે. રાગની પ્રવૃતિને કર્તવ્ય માન્યું છે, પુણ્ય-પાપના ભાવ મને મદદ કરશે, પરનું હું કરી શકું છું, પર મારું કરી શકે છે, એમ પરમાં એકત્વપણાની માન્યતાથી પુષ્ટ થયેલ મોહ રૂપ, ભ્રાન્તિ ચાલી આવે છે. તેની અનુકૂળતામાં રાગ, અને પ્રતિકૂળતામાં દ્વેષ કરી, વિકારભાવમાં એકત્વપણે લીન થઈ, જીવ પ્રવર્તે છે. પરમાં કર્તાપણરૂપ પરાધીનતા વડે, નિર્મળ દર્શન જ્ઞાન સ્વભાવથી છૂટી, પર વસ્તુને પોતાપણે માનતો, પર દ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતા રાગ, દ્વેષ, મોહમાં એકતારૂપ લીન થઈ પરિણમે છે. એવો, તે પર સમય છે. તે જીવ અધર્મી છે, અનાત્મા છે, સ્વની હિંસા કરનારો છે. (૯) રાગની પ્રવૃત્તિને કર્તવ્ય માન્યુ છે, પુણ્ય-પાપના ભાવ મને મદદ કરશે, શરીર, મન, વાણી મને મદદ કરશે, પરનું હું કરી શકું છુ, પર મારું કરી શકે છે, એમ પરમાં એકત્વપણની માન્યતાથી પુષ્ટ થયેલ, મોહરૂપભ્રાન્તિ ચાલી આવે છે તેની અનુકૂળતામાં, રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ કરી, વિકારભાવમાં એકત્વપણે લીન થઈ, જીવ પ્રવર્તે છે. પરમાં કર્તાપણારૂપ પરાધીનતા વડે નિર્મળ દર્શન જ્ઞાન સ્વભાવથી છૂટી પરવસ્તુને પોતાપણે માનતો, પર દ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થતા રાગ, દ્વેષ, મોહમાં એકત્વરૂપ લીન થઈ પરિણમે છે. એવો તે 'પરસમય' છે. તે જીવ અધર્મી છે. અનત્ય છે, સ્વની હિંસા કરનારો છે. પુણ્યને ધર્મ માનવાનો નિષેધ છે, પણ પાપથી બચવા, પુણ્ય કરવાનો નિષેધ હોય નહિ. (૧૦) મિથ્યા દષ્ટિ; પર્યાયોમાં લીન; જે જીવ પર સાથે, એક પણાની માન્યતાપૂર્વક જોડાય, તેને પરસમય કહેવામાં આવે છે. (૧૧) જે જીવ, પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય, તેને પર સમય કહેવામાં આવે છે. (૧૨) જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય, તેને મિથ્યાદષ્ટિ (પરસમય) કહેવામાં આવે છે; મિથ્યાદષ્ટિ (૧૩) પર દ્રવ્યનો સંયોગ; પુદ્ગલ કર્મના પ્રદેશો. (૧૪) પર સ્વભાવરૂપ-મોહ રાગદ્વેષ થઈને રહે તે પરસમય છે. અર્થાત્ પોતાના શુદ્ધ ત્રિકાળી સ્વરૂપથી ચ્યુત થઈને પુણ્ય-પાપ વા રાગ-દ્વેષને એકપણે એક કાળે જાણતો અને પરિણમતો જે આત્મા તે અનાત્મા, અધર્મી તથા પરસમય છે એમ જાણવામાં આવે છે. એકપણે સ્વસ્વરૂપે પરિણમે તે સ્વસમય અને અન્યપણે-રાગાદિપણે પરિણમે તે પરસમય છે. એક જીવને આ પ્રમાણે દ્વિવિધપણું છે, તે અશોભારૂપ છે. (૧૫) જે જીવ પુદગલકર્મના પ્રદેશમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ. જે જીવ રાગમાં સ્થિત છે. એ પુદગલકર્મના પ્રદેશમાં સ્થિત છે. તે ભગવાન આત્માના શ્રદ્ધા જ્ઞાનચારિત્રમાં, સ્થિત નથી. રાગ-દ્વેષ આદિ વિકારના જેટલા અંશો છે, એ બધા પુદગલકર્મના પ્રદેશો છે. એ આત્માનો ભાવ નથી, તેથી એને પરસમય-અનાત્મા જાણ. (૧૬) પર સન્મુખ; શાસ્ત્રના શ્રવણથી ખોટી કલ્પના કરી લીધી કે, કર્મ મને અનાદિનાં નડે છે, રાગ, દ્વેષ, કર્મ કરાવે છે. દેહ, મન, વાણીની પ્રવૃત્તિ, માર વડે થાય છે, એ પ્રકારે ઊંધી માન્યતાથી

પરમાં ટકયો, તે પર સમય છે. અને જે પર, આશ્રય રહિત, પુણ્ય પાપ રહિત, શુદ્ધ દર્શન, જ્ઞાન અને સ્વરૂપ સ્થિરતાપણે આત્મામાં ટકયો છે, તે સ્વ-સમય છે એટલે સ્વ-સન્મુખ છે. પર વલણ વડે, પર સાથે સંબંધ માન્યો છે, પરમાં અટકયો છે, તે પર સન્મુખ, એટલે પર સમય છે.

પરસમય થાય છે :જે જીવ પર સાથે એકપણાની માન્યતાપૂર્વક જોડાય તેને પરસમય કહેવામાં આવે છે.

પરસમયપણું :એક સમયમાં આત્માનું પુદ્ગલ કર્મના પ્રદેશોમાં સ્થિત થવું એટલે કે વિભાવ-રાગદ્વેષ તેમાં સ્થિત થવું તે પરસમયપણું છે. એટલે કે એક સમયમાં આત્મામાં વિભાવનું ઉત્પન્ન થવું તે પરસમયપણું છે.

પરસમયરત :પરસમયમાં રત; પરસમયસ્થિત; પરસમય પ્રત્યે વલણવાળો; પરસમયમાં આસક્ત.

કોઈ પુરુષ નિર્વિકાર શુધ્ધાત્મભાવના સ્વરૂપ પરમોપેક્ષા સંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે, પરંતુ તેમાં સ્થિત રહેવાને અશકત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થ જયારે પંચ પરમેષ્ઠી પ્રત્યેક ગુણસ્તવનાદી ભક્તિ કરે છે,ત્યોરે તે ુસુક્ષ્મ પરસમય રૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દ્રષ્ટિ છે; અને જો તે પુરુષ શુધ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ તેને (શુધ્ધાત્મભાવનાને) છોડીને શુભોપયોગથી જ મોક્ષ થાય છે. એમ એકાંતે માને, તો તે સ્થૂળ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યા દ્રષ્ટિ થાય છે. (૨) પર સમયમાં રત; પરસમયસ્થિત; પર સમય પ્રત્યે વલણવાળો; પર સમયમાં આસક્ત. સૂક્ષ્મ પરસમયના સ્વરૂપનું કથન= કોઈ પુરુષ નિર્વિકાર શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષાસંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે. પરંતુ તેમાં સ્થિત રહેવાને સશકત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે અથવા સંસારસ્થિતિના છેદનાર્થે જ્યારે પંચ પરમેષ્ઠી પ્રત્યે ગુણસ્તવનાદિ ભક્તિ કરે છે, ત્યારે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યદ્દષ્ટિ છે; અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુદ્ધાત્મભાવનાને) છોડીને શુભોપયોગથી જ મોક્ષ થાય છે એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદ્દષ્ટિ થાય છે. (૩) પરસમયમાં રત; પરસમયસ્થિત; પરસમય પ્રત્યે વલણવાળો; પરસમયમાં આસક્ત. પંચાસ્તિકાય ગાથા ૧૬૫ ની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છેઃ-

કોઈ પુરુષ નિર્વિકાર-શુદ્ધાત્મભાવનાસ્વરૂપ પરમોપેક્ષા સંયમમાં સ્થિત રહેવા ઈચ્છે છે. પરંતુ તેમાં સ્થિત રહેવાને અશક્ત વર્તતો થકો કામક્રોધાદિ અશુભ પરિણામના વંચનાર્થે તે સૂક્ષ્મ પરસમયરૂપે પરિણત વર્તતો થકો સરાગ સમ્યગ્દ્દષ્ટિ છે; અને જો તે પુરુષ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ, તેને (શુદ્ધાત્મભાવનાને) છોડીને શુભોપયોગથી જ મોક્ષ થાય છે એમ એકાંતે માને, તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદ્દષ્ટિ થાય છે.

પરસમયો :મિથ્યામતિઓ

પરસમીપ જોડાણ :રાગ દ્વેષના, વિકલ્પનો અનુભવ

પ્રમાણજ્ઞાન :દ્રવ્ય-પર્યાયરૂપ આખો પદાર્થ તે પ્રમાણનો વિષય છે. તેમાં પરમ પારિણામિક સ્વભાવે જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે તે નિશ્ચયનો વિષય છે, અને વર્તમાન વર્તતી પર્યાય તે વ્યવહારનો વિષય છે, નિશ્ચય છે તે ત્રિકાળી દ્રવ્યને સ્વીકારે છે અને વ્યવહારનય વર્તમાન વર્તતી પર્યાયને સ્વીકારે છે. ત્યાં નિશ્ચયનું જે જ્ઞાન કર્યું, તેની સાથે પર્યાયનું જ્ઞાન ભેળવે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે; પણ નિશ્ચયને ઉડાડીને વ્યવહારને ભેળવે તો પ્રમાણજ્ઞાન રહે જ નહિ. (૨) બે કારણથી કાર્ય થાય છે એમ કહ્યું હોય ત્યાં તો નિમિત્તનું જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. નિશ્ચયથી તો તે તે સમયનું કાર્ય પોતાથી જ થયું છે. આ નિશ્ચય રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવાય છે કે બે કારણથી કાર્ય થયું છે, અને ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે. પ્રમાણજ્ઞાનમાં, કાર્ય પોતાથી જ થાય છે એ નિશ્ચયની વાત રાખીને, નિમિત્તનું જ્ઞાન કરાવવા નિમિત્તથી થાય છે એમ કહ્યું છે. પ્રમાણજ્ઞાનમાં, નિશ્ચયનો નિષેધ કરીને નિમિત્તથી કાર્ય થાય છે એમ કહ્યું નથી. પ્રમાણજ્ઞાનમાં જે પરિણમન થાય છે તે નિશ્ચયથી સ્વ-આશ્રયે પોતાથી જ થાય છે એ વાત રાખીને પ્રમાણનું જ્ઞાન કરાવવા નિમિત્તને ભેળવ્યું છે. જો નિશ્ચયને છોડી દે તો પ્રમાણજ્ઞાન જ સાચું ન થાય. નિશ્ચયની વાતને જેમ છે તેમ (યથાર્થ) રાખીને પ્રમાણજ્ઞાન

કરાવ્યું છે. ઉપાદાનનું યથાર્થ જ્ઞાન કરાવીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. (૩) ત્રિકાળ જ્ઞાયકભાવ એકરૂપ છે તે નિશ્ચય તથા તેની સાથે પર્યાયના ભેદનું લક્ષ કરવું તે વ્યવહાર. એ નિશ્ચય સાથે વ્યવહારનું જ્ઞાન થયું (ભેળવ્યું) તો પ્રમાણજ્ઞાન કહેવાય. પ્રમાણજ્ઞાનમાં સાથે વ્યવહાર આવ્યો માટે નિશ્ચય અંદર ભૂલાઈ ગયો એમ નથી. નિશ્ચય તો એકરૂપ છે જ. નિશ્ચય તો પ્રમાણમાં પહેલાં આવ્યો જ. (૪) ભૂતકાળની અને ભવિષ્યકાળની બધી પર્યાયો દ્રવ્ય સામાન્યમાં પારિણામિકભાવે છે. વ્યક્ત જ્ઞાનની પર્યાયમાં જે અવ્યક્ત સામાન્યનું જ્ઞાન થયું તે નિશ્ચયનું જ્ઞાન છે. નિશ્ચયના જ્ઞાન સાથે વર્તમાન પર્યાયનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. (નિશ્ચયના જ્ઞાનપૂર્વક) પર્યાય પોતે એકલું પર્યાયનું જ્ઞાન કરે તે વ્યવહારનું જ્ઞાન છે. પ્રમાણજ્ઞાન અને નયજ્ઞાન બન્ને પર્યાય છે. (૫) ગુણ-પર્યાયો સહિત આખી વસ્તુને સિધ્ધ કરે તે પ્રમાણજ્ઞાન છે. (૬) પ્રમાણજ્ઞાન પાંચ પ્રકારનું છે-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ અને મનઃપર્યય એ બે વિકલ્પ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સકલ-પ્રત્યક્ષ છે. તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે. તે બન્ને પ્રમાતા, પ્રમાણ, પ્રમેયના ભેદને અનુભવતાં તો ભૂતાર્થ છે, સત્યાર્થ છે, અને જેમાં સર્વ ભેદો ગૌણ થઈ ગયા છે એવા એક જીવના સ્વભાવનો અનુભવ કરતાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. (૭) દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને સમગ્રપણે દેખનારું, તે પ્રમાણ જ્ઞાન. (૮) સર્વજ્ઞ વીતરાગની વાણીમાં, કથંચિત વિવક્ષાના ભેદથી એક એક વસ્તુમાં (એક અપેક્ષા મુખ્ય કરીને અને બીજી અપેક્ષા ગૌણ કરીને) સતપણું, એકપણું, નિત્યપણું, અભેદપણું, શુદ્ધપણું ઈત્યાદિ, નિશ્ચય દૃષ્ટાની અપેક્ષાનો વિષય, અને અસતપણું, અનેક પણું, અનિત્યપણું, ભેદપણું, અશુદ્ધપણું ઈત્યાદિ વ્યવહાર દૃષ્ટિની અપેક્ષાનો વિષય આવે છે. બંને મળીને, આખી વસ્તુનું જ્ઞાન કરે તો, પ્રમાણજ્ઞાન-સાચું જ્ઞાન થાય છે. સાચામાંથી સાચું આવે છે. એ રીતે વીતરાગની વાણીના ન્યાયથી જાણતાં, વિરોધી અભિપ્રાય ટળી જાય છે. વીતરાગની વાણીમાં ખોટાની કલ્પના પણ નથી. (૯) પ્રમાણજ્ઞાન પાંચ પ્રકારે છે; મતિ, શ્રુતિ, અવધિ, મનઃ પર્યય અને કેવળજ્ઞાન. તેમાં મતિ અને શ્રુતજ્ઞાન બે પરોક્ષ છે. અવધિ અને મનઃપર્યય જ્ઞાન એ બે વિકલ. પ્રત્યક્ષ (અંશે પ્રત્યક્ષ) છે અને કેવળ જ્ઞાન સકલ પ્રત્યક્ષ (સંપૂર્ણ પ્રત્યક્ષ) છે.

પરમાણુદ્રવ્યોનાં સ્વલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વો અનેક હોવા છતાં કથંચિત :સ્નિગ્ધત્વ-રૂક્ષત્વ બંધપરિણામની અપેક્ષાએ એકપણે અવભાસે છે.

પરમાણુદ્વંદે :બે પરમાણુઓનું જોડકું; બે પરમાણુઓનો બનેલો સ્કંધ; દ્વિ-અણુક સ્કંધ.

પરમાણુનું લક્ષણ :જે સ્વયં આદિ, મધ્ય અને અંતરૂપ છે. જેના આદિ, મધ્ય અને અંત, એક બીજાથી ભિન્ન નથી. અવિભાગીએ-જેનું વિભાજન -ખંડ અથવા અંશ, વિકલ્પ થઈ શકતો નથી.-અતીન્દ્રિય છે. ઈન્દ્રિયો દ્વારા, ગ્રાહ્ય નથી અને અગ્નિ-શસ્ત્રાદિ દ્વારા, વિનાશ પામી શકતું નથી, એવું દ્રવ્ય, પરમાણું કહેવાય છે.

પરમાણુના અન્ય વિશેષણો શ્રી કુન્દકુન્દાચાર્ય પંચાસ્તિકોષમાં આ પ્રમાણે વ્યકત કર્યા છે- સર્વ સ્કન્ધાજય, શાશ્વત, અશબ્દ, અવિભાગી, એક મૂર્તિબન, આદેશમાત્ર, મૂર્ત, ધાતુ, ઋતુચક- કારણ, પરિણામ-ગુણ, એક રસ-પણે-ગંધ-દ્વિસ્પર્શ, શબ્દ-કરણ, સ્કન્ધાતારિત વગેરે.

પરમાત્મ :પરમ પવિત્ર, શુદ્ધ આત્મત્વ (પરમાત્મ)

પરમાત્મ તત્ત્વનું જ્ઞાન :પરમાત્માનું જ્ઞાન; હું સકળ લોકાલોકને જાણનારા, જ્ઞાન-દર્શન સ્વભાવવાળો પરમ આત્મા છું, એવું જ્ઞાન.

પરમાત્મ નિશ્ચાયક :પરમાત્માનો નિશ્ચય કરાવનાર (અર્થાત્ જ્ઞાનસ્વભાવી પરમાત્માનો નિર્ણય કરવામાં નિમિત્તભૂત.)

પરમાત્મ પ્રકાશ :જ્ઞાનાવરણાદિ આઠ કર્મ તથા ક્ષુધાદિ અઢાર દોષોથી રહિત, જે જિનેશ્વરદેવ છે, તેને હે યોગી, તું પરમાત્મ પ્રકાશ નિયમથી માન, અર્થાત્ શુદ્ધાત્માથી જિન વીતરાગ જ પરમાત્મ પ્રકાશ છે.

પરમાત્મજ્ઞાન :પરમાત્માનું જ્ઞાન; હું સકળ લોકાલોકને જાણનારા જ્ઞાનસ્વભાવવાળો પરમ આત્મા છું એવું જ્ઞાન.

પરમાત્મદેવ :સર્વજ્ઞ પરમેશ્વર.

પરમાત્મભાવ :પૂર્ણ પવિત્ર સ્વભાવ, દશા; મુકતદશા.

પરમાત્મા :ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત શુદ્ધ બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો આત્મા તે પરમાત્મા છે. જેને પર્યાયમાં પણ રાગ, શરીરાદિ સાથે બિલકુલ સંબંધ રહ્યો નથી; શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવે પરિણમે છે તેને પરમાત્મા કહેવાય છે. (૨) સર્વજ્ઞ અરિહંત એ પર્યાયમાં 'પરમાત્મા' છે. આત્મા પર્યાય વિનાનો એકલો 'પરમાત્મા' સ્વરૂપ જ છે. (૩) પરમાત્મા બે પ્રકારે છેઃ – એક સકલ પરમાત્મા અને બીજા નિષ્કલ, પરમાત્મા. તેમાં જે કલ એટલે શરીર સહિત છે, તે સકલ પરમાત્મા અરિહંત ભગવાન છે. અને જેને શરીર નથી, એવા નિષ્કલ પરમાત્મા નિરાકાર સ્વરૂપ, અશરીરી સિદ્ધ પરમેષ્ઠી છે. તેઓ સકલ પરમાત્મા કરતાં પણ, ઉત્તમ છે. તે સહજાત્મસ્વરૂપ સિદ્ધરૂપ શુદ્ધાત્મા જ, ધ્યાન કરવા યોગ્ય છે. બાકી સર્વે હેય છે. (૪) જે ચિદાનંદ એક સ્વભાવવાળા પરમાત્મા આહાર, ભય, મૈથુન, પરિગ્રહ આદિ સંજ્ઞાઓ તથા સર્વ પ્રકારના વિભાવભાવથી રહિત છે. વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન આત્મસુખથી સંતુષ્ટ આસન્નભવ્ય જીવોનાં ચારગતિના દુઃખોનાં જે નાશ કરવાવાળા છે તથા જે આત્મસ્વરૂપમાં સ્થિત મુનિઓને નિર્વાણપદ આપવાવાળા છે, તે પરમાત્મા જ સર્વ પ્રકારે ધ્યાન કરવા યોગ્ય છે.

જેણે સમસ્ત પર પદાર્થોનો ત્યાગ કરીને તથા જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ ને ભાવકર્મથી વિમુકત થઈને કેવળજ્ઞાનસ્વરૂપ શુદ્ધ સહજાત્મા પ્રાપ્ત કર્યો છે તેને તું નિર્મળ હૃદયથી પરમાત્મા જાણ.

જે દેહરાગાદિ સમસ્ત પર દ્રવ્યોનો ત્યાગ કરી તથા જ્ઞાનાવરણાદિ કર્મોથી મુકત થઈ કેવલજ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપને પામ્યા છે. તે આત્માને હે પ્રભાકર ભટ્ટ, તું માયા મિથ્યાત્વ નિદાનરૂપ ત્રણ શલ્યોનો તથા સમસ્ત વિભાવભાવનો ત્યાગ કરી શુદ્ધ મન વડે પરમાત્મા જાણ. એ પરમાતમા જ ઉપાદેય છે.

(૫) જેણે સમસ્ત પર પદાર્થોનો ત્યાગ કરીને, તથા જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ ને ભાવકર્મથી વિમુકત થઈને, કેવળજ્ઞાન સ્વરૂપ શુદ્ધ સહજાત્મા પ્રાપ્ત કર્યો છે. તેને તું નિર્મળ હૃદયથી પરમાત્મા જાણ.જે દેહરાગાદિ સમસ્ત પર દ્રવયોનો ભાગ કરી, તથા જ્ઞાનાવરણાદિ કર્મોથી મુકત થઈ, કેવલજ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપને પામ્યા છે, તે આત્માને હે પ્રભાકર ભટ્ટ, તું માયા મિથ્યાત્વ નિદાનરૂપ ત્રણે કાલ્યોનો, તથા સમસ્ત વિભાવભાવનો ત્યાગ કરી, શુધ્ધ મન વડે પરમાત્મા જાણ. એ પરમાત્મા જ ઉપાદય છે. જ્ઞાનાવરણાદિ સમસ્ત વિભાગરૂપ પર દ્રવ્ય હોય છે. (૬) આત્માની સંપુર્ણ શુદ્ધ અવસ્થા, તે પરમાત્મા છે. (૭) અંતરાત્મા, ગૃહસ્થ અવસ્થાનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિઅવસ્થા, ધારણ કરીને, નિજ સ્વભાવ સાધન દ્વારા, પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. અર્થાત્, પરમાત્મા થઈ જાય છે. એમને અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય પ્રકટ થઈ જાય છે. તાત્પર્ય એ છે કે, એ જ અંતરાત્મા પોતાના પુરુષાર્થથી આગળ વધીને, પરમાત્મા બને છે.પરમાત્મા બે પ્રકારના છેઃ (•) સકલ પરમાત્મા અને (•) નિકલ પરમાત્મા (નિષ્કલ–શરીર રહિત સિદ્ધ પરમાત્મા), ચાર ઘાતીકર્મોનો નાશ કરનાર, શ્રી અરિહંત ભગવાન શરીર સહિત હોવાથી, સકલ પરમાત્મા કહેવાય છે. અને અઘાતીકર્મ રહિત, સિધ્ધ ભગવાન શરીર રહિત હોવાથી, નિષ્કલ પરમાત્મા કહેવાય છે. (૮) દ્રવ્યકર્મ, ભાવ કર્મ તથા નોકર્મથી પણ રહિત છે. શુદ્ધ–બુદ્ધ એક જ્ઞાયક સ્વભાવવાળો આત્મા પરમાત્મા કહેવાય છે. શુદ્ધ એટલે, રાગાદિ રહિત તથા બુદ્ધ એટલે, અનંત જ્ઞાનાદિ ચુતુષ્ટય સહિત, પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવ કર્મ તથા નોકર્મથી પણ રહિત છે. શુદ્ધ સહજાત્મ સ્વરૂપ પરમાત્મા જ, એક આરાધવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, સર્વ પ્રકારે ઉપાદેય છે. (૯) પરમ તત્ત્વ; જ્ઞાયક તત્ત્વ; પરમ સ્વરૂપ (૧૦) પરમાત્મા એટલે દ્રવ્યથી, જ્ઞાનાત્મા એટલે ગુણથી, પ્રત્યજયોતિ એટલે પૃથગ્જયોત, એવા અનુભૂતિમાત્ર, સમયસાર રૂપને સમ્યગ્દષ્ટિ અનુભવે છે, સ્વસંવેદન કરે છે, રસાસ્વાદ લે છે. (૧૧) નિત્ય, નિરંજન અને જ્ઞાનસ્વરૂપ વિશેષણવાળા પરમાત્મા જ આદરવા યોગ્ય છે. આરાધવા યોગ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે. અર્થાત પોતાની સર્વશકિતએ ઉપાદેય ગ્રહણ કરવા યોગ્ય છે. (૧૨) દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નો કર્મથી પણ રહિત છે. મિથ્યાત્વ રાગાદિમાં પરિણમેલો

આત્મા, બહિરાત્મા છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણમેલો આત્મા, અંતરાત્મા છે. તથા શુદ્ધ-બુદ્ધ એક જ્ઞાયક સ્વભાવવાળો આત્મા, પરમાત્મા કહેવાય છે. શુદ્ધ એટલે રાગાદિરહિત અને બુદ્ધ એટલે, અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત, પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મથી પણ રહિત છે. આ પ્રકારે આત્મા ત્રણ ભેદવાળો છે.

પરમાત્માઓને તેમાં જ એક પરાયણપણું :નમસ્કાર કરવા યોગ્ય, પદાર્થને ભાવ્યમાં, માત્ર ભાવ્યમાં જ પરાયણ-એકાગ્ર-લીન થવું, તે ભાવનમસ્કાર લક્ષણ છે.

પરમાત્માની વાસ્તવિક પૂજા :આનંદ સ્વરૂપ આત્મા સાથે, એક તાર થવું, તે જ પરમાત્માની વાસ્તવિક પૂજા છે.

પરમાર્થ સંબંધ :નિશ્ચય સંબંધ; તાત્ત્વિક સંબંધ

પરમાર્થસત્ય :પારમાર્થિક રીતે સાચી.

પરમાર્થ :આત્મામાં અનંતચતુષ્ટયરૂપ શક્તિ, અંદર સહજ પડી છે, તેને અંતર એકાગ્રતા અને અંતર-રમણતાના અભ્યાસ વડે ઘૂંટવાથી કેવળજ્ઞાન આદિ, અનંતચતુષ્ટયરૂપે પ્રગટ થાય છે. આ પરમાર્થ છે. પરની સેવા કરવી ને દયા કરવી, તે પરમાર્થ નહિ. અંદર પરમાર્થભૂત નિજસ્વરૂપ છે, તેને અંતર અવલંબને પ્રગટ કરવું, તેનું નામ પરમાર્થ છે.

પરમાંથી :નિમિત્તમાંથી

પરમાદર :પરમપ્રેમ; પરમભાવ; પરમ ભક્તિ; પરમ-ઉત્કૃષ્ટ.

પરમાધર્મીઓ :દુષ્ટ; હલકટ

પરમાધામી :એક જાતનો દેવો. (૨) જમ.

પરમાપ્ત :પરમ આપ્ત; પરમ વિશ્વાસપાત્ર (તીર્થંકર ભગવંતો સર્વજ્ઞ અને વીતરાગ હોવાથી પરમ આપ્ત છે. યથાર્થ ઉપદેષ્ટા છે.)

પરમાર્થ :અભેદ નિશ્ચય આત્મસ્વભાવ; શુદ્ધ આત્મસ્વભાવ. (૨) પરા કહેતાં ઉત્તમ અને મા એટલે લક્ષ્મી, અર્થ એટલે પદાર્થ-ઉત્તમ લક્ષ્મીવાળો પદાર્થ. ચૈતન્યની ઉત્તમ લક્ષ્મીવાળો જીવ પદાર્થ છે - એ પરમાર્થ છે. (૩) અભેદ નિશ્ચય આત્મસ્વભાવ. (૪) પરા કહેતાં ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી, અર્થ એટલે પદાર્થ-ઉત્તમ લક્ષ્મીવાળો પદાર્થ. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની દશા જે પ્રગટે તે પરમાર્થ છે. લોકો પરનો કાંઈ ઉપકાર કરે તેને પરમાર્થ કહે છે પણ એ પરમાર્થ નથી, પરનો ઉપકાર કરવાનો જે શુભભાવ છે એ તો દુઃખરૂપ ભાવ છે. એ ભાવમાં તો ચતન્ય છે જ નહિ. અલમલમતિજલ્પૈ એમ કળશ ૨૪૪માં આવે છે કે આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો એટલે ઉત્કૃષ્ટ જ્ઞાન અને આનંદ સ્વરૂપ વસ્તુ જે આત્મા છે તે એકને જ નિરંતર અનુભવો એક કહ્યું છે. શુભરાગનો જે અનુભવ છે તે દુઃખરૂપ છે, તે પરમાર્થ નથી. (૫) આત્માનુભૂતિ. (૬) સ્વભાવ દૃષ્ટિએ જોતાં (૭) ધ્રુવ ત્રિકાળી સત્ સામાન્યજ્ઞાયક વસ્તુ તે પરમાર્થ છે. આત્મા અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા એમ અનંત ભાવ સ્વરૂપે અનંત શક્તિઓથી સંપન્ન પરમાર્થ વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. (૮) કર્મના નમિત્ત આધીન થતી, અશુદ્ધતા દ્રવ્ય દૃષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, ઉપચાર છે, દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે, માટે આત્માજ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી, તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. (૯) પરમ અર્થ તે પરમાર્થ. આખા વિશ્વમાં, જો કોઈ પરમ અર્થ પદાર્થ હોય, તો તે આત્મા છે. સમયસાર છે. સમયસાર ગાથા ૧૫૧માં, આ પરમાર્થના એકાર્થ વાચક શબ્દોની કલના કરી છે. પરમાર્થ તે નિશ્ચયે કરીને સમય, શુદ્ધ, કેવલી, મુનિ, જ્ઞાની છે. તે સ્વભાવમાં સ્થિત, મુનિઓ નિર્વાણને પામે છે. અર્થાત્ પરમાર્થ તે જ આત્મા છે. તે જ સમય છે. તે જ શુદ્ધ છે, તે જ કેવળી છે, તે જ મુનિ છે, તે જ જ્ઞાની છે, તે જ સ્વની, જ્ઞાનની ભાવમાત્રતાથી સ્વભાવ છે, તે જ સ્વતઃ ચિત્તની ભવનમાત્રતાથી સદ્ભાવ છે. એ એ આઠે શબ્દોનો પરમાર્થ, એક જ છે. આ પરમાર્થજ્ઞાન એ જ મોક્ષહેતુ છે. (૧૦) નિશ્ચય કથન (૧૧) પરમ અર્થ; પદાર્થ; આત્મા; સમયસાર; સમય; શુદ્ધ; કેવલી; મુનિ; જ્ઞાની; સ્વભાવ; સદ્ભાવ, આ બધા એકાર્થી છે. (૧૨) નિશ્ચય; પરમ તત્ત્વ; સર્વોત્તમ ભાવાર્થ; મોક્ષ; મુક્તિ (૧૩) આત્માના આશ્રયે જે વાત કહેવાય, તે વાત

સાચી સત્ય અને પરમાર્થ છે. (૧૪) વસ્તુદૃષ્ટિ; નિશ્ચય કથન; દ્રવ્ય દૃષ્ટિ; વાસ્તવિક રીતે. (૧૫) પરમ અર્થ; ઉત્તમ પદાર્થ, આત્મા. (૧૬) શુદ્ધ દ્રવ્યાર્થિક; શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ (૧૭) સાચો. (૧૮) પર, કહેતાં ઉત્કૃષ્ટ, મા કહેતા લક્ષ્મી, ઉત્કૃષ્ટ લક્ષ્મી એટલે અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની દશા, જે પ્રગટે, તે પરમાર્થ છે. લોકો પરનો કંઈ ઉપકાર કરે, તેને પરમાર્થ કહે છે પણ એ પરમાર્થ નથી. પરનો ઉપકાર કરવાનો, જે શુભભાવ છે, એ તો દુઃખરૂપ ભાવ છે, એ ભાવમાં તો, ચૈતન્ય છે જ નહિ. (૧૯) પરમ પદાર્થ ચૈતન્ય ચિંતામણિ પ્રભુ, પોતે આત્મા છે. તે પરમાર્થ છે. (૨૦) પરમ અર્થ, તે શુદ્ધ આત્મા - સમયસર (૨૧) પરમ પદાર્થ, ચૈતન્ય ચિન્તામણિ પ્રભુ, પોતે આત્મા છે, તે પરમાર્થ છે. (૨૨) પરમ અર્થ; ઉત્તમ પદાર્થ; શુદ્ધ આત્મા (૨૩) પરમાત્મા (૨૪) નિશ્ચયનયની અપેક્ષાએ (૨૫) ઉત્તમ પદાર્થ; પરમ+અર્થ. (૨૬) શુદ્ધ આત્મા (૨૭) મુક્તિનો માર્ગ (૨૮) નિશ્ચયનયથી; શુદ્ધ સ્વરૂપથી (૨૯) વાસ્તવિક રીતે (૩૦) દ્રવ્ય દૃષ્ટિએ; આત્મ દૃષ્ટિએ. (૩૧) આત્મ જાગૃતિ

પરમાર્થ અર્થ :નિશ્ચયઅર્થ

પરમાર્થ અસત્ :અભૂતાર્થ

પરમાર્થ ઈષ્ટ :સાચી દૃષ્ટિ; નિશ્ચય દૃષ્ટિ

પરમાર્થ દ્રષ્ટિ :દ્રવ્ય દૃષ્ટિ; સમ્યગ્દૃષ્ટિ (૨) સાચી દૃષ્ટિ; નિશ્ચય દૃષ્ટિ

પરમાર્થ બુદ્ધિથી :પરમાર્થ માનીને

પરમાર્થ શ્રુતકેવળી :''જે નિર્મળ જ્ઞાનરૂપ ભાવશ્રુતથી, કેવળ શુદ્ધ આત્માને જાણે છે, તે પરમાર્થ શ્રુતકેવળી છે'' પ્રથમ ઠરવા માટે અંદર સ્વતરફ વલણનો વિકલ્પ તો આવે જ, પછી જયારે અભેદને સ્વવિષય કરી અંદરમાં કરે, ત્યારે સર્વજ્ઞ ભગવાન તેને નિશ્ચયથી શ્રુતકેવળી કરે છે, તે પરમાર્થ છે.

પરમાર્થ શ્રદ્ધા :વ્યવહાર શ્રદ્ધામાં, કોઈ પડખે ભૂલ ન આવે, તેમ સાત તત્ત્વમાંથી શુદ્ધનય વડે, એક અખંડ જ્ઞાયક સ્વભાવી આત્માને તારવી લેવો (તેનું લક્ષ કરવું), તે પરમાર્થ શ્રદ્ધા એટલે કે સમ્યગ્દર્શન છે. (૨) સમ્યક્દર્શન

પરમાર્થ સત્ય :પારમાર્થિક રીતે સાચી

પરમાર્થ સમ્યક્ત્વ :આત્માની ઓળખાણ થાય તે પરમાર્થ સમ્યક્ત્વ. સાત પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટ અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમક્તિ મોહનીય એ સાવ ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટ.

પરમાર્થ સ્વરૂપ :નિશ્ચય સ્વરૂપ

પરમાર્થતઃ :વાસ્તવિક રીતે; શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી; શુદ્ધ દ્રવ્યાર્થિક દૃષ્ટિ

પરમાર્થથી :ખરેખર; વાસ્તવમાં (૨) શુદ્ધ દ્રવ્યાર્થિક અથવા શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિનું વાચક છે. (૩) વાસ્તવિક રીતે; શુદ્ધ દ્રવ્યાર્થિક અથવા શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી. (૪) ખરેખર; દ્રવ્ય દૃષ્ટિથી.

પરમાર્થનય :ભૂતાર્થ, પરમાર્થ, શુદ્ધદ્રવ્યાર્થિક નય અને અભેદનય એમ ચાર શબ્દ લીધા છે. તે બધાનો એક જ અર્થ છે. (૨) ભૂતાર્થ નામ પરમાર્થનય. પરમાર્થ એટલે પરા કહેતાં ઉત્કૃષ્ટ, મા એટલે લક્ષ્મી એવો જે અર્થ એટલે પદાર્થ. અહાહા! ભૂતાર્થ એટલે ત્રિકાળી છતો પદાર્થ જે ભગવાન આત્મા તેને અહીં ઉત્કૃષ્ટ લક્ષ્મીવંત પદાર્થ એટલે પરમાર્થ કહ્યો છે. લૌકિકમાં તો પરનું કાંઈક કરે તેને પરમાર્થ કહે છે, અહીં તો પરનું કરે એને તો અજ્ઞાન કહ્યું છે. હું દાન આપું , હું આહાર આપું, હું કપડાં આપું, હું બીજાને સુખી કરું એવો પરની ક્રિયા કરવાનો ભાવ છે તે અહંકાર છે અને મિથ્યાત્વ છે, પરમાર્થ નથી. ઉત્કૃષ્ટ લક્ષ્મીવંત જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્મા પરમાર્થ છે, ભૂતાર્થ છે.

અહીં ભૂતાર્થપરિગ્રહણ-એમ જે કહ્યું છે એના માટે ચાર શબ્દ કહ્યા છે. ભૂતાર્થ એક, પરમાર્થનય, બે, શુદ્ધ દ્રવ્યના અનુભવનું જેમાં પ્રયોજન છે તે શુદ્ધ દ્રવ્યાર્થિકનય ત્રણ અને અભેદનય ચાર-અહાહા! અભેદ એકરૂપ ત્રિકાળી નિત્યાનંદ જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ સદશસ્વભાવ જે પ્રત્યેક પર્યાયમાં અન્વયરૂપ રહે તે સદા એકરૂપ ચીજને અહીં અભેદનય કહેલ છે. પર્યાયબુદ્ધિ છોડીને ત્રિકાળી છતા પદાર્થનો અનુભવ કરવાનું અહીં કહેલ છે, કેમકે પરમાર્થરૂપ ભૂતાર્થનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે, અરે ભાઈ! પાંચ પરાવર્તનરૂપ સંસારમાં શુભાશુભભાવરૂપ પરાવર્તન તું અનંતવાર કરી

ચૂક્યો છે. શુભાશુભ તો તું અનાદિ સંસારથી કરતો આવ્યો છું અને મેં શુભભાવ કર્યા એવા અહંકારરૂપે જ તું પરિણમ્યો છું. ભગવાન! અંદર પંચપરાવર્તનના ભાવથી ભિન્ન તારી ચીજ શુદ્ધ જ્ઞાયકભાવે પડી છે તેનો આશ્રય કર. કેમકે તે વડે સમ્યગ્દર્શન થાય છે.

પરમાર્થનો પંથ :પૂર્ણ, અખંડ, સ્વભાવનું જે લક્ષ, તે પરમાર્થ છે. પુણ્ય પેટે પરિણામ રહિત, દર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધકપણું, તે પરમાર્થને સાધનાર વ્યવહાર, તે પરમાર્થનો પંથ છે.

પરમાર્થપણે :વાસ્તવિકપણે

પરમાર્થ-પરમાર્થસ્વરૂપ :એ નિકટ મોક્ષનો ઉપાય છે. જે જ્ઞાની પુરુષે સ્પષ્ટ એવો આત્મા કોઈ અપૂર્વ લક્ષણે, ગુણે અને વેદનપણે અનુભવ્યો છે, અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે, તે જ્ઞાની પુરુષે જો તે સુધારસ સંબંધી જ્ઞાન આપ્યું હોય તો તેનું પરિણામ પરમાર્થ-પરમાર્થ-સ્વરૂપ છે.

પરમાર્થ-વ્યવહારસ્વરૂપ :એ અનંતર પરંપર સંબંધે મોક્ષનો ઉપાય છે અને જે પુરુષ તે સુધારસને જ આત્મા જાણે છે, તેનાથી તે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તો તે વ્યવહાર પરમાર્થસ્વરૂપ છે.

પરમાર્થવાદી :સત્યાર્થ કહેનારા

પરમાર્થસત્ય :પારમાર્થિક રીતે સાચી.

પરમાર્થ સંયમ :સ્વસ્વરૂપને વિષે સ્થિતિ.

પારમાર્થિક :સાચા; નિશ્ચય. પરમાર્થિક ચર્યા=નિશ્ચય ચારિત્ર. (૨) આત્મતત્ત્વ-વિદ્યા સંબંધી; અધ્યાત્મશાસ્ત્ર સંબંધી

પરમાર્થિક પ્રત્યક્ષ :જે કોઈપણની સહાયતા વિના પદાર્થને સ્પષ્ટ જાણે. તેના બે ભેદ છે. એક વિકલ પરમાર્થિક, અને બીજો સકલ પરમાર્થિક.

પરમાર્થિક વસ્તુવિશેષ :સર્વથી ભિન્ન વસ્તુ; પરમાર્થસ્વરૂપ આત્મા.

પરમાવગાઢ :ઉત્કૃષ્ટપણે મજબૂત. (૨) અત્યંત નિમગ્ન; અત્યંત સુદૃઢ; અત્યંત ડૂબી ગયેલું.

પરમાવધિ :છેલ્લામાં છેલ્લી મર્યાદા કે સીમા; પરાકાષ્ઠા, પરિ-સીમા, પરમ-કાષ્ઠા.

પરમાશ્ચર્ય :પરમ વિસ્મય; પરમ અદભુતતા અનુભવવી.

પરમો પેક્ષા સંયમ :પરમ ઉપેક્ષા સંયમ (ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વ પરિત્યાગ, પરમ ઉપેક્ષા સંયમ, વીતરણ ચારિત્ર અને શુદ્ધોપયોગ-એ બધાં એકાર્થ છે.)

પરમોપેક્ષાસંયમ :પરમ-ઉપેક્ષા સંયમ. (ઉત્સર્ગ, નિશ્ચયનય, સર્વપરિત્યાગ, પરમોપેક્ષાસંયમ, વીતરાગચારિત્ર અને શુદ્ધોપયોગ-એ બધાં એકાર્થ છે.)

પર-આયત્ત=પરાયત્ત :પરાશ્રિતપણું

પરઠવું :સ્થાપિત કરવું; ગ્રહવું; ઝાલવું; નક્કી કરવું; ઠરાવવું; કરાર કરવો; નવું જ ઉપયોગમાં લેવું.

પરતઃ સિદ્ધ :પરથી સિદ્ધ; પર પદાર્થથી સિદ્ધ થાય, તેવું (૨) પરથી સિધ્ધ

પરતંત્રતા :પરવશતા

પરૂણો :મહેમાન; અતિથિ.

પરક્ષેત્ર :જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ અવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ બુદ્ધિગોચરરૂપે કહેવાય છે.

પરત્વ :જુદાઈ; બીજાપણું; પારકાપણું. (૨) જેને ઘણો કાળ લાગે તેને પરત્વ કહે છે.

પરથી :કર્મથી અને નિમિત્તથી

પરદુઃખભંજન :પારકાંઓનું દુઃખ દૂર કરનાર.

પરદયા :સામા જીવનો પુણ્યનો ઉદય હોય તથા તેનું આયુષ્ય હોય તો ગમે તે મનુષ્યને તેમાં નિમિત્ત થવાનો વિકલ્પ આવે જ. કોઈના આયુષ્યને કોઈ વધારી-ઘટાડી શકે નહીં. લોકવ્યવહારમાં પરનું કર્તાપણું માને ભલે પણ છે નહીં.

પરવચનાર્થે :જગમન રંજનાર્થે

પરવિષય :સ્પર્શ, રસ,ગંધ,વર્ણ અને શબ્દના વિષયમાં, રાગ દ્વેષ અટકીને, ઠીક અઠીકની વૃત્તિ કરવી, તે પરવિષય છે.

પરવંચનાર્થે :ઠગાઈથી બચવા અર્થે; ભ્રાન્તિથી બચવા માટે.

પરસંગ :રાગી દ્વેષી તથા મોહી જીવોનો સંગ, તે પરસંગ કહેવાય છે. પરમાત્મ ધ્યાનનાં ઘાતક, જે મિથ્યાત્યાદિ અશુદ્ધ પરિણામ છે, તે તથા રાગદ્વેષરૂપે

પરિણમેલ જે પુરૂષો છે, તેનો સંસર્ગ અવશ્ય તજવો જોઈએ. કારણ કે, પરસંગથી આત્મામાં વિકાર પરિણતિ ઊભી થાય છે, અને તેથી આત્માને અનંતકાળ સુધી સંસારમાં ભટકવું પડે છે.

પરને :રાગાદિને

પરનો દોષ કે ગુણો હર્ષ-વિષાદનું કારણ નથી. :પર દ્રવ્યોનો ગુણ તથા દોષ, પોતાના આત્મામાં કદી સંક્રમણ પામતા નથી, તેથી તેમના દ્વારા, વાસ્તવમાં આત્માના આનંદ તથા વિષાદની, કોઈ ઉત્પત્તિ થતી નથી. તેથી તેમનાથી આત્માના આનંદ તથા વિષાદની ઉત્પતિ માનવી, તે વ્યર્થ છે. એક માત્ર મોહનું પરિણામ છે.

પરા :ઉત્કૃષ્ટ; સમસ્ત જ્ઞાનાવરણાદિ આઠેય કર્મોનો ક્ષય થવાથી જીવને જે પ્રાપ્તિ થાય છે તેને પરા કહે છે; અથવા કર્મજન્ય ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક જે રાગદ્વેષમોહ આદિ ભાવ છે, તેનો સંપૂર્ણ રીતે નાશ થઈ જવાથી જે પ્રાપ્તિ થાય છે તે પણ પરા અર્થાત્ ઉત્કૃષ્ટ છે. પરા અર્થાત્ ઉત્કૃષ્ટ, મા અર્થાત્ બાહ્ય અને અભ્યંતરરૂપ લક્ષ્મી જેને હોય છે તે પરમાત્મા થાય છે-કહે છે.

પરા ભક્તિ :ઉત્કૃષ્ટ ભકિત;તેનાં ત્રણ પ્રકાર છે- પહેલું, અર્હંતાદિની ઊંચી ભકિત, બીજું, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ-કરુણાભાવ (દયા પરિણામ અથવા હિંસાભાવનો અભાવ) અને ત્રીજું, પવિત્ર ચારિત્રમાં અનુરાગ.

અર્હંતાદિમાં પાછળ યેલ, આદિ શબ્દ મુખ્યપણે સિદ્ધોનો અને ગાંણપણે આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુ પરમોક્ષીઓનો વાચક છે. જે ભાવ લિંગી હોય-દ્રવ્યલિંગી અથવા ભવાભિનંદી ન હોય, અને પોતાના સર્વ ગુણોમાં યર્થાથપણે પરિપૂર્ણ હોય. ભક્તિનું 'પરા' વિશેષણ ઊંચા અથવા ઉત્કૃષ્ટ અર્થનું વાચક છે અને એ વાતનું સૂચક છે કે, અહીં ઊંચા દરજ્જાના પુણ્ય-બંધના કારણોનો નિર્દેશ છે. અને તેથી બીજા બે કારણોને પણ, ઊંચા દરજ્જાના જ સમજવાં જોઈએ. નહિ તો પુણ્યબંધ, તો શુભ પરિણામોથી થાય છે. ભલે તે ઊંચા દરજ્જાના હોય કે તેનાથી ઓછા દરજ્જાના.ઊંચા દરજ્જાનાં શુભ પરિણામોથી, ઉંચા દરજ્જાનો અને મધ્યમ તથા જઘન્ય દરજ્જાનાં શુભ પરિણામોથી, મધ્યમ તથા જઘન્ય દરજ્જાનો પુણ્યબંધ થાય છે. જે પુણ્યથી, અર્હંતપદ અથવા ત્રણ લોકનું અધિપતિપણું પ્રાપ્ત થાય છે. તે સર્વાતિશાયિ અથવા સર્વોત્કૃષ્ટ પુણ્ય કહેવાય છે.

જે પુણ્યબંધકારક, પવિત્ર ચારિત્રનો અહીં ઉલ્લેખ છે, તે જેને 'ચત્તારિ મંગલ' પાઠમાં મંગલ લોકોત્તમ તથા શરણભૂત બતાવેલ છે. તેનું લક્ષણ છે અશુભથી નિવૃત્તિ, શુભમાં પ્રવૃત્તિ અને તે પાંચ વ્રત, પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિરૂપ તેર પ્રકારનું છે. આ વ્યવહારનયની દૃષ્ટિવાળુ સરાગ ચારિત્ર છે. નિશ્ચયનયની દૃષ્ટિએ જે સ્વરૂપાચરણરૂપ, ચારિત્ર હોય છે, તે બંધનું કારણ નથી.

પરાકાષ્ટા :છેવટની હદ -આખર

પરાગમુખ :વિમુખ; બેદરકાર; બહારની બાજુ નજર હોય તેવું.

પરાઙ્મુખ :ઊલટી દિશા; ઊંધી રવાડીએ ચડી જવું; આત્મસન્મુખ થવાને બદલે, તેથી ઊંધી દિશામાં જવું (૨) પરદ્રવ્યોથી સર્વથા ઉદાસીન રૂપ; વિમુખ રહેનાર

પરાઙ્મુખતા :વિમુખતા; બેદરકાર.

પરાઙ્મુખ દૃષ્ટિ :પર વસ્તુ તરફ દૃષ્ટિ; પર ભાવ તરફ નજર; આત્મ સ્વભાવથી વિમુખ દૃષ્ટિ

પરાત્મ જ્ઞાન :પરનું અને આત્માનું જ્ઞાન; સ્વપરનું ભેદજ્ઞાન. (૨) પરનું અને આત્માનું જ્ઞાન; પરનું અને પોતાનું જ્ઞાન; સ્વ-પરનું ભેદજ્ઞાન.

પરાદૃષ્ટિ :પરમાવગાઢ સમ્યક્ત્વ સંભવે, જ્યાં કેવળજ્ઞાન હોય.

પરાધીનતા :કલંક

પરાધીનતાની શ્રદ્ધા :આત્મા અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, આનંદ વગેરે, અનંત ગુણો વગર ન હોય. એવો અનંત ગુણનો શાશ્વત પિંડ, આત્મા સદાય પોતાપણે છે, પરપણે કહી નથી, પરના કારણે પણ નથી, પરના આશ્રય વડે નથી, છતાં પરથી ગુણ ઉઘડે એમ માનવું તે પરાધીનતાની શ્રદ્ધા છે.

પરાપર :ઉત્તર અને પૂર્વ (પછીનો અને પહેલાંનો) (૨) નાના મોટાનો

પરાપર ગુરુ :પર એટલે પરમ ગુરુ સર્વજ્ઞદેવ અને અપરગુરુ-ગણધરાદિથી માંડીને, અમારા ગુરુ પર્યંત (૨) સર્વજ્ઞદેવ પરમગુરુ છે અને ગણધરાદિક અપરગુરુ છે.

પરાપેક્ષા :પરની અપેક્ષા વિનાનું.

પરાભવ :ક્ષય (તૃષ્ણાનો પરાભવ=તૃષ્ણાનો ક્ષય.) નાશ. (૨) ક્ષીણ; પરાજય (૩) પરાજય; હરાવવું

પરામર્શ :સ્પર્શ; ખ્યાલ; વિચાર; લક્ષ; સ્મરણ.

પરાયણ :તત્પર; તન્મય; એકાગ્ર; સર્વોત્તમ સ્થાન; પરમ આશ્રયસ્થાન.

પરાયત્ત :પરાધીન; પરતંત્ર; પરવશ; પરાશ્રિત; અન્યાવલંબી

પરાવર્તન :જીવ નિરંતરપણે વિકારમાં સ્થિત હોવાથી તેને નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ અનાદિથી પ્રાપ્ત થયું છે.

(૧) દ્રવ્યપરાવર્તનઃ-કહેતાં આ જગતમાં જે અનંત અનંત પુદ્ગલ પરમાણુઓ છે તેનો સંબંધ એને અનંતવાર થઈ ચૂક્યો છે. આ શરીરનાં રજકણો માટી (પુદ્ગલ) છે, અને આ પૈસા, ધન, ભવન ઈત્યાદિ નોકર્મ પણ ધૂળ (પુદ્ગલ) નાં રજકણો છે, કહે છે કે એ બધા પુદ્ગલો અનંતવાર સંબંધમાં આવી ગયા છે. આ ધનસંપત્તિ, રૂપાળું શરીર, ભવન ઈત્યાદિનો સંબંધ એ કાંઈ નવું નથી, અપૂર્વ નથી; એકમાત્ર શુદ્ધ આત્માની અનુભૂતિ એ જ અપૂર્વ છે. એવાય અનંત પુદ્ગલો છે જે જીવના સંબંધમાં આવ્યા નથી, છતાં તેનું લક્ષ રાગ ઉપર છે તેથી અનંત પરાવર્તનમાં બધાય પુદ્ગલથી સંબંધની લાયકાતવાળો જીવ છે એમ કહ્યું છે.

(૨) ક્ષેત્રપરાવર્તનઃ-વળી જીવ નિરંતરપણે અનંત ક્ષેત્ર પરાવર્તન કરી ચૂક્યો છે. ચૌદ બ્રહ્માંડનું ક્ષેત્ર છે. તેમાં દરેક પ્રદેશમાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે. અનાદિની ચીજ છે ને ? તેથી દરેક ક્ષેત્રે અનંતવાર પરિભ્રમણ કરી ચૂક્યો છે. ભાવપાહુડમાં આવે છે કે હજારો રાણીઓ છોડી, નગ્ન દિગંબર મુનિપણું ધારણ કર્યું, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો. પરંતુ આનંદનો નાથ ત્રિકાળી ભગવાન જે તેની દૃષ્ટિ અને અનુભવ કરવાં જોઈએ તે ન કર્યાં. એવાં દ્રવ્યલિંગ ધારણ કરી મુનિપણાં લઈને પણ દરેક પ્રદેશે અનંતવાર જન્મમરણ કરી ચૂક્યો છે. જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ અનંતવાર જન્મ્યો, મર્યો છે; કોઈ ક્ષેત્ર બાકી નથી. આમ જીવે અનંત ક્ષેત્રપરાવર્તન કર્યાં છે.

(૩) કાળપરાવર્તનઃ-વળી જીવે નિરંતરપણે અનંત કાળપરિવર્તન કર્યાં છે. કાળચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બે ભાગ છે. તે દરેક દશ કોડાકોડી સાગટોપમ છે. એક સાગર અસંખ્ય અબજ વર્ષોનો થાય છે. આ ઉત્સર્પિણી, અવસર્પિણીકાળના દરેકના પ્રથમ સમયથી માંડી, ક્રમશઃ દરેક સમયમાં જીવે જન્મ, મરણ કર્યાં છે. આમ એક એક સમયે જન્મમરણ કરતાં અનંતવાર જન્મ્યો અને મર્યો છે. અહા! પણ આત્મજ્ઞાન અને આત્મદર્શન શું છે તેની વાત કદી સાંભળી નથી.

પૈસા, સંપત્તિ વગેરે અનંતવાર આવ્યા અને ગયા. આ મોટા શરાફ, વકીલ અને ડૉક્ટરના ધંધાની વાત એ તો દુઃખની, પીડાની કથા છે. ભાઈ! તેં તારી વાત સાંભળી નથી. સર્વજ્ઞ પરમેશ્વર જેને આત્મા કહે છે તેની વાત કદી સાંભળી નથી, એ પરમ આનંદનો નાથ છે; પ્રભુ! અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે, જેમ સકરકંદ છે, એની લાલ છાલનું લક્ષ છોડી દો તો એ એકલી મીઠાશનો પિંડ છે. તેમ આ ભગવાન આત્મા છે. પુણ્ય અને પાપ એ લાલ છાલ જેવા છે. એ પુણ્ય-પાપ વિનાનો આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે.

(૪) ભવપરાવર્તનઃ-વળી જીવ નિરંતરપણે ભવપરિવર્તન કરી ચૂક્યો છે. મનુષ્ય, વારકી, દેવ અને તિર્યંચના ભવો અનંતવાર થઈ ચૂક્યા છે. રાજા, મહારાજા, શેઠ અને કરોડપતિના ભવ અનંતવાર મળ્યા છે, ભાઈ! પણ એ બધા ભિખારાની જેમ હમણાં પણ દુઃખી છે, કેમકે એમને આત્માના આનંદ ની ખબર નથી. ભગવાન સર્વજ્ઞદેવે અનંત અનંત આનંદ અને શાંતિથી ભરેલો ભગવાન આત્મા અનંત જ્ઞાનલક્ષ્મીનો ભંડાર કહ્યો છે. પણ પ્રભુ! તને તારી લક્ષ્મીની ખબર નથી અને બહાર દોડાદોડી કરી દુઃખી થઈ રહ્યો છે. અહા! દુનિયા મૂર્ખ છે, આત્માને સમજ્યા વિના મૂર્ખ છે, રાગ અને પુણ્યની ક્રિયા મારી એમ માનનારા સૌ મૂર્ખ છે. અરે! અનંત અનંત અનાકુળ આનંદની મૂર્તિ ભગવાન આત્મા છે એની ખબર ન મળે, અને આ કરો ને તે કરો, એમ પુણ્ય-પાપ કરવાની વાત અનાદિથી સાંભળી સાંભળી, અનંત ભવનાં કષ્ટ

સહ્યાં છે, ભાઈ! નિગોદનાં દુઃખોની કથા તો કોણ કહી શકે ? આ રાગકથા, બંધકથા આત્માનું અત્યંત બૂરું કરનારી છે.

(૫) ભાવપરાવર્તનઃ-વળી જીવને અનંત ભાવપરાવર્તન થયાં છે. શુભ અને અશુભ ભાવરૂપી ભાવપરાવર્તન અનંતવાર થઈ ગયાં છે. દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ શુભભાવ જીવે અનંતવાર કર્યા છે. એકેન્દ્રિયને પણ શુભભાવ હોય છે. આમ દયા, અહિંસા આદિના શુભભાવ અને રળવું, કમાવું, પરિગ્રહ રાખવો , અને વિષયવાસના આદિ પાપભાવોનું પરાવર્તન જીવે અનંત વાર કર્યું છે. આવા પંચપરાવર્તનરૂપ અનંત પરાવર્તોને લીધે જીવને ચાર ગતિમાં પરિભ્રમણ થયું છે. તેથી સંસારચકાવામાં પીસાઈ રહ્યો છે, દુઃખી થઈ રહ્યો છે.

પરાવર્તન :પરિભ્રમણ; પરિણમન.

પરાવલંબન :રાગાદિ

પરાશ્રય :પરાધીન; પરના સંબંધવાળું (૨) વ્યવહાર

પરાશ્રયથી નિરપેક્ષ :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના, તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનુ; વિષયાતીત.

પરાશ્રિતો વ્યવહાર :જે પર દ્રવ્યને આશ્રિત હોય, તેને વ્યવહાર કહીએ; કિંચિત માત્ર કારણ, પાપીને અન્ય દ્રવ્યનો ભાવ, અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે, તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન, તેને ઉપચાર કથન કહે છે.

પરોક્ષ :અક્ષથી પર અર્થાત્ અક્ષથી દૂર હોય એવું; ઈંન્દ્રિય-અગોચર (૨) જે ઈન્દ્રિયોથી સ્પર્શાઈ પ્રવર્તે તથા જે ચક્ષુ અને મનથી વગર સ્પર્શે પ્રવર્તે-એ બે પરદ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે. (૩) નિમિત્તપણાને પામેલાં. (અર્થાત્ નિમિત્તરૂપ બનેલાં) એવાં જે પરદ્રવ્યભૂત અંતઃકરણ (મન), ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક, તેમના દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન તે પર દ્વારા પ્રાદુર્ભાવ પામતું હોવાથી પરોક્ષ તરીકે ઓળખાય છે. (૪) ઈન્દ્રિય વગેરે પરવસ્તુ, જેમાં નિમિતમાત્ર છે, એવા જ્ઞાનને પરોક્ષ કહે છે. (૫) અક્ષથી પર; અક્ષથી દૂર હોય, એવું; ઈન્દ્રિય-અગોચર. (૬) નિમિત્તરૂપ બનેલાં, એવાં જે પરદ્રવ્યરૂપ (આત્માથી ભિન્ન) અંતઃકરણ (મન), પરોપદેશ (અન્યનો ઉપદેશ), ઈન્દ્રિયો (પાંચ ઈનિદ્રયો), ઉપલબ્ધિ (જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના નિમિત્તે ઊપજેલી પદાર્થોને જાણવાની શકિત(આલબ્ધશકિત જયારે ઉપયુકત થાય, ત્યારે જ પદાર્થ જણાય) , સંસ્કાર (પૂર્વે જાણેલા પદાર્થની ધારણા), પ્રકાશાદિક (ચક્ષુ ઈન્દ્રિય દ્વારા, રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ પણ નિમિત્તરૂપ થાય) તેમના દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન, તે પરદ્વારા પ્રગટે થતું, ઉત્પન્ન થતું હોવાથી, પરોક્ષ તરીકે ઓળખાય છે.

પરોક્ષ અને પ્રત્યક્ષ :નિમિત્તપણાને પામેલાં (અર્થાત્ નિમિત્તરૂપ બનેલા), એવાં જે પરદ્રવ્ય રૂપ અંતઃકરણ (મન), ઈન્દ્રિય (પાંચ ઈન્દ્રિયો-સ્પર્શ, રસ,ગંધ,વર્ણ અને શબ્દ), પરોપદેશ (અન્યનો ઉપદેશ), ઉપલબ્ધિ (જ્ઞાનાવરણીય કર્મના જ્ઞયોપશમના નિમિત્તે ઉપજેલી, પદાર્થોને જાણવાની શકિત, આ લબ્ધશકિત જયારે ઉપયુકત થાય, ત્યારે જ પદાર્થ જણાય), સંસ્કાર (પૂર્વે જાણેલા પદાર્થની ધારણા) કે પ્રકાશાદિક (ચક્ષુ ઈન્દ્રિયદ્વારા, રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ પણ નિમિત્તરૂપ થાય), તેમના દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન તે પર દ્વારા પ્રગટ થતું હોવાથી પરોક્ષ તરીકે ઓળખાય છે.

અને અંતઃકરણ, ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રશાદિક-એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના, એક આત્મ સ્વભાવને જ કારણપણે ગ્રહીને, સર્વ દ્રવ્યપર્યાયોના સમૂહમાં, એકી વખતે જ વ્યાપીને પ્રવર્તતું જઠ જ્ઞાન. તે કેવળ આત્મા દ્વારા જ, ઉત્પન્ન થતું હોવાથી, પ્રત્યક્ષ તરીકે ઓળખાય છે.

અહીં આ ગાથામાં સહજ સુખના સાધનભૂત, એવું આ જ મહાપ્રત્યક્ષ જ્ઞાન, ઈચ્છવામાં આવ્યું છે. ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્ય-માનવામાં આવ્યું છે. એમ આશય સમજવો.

પરોક્ષ જ્ઞાન અને પ્રત્યક્ષ જ્ઞાન :પ્રત્યક્ષ જ્ઞાન (૧) સ્વયં ઉપજતું હોવાથી (૨) સઅંત હોવાથી (૩) અનંત પદાર્થોમાં વિસ્તૃત હોવાથી (૪) વિમળ હોવાથી

અને (૫)અવગ્રહાદિ રહિત હોવાથી, પ્રત્યક્ષજ્ઞાન એકાંતિક (પરિપુર્ણ) સુખ છે,-એમ નકકી થાય છે. કારણ કે સુખનું અનાકુળતા એક જ લક્ષણ છે.

આ વાત વિસ્તારથી સમજાવવામાં આવે છેઃ-

(૧) પર દ્વારા ઉપજતું થકું, પરાધીનતાને લીધે,

(૨) અસંમત હોવાથી, ઈતર દ્વારોના આવરણને લીધે,

(૩) માત્ર કેટલાક પદાથોમાં પ્રવર્તતું થકું, ઈતર પદાર્થોને જાણવાની ઈચ્છાને લીધે,

(૪) 'સમળ' હોવાથી, અસમ્યક્ અવબોધને લીધે (કર્મમળવાળું હોવાથી, સંશય વિમોહ-વિભ્રમ સહિત, જાણવાને લીધે) અને

(૫) અવગ્રહાદિ સહિત હોવાથી, ક્રમે થતા પદાર્થગ્રહણના ખેદને લીધે (આ કારણોને લીધે), પરોક્ષજ્ઞાન અત્યંત આકુળ છે. તેથી તે પરમાર્થ સુખ નથી. હવે આ પ્રત્યક્ષ જ્ઞાન તો અનાકુળ છે. કારણ કે :-(૧) અનાદિ જ્ઞાન, સામાન્યરૂપ સ્વભાવ ઉપર, મહાવિકાસથી વ્યાપીને સ્વતઃ(પોતાથી) જ રહ્યું હોવાથી, સ્વયં ઉપજે છે. તેથી આત્માધીન છે (અને આત્માધીન હોવાથી, આકુળતા થતી નથી. (૨) સમસ્ત આત્મપ્રદેશોમાં, પરમ પ્રત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈ વ્યાપી રહેલું હોવાથી, સમંત છે તેથી અશેષદ્વારો ખુલ્લાં થયાં છે. (અને એ રીતે કોઈ દ્વાર બંધ નહિ હોવાથી, આકુળતા થતી નથી.) (૩) સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારોને અત્યંત પી ગયું હોવાને લીધે, પરમ વિવિધતામાં વ્યાપીને રહેલું હોવાથી, અનંત પદાર્થોમાં વિસ્તૃત છે. તેથી સર્વ પદાર્થોને જાણવાની ઈચછાનો અભાવ છે. (અને એ રીતે, કોઈ પદાર્થને જાણવાની ઈચ્છા નહિ હોવાથી, આકુળતા થતી નથી.) (૪) (જ્ઞાનમાંથી) સકળ શકિતને રોકનારું કર્મ સામાન્ય નીકળી ગયું હોવાથી લીધે, જ્ઞાન સર્વ પ્રકારે સ્પષ્ટ પ્રકાશ વડે પ્રકાશમાન (તેજસ્વી) સ્વભાવમાં વ્યાપીને રહ્યું હોવાથી, વિમળ છે. તેથી સમ્યક્પણે (બરાબર) જાણે છે. (અને એ રીતે સંશયાદિરહિતપણે જાણવાને લીધે, આકૂળતા થતી નથી.) તથા (૫) જેમણે ત્રણે કાળનું પોતાનું સ્વરૂપ, યુગપદ સમર્પિત કર્યું છે. (એકી સમયે જણાવ્યું છે) એવા લોકાલોકમાં વ્યાપીને, રહ્યું હોવાથી, અવગ્રહાદિ રહિત છે. તેથી ક્રમે થતા, પદાર્થગ્રહણના ખેદનો અભાવ છે.

આ પ્રમાણે (ઉપર્યુકત પાંચ કારણે) પ્રત્યક્ષ જ્ઞાન અનાકુળ છે. તેથી ખરેખર પારમાર્થિક સુખ છે. ભાવાર્થઃ-જ્ઞાયિક જ્ઞાન-કેવળ જ્ઞાન એકાંત સુખ સ્વરૂપ છે.

પરોક્ષ પ્રમાણ :ઉપાત્ત મેળવેલા (ઈન્દ્રિય, મન વગેરે પર પદાર્થો) અને અનુપાત્ત (અણમેળવેલા) (પ્રકાશ, ઉપદેશ વગેરે પર પદાર્થો) પર પદાર્થો દ્વારા પ્રવર્તે તે પરોક્ષ છે. (૨) શરૂઆતના બે અર્થાત્ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. (૩) ઉપાત્ત (ઈન્દ્રિય, મન, વગેરે ઉપાત્ત પર પદાર્થો છે.) અનુપાત્ત (પ્રકાશ, ઉપદેશ વગેરે અનુપાત્ત પર પદાર્થો છે.) પર પદાર્થો દ્વારા પ્રવર્તે તે પરોક્ષ પ્રમાણ છે. (૪) જે જ્ઞાન, પોતાના વિષયને સ્પષ્ટન જાણે, તેને પરોક્ષ પ્રમાણ કહીએ. તેના પાંચ ભેદ છે. ૧.સ્મૃતિ, ૨.પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક, ૪. અનુમાન, ૫.આગમ. આ પાંચ ભેદ જાણવા.

(૧) સ્મૃતિ =પૂર્વે જે પદાર્થને જાણ્યો હતો, તેને યાદ કરીને, કાળાંતરમાં જે જાણીએ, તેને સ્મૃતિ કહીએ છીએ.

(૨) પ્રત્યભિજ્ઞાન= જેમ પહેલાં કોઈ પુરુષને જોયો હતો, પછી તેને યાદ કરી કે, આ તે જ પુરુ છે. જેને મે પહેલાં જોયો હતો. જે પહેલાંની વાત યાદ કરીને, પ્રત્યક્ષ પદાર્થનો નિશ્ચય કરવામાં આવે, તેને પ્રત્યભિજ્ઞાન કહીએ છીએ.જેમ પહેલાં એમ સાંભળ્યું હતું કે, રોઝ નામનું જાનવર (પશુ) ગાય જેવું હોય છે. ત્યાં કદાચ વનમાં રોઝને જોયું, ત્યારે એ વાત યાદ કરી કે, ગાય જેવું રોઝ હોય છે એમ સાંભળ્યું હતું, તે રોઝ જાનવર આ જ છે.

(૩) તર્ક=વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ છીએ. આના વિના તે નહિ, એને વ્યાપ્તિ કહીએ. જેમ અગ્નિ વિના, ધૂમાડો ન હોય, આત્મા વિના, ચેતના ન હોય. આ વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ.

(૪) અનુમાન=લક્ષણ વડે પદાર્થનો નિશ્ચય કરીએ, તેને અનુમાન કહીએ છીએ. જેમ કોઈ પર્વતમાંથી ધૂમાડો નીકળતો દેખી, નિશ્ચય કરવો કે અહીં અગ્નિ છે.

(૫) આગમ= આપ્ત પુરુષના વચનના નિમિત્તે, પદાર્થને જાણવો, તેને આગમ કહીએ છીએ. જેમ શાસ્ત્ર વડે, લોકનું સ્વરૂપ જાણીએ. આ રીતે પાંચ ભેદ પરોક્ષ પ્રમાણના છે.

પરોક્ષજ્ઞાન :પરોક્ષજ્ઞાન ખંડિત છે અર્થાત્ અમુક પ્રદેશો દ્વારા જ જાણે છે, જેમ કે- વર્ણ આંખ જેટલા પ્રદેશો દ્વારા જ (ઈન્દ્રિયજ્ઞાનથી) જણાય છે; અન્ય દ્વારો બંધ છે. (૨) પર દ્રવ્યભૂત મન, ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક, તેમના દ્વારા થતું જે સ્વવિષયભૂત પદાર્થનું જ્ઞાન, તે પર દ્વારા પ્રગટ થતું હોવાથી પરોક્ષજ્ઞાન તરીકે ઓળખાય છે. (૩) ખંડિત છે અર્થાત અમુક પ્રદેશો દ્વારા જ જાણે છે, જેમ કે વર્ણ આંખ જેટલા પ્રદેશો દ્વારા જ (ઈન્દ્રિયજ્ઞાનથી) જણાય છે; અન્ય દ્વારો બંધ છે.

પરોક્ષજ્ઞાનમાં આકુળતા છે :(૧) 'પર દ્વારા ઊપજતું' થકું પરાધીનતાને લીધે, (૨) 'અસમંત' હોવાથી ઈતર દ્વારોના આવરણને લીધે, (૩) (માત્ર) કેટલાક પદાર્થોમાં પ્રવર્તતું થકું ઈતર પદાર્થોને જાણવાની ઈચ્છાને લીધે, (૪) સમળ હોવાથી અસમ્યક્ અવબોધને લીધે (કર્મમળવાળું હોવાથી સંશય, વિમોહ, વિભ્રમ સહિત જાણવાને લીધે) અને (૫) અવગ્રહાદિ સહિત હોવાથી ક્રમે થતા પદાર્થગ્રહણના ખેદને લીધે (આ કારણોને લીધે) પરોક્ષજ્ઞાન અત્યંત આકુળ છે; તેથી તે પરમાર્થે સુખ નથી.

પરોણા :મહેમાન

પરોપદેશ :અન્યનો ઉપદેશ.

પરોલોક :પરમાત્મ તત્ત્વ

પરિકર :અનુસરનારો સમુદાય;અનુચરસમૂહ. (સમિતિ ઈંદ્રિયરોધ વગેરે ગુણો પાંચ વ્રતોની પાછળ પાછળ હોય જ છે તેથી સમતિ વગેરે ગુણો પાંચ વ્રતોનો પરિકર અર્થાત અનુચરસમૂહ છે. (૨) સમૂહ; સામગ્રી (૩) અનુસરનારો સમુદાય; અનુચરસમૂહ. (સમિતિ, ઈન્દ્રિયવિરોધ વગેરે ગુણો પાંચ વ્રતોની પાછળ પાછળ હોય જ છે તેથી સમિતિ વગેરે ગુણો પાંચ વ્રતોનો પરિકર અર્થાત્ અનુચરસમૂહ છે.) (૪) અનુસરનારો સમુદાય; અનુચર સમૂહ; (પાંચ મહાવ્રતોની પાછળ તેને અનુસરનારા પાંચ પ્રકારની સમિતિ, પાંચ પ્રકારનો ઈન્દ્રિય રોધ, લોચ, છ પ્રકારના આવશ્યક અચેલકપણું, અસ્નાન, ક્ષિતિશયનું અદંતધાવન, ઊભાં ઊભાં ભોજન, એક વખત આહાર એ પ્રમાણે અઠ્ઠાવીસ નિર્વિકલ્પ સામયિક સંયમના ભેદો તેના અનુચર સમૂહો છે. (૫) પરિવાર રૂપે. (૬) પરિવાર

પરિકર સમૂહ :અનુસરનારો સમુદાય; અનુચર સમૂહ; (સમિતિ ઈન્દ્રિયરોધ વગેરે, ગુણો પાંચ વ્રતોની પાછળ હોય જ છે. તેથી સમિતિ વગેરે, ગુણો પાંચ વ્રતોનો પરિકર અર્થાત અનુચર સમૂહ છે.

પરિકર્મ :તપશ્ચરણાદિ ક્રિયા (૨) શોભા; શણગાર; સંસ્કાર; પ્રતિકર્મ

પરિક્ષય :સર્વથા ક્ષય; સર્વ રીતે નાશ થવો.

પરિક્ષાન :અનુભવ

પરિક્ષીણ :સંપૂર્ણ રીતે ઘસાઈ ગયેલું; વિનાશ પામેલું.

પરિક્ષીણતા :સંપૂર્ણ ઘસારો; સંપૂર્ણ નાશ.

પરિગ્રહ :સ્વીકાર; અંગીકાર. (૨) મમત્વ; મમતા; મારાપણાનો ભાવ; મિથ્યા માન્યતા (૩) મમતા; મિથ્યા માન્યતા; પૈસા, મકાન, સુવર્ણ આદિ, પ્રત્યે મમત્વ. (૪) રાગમાં પોતાની હયાતી માનવી, તે પરિગ્રહ છે; પોતાના જ્ઞાયકપણામાં નાટકતાં પરવસ્તુના રાગમાં તત્મય થવું, તે પરિગ્રહ છે. (૫) પરિગ્રહ ત્રણ પ્રકારે છે. સચિત્ત એટલે સજીવન વસ્તુઓ, અચિત્ત એટલે નિર્જીવ વસ્તુઓ-પદાર્થો, અને મિશ્ર જીવ-અજીવ બન્ને પદાર્થો, ગૃહસ્થની અપેક્ષાએ સચિત્ત પરિગ્રહ. પુત્ર, કલત્ર(સ્ત્રી), માતા, પિતા ઈત્યાદિ, અચિત્ત પરિગ્રહ-ક્ષેત્ર, મકાન, આભરણ, ધન, ધાન્યાદિ તથા મિશ્ર-પરિગ્રહ. આભરણ સહિત, સ્ત્રી પુત્રાદિ.મુનિની અપેક્ષાએ, સચિત્ત પરિગ્રહ શિષ્યાદિ, અચિત્ત પરિગ્રહ, પીંછી, કમંડલ, શાસ્ત્ર ઈત્યાદિ, મિશ્ર પરિગ્રહ, પીંછી, કમંડલ સહિત શિષ્ય વગેરે. અથવા બીજી રીતે પણ પરિગ્રહ બતાવે છે. ઈચ્છા કરે છે, તેઓ શુદ્ધાત્માની અનુભૂતિથી રહિત છે, અજ્ઞાની છે, તથા વીતરાગશાસનથી બાહ્ય છે. તેઓ વધેલા આહારને ગ્રહણ કરનારની સમાન, નિંદવા યોગ્ય થાય છે. (૬) પરવસ્તુમાં મમત્વ; મમત્વ ભાવ (૭) મમત્વ; મૂર્છાભાવ; મમત્વપરિણામ જ મૂર્છા છે. આ વસ્તુ મારી છે - આ

પ્રકારનો સંકલ્પ રાખવો તે પરિગ્રહ છે. પરિગ્રહ બે પ્રકારના છે. અભ્યંતર અને બાહ્ય.

(૧) અભ્યંતર પરિગ્રહના ૧૪ પ્રકાર છે. (૧) મિથ્યાત્વ (૨)ક્રોધ (૩) માન (૪) માયા (૫) લોભ (૬) સ્ત્રીવેદ (૭) પુરુષવેદ (૮) નપુંસકવેદ (૯)હાસ્ય (૧૦) રતિ (૧૧) અરતિ (૧૨) શોક (૧૩) ભય (૧૪) જુગુપ્સા.

(૨) બાહ્ય પરિગ્રહના ૧૦ ભેદ છેઃ (૧) ખેતર (૨) મકાન (૩) ધન-ધાન્ય (૪) વસ્ત્ર (૫) ભાંડ (૬) દાસ-દાસી (૭) પશુ (૮) વાહન (૯) શય્ય (બીછાનું) અને (૧૦) આસન. અથવા આ પ્રકારે દસ કહ્યા છે. (૧) ક્ષેત્ર (૨) વાસ્તુ (૩) સોનું (૪) ચાંદી (૫) ધન (૬) ધાન્ય (૭) દાસ (૮) દાસી (૯) વસ્ત્ર (૧૦) વાસણ

આ પ્રકારે પરિગ્રહના કુલ ૨૪ (ચોવીસ) પ્રકાર મનાય છે.

પરિગ્રહ પરિમાણ વ્રતના પાંચ અતિચાર :૧. ઘર અને ક્ષેત્રનું પરિમાણ વધારી દેવું. ૨.સોના-ચાંદીનું પરિમાણ વધારી દેવું. ૩.ગાય,ભેંસ,ઘોડા,ઘંઉ,ચણા વગેરેનું પરિમાણ વધારી દેવું. ૪. દાસ-દાસીનું પરિમાણ વધારી દેવું. ૫. કુપ્ય એટલે ગરમ, અને સુતરાઉ, એ બંન્ને પ્રકારના વસ્ત્રોનું પરિમાણ વધારી દેવું, એ રીતે પાંચ પરિગહી પરિમાણવ્રતના અતિચાર છે.

પરિગ્રહ ભાવ :જે આત્માઓ, નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉતપન્ન થયેલ, વીતરાગ પરમ આનંદ સ્વરૂપને અંગીકાર કરીને, ત્રણ કાળ તથા ત્રણ લોકમાં મન, વચન, કાય,કૃત કારિત, અનુમોદનાથી જોયેલા, સાંભળેલા તથા અનુભવેલા, પદાર્થોને તજી સ્વપરિણતિમાં લીન થાય છે. તે પરિગ્રહ ભાવને તજે છે. આ પરિગ્રહ, શુદ્ધાત્માની અનુભૂતિથી, વિપરીત છે.

પરિગ્રહત્યાગ અણુવ્રતના પાંચ અતિચાર :ક્ષેત્રવાસ્તુ, હિરણ્યસુવર્ણ, દાસીદાસ, ધનધાન્ય અને કુપ્યભાંડ, આ વસ્તુઓના પરિમાણનું ઉલ્લંઘન કરવું, તે પરિગ્રહત્યાગ અણુવ્રતના, પાંચ અતિચાર છે.

પરિગ્રહ-પરિમાણ-અણુવ્રતનાં પાંચ અતિચાર :

(૧) ક્ષેત્રવાસ્તુ પ્રમાણાતિક્રમાઃ=ક્ષેત્ર અને રહેવાના સ્થાનના પરિમાણનું ઉલ્લંઘન કરવું.

(૨) હિરણ્યસુવર્ણ પ્રમાણાતિક્રમાઃ=ચાંદી અને સોનાના પરિમાણનું ઉલ્લંઘન કરવું.

(૩) ધનધાન્ય પ્રમાણાતિક્રમાઃ=ધન (પશુ વગેરે) અને ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન કરવું.

(૪) દાસદાસી પ્રમાણાતિક્રમાઃ=દાસ અને દાસીના પરિમાણનું ઉલ્લંઘન કરવું. તથા

(૫) કુપ્ય પ્રમાણાતિક્રમાઃ=વસ્ત્ર, વાસણ વગેરેના પરિમાણનું ઉલ્લંઘન કરવું. એ પાંચ અપરિગ્રહ-અણુવ્રતના અતિચારો છે.

પરિચ્છેદ :વિપરિતાદિ રૂપે જાણવું થાય, તે. (૨) વિપરીતાતિ રૂપે જાણવું

પરિચ્છેદ્ય :જાણવા યોગ્ય. (૨) જ્ઞેય, જાણવા યોગ્ય

પરિચિંતન :પરિશીલન

પરિચય :સત્સ્વરૂપ, એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેને પરિચય, એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ, તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે, જેને પુણ્યનો પ્રેમ છે, એવા લૌકિક જનોનો પરિચય કરીશ, તો તારી પરિણતિ પડી જશે. લોકો માન સન્માન આપે, એના પરિચયથી તું મરી જ જઈશ, સ્ત્રી-પુત્રાદિ કે વેપાર કે આદિના પરિચયથી, તને નુકશાન થશે. તું આનંદનો નાથ પ્રભુ છો! તારા નિવાસમાં-તારા પરિચયમાં રહે, તો તને આનંદને સુખ થશે. જેમ જંગલમાં સિંહ નિર્ભય થઈને વિચરે છે, તેને હરણ આદિનો ભય હોતો નથી, તેમ તું નિર્ભય થઈને તારા સ્વદેશમાં વિચર ! (૨) અનુભવ

પરિચર્યન :વારંવાર ચિંતવન. (૨) અનુપ્રેક્ષા સહિત-એટલે ઊંડા મનન સહિત પરિણમન થવું તે. (૩) અનુપ્રેક્ષાસહિત એટલે ઊંડા મનન સહિત પરિણમન થવું તે.

પરિજ્ઞાન :પૂરું જ્ઞાન; વિસ્તારપુર્વક જ્ઞાન. (૨) સમ્યગ્જ્ઞાન; પૂર્ણ જ્ઞાન; નિશ્ચયાત્મક જ્ઞાન. (૩) વિશેષ જ્ઞાન; સ્પષ્ટ જ્ઞાન. (૪) પરિપૂર્ણ આત્માનું

જ્ઞાન; પરિજ્ઞાન એ પર્યાય છે. (૫) પૂરું જ્ઞાન; જ્ઞાન (૬) પૂરું જ્ઞાન; જ્ઞાન; સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભિન્નપણું જાણેલું જ્ઞાન. (૭) સમસ્ત પ્રકારે જ્ઞાન થવું-જેવો આત્મા પૂર્ણ-પરિપૂર્ણ છે એવું જ્ઞાન થવું એનું નામ સમ્યગ્જ્ઞાન છે.

પરિજ્ઞાનપૂર્વક :યથાર્થ જ્ઞાનપૂર્વક.

પરિજન :પરિવાર; કુટુંબ પરિવાર

પરિણતિ :પર્યાય (૨) પરિણામ

પરિણમન :પરિણામ (૨) અંતરવેદન

પરિણમ્ય :પરિણમવા યોગ્ય. (દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દશ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતા રૂપે પરિણમી જાય છે; અથવા દશ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગ્ધતાવાળો પરમાણુ બાર અંશ સ્નિગ્ધતા રૂપે પરિણમી જાય છે; માટે ઓછા અંશવાળો પરમાણુ પરિણમ્ય છે અને બે અધિક અંશવાળો પરમાણુ પરિણામક છે. એક અંશ સ્નિગ્ધતા કે રૂક્ષતાવાળો પરમાણુ (સામાન્ય નિયત અનુસાર) પરિણામક તો નથી જ અને જઘન્યભાવમાં વર્તતો હોવાથી પરિણમ્ય પણ નથી. આ રીતે જઘન્યભાવ બંધનું કારણ નથી.)

પરિણમવું :પરિણામરૂપે થવું; ફલિત થવું; નીપજવું; ઊપજવુ; બદલવું; રૂપાંતર થવું, ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ સત્ય, તેમ નિત્ય પરિણામ પામવું

પરિણામક શરીર :શરીર, અનેક પરમાણુ દ્રવ્યોનો એક પિંડ, પર્યાયરૂપ પરિણામ છે.

પરિણામ :પરિણામ ત્રણ પ્રકારનાં છે : હીયમાન, વર્ધમાન અને સમવસ્થિત. પ્રથમનાં બે છદ્મસ્થાને હોય છે, અને છેલ્લું સમવસ્થિત (અચલ-અકંપ-શૈલેશીકરણ) કેવળજ્ઞાનીને હોય છે. (૨) કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિનું છેલ્લું ફળ; નતીજો; છેડો; અંત; અસર. (૩) પરિણામ વિના પદાર્થ નથી, પદાર્થ વિના પરિણામ નથી, દ્રવ્ય ગુણ પર્યાયમાં રહેલો પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલો છે.

જો વસ્તુને પરિણામ વિનાની માનવા આવે, તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં, ઘી, છાશ આદિ, પરિણામો પ્રત્યક્ષ દેખાવ છે, તેની સાથે વિરોધ આવે.

પરિણામ :પર્યાય (૨) અવસ્થા થાય તે. (૩) જેમ પરિણામ વિના, વસ્તુ હયાતી ધરતી નથી, તેમ વસ્તુ વિના, પરિણામ પણ હયાતી ધરતા નથી. જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે, તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં આદિ, પરિણામો પ્રત્યક્ષ દેખાય છે, તેની સાથે વિરોધ આવે. (૪) અવસ્થા; પર્યાય; ભાવ; ક્રિયા. (૫) પ્રવૃત્તિ (૬) વર્તમાન અવસ્થા (૭) ચેતનના પરિણમન માત્રપણાથી, પરિણામ છે. એકલા પરમાં પરિણમન થઈ ગયું તેને અહીં પરિણામ કહ્યાં છે. શરીર, મન, વાણી તે બધાં મારા, તે મને લાભ કરે છે, એવા જે પરિણામ છે, તે વિકારી પરિણામ છે. આ રીતે બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ, આઠે શબ્દોના એક અર્થ છે. નામ જુદા છે પણ અર્થ એક છે. (૮) અભિપ્રાય (૯) પરિણામ પર્યાયનું નામ છે. પર્યાય કોઈ દ્રવ્ય અથવા ગુણમાં જ થઈ શકે છે. જે સત્ (ભાવાત્મક) જ નથી, તેમાં પર્યાયનું હોવું, એ જ રીતે અસંભવ છે. જેમ ગધેડાને શિંગડાનું હોવું, અસંભવ છે. તેથી સત્ અને પરિણામ બન્નેનો એક જ કાળ છે. (૧૦) અવસ્થા (૧૧) અભિપ્રાય (૧૨) અવસ્થા થાય તે; અવસ્થા (૧૩) જયાં જયાં વસ્તુ જોવામાં આવે છે, ત્યાં ત્યાં પરિણામ જોવામાં આવે છે. જેમ કે, -ગોરસ તેના દૂધ, દહીં, ઘી, છાશ, વગેરે, પરિણામ સહિત જ જોવામાં આવે છે. જયાં પરિણામ નથી, ત્યાં વસ્તુ પણ નથી. જેમ કે-કાળાશ-સુંવાળપ વગેરે પરિણામ નથી, તો વસ્તુપણ નથી. માટે સિદ્ધ થયું કે, વસ્તુ પરિણામ વિના હોતી નથી, તેમ, પરિણામ પણ વસ્તુ વિના હોતાં નથી; કારણ કે વસ્તુરૂપ આય વિના, પરિણામ કોના આધારે રહે? ગોરસરૂપ આશ્રય વિના દૂધ, દહીં વગેરે, પરિણામ કોના આધારે થાય ? વળી વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે.

ત્યાં વૈકલિપક ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય, તે દ્રવ્ય છે, સાથે સાથે રહેનારા ભેદો, તે ગુણો છે અને ક્રમે ક્રમે ભેદો, તે પર્યાયો છે. આવાં દ્રવ્ય, ગુણને પર્યાયના એકતા વિનાની, કોઈ વસ્તુ હોતી નથી. બીજી રીતે કહીએ, તો વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-મય છે. અર્થાત તે ઉપજે છે, વિણસે છે અને ટકે છે. આમ તે દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય હોવાથી, તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે. માટે પરિણામ, એ વસ્તુનો સ્વભાવ જ છે. (૧૪)

(૧) ખેરખર પરિણામ છે, તે જ નિશ્ચયથી કર્મ છે.
(૨) અને પીરણામ, પોતાના આશ્રયભૂત પરિણામી (વસ્તુ)નું જ હોય છે, અન્યનું નહિ.
(૩) વળી કર્મ કર્તા વિના હોતું નથી.
(૪) તેમજ વસ્તુની, એક રૂપે સ્થિતિ હોતી નથી.
(૫) માટે વસ્તુ પોતે જ, પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે, એ નિશ્ચયરૂપ સિદ્ધાંત છે.

પરિણામ પદ્ધતિ :પરિણામોની પરંપરા

પરિણામ વિના વસ્તુ ન હોય :જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે.

પરિણામક :પરિણમવા યોગ્ય (દસ અંશ સ્નિગધતાવાળો પરમાણુબાર અંશ રૂક્ષતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગધતાવાળો પરમાણુ બાર અંશ રૂક્ષતા રૂપે પરિણમી જાય છે,અથવા દસ અંશ સ્નિગધતાવાળા પરમાણુ સાથે બંધાઈને સ્કંધ બનતાં, દસ અંશ સ્નિગધરિતાવાળો પરમાણુ બાર અંશ સ્નિગ્ધતારૂપે પરિણમી જાય છે; માટે ઓછા અંશવાળો પરમાણુ પરિણમ્ય છે, અને બે અધિક અંશવાળો પરમાણુ પરિણામક છે. એક અંશ સ્નિગધતા કે રૂક્ષતાવાળો પરમાણુ (સામાન્ય નિયમ અનુસાર) પરિણામક તો નથી જ. અને જઘન્યભાવમાં વર્તતો હોવાથી પરિણમ્ય પણ નથી. આ રીતે જઘન્યભાવ બંધનું કારણ નથી.) (૨) પરિણમાવનાર; પરિણમવામાં નિમિત્તભૂત.

પરિણામથી યુક્ત :પરિણામમય; પરિણામાત્મક; પરિણામસ્વરૂપ.

પરિણામનિષ્પાદક :પરિણામનો નિપજાવનારો; પરિણામ નીપજાવવામાં જે નિમિત્તભૂત (બહિરંગ સાધનભૂત) છે એવો.

પરિણામવાળાં :પરિણમનવાળાં, પરિણમતાં

પરિણામાત્મક :પરિણામ સ્વરૂપ

પરિણામાત્મક શરીર :શરીર અનેક પરમૉણુ દ્રવ્યોનો એક પિંડ, પર્યાયરૂપ પરિણામ છે.

પરિણામી :પરિણમનારા; પરિણામવાળા; (પર્યાયાર્થિક નયે ગુણો પરિણામી છે અર્થાત્ પરિણમે છે.) (૨) અવસ્થાનો કરનાર (૩) પરિણામ-પરિણતિ=દ્રવ્ય-ગુણ-પર્યાય (૪) એક પરિણામથી, બીજા પરિણામરૂપ પરિણમન કરનાર (૫) અવસ્થાનો કરનાર; અવસ્થાયી. (૬) અવસ્થાનો કરનાર; અવસ્થાયી (૭) દ્રવ્ય; વસ્તુ; ક્રિયાવાન; કર્તા

પરિત :મુક્તિ; છૂટકારો. (૨) ક્ષય થવો; નાશ પામવો. (૩) છૂટકારો (૪) મર્યાદિત; ટૂંકો

પરિતૃપ્ત :સંતોષ (૨) પરિપૂર્ણ

પરિતાપ :કષ્ટ; પીડા (૨) દુઃખ. (પરપરિતાપ=બીજાને દુઃખ દેવું.)(૩) અત્યંત તાપ; ખેદ. (૪) અત્યંત ખેદ; વિરહાગ્નિનું દુઃખ; અત્યંત તાપ.

પરિતોષપણું :મુક્તપણું (૨) પૂર્ણ સંતોષ પ્રાપ્ત થવો; પૂર્ણ સંતોષી.

પરિદેવના :સંક્લેશ પરિણામોના આલંબને એવું રૂદન કરવું કે જેથી સાંભળનારના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ જાય તે પરિદેવના છે.

પરનિમિત્તે :પર લક્ષે

પરિનિર્વૃત્તિ :મોક્ષ; પરિપૂર્ણતા; છેવટનું સંપૂર્ણ સુખ. (પરિનિર્વૃત્તિ આત્મતૃપ્તિથી થાય છે અર્થાત્ આત્મતૃપ્તિની પરાકાષ્ઠા તે જ પરિનિર્વૃત્તિ છે.)

પરિનિષ્ક્રમણ :જૈન દીક્ષા (૨) દીક્ષાગ્રહણ

પરિનિષ્ઠત :પરિ-સર્વથા, નિ-નિતાંતપણે, આત્યંતિકપણે સ્થિત. પરિનિષ્ઠિત અર્થાત્ ચૌતન્યમય કેવલ દર્શન-જ્ઞાન સ્વભાવમાં સર્વથા સુસ્થિત એવું, શુદ્ધ કેવલજ્ઞાન

પરિપંથી :શત્રુ; વાટપાડુ; લુટારો.

પરિપૂર્ણ :જ્ઞાનથી પૂર્ણ, દર્શનથી પૂર્ણ,આનંદથી પૂર્ણ, શાંતિથી પૂર્ણ, સ્વચ્છતાથી પૂર્ણ, કર્તાથી પૂર્ણ, કર્મથી પૂર્ણ ઈત્યાદિ સમસ્ત અનંત શક્તિઓથી આત્મસ્વભાવ પરિપૂર્ણ છે.

ત્રણ લોકમાં (સંખ્યાએ) અનંત જીવ છે. એનાથી અનંતગણા પરમાણુ છે. એનાથી અનંતગુણા ત્રણ કાળના સમયો છે. એનાથી અનંતગુણા આકાશના પ્રદેશો છે. એનાથી અનંતગુણા એક જીવમાં ગુણો છે. આ બધા ગુણો પૂર્ણ છે. અને આવા અનંતગુણ-શક્તિઓથી પરિપૂર્ણ આત્મદ્રવ્ય છે. શુધ્ધનય આવા પૂર્ણ શક્તિઓથી મંડિત જે સમસ્ત લોકલોકને જાણવામાં સામર્થ્યવાળો આત્મસ્વભાવ છે તેને પ્રગટ કરે છે. જ્ઞાનમાં જે ભેદ પડે છે એ તો કર્મ સંયોગથી છે. શું કહ્યું ? આ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવળજ્ઞાન એ જે પર્યાયના ભેદો છે એ તો કર્મના નિમિત્તથી અપેક્ષાથી છે. વસ્તુમાં (જ્ઞાનસ્વભાવમાં) ભેદ નથી. શુધ્ધનયમાં કર્મ અને કર્મની અપેક્ષા ગૌણ છે. શુધ્ધનય તો એક માત્ર પૂર્ણ સ્વભાવને પ્રગટ કરે છે. ભાઈ! આ ચીજને સમજવી એ કોઈ અલૌકિક પુરુષાર્થ છે.

પરિપૂર્ણ જ્ઞાનચેતના :અહીં પરિપૂર્ણ જ્ઞાનચેતનાની વિવક્ષા હોવાથી, કેવળી ભગવંતોને અને સિધ્ધ ભગવંતોને જ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. આંશિક જ્ઞાનચેતનાની વિવક્ષાથી તો મુનિઓ, શ્રાવકો અને અવિરત સમ્યગ્દ્રષ્ટિઓને પણ જ્ઞાનચેતના કહી શકાય છે; તેનો અહીં નિષેધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું

પરિપૂર્ણ જ્ઞાનવંત :અહીં પરિપૂર્ણ જ્ઞાનચેતનાની વિવક્ષા હોવાથી, કેવળી ભગવંતોને અને સિધ્ધ ભગવંતોને જ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. આંશિક જ્ઞાનચેતનાની વિવક્ષાથી તો મુનિઓ, શ્રાવકો અને અવિરત સમ્યગ્દષ્ટિઓને પણ જ્ઞાનચેતના કહી શકાય છે; તેનો અહીં નિષેધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું.

પરિપૂર્ણ, નિર્વિકાર, અસંયોગી સ્વભાવ :જીવ, પોતાના શુધ્ધ સ્વભાવને ભૂલ્યો, તેમાં જ આઠે પ્રકારના ભાવ કર્મ આવી જાય છે. અને એ ભાવ કર્મ જ, આત્માને દુઃખનું કારણ છે. જડ કર્મો તો નિમિત્ત છે, પોતાના સ્વભાવનો મહિમા ભૂલીને, જડકર્મના નિમિત્તે થતી અપૂર્ણ અવસ્થા, વિકાર અને પર સામગ્રી, તેની જ્ઞાનમાં કિંમત ભાસી તે જ દુઃખ છે. અને સ્વયમેવ પરિપુર્ણ, નિર્વિકારી અને સામગ્રીના સંગ વિનાનો, એવો આત્મ સ્વભાવ છે તેની જ્ઞાનમાં કિંમત થતાં, અપૂર્ણતા-વિકાર અને સામગ્રીનો મહિમા, ટળી ગયો, તે જ મુક્તિનો ઉપાય છે. જ્ઞાનમાં પોતાના સ્વભાવની કિંમત આવ્યા વગર, ગમે તેટલા ઉપાય કરે, તે બધાય ખોટા જ છે. આત્માનો સ્વભાવ ચૈતન્યમય, અચિંત્યશકિતરૂપ અને પોતાનાથી જ કૃતકૃત્ય છે. એને જાણે તો તેનો મહિમા આવે. જેણે પોતાના સ્વભાવને જ, પરિપૂર્ણ કૃતકૃત્ય જાણ્યો છે, એવા જ્ઞાનીને અન્ય ભાવોથી શું પ્રયોજન છે? જેણે પોતાના સ્વભાવને જ, કૃતકૃતય જાણ્યો છે. તેને કદી, કોઈ અન્ય ભાવોનો મહિમા હોય જ નહિ.

પરિપૂર્ણની પ્રતીતિ :તે સમ્યગ્દર્શન

પરિપૂર્ણપણું :આખાપણું.

પરિપૂર્ણપણે :અત્યંત સ્પષ્ટતાથી, સંપૂર્ણ સ્પષ્ટતા

પરિપુર્ણમાં સ્થિરતા :તે સમ્યગ્ચારિત્ર

પરિપાક :પરિણામ; ફળ; પરિપક્વ થવું એ.

પરિભ્રમણ :એક સ્થાનેથી બીજા સ્થાને ફરતા રહેવું, ભવભ્રમણ (૨) ટહેલવું તે; ગોળ ગતિમાં ફરવું તે; ભ્રમણ

પરિભાવન :એકાગ્રપણારૂપ, આત્મધ્યાન

પરિભાષણ :વ્યાખ્યા (૨) પરિભાષા સૂત્ર (૩) વાર્તાલાપ; સંભાષણ; નિંદા; ફિટકાર (૪) વ્યાખ્યા (૫) જે યથાસ્થાનમાં, અર્થ દ્વારા વસ્તુનું સ્વરૂપ સૂચવે, તેવી શાસ્ત્રરચના

પરિભાષણ કરું છું :વ્યાખ્યા કરું છું;

પરિભાષણ કર્યું :પરિભાષા સૂત્ર બાંધ્યું; સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે. તેમાં એક પરિભાષા જાતિ છે; અધિકારને જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે, તે પરિભાષા કહેવાય છે. કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે, એટલે કે સમય પ્રાભૃતના અર્થને જ, યથા સ્થાનમાં જણાવનારું પરિભાષા સૂત્ર રચે છ.

પરિભાષા :અધિકારને જે યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે પરિભાષા (૨) કોઈ પણ શાસ્ત્રની, સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દો

પરિમુક્ત :સંપૂર્ણપણે મુક્ત. (૨) સર્વ રીતે મુકત (૩) સંપૂર્ણ મુક્તિ.

પરિમાણ :માપ; માત્રા; પ્રમાણ; વજન. (૨) કાળનું માપ (૩) પ્રમાણ; માત્રા; માપ; વજન. (૪) મર્યાદા

પરિણામનિષ્પાદક :પરસ્પર કાર્યકારણભૂત એવા અનાદિ રાગદ્વેષ પરિણામ અને કર્મબંધની

પરિણામનિષ્પાદક :પરિણામને નિપજાવનારો; પરિણામ નીપજવામાં જે નિમિત્તભૂત (બહિરંગ સાધનભૂત) છે એવો.

પરિમિત :મર્યાદિત; અલ્પ; થોડું. (૨) અલ્પ; માપસરનું; થોડું. (૩) અલ્પ; મર્યાદિત; અંદાજસર; માપેલું

પરિમિત મોહ :સમ્યગ્દર્શન થયા પછી અપ અસ્થિરતા રહે છે. ચારિત્રમોહ રહે છે તે પરિમિત મોહ છે. વર્તમાન અસ્થિરતા પૂરતો મર્યાદાએ જોડાય છે, માટે તે પરિમિત મોહ છે.

પરિવર્તન-પલટો :ગ્રહણ ત્યાગરૂપ ક્રિયા

પરિવર્જું છું :પરિત્યાગ કરું છું.

પરિવર્તન :પરિણમન (૨) સંસરણ; પરાવર્તન. (૩) પલટો. (૪) પરિણમન (૫) ફેરફાર (૬) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ સંસાકરચક્રમાં પરિભ્રમણ (૭) પરિભ્રમણ; પરાવર્તન

પરિવર્તન લિંગ :કાળ; પુદ્ગલાદિનું પરિવર્તન જેનું લિંગ છે તે, પુદ્ગલાદિના પરિણામન દ્વારા જે જણાય છે તે. (લિંગ=ચિહ્ન; સૂચક; ગમક; ગમ્ય કરાવનાર; જણાવનાર; ઓળખાવનાર) (•) જો પુદ્ગલાદિનું પરિવર્તન થાય છે તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ-એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે. (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય છે તેમ) તેથી કાળ પરિવર્તનલિંગ છે. (•) વળી પુદ્ગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (-થોડો વખત; ઘણો વખત એવી કાળની અવસ્થાઓ ગમ્ય થાય છે તેથી પણ કાળ પરિવર્તન લિંગ છે. (૨) પુદ્ગલાદિ પરિવર્તન જેનું લિંગ છે તે; પુદ્ગલાદિના પરિણમન દ્વારા જે જણાય છે તે. (લિંગ=ચિહ્ન; સૂચક; ગમક; ગમ્ય કરાવનાર; જણાવનાર; ઓળખાવનાર.) (૩) (•) જો પુદ્ગલાદિનું પરિવર્તન થાય છે તો તેનું કોઈ નિમિત્ત હોવું જોઈએ-એમ પરિવર્તનરૂપી ચિહ્ન દ્વારા કાળનું અનુમાન થાય છે. (જેમ ધુમાડારૂપી ચિહ્ન દ્વારા અગ્નિનું અનુમાન થાય છે તેમ.) તેથી કાળ પરિવર્તનલિંગ છે. (•) વળી પુદ્ગલાદિના પરિવર્તન દ્વારા કાળના પર્યાયો (થોડો વખત, ઘણો વખત એવી કાળની અવસ્થાઓ) ગમ્ય થાય છે તેથી પણ કાળ પરિવર્તનલિંગ છે.

પરિવર્તિત :રૂપાંતરિત

પરિવર્ધક :ભવભ્રમણ; દીર્ઘસંસારી.

પરિણામ :વર્તમાન અવસ્થા

પરિનિવૃત્તિ :મોક્ષ; પરિપૂર્ણતા; છેવટનું સંપૂર્ણ સુખ. (પરિનિવૃત્તિ આત્મતૃપ્તિથી થાય છે અર્થાત્ આત્મતૃપ્તિની પરાકાષઠા તે જ પરિનિવૃત્તિ)

પરવિષય :શબ્દ, રસ, રૂપ, ગંધ,નિંદા, પ્રશંસા વગેરે, કોઈ પણ પર પદાર્થ તરફ લક્ષ કરી, તેમાં કીક અકીકની વૃત્તિ કરવી, તે પર વિષય છે.

પરિશુદ્ધિ :સંપૂર્ણ ચોખ્ખાઈ; સંપૂર્ણ રીતે દોષ કાઢી નાખવાપણું; પવિત્ર કરવાપણું.

પરિશિષ્ટ :કહેલું કહેવું, નહિ કહેલું પણ કહેવું અને થોડામાં બધું કહેવું એનું નામ પરિશિષ્ટ.

પરિશીલન :શ્રવણ પછી મનન થાય; પરિભાવન થાય; પરિ = સર્વથા, શીલન

સ્વભાવભૂતપણું; શ્રુતબોધનું સર્વથા આત્મ સ્વભાવભૂતપણું; અંતરાત્મ પરિણામીપણું; ભાવિતાત્મપણું થવું, તે પરિશીલન છે.

પરિષ્કૃત :સંશુદ્ધ; શાસ્ત્રીય રીતે ગુણ-દોષોની વિચારણા કરી વસ્તુની સ્વરૂપશુદ્ધિ.

પરિષદો :ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર, નગ્નતા, અરતિ, સ્ત્રીચર્યા, નિષદ્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન, આ પ્રમાણે ૨૨ પરિષહો છે. આ પરિષહો જે સહન નથી કરતો, તેનું સ્વાત્મજ્ઞાન નષ્ટ થઈ જાય છે. અર્થાત્ પ્રથમ તો ઉત્પન્ન નથી થતું અને, જો ઉત્પન્ન થાય પણ છે, તો સ્થિર નથી રહેતું.

પરિષહ :બાવીસ પ્રકારના પરિષહો મુનિઓ સહન કરે છે તેનાં નામ :- ક્ષુધા, તરસ, શીત, ઉષ્ણ, ડાંસમસક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મળ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કારપુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન-એ બાવીસ પ્રકારના પરિષહ છે. (૨) ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે બાવીસ આપત્તિઓમાંની પ્રત્યેકને ખમી ખાવાની ક્રિયા.

પરિષહ :કષ્ટ; દુઃખ; આપત્તિ; પ્રતિકૂળતાના સંયોગો; (સાપ કરડે, વીંછી ડંખે, વાઘ-સિંહ આવીને ફાડી ખાય આ બધા પ્રતિકૂળતાના સંયોગો છે.) પરિષહ અનુકૂળ અને પ્રતિકૂળ એમ બન્ને પ્રકારે હોય છે.

રામચંદ્રજી મહાપુરુષ-પુરુષોત્તમ પુરુષ જયારે મુનિદશામાં હતા ત્યારે સીતાજી દેવ-પુરુષ હતા. ત્યાંથી આવીને તેમણે સીતાજીનું રૂપ ધારણ કરીને રામચંદ્રજીને બોલાવે છે કે-અરે/ આપણે જુદા પડી ગયા! એક વાર તમે સ્વર્ગમાં આવો અને આપણે ભેગા રહીએ. આમ રામચંદ્રજીને ધ્યાનથી ડગાવવા અનુકૂળ પરિષહ આવ્યો. પણ રામ ડગ્યા નહિ અને અંદરમાં ધ્યાન નિમગ્ન રહ્યા તેથી કેવળજ્ઞાન ઉપજાવી, દેહથી છૂટીને મોક્ષે પધાર્યા. સીતાજી સ્વર્ગમાં દેવ હતા અને સમકિતી હતા. પરંતુ અસ્થિરતાને લીધે એવો ભાવ આવ્યો. (૩) ક્ષુધા, તૃષા, શીત,ઉષ્ણ, ડાંસમસક, ચર્યા શય્યા, વધ, રોગ તૃણસ્પર્શ, મળ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર, પુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન,-એ બાવીસ પ્રકારના પરિષહ છે. (૪) ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે, બાવીસ આપત્તિઓમાંની પ્રત્યેકને, ખમી ખાવાની ક્રિયા. પરિષહ. (૫) પ્રતિકૂળતાના સંયોગો, પરિષદ બંને પ્રકારના હોય છે. અનૂકૂળતા અને પ્રતિકૂળતાના, એ બધા સંયોગો છોડવાના છે. (૬) કર્મ ખપાવવા તથા માર્ગથી ચ્યુત ન થવા માટે, જે કંઈ સહન કરવું પડે, તે પરિષહ કહેવાય છે. એમાંના કોઈ વિશેષ પ્રમાણમાં હોય, તો તે પ્રાણઘાતક પણ નીવડે તેવા પરિષહ, ઘોર પરિષહ કહેવાય છે. નિર્ગ્રંથ મુનિને સહન કરવા પડતા પરિષહ, બાવીશ પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે : (•) ક્ષુધા (•) તૃષા (•) શીત (•) ઉષ્ણ (•) દશમશક (•) નગ્નતા (•) અરતિ (•) સ્ત્રી (•) ચર્યા (•) નિષદ્યા (•) શય્યા (•) આક્રોશ (•) વધ (•) યાચના (•) અલાભ (•) રોગ (•) તૃણસ્પર્શ (•) મેલ (•) સત્કાર (•) પ્રજ્ઞા (•) અજ્ઞાન (•) દર્શન, તે પ્રત્યેકની ટૂંકાણમાં સમજણ નીચે પ્રમાણે છેઃ-

(૧) ક્ષુધા પરિષહ = કોઈ પણ કારણસર શુદ્ધ આહાર ન મળતાં, ક્ષુધા સહન કરવી પડે, તે ક્ષુધા પરિષહ.

(૨) તૃષા પરિષહ = શાસ્ત્રમાં જણાવેલું ઉકાળેલું અચિત પાણી ન મળતાં, તૃષા સમભાવે સહેવી, તે તૃષા પરિષહ.

(૩) શીત પરિષહ=શિયાળામાં સખત ઠંડીમાં પણ ટાઢ ઉડાડવા કોઈ પ્રયત્ન ન કરતાં, ઠંડી સમભાવે સહેવી, તે શીત પરિષહ.

(૪) ઉષ્ણ પરિષહ=ગ્રીષ્મમાં એ જ રીતે સૂર્યાદિ તાપ સહન કરવા, તે ઉષ્ણ પરિષહ.

(૫) દંશમશક પરિષહ = ગુફામાં કે અન્ય જગ્યાએ મચ્છર, ડાંસ, માંકડ આદિ, જંતુઓના ડંખ, પીડા કરે તેથી મનને ચંચલ ન બનવા દેતાં, તેને સમભાવે સહેવા, તે દંશમશક પરિષહ

(૬) નગ્નતા પરિષહ=સચેલક મુનિના વસ્ત્ર ફાટી જાય, તો પણ કોઈ પાસે વસ્ત્રની યાચના ન કરતાં, સમભાવે નગ્નતા વેદે, તે નગ્નતા પરિષહ

(૭) અરતિ પરિષહ=સચેલક માટે તો નગ્નતા, એ હમેંશાનો પરિષહ રહે છે. કોઈ પણ વસ્તુ પ્રાપ્ત ન થાય, છતાં મનમાં શોક થવા દીધા વિના, સંયમમાં રહેવું, તે અરતિ પરિષહ

(૮) સ્ત્રી પરિષહ= મુનિને સ્ત્રી વશ કરવા પ્રયત્ન કરે તે, વખતે ચલિત ન થતા સંયમિત રહેવું, તે સ્ત્રી પરિષહ

(૯) ચર્યા પરિષહ=મુનિને એક સ્થળે સ્થિર ન રહેતા, ચારે બાજુ ફરવું જોઈએ ; એક સ્થળે રહેવાથી, તે સ્થળ વિશે આસક્તિ થાય, માટે વિહારનાં ગમે તેટલાં કષ્ટો સહન કરવાં, તે ચર્યા પરિષહ

(૧૦) નિષદ્યા પરિષહ=સારી નરસી ચીજ માટે,રાગ દ્વેષ ન કરવો; થયો ઉપસર્ગ શાંતિથી સહેવા, તે નિષદ્યા પરિષહ

(૧૧) શય્યા પરિષહ=મુનિને પોતાના નિવાસ દરમ્યાન, સૂવાની પથારી કે જગ્યા સારી ન મળે, કે ત્યાં વ્યંતર આદિનો ઉપસર્ગ હોય, કે કોઈ અન્ય દુઃખ હોય તે શાંતિથી સહન કરવું, તે શય્યા પરિષહ

(૧૨) આક્રોશ પરિષહ=કોઈ વૈરી, અન્ય ધર્મી કુવચન કહે, નિંદા કરે, ખોટાં આળ ચડાવે વગેરે કરે, છતાં તે સમભાવે સહેવાં, સર્વને કર્મનો દોષ માની, અન્યનો દોષ ન જોવો, તે આક્રોશ પરિષહ

(૧૩) વધ પરિષહ = ચોર, બદમાશ, આદિ, ગુસ્સામાં આવી મુનિને મારે, ક્રોધ કરે કે વધ કરે, છતાં તેના પ્રત્યે દ્વેષ ન કરતાં સમભાવ રાખે, અને પોતાને અવિનાશી જાણી, તે સર્વનું શાંતિથી વેદન કરે તે વધપરિષહ.

(૧૪) યાચના પરિષહ = ગોચરી માટે જતી વખતે, ખોરાક, ઔષધાદિની યાચના કરવી પડે છે, તે વખતે તેમાં ગ્લાનિ કે શરમ ન રાખતાં, પૂર્વની પોતાની સ્થિતિ યાદ કર્યા વિના, યાચવું અને મળે, કે ન મળે તે સમભાવે સહેવું, તે યાચના પરિષહ

(૧૫) અલાભ પરિષહ = યાચના કરવા છતાં, ઈચ્છિત ન મળે છતાં ખેદ ન કરવો, અને સમભાવ રાખવો, તે અલાભ પરિષહ

(૧૬) રોગ પરિષહ=શરીરમાં ગમે તેવા રોગ ઉત્પન્ન થાય, છતાં તે વિશે મનમાં કલેશ ન આણે, મુનિને લબ્ધિ પ્રગટી હોય, છતાં રોગ નિવારણ માટે તેનો ઉપયોગ ન કરે, રોગ સમભાવે વેદે, તે રોગ પરિષહ.

(૧૭) તૃણ સ્પર્શ પરિષહ=શરીરની નબળી પરિસ્થિતિમાં, ઘાસની પથારી ખૂંચે તો પણ શાંતિથી તેને સહે, અને મૃદુ પથારીને ઈચ્છે નહિ, તે તૃણસ્પર્શ પરિષહ.(૧

(૧૮) મેલ પરિષહ=અગ્નિ, ધૂળ, પરસેવો, આદિથી, મેલા થયેલા શરીરને સ્વચ્છ કરવા ઈચ્છે નહિ, અને પૂર્વે કરેલી શરીરની સ્વચ્છતા સંભારે પણ નહિ, તે મેલ પરિષહ.

(૧૯) સત્કાર પરિષહ= કોઈ સત્કાર કરે કે ન કરે, બંનનેમાંથી કોઈ પણ સ્થિતિમાં, ગૌરવ કે ખેદ ન કરતાં સમભાવ રાખવો, તે સત્કાર પરિષહ

(૨૦) જ્ઞાન પરિષહ = ગમે તેટલું જ્ઞાન હોવા છતાં, મુનિ તેનું અભિમાન ન કરે, ઉપરાંત જ્ઞાનદાન કરતાં, કદી કંટાળે નહિ, તે જ્ઞાન પરિષહ.

(૨૧) અજ્ઞાન પરિષહ=મહેનત કરવા છતાં જ્ઞાન પ્રાપ્ત ન થાય, ત્યારે મુનિ ખેદ ન પામતાં વધુ ઉદ્યમી થાય, તે અજ્ઞાન પરિષહ

(૨૨) દર્શન પરિષહ= પરમાર્થ પ્રાપ્તિમાં વિલંબ થતાં આકુળ વ્યાકુળ રનાવે તે દર્શન પરિષહ.

કુદરતી રીતે ઉત્પન્ન થતા, આ ૨૨ પરિષહો ગમે તે પરિસ્થિતિમાં, સમભાવથી સહે, તે સાચા મુનિ. બહુ નુકશાન ન કરે, તે હળવા પ્રકારના પરિષહ છે, અને પ્રાણઘાતક નીવડે, તે ઘોરપરિષહ છે. તે સર્વમાં નિર્ગ્રંથની આત્મસ્થિરતા ટકી ન રહે, તો તેનું પતન થાય. આથી મુનિએ આવેલા પરિષહો આત્મ જાગૃતિ પૂર્વક જીતવા જોઈએ. આત્માની વિશુદ્ધિ, જેમ જેમ વધતી જાય તેમ તેમ, પરિષહની સંખ્યા ઘટતી જાય છે. દશમાથી બારમા ગુણસ્થાને, ૧૪ પ્રકારના પરિષહ સંભવે છે, અને ૧૩મા તથા ૧૪મા ગુણસ્થાને માત્ર, ૧૧ પ્રકારના પરિષહ સંભવે છે. જ્ઞાનાવરણ અંતરાય, મોહનીય અને વેદનીય કર્મનો ઉદય જ, આ પરિષહના નિમિત્તરૂપ હોય છે.

પરિષહ જય :દુઃખનાં કારણો મળતાં દુઃખી ન થાય, તથા સુખનાં કારણો મળતાં, સુખી ન થાય પણ જ્ઞાતા તરીકે જ્ઞેયને જાણવાવાળો જ રહે, એ જ સાચો પરિષહ જય છે.

પરિષહો :પોતાના આત્માને જાણવાના ઈચ્છુકોએ, પરીષહો સહન કરવા જોઈએ. આગમમાં બાવીસ પરીષહો બતાવ્યા છે. તેના નામ છેઃ- ક્ષુધા, પિપાસા, શીત,ઉષ્ણ ડાંસ, મચ્છર, નગ્નતા, અરતિ, સ્ત્રીચર્યા,નિષધા, શય્યા, આક્રોશ,વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન, અદર્શન. આ પરિષહો જે સહન કરતો નથી, તેનું આત્મજ્ઞાન નષ્ટ થઈ જાય છે. અર્થાત, પ્રથમ તો ઉત્પન્ન નથી થતું, અને જો ઉત્પન્ન થાય પણ છે, તો સ્થિર નથી રહેતું.

પરિસ્પંદ :કંપન (૨) હિલચાલ; ધ્રૂજ્યા કરવું તે; ફરક્યા કરવું એ; કંપન.

પરિસ્પંદ વડે છૂટાં પુદ્ગલો :છૂટાં પુદ્ગલો કંપન વડે ભેગાં મળે છે. ત્યાં છૂટાપણે તેઓ નષ્ટ થયાં, પુદ્ગલપણે ટકયાં ને ભેગાપણે ઉપજ્યાં. (તે અપેક્ષાએ તેઓ ઉપજે છે, ટકે છે ને નષ્ટ થાય છે)

પરિસ્પંદન :ચંચળ થવું. (૨) કંપન (૩) હલન ચલન (૪) ધ્રુજયા કરવું એ, ફરકયા કરવું એ, હિલચાલ

પરિસ્પંદરૂપ પર્યાય :તે ક્રિયા છે.

પરિસ્પષ્ટ :સર્વ પ્રકારે સ્પષ્ટ; અત્યંત સ્પષ્ટ (૨) સર્વ પ્રકારે સ્પષ્ટ. (૩) સર્વ પ્રકારે સ્પષ્ટ; અત્યંત સ્પષ્ટ.

પરિસમાપ્તપણું :સંપૂર્ણ રીતે પૂર્ણ થયેલપણું; જેમાં કાંઈ જ હવે કરવાનું બાકી નથી તેવું.

પરિસમાપ્તિ :પ્રતિપાદન

પરિસર્પણ :ચારે તરફ દોડી જવું

પરિસ્રવ :કર્મને પાછા જવું. (૨) નિર્જરા.

પરિસેવવું :આચરવું.

પરિહરે :છોડે, ત્યજી દે.

પરિહરવું :પરહરવું; તજી દેવું; છોડી દેવું; ત્યાગ કરવો; જતું કરવું.

પરિહાર :ત્યાગ; મુક્તિ; છૂટકારો; નિરાકરણ; ખુલાસો; નવમાનું એક પ્રાયશ્ચિત તપ. (૨) સર્વથા ભિન્ન કરવું; જુદુ કરવું; દૂર કરવું (૩) પરિત્યાગ; છોડીને. (૪) છોડીને; પરિત્યાગ. (૫) છોડીને; ત્યાગ. પરિહાર્ય=ટાળી શકાય એવું કે, ટાળવા જેવું. પરિહાર=પરિત્યાગ (૬) પરિત્યાગ; છોડીને; ઉત્સુકતા અને આસકિત મટી જવી. (૭) છોડવું; પરિત્યાગ. (૮) છોડવું; દૂર કરવું; પરિત્યાગ; ઉત્સુકતા અને આસકિત મટી જવી, તે જ પરિહાસ અથવા પરિત્યાગ છે.

પરિહારવિશુદ્ધિ :ત્યાગવિશુદ્ધિ; નિર્મળ ત્યાગ.

પરીક્ષા પ્રધાન :સર્વ દેશે વસ્તુતત્ત્વનો સાંગોપાંગ વિચાર કરવો પડે, તે. સાંગોપાંગ વિચારપૂર્વક નિર્ધારિલ વસ્તુતત્ત્વ પોતે તો, સમ્યગ્ જાણી શકે અને બીજાને પણ સમજાવી શકે. (૨) જેઓ પોતાના સમ્યગ્જ્ઞાન વડે, પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કર, અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ. કેમ કે કોઈ પદ, વેષ અથવા સ્થાન પૂજય નથી, ગુણ પૂજય છે. તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ, ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે, એમ આચાર્યે નિશ્ચય કર્યો. જેમનામાં એવી ગુણ હોય તે સહજ જ સ્તુતિ કરવા યોગ્ય થયો. કારણકે, જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે, જુદો નથી એ વિચારીને નિશ્ચય કરીએ, તો એવો ગુણ પ્રગટરૂપ અરિહંત અને સિદ્ધમાં હોય છે. આ રીતે પોતાના ઈષ્ટદેવનું સ્તવન કર્યું.

પરીત સંસારી :સમીપ મુક્તિગામી

પ્રીતિ :પ્રેમ; હેત; સ્નેહ; અનુરાગ; રુચિ; ભાવ. (૨) સરળ વાત્સલ્યતા

પરીષહ :ઉપસ્ગર્ગ

પરીષહો :ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર, નગ્નતા, અરતિ, સ્ત્રીચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણસ્પર્શ, મળ, સત્કાર-પુરસ્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન. આ પ્રમાણે આગમમાં બાવીસ પરીષહ કહ્યા છે. પોતાના આત્માને જાણવાના ઈચ્છુકોએ, ઉપર

કહેલા પરીષહો સહન કરવા જોઈએ. જે પરીષહોને સહન કરતો નથી. તેનું આત્મજ્ઞાન, પરીષહો ઉપસ્થિત થતાં સ્થિર રહેતું નથી.-નાશ પામી જાય છે.

પહેલું ગુણસ્થાનક :પહેલે ગુણસ્થાનકે ગ્રંથિ છે તેનું ભેદન કર્યા વિના આત્મા આગળના ગુણસ્થાનકે જઈ શકતો નથી. જોગાનજોગ મળવાથી અકામનિર્જરા કરતો જીવ આગળ વધે છે, ને ગ્રંથિભેદ કરવાની નજીક આવે છે. અહીં આગળ ગ્રંથિનું એટલું બધું પ્રબલપણું છે કે, તે ગ્રંથિભેદ કરવામાં મોળો પડી જઈ અસમર્થ થઈ જઈ પાછો વળે છે; હિમ્મત કરી આગળ વધવા ધારે છે; પણ મોહનીયના કારણથી રૂપાંતર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે એમ સમજે છે; અને ઊલટું તે સમજવારૂપ મોહના કારણથી ગ્રંથિનું નિબિડપણું કરે છે. તેમાંથી કોઈક જ જીવ જોગાનજોગ પ્રાપ્ત થયે અકામનિર્જરા કરતાં અતિ બળવાન થઈ તે ગ્રંથિને મોળી પાડી અથવા પોચી કરી આગળ વધી જાય છે. જે અવિરતિ સમ્યક્દ્દષ્ટિનામા ચોથું ગુણસ્થાનક છે; જ્યાં મોક્ષમાર્ગની સુપ્રતીતિ થાય છે. આનું બીજું નામ બોધબીજ છે. અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે અર્થાત્ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે.

આ બોધબીજગુણસ્થાનક-ચોથા ગુણસ્થાનકથી તેરમા ગુણસ્થાનક સુધી આત્મઅનુભવ એકસરખો છે; પરંતુ જ્ઞાનાવરણીય કર્મની નિરાવરાણતાનુસાર જ્ઞાનની વિશુદ્ધતા ઓછી અદકી હોય છે, તેના પ્રમાણમાં અનુભવનું પ્રકાશવું કદી શકે છે. વ્યાખ્યાનસાર-૧.

પહેલી પદવી :જયાં સુધી શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી

પહોંચી વળે છે. :જાણી લે છે.

પહોંચી વળતું :જાણતું

પળ :ક્ષણ; ઘડીનો સાઠમો ભાગ; (શ્વાસ છ વખત નીકળતો-ચાલતો હોય છે એટલો સમય)

પળશી :સેવા-પૂજા; ભક્તિ; ખુશામત.

પક્ષઘાત :લકવો; પેરેલીસીસ

પક્ષનો પરિગ્રહ :શત્રુમિત્રાદિનો પક્ષપાત

પક્ષપાત :વિકલ્પ (૨) દષ્ટિ રાગ; પ્રશસ્ત રાગ; માન્યતા

પક્ષાતિ ક્રાન્ત :પક્ષને, ઓળંગી જનાર (૨) પક્ષને ઓળંગી ગયો છે, તે. (૩) અપેક્ષાઓથી પાર; અપેક્ષાઓને ઓળંગી જવી. (૪) મતભેદાતીત; મતાગ્રહથી પર; મતાતીત; મતભેદરૂપ નયપક્ષથી અતિક્રાંત,-પર છે,-મતાતીત છે.

પરજ્ઞેયો :પંચેન્દ્રિયના વિષયો

પરજ્ઞેયો-પર વિષયો (ઈંદ્રિયોના વિષયભૂત પદાર્થો) :ગ્રાહ્ય એટલે જ્ઞેય-જણાવાલાયક અને ગ્રાહક એટલે જ્ઞાયક-જાણનાર. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયો એ ત્રણે જણાવા લાયક છે અને જ્ઞાયક આત્મા પોતે જાણનાર છે. એ ત્રણેય પરજ્ઞેય તરીકે અને ભગવાન આત્મા સ્વજ્ઞેય તરીકે જાણવા લાયક છે, ચાહે તો ભગવાન ત્રણ લોકના નાથ હો, તેમની વાણી હો કે તેમનું સમોસરણ-તે બધુંય અનિન્દ્રિય આત્માની અપેક્ષાએ ઈન્દ્રિય છે, પરજ્ઞેય તરીકે જણાવા લાયક છે. અને આત્મા ગ્રાહક-જાણનાર છે. આમ હોવા છતાં ગ્રાહ્ય-ગ્રાહક લક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે વાણીથી જ્ઞાન થાય છે એમ અજ્ઞાની (ભ્રમથી) માને છે. જ્ઞેયાકારરૂપે જે જ્ઞાનની પર્યાય થાય છે તે જ્ઞાનનું પરિણમના છે, જ્ઞેયનું નહિ, જ્ઞેયના કારણે પણ નહિ, છતા જ્ઞેય-જ્ઞાયકના સંબંધની અતિ નિકટતા છે તેથી જ્ઞેયથી જ્ઞાન આવ્યું, જ્ઞેયના સંબંધથી જ્ઞાનથયું એમ અજ્ઞાની (ભ્રમથી) માને છે.

જ્ઞેય-જ્ઞાયકને અતિ નિકટ સંબંધ હોવાથી પરસ્પર જ્ઞેય જ્ઞાયકરૂપ અને જ્ઞાયક જ્ઞેયરૂપ એમ બન્ને એકરૂપ હોય એવો તેને ભ્રમ થાય છે. ખરેખર એમ નથી, છતાં આવી માન્યતા તે અજ્ઞાન છે. જેવી વાણી હોય તેવા પ્રકારનું જે જ્ઞાન થાય છે તે પોતાના કારણે છે, વાણીના કારણે નહિ. પરસત્તાવલંબી જ્ઞાન પણ પરથી થયું છે. એમ માનવું તે અજ્ઞાન છે. જ્ઞેય-જ્ઞાયક સંબંધની નિકટતાને લીધે અજ્ઞાનીને જ્ઞાન અને જ્ઞેય પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે, પરંતુ એક થયા નથી.

વીતરાગની વાણી પુદગલ છે, તેનાથી જ્ઞાન થાય નહિ. જ્ઞાનસૂર્ય પ્રભુ પોતે જાણનાર છે. તે સ્વને જાણતાં પરને સ્વતઃ જાણે છે. પરથી તો તે જાણે નહિ, પણ પર છે માટે પરને જાણે છે એમ પણ નથી.

વાણી, કુટુમ્બ આદિ પદાર્થો તો ઠીક, પણ સાક્ષાત તીર્થંકર ભગવાન પણ ગ્રાહ્ય એટલે પરજ્ઞેય છે; અને આત્મા પોતાથી જાણનાર છે. અજ્ઞાનીને તે ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થો પરજ્ઞેય હોવા છતાં એકમેક જેવા થઈ ગયેલા દેખાય છે તેમને જુદા કેમ પાડવા તે હવે કહે છે.

જ્ઞાયકનો તો જાણવાનો સ્વતઃ સ્વભાવ છે. ભગવાન કે વાણીને લઈને તે સ્વભાવશક્તિ છે એમ નથી. જેને વાણી કે રાગનો પણ સંગ નથી તેવો પોતાનો ચૈતન્ય સ્વભાવ છે. તેવા ચૈતન્ય સ્વભાવનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તેના વડે પર વિષયો-પરજ્ઞેયો સર્વથા જુદા કરાય છે.

જુઓ, દ્રવ્યેન્દ્રિયો સામે અંતરમાં પ્રગટ અતિ સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ લીધો, ભાવેન્દ્રિય સામે એક અખંડ ચૈતન્યશક્તિ લીધી અને અહીં ત્રીજા બોલમાં જ્ઞેય-જ્ઞાયકની નિકટતા સામે ચૈતન્ય-શક્તિનું અસંગપણું લીધું છે. આ તો ત્રણ લોકના નાથની વાણીનો સાર છે.

કેવળીની વાણીમાં પણ જેનું વર્ણન પુરેપુરું આવી શક્યું નથી એવી અમુલ્ય ચીજ આત્મા છે. એવા આત્માને સ્વયમેવ અંતરમાં અનુભવમાં આવતો અસંગપણા વડે ઈંદ્રિયોના વિષયોથી જુદો કર્યો. જેણે પરથી અધિકપણે-ભિન્નપણે પૂર્ણ આત્માને જાણ્યો, સંચેત્યો અને અનુભવ્યો તેણે ઈન્દ્રિયોના વિષયોને જીત્યા. જડ ઈન્દ્રિયો, ભાવેન્દ્રિય અને તેના વિષયભૂત પદાર્થો એ ત્રણેય જ્ઞાનનું પર જ્ઞેય છે. એ ત્રણેયને જેણે જીત્યા એટલે એ સર્વથી જે ભિન્ન પડ્યો તે જિન થયો. સ્વપરની એકતા બુધ્ધિ વડે તે અજૈન હતો. હવે પરથી ભિન્ન પડી નિર્મળ પર્યાયને પ્રગટ કરી તે જીતેન્દ્રિય જિન થાય છે.

પર્યુપાસના :પરિચર્યા; વારંવાર આરાધના કરવી. (૨) સેવાચાકરી; પરિચર્યા; સારસંભાળ; ખાતર બરદાસ્ત. (૩) પરિચર્યા, ચારે તરફથી વસ્તુને ઓળખાવવી. (૪) પરિચર્યા; સેવા ચાકરી. (૫) પૂર્ણ અભ્યાસ; વિસ્તારપર્વક અભ્યાસ (૬) સેવાચાકરી; પરિચર્યા; સારસંભાળ; બરદાસ્ત.

પર્યવસાન :અંત; છેડો; પરિણામ; નિકાલ; તોડ; સારાંશ.

પર્યાપ્ત :પૂરતી; સંપૂર્ણ.

પર્યાપ્ત કર્મ :જેના ઉદયથી, પોતપોતાને યોગ્ય પર્યાપ્તિ, પૂર્ણ થાય છે.

પર્યાપ્ત-અપર્યાપ્ત :જ્યારે આ જીવ કોઈ યોનિમાં પહોંચે છે ત્યારે ત્યાં જે પુદ્ગલોને ગ્રહણ કરે છે તેમાં આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન બનવાની શક્તિ અંતર્મુહૂર્તમાં (૪૮ મિનિટની અંદર) થઈ જાય છે. તેને પર્યાપ્ત કહે છે. જેને આ શક્તિની પૂર્ણતા અવશ્ય થવાની છે, પરંતુ જ્યાં સુધી શરીર બનવાની શક્તિ પૂર્ણ નથી થઈ શકતી ત્યાં સુધી તેને નિવૃત્ત્ય-પર્યાપ્ત કહે છે. જે છમાંથી કોઈ પર્યાપ્તિ પૂર્ણ કરી શકતા નથી અને એક શ્વાસ (નાડીનું થડકવું તે) તેના અઢારમા ભાગમાં મરી જાય છે તેને લબ્ધ્યપર્યાપ્ત કહે છે. પર્યાપ્તિઓમાંથી એકેન્દ્રિય જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ ચાર હોય છે. બે ઈન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીનાને ભાષા સહિત પાંચ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિયને બધી છએ પર્યાપ્તિઓ હોય છે. પુદ્ગલોનો ખલભાગ (કઠણ ભાગ) કે રસરૂપ કરવાની શક્તિને આહારપર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિ :આહારવર્ગણા, ભાષા વર્ગણા અને મનોવર્ગણાના પરમાણુઓને, શરીર ઈન્દ્રિયાદિરૂપ, પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને, પર્યાપ્તિ કહે છે.

પર્યાપ્તિ યોગ :આહાર, શરીર, ઈન્દ્રિય શ્વાસોચ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે. જીવ એક ભવમાંથી બીજા ભવમાં આવે ત્યારે માતાના ઉદરમાં તે પર્યાપ્તિ રચાય છે.

આહાર લેવાયુ શ્વાસોચ્છવાસ લેવાય, ભાષા બોલાય, વગેરે છ પર્યાપ્તિ દરેક સંજ્ઞી પચેન્દ્રિયને બંધાય છે. તે બધી પુદ્ગલની રચના છે, આત્મામાં તે છ પર્યાપ્તિ છે નહિ, આત્મા આહાર લેતો નથી. શ્વાસોચ્છવાસ હલાવતો નથી. આત્મા ભાષા બોલતો નથી, આત્માને મનની મદદ નથી, આત્માને શરીર નથી, આત્માને ઈન્દ્રિય નથી, આત્માનું સ્વરૂપ તો આવું નિરાળુ છે. પરંતુ જે અભિમાન કરે કે, આ બધું મારું છે, એનો હું કર્તા છું, એવી માન્યતા તે મિથ્યાત્વ છે. માત્ર જે વસ્તુ સબંધપણે વર્તે તેને પોતાપણે માને ત્યાં સુધી

હિત થાય નહિ. સંયોગી વસ્તુ સાથે આત્માને વાસ્તવિકપણે સંબંધ છે જ નહિ. પરવસ્તુ સ્વતંત્ર પરિણામી દ્રવ્ય છે. તેને બીજું કેમ પરિણમાવી શકે ? માટે પોતાના સ્વાધીન તત્ત્વનું શ્રદ્ધાન જ્ઞાન કરી તેમાં રમણતા કરવી, તે જ મોક્ષનું કારણ છે અને હિતનો ઉપાય છે.

પહેલાં જે પાંચ શરીરની વાત આવી હતી, તેમાં ઔધારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ શરીરની વાત હતી. અને આ પર્યાપ્તિના બોલમાં ઔહારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ શરીર યોગ્ય યોગ્ય પુદ્ગલો લીધો છે. વસ્તુરૂપનો કર્મ છે તેમ કહ્યું છે. પહેલાં માતાના ઉદરમાં શરીર ઈન્દ્રિય વગેરેના, સૂક્ષ્મ પુદ્ગલો બંધાય છે. છ પર્યાપ્તિ અને ત્રણ શરીર બંધાય છે. એમ કહીને, આચાર્યદેવે વ્યવહાર કહ્યો છે. અને છ પર્યાપ્તિ યોગ્ય થવાની ચૈતન્યની અવસ્થા, તે પણ છે ખરી. એ રીતે ચૈતન્યની અશુદ્ધ અવસ્થાનો વ્યવહાર છે, એમ બતાવ્યુ, પરંતુ તે બધું ય આત્માને નથી, એમ કહીને પરમાર્થ બતાવ્યો છે.

પર્યાપ્તિના ભેદો :પર્યાપ્તિના છ ભેદો છે:

(૧) આહાર પર્યાપ્તિ (આહાર વર્ગણાના પરમાણુઓને (ખલ) હાડ અને રસભાગરૂપ પરિણમાવવાના કારણભૂત, જીવની શકિતની પૂર્ણતાને, આહાર પર્યાપ્તિ કહે છે.)

(૨) બીજી શરીર પર્યાપ્તિ (જે પરમાણુઓને હાડ (ખલ) રૂપ પરિણમાવ્યું હતું, તેને હાડ વગેરે કઠણ અવસ્થરૂપ, અને જેને રસ રૂપ પરિણમાવ્યા હતાં તે તે લોહી આદિ દ્રવ્યરૂપ પરિણમાવવાને કારણભૂત, જીવની શકિતની પૂર્ણતાને, શરીર પર્યાપ્તિ કેહ છે.

(૩) ત્રીજી ઈન્દ્રિય પર્યાપ્તિ (આહાર વર્ગણા પરમાણુઓને, ઈન્દ્રિયોના આકારે પરિણમાવવાને તથા ઈન્દ્રિય દ્વારા વિષય ગ્રહણ કરવાના કારણભૂત જીવની શકિતની પૂર્ણતાને, ઈન્દ્રિયપર્યાપ્તિ કહે છે.

(૪) ચોથી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ (આહાર વર્ગણાના પરમાણુને શ્વાસોચ્છ્વાસ પરિણમાવવાના કારણભૂત જીવની શકિતની, પૂર્ણતાને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહે છે.)

(૫) પાંચમી ભાષા પર્યાપ્તિ (ભાષા વગૂણા પરમાણુઓને, વચનરૂપ પરિણમાવવાના કારણરૂપ જીવની શકિતની પૂર્ણતાને, ભાષાપર્યાપ્તિ કહે છે.)

(૬) છઠ્ઠી મનઃપર્યાપ્તિ (મનોવર્ગણા પરમાણુઓને, હૃદયસ્થાનમાં આઠ પાંખડીના કમલ આકાર, મનરૂપ પરિણમાવવાને તથા તેના દ્વારા યથાવત વિચાર કરવાના કારણરૂપ, જીવની શકિતની પૂર્ણતાને, મનઃ પર્યાપ્તિ કહે છે.)

એકેન્દ્રિયને ભાષા અને મન વગર ચાર પર્યાપ્તિ હોય છે.

- દ્વિઈન્દ્રિય, ત્રિઈન્દ્રિય, ચતુરન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને, મન વિના, પાંચ પર્યાપ્તિ હોય છે.
- સંજ્ઞી પંચેન્દ્રિયને છયે, પર્યાપ્તિ હોય છે. આ બધી પર્યાપ્તિઓને પૂર્ણ થવામાં, અંતર્મુહૂર્ત કાળ લાગે છે. અને એક એક પર્યાપ્તિનો કાલ પણ, અંતર્મુહૂર્ત હોય છે. અને પહેલેથી બીજીના તથા બીજી થી ત્રીજી પર્યાપ્તિનો, આ મુજબ છઠ્ઠી સુધીનો કાળક્રમથી મોટો મોટો અંતર્મુહૂર્ત છે. પોતપોતાને યોગ્ય પર્યાપ્તિઓનો આરંભ, તો એકદમથી થાય છે. પરંતુ પૂર્ણતા ક્રમથી થાય છે. જ્યાં સુધી કોઈ જીવની શરીરપર્યાપ્તિ પૂર્ણ ન હોય, પરંતુ નિયમથી પૂર્ણ થવા યોગ્ય હોય ત્યાં સુધી, તે જીવને નિર્વૃત્ત્ય પર્યાપ્તક કહે છે. અને જેની શરીર પર્યાપ્તિ પૂર્ણ થવાવાળી હોય, તેને પર્યાપ્તક કહે છે, અને જેની એક પણ પર્યાપ્તિ પૂર્ણ ન હોય, તથા શ્વાસના અઢારમા ભાગમાં જ મૃત્યુ પામવા વાળા હોય, તેને લબ્ધપર્યાપ્તક કહે છે.

પર્યાપ્તિયોગ્ય :જે છ પર્યાપ્તિયોગ્ય અને ત્રણ શરીરયોગ્ય પુદ્ગલસ્કંધરૂપ નોકર્મ છે તે બધુંય જીવને નથી. આહાર, શરીર, ઈન્દ્રિય, ભાષા, મન અને શ્વાસોચ્છ્વાસ એ છ પર્યાપ્તિયોગ્ય જે પુદ્ગલસ્કંધો છે તથા ત્રણ સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ શરીરયોગ્ય જે પુદ્ગલસ્કંધો છે તે નોકર્મ છે. તે બધુંયે જીવને નથી. કારણકે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે.

પર્યાય :ક્રમે પ્રવર્તે તે પર્યાય; અવસ્થા; હાલત (૨) હાલત, અવસ્થા, પરિણમન (૩) પાણીનું તરંગ જેમ પાણીમાં સમાઈ જાય છે તેમ વ્યય થયેલી પર્યાય દ્રવ્યરૂપ થઈ જાય છે. નિર્મળ પર્યાય પ્રગટ હોય ત્યારે તે ક્ષયોપશમ, ક્ષાયિક કે

ઉપશમભાવરૂપ હોય છે પણ અંદર દ્રવ્યમાં સમાઈ જાય ત્યારે પારિણામિક ભાવરૂપ થઈ જાય છે. (ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકરૂપ રહેતી નથી.) (૪) પર્યાયનું લક્ષણ પરસ્પર વ્યતિરેક છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે, કારણ કે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ નહિ હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે; તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે. (૫) બદલાતી દશા. ક્રમવર્તી પર્યાય; અવસ્થા (૬) હાલત કહો, દશા કહો, અંશ કહો, અવસ્થા કહો-બધું એકાર્થ છે. (૭) ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે. (૮) વર્તમાન ક્ષણિક અવસ્થા. (૯) દ્રવ્યની બદલતી દશા-મતિ, શ્રુત આદિને પર્યાય કહે છે. (૧૦) વર્તમાન દશા; હાલત; અવસ્થા; પરિણમન. (૧૧) કોઈ પર્યાય પોતે, પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ પણ તે દ્રવ્યના આધારે-દ્રવ્યમાંથી -ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો, તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો થાય; એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે, દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે, પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ; આત્મદ્રવ્યમાંથી ઉત્પન્ન થતો, જ્ઞાનપર્યાય પોતે, પોતાથી જ જણાય છે. જેમ દીવારૂપ આધારમાંથી, ઉત્પન્ન થતો પ્રકાશપર્યાય સ્વ-પરને પ્રકાશે છે, તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાન પર્યાય સ્વપરને જાણે છે. વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે, એ અનુભવસિદ્ધ પણ છે.(•) જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ? (•) જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત નિમિત્ત છે, જ્ઞેય જ્ઞાનમાં ન જણાય, તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું? (૧૨) પ્રજા; અલ્પ રાગ-દ્વેષની પ્રજા (૧૩) અંશ, ભાગ, હાર, વિધ, પ્રકાર, ભેદ, છેદ, ભંગ, આ બધા શબ્દ એક અર્થના વાચક છે. બધાનો અર્થ પર્યાય છે. (૧૪) પર્યાયમાં પરિપૂર્ણ જ્ઞાનશકિતનો અવિશ્વાસ, તે સંસાર, પર્યાયમાં પરિપૂર્ણ જ્ઞાનશકિતની શ્રદ્ધા, તે સાધક દશા અર્થાત્ મોક્ષમાર્ગ, અને પર્યાયમાં પરિપૂર્ણ જ્ઞાનશકિતનું પ્રગટપણું, તે મોક્ષ. (૧૫) અવસ્થા (૧૬) આ ઉપજે છે. વિણસે છે, તે પર્યાયનો સ્વભાવ છે. પર્યાય છે, તે અનિત્ય છે. (૧૭) કાર્ય; પરિણામ; પરિણમન; અવસ્થા (૧૮) ગુણના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે. (૧૯) એક મોટા પંડિત, એમ કહેતા હતા કે, પર્યાયમાં જો અશુદ્ધ ભાવ થાય, તો આખું દ્રવ્ય અશુદ્ધ થઈ જાય. અરે ભાઈ! તું શું કહે છે આ? શુદ્ધ આત્મ દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. ત્રિકાળી દ્રવ્ય, કદીય અશુદ્ધ થતું જ નથી. પર્યાયમાં વિકાર અશુદ્ધતા થાય છે. શુભાશુભ વખતે દ્રવ્યની પર્યાય, તેમાં તન્મય છે. દ્રવ્યની પર્યાય અશુદ્ધતાથી તન્મય છે. પણ તેથી કાંઈ ત્રિકાળી દ્રવ્ય, અશુદ્ધ થઈ જાય છે, એમ નથી. પરિણામ ભલે શુભ કે અશુભ હો, તે કાળે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તો શુદ્ધ જ છે. અનાદિ અનંત વસ્તુતત્વ, તો શુદ્ધ જ છે. અને જ્યાં શુભાશુભથી ખસીને જીવ, ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની દષ્ટિ કરે છે, ત્યાં તત્કાળ જ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ! પરથી ખસ સ્વમાં વસ, ટુંકું ને ટચ, આટલું કર તો બસ. બસ આ વાત છે. (૨૦) પલટતી અવસ્થા (૨૧) પ્રશ્નઃ પર્યાયમાં પ્રભુતા કેમ પ્રગટે ?

ઉત્તર : અરે ભાઈ ! તું રાગાદિથી નિર્લેપ સ્વરૂપ પ્રભુ છો કષાય આવે તેને જાણવો, તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા, તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય, કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે, તેમ કષાયભાવો-વિભાવો જ્ઞાનમાં જણાય છે. તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પો આવે, તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે. જ્ઞાયકની જાતના નથી, તેથી કજાત છે, પર જાત છે, પર હોય છે, સ્વજાત સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયક સ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરમાં વિશ્વાસ કરતાં, પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

(૨૨) ભેદ; પરિણમન;અવસ્થા;દશા; પરિણામ; સ્થિતિ;હાલત (૨૩) ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને), પર્યાય કહે છે.

(૨૪) પરની પર્યાયને પર દ્રવ્ય કહો પણ સ્વની નિર્મળ પર્યાયને પણ પર દ્રવ્ય કેમ કહો છો ?

ઉત્તર :- પર દ્રવ્યના લક્ષ જો નિર્મળ પર્યાયના લક્ષે પણ રાગ ઉઠતો હોવાથી, એ પણ ખરેખર તે પર દ્રવ્ય છે. દ્રવ્યથી સર્વથા ભિન્ન છે,

એમ જોર દીધા વિના દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર જતું નથી. તેથી નિર્મળ પર્યાયને પણ પર દ્રવ્ય, પરભાવને હેય કહી છે. પર્યાય ઉપર પ્રેમ છે. તેનું લક્ષ પરદ્રવ્ય ઉપર જાય છે, તેથી તેને પરદ્રવ્યનો જ પ્રેમ છે. પરમ સત્ સ્વભાવ એવા દ્રવ્ય સામાન્યની ઉપર લક્ષ જવું, તે અલૌકિક વાત છે.

(૨૫) સહવર્તી ગુણોને પર્યાય પણ કહે છે. (૨૬) ગુણના વિશેષ કાર્યને (પરિણમનને), પર્યાય કહે છે. (૨૭) આત્મદ્રવ્ય સમસ્ત પર્યાયોમાં વ્યાપક છે, એમ કહ્યું છે તો શું વિકાર પર્યાયમાં પણ આત્મા વ્યાપક છે?

ઉત્તર : હા; વિકાર પર્યાયમાં પણ તે સમય પૂરતો, આત્મા વ્યાપક છે; પણ આમ જેણે નક્કી કર્યુ તેને પોતાની પર્યાયમાં એકલો વિકાર ભાવ જ નથી હોતો, પરંતુ સાધક ભાવ હોય છે. કેમ કે વિકારભાવ કર્મને લીધે થતો નથી. એટલે કે તેમાં કર્મ વ્યાપક નથી, તે વિકાર પર્યાયમાં પણ આત્મ દ્રવ્ય જ વ્યાપક છે; આમ જેણે નક્કી કર્યું, તેને વિકાર વખતે પણ, દ્રવયની પ્રતીતિ ખસતી નથી, એટલે પર્યાયમાં દ્રય વ્યાપક છે, એમ નકકી કરનારને, એકલા વિકારમાં જ વ્યાપકપણું રહેતું નથી. પણ સમ્યકત્વાદિ નિર્મળ પર્યાયમાં વ્યાપકપણું હોય છે.

(૨૮) કોઈ પર્યાય પોતે, પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ. પણ તે દ્રવ્યતા આધારે -દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય; કારણ કે, જો એમ ન હોય તો, તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના રોગો થાય. એ તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે, દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ, આત્મ દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય, એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે હોવાથી, જણાઈ શકે નહિ.

(૨૯) પ્રશ્ન : દ્રવ્યની સિદ્ધિ, તો પર્યાયથી થાય છે, તો પર્યાય ઊંચી થઈ?

ઉત્તર : દ્રવ્યની સિદ્ધિ ભલે પર્યાય કરે છે, પણ પર્યાય તો એક સમયની છે, અને દ્રવ્ય તો અનંતી અનંતી. પર્યાયનો પિંડ પ્રભુ છે, એની કિંમત છે. એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો જાણે છે, પણ દ્રવ્ય તો, એથી અનંત ગુણી પર્યાયનો પિંડ છે. એથી પર્યાય કરતાં દ્રવ્યની કિંમત અનંતગુણી છે. એવા દ્રવ્યની કિંમત થાય, તો પર્યાયમાં આનંદનું વેદન આવે.

પ્રશ્ન : દ્રવ્યમાં પડેલો આ, નંદ કામ ભોગમાં-ભોગવટામાં આવતો નથી. અને પર્યાયનો, આનંદ કામ-ભોગવટામાં આપે છે, તે પર્યાયની કિંમત વધે છે?

ઉત્તર : પર્યાયમાં ભોગવટામાં આવતો આનંદ, એક ક્ષણ પૂરતો છે. ને દ્રવ્ય, તો ત્રિકાળી આનંદનો પિંડ છે. ક્ષણેક્ષણે દ્રવ્યમાંથી, આનંદનો પ્રવાહ આવે છે. એથી દ્રવ્ય આનંદનો સાગર છે. આનંદના સાગરની કિંમત વિશેષ છે.

(૩૦) ગુણોના વિશેષ કાર્યને (પરિણમને) પર્યાય કહે છે. (૩૧) અવસ્થા (૩૨) પરિણમન-અવસ્થા. શરીર, વાણી અને મન વગરેની, જે ક્ષણેક્ષણે અવસ્થા થાય છે, તેનો કર્તા આત્મા નથી. જુદા દ્રવ્યની અવસ્થા, જુદા દ્રવ્યમાં અને આત્માની અવસ્થા, આત્મામાં થાય છે.

જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે, તે તો વ્યપક છે. અને કોઈ અવસ્થા વિશેષ, તે વ્યાપકનું વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે, ને પર્યાય તે વ્યાપ્ય છે. કારણ કે, દ્રવ્ય તો બધી અવસ્થાઓમાં વ્યાપક જ છે. અને પર્યાય તો, કોઈ એક અવસ્થા વિશેષ છે, માટે તે વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય, અભેદરૂપ જ છે; કાંઈ ભિન્ન ભિન્ન નથી. માટે જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ છે, તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ છે. આમ હોવાથી, દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે, વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્ય વ્યાપકપણું, તત્ત્વસ્વરૂપમાં જ હોય છે.પુદ્ગલ દ્રવ્ય વ્યાપક છે અને વર્ણ-ગંધ રસ-સ્પર્શની પર્યાય તે વ્યાપ્ય છે. તે દ્રવ્ય અને પર્યાય બન્ને અભેદ છે. જે દ્રવ્યનું સ્વરૂપ અને સત્ત્વ છે, તે જ પર્યાયનું સ્વરૂપ અને સત્ત્વ છે.આત્મા વ્યાપક અને જ્ઞાનાદિ ગુણની પર્યાય, તેનું વ્યાપ્ય છે. જે આત્માનું સ્વરૂપ અને સત્ત્વ છે. તે જ પર્યાયનું સ્વરૂપ અને સત્ત્વ છે. દ્રવ્યને પર્યાય અભેદ છે. એ રીતે વ્યાપ્ય વ્યાપકપણું તત્ત્વસ્વરૂપમાં હોય, પણ અતત્ત્વસ્વરૂપમાં ન હોય, એટલે કે જેનાં સત્ત્વ-સત્તા ભિન્ન ભિન્ન છે. એવા પદાર્થોમાં વ્યાપક

વ્યાપકપણું ન જ હોય. જેમ કે શરીરાદિ પુદ્ગલ દ્રવ્ય વ્યાપક અને આત્માની જ્ઞાનપર્યાય વ્યાપ્ય, એવી રીતે વ્યાપ્ય વ્યાપકપણું ન જ હોય; કારણ કે, બન્નેના સ્વરૂપ અને સત્ત્વ ભિન્ન ભિન્ન છે. વળી આત્મા વ્યાપક અને પુદ્ગલ દ્રવ્યની શરીરાદિની અને રાગ-દ્વેષની પર્યાય, વ્યાપ્ય એમ બને જ નહિ, કારણ કે, બન્નેના સ્વરૂપ અને સત્તા ભિન્ન ભિન્ન છે.

દરેક વસ્તુમાં-આત્મામાં અને બીજા પદાર્થોમાં, ઉત્પાદ વ્યય થયા કરે છે; નવી અવસ્થાનો ઉત્પાદ અને જુની અવસ્થાનો વ્યય અને વસ્તુ, ધ્રુવપણે કાયમ ટકી રહે છે. એવી રીતે દરેક વસ્તુમાં, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ થયાં જ કરે છે. તે વસ્તુ પોતે, સ્વતંત્રપણે પરિણમીને થયા કરે છે. તેનો કોઈ બીજો પદાર્થ કર્તા નથી. (૩૩) વસ્તુમાં બે પ્રકારની પર્યાયો થાય છે. એક વ્યજંન પર્યાય, બીજી અર્થ પર્યાય. પ્રદેશત્વ ગુણના વિકારને વ્યજંન પર્યાય કહે છે અર્થાત સમગ્ર વસ્તુના અવસ્થાભેદ (આકાર) ને વ્યજંન પર્યાય કહે છે. તથા તે દ્રવ્યમાં રહેતાં અનંત ગુણોની પર્યાયને અર્થ પર્યાય કહે છે. ઉકત બંને પ્રકારની પર્યાયો વસ્તુમાં સમય સમયે થયા કરે છે. જ્યારે ઉપરોકત કથન પ્રમાણે, બધી શકિતઓનું પરિણમન થાય છે, ત્યારે વૈભવિક શકિતનું પણ, પ્રતિક્ષણ પરિણમન સિદ્ધ થઈ ગયું. તેથી ફલિતાર્થ એ થયો કે વૈભાવિકી શકિત જ, અવસ્થાભેદે સ્વભાવ અને વિભાવમાં આવ્યા કરે છે. જયાં સુધી કર્મોનો સંબંધ રહે છે, ત્યાં સુધી તો તે વૈભાવિકી શકિતનું, વિભાવરૂપ પરિણમન થાય છે. અને જયારે બધા કર્મોનો અભાવ થાય છે, ત્યારે આત્મા પોતાના સ્વાભાવિક શુદ્ધ ભાવોનો, અધિકારી થઈ જાય છે. તે સમયે વૈભાવિકી શકિતનું પરિણમન, સ્વભાવરૂપ થાય છે. આ રીતે કેવળ એક વૈભાવિક શકિતના જ, સ્વાભાવિક અને વૈભાવિક એવા, બે અવસ્થાભેદ છે.

ઉપર્યુકત કથનથી આ વાત સારી રીતે સિદ્ધ થઈ જાય કે, પદાર્થમાં અવસ્થાના ભેદથી બે શક્તિઓ છે. આ દ્વૈત અવસ્થા ભેદથી જ છે. સ્વાભાવિક અને વૈભાવિક, - આ બે શકિતઓની અપેક્ષાએ, યુગ દ્વૈત નથી.

ભાવાર્થ - વસ્તુમાં એક સમયમાં એક જ પર્યાય હોય છે. આ નિયમથી વૈભાવિક શકિતની ક્રમે થતી બંને અવસ્થાઓ વસ્તુમાં રહે છે. પરંતુ કોઈ કહે છે કે, સ્વાભાવિક અને વૈભાવિક બંને એકી સાથે રહે છે. એ વાત કદી બની શકતી નથી. કેમ કે જો એકી સાથે એક કાળે બંને રહેતી હોય તો, તે બંન્ને ગુણ કહેવાય. પર્યાયો ન કહેવાય. પર્યાય તો એક સમયમાં, એક જ હોય છે. તેથી અવસ્થા ભેદે ક્રમપૂર્વક જ સ્વાભાવિક અને વૈભાવિક બંને અવસ્થાઓ પ્રાપ્ત થાય છે. એક કાળે નહિ. પંચાધ્યાયી ગાથા ૮૯, ૯૦, ૯૧ય ખંડ-બીજો પંચાધ્યાયી હિતવર્ધક (૩૪) ચાર પ્રકારની છે-ઉદય, ઉપશમ,ક્ષયોપશમ અને ક્ષાયિક-એમ ચાર ભાવો જે પર્યાયરૂપ છે, તે ત્રિકાળી ધ્રુવ શુદ્ધમાં નથી. (૩૫) અવસ્થા (૩૬) હાલત; અવસ્થા; દશા. (૩૭) પર્યાય (વ્યકત) :વ્યકત એટલે પ્રગટ જ્ઞાનની પર્યાય અને અવ્યકત એટલે ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક એ બન્નેનું ભેગું મિશ્રપણે એક સાથે પર્યાયમાં જ્ઞાન થાય છે પણ જ્ઞાયક દ્રવ્ય જ્ઞાનની પર્યાયને સ્પર્શતું નથી એટલે દ્રવ્ય પર્યાયમાં વ્યાપતું નથી એમ કહે છે. અહાહ! આ વ્યકત પર્યાયમાં અવ્યકતનાં જ્ઞાન-શ્રદ્ધાન આવ્યાં છતાં તે અવ્યકત, અવ્યકતનાં જેમાં જ્ઞાન-શ્રદ્ધાન આવ્યાં તે પર્યાયને સ્પર્શતો નથી. અવ્યકત વ્યકતમાં આવતો નથી, વ્યાપતો નથી. એટલે કે પર્યાય પર્યાયરૂપે રહે છે અને દ્રવ્ય દ્રવ્યરૂપે રહે છે.

આ દ્રવ્ય છે, આ જ્ઞાન ગુણ છે અને આ જાણનારી પર્યાય છે. એમ દ્રવ્ય,ગુણ,પર્યાય ત્રણેયનું પર્યાયમાં જ્ઞાન થાય છે. આમ દ્રવ્ય-પર્યાયનું મિશ્રિતપણે જ્ઞાન હોવાં છતાં અવ્યકત એવો ભગવાન આત્મા સ્વ-પરપ્રકાશક એવી જ્ઞાનની વ્યકત પર્યાયને સ્પર્શતો નથી. અર્થાત્ તે પર્યાય દ્રવ્યમાં આવતી નથી. અહા! પોતા સહિત છ દ્રવ્યનું એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય છતાં તે જ્ઞાન કરનારી પર્યાયમાં જ્ઞાયક ભગવાન વ્યાપતો નથી, ભિન્ન રહે છે.

(૩૮) પર્યાયનો વાસ્તવિક અર્થ વસ્તુનો અંશ છે. ધ્રુવ અન્વયી અથવા સહભૂત તથા ક્ષણિક, વ્યતિરેકી યા ક્રમભાવીના ભેદથી, તે અંશ બે પ્રકારના હોય છે. અન્વયીને ગુણ અને વ્યતિરેકીને પર્યાય કહે છે. એ ગુણના વિશેષ પરિણમનરૂપ હોય છે. અંશની અપેક્ષાએ, જો કે બંને જ અંશ પર્યાય છે. પરંતુ રૂઢિથી કેવળ વ્યતિરેકી અંશને જ પર્યાય કહેવો પ્રસિદ્ધ છે. તે પર્યાય

પણ બે પ્રકારનો હોય છે, અર્થ અને વ્યંજન. અર્થ પર્યાય તો છયે દ્રવ્યોમાં સમાનરૂપથી થવાવાલા એક ક્ષણ ટકવાવાળા સૂક્ષ્મ પરિણમનને કહે છે. વ્યંજન પર્યાય જીવ અને પુદ્ગલના સંયોગી અવસ્થાઓને કહે છે અથવા ભાવાત્મક પર્યાયોને અર્થ પર્યાય અને પ્રદેશાત્મક આકારોને, વ્યજંન પર્યાય કહે છે. બંને પર્યાયો જ, સ્વભાવ અને વિભાવના ભેદથી, બે પ્રકારના હોય છે. શુદ્ધ દ્રવ્ય અને ગુણોનો પર્યાય વિભાવિક હોય છે. આ બંને ધ્રુવ અને ક્ષણિક બંને અંશોથી જ, ઉત્પાદ વ્યય ધ્રોવ્યરૂપ વસ્તુની અર્થક્રિયા સિદ્ધ થાય છે.

(૧) ભેદ અને લક્ષ

૧. પર્યાય સામાન્યનું લક્ષણ :- જે બધી તરફથી ભેદને પ્રાપ્ત કરે, તે પર્યાય છે. જે સ્વભાવ વિભાવરૂપથી ગમન કરે છે, અર્થાત્ પરિણમન કરે છે, તે પર્યાય છે. આ પર્યાયની વ્યુત્પતિ છે. ૨. દ્રવ્યાંશ યા વસ્તુ વિશેષના અર્થમાં.

પર્યાયનો અર્થ-વિશેષ, અપવાદ અને વ્યાવૃત્તિ છે. સ્વાભાવિક અથવા નૈમિત્તિક, વિરોધી અથવા અવિરોધી ધર્મોમાં, અમુક શબ્દ વ્યવહાર માટે, વિવક્ષિત દ્રવ્યની અવસ્થા વિશેષને પર્યાય કહે છે. સત્‌ને આદિથી લઈને, અવિભાગ પ્રતિછેદ પર્યંત, જે આ જ સંગ્રહ પ્રસ્તાવ, ક્ષણિક વિવક્ષિત અને શબ્દભેદથી, ભેદને પ્રાપ્ત થઈ, વિશેષ પ્રસ્તાવ કે પર્યાય છે.

૨. વૃત્યાંશો અર્થાત પર્યાયો ક્ષણિકત્વ હોવા છતાં, પણ દ્રવ્યમાં, જે અંશકલ્પના કરવામાં આવે છે એ જ તો પર્યાયોનું સ્વરૂપ છે. પરિણમન ગુણોની જ અવસ્થા છે, અર્થાત ગુણોની પ્રતિ, દરેક સમય થવાવાળી અવસ્થાનું નામ પર્યાય છે.

૩ વ્યવિકારના અર્થમાં તેનું થવું અર્થાત દરેક સમયે બદલતા રહેવારૂપ પરિણામ છે. અર્થાત ગુણોના પરિણમનને પર્યાય કહે છે. ૧. દ્રવ્યના વિકારને પર્યાય કહે છે. ૨. દ્રવ્યના વિકાર, વિશેષ ફળથી ભેદને પ્રાપ્ત થયા છે. એથી તે પર્યાય કહેવાય છે. સામાન્ય વિશેષાત્મક ગ, એક દ્રવ્યમાં વસ્તુત્વને, બતાવનાર છે તેમના પરિણામ પર્યાય છે.

૪. પર્યાયના એકાર્થવાચી નામ. પર્યાયનો અર્થ વિશેષ, અપવાદ અને વ્યાવૃત્તિ (પોતાના લક્ષણોનો વિચ્છેદ, તે વ્યાવૃત્તિ છે; સજાતીય અને વિજાતીય પદાર્થોથી, સર્વથા ભિન્ન થવાવાળી પ્રતીતિને, વ્યાવૃત્તિ અથવા વિશેષ કહે છે; અથવા વિવક્ષિત પદાર્થમાં બીજા પદાર્થના નિષેધને વ્યાવૃત્તિ કહે છે.) અન્ય પદાર્થોના ભેદને વિષય કરનાર અનુમાન.

વ્યવહાર, વિકલ્પ, ભેદ અને પર્યાય આ બધા એકાર્થ છે. પર્યય, પર્યવ, અને પર્યાય આ એકાર્થવાચી છે.

અંશ, પર્યાય, ભાગ, હાર, વિયા, પ્રકાર તથા ભેદ, છેદ અને ભંગ, આ બધા એક જ અર્થના વાચક છે.

(૨) પર્યાયના બે ભેદ

૧. સહભાવી અને ક્રમભાવી. જે પર્યાય છે તે ક્રમભાવી અને સહભાવી, એ રીતે બે પ્રકારની છે.

૨. દ્રવ્ય અને ગુણ પર્યાય, પર્યાય ગુણાત્મક પણ છે, અને દ્રવ્યાત્મક પણ. પર્યાય બે પ્રકારના હોય છે. દ્રવ્ય પર્યાય અને ગુણપર્યાય.

૩. અર્થ પર્યાય અને વ્યજંન પઅથવા બીજા પ્રકારથી અર્થ પર્યાય અને વ્યંજન પર્યાય રૂપથી પર્યાય બે પ્રકારની હોય છે.

૪. સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાય

પર્યાય બે પ્રકારના હોય છે. સ્વભાવ અને વિભાવ, ત્યાં દ્રવ્ય અને ગુણ બંનેની જ પર્યાય સ્વભાવ અને વિભાવના ભેદથી બે-બે પ્રકારની જાણવી જોઈએ.

પર્યાય બે પ્રકારની હોય છે. સ્વભાવ અને વિભા એ બંને જ બે-બે પ્રકારની હોય છે. જેમ કે વિભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય, વિભાવગુણ વ્યજંન પર્યાય; સ્વભાવ દ્રવ્ય વ્યજંન પર્યાય અને સ્વભાવ ગુણ વ્યંજન પર્યાય.

દ્રવ્ય પર્યાય બે પ્રકારની હોય છે-સમાન જાતીય અને અસમાન જાતીય. ગુણ પર્યાય બે પ્રકારની છે.- સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાય. ૫. કારણ શુદ્ધ પર્યાય અને કાર્ય શુદ્ધ પર્યાય.

સ્વભાવ પર્યાયો અને વિભાવ પર્યાયોની વચ્ચે પ્રથમ સ્વભાવ પર્યાય બે પ્રકારની કહેવામાં આવે છે. કારણ શુદ્ધ પર્યાય અને કાર્ય શુદ્ધ પર્યાય.

(૩) દ્રવ્ય પર્યાય સામાન્યનું લક્ષઅનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિ, પ્રતિ (પ્રતિ પાદન) (પ્રાપ્તિ)ના કારણભૂત, દ્રવ્ય પર્યાય છે. - ૫. સા. ગાથા-૯૨ પંચાધ્યાયી-પૂ.૧૩૫

દ્રવ્યના જેટલા પ્રદેશરૂપ અંશ છે, તેટલા એ વાધા નામથી, દ્રવ્ય પર્યાય છે.

(૪) સમાન અને અસમાન જાતીય દ્રવ્ય પર્યાયનું લક્ષણ

સમાન જાતીય તે છે-જેવાં કે, અનેક પુદ્ગલાત્મક દ્વિઅણુક, ત્રિઅણુક ઈત્યાદિ. અસમાન જાતીય તે છે જેમ કે, જીવ પુદ્ગલાત્મક દેવ,મનુષ્ય ઈત્યાદિ.

સ્વલક્ષણભૂત સ્વ અસ્તિત્વથી નિશ્ચિત અન્ય અર્થમાં વિશિષ્ટ (ભિન્ન ભિન્ન) રૂપથી ઉત્પન્ન થતા અર્થ (અસમાનજાતીય) અનેક દ્રવ્યાત્મક પર્યાય છે. જો કે જીવની પુદ્ગલમાં સંસ્થાન આદિથી, વિશિષ્ટતાથી ઉત્પન્ન થતી અનુભવમાં આવે છે.

બે, ત્રણ અથવા ચઈત્યાદિ, પરમાણુરૂપ પુદ્ગલ દ્રવ્ય મળીને, સ્કંધ બને છે. તો આ એક અચેતનની, બીજા અચેતન દ્રવ્યના સંબંધથી ઉત્પન્ન થવાવાળી, સમાન જાતીય દ્રવ્ય પર્યાય કહેવાય છે. હવે અસમાન જાતીય દ્રવ્ય પર્યાય કહે છે. -ભવાન્તરથી

પર્યાય પર્યાયમાં તન્મય છે, દ્રવ્યમાં નહિ :તન્મય એટલે પર્યાય દ્રવ્યાભિમુખ થઈ. દ્રવ્ય પ્રતિ ઢળી છે એમ અર્થ છે.

પર્યાય બુધ્ધિ :ભેદની બુધ્ધિ; રાગની બુધ્ધિ (૨) દેહદૃષ્ટિ

પર્યાય કોને કહે છે? :ગુણના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

પર્યાયના કેટલા ભેદ છે ? બે છે. વ્યંજન પર્યાય અને અર્થ પર્યાય.

પર્યાયજ્ઞાન :જે પર્યાય એકલું પરનું જ્ઞાન કરે છે તે પલટી સ્વનું જ્ઞાન કરે તે પર્યાયજ્ઞાન છે. જ્ઞાનસામર્થ્યની છે. શ્રુતજ્ઞાનની પર્યાય સ્વ-પર પ્રકાશક થાય તે સાચી છે. જે પર્યાય રાગમાં અટકે તે પર્યાયજ્ઞાન નથી. એક સમયમાં જ્ઞાનપર્યાય સ્વ-પરને જાણવાની તાકાતવાળી છે-એમ નહીં જાણતાં-માનતાં એકલા રાગને જાણે અથવા પરને જાણે તે પર્યાયજ્ઞાન નથી. પર્યાયમાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન સમ્યક્ પ્રગટ ન થાય ત્યાં સુધી પર્યાયજ્ઞાન સાચું નથી. જ્ઞાનપર્યાયનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પર્યાયજ્ઞાન શબ્દ વાપરેલો છે.

પર્યાપ્ત :પૂરતી; સંપૂર્ણ

પર્યાયદૃષ્ટિ : વ્યવહાર દ્રષ્ટિ; મિથ્યાદ્રષ્ટિ (૨) પર્યાયમૂઢ

પર્યાયના પર્યાયવાચક શબ્દ :અંશ, પર્યાય, ભાગ, હાર, વિધ, પ્રકાર, ભેદ, છેદ, ભંગ, આ બધા શબ્દ એક અર્થના વાચક છે. બધાનો અર્થ પર્યાય છે.

પર્યાયના પર્યાયવાચક શબ્દ :અંશ, પર્યાય, ભાગ, હાર, વિધ, પ્રકાર, ભેલ, છેદ, ભંગ, આ બધા શબ્દો એક અર્થના વાચક છે. બધાનો અર્થ પર્યાય છે.

પર્યાયના ભેદ :પર્યાયના બે ભેદ છેઃ વ્યજંન પર્યાય અને અર્થ પર્યાય

(૧) વ્યંજન પર્યાય=દ્રવ્યના પ્રદેશત્વ ગુણના વિકાસને (પરિણમનને), વ્યજંનપર્યાય કહે છે.

વ્યજંન પર્યાયના બે ભેદઃ સ્વભાવ વ્યંજન પર્યાય અને વિભાવ વ્યજંન પર્યાય

(૨) સ્વભાવ વ્યજંન પર્યાય= પર નિમિત્તના સંબંધ રહિત, દ્રવ્યનો જે આકાર હોય, તેને સ્વભાવ વ્યજંન પર્યાય કહે છે. જેમ કે, જીવની સિદ્ધ પર્યાય.

(૩) વિભાવ વ્યંજન પર્યાય = પર નિમિત્તના સંબંધથી, દ્રવ્યનો જે આકાર થાય, તેને વિભાવ વ્યંજન પર્યાય કહે છે. જેમ કે, જીવની નર, નારકાદિ પર્યાય.

(૪) અર્થ પર્યાય = પ્રદેશત્વગુણ સિવ, બાકીના બધાય ગુણોના વિકારને, અર્થપર્યાય કહે છે.

અર્થ પર્યાયના બે ભેદ છેઃ સ્વભાવ અર્થપર્યાય અને વિભાવ અર્થ પર્યાય (અર્થપર્યાય=ગુણ પર્યાય)

(૫) સ્વભાવ અર્થપર્યાય= પર નિમિતના સંબંધરહિત, જે અર્થ પર્યાય થાય, તેને સ્વભાવઅર્થ પર્યાય કહે છે. જેમ કે, જીવની કેવળજ્ઞાન, પર્યાય.
(જ્ઞાનગુણની પૂર્ણ અવસ્થા=કેવળ જ્ઞાન)

(૬) વિભાવ અર્થ પર્યાય= પર નિમિત્તના સંબંધથી, જે અર્થ પર્યાય થાય, તેને વિભાવ અર્થ પર્યાય કહે છે. જેમ કે, જીવના રાગ-દ્વેષાદિક.

(૭) કયા કયા દ્રવ્ય, કઈ કઈ પર્યાયો થાય છે ?
(જીવ અને પુદ્ગલ દ્રવ્યમાં, સ્વભાવ અર્થ પર્યાય, વિભાવઅર્થ પર્યાય, સ્વભાવવ્યંજન પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય, એમ ચારે પર્યાયો થાય છે.

(૮) ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્ય, સ્વભાવ અર્થ પર્યાય અને સ્વભાવ વ્યંજન પર્યાય, એમ ફકત બે પર્યાયો થાય છે.

પર્યાયના કેટલા ભેદ છે? :બે છે. વ્યંજન પર્યાય અને અર્થ પર્યાય

પર્યાયનો સ્વભાવ :પૂ.કાનજી સ્વામીને એકવાર ઈસરીમાં ચર્ચા થયેલી, ત્યારે ત્યાગીગણ અને મોટા પંડિતોની રૂબરૂ પોકાર કરીને કહ્યું હતું કે, -જીવની પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે, તે પોતાનાથી થાય છે, તે ભાવનો કર્તા પોતે, કર્મ પોતે અને કરણ પણ પોતે છે. તે ભાવ કર્મથી બીલકુલ થયો નથી. જીવની પર્યાયમાં વિકાર થાય છે, તે પોતાના ષટ્કારકથી થાય છે. તેનો કર્તા જડ કર્મ તો નથી, પણ દ્રવ્ય ગુણ પણ એના કર્તા નથી.
ત્યારે કોઈ કોઈ તો આ વાત સાંભળીને ભડકી ઉઠયા, અને કહેવા લાગ્યા. શું કર્મ વિના જીવને વિકાર થાય ? કર્મ વિના જો વિકાર થાય તો તે સ્વભાવ થઈ જાય.
ત્યારે કહ્યું - જીવને પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાયનો સ્વભાવ છે. અને તે સ્વતંત્ર, પોતાના ષટકારકથી થાય છે, તેમાં કર્મની બીલકુલ અપેક્ષા નથી. કર્મ વિના ન થાય અર્થાત કર્મથી થાય છે એ તો અજ્ઞાનીની માન્યતા છે.
વળી, જે કાંઈ અશુભ, તે બધું ય કર્મ કરે છે, કારણકે અપ્રશસ્ત રાગનામના કર્મના ઉદય વિના તેની અનુપ પત્તિ (અસિદ્ધ) છે.-આ અજ્ઞાનીની દલીલ છે, પણ આ વાત બરાબર નથી, કેમ કે હિંસા, જૂઠ, ચોરી, કુશીલ ઈત્યાદિ, જે અશુભ ભાવ છે તે કાર્ય અને કર્મનો તીવ્ર ઉદય તે એનો કર્તા-એમ છે નહિ. કર્મથી વિકાર થાય છે. એમ માનવું એ તો સાંખ્યમત છે, કોઈ જૈનો (જૈનાભાસો) આવું માને, તો તે પણ મિથ્યાદષ્ટિ જ છે.
અરે ભગવાન! તું અનંત બળનો સ્વામી, મહાબળિયો-બળવંત છો ને પ્રભુ! અનંત અનંત પુરુષાર્થનો પિંડ પ્રભુ તું છો ને! જે ઘડીએ અંદર જાગીને જુએ, તે ઘડીએ ખબર પડે કે, જે રાગ થાય છે તે પર્યાય ધર્મ છે, પર્યાયનું કર્તવ્ય છે, તે મારું (દ્રવ્યનું) કર્તવ્ય નથી અને જડ કર્મનું પણ નહિ.

પર્યાયબુદ્ધિ :દેહદષ્ટિ (૨) રાગબુધ્ધિ (૩) પ્રકૃતિના જે રજોગુણ, તમોગુણ, ઈત્યાદિ છે તે આત્મામાં નથી.

પર્યાયમૂઢજીવો :પરસમય અર્થાત્ મિથ્યાદષ્ટિ છે.

પર્યાયવર્તી :પર્યાય તરીકે વર્તતા; પર્યાયસ્થાનીય.

પર્યાયાંતર :પર્યાય બદલીને; પર્યાયને ઉલટાવીને.

પર્યાયાર્થિક :પર્યાય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે તે પર્યાયાર્થિક છે.

પર્યાયાર્થિક નય :જે મુખ્યપણે વિશેષને (ગુણ અથવા પર્યાયને) વિષય કરે તેને પર્યાયાર્થિક નય કહે છે. દરેક દ્રવ્ય સામાન્ય-વિશેષાત્મક છે. તે બન્ને (સામાન્ય અને વિશેષ) ને જાણનારાં દ્રવ્યાર્થિકનયરૂપ અને પર્યાયાર્થિકનયરૂપ બે જ્ઞાનચક્ષુઓ છે.દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્ય સામાન્ય જ જણાય છે. તેથી દ્રવ્ય અનન્ય અર્થાત્ તેનું તે જ ભાસે છે; અને પર્યાયાર્થિકનયરૂપી બીજા (એક) ચક્ષુથી જોતાં દ્રવ્યના પર્યાયોરૂપી વિશેષો જણાય છે, તેથી દ્રવ્ય અન્ય-અન્ય ભાસે છે. બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્ય સામાન્ય તથા દ્રવ્યના વિશેષો-બન્ને જણાય છે; તેથી દ્રવ્ય અનન્ય તેમજ અન્ય અન્ય બન્ને ભાસે છે. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય-બન્ને નયો વડે વસ્તુનું જે જ્ઞાન થાય છે તે જ પ્રમાણજ્ઞાન છે. (૨) વર્તમાન પર્યાયમાં આનંદનો અનુભવ થઈને, જે નિર્વિકલ્પ નિર્મળ ભાવનારૂપ દશા પ્રગટ થઈ, તે પર્યાયાર્થિકનયનો-વ્યવહાર-નયનો વિષય છે. (૩) પર્યાય જ - એક સમયની વર્તમાન અવસ્થા જ જેનું પ્રયોજન છે તે પર્યાયાથિક નય છે. જો વ્યવહારનયનો વિષય જ ન હોય તો. પર્યાય જ ન હોય. અને પર્યાયના

અભાવમાં કોઈ વસ્તુ જ સિદ્ધ નહિ થાય. પર્યાય જ ન હોય, તો જીવની સિદ્ધ દશા પણ ન હોય, ને એની સંસાર દશા પણ ન હોય; અને તો જીવ પણ ન હોય. ભાઈ, આ રીતે તો કોઈ વસ્તુ જ સિદ્ધ નહિ થાય, માટે વ્યવહારનય અને વ્યવહારનયને વિષય-અંશ, પર્યાય-અવશ્ય છે જ, એમ સંમત કરવું (૪) પર્યાય જ જેનો અર્થ, એટલે કે પ્રયોજન છે, તે પર્યાયાર્થિક નય છે. (૫) તારા પર્યાયમાં વિકાર થાય છે, તે પર્યાયાર્થિક નય. (૬) વસ્તુને પર્યારૂપે દેખનારી દૃષ્ટિ, તે પર્યાયાર્થિક નય (૭) વર્તમાન ઉત્પાદ વ્યયરૂપ બદલતી પર્યાયને, જે બતાવે પર્યાયાર્થિક નય છે, દ્રવ્યાર્થિક નય, ત્રિકાળી એકરૂપ દ્રવ્યને બતાવે છે. (૮) પર્યાય(અવસ્થા)ને જણાવવાનું પ્રયોજન, તે પર્યાયાર્થિક નય (૯) વર્તમાન પર્યાયનો વિષય કરનાર પર્યાયાર્થિક નય છે. પાંચ ભાવોમાંથી ઔપશમિક,ક્ષાયિક,ક્ષાયોપશમિક અને ઔદયિક, આ ચાર ભાવો પર્યાયરૂપ વર્તમાન હાલત પૂરતા છે. તેથી તે પર્યાયાર્થિક નયનો વિષય છે. (૧૦) પર્યાય(અવસ્થા)ને જણાવવાનું પ્રયોજન, તે પર્યાયાથિકનય છે.

પર્યાયાલોચન :એક વસ્તુને બીજી રીતે વિચારવી તે.

પર્યાયી :પર્યાયને ધારણ કરનારું ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે આત્મા છે. (૨) આપાત વિશેષો. તે ચાર પ્રકારની છે. દ્રવ્ય પર્યાયો બે પ્રકારના છે. (•)સમાનજાતીય-જેમ કે દ્વિઅણુક, ત્રિઅણુક વગેરે સ્કંધ; (•) અસમાનજાતીય-જેમ કે મનુષ્ય, દેવ વગેરે. ગુણપર્યાયો બે પ્રકારના છે. (•) સ્વભાવપર્યાય જેમ કે સિધ્ધના ગુણપર્યાયો; (•) વિભાવ પર્યાય -જેમ કે સ્વપરહેતુક મતિજ્ઞાન પર્યાય. (સ્વપરહેતુક=જેમાં સ્વ અને પર કારણ હોય છે અર્થાત ઉપાદાન કારણ અને નિમિત્તિ કારણ.)

પર્યાયો :(પ્રવાહક્રમના તેમજ વિસ્તારક્રમના) નિર્વિભાગ અંશો. (પ્રવાહક્રમના અંશો તો દરેક દ્રવ્યને હોય છે, પરંતુ વિસ્તારક્રમના અંશો અસ્તિકાયને જ હોય છે.) (૨) જેઓ દ્રવ્યોને ક્રમપરિણામથી પામે-પ્રાપ્તકરે- પહોંચે છે, અથવા જેઓ દ્રવ્યો વડે ક્રમપરિણામથી (ક્રમે થતા પરિણામને લીધે) પમાય-પ્રાપ્ત કરાય- પહોંચાય છે, એવા અર્થો તે પર્યાય છે. દ્રવ્યો, ગુણો અને તેમના પર્યાયો, અર્થ નામથી કહ્યાં છે. તેમાં ગુણા- પર્યાયોને આત્મા દ્રવ્ય છે (અર્થાત ગુણો અને પર્યાયોનું સ્વરૂપ- સત્ય દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી, એમ જિનેન્દ્ર નો ઉપદેશ છે. (૩) અવસ્થાઓ; પરિણામો. (૪) પર્યાયો દ્રવ્યના આશ્રયે જ છે. દ્રવ્યથી ભિન્ન પદાર્થ રૂપ નથી. અને પર્યાયો ઉત્પાદ-વ્યય--ધ્રૌવ્ય વડે, આલંબાય છે. અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પર્યાયોને આશ્રિત છે. કારણ કે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અંશોના ધર્મો છે. અંશીના ધર્મો નથી. માટે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે, પર્યાયો આલંબિત છે, અને પર્યાયો વડે દ્રવ્ય આલંબિત હો, કે જેથી આ બધું ય એક જ દ્રવ્ય હોય. (૫) આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ, અનંતગુણ અને તેની સમયસમયની અનંત પર્યાયો, પરસ્પર ભિન્ન ભિન્ન છે. એટલે શુ? કે, એક ગુણ બીજા ગુણરૂપ નથી. ભલે એક ગુણમાં, બીજા ગુણનું રૂપ હો, પણ એક ગુણ બીજા ગુણરૂપ નથી. તેમ એક ગુણની અવસ્થા, પર્યાય બીજા ગુણને કારણે થાય, એમ પણ નથી. આ અંદરની વાત છે, દરેક ગુણની, પ્રત્યેક પર્યાયમાં છકારકરૂપ થઈને, પરિણમવાનું પોતાનું સ્વતંત્ર વીર્ય છે. પ્રત્યેક પર્યાય પોતે, પોતાના સામર્થ્યથી જ, પોતાની રચના કરે છે; આવો જ (પર્યાય ધર્મ છે) પર્યાયનું કારણ, પર દ્રવ્ય તો નહિ, સ્વદ્રવ્ય-ગુણ પણ નથી. પર્યાય પોતે જ, પોતાનું કારણ છે. સૂક્ષ્મ વાત છે જરી. એક જ સમયે પોતે જ કારણને, કાર્ય છે. કારણ-કાર્યના ભેદ પાડીએ, એ તો ખરેખર વ્યવહાર છે. કહેવા માત્ર છે. દ્રવ્ય સત્, પ્રત્યેક ગુણ સત્ ને પ્રતિ સમય પ્રગટ થતા, પર્યાય પણ પોતાના સ્વરૂપથી સત્ છે. (અહીંયા અતદ્ભાવરૂપ ભિન્નતાની વાત છે.) આમ મોક્ષમાર્ગની પર્યાય, સ્વતંત્રને મોક્ષની પર્યાય પણ સ્વતંત્ર છે. આમાં તો એકલો નિરપેક્ષ વીતરાગ ભાવ જ, સિદ્ધ થાય છે. આમ કેમ? એવા વિકલ્પને અવકાશ જ નથી, એકલું જ્ઞાતાપણું સિદ્ધ થાય છે. આવો આત્મા, અનંત ધર્મોનો સમુદાયરૂપ એક ધર્મી છે. (૬) વસ્તુના વ્યતિરેકી વિશેષો તે પર્યાયો છે. (૨) કયા કયા દ્રવ્યમાં કયા કયા પર્યાયો હોય છે ?

(અ) જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં ચાર પર્યાયો હોય છેઃ-

(૧) સ્વભાવ અર્થ પર્યાય, (૨) વિભાવ અર્થપર્યાય, (૩) સ્વભાવવ્યંજનપર્યાય, (૪) વિભાવવ્યંજનપર્યાય.

(બ) ધર્મ, અધર્મ, આકાશ અને કાલદ્રવ્યોમાં ફક્ત બે પર્યાયો છેઃ- (૧) સ્વભાવ અર્થ પર્યાય, (૨) સ્વભાવ વ્યંજનપર્યાય.

પર્યાયોનું અન્યત્વ :પર્યાયો બદલાયા કરે છે.

પર્યાલોચન :સંપૂર્ણ આલોચન; સમીક્ષા (૨) અવગાહન; અનુભવન; અનુસંધાનરૂપ અનુસરણ.

પર્યટના :યાત્રા

પર્યંત :સુધી

પર્વ :કાતળી; એક ગાંઠમાંથી બીજી ગાંઠ સુધીનો ભાગ. (૨) પવિત્ર અવસર; મંગલ કાલ; પવિત્ર દિવસ; તહેવાર; ઉત્સવ; ખુશાલીનો દિવસ

પલટતી :બદલતી.

પલટતો :બદલતો; પલટવું=બદલવું

પલટાય :બદલાતી જોવાય.

પલટો :ફેરફાર; ફેરબદલી; ઉથલો

પસ્તાનું :પ્રસ્થાનું; સ્થાપના કરવી.

પસ્તાવો :પશ્ચાતાપ; ઓરતો; અફસોસ

પરપાપાસ્રવ :બહુ પ્રમાદવાળી ચર્યા, કલુષતા, વિષયો પ્રત્યે લોલુપતા, પરને પરિતાપ કરવો તથા પરના અપવાદ બોલવા એ પાપનો આસ્રવ કરે છે. બહુ પ્રમાદથી ભરેલા આચરણરૂપ પરિણતિ, કલુષતારૂપ પરિણતિ, વિષયલોલુપતારૂપ પરિણતિ, પરને દુઃખ દેવારૂપ પરિણતિ અને પરનાં અપવાદ બોલવારૂપ પરિણતિ એ પાંચ અશુભ ભાવો દ્રવ્ય પાપાસ્રવને નિમિત્ત માત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્ય પાપાસ્રવ ના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે અશુભભાવો ભાવપાપાસ્રવ છે અને તે (અશુભભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદગલોના અશુભકર્મ પરિણામ (અશુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપાપસ્રવ છે. (અશાતાવેદનીયાદિ પુદગલાપરિણામરૂપ દ્રવ્ય પાપાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના અશુભભાવો નિમિત્તકારણ છે માટે દ્રવ્ય પાપાસ્રવ પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તકારણભૂત અશુભભાવોને પણ ભાવપાપાસ્રવ એવું ામ છે.

પેલે પાર :તદ્દન ભિન્ન

પશુ :અજ્ઞાની; સર્વથા એકાંતવાદી (૨) સર્વથા એકાંતવાદી, અજ્ઞાની.

પસલી :ભાઈ તરફથી બહેનને આપવામાં આવતી ભેટ

પસાય :પ્રસાદ; કૃપા; કૃપાની ભેટ; નવાજગી; બક્ષિસ.

પેટમાં :ક્ષેત્રમાં

પાનું :સુવર્ણપત્ર

પૉર :ગયા વર્ષે

પાકજા :સવિપાક. જેમાં પાકેલાં ફળ દેવાને તૈયાર થયેલા. કર્મોનો જ વિનાશ થાય છે.

પાકડો :યુવાન સિંહ.

પાકર :અંજીર

પાખંડ :દંભ; ઢોંગ, ધર્મની વિરૂદ્ધનો માર્ગ

પાખંડ બુદ્ધિ :મોહરૂપ બુદ્ધિ

પાખંડી મૂઢતા :રાગી-દ્વેષી અને વસ્ત્રાદિ પરિગ્રહધારી, ખોટા અને કુલિંગી, સાધુઓની સેવા કરવી, તથા વંદન નમસ્કાર કરવા, તે.

પાગલ :ગાંડો; પાગલ બે પ્રકારે કહ્યા છે. તેમાં એક તો, ભૂતાવિષ્ટ ગાંડો છે, તે તો કોઈ મંત્રાદિ પ્રયોગથી, ડાહ્યો થાય છે. બીજો ગાંડો તે મોહી જીવ છે, તે સ્વયં પોતાને વિપરીતપણે માને છે, પરમાર્થને સમજતો નથી, અને કર્મભાવને, પોતાનો ગુણ માને છે. પરિણામ તથા સ્વભાવ પરિણામનો તેને વિવેક નથી. એ રીતે સ્વચ્છંદમાં ટકયો છે. અર્થાત્ એવા ઊંધા નિશંક થઈ, સંસારમાં પડયા છે. તેની ઘેલછા, કોઈ ટાળનાર નથી.

પાચ્ય :પાકવા યોગ્ય; રંધાવા યોગ્ય; ચડી જવા યોગ્ય; કોરડુ ન હોય એવા.

પાછળથી :ગૌણ તરીકે

પાઠ :મૌખિક કે શાસ્ત્રારૂઢ નિરૂપણ

પાઠાંતર :એક પાઠની જગોએ બીજો પાઠ આવે તે. (૨) ભિન્ન લખાણ; લખાણનો જુદો પડતો ભાગ

પાણીના લોઢ :પાણીનાં મોજાં; પાણીનાં તરંગ

પાણીનો બિંદવો :પાણીનો છાંટો

પાત્ર :લાયક; યોગ્ય

પાત્ર જીવ :પહેલાં નંબરના અજ્ઞાની એવા છે કે બહારના વેષથી પરીક્ષા કરે છે. બીજા નંબરના અજ્ઞાની એવા છે, કે બહારની ક્રિયા દેખીને પરીક્ષા કરે છે. બીજા નંબરના જીવો એવા છે, કે તત્ત્વદષ્ટિથી પરીક્ષા કરે છે, કે આને પરથી નિરાળા આત્માની પ્રતીત છે કે નહિ ? સ્વાશ્રય ચૈતન્ય ભગવાનની શ્રદ્ધા છે કે નહિ ? પર શરીરાદિ અને અંતરમાં થતી પુણ્ય-પાપની લાગણી, તેનો હું કર્તા નથી. તે મારું કાર્ય નથી, એવી નિરુપાધિ શ્રદ્ધા પ્રગટી છે કે નહિ ? એવી રીતે પરીક્ષા કરે છે, આવી ત્રીજા નંબરની પરીક્ષા કરનારો, પાત્ર જીવ છે. (૨) પાત્ર જીવો એવા છે કે, તત્ત્વદષ્ટિથી પરીક્ષા કરે છે, કે આને પરથી નિરાળા, આત્માની પ્રતીત છે કે નહિ ? સ્વાશ્રય ચૈતન્ય ભગવાનની શ્રદ્ધા છે કે નહિ ? પર શરીરાદિ અને અંતરમાં થતી પુણ્ય-પાપની લાગણી તેનો હું કર્તા નથી તે મારું કાર્ય નથી, એવી નિરુપાધિ શ્રદ્ધા પ્રગટી છે કે નહિ ? એવી રીતે પરીક્ષા કરે છે. આવી પરીક્ષા કરનારો પાત્ર જીવ છે.

પાત્રતા :મૈત્રી (સર્વ જગત ઉપર નિર્વૈર બુદ્ધિ), અનુકંપા (તેમના દુઃખ પર કરુણા), પ્રમોદ (આત્મગુણ દેખી આનંદ) અને ઉપેક્ષા (નિસ્પૃહબુદ્ધિ), આ ચાર ભાવના ભાવશો, એથી પાત્રતા આવશે. (૨) યોગ્યતા

પાત્રતા મેળવવા શું કરવું? :(•) ક્ષયોપશમ એટલે પોતાનું હિત-અહિત સમજવાયોગ્ય જ્ઞાનનો ઉઘાડ. (•) કષાયની મંદતા અથવા વિશુદ્ધિ. (•)દેશના એટલે સતપુરુષનો ઉપદેશ, તત્ત્વબોધ, સત્પદનો ઉપદેશ. (•)પ્રાયોગ્યલબ્ધિ-મતિની નિર્મળતા અથવા પક્ષપાતરહિત સરલબુદ્ધિ થવા માટે પાત્રતા વધતાં કર્મની સ્થિતિ અનુભાગનું મંદ થવું (ઘટવું). (•)કરણલબ્ધિ એટલે ચારિત્રગુણના પરિણામની વિશુદ્ધિ.

(❖) પાત્રતા પામવા માટે યથાર્થ સત્પુરુષનો તત્ત્વઉપદેશ ભાવથી શ્રવણ કરવો જોઈએ. (❖) વિચારીને મનન કરવું જોઈએ. (❖) જેટલા ગુણો પ્રગટાવ્યા તેને અધિક કરી ટકાવી રાખવા જોઈએ. (❖) બધા દોષ (ચારિત્રના દોષ) એકદમ ટળતા નથી પણ અભિપ્રાયમાં શીઘ્ર બધા દોષ ટાળવાનું લક્ષ (હું અકષાય છું, શુદ્ધ છું એ) હોવું જોઈએ.

પાથેય :ભાતું

પાદોપગમનસંથારો :હાલ્યા ચાલ્યા વિના મરણપર્યંત સ્થિર રહ્યો.

પાધરા :સીધા

પાનક :દ્રાક્ષ, કપુર, ચંદનાદિ અનેક વસ્તુઓ એકઠી કરીને, એક જાતનું પીવા યોગ્ય પીણું તેને પાનક કહે છે.

પાપ :જીવના અશુભ પરિણામ તે પાપ છે; તેમજ તે અશુભ પરિણામ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલોના કર્મપરિણામ (અશુભ કર્મરૂપ પરિણામ) તે પાપ છે. (૨) હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેના અશુભભાવ તે ભાવપાપ છે અને તે સમયે કર્મયોગ્ય જડની શક્તિથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય તે દ્રવ્ય-પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)
પરમાર્થે-ખરેખર આ પુણ્ય-પાપભાવ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે, આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે, આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્યપુણ્ય-પાપ પુદ્ગલદ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે. તે આત્માનું હિત-અહિત કરી શકે નહીં. (૩) જીવના અશુભ પરિણામ પાપ છે. તે દ્વારા પુદગલમાત્ર ભાવ કર્મપણાને પામે છે. (૪) હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, ભોગ આદિ ભાવ તે પાપ ભાવ છે. એ પુણ્ય અને પાપ બન્ને ભાવ તે આસ્રવ છે. આ રળવા-કમાવાનો, દુકાન ચલાવવાનો, દવા-ઈંજેકશન દેવાનો ભાવ તે પાપભાવ છે. (૫) મિથ્યાદર્શન; આત્માની ઊંધી સમજણ; હિંસાદિ અશુભભાવ તે, પાપ છે. (૬) જુગાર, દારૂ, માંસ વેશ્યા, શિકાર, ચોરી, પરસ્ત્રીગમન એ સાત, પાપ દુર્ગતિમાં જવાનું કારણ છે. આથી એને પણ છોડવાં જોઈએ. (૭) પુણ્ય, પાપ વગેરે, પર તે મારાં છે, પરનું કાંઈ કરી શકું છું, એવી માન્યતા તે, પાપ.

પાપતત્ત્વ :પાપ આસ્રવ અને બંધનો પેટાભેદ છે. મિથ્યાત્વ, હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેના અશુભ ભાવ જીવને થાય છે તે ભાવવાળા છે. તે સમયે જ્ઞાનાવરણીય, મોહનીય, અશાતાવેદનીય આદિ કર્મયોગ્ય પુદ્ગલો સ્વયં (સ્વતઃ) જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપાપ છે.

પાપબંધના કારણ :(૧) દૃષ્ટિ-પૂજ્યો પ્રત્યે નિંદાનો ભાવ, બીજું, સર્વ પ્રાણીઓ પ્રત્યે નિર્દયતા-હિંસાનો ભાવ અને ત્રીજું, નિન્દિત ચારિત્રમાં અનુરાગ. નિન્દિત ચારિત્ર્યનો અભિપ્રાય, પ્રાયઃ તે ચારિત્રથી છે. જે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, અને પર પદાર્થોમાં ગાઢ મમત્વરૂપે જાણવા-ઓળખવામાં આવે છે.

પાપભાવ :હિંસા, જૂઠ, ચારી, કુશીલ, ભોગ આદિ ભાવ, આ રળવા કમાવાનો, દુકાન ચલાવવાનો, દવા-ઈંજેકશનો દેવાનો ભાવ તે પાપભાવ છે. (૨) વિષય, કષાય, દેહાદિમાં આસક્તિ, પૈસા, રાગની પ્રવૃતિરૂપ ધંધા, તે બધા ભાવોમાં એકલા પાપનો, અશુભ ભાવ છે. અને દાનાદિમાં તૃષ્ણાનો ઘટાડો, કષાયની મંદતા વગેરે હોય, તો તે શુભ ભાવ-પુણ્ય છે. આ રીતે પુણ્ય-પાપને વ્યવહારે જુદા માને પણ, બંન્નેને આસ્રવમાની, તેનાથી ધર્મ નમાને, આ રીતે નવ તત્ત્વને બરાબર જાણે, ત્યારે તે શુભ ભાવ છે. (૩) પર પ્રત્યે તીવ્ર રાગ, તે અશુભ પાપ ભાવ છે.

પાપસ્રવ :તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી આહાર ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞાઓ; તીવ્ર કષાયના ઉદયથી રંગાયેલ યોગપ્રવૃત્તિ રૂપ કૃષ્ણ-નીલ-કાપાત નામની ત્રણ લેશ્યા; રાગદ્વેષના ઉદયની ઉગ્રતાને લીધે વર્તતું ઈન્દ્રિયાધીનપણું; રાગદ્વેષની પુષ્કળતાને પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છૂટકારને તથા નિદાનને ઈચ્છવારૂપ આર્તધ્યાન; કાય વડે ક્રૂર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ અને વિષય સંરક્ષણાનંદરૂપ શૈદ્રધ્યાન; વગર પ્રયોજને (-નકામું) શુભકર્મથી અન્યત્ર (અશુભકાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન; અને સામાન્યપણે દર્શનચાત્રિમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ; આ, ભાવપાપાસ્રવનો વિસ્તાર દ્રવ્યપાપાસ્રવના વિસ્તારનો દેનારો છે (અર્થાત્ ઉપરોક્ત ભાવપાપાસ્રવરૂપ અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપસ્રવમાં નિમિત્તભૂત છે.

પાપાનુબંધી પુણ્ય :જેની દૃષ્ટિ રાગ ઉપર છે. જેને શુભની રુચિ છે, તેને રાગ આવે ત્યારે પુણ્ય બંધાય, તે પાપાનુંબંધી પુણ્ય છે.

પાપાસ્રવનું સ્વરૂપ :બહુ પ્રમાદવાળી ચર્યા, કલુષતા, વિષયો પ્રત્યે લોલુપતા, પરને પરિતાપ કરવો તથા પરના અપવાદ બોલવા એ પાપનો આસ્રવ કરે છે.

બહુ પ્રમાદવાળી ચર્યારૂપ પરિણતિ (બહુ પ્રમાદથી ભરેલા આચરણરૂપ પરિણતિ). કલુષતારૂપ પરિણતિ, વિષયલોલુપતારૂપ પરિણતિ, પરપરિતાપરૂપ પરિણતિ (પરને દુઃખ દેવારૂપ પરિણતિ) અને પરના અપવાદરૂપ પરિણતિ એ પાંચ અશુભ ભાવો દ્રવ્યપાપાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્યપાપાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે અશુભ ભાવો ભાવપાપાસ્રવો છે અને તે (અશુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્ગલોના અશુભકર્મપરિણામ (અશુભ કર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપાપાસ્રવ છે.

પાપાસ્રવભૂત ભાવો :ચારેય સંજ્ઞાઓ, ઈંદ્રિયવશતા, આર્ત-રૌદ્ર ધ્યાન, દુઃપ્રયુક્ત જ્ઞાન (દુષ્ટપણે અશુભ કાર્યોમાં જોડાયેલું જ્ઞાન) અને મોહ એ ભાવો પાપપ્રદ છે.

તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી આહાર, ભય, મૈથુન, પરિગ્રહસંજ્ઞાઓ; તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ કૃષ્ણ-નીલ-કાપોત નામની ત્રણ લેશ્યાઓ; રાગ-દ્વેષના ઉદયના પ્રકર્ષને લીધે વર્તતું ઈંદ્રિયાધીનપણું; રાગદ્વેષના ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છૂટકારને તથા નિદાનને ઈચ્છવારૂપ આર્તધ્યાન; કષાય વડે ક્રૂર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ અને વિષયસંરક્ષણાનંદરૂપ રૌદ્રધ્યાન; વગર પ્રયોજને (નકામું) શુભકર્મથી અન્યત્ર (અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન; અને સામાન્યપણે દર્શનચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ; આ ભાવપાપાસ્રવનો વિસ્તાર દ્રવ્યપાપાસ્રવના વિસ્તારને દેનારો છે. (અર્થાત્

ઉપરોક્ત ભાવપાપાસ્રવરૂપ અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવમાં નિમિત્તભૂત છે.)

પાપોપદેશ :વિદ્યા અર્થાત્ વૈદક, જયોતિષ કરનાર, વ્યાપાર કરનાર, લેખન કાર્ય કરનાર, ખેતી કરનાર, નોકરી-ચાકરી કરનાર અને લુહાર, સોની, દરજી વગેરેનું કામ કરનારને, આ જ કામ કરવાના અને બીજા જે કોઈ પાપબંધ કરનારાં કાર્ય છે, તેનો કોઈને પણ ઉપદેશ આપવો ન જોઈએ. એને જ પાપોપદેશ, અનર્થકંડ ત્યાગવ્રત કહે છે.

પાબંદી :નિયમસર કામને વળગી રહેવું; નિયમનું પાલન; કેદ; નોકરી; પહેરગીરીનું કામ; બંધાઈ રહેવાની સ્થિતિ; પરવશતા. (ફારસી-પાબન્દી-પાબન્ધી)

પાયભીરુતા :પાપનો ભય.

પાયા કી યહ બાત :આત્માનુ ભવથી પ્રાપ્ત કરેલ વસ્તુ; અનુભવસિદ્ધ વાત.

પાર :ભિન્ન (૨) દૂર; જુદું (૩) અંત; છેડો; સીમા; હદ કાંઠો; કિનારો; આરો; નડતરથી દૂર છે.

પાર ઊતરેલી :ભિન્ન

પારગામી :પાર જઈ પહોંચનારું; વિશારદ; છેડો પામેલો.

પારણામિક ભાવ :પારિણામિક શબ્દ, તો ત્રિકાળી ભાવને, સહજ ભાવને, નહિ બદલતા ભાવને, ઉત્પાદવ્યય રહિત, સદાય એકરૂપ રહેતા ભાવને, બતાવવા માટે છે. ઉત્પાદ વ્યય ભાવ, તે પરિણામ કહેવાય છે, અને આ પરમભાવને, પારિણામિક કહેવાય છે. છતાં આ પારિણામિક શબ્દ, ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી.

પારમેશ્વર :પરમેશ્વરના; જિન ભગવાનના; ભાગવત; દૈવી; પવિત્ર

પારમૈશ્વર્ય :પરમ સામર્થ્ય; પરમેશ્વરતા

પારમેશ્વરી :પરમેશ્વરે કહેલી. (૨) પરમેશ્વર જિન ભગવાનની.

પારમેશ્વરી પ્રવૃત્તિ :પરની સ્પૃહા રહિત અને આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ

પારમેશ્વર :પરમેશ્વરના; જિન ભગવાનના; ભાગવત; દૈવી; પવિત્ર.

પારમૈશ્વર્ય :પરમ સામર્થ્ય; પરમેશ્વરતા.

પારમેશ્વરી :પરમેશ્વર જિનભગવાનની.

પારમેશ્વરી પ્રવૃત્તિ :પરની સ્પૃહા રહિત અને આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ.

પારમાર્થિક :વાસ્તવિક; યથાર્થ; ખરું. (વાસ્તવિક સત નિત્યાનિત્યસ્વરૂપ હોય છે. ઉત્પાદવ્યય અનિત્યતાને અને ધ્રૌવ્ય નિત્યતાને જણાવે છે તેથી ઉત્પાદવ્યય ધ્રૌવ્ય નિત્યાનિત્ય સ્વરૂપ વાસ્તવિક સતને જણાવે છે. આ રીતે દ્રવ્ય ઉત્પાદવ્યય ધ્રૌવ્યવાળું છે એમ કહેતાં તે ગુણ પર્યાયવાળું પણ જાહેર થઈ જાય છે.) (૨) વાસ્તવિક; યથાર્થ; ખરું. (વાસ્તવિક સત્ નિત્ય-અનિત્યસ્વરૂપ હોય છે. ઉત્પાદવ્યય અનિત્યતાને અને ધ્રૌવ્ય નિત્યતાને જણાવે છે. તેથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય નિત્યાનિત્યસ્વરૂપ વાસ્તવિક સત્‌ને જણાવે છે. આ રીતે દ્રવ્ય ઉત્પાદવ્યયધ્રૌવ્યવાળું છે એમ કહેતાં તે સત્ છે એમ પણ વગર કહ્યે આવી જાય છે.)

પારમાર્થિક :સાચા (૨) તાત્ત્વિક

પારમાર્થિક પંથ :મોક્ષનો માર્ગ; આત્મજ્ઞાન પ્રાપ્તિનો માર્ગ

પારમાર્થિક સુખ :પારમાર્થિક સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનુકૂળતા છે.

પારમાર્થિક સંબંધ :તાત્ત્વિક સંબંધ

પારમાર્થિકસુખ :પારમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે.

પારેશ્વરી પ્રવૃત્તિ :પરની સ્પૃહારહિત અને આત્મામાં જ તૃપ્ત એવી નિશ્ચયરત્નત્રયમાં લીનતારૂપ પ્રવૃત્તિ

પાર્શ્વ :પાસેનું; પડખાનું; પડખે ચાલનાર.

પાર્શ્વસ્થ :જે મુનિ વસતિમાં પ્રતિબદ્ધ થઈ, મુનિઓની સમીપ પાશ્વમાં પ્રવર્તે, તે પાર્શ્વસ્થ વેષધારી કહેવાય છે.

પારિણામિક ભાવ :પારિણામિક એટલે, સહજ સ્વભાવ; ઉત્યાદ્-વ્યય વગરનો ધ્રુવ એકરૂપ કાયમ રહેનાર ભાવ તે પારિણામિક ભાવ છે. પારિણામિક ભાવ બધા જીવોને, સામાન્ય હોય છે. ઔદયિક, ઔપરામિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક, એ ચાર ભાવા રહિતનો જે ભાવ, તે પારિણામિક ભાવ છે. પારિણામિક કહેતાં જ પરિણમે છે. એવો ધ્વનિ આવે છે. પરિણમે છે એટલે

કે દ્રવ્ય-ગુણનું નિત્ય વર્તમાનરૂપ નિરપેક્ષપણું છે. આવી દ્રવ્યની પૂર્ણતા છે. દ્રવ્ય-ગુણ અને નિરપેક્ષ પર્યાયરૂપ વસ્તુની જે પૂર્ણતા છે, તેને પારિણામિક ભાવ કહે છે.

જેનો નિરંતર સદ્ભાવ રહે તેને પારિણામિક ભાવ કહે છે; સર્વ ભેદ જેમાં ગર્ભિત છે. એવો ચૈતન્યભાવ, તે જ જીવનો પારિણામિક ભાવ છે. મતિજ્ઞાનાદિ તથા કેવળજ્ઞાનાદિ, જે અવસ્થાઓ છે, તે પારિણામિક ભાવ નથી.

પારિણામિક :આત્મલાભ (હયાતી) જેનો હેતુ છે તે પરિણામ છે. અને પરિણામથી યુક્ત તે પારિણામિક છે. (૨) ભગવાન આત્મા વસ્તુ છે, તે અસ્તિ છે, તે સત્તા છે, એટલે હોવાવાળું તત્ત્વ છે. આ હોવાવાળો ભાવ, એવા આત્મામાં બે અંશો છે, એક બદલતો અંશ, ને બીજો ત્રિકાળ ટકતો અંશ. બદલતો અંશ, તે પર્યાય છે. અને જે ત્રિકાળ ટકતો અંશ, તે ધ્રુવ, અવિનાશી અંશ છે. તેને પારિણામિક કહ્યો છે, પરંતુ તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને, સૂચવવા માટે કહયો નથી. આ તો વીતરાગ વિજ્ઞાન છે.

આ પરમ પારિણામિક ભાવ, તો ઉત્પાદ વ્યય નિરપેક્ષ એકરૂપ છે. અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે. (૩) કર્મના ઉદયાદિની અપેક્ષા વગર આત્મામાં જે ગુણ મૂળ થી રહેવાવાળા છે તે 'પારિણામિક' કહે છે.

પારિણામિક ભાવ :દ્રવ્યના સ્વરૂપની પ્રાપ્તિ (હયાતી) જેનો હેતુ છે અર્થાત્ દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તે પારિણામિક ભાવ છે. (૨) જીવના પારિણામિક ભાવનું લક્ષણ અથવા સ્વરૂપ સહજ ચૈતન્ય છે. આ પારિણામિક ભાવ અનાદિ અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ અનંત છે. (૩) આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ શાશ્વત સ્વભાવ તે પારિણામિક ભાવ છે. તે ધ્રુવ દ્રવ્યરૂપ છે. તેને પરમભાવ કહ્યો છે. અન્ય ચાર ભાવો-ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ક્ષણિક છે તેથી તેમને પરમભાવ ન કહ્યા.

પારિણામિકરૂપ પરમસ્વભાવભાવ પ્રત્યેક જીવને સદાય વિદ્યમાન છે.

હવે આ પાંચ ભાવોમાં સર્વવિશુદ્ધ પરમ પારિણામિક ભાવ જે શાશ્વત ધ્રુવ અચલ છે તે દ્રવ્યરૂપ-વસ્તુરૂપ છે અને અન્ય ચાર ભાવો પ્રગટ પર્યાયરૂપ છે. તેમાં ત્રણ નિર્મળરૂપ છે ને ઔદયિક મલિનરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાય દ્રવ્ય તે આત્મા-પદાર્થ છે. અર્થાત્ દ્રવ્ય-પર્યાય બન્ને થઈને આખો આત્મા-પદાર્થ છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર : બન્ને થઈને પ્રમાણવસ્તુ સત્. (૪) પારિણામિક એટલે સહજ સ્વભાવ; ઉત્પાદવ્યય વગરનો ધ્રુવ, એકરૂપ કાયમ રહેનાર ભાવ, તે પારિણામિક ભાવ છે. પારિણામિક ભાવ બધા જીવોને, સામાન્ય હોય છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો રહિતનો જે ભાવ, તે પારિણામિક ભાવ છે. પારિણામિક કહેતાં જ પરિણમે છે એવો ધ્વનિ આવે છે. પરિણમે છે, એટલે કે દ્રવ્ય ગુણનું નિત્ય વર્તમાનરૂપ નિરપેક્ષપણું છે, આવી દ્રવ્ય પૂર્ણતા છે તેને પારિણામિક ભાવ કહે છે.

જેનો નિરંતર સદ્ભાવ રહે, તેને પારિણામિકભાવ કહે છે, સર્વ ભેદ જેમાં ગર્ભિત છે. એવો ચૈતન્યભાવ, તે જ જીવનો પારિણામિક ભાવ છે. મતિજ્ઞાનાદિ તથા કેવળજ્ઞાનાદિ, જે અવસ્થાઓ છે તે પારિણામિકભાવ નથી. (૫) ઉદયભાવ, ઉપશમ ભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, એ ચારને કોઈ ઠેકાણે શાસ્ત્રમાં, વિભાવભાવ કહ્યા છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવને ગૌણ કરીને, પરની અપેક્ષા વગરનો એકલો સ્વભાવભાવ છે, તેને શાસ્ત્રમાં પારિણામિક ભાવ કહ્યો છે. - જ્ઞાયકભાવ કહ્યો છે. (૬) ત્રિકાળી પારિણામિકને, ભાવરૂપ કહીએ; એને પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, નિત્ય કહીએ, સદશ કહીએ, એક પદ કહીએ, અને જે આ પર્યાય, છે તે અનિત્ય, અધ્રુવ, વિસદ કહીએ, કેમ કે તેમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય થાય છે. મોક્ષનો મારગ છે તે પણ ઉત્પાદ વ્યયરૂપ છે. એટલે કે વર્તમાન, જેનો ઉત્પાદ થાય, તેનો બીજે સમયે વ્યય થાય છે. બીજે સમયે ઉત્પાદ થાય, તેનો ત્રીજે સમયે વ્યય થાય છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યયરૂપ હોવાથી, મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધ પારિણામિક ભાવ લક્ષણ દ્રવ્યથી, કથંચિત ભિન્ન છે. કેમ? કેમ કે, તે પર્યાય ભાવનારૂપ છે. (૭) આત્માનો ત્રિકાળી સહજ

એક રૂપ શાશ્વત સ્વભાવ, તે પારિણામિક ભાવ છે; તે ધ્રુવ દ્રવ્યરૂપ છે. તેને પરમભાવ કહ્યો છે. અન્ય ચાર ભાવો, ક્ષણિક છે તેથી તેમને પરમભાવ ન કહ્યા.

પારિણામિક રૂપ પરમ સ્વભાવ ભાવ પ્રત્યેક જીવને સહાય વિદ્યમાન છે.

હવે આ પાંચ ભાવોમાં સર્વવિશુદ્ધ પરમ પારિણામિક ભાવ, જે શાશ્વત ધ્રુવ નિર્મળરૂપ છે ને ઔદયિક મલિન રૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્ય-પર્યાય દ્રવ્ય, તે આત્મા પદાર્થ છે. અર્થાત દ્રવ્ય-પર્યાય, બંન્ને થઈને આખો આત્મા પદાર્થ છે. દ્રવ્ય તે નિશ્ચર્ય, પર્યાય, તે વ્યવહાર; બંન્ને થઈને પ્રમાણવસ્તુ સત્. (૮) જેમાં નિમિત્તના સદભાવ કે અભાવની અપેક્ષા નથી એવો સહજ સ્વભાવ. એકલો પરમ પારિણામિક સ્વભાવભાવરસ, જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસ, એવા અનંત રસનું જે અનાદિ-અનંત એકરૂપ તેને પ્રગટ કરે છે. પરમાણુ જે પર્યાય વિનાનું (દ્રવ્ય) છે તેને પણ પારિણામિકભાવ કહે છે. અહીં તો જીવના જ્ઞાયકભાવરૂપ પારિણામિકની વાત છે. પર્યાયરહિત દ્રવ્ય એ પરમ પારિણામિક ભાવ છે. તેને શુધ્ધનય પ્રગટ કરે છે. (૯) ભાવશ્રુત જ્ઞાન; આત્મ જ્ઞાન

પારોજણ :ઉપાધિરૂપ થઈ પડે, તેવાની સેવા કે સંભાળવાની જવાબદારી, કે ગળે બંધાણી; સેવા ચાકરી, બરદાસ

પાલવે નહિ :જતું કરે; સમાધાન કરે.

પાલવવું :પલ્લવિત થવું; નવા કૂંપળ આવવાં.

પાલિત :રક્ષિત

પાવન :પવિત્ર

પાસા :ખૂણા રૂપ આકાર; ગુણ.

પાહુડ :ઉપહાર; ભેટણું

પાંચ લબ્ધિઓ :(૧) ક્ષયોપશમ લબ્ધિ (૨) વિશુદ્ધ લબ્ધિ (૩) દેશના લબિધ (૪) પ્રાયોગ્ય લબ્ધિ (૫) કરણ લબ્ધિ.

પાંગળું :અપંગ; અશક્ત; નિર્બળ; લંગડું; આધાર ટેકા વિનાનું.

પાંચ અણુવ્રત :

(૧) અહિંસા અણુવ્રત=જેમાં સંકલ્પી હિંસાનો ત્યાગ હોય, આરંભી હિંસાનો ત્યાગ ન હોય તે અહિંસા અણુવ્રત છે.

અહિંસા અણુવ્રતધારી રાજ્યકાર્ય, રાજ્યપ્રબંધ (વ્યવસ્થા), દેશ રક્ષણાર્થે યુદ્ધ, સજ્જનપાલન, દુર્જન દમન, કૃષિ, વાણિજ્ય, શિલ્પાદિ સર્વ આવશ્યક ગૃહસ્થનાં કર્મને કરી શકે છે. સમુદ્રયાત્રા (દરિયાઈ મુસાફરી), પરદેશગમન આદિ પણ કરી શકે છે. તે સંકલ્પી હિંસાથી બચે છે. શિકાર રમતા નથી, માંસ ખાતા નથી, માંસ માટે પશુવધ કરાવતા નથી.

(૨) સત્ય અણુવ્રત=જે અસત્યથી રાજ્ય તરફથી શિક્ષા થાય-જે બીજાઓને ઠગવા માટે વિશ્વાસઘાત માટે બોલવામાં આવે એવાં વચન ન કહેવાં અને પ્રિય, હિતકારી સજ્જનોને યોગ્ય વચન કહેવાં તે સત્ય અણુવ્રત છે. એવા શ્રાવક જે વચનથી કલહ થાય, હિંસાની પ્રવૃત્તિ થાય, બીજાનું અહિત થાય, તેવું સત્યવચન પણ બોલતા નથી. ન્યાય અને ધર્મની પ્રવૃત્તિમાં હાનિ ન આવે, તેમજ વૃથા કોઈ પ્રાણીનો વધ ન થાય, તેને કષ્ટ ન પહોંચે, એ સર્વ વાતનો વિચાર કરીને મુખમાંથી વચન કાઢે છે.

(૩) અચૌર્ય અણુવ્રત=પડી ગયેલી કે ભૂલથી રહી ગયેલી કોઈની વસ્તુને નહિ લેવી તે અચૌર્ય અણુવ્રત છે. વિશ્વાસાત કરીને, ચોરી કરીને, ધમકી દઈને, વધ કરીને કોઈની સંપત્તિને શ્રાવક હરતો નથી. ન્યાયપૂર્વક અલ્પધનમાં પણ સંતોષ રાખે છે. અન્યાયથી સંઘરેલા ઘણા ધનની ઈચ્છા કરતા નથી. જે વસ્તુ લેવાની રાજા કે પ્રજા તરફથી મનાઈ ન હોય તે જ વસ્તુઓને પૂછ્યા વગર લે છે. જેમકે નદીનું પાણી, હાથ ધોવાની માટી, જંગલમાં ફળ કે લાકડાં આદિ જો મનાઈ હોય તો તે પણ ગ્રહણ ન કરે.

(૪) બ્રહ્મચર્ય અણુવ્રત=પોતાની વિવાહિત સ્ત્રીમાં સંતોષ રાખીને સર્વ પરસ્ત્રીઓને મોટીને માતા સમાન, સરખી વયનીને બહેન સમાન અને નાનીને પુત્રી સમાન જે સમજે છે તે બ્રહ્મચર્ય અણુવ્રત પાળે છે. શ્રાવક વીર્યને શરીરનો રાજા સમજીને સ્વસ્ત્રી સાથે વિષયભોગમાં પણ એવી મર્યાદા સાચવીને સંતોષસહિત પ્રવર્તે છે કે જેથી નિર્બળતા આવી ન જાય.

(૫) પરિગ્રહપ્રમાણ અણુવ્રત=દશ પ્રકારના પરિગ્રહનું પોતાની આવશ્યકતા, યોગ્યતા અને ઈચ્છા પ્રમાણે જન્મપર્યંત પ્રમાણ કરી લેવું. તેથી અધિકની લાલસાનો ત્યાગ કરવો તે પરિગ્રહપ્રમાણ અણુવ્રત છે. જેટલી સંપત્તિનું પ્રમાણ કર્યું હોય તેટલું પ્રમાણ પૂરું થાય ત્યારે શ્રાવક વ્યાપારાદિ બંધ કરી દે છે. પછી સંતોષથી પોતાનો સમય ધર્મસાધન અને પરોપકારમાં વ્યતીત કરે છે.

આ પાંચ અણુવ્રતનું મૂલ્ય વધારવા માટે (દઢતા વધવા માટે) શ્રાવક સાત શીલ-ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને પણ પાળે છે.

પાંચ અસ્તિકાય :જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ.

પાંચ ઈન્દ્રિયના પાંચ વિષયો :આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ ઈન્દ્રિયના પાંચ વિષય-રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ પ્રતિ સંપુર્ણ રાગ કે દ્વેષ, રહિતપણું સાધકે કેળવવું જોઈએ. આ પ્રત્યેક વિષયને, બે બાજુ છે. કર્ણેનિદ્રયનો વિષય શબ્દ છે. શબ્દ સાંભળ્યા પછી તે પ્રશંસારૂપ કે નિંદારૂપ લાગે; ચક્ષુરિન્દ્રિયનો વિષયરૂપ છે, તે સુંદર કે અસુંદર હોય, રસેન્દ્રિયનો વિષય રસ છે. તે ખારો, ખાટો, તીખો, મીઠો, તુરો વગેરે હોઈ શકે. ઘ્રાણેન્દ્રિયને વિષયગંધ છે. તે સુગંધ કે દુર્ગંધરૂપ લાગે. અને સ્પર્શેન્દ્રિયને વિષય સ્પર્શ છે, તે સુંવાળો, કર્કશ એમ જુદો જુદો હોઈ શકે. આ પાંચ વિષયનાં સારા રૂપ મળે, તો રાગ થાય અને ખરાબરૂપ મળે, દ્વેષ થાય તેવો સામાન્ય જનનો અનુભવ છે.

મુનિ અહીં રાગદ્વેષથી અલિપ્ત રહેવા ઈચ્છે છે, કારણ કે, રાગ-દ્વેષના પરણામે જીવનું બૂરું કરવામાં, કશું બાકી રાખ્યું નથી. રાગદ્વેષનાં પરિણામ આવવાથી, જીવનો બહિરાત્મભાવ થાય છે. તે પોતાનું સ્વરૂપ જ ભૂલી જાય છે. જે તેના ભવભ્રમણનો હેતુ થાય છે. આથી સર્વ વિષયોમાં અનાસક્તિ કેળવવાનો પુરુષાર્થ, મુનિ કરે છે.

પાંચ ઈન્દ્રિયો :સ્પર્શન; રસના,ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર

પાંચ ઈન્દ્રિય અને મનની મહત્તા :જગતમાં ધનનું માહાત્મ્ય જીવે જાણ્યું છે, તેથી તેને જ્યાં ત્યાં નિરર્થક નાખી દેતો નથી, દુર્વ્યય કરતો નથી, તેમ પોતાનું અહિત થાય તેવા કાર્યમાં વાપરતો નથી. પાંચ ઈન્દ્રિય અને મન એ ઐહિક ધન કરતાં કેટલાં બધાં અધિક મૂલ્યવાન છે ? કેટલાં પુણ્ય વધ્યાં ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિયપણું અને તેમાં મોક્ષપ્રાપ્તિ માટે સર્વોત્તમ એવો માનવભવ મળ્યો છે ? એ સમજાય તો વચન, નયન આદિ ઈન્દ્રિયો ભવ વધી જાય એવાં, કર્મબંધન થાય તેવાં કાર્યોમાં તો ન જ વપરાય, તેનો દુરુપયોગ ન જ થાય, એમ ખચીત પ્રવર્તાય. પરંતુ સાચી સમજણ કે વિચારના અભાવે, પાંચે ઈન્દ્રિયો નિરંકુશપણે છૂટી મૂકી છે અને તેથી તે અહોરાત્ર પોતાને જ દુઃખરૂપ એવાં પાપમાં પ્રવર્તી રહી છે. તેમાં પણ વચનથી વેર, વિરોધ કે પ્રેમપ્રીતિરૂપ દ્વેષ કે રાગ વધ્યા જ કરે અને ભવવૃદ્ધિ થયા જ કરે તેવાં કર્મ બંધાય છે. નયનથી પણ ઈષ્ટાનિષ્ટ ભાવની વૃદ્ધિ થઈ રાગદ્વેષ વધ્યા જ કરે છે, તેનો લક્ષ આવતો જ નથી. નિરર્થક જ્યાં-ત્યાં જોવાની જ આતુરતા, અભ્યાસ અને જ્યાં-ત્યાં જેમ તેમ બોલ્યા જ કરવાની કુટેવથી કેવાં કેવાં કર્મબંધન થઈ રહ્યાં છે અને પોતાને કેવી હાનિ થઈ રહી છે તેનો વિચાર સરખો ય આવતો નથી! એ જ મોહનું પ્રાબલ્ય છે.

પાંચ ઈન્દ્રિયના વિષય :રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ.

પાંચ કારણો મળે ત્યારે મુક્ત થાય. :

પાંચ ગતિ :દારૂ-માંસ ખાય, તે નરકગતિમાં જાય. ઓછું દેવું અને વધારે લેવું, એવા કુડકપટના પરિણામ કરે, તે તિર્યંચ ગતિમાં જાય. જેનાં સરળ અને ભદ્રિક મધ્યમ પરિણામ મુખ્ય હોય, તે જીવ મરીને દેવગતિમાં જાય અને આત્માની પૂર્ણ નિર્મળદશા પ્રગટાવે, તે સિદ્ધગતિને પામે.

પાંચ પુણ્ય :અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, એ પાંચ પુણ્યભાવ છે.

પાંચ પ્રકારની સંપત્તિ :ધાન (અનાજ) ધન (નાણું) સ્ત્રી (પત્ની) તન (શરીર) પશુ, આ પાંચ પ્રકારની સંપત્તિ કહેવાય. ‘‘પહેલે ભાન, બીજે ધન, ત્રીજે સ્ત્રી, ચોથે તન, પાંચમે હોય પશુનો સંગ, લખાય કાગળમાં શ્રી પંચ’’

પાંચ પરાવર્તન :(૧) દ્રવ્ય પરાવર્તન (૨) ક્ષેત્રપરાવર્તન (૩) કાળ પરાવર્તન (૫) ભવપરાવર્તન અને (૫) ભાવ પરાવર્તનરૂપ અનંત ભ્રમણ નિરંતરપણે

વિકારમાં સ્થિત હોવાથી પ્રાપ્ત થયું છે. આ પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ અનાદિથી છે.

પાંચ પાપ :હિંસા, જુઠું બોલવું. ચોરી કરવી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ કરવો આ પાંચ પાપ છે. (૨) મિથ્યાત્વ, ચાર કષાય, ક્રોધ, માન, માયા અને લોભ, મળીને પાંચ પાપ કહેવાય છે. (૩) હિંસા, જુઠું, ચારી,વિષય સેવન અને પરિગ્રહ, આ પાંચે પાપોને પોતાના દિલમાંથી બહાર ફેંકી દેવા જોઈએ. તો જ, તે અબંધ બની શકે છે.

પાંચ ભાવો : પાંચ ભાવોમાં ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ (વર્તમાન વધતી દશારૂપ) છે અને પાંચમો શુદ્ધ પારિણામિકભાવ છે તે ત્રિકાળી એકરૂપ ધ્રુવ છે. તેથી તે દ્રવ્યરૂપ છે; આ રીતે આત્મપદાર્થ દ્રવ્ય અને પર્યાય સહિત (જે વખતે જે પર્યાય હોય તે અપદ્યત) છે. (૨) (•) અબદ્ધ સ્પૃષ્ટ = કર્મનો સંયોગ છે, છતાં નિશ્ચયથી અબંધ અસ્પર્શી છું. (•) અનન્ય = શરીરના આકારનો સંયોગ, છે છતાં નિશ્ચયથી દરેક સમયે એકરૂપ છું (•) નિયત = હીનાયિક અવસ્થારૂપ પરિણમન થાય છે, છતાં નિશ્ચયથી દરેક સમયે એક રૂપ છું. (•) અવિશેષ = અનંત ગુણો જુદી -જુદી શકિત સહિછે. પણ સ્વભાવ ભેદરૂપ નથી, હું નિત્ય એકરૂપ અભેદ છું. (•) અસંયુકત = રાગદ્વેષ, હર્ષ-શોકના ભાવ નિમિત્તાધી થાય છે, પણ હું તે રૂપે થઈ જતો નથી. ઉપર્યુકત પાંચ ભાવોથી સ્વતંત્ર પૂર્ણ નિર્મળ સ્વભાવપણે, આત્માને પર્યાય માને ત્યારે નિર્મળ શ્રદ્ધારૂપ શરૂઆતનો ધર્મ એટલે કે, સમ્યગ્દર્શન થાય છે. આવ્યું જાણ્યું તેણે જ, ખરું જિનશાસન જાણ્યું છે. (૩) ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક આ પાંચ ભાવો નીચેની છ બાબતો સિધ્ધ કરે છે:-

(૧) જીવનો અનાદિ અનંત શુધ્ધ ચૈતન્ય સ્વભાવ છે એમ પારિણામિક ભાવ સાબિત કરે છે.

(૨) જીવનો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય સ્વભાવ હોવા છતાં તેની અવસ્થામાં વિકાર છે એમ ઔદયિકભાવ સાબિત કરે છે.

(૩) જડ કર્મની સાથે જીવનો અનાદિનો સંબંધ છે અને જીવ તેને વશ થાય છે તેથી વિકાર થાય છે પણ કર્મના કારણે વિકાર ભાવ થતો નથી એમ પણ ઔદયિકભાવ સાબિત કરે છે.

(૪) જીવ અનાદિથી વિકાર કરતો હોવા છતાં તે જડ થઈ જતો નથી અને તેનાં જ્ઞાન, દર્શન, અને વીર્યનો અંશે ઉઘાડ તો સદા રહે છે એમ ક્ષાયોપશમિક ભાવ સાબિત કરે છે.

(૫) આત્માનું સ્વરૂપ યથાર્થ પણે સમજીને જયારે પોતાના પારિણામિક ભાવનો જીવ આશ્રય કરે છે ત્યારે ઔદયિક ભાવ ટળવાની શરૂઆત થાય છે અને પ્રથમ શ્રધ્ધાગુણનો ઔદયિકભાવ ટળે છે એમ ઔપશમિકભાવ સાબિત કરે છે.

(૬) આથી સમજણ પછી જીવ જેમ જેમ સત્ય પુરુષાર્થ વધારે છે તેમ તેમ મોહ અંશે ટળતો જાય છે એમ ક્ષાયોપશમિકભાવ સાબિત કરે છે.

(૭) જીવ જો પ્રતિહતભાવે પુરુષાર્થમાં આગળ વધે તો ચારિત્ર મોહ સ્વયં દબાઈ જાય છે. (-ઉપશમ પામે છે) એમ ઔપશમિકભાવ સાબિત કરે છે.

(૮) અપ્રતિહત પુરુષાર્થ વડે પારિણામિકભાવનો આશ્રય વધતાં વિકારનો નાશ થઈ શકે છે એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

(૯) જો કે કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે તો પણ સમયે સમયે જૂનાં કર્મ જાય છે અને નવાં કર્મનો સંબંધ થતો રહે છે તે અપેક્ષાએ તેમાં શરૂઆતપણું રહેતું હોવાથી (-સાદિ હોવાથી) તે કર્મ સાથેનો સંબધ સર્વથા ટળી જાય છે એમ ક્ષાયિકભાવ સાબિત કરે છે.

(૧૦) કોઈ નિમિત્ત વિકાર કરાવતું નથી પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે; જીવ જયારે પારિણામિક ભાવરૂપ પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરી સ્વાધીનપણું પ્રગટ કરે છે ત્યારે નિમિત્તાધીનપણું ટળી શુદ્ધતા પ્રગટે છે. એમ ઔપશમિકભાવ, સાધક દશાનો ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિકભાવ એ ત્રણે સાબિત કરે છે.

(૪) ઔપશમાદિક પાંચ ભાવોમાં, કયા ભાવથી મોક્ષ થાય છે, તે વિચારવામાં આવે છે. ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક, એ ચાર પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક ભાવ, તે દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ, એવું દ્રવ્ય પર્યાયવ્દય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું, તે આત્મપદાર્થ છે.

પાંચ ભાવોમાં ઉપશમ,ાદિ ચાર ભાવો પર્યાયરૂપ છે. તેમાં (પ્રથમના) ત્રણ નિર્મળ પર્યાયરૂપ છે. ઔદયિક મલિન વિકારરૂપ છે, અને પારિણામિક ધ્રુવ, દ્રવ્ય સ્વરૂપ છે. તે આત્માનો, અહેતુક અકૃત્રિમ સહજ સ્વભાવ છે.

પાંચ મહાવ્રત :અહિંસા, સત્ય, અસ્તેય,બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

પાંચ સમવાય :કાળલબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા અને તે જ સમયે નિમિત-કર્મના ઉપશમાદિ, એમ પાંચે સમવાય એક સાથે જ હોય છે. આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાનને આનંદનો રસકંદ છે. તે આનંદની ધ્રુવ ખાણ, તો અંદર ચિદાનંદ પ્રભુ તુ, પોતે જ છો. આવી પોતાની ચીજ પામવા માટે, કાળલબ્ધિ પાકે છે, ભવિતવ્ય, જે સમકિત થવા યોગ્ય છે, તે થાય છે અને ત્યારે કર્મના ઉપશમાદિ પણ થાય છે; આ પ્રમાણે, પાંચે સમવાય એકી સાથે જ, હોય છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે-

(૧) ચિદાઘન સ્વભાવ ઉપર દષ્ટિ જાય, તે સ્વભાવ થયો.

(૨) ચિદાઘન સ્વભાવની દષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો, પુરુષાર્થ થયેલ.

(૩) તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું, તે કાળલબ્ધિ થઈ.

(૪) આજે નિર્મળ ભાવ તે કાળે થયો, તે થવાનો હતો તે જ થયો, તે ભવિતવ્ય, અને

(૫) ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો, તે નિમિત્ત થયું.

આ પ્રમાણે પાંચે સમવાય એક સાથે હોય છે. એમ જાણવું

પાંચ સમવાય :ચૈતન્યના, એક ક્ષણના પુરુષાર્થની ઉગ્રતામાં, પાંચે સમવાય આવી જાય છે. વસ્તુ ઉપર યથાર્થ દષ્ટિ થઈને, પુરુષાર્થ વડે થઈ શકે, તે પરુષાર્થી.

(૧) તે પુરુષાર્થ વડે, જે સ્વભાવ હતો, તેમાંથી પર્યાય પ્રગટયો, તે સ્વભાવ.

(૨) જે વખતે પર્યાય પ્રગટ્યો, તે સ્વકાળ એટલે કાળ.

(૩) અને પુરુષાર્થ વડે જે પર્યાય થવાનો હતો, તે થયો તે નિયત.

(૪) અને પુરુષાર્થથી સ્વભાવ પર્યાય પ્રગટતી વખતે, જે કર્મનો અભાવ થયો, તે કર્મ.૫ ચાર સમવાય, અસ્તિરૂપે ચૈતન્યમાં આવી જાય છે. અને

(૫) છેલ્લું કર્મનો અભાવ, તે નાસ્તિ પરિણમનરૂપે, ચૈતન્યમાં આવી જાય છે.

પાંચ સમિતિ :

(૧) ઈર્યા સમિતિ-બે ઘડી સૂર્ય ઉગ્યા પછી રસ્તો પ્રાસુક થઈ ગયા, પછી યત્નાચારપૂર્વક, ચાર હાથ પ્રમાણ જમીન જોઈ સંભાળીને આવવું-જવું

(૨) ભાષા સમિતિ-હિતકારી અને થોડાં એવાં વચન બોલવાં કે, જે સાંભળતાં કોઈ પણ પ્રાણીને દુઃખ ન થાય.

(૩) એષણા સમિતિ-છેંતાલીસ દોષ, બત્રીસ અંતરાય ટાળીને, ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર આચાર સહિત, વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક આહાર એકવાર કરવો.

(૪)આઘનનિક્ષેપણ સમિતિ-યત્નાચાર પૂર્વક જોઈ સંભાળીને પુસ્તક, પીંછી, કમંડળ વગેરે, લેવું-મૂકવું

(૫) પ્રતિષ્ઠાપન સમિતિ-જોઈ સંભાળીને નિર્જીવ સ્થાનમાં કફ, મળ,મૂત્ર વગેરેનો ત્યાગ કરવો, લીલોતરી ઉપર અથવા ભીની જમીન પર મળત્યાગ ન કરવો. આ રીતે સમિતિનું વર્ણન કર્યું.

આ પ્રકારે પાંચે સમિતિ ગુપ્તિના પાલનમાં, સહાયક થાય છે અને જેવી રીતે સમિતિનું કથન કર્યું છે, તે પ્રકારે પાલન તો મુનિમહારાજ જ કરે છે, તો પણ જેટલું બની શકે તેટલું શ્રાવકે પણ પાલન કરવું જોઈએ. જેમ કે શ્રાવકે જોઈ સંભાળીને ચાલવું જોઈએ, ઓછું અને હિતકારી વચન બોલવું જોઈએ, શુદ્ધ પ્રાસુક આહાર લેવો, બધી વસ્તુઓ જોઈ સંભાળીને લેવી-મૂકવી અને જોઈ સંભાળીને જીવરહિત સ્થાનમાં મળ-મૂત્ર વગેરેનું ક્ષેપણ કરવું. એ રીતે થયાશક્તિ, શ્રાવકોએ પાલન કરવું જોઈએ.

પાંચમું અંગ :ભગવતીસૂત્ર.

પાંચમું સ્થાનક :મોક્ષપદ; પંચમગતિ.

પોતાને જાણતાં જ્ઞાન થાય; અરિહંતને જાણે માટે સાચું જ્ઞાન થઈ જાય છે એમ નથી. :જે ખરેખર અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાયપણે જાણે છે તે ખરેખર પોતાના આત્માને જાણે છે, એવું જે પ્રવચનસાર ગાથા ૮૦માં લીધું છે, તેનો આશય એવો છે કે - પ્રથમ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, એટલે મનથી કળે એટલે વિકલ્પપુર્વક જાણે; પછી એનું લક્ષ છોડી, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ભેદથી જાણે, પછી એવા ભેદને સમાવી દે-સમાવી દે, એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનું લક્ષ છોડી, અંતરમાં સ્થિત થાય. ત્યારે તેને અતીન્દ્રિય સુખ પ્રગટે છે અને ત્યારે પોતાના આત્માને જાણ્યો એમ કહેવાય છે.

પોતાના દ્રવ્યમાં જે પર્યાય ઉત્પન્ન થાય છે તે સંયોગ છે અને જે વ્યય થાય છે તે વિયોગ છે. :પર્યાયના ઉત્પાદ-વ્યયને સંયોગ-વિયોગ કહેવાય છે.

પોતાના પરિણામ :રાગાદિ પરિણામ

પોતાના પરિણામનું ફળ :સુખદુઃખના પરિણામ

પોતાની પર્યાયોને ફેરવવાનો આત્માનો કાબૂ નહિ? :અરે ભાઈ ! જયાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે, દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે, એમ નકકી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે દ્રવ્યના કાબૂમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે કયાંથી ? દ્રવ્યમાંથી, માટે જયાં આખા દ્રવ્યને કાબૂમાં લઈ લીધું (શ્રદ્ધા જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબૂમાં આવી જ ગઈ, એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ થવા જ માંડી. જયાં સ્વભાવ નકકી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને, સમ્યક્જ્ઞાન થયું, મિથ્યા શ્રદ્ધા પલટીને, સમ્યગ્દર્શન થયું- એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી, ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ, ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો. સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને, ફેરવવાની બુદ્ધિ જયાં ન રહી, ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું. એટલે એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ, રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું, તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે, તેને કયાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને કયાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ, તે મિથ્યા બુદ્ધિ છે. પર્યાય ક્રમબદ્ધ થાય છે. એમ જાણે તો પર્યાયનું કર્તત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દ્રષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ , એ તો સર્વજ્ઞનો પ્રાણ છે.

પોતારૂપે :નિજરૂપે; આત્મારૂપે

પોરસ :શૂરાતન; ગૌરવ; ઉત્સાહ; ચઢાવવો; ઉમંગ વધારવો.

પોળિયા :રૂપિયા, પૈસા (૨) પોળને દરવાજે રક્ષણ કરનાર નોકર; દ્વારપાલ; દરવાન

પોષણ :અશન

પોસાણવિના :રુચિ વિના

પુણ્ય :જીવના શુભ પરિણામ તે પુણ્ય છે; તેમજ તે શુભ પરિણામ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલોના કર્મપરિણામ (શુભ કર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે. (૨) દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિનો ભાવ એ પુણ્ય ભાવ છે. (૩) જીવના શુભ પરિણામ પુણ્ય છે તે દ્વારા પુદ્ગલમાત્ર ભાવ કર્મપણાને પામે છે. (૪) દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના શુભભાવ જીવની પર્યાયમાં થાય છે તે અરૂપી વિકારી ભાવ છે-તે ભાવપુણ્ય છે, અને તે સમયે કર્મ યોગ્ય જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.) (૫) જીવના શુભ પરિણામ (તે પુણ્ય છે) તેમ જ તે (શુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્ગલોના કર્મપરિણામ (-શુભ કર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે. (૬) વિકાર (૭) પવિત્રતા; પુણ્યનો

અર્થ આત્માની પવિત્રતા છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર, એ પુણ્ય છે કે જે પવિત્ર છે. (૮) પવિત્રતાને, પ્રકાશનાર (૯) દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિના, શુભભાવ-મંદ કષાય. તે જીવના ચારિત્રગુણની, અશુદ્ધ અવસ્થા છે; પુણ્ય અને પાપ બન્ને આસ્રવ છે. બંધનના કારણો છે. (૧૦) પવિત્રતા (૧૧) દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિના શુભ ભાવ,-મંદ કષાય, તે જીવના ચારિત્ર ગુણની અશુદ્ધ અવસ્થા છે; પુણ્ય-પાપ બે ય આસ્રવ છે. બંધનાં કારણો છે. (૧૨) પુણ્યમાં ધર્મ માન્યો તે ધર્મ ખોટો છે. ખોટા ધર્મની પ્રતીત, રુચિ અને તેનું વેદન કરવાથી, ભવનો અભાવ થાય નહિ, નવમી ગ્રૈવયક જાય, પણ ભવભ્રમણ ટળે નહિ. (૧૩) પુણ્ય સુખના સાધન નથી, પણ દુઃખના બીજરૂપ તૃષ્ણાનાં જ, સાધન છે. પુણ્યો સુખાભાસ એવા દુઃખનાં જ, સાધન છે. (૧૪) પ્રથમ થર્યાય નવ તત્ત્વ સમજયો તેમાં (ગુરુ આદિ તો નિમિત્ત છે, પણ) એકપણું પ્રગટ કરનાર, શુદ્ધનય જ છે. જો સ્વભાવ તરફ ન ઢળે, અને માત્ર દેવ, ગુરુ, શાસ્ત્ર તથા નવતત્ત્વના શુભ રાગમાં અટકી જાય, તો તે પુણ્ય છે.

ધર્માદિમાં તૃષ્ણાનો ઘટાડો, કષાયની મંદતા વગેરે, હો તે શુભભાવ-પુણ્ય છે. (૧૫) શ્રીપાળ રાજાએ આયંબિવ કર્યુ, તેથી રોગ મટી ગયો, તેમ લોકો માને છે. પણ શરીરના રોગ મટાડવાનું કાર્ય, ધર્મનું નથી. પૂર્વના પુણ્ય હોય ત્યારે, શરીર નિરોગી થાય છે, ધર્મના ફળથી રોગ મટે, એમ માનનાર ધર્મના સ્વરૂપને સમજયો નથી. પુણ્ય શુભ પરિણામથી થાય, અને ધર્મ આત્માનો શુદ્ધ સ્વભાવ, પ્રગટ કરવાથી થાય, તેની તેને ખબર નથી. સનતકુમાર ચક્રવર્તીએ, દીક્ષા લીધા બાદ, તે મહાન ધર્માત્મા મૂનિને ઘણાં વર્ષો સુધી, તીવ્ર રોગ રહ્યો. છતાં શરીર ઉપર ધર્મની અસર કંઈ પણ ન થઈ. ધર્મથી શરીર નિરોગી રહે તેમ નહિ. પણ ધર્મના ફળમાં, પુણ્ય અને શરીર વગેરેનો, બંધ જ ન થાય. મોક્ષમાર્ગમાં પુણ્યનો પણ નિષેધ છે, ત્યારે અત્યારે તો ધર્મના નામે લોકો ફાવે તેમ હાંક્યે રાખે છે, અને કહે છે કે, પુણ્ય કરો, તેનાથી મનુષ્ય, દેવનાં શરીર મળશે, અને પછી પરંપરાએ મોક્ષ થશે. આવી વાતો એટલે કે જીવ રાગ દ્વેષનાં કર્તા અને ફળનો ભોકતા, એવી કામભોગબંધકથા તો જીવે, અનંતવાર સાંભળી છે. તેથી આચાર્ય ભગવાન કહે છે કે જડના સંયોગની, રુચિ છોડ, પુણ્યથી ધર્મ નથી.

પુણ્ય અને પાપ :વિકારી થવા યોગ્ય અને વિકાર કરનાર એ બન્ને પુણ્ય છે, તેમજ એ બંન્ને પાપ છે. (૨) પુણ્ય-પાપ કર્મોનું કારણ, સ્વભાવથી વિરુદ્ધ એવા, રાગ-દ્વેષ ભાવો છે.તે પુણ્ય પાપ પોતે પુદ્ગલકર્મરૂપ છે જીવરૂપ નથી. અને તે પુણ્ય પાપના ફળમાં, બહારની સામગ્રી મળે છે. તે પણ આત્માથી જુદો છે.

પુણ્ય એ પરમાર્થે પાપ જ છે. :જો કે વ્યવહાર મોક્ષમાર્ગ (દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્ધા આદિ તથા પંચમહાવ્રતના પરિણામ) ને ઉપાદેયભૂત નિશ્ચયરત્નત્રયનું વ્યવહારથી કારણ કહેવામાં આવ્યું તથા તેને પરંપરાએ જીવની પવિત્રતાનું કારણ હોવાથી (વ્યવહારે) પવિત્ર કહેવામાં આવેલ છે તો પણ એકસ્વરૂપ ભગવાન આત્માના અવલંબનને છોડીને રાગનું અવલંબન લે છે માટે પુણ્ય એ પણ પરમાર્થે પાપ જ છે. તેનું એક કારણ-શુભ પરિણામનું પર દ્રવ્યના આલંબનરૂપ પરાધીનપણું છે. બીજું કારણ નિર્વિકલ્પ સમાધમાં લીન (યોગીઓને) આત્મસ્વરૂપમાંથી પડવામાં વ્યવહાર વિકલ્પોનું આલંબન (ગુણ-ગુણીના ભેદરૂપ આત્મસ્વરૂપનું ચિંતવન અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયનું ભેદરૂપ ચિંતવન) કારણ છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવ્યો એટલે નિશ્ચય રત્નત્રયથી પડી ગયો. આ રીતે નિશ્ચયનયની અપેક્ષાએ પુણ્ય એ પાપ છે. એટલે વ્યવહારથી જેને પુણ્ય કહેવાય છે તે નિશ્ચયથી (ખરેખર) પાપ છે.

પુણ્ય યોગનો ત્યાગ કેમ થાય? :એ તો સ્વભાવમાં ઠરે, ત્યારે જ થાય.

પુણ્ય તત્ત્વ :પુણ્ય. આસ્રવ અને બંધનો પેટા ભેદ છે. દાન, દયા, ભક્તિ, પૂજા, વ્રત વગેરેના શુભભાવ જીવને થાય તે અરૂપી અશુદ્ધભાવ છે. તે ભાવપુણ્ય છે તે સમયે શાતાવેદનીય, શુભનામ આદિ કર્મયોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયં (સ્વતઃ) એક ક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્યપુણ્ય છે. (તેમાં જીવનો રાગભાવ (અશુદ્ધભાવ) નિમિત્તમાત્ર છે.)

પુણ્યના પ્રકારો :(૧) સામાન્ય પુણ્ય; (૨) શુભક્રિયાથી થતું પુણ્ય; (૩) સત્પુરુષની આજ્ઞાથી જે પુણ્યપ્રકૃતિ બંધાય તે પુણ્યાનુબંધી પુણ્ય. સમ્યક્દ્દષ્ટિ આત્મા જે સંયમ સહિત સંવરમાં આવે તે સત્પુણ્ય.

બીજા પ્રકારોમાં પુણ્યાનુબંધી પાપ - પાપાનુબંધી પુણ્ય એ સમાવેશ પામે છે. જેમાં વ્યવહાર શુભ અને પરમાર્થ શુભ એ પુણ્યબંધના પ્રકારો છે.

મનુષ્યો રિદ્ધિ પામે છે, સુંદર સ્ત્રી પામે છે, આજ્ઞાંકિત પુત્ર પામે છે, બહોળો કુટુમ્બપરિવાર પામે છે, માન-પ્રતિષ્ઠા તેમજ અધિકાર પામે છે, અને તે પામવા કંઈ દુર્લભ નથી. (આ સર્વ પામવું તે વ્યવહારપુણ્ય છે. આજ્ઞા વિના થતી ધર્મક્રિયા જે આસ્રવરૂપ એટલે હેયરૂપ છે તે જગતમાં લાખો મનુષ્યો વધતા ઓછા પ્રકારે દેવાદિગતિ વગેરે દ્વારા મિથ્યાદષ્ટિપણે પામે છે, અને તેનું વાસ્તવિક રીતે જ્ઞાની પુરુષની દષ્ટિએ કાંઈ મહત્ત્વ નથી.)

પરંતુ ખરું ધર્મતત્ત્વ કે તેની શ્રદ્ધા કે તેનો થોડો અંશ પણ પામવો મહાદુર્લભ છે. (આ પામવામાં પરમાર્થ શુભ પુણ્યાનુબંધી પુણ્ય અને સત્પુણ્ય સત્પુરુષની આજ્ઞાએ વર્તતા સમ્યક્દ્દષ્ટિ આત્માઓની સંયમ અને સંવર પ્રાપ્ત કરાવી પરિણામે મુક્તિધામ પામે છે.)

એ રિદ્ધિ ઈત્યાદિક અવિવેકથી પાપનું કારણ થઈ અનંત દુઃખમાં લઈ જાય છે. પરંતુ આ થોડી શ્રદ્ધાભાવના પણ ઉત્તમ પદવીએ પહોંચાડે છે.

પુણ્યના ભાગી :પુણ્યશાળી; પુણ્યને ભોગવનારા; પુણ્યના ભાજન. (૨) પુણ્યજ્ઞાતા; પુણ્યને ભોગવનાર; ઉદયમાં લઈને

પુણ્ય-પાપ :(૧) પુણ્ય-પાપના ભાવ ઘાતક છે અને આત્મા (પર્યાય) વધ્ય-ઘાત થવા યોગ્ય છે.

(૨) પુણ્ય-પાપના ભાવ વધતા-ઘટતા છે તેથી અધ્રુવ છે અને ભગવાન આત્મા ધ્રુવ છે.

(૩) પુણ્ય-પાપના ભાવ અનુક્રમે ઉત્પન્ન થાય છે માટે અનિત્ય છે, અને ભગવાન આત્મા એકરૂપ નિત્ય છે.

(૪) રાગાદિભાવ નિમિત્તના લક્ષે થાય છે તેથી અશરણ છે, અને આનંદધન પ્રભુ આત્મા શરણ છે.

(૫) શુભાશુભભાવ દુઃખરૂપ છે, અને ભગવાન આત્મા સહજ સુખસ્વરૂપ છે.

(૬) આસ્રવો ભવિષ્યમાં દુઃખના કારણરૂપ છે. કારણકે શુભભાવથી શાતાવેદનીય આદિ પુણ્યની ૪૨ પ્રકૃતિ છે તે બંધાય અને ભવિષ્યમાં તેનો ઉદય આવે ત્યારે ધન-દોલત, આબરૂ ઈત્યાદિ અનેક સામગ્રી મળશે ત્યારે એના પર લક્ષ જશે એટલે રાગ થશે એટલે દુઃખ થશે, કેમ કે રાગ દુઃખસ્વરૂપ જ છે.

પુણ્ય-પાપ અને શુદ્ધ પરિણામ :પર પ્રત્યે પ્રવર્તતો એવો શુભ પરિણામ, તે પુણ્યનું કારણ છે અને અશુભ પરિણામ, તે પાપનું કારણ છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીએ તો શુભ પરિણામ, તે પુણ્ય છે. અને અશુભ પરિણામ, તે પાપ છે. સ્વાત્મ દ્રવ્યમાં પ્રવર્તતો એવો શુદ્ધ પરિણામ, તે મોક્ષનું કારણ છે. તેવા કારણમાં કાર્યનો ઉપરચાર કરીએ, તો શુદ્ધ પરિણામને ભોગવે છે.

પુણ્ય-પાપ આદિ ભાવને પુદગલ સ્વભાવ કહ્યા છે. :હા, કહ્યા છે. સ્વભાવ - દષ્ટિવંત પુરુષ દષ્ટિની પ્રધાનતામાં પુણ્ય-પાપ આદિ ભાવોને પુદગલસ્વભાવ જાણે છે. કેમ કે, તેઓ સ્વભાવમાં નથી. અને સ્વભાવની દષ્ટિમાં-સ્વાનુભૂતિમાં સમાતા નથી. ભિન્ન જ રહી જાય છે, વળી તેઓ પુદગલના કર્મના ઉદયના લક્ષે પર્યાયમાં થાય છે, અને સ્વભાવનું લક્ષ કરતાં નીકળી જાય છે. માટે તેમને પુદગલ સ્વભાવ કહ્યા છે. પણ અહીં બીજી વાત છે. અહીં તો અજ્ઞાની જીવ પોતે રાગના પરિણામને કરે છે. અને તેનું ફળ જે દુઃખ તેને ભાગવે છે, કેમ કે અજ્ઞાની જીવ પોતાના પરિણામથી, તન્મય છે. પરંતુ પરદ્રવ્યની જે પર્યાય થાય, તેનો તે કર્તા-ભોકતા નથી, કેમ કે, તેમાં તે તન્મય નથી. આ શરીર, મન, વાણી કર્મ, ધન-ધાન્ય, ઝવેરાત, મકાન, લાડુ, ગુલાબજાબું ઈત્યાદિ, જે બધા પરદ્રવ્યનાં પરિણામ છે, તેને જીવ કરેય નહિ ને ભોગવેય નહિ.

પર્યાયમાં અજ્ઞા જીવને જે શુભાશુભ ભાવ થાય, તે પરિણામ છે અને પોતાનું દ્રવ્ય, તે પરિણામી છે. તે પરિણામ પરિણામીથી અનન્ય છે, એમ અહીં કહેલ છે. આ સ્વરૂપથી ચ્યુત એવા, અજ્ઞાની જીવની વાત છે. શુભાશુભભાવથી જીવ અનન્ય છે, તન્મય છે, માટે કહે છે પરિણામ-

પરિણામી ભાવથી ત્યાં કર્તા-કર્મપણું છે અને ભોક્તા ભોગ્યપણું છે, એમ નિશ્ચય છે.

પુણ્ય-પાપ કર્મ :પુણ્ય-પાપ કર્મ, તે દ્રવ્ય કર્મ છે.

પુણ્ય-પાપ ભાવ :દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ છે તે મોહ છે; વિચિત્ર (અનેક પ્રકારના) ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય (નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે; તેના જ (ચારિત્રમોહનીયના જ) મંદ ઉદયે થતા જે વિશુદ્ધ પરિણામ તે ચિત્તપ્રસાદ પરિણામ (મનની પ્રસન્નતારૂપ પરિણામ) છે. એ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે, તેને અવશ્ય શુભ અથવા અશુભ પરિણામ છે. તેમાં જ્યાં પ્રશસ્ત રાગ તથા ચિત્તપ્રસાદ છે ત્યાં શુભપરિણામ છે અને જ્યાં મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે. (૨) આત્મામાં, વ્રત-અવ્રતના શુભાશુભ ભાવ ફાટે છે, તે આત્માનો ક્ષય કરનાર છે. આત્માનો ક્ષય કરનાર છે, તે ઉપચારથી કહ્યું છે., ખરી રીતે, આત્માની નિર્મળ અવસ્થાનો, ક્ષય કરનાર છે. પુણ્ય-પાપના ભાવ, આત્માની નિર્મળ પર્યાયનો ક્ષય કરનાર છે. તેથી પુણ્યભાવ છોડીને, પાપભાવ કરવાની, અહીં વાત નથી. પણ પુણ્યભાવ, આત્માના સ્વભાવનો ઘાત કરનાર છે, એમ સમજવાની વાત છે.

પુણ્ય-પાપનું ફળ :આ જીવ પાપના ઉદયથી, નરકગતિ અથવા તિર્યંચગતિ એટલે પશુગતિ પામે છે. પુણ્યથી દેવગતિ થાય છે. અને મિશ્ર એટલે પુણ્ય-પાપ બન્નેની સમાનતાથી, મનુષ્યગતિ પામે છે. પણ બન્નેના ક્ષયથી, મોક્ષ પામે છે.

સહજ શુદ્ધ જ્ઞાનાનંદમય એક સ્વભાવવાળા, પરમાત્મા છે. તેથી વિપરીત એવા, પાપ કર્મના ઉદયથી આ જીવ નરક પશુ આદિ, ગતિમાં જઈ અનેક કષ્ટો સહન કરે છે. તેમજ આત્મ-સ્વરૂપથી ભિન, એવા શુભ કર્મના ઉદયથી, જીવ દેવ થાય છે. તથા બન્નેની સમાનતાથી, માનવ થાય છે અને નિજ શુદ્ધ સહજાત્મતત્ત્વની સમ્યક શ્રદ્ધા, જ્ઞાન અને આચરણરૂપ શુદ્ધોપયોગથી જીવ, સંસાર-બંધનોથી મુકત થાય છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે : જીવ પાપથી નરક, તિર્યંચગતિમાં જાય છે, ધર્મ એટલે પુણ્યથી, દેવલોક પામે છે. પુણ્ય-પાપના મેળથી, મનુષ્ય થાય છે. તથા તે બન્નેના ક્ષયથી મોક્ષ મળે છે.

પુણ્ય-પાપનું સ્વરૂપ :જીવના શુભ પરિણામ પુણ્ય છે અને અશુભ પરિણામ પાપ છે; તે બન્ને દ્વારા પુદ્ગલમાત્ર ભાવ કર્મપણાને પામે છે (અર્થાત્ જીવના પુણ્ય-પાપભાવના નિમિત્તે શાતા-અશાતાવેદનીયાદિ પુદ્ગલ માત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે.)

જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત શુભપરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે શુભ પરિણામ ભાવપુણ્ય છે. (શાતા-વેદનીયાદિ દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભપરિણામને પણ ભાવપુણ્ય એવું નામ છે.) એવી રીતે જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત અશુભપરિણામ, દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે કારણભૂત છે. તેથી દ્રવ્યપાપાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે અશુભપરિણામ ભાવપાપ છે.

પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ) કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે તે-દ્રવ્યપુણ્ય છે. પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચય કર્મભૂત વિશિષ્ટપ્રકૃતિરૂપ પરિણામ (અશાતાવેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ) કે જેમાં જીવના અશુભ પરિણામ નિમિત્ત છે તે-દ્રવ્યપાપ છે.

આ પ્રમાણે વ્યવહાર તથા નિશ્ચય વડે આત્માને મૂર્ત તથા અમૂર્ત કર્મ દર્શાવવામાં આવ્યું.

ભાવાર્થઃ- નિશ્ચયથી જીવના અમૂર્ત શુભાશુભપરિણામરૂપ ભાવપુણ્યપાપ જીવનું કર્મ છે. શુભાશુભપરિણામ દ્રવ્યપુણ્યપાપનું નિમિત્તકારણ હોવાને લીધે મૂર્ત એવાં તે પુદ્ગલપરિણામરૂપ (શાતા-અશાતાવેદનીયાદિ) દ્રવ્યપુણ્યપાપ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે.

પુણ્યબંધ :કેવળ નિશ્ચયાલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપબંધના કારણભૂત અશુભ ભાવોને તો સેવ્યા

કરે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે. (૨) પુણ્યબંધનું કારણ, મંદકષાય છે. ઈચ્છા નહીં. ઈચ્છા મોહની પર્યાય છે. આથી તે તીવ્ર કષાયરૂપ જ છે.

પુણ્યભાવ :દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, આદિનો ભાવ તે પુણ્યભાવ છે.

પુણ્યવાળો :પર નિમિત્તના આધારવાળો.

પુણ્યાનું બંધી, પુણ્ય બંધાય તેવા પરિણામ સુખરૂપ થાય કે નહિ ? :

ઉત્તર : ગમે તે જાતના પુણ્યના પરિણામ, વર્તમાનમાં પણ દુઃખરૂપ છે. તે ભવિષ્યમાં પણ દુઃખરૂપ છે. પુણ્યાનું બંધી, પુણ્ય પણ વિષયમાં આકુળતા થવામાં, નિમિત્ત છે; પરંતુ આત્માની શાંતિનું, નિમિત્ત તે નથી.

પુણ્યાનુબંધી પુણ્ય :જેની દૃષ્ટિ, અંદર શુદ્ધ ચૈતન્ય સ્વભાવમય આત્મા ઉપર છે, તેને રાગ આવે ત્યારે પુણ્ય બંધાય, તે પુણ્યાનુબંધી પુણ્ય છે.

પુણ્યાનુબંધી, પુણ્ય બંધાય તેવા પરિણામ સુખરૂપ થાય કે નહિ ? :ગમે તે જાતના પુણ્યના પરિણામ, વર્તમાનમાં પણ દુઃખરૂપ છે. તે ભવિષ્યમાં પણ દુઃખરૂપ છે. પુણ્યાનું બંધી, પેણ્ય પણ ભવિષ્યમાં, આકુળતા થવામાં નિમિત્ત છે. પરંતુ આત્માની શાંતિનું, તે નિમિત્ત નથી. પુદ્ગલના નમિત્તે થતા વિકારી ભાવ, અને તે વિકારી ભાવના નમિત્તે જે જડકર્મ બંધાય છે, તે ભવિષ્યમાં આકુળતાના પરણામ ઉત્પન્ન થવાનું, નિમિત્ત છે, પરંતુ આત્માની શાંતિનું, સમાધિ નિમિત્ત તે નથી.

પુણ્યાપસદ :પુણ્ય અપસદ; અધમ પુણ્ય; હત પુણ્ય. (૨) પુણ્ય-અપસદ; હતગ્રહ્ય

પુણ્યાસ્રવ :જે જીવને પ્રશસ્ત રાગ છે, અનુકંપાયુક્ત પરિણામ છે અને ચિત્તમાં કલુષતાનો અભાવ છે તે જીવને પુણ્ય આસ્રવે છે.

પ્રશસ્ત રાગ, અનુકંપાપરિણતિ અને ચિત્તની અકલુષતા-એ ત્રણ શુભ ભાવો દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે શુભભાવો ભાવપુણ્યાસ્રવ છે અને તે (શુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભકર્મ પરિણામ (શુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપુણ્યાસ્રવ છે.

શાતાવેદનીયાદિ પુદ્ગલપરિણામરૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના પ્રશસ્ત-રાગાદિ શુભભાવો નિમિત્ત-કારણ છે. માટે દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભ ભાવોને પણ ભાવપુણ્યાસ્રવ એવું નામ છે. (૨) પ્રશસ્ત રાગ, અનુકંપાયુકત પરિણામ અને ચિત્તની અકુષલતા (ચિત્તમાં કલુષતાનો અભાવ) એ ત્રણે શુભ ભાવો દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલક્ષીને) તે શુભ ભાવો ભાવપુણ્યાસ્રવ છે અને તે (શુભભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદગલોના શુભ કર્મ-પરિણામ(શુભકર્મપરિણામ) ને દ્રવ્ય પુણ્યાસ્રવ છે.

શાતા વેદનીયાદિ પુદગલપરિણામ રૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના પ્રશસ્ત-રાગાદિ શુભભાવો નિમિત્તકારણ છે માટે દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભભાવોને પણ ભાવપુણ્યાસવ એવું નામ છે.

પુણ્યો :તૃષ્ણાનાં ઘર રહેઠાણ

પુણ્યો દુઃખના બીજના હેતુ :તૃષ્ણાનાં કારણ

પુદ્ગલના મુખ્ય ગુણો :સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ-એ પુદ્ગલના મુખ્યગુણો છે.

પુદ્ગલ :જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણ હોય તેને પુદ્ગલ કહે છે. તે અનંતા અનંત છે. તે એક પ્રદેશી છે પણ તે પ્રદેશ ભેગા મળીને, સ્કંધ બને છે. પુદ્+ ગલ ભેગા થાય, તે અને છૂટા પડે તે. (૨) પરમાણુ અને સ્કંધ, એવા બે ભેદથી પુદ્ગલદ્રવ્ય બે ભેદવાળું છે. તેમાં પરમાણુ, તે સ્વભાવ પુદ્ગલ છે. અને સ્કંધ, તે વિભાવ પુદ્ગલ છે. પ્રથમ તો પુદગલદ્રવ્યના બે ભેદ છેઃ સ્વભાવ પુદ્ગલ અને વિભાવ પુદ્ગલ. તેમાં પરમાણુ, તે સ્વભાવ પુદ્ગલ છે. અને સ્કંધ, તે વિભાવ પુદ્ગલ છે. સ્વભાવ પુદ્ગલ કાર્ય પરમાણુ અને કારણ પરમાણુ, એમ બે પ્રકારે છે. સ્કંધોના છ પ્રકાર છે;

(૧) પૃથ્વી (૨) જળ (૩) છાયા (૪) ચક્ષુ સિવાયની, ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધો (૫) કર્મયોગ્ય સ્કંધો અને (૬) કર્મને અયોગ્ય સ્કંધો આવા છ ભેદ છે.પુદ્ગલ, પદાર્થ ગલન દ્વારા (અર્થાત્ ભિન્ન પડવાથી),

પરમાણુ કહેવાય છે અને પૂરણ દ્વારા (અર્થાત્ સંયુકત થવાથી) સ્કંધ નામને પામે છે.

પ્રથમ તો પુદ્ગલ દ્રવ્યના બે ભેદ છેઃ સ્વભાવ પુદ્ગલ અને વિભાવ પુદ્ગલ. પુદ્=પુરાવું તે, પૂરણ, અને ગલ=ગળવું, છૂટા પડવું, તે,=એમ પૂરણ ને ગલન જેમાં (સ્વભાવથી) થાય છે, તે પુદ્ગલ છે. તેના બે ભેદ છેઃ સ્વભાવ પુદ્ગલ અને વિભાવ પુદ્ગલ. આ બધું જાણીને એ પુદ્ગલ, મારા આત્માથી જુદી ચીજ છે. એમ શ્રદ્ધા કરવી.

તેમાં પરમાણુ, તે સ્વભાવ પુદ્ગલ છે અને સ્કંધ, તે વિભાવ પુદ્ગલ છે. જે એક પોઈન્ટ માત્ર-એક (અવિભાગી) રજકણ છે. કે જેને બીજાથી, કાંઈ પણ સંબંધ નથી. અર્થાત્ જેમાં વિભાવ નથી, તે પરમાણુ છે. ને તેને, સ્વભાવ પુદ્ગલ કહે છે. એક પુદ્ગલ પરમાણુ, જે સહજ સ્વભાવપણે છે, તે જ વાસ્તવિક પુદ્ગલ છે. સ્વભાવ પુદ્ગલ છે. આવો પુદ્ગલ પરમાણુ પોતાના (જડ) સ્વભાવપણે છે, પણ તે કાંઈ, આત્માના સ્વરૂપમાં નથી. આત્માથી અત્યંત ભિન્ન છે. પહેલાં પુદ્ગલના બે ભેદ કહ્યાઃ સ્વભાવ પુદ્ગલ અર્થાત્ પરમાણુ, ને વિભાવ પુદ્ગલ અર્થાત્ સ્કંધ. સ્વભાવ-પુદ્ગલના પણ બે ભેદ કહે છેઃ કાર્ય પરમાણુ ને કારણ પરમાણુ.

વળી સ્કંધોના છ પ્રકાર છે :

(૧) પૃથ્વી (૨) જળ, (૩) છાયા (૪) (ચક્ષુ સિવાયની) ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધો (૫) કર્મયોગ્ય સ્કંધો (૬) કર્મને અયોગ્ય સ્કંધો-આવા છ ભેદ છે.

(૩) પુદ્ગલ દ્રવ્ય છ પ્રકારે છે, તથા તે મૂર્તિક-રૂપી છે. બાદર બાદર બાદર બાદર, સૂક્ષ્મ સૂક્ષ્મબાદર સૂક્ષ્મ અને સૂક્ષ્મ સૂક્ષ્મ એમ પુદ્ગલના છ ભેદ છે. પૃથ્વી, પાણી, છાઆંખ સિવાયના, ચાર ઈન્દ્રિયના વિષયો. કર્મવર્ગણા તથા પરમાણુ એમ છ, વસ્તુઓથી પુદ્ગલના છ ભેદ, સમજી લેવા જોઈએ,

પૃથ્વી, પત્થઆદિ બાદર બાદર યુદ્ગલ છે. જળ થી આદિ ભાદર છે. છાયા, તડકો, ચંદ્રની ચાંદની આદિ બાદર સૂક્ષ્મ કહેવાય છે. આંખ સિવાયના ચાર ઈન્દ્રિયોના વિષયો, જેમ કે રસ, ગંધ, આદિ સૂક્ષ્મબાદર છે. કર્મવર્ગણાઓ સૂક્ષ્મ પુદ્ગલોમાં સમાવેશ પામે છે. અને પરમાણું સૂક્ષ્મ સૂક્ષ્મ કહેવાય છે. (૪) ગલન એટલે, પૂરણ સ્વભાવ સહિત છે; બંધાવું અને છુટી જવું-ખરી જવું, તે પુદ્ગલનો સ્વભાવ છે. પુદ્ગલ પરમાણુ આવે ને જાય, છુટા પડે ને ભેગા થાય એવો એનો સ્વતંત્ર સ્વભાવ છે. પુદગલ પરમાણુનો સંગ્રહ થઈને જે આ હાથ, પગ, નાક ને આંગળાં વગેરે, રચાણાં છે તે પુદ્ગલ-જડ રજકણોની શકિતથી રચાણાં છે, ને તે પુષ્ટ થાય વા ગળે, તે ય પુદ્ગલની શક્તિથી છે, એમાં જીવને કાંઈ જ નથી. કેમ કે, એ તો તદ્દન જુદું ચેતનતત્ત્વ છે. આ આત્માને અને પુદ્ગલિક શરીરને કાંઈ જ, સંબંધ નથી. (૫) પુદ્ગલના છ ભેદ છેઃ

(૧) પૃથ્વી, પત્થર, સ્થૂલ (બાદર બાદર) પુદ્ગલ છે, (૧) જળ, ઘી, તેલ આદિ, સ્થૂલ (બાદર) છે. (૩) છાયા, પડકો, ચાંદની આદિ, સ્થૂલ સૂક્ષ્મ (બાદર સૂક્ષ્મ) છે. (૪) રસ, ગંધ, શબ્દ આદિ, સૂક્ષ્મ સ્થૂળ (સૂક્ષ્મ બાદર) છે. (૫) કાર્મણ વર્ગણાઓ સૂક્ષ્મ પુદ્ગલોમાં સમાવેશ પામે છે. અને (૬) પરમાણુ સૂક્ષ્મ સૂક્ષ્મ કહેવાય છે.

(૬) પુદ=પુરાવું, એક બીજામાં મળવું અને ગળ=જુદા પડવું તે; અથવા પુદ્+ગળ=જેમ અજગર પોતાના પેટમાં, માણસને ગળી જાય, તેમ અરૂપી ચૈતન્યપિંડ આત્માએ, શરીરની મમતા કરી, તેથી, શરીરના રજકણના હળમાં, આત્મા આખા શરીરમાં એવો વ્યપાઈ રહ્યો છે કે, જાણે દેહે આત્માને ગળ્યો હોય, તેમ દેખાય છે. અજ્ઞાનનીની દષ્ટિ માત્ર દેહાદિ ઉપર હોય છે. એકેક રજકણમાં વર્ણ,ગંધ, રસ,સ્પર્શની અવસ્થા બદલાયા કરે છે - વધઘટ થયા કરે છે. જડ દેહાદિ પુદ્ગલની અવસ્થા, તે જડ પોતે જ કરે છે. જે દેહાદિ સ્થૂળ પરમાણુઓનો જથ્થો બદલાતો દેખાય છે, તેમાં એકેકે મૂળ પરમાણુઓ એકલાં ન બદલાતાં હોય તો સ્થૂળ આકાર કેમ બદલાય? માટે અનાદિ અનંત ટકીને, અવસ્થા બદલવાનો સ્વભાવ પુદ્ગલનો પણ છે. (૭) જે પુરાય અને ગળે અર્થાત્ પરમાણુઓ બંધ સ્વભાવી હોવાથી, ભેગા થાય અને છૂટા પડે છે. તેથી તે, પુદ્ગલ કહેવાય છે. અથવા રૂપ, રસ, ગંધ અને

સ્પર્શ જેનામાં હોય, તે પુદ્ગલ છે. (૮) પરમાણુ તેનું લક્ષણ. તેના આદિ, મધ્ય અને અંત એકબીજાથી ભિન્ન નથી. જેનું વિભાજન-ખંડ-વિભાગ અથવા અંગવિકલ્પ, થઈ શકતો નથી. અતીન્દ્રિય છે. ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય નથી. અગ્નિ અને શસ્ત્રાદિ દ્વારા, તેનો નાશ થઈ શકતો નથી. એવું દ્રવ્ય પરમાણું કે પુદ્ગલ કહેવાય છે. (૯) પુદ્ગલ તો દ્રવ્યે એક પ્રદેશમાત્ર હોવાથી, પૂર્વે જેમ કહ્યું, તેમ અપ્રદેશી છે તો પણ, બે પ્રદેશો વગેરેના ઉદભાવના હેતભૂત તે પ્રકારના સ્નિગ્ધ-રૂક્ષગુણરૂપે પરિણામવાની શક્તિરૂપ સ્વભાવને લીધે, તેને પ્રદેશોનો ઉદભવ છે; તેથી પર્યાયે અનેક પ્રદેશીપણાનો પણ સંભવ હોવાથી, પુદ્ગલને દ્વિપ્રદેશીપણાથી માંડીને, સંખ્યાત અસંખ્યાત અને અનંત પ્રદેશીપણું પણ ન્યાયયુક્ત છે. (૧૦) પુદ્=પૂરાવું, એક બીજામાં મળવું, અને ગળ=જુદા પડવું તે; અથવા પુદ્+ગળ=જેમ અજગર પોતાના પેટમાં માણસને ગળી જાય, તેમ અરૂપી ચૈતન્યપિંડ આત્માએ, શરીરની મમતા કરી, તેથી શરીરના રજકણના દળમાં, આત્મા આખા શરીરમાં એવો વ્યપાઈ રહ્યો છે કે, જાણે દેહે આત્માને ગળ્યો હોય, તેમ દેખાય છે. અજ્ઞાનીની દૃષ્ટિ, માત્ર દેહાદિ ઉપર હોય છે. એકેક રજકણમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થા, બદલાયા કરે છે. વધઘટ થયા કરે છે. જડ દેહાદિ પુદ્ગલની અવસ્થાની વ્યવસ્થા, તે જડ પોતે જ કરે છે. જે દેહાદિ, સ્થૂળ પરમાણુઓનો જથ્થો બદલાતો દેખાય છે, તેમાં એકેક મૂળ પરમાણુ પણ તેની અવસ્થાઓ બદલે છે, જો સૂક્ષ્મ પરમાણુઓ એકલાં ન બદલતાં હોય, તો સ્થૂળ આકાર કેમ બદલાય? માટે અનાદિ અનંત ટકીને, અવસ્થા બદલવાનો સ્વભાવ, પુદ્ગલનો પણ છે. (૧૧) લોકો પુદ્ગલ-જડને લોલહું-લોલું માને છે, તેમાં કાંઈ શક્તિ નથી, એમ માને છે, તે ભૂલ છે. (૧૨) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દરૂપ પરિણત વિષય, (સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રરૂપ) પાંચે દ્રવ્યેન્દ્રિયો, (ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્યાણરૂપ પાંચ પ્રકારના) શરીર, દ્રવ્યમન, આઠ પ્રકારના દ્રવ્ય કર્મ (જ્ઞાનાવરણીય, દર્શનારણીય, અંતરાય, મોહનીય, આયષ્ય, નામ,ગોત્ર અને વેદનીયરૂપ દ્રવ્યકર્મ) અને નવનો કર્મ (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષ વેદ અને નપુંસક વેદ) અને અન્ય જે કોઈ પણ મૂર્તિક પદાર્થ છે, તે બધા પુદ્ગલ છે. અન્ય મૂર્તિક પદાર્થોમાં, તે બધા પદાર્થોનો સમાવેશ થાય છે, જે અમૂર્તિક લક્ષણથી વિપરીત છે. અને જુદા જુદા પ્રકારની પર્યાયોની ઉત્પત્તિમાં કારણભૂત, જે અસંખ્યાત, સંખ્યાત અણુઓના ભેદથી અનંતાઅનંત અણુ-વર્ગણાઓ, દ્વિ-અણુક સ્કંધ પર્યંત છે અને જે પરમાણુરૂપ છે, તે બધા પુદ્ગલ છે. એમાં બતાવવામાં આવ્યું છે. કે જે સ્પર્શનાદિ ઈન્દ્રિયોમાંથી, કોઈના પણ દ્વારા ભોગવાય છે.

પુદ્ગલો :છૂટાં પુદ્ગલો કંપન વડે ભેગાં મળે છે ત્યાં છૂટાપણે તેઓ નષ્ટ થયાં, પુદ્ગલપણે ટક્યાં તે ભેગાપણે ઊપજ્યાં.

પુદ્ગલ દ્રવ્ય :જેમાં સ્પર્શ, રસ,ગંધ, અને વર્ણ એ ગુણો હોય, તેને પુદ્ગલ દ્રવ્ય કહે છે. (૨) પુદ્ગદ દ્રવ્ય સ્કંધ, દેશ, પ્રદેશ અને અણુ આ રીતે ચાર પ્રકારનું માનવામાં આવ્યું છે. આ ચતુર્વિધ પુદ્ગલને ક્રમશઃ સકળ, અર્ધ,અર્ધાર્ધ અને અવિભાગી કહે છે.

વ્યાખ્યાઃ-સંખ્યાત અસંખ્યાત અનંત અને અનંતાનંત પરમાણુઓના પિંડરૂપ, જે કોઈપણ એક વસ્તુ છે, તેને સ્કંધ કહે છે. સ્કંધના એક એક પરમાણું કરતાં, ખંડ થતાં થતાંઃ જયારે તે અડધો રહી જાય, ત્યારે તે અડધા સ્કંધને, દેશ સ્કંધ કહે છે. દેશખંડના ખંડથતાં થતાં જયારે તે અડધો રહી જાય છે, ત્યારે તે અડધાને અથવા મૂળસ્કંધના ચોથા ભાગને, પ્રદેશ સ્કંધ કહે છે. પ્રદેશ ખંડના ખંડ થતાં થતાં જ્યારે પછી કોઈ ખંડ ન બની શકે અને અણુ માત્ર રહી જાય, ત્યારે તેને પરમાણુ કહે છે.

પુદ્ગલ દ્રવ્યના સ્કંધાદિના ભેદના ચાર ભેદોનો ઉલ્લેખ, ઉપર કરવામાં આવ્યો છે. તેને બીજી દૃષ્ટિએ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સ્થૂળ અને સ્થૂળતર, એવા ચાર ભેદોથી નિર્દેશ કરે છે. આ ભેદ કર્મરૂપ થવા યોગ્ય પુદ્ગલો સાથે સંબંધ રાખે છે.

જયાં લોકમાં સર્વત્ર આત્મદ્રવ્યનું અવસ્થાન, છે ત્યાં જ કર્મરૂપ થવા યોગ્ય આ વિવિધ પુદ્ગલોનું પણ અવસ્થાન છે. અને તેથી બંધની અવસ્થામાં,

એમને જીવ ક્યાંય બહારથી લાવતો નથી. કાય, વચન તથા મનની ક્રિયારૂપ યોગનું સંચાલન થતાં જ, આ પુદ્ગલ સ્વયં કર્મરૂપ થઈને આત્મ પ્રવેશ કરે છે. અહીં સૂક્ષ્મતમ (અત્યંત સૂક્ષ્મ) અને સ્થૂળતમ (અત્યંત સ્થૂળ) પુદ્ગલો વર્ગણાની યોગ્યતા રહિત હોય છે. (૩) જેમાં સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણ હોય, તેને પુદ્ગલ દ્રવ્ય કહે છે.

પુદ્ગલ દ્રવ્ય દૃષ્ટિ :રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ફળ, શરીર, મન, વાણીની પ્રવૃત્તિ, કંઈ કરવાની ઈચ્છા, દ્રવ્યકર્મ, તે બધું સંયોગનું દળ છે, પર દળ છે, અને તે એક જ જાતનું છે, એનો એક જ પ્રકાર છે, પુદ્ગલના જ ભાવો છે, હું જ્ઞાતા-દ્રષ્ટા જુદો છું, એવું ભાન નહિ કરતા, એ સંયોગ અને સંયોગીભાવ તે હું છું, તે મારાં છે, એવી જે દ્રષ્ટિ તે પુદ્ગલ દ્રવ્યદૃષ્ટિ છે. એવી દૃષ્ટિવાળો તદ્દન અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે.

પુદ્ગલ દ્રવ્યનાં ગુણો :સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણ ઈન્દ્રિયગ્રાહ્ય છે, કારણ કે તેઓ ઈન્દ્રિયોના વિષયો છે. તેઓ ઈન્દ્રિય ગ્રાહ્યપણાની વ્યકિત અને શકિતને વિશે, ઈન્દ્રિયો વડે ભલે ગ્રહાતા હોય, કે ન ગ્રહાતા હોય, તો પણ તેઓ એકદ્રવ્યાત્મક સૂક્ષ્મપર્યાયરૂપ, પૃથ્વી સ્કંધ સુધીના સર્વ પુદ્ગલોને, અવિશેષપણે વિશેષ ગુણો તરીકે હોય છે, અને તેઓ મૂર્ત હોવાને લીધે (પુદ્ગલ સિવાયનાં) બાકીનાં દ્રવ્યોને, નહિ વર્તતા હોવાથી પુદ્ગલને જણાવે છે.

શબ્દ પણ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી, ગુણ હશે એમ શંકા ન કરવી, કારણ કે તે (શબ્દ) વિચિત્રતા વડે વિશ્વરૂપપણું (અનેકાનેક પ્રકારપણું) દર્શાવતો હોવા છતાં, તેને અનેક દ્રવ્યાત્મક પુદ્ગલ પર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

પુદ્ગલ દ્રવ્યના ભેદ :તેના બે ભેદ છે; પરમાણુ અને સ્કંધ

પુદ્ગલ દ્રવ્ય કેટલા છે અને તેની સ્થિતિ ક્યાં છે? :પુદ્ગલદ્રવ્ય અનંતાનંત છે, અને તે સમસ્ત લોકાકાશમાં ભરેલા છે.

પુદ્ગલ દ્રવ્યના વિશેષ ગુણ :પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ,ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ વગેરે, વિશેષ ગુણો છે.

પુદ્ગલ દ્રવ્યાત્મક :પુદ્ગલ દ્રવ્ય સ્વરૂપ

પુદ્ગલ સંશ્લેષ :પુદ્ગલનો સંબંધ (૨) પુદ્ગલના બંધ; પુદ્ગલનો સંબંધ; પુદ્ગલનું જોડાણ (૩) પુદ્ગલ સાથેનો સંયોગ-જોડાણ-સંયુકત પુદ્ગલ સાથેનો સંબંધ.

પુદ્ગલનો પ્રદેશ :પુદ્ગલ જો કે દ્રવ્યે પ્રદેશમાત્ર (એક પ્રદેશી) હોવાથી, અપ્રદેશી છુ તો પણ. બે પ્રદેશોથી માંડીને, સંખ્યાત; અસંખ્યાત અષ્ટને અનંત પ્રદેશોવાળા, પર્યાયની અપેક્ષાએ અનિશ્ચિત પ્રદેશોવાળું હોવાથી, પ્રદેશવાન છે.

પુદ્ગલકર્મ પ્રદેશ સ્થિત :એટલે કર્મના વિપાકમાં જોડાવું તે. જેમ ચોખા પાકે, ઝાડમાં ફળ આવે, તેમ કર્મ પરમાણુમાં ફળ દેવાની શક્તિ, પ્રગટ થાય છે. ત્યારે અજ્ઞાની, તેમાં રાગદ્વેષ ભાવે જોડાય છે, તેને પોતાનું સ્વરૂપ માને છે. અને તેમાં તેનું પ્રવર્તવું-કરવું થાય છે. તેથી તે પરસમય-'અધર્મી' છે. એમ જાણવું આ વચન કડક લાગે, એવો સંભવ છે પણ, તે ખરી વસ્તુસ્થિતિ દર્શાવે છે.

તેથી સત્ય છે. પોતાને સ્વતંત્ર, નિર્મળ ઠીક ન માન્યો, તેણે પરને ઠીક માન્યા, ને તેથી પોતાને ભૂલી, પરના રાગમાં ટકયો છે. (૨) કર્મના વિપાકમાં જોડાવું તે; કર્મ પરમાણુમાં ફળ દેવાની શક્તિ પ્રગટ થવી, તે.

પુદ્ગલકર્મોના વૈચિત્ર્યને :જ્ઞાનાવરણ; દર્શનાવરણ ઈત્યાદિ અનેક પ્રકારતાને.

પુદ્ગલકાયો :પુદ્ગલસ્કંધો

પુદ્ગલકાયો સુખદુઃખ આપે છે અને જીવો ભોગવે છે. :

(૧) સુખદુઃખ પરિણામોમાં તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયોના સંયોગમાં શુભાશુભ કર્મો નિમિત્તભૂત હોય છે, તેથી તે કર્મોને તમેના નિમિત્તમાત્રપણાની અપેક્ષાએ જ

(૧) સુખદુઃખપરિણામરૂપ (ફળ) તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દેનારા (ઉપચાથી) કહી શકાય છે. હવે,

(૧) સુખદુઃખપરિણામ તો જીવના પોતાના જ પર્યાયરૂપ હોવાથી જીવ સુખદુઃખપરિણામને તો 'નિશ્ચયથી' ભોગવે છે, અને તેથી સુખદુઃખપરિણામમાં નિમિત્તભૂત

વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (-જેમને સુખદુઃખ પરિણામરૂપ ફળ દેનારાં કહયાં હતાં તેમના વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે કે તેઓ જીવને નિશ્ચયથી સુખદુઃખ પીરણામ રૂપ ફળ દે છે. તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયો તો જીવથી તદ્દન ભિન્ન હોવાથી જીવ ઈષ્ટાનિષ્ટ વિષયોને તો વ્યવહારથી ભોગવે છે. અને તેથી ઈષ્ટાનિષ્ટ વિષયોમાં નિમિત્તભૂત વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (-જેમને ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દેનારાં કહ્યાં હતાં તેમને વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે કે તેઓ જીવને વ્યવહારથી ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દે છે.

અહીં (ટીકાના બીજા ફકરામાં) જે નિશ્ચય અને વ્યવહાર એવા બે ભંગ પાડ્યા છે તે માત્ર એટલો ભેદ સૂચવવા માટે જ પાડયા છે કે કર્મનિમિત્તક સુખદુઃખ પરિણામો જીવમાં થાય છે. અને કર્મનિમિત્તક ઈષ્ટાનિષ્ટ વિષયો જીવથી તદ્દન ભિન્ન છે. પરંતુ અહીં કહેલા નિશ્ચયરૂપી ભંગથી એમ ન સમજવું કે પૌદગલિક કર્મ જીવને ખરેખર ફળ આપે છે અને જીવ ખરેખર કર્મે દીધેલા ફળને ભોગવે છે.

પરમાથ કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને ફળ આપી શકતું નથી અને કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય પાસેથી ફળ મેળવીને ભોગવી શકતું નથી. નો પરમાથે કોઈ દ્રવ્ય અન્ય દ્રવયને ફળ આપે અને તે અન્ય દ્રવ્ય તેને ભોગવે તો બન્ને દ્રયો એક થઈ જાય. અહીં એ ધ્યાનમાં રાખવું ખાસ આવશ્યક છે કે ટીકાના પહેલા ફકરામાં આખી ગાથાના કથનનો સાર કહેતાં શ્રી ટીકાકાર આચાર્યદેવે પોતે જ જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વ્યવહારથી જ કહ્યો છે, નિશ્ચયી નહિ. સુખદુઃખના બે અર્થો થાય છેઃ (૧) સુખદુઃખ પરિણામો, અને (૨) ઈષ્ટાનિષ્ટ વિષયો. જયાં નિશ્ચયથી કહ્યું છે ત્યાં સુખદુઃખ પીરણામો એવો અર્થ સમજવો અને જયાં વ્યવહારથી કહયું છે ત્યાં ઈષ્ટાનિષ્ટ વિષયો એવો અર્થ સમજવો.

પુદ્ગલજીવાત્મકબંધ :જીવ અને કર્મ પુદ્ગલ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવો (ખાસ પ્રકારનો) જે તેમનો એકક્ષેત્રાવગાહ સંબંધ તે પુદ્ગલજીવાત્મક બંધ છે.

પુદ્ગલના ભેદ :પુદ્ગલના બે ભેદ છે, એક પરમાણુ અને બીજો સ્કંધ.

પુદ્ગલના મુખ્ય ગુણો :સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ-એ પુદ્ગલના મુખ્ય ગુણો છે.

પુદ્ગલપરિણામ :જડકર્મની દશા (૨) રાગાદિ ભાવ

પુદ્ગલપરિણામનું ફળ :સુખદુઃખાદિ પરિણામ

પુદગલ પરિણામ :સુખ દુઃખ વગેરે, અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ, તે પુદ્ગલ પરિણામ છે; મોહ, રાગ દ્વેષ વગેરે, વિકારી અવસ્થા આત્માની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, તે જડની જ અવસ્થા છે તેમ અહીં કીધું છે, કારણ કે, જડ તરફના વલણવાળો ભાવ છે, માટે તેને જડનો કહ્યો છે. તે ભાવ આત્માનો સ્વભાવ નથી, અને તેની મૂળ ઉત્પત્તિ આત્મામાંથી થતી નથી, માટે તેને જડ કહ્યા છે. (૨) નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ, આદિરૂપે, અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ, અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂલતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર થતું, જે નોકર્મનું પરિણામ, તે બધું ય પુદ્ગલ પરિણામ છે.

પુદ્ગલપરિણામસંતતિ :દ્રવ્યકર્મરૂપ પુદ્ગલના પરિણામોની પંરપરા. (૨) પુદગલના પરિણામોની પરંપરા

પુદ્ગલબંધ :કર્મને જે સ્નિગ્ધતા-રૂક્ષતારૂપ સ્પર્શવિશેષો (ખાસ સ્પર્શો) સાથે એકત્વ પરિણામ તે કેવળ પુદ્ગલબંધ છે.

પુદ્ગલભેદો :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દરૂપ (પાંચ) ઈન્દ્રિયવિષયો, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્રરૂપ (પાંચ) દ્રવ્યેન્દ્રિયો, ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ ને કાર્મણરૂપ (પાંચ) કાયો, દ્રવ્યમન, દ્રવ્યકર્મો, નોકર્મો, વિચિત્ર પર્યાયોની ઉત્પત્તિના હેતુભુત (અર્થાત અનેક પ્રકારના પર્યાયો - પજવાના કારણભૂત) અનંત અનંતાણુક વર્ગણાઓ, અનંત અસંખ્યાતાણુક વર્ગણાઓ અને દ્વિઅણુક સ્કંધ સુધીની અનંત સંખ્યાતાણુક વર્ગણાઓ તથા

પરમાણુઓ, તેમજ બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે સઘળું પુદગલના ભેદ તરીકે સંકેલવું

પુદ્ગલરૂપ કર્તાનો નિશ્ચયકર્મભૂત :પુદગલ કર્તા છે અને વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ તેનું નિશ્ચયકર્મ છે (અર્થાત્ નિશ્ચયથી પુદ્ગલ કર્તા છે અને શાતા વેદનીયાદિ ખાસ પ્રકૃતિરૂપ પરિણામ તેનું કર્મ છે.)

પુદ્ગલવર્ગણા :પુદ્ગલપિંડો

પુદ્ગલ વર્ગણાઓ :પુદ્ગલના ત્રેવીસ ભેદ બતાવવામાં આવ્યા છે. તેમાં પાંચ વર્ગણાઓ એવી છે કે, જેની સાથે જીવનો સંબંધ છે. બીજા પુદ્ગલો સાથે નથી. તે વર્ગણાઓ આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્માણવર્ગણા, આ નામોથી પ્રસિદ્ધ છે. આ જ પાંચ વર્ગણાઓ, આત્માની સાથે બંધાવાની શકિત ધરાવે છે.

પુદ્ગલસંશ્લેષ :પુદ્ગલનો સંબંધ (૨) પુદ્ગલના સંબંધથી. પૂર્વ એટલે પહેલાંનો; ઉત્તર એટલે પછીનો. (ચેતન પહેલાંના અને પછીના બન્ને પર્યાયોને સ્પર્શે છે તેથી તે અપેક્ષાએ ધ્રૌવ્ય છે. પછીના અર્થાત્ વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે અને પહેલાંના પર્યાયની અપેક્ષાએ વ્યય છે.)

પુદ્ગલોલ્લાસ :પુદ્ગલપર્યાય

પુરુષ :મનુષ્યશરીર; પુરુષ=આત્મા, ત્યાં આત્માના જ્ઞાનદર્શન ગુણ આત્માકાર છે. (૨) ઉત્તમ ચેતના ગુણમાં સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ છીએ. (૩) આત્મા; અખંડ જ્ઞાનદર્શન ઉપયોગમાં, એકત્વપણું માનતો જાણવો, સઉપયોગપણે એકકાર થઈ, પૂર્ણ પવિત્રદશાને પામી, ઉત્કૃષ્ટ આનંદ રસરૂપી શિવરમણી સાથે રમણ કરે, શુદ્ધ ચેતના, સખી સાથે નિરાકુળ નિજાનંદ કેલી કરે, તે પુરુષ. (૪) અખંડ જ્ઞાન દર્શન, ઉપયોગમાં એકત્વપણું માનતો જાણતો સઉપયોગપણે એકાકાકર થઈ, પુર્ણ પવિત્ર દશાને પામી ઉત્કૃષ્ટ આનંદ સ્વરૂપી 'શિવરમણી' સાથે રમણ કરે, શુદ્ધ ચેતના સખી' સાથે નિરાકૂળ નિજાનંદ કેલી કરે, તે પુરુષ = આત્મા (૫) આત્મા; ઉત્તમ ચેતના ગુણમાં સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ.

પુરૂષ વેદ અને સ્ત્રી વેદ :પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે ને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે. કર્મ અભિલાષા કરે છે, શબ્દ તો છે એમ. પણ એનો અર્થ શું? આ તો નિમિત્ત પ્રધાન કથન છે, વાસ્તવિક અર્થ તો આ છે કે, પુરુષવેદનો ઉદય હોય તે કાળે, સ્ત્રી સાથે રમવાનો ભાવ તે પુરુષને થાય છે, અને તે ભાવ તે પુરુષ પોતે કરે છે, કર્મના ઉદયના કારણે તે ભાવ થાય છે. એમ છે જ નહી, તેવી રીતે સ્ત્રીવેદનો ઉદય હોય, ત્યારે સ્ત્રી પોતે જ, પુરુષ સાથે રમવાનો અભિલાષ કરે છે, કાંઈ કર્મને કારણે અભિલાષ થાય છે, એમ નથી.

પુષ્કરાવર્તક :પ્રલય કે કલ્પને અંતે, વરસતો મેઘ

પુષ્કળશ્રુત :દ્રવ્યશ્રુત

પુષ્ટ :જાડું; હુષ્ટ-પુષ્ટ (૨) ગાઢો (૩) બળવાન

પુસ્તક :પુસ્તક છે, તે જ્ઞાનના આરાધનને અર્થે સર્વ પ્રકારના પોતાના મમત્વ રહિત રખાય, તો જ આત્માર્થ છે. નહીં તો મહાન પ્રતિબંધ છે, તે પણ વિચારવા યોગ્ય છે.

પુલાક લબ્ધિ :જે લબ્ધિના બળથી જીવ ચક્રવર્તીના લશ્કરનો પણ નાશ કરી શકે.

પર્ષદા :સભા

પુરુષસંસ્થાન :પુરુષ આકાર.

પુરુષાર્થ સિદ્ધિ ઉપાય :પુરુષ (આત્મા)નું, પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય.

પુરુષાર્થ :ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થોમાં (પુરુષ પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ, તાત્ત્વિક) પુરુષ-અર્થ છે. (૨) પુરુષનો અર્થ; પુરુષનું પ્રયોજન; આત્માનું પ્રયોજન; આત્મપ્રયોજન. (પરમ પુરુષાર્થ અર્થાત્ આત્માનું પરમ પ્રયોજન મોક્ષ છે અને તે મોક્ષ ધ્યાનથી સધાય છે, માટે પરમ પુરુષાર્થની (મોક્ષની) સિદ્ધિનો ઉપાય ધ્યાન છે.) (૩) ધર્મ, અર્થ,કામ અને મોક્ષ. હે શિષ્ય! જે ભાવો આત્માથી જુદા છે,તે જ્ઞાનરૂપ નથી. માટે તું ધર્મ, અર્થ અને કામને, એ ત્રણેને તજીને નિયમથી એક આત્માને જાણ. (૪) ચૈતન્ય પુરુષનું પ્રયોજન (૫) ઉપદેશ સાંભળવા તરફની વૃત્તિ, તે પણ રાગ છે, તે રાગથી ગુણ થતો નથી, પણ નિમિત્ત અને રાગને ભૂલી,

સ્વભાવમાં અપૂર્વ રુચિથી નિર્ણય કરે અથવા નિર્ણય પછી જેટલું અંતરમાં એકાગ્રતાનું લક્ષ ટકાવે, તે પુરુષાર્થ છે, તે ગુણ છે, કેમ કે તેમાં રાગ નથી. પર્યાય કે દૃષ્ટિ તો આખા વીતરાગ સ્વભાવ ઉપર છે. (૬) અંતરનું વલણ; આભાની રુચિ; સ્વાભાવનુી રુચિ (૭) આત્મજાગૃતિ (૮) આમ કરું ને તેમ કરું, એમ ક્રિયાના વિકલ્પો કરે, એ તો વાંઝિયો પુરુષાર્થ છે. એને શાસ્ત્રમાં નપુંસકતા કહે છે. જ્ઞાનની પર્યાય ત્રિકાળી ધ્રુવનો, સ્વસન્મુખતાના પુરુષાર્થ વડે નિર્ણય કરે છે, અને ત્યારે (ક્રમબદ્ધ) પર્યાયનો પણ યથાર્થ નિર્ણય થાય છે. (૯) ત્રણ કાળ-ત્રણ લોકને, એક સમયમાં જાણે એવા કેવળ જ્ઞાનની, પર્યાયના સામર્થ્યનો સ્વીકાર કરનારની દૃષ્ટિ, ત્રિકાળી ધ્રુવ, પરબ્રહ્મસ્વરૂપ નિજ દ્રવ્ય ઉપર જાય છે અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપિત થાય, તે અનંતો પુરુષાર્થ છે. સ્વસ્વરૂપનાં દૃષ્ટિને રમણતા જે વડે થાય, તેનું જ નામ તો પુરુષાર્થ છે. (૧૦) આત્મા રાગાદિ વિભાવનો પરમાર્થે એકર્તા છે, અને સ્વભાવથી એ જ્ઞાતા છે. એ જ્ઞાયક સ્વભાવની રુચિ વગેરે, અંતર વલણને નાસ્તિથી વિભાવના એકર્તાપણાનો ને અતિથી જ્ઞાતાપણનો પુરુષાર્થ કહેવાય છે. અંતરનું વલણ તેનુ નામ પુરુષાર્થ, સ્વભવની રુચિથી માંડીને પૂર્ણતા સુધીમાં પુરુષાર્થ જ જોઈએ છે. (૧૧) ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર પુરુષાર્થોમાં, જ્ઞાનીઓ મોક્ષપુરુષાર્થને ઉત્તમ કહે છે. કારણ કે મોક્ષ સિવાય બીજા પુરુષાર્થોમાંથીપરમ સુખની પ્રાપ્તિ થતી નથી. એક મોક્ષ પુરુષાર્થ જ પરમ સુખ આપે છે. ધર્મ શબ્દથી અત્રે પુણ્યનું ગ્રહણ છે, અર્થ શબ્દ પુણ્યના ફળરૂપ રાજ્યવૈભવ આદિના અર્થમાં છે, અને કામશબ્દનો અર્થ સંસારના ભોગ્ય પદાર્થોની પ્રાપ્તિ થતી, તે છે. પણ આ ત્રણેથી પરમ સુખ મળતું નથી. એક મોક્ષ જ અત્યંત આનંદદાયક અને પરમશાંતિનું ધામ છે. તેથી બધા પુરુષાર્થોમાં મોક્ષ પુરુષાર્થ ઉત્તમ છે, એમ વીતરાય સર્વજ્ઞ ભગવાન કહે છે. (૧૨) હે જીવ ! ધર્મ, અર્થ અને કામ એ બધા, પુરુષાર્થોમાં જ્ઞાનીઓ, મોક્ષ પુરુષાર્થને ઉત્તમ કહે છે; કારણ કે, મોક્ષ સિવાય બીજા પુરુષાર્થોથી પરમ સુખની, પ્રાપ્તિ થતી નથી. એક મોક્ષ પુરુષાર્થ જ, પરમ સુખરૂપ છે. ધર્મ શબ્દ, અત્રે પુણ્યનું ગ્રહણ છે. અર્થ શબ્દ પુણ્યના ફળરૂપ રાજ્ય વૈભવ આદિના, અર્થમાં છે. અને કામ શબ્દનો અર્થ, સંસારના ભોગ્ય પદાર્થોની પ્રાપ્તિ થવી, તે છે. પણ આ ત્રણેથી, પરમ સુખ મળતું નથી. એક મોક્ષ જ અત્યંત અનંત, આનંદદાયક તથા પરમ શાંતિનું ધામ છે. તેથી બધા પુરુષાર્થોમાં, મોક્ષ પુરુષાર્થ ઉત્તમ છે, એમ વીતરાગ સર્વજ્ઞ ભગવાન કહે છે. બીજા પુરુષાર્થો આત્મામાં, આકુળતા ઉત્પન્ન કરવાવાળા છે, તથા વીતરાગ, પરમાનંદ સુખરૂપ અમૃતના આસ્વાદથી, વિપરીત છે, માટે સુખ આપવા સમર્થ થતા નથી. (૧૩) આત્મજાગૃતિ (૧૪) લક્ષ્મી-પૈસો એ તો પૂર્વનાં પુણ્ય હોય તો ઢગલા થઈ જાય છે, એમાં કોઈ પુરુષાર્થ કરવો પડતો નથી. તથા મહેનતથી એ મળે છે એમ નથી. જયારે ધર્મ તો પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. ધર્મ પ્રાપ્ત કરવા માટે પોતે પુરુષાર્થ કરવો જોઈએ. (૧૫) પુરુષ-અર્થ; પુરુષ-પ્રયોજન (પુરુષાર્થોના ચાર વિભાગ પાડવામાં આવે છેઃ ધર્મ, અર્થ, કામ અને માક્ષે ; પરંતુ સર્વ પુરુષ-અર્થોમાં મોક્ષ જ સારભૂત (તાત્ત્વિક) પુરુષ-અર્થ છે.) (૧૬) ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષ-અર્થોમાં (પુરુષ-પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ તાત્ત્વિક) પુરુષ-અર્થ છે. (૧૭) પુરુષનો અર્થ; પુરુષનું પ્રયોજન; આત્માનું પ્રયોજન; આત્મ પ્રયોજન.(પરમ પુરુષાર્થ અર્થાત આત્માનું પરમ પ્રયોજન મોક્ષ છે અને તે મોક્ષ ધ્યાનથી સધાય છે, માટે પરમ પુરુષાર્થની મોક્ષની) સિધ્ધિનો ઉપાય ધ્યાન છે.) (૧૮) ધર્મ,અર્થ,કામ અને મોક્ષ, એ પુરુષાર્થનો ક્રમ છે.

(૧) ધર્મ=અહીં ધર્મ આત્માના સ્વભાવના અર્થમાં નથી. પણ પુણ્યના અર્થમાં છે. દયા, દાન, વ્રત આદિ પુણ્યનો ભાવ છે. મોક્ષગતિ અને તેની શરૂઆતનો માર્ગ પુણ્યાદિ શુભથી પર (ભિન્ન) છે. હિંસા આદિ પાપ છોડવા માટે , શુભભાવ વડે પુણ્ય થાય છે. તે પણ અંતરના ધર્મમાં મદદગાર નથી.

(૨) અર્થ =પૈસો; તે મમતાનો વર્ગ છે.

(૩) કામ = પુણ્યાદિની ઈચ્છા; તે બધા વર્ગ સંસાર સંબંધી છે. કામ,ભાગની વાસનાથી મોક્ષગતિ જુદી છે.

(૪) મોક્ષ=ઉપરના ત્રણ વર્ગથી જુદી મોક્ષગતિનું નામ અપવર્ગ છે. ધર્મ,અર્થ,કામ એ વર્ગ છે. તેથી રહિત તે અપવર્ગ કહેવાય છે. મોક્ષરૂપ, શુદ્ધ, સિદ્ધ,

કૃતકૃત્ય, પંચમગતિ છે. એવું અંતરમાં નકકી કરી કર્યા, તેવા અનંત આત્મા, તે ગતિને પામ્યા સિદ્ધ પરમાત્મપણું ઓળખી, તેનો આદર કરો તો તેમાં સ્થિરતા વડે માક્ષ દશા પ્રગટે છે.

પૈસાથી, પુણ્યથી કે પરના આશ્રય, અવિકારી આત્માનો સ્વભાવ મળે નહી; પણ જો કોઇ આત્માને સમજે, તો તેનાથી મળે. અહો! સંપૂર્ણ સ્વતંત્રતાની કેવી સુંદર વાત કરી છે.

પુરુષાર્થ પ્રયોજનની સિદ્ધિ :પુરુષ નામ આત્માનું છે, અને અર્થ નામ, મોક્ષનું છે. આ રીતે (સ્વાશ્રિત નિશ્ચય શુદ્ધિ સહિત) વ્રતોના પાલનથી, સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ થવાથી, શીઘ્ર જ મોક્ષ પ્રાપ્ત થઇ જાય છે. તપ વિના સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી.

પુરુષાર્થ સિદ્ધ ઉપાય :ચૈતન્ય પુરુષ-આત્માનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય (૨) ચૈતન્ય પુરુષનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય. અથવા જિન પ્રવચન રહસ્ય કોષ = જૈનસિદ્ધાંતના રહસ્યોનો ભંડાર (૩) ચૈતન્ય પુરુષનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય.

પુરુષાથથી જ મોક્ષ પ્રાપ્તિ :આત્માની પર્યાયમાં આકુળતા થાય છે તે મટાડવાનો ઉપાય અમારે આધીન છે કે કાળને આધીન છે ? અથવા મોક્ષનો ઉપાય કર્મ મંદ પડે તેથી થાય કે પુરુષાર્થપૂર્વક થાય? જો કાળલબ્ધિ મળતાંને કર્મનો ઉપશમ થતાં ઉપાય થાય છે, તો ઉપદેશ શા માટે આપો છો? તથા જો આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને અનુભવ પુરુષાર્થથી થાય છે એમ કહેવા માંગતા હો તો બધા ઉપદેશ સાંભળે છે તો કોઇ પુરુષાર્થ કરી શકે છે તથા કોઇ કરી શકતા નથી તેનું શું કારણ?

ઉત્તર :- મોક્ષની પર્યાય હિતરૂપ છે. સંસાર પર્યાય અહિતરૂપ છે. એવો નિર્ણય કરવામાં બધુ આવી જાય છે. પુરુષાર્થ કરતાં, બધાં કારણો મળી રહે છે. કર્મબદ્ધ પર્યાયના નિર્ણયમાં એકલો પુરુષાર્થ છે. જે સમયે જે થવાનું છે, તે થવાનું છે. તેવો નિર્ણય સ્વભાવના નિર્ણયથી થાય છે, ને તેમાં અનંત પુરુષાર્થ છે. પરનું બનવાનું હોય તેમ બન, એમ માનનાર, પરથી ઉદાસ થઇ ગયો, ને સ્વ તરફ વળ્યો. એ કાર્ય થવામાં અનેક કારણો મળે છે. અનેક કારણો મેળવવાં પડે છે એમ લખ્યું નથી, પણ અનેક કારણો મળે છે. જ્ઞાનાનંદ સ્વભાવના આશ્રયે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કક્ષા પ્રગટે છે તે મોક્ષનો ઉપાય છે. ત્યાં પૂર્વે કહેલાં ત્રણે કારણો કાળલબ્ધિ, કર્મનો ઉપશમાદિ તથા પુરુષાર્થ મળી રહે છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ કરતો નથી, તેને એકે કારણ હોતાં નથી.

પૂર્વે કહેલાં ત્રણ કારણોમાં ભવિતવ્ય તો કોઇ વસ્તુ નથી. આત્મ સન્મુખ થઇ નિર્વિકારી દશા, જે વખતે કરે, તે કાળ છે. જે વખતે કાર્ય બન્યું, તે જ કાળલબ્ધિ છે. બીજી કોઇ કાળલબ્ધિ નથી. જે કાર્ય બને, તે ભવિતવ્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રદશા થઇ, તે ભવિતવ્ય છે, તે પોતાના પર્યાયમાં લાગુ પડે છે, બહારમાં લાગુ પડતી નથી.

વળી કર્મમાં ઉપશમ આદિથવું, તે પુરુષાર્થની શક્તિ છે. જીવ પુરુષાર્થ કરે, ત્યારે કર્મ સ્વયં ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયરૂપે થાય છે. આત્મા તેને બાંધતો નથી કે ટાળતો નથી માટે તેના સામું જોવાની જરૂર નથી. જડની પર્યાય એના કારણે આવે ને જાય, તેમાં આત્માનું કાર્ય બિલકુલ નથી.

સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તે આત્માનું કાર્ય છે, ને આત્મા તે કરી શકે છે. હું શુદ્ધ ચિંદાનંદ છું, એવી શ્રદ્ધા પોતે કરે છે, તે આત્માનું કાર્ય છે. માટે પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો, ઉપદેશ આપે છે. દેહની ક્રિયામાં ને પુણ્યમાં ધર્મ માન્યો છે તે ઊંધો પુરુષાર્થ છે, તેને છોડી સ્વ તરફ વળવાનું કહે છે. પરનાં કાર્ય જીવના પુરુષાર્થથી થતાં નથી. આત્માનું કાર્ય પુરુષાર્થથી થાય છે માટે ઉપદેશ આપે છે. કર્મ જડ છે તેને ઉપદેશ દેતા નથી. પુરુષાર્થ આત્માનો કર્યો થાય છે, માટે પુરુષાર્થ કરવા કહે છે.

પ્રશ્ન એ કે, મોક્ષનો ઉપાય કાળલબ્ધિ પાકે ત્યારે, બને છે કે કર્મનો ઉપશમ થવાથી બને છે કે, પુરુષાર્થપૂર્વક બને છે?

ઉત્તર :- એક કાર્ય થવામાં અનેક કારણો મળે છે. જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને ભવિતવ્યુ કર્મનો ઉપશમાદિને પુરુષાર્થ ત્રણે મળે છે. જે મોક્ષનો પુરુષાર્થ કરતો નથી, તેને ત્રણે કારણો હોતાં નથી. પૂર્વે કહેલાં ત્રણ કારણોમાં કાળલબ્ધિ અથવા ભવિતવ્ય, તો કોઇ વસ્તુ નથી. શુદ્ધ ચિદાનંદના

અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી કાર્ય બને, તે કાળલબ્ધિ છે. ને જે કાર્ય થાય તે ભવિતવ્ય છે. તે સમયે તે થવાનું જ હતું, ને કર્મનો ઉપશમાદિ થવો તે, પુદ્ગલને આધીન છે. આત્મા કર્મને બાંધે કે છોડે, તે આત્માના અધિકારની વાત નથી.

હું જ્ઞાયક, પુણ્ય-પાપ વિકાર છે, શરીરાદિ જડ છે. હું શુદ્ધ છું એમ અંદર પુરુષાર્થ કરવો તે કાર્ય છે. જે આત્માનું કાર્ય હોય, તે કરવાનું કહેવામાં આવે છે. શરીરાદિનું કાર્ય કે કર્મનું કાર્ય આત્માનું નથી, કર્મને મટાડવું, આત્માને આધીન નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ ને જ્ઞાન કરી શકે છે, માટે તે કહેવામાં આવે છે. હવે, જે કારણથી આત્માનું કાર્ય જરૂર થાય, તે કારણરૂપ પુરુષાર્થ કરે, ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ, તે ન હોય તેમ બને નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંતરના પુરુષાર્થથી થાય છે. જે કારણથી કાર્યની નિષ્પત્તિ થાય, તે કારણ સેવે, તો જરૂર કાર્ય થાય. જયાં પુરુષાર્થ હોય ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ.

કેવળજ્ઞાનીએ, આત્માના મોક્ષનો ઉપાય કહ્યો છે કે, તારો સ્વભાવ બુદ્ધિ સમાન છે. કોઈ બીજો ઈશ્વર, તને કાંઈ આપી દે તેમ નથી. તારા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનને આચરણ કરે, તો મોક્ષ જરૂર થાય. જે જીવ જિનેશ્વરના ઉપદેશ અનુસાર કરે છે તેને મોક્ષ થાય માટે ઉપદેશનું સ્વરૂપ યર્થાથ જાણવું જોઈએ. ઉપદેશ સાંભળતી વખતે, શુભરાગ છે, શરીર છે, ઈન્દ્રિયો છે, જિનેશ્વર છે, ગુરુ છે,શાસ્ત્ર છે, પણ તે મોક્ષનાં કારણ નથી. અહીં ઉપદેશ અનુસાર કહ્યું છે., પણ લખાણ અનુસાર કરે છે એમ કહ્યું નથી. કોઈ નિમિત્ત મેળવવાનો ઉપદેશ ન હોય. વીતરાગતાનો ઉપદેશ હોય. વળી પુરુષાર્થપુર્વક ઉદ્યમ કરવાનું કહ્યું છે, પણ કર્મ મંદ પડે ત્યારે કરજે, એમ કહ્યું નથી. જે પુરુષાર્થ કરે તેને કર્મનો ઉપશમાદિ સ્વયં થાય છે. નિમિત્તો, પર પદાર્થો ને રાગની ઉપેક્ષા કરાવે છે, ને શુદ્ધ સ્વભાવની અપેક્ષા કરાવે છે.

પુરુષાર્થરૂપ :પરાક્રમરૂપ

પુંજ :ઢગલો; જથ્થો; રાશિ.

પુરાણ :પુરાતન; પ્રાચીન; પૂર્વનું; અગાઉનું; દંતકથાઓ દ્વારા માનુષ અર્ધ-માનુષ દિવ્ય પ્રકારની પ્રચલિત થયેલી આખ્યાયિકાઓનો તે તે સંગ્રહ. (૨) સનાતન

પુરાણ પુરુષ :આત્મા (૨) આત્મા; ભગવાન આત્મા; (૩) શુદ્ધ આત્મા-પરમાત્મા; જ્ઞાનાત્મા; પ્રત્યગ જયોતિ; પરંબ્રહ્મ; આત્મખ્યાતિ; અનુભૂતિમાત્ર શુદ્ધાત્મા; સમયસાર (૪) આત્મા; ભગવાન આત્મા.

પૂતળી :કીકી

પૂતિ :પૃષ્ટિ; વૃધ્ધિ

પૂજ્ય કાનજી સ્વામી ગુરુદેવશ્રીનું પ્રિય બોલવ :સમયસારની શરૂઆતની ૧૬ ગાથાઓ, ૪૭ શક્તિઓ, ગાથા જઈના, વ્યક્તના છ બોલ તથા પ્રવચનસારની ૪૭ નયો તથા ગાથા ૧૭૨ ના અલિંગગ્રહણના ૨૦ બોલ, અને શ્રીમદના સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ, આદિ દસ બોલ-આ વિષય પૂજ્ય ગુરુદેવશ્રીને ખૂબ જ પ્રિય હોવાથી, હંમેશા વહેલી સવારના તેના સ્મરણ-મનન-ધોતનપૂર્વક તેઓશ્રી ધ્યાન કરે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન :તમને અસંખ્યાત અબજો વર્ષનું જાતિ સ્મરણ જ્ઞાન છે. બેનને અસંખ્ય અબજો વર્ષનું ઘણું સ્પષ્ટ જ્ઞાન છે. કેમ કે પોતે પૂર્વે ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં હતા તે યાદ આવે છે. તેમજ ત્યાર પહેલાનાં ભવો પણ યાદ આવે છે. જેમ કાલની વાત યાદ આવે, એમ અસંખ્ય અબજો વર્ષની યાદ આવી છે. એમની સહેલા શબ્દોમાં આ બહેનની અનુભવવાણી છે ? બહેનશ્રીના વચનામૃત.

પૂજ્ય મોટાભાઈની જન્મતારીખ :૧૮ ઓગષ્ટ-૧૯૧૭; ૧૯૮૮ ના ૧૮મી ઓગષ્ટે ૭૧ મો જન્મદિવસ બેઠો.

પૂજા :પોતાના રાગરહિત સ્વભાવને પૂજ્ય માનવો તે પૂજા છે. ને અંતરમાં પ્રભાવના થઈ તે પ્રભાવના છે.

પૂજાશ્લાઘા :ભક્તિ-આત્મપ્રશંસા.

પૂરણ :પુરાવું તે; ભરાવું તે

પૂર્ણ :અખંડ; અભેદ; એકરૂપ

પૂર્ણ આત્મદ્રવ્યને પામવાનાં ત્રણ પગલાં :શુદ્ધ નયનો વિષય પૂર્ણાનંદસ્વરસ પ્રભુ ત્રિકાળી આત્મા છે. તેને અભેદ વિવક્ષામાં શુદ્ધનય કહે છે. ત્રિકાળી શુદ્ધ એક ચિદ્રુપસ્વરૂપ આત્માને અભેદથી શુદ્ધનય કહે છે. શુદ્ધનયનું અર્થાત્ ત્રિકાળી શુદ્ધ જ્ઞાનાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્માનું જ્ઞાન કરીને, પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપનું શ્રદ્ધાન કરવું, તે સમ્યગ્દર્શન છે. તે પ્રથમ પગલું છે.

પ્રથમ શુદ્ધનય જે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય તેને જાણવું; કેમ કે જાણ્યા વિના શ્રદ્ધાન કોનું કરે ? માટે પ્રથમ ત્રિકાળી શુદ્ધ ચિદાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેની પ્રતીતિ કરવી કે પૂર્ણ ચિદાનંદઘન અનંત શક્તિઓનો પિંડ પ્રભુ હું આ આત્મા છું એનું નામ સમ્યગ્દર્શન છે. આ પ્રથમ પગલું છે. આ દશા ચોથા પાંચમા ગુણસ્થાને હોય છે. ત્રિકાળી ભૂતાર્થ સ્વભાવના જ્ઞાન-શ્રદ્ધાન-અનુભવ ચોથે, પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને હોય છે. ચોથા ગુણસ્થાને પણ શુદ્ધનય નામ શુદ્ધ વિજ્ઞાનઘન સ્વભાવ આત્માનો અનુભવ થઈને પ્રતીતિ થાય છે એ આત્મસ્વરૂપની વિશેષ લીનતા થઈ સ્વરૂપની શાંતિની વૃદ્ધિ થાય છે તે પાંચમું ગુણસ્થાન છે, ત્યાં હજુ અપમત્ત દશા નથી.

બીજુ પગલું = જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો. ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો. જેવું શુદ્ધનયથી પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન જાણવું-શ્રદ્ધવું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર-સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો. તે બીજુ પગલું છે. આ પગલું અપ્રમત્ત દશામાં હોય છે. જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. જ્ઞાન-શ્રદ્ધાન થયા પછી અંદરમાં વિકલ્પનો ત્યાગ અને બહારમાં વસ્ત્રના ટુકડાનો ત્યાગ કરીને પૂર્ણ જ્ઞાનસ્વરૂપનો અભ્યાસ કરે છે. ઉપયોગને સ્વરૂપમાં જ થંભાવે છે. અહાહા ...! તે જ આત્મબાગમાં અતીન્દ્રિય આનંદની રમત માંડે છે. તેને સર્વ બાહ્ય પરિગ્રહ છૂટી જાય છે. નિરાકુલ આનંદમાં ઝુલનારા વીતરાગી અંત મુનિવરને બહારમાં વસ્ત્ર પણ નહિ અને અંતરાગમાં વિકલ્પ પણ નહિ બાપુ ! બીજી ચીજ તો શું - વસ્ત્રાના ધાગાનો પણ પરિગ્રહ મુનિને હોઈ શકે નહિ. આવું જ મુનિદશાનું સહજ સ્વરૂપ છે. એથી વિપરીત માને તે મૂઢ મિથ્યાદષ્ટિ છે.

હા, પણ વસ્ત્ર છોડવાં તો પડેને ?

છોડવાં શું પડે ? નિજ જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીન થઈ તેમાં જ રમણતા કરતાં વસ્ત્રાદિ સર્વ પરિગ્રહ સહજ છૂટી જાય છે. રાગ રહિત આનંદની છઠ્ઠી ભૂમિકાની દશા જ એવી સહજ હોય છે કે વસ્ત્રાદિ તેના જ કારણે સહજ છૂટી જાય છે. પર વસ્તુને ગ્રહવી-છોડવી એ ખરેખર આત્મામાં ક્યાં છે ? આત્મામાં પરવસ્તુનું ત્યાગ ઉપાદન શૂન્યત્વ છે. આત્માપરના ત્યાગ ગ્રહણથી શૂન્ય છે. આવો લૌકિક મારગ વીતરાગ સર્વજ્ઞદેવનો ! સમજે એનું તો શું કહેવું ? એતો ન્યાલ થઈ જાય.

અરે લોકોએ કાંની કાંઈ માન્યુ-મનાવ્યું છે ! શું થાય પ્રભુના વિરહ પડ્યા ! કેવળજ્ઞાનની ઉત્પત્તિ અહીં રહી નહિ. અવધિજ્ઞાન અને મનઃપર્યાયાજ્ઞાન પણ આ કાળે લુપ્ત થઈ ગયાં. એ લોકોએ ઝઘડા ઉભા કર્યા ! સંતો-દિગંબર મુનિવરો કેવળીના કેકાયતીઓ કહે છે - પૂર્ણ જ્ઞાનાનંદ પ્રભુ આત્માની અંતદષ્ટિ અને અનુભવ વિના સમ્યગ્દર્શન હોય નહિ અને સમ્યગ્દર્શન પૂર્વક સ્વરૂપમાં વિશેષ વિશેષ લીનતા થવી તે ચારિત્ર છે. તે વિશેષ તો સાતમી ભૂમિકાથી હોય છે. અપ્રમત્ત દશામાં ચારિત્રની ઉગ્રતા હોય છે. પૂર્ણ સ્થિરતા ચૌદમા ગુણસ્થાને હોય છે એ વાત અત્યારે અહીં નથી. અહીં તો ચારિત્રની ઉગ્રતા અપ્રમત્ત દશામાં હોય છે. એમ વાત છે.

મુનિ છઠ્ઠા ગુણસ્થાનમાં હોય ત્યોર પાંચ મહાવ્રત આદિનો વિકલ્પ ઉઠે છે તે પ્રમાદદશા છે. ત્યાં સુધી અપ્રમત્ત દશા ગણવામાં આવી નથી. ચોથે, પાંચમે, છઠ્ઠે જ્ઞાન-શ્રદ્ધાન અને યથા સંભવ સ્થિરતા હોય છે, પછી બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરી ઉપયોગને જ્ઞાનમાં સ્થિર કરે છે તે બીજા પ્રકારનું પગલું છે. અહાહા... ! આવો મારગ ! અત્યારે તો જોવા મળવો મુશ્કેલ થઈ ગયો છે. અરે લોકોએ મારગને ચૂંથી નાખ્યો છે ! અહીં કહે છે - આત્માને ત્રણ પ્રકારે દેખવો. દેખવો એટલે કે અંતર્મુખ થઈ અનુભવવો જેથી આત્મપ્રાપ્તિ થાય અહાહા...! આત્મા નિત્યાનંદ પ્રભુ ત્રિકાળી શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવી

છે, તેને છોડીને અન્ય પરિગ્રહમાં સાવધાનપણે પ્રવર્તવું તે સંસાર પરિભ્રમણનું કારણ છે. શુદ્ધ ચૈતન્યમય નિજ પરમાત્મ સ્વરૂપમાં સાવધાન ન થતાં વ્રત,તપ, ભક્તિ આદિના રાગના પરિણામમાં સાવધાન પણે પ્રવર્તવું તે અન્ય પરિગ્રહ છે. આ શરીર, મન, વાણી, ધન, સંપત્તિ ઈત્યાદિ તો ક્યાંય દૂરની ચીજ થઈ ગઈ, અહીં તો એની પર્યાયમાં જે વ્રત, ભક્તિ આદિના વિકલ્પ ઉઠે તે અન્યવસ્તુ છે. અન્ય પરિગ્રહ છે. રાગમાં સાવધાનપણે પ્રવર્તવું અને તેના આચરણમાં પાલનમાં રોકાઈ રહેવું તે મિથ્યાભાવ છે. ભાઈ ! અરે ! પણ એને રાગની મમતા આડે અંદર જ્ઞાયક સ્વભાવથી ભરેલો આનંદસાગર પ્રભુ પોતે છે તેને ખોઈ દીધો છે. અહીં કહે છે -શુદ્ધાનય સ્વરૂપ અંદર ત્રિકાળી ભૂતાર્થ ભગવાન નિજસ્વરૂપ વિરાજે છે. તેને સ્વસંવેદનમાં જાણવો-વેદવો-અનુભ

પૂર્ણતા :સિદ્ધપણું

પૂર્ણપદ :વીતરાગપદ

પૂર્ણ શુદ્ધિ :આત્મામાં પરમ શુદ્ધિના વિધાનની વ્યવસ્થા કરતાં, તેના વિરોધીએ કારણોનો નાશ કરવાની વાત, કહેવામાં આવી છે. એક, કષાયભાવો-ક્રોધ-માન-માયા-લોભાદિ ભાવોનો નાશ, અને તેને લીધે બીજી, દ્રવ્યકર્મો કે, જે જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્ય કર્મોનો વિનાશ થતાં, આત્મા પરમ વિશુદ્ધ થાય છે.

પૂરણ-ગલન :જેમાં (સ્પર્શ, રસ, ગંધ-વર્ણની અપેક્ષાએ તથા સ્કંધપર્યાયોની અપેક્ષાએ) પૂરણ અને ગલન થાય તે પુદ્ગલ છે. પૂરણ=પુરાવું તે; ભરાવું તે; પૂર્તિ; પુષ્ટિ.

પૂર્ણજ્ઞાન ધન :સર્વ લોકાલોકને જાણનાર જ્ઞાનસ્વરૂપ (૨) જેમાં પર્યાય કે ભેદનો પ્રવેશ નથી એવો જ્ઞાન સ્વરૂપ સર્વજ્ઞ સ્વભાવી; પૂર્ણ એટલે ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયો જાણવાનો એનો સ્વભાવ છે. એવું જે શરીરાદિથી ભિન્ન આત્માનું સ્વરૂપ

પૂર્વ :પહેલાંના (૨) એક પૂર્વમાં ૭૦ લાખ પદ હજાર કરોડ વર્ષ થાય છે. શ્રી ઋષભદેવ ભગવાન, વર્તમાન ચોવીસીના, પ્રથમ તીર્થંકર હતા. ૮૪ લાખ પૂર્વનું તેમનું આયુષ્ય હતું. ક્ષાયિકી સમકિતી હતા. ત્રણ જ્ઞાન સાથે લઈને અવતર્યા હતા. છતાંય ૮૩ લાખ પૂર્વ સુધી, તેઓ ગૃહસ્થાશ્રમમાં સુધા, ચારિત્ર, ધારણ ન કરી શક્યા. એક પૂર્વ એટલે કેટલા વરસ ખબર છે ? એક પૂર્વમાં, ૭૦ લાખ પદ હજાર કરોડ વર્ષ થાય છે. અહા, આવા ૮૩ લાખ પૂર્વ સુધી, તેઓ ચારિત્ર લઈ શકયા ન હતા. ઉત્તરપુરાણમાં એમ વર્ણન છે કે, બધા તીર્થંકરો આઠ વર્ષની ઉંમરે બાર વ્રત ધારણ કરે છે. આ રીતે અબજો વર્ષ, તેમને પાંચમું ગુણ સ્થાન રહ્યું, પણ ત્યાં લગી આગળ ન વધી શકયા. ચોથે, પાંચમે ગુણસ્થાને, જો કે અંશે ચારિત્ર નો અંશ હોય છે. પણ મુનિદશાને યોગ્ય, સાક્ષાત ચારિત્રદશા ત્યાં હોતી નથી. અહો, આવી ચારિત્રદશા કોઈ અલૌકિક હોય છે. અને તે મહા પુરુષાર્થી, બડભાગી પુરૂષોને પ્રાપ્ત થઈ હોય છે.

પૂર્વ અવસ્થાએ અવસ્થિત ગુણ :પહેલાંની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો પૂર્વ પર્યાય; પૂર્વ ગુણપર્યાય.

પૂર્વ કર્મસંતતિ :પહેલાંની કર્મપરંપરા; પહેલાંનો કર્મપ્રવાહ.

પર્વ ચતુષ્ટય :દરેક માસની, બે આઠમ તથા બે ચૌદશ

પૂર્વ ને ઉત્તર વ્યતિરેક :પૂર્વ એટલે પહેલાંનો; ઉત્તર એટલે પછીનો; વ્યતિરેક એટલે ભેદ-પર્યાય (ચેતન પહેલાંના અને પછીના, બન્ને પર્યાયોને સ્પર્શે છે, તેથી તે અપેક્ષાએ, દ્રૌવ્ય છે, પછીના અર્થાત વર્તમાન પર્યાયની અપેક્ષાએ, ઉત્પાદ છે. અને પહેલાંના પર્યાયની અપેક્ષાએ, વ્યય છે.)

પૂર્વ પક્ષ :ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન.

પૂર્વ પ્રયોગ :પૂર્વ પ્રયોગ એટલે પૂર્વ બદ્ધ કર્મ છૂટી ગયા પછી પણ, તેનાથી મળતો વેગ. પૂર્વ પ્રયોગનાં ૪ દ્રષ્ટાંતો શાસ્ત્રમાં અપાયાં છે : (૧) કુંભારચક્ર (૨) બંધ છેદ (૩) સ્વાભાવિક પરિણામ અને (૪) અસંગતા

(૧) કુંભાર ચક્ર=કુંભારનો ચાકડો, જેમ એક વખત જોરથી ફેરવ્યા પછી ફેરવવાનું છોડયા પછી પણ, પૂર્વે મળેલા વેગને પરિણામે, ફર્યા કરે છે, તેમ કર્મમુક્ત

આત્મા પણ મુકત થવા માટે, પૂર્વે કરેલા પ્રયોગોના આવતા વેગથી, ઊર્ધ્વગતિ કરે છે.

(૨) કોશમાં રહેલું એરંડબીજ સુકાય, ત્યારે કોશ ફાટવાથી તે વૃક્ષમાંથી નીકળી, ઊંચે જાય છે. તેવી રીતે કર્મબંધન દૂર થતાં આત્મા, ઊંચે જાય છે.

(૩) અગ્નિની જવાળા, જેમ સ્વાભાવિક રીતે ઊંચે જાય છે. તેમ આત્મા પણ, સ્વાભાવિક ગતિથી ઊંચે જાય છે.

(૪) તુંબડીનું સ્વાભાવિક લક્ષણ, પાણીમાં તરવાનું છે પણ માટીથી લેપાયેલી તુંબડી, પાણીમાં ડૂબી જાય છે. અને માટી પાણીમાં પલળીને નીકળી જાય છે. ત્યારે તુંબડી જેમ તરવા લાગે છે, તેમ કર્મના સંગથી આત્મા, અદ્યોગતિમાં હતો, તે સંગ જતાં, આત્માની ઊર્ધ્વગતિ થાય છે.

આમ પૂર્વપ્રયોગાદિ કારણથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે. અહીં પૂર્વ પ્રયોગ સાથેના આદિ શબ્દથી, એ સૂચવાય છે કે કર્મનાશની સાથે, કેટલાક ભાવોનો પણ નાશ મોક્ષપ્રાપ્તિ માટે આવશ્યક છે. એ ભાવ મુખ્યત્વે ચાર છે : ઔપશમિક; ક્ષાયોપશમિક; ઔદયિક અને પારિણામિક.

પૂર્વ પ્રયોગાદિ કારણથી વેગ પામેલો આત્મા સ્વાભાવિક ગતિ થી સિદ્ધાલય તરફ જાય છે. સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી, આત્મા જયાં સ્થિરતા પામે છે, તેને સિદ્ધાલય કહેવામાં આવે છે. તે સ્થાન લોકને છેડે આવેલું છે. એથી ઉપર આત્મગતિ ન થવાનું કારણ એ છે કે, એથી ઉપર જવા માટે ગતિમાં સહાયક થનારું ધર્માસ્તિકાય તત્ત્વ અલોકમાં છે જ નહિ. જીવ તથા અજીવ બન્ને હોય, તે લોક અને અજીવનું માત્ર, આકાશતત્ત્વ જ હોય, તે અલોક. સિદ્ધાલય લોકને છેડે આવેલું છે, તેથી ઊંચે અલોકમાં ધર્માસ્તિકાય તત્ત્વ ન હોવાથી, આત્મા ત્યાં ગતિ કરી શકતો નથી. અને નીચે આવવાનો તો, તેનો સ્વભાવ જ નથી, એથી આત્મા સિદ્ધક્ષેત્રમાં રહે છે,

પૂર્વઅવસ્થાએ અવસ્થિત ગુણ :પહેલાંની અવસ્થામાં રહેલો ગુણ; ગુણનો પૂર્વ પર્યાય; પૂર્વ ગુણ પર્યાય.

પૂર્વને ઉત્તર વ્યતિરેક :પૂર્વ એટલે પહેલાંનો; ઉત્તર એટલે પછીનો. (ચેતન પહેલાનાં અને પછીના બન્ને પર્યાયોને સ્પર્શે છે તેથી તે અપેક્ષાએ ધ્રૌવ્ય છે, પછીના અર્થાત્ વર્તમાન પર્યાયની અપેક્ષાએ ઉત્પાદ છે અને પહેલાંના પર્યાયની અપેક્ષાએ વ્યય છે.)

પૂર્વના પુરુષો :પૂર્વ પુરુષોની વાણીમાં સત્ય, મતિમાં, શ્રુવ, મનમાં દયા, પરાક્રમરૂપ ભૂજાઓમાં શૂરવીરતા, યાચકોને પૂર્ણ લક્ષ્મીનું દાન અને મોક્ષમાર્ગમાં ગમન ઈત્યાદિ, સદ્‌ગુણો હતા, એમ આગમમાં સંભળાય છે. પણ આશ્ચર્ય છે કે, આ પંચમકાલમાં લેશમાત્ર એવા ગુણો નથી, છતાં મનુષ્યોમાં ઉદ્ધતપણું, વિશેષ રીતે જોવામાં આવે છે. અર્થાત અત્યારની પ્રજામાં ગુણોની અપેક્ષાએ, અભિમાન વિશેષ દેખાય છે.

પૂર્વનિબદ્ધ :પૂર્વે બંધાયેલા

પૂર્વપક્ષ :ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન

પૂર્વપર્યાય :પહેલાંના પર્યાય.

પૂર્વપ્રયોગ :પૂર્વના બંધાયેલા પ્રારબ્ધથી.

પૂર્વભવ કેમ મનાય ? :આત્મા વર્તમાનમાં છે, છે તો, તેની આદિ નથી. તેમજ અંત પણ નથી. આ ભવ છે, તો પૂર્વ ભવ પણ હતો જ. જેમ ઘીનું માખણ ન થાય, તેમ મોક્ષદશા પ્રગટ કરી હોય, તો ફરી અવતાર હોય નહિ. આત્મા, અનાદિથી સંસાર દશામાં અશુદ્ધ છે. શુભ અશુભ એવા અશુદ્ધ ભાવનું ફળ, ચાર ગતિમાં ભ્રમણ છે. અનંત કાળથી પોતાને ન સમજયો, માટે આત્મા રખડયો છે.

પૂર્વરંગસ્થળ :નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારા નાયક તથા સભા હોય છે અને નૃત્ય (નાટ્ય, નાટક) કરનાર હોય છે કે જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદભુત-એ આઠ રસ છે તે લૌકિક રસ છે; નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે, નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોમાં સ્થાયી ભાવ, સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે

જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનનાર બતાવે છે; અને તેમનું વર્ણન કરતા કવિશ્વર જયારે અબ્ધ રસને સમાન કરીને પણ વર્ણન કરે છે. ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

વીતરાગભાવરૂપે શાંતરસ એ આત્માનો અલૌકિક રસ છે. અતીન્દ્રિય આનંદ અને શાન્તિનું બિંબ પ્રભુ આત્મા છે. એ ત્રિકાળી શાંતિનું બિંબ, જિનબિબ ભગવાન આત્માનો આશ્રય લેતા પરિણમનમાં જે શાંત-શાંત-શાંત અકષાય ભાવ ઉત્પન્ન થાય છે તેને અહીં શાંતરસ કહે છે. અને શાંતરસ, આનંદરસ, સ્વરૂપરસ, અદભુતરસ એમ અનેક પ્રકારે કહી શકાય છે.

પૂર્વા પર :આગળ-પાછળ, પહેલાંનું અને પછીનું

પૂર્વાગ્રહ :મતાર્થ; માનાર્થ.

પૂર્વાનુપૂર્વ :આ ભવનું કે અગાઉના ભવનું. (૨) ગતાનુગતિક;

પૂર્વા પર :પૂર્વ તેમજ પછી; પહેલાંની તેમજ પછીની; નિત્ય; (૨) આગળ પાછળ થનારા.

પૂર્વોક્ત :ઉપરોકત=પહેલાં કહેલું, ઉપર કહેલું.

પૂર્વાપર્વે :આગળ-પાછળ.

પૂર્વોપાર્જિત :પૂર્વ પ્રારબ્ધોદયજનિત, મોહનીય

પૂર્વાલંબિત :પૂર્વે જેનું અવલંબન કર્યું હતું.

પૂર્વોત્તર :પહેલાંની અને પછીની

પૂર્વાપર દોષ રહિત :આગળ પાછળ, વિરોધ રહિત

પૂર્વોપાર્જિત કર્મ :પૂર્વ જન્મમાં કરેલાં તથા બંધાયેલાં કર્મ જ નહિ, પરંતુ આ જન્મમાં પણ વર્તમાનકાળથી પૂર્વે કરેલાં તથા બંધાયેલાં કર્મ પણ સમાવેશ પામે છે.

પેથોડું :પરિશિષ્ટ; બાકી રહેલું; શેષ બચેલું; પૂરવણી; શેષ પૂર્તિ.

પંગુ :અસમર્થ (૨) પાંગળો અર્થાત્ જાણવા સિવાય, પરમાં આત્મા કાંઈ જ કરી શકતો નથી. આનું નામ, આત્માનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. (૩) પાંગળો; કાંઈ પણ કરવાને અશક્ત (૪) અસમર્થ

પંચ પરમેષ્ઠી :સર્વોત્કૃષ્ટ ઈષ્ટ હોય તેનું નામ પરમેષ્ટ છે. તેવા પાંચ પરમ ઈષ્ટ છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. (૨) અરિહંદ, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેય પરમેષ્ઠીઓ છે.

પંચ પરાવર્તનનું સ્વરૂપ :

- ભવ પરાવર્તન=નારકી, તિર્યંચ, મનુષ્ય તથા દેવના ભવ, અનંતવાર કર્યા કોઈવાર સડેલ કૂતરો થયો, તો કોઈ વાર મોટો રાજા થયો એક સેકંડમાં કરોડો રૂપિયા પેદા થાય એવી રાજ સંપદા પામ્યો, ત્યાંથી કરીને નરકમાં પણ જાય, ત્યાંથી ભુંડ, સિંહ થાય, એમ ભવચક્ર ચાલ્યા કરે, પણ નિર્વિકારી અનંત સુખમૂર્તિ આત્મા પરથી જુદો છે, એવી અપૂર્તિ વાત જીવે, કહી સાંભળી નથી.
- ભાવ પરાવર્તન= જીવે અનંત પ્રકારના શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવો કર્યા. એકેક સેકન્ડના અબજો રૂપિયાનું દાન આપવાના શુભભાવ કર્યા, કોઈ કોઈવાર તીવ્ર મૂર્ચ્છા વડે મહા પાપ બાંધી, નરકમાં જવાના ભાવ કર્યા. શુભાશુભ ભાવ વડે નિરંતર પરિભ્રમણ કર્યું. આવું પરિભ્રમણ અનાદિથી ચાલુ છે. પણ સમ્યગ્જ્ઞાન વડે, કોઈવાર આંતરો પાડયો નહિ. પર્વત ઉપર વીજળી પડવાથી થયેલ ખાઈ રેણથી સંધાય નહિ, તેમ હું જ્ઞાનજયોતિ ચિદાનંદ પરથી જુદો, એવું ભેદજ્ઞાન થાય પછી મોક્ષદશા પ્રગટ થયા વિના રહે નહિ. યથાર્થ આત્મજ્ઞાન વિના, બીજું બધું જીવે અનંતવાર કયું છે. શરીરે કાંટા વીંટી બાળી મૂકે, પણ ક્રોધ ન કરે છ છ મહિનાના ઉપવાસ કરે ને પારણે, એક બોખાનો દાણો ખાઈ, ફરી છ મહિનાના ઉપવાસ કરે, ઉત્કૃષ્ટ પુણ્યભાવ અજ્ઞાનપણે કરી, નવમી ગ્રૈવેયક સુધી ગયો, પણ પુણ્ય પાપ રહિત, આત્મ સ્વભાવને જાણ્યો નહિ, તેથી એક પણ ભવ ઘટયો નહિ શુભ અશુભ ભાવના અસંખ્ય પ્રકાર છે, તેમાં મિથ્યાદષ્ટિથી થતાં ઉંચામાં ઉંચા પુણ્ય, અને ઘોર પાપ થાય દરેક જીવે અનંતવાર કર્યા;

નવમી ગ્રૈવેયકે જનાર જીવને, વયવહાર શ્રદ્ધા જ્ઞાન અને શુભ પ્રવૃત્તિ હોય છે. બાહ્યથી, નગ્ન દિગંબર મુનિપણું હોય છે. પંચ મહાવ્રતનું પાલન સાવધાની પૂર્વક હોય છે. પણ અંતરમાં પરથી નિરાળા છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું, કોઈનો મારે આશ્રય છે જ નહિ, એવી સ્વાવલંબી તત્ત્વશ્રદ્ધા નથી, તેથી ભવભ્રમણ ન ટળ્યું.

પંચ પરાવર્તનનું સ્વરૂપ :દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન; કાળ પરાવર્તન; ભવ પરાવર્તન અને ભાવ પરાવર્તન

(૧) દ્રવ્ય પરાવર્તન = એકેક આત્માને દરેક પરમાણુ દેહ પણે,-સંયોગપણે આવ્યાં ને ગયાં, વાણી મન, કર્મવર્ગણારૂપે બધાં પરમાણુનો, અનંતવાર સંયોગ કર્યો, પુણ્ય પાપના સંયોગે અનંત પ્રકારના આકારવાળા દેહ, જીવે અનંતવાર ધારણ કર્યા, પણ અસંયોગી આત્મ તત્ત્વની વાત સાંભળી નહિ.

(૨) ક્ષેત્ર પરાવર્તન=લોકાકાશનું એવું કોઈ ક્ષેત્ર નથી કે, જ્યાં જીવ અનંતવાર જન્મ્યો-મર્યો ન હોય, પુણ્ય-પાપના વિકારી ભાવો કર્યા ને તેનાં ભોગ્યસ્થાનરૂપ અસંખ્યાત ક્ષેત્રમાં, અનંત જન્મમરણ કર્યાં, પણ આત્મા પરથી નિરાળો, અતીન્દ્રિય જ્ઞાનમૂર્તિ છે, તેને જાણ્યો નહિ.

(૩) કાળ પરાવર્તન= વીશ ક્રોડાક્રોડી સાગરોપમના, જેટલા સમય થાય, તે એકેક સમયે, પરિભ્રમણ કરતાં જીવ અનંતવાર જન્મ્યો મર્યો, પણ એકેવાર આત્માને જાણ્યો નહિ.

(૪) ભવ પરાવર્તન = નારકી, તિર્યંચ, મનુષ્ય તથા દેવના ભવ, અનંતવાર કર્યા, કોઈ વાર સડેલો કૂતરો થયો, તો કોઈ વાર મોટો રાજા થયો, એક સેકન્ડમાં કરોડો રૂપિયા પેદા થાય એવી રાજ્ય સંપદા પામ્યો, ત્યાંથી મરીને, નરકમાં પણ જાય, ત્યાંથી ભુંડ, સિંહ થાય. એમ ભવચક્ર ચાલ્યા કરે, પણ નિર્વિકારી અનંત સુખ મૂર્તિ આત્મા, પરથી જુદો છે. એવી અપૂર્વ વાત જીવે કહી સાંભળી નથી.

(૫) ભાવ પરાવર્તન= જીવે અનંત પ્રકારના શુભ અશુભ, પુણ્ય-પાપના ભાવો કર્યા. એકેક સેકન્ડમાં અબજો રૂપિયાનું દાન આપવાના શુભભાવ કર્યા, તો કઈ વાર તીવ્ર મૂર્ચ્છા વડે મહાપાપ બાંધી નરકમાં જવાનાં, ભાવ કર્યા. શુભાશુભ ભાવ વડે નિરંતર પરિભ્રમણ કર્યું. આવું પરિભ્રમણ અનાદિથી ચાલુ છે. પણ સમ્યગ્જ્ઞાન વડે, કોઈવાર આંતરો પાડયો નહિ. પર્વત ઉપર વીજળી પડવાથી થયેલ ફાટ રેણથી સંધાય નહિ તેમ હું જ્ઞાન જયોતિ, ચિદાનંદ, પરથી જુદો એવું ભેદજ્ઞાન થાય, પછી મોક્ષદશા પ્રગટ થયા વિના, રહે નહિ. યથાર્થ આત્મજ્ઞાન વિના, બીજું બધું જીવે અનંતવાર કર્યું છે. શરીરે કાંટા વીંટી બાળી મૂકે, પણ ક્રોધ ન કરે, છ છ મહિનાના ઉપવાસ કરે ને પારણે એક ચોખાનો દાણો ખાઈ, ફરી છ મહિનાના ઉપવાસ કરે, ઉત્કૃષ્ટ પુણ્યભાવ અજ્ઞાનપણે કરી નવમી ગ્રૈવેયક સુધી ગયો, પણ પુણ્ય પાપ રહિત, આત્મસ્વભાવને જાણ્યો નહિ, તેથી એક પણ ભાવ ઘટયો નહિ.શુભ અશુભ ભાવના અસંખ્ય પ્રકાર છે, તેમાં મિથ્યા દ્રૃ ષ્ટથી થતાં, ઊંચામાં ઊંચા પુણ્ય અને ઘોર પાપ જીવે અનંતવાર કર્યા.

નવમી ગ્રૈવેયકે જનાર જીવને વ્યવહારે શ્રદ્ધા-જ્ઞાન અને, શુભ પ્રવૃત્તિ હોય છે. બાહ્યથી, નગ્ન દિગંબર મુનિપણું હોય છે. પંચ મહાવ્રતનું પાલન, સાવધાની પૂર્વક હોય છે. પણ અંતરમાં પરથી નિરાળો છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું. કોઈના મારે આશ્રય છે જ નહિ, એવી સ્વાવલંબી તત્વશ્રદ્ધા નથી. તેથી ભવભ્રમણ ન ટળ્યું

પંચેન્દ્રિય :સંજ્ઞી અને અસંજ્ઞી (૨) જેને પાંચ ઈન્દ્રિયો હોય છે, એવા પ્રાણી

પંચેન્દ્રિય જીવો :સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે, મનના આવરણનો ઉદય હોતા, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને જાણનાર જીવો મનરહિત પંચેન્દ્રિય જીવો છે; કેટલાક પંચેન્દ્રિય જીવો તો મનના આવરણનો પણ ક્ષયોપશમ હોવાથી મનસહિત બળવાન પંચેંદ્રિય જીવો હોય છે. તેમાં દેવો, મનુષ્યો અને નારકો મનસહીત જ હોય છે; તિર્યચો-જળચર, ખેચર ને સ્થળચર-બંને જાતિનાં (અર્થાત મનરહિત અને મનસહિત) હોય છે. (૨) વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણનારાં દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ જેઓ જળચર, સ્થળચર કે ખેચર હોય છે-તેઓ બળવાન પંચેન્દ્રિય જીવો છે.

સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે, મનના આવરણનો ઉદય હોતાં, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને જાણનારા જીવો મનરહિત પંચેન્દ્રિય જીવો છે; કેટલાક (પંચેંદ્રિય જીવો) તો તેમને મનના આવરણનો પણ ક્ષયોપશમ હોવાથી મનસહિત (પંચેન્દ્રિય જીવો) હોય છે.

તેમાં દેવો, મનુષ્યો અને નારકો મનસહિત જ હોય છે; તિર્યંચો બન્ને જાતિનાં (અર્થાત્ મનરહિત તેમજ મનસહિત) હોય છે.

પંચ પરમેષ્ઠી :શુદ્ધ આત્મ સ્વરૂપમાં રમતા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુરૂપ, પંચ સરજાત્મ સ્વરૂપ પરમ ગુરુ, સદા નમસ્કાર કરવા યોગ્ય તથા આરાધવા યોગ્ય છે.

પંચપરમેષ્ઠીની ઉપાસના પરમ પુણ્યબંધનું કારણ :જે આત્મરૂપ છોડીને, પરમેષ્ઠીના રૂપની ઉપાસના કરે છે, તે ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કરે છે. અને તેથી કર્મનો સર્વથા ક્ષય નથી કરી શકતો. કર્મોનો સર્વથા ક્ષય થયા વિના, મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મોક્ષની પ્રાપ્તિ માટે તેને અર્હંતાદિ પ્રત્યેનો ભક્તિ-રાગ, પણ છોડવો પડશે.

પંચમ કાળનાં લક્ષણો :આ કાળમાં આત્માર્થતા, ભક્તિ, સત્સંગ, નીતિ, સરળતા, નમ્રતા વગેરે, સદગુણો ક્રમે ક્રમે ક્ષીણ થતા જશે, અને સંસારાર્થ, કુસંગ, અનીતિ, કપટપણું, વિષય કષાય ભાવ વગેરે, દુર્ગુણો વધતા જશે, એટલે કે, સાત્ત્વિક વૃત્તિનું સ્થાન રાજસી અને તામસી વૃત્તિ લેશે. આ કાળમાં એથી સદ્ધર્મ, સત્સંગ, મુમુક્ષતા વગેરેનો લોપ થતો જશે.

પંચમકાળ :દુષમકાળ; કળિકાળ; કળિયુગ

પંચમગતિ :મોક્ષગતિ (૨) મોક્ષ; સિદ્ધ દશા; સિદ્ધ ગતિ

આ વિભાગ પુદ્ગલના સ્વરૂપનું કથન છે.

સુમેરુ, પૃથ્વી વગેરે (ઘન પદાર્થો), ખરેખર અતિ સ્થૂલ સ્થૂલ પુદ્ગલો છે. મેરુ પર્વત આદિ, ઘન પદાર્થોના ટૂકડા થતાં, તે ભેગા ન થાય, એવી એ જ ચીજ છે. એટલે એને અતિ સ્થૂલ સ્થૂલ કહે છે. ઘી, તેલ, છાશ, દૂધ જળ વગેરે, સમસ્ત પ્રવાહી પદાર્થો સ્થૂલ પુદ્ગલો છે. (પ્રવાહી છે ને ? તો તેમને છેદતાં, સ્વયમેવ એકઠાં જોડાઈ જાય છે. તેથી તેને સ્થૂલ કહે છે.)

છાયા, આતપ (તડકો), અંધકાર, ચાંદની વગેરે, સ્થૂલસૂક્ષ્મ પુદ્ગલો છે. (આવા પદાર્થો, નેત્રથી જણાય છે, પણ છેદી શકાતા નથી, કે હાથમાં ગ્રહી શકાતા પણ નથી. તો તે સ્થૂઈ સૂક્ષ્મ પુદ્ગલો છે.)

સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષયો-સ્પર્શ, રસ, ગંધ અને શબ્દ-સૂક્ષ્મ સ્થૂલ પુદ્ગલો છે.

શુભાશુભ પરિણામ દ્વારા આવતાં, એવા શુભાશુભ કર્મોને યોગ્ય સ્કંધો, તે સૂક્ષ્મ પુદ્ગલો છે. કર્મ સૂક્ષ્મ પુદ્ગલ છે. આમનાથી વિપરીત, અર્થાત્ કર્મોને અયોગ્ય સ્કંધો, તે સૂક્ષ્મ સૂક્ષ્મ પુદ્ગલો છે. આ વિભાવપુદ્ગલોનો ક્રમ છે.

(૨) સિદ્ધગતિ; મોક્ષ ગતિ

પંચમસ્વર :કોયલનો મીઠો અવાજ (સૂર) - કોયલના જેવો મધુર સૂર.

પંચરસ :કડવો, તીખો, તુરો, ખાટો અને ગળ્યો એ પાંચ રસ.

પંચસંગ્રહ :પંડિત દીપચંદજી કૃત ગ્રંથ. બસો વર્ષ પૂર્વે થયેલા.

પંચાગ્નિ :ગાર્હપત્યાગ્નિ, આહવનીય; દક્ષિણાગ્નિ, સભ્ય અને આવસથ્ય આ નામના પાંચ અગ્નિ છે.

(૧) ગાર્હપત્ય=ગૃહસ્થપણું; ઘરનું કારભારું; દ્વિજ ગૃહસ્થે ઘરમાં રાખવાનો ત્રણમાંનો એક અગ્નિ-ગાર્હપત્યાગ્નિ.

(૨) આહવનીય=યજ્ઞને યોગ્ય; હોમવા યોગ્ય; હોમનો અગ્નિ.

(૩) દક્ષિણાગ્નિ=વૈદિક કર્મકાંડ નામનાનો એ નામમાંનો એક અગ્નિ

(૪) સભ્ય=

(૫) આવસથ્ય=અગ્નિહોત્રનો અગ્નિ.

પંચાંગી :(૧) મૂલ સૂત્ર (૨) નિર્યુકિત (૩) ભાષ્ય (૪) પૂર્ણિ (૫) ટીકાવૃત્તિ, એ પંચાંગી જાણવી.

પંચાચાર :જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર આ પાંચ આચારો મુનિને હોય છે.

પંચાચાર :જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ આચાર સાધુઓને હોય છે. (૨) જ્ઞાનાચાર; દર્શનાચાર; ચારિત્રાચાર; તપાચાર અને વીર્યાચારવાળા, શ્રમણો (૩) જ્ઞાનાચાર; દર્શનાચાર; ચારિત્રાચાર; તપાચાર અને વીર્યાચારવાળા શ્રમણો (૪) સમ્યગ્દષ્ટિજીવ, પોતાના સ્વરૂપને જાણે છે, અનુભવે છે. અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને ભિન્ન જાણે છે. જયારથી તેને સ્વ-પરના, વિવેકરૂપ ભેદ વિજ્ઞાન પ્રગટ થયું હતું ત્યારથી જ એણે ટંકોત્કીર્ણ નિજ ભાવ અંગીકાર કર્યો છે. તેથી તેને નથી કાંઇ ત્યાગવાનું કે, નથી કાંઇ ગ્રહવાનું-અંગીકાર કરવાનું રહ્યુ. સ્વભાવ દષ્ટિની અપેક્ષાએ, આમ હોવા છતાં, પર્યાયમાં તે પૂર્વ બદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે, અનેક પ્રકારના વિભાવભાવોરૂપે પરિણમે છે. એ વિભાવ પરિણિત નહિ છૂટતી દેખીને, તે આકુળ-વ્યાકુળ પણ થતો નથી. તેમ જ સમસ્ત વિભાવ પરિણતિને ટાળવાનો, પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી. સકલ વિભાવ પરિણ રહિત, સ્વભાવદષ્ટિના જોરરૂપ પુરુષાર્થ ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર, તેને પહેલાં અશુભ પરિણતિની, હાનિ થાય છે અને પછી ધીમે ધીમે શુભ પરિણતિ, પણ છૂટતી જાય છે. આમ હોવાથી તે શુભરાગના ઉદયની ભૂમિકામાં, ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઇ, વ્યવહાર રત્નત્રયરૂપ પંચાચારોને, અંગીકાર કરે છે. જો કે જ્ઞાનભાવથી, તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે. તો પણ પર્યાયમાં શુભ રાગ નહિ છૂટતો હોવાથી, તે પૂવોક્ત રીતે, પંચાચારને ગ્રહણ કરે છે. (૫) જ્ઞાનાચાર; દર્શનાચાર; ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારવાળા શ્રમણો. (૬) (•) દર્શનાચાર=અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા અને દ્રવ્યકર્મ, નોકર્મનો સંબંધ છે તથા અશુદ્ધ નિશ્ચયનયથી મતિજ્ઞાનાદિ વિભાવગુણ પર્યાય અને નર-નારકાદિ વિભાવ દ્રવ્યપર્યાયનો પણ આત્માની સાથે સબંધ છે તો પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ આત્મામાં ઉપર કહેલો કોઇ પ્રકારનો સંબંધ નથી. એવું જે ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડ સ્વભાવવાળું શુદ્ધ સહજાત્મતત્ત્વ છે, તે જ સર્વ પ્રકારે સત્ય છે. તે જ પરમાથરૂપ સમયસાર કહેવાય છે. તે શુદ્ધત્મતત્ત્વ જ સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે. અને તે સિવાય સકલ પદાર્થો હેય, તજવા યોગ્ય છે. એવી ચલ, મલિન, અને અવગાઢ આદિ દોષોથી રહિત દ્ઢ પ્રતીતિ થવી-શ્રદ્ધા થવી તે સમ્યક્‌ત્વ કહેવાય છે. તેનું જે આચરણ અર્થાત્ તે સમ્યગ્દર્શનરૂપે પરિણમન તે દર્શનાચાર છે. (•) જ્ઞાનાચાર : ઉપરોકત શુધ્ધ સહજાત્મ સ્વરૂપમાં જ સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત જે સ્વસંવેદનરૂપ ગ્રાહકબુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે. તેમાં આત્મપરિણતિ થવી તે સમ્યગ્જ્ઞાનાચાર છે. (•) ચારિત્રાચાર : સમસ્ત શુભાશુભ સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરી જે નિત્ય આનંદમય નિજ રસનો આસ્વાદ, નિશ્ચલ અનુભવ તે સમ્યક્‌ચારિત્ર છે, તેનું જે આચરણ એટલે તે રૂપે પરિણમવું તે ચારિત્રાચાર છે. (•) તપાચાર : પરવસ્તુની અભિલાષાનો ત્યાગ કરી આનંદમય શુદ્ધ સહજાત્મ સ્વરૂપમાં તપવું તે તપ છે. અને તેમાં તપમાં પરિણમવું તે તપાચાર છે. (•) વીર્યાચાર : પોતાની શકિતને છુપાવ્યા સિવાય શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી તે વીર્યાચાર છે. આ પ્રમાણે નિશ્ચય પંચાચાર કહ્યા.

વ્યવહાર પંચાચારનું લક્ષણ આ પ્રમાણે છે :

(•) દર્શનાચાર : નિશકિતતત્વ, નિકાંક્ષિતત્વ, નિર્વિચિકિસત્વ, નિર્મૂઢદષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાસ્વરૂપ દર્શનાચાર

(•) જ્ઞનાચારઃ કાળ, વિનય, ઉપધાન, અનિહ્નવ, અર્થ, વ્યંજન, અને તદુભય સંપન્ન જ્ઞાનાચાર છે.

(•) ચારિત્રાચાર : પંચ મહાવ્રત સહિત કાય-વચન-મનગુપ્તિ અને ઈર્યા-ભાષા-એષણા-આદાનનિક્ષેપણ-પ્રતિષ્ઠાપનસમિતિ સ્વરૂપ ચારિત્રાચાર

(•) તપાચાર : અનશન, અવમૌદર્ય, વૃત્તિ પરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિકતશય્યાસન, કાયકલેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાધૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગસ્વરૂપ તપાચાર.

(•) વીર્યાચાર : ઇતર (અન્ય) વીર્યાચાર સિવાયના બીજા આચારમાં પ્રવર્તનારી સ્વશકિતના સંગોપન સ્વરૂપ વીર્યાચાર

(૭) (•) જ્ઞાનાચાર -કાળ, વિનય, ઉપધાન, અનિહ્નય, અર્થ, વ્યંજન અને તદુભયસંપન્ન જ્ઞાનાચાર છે. (•) દર્શનાચાર-નિશંકિતત્વ, નિકાંક્ષિતત્વ, નિર્વિચિકિત્સત્વ, નિર્મૂઢદ્રષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના સ્વરૂપ દર્શનાચાર.(•) ચારિત્રાચાર=પંચમહાવ્રતસહિત કાય-વચન-મન ગુપ્તિ અને ઈર્ષા-ભાષા-એષણા-આદાન નિક્ષેપણ, પ્રતિષ્ઠાપન સમિતિ સ્વરૂપ ચારિત્રાચાર (•) તપાચાર=અનશન, અવમૌદર્ય, વૃત્તિ-પરસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન

પંચાધ્યાયી :એક ન્યાયનો ગ્રંથ છે.

પંચાસ્તિકાય :આ શાસ્ત્રના કર્તા શ્રીમદ્‌ભગવત્કુંદકુન્દાચાર્યદેવ છે. તેમનાં બીજાં નામો પદ્મનંદી, વક્રગીવાચાર્ય, એલાચાર્ય અને ગૃધ્રપિચ્છાચાર્ય છે.

શ્રી જયસેનાચાર્યદેવ આ શાસ્ત્રની તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કે : હવે શ્રી કુમારનંદી-સિદ્ધાંતિદેવના શિષ્ય શ્રીમત્ કુંદકુંદાચાર્યદેવે-જેમનાં બીજાં નામો પદ્મનંદી વગેરે હતાં તેમણે-પ્રસિદ્ધ કથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધરસ્વામી તીર્થંકર પરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્યવાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને, ત્યાંથી પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે અથવા શિવકુમારમહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાય-પ્રાભૃતશાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.

પંચાસ્તિકાય શાસ્ત્ર :આ શાસ્ત્રના કર્તા શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ છે. તેમનાં બીજાં નામો પદ્મનંદી, વક્રગીવાચાર્ય, એલાચાર્ય અને ગૃદ્ધપિચ્છાચાર્ય છે. શ્રી જયસેનાચાર્ય દેવ આ શાસ્ત્રની તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો પ્રારંભ કરતાં લખે છે કેઃ-હવે શ્રી કુમારનંદી-સિદ્ધાંતિદેવના શિષ્ય શ્રીમત્કુંદકુંદાચાર્યદેવે જેમનાં બીજાં નામો પદ્મનંદી વગેરે હતાં તેમણે-પ્રસિદ્ધ કથાન્યાયે પૂર્વવિદેહમાં જઈ વીતરાગ-સર્વજ્ઞ સીમંધર સ્વામી તીર્થંકર પરમદેવનાં દર્શન કરીને, તેઓશ્રીના મુખકમળથી નીકળેલી દિવ્ય વાણીના શ્રવણ વડે અવધારિત પદાર્થ દ્વારા શુદ્ધાત્મતત્ત્વાદિ સારભૂત અર્થને ગ્રહીને પાછા આવી અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વના ગૌણ-મુખ્ય પ્રતિપાદન અર્થે અથવા શિવકુમારમહારાજાદિ સંક્ષેપરુચિ શિષ્યના પ્રતિબોધન અર્થે રચેલા પંચાસ્તિકાય પ્રાભૃતશાસ્ત્રનું યથાક્રમે અધિકારશુદ્ધિપૂર્વક તાત્પર્યાર્થરૂપ વ્યાખ્યાન કરવામાં આવે છે.

પંચાસ્તિકાય શાસ્ત્રતાત્પર્ય :સર્વ પુરુષાર્થોમાં સારભૂત એવા મોક્ષતત્ત્વનું પ્રતિપાદન કરવાના હેતુથી જેમાં પંચાસ્તિકાય અને ષડ્‌દ્રવ્યના સ્વરૂપ વડે સમસ્ત વસ્તુનો સ્વભાવ દર્શાવવામાં આવેલ છે, નવ પદાર્થના વિસ્તૃત કથન વડે જેમાં બંધ-મોક્ષના સંબંધી (સ્વામી), બંધ-મોક્ષનાં આયતન (સ્થાન) અને બંધ-મોક્ષના વિકલ્પ (ભેદ) પ્રગટ કરવામાં આવ્યાં છે, નિશ્ચયવ્યવહારરૂપ મોક્ષમાર્ગનું જેમાં સમ્યક્ નિરૂપણ કરવામાં આવ્યું છે તથા સાક્ષાત્ મોક્ષના કારણભૂત પરમવીતરાગપણામાં જેનું સમસ્ત હૃદય રહેલું છે-એવા આ ખરેખર પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે ન વીતરાગપણું જ તાત્પર્ય છે.

તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી.)

(ઉપરોક્ત વાત વિશેષ સમજાવવામાં આવે છેઃ-)

અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે, (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે.) જેમકેઃ-

(•) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય છે);

(•) આ અશ્રદ્ધેય છે;

(•) આ શ્રદ્ધનાર છે અને

(•) આ શ્રદ્ધાન છે.

(•) આ જ્ઞેય (જાણવાયોગ્ય છે);
(•) આ અજ્ઞેય છે;
(•) આ જ્ઞાતા છે; અને
(•) આ જ્ઞાન છે.
(•) આ આચરણીય (આચરવાયોગ્ય) છે;
(•) આ અનાચરણીય છે;
(•) આ આચરનાર છે; અને
(•) આ આચરણ છે.
એમ
(•) કર્તવ્ય (કરવા યોગ્ય),
(•) અકર્તવ્ય,
(•) કર્તા અને
(•) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિને) ઉખેડતા જાય છે; કદાચિત અજ્ઞાનને લીધે (સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર (આત્માને વિષે અધિકાર) શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે; ફરી ફરીને (પોતાના આત્માને) દોષાનુસાર પ્રાયશ્ચિત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે; વળી ભિન્નવિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્ર વડે (આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતો જાય છે એવા ભિન્નસાધ્યસાધનવાળા પોતાના આત્માને વિષે-ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક-થોડી થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શનજ્ઞાનચારિત્રનું સમાહિતપણું (અભેદપણું) જેનું રૂપ છે, સફળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે (અભાવને લીધે) જે નિસ્તરંગ પરમચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમૃદ્ધ છે એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ રચતા થકા (અર્થાત્ દર્શન-જ્ઞાન-ચારિત્રના ઐક્યસ્વરૂપ, પરમચૈતન્યશાળી તથા ભરપૂર આનંદયુક્ત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા), ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.

(હવે કેવળવ્યવહારાવલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :-)

પરંતુ જેઓ કેવળવ્યવહારાવલંબી (કેવળ વ્યવહારને અવલંબનારા) છે તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવના અવલોકન વડે નિરંતર અત્યંત ખેદ પામતા થકા,
(•) ફરીફરીને ધર્માદિના શ્રદ્ધાનરૂપ અધ્યવસાનમાં તેમનું ચિત્ત લાગ્યા કરતું હોવાથી,
(•) પુષ્કળ શ્રુતના (દ્રવ્યશ્રુતના) સંસ્કારથી ઊઠતા વિચિત્ર (અનેક પ્રકારના) વિકલ્પોની જાળ વડે તેમની ચૈતન્યવૃત્તિ ચિત્રવિચિત્ર થતી હોવાથી અને
(•) સમસ્ત યતિ આચારના સમુદાયરૂપ તપમાં પ્રવર્તનરૂપ કર્મકાંડની ધમાલમાં તેઓ અચલિત રહેતા હોવાથી,
(•) ક્યારેક કાંઈકની (કોઈક બાબતની) રુચિ કરે છે,
(•) ક્યારેક કાંઈના (કોઈ બાબતના) વિકલ્પ કરે છે અને
(•) ક્યારેક કાંઈક આચરણ કરે છે; દર્શનાચરણ માટે-તેઓ કદાચિત્ પ્રશમિત થાય છે, કદાચિત્ સંવેગ પામે છે, કદાચિત્ અનુકંપિત થાય છે, કદાચિત્ આસ્તિક્યને ધારે છે, શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદૃષ્ટિતાના ઉત્થાનને અટકાવવા અર્થે નિત્ય કટિબદ્ધ રહે છે, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવનાને ભાવતા થકા વારંવાર ઉત્સાહને વધારે છે; જ્ઞાનાચરણ માટે સ્વાધ્યાયકાળને અવલોકે છે, બહુ પ્રકારે વિનયને વિસ્તારે છે, દુર્ધર ઉપધાન કરે છે, સારી રીતે બહુમાનને પ્રસારે છે. નિહ્નવદોષને અત્યંત નિવારે છે, અર્થ, વ્યંજન અને તદુભવની શુદ્ધિમાં અત્યંત સાવધાન રહે છે; ચારિત્રાચરણ માટે-હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહની

સર્વવિરતિરૂપ પંચમહાવ્રતોમાં તલ્લીન વૃત્તિવાળા રહે છે, સમ્યક્ યોગનિગ્રહ જેનું લક્ષણ છે (-યોગનો બરાબર નિરોધ કરવો તે જેનું લક્ષણ છે) એવી ગુપ્તિઓમાં અત્યંત ઉદ્યોગ રાખે છે; ઈર્ષા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ અને ઉત્સર્ગરૂપ સમિતિઓમાં પ્રયત્નને અત્યંત જોડે છે.

તપાચરણ માટે-અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશમાં સતત ઉત્સાહિત રહે છે; પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, વ્યુત્સર્ગ, સ્વાધ્યાય અને ધ્યાનરૂપ પરિકર વડે નિજ અંતઃકરણને અંકુશિત રાખે છે;

વીર્યાચરણ માટે-કર્મકાંડમાં સર્વ શક્તિ વડે વ્યાપૃત રહે છે; આમ કરતા થકા, કર્મચેતનાપ્રધાનપણાને લીધે-જો કે અશુભકર્મપ્રવૃત્તિને તેમણે અત્યંત નિવારી છે તોપણ-શુભ કર્મપ્રવૃત્તિને જેમણે બરાબર ગ્રહણ કરી છે એવા તેઓ સકળ ક્રિયાકાંડના આડંબરથી પાર ઊતરેલી દર્શનજ્ઞાનચારિત્રની ઐક્યપરિણતિરૂપ જ્ઞાનચેતનાને જરા પણ નહિ ઉત્પન્ન કરતા થકા, પુષ્કળ પુણ્યના ભારથી મંથર થઈ ગયેલી ચિત્તવૃત્તિવાળા થકા, દેવલોકાદિના ક્લેશની પ્રાપ્તિની પરંપરા વડે ઘણા લાંબા કાળ સુધી સંસારસાગરમાં ભમે છે. કહ્યું પણ છે કે જેઓ ચરણપરિણામપ્રધાન છે અને સ્વસમયરૂપ પરમાર્થમાં વ્યાપારરહિત છે, તેઓ ચરણપરિણામનો સાર જે નિશ્ચયશુદ્ધ (આત્મા) તેને જાણતા નથી.

(હવે કેવળનિશ્ચયાલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે :-)

હવે જેઓ કેવળ નિશ્ચયાલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરક્ત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધી-વિંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ-જેમ સુખ ઊપજે તેમ-રહે છે). તેઓ ખરેખર ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્નસાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (શુભ તેમજ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ), પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળા વર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર ખીર ખાઈને તૃપ્તિ પામેલા (ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા (મંદતા, નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટ ચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનીંદ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ પદ પામ્યા થકા, (માત્ર) વ્યક્ત અવ્યક્ત પ્રમાદને આધીન વર્તતા થકા પ્રાપ્ત થયેલા હલકા (નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક કેવળ પાપને જ બાંધે છે. કહેવું પણ છે કે નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણપરિણામનો નાશ કરે છે.

(હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે એવી રીતે ભૂમિકા અનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છેઃ-)

પરંતુ જે અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાભાગ ભગવંતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહિ અવલંબતા હોવાથી (કેવળ નિશ્ચયાવલંબી કે કેવળ વ્યવહારાવલંબી નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધ ચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડ પરિણતિને માહાત્મ્યમાંથી વારતા (શુભ ક્રિયાકાંડ પરિણતિ હઠ વિના સહજપણે ભમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા), અત્યંત ઉદાસીન વર્તતા, યથાશક્તિ આત્માને આત્માથી આત્મામાં સંચેતતા (અનુભવતા) થકા નિત્ય-ઉપયુક્ત રહે છે, તેઓ (તે મહાભાગ ભગવંતો), ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા (સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભ ભાવોને છોડતા), અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે

કર્મકળાનુભૂતિ અત્યંત નિરસ્ત (નષ્ટ) કરી છે એવા, કર્માનુભૂતિ પ્રત્યે નિરુત્સક વર્તતા, કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક.આનંદ થી અત્યંત ભરપુર વર્તતા, શિઘ્ર,સંસાર સમુદ્ર ને પાર ઉતરી, શબ્દબ્રહ્મના સાશ્વત દૂખનાં (-નિર્વાણ સુખના) ભોકતા થાય છે.

પંડિત :જે જ્ઞાનમય નિજ પરમાત્મવસ્તુનું વેદન કરે છે -શાંતિ અનુભવે છે તે જ પંડિત છે, તે જ વિવેકી છે. માત્ર શાસ્ત્રના જાણપણાથી કોઈ પંડિત નથી. કેમકે શાસ્ત્રનું જાણપણું તે આત્મા નથી. જેને થોડું શાસ્ત્રજ્ઞાન થાય ત્યાં તો હું કંઈક જાણું છું, હવે મારે કાંઈ સાંભળવાની જરૂર નથી એવું અભિમાન પોષાય છે તે ખરેખર કાંઈ જાણતો નથી.

ભલે કાંઈ જાણતો ન હોય, કાંઈ પ્રશ્ન કરતાં ન આવડે, ઉત્તર દેતાં ન આવડે પણ જેને આત્માની દષ્ટિ, જ્ઞાન અને અનુભવ થયો છે તે ખરો પંડિત છે. જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન કરે તે પંડિત છે.

દેહથી ભિન્ન જ્ઞાનમય ભગવાન આત્માનું જ્ઞાન કરે તે પંડિત છે. તે જ આત્મા છે, તે જ વિવેકી છે. એ જીવ અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે.

પંડિત કહો, વિચક્ષણ કહો, અંતરાત્મા કહો, ધર્માત્મા કહો, વિવેકી કહો, ભેદજ્ઞાની કહો કે સાધક કહો, બધું એક જ છે. તે જ મોક્ષને સાધનારો મોક્ષમાર્ગી જીવ છે. (૨) ખરેખર તો જે સમ્યગ્દષ્ટિ છે તે જ પંડિત છે. સ્વામી કાર્તિકેયે પણ એમ કહ્યું છે.

પંડિત અને જ્ઞાનીમાં ફેરફાર :જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપકાર્યે પંડિત થવાય છે, જયારે જ્ઞાની થવું, તે મોહનીય કર્મનો થાય. ત્યાં શ્રદ્ધા સંભવે, ત્યારે જ્ઞાની થવાય. જયાં માત્ર વાકચાતુર્યથી જ તત્ત્વ સમજતા હોય અને શ્રદ્ધા ન હોય, તેવાને શુષ્કજ્ઞાન કહેવાય.

પંડિત ટોડરમલજી :પંડિત ટોડરમલજીને આચાર્યકલ્પ કહેવામાં આવ્યા છે. શાસ્ત્રના રહસ્ય ખોલીને મોક્ષમાર્ગ પ્રકાશકમાં ભરી દીધાં છે.

પંડિત તપ :આત્માનું ભાન થયા પછી, અંતર એકાગ્રતા થવાથી, વૃતિનું તૂટવું, તે પંડિત તપ છે. આનંદમૂર્તિ આત્મામાં કરવાથી ઈચ્છા તૂટી જવી અતીન્દ્રિય આનંદ રસનો સડકો લેતાં ઈચ્છા તૂટી જવી તે જ્ઞાનીનું તપ છે.

પંડિત બનારસીદાસ :તેઓ શ્વેતામ્બરમાં જન્મેલા. પણ દિગંબરની વાત સાંભળી ત્યાં થઈ ગયું કે માર્ગ તો આ જ સત્ય છે.

પંડિત રાજમલજી :સમયસાર કળશની ટીકા લખી છે. પંડિત રાજમલજીએ કેટલું સ્પષ્ટ કર્યું છે. અહો! પહેલાંના પંડિતોએ બહુ સરસ કામ કર્યું છે.

પંડિતકોણ ? :જે વિવેકવાન છે તે. જેને આત્મા અનાત્માનો ભેદ પડ્યો છે તે વિવેકી ભેદવિજ્ઞાની છે.

પિછાણનારું :જાણનારું

પિંડપર્યાયપણે પરિણતિરૂપ દિપ્રદેશાદિપણાની અનુભૂતિ થાય છે :એક પરમાણુને બીજા એક પરમાણુ સાથે પિંડરૂપે પરિણતિ તે દ્વિપ્રદેશીપણાની અનુભૂતિ છે; એક પરમાણુને બીજા બે પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણતિ તે ત્રિપ્રદેશીપણાનો અનુભવ છે. આ પ્રમાણે પરમાણુ અન્ય પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણમતાં અનેકપ્રદેશીપણું અનુભવે છે.

પિંડપર્યાયપણે પરિણતિરૂપ દ્વિપ્રદેશાદિ :એક પરમાણુને બીજા એક પરમાણુ સાથે પિંડરૂપે પરિણતિ તે દ્વિપ્રદેશીપણાની અનુભૂતિ છે; એક પરમાણુને બીજા બે પરમાણુઓ સાથે પિંડરૂપે પરિણતિ તે ત્રિપ્રદેશીપણાનો અનુભવ છે. આ પ્રમાણે પરમાણું અન્ય પરમાણુઓ સાથે પિંડપણે પરિણમતાં અનકેપ્રદેશીપણું અનુભવે છે.

પિપાસુ :જિજ્ઞાસુ; પિપાસા= તરસ. પિપાસુ=તરસ્યું

પિપાસા :તરસ, પીવાની ઈચ્છા. (૨) ઝંખના.

પિષ્ટ પોષણ :દળેલાને ફરીથી દળ્યું છે. એક ને એક વાત, ફરી ફરીને કહેવી.

પિયુ :પ્રિયપતિ; નાવલિયો નાથ; સંસારસાગર તારનાર પ્રભુ.

પીણું :પીવાની વસ્તુ, જેમ કે દૂધિયું. (દૂધિયાનો સ્વાદ અનેકાત્મક એક હોય છે; કારણકે અભેદથી તેમાં એક દૂધિયાનો જ સ્વાદ આવે છે અને ભેદથી તેમાં દૂધ, સાકર, બદામ વગેરે અનેક વસ્તુઓનો સ્વાદ આવે છે.)

પીતભાવ :પીળો ભાવ; પીળી દશા; પીળાપણું. (પહેલાં કેરીની લીલી અવસ્થા હોય છે, પછી પીળી થાય છે.)

પીયૂષ :અમૃતરસ

પ્રકરણ :પ્રસંગ; વિષય; બાબત. (૨) કાર્ય.

પ્રકલ્પ :વ્યવસ્થા; ગોઠવણ; આયોજન; ઉત્તમ આચરણ.

પ્રકષ :ઉત્કર્ષ; ઉગ્રતા

પ્રકર્ષ :અધિકતા; ઉત્કૃષ્ટ. (૨) ઉત્તમતા; શ્રેષ્ઠતા; અત્યંતપણું; ઉદય; અભ્યુદય; ચડતી. (૩) ઉદય; અભ્યુદય; ચઢતી; ઉત્તમતા; શ્રેષ્ઠતા; અત્યંતપણું. (૪) વધારવું. (૫) ઉત્કર્ષ; ઉગ્રતાં; ઉત્તમતા; શ્રેષ્ઠતા; ઉદય; અભ્યુદય. (૬) અત્યંત ભક્તિથી નમન.

પ્રકર્ષરૂપ :ઉત્કૃષ્ટપણે; અતિશયતાથી.

પ્રકાર :સ્વરૂપ; રીત.

પ્રકારો :ભેદો.

પ્રકારાંતર :અન્ય પ્રકાર. (કર્મક્ષય એક જ પ્રકારથી થાય છે, અન્ય પ્રકારે થતો નથી; તેથી તે કર્મક્ષયના પ્રકારમાં દ્વૈત અર્થાત્ બે-પણું નથી.) (૨) બીજી રીત; બીજો પ્રકાર (૩) અન્ય પ્રકાર. (કર્મક્ષય એક જ પ્રકારથી થાય છે, અન્ય પ્રકારે થતો નથી; તેથી તે કર્મક્ષયના પ્રકારામાં દ્વૈત અર્થાત બે-પણું નથી)

પ્રકાશ :ચક્ષુઈન્દ્રિય દ્વારા રૂપી પદાર્થને જોવામાં પ્રકાશ પણ નિમિત્તરૂપ થાય. (૨) જ્ઞાન પ્રકાશ (૩) ઉપદેશ (૪) તેજ. આત્મ સાક્ષાત્કારમાં, તે જ પ્રકાશ ન દેખાય, કારણે; આત્મા તો અરૂપી છે સદાય જ્ઞાન આનંદસ્વરૂપે છે, અને પ્રકાશ તો પરમાણુ છે, -રૂપી છે. અરૂપી આત્મામાં, રૂપી રજકણો છે જ નહિ. (૫) ઉપદેશ (પ્રકાશ કરો= ઉપદેશ કરો)

પ્રકાશક :જાણનાર માત્ર. (૨) જાણનારો

પ્રકાશતા :પ્રગટતા.

પ્રકાશકદ્રવ્ય :જે જીવાદિ પાંચે દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે તેને આકાશદ્રવ્ય કહે છે. આકાશદ્રવ્ય સર્વ વ્યાપક છે, સ્વતંત્ર છે.

પ્રકાશન :પ્રસિધ્ધ કરવું તે; સમજાવવું તે; દર્શાવવું તે.

પ્રકાશમાન રહે છે. :આબાદ રહે છે, નષ્ટ થતું નથી.

પ્રકાશ્ય :પ્રકાશવા યોગ્ય

પ્રકાશવું :દર્શાવવું (૨) પ્રગટવું

પ્રકાશિત કરવું :જાણવું. પદાર્થો સાક્ષ, સ્વજ્ઞેયાકારોનાં કારણ છે (અર્થાત પદાર્થો પોતપોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોના સાક્ષાત્ કારણ છે) અને પરંપરાએ જ્ઞાનની અવસ્થા રૂપ જ્ઞેયાકારોનાં (જ્ઞાનાકારોનાં) કારણ છે.

પ્રકૃત :ચાલુ વિષય. (૨) પ્રાસંગિક; પ્રસ્તુત; જેની વાત ચાલતી હોય તેવું; ચાલુ.

પ્રકૃતને :ચાલુ વિષયનો

પ્રકૃત વસ્તુ :અવિકૃત વસ્તુ; અવિપરીત પાત્ર; (અભ્યંતર નિરુપરાગ-શુધ્ધ-આત્માની ભાવનાને જણાવનારું જે બહિરંગ-નિર્ગ્રંથ-નિવિકાર રૂપ તે રૂપવાળા શ્રમણને અહીં પ્રકૃત વસ્તુ કહેલ છે.)

પ્રકૃતિ :મન-વચન-કાયરૂપ યોગોના શુભાશુભ પરિણમન દ્વારા આત્મામાં પ્રવેશેલા પુદ્ગલો કષાય ભાવને કારણે, આઠ કર્મોરૂપે પરિણમે છે. તે પુદ્ગલાત્મક હોવાથી, આઠેય દ્રવ્ય કર્મ છે. આ કર્મોમાં પોતપોતાના નામને અનુકૂળ કાર્ય કરવાની શકિત હોય છે. જેને પ્રકૃતિ કહે છે. અને તેથી આ આઠ મૂળકર્મ પ્રકૃત્તિઓ કહેવાય છે. જેમનાં ઉત્તરોત્તર ભેદ ૧૪૮ છે. (૨) કર્મ કરવાની શકિત; પોતપોતાના નામને અનુકૂળ, કાર્ય કરવાની શકિત (૩) ક્રમસ્વભાવ; વિકાર (૪) જ્ઞાનાવરણ, દર્શનવરણ, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય, આ આઠ પ્રકારની પ્રકૃત્તિના, અનેક ભેદો છે. તે બધાં પ્રકૃત્તિનાં લક્ષણો છે. (૫) પંચાસી પ્રકારની પ્રકૃતિ છે.

૧. અશાતા વેદનીય, ૨. દેવ ગતિ, પાંચ શરીર, ૩. ઔદારિક, ૪ વૈક્રિયિક, ૫ આહારક, ૬ તૈજસ, ૭ કાર્માણ, પાંચ બંધન, ૮ ઔહારિક, ૯ વૈક્રિયક, ૧૦ આહારક, ૧૧ તૈજસ, ૧૨ કાર્માણ, પાંચ સંધાત, ૧૩ ઔહારિક, ૧૪ વૈક્રિયક, ૧૫ આહારક, ૧૬ તૈજસ, ૧૭ કાર્માણ, છ સંસ્થાન,-૧૮ સમચતુરસંસથાન, ૧૯ન્યગ્રોધપરિમંડલ, ૨૦ સ્વાંતિક, ૨૧ વામન, ૨૨ કુબ્જક, ૨૩ હુંડક, ત્રણ અંગોપાંગ, ૨૪ ઔહારિક, ૨૫ વૈક્રિયક, ૨૬ આહારક, છ સંહનન,-૨૭ વ્રજર્ષભનારાય, ૨૮ વ્રજનારાચ, ૨૯ નારાચ, ૩૦ અર્ધનારાચ, ૩૧ કીલક, ૩૨ સ્ફાટિક, પાંચ વર્ણ - ૩૩ કાળો, ૩૪ લીલો, ૩૫ પીળો, ૩૬ સફેદ, ૩૭ લાલ, બે

ગંધ, ૩૮ સુંગધ, ૩૯ દુર્ગંધ, પાંચ રસ,-૪૦ તીખો, ૪૧ ખાટો, ૪૨ કડવો, ૪૩, મીઠો, ૪૪ કષાયેલો, આઠ સ્પર્શ, ૪૫ કોમળ, ૪૬ કઠોર, ૪૭ ઠંડો, ૪૮ ગરમ, ૪૯ હલકો, ૫૦ ભારે, ૫૧ સ્નિગધ, ૫૨ રુક્ષ, ૫૩ દેવગતિ પ્રાયોગ્યાનું પૂર્વ, ૫૪ અગુરુલા, ૫૫ ઉપઘાત, ૫૬ પરઘાત, ૫૭ ઉચ્છ્વાસ, ૫૮ પ્રશસ્ત વિહાયોગતિ, ૫૯ અપ્રશસ્ત વિહાયોગતિ, ૬૦ અપર્યાપ્તક, ૬૧ પ્રત્યેક શરીર, ૬૨ સ્થિર, ૬૩ અસ્થિર, ૬૪ શુભ, ૬૫ અશુભ, ૬૬ દુર્ભગ, ૬૭ સુસ્વર, ૬૮ દુસ્વર, ૬૯ અનાદેય, ૭૦ અયશઃ કીર્તિ, ૭૧ નિર્માણ, ૭૨ નીચ, ગોત્ર, ૭૩ શાતા વેદનીય, ૭૪ મનુષ્ય ગતિ, ૭૫ મનુષ્યાયુ, ૭૬ પંચેદ્રિય જાતિ, ૭૭ મનુષ્યગતિ, પ્રાયોગ્યાનુ પૂર્વ ૭૮ ત્રસ, ૭૯ બાદર, ૮૦ પર્યાપ્તક, ૮૧ સુભગ, ૮૨ આદેય, ૮૩ યશઃ કીર્તિ , ૮૪ તીર્થંકર, ૮૫ ઉચ્ચ ગોત્ર

(૬) દ્રવ્યકર્મ. (૭) દ્રવ્યકર્મનું બીજું નામ પ્રકૃતિ છે. પ્રકૃતિ જડ છે. (૮) પ્રકૃતિ, પ્રદેશ,સ્થિતિ, અનુભાગ આદિ જુદી જુદી પ્રકૃત્તિઓનું અમુક મુદ્દત સુધી સાથે રહેવું તે જેનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધ સ્થાનો, તે બધાય જીવને નથી. કારણકે, તે પુદગલના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

આત્માના પ્રદેશોની સાથે કર્મની પ્રકૃત્તિ હોય છે. તે પ્રકૃત્તિના ફળરૂપ આ શરીરમાં એકદમ રોગ આવે છે, એકદમ મરણ થાય છે, એકદમ પૈસા ભેગા થઈ જાય છે. એકદમ પૈસા ચાલ્યા જાય છે, વગેરે અનૂકૂળતા અને પ્રતિકૂળતા થયા કરે છે ત`બધુ થવાનું કારણ કર્મ પ્રકૃત્તિનો ઉદય છે. તે બધા ઉદયની સ્થિતિ જેટલી હોય, તે પ્રમાણે તે રહે ને પછી તે ચાલ્યું જાય છે. તે કર્મપ્રકૃત્તિઓનું સ્થિતિ ઓછામા ઓછી અંતમુહૂર્તની અને વધારેમાં વધારે, સિત્તેર ક્રોડાક્રોડી સાગરો પમની હોય છે. સિત્તેર ક્રોડાક્રોડી સાગરો પમનો, સાત ચોવીસી જેટલો કાળ થાય, તે બધા સ્થિતિબંધના પ્રકારો પુદ્ગલના પરિણામ છે. તે આત્માનો સ્વભાવ નથી. (૯) કર્મ; વિભાવ ભાવ; રાગાદિ વિભાવ ભાવ; સ્વ પરની એકતા. (૧૦) પૌદ્ગલિન કર્મ; આત્માનું વિભાવ પરિણામ. આત્માના વિભાવ પરિણામનું કારણ, પૌદ્ગલિક કર્મ હોય છે. જેને પ્રકૃત્તિ પણ કહે છે. વિભાવ પરિણામ જો ચૈતન્યરૂપ હોય તો તેને ઉત્પન્ન કરનાર પ્રકૃત્તિ પણ જ્ઞાન રૂપ કરે છે. પરંતુ જ્ઞાન, પ્રકૃતિનો ધર્મ નથી. તેને પ્રકૃતિનો ધર્મ માનતાં, પ્રકૃતિને ચેતનપણાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.સાંખ્યમતના અનુયાયીઓએ, આત્માને પુરુષ માન્યો છે. સાંખ્યોએ, પુરુષ આત્માનો ચેતનેરૂપે સ્વીકાર કર્યો છે, અને પ્રકૃતિને જડરૂપે. (૧૧) કર્મ પ્રકૃત્તિ; જ્ઞાનાવરણાદિ આઠ કર્મ પ્રકૃત્તિ; જ્ઞાનાવરણાદિ આઠ કર્મો

પ્રકૃતિ સ્વભાવ :મિથ્યાત્વાદિ ભાવ; રાગાદિભાવ; કર્મના ઉદયનો સ્વભાવ

પ્રકૃતિનું લક્ષણ :સ્વભાવનું નામ પ્રકૃતિ છે. જેવી રીતે કોઈ અ.ક વસ્તુમાં મધુરતા હોવી, એ એની પ્રકૃતિ છે. પ્રકૃત્તિનો અર્થ સ્વભાવ છે. જે પ્રકારે લીમડાની પ્રકૃતિ કડવાપણું છે. ગોળની પ્રકૃતિ ગળપણ છે. તે જ પ્રકારે જ્ઞાનાવરણ કર્મની પ્રકૃત્તિ જ્ઞાનનો અભાવ છે.

જેવી રીતે આત્માને, અજ્ઞાનાદિરૂપ ફળ ક્રિયા થાય છે, તે તેની પ્રકૃતિ છે. આ પ્રકૃતિ અજ્ઞાન શબ્દની વ્યુત્પત્તિ છે. જે કર્મસ્કંધ વર્તમાનકાળમાં ફળ આપે છે. અને જે ભવિષયમાં ફળ આપશે, આ બંને જ કર્મસ્કંધની પ્રકૃત્તિ સંજ્ઞા સિદ્ધ કરે છે.

પ્રકૃતિનો સ્વભાવ :રાગની ક્રિયાઓ; કર્મનો સ્વભાવ; વિકાર ભાવ. (૨) શુભાશુભ વિકલ્પની જે વિકૃત્તિ વૃત્તિ ઉઠે છે, તે પ્રકૃત્તિનો સ્વભાવ છે. હવે પ્રકૃત્તિનો સ્વભાવ કે, જે પોતાને બંધનું નિમિત્ત છે, તેને જયાં સુધી છોડે નહિ, ત્યાં સુધી સ્વ પરના એકત્વરૂપ શ્રદ્ધાનથી, જીવ મિથ્યાદષ્ટિ છે. દયા, દાન, વ્રત આદિ શુભરાગથી, લાભ માનનાર જીવ, શુભરાગને પોતાનું સ્વમાને છે, અને તેથી સ્વ-પરના એકત્વ શ્રદ્ધાનથી, તે મિથ્યાદષ્ટિ છે. (૩) પુણ્ય-પાપના મલિન ભાવ તે પ્રકૃત્તિનો સ્વભાવ છે. મિથ્યાત્વભાવ. (૪) કર્મનો ઉદય; જ્ઞાનાનંદ સ્વરૂપ (૫) મિથ્યાત્વાદિભાવ; રાગાદિભાવ; કર્મના ઉદયનો સ્વભાવ.

પ્રકૃતિબંધનું લક્ષણ :જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મોના તે કર્મોને યોગ્ય એવો જ પુદ્ગલ દ્રવ્યનો સ્વ-આકાર, તે પ્રકૃતિબંધ છે.

પ્રકૃતિભૂત :સ્વભાવભૂત (સુખ સ્વભાવભૂત છે)

પ્રકૃતિતના એકાર્થવાચીનામ :પ્રકૃત્તિ, શીલ અને સ્વભાવ એ બધા એકાર્થવાળા છે. શકિત, લક્ષણ, વિશેષ, ધર્મ,રૂપ, ગુણ, તથા સ્વભાવ, પ્રકૃતિશીલ અને આકૃત્તિ એ બધા એકાર્થવાચી છે.

પ્રકૃત્તિબંધ અને પ્રદેશબંધ :ગ્રહણ એટલે કર્મપુદગલોનો જીવપ્રદેશવર્તી (જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલા) કર્મ સ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે. યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરસ્પંદ (અર્થાત જીવના પ્રદેશોનું કંપન તેને પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કહે છે. તેથી અહીં (બંધને વિષે) બહિરંગ કારણ (નિમિત્ત) યોગ છે કારણ કે તે પુદ્ગલોના ગ્રહણનો હેતુ છે. (૨) મન, વચન, કાયાના યોગના નિમિત્તે થતું આત્માના પ્રદેશોનું કંપનથી થાય છે. સ્થિતિબંધ અને અનુભાગબંધ મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયથી થાય છે.

પ્રકૃત્તિબંધ :કેટલાંક કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાનગુણને રોકવાનો હોય, કોઈનો દર્શનગુણ રોકવાનો સ્વભાવ હોય; કોઈ કર્મ શાતા કે અશાતા વેદનીય આપવાના સ્વભાવવાળું હોય તેને પ્રકૃતિ કહે છે. મૂળ પ્રકૃતિ આઠ છે. (જ્ઞાનાવરણીય આદિ) ને ઉત્તર પ્રકૃત્તિ ૧૪૮ છે. (૨) કર્મનો સ્વભાવ અથવા પરિણામ. કેટલાંક કર્મનો સ્વભાવ આત્માના જ્ઞાનગુણને રોકવાનો હોય, કોઈનો દર્શન ગુણ રોકવાનો હોય, કોઈ કર્મ શાતા કે અશાતા વેદનીય આપવાના સ્વભાવવાળું હોય તેને પ્રકૃતિ કહે છે. મૂળ પ્રકૃતિ આઠ છે. (જ્ઞાનાવરણીય આદિ) ને ઉત્તર પ્રકૃતિ ૧૪૮ છે. (૩) એક સમયે સાત, અથવા આઠ પ્રકૃતિનો બંધ થાય છે. તેની વહેંચણી દરેક પ્રવૃત્તિ કેવી રીતે કરી લે છે તેના સંબંધમાં ખોરાક નથી. વિષના દષ્ટાંતો જેમ ખોરાક એક જગોએથી લેવામાં આવે છે પણ તેનો રસ દરેક ઈન્દ્રિયને પહોંચે છે, ને દરેક ઈન્દ્રિયો જ પોતે પોતાની શક્તિ પ્રમાણે ગ્રહી તે રૂપે પરિણમે છે, તેમાં તફાવત પડતો નથી. તેવી જ રીતે વિષ લેવામાં આવે, અથવા સર્પદંશ થાય તો તે ક્રિયા તો એક જ ઠેકાણે થાય છે, પરંતુ તેની અસર ઝેરરૂપે દરેક ઈન્દ્રિયને જુદે જુદે પ્રકારે આખે શરીરે થાય છે. આ જ રીતે કર્મ બાંધતી વખત મુખ્ય ઉપયોગ એક પ્રકૃતિનો હોય છે; પરંતુ તેની અસર અર્થાત્ વહેંચણ બીજી સર્વ પ્રકૃતિઓને અન્યોન્યના સંબંધને લઈને મળે છે. જેવો રસ તેવું ગ્રહણ કરવું થાય. જે ભાગમાં સર્પદંશ થાય તે ભાગ કાપી નાખવામાં આવે, તો ઝેર ચઢતું નથી; તે જ પ્રમાણે પ્રકૃતિનો ક્ષય કરવામાં આવે તો બંધ પડતો અટકે છે, અને તેને લીધે બીજી પ્રકૃતિઓમાં વહેંચણ થતી અટકે છે. બીજા પ્રયોગથી જેમ ચઢેલું ઝેર પાછું ઊતરે છે, તેમ પ્રકૃતિનો રસ મંદ કરી નાખવામાં આવે તો તેનું બળ ઓછું થાય છે. એક પ્રકૃતિ બંધ કરે કે બીજી પ્રકૃતિઓ તેમાંથી ભાગ લે; એવો તેમાં સ્વભાવ રહેલો છે.

મૂળ કર્મપ્રકૃતિઓ ક્ષય થયો ન હોય ત્યાં સુધી ઉત્તરકર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ થયો હોય તોપણ તેનો બંધ મૂળ પ્રકૃતિમાં રહેલા રસને લીધે પડી શકે છે, તે આશ્ચર્ય જેવું છે. જેમ દર્શનાવરણીયમાં નિદ્રા-નિદ્રા આદિ.

અનંતાનુબંધી કર્મપ્રકૃતિની સ્થિતિ ચાલીસ કોડાકોડીની અને મોહનીય (દર્શનમોહનીય) ની સિત્તેર કોડાકોડીની છે. (૪) મોહાદિ જનક તથા જ્ઞાનાદિ ઘાતક તે તે સ્વભાવવાળા કાર્માણ પુદ્ગલ સ્કંધોનો આત્મા સાથે સંબંધ થવો તેને પ્રકૃતિબંધ કહે છે. (૫) રાગ-દ્વેષ નિમિત્તથી જીવની સાથે, યૌદ્ગલિક કર્મોનો બંધ નિરંતર થાય છે. જીવના ભાવોની વિચિત્રતા અનુસાર કર્મ પણ વિભિન્ન પ્રકારનાં ફળ આપવાની શકિતની સાથે લઈને આવે છે. એથી તે વિભિન્ન સ્વભાવ યા પ્રકૃતિવાળા થાય છે. પ્રકૃતિની અપેક્ષાથી તે કર્મોના મૂળ આઠ પ્રકાર છે અને ઉત્તર પ્રકૃતિના ૧૪૮ ભેદ છે. ઉત્તરોત્તર ભેદ અસંખ્યાત થઈ જાય છે. સર્વ પ્રકૃતિઓમાં કોઈ પાપરૂપ હોયછે. કોઈ પુણ્યરૂપ, કોઈ પુદ્ગલ વિભાગી, કોઈ ક્ષેત્ર અને ભવવિપાકી, કોઈ ધ્રુવબંધી, કોઈ અધ્રુવબંધી ઈત્યાદિ.

પ્રકૃતિબંધના ભેદ :આઠ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય. (૨) આઠ ભેદ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય.

પ્રકૃતિભૂત :સ્વભાવભૂત (સુખ સ્વભાવભૂત છે.)

પ્રક્રમણ :પ્રજવલન; અગ્નિ; તીવ્ર અગ્નિ; તીક્ષ્ણ અગ્નિ; દાવાનલ.

પ્રક્રમ :કાર્ય; ઉદ્યમ (૨) પ્રજવલન (૩) પ્રજવલન; તીક્ષ્ણ ધ્યાનાગ્નિ (૪) કાર્યમાં પ્રવર્તનરૂપ ઉદ્યમ. (પ્રક્રમ)

પ્રકૃષ્ટ :પ્રબળ; અતિશય. (૨) શ્રેષ્ઠ. (૩) પ્રબળ; મજબૂત; અતિશય; ખૂબ; (૨) ઉત્તમ; શ્રેષ્ઠ; ઉમદા. (૪) પ્રબળ; અતિશય (૫) પ્રબળ; અતિશય; કર્મચેતનાવાળા જીવને જ્ઞાનાવરણ પ્રકૃષ્ટ હોય છે અને કર્મફળચેતનાવાળાને અતિ પ્રકૃષ્ટ હોય છે.

પ્રકૃષ્ટ ભાવ :ઉત્કટ ભાવ; તીવ્ર અસર (૨) ઉત્કટ અસર; ઉદ્દામ મોહદશા

પ્રક્રિયા :રીત

પ્રગટ :ઉત્પન્ન. (૨) સ્થૂલ

પ્રગટ થવું :ઉત્પન્ન થવું. (૨)ખ્યાલમાં આવવું.

પ્રગટ પર્યાય :દ્રવ્યને પ્રસિદ્ધ કરનારી પ્રગટ પર્યાય તે દ્રવ્યમાં ઘૂસી જતી નથી. જો દ્રવ્યમાં ઘૂસી જાય તો આ દ્રવ્ય છે એમ કોણ જાણે ? અવ્યક્તને જાણનાર પર્યાય તો અવ્યક્તથી ભિન્ન રહીને તેને જાણે છે. દ્રવ્યની પ્રતીતિ કરનારી પર્યાય દ્રવ્યમાં ઘૂસી જાય તો પ્રતીતિ કરનાર કોઈ રહેતું નથી. તેથી પ્રગટ વર્તમાન પર્યાય દ્રવ્યથી ભિન્ન રહીને પ્રતીતિ કરે છે.

પ્રગટે ભાણ :કેવળજ્ઞાન ભાસ્કર અંતરમાં પ્રગટે.

પ્રગટ જ્ઞાન :સમ્યગ્જ્ઞાન.

પ્રગટ સત્ :સમ્યક્ દૃષ્ટિવંત પ.પૂ. શ્રી અમૃતભાઈ.

પ્રગુણ :સરળ; દક્ષ; ચતુર; ગુણવાન.

પ્રઘટના :ઉતાવળ જેમ પરમાણુની શક્તિ પર્યાયને પામવાથી વધતી જાય છે, તેમ ચૈતન્યદ્રવ્યની શક્તિ વિશુદ્ધતાને પામવાથી વધતી જાય છે. કાચ, ચશ્માં, દૂરબીન આદિ પહેલા (પરમાણુ) નાં પ્રમાણ છે; અને અવધિ, મનઃપર્યાય, કેવળજ્ઞાન, લબ્ધિ, ઋદ્ધિ વગેરે બીજા (ચૈતન્ય) નાં પ્રમાણ છે.
પાંચ સ્થાવર એકેન્દ્રિય બાદર છે, તેમ જ સૂક્ષ્મ પણ છે. નિગોદ બાદર છે તેમ સૂક્ષ્મ છે. વનસ્પતિ સિવાય બાકીના ચારમાં અસંખ્યાત સૂક્ષ્મ કહેવામાં આવે છે. નિગોદસૂક્ષ્મ અનંત છે; અને વનસ્પતિના સૂક્ષ્મ અનંત છે; ત્યાં નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિ ઘટે છે.

પ્રચ્છન્ન :ગુપ્ત; ઢંકાયેલ; અંતરિત.

પ્રચંડ :ઉગ્રશક્તિ (૨) બળવાન; આકરું; તીખું; ઉગ્રતા.

પ્રચંડ જ્ઞાન :તીખું જ્ઞાન; બળવાન જ્ઞાન; આકરું જ્ઞાન; ઉગ્ર જ્ઞાન. (૨) તીખું જ્ઞાન; આત્માનું અખંડ અપૂર્વ ભાન; શુદ્ધ ચૈતન્યમૂર્તિ

પ્રચય :સમૂહ

પ્રચુર :ભરપૂર (૨) પુષ્કળ; ખુબ (૩) ઘણું; પુષ્કળ; મોટા વિસ્તારવાળું. (૪) (૫) છલોછલ ભરેલું

પ્રચુર સંવેદન :સ્વરૂપ સ્વસંવેદન (૨) ઘણો આનંદ (૩) સ્વરૂપ સર્વ સંવેદન

પ્રચલા :જેના ઉદયથી જીવને, ઊભા કે બેઠાં ઊંઘ આવે. (૨) બેઠાં બેઠાં, જરી ઝોકું આવી જાય, તે દશાને પ્રચલા કહે છે.

પ્રચલા પ્રચલા :ઘોડા ઉપર બેઠાં બેઠાં, જરી નિંદ્રા આવી જાય, એવી દશાને પ્રચલા-પ્રચલા કહે છે. (૨) જેના ઉદયથી જીવને રસ્તે ચાલતાં, ઊંઘ આવે.

પ્રચાર :ગમનાગમન

પ્રજ્વલિત :દેદીપ્યમાન.

પ્રણત :પ્રણામ

પ્રણત થાય છે :પ્રણામ કરે છે.

પ્રણત થવું :પ્રણામ કરવા.

પ્રણામ :વંદન

પ્રણાલિકા :રૂઢિ; પદ્ધતિ; પરંપરા

પ્રણિપત :વિવેકપૂર્વકની વિનંતી; આજીજી; કાલાવાલા.

પ્રણિપાત :સાષ્ટાંગ પ્રણામ; પગે પડવું તે; પ્રણામ (૨) પગમાં પડી નમન કરવું એ; પગેલગણ.

પ્રણીત :કહેલું (૨) રચેલું; સ્થાપન કરેલું. (૩) ઉપદેશ પામેલ; સર્વજ્ઞથી રચિત

પ્રણીત કરવું :જાણવામાં આવવું

પ્રણીત છે. :સર્વજ્ઞ ભગવાને કહ્યું છે; પ્રમાણતાને પામે છે.

પ્રણીતેલા :રચેલાં (૨) ઉપદેશેલા (૩) રચેલાં. (પ્રણીત=રચેલું.)

પ્રણમન :દેહથી નમવું તે. (નમસ્કારમાં પ્રણમન અને વંદન બન્ને સમાય છે.) (૨) દેહથી નમવું તે; વંદન=વચનથી, સ્તુતિ કરવી તે. નમસ્કારમાં પ્રણમન અને વંદન બન્ને સમાય છે. (૩) દેહથી નમવું તે. વંદન = વચનથી સ્તુતિ કરવી તે. નમસ્કારમાં પ્રણમન અને વંદન બંન્ને સમાય છે. (૪) દેહથી નમવું તે; વંદન= વચનથી સ્તુતિ કરવી, તે (નમસ્કારમાં પ્રણમન અને વંદન બન્ને સમાય છે.)

પ્રતપે છે :પ્રતાપવંત વર્તે છે; પરમાનંદજ્ઞાનાદિરૂપે પરિણમે છે.

પ્રતપતા :તપવું-પ્રતાપવંત વર્તવું.

પ્રતપન :તપશ્ચરણ.

પ્રતપવું :તપવું; પ્રતાપવંત વર્તવું (જ્ઞાનસ્વભાવી પરમાત્મા વિશ્વને જ્ઞેયરૂપ કરીને તપે છે-પ્રતાપવંત વર્તે છે.) (૨) પ્રતાપવંત હોવું; ઝળહળવું; દેદીપ્યમાન હોવું (૩) પ્રતાપવંત હોવું; જળહળવું; દેદીપ્યવાન હોવું. (૪) તપવું; પ્રતાપવંત વર્તવું. (જ્ઞાનસ્વભાવી પરમાત્મા વિશ્વને જ્ઞેયરૂપ કરીનો તપે છે - પ્રતાપવંત વર્તે છે.) (૫) પ્રતાપવંત હોવું. જળહળવું; દેદીપ્યમાન હોવું. (૬) પ્રતાપવંત હોવું; ઝળહળવું; દેદીપ્યમાન હોવું

પ્રતર :અબરખ વગેરેના પડ તે પ્રતર છે.

પ્રત્ય, જયોતિ :આત્મખ્યાતિરૂપ; અનુભૂતિમાત્ર; નિર્મળ જયોતિ

પ્રત્યેક :વ્યકિતગત

પ્રત્યેક દ્રવ્યમાં કયો પર્યાય એક અને કયા પર્યાયો અનંત હોય છે ? :પ્રત્યેક દ્રવ્યમાં પ્રદેશત્વ ગુણના કારણે વ્યંજનપર્યાય એક હોય છે, અને તે (દ્રવ્ય) માં અનંત ગુણો હોવાથી તેના અર્થપર્યાયો અનંત હોય છે.

પ્રત્યેક નામ કર્મ :જે કર્મના ઉદયથી, એક શરીરનો એક સ્વામી હોય, તેને પ્રત્યેક નામકર્મ કહે છે.

પ્રત્યેક પણે :એકેક, છૂટાં છૂટાં

પ્રત્યેક પ્રત્યેકને :વ્યકિતગત

પ્રત્યેક વનસ્પતિકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ :૧૦ હજાર વર્ષ

પ્રત્યેક શરીર નામકર્મ :જે કર્મના ઉદયથી એક શરીરનો એક જ સ્વામી હોય, તેને પ્રત્યેક શરીર નામકર્મ કહે છે.

પ્રત્યક્ષ :અંતઃકરણ, ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક - એ બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્યપર્યાયોના સમૂહમાં એકી વખતે જ વ્યાપીને પ્રવર્તતું જે જ્ઞાન તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી પ્રત્યક્ષ તરીકે ઓળખાય છે. (૨) અક્ષ પ્રતિ-અક્ષની સામે-અક્ષની નિકટમાં-અક્ષના સંબંધમાં હોય એવું. (અક્ષ=(૧) જ્ઞાન; (૨) આત્મા.) (૩) (પ્રતિ+અક્ષ) અક્ષનો અર્થ આત્મા છે. આત્મા પ્રતિ જેનો નિયમ હોય એટલે પર નિમિત્ત-ઈન્દ્રિયો, મન, આલોક, ઉપદેશ વગેરે રહિત આત્માને આશ્રયે જે ઊપજે , જેમાં બીજું કાંઈ નિમિત્ત ન હોય એવું જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. (૪) કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (૫) સમ્યગ્દર્શનમાં આત્માજ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે (પરના આશ્રય વિના સીધો જ્ઞાનમાં જણાય છે.) સમ્યગ્દર્શન તો પ્રતીતિરૂપ છે, પણ તે કાળે મતિ-શ્રુતજ્ઞાનથી સ્વને પકડતાં પોતે પ્રત્યક્ષ થઈ જાય છે. (વેદનની અપેક્ષાએ વાત છે.)

ખરેખર તો જ્ઞાનની પર્યાય સ્વ તરફ ઢળી એટલે જ્ઞાન પ્રત્યક્ષ થયું. પ્રત્યક્ષ સ્વાનૂભુતિની દશા પ્રગટ થઈ ગઈ. તે સ્વાનૂભુતિની દશામાં જે જ્ઞાન થયું તે જ્ઞાન-જ્ઞાનને (જ્ઞાયકને) જાણે, સાથે અન્યને પણ જાણે. દ્રવ્યમાં સ્વ પરને જાણવાની શક્તિ છે, તે જાણવાનું કાર્ય તો પ્રગટ પર્યાયમાં જ થાય છે.

(૬) અંતઃકરણ (મન), ઈંદ્રિયો, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક અને બધાંય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એક આત્મ સ્વભાવને જ, કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્યપર્યાયોના સમૂહમાં, એકી વખતે જ વ્યાપીને

પ્રવર્તતું જે જ્ઞાન, તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી, પ્રત્યક્ષ તરીકે ઓળખાય છે. (૭) (પ્રતિ+અક્ષ) અક્ષનો અર્થ આત્મા છે. આત્મા પ્રતિ જેનો નિયમ હોય એટલે પર નિમિત્ત. ઈન્દ્રિયો, મન, આલોક, ઉપદેશ વગેરે રહિત આત્માને આશ્રયે જે ઊપજે, જેમાં બીજું કંઈ નિમિત્ત ન હોય એવું જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. (૮) આત્માના આશ્રયે થતું, અતીન્દ્રિય જ્ઞાન. (૯) અક્ષપ્રતિ =અક્ષ=આત્મા અથવા જ્ઞાન. પ્રતિ=(અક્ષની) સામે-નિકટમાં પ્રતિ+અક્ષ=આત્માના સંબંધ હોય, એવું (૧૦) અક્ષ પ્રતિ-અક્ષની સામે- અક્ષની નિકટમાં -અક્ષના સંબંધમાં હોય, એવું. (અક્ષ= (૧) જ્ઞાન; (૨) આત્મા) (૧૧) સાક્ષાત જાણવું

પ્રત્યક્ષ પ્રતિભાસમય :વસ્તુ, નિજ પરમાત્મતત્ત્વા સકળ નિરાવરણ અખંડ એક ત્રિકાળ અવિનશ્વર છે, (૨) ત્રિકાળી ધ્રુવ એક જ્ઞાયકભાવ માત્ર શુદ્ધ પારિણામિક ભાવ માત્ર વસ્તુ જે છે તે જ ખરેખર, આત્મા છે. (૩) જે સકલ નિરાવરણ એક અખંડ પ્રત્યક્ષ પ્રતિભા સમય, અવિનશ્વર શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ, નિજ પરમાત્મ દ્રવ્ય, તે જ હું છું.

પ્રત્યક્ષ પ્રમાણ :કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તતે પ્રત્યક્ષપ્રમાણ છે. (૨) જે પદાર્થને સ્પષ્ટ જાણે (૩) કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે. (૪) તેના બે ભેદ છે, એક સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને બીજો પરમાર્થિક પ્રત્યક્ષ

પ્રત્યક્ષ+જ્ઞાન :પ્રત્યક્ષ=પ્રતિ+અક્ષ=અક્ષનો અર્થ આત્મા છે. આત્મા પ્રતિ જેનો નિયમ હોય એટલે પર નિમિત્તો-ઈન્દ્રિયો, મન, આલોક, ઉપદેશ વગેરે રહિત આત્માને આશ્રયે જે ઊપજે, જેમાં બીજું કંઈ નિમિત્ત ન હોય એવું જ્ઞાન તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે.

પ્રત્યક્ષજ્ઞાન :અંતઃકરણ; ઈન્દ્રિય, પરોપદેશ, ઉપલબ્ધિ, સંસ્કાર કે પ્રકાશાદિક-એ બધાંય પર દ્રવ્યની અપેક્ષા રાખ્યા વિના એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને સર્વ દ્રવ્ય-પર્યાયોના સમૂહમાં એકી વખતે જ વ્યાપીને પ્રવર્તતું જે જ્ઞાન, તે કેવળ આત્મા દ્વારા જ ઉત્પન્ન થતું હોવાથી પ્રત્યક્ષ તરીકે ઓળખાય છે. (૨) જે સીધુ આત્મા દ્વારા જ જાણે છે તે જ્ઞાન પ્રત્યક્ષ છે. ઈન્દ્રિયજ્ઞાન તો પરદ્રવ્યરૂપ ઈન્દ્રિયો દ્વારા જાણે છે તેથી તે પ્રત્યક્ષ નથી. કારણ કે ઈન્દ્રિયો પર દ્રવ્ય છે તે આત્માના સ્વભાવરૂપ નથી. જે કેવળ આત્મા પ્રતિ જ નિયત હોય તે જ્ઞાન ખરેખર પ્રત્યક્ષ છે.

પ્રત્યક્ષજ્ઞાન અનાકુળ છે :

(૧) અનાદિ જ્ઞાનસામાન્યરૂપ સ્વભાવ ઉપર મહાવિકાસથી વ્યાપીને સ્વતઃ (પોતાથી) જ રહ્યું હોવાથી સ્વયં ઊપજે છે તેથી આત્માધીન છે. (અને આત્માધીન હોવાથી આકુળતા થતી નથી.)

(૨) સમસ્ત આત્મપ્રદેશોમાં પરમ સમક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈ, વ્યાપી રહેલું હોવાથી સમંત છે તેથી અશેષ દ્વારો ખુલ્લાં થયાં છે (અને એ રીતે કોઈ દ્વાર બંધ નહિ હોવાથી આકુળતા થતી નથી);

(૩) સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારોને અત્યંત પી ગયું હોવાને લીધે પરમ વિવિધતામાં વ્યાપીને રહેલું હોવાથી અનંત પદાર્થોમાં વિસ્તૃત છે તેથી સર્વ પદાર્થોને જાણવાની ઈચ્છાનો અભાવ છે (અને એ રીતે કોઈ પદાર્થને જાણવાની ઈચ્છા નહિ હોવાથી આકુળતા થતી નથી);

(૪) (જ્ઞાનમાંથી) સકળ શક્તિને રોકનારું કર્મ સામાન્ય નીકળી ગયું હોવાને લીધે (જ્ઞાન) પરિસ્પષ્ટ પ્રકાશ વડે પ્રકાશમાન (તેજસ્વી) સ્વભાવમાં વ્યાપીને રહ્યું હોવાથી વિમળ છે તેથી સમ્યક્‌પણે (બરાબર) જાણે છે (અને એ રીતે સંશયાદિ રહિતપણે જાણવાને લીધે આકુળતા નથી); તથા

(૫) જેમણે ત્રણે કાળનું પોતાનું સ્વરૂપ યુગપદ્ સમર્પિત કર્યું છે (એકી સાથે જણાવ્યું છે) એવા લોકાલોકમાં વ્યાપીને રહ્યું હોવાથી અવગ્રહાદિ રહિત છે તેથી ક્રમે થતા પદાર્થગ્રહણના ખેદનો અભાવ છે;

આ પ્રમાણે ઉપર્યુક્ત પાંચ કારણે પ્રત્યક્ષજ્ઞાન અનાકુળ છે. તેથી ખરેખર તે પારમાર્થિક સુખ છે.

પ્રત્યગ જ્યોતિ :નિર્મળ જ્યોતિ; સ્વરૂપમાં લીન થયો; આત્માની ખ્યાતિ થઈ; ઈશ્વરનાં દર્શન થયા; પોતાની પ્રસિદ્ધિ થઈ; આત્મ સાક્ષાત્કાર થયો.

પ્રત્યગ્જ્યોતિ :પૃથગ્જ્યોતિ

પ્રત્યુપકાર :ઉપકારની સામે ઉપકાર; ઉપકારના બદલામાં કરાતો ઉપકાર.

પ્રત્યભિજ્ઞાન :જે પૂર્વે જોવામાં (-જાણવામાં) આવી હતી તે જ આ વસ્તુ છે એવું જ્ઞાન;

પ્રત્યભિજ્ઞાન :સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં જોડરૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે :- આ તે જ મનુષ્ય છે કે જેને કાલે જોયો હતો. (૨) વસ્તુ સર્વથા ક્ષણિક હોય તો જે પૂર્વે જોવામાં (જાણવામાં) આવી હતી તે જ આ વસ્તુ છે એવું જ્ઞાન ન થઈ શકે. (૩) સરખા સ્વરૂપની વસ્તુ જોઈ પૂર્વની વસ્તુનું સ્મરણ થઈ આવવું તે. સંસ્કાર અને ઈંદ્રિયોથી થતું જ્ઞાન; ઓળખ; પિછાન. (૪) સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત, પદાર્થોમાં, જોડ રૂપ જ્ઞાનને પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમ કે, આ તે જ મનુષ્ય છે કે, જેને કાલે જોયો હતો. (૫) અર્થાવબોધ સામાન્ય; સંસ્કાર અને ઈન્દ્રિયોથી થતું, જ્ઞાન. (૬) વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં આ પદાર્થ તે જ છે કે જેને પહેલાં જોયો હતો, એ રીતે સરણ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને પ્રયિભિજ્ઞાન કહે છે. (૭) આ તે જ છે કે, જેને મેં પહેલાં જોયું હતું. એ પ્રકારના જ્ઞાનને, પ્રત્યભિજ્ઞાન કહે છે. (૭) સ્થિર જ્ઞાન; ''આ તે જ, મનુષ્ય છે, જેને પહેલાં આપણે જોયો છે.''

પ્રત્યય :નિમિત્ત. (૨) હેતુ; કારણ; પ્રયોજન; આશય; ઉદ્દેશ; મતલબ; અર્થ; પ્રતીતિ; ખાતરી. (૩) આસ્રવ; તેમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ-એ પાંચેય લેવા. એ પાંચેય આસ્રવ પુદ્ગલપૂર્વક થયા હોવાથી પુદ્ગલ છે. (૪) અનુભવજન્ય જ્ઞાન; પ્રતીતિ; ખાતરી; વિશ્વાસ; ભરોસો, જેનું મૂળરૂપ પકડી ન શકાય તેવું (૫) આગમમાં આ શબ્દ મુખ્યપણે, કર્મોના આસ્રવ અને બન્ધના નિમિત્તોને માટે યોજયો છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, એ પ્રકારે પ્રત્યયના અનેક ભેદ છે.

પ્રત્યયી :તે સંબંધી.

પ્રત્યયો :આસ્રવો (૨) કર્મબંધના કારણો અર્થાત્ આસ્રવો (૩) દ્રવ્ય આસ્રવો. (૪) કર્મબંધના કારણો અર્થાત્ આસ્રવો (૫) હેતુઓ; કારણો.

પ્રત્યાખ્યાન :અમુક વસ્તુ ભણી ચિત્ત ન કરવું એવો જે નિયમ કરવો તેને પ્રત્યાખ્યાન કે પરચખાણ કહે છે. (૨) ત્યાગ; દ્રવ્યોનું પ્રત્યાખ્યાન=દ્રવ્યોનું ત્યાગવું (૩) અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પર ભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને ત્યાગે છે તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે. બીજો તો કોઈ ત્યાગનાર નથી-એટલે શું ? કે જ્ઞાનસ્વભાવમાં વિભાવ-વિકલ્પ વ્યાપવાને લાયક નથી, આમ જે જાણનારે જાણ્યું તે જ જાણનાર વિભાવને છોડે છે અર્થાત તે રૂપે પરિણમતો નથી, તેને રાગનો ત્યાગનાર કહે છે, જાણનાર જુદો અને ત્યાગનાર જુદો એમ નથી. તેથી જે જાણે છે તે જ પછી ત્યાગે છે. મારા જ્ઞાનસ્વભાવમાં રાગ વ્યાપ્ત થાય એવો રાગનો સ્વભાવ નથી અને મારો પણ સ્વભાવ એવો નથી કે રાગ મારામાં વ્યાપે. આમ જયાં રાગને ભિન્ન પરપણે જાણ્યો ત્યાં તેના તરફનું લક્ષ રહ્યું નહિ અને સ્વભાવમાં જ દૃષ્ટિ સ્થિર થઈ. આને પચ્ચકખાણ એટલે જાણનારે રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. બાકી આનો પચ્ચકખાણ અને તેનો પચ્ચકખાણ એમ વિકલ્પો કરે બે બંધો સંસાર છે. (૪) ચારિત્ર. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે તો સમ્યગ્ચારિત્ર સાક્ષાત ધર્મ છે. ચારિત્ર તે ધર્મ છે. એ જ દુઃખથી છૂટવાનો ઉપાય-મોક્ષ માર્ગ છે. આવું ચારિત્ર કોને કહેવાય ? સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. સ્વરૂપમાં આચરણ કરવું -ઠરવું એ ચારિત્ર છે. જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા તે હું છું આમ નિશ્ચય કરીને રાગને પરપણે જાણી જ્ઞાન જ્ઞાનમાં ઠરે એ પ્રત્યાખ્યાન છે, ચારિત્ર છે, ધર્મ છે. (૫) પોતે તો એ નામથી રહિત છે, કારણ કે જ્ઞાન સ્વભાવથી પોતે છૂટયો નથી; આત્મા તો પરભાવના ત્યાગકર્તાપણાના નામથી રહિત છે, કેમ કે પોતે તો જ્ઞાનસ્વભાવપણે જ રહ્યો છે, જ્ઞાનથી છૂટયો જ નથી. માટે જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. જ્ઞાન જ્ઞાનમાં થંભ્યું સ્થિર થયું એ જ પ્રત્યાખ્યાન છે એમ અનુભવ કરવો. (૬) જ્ઞાતાસ્વભાવી ભગવાન આત્માનું પ્રત્યાખ્યાન-ચારિત્ર-રાગનો ત્યાગ એ જ્ઞાન જ કહ્યું. જ્ઞાન જ્ઞાનમાં ઠરે એ જાણનાર આ આત્માનું પ્રત્યાખ્યાન છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માનું જ્ઞાન, તેની પ્રતીતિ અને તેનો અનુભવ કરી તેમાં સ્થિર થવું એટલે કે રાગથી ભિન્ન પડીને જયાં જ્ઞાયકનો અનુભવ કરે ત્યાં જ્ઞાન આત્મામાં સ્થિર થઈ જાય એ વીતરાગચારિત્ર પ્રત્યાખ્યાન છે. આવું

પ્રત્યાખ્યાન એ એક જ જીવને કર્તવ્ય છે. બીજું શું કરવું છે, ભાઈ ? શું આ કરવા જેવું નથી ? વસ્તુનો જેવો જ્ઞાનસ્વભાવ છે. તેવી જ્ઞાન પરિણતિ પ્રગટ કરીને એમાં ઠરવું તે એક જ કરવા લાયક છે. (૭) પ્રત્યાખ્યાનનો અર્થ ત્યાગ છે. વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવાને બદલે તેમાં આસક્તિ કરવી તેવાપ્રત્યાખ્યાન છે. (૮) શુદ્ધ ઉપયોગમાં ઉગ્રપણે અંદર રમે, એનું નામ પ્રત્યાખ્યાન છે. (૯) ભવિષ્યકાળના રાગથી રહિત, તે પ્રત્યાખ્યાન છે. (૧૦) અન્ય દ્રવ્યનો ત્યાગ; વિરતિ; નિવૃત્તિ (૧૧) હું જ્ઞાતા-દ્રષ્ટા છું, એવું ભાન થતાં તે જ ટાણે વીતરાગ થઈ જતો નથી અલ્પરાગ-દ્વેષ થાય છે, તે ટાળી સ્થિર થવું, તે પ્રત્યાખ્યાન છે. તેમાં અનંતો પુરુષાર્થ છે. તેમ નિયમથી જાણવું કે પર તે હું નહિ, વ્રત અને અવ્રતના પરિણામ સિવાયના, જ્ઞાનના એકાગ્રતારૂપ પરિણામ, તે જ પ્રત્યાખ્યાન છે. (૧૨) વીતરાગ ચિદાનંદ, શુદ્ધત્માની અનુભૂતિની ભાવનાના બળથી, ભવિષ્યમાં થનાર ભોગોની વાંછારૂપ, રાગાદિનો ત્યાગ કરવો, તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે.

પ્રત્યાખ્યાન કષાય :જે કષાયથી જીવ સમ્યક્દર્શન પૂર્વકના સકળ સંયમને ગ્રહણ કરી શકે નહિ તેને પ્રત્યાખ્યાન કષાય કહેવાય છે.

પ્રત્યાખ્યાના વરણ :જે સકળ ચારિત્ર ન થવા દે, તેને પ્રત્યાખાનાવરણ કહે છે.

પ્રત્યાખ્યાનાવરણ કષાય :જે કષાયના ઉદયથી સકળચારિત્ર ન હોય, જેથી સર્વત્યાગ ન બની શકે તે પ્રત્યાખ્યાનાવરણ કષાય છે.

પ્રત્યાભિજ્ઞાન :સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયરૂપ પદાર્થોમાં સંબંધરૂપ જ્ઞાનને, પ્રત્યાભિજ્ઞાન કહે છે. જેમ કે, આ તે જ મનુષ્ય છે, જેને કાલ જોયો હતો. (૨) દર્શન સ્મરણકારણકં, સંકલનાત્મક જ્ઞાનં, પ્રત્યભિજ્ઞાનમ. અર્થાત્ જે પદાર્થને, પહેલાં કોઈવાર જોયો હોય, પછી કોઈવાર તેને જ, અથવા તેના જેવા કે તેનાથી વિષમ પદાર્થને જોવામાં આવે, તો ત્યાં વર્તમાનમાં પ્રત્યક્ષ અને પહેલાંનું સ્મરણ, બંન્ને એક સાથે થવાથી, આ તે જ છે અથવા તેના જેવો છે. આદિ જ્ઞાન થાય છે, તેને જ પ્રત્યભિજ્ઞાન કહે છે. કથંચિત્ત નિત્યતાનો સ્વીકાર કર્યા વિના, આવું જ્ઞાન થઈ શકતું નથી.

પ્રત્યાહાર :વિષય વિકારમાંથી વ્યવસ્થિતપણે ઈન્દ્રિયોને પાછી વાળવી, વિરમાવવી તે પ્રત્યાહાર. વિષયવિકારે ન ઈન્દ્રિય જોડે, તે ઈહા પ્રત્યાહારો રે. (૨) યોગના આઠ માંહેનું પાંચમું અંગ,-ઈન્દ્રિયોના વિષયોમાં નિવારવાનું. (યોગ). મનની પ્રવૃત્તિને સંકોચી લેવાથી, જે માનસિક સંતોષ થાય છે, તેને પ્રત્યાહાર કહે છે. જે પ્રશાન્ત બુદ્ધિ વિશુદ્ધતાસહિત મુનિ, પોતાની ઈન્દ્રિયો અને મનને, ઈન્દ્રિયોના વિષયોથી ખેંચી લઈ, જયાં જયાં પોતાની ઈચ્છા હોય ત્યાં ત્યાં ધારણ કરે, તેને પ્રત્યાહાર કહેવામાં આવે છે.

પ્રત્યાખ્યાન :નિશ્ચય ચારિત્રમાં પ્રત્યાખ્યાનનું વિધાન એવું છે કે, સમસ્ત અગામી કર્મોથી રહિત ચૈતન્યની પ્રવૃત્તિરૂપ (પોતાના) શુદ્ધોપયોગમાં વર્તવું, તે પ્રત્યાખ્યાન. તેથી જ્ઞાની આગામી સમસ્ત કર્મોનું પ્રત્યાખ્યાન કરીને, પોતાના ચૈતન્ય સ્વરૂપમાં વર્તે છે. ભવિષ્યકાળના રાગથી રહિત, તે પ્રત્યાખ્યાન છે. (૨) શુદ્ધોપયોગનું, આચરણ

પ્રત્યાખ્યાન-કલ્પ :પ્રત્યાખ્યાનનો, વિધિ

પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કષાય વેદનીય મોહનીય કર્મના ફળને ભોગવતો નથી :અહીં ચારિત્રની વિશેષ વિશેષ, નિર્મળતાની વાત છે. આત્મા, નિજાનંદ સ્વરૂપમાં મસ્ત થઈ રમે છે. તેનું નામ ચારિત્ર છે. આવા આત્માના આનંદના સ્વાદિયા ધર્મી પુરૂષને ઈન્દ્રના ઈન્દ્રાસનના ભાગ, સડેલા તણખલા જેવા તુચ્છ ભાસે છે. સ્વર્ગના દેવોને કંઠમાંથી અમૃત ઝરે, ને ભૂખ મટી જાય. એવા ભોગ સમકિતીને, આત્માના આનંદ પાસે, ઝેરના પ્યાલા જેવા લાગે છે. ધર્મી જીવ કહે છે,-હું પ્રત્યાખ્યાના વરણીય, ક્રોધ કષાય, વેદનીય, મોહનીય કર્મના ફળને, ભોગવતો નથી, ચૈતન્ય સ્વરૂપ, આત્માને જ સંચેતુ છું.

પ્રતિઘાત :વિઘ્ન; રુકાવટ; હણાવું તે; ઘાત; વિરોધ પામવો.

પ્રતિનિયત ન કરે :પોતામાં નિશ્ચિત ન કરે ; પ્રત્યક્ષ ન જાણે.

પ્રતિપક્ષ :વિરોધી.

પ્રતિબદ્ધ :સંબધ્ધ; લીનતા

પ્રતિભાસ્યમાન :જ્ઞેય

પ્રતારણા :છેતરપીંડી

પ્રતિ નિયત :પોતામાં નિશ્ચિત; પ્રત્યક્ષ

પ્રતિ સંધાન :ફરીને સાંધવું તે; સંધાન; સંધાણ; જોડી દેવું તે; દોષ ટાળીને સરખું (દોષ વિનાનું) કરી દેવું તે.

પ્રતિ સ્રોતગામી :સામે પૂરે જનાર

પરતઃસિદ્ધ :પરથી સિદ્ધ.

પ્રતિઉપકાર :સામો; વળતો ઉપકાર

પ્રતિકર્મ :શરીરની સજાવટ

પ્રતિકર્મણ :અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મન સંબંધી કર્મોથી ભિન્ન નિજ શુધ્ધાત્મપરિણતિ તે પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાન-સ્વરૂપ ક્રિયા છે.

પ્રતિક્રમણ :પુણ્ય-પાપના વિકારનો હું કર્તા અને તે મારું કાર્ય-કર્મ તથા પર જીવ કે, જડ વસ્તુની ક્રિયા હું કાંઇ કરી શકું, એવી જે અનાદિની મહા ઊંધી માન્યતા હતી, તેનાથી પાછો ફર્યો, તે પ્રતિક્રમણ થયું. હું માત્ર જ્ઞાયક છું, એવા સ્વભાવની દૃઢતા, તે દર્શન સામાયિક અને તેમાં એકાગ્ર થવું, તે ચારિત્ર સામાયિક પરના અવલંબનના ભેદ રહિત, જેટલા અંશે સ્વભાવના જોરથી, અરાગી-શાંત સ્થિરતા ટકાવી, તેટલી સાચી સામાયિક છે. (૨) આત્મા અનંત ગુણનો પિંડ અનાદિ અનંત, પરથી નિરાળો અખંડ છે એવી પ્રતીતિ કરી અને એમાં સ્થિર થવું એનુ નામ પ્રતિક્રમણ છે, એનું નામ પ્રાયશ્ચિત છે. આ પ્રતિક્રમણ અને આ પ્રાયશ્ચિતથી મોક્ષ થાય. (૩) પરભાવથી પાછું વળી, સ્વરૂપમાં સ્થિર થવું, તે નિશ્ચય પ્રતિક્રમણ છે. (૪) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને, નિરવશેષય છે. છોડીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન,સમ્યકચારિત્રને (જીવ) ભાવે છે. તે (જીવ) પ્રતિક્રમણ છે. (૫) ભૂતકાળના રાગથી રહિત, તે પ્રતિક્રમણ છે. (૬) આલોચના-પ્રત્યાખ્યાન=અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મન સંબંધી કર્મોથી ભિન્ન નિજ શુદ્ધાત્મપરિણતિ તે પ્રતિક્રમણ, આલોચના પ્રત્યાખ્યાન સ્વરૂપ ક્રિયા છે. (૭) સામયિક સાથે જોડાયેલું બીજું આવશ્યક, તે પ્રતિક્રમણ જીવે જે જે દોષ કર્યા હોય, તે તે યાદ કરી, તેની ક્ષમા માગવી, તેનો પશ્ચાતાપ કરવો, તે પ્રતિક્રમણ. શુદ્ધભાવ વડે કરી, પશ્ચાતાપ કરવાથી લેશ પાપ થતાં, પરલોકભય અને અનુકંપા છૂટે છે, આત્મા કોમળ થાય છે, ત્યાગવા યોગ્ય વસ્તુને, વિવેક આવતો જાય છે. ભગવાન સાક્ષીએ અજ્ઞાન ઈત્યાદિ, જે જે દોષ વિસ્મરણ થયા હોય, તેનો પશ્ચાતાપ પણ થઈ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે. (૮) વંદના, સ્વાત્મનિંદા અને પ્રતિક્રમણાદિ પુણ્યનાં કારણ છે, પણ મોક્ષનાં કારણ નથી, તેથી નિર્વિકલ્પ શુદ્ધોપયોગરૂપ અવસ્થામાં રહેલા જ્ઞાનીઓ, આ ત્રણમાંથી એકને પણ કરતા નથી, કરાવતા નથી, અને કર્તાને અનુમોદતા પણ નથી. શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મ તત્ત્વની, ભાવનાની બળથી ભૂતકાળમાં થયેલા, રાગાદિ દોષોનું નિરાકરણ કરવું, તે નિશ્ચય પ્રતિક્રમણ છે. (૯) પૂર્વે બંધાયેલા કર્મ (આઠ જડ કર્મ જ્ઞાનાવરણાદિ અને વિકારી ભાવ અર્થાત્ ભાવ કર્મ -રાગ-દ્વેષ અને અજ્ઞાન છે. તેના ઉદયના નિમિત્તે થતા, જે શુભ-અશુભ ભાવ, તેનાથી પોતાને નિવર્તાવે છે. અર્થાત્ તે શુભાશુભ ભાવને જે છોડે છે, અને અંદર નિજ સ્વભાવમાં પ્રવૃત્તિ કરે છે, તે આત્મા, તે ભાવોના કાણભૂત પૂર્વ કર્મને પ્રતિક્રમતો થકી, પોતે જ પ્રતિક્રમણ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ઈત્યાદિના ભાવ, શુભ છે. ને હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, ઈત્યાદિના ભાવ, અશુભ છે. તે ભાવો બધા પૂર્વકર્મના ઉદયના નિમિત્તે થયેલા ભાવો છે. સ્વસ્વરૂપમાં, આત્માસ્વરૂપમાં રમણતાં દ્વારા તે વિકારી ભાવોથી, જે આત્મા પાછો ફરે છે તે, તે ભાવના કારણભૂત પૂર્વકર્મથી, પાછો ફરે છે. આનું નામ પ્રતિક્રમણ છે. ભૂતકાળના રાગથી રહિત, પ્રતિક્રમણ છે. (૧૦) પુણ્ય-પાપના વિકારનો, હું કર્તા અને તે મારું કર્મ, તથા પર જીવ કે જડ વસ્તુની ક્રિયા, હું કાંઇ કરી શકું, એવી જે અનાદિની મહા ઊંધી માન્યતા હતી, તેનાથી પાછો ફર્યો તે પ્રતિક્રમણ થયું.

પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત :પુણ્ય પાપના વિકારી ભાવપણે, આત્મા કોઇ દિવસ થયો નથી. અને દર્શન-જ્ઞાનથી, કોઇ દિવસ છૂટયો નથી. આત્મા અનંત ગુણનો પિંડ, અનાદિ અનંત, પરથી નિરાળી અખંડ છે. એવી પ્રતીત કરી, અને એમાં સ્થિર થવું એનું નામ પ્રતિક્રમણ છે, એનું નામ પ્રાયશ્ચિત છે. આ પ્રતિક્રમણ અને આ પ્રાયશ્ચિતથી મોક્ષ થાય. (૨) આત્મા અનંતગુણનો

પિંડ, અનાદિ અનંત પરથી નિરાળો, અખંડ છે. એવી પ્રતીતી કરી, અને એમાં સ્થિર થવું, એનું નામ પ્રતિક્રમણ છે. એનું નામ પ્રાયશ્ચિત છે. આ પ્રતિક્રમણ અને આ પ્રાયશ્ચિતથી મોક્ષ થાય.

પ્રતિક્રમણ કલ્પ :પ્રતિક્રમણ, વિધિ

પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયા :અતીત-વર્તમાન-અનાગત કાય-વચન-મનસંબંધી કર્મોથી ભિન્ન નિજશુદ્ધાત્મ પરિણતિ તે પ્રતિક્રમણ-આલોચના-પ્રત્યાખ્યાનસ્વરૂપ ક્રિયા છે.

પ્રતિક્રમવું :પાછા ફરવું. પૂર્વનું બંધાયેલું કર્મ પડયું છે, એનો ઉદય આવતાં થતા પુણ્ય-પાપના જે ભાવ, તેનાથી પોતાને નિવર્તાવે છે. પાછો વળે છે. અટકાવે છે. દૂર રાખે છે. તે આત્મા, તે ભાવોના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રમણતો થકી, પોતે જ પ્રતિક્રમણ છે.

પ્રતિકૂળ સંજોગોમાં :શરીરમાં રોગ આવે, નિર્ધનતા થાય, આબરૂ જાય, દુકાન સળગે, વીમા કંપની ભાંગે, વિપરીત સંયોગો ચારે બાજુ ફરી વળે, એવે વખતે પણ તીવ્ર અને કરડો, કરડો એટલે, આકરો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે. નબળો અને હીણો પુરુષાર્થ નહિ. પ્રતિકુળતા તરફનું લક્ષ છોડીને, પોતે અંદર પૂર્ણાનંદ સ્વભાવ જેવડો છે, તે તરફ પુરુષાર્થને જોડી દેવો. એ આકરા પુરુષાર્થ વિના અંદરમાં સમતા-શાંતિ નહિ આવે.

પ્રતિકૂળતા :વિરુદ્ધતા; વિપરીતતા; ઊલટાપણું. (૨) અગવડતા

પ્રતિક્ષણ :દરેક પળે; પ્રત્યેક ક્ષણે.

પ્રતિકાર :ઈલાજ (૨) ઉપાય; સહાય. (૩) ઉપાય; સામનો; વિરોધ; બદલો લેવો એ; બદલો વાળવો એ. (૪) ઉપચાર

પ્રતિઘાત :આ ઘાત સામે થતો આઘાત; પ્રત્યાઘાત; રૂકાવટ; પડઘો; પ્રતિધ્વનિ. (૨) વિઘ્ન; રુકાવટ; હણાવું તે; ઘાત. (૩) વિરોધ.

પ્રતિચ્છંદ :પડઘો (૨) સિધ્ધ સમાન પોતાનું સ્વરૂપ પર્યાયમાં સ્થાપવું; પ્રસ્થાનુ; પસ્તાનું (૩) પડઘો (એમ જગાથી અવાજ કરે અને ત્યાંથી પાછો ઊઠે-અવાજ પાછો પડે. આને પડઘો કહેવાય.)પ્રતિઘોષ (૪) પ્રતિઘોષ; સામેથી ઊઠતો અવાજ.

પ્રતિચ્છેદ :અંશ (૨) જેનો બીજો ભાગ થઈ ન શકે એવો અંશ, નાનામાં નાનો અંશ.

પ્રતિચ્છંદ સ્થાનીય :આદર્શરૂપ; પડછાયારૂપ; આકૃતિ; પ્રતિબિંબ; પડઘો. (૨) આદર્શરૂપ પ્રભુને

પ્રતિજીવી ગુણ :અવ્યાબાધ, અવગાહ, અગુરુલઘુ, સૂક્ષ્મત્વ, નાસ્તિત્વ. (૨) વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને, પ્રતિજીવી ગુણ કહે છે. જેમ કે નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ વગેરે. (૩) વસ્તુના અભાવરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે; જેમકે નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ વગેરે. (૪) વસ્તુના અભાવ સ્વરૂપ ધર્મને, પ્રતિજીવી ગુણ કહે છે. જેમ કે, નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ આદિ.

પ્રતીતિ :ઓળખાણ; શ્રદ્ધા

પ્રતિદિન :હમેંશા

પ્રતિઘાત :વિઘ્ન; રુકાવટ; હણાવું તે; ઘાત (૨) વિરોધ

પ્રતિનિયત :નિશ્ચિત; પ્રત્યક્ષ. (૨) પોતપોતાના નિશ્ચિત; કારણભૂત સ્વભાવ (૩) નિશ્ચિત; સ્થિર; ચોંટેલો (૪) પોતામાં નિશ્ચિત; પ્રત્યક્ષ (૫) ચોકકસ (૬) નિશ્ચિત ચોંટેલા હોવાથી; સીધા જણાતા હોવાથી. (૭) નિયત; નિશ્ચિત; અમુક જ

પ્રતિનિયત ન કરે :પોતામાં નિશ્ચિત ન કરે; પ્રત્યક્ષ ન જાણે.

પ્રતિનિશ્ચિત :એકેક નિશ્ચિત; વ્યક્તિગત નિશ્ચિત; ભિન્ન ભિન્ન નિશ્ચિત વ્યક્તિત્વ. (૨) પ્રતિનિયત. (દરેક ઈન્દ્રિય પોતપોતાના નિયત વિષયને ગ્રહે છે; જેમકે ચક્ષુ વર્ણને ગ્રહે છે.)

પ્રતિનિશ્ચિત્ત દેશો :અમુક નિયત પ્રદેશો. (૨) અમુક નિયત પ્રદેશો, (પ્રતિનિધિત્વ દેશો)

પ્રતિનિશ્ચિત :પ્રતિનિયત. (દેરેક ઈન્દ્રિય પોતપોતના નિયત વિષયને ગ્રહે છે; જેમ કે ચક્ષુ વર્ણને ગ્રહે છે.)

પ્રતિનિશ્ચિત :એકેક નિશ્ચિત; વ્યકિતગત નિશ્ચિત; એક પ્રવાહપણું. ભિન્ન ભિન્ન નિશ્ચિત વ્યકિતત્વ.

પ્રતિપક્ષ :વિરુધ્ધ (૨) સામેનો પક્ષ; શત્રુ; સામાવાળિયો; પ્રતિવાદી (૩) વિરોધી

પ્રતિપક્ષતા :પ્રતિકૂળ

પ્રતિપક્ષી :વિરુદ્ધ પક્ષી; શત્રુ; સામેના પક્ષવાળા; વિરુદ્ધ ગુણવાળા વૈભાવિક ભાવો.

પ્રતિપત્તિ :પ્રાપ્તિ; પ્રતિપાદન. (૨) સ્વીકાર; માન્યતા. (૩) પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર. (૪) સ્વીકાર; માન્યતા; સાબિતી; પુરાવો; પ્રભાવ; યુક્તિ; સ્વીકાર; સંમતિ; કબૂલાત (૫) પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર (૬) પ્રતિપાદન; સંપ્રાપ્તિ; લાભ; પ્રતીતિ; સમ્યગ્જ્ઞાન; સમઝ; શું કરવું છે એનું ભાન; સાબિતી; પુરાવો; પ્રભાવ; યુક્તિ; સ્વીકાર; સંમતિ; કબૂલાત; ખાતરી; નિશ્ચય. (૭) પ્રાપ્તિનું પ્રતિપાદન (૮) પ્રાપ્તિ; જ્ઞાન; સ્વીકાર

પ્રતિપતિ કરવામાં આવે :માનવામાં આવે.

પ્રતિપક્ષભૂત :વિરુદ્ધ સ્વભાવરૂપ

પ્રતિપાતિ :પડી જાય તેવું.

પ્રતિપાદક :સારી રીતે જણાવવું (૨) કહેનાર (૩) સમજાવનારું; સમર્થન કરનારું. (૪) સારી રીતે જણાવનાર

પ્રતિપાદન :રજૂઆતપૂર્વકનું સમર્થન; સિદ્ધ કરી બતાવવું એ; સ્થાપન. (૨) નિરૂપણ

પ્રતિપાદન :રજૂઆતપૂર્વકનું સમર્થન; સિદ્ધ કરી બતાવવું તે; સ્થાપન. (૨) પ્રમાણો આપી, પુરવાર કરવું તે; સાબિત કરવું તે.

પ્રતિપાળ :પાલન કરનાર; રક્ષણ કરનાર; પોષણ કરનાર

પ્રતિબૂઝવું :સમજવું. (૨) વિરામ પામવું. (૩) સામાના કાર્યને સમજી, એની કદર કરવી.

પ્રતિબધ્ધ :લીન (૨) વિષયકષાયોમાં લીન. (૩) સંબંધ્ધ; રોકાયેલો; બંધાયેલો; સ્થિત; સ્થિર; લીન; રૂકાવટવાળો (૪) સંબદ્ધ; રોકાયેલો; બંધાયેલો; સ્થિત; સ્થિર; લીન. (૫) અનુભવવું; લીન થઈ જવું; વેદન થવું. (૬) વિષયક જ્ઞાનોમાં લીન (૭) સંબદ્ધ; રોકાયેલો; બંધાયેલો; સ્થિત; સ્થિર; લીન. (૮) આત્માની લીનતામાં, રાગ-દ્વેષની લીનતા, રહિત

પ્રતિબુધ્ધ :જ્ઞાની

પ્રતિબુદ્ધ :જ્ઞાની.

પ્રતિબુધ્ધ થવાની રીત :ભાઈ! તારા જ્ઞાનનું સામર્થ્ય કોઈ અચિંત્ય છે. જે કાળે જેવા રાગાદિ (જ્ઞેય) હોય તેવું જ જ્ઞાન થઈ જાય છે એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. તેમ છતાં આવો રાગ છે માટે આવું જ્ઞાન થયું એમ નથી, કેમ કે રાગના અસ્તિત્વથી જ્ઞાનની પરિણતિનું અસ્તિત્વ ભિન્ન છે. આ તો સ્વાતંત્ર્યનો ઢંઢેરો છે, ભાઈ, રાગાદિ છે તે પર છે, અને પર્યાયમાં રાગાદિનું જે જ્ઞાન છે એ (સ્વ) મારું છે એવો ભેદજ્ઞાનસ્વરૂપ અનુભવ ક્યારે થાય? કે જ્યારે રાગાદિનું લક્ષ છોડી સ્વના લક્ષમાં જાય ત્યારે એની પરિણતિમા ભેદજ્ઞાન થાય. શરીર, મન, વાણી ઈત્યાદિ નોકર્મ અને રાગાદિકર્મ એ પર પુદગલના જ છે અને એ જ્ઞેયોને જાણનારું જ્ઞાન તે મારું જ્ઞાયકનું છે એમ ભિન્નતા જાણી એક જ્ઞાયકની સત્તામાં જ લક્ષ કરે તેને ભેદજ્ઞાન થાય છે. આવી ભેદજ્ઞાનરૂપ અનુભવ કાં તો સ્વયમેવ (નિસર્ગાત)અથાવ તો ઉપદેશથી (અધિગમાત) જ્યારે થાય છે ત્યારે જ તે પ્રતિબુધ્ધ થાય છે. થાય છે તો આ રીતે જ. (બીજી કોઈ રીત નથી)

પ્રતિબદ્ધતા :લોક સંબંધી બંધન, સ્વજન કુટુમ્બ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન. (૨) સ્થિરતા (૩) બંધન; ચાર પ્રકારના બંધન છે : (•) લોકસંબંધી બંધન (•) સ્વજન કુટુંબ બંધન (•) દેહાભિમાનરૂપ બંધન (•) સંકલ્પ-વિકલ્પરૂપ બંધન

પ્રતિબદ્ધપણું :અનુભવન; આત્માની લીનતા

પ્રતિબંધ :દ્રવ્યપ્રતિબંધ એટલે કોઈ પણ વસ્તુ વગર ન ચાલે એવો પ્રતિબંધ; ક્ષેત્ર પ્રતિબંધ એટલે અમુક ક્ષેત્ર અનુકૂળ છે માટે સારાં છે એમ ગણી તેમાં અટકી રહેવું; કાળ પ્રતિબંધ એટલે શિયાળો અનુકૂળ થાય છે, ઉનાળો અનુકૂળ નથી આવતો, વર્ષાકાળ પણ અનુકૂળ નથી ઈત્યાદિ પ્રતિબંધ; ભાવ પ્રતિબંધ એટલે ભાવથી ઈચ્છાથી પરમાં રાગદ્વેષાદિથી પ્રતિબંધ પામી રોકાઈ રહેવું

અથવા પરભાવો, કદાગ્રહો, સંકલ્પવિકલ્પો કે દુર્ધ્યાન આદિમાં અટકી રહી સ્વભાવસન્મુખ પરિણતિ થવા ન પામે તેમ કરવું-તેવા સર્વ પ્રતિબંધ ટાળી અસંગ અપ્રતિબદ્ધભાવે વિચરવું. (૨) ચારિત્રમોહ; પરવસ્તુઓમાં મોહ; રોકાવું. (૩) લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન. (૪) પર વસ્તુઓમાં મોહ; રોકાવું. (૫) સંબંધ; લીનતા (૬) લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન એ બધા પ્રતિબંધ કહેવાય છે. (૭) પરવસ્તુઓમાં મોહ; રોકાવું. (૮) સંબંધ; લીનતા. (૯) રોકાવામાં નિમિત્તરૂપ (૧૦) સંગભાવ; સર્વસંગ; મોટા આસ્રવરૂપ

પ્રતિબંધ પામવો યોગ્ય નથી. :ધાર્મિક ચર્ચા વાર્તા કરવા તરફ પણ રાત્રાદિ, કરવા યોગ્ય નથી. તેમના વિકલ્પોથી પણ મનને રંગવા દેવું, યોગ્ય નથી કારણકે તેનાથી, સંયમમાં દોષ લાગે છે- છેદ થાય છે.

પ્રતિબંધક :રોકાવવું. (૨) બાધક કારણ (૩) કર્મ

પ્રતિબિંબ :પારદર્શક; અરીસા જેવી સપાટીમાં દેખાતી પ્રતિકૃતિ; પ્રતિચ્છાયા. (૨) પ્રતિબિંબો નૈમિત્તિક કાર્ય છે અને મયુરાદિ નિમિત્ત કારણ છે.

પ્રતિબિંબો :પ્રતિબિંબો નૈમિત્તિક કાર્ય છે અને મયૂરાદિ નિમિત્ત-કારણ છે.

પ્રતિબોધ :જાગૃતિ; જ્ઞાનની દશા; સમઝણ; ઉપદેશ; શિખામણ; બોધ. (૨) સમ્યગ્જ્ઞાન (૩) જાગ્રતિ; જ્ઞાન; સમજ; બોધ; ઉપદેશ; સ્મરણ; યાદ આપવું (૪) સમજણ; જ્ઞાન (૫) સમ્યગ્જ્ઞાન, પમાડનાર (૬) ઉપદેશ.

પ્રતિભા :ક્રાંતિ, તેજ; માનસિક શક્તિની, ઝળક; છટા.

પ્રતિભાન :ભાન; સૂઝ; સ્પષ્ટ થવું તે; સમજણ; પ્રતિભાન

પ્રતિભાષે છે :અનુભવમાં આવે છે.

પ્રતિભાસ :જણાવું (૨) જ્ઞાન (૩) આભાસ. (૪) આભાસ; પ્રતિબિંબ; ઝાંખી; ખ્યાલ (૫) યથાર્થ પ્રતીતિ. (૬) આભાસ; ઝાંખી; પ્રતિબિંબ. (૭) જ્ઞાન (૮) યથાર્થ પ્રતીતિ; અવલોકન. (૯) દેખાય; જણાય. (૧૦) આભાસ; પ્રતિબિંબ; ઝાંખી;ખ્યાલ (૧૧) વિશ્વાસ; પ્રતીતિ; ઝાંખી; ખ્યાલ (૧૨) નિરાકાર ઝલક (૧૩) યર્થાથ પ્રતીતિ (૧૪) નિરાકાર ઝલક; યથાર્થ પ્રતીતિ; શ્રદ્ધા (૧૫) જણાવવું; જણાવું (૧૬) જ્ઞાન અને જ્ઞેય (૧૭) વિશ્વાસ; પ્રતીતિ (૧૮) જ્ઞાન (૧૯) વિશ્વાસ; પ્રતીતિ; ખાતરી (૨૦) યથાર્થ પ્રતીતિ; નિરાકાર ઝલક (૨૧) આભાસ

પ્રતિભાસ સ્વરૂપ :(જ્ઞાન અને દર્શનસ્વરૂપ) (જાણવા દેખવારૂપ) આભાસ સ્વરૂપ; પ્રતિબિંબ સ્વરૂપ; ઝાંખીરૂપ.

પ્રતિભાસમય :જ્ઞાનના વિશેષ ભેદો; વ્યાપ્ય. (૨) જ્ઞેય

પ્રતિભાસ્ય :પ્રતિભાસવા યોગ્ય

પ્રતિભાસ્યમાન :આત્માના અને જ્ઞાનના

પ્રતિભાસવું :ખ્યાલ આવવો; ઝાંખી થવી; આભાસ થવો. (૨) દેખાવું; જણાવું. (૩) આભાસ થવો; એકમાં, બીજાના સ્વરૂપની છાયા પડી છે, એવો ભ્રામક ખ્યાલ થવો; જાણવું; જણાવવું.

પ્રતિભાસિત :ભાસતું; દેખાતું; જણાતું (પ્રતિભાસે છે=દેખાય છે.)

પ્રતિભાસિત થવું :પ્રગટ થવું ; જણાવવું.

પ્રતિમાવત્ :મૂર્તિ જેવી; નિર્વિકલ્પ દશા.

પ્રતિરોધ :વાદવિવાદ; વિઘ્ન; પીડા; ઉપદ્રવ; અટકાવ.

પ્રતિલેખન :બારીકાઈથી કરવામાં આવતી તપાસ.

પ્રતિવર્ણિકા :સુવર્ણના વર્ણ (૨) સોળવલા શુદ્ધ સુવર્ણની જેમ

પ્રતિવિધાન :પ્રતિકાર કરવાની વિધિ; પ્રતિકારનો ઉપાય; ઈલાજ.

પ્રતિશ્રોતી થવું :જગત પ્રવાહથી ઉલટા, સામા પૂરે જવું, લોકદષ્ટિકથી પ્રતિકૂળ, અલૌકિક આત્મદષ્ટિથી પ્રવર્તવું

પ્રતિષેધ :મનાઈ; નિષેધ; અવરોધ; અટકાયત; વીટો. (૨) સત્ સામાન્યમાં, અંશ કલ્પના નથી. પરંતુ તેનું સામાન્ય પરિણમન છે. અને તે જ સત્‌ની ભિન્ન ભિન્ન વિભાજિત-અંશ-કલ્પનાને, પ્રતિષેધ કહે છે. નિષેધ. (૩) મનાઈ; નિષેધ; અવરોધ; અટકાયત (૪) નિષેધ; મનાઈ; અવરોધ; અટકાયત

પ્રતિષેધ્ય :નિષેધ્ય

પ્રતિષેધ્યક :નિષેધ્યક

પ્રતિષિદ્ધ :નિષેધ હોય એવી વસ્તુ. ક્રિયા મનાઈ; પ્રતિષેધ

પ્રતિ સ્રોતગામી :વિરુદ્ધ પ્રવાહમાં વહેવું

પ્રતિસંધાન :ફરીને સાંધવું તે; સંધાણ; જોડી દેવું તે; દોષ ટાળીને સરખું (દોષ વિનાનું) કરી દેવું તે.

પ્રતિસમય :સમયે સમયે; હર વખત; દરેક વખતે.

પ્રતિસમયે સંભવતા :દરેક સમયે થતા.

પ્રતિસર્પણ :ન ગમતી વાતમાં, ન તણાવું

પ્રતિસ્રોતગામી :સામે પ્રવાહે ચાલનાર

પ્રતિહત :હણાયેલ; નષ્ટ; રોકાયેલ; વિઘ્નપામેલ (૨) હરાવેલું; હઠાવેલું; પ્રતિઘાત પામેલું; આઘાત થયો હોય તેવું; જેનો મનોભંગ થયો હોય, તેવું.

પ્રતિહ્રત :પ્રતિઘાત પામેલું; આઘાત થયો હોય તેવું; હરાવેલું; હઠાવેલું; જેનો મનોભંગ થયો હોય તેવું.

પ્રતિહાર :તીર્થંકરનું ધર્મ રાજ્યપણું બતાવનાર. પ્રતિહાર=દરવાન.

પ્રતીકાર :ઈલાજ; પ્રાયશ્ચિત

પ્રતીત :વિશ્વાસ; ભરોંસો; શ્રદ્ધા (૨) ભાસવું; પ્રતિભાસિત; (૩) ઓળખાણ; શ્રદ્ધા

પ્રતીત થતો નથી. :ભાસતો નથી. દેખાતો નથી.

પ્રતીત્યાં નહિ :ઓળખ્યાં નહિ; જાણ્યાં નહિ.

પ્રતિશ્રુતી :કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઈએ.

પ્રતીતિ :સમ્યગ્દર્શન (૨) સ્પષ્ટ; સમજણ; ખાતરી; નકકી પણું; અનુભવ; વિશ્વાસ; શ્રદ્ધા; ભરોસો. (૩) શ્રદ્ધા; ખાતરી;વિશ્વાસ (૪) શ્રદ્ધાન

પ્રતીયમાન :જણાવું; પ્રતિભાસમાન.

પ્રતીયમાન થવું :જણાવું; જણાય છે.

પ્રથમ ભૂમિકા :તત્ત્વ પ્રાપ્તિ માટેની, પ્રથમ ભૂમિકા કેવી હોય ? જેણે વિષયાસક્તિ મંદ કરી, ઘટાડી દીધી છે. જેની મન-વચન કાયાની પ્રવૃત્તિ, અવંચક, સરળ, નિષ્કપટ, માયારહિત થઈ છે, જે જ્ઞાની ગુરુની આજ્ઞાની ઉપાસનામાં, એકતાન થઈ આત્મ વિચારમાં પ્રવર્તે છે, જેને દયા, મૃદુતા આદિ, ગૃણોથી આત્માનાં પરિણામમાં કોમળતા આવી છે, તે અલ્પારંભી જીવો તત્વપ્રાપ્તિ માટે, પ્રથમ ભૂમિકામાં આવ્યા ગણવા યોગ્ય છે.

પ્રદત્ત :દાન દીધેલું; અર્પિત; આપી દીધેલું.

પ્રદેશ :એક પુદ્ગલ પરમાણુ. આકાશની જેટલી જગ્યાને રોકે, તેટલા ભાગને પ્રદેશ કહે છે. તે એક પ્રદેશ વડે બધાંય દ્રવ્યોના ક્ષેત્રનું માપ નક્કી કરવામાં આવે છે. (૨) અરૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ પ્રદેશ છે. (૩) નાનામાં નાનો અણુ જે જગ્યા રોકે તેને પ્રદેશ કહે છે. પર્યાયનું લક્ષણ વ્યતિરેક છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે, કારણકે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ નહિ હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે; તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે. (૪) દેશાંશ (૫) અંશ; નાનામાં નાનો અંશ; જેનો બીજો ભાગ ન થઈ શકે, તેને અંશ કહે છે, તે પ્રદેશ છે. (૬) અરૂપી પદાર્થનો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ, પ્રદેશ છે. (૭) આકાશના જેટલા ભાગને, એક પુદ્ગલ પરમાણુ રોકે, તેટલા ભાગને પ્રદેશ કહે છે. (૮) આકાશના જેટલા ભાગને, એક પુદ્ગલ પરમાણુ રોકે, તેને પ્રદેશ કહે છે. કયા કયા દ્રવ્યને, કેટલા પ્રદેશ છે? જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશને, અસંખ્યાત પ્રદેશ છે. કાળદ્રવ્ય અને પુદ્ગલપરમાણુ દ્રવ્ય, એકેક પ્રદેશી છે. (પુદ્ગલ દ્રવ્યને સંખ્યાત, અસંખ્યાત અને અનંત,-એમ ત્રણે પ્રકારના પ્રદેશ છે.)

પ્રદેશ પ્રચયાત્મક :પ્રદેશોના સમૂહરૂપ

પ્રદેશ પરિસ્પંદ :પ્રદેશોનું કંપન

પ્રદેશ વિભાગ :પ્રદેશ ભેદ

પ્રદેશત્વ :પોતાનો સ્વતંત્ર આકાર; પહોળાપણું

પ્રદેશત્વ ગુણ :જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે. (૨) કોઈ વસ્તુ પોતાના સ્વક્ષેત્રરૂપ આકાર વિના હોય નહિ; અને આકાર નાનો મોટો હોય તે લાભ-નુકસાનનું કારણ નથી. છતાં દરેક દ્રવ્યને સ્વઅવગાહનરૂપ પોતાનો સ્વતંત્ર આકાર અવશ્ય હોય છે, એમ પ્રદેશત્વગુણ બતાવે છે. (૩) જે શકિતના કારણે, દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર હોય, તેને પ્રદેશત્વગુણ કહે છે. (૪) પ્રદેશપણું. દરેક પદાર્થ, સદાય

પોતાના આકારવાળો હોય, પરક્ષેત્રના સંબંધરહિત, પોતાના સ્વક્ષેત્રમાં સ્વ-ગુણ રૂપે. ત્રિકાળ પોતાના સ્વરૂપે, દરેક પદાર્થ છે. કોઈ પદાર્થો અસંખ્ય પ્રદેશી છે. (દરેક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે.) કાલાણુ અને પરમાણુ, એક પ્રદેશી છે. પરમાણુ ઘણા મળીને, સ્કંધરૂપ થતાં સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી થાય છે.

પ્રદેશથી અને અપ્રદેશી દ્રવ્યો ક્યાં રહેલાં છે? :(૧) પ્રથમ તો આશ્રય લોક તેમજ અલોકમાં છે. કારણ કે, છ દ્રવ્યોનાં સમવાય, તે અસમવાયમાં વિભાગ વિના રહેલું છે. (૨-૩) ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય સર્વત્ર લોકમાં છે. કારણ કે, તેમના નિમિત્તે જેમની ગતિ ને સ્થિતિ થાય છે એવાં જીવ તે પુદ્ગલોની ગતિ કે સ્થિતિ લોકની બહાર થતી નથી. તેમ જ લોકના, એક દેશમાં થતી નથી (લોકમાં સર્વત્ર થાય છે) (૪) કાળ પણ લોકમાં છે, કારણ કે, જીવ અને પુદ્ગલોના પરિણામો દ્વારા (કાળના), સમયાદિ પર્યાયો વ્યકત થાય છે; અને તે કાળ લોકના, એક પ્રદેશમાં જ છે, કારણ કે, અપ્રદેશી છે. (૫-૬) જીવ અને પુદ્ગલો તો યુક્તિથી લોકમાં છે. કારણ કે, લોક છ દ્રવ્યોના સમવાય સ્વરૂપ છે.

વળી આ ઉપરાંત (એટલું વિશેષ સમજવું કે), પ્રદેશોનો સંકોચ વિસ્તાર થયો, તે જીવનો ધર્મ હોવાથી અને બંધના, હેતુભુત સ્નિગ્ધ-રૂક્ષ ગુણો (ચિકાસ અનેલૂખાપણું), તે પુદ્ગલનો ધર્મ હોવાથી, જીવ અને પુદગલને આખા લોકમાં કે તેના એક દેશમાં, રહેવાનો નિયમ નથી. (વળી) કાળ, જીવ અને પુદ્ગલ એક દ્રવ્યની અપેક્ષાએ, લોકના એક દેશમાં રહે છે, અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ, લોકના એક દેશમાં રહે છે. અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ, અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી, ડાબલી ન્યાયે આખા લોકમાં જ છે.

પ્રદેશનું લક્ષણ :એક પરમાણુથી વ્યાપ્ય હોય એવડા અંશ વડેના માપને પ્રદેશનું લક્ષણ કહે છે.

પ્રદેશપ્રચયાત્મક :પ્રદેશોના સમૂહમય હોય તે અણુમહાન. (૨) પ્રદેશોનો સમૂહ. (પ્રચય=સમૂહ)

પ્રદેશપરિસ્પંદ :પ્રદેશનું કંપન.

પ્રદેશબંધ :કર્મ પુદગલનાં દળ, પ્રદેશબંધ કર્મોની સ્થિતિ ઉપર આધાર રાખે છે. કોઈ બંધમાં બર્કવર્ગણા યોગ્ય પુદગલોના અનંતપ્રદેશી સ્કંધોનું પરિણામ થોડું હોય અને કોઈમાં વધારે હોય તે પ્રકારને પ્રદેશબંધ કહે છે. પ્રદેશબંધનો અર્થ શાસ્ત્ર પરિભાષાએ પરમાણુ સામાન્યપણે એક પ્રદેશાવગાહી છે. તેવું એક પરમાણુનું ગ્રહણ તે એક પ્રદેશ કહેવાય. જીવ અનંત પરમાણુ કર્મબંધે ગ્રહણ કરે છે. તે પરમાણુ વિસ્તર્યા હોય તો અનંતપ્રદેશી થઈ શકે, તેથી અનંતપ્રદેશનો બન્ધ કહેવાય. ઘનઘાતી ચાર કર્મો-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય-તે એક પ્રકારે ક્ષય કરવાં સહેલાં છે, તે તે જ ભવમાં અમુક અંશે ખપાવી શકાય છે. મોહનીય કર્મ જે મહા જોરાવર છે તેમ ભોળું પણ છે. તે તરત ખપાવી શકાય છે. જેમ તેનો વેગ આવવામાં જબ્બર છે તેમ તે જલ્દીથી ખસી પણ શકે છે. મોહનીયકર્મનો તીવ્રબંધ હોય છે, તો પણ પ્રદેશબંધ ન હોવાથી તુરત ખપાવી શકાય છે. વેદનીય, નામ, ગોત્ર અને આયુ તે એક પ્રકારે ખપાવવાં આકરાં છે, જેનો પ્રદેશબંધ હોય છે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ છેડા સુધી ભોગવવા પડે છે. (૨) કોઈ બંધમાં કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલોના અનંતપ્રદેશી સ્કંધોનું પરિણામ થોડું હોય અને કોઈમાં વધારે હોય તે પ્રકારને પ્રદેશબંધ કહે છે.

પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ :મન, વચન, કાયાના યોગ વડે પ્રદેશબંધ તેમજ પ્રકૃતિબંધ થાય.

પ્રદેશમાત્ર :એક પ્રદેશી. (એક પ્રદેશી એવો પરમાણુ કોઈ એક આકાશપ્રદેશને મંદગતિથી ઓળંગતો હોય ત્યારે જ તે આકાશપ્રદેશે રહેલા કાળ દ્રવ્યની પરિણતિ તેને નિમિત્તભૂતપણે વર્તે છે. (૨) એક પ્રદેશી. (એક પ્રદેશી એવો પરમાણુ કોઈ એક આકાશપ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે જ તે આકાશપ્રદેશે રહેતા કાળદ્રવ્યની પરિણતિ તેને નિમિત્તભૂતપણે વર્તે છે.) (૩) એક પ્રદેશી (એક પ્રદેશી એવો પરમાણુ, કોઈ એક આકાશ પ્રદેશને મંદગતિથી ઓળંગતો હોય, ત્યારે જ તે આકાશપ્રદેશે રહેલા, કાળદ્રવ્યની પરિણતિ, તેને નિમિત્તભૂતપણે વર્તે છે.) (૪) એક પ્રદેશી (એક પ્રદેશી

એવો પરમાણુ કોઈ એક આકાશ પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે જે તે આકાશ પ્રદેશે રહેલા કાળ દ્રવ્યની પરિણિતિ તેને નિમિત્તભૂતપણે વર્તે છે.)

પ્રદેશવત્ત્વ :પ્રદેશવાળાપણું.

પ્રદેશાંતર પ્રાપ્તિનો હેતુ :અન્ય પ્રદેશની પ્રાપ્તિનું કારણ

પ્રદેશાત્વગુણ :જે શક્તિના કારણે દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

કોઈ વસ્તુ પોતાના સ્વક્ષેત્રરૂપ આકાર વિના હોય નહિ-એમ પ્રદશેત્વગુણ બતાવે છે.

પ્રદેશો :દ્રવ્યોને એક, બે, ઘણા, અસંખ્ય અથવા અનંત પ્રદેશો છે. કાળને સમયો છે. (૨) પર્યાયનું લક્ષણ પરસ્પર વ્યતિરેક છે. આ લક્ષણ પ્રદેશોમાં પણ વ્યાપે છે. કારણકે એક પ્રદેશ બીજા પ્રદેશરૂપ નહિ હોવાથી પ્રદેશોમાં પરસ્પર વ્યતિરેક છે; તેથી પ્રદેશો પણ પર્યાયો કહેવાય છે. (૩) પ્રદેશોનો પ્રચય (સમૂહ) તે તિર્થક પ્રચય (તીર છો; આડો; ક્ષેત્ર અપેક્ષિત), અને સમય, વિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય, (પરિણતિ-પર્યાય- ઉત્પાદ- વ્યય-ધ્રૌવ્ય; અસ્તિત્વ) તે ઊર્ધ્વ પ્રચય. ત્યાં આકાશ અવસ્થિત (નિશ્ચિત, સ્થિર) અનંત પ્રદેશોવાળું, હોવાથી, ધર્મ તથા અધર્મ અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળું, હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર), અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી અને પુદ્ગલ દ્રવ્યે અનેક પ્રદેશીપણાની શકિત સહિત, એક પ્રદેશવાળું તથા પર્યાયે બે રચવા અંગો સંખ્યાત, અસંખ્યાત, અનંત પ્રદેશોવાળું હોવાથી તેમને તિર્યક પ્રચય છે. પરંતુ કાળને તિર્યક પ્રચય નથી. કારણ કે તે શક્તિએ તેમજ વ્યક્તિનું એ એક પ્રદેશવાળો છે.ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે. કારણ કે રચના વૃત્તિ ત્રણ કોટિ (ભૂત, વર્તમાન અને ભવિષ્યને તથા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી અંશો સહિત છે. પરંતુ તેમનો ફેર છે કે સમય વિશેષ વૃત્તિઓનો પ્રચય તે કાળ સિવાય બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વપ્રચય છે. અને સમયોનો પ્રચય તે જ કાળ દ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણ કે, બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાત્ ભૂતકાળથી હોવાથી તે વૃત્તિ સમય વિશેષ છે. અને ત્રણ કાળની દ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ સ્વરૂપ હોવાથી તે ઊર્ધ્વ સમયવિશેષ છે. (૪) પ્રદેશોના પ્રચય(સમૂહ) તે તિર્યક પ્રચય અને, સમય વિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય, તે ઊર્ધ્વપ્રચય. ત્યાં આકાશ અવસ્થિત (નિશ્ચય, સ્થિર), અનંત પ્રદેશોવાળું હોવાથી, ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય, અવસ્થિત અસંખ્ય પ્રદેશોવાળાં હોવાથી, જીવ અનવસ્થિત (અસ્થિર), અસંખ્ય પ્રદેશોવાળો હોવાથી, અને પુદ્ગલ દ્રવ્યે અનેક પ્રદેશીપણાની શકિત સહિત, એક પ્રદેશવાળું તથા પર્યાયે બે અથવા ઘણા (સંખ્યાત, અસંખ્યાત ને અનંત) પ્રદેશોવાળું હોવાથી, તેમને તિર્યક પ્રચય છે. પરંતુ કાળને તિર્યક પ્રચય નથી, કારણ કે, તે શક્તિએ તેમજ વ્યકિતએ, એક પ્રદેશવાળો છે. ઊર્ધ્વપ્રચય તો સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે, કારણ કે દ્રવ્યની વૃત્તિ, ત્રણ કોટિને (ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી અંશો સહિત છે. પરંતુ આટલો ફેર છે કે, સમયવિશિષ્ટ વૃત્તિઓનો પ્રચય, તે (કાળ સિવાય) બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વ પ્રચય છે. અને સમયોનો પ્રચય, તે જ કાળ દ્રવ્યને ઊર્ધ્વપ્રચય છે; કારણ કે બાકીનાં દ્રવ્યોની વૃત્તિ સમયથી અર્થાંતરભૂત (અન્ય) હોવાથી, તે (વૃતિ) સમયવિશિષ્ટ છે અને કાળદ્રવ્યની વૃત્તિ તો સ્વતઃ સમયભૂત હોવાથી, તે (વૃત્તિ) સમયવિશિષ્ટ નથી.

પ્રદેશોદય :પ્રદેશને મોઢા આગળ લઈ વેદવું તે 'પ્રદેશોદય'. પ્રદેશોદયથી જ્ઞાનીઓ કર્મનો ક્ષય અંતર્મુહૂર્તમાં કરે છે. (૨) પ્રદેશને મોઢા આગળ લઈ વેદવું તે 'પ્રદેશોદય'. પ્રદેશોદયથી જ્ઞાનીઓ કર્મનો ક્ષય અંતર્મુહૂર્તમાં કરે છે.

'અનપવર્તન' અને 'અનુદીરણા' એ બેનો અર્થ મળતો આવે છે, તથાપિ તફાવત એ છે કે ઉદીરણા માં આત્માની શક્તિ છે, અને અપવર્તનમાં કર્મની શક્તિ છે.

આયુષ ઘટે છે, એટલે થોડા કાળમાં ભોગવાય છે.

અશાતાના ઉદયમાં જ્ઞાનની કસોટી થાય છે.

પરિણામની ધારા એ થરમોમિટર સમાન છે.

પ્રદેશોનું આકર્ષણ :પ્રદેશોનું લઈ શકવું.

પ્રદેશોનું પ્રક્ષેપણ :પ્રદેશોને કાઢી નાખી શકવું.

પ્રદેશોનું પ્રક્ષેપણ અને આકર્ષણ :પોતાના પ્રદેશોને કાઢી નાખી શકે નહિ, તેમજ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.

પ્રદીપ :દીપક; અનુપમ દીપક.

પ્રદીપ્ત :પ્રકાશિત થયેલું; ઉત્તેજિત થયેલું

પ્રદોષ :મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષનો ઉપાય તત્ત્વજ્ઞાન છે તેનું કથન કરનારા પુરુષની પ્રશંસા ન કરતાં અંતરંગમાં દુષ્ટ પરિણામ થાય તે પ્રદોષ છે. (૨) મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષનો ઉપાય તત્ત્વજ્ઞાન છે, તેનું કથન કરનારા પુરુષની, પ્રશંસા ન કરતાં અંતરંગમાં દુષ્ટ પરિણામ થાય, તે પ્રદોષ છે. (૩) મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષનો ઉપાય તત્ત્વજ્ઞાન છે, તેનું કથન કરનારા પુરુષની પ્રશંસા ન કરતાં અંતરંગમાં દુષ્ટ પરિણામ થાય તે પ્રદોષ છે.

પ્રદ્યતિત કર્યો છે. :પ્રગટ પ્રકાશ્યો છે.

પ્રધાન :ઉત્કૃષ્ટ (૨) મુખ્ય

પ્રધાનતર :વિશેષપ્રધાન (૨) મુખ્ય

પ્રધાનતા :મુખ્યતા

પ્રધાનહેતુ :મુખ્ય નિમિત્ત. (દ્રવ્યસંવરમાં મુખ્ય નિમિત્ત જીવના શુભાશુભ પરિણામનો નિરોધ છે, યોગનો નિરોધ નહિ. (અહીં એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે દ્રવ્યસંવરનું ઉપાદાનકારણ-નિશ્ચયકારણ તે પુદ્ગલ પોતે જ છે.))

પ્રદ્યોતમાન :પ્રકાશમાન

પ્રદ્યોતવું :પ્રગટ કરવું; પ્રકાશવું

પ્રદ્યોતિત :પ્રગટ પ્રકાશ્યો

પ્રધ્વંસ :ભારે વિનાશ. (૨) નાશ

પ્રધ્વંસાભાવ :પાંચ અભાવોમાંનો એક=નાશ થવાથી થતો અભાવ.

પ્રદષ્ટ :પ્રમાન; (કર્મ ચેતનાવાળા જીવને જ્ઞાનાવરણ; પ્રકૃષ્ટ હોય છે અને કર્મફળચેતનાવાળાને અતિ પ્રકૃષ્ટ હોય છે.

પ્રાદુર્ભાવ :પ્રગટ

પ્રપંચ :સૃષ્ટિના રૂપનો વિસ્તાર; માયાનો વિસ્તાર; સંસાર; સાંસારિક વ્યવહારની ખટપટ; કાવાદાવા; છળકપટ; કાવતરાબાજી; ચાલબાજી; આડંબર; ડોળ; ઢોંગ. (૨) છળકપટ; કાવાદાવા; કાવતરાબાજી; ચાલબાજી; આડંબર; ડોળ; ઢોંગ; સાંસારિક વ્યવહારની ખટપટ. (૩) વિસ્તાર; વિસ્તૃત કથન (૪) છળ-કપટ આદિ.

પ્રપંચનો ઉપવાસ :મશ્કરી; હાંસી; તિરસ્કાર.

પ્રપંચિત :વિસ્તારથી કહેવામાં આવેલા

પ્રપંચી :પાંચ ઈન્દ્રિયોના વિષયભોગવાળા સંસારી.

પરંપર :છેવટનું

પ્રપૂર્ણ :પ્રકૃષ્ટપણે પૂર્ણ; પરિપૂર્ણ

પ્રબંધ :ગોઠવણ; વ્યવસ્થા.

પ્રબળ :ઉગ્ર; અંત્યત (૨) ઘણું બળવાન; ઉગ્ર; આકરું; પ્રચંડ; ખૂબ; ઘણું.

પ્રભુ શક્તિ :મહા સામર્થ્ય.

પ્રભુત્વ શકિત :કર્તૃત્વ અને ભોકતૃત્વના અંધકારને સમાપ્ત કરીને સમ્યકપણું પ્રગટે તે પ્રભુત્વશક્તિ છે. (૨) આત્મદ્રવ્યમાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. તેનો પ્રતાપ અખંડિત છે. અબાધિત છે. પ્રભુત્વશક્તિ કહો કે, ઈશ્વરશકિત કહો કે પરમેશ્વર શકિત કહો,-બધું એક જ છે.

પ્રભુતા :અધિકાર (૨) સામર્થ્ય; શક્તિમત્તા; ઐશ્વર્ય; ગૌરવયુક્ત; કાંતિમાન. (૩) પૂર્ણપણું; પુર્ણ પરમાત્મા (૪) ઈશ્વરતા; સામર્થ્ય

પ્રભેદ :પ્રકારનો પ્રકાર; પેટા ભેદ; ભિન્નતા; તફાવત.

પ્રભુભક્તિ :શુદ્ધ આત્મસ્વરૂપની ઉપાસના; શુદ્ધ સહજ આત્મસ્વરૂપની આરાધના.

પ્રભવ :ઉદ્ગમ; ઉદ્ભવ

પ્રભુશકિત :પ્રબળશક્તિ; ઉગ્રશક્તિ; પુષ્કળશકિત; (જે જ્ઞાની જીવે પરમ ઉદાસીનતાને પ્રાપ્ત કરવામાં સમર્થ એવી પ્રભુશક્તિ ઉત્પન્ન કરી નથી તે જ્ઞાની જીવ કદાચિત્ શુધ્ધાત્મભાવનાને અનુકૂળ, જીવાદિ પદાર્થોનું પ્રતિપાદન કરનારાં આગમ પ્રત્યે રુચિ (પ્રીતિ) કરે છે, કદાચિત્ (જેમ કોઈ રામચંદ્રાદિ

પુરુષ દેશાંતરસ્થિત સીતાદિ સ્ત્રીની પાસેથી આવેલા માણસોને પ્રેમથી સાંભળે છે, તેમનું સન્માનાદિ કરે છે અને તેમને દાન આપે છે તેમ) નિર્દોષ-પરમાત્મા તીર્થંકર પરમદેવોનાં અને ગણધરદેવો-ભરત-સાગર-રામ-પાંડવાદિ મહાપુરુષોનાં ચારિત્ર પુરાણો શુભ ધર્માનુરાગથી સાંભળે છે તથા કદાચિત ગૃહસ્થ અવસ્થામાં ભેદાભેદ રત્નત્રય પરિણત આચાર્ય-ઉપાધ્યાય-સાધુનું પૂજનાદિ કરે છે અને તેમને દાન આપે છે-ઈત્યાદિ શુભ ભાવો કરે છે. આ રીતે જે જ્ઞાની જીવ શુભ રાગને સર્વથા છોડી શકતો નથી, તે સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરતો નથી પરંતુ દેવલોકાદિના કલેશની પરંપરાને પામી પછી ચરમ દેહે નિર્વિકલ્પસમાધિ વિધાન વડે વિશુધ્ધ દર્શન જ્ઞાન સ્વભાવવાળા નિજ શુધ્ધાત્મામાં સ્થિર થઈ તેને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.)

પ્રભુશક્તિ :મહા સામર્થ્ય

પ્રભુસ્મરણ :આત્મસ્મરણ.

પ્રભા :દ્યુતિ; તેજ; કાંતિ; પ્રકાશ; મુખની ફરતું તેજ; પ્રભાવ. (૨) તેજ; પ્રકાશ; ઝળકવું. (૩) તેજ; કાંતિ; પ્રકાશ; મુખની ફરતું તેજ; દ્યુતિ; ઝાંય; દમામ; પ્રભાવ-પૈસા (૪) ઝાંય

પ્રભાવ :શક્તિ; પ્રતાપ; તેજ

પ્રભાવક :બીજા ઉપર પ્રભાવ પાડનાર; દીપાવનાર; શોભાવનાર; ઉત્તેજના આપનાર.

પ્રભાવના :પ્રખ્યાપન દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે; પરમ વૈરાગ્ય કરવાની જિન ભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના; તેની પ્રખ્યાતિ-જાહેરાત કરવા દ્વારા; પરમ વૈરાગ્યમય પ્રકૃષ્ટ પરિણમન દ્વારા, તેનો સમ્યક્ પ્રકારે ઉદ્યોત કરવો તે. (૨) પ્રભાવના પોતાનું લક્ષ કરતાં પોતાની પર્યાયમાં થાય છે. (૩) સમ્યગ્દર્શનનું આઠમું અંગ છે. સત્યમાર્ગનો ઉદ્યોત કરે, વિદ્વત્તાથી, તપથી, અભ્યાસથી, સદાચારથી તથા જિનમંદિર, પ્રતિષ્ઠા, તીર્થયાત્રા, લહાણીઓ વગેરે વડે ધર્મનો મહિમા વધારે તે પ્રભાવના નામે આઠમું અંગ છે. (૪) પ્રગટ કરવું; ઉદ્યોત કરવો. (૫) પ્રખ્યાતિ; જાહેરાત; પ્રખ્યાપન; પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યાત કરવો તે. (૬) ઉત્કૃષ્ટભાવના

પ્રભાવના અંગ :પ્રભાવના, એટલે અત્યંતપણે પ્રગટ કરવું. પોતાના આત્માનો અતિશય, તો રત્નત્રયનો પ્રતાપ વધવાથી, પ્રગટ થાય છે અને જૈનધર્મનો અતિશય તો ઘણાં દાન- દયા વડે ઉગ્ર તપ કરીને, ખૂબ ધન ખર્ચી ભગવાનની પૂજા કરાવીને શાસ્ત્રાભ્યાસ કરીને તથા નિર્દોષ દેવાદિના ચમત્કાર વડે (જૈનધર્મની મહિમા), પ્રગટ થાય છે, તેથી આવો અતિશય પ્રગટ કરવો.

પ્રભાવિક :બીજા પર પ્રભાવ પાડનાર; દીપાવનાર; શોભાવનાર; પ્રભાવશાળી.

પ્રભાસવું :પ્રકાશવું; વ્યાપવું.

પ્રમત :પહેલેથી છ ગુણસ્થાન સુધીની (પર્યંતની) પર્યાયો પ્રમત્ત છે.

પ્રમત અવસ્થા :અવિરતિપણું; ત્યાગનો અભાવ; પ્રમાદ અવસ્થા.

પ્રમત-અપ્રમત્ત :ગુણસ્થાનની પરિપાટીમાં, છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત, કહેવાય છે. અને સાતમા ગુણ સ્થાનથી, ચૌદમા ગુણસ્થાન માંડીને, અપ્રમત્ત કહેવાય છે. પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે. શુદ્ધ નયથી આત્મા જ્ઞાયક જ છે.

પ્રમત્ત અ ને અપ્રમત્ત, એ તો પર્યાયના ભેદો છે અને તે અશુદ્ધનયનો વિષય છે. પહેલેથી છ ગુણસ્થાન પર્યંતની પર્યાયો, પ્રમત્ત છે અને સાતમેથી ચૌદગુણસ્થાન પર્યંતની પર્યાયો તે અપ્રમત્ત છે. આમાં હવે કઈ પર્યાયો બાકી રહી ગઈ? ૧ ભગવાન આત્મા, આ સઘળી અપ્રમત્ત અને પ્રમત્ત એવી પર્યાયોના ભેદથી રહિત શુદ્ધનય સ્વરૂપ, એક જ્ઞાયકભાવ છે. જે દૃષ્ટિનો વિષય છે અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે, તે આ જ્ઞાયકભાવ અપ્રમત્ત નથી, અને પ્રમત્ત પણ નથી, એ રીતે એને શુદ્ધ કહેવાય છે.

પ્રમત્ત :મતવાલું; ગાફેલ. (૨) સ્વરૂપનો અનુત્સાહ; મદોન્મત્ત; છકી ગયેલું; પ્રમાદી, કર્મના સદ્ભાવરૂપ. (૩) મત્તવાલું; ગાફેલ. (૪) ચારિત્ર મોહનો સદ્ભાવ. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાથી દર્શન મોહનો નાશ થાય છે. તે ચોથું ગુણસ્થાન છે. પરંતુ પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને ચારિત્ર મોહનીય કર્મનો સદ્ભાવ (હયાતી) હોય છે, તેથી તેમને પ્રમત્ત અવસ્થાની હયાતી હોય છે.

સાતમા ગુણસ્થાનથી, બારમા ગુણસ્થાન સુધીમાં ક્રમશઃ અપ્રમત્તાવસ્થા, ક્રમશઃ ઘટતી જાય છે. તેરમે ગુણસ્થાને અપ્રમત્ત અવસ્થાનો સંપૂર્ણ નાશ થાય છે.

પ્રમત્તભાવ :ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય, નિદ્રા, આહાર, મોજશોખ અને વિકથા એ સઘળાં પ્રમત્તભાવ-પ્રમાદનાં લક્ષણ છે. પ્રમાદ પરમ રિપુ છે.

પ્રમાણ :આત્મા ગુણ-પર્યાયથી ભરેલો સ્વાધીન પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે; તેમાં વર્તમાન જ્ઞાનની અવસ્થા અને ત્રિકાળ, સળંગ, અખંડ જ્ઞાયકપણું એ બેઉ પક્ષને એકસાથે યથાર્થપણે ગ્રહણ કરે તો પ્રમાણ કહેવાય. આખી વસ્તુને ખ્યાલમાં લે તેનું નામ પ્રમાણ છે. (૨) માપ. (૩) માપ; પરિમાણ. (જીવના અગુરુલઘુત્વ સ્વભાવના નાનામાં નાના અંશો (અવિભાગ પરિચ્છેદો) પાડતાં સ્વભાવથી જ સદાય અનંત અંશો પડે છે, તેથી જીવ સદાય આવા (ષટગુણવૃધ્ધિહાનિયુકત) અનંત અંશો જેવડો છે વળી જીવના સ્વક્ષેત્રના નાનામાં નાના અંશો પાડતાં સ્વભાવથી જ સદાય અસંખ્ય અંશો પડે છે, તેથી જીવ સદાય આવા અસંખ્ય અંશો જેવડો છે. (૪) માપ; પરિમાણ. (જીવના અગુરુલઘુત્વ સ્વભાવના નાનામાં નાના અંશો (અવિભાગ પરિચ્છેદો) પાડતાં સ્વભાવથી જ સદાય અનંત અંશો પડે છે, તેથી જીવ સદાય આવા (ષટ્ગુણવૃદ્ધિહાનિયુક્ત) અનંત અંશો જેવડો છે. વળી જીવના સ્વક્ષેત્રના નાનામાં નાના અંશો પાડતાં સ્વભાવથી જ સદાય અસંખ્ય અંશો પડે છે, તેથી જીવ સદાય આવા અસંખ્ય અંશો જેવડો છે.) (૫) પ્રમાણના બે પ્રકાર છે - પરોક્ષ અને પ્રત્યક્ષઃ- (•) પરોક્ષ=જે ઈન્દ્રિયોથી સ્પર્શાઈ પ્રવર્તે તથા જે ચક્ષુ અને મનથી વગર સ્પર્શ્યે પ્રવર્તે-એમ બે પરદ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે. (•)પ્રત્યક્ષ=કેવળ આત્માની જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.

પ્રમાણ તે સાચું જ્ઞાન છે. તેના પાંચ ભેદો છે-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ. તેમાં મતિ અને શ્રુત મુખ્યપણે પરોક્ષ છે, અવધિ અને મનઃપર્યય એ વિકલ (અંશ) પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન તે સકલપ્રત્યક્ષ છે.

(૬) પ્રમાણના બે પ્રકાર છે - પરોક્ષ અને પ્રત્યક્ષ. પ્રમાણ તે સાચું જ્ઞાન છે. તેના પાંચ ભેદો છે :- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ. તેમાં મતિ અને શ્રુત મુખ્યપણે પરોક્ષ છે, અવધિ અને મનઃપર્યય એ વિકલ (અંશ) પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન તે સકલ પ્રત્યક્ષ છે (૭) પર્યાયાર્થિક નયનો વિષય અને દ્રવ્યાર્થિક નયનો વિષય તે બંને થઈને, આખું જીવ દ્રવ્ય છે. તેથી તે બંને પડખાં પ્રમાણનો વિષય છે. (૮) જ્ઞાન છે તે જ્ઞાન પાંચ પ્રકારનું છે. મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યય ને કેવળ. તેમાં મતિને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ અને મનઃપર્યય એ બે વિકલ્પ પ્રત્યક્ષ છે. અને કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે. (૯) મતિ,શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ જ્ઞાન; જ્ઞાનગુણની પાંચ અવસ્થા. (૧૦) જ્ઞાન (૧૧) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન. (૧૨) સાચા જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણના બે ભેદ છે. એક, પ્રત્યક્ષ અને બીજો, પરોક્ષ (૧૩) નય છે, તે એક અંશ વિષય કરે છે. પ્રમાણ છે, તે દ્રવ્ય-પર્યાય બંનેને એક સાથે, જાણે છે. શુદ્ધનયનો વિષય, શુદ્ધ એક ત્રિકાળી દ્રવ્ય છે, અને તેને જાણતાં અનુભવતાં સાથે, પ્રમાણના વિષયનું પણ જ્ઞાન થાય છે. પ્રમાણના વિષયમ દ્રવ્ય,-ત્રિકાળી અને પર્યાય-વિકારી અને નિર્વિકારી,-એમ બન્ને આવે છે. ધર્મી જીવને પર્યાયમાં નિર્મળતા, છે ને સાથે રાગ અને દ્વેષ પણ છે; તે એક સમયમાં સુખ અને દુઃખ, બન્ને ભાવને વેદે છે. એમ પોતે જાણે છે, તે પ્રમાણજ્ઞાનની અપેક્ષાએ વાત છે. (૧૪) ત્રિકાળી સ્વભાવ અને વર્તમાન અવસ્થા બને એકસાથે લક્ષમાં લેવાં તે. (૧૫) વર્તમાન જ્ઞાનની અવસ્થા, અને ત્રિકાળ સળંગ અખંડ જ્ઞાયકપણું, એ બેઉ પક્ષને એક સાથે યથાર્થપણે ગ્રહણ કરે, તો પ્રમાણ કહેવાય. આખી વસ્તુને ખ્યાલમાં લે, તેનું નામ પ્રમાણ છે. વસ્તુને મુખ્ય રાખે, અને તે વસ્તુના બીજા ગુણને (પેટામાં) ગૌણ રાખે, અથવા દ્રવ્યને ગૌણતામાં રાખે અને તેના ગુણ-ધર્મને (હેતુવશે) મુખ્ય રાખે, તે દ્રષ્ટિને નય અથવા સાપેક્ષ દષ્ટિ કહેવાય છે.

જીવદ્રવ્ય સ્વતંત્ર છે, તેમાં બંધની અવસ્થા ક્ષણવર્તી છે, અને નિર્દોષ, સંબંધ, નિર્મળ વસ્તુ-સ્વભાવપણું છે, તે ત્રિકાળી વસ્તુ છે.-એમ યર્થાથ ખ્યાલમાં લેવું, તે પ્રમાણ છે.

(૧૬) પ્રમાણ નામ, સમ્યગ્જ્ઞાનનું છે, તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી, બે પ્રકારે છે. ત્યાં પ્રત્યક્ષના, બે ભેદ છે. જે જ્ઞાન કેવળ આત્માને જ આધીન થઇ, જેટલો પોતાનો વિષય છે, તેને વિષદતાથી સ્પષ્ટ જાણે, તેને પામાર્થિક પ્રત્યક્ષ કહીએ. તેના પણ, બે ભેદ છે. અવધિજ્ઞાન મનઃપર્યાયજ્ઞાન તો, એક દેશ પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન, સર્વપ્રત્યક્ષ છે. વળી જે નેત્રાદિ, ઇન્દ્રિયો દ્વારા, વર્ણાદિકને સાક્ષાત ગ્રહણ કરે, અર્થાત્ જાણે, તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ. પરમાર્થથી આ જાણવું, પરોક્ષ જ છ. કારણ કે, સ્પષ્ટ જાણપણું નથી. તેનું ઉદાહરણ : જેમ આંખ વડે કોઇ વસ્તુને સફેદ જાણી, તેમાં મલિનતાનું પણ મિશ્રણ છે. અમુક અંશ શ્વેત છે, અને અમુક મલિન છે, એમ આને સ્પષ્ટ પ્રતિભાસતું નથી. તેથી એને વ્યવહારમાત્ર પ્રત્યક્ષ છે, પરંતુ આચાર્ય, પરોક્ષ જ કહે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય, તે બધું પરોક્ષ નામ પામે છે. (૧૭) ભગવાન આત્મા અવિકારી, અનંત જ્ઞાનાનંદમય, પૂર્ણ, અખંડશક્તિનો પિંડ છે. દેહાદિ રૂપી સંયોગોથી જુદો, અરૂપી જ્ઞાન ઘન છે. તેને અખંડ નિર્મળ સ્વભાવના પડખે જાણવો, તે નિશ્ચયનય તેની વર્તમાન અવસ્થાના ભેદને જાણવો, તે વ્યવહારનય અને બેઉ થઇ આખા આત્માનું જ્ઞાન કરવું, તે પ્રમાણ. (૧૮) સાચા જ્ઞાનને નિર્દોષ જ્ઞાનને અર્થાત્ સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહે છે. અનંતગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પરવસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. પ્રમાણ વસ્તુના સર્વ દેશને (બધાં પડખાંને) ગ્રહણ કરે છે-જાણે છે. (૧૯) પ્ર=વિશેષ કરી+માણ=માપ)=સાચું માપ કરે તે સમ્યક્ જ્ઞાન, તેને પ્રમાણ કહે છે. અહીં પ્રમાણનો વિકલ્પ, અભૂતાર્થ છે, એમ કહ્યું છે. (૨૦) પ્રમાણ તો વસ્તુના બધા ભાગને જાણે છે, પણનેય, વસ્તુના એક ભાગને જાણે છે. (૨૧) મતિ, શ્રુત, અવધિજ્ઞાન, મન પર્યય અને કેવળજ્ઞાનરૂપ, જ્ઞાનગુણની પાંચ અવસ્થા (૨૨) સ્વ-પર વસ્તુને નિશ્ચેય કરનાર, સમ્યગ્જ્ઞાન (૨૩) પ્રમાણ બે પ્રકારે છે - પરોક્ષ અને પ્રત્યક્ષ. જે ઇન્દ્રિયોથી સ્પર્શાઇ (સંબધિત થઇ) પ્રવર્તે તથા જે વગર સ્પર્શે મનથી જ પ્રવર્તે એ પ્રમાણે બે પરદ્વારોથી પ્રવર્તે તે પરોક્ષ છે અને કેવળ આત્માથી જ પ્રતિનિશ્ચિતપણે પ્રવર્તે તે પ્રત્યક્ષ છે.

(પ્રમાણજ્ઞાન પાંચ પ્રકાર છે: મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળે તેમાં મતિ ને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ છે, અવધિ ને મનઃપર્યય એ બે વિકલ્પ પ્રત્યક્ષ છે. અને કેવળજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે, તેથી એ બે પ્રકારનાં પ્રમાણ છે.

<u>પ્રમાણ કરજો</u> :નિર્ણય કરજો, માન્ય કરજો

<u>પ્રમાણ કરવુ</u> :સ્વીકાર કરવો

<u>પ્રમેય</u> :માપી શકાય તેવું; પ્રમાણ દ્વારા જાણી શકાય તેવું; પ્રમાણ દ્વારા સિદ્ધ કરવા જેવું કે કરી શકાય તેવું; કૂટ પ્રશ્ન. (૨) જાણવાલાયક વસ્તુ (૩) જણાવું (૪) આત્માના જ્ઞાનમાં જણાવા યોગ્ય, એવા સ્વ પર પદાર્થ જ્ઞાન વડે જણાવા યોગ્ય, બધી વસ્તુ જ્ઞેય હોય છે. (૫) જાણવા લાયક વસ્તુ (૬) કૂટ પ્રશ્ન; સિદ્ધ કરવાની વસ્તુ-જીવ-અજીવ વગેરે (૭) જણાય છે.

<u>પ્રમેય થાય છે</u> :જણાય છે.

<u>પ્રમયેત્વ</u> :પ્ર+મેય+ત્વ=પ્ર એટલે પ્રકૃષ્ટપણે, વિશેષ કરીને, મેય એટલે માપમાં આવવા યોગ્ય; ત્વ=પણું (ભાવવાચક પ્રત્યય) પ્રકૃષ્ટપણે માપમાં (જ્ઞાનમાં ખ્યાલમાં) આવવા યોગ્યપણું (૨) જણાવાની શક્તિનું નામ પ્રમેયત્વ છે. પ્રમેયત્વ=પ્ર+મેય+ત્વ. પ્ર=પ્રકૃષ્ટપણે, વિશેષ કરીને. મેય=માપમાં આવવા યોગ્ય (મા ધાતુનું વિધ્યર્થ કૃદંત). ત્વ=પણું (ભાવવાચક પ્રત્યય.)

પ્રમેયત્વ=પ્રકૃષ્ટપણે માપમાં (જ્ઞાનમાં-ખ્યાલમાં) આવવા યોગ્યપણું.

<u>પ્રમેયત્વગુણ</u> :દરેક દ્રવ્યમાં જણાવા યોગ્યપણું હોવાથી જ્ઞાનથી કોઈ અજાણ્યું (ગુપ્ત) રહી શકે નહિ. તેથી કોઈ એમ માને કે આપણે અલ્પજ્ઞને નવ તત્ત્વ શાં ? આત્મા શું ? ધર્મ શું ?-એ ન જણાય; તો તેની તે માન્યતા ખોટી છે; કેમ કે જો યથાર્થ સમજવાનો પુરુષાર્થ કરે તો સત્ય અને અસત્યનું સ્વરૂપ (સમ્યગ્મતિ-શ્રુતજ્ઞાનનો વિષય હોવાથી તેના જ્ઞાનમાં હોવાથી તેના

જ્ઞાનમાં અવશ્ય જણાય-એમ પ્રમેયત્વગુણ બતાવે છે.) (૨) જે શકિતના કારણથી, દ્રવ્ય કોઈ ને કોઈ જ્ઞાનનો વિષય હોય, તેને પ્રમેયત્વ ગુણ કહે છે. (૩) દરેક દ્રવ્યમાં જણાવા યોગ્યપણું હોવાથી જ્ઞાનથી કોઈ અજાણ્યું (ગુપ્ત) રહી શકે નહિ-એમ પ્રમેયત્વ ગુણ બતાવે છે. (૪) જે શક્તિનાં કારણથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્વગુણ કહે છે. (જે શકિતના કારણથી દ્રવ્યમાં જણાવાની શક્તિ છે તેને પ્રમેયત્વ ગુણ કહે છે.) (૫) દરેક પદાર્થમાં પ્રમેયપણું એટલે, કોઈ પણ જ્ઞાનનો વિષય થવાપણું છે, જણાવવાની યોગ્યતા છે. જ્ઞેય અથવા પ્રમેય=જ્ઞાનમાં જણાવા યોગ્ય. માટે જણાવાપણું જેમાં ન હોય, તે વસ્તુ ન કહેવાય. (૬) જે શક્તિના કારણથી, દ્રવ્યનો કોઈ પણ આકાર અવશ્ય હોય

પ્રમુદિત :પ્રસન્ન

પ્રમાણદ્રષ્ટિ :પ્રમાણ દ્રષ્ટિમાં ત્રિકાળસ્વરૂપ વસ્તુ દ્રવ્ય પર્યાયરૂપ જોવામાં આવે છે. તેથી આત્મા પણ એકી સાથે એક અનેકરૂપ દેખવો. ત્રિકાળ દ્રવ્યપણે એક અને પર્યાયપણે અનેક; દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય જો અનેક અને આત્મા (દ્રવ્યે) એક. એ બન્નેને પ્રમાણથી એક સાથે દેખવું અને જાણવું એમ કહે છે. સાધુપુરુષે દર્શન, જ્ઞાન,ચારિત્રને સેવવાં એ વ્યવહારથી કથન છે. એ ભેદ કથન છે, મલિન છે, અનેક સ્વભાવરૂપ કથન છે, જાણવાલાયક છે, પણ એને પહેલાં આત્મા એકરૂપ છે. એક સ્વભાવી છે એવું જ્ઞાન થયું એમાં પર્યાય ત્રણ થઈ ગઈ. એકરૂપ દેખવો એ નિશ્ચય અને ત્રણરૂપ દેખવો એ વ્યવહાર છે. બન્નેને એકી સાથે દેખવો એ પ્રમાણ છે.

પ્રમાણભૂત :પૂર્ણ સત્યરૂપ

પ્રમાતા :જાણનાર

પ્રમાતા :જાણનારો આત્મા

પ્રમાદ :કષાય, ઈન્દ્રિય, વિકથા, સ્નેહ અને નિદ્રા એમ પ્રમાદ પાંચ પ્રકારે છે. અથવા ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળાં પ્રમાદનાં લક્ષણ છે. (૨) અતીન્દ્રિય આનંદરૂપ અનુભવથી છૂટી ભાવલિંગી સંત છઠ્ઠે ગુણસ્થાને આવે છે. એ પ્રમાદ છે. વિકલ્પ જે ઊઠે છે તે આળસ છે. (૩) અસાવધપણું; ગફલત; આળસ; બેદરકારી; બેપરવાઈ. (૪) ધર્મની અનાદરતા; ઉન્માદ; આળસ; કષાય એ સઘળાં પ્રમાદના લક્ષણ છે. (૫) આત્માનુભવમાં ધર્મધ્યાનમાં આળસ કરવી તે પ્રમાદ છે, તેના ૮ ભેદ છે. ચાર વિકથા, ચાર કષાય, પાંચ ઈન્દ્રિય, ૧ સ્નેહ ને ૧ નિંદ્રા=૮૦

દરેક પ્રમાદભાવમાં એક વિકથા, એક કષાય, એક ઈન્દ્રિય, એક અને એક નિંદ્રાનો ઉદય સંબંધ થાય છે. જેમ પુષ્પ સુંઘવાની ઈચ્છા થવી તે પ્રમાદભાવ છે. તેમાં એક વિકથા (ભોજનકથા) લોભકષાય, ઘ્રાણ ઈન્દિય, સ્નેહ અને નિંદ્રા એ પાંચ ભાવ સંયુકત છે.

(૬) અનુત્સાહ. (૭) પાંચ પ્રકારના પ્રમાદ છે, (•) ઈન્દ્રિય, (•) વિકથા, (•) કષાય, (•) સ્નેહ, (•) નિંદ્રા. એ પાંચ પ્રમાદથી મનની અસ્થિરતા ન થાઓ. અર્થાત્ એ પ્રમાદમાં મન કદી ન જાઓ. (૭) કષાય, ઈન્દ્રિય, વિકથા, સ્નેહ અને નિદ્રા એમ પ્રમાદ પાંચ પ્રકારે છે, અથવા ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘણાં પ્રમાદનાં લક્ષણ છે. (૮) પંદર પ્રકારના છે. ક્રોધ, માન,માયા, લોભ, એ ચાર કષાય. સ્ત્રી, રાજ, ભોજન, ચોર, એ ચાર પ્રકારની વિકથા, નિંદા, પ્રેમ(વેદ-રાગ) અને પાંચ ઈન્દ્રિયવિષય, આ પંદર પ્રમાદો છે. (૯) કલ્યાણકારી કાર્યમાં, અનાદરને પ્રમાદ કહે છે. (૧૦) સ્વરૂપમાં અસાવધાનતા પૂર્વક પ્રવૃત્તિ, અથવા ધાર્મિક કાર્યોમાં અનુત્સાહ (૧૧) પ્રમાદના પાંચ પ્રકાર છે :- (•) ઈન્દ્રિય (•) વિકથા (•) કષાય (•) સ્નેહ અને (•) નિદ્રા. એ પાંચ પ્રમાદથી મનની અસ્થિરતા થાય છે. (૧૨) ૪ વિકથા, ૪ કષાય, ૫ ઈન્દ્રિય, ૧ નિદ્રા અને ૧ પ્રણય (સ્નેહ) (૧૩) આત્મસ્વરૂપમાં અનુત્સાહ. મદ, વિષય, કષાય, નિંદ્રા અને વિકથા,-એ પાંચ પ્રમાદના મુખ્ય પ્રકાર છે.

(૧) મદ=મદ એટલે અભિમાન કે અહંકાર. મદના આઠ પ્રકાર છે. જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, વિદ્યામદ (કે જ્ઞાનમદ) લાભમદ અને ઐશ્વર્યમદ. આમાંથી કોઈ પણ જાતનો મદ આવે, તો જીવમાં ઉદ્ધતાઈ, ઉછાંછળાપણું, સ્વચ્છંદ વગેરે આવતા, પરિણામે કાં તો એ પદ ગુમાવવાનો વખત આવે છે. અને નહિ તો એ પદ સંતોષ આપવાને બદલે, અસંતોષ

આપનારું થઈ પડે છે. સામાન્યરીતે જાતિ,કુળ, બળ કે રૂપ જેવાના મદ, મુનિને ન આવે; પણ તેમને પોતાના તપ, લબ્ધિ, જ્ઞાન, ઐશ્વર્ય વગરેનો મદ આવવાનો સંભવ રહે છે. તેથી અહીં કોઈપણ જાતની મદરહિત, સ્થિતિ ઈચ્છી છે.

(૨) વિષય= પ્રમાદનું બીજું અંગ વિષય છે. અહીં વિષયનો અર્થ કામવિકાર છે. ઉચ્ચ કોટિએ ગયેલા સાધકે ચોથું વ્રત અંગીકાર કર્યું હોય છે, તેથી તેને સ્થૂળ વિષયપ્રમાદ હોતો નથી. પણ કર્મોદયજન્ય વિષય હોય છે. અને તે પણ ઉપશમરૂપ હોય છે. આત્મસ્થિરતા દૃઢ ન હોય તો બાહ્ય નિમિત્ત મળતાં પૂર્વે ભોગવેલ વિષય યાદ આવી જાય. તેવે પ્રસંગે મનમાં ક્ષોભ પણ ન થાય, તેવી ભાવના ભાવી છે. પાંચે પ્રકારના પ્રમાદમાં વિષય, એ સૌથી ભયંકર છે. અને એ જિતાઈ જાય, તો બાકીનાને જીતવા સહેલા પડે છે. તે વિષે શ્રીમદે લખ્યું છે કેઃ

એક વિષયને જીતતાં, જિત્યા સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતીએ, દળ, પુર ને અધિકાર.

(૩) કષાય=કષાય એ પ્રમાદનું ત્રીજુ, અંગ છે, અપ્રમત દશામાં આગળ વધતો સાધક વિષય પર કાબૂ મેળવે, છતાં ૧૨મા ગુણસ્થાને ન પહોંચે ત્યાં સુધી, તેને કષાય રહી જાય છે. આથી ઉપશમ શ્રેણીનો સાધક, ૧૨ મા ગુણસ્થાનેથી, અવશ્ય પતન પામે છે. કષાય મુખ્ય થાય છે : ક્રોધ, માન, માયા, લોભ તે પ્રત્યેકના ચાર પ્રકારમાંથી, પહેલાં ત્રણ-અનંતાનું બંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખાનીનો એટલે કે ૧૨ કષાયનો ક્ષય કે ક્ષયોપશમ ન થાય, ત્યાં સુધી ભાવચારિત્ર આવતું નથી. કોઈ ક્ષયોપશમી હોય તો, અથવા સંજવલન ક્રોધ, માન, માયા, કે લોભનો ઉદય આવે, તે વખતે પણ મનમાં ક્ષોભ થાય નહિ, એવી ભાવના આમાં છે.

(૪) નિદ્રા=નિદ્રાની તો દરેક દેહધારીને, જરૂર છે. શરીર ટકાવવા ઉચિત પ્રમાણમાં નિદ્રા લેવી, તે પ્રમાદ નથી, પણ જરૂર કરતાં વધુ નિદ્રા લેવી, તે પ્રમાદ છે. કોઈ અશુભ કર્મના ઉદયથી, આ જાતનો પ્રમાદ આવે તો મુનિ, આત્મજાગૃતિ રાખી તે દૂર કરે છે. અને મનને ક્ષોભ પામવા દેતા નથી. તેવા પ્રમાદથી દૂર રહેવાની, અહીં ભાવના છે.(૫) વિકથા=પ્રમાદનો પાંચમો પ્રકાર, વિકથા છે. સ્ત્રીપુરૂષ કથા, ભોજન કથા, દેશ કથા કે રાજ કથા તે ચારે સંસારની વૃદ્ધિ કરનાર છે. તેથી મુનિ તેનાથી અલિપ્ત રહે. મુનિને, સ્થૂળ વિકથા હોવાનો સંભવ ઓછો હોય છે. પણ અન્ય મુનિ વિષે વિકથા કરવાનો, તેના વિષે તે હલકાં છે તેવો ખ્યાલ થવાનો સંભવ, સૂક્ષ્મતાએ રહે છે. આવી કોઈ પણ જાતની વિકથામાં ન પડવાની, ભાવના અહીં છે.

આત્મસ્થિરતા મેળવવામાં નડતર,રૂપ વિષય, પ્રમાદથી અલિપ્ત રહેવાની ભાવના સાથે શ્રીમદે અહીં, પ્રતિબંધ થી પણ મુક્ત રહેવાની અભિલાષા સેવી છે. 'અપૂર્વ અવસરની' દૃઠ્ઠી કડીમાં જણાવ્યું છે તેમ, પ્રતિબંધ ચાર પ્રકારના છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે પ્રતિબંધ એટલે આવરણ.

(૧) દ્રવ્ય પ્રતિબંધ = બાહ્ય કોઈ પદાર્થની જરૂર હોવી તે દ્રવ્ય પ્રતિબંધ મુનિને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચરિત્ર સિવાય, કોઈ પણ વસ્તુની જરૂર ન હોય. વસ્ત્ર, પુસ્તક, આહાર વગેરેમાંથી, કોઈના પણ ગ્રહણ કે અગ્રહણ વિશે મતાગ્રહ ન હોય. મતાગ્રહ, તે પ્રતિબંધ છે. તે વિશે શ્રીમદે લખ્યું છે કે :-''

પુસ્તક છે તે જ્ઞાનના આરાધનને અર્થે, સર્વ પ્રકારના પોતાના મમવભાવરહિત રખાય, તો જ આત્માર્થ છે, નહિતર, મહાન પ્રતિબંધ છે.'' એવું જ અન્ય દ્રવ્ય વિષે છે.

(૨) ક્ષેત્ર પ્રતિબંધ = માન,પૂજા, સત્કાર આદિ મળે, તેવા અનુકૂળ ક્ષેત્રમાં જ રહેવું કે, પ્રતિકૂળ ક્ષેત્રમાં જ રહેવું તે ક્ષેત્રપ્રતિબંધ છે. અનુકૂળતા-પ્રતિકૂળતા જોયા વિના સમભાવે મુનિએ, રહેવું જોઈએ. ક્ષેત્રપ્રતિબંધ સમજાવતા શ્રીમદે લખ્યું છેઃ-''

આ ક્ષેત્ર આપણું છે અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે, જે વિચાર કરવામાં આવે છે, તે ક્ષેત્ર પ્રતિબંધ છે.''

(૩) ભાવ પ્રતિબંધ = શિષ્ય, અનુયાયી, વગેરે માટે, પ્રીતિ થવી તે ભાવ પ્રતિબંધ. માન આપે તેના તરફ પ્રીતિ થવી અને અપમાન કરે તેના

તરફ અપ્રીતિ થવી તે ભાવ પ્રતિબંધ છે. મુનિએ, તેનાથી છૂટવું જોઈએ.

(૪) કાળ પ્રતિબંધ = અમુક ક્ષેત્રમાં અમુક કાળે જ જવું, અન્ય કાળે ન જવું, તેવી ઈચ્છા, તે કાળ પ્રતિબંધ છે. જેમ કે અતિશય ઠંડા પ્રદેશમાં, શિયાળામાં ન જવું તે કાળ પ્રતિબંધ છે.

પ્રમાદ ભાવ :સ્વરૂપનો અણ ઉત્સાહ

પ્રમાદચર્યા :વિના પ્રયોજન પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવા, ઘાસ કચરવું, પાણી સિંચવું-ઢોળવું, તથા પાંદડા, ફળ, ફૂલો તોડવાં ઈત્યાદિ નકામાં કામ ન કરવા જોઈએ. એને જ પ્રમાદચર્યા અનર્થદંડ ત્યાગ વ્રત કહે છે.

પ્રમાદનું સ્વરૂપ :ઉત્તમ ક્ષમાદિ, દશ ધર્મોમાં ઉત્સાહ ન રાખવો, તેને સર્વજ્ઞદેવે પ્રમાદ કહ્યો છે.

જેને મિથ્યાત્વ અને અવિરતિ ટળ્યા પ, પ્રમાદ તરત ટળી જાય, એવો નિયમ નથી, તેથી સૂત્રમાં અવિરતિ પછી, પ્રમાદ કહ્યો છે, તે અવિરતથી જુદો છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં, પ્રમાદ ટાળીને અપ્રમત્તદશા પ્રગટ કરે, એવા જીવો વિરલા જ હોય છે.

પ્રમાદી :યત્નાચાર રહિત; ઈર્યાદિ સમિતિ રહિત.

પ્રમોદ :અંશમાત્ર પણ કોઈનો ગુણ જોઈ હર્ષ પામવો. (૨) ગુણજ્ઞ જીવ પ્રત્યે ઉલ્લાસ પરિણામ (૩) કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો.

પ્રવણ :ઢળતી; અભિમુખ; રત

પ્રયત્ન :શુદ્ધોપયોગ, મુનિને (મુનિત્વોચિત) શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગમાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વયવહાર પ્રયત્ન છે. (શુદ્ધોપયોગ દશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે. તે શુભોપયોગ વ્યવહાર પ્રયત્નપણાને પણ પામતો નથી.)

પ્રક્ષેપક :પાછળથી ઉમેરો કરનાર

પ્રક્ષેપણ :દૂર ફેંકવાની ક્રિયા; બહાર નીકળી જવું; વિખરાઈ જવું. પલટવાપણું

પ્રક્ષેપણ-આકર્ષણ :આવવું-જવું

પ્રક્ષાપનીયતા :જણાવવા યોગ્ય વર્ણન

પ્રેક્ષાયોગ્ય :માત્ર પ્રેક્ષકભાવે-દ્રષ્ટાજ્ઞાતાપણે-મધ્યસ્થભાવે દેખવા યોગ્ય.

પ્રક્ષાલન :ધોઈ નાખતો; પાણીથી સાફ કરતો.

પ્રક્ષીણ :નષ્ટ; નાશ (૨) ક્ષય (૩) સંપૂર્ણક્ષય (૪) અત્યંત ક્ષીણ-નાશ

પ્રક્ષીણઘાતિકર્મ :ચારે ઘાતિ કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય) ક્ષય પામ્યા છે.

પ્રજ્ઞા :જ્ઞાન (૨) બુદ્ધિ

પ્રજ્ઞાછીણી :જ્ઞાનની પરિણતિ; જ્ઞાનપર્યાય (૨) આત્માનુભવ; અંતદષ્ટિ (૩) સ્વાનુભૂતિ; અનુભવ; સ્વાનુભવ. (૪) અનુભવ; સ્વાનુભવ; સમ્યગ્દર્શન.

પ્રજ્ઞાતિશય :આત્મસામર્થ્ય; આત્મલક્ષી દષ્ટિ; તત્ત્વમીમાંસા

પ્રજ્ઞાપન :નિરૂપણ; પ્રરૂપણ; શિષ્યવર્ગને ઉપદેશ. (૨) જણાવવું (૩) દર્શાવવું; પ્રતિપાદન (૪) પ્રતિપાદન; જણાવવું

પ્રજ્ઞાપના :પ્રરૂપણા; નિરૂપણ.

પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ પ્રભુ :જ્ઞાનમાત્ર વસ્તુ આત્મા; શુદ્ધ એક જ્ઞાયક તત્ત્વ

પ્રજ્ઞાબ્રહ્મ :જ્ઞાન સ્વરૂપ નિજ ચૈતન્ય આત્મા; ત્રિકાળી ધ્રુવજ્ઞાયક આત્મા (૨) સહજ ચિદાનંદ સ્વરૂપ આત્મા.

પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ :જ્ઞાનાનંદ સ્વરૂપ, પરમાત્માનું જે કાંઈ અનિર્વચનીય સ્વરૂપ છે, તે. (૨) સર્વજ્ઞ સ્વરૂપ (૩) જ્ઞાન, સ્વરૂપી પ્રભુ; (૪) એક જ્ઞાનમાત્રવસ્તુ

પ્રજ્ઞાવંત :બુદ્ધિશાળી; મેધાવી; ઊંડી સમઝ ધરાવનાર.

પ્રયુકત :યોજાયેલું; પ્રયોજવામાં આવેલું; પ્રયોગરૂપ બનેલું; રચવામાં આવેલું; વાપરવામાં આવેલું; જોડવામાં આવેલું

પ્રયત :પ્રયત્નશીલ; સાવધાન; સંયમી. (૨) સંયમવાળું; સંયમી; જિતેન્દ્રિય; તપથી પવિત્ર થયેલું. (૩) પ્રયત્નશીલ; સાવધાન; સંયમી (૪) પ્રયત્નશીલ; સાવધાન; સંયમી; શુદ્ધોપયોગી.

પ્રયત આચાર :અશુદ્ધ ઉપયોગ ન હોય ત્યાં જ પ્રયત આચાર વર્તે છે, માટે પ્રયત્ન આચાર વડે અશુદ્ધ ઉપયોગનો અસદ્‌ભાવ પ્રસિદ્ધ થાય છે-જાણવામાં આવે છે.

પ્રયત્ન :ખંતવાળો પરિશ્રમ; પ્રયાસ; તજવીજ; કોશિશ. (૨) મુનિને મુનિત્વોચિત શુદ્ધોપયોગ, તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે. અને તે શુદ્ધોપયોગ દશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી, શુભોપયોગ છે. તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે. (શુદ્ધોપયોગ દશા ન હોય, ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ વ્યવહાર, પ્રયત્નપણાને પણ પામતો નથી.)

પ્રયત્નતા :પરિશ્રમ; મહેનત.

પ્રયત્નપૂર્વક કરવામાં આવતી કાયચેષ્ટા :મુનિને (મુનિત્વોચિત) શુદ્ધ ઉપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગ દશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી શુભ ઉપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે.

(શુદ્ધોપયોગ દશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ વ્યવહાર-પ્રયત્નપણાને પણ પામતો નથી.)

પ્રયાચના :ઉત્કૃષ્ટ આજીજી; પ્રકૃષ્ટ કાલાવાલા. (૨) ઘણી આજીજી; ઉત્કટ કાલાવાલા; અત્યંત આજીજી. (૩) પ્રકૃષ્ટ આજીજી; પ્રકર્ષ વિનતિ. (૪) પ્રાર્થના; વિનંતી.

પ્રયોગ સા પુદ્ગલ :ચૈતન્યનું નિમિત્ત, જે પુદ્ગલમાં હોય, તેને પ્રયોગસા પુદ્ગલ કહેવાય.

પ્રયોગસા :ચૈતન્યનું નિમિત્ત, જે પુદ્ગલમાં હોય, તેને પ્રયોગસા પુદ્ગલ કહેવાય છે.

પ્રયોગસા અને વિસ્રસા :ચૈતન્યનું નિમિત્ત, જે પુદ્ગલમાં હોય, તેને પ્રયોગસા પુદ્ગલ કહેવાય. અને એકલા પુદ્ગલ પરમાણુ હોય, તેને વિસ્રસા કહેવાય.

પ્રયોગસા અને વિસ્રસા :એકલા પુદ્ગલ પરમાણુ હોય, તેને વિસ્રસા કહેવાય. અને ચૈતન્યનું નિમિત્ત જે પુદ્ગલમાં હોય, તેને પ્રયોગસા પુદ્ગલ કહેવાય છે.

પ્રયોજક :કરાવનાર

પ્રયોજકપણાનો :કરાવનાર પણાનો

પ્રયોજન :મતલબ (૨) ઉપયોગ; ખપ; કારણ; હેતુ; જરૂર; આવશ્યકતા; ઉદ્દેશ. (૩) હેતુ; વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જેવું છે તેવું યથાર્થ માનવું અને અનુભવવું એ વાસ્તવિક પ્રયોજન છે. શુધ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી. (૪) મતલબ; દ્રવ્ય અને પર્યાયનું પ્રયોજન ભિન્ન છે, માટે પ્રયોજનથી પણ ભેદ છે. (પર્યાયને અવસ્થા પણ કહે છે. પ્રત્યેક દ્રવ્ય પોતાના અનંત ગુણની અવસ્થારૂપે પરિણમન કરે છે. પર્યાયને પરિણામ પણ કહે છે, અવસ્થા પણ કહે છે. હવે કહે છે-તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે તોપણ એક વસ્તુ જ છે, જુદા નથી; એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.) દ્રવ્યનું નામ અને પર્યાયનું નામ જુદું છે માટે સંજ્ઞાભેદે ભેદ છે. દ્રવ્ય એક અને પર્યાય અનેક-એમ સંખ્યાભેદ છે. દ્રવ્ય ત્રિકાળ રહે છે અને પર્યાય એક સમય, માટે લક્ષણભેદ છે. અને દ્રવ્ય-પર્યાયનું પ્રયોજન ભિન્ન છે, માટે પ્રયોજનથી પણ ભેદ છે. તો પણ એક વસ્તુ જ છે. દ્રવ્યપર્યાય એક વસ્તુ જ છે. એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે. આત્મા અભેદસ્વરૂપ છે એમ શાસ્ત્રમાં આવે છે. અહીં ભેદાભેદ સ્વરૂપ લીધું છે. (૫) જે વડે સુખ ઉપજે વા દુઃખ વિણસે એ કાર્યનું નામ પ્રયોજન છે. એ પ્રયોજનની જેનાથી સિદ્ધ થાય તે જ આપણું ઈષ્ટ છે. (૬) કારણ; નિમિત્ત; ઉદ્દેશ; હેતુ; ખપ; ઉપયોગ; જરૂર; આવશ્યકતા; આશય. (૭) કારણ ; નિમિત્ત; સબબ; ઉદ્દેશ; હેતુ; ખપ; ઉપયોગ; જરૂર; આવશ્યકતા (૮) પ્ર+યોજન- પ્ર=વિશેષ; અવસ્થાભેદ; યોજન=જોડવું, યોજવું, અખંડ વસ્તુના આશ્રયમાં જેટલા અવસ્થાના ભેદ પડે, તેમાં જ્ઞાનને જોડવું, તે પ્રયોજન; ત્રિકાળી દ્રવ્ય સાથે વર્તમાન અવસ્થાની સંધિ કરવી, તે પ્રયોજન છે. (૯) પ્ર+યોજન; પ્ર=વિશેષે, અવસ્થા ભેદ; યોજન=યોજવું, જોડવું. અખંડ વસ્તુના આશ્રયમાં, જેટલા અવસ્થાના ભેદ પડે, તેમાં જ્ઞાનને જોડવું, તે પ્રયોજન. ત્રિકાળી દ્રવ્ય સાથે વર્તમાન અવસ્થાની સંધિ કરવી, તે પ્રયોજન છે. (૧૦) પ્ર+યોજન; પ્ર=વિશેષે; અવસ્થાભેદ; યોજન=યોજવું; જોડવું. અખંડ વસ્તુના આશ્રયમાં, જેટલા અવસ્થાના ભેદ પડે, તેમાં જ્ઞાનને જોડવું,

તે પ્રયોજન. ત્રિકાળી દ્રવ્ય સાથે વર્તમાન અવસ્થાની સંધિ કરવી, તે પ્રયોજન છે.

પ્રયોજન ભેદ :આત્માનું પ્રયોજન, આખા દ્રવ્યનું કાર્ય કરવું, તે છે. જ્ઞાનનું પ્રયોજન હિતાહિતનો નિર્ણય કરી, હિતપણે વર્તવું. ચારિત્રનું પ્રયોજન, રાગ-દ્વેષપણે ન થતાં, નિર્મળ સ્થિરતાપણે રહેવું, વગેરે. એ રીતે એક વસ્તુમાં અભેદપણું-ભેદપણું, નિશ્ચય-વ્યવહાર બંને દૃષ્ટિથી જેમ છે, તેમ જાણે તો, એક પક્ષનો વિરોધ મટી જાય છે.

પ્રયોજનભૂત :સાર રૂપ (૨) મુખ્ય કરવા જેવું

પ્રયોજનભૂત તત્ત્વ :દુઃખ દુર કરવું અને સુખી થવું, એ જ સાચું પ્રયોજન છે અને જે તત્ત્વોની, સાચી (સમ્યક્) શ્રદ્ધા અને જ્ઞાન વિના, આપણું દુઃખ દુર ન થઈ શકે. અને આપણે સુખી ન થઈ શકીએ, તેને પ્રયોજનભૂત તત્ત્વ કહે છે.

પ્રયોજનવશે. :જરૂરિયાત કારણે.

પ્રયોજનવાન :મતલબ; જાણવાનું

પ્રરૂપણ :નિરૂપણ.

પ્રરૂપણ પ્રકાર :એવા પ્રકારની, જે પ્રરૂપણા

પ્રરૂપણા :ઉપદેશ કરવો એ; સમજાવવું એ. (૨) ઉપદેશ.

પ્રરૂપવું :દર્શાવવું

પ્રેરણા :શ્રીમદ્ રાજચંદ્ર કૃત્ત આત્મસિદ્ધિના દોહરામાં આવે છે કે, હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ. તેમાં ચેતનની પ્રેરણા ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે? ચૈતન્ય કર્મને પ્રેરે છે એવો તેનો અર્થ પણ પ્રેરણાનો અર્થ મનન થાય છે. ચૈતન્ય પોતે પરિણામમાં રાગાદિ ભાવનું મનન કરે છે, ત્યાં કર્મો એની મેળે સ્વયં બંધાઈ જાય છે. પણ આત્મા કાંઈ કર્મમાં પેસી જતો નથી. (૨) મનન; પ્રેરવું તે; પ્રોત્સાહન; આદેશ; આજ્ઞા; ખાનગી સલાહ (૩) મનન.

પ્રલાપ :અસંગત બકવાટ; મિથ્યા બકવાટ. (૨) બકવાદ

પ્રલીન :તલ્લીન; એકાકાર; એકરૂપ; એકાગ્ર; અંતર એકાગ્ર

પ્રલીન થઈ જવું :અત્યંત લીન થઈ જવું; મગ્ન થઈ જવું; અલોપ થઈ જવું; અદૃશ્ય થઈ જવું

પ્રવચન :શાસ્ત્ર (૨) પ્રકૃષ્ટ વચન; પ્રમાણભૂત આપ્તપુરુષનું વચન; જે વચન સર્વથી પર છે, તે. જેનાથી પર કોઈ નથી, એવું પ્રકર્ષ પામેલું વચન તે પ્રવચન. આવું પરમાર્થે પરમ વિશ્વાસ યોગ્ય, પરમ પ્રષાણભૂત, પ્રકૃષ્ટ વચન કોનું હોય? વીતરાગ સર્વજ્ઞનું જ. રાગ દ્વેષ અને મોહ, એ ત્રિદોષ જેને સર્વથા નિવૃત્ત થયા છે, એવા પરમ પુરુષોત્તમ સર્વજ્ઞનું વચન, તે જ વાસ્તવિક પ્રવચન કહેવા યોગ્ય છે.

પ્રવચનના સાદને :ભગવાન આત્માને

પ્રવચનના સારને :ભગવાન આત્માને

પ્રવચનરત :આગમપરાયણ

પ્રવચનરત જીવો :આગમપરાયણ જીવો.

પ્રવચનસાર :ભગવાન કુંદકુંદાચાર્યના રચેલાં અનેક શાસ્ત્રો છે, જેમાંથી થોડાંક હાલમાં વિદ્યમાન છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના મુખમાંથી વહેલી શ્રુતામૃતની સરિતામાંથી ભરી લીધેલાં તે અમૃતભાજનો હાલમાં પણ અનેક આત્માર્થીઓને આત્મજીવન અર્પે છે. તેમનાં સમયસાર, પંચાસ્તિકાય અને પ્રવચનસાર નામનાં ત્રણ ઉત્તમોત્તમ શાસ્ત્રો પ્રાભૃતત્રય કહેવાય છે. આ ત્રણ પરમાગમોમાં હજારો શાસ્ત્રોનો સાર આવી જાય છે. ભગવાન કુંદકુંદાચાર્ય પછી લખાયેલા ઘણા ગ્રંથોનાં બીજડાં આ ત્રણ પરમાગમોમાં રહેલાં છે એમ સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસ કરતાં જણાય છે. શ્રી સમયસાર આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવ તત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધ સ્વરૂપ સર્વ તરફથી - આગમ, યુક્તિ, અનુભવ અને પરંપરાથી- અતિ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. પંચાસ્તિકાયમાં છ દ્રવ્યનું અને નવ તત્ત્વનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. પ્રવચનસારમાં તેના નામ અનુસાર જિનપ્રવચનો સાર સંઘર્યો છે. જેમ સમયસારમાં મુખ્યત્વે દર્શનપ્રધાન નિરૂપણ છે, તેમ પ્રવચનસારમાં મુખ્યત્વે જ્ઞાનપ્રધાન નિરૂપણ છે.

શ્રી પ્રવચનસારના પ્રારંભમાં જ શાસ્ત્રકર્તાએ વીતરાગ ચારિત્ર માટેની પોતાની ઝંખના વ્યક્ત કરી છે. વારંવાર અંતરમાં ડૂબકી મારતા આચાર્ય ભગવાન નિરંતર અંદર જ સમાઈ રહેવાને ઝંખે છે પણ જ્યાં સુધી એ દશાને

પહોંચાતું નથી ત્યાં સુધી અંતર-અનુભવથી છૂટી વારંવાર બહાર પણ અવાઈ જાય છે. એ દશામાં જે અમૂલ્ય વચનમૌક્તિકોની માળા ગુંથાઈ તે આ પ્રવચનસાર પરમાગમ છે. આખા પરમાગમમાં વીતરાગ ચારિત્રની ઝંખનાનો મુખ્ય ધ્વનિ ગુંજી રહ્યો છે.

એવા આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરસન્મુખ જીવોને હું જ્ઞાનસ્વભાવ છું અને મારું સુખ મારામાં જ છે એવી શ્રદ્ધા કદી થઈ નથી અને તેથી તેની ઓશિયાળી પરસન્મુખ વૃત્તિ કદી ટળતી નથી. એવા દીન દુઃખી જીવો પર આચાર્ય ભગવાને પરમ કરુણા કરી આ અધિકારમાં જીવનો જ્ઞાનાનંદ સ્વભાવ વિસ્તારથી સમજાવ્યો છે તેમ જ કેવળીના જ્ઞાન અને કેવળીના સુખ માટેની ધોધમાર ઉત્કૃષ્ટ ભાવના વહાવી છે. ક્ષાયિક જ્ઞાન જ ઉપાદેય છે, ક્ષાયોપશમિક જ્ઞાનવાળા તો કર્મભારને જ ભોગવે છે, પ્રત્યક્ષ જ્ઞાન જ એકાંતિક સુખ છે, પરોક્ષ જ્ઞાન તો અત્યંત આકુળ છે. કેવળીનું અતીન્દ્રિય સુખ તે જ સુખ છે, ઈન્દ્રિયજનિત સુખ તો દુઃખ જ છે, સિદ્ધ ભગવાન સ્વયમેવ જ્ઞાન, સુખ ને દેવ છે, ઘાતિકર્મરહિત ભગવાનનું સુખ સાંભળીને પણ જેમને તેની શ્રદ્ધા થતી નથી તેઓ અભવ્ય (દૂરભવ્ય) છે એમ અનેક અનેક પ્રકારે આચાર્ય ભગવાને કેવળજ્ઞાન અને અતીન્દ્રિય પરિપૂર્ણ સુખ માટે પોકાર કર્યો છે. કેવળીના જ્ઞાન અને આનંદ માટે આચાર્ય ભગવાને એવી ભાવભીની ધૂન મચાવી છે કે તે વાંચીને સહેજે એમ લાગી જાય છે કે વિદેહવાસી સીમંધર ભગવાન પાસેથી અને કેવળી ભગવંતોનાં ટોળાં પાસેથી ભરતક્ષેત્રમાં આવીને તુરત જ કદાચ આચાર્ય ભગવાને આ અધિકાર રચી પોતાની હૃદયોર્મિઓ વ્યક્ત કરી હોય. આ રીતે જ્ઞાન અને સુખનું નિરૂપણ કરી આ અધિકારમાં આચાર્ય ભગવાને મુમુક્ષુઓને અતીન્દ્રિય જ્ઞાન અને છેલ્લી ગાથાઓમાં મોહરાગદ્વેષને નિર્મૂળ કરવાનો જિનોક્ત યથાર્થ ઉપાય સંક્ષેપમાં દર્શાવ્યો છે.

બીજા શ્રુતસ્કંધનું નામ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતો જીવ બધું કરી ચૂક્યો છે પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન તેણે કદી કર્યું નથી. બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં જીવ એકલો જ કર્તા, કર્મ, કરણ અને કર્મફળ બને છે, પર સાથે તેને કદીયે કાંઈ જ સંબંધ નથી એવી સાનુભવ શ્રદ્ધા તેને કદી થઈ નથી. તેથી હજારો મિથ્યા ઉપાયો કરવા છતાં તે દુઃખમુક્ત થતો નથી. આ શ્રુતસ્કંધમાં આચાર્યભગવાને દુઃખનું મૂળ છેદવાનું સાધન-ભેદવિજ્ઞાન સમજાવ્યું છે. જગતનું પ્રત્યેક સત્ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિવાય કે ગુણપર્યાયસમૂહ સિવાય બીજું કાંઈ જ નથી. સત્ કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કહો, ગુણપર્યાયપિંડ કહો-એ બધું એક જ છે. આ ત્રિકાળજ્ઞ જિનભગવંતોએ સાક્ષાત્ દેખેલા વસ્તુસ્વરૂપનો મૂળભૂત-પાયાનો-સિદ્ધાંત છે. વીતરાગવિજ્ઞાનનો આ મૂળભૂત સિદ્ધાંત શરૂઆતની ઘણી ગાથાઓમાં અત્યંત અત્યંત સુંદર રીતે કોઈ લોકોત્તર વૈજ્ઞાનિકની ઢબથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં દ્રવ્યસામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાંચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે. ખરેખર પ્રવચનસારમાં વર્ણવેલું આ દ્રવ્યસામાન્ય નિરૂપણ અત્યંત અબાધ્ય અને પરમ પ્રતીતિકર છે. એ રીતે દ્રવ્યસામાન્યના જ્ઞાનરૂપી સુદૃઢ ભૂમિકા રચીને, દ્રવ્યવિશેષનું અસાધારણ વર્ણન, પ્રાણાદિથી જીવનું ભિન્નપણું, જીવ દેહાદિકનો કર્તા-કારયિતા-અનુમંતા નથી એ હકીકત જીવને પુદ્ગલપિંડનું અકર્તાપણું, નિશ્ચયબંધનું સ્વરૂપ, શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ, એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન વગેરે અનેક વિષયો અતિ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યા છે. એ બધામાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ નીતરી રહ્યું છે. આખા અધિકારમાં વીતરાગપ્રણીત દ્રવ્યાનુયોગનું સત્ત્વ ઠાંસી ઠાંસીને ભર્યું છે, જિનશાસનના મૌલિક સિદ્ધાંતોને અબાધ્ય યુક્તિથી સિદ્ધ કર્યા છે. આ અધિકાર જિનશાસનના સ્તંભ સમાન છે. એનો ઊંડાણથી અભ્યાસ કરનાર મધ્યસ્થ સુપાત્ર જીવને જૈનદર્શન જ વસ્તુદર્શન છે એમ લાગ્યા વિના રહેતું નથી. આ વિષયનું પ્રતિપાદન એટલું પ્રૌઢ, અગાધ ઊંડપવાળું , મર્મસ્પર્શી અને ચમત્કૃતિમય છે કે તે મુમુક્ષુના ઉપયોગને તીક્ષ્ણ બનાવી શ્રુતરત્નાકરના ગંભીર ઊંડાણમાં લઈ જાય છે, કોઈ ઉચ્ચ કોટિના મુમુક્ષુને નિજ સ્વભાવરત્નની પ્રાપ્તિ કરાવે છે અને કોઈ સામાન્ય મુમુક્ષ ત્યાં

સુધી ન પહોંચી શકે તો તેના હૃદયમાં પણ શ્રુતરત્નાકર અદ્‌ભૂત અને અપાર છે એવો મહિમા તો જરૂર ઘર કરી જાય છે. ગ્રંથકાર શ્રી કુંદકુંદાચાર્યદેવ અને ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના હૃદયમાંથી વહેલી શ્રુતગંગાએ તીર્થંકરના અને શ્રુતકેવળીઓના વિરહને ભુલાવ્યા છે.

ત્રીજા શ્રુતસ્કંધનું નામ ચરણાનુયોગસૂચક ચૂલિકા છે. શુભોપયોગી મુનિને અંતરંગ દશાને અનુરૂપ કેવા પ્રકારનો શુભોપયોગ વર્તે છે અને સાથે સાથે સહજપણે બહારની કેવી ક્રિયાઓ સ્વયં વર્તતી હોય છે તે આમાં જિનેન્દ્રકથન અનુસાર સમજાવવામાં આવ્યું છે. દીક્ષાગ્રહણ કરવાની જિનોક્ત વિધિ, અંતરંગ સહજદશાને અનુરૂપ બહિરંગ યથાજાતરૂપપણું , ૨૮ મૂળગુણ, અંતરંગ-બહિરંગ છેદ, ઉપધિનિષેધ, ઉત્સર્ગ-અપવાદ, યુક્તાહાર-વિહાર, એકાગ્રતારૂપ મોક્ષમાર્ગ, મુનિનું અન્ય મુનિઓ પ્રત્યેનું વર્તન વગેરે વિષયો આમાં યુક્તિસહિત સમજાવવામાં આવ્યા છે. ગ્રંથકાર અને ટીકાકાર આચાર્યયુગલે ચરણાનુયોગ જેવા વિષયનું પણ આત્મદ્રવ્યને મુખ્ય રાખીને, શુદ્ધ દ્રવ્યાવલંબી અંતરંગ દશા સાથે તે તે ક્રિયાઓનો અથવા શુભ ભાવોનો સંબંધ દર્શાવતાં દર્શાવતાં નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક એવી ચમત્કૃતિથી વર્ણન કર્યું છે કે આચરણપ્રજ્ઞાપન જેવા અધિકારમાં પણ જાણે કે કોઈ શાંતરસ ઝરતું અધ્યાત્મગીત ગવાઈ રહ્યું હોય એમ જ લાગ્યા કરે છે. આત્મદ્રવ્યને મુખ્ય રાખીને આવું મધુર, આવું સયુક્તિક, આવું પ્રમાણભૂત, સાદ્યંત શાંતરસનિર્ઝરતું ચરણાનુયોગનું પ્રતિપાદન અન્ય કોઈ શાસ્ત્રને વિષે નથી. હૃદયમાં ભરેલાં અનુભવામૃતમાં રગદોળાઈને નીકળતી બન્ને આચાર્યદેવોની વાણીમાં કોઈ એવો ચમત્કાર છે કે જે જે વિષયને તે સ્પર્શે તે તે વિષયને પરમ રસમય, શીતળ શીતળ, સુધાસ્પંદી બનાવી દે છે.

આમ ત્રણ શ્રુતસ્કંધોમાં વિભાજિત આ પરમ પવિત્ર પરમાગમ મુમુક્ષુઓને યથાર્થ વસ્તુસ્વરૂપ સમજવામાં મહાનિમિત્તભૂત છે. જિનશાસનના અનેક મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનાં બીજ આ શાસ્ત્રમાં રહેલાં છે. આ શાસ્ત્રમાં પ્રત્યેક પદાર્થના સ્વાતંત્ર્યનો ઢંઢેરો છે, દિવ્યધ્વનિ દ્વારા નીકળેલા અનેક પ્રયોજનભૂત સિદ્ધાંતોનું દોહન છે. ગુરુદેવ અનેકવાર કહે છે : શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની ગાથાએ ગાથાએ દિવ્યધ્વનિનો સંદેશ છે. એ ગાથાઓમાં એટલી અપાર ઊંડપ છે કે તે ઊંડપ માપવા જતાં પોતાની જ શક્તિ મપાઈ જાય છે. એ સાગરગંભીર શાસ્ત્રોના રચનાર પરમ કૃપાળુ આચાર્યભગવાનનું કોઈ પરમ અલૌકિક સામર્થ્ય છે. પરમ અદ્‌ભૂત સાતિશય અંતર્બાહ્ય યોગો વિના એ શાસ્ત્રો રચાવાં શક્ય નથી. એ શાસ્ત્રોની વાણી તરતા પુરુષની વાણી છે એમ સ્પષ્ટ જાણીએ છીએ. એની દરેક ગાથા છઠ્ઠા સાતમા ગુણસ્થાને ઝૂલતા મહામુનિના આત્મ-અનુભવમાંથી નીકળેલી છે. એ શાસ્ત્રોના કર્તા ભગવાન કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધર ભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓ આઠ દિવસ રહ્યા હતા એ વાત યથાતથ્ય છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે. તે પરમ ઉપકારી આચાર્યભગવાને રચેલાં સમયસાર, પ્રવચનસારાદિ શાસ્ત્રોમાં તીર્થંકરદેવના ૐકારધ્વનિમાંથી જ નીકળેલો ઉપદેશ છે.

<u>પ્રવચનના સારને</u> :ભગવાન આત્માને.

<u>પ્રવચનસારનું પરિશિષ્ટ</u> :૪૭ નયોનું સ્વરૂપ.

(હવે ટીકાકાર શ્રી અમૃત ચંદ્રાચાર્ય દેવ વડે, પરિશિષ્ટરૂપ જોયેલું કહેવામાં આવે છે.)

આ આત્મા કોણ છે (કેવો છે), અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે, એવો પ્રશ્ન કરવામાં આવે તો, તેનો ઉત્તર (પૂર્વે) કહેવાઈ ગયો છે, અને અહીં ફરીને પણ કહેવામાં આવે છે.

પ્રથમ તો આત્મા ખરેખર, ચૈતન્યસામાન્ય વડે પ્રાપ્ત, અનંત ધર્મોનું અધિષ્ઠાતા (સ્વામી), એક દ્રવ્ય છે, કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા, જે અનંત નયો, તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ, તે પ્રમાણ પૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય), પ્રમેય થાય છે.(જણાય છે)

(૧) તે આત્મદ્રવ્ય, દ્રવ્યનયે, પટમાત્રની માફક ચિન્માત્ર છે. (અર્થાત્ આત્મા દ્રવ્યનયે, ચૈતન્યમાત્ર છે, જેમ વસ્ત્ર વસ્ત્રમાત્ર છે, તેમ.

(૨) આત્મદ્રવ્ય પર્યાયનયે, તંતુર્માત્રની માફક, દર્શન જ્ઞાનાદિમાત્ર છે (અર્થાત્ આત્મા પર્યાયાનયે, દર્શન જ્ઞાન ચારિત્રાદિ માત્ર છે. જેમ વસ્ત્ર તંતુમાત્ર છે, તેમ)

(૩) આત્મદ્રવ્ય, પર્યાયનયે, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વ વાળું છે., લોહમય, દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, અને લક્ષ્યોન્મુખ તીરની માફક (જેમ કોઈ તીર સ્વદ્રવ્યના લોહમય છે, સ્વક્ષેત્રની દોરી ને કામઠાના વચગાળામાં રહેલું છે, સ્વકાળથી સંધાન-દશામાં છે. અર્થાત્ ધનુષ્ય પર ચડાવીને, ખેંચાયેલા, નિશાનની સન્મુખ છે. તેમ આત્મા અસ્તિત્વનયે, સ્વચતુષ્ટયથી અસ્તિત્વવાળો છે.)

(૪) આત્મદ્રવ્ય, નાસ્તિત્વનયે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિત્વવાળું છે, અલોહમય, દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને અલક્ષ્યોન્મુદ એવા પહેલાંના તીરની માફક, (જેમ પહેલાંનું તીર અન્ય તીરના દ્રવ્યની અપેક્ષાથી અલોહમય છે, અન્ય તીરના ક્ષેત્રની અપેક્ષાથી, દોરી અને કામઠાના વચગાળામાં નહિ રહેલું છે, અન્ય તીરના કાળની અપેક્ષાથી સંધાયેલી સ્થિતિમાં નહિ રહેલું છે અને અન્ય તીરના ભાવની અપેક્ષાથી, અલક્ષ્યોન્મુખ છે. તેમ આત્મા નાસ્તિત્વનયે, પરચતુષ્ટયથી નાસ્તિત્વવાળો છે.)

(૫) આત્મદ્રવ્ય, અસ્તિત્વનાસ્તિત્વનયે, ક્રમશઃ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, અસ્તિત્વનાસ્તિત્વનયેવાળું છે. : લોહમય તેમ જ અલોહમય, દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, તેમજ દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મખ, એવા પહેલાંના તીરની માફક, (જેમ પહેલાંનું તીર ક્રમશઃ સ્વચુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાએ, લોહમયાદિ અને અલોહમયાદિ છે. જેમ આત્મા અસ્તિત્વનાસ્તિત્વનયે, ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી, અસ્તિત્વવાળો અને નાસ્તિત્વવાળો છે.)૫.

(૬) આત્મદ્રવ્ય, અવકતવ્યનયે, યુગપદ્ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અવકતવ્ય છે. : લોહમય તેમ જ અલોહમય, દોરીને, કામઠાના અંતરાળમાં રહેલા, તેમજ દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મખ એવા, પહેલાંના તીરની માફક, (જેમ પહેલાંનું તીર ક્રમશઃ યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાએ યુગપદ્ લોહમયાદિ અને અલોહમયાદિ હોવાથી, અવકતવ્ય છે. તેમ આત્મા અવકત્વનયે, યુગપદ્ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે.)

(૭) આત્મદ્રવ્ય, અસ્તિત્વ, અવકતવ્યનયે, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું અવકતવ્ય છે. : લોહમય, દોરીને, કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, અને લક્ષ્યોન્મુખ એવા, તથા (યુગપદ્ સ્વપરચુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મખ, એવા પહેલાંના તીરની માફક, (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની તથા (૨) એકી સાથે સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમયાદિ તથા (૨) ન કહી શકાય એવું છે, તેમ આત્મા અસ્તિત્વ-અવકતવ્ય નયે (૧) સ્વચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો તથા (૨) અવકતવ્ય છે.)

(૮) આત્મદ્રવ્ય, નાસ્તિત્વ-અવકતવ્યનયે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તથા યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, નાસ્તિત્વવાળું અવકતવ્ય છે. : લોહમય, દોરીને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને અલક્ષ્યોન્મુખ એવા, તથા (યુગપદ્ સ્વપરચુષ્ટયથી) લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મખ એવા પહેલાંના, તીરની માફક, (જેમ પહેલાંનું તીર (૧) પરચતુષ્ટયની તથા (૨) એકી સાથે સ્વપરચતુષ્ટયની

અપેક્ષાથી (૧) અલોહમયાદિ તથા (૨) અવકતવ્ય છે. તેમ આત્મા નાસ્તિત્વ-અવકતવ્યનયે (૧) પરચતુષ્ટયની તથા (૨) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) નાસ્તિત્વવાળો તથા (૨)અવકતવ્ય છે.)૮

(૯) આત્મદ્રવ્ય, અસ્તિત્વ-નાસ્તિત્વ-અવકતવ્યનયે, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી, યુગપદ્ સ્વપરદ્રવ્ય -ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિત્વવાળું-નાસ્તિત્વવાળું અવકતવ્ય છે. : (સ્વચતુષ્ટયથી) લોહમય, દોરીને કામઠાના અંતરાળમાં રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા અને લક્ષ્યોન્મુખ એવા, તથા (પરચતુષ્ટયથી) અલોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં નહિ અને અલક્ષ્યોન્મુખ એવા, તથા (યુગપદ્ સ્વપરચતુષ્ટયથી), લોહમય તેમજ અલોહમય, દોરી ને કામઠાના અંતરાળમાં નહિ રહેલા, સંધાયેલી અવસ્થામાં રહેલા, તેમજ સંધાયેલી અવસ્થામાં નહિ રહેલા, અને લક્ષ્યોન્મુખ તેમજ અલક્ષ્યોન્મુખ પહેલાંના તીરની માફક, (જેમ પહેલાંનું તીર (૧) સ્વચતુષ્ટયની (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) લોહમય (૨) અલોહમય તથા (૩) અવકતવ્ય છે. તેમ આત્મા આસ્તિત્વ-નાસ્તિત્વ-અવકતવ્યનયે, (૧) સ્વચતુષ્ટયની (૨) પરચતુષ્ટયની તથા (૩) યુગપદ્ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી (૧) અસ્તિત્વવાળો (૨) નાસ્તિત્વવાળો તથા (૩)અવકતવ્ય છે.)૯.

(૧૦) આત્મદ્રવ્ય, વિકલ્પનયે, બાળક, કુમાર, અને વૃધ્ધ એવા એક પુરુષની માફક સવિકલ્પ છે. (અર્થાત આત્મા ભેદનયે ભેદસહિત છે, જેમ એક પુરુષ બાળક, કુમાર અને વૃધ્ધ એવા ભેદવાળો છે તેમ.)

(૧૧) આત્મદ્રવ્ય, અવિકલ્પનયે એક પુરુષ માત્રની માફક, અવિકલ્પ છે (અર્થાત અભેદ નયે આત્મા અભેદ છે, જેમ એક પુરુષ બાળક-કુમાર-વૃધ્ધ એવા ભેદો વિનાનો એક પુરુષ માત્ર છે તેમ.)

(૧૨) આત્માદ્રવ્ય, નામનયે, નામ વાળાની માફક શબ્દ બ્રહમને સ્પર્શનારું છે (અર્થાત આત્મા નામ નયે શબ્દ બ્રહમથી કહેવાય છે તેમ).૧૨

આત્માદ્રવ્ય સ્થાપના નયે મૂર્તિપણાની માફક, સર્વ પુદગલોને અવલંબનારું છે (અર્થાત સ્થાપના નયે આત્મા દ્રવ્યની પૌદગલિક સ્થાપના કરી શકાય છે. મૂર્તિ ની માફક)

(૧૪) આત્માદ્રવ્ય, દ્રવ્યનયે, બાળક શેઠની માફક ઓ શ્રમણ રાજાની માફક અનાગત અને અતીત પર્વાયે પ્રતિભાસે છે (અર્થાત આત્મા દ્રવ્યનયે ભાવી અને ભૂત પર્યાય રૂપે ખ્યાલમાં આવે છે. જેમ બાળક શેઠ પણા સ્વરૂપ ભાવી પર્યાય રૂપે ખ્યાલમાં આવે છે, અને મુનિ રાજા સ્વરૂપ ભૂત પર્યાય રૂપે ખ્યાલમાં આવે છે તેમ).

(૧૫) આત્મદ્રવ્ય, ભાવનયે પુરુષ સમાન પ્રવર્તતી સ્ત્રીની માફક તત્કાળના (વર્તમાન) પર્યાયરૂપે ઉલ્લસે-પ્રકાશે-પ્રતિભાસે છે (અર્થાત આત્મા ભાવનયે વર્તમાને પર્યાયરૂપે

(૧૬) આત્માદ્રવ્ય, નિયતિનયે નિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયમિત (નિયત) હોય છે, એવા અગ્નિની માફક. (આત્મા નિયતિનયે નિયત સ્વભાવ વાળો ભાસે છે, જેમ અગ્નિને ઉષ્ણતાનો નિયમ હોવાથી, અગ્નિ નિયત સ્વભાવવાળો ભાસે છે તેમ.)

(૧૭) આત્માદ્રવ્ય, અનિયતિનયે અનિયત સ્વભાવે ભાસે છે, જેને ઉષ્ણતા નિયતિથી (નિયમ વડે) નિયમિત નથી, એવા પાણીની માફક, (આત્મા અનિયતિનયે, અનિયત સ્વભાવવાળો ભાસે છે, જેમ પાણીને (અગ્નિના નિમિત્તે થતી) ઉષ્ણતા અનિયત હોવાથી, પાણી અનિયત સ્વભાવવાળું ભાસે છે, તેમ.)

(૧૮) આત્માદ્રવ્ય, સ્વભાવનયે સંસ્કાર ને નિરર્થક કરનારું છે, (અર્થાત્ આતમા ને સ્વભાવનયે, સંસ્કાર નિરુપયોગી છે.) જેને કોઈથી અણી કાઢવામાં આવતી નથી. (પણ જે સ્વભાવથી જ અણીવાળો હોય છે) એવા તીક્ષ્ણ કાંટા ની માફક.

(૧૯) આત્માદ્રવ્ય, અસ્વભાવનયે સંસ્કારને સાર્થક કરનારું છે, (અર્થાત્ આતમાને અસ્વભાવનયે, સંસ્કાર ઉપયોગી છે.) જેને (સ્વભાવથી અણી હોતી નથી

પણ સંસ્કાર કરીને) લુહાર વડે, અણી કાઢવામાં આવી હોય છે. એવા તીક્ષ્ણ તીરની માફક.

(૨૦) આત્મા દ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, એવું છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક. (કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ઉનાળાના દિવસ અનુસાર પાકતી કેરીની માફક.)

(૨૧) આત્મદ્રવ્ય, અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી, એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા, આમ્રફળની માફક.

(૨૨) આત્મદ્રવ્ય, પુરુષાકાર નયે જેની સિદ્ધિ ચત્ન- સાધ્ય છે, એવું છે. જેને પુરુષકારથી લીંબુનું ઝાડ, પ્રાપ્ત થાય છે (ઉગે છે) એવા પુરુષકારવાદીની માફક.(પુરુષાર્થનયે, આત્માની સિદ્ધિ પ્રયત્નથી થાય છે. જેમ કોઈ પુરુષાર્થવાદી મનુષ્યને પુરુષાર્થથી લીંબુનું ઝાડ પ્રાપ્ત થાય છે. તેમ.)

(૨૩) આત્મદ્રવ્ય, દૈવનયે જેની સિદ્ધિ અયત્ન સાધ્ય છે. (યત્ન વિના થાય છે), એવું છે. પુરુષકારવાદીએ દીધેલા લીંબુના ઝાડની અંદરથી જેને (યત્ન વિના, દૈવથી) માણેક પ્રાપ્ત થાય છે, એવા દૈવવાદી ની માફક.

(૨૪) આત્મદ્રવ્ય, ઈશ્વરનયે પરતંત્રતા ભોગવનાર છે, ધાવની દુકાને ધવડાવવામાં આવતા મુસાફરનામ બાળકની માફક.

(૨૫) આત્મદ્રવ્ય, અનીશ્વરનયે સ્વતંત્રતા ભોગવનાર છે. હરણને સ્વચ્છંદે (સ્વતંત્રપણે, પોતાની મરજી અનુસાર) ફાડી ખાતા, સિંહની માફક.

(૨૬) આત્મદ્રવ્ય, ગુણીનયે ગુણગ્રાહી છે, શિક્ષણ વડે જેને કેળવણી આપવામાં આવે છે, એવા કુમારની માફક.

(૨૭) આત્મદ્રવ્ય, અક્ષુણીનયે કેવળ સાક્ષી જ છે (ગુણગ્રાહી નથી), શિક્ષક વડે જેને કેળવણી આપવામાં આવે છે એવો જે કુમાર, તેને જોનાર પુરુષની (પ્રેક્ષકની) માફક.

(૨૮) આત્મદ્રવ્ય, કર્તૃનયે રંગરેજની માફક, રાગાદિ પરિણામોનું કરનાર છે, (અથાત્ આત્મા કર્તાનયે રાગાદિ પરિણામોનો કર્તા છે, જેમ રંગારો રંગકામનો કરનાર છે, તેમ.)

(૨૯) આત્મદ્રવ્ય, અકર્તૃનયે કેવળ સાક્ષી જ છે (કર્તાનથી), પોતાના કાર્યમાં પ્રવૃત્ત રંગરેજને જોનાર પુરુષની (પ્રેક્ષકની) માફક.

(૩૦) આત્મદ્રવ્ય, ભોકતૃનયે સુખ દુઃખાદિનું ભોગવનાર છે. હિતકારી-અહિતકારી અને ખાનાર રોગીની માફક, (આત્મા ભોકતાનયે સુખ દુઃખાદિને ભોગવે છે, જેમ હિતકારી કે અહિતકારી અને ખાનાર રોગી સુખ કે દુઃખ ને ભોગવે તેમ.)

(૩૧) આત્મદ્રવ્ય, અભોકતૃનયે કેવળ સાક્ષી જ છે, હિતકારી, અહિતકારી અન્નને ખાનાર રોગીને જ જોનાર વૈધની માફક. (આત્મા અભોકતા નયે કેવળ સાક્ષી જ છે. ઈકતા નથી, જેમ સુખ દુઃખ ને ભોગવનાર રોગીને જોનાર જે વૈધ છે તે તો કેવળ સાક્ષી જ છે તેમ.) ૪૧

(૩૨) આત્મદ્રવ્ય, ક્રિયાનયે અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, થાંભલા વડે માથું ભેદાતાં દષ્ટિ ઉત્પન્ન થઈ ને, જેને નિધાન મળે છે. એવા અંધની માફક.(ક્રિયાનયે આત્મા અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય, એવો છે. જેમ કોઈ અંધ પુરુષને પત્થરના થાંભલા સાથે માથું ફોડવાથી, માથામાંના લોહીનો વિકાર દૂર થવા ને લીધે, આંખો ખૂલી જાય અને નિધાન પ્રાપ્ત થાય, તેમ.)

(૩૩) આત્મદ્રવ્ય, જ્ઞાનનયે વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ સધાય એવું છે, ચણાની મુઠ્ઠી દઈને ચિંતામણિ ખરીદનાર એવો જે ઘરના ખૂણામાં રહેલો વેપારી, તેની માફક.(જ્ઞાનનયે આત્માને, વિવેકની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે. જેમ ઘરના ખૂણામાઃ બેઠેલો વેપારી ચણાની મુઠ્ઠી દઈને, ચિંતામણિ ખરીદી લે, તેમ.)

(૩૪) આત્મદ્રવ્ય, વ્યવહારનયે બંધ અને મોક્ષને વિષે દ્વૈતને અનુસરનારું છે, બંધક (બંધકરનાર) અને મોચક (મુકત કરનાર), એવા અન્ય પરમાણુની માફક.(વ્યવહારનયે આત્મા બંધ અને મોક્ષમાં (પુદગલ સાથે) દ્વૈતને પામે છે, જેમ પરમાણુના બંધને વિષે તે પરમાણુ અન્ય પરમાણું સાથે સંયોગ પામવારૂપ દ્વૈતને પામે છે, અને પરમાણુના મોક્ષને વિષે તે પરમાણુ અન્ય પરમાણુથી છૂટો થવા રૂપ દ્વૈતને પામે છે, તેમ.) ૪૪

(વ્દેત- બેપણું (વ્યવહારનયે, આત્માના બંધને વિષે કર્મ સાથેના સંયોગની અપેક્ષા આવતી હોવાથી, વ્દૈત છે અને આત્માના મોક્ષને વિષે, કર્મના વિયોગની અપેક્ષા આવતી હોવાથી, ત્યાં પણ વ્દૈત છે.)

(૩૫) આત્મદ્રવ્ય, નિશ્ચયને બંધ અને મોક્ષને વિષે અવ્દૈતને અનુસરનારું છે. એકલો બંધાતો અને મુકાતો, એવો જે બંધમોક્ષોચિત સ્નિગ્ધત્વ રૂક્ષત્વ ગુણે પરિણત પરમાણુ, તેની માફક.(નિશ્ચયનયે આત્મા એકલો જ બદ્ધ અને મુકત થાય છે. જેમ બંધ અને મોક્ષને ઉચિત એવા સ્નિગ્ધત્વગુણે કે રૂક્ષત્વગુણે પરિણમતો પરમાણુ, એકલો જ બદ્ધ અને મુકત થાય છે, તેમ.)

(૩૬) આત્મદ્રવ્ય અશુદ્ધનયે, ઘટ અને રામપાત્રથી વિશિષ્ટ માટીમાત્રની માફક, સોપાધિ સ્વભાવવાળું છે.

(૩૭) આત્મદ્રવ્ય શુદ્ધનયે, કેવળ માટી માત્રની માફક, નિરુપાધિ સ્વભાવવાળું છે. તેથી કહયું છે, કે જેટલા વચનપંથ છે તેટલા ખરેખર નયવાદ છે, અને જેટલા નયવાદ છે, તેટલા જ પર સમય (પરમત) છે. પર સમયોનું (મિથ્યામતીઓનું) વચન સર્વથા (અર્થાત્ અપેક્ષા વિના) કહેવામાં આવતું હોવાથી, ખરેખર મિથ્યા છે, અને જૈનોનુ વચન કથંચિત (અર્થાત્ અપેક્ષા સહિત) કહેવામાં આવતું હોવાથી, ખરેખર સમ્યક છે.

આ રીતે આ ઉપરોકત સૂચન પ્રમાણે (અર્થાત્ ૪૭ નયોમાં સમજાવ્યું તે વિધિથી) એક એક ધર્મમાં એક એક નય (વ્યાપે), એમ અનંત ધર્મોમાં વ્યાપક અનંત નયો વડે, નિરૂપણ કરવામાં આવે તો. સમુદ્રની અંદર મળતા શ્વેત-નીલ (ગંગાનું પાણી શ્વેત હોય છે અને જમનાનું પાણી નીલ (વાદળી હોય છે.) ગંગા-યમુના ના જળ- સમૂહની માફક, અનંત ધર્મૂને પરસ્પર અતદ્ભાવ વડે જુદા પાડવા અશકય હોવાથી. આત્મદ્રવ્ય, અમેચક સ્વભાવવાળું (અભેદ વિવિધતા રહિત એક) એમ ધર્મમાં વ્યાપનારું, એક ધર્મી હોવાને લીધે, યથોકત એકાંતત્મક (એક ધર્મસ્વરૂપ) છે. પરંતુ યુગપદ અનંત ધર્મોમાં વ્યાપક, એવા અનંત નયોમાં વ્યાપનારા એમ શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ વડે, નિરૂપણ કરવામાં આવે તો, બધી નદીઓના જળસમૂહના સમવાયાત્મક (સમુદાય સ્વરૂપ) એક સમુદ્રની માફક, અનંત ધર્મોને, વસ્તુપણે જુદા પાડવા અશકય હોવાથી, આત્મદ્રવ્ય જુદા જુદા વિધ વિધ સ્વભાવવાળું, અનંત ધર્મોમાં વ્યાપનાંરુ,એક ધર્મી હોવાને લીધે, યયોકત અનેકાન્તાત્મ (અનેક ધર્મ સ્વરૂપ) છે. (જેમાં એક વખતે એક નદીના જળને જાણનારા જ્ઞાન વડે જોવામાં આવે તો સમુદ્ર એક નદીના જળ સ્વરૂપ દેખાય છે, તેમ એક વખતે એક ધર્મને જાણનારા એક નયથી જોવામાં આવે, તો આત્મા એક ધર્મ સ્વરૂપ જણાય છે, પરંતુ જેમ એકી સાથે સર્વ નદીઓનાં જળને જાણનારા, જ્ઞાનવડે જોવામાં આવે, તો સમુદ્ર સર્વ નદીઓના જળ સ્વરૂપ જણાય છે, તેમ એકી સાથે સર્વ ધર્મોને જાણનારા પ્રમાણ વડે જોવામાં આવે તો, આત્મા અનેક ધર્મસ્વરૂપ જણાય છે. આ રીતે તે એક નયથી જોતાં, આત્માં એકાંતાત્મક છે, અને પ્રમાણથી જોતાં અનેકાંતાત્મક છે.

આ રીતે સ્યાત્કાર શ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા, નય સમૂહો વડે જીવો જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મ દ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.

આ રીતે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું. હવે તેની પ્રાપ્તિ નો પ્રકાર (રીત) કહેવામાં આવે છે.:-

પ્રથમ તો, અનાદિ પૌદગલિક કર્મ જેનું નિમિત્ત છે, એવી મોહભાવનાના (મોહના અનુભવના) પ્રભાવ વડે, આત્મ પરિણતિ સદાય ઘૂમરી ખાતી હોવાથી, આ આત્મા સમુદ્રની માફક પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે, પ્રવર્તતી અનંત જ્ઞપ્તિ વ્યકિતઓ વડે પરિવર્તન પામે છે. જેથી જ્ઞપ્તિ વ્યકિતઓનાં નિમિત્તરૂપ હોવાથી, જે જ્ઞેયભૂત છે. એવી બાહય પદાર્થ વ્યકિતઓ પ્રત્યે, તેને મૈત્રી પ્રવર્તે છે, (જ્ઞપ્તિ વ્યકિતઓ પ્રગટતા ઓ, પર્યાયે વિશેષો (બાહય પદાર્થો વિશેષો જ્ઞપ્તિ વિશેષોનાં નિમિત્ત હોવાથી, જ્ઞેયભૂત છે.) તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાને લીધે, અશ્વત્યંત બહિર્મુખ, એવો તે ફરીને પૌદગલિક કર્મને રચનારા રાગવ્દેષવ્દૈતરૂપે પરિણમે છે. અને તેથી તેને આત્માપ્રાપ્તિ દૂર જ છે. પરંતુ હવે જયારે આ જ આત્મા પ્રચંડ કર્મ કાંડવડે, અખંડ જ્ઞાન કાંડને પ્રચંડ કરવાથી, અનાદિ પૌદગલિક કર્મરચિત મોહ

ને વધ્ય, ઘાતકના વિભાગ જ્ઞાનપૂર્વક વિભક્ત (જુદો) કરવાના લીધે, પોતે કેવળ આત્મભાવનાના (આત્માના અનુભવના) પ્રભાવ વડે, પરિણતિ નિશ્ચળ કરી હોવાથી, સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો, એકી સાથે જ અનંત જ્ઞપ્તિવ્યકિતઓમાં વ્યાપીને, અવકાશના અભાવને લીધે, બિલકુલ વિવર્તન (પરિવર્તન) પામતો નથી.ત્યારે જ્ઞપ્તિ વ્યકિતઓનાં નિમિત્તરૂપ હોવાથી, જે જ્ઞેયભૂત છે એવી, બાહ્ય પદાર્થ વ્યકિતઓ પ્રત્યે, તેને ખરેખર મૈત્રી પ્રવર્તતી નથી અને તેથી આત્મ વિવેક પ્રતિષ્ઠિત (સુસ્થિત) થયો હોવાને લીધે, અત્યંત અંતર્મુખ થયેલો એવો આ આત્મા પૌદગલિક કર્મને રચનારા, રાગદ્વેષદ્વૈતરૂપ પરિણતિથી દૂર થયો થકો, પૂર્વે નહિ અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માને, અત્યંતપણે જ પ્રાપ્ત કરે છે. જગત પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ.

પ્રવચનના સારને :ભગવાન આત્માને

પ્રવેગ :પ્રબળતમ વેગ

પ્રવ્રજયા :દીક્ષા

પ્રવજ્યાદાયક :દીક્ષા દેનાર.

પ્રવણ :ઢળતી; અભિમુખ; રત; સન્મુખ; આસક્ત; નમ્ર; વિનીત.

પ્રવૃત્ત :લાગુ થવું; પ્રવૃત્તિમાં રહેવું; કામમાં મચેલું; નવરાશ વિનાનું; ચાલુ રહેલું.

પ્રવૃત્તિ :સ્વભાવમાંથી બહાર નીકળવાની જેટલી વૃત્તિ છે, તે બધી પ્રવૃત્તિ છે. (૨) ઉદ્યોગ; વ્યવસાય; હિલચાલ; સાંસારિક વિષયોમાં કે, કામકાજમાં મચ્યા રહેવું તે.

પ્રવર્ધમાન :વધતા જતા ભાવ.

પ્રવર :સર્વોત્તમ (૨) પરમ જ્ઞાન (૩) પરમ (૪) શ્રેષ્ઠ; મુખ્ય; પરમ જ્ઞાન (૫) પરમ; ઉત્કૃષ્ટ

પ્રવ્રજયા દાયક :દીક્ષા દેનાર

પ્રવર્તે :રુચિ કરે

પ્રવર્તતા :ચાલ્યા આવતા.

પ્રવર્તન :ફેલાવો; પ્રસાર; પ્રચાર.

પ્રવર્તનાર :ચલાવનાર

પ્રવર્તમાન :પ્રવૃત્ત થતું; અમલમાં મુકાતું; પ્રસરતું; ફેલાતું.

પ્રવર્તવું :ચાલ્યું આવવું

પ્રવર્ધના :અભિવૃદ્ધિ; સારો એવો વધારો.

પરવર્યા :પગથી ચાલી નીકળ્યા; સિધાવવું.

પ્રવષ્ટિ :અણ પ્રવિષ્ટ,પ્રવેશેલું-અપ્રવેશેલું

પ્રવહે છે. :પ્રગટે છે.

પ્રવહ્યા કરવું :પરિણમવું. પરિણમ્યા કરવું

પ્રવહ્યા કરવી :પરિણમ્યા કરવું

પ્રવાહ :સંતાને; એક પછી એક પણે ઉત્પન્ન થવું (૨) સંતાને

પ્રવિનષ્ટ :ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે; ઉત્પન્ન થઈને વિલય પામ્યા છે. (૨) નાશ પામી ગયા છે; વિલય પામી ગયા છે.

પ્રવિષ્ટ :સ્પર્શવું; પદાર્થમાં વર્તવું પદાર્થો કારણ છે અને તેમ જ્ઞેયાકારો (દ્રવ્ય-ગુણ-પર્યાયો) કાર્ય છે. (૨) સ્પર્શવું; પદાર્થમાં વર્તવું

પ્રવીણ :નિષ્ણાત

પ્રશમ :ઉપશમ (૨) શાંત; વૈરાગ્ય; નિઃસ્પૃહતા; વિરક્તિ; મધ્યસ્થભાવ; ઉદાસીનતા. (૩) શાંત; ઉપરમ; ઉપશમ. (૪) અનંતાનુબંધી કષાયના, અંતપૂર્વક, બાકીના કષાયોનું અંશ રૂપે મંદ થવું તે. (૫) ઉપશમ

પ્રશમ રસ :આત્મિક રસ; અમૃત રસ; વીતરાગભાવનો રસ; ચૈતન્ય રસ

પ્રશમના લક્ષે :ઉપશમ પ્રાપ્ત કરવાના હેતુથી.

પ્રશમભાવ :સમભાવ; પંચેન્દ્રિયોના વિષયોની અભિલાષાથી રહિત એવો વીતરાગ, પરમાનંદ સહિત નિર્વિકલ્પ, જે પોતાનો ભાવ, તે સમભાવ છે.

પ્રશમરસ :અમૃત રસ, આત્મિક રસ

પ્રશમિત :નિવૃત્ત કરીને. પ્રશમ=નિવૃત્ત; શાંતિ; ઉપરમ (૨) નિવૃત્ત. (૩) નિવૃત્ત. પ્રશમી જાય છે=નિવૃત્ત થાય છે.

પ્રશમી જાય છે :નિવૃત્ત થાય છે.

પ્રસક્ત :આસક્ત; વળગેલું, પ્રસ્તુત, મુદ્દાને લગતું (૨) અનુરક્ત; આસક્ત.

પ્રસંગ :સહવાસ; સંગ; અવસર; પરિચય; સમાગમ; મેળાપ; બનાવ.

પ્રસ્તાર :ફેલાવ; વિસ્તાર; પથારો. (અસંખ્યાત કાળદ્રવ્યો આખા લોકાકાશમાં પથરાયેલા છે. તેમને પરસ્પર અંતર નથી. કારણકે દરેક આકાશપ્રદેશમાં એક એક કાળદ્રવ્ય રહેલું છે.) (૨) પથારો; ફેલાવો; વિસ્તાર. (અસંખ્યાત કાળ દ્રવ્યો આખા લોકાકાશમાં પથરાયેલા છે તેમને પરસ્પર અંતર નથી, કારણ કે દરેક આકાશ પ્રદેશમાં એક એક કાળ દ્રવ્ય રહેલું છે. (૩) પથારો; ફેલાવો; વિસ્તાર (અસંખ્યાન કાળ દ્રવ્યો આખા લોકાકાશમાં પથરાયેલા છે, તેમને પરસ્પર અંતર નથી, કારણ કે દરેક આકાશ પ્રદેશમાં, એક એક કાળદ્રવ્ય રહેલું છે.) (૪) ફેલાવ; વિસ્તાર; પથારો. (અસંખ્યાત કાળ દ્રવ્યો આખી લોકાકાશમાં પથરાયેલા છે. તેમને પરસ્પર અંતર નથી, કારણ કે દરેક આકાશ પ્રદેશમાં એક એક કાળદ્રવ્ય રહેલું છે.

પ્રસન્નચિત્ત :અંતરના ઉમળકાથી

પ્રસરવું :વિસ્તરવું

પ્રસાદ :પ્રસન્નતા; કૃપા (૨) વિશુદ્ધતા; ઉજ્જ્વળતા.

પ્રસાધક :પ્રકૃષ્ટ; સાધક; પ્રબળ સાધક (૨) સ્વપ્રયોજનનો પ્રકૃષ્ટ સાધક.

પ્રસાધ્ય :પ્રસિદ્ધ કરવા યોગ્ય. (૨) પ્રસિદ્ધ કરવા યોગ્ય; પ્રગટ કરવા યોગ્ય

પ્રસાધ્યમાન :જણાવવા યોગ્ય; સાધવા યોગ્ય. (૨) જ્ઞાન પ્રસિદ્ધ છે, અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે એવા અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે. માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંત ધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, તે સઘળોય ખરેખર પ્રસાધ્યમાન એક આત્મા છે.

પ્રસાધ્યમાન :સાધવા યોગ્ય. (૨) જણાવનાર; જાણવા યોગ્ય; સાધવા યોગ્ય; જાણવારૂપ (૩) સાધવા યોગ્ય

પ્રસાર :ફેલાવ

પ્રસિદ્ધ :સ્વસંવેદનરૂપ જ્ઞાન. (૨) પ્રગટ અનુભૂતિ; (ગુણની પ્રસિદ્ધિ, એટલે પ્રગટ અનુભૂતિ) (૩) જાણીતો. (૪) પ્રગટ; જણાવવું

પ્રસિદ્ધ થયો :અનુભવમાં આવ્યો.

પ્રસિદ્ધિ :પ્રકૃષ્ટ સિદ્ધિ (૨)ખ્યાતિ; ઓળખાણ

પ્રહાર :માર મારવો એ; ઘા કરવો એ; આઘાત; ફટકો; માર; ઝાપટ; ઝટકો.

પ્રશ્ન :કોઈ રસત્યાગને જાણતી ન હોય અને મનમાં જ ત્યાગ કરે તો એ પ્રમાણે જ વૃત્તિપરિ સંખ્યાન પણ છે તો પછી તેમાં અને આમાં તફાવત શો ?

સમાધાન : વૃત્તિ પરિસંખ્યાનમાં તો અનેક પ્રકારના ત્યાગની સંખ્યા છે અને આમાં રસનો જ ત્યાગ છે એટલી વિશેષતા છે. વળી આ પણ વિશેષતા છે કે – રસ પરિ ત્યાગ તો ઘણા દિવસનો પણ થાય અને તેને શ્રાવક જાણી પણ જાય છે ત્યારે વૃત્તિ પરિસંખ્યાન ઘણા દિવસનું થતું નથી.

પ્રશ્ન : દ્રવ્ય સામાન્યનું આલંબન જ ઉપાદેય હોવા છતાં, અહીં રાગપરિણામના ગ્રહણત્યાગ રૂપ, પર્યાયોનો સ્વીકાર કરનાર, નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે ?

ઉત્તર : રાગપરિણામનો કરનાર પણ, આત્મા જ છે. અને વીતરાગ પરિણામનો કરનાર પણ, આત્મા જ છે. અજ્ઞાનદશા પણ, આત્મા સ્વતંત્રપણે કરે છે. અને જ્ઞાનદશા પણ આત્મા, સ્વતંત્રપણે કરે છે.

–આવા યથાર્થ જ્ઞાનની અંદર, દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય, તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન, હોવું જ જોઈએ. દ્રવ્ય, સામાન્યના જ્ઞાન વિના, પર્યાયોનું યથાર્થ જ્ઞાન, હોઈ શકે જ નહિ. માટે ઉપરોકત નિશ્ચયનયમાં, દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે, સમાઈ જ જાય છે. જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં, તેમજ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં, આત્મા એકલો જ છે, એમ યથાર્થપણે (દ્રવ્યસામાન્યની અપેક્ષા સહિત) જાણે છે, તે જીવ પરદ્રવ્ય વડે, સંયુકત થતો નથી અને દ્રવ્યસામાન્યની અંદર, પર્યાયોને ડુબાડી દઈને સુવિશુદ્ધ હોય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં, દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં, દ્રવ્યસામાન્યના

આલંબનરૂપ અભિપ્રાય, અપેક્ષિત હોવાથી, ઉપરોકત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે. (વિશેષ માટે પ્રવચન સારશાસ્ત્રની ૧૨૬મી ગાથાની ટીકા જુઓ)

પ્રશમ રસ :આત્મિક રસ; અમૃત રસ; કર્મના અભાવરૂપ, વીતરાગ રસ.

પ્રશસ્ત :ઉત્તમ; શ્રેષ્ઠ; હિતકર. (૨) પુણ્ય (૩) ઉત્તમ; વખણાયેલું; શુભ (૪) વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા ભકિતને બહુમાનનો શુભ રાગ. (૫) કલ્યાણદાયક; હિતદાયક.

પ્રશસ્ત રાગ :અર્હંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં વ્યવહાર ચારિત્રમાં આચરણ, ભાવના પ્રધાન પ્રવૃત્તિ અને ગુરુઓનું-આચાર્યાદિ પ્રત્યે ઉલ્લાસથી આજ્ઞાકિંત વર્તવું તે પ્રશસ્ત રાગ છે.

આ પ્રશસ્ત રાગ ખરેખર જે સ્થૂળ લક્ષણ વાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે; ઉપરની ભૂમિકામાં (-ઉપરના ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે અસ્થાનનો રાગ અટકાવવા અર્થ અથવા તીવ્ર રાગજવર હઠાવવા અર્થ, કદાચિત જ્ઞાનીને પણ હોય છે.

પ્રશસ્તને :પુણ્યને.

પ્રશસ્તભાવ :વખાણવા લાયક ભાવ; આદર ઉપજે, તુવો ભાવ.

પ્રશસ્તરાગ :અર્હંત-સિધ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં ખરેખર ચેષ્ટા અને ગુરુઓનું અનુગમન તે પ્રશસ્તરાગ કહેવાય છે.

અર્હંત-સિધ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, ધર્મમાં-વ્યવહાર ચારિત્રના અનુષ્ઠાનમાં-ભાવનાપ્રધાન ચેષ્ટા અને ગુરુઓનું આચાર્યાદિ રસિકપણે અનુગમન, તે પ્રશસ્ત રાગ છે, કારણકે તેનો વિષય પ્રશસ્ત છે.

આ પ્રશસ્ત રાગ ખરેખર, જે સ્થૂલ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે; ઉપરની ભૂમિકામાં (ઉપરના ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે.

પ્રશંસા :ઉત્કર્ષણ; કીર્તિ (૨) વખાણ; અભિનંદન; સ્તુતિ

પ્રશાંત :મોહદશા બહુ ક્ષીણ હોય; ખૂબ જ ઠરેલું; શાંત પ્રકૃતિનું. (૨) પરમ શાંત

પ્રશાંતાત્મા :પ્રશાંત સ્વરૂપ; પ્રશાંત મૂર્તિ; ઉપશાંત; ઠરી ગયેલો.

પ્રતિકમું છું :નિવર્તું છું.

પ્રતિપાદક :કહેનાર; સમર્થન કરનાર; સમજાવનાર; સિધ્ધ કરી બતાવનાર; સાબિત કરી આપનાર.

પ્રતિભાસ :યથાર્થ પ્રતીતિ; શ્રદ્ધા (૨) સંપૂર્ણ ત્યાગ; ફરી ન સંઘરાય એ રીતનો ત્યાગ. (૩) સંપૂર્ણ ત્યાગ; (ફરી ન સંઘરાય એ રીતનો.)

પ્રતિષેધ :નિષેધ

પ્રાકૃત ભાષા :વૈદિક ભાષામાંથી સંસ્કૃત ભાષાની સમાંતર વિકસી આવેલું ભાષાસ્વરૂપ. (જેમાં પાલિ, અર્ધમાગધી, મહારાષ્ટ્રી, શૌરસેની, માગધી, પૈશાચી અને અપભ્રંશ વગેરે અનેક પ્રાંતીય બોલીઓ-ભાષાઓનો સમાવેશ થાય છે. (મુખ્યત્વે) મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષાઓમાંથી અપભ્રંશ દ્વારા વિકસી આવેલી ભારત-આર્ય કુટુંબની બધી અર્વાચીન ભાષાઓનું એક સામાન્ય નામ (સંજ્ઞા).

પ્રાકૃતજન્ય :લોકમાં કહેવાતું વાક્ય, જ્ઞાનીનું વાક્ય નહી.

પ્રાકરણિક :કાર્ય કરનારો

પ્રાક્સ્વાદ :પૂર્વાસ્વાદ

પ્રાકામ્ય :ઈચ્છા પ્રમાણે કાર્ય કરવાની ઈશ્વરી શક્તિ (આઠ મહાસિદ્ધિઓમાંની એક)

પ્રાગભાવ :પ્રાક્+અભાવ. પાંચ અભાવો માંહેનો એક=પૂર્વે કશું જ નહોતું એ પ્રકારનો.

પ્રાગ્ભાવ :પ્રગટ આવિર્ભાવ

પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ :આગળ-પાછળનો અને વર્તમાન વિકારની અવસ્થાઓનો અભાવ.

પ્રાણ :પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસ અને આયુષ્ય એ દસપ્રાણ છે. (૨) ઈન્દ્રિય, બળ, આયુ, અને શ્વાસસોરછવાસ સ્વરૂપ છે. (જે પ્રાણોમાં ચિત્સામાન્યરૂપ અન્વય હોય છે તે ભાવપ્રાણો છે અર્થાત જે પ્રાણોમાં સદા ચિત્સામાન્ય, ચિત્સામાન્ય, ચિત્સામાન્ય એવી એકરૂપતા-સદશતા હોય છે

તે ભાવપ્રાણો છે. જે પ્રાણોમાં સદા પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય એવી એકરૂપતા-સદૃશતા હોય છે તે દ્રવ્યપ્રાણો છે.) (૩) ઈન્દ્રિય પ્રાણ; બળપ્રાણ; આયુ પ્રાણ; અને શ્વાસોચ્છવાસ પ્રાણ, એ ચાર જીવોના પ્રાણો છે. સ્પર્શન, રસના, પ્રાણ ચક્ષુ અને શ્રોત્ર, એ પાંચ ઈન્દ્રિય પ્રાણ છે, શ્રય, વચન, અને મન એત્રણ બળ પ્રાણ છે; ભવધારણનું નિમિત્ત (અર્થાત્ મનુષ્યાદિ પર્યાયની સ્થિતિનું નિમિત્ત તે આયુગણ છે; નીચે તથા ઉંચે જવું તે જેનું સ્વરૂપ છે, એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છવાસપ્રાણ છે. જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે, અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. આમ છતાં પ્રાણો તો પુદ્ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે. જો કે નિશ્ચય જીવ, સદાય ભાવ પ્રાણથી જીવે છે, તો પણ સંસારદશામાં વ્યવહારથી, તેને વ્યવહાર જીવત્વના કારણભૂત, ઈન્દ્રિયોથી દ્રવ્યપ્રાણોથી જીવનો કહેવામાં આવે છે. આમ છતાં તે દ્રવ્ય પ્રાણો, આત્માનું સ્વરૂપ બિલકુલ નથી, કારણકે તેઓ પુદ્ગલ દ્રવ્યોથી બનેલા છે. (•) મોહાદિ પૌદ્ગલિક કર્મો વડે બંધાયો હોવાને લીધે, જીવ પ્રાણોથી સંયુકત થાય છે અને (•) પ્રાણોથી સંયુકત થવાને લીધે, પૌદ્ગલિક કર્મફળને (મોહી-રાગી-દ્વેષી જીવ મોહ-રાગ-દ્વેષપૂર્વક) ભોગવતો થશે, ફરીને પણ અન્ય પૌદ્ગલિક કર્મો વડે બંધાય છે. તેથી (•) પૌદગલિક કર્મનાં કાર્ય હોવાને લીધે અને (•) પૌદ્ગલિક કર્મના કારણ હોવાને લીધે, પ્રાણો પૌદ્ગલિક જ નિશ્ચિત (નકકી) થાય છે. (૪) જેના સંયોગથી આ જીવ, જીવનઅવસ્થાને પ્રાપ્ત થાય, અને વિયોગથી મરણ અવસ્થાને પ્રાપ્ત થાય, તેને પ્રાણ કહે છે.

પ્રાણના કેટલા ભેદ છે ? :બે છે, દ્રવ્ય પ્રાણ અને ભાવ પ્રાણ

પ્રાણના ભેદ :દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. (૨) પ્રાણના બે ભેદ છે. દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

(૧) દ્રવ્યપ્રાણના દશ ભેદ છેઃ પાંચ ઈન્દ્રિયો, ત્રણ બળ, મનોબળ, વચનબળ અને કાયબળ, શ્વાસોચ્છવાસ અને આયુ.(આ બધી પુદ્ગલ દ્રવ્યોની પર્યાયો છે. જીવોને, આ દ્રવ્યપ્રાણોના સંયોગથી, જીવન અને વિયોગથી મરણરૂપ અવસ્થા, વ્યવહારથી કહેવાય છે.)

(૨) ભાવ પ્રાણ = ચૈતન્ય અને બાળપ્રાણ અને ભાવપ્રાણ કહે છે.

(૧) ભાવ પ્રાણના બે ભેદ છેઃ ભાવેન્દ્રિય અને બળપ્રાણ.
*ભાવેન્દ્રિયના પાંચ ભેદઃ સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરેન્દ્રિય અને કર્ણેન્દ્રિય.
*(આ ભેદ સંસારી જીવોમાં છે. ભાવેન્દ્રિયો બધી ચેતન છે. આ જ્ઞાનની મતિરૂપ પર્યાયો છે.

(૨) બાવબળપ્રાણ=ભાવ બળ પ્રાણના ત્રણ ભેદઃ મનોબળ, વચનબળ અને કાય બળ. (ભાવબળપ્રાણ, જીવના વીર્યગુણની પર્યાયો છે. દ્રવ્યબળપ્રાણ પુદ્ગલના વીર્યગુણની પર્યાયો છે.)

પ્રાણાપાન :શ્વાસોચ્છવાસ

પ્રાણાતિપાત :અહિંસા નામના વ્રતનું પહેલું વ્રત; પ્રાણનો વિનાશ.

પ્રાણાયામ :ચિત્તવૃત્તિરૂપ શ્વાસોચ્છ્વાસના જયને અર્થે, મનના જય અર્થે દેહાધ્યાસ આદિ બાહ્યભાવોને છોડવા તે રેચક, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હું આત્મા છું, એમ અંતરાત્મભાવને પોષક ભાવો સદ્બોધમય ભાવો ચિત્તમાં ભરવા તે પૂરક, અને આત્મભાવને અંતરમાં સ્થિર કરવા તે કુંભક એ મુમુક્ષ યોગીને ભાવ-પ્રાણાયામ છે. પ્રાણાયામ=શ્વાસ જય.

પ્રાણીદયા :સ્વરક્ષાની અસ્તિ; જગત પ્રત્યે નિર્વૈરબુદ્ધિ-અદ્રોહબુદ્ધિ; વેરબુદ્ધિનો ત્યાગ.

પ્રાણોની સંતતિ :પ્રવાહની પરંપરા

પ્રાંજલ :નમ્ર; વિનયી; વિવેકી; પ્રામાણિક; બે હાથ જોડીને ઊભેલું. (૨) સ્પષ્ટ અને નિર્દોષ.

પ્રાતિહાર્યો :તીર્થંકર ગોત્ર બાંધનાર સાતિશય પુણ્યોદયના પ્રભાવથી, આઠ પ્રાતિહાર્યો પ્રાપ્ત થાય છે. ૧.અશોકવૃક્ષ, ૨. સુરપુષ્પવૃષ્ટિ, ૩.દિવ્યધ્વનિ, ૪. ચામર, ૫.છત્ર, ૬. સિંહાસન, ૭. ભામંડળ, ૮. દુ દુંભિ, સાથે જ અમોઘ દેશનાશક્તિથી યુકત હોય છે.

પ્રાદુર્ભાવ :પ્રગટ; ઉત્પન્ન (૨) વ્યક્તતા; પ્રગટતા; સમાપ્તિ. (૩) ઉત્પાદ (૪) ઉત્પાદ; ઉત્પત્તિ (૫) પછીના ભાવની એટલે કે વર્તમાન ભાવની ઉત્પત્તિ; ઉત્પત્તિ.

પ્રાદુર્ભાવ પામતું :પ્રગટ થતું; ઉત્પન્ન થતું.

પ્રાદેશિક :દ્રવ્ય અને સત્તામાં પ્રદેશભેદ નથી; કારણકે પ્રદેશભેદ હોય યુતસિદ્ધપણું આવે-જે પ્રથમ જ રદ કરી બતાવ્યું છે.

પ્રાધાન્ય :મુખ્યતા

પ્રાપ્ત :જ્ઞાન પામેલો પુરુષ. (૨) ઉપસ્થિત; મળવું

પ્રાપ્તિ :પામવું એ; મળવું એ; લાભ; ફાયદો; મળતર; આવક. (૨) લાભ (૩) ઉપલબ્ધિ

પ્રાપ્તિ-અપ્રાપ્તિ :લાભ-અલાભ; ફાયદો-ગેરફાયદો; લાભ કે નુકસાન.

પ્રાપ્ય :પ્રાપ્ત થવા યોગ્ય. (જે સ્વતંત્રપણે કરે, તે કર્તા, કર્તા જેને પ્રાપ્ત કરે-પહોંચે, તે કર્મ) (૨) જે થાય, તેને પહોંચી વળવું; રાગ થવો; જાણવાના પરિણામ થવા; ગ્રહતો; મેળવે છે; પહોંચે છે; પ્રાપ્ત કરે છે. ધ્રુવ. (૩) પ્રાપ્ત થવા યોગ્ય. (૪) પ્રાપ્ત થવા યોગ્ય. (જે સ્વતંત્રપણે કરે તે કર્તા; કર્તા જેને પ્રાપ્ત કરે-પહોંચે તે કર્મ.) (૫) ધ્રુવ છે એટલે કે, તે કાળે તે જ થવાના છે, એમ નિશ્ચિત છે. આ પ્રાપ્યકર્મની વ્યાખ્યા છે. (૬) પુદ્ગલ પોતે પોતાની અવસ્થાને પહોંચી વળે છે, એટલે કે ગ્રહણ કરે છે, તે પ્રાપ્ય. (૭) પહોંચી વળવું (૮) પ્રાપ્ત થવા યોગ્ય. (જે સ્વતંત્રપણે કરે, તે કર્તા; કર્તા જેને પ્રાપ્ત કરે-પહોંચે, તે કર્મ) (૯) પહોંચી વળવું; ગ્રહવું (૧૦) ગ્રહણ કરવું. (૧૧) પ્રાપ્ત થવા યોગ્ય

પ્રાપ્ય કારિતા :જ્ઞેય વિષયોને સ્પર્શીને જ કાર્ય કરી શકવું, જાણી શકવું-તે (ઈન્દ્રીયાતીત થયેલા આત્મામાં, પ્રાપ્ય કારિતાના વિચારનો પણ અવકાશ નથી)

પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય :પહોંચી વળવું, એક અવસ્થાથી બીજી અવસ્થા થવામાં, જે બદલવાપણું આવ્યું, તે વિકાર્ય, અને નવી અવસ્થાનું જે નીપજવું થાય છે, તે નિર્વર્ત્ય પ્રાપ્ય એટલે પહોંચી વળવું, વિકાર્ય એટલે બદલાવું, અને નિર્વર્ત્ય એટલે, નવી અવસ્થા ઉપજવી. (૨) જેમ એક ગામ હોય, તે ગામને માણસ પહોંચી વળે છે, તે પ્રાપ્ય, એક અવસ્થાથી બીજી અવસ્થા થવામાં જે બદલવાપણું આવ્યું, તે વિકાર્ય, અને નવી અવસ્થાનું જે નીપજવું થાય, તે નિર્વર્ત્ય (૩) જાણવાની અવસ્થા, આત્મામાંથી આવી છે, પોતામાંથી જ આવી છે, પોતે જ, પોતાની પર્યાયને પહોંચી વળ્યો છે. તે પ્રાપ્ય, પોતે જ તે પર્યાયરૂપે પરિણમ્યો છે. એટલે કે બદલ્યો છે, તે વિકાર્ય, અને પોતે જ તે પર્યાયરૂપે ઊપજવો છે, તે નિર્વર્ત્ય. જ્ઞાનની અવસ્થામાં પોતે જ, અંતર્વ્યાપક થઈને એટલે કે, પોતે જ પ્રસરીને, પોતે જ લંબાઈને, તે અવસ્થા ઉત્પન્ન કરે છે. તે અવસ્થાની શરૂઆતમાં પણ, આત્મા; મધ્યમાં પણ આત્મા; અને અંતમાં પણ આત્મા જ છે; તે જ્ઞાનની અવસ્થા, પોતે જ પકડી છે એટલે કે, પોતે જ ગ્રહી છે, જ્ઞાનની એક અવસ્થાથી, બીજી અવસ્થા થાય, તેમાં પોતે જ પરિણમ્યો છે. એક અવસ્થાથી બીજી અવસ્થા ઉપજે, તેમાં પોતે જ ઉપજતો થકી, તે જ્ઞાનની અવસ્થાને કરે છે. (૪) ગ્રહવું; બદલવું અને નવું ઉપજવું

પ્રાપ્યકર્મ :પદાર્થ જે છે, તેને પહોંચી વળે, તે કર્તાનું પ્રાપ્યકર્મ છે.

પ્રાપ્યકારિતા :જ્ઞેય વિષયોને સ્પર્શીને જ કાર્ય કરી શકવું-જાણી શકવું-તે. (ઈન્દ્રીયાતીત થયેલા આત્મામાં પ્રાપ્યકારિતાના વિચારનો પણ અવકાશ નથી.) પદાર્થો કારણ છે અને તેમના જ્ઞેયાકારો (દ્રવ્ય-ગુણ-પર્યાયો) કાર્ય છે.

પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય :પુદ્ગલ પોતે, પોતાની અવસ્થાને, પહોંચી વળે છે એટલે કે, ગ્રહણ કરે છે. તે પ્રાપ્ય; પુદ્ગલ પોતે પોતાના, પર્યાયનો ફેરફાર કરીને, પરિણમે છે. તે તેનું વિકાર્યકર્મ છે. પુદ્ગલ પોતે પોતાના પર્યાયને નિપજાવે છે, તે તેનું નિર્વર્ત્ય કર્મ છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ પુદ્ગલકર્મ પોતે પરણમે છે. આત્મા તે પુદ્ગલકર્મને ગ્રહતો નથી. પરિણમાવતો નથી. ઉપજાવતો નથી, કરતો નથી અને બાંધતો પણ નથી.

પ્રાભૃત :અર્હત પ્રવચનનો અવયવ અંશ (૨) પ્રકરણ; ભેટણું; સાર (૩) અર્હન્ પ્રવચનનો અવયવ (અંશ) (૪) અર્હત પ્રવચનનો અવયવ; સર્વજ્ઞ

ભગવાનના પ્રવચનનો અશ (૫) પ્ર-પ્રકૃષ્ટપણે, આભૃત પરિપુર્ણ. ઠાંસોઠાંસ સંભૃત, પરિપુર્ણ (૬) ભેટ (૭) પ્રકરણ; ભેટણું; સાર

પ્રાભૃતત્રય :સમયસાર; પ્રવચનસાર અને પંચાસ્તિકાય નામનાં ત્રણ શાસ્ત્રો.

પ્રાય :સહિત; પૂર્ણ ભરેલો

પ્રાયે :ઘણું કરીને; મુખ્યપણે; કથન માનપણે નહિ; પરમાર્થ સત્પણે; પ્રધાનત્વ. (૨) કથંચિત્ત; સાપેક્ષપણે

પ્રાયઃ :ઘણું કરીને.

પ્રાયશ્ચિત :પ્રાયઃ+ચિત અર્થાત્ પ્રકૃષ્ટપણે ચિત કહેતાં જ્ઞાન તે પ્રાયશ્ચિત. એટલે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે વસ્તુ છે તે પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે. (૨) પ્રાયઃ=અપરાધ, ચિત્ત=શુદ્ધિ; અપરાધની શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત છે. પ્રાયઃ=પ્રકૃષ્ટપણે અને ચિત્ત=જ્ઞાન; પ્રકૃષ્ટપણે જે જ્ઞાન તે જ પ્રાયશ્ચિત છે. ક્રોધાદિ વિભાવભાવનો ક્ષય કરવાની ભાવનામાં વર્તવું તથા પોતાના આત્મિક ગુણોની ચિંતા કરવી તે ખરું પ્રાયશ્ચિત છે. પોતાના આત્મિકતત્ત્વમાં રમણરૂપ જે તપશ્ચરણ તે જ શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત છે.

પ્રાયશ્ચિત્તતપ :પ્રમાદ કે અજ્ઞાનથી લાગેલ દોષોની શુદ્ધિ માટે આત્મ-આલોચના, પ્રતિક્રમણાદિ દ્વારા પ્રાયશ્ચિત્ત કરવું તે પ્રાયશ્ચિત્તતપ છે.

પ્રાયે :લગભગ; ઘણું કરીને.

પ્રાયોગ્ય :પ્રયોગને લગતું; પ્રયોગ કરીને કરવા જેવું; પ્રાયોગિક.

પ્રાયોગ્ય લબ્ધિ :જિજ્ઞાસુ, ટગર ટગર જોઈ જ રહે છે. તેમાં સાંભળવામાં એકાગ્રથતાં કર્મની સ્થિતિનો રસ ઘટાડે છે. (૨) ક્ષયોપશમલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ અને દેશનાલબ્ધિ આ ત્રણ લબ્ધિઓથી યુક્ત જીવ પ્રતિસમય વિશુદ્ધતાથી વધતો વધતો જીવના આયુષ્યકર્મ સિવાય બાકીના સાત કર્મોની સ્થિતિ અન્તઃકોડાકોડી માત્ર બાકી રહે છે ત્યારે તે જીવ તેમાંથી સંખ્યાતહજાર સાગર પ્રમાણ સ્થિતિનો ઘાત (નાશ) કરે છે અને ઘાતિયાકર્મોનો લતા અને દારૂરૂપ તથા અઘાતિયાકર્મોનો લીમડો અને કાંજી (કાંજીર)રૂપ અનુભાગ બાકી રહે છે. આ કાર્યોની કરવાની યોગ્યતાની પ્રાપ્તિને પ્રાયોગ્યલબ્ધિ કહે છે.

પ્રાયોગિક :વિકારી. (૨) પર નિમિત્તથી થયેલા

પ્રાયોગિક ગુણ :પરના નિમિતથી થયેલા, ગુણનું સામર્થ્ય

પ્રાર્થના :યાચના

પ્રાર્થનીય :ઈચ્છવા યોગ્ય

પ્રાર્થિત અર્થ :અરજ કરીને માંગેલી વસ્તુ

પ્રારબ્ધ :જીવના પરિણામનું નિમિત્ત પામીને, પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે. એકબીજાની અવસ્થાની યોગ્યતા, એવી થાય છે કે, એક બીજા માંહોમાહે એક જગ્યાએ વ્યાપીને રહે છે. તેને પરસ્પર અવગાહલક્ષણ, સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને, કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે, તે પ્રારબ્ધ (કાળ પાકતાં) પરિણમે છે. તો પણ ભાવથી જુદા છે. એક જગ્યાએ રહે છે, એને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે, એવો સંબંધરૂપ બંધ કહેવાય છુ. (૨) નસીબ; ભવિષ્યમાં થનાર કર્મની અવસ્થા; આત્મા અજ્ઞાન અવસ્થાએ, શુભાશુભ ભાવરૂપે પરિણમે, ત્યારે તે પરિણામ કર્મબંધ પ્રારબ્ધ થવામાં, બાહ્ય નિમિત્ત થાય છે. કર્મરૂપ રજકણો પોતાની લાયકાતથી બંધાય છે. પરંતુ શુભાશુભ પરિણામ, તેને નિમિત્તરૂપ થાય છે. (૩) સારી રીતે પ્રારંભેલું કાર્ય, કર્મના ત્રણ પ્રકારોમાંનું એક કે, જેમાં આ ભવનાં કે પૂર્વ ભવના કે ભવોના સંચિત, કર્મોનો ભોગ શરૂ થઈ ચૂકયો હોય. (૪) નસીબ

પ્રારબ્ધ કર્મ :પ્રારબ્ધકર્મ જે બંધાય તેને આત્મા બાંધતો નથી; તે કર્મ પોતે પોતાના કારણે, બંધાય છે. આત્મા પોતાના ગુણનો વિકાસ નહિ કરતાં, રાગ-દ્વેષ કરી પોતે ઊંધા ભાવમાં બંધાય છે, એટલે કે, તેમાં અટકે છે પણ જડ કર્મને આત્મા કરે નહિ. જીવપરિણામને નિમિત્ત કરીને, પુદ્ગલો કર્મપણે પરિણમે છે, અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને, જીવ પણ પરિણમે છે. આત્મા જેટલા પૂજા ભક્તિ વગેરેના, શુભભાવ કરે તેટલું જ સામે પુણ્યકર્મ બંધાઈ જાય છે; પણ આત્મા પુણ્યના ભાવ પણ કરે, અને પુણ્ય પાપ કર્મ પણ આત્મા પોતે કરે, તેમ નથી, પરંતુ આત્મા ભાવ કરે, તેના જ પ્રમાણમાં નવાં કર્મ થવા યોગ્ય રજકણ, કર્મની અવસ્થા રૂપે પરિણમી જાય છે.

પ્રારંભ :શરૂઆત

પ્રાસુક :જીવરહિત, જે દ્રવ્ય સુકાયેલું હોય, પાકી ગયેલું હોય, અગ્નિથી તપાવેલુ હોય, આમ્લરસ તથા લવણમિશ્રિત હોય, કોલ્હુ, સંચો, છરી, ઘંટી આદિ, યંત્રોથી છિન્નભિન્ન કરેલ હોય તથા સંશોધિત હોય, તે પ્રાસુક અચિત્ત છે. (૨) જીવરહિત. જે દ્રવ્ય સુકાયેલું હોય, પાકી ગયેલું હોય, અગ્નિથી તપાવેલું હોય, આમ્લરસ તથા લવણ મિશ્રિત હદય, કોલ્હ, સંચો, છરી,ઘંટી આદિ, યંત્રોથી છિન્નભિન્ન કરેલ હોય તથા સંશોધિત હોય, તે બધાં પ્રાસુક=અચિત્ત છે. આ ગાથા, સ્વામી કાર્તિકેયાનું પ્રેક્ષા ગ્રન્થની સંસ્કૃત્ત ટીકામાં, તથા ગોમ્મટસારની કેશવવર્ણીકૃત સં. ટીકામાં, સત્યવચનના ભેદોમાં કહેવામાં આવી છે. (૩) જીવ રહિત-અચિત્ત. પત્ર, ફળ, છાલ, મૂળ, બીજ અને કુંપળ ઈત્યાદિ, સચિત્ત વનસ્પતિને ન ખાય, તો તે સચિત્ત વિરત પ્રતિમાધારક, શ્રાવક કહેવાય છે. સુકાવેલી, પકાવેલી, ખટાશ યા લસણથી મેળવેલી, યંત્રથી છિન્ન ભિન્ન કરેલી તથા શોધેલી એવી બધીય લીલોતરી (હરિતકાય), પ્રાસુક એટલે જીવરહિત અચિત્ત થાય છે. કહેવાય છે. (૪) આચાર્યોનો અભિપ્રાય અહીં પ્રાસુક દ્રવ્યોથી પૂજા કરવનો છે. તેથી જળને, લવિંગ દ્વારા, પ્રાસુક બનાવી લેવું જોઈએ અથવા જળ ઉકાળી લેવું જોઈએ, અને તે દ્રવ્યો તે જળથી ધોવાં જોઈએ.

પ્રાસુક આહાર :અચિત્ત આહાર

પ્રાસુક આહારી :સચિત્ત-જલ, ફળ, ધાન્ય વગેરેના ત્યાગી પ્રાસુક આહારી કહેવાય છે.

પૌદ્ગલિક પ્રાણોની સંતતિ (પ્રવાહ) ની પરંપરાનું કારણ :જયાં સુધી જીવ, દેહપ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી, કર્મથી મલિન આત્મા, ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.

ભાવાર્થઃ દ્રવ્ય પ્રાણોની પરંપરા ચાલ્યા કરવાનું અંતરંગ કારણ, અનાદિ પુદ્ગલકર્મના નિમિત્તે થતું જીવન વિકારી પરિણમન છે. જયાં સુધી જીવ, દેહાદિક વિષયોમાં મમત્વ રૂપ, એવું તે વિકારી પરિવર્તન છોડતો નથી. ત્યાં સુધી તેના નિમિત્તે પુદ્ગલકર્મ બંધાયા કરે છે.અને તેથી દ્રવ્યપ્રાણોનો સંબંધ થયા કરે છે.

પ્રૌષધ :જેમ ચણાને પાણીમાં પલાળી-ડૂબાડી રાખે ત્યારે પોઢો થાય છે તેમ આત્મા આનંદનો નાથ પ્રભુ છે તેને પોષવો-એટલે આનંદના સાગરમાં એકાકાર ડૂબાડવો તેને પ્રૌષધ કહે છે.

પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચાર :૧ જોયા વિના તથા પોંછયા વિના કોઈ વસ્તુ ગ્રહણ કરવી, ૨. જોયા વિના સાફ કર્યા વિના પથારી પાથરવી, ૩. જોયા વિના સાફ કર્યા વિના, મળ-મૂત્રનો ત્યાગ કરવો, ૪. ઉપરવાસની વિધિ ભૂલી જવી અને ૫. તપ કે ઉપવાસની વિધિમાં અનાદર (ઉદાસીનતા) કરવો, એ પાંચ પ્રોષધ ઉપવાસવ્રતના અતિચાર છે.

પ્રૌષધ ઉપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચારો છે :(૧) જોયા વિનાની અને શોધ્યા વિનાની જમીનમાં મળ-મૂત્રાદિનું ક્ષેપણ કરવું, (૨) પૂજન વગેરેનાં ઉપકરણો જોયાં-શોધ્યાં વિના લેવાં, (૩) જોયા વિનાની અને શોધ્યા વિનાની જમીન પર વસ્ત્ર, ચટાઈ વગેરે બિછાવવી. (૪) ભૂખ વગેરેથી વ્યાકુળ થઈ આવશ્યક ધર્મકાર્યો ઉત્સાહરહિત થઈને કરવાં અને (૫) આવશ્યક ધર્મકાર્યો ભૂલી જવાં - એ પાંચ પ્રૌષધોપવાસ-શિક્ષાવ્રતના અતિચારો છે.

પૌદ્ગલિક કર્મ :નવાં દ્રવ્ય કર્મો

પૌદ્ગલિક કર્મનો બંધ :નવાં દ્રવ્યકર્મનો બંધ

પૌદ્ગલિક કર્મો :નવાં દ્રવ્ય કર્મો

પૌદ્ગલિક કર્મ :દ્રવ્ય કર્મ

પૌર્વદેહિક :પૂર્વ દેહ સંબંધી સાધેલો.

પૌરુષેય :મનુષ્યને સંભવતા.

પૃથક્ :ભિન્ન; અલગ; જુદો; અન્ય (૨) જુદાં; ભિન્ન. (જેમ દ્રવ્યે ક્ષેત્રે, કાળે કે ભાવે સુવર્ણથી પીળાશ આદિ ગુણો અને કુંડળાદિ પર્યાયો પૃથક્ જોવામાં આવતા નથી.)

પૃથક-ઉપલબ્ધ :ભિન્ન ભિન્ન.

પૃથક્ત્વ :વિભક્ત પ્રદેશત્વ; ભિન્ન પ્રદેશત્વ તે પૃથક્ત્વનું લક્ષણ છે; પ્રદેશભેદ; પ્રદેશવિભાગ. (૨) ભેદ (૩) વિભકત પ્રદેશત્વ (ભિન્નપ્રદેશત્વ) પૃથકત્વનું લક્ષણ છે. તે તો સત્તા અને દ્રવ્યને સંભવતું નથી, કારણ કે ગુણ અને ગુણીને વિભકત પ્રદેશત્વનો અભાવ હોય છે. શુક્લત્ત્વ અને વસ્ત્રની માફક. તે આ પ્રમાણેઃ જેમ જે શુક્લત્વના ગુણના-પ્રદેશો છે તે જ વસ્ત્રના-ગુણીના છે, તેથી તમને પ્રદેશવિભાગ(પ્રદેશભેદ) નથી, તેમ જે સત્તાના ગુણના-પ્રદેશો છે તે જ દ્રવ્યના-ગુણીના-છે તેથી તેમને પ્રદેશવિભાગ નથી. (૪) વિભક્ત પ્રદેશત્વ; ભિન્ન પ્રદેશત્વ (૫) વિભકત પ્રદેશત્વ; ભિન્ન પ્રદેશત્વ

પૃથકતા :ભિન્નતા; સ્વતંત્રતા

પૃથક્પણે :ભિન્ન ભિન્ન પણે

પૃથક્પણે વર્તતા સ્વલક્ષણોરૂપ લક્ષ્મી :દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો, તે દ્રવ્યોની લક્ષ્મી-સંપત્તિ શોભા છે.

પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત :દ્રવ્યોના ભિન્નભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી-સંપત્તિ-શોભા છે.

પૃથકભૂત્ત :જુદું

પૃથ્કભૂત-પૃથગ્ભૂત :જુદું

પૃથગ્ભૂતપણાને :ભિન્નપણાને

પૃથગ્વર્તી :અલગ; જુદું; છૂટું; છુટ્ટું; ભિન્ન. (૨) અલગરૂપ; ભિન્નરૂપ.

પૃથગ્ભૂતપણું :ભિન્નપણું

પૃથ્વીકાયિક :પૃથ્વી જ, જે જીવનું શરીર છે, તે.

પૃથ્વીકાયિક જીવોમાં ઉત્કસષ્ટ આયુસ્થિતિ :૨૨૦૦૦વર્ષ

પૈશુન્ય :પરનિંદા; ક્રૂરતા; પિશુનતા.

પૈશૂન્યહાસગર્ભ :દુષ્ટતા અથવા કુથલીરૂપ, હાસ્યવાળું

ફડચા :ફાડ; ચીર

ફડચો :તોડ; નિકાલ; લાકડાને ફાડીને ચીર કરવી.

ફડફડાટ :ધડક, બીક, કંપ

ફંદ :જાળ

ફંફેરો કરવો :ઉઘાડો પાડવો.

ફુંફાડો :કડપ

ફરસના :સ્પર્શના

ફરસવા :સ્પર્શવું

ફલેવર :શરીર

ફેલાવરૂપ :વિસ્તારરૂપ

ફલિત :સિદ્ધ; નીપજેલું; ફળેલું; ફળ

ફલિત થવું :સિદ્ધ થવું; આપોઆપ આવવું.

ફળ આપ્યા પછી કર્મોનું શું થાય છે ? :તીવ્ર મધ્યમ, કે મંદ ફળ (અનુભાગ) આપ્યા પછી તે કર્મોની નિર્જરા થઈ જાય છે. અર્થાત્ ઉદયમાં આવ્યા પછી કર્મ આત્માથી જુદાં થઈ જાય છે. આઠે કર્મ ઉદય થયા પછી નિર્જરી જાય છે; તેમાં કર્મની નિર્જરાના બે ભેદ છે. સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા

(૧) સવિપાક નિર્જરા=આત્મા સાથે એક ક્ષેત્રે રહેલાં કર્મ પોતાની સ્થિતિ પૂરી થતાં જુદાં થઈ ગયા તે સવિપાક નિર્જરા છે.

(૨) અવિપાક નિર્જરા=ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલાં જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદાં થઈ ગયાં તે અવિપાક નિર્જરા છે. તેને સકામ નિર્જરા પણ કહેવાય છે. નિર્જરાના બે ભેદ બીજી રીતે પણ પડે છે. તેનું વર્ણન-

(૧) અકામ નિર્જરા= તેમાં બાહ્ય નિમિત્ત તો ઈચ્છા રહિત ભૂખ-તૃષા સહન કરવી એ છે. અને ત્યાં જો મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા થાય અને દેવાદિ પુણ્યનો બંધ થાય તેને અકામ નિર્જરા કહે છે.

જે અકામ નિર્જરાથી જીવની ગતિ કંઈક ઊંચી થાય છે તે પ્રતિકૂળ સંયોગો વખતે જીવ મંદ કષાય કરે છે તેથી થાય છે, પણ કર્મો જીવને ઊંચી ગતિમાં લઈ જતાં નથી.

(૨) સકામ નિર્જરા=તેની વ્યાખ્યા ઉપર આવી ગઈ

ફળદાનસમર્થ :ફળ દેવામાં સમર્થ.

ફાવ :ફાવવું એ; અનુકૂળ આવવું એ; માફક થવું એ; સરખાઈ, આવડત

ફિક્કાં :નિરસ; નિઃસાર

ફિરસ્તો :દેવદૂત; પેંગબર; પયગમ્બર.
ફીટવું :ટળવું; મટવું; પતવું; સામે થવું.
ફીટવું :ટળવું; મટવું; પતવું
ફીટવું :નાશ પામવું
ફીટી જવું :મટી જવું; નાશ પામવું
ફૂ થઈ જવું :અલોપ થઈ જવું.
ફૂટ :શિખર; પર્વત કે મંદિર જેવા ઊંચાગુણવાળા પદાર્થની ટોચ.
ફૂટસ્થ :સર્વકાળે એકરૂપ રહેનારું, અચળ
બકુશ : ઘણો; ખૂબ; બહુ; વારંવાર (૨) એક પ્રકારનો નિગ્રંથ સાધુ; જે નિગ્રંથ હોય છે. વ્રતોનું અખંડરૂપથી પાલન કરે છે. શરીર અને ઉપરકણોની શોભા વધારવામાં લાગ્યા રહે છે, પરિવારથી ઘેરાયેલા રહે છે, ઋદ્ધિ અને યશની કામના રાખે છે. સાત અને ગૌરવના આધાર છે. અહીં બકુશ શબ્દ શબલ (ચિત્ર-વિચિત્ર) શબ્દનો પર્યાયવાચી છે.
બકુશ સાધુના ભેદ :બકુશ બે પ્રકારના હોય છે; ઉપકરણ બકુશ અને શરીર બકુશ તેમનામાં અનેક પ્રકારની વિશેષતાઓને માટે ઉપકરણોની ચાહનાવાળા ઉપકરણ બકુશ હોય છે અને શરીરના સંસ્કાર કરવાવાળા શરીર બકુશ છે. ઉપકરણોમાં જેમનું ચિત્ત આસક્ત છે, જે વિચિત્ર પરિગ્રહવાળા છે, જે સુંદર શોભાવાળા ઉપકરણોની આકાંક્ષા રાખે છે તથા આ સંસ્કારોનો પ્રતિકારની સેવા કરવાવાળા ભિક્ષુ ઉપકરણ બકુશ છે. શરીર સંસ્કારસેવી શરીર બકુશ છે. જે રાત્રે સૂએ છે ત્યારે પોતાની ઈચ્છા અનુસાર પથારી પણ સુંદર બનાવે છે, ઉપકરણોનો સંગ્રહ કરે છે તેમને ઉપકરણ બકુશ કહે છે. જે દિવસે સૂએ છે તેને દેહબકુશ કહે છે.
બડકંદાર :નિશાનબાજ.
બદફેલ :ખરાબ ચાલ ચલગતવાળું; દુરાચરણી; દુર્વર્તની; પાખંડી; ઢોંગી;
બદલવું :પરિણમવું (૨) પલટવું (૩) પરિણમવું
બદલાવવું :આનંદિત કરવું; ખીલવવું; વિસ્તારવું; પાંગરાવવું
બધ્ધ :નજીક એક ક્ષેત્રે રહેલા; શરીરાદિ તે બધ્ધ છે કારણ કે તે અને આત્મા એક ક્ષેત્રે રહેલાં છે. (૨) નજીક એક ક્ષેત્રે રહેલા; શરીરાદિ બધ્ધ છે. કારણ કે એક ક્ષેત્રે રહેલા છે. (૩) અશુદ્ધ રાગાદિ ભાવ
બરદાશ :ખમીખાવું; સેવાચાકરી; કાળજીવાળી સેવા; પરોણાગત; મહેમાનગીરી.
બનવારી :સોનું તપાવવાની કુલડી
બદલવું :ક્રિયા
બલપ્રાણ :બલપ્રાણના ત્રણ ભેદ છેઃ મનોબળ, વચન બલ, અને કાયબલ
બલૈયાં :ઓવારણાં
બલિહારી :બલિહાર થવું એ; વારી જવું એ; વાહ વાહ, ધન્યવાદ; શાબાશી; ખૂબી (૨) વારી જવું એ; ધન્યવાદ; શાબાશી; વાહવાહ; ખૂબી
બળ :જોર
બળે :અપેક્ષાથી (નયના બળે =નયની અપેક્ષાથી)
બળથી :પુરુષાર્થથી
બળપ્રાણ :કાય, વચન અને મન એ ત્રણ બળપ્રાણ છે.
બળવત્તર :અત્યંત બળવાન; વધુ ને વધુ બળવાન
બળવાન :સશક્ત; જાડો
બહુમાન :ભક્તિ
બહુલતા :અધિકતા
બહુવિધ :અનેક પ્રકારનાં
બહુશ :(૧) ઘણો; ખૂબ; બહુ. (૨) વારંવાર. (૩) ઘણો; ખૂબ; બહુ; વારંવાર.
બહારચલો :નઠારી સંગતવાળો (૨) વ્યભિચારી (૩) નઠારી સંગતવાળો.
બહારની અનુકૂળતા :પૈસા; આબરૂ; ચક્રવર્તીના વૈભવ, સ્વર્ગની સંપદા, સ્ત્રીના ભોગને શરીરની નિરોગતા-આ બધી બહારની અનુકૂળતામાં અજ્ઞાની જીવ ઠીક માને છે. આવી કલ્પના છે તે ભ્રાન્તિ છે, મિથ્યાત્વભાવ છે.
બહાવરો :ઉન્મત્ત
બહિઃતત્ત્વ :નિર્મળ પર્યાય. (૨) પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

બહિરંગ પરિગ્રહ :ક્ષેત્ર, મકાન, રૂપું, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ-એ દસ છે.

બહિરંગ સાધન :બાહ્ય કારણ.

બહિરંગ સાધનભૂત :પરિણામ નીપજવામાં જે નિમિત્તભૂત છે-એવો.

બહિરંગ હેતુઓ :નિમિત્તો

બહિરંગ હિંસા :બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો ને બહિરંગ હિંસા-બહિરંગ છેદ છે.

બહિરંગકારણ :પર દ્રવ્યની હાજરી; નિમિત્તકારણ

બહિરંગતપ :બીજા જોઈ શકે એવા પર પદાર્થોથી સંબંધ રાખવાવાળો ઈચ્છાનિરોધ

બહિરંગભાવ :ચૈતન્યને ચૂકીને કર્મના સંબંધે જે ભાવ ઉત્પન્ન થાય તે બહિરંગભાવ છે. શરીરાદિની ક્રિયા તો જડ છે અને વ્રત, તપ, પૂજા, ભક્તિ, પડિમા વગેરેનો શુભરાગ તે બહિરંગભાવ છે.- વિકાર છે. તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી.

બહિર્જલ્પ :બાહ્ય ક્રિયા; પરપક્ષ ખંડન અને સ્વપક્ષમંડનની દૃષ્ટિએ કરવામાં આવતો વાદ, બડબડાટ; બકવાદ; લવારો.

બહિરંત તપ :અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશાદિ ભેદોવાળાં છ બહિરંગ તપ છે.

બહિર્ભૂત :બહાર; રહિત; ઉદાસીન. (૨) નાશ કરવો.

બહિર્ભૂત :બહાર; રહિત; ઉદાસીન. (૨) પોતાથી ભિન્ન; પર રૂપે (૩) ભિન્ન અનુભવવું; પર મારારૂપે નથી; ભિન્નરૂપે; અસંબંધરૂપે.

બહિર્મુખી :આત્મજ્ઞાનથી વિરૂધ્ધના જે શુભાશુભ ભાવ કે દયા દાન, પૂજા-ભક્તિ, વ્રત-તપ વગેરે ક્રિયા છે તે બધી બહિર્મુખી ક્રિયા છે.

બહિર્મોહદૃષ્ટિ :બહિર્મુખ એવી મોહદૃષ્ટિ. (આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એવી બહિર્મોહદૃષ્ટિ જ છે.)

બહિરાત્મ બુદ્ધિ :એકલો રાગ અને શરીરવાળો તે જ હું એવી બુદ્ધિ તે બહિરાત્મ બુદ્ધિ છે.

બહિરાત્મભાવ :ત્રણ પ્રકારના આત્માને જાણીને બહિરાત્મભાવ રાગભાવ છે તે કષાયરૂપ છે. તેથી જયાં સુધી મિથ્યાદૃષ્ટિ અને અનંતાનુંબંધી કષાય છે ત્યાં સુધી તે બહિરાત્મા છે તેને શીઘ્રત્યાગી દે અને જે સ્વસંવેદન જ્ઞાન-સમ્યગ્જ્ઞાન-જે કેવળજ્ઞાનમય પરમાત્મ સ્વભાવ છે તેને અંતરાત્મ લક્ષણવાળા વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાને કરીને જાણ ત્યારે તને સમાધિપ્રાપ્ત થશે.

બહિરાત્મા :અધર્માત્મા; સંસારાત્મા; મૂઢ. (૨) જે જીવ મિથ્યાત્વકર્મના ઉદયરૂપ પરિણમયો હોય, તીવ્ર કષાય (અનંતાનુબંધી) થી સુષ્ઠુ એટલે અતિશય યુકત હોય અને એ નિમિત્તથી જીવને તથા દેહને એક માનતો હોય તે જીવને બહિરાત્મા કહીએ છીએ.

ભાવાર્થ :- બાહ્ય પર દ્રવ્યને જે આત્મા (સ્વરૂપ) માને તે બહિરાત્મા છે અને એમ માનવું મિથ્યાત્વ-અનંતાનુબંધી કષાયના ઉદયથી થાય છે. માટે ભેદ વિજ્ઞાન રહિત થતો થકો દેહાદિથી માંડી સમસ્ત પર દ્રવ્યમાં અહંકાર-મમકારયુકત બનેલો જીવ બહિરાત્મા કહેવાય છે. (૩) અંતરાત્મા-પરમાત્મા=મૂઢ બહિરાત્મા; વિચક્ષણ અંતરાત્મા અને પરબ્રાહ્મ પરમાત્મા એમ આત્મા ત્રણ પ્રકારે છે.

દેહને જ આત્મા માને છે તે પ્રાણી બહિરાત્મા છે. મિથ્યાત્વ રાગાદિમાં પરિણમેલો આત્મા બહિરાત્મા છે.

અંતરાત્મા= વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણમેલો અંતરાત્મા છે. પરમાત્મા=શુધ્ધ-બુધ્ધ એક જ્ઞાયક સ્વભાવવાળો આત્મા પરમાત્મા કહેવાય છે. શુધ્ધ એટલે રાગાદિ રહિત તથા બુધ્ધ એટલે અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય (અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સુખ) સહિત, પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મથી રહિત છે. આ પ્રકારે આત્મા ત્રણ ભેદવાળો છે. (૪) મિથ્યાદૃષ્ટિનું બીજું નામ બહિરાત્મા છે. કેમ કે બહારના સંયોગ-વિયોગ, શરીર, રાગ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિથી ખરેખર (પરમાર્થ) પોતાને લાભ થાય એમ તે માને છે. (૫) શરીરને આત્મા માનનાર તથા અન્ય પદાર્થોમાં પોતાપણું અને રાગાદિમાં હિતકરપણું

માનનાર અથવા શરીર અને આત્માને એક માનનાર જીવ જ બહિરાત્મા છે. તે અજ્ઞાની-મિથ્યાદ્રષ્ટિ છે. આત્મા સિવાયના બીજા બાહ્ય પદાર્થોમાં આત્માપણું (પોતાપણું) માનવાને કારણે જ એ બહિરાત્મા કહેવાય છે. અનાદિકાળથી આ આત્મા શરીરની ઉત્પત્તિમાં જ પોતાની ઉત્પત્તિ અને શરીરના નાશમાં જ પોતાનો નાશ તથા શરીર સાથે સંબંધ રાખનારાઓને પોતાના માની રહ્યો છે. જયાં સુધી આ ભૂલ ન નીકળે ત્યાં સુધી જીવ બહિરાત્મા અર્થાત્ મિથ્યાદષ્ટિ છે. (૬) મૂઢ; મિથ્યાત્વ; રાગાદિમાં પરિણમેલો આત્મા બહિરાત્મા છે.જે સુખામૃત નિર્વિકલ્પ સમાધિથી પ્રગટેલા સદા આનંદરૂપ એક સુખામૃત સ્વભાવને પામ્યા નથી અને દેહને જ આત્મા માને છે તે આત્મા બહિરાત્મા છે.

બહિરાત્મા-અંતરાત્મા ને પરમાત્મા :મૂઢ, બહિરાત્મા, વિચક્ષણ, અંતરાત્મા અને પરબ્રહ્મ, પરમાત્મા એમ આત્મા ત્રણ પ્રકારે છે. જે દેહને જ આત્મા માને છે તે પ્રાણી બહિરાત્મા છે.

મિથ્યાત્વ રાગાદિમાં પરિણમેલો આત્મા બહિરાત્મા છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણમેલો આત્મા અંતરાત્મા છે તથા શુધ્ધ-બુધ્ધ એક જ્ઞાયક સ્વભાવવાળો આત્મા પરમાત્મા કહેવાય છે. શુધ્ધ એટલે રાગાદિ રહિત તથા બુધ્ધ એટલે અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત, પરમાત્મા દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મથી રહિત છે. આ પ્રકારે આત્મા ત્રણ ભેદવાળો છે.

જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી પ્રગટેલા સદા આનંદરૂપ એક સુખામૃત સ્વભાવને પામ્યા નથી અને દેહને જ આત્મા માને છે તે આત્મા બહિરાત્મા છે. બહિરાત્મા હેય છે. તેની અપેક્ષાએ જો કે અંતરાત્મા ઉપાદેય છે તો પણ સર્વ પ્રકારે ઉપોદયભૂત એવા પરમાત્માની અપેક્ષાએ તે પણ હેય છે. શુધ્ધ સહજાત્મસ્વરૂપ પરમાત્મા જ એક આરાધવા યોગ્ય ધ્યાન કરવા યોગ્ય પ્રાપ્ત કરવા યોગ્ય સર્વ પ્રકારે ઉપોદય છે.

બહિરાત્મા-અંતરાત્મા-પરમાત્મા :તું ત્રણ પ્રકારના આત્માને જાણીને બહિરાત્મભાવને શીઘ્રત્યાગી દે અને જે કેવળજ્ઞાનમય પરમાત્મ સ્વભાવ છે તેને અંતરાત્મ લક્ષણવાળા વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાને કરીને જાણ. સ્વસંવેદન જ્ઞાને કરીને જે પરમાત્માને જાણ્યો છે તે જ ઉપાદેય છે. અહીં શિષ્ય એમ પ્રશ્ન કરે છે કે સ્વસંવેદન જ્ઞાનમાં વીતરાગ વિશેષણ શા માટે મૂકયું છે ? કારણ કે જે સ્વસંવેદન જ્ઞાન હશે તે તો રાગરહિત હશે જ. તેનું સમાધાન શ્રી ગુરુ આપે છે કે - વિષયોના આસ્વાદનથી પણ તે વસ્તુઓના (સ્વરૂપનું) જાણપણું થાય છે. પણ તે જાણપણું રાગાદિભાવે કરી મલિન હોય છે, માટે ત્યાં નિજરસ શુધ્ધ આત્માનો અનુભવ નથી અને વીતરાગદશામાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય છે. તેમજ ત્યાં રાગાદિભાવે કરી આકુળ-વ્યાકુળતા હોતી નથી. તે સ્વસંવેદનજ્ઞાન પ્રથમ અવસ્થામાં ચોથા પાંચમા ગુણસ્થાનવાળા ગૃહસ્થને પણ હોય છે. પણ ત્યાં રાગ જોવામાં આવે છે માટે સરાગ અવસ્થાના નિષેધને અર્થે વીતરાગ સ્વસંવેદનપદ મૂકયું છે. રાગભાવ છે તે કષાયરૂપ છે. તેથી જયાં સુધી મિથ્યા દષ્ટિએ અને અનંતાનુબંધી કષાય છે ત્યાં સુધી તે બહિરાત્મા છે, તેને તો સ્વસંવેદનજ્ઞાન-સમ્યગજ્ઞાન સર્વથા જ નથી.

ચોથા ગુણસ્થાનમાં રહેનાર સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ તથા અનંતાનુંબંધી કષાયનો અભાવ થવાથી સમ્યગ્જ્ઞાન પ્રગટયું છે પણ કષાયની ત્રણ ચોકડી અવશેષ હોવાથી બીજના ચંદ્ર સમાન વિશેષ પ્રકાશ હોતો નથી. અને પાંચમા ગુણસ્થાનવાળા આત્માને બે ચોકડીનો અભાવ હોવાથી ચોથા ગુણસ્થાન કરતાં પાંચમામાં રાગભાવ ઓછો છે, વીતરાગતા વધી છે. આથી સ્વસંવેદનજ્ઞાન પણ વિશેષ છે, પણ બે ચોકડી બાકી હોવાથી મુનિની સમાન પ્રકાશ અત્રે હોતા નથી; મુનિને ત્રણ ચોકડી (અનંતાનુબંધી ક્રોધ, માન, માયાને લોભ; અપ્રત્યાખાનાવરણીય ક્રોધ, માન, માયાને લોભ તથા પ્રત્યાખ્યાનવરણી ક્રોધ, માન, માયા ને લાભ) નો અભાવ છે. માટે તેઓને રાગભાવ નિર્બળ હોય છે, અને વીતરાગભાવ પ્રબળ હોય છે. મુનિ અવસ્થામાં પહેલાં કરતાં, નીચેની અવસ્થા કરતાં વીતરાગતા વિશેષ છે; પણ ચોથી ચોકડી (સ્વજવલન કષાય) બાકી છે તેથી અત્રે વીતરાગ સંયમી જેવો પ્રકાશ નથી. સાતમા ગુણસ્થાનમાં ચોથી ચોકડી મંદ થઇ જાય છે. ત્યાં આહાર-વિહારાદિ ક્રિયા નથી હોતી, એમાં ધ્યાનરૂઢ અવસ્થા છે.

સાતમામાંથી છઠ્ઠા ગુણસ્થાનમાં જયારે સંયમી આવે છે ત્યારે આહારાદિ ક્રિયા સંભવે છે. આ પ્રમાણે સંયમી છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનમાં સ્થિર રહેતો નથી, અંતર્મુહૂર્ત કાળમાં ગુણસ્થાનમાં પરિવર્તન થાય છે.

આઠમાં ગુણસ્થાનમાં ચોથી ચોકડી અત્યંત મંદ થઈ જાય છે. તેથી ત્યાં રાગભાવ અત્યંત ક્ષય થઈને વીતરાગભાવ પુષ્ટિ પામે છે., અહીં સ્વસંવેદન જ્ઞાન વિશેષ વિકાસ પામે છે. આ ગુણસ્થાનોમાં મુનિ શ્રેણી અર્થે શુક્લ ધ્યાનમાં સ્થિર થાય છે. શ્રેણિના બે ભેદ છે-એક ક્ષયક બીજી ઉપશમ; ક્ષયક શ્રેણીવાળો આત્મા તે જ ભવમાં કેવળજ્ઞાન પામી નિર્વાણપદ પામે છે.

ઉપશમ શ્રેણિવાળો મુનિ આઠમા, નવમા, દસમા તથા અગિયારમા ગુણસ્થાનને સ્પર્શી પાછો પડે છે પછી થોડાક ભવ ધારણ કરી મોક્ષ પામે છે. ક્ષયક શ્રેણિવાળો સંયમી આઠમા, નવમા ગુણસ્થાનને પામી કષાયોનો સર્વથા અભાવ કરે છે, એક સંજવલન લોભ રહી જાય છે. અહીં પહેલાં કરતાં વીતરાગતા અતિ પ્રબળ થાય છે. તેથી સ્વસંવેદન અત્યંત અધિક પ્રકાશ થાય છે. પરંતુ એક સંજવલન લોભ બાકી રહેતો હોવાથી અહીં સરાગ ચારિત્ર જ કહેવાય છે. દશમા ગુણસ્થાનના અંતમાં સૂક્ષ્મ લોભ પણ રહેતો નથી. અને મોહનીય કર્મ સંપૂર્ણપણે ક્ષય થવાથી વીતરાગ ચારિત્રની સિધ્ધિ થાય છે.

ક્ષયકશ્રેણીવાળો જીવ દશમામાંથી બારમા ગુણસ્થાને જાય છે, અગિયારમાને સ્પર્શતો નથી. અહીં યશાખ્યાતચારિત્ર પ્રગટે છે. બારમાના અંતે આત્મા જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાયનો સર્વથી અભાવ કરી કેવલજ્ઞાન પામે છે. મોહનીય કર્મનો ક્ષય દશમામાં પ્રથમ થઈ જાય છે. એમ ઘાતિયા કર્મોનો ક્ષય થવાથી આત્મા તેરમે ગુણસ્થાને અરિહંત પરમાત્મા બને છે, ત્યાં આત્માના અનંત ગુણો પ્રગટતા પામે છે.

ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી તો જીવ અંતરાત્મા કહેવાય છે. તથા જયાં સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ આવે છે. પુર્ણ શુદ્ધતા પરમાત્મામાં જ પ્રગટે છે.

બહિર્વ્યાપ્તિ :હયાતી (નિમિત્તની હયાતી)

બેસતું વર્ષ :સનાતન જૈન ધર્મમાં અષાઢ વદી ૧ એટલે બેસતું વર્ષ છે. પૂર્ણિમા એટલે પૂર્ણ માસ. ત્રિકાળ નિયમ પ્રમાણે અષાઢ વદી ૧ એટલે બેસતું વર્ષ નવું વર્ષ છે.

આજે મહાવીર ભગવાનની દિવ્ય ધ્વનિનો પ્રથમ દિવસ છે. તેમને વૈશાખ સુદી દસમે કેવળ જ્ઞાન પ્રગટયું હતું તે વખતે ઈન્દ્રોએ સમવસરણની અદ્‌ભુત રચના કરેલી, તેને ધર્મસભા કહેવાય છે. ત્યાં એકી સાથે અનેક દેવ-દેવીઓ, મનુષ્યો, ત્રિયંચો ધર્મસભામાં ધર્મ સાંભળવા આવે છે. એવી ધર્મસભાની રચના તો થઈ, પણ (કેવળજ્ઞાન થયા પછી) છાંસઠ દિવસ સુધી ભગવાનના મુખથી વાણી ન છૂટી. હોઠ બંધ હોય છે; સર્વાંગે થી ૐકાર એવી એકાક્ષરી દિવ્યધ્વનિ છૂટે છે, તેનો એવો અતિશય છે કે તેને સાંભળનારા પોતપોતાની ભાષામાં પોતાની યોગ્યતા મુજબ સમજી જાય છે. દિવ્યધ્વનિનો મહાન યોગ તીર્થંકર ભગવાનને તેરમી ભૂમિકામાં સહજ હોય છે. ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ પદાર્થોને એક સાથે એક સમયમાં જાણ્યા કરે તેવું અખંડ જ્ઞાન તેમને વર્તે છે.

હું પૂર્ણ થાઉં અને બીજા ધર્મ પામે એવા અખંડ ગુણના બહુમાનની ભૂમિકામાં (શુભ રાગમાં) તીર્થંકર ગોત્ર કર્મ બંધાય છે. તીર્થંકર થવા પહેલાના ત્રીજે ભવે કર્મ બંધાય છે.

મહાવીર પ્રભુને કેવળ જ્ઞાન દશા પ્રગટી પણ છાસઠ દિવસ સુધી ધ્વનિ ન છૂટી, તેનું કારણ એ હતું કે તે વખતે સભામાં ભગવાનની વાણી ઝીલી શકે એવો મહાન પાત્ર જીવ કોઈ હાજર ન હતો. ધર્મ સભામાં હાજર રહેલા ઈન્દ્રે વિચાર્યુ તો માલુમ પડ્યું કે ભગવાનની વાણી ઝીલી શકે એવો સર્વોત્કૃષ્ટ પણ જીવ આ સભામાં હાજર નથી. તેવો પાત્ર જીવ ઈન્દ્રભૂતિ છે એમ તેણે પોતાના અવધિજ્ઞાનથી નક્કી કર્યુ, તેથી તેઓ નાના બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ઈન્દ્રભૂતિ (ગૌતમ) પાસે ગયા. તેમનામાં (ગૌતમમાં) તીર્થંકર ભગવાનના વજીર થવાની એટલે કે ગણધર પદવીની યોગ્યતા હતી; પણ તે વખતે યથાર્થભાન ન હતું. હજારો શિષ્યોની વચ્ચે તેઓ યજ્ઞ કરતા હતા; ત્યાં બ્રાહ્મણના વેશમાં જઈ ઈન્દ્રે કહ્યું કે તમારે વાદ કરવો હોય તો મહાવીરપ્રભુ

પાસે ચાલો, ગૌતમે કહ્યું ચાલો. ગૌતમ મહાવીર પ્રભુ પાસે જવા નીકળ્યા, માનસ્થંભ પાસે પહોંચતા જ તેમનું માન ગળી ગયું, તે માનસ્થંભ ઓળંગીને ગૌતમ જયાં ધર્મ સભામાં દાખલ થયા કે તુરત જ ભગવાનની વાણી છૂટી. ગૌતમને આત્મભાન થયું. નિગ્રંથ મુનિપદ પ્રગટયું, તે સાથે મનઃ પર્યય જ્ઞાન થયું અને ગણધર પદવી મળી. ગણધરપદ મળ્યા પછી તેમણે આજની જ મિતિએ રાત્રિના આગલા પાછલા બે પહોરના એક એક અંતર્મુહૂર્તમાં જ બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરી તે સતશ્રુતની રચનાનો દિવસ અને સર્વજ્ઞની દિવ્યધ્વનિ પ્રથમ છૂટયાનો દિવસ આજનો જ છે. ઉત્કૃષ્ટ ધર્મ સમજવાને પાત્ર જીવ થાય ત્યારે તેના નિમિત્તરૂપ વાણી મળ્યા વિના રહે નહી. 'ઝાડ ઊગવાના હોય ત્યારે વરસાદ ન પડે એવું બને નહી.'

બેહદ :અપરિમિત; અમર્યાદિત. (૨) અમાપ; અનંત; હદ વિનાનું, મર્યાદા રહિત, અમર્યાદ. (૩) અમર્યાદિત; જેની કોઈ મર્યાદા સીમા નથી એવો.

બંધ :પહેલાં આત્મા શુદ્ધ હતો અને પછી વિકારી થયો, પહેલાં કર્મબંધ નહોતો અને પછીથી કર્મ બંધાયા એમ નથી. અર્થાત્ આત્માના વિકારી પરિણામથી કર્મ થયાં અને કર્મથી વિકારી પરિણામ થયા એમ નથી. બન્ને અનાદિથી સ્વતઃસિદ્ધ છે. અનાદિ કાળથી કર્મ કર્મરૂપે અને આત્માના પરિણામ વિકારરૂપે સ્વતંત્રપણે થતા આવ્યા છે. કોઈથી કોઈ થયા છે એમ નથી. અનાદિથી પુરાણાં કર્મ ખરતાં જાય અને તેનું નિમિત્ત પામીને જીવમાં નવા નવા વિકારી પરિણામ થતા જાય તથા એનું નિમિત્ત પામીને નવાં કર્મ બંધાતાં જાય એમ પ્રવાહ છે. આ પ્રમાણે અનાદિ પ્રવાહપણાને લીધે જીવ-પુદ્ગલનો જે બંધ થાય છે એમાં ઈતરેતરાશ્રય દોષ નથી.

અનાદિકાળથી આવો જે બંધ છે તે કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત અજ્ઞાન છે અને અજ્ઞાનનું નિમિત્ત પૂર્વનાં જૂનાં કર્મનો બંધ છે. અજ્ઞાન કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. અજ્ઞાન-પર્યાય સ્વયં (અશુદ્ધ) ઉપાદાન છે અને તેનું નિમિત્ત પૂર્વનો કર્મબંધ છે. કર્મ છે તે કાંઈ અજ્ઞાન કરાવી દે છે એમ નથી. પરંતુ પોતે જયાં લગી રાગ-દ્વેષ-અજ્ઞાન કર્યા કરે છે ત્યાં લગી કર્મ નિમિત્ત થાય છે.

નિજચૈતન્યસ્વભાવના લક્ષે જેને અજ્ઞાન ટળી જાય છે તેને કર્તાકર્મ પ્રવૃત્તિ મટે છે અને કર્મબંધ પણ ટળી જાય છે. તથા જે સ્વભાવના લક્ષે પરિણમતો નથી તેને અજ્ઞાન છે. તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને નવો નવો કર્મબંધ પણ છે.

બંધ :જીવના મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ (તે બંધ છે) તેમજ તેના (સ્નિગ્ધ પરિણામના) નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે બંધ છે. બંધના બે પ્રકાર છે; મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે. અને તેના (શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે દ્રવ્યબંધ છે.

કર્મબંધપર્યાયના ચાર વિશેષો છે : પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ. આમાં સ્થિતિ-અનુભાગ જ અત્યંત મુખ્ય વિશેષો છે. પ્રકૃતિ-પ્રદેશ તો અત્યંત ગૌણ વિશેષો છે; કારણકે સ્થિતિ-અનુભાગ વિના કર્મબંધપર્યાય નામમાત્ર જ રહે. તેથી અહીં પ્રકૃતિ-પ્રદેશબંધને માત્ર ગ્રહણ શબ્દથી કહેલ છે અને સ્થિતિ-અનુભાગબંધને જ બંધ શબ્દથી કહેલ છે.

જીવના કોઈ પણ પરિણામમાં વર્તતો યોગ કર્મનાં પ્રકૃતિ-પ્રદેશનું અર્થાત્ ગ્રહણનું નિમિત્ત થાય છે. અને જીવના તે જ પરિણામમાં વર્તતો મોહરાગદ્વેષભાવ કર્મનાં સ્થિતિ-અનુભાગનું અર્થાત્ બંધનું નિમિત્ત થાય છે; માટે મોહરાગદ્વેષભાવને બંધનું અંતરંગ કારણ (અંતરંગ નિમિત્ત) કહ્યું છે અને યોગને -કે જે ગ્રહણનું નિમિત્ત છે તેને-બંધનું બહિરંગ કારણ (બાહ્ય નિમિત્ત) કહ્યું છે. (૨) દયા-દાન આદિ જે વિકલ્પ ઊઠે તેમાં અટકવું તે બંધ છે. (૩) જો ખરેખર આ આત્મા અન્યના (પુદ્ગલકર્મના) આશ્રય વડે અનાદિ કાળથી રક્ત રહીને કર્મોદયના પ્રભાવયુક્તપણે વર્તવાથી ઉદિત (પ્રગટ થતા) શુભ કે અશુભ ભાવને કરે છે, તો તે આત્મા તે નિમિત્તભૂત

ભાવ વડે વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. તેથી અહીં (એમ કહ્યું કે) મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના (શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે દ્રવ્યબંધ છે.

ગ્રહણ એટલે કર્મપુદ્ગલોનો જીવપ્રદેશવર્તી (જીવના પ્રદેશોની સાથે એક ક્ષેત્રે રહેલા) કર્મસ્કંધોમાં પ્રવેશ; તેનું નિમિત્ત યોગ છે. યોગ એટલે વચનવર્ગણા, મનોવર્ગણા, કાયવર્ગણા અને કર્મવર્ગણાનું જેમાં આલંબન હોય છે એવો આત્મપ્રદેશોનો પરિસ્પંદ (અર્થાત્ જીવના પ્રદેશોનું કંપન).

બંધ એટલે કર્મપુદ્ગલોનું વિશિષ્ટ શક્તિરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્ગલોનું અમુક અનુભાગરૂપ શક્તિ સહિત અમુક કાળ સુધી ટકવું તે); તેનું નિમિત્ત જીવભાવ છે. જીવભાવ રતિરાગદ્વેષમોહયુક્ત (પરિણામ) છે અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે.

તેથી અહીં (બંધને વિષે) બહિરંગ કારણ (નિમિત્ત) યોગ છે કારણકે તે પુદ્ગલોના ગ્રહણનો હેતુ છે, અને અંતરંગ કારણ (નિમિત્ત) જીવભાવ જ છે કારણકે તે (કર્મપુદ્ગલોની) વિશિષ્ટ શક્તિ અને સ્થિતિનો હેતુ છે.

ભાવાર્થ :- કર્મબંધપર્યાયના ચાર વિશેષો છે : પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ અને અનુભાગબંધ. આમાં સ્થિતિ-અનુભાગ જ અત્યંત મુખ્ય વિશેષો છે. પ્રકૃતિ-પ્રદેશ તો અત્યંત ગૌણ વિશેષો છે; કારણકે સ્થિતિ-અનુભાગ વિના કર્મબંધપર્યાય નામમાત્ર જ રહે. તેથી અહીં પ્રકૃતિ-પ્રદેશબંધને માત્ર ગ્રહણ શબ્દથી કહેલ છે અને સ્થિતિ-અનુભાગબંધને જ બંધ શબ્દથી કહેલ છે.

જીવના કોઈ પણ પરિણામમાં વર્તતો યોગ કર્મનાં પ્રકૃતિ-પ્રદેશનું અર્થાત્ ગ્રહણનું નિમિત્ત થાય છે અને જીવના તે જ પરિણામમાં વર્તતો મોહરાગદ્વેષભાવ કર્મનાં સ્થિતિ-અનુભાગનું અર્થાત્ બંધનું નિમિત્ત થાય છે; માટે મોહરાગદ્વેષભાવને બંધનું અંતરંગ કારણ (અંતરંગ નિમિત્ત) કહ્યું છે અને યોગને-કે જે ગ્રહણનું નિમિત્ત છે તેને-બંધનું બહિરંગ કારણ (બાહ્ય નિમિત્ત) કહ્યું છે.

આ બંધના બહિરંગકારણ અને અંતરંગકારણનું કથન છે.

ગ્રન્થાંતરમાં (અન્ય શાસ્ત્રમાં) મિથ્યાત્વ, અસંયમ (અવિરતિ) કષાય અને યોગ એ ચાર પ્રકારના દ્રવ્યહેતુઓને (દ્રવ્યપ્રત્યયોને) આઠ પ્રકારનાં કર્મોનાં કારણ તરીકે બંધહેતુ કહ્યા છે. તેમને પણ બંધહેતુપણાના હેતુઓ જીવભાવભૂત રાગાદિક છે; કારણકે (•) રાગાદિ ભાવોનો અભાવ હોતાં દ્રવ્ય મિથ્યાત્વ, દ્રવ્યઅસંયમ, દ્રવ્ય-કષાય અને દ્રવ્યયોગના સદ્ભાવમાં પણ જીવો બંધાતા નથી. તેથી રાગાદિભાવોને અંતરંગ બંધહેતુપણું હોવાને લીધે (•) નિશ્ચયથી બંધહેતુપણું છે એમ નક્કી કરવું.

(❖) જીવગત રાગાદિરૂપ ભાવ પ્રત્યયોનો અભાવ હોતાં દ્રવ્યપ્રત્યયોના વિદ્યમાનપણામાં પણ જીવો બંધાતા નથી. જો જીવગત રાગાદિભાવોના અભાવમાં પણ દ્રવ્ય પ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થાય તો સર્વદા બંધ જ રહે. (મોક્ષનો અવાકાશ જ ન રહે) કારણકે સંસારીઓને સદાય કર્મોદયનું વિદ્યમાનપણું હોય છે.

(❖) ઉદયગત દ્રવ્યમિથ્યાત્વાદિ પ્રત્યયોની માફક રાગાદિભાવો નવા કર્મબંધમાં માત્ર બહિરંગ નિમિત્ત નથી પણ તેઓ તે નવા કર્મબંધમાં અંતરંગ નિમિત્તે તેથી તેમને નિશ્ચયથી બંધ હેતુ કહ્યા છે.

આ રીતે બંધ પદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું. (પંચાસ્તીકાય ગાથા ૧૪૭-૪૮-૪૯)

(૪) કર્મદ્રવ્યની એટલે પુદ્ગલદ્રવ્યની સાથે જીવનો સંબંધ થવો તે બંધ. (૫) આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે. અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્યબંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.) (૬) જીવના મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ તે બંધ છે, તેમ જ તેના-સ્નિગ્ધ પરિણામના નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન-વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ તે બંધ છે. (૭)

પ્રાણીઓને ઈચ્છિત સ્થાનમાં જતાં રોકવા માટે રસ્સી વગેરેથી બંધવા તે. (૯) આત્માનો વિશાળ સ્વભાવ ચૂકીને, વર્તમાન વિકારી પર્યાય જેટલો જ હું છું=તેમ માનીને રોકાવું તેનું નામ બંધ છે. વાસ્તવિક રીતે વિકારમાં જો એકાકાર થઈ ગયો હોય તો કોઈ દિવસ છૂટો પડી શકે નહિ, માટે વસ્તુમાં વિકાર નથી પરંતુ પર્યાયમાં વિકાર છે. પર્યાય માત્રમાં અટકવું તેનું નામ બંધ છે. સ્વભાવની શુધ્ધિને ભૂલી જવી અને પર્યાયમાં અટકવું તેનું નામ બંધ છે. (૧૦) જે સંબંધ વિશેષથી અનેક વસ્તુમાં એકપણાનું જ્ઞાન થાય તે સંબંધ વિશેષને બંધ કહે છે. (૧૧) અનેક ચીજોમાં એકપણાનું જ્ઞાન કરાવવાવાળા સંબંધ વિશેષને બંધ કહે છે. (૧૨) (•) પ્રકૃતિબંધ=કર્મોના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે. (•) સ્થિતિબંધ= જ્ઞાનાવરણાદિ કર્મો પોતાના સ્વભાવરૂપે જેટલો કાળ રહે તે સ્થિતિબંધ છે.(•) અનુભાગબંધ = જ્ઞાનાવરણાદિ કર્મોના રસવિશેષને અનુભાગબંધ કહે છે. (•) પ્રદેશબંધ = જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે થનાર પુદ્ગલસ્કંધોના પરમાણુઓની સંખ્યા તે પ્રદેશબંધ છે. બંધના ઉપર્યુકત ચાર પ્રકારમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધના યોગનો નિમિત્તે થાય છે, અને સ્થિતિબંધ તથા અનુભાગ બંધ કષાયના નિમિત્તે થાય છે.

અહીં બંધના પ્રકાર વર્ણવ્યા છે તે પુદ્ગલકર્મ બંધના છે; તે દરેક પ્રકારના ભેદ ઉપભેદ હવે અનુક્રમે કહે છે.

પહેલો અર્થાત્ પ્રકૃતિબંધ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય-એ <u>આઠ</u> પ્રકારનો છે.

(૧) જ્ઞાનાવરણ=જયારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કહે છે.

(૨) દર્શનાવરણ= જયારે આત્મા પોતે પોતાના દર્શનભાવનો ઘાત કરે, ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

(૩) વેદનીય= જયારે આત્મા પોતે મોહભાવ વડે પર લક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતારૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

(૪) મોહનીય= જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે.

(૫) આયુ= જયારે જીવ પોતાની યોગ્યતાથી નારકી, તિર્યંચ, મનુષ્ય ક દેવના શરીરમાં રોકાઈ રહે છે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને આયુકર્મ કહે છે. (૬) નામ = જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને નામકર્મ કહે છે.

(૭) ગોત્ર = જીવને ઉંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્રકર્મ કહે છે.

(૮) અંતરાય=જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાયકર્મ કહે છે. પ્રકૃતિબંધના આ આઠ ભેદોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ કહેવાય છે, કેમ કે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના નિમિત્તના ઘાતમાં નિમિત્ત છે; અને બાકી વેદનીય, આયુ,નામ અને ગોત્ર એ ચારને અઘાતિકર્મ કહેવાય છે, કેમ કે, તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત નથી પણ પ્રતિજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત છે.

વસ્તુમાં ભાવ સ્વરૂપ ગુણ અનુજીવી ગુણ અને અભાવ સ્વરૂપ ગુણ પ્રતિજીવી ગુણ કહેવાય છે.

(૧૩) બંધાવાનું નામ બંધ છે. અથવા જેના દ્વારા કે જેમાં બંધાય છે તેનું નામ બંધ છે. તે બંધ ત્રણ પ્રકારનો છે.-જીવબંધ, પુદ્ગલબંધ અને જીવ-પુદ્ગલબંધ. એક શરીરમાં રહેનારા અનંતનંત નિગોદના જીવોનો જે પરસ્પર બંધ છે તે જીવબંધ કહેવાય છે. બેત્રણ વેગેરે પુદ્ગલોનો જે સમવાય સંબંધ થાય છે તે પુદ્ગલબંધ કહેવાય છે. તથા ઔદારિક વર્ગણાઓ, વૈક્રિયિક

વર્ગણાઓ, આહારક વર્ગણાઓ, તૈજસ વર્ગણાઓ અને કાર્માણ વર્ગણાઓ એનો અને જીવોનો જે બંધ કહેવાય છે તે જીવ-પુદ્ગલ બંધ કહેવાય છે. જે કર્મના કારણે અનંતાનંત જીવ એક શરીરમાં રહે છે તે કર્મનું નામ જીવ બંધ છે. જે સ્નિગ્ધ અને રૂક્ષ વગેરે ગુણોને લીધે પુદ્ગલોનો બંધ થાય છે તેનું નામ પુદ્ગલબંધ છે. જે મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ આદિના નિમિત્તે જીવ અને પુદ્ગલોનો બંધ થાય છે. તે જીવ -પુદ્ગલ બંધ કહેવાય છે. આ બંધને પણ ભગવાન જાણે છે. (૧૪) પરાશ્રિત પરિણામ જ બંધનું કારણ છે. એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યમાં કાંઈપણ કરે તેને દોષિત માન્યતા કહી છે. (૧૫) જેવી રીતે છિદ્રદ્વારા પાણી આવીને નૌકામાં ભરાઈ જાય છે તેવી રીતે કર્મ પરમાણુ આત્માના પ્રદેશોમાં મિથ્યાત્વાદિને કારણે એક ક્ષેત્રે ભેગાં થાય છે તે બંધ છે. (૧૬) આત્મા પોતે પોતાના વિકારી ભાવથી બંધાવા યોગ્ય છે. તે બંધાવા યોગ્ય પોતાની અવસ્થા તે ભાવબંધ અને તેનું નિમિત્ત પામી નવા કર્મ પોતાની યોગ્યતાથી બંધાણાં તે દ્રવ્યબંધ.

કોઈ કોઈને બાંધતું નથી. જીવ બંધનરૂપ વિકારી ભાવ કરી, પરવસણમાં ઠીક-અઠીક ભાવે અટકે ત્યારે પર નિમિત્ત થયું એવો આરોપ આવે છે, અને સ્વલક્ષે સ્થિર રહે તો નિર્મળ શક્તિનો વિકાસ થાય છે. વિકાસપણે નહિ થતાં પર વિષયમાં વિકાર ભાવે જોડાણ કરી અટકયો એટલે વર્તમાન અવસ્થા હીણી કરી તે જ ભાવબંધ છે. તે જ પરમાર્થ આવરણ છે. તે વિકારપણે થનારા આત્માની રાગ-દ્વેષ અવસ્થા થઈને ભાવકર્મ; પ્રથમ સમયથી બીજા સમયની અરૂપી અવસ્થા વિકારપણે બદલાણી તે ક્રિયા; એ ભાવબંધનો કર્તા અજ્ઞાનપણે જીવ છે. જડકર્મનો કર્તા જીવ નથી તથા કર્મે જીવને રોકયો નથી.

વર્તમાન એક સમયની સ્થિતિમાં થતા નવા બંધને પોતે રોકવાની યોગ્યતા જીવ રાખે છે. પ્રગટ વિકારી અવસ્થા વખતે પણ દરેક સમયે દ્રવ્યમાં ત્રિકાળી પૂર્ણ શક્તિથી અખંડપણું છે તેમ નહિ માનનારે પોતાનો સ્વભાવ હીણો માન્યો છે. પોતાના ત્રિકાળીપણાની માન્યતા ન કરી તે ભાવ જ બંધાવા યોગ્ય છે; જડ કર્મે બાંધ્યો નથી. અત્યાર સુધી શાસ્ત્રના નામે પલાખાં ગોખ્યાં કે કર્મ આવરણ કરે, કર્મ બાંધે તેથી તે ફેરવવું કઠણ લાગે છે. સ્વતંત્ર વસ્તુની ઓળખાણ કરે તો બેઉ દ્રવ્યો જુદાં-સ્વતંત્ર હતાં છતાં નિમિત્તાધન માન્યતાનો સંસાર હતો એમ તે માને. શ્રધ્ધામાં પૂર્ણ સ્વતંત્ર સ્વરૂપનો સ્વીકાર કર્યા પછી પુરુષાર્થની નબળાઈનો અલ્પ રાગ રહ્યો તેનો ધણી જ્ઞાની નથી. સ્વભાવમાં વિકાર નથી. સ્વભાવ તો વિકારનો નાશક જ છે, તેને ભૂલી ભાવબંધનમાં જીવ અટકયો ત્યારે જડ કર્મને નિમિત્ત કહેવાણું.

કર્મ જીવને બંધન કરાવતું નથી, અને જીવે પરમાર્થે કર્મ બાંધ્યાં નથી, પોતામાં બંધ અવસ્થાની યોગ્યતા હતી એમ માને તો વીર્યાતરાય કર્મ, પર વજન ન રહે. કર્મનો સંયોગ તો તેની સ્થિતિ પૂરી થતાં જ્ઞાની કે અજ્ઞાની બેઉને નિયમથી છૂટી જાય છે. કર્મ નડતાં નથી પણ પોતે જેવો ભાવ (વિરોધ કે અવિરોધપણે) પોતામાં કરે તેનું ફળ તે જ સમયે પોતામાં આકુળતા કે નિરાકુળતાપણે આવે છે. (૧૭) રાગ (બુધ્ધિપૂર્વક=ઈચ્છાપૂર્વક; એકત્વબુદ્ધિથી) (૧૮) બંધ તો બે વચ્ચે હોય, એકલો આત્મા બંધ સ્વરૂપ કેમ હોઈ શકે ? એ પ્રશ્નનો ઉત્તર એ છે કે, એક તો આત્મા અને બીજો મોહ રાગદ્વષાદિભાવ એમ હોવાથી, મોહ રાગ દ્વષાદિ ભાવ વડે મલિન સ્વભાવવાળો આત્મા પોતે જ ભાવબંધ છે. (૧૯) આત્મા પોતે પોતાના વિકારીભાવથી બંધાવા યોગ્ય છે. તે બંધાવા યોગ્ય પોતાની અવસ્થા તે ભાવબંધ અને તેનું નિમિત્ત પામી નવા કર્મ પોતાની યોગ્યતાથી બંધાણાં તે દ્રવ્યબંધ.

કોઈ કોઈને બાંધતું નથી. જીવ બંધનરૂપ વિકારી ભાવ કરી, પર વલણમાં ઠીક અઠીક ભાવે અટકે ત્યારે પર નિમિત્ત થયું એવો આરોપ આવે છે, અને સ્વલક્ષે સ્થિર રહે તો નિર્મળ શક્તિનો વિકાસ થાય છે. વિકાસપણે નહિ થતાં પર વિષયમાં વિકારભાવે જોડાણ કરી અટકયો એટલે વર્તમાન અવસ્થા તે જ સમયે હીણી કરી તે જ ભાવબંધ છે. તે જ પરમાર્થ આવરણ છે. તે વિકારપણે થનારા આત્માની રાગદ્વેષરૂપ અવસ્થા થઈ તે ભાવકર્મ; પ્રથમ સમયથી બીજા સમયની અરૂપી અવસ્થા વિકારપણે બદલાણી તે ક્રિય; તે બંધભાવનો કર્તા અજ્ઞાનપણે જીવ છે. જડકર્મનો કર્તા જીવ નથી તથા કર્મ જીવને રોકતો નથી.

વર્તમાન એક સમયની સ્થિતિમાં થતા નવા બંધને પોતે રોકવાની યોગ્યતા જીવ રાખે છે., પ્રગટ વિકારી અવસ્થા વખતે પણ દરેક સમયે દ્રવ્યમાં ત્રિકાળી પૂર્ણ શક્તિથી અખંડપણું છે તેમ નહિ માનનારે પોતાને સ્વભાવ હીણો માન્યો છે. પોતાના ત્રિકાળીપણાની માન્યતા ન કરી તે ભાવ જ બંધાવા યોગ્ય છે. જડ કર્મે બાંધ્યો નથી. અત્યાર સુધી શાસ્ત્રના નામે પલાખા ગોખ્યાં કે કર્મ આવરણ કરે, કર્મ બાંધે, તેથી તે ફેરવવું કઠણ લાગે છે. સ્વતંત્ર વસ્તુની ઓળખાણ કરે તો બેઉ દ્રવ્યો જુદાં-સ્વતંત્ર હતાં છતાં નિમિત્તાધીન માન્યતાનો સંસાર હતો એમ તે માને. શ્રધ્ધામાં પૂર્ણ સ્વતંત્ર સ્વરૂપનો સ્વીકાર કર્યા પછી પુરુષાર્થની નબળાઈપણે અલ્પ રાગ રહ્યો તેનો ધણી જ્ઞાની નથી. સ્વભાવમાં વિકાર નથી. સ્વભાવ તો વિકારનો નાશક જ છે તેને ભૂલીને ભાવબંધનમાં જીવ અટકયો ત્યારે જડકર્મને નિમિત્ત કહેવાય. કર્મ જીવને બંધન કરાવતું નથી અને જીવે પરમાર્થે કર્મ બાંધ્યા નથી. પોતામાં બંધ અવસ્થાની યોગ્યતા હતી એમ માને તો વીર્યાંતરાય કર્મ ઉપર વજન ન રહે. કર્મનો સંસંયો તો તેની સ્થિતિ પૂરી થતાં જ્ઞાની કે અજ્ઞાની બેઉને નિયમથી છૂટી જાય છે. કર્મ નડતાં નથી પણ પોતે જેવો ભાવ (વિરોધ કે અવિરોધપણે) પોતામાં કરે તેનું ફળ તે જ સમયે પોતામાં આકુળતા કે નિરાકુળતાપણે આવે છે.

આત્મા વસ્તુપણે એકરૂપ રહે છતાં તેની અવસ્થા એકરૂપ ન રહે, તેમ રજકણ વસ્તુપણે એકરૂપ રહે છતાં તેની અવસ્થા બદલાયાં કરે, એકરૂપ ન રહે. જડમાં જ્ઞાન નથી છતાં તે વસ્તુ છે તેથી ત્રિકાળી શક્તિવાન છે. દરેક સમયે પૂર્ણ ધ્રુવપણું રાખીને પોતાની તાકાતથી અવસ્થાઓ બદલે છે. આ રહસ્ય કેવળ જ્ઞાનનો ક્કકો છે. દરેક વસ્તુની પૂરેપૂરી સ્વતંત્રતાી તેમાં જાહેરત થાય છે.

અસંગ સ્વભાવને જીવ ભૂલે ત્યારે તે બંધાવા યોગ્ય છે. બંધમાં પૂર્વનું કર્મ નિમિત્ત છે. વિકારી-અવિકારી અવસ્થા પોતામાં થઈ તે વ્યવહાર છે. નિમિત્ત રાગદ્વેષ કરાવે છે એમ માનવું તે વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે, અજ્ઞાન છે. (૨૦) પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ આ પ્રકારે બંધના ચાર પ્રકાર છે. (૨૧) બંધના પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રવેશબંધ એ <u>ચાર</u> ભેદ છે.

(૧) પ્રકૃતિબંધ=કર્મોના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે.

(૨) સ્થિતિબંધ=જ્ઞાનાવરણાદિ કર્મો પોતાના સ્વભાવરૂપે જેટલો કાળ રહે તે સ્થિતિબંધ છે.

(૩) અનુભાગબંધ = જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે રસવિશેષને અનુભાગબંધ કહે છે. ,

(૪) પ્રદેશ બંધ - જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે થનાર પુદ્ગલ સ્કંધોના પરમાણુઓની સંખ્યા તે પ્રદેશબંધ છે. બંધના ઉપર્યુક્ત ચાર પ્રકારમાંથી અને પ્રદેશબંધ યોગના નિમિત્તે થાય છે. અને રિથિતિબંધ તથા અનુભાગબંધી કષાયના નિમિત્તે થાય છે. અહીં જે બંધના પ્રકાર વર્ણવ્યા છે તે પુદગલકર્મબંધના છે; તે દરેક પ્રકારના ભેદ-ઉપભેદ હવે અનુક્રમે કહે છે.(૧) પ્રકૃતિબંધના મૂળ ભેદ=પહેલો અર્થાત્ પ્રકૃતિબંધ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ ગોત્ર અને અંતરાય એ <u>આઠ</u> પ્રકારના છે.

(૧) જ્ઞાનાવરણ=જયારે આત્મા પોતે પોતાના જ્ઞાનભાવનો ઘાત કરે છે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મોનાં ઉદય નિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કર્મ કહે છે.

(૨) દર્શનાવરણ=જયારે આત્મા પોતે પોતાના દર્શનભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

(૩) વેદનીય =જયારે આત્મા પોતે મોહભાવ વડે પર લક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતારૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

(૪) મોહનીય = જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપ આચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે.

(૫) આયુષ્ય=જયારે જીવ પોતાની યોગ્યતાથી નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને આયુકર્મ કહે છે.

(૬) નામ =જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને નામ કર્મ કહે છે.

(૭) ગોત્ર= જીવને ઉંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્રકર્મ કહે છે.

(૮) અંતરાય=જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાયકર્મ કહે છે.

પ્રકૃત્તિબંધના આ આઠ ભેદોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ કહેવાય છે, કેમ કે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત છે. અને બાકીના વેદનીય,આયુ,નામ અને ગોત્ર એ ચારને અઘાતિકર્મ કહેવાય છે. કેમ કે; તેઓ જીવના અનુજીવી ગુણાના પર્યાયના ઘાતમાં નિમિત્ત નથી પણ પ્રતિજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત છે.

વસ્તુમાં ભાવ સ્વરૂપ ગુણ અનુજીવી ગુણ અને અભાવ સ્વરૂપ ગુણ તે પ્રતિજીવી ગુણ કહેવાય છે. જેમ એક જ વખતે ખાધેલો આહાર ઉદરાગ્નિના સંયોગે રસ, લોહી વગેરે જુદા જુદા પ્રકારે થઈ જાય છે. તેમ એક જ વખતે ગ્રહણ થયેલાં કર્મો જીવના પરિણામો અનુસાર જ્ઞાનાવરણ ઈત્યાદિ અનેક ભેદરૂપ થઈ જાય છે. અહીં ઉદાહરણથી એટલો ફેર છે કે આહાર તો રસ, લોહી વગેરે રૂપે ક્રમે ક્રમે થાય છે પરંતુ કર્મો તો જ્ઞાનાવરણાદિ રૂપે એક સાથે થઈ જાય છે.

(૧) અનાદિથી જીવ કદી પણ શુધ્ધ થયો નથી પણ કષાયસહિત જ રહ્યો છે અને તેથી જીવ અને કર્મનો સંબંધ અનાદિથી છે.

(૨) કષાયભાવવાળો જીવ કષાયકર્મના નિમિત્તે નવો બંધ કરે છે.

(૩) કષાય-કર્મને મોહકર્મ કહેવાય છે. આઠ કર્મોમાંથી તે એક જ કર્મ બંધનું નિમિત્ત થાય છે.

(૪) પહેલાં સૂત્રમાં બંધના જે પાંચ કારણો જણાવ્યા છે તેમાંથી પહેલાં ચાર મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયનો સમાવેશ અહીં કેટલા કષાય શબ્દમાં થઈ જાય છે.

(૫) અહીં જીવ સાથે કર્મનો બંધ થવાનું કહ્યું છે, તે કર્મ પુદ્ગલો છે એમ બતાવવા માટે સૂત્રમાં પુદ્ગલ શબ્દ કહ્યો છે. તેથી કર્મ આત્માનો અદુષ્ટ ગુણ છે. એવી કેટલાંક જીવોની જે માન્યતા છે તે દૂર થાય છે.

સકષાયત્વાત્ -અહીં પાંચમી વિભક્તિ લગાડવાનો હેતુ એવો છે કે જેવો તીવ્ર, મધ્યમ કે મંદ કષાય જીવ કરે તે મુજબ જ કર્મોમાં સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે.

કર્મના નિમિત્તે જીવ સકષાય થાય છે એટલે કે જે જીવની અવસ્થામાં વિકારી થવા યોગ્ય લાયકાત હોય તેને કર્મનું નિમિત્ત હાજર હોય છે. અને જે જીવને કર્મનો સંબંધ ન હોય તે જીવની પોતાની લાયકાત પણ સકષાયરૂપ થવાની હોતી નથી. એ ધ્યાનમાં રાખવું કે સામે કર્મ ઉદય હોય માટે જીવને કષાય કરવો જ પડે એમ નથી; કર્મ હાજર હોવા છતાં જીવ પોતે જો સ્વલક્ષમાં ટકીને કષાયરૂપે ન પરિણમે તો તે કર્મોને બંધનું નિમિત્ત કહેવાતું નથી.

(૬) જીવને કર્મ સાથે જ સંબંધ છે. તે પ્રવાહે અનાદિથી ચાલ્યો આવે છે, પણ તે એક જ સમય પૂરતો છે. દરેક સમયે પોતાની યોગ્યતાથી જીવ નવો નવો વિકાર કરે છે તેથી તે સંબંધ ચાલુ રહે છે પણ જડ કર્મો જીવને વિકાર કરાવતાં નથી. જીવ પોતાની યોગ્યતાથી વિકાર કરે તો થાય અને ન કરે તો ન થાય. જેમ ઘણાં કાળથી ઊનું થયેલું પાણી ક્ષણમાં ઠરી જાય છે તેમ અનાદિથી વિકાર ચાલ્યો આવતો હોવા છતાં વિકારની યોગ્યતા એક જ સમય પુરતી હોવાથી સ્વભાવને લક્ષે તે ટળી શકે છે. વિકાર ટળતાં કર્મ સાથેનો સંબંધ ટળે છે.

બંધુ :સ્વ; સ્વજન. (૨) કર્મનું ટકવું

બંધુ વર્ગ :સગાં સંબંધીઓ.

બંધક :નવાં કર્મનો બંધ કરનાર

બંધતત્ત્વ :આત્માનું અજ્ઞાન, રાગદ્વેષ, પુણ્ય-પાપરૂપ વિકારમાં રોકાઈ જવું, (અટકી જવું) તે ભાવબંધ છે, અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલોનું સ્વયં (સ્વતઃ) જીવની સાથે એક ક્ષેત્રાવગાહરૂપે બંધાવું તે દ્રવ્યબંધ છે.

બંધતત્ત્વની ભૂલ :અઘાતિ કર્મના (આયુષ્ય-નામકર્મ-ગોત્ર અને વેદનીય કર્મના) ફળ અનુસાર પદાર્થોની સંયોગ-વિયોગરૂપ અવસ્થાઓ થાય છે. મિથ્યાદષ્ટિ જીવ તેને અનુકુળ-પ્રતિકૂળ માનીને તેનાથી હું સુખી-દુઃખી છું એવી કલ્પના વડે રાગ-દ્વેષ આકુળતા કરે છે. ધન, યોગ્ય સ્ત્રી, પુત્રાદિના સંયો થતાં રતિ કરે છે; રોગ, નિંદ્રા, નિર્ધનતા, પુત્રવિયોગ વગેરે થતાં અરતિ કરે છે; પુણ્ય-પાપ બંન્ને બંધનકર્તા છે, પણ તેમ નહિ માનીને પુણ્યને હિતકર માને છે; તત્ત્વદ્રષ્ટિથી તો પુણ્ય-પાપ બંન્ને સહિત જ કરે જ છે, પરંતુ અજ્ઞાની એવું નિર્ધારરૂપ માનતો નથી તે બંધતત્ત્વની ઊંધી શ્રધ્ધા છે.

બંધન :પિંડ (૨) પરાશ્રય ભાવ (૩) રજકણના પિંડનું બંધન (૪) પરની ઉપાધિ (૫) રજકણના પિંડનું બંધન (૬) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગ-દ્વેષ આદિ ભાવકર્મ અને શરીરાદિનો કર્મ એ સર્વ બંધનો, તેમજ લોકસંબંધી બંધન, સ્વજન કુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન અને સંકલ્પ વિકલ્પરૂપ બંધનએ સર્વ સંબંધનો આત્યંતિક વિયોગ થાય તેવી રીતે તે બંધનો તીવ્રપણે છેદીને મહાપુરુષોનો માર્ગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિથી અખંડ આત્મ સ્વભાવમાં રમણતારૂપ સર્વોત્કૃષ્ટ સમાધિ માર્ગમાં નિરંતર કયારે વિચરીશું ?

બંધન નામકર્મ :જે કર્મના ઉદયથી, ઔદારિકાદિ શરીરોના પરમાણુ, પરસ્પર સંબંધ ને પ્રાપ્ત કરે, તેને બંધન નામકર્મ કહે છે.

બંધનું મૂળ કારણ :જેમ ચુંબકના પથ્થરમાં સોયને ખેંચવાની શક્તિ છે તેવી જ રીતે જીવ અને પુદ્ગલ બન્નેમાં વૈભાવિક નામની શક્તિ છે. કે જે બંન્નેમાં પરસ્પર બંધનું કારણ છે.

જેમ ચુંબકના પથ્થરમાં સોયને ખેંચવાની શક્તિ છે તેવી જ રીતે લોઢામાં ખેંચાઈ જવાની શક્તિ છે. જો બંન્નેમાં ખેંચવા અને ખેંચાઈ જવાની શક્તિ માનવામાં ન આવે તો ચુંબક પથ્થર સિવાય પિત્તળ, ચાંદી આદિથી લાકડું, પથ્થર વગેરે પણ ખેંચાવા જોઈએ. તેથી માનવું પડે છે કે બંન્નેમાં ક્રમપૂર્વક ખેંચવા અને ખેંચાવાની શક્તિ છે. તેવી જ રીતે જીવમાં કર્મ બાધવાની શક્તિ છે અને કર્મમાં જીવની સાથે બંધાવાની શક્તિ-જીવ અને કર્મ બન્નેમાં ક્રમપૂર્વક બાંધવા અને બંધાવાની શકિત છે. તેથી બંન્નેનો આત્મક્ષેત્રમાં બંધ થઈ જાય છે. આત્મામાં જ બાંધવાની શકિત છે તેથી આત્મામાં જ કર્મ આવીને બંધાઈ જાય છે. જીવ અને પુદ્ગલ જ પોતાની શુધ્ધ અવસ્થા છોડી બંધરૂપ અશુદ્ધ અવસ્થામાં કેમ આવે છે ? ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય આદિ દ્રવ્ય કેમ અશુદ્ધ નથી થતા ? એનું એ જ કારણ છે કે વૈભાવિક નામનો ગુણ આ બે -જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં જ પ્રાપ્ત થાય છે તેથી આ બે માં જ વિકાર થાય છે. બાકીના દ્રવ્યોમાં થતો નથી.

બંધનું લક્ષણ :આખા લોકમાં કાર્મણવર્ગણારૂપ પુદ્ગલો ભર્યા છે. જયારે જીવ કષાય કરે ત્યારે તે કષાયનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણા પોતે કર્મરૂપે પરિણમે છે અને જીવની સાથે સંબંધ પામે છે તેને બંધ કહેવામાં આવે છે. અહીં જીવ અને પુદ્ગલના એકક્ષેત્રાવગાહરૂપ સંબંધને બંધ કહ્યો છે. -બંધ થવાથી જીવ અને કર્મ એક વસ્તુ થઈ જતી નથી; તેમજ તે બે ભેગાં થઈને કોઈ કાર્ય કરતાં નથી એટલે જીવ અને કર્મ એ બન્ને ભેગા થઈને આત્મામાં વિકાર કરતાં નથી, તેમજ જીવ અને કર્મ ભેગાં થઈને પુદ્ગલકર્મમાં વિકાર કરતાં નથી. કર્મોનો ઉદય જીવમાં વિકાર થતો નથી. જીવ કર્મોમાં વિકાર કરતો નથી. પણ બંન્ને સ્વતંત્રપણે પોતપોતાના પર્યાયના કર્તા છે. જયારે જીવ પોતાની વિકારી અવસ્થા કરે ત્યારે જૂનાં કર્મોના વિપાકને 'ઉદય' કહેવામાં આવે છે. જો જીવ વિકારી અવસ્થા ન કરે તો તેને મોહકર્મની નિર્જરા થઈ, એમ કહેવામાં આવે છે. પરલક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ. જીવ જયારે પરલક્ષે પોતાની અવસ્થામાં વિકાર ભાવ કરે ત્યારે તે ભાવ અનુસાર નવાં કર્મો બંધાય છે :-આટલો જીવ-પુદ્ગલનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

બંધનપણું :વિસંવાદપણું

બંધના કારણો :મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના કારણો છે. બંધના કારણ વસ્તુના સ્વભાવમાં નથી, પણ એ બંધના કારણ પર્યાયમાં તો છે જ. જો વ્યવહારનય ન દર્શાવવામાં આવે તો બંધના કારણો સિદ્ધ થશે નહિ અને તેથી રાગી, દ્વેષી, મોહી જીવ કર્મથી બંધાય છે એમ પણ કહી નહિ શકાય. અને એમ થતાં મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે. અને તેથી મોક્ષનો પણ અભાવ થશે. (૨) મિથ્યા દર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ બંધના કારણો છે.

મિથ્યાદર્શન અવિરતિ પ્રમાદ કષાય યોગાः બંધ હેતવः. આ સૂત્ર ઘણું ઉપયોગી છે; સંસાર શું કારણે છે તે આ સૂત્ર બતાવે છે. ધર્મમાં પ્રવેશ કરવા ઈચ્છતા જીવો તથા ઉપદેશકો, જયાં સુધી આ સૂત્રનો મર્મ ન સમજે ત્યાં સુધી એક મહાન ભૂલ કરે છે. તે આ પ્રમાણે છે. બંધના પાંચ કારણોમાંથી સૌથી પહેલાં મિથ્યાદર્શન ટળે છે અને પછી અવિરતિ વગેરે ટળે છે, છતાં તેઓ પ્રથમ મિથ્યાદર્શનને ટાળ્યા વગર અવિરતિને ટાળવા મથે છે. અને તે હેતુથી તેમણે માનેલા બાળવ્રત વગેરે ગ્રહણ કરે છે તથા બીજાને પણ તેઓ ઉપદેશ આપે છે. વળી, આ બાળવ્રત વગેરે ગ્રહણ કરવાથી અને તેનું પાલન કરવાથી મિથ્યાદર્શન ટળી જશે-એમ માને છે. તે જીવોની આ માન્યતા સંપૂર્ણપણે જુઠ્ઠી છે. એમ આ સૂત્રમાં મિથ્યાદર્શન પહેલું જણાવીને સૂચવ્યું છે. આ સૂત્રમાં બંધનાં કારણોનાં નામ જે ક્રમથી આપ્યા છે તે જ ક્રમથી તે ટળે છે. પરંતુ પહેલું કારણ વિદ્યમાન હોય અને ત્યાર પછીનું કારણ ટળી જાય એ રીતે ક્રમભંગ થતો નથી. તેમના ટળવાનો ક્રમ આ પ્રાણે છે. :-

(•) મિથ્યા દર્શન ચોથા ગુણસ્થાને ટળે છે. (•) અવિરતિ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને ટળે છે. (•) પ્રમાદ સાતમા ગુણસ્થાને ટળે છે. (•) કષાય બારમા ગુણસ્થાને ટળે છે. અને (•) યોગ ચૌદમા ગુણસ્થાને ટળે છે.

વસ્તુસ્થિતિનો આ નિયમ નહિ સમજવાથી અજ્ઞાનીઓ પ્રથમ બાળવ્રત અંગીકાર કરે છે અને તેને ધર્મ માને છે; એ રીતે અધર્મને ધર્મ માનવાના કારણે તેઓને મિથ્યાદર્શન અને અનંતાનુબંધી કષાયનું પોષણ થાય છે. માટે જિજ્ઞાસુઓએ વસ્તુસ્થિતિનો આ નિયમ સમજવાની ખાસ જરૂર છે. આ નિયમ સમજીને ખોટા ઉપાયો છોડી પ્રથમ મિથ્યાદર્શન ટાળવા માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના ભેદોને જીવ બાહ્યરૂપથી જાણે પણ અંતરંગમાં એ ભાવોની જાતને ઓળખે નહિ તો મિથ્યાત્વ ટળે નહિ. અન્ય કુદેવાદિના સેવનરૂપ ગૃહિતમિથ્યાત્વને તો મિથ્યાત્વ તરીકે જાણે પણ અનાદિ અગૃહિત મિથ્યાત્વ છે તેને ન ઓળખે,તેમજ બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસાને તથા ઈન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિ થાય તેને અવિરતિ જાણે પણ હિંસામાં પ્રમાદ પરિણતિ તે મૂળ છે. તથા વિષયસેવનમાં અભિલાષા મૂળ છે. તેને અવલોકે નહિ, તો ખોટી માન્યતા ટળે નહિ. બાહ્ય ક્રોધ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયમાં જે રાગ-દ્વેષ રહે છે તે જ મૂળ ક્રોધ છે; જો તેને ન ઓળખે તો મિથ્યા માન્યતા ટળે નહિ, બાહ્ય ચેષ્ટા થાય તેને યોગ જાણે પણ શક્તિભૂત (આત્મ પ્રદેશોના પરિસ્પંદન રૂપ) યોગને ન જાણે તો મિથ્યા માન્યતા ટળે નહિ, માટે તેમના અંતરંગ ભાવને ઓળખીને તે સંબંધી અન્યથા માન્યતા ટાળવી જોઈએ. (૩) જે જે બંધનો કારણો છે. તે બંધનો માર્ગ છે. તે કારણની છેદક એવી આત્મદશા તે જ મોક્ષમાર્ગ છે. આ બંધકારણોમાં રાગ-દ્વેષને અજ્ઞાન એ જ મુખ્ય કર્મગ્રંથિ (ગાંઠ) છે તે જેથી છેદાય તે જ મોક્ષમાર્ગ છે. આ રાગાદિ સર્વ વિભાવના અને દેહાદિસંયોગના આભાસથી રહિત એવો સત્, ચૈતન્યમય કેવળ શુધ્ધ આત્મા જેથી પામીએ તે જ મોક્ષમાર્ગ છે. તેમજ કર્મ અનંત પ્રકારના છે, તેમાં મુખ્ય જ્ઞાનાવરણીયાદી આઠ છે અને તેમાં મુખ્ય મોહનીય કર્મ છે. આ મોહનીયના બે ભેદ છે. દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય; દર્શન મોહનીયને આત્મબોધ હણે છે અને ચારિત્ર મોહનીયને વીતરાગતા હૃણે છે. આમ, મોહને હણવાનો અચૂક ઉપાય છે, એ જ સર્વ કર્મ થી મુક્ત થવા રૂપ મોક્ષના અમોઘ ઉપાયરૂપ મોક્ષ માર્ગ છે. (૪) મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ **પાંચ** બંધના કારણો છે.

૧. સંસાર શું કારણે છે તે આ સૂત્રમાં બતાવે છે. ધર્મમાં પ્રવેશ કરવા ઈચ્છતા જીવો તથા ઉપદેશકો, જયાં સુધી આ સૂત્રનો મર્મ ન સમજે

ત્યાં સુધી એક મહાન ભૂલ કરે છે. તે આ પ્રમાણે છે. બંધના પાંચ કારણોમાંથી સૌથી પહેલાં મિથ્યાદર્શન ટળે છે. અને પછી અવિરતિ વગેરે ટળે છે. છતાં તેઓ પ્રથમ મિથ્યાદર્શનને ટાળ્યા વગર અવિરતિને ટાળવા મથે છે અને તે હેતુથી તેમણે માનેલા બાળવ્રત વગેરે ગ્રહણ કરે છે તથા બીજાને પણ તેઓ ઉપદેશ આપે છે. વળી, આ બાળવ્રત વગેરે ગ્રહણ કરવાથી અને તેનું પાલન કરવાથી મિથ્યાદર્શન ટળી જશે-એમ માને છે. તે જીવોની આ માન્યતા સંપૂર્ણપણે જુઠ્ઠી છે. એમ આ સૂત્રમાં મિથ્યાદર્શન પહેલું જણાવીને સૂચવ્યું છે.

૨. આ સૂત્રમાં બંધના કારણોનાં નામ જે ક્રમથી આપ્યાં છે તે જ ક્રમથી તે ટળે છે. પરંતુ પહેલું કારણ વિદ્યમાન હોય અને ત્યાર પછીનું કારણ ટળી જાય એ રીતે ક્રમભંગ થતો નથી. તેમના ટાળવાનો ક્રમ આ પ્રમાણે છે. :-

(૧) મિથ્યાદર્શન ચોથા ગુણસ્થાને ટળે છે.
(૨) અવિરતિ પાંચમા-છઠ્ઠા ગુણસ્થાને ટળે છે.
(૩) પ્રમાદ સાતમા ગુણસ્થાને ટળે છે.
(૪) કષાય બારમા ગુણસ્થાને ટળે છે. અને
(૫) યોગ ચૌદમાં ગુણસ્થાને ટળે છે.

૩. વસ્તુસ્થિતિનો આ નિયમ નહિ સમજવાથી અજ્ઞાનીઓ પ્રથમ બાળવ્રત અંગીકાર કરે છે અને તેને ધર્મ માને છે; એ રીતે અધર્મને ધર્મ માનવાને કારણે તેઓને મિથ્યાદર્શન અને અનંતાનુબંધી કષાયનું પોષણ થાય છે. માટે જિજ્ઞાસુઓએ વસ્તુસ્થિતિનો આ નિયમ સમજવાની ખાસ જરૂર છે. આ નિયમ સમજીને ખોટા ઉપાયો છોડી પ્રથમ મિથ્યાદર્શન ટાળવા માટે સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

૪. મિથ્યાત્વાદિ કે જેઓ બંધના કરણો છે તેઓ જીવ અનેઅજીવ એમ બે પ્રકારના છે. જે મિથ્યાત્વાદિ પરિણામો જીવમાં થાય છે તેઓ જીવ છે. તેને ભાવબંધ કહેવાય છે; અને જે મિથ્યાત્વાદિ પરિણામો પુદ્ગલમાં થાય છે તેઓ અજીવ છે, તેને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. બંધના પાંચ કારણો કહ્યાં તેમાં અંતરંગ ભાવોની ઓળખાણ કરવી જોઈએ.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના ભેદોને જીવ બાહ્યરૂપથી જાણે પણ અંતરંગમાં એ ભાવોની જાતને ઓળખે નહિ તો મિથ્યાત્વ ટળે નહિ.

અન્ય કુદેવાદિના સેવનથી ગૃહીત મિથ્યાત્વને તો મિથ્યાત્વ તરીકે જાણે પણ અનાદિ અગૃહીત મિથ્યાત્વ છે તેને ન ઓળખે, તેમજ બાહ્ય ત્રસ-સ્થાવરની હિંસાને તથા ઈન્દ્રિય-મનના વિષયોમાં પ્રવૃત્તિ થાય તેને અવિરતિ જાણે પણ હિંસામાં પ્રમાદ પરિણતિ તે મૂળ છે તથા વિષયસેવનમાં અભિલાષા મૂળ છે. તેને અવલોકે નહિ તો ખોટી માન્યતા ટળે નહિ. બાહ્ય ક્રોધ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયમાં જે રાગ-દ્વેષ રહે છે તે જ મૂળ ક્રોધછે; જે તેને ન ઓળખે તો મિથ્યા માન્યતા ટળે નહિ માટે તેમના અંતરંગ ભાવને ઓળખીને તે સંબંધી અન્યથા માન્યતા ટાળવી જોઈએ.

<u>બંધના પ્રકાર</u> :વાસ્તવમાં બંધ ત્રણ પ્રકારનો છે. ભાવ બંધ, દ્રવ્યબંધ અને ઉભયબંધ તેમાં ભાવબંધ અને દ્રવ્યબંધ તો જુદા જુદા સ્વતંત્ર છે. પરંતુ ત્રીજો જે ઉભયબંધ છે તે જીવ અને પુદ્ગલ બન્નેના મેળથી થાય છે.

બંધનું લક્ષણ છે કે અનેક પદાર્થો નામેકત્વ બુધ્ધિજનક સમ્બન્ધસ્વિશેષો બન્ધ : અર્થાત્ અનેક પદાર્થોમાં એકત્વબુધ્ધિ ઉત્પન્ન કરનાર સંબંધનું નામ બંધ છે. અહીં બંધ ત્રણ પ્રકારનો બતાવવામાં આવ્યો છે. તેમાં ઉભયબંધ તો જીવાત્મા અને પુદ્ગલકર્મ આ બંન્નેનો સંબંધ થવાથી થાય છે. બાકીના જે બે પ્રકારના બંધ છે તે બેથી થયેલા નથી.

પરંતુ જુદા જુદા સ્વતંત્ર છે. ભાવબંધ તો આત્માનો જ વૈભાવિક (અશુધ્ધિ) ભાવ છે. અને દ્રવ્યબંધ પુદ્ગલનો એવો સ્કંધ છે કે જેમાં બંધ થવાની શક્તિ છે. આ બન્ને પ્રકારના જુદા જુદા બંધોમાં પણ એકત્વબુધ્ધિ ઉત્પન્ન કરનાર એવું બંધનું લક્ષણ રહે જ છે. કેમ કે રાગમય જે ભાવબંધ છે તે પણ વાસ્તવમાં જીવ અને પુદ્ગલનો જ વિકાર છે. આ રાગ પર્યાય જીવ અને પુદ્ગલ બન્નેના યોગથી થયેલો છે. આત્માનો અંશ છે એ અપેક્ષાએ રાગ

પર્યાય જીવની કહેવામાં આવે છે અને પુદ્ગલના અંશની અપેક્ષાએ તે જ પર્યાય પુદ્ગલની કહેવાય છે. રાગ પર્યાય બન્નેની છે એનો અર્થ એ નથી કે જીવ પુદ્ગલમય બની જાય છે અથવા પુદ્ગલ જીવરૂપ થઈ જાય છે. પરંતુ બન્નેના અંશોના મેળથી રાગ-પર્યાય થાય છે. જે દ્રવ્યબંધ છે તે પણ અનેક પરમાણુઓનો સમુદાય છે તથા ઉભયબંધમાં તો બંધનું લક્ષણ સ્પષ્ટ જ છે.

બંધના ભેદ :ભાવબંધ,દ્રવ્યબંધ, અને ઉભયબંધ. આ રીતે બંધના ત્રણ ભેદ છે. તેમાં ભાવબંધ અને દ્રવ્યબંધમાં તો સ્થૂળપણે એક એક જ પદાર્થ હોય છે, કેમ કે રાગદ્વષાદિ ભાવ જ ભાવબંધ કહેવાય છે. આ ભાવોમાં આત્માની જ મુખ્યતા રહે છે. કર્મના નિમિત્તે આત્માના ચારિત્રગુણના વિકારને રાગદ્વેષ કહે છે. દ્રવ્યબંધમાં કેવળ પુદ્ગલ જ આવે છે. તેથી આ બન્ને બંધ તો પ્રત્યેક સ્વતંત્ર છે. પરંતુ ત્રીજો બંધ જે ઉભયબંધ છે તે આત્મા અને પુદ્ગલ આ બે દ્રયોના સંબંધથી થાય છે. પરસ્પર એક બીજાની અપેક્ષા સહિત જે જીવ અને કર્મ બન્નેનો સંબંધ છે તે જ ઉભયબંધ કહેવાય છે. જીવ તો કર્મોથી બંધાયેલો છે અને કર્મ જીવથી બંધાયેલા છે. (૨) પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિ બંધ અને અનુભાગબંધ એ બંધના ચાર ભેદ છે.

(૧) પ્રકૃત્તિબંધ=કર્મોના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે.

(૨) પ્રદેશબંધ=જ્ઞાનાવરણાદિ કર્મોરૂપે થનાર પુદ્ગલસ્કંધોના પરમાણુઓની સંખ્યા તે પ્રદેશબંધ છે.

(૩) સ્થિતિ બંધ = જ્ઞાનાવરણાદિ કર્મો પાતાના સ્વભાવ રૂપે જેટલો કાળ રહે તે સ્થિતિબંધ છે.

(૪) અનુભાગ બંધ= જ્ઞાનાવરણાદિ કર્મોના રસવિશેષને અનુભાગ બંધ કહે છે. બંધના ઉપર્યુક્ત ચાર પ્રકારમાંથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના નિમિત્તે થાય છે. અને સ્થિતિબંધ તથા અનુરાગબંધ કષાયના નિમિત્ત થાય છે.

અહીં જે બંધના પ્રકાર વર્ણવ્યા છે તે પુદ્ગલકર્મબંધના છે. તે દરેક પ્રકારના ભેદ-ઉપભેદ હવે અનુક્રમે કહે છે.

(૧) પ્રકૃત્તિબંધના મૂળભેદ=પહેલો અર્થાત્ પ્રકૃતિબંધ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને વેદનીય એ **આઠ** પ્રકારનો છે.

(૧) જ્ઞાનાવરણ =જયારે આત્મા પોતે પોતાના જ્ઞાન સ્વભાવનો ઘાત કરે ત્યારે આત્માના જ્ઞાનગુણના ઘાતમાં જે કર્મનો ઉદયનિમિત્ત થાય તેને જ્ઞાનાવરણ કહે છે.

(૨) દર્શનાવરણ = જયારે આત્મા પોતે પોતાના દર્શન ભાવનો ઘાત કરે ત્યારે આત્માના દર્શનગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને દર્શનાવરણ કહે છે.

(૩) અંતરાય=જીવને દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યના વિઘ્નમાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને અંતરાય કર્મ કહે છે.

(૪) મોહનીય= જીવ પોતાના સ્વરૂપને ભૂલીને અન્યને પોતાના સમજે અથવા સ્વરૂપાચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને મોહનીય કહે છે. (૫) આયુ=જયારે જીવ પોતાની યોગ્યતાથી નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવના શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત થાય તેને આયુકર્મ કહે છે.

(૬) નામ = જીવ જે શરીરમાં હોય તે શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને નામ કર્મ કહે છે.

(૭) ગોત્ર = જીવને ઊંચ કે નીચ આચરણવાળા કુળમાં પેદા થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને ગોત્ર કર્મ કહે છે.

(૮) વેદનીય = જયારે આત્મા પોતે મોહભાવ વડે પર લક્ષે આકુળતા કરે ત્યારે સગવડતા કે અગવડતા રૂપ સંયોગો પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત થાય તેને વેદનીય કહે છે.

(૨) પ્રકૃતિબંધના આ આઠ ભેદોમાંથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહનીય એ ચાર ઘાતિકર્મ કહેવાય છે. કેમ કે તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત છે; અને બાકીના આયુ,નામ,ગોત્ર અને વેદનીય એ ચારને અઘાતિ કર્મ કહેવાય છે. કેમ કે, તેઓ જીવના અનુજીવી ગુણોના પર્યાયના ઘાતમાં નિમિત્ત નથી પણ પ્રતિજીવી ગુણોની પર્યાયના ઘાતમાં નિમિત્ત છે.

વસ્તુમાં ભાવસ્વરૂપ ગુણ અનુજીવી ગુણ અને અભાવ સ્વરૂપ ગુણ પ્રતિજીવી ગુણ કહેવાય છે.

(૩) જેમ એક જ વખતે ખાધેલા આહાર ઉદરાગ્નિના સંયોગે રસ, લોહી વગરે જુદા જુદા પ્રકારે થઈ જાય છે, તેમ એક જ વખતે ગ્રહણ થયેલાં કર્મો જીવના પરિણામ અનુસાર જ્ઞાનાવરણ ઈત્યાદિ અનેક ભેદરૂપ થઈ જાય છે. અહીં ઉદાહરણથી એટલો ફેર છે કે આહાર તો રસ, લોહી વગેરે રૂપે ક્રમે ક્રમે થાય છે પરંતુ કર્મો તો જ્ઞાનાવરણાદિરૂપે એક સાથે થઈ જાય છે. ઉપર કહેલા પ્રકૃતિભેદના <u>આઠ</u> ભેદના ઉત્તર ભેદો નીચે પ્રમાણે છેઃ-

(૧) જ્ઞાનાવરણ કર્મના પાંચ ભેદ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃજ્ઞાનાવરણ અને કેવળજ્ઞાનાવરણ.

(૨) દર્શનાવરણ કર્મના નવ ભેદ છે. ચક્ષુદર્શનાવરણ, અચક્ષુ,દર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા , પ્રચલા પ્રચલા અને પ્રચલા સ્ત્યાનગૃદ્ધિ એ નવ ભેદ દર્શનાવરણ કર્મના છે.

(૩) અંતરાયકર્મના પાંચ ભેદ છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાતરાય

(૪) મોહનીય કર્મના અઠ્ઠાવીસ ભેદ છે. (૧) દર્શન મોહનીય (૨) ચારિત્રમોહનીય (૩)અકષાય મોહનીય (૪) કષાય મોહનીય. આ ચાર મોહનીય કર્મના ભેદરૂપ મોહનીય કર્મ છે. તે ચારેના પેટાભેદ નીચે પ્રમાણે છે. દર્શનામોહનીયના ત્રણ પેટાભેદ છે. (૧) મિથ્યાત્વમોહનીય (૨) સમ્યક્ત્વ મોહનીય અને (૩) સમ્યક્ત્વ મિથ્યાત્વ મોહનીય. આ ત્રણ ભેદ દર્શન મોહનીયના છે. ચારિત્ર મોહનીય ના બે ભેદ છે. (૧) કષાય વેદનીય અને (૨) અકષાય વેદનીય. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. આ નવ ભેદ અકષાય વેદનીયના છે. અને અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન તથા સજવલનના ભેદથી તથા દરેકના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકાર-એ સોળ ભેદ કષાય વેદનીયના છે. આ રીતે કુલ અઠ્ઠાવીસ ભેદ મોહનીય કર્મના છે.

નોંધ -અકષાય વેદનીય અને કષાય વેદનીય એ બંન્નેનો સમાવેશ ચારિત્ર મોહમાં થઈ જાય છે. તેથી તેમને ગણતરીમાં જુદા લેવામાં આવ્યાં નથી.

ટીકા

(૧) મોહનીયકર્મના મુખ્ય બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. જીવનો મિથ્યાત્વભાવ એ જ સંસારનું મૂળ છે. તેમાં નિમિત્ત મિથ્યાત્વમોહનીય કર્મ છે. તે દર્શન મોહનીયનો એક ભેદ છે. દર્શનમોહનીયના ત્રણ ભેદ છે :- મિથ્યાત્વ પ્રકૃતિ, સમ્યક્ત્વ પ્રકૃતિ અને સમ્યક્ત્વમિથ્યા પ્રકૃતિ આ ત્રણમાંથી બંધ એક મિથ્યાત્વપ્રકૃતિનો જ થાય છે. જીવનો એવો કોઈ ભાવ નથી કે જેનું નિમિત્ત પામીને સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિ કે સમ્યક્ત્વમિથ્યાત્વમોહનીય પ્રકૃતિ બંધાય; જીવને પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થવાના કાળમાં (-ઉપશમ કાળમાં) મિથ્યાત્વ પ્રકૃતિના ત્રણ ટુકડા થઈ જાય છે. તેમાંથી એક મિથ્યાત્વરૂપે રહે છે. એક

સમ્યક્ત્વપ્રકૃતિરૂપે થાય છે. અને એક સમ્યક્ત્વમિથ્યાત્વ પ્રકૃત્તિરૂપે થાય છે. ચારિત્ર મોહનીયના પચીસ ભેદ છે. નવ નો કષાય અને સોળ ભેદકષાય વેદનીયના મળીને પચીસ ભેદ ચારિત્ર મોહનીયના છે અને દર્શન મોહનીયના ત્રણ ભેદ મળીને બધાં થઈને ૨૮ ભેદ મોહનીય કર્મના છે.

(૨) અહીં હાસ્યાદિક નવનોકષાયને અકષાય વેદનીય કહેલ છે તેને નોકષાય વેદનીય પણ કહેવાય છે.

(૩) અનંતાનુ બંધીને અર્થ = અનંત=મિથ્યાત્વ, સંસાર; અનુબંધી=તેને અનુસરીને બંધાય તે. મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય છે. તેને અનંતાનુબંધી કષાય કહેવામાં આવે છે.

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા લોભની વ્યાખ્યા નીચે મુજબ છે :- (૧) આત્માના શદ્ધ સ્વરૂપની અરુચિ તે અનંતાનુંબંધી ક્રોધ છે. (૨) હું પરનું કરી શકું એવી માન્યતાપૂર્વક જે અહંકાર તે અનંતાનુંબંધી માન -અભિમાન છે. (૩) પોતાનું સ્વાધીન સ્વરૂપ ન સમજાય એવી આડ મારીને વિકારી દશા વડે આત્માને ઠગવો તે અનંતાનુબંધી માયા છે. (૪) પુણ્યાદિ વિકારથી લાભ મળીને પોતાની વિકારી દશાને વધાર્યા કરવી તે અનંતાનુબંધી લોભ છે. અનંતાનુબંધી કષાય આત્માના સ્વરૂપાચરણ ચારિત્રને રોકે છે, શુધ્ધાત્માના અનુભવને સ્વરૂપાચરણ ચારિત્ર કહેવાય છે. તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે, અને ચૌદમા ગુણસ્થાને તેની પૂર્ણતા થઈને સિદ્ધદશા પ્રગટે છે.

બંધનો :પ્રતિકૂળતા; અનુકૂળ નહિ તેવું ; મુશ્કેલીઓ

બંધભાવ :અનંત દુઃખના સંયોગનું કારણ; મિથ્યા અભિપ્રાય. (૨) તે સહજ નથી; કૃત્રિમ ભાવ છે; અનિત્યભાવ છે; ક્ષણિક ભાવ છે; ઉપાધિ ભાવ છે; અશુભ રાગ-દ્વેષની ક્રિયા તે કૃત્રિમભાવ છે.

બંધમાર્ગ :અહીં ખરેખર શુભરૂપ વિકારી ભાવ તે પુણ્યાસ્રવ છે અને અશુભરૂપ વિકારી ભાવ પાપાસ્રવ છે. ત્યાં, પુણ્ય અથવા પાપ જે ભાવથી આસ્રવે છે. તે ભાવ જ્યારે જે જીવને હોય ત્યારે તે જીવ તે ભાવ વડે પરચારિત્ર છે-એમ (જિનેન્દ્રો દ્વારા) પ્રરૂપવામાં આવે છે. તેથી (એમ નક્કી થાય છે કે) પરચારિત્રમાં પ્રવૃત્તિ તે બંધમાર્ગ જ છે. મોક્ષમાર્ગ નથી.

બંધ પર્યાય :કર્મના સંબંધની અવસ્થા

બંધુવર્ગ :સગાંસંબંધી (૨) સગાં સંબંધીઓ

બંધાય છે :લેપાય છે.

બધાયકાળે :સદાય.

બંધાવ્યવસાયસ્થાન :બાધક નિર્ધારક સ્થાન

બન્ને કર્મ :ભાવકર્મ અને દ્રવ્યકર્મ.

બન્ને નયો :જિન ભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે ત્યાં નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે છે. અને વ્યવહારનય દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.

બે ઈન્દ્રિય જીવ :સ્પર્શ અને રસ એ બે ઈન્દ્રિયવાળા જીવ-ઈયળ વગેરે.

બે નયો :જિન ભગવાનના ઉપદેશમાં બે નયો દ્વારા નિરૂપણ હોય છે. ત્યાં નિશ્ચયનય દ્વારા તો સત્યાર્થ નિરૂપણ કરવામાં આવે અને વ્યવહાર દ્વારા અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે.

પ્રશ્ન :- સત્યાર્થ નિરૂપણ જ કરવું જોઈએ; અભૂતાર્થ ઉપચરિત નિરૂપણ શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર :- જેને સિંહનું યથાર્થ સ્વરૂપના ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે, તેમ જેને વસ્તુનું યથાર્થ સ્વરૂપ સીધું સમજાતું ની ન હોય તેને વસ્તુ સ્વરૂપના ઉપચરિત નિરૂપણ દ્વારા વસ્તુસ્વરૂપના યથાર્થ ખ્યાલ તરફ દોરી જવામાં આવે છે. વળી લાંબા કથનને બદલે સંક્ષિપ્ત કથન કરવા માટે પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કરવામાં આવે છે. અહીં એટલું લક્ષમાં રાખવામાં યોગ્ય છે કે ... જે પુરુષ બિલાડીના નિરૂપણને જ સિંહનું નિરૂપણ માની બિલાડી ને જ સિંહ સમજી બેસે તે તો ઉપદેશને જ યોગ્ય નથી, તેમ જે

પુરુષ ઉપચરિત નિરૂપણને જ યથાર્થ-સત્યાર્થ નિરૂપણ માની વસ્તુસ્વરૂપને ખોટી રીતે સમજી બેસે તે તો ઉપદેશોનો જ યોગ્ય નથી.

(અહીં એક ઉદાહરણ લેવામાં આવે છે :-

સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક સુધી સાતમા ગુણસ્થાન યોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધનછે. હવે છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કટેલી શુદ્ધિ હોય છે - એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે જે શુદ્ધિના સદ્‌ભાવમાં તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભવિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય શુદ્ધિ સાતમા ગુણસ્થાન યોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે. આવા લાંબા કથનને બદલે એમ કહેવામાં આવે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તા મહાવ્રતાદિના શુભવિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે. આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભવિકલ્પો સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે, તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે મહાવ્રતાદિના શુભવિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુદ્ધિ ખરેખર સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુદ્ધ પરિણતિનું સાધન છે.)

(૨) દ્રવ્ય ને પર્યાય; નિશ્ચય અને વ્યવહાર. બે નયો દ્વારા વાણીનું કથન હોય છે. કથન તો દ્રવ્યને પર્યાયનું, નિશ્ચય અને વ્યવહારનું એમ બે નયોનું હોય છે. તેમાં એક નય આદરણીય છે અને બીજો નય છોડવા યોગ્ય હોય છે.

બે ભાવો :મૂળ પદાર્થો (જીવ અને અજીવ).

બેઈમાની :વિશ્વાસઘાત; અપ્રમાણિકતા; કૃતઘ્નતા; નિમકહરામી; નાસ્તિકતા; અધર્મ.

બેખબરું :ઘેલું

બેખબરો :ભાન વિનાના; પોતાના સ્વરૂપના ભાન વિના એ ચતુર્ગતિમાં રખડે છે.

બેજોડ :બેનમૂન; અજોડ.

બેભાન :અજ્ઞાન; અભાન; બેશુધ્ધિ (૨) ભાન વગરનો

બેભાનપણું :અજ્ઞાનપણું

બૂઝે છે :મુક્ત થાય છે.

બૂઝનારા :કદર કરનારા (બૂઝ=કદર)

બૂઝવું :સામાના કાર્યને સમઝી એની કદર કરવી; ઠરવું; પાર પડવું.

બુઝાવું :ઠરવું.

બુદ્ધ :સર્વજ્ઞ પરમાત્મા પર્યાયમાં બુદ્ધ છે. એક સમયમાં જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થતાં પોતે અને આખું લોકાલોક જ્ઞાનમાં આવ્યું એવા ભગવાનને બુદ્ધ કહે છે. આ ભગવાન આત્મા દ્રવ્યે બુદ્ધ છે. જ્ઞાનસ્વરૂપ બુદ્ધ ની મૂર્તિ છે. (૨) જ્ઞાનસ્વરૂપ (૩) જ્ઞાનનો ઘનપિંડ; અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત. (૪) જ્ઞાનરૂપ; મળ રહિત શુદ્ધ આત્માને જ્ઞાનરૂપ પ્રગટ કરે છે. જે મળના અભાવનું ફળ છે. (૫) સર્વજ્ઞ પરમાત્મા પર્યાયમાં બુદ્ધ છે. એક સમયમાં જ્ઞાનની પૂર્ણ દશા પ્રગટ થતાં પોતે અને આખું લોકાલોક જ્ઞાનમાં આવ્યું એવા ભગવાનને બુદ્ધ કહે છે. આ ભગવાન આત્મા દ્રવયે બુદ્ધ છે. જ્ઞાનસ્વરૂપ બુદ્ધની મૂર્તિ છે. (૬) અનંતદર્શન; અનંતજ્ઞાન; અનંતસુખ અને અનંત વીર્ય આદિ ચતુષ્ટય સહિતને બુધ્ધ કહેવાય છે. (૭) જ્ઞાનનો પિંડ

બુધ્ધ :અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય સહિત (૮) જ્ઞાનસ્વરૂપ

બુધ્ધ પુરુષ :વિચક્ષણ પુરુષ; હિત કરવાના કામી

બદ્ધસ્પૃષ્ટ :બંધાયેલું અને સ્પર્શાયેલું

બુદ્ધિ :બોધનમાત્રપણું તે બુદ્ધિ છે. બુદ્ધિ, પ્રતિભા, પ્રજ્ઞા એ મતિજ્ઞાનની તારતમ્યતા (હીન-અધિકપણું) સૂચક જ્ઞાનના ભેદો છે. (૨) મતિજ્ઞાન (૩) ઈન્દ્રિય આશ્રિત હોય છે. ઈન્દ્રિય આશ્રિત બુધ્ધિ સંસાર વૃદ્ધિ આપનાર હોય છે. સંસાર ફળને આપનાર હોય છે. ઈન્દ્રિય આશ્રિત બુધ્ધિ અજ્ઞાનરૂપ છે અને આગમઆશ્રિત બુધ્ધિ જ્ઞાનરૂપ છે. તેથી જ અજ્ઞાનીના ભોગોને બંધનું અને જ્ઞાનીના ભોગોને નિર્જરાનું કારણ કહેવામાં આવે છે. (૪) ઈન્દ્રિય આશ્રિતને બુધ્ધિ કહે છે.

બુધ્ધિ ગોચર દુઃખ :તે તો દ્રષ્ટાંતથી સમજાવી શકાય.

બુદ્ધિના આઠ ગુણો :
(૧) શુશ્રૂષા=સાંભળવાની ઈચ્છા તે શુશ્રૂષા. (૨) ગ્રહણ=અર્થ સમજીને ગ્રહણ કરવું તે ગ્રહણ. (૪) ધારણ= સ્મૃતિમાં રાખવું તે ધારણ. (૫) વિજ્ઞાન=તે સંબંધી વિશેષ જ્ઞાન તે વિજ્ઞાન. (૬) ઉહા=શંકા ઉપસ્થિત કરવી તે ઉહા. (૭) અપોહ=પોતાની કે પરની શંકાનું સમાધાન તે અપોહ. (૮) તત્ત્વાભિનિવેશ=જે તત્ત્વનિર્ણય થાય તે છોડે નહિ તે તત્ત્વાભિનિવેશ. **અથવા** (૧) ધર્મકથા સાંભળવવાની ઈચ્છા, (૨) શ્રવણ (૩) ગ્રહણ (૪) સ્મરણ (૫) સાંભળેલામાં તર્ક ઉઠાવવો, (૬) શંકાનું સમાધાન કરવું (૭) પદાર્થનું સંશય રહિત જ્ઞાન અને (૮) તત્વ નિર્ણય એ બુધ્ધિના આઠ ગુણો કહેવાય છે.

બુધ્ધિના બારદાન :સ્થૂળ બુધ્ધિવાળા

બુદ્ધિપૂર્વક :રુચિપૂર્વક; અભિપ્રાયપૂર્વક. (૨) બુધ્ધિથી પકડાય એવો વિકલ્પ હોય તેને બુધ્ધિપૂર્વક કહેવાય.

બુદ્ધિપૂર્વકનો રાગ :જ્ઞાનમાં જણાય એવો રાગ (૨) મનપૂર્વકનો રાગ

બુદ્ધિપ્રસાર :વિકલ્પોનો ફેલાવો; વિકલ્પ વિસ્તાર; ચિત્તનું ભ્રમણ; મનનું ભટકવું તે; મનની ચંચળતા.

અર્હંતાદિની ભક્તિ પણ રાગ વિના હોતી નથી. રાગથી ચિત્તનું ભ્રમણ થાય છે; ચિત્તના ભ્રમણથી કર્મબંધ થાય છે, માટે આ અનર્થોની પરંપરાનું મૂળ કારણ રાગ જ છે.

માત્ર નિત્યાનંદ જેનો સ્વભાવ છે એવા નિજ આત્માને જે ભાવતો નથી, તે જીવને માયા-મિથ્યા-નિદાનશલ્યત્રયાદિક સમસ્તવિભાગરૂપ બુદ્ધિપ્રસાર રોકી શકાતો નથી અને તે નહિ રોકાવાથી (અર્થાત્ બુદ્ધિપ્રસારનો નિરોધ નહિ થવાથી) શુભાશુભ કર્મનો સંવર થતો નથી; તેથી એમ ઠર્યું કે સમસ્ત અનર્થપરંપરાઓનું રાગાદિવિકલ્પો જ મૂળ છે.

બુધ :સમજુ (૨) વિદ્વાનો; જ્ઞાનીઓ. (૩) જ્ઞાની; હિત કરવાના કામી; વિચક્ષણ

બુધ જન :ચતુર પુરુષ; ચકોર પુરુષ

બુધ જનો :જ્ઞાની પુરુષો

બુધ પુરુષો :સમજુ જીવો.

બ્રહ્મ :પરમાત્મપણું; સિદ્ધત્વ. (૨) આનંદ (૩) જીવ; આત્મા જીવ જગતના ઉપાદાન અને નિમિત્ત કારણરૂપે આત્મા સ્વીકારાયેલું અનાદિ અનંત એક પરમતત્વ; પરમાત્મા; પરમેશ્વર. (૪) સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. (૫) પરમ સ્વભાવવાન ભગવાન આત્મા (૬) આનંદ સ્વરૂપ આત્મા (૭) જ્ઞાન સ્વરૂપ આત્મા (૮) સિદ્ધ; પરમેષ્ઠી.

બ્રહ્મઅર્થવ્રતના પાંચ અતિચાર :(૧) પરના વિવાહ કરવા (૨-૩) પરની પરિણીત-અપરિણીત સ્ત્રીનો સંસર્ગ રાખવો (૪) કામક્રીડા (૫) કામનો તીવ્ર અભિપ્રાય એ બ્રહ્મચર્ય વ્રતના પાંચ અતિચાર છે.

બ્રહ્મચર્ય :બ્રહ્મ અર્થાત્ નિજશુદ્ધાત્મામાં ચરવું; રમણ કરવું જ બ્રહ્મચર્ય છે.

પરદ્રવ્યોથી રહિત પોતાના શુદ્ધ-બુદ્ધ આત્મામાં જે ચર્યા અર્થાત્ લીનતા થાય છે તેને જ બ્રહ્મચર્ય કહે છે. વ્રતોમાં સર્વશ્રેષ્ઠ આ બ્રહ્મચર્યવ્રતનું જે પાલન કરે છે તે અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે છે.

જો કે નિજાત્મામાં લીનતા જ બ્રહ્મચર્ય છે, તથાપિ જ્યાં સુધી પોતાના આત્માને જાણશે નહિ, માનશે નહિ ત્યાં સુધી તેમાં લીનતાનો સંભવ કેવી રીતે થશે ? આથી જ કહ્યું છે કે આત્મલીનતા અર્થાત્ સમ્યક્ચારિત્ર આત્મજ્ઞાન અને આત્મશ્રદ્ધાનપૂર્વક જ હોય છે. બ્રહ્મચર્યની સાથે જોડેલ ઉત્તમ શબ્દ પણ આ જ જ્ઞાન કરાવે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત સમ્યક્ચારિત્ર જ ઉત્તમ બ્રહ્મચર્ય છે.

બ્રહ્મચર્ય :પોતે બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે તેમાં એકાગ્ર થઈ ચરવું-રમવું તે બ્રહ્મચર્ય છે અને તે યથાર્થમાં ધર્મ છે. (૨) આત્મા શુદ્ધ આનંદકંદ છે તેની દૃષ્ટિ રાખી તેમાં લીનતા કરવી તે બ્રહ્મચર્ય છે. (૩) બ્રહ્મ નામ આત્મા, એમાં ચર્ય એટલે રમવું આત્મામાઃ રમણતા-લીનતા કરવી તેનું નામ બ્રહ્મચર્ય છે. (૪) બ્રહ્મ નામ આત્મા, શુધ્ધ ચિદાનંદ ચૈતન્ય ચિંતામણિ પ્રભુ અને ચર્ય નામ ચરવું. શુધ્ધ ચૈતન્યમાં ચરવું તેનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ એ તો શુભભાવ છે, એનાથી પુણ્ય બંધાય ધર્મ ન થાય. (૫) શુધ્ધ આત્મસ્વરૂપમાં રમણતા કરવી-ઠરવું તેનું નામ બ્રહ્મચર્ય

છે. શરીરથી બ્રહ્મચર્ય પાળવાનો વિકલ્પ એ તો શુભભાવ છે, એનાથી પુણ્ય બંધાય, ધર્મ ન થાય. એનાથી ધર્મ થવાનું માને એ તો મિથ્યાત્વનું મહાપાપ છે. (૬) બ્રહ્મચર્યની નવ ગુપ્તિ-નવ વાડ

(૧) પહેલી વાડે સ્ત્રી, પશુ અને નપુંસક રહિત સ્થાનને સેવવું, સહિતને સેવે તે ઉંદર ને બિલાડીનું દૃષ્ટાંત.

(૨) બીજી વાડે સ્ત્રી-પુરુષનો વિષયરૂપ વિકથા કરવી નહિ. કરે તો લીંબુ અને દાઢનું દૃષ્ટાંત.

(૩) ત્રીજી વાડે સ્ત્રી-પુરુષના આસન પર અંતર્મુહૂર્ત થયા સિવાય બેસવું નહિ, બેસે તો કોળું અને કણકનું દૃષ્ટાંત.

(૪) ચોથી વાડે સ્ત્રી-પુરુષનાં અંગોપાંગ વિષયબુદ્ધિથી નિરખવા નહિ, નિરખે તો સૂર્ય ને નેત્રનું દૃષ્ટાંત.

(૫) પાંચમી વાડે ભીંત ખવેડાને આંતરે સંયોગી વસતાં હોય ત્યાં બ્રહ્મચારીએ બેસવું નહિ, વસે તો લાખ, અગ્નિ અને મીણનું દૃષ્ટાંત.

(૬) છઠ્ઠી વાડે પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહિ, સંભારે તો મુસાફરને (સાપના વલોણાંની) છાશનું દૃષ્ટાંત.

(૭) સાતમી વાડે પ્રતિદિન અતિશય સરસ આહાર કરવો નહિ, કરે તો સન્નિપાળાને દૂધ-સરસનું દૃષ્ટાંત.

(૮) આઠમી વાડે અતિશય દાબીને આહાર કરવો નહિ, કરે તો શેરની તોબડી ને બશેરનું દૃષ્ટાંત.

(૯) નવમી વાડે શરીર ઉપર શોભા શણગાર કરવા નહિ, કરે તો રાંક અને રત્નનું દૃષ્ટાંત.

બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર :૧.કામભોગ-વિષય સેવન કરવાની બહુ લાલસા રાખવી, ૨. જે અંગ વિષય સેવન કરવાના નથી તેવાં મુખ, નાભિ, સ્તન વગેરે અનંગોમાં રમણ કરવું, ૩. બીજાના પુત્ર પુત્રીઓના વિવાહ કરાવવા. ૪ વ્યભિચારિણી વેશ્યા તથા કન્યા વગેરે સાથે લેણદેણ આદિ વ્યવહાર રાખે, વાર્તા કરે, રૂપ શૃંગાર દેખે, ૫ વ્યભિચારિણી બીજાની સ્ત્રી સાથે પણ એ પ્રમાણે કરવું-એ પાંચ બ્રહ્મચર્ય અણુવ્રતના અતિચાર છે.

બ્રહ્મચર્ય માટે નવ વાડ :(૧) વસતિ, (૨) કથા, (૩) આસન, (૪) ઈન્દ્રિય નિરીક્ષણ, (૫) કુડ્યાંતર, (૬) પૂર્વ ક્રીડા, (૭) પ્રણીત, (૮) અતિમાત્રાહાર અને (૯) વિભૂષણ.

બ્રહ્મચર્ય-અણુવ્રતના પાંચ અતિચાર :

(૧) પરવિવાહકરણ=બીજાના પુત્ર-પુત્રીઓના વિવાહ કરવા-કરાવવા,

(૨) પરિગૃહીત ઈત્વરિકાગમન=પતિસહિત વ્યભિચારિણી સ્ત્રીઓ પાસે આવવું-જવું, લેણદેણ રાખવી, રાગ-ભાવપૂર્વક વાતચીત કરવી.

(૩) અપરિગૃહીત ઈત્વરિકાગમન=પતિરહિત વ્યભિચારિણી સ્ત્રી (વેશ્યાદિ) ને ત્યાં આવવું-જવું, લેણદેણ વગેરેનો વ્યવહાર રાખવો.

(૪) અનંગક્રીડા=અનંગક્રીડા એટલે કે કામસેવન માટે નિશ્ચિત અંગોને છોડીને અન્ય અંગોથી કામસેવન કરવું.

(૫) કામતીવ્રાભિનિવેશા=કામસેવનની અત્યંત અભિલાષા.

એ પાંચ બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચારો છે.

બ્રહ્મચર્યની નવ વાડ :જ્ઞાનીઓએ થોડા શબ્દોમાં કેવા ભેદ અને કેવું સ્વરૂપ બતાવ્યું છે ? એ વડે કેટલી બધી આત્મોન્નતિ થાય છે ? બ્રહ્મચર્ય જેવા ગંભીર વિષયનું સ્વરૂપ સંક્ષેપમાં અતિ ચમત્કારિક રીતે આપ્યું છે. બ્રહ્મચર્યરૂપી એક સુંદર ઝાડ અને તેને રક્ષા કરનારી જે નવ વિધિઓ તેને વાડનું રૂપ આપી આચાર પાળવામાં વિશેષ સ્મૃતિ રહી શકે એવી સરળતા કરી છે. એ નવ વાડ જેમ છે તેમ અહીં કહીં જઉં છું.

(૧) વસતિ - જે બ્રહ્મચારી સાધુ છે તેમણે જ્યાં સ્ત્રી, પશુ કે પડંગ એથી કરીને જે સંયુક્ત વસતિ હોય ત્યાં રહેવું નહીં. સ્ત્રી બે પ્રકારની છે : મનુષ્યિણી અને દેવાંગના. એ પ્રત્યેકના પાછા બે બે ભેદ છે. એક તો મૂળ અને બીજી સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર. એ પ્રકારનો જ્યાં વાસ હોય ત્યાં બ્રહ્મચારી સાધુએ ન રહેવું; પશુ એટલે તિર્યંચિણી ગાય, ભેંસ ઈત્યાદિક જે સ્થળે હોય તે સ્થળે ન રહેવું; અને પડંગ એટલે નપુંસક એનો વાસ હોય ત્યાં પણ ન રહેવું. એવા પ્રકારનો વાસ બ્રહ્મચર્યની હાનિ કરે છે. તેઓની કામચેષ્ટા, હાવભાવ ઈત્યાદિક વિકારો મનને ભ્રષ્ટ કરે છે.

(૨) કથા – કેવળ એકલી સ્ત્રીઓને જ કે એક જ સ્ત્રીને ધર્મોપદેશ બ્રહ્મચારીએ ન કરવો. કથા એ મોહની ઉત્પત્તિરૂપ છે. સ્ત્રીના રૂપ સંબંધી ગ્રંથો, કામવિલાસ સંબંધી ગ્રંથો, કે જેથી ચિત્ત ચળે એવા પ્રકારની ગમે તે શૃંગાર સંબંધી કથા બ્રહ્મચારીએ ન કરવી.

(૩) આસન – સ્ત્રીઓની સાથે એક આસને ન બેસવું. જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધીમાં બ્રહ્મચારીએ ન બેસવું. એ સ્ત્રીઓની સ્મૃતિનું કારણ છે, એથી વિકારની ઉત્પત્તિ થાય છે; એમ ભગવાને કહ્યું છે.

(૪) ઈંદ્રિય નિરક્ષણ – સ્ત્રીઓનાં અંગોપાંગ બ્રહ્મચારી સાધુએ ન જોવાં; એના અમુક અંગ પર દૃષ્ટિ એકાગ્ર થવાથી વિકારની ઉત્પત્તિ થાય છે.

(૫) કુડ્યાંતર – ભીંત, કનાત કે ત્રાટાનું અંતર વચમાં હોય ને સ્ત્રીપુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીએ બેસવું નહીં. કારણ શબ્દ, ચેષ્ટાદિક વિકારના કારણ છે.

(૬) પૂર્વ ક્રીડા – પોતે ગૃહસ્થાવાસમાં ગમે તેવી જાતના શ્રૃંગારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહીં; તેમ કરવાથી બ્રહ્મચર્ય ભંગ થાય છે.

(૭) પ્રણીત – દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. એથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે. માટે બ્રહ્મચારીએ તેમ કરવું નહીં.

(૮) અતિમાત્રાહાર – પેટ ભરીને આહાર કરવો નહીં; તેમ અતિ માત્રાની ઉત્પત્તિ થાય તેમ કરવું નહીં. એથી પણ વિકાર વધે છે.

એમ ભગવંતે નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે કહી છે. બહુધા એ તમારા સાંભળવામાં આવી હશે. પરંતુ ગૃહસ્થાવસ્થામાં અમુક અમુક દિવસ બ્રહ્મચર્ય ધારણ કરવામાં અભ્યાસીઓને લક્ષમાં રહેવા અહીં આગળ કંઈક સમજણપૂર્વક કહી છે.

બ્રહ્મચર્યવ્રત :જે જ્ઞાની સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક દેવાંગના મનુષ્યયાદી તિર્યંચણી અને ચિત્રામણની ઈત્યાદિ ચારે પ્રકારની બધીય સ્ત્રીઓનો મન-વચન-કાયાથી અભિલાષ ન કરે તે બ્રહ્મચર્ય વ્રતનો ધારક થાય છે.

બ્રહ્મચારી તીર્થંકરો :ચોવીસ તીર્થંકરોમાં (૧) વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર આ પાંચ તીર્થંકરો બ્રહ્મચારી હતા.

બ્રહ્મને :પરમાત્મપણાને; સિદ્ધત્વને.

બ્રહ્મમૂર્તિ :જ્ઞાનમૂર્તિ

બ્રહ્મરંધ્ર :માથામાં તાળવા ઉપરનું એક મનાતું છિદ્ર.

બ્રહ્મવેદના :સ્વાનુભવ અમૃતરસનો આહલાદ્

બ્રહ્મસત્ય અને જગતમિથ્યા :આત્મા સત્ય અને બીજું ભ્રમ.

બ્રહ્મા :પોતાના સહજ આનંદ ગુણને બ્રહ્મ (જ્ઞન સ્વરૂપ આત્મા) ભોગવે; અથવા બ્રહ્મા =સર્જનહાર; પોતાની સ્વાધીન સુખમય અવસ્થાને ઉત્પન્ન કરનાર, દરેક સમયે નવી નવી પર્યાયને ઉત્પન્ન કરનાર છે, તેથી તે સ્વસ્વભાવ પરિણમનરૂપ સૃષ્ટિનો કર્તા જીવ છે. એ દૃષ્ટિએ દરેક જીવ સ્વતંત્ર પોતે બ્રહ્મા છે. (૨) સર્જનહાર; પોતાને સ્વાધીન સુખમય અવસ્થાને ઉત્પન્ન કરનાર દરેક સમયે નવી નવી પર્યાયને ઉત્પન્ન કરે છે તેથી તે સ્વસ્વરૂપની પીરણમનરૂપ સૃષ્ટિનો કર્તા જીવ છે. એ દૃષ્ટિએ દરેક જીવ સ્વતંત્ર પોતે બ્રહ્મા છે.

બ્રહ્માનંદ :આત્મા સાથેની એકતાનો આનંદ; આત્માનંદ-ચિદાનંદ

બ્રહ્મોપદેશ :આનંદ સ્વરૂપ આત્માની પ્રાપ્તિ થાય તે ઉપદેશ છે.

બર્હિર્મોહદૃષ્ટિ :બહિર્મુખ એવી મોહ દૃષ્ટિ. (આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહ દ્રષ્ટિ જ છે.)

બ્રાહ્મીવેદના :સ્વાનુભવ અમૃતરસનો આહલાદ

બાગ :ક્રીડાવન

બાચકાં ભરવા :પાંચ આંગળાં વડે પકડવું; બલુરવું; ધૂમડાને પકડવા; વલખાં મારવા

બાજન :યોગ્ય, પાત્ર

બાદર :પાંચ સ્થાવર એકેન્દ્રિય બાદર છે, તેમજ સૂક્ષ્મ પણ છે. નિગોદ બાદર છે તેમ સૂક્ષ્મ છે. વનસ્પતિ સિવાય બાકીના ચારમાં અસંખ્યાત સૂક્ષ્મ કહેવામાં આવે છે. નિગોદ સૂક્ષ્મ અનંત છે; અને વનસ્પતિના સૂક્ષ્મ અનંત છે; ત્યાં નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિ ઘટે છે. (૨) અનંત પ્રદેશવાળા સ્કંધો; સ્થૂલ. (૩)

સૂક્ષ્મથી ઉલટું; સ્થૂલ; જાડું; મોટું (૪) અતિસ્થૂલ; સ્થૂલતા (૫) સ્થૂલ (૬) સ્થૂળ-જળ, તેલ, છાશ, દૂધ આદિ

બાદર અને સૂક્ષ્મ :પાંચ સ્થાવર એકેન્દ્રિય બાદર છે, તેમજ સૂક્ષ્મ પણ છે. નિગોદ બાદર છે તેમ સૂક્ષ્મ છે. વનસ્પતિ સિવાય બાકીના ચારમાં અસંખ્યાત સૂક્ષ્મ કહેવામાં આવે છે. નિગોદ સૂક્ષ્મ અનંત છે, અને વનસ્પતિના સૂક્ષ્મ અનંત છે. ત્યાં નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિ ઘટે છે.

બાદર બાદર :સ્થૂળ સ્થૂળ; પૃથ્વી, પત્થરઆદિ

બાદર સૂક્ષ્મ :સ્થૂળ સૂક્ષ્મ. છાયા, તડકો, ચંદ્રની ચાંદની આદિ

બાધ :નડતર; અડચણ; પ્રતિબંધ; મનાઈ.

બાધક :નડતર કરનારું; પ્રતિબંધ કરનારું; પ્રતિકૂળ; વિરુદ્ધ જવું.

બાધતા :પ્રતિકૂળતા.

બાધા :પીડા; દુઃખ; માનતા; આખડી. (૨) માનતા; આખડી; અમુક ઈષ્ટ સિદ્ધ ન થાય ત્યાં સુધી અમુક કંઈ ન કરવું એવી પ્રતિજ્ઞા કરવી. (૩) વિરોધ. (૪) આપત્તિ (૫) ઉપદ્રવ; ઈજા; વિઘ્ન. (૬) અંતરાય

બાધા રહિત :પીડા રહિત.

બાધારૂપ :વિકારી.

બાધાસહિત :ખાવાની ઈચ્છા, પાણી પીવાની ઈચ્છા, મૈથુનની ઈચ્છા ઈત્યાદિ તૃષ્ણાની પ્રગટતાઓ સહિત.

બાંધીને :લીન કરીને.

બાર અંગ :આચારંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અનુકૃતદશાંગ, અનુત્તરૌપપાતિદશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ.

બાર અંગ સૂત્રો :(૧) આચારાંગ સૂત્ર (૨) સૂયગડાંગ સૂ (૩) ઠાણાંગ સૂત્ર (૪) સમવાયાંગ સૂત્ર (૫) ભગવતીજી સૂત્ર (૬) જ્ઞાતા ધર્મકથાંગ સૂત્ર (૭) ઉપાશક દશાંગ સૂત્ર (૮) અંતગડ દશાંગ સૂત્ર (૯) અનુત્તરોપપાતિક દશાંગ સુત્ર (૧૦) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર (૧૧) વિપાક સૂત્ર આ અગિયાર અંગ તથા (૧૨) દૃષ્ટિવાદ અંગ સૂત્ર કે જેમાં ચૌદ પૂર્વ હતા તેનો હાસ વિચ્છેદ થયો છે તથા બાર ઉપાંગ છે.

બાર ઉપાંગ :(૧) ઉવવાઈ સૂત્ર (૨) રાય પસેણિય સૂત્ર (૩) કપ્પિવડંસિયા સૂત્ર (૪) જીવાભિગમ સૂત્ર (૫) જંબૂદ્વીપ પન્નતિ સૂત્ર (૬) ચંદ્ર પન્નતિ સૂત્ર (૭) સૂર પન્નતિ સૂત્ર (૮) કપ્પિઆ સૂત્ર (૯) કપ્પિ વડંસિયા સૂત્ર (૧૦) પુપ્ફિઆ સૂત્ર (૧૧) પુપ્ફ્ ચુલિયા સૂત્ર (૧૨) વહિનુ દશા સૂત્ર આ બાર ઉપાંગ જાણવા.

બાર ગુણ :અરિહંત ભગવાનના ૧૨ ગુણ છે. (૧) વચનાતિશય, (૨) જ્ઞાનાતિશય, (૩) અપાયાપગમાતિશય, (૪) પૂજાતિશય, (૫) અશોકવૃક્ષ, (૬) કુસુમવૃષ્ટિ, (૭) દિવ્યધ્વનિ, (૮) ચામર, (૯) આસન, (૧૦) ભામંડળ, (૧૧) ભેરી, (૧૨) છત્ર. ૪ અતિશય તથા ૮ પ્રાતિહાર્ય કહેવાય છે.

બાર તપ :છ બાહ્ય : (૧) અનશન - ઉપવાસ આદ્ય, સ્વાદ્ય, લેહ્ય (ચાટવાના), પેય (પીવાના) ચાર પ્રકારના આહારનો ત્યાગ. (૨) ઊણોદર - ભૂખ હોય તેથી ઓછું ખાવું. પેટના બે ભાગ અન્નાદિથી, અને એક ભાગ પાણીથી ભરી એક ભાગ ખાલી રાખવો. (૩) વૃત્તિપરિસંખ્યાન - ભિક્ષા લેવા જતી વખતે કોઈ પ્રતિજ્ઞા લેવી અને તે પૂર્ણ થાય તો જ તે દિવસે આહાર લેવો. (૪) રસપરિત્યાગ - ગળપણ, મીઠું, દૂધ, દહીં, ઘી, તેલ, એ છ રસમાંથી એક અથવા અનેકનો ત્યાગ. (૫) વિવિક્ત શય્યાસન - એકાંતમાં શયન અને આસન (સૂવા બેસવાનું) રાખવું. (૬) કાયકલેશ શરીરનું સુખિયાપણું મટાડવા કઠણ સ્થાનો ઉપર જઈ તપ કરવું.

છ અંતરંગ :- (૭) પ્રાયશ્ચિત્ત - કોઈ દોષ લાગે તો દંડ (શિક્ષા) લઈ શુદ્ધ થવું. (૮) વિનય - ધર્મ અને ધર્માત્માઓનું સન્માન. (૯) વૈયાવૃત્ય- ધર્માત્માઓની સેવા કરવી. (૧૦) સ્વાધ્યાય-શાસ્ત્રોનું પઠન, પાઠન અને મનન. (૧૧) વ્યુત્સર્ગ - શરીરાદિ ઉપરથી મમતાનો ત્યાગ. (૧૨) ધ્યાન - ધર્મધ્યાન કે શુકલધ્યાન કરવું.

બાર પ્રકારના તપ :અનશન, અવમૌદર્ય, રસપરિત્યાગ, વૃત્તિપરિસંખ્યાન, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એ છ પ્રકારના બાહ્ય તપ તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ પ્રકારના અંતરંગ તપ મળી બાર પ્રકારનાં તપ છે.

બાર ભાવનાઓ :અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિ દુર્લભ, અને ધર્મ એ બાર ભાવનાઓનું નિરંતર વારંવાર ચિંતવન અને મનન કરવું જોઈએ.

(૧) અનિત્ય-અધ્રુવ ભાવના= સંસારની સમસ્ત વસ્તુઓ-શરીર, ભોગાદિ બધું નાશવાન છે. આત્મા નિત્ય છે, ધ્રુવ છે, માટે અધ્રુવ વસ્તુને છોડીને ધ્રુવ વસ્તુમાં ચિત્ત લગાવવું એને જ અનિત્ય ભાવનતા કહે છે.

(૨) અશરણ ભાવના = આ જગતમાં કોઈ કોઈને શરણ નથી બધા પ્રાણી કાળને વશ છે, કાળથી બચાવનાર કોઈ નથી. વ્યવહાર નયથી ચાર શરણ છે. - અહંતનું શરણ, સિધ્ધનું શરણ, સાધુનું શરણ અને જૈનધર્મનું શરણ અને વાસ્તવમાં નિશ્ચયનયથી કેવળ પોતાનો આત્મા જ શરણ છે, બીજું નહિ. એવો (સ્વ સન્મુખતા સહિત) વિચાર કરવો તે આ બીજી અશરણભાવના છે.

(૩) સંસારભાવના=સંસાર બહુ દુઃખરૂપ છે. ચારે ગતિમાં કયાંય પણ સુખ નથી. નરક ગતિમાં તો પ્રગટરૂપ તાન, ભેદન-છેદન, ઈત્યાદિ ઘણાં દુઃખ છે. તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ ઘણો ભાર વહન કરવો વગેરે દુઃખ છે. મનુષ્ય ગતિમાં પણ અનેક ચિંતા, વ્યાકુળતા વગેરે ઘણાં દુઃખ છે. દેવગતિમાં પણ વિષયવાસના છે અને નાના દેવો મોટા દેવોના વૈભવ જોઈને દુઃખી થાય છે. દેવોનું આયુષ્ય લાબું અને દેવાંગનાઓનું આયુષ્ય ટૂંકું હોવાથી વિયોગમાં અવશ્ય દુઃખ થાય છે. મરણના છ માસ અગાઉ જયારે મંદાર પુષ્પની માળા કરમાવા લાગે છે ત્યારે અત્યંત ખેદ અને દુઃખ થાય છે વગેરે પ્રકારે દેવગતિમાં પણ ઘણાં દુઃખ છે એક સુખ માત્ર પંચમગતિ અર્થાત મોક્ષમાં છે તેથી પ્રત્યેક પ્રાણીએ ચાર ગતિરૂપ સંસારથી ઉદાસીન થઈને પંચમગતિ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઈએ. આવું હંમેશા ચંતન કરતા રહેવું તે ત્રીજી સંસારભાવના છે.

(૪) એકત્વ ભાવના=આ આત્મા સદા એકલો જ છે. જમમાં તથા મરણમાં એકલો છે. તેનો કોઈ સંગી નથી. તેસુખ ભોગવવામાં એકલો, સંસારભ્રમણ કરવામાં એકલો નિર્વાણ થવામાં એકલો. સદા આત્મા એકલો જ રહે છે. તેનો સાથી કોઈ નથી એવું હંમેશા વિચારવું તેને એકત્વ ભાવના કહે છે.

(૫) અન્યત્વ ભાવના=સંસારના જેટલા પદાર્થો છે તે બધા જુદા જુદા છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળેલો નથી. મન, વચન, કાયા, એ બધાં આત્માથી જુદાં છે. જયારે આ શરીર, મન અને વચન પણ આત્માથી જુદાં છે તો આ પ્રગટરૂપે જુદાં એવાં ઘર, ઝવેરાત, મકાન વગેરે એક કેવી રીતે હોઈ શકે ? આ જાતનું વારંવાર ચિંતવન કરવું તે અન્યત્વ ભાવના છે.

(૬) અશુચિ ભાવના=આ શરીર સદૈવ નવ દ્વારથી વહેતા મળ-મૂત્રનો ખજાનો મહા અશુચિરૂપ છે અને આત્મા જ્ઞાનમય મહાપવિત્ર છે, તો આત્માનો શરીરાદિથી સંબંધ કેવી રીતે હોઈ શકે ? એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.

(૭) આસ્રવ ભાવના =૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય ૧૫ યોગ-એ આસ્રવના ૫૭ ભેદ છે. આ ભેદો વડે આ જીવ હંમેશા કર્મોનો આસ્રવ કર્યા કરે છે. જયાં સુધી (શુદ્ધભારૂપ સંવર વડે) તે આસ્રવોનો ત્યાગ ન થાય ત્યાં સુધી આ જીવ સંસારમાંથી છૂટી શકતો નથી. અર્થાત્ જીવને આ આસ્રવ જ દુઃખદાયક પદાર્થ છે. એમ વારંવાર ચિંતવન કરવું તેને જ આસ્રવ ભાવના કહે છે.

(૮) સંવર ભાવના = કર્મોના આગમનને રોકવું તેને જ સંવર કહે છે. આ સંવર જ સંસારથી છોડાવનાર અને મોક્ષમાં પહોંચાડનાર છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ, પાંચ પ્રકારના ચારિત્ર-એ બધાં સંવરનાં કારણો છે. બધા પ્રાણીઓએ આ બધાં કારણોને ધારણ કરી સંવરની પ્રાપ્તિ કરવી જોઈએ-એવું વારંવાર ચિંતવન કરવું તેને જ સંવર ભાવના કહે છે.

(૯) નિર્જરા ભાવના = કર્મોનો એક દેશ ક્ષય થવો તેને નિર્જરા કહે છે. આ નિર્જરા બે પ્રકારની છેઃ સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. સવિપાક

નિર્જરા તો સંસારના સમસ્ત જીવોને સદૈવ થયા જ કરે છે પણ અવિપાક નિર્જરા તપ વગેરે કરવાથી જ થાય છે અને અવિપાક નિર્જરા વિના જીવ સંસારથી મુકત થઈ શકતો નથી. માટે મોક્ષાર્થી જીવોએ આ અવિપાક નિર્જરા અવશ્ય કરવી જોઈએ-એવું વારંવાર ચિંતવન કરવું તેને જ નિર્જરા ભાવના કહે છે.

(૧૦) લોક ભાવના = આ અનાદિનિધન લોક કોઈએ બનાવ્યો નથી, કોઈ એનો રક્ષક નથી કે કોઈ એનો નાશ કરનાર નથી. એ સ્વયંસિદ્ધ અવિનાશી-કદી પણ નાશ ન પામનાર છે. આ લોકના ત્રણ ભાગ છે. અધો લોક, મધ્ય લોક અને ઊર્ધ્વલોક. આ જીવ અનાદિકાળથી આ ત્રણે લોકમાં ભ્રમણ કરી રહ્યો છે. આ ત્રણે લોકમાં સુખનો અંશ પણ નથી, એ મહાન દુઃખની ખાણ છે. આ લોકનો નિવાસ કયારે છૂટે-ટૂટે એવો વારંવાર વિચાર કરવો એને જ લોકભાવના કહે છે.

(૧૧) બોધિદુર્લભ ભાવના = સંસારમાં બધી જ વસ્તુઓ સુલભ છે અર્થાત્ શીઘ્ર જ બધાને પ્રાપ્ત થઈ શકે છે, પણ જો કાંઈ દુર્લભ અને કઠિન હોય તો તે એક કેવળજ્ઞાન છે અને કેવળજ્ઞાન વિના આ જીવને મોક્ષ મળી શકતો નથી. માટે પ્રત્યેક પ્રાણીએ તે જ કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કરવામાં તત્પર અને પ્રયત્નશીલ થવું જોઈએ.

જયાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારમાં ભ્રમણ કરતો જ રહેશે. તેથી હે આત્મા ! જો તારે વાસ્તવિક સુખની પ્રાપ્તિ કરવી હોય તો તું શીઘ્ર ચાર ઘાતિકર્મોનો નાશ કરી શીઘ્ર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર, આ પ્રકારનું વારંવાર ચિંતવન કરતા રહેવું તેને જ બોધિદુર્લભ ભાવના કહે છે.

(૧૨) ધર્મ ભાવના=વાસ્તવમાં જીવને સુખ આપનારી વસ્તુ એક ધર્મ છે. કેમ કે; ધર્મ નામ સ્વભાવનું છે. પ્રત્યેક વસ્તુનો જે સ્વભાવ છે તેને જ ધર્મ કહે છે. જયારે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં પરિણમન કરે છે ત્યારે તે સુખી અને શુધ્ધ કહેવાય છે. આ આત્માનો જે જ્ઞાનગુણ છે તે જ એનો ધર્મ છે. જયાં સુધી તે જ્ઞાનધર્મનો અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યકચારિત્ર એ ત્રણેય ધર્મોનો પૂર્ણ વિકાસ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારના બંધનમાંથી છૂટી શકતો નથી.

ઉત્તમ ક્ષમા, માર્દવ વગેરે પણ આત્માના જ ધર્મ છે તથા દયા કરવી એ પણ આત્માનો ધર્મ છે. જો કે આ ધર્મ પ્રત્યેક સંસારી આત્મામાં વિરાજમાન છે. તો પણ જયાં સુધી તેનો આત્મામાં વિકાસ ન થાય ત્યાં સુધી આ આત્મા સંસાર રૂપી જેલમાંથી છૂટી શકતો નથી, અર્થાત્ મોક્ષ પામી શકતો નથી, માટે આ પ્રમાણે વારંવાર ચિંતવન કરતા રહેવું એને જ ધર્મ ભાવના કહે છે. આ રીતે બાર ભાવનાઓનું વર્ણન કર્યુ કેમ કે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એ પ્રધાન સહાયક છે. બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી આ વૈરાગ્યની પુષ્ટિ થાય છે માટે એનું સદૈવ ચિંતવન કરવું જોઈએ.

બાર વ્રત :શ્રાવકના બાર વ્રત છે. તે આ પ્રમાણે છે - (૧) અહિંસાઅણુવ્રત, (૨) સત્યણુવ્રત, (૩) અચૌર્યાણુવ્રત, (૪) પરિગ્રહપરિમાણાણુવ્રત, અને (૫) બ્રહ્મચર્યપરિણુવ્રત. એ પાંચ અણુવ્રત છે. (૧) દિગ્વ્રત, (૨) દેશવ્રત, (૩) અનર્થ દંડવ્રત-આ ત્રણ ગુણ વ્રત છે. (૧) સામાયિક, (૨) પ્રોષધોપવાસ, (૩) ઉપભોગપરિભોગપરિમાણ, (૪) અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત છે.

બારભાવના :ભવ્યજન-આનંદજનની ભાવના.

બારમું ગુણસ્થાનક :સાધકભાવ બારમા ગુણસ્થાન સુધી જ હોય છે. ૧૩મા ગુણસ્થાને સ્તુતિ ન હોય, કારણકે ૧૩મું ગુણસ્થાન-કેવળજ્ઞાન તો સ્તુતિનું ફળ છે.

બાલાવબોધ :બાળક પણ સમજી શકે એવું.

બાળ તપ :જે તપ આત્માના ભાન વિના કરે તે બધું અજ્ઞાન તપ, બાળ તપ છે, આત્માના ભાન વનાનું તપ તે અજ્ઞાનીનું તપ છે. (૨) મિથ્યાદષ્ટિને મંદકષાયભાવે થતાં તપ.

બાળજીવો :અજ્ઞાની

બાવ અને ભાવવાન :સત્તા ભાવ છે અને વસ્તુ ભાવવાન છે.

બાવ સ્તુતિવંદનામય :બાવસ્તુતિમય અને ભાવવંદનામય.

બાવભાસન :અંતર નિર્ણય યથાર્થ નિશ્ચય, અવાય, પ્રતીતિ, અડગ શ્રદ્ધા, પૂર્ણ વિશ્વાસ

બાવમરણ :આત્મ સ્વભાવ ચૂકી વિભાવમાં રાચવું, સુખનિધાન એવું પોતાનુ આત્મસ્વરૂ' તે ભૂલી તેથી અન્ય એવા તન, ધન, સ્વજનાદિ સર્વ પરમાં જ અહંત્વ મમત્વ બુદ્ધિથી, પરની ચિંતા માં જ પરભાવોમાં જ નિમગ્ન રહી, સ્વરૂપ સુખની નિરંતર વિયોગ રહે તે ભ.ંકર ભાવમરણ.

બાવ્યભાવક :ભાવ્ય=ભાવવા યોગ્ય, ચિંતવવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, અર્થાત્ ધ્યેય. ભાવક= ભાવનાર, ચિંતાવનાર, ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા.

બાવવિવેક :ઈંદ્રિયો અને કષાયોથી આત્માને જુદા ચિંતવવો તે ભાવવિવેક છે.

બાવાત્મક :વિધેયાત્મક, સ્વભાવાત્મક, સદ્ભાવરૂપ

બાવિત્મા ભાવિત્મા :જેનો આત્મા ઉચ્ચ આશયવાળો હોય તેવું, સ્થિતપ્રજ્ઞ

બાવીશ પરિષહ જય :નીચે લખેલા બાવીશ પરિષહો આવી પડે તો શાંતિપૂર્વક સહન કરવા. (૧) ક્ષુધા, (૨) તૃષા, (૩) ઠંડી, (૪) ગરમી, (૫) દંશમશક - ડાંસ, મચ્છર આદિ જીવોથી થતી બાધા, (૬) નગ્નતા, (૭) આરતિ, (૮) સ્ત્રી, (૯) ચર્યા-ચાલવાનો. (૧૦) નિષદ્યા-બેસવાનો. (૧૧) શય્યા, (૧૨) આક્રોશ-ગાળ, (૧૩) વધ, (૧૪) યાચના-જરૂર પડ્યે માગવાના અવસરે પણ ન માગવું જોઈએ. (૧૫) અલાભ-ભોજનનો અંતરાય થાય તો પણ સંતોષ. (૧૬) રોગ, (૧૭) તૃણસ્પર્શ, (૧૮) મળ, (૧૯) સત્કારપુરસ્કાર-આદર-નિરાદર, (૨૦) પ્રજ્ઞા-જ્ઞાનનો મદ ન કરવો, (૨૧) અજ્ઞાન - અજ્ઞાન હોવા છતાં ખેદ ન કરવો, (૨૨) અદર્શન-શ્રદ્ધા બગાડવી નહિ.

બાવીસ પરિષહ :ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસમસક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મળ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કારપુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન એ બાવીસ પ્રકારના પરિષહ છે.

બાસન :જ્ઞાન, જાણવું તે, જ્ઞાનનું પરિણમન, (ભાવબાસન=સ્વરૂપની સમજણ)

બાસ્વર :તેજસ્વી, ઝળકવું.

બાહુબળજી :આ ગોમટેશ્વર નામથી પ્રસિદ્ધ શ્રી બાહુબળસ્વામીની પ્રતિમાની છબી છે. બેંગલોર પાસે એકાંત જંગલમાં ડુંગરમાંથી કોતરી કાઢેલી સિત્તેર ફૂટ ઊંચી આ ભવ્ય પ્રતિમા છે. આઠમા સૈકામાં શ્રી ચામુંડરાયે એની પ્રતિષ્ઠા કરી છે. અડોલ ધ્યાને કાઉસગ્ગમુદ્રાએ શ્રી બાહુબળજી અનિમેષનેત્રે ઊભા છે. હાથપગે વૃક્ષની વેલીઓ વીંટાઈ છતાં દેહભાનરહિત ધ્યાનસ્થ શ્રી બાહુબળજીને તેની ખબર નથી. કેવલ્ય પ્રગટ થવા યોગ્ય દશા છતાં જરા માનનો અંકુરો નડ્યો છે. વીરા મારા ગજ થકી ઊતરો. એ માનરૂપી ગજથી ઊતરવાના પોતાની બહેનો બ્રાહ્મી અને સુંદરીના શબ્દો કર્ણગોચર થતાં સુવિચારે સજ્જ થઈ, માન મોડવા તૈયાર થતાં કૈવલ્ય પ્રગટ્યું. તે આ શ્રી બાહુબળજીની ધ્યાનસ્થ મુદ્રા છે. વચનામૃત.

બાહ્ય :અભ્યંતર નિગ્રંથ=સ્ત્રી-પુત્ર-મિત્રાદિ બાહ્ય સંબંધ અને રાગદ્વેષ મોહાદિ સકલ અભ્યંતર સંબંધનું (આકરું-તીવ્ર) બંધનું તીક્ષ્ણપણે-તીવ્રપણે-ઉગ્રપણે છેદીને- કાપી નાખીને સર્વથા અસંગ નિગ્રંથ (સાચા સાધુ-સંત-શ્રમણ) થવું તે.

બાહ્ય દ્રષ્ટિ :દેહ અને પરને એકરૂપ જોવાની દ્રષ્ટિ તે બાહ્ય દષ્ટિ છે તે આત્માની નિર્મળતાને રોકનાર છે. પોતાના સ્વતંત્ર સ્વભાવને ભૂલી પરનાં કામ મેં કર્યા, હું દેહાદિનાં કામ કરી શકું છું, મેં સંસારમાં સુધારો કર્યો, હું હતો તો ખરડો થયો, મોટી રકમ ભરાણી, વગેરે હું હતો તો થયું, એવી માન્યતાના અભિમાન વડે પોતે પોતાનું ખૂન કરી રહ્યો છે. માટે ભાઈ ! તું પરનો અહંકાર છોડી દે. પરકાર્યના અભિમાનથી ચૈતન્યની સંપત્તિ લૂંટાય છે, તે પરાધીનતા છે છતાં તેમાં હોંશ માનવી તે તો ગાંડા ઈ છે.

બાહ્ય પરિગ્રહ :ક્ષેત્ર, વાસ્તુ, (મકાન), ચાંદી-સોનું, ધન-ધાન્યાદિ, દાસ-દાસી, વાસણ, ચારપગાળાં પાલતુ પશુ વગેરે રૂપે દસ પ્રકારનો કહેવામાં આવ્યો છે.

બાહ્ય વિષયો :શુભ કે અશુભ ભાવો.

બાહ્ય સુખ :ઈન્દ્રિય વિષયોનો અનુભવ છે તે બાહ્ય સુખ છે.

બાહ્યદષ્ટિ :સ્થૂલ દષ્ટિ

બાહ્યપરિગ્રહ :બાહ્યપરિગ્રહ દસ પ્રકારનો છે - (૧) ખેતર-ક્ષેત્ર (૨) વાસ્તુ-મકાન, (૩) સોનું, (૪) ચાંદી, (૫) ધન, (૬) ધાન્ય, (૭) દાસ, (૮) દાસી, (૯) વસ્ત્ર અને (૧૦) વાસણ.

બાહ્યવૃત્તિ :આત્માથી બહાર વર્તવું તે.

બાહ્યસ્થિત :બહાર રહેલા

બાહ્યાંતર :બાહ્ય દ્રવ્યથી તેમજ અંતરથી એટલે ભાવથી. અહીં શ્રીમદે બાહ્યથી નિર્ગંધ થવાનું કહ્યું છે એટલે બહિરાત્મભાવથી થવાનું કહ્યું છે તેમ નથી. બાહ્યથી એટલે બાહ્ય વેશથી, ગૃહસ્થપણું છોડી મુનિવેશ ધારણ કરવાનો છે. અંતરથી નિગ્રંથ થવું એટલે રાગદ્વેષ રહિત થવું ગમે તેવસંજોગો હોય, બધા માન આપતા હોય, અનેક જાતની લબ્ધિઓ પ્રગટી હોય છતાં તે વિશે જરાપણ માનભાવ ન આણવો; તેમજ ગમે તેટલી અશાતાનો ઉદય હોય, ગમે તેટલા ઉપસર્ગો ને પરિષહો સહન કરવા પડતા હોય કે નિંદા-અપમાન થતાં હોય છતાં એનું નિમિત્ત બનનાર પ્રત્યે લેશ પણ દ્વેષભાવ ન આવે, સારી કે દુઃખકારી બંન્ને સ્થિતિમાં સમભાવ રહે તે આંતરિક નિગ્રંથપણું.
સ્ત્રી, પુત્ર, ધન, સ્વજનાદિ બાહ્ય પરિગ્રહના ત્યાગરૂપ બાહ્ય નિગ્રંથતા અને મિથ્યાત્વ, ચાર કષાય અને નવ નોકષાયરૂપ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહના ત્યાગરૂપ અંતરંગ નિર્ગંથતા.

બાહર :સ્થૂલ

બાહુલ્ય :પુષ્કળતા; બહોળપ.

બિચકવું :વચકવું; વટકી જવું; છટકી જવું; બેદિલ થવું; વીફરવું; રિસાવું; છેડાવું; વાકું પડવું; અડધેથી આડે પડવું.

બિચારા :શંકા; વરાકા (૨) રાંકા; ભિખારી

બિંદવો :ટીપું પણ

બિના નયન :નયન વગર; સદગુરુની દોરવણી વિના; સાચા ભાવ લીંગી સદગુરુએ આપેલ યોગદષ્ટિરૂપ દિવ્યચક્ષુ વિના.

બિના નયન કી બાત :ચર્મચક્ષુને અગોચર આત્મજ્ઞાન; સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રગટ આત્મ અનુભવની કથા

બિંબ :દર્પણમાં જેનું પ્રતિબિંબ પડ્યું હોય તે. (જ્ઞાનને દર્પણની ઉપમા આપીએ તો પદાર્થોના જ્ઞેયાકારો બિંબસમાન છે અને જ્ઞાનમાં થતા જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો પ્રતિબિંબ જેવાં છે.)

બિરુદ :સ્તુતિવચન; પ્રશસ્તિ; ટેક (૨) સ્તુતિગાન

બિલકુલ :કદાપિ.

બીજ :બીજ આખા ચંદ્રનો અંશ છે. તે ત્રણ પ્રકાર બતાવે છે. (૧) બીજ આખા ચંદ્રનો આકાર બતાવે; (૨) બીજ બીજને બતાવે એટલે કે કેટલી નિર્મળતા છે તે બતાવે ; (૩) આવરણ કેટલું બાકી છે તેપણ બતાવે.
તેવી જ રીતે આત્મભાવ થતાં સમ્યગ્જ્ઞાન કળારૂપ બીજ (૧) હું પૂર્ણ નિર્મળ પરમાત્મા જેવડો જ છું એમ આખા ધ્રુવને સ્વભાવ બતાવેઃ (૨) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શ્રદ્ધાની તાકાત અને સ્વ-પરની જુદાઈ બતાવે; અને (૩) આવરણ અને વિકારભાવ કેટલો છે તે પણ બતાવે.

બીજનો ચંદ્ર :જેમ બીજ આખા ચંદ્રનો અંશ છે તે ત્રણ પ્રકાર બતાવે છેઃ- (૧) બીજ આખા ચંદ્રને બતાવે; (૨) બીજ બીજને બતાવે એટલે કે કેટલી નિર્મળતા છે તે બતાવે છે; (૩) આવરણ કેટલું બાકી છે તે પણ બતાવે. તેમ આત્મભાન થતાં સમ્યગ્જ્ઞાન કળારૂપ બીજ બતાવે; (૨) સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન શ્રધ્ધાની તાકાત અને સ્વપરની જુદાઈ બતાવે; અને (૩) આવરણ અને વિકારભાવ કેટલો છે તે પણ બતાવે.

બીજા ભામે :બીજી ભ્રમણામાં

બીજાધાન :બીજનું રોપણ કરનાર; બીજને ધારણ કરનાર

બીજાના પ્રાણોનો વિચ્છેદ થવો :તે બહિરંગ હિંસા-બહિરંગ છેદ છે.

બીજી ગતિ :બીજો કોઈ રસ્તો

બીન મૂરત :અરૂપી; રાગથી શૂન્ય; અંદરમાં રાગથી નગ્ન

બોધ :સમ્યગ્જ્ઞાન. (૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા (૩) સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રની એકતા; ઉપદેશ.

બોધ તરંગો :જ્ઞાન તરંગો

બોધબીજ :સમ્યગ્દર્શન (૨) બીજ જ્ઞાન. શોધેતે કેવલજ્ઞાન; કેવળ શુધ્ધ આત્માનો જયાં અનુભવ થાય છે. એવું શુધ્ધાત્માનું ભૂતિરૂપ જે પરમાર્થ સમ્યક્ત્વ તે જ કેવલજ્ઞાનના બીજરૂપ થઇ પડે છે, એટલા માટે તે બીજજ્ઞાન કહેવાય છે. ''વહ કેવલકો બીજજ્ઞાની કહે, નિજકો અનુભૌ બતલાઇ દિયે'' અને આ શુધ્ધાત્માનુભૂતિનો જે અમૃત અનુભવ થાય-અમૃતરૂપ શુધ્ધ ચેતનરસ અનુભવાય તે જ સુધારસ.

સમયસારની ગાથા ૩૮

હું એક શુધ્ધ સદા અરૂપી જ્ઞાન દર્શનમય ખેર! પરમાણુ માન મારું નહિ એ આ પ્રકારનો શ્લોક શ્રી. સૌભાગ્યચંદ્રભાઇ મારફત શ્રીમદ્ રાજચંદ્રને મળતાં તમને સમયસાર શાસ્ત્રની સ્મૃતિ થઇ આવી.

બોધ્યબોધક :બોધ્ય એટલે જેને સમજાવવાનો હોય તે અર્થાત્ જેને ઉપદેશ દેવાનો હોય તે અને બોધક એટલે સમજાવનાર અર્થાત્ ઉપદેશ દેનાર. માત્ર અન્ય શ્રમણો પાસેથી પોતે બોધ લેવા માટે અથવા અન્ય શ્રમણોને બોધ દેવા માટે મુનિને અન્ય શ્રમણો સાથે પરિચય હોય છે.

બોધરૂપ :જ્ઞાનસ્વરૂપ

બોધસ્વરૂપ :જ્ઞાયકભાવ

બોધિ :આત્મદર્શન, આત્મજ્ઞાન, આત્મરમણતામય રત્નત્રયની પ્રાપ્તિ. (૨) નહિ પ્રાપ્ત થયેલ એવાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિનો લાભ. (૩) નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે બોધિ (૪) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે. (૫) સંપૂર્ણ જ્ઞાન (૬) સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે.

બોધિત :બોધ પામેલું.

બોધિત બુધ્ધત્વ :સમજાવનાર સાચા ગુરુ દ્વારા જાણવું; ગુરુ ગમ વડે સત્સમાગમ વડે જાણવું તે; એવા કારણપૂર્વક પોતે પોતાના સ્વભાવથી જ જાણે છે. (૨) બીજાના જણાવવાથી જાણવું તે. (૩) બીજાના જણાવવાથી જાણવું તે; બીજાના ઉપદેશથી જાણવું તે; બીજા કોઇ ધર્માત્મા જ્ઞાનીના ઉપદેશથી જાણે તે.

બોધિદુર્લભ :અનંત કાળથી રખડતા જીવોને આત્માનો સમ્યક્બોધ પામવો મહાદુર્લભ છે.

બોધિબીજ :આત્માના ભાનપૂર્વક સમ્યગ્દર્શન, જ્ઞાન અને અકષાય સ્થિરતારૂપ ચારિત્ર તે બોધિ.

બોધિ-સમાધિ :આજ સુધી કદી પ્રાપ્ત થયાં નથી એવાં સમ્યગ્દર્શન. જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે અને તેને પરભવમાં નિર્વિઘ્નપણે સાથે લઇ જવાં તે સમાધિ કહેવાય છે.

બોધિ-સમાધિ :સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિનું નામ બોધિ છે. અને તેને પરભવમાં નિર્વિઘ્નપણે સાથે લઇ જવાં તે સમાધિ કહેવાય છે.

બોધીબીજ :આત્માના ભાનપૂર્વક સમ્યગ્દર્શન, જ્ઞાન અને અકષાય સ્થિરતારૂપ ચારિત્ર તે બોધિ.

બૌદ્ધ :બુધ્ધદેવને રોગ, દરિદ્રતા, વૃધ્ધાવસ્થા અને મોત એ ચાર બાબત ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો.

બૌધ્ધદર્શન :ક્ષણિકવાદ; ઋજુ સૂત્ર નયને એકાન્તે સ્વીકારીનું ઋજુ સૂત્ર નયથી આત્મતત્વનું કથન કરીને અને અન્ય નયોને ઉત્થાપીને બૌધ્ધદર્શન ઉદભવ્યુ છે.

ભક્તના પ્રકાર :ભક્ત બે પ્રકારના છે -એક આજ્ઞા પ્રધાન-બીજા પરીક્ષા પ્રધાન

(૧) આજ્ઞા પ્રધાન=જે જીવો પરંપરા માર્ગ વડે ગમે તેવા દેવ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞાપ્રધાન કહીએ.

(૨) પરીક્ષા પ્રધાન=જે જીવો સમ્યગ્જ્ઞાન વડે પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કરે અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ. કેમ કે; કોઇ પદ, વેશ, અથવા સ્થાન પૂજય નથી પણ ગુણ પૂજ્ય છે. તેથી અહીં શુધ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે.

ભકિત :અંતરમાં ભજન કરવું (૨) ભકિત એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભકિતથી અહંકાર મટે, સ્વચ્છંદ રળે, અને સીધા માર્ગે ચાલ્યું જવાય, અન્ય વિકલ્પો મટે. આવો એ ભકિતમાર્ગ શ્રેષ્ઠ છે. (૩) ભકિત પ્રયોજનરૂપ આત્માર્થે ન હોય તો તે

બધું કલ્પિત જ. (૪) સ્મૃતિ ને નમસ્કૃતિ= નિજ શુદ્ધાત્માની માત્ર વિકલ્પથી સ્તૃતિ કરવાથી પર્યાયમાં નિર્મળતા-શાંતિ ન થાય પણ અનંદથી ભરપૂર ભરેલાં નિજ આત્માની ભકિત એટલે સ્વરૂપમાં એકાગ્રતા કરવી, અંદરમાં સ્મૃતિમાં ચૈતન્યને લાવવો અને વિકારનું વિસ્મરણ કરીને

ભગવત સ્વરૂપ :પરમાત્મ સ્વરૂપ

ભગવંતા :ભગવાન; પરમાત્મા

ભગવતી આરાધના :ભગવતી આરાધના જેવાં પુસ્તકો માધ્યમ અને ઉત્કૃષ્ટભાવના મુનિરાજોને તથા મહાત્માઓને જ યોગ્ય છે. એવા ગ્રંથો તેથી ઓછી પદવી, યોગ્યતાવાળા સાધુ, શ્રાવકને આપવાથી તેઓ કૃતઘ્રી થાય છે, તેથી ઊલટો અલાભ થાય છે, ખરા મુમક્ષુઓને જ લાભકારી છે.

ભગવતી પ્રજ્ઞા :ઐશ્વર્યવાળી બુદ્ધિ; મેધા; મતિ; અક્કલ; સમઝશક્તિ

ભગવાન :ભગ એટલે લક્ષ્મી અને વાન એટલે વાળો. આત્મા અનંત જ્ઞાન અને અનંત આનંદની લક્ષામીવાળો ભગવાન છે. (૨) સર્વજ્ઞદેવ ભગવાન છે. પરમેશ્વર સાક્ષાત્ કેવળજ્ઞાની બિરાજે છે એવો જ આ આત્મા શકિત એ ભગવાન છે. (૩) જ્ઞાયક આત્મા (૪) મહિમાવંત, સહજ (૫) જો ભગવાને પરનું કંઈ નથી કર્યું તો પછી જગત ઉધ્ધારક, તરતતારણ, જીવનદાતા, બોધિદાતા ઈત્યાદિ ઉપનામોથી ભગવાન કેમ ઓળખાય છે ? ઉત્તરઃ-એ બધાં ઉપનામો ઉપચારથી છે; જયારે ભગવાનને દર્શન વિશુધ્ધિની ભૂમિકામાં અનિચ્છકભાવે ધર્મ રાગ થયો ત્યારે તીર્થંકર નાગકર્મ બંધાઈ ગયું. તત્ત્વ સ્વરૂપ એમ છે કે ભગવાનને તીર્થંકર પ્રકૃત્તિ બંધાતી વખતે જે શુભભાવ થયો હતો તે તેમણે ઉપાદેય માન્યો જ ન હતો., પણ તે શુભભાવ અને તે તીર્થંકરપ્રકૃતિ બન્નેનો અભિપ્રાયમાં નકાર જ હતો. તેઓ રાગને તોડવાનો પુરુષાર્થ કરતા હતા. છેવટે રાગ ટાળી વીતરાગ થયા પછી કેવળજ્ઞાન પ્રગટયું અને દિવ્ય ધ્વનિ સ્વયં પ્રગટયો; લાયક જીવો તે સાંભળીને સ્વરૂપ સમજયા અને તેવા જીવોએ ઉપચારથી જગત ઉધ્ધારક, તરણતારણ ઈત્યાદિ ઉપનામ ભગવાનને આપ્યાં. જો ખરેખર ભગવાને બીજા જીવોનું કાંઈ કર્યું હોય કે કરી શકતા હોય તો જગતના સર્વે જીવોને મોક્ષમાં સાથે કેમ ન લઈ ગયા? માટે શાસ્ત્રનું કથન કયા નયનું છે તે લક્ષમાં રાખીને તેના યથાર્થ અર્થ સમજવા જોઈએ. (૬) ભગ એટલે જ્ઞાનાનંદની લક્ષ્મી વાન એટલે ધ્રુવ ધ્રુવ એવો ભંડાર જ્ઞાનાનંદ એવી લક્ષ્મીનો ધ્રુવ ધ્રુવ ભંડાર એ ભગવાન પ્રભુ છે. (૭) સર્વજ્ઞ દેવ 'ભગવાન' છે. પરમેશ્વર સાક્ષાત કેવળજ્ઞાની બિરાજે છે. એવી જ રીતે આ આત્મા શક્તિએ ભગવાન છે.

ભગવાન આત્મા :શાશ્વત સત્ છે. શાશ્વત સત્ છે તેથી એ ધ્રુવ છે; અને તેના જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ જે ગુણો છે તે પણ ધ્રુવ છે અને તેને પારિણામિક ભાવ કહીએ. કેમ કે એવું જ પોતાનું સ્વરૂપ સહજભાવ અસ્ત્વિ છે ને ? એટલે તેને પારિણામિક ભાવ કહીએ, તો તેવી રીતે તેની આ કારણ પર્યાય પણ પારિણામિક ભાવે છે. પંચમભાવ પરિણતિ તે જ કારણશુધ્ધ પર્યાય છે.

જેમ આ વસ્તુ ભગવાન આત્મા ત્રિકાળી મહાસત છે તેમ તેના ગુણો પણ ત્રિકાળી મહાસત છે અને તેની સાથે રહેલી એકરૂપ પર્યાયની સપાટી પણ ત્રિકાળ સત..સત..સતરૂપ છે. એને પર્યાય કહીએ, પણ એમાં પલટવું નથી. એ અંશ એક ધારો ત્રિકાળ એમ ને એમ રહે છે. અહા ! એ જરી ગંભીર સૂક્ષ્મ ચીજ છે. એને અહીં કારણશુધ્ધ પર્યાય કહે છે. ને તેના તરફનું મનન કરતાં ધર્મની દશા પ્રગટ થાય છે, ને તે મોક્ષનો માર્ગ છે.

ભગવાન આત્મા અંદર ચૈતન-રત્નાકર છો :ક્ષેત્રથી જેમ આકાશનો અંત નથી, એમ ભાવથી તેમજ ગુણોની સંખયાથી જેનો અંત ન મળે એવી, અહા! આ તે શી ચીજ છે ! એવો જ નિજ ભગવાન આત્મા તેને મેળવવાનો જેને દ્ઢ નિશ્ચય થયો છે તેને ગમે તે પ્રતિકૂળ સંયોગો હો, તેની જે કાળે જે અવસ્થા હો, શરીરમાં ગમે તે થાઓ, એવા પ્રસંગે પુરુષાર્થને તીખો કરીને અંતરમાં વાળવો પડશે; તે વિના કોઈ ઉપાય નથી. હું રોગી છું, હું નિર્ધન છું એમ માનીશ તો મરી ગયો ! રાગ ભાવમાં પોતાનું અસ્તિત્વ માની ત્રિકાળી પૂર્ણ સ્વભાવનો પુરુષાર્થના પિંડનો નિજ સહજ અસ્તિત્વનો તે અનાદર કર્યો તો પુરુષાર્થ ઊપડશે જ કયાંથી? અહા! આવી વાત છે.

ભગવાન સર્વજ્ઞ વડે ઉપજ્ઞ હોવાથી :વીતરાગ સર્વજ્ઞ જિનભગવાને સ્વયં જોણીને પ્રણીત કરેલું હોવાથી.

ભગવાનગત :ભગવાનમાં પ્રાપ્ત

ભજું :નમું; વંદુ

ભજે છે :આરાધે છે.

ભજન :પોતાનાં આત્મામાં એકાગ્ર થવું તે ભજન છે. પરથી ખસ અને સ્વમાં (આત્મામાં) વસ, ટુંકું ને ટચ આટલું કર તો બસ. લ્યો, સુખી થવાનો આ ઉપાય છું. (૨) પોતામાં એકાગ્ર થવું તે ભજન છે.

ભજન કરવું :હું અખંડાનંદ શુધ્ધ ચૈતન્યધાતુ છું. શાશ્વત જ્ઞાનને આનંદ એ મારા આત્માનું સ્વરૂપ છે તેમા એકાગ્રતા કરવી, વર્તમાન જ્ઞાનની દશાને ધ્યેય બનાવી-ધ્રુવ સચ્ચિદાનંદ આત્માની ભાવના કરવી-તેમાં એકાગ્રતા કરવી તેનું નામ ભજન કરવું એ છે.

ભજના :અંશે, હોય વા ન હોય.

ભજવું :આશ્રય કરી કહેવું, શરણે જઈ રહેવું, ભજન કરવું, અર્ચન-પૂજન - આરાધના ઉપાસના કરવું, જપ કરવો, ધારણ કરવું. (૨) ગ્રહણ કરવું

ભટ્ટારક :આચાર્ય, ઉપાધ્યાય, સાધુ (૨) દિંગબર આચાર્ય

ભવતા :પરિણમતા

ભમે છે :રખડે છે; ચાર ગતિમાં રખડે છે

ભયાક્રાન્ત :ભયથી ઘેરાઈ ગયેલું, તદ્દન ભયભીત, ભયગ્રસ્ત, બી ગયેલું, ડરી ગયેલું, બીધેલું.

ભરડો લેવો :આજુબાજુ વીંટાઈ જવું; વિંટળાઈ જવું

ભલું છે. :ઈષ્ટ છે; સુખકર છે

ભલે તેઓ સમયમાં હોય :ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જૈનમતમાં હોય

ભલકટી :ભવનો નાશ.

ભલામણ :શિખામણ

ભલી :ઉત્તમ; પૂર્ણ; યોગ્ય

ભઠ્ઠ :આકરો; સખતઃ

ભય :પોતાને દુઃખદાયક જાણી ડરરૂપ પરિણામ તેને ભય કહે છે. (૨) અજ્ઞાનનું બીજું નામ ભય છે. જ્ઞાન આવ્યું કે ભય ગયો. જ્ઞાનનું બીજુ નામ અભય છે. (૩) ભયના સાત પ્રકાર છે. : લોકનો ભય, પર લોકનો ભય, અરક્ષાભય, અગુપ્તિભય, મરણભય, વેદના ભય અને અકસ્માત ભય

લોકમાં સાત પ્રકારના ભય છે.

(૧) આલોક ભય - દસ પ્રકારના પરિગ્રહની ચિંતા.

(૨) પરલોક ભય - દુર્ગતિમાં જન્મ લેવાનો ભય.

(૩) મરણ ભય- પ્રાણ છૂટી જવાનો ભય.

(૪) વેદના ભય - રોગાદિ કષ્ટ આવવાનો ભય.

(૫) અનૂરક્ષાભય - મારો કોઈ રક્ષક નથી તે ભય.

(૬) અનૂગુપ્તભય - ચોર, દુશ્મનથી બચવાનો ભય.

(૭) અકસ્માત ભય - અનિક વિપત્તિ આવવાનો ભય.

સાત પ્રકારના ભય નીચે પ્રમાણે છે :-

(૧) ઈહલોક ભય-મનુષ્યથી અને તિર્યંચને તિર્યંચથી ભય લાગે તે

(૨) પરલોક ભય - મનુષ્ય આદિને સંહ, સર્પ વગેરેથી ભય.

(૩) આદાન ભય - ચોર રાજા વગેરે ધન લઈ જાય તેનો ભય.

(૪) અકસ્માત ભય - વિના કારણે જ અનિક બી જવું

(૫) આજીવિકા ભય - મારું ગુજરાન ચાલશે કે ? દુષ્કાળ કે મોંઘવારીમાં કેમ પૂરું થશે ? વગેરે ભય.

(૬) મરણ ભય- મરી જવાનો ભય.

(૭) અશ્લોક ભય - અપજસ થવાનો ભય.

ભયત્રાણ :ભયથી બચાવનાર, અભયદાન આપનારા.

ભર્યું ભાદરું ઘર :જ્ઞાનાનંદ રસથી ભરેલું પૂરણ ઘર

ભરાઈશ :ભરમાઈશ

ભરિતાવસ્થ :ભરેલી અવસ્થા; સ્થિતિ, હાલત, દશા

ભવ :સંસાર

ભવે ખેદ :પરભાવની નાસ્તિ

ભવ ભવમાં :ઘણા ભવમાં

ભવેખેદ :પરભાવની નાસ્તિ

ભવજળમાંહિ :મહા મોહનીય કર્મભારથી

ભવતારક :ભવમાં ડૂબતાં પ્રાણીઓને તારનાર ઉધ્ધારનાર

ભવતિ ક્રિયા :થવા રૂપ ક્રિયા

ભવદ્ :વર્તમાન

ભવન :પરિણમન (૨) થવું તે, પરિણમવું તે, પરિણમન(જ્ઞાનભવન=જ્ઞાનરૂપે પરિણમવું) (૩) અસ્તિત્વ; પરિણમન

ભવનો અભાવ કરવો :ચાર ગતિના જન્મ મરણનો નાશ કરવો તેને ભવને જીત્યા છે એમ કહેવાય. આત્માની પૂર્ણ પ્રાપ્તિ કરી છે.

ભવપધ્ધતિ :સંસારમાર્ગ

ભવબંધનના ફંદ :સંસારના માયિક બંધનોની જાળ

ભવબીજ :મિથ્યાદર્શન

ભવ્ય :થવા યોગ્ય (૨) ત્રણ કાળમાં કોઈ પણ વખતે રત્નત્રયની પ્રાપ્તિ યોગ્યતા રાખવાવાળો જીવ ભવ્ય કહેવાય છે.

ભવ્ય અને અભવ્ય :સર્વ સંસારીઓ દેહમાં વર્તનારા (અર્થાત્ દેહસહિત) છે. ત્યાં દેહમાં વર્તવાની અપેક્ષાએ સંસારી જીવોનો એક પ્રકાર હોવા છતાં તેઓ ભવ્ય અને અભવ્ય એવા બે પ્રકારના છે. પાચ્ય અને અપાચ્ય મગની માફક જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શકિતનો સદ્ભાવ છે તેમને ભવ્ય અને જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શકિતનો અસદ્ભાવ છે તેમને અભવ્ય કહેવામાં આવે છે.

ભવ્ય જીવો :શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શકિતનો સદ્ભાવ છે તેમને ભવ્ય જીવો કહેવામાં આવે છે. (૨) મોક્ષને લાયક પ્રાણીઓ; પોતાનું હિત ચાહનાર જીવો.

ભવ્યજીવ :જે જીવનું વીર્ય શાંતરસે પરિણમે ને તેથી નવો કર્મબંધ ન થતાં મોક્ષ થાય. આત્માની પરમ શાંતદશાએ મોક્ષ (૨) તે અનંત સુખને ભવ્યજીવ જાણે છે.ઉપાદેયપણે શ્રદ્ધે છે અને પોતેપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે. (૩) લાયકજીવ

ભવ્યત્વ :મોક્ષ હોવાને લાયક; મોક્ષ પામવાને લાયક જીવને ભવ્યત્વ હોય છે. (૨) મોક્ષ હોવાને લાયક.

ભવ્યત્વગુણ :જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે છે તે ગુણને ભવ્યત્વગુણ કહે છે. (૨) જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે છે તે ગુણને ભવ્યત્વગુણ કહે છે.
(ભવ્યત્વગુણ સદાભવ્ય જીવોમાં જ છેઃ અને અભવ્યત્વ ગુણ સદા અભવ્ય જીવોમાં જ છે.)

ભવ્યશાર્દૂલ :ભવ્યાત્તમ (૨) સિંહ જેવા શૂરવીર

ભાવશ્રુતજ્ઞાન :સમ્યક શ્રુતજ્ઞાન

ભવસ્થિતિ :એક જ પ્રકારના ભવોમાં જન્મ-મરણ કરી કરીને રહેવાની જેટલી કાળમર્યાદા હોય તેને ભવસ્થિતિ કહેવાય છે.

ભવાઈ ગયો :એકલા પરમાં ભવાઈ ગયો એટલે કે તે પર રૂપે થઈ ગયો તેને અહીં ભાવ કહે છે; આ ભાવ છે તે અજ્ઞાનનો ભાવ છે.

ભવાભિનંદી :સંસારનું અભિનંદન કરનાર; સંસારને પ્રશંસનાર; સંસારની પ્રશંસા કરનાર; દીર્ઘસંસારી (૨) ભયને વધારનારા; ભવને આવકારનાર (૩) સંસારનું અભિનંદન કરનાર; અનંત સંસારી સુધી

ભવિક :સિદ્ધ થવા યોગ્ય, ભવ્ય, કલ્યાણ, કુશળ, મંગલ

ભવિતવ્ય :ભવિષ્યમાં થવા જેવું, બનવા જોગ, નસીબ, ભાગ્ય

ભવિતવ્ય :સમકિત

ભવિતવ્ય :ભાગ્ય, નશીબ, ભવિષ્યમાં થવા જેવું, બનવા જોગ (૨) ભવ્યત્વશક્તિ; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુધ્ધ પરિણતિ (૩) સમકિત

ભવિતવ્યતા :ભાગ્ય, નશીબ

ભવોદ્વેગ :સંસાર પ્રત્યે અણગમો

ભાવોનું :નવ પદાર્થોના

ભૂષણ :શોભા
ભસ્મ કરવું :બાળી નાખવું
ભરમાવું :પરમાં રાજી રાજી થઇ જવું
ભસ્મીભૂત :મૂળથી બાળી નાખવું
ભાવ :પર્યાય
ભાવસ્વભાવે :ઉત્પાદરૂપ સ્વભાવે
ભાખવું :ભવિષ્ય કથન કરવું, કલ્પના કે અંદાજથી કહેવું
ભાંગે :પ્રકારે, વિભાગે-વિકલ્પે
ભાગ્યશાળી :નસીબદાર; સુખ પામનાર
ભાજન :ભોકતા
ભાંડ :વાસણ આદિ
ભાણ :સૂર્ય
ભાત :પ્રત્યક્ષ; પ્રકાશમાન (૨) ઓળખ, ખબર, માહિતી (૩) લક્ષ (૪) વિચાર; વિવેક (૫)ખ્યાલ; સમજ; ગમ; લક્ષ્ય; ધ્યાન; કાળજી; સાવચેતી; સૂધ; હોંશ; શુધ્ધિ (૬) સમજ; અક્કલ; હોંશ; શુધ્ધિ; સ્મરણ; સાવચેતી; કાળજી
ભાન કરવું :ઓળખવું
ભામે :ભ્રમણામાં (૨) વિષય-કષાય (૩) ભ્રમણા (બીજે ભામે=બીજી ભ્રમણામાં)
ભામંડળ :આખા શરીરની આસપાસ તેજનું ચક્ર કુંડાળું દેખાય છે. ભા=તેજ, મંડળ=ચક્ર=ભામંડળ અર્થાત પ્રકાશનું મંડળ. આવી એ પુણ્ય પ્રકૃતિ હોય છે.
ભામું-ભામો :ભ્રમ; ભ્રમણા; વહેમ; શંકા; અંદેશો; ખોટી આતુરતા; ગાંડપણ; ભૂલ થાય
ભાવશ્રુતજ્ઞાન :દ્રવ્યશ્રુતનું જ્ઞાન એ તો વિકલ્પ છે. પરંતુ અંદર ભગવાન ચિદાનંદ રસકંદ છે એને દષ્ટિમાં લઈ એક એનું જ્ઞાનમાત્રનું અનુભવન કરવું એ ભાવશ્રુતજ્ઞાન છે, અ સમ્યગ્જ્ઞાન છે, જૈનશાસન છે, આત્મસન્મુખ જે જ્ઞાન છે તે ભાવશ્રુતજ્ઞાન છે.

ભામો :ભ્રાન્તિ, ભ્રમ (૨) ભ્રમ; ભ્રમણા; વહેમ; શંકા; સંદેશો
ભાવ :પરિણામ તેનું લક્ષણ છે. (૨) સત, દ્રવ્ય (૩) પદાર્થ, દ્રવ્યનાં પરિણામ. (૪) પરિણામ (૫) ઉલ્લાસ (૬) સત્, સત્શ્રદ્ધા, મનની નીપજતી વૃત્તિ, ચિદ્ વિવર્તો (૭) ઈચ્છા (૮) પોતાના અનંત ગુણ અથવા ત્રિકાળી શકિત. (૯) આશય (૧૦) શુધ્ધ પારિણામિકભાવ જે ત્રિકાળ છે તેને ભાવ કહેવાય. પર્યાયને પણ ભાવ કહેવાય. રાગને પણ ભાવ કહેવાય ને દ્રવ્ય-વસ્તુ છે તેને પણ ભાવ કહેવાય. (૧૧) શુભ ભાવ અને અશુભ ભાવ (૧૨) પદાર્થ; દ્રવ્યના પરિણામ (૧૩) પોતાના અનંતગુણ અથવા ત્રિકાળી શકિત (૧૪) આ લોકમાં છ દ્રવ્ય છે. તેમાં જીવ અને પુદ્ગલનું વર્તન પ્રગટ જોવામાં આવે છે. જીવ ચેતના સ્વરૂપ છે અને પુદગલ સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સ્વરૂપ જડ-અજીવ છે. એમની અવસ્થા-સ્થિતિમાંથી અવસ્થાંતરરૂપ-બીજી બીજી સ્થિતિરૂપે તેવા પરિણામને ભાવ કહે છે. જીવનો સ્વભાવ-પરિણામરૂપ ભાવ તો દર્શન-જ્ઞાન છે. અને પુદ્ગલકર્મના નિમિત્તથી જ્ઞાનમાં મોહ-રાગ-દ્વેષ થવા તે વિભાવભાવ છે. પુદગલના સ્પર્શથી સ્પર્શાંતર, રસથી રસાંતર ઈત્યાદિ ગુણથી ગુણાંતર હોવા તે સ્વભાવભાવ છે અને પરમાણુમાંથી સ્કંધ થવો તથા સ્કંધથી બીજો સ્કંધ થવો અને જીવના ભાવના નિમિત્તથી કર્મરૂપ થવું તે વિભાવભાવ છે. આ પ્રમાણે જીવ-અજીવના પરસ્પર નિમિત્ત નૈમિતિકથી ભાવ હોય થાય છે. પુદ્ગલ તો જડ છે. તેને નૈમિતિક ભાવથી કાંઈ સુખ-દુઃખ આદિ હોતું નથી અને જીવ ચેતન છે અને નિમિત્તથી ભાવ થાય છે. તેનાથી સુખ દુઃખ આદિ થાય છે. આથી જીવને સ્વભાવ-ભાવરૂપ રહેવાનો અને નૈમિત્તિક ભાવરૂપ ન પ્રવર્તવાનો ઉપદેશ છે. જીવને પુદ્ગલકર્મના સંયોગથી શરીરાદિ દ્રવ્યનો સંબંધ છે. આ બાહ્યરૂપને દ્રવ્ય કહે છે અને ભાવ દ્રવ્યની પ્રવૃત્તિ થાય છે. આ પ્રકારે દ્રવ્યની પ્રવૃત્તિ થાય છે. આ પ્રકારે દ્રવ્ય અને ભાવનું સ્વરૂપ જાણીને સ્વભાવમાં-જ્ઞાતા-દ્રષ્ટારૂપ રહેવું અને વિભાવમાં મોહ રાગ-દ્વેષરૂપ ન પ્રવર્તવું એથી પરમ આનંદરૂપ સુખ થાય છે. અને વિભાવ-રાગ-દ્વેષ મોહરૂપ પ્રવર્તે તેને સંસાર સંબંધી દુઃખ થાય છે. (૧૫) ત્રિકાળ શક્તિરૂપ ગુણ (૧૬) આત્મ ભાવ; અંતર્ભાવ; હોવાપણું

(૧૭) ગુણને અથવા ઔપશમિક, ક્ષાયિક આદિ પાંચ ભાવોને ભાવ કહે છે. (૧૮) ત્રિકાળપણે દ્રવ્યની શક્તિ અથવા ગુણ (૧૯) અસ્તિત્વ; હોવાપણું; પ્રકૃતિ; સ્વભાવ; ઈરાદો; મતલબ; વૃત્તિ; લાગણી; તાત્પર્ય; અભિપ્રાય; ચેષ્ટા; અભિનય; હેત; પ્રીતિ; ગમો; આસ્થા; કિંમત; દર; સ્થિતિ; સ્વરૂપ. (૨૦) અવસ્થા પરિણામનું કાર્ય; અને રાગરૂપ કાર્ય તે ચિદ્ વિકાર છે. (૨૧) ભાવનું લક્ષણ પરિણામ માત્ર છે. (૨૨) જ્ઞાન. આત્માના જ્ઞાનનો અંત નથી. (૨૩) જ્ઞાનમાં સંવેદનરૂપ કંપન-ચંચળતા (૨૪) ગુણ (૨૫) પરિણામ (૨૬) ત્રિકાળપણે દ્રવ્યની શક્તિ અથવા ગુણ (૨૭) ત્રિકાળ શક્તિરૂપ ગુણ (૨૮) પદાર્થ; પદાર્થ સંજ્ઞા છે સત્ત્વ સ્વરૂપની. શાશ્વત વસ્તુરૂપ. ભાવ કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે. (૨૯) સ્વસંવેદન પરિણામ. નિર્મળ આત્માનું ધ્યાન કરે. (૩૦) અસ્તિત્વ; હયાતી; સ્થિતિ; સ્વત્વ (૩૧) ભાવ ચાર પ્રકારના છે :-ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક (૩૨) સ્વરૂપ (૩૩) ભાવ એટલે ભવવું-થવું, તે દરેક સમયે છે, શુભાશુભ ભાવ તે જ સંસારભ્રમણરૂપ ભાવગતિ, સંસારમાં રખડનાર પ્રાણીના જે જે શુભ અશુભ પરિણામ છે તે જ મુખ્યપણે ગતિ છે. ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઊર્ધ્વગમન તેમાં સરલતાની હળવાશ રહેલી છે. ઉત્કૃષ્ટ ઊંધાઈવાળા દ્રવ્યનું અધોગમન તેમાં લોઢાની જેમ ભારે કર્મીપણું છે, અને મધ્યમ પરિણામવાળા જીવને મનુષ્યભાવ છે. અત્રે ત્રણે લોકમાં ભોગવવાનાં અસંખ્યાત સ્થાનક છે. દ્રવ્ય,ક્ષેત્ર,કાળ,ભાવથી પુદ્ગલ દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે. તેમાં કોઈ જગતકર્તા ઈશ્વરની જરૂર નથી. (૩૪) અવસ્થા; પરિણામનું કાર્ય અને રાગરૂપ કાર્ય તે ચિદ્વિકાર છે, ભૂલરૂપ ક્ષણિક વિકારી ભાવ છે. (૩૫) પાંચ ભાવોમાં ઔપશમિક, જ્ઞાયોપશમિક, જ્ઞાયિક અને ઔદયિક, આ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક ભાવ દ્રવ્યરૂપ છે, એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્ય, પર્યાય દ્રવ્ય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું), તે આત્માપદાર્થ છે.પાંચ ભાવોમાં ઉપશમાદિ ચાર ભાવો, પર્યાયરૂપ છે. તેમાં પ્રથમના ત્રણ, નિર્મળ પર્યાયરૂપ છે, ઔદયિક મલિન વિકારરૂપ છે; અને પારિણામિક ધ્રુવ, દ્રવ્ય સ્વરૂપ છે. તે આત્માનો અહેતુક, અકૃત્રિમ સહજ સ્વભાવ છે.

(૧) ઔપશમિક ભાવઃ પાંચ ભાવોમાં, એક ઔપશમિક ભાવ છે, તે નિર્મળ છે. જેમ પાણીમાં મેલ હોય તે મેલ નીચે ઠરી જાય અને ઉપર પાણી નિર્મળ થઈ જાય તે મ કર્મનો ઉદય ઠરે અને અંદર પર્યાયમાં નિર્મળભાવ પ્રગટ થાય તેને ઔપશમિક ભાવ કહે છે. અનાદિ અજ્ઞાની જીવ સૌ પ્રથમ જયારે પોતાના શુધ્ધ સ્વભાવનું ભાન કરે ત્યારે, ચાથે ગુણસ્થાને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે. આ ઔપશમિક ભાવથી ધર્મની શરૂઆત થાય છે, પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. આ ઉપશમભાવ એ નિર્મળ ભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી, તેમજ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી. જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં નીચે કાદવ બેસી ગયો હોય તેમ સત્તામાં મોહકર્મ પડયું છે. જીવની આવી નિર્મળ પર્યાયને ઔપશમિક ભાવ કહે છે.

(૨) ક્ષાયોપશમિક ભાવ=આ ભાવમાં કાંઈક વિકાસ અને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમ ભાવ તો બધા જીવોને અનાદિથી હોય છે, પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ બતાવવો છે- એટલે સમ્યગ્દર્શન પૂર્વકનો ક્ષયોપશમભાવ અહીં સમજવો

કર્મનો ઉદય છે તેનો ઉદયાભાવી ક્ષય અને અનુદય છે તે ઉપશમરૂપે અંદર સતામાં રહે તેના નિમિત્તે જે જીવનો ભાવ હોય તેને ક્ષયોપશમભાવ કહેલ છે.

(૩) ક્ષાયિકભાવ=આત્માના ગુણની સંપૂર્ણ શુધ્ધ દશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય-એવી દશા તે ક્ષાયિક ભાવ છે. દર્શન મોહનીયનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન, જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાન, દર્શનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિકદર્શન-એમ જે ભાવ પ્રગટ થાય તે ક્ષાયિક કહેવાય છે.

આ ત્રણે ભાવ નિર્મળ પર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માના આશ્રયપૂર્વક નવા પ્રગટે છે, માટે સાદિ છે અને તે ભાવો મોક્ષનું કારણ થાય છે એમ આગળ કહેશે.

(૪) ઔદયિક ભાવ=જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે. એવો જીવનો રાગાદિ વિકારી ભાવ તે ઔદયિક ભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ તથા હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિના જે ભાવ થાય તે ઔદયિક ભાવ છે. એક અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે. જીવ સ્વયં જે ભાવ કરે છે તે અપેક્ષાએ તેને પારિણામિક કહ્યો છે. અને કર્મોદયના નિમિત્તના વડે થાય છે. માટે તેને ઔદયિક ભાવ કહેવાય છે.

હવે આવી વાત ઓછે ઓછે સાંભળે એને શું સમજાય ? ભાઈ! દયા પાળો, દાન કરો, વ્રત પાળો એમ પ્રરૂપણા કરે પણ! એ બધા રાગના ઔદયિક ભાવ છે. તે બંધના કારણરૂપ છે, તે કોઈ ભાવો મોક્ષનું કારણ થતા નથી.

અનાદિથી બધા સંસારી જીવોને ઔદયિક ભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાય છે.

(૫) પારિણામિક ભાવઃ- આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ શાશ્વત સ્વભાવ તે પારિણામિક ભાવ છે; તે ધ્રુવ દ્રવ્યરૂપ છે. તેને પરમભાવ કહ્યો છે. અન્ય ચાર ભાવો ક્ષણિક છે તેથી તેમને પરમભાવ કહ્યા નથી.

પારિણામિક પરમ સ્વભાવ ભાવ પ્રત્યેક જીવને સદાય વિદ્યમાન છે.

હવે આ પાંચ ભાવોમાં સર્વ વિશુધ્ધ પરમ પારિણામિક ભાવ જે શાશ્વત ધ્રુવ અચલ છે તે દ્રવ્યરૂપ-વસ્તુરૂપ છે અને અન્ય ચાર ભાવો પ્રગટ પર્યાયરૂપ છે. તેમાં ત્રણ નિર્મળરૂપ છે અને ઔદયિક મલિનરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્ય-પર્યાયદ્રવ્ય તે આત્મા-પદાર્થ છે. અર્થાત દ્રવ્ય-પર્યાય બન્ને થઈને આખો આત્મા-પદાર્થ છે. દ્રવ્ય તે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર; બન્ને થઈને પ્રમાણવસ્તુ સત્.

દ્રવ્ય-પર્યાયરૂપ આખો પદાર્થ આત્મા તે પ્રમાણનો વિષય છે. તેમાં પરમ પારિણામિક સ્વભાવે જે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય છે તે નિશ્ચયનો વિષય છે. અને વર્તમાન વર્તતી પર્યાય તે વ્યવહારનો વિષય છે. નિશ્ચય છે તે ત્રિકાળી દ્રવ્યને સ્વીકારે છે અને વ્યવહારનય વર્તમાન વર્તતી પર્યાયને સ્વીકારે છે. ત્યાં નિશ્ચય્યનું જે જ્ઞાન કર્યું, તેની સાથે પર્યાયનું જ્ઞાન ભેળવે તેને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચયને રાખીને વ્યવહારને જાણે તે પ્રમાણજ્ઞાન છે; પણ ન્શ્ચિયને ઉડાડીને વ્યવહારને ભેળવે તો પ્રમાણજ્ઞાન રહે જ નહિ.

ભાઈ! તારી વસ્તુને આત્મા જોવાના ત્રણ પ્રકારઃ-

-ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ પરમ ભાવને દેખનારી દષ્ટિ તે દ્રવ્યાર્થિક નય.

-વસ્તુને પર્યાયરૂપે દેખનારી દષ્ટિ તે પર્યાયાર્થિકનય અને

-દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને સમગ્રપણે દેખનારું તે પ્રમાણજ્ઞાન.

ભાવ અને ભાવવાન :અસ્તિત્વ તે દ્રવ્યનો ભાવ છે અને દ્રવ્ય તે ભાવવાન (ભાવવાળું) છે.

ભાવ આસ્રવ અને દ્રવ્ય આસ્રવ :જૂનાં કર્મના ઉદયમાં જોડાણ કરી પુણ્ય-પાપનો જે વિકારી ભાવ જીવ કરે છે તે ભાવ આસ્રવ છે અને તે ભાવનું નિમિત્ત પામી પુણ્ય-પાપ રૂપ કર્મ પણે થવાની યોગ્યતાવાળા રજકણો જીવ પાસે એક ક્ષેત્રે આવે છે તે દ્રવ્ય આસ્રવ છે. જીવ પુણ્ય-પાપના આસ્રવરૂપી જેવા ભાવો કરે તેનું નિમિત્ત પામીને તે પ્રમાણમાં તેવા જ પુણ્ય-પાપરૂપ રજકણો બંધાય છે. એમ બંન્ને પરસ્પર નિમિત્ત અને નૈમિત્તિક વ્યવહારે છે. જડ રજકણને કાંઈ ખબર નથી અને તે જીવને કાંઈ કરતું નથી પણ અજ્ઞાની માને છે કે તે મને અસર કરે છે. અને મારાથી જડનું આ બધું થાય છે. હું જ કર્મની અવસ્થા બાંધુ છું અને છોડું છું.

ભાવ કર્મ :મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ક્રોધ વગેરે (૨) રાગ-દ્વેષ વિકારરૂપ વિભાવિક ભાવશકિત, દ્રવ્યકર્મનું નિમિત પામી જીવમાં વિકાર થાય છે તે અશુધ્ધ ઉપાદાન આશ્રિત છે. પણ સ્વભાવ નથી.

ભાવ નિ ક્ષેપ :કેવળ વર્તમાન પર્યાયની મુખ્યતાથી, જે પદાર્થ વર્તમાન જે દશામાં છે તે રૂપ કહેવો-જાણવો, તે ભાવ નિક્ષેપ છે.

ભાવ નિર્જરા :સંવર અને શુદ્ધોપયોગવાળા જીવને જયારે ઉગ્ર શુદ્ધોપયોગ થાય છે ત્યારે ઘણા કર્મોની નિર્જરા થાય છે. ુદ્ધોપયોગની ઉગ્રતા કરવાની વિધિ શુદ્ધાત્મ દ્રવ્યના આલંબનની ઉગ્રતા કરવી તે જ છે, એમ કરનારને સજ્હજદશાએ હઠ વિના જે અનશનાદિ સંબંધી વર્તે તેમાં (શુભ પણારૂપ અંશની સાથે) ઉગ્ર-શદ્ધિરૂપ અશ હોય છે, જેથી ઘુણાકર્મ સર્મોની નિર્જરા થાય છે. કર્મની શકિતનું શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે. (મિથ્યારૂષ્ટિને તો શુદ્ધાત્માદ્રવ્ય ભાસ્યું જ નથી, તેથી તેને સંવર નથી, શુદ્ધોપયોગ નથી, શુદ્ધોપયોગની વૃદ્ધિની તો વાત જ કયાં રહી ? જેથી તેને, સહજ દશા વિનાના-હઠપૂર્વક-અનશનાદિ સંબંધી શુભભાવો કદાચિત્ ભલે હોય, તો પણ મોક્ષના હેતુભૂત નિર્જરા બિલકુલ હોતી નથી.

ભાવ પુણ્ય અને ભાવ પાપ :ભાવ પુણ્ય અને ભાવ પાપ તે જીવની અવસ્થામાં થાય છે તથા દ્રવ્ય પુણ્ય અને દ્રવ્ય પાપ તે પુદ્ગલની અવસ્થા છે. જે રજકણમાં પુણ્ય-પાપરૂપ કર્મબંધ થવાની યોગ્યતા હતી તે તેના દ્રવ્યની તાકાતથી તે રૂપ થયા અને તેમાં જીવની રાગાદિરૂપ વિકારી અવસ્થા નિમિત્ત થઈ. એ રીતે રાગના નિમિત્તનો સંયોગ પામી દ્રવ્ય કર્મરૂપ થનાર તે જડ પરમાણુઓ સ્વતંત્ર છે, પૂર્વે બંધાયેલા કર્મોનો પાક (ઉદય) થતાં આત્મા તે તરફ વલણ કરી સ્વલક્ષ ભૂલ્યો અને અજ્ઞાનભાવે પુણ્ય-પાપના ભાવ કર્યા એટલે વિકારી થવાની યોગ્યતા આત્માની છે; એમ બે પ્રકારની યોગ્યતા પોતામાં અને બે પ્રકારની અવસ્થા સામે સંયોગરૂપ થનાર પુદ્ગલ પરમાણુમાં છે. જૂનાં કર્મની હાજરીનું નિમિત્ત પામીને (તેના ઉદયમાં જોડાવાથી) શુભભાવ કર્યા તેમાં અજીવ નિમિત્ત અને જીવની યોગ્યતા તે ઉપાદાન; અને તે ભાવપુણ્ય છે. દયા, દાન, વગેરેના શુભભાવનું નિમિત્ત પામીને જે પરમાણુઓમાં પુણ્યબંધરૂપ થવાની યોગ્યતા હતી તે તેના કારણે પુણ્યબંધરૂપે થયાં તેમાં શુભભાવ (જીવ) નિમિત્તકારણ અને પુદ્ગલ પરમાણુઓમાં પુણ્યરૂપે થવાની યોગ્યતા તે અજીવની યોગ્યતા ઉપાદાન છે. તેને દ્રવ્ય પુણ્ય કહેવાય છે. આ પ્રમાણે પાપ તત્ત્વની વાત પણ સમજી લેવી.

ભાવ પ્રતિબંધ વિનાની :અનાસક્ત ભાવવાળી

ભાવ પરમાણુ :સ્વસંવેદન પરિણામ તે ઈન્દ્રિય-મનને ગમ્ય ન હોવાથી સૂક્ષ્મ છે, તેને ભાવ પરમાણુ કહ્યું છે, આ દ્રવ્ય પરમાણુના ભાવ પરમાણુના ધ્યાનથી, કેવળજ્ઞાન થવાનું કહ્યું છે. (૨) ભાવની સૂક્ષ્મતા; સ્વસંવેદન પરિણામની સૂક્ષ્મતા

ભાવ મરણ :આત્માના ગુણનો ભ્રાન્તિ વડે અને કષાય વડે ઘાત કરવો તે ભાવમરણ છે.

ભાવ મોક્ષ :મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય છે. જીવની પર્યાયમાઃ મોક્ષ થવાની લાયકાત છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય તો ભાવમોક્ષ છે.

ભાવ વચન :અંતર એકાગ્રતા (૨) નિર્મળ શ્રધ્ધા

ભાવ વંદન :હું પૂર્ણ જ્ઞાન ઘન સ્વભાવે નિર્મળ છું એવા ભાવસહિત રાગાદિ વિસ્મરણ કરી સ્વલક્ષે, રાગરહિત, અંદર કરવું તે અંતર-એકાગ્રતા અર્થાત્ ભાવ વંદન છે.

ભાવ શ્રુતજ્ઞાન :શુધ્ધ આત્મજ્ઞાન

ભાવ સ્તુતિથી નમસ્કાર :જ્ઞાયકની સન્મુખથઈને-એમાં એકાકાર થઈને સ્તુતિ કરવી, અંદરમાં પોતામાં શુદ્ધ ચૈતન્યદાન તરફનું પરિણમન થવું એ ભાવનમસ્કાર છે.

ભાવ સ્વભાવે :ઉત્પાદરૂપ, સ્વભાવે

ભાવ,અભાવ, ભાવાભાવ અને અભાવભાવ :દ્રવ્ય ખરેખર સર્વદા અવિનષ્ટ અને અનુત્પન્ન આગમમાં કહ્યું છે, તેથી જીવદ્રવ્યને દ્રવ્યરૂપે નિત્યપણું કહેવામાં આવ્યું.

(૧) દેવાદિ પર્યાયરૂપે ઊપજવું હોવાથી તેને જ (જીવ દ્રવ્યને જ) ભાવનું (ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.

(૨) મનુષ્યાદિપર્યાય રૂપે નાશ પામતું હોવાથી તેને જ અભાવનું (વ્યયનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.

(૩) સત્(વિદ્યમાન) દેવાદિપર્યાયનો નાશ કરતું હોવાથી તેને જ ભાવાભાવનું (સત્‌ના વિનાશનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.અને

(૪) ફરીને અસત્ (અવિદ્યમાન) મનુષ્યાદિપર્યાયનો ઉત્પાદ કરતું હોવાથી તેને જ અભાવભાવનું (અસત્‌ના ઉત્પાદનું) કર્તાપણું કહેવામાં આવ્યું છે.

આ બધું નિરવદ્ય (નિદોર્ષ, નિર્બાધ, અવિરુદ્ધ) છે. કારણ કે દ્રવ્ય અને પર્યાયોમાંથી એકની ગૌણતાથી અને અન્યની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. જે આ પ્રમાણે

જયારે જીવ પર્યાયની ગાણતાથી અને દ્રવ્યની મુખ્યતાથી વિવિક્ષિત હોય છે ત્યારે તે (•) ઊપજતો નથી, (•) વિનાશ પામતો નથી,(•) ક્રમવૃત્તિએ નહિ વર્તતો હોવાથી સત્(વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કરતો નથી અને(•) અસત્‌ને (અવિદ્યમાન પર્યાયસમૂહને) ઉત્પન્ન કરતો નથી, અને જયારે જીવ દ્રવ્યની ગૌણતાથી અને પર્યાયની મુખ્યતાથી વિવક્ષા હોય છે ત્યારે તે (❖) ઊપજે છે, (❖) વિનાશ પામે છે, (❖) જેનો સ્વકાળ વીતી ગયો છે એવા સત્(વિદ્યમાન) પર્યાયસમૂહને વિનષ્ટ કહે છે. અને (❖) જેનો સ્વકાળ ઉપસ્થિત થયો છે(આવી પહોંચ્યો છે) એવા અસત્‌ને (અવિદ્યમાન પર્યાય સમૂહને) ઉત્પન્ન કરે છે.

ભાવ-અભાવ :રાગ-દ્વેષ; ગમો-અણગમો

ભાવઆસ્રવ :આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર એ બન્ને આસ્રવ છે. પુણ્ય-પાપના ભાવપણે થવા લાયક જીવની પર્યાય એ ભાવ-આસ્રવ છે.

ભાવક :(ભાવનમસ્કાર કરનાર) તે અંગ (અંશ) છે અને ભાવ્ય (ભાવનમસ્કરા કરવા યોગ્ય પદાર્થ) તે અંગી (અંશી) છે, તેથી આ ભાવનમસ્કારમાં ભાવક તેમજ ભાવ્ય પોતે જ છે. (સાવક પોતે અને ભાવ્ય પર એમ નથી) (૨) એટલે થનાર અને ભાવક જે-રૂપે થાય થે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ પર્યાયો ભાવ્ય છે. ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન(એકમેકતા) હોય છે. ભાવક આત્મા અંગી છે અને ભાવ્ય રૂપ' સમ્યગ્દર્શનાદિપર્યાયો તેના અંગો છે. (૩) મોહકર્મ, કર્મ (૪) ભાવનાર, ચિંતવનાર, ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા (૫) (ભાવનમસ્કાર કરનાર) તં અંગ(અંશ) છે અને ભાવ્ય (બાવ નમસ્કાર કરવા યોગ્ય પદાર્થ) તે અંગી (અંશી) છે. જેથી આ ભાવનમસ્કારમાં ભાવક તેમ જ ભાવ્ય પોતે જ છે. (ભાવક પોતે અને ભાવ્ય પર એમ નથી.) (૬) થનાર, ભાગવનાર, ભાવનો ભોકતા (૭) ક્રોધ થવાનું નિમિત્ત દ્રવ્યકર્મ-જડકર્મ છે તે ભાવક, ભાવ કરનાર. (૮) ભાવનાર; ચિંતવનાર; ધ્યાન કરનાર અર્થાત્ ધ્યાતા (૯) ક્રોધ થવાનું નિમિત્ત દ્રવ્યકર્મ-જડકર્મ છે તે ભાવક (૧૦) શ્રધ્ધા-જ્ઞાનની અવસ્થા થવા યોગ્ય એવો જે ભાવક (૧૧) મોહકર્મ, જે ફળરૂપે પ્રગટ થવું; તે અનુસાર રાગ-દ્વેષની લાગણીરૂપ જે આત્માની અવસ્થા થઈ તે ભાવ્ય (૧૨) શ્રધ્ધા-જ્ઞાનની અવસ્થા થવા યોગ્ય (૧૩) ક્રોધ થવાનું નિમિત્ત દ્રવ્યકર્મ-જડકર્મ છે તે ભાવક; ભાવ કરનાર (૧૪) મોહકર્મની પ્રવૃત્તિ (૧૫) મોહકર્મનું નિમિત્ત; શ્રધ્ધા, જ્ઞાનની અવસ્થા થવા યોગ્ય એવો ભાવક

ભાવક અને ભાવ્ય :કર્મનો ઉદય આવે છે તે ભાવક છે, અને તે ભાવકને અનુલક્ષીને જે વિકાર થાય છે તે ભાવ્ય છે ઉદય જડ કર્મની પર્યાય છે અને વિકાર આત્માની પર્યાય છે.

જયારે મોહકર્મ સત્તામાથી ફળ દેવાની શકિતથી ભાવકપણે પ્રકાર ઉદયમાં સ્વભાવમાં ઠરી જવું તેનું નામ ભગવાનની ને આત્માની સાચી ભકિત છે. બહારની શુભ રાગરૂપ ભકિતનો વિકલ્પ આવે પણ તેની પાછળ શુદ્ધ નિર્મળાનંદમાં ઘૂસીને દષ્ટિ જ્ઞાન અને એકાગ્રતા કરવી તે જ નિશ્ચયભકિત છે. સ્મૃતિ છે અને સાચાં નમસ્કાર છે. ભકિતનો વ્યવહાર અવે પણ પરમાર્થ શ્રદ્ધા-જ્ઞાન-ભકિત વિના તે તો માત્ર પુણ્યબંધનું કારણ છે.

ભાવક ભાવ્ય :(ભાવ નમસ્કાર કરનાર) તે અંગ (અંશ) છે અને ભાવ્ય (ભાવ નમસ્કાર કરવા યોગ્ય પદાર્થ) તે અંગી (અંશી) છે, તેથી આ ભાવ

નમસ્કારમાં ભાવક તેમજ ભાવ્ય પોતે જ છે. (ભાવક પોતે અને ભાવ્ય પર એમ નથી)

ભાવકર્મો :તે ચિદ્વિવર્તો છે. ચિદ્વિવર્ત અર્થાત્ ચૈતન્યનો પલટો અર્થાત્ ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવારૂપે પલટાવું તે, ચિદ્શકિતનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પરિણમવું તે.

મુકત આત્માને કર્મ સંયુકતપણું નથી જ હોતું કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુકત થઈ છે. દ્રવ્યોકર્મો તે પુદ્ગલસ્કંધો છે અને ભાવકર્મો તે ચિદ્વિવર્તો છે. ચિત્શકિત અનાદિ જ્ઞાનવરણાદિ કર્મો નાં સંપર્કથી (સંબંધથી) સંકુચિત વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વના (સમસ્ત પદાર્થોના) એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે પરંતુ જયારે જ્ઞાનાવરણાદિક કર્મોનો સંપર્ક વિનાશ પામે છે, ત્યારે તે જ્ઞેય ભૂત વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી થકી કથંચિત્ કુટસ્થ થઈને , અન્ય વિષયને નહિ પામતી થકી વિવર્તન કરતી નથી. તે આ (ચિત્શકિતના વિવર્તનનો અભાવ) ખરેખર નિશ્ચિત(નિયત, અચળ) સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ છે. આ જ દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કતત્વનો વિનાશ છે, આ જ વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે ઔપાધિક સુખ-દુઃખપરિણામોના ભોકતૃત્વનો વિનાશ છે, અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે એવા આત્માને સ્વતંત્ર સ્વરૂપાનુભૂતિ લક્ષણ સુખનું (સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોકતૃત્વ છે.

ભાવકભાવ :મોહકર્મના ઉદયરૂપ ભાવ. (૨) કર્મના નિમિત્તે થતો વિકાર

ભાવક-ભાવનો ભેદ :કર્મના નિમિત્તે થતો વિકાર

ભાવક-ભાવ્ય :ભાવક એટલે થનાર; અને ભાવક જે રૂપે થાય તે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ પર્યાયો ભાવ્ય છે. ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન (એકમેકતા) હોય છે. ભાવક આત્મા અંગી છે અને ભાવ્યરૂપ સમ્યગ્દર્શનાદિ પર્યાયો તેના અંગો છે.

ભાવકર્મ :શુભાશુભ રાગ; પર દ્રવ્યનો અજ્ઞાન ભાવે કર્તા તે ભાવકર્મ છે. શુભાશુભ રાગનો કર્તા અજ્ઞાનદશામાં ચેતન જ પોતે થા છે. કોઈ જડકર્મના અન્ય કોઈ નિમિત્ત એનું કર્તા છે છે જ નહિ (૨) રાગ-દ્વેષ-અજ્ઞાનાદિ સંકલ્પ-વિકલ્પરૂપ પરિણામ એ ભાવકર્મ છે. (૩) ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવા રૂપે પલટાવું તે ચૈતન્ય વિવર્ત, ચૈતન્યનો પલટો, ચિત્શકિતનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પરિણમવું તે ભાવકર્મો છે. (૪) આત્મપરિણામ સંતતિ, આત્માના પરિણામોની પરંપરા (૫) આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ છે તેને ભૂલીને રાગદ્વેષનો વિકાર મારો છે એમ માનવું, રાગરૂપ રહેવું તે ભાવકર્મ છે. જીવના રાગદ્વેષ તે અશુદ્ધ અવસ્થા દષ્ટિએ જીવનું ભાવકર્મ છે. (૬) મોહના નિમિત્તથી મિથ્યાત્વ-ક્રોધાદિરૂપ જીવના પરિણામ થાય છે તે અશુદ્ધ ભાવવડે નિપજાવેલું કાર્ય છે, તેથી તેનું નામ ભાવકર્મ છે. (૭) મોહ-રાગ-દ્વેષરૂપ-અશુદ્ધ ચેતનારૂપ પરિણામ. (૮) રાગાદિ ભાવ (૯) આઠ કર્મોનાં બંધન થવા યોગ્ય ભાવો. (૧૦) પુણ્ય-પાપ રૂપી શુભાશુભ કર્મ. (૧૧) શુભ-અશુભ ભાવમાં જોડાણ; પોતે વિકારી થઈ ઉદય કર્મને વશ થતાં પુણ્ય-પાપરૂપ કર્મ ભાવમાં ઢળતી વિકારી અવસ્થા. કોઈપણ પદાર્થમાં ઠીક અઠીકપણું નથી છતાં તેનાથી ઠીક અઠીકપણાની કલ્પના ઉત્પન્ન કરવી, તે ભાવ કર્મ છે. તે જ રાગદ્વેષ છે. કર્મભાવ, બંધભાવ, વિકારીભાવ, વિભાવભાવ, અસ્થિરતા,ઊંધો પુરુષાર્થ, ચંચળતા, દુઃખરૂપી આકુળતાભાવ, કલુષતા વગેરે શબ્દો એકાર્થ છે. (૧૨) રાગ-દ્વેષ. રાગદ્વેષ એટલે દ્રવ્યકર્મનું નિમિત્ત પામી, એક એક સમય જેવડી ક્ષણિક વિકારી અવસ્થાનું કાર્ય અથવા ચારિત્રગુણનો વિકાર (૧૩) કર્મના ઉદયમાં આ જીવ મોહ-રાગ-દ્વેષરૂપી વિકારી ભાવરૂપ થાય છે. તેને ભાવકર્મ કહે છે. (૧૪) રાગ દ્વેષ અને રાગદ્વેષ એટલે દ્રવ્યકર્મનું નિમિત્ત પામી, એક એક સમય જેવડી ક્ષણિક વિકારી અવસ્થાનું કાર્ય, અથવા ચારિત્ર ગુણનો વિકાર. (૧૫) દુઃખ; ભાવકર્મ બંધરૂપ અને બંધનું કારણ છે માટે દુઃખરૂપ છે.; પુણ્યને પાપના વિકલ્પ, ચાહે તીર્થંકર નામકર્મ બંધવાનો ભાવ હોય તો તે ભાવકર્મ છે. તો આવો જે શુભ કે અશુભ વિકલ્પ છે તેને રોકવાથી, તેના

નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે. એટલે શું? કે દ્રવ્યકર્મ તેને આવતું નથી. નિરોધ થાય છે એટલે કે તેને આવતું નથી. (૧૬) રાગ-દ્વેષ, અજ્ઞાન આદિ સંકલા-વિકલ્પરૂપ પરિણામ ભાવકર્મ છે. (૧૭) શુભ-અશુભ ભાવમાં જોડાણ; પોતે વિકારી થઈ ઉદય કર્મને વશ થતો પણ્ય-પાપ રૂપ કર્મભાવમાં ઢળતી વિકારી અવસ્થા; કોઈ પણ પદાર્થમાં ઠીક-અઠીકપણું નથી છતાં તેનાથી ઠીકરૂઅઠીકપણાની કલ્પના ઉત્પન્ન કરવી, તે ભાવ કર્મ છે. તે જ રાગ-દ્વેષ છે. કર્મભાવ,બઃધભાવ,વિકારીભાવ, વિભાવભાવ, અસ્થિરતા, ઊંધો પુરુષાર્થ,ચંચળતા, દુઃખરૂપી આકુલીભાવ, કલુષતા જગેરે શબ્દો એકાર્થ છે. (૧૮) રાગ દ્વેષ વિકારરૂપ વિભાવિક ભાવશકિત, દ્રવ્યકર્મનું નિમિત્ત પામી જીવમાં વિકાર થાય છે તે અશુભ ઉપાદાન આશ્રિત છે, પણ સ્વભાવમાં નથી. (૧૯) શુભ-અશુભ ભાવ તે ભાવકર્મ (૨૦) મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે જીવના મલિન ભાવ. (૨૧) પુણ્ય-પાપના વિકલ્પ. પુણ્યકર્મ એટલે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિના ભાવ; પાપકર્મ એટલે હિંસા, ચોરી, જૂઠ, વિકાર, પરિગ્રહ આદિના કષાયભાવ. ઉપરના બન્ને ભાવ કર્મો અટકતાં દ્રવ્યકર્મના જ્ઞાનાવરણાદિ આઠે કર્મો રોકાય જાય છે, આવતાં અટકી જાય છે. શુભ કે અશુભ વિકલ્પ છે તેને રોકવાથી, તેના નિરોધથી દ્રવ્યકર્મ તેને આવતું નથી. (૨૨) ભાવકર્મ બંધરૂપને બંધનું કારણ છે માટે દુઃખરૂપ છે.

ભાવકર્મ મોક્ષ :ભાવકર્મનું સર્વથા છૂટી જવું તે, ભાવમોક્ષ. (જ્ઞપ્તિક્રિયામાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવો તે ભાવમોક્ષ છે. અર્થાત્ સર્વજ્ઞ-સર્વદર્શીપણાની અને અનંતાનંદમયપણાની પ્રગટતા તે ભાવમોક્ષ છે.)

ભાવકર્મ-કર્મભાવ :અગ્નિની ઉજળાઈમાં ઊણપ થાય છે, તે લીલા લાકડાનું નિમિત્ત પામી ધૂમાડો ઊઠે છે તે કારણે તે ઊણપ અગ્નિનું મૂળ સ્વરૂપ નથી. (અસલી સ્વાભાવિક સ્વરૂપ નથી.) તેમ ચૈતન્ય આત્મા સ્વભાવે શુધ્ધ છે પણ પર નિમિત્તે વર્તમાન અવસ્થાની કચાશના કારણે (અવગુણરૂપ ઊણપના કારણે) ભૂલ કરે તો રાગ-દ્વેષરૂપ ધૂમાડો ઊઠે છે; તે ભાવકર્મ અથવા કર્મભાવ કહેવામાં આવે છે, તે આત્માનું અસલી મૂળ સ્વરૂપ એટલે કે સ્વાભાવિક સ્વરૂપ નથી. સમ્યગ્દષ્ટિ ભાવકર્મને પરજ્ઞેય માને છે, તેનો સ્વામી થતો નથી, કારણ કે જ્ઞાન ચેતનાનો તે સ્વામી રહે છે. દષ્ટિના બળ વડે ભાવકર્મને નિમિત્તમાં નાખે છે.

ભાવકર્મના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે :ભાવકર્મના નિરોધથી, આ પુણ્ય ને પાપના વિકલ્પ, ચાહે તો તીર્થંકર નામે કર્મ બાધવાનો ભાવ હોય તો તે પણ, ભાવકર્મ છે. તો આવો જે શુભ કે અશુભ વિકલ્પ છે તેને રોકવાથી, તેના નિરોધથી દ્રવ્યકર્મનો નિરોધ થાય છે. એટલે કે દ્રવ્યકર્મ તેને આવતું નથી. નિરોધ થાય છે એટલે કે અટકી જાય છે, તેને આવતું નથી.

પોતાના જ્ઞાયક સ્વભાવની તેણે દષ્ટિ કરી એટલે એને ભાવકર્મનો નિરોધ થયો એમ કહેવું છે. પુણ્ય-પાપના વિકલ્પનું એને કર્તાપણું મટી ગયું એટલે એને ભાવકર્મ અટકી ગયું અને તેથી હવે એને દ્રવ્યકર્મ પણ આવતું નથી. આત્મા અંદર અભેદ નિર્વિકલ્પ શુધ્ધ ચૈતન્યમાત્ર નિજ સમયસાર વસ્તુ છે તેની જયાં દષ્ટિને અનુભવ થયો તો ત્યાં એને ભાવકર્મ અટકી ગયાં. પુણ્ય-પાપ રોકાઈ ગયાં અર્થાત્ થયાં નહિ, અને પુણ્ય-પાપ રોકાતાં તેને હવે નવું દ્રવ્ય કર્મ આવતું નથી, પરંતુ તે રોકાઈ ગયું. કર્મ આવતું હતું તે રોકાઈ ગયું એમ નહિ પણ હવે તે પુદ્ગલ કર્મભાવે નવું થતું નથી પણ ભાષામાં તો એમ જ આવે ને કે કર્મ રોકાઈ ગયું ? સમજાવવું શી રીતે ?

ભાવકર્મમોક્ષ :ભાવકર્મનું સર્વથા છૂટી જવું તે, ભાવમોક્ષ(જ્ઞપ્તિક્રિયામાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવો તે ભાવમોક્ષ છે અથવા સર્વજ્ઞ-સર્વદર્શીપણાની અને અનંતાનંદમયપણાની પ્રગટતા તે ભાવમોક્ષ છે.)

ભાવકર્મરૂપ સંતતિ :આત્મપરિણામરૂપ સંતતિ, આત્માના પરિણામોની પરંપરા.

ભાવક્રિયા :અંતર ક્રિયા

ભાવઘાતી :સ્વભાવનો ઘાત કરનાર

ભાવચારિત્ર :શુધ્ધ આત્મા રમણતા

ભાવત :ભાવ અનુસાર, આશય અનુસાર

ભાવતઃ :ભાવ અનુસાર, આશય અનુસાર

ભાવથી :જ્ઞાયકની સન્મુખ થઈને; આત્મામાં એકાકાર થઈને.

ભાવથી :જ્ઞાયકની સન્મુખ થઈને એમાં એકાકાર થઈને સ્તુતિ કરે છે.

ભાવવંદન :''હું પૂર્ણ જ્ઞાનઘન સ્વભાવે નિર્મળ છું'' એવા ભાવ સહિત રાગાદિ વિસ્મરણ કરી સ્વલક્ષે, રાગરહિત, અંદર કરવું તે અંતર એકાગ્રતા અર્થાત્ ભાવવંદન

ભાવેંદ્રિયનું સ્વરૂપ :લબ્ધિ અને ઉપયોગને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે.

૧. લબ્ધિ= લબ્ધિનો અર્થ પ્રાપ્તિ અથવા લાભ થાય છે. આત્માના ચૈતન્યગુણનો ક્ષયોપશમહેતુક ઉઘાડ તે લબ્ધિ છે.

૨. ઉપયોગ= ઉયોગનો અર્થ ચૈતન્ય વ્યાપાર થાય છે. આત્માન ચૈતન્યગુણનો જે ક્ષયોપશમ હેતુક ઉઘાડ છે તેના વ્યાપાર ને ઉપયોગ કહે છે.
આત્મા જ્ઞેય પદાર્થની સન્મુખ થઈને પોતાના ચૈતન્ય વ્યાપારને તે તરફ જોડે, તે ઉપયોગ છે. ઉપયોગ ચૈતન્યનું પરિણમન છે; તે કોઈ અન્ય જ્ઞેય પદાર્થ તરફ લાગી રહ્યો હોય તો, આત્માની સાંભળવાની શક્તિ હોય તો પણ, સાંભળે નહિ. લબ્ધિ અને ઉપયોગ બંને મળીને, જ્ઞાનની સિદ્ધિ થાય છે.

૩. પ્રશ્નઃ- ઉપયોગ તો લબ્ધિરૂપ ભાવેન્દ્રિયનું ફળ (અથવા કાર્ય) છે, તેને ભાવેન્દ્રિય શા માટે કહી શકાય?
ઉત્તરઃ-કાર્યમાં કારણનો ઉપચાર કરીને ઉપયોગ(ઉપચારથી) ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. ઘટ-આકારે પરિણમેલ જ્ઞાનને ઘટ કહેવામાં આવે છે, એ ન્યાયે લોકમાં કાર્યને પણ કારણ માનવામાં આવે છે. આત્માનું લિંગ ઈન્દ્રિય (ભાવેન્દ્રિય) છે; આત્મા તે સ્વ અર્થ છે, તેમાં ઉપયોગ મુખ્ય છે અને તે જીવનું લક્ષણ છે, તેથી ઉપયોગને ભાવ-ઈન્દ્રિયપણું કહી શકાય છે.

૪. ઉપયોગ ને લબ્ધિ એ બન્નેને ભાવેન્દ્રિય એ માટે કહે છે કે, તેઓ દ્રય પર્યાય નથી પણ ગુણપર્યાય છે. ક્ષયોપશમહેતુક લબ્ધિ પણ, એ પર્યાય યા ધર્મ છે અને ઉપયોગ પણ એક ધર્મ છે, કેમકે તે આત્માનો પરિણામ છે. તે ઉપયોગ દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારનો છે.

૫. ધર્મ, સ્વભાવ, ભાવ, ગુણપર્યાય, ગુણ એ શબ્દો એકાર્થ વાચક છે.

૬. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રધ્ધાન કરવા યોગ્ય જ્ઞાનની ક્ષયોપશમ લબ્ધિ તો, સર્વ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને હોય છે; પણ જે જીવ પરનું લક્ષ ટાળી સ્વ(આત્મા) તરફ ઉપયોગને વાળે છે, તેને આત્માનું જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) થાય છે, અને જે જીવ. પર તરફ જ ઉપયોગને વાળ્યા કરે છે તેને મિથ્યાજ્ઞાન થાય છે. અને તેથી તેનું અવિનાશી કલ્યાણ થતું નથી.

૭. જીવને છદ્મસ્થ દશામાં જ્ઞાનનો ઉઘાડ અર્થાત્ ક્ષયોપશમહેતુક લબ્ધિ ઘણી હોય તો પણ, તે બધા ઉઘાડનો ઉપયોગ એક સાથે કરી શકતો નથી, કેમ કે તેનો ઉપયોગ રાગમિશ્રત છે તેથી રાગમાં રોકાઈ જાય છે, તે કારણ જ્ઞાનનો ઉઘાડ (લબ્ધિ) ઘણો હોય તો પણ, વ્યાપાર (ઉપયોગ) તો અલ્પ હોય છે. જ્ઞાનગુણ તો દરેક જીવને પરિપૂર્ણ છે; વિકારી દશામાં તે જ્ઞાનગુણની પૂર્ણ પર્યાય ઊઘડતી નથી, એટલું જ નહિ પણ પર્યાયમાં જેટલો ઉઘાડ હોય તેટલો પણ વ્યાપાર એ સાથે કરી શકતો નથી. આત્માનું લક્ષ પર તરફ હોય ત્યાં સુધી, તેની આવી દશા હોય છે. માટે જીવે સ્વ અને પરનું યથાર્થ ભેદવિજ્ઞાન કરવું જોઈએ. ભેદવિજ્ઞાન થતાં તે પોતાનો પુરુષાર્થ સ્વતરફ વાળ્યા જ કરે છે, અને તેથી ક્રમે ક્રમે રાગટાળીને બારમા ગુણસ્થાને સર્વથા રાગ ટળી જતાં, વીતરાગતા થાય છે. ત્યારપછી થોડા જ વખતમાં પુરુષાર્થ વધતાં જ્ઞાનગુણ જેટલો પરિપૂર્ણ છે તેટલો જ પરિપૂર્ણ તેનો પર્યાય ઊઘડે છે; જ્ઞાન પર્યાય પૂર્ણ ઊઘડી ગયા પછી જ્ઞાનના વ્યાપારને એક બાજુથી બીજી બાજુ તરફ વાળવાનું રહેતું નથી; માટે દરેક મુમુક્ષુ જીવોએ યથાર્થ ભેદવિજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, કે જેનું ફળ કેવળ જ્ઞાન છે.

ભાવનું ચાલું :ભૂલરૂપ ક્ષણિક વિકારીભાવ છે.

ભાવનું ભાવાન્તરના અભાવ સ્વભાવે અવભાસન છે :ભાવ અન્ય ભાવના અભાવરૂપ સ્વભાવે પ્રકાશે છે-દેખાય છે.

ભાવનું લક્ષણ :ભાવનું લક્ષણ પરિણમન માત્ર છે.

ભાવેન્દ્રિય :ખંડખંડરૂપ જ્ઞાન (૨) ભાવેન્દ્રિયના પાંચ ભેદ છેઃ સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને ક્ષોત્ર (૩) જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે અથવા જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે એવી ભાવેન્દ્રિયોને પ્રતીતિમાં આવતાં અખંડ એક ચૈતન્યશક્તિપણા વડે પોતાથી જુદી જાણવી એ ભાવેનિદ્રયોનું જીતવું થયું.

ભાવેન્દ્રિયને કેવી રીતે જીતવી ? :ભાવેન્દ્રિયનું જુદાપણું કઈ રીતે છે તે વર્ણવે છે ''જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ રૂપ જ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્ય શક્તિપણા વડે પોતાથી જુદી જાણી, એ ભાવેન્દ્રિયોનું જીતવું થયું'' આ બોલથી હવે વિસ્તાર થાય છે.

ભાવેન્દ્રિય એટલે ક્ષયોપશમજ્ઞાન પણ આત્માથી જુદું છે કેમ કે અહીં નિશ્ચયસ્તુતિનો અધિકાર હોવાથી નિશ્ચયસ્વભાવ શું છે તે બતાવવું છે. આત્માનો ત્રિકાળ કેવળજ્ઞાન સ્વભાવ છે. તેની વર્તમાન જે અધૂરી દશા છે તેને ભાવેન્દ્રિય કહેવાય છે; તે ઓછા ઉઘાડવાળું જ્ઞાન એક એક વિષયોને જાણે છે જયારે એક વિષય જાણવામાં તે પ્રવર્તે છે ત્યારે બીજા વિષયોમાં પ્રવર્તતું નથી-આ રીતે તે ખંડ ખંડરૂપ જ્ઞાન છે; આત્માનો જ્ઞાન સ્વભાવ તો એક સાથે બધું જાણવાનો અખંડરૂપ છે; જે જ્ઞાનમાં ખંડ પડે તે જ્ઞાનમાં ખંડ પડે તે જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી.

ઓછું જ્ઞાન તે મારું સ્વરૂપ નથી. મારો જ્ઞાન સ્વભાવ તો પૂર્ણ છે. પૂરો સ્વભાવ શું અને ઊણી દશા શું એ બધું ખ્યાલમાં આવ્યા વગર પરમાર્થ સ્વરૂપમાં પ્રવેશ થઈ શકે નહિ પૂર્ણ સ્વભાવની પ્રતીત વગર સમ્યગ્શ્રધ્ધા હોઈ શકે નહિ અને વર્તમાન અપૂર્ણ દશા છે. તેનું જ્ઞાન કર્યા વગર પરમાર્થ સ્વરૂપના લક્ષમાં પહોંચી શકાય નહિ. પરિપૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લેનારું જ્ઞાન તે નિશ્ચયનય છે. અધૂરી દર્શાનું જ્ઞાન કરવું તે વ્યવહારનય છે. અવસ્થાના જ્ઞાનને વ્યવહારનય ખરેખર કયારે કહેવાય ? જો અવસ્થા ઉપરથી દષ્ટિ ખસેડીને નિશ્ચયસ્વરૂપ ઉપર દ્રષ્ટિ કરે તો અવસ્થાના જ્ઞાનને વ્યવહાર કહેવાય. વ્યવહારને જાણ્યા વગર પરમાર્થ સાચો હોઈ શકે નહિ, અને નિશ્ચયની શ્રધ્ધા વગર વ્યવહાર એકલો હોય નહિ. નિશ્ચય વ્યવહાર બન્ને સાથે જ છે. અધૂરી જ્ઞાનદશારૂપ વ્યવહારને જાણીને પછી પૂર્ણ સ્વભાવની પ્રતીતના જોરે અપૂર્ણતાનો નિષેધ કરવો તે જ ભાવેન્દ્રિયને જીતવાનો ઉપાય છે. ભાવેન્દ્રિયને જીતવું તે નાસ્તિથી કથન છે અને અસ્તિથી લઈએ તો જ્ઞાન સ્વભાવી આત્માની ઓળખાણ કરીને તેનું લક્ષ કરતાં ભાવેન્દ્રિયનું (જ્ઞાનની અધૂરી પર્યાયનું) લક્ષ છૂટી જવું તે જ ભગવાનની ખરી સ્તુતિ છે.

ભાવનમસ્કાર :માત્ર ભાવ્યમાં જ પરાયણ-એકાગ્ર-લીન થવું તે ભાવનમસ્કારનું લક્ષણ છે. (૨) કેવલજ્ઞાનાદિ અનંત ગુણોના સ્મરણરૂપ ભાવ નમસ્કાર કહેવાય છે. (૩) કેવળ જ્ઞાનાદિ અનંત ગુણોના સ્મરણરૂપ ભાવનમસ્કાર કહેવાય છે. શુધ્ધ નિશ્ચયનયથી વંદ્ય-વંદક ભાવ નથી.

ભાવેન્દ્રિયના ભેદ :ભાવેન્દ્રિયના પાંચ ભેદ છે. જીવની ભાવસ્પર્શનેન્દ્રિય, રસનેનિદ્રય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય- તે લબ્ધિ ઉપયોગ રૂપ છે.

ભાવેન્દ્રિય :શબ્દ,રસ,રૂપ,ઈત્યાદિ એક એખ વિષય જાણવાની યોગ્યતાવાળો ક્ષયોપશમભાવ તે ભાવેન્દ્રીય છે. જે પણ ખરેખર પરજ્ઞેય છે. પરજ્ઞેય અને જ્ઞાયકભાવની એકતાબુદ્ધિ તે સંસાર છે. મિથ્યાત્વ છે. ઈન્દ્રિયનો વિષય જે આખી દુનિયા, સ્ત્રી, કુટુંબ, દેવ,શાસ્ત્ર, ગુરુ-તે બધાય ઈન્દ્રીયોના વિષયો હોવાથી ઈન્દ્રીય કહેવામાં આવે છે. જે પણ પરજ્ઞેય છે. એનાથી મને લાભ થાય એમ માનવું તે મિથ્યા ભ્રાન્તિ છે.

મિથ્યાદષ્ટિને નવ પૂર્વેની જે લબ્ધિ પ્રગટ થાય છે તે અને સાત દ્વીપ તથા સમુદ્રને જાણે તેવું જે વિભંગજ્ઞાન હોય છે તે ઈન્દ્રિયજ્ઞાન છે, ભાવેન્દ્રિય છે. જે નવ પૂર્વનું જ્ઞાન કે વિભંગજ્ઞાન સ્વભાવને પ્રાપ્ત કરવામાં કાંઈ કામ આવતું નથી. ભાવેન્દ્રિયોને જીતવી હોય તો પ્રતીતિમાં આવતાં અખંડ એક ચૈતન્યશકિતપણા વડે તેને જુદી જ્ઞાનમાં તે પરજ્ઞેય છે પણ સ્વજ્ઞેય નથી એમ જાણ.

પર્યાયને અંતર્મુખી વાળતાં તે સામાન્ય એક અખંડ સ્વભાવમાં જ એકત્વ પામે છે. આ અખંડમાં એકત્વ થાઉં એવું પણ રહેતું નથી. પર્યાય જે બહારની તરફ જતી હતી તેને જયાંઅંતર્મુખ કરીત્યાં તે (પર્યાય) સ્વયં સ્વતંત્ર કર્તા થઈને અખંડમાં જ એકત્વપામે છે. પર્યાયને રાગાદિ પર તરફ વાળતાં મિથ્યાત્વ પ્રગટ થાય છે.અને અંતમુર્ખ વાળતાં પર્યાયનો વિષય અખંડ જ્ઞાયક થઈ જાય છે (કરવો પડતો નથી) અહાહા ! જે વાળવાવાળો

કોણ ? દિશા ફેરવવાળો કોણ ? પોતે. પરની દિશાના લક્ષ તરફ દશા છે એ દશા સ્વલક્ષ પ્રતિ વાળતાં શુદ્ધતા વા ધર્મ પ્રગટ થાય છે. અરે! જે પરજ્ઞેય છે એને સ્વજ્ઞેય માની આત્મા મિથ્યાત્વથી જીતાઈ ગયો છે(હણાઈ ગયો છે.) હવે તે પરજ્ઞેયથી ભિન્ન પડી, સ્વજ્ઞેય જે એક અખંડ ચૈતન્ય સ્વભાવ તેને દષ્ટિ અને પ્રતીતિ જયાં કરી ત્યાં ભાવેન્દ્રીયો પોતાથી સર્વથા ભિન્ન જણાય છે. તેને ભાવેન્દ્રીય જીતી એમ કહેવાય છે. જેને સમ્યગ્દર્શન એટલે સાચું દર્શન કહેવાય છે.

ભાવેન્સ્રિયોને જીતવાની વાત કહે છે. :જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યપારપણાથી જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે તે ભાવેન્દ્રિયો છે. કાનનો ઉઘાડ શબ્દને જાણે, અંકનો ક્ષયોપશમ રૂપને જાણે, સ્પર્શનો ઉઘાડ સ્પર્શને જાણે ઈત્યાદિ પોતપોતાના વિષયોમાં વ્યાપાર કરી જે વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે તે ભાવેન્દ્રીયો છે. આ બાહ્ય ઈન્દ્રીયોની વાત નથી. એક એક ઈન્સ્રિય પોતપોતાનો વ્યાપાર કરે છે તેથી જ્ઞાનને તે ખંડખંડરૂપ જણાવે છે. જેમ દ્રવ્યન્સ્રિયો અને આત્માને એકપણ માનવાં તે અજ્ઞાન છે તેમ જ્ઞાનને ખંડખંડરૂપે જણાવનાર ભાવેન્દ્રીયો અને જ્ઞાયકને એકપણે માનવાં એ પણ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. જુદા જુદા પોતપોતાના વિષયોને જે ખંડખંડ ગ્રહણ કરે છે અને અખંડ એકરૂપ જ્ઞાયકને જે ખંડખંડરૂપે જણફાવે છે તે ભાવેન્દ્રીયોની જ્ઞાયક આત્મા સાથે એકતા કરવી તે મિત્યાત્વ છે.

દ્રવ્યેન્સ્રિયો છે તે શરીર પરિણામને પ્રાપ્ત છે. જયારે ભાવન્સ્રિયો જ્ઞાનના ખંડખંડ પરિણામને પ્રાપ્ત છે. જે જ્ઞાન એક એક વિષયને જણાવે, જ્ઞાનને ખંડખંડરૂપે જણાવે, અંશી(જ્ઞાયક) ને પર્યાયમાં ખંડરૂપે જણાવે તે ભાવેન્દ્રીયો છે. જેમ જડ દ્રવ્યેન્સ્રિયો જ્ઞાયકનું પરજ્ઞેય છે તેમ ભાવેન્દ્રીયા પણ જ્ઞાયકનું પરજ્ઞેય છે. અદીં જ્ઞેય-જ્ઞાયકનુા સંકરદોષનો પરિહાર કરાવે છે. જેમ શરીર પરિણામને પ્રાપ્ત જડ ઈંન્દ્રીયો જ્ઞેય અને આત્મા જ્ઞાયક ભિન્ન છે તેમ ભાવેન્દ્રીયો પણ પરજ્ઞેય છેઅને આત્મા જ્ઞાયક ભિન્ન છે. અહાહ ! એક એક વિષયને જાણનાર જ્ઞાનનો ક્ષયોપશમ તથા અખંડ જ્ઞાનને ખંડખંડપણે જણાવનાર ભાવેન્દ્રીયા તે જ્ઞાયકનું પરજ્ઞેય છે અને જ્ઞાયકપ્રભુ આત્માથી ભિન્ન છે.આમાં અખંડ એક ચૈતન્યશકિતપણાની પ્રતીતિનું જોર લીધુ છે. જ્ઞાયકભાવ એક અને અખંડ છે, જયારે ભાવેન્દ્રીયા અનેક અને ખંડખંડરૂ' ભાવેન્દ્રીયા જુદી થાય છે-ભિન્ન જણાય છે. આ રીતે અખંડ જ્ઞાયકભાવની પ્રતીતિ વડે જ્ઞાનને ખંડખંડરૂપ જણાવનાર પરજ્ઞેયરૂપ' ભાવેન્દ્રિયને સર્વથા જુદી કરવી એ ભાવેન્દ્રીયા નું જીતવું છે અમ કહેવાય છે.

ભાવના :વારંવાર ચિંતવન કરીને ઉપયોગનો અભ્યાસ કરવો તે; (૨) અભિલાષા; વિકલ્પ; ઈચ્છા (૩) અશુભ ભાવનાના પાંચ પ્રકાર છે. કાન્દર્પી, કલ્વિષિકી, સંમોહી,દાનવી અને અભિયોગિકા

(૧) કાન્દર્પી : રાગ થાય તેવાં વચન, હલકા ચાળા, હાસ્યયુકત અસભ્ય વચનથી પરને સતત વિસ્મય પમાડતો સાધુ કાન્દર્પી ભાવનાને ભજે છે.

(૨) કલ્વિષિકી : કેવળ, ધર્મ, આચાર્ય, શ્રુત, સાધુ, સાધર્મી આદિના અવર્ણવાદ બોલવામાં તત્પર અને માયાવી એવો તપસ્વી કલ્વિષી ભાવનાને કહે છે.(૩) સંમોહી : સનમાર્ગને દૂષણ લગાડનાર ઉન્માર્ગ દેશનામાં ચાલાક, મોહ કરીને લોકને મોહ પમાડતો સંમોહી ભાવનાનો આશ્રય કરે છે.

(૪) દાનવી :-અનંતાનું બંધી કષાય અને કલહમાં આસકિતથી અથવા શરીરાદિ પરિગ્રહમાં આસકિતથી તેવાં નિમિત્તને મેળવતો કરુણારહિત, પશ્ચાતાપ રહિત, પૂર્વનું વેર રાખનાર મુનિ દાનવી અથવા આસુરી ભાવનાને ધારે છે.

(૫) આભિયોગિક : મંત્ર, અભિનય, કૌતુક, ભૂતપ્રયોગ આદિમાં પ્રવર્તતો સાતા, રસ અને ઋદ્ધિ એ ત્રણ ગારવના નિમિત્તે આભિયોગિક ભાવનાને ભજે છે. આ ભાવનાઓ વડે વિરોધના કરનાર આધુ કિલ્વિષ, વાહન આદિ જાતિમાં હલકી દેવગતિને પામે છે. ત્યાંથી ચ્યુત થતાની સાથે સંસારમાં પરિભ્રમણ કરે છે.

(૪) કુભાવનાના પાંચ પ્રકાર છે. પાર્શ્વસ્થ, કુશીલ, સંસસ્કત, અવસન્ન અને મૃગાચારી

(૧) પાર્શ્વસ્થ=જે મુનિ વસતિમાં પ્રતિબધ્ધ થઈ મુનિઓની સમીપ પાર્શ્વમાં પ્રવર્તે તે પાર્શ્વસ્થ વેષધારી કહેવાય છે.

(૨) કુશીલ=જે કષાયી થઈને વ્રતાદિકથી ભ્રષ્ટ બની શંસદિકનો અવિનય કરે તે મુનિ વેષધારીને કુશીલ કહેવાય છે.

(૩) સંસકત = જે વૈદ્યક, જયોતિષ, વિદ્યા, મંત્રથી આજીવિકા કરે, રાજાદિકના સેવક થાય તેવા વેષધારીને સંસકત કહેવાય છે.

(૪) અવસન્ન= જિન સૂત્રથી વિરુધ્ધ, ચારિત્રથી ભ્રષ્ટ આળસુ એવા વેષધારીને અવસન્ન કહેવાય.

(૫) મૃગાચારી := ગુરુનો આશ્રય છોડી એકાકી સ્વચછંદે પ્રવર્તે જિન આજ્ઞા લોપે એવા વેષધારીને મૃગાચારી કહેવાય.

આ પાંચની ભાવના ભાવે તે દુઃખને પામે છે.

(૫) ચાર ભાવના આ પ્રમાણે છેઃ-

મૈત્રી=સર્વ જગતથી નિર્વૈર બૂધ્ધિ

પ્રમોદ=કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો

કરુણા=સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી

ઉપેક્ષા=નિઃસ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું

(૬) પરિણમન

(૭) અધ્યાત્મ ભાવના ચાર છે. મેત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા.

(૧) મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈર બુધ્ધિ

(૨) પ્રમોદ એટલે કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો.

(૩) કરુણા એટલે સંસાર તાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી.

(૪) ઉપેક્ષા એટલે નિસ્પૃહભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મ હિતમાં આવવું. આ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

ભાવના અને ભાવ :બાર ભાવના કહી છે ને ? તેમાં પ્રથમ તો વિકલ્પરૂપ ભાવના હોય છે. તેનો વ્યય થઈને પછી નિર્વિકલ્પ થાય છે. આ નિર્મળ નિર્વિકલ્પ પર્યાય અંદર પ્રગટ થઈ તે ભાવનારૂપ છે. ભાવ જે ત્રિકાળી એકરૂપ પરમાત્મદ્રવ્ય તેની સન્મુખ થઈને પ્રગટેલી જે દશા છે તે ભાવનારૂપ છે. ત્રિકાળી ભાવરૂપ નથી. ભાઈ! આ તો ભાષા છે, જડ છે, તેનો વાચ્યભાવ શું છે તે યર્થાથ સમજવો જોઈએ.

શુધ્ધ પારિણામિક ભાવ ત્રિકાળી સ્વભાવ પરમાનંદમય પ્રભુ આત્મદ્રવ્ય છે. તે ભાવના નથી, અર્થાત્ તે વર્તમાન પર્યાયરૂપ નથી; તેના આશ્રયે પ્રગટેલી મોક્ષના કારણરૂપ દશા ભાવનારૂપ છે, હવે આવી વાત ન સમજતાં કેટલાક દયા, દાન, વ્રત, ભકિત આદિ વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ કહે છે. અરે પ્રભુ! આ તું શું કહે છે ભાઈ! તારી માન્યતાથી મારગનો વિરોધ થાય છે. ભાઈ! એ રીતે તને સત્ય નહિ મળે, અસત્ય જ તને મળશે કેમ કે રાગના સર્વ ભાવ અસત્યાર્થ જ છે. આકરી વાત પ્રભુ! પણ જો ને અહીં શું કહે છે ? ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ વર્તમાન મોક્ષમાર્ગની પર્યાયને તેનાથી કથંચિત ભિન્ન કહીને અસત્યાર્થ કહી તો પછી રાગના વિકલ્પવાળી મલિન દુઃખરૂપ દશાનું શું કહેવું ? ભાઈ! મોક્ષમાર્ગની પર્યાય છે તે તો પવિત્ર છે, આનંદરૂપ છે, સબંધ છે. તે પણ ત્રિકાળી શુધ્ધ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. તો પછી બંધરૂપ રાગની દશાનું શું કહેવું ? રાગ કરતા કરતાં નિશ્ચય (વીતરાગતા) પ્રગટે એ તો તારો અનાદિકાલીન ભ્રમ છે ભાઈ! (ત્યાંથી હઠી જા)

ભાવના પ્રધાન ચેષ્ટા :ભાવપ્રધાન પ્રવૃત્તિ, શુભભાવપ્રધાન વ્યાપાર.

ભાવનાની ઉગ્રતા હોય તો સાચું આવવાનો અવકાશ છે :નિશ્ચય એટલે સત્ય; વ્યવહાર એટલ આરોપિત વાતો. ભાવનાની ઉગ્રતા એટલે શું? વસ્તુપૂર્ણ સ્વરૂપ છે-એમ તેના અસ્તિપણાનું સહજરૂપ જોર આવતાં અંતરમાં

ભાવનાની ઉગ્રતાથી-ભાવ તો ત્રિકાળ વસ્તુ છે પણ તેની વર્તમાન દશામાં વિકલ્પથી નહિ નિર્વિકલ્પ ભાવનાના જોરથી-સાચું આવવાનો અવકાશ છે. ઉગ્રતા હોય-અંતરના તળિયાં લેવાનો-તળ તપાસવાનો ભાવ જોરદાર હોય, તો સાચું આવવાનો-સત્ય સ્વરૂપ પ્રગટ થવાનો-ત્યાં અવકાશ છે.

ભાવનારૂપ મતિજ્ઞાન :જાણેલા પદાર્થનું પુનઃચિંતન તે ભાવનારૂપ મતિજ્ઞાન છે.

ભાવનિક્ષેપ :કેવળ વર્તમાન પર્યાયની મુખ્યતાથી જે પદાર્થ વર્તમાન જ દશામાં છે તે રૂપ કહેવો-જાણવો તે ભાવનિક્ષેપ છે. જેમ સીમંધર ભગવાન વર્તમાન તીર્થંકરપદે મહાવિદેહમાં બિરાજે છે તેમને તીર્થંકર કહેવા-જાણવા અને મહાવીર ભગવાન હાલ સિદ્ધ છે તેમને સિદ્ધ કહેવા-જાણવા તે ભાવનિક્ષેપ છે.

ભાવનિર્જરા :આત્માના ધ્રુવ સ્વભાવના લક્ષે અશુધ્ધતાનું અંશે ખસી જવું અને શુધ્ધતાની અંશે અંશે વૃધ્ધિરૂપ અવસ્થાનું થવું એ સહજ હોય છે, તે ભાવ નિર્જરા છે. (૨) નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-બન્ને નિર્જરા છે. નિર્જરવા યોગ્ય અશુધ્ધતા અને થવા યોગ્ય શુધ્ધતા એ જીવની પર્યાય છે. એ ભાવ-નિર્જરા છે.

ભાવપુણ્ય :મોહકર્મનો જે ઉદય છે એ તો પાપ જ છે. ઘાતીકર્મનો ઉદય છે એ તો એકલો પાપરૂપ જ છે. છતાં અહીં પુણ્યભાવપણે પરિણમ્યો છે તેને ભાવપુણ્ય જીવ કહ્યો અને કર્મનો ઉદય (ઘાચીકર્મનો) જે અજીવ છે તેને દ્રવ્યપુણ્ય કહ્યો. શાતાનો ઉદય છે એ પુણ્યભાવમાં નિમિત્ત ન થાય. એ તો અઘાતી છે. એનો ઉદય તો સંયોગ આપે.

(અઘાતી કર્મ સંયોગમાં નિમિત્ત થાય, પુણ્ય-પાપમાં નિમિત્ત ન થાય) પણ ઘાતી કર્મનો ઉદય જે છે અને અહીં ભાવપુણ્યની અપેક્ષાએ દ્રવ્યપુણ્ય કહ્યો છે. ઘાતીકર્મનો ઉદય મંદ હોય કે તીવ્ર, એ છે તો પાપ જ. કર્મનો ઉદય ભલે તીવ્ર હોય, અહીં રાગની મંદતારૂપ પુણ્યભાવ કરે તો કર્મના ઉદયને દ્રવ્ય-પુણ્ય (મંદ ઉદય) કહેવાય છે. કર્મનો ઉદય મંદ છે માટે અહીં શુભભાવ થયો એમ નથી. અહીં એમ નથી લીધું કે શુભભાવનો ઉદય હોય તો દ્રવ્ય-પુણ્ય-જીવના પુણ્યભાવને જે નિમિત છે અને દ્રવ્ય-પુણ્ય કહ્યું છે. જીવ પોતાના શુભભાવ લાયક છે તે જીવપુણ્ય-ભાવપુણ્ય અને એમાં જે કર્મ નિમિત્ત છે તે દ્રવ્ય પુણ્ય, અજીવપુણ્ય કહ્યું છે. (અજીવ પુણ્ય જીવના પુણ્ય ભાવમાં નિમિત્ત છે, તે પુણ્યભાવ કરાવતું નથી.) (૩) વિકારી થવા યોગ્ય જીવની દશા તે ભાવપુણ્ય છે. વિકારી થવા યોગ્ય પર્યાય તો પોતાના ઉપાદાનથી થઈ છે. ઉપાદાનપણે કરનાર પોતે છે, વિકારી થવા યોગ્ય એમ કહીને જીવની પર્યાયની લાયકાત બતાવી છે. દ્રવ્ય સ્વભાવ તો એવો નથી.

ભાવપુણ્યપાપ :જીવના અમૂર્ત શુભાશુભ પરિણામરૂપ ભાવપ ણ્યપાપ નિશ્ચયથી જીવનું કર્મ છે.

જીવરૂપ કર્તાના*નિશ્ચય કર્મભૂત શુભપરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્ત માત્રપણે કારણભૂત છે. જેથી દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને અનુસારીને (અનુલક્ષીને) તે શુભ પરિણામ ભાવપુણ્ય છે. (શાતાવેદનીયાદિ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના શુભપરિણામ નિમિત્તકારણ છે માટે દ્રવ્યપુણ્યાસ્રવ પ્રસંગની પાછળ તેના નિમિત્તરૂપ શુભપરિણામને પણ ભાવપુણ્ય અવું નામ છે.) એવી રીતે જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત અશુભપરિણમ, દ્રવ્યપાપને નિમિત્તરૂપમાત્રપણે કારણભૂત છે તેથી દ્રવ્યપાપાસ્રવના પ્રસંગને અનુસરીને (અનુલાક્ષીને) તે અશુભ પરિણામ ભાવપાપ છે.

(જીવ કર્તા છે અને શુભપરિણામ તેનું (અશુદ્ધ નિશ્ચયનયે) નિશ્ચય કર્મ છે.)

ભાવપ્રાણ :ચૈતન્ય અને (ભાવ) બલપ્રાણને ભાવપ્રાણ કહે છે. (૨) આત્માની જે શક્તિના નિમિત્તથી ઈન્દ્રિયાદિક પોતાના કાર્યમાં પ્રવર્તે, તેને ભાવપ્રાણ કહે છે. (૩) નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ નિજ શુધ્ધ ભાવ પ્રાણ

નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ નિજ શુધ્ધ જીવનો ભાવ પ્રાણ છે.

ભાવપ્રાણના ભેદ :ભાવપ્રાણના બે ભેદ છે-ભાવેન્દ્રિય અને બલપ્રાણ. આ ભેદ સંસારી જીવોમાં છે. ભાવેન્દ્રિયો બધી ચેતન છે અને તે જ્ઞાનના મતિરૂપ પર્યાયો છે. ભાવબલપ્રાણ જીવના વીર્યગુણોનો પર્યાય છે. દ્રવ્યબલપ્રાણ પુદ્ગલોનો પર્યાય છે. (૨) ભાવેન્દ્રિય અને બલપ્રાણ

ભાવપ્રાણો :જે પ્રાણમાં ચિતાસામાન્યરૂપ અન્વય હોય છે તે ભાવપ્રાણો છે, અર્થાત્ જે પ્રાણોમાં સદોચિત્ સામાન્ય, ચિત્સામાન્ય, ચિત્સામાન્ય એવી

એકરૂપતા-સદશતા હોય છે તે ભાવપ્રાણો છે. (જે પ્રાણોમાં સદા પુદ્ગલ સામાન્ય, પુદ્ગલ સામાન્ય, પુદ્ગલ સામાન્ય એવી એકરૂપ'તા-સદશતા હોય છે તે દ્રવ્યપ્રાણો છે.)

ભાવપરાવર્તન :વળી જીવને અનંત ભાવપરાવર્તન થયાં છે. શુભ અને અશુભ ભાવરૂપી ભાવપરાવર્તન અનંતવાર થઈ ગયાં છે. દયા, દાન, વ્રત, તપ,પૂજા,ભકિત આદિ શુભભાવ જીવે અનંતવાર કર્યા છે. અકેન્દ્રિને પણ શુભભાવ હોય છે. આમ દયા, અહિંસા આદિના શુભભાવ અને રંળવુ, કમાવું, પરિગ્રહ રાખવો, અને વિષયવાસના આદિ પાપભાવોનું પરાવર્તન જીવે અનંત વાર કર્યું છે, આવા પંચ પરાવર્તનરૂપ અનંત પરાવર્તોને લીધે જીવને ચાર ગતિમાં પરિભ્રમણ થયું છે. તેથી સંસારચકના ચકાવામાં પીસાઈ રહ્યો છે, દુઃખી થઈ રહ્યો છે. (૨) વળી જીવ નિરંતરપણે અનંતવાર ભવપરિવર્તન કરી ચૂકયો છે. મનુષ્ય, નારકી, દેવ અને તિર્યંચના ભવો અનંતવાર થઈ ચૂકયા છે. રાજા, મહારાજા, શેઠ અને કરોડપતિના ભવ અનંતવાર મળ્યા છે. ભાઈ! પણ એ બધા ભિખારાની જેમ હમણાં પણ દુઃખી છે, કેમ કે એમને આત્માના આનંદની ખબર નથી, ભગવાન સર્વજ્ઞદેવે અનંત અનંત આનંદ અને શાંતિથી ભરેલો ભગવાન આત્મા અનંત જ્ઞાનલક્ષ્મીનો ભંડાર કહ્યો છે. પણ પ્રભુ! તને તારી લક્ષ્મીની ખબર નથી અને બહાર દોડાદોડી કરી દુઃખી થઈ રહ્યો છે. અહા!દુનિયા મૂર્ખ છે, આત્માને સમજયા વિના મૂર્ખ છે. રાગ અને પુણયની ક્રિયા મારી એમ માનનારા સૌ મૂર્ખ છે. અરે ! અનંત અંનત અનાકુળ આનંદની મૂર્તિ ભગવાન આત્મા છે એની ખબર ન મળે અને આ કરો ને તે કરો, એમ પુણ્ય-પાપ કરવાની વાત અનાદિથી સાંભળી સાંભળી અનંત ભવનાં કષ્ટ સહ્યાં છે, ભાઈ ! નિગોદનાં દુઃખની કથા તો કોણ કહી શકે? આ રાગકથા, બંધકથા આત્માનું અત્યંત બૂરું કરનારી છે.

ભાવપાપ :વિકારી થવા યોગ્ય જે જીવની પર્યાય તે ભાવપાપ છે.

ભાવપાપાસ્રવ :અશાતા વેદનીયાદિ પુદ્ગલ પરિણામરૂપ દ્રવ્યપાપાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના અશુભભાવો નિમિત્ત કારણ છે માટે દ્રવ્યપાપાસ્રવ પ્રસંગની પાછળ તેના નિમિત્તભૂત અશુભ ભાવોને પણ ભાવપાપાસ્રવ એવું નામ છે.

ભાવબંધ અને દ્રવ્યબંધ :મિથ્યાત્વાદિ કે જેઓ બંધના કારણો છે તેઓ જીવ અને અજીવ એમ બે પ્રકારના છે. જે મિથ્યાત્વાદિ પરિણામો જીવમાં થાય છે તેઓ જીવ છે, તેને ભાવબંધ કહેવાય છે; અને જે મિથ્યાત્વાદિ પરિણામો પુદ્ગલમાં થાય છે તેઓ અજીવ છે, તેને દ્રવ્યબંધ કહેવામાં આવે છે.

ભાવબંધ :જો ખરેખર આ આત્મા અંન્યના (પુદ્ગલકર્મના) આશ્રય વડે અનાદિ કાળથી રકત રહીને કર્મોદયના પ્રભાવયુકતપણે વર્તવાથી ઉદિત (પ્રગટ થતા) શુભ કે અશુભ ભાવને કરે છે, તો તે આત્મા તે નિમિત્તભૂત ભાવ વડે વિવિધ પુદ્ગલકર્મથી બદ્ધ થાય છે. તેથી અહીં (એમ કહ્યુ કે) મોહ રાગદ્વેષ વડે સ્નિગ્ધ એવા જે જીવના શુભ કે અશુભ પરિણામ તે ભાવબંધ છે અને તેના (શુભાશુભ પરિણામના) નિમિત્તથી શુભાશુભ કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (વિશિષ્ટ શકિત સહિત એકક્ષેત્રાવગાહ સંબંધ) તે દ્રવ્યબંધ છે. (૨) બંધાવા યોગ્ય અને બંધન કરનાર એ બન્ને બંધ છે. બંધાવા યોગ્ય જીવ (પર્યાય) છે. રાગદ્વેષ, મિથ્યાત્વ, વિષયવાસના-એમાં અટકવા યોગ્ય, બંધાવા યોગ્ય લાયકાત જીવની પર્યાયની છે, તે ભાવ-બંધ છે. (૩) જીવમાં રાગદ્વેષરૂપ વિકાર તે ભાવબંધ છે. (૪) રાગ-દ્વેષરૂપ વિકાર તે ભાવબંધ છે. (૫) આ આત્મા સાકાર અને નિરાકાર પ્રતિભાસ સ્વરૂપ (જ્ઞાન અને દર્શન સ્વરૂપ) હોવાથી પ્રતિભાસ્ય (પ્રતિ ભાસવા યોગ્ય) પદાર્થ સમૂહને જે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ ભાવથી દેખે છે અને જાણે છે તેનાથી ઉપરકત થાય છે. જે આ ઉપરાગ (મલિનતા, વિકાર) છે તે ખરેખર સ્નિગ્ધ-રૂક્ષત્વ સ્થાનીય ભાવબંધ છે. વળી તેનાથી જ જરૂર પૌદ્લિક કર્મ બંધાય છે. આમ આ દ્રવ્યબંધનું નિમિત્ત ભાવબંધ છે.

ભાવબંધન :પાંચે ઈન્દ્રિયોના વિષયો તરફ ઠીક અઠીકનું વલણ કરી રાગમાં અટકવું થાય છે તે જ પરમાર્થે ભાવબંધન છે.

ભાવબલપ્રાણના ભેદ :ભાવબલપ્રાણના ત્રણ ભેદ છે-મનબલ, વચનબલ, અને કાયબલ.

ભાવભર્યું :હૃદય સોંસરું પેસી જાય એવું

ભાવભાસન :ભાવનો નિર્ણય-નિશ્ચય-અવાય (૨) આત્મરમણના, આત્મપરિણમન, સ્વરૂપની રમણતા.

ભાવભાસવો :વિચાર કરીને તત્ત્વનો અવાય (નિર્ણય) થવો જોઈએ.

ભાવમન :ભાવમન લબ્ધિ અને ઉપયોગરૂ' છે. જે પુદ્ગલનું અવલંબન મેળવીને જ હોય છે. આથી પૌદ્ગલિક છે.

ભાવમરણ :વૃત્તિ પરભાવમાં રાચે તે ભાવમરણ (૨) રાગદ્વેષ આદિ દુષ્ટ ભાવોમાં મનની પ્રવર્તના રૂપ ભાવમરણ. (૩) દેહ છૂટે તે દ્રવ્યમરણ તો ભવમાં એક જ વાર થાય છે. પણ બીજા એવા ભવ ધારણ કરાવે તેવા રાગ-દ્વેષ આદિ દષ્ટ ભાવોમાં મનની પ્રવર્તનારૂપ ભાવમરણ ક્ષણે ક્ષણે થઈ રહ્યાં છે. જેથી આત્માના વાસ્તવિક અનંતજ્ઞાન, દર્શન, સુખ વીર્ય આદિ ગુણોનો ઘાત થઈ રહ્યો છે તે ભયંકર ભાવમરણમાં અહો ભાવો ! તમે શા માટે રાચી રહ્યા છો ? (૪) દેહ છૂટે તે દ્રવ્ય મરણ તો ભવમાં એક જ વાર થાય છે. પણ બીજા એવાં અનેક ભવ ધારણ કરાવે તેવા રાગ-દ્વેષ આદિ દુષ્ટ ભાવોમાં મનની પ્રવર્તતારૂપ ભાવમરણ ક્ષણેક્ષણે થઈ રહ્યાં છે. અને તેથી આત્માના વાસ્તવિક અનંતજ્ઞાન દર્શન સુખ વીર્ય આદિ ગુણોના ઘાત થઈ રહ્યો છે તે ભયંકર ભાવમરણમાં અહી ભવ્યો ! તમે શા માટે રાચી રહ્યા છો ?

ભાવમળ :રાગાદિક તથા ક્રોધાદિક

ભાવમોક્ષ :મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર-એ બન્ને મોક્ષ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય છે. જીવની પર્યાયમાં મોક્ષ થવાની લાયકાત છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષસ્વરૂપ જ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય તે ભાવમોક્ષ છે. (૨) આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે. જ્ઞાનીને તેનો અભાવ થાય છે. જેનો અભાવ થતાં આસ્રવભાવનો અભાવ થાય છે. આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું અને અવ્યાબાધ, ઈંદ્રિયવ્યાપારાતીત અનંતસુખ થાય છે. તે આ જીવન્મુકિત નામનો ભાવમોક્ષ છે. કઈ રીતે? એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છેઃ-

અહીં જે ભાવ વિવક્ષિત છે તે કર્માવૃત (કર્મથી અવચારેલા) ચૈતન્યની ક્રમે પ્રવતર્તી જ્ઞપ્તિક્રિયારૂપ છે. તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) ખરેખર સંસારીને અનાદિકાળથી મોહનીયકર્મને ઉદયને અનુસરતી પરિણતિને લીધે અશુદ્ધ છે, દ્રવ્યકર્માસ્ત્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપભાવ) જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છેતેથી તેને આસત્રવભાવનો નિરોધ થાય છે. જેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે અશ્વયંત નિર્વિકારપણું થવાથી, જેને અનાદિકાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંતર્મુહૂર્ત પસાર કરીને યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી કથંચત કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને અ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી ભાવકર્મનો વિનાશ થાય છે. જેથી કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈંદ્રિયવ્યાપારાતીત-આવ્યાબાધ-અનંત સુખવાળો સદાય રહે છે.

આ રીતે(આ અહીં કહ્યો તે) ભાવમોક્ષનો પ્રકાર તથા દ્રવ્યકર્મ મોક્ષના હેતુભૂત પરમન સમવરનો પ્રકાર છે.

ભાવ્ય :થવા યોગ્ય, ભોગવવા લાયક, ભોગવવા લાયક ભાવ. (૨) ભાવવાયોગ્ય, ચિતવવાયોગ્ય, ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ધ્યેય. (૩) ક્રોધાદિના વિકારી પરિણામ થવા તે ભાવ્ય-ફળ છે. (૪) પુણ્ય-પાપ વગેરેના પરિણામ (૫) ક્રોધ, માન, માયા, લોભ વગેરે પ્રકારના વિકારી ભાવો. (૬) કર્મના અનુસાર થવા યોગ્ય આત્માની અવસ્થા તે ભાવ્ય. (૭) ભાવવા યોગ્ય ; ચિંતવવા યોય; ધ્યાન કરવા યોગ્ય અર્થાત્ ધ્યેય

ભાવ્ય ભાવક :ભાવ એટલે ક્રોધાદિના વિકારી પરિણામ થવા તે અને ભાવક એટલે ક્રોધ થવાનું નિમિત્ત એ દ્રવ્યકર્મ-જડકર્મ છે.

ભાવ્ય ભાવક સંબંધ :જે જે ભાવ અનુભવવા યોગ્ય હોય તેને ભાવ્ય કહીએ, અને અનુભવ કરનાર પદાર્થને ભાવક કહીએ. આવો ભાવ્ય ભાવક સંબંધ જયાં હોય ત્યાં ભોકતા ભોગ્ય સંબંધ સંભવે, બીજી જગ્યાએ ન સંભવે.

ભાવ્ય ભાવકપણું :ભાવક એટલે થનાકર, અને ભાવક જે રૂપે થાય થે ભાવ્ય. આત્મા ભાવક છે અને સમ્યગ્દર્શનાદિ પર્યાયો ભાવ્ય છે. ભાવક અને ભાવ્યને પરસ્પર અતિ ગાઢ મિલન (એકમેકતા) હોય છે. ભાવક આત્મા અંગી છે અને આવ્યરૂપ સમ્યગ્દર્શનાદિ પર્યાયો તેનાં અંગો છે.

ભાવબંધ અને દ્રવયબંધનું સ્વરૂપ :જે આત્માના રાગ-દ્વેષરૂપ પરિણામ છે તે જ ભાવબંધ કહેવાય છે. તેને જ જીવબંધ પણ કહે છે. દ્રવ્યબંધ આ પદમાં પડેલો જે દ્રવ્ય શબ્દ છે તેનો અર્થ તો પુદ્ગલપિંડ છે. તે પુદ્ગલપિંડમાં જે આત્માની સાથે બંધ થવાની શક્તિ છે તે જ બંધ શબ્દનો અર્થ છે.

ભાવાર્થ : આત્માના રાગદ્વેષરૂપ જે પરિણામ છે તે તો ભાવબંધ છે અને સંસારમાં ભરેલી પુદ્ગલ વર્ગણાઓ કે જેનામાં આત્માની સાથે બંધાઈ જવાની શક્તિ છે તે દ્રવ્યબંધ કહેવાય છે. બધા પુદ્ગલોમાં આત્માની સાથે બંધાવાની શક્તિ નથી. પુદ્ગલના તેવીસ ભેદ બતાવવામાં આવ્યા છે. તેમાં પાંચ વર્ગણાઓ એવી છે કે જેની સાથે જીવને સંબંધ છે, બીજા પુદ્ગલો સાથે નથી. તે વર્ગણાઓ આહારવર્ગણા, તેજસ વર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા અને કાર્માણવર્ગણા, આ નામોથી પ્રસિધ્ધ છે. આ જ પાંચ વર્ગણાઓ આત્માની સાથે બંધાવાની શક્તિ ધરાવે છે. રાગદ્વેષ શું વસ્તુ છે તે ગ્રંથકાર પોતે આગળ લખશે.

ભાવ્યભાવક સંકરદોષ :ભાવક કર્મનો ઉદય છે અને ભાવ્ય થવાને લાયક પોતાનો આત્મા ભાવ્ય છે. જે બન્નેની એકતા તે ભાવ્યભાવક સંકર દોષ છો.

ભાવ્યભાવકભાવ :આત્મા ભાવક છે અને શુભાશુભ ભાવ ભાવ્ય છે. રાગ-દ્વેષ ભાવ ભાવ્ય છે તેને ભાવક આત્મા ભોગવે છે.

ભાવ્યરૂપ :ક્રોધાદિ વિકારોથી મિશ્રિત

ભાવયોગ :કર્મ-નોકર્મને ગ્રહણ કરવાની આત્માની શકિત વિશેષ તે ભાવયોગ છે.

ભાવલિંગી મુનિ :ભાવલિંગી મુનિનું લક્ષણ અંત મુંહુર્તમાં છઠ્ઠા-સાતમા ગુણ સ્થાને આવ્યા કરે તે ભાવલિંગી મુનિનું લક્ષણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર શુધ્ધ પરિણતિ રહે છે તે ભાવ લિંગીપણું છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે, ચોથા-પાંચમા ગુણસ્થાને આનંદનું વેદન હોય છે પણ અલ્પ છે. પ્રચુર આનંદનું વેદન તો ભાવલિંગી મુનિને હોય છે.

ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે તે પ્રમાદ છે. શાસ્ત્રમાં તેને જગપંથ કહ્યો છે. સ્વરૂપમાં ઠરી જવું એ જ મુનિદશા છે, એમાંથી શુભરાગમાં આવવું ગોઠતું નથી જેમ ચક્રવર્તીને પોતાના સુખદાસ મહેલમાંથી બહાર આવવું ગોઠતું નથી તેમ ચૈતન્ય મહેલમાં જે વિશ્રાંતિથી બેઠાં છે તેને એ સુખદાયી ચૈતન્યમહેલમાંથી બહાર આવવું ગમતું નથી.

અશુભ રાગ તો પાપરૂપ ઝેર છે પણ શુભરાગ પણ દુઃખરૂપ બંધન છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદની મૂર્તિ છે એવા સ્વરૂપની ઓળખાણ થઈ છે તેને સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી.

જેને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ ગામ ને ૧૬ હજાર દેવો સેવા કરનાર છે એવી સાહ્યબીમાં પડેલા ચક્રવર્તી મળને છોડે તેમ વિભૂતીને ક્ષણમાં છોડી આનંદનો ઉગ્ર સ્વાદ લેનારને શુભરાગમાં આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે, બહાર આવવું ગમતું નથી. શાસ્ત્ર રચવાનો કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે પણ તે બોજારૂપ લાગે છે.

ભાવવું :અનુભવવું, સમજવું, ચિંતવવું(કોઈ જીવને -અજ્ઞાનીને કે જ્ઞાનીને-પર સાથે સંબંધરૂપ નથી. બંધ માર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી બાંધતો હતો અને પોતાને (અર્થાત્ પોતાના દુઃખપર્યાયરૂપ ફળને) ભોગવતો હતો. હવે મોક્ષમાર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી મુકત કરે છે અને પોતાને (અર્થાત્ પોતાના સુખપર્યાયરૂપ ફળને) ભોગવે છે. -આવા એકત્વને સમ્યગ્દષ્ટિ જીવ ભાવે છે- અનુભવે છે. સમજે છે- ચિંતવે છે.મિથ્યા મિથ્યાદષ્ટિ આનાથી વિપરીત ભાવનાવાળો હોય છે.) (૨) સમજવું, અનુભવવું (૩) ચિંતવવું (૪) ધ્યાવવું, અનુભવવું (૫) ચિંતવવું, ધ્યાવવું, અનુભવવું (૬) બનાવવું, ભાવ્યરૂપ કરવું. (૭) અનુભવવું, સમજવું, ચિંતવવું, (કોઈ જીવને-અજ્ઞાનીને કે જ્ઞાનીને-પર સાથે સંબંધ નથી. બંધમાર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી બાંધતો હતો અને પોતાને (અર્થાત્ પોતાના દુઃખ પર્યાયરૂપ ફળને) ભોગવતો હતો. કવે મોક્ષમાર્ગમાં

આત્મા પોતે પોતાને પોતાથી મુકત કરે છે અને પોતાને (અર્થાત્ પોતાના સુખપર્યાયરૂપ ફળની) ભોગવે છે.- આવા એકત્વને સમ્યગ્દષ્ટિ જીવ ભાવે છે. અનુભવે છે. સમજે છે-ચિંતવે છે.મિથ્યાદષ્ટિ આનાથી વિપરીત ભાવનાવાળો હોય છે.) (૮) સમજવું; અનુભવવું (૯) અનુભવવું; સમજવું; ચિંતવવું; (કોઈ જીવને અજ્ઞાની કે જ્ઞાનીને-પર સાથે સંબંધ નથી. બંધ માર્ગમાં આત્મા પોતે પોતાને બાંધતો હતો અને પોતાને (અર્થાત્ પોતાના દુઃખ પર્યાયરૂપ ફળને) ભોગવતો હતો. હવે મોક્ષમાર્ગમાં આત્મા પોતે પોતાને પોતાથી મુક્ત કરે છે અને પોતાને (અર્થાત્ પોતાના સુખ પર્યાયરૂપ ફળને) ભોગવે છે - આવા એકત્વને સમ્યગ્દષ્ટિ જીવ ભાવે છે-અનુભવે છે સમજે છે-ચિંતવે છે. મિથ્યાદ્રષ્ટિ આનાથી વિપરીત ભાવનાવાળો હોય છે.)

ભાવવચન :નિર્મળ દશા (૨) અંતર એકાગ્રતા

ભાવવંદન :હું પૂર્ણ જ્ઞાનધન સ્વભાવે નિર્મળ છું એવા ભાવ સહિત રાગાદિ વિસ્મરણ કરી સ્વલક્ષે રાગરહિત, અંદર ઠરવું તે અંતર-એકાગ્રતા અર્થાત ભાવ વંદન છે.

ભાવવારિધિ :ભાવસિંધુ

ભાવવાચક :અસ્તિસૂચક

ભાવવાન :ભાવવાળું(દ્રવ્ય ભાવવાળું છે અને સત્તા તેનો ભાવ છે. તેઓ અપૃથક્ છે(જુદા નથી-અભિન્ન છે.) તે અપેક્ષાએ અનન્ય છે,(અન્નય નથી) પૃથક્ત્વ અને અન્યત્વોનો ભેદ જે અપેક્ષાઅ છે તે અપેક્ષા લઈને તેમના ખાસ (જુદા) અર્થો છે તે અર્થો અહીં લાગુ ન પાડવા. અહીં તો અન્યપણાને અપૃક્પણાનો અર્થમાં જ સમજવું.

ભાવવાળા :વિદ્યામાન

ભાવશકિત :ભાવ નામ ભવન-નિર્મળ પરિણામનના ભાવનરૂ' પર્યાય વર્તમાન વિદ્યમાન હોય જ છે એવું આ શકિતનું સ્વરૂપ છે. ભાવશકિત અને શકિતમાન આત્મા-તેનો જેને અનુભવ વર્તે છે તેને કહે છે. છ્નર્મળ પર્યાય વર્તમાન વિદ્યમાન હોય જ છે. જેને ભગવાન આત્માની અંતર-પ્રતીતિ થઈ, જ્ઞાનમાં નિજ જ્ઞાયક જણાયો, ને નિર્મળ જ્ઞાન સાથે અનાકુળ આનંદ પ્રગટ તેને ભાવશકિતનું પરિણમન થયું છે જેથી તેને વર્તમાન નિર્મળ અવસ્થા વિદ્યમાન જ છે, એવા સમ્યક્દષ્ટિની વાત છે.

વર્તમાન અવસ્થા વિદ્યમાનપણે હોય જ એવી આત્માની ભાવશકિત તેનું કારણ છે. ઈર્તમાન, વર્તમાન વર્તતી પ્રતિ સમયની અવસ્થા તેના સ્વકાળે વિદ્યમાન થાય એવી આત્માની ભાવશકિત છે તે કારણ છે.

ધ્યાનમાત્ર વસ્તુનું પરિણમન થતાં ભેગી અનંત શકિતઓ નિર્મળપણે ઊછળે છે. આવી સ્વાનુભવની દશા હોય છે. એ સ્વાનુભવની દશા કાંઈ વિકલ્પથી કે નિમિત્તથી ઉત્પન્ન થાય છે એમ નથી. સીંવકાળે વિદ્યમાન એ દશા, અહીં કહે છે, ભાવશકિતનું કાર્ય છે, ને પોતાના દ્રવ્યસ્વભાવની સન્મુખ થતાં તે પ્રગટ થાય છે.

જો કે આ આત્મા શરીરપ્રમાણ છે, તથાપિ તે શરીરથી તદ્દન ભિન્ન છે. ઈરીર તેનું કાંઈ સંબંધી નથી. આવો ભગવાન આત્મા અસંખ્યાત પ્રદેશી વસ્તુ અનંત ગુણોથી વિરાજમાન મોટો (સર્વોત્કૃષ્ટ) ચૈતન્ય બાદશાહ છે, અસંખ્ય પ્રદેશ તેનો દેશ છે. જેમાં વ્યાપક અનંત ગુણ તેનાં ગામ છે, ને એકેક ગામમાં અનંતી નિર્મળ પર્યાયરૂપ પ્રજા છે. આ પર્યાયરૂ' પ્રજા કેવી રીતે પ્રગટ થઈ? તો કહે છે- અનંત ગુણમાં ભાવશકિતનું રૂ' છે. જેથી પ્રત્યેકને વર્તમાન વિદ્યમના અવસ્થાવાખ્યપણું છે.

જુઓ, આકાશમાં ધ્રુવનો તારો હોય છે. જેને લક્ષમાં રાખીને સમુદ્રમાં વહાણ ચાલે છે. ધ્રુવ તારો તો જયાં છે ત્યાં છે, તેનું સ્થાન ફરતું નથી, પણ મોટાં વહાણો હોય છે તે આ ધ્રુવના તારાને લક્ષમાં રાખી નિશ્ચિત સ્થાન પ્રતિ ગતિ કરે છે. જેમ ભગવાન આત્મા ધ્રુવ ચિદાનંદપ્રભુ, આનંદરસ, જ્ઞાનરસ, શાંતરસ, વીતરાગરસ, જીવનરસ-એવા અનંત ગુણના નિજરસથી ભરપૂર ભરેલો ધ્રુવ-ધ્રુવ છે. આવા ધ્રુવના લક્ષે વર્તમાન પર્યાયને અંદર ઊંડે (સન્મુખ) થઈ જતાં પર્યાયની ધ્રુવમાં એકતા થાય છે. રાગ અને પર નિમિત્ત સાથે એકતા હતી તે પલટીને ધ્રુવના લક્ષે ધ્રુવમાં એકતા થાય છે. આનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. એકતા એટલે શું ? ધ્રુવ ને પર્યાય કાંઈ પરસ્પર

ભાળીને એક થઈ જાય છે એમ નહિ પણ પર્યાય ધ્રુવની સન્મુખ થઈ તેને એકતા થઈ એમ કહેવામાં આવે છે.

ભગવાન આત્મા ચૈતન્ય ગુણરત્નોથી ભરેલો રત્નાકર પ્રભુ છે. જેમાં એક ભાવશકિત નામનો ગુણ છ. આ ભાવશકિત વર્તમાન વિદ્યમાન અવસ્થાને પ્રગટ કરે છે. પ્રગટ કરે છે શું? શકિત પરિણમ વર્તમાન વિદ્યમાન અવસ્થા હોય જ છે. ભાવશકિતનું ભવન-પરિણમન હોતાં આત્માને વર્તમાન વિદ્યમાન અવસ્થાયુકતપણું હોય જ છ. અવસ્થા કરવી પડે એમ નહિ. અહીં નિર્મળ અવસ્થા લેવી, મલિન અવસ્થા શકિતના કાર્યરૂપ નથી.

ત્રિકાળી ભાવશકિત છે તે પરિણામિક ભાવે છે. જેનું પરિણમન થાય છે તે ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયિક એવા ત્રણ ભાવરૂપ હોય છે. ઉદયમાન તે શકિતનું કાર્ય નથી. નિર્મળ પર્યાયની વર્તમાન હયાતી હોય એવી ભાવશકિત જીવમાં ત્રિકાળ છે. અમુક સ્વરમાં એટલે અહીં નિશ્ચિત નિર્મળ પર્યાયની વાતચ છે. દ્રવ્યસ્વભાવની દષ્ટિપૂર્વક જેને ભાવશકિતની પ્રતીતિ થઈ છે તેને ભાવશકિતના કાર્યરૂપ નિયમથી નિશ્ચય નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય છે. અમુક એવસ્થા એટલે ક્રમબદ્ધ જે નિર્મળ અવસ્થા થવાની હોય તે અવસ્થા વર્તમાન-વર્તમાન વિદ્યમાન હોય છે એમ વાત છે. અમુક અવસ્થા એટલે ગમે તે અવસ્થા એમ વાત નથી, પણ અમુક નિર્મળ નિશ્ચિત અવસ્થાની વાત છે.

અહા ! આ ભાવશકિતનુા વર્ણનમાં ઘણું રહસ્ય ભર્યું છે. ભાવશકિત પરિણમતાં -

(૧) નિયમથી વર્માન નિર્મળ અવસ્થા વિદ્યમાન હોય છે, તેથી
(૨) દ્રવ્યની પર્યાયનું (નિર્મળ પર્યાયનું) વ્યવહારનયનો વિકલ્પ કારણ નથી.
(૩) દ્રવ્યની નિર્મળ પર્યાયનું દેવ-ગુરુ આદિ પર નિમિત્ત કારણ નથી.
(૪) દ્રવ્યની પર્યાય કરવી પડે છે. એમ નથી.
(૫) દ્રવ્યની પર્યાય સ્વકાળે પ્રગટ થાય જ છે.
(૬) દ્રવ્યમાં પ્રગટ થતી પર્યાય નિયત ક્રમથી ક્રમબદ્ધ પ્રગટ થાય છે.

ઈશ્વયાદિ અનેક રહસ્યો આ ભાવશકિતના વર્ણનમાં ભર્યા છે.

પ્રયચનરત્નાકર ગ્રંથ-૧૧-ભાવશકિતમાંથી.

ભાવશ્રુત :પ્રમાણ જ્ઞાન. તે કેવળ જ્ઞાનનો અંકુરો છે. જ્ઞાનનો તે અંકુર કોઈ રાગના વિકલ્પમાંથી નથી આવતો. રાગમાંથી જ્ઞાનનો અંકુર કદી ઊગે નહીં; ચૈતન્ય રત્નાકર ઉલ્લસીને તેમાંથી શ્રુતનો અંકુર આવે છે. તેની સાથેની શુધ્ધ દ્રષ્ટિ તે સમ્યગ્દર્શન છે અને જેટલી રાગરહિત સ્થિરતા થઈ તે સમ્યક્ચારિત્ર છે.

ભાવશ્રુતકેવળી :આ આત્મા એકરૂપ, શુદ્ધ, સામાન્ય, ધ્રુવ અનુભવગોચર વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેને સ્વસંવેદનજ્ઞાન દ્વારા જે પ્રત્યક્ષ જાણે અનુભવે તે સમ્યગ્દષ્ટિ જીવ છે. તેને કેવળી ભગવાન અને ઋષીશ્વરો ભાવશ્રુતકેવળી કહે છે. આ મુદ્દાની રકમની વાત છે અરે ! જિનેધ્વશ્વરદેવનો માર્ગ લોકાએ લૌકિક જેવો કરી નાખ્યો છે. પરંતુ ભગવાનની વાણી અનુસાર વાણી અનુસાર બાર અંગની રચના થઈ, તે અનુસાર દિગંબર સંતોએ શાસ્ત્ર રચ્યાં છે. જેમાં જ્ઞાનપ્રવાહ નામનું એક શાસ્ત્ર છે. જેનો આ સમયસાર એક ભાગ છે. તેમાં કહે છે કે અંદર આખું જ્ઞાયકનું દળ જે અનંત અનંત બેહદ જ્ઞાન, આનંદ, ઈત્યાદિ અનંત ગુણોથી ભરેલું અભેદ છે તેની સન્મુખ પોતાની જ્ઞાનપર્યાયને કરીને જે અનુભવગમ્ય નિજસ્વરૂપને જાણે-અનુભવે છે તે ભાવશ્રુતકેવળી છે.

ભાવશ્રુતજ્ઞાન :નિજ સ્વરૂપ નું અનુભવન તે આત્મજ્ઞાન છે. શુદ્ધજ્ઞાનરૂપ સ્વસંવેદન, જ્ઞાનનું (ત્રિકાળીનું) સ્વસંવેદન અનુભવન એ ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી. અહીં ત્રણ વાત આવી :-

(૧) એક તો પરદ્રવ્ય અને પર્યાયથી પણ ભિન્ન જે અખંડ એક શુદ્ધ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ એનું અનુભવન ભાવશ્રુત જ્ઞાન એ જ શુદ્ધનય છે.
(૨) શુદ્ધનયનો વિષય જે દ્રવ્યસામાન્ય છે અને અનુભવ એને જ શુદ્ધનય કહે છે, અને એ જ જૈનશાસન છે.

(૩) ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકમાત્રનો વર્તમાનમાં ભાવશ્રુતજ્ઞાનરૂપ અનુભવ એ જૈનશાસન છે. કેમ કે ભાવશ્રુતજ્ઞાન એ વીતરાગી જ્ઞાન છે, વીતરાગી પર્યાય છે.

એટલે જેમાં રાગની કે નિમિત્તની અપેક્ષા નથી એવું જે સ્વને વેદનારું અરૂપી નિર્વિકલ્પ જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન. તેના દ્વારા અખંડ એકરૂપ' કેવળ શુદ્ધાત્માને અનુભવે જાણે તેને ભાવશ્રુતકેવળી કહેવામાં આવે છે.) (૨) શ્રુતજ્ઞાન પોતે આત્મા જ છે. ભાવશ્રુતજ્ઞાન-શુદ્ધોપયોગથી જે આત્માનો અનુભવ થયો એ આત્મા જ છે. સ્વરૂપની વીતરાગ સ્વસંવેદનદશા-પ્રત્યક્ષ જ્ઞાનની અનુભૂતિ જે પ્રગટ થઈ એ આત્મા જ છે. ઈવશ્રુતમાં જે ત્રિકાળી વસ્તુ જણાઈ તે વીતરાગ સ્વરૂપ છે અને એની અનુભૂતિ પ્રગટ થઈ એ પણ વીતરાગ પરિણતિ છે. ભગવાન આત્મા ત્રિકાળ મુકતસ્વરૂપજ છે, એનો પર્યાયમાં અનુભવ થયો એ ભાવશ્રુતજ્ઞાન છે, શુદ્ધોપયોગ છે. (૩) જ્ઞાન તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધનયથી આમાં કાંઈ ભેદ નથી. (૪) આત્માનું અભ્યંતર જ્ઞાન (૫) દ્રવ્યશ્રુતની જે જ્ઞીપ્ત જાણકારી તે ભાવશ્રુતજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ થવાથી તે દ્રવ્ય-શ્રુતને પણ ઉપચારથી -વ્યવહારથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સૂત્રતો ઉપાધિરૂપ હોવાથી છૂટી જાય છે. જ્ઞપ્તિ જ બાકી રહી જાય છે. તે જ્ઞપ્તિ કેવળ જ્ઞાનીની અને શ્રુતજ્ઞાનીની આત્માના સમ્યક્ અનુભવમાં સમાન હોય છે. વાસ્તવમાં જ્ઞાનો શ્રુત ઉપાધિરૂપ ભેદ નથી.

સ્વાધ્યાયરૂપ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બન્નેનાં સર્વ તત્ત્વ પ્રકાશનમાં સાક્ષાત્-અસાક્ષાતનો -પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. જીવ અજીવાદિ તત્ત્વોને યથાર્થરૂપે જાણવામાં કોઈ અંતર નથી. (૬) મોક્ષના માર્ગમાં ભાવશ્રુતજ્ઞાન (અનુભૂતિરૂપ જાણપણું) હોય છે, તે પણ આનંદના સ્વાદથી ભરેલું છે ને સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ છે. જેમ કેવળજ્ઞાન પ્રમાણ છે તેમ શ્રુતજ્ઞાન પણ પ્રમાણ છે;

પરોક્ષ હોવા છતાં તે પ્રમાણ છે, તે સંવેદનમાં તો તે પ્રત્યક્ષ પણ છે. પોતાના આત્માના અનુભવને સાધકજીવ સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ પ્રમાણથી જાણે છે; તેમાં તેને સંદેહ નથી. પરોક્ષરૂપ પ્રમાણજ્ઞાન પણ સન્દેહ વગરનું હોય છે. કેવળજ્ઞાન જેવી જ જાતનું, સ્વસંવેદન-પ્રત્યક્ષરૂપ ભાવશ્રુતજ્ઞાન હોય ત્યારે જ મોક્ષમાર્ગ થાય અને તે જીવને જ સાચા નિશ્ચય-વ્યવહાર નયો હોય. (૭) શુધ્ધ આત્મ જ્ઞાન; અનુભૂતિરૂપ જાણપણું; પ્રમાણજ્ઞાન (૮) દ્રવ્યશ્રુત સ્વતઃ જ્ઞાન રૂપ ન હોતાં પુદ્ગલના ક્રમમાં છે, જેની જે જ્ઞપ્તિ-જાણકારી તે ભાવ-શ્રુતજ્ઞાન કહેવાય છે. (૯) અનુભૂતિરૂપ જાણપણું=પ્રમાણજ્ઞાન (૧૦) જેમાંથી ભેદ નામ પુણ્ય-પાપનો રાગ ભિન્ન પડી ગયો છે અને જેમાં અભેદ એક નિત્યાનંદ સ્વરૂપનું સંવેદન-જ્ઞાન પ્રગટ થયું છે. એવું ભાવશ્રુત જ્ઞાન-દ્રવ્યશ્રુતજ્ઞાન એટલે ભગવાનની વાણીમાંથી રચાયેલાં શાસ્ત્રોનું વાંચવું, સાંભળવું, મનન કરવું ઈત્યાદિ જે વિકલ્પ છે તે જેમાંથી દૂર થઈ ગયા છે એવું જે ભાવશ્રુતજ્ઞાન તેના સદ્ભાવને લીધે જ્ઞાની પરથી અત્યંત વિરકત છે. (૧૧) આત્માની શુધ્ધ અનુભૂતિરૂપ શ્રુતણાન ને ભાવશ્રુત જ્ઞાન કહે છે.

ભાવશ્રુતજ્ઞાન અને દ્રવ્યશ્રુતજ્ઞાન :જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન! એટલે શું? કે જેમાંથી ભેદ નામ પુણ્યપાપનો રાગ ભિન્ન પડી ગયો છે અને જેમાં અભેદ એક નિત્યાનંદ સ્વરૂપનું સંવેદન-જ્ઞાન પ્રગટ થયું છે એવું ભાવશ્રુતજ્ઞાન. દ્રવ્યશ્રુતજ્ઞાન એટલે ભગવાનની વાણીમાંથી રચાયેલા શાસ્ત્રોનું વાંચવું, સાંભળવું, મનન કરવું ઈત્યાદિ

ભાવશ્રુતજ્ઞાન સ્વરૂપ :શુધ્ધ આત્માનું જ્ઞાન

ભાવસ્તુતિ :મન, વાણી, દેહ તથા શુભાશુભવૃત્તિથી હું જુદો છું, એમ શુધ્ધાત્મા તરફ વળી રાગની વૃત્તિથી ખસી અંદરમાં કરવું તે ભાવસ્તુતિ છે.

ભાવ સ્તુતિ વંદનામય :ભાવ સ્તુતિમય અને ભાવવંદના મય.

ભાવસંવર :સંવર થવા યોય સંવાર્થ એ જીવની પર્યાય છે. તે ભાવસંવર છે.

નિરાવલંબી એકરૂપ સ્વભાવના જોરે અશુધ્ધતા રોકાય તે ભાવ સંવર, એ યોગ્યતા આત્માની છે. કષાયોનો નિરોધ ભાવ સંવર કહેવાય છે. ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોને આવતા અટકાવવા તે ભાવસંવર છે.

ભાવહિંસા :મિથ્યાત્વ, રાગ, અને દ્વેષ વગેરે વિકારોની ઉત્પત્તિ (ખરેખર રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે. અને તે રાગાદિ ભાવોની ઉત્પતિ થવી તે હિંસા છે-એવું જૈનશાસ્ત્રનું ટુંકું રહસ્ય છે.) પુરુષાર્થ સિદ્ધોપાય (૨) આત્માના ગુણનો ઘાત તે ભાવહિંસા છે.

ભાવાંતર :અન્યભાવ (૨) બીજાના ભાવો (૩) ભાવ વિશેષ, ખાસ ભાવ, બીજો ભાવ, જુદો ભાવ (નવ પદાર્થોના અશ્રદ્ધાનનો અભાવ જેનો સ્વભાવ છે એવો ભાવાંતર (નવ પદાર્થોના શ્રદ્ધાનરૂપ ભાવ) તે સમ્યગ્દર્શન છે.) (૪) અન્ય ભાવ (૫) જ્ઞાયકભાવથી અન્ય ભાવો; વિભાવો (૬) જ્ઞાયકભાવથી અન્યભાવો. (૭) ભાલવિશેષ, ખાસ ભાવ, બીજો ભાવ, જુદા ભાવ (નવ પદાર્થોના આશ્રદ્ધાનનો આ બાવ જેનો સ્વભાવ છે એવો ભાવાંતર (નવ પદાર્થોના શ્રદ્ધાનરૂપ ભાવ) તે સમ્યગ્દર્શન છે.) (૮) અન્ય ભાવ

ભાવાય :સતરૂપ; હોવા રૂપ અવિનાશી વસ્તુ છે.

ભાવાય ચિત્સ્વભાવાય સ્વાનુર્ભત્યા ચકાસતે :ભાવાય એટલે સત્તાસ્વરૂપ પદાર્થ-વસ્તુ (આત્મા) અને ચિત્સ્વભાવાય કહેતાં ગુણ એટલે જ્ઞાન જેવો સ્વભાવ છે તે, અને સ્વાનુભુત્યા ચકાસતે એટલે અનુભૂતિથી પ્રકાશે છે તે. અનુભૂતિ થી પ્રકાશે છે. અનુભૂતિ તે પર્યાય એમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે સિદ્ધ થયા અહીં અનુભૂતિથી પ્રકાશે છે. એમાં રાગથી નહિ, પુણ્યથી નહિ, નિમિત્તથી નહિ, એમ સિધ્ધ થયું. પોતાની અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે. અર્થાત્ પોતાને પોતાનાથી જાણે છે. એટલે જ્ઞાનની પર્યાયથી ત્રિકાળજ્ઞાન (જ્ઞાયક) જણાય છે. જ્ઞાનની પર્યાયથી ત્રિકાળ ધ્રુવ જણાય છે, પોતાને પોતાહથી પ્રગટ કરે છે એટલે અનુભુતિ જ્ઞાયકને પ્રગટ કરે છે. સંવર અધિકારમાં આવે છે કે ઉપયોગમાં ઉપયોગ છે. ત્યાં ઉપયોગમાં કહેતાં જાણનક્રિયામાં ઉપયોગ છે કહેતાં ધ્રુવ ત્રિકાળી આત્મા છે. જણનક્રિયા તે આધાર અને ધ્રુવ વસ્તુ તે આધેય કહી છે. ઉપયોગરૂપ જાણનક્રિયામાં ત્રિકાળી આત્મા જણાવો તેથી અહીં જાણનક્રિયાનો આધાર કહી અને તેમાં જે ધ્રુવ આત્મા જણાયો તે વસ્તુને આધેય કહી છે.

કળશમાં ત્રણ અસ્તિથી વાત લીધી છે. 'ભાવાય' કહેતાં સત્ સ્વરૂપ શુધ્ધ ચૈતન્યપ્રભુ તે દ્રવ્ય અસ્તિ, ચિત સ્વભાવાય કહેતાં તેનો જ્ઞાનસ્વભાવ તે ગુણ અસ્તિ અને 'સ્વાનુભૂત્યા ચકાસતે' કહેતાં ત્રિકાળી જ્ઞાયકભાવ તેનો જે ચિત્સ્વભાવ ભાવ તેને સ્વાનુભૂતિથી પ્રકાશે છે તે સ્વાનુભુતિ, તે પર્યાયઅસ્તિ. કેવી અદભુત શૈલી! આમાં બાર અંગનો સાર છે. અમૃતચંદ્રાચાર્યે ગજબનું કામ કર્યું છે. એકલાં અમૃત રેડયાં છે. કહે છે કે ચૈતન્ય જેનો સ્વભાવ છે એવી સ્વભાવવાન ભાવ-સ્વરૂપ વસ્તુ-આત્મા તે સ્વાનુભૂતિથી જણાય છે.

ભાવાર્થ :સ્વ-પરના વિવેકથી મોહનો નાશ કરી શકાય છે. તે સ્વ પરનો વિવેક, જિનાગમ દ્વારા સ્વપરનાં લક્ષણો યર્થાથપણે ઓળખવાથી કરી શકાય છે. (૨) કર્મોના નિમિત્તે થનારી રાગ-દ્વેષરૂપ આત્માની અવસ્થાનું નામ જ વૈભાવિકબાવ છે. તે જ અશદ્ધિભાવ પુદ્ગલોને કર્મરૂપ બનાવવામાં કારણ છે અને તે કર્મ પણ થે વૈભાવિક ભાવની ઉત્પત્તિનું કારણ છે તેથી આ બન્નેમાં પરસ્પર કારણપણું છે.

ઉપર્યુકત કથનનો આ જ આશય છે કે જે કર્મનું વૈભાવિકભાવ કાર્ય છે, તે જ કર્મનું કારણ પણ છે, તેથી એક તો ભાવ અને એક કર્મ આ બન્નેથી જ ઉભયબંધ થાય છે.

ભાવાર્થિક નય :આત્માની સમય સમયવર્તી અવસ્થા બતાવનારું શાસ્ત્રનું પડખું

ભાવાર્દ્ર :અત્યંત લાગણીશીલ; માયાળુ ભાવ; ભાવથી તરબોળ (૨) ભાવભીનું; મૃદુભાવ વાળું; કોમળ ભાવવાળું; (૩) કોમળ લાગણીવાળું; મૃદુ લાગણીવાળું,; માયાળુ

ભાવિત :જેને વિષે વિચાર કરવામાં આવ્યો હોય તેવું; વિચારેલું (૨) સંસ્કારિત

ભાવિતાત્મા :જેનો આત્મા ઉચ્ચ આશયવાળો હોય તેવું ; સ્થિતપ્રજ્ઞ; ધીર.

ભાવો :સતદ્રવ્યો, નવ પદાર્થો (૨) જ્ઞેયોના સ્વભાવ (૩) નવ પદાર્થો (૪) અવસ્થાઓ (૫) ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ,

મોહ, પ્રત્યય, કર્મ, નો કર્મ, વર્ગ,વર્ગણા, સ્પર્ધક, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણસ્થાન, સ્થિતિબંધ સ્થાન, સંકલેશ સ્થાન, વિશુધ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણ સ્થાન આ પ્રકારના ૨૮ ભાવો જીવને નથી.

ભાષ્ય :સૂત્રમાં કરેલો અર્થ.

ભાષા કેવી રીતે થાય છે? :ભાષા બોલાય છે એ જ ભાષાવર્ગણાનું કાર્ય છે. ભાષાવર્ગણા ભાષારૂપે પરિણમી જાય છે. જેમાં શરીરનાં હોઠ, જીભ આદિ તથા જીવનો વિલ્કપ નિમિત્ત હો, પણ તે જીવનું કે શરીરનું કાર્ય નથી, ભાષા બોલાય એ ભાષાવર્ગણાનું જ કાર્ય છે. મડદાના પ્રયોગમાં ભાષા બોલાય એવી ભાષાવર્ગણાની ત્યાં યોગ્યતા જ હોતી નથી અને તેથી ભાષા પણ બોલાતી નથી. ભાષા બોલાય કે ન બોલાય, મડદુ હલે કે ન હલે –તે તે કાર્યનો કર્તા તે તે પુદ્ગલો છે, બીજો(જીવ) તેનો કર્તા નથી.

ભાષાવર્ગણા :જે વર્ગણા શબ્દરૂપે પરિણમે તેને ભાષાવર્ગણા કહે છે. (૨) જે શબ્દરૂપ પરણમે તેને ભાષાવર્ગણા કહે છે.

ભાસે છે :થાય છે. (૨) જોવામાં આવે છે.

ભાસવું :જોવામાં આવવું. (૨) જાણવું (૩) જોવામાં આવવું. જણાવું

ભાસ્વર :તેજસ્વી, ઝળકવું (૨) તેજસ્વી (૩) પૂર્ણ પણે સંબંધનો અભાવ; તેજસ્વી (૪) તેજસ્વી; ઝળકતું (૫) દેદીપ્યમાન (૬) તેજસ્વી

ભાસ્વર(ચૈતન્યથી) :તેજસ્વી

ભાસ્વરમોક્ષ :અપુનભર્વ; મોક્ષ થયા પછી ફરીથી સંસારમાં જન્મ થતો નથી.

ભેખ :ભાવ–વેષ

ભેગા લેવામાં :વર્ણવવામાં

ભેદજ્ઞાન :સત્જ્ઞાન, આત્મજ્ઞાન

ભેદ :અંશ, પટખાં, નિક્ષેપ (૨) છૂટા પડવું તે, વિખૂટા થવું તે. (૩) અંતર, ભેદ, તફાવત (૪) વ્યવહાર, અંતરાશય (૫) ભાન, ટૂકડો (૬) જુદાપણું (૭) પ્રકાર (૮) મર્મ; રહસ્ય (૯) ભિન્નતા; જુદાઈ; જુદાપણું (૧૦) અંશ; પડખાં

ભેદ દષ્ટિ :અંશ દષ્ટિ, પર્યાય દષ્ટિ.

ભેદજ્ઞાન :સમ્યદ્જ્ઞાન, દેહ અને આત્માનો ભેદ પાડવો તે ભાદજ્ઞાન (૨) અનાદિ મિથ્યાવાસનાને લીધે જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી અને પોતાને શરીરાદિરૂપ માને છે. જેમને અજીવદ્રવ્ય અને અભ્વદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી મુકિતનો માર્ગ પ્રાપ્ત કરાવવા અર્થે અહીં જડ પુદ્ગલ દ્રવ્યનાં અને ચેતન જીવદ્રવ્યનાં વીતરાગ સર્વ જ્ઞકથિક લક્ષણો લહેવામાં આવ્યાં. જે જીવ તે લક્ષણો જાણી, પોતાને એક સ્વતઃસિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી, ભેદવિજ્ઞાની અનુભવી થાય છે, તે નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી શાશ્વત નિરાકુળ સુખનો ભોકતા થાય છે. પંચાસ્તિકાય. ગાથા ૧૨૬–૧૨૭. (૨) આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂ' જન્મ જરા મરણ રહિત અસંગ સ્વરૂપ છે, એવી સર્વ પર દ્રવ્યથી ભિન્ન એકમાત્ર નિજ શુદ્ધ આત્મ સ્વરૂપની યથાર્થ ઓળખાણ તે ભેદજ્ઞાન છે. (૩) સ્વ–પરનો વિવેક, સ્વ–પરનો વિભાગ (૪) દેહ અને આત્માનો ભેદ પાડવો તે ભેદજ્ઞાન, જ્ઞાનીનો તે જાપ છે. જે જાપથી દેહ અને આત્મા જુદા પાડી શકે છે. જે ભેદવિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકાળ શાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું તથા કથીર જુદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનના જાપરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અક્ષુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જુદું પડી સ્વધર્મમાં આવે છે. (૫) દેહ અને આત્માનો ભેદ પાડવો તે ભેદજ્ઞાન, તે જ્ઞાનીનો તેજાબ છે. જે તેજાબથી દેહ અને આત્મા જુદાં પડી શકે છે. (૬) આત્મા અને અનાત્માનો સાક્ષાત્ ભેદ ભિન્નતાનું વેદન. દેહ અને આત્માનો ભેદ પાડવો તે ભેદજ્ઞાન, સત્જ્ઞાન, આત્મજ્ઞાન. (૭) આત્માને રાગ દ્વેષ રહિત માનવો, જ્ઞાતા સાક્ષીપણે માનવો તે ભેદજ્ઞાન છે. અને ભેદજ્ઞાન થતાં તેના અભિપ્રાયમાં જગતના લોકોથી આંતરો પડી જાય છે. (૮) સ્વ–પરનો વિવેક; સ્વપરના વિભાગ (૯) આત્માને રાગ–દ્વેષ રહિત માનવો, જ્ઞાતા–સાક્ષી–પણે માનવો તે ભેદજ્ઞાન છે અને ભેદજ્ઞાન થતા તેના અભિપ્રાયમાં જગતના લોકોથી આંતરો પડી જાય છે. (૧૦) રાગથી, પર દ્રવ્યથી, પર ભાવથી ભિન્ન માત્ર એકલો જ્ઞાયક સ્વભાવ આત્મા છું તે ભેદજ્ઞાન છે. (૧૧) નિર્મળ ભેદજ્ઞાનરૂપ

પ્રકાશથી સ્પષ્ટ ભિન દેખવામાં આવે છે. એવું આત્માનું એકપણું જ સુલભ નથી. જુઓ, રાગથી ભિન્ન અને પરલક્ષી જ્ઞાનથી પણ ભિન્ન અને પોતાથી અભિન્ન એવા આત્માનું એકપણું, નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે. જીવે પરલક્ષી જ્ઞાન પણ અનંતવાર કર્યું છે. અગિયાર અંગ અને નવપૂર્વનું જ્ઞાન છે એ પણ પરલક્ષી જ્ઞાન છે, એનાથી આત્માનું એકપણું ભિન્ન દેખાતું નથી. રાગ અને પરનું લક્ષ છોડી સ્વદ્રવ્યના ધ્યેય અને લક્ષે જે ભેદજ્ઞાન થાય એ ભેદજ્ઞાનથી આત્માનું એકપણું દેખવામાં આવે છે. જેમ પ્રકાશમાં જ ચીજ સ્પષ્ટ દેખાય તેમ ભેદજ્ઞાન પ્રકાશમાં જ આત્મવસ્તુ સ્પષ્ટપણે ભિન્ન દેખાય છે. નિર્મળ ભેદજ્ઞાન પ્રકાશ વડે આત્માનું એકપણું સ્પષ્ટ દેખવું એ મુદ્દાની વાત છે. ભાઈ! બાકી દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો ઈત્યાદિ બધાં થોથાં છે. અહો! માત્ર આ ભિન્ન આત્માનું એકપણું સ્વભાવથી જ સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે, તે ભેદજ્ઞાન પ્રકાશથી દેખાય છે. આનંદનો નાથ ચૈતન્ય ચમત્કાર પ્રભુ અંદરમાં પ્રકાશમાન છે તેને ભેદજ્ઞાન પ્રકાશથી જોવા કદી દરકાર કરી નથી. આવું અંદરમાં ચકચકાટ કરતી આમવસ્તુનું એકપણું કષાયચક્રસાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભાવ પામ્યું છે, ઢંકાઈ ગયું છે, દયા, દાન, ભક્તિ આદિ શુભ વિકલ્પો અને હિંસાદિ અશુભ વિકલ્પોમાં એકરૂપ થતાં (માનતાં) ભગવાન આત્માનું એકપણું ઢંકાઈ ગયું છે.-અહાહા ભેદજ્ઞાન પ્રકાશથી સ્પષ્ટ દેખવામાં આવે છે એવી અંતરંગમાં ચકચકાટ કરતી જ્ઞાનરૂપી પ્રકાશની મૂર્તિ અસંખ્ય પ્રકારના શુભાશુભ વિકલ્પો સાથે એકરૂપ જેવી માનવામાં આવતા ઢંકાઈ ગઈ છે, રાગની એકત્વ બુધ્ધિ આડે એ નજરમાં આવતી નથી.

રાગના વિકલ્પો અને પરલક્ષી જ્ઞાન એ જ જાણે મારી ચીજ છે એવી માન્યતાને આડે જ્ઞાયક પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ ઢંકાઈ ગઈ છે, પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી અર્થાત્ પોતાને આત્માના જ્ઞાનનો અભાવ હોવાથી અંદર પ્રકાશમાન ચૈતન્ય ચમત્કાર વસ્તુ પડી છે. તેને કદી જાણી કે અનુભવી નથી. પોતે આત્માનું એકપણું નહી જાણતો હોવાથી તથા આત્માને જાણનાર સંતો-જ્ઞાનીઓની સંગતિ-સેવા નહીં કરી હોવાથી ભિન્ન આત્માનું એકપણું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને તેથી અનુભવમાં પણ આવ્યું નથી. (૧૨) જ્ઞાનીને આત્માની ઓળખાણ થાય કે હું ચિદાનંદ અખંડ જ્ઞાનપિંડ આત્મા છું, તે સિવાય કોઈ પણ પર દ્રવ્ય મારું નથી. તે પર દ્રવ્યનું કોઈ પણ કર્તવ્ય મારું નથી. હું પર દ્રવ્યનો કર્તા નથી. હું તો મારા સ્વભાવનો જ કર્તા છું એવું સમ્યગ્જ્ઞાન થાય. પછી જેટલો જેટલો સ્વરૂપમાં એકાગ્ર થાય તેટલો તેટલો રાગ-દ્વેષથી છૂટે, અને જેટલો જેટલો રાગ-દ્વેષથી છૂટે તેટલો તેટલો સ્વરૂપમાં એકાગ્ર થાય, જેટલો જેટલો સ્વરૂપમાં સ્થિર થાય તેટલી તેટલી અસ્થિરતા ટળે અને જેટલી જેટલી અસ્થિરતા ટળે તેટલો તેટલો સ્વરૂપમાં સ્થિર થાય, જેટલો જેટલો જાણવાના પંથમાં રોકાણો તેટલો તેટલો આસ્રવોથી નિવર્તે છે, જેટલો જેટલો આસ્રવોથી નિવર્તે છે તેટલો તેટલો જાણવાના પંથમાં રોકાય છે. આ રીતે વિકારભાવરૂપ આસ્રવને ટાળવાનો અને સમ્યગ્જ્ઞાન થવાનો સમકાળ છે એટલે કે એક કાળ છે.

જુઓ, અહીં એમ કીધું કે ભેદજ્ઞાન જ આસ્રવોથી નિર્વતવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય કહ્યો નથી. વ્રત કરે, તપ કરે, પૂજા ભક્તિ કરે તો આસ્રવથી નિવર્તે તેમ કહ્યું નથી. કારણ કે વ્રત, તપ વગેરે ભાવો પોતે જ શુભાસ્રવ છે માટે તેમાં પ્રવર્તવાથી આસ્રવો ક્યાંથી રોકાય ? પણ તે ભાવોથી અટકીને નિર્વિકારી સ્વરૂપમાં થંભે તો આસ્રવોથી નિવર્તે.

આત્મા શું ? તેનું સ્વરૂપ શું ? તેમાં સ્થિર થવું-થંભવું શું ? તેના બોધ-જ્ઞાન વગર આસ્રવો ટળે ક્યાંથી ? માટે આચાર્ય દેવે સમયસારની ૭૪મી ગાથામાં આસ્રવોના સ્વરૂપનો આબેહૂબ ચિતાર આપી જીવોને ખ્યાલ કરાવ્યો છે કે તું આસ્રવોના સ્વરૂપને આ રીતે જાણ અને સમ્યગ્ પ્રકારે જ્ઞાન કર, તો આસ્રવોથી નિવૃત્તિ થશે અને આત્મસ્વરૂપમાં સ્થિતિ થશે. (૧૩) સ્વલક્ષણોનું જ્ઞાન (૧૪) મોહકર્મથી જુદું પાડવું કે આ મોહ તે હું નહિ એવું જે તે ભેદજ્ઞાન (૧૫) આત્માને રાગ-દ્વેષ રહિત માનવો, જ્ઞાતા સાક્ષી-પણે માનવો તે ભેદ જ્ઞાન છે. અને ભેદજ્ઞાન થતાં તેના અભિપ્રાયમાં જગતના લોકોથી આંતરો પડી જાય છે.

ભેદજ્ઞાન એટલે શું ? :આત્મા ઉપયોગસ્વરૂપ છે. રાગાદિ પર ભાવોથી તે ભિન્ન છે, એમ ઉપયોગ અને રાગાદિને સર્વપ્રકારે અત્યંત જુદા જાણીને રાગથી ભિન્નપણે અને ઉપયોગમાં એકતાપણે જ્ઞાન પરિણમે તે ભેદ વિજ્ઞાન છે.

ભેદજ્ઞાન જ્યોતિ :બોધીબીજરૂપ શક્તિ; જ્ઞાતા-દ્રષ્ટાપણારૂપ શક્તિ

ભેદજ્ઞાન પ્રગટ કરવાની રીત :આસ્રવો-પુણ્ય-પાપના ભાવો અશુચિ છે, ભગવાન આત્મા અશ્વયંત શુચિ છે એ પહેલો બોલ થયો. આસ્રવો-પુણ્યપાપના ભાવો જડ,અચેતન છે, અને ભગવાન આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ હોવાથી ચેતક છે, શુદ્ધ ચૈતન્યમય છે. આ બીજો બોલકહ્યો. આસ્રવો-પુણ્યપાપના ભાવો આકુળતા ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણ છે, અને ભગવાન આત્મા સદાય અનાકુળ સ્વભાવ હોવાથી દુઃખનું અકારણ જ છે. આ ત્રીજો બોલ કહ્યો. ત્રણ બોલથી આત્મા અને આસ્રવોની ભિન્નતા કહી. આ પ્રમાણે આસ્રવોથી ભિન્ન અને સ્વભાવથી અભિન્ન એવા આત્માની સન્મુખ થઈને ભેદજ્ઞાન પ્રગટ કરવું, અર્થાત્ પર્યાયને ત્રિકાળીમાં અભેદ કરવી તે ધર્મ છે-મોક્ષમાર્ગ છે. પર્યાયને અભંદ કરવી એટલે દ્રવ્ય સન્મુખ કરવી એવો અનો અર્થ છે. કાંઈ દ્રવ્ય અને પર્યાય એક થઈ જાય એમ અર્થ નથી. પર્યાય દ્રવ્યસન્મુખ થતાં સ્વભાવની જાતની પર્યાય થઈ અને રાગથી ભિન્ન પડી ગઈ. એટલે તે દ્રવ્યથી અભિન્ન થઈ એમ કહેવામાં આવે છે.

ભેદજ્ઞાનીઓ :સમ્યગ્દર્શન પામેલા જીવો; ચોથા ગુણસ્થાનવાળા ગૃહસ્થાશ્રમમાં રહેલા જીવો

ભદંત :સર્વ કલ્યાણ પ્રાપ્ત

ભદ્ર :કલ્યાણકારી, ઉમદા સાલસ સ્વભાવનું, કક્ષા-હોદ્દા વગેરેની દષ્ટિએ મોભાદાર, શ્રીમંત, કલ્યામ, ભલું, શ્રેય, મંગલ, સુખ, આબાદી

ભદ્રતા :સરલતા, ભલાઈ, સત્યતા, ગૃહસ્થાઈ

ભેદનાર :નાશ કરનાર

ભેદપણું : વ્યવહાર દ્રષ્ટિથી આત્મામાં ભેદપણું છે. નામ, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનથી ભેદ પાડવામાં આવે છે. (૨) દરેક વસ્તુમાં ભેદપણું છે. વસ્તુ અનંતગુણ સ્વરૂપે અભેદ છે, તો પણ ગુણ-ગુણીના ભેદથી નામ, સંખ્યા, લક્ષણ, પ્રયોજન ભેદે ભેદ છે, જેમ-ગોળ પદાર્થ છે, તેમાં ગળપણ, ગંધ, વર્ણ વગેરે ગુણ અનેક છે; તેમ આત્મા એક વસ્તુ છે, તેમાં જ્ઞાન, દર્શન, વગેરે ગુણ અનંતગુણ છે, ગુણ-ગુણીનામથી ભેદ તે સંજ્ઞા ભેદ છે. ગુણની સંખ્યા અનંત અને આત્મા એક સંખ્યાભેદ છે. લક્ષણભેદ-આત્માનું લક્ષણ-ચૈતન્ય આદિ ગુણ ધારણ કરવા તે.

જ્ઞાનનું લક્ષણ=સ્વ અને પરને જાણવું તે

ચારિત્રગુણનું લક્ષણ=ઠરવું તે. શ્રદ્ધાગુણનું લક્ષણ=પ્રતીતિ કરવી તે. એમ ગુણ-ગુણીમાં લક્ષણભેદ છે.

ભેદ-પ્રભેદ :પ્રકાર અને પેટા પ્રકાર, જાત અને પેટા જાત,

ભેદમાં :વ્યવહારમાં

ભેદરૂપ :ભિન્ન (૨) અંશરૂપ

ભેદરહિત :વિશેષતા રહિત; સામાન્ય ગ્રહણ આત્માનો દર્શનોપયોગ (૨) વિકલ્પ રહિત; એકરૂપ; અખંડ

ભેદાવું :સાકરનો ગાંગડો હોય તેનો ભુકો થાય તેને ભેદાવું કહે છે.

ભેદવું :ફાડ પાડવી; ટૂકડા કરવા; જુદું કરવું; તોડવું; કાણું પાડવું (૨) તોડવું (૩) જુદુ કરવું; ભિન્ન કરવું

ભેદવાસના :ભેદરૂપ વલણ, વિકલ્પ-પરિણામ

ભેદવિજ્ઞાન :પરથી ભિન્ન પડવું (૨) જીવ અને જડ જુદા જુદા જ છે તે પ્રકારની સમજ. (૩) નિજ અને પરનો વિવેક (૪) આત્માથી શરીરાદિ અન્ય પદાર્થો ભિન્ન છે તે પ્રકારના જ્ઞાનનું નામ ભેદવિજ્ઞાન છે. મન વશ થવાથી પોંચે ઈન્દ્રિયો સહજે વશ થાય છે.

ભેદવિજ્ઞાન પ્રતિબુદ્ધ થવાનું મૂળ ઉત્પત્તિકારણ છે. :કોઈ એમ કહે કે રાગની ઘણી મંદતા કરતાં કરતાં (એટલે શુભભાવ કરતાં કરતાં) અનુભૂતિ થાય તો, એ વાત બરાબર નથી. પરંતુ રાગ અને આત્માનાં ભિન્ન ભિન્ન લક્ષણો જાણીને, રાગનું લક્ષ છોડી પ્રજ્ઞા-છીણી એટલે જ્ઞાનની પરિણતિ વડે આત્મા અને રાગાદિ બંધને છેદી નાખવા-જુદા પાડવા. જેને આવું ભેદજ્ઞાન થાય તે આવી અવિચળ પોતાના આત્માની અનુભૂતિ પામે છે. ભગવાન આત્માની

અનુભૂતિનું મૂળ કારણ ભેદજ્ઞાન કહ્યું છે. પણ વ્યવહાર-સાધન-શુભરાગને આત્માનુભૂતિનું કારણ કહ્યું નથી. જુઓ, આમાં વ્યવહાર સાધન-શુભરાગનો નિષેધ આવી જાય છે.

ભેદ-સંઘાત :જુદા પડવું અને એકઠાં થવું -મળી જવું

ભેદસંવેદન :ભેદજ્ઞાન

ભેદાઈ જવું :નાશ પામવું

ભેદાવું :સાકરનો ગાંગડો હોય તેને ભુકો થાય તેને ભેદાવું કહે છે.

ભંગ :વ્યય, નાશ (૨) ભેદ

ભંગી :જડ અને ચેતનનો ભંગ કરનાર એવા જ્ઞાની

ભૃગુપ્રપાત :અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ. (ભૃગુ=પર્વતનું નિરાધાર ઊંચું સ્થાન-શિખર.પ્રપાત=પછાટ, ભૂસકો (૨) અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ. (ભૃગુ= પર્વનનું નિરાધાર ઊંચું સ્થાન-શિખર પ્રપાત=પછાટ, ભૂસકો. (૩) અતિ દુઃખથી કંટાળીને આપઘાત કરવા માટે પર્વતના નિરાધાર ઊંચા સ્થાન પરથી ખાવામાં આવતી પછાટ. ભૃગુ-પર્વતનું નિરાધાર ઊંચુસ્થાન-શિખર, પ્રાપ્ત=પછાડ; ભૂસકો

ભાવમોક્ષનું સ્વરૂપ :આસ્રવનો હેતુ ખરેખર જીવનો મોહરાગદ્વેષરૂપ ભાવ છે. તાનીને તેનો અબાવ થાય છે. જેનો અભાવ થતાં આસ્રવભાવનો અભાવ થાય છે. આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે. કર્મનો અભાવ થવાથી સર્વજ્ઞપણું, સર્વ દર્શીપણું અને અવ્યાબાધ, ઈન્દ્રિયવ્યાપારાતીત, અનંત સુખ થાય છે. જે આ જીવન્મુકિત નામનો ભાવમોક્ષ છે. કઈ રીતે ? એમ પ્રશ્ન કરવામાં આવે તો નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ છે:-

અહીં જે ભાવ વિવિક્ષિત છે તે કર્માવૃત (કર્મથી અવરાયેલા) ચૈતન્યની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ છે, તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપ ભાવ) ખરેખર સંસારીને અનાદિ કાળથી મોહનીય કર્મના ઉદયને અનુસરતી પરિણતિને લીધે અશુધ્ધ છે. દ્રવ્યકર્માસ્રવનો હેતુ છે. પરંતુ તે (ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયારૂપભાવ) જ્ઞાનીને મોહરાગદ્વેષવાળી પરિણતિરૂપે હાનિ પામે છે તેથી તેને આસ્રવભાવનો નિરોધ થાય છે. જેથી આસ્રવભાવનો જેને નિરોધ થયો છે એવા તે જ્ઞાનીને મોહના ક્ષય વડે અત્યની નિર્વિકારપણું થવાથી જેને અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બીડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની (ક્ષીણમોહ ગુણસ્થાને) શુદ્ધ જ્ઞપ્તિક્રિયારૂપે અંર્તમુહૂર્ત પસાર કરીને યુગપદ્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો ક્ષય થવાથી કથંચિત્ કૂટસ્થ જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને એ રીતે તેને જ્ઞપ્તિક્રિયાના રૂપમાં ક્રમપ્રવૃત્તિનો અભાવ થવાથી ભાવકર્મનો વિનાશ થાય છે. જેથી કર્મનો અભાવ થતાં તે ખરેખર ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી અને ઈન્દ્રિયવ્યાપારાતીત-આવ્યાબાધ-અનંત સુખવાળો સદાય રહે છે.

આ રીતે આ (અહીં કહ્યો તે) ભાવ કર્મમોક્ષનો પ્રકાર તથા દ્રવ્ય કર્મમોક્ષના હેતુભૂત પરમ સંવરનો પ્રકાર છે.

આ દ્રવ્ય કર્મમોક્ષના હેતુભૂત પરમ સંવરરૂપે ભાવમોક્ષના સ્વરૂપનું કથન છે.

ભુજંગ :સર્પ

ભૂંડાઈ :વિકાર

ભૂત :ચારે ગતિનાં પ્રાણીઓ

ભૃત :ભરેલું ; સંભૃત

ભૃત્ય :નોકર, પગારદાર, ચાકર, સેવક, પગારથી નોકરી કરનાર.

ભૂતાર્થ :સ્વસંવેંધદિવ્ય=પારમાર્થિક(સત્યાર્થ) સ્વસંવેદ્ય અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.

ભૂતાર્થ-સ્વસંવેદ્ય દિવ્યજ્ઞાનાનંદ :પારમાર્થિક (સત્યાર્થ) સ્વસંવેદ્ય અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.

ભૂતાર્થ :સત્યાર્થ, વિદ્યમાન, સાચો, સત્ય. (૨) આત્મા જ્ઞાયકસ્વભાવ એકરૂપ' વસ્તુની સેવના કરવાથી જે નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તેને સત્ય-ભૂતાર્થ મોક્ષમાર્ગ કહ્યો છે. સમયસાર ૧૧મી ગાથામાં ભગવાન ભૂતાર્થ વસ્તુ જે કહી છે એ ભૂતાર્થનાં દષ્ટિ-જ્ઞાન-ચારિત્ર એ પર્યાયમાં ભૂતાર્થ (મોક્ષમાર્ગ) છે. ૧૧મી ગાથામાં જે ભૂતાર્થ કહ્યો તે દ્રવ્ય-વસ્તુ

ભૂતાર્થ કહી ત્યાં ત્રિકાળી વસ્તુ-પુણ્ય-પાપ રહિત, પરદ્રવ્ય રહિત અને એક સમયની વ્યકત પર્યાયથી પણ રહિત-જે ધ્રુવ વસ્તુ આત્મા છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહીને ભૂતાર્થ-સત્યાર્થ કહ્યો અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહી.

જે ભૂતાર્થ વસ્તુ છે તેના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ' પર્યાય પરિણમે અને ભૂતાર્થ મોક્ષમાર્ગ કહે છે. જે સત્યાર્થ મોક્ષમાર્ગ પણ પર્યાય છે, માટે વ્યવહાર છે. (૩) સત્ય; સાચો; નિશ્ચય (૪) ત્રિકાળ ટકનાર તે ભૂતાર્થ (૫) છતો ત્રિકાળી પદાર્થ; સત્યાર્થ (૬) સ્વસંવેદ્ય-દિવ્ય જ્ઞાનાનંદ જેનો સ્વભાવ છે. એવા= પારમાર્થિક-સત્યાર્થ, સ્વસંવેદ્ય અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે. (૭) નિશ્ચયનયના જ્ઞાનથી વિરુધ્ધ જે અભિપ્રાય છે તે; સત્યાર્થ (૮) ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ. તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ. જેમ કે; સત્યવાદી સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ. તે જ બતાવીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલને અનાદિથી એકક્ષેત્રાવગ્રાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે તો પણ નિશ્ચયનય આત્મ દ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે. માટે નિશ્ચયનય સત્યાર્થ છે. નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે. (૯) ભૂત=ત્રિકાળ રહેનાર+અર્થ=પદાર્થ=ત્રિકાળ પદાર્થ; નિત્ય પૂર્ણ શક્તિ; સ્વભાવની અંતર નિર્મળ દષ્ટિ (ભૂતાર્થનય) (૧૦) ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ; તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહે છે. જેમ કે સત્યવાદી સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ. તે જ બતાવીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલનો અનાદિથી એકક્ષેત્રાવગ્રાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે. તો પણ નિશ્ચયનય આત્મદ્રયને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે. માટે. નિશ્ચયનય સત્યાર્થ છે. (૧૧) ત્રિકાળ ટકનાર તે ભૂતાર્થ (૧૨) ત્રિકાળ ટકનાર તે ભૂતાર્થ; ભૂત=ત્રિકાળી રહેનાર+અર્થ=પદાર્થ. ત્રિકાળી રહેનાર પદાર્થ. (૧૩) ભૂત=ત્રિકાળ રહેનાર; અર્થ=પદાર્થ; ત્રિકાળી ટકનાર પદાર્થ (૧૪) ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ. તેને જે પ્રકારો, બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ. ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. (૧૫) ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ.જો કે જીવ અને પુદ્ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે તો પણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે. માટે નિશ્ચયનય સત્યાર્થ છે. ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. (૧૬) ત્રિકાળ ટકનાર તે ભૂતાર્થ, ભૂત+અર્થ =ભૂત નિત્ય સ્થાયી ટકતો, છતો+અર્થ=પદાર્થ-વસ્તુ. નિત્ય ટકતી વસ્તુ; સત્યાર્થ (૧૭) ભૂત=ત્રિકાળ રહેનાર+અર્થ-પદાર્થ=ત્રિકાળ રહેનાર પદાર્થ; સત્યાર્થ; ત્રિકાળી પદાર્થ (૧૮) સત્યાર્થ (૧૯) ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે ભાવ તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને ભૂતાર્થ કહીએ.

ભૂતાર્થ દષ્ટિ :નવ તત્ત્વના ભેદ તથા સર્વ વિકારી અવસ્થાના ભેદને ગૌણ કરી નિત્ય એકરૂપ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લેનાર દષ્ટિને શુધ્ધનય અથવા ભૂતાર્થદ્રષ્ટિ કહેવાય છે.

ભૂતાર્થ ધર્મ :સ્વાભાવિક ધર્મ; સ્વાભાવિક તત્ત્વનું સત્વ તે ધર્મ; સ્વાશ્રય સ્વભાવની જયોત પરિપૂર્ણ છે. તેમાં વિકારનો એક અંશ પણ નથી, એવો તૂતાર્થ ધર્મ છે.

ભૂતાર્થ સ્વસંવેદ્ય :પારમાર્થિક (સત્યાર્થ); સ્વસંવેદ્ય અને દિવ્ય એવાં જે જ્ઞાન અને આનંદ તે ભગવાન આત્માનો સ્વભાવ છે.

ભૂતાર્થદર્શી :શુધ્ધ દષ્ટિથી જોનારા; સમ્યગ્દષ્ટિ

ભૂતાર્થદર્શીઓ :શુદ્ધનયને દેખનારાઓ (૨) શુધ્ધ જ્ઞાનને જોનારાઓ.

ભૂતાર્થનય :સ્વભાવની અંતરનિર્મળ દષ્ટિ (૨) પરમાર્થ નય; પરમાર્થ દ્રષ્ટિ; સત્યાર્થ દષ્ટિ; સમ્યકદષ્ટિ (૩) સ્વભાવની અંતર નિર્મળ દષ્ટિ

ભૂતાર્થનયથી જાણેલ :છતી વિદ્યમાન જે વસ્તુ ત્રિકાળ છે તેને જાણનાર નયથી જાણેલ.

ભૂતાર્થ દૃષ્ટિ :શુદ્ધ નયની દ્રષ્ટિ; સત્યાર્થ દૃષ્ટિ

ભૂતાવળ :ભૂતોનો સમુદાય; ભૂતોનો સમૂહ

ભ્રમ :ભ્રાન્તિ, સંદેહ, શંકા, ખોટો તર્ક, અન્યથા જ્ઞાન, ગોળ ગોળ ભમવું એ, ભ્રમણા. (૨) અવિદ્યા, આત્મ ભ્રાન્તિ, અજ્ઞાન. (૩) સંદેશ; ભ્રાન્તિ (૪) સંદેહ, શંકા, ખોટો તર્ક, અન્યથા જ્ઞાન

ભ્રમણ :ભવો

ભ્રમણાં ભાંગે :ભ્રમણા દૂર થાય.

ભ્રાન્ત :ભ્રમ, ભ્રમણા, ખોટો કે આબાસરૂપ ખ્યાલ, મિથ્યાજ્ઞાન

ભ્રાંતિ :મિથ્યાત્વ; વિપરીત માન્યતા

ભ્રાન્તિ :સંદેહ, શંકા, શક, ભૂલ (૨) અજ્ઞાન; ખોટી માન્યતા (૩) મિથ્યાદૃષ્ટિ (૪) વિભ્રમ, પર પદાર્થમાં એકત્વબુધ્ધિ (૫) મિથ્યાત્વ (૬) સંદેહ; ભ્રમ; મોહ;ખોટો ખ્યાલ; ખોટું જ્ઞાન; શક; અંદેશો; શંકા

ભિક્ષાચરી :ભીખ માગવા ફરવું, ભિક્ષારન

ભિખારીપણું :રાંકાઈ

ભિક્ષાટન :ગોચરી માટે ફરવું.

ભિત્તિઓ :ભીંતો દીવાલો

ભિન્ન :સ્વતંત્ર

ભિન્ન કરીને :જાણીને

ભિન્ન પ્રદેશ ત્વસ્વરૂપ અન્યપણું :અત્યંત દૂર રહેલા સહ્યાદ્રિ અને વિંધ્ય નામના પર્વતોને ભિન્નપ્રદેશત્વ સ્વરૂપ' અનન્યપણું છે.

ભિન્ન ભિન્ન :અન્ય અન્ય

ભિન્ન વિષયવાળાં શ્રદ્ધાન-જ્ઞાન ચારિત્ર :વ્યવહાર-શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે, કારણ કે વ્યવહાર શ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે, વ્યવહારજ્ઞાનનો વિષય અંગ-પૂર્વ છે.અને વ્યવહાર ચારિત્રનો વિષય આચારાદિસૂત્રકથિત મુનિ-આચારો છે.

ભિન્ન સાધ્ય સાધન ભાવ :ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે. જયાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે. એમ સમજવું જોઈએ. કેવળ વ્યવહારલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકા અર્થાત્ ! ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુદ્ધભાવ રૂપ સાધ્ય પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકી નિરંતર અંત્યની ખેદ પામે છે. (૨) જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (જુદા પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મ સ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન(નવપદાર્થ સંબંધી શ્રદ્ધાન), તત્ત્વાર્થજ્ઞાન અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે, કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે. અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ સાધન સ્વપરહેતુક પદાર્થ છે. (૩) મોક્ષમાર્ગ જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દિશામાં (છઠ્ઠાગુણ સ્થાન સુધી) વ્યવહારનયી અપેક્ષાએ ભૂમિકાનું (૪) જે નયમાં સાધ્ય તથા સાધન ભિન્ન હોય (જુદા પ્રરૂપવામાં આવે) તે અહીં વ્યવહારનય છે, જેમ કે છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્ત્વાર્થશ્રદ્ધાન (નવપદાર્થ સંબંધી શ્રદ્ધાન) તત્ત્વાર્થજ્ઞાન અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર વ્યવહારનયથી મોક્ષમાર્ગ છે કારણ કે (મોક્ષરૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગ રૂપ) સાધ્ય સ્વહેતુક પર્યાય છે અને (તત્ત્વાર્થશ્રદ્ધાનાદિમય મોક્ષમાર્ગરૂપ) સાધન સ્વપરહેતુક પર્યાય છે.

ભિન્નતા :અસમાનતા

ભિન્નપ્રદેશત્વ :ભિન્ન પ્રદેશત્વ તે પૃથક્પણાનું લક્ષણ છે અને અતદ્ભાવ તે અન્યપણાનું લક્ષણ છે દ્રવ્યને અને ગુણને પૃથકપણું નથી છતાં અન્યપણું છે.

પ્રશ્ન : જેઓ અપૃથક્ હોય તેમનામાં અન્યપણું કેમ હોઈ શકે ?

ઉત્તર : વસ્ત્ર અને સફેદપણાંની માફક તેમનામાં અન્યપણું હોઈ શકે છે. વસ્ત્રના અને સફેદપણાનાં પ્રદેશો જુદા નથી તેમને પૃથકપણું તો નથી. આમ હોવા છતાં સફેદપણું તો માત્ર આંખથી જ જણાય છે. જીભ, નાક વગર બાકીની ચાર ઈન્દ્રિયોથી જણાતું નથી, અને વસ્ત્ર તો પાંચેય ઈન્દ્રિયોથી જણાય છે. માટે (કથંચિત) વસ્ત્ર તે સફેદપણું નથી અને સફેદપણું તે વસ્ત્ર નથી. જો એમ ન હોય તો વસ્ત્રની માફક સફેદપણું પણ જીભ, નાક વગેરે સર્વ ઈન્દ્રિયોથી જણાવું જોઈએ. પણ એમ તો બનતું નથી. માટે વસ્ત્ર અને સફેદપણાને અપૃથક્પણું હોવા છતાં અન્યપણું છે એમ સિધ્ધ થાય છે.

એ જ પ્રમાણે દ્રવ્યને અને સત્તાદિગુણોને અપૃથકત્વ હોવા છતાં અન્યત્વ છે; કારણ કે દ્રવ્યતા અને ગુણના પ્રદેશો અભિન્ન હોવા છતાં દ્રવ્યમાં અને ગુણમાં સંજ્ઞા-સંખ્યા-લક્ષણાદિ ભેદ હોવાથી (કંથચિત્) દ્રવ્ય તે ગુણપણે નથી અને ગુણ તે દ્રવ્યપણે નથી.

ભિન્નવિષયવાળાં :વ્યવહાર-શ્રદ્ધાન જ્ઞાન ચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે. કારણ કે વ્યવહાર શ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે. વ્યવહાર જ્ઞાનનો વિષય અંગપૂર્વ છે અને વ્યવહાર ચારિત્રનો વિષય આચારાદિ સૂત્ર કથિત મુનિ આચારો છે.

ભિન્નસાધ્યસાધનભાવ :મોક્ષમાર્ગ પ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતા એ પરિણત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનય (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદભત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યા છે.(નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.) (૨) મોક્ષમાર્ગ પ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યાં છે (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)

ભિન્નસાધ્ય સાધન ભાવના :ખરેખર સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.જયાં સાધ્ય અને સાધન ભિન્ન કહેવામાં આવે ત્યાં આ સત્યાર્થ નિરૂપણ નથી પણ વ્યવહારનય દ્વારા ઉપચરિત નિરૂપણ કર્યું છે, એમ સમજવું જોઈએ. કેવળ વ્યવહારલંબી જીવો આ વાતને ઊંડાણથી નહિ શ્રદ્ધતા થકી અર્થાત્ ખરેખર શુભભાવરૂપ સાધનથી જ શુધ્ધ ભાવરૂપ સાધ્ય પ્રાપ્ત થશે એવી શ્રદ્ધા ઊંડાણમાં સેવતા થકી નિરંતર અત્યની ખેદ પામે છે.

ભરિતાવસ્થ :પરિપૂર્ણ અવસ્થિત, નિશ્ચય શકિતથી પરિપૂર્ણ. ભરપૂર ભરેલો અવસ્થિત.

ભિષગ્વર :વૈદ્યરાજ

ભીડો :બંધ

ભીતિ :ભય

ભીરુ :સ્ત્રી (૨) ડરપોક

ભોક્તૃત્ય :જે અનુભૂતિ ચૈતન્યપૂર્વક હોય તેન`જ અહીં ભોક્તૃત્વ કહેલ છે. તે સિવાયની અનુભૂતિને નહિ.

ભોક્તાભાવ :હર્ષ-શોક, સુખ-દુ:ખની લાગણીરૂપ ભોકતા ભાવ

ભોગ :ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિંદ્રિય અને કર્ણેન્દ્રિય, એ ત્રણના વિષયોને ભોગમાં, આચાર્ય જયસેનદેવે લીધા છે. (આ પાંચેમાં અંદરના ભાવની વાત છે.) (૨) એક વખત ભોગવાય તે ભોગ. (૩) ઈચ્છાનું ભોગવવું, ઘ્રાણેનિદ્રય, ચક્ષુરિન્ડિય અને કર્લેનિદ્રય એ ત્રણના વિષયોને ભોગમાં લીધા છે. (૪) અભવ્યને ભોગની રૂચિ છે -અહીં ભોગ=શુભ કર્તવ્ય; દયા; દાન,પૂજા-ભક્તિ-વ્રત તેવા શુભ ભાવની તેને રુચિ છે. બાકી વિષયના ભોગની (એટલે અશુભની) અહીં વાત નથી.

પંચેન્દ્રિય સંબંધી વિષયોમાં આસક્તિનું નામ ભોગ છે. તેમજ મનસંબંધી સંકલ્પ-વિકલ્પ કરવા તે પણ એક પ્રકારનું ભોગનું સ્વરૂપ છે.

ભોગ-ઉપભોગ પરિમાણ શિક્ષાવ્રતના પાંચ અતિચાર :

૧. નિશ્ચયથી સચિત્ત જીવ સહિત કાચી લીલી (લીલોતરી) વસ્તુનો આહાર લેવો,

૨. લીલોતરીના મિશ્રણવાળી વસ્તુનો આહાર લેવો.
૩ લીલોતરી ઢાંકી હોય તેવી વસ્તુનો આહાર લેવો.
૪ એવી વસ્તુનો આહાર કરવો જે સારી રીતે રંધાયેલી ન હોય, અતિ રંધાયેલી અધકચરી રંધાયેલી હોય તથા
૫ ગરીષ્ઠ, કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો એ પાંચ ભોગોપભોગ પરિમાણવ્રતના અતિચાર છે.

ભોગભૂમિ :એક મેરુ સંબંધી હિમવત્ હરિક્ષેત્ર, રમ્યક્, હિરણ્યવત, દેવકુરુ એ ઉત્તરકુરુ એવી છ ભોગભૂમિ છે, એ પ્રમાણે પાંચ મેરુ સંબંધી ત્રીસ ભોગભૂમિ છે તેમાં દસ જઘન્ય, દસ મધ્યમ અને દસ ઉત્કૃષ્ટ છે. તેમાં દસ પ્રકારનાં કલ્પવૃક્ષ છે. તેના ભોગ ભોગવી જીવ સંકલેશરહિત શાતારૂપ રહે છે.

ભોગવટો :વેદન; અનુભવ

ભોગ-સંસારથી સાચો વૈરાગ્ય ક્યારે ઉત્પન્ન થાય? :ભોગોથી અને સંસારથી સાચો વૈરાગ્ય ક્યારે થાય છે એ બતાવતાં અહીં એ સ્પષ્ટ જાહેરાત કરવામાં આવી છે કે જ્યારે સમ્યગ્જ્ઞાનરૂપ દીપકથી ભોગો અને સંસારની નિર્ગુણતા નિઃસારતા સ્પષ્ટ દેખાય છે ત્યારે તેમનાથી પારમાર્થિક વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.-ઉક્ત નિર્ગુણતાના દર્શન વિના સાચો વૈરાગ્ય થતો નથી. બનાવટી અને દેખાવનો વૈરાગ્ય બની રહે છે. તેથી જ કેટલાય જીવો ભાવુકતાદિમાં આવીને બ્રહ્મચારી તો બને છે પરંતુ તેમનાથી બ્રહમચર્યનું પૂરી રીતે પાલન થઈ શકતું નથી. જે સ્ત્રીના કામાંગને સ્વામી સમંતભદ્રના શબ્દોમાં મળબીજ, બળયોનિ, મળતુમળ, યુતિગંધિ અને બીતત્સ આ પાંચ વિશેષણોથી યુકત દેખે છે, અનુભવે છે, અને રમવા યોગ્ય નથી સમજતો તે વાસ્તવમાં કામથી-અબ્રહ્મરૂપ મૈથુનથી ધૃણા કરીને-વિરકત થઈને સાચો બ્રહ્મચારી બને છે.

ભોગાવળી કર્મ :હારબંધી; કર્મની શ્રેણીબંધ પરંપરા

ભોગી :ઈન્દ્રિયલંપટ, વિષયીજન

ભૈયા ભગવતીદાસ :તેમણે નિમિત્ત-ઉપાદાનના ૪૭ દોહા રચ્યા છે. એમાં નિમિત્ત-ઉપાદાન વિષે ઘ્રી બધી સ્પષ્ટતા કરી છે.

ભૌતિક :સ્થૂળ; જડ; પંચમહાભૂત સંબંભી; પંચ મહાભૂતોનું બનેલું

મ્લેચ્છ :આર્ય સંસ્કૃતિથી જુદા પ્રકારની સંસ્કૃતિનો માણસ; જ્યાં આર્ય સંસ્કૃતિ નથી કે વિલુપ્ત થઈ ચૂકી હોય તેવો દેશ.

મગજ :ભેજું

મગશૈલ :મગશેળિયો પત્થર; અડદિયો પત્થર; અડદના જેવન ડાઘ વાળો કે છાંટવાળો એક કઠણ જાતનો પત્થર, તેના પર ગમે તેટલું પાણી પડે તો પણ પાણી તે પત્થર ઉપર ટકે નહિ અને તરત જ સૂકાઈ જાય.

મગ્ન :નિમગ્ન; અંદર ડૂબી જવું; તલ્લીન થઈ જવું, અંર્તલીન

મગ્નતા :લીનતા; મશગુલતા; ડૂબી જવું

મચક :પાછું હઠવું એ; અપસરણ; પીછેહઠ; નમતું આપવું

મચક ખાઈ જવી :ચૂકાઈ જવું; ભૂલ થાય થઈ જવી. (૨) સ્વભાવને ચુકાવી દેવો

મચ્છ :માછલાં

મજ્જા :હાડકામાનો માવો, (સ્નાયુ)

મજીઠ :જેમાંથી રાતો રંગ નીકળે છે તેવી એક વનસ્પતિ

મતની :મારાપણની દષ્ટિ

મત મમત્વરૂપપણું :મારા પણાના આગ્રહરૂપ

મતભેદાતીત :પરમ મધ્યસ્થવૃત્તિ; મતભેદથી રહિત

મતભેદો :મતાગ્રહો

મતવાદીઓ :વેદાંતી, મીમીંસક, સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક અને ચાર્વાક આદિ આઠ મતો છે.

(૧) વેદાંતી =સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવ પરિણામ) તે જ જીવ છે કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અવ્યવસાનથી જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.

(૨) મીમાંસક =અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રામણરૂપ) ક્રિયા તે રૂપે ક્રીડા કરતું જે

કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૩) સાંખ્ય=તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખાવમાં આવતો નથી.

(૪) યોગ = નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું જે નો કર્મ તે જ જીવ છે. કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૫) બૌદ્ધ =સમસ્ત લોકને પુણ્ય-પાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૬) નૈયાયિક= શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખાવમાં આવતો નથી.

(૭) વૈશેષિક= શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.

(૮) ચાર્વાક=અર્થ ક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંનાં સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જાવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. (આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો, તે રીતે અહીં પણ જાણવું.)

(૧) વેદાંતમતનું ખંડન =સ્વેમવ ઉત્પન્ન થયેલા એવા રાગદ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે કાલિમા (કાળપ) થી જુદા સુવર્ણની જેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે. અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.

(૨) મીમાંસક મતનું ખંડન = અનાદિ જેનો પૂર્વે અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્ય સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે. અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.

(૩) સાંખ્યમતનું ખંડન = તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલ અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી જુદો ચૈતન્ય સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.

(૪) યોગ્યમતનું ખંડન= નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નો કર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ અનુભવે છે.

(૫) બૌદ્ધમતનું ખંડન =સમસ્ત જગતને પુણ્ય-પાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્ય સ્વભાવરૂપ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.

(૬) નૈયાયિકમતનું ખંડન =શાતા-અશાતા રૂપે ત્યાયી જે સમસ્ત તીવ્ર-મંદપાણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્તાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.

(૭) વૈશેષિક મતનું ખંડન = શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ ને બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.

(૮) ચાર્વાકમતનું ખંડન =અર્થ ક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે આઠ કાપડના સંયોગથી (ખાટલાથી)

જુદો જે ખાટલામાં સુનારો પુરુષ તેની જેમ કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્ય સ્વભાવરૂપે જીવ ભેદ જ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.

મત્સર :ઈર્ષા, અદેખાઈ

મત્સરભાવ :અદેખાઈપણું ; ઈર્ષાભાવ

મતાગ્રહ :મારાપણાના પક્ષની બુદ્ધિ (૨) લૌકિક રૂઢિને અનુસરતો જે મિથ્યામત તે, કુળધર્મ, મિથ્યાપક્ષ

મતિજ્ઞાન શું કારણે થાય છે? :ક્ષાયોપશમિક જ્ઞાન (ઉઘાડ) ની યોગ્યાતાને અનુસરીને જ્ઞાન થાય છે, જ્ઞાન થવાનું એ કારણ છે. જ્ઞાનના તે ઉઘાડને અનુસરીને આ જ્ઞાન થાય છે. વસ્તુને અનુસરીને થતું નથી, તેથી વસ્તુ જ્ઞાન થવામાં નિમિત્તકારણ નથી એમ સમજવું.

મર્દન કરી કરીને :કચરી કચરીને, દબાવી દબાવીને

મધ્યપાત્ર :મધ્યમ યોગ્યતાવાળા જીવો; જે મુમુક્ષુ જનોએ શબ્દ, રસ, સ્પર્શ આદિ પાંચેય ઈન્દ્રિયોના વિષયોમાંથી ભોગાસકિત ટાળી વિષયો પ્રત્યે જતી મનની વૃત્તિને રોકીને ઈન્દ્રિય સંયમ સાધ્યો છે, તેમજ સ્વરૂપસ્થિરતારૂપ પરમાર્થ સંયમના સાધનો સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્બોધ આદિ પ્રત્યે જેને રુચિ પ્રગટી છે. અને આત્માથી સૌ હીન એવી દૃઢ સમજણ તથા પ્રતીતિ થવાથી જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું એ રૂપ આત્માની ઉપાસના એ જ સર્વોપરી કર્તવ્ય ભાસ્યું છે, દૃઢ મનાયું છે, અને તેથી જગત, જગતના ભાવો, સાંસારિક પ્રવૃત્તિ એ સર્વ બંધનના કારણ જાણી, તે ઈષ્ટ રૂપ નથી, એમ દૃઢ થવાથી તે પ્રત્યે ત્યાગ, વૈરાગ્ય, ઉદાસીનતા, ઉપેક્ષાભાવ જાગૃત થયો છે, એવા આત્માર્થ સન્મુખ મહાભાગ્ય નિરારંભી નિર્ગ્રંથ મોક્ષાર્થી જનો મધ્યપાત્ર, મધ્યમ યોગ્યતાવાળા જાણવા યોગ્ય છે.

મધ્યમ અને જઘન્ય અંતરાત્મા :જે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ સહિત છે, ત્રણ કષાયરહિત, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને અંગીકાર કરી, અંતરંગમાં તો શુદ્ધપયોગવડે પોતે પોતાને અનુભવે છે, કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી, એવી અંતરંગ દશા સહિત, બાહ્ય દિગમ્બર સૌમ્યમદ્રાધારી થયા છે. અને છઠ્ઠા પ્રમત્ત સંયત ગુણસ્થાનકના કાળે ૨૮ મૂળગુણને અખંડિત પાળે છે, તેઓ તથા જે અનંતાનુબંધી તથા અપ્રત્યાખાનીય બે કષાયના અભાવ સહિત, સમ્યગ્દષ્ટિ શ્રાવક છે, તે મધ્યમ અંતરાત્મા છે, અર્થાત્ છઠ્ઠા અને પાંચમા ગુણસ્થાન વર્તી જીવ મધ્યમ અંતરાત્મા છે.

(શ્રાવકના ગુણોથી યુક્ત એ પ્રમત્તવિરત મુનિ મધ્યમ અંતરાત્મા છે. (સ્વામી કાર્તિકેયાનું પ્રેક્ષા ગાથા ૧૯૬))

મધ્યમદશા :ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનક સુધીની દશા; સાધક દશા

મધ્યસ્થ :વચમાં (૨) પક્ષપાત રહિત; નિશ્ચિયનય અને વ્યવહારનયના પક્ષપાત રહિત.

જો તું જિનમતમાં પ્રવર્તે છે તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડ. જો નિશ્ચયનો પક્ષપાતી થઈ વ્યવહારને છોડીશ તો રત્નત્રયસ્વરૂપ ધર્મતીર્થનો અભાવ થશે. અને જો વ્યવહારનો પક્ષપાતી થઈ નિશ્ચયને છોડીશ તો શુધ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય. તેથી પહેલાં વ્યવહાર-નિશ્ચયને બરાબર જાણી પછી યથાયોગ્યપણે એને અંગીકાર કરવા, પક્ષપાતી ન થવું એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે.

પ્રશ્નઃ જે નિશ્ચય વ્યવહારના જાણપણારૂપ ગુણ વકતાનો કહ્યો હતો તે જ શ્રોતાનો કહ્યો, તેમાં વિશેષ શું આવ્યું ?

ઉત્તર : જે ગુણ વક્તામાં અધિકપણે હોય તે જ શ્રોતામાં હીનતા પણે થોડા અંશે હોય છે.

મધ્યસ્થતા :સમ્યક્ત્વગુણ (૨) ઉદાસીનતા, મમતાનો અભાવ, આ બે દર્શનમોહ (મિથ્યાત્વ) ના નાશનો ઉપાય છે. (૩) નિર્ગુણી જીવ પ્રત્યે મધ્યસ્થતા

મધ્યસ્થપણે :રાગદ્વેષ રહિતપણે, તટસ્થપણે, નિષ્પક્ષપાતપણે.

મફતના મૂળામાં અનંતવાર વેચાયો છે :પહેલાં શાકવાળા શાક સાથે છોકરાને મફતમાં મૂળો આપતા, એ મૂળામાં તું અનંતવાર જન્મમરણ કરી ચૂકયો છે. પણ બધું ભૂલી ગયો છે. અહીં યાદ કરાવીને કહે છે કે -પ્રભુ ! તું તારા ભગવાનને સંભાળ.

મફતમાં :નકામી

મતિ :મન અગર ઈન્દ્રિયોથી, વર્તમાનકાળવર્તી પદાર્થને અવગ્રતાદિરૂપ સાક્ષાત્ જાણવો તે મતિ છે. (૨) મન (૩) બુધ્ધિ; જ્ઞાન (૪) મન અગર ઈન્દ્રિયોથી વર્તમાન કાલવર્તી પદાર્થને અવગ્રહાદિરૂપ સાક્ષાત્ જાણવો તે મતિ છે.

મતિજ્ઞાન :પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા (પોતાની શકિત અનુસાર) જે જ્ઞાન થાય તે મતિ જ્ઞાન છે. (૨) જ્ઞાનાવરણના ક્ષયોપશમથી અને ઈન્સ્રિય-મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને અપૂણપણે જાણે તે મતિજ્ઞાન છે. (૩) નિશ્ચયનયે અખંડ-એક-વિશઉદ્ધ જ્ઞાનમય એવો આ આત્મા વ્યવહારનો સંસારાવસ્થામાં કર્માવૃત વર્તતો થકી, મતિ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં પાંચ ઈન્સ્રિયો અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે તે મતિજ્ઞાન છે. જે ત્રણ પ્રકારનું છે. ઉપલબ્ધ રૂપ, ભાવના રૂપ અને ઉપયોગ રૂપ. ઉતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જનિત અર્થગ્રહણશકિત (પદાર્થને જાણનારી શકિત) તે ઉપલબ્ધિ છે, જાણેલા પદાર્થનું પુનઃ પુનઃ ચિંતન તે ભાવના છે અને આ કાળું છે. આ પીળું છે, ઈશ્વયાદિરૂપે અર્થ ગ્રહણ વ્યાપાર (પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે, એવી જ રીતે તે (મતિજ્ઞાન) અવગ્રહ, ઈહા, અવાય અને ધાણારૂપ ભેદો વડે અથવા કોષ્ઠબુધ્ધિ, બીજબુધ્ધિ, પદાનુસારી બુધ્ધિ અને સંભિન્નશ્રોતૃતાબુધ્ધિ એવા ભેદો પડે ચાર પ્રકારનું છે. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ તે જ ઉપાદેયભૂત અનંત સુખનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપોદય છે. તચેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેશ છે. (૪) પરાશ્રયની બુધ્ધિ છોડીને દર્શનોપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (૫) ઈન્દ્રિય અને મન જેમાં નિમિત્ત માત્ર છે એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (૬) નિશ્ચયનયે અખંડ એક વિશુધ્ધ જ્ઞાનમય એવો આ આત્મા વ્યવહારનયે સંસારાવસ્થામાં કર્માવૃત વર્તતો થકો, મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં પાંચ ઈન્દ્રિયો અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે તે મતિજ્ઞાન છે. (૭) ઈન્દ્રિય અને મનની સહાયતાથી જે જ્ઞાન થાય તેને મતિજ્ઞાન કહે છે. (૮) મતિજ્ઞાન બાર ભેદવાળું છે. બહુ, એક, બહુવિધ, એક વિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત; નિઃસૃત; અનુકત; ઉકત; ધ્રુવ અને અધ્રુવ.

(૧) બહુ=એકી સાથે ઘણા પદાર્થોનું અથવા ઘણા જથ્થાનું અવગ્રહાદિ થવું (જેમ લોમોના ટોળાનું અથવા ખડની ગંજીનું), ઘણા પદાર્થો જ્ઞાનગોચર થવા.

(૨) એક=અલ્પ અથવા એક પદાર્થનું જ્ઞાન થવું (જેમ એક માણસનું અથવા પાણીના પ્યાલાનું) થોડા પદાર્થ જ્ઞાન ગોચર થવા.

(૩) બહુવિધ=ઘણા પ્રકારના પદાર્થોનું અવગ્રહાદિ જ્ઞાન થવું (જેમ કૂતરા સાથેનો માણસ અથવા ઘંઉ-ચોખા-ચણા વગેરે ઘણી જાતના પદાર્થો) યુગપત ઘણા પ્રકારના પદાર્થો જ્ઞાનગોચર થવા.

(૪) એકવિધ=એક પ્રકારના પદાર્થોનું જ્ઞાન થવું (જેમ એક જાતના ઘંઉનું જ્ઞાન) એક પ્રકારના પદાર્થો જ્ઞાનગોચર થવા.

(૫) ક્ષિપ્ર=શીધ્રતાથી પદાર્થનું જ્ઞાન થવું

(૬) અક્ષિપ્ર=કોઈ પદાર્થને ધીરે ધીર ઘણા વખતે જાણવો-ચિરગ્રહણ

(૭) અનિઃસૃત=એક ભાગના જ્ઞાનથી સર્વભાગનું જ્ઞાન થવું (જેમ બહાર નીકળેલી સૂંઢને દેખી પાણીમાં ડૂબેલા પૂરા હાથીનું જ્ઞાન થવું) એક ભાગ અવ્યકત રહ્યા છતાં જ્ઞાનગોચર થવું

(૮) નિઃસૃત=બહાર નીકળેલા પ્રગટ પદાર્થોનું જ્ઞાન થવું, પૂર્ણ વ્યકત હોય તેવા પદાર્થનું જ્ઞાન ગોચર થવું

(૯) અનુકત (નહિ કહેલ)= જે વસ્તુનું વર્ણન આપ્યું નથી તેને જાણવી, જેનું વર્ણન ન સાંભળવા છતાં પદાર્થ જ્ઞાનગોચરા થવો.

(૧૦) ઉકત=કહેલા પદાર્થનું જ્ઞાન થવું. વર્ણન સાંભળ્યા પછી પદાર્થ જ્ઞાનગોચર થવો.

(૧૧) ધ્રુવ=ઘણા કાળ સુધી જ્ઞાન એવું ને એવું રહેવું દ્રઢતાવાળું જ્ઞાન.

(૧૨) અધ્રુવ=જે ક્ષણે ક્ષણે હીન-અધિક થાય તેવું જ્ઞાન, અસ્થિરજ્ઞાન.

ઉપરના બધા ભેદો સમ્યકમતિજ્ઞાનના છે. જેને સમ્યગ્જ્ઞાન થયું હોય તે જાણે છે કે આત્મા ખરેખર પોતાના જ્ઞાનપર્યાયને જાણે છે, પર તો તે જ્ઞાનનું નિમિત્ત માત્ર છે. પરને જાણયું એમ કહેવું તે વ્યવહાર છે. જો પરને જાણે છે. એમ પરમાર્થદષ્ટિએ કહીએ તો તે ખોટું છે, કેમ કે તેમ થતાં આત્મા અને પર (જ્ઞાન અને જ્ઞેય) બન્ને એક થઈ જાયઃ કેમ કે, જેનું જે હોય તે તે જ હોય; તેથી ખરેખર પુદગલનું જ્ઞાન છે એમ કહીએ તો જ્ઞાન પુદ્ગલરૂપ-જ્ઞેયરૂપ થઈ જાય. માટે નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનના પર્યાયને આત્મા જાણે છે એમ સમજવું (૯) મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈ ઈન્દ્રિય તથા મનના અવલંબન-સહયોગથી યુકત જે જ્ઞાન દ્વારા કોઈ મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષરૂપે જાણવામાં આવે છે. તેને મતિજ્ઞાન તથા અભિનિબોધિક કહે છે. (૧૦) મતિજ્ઞાનના ચાર ભેદ છે.

(૧) અવગ્રહ=વસ્તુના બોધનું પકડવું

(૨) ઈહા=વસ્તુ શું છે તે નકકી કરવા વિચારવું

(૩) અવાય =આ વસ્તુ આમ જ છે, અન્યથા નથી, એવો નિર્ણય કરવો.

(૪) ધારણા=જે જ્ઞાનથી જાણેલાં પદાર્થમાં કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન હોય

(૧૧) મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપમશમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈ ઈન્દ્રિય તથા મનના અવલંબન-સહયોગથી યુકત જે જ્ઞાનદ્વારા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષ રૂપે જાણવામાં આવે છે તેને મતિજ્ઞાન તથા 'અભિનિબોધિકજ્ઞાન' કહે છે. (૧૨) (•) પરાશ્રયની બુધ્ધિ છોડીને દર્શન ઉપયોગપૂર્વક સ્વ સન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (•) ઈન્દ્રિય અને મન જેમાં નિમિત્ત માત્ર છે. એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

(૧૨) મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે. ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ.

(૧) મતિજ્ઞાનાવરણની ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશકિત (પદાર્થને જાણવાની શકિત) તે ઉપલબ્ધિ છે.

(૨) ભાવના=જાણેલા પદાર્થ પ્રત્યે ફરી ફરીને ચિંતન તે ભાવના છે.

(૩) ઉપયોગ=આ કાળું છે. આ પીળું છે. ઈત્યાદિ અર્થગ્રહણ વ્યાપાર (પદમર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.

(૧૩) મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. અવગ્રહ, ઈહા (વિચારણા), અવાય (નિર્ણય) અને ધારણા. (૧૪) મતિજ્ઞાન ચાર ભેદવાળું છે. અવગ્રહ, ઈહા(વિચારણા), અવાય (નિર્ણય) અને ધારણા (૧૫) મતિજ્ઞાન બાર ભેદવાળું છે. બહુ, એક, એક વિધ, બહુવિધ, ક્ષિપ્ર, અક્ષિપ્ર, અનિઃસૃત, નિઃસૃત, અનુકત, ઉકત,ધ્રુવ અને અધ્રુવ. આ પ્રમાણે મતિજ્ઞાન બાર ભેદોવાળું છે. ત્યાં ઘણાંને જાણે તે બહુ ને એકને જાણે તે એક છે. બહુવિધ મતલબ કે બધા પ્રકારને જાણે. આ પણ પોતાની (જ્ઞાનને અનુસરીને થયેલી) પર્યાય છે. હો. સામે ઝાઝેરા દ્રવ્ય છે માટે ઝાઝા દ્રવ્ય જણાય છે એમ નથી. એકવિધમાં એક પ્રકારનું જ્ઞાન થાય. ક્ષિપ્ર-એકદમ થાય, ને અક્ષિપ્ર-હળવે હળવે થાય, અનિઃસૃત-અધુરું થાય, ને નિઃસ્તૃત-પૂર્ણ થાય. અનુકત-કહ્યા વિનાનું થાય, અર્થાત્ કોઈ ચિહ્નથી નહિ પણ એમને એમ થાય. ઉકત-

કહ્યું હોય ને થાય. ધ્રુ-થયેલું જ્ઞાન ટકે અને અધ્રુવ-જ્ઞાન ન ટકે. આવા આમ મતિજ્ઞાનના બાર ભેદો છે. આ ભેદો પણ પોતાની જ્ઞાન પર્યાયના છે અને તે જ્ઞાનગુણને અનુસરીને થાય છે. (૧૬) આત્મા જે સ્વભાવથી સર્વોત્તમ પ્રદેશ વ્યાપી શુધ્ધ જ્ઞાનસ્વરૂપ છે તે અનાદિ કાળથી જ્ઞાનાવરણથી પ્રદેશે આચ્છાદિત થયો છે. અને તે આવરણના મતિજ્ઞાનાવરણાદિ પાંચ મુખ્ય ભેદ છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈ ઈન્દ્રિય તથા મનના અવલંબન સહયોગથી યુકત જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષરૂપે જાણવામાં આ વે છે. તેને 'મતિજ્ઞાન' તથા અભિનિબોધિક જ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ અને અતિન્દ્રિય મનના અવલંબન- સહયોગથી યુકત જે જ્ઞાનદ્વારા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષરૂપે જાણવામાં આવે છે તેને 'શ્રુતજ્ઞાન' કહે છે.

અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત્ જાણવામાં આવે છે તેનું નામ 'અવધિજ્ઞાન' છે.

મનઃ પર્યય જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા બીજાના મનમાં રહેલ કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત જાણવામાં આવે છે તેને મનઃપર્યય જ્ઞાન કહે છે.

કેવળજ્ઞાન=જ્ઞાનાવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્તરૂપ દ્રવ્યસમૂહને વિશેષરૂપે જાણવામાં આવે છે તેને 'કેવળજ્ઞાન' કહેવામાં આવે છે અને તે સ્વાભાવિક હોય છે. (૧૭) મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે. ઉપલબ્ધિ; ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબિધ છે. જાણેલા પદાર્થ પ્રત્યે ફરી ફરીને ચિંતન તે ભાવના છે. આ કાળું છે, આ પીળું છે ઈત્યાદિરૂપે અર્થગ્રહણ વ્યાપાર (પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. (૧૮) પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા (પોતાની શક્તિ અનુસાર) જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન છે.

મતિજ્ઞાનના ક્રમના ભેદો :અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એમ ચાર ભેદો છે.

(૧) અવગ્રહ=ચેતનામાં જે થોડો વિશેષાકાર ભાસવા લાગે છે તે પહેલાં થનારું જ્ઞાન તેને અવગ્રહ કહે છે. વિષય અને વિષયી (વિષય કરનાર)નું યોગ્ય સ્થાનમાં આવ્યા પછી આદ્યગ્રહણ તે અવગ્રહ છે. સ્વ અને પર બન્નેનો (જે વખતે જે વિષય હોય તેનો) પહેલાં અવગ્રહ થાય છે.
(પરેપ્શણ)

(૨) ઈહા=અવગ્રહ દ્વારા જાણવામાં આવેલા પદાર્થને વિશેષરૂપ જાણવાની ચેષ્ટાને ઈહા કહે છે. (કોન્સેપ્શન)

(૩) અવાય =વિશેષ ચિહ્ન દેખવાથી તેનો નિશ્ચય થઈ જાય તે અવાય છે. (જજમેન્ટ)

(૪) ધારણા=અવાયથી નિર્ણય કરેલા પદાર્થને કાળાંતરે ન ભૂલવો તે ધારણા છે. (રીટેન્શન)

મતિતર્પણ :હાજી હા કરનાર (૨) બુધ્ધિ સંતોષ; બુધ્ધિ તૃપ્તિ

મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાન :ક્રમપૂર્વક જાણવું; નિયત આત્મ પ્રદેશથી જ જાણવું; અમુકને જ જાણવું ઈત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે.

મતિ-શ્રુતાદિ જ્ઞાન :ક્રમપૂર્વક જાણવું; નિયત આત્મ પ્રદેશથી જ જાણવું; અમુકને જ જાણવું ઈત્યાદિ મર્યાદાઓ મતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે.

મથન :અભ્યાસ, આરાધના

મદ :આઠ પ્રકારના મદ નીચે પ્રમાણે છેઃ- (•) જાતિમદ,(•) કુળમદ, (•) બળ મદ, (•) રૂપમદ, (•) તપ મદ, (•) લાભ મદ, (•) શ્રુત મદ, (•) ઐશ્વર્ય મદ ૨ (૨) કષાય (૩) માન; અભિમાન; અપવિત્રપણું (૪) માન (૫) અહંકાર; અભિમાન (૬) આઠ પ્રકારના છેઃ જાતિ, કુલ, રૂપ, વિદ્યા, ધન-દોલત (ઋધ્ધિ), બલ, તપ, સત્તા (અધિકાર પ્રભુતા) (૭) અહંકાર; ઘમંડ (૮) આઠ પ્રકારના મદ હોય છે.:- જાતિ, કુલ,ધન,બળ,રૂપ,વિદ્યા, અધિકાર અને તપ.

મદ ખોઈને :નિર્માનતા પ્રગટ કરીને, મદ=માન, અભિમાન

મદ નામના આઠ દોષ :પિતાના ગોત્રને કુળ અને માતાના ગોત્રને જાતિ કહે છે.

(૧) કુળ મદ=પિતૃપક્ષના રાજા વગેરે પિતા વગેરે પ્રતાપી પુરુષ હોવાથી (હું રાજકુમાર છું વગેરે) અભિમાન કરવું તે કુળમદ છે.

(૨) જાતિમદ=મામા વગરે માતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી વ્યકિત હોવાનું અભિમાન કરવું તે જાતિમદ છે.

(૩) રૂપમદ =શરીરની સુંદરતાનો ગર્વ કરવો તે રૂપમદ છે.

(૪) જ્ઞાન (વિદ્યા) મદ=પોતાની વિદ્યા (કલા-કૌશલ્ય અથવા શાસ્ત્રજ્ઞાન) તેનું અભિમાન કરવું તે જ્ઞાન (વિદ્યા) મદ છે.

(૫) ધન (ઋધ્ધિ) મદ= પોતાના ધન-દોલતનો ગર્વ કરવો તે ધન (ઋધ્ધિ)નો મદ છે.

(૬) બલમદ=પોતાના શરીરની તાકાતનો ગર્વ કરવો તેને બલમદ કહે છે.

(૭) તપમદ=પોતાના વ્રત, ઉપવાસ, વગેરે તપનો ગર્વ કરવો તે તપમદ કહે છે.

(૮) પ્રભુતા (પૂજા) મદ=પોતાની મોટાઈ અને આજ્ઞાનું અભિમાન કરવું તે પ્રભુતા (પૂજા) મદ કહેવાય છે.

(૧) કુલ (૨) જાતિ (૩)રૂપ(શરીર) (૪) જ્ઞાન (વિદ્યા) (૫) ધન (ઋધ્ધિ) (૬) બલ (૭) તપ (૮) પ્રભુતા (પૂજા) આ આઠ મદદોષ કહેવાય છે. જે જીવ આ આઠનો ગર્વ કરતો નથી તે જ જીવ આત્માની પ્રતીતિ (શુધ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ) કરી શકે છે. જે તેનો ગર્વ કરે છે તો એ મદ સમ્યગ્દર્શનના આઠ દોષ થઈને દૂષિત કરે છે.

મદ નામના આઠ દોષ :કુલમદ, જાતિમદ, જ્ઞાન-વિદ્યામદ, રૂપમદ, ધન(ઋધ્ધિ)મદ, બલમદ, તપમદ અને પ્રભુતા મદ આ પ્રકારે આઠ મદ છે. તેની વ્યાખ્યા નીચે પ્રમાણે છેઃ

(૧) કુલમદ=પિતાના ગોત્રનેકુળ પિતા વગેરે પિતૃપક્ષના (રાજા) વગેરે પ્રતાપી પુરુષ હોવાથી હું રાજકુમાર છું વગેરે અભિમાન કરવું તે કુળમદ છે.

(૨) જાતિમદ=માતાના ગોત્રને જાતિ કહે છે. મામા વગેરે માતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી વ્યકિત હોવાનું અભિમાન કરવું તે જાતિમદ છે.

(૩) રૂપમદ=શરીરની સુંદરતાનો ગર્વ કરવો તે રૂપમદ છે.

(૪) જ્ઞાન-વિદ્યામદ=પોતાની વિદ્યા-કલા કૌશલ્ય અથવા શાસ્ત્ર (જ્ઞાન)નું અભિમાન કરવું તે જ્ઞાન (વિદ્યા) મદ છે.

(૫) ધન(ઋધ્ધિ) મદ=પોતાના ધન-દોલતનો ગર્વ કરવો તેને ધન (ઋધ્ધિ) મદ કહે છે.

(૬) બલમદ=પોતાના શરીરની તાકાતનો ગર્વ કરવો તેને બલમદ કહે છે.

(૭) તપમદ=પોતાના વ્રત, ઉપવાસ વગેરે તપનો ગર્વ કરવો તે તપમદ છે.

(૮) પ્રભુના (પૂજા) મદ= પોતાની મોટાઈ અને આજ્ઞાનું અભિમાન કરવું તે પ્રભુતા (પૂજા) મદ કહેવાય છે.

જે જીવ આ આઠનો ગર્વ કરતો નથી તે જ જીવ આત્માની પ્રતીતિ (શુધ્ધ સમ્યત્વની પ્રાપ્તિ) કરી શકે છે. જો તેનો ગર્વ કરે છે તો એ મદ સમ્યગ્દર્શનના આઠ દોષ થઈને તેને દૂષિત કરે છે.

મન :મતિ, બુધ્ધિ, ભાવ, પરિણામ (૨) મન આત્મા નથી. અન્ય છે. મન રૂપી છે. મન અચિતૂ છે. મન અજીવ છે. (૩) ચંચળતા (૪) ચિત્ત, પરિણતિ, ભાવ (૫) મતિ, બુધ્ધિ, ભાવ, પરિણામ. (૬) મન છે એ કેમ મનાય ? ઉત્તર : જો જ્ઞાન એકલું સ્વતંત્ર કાર્ય કરતું હોય તો પરાવલંબન ન હોય ને ક્રમ પણ ન પડે, પણ જયારે વિચારમાં ક્રમ પડે છે ત્યારે મનનું નિમિત્ત હોય છે. પાંચ ઈન્દ્રિયો દ્વારા જે વિષયોનું જ્ઞાન થાય છે, તે ઈન્દ્રિયો સંબંધીનો જ્ઞાનોપયોગ બંધ કરી, અંદર વિચાર કરતાં એક પછી એક ક્રમપૂર્વક વિચાર આવે છે ત્યારે ઈન્દ્રિયોમાં પ્રવૃત્તિ નથી, છતાં વિચારમાં ક્રમ પડે છે તે પરાવલંબન સિધ્ધ કરે છે, તે પરાવલંબનરૂપ દ્રવ્ય મન છે. તે વિચારમાં મદદ કરતું નથી, માત્ર નિમિત્ત થાય છે જ્ઞાન પોતાના જ્ઞાન સ્વભાવ વડે જ જાણે છ. પર વસ્તુ આત્માને મદદ કરી શકે જ નહિ. (૭) જો જ્ઞાન એકલું સ્વતંત્ર કાર્ય કરતું હોય તો પરાવલંબન ન હોય ને ક્રમ પણ ન પડે, પણ જયારે વિચારમાં ક્રમ પડે છે. ત્યારે મનનું નિમિત્ત હોય છે. પાંચ ઈન્દ્રિયો દ્વારા જે વિષયોનું જ્ઞાન થાય છે તે ઈન્દ્રિયો સંબંધીનો જ્ઞાનોપયોગ બંધ કરી, અંદર વિચાર કરતાં એક પછી એક ક્રમપૂર્વક વિચાર આવે છે ત્યારે ઈન્દ્રિયોમાં પ્રવૃત્તિ નથી, છતાં વિચારમાં ક્રમ પડે છે તે પરાવલંબન સિધ્ધ કરે છે. ને પરાવલંબન દ્રવ્ય-મન છે. તે

વિચારમાં મદદ કરતું નથી. માત્ર નિમિત્ત થાય છે. જ્ઞાન પોતાના જ્ઞાન સ્વભાવ વડે જ જાણે છે, પર વસ્તુ આત્માને મદદ કરી શકે જ નહિ. (૮) મનોવર્ગણાથી બનેલ હૃદયકમળનું નામ મન છે, અથવા મનથી ઉત્પન્ન થયેલ જ્ઞાનને મન કહે છે. (૯) મનનો વિષય પર દ્રવય છે, વિષય એટલે લક્ષને લક્ષ એટલે ધ્યેય, ધ્યેય એટલે સાધ્ય. આત્માની એકાગ્રતામાં સહજ સ્વભાવના ભાન વખતે પર વસ્તુ આવતી નથી. માત્ર શુધ્ધ અખંડ નિર્મળ આત્મદ્રવ્યનું જ ધ્યાન હોય છે. આત્માની એકાગ્રતામાં અંશમાં પર ઉપર લક્ષ જતું નથી. (૧૦) હિત-અહિતનો વિચાર કરવાની તથા શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ સહિત જ્ઞાનવિશેષ તેને ભાવમન કહે છે; તથા હૃદયસ્થાનમાં આઠ પાંખડીવાળા કમળના આકારે પુદગલપિંડ, તેને જડમન અર્થાત દ્રવ્યમન કહે છે. (૧૧) હૃદયમાં આઠ પાંખડીનું કમળના આકારે જડ મન છે તે ચૈતન્યનું સ્વરૂપ નથી, ચૈતન્ય તો જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છે.

મનઃપર્યયજ્ઞાન :આ આત્મા મનઃપર્યય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, પરમનોદગત મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે મનઃપર્યયજ્ઞાન છે. ઋજુમતિ અને વિપુલમતિ એજોવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. ત્યાં વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પરના મનવચનકાય સંબંધી પદાર્થને વક્ર તેમજ અવક્ર બન્નેને, જાણે છે અને ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન તો ઋજુને (અવક્રને) જ જાણે છે. નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહિત ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે. આ બન્ને મનઃપર્યયજ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનની ભાવના સહિત પંદર પ્રમાદ રહિત અપ્રમત્ત મુનિને ઉપયોગમાં-વિશુદ્ધ પરિણામમાં ઉત્પન્ન થાય છે. અહીં મનઃપર્યયજ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણાનો નિયમ છે, પછી પ્રમત્તપણામાં પણ તે સંભવે છે.

મનુ :ભોગભૂમિના અંતમાં અને કર્મભૂમિના આદિમાં થતા કુલકરો મનુષ્યોને આજીવિકાનાં સાધન શીખવીને લાલિત-પાલિતકરે છે તેથી તેઓ મનુષ્યોના પિતા સમાન છે. કુલકરને મનુ કહેવામાં આવે. છે.

જે મન-ઈન્દ્રિયોના નિમિત્ત વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી બીજાના મનમાં રહેલારૂપ પદાર્થને સ્પષ્ટ જાણે છે, અવધિજ્ઞાન અને મનઃપર્યાય અધૂરા પ્રત્યક્ષ છે. (૨) મનઃ પર્યય જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા બીજાના મનમાં રહેલ કોઈક મૂર્તદ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત જાણવામાં આવે છે તેને મનઃ પર્યયજ્ઞાન કહે છે. (૩) કોઈ કોઈ મુનિવરોને વિશિષ્ટ સંયમધરોને હોય છે. (૪) જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના જ અન્ય પુરુષના મનમાં સ્થિતરૂપી પદાર્થોને દ્રવ્ય,ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે મનઃ પર્યય જ્ઞાન છે. (૫) દ્રવ્ય,ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદાથી બીજાના મનમાં રહેલા સરલ અથવા ગૂઢ રૂપી પદાર્થોને જાણવાવાળું જ્ઞાન (૬) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની મર્યાદા સહિત, જે બીજાના મનમાં રહેલા રૂપી પદાર્થને, સ્પષ્ટ જાણે.

મનઃપર્યયજ્ઞાન કેવી રીતે પ્રગટે ? :સાધારણપણે દરેક જીવને મતિજ્ઞાન હોય છે. જેને આશ્રયે રહેલા શ્રુતજ્ઞાનમાં વધારો થવાથી તે મતિજ્ઞાન હોય છે. જેને આશ્રયે રહેલા શ્રુતજ્ઞાનમાં વધારો થવાથી તે મતિજ્ઞાનનું બળ વધારે છે. એમ અનુક્રમે મતિજ્ઞાન નિર્મળ થવાથી આત્માનું અસંયમપણું ચળી સયમપણું થાય છે, તે તેથી મનઃપર્યય જ્ઞાન પ્રગટે છે. જેને યોગે આત્મા બીજાનો અભિપ્રાય જાણી શકે છે.

લિંગ દેખાવ ઉપરથી બીજાના ક્રોધ હર્ષાદિભાવ જ્ઞી શકાય છે, તે મતિજ્ઞાનનો વિષય છે, તેવાં દેખાવના અભાવે જે ભાવ જાણી શકાય તે મનઃપર્યય જ્ઞાનનો વિષય છે.

મનઃપર્યયજ્ઞાનનો વિષય :સર્વાવધિજ્ઞાનના વિષયભૂત રૂપી દ્રવ્યના અનંતમાં ભાગે મનઃપર્યયજ્ઞાનો વિષય સંબંધ છે.

પરમ અવધિજ્ઞાનના વિષયભૂત જે પુદ્ગલ સ્કંધ છે તેનો અનંતમો ભાગ કરતાં જે એક પરમાણું માત્ર થાય છે તે સર્વાવધિનો વિષય છે. જેનો અનંતમો ભાગ ઋજુમતિ મનઃપર્યયજ્ઞાનનો વિષય છે અને તેનો અનંતમો ભાગ વિપુલમતિ મનઃપર્યયનો વિષય છે.

મનઃપર્યયરૂપ :આ આત્મા, મનઃપર્યય જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં પરમનોગત મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે મનઃપર્યયજ્ઞાન છે. ઋજુમતિ અને વિપુલમતિ એવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. ત્યાં વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પરના મનવચનકાય સંબંધી પદાર્થને, વક્ર તેમજ અવક્ર બન્નેને જાણે છે અને ઋજુમતિ મનઃપર્યય જ્ઞાન તો ઋજુને (અવક્રને) જ જાણે. છદ્મવિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહિત ચરમ દેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે. આ બંન્ને મનઃપર્યય જ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-ણનુષ્ઠાનની ભાવના સહિત પદંર પ્રમાદ રહિત અપ્રમત મુનિને ઉપયોગમાં વિશુદ્ધ પરિમામમાં ઉત્પન્ન થાય છે. અહી મનઃપર્યયજ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણફાનો નિયમ છે, પછી પ્રમત્તપણામાં પણ તે સંભવે છે.

મનન :માનવું તે, જાણવું તે. (૨) મનન કરવાથી છાપ બેસે છે, અને નિદિધ્યાસન કરવાથી ગ્રહણ થાય છે. (૩) મનથી ચિંતન (૪) એકાગ્રતા

મનને કેમ જીતાય ? :વળી મનના નિમિત્તે જે કંપન થાય છે, તેને અનુસરીને યોગપણે થવાની યોગ્યતા, પોતાની છે. તે ભાવ્ય-ભાવક સંકરદોષ જેટલા અંશે સ્વભાવને અનુસરવામાં આવે, તેટલા અંશે ટળી જાય છે. પંડિત જયચંદજીએ લખ્યું છે કે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને , સત્તામાંથી મિથ્યાત્વનો ક્ષય થતી વખતે જ, અનંતાનુબંધી કષાયનો તથા તે સંબંધી અવિરતિ અને યોગભાવનો પણ, ક્ષય થઈ ગયો હોય છે, તેથી તેને તે પ્રકારનો બંધ થતો નથી.

મનન કરવું :વાંચેલા પાઠ પર ચિંતન કરવું, તેમાંથી હેય,ક્ષેય અને ઉપાદેય શું છે તેની તારવણી કરવી.

મનને નિર્વિકલ્પ કરવાની રીત :ઈન્દ્રિયોને વ્યાપાર રહિત અને મનને નિર્વિકલ્પ કરવનો અભ્યાસ બરાબર વધારતા રહેવું જોઈએ. મનમાં જયારે રાગ-દ્વેષાદિની ક્રોધ-માન-માયા-લોભ-કામ-મોહ-શોક ભયાદિની લહરો ન ઉઠે ત્યારે જ મન નિર્વિકલ્પ (સ્થિર) થાય છે. અને આવા સ્થિર મનવાળો યોગી સાધક જ આત્મતત્વના દર્શનનો અધિકારી થાય છે. બીજો કોઈ નહિ.

મનને વશ કરવાનાં સાધનો :અલ્પ આહાર, અલ્પ વિહાર , અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

મનને આમળો :મનને સંકલ્પ વિકલ્પરૂપ જાળામાં ગૂંચવવારૂપ આમળો કિવા અવળો વળ છે. જે મનને મોક્ષરૂપ પરમપદમાં પ્રગતિ માટે નિર્વિકલ્પ સમાધિપ્રદ મદદરૂપ ન થાય પણ મન તેમાં જ ઘુંચાઈ રહી સંકલ્પ વિકલ્પની વૃદ્ધિથી સ્વહિત ચૂકી જાય.

મનનો નિરોધ :મન જેનું મૂળ છે એવી ચંચળતાનો વિલય

મન્મથ :કામદેવ

મન્થનદંડ :રવૈયો

મનોજ્ઞ :મનને જાણનાર; સુંદર; રમ્ય; મનોહર

મનોજ્ઞ :મનપસંદ; સુંદર

મનોગત :મનમાં રહેલા

મનોગુપ્તિ :મન તરફ ઉપયોગ ન જતાં આત્મામાં જ લીનતા

મનોજ્ય :નિશ્ચિંતપણે આત્માનુભુતિરૂપ મનોજય છે.

મનોમુંડન :મનમાંથી વસ્તુઓની મમતા છૂટી જવી જોઈએ.

મનોજ્ઞ :સુંદર, રમ્ય, મનોહર

મનોવર્ગણા :જે વર્ગણાથી (પુદગલસુંધથી) અષ્ટદળ કમળના આકારે દ્રવ્યમનની રચના થાય તેને મનોવર્ગણા કહે છે.

જે વર્ગણા મનરૂપે પરિણમે તેને મનોવર્ગણા કહે છે.

મનોસંયમ :મનઃસંક્ષેપતા, મનઃસ્થિરતા, આત્મચિંતનતા.

સંયમ કારણ નિમિત્તરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

દ્રવ્ય=સંયમિત દેહ.

ક્ષેત્ર=નિવૃત્તિવાળાં ક્ષેત્રે સ્થિતિ-વિહાર.

કાળ=યથાસૂત્ર કાળ.

ભાવ=યથાસૂત્ર નિવૃત્તિસાધન વિચાર.

મનોહર :સુંદર; મનને હરી લે તેવું

મનોહર રૂપ :શુધ્ધ આકૃતિ (૨) સુંદર આકૃતિ

મનુષ્ય કોને કહીએ ? :મન્યતિ-મનુતે જાનાતિ ઈતિ મનુષ્યઃ આત્માનું સ્વરૂપ જાણે તે ખરેખર મનુષ્ય છે, બાકી બધાને પશુ કહીએ. ચૈતન્ય સ્વરૂપ આત્માને જાણ, તેનું મનન ને ધ્યાન કરે, તે મનુષ્ય. જેને ચૈતન્યની ભાવના-સમ્યગ્દર્શન નથી તે ચાલતાં મડદાં છે.

શ્રી કુંદકુંદાચાર્ય દેવ ભાવ પ્રાભૃતમાં કહે છેઃ-

જીવ મુક્ત શબ કહેવ 'ચલ શબ' જાણ દર્શનમુક્તને શબ લોક માંહી અપૂજ્ય ચલ શબ હોય લોકોત્તર વિષે (ભાવપ્રાભુત-૧૩)

જેને આત્માની રુચિ નથી, તેના તરફનું વલણ નથી.

તેના તરફનો અંદરમાં પ્રેમ નથી, તે બધાં ચાલતાં મડદાં છે.

મનુષ્ય વ્યવહાર :મનુષ્યરૂપ વર્તન (અર્થાત્ હું મનુષ્ય જ છું એવી માન્યાપૂર્વકનું વર્તન) હું મનુષ્ય છું. શરીરાદિની સમસ્ત ક્રિયાઓ હું કરું છું. સ્ત્રી-પુત્ર-ધનાદિકના ગ્રહણ ત્યાગનો હું સ્વામી છું, વગેરે માનવું તે મનુષ્યવ્યવહાર-મનુષ્યરૂપ વર્તન છે.

મનુષ્ય વ્યવહાર :મનુષ્યરૂપ વર્તન. (અર્થાત હું મનુષ્ય જ છું એવી માન્યતાપૂર્વકનું વર્તન)

હું મનુષ્ય છું શરીરાદિ સમસ્ત ક્રિયાઓ હું કરું છું. સ્ત્રી પુત્ર ધનાદિકના ગ્રહણત્યાગનો હું સ્વામી છું વગેરે માનવું તે મનુષ્ય વ્યવહાર (મનુષ્યવર્તન) છે.

મનુષ્યાદિ પર્યાયમાં લીન છે, તે એકાંત દ્રષ્ટિવાળા લોકો મનુષ્યવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગીદ્વેષી થાય છે અને એ રીતે પરદ્રવ્ય કર્મ સાથે સંબંધ કરતા હોવાથી તેઓ પર સમય છે.

મનુષ્યક્ષેત્ર :જયાં મનુષ્ય રહે છે તે મનુષ્યક્ષેત્ર. જેને ત્રીછાલોક કહેવાય છે. ત્રીછાલોક અઢી દ્વીપ અને બે સમુદ્ર નો બનેલો છે. અઢી દ્વીપના નામ અનુક્રમે આ પ્રમાણે છેઃ ૧/૨ દ્વીપ જંબુ દ્વીપ. (જેમાં આપણે રહીએ છીએ તેના ફરતો અને ૧૪૪ ગણો મોચો ઘાતકી ખંડ અને તેને ફરતો અને જંબુદ્વીપ કરતાં ૧૧૮૪ ગણો મોટો અર્ધ પુષ્કરદ્વીપ બે સમુદ્રનાં નામો : જંબુદ્વીપને ફરતો અને તેનાથી ૨૪ ગણો મોટો લવણ સમુદ્ર, જંબુદ્વીપ અને ફાતકી ખંડની વચ્ચે આવેલો છે. અને ઘાતકી ખંડ અને અર્ધ પુષ્કરદ્વીપના વચ્ચે આવેલો સમુદ્ર કાલોદધિ જંબુદ્વીપ કરતાં ૬૭૨ ગણો મોટો છે.

મનુષ્યની ઉત્પત્તિ અઢી દ્વીપમાં કહી છે. જેના બે મુખ્ય ભેદ છે (૧) અકર્મભૂમિ અને (૨) કર્મભૂમિ.

મનુષ્યક્ષેત્રની ઉત્પત્તિનાં અઢી દ્વીપની અંદજર ત્રીસ ક્ષેત્ર તો અકર્મભૂમિ (જુગલીઓ) મનુષ્યનાં છે અને છપ્પન ક્ષેત્ર અંતરદ્વીપના મનુષ્યનાં છે. એ છયાસી ક્ષેત્રના મનુષ્યો ધર્મકર્મમાં બિલકુલ સમજતાં નથી. એ મનુષ્યો તો પોતાનાં પૂર્વે કરેલાં પુણ્યોનાં ફળો દેવતાઓની પેઠે સુખે ભોગવે છે.

અઢી દ્વીપમાં આવેલા કર્મ ભૂમિ મનુષ્યનાં પંદર ક્ષેત્રોનાં નામ નીચે મુજબ છેઃ-

૧/૨દ્વીપ જંબુદ્વીપ તેમાં -

૧. ભરત,૧ ઈરવત અને ૧ મહાવિદહ ક્ષેત્ર એમ કુલ ૩ ક્ષેત્ર.

૧ દ્વીપ ઘાતકીખંડઃ તેમાં

૨ ભરત, ૨ ઈરવત, અને ૨ અહાવિદેહ ક્ષેત્ર એમ કુલ ૬ ક્ષેત્ર.

૧ દ્વીપ પષ્કિરાર્ધ દ્વીપ : તેમાં

૨ ભરત, ૨ ઈરવત, અને ૨ મહાવિદેહક્ષેત્ર એમ કુલ ૩ ક્ષેત્ર.

કુલ ૨૧૧ દ્વીપ અને ૧૫ ક્ષેત્ર. આ ૨૧૧ દ્વીપ ફકત ૪૫ લાખ યોજનમાં છે.

કર્મભૂમિ એટલે અસિ, મસિ(વ્યાપરા) અને કૃષિ જયાં થતી હોય થે. અકર્મભૂમિનાં ત્રીસ ભેદો છેઃ પાંચ હેમવય, પાંચ ઐરણ્યવય, પાંચ હરિવાસ, પાંચ રમ્યક વાસ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરૂ.

મનુષ્યગતિનામ અને મનુષ્યાયુના ુદયથી મનુષ્યો હોય છે. જેઓ કર્મભૂમિ જ અને ભોગભૂમિજ (અકર્મભૂમિજ) એવા ભેધોને લીધે બે પ્રકારના છે.

અઢી દ્વીપમાં કર્મભૂમિ મનુષ્યનાં પંદર ક્ષેત્ર માત્ર ધર્મકરણી કરવાનાં રહ્યાં. એ પંદર ક્ષેત્રમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે. ત્યાં તો સદાકાળ જૈનધર્મ પ્રવર્તે છે, અને બાકીના પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઈરવત ક્ષેત્રમાં દશ કોડાકોડી સાગરનો સર્પિણી કાળમાંથી એક કોડાકોડ સાગરથી સહેજ વધોરે વખત ધર્મ કર્મ કરવાનો રહે છે. પાંચ ભરત ને પાંચ ઈરવત એ દશ ક્ષેત્રમાંના એકેક ક્ષેત્રમાં બત્રીશહજાર દેશ છે. ઈાવીશ હજાર દેશમાંથી પણ ધર્મ કર્મ કરવાના તો માત્ર સાડાપચીસ આર્ય દેશ જ છે.

મનુષ્યગતિ :મનુષ્ય ગતિ નામકર્મના ઉદયથી મનુષ્યોમાં જન્મ લેવા અથવા પેદા થવું

મનુષ્યપણું :શુભાશુભ ભાવના મિશ્રપણાનું ફળ મનુષ્યપણું છે.

મનુષ્યપર્યાય :મનુષ્યપર્યાયના કાળની સ્થિતિ ઉત્કૃષ્ટ ત્રણ પલ્યની છે અને જઘન્ય અંતર્મુહૂર્તની છે.

મનુષ્યભવ :કોઈ જીવ ઉપરા ઉપરી મનુષ્યના જ ભવ કરે તો વધુમાં વધુ આઠ ભવ થાય. પછી નિયમથી મનુષ્ય સિવાયની બીજી ગતિમાં ચાલ્યો જાય. (૨) ચારે ગતિમાં ભમતાં સૌથી ઓછા મનુષ્યભાવ કર્યા. કોઈ જીવ શુભભાવ ટકાવી રાખે તો ઉપરાઉપરી વધારેમાં વધારે આઠ ભવ મનુષ્યપણે થાય.

મનુષ્યવ્યવહાર :મનુષ્યરૂપ વર્તન(અર્થાત્ હું મનુષ્ય જ છું વી માન્યાપૂર્વકનું વર્તન)

મનુષાયુના આસ્રવના કારણો :અલ્પ આરંભ-પરિગ્રહપણું તે મનુષ્યના આસ્રવનું કારણ છે.

(૧) મિથ્યાત્વસહિત બુધ્ધિનું હોવું
(૨) સ્વભાવમાં વિનય હોવો.
(૩) પ્રકૃત્તિમાં ભદ્રતા હોવી
(૪) પરિણામોમાં કોમળતા હોવી અને માયાચારનો ભાવ ન હોવો.
(૫) સારા આચરણોમાં સુખ માનવું
(૬) વેળુની રેખા સમાન ક્રોધનું હોવું
(૭) વિશેષ ગુણી પુરુષોની સાથે વ્યવહારપ્રિય હોવું
(૮) થોડો આરંભ, થોડો પરિગ્રહ રાખવો.
(૯) સંતોષ રાખવામાં રુચિ કરવી.
(૧૦) પ્રાણીઓના ઘાતથી વિરક્ત થવું
(૧૧) માઠાં કાર્યોથી નિવૃત્તિ હોવી.
(૧૨) મનમાં જે વાત હોય તે અનુસાર સરળતાથી વર્તવું-બોલવું
(૧૩) વ્યર્થ બકવાદ ન કરવો
(૧૪) પરિણામોમાં મધુરતાનું હોવું
(૧૫) સર્વે લોકો પ્રયે ઉપકાર બુધ્ધિ રાખવી.
(૧૬) પરિણામોમાં વૈરાગ્યવૃત્તિ રાખવી.
(૧૭) કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન રાખવો.
(૧૮) દાન દેવાનો સ્વભાવ રાખવો.
(૧૯) કાપોત અને પીન લેશ્યા સહિત હોવું
(૨૦) ધર્મધ્યાનમાં મરણ થવું

આ વગેરે લક્ષણવાળા પરિણામો મનુષ્યાયુના આસ્રવનાં કારણો છે.

મમકાર :મારાપણું (૨) મારાપણું,"આ બધાં મારા છે." એવો ભાવ. (૩) મિથ્યા અહંકાર; પર વસ્તુમાં મમત્વ-મારાપણું

મમત્વ :મોહ, મમતા, અનુરાગ (૨) મારાપણાનો ભાવ કે તૃષ્ણા, અહંકાર (૩) સત્ત્વ

મમતા :મારાપણું; અહંકાર; મોહ; રાગ (૨) પાદ્ગલિક પદાર્થોમાં મારાપણાની બુધ્ધિને મમતા કહે છે.

મરણ :ઘાત (૨) અશ્વયની વિનાશ (૩) શરીર અને આત્માનો સંયોગ છૂટો પડવો તેને મરણ કહે છે. પૂર્વે આયુષ્યકર્મ જે સ્થિતિએ બંધાયેલું હોય તે સ્થિતિ પુરી થતાં શરીર ને આત્માનો સંયોગ છૂટો પડી જાય છે તેને મરણ કહેવાય છે. (૪) કાર્મણ શરીર રહે ને ઔદારિક દેહ છૂટે તેને મરણ કહે છે.

મરણહરણ :ક્મરણને હરનાર; મૃત્યુનો નાશ કરનાર

મર્દન :મસળવું, ઘાત કરવો. (૨) ચિકાશ; તેલથી માલીશ કરવું તે (૩) ઘાત

મર્દન કરી કરીને :દમી દમીને, કચરી કચરીને, દબાવી દબાવીને

મર્દી નાખવું :ચીકણું કરી નાખવું

મર્મ :સાર (૨) રહસ્ય, પાત્રતા કેળવ્યા વિના મર્મ જાણવાની વાત તે આત્મહિતકારી થાય નહીં તે માટે મિથ્યા મોહ કરશે એમ કહ્યું. વ.૧૩૬ (૩) રહસ્ય; તાત્પર્ય; છૂપી વાત

મર્યાદા :પરિમાણ

મર્યાદા ધર્મ :વ્રત નિયમ આદિ મર્યાદાપૂર્વક, દેશ સંયમ પૂર્વક ગૃહસ્થધર્મનું પાલન, વૃદ્ધ, મર્યાદા, ધર્મ મર્યાદા.

મર્યાદા રહિત :અંકૂશ વિના

મર્યાદાધર્મ :વ્રત, નિયમ આદિ મર્યાદાપૂર્વક, દેશસંયમપૂર્વક ગૃહસ્થ ધર્મોનું પાલન.

મર્યાદામાં લાવે છે. :હદમાં લાવે છે.

મર્યાદિત :પરિમિત્ત; મર્યાદાવાળું; હદવાળું; અમુક હદ કે સીમામાં સમાઇ રહેલું.

મલ :ભાવકર્મ

મલદ્વાર :બે કાન, બે આંખ, બે નસકોરાં, એક મોઢું અને બે મળ-મૂત્રના દ્વાર - કુલ નવ છે.

મલપતી ચાલે :હાથીની ચાલે

મલાવવું :બહલાવવું; મઠારીને દીપાવવું; સારું લાગે તેમ કરવું; લાડ લડાવવા

મલિન :દૂષિત

મલિનતા :અશુધ્ધતા; બધાં દ્રવ્યો દ્રવ્યથી, ગુણથી તે પર્યાયથી ત્રણે કાળે નિર્મળ છે. એક છૂટો પરમાણુ: પણ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી નિર્મળ છે તો પછી મારામાં આ મલિનતા ક્યાંથી પેસી ગઇ, પરના નિમિત્તે થતી સાપેક્ષ પર્યાયમાં મલિનતા થઇ છે પરંતુ મારી નિરપેક્ષ પર્યાય આકાશાદિ દ્રવ્યની જેમ અનાદિ નિર્મળ છે. (૨) રાગદ્વેષરૂપી કચરો

મસ્તર :અદેખાઈ, ઈર્ષા, અદેખાપણું, પારકાની ચડતી ન સહન કરવાપણું

મસ્તી :ખુમારી

મહત્તરાકાર :વિશેષ નિર્જરાદિ ખાસ કારણમાં ગુરુની આજ્ઞા મેળવી નિશ્ચિત સમય પહેલાં પરચકખાણ પારવું તે.

મહંતતા :મહાનતા, મહાન માણસપણું

મહત્પુરુ :નિગ્રંથમાં પણ મહત્પુરુષ એટલે તીર્થંકર પ્રભુ, તેમની સાથે તેમના ગણધરી અને ચૌદ પૂર્વધારી અન્ય મહાત્માઓ પણ મહત્પુરુષ ગણાય.

મહેશ :રાગ-દ્વેષ અજ્ઞાનનો ધ્વંશ કરે અથવા પૂર્વવર્તિક્ષણિક પર્યાયનો નાશ (અભાવ) કરે તે મહેશ.

મહા ખેદ :ઘણો મોટો ખેદ

મહા દુઃખ :સ્વસ્વરૂપની અણસમજણ; મિથ્યાત્વ

મહા રસ :દારૂ

મહાતપોધન :તપને ધન માને તે તપોધન, તપોધનમાં પણ ઉત્તમ તે મહાતપોધન

માહાત્મ્ય :મહત્તા; મહિમા; પ્રભાવ (૨) સામર્થ્ય

મહાન :અનેક પ્રદેશી

મહાર્નિર્ગ્રંથ :રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ ગ્રંથિ જેણે છેદી નાખી છે તે નિગ્રંથ, તેમાં જે મહાન તે મહાર્નિર્ગ્રંથ

મહાપ્રજ્ઞા :દેહ અને આત્મા ભિન્ન ઓળખાવે તે મહાપ્રજ્ઞા

મહાપ્રજ્ઞાવંત :જે બુદ્ધિ મોક્ષમાર્ગ બતાવે, દેહ અને આત્મા ભિન્ન ઓળખાવે તે મહાપ્રજ્ઞા અને તેથી જે યુકત તે મહાપ્રજ્ઞાવંત.

મહાપાત્ર :ઉત્કૃષ્ટ પાત્ર મહા ભાગ્ય જીવો; જેમણે જીવનની આશા વધારે જિવાય તો સારું એવી તૃષ્ણાનો ત્યાગ કર્યો છે, તેમ મરણની પ્રાપ્તિ જેવા પ્રસંગમાં પણ ક્ષોભ, ગભરાટ, વ્યગ્રતા, જુગુપ્સા કે ખળભળાટરૂપ અશાંતિ જેને ટળી ગઇ છે, અર્થાત્ પરમ શાંતભાવે સમાધિમરણને ભેટવા, મૃત્ય, મહોત્સવ માણવા જે સદાય તત્પર છે, તેવા મહાભાગ્ય જીવો ઉત્કૃષ્ટપાત્ર, મોક્ષ પ્રાપ્તિ માટે સર્વ શ્રેષ્ઠ યોગ્યતાવાળા જાણવા યોગ્ય છે.

તે મહાપુરુષો પરમ યોગી, જ્ઞાન ધ્યાનમાં નિરંતર મગ્ન રહેનારા, મન-વચન-કાયાના યોગને જીતનારા, સ્વવશ વર્તનારા, ગુપ્તિ અને સમિતિથી આત્મવૃત્તિને મોક્ષમાં શુધ્ધ આત્મ સ્વભાવમાં જોડી, ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા સાધી, સમાધિ સુખમાં નિરંતર નિમગ્ન રહેનારા, જિત લોભ, કષાયનો જય કરનારા, અર્થાત્ ચારે કષાયને જીતનારા એવા પરમ નિર્ગ્રંથો, અથવા પરમ યોગી સયોગી જિન તે મોક્ષમાર્ગના સર્વોત્કૃષ્ટ અધિકારી છે.

કારણ તેઓ અલ્પકાળમાં જ સયોગીપદ તજી અયોગી થઈ સિધ્ધપદ પામવાના છે, અને પરમ કૃતાર્થ થઈ જગત શિરોમણિ બની લોકાગ્રે જઈ વિરાજિત થવાના છે. અભિનંદન હો તે સદા જયવંત એવા પરમાત્મપદને

માનવપણું વિદ્વાનો કોને કહે છે? જેનામાં વિવેક બુધ્ધિ એટલે આ સત્ય છે, આ અસત્ય છે એમ નિર્ણય કરવારૂપ વિવેકબુધ્ધિ પ્રગટી હોય; છ દ્રવ્ય, નવ તત્ત્વ, એમાં પરમ તત્ત્વ શુધ્ધ આત્મા છે તે આત્મામાં લીનતા કરવા માટે પાંચ મહાવ્રત વગેરે ઉત્તમ આચાર પાળીને અને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ સદધર્મનું સેવન કરી જેઓ અનુપમ મોક્ષ સુખને પામે છે તેઓ ખરા માનવ કહેવાય છે. મોક્ષમાર્ગમાં પ્રવૃતિ કરે તે માનવ.

મહાભાગ્ય :મહા પુરુષાર્થ

મહાભગીરથ :મહા પ્રયત્ન

મહાભાગ :મહા પવિત્ર, મહા ગુણિયલ, મહા ભાગ્યશાળી. મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભૂમિકાનુસાર શુદ્ધ પરિણતિ તેમજ શુભપરિણતિનો યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે તેથી તે જીવો આ શાસ્ત્રમાં જેમને કેવળ નિશ્ચયવાલંબી કહ્યા છે એવા કેવળ નિશ્ચયાવલંબી નથી તેમજ જેમને કેવળ વ્યવહારલંબી કહ્યા છે એવા કેવળવ્યવહારલંબી નથી. (૨) મહાપવિત્ર, મહા ગુણિયલ, મહા ભાગ્યશાળી. (મોક્ષને માટે નિત્ય ઉદ્યમ કરનારા મહાપવિત્ર ભગવંતોને (મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને) નિરંતર શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મ સ્વરૂપનું સમ્યક્ અવલંબન વર્તતું હોવાથી તે જીવોને તે અવલંબનની તરતમતા પ્રમાણે સવિકલ્પ દશામાં ભુમિકાનુસાર શુદ્ધ પરિણતિ તેમ જ શુભપરિણતિને યથોચિત સુમેળ (હઠ વિના) હોય છે તેથી તે જીવો આ શાસ્ત્રમાં જેમને કેવળ નિશ્ચયાવલંબી કહ્યા છે એવા કેવળ નિશ્ચયાવલંબી નથી તેમ જ જેમને કેવળ વ્યવહારવલંબી કહ્યા છે એવા કેવળ વ્યવહારવલંબી નથી.) (૩) મહાભાગ્યવંત; મધ્યમપાત્ર

મહામુનિઓની પ્રવૃત્તિ :રત્નત્રયરૂપ પદવીને પ્રાપ્ત થયેલા જે મહામુનિઓ છે તેમની રીત લોકનીતિને મળતી આવતી નથી. તે જ કહીએ છીએ. લોકો પાપક્રિયામાં આસક્ત થઈ પ્રવર્તે છે, મુનિ પાપ ક્રિયાનું ચિંતવન પણ કરતા નથી. લોકો અનેક પ્રકારે શરીરની સંભાળ રાખે, પોષે છે, મુનિ અનેક પ્રકારે શરીરને પરીષહ ઉપજાવે છે. અને પરી ષહ સહે છે. વળી લોકોને ઈન્દ્રિયવિષયો બહુ મીઠા લાગે છે, મુનિ વિષયોને હળાહળ ઝેર સમાન જાણે છે.

લોકોને પોતાની પાસે માણસોનો સંગ-સમુદાય ગમે છે. મુનિ બીજાનો પણ સંયોગ થતા ખેદ માને છે. લોકોને વસ્તી ગમે છે, મુનિને નિર્જન સ્થાન સારું લાગે છે. કયા સુધી કહીએ? મહા મુનીશ્વરોની રીત લોકોના રીતથી ઊલટારૂપે હોય છે. કેવી છે મુનીશ્વરોની પ્રવૃત્તિ? પાપક્રિયા સહિતના આચારથી પરાઙમુખ છે. જેમ શ્રાવકનો આચાર પાપક્રિયાથી મિશ્રિત છે તેમ મુનીશ્વરોના આચારમાં પાપનો મેળાપ નથી અથવા કર્મજનિત ભાવ મિશ્રિત જે આચરણ તેમા પરાઙમુખ છે. કેવળ નિજસ્વરૂપને અનુભવે છે. તે માટે એકાંત વિરતિરૂપા એટલે સર્વથા પાપક્રિયાના ત્યાગસ્વરૂપ છે. અથવા એક નિજ સ્વભાવના અનુભવ વડે સર્વથા પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે. રત્નત્રયના ધારક મહામુનિઓની એવી પ્રવૃત્તિ છે.

મહામહા વિકટ :અત્યંત મુશ્કેલ; કઠિન

મહામાન :બહુમાન

મહારત્ન :જગતનાં જડ રત્નોની તો ધર્મમાં કાંઈ કિંમત નથી.

- હવે આત્મામાં મોક્ષનાં કાણરૂપ ત્રણ રત્નો-સમ્ગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર
- તેનું ફળ કેવળ જ્ઞાનાદિ ચતુષ્ટય-તે મહારત્ન
- અનંતી કેવળજ્ઞાન પર્યાયરૂપે હવે પરિણમવાની જેની તાકાત એવો જ્ઞાન ગુણ તે મહા-મહારત્ન
- અને અનંત ગુણ રત્નોથી ભરેલો ચૈતન્યસમુદ્ર તે તો મહા-મહા-મહારત્ન

ભાઈ! આવા રત્નોનો જ આખો પહાડ તું છો..... તારા મતિ-શ્રુત જ્ઞાનને અંતરમાં વાળીને આ ચૈતન્ય રત્નના પહાડને તું દેખ. પોતે આનંદનો મોટો ડુંગર, પણ દૃષ્ટિના દોષને લીધે જીવ તેને દેખતો નથી.

મહારસ :દારૂ

મહાસત્તા અને અવાન્તર સત્તા :આમાન્ય વિશેષાત્મક સત્તાના બે પડખાં છે, એક પડખું તે મહાસત્તા અને બીજું પડખું તે અવાન્તર સત્તા(•) મહાસત્તા અવાન્તરસત્તારૂપે અસત્તા છે અને અવાન્તરસત્તા મહાસત્તારૂપે અસત્તા છે. તેથી જો મહાસત્તા સત્તા કહીએ તો અવાન્તરસત્તાને અસત્તા કહેવાય. (•) મહાસત્તા ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય એવાં ત્રણ લક્ષણવાળી છે તેથી તે ત્રિલક્ષણા છે. વસ્તુના ઊપજતા સ્વરૂપનું ઉત્પાદ જ એક લક્ષણ છે. નષ્ટ થતા સ્વરૂપનું વ્યય જ એક લક્ષણ છે અને ધ્રુવ રહેતા સ્વરૂપનું ધ્રૌવ્ય જ એક લક્ષણ છે, તેથી તે ત્રણ સ્વરૂપોમાંના પ્રત્યેકની અવાન્તરસત્તા એક જ લક્ષણવાળી હોવાથી અત્રિલક્ષણા છે. (•) મહાસત્તા સમસ્ત પદાર્થ સમૂહમાં સત્,સત્ એવું સમાનપણું દર્શાવતી હોવાથી એક છે. એક વસ્તુની સ્વરૂપસત્તા બીજી કોઈ વસ્તુની સ્વરૂપસત્તા નથી, તેથી વસ્તુઓ તેટલી સ્વરૂપસત્તાઓ માટે આવી સ્વરૂપ સત્તાઓ અથવા અવાન્તર સત્તાઓ અનેક છે. (•) સર્વ પદાર્થો સત્ છે તેથી મહાસત્તા સર્વ પદાર્થોમાં રહેલી છે. વ્યકિતગત પદાર્થોમાં રહેલી ભિન્ન ભિન્ન વ્યકિતગત સત્તાઓ વડે જ પદાર્થોનું ભિન્ન ભિન્ન નિશ્ચિત વ્યકિતત્ત્વ રહી શકે, તેથી તેતે પદાર્થની અવાન્તરસત્તા તે તે એક પદાર્થમાં જ સ્થિત છે. (•) મહાસત્તા સમસ્ત વસ્તુસમૂહનાં રૂપો (સ્વભાવો) સહિત છે તેથી તે સવિશ્વરૂપ (સ્વરૂપવાળી છે. વસ્તુની સત્તાનું (કથંચિત) એકરૂપ હોય તો જ તે વસ્તુનું એકરૂપ (ચોકકસ એક સ્વભાવ) રહી શકે તેથી પ્રત્યેક વસ્તુની અવાન્તર સત્તા નિશ્ચિત એક રૂપવાળી જ છે. (•) મહાસત્તા સર્વ પર્યાયોમાં રહેલી છે તેથી તે અનંતપર્યાયમય છે. ભિન્ન ભિન્ન પર્યાયોમાં (કથંચિત) ભિન્ન ભિન્ન સત્તાઓ હોય તો જ એક એક પર્યાય ભિન્ન ભિન્ન રહીને અનંત પર્યાયો સિદ્ધ થાય, નહિ તો પર્યાયોનું અનંતપણું જ ન રહે- એકપણું થઈ જાય. માટે પ્રત્યેક પર્યાયની અવાન્તર સત્તા તે તે એક પર્યાયમય જ છે.

આ રીતે સામાન્ય વિશેષાત્મક સત્તા, મહાસત્તારૂપ તેમજ અવાન્તર સત્તારૂપ હોવાથી (❖) સત્તા પણ છે અને અસત્તા પણ છે.(❖) ત્રિલક્ષણા પણ છે અને અત્રિલક્ષણા પણ છે, (❖) એક પણ છે અને અનેક પણ છે. (❖) સર્વ પદાર્થ સ્થિત પણ છે અને એક પદાર્થ સ્થિત પણ છે. (❖) સવિશ્વરૂપ પણ છે અને એકરૂપ પણ છે. (❖) અનંત પર્યાયમય પણ છે અને એક પર્યાયમય પણ છે.

મહાવ્રત :નિશ્ચય રત્નત્રયપૂવૃક ત્રણે યોગ (મન, વચન, કાયા) તથા કરણ-કરાવણ-અનુમોદન સહિત હિંસાદિ પાંચ પાપોનો સર્વથા ત્યાગ. (હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ પાપોનો સર્વથા ત્યાગ) (૨) હિંસા, ચોરી, અસત્ય, અબ્રહ્મચર્ય (મૈથુન) અને પરિગ્રહ આ પાંચ પાપોનો સર્વથા ત્યાગ. (નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન અને વીતરાગચારિત્ર રહિત એકલા વ્યવહારવ્રતના શુભ ભાવને મહાવ્રત કરેલ નથી પણ બાળવ્રત-અજ્ઞાન વ્રત કહેલ છે.)

મહાવ્રત અને તપ :જીવો કથંચિત જિનાગમમાઃ કહેલાં મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા તૂટી મરતા થકા કલેશ પામો તો પામો; પરંતુ જે સાક્ષાત્ મોક્ષ સ્વરૂપ છે, નિરામય (રોગાદિ સમસ્ત કલેશ વિનાનું) પદ છે. અને સ્વયં સંવેદ્યમાન છે-પોતાની મેળે પોતે વેદવામાં આવે છે. એવું આ જ્ઞાન તો જ્ઞાનગુણ વિના કોઈ પણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા નથી.

આશય એ છે કે જ્ઞાન છે સાક્ષાત્ મોક્ષ છે; તે જ્ઞાનથી જ મેળે છે, અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી. (સમયસ્વર નિર્જરા અધિકાર)

મહાવિદેહક્ષેત્ર :આત્મક્ષેત્ર; આત્મદેશના નિવાસી

મહાવીર :ભગવાન મહાવીરના પાંચ નામ હતા (૧) વીર (૨) વર્ધમાન (૩) સન્મતિનાથ (૪) અતીવીર ને (૫) મહાવીર

મહાવીર તીર્થંકર :માતાની કુંખમાં હતા ત્યારે, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન સહિત હતા. મતિ-શ્રુત-અવધિ એ ત્રજ્ઞ જ્ઞાન, અને ચક્ષુ-અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન, સહિત હતા. મતલબ કે તેઓ આત્મજ્ઞાન-અતીન્દ્રિયજ્ઞાન અને અતિન્સ્રિય દર્શન સાથે જ લઈને, ગર્ભમાં આવ્યા હતા.

મહાવીર પ્રભુ :અષાઢ વદી એકમ એટલે બેસતું વર્ષ છે. સનાતન જૈન ધર્મમાં અષાઢ વદી એકમ બેસતું વર્ષ છે.પૂર્ણિમા એટલે પૂર્ણ માસ. ત્યારે મહિનો પૂરો થાય છે. અમાસ એટલે અર્ધમાસ. ત્રિકાળ નિયમ પ્રમાણે આજે બેસતું નવું વર્ષ છે.

આ દિવસે મહાવીર ભગવાનની દિવ્ય ધ્વનિનો પ્રથમ દિવસ છે. તેમને વૈશાખ સુદ દસમે કેવળજ્ઞાન પ્રગટયું હતું તે વખતે ઈન્દ્રોએ સમવસરણુની અદભુત રચના કરેલી. તેને ધર્મસભા કહેવાય છે. ત્યાં એકી સાથે અનેક દેવ-દેવીઓ, મનુષ્યો, તિર્યંચો ધર્મ સાંભળવા આવે છે, એવી ધર્મસભાની રચના તો થઈ, પણ સંશોધન કરે છે. એ સંશોધનના સારરૂપ નિજ આત્મહિતનું શ્રેય સમજતાં એ જિજ્ઞાસુ સાધક બની રહે છે. જે માનવજીવનના અંત સુધી ટકી રહે છે. આ માનવજીવનની ટૂંકમાં કારકિર્દી બની રહે છે.

મહાવીર પ્રભુનો જન્મ :વિક્રમ સંવત ૫૪૨ વર્ષ પૂર્વે ચૈત્ર સુદ તેરસના જન્મ અને નિર્વાણ વિક્રમ સંવત ૪૭૦ વર્ષ પૂર્વે આસો વદી અમાસ . ૭૨ વર્ષનું આયુ.

મહાવીર ભગવાન :શ્રી ભગવાન શ્રી મહાવીર દેવનો જન્મ કલ્યાણક ચૈત્ર સુદ ૧૩ને દિવસે થયો. કારતક વદી દશમ તપ કલ્યાણક (દીક્ષા) છે. તે પ્રભુ દીક્ષિત થઈને સંસારથી નિવૃત્ત થઈને નગ્ન નિર્ગ્રંથપદ મુનિપણું ધારણ કરે છે તે વખતે સીધું સાતમું ગુણસ્થાનક પ્રગટે છે. પ્રભુ દીક્ષિત થઈને ધ્યાનમાં સ્થિર થાય છે કે તુરત ૭મી ભૂમિકા-અપ્રમત્ત દશા પામે છે. અને ત્યાં જ ચોથું મનઃપર્યય જ્ઞાન પ્રગટે છે. રાગ અને રાગનું નિમિત્ત ટળ્યું કે સાથે જ જ્ઞાનની નિર્મળતા ઉજજવળતા પ્રગટ થઈ. જ્ઞાન ધ્યાનની સ્થિરતા, ઈચ્છા, નિરોધ, તપ એવી અપ્રમત દશામાં સાડા બાર વર્ષ સુધી ભગવાન મસ્ત રહ્યા. ઋજુવાલિકા નદી કિનારે શામલી વૃક્ષ પાસે ભગવાન નિર્ગ્રંથ જ્ઞાનની એકાગ્રતામાં શુક્લ ધ્યાનની શ્રેણીમાં હતા પ્રથમ ધ્યાનમાં અલ્પ વિકલ્પ છે. બીજા શુક્લ ધ્યાનની શ્રેણીમાં તદ્દન નિર્વિકલ્પ જ્ઞાનની સ્થિરતા થતાં વૈશાખ સુદ દશમને દિવસે સર્વજ્ઞતા-ત્રિકાળજ્ઞાન-પ્રગટ થયું. પછી છાસઠ દિવસ વાણી બંધ રહી છે. તેનું કારણ ધર્મસભામાં ગણધર પદવી ધારણ કરવાની યોગ્યતાવાળો કોઈ જીવ ન હતો. તે ગણધર મુનિની ઉત્કૃષ્ટ શક્તિ હોય છે. અલ્પ શબ્દોમાં ઘણું સમજી શકે છે. ભગવાન મહાવીર પ્રભુનો મોક્ષ કલ્યાણક દિવસ. આસો વદી અમાસ એટલે ચૌદશની રાતનો પાછલો ભાગ છે. તે વખતે પાવાપુરી ક્ષેત્રે ભગવાન સર્વ કર્મ કલંક રહિત પૂર્ણ શુધ્ધતા વડે મોક્ષદશાને પામ્યા.

જીવન મુકત દશા તો વીશ વર્ષ પહેલાં પામ્યા હતા અને બોંતેરમે વર્ષે પૂર્ણ-મુકત દશાને પામ્યા. તે પરમ કલ્યાણકારનો મહિમાવંત દિવસ દીવાળીને દિવસે છે.

ત્રણ પ્રકારની પદવી પણે અંતિમ શરીરની અવસ્થા છોડીને મોક્ષે જવાય છે.

(૧) ભગવાનની સર્વોત્કૃષ્ટ તીર્થંકર પદવી.

(૨) ગણધર પદવી

(૩) સામાન્ય કેવળી ભગવાન એ ત્રણ અવસ્થાના પુણ્યભાવની તારતમ્યતાથી મુખ્યપણે છે.

(૧) જે ત્રિલોકનાથનું બિરુદ ધરાવે છે. એવું તીર્થંકરનામ કર્મ બંધાઈ જવાનું કારણ એ છે કે શુધ્ધ આત્મ સ્વરૂપની ભાનસહિતની દશામાં એટલે કે સમ્યગ્જ્ઞાનદશામાં એવો પ્રશસ્ત રાગભાવ હોય છે કે સર્વ જીવોને આત્મ ધર્મ પમાડું એટલે કે નિશ્ચય તો મારો આત્મા શીઘ્ર પૂર્ણ શુધ્ધતાને પામી જાય; એ ઉત્કૃષ્ટ પુણ્ય પરિણામ છે તેમાં એવી યોગ્યતાવાન જીવને એવું પુણ્ય બંધાય છે કે તે જગતને પરમ ઉપકારી થાય છે.

(૨) ગણધર ભગવ થવાનું કારણ મારા કુટુમ્બને આત્મધર્મ પમાડું અને પક્ષનો શુભ વિકલ્પ વિવેક સહિત આવે છે, તેથી પુણ્યપદની અપેક્ષાએ તીર્થંકર ભગવાનથી ન્યૂન પદવીનો યોગ થાય છે.

(૩) મુક્ત થવાની ઈચ્છાવાળા ધર્માત્મ જ્ઞાની સામાન્ય કેવળી ભગવાન થઈને મોક્ષે જાય છે. મોક્ષ સ્વભાવ જીવમાં શકિત છે તે વ્યકત પ્રગટ થાય છે.

મહાવીર ભગવાન અને દિવ્યધ્વનિ :સનાતન જૈન ધર્મમાં અષાઢ વદી ૧ એટલે બેસતું વર્ષ છે. પૂર્ણિમા એટલે પૂર્ણ માસ, ત્યારે મહિનો પૂરો થાય છે, અમાસ એટલે અર્ધમાસ. ત્રિકાળ નિયમ પ્રમાણે અષાઢ વદી એકમે નવું વર્ષ બેસે છે.

આજે મહાવીર ભગવાનની દિવ્ય ધ્વનિનો પ્રથમ દિવસ છે. તેમને વૈશાખ સુધી દશમે કેવળજ્ઞાન પ્રગટયું હતું, તે વખતે ઈન્દ્રોએ સમવસરણની અદ્‌ભુત રચના કરેલી તેને ધર્મસભા કહેવાય છે. ત્યાં એકી સાથે અનેક દેવ દેવીઓ, મનુષ્યો, તિર્યંચો ધર્મ સાંભળવા આવે છે, એવી ધર્મસભાની રચના તો થઈ, પણ કેવળજ્ઞાન થયા પછી છાંસઠ દિવસ સુધી ભગવાનના મુખથી વાણી ન છુટી. હોઠ બંધ હોય છે. સર્વાંગેથી 'ૐકાર' એવી એકાક્ષરી દિવ્યધ્વનિ છૂટે છે, તેનો એવો અતિશય છે કે તેને સાંભળનારા પોતપોતાની ભાષામાં પોતાની યોગ્યતા મુજબ સમજી જાય છે. દિવ્ય ધ્વનિનો મહાન યોગ તીર્થંકર ભગવાનને તેરમી ભૂમિકામાં (તેરમે ગુણસ્થાને) સહજ હોય છે. ત્રણ કાળ ત્રણ લોકના સર્વ પદાર્થોને એક સાથે એક સમયમાં જાણ્યા કરે તેવું અખંડ જ્ઞાન તેમને વર્તે છે. ''હું પૂર્ણ થાઉં અને બીજા ધર્મ પામે એવા અખંડ ગુણના બહુમાનની ભૂમિકામાં (શુભરાગમાં) તીર્થંકર ગોત્ર કર્મ બંધાય છે. તીર્થંકર થયા પહેલાના ત્રીજો ભવે કર્મ બંધાય છે.

મહાવીર પ્રભુને કેવળજ્ઞાન દશા પ્રગટી પણ છાંસઠ દિવસ સુધી ધ્વનિ ન છૂટી, તેનું કારણ એ હતું કે તે વખતે સભામાં ભગવાનની વાણી ઝીલી શકે એવો મહાન પાત્ર જીવ કોઈ હાજર ન હતો. ધર્મસભામાં હાજર રહેલા ઈન્દ્રે વિચાર્યું તો માલુમ પડ્યું કે ભગવાનની વાણી ઝીલી શકે એવો સર્વોત્કૃષ્ટ પાત્ર જીવ આ સભામાં હાજર નથી. તેવો પાત્ર જીવ ઈન્દ્રભૂતિ છે એમ તેણે પોતાના અવધિજ્ઞાનથી નક્કી કર્યું; તેથી તેઓ નાના બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ઈન્દ્રભૂતિ (ગૌતમ) પાસે ગયા. તેમનામાં (ગૌતમમાં) તીર્થંકર ભગવાનના વજીર થવાની એટલે કે ગણધર પદવીની યોગ્યતા હતી. પણ તે વખતે યથાર્થ ભાન ન હતું. હજારો શિષ્યોની વચ્ચે તેઓ યજ્ઞ કરતા હતા; ત્યાં બ્રાહ્મણના વેશમાં જઈ ઈન્દ્રે કહ્યું કે તમારે વાદ કરવો હોય તો મહાવીર પ્રભુ પાસે ચાલો, ગૌતમે કહ્યું ચાલો.

ગૌતમ મહાવીર પ્રભુ પાસે જવા નીકળ્યા, માનસ્થંભ પાસે પહોંચતા જ તેમનું માન ગળી ગયું, તે માનસ્થંભ ઓળંગીને ગૌતમ જયાં ધર્મસભામાં દાખલ થયા કે તરત જ ભગવાનની વાણી છૂટી, ગૌતમને આત્મજ્ઞાન થયું. નિગ્રંથ મુનિપદ પ્રગટયું, તે સાથે મનઃપર્યય જ્ઞાન થયું અને ગણધર પદવી મળી.

ગણધરપદ મળ્યા પછી તેમણે આજની જ મિતિએ (અષાઢ વદી એકમે) રાત્રિના આગલા પાછલા બે પહોરના એક એક અંત મુહૂર્તમાં જ બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરી, તે સતશ્રુતની રચનાનો દિવસ અને સર્વજ્ઞની દિવ્યધ્વનિ પ્રથમ છૂટવાનો દિવસ આજનો છે. ઉત્કૃષ્ટ ધર્મ સમજવાને પાત્ર જીવ થાય ત્યારે તેના નિમિત્તરૂપ વાણી મળ્યાવિના રહે નહીં. ઝાડ ઊગવાના હોય ત્યારે વરસાદ ન પડે એવું બને નહી.

આ વાત કોઈને ન બેસે, ન માનવામાં આવે તેથી અસત્ય ન થઈ જાય. આ વાત આમ જ છે, તે ન્યાયથી, યુક્તિથી અને આગમથી વગેરે બધા પ્રમાણથી નક્કી થઈ શકે છે.

મહાશ્રુત :જેણે સર્વ શ્રુત જાણ્યું છે તે મહાશ્રુત

મહાસત્તા :સામાન્ય સત્તા (૨) સમસ્ત પદાર્થોના અસ્તિત્વગુણને ગ્રહણ કરવાવાળી સત્તાને, મહાસત્તા કહે છે. (૩) સમસ્ત વસ્તુ વિસ્તારમાં વ્યાપનારી તે મહા સત્તા છે. સમસ્ત વ્યાપકરૂપમાં વ્યાપનારી તે મહાસત્તા છે, અનંત પર્યાયોમાં વ્યાપનારી તે મહાસત્તા છે.

મહાસંવેદલરૂપી શ્રી :મહાજ્ઞાન રૂપી લક્ષ્મી

મહાસામાન્ય :અનંત વિશેષો

મહિમા :મહત્તા, ગૌરવ, મોભો, પ્રતાપ, યશ (૨) મોટપ; વિશેષતા; સર્વોત્કૃષ્ટતા

મહિષ :પાડો

મહીધર :પહાડ, ગિરિ, પર્વત, ડુંગરો, મગરો.

મહોર :છાપ

મળતી પાણ આવે નહિ :કદી પણ મેળ ખાય નહિ=મેળ મળે નહિ.

મળવું :પ્રાપ્ત થવું; મળ્યે=પ્રાપ્ત થયે.

મા રુષ અને મા તુષ :કોઈ પ્રતિ રાગ ન કર, દ્વેષ ન કર

માંકડું :લાલ મોંનું વાંદરું

માઝા :મર્યાદા, હદ

માટીની ઉપાધિ :માટીની મલિનતા; અશુદ્ધતા.

માટીનો ઘડો :માટી પોતે વ્યાપક થઈને-પ્રસરીને ઘડાનું કાર્ય લાવે છે, માટી વ્યાપક છે અને ઘડો વ્યાપ્ય છે. વ્યાપક તે દ્રવ્ય છે અને વ્યાપ્ય તે પર્યાય છે.

માંડલિકો :ખંડિયાપણું, ખંડિયા રાજાનો જૂના સમયનો દરજજો, સામંતો

માંડવીને :મેળવીને; સરખાવીને; મીંડવવુ=મેળવવું; સરખાવવું

માણું :નવ શેર કે દસ શેરનું એક જુનું માપ-માપિયું 'આડે માણે ભરવું' એટલે પૂરું માપિયું ન ભરાય તેથી કાંઈ મળે નહિ.

માત્ર :ક્ષણિક જ; સર્વથા ક્ષણિક

માત્રા :માપ, પ્રમાણ, ઈંદ્રિયોના વિષયોનો અનુભવ-શબ્દ-સ્પર્શ-રૂપ-રસ અને ગંધ, ખાસ કરીને ધાતુઓની ભસ્મનો લેવાના ડોઝનો એકમ.

માત્સર્ય :વસ્તુસ્વરૂપને જાણતાં છતાં જો હું આને કહીશ તો તે પંડિત થઈ જશે એમ વિચારી કોઈને ન ભણાવવો તે માત્સર્ય છે.

મોંઘું :દુષ્પ્રાપ્ય

માન :પુણ્ય-પાપ આદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ થવી એ અનંતાનબંધી માન છે. (૨) બીજા કરતા પોતાને મોટો માનવો તેને માન કહે છે.

માનધાતા :દુનિયાના કહેવાતા મોટા

માનમોડવા :

માન્યતા :અભિપ્રાય

માનવ :જેનામાં વિવેકબુદ્ધિ એટલે આ સત્ય છે, આ અસત્ય છે એમ નિર્ણય કરવારૂપ વિવેકબુદ્ધિ પ્રગટી હોય, છ દ્રવ્ય, નવ તત્ત્વ, એમાં પરમ તત્ત્વ આત્મા છે, તે આત્મામાં લીનતા કરવા માટે પાંચ મહાવ્રત વગેરે ઉત્તમ આચાર પાળીને અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ સદ્ધર્મનું સેવન કરીને જેઓ અનુપમ માક્ષ સુખને પામે છે તેઓ ખરા માનવ કહેવાય છે.મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે તે માનવ. (૨) મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે તે માનવ; વિવેક બુધ્ધિ જેના મનમાં ઉદય પામી છે. તે જ માનવ (૩) વિવેક બુધ્ધિ જેના મનમાં ઉદય પામી છે. તે જ મનુષ્ય (૪) મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે તે માનવ. જેનામાં વિવેક બુધ્ધિ એટલે કે આ સત્ય છે. આ અસત્ય છે એમ નિર્ણય કરવારૂપ વિવેકબુધ્ધિ પ્રગટી હોય, છ દ્રવ્ય, નવ તત્ત્વ, એમાં પરમતત્ત્વ શુધ્ધ આત્મા છે, તે આત્મામાં લીનતા કરવા માટે પાંચ મહાવ્રત વગેરે ઉત્તમ આદર પાળીને અને સમ્ગ્દર્શન-જ્ઞાન ચારિત્ર રૂપ સદ્ધર્મનું સેવન કરીને જેઓ અનુપમ મોક્ષસુખને પામે છે તેઓ ખરા માનવ કહેવાય છે.

માનવું :વલણ કરવું, ઈરાદો રાખવો, આશા ધરવી, ઈચ્છા કરવી, ગણના કરવી, અભિપ્રાય કરવો. (૨) અનુભવવું

માનસિક :મન વડે ચિંતિત પદાર્થનું નામ માનસિક છે.

માનાર્થ :મતાર્થ

માયા :પુણ્ય-પાપ આદિ પદાર્થોના પ્રેમની આડમાં ચૈતન્ય સ્વભાવમય નિજ આત્માનો ઈન્કાર કરવો તે અનંતાનુંબંધી માયા છે. (૨) કપટ; દગા પ્રપંચ; છેતરવું (૩) મન, વચન, કાયામાં, એકતાનો અભાવ તેને માયા કહે છે. (૪) વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો નહિ માનતાં આડ મારીને બીજી રીતે ખતવવું- માનવું તેનું નામ અનંતાનુબંધી માયા છે. (૫) વસ્તુનો સ્વભાવ જેવો છે તેવો નહિ માનતાં આડ મારીને બીજી રીતે ખતવઋવું તેનું નામ અનંતાનુબંધી માયા છે. (૬) અક્રિય, સ્વતંત્ર સ્વભાવ ન માનવો, દેહાદિ, રાગાદિથી ઠીક માનવું તે અનંતાનુબંધી માયો છે.

માયાથી :યુકિતથી

માયિક :કપટી, છળ-પ્રપંચી, માયાવી, માયાત્મક (૨) માયા સંબંધી; માયાને લગતું

માયિક સંપત્તિ :છળકપટયુકત ધન-દોલત, સંસારનો મોહ, પૈસા કે સ્વાર્થનું સગું.

માર :કામદેવ, હિંસા અથવા મરણ (૨) કામ (૩) કામ-વિકાર

મારું :પોતીકાનું

મારું છું :હણું છું

માર્ગ :કારણ (૨) પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા, પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા.

માર્ગણાસ્થાન :ગતિ-ઈન્દ્રિય આદિથી ઉત્પન્ન થતા સ્થાન.

માર્ગણા :જે જે ધર્મ વિશેષોથી જીવોનું અન્વેષણ (શોધખોળ-તપાસ) કરવામાં ઓ તે તે ધર્મ વિશેષોને માર્ગણા કહે છે. (૨) માર્ગણા તે લક્ષ્ય છે. અને માર્ગણાના ભેદ તેનું લક્ષણ છે. તે ભેદરૂપ લક્ષ્ય. લક્ષણો આત્માથી જુદા છે. આત્માના લક્ષ્ય લક્ષણો અભેદ છે. ભેદ ઉપર લક્ષ કરવું તે આત્માની એકાતાને તોડનાર છે. ભેદ ઉપરના લક્ષની એકતા પુદ્ગલ તરફ જાય છે. માટે માર્ગણાના ભેદ તે પુદગલના પરિણામ છે. સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન વગેરેની જે નિર્મળ પર્યાય પ્રગટે તે તો ચૈતન્ય દ્રવ્યમાં ભળે છે, ચૈતન્ય દ્રવ્યમાં અભેદ થાય છે માટે તેને તો ચૈતન્યના પરિણામ કહ્યા છે તેને કાંઈ પુદગલના પરિણામ નથી કહ્યા પણ તે ભેદો ઉપર લક્ષ જતાં રાગ થાય છે તે રાગને પુદગલના પરિણામ કહ્યા છે. (૩) ગોતવું જ્ઞાનમાર્ગણાના આઠ પ્રકાર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃ પર્યાય જ્ઞાન, કેવળજ્ઞાન, કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન, છેલ્લા ત્રણ અજ્ઞાન છે.

માર્ગણાના ભેદ :માર્ગણાના ચૌદ ભેદ છે-ગતિ, ઈન્દ્રિય, કય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા,ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞિત્વ, આહાર

(૧) ગતિ=ગતિ નામકર્મ ઉદયજીવની પર્યાય વિશેષને ગતિ કહે છે. ગતિના ચાર ભેદ છે-નરક ગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ

(૨) ઈન્દ્રિય=આત્માના ચિહ્નને (લિંગને) ઈન્દ્રિય કહે છે. ઈન્દ્રિયના બે ભેદ છે. દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય

(૧) દ્રવ્યેન્દ્રિય =નિવૃત્તિ અને ઉપકરણોને દ્રવ્યેન્દ્રિય કહે છે.

નિર્વૃત્તિ= પ્રદેશોની રચના વિશેષને નિર્વૃત્તિ કહે છે. નિર્વૃત્તિના બે ભેદ છે.

બાહ્ય નિર્વૃત્તિ=ઈન્દ્રિયોના આકારરૂપ પુદ્ગલની રચના વિશેષને બાહ્ય નિર્વૃત્તિ કહે છે.

આભ્યંતર નિર્વૃત્તિ=આત્માના વિશુધ્ધ પ્રદેશોની ઈન્દ્રિયાકાર રચના વિશેષને આભ્યંતર નિર્વૃત્તિ કહે છે.

ઉપકરણ=જે નિર્વૃત્તિની રક્ષા (ઉપકાર) કરે તેને ઉપકરણ કહે છે ઉપકરણના બે ભેદ છે=

આભ્યંતર અને બાહ્યઆભ્યંતર ઉપકરણ=નેત્રેન્દ્રિયમાં કાળુ અને સફેદ મંડળની માફક બધી ઈન્દ્રિયોમાં જે નિર્વૃત્તિની રક્ષા (ઉપકાર) કરે તેને આભ્યંતર ઉપરકણ કહે છે.

બાહ્ય ઉપકરણ=નેત્રેન્દ્રિયમાં પલક (પાંપણો) વગેરેની માફક જે નિર્વૃત્તિની રક્ષા કરે તેને બાહ્યોપકરણ કહે છે.

(૨) ભાવેન્દ્રિય =લબ્ધિ અને ઉપયોગને ભાવેન્દ્રિય કહે છે.

લબ્ધિ=જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમને લબ્ધિ કહે છે.

ઉપયોગ=ક્ષયોપશમ હેતુથી ચેતનાના પરિણામ વિશેષને ઉપયોગ કહે છે.

(૧) દ્રવ્યેન્દ્રિય = તેના પાંચ ભેદ છે. સ્પર્શન, રસના ધ્રાણ, ચક્ષુ, અને શ્રોત્ર

(૧) સ્પર્શનેન્દ્રિયના આઠ પ્રકાર દ્વારા સ્પર્શનું થાય છે તેને સ્પર્શનેન્દ્રિય કહે છે. ચીકણો, લૂખો, શીત, ઉષ્ણ, ભારે (વજનદાર), હલકો, કોમળ અને કઠોર આ સ્પર્શના આઠ પ્રકાર છે.(૨) ઘ્રાણેન્દ્રિય = જેના દ્વારા બે પ્રકારની ગંધ સુગંધ અને દુર્ગંધનું જ્ઞાન થાય તેને ઘ્રાણેન્દ્રિય કહે છે.

(૩) ચક્ષુરિન્દ્રિય=જેના દ્વારા પાંચ પ્રકારના વર્ણ (રંગ) કાળો, લીલો, પીળો, રાતો અને ધોળા વર્ણનું જ્ઞાન થાય તેને ચક્ષુરિન્દ્રિય કહે છે.

(૪)શ્રોત્રેન્દ્રિય=જેના દ્વારા સાત પ્રકારના સ્વરો-ષડ્જ, ઋષભ, ગાંધાર, મધયમ, પંચમ, ધૈવત, નિષાદોનો સમૂહનું જ્ઞાન થાય તેને શ્રોત્રેન્દ્રિય કહે છે.

(૫)રસનેન્દ્રિય=જેના દ્વારા પાંચ પ્રકારના રસ-ખારો, ખાટો, કડવો, ગળ્યો અને કડછો સ્વાદનું જ્ઞાન થાય તેને રસનેન્દ્રિય કહે છે.

કયા કયા જીવોને કઈ કઈ ઈન્દ્રિયો હોય છે?

(૧) એકેન્દ્રિયજીવ=પૃથ્વી, પાણી, તેજ, વાયુ, અને વનસ્પતિને એક સ્પર્શેન્દ્રિય જ હોય છે.

(૨) બે ઈન્દ્રિયજીવ=કૃમિ વગરે જીવોને સ્પર્શન અને રસના એ બે ઈન્દ્રિયો હોય છે.

(૩) ત્રણ ઈન્દ્રિયજીવ = કીડી વગરે જીવોને સ્પર્શન, રસના અને ઘ્રાણ એ ત્રણ ઈન્દ્રિયો હોય છે.

(૪) ચૌરેન્દ્રિય જીવ=ભ્રમર, માખી વગેરેને શ્રોત્રેન્દ્રિય સિવાયની ચાર ઈન્દ્રિયો હોય છે.

(૫) પંચૈન્દ્રિય જીવ = ઘોડા-ગાય આદિ પશુ, મનુષ્ય, દેવ અને નારકી જીવોને પાંચ ઈન્દ્રિયો હોય છે.

<u>માર્ગણાસ્થાનો</u> :(૧) ગતિ, (૨) ઈન્દ્રિય,(૩) કાપ,(૪) યોગ,(૫) વેદ,(૬) કષાય,(૭) જ્ઞાન, (૮) સંયમ(૯) દર્શન(૧૦) લેશ્યા,(૧૧) ભવ્ય, (૧૨) સમ્યક્ત્વ,(૧૩) સંજ્ઞા અને (૧૪) આહાર

(૧) ગતિ

આ શરીર છે તે ગતિ નથી અંદર ગતિનો જે વિશેષ ભાવ -ઉદયભાવ છે તે ગતિ છે. મનુષ્ય, દેવ, તિર્યંચ, અને નરકગતિના પરિણામ જીવના છે. પરંતુ તે વિકારી પરિણામ હોવાથી ત્રિકાળ સ્વભાવની દષ્ટિ થતાં છૂટી જાય છે. માટે તે પરિણામ પુદ્ગલનાં છે એમ કહ્યું છે.

(૨) ઈન્દ્રિય

ભાવેન્દ્રિય અને દ્રવ્યેન્દ્રિય તે બધીય પુદ્ગલના પરિણામ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય મહાપ્રભુ છે. જેની અપેક્ષાએ ભાવેન્દ્રિયને પણ પુદ્ગલના પરિણામ કહ્યા છે. આ દ્રવ્યેન્દ્રિય બાપ્રભુ છે. જેની અપેક્ષાએ ભાવેન્દ્રિયને પણ પુદ્ગલના પરિણામ કહ્યા છે. આ દ્રવ્યેનિદ્રય છે એ તો જડ પુદ્ગલરૂપ જ છે. પણ જે ભાવેન્દ્રિય છે તે પર્યાય અપેક્ષાએ જીવના જ પરિણામ છે. પરંતુ દ્રવ્યદષ્ટિથી જોતાં ભાવન્દ્રિયનું સ્વરૂષ ત્રિકાળી અતીન્દ્રિય સ્વભાવમાં નથી અને તે નીકળી જાય છે. માટે ભાવેન્દ્રિય પુદ્ગલનાં પરિણામ છે. બીજી રીતે કહીએ તો ભાવેન્દ્રિયના પરિણામ પોતાથી જ છે, જેમાં કર્મના ક્ષયોપશમદનિ મિત્તપણું છે. આમ ભાવેન્દ્રિયના પરિણામ બે કારણથી થયા છે. એમ કહ્યું ત્યાં પ્રમાણજ્ઞાન નો વિષય બતાવવા કહ્યું છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ કહ્યું છે.

ઈન્દ્રિય ખં-ખંડ જ્ઞાનને જણાવે છે, પૂર્ણ આત્માને નહિ. જેથી તે પરજ્ઞેય છે. ઈન્દ્રિયનો વિષય જે ખંડ-ખંડ જ્ઞાન છે તે જ્ઞાયકનું પરજ્ઞેય છે. ઈન્દ્રિયને જાતવી એટલે શું ? (૧) ભાવેન્દ્રિય જે ખંડ-ખંડ જ્ઞાન છે તે (૨) ઈન્દ્રિયો જડ છે તે (૩) અને વિષયો જે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ છે તે -બધા પરજ્ઞેય-પરદ્રવ્ય-ઈન્દ્રિય છે. જે ત્રણેયને જીતવા એટલે કે તેનાથી અધિક-ભિન્ન એક જ્ઞાયકભાવને જાણવો તે ઈન્દ્રિયોનું જીતવું છે.

(૩) ક ામ

આ બાહ્ય શરીરને એમાં ન લેવું, પણ અંદર યોગ્યતા છે તે લેવી. આ કામ છે તે જીવને નથી કેમ કે તે પુદ્ગલના પરિણામમય છે.

(૪) યોગ

યોગ એટલે મન-વચન-કાયાના નિમિત્તે જે અંદર આત્મામાં યોગની ક્રિયા-કંપન થાય છે તે જીવને નથી, કેમ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય છે.

(૫) વેદ

પુરુષ-સ્ત્રી-નપુસંક આદિ જે ત્રણ પ્રકારના વેદના પરિણામ થાય છે તે તેની જન્મક્ષણ છે તેથી પોતાથી થાય છે. જેને પરની અપેક્ષા નથી.તેમજ દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. દ્રવ્ય-ગુણની અપેક્ષા તેને કેમ હોય ? કારણ કે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે અને પરની અપેક્ષા પણ કેમ હોય ? કારણ કે પર તો ભિન્ન છે. તો પછી બે કારણ કેમ કહ્યા છે ? એ તો પ્રમાણજ્ઞાન કરાવવા કહ્યું છે.

વળી જે વાસના ઉત્પન્ન થાય છે તે છે તો જીવની પર્યાય પરંતુ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં તે નથી તથા સ્વભાવની દૃષ્ટિ કરતાં તે પરિણામ જીવમાંથી નીકળી જાય છે તેથી તે વાસનાના પરિણામને અહીં પુદ્ગલના પરિણામ કહ્યા છે.

બીજી રીતે કહીએ તો વેદનો ભાવ જે વિકારની વાસના થાય છે તેનું અશુદ્ધ ઉપાદાન-કારણ તો પોતે જ છે, તથા જડ વેદનો ઉદય તેમાં નિમિત્ત છે અહીં ઉપાદાન કારણની સાથે ઔપચારિક કારણ જે નિમિત્ત છે તેને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. પરંતુ તેથી કરીને પર નિમિત્તથી વિકારની વાસના થાય છે એમ ન સમજવું. પોતાની પર્યાયમાં વિકાર પોતાથી થાય છે. જે પરકારકની અપેક્ષા રાખતો નથી. (જુઓ પંચાસ્તિકાય. ગાથા કર.)

પ્રશ્ન :- જો વિકાર પરથી ન થાય અને પોતાથી થાય તો તે સ્વભાવ થઈ જશે ?

ઉત્તર :- વિકારપણે થવાનો પર્યાયનો સ્વભાવ છે. પોતાથી પર્યાય થાય છે. માટે તે સ્વભાવ છે. વિકાર પણ તે સમયનું સત્ છે કે નહીં ? (હા, છે) તો નિશ્ચયથી સત્‌ને કોઈ હેતુ હોઈ શકે નહિ. ઉત્પાદ, વ્યય, ધ્રુવ, ત્રણેય સત્ છે. ભલે ઉત્પાદ કે વ્યય વિકારરૂપ હો, પણ તે સત્‌છે અને સત્ અહેતુક હોય છે. જે કાળનું તે સ્વતંત્ર સત્ છે તો તેમાં અસત્‌ની (તેનાથી અન્યની) અપેક્ષા કેમ હોય ? પરંતુ અહિંયા તો તે સત્‌ને ત્રિકાળી સત્‌ની અપેક્ષા પણ નથી. વિકારી પર્યાય પોતાની અપેક્ષાએ વર્તમાન સત્ હોવા છતાં, તેને અપેક્ષાએ પુદ્ગલના પરિણામ કહ્યાં છે. વિકારી પર્યાય વર્તમાન સત્‌નું સત્ત્વ છે તે અપેક્ષાએ જોઈએ તો વિકારી વેદના પરિણામ પોતાથી થાય છે. જે વેદકર્મના ઉદયથી આત્મામાં થયા છે એમ બીલકુલ નથી.

(૬) કષાય

ક્રોધ, માન, માયા, લોભના પરિણામ શુભ કે અશુભભાવ તે બધ કષાય છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવ પણ પુદ્ગલના પરિણામ છે. ભગવાન આત્મા તો અકષાયરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ છે. જેમાં તે પરિણામકષાયના પરિણામ નથી. જો કે કષાયના પરિણામ જીવની પર્યાયમાં છે અને તે નિશ્ચયથી પોતાથી થયા છે., પરકારકથી નહિ. પણ સ્વભાવની દૃષ્ટિએ જોતાં તે કષાયના પરિણામ સ્વભાવભૂત નથી અને પર્યાયમાંથી નીકળી જાય છે માટે તેમને પુદ્ગલના પરિણામ કહ્યા છે, જો કષાયની ઉત્પત્તિ બે કારણથી કહીએ તો નિમિત્ત કારણને ભેળવીને ઉપચારથી કહી શકાય. પરંતુ નિમિત્તકારણ તે ખરું કારણ નથી. અહીં તો સિદ્ધાંત શું છે તે વાતનો નિર્ણય કરાવે છે. સિદ્ધાંત એમ છે કે-જે દ્રવ્યને જે પર્યાય જે કાળે ઉત્પન્ન થવાની છે તે દ્રવન્યને તે પર્યાય તે કાળે પોતાના કારણે થાય છે, પરથી કે નિમિત્તથી થતી નથી. આવી સ્પષ્ટ વાત છે.

(૭) જ્ઞાન

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન, કેવળજ્ઞાન અને કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન આદિ જ્ઞાનના ભેદોતે જીવને નથી કેમ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે. અહાહા....! ગજબવાત છે.! ચૈતન્ય સ્વભાવી શુદ્ધ જીવવસ્તુ ત્રિકાળ એકરૂપ અભેદ છે. જેમાં જ્ઞાનમાર્ગણાનો જ્ઞાનના ભેદોનો અભાવ છે. અભેદ સ્વભાવમાં ભેદનો અભાવ છે એમ કહેવું છે.

પાંચ જ્ઞાન અને અજ્ઞાનના ત્રણ ભેદો તે બધાય જ્ઞાનના ભેદો અભેદ ચૈતન્ય સ્વરૂપમાં નથી. ભેદ છે તે ખરેખર વ્યવહાર છે. અને તેથી તે ત્રિકાળી સ્વભાવમાં નિશ્ચય સ્વરૂપમાં નથી એમ હિ કહેવું છે. પર્યાયમાં જે જ્ઞાનના ભેદો છે તે અશુદ્ધ નિશ્ચયથી જીવના છે પરંતુ શુદ્ધ નિશ્ચયથી જોઈએ તો તે જ્ઞાનનાં ભેદસ્થાનો શુદ્ધ જીવવસ્તુમાં નથી.

જ્ઞાનના ભેદ પાડવા તે પુદ્ગલના પરિણામ છે. ભગવાન આત્મા અભેદ એકરૂપ ચૈતન્યવસ્તુ છે. જેમાં જ્ઞાનના ભેદોનું લક્ષ કરતાં રાગ જ ઉત્પન્ન થાય છે અને રાગ છે તે પુદ્ગલદ્રવ્યના પરિણામ છે. નિયમસાર શુદ્ધભાવ અધિકાર ગાથા ૪૨માં આ જ્ઞાનના ભેદો જે માર્ગણાસ્થાનો છે તેનો વિકલ્પલક્ષણાનિ કહ્યા છે. ભેદનું સ્વરૂપ જ વિકલ્પલક્ષણ છે. ગતિ, ઈન્દ્રિય, આદિ ભેદ સ્વરૂપ જે ચૌદ માર્ગણા સ્થાનો છે તે બધાંય જીવને નથી. જીવ કહો કે શુદ્ધભાવ કહો બન્ને એક જ નિયમસારમાં ત્રિકાળ શુદ્ધ ભાવને જીવ

કહ્યો છે. અને અહીં જીવને ત્રિકાળ શુદ્ધભાવ કહ્યો છે. આ માર્ગણાસ્થાનો વિકલ્પલક્ષણાનિ એટલે કે ભેદસ્વરૂપ જેનું લક્ષણ છે એવા છે. જેથી તે જીવનું સ્વરૂપ નથી. રાગાદિ તો જીવનું સ્વરૂપ નથી પણ ભેદજ્ઞાન પણ નિશ્ચયથી જીવ નથી. અભેદદષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. અને તેમાં (અભેદની દષ્ટિ થવામાં) નિમિત્ત કે વ્યવહાર કાંઈ મદદગાર નથી.

ભાઈ! કાળ થોડો છે અને કરવાનું ઘણું છે. ત્યાં વળી જીવને બહારનો મોહ બહુ છે. બહારનો ત્યાગ જોઈને તે ખૂબ રાજી થઈ જાય છે. પણ તે બહારનો ત્યાગ આત્મામાં છે ક્યાં ? અહીં તો કહે છે કે જ્ઞાનના ભેદ આત્માં માં નથી તો એ સઘળા બાહ્ય ક્રિયાકાંડ વસ્તુમાં ક્યાંથી હોય ? ત્યારે આકરી વાત, ભાઈ ! પ્રથમ મિથ્યાત્વ ના ત્યાગ વિના બીજો ત્યાગ હોઈ શકે જ નહિ. એ મિથ્યાત્વના ત્યાગ માટે શું છોડવું ? જો કહે છે કે નિમિત્તને, રાગને અને ભેદને દષ્ટિમાંથી છોડવાં, અને અભેદ એકરૂપ નિર્મળનંદસ્વરૂપ ભગવાન આત્માની દષ્ટિ કરવી. ઊંર્વજ્ઞ પરમેશ્વરે આજ માર્ગ કહ્યો છે.

(૮) સંયમ

સંયમ એટલે ચારિત્રની વાત કરે છે. સંયમના પણ ભેદો જીવને નથી કેમ કે તે પુદ્ગલ પરિણામ છે. આત્મા શુદ્ધ જ્ઞાયકભાવ ત્રિકાળ એકરૂપ છે, તેમાં સંયમના ભેદ કેવા ? ભેદના લક્ષે તો રાગ થાય છે. માટે એભેદમાં ચારિત્રના ભેદો પાડવા એ પુદ્ગળનાં પરિણામ છે. ચારિત્ર પર્યાય છે અને ચારિત્ર ત્રિકાળી ગુણ પણ છે. એ ત્રિકાળી ચારિત્ર ગુણના ભેદ પર્યાયમાં ભાસવા તે વિકલ્પનું કારણ છે. તેથી ભેદને પુદ્ગલના પરિણામ કહ્યા છે.

જેને સમ્યગ્દર્શન હોય, જેને અભેદની દષ્ટિ થઈ હોય તેને જ શુભભાવમાં અશુભ રાગ ઘટે છે. પણ જેને વસ્તુની દષ્ટિ થઈ નથી, જે ચૈતન્યનિધાન છે તે નજરમાં આવ્યું નથી, તે જીવને શુભભાવ વખતે અશુભ ભાવ ઘટયાં જ નથી. શુભાશુભભાવરહિત શુદ્ધ ચૈતન્યવસ્તુને જાણ્યા વિના શુભભાવ વખતે અશુભ ઘટે એમ ત્રણકાળમાં બનતું નથી કેમ કે તેને મિથ્યાત્વ તો આખું પડયું છે. ભાઈ ત્રિકાળી પૂર્ણ આનંદના નાથને જેણે અનુભવમાં લીધો છે તેને શુભભાવ વખતે અશુભ ઘટે છે અને તે ક્રમે ક્રમે રાગ ઘટીને નાશ થઈ જાય છે. આહાહા! જેમાં રાગ નથી, ભવના ભાવ નથી , અપૂર્ણતા નથી એવા પૂર્ણ સ્વભાવમય શુદ્ધ ચૈતન્ય ભગવાનના નિધાનને જોયુ છે તેને શુભભાવ વખતે અશુભ ઘટે છે અને તે શુદ્ધ ચૈતન્યવસ્તુના આશ્રયે શુભભાવને પણ ઘટાડીને ક્રમે કરી સ્વાશ્રયની પૂર્ણતા કરી મુકિત પામશે.

(૯) દર્શન

ચક્ષુ, અક્ષિુ, અવધિ અને કેવળ દર્શન એવા દર્શનનાં જે ભેદસ્થાનો છે તે વસ્તુમાં-ત્રિકાળી શુદ્ધ જીવદ્રવ્યમાં નથી એમ કહે છે.શદ્ર વસ્તુ તો પરમ પવિત્ર છે. પરંતુ પર્યાયમાં જે અશુદ્ધતા થાય છેતે પોતાના ઊંધા પુરુષાર્થથી થાય છે, કર્મને લઈને નહિ. પોતે રાગમાં રોકયો છે તે કર્મને કારણે નહિ પણ પોતાની જ ભૂલના કારણે રોકાયો છે.

(૧૦) લેશ્યા

કૃષ્ણ, નીલ, કાપોત,પીત,પદ્મ અને શુકલ એમ જે લેશ્યાના ભેદો છે તે વસ્તુમાં શુદ્ધ જીવદ્રવ્યમાં નથી.

(૧૧) ભવ્ય

વળી ભવ્ય, અભવ્ય એવા ભેદ જીવને નથી. ભવ્ય-અભવ્યપણું તો પર્યાયમાં છે. ચૈતન્યસ્વભાવી વસ્તુમાં ભવ્ય-અભવ્યપણાના ભેદ નથી. તેથી જ ભવ્ય હો કે અભવ્ય, વસ્તુપણે શુદ્ધ હોવાથી પ્રત્યેક જીવ સમાન છે.

(૧૨) સમ્યક્ત્વ

ક્ષાયિક, ઉપશમ અને ક્ષયોપશમ એવા જે સમકિતના ભેદો છે તે જીવને નથી, સમ્યગ્દર્શનનો વિષય જે અખંડ ધ્રુવ આત્મદ્રવ્ય છે તેમાં સમ્યગ્દર્શનના ભેદો નથી. બહુ ઝીણું ભાઈ પ્રભુ ! તને પરમાત્મા બનાવવો છે ને ? તું દ્રવ્યસ્વભાવથી તો પરમાત્મા છે જ, પરંતુ પર્યાયમાં પરમાત્મા બનાવવો છે, હોં ! ભાઈ! તું એવા અભેદ પરમાત્મસ્વરૂપે છો કે તેમાં ગુણભેદ કે પર્યાયભેદ નથી અને એવી અભેદદષ્ટિ થતાં તું અલ્પકાળમાં પર્યાયમાં પણ પરમાત્માપદ પામીશ-અહીં ભેદનું લક્ષ છોડાવવા ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા સમકિતના ભેદો પરમાત્માસ્વભાવમાં નથી એમ કહ્યું છે. એક સમયમાં પૂર્ણ જ્ઞાનરસકંદ શુદ્ધ ચૈતન્યઘનવસ્તુનો ચૈતન્ય-ચૈતન્ય-ચૈતન્ય.. એવો ત્રિકાળી

પ્રવાહ ધ્રુવ એવો ને એવો છે. તેમાં ભેદ કેવા ? માટે ભેદનું લક્ષ છોડી દે. નિમિત્તનું લક્ષ છોડી દે અને જે ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય છે ત્યાં દૃષ્ટિ દે અને સ્થિર થા.

વ્યવહારથી ધર્મ થાય એમ માનનારને આ એકાંત જેવું લાગે. એને એમ થાય કે પંચ મહાવ્રત પાળે, અનેક ક્રિયાઓ કરે, રસનો ત્યાગ કરે એ કાંઈ નહી ? હા, ભાઈ! એ કાંઈ નથી. એ તો સંસાર છે. જીવ ચાહે નવમે ગ્રૈવેયક જાય કે સાતમી નરકે જાય, છે તો ઔદિયિકભાવ જ ને ? વસ્તુના સ્વરૂપમાં જયાં ભેદ પણ નથી તો વળી ઉદયભાવ કયાંથી રહ્યો ? અરે, ક્ષાયિકભાવનાં સ્થાનો પણ જીવમાં નથી. નિયમસારની ૪૩મી ગાથામાં આવે છે કે – ક્ષાયિકભાવ, ઉદયભાવ,ઉપશમભાવ અને ક્ષયોપશમભાવનાં સ્થાનો જીવમાં નથી. આવો આનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપે અંદર બિરાજમાન છે ત્યાં દૃષ્ટિ દે તો તને પરમાત્માનો ભેટો થશે.

(૧૩) સંજ્ઞી

સંજ્ઞી–અસંજ્ઞીપણું પણ વસ્તુમાં નથી. વસ્તુ સંજ્ઞી કે અસંજ્ઞી કેવી ? ઇસ્તુ તો શુદ્ધ ચિદ્રૂપ એકાકાર છે.

(૧૪) આહાર

આહાર–અનાહારપણું વસ્તુમાં –આત્મામાં નથી. આહાર લેવાનો વિકલ્પ કે અનાહારીપણાનો વિકલ્પ તે બન્ને પર્યાય છે. એ વસ્તુમાં નથી.

આમ માર્ગણાસ્થાનો સઘળાંય જે ભેદસ્વરૂપ છે તે જીવને નથી. કારણ કે તેઓ પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે જુઓ, ભેદના ભાવને પણ પુદ્ગલનાં પરિણામ કહ્યા છે, કારણ કે એભેદ સ્વરૂપ ચૈતન્યમૂર્તિમાં ભેદ કેવા ? પ્રથમ એમ કહ્યું કે બધાંય માર્ગણાસ્થાનો જીવને નથી. કારણ શું ? જો કહે છે કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે અને તેથી અનુભૂતિથી ભિન્ન છે. અંતરમાં અભેદની અનુભૂતિ થતાં, અનુભૂતિમાં તે ભેદો આવતા નથી, પણ ભિન્ન રહી જાય છે. આવી અદ્ભુત વાત છ!

માર્ગાય છે. :શોધાય છે.

માર્જન :શુદ્ધત્વ

માર્જિત :શુદ્ધ

માર્ગની જિજ્ઞાસા :વર્ષ૧૯૫માં પ્રકાશયું છે કેઃ– માર્ગની ઈચ્છા જેને ઉત્પન્ન થઈ છે, તેણે બધાં વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો આવશ્યનો છે. ‘‘અનંત કાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી? અને તે શું કરવાથી થાય ?

આ વાકયમાં અનંત અર્થ સમાયેલો છે, અને એ વાકયમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દઢ થઈ ઝૂર્યા વિના માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી, પૂર્વે થયું નથી, અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાશ્રયું છે. (જો તમને અમારા ઉપર પૂર્ણ શ્રદ્ધા હોય તો) માટે (ઉબયાન્વયી અવસ્થા અર્થાત્ પ્રથમના અને બીજા વાકયને જોડનાર પુલ) તમારે સઘળાએ એ જ શોધવાનું છે. (વર્તે અંતરશોધ –બીજું કાંઈ શોધમાં) ત્યાર પછી બીજું જાવું શું ? (આત્મભાવ) ને જણાય છે.’’

માર્દવ :નિરભિમાનતા (૨) કોમળ (૩) મૃદુતા; નમ્રતા; કોમલતા; વિનય

માર્દવ ભાવના :નિર્માન્ત

માર્મિક :મર્મ ભર્યુ, મર્મને સ્પર્શ કરે તેવું, હૃદયને અસરકરે તેવું, રહસ્યભરેલું

માલ :સામર્થ્ય

માળો :પોતે જાતે; મૂઢ (કાઠિયાવાડી શબ્દ–ના ન લેતા માળો કહે છે.)

મૂઢ; અજ્ઞાની (૨) મૂરખ

માહણ :મુમક્ષુ (મુમક્ષુ, શ્રમણ, ક્ષુલ્લક, ભિખ્ખુ, નિગ્રંથ એમ પદવીઓ છે. આ નિગ્રંથ પહેલાની ભૂમિકા કહી. નિગ્રંથ શબ્દ પૂર્ણ અર્થમાં છે.

માહાત્મ્ય :મહિમા

માહોલ :વાતાવરણ (૨) ભ્રમણા

મિચ્છામિ દુક્કડમ :દુષ્કૃત્ય મિથ્યા થાઓ

મિથ્યાત્વ મોહનીય :ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને, અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે મિથ્યાત્વ મોહનીય.

મિથ્યાદર્શન :ખોટી માન્યતા, નિજ સ્વરૂપમાં ભ્રાન્તિ

મિંજા :મજજા=હાડકામાંનો માવો; સ્નાયુ

મિત :પરિમિત; પ્રમાણસર; મર્યાદિત

મિથ્યા :મિથ્યા ભાવો, મોહને લીધે અસમ્યક્ ભાવો. (૨) ખોટું (૩) ખોટી

મિથ્યા ચારિત્ર :જેને તત્ત્વમાં ભૂલ છે.શ્રધ્ધા અને જ્ઞાન મિથ્યા છે તેને નિજ સ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ સાચું ચારિત્ર તો હોતું નથી. તે તો મિથ્યાત્વ સહિત બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે તેને મિથ્યાચારિત્ર જાણો. આ મિથ્યાચારિત્ર નૈસર્ગિક છે એટલે કે કુગુરુ વગેરેના નિમિત્ત વગર જીવ નિજ સ્વરૂપને ભૂલીને આવી ભૂલ કરી રહ્યો છે. તેને અગૃહીત મિથ્યાત્વ કહે છે. કુગુરુ વગેરેના નિમિત્તે કે વિશેષ મિથ્યાત્વાદિ ભાવો જીવ ગ્રહણ કરે છે તેને ગૃહીત મિથ્યાત્વ કહે છે.

શુભાશુભ બન્નેથી પાર ચૈતન્ય સ્વભાવ છે તેમાં શું કરવું સાચું ચારિત્ર છે, તે વીતરાગ ભાવરૂપ છે.

મિથ્યાદર્શન :પરને અને પોતાને એકરૂપ માનવું તે મિથ્યાદર્શન છે.

મિથ્યા દ્રષ્ટિના બીજાં નામો :પર્યાયબુધ્ધિ, સંયોગી બુધ્ધિ, પર્યાયમૂઢ, વ્યવહારદષ્ટિ, વ્યવહારમૂઢઃ, સંસારદ્રષ્ટિ, પરાવલંબી બુધ્ધિ, પરાશ્રિત દષ્ટિ, બહિરાત્મા વગેરે નામો આપવામાં આવે છે.

મિથ્યા શ્રધ્ધા :તે મહા મૂઢ, મહા મૂરખ અને સમકિત થયા પછી કિંચિત ચારિત્રનો દોષ રહે તે નાનો મૂરખ (૨) આ રાગ મારો છે, મને તે ભલો છે, શુભરાગથી ધર્મ થાય છે, રાગમાંથી ને પરમાંથી મને સુખ આવે છે તથા પર્યાયના અંશ જેટલો હું છું. પર્યાય સ્વરૂપ જ હું છું એવી એવી મિથ્યા વિપરીત માન્યતા છે તે મિથ્યાશ્રધ્ધા છે.

મિથ્યાકર્મ :મિથ્યામોહનીય, જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન ગુણનુ વિપરીત પરિણામ થાય, મિથ્યાદર્શનરૂપ થાય, જે વડે આત્મા કે અનાત્માનું ભેદવિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે નહિ તે મિથ્યાત્વકર્મ છે.

મિથ્યાચારિત્ર :પર સાથે એકરૂપ લીનતા કરવી તે મિથ્યાચારિત્ર છે. (૨) ગૃહીત અને અગૃહીત (નિસર્ગજ) (૩) પર સાથે અકરૂપ લીનતા કરવી તે મિથ્યા ચારિત્ર છે.

મિથ્યાજ્ઞાન :પરને અને પોતાને એકરૂપ જાણવું તે મિથ્યાજ્ઞાન છે. (૨) ગૃહીત (બાહ્ય કારણ પ્રાપ્ત); અગૃહીત (નિસર્ગજ) (૩) મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી મિથ્યાજ્ઞાન ત્રણ પ્રકારનું છે. (૪) પરને અને પોતાને અકરૂપ જાણવું તે મિથ્યાજ્ઞાન છે. (૫) મિથ્યાજ્ઞાનમાં ત્રણ દોષ કહ્યા છે.

(૧) કારણ વિપરીતતા (૨) સ્વરૂપ વિપરીતતા અને (૩) ભેદાભેદ વિપરીતતા

(૧) કારણ વિપરીતતા=આત્મા છે અમે માને પણ તેની પર્યાયનુ કારણ પરદ્રવ્ય છે એમ માને, અથવા આત્મા બીજાના કાર્યનું કારણ છે એમ માને, અથવા આત્માની મોક્ષદશાનું કારણ રાગ છે એમ માને તો તેને કારણ વિપરીતતા છે. સાચું જ્ઞાન નથી.

(૨) સ્વરૂપ વિપરીતતા=આત્મા છે એમ તો કહે પણ ઈશ્વરે તેને બનાવ્યો છે એમ માને, અથવા પૃથ્વી વગેરે પંચભૂતના સંયોગથી આત્મા બન્યો છે એમ માને, અથવા સર્વવ્યાપક બ્રહ્મ માને, જુદું સ્વતંત્ર અસ્તિત્વ ન માને, તો તેને સ્વરૂપ વિપરીતતા છે, એટલે સાચું જ્ઞાન નથી.

(૩) ભેદાભેદ વિપરીતતા=ગુણ અને ગુણીનો સર્વથા ભેદ માને કે સર્વથા અભેદ માને તો તેને ભેદાભેદ વિપરીતતા છે અથવા બીજા બ્રહ્મ સાથે આ આત્માને અભેદ માનવો, કે જ્ઞાનને આત્માથી જુદું માનવું તે પણ ભેદાભેદ વિપરીતતા છે, તેને વસ્તુનું સાચું જ્ઞાન નથી.

મિથ્યાતત્ત્વ :વિપરીત મિથ્યાત્વ, એકાન્ત મિથ્યાત્વ, વિનય મિથ્યાત્વ, સંશય મિથ્યાત્વ અને અજ્ઞાન મિથ્યાત્વ

મિથ્યાત્વ :આડોડાઈ, વાસ્તવિક તત્ત્વથી વિપરીત શ્રદ્ધા-મિથ્યાત્વનું સેવન કરનારા પ્રાયઃ તિર્યંચમાં જન્મવાના છે. જુઓ, મનુષ્ય છે તે (સીધા) ઊભા છે. ત્યારે ગાય, ભેંસનાં શરીર આડાં છે, આડોડાઈ કરી તેથી આડા શરીરનો સંયોગ છે. શાસ્ત્રમાં મિથ્યાત્વીને પશુ કહ્યા છે. (૨) હું રાગ અને શરીરવાળો છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. (૩) અતત્ત્વશ્રધ્ધા (૪) પરવસ્તુમાં સુખ માનવું; પરને પોતાનું માનવું; જે પોતે પોતાને ભૂલી જવું (૫) મિથ્યાત્વના બે ભેદ છે. અનાદિ મિથ્યાત્વ અને સાદિ મિથ્યાત્વ. અનાદિ મિથ્યાત્વમાં

અનંતાનુંબંધી ક્રોધ, માન, માયા અને લોભ કારણ છે. સાદિ મિથ્યાત્વમાં મિથ્યાત્વ સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યકપ્રકૃત્તિ મિથ્યાત્વ અનંતાનુબંધી કષાય-ક્રોધ, માન, માયા અને લોભ એ સાત કારણો છે. (૬) જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે રૂપે જ્ઞાન ન થતાં વિપરીતાદિ રૂપે જ્ઞાન જેના સંબંધથી થાય છે તેને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ સંપૂર્ણ કર્મ રૂપ બગીચો ઉગાડવા તથા વિસ્તારવા માટે જળસિંચન સમાન છે. મિથ્યાત્વનું આ વિશેષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેની પૂરેપૂરી લીલાનો સંકેત કરે છે. (૭) મિથ્યાત્વના બે પ્રકાર છે. પર પદાર્થને પોતાના માનવારૂપ ઊંધો અભિપ્રાય તે જીવમિથ્યાત્વ છે. તેનું બાહ્ય નિમિત્ત પામીને રજકણો મિથ્યાત્વકર્મપણે પરિણમે તે અજીવમિથ્યાત્વ છે.ઊંધો ભાવ કરે પોતે, પણ તે વખતે પૂર્વ કર્મ હાજર હોય છે, ઊંધી માન્યતાના ભાવ વખતે દર્શનમોહનીય કર્મનો ઉદય નિમિત્તરૂપ છે.

પોતાનું સ્વજ્ઞેય ભૂલીને માત્ર પરજ્ઞેય કરે અને તે પરજ્ઞેયને પોતાનું જાણે તે જીવઅજ્ઞાન છે. તે જીવઅજ્ઞાનના ઊંધા ભાવ વખતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું નિમિત્ત છે તે અજીવ અજ્ઞાન છે. જડ કર્મ ઊંધો ભાવ આત્માને કરાવી દેતું નથી પણ ઊંધો ભાવ જીવ પોતે કરે ત્યારે જડ કર્મના ઉદયનું નિમિત્ત હોય છે. પરપદાર્થ પ્રત્યેની આસક્તિનો અત્યાગભાવ તે જીવઅવિરતિ, પોતાના સ્વરૂપમાં સ્થિર નહિ રહેતાં અસ્થિર થઈ જાય તે અવિરતિ, સમ્યગ્દર્શન થતાં પર પદાર્થની આસક્તિનો શ્રધ્ધામાંથી ત્યાગ થઈ ગયો હોય, જે જે રાગ-દ્વેષના પરિણામ આવે તેનાથી જુદું ભાન વર્તતું હોય તો પણ અસ્થિરતમાંથી આસક્તિ છૂટી ન હોય તેનું નામ જીવઅવિરતિ. તે જીવઅવિરતિ વખતે અપ્રત્યાખ્યાનાવરણીય આદિ ચારિત્ર મોહનો ઉદય છે તે અજીવ અવિરતિ છે.

આત્માના પ્રદેશોનું કંપન તે જીવયોગ છે. મનયોગ; વચન યોગ; અને કાય યોગની પ્રકૃતિનો ઉદય તે જડ યોગ છે.

આત્માનો અસાવધાનરૂપ ભાવ તે જીવમોહ છે; અને તે ભાવ વખતે મોહનીય કર્મનો ઉદય તે અજીવમોહ છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક વગેરે કષાયભાવો જીવના પરિણામમાં થાય છે તે જીવક્રોધાદિ છે. તે ભાવો વખતે દ્રવ્યકર્મરૂપ ક્રોધાદિ કર્મ ઉદયમાં છે તે જડક્રોધાદિ છે.

એમ બધા વિકારી ભાવોમાં જીવ અજીવ બબ્બે પ્રકાર છે. સમ્યગ્દર્શનની ભૂલ મિથ્યાત્વ, જ્ઞાનની ભૂલ તે અજ્ઞાન, ચારિત્રની ભૂલ તે અસ્થિરતા; મોહ ને ક્રોધાદિ તે ચારિત્રની ભૂલમાં સમાઈ જાય છે.

મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે. તે. પ્રત્યેક મયૂર અને દર્પણની જેમ અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે.

મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા, અજ્ઞાનએટલે ઊંધુ જ્ઞાન, અને અવિરતિ એટલે ચારિત્રગુણનો વિકાર. એ ત્રણે અવસ્થા છે, એ ત્રણે ઉપયોગરૂપ છે, એ ત્રણેય ચૈતન્યનો અરૂપી વિકાર છે.

નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, ઈત્યાદિ અજીવ છે તે તો અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદગલકર્મ છે; અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જીવ છે. તે મૂર્તિક પુદકર્મથી અન્ય એવો ચૈતન્ય પરિણામનો વિકાર છે.

આત્માગદ્વેષ વિનાનું તત્વ છે, તે પુદગલની અવસ્થાથી અન્ય એવું ચૈતન્ય દ્રવ્ય છે. હું રાગી-દ્વેષી આત્મા છું તેવી માન્યતા તે જીવનો વિકારભાવ છે, મિથ્યાત્વ છે. જે જ્ઞાન એકલો પર દ્રવ્યને જ જાણે પરંતુ પોતાના સ્વ દ્રવ્યને ન જાણે તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે અને વીતરાગ સ્વરૂપે નહિ રહેતાં રાગ-દ્વેષરૂપે અસ્થિર થાય તે જીવનો અવિરતિરૂપ વિકારભાવ છે.

(૮) કોઈ એમ માને કે હું એકલો શુધ્ધ છું; અવસ્થામાં કંઈ નથી, અવસ્થામાં રાગ નથી. અવસ્થામાં વિકલ્પ નથી તેમ એકાંત માને તેપણ મિથ્યાત્વ છે. વળી જે સ્વભાવને સમજે નહિ ને એકલો વ્યવહાર વ્યવહાર કર્યા કરે એને સાચા વ્યવહારનું જ્ઞાન હોય જ કયાંથી ? માટે તે વ્યવહારની પકડવાળો પણ મિથ્યાવી છે. (૯) મિથ્યાત્વ; સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યકપ્રકૃતિ મિથ્યાત્વ એવા મિથ્યાત્વના ત્રણ ભેદ છે. (૧૦) વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું નહિ

માનતાં વિપરીત માનું તે મિથ્યાત્વ છે. શરીર-વાણી-મન અને શુભાશુભ વિકલ્પ જેટલો હું છું તેમ માનવું તે મોટું જુઠાણું છે તે મિથ્યાત્વ અવસ્થા છે. (૧૧) જીવને પર્યાયમાં રાગદ્વેષ, પુણ્ય-પાપના ભાવ ને કામ,ક્રોધ, વિષયવાસના આદિના જે પરિણામ થાય છે તે પર દ્રવ્યથી-કર્મથી થાય છે એમ શંકા ન કરવી. અનૂકુળ સંયોગથી રાગ ઉત્પન્ન થાય ને પ્રતિકૂળ સંયોગથી દ્વેષ ઉત્પન્ન થાય-એવી માન્યતા મિથ્યાત્વ છે. ભાઈ! પરદ્રવ્યથી પરદ્રવ્યના પરિણામ નીપજે એ માન્યતા મિથ્યાત્વ છે. આ બધાં કારખાનાં હાલે છે ને ? ભાઈ! એને હું હલાવું છું એમ માને એ મિથ્યાત્વ છે.

ભગવાન! તું કોણ છો ? તને ખબર નથી પ્રભુ! પણ પર દ્રવ્યનું કાંઈ કરી શકે એવી તાકાત-યોગ્યતા પર દ્રવ્યમાં નથી. અહીં આ સ્પષ્ટ કહે છે કે-અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો-ગુણ એટલે પર્યાયનો-ઉત્પાદ કરાવાની અયોગ્યતા છે. માટે કોઈ પણ પરદ્રવ્યનું કાર્ય હું કરી શકું અને પરદ્રવ્ય મારું કામ કરે-એમ તું માને એ મિથ્યાભ્રમરૂપ અજ્ઞાન છે. પાખંડ છે.

આ જીવને, પરનાં કામ હું કરું ને પર મારાં કામ કરે એવી ઊંધી માન્યતાનું શલ્ય-મિથ્યાશ્રધ્ધાન અનાદિથી જ છે. કોઈ વળી તે મિથ્યાશ્રધ્ધાન દર્શન મોહનીય કર્મના કારણે થયું એમ માને છે. પણ ભાઈ! એ તારી માન્યતા જૂઠી છે. મોહ કર્મનું એમાં નિમિત્ત હો, પણ નિમિત્ત-પર દ્રવ્ય એને શું કરે ? કાંઈ ન કરે, નિમિત્ત-કર્મ જીવને રાગદ્વેષ મોહ ઉપજાવે છે એ વાત બીલકુલ જૂઠી છે. ત્રણ કાળમાં એ વાત સત્ય નથી. (૧૨) જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેને તે રૂપે જ્ઞાન ન થતાં વિપરીતાદિ રૂપે જ્ઞાન જેના સંબંધથી થાય છે તેને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ સંપૂર્ણ કર્મરૂપ બગીચો ઉગાડવા અને વિસ્તારવા માટે જલસિંચન સમાન છે. મ્થિયાત્વનું આ વિશેષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. અને તેની પૂરેપૂરી લીલાનો સંકેત કરે છે. (૧૩) આત્મા જ્ઞાન-સુખાદિ અનંત ગુણનો પિંડ છે એમ ચૂકીને પાંચ ઈન્દ્રિયોના વિષયોથી મને સુખ થાય છે, અથવા પુણ્ય-પાપના પરિણામથી મને સહાય મળે છે એવી જે માન્યતા તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વભાવ એટલે ભ્રાન્તિનો ભાવ, આત્માનો સ્વભાવ ચૂકીને સંયોગી ભાવને પોતાનો માનવો તે મિથ્યાત્વ તે બધા પુદગલના પરિણામ છે, તે આત્માનો સ્વભાવ નથી. ચૈતન્યની પર્યાયમાં પણ ચૈતન્યના અવિકારી અનુભવથી તેનો અનુભવ જુદો છે. માટે તે આત્માનો સ્વભાવ નથી તેથી તે જડ છે. (૧૪) પરમાં હું પણાની જૂઠી કલ્પના-માન્યતા, જુઠો ભાવ-શરીર હું છું, રાગ હું છું એવી જૂઠી માન્યતા તે મિથ્યાત્વ છે. અને તે પુણ્ય-પાપના ભાવનું મૂળ છે. પુણ્ય-પાપના ભાવનું મૂળ મિથ્યાત્વ છે. અને તેનું ફળ ચતુર્ગતિ-પરિભ્રમણરૂપ સંસ્વર છે. તેથી કહ્યું છે કે તે ભાવો પરસમય છે. (૧૫) ઊંધી માન્યતા; અજ્ઞાન એટલે ઊંધુ જ્ઞાન અને અવિરતિ એટલે ચારિત્રગુણનો વિકાર. આ ત્રણે ઉપયોગરૂપ છે. આ ત્રણે ચૈતન્યનો અરૂપી વિકાર છે. જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદગલકર્મ છે અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે. અજીવ મિથ્યાત્વાદિક પુદ્ગલકર્મ છે અને જીવમિથ્યાત્વાદિ છે તે જીવનો ઉપયોગ છે. (૧૬) પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું અન્યથા શ્રધ્ધાન (૧૭) ઊંધી માન્યતા (૧૮) શુધ્ધ આત્માની શ્રધ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુધ્ધ ભાવ તે મોહ અર્થાત્ મિથ્યાત્વ (૧૯) પરને અને પોતાને એક માનવું તે મિથ્યાદર્શન છે. પરને અને પોતાને અનેક જાણવું તે મિથ્યાજ્ઞાન છે. પર સાથે એક રૂપલીનતા કરવી તે મિથ્યાચારિત્ર છે. (૨૦) મિથ્યાત્વ અને મિથ્યાદર્શનમાં કંઈ તફાવત નથી, માત્ર બન્ને પર્યાયવાચક શબ્દ છે. (૨૧) દર્શન મોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. તેથી તેને દૃષ્ટિ વિકારથી યુકત તત્ત્વો અને પદાર્થોના અશ્રધ્ધાનરૂપ સમજવું જોઈએ. વસ્તુના યર્થાથરૂપમાં પોતાની આ અશ્રધ્ધાના કારણે જ જ્ઞાનને તે મિથ્યાજ્ઞાન રૂપ કરે છે. તે મિથ્યાત્વના ગૃહીત,અગૃહીત અને સાંશયિક એવા ત્રણ ભેદો છે. અગૃહીતને નૈસગિક અને ગૃહીતને પરોપદેશિક કહે છે. અગૃહીત મિથ્યાત્વ જે પરોપદેશ વિના મિથ્યાત્વકર્મ ના ઉદયવશ તત્વોના અશ્રધ્ધાનરૂપ થાય છે તેને નૈસર્ગિક-અગૃહીતમિથ્યાત્વ કહે છે.ગૃહીત મિથ્યાત્વ જે પરોપદેશના નિમિત્તથી તત્ત્વોના અશ્રધ્ધાનરૂપ થાય છે તેને પરોપદેશિક અથવા ગૃહીત મિથ્યાત્વ કહે છે. સંશય મિથ્યાત્વ વસ્તુતત્વના યર્થાથ શ્રધ્ધાનમાં વિરૂધ્ધ અનેક કોટિને

સ્પર્શનાર અને કોઈનો પણ નિશ્ચય ન કરનાર શ્રધ્ધાનને સંશય મિથ્યાત્વ કહે છે જેમ કે મોક્ષમાર્ગ દર્શન-જ્ઞાન ચારિત્ર રૂપ છે કે નહિ, આ પ્રકારે કોઈ એક પક્ષનો સ્વીકાર ન કરવાનો સંદેહ ચાલુ રાખવો તે. સર્વાર્થ સિધ્ધિ આદિ બીજા ગ્રંથોમાં મિથ્યાત્વના પાંચ ભેદોનો પણ ઉલ્લેખ છે. જેમના નામ છે - એકાંત મિથ્યાદર્શન, વિપરીત મિથ્યાદર્શન, વૈનયિક મિથ્યાદર્શન, અજ્ઞાનિક મિથ્યાદર્શન અને સંશય મિથ્યાદર્શન જેમાંથી પ્રથમ ચારને અહીં ગૃહીત મિથ્યાત્વની અંતર્ગત સમજવા જોઈએ. (૨૨) મિથ્યાત્વાદિ ભાવ જે થાય છે. તેને જીવ સ્વતંત્રપણું પોતાની પર્યાયમાં ઉત્પન્ન કરે છે. ત્રિકાળી જીવદ્રવ્ય એનું કારણ નહિ. તેમ પર દ્રવ્ય-કર્મ પણ એનું કારણ નહિ. એ મિથ્યાત્વભાવનો કર્તા મિથ્યાત્વ પર્યાય છે. મિથ્યાત્વની પર્યાય ને કર્તા, મિથ્યાત્વની પર્યાય પોતે સાધન, મિથ્યાત્વના પરિણામ તે સંપ્રદાન, મિથ્યાત્વમાંથી મિથ્યાત્વ થયું તે અપાદાન અને મિથ્યાત્વને આધારે મિથ્યાત્વ થયું તે અધિકરણ; આ પ્રમાણે મિથ્યાત્વની વિકારી પર્યાય કર્તા-કર્મ આદિ પોતાના ષટ્કારકથી સ્વતંત્રપણે ઉત્પન્ન થાય છે. એને નિમિત્તની કે કર્મના કારકોની કોઈ અપેક્ષા નથી. (૨૩) પુદ્ગલમાં સુખબુધ્ધિ થવી તે ભ્રાંતિ છે. મિથ્યાત્વ છે હું કોઈનું કલ્યાણ કરું ને કોઈ મારું કલ્યાણ કરે છે એવી માન્યતા તે મિથ્યાત્વ છે, આત્મા અખંડ જ્ઞાપકમૂર્તિ છે, એને ભૂલીને શરીર તે હું છું-વાણી તે હું છું-મન તે હું છું-શુભાશુભ પરિણામ તે હું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. (૨૪) જે કારણે જ્ઞાનમાં વસ્તુનો અન્યથા પરિચ્છેદ-વિપરીતાદિ રૂપે જાણવું થાય છે તેને સત્પુરુષોએ મિથ્યાત્વ માન્યું છે કે જે કર્મરૂપી બગીચો ઉગાડવાં તથા વિસ્તારવા માટે જળસિંચન સમાન છે. જે વસ્તુ જે રૂપેસ્થિત છે તેનું તે રૂપે જ્ઞાન ન થતાં વિપરીત આદિરૂપે જ્ઞાન જેના સંબંધથી થાય છે. તેને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ સંપૂર્ણ કર્મરૂપ બગીચો ઉગાડવા તથા વિસ્તારના માટે જળસિંચન સમાન છે. મિથ્યાત્વનું આ વિશેષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેની પુરેપૂરી લાલાનો સંકેત કરે છે. (૨૫) મિથ્યાત્વના બે પ્રકાર છે;

(૧) જીવ મિથ્યાત્વ અને

(૨) અજીવ મિથ્યાત્વ પર પદાર્થને પોતાના માનવા રૂપ ઊંધો અભિપ્રાય તે જીવ મિથ્યાત્વ છે, તેનું બાહ્ય નિમિત્ત પામીને રજકણો મિથ્યાત્વકર્મ પણે પરિણમે તે અજીવ મિથ્યાત્વ છે.

ઊંધો ભાવ કરે પોતે, પણ તે વખતે પૂર્વ કર્મ હાજર હોય છે. ઊંધી માન્યતાના ભાવ વખતે દર્શન મોહનીય કર્મનો ઉદય નિમિત્તરૂપ છે.

પોતાનું સ્વજ્ઞેય ભૂલીને માત્ર પરજ્ઞેય કરે અને તે પરજ્ઞેયને પોતાનું જાણે તે જીવ અજ્ઞાન છે. તે જીવ અજ્ઞાનના ઊંધા ભાવ વખતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું નિમિત્ત છે તે અજીવજ્ઞાન છે. જડ કર્મ ઊંધો ભાવ આત્માને કરાવી દેતું નથી, પણ ઊંધો ભાવ જીવ પોતે કરે ત્યારે જડકર્મના ઉદયનું નિમિત્ત હોય છે. પરપદાર્થ પ્રત્યેની આસક્તિનો અત્યાગભાવ તે જીવ અવિરતિ પોતાના સ્વરૂપમાં સ્થિર નહિ રહેતાં અસ્થિર થઈ જાય તે અવિરતિ; સમ્યગ્દર્શન થતાં પર પદાર્થની આસકિતનો શ્રધ્ધામાંથી ત્યાગ થઈ ગયો હોય, જે જે રાગ-દ્વેષના પરિણામ આવે તેનાથી જુદું ભાન વર્તતું હોય તો પણ અસ્થિરતામાંથી આસકિત છૂટી ન હોય તેનું નામ જીવ અવિરતિ. તે જીવ અવિરતિ વખતે અપ્રત્યાખ્યાનાવરણીય આદિ ચારિત્ર મોહનો ઉદય છે તે અજીવ અવિરતિ છે.

આત્માના પ્રદેશોનું કંપન તે જીવ યોગ છે; મન યોગ, વચન યોગ, અને કાયયોગની પ્રકૃતિનો ઉદય તે જડ યોગ છે. આત્માનો અસાવધાનરૂપ ભાવ તે જીવમોહ છે. અને તે ભાવ વખતે મોહનીય કર્મનો ઉદય તે અજીવ મોહ છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક વગેરે કષાયભાવો જીવના પરિણામમાં થાય છે તે જીવક્રોધાદિ છે; તે ભાવો વખતે દ્રવ્યકર્મરૂપ ક્રોધાદિ કર્મ ઉદયમાં છે તે જડ ક્રોધાદિ છે.

એમ બધા વિકારી ભાવોમાં જીવ, અજીવ બબ્બે પ્રકાર છે. સમ્યગ્દર્શનની ભૂલ મિથ્યાત્વ, જ્ઞાનની ભૂલ તે અજ્ઞાન, ચારિત્રની ભૂલ તે અસ્થિરતા; મોહ ને ક્રોધાદિ તે ચારિત્રની ભૂલમાં સમાઈ જાય છે.

મિથ્યાત્વભાવ જીવની અવસ્થામાં થાય છે તે જીવ મિથ્યાત્વ છે. તે જીવની વિકારી અવસ્થા છે અને મિથ્યાત્વભાવ થવામાં સામું નિમિત્તકારણ જડમિથ્યાત્વ છે. આ શરીર મારું છે. આ રાગ મારો ભાવ છે, હું તે રાગ, શરીર, મકાન વગેરેનો કર્તા છું તેવી ઊંધી માન્યતાનો ભાવ જીવનો છે તેમ જીવનો મિથ્યાત્વભાવ થતી વખતે જડ કર્મમાં મિથ્યાત્વ નામની પ્રકૃત્તિનો ઉદય છે તે નિમિત્તરૂપ છે.

કોઈ કહે છે કે આત્મામાં વિકાર અજ્ઞાનભાવે પણ થતો નથી તો તે વાત તદ્દન ખોટી છે, અવસ્થામાં વિકાર થાય છે, પર્યાયમાં વિકારનું અસ્તિત્વ છે. જો પર્યાયમાં વિકાર ન હોય તો સંસાર ન હોય, સંસાર ન હોય તો મોક્ષ પણ ન હોય. જો અવસ્થામાં વિકાર ન હોય તો તેને ટાળવા માટે પુરુષાર્થ કરવાનું કારણ શું? સત્ય સમજવાનું કારણ શું? માટે પર્યાયમાં શુભાશુભભાવરૂપ વિકાર છે અને તેને ટાળવાનો ઉપાય પણ છે, આત્મા પરથી નિરાળો, પરમ પવિત્ર શુધ્ધ ચિદાનંદ છે. તેની ઓળખાણ કરી તેની શ્રધ્ધા કરી તેમાં સ્થિર થવું તે શુભાશુભ વિકાર ટાળવાનો ઉપાય છે.

(૨૬) રાગ-દ્વેષરૂપ વિકાર પરનું કર્તવ્ય અને દેહાદિની ક્રિયાનું સ્વામિત્વ માનવું તે મિથ્યાત્વ છે. (૨૭) આત્મા અખંડ જ્ઞાયકમૂર્તિ છે અને ભૂલીને શરીર તે હું છું - વાણી તે હું છું-મન તે હું છું-શુભાશુભ પરિણામ તે હું છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. (૨૮) રાગમાં એકતારૂપ પરિણમન તે મિથ્યાત્વ છે. (૨૯) મિથ્યાત્વના બે પ્રકાર છે. પર પદાર્થને પોતાના માનવારૂપ ઊંધો અભિપ્રાય તે જીવ મિથ્યાત્વ છે, તેનું બાહ્ય નિમિત્ત પામીને રજકણો મિથ્યાત્વકર્મપણે પરિણમે તે અજીવમ્થિયાત્વ છે. ઊંધો ભાવ કરે પોતે પણ તે વખતે પૂર્વકર્મ હાજર હોય છે, ઊંધી માન્યતાના ભાવ વખતે દર્શન મોહનીય કર્મનો ઉદય નિમિત્તરૂપ છે.

આવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ કષાયો-આ ભાવો જીવ અને અજીવના ભેદથી બન્ને પ્રકારે છે.

પોતાનું સ્વજ્ઞેય ભૂલીને માત્ર પરજ્ઞેય કરે અને તે પરજ્ઞેયને પોતાનું જાણે તે જીવ અજ્ઞાન છે. તે જીવઅજ્ઞાનના ઊંધા ભાવ વખતે જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું નિમિત્ત છે તે અજીવઅજ્ઞાન છે. જડ કર્મ ઊંધો ભાવ આત્માને કરાવી દેતું નથી. પણ ઊંધો ભાવ જીવ પોતે કરે ત્યારે જડકર્મના ઉદયનું નિમિત્ત હોય છે.

પર પદાર્થ પ્રત્યેની આસકિતનો અત્યાગભાવ તે જીવઅવિરતિ પોતાના સ્વભાવમાં સિથર નહિ રહેતાં અસ્થિર થઈ જાય તે અવિરતિ; સમ્યગ્દર્શન થતાં પર પદાર્થની આસક્તિનો શ્રધ્ધામાંથી ત્યાગ થઈ ગયો ન હોય, જે જે રાગ-દ્વેષના પરિણામ આવે તેનાથી જુદુ ભાન વર્તતું હોય તો પણ અસ્થિરતામાંથી આસકિત છૂટી ન હોય તેનું નામ જીવઅવિરતિ તે જીવ અવિરતિ વખતે અપ્રત્યાખાનાવરણીય આદિ ચારિત્રમોહનો ઉદય છે તે અજીવઅવિરતિ છે.

આત્મા પ્રદેશોનું કંપન છે જીવ યોગ છે મનઃયોગ; વચનયોગ અને કાયયોગની પ્રકૃતિનો ઉદય તે જડયોગ છે. આત્માનો અસાવધાન ભાવ તે જીવમોહ છે. અને તે ભાવ વખતે મોહનીય કર્મનો ઉદય તે અજીવમોહ છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક વગેરે કષાયભાવો જીવના પરિણામમાં થાય છે. તે જીવ ક્રોધાદિ કષાયો છે; તે ભાવો વખતે દ્રવ્યકર્મરૂપ ક્રોધાદિ કર્મ ઉદયમાં છે તે જડ ક્રોધાદિ કષાયો છે.

એમ બધા વિકારી ભાવોમાં જીવ અજીવ બબ્બે પ્રકાર છે, સમ્યગ્દર્શનની ર્ભલ મિથ્યાત્વ, જ્ઞાનની ભૂલ તે અજ્ઞાન, ચારિત્રની ભૂલ અસ્થિરતા; મોહ ને ક્રોધાદિ તે ચારિત્રની ભૂલમાં સમાઈ જાય છે. (૩૦) અજ્ઞાન (૩૧) જીવનું જે (તત્વનું) અશ્રધ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે. હું સુખરૂપ છું એવી પ્રતીતિ નહિ થતાં પરમાં સુખબુધ્ધિ થવી, પરમાં પોતાપણાની બુધ્ધિ થવી તે મિથ્યાત્વ છે. એવી માન્યતા થવામાં પૂર્વના મિથ્યાત્વકર્મના વિપાકનું નિમિત્ત છે. તે ઉદય તરફ આત્મા જોડાય છે. ત્યારે ભ્રાન્તિ થાય છે, કર્મ પરાણે કરાવે એમ નથી. (૩૨) મિથ્યાત્વ; સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યગ્પ્રકૃતિ મિથ્યાત્વ (૩૩) વિપરીતપણું (૩૪) આ મિથ્યાત્વાદિ જ

આત્માને દુઃખનું કારણ છે. પણ પર પદાર્થો દુઃખનું કારણ નથી. તેથી પોતાના દ્વેષરૂપ મિથ્યાભાવોનો અભાવ કરવો જોઈએ. (૩૫) જૂઠો અભિપ્રાય (૨) યથાર્થ ન સમજાય તે. મિથ્યાત્વથી વિરતિપણું ન થાય, વિરતિને અભાવે કષાય થાય, કષાયથી યોગનું ચલાયમાનપણું થાય છે. યોગનું ચલાયમાનપણું તે આસ્રવ છે અને તેથી ઊલટું તે સંવર છે.

વ્યાખ્યાનસાર-૨

(૩૬) મિથ્યાત્વની ત્રણ પ્રકૃતિઓ છે. મિથ્યાત્વ, મિશ્ર મિથ્યાત્વ અને સમ્યક્ મોહનીય.

મિથ્યાત્વ અને મિથ્યાદર્શન :મિથ્યાત્વ અને મિથ્યાદર્શનમાં કાંઈ તફાવત નથી, માત્ર બન્ને પર્યાય વાચક શબ્દો છે.

મિથ્યાત્વ કોને કહે છે ? :મિથ્યાત્વ પ્રકૃત્તિના ઉદયથી કુદેવમાં દેવબુધ્ધિ, અતત્ત્વમાં તત્ત્વબુધ્ધિ, અધર્મમાં ધર્મ બુધ્ધિ, ઈત્યાદિ વિપરીત અભિનિવેષરૂપ-અભિપ્રાયરૂપ જીવના પરિણામને મિથ્યાત્વ કહે છે.

મિથ્યાત્વ મોહનીય :ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને, અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે મિથ્યાત્વ મોહનીય

મિથ્યાત્વ-અજ્ઞાન અને અવિરતિ :મિથ્યાત્વ એટલે ઊંધી માન્યતા, અજ્ઞાન એટલે ઊંધુ જ્ઞાનનો અને અવિરતિ એટલે ચારિત્રગુણનો વિકાર, એ ત્રણે અવસ્થા છે, એ ત્રણે ઉપયોગરૂપ છે. એ ત્રણે ચૈતન્યરૂપી અરૂપી વિકાર છે.

નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ અજીવ છે તે તો અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જીવ છે તે મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્ય પરિણામનો વિકાર છે.

મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યયો :મિથ્યાત્વ, અવિરત, કષાય, પ્રમાદ અને યોગરૂપ પાંચ દ્રવ્ય આસ્રવો

મિથ્યાત્વના ભેદ :મિથ્યાત્વના પાંચ ભેદ છે. એકાન્તિક મિથ્યાત્વ, વિપરીત મિથ્યાત્વ, સાંશયિક મિથ્યાત્વ, અજ્ઞાન મિથ્યાત્વ અને વિનય મિથ્યાત્વ.

(૧) એકાન્તિક મિથ્યાત્વ=ધર્મ ધર્મીને 'આ આવા જ છે', બીજી રીતે નથી ઈત્યાદિ અત્યંત અભિનિવેશ અભિપ્રાયને એકાન્તિક મિથ્યાત્વ કહે છે. જેમ બૌધમતાવલંબી પદાર્થને સર્વથા ક્ષણિક માને છે.

(૨) વિપરીત મિથ્યાત્વ=સંગ્રથને નિર્ગ્રંથ કહે, કેવળીને માંસાહારી માને, ઈત્યાદિ રૂચિવાળાને વિપરીત મિથ્યાત્વ કહે છે.

(૩) સંશય મિથ્યાત્વ=ધર્મનું અહિંસા લક્ષણ છે કે નહિ ઈત્યાદિ અનિશ્ચિત મતિવાળાને સંશય મિથ્યાત્વ કહે છે.

(૪) અજ્ઞાન મિથ્યાત્વ=જેમને હિતાહિત વિવેકનો કંઈ પણ સદભાવ ન હોય, તેને અજ્ઞાન મિથ્યાત્વ કહે છે. જેમ કે; પશુવધને ધર્મ માનવો.

(૫) વિનય મિથ્યાત્વ= સમસ્ત દેવો તથા સમસ્ત મતવાળામાં સમદર્શીપણું તે વિનય મિથ્યાત્વ છે.

મિથ્યાત્વનો દોષ :પરને લઈને મને રાગ થાય એમ માને તે મિથ્યાત્વનો દોષ છે.

મિથ્યાત્વ ભાવનો કર્તા :મિથ્યાત્વભાવનો તો મિથ્યાત્વ પર્યાય છે. મિથ્યાત્વની પર્યાય તે કર્તા, મિથ્યાત્વની પર્યાય તે કર્મ, મિથ્યાત્વની પર્યાય પોતે સાધન, મિથયાત્વના પરિણામ પોતે સંપ્રદાન, મિથ્યાત્વમાંથી મિથ્યાત્વ થયું તે અપાદાન અને મિથ્યાત્વને આધારે મિથ્યાત્વ થયું તે અધિકરણ; આ પ્રમાણે મિથ્યાત્વની વિકારી પર્યાય કર્તા-કર્મ-સાધન-સંપ્રદાનરૂપઅપાદાન અને અધિકરણ આદિ પોતાના ષટકારકથી સ્વંતત્રપણે ઉત્પન્ન થાય છે; તેને નિમિત્તની કે કર્મના કારકોની કોઈ અપેક્ષા નથી.

મિથ્યાત્વમોહ :અપરિમિત મોહ

મિથ્યાત્વાદિ પાંચ પ્રત્યય :મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ પ્રત્યય મિથ્યાત્વના કહેવાય છે.

મિથ્યાત્વાદિ મહાપાપોના નાશનો ઉપાય :જો તે અંદર ભગવાન આત્માનો કે જેનો અંદર દર્શન ઉપયોગ, જ્ઞાન ઉપયોગ, શ્રધ્ધા ને સ્વરૂપસ્થિત સુખ ચારિત્ર સ્વભાવ છે તેનો આશ્રય કરે તો તેના મિથ્યાત્વાદિ મહાપાપોનો નાશ થાય છે.

આ રાગ મારો છે, ને પુણ્ય ભલું છે, ને શરીર મારું છે ઈત્યાદિ માન્યતારૂપ મિથ્યાત્વ એનો અનાદિકાલીન દુષ્ટ પાપરૂપ દુશ્મન છે, ને પુણ્ય-પાપના ભાવો તેની સેના છે. અહીં કહે છે કે સમસ્ત પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાનો નાશ કરવાના કારણ સ્વરૂપ એવો ભગવાન આત્મા અંદર છે. અહા! આવા નિજ સ્વરૂપની પ્રતીતિ ને એકાગ્રતા કરનાર તે સમસ્ત પાપની સેનાનો નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ ?

મિથ્યાદર્શન :મોહ; જયાં સુધી ચેતન-અચેતનરૂપ પર પદાર્થોમાં પોતાપણાની બુધ્ધિ રાખે છે-પર પદાર્થોને પોતાના સમજે છે ત્યાં સુધી મોહ-મિથ્યાત્વ વધતો રહે છે. (૨) પરનું હું કરી શકું, પર મારું કરી શકે, પરથી મને લાભ થાય, પરથી મને નુકશાન થાય એવી મિથ્યા માન્યતાનું નિત્ય અપરિમિત મહા પાપ દરેક ક્ષણે જીવ સેવ્યા કરે છે; તે મહાપાપને શાસ્ત્રીય પરિભાષામાં મિથ્યાદર્શન કહેવામાં આવે છે. તેના ફળ તરીકે ક્રોધ, માન, માયા, લોભ જે પરિમિત થાય છે તેને તીવ્ર કે મંદપણે સેવે છે જીવો ક્રોધાદિને પાપ માને છે પણ તેનું મૂળિયું મિથ્યાદર્શનરૂપ મહાપાપ છે. તેને ઓળખતા નથી. તો પછી તેને ટાળે કયાંથી ? (૩) પરને અને પોતાને એકરૂપ માનવું તે મિથ્યાદર્શન છે. (૪) મોહ; જયાં સુધી આ જીવ પર પદાર્થોમાં ભલે તે ચેતનાસહિત હોય કે ચેતના રહિત-પોતાપણાની બુધ્ધિ રાખે છે. તેને આત્મીય માને છે-ત્યાં સુધી મોહ વધતો રહે છે.

ઉપર કહેલા ચેતન-અચેતનરૂપ પર પદાર્થોમાં આત્મીયતાની મતિરૂપ-પોતાપણાની -મારા પણાની પ્રવૃત્તિને પ્રાપ્તિ જીવને કર્મોનો મહાન આસ્રવ થયા કરે છે. અને તેથી કર્માસ્રવમાં જે ડૂબ્યાં રહે છે તેનો ઉધ્ધાર થતો નથી. (૫) ગૃહીત; અગૃહીત (૬) જ્ઞાન-ચારિત્ર=પરને અને પોતાને એક માનવું તે મિથ્યાદર્શન છે. પરને અને પોતાને એક જાણવું તે મિથ્યાજ્ઞાન છે, પર સાથે એકરૂપ લીનતા કરવી તે મિથ્યાચારિત્ર છે. ઊંધી માન્યતા, ઊંધુ જ્ઞાન, ઊંધુ ચારિત્ર (૭) જીવાદિ તત્ત્વોની વિપરીત શ્રધ્ધા (૮) પર મને લાભ કરે; હું પરને લાભ કરું; પર મને નુકશાન કરે; હું પરને નુકશાન કરે એવી ઊંધી શ્રધ્ધા (૯) ખોટી માન્યતા (૧૦) તે દર્શનમોહનીય કર્મની પર્યાય છે. (૧૧) ખોટી માન્યતા, નિજસ્વરૂપમાં ભ્રાન્તિ

મિથ્યાદર્શન શલ્ય :ઊંધી માન્યતા, દર્શન મોહ, મૂળ પાપની જડ, સ્વરૂપની ઊંધી માન્યતા; પર વસ્તુમાં મારાપણું; સ્વરૂપની ભ્રમણા (૨) હું રાગી-દ્વેષી છું. પુણ્ય કરવા જેવાં છે. દેહની ક્રિયા કરીએ તો ગુણ થાય એમ અજ્ઞાનરૂપ વ્યવહારની પકકડ એટલે પરાવલંબનનો મિથ્યા આગ્રહ સંસારી જીવોને અનાદિથી છે. શુભ-અશુભ વિકારનું ધણીપણું-કર્તાપણું માનવું તેને સર્વજ્ઞ ભગવાને મિથ્યાદર્શન શલ્ય કહયું છે.

મિથ્યાદર્શનનું ચોથું કારણ :જયા સુધી આ જીવ ચેતન કે અચેતન કોઈ પણ પર પદાર્થમાં પોતાની સ્વામીત્વ-ધણીપણાની બુધ્ધિથી વર્તે છે-પર પદાર્થને પોતાની માલિકીના માને છે ત્યાં સુધી કર્મોનું આગમન-આત્મપ્રવેશ રોકી શકાતું નથી. સ્ત્રી-પુત્રાદિના શરીરાદિમાં જે પોતાના સ્વામિત્વની બુધ્ધિ રાખે છે તે ચોથા પ્રકારની બુધ્ધિ છે. આ બુધ્ધિથી જયાં સુધી જીવ પ્રવર્તે છે ત્યાં સુધી કર્મોનું આગમન રોકી શકાતું નથી.

મિથ્યાદર્શનનું ત્રીજું કારણ :મિથ્યાદષ્ટિની આ બુધ્ધિ કે દેહાદિ વસ્તુ પહેલા હું સ્વામી હતો, વર્તમાનમાં છું અને આગળ ભવિષ્યમાં પણ એનો સ્વામી થઈશ આ બુધ્ધિ કર્મોના આગમનની-આત્મપ્રવેશની કારણભૂત છે એવી બુધ્ધિથી આત્મામાં કર્મોનો દ્રવ્ય તથા ભાવરૂપ આસ્રવ કરાવનાર છે.

મિથ્યાદર્શનનું બીજું કારણ :આ કર્મજનક પદાર્થસમૂહ મારામાં છે, હું એનું કારણ છું આ શરીરાદિક પદાર્થ મારામાં છે. મારી સાથે તાદાત્મય સંબંધને પ્રાપ્ત છે-અને જેનું કારણ (ઉપાદાન) હું છું એવી બુધ્ધિ જયાં સુધી આ જીવને રહ્યા કરે છે ત્યાં સુધી મિથ્યાદર્શન દૂર થતું નથી.

મિથ્યાદર્શનનું સ્વરૂપ :

(૧) જીવને અનાદિથી મિથ્યાદર્શનરૂપ અવસ્થા છે. તમામ દુઃખનું મૂળ (સંસારની જડ) મિથ્યાદર્શન છે. જેવું જીવને શ્રધ્ધાન છે તેવું પદાર્થ સ્વરૂપ ન હોય અને જેવું પદાર્થ સ્વરૂપ ન હોય તેવું એ માને તેને મિથ્યાદર્શન કહેવામાં આવે છે. જીવ પોતાને અને શરીરને એકરૂપ માને છે; શરીર કોઈ વેળા દૂબળું થાય, કોઈ

વેળા જાડું થાય, કોઈ વાર નષ્ટ થઈ જાય, કોઈ વાર નવીન ઉપજે ત્યારે એ બધી ક્રિયાઓ શરીરાધીન થવા છતાં આ જીવ તેને પોતાને આધીન માની ખેદભિન્ન થાય છે. આ જીવ જયાં શરીર ધારણ કરે ત્યાં, કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર, ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે; તે સર્વે ને આ જીવ પોતાનાં જાણે છે, પણ એ બધાં તો પોતપોતાને આધીન હોવાથી કોઈ આવે, કોઈ જાય તથા કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે, તે ક્રિયા તેમને આધીન છે, આ જીવને આધીન નથી, તો પણ તેને પોતાને આધીન માનીને આ જીવ ખેદ ખિન્ન થાય છે.

(૨) આ જીવ પોતે જે છે તેમ પોતાને માનતો નથી પણ જેમ નથી તે માને છે તે મિથ્યા ધ્વનિ છે. પોતે અમૂર્તિક પ્રદેશોનો પૂંજ, પ્રસિધ્ધજ્ઞાનાદિ ગુણોનો ધારક, અનાદિ નિધન વસ્તુપ છે, તથા મૂર્તિક પુદ્ગલ દ્રવ્યનો પિંડ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણો રહિત, નવીન જ જેનો સંયોગ થયો છે એવા આ શરીરાદિ પુદ્ગલ કે જે પોતાથી પર છે-એ બન્નેના સંયોગરૂપ મનુષ્ય, તિર્યંચાદિ અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે, તેમાં આ મૂઢ જીવ પોતાપણું ધારી રહ્યો છે, સ્વ-પરનો ભેદ કરી શકતો નથી; જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે. એ પર્યાયમાં

(૧) જે જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણો છે,

(૨) જે રાગાદિ ભાવો થાય છે તે વિકારીભાવો છે, તથા

(૩) જે વર્ણાદિ છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્ગલના ગુણો છે અને

(૪) શરીરાદિમાં પણ વર્ણાદિનું તથા પરમાણુઓનું પલટાવું ઘણા જુદા જુદા પ્રકારે થાય છે; તે સર્વે પુદગલની અવસ્થાઓ છે. આ બધાને આ જીવ પોતાનું સ્વરૂપ માને છે; સ્વભાવ અને પરભાવનો વિવેક કરતો નથી; વળી પોતાથી પ્રત્યક્ષ ભિન્ન ધન-કુટુમ્બાદિકનો સંયોગ થાય છે તેઓ પોતપોતાને આધીન પરિણમે છે, તથા આ જીવને આધીન થઈ પરિણમતા નથી; છતાં પણ તેમાં આ જીવ મમકાર કરે છે કે આ બધાં મારા છે. પણ એ કોઈ પણ પ્રકારથી તેનાં થતાં નથી, માત્ર પોતાની માન્યતાથી જીવ તેને પોતાનાં માને છે.

(૩) મનુષ્યાદિ અવસ્થામાં કોઈવાળા દેવ,ગુરુ, શાસ્ત્ર અથવા ધર્મનું જે અન્યથા કલ્પિત સ્વરૂપ હોય તેની તો પ્રતીતિ કરે છે પણ તેઓનું જે યથાર્થ સ્વરૂપ છે તેની પ્રતીતિ કરતો નથી.

(૪) જગતની દરેક વસ્તુ અર્થાત્ દરેક દ્રવ્યો પોતપોતાને આધીન પરિણમે છે, પણ આ જીવ તેમ માનતો નથી અને પોતે તેને પરિણમાથી શકે અથવા કોઈ વખતે અંશે પરિણમાવી શકે-એમ માને છે.

ઉપર પ્રમાણે બધી માન્યતા મિથ્યાદષ્ટિની છે. પોતાનું અને પર દ્રવ્યોનું જેવું સ્વરૂપ નથી તેવું માનવું તથા જેવું છે તેવું ન માનવું એ વિપરીત અભિપ્રાય હોવાથી મિથ્યાદર્શન છે.

(૫) જીવ અનાદિ કાળથી અનેક શરીર ધારણ કરે છે; પૂર્વનું છોડી નવું ધારણ કરે છે; ત્યાં એક તો પોતે આત્મા (જીવ) તથા અનંત પુદ્ગલ પરમાણુમાં શરીર-એ બંન્નેના એક પિંડ બંધનરૂપે અવસ્થા હોય છે; તેમાં તે સર્વમાં આ હું છું એવી અહં બુધ્ધિ કરે છે. જીવ તો જ્ઞાનરૂપ છે અને પુદ્ગલ પરમાણુઓનો સ્વભાવ વર્ણ-ગંધ-રસ સ્પર્શાદિ છે. એ સર્વને પોતાનું સ્વરૂપ માની આ મારાં છે એવી બુધ્ધિ કરે છે. હાલવું-ચાલવું ઈત્યાદિ ક્રયા શરીર કરે છે તે ને હું કરું છું એમ જીવ માને છે. અનાદિથી ઈન્દ્રિય જ્ઞાન તરફ લક્ષ છે. છે તેથી અમૂર્તિક એવો પોતે તો પોતાને ભાસતો નથી અને મૂર્તિક એવું શરીર જ ભાસે છે, તેથી અન્યને પોતારૂપ જાણીને જીવ તેમાં અહંબુધ્ધિ ધારણ કરે છે. પોતાનું સ્વરૂપ પોતાને પરથી જુદું ન ભાસ્યું એટલે શરીર, જ્ઞાનાદિ ગુણ, ક્રોધાદિ વિકાર તથા સગા સંબંધીનો સમુદાય તે સર્વેમાં પોતે અહંબુધ્ધિ ધારે છે. વળી પોતાને અને શરીરને નિમિત્ત નૈમિત્તિક ઘનિષ્ટ સંબંધ હોવાથી શરીરથી પોતાની ભિન્નતા યર્થાથપણે ભાસતી નથી. (આત્માના સ્થાનનું ચલન થતું હોય ત્યારે શરીરનું સ્થાન પણ ચલનરૂપ હોય જ - તેથી ઘનિષ્ટ સંબંધ કહ્યો છે)

(૬) પોતાનો સ્વભાવ તો જ્ઞાતાદ્રષ્ટા છે છતાં પોતે કેવળ દેખવા જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને દેખે-જાણે છે તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને છે; એ ઈષ્ટ-અનિષ્ટપણું માનવું તે મિથ્યા છે, કારણ કે કોઈ પણ પર પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ પલ નથી. પદાર્થોમાં જો ઈષ્ટ-અનિષ્ટપણું હોય તો જે પદાર્થ ઈષ્ટરૂપ હોય તે સર્વેને ઈષ્ટરૂપ જ થાય તથા જે પદાર્થ અનિષ્ટરૂપ હોય તે સર્વેને અનિષ્ટરૂપ જ થાય. પણ એમ તો થતું નથી; માત્ર જીવ પોતે જ કલ્પના કરીને તેને ઈષ્ટ અનિષ્ટરૂપ માને છે. એ માન્યતા જૂઠી છે, કલ્પિત છે.

(૭) જીવ કોઈ પદાર્થના સદ્‌ભાવ તથા કોઈના અભાવને ઈચ્છે છે પણ તેનો સદભાવ કે અભાવે આ જીવનો કર્યો થતો નથી કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કે તેની પર્યાયનું કર્તા છે જ હિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાનાં સ્વરૂપે પોતાથી જ પરિણમે છે.

(૮) રાગાદિ ભાવો વડે મિથ્યાદ્રષ્ટિ જીવ તો સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારે પરિણમવવા ઈચ્છે છે પણ તે સર્વ દ્રવ્યો જીવની ઈચ્છાને આધીન પરિણમતા નથી, તેથી તેને આકુળતા થાય છે. જો સર્વ કાર્ય જીવની ઈચ્છાનુસાર જ થાય, અન્યથા ન થાય તો જ વિરાકુળતા રહે, પણ એમ તો થઈ શકતું જ નથી. કારણ કે કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નથી, માટે જીવને રાગાદિ ભાવ દૂર થાય તો જ નિરાકૂળતા થાય છે-એમ ન માનતાં પોતે પર દ્રવ્યોનો કર્તા, ભોકતા દાતા હર્તા આદિ છે અને પર દ્રવ્યથી પોતાને લાભ-નુકશાન થાય છે એમ માનવું તે મિથ્યા છે.

મિથ્યાદર્શનના બે પ્રકાર :મિથ્યાત્વના બે પ્રકાર છે-અગૃહીત મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વ. અગૃહીત મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે. જીવ પર દ્રવ્યનું કાંઈ કરી શકે કે શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવી માન્યતા તે અનાદિનું અગૃહીત મિથ્યાત્વ છે, જન્મ થયા પછી પરોપદેશના નિમિત્તથી જે અતત્ત્વશ્રધ્ધા જીવ ગ્રહણ કરે છે તે ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે.

અગૃહીત મિથ્યાત્વને નિસર્ગ જ મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વને બાહ્ય પ્રાપ્ત મિથ્યાત્વ પણ કહેવામાં આવે છે. જેને ગૃહીત મિથ્યાત્વ હોય તેને તો અગૃહીત મિથ્યાત્વ હોય જ

(૧) અગૃહીત મિથ્યાત્વ=શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવી અનાદિથી ચાલી આવતી જીવની માન્યતા તે મિથ્યાત્વ છે, તે કોઈના શીખવવાથી થયું નથી માટે અગૃહીત છે.

(૨) ગૃહીત મિથ્યાત્વ=ખોટા દેવ, ખોટા ગુરુ અને ખોટા શાસ્ત્રોની શ્રધ્ધા તે ગૃહીત મિથ્યાત્વ છે.

મિથ્યાદર્શનની ટૂંકી વ્યાખ્યાઓ :(૧) સ્વ-પર એકત્વ દર્શન (૨) પરની કર્તૃત્વ બુધ્ધિ (૩) પર્યાય બુધ્ધિ (૪) વ્યવહાર-વિમૂઢ (૫) અતત્ત્વશ્રધ્ધાન (૬) પોતાના સ્વરૂપની ભ્રમણા (૭) રાગથી શુભભાવથી આત્માને લાભ થાય એવી બુધ્ધિ (૮) બહિર દષ્ટિ (૯) વિપરીત રુચિ (૧૦) વસ્તુસ્વરૂપ ન હોય તેમ માનવું હોય તેમ ન માનવું (૧૧) અવિદ્યા (૧૨) પરથી લાભ નુકશાન થાય એવી માન્યતા (૧૩) અનાદિ અનંત ચૈતન્ય માત્ર ત્રિકાળી આત્માને ન માનવો પણ વિકાર જેટલો જ આત્મા માનવો. (૧૪) વિપરીત અભિપ્રાય (૧૫) પર સમય (૧૬) પર્યાય મૂઢ (૧૭) શરીરની ક્રિયા જીવ કરી શકે તેવી માન્યતા (૧૮) પર દ્રવ્યોની વ્યવસ્થા કરનાર તથા તેનો કર્તા, ભોકતા, દાતા, હર્તા જીવને માનવો (૧૯) જીવને જ ન માનવો (૨૦) નિમિત્તાધીન દષ્ટિ (૨૧) પરાશ્રયે લાભ થાય એવી માન્યતા (૨૨) શરીરાશ્રિત ક્રિયાથી લાભ થાય એવી માન્યતા (૨૩) સર્વજ્ઞની વાણીમાં જેવું આત્માનું પૂર્ણ સ્વરૂપ કહ્યું છે તેવા સ્વરૂપની અશ્રધ્ધા (૨૪) વ્યવહારનય ખરેખર આદરણીય હોવાની માન્યતા (૨૫) શુભાશુભભાવનું સ્વામીત્વ (૨૬) શુભ વિકલ્પની આત્માને લાભ થાય એવી માન્યતા (૨૭) વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં નિશ્ચયરત્નત્રય પ્રગટે એવી માન્યતા (૨૮) શુભ-અશુભમાં સરખાપણું ન માનવું તે અર્થાત્ શુભ સારાં અને અશુભ ખરાબ એવી માન્યતા (૨૯) મનુષ્ય અને તિર્થંચ પ્રત્યે મમત્વબુધ્ધિથી કરુણા થવી તે.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર :પરને અને પોતાને એક માનવું તે મિથ્યાદર્શન છે. પર ને અને પોતાને એક જાણવું તે મિથ્યાજ્ઞાન છે, પર સામે એકરૂપ લીનતા કરવી તે મિથ્યાચારિત્ર છે.

મિથ્યાદષ્ટિ :ખોટી દ્રષ્ટિવાળો (૨) રાગ-દ્વેષ અજ્ઞાનભાવને પામેલ તે મૂઢાત્મા અથવા મિથ્યાદષ્ટિ છે. (૩) નર-નરકાદિ પર્યાય (અવસ્થા)માં રક્ત થયેલો જીવ મિથ્યાદ્રષ્ટિ થાય છે. અને અનેક પ્રકારના કર્મ બાંધે છે, જેથી ઘણા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરે છે.

પરમાત્માના અનુભવની શ્રધ્ધાથી વિમુખ થઈ આઠ મદ, છ અનાયતન તથા ત્રણ મૂઢતાઓમાં લીન થયેલો જીવ મિથ્યાદષ્ટિ છે. તે નર-નરકાદિ પર્યાયોમાં રક્ત રહે છે. એટલે તે પર્યાયોમાં મમત્વ કરી રાગદ્વેષ કર્યા કરે છે અને તેથી કર્મ બાંધી બાંધી સંસારમાં રઝળ્યા કરે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવના ભેદથી સંસાર પાંચ પ્રકારે છે.

જે જીવ પર્યાયમાં (અવસ્થામાં) આસક્ત છે તે અજ્ઞાની છે તથા જે આત્મસ્વભાવમાં સ્થિત છે તેને સ્વ-સમયી-સમ્યગ્દષ્ટિ જાણવો.

જે પર દ્રવ્યમાં આસકત છે તે સાધુ મિથ્યાદષ્ટિ છે અને મિથ્યાત્વમાં પરિણમેલો તે જીવ દુષ્ટ એવા આઠ કર્મને બાંધે છે. માટે વીતરાગી સમ્યગ્દર્શન ઉપાદેય છે અને મિથ્યાત્વ સર્વથા હેય છે. (૪) તત્ત્વોની ઊંધી શ્રધ્ધા કરવાવાળા (૫) મિથ્યાદષ્ટિને પર્યાય બુધ્ધિ, સંયોગી બુધ્ધિ, પર્યાય મૂઢ, વ્યવહાર દષ્ટિ, વ્યવહાર મૂઢ, સંસાર દ્રટિ, પરાવલંબી બુધ્ધિ, પરાશ્રિત દ્રષ્ટિ બહિરાત્મા વગેરે નામો આપવામાં આવે છે. (૬) મૂઢ જીવ (૭) હું એક આત્મા પરિપૂર્ણ વસ્તુ છું મારો સ્વભાવ નિર્વિકાર અસંયોગી સિધ્ધ સમાન છે. જીવ જયારે પોતાના પરિપૂર્ણ, નિર્વિકાર, અસંયોગી ચૈતન્ય સ્વભાવને ભૂલ્યો ત્યારે આઠ જાતના જડ કર્મના નિમિત્તે થતી અપૂર્ણ અવસ્થા, વિકાર અને પરસંયોગ તરફ તેની દષ્ટિ ગઈ અને ત્યાં જ પોતાપણું માન્યું. જ્ઞાનાવરણ-દર્શનાવરણ અને અંતરાય કર્મના કારણે જ્ઞાન-દર્શન અને વીર્યમાં અપૂર્ણતા, મોહનીયના કારણ શ્રદ્ધા અને ચારિત્રમાં ઊંધાઈ અને ચાર આધારિત કર્મના કારણે પર સામગ્રીને સંયોગ એ રીતે અપૂર્ણતા, વિકાર અને સામગ્રી ઉપરની દષ્ટિ તે જ મિથ્યાદષ્ટિ છે; અને ચૈતન્ય સ્વભાવ પોતાથી પરિપૂર્ણ, નિર્વિકાર અને પરસંયોગ રહિત છે. એની શ્રધ્ધા જ્ઞાન-ચારિત્ર એ જ સુખનો ઉપાય છે. (૮) ખોટી દ્રષ્ટિવાળો

મિથ્યાદષ્ટિપણું :જીવ નામનો પદાર્થ જે ચિદાનંદ-જ્ઞાનાનંદ-રસરૂપે સ્વતંત્ર છે તેને પરના સંબંધવાળો માનવો, તેમ જ તે પરના સંબંધે, પુણ્ય-પાપ વિકાર થાય છે તેવડો આખા આત્માને માની લેવો તે મિથ્યાદષ્ટિપણું છે, પરાશ્રયથી ક્ષણિક બંધ અવસ્થા છે. તેને આત્માની ત્રિકાળી નિર્મળ સંબંધમાં ખતવી નાખવી તે મિથ્યાદષ્ટિપણું છે.

આત્મા તો સદાય અરૂપી જ્ઞાતા છે, તે જ્ઞાન અને શાંતિ અથવા અજ્ઞાન અને રાગદ્વેષના ભાવ સિવાય કાંઈ કરી શકતો નથી છતાં પરનું હું કરી શકું એમ માને છે, આત્માને હાથ, પગ, જીભ નથી છતાં તેનો ધણી થાય છે, એ અનાદિનું મિથ્યાશલ્ય છે.

મિથ્યા દુષણ :ખાલી આરોપ

મિથ્યાનિયતવાદને ગૃહીત મિથ્યાત્વ કેમ કહ્યું છે ? :ઉત્તર : નિમિત્તથી ધર્મ થાય. રાગથી ધર્મ થાય, શરીરાદિનું આત્મા કરી શકે એવી માન્યતારૂપ અગૃહીત મિથ્યાત્વ તો અનાદિનું હતું અને જન્મ્યા પછી શાસ્ત્ર વાંચીને અથવા કુગુરુ વગેરેના નિમિત્તે મિથ્યા નિયતિવાદનો નવો કદાગ્રહ ગ્રહણ કર્યો તેથી તેને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે. પહેલાં જેને અનાદિનું અગૃહીત મિથ્યાત્વ હોય તેને જ ગૃહીત મિથ્યાત્વ થાય. જીવો શાતાશીળિયાપણાથી ઈન્દ્રિયવિષયોના પોષણ માટે થવાનું હશે તેમ થશે. એમ કહી એક સ્વચ્છંદતાનો માગ શોધી કાઢે છે તેનું નામ ગૃહીત મિથ્યાત્વ છે.

મિથ્યાભાવ :પરને પોતાપણે માનવું તે મિથ્યાત્વભાવ

મિથ્યાભાવ અજ્ઞાન અને અસ્થિરતા :પરને પોતાપણે માનવારૂપ મિથ્યાભાવ. પોતાને જાણવું મૂકીને એકલો પરનો જ વિષય કરે તે અજ્ઞાન, સ્વમાં એકાગ્રતા મૂકીને પરમાં એકાગ્રતા કરે તે અસ્થિરતા- એ ત્રણે વિકારી પરિણામ મોહમાંથી જોડાવાથી ઉત્પન્ન થાય છે.

મિથ્યાભાસરૂપ :અસત્કલ્પનારૂપ

મિથ્યાશ્રધ્ધા :આ રાગ મારો છે. મને તે ભલો છે, એનાથી (શુભરાગથી મને ધર્મ થાય છે, રાગથી-રાગમાંથી ને પરમાંથી મને સુખ આવે છે તથા પર્યાયના અંશ જેટલો હું છું, પર્યાય સ્વરૂપ જ હું છું એવી એવી મિથ્યા વિપરીત

માન્યતા છે તે મિથ્યા શ્રધ્ધા છે અને એવી જયાં મિથ્યા શ્રધ્ધા છે ત્યાં જે મતિ જ્ઞાન છે તે કુમતિજ્ઞાન છે.

મિથ્યાશ્રધ્ધાન :ઊંધી માન્યતાનું શલ્ય

મિથ્યોપદેશ અતિચાર :સ્વર્ગમોક્ષના સાધક ક્રિયાવિશેષમાં અન્ય જીવોને અન્યથા પ્રવર્તન કરાવવું, એ સંબંધી જૂઠો ઉપદેશ આપવો તે મિથ્યોપદેશ નામનો અતિચાર છે.

મિદવિવર્તન :આત્માનું પરિણમન

મિલન :મળી જવું તે, મિશ્રિતપણું, સંબંધ , જોડાણ (૨) મિશ્રિત; એકરૂપ

મિલાપ :સબંધ

મિલાપથી :સંબંધથી

મિલિત :મિશ્રિત (૨) મળેલી મિશ્રિત (૩) એકમેક મળી ગયેલા (૪) એક મેક મળી ગયેલા (૫) મિશ્રિત; મળેલાં (૬) એકમેક મળી ગયેલા

મિલિત થતું :મિશ્રિત થતું; સબંધ પામતું અર્થાત્ તેમને જાણતું (સમસ્ત પદાર્થોના જ્ઞેયાકારો જેમાં પ્રતિબિંબિત થાય છે અર્થાત તેમને જે જાણે છે એવું સ્પષ્ટ એક જ્ઞાન જ આત્માનું રૂપ છે.

મિશ્ર મોહનીય :સમ્યગ્ મિથ્યાત્વકર્મ, જેના ઉદયથી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનાં મિશ્ર પરિણામ થાય તે કર્મને સમ્યગ્મિથ્યાત્વ અથવા મિશ્ર કર્મ કહે છે. (૨) ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ એવો જે ભાવ તે મિશ્ર મોહનીય. (૩) ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હવો જોઈએ એવો જે ભાવ તે મિશ્ર મોહનીય.

મિશ્રણ :ભેળસેળ

મિશ્રિત પર્યાયો :જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો એકી સાથે જણાવા છતાં દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ-પ્રદેશ,કાળ આકાર વગેરે વિશેષતાઓ-સ્પષ્ટ જણાય છે, સંકર-વ્યતિકર થતા નથી.

ત્રણે કાળના પર્યાયોનું વર્તમાન પર્યાયોની માફક જ્ઞાનમાં જણાવું અયુકત નથી કારણ કે,

(૧) તેનો દષ્ટિની સાથે (જગતમાં જે જાવમાં આવે છે- અનુભવાય છે તેની સાથે) અવિરોધ છે.(જગતમાં) દેખાય છે. કે છદ્મસ્થાને પણ, જેમ વર્તમાન વસ્તુ ચિતવતાં તેના આકારને જ્ઞાન અવલંબે છે તેમ, વ્યતીત અને અનાગત વસ્તુ ચિંતવતાં (પણ) તેના આકારને જ્ઞાન અવલંબે છે.

(૨) વળી જ્ઞાન ચિત્રપટ સમાન છે. જેમ ચિત્રપટમાં અતીત, અનાગત અને વર્તમાન વસ્તુઓના આલેખ્યાકારો (આલેખ્ય આકારો) સાક્ષાત્ એક ક્ષણે જ ભાસે છે, તેમ જ્ઞાનરૂપી ભીંતમાં (જ્ઞાનભૂમિમાં, જ્ઞાનપટમાં) પણ અતીત, અનાગત અને વર્તમાન પર્યાયોના જ્ઞયાકારો સાક્ષાત્ એકક્ષણે જ ભાસે છે.

(૩) વળી સર્વ જ્ઞેયાકરોનું તાત્કાળિકપણું(વર્તમાનપણું, સાંપ્રતિકપણું) અભિરુદ્ધ છે. જેમ નષ્ટ અને અનુત્પન્ન વસ્તુઓના ઓલ્ખ્યાકારો વર્તમાન જ છે. તેમ અતીત અને અનાગત પર્યાયોના જ્ઞેયાકારો વર્તમાન જ છે. મનુષ્યક્ષેત્રમાં પ્રવર્તતા તીર્થનાયકો સહિત વર્તમાનકાળ ગોચર કરીને = મહાવિદેહક્ષેત્રમાં વર્તતા શ્રી સીમંધરાદિ તીર્થંકરોની જેમ જાણે બધાય પંચપરમેષ્ઠી ભગવંતો વર્તમાન કાળમાં જ વર્તતા હોય એમ અત્યંત ભકિતને લીધે ભાવીને-ચિંતવીને, તેમને.

મિશ્રિત પર્યાયો :જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો એકી સાથે જણાવા છતાં દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ-પ્રદેશ, કાળ, આકાર વગેરે વિશિષ્ટતાઓ -વિશેષતાઓ સ્પષ્ટ જણાય છે. સંકર-વ્યતિકર થતા નથી.

મિશ્રિતપણું :એકમેક પણે લાગવું.

મીંઢવવું :મેળવવું; સરખાવવું

મીંઢવે છે. :સરખામણી કરે છે.

મીંઢવવું :મેળવવું, સરખાવવું (૨) નામું મીંઢવવું=માંડવાળ કરવી; માંડી વાળવું તે; તડજોડ કરવી; તોડ લાવવો; સમાધાન કરવું (૩) મેળવવું; સરખાવવું

મીણો :કેફ; મદ; ગર્વ; અત્યંત તૃપ્ત

મીણો ચડી જાય :ઉત્સાહ જાગી જાય; વીર્ય ઉછળી જાય

મીનમેખ :કાંઈપણ શંકા ન હોવી, વાંધો-ખામી ન હોવી, અધો ન થવો, ફેરફાર ન થવો (૨) જડબેસલાખ; વાંધો સાંધો નહિ થવો; શંકા રહિત; ફેરફાર રહિત

મીમાંસા :વિચાર; વિચારણા; તપાસ; સમાલોચના

મોક્ષ :કર્મ બંધનથી છૂટવું (૨) સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે. (૩) પોતામાં (આત્મામાં) પૂર્ણ નિર્મળ પર્યાય થવી તે મોક્ષ છે.

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા" આત્મસિધ્ધિ.

પોતાની શકિતમાં શુદ્ધતા પડી છે, તેમાંથી પરિપૂર્ણ વ્યકત શુદ્ધ દશા થવી તે મોક્ષ છે. મોક્ષ અહીં પર્યાયમાં થાય છે. જે સમયે ઊર્ધ્વગમનસ્વભાવી આત્મા ઉપર જાય છે. મોક્ષ અને ઊર્ધ્વગમનમાં સમયભેદ નથી. પોતાની જ્ઞાનશકિતમાંથી કેવળજ્ઞાન પ્રગટયું, દર્શનશકિતમાંથી કેવળદર્શન પ્રગટ થયું, આનંદશકિતમાંથી કેવળ આનંદ થયો વગેરે પ્રકારે બધી શુદ્ધતા થઈ તે મોક્ષ છે.

કેવળ જ્ઞાન લોકાલોકને જાણે તે તો વ્યવહાર છે.લોકાલોકને જાણે છે માટે કેવળજ્ઞાન અથવા મોક્ષ છે, એમ નથી જ્ઞાન,દર્શન,આનંદ,વીર્ય આદિની પર્યાયની પરિપૂર્ણતા છે, માટે મોક્ષ છે. મુકિતશિલા ઉપર રહેવું તે સિદ્ધપણું નથી. મુકિતશિલા ઉપર તો એકેન્દ્રિય-નિગોદના જીવો પણ છે. (૪) વસ્તુ જ્ઞાયકસ્વરૂપ અબંધ છે. ત્માં પૅર્ણ સ્થિરતા થતાં પૂર્ણ નિર્મળ દશા, પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ વીતરાગતા પ્રગટ થવી એનું નામ મોક્ષ છે. જેવું પૂર્ણાનંદ સ્વરૂપ છે તેવો પૂર્ણ આનંદ પ્રગટ થઈ જવો તે મોક્ષ છે. (૫) મોક્ષમાં આત્માના અનુભવનો જો નાશ થતો હોય તો તે મોક્ષ શા કામનો ? (૬) જીવની અત્યંત શુદ્ધ આત્મોપલબ્ધિ તે મોક્ષ છે તેમ જ કર્મ પુદ્ગલોનો જીવથી અત્યંત વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે. (૭) જીવની અશ્વયેત શુદ્ધ આત્મોપલબ્ધિ(તે મોક્ષ છે) તેમ જ કર્મ-પુદ્ગલોનો જીવથી અશ્વયંત વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે. (૮) આત્માની સ્વતંત્ર, શુધ્ધ, પૂર્ણ દશા પ્રગટ થાય તે મોક્ષ (૯) રાગ-દ્વેષનો સર્વથા ક્ષય હોય તે મોક્ષ (૧૦) પર્યાયમાં મહા આનંદનો લાભ તે મોક્ષ છે, મુક્તિ સમસ્ત આઠેય કર્મના નાશથી મોક્ષ થાય છે. આ નાસ્તિ કહી. કર્મના નામથી અસ્તિમાં શું મળ્યું ? તો કહે છેઃ સાક્ષાત્ મહા આનંદનો લાભ મેળવાય છે. ભગવાન આત્મા પૂર્ણ અમૃતનો સાગર પ્રભુ છે. તેમાંથી પૂર્ણ અમૃતનો પર્યાય પ્રગટ થાય એટલે કે આનંદથી તૃપ્ત-તૃપ્ત પરિતૃપ્ત પર્યાયનો લાભ થાય તેનું નામ મોક્ષ છે.

અતીન્દ્રિય આનંદ સ્વરૂપ મોક્ષ શક્તિરૂપ-ધ્રુવરૂપ તો ત્રિકાળ વિદ્યમાન છે જ, કેમ કે વસ્તુ છે તે મુકત સ્વરૂપ જ છે. બંધ સ્વરૂપ નથી. પણ તેની વર્તમાન પર્યાયમાં-વર્તમાન હાલતમાં-અવસ્થામાં સાક્ષાત્ મહા આનંદનો લાભ પ્રાપ્ત થાય ત્યારે પ્રગટરૂપે મોક્ષ થાય છે. પર્યાયમાં મહા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિનું નામ મોક્ષ છે.

(૧૧) નિર્વાણ નામનું તત્ત્વ જેને સાત તત્ત્વોમાં મોક્ષ નામથી ગણાવવામાં આવેલ છે. અને જેનું લક્ષણ સંસારપણાનો અભાવ છે.-અર્થાત્ જેમાં ભવ-પરિવર્તન નથી. જન્મ-મરણ નથી, શરીર નથી, ઈન્દ્રિયો નથી, ઈન્દ્રિયો દ્વારા વિષયગ્રહણ નથી, રાગ-દ્વેષ-મોહ નથી.ક્રોધ માન-માયા-લોભ નથી, હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા નથી. કામ વેદ નથી. કોઈ પ્રકારની ઈચ્છા નથી, તૃષ્ણા નથી, અહંકાર મમકાર નથી, સંયો-વિયોગ નથી, ઈષ્ટ વિયોગ અનિષ્ટ યોગ-જન્ય કોઈ કષ્ટ નથી, રોગ નથી, જરા નથી, બાળ-વૃધ્ધાવસ્થા નથી, ભૂખ-તરસ નથી, ખાવું-પીવું-સૂવું-જાગવું નથી. કયાંય જવા આવવાનું નથી, કોઈની સાથે વાંતાલાપ નથી, કોઈ ધંધો-વ્યાપાર નથી, કોઈ જાતની સાધના-આરાધના નથી, માટી-ઈંટ-પથ્થર-ચૂના આદિના મકાનોમાં રહેવાનું નથી, સંસારનું કોઈ સુખ-દુઃખ નથી, અનિત્યતા-ક્ષણભંગુર નથી; અને ન કોઈ પ્રકારનું વિભાવ પરિણમન છે, તે સ્વ-સ્વભાવ-સ્થિત નિર્વિકાર શુધ્ધ શાશ્વત જ્ઞાનાનંદ સ્વરૂપને સંસારાવીત લક્ષણ કહે છે. આ લક્ષણથી યુકત નિર્વાણ તત્ત્વ વાસ્તવમાં એક જ છે મોક્ષ,મુક્તિ, નિવૃત્તિ સિધ્ધિ આદિ શબ્દ ભેદ અથવા સંજ્ઞા(નામ) ભેદને કારણે ભેદ હોવા છતાં પણ અર્થનો કોઈ ભેદ નથી. બધા નામ તાત્ત્વિક

દ્રષ્ટિએ એક જ અર્થના વાચક છે. (૧૨) વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સ્વાધીન છે. તેમાં દ્રવ્ય-ગુણ તો સદાય એકરૂપ પરિપૂર્ણ છે અને પર્યાયમાં જે અપૂર્ણતા છે તે પોતે જ કરી છે, કોઈ બીજાએ કરાવી નથી. આમ જો દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વાધીન સ્વરૂપ યથાર્થ જાણે તો પોતાના પરિપૂર્ણ સ્વાધીન સ્વભાવની એકાગ્રતા પર્યાયની અપૂર્ણતા ટાળીને પૂર્ણ દશા પ્રગટ કરે. પર્યાયમાં વિકાર હોવા છતાં વિકાર રહિત પૂર્ણ સ્વભાવનો વિશ્વાસ અને મહિમા લાવીને તેની શ્રદ્ધા-જ્ઞાન કરે તો પૂર્ણ સ્વભાવના અવલંબને પર્યાયની પૂર્ણતા પ્રગટ કરે-એનું નામ મોક્ષ.

પરંતુ જે પોતાના પૂર્ણ સ્વભાવનો વિશ્વાસ અને મહિમા ન કરે અને વિકાર તથા પરના મહિમામાં જ અટકી જાય તે કદી વિકાર ટાળીને પૂર્ણ થવાનો પુરુષાર્થ પ્રગટ કરી શકે નહિ. (૧૩) મુક્તિ; સમસ્ત આઠે કર્મોનો નાશ થવાથી મોક્ષ થાય છે. તેથી પર્યાયમાં મહા આનંદનો લાભ મેળવાય છે. (૧૪) મુક્તિ; નિવૃત્તિ (૧૫) આત્માની સ્વતંત્ર, શુધ્ધ, પૂર્ણદશા પ્રગટ થાય તે મોક્ષ (૧૬) આત્માની છેલ્લામાં છેલ્લી પૂર્ણ નિર્મળ અવસ્થા; અથવા વિકારથી સર્વથા મુક્ત થતાં કર્મ બંધનથી છૂટી જવું તે. (૧૭) મોક્ષ બહારમાં નથી પોતાની પૂર્ણ નિર્મળ શક્તિ પ્રગટ કરી તે મોક્ષ. વિકારનો નાશ કર્યો ત્યાં જડ કર્મના અભાવની અપેક્ષાએ મોક્ષ થયો કહેવાય. વસ્તુ દષ્ટિએ મોક્ષ નવો નથી, અવસ્થાદષ્ટિએ નવો છે. સર્વજ્ઞ ભગવાન કહે છે કે અમે પ્રભુ તે તું પણ પ્રભુ છો. પુણ્ય-પાપની ક્ષણિકવૃત્તિ ઉત્પન્ધવંસી છે. તેના રક્ષમ સ્વભાવે તું નથી. તું વિકારનો નાશક જ છો. આમ ન માન તો જન્મમરણથી રખડવા સ્વતંત્ર છો. તને બળજોરીથી કોણ સમજાવે ? તું સમજવા ન માંગે તો તીર્થંકર ભગવાનનું પણ ન માને તેવો છો. કોઈ કોઈનું માનતું નથી. પોતાને રુચે તે માને છે. સ્વભાવનો ભરોસો જાનથી બેસતાં અનંતા મોક્ષે ગયા છે. (૧૮) મોક્ષના બે પ્રકારઃ એક શક્તિરૂપ મોક્ષ, બીજો વ્યકિતરૂપ મોક્ષ. વસ્તુ જે શુધ્ધ પારિણામિક સ્વભાવે છે તે શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે. ત્રિકાળ પરમ સ્વભાવભાવરૂપ જે શુધ્ધ શક્તિરૂપ મોક્ષ છે તેમાં મોક્ષ કરવો છે એમ નથી. એ તો પ્રથમથી જ મોક્ષસ્વરૂપ છે. પરંતુ ત્યાં પર્યાયમાં પરિણમન થઈને આત્માનો પૂર્ણ લાભ વ્યકતરૂપે પ્રાપ્ત થવો તે વ્યકિતરૂપ મોક્ષ છે. મોક્ષ સ્વરૂપ શકિતરૂપે છે તેનો આશ્રય કરીને પર્યાય જે પરિપૂર્ણ સ્વભાવે પ્રગટ થાય તે વ્યકિતરૂપ મોક્ષ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંત વીર્ય-એમ અનંત ચતુષ્ટય પ્રગટ થયાં તે વ્યકતરૂપ મોક્ષ છે અને તે મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. એ મોક્ષ દ્રવ્યથી પ્રાપ્ત ન થાય એમ અહીં કહેવું છે. પર પદાર્થ એનું કારણ નથી, ત્રિકાળી દ્રવ્યપણ એનું કારણ નથી. વાસ્તવમાં તો તે-તે પર્યાયનું શુધ્ધ ઉપાદાન જ તે મોક્ષનું કારણ છે. (૧૯) મુક્તિ; નિવૃત્તિઃ સ્વસ્વભાવની ઉપલબ્ધિ (૨૦) આત્માની છેલ્લામાં છેલ્લી પૂર્ણ નિર્મળ અવસ્થા, અથવા વિકારથી સર્વથા મુક્ત થતાં કર્મબંધનથી છૂટી જવું તે (૨૧) છુટવાનું નામ મોક્ષ છે, અથવા જેના દ્વારા કે જેમાં મુક્ત થાય છે તે મોક્ષ કહેવાય છે. તે મોક્ષ ત્રણ પ્રકારનો છે-જીવ મોક્ષ, પુદ્ગલ મોક્ષ, અને જીવ-પુદ્ગલ મોક્ષ. એ જ પ્રમાણે મોક્ષના કારણો પણ ત્રણ પ્રકારના કહેવા જોઈએ. બંધ, બંધનું કારણ, બંધ પ્રદેશ, બધ્ધ અને બધ્યમાન જીવ અને પુદ્ગલ; તથા મોક્ષ, મોક્ષનું કારણ, મોક્ષ પ્રદેશ, મુક્ત અને મુચ્યમાન જીવ અને પુદ્ગલ; આ સર્વ ત્રિકાળ વિષયક પદાર્થોને જાણે છે. એ સર્વજ્ઞ ઉક્ત કથનનું તાત્પર્ય છે. (૨૨) નિજ શુધ્ધતાની પૂર્ણતા; સર્વ સમાધાન; અવિનાશી અને શાશ્વત ખરું સુખ; સાચું કાયમી સુખ (૨૩) આત્માની છેલ્લામાં છેલ્લી પૂર્ણ નિર્મળ અવસ્થા; અથવા વિકારથી સર્વથા મુક્ત થતાં કર્મબંધનથી છૂટી જવું તે. (૨૪) જન્મ-મરણમાંથી મુક્તિ; સિધ્ધ દશા (૨૫) આઠે કર્મનો સર્વથા નાશ થતાં આત્માની સર્વ પ્રકારે શુધ્ધ દશા થવી તે મોક્ષ છે. (૨૬) શુધ્ધ સહજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ તેને મોક્ષ કહે છે. (૨૭) મુક્તિ; નિવૃત્તિ; નિર્વાણ (૨૮) આત્માની છેલ્લામાં છેલ્લા પૂર્ણ નિર્મળ અવસ્થા; વિકારથી સર્વથા મુક્ત થતાં કર્મબંધનથી છૂટી જવું તે (૨૯) અનંત અનંત આનંદની પર્યાયમાં પ્રાપ્તિ થાય એ મોક્ષ. આત્મામાં મહા આનંદનો લાભ એ મોક્ષ (૩૦) સ્વતંત્ર ઉપાદાન-સ્વભાવ દષ્ટિ તે મોક્ષ છે. (૩૧) આત્મામાં જ્ઞાનાનંદસ્વભાવ જેવો ત્રિકાળ છે તેવો પર્યાયમાં પ્રગટે તેનું નામ મોક્ષ, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેનું કારણ તે

મોક્ષમાર્ગ; તેમાં પણ મૂળ સમ્યગ્દર્શન છે. (૩૨) મોક્ષમાં વિકારથી અને પરથી મુક્ત થવાથી અપેક્ષા છે. એક એકરૂપ ધ્રુવ સ્વભાવના જોરે પૂર્ણ અવસ્થાનો નાશ થવો તે ભાવમોક્ષ અને તેનું નિમિત્ત પામી કર્મરજ તેની યોગ્યતાથી છૂટી તે દ્રવ્યમોક્ષ. સહુ સહુના કારણે સ્વતંત્ર અવસ્થા થાય છે. નિમિત્તથી થયું એમ કહેવું તે વ્યવહાર છે, પણ નિમિત્તથી કોઈ અવસ્થા થાય એ માનવું તે મિથ્યાત્વ છે. કર્મનો સંયોગ સર્વથા છૂટયો તે જીવમાં અભાવરૂપી નિમિત્ત કારણ (મોક્ષ કરનાર) અજીવ, કર્મ, છૂટયાં તે નિમિત્ત થયાં એમ નાસ્તિરૂપ (અભાવરૂપ) આરોપથી મોક્ષ થયા યોગ્ય જીવ વ્યવહારથી છે. જીવ અજીવમાં સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતા, નિમિત્ત-નૈમિત્તિકપણું તથા નવ તત્ત્વના વિકલ્પ છે એમ જણાવી, મન દ્વારા સ્વતંત્રપણું નક્કી કરાવ્યું. કોઈના કારણકાર્યરૂપ પરાધીનપણું જણાવ્યું નથી. એકલા સ્વભાવમાં નવતત્ત્વના ભેદ પડે નહિ. નિમિત્તની અપેક્ષાએ વ્યવહારે (અવસ્થામાં) નવ અથવા સાત ભેદ પડે છે. (૩૩) પૂર્ણ શુધ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ (૩૪) નિજ શુધ્ધ પરમાત્મ સ્વભાવમાં પરમ સમરસીભાવે પરિણવાથી આત્મા જ મોક્ષમાર્ગ છે, અને ઉપાદેય રૂપ અતીન્દ્રિય સુખનો સાધક હોવાથી આત્મા જ ઉપાદેય છે. (૩૫) મોક્ષનું સ્વરૂપ ઓળખી તેને પોતાનું પરમહિત માનવું, આઠ કર્મોનો સર્વથા નાશ થવા પૂર્વક આત્માની જે સંપૂર્ણ શુધ્ધ અવસ્થા (પર્યાય) પ્રગટ થાય છે તેને મોક્ષ કહે છે. આ અવસ્થા અવિનાશી અને અનંત સુખમય છે. આ પ્રકારે સામાન્ય અને વિશેષરૂપથી સાત તત્ત્વોની અચળ શ્રધ્ધા કરવી તેને વ્યવહાર-સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) કહે છે. જિનેન્દ્ર દેવ, વીતરાગી (દિગમ્બરજૈન) ગુરુ અને જિનેદ્રપ્રણીત અહિંસામય ધર્મ પણ આ વ્યવહાર સમ્યગ્દર્શનના કારણ છે એટલે કે ત્રણનું યથાર્થ શ્રધ્ધાન પણ વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. તેને નીચે જણાવેલા આઠ અંગો સહિત ધારણ કરવું જોઈએ. વ્યવહાર સમક્તિનું સ્વરૂપ આગળ સમજાવ્યું છે. નિશ્ચય સમ્યક્ત્વના એકલા વ્યવહારને વયવહાર સમક્તિ કહેવાતું નથી. (૩૬) જેવી રીતે વહાણમાંથી એકઠું થયેલું બધું પાણી કાઢી નાખવાથી વહાણ એકદમ પાણી વિનાનું થઈ જાય છે તેમ આત્મામાંથી બધાં કર્મો જુદા પડી જવાથી આત્માની પૂરુપૂરી શુધ્ધ હાલત (મોક્ષદશા) પ્રગટ થાય છે એટલે કે તે આત્મા મુક્ત થઈ જાય છે.

મોક્ષ અને મોક્ષમાર્ગ :આત્માના ગુણોની સંપૂર્ણ નિર્મળતા તે મોક્ષ છે. સ્વભાવ તરફ ઢળતી અધૂરી નિર્મળ અવસ્થા તે મોક્ષમાર્ગ છે. તેમાં ગુણ નવા પ્રગટતા નથી પણ ગુણની ઊંધી અવસ્થા બદલાઈને ક્ષણ ક્ષણે નિર્મળ અવસ્થા પ્રગટ થતી જાય છે. ગુણ તો ત્રિકાળ એકરૂપ ધ્રુવ છે, તેની પર્યાય બદલાયા કરે છે. ઊંધી માનયતા બદલાઈને સવળી માન્યતા ધ્રુવ સ્વભાવના આધારે થાય છે; નિમિત્તના લક્ષે કે અવસ્થાના લક્ષે નિર્મળ દશા પ્રગટ થતી નથી પણ ઊલટો રાગ થાય છે. (૨) પોતાના આત્મ સ્વરૂપની સંપૂર્ણ શુધ્ધતા તે જ મોક્ષ છે અને મોક્ષનો ઉપાય તે મોક્ષ માર્ગ છે.

મુનિલિંગ-દિગંબર દશા વિના કેવળજ્ઞાન થાય નહિ. ભાવલિંગ હોય તે મોક્ષ થાય. ભાવલિંગ ન હોય તો મોક્ષ ન થાય. ભાવલિંગ હોય તો એકરૂપ છે એવી દૃષ્ટિ કરે તેને મોક્ષમાર્ગ થયા વિના રહે નહિ.

આત્માના શુધ્ધ જ્ઞાનબળને આશ્રયે રાગરહિત રુચિ થઈ અંતર સ્થિરતા થાય તે સાચો મોક્ષ માર્ગ છે. ત્યારે કર્મરૂપી આસક્તિનો અભાવ છે ને બીજી સહકારી સામગ્રીનો સદ્‌ભાવ હોય છે.

આત્માના શ્રધ્ધા, જ્ઞાનને ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. તેના હોવાથી મોક્ષ ભેદજ્ઞાનપમ કાર્ય સિદ્ધ થાય જ. આ વિના સવસ્થા કાર્ય ન થાય અને એ વખતે તેને પ્રતિબંધક (કર્મ)નો અભાવ ન હોય એમ બને નહિ.

અહીં ત્રણ કારણ કહ્યાં

(૧) મોક્ષ વખતે નિમિત્ત કારણરૂપે નગ્ન દશા હોય જ એમ કહ્યું

(૨) મોક્ષ થતી વખતે તપનું નિમિત્તકારણ કહ્યું પણ તે હોય જ એવો નિયમ નથી. ને

(૩) ત્રીજું ઉપાદાન કારણ આત્માનાં સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક ચારિત્રનું કારણ હોય જ છે.

આત્માની પૂર્ણાનંદમય વીતરાગ દશા તે મોક્ષ છે.

મોક્ષ જનારની સંખ્યા :છ માસ અને ૮ સમયમાં ૬૦૮ જીવો મોક્ષે જાય છે.

મોક્ષે જવાના કારણો :ચાર કારણ મોક્ષે જવાને કહ્યાં છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. તે એક બીજા અવિરોધપણે પ્રાપ્ત થયે મોક્ષ થાય.

મોક્ષ માર્ગ અને બંધમાર્ગ :શાસ્ત્રમાં બે નયની વાત છે. એક આત્માશ્રિત થતા ભાવ તે નિશ્ચયની વાત અને બીજા કર્માશ્રિત થતા ભાવ તે વ્યવહારની વાત એમ બે પ્રકારે વાત હોય છે.

આત્માશ્રિત થતા ભાવ તે મોક્ષમાર્ગ છે ને કર્માશ્રિત થતા ભાવ તે બંધમાર્ગ છે.

મોક્ષ શું છે ? :મોક્ષ તે કઈ ત્રિકાળી દ્રવ્ય-પદાર્થ કે ગુણ નથી, પણ તે જીવના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ શુધ્ધ અવસ્થારૂપ કાર્ય પરિણમન છે; તેનું પહેલું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ્ય પૂર્ણ શુદ્ધ આત્મા છે, તે

પૂર્ણતાના ધયેયે પૂર્ણ તરફની ધારા ઊપડે છે; વચ્ચે રાગાદિ હોય વ્રતાદિ શુભભાવ હોય પણ સમ્યગ્દષ્ટિ તેને આસ્રવ જાણે છે, તે કાંઈ મોક્ષની સીડી નથી. સમયક્‌તા કહો કે શુધ્ધતા કહો, જ્ઞાન-ચારિત્ર વગેરેની શુદ્ધિનું મૂળ સમ્યગ્દર્શન છે. શુભરાગ તે કાંઈ ધર્મનું પગથિયું નથી. રાગનું ફળ સમ્યગ્દર્શન નથી ને સમ્યગ્દર્શનનું ફળ શુભ રાગ નથી, બન્ને ચીજો જ જુદી છે.

આત્મા શાંતિ-વીતરાગ સ્વભાવ છે; તે પુણ્ય વડે, રાગ વડે વ્યવહાર વડે પ્રાપ્ત થતો નથી એટલે કે અનુભવમાં આવતો નથી; પણ સીધો પોતે પોતાના ચેતનાભાવ વડે અનુભવમાં આવે છે; આવો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે મોક્ષમાર્ગ ઊઘડે. અનંત જન્મ-મરણના નાશના ઉપાયમાં ને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન જ પહેલું પગથિયું છે. તેના વગર જ્ઞાનનું જાણપણું કે શુભરાગની ક્રિયાઓ તે બધું નિરર્થક છે, ધર્મનું ફળ તેના વડે જરાય આવતું નથી, માટે તે નિરર્થક છે.

નવતત્ત્વોની એકલી વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારુ જાણપણું કે પંચ મહાવ્રતાદિ શુભ આચાર, તે કોઈ રાગ આત્માના સમ્યક્દર્શન માટે જરાય કારણરૂપ નથી; વિકલ્પની મદદ વડે નિર્વિકલ્પતા કદી પામતી નથી. સમ્યક્ત્વાદિની ભૂમિકામાં તેને યોગ્ય વ્યવહાર હોય છે એટલી તેની મર્યાદા છે, પણ તે વ્યવહાર છે માટે તેને લઈને નિશ્ચય છે-એમ નથી. વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય આકુળતા અને દુઃખ છે. આત્માના નિશ્ચય રત્નત્રય જ સુખરૂપ અનાકુળ છે.

જ્ઞાનીનેય વિકલ્પ તે દુઃખ છે. વિકલ્પ વડે કાંઈ આત્માનું કાર્ય જ્ઞાનીને થતું નથી; તે વખતે જ તેનાથી ભિન્ન એવા નિશ્ચય શ્રધ્ધા-જ્ઞાનાદિ પોતાના આત્માના અવલંબને તેને વર્તે છે. અને તે જ મોક્ષમાર્ગ છે. આવા નિરપેક્ષ નિશ્ચય સહિત જે વ્યવહાર હોય તે વ્યવહાર વ્યવહાર તરીકે સાચો છે.

(૨) કોઈ ઘટતી ઘટના નથી, કોઈ મળી જતો પદાર્થ નથી, કોઈ પદવી નથી, કોઈ રિધ્ધિ, સિધ્ધિ કે સંપત્તિ નથી પણ આત્માની એક દશા છે. સર્વથા સ્વભાવ-પરિણતિમાં પરિણમી જવું તે મોક્ષ છે. પરિણતિના પરિણમનનો પ્રારંભ નિજપદની પ્રાપ્તિથી થાય છે.

મોક્ષ, મોક્ષનું ફળ અને મોક્ષ પ્રાપ્તિનું કારણ :મોક્ષ એટલે શુધ્ધ સહજ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ મોક્ષ છે. મોક્ષનું ફળ એટલે કેવળ જ્ઞાન, કેવળ દર્શન, અનંત સુખ અને અનંત વીર્યરૂપ અનંત ચતુષ્ટયનું પ્રગટવું તે રૂપ મોક્ષ ફળ છે. અને મોક્ષમાર્ગ એટલે નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સમ્ક્ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિ તે મોક્ષ પ્રાપ્તિનું કારણ છે.

મોક્ષતત્ત્વ :અશુદ્ધ અવસ્થાનો સર્વથા-સંપૂર્ણ નાશ થઈ આત્માના પૂર્ણ શુદ્ધ પર્યાયનું પ્રગટ થવું તે ભાવમોક્ષ છે. અને તે સમયે પોતાની યોગ્યતાથી દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશથી અશ્વયંત અભાવ થવો તે દ્રવ્યમોક્ષ છે.

મોક્ષતત્ત્વનું સાધન તત્ત્વ :શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગ રૂપ છે

મોક્ષતત્વની ભૂલ :પૂર્ણ નિરાકુળ આત્મિક સુખની પાપ્તિ અર્થાત જીવની સંપૂર્ણ શુધ્ધતા તે મોક્ષનું સ્વરૂપ છે અને તે જ ખરું સુખ છે પણ અજ્ઞાની તેમ માનતો નથી.

મોક્ષ થતાં તેજમાં તેજ મળી જાય અથવા ત્યાં શરીર ઈન્દ્રિયો અને તેનાં વિષયો વિના સુખ કેમ હોઈ શકે? ત્યાંથી ફરી અવતાર લેવો પડે વગેરે. એમ મોક્ષ દશામાં નિરાકુળપણું માનતો નથી તે મોક્ષતત્વની વિપરીત શ્રધ્ધા છે.

મોક્ષદશા :આત્માની અવસ્થામાં વિકાર રહિત સર્વથા નિર્મળપણું તેનું નામ મોક્ષદશા છે.

મોક્ષનું કારણ :નિશ્ચય-વ્યવહાર રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ

મોક્ષનું ફળ :કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયનું પ્રગટવું તે રૂપ મોક્ષનું ફળ છે. (૨) ભગવાન કુન્દકુન્દાચાર્ય જગત પાસે જાહેર કરે છે કે વિકાર અને ગુણના પ્રકારના ભેદ રહિત એકલો જ્ઞાયક છું એવી દૃષ્ટિ વડે અખંડ સ્વભાવની શ્રધ્ધા કરવી તે જ મોક્ષનું મૂળ છે. વ્યવહાર સમજાવવા માટે બીજા પદાર્થો છે તેનાથી આત્માને જુદો દેખાડવા માટે કથનથી ગુણગુણીના ભેદ પાડે, પણ વસ્તુને અખંડ જ્ઞાયકપણે જોતાં તેના અનંતગુણ એકરૂપ અનુભવમાં આવે છે, તેમાં વિકલ્પ નથી, બુધ્ધિપૂર્વક વિકલ્પનો ખ્યાલ પણ નથી, એવી શ્રધ્ધાનું જોર તે પ્રથમ જ ધર્મનો ઉપાય છે ને તે જ મુક્તિનું કારણ છે.

મોક્ષના પ્રકાર :શ્રી જયસેનાચાર્ય દેવ વીતરાગી સંત મુનિવર કહે છે- મોક્ષના બે પ્રકાર છે. એક શક્તિરૂપ મોક્ષ, બીજો વ્યકિતરૂપ મોક્ષ. ત્યાં પર્યાયમાં પરિણમન થઈને આત્માનો પૂર્ણ લાભ વ્યકતરૂપે પ્રાપ્ત થવો તે વ્યકિતરૂપ મોક્ષ છે. અને જે વસ્તુ જે શુધ્ધ પારિણામિક સ્વભાવે છે તે શકિતરૂપ મોક્ષ ત્રિકાળ છે. ત્રિકાળ પરમ સ્વભાવરૂપ જે શુધ્ધ શક્તિરૂપ મોક્ષ છે. તેમાં મોક્ષ કરવો છે એમ નથી.

એ તો પ્રથમથી જ મોક્ષ સ્વરૂપ છે અને તેનો આશ્રય કરીને પર્યાય જે પરિપૂર્ણ સ્વભાવે પ્રગટ થાય તે વ્યકિતરૂપ મોક્ષ છે.

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એમ અનંત ચતુષ્ટય પ્રગટ થતાં તે વ્યકતરૂપ મોક્ષ છે અને તે મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. એ મોક્ષ દ્રવ્યથી પ્રાપ્ત ન થાય એમ અહીં કહેવું છે, પર્યાયમાં જે મોક્ષ થાય છે એ મોક્ષમાર્ગના કારણથી થાય છે, પર પદાર્થ એનું કારણ નથી, તેમ ત્રિકાળી દ્રવ્ય પણ એનું કારણ નથી. વાસ્તમાં તો તે તે પર્યાયનું શુધ્ધ ઉપાદાન જ તે પર્યાયનું (મોક્ષનું) કારણ છે.

મોક્ષમાર્ગની પર્યાયને અહીં મોક્ષનું કારણ કહ્યું છે. એ પણ અપેક્ષાથી વાત છે. મોક્ષમાર્ગની જે પર્યાય છે તે વ્યય થઈને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે, પણ એમ નથી કે જોર કરીને તે મોક્ષની પર્યાયને ઉત્પન્ન કરી દે છે વા કરાવી દે છે. આવી વાત છે.

આત્માનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ અને એના આશ્રયે પ્રગટ થતો મોક્ષમાર્ગ સમજાવીને અહો! આચાર્ય ભગવાને અંતરનો ખજાનો ખોલી દીધો છે. હે ભાઈ! તારો ચૈતન્ય ખજાનો અંદર મોક્ષ સ્વભાવથી ભરપૂર છે. એમાં અંદર ઉતરીને એમાંથી જોઈએ એટલું કાઢઃ સમ્યગ્દર્શન કાઢ, સમ્યગ્જ્ઞાન કાઢ, સમ્યક્ચારિત્ર કાઢ, કેવળ જ્ઞાન કાઢ અને મોક્ષ કાઢ. અહા! સદા કાળ એમાંથી પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ લીધા ન કર; તારો ખજાનો ખૂટે એમ નથી. અહા! તારું આત્મ દ્રવ્ય અવિનાશી અનંતગુણ સ્વભાવથી ભરેલું અહા મોક્ષસ્વરૂપ જ છે. તું છો મોક્ષ સ્વરૂપ. અહા! આવા નિજ સ્વભાવનું જ્ઞાન-શ્રધ્ધાન થયું તેને મોક્ષ પ્રગટતા શી વાર ! જેણે અંતરમાં શક્તિરૂપ મોક્ષ ભાળ્યો તેને મોક્ષના ભણકાર આવી ગયા ને તેને અલ્પકાળમાં જ વ્યકિતરૂપ મોક્ષ થાય છે.

વસ્તુ-ધ્રુવ આત્મ દ્રવ્ય શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે, અને એના આશ્રયે વ્યકિતરૂપ મોક્ષ નવો પ્રગટે છે. પર્યાયમાં મિથ્યાત્વ હો કે સમ્યકત્વ હો, બંધન હો કે મોક્ષ હો; દ્રવ્ય સ્વભાવ તો ત્રિકાળ મોક્ષ સ્વરૂપ જ છે, તેમાં બંધન નથી, આવરણ નથી, અશુધ્ધતા નથી કે અલ્પતા નતી. અહાહા....! વસ્તુ તો સદા પરિપૂર્ણ જ્ઞાનધન-આનંદધન પ્રભુ મોક્ષ સ્વરૂપ જ છે, અહા...! આવા નિજ સ્વભાવનું અંતર્મુખ થઈને ભાન કરનારને પર્યાયમાં બંધન ટળીને પૂરણ શુધ્ધ મોક્ષદશા થવા માંડે છે. અહો! આવો અલૌકિક મોક્ષનો માર્ગ છે અને એનું નામ ધર્મ છે.

મોક્ષની પર્યાય કેમ પ્રગટે ? :અનાદિથી ચૈતન્ય પરમ પારિણામિક પરમ સ્વભાવરૂપ છે તેને નહિ માનતાં, પરને પોતાનું માનવા રૂપ ઊંધી માન્યતા, પરને પોતાનું જાણવારૂપ અજ્ઞાન ને પરમાં સ્થિર થવારૂપ અવિરતિ એમ આત્માની અવસ્થામાં ત્રણ પ્રકારનો પરિણામ વિકાર દેખવો; આત્માની વિકારી અવસ્થા આત્માથી થાય છે. તેમ દેખો. નિર્મળ અવસ્થા થવાનું સામર્થ્ય હોવા છતાં તેને ભૂલીને ત્રણ પ્રકારનો આત્મામાં પરિણામ વિકાર થાય છે.

તો પણ વિકારને ટાળવાનું સામર્થ્ય પોતામાં ભર્યું છે તેને ઓળખીને તેમાં સ્થિર થાય તો વિકારનો નાશ થાય અને મોક્ષની શુધ્ધ પર્યાય પ્રગટે.

મોક્ષની પર્યાય પ્રગટવાનું કારણે :સર્વજ્ઞ ભગવાનની વાણીમાં અનેક જાતનો વ્યવહાર આવે છે. આ વ્યવહાર ન માને તો જ્ઞાન ખોટું અને નિશ્ચય સ્વરૂપ ન માને તો શ્રધ્ધા ખોટી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવી શ્રધ્ધા, તેવું જ્ઞાન અને તેવું જ આચરણ કરવાથી મોક્ષ પર્યાય પ્રગટે છે.

મોક્ષની પ્રાપ્તિ માટે શુ કરવું ? :અંતર્મુખ દષ્ટિ કરી ભેદજ્ઞાન કર. અંતર્મુખ દષ્ટિ વડે જ ભેદજ્ઞાન થાય છે. ભેદજ્ઞાન વડે જ અંદર શુધ્ધ નિશ્ચય પરમાર્થ વસ્તુ-આત્મ પદાર્થ પોતે છે તેનો અનુભવ થાય છે. આનું જ નામ ધર્મ છે ને આનું જ નામ મોક્ષનો ઉપાય છે. અનાદિ કાળનું ભવભ્રમણ મટાડવાનો આ જ એક ઉપાય છે.

મોક્ષનો પંથ :અનંત કાળથી જીવે બધું કર્યું છે પણ વિકારી ભાવથી છૂટા પડવાનો પ્રયત્ન કર્યો નથી. અવિકારી સબંધ સ્વરૂપ આત્માને સમજયે જ મોક્ષનો પંથ પ્રગટે છે. મોક્ષને સાધવા રૂપ દોરી હાથમાં આવે છે; સમ્યગ્જ્ઞાન થતાં જ આસ્રવોથી ભેદજ્ઞાન થાય છે.

મોક્ષનો માર્ગ :સમ્યક્ત્વ જ્ઞાનયુકત ચારિત્ર કે જે રાગદ્વેષ રહિત હોય તે જેમણે બુદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા ભવ્ય જીવોને, ક્ષીણકષાયપણું હોતાં જ મોક્ષનો માર્ગ હોય છે. (૨) સર્વ વિરતિપણું

મોક્ષનો રાજમાર્ગ :સર્વવિરતિપણું

મોક્ષભાવ :નિજસ્વરૂપમાં વાસ

મોક્ષમાં આત્મા કયા રૂપે રહે છે? :મુક્તિ અવસ્થામાં આત્મા પરસંયોગ રહિત સ્વસ્વભાવમાં વ્યવસ્થિત, નિસ્તરંગ સમુદ્રસમાન, સર્વ પ્રકારની ઉત્સુકતાથી રહિત, સર્વથા કલેશવર્જિત, કૃતકૃત્યૃ નિષ્કલંક નિરાબાધ અને સદા આનંદરૂપ રહે છે. - એ જ પરબ્રહ્મનું સ્વરૂપ છે.

મોક્ષ પામેલો જીવ કયા રૂપે રહે છે. એનું આ બહુ જ સુંદર અને સરસ વ્યાપક સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. અને તે એ છે કે મુક્તાત્મા સમસ્ત પર સંબંધોથી રહિત થઇ પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવમાં પૂર્ણપણે વ્યવસ્થિત રહે છે. નિસ્તરંગ સમુદ્ર સમાન સમસ્ત રાગાદિ વિકલ્પોથી શૂન્ય રહે છે. કોઇ પણ પ્રકારનું દુઃખ કલેશ કદી તેમની પાસે ફરકી શકતું નથી. તેમનું કોઇપણ પ્રયોજન સિધ્ધ થવા માટે બાકી નથી રહેતું. દ્રવ્ય-ભાવાદિરૂપે સર્વ પ્રકારના મળ અને વિકારોથી રહિત થાય છે. તે કોઇને કોઇ બાધા પહોંચાડતા નથી, અને ન તેમને કોઇ કોઇ પ્રકારની બાધા પહોંચાડી શકે છે તે પોતાના સ્વરૂપમાં મગ્ન થયા થકા સદા આનંદમય રહ્યા કરે છે. કારણ કે તેનાથી અધિક સુંદર અને સ્પૃહણીય બીજું કોઇ પણ રૂપ વિશ્વમાં કયાંય નથી-આખું વિશ્વ તેના જ્ઞાનમાં ઝળકે છે.

મોક્ષમાં જીવનો સદ્ભાવ છે તેનાં કારણો :

(૧) દ્રવ્ય, દ્રવ્યપણે શાશ્વત છે,
(૨) નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે.
(૩) દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (થવા યોગ્ય, પરિણામવા યોગ્ય) છે,
(૪) દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય (નહિ થવા યોગ્ય) છે,
(૫) દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે.
(૬) દ્રવ્ય સદ્રવ્યથી સદા અશૂન્ય છે,
(૭) કોઈ જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન અને કોઈકમાં સાંત જ્ઞાન છે,
(૮) કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને કોઈકમાં સાંત અજ્ઞાન છે. આ બધું અન્યથા નહિ ઘટતું થકું, મોક્ષમાં જીવના સદ્ભાવને જાહેર કરે છે.

(મોક્ષમાં જીવની હયાતી જ ન રહેતી હોય તો ઉકત આઠ ભાવો ઘટે જ નહિ. જો મોક્ષમાં જીવનો અભાવ જ થઈ જતો હોય તો

(૧) દરેક દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે-એ વાત કેમ ઘટે ?
(૨) દરેક દ્રવ્ય નિત્ય રહીને તેમાં પર્યાયોનો નાશ થયા કરે છે-એ વાત કેમ ઘટે ?
(૩ થી ૬) દરેક પર્યાય સર્વદા અનાગત પર્યાયો ભાવ્ય, સર્વદા અતીત પર્યાયે અભાવ્ય, સર્વદા પરથી શૂન્ય અને સર્વદા સ્વથી અશૂન્ય છે-એ વાતો કેમ ઘટે ?
(૭) કોઈક જીવમાં દ્રવ્યમાં અનંત જ્ઞાન છે -એ વાત કેમ ઘટે ?

(૮) કોઈક જીવદ્રવ્યમાં સાંત અજ્ઞાન છે (અર્થાત્ જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાન પરિણામનો અંત આવે છે.) એ વાત કેમ ઘટે ? માટે આઠ ભાવો દ્વારા મોક્ષમાં જીવની હૈયાતી સિદ્ધ થાય છે.)

૧. જે સમ્યક્ત્વથી ચ્યુત છવાનો ન હોય એવા સમ્યક્ત્વી જીવને અનંત જ્ઞાન છે અને જે ચ્યુત થવાનો હોય એવા સમ્યક્ત્વી જીવને સાત જ્ઞાન છે.

૨. અભવ્ય જીવને અનંત અજ્ઞાન છે અને જેને કોઈ કાળે પણ જ્ઞાન થવાનું છે એવા અજ્ઞાની ભવ્ય જીવને સાંત અજ્ઞાન છે.

મોક્ષમાર્ગ :અનાદિ-અનંત સદા એકરૂપ પરમ સ્વભાવ ભાવસ્વરૂપ નિજપરમાત્મદ્રવ્ય તે ધ્રુવ ત્રિકાળ છે, તે મોક્ષમાર્ગ તે પરમ સ્વભાવભાવના આશ્રયે પ્રગટેલી વર્તમાન પર્યાય છે. એક ત્રિકાળભાવને એક વર્તમાન પર્યાયભાવ; આવા દ્રવ્ય પર્યાયરૂપ બંને સ્વભાવો વસ્તુમાં એક સાથે છે, વસ્તુ કદી પર્યાય વગરની હોય નહિ; દરેક સમયે તે નવી નવી પર્યાય પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવભાવમાં ઢળેલી હોય તો તે મોક્ષનું કારણ છે, ને બર્હિમુખ પરભાવમાં ઢળેલી હોય તો તે બંધનું કારણ છે, આમ બંધ-મોક્ષથી રમતું તારી પર્યાયમાં સમાય છે. બીજું કોઈ તારા બંધ મોક્ષનું કારણ નથી. પોતાના પરમ સ્વભાવમાં એકાગ્ર થઈને આનંદને અનુભવનારી ધ્રુવમાં ઢળેલી ને ધ્રુવમાં ભળેલી જે દશા થાય તે મોક્ષમાર્ગ છે અને તે ધર્મ છે. ધ્રુવ સામાન્યને ધ્યેયમાં લઈને જે દશા પ્રગટી તે નવી છે; ધ્રુવ નવું નથી પ્રગટયું પણ નિર્મળ અવસ્થા નવી પ્રગટી છે, ને તે વખતે મિથ્યાત્વાદિ જજૂની અવસ્થાનો નાશ થયો છે. નાશ થવું ને નવું ઉપજવું તે પર્યાયધર્મ છે તે ટકી રહેવું તે દ્રવ્ય સ્વરૂપ છે. આવી વસ્તુ દ્રવ્ય પર્યાય સ્વરૂપ છે. અહો દ્રવ્ય અને પર્યાયનું આવું અલૌકિક અન્ય સ્વરૂપ સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જોઈએ ઉપદેશ્યું છે. અહા! આને સમજતાં તો તું ન્યાલ થઈ જાય અને તેના ફળમાં કેવલજ્ઞાન ફળે એવી આ અલૌકિક વાત છે. (૨) સહજાનંદમય નિજ શુધ્ધ ચૈતન્યમય આત્મામાં લીન થવું એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રમય શુધ્ધ રત્નત્રય છે. (૩) જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. જીવ સ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે. જ્ઞાનદર્શનનું(જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે વિશેષચૈતન્ય અને સામાન્ય ચૈતન્ય જેનો સ્વભાવ છે એવા જીવથી તેઓ નિષ્પન્ન છે. (અર્થાત્ જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે.) હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં નિયતઅવસ્થિત એવું જે ઉત્પાદ્વ્યયધ્રૌવ્યરૂપ' વૃત્તિમય અસ્તિત્વ તે જે રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે-તે ચારિત્ર છે, તે જ મોક્ષમાર્ગ છે.

સંસારીઓમાં ચારિત્ર ખરેખર બે પ્રકારનું છેઃ-

(૧) સ્વચારિત્ર અને (૨) પરચારિત્ર,

(૧) સ્વસમય અને (૨) પરસમય એવો અર્થ છે. ત્યાં સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે સ્વચારિત્ર છે અને પરભાવમાં અવસ્થિત અસ્તિત્વસ્વરૂપ (ચારિત્ર) તે પરસારિત્ર છે. જેમાંથી (અર્થાત્બે પ્રકારના ચારિત્રમાંથી) સ્વભાવમાં અવસ્થિત અસ્ત્વિરૂપ ચારિત્ર - કે જે પરભાવમાં અવસ્થિત અસ્તિત્વથી ભિન્ન હોવાને લીધે અત્યની અનિંદિત છે તે અહીં સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે અવધારવું.

(આ જ ચારિત્ર પરમાર્થ શબ્દથી વાચ્ય એવા મોક્ષનું કારણ છે. અન્ય નહિ -એમ નહિ જાણતાં થકા, મોક્ષથી ભિન્ન એવા અસાર સંસારના કારણભૂત મિથ્યાત્વરાગાદિમાં લીન વર્તતા થકા આપણો અનંત કાળ ગયો, આમ જાણીને તે જ જીવસ્વભાવ નિયત ચારિત્રની કે જે મોક્ષના કારણભૂત છે તેની- નિરંતર ભાવના કરેલી યોગ્ય છે. આ પ્રમાણે સૂત્રતાત્પર્ય છે.)

(૪) સ્વભાવમાં અવસ્થિત અસ્તિત્ત્વરૂપ ચારિત્ર તે સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. સંસારી જીવ, (દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાન દર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (નિશ્ચયપણે રહેલો) હોવા છતાં જયારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરાગયુકત

ઉપયોગવાળો (અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે. ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપ પણું (અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે વિવિધ પ્રકારના ગુણપર્યાયપણું હોય છે તે પર સમય અર્થાત્ પર ચારિત્ર છે, તે જ (જીવ) જયારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અશ્વયંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે નિશ્ચિત ગુણપર્યાયપણું હોય છે તે સ્વ સમય અર્થાત્ સ્વચરિત્ર છે. હવે, ખરેખર જો કોઈ પણ પ્રકારે સમ્યગ્જ્ઞાન જયોતિ પ્રગટ કરીને ઝીવ પર સમયને છોડી સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે, જેથી ખરેખર (એમ નકકી થાય છે કે) જીવસ્વભાવંમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. (૫) (•) આગમજ્ઞાન(•) તે-પૂર્વક તત્ત્વાર્થ શ્રદ્ધાન અને (•) તે બન્ને-પૂર્વક સંયતપણું-એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે. (૬) પોતાના આત્માની શુદ્ધિનો પંથ-રસ્તો-માર્ગ-ઉપાય. તેને અમૃતમાર્ગ, સ્વરૂપમાર્ગ અથવા કલ્યામમાર્ગ પણ કહેવાય છે. (૭) મોક્ષનું કારણ (૮) સંસારી જીવ (દ્રવ્ય અપેક્ષાએ) જ્ઞાન દર્શનમાં અવસ્થિત હોવાને લીધે સ્વભાવમાં નિયત (નિશ્ચયપણે રહેલો) હોવા છતાં, જયારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરકત ઉપયોગવાળો (અશુદ્ધ ઉપયોગવાળો) હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપણુમું (અનેકરૂપપણું) ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયત ગુણ પર્યાયપણું હોય છે તે પર સમય અથાત્ પરચારિત્ર છે, તે જ (જીવ) જયારે અનાદિ મોહનીયના ઉદયને અનુસરતી પરિણતિ કરવી છોડીને અત્યંત શુદ્ધ ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવનું એકરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે નિયત ગુણપર્યાયપણું હોય છે તે સ્વસમય અર્થાત્ સ્વચારિત્ર છે.

હવે, ખરેખર જો કોઈપણ પ્રકારે સમ્યગ્જ્ઞાન જયોતિ પ્રકટ કરીને જીવ પર સમયને છોડીને સ્વસમયને ગ્રહણ કરે છે તો કર્મબંધથી અવશ્ય છૂટે છે, જેથી ખરેખર (એમ નકકી થાય છે કે) જીવ સ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. (૯) મોક્ષમાર્ગ એ અગમ્ય તેમજ સરળ છે.

અગમ્ય :- માત્ર વિભાવદશાને લીધે મતભેદો પડવાથી કોઈ પણ સ્થળે મોક્ષમાર્ગ સમજાય તેવું રહ્યું નથી, અને તેને લીધે વર્તમાનમાં અગમ્ય છે. માણસ મરી ગયા પછી અજ્ઞાન વડે નાડ ઝાલીને વૈદાં કરવાનાં ફળની બરાબર મતભેદ પડવાનું ફળ થયું છે. અને તેથી મોક્ષમાર્ગ સમજાય તેમ નથી.

સરળ :- મતભેદની કડાકૂટ જવા દઈ, આત્મા અને પુદ્ગલ વચ્ચે વહેંચણી કરી, શાંતપણે આત્મા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે, અને દૂર નથી. જેમ કે એક ગ્રંથ વાંચતાં કેટલોક વખત જાય તે તેને સમજતાં વધારે વખત જવો જોઈએ, તે પ્રમાણે અનેક શાસ્ત્રો છે, તે એકેક વાંચ્યાં પછી તેનો નિર્ણય કરવા માટે બેસવામાં આવે તો તે હિસાબે પૂર્વાદિકનું જ્ઞાન અને કેવળજ્ઞાન કેમે પ્રાપ્ત થાય નહીં, અર્થાત્ તેમ ભણવામાં આવતાં હોય તો કોઈ દિવસ પાર આવે નહી, પણ તેની સંકલના છે, ને તે શ્રી ગુરુદેવ બતાવે છે કે અંતર્મુહૂર્તમાં મહાત્માઓ તે પ્રાપ્ત કરે છે.

આ જીવે નવ પૂર્વ સુધી જ્ઞાન મેળવ્યું તો પણ કાંઈ સિદ્ધિ થઈ નહીં, તેનું કારણ વિમુખ દશાએ પરિણમવાનું છે. જો સન્મુખ દશાએ પરિણમ્યા હોય તો તત્ક્ષણ મુકત થાય.

પરમ શાંત રસમય ભગવતી આરાધના જેવા એક જ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયું હોય તો બસ છે, કારણ કે આ આરા-કાળમાં તે સહેલું સરલ છે. (૧૦) (•) આગમજ્ઞાન (•) તત્પૂર્વક તત્ત્વાર્થ શ્રધ્ધાન અને (•) તે બન્નેપૂર્વક સંયતપણું -એ ત્રણેનું સાથે હોવું તે જ મોક્ષમાર્ગ છે. (૧૧) આત્મ આત્માને જાણી-શ્રધ્ધી આત્મામાં જ વર્તે એ જ મોક્ષ માર્ગ છે. (૧૨) રાગથી આઘો ખસીને જ્ઞાન વડે અંતરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે શુધ્ધ આત્માના અપૂર્વ અનુભવસહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે. (૧૩) અંતરના આશ્રયે રાગ રહિત રુચિ થઈ અંતર સ્થિરતા થાય તે સાચો મોક્ષમાર્ગ છે. ત્યારે કર્મરૂપી પ્રતિબંધનો અભાવ છે ને બીજી સહકારી સામગ્રીનો સદ્ભાવ હોય છે, મોક્ષદશામાં શરીરની નગનદશાનો નિયમ છે. મોક્ષદશામાં મનુષ્યપણું, બાદરપણું,ઉત્તમ સંહનન વગેરે સહકારી સમર્થ

કારણ છે. આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. તેના હોવાથી મોક્ષરૂપ કાર્ય સિધ્ધ થાય જ. ને આ વિના સર્વથા કાર્ય ન થાય. અને એ વખતે તેને પ્રતિબંધક કર્મનો અભાવ ન હોય એમ બને નહિ.

અહીં ત્રણ કારણ કહ્યા

(૧) મોક્ષ વખતે નિમિત્તકારણરૂપે નગ્ન દશા હોય જ એમ કહ્યું

(૨) મોક્ષ થતી વખતે તપનું નિમિત્ત કારણ કહ્યું પણ તે હોય જ એવો નિયમ નથી. ને

(૩) ત્રીજું ઉપાદાન કારણ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું કારણ હોય જ છે.

(૧૩) નિજ પરમાત્મ દ્રવ્યના આશ્રયે મોક્ષમાર્ગ છે, પરના આશ્રયે મોક્ષમાર્ગ નથી. શું કીધું ? આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ત્રણે સ્વાશ્રિત પરિણામ છે, તેમાં પરનું કે રાગનું અવલંબન જરાય નથી. તે ત્રણેય ભાવો શુધ્ધાત્માભિમુખ છે ને પરથી વિમુખ છે. આ રીતે મોક્ષમાર્ગ અત્યંત નિરપેક્ષ છે, પરમ ઉદાસીન છે. જેટલા પર સન્મુખના પરાશ્રિત રાગાદિ વ્યવહારભાવો છે તે કોઈ પણ મોક્ષમાર્ગ નથી. સ્વાભિમુખ સ્વાશ્રિત પરિણામમાં વ્યવહારના રાગની ઉત્પતિ જ થતી નથી. માટે તે રાગાદિ ભાવો મોક્ષ માર્ગ નથી; જે સ્વાશ્રિત નિર્મળ રત્નત્રયરૂપ ભાવ છે તે જ મોક્ષમાર્ગ છે. અને તે જ ધર્મ છે. તેને જ આગમ ભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહેવામાં આવેલ છે.

એ તો પ્રથમથી જ મોક્ષ સ્વરૂપ છે અને તેનો આશ્રય કરીને પર્યાય જે પરિપૂર્ણ સ્વભાવે પ્રગટ થાય તે વ્યકિતરૂપ મોક્ષ છે.

અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એમ અનંત ચતુષ્ટય પ્રગટ થતાં તે વ્યકતરૂપ મોક્ષ છે અને તે મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. એ મોક્ષ દ્રવ્યથી પ્રાપ્ત ન થાય એમ અહીં કહેવું છે, પર્યાયમાં જે મોક્ષ થાય છે એ મોક્ષમાર્ગના કારણથી થાય છે, પર પદાર્થ એનું કારણ નથી, તેમ ત્રિકાળી દ્રવ્ય પણ એનું કારણ નથી. વાસ્તમાં તો તે તે પર્યાયનું શુધ્ધ ઉપાદાન જ તે પર્યાયનું (મોક્ષનું) કારણ છે.

મોક્ષમાર્ગની પર્યાયને અહીં મોક્ષનું કારણ કહ્યું છે. એ પણ અપેક્ષાથી વાત છે. મોક્ષમાર્ગની જે પર્યાય છે તે વ્યય થઈને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે, પણ એમ નથી કે જોર કરીને તે મોક્ષની પર્યાયને ઉત્પન્ન કરી દે છે વા કરાવી દે છે. આવી વાત છે.

આત્માનો ત્રિકાળી ધ્રુવ સ્વભાવ અને એના આશ્રયે પ્રગટ થતો મોક્ષમાર્ગ સમજાવીને અહો! આચાર્ય ભગવાને અંતરનો ખજાનો ખોલી દીધો છે. હે ભાઈ! તારો ચૈતન્ય ખજાનો અંદર મોક્ષ સ્વભાવથી ભરપૂર છે. એમાં અંદર ઉતરીને એમાંથી જોઈએ એટલું કાઢઃ સમ્યગ્દર્શન કાઢ, સમ્યગ્જ્ઞાન કાઢ, સમ્યક્ચારિત્ર કાઢ, કેવળ જ્ઞાન કાઢ અને મોક્ષ કાઢ. અહા! સદા કાળ એમાંથી પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ લીધા ન કર; તારો ખજાનો ખૂટે એમ નથી. અહા! તારું આત્મ દ્રવ્ય અવિનાશી અનંતગુણ સ્વભાવથી ભરેલું અહા મોક્ષસ્વરૂપ જ છે. તું છો મોક્ષ સ્વરૂપ. અહા! આવા નિજ સ્વભાવનું જ્ઞાન-શ્રધ્ધાન થયું તેને મોક્ષ પ્રગટતા શી વાર ! જેણે અંતરમાં શક્તિરૂપ મોક્ષ ભાળ્યો તેને મોક્ષના ભણકાર (૧૪) ભગવાન આત્મા ત્રિકાળી પ્રભુ એક સમયની પર્યાય વાળો પણ નથી. એ તો સહજ અનંતજ્ઞાન, અનંત સુખામૃત, અનંતચિત્શક્તિ ને ત્રિકાળ શ્રધ્ધાથી ભરપૂર ભરેલો ભગવાન છે. એવા નિજ આત્મ સ્વરૂપને ભાવવું-અનુભવવું, અર્થાત એમાં એકાગ્રતા ને રમણતા-લીનતા કરવી. અહીં ભાવવો એટલે વિકલ્પ કરવો એમ વાત નથી પણ પ્રથમ તેને શ્રધ્ધામાં લઈને જ્ઞેય બનાવીને પછી તેમાં રમવું-લીન થવું એમ વાત છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ને આ મોક્ષમાર્ગ છે. (૧૫) આત્માનાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. (૧૬) મોક્ષનો પ્રથમમાં પ્રથમ ઉપાય આત્મામાં ભેદજ્ઞાન જયોતિ પ્રગટ કરવી તે છે; તેને સમ્યગ્જ્ઞાન જયોતિ કહે છે. જેમ અંધકારના કારણે બધી ચીજ જુદી જુદી જણાય નહિ તેમ અજ્ઞાનરૂપી અંધકારમાં મન, વાણી, દેહ, પુણ્ય, પાપ વગેરે આત્માથી જુદા છે તે જુદા જણાય નહીં, પણ ભેદજ્ઞાન પરથી

જુદાપણાનો બોધનો ઉદય (પ્રગટ) થવાથી સર્વ પર દ્રવ્યોથી છૂટી નિરાવલંબી થઈ દર્શનજ્ઞાન સ્વભાવમાં જીવ પ્રવર્તે છે. મન, વાણી, દેહ, પુણ્ય, પાપ, રાગ વગેરે હું નથી એવી જે શ્રધ્ધા થાય ત્યારે શ્રધ્ધામાં 'પરથી છૂટવું' થયું. અહીં તો હજી મોક્ષદશા કેમ પ્રગટ થાય તેની શ્રધ્ધા એટલે ઓળખાણ કરવાની વાત છે. (૧૭) દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ (૧૮) પોતાના આત્માની શુધ્ધિનો પંથ-રસ્તો-માર્ગ-ઉપાય અમૃતમાર્ગ; સ્વરૂપમાર્ગ; કલ્યાણમાર્ગ. (૧૯) વસ્તુસ્થિતિ જેમ છે તેમ જાણવાપણે રહેનારો હું તો એક જ્ઞાયકભાવ માત્ર આત્મા છું-એમ પોતાને જાણવો; અનુભવવો તે મોક્ષમાર્ગ છે. (૨૦) નિજ શુધ્ધ પરમાત્મ સ્વભાવમાં પરમ સમરસીભાવે પરિણમવાથી આત્મા જ મોક્ષમાર્ગ છે, અને ઉપાદેયરૂપ અતીન્દ્રિય સુખનો સાધક હોવથી આત્મા જ ઉપાદેય છે.

મોક્ષમાર્ગ પ્રપંચસૂચક :મોક્ષમાર્ગનો વિસ્તાર જણાવનારી, મોક્ષમાર્ગને વિસ્તારથી કહેનારી, મોક્ષમાર્ગનું વિસ્તૃત કથન કરનારી

મોક્ષમાર્ગનું ઉત્કૃષ્ટ સાધન :અજ્ઞાનીને ક્રમાનુસાર તથા બળતપરૂપી ઉદ્યમથી કર્મ પાકે છે અને જ્ઞાનીને તો જ્ઞાનીપણાને લીધે વર્તતા ત્રિગુપ્તપણારૂપ પ્રચંડ ઉદ્યમથી કર્મ પાકે છે; તેથી જે કર્મ અજ્ઞાની અનેક શત-સહર્ષ-કોટિ ભવો પડે, મહા કષ્ટથી, ઓળંગી જાય છે. તે જ કર્મ જ્ઞાની ઉચ્છ્વાસ માત્ર વડે જ રમતમાત્રથી જ નષ્ટ કરે છે. વળી અજ્ઞાનીને તે કર્મ, સુખ દુઃખાદિ વિકાર રૂપ પરિભ્રમણને સાથે ફરીને નૂતન કર્મરૂપ સંતતિ મૂકતું જાય છે. અને જ્ઞાનને તો સુખદઃઆદિ વિકારરૂપ થી પરિણમન નહિ હોવાથી તે કર્મરૂપ સંતતિ મુકતું જતું નથી. માટે આત્મજ્ઞાન જ મોક્ષમાર્ગનું સંતુષ્ટ સાધન છે.

મોક્ષમાર્ગનું સ્વરૂપ :નિરપેક્ષ, નિર્વિકારી જ્ઞાપક સ્વભાવને યર્થાય ન્યાયથી લક્ષમાં લીધો તેના જોરે વિકારનો નાશ થાય છે, પણ વિકારને લક્ષે કે નિર્મઈ અવસ્થાને લક્ષે રોગનો નાશ થતો નથી. આવી શ્રધ્ધારૂપ યર્થાથ સ્વરૂપનો નિશ્ચય જેને હોય છે તેને તો વર્તમાન અવસ્થાનો બરાબર વિવેક હોય જ; છતાં અહીં વ્યવહારનો વિશેષ ખુલાસો કરવા માટે ઉપદેશમાં વ્યવહારથી કહેવું પડે કે, તું અશુભ રાગ છોડવા માટે શુભભાવનો ટેકો લે. વળી બીજો આશય એ છે કે કોઈ અગિયારમી ગાથાનો આશય ન સમજે અને એકલું અખંડ તત્ત્વ છે, અવસ્થા નથી એમ માની વ્યવહારનું જ્ઞાન ન કરે તો પુરુષાર્થ કરી શકે નહિ માટે નિશ્ચય અને વ્યવહારની અવિરોધી સંધિથી મોક્ષમાર્ગનું સ્વરૂપ બન્ને ગાથામાં સમજાવ્યું છે.

આ સમજ્યા વિના વ્યવહારની પકડ કરે તો તત્ત્વની શ્રધ્ધાનો નાશ થાય, અવસ્થાના પ્રકાર ન જાણે તો મોક્ષમાર્ગનો નાશ થાય; એટલે જે કોઈ વ્યવહાર ન માનતો હોય તેને ચોખવટથી સમજાય તે માટે આ બારમી ગાથા છે.

મોક્ષમાર્ગના ભકતો :આરાધકો; ઉપાસકો

મોક્ષમાર્ગના વિરોધી :કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્રની શ્રધ્ધા, જ્ઞાન અને તે રૂપ આચરણ તે મિથ્યા શ્રધ્ધા-જ્ઞાન ચારિત્ર છે. અને તે દુઃખરૂપ છે.

મોક્ષાયતન :મોક્ષનું સ્થાન

મોક્ષાખ્ય :મોક્ષ નામથી કહેવાતો

મોક્ષાયતન :મોક્ષનું સ્થાન

મોક્ષાર્થીનું પ્રથમ કર્તવ્ય :આગમ વિના પદાર્થોનો નિશ્ચય થતો નથી , પદાર્થોના નિશ્ચય વિના અશ્રકાજનિત તરલતા, પરકર્તૃત્વાભિલાષાજનિત ક્ષોભ અને પરભોકતૃત્વભિલાષાજનિત અસ્થિરતાને લીધે એકાગ્રતા થતી નથી, અને એકાગ્રતા વિના એક આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન-વર્તનરૂપે પ્રવર્તતી શુદ્ધાત્મપ્રવૃત્તિ નહિ થવાથી મુનિપણું થતું નથી. માટે મોક્ષાર્થીનું પ્રધાન કર્તવ્ય શબ્દબ્રહ્મરૂપ આગમમાં પ્રવીણતા પ્રાપ્ત કરવી તે છે.

મોક્ષાર્થીનું પ્રથમ કર્તવ્ય :આગમ વિના પદાર્થોનો નિશ્ચય થતો નથી; પદાર્થોના નિશ્ચય વિના અશ્રધ્ધાજનિત તરલતા, પરકર્તૃત્વાભિલાષાજનિત ક્ષોભ અને પરભોકતૃત્વાભિલાષાજનિત અસ્થિરતાને લીધે એકાગ્રતા થતી નથી; અને એકાગ્રતા વિના એક આત્માનાં શ્રધ્ધાન-જ્ઞાન-વર્તનરૂપે પ્રવર્તતી શુધ્ધાત્મ પ્રવૃત્તિ નહિ થવાથી મુનિપણું થતું નથી. માટે મોક્ષાર્થીનું પ્રધાન કર્તવ્ય શબ્દબ્રહ્મરૂપ આગમમાં પ્રવીણતા પ્રાપ્તિ કરવી તે છે.

મૌકિતકમાળા :મોતીની માળા, મોતીનો હાર

મોગરી :લાકડાના મોટા માથાની હથોડી
મોઘ :નિષ્ફળ; ખાલી જવું
મોંઘો :મુશ્કેલ
મોજુદગી :અસ્તિત્વ (૨) મોજૂદ, હયાતી, હાજરી, અસ્તિત્વ (૩) હયાતી
મોટેરા પુરુષો :તીર્થંકર ભગવંતો, અરિહંત ભગવંતો
મોટલો :પોટલું; અનાજ ભરવાનો કોથળો
મોટા માન ધાતા :દુનિયાના કહેવાતા મોટા
મોટાભાઈ :૭૧મો જન્મ દિવસ : ૧૮મી ઓગષ્ટ:૧૯૧૭:શ્રાવણ સુદ ૧૧-૧૯૭૭
મોડવું :મરડવું, આંબળવું, દૂર કરવું, ત્રોડવું
મૈત્રી :સર્વ જગતથી નિર્વૈર બુદ્ધિ
મોદ :આનંદ; પ્રસન્નતા; ખુશાલી; સ્વસ્વરૂપમાં પરમ પ્રમોદ
મોંઘો :દુર્લભ
મોભો :દરજજો; આબરૂ;પ્રતિષ્ઠા; ઈજજત (૨) પ્રતિષ્ઠા; આબરૂ; ઈજજત; ઉચ્ચ દરજજો
મોળી પાતળી વાત :ઢીલી નબળી વાત
મોળો પડવો :ભાવ મોળવો પડવો એટલે હળવો પડવો ઘટી જવો ઓછો થવો; આછો થવો
મોહ :શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી ભાવ અર્થાત્મિથ્યાત્વ તે મોહ. (૨) પર તરફના વલણવાળો છે તે મોહ છે. (૩) દર્શન મોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ તે મોહ છે. (૪) જે યથાર્થ તત્ત્વની અપ્રતિપત્તિરૂપ(અપ્રાપ્તિરૂપ) મોહ છે તે બધો ય જીવને નથી. વાસ્તવિક ચિદ્ઘનસ્વ રૂપ ચિદાનંદમય આત્માની વિપરીત માન્યતારૂપ મોહ છે. એવો મોહભાવ બધોય આત્માને નથી. કારણ કે તે પુદ્ગલ પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. અહાહ ! જેણે નિજ ચૈતન્યમય સ્વદ્રવ્યનો આશ્રય લીધો છે તે મિથ્યાતવના પરિણામ રહેતા નથી. એમ અહીં કહે છે. ચૈતન્યના સ્વરૂપ જે આત્મા છે તેનાથી અનેક વિપરીત માન્યતા રૂપ મોહ છે. એ સઘળોય મોહ જીવને નથી કેમ કે ચૈતન્યના સત્તવમાં તેનો પ્રવેઈ નથી અને શુદ્ધ ચૈતન્યનો એકનો અનુભવ કરતાં એ બધીય મિથ્યા માન્યતારૂપ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. જગતમાં તત્ત્વના સ્વરૂપથી વિપરીત અનેક મિથ્યા માન્યતાઓ હોય છે. જે બધી જ જડ પુદ્ગલના પરિણામમય હોવાથી સ્વનુભૂતિથી ભિન્ન છે. એટલે કે સ્વાનુભૂતિ થતાં એ બધી ય મિથ્યા માન્યતાઓનો અભાવ થઈ જાય છે માટે છે જીવને નથી. (૫) મોહમાંથી તૃષ્ણા અને તૃષ્ણામાંથી મોહ અમે પરસ્પર જન્યજનક ભાવ સત્પુરુષોએ કહ્યો છે. દુખ તેનું હણાયું હોય છે કે જેને મોહ નથી. તેમ મોહ પણ તેનો હણાયો હોય છે કે તેના હૃદયમાંથી તૃષ્ણાનો દાવાનળ બુઝાયો છે અને તૃષ્ણા પણ તેની હણાઈ છે કે જેને પ્રલોભનો પજવતાં નથી અને જેનો લોભ હણાયો છે તેને કશું (આસકિત) હોતું નથી. (૬) પરમાં સાવધાની (૭) મમત્વ, મમતા, અનુરાગ (૮) શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ. દર્શન મોહનીયના ઉદયથી ઉત્પન્ન થાય થે મોહ. (૯) મોહના ત્રણ ભેદ છે.-દર્શનમોહ, રાગ,અને દ્વેષ. પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તમ્નયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચ્હિ છે. ઈષ્ટ વષયોમાં પ્રતિ તે રાગનું ચિહ્ન છે અને અનિષ્ટ વિષયોમાં અપ્રતિ તે દ્વેષનું ચિહછે. આ ચિહનોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે. (૧૦) દર્શન મોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામને મોહ છે. (૧૧) પર પદાર્થમાં મમતા; પુત્ર, મિત્ર, સ્ત્રી આદિ પદાર્થોમાં આસક્તિ મારાપણાની ભાવના (૧૨) શુધ્ધ આત્માની શ્રધ્ધારૂપ સમ્યક્તવથી વિરૂધ્ધ ભાવ (અર્થાત્ મિથ્યાત્વ) તે મોહ (૧૩) પરમાં પોતાની માન્યતા; રાગ; શુભભાવ મારો છે, ભલો છે એવી માન્યતા તે મોહ છે; મિથ્યાત્વ છે. (૧૪) અનાદિ અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુકતપણે એટલે કે તેમાં જોડાએલો હોવાથી મિથ્યાદર્શન, અજ્ઞાન, અને અવિરતિરૂપ ભાવો ઉત્પન્ન થાય છે. પરને પોતાપણે માનવારૂપ મિથ્યાભાવ, પોતાને જાણવું મૂકીન એકલો પરનો જ વિષય કરે તે અજ્ઞાન, સ્વમાં એકાગ્રતા મૂકીને પરમાં એકાગ્રતા કરે તે

અસ્થિરતા-અવિરતિ-એત્રણ વિકારી પરિણામ મોહમાં જોડાવાથી ઉત્પન્ન થાય છે. (૧૫) સ્વરૂપમાં ભ્રાન્તિ એટલે કે પોતાને ભૂલી જવું અને પરને પોતાનું માનવું તે જ અનંત સંસારનું કારણ છે. સમ્યગ્દર્શન વડે તેનો નાશ થાય છે. (૧૬) મોહના ત્રણ ભેદ છે. -દર્શન મોહ, રાગ અને દ્વેષ

(૧) પદાર્થના યર્થાથ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચો અને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનામોહના ચિહ્ન છે.

(૨) ઈષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે. અને

(૩) અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે. આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુઓએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.

(૧૭) પર સાથે એકત્વબુધ્ધિ તે મિથ્યામોહ, આ મોહ અપરિમિત છે, તથા અસ્થિરતારૂપ રાગાદિ તે ચારિત્ર. મોહ, આ મોહ પરિમિત છે. (૧૮) પર વસ્તુ પ્રત્યેનો ઉત્સાહભાવ (૧૯) સ્વરૂપની અસાવધાની. તે વડે અનાદિથી પર ચીજ મારી, પુણ્ય-પાપ મારાં એમ જીવ માને છે. આમ પરાધીનદષ્ટિ હોવાથી તેને સ્વતંત્ર થવાની વાત ગમતી નથી. (૨૦) પરમાં મારાપણનો ભાવ (૨૧) મૂર્ચ્છા; પર વસ્તુમાં મૂઝાંઇ જવું તે, મોહ તે હું છું તે માનવું (૨૨) પર વસ્તુ પ્રત્યેનો ઉત્સાહભાવ-મમત્વભાવ (૨૩) મોહના ત્રણ પ્રકાર છે; અજ્ઞાન-રાગ-દ્વેષ-અજ્ઞાન કહો કે મોહ કહો. એમ મોહ-રાગ અને દ્વેષ એ ત્રણ મોહના પ્રકાર છે.

(૧) પદાર્થનું
અયથાર્થ ગ્રહણ અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ

(૨) તિર્યંચો-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ અને

(૩) વિષયોનો સંગ અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ

આ ત્રણ મોહના લિંગો છે.-દર્શનામોહ, રાગ અને દ્વેષ

(૧) પદાર્થોના યર્થાથ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચોને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહના ચિહ્ન છે.

(૨) ઈષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે અને

(૩) અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે.

આ ચિહ્નોથી ત્રણ પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.

(૨૪) સ્વરૂપમાં અસાવધાની અને પરમાં સાવભાની. રાગદ્વેષની ક્રિયારહિત મારું સ્વરૂપ છે, તેવું ભાન ન હોવું તે મોહ તેને કારણે પરમાં રમણતા કરે છે. પરની કર્તૃત્વ બુધ્ધિ તે પરમાં સાવધાની છે. (૨૫) સ્વરૂપની અસાવધાની. તે વડે અનાદિથી પર ચીજ મારા, પુણ્ય-પાપ મારં એમ જીવ માને છે. આમ પરાધીન દ્રમ્ટિ હોવાથી તેને સ્વતંત્ર થવાની વાત ગમતી નથી પણ તું પ્રભુ છો, પૂર્ણ છો, નિર્વિકારી છો, તેની શ્રધ્ધા કર, સ્વભાવની હા પાડતાં અંદરથી અનંતુ જોર આવશે. (૨૬) અજ્ઞાન (૨૭) સંપૂર્ણ બાહ્ય પદાર્થોને પોતાના આત્માના જે સુખ-દુઃખ થતા કલ્પવામાં આવે છે તે બધો મોહનો દોષ છે. મોહ-કર્મના ઉદયવશ જે દષ્ટિ વિકારાદી ઉત્પન્ન થાય છે તેમ જ કારણે આવી મિથ્યામાન્યતા બને છે, મોહના અભાવમાં આવું કદી બનતું નથી. (૨૮) મૂર્છાબુદ્ધિ (૨૯) સ્વ-પરના એકપણાની ભ્રાન્તિ; મિથ્યાદર્શન (૩૦) આત્માનો અસાવધાનરૂપ ભાવ તે જીવ મોહ છે; અને તે ભાવ વખતે મોહનીય કર્મનો ઉદય તે અજીવમોહ છે. (૩૧) આકુળતા તે દુઃખ છે અને તેનું મૂળ મોહ છે એટલે મોહને લીધે આકુળ-વ્યાકુળ પરિણામ થાય છે. આખું જગત મોહાધીન થઈને દુઃખી થઈ રહ્યું છે, એમ હે શિષ્ય, તું જો. પરમાત્મભાવનાના પ્રતિપક્ષી તે મોહ દર્શનમોહ તથા ચારિત્રમોહના ભેદથી બે પ્રકારે છે, એ મોહ આત્મભાવનામાં બાધક છે. બાહ્યમાં સ્ત્રી પુત્રાદિનો મોહ અવશ્ય તજવા યોગ્ય જ છે, તથા અભ્યંતરમાં વાસનાના વશથી વસ્તુઓના સ્મરણરૂપ મોહ પણ વ્યાજ્ય છે. એમ મોહને તજીને આત્મામાં આત્મભાવના કરવી જોઈએ; એ શુધ્ધાત્મભાવના રૂપ તપશ્ચરણ છે તે તપનું

સાધ્ય આ શરીર છે તેથી શરીરને અર્થે જે આહારાદિ લેવામાં આવે છે તે પ્રત્યે પણ મમતા ન કરવી. (૩૨) પર દ્રવ્યમાં મમત્વરૂપ પરિણામ તેને મોહ કહે છે. (૩૩) કર્તા કર્મપણાનું અજ્ઞાન (૩૪) સ્વરૂપમાં ભ્રાન્તિ એટલે કે પોતાને ભૂલી જવું અને પરને પોતાનું માનવું. તે જ અનંત સંસારનું કારણ છે. સમ્યગ્દર્શન વડે તેનો નાશ થાય છે. (૩૫) પર વસ્તુ પ્રત્યેનો ઉત્સાહ; મારાપણાનો ભાવ (૩૬) મોહ અને ક્ષોભ રહિત પરિણામ, સામ્ય, ધર્મ, અને ચારિત્ર એ બધાં એકાર્થવાચક છે. (૩૭) મિથ્યાદર્શન ; અતત્ત્વશ્રધ્ધાન (૩૮) આ જીવ જયાં સુધી ચેતન-અચેતનરૂપ પર પદાર્થોમાં પોતાપણાની-મારાપણાની બુધ્ધિ રાખે છે. પર પદાર્થોને પોતાના સમજે છે. ત્યાં સુધી મોહ-મિથ્યાત્વ વધતો રહે છે. (૩૯) મૂઢતા; ઘેલછા (૪૦) મોહજનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ થાય છે. રાગમાં માયા, લોભ આ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ (વેદ) આ ત્રણ નો કષાયોમાં સમાવેશ થાય છે અને દ્વેષમાં ક્રોધ, માન આ બે કષાયો તથા અરતિ, શોક, ભય અને જુગુપ્સા (ગ્લાનિ) આ ચાર નો કષાયોમાં સમાવેશ થાય છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને મોહ કહે છે. (૪૧) શુધ્ધ આત્માની શ્રધ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુધ્ધ ભાવ અર્થાત્ મિથ્યાત્વ તે મોહ છે.

મોહ દુર્ગ્રંથિ :મોહની દુષ્ટ ગાંઠ

મોહ મુગ્ધ :મોહમાં પાગલ; મોહથી પાગલ થયેલા. ભ્રમણા ભ્રાન્તિમાં પડેલા

મોહ વ્યૂહ :મોહ સમૂહ(જે મુનીંદ્રે સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી પોતાનું સ્વરૂપ પર દ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે, તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે અશ્વયંત લીન થઈ નિજ સ્વભાવભૂત દર્શન જ્ઞાન ભેદોને આત્માથી અભેદપણે આચરે છે. જે મુનિંદ્ર સ્વચારિત્રના આચરનાર છે.

મોહઅંધકાર :અજ્ઞાન અંધકાર

મોહકર્મ કેવી રીતે જીતાય ? :જડ મોહકર્મ ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ ઉદયરૂપ થાય છે. ફળ દેવાના સામર્થ્યથી એટલે અનુભાગથી અહીં જે કર્મ સત્તામાં પડયાં છે તેની વાત નથી. પણ ઉદયમાં આવ્યાં છે એની વાત છે. ઉદયપણે જે કર્મ પ્રગટ થાય છે તે ભાવક છે, અને વિકારી થવાને લાયક જે જીવ છે તેને એ કર્મનો ઉદય નિમિત્ત કહેવાય છે. કર્મ ભાવક કોને થાય છે? કે જે જીવ કર્મને અનુસરીને વિકાર-ભાવ્ય કરે છે તેને જ કર્મનો ઉદય ભાવક કહેવાય છે. અને તે જીવને ભાવ્ય કહેવાય છે. ભાવક કર્મનો ઉદય તો જડમાં આવે છે, પરંતુ તેના અનુસારે જયાં સુધી પ્રવૃત્તિ છે ત્યાં સુધી અસ્થિરતા થાય છે તથા ભાવ્યરૂપ વિકાર થાય છે. જેથી ભાવ્ય ભાવક બન્ને એક થાય છે. એક થાય છે એનો અર્થ એમ છે કે બન્નેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ થાય છે. એ જિતેન્દ્રિય જિન થયો છે, પરંતુ હજુ ભાવ્ય-ભાવક-સંકરદોષ ટાળવાનો બાકી છે. ચારિત્ર-મોહનો ઉદય આવે છે અને તેના અનુસારે પ્રવૃત્તિ થવાથી ભાવ્ય-વિકારી દશા થાય છે. જ્ઞાની તે વિકારી ભાવ્ય ને ઉપશમ કરે છે.

કર્મનો ઉદય આવે માટે તેને અનુસરવું જ પડે એમ નથી. પરંતુ કર્મનો ઉદય આવે ત્યારે જો તેને અનુસરે તો તે ભાવ્ય-વિકારી થાય છે.

જે આત્મા ભેદજ્ઞાનના બળ દ્વારા, ઉદય તરફના વલણવાળા ભાવને ન થવા દેતાં, દૂરથી ઉદયથી પાછો વળીને, જ્ઞાયકભાવને અનુસરીને સ્થિરતા કરે છે તેને મોહકર્મદોષ ભાવ્ય-ભાવસંકરદોષ ટળે છે. દૂરથીજ પાછોવાળીને એટલે શું ? ભાવક એવા ઉદયને અનુસરીને આત્માની પર્યાયમાં વિકારી ભાવ્ય થયું અને પછી તેનાથી હઠે, પાછો વળે એમ નહિ, પરંતુ ભેદજ્ઞાનના બળથી ઉદયમાં જોડાયો જ નહિ અર્થાત્ ઉદય તરફનો વિકારી ભાવ્ય છયો જ નહિ તેને દૂરથી પાછો વાળ્યો એમ કહેવાય છે. સ્વભાવ તરફના વલણથી પર તરફનું વલણ છૂટી ગયું તેને દૂરથી જ પાછો વાળીને એમ કહ્યું છે. અહાહા ! ભેદજ્ઞાનના બળ દ્વારા અર્થાત્ જ્ઞાયકભાવ તરફના વિશેષ ઝુકાવથી પરથી ભિન્ન હું એક જ્ઞાયક છું અમ અંતરસ્થિરતાની વૃદ્ધિથી જેને ઉદય તરફથી દશા જ ઉત્પન્ન ન થઈ તેને ભાવ્ય-ભાવક સંકરદોષ દૂર થયો અને તેણે મોહને જીત્યો છે.

કેટલાક લોકો એમ માને છે કે જેવો કર્મનો ઉદય આવે તેવો ભાવ જીવમાં થાય જ, તથા કર્મ નિમિત્તપણે થઈને આવે છે તેથી જીવને વિકાર કરવો જ પડે છે.પરંતુ ભેદ જ્ઞાનના બળ વડે કર્મથી દૂર જ પાછો વળી ઉદયને અનુસરે નહિ

તો ભાવ્ય-વિકારી થાય નહિ. ઉદય જડ કર્મની પર્યાય છે અને વિકાર આત્માની પર્યાય છે. જડની પર્યાય અને આત્માની પર્યાય વચ્ચે અન્વયની અભાવ છે. જેથી ઉદય આવે તે પ્રમાણે વિકાર થાય કે કરવો પડે એમ નથી.

મોહકર્મ છે એમ એની અસ્તિ સિદ્ધ કરી , હવે તે ફળદેવાના સામર્થ્યરૂપ પ્રગટ થયું- એટલે કે સત્તામાંથી તે પાકમાં -ઉદયમાં આવ્યું. જો જીવ તેને અનુસરીને ભાવ્ય-વિકાર કરે તો ઉદયને ભાવકપણે પ્રગટ થયો એમ કહેવાય અને મોહરૂપ થનાર જીવને ભાવ્ય કહેવાય છે. ભાવ્ય આત્માને ભેદજ્ઞાનના બળ દ્વારા દૂરથી જ પાછો વાળવાથી ઉદય તરફનું લક્ષ છૂટી જાય છે. અને પોતાના સ્વભાવ ઉપર લક્ષ જાય છે. આને મોહનું જીતવું કહે છે. જે સમયે ઉદય આવ્યો તે સમયે જ સાથે જ રાગનો અભાવ હોય છે, કારણ કે ઉદય આવ્યો ત્યારે તેના અનુસારે પરિણમન ન થયું અને તેથી રાગ ઉત્પન્ન જ થયો નહિ.

જે સત્તામાં મોહકર્મ છે તે હવે ફળ દેવાના સામર્થ્યથી ઉદયમાં આવે છે તે સમયે જ્ઞાનની પર્યાયમાં તેને અનુસરીને અસ્થિરતારૂપ ભાવ્ય થવાની યોગ્યતા પણ છે. આ પ્રમાણે બન્નેની અસ્તિ સિદ્ધ કરી. હવે તે જ્ઞાની આત્મા બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને નિમિત્ત તરફનો આદર છોડી દે છે. કર્મના વિપાકનો અનાદર કરીને તે જ્ઞાની અંદર ભગવાન જ્ઞાયક ત્રિકાળીના આદરમાં-આશ્રયમાં જાય છે. જેને ભાવ્ય-ભાવક સંકરદોષ દૂર થાય છે. વસ્તુસ્થિતિ જ આવી છે, પોતાના ભાવમાં એનું ભાસન થવું જોઈએ. એમ ને એમ માની લે તે કામ આવે નહિ.

જ્ઞાનના સ્વભાવ વડે અન્ય દ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ ભાવોથી પરમોક્ષ ભિન્ન એવા પોતાના આત્માને જે મુનિ અનુભવે છે તે નિશ્ચયથી જિતમોહ છે તેણે મોહને જીત્યો છે પણ હજુ ટાળ્યો નથી. મોહનો ઉપશમ કર્યો છે પણ ક્ષય કર્યો નથી. એટલો પુરુષાર્થ હજુ મંદ છે.

મુનિને અને સમકિતીને દૃષ્ટિમાં રાગનો અભાવ છે. જેથી કર્મના ઉદયે રાગ થાય છે એમ નથી. પરંતુ પર્યાયમાં રાગ થવાની લાયકાત છે તેથી ભાવક (કર્મ) તરફનું વલણ થતાં રાગરૂપ ભાવ્ય થાય છે. હવે મુનિ ભાવક જે મોહકર્મ તેની ઉપેક્ષા કરીને- તેનું લક્ષ છોડીને એક જ્ઞાયકભાવ ત્રિકાળી ધ્રુવ ભગવાનનો આશ્રય કરે છે તેને જિમોહ જિન કહે છે. ભાઈ ! આ એક (જ્ઞાયક) ભાવ જેને યથાર્થ બેસે એને બધા ભાવ પર્યાય બેસી જાય પણ જેને એક ભાવનાં ઠેકાંણાં ન મળે તે નાખે કર્મ ઉપર. પણ તેથી શું થાય ? (સંસાર ન મટે)

કેવો છે જ્ઞાન સ્વભાવ ? આ સમસ્ત લોક ઉપર તરતો છે. જ્ઞાનની પર્યાયમાં સ્વપર પ્રકાશક થવાનો સ્વભાવ છે. જેથી જ્ઞાન સ્વભાવ વડે તે જ્ઞેયને -લોકને જાણે છે છતાં તે જ્ઞેયથી ભિન્ન રહે છે. જ્ઞેયને બરાબર જાણતો હોવા છતાં જ્ઞેયરૂપ થતો નથી. તરતો રહે છે એટલે જાણવા યોગ્ય જ્ઞેયથી જુદા રહે છે. વળી તે જ્ઞાન સ્વભાવ પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન છે. જેથી જ્ઞાનની પર્યાય અંતરમાં આત્માને વિષય બનાવતાં તે પ્રત્યક્ષ થાય છે. આવો અવિનાશી ભગવાન આત્મસ્વભાવ પોતાથી જ સિદ્ધ અને પરમાર્થ સત્ છે. અહાહ ! આત્મા તો ભગવાન છે પણ તેનો જ્ઞાનસ્વભાવ પણ ભગવાન છે. આ ભગવાનની સ્તુતિ છે. એટલે પોતે ભગવાન છે એની સ્તુતિ છે.

મોહકર્મના બળપૂર્વક તિરસ્કાર :બળપૂર્વક મોહકર્મના તિરસ્કાર કર્યો કે જગતના કોઈ પણ પદાર્થનો હું કર્તા હર્તા નથી. જગતના કોઈ પણ પદાર્થો તથા કોઈ પણ શુભાશુભભાવ અને સુખરૂપ કે મદદગાર નથી એમ બળપુર્વક મોહનો તિરસ્કાર કરીને સમસ્ત ભાવ્ય-ભાવક સંકટદોષ દૂર કર્યો. અહીં આચાર્યદેવે બળપૂર્વક મોહનો તિરસ્કાર કહીને પુરુષાર્થ બતાવ્યો છે. હું જ્ઞાયકજ્યોતિ ચૈતન્યમૂર્તિ છું, નિર્દોષ અને નિરાવલંબન છું. દેવ, ગુરુ શાસ્ત્રનું પણ મને અવલંબન નથી એમ પરના અવલંબન વગર નિરાવલંબન સ્વભાવમાં એકાગ્ર થયો ને પરમાં જોડાયો નહિ એટલે મોહનો બળપૂર્વક તિરસ્કાર સહેજે થયો. બીજો કોઈ તિરસ્કાર કરવાનો નથી. પોતાનો નિર્વિકલ્પ, વીતરાગ સ્વભાવમાં સ્થિર થયો એટલે મોહનો તિરસ્કાર સહેજે થઈ જાય છે. આ જ ખરો પુરુષાર્થ છે, આ જ ખરો ધર્મ છે, અને આ જ ખરી ભગવાનની ભક્તિ છે.

મોહક્ષોભવિહીન :શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધ ભાવ અર્થાત્ મિથ્યાત્વ તે મોહ, અને નિર્વિકાર નિશ્ચળ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરુદ્ધ ભાવ અર્થાત્ અસ્થિરતા તે ક્ષોભ, મોહ અને ક્ષોભ રહિત પરિણામ તે સામ્ય, ધર્મ અને ચારિત્ર એ બધા એકાર્થવાચક છે.

મોહગ્રંથિ :મોહગ્રંથિનું મૂળ રાગ દ્વેષ છે (૨) મોહની દ્રષ્ટ ગાંઠ

મોહગ્રંથિભેદ :દર્શન મોહરૂપી માનનું ભેદાવું-તૂટવું

મોહદુર્ગ્રંથિ :મોહની દુષ્ટ ગાંઠ

મોહદ્વેષમયપણા વડે અશુભપણું હોય છે. :મોહમય પરિણામ તેમજ દ્વેષમય પરિણામ અશુભ છે.

મોહના ક્ષયનો ઉપાય :જિનશાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પદાર્થોને જાણનારને નિયમથી મોહનો સંચય ક્ષય પામે છે. તેથી શાસ્ત્ર સમ્યક્ પ્રકારે અભ્યાસવા યોગ્ય છે. (૨) જે પરિણામ ભાવ જ્ઞાનના અવલંબન વડે દઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાંતર છે.

મોહનો ક્ષય કરવા ઈચ્છતા પંડિતજનો આગમમાં કહેલા અનંત ગુણોમાંથી અસાધારણ અને ભિન્નલક્ષણભૂત ગુણો વડે અનંત દ્રવ્ય પરંપરામાં આ સ્વદ્રવ્ય છે. અને આ પરદ્રવ્યો છે. એવો વિવેક કરો. તે આ પ્રમાણે :-

સત્ અને અકારણ હોવાથી સ્વતસિદ્ધ અંતર્મુખ અને બર્હિમુખ પ્રકાશવાળું હોવાથી સ્વ પરનું જ્ઞાપક એવું જે આ, મારી સાથે સંબંધવાળું, મારું ચૈતન્ય તેના વડે તે જ (ચૈતન્ય) સમાનજાતીય અથવા અસમાનજાતીય અન્ય દ્રવ્યને છોડીને મારા આત્મામાં જ વર્તે છે તેના વડે- હું પોતાના આત્માને સકળ ત્રિકાળે ધ્રુવત્વ ધરતું દ્રવ્ય જાણું છું. એ રીતે પૃથકપણે વર્તતાં સ્વલક્ષણો વડે કે જે (સ્વલક્ષણો, અન્ય દ્રવ્યને છોડીને તે જ દ્રવ્યમાં વર્તે છે તેમના વડે- આકાશને, ધર્મને, અધર્મને, જ્ઞાનને, પુદ્ગલને અને આત્માન્તરને દ્રવ્યો તરીકે નકકી કરું છું (અર્થાત્ જેમ ચૈતન્ય લક્ષણ વડે આત્માને ધ્રુવ દ્રવ્ય તરીકે જાણ્યો, તેમ અવગાહ હેતુત્વ, ગતિ હેતુત્વ વગેરે લક્ષણો કે જેઓ સ્વસક્ષ્યભૂત દ્રવ્ય સિવાય અન્ય દ્રવ્યોમાં વર્તતાં નથી તેમના વડે આકાશ, ધર્માતિકાર વગેરે ભિન્ન ભિન્ન ધ્રુવ દ્રવ્યો તરીકે જાણું છું માટે હું આકાશ નથી, ધર્મ નથી, અધર્મ નથી, કાળ નથી, પુદગલ ધર્મ અને આત્માતંર નથી; કારણ કે એક ઓરડામાં પ્રગટાવેલા અનેક દીવાના પ્રકાશોની માદ્ક આ દ્રવ્યો એકઠાં થઈને રહેતાં હોવા છતાં મારું ચૈતન્ય (નિજ) સ્વરૂપથી અચ્યુત જ થયું અને પૃથક જણાવે છે.

આ પ્રમાણે જેણે સ્વ-પરનો વિવેક નિશ્ચિત (નકકી) કર્યો છે એવા આ આત્માને વિકારકારી મોહાંકરનો પ્રાર્દુભાવ થતો નથી. (વિકાર કરનારો મોહાંકુર પ્રગટ થતો નથી.)

મોહના ત્રણ ભેદ :દર્શનમોહ, રાગ અને દ્વેષ

(૧) પદાર્થના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા તથા તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચિહ્ન છે.

(૨) ઈષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે. અને

(૩) અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે. આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.

મોહના નાશનો ઉપાય :અર્હંત ભગવાન અને પોતાનો અતામા નિશ્ચયથી સમાન છે. વળી અર્હંત ભગવાન મોહરાગદ્વેષ રહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે, તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાય-પણે તે (અર્હંત ભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે તો ''આ જે 'આત્મા, આત્મા ' એવો એકરૂપ (કથંચિત સદશ્ય) ત્રિકાળિક પ્રવાહ તે દ્રવ્ય છે, તેનું જે એકરૂપ રહેંતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાયો છે'' એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે. એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને પછી જેમ મોતીઓને અને ધાળાશને હારમાં જ અંર્તગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ આત્મ પર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને કેવળ આત્માને જાણતાં પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો

હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને પામે છે અને તેથી મોહ (દર્શન મોહ) નિરાશ્રય થયો થકો વિનાશ પામે છે.

(હાર ખરીદનાર માણસ ખરીદ કરતી વખતે તો હાર, તેની ધાળોશ અને તેનાં મોતી-એ બધાંયની પરીક્ષા કરે છે પરંતુ પછી ધાળાશ અને મોતીઓને હારમાં જ સમાવી દઈને-તેમના પરનું લક્ષ છોડી દઈને કેવળ હારને જ જાણે છે. જો એમ ન કરે તો હાર પહેર્યાની સ્થિતિમાં પણ ધોળાશ વગેરેના વિકલ્પો રહેવાથી હાર પહેર્યાનું સુખ વેઠી શકે નહિ.)

મોહના લક્ષણો :પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ (પદાર્થોનું અન્યથા ગ્રહણ); તિર્યંચો અને મનુષ્યો પ્રત્યે કરુણાભાવ અને વિષયોનો સંગ અર્થાત્ ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ આ મોહના લક્ષણો છે.

(૨) (૧) પદાર્થનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થો જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિશે અન્યથા સમજણ)

(૨) તિર્યંચો અને મનુષ્યો પ્રત્યે કરુણાભાવ તથા

(૩) વિષયોનો સંઅર્થાત્ ઈસ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ એ અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ. (આ મોહના લિંગો-ચિહ્નો છે.)

મોહના ત્રણ ભેદ છે. -દર્શનામોહ, રાગ અને દ્વેષ.

(૧) પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા; તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનામોહનાં ચિહ્નો છે.

(૨) ઈષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે; અને

(૩) અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ તે દ્વેષનું ચિહ્ન છે; આ ચિહ્નોથી ત્રણે પ્રકારના મોહને ઓળખીને મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.

મોહનીય :તેવી રીતે તે (આત્મા) અંદર ત્રિકાળી ચારિત્ર વીતરાગ સ્વભાવી આત્માનો આશ્રય લઈને પર્યાયમાં પૂર્ણ વીતરાગતા પ્રગટ કરે છે ત્યારે મોહકર્મનો ક્ષય થાય છે.

મોહનીય કર્મ :મોહનીય કર્મના બે ભેદ. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આત્માના શ્રધ્ધા ગુણનો વિકારી ભાવ એટલે જ મિથ્યાત્વ એ જ દર્શન મોહનીય. તથા ચારિત્ર ગુણનો વિકારી ભાવ એટલે રાગ-દ્વેષ એ જ ચારિત્ર મોહનીય. (૨) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર પ્રકારના કષાયની સંજવલન પ્રકૃતિ ૭મે ગુણસ્થાને વર્તતા સાધકને જીતવાના બાકી હોય છે. તેને જીતવા માટે તેના પ્રત્યે કેવી શૂરવીરતાથી વર્તવું જોઈએ. તે વર્ણવતાં શ્રીમદ્ અપૂર્વ અવસરની ૭મી કડીમાં કહે છે કે પોતાને થતા ક્રોધ પ્રત્યે જ ક્રોધ વર્તે માન પ્રત્યે નમ્રતાનું માન હોય; માયા પ્રત્યે જ્ઞાતાદ્રષ્ટાપણાની-સાક્ષીભાવની-માયા અને લોભ પ્રતિ લોભ કરવા જેવું, એટલે કે લોભનો લોભ કરવા જેવું બીજું કાંઈ નથી, એટલે લોભ ન કરવો એવો અપૂર્વ અવસર ક્યારે આવશે ?

મોહનીય કર્મ તે સંસાર-પરિભ્રમણનું મુખ્ય કારણ છે, મોહનીયના સેવકો તરીકે ઈન્દ્રિયોના વિષયો, પ્રમાદ આદિ કામ કરે છે, તે જ પ્રમાણે ક્રોધ, માન, માયા, લોભ તેના અનુયાયી તરીકે કાર્ય કરે છે. આ ચાર કષાય ઘણા બળવાન છે. ૭મે ગુણસ્થાને વર્તતા નિર્ગ્રંથ મુનિને આ ચારે કષાયની અનંતાનુંબંધી પ્રકૃત્તિનો ક્ષય મુખ્યતાએ હોય છે. કોઈકને જ તેનો ક્ષયોપશમ હોય છે. બાકીની ૩ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય છે, બાકી રહેલ કષાયને જીતવાનો ઉપાય અહીં બતાવાયો છે. અલબત્ત, એ ઉપાય તીવ્ર કષાયનો નાશ કરવા માટે પણ એટલો જ ઉપયોગી છે, તે વિચારતાં જણાશે.

મોહનીય કર્મની પ્રકૃત્તિરૂપ આ ચાર કષાયને ઉપશમથી,ક્ષયોપશમથી કે ક્ષયથી જીત શકાય છે. ઉપશમ એટલે ઉદયમાં આવેલી તથા ઉદયમાં ન આવેલી પ્રકૃતિને પ્રદેશે તથા રસથી સમાવી દેવી. ઉપશમમાં નિમિત્ત ન મળે ત્યાં સુધી આત્મા શુધ્ધ રહે છે, પણ નિમિત્ત મળતાં આત્માની સ્થિરતા ડહોળાઈ જવાનો ઘણો સંભવ રહે છે. ક્ષયોપશમ એટલે ઉદયમાં આવેલી પ્રકૃતિનો ક્ષય અને ઉદયમાં ન આવેલી પ્રકૃતિનો ઉપશમ. અહીં આત્માની સંપૂર્ણ જીત હોતી નથી. અને ક્ષય એટલે કષાયનો સંપૂર્ણ નાશ. તે પછી તે કદી પણ ઉદયમાં આવી શકતો નથી. ત્યાં આત્માની સંપૂર્ણ જીત છે.

(૧) આ ચારે કષાયને જીતવાનો ઉપાય શ્રીમદે અપૂર્વ અવસરની ૭મી કડીમાં બતાવ્યો છે. જલ્દી અસર કરનાર અને જલદી નાશ પામે તેવો કષાય તે ક્રોધ છે. ચારે કષાયમાં સહેલાઈથી જીતી રકાય તેવો કષાય ક્રોધ હોવાથી શ્રીમલે સૌ પ્રથમ તેનો નાશ કરવો ઈચ્છયો છે. માણસનું જયારે કંઈ ધાર્યુ ન થાય, કંઈ પ્રતિકૂળ બને ત્યારે તેને તરત જ ક્રોધ આવે છે. આ ક્રોધ અન્ય વ્યકિતને બાળે તે પહેલાં તો તે ક્રોધ કરનારને જ બાળે છે. તેથી તેનો નાશ કરવો યોગ્ય છે. તેનો નાશ કરવાનો ઉપાય ક્રોધનો ઉદય પ્રતિ ક્રોધ કરવો તે છે. એમ કઈ રીતે થઈ શકે તે સમજાવતાં શ્રીમદે ઉપદેશ નોંધ પૃ.૬૭૮માં જણાવ્યું છે કેઃ=

ક્રોધાદિનો કષાયનો ઉદય થાય ત્યારે તેની સામા થઈ તેને જણાવવું કે તે અનાદિ કાળથી મને હેરાન કરેલ છે. હવે હું એમ તારું બળ નહિ આલવા દઉં, હું હવે તારા સામે યુધ્ધ કરવા બેઠો છું. ક્રોધ એ આત્માનો સ્વભાવ નહિ પણ વિભાવ છે, તેથી તેનો ઉદય આવે ત્યારે તેને પોતાના કર્મનો ઉદય સમજાવાથી તેની સાથે લડવાની શકિત સાધકમાં આવે છે.

(૨) માન એ ક્રોધ કરતાં પણ મહાન શત્રુ છે. એ અનેક પ્રકારે જીવમાં પ્રવર્તતું જોવા મળે છે. જીવને પોતાનાં રૂપ, વિદ્યા, જ્ઞાન, સંપત્તિ, ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ આદિનું માન હોવા ઉપરાંત મને માન નથીનું માન પણ તેને હોય છે. મુનિ પણ આ માનની જાળમાં ઘણી વખત લપટાઈ જાય છે. માનથી કેવી હાનિ થાય છે. તેનું ઉદાહરણ સનત્કુમાર ચક્રવર્તી તથા બાહુબળની કથામાં મળે છે. આવા માનનો નાશ કરવા માટેનો ઉપાય ''દીનપણાનું માન'' સેવવાનો છે. તીર્થંકર પ્રભુના રૂપ, ગુણ, જ્ઞાન આદિ પાસે પોતાનાં રૂપ, ગુણ, જ્ઞાન આદિ સિંધુમાં બિંદુ સમાન છે. તેની પ્રતીતિ પોતાનું માન ગાળવા સાધકે રાખવાની હોય છે. પૂ.શ્રી કાનજી સ્વામી જણાવે છે તેમઃ-

સાધકને પૂર્ણ શુધ્ધ પરમાત્મ સ્વરૂપની પ્રતીતિ અંતરમાં વર્તે છે. તેથી જાણે છે કે મારી વર્તમાન દશામાં હજુ અસ્થિરતાની નબળાઈને લીધે હું પામર છું, એટલે કે પૂર્ણ સ્વરૂપનો દાસાનું દાસ છું એવો વિવેક હોવાથી વીતરાગી સત્ પુરુષનું બહુમાન કરે છે. પરમાર્થે પોતાના સ્વરૂપની તે ભક્તિ છે. મારો પૂર્ણ સ્વભાવ હજુ ઊઘડ્યો નથી માટે અભિમાન કેમ કરું ? એમ જ જાણતો થકી તે સ્વરૂપની મર્યાદામાં વર્તે છે.

શ્રી તીર્થંકર પ્રભુની મહાનતા પાસે પોતાની પામરતા વિચારવી એ જ માન ગાળવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

(૩) માયા-એ ક્રોધ તથા માન કરતાં પણ વધુ સૂક્ષ્મ છે. પોતામાં માયા પ્રવેશી છે તેનો ખ્યાલ પણ કેટલીક વાર જીવને આવતો નથી. કોઈ પણ જાતનો લાભ લેવા માટે, મનમાં હોય તેથી વિરૂધ્ધ બોલવું કે આચરવું તે માયા કહેવાય છે. મન, વચન, અને કાયાની એકતા ન હોય ત્યાં માયાનો પ્રવેશ સિધ્ધ થાય છે. પોતાની ભૂલ કોઈ ન જાણે અને જાણે તો ઘણા નાના સ્વરૂપમાં જાણે, તેવી જાતની ઈચ્છા પણ માયાને લીધે થાય છે. આમ માયા એ આત્માનો વિભાવ છે. અને તેના થકી બીજા કેટલાય દુર્ગુણો આત્મામાં પ્રવેશે છે. તેથી માયાનો નાશ કરવો ઉચિત છે. માયાનો નાશ કરવાનો સૌથી અસરકારક ઉપાય તેની સામે સાક્ષી ભાવે-ઉપેક્ષાવૃત્તિથી રહેવું તે છે. માયા થાય તો તેને કોઈ જાતનું મહત્વ ન આપવુ અંતે થાકીને તે નાશ પામશે. માયા સામે નિષ્કપટપણું તથા સરળપણું સાક્ષીભાવે અજમાવવાની શ્રીમદ્‌ની નેમ છે.

(૪) લોભ= ચોથા કષાય તે લોભ છે. તે સૌથી સૂક્ષ્મ અને સૌથી ચીકણો એટલે કે સૌ પહેલાં પ્રવેશે અને સૌની અંતે જાય તેવો આ કષાય છે. સૂક્ષ્મ લોભ તો દશમાં ગુણસ્થાન સુધી પ્રવર્તે છે. લોભમાંથી બીજા કષાયોની પણ વૃધ્ધિ થાય છે.

મુનિ એ રીતે અપરિગ્રહી હોય છે, છતાં પુસ્તકો મેળવવાનો, શિષ્યો વધારવાનો, કીર્તિ પ્રાપ્ત કરવાનો, લબ્ધિ મેળવવાનો એ વગેરે પ્રકારનો લોભ તો મુનિઓમાં પણ સંભવે છે. નિર્ગ્રંથ મુનિ આ લોભથી બચવા સર્વથા પ્રયત્નશીલ હોય છે. લોભથી બચવા તેઓ લોભનો જ લોભ કરે છે. લોભને જીતવા માટે લોભનો લોભ કરવા જેવો બીજો એકે ઉત્તમ ઉપાય નથી. લોભનો લોભ કરવો એટલે લોભ વાપરવામાં કંજૂસાઈ કરવી, અર્થાત્ લોભ ન કરવો. આમ, મુનિ લોભની સામે ત્યાગથી વર્તે છે. લોભને તો દૂરથી જ આવતો ભાળી તેનો નાશ કરવા તેઓ પ્રયત્નશીલ રહે છે, તેઓ ત્યાગ દ્વારા લોભને પ્રવેશવાનો અવકાશ જ આવવા દેતો નથી.

ઉપશમથી ક્રોધને હણો, નમ્રતાથી માનને જીતો, સરળતાથી માયાને દૂર કરો, અને સંતોષથી લોભને જીતો એમ કહી ઉપશમ, નમ્રતા, સરળતા અને સંતોષને ક્રોધ, માન, માયા અને લોભને જીતવાના ઉપાય તરીકે બતાવેલ છે.

(૩) મોહનીય કર્મના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

(૧) દર્શન મોહનીયના ત્રણ ભેદ છે. :-

(૧) મિથ્યાત્વ કર્મ (મિથ્યામોહનીય)

(૨) સમ્યગ્ મિથ્યાત્વ કર્મ (મિશ્ર મોહનીય) અને

(૩) સમ્યક્ત્વ મોહનીય કર્મ (સમ્યક્ત્વ પ્રકૃતિ)

(૧) મિથ્યાત્વ કર્મ = જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન ગુણનું વિપરીત પરિણામ થાય, મિથ્યાદર્શનરૂપ થાય, જે વડે આત્મા કે અનાત્માનું ભેદવિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે નહિ તે મિથ્યાત્વ કર્મ છે.

(૨) સમ્યગ્મિથ્યાત્વ કર્મ = જેના ઉદયથી સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનનાં મિશ્ર પરિણામ થાય તે કર્મને સમ્યગ્મિથ્યાત્વ અથવા મિશ્ર કર્મ કહે છે.

(૩) સમ્યક્ત્વ મોહનીય = જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન ન રહે, કોઈ દોષ-મલ કે અતિચાર લાગે તેને સમ્યક્ત્વમોહનીય કહે છે.

મોહનીય કર્મપ્રકૃતિની સ્થિતિ :મોહનીય(દર્શન મોહનીય) ની કર્મપ્રકૃતિની સ્થિતિ સિત્તેર કોડાકોડીની છે.

મોહભાવના :મોહનો અનુભવ

મોહમલ્લ :રાગાદિ

મોહ-રાગ-દ્વેષ :

(૧) હાથીને પકડવા માટે ઘાસથી ઢાંકેલો ખાડો બનાવવામાં આવે છે, હાથી ત્યાં ખાડો હોવાના અજ્ઞાનને લીધે તે ખાડા ઉપર જતાં તેમાં પડે છે અને એ રીતે પકડાઈ જાય છે.

(૨) વળી હાથીને પકડવા માટે, શીખવેલી હાથણી મોકલવામાં આવે છે. જેના દેહ પ્રત્યેના રાગમાં ફસાતાં હાથી પકડાઈ જાય છે.

(૩) હાથીને પકડવાની ત્રીજી રીત એ છે કે તે હાથી સામે પાળેલો બીજો હાથી મોકલવામાં આવે છે અને પેલો હાથી આ શીખવી મોકલેલા હાથી સામે લડવા તેની પાછળ દોડતાં પકડનારાઓની જાળમાં ફસાઈ જાય છે-પકડાઈ જાય છે.

ઉપર્યુકત રીતે જેમ હાથી (૧) અજ્ઞાનથી (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે, તેમ જીવ (૧) મોહથી, (૨) રાગથી કે (૩) દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે. માટે મોક્ષાર્થીએ મોહ-રાગ-દ્વેષનો પૂરેપૂરી રીતે મૂળમાંથી ક્ષય કરવો જોઈએ.

મોહરાગદ્વેષ પરિણતિ સંપ્રાપ્ત વિશ્વરૂપતા :મોહરાગ દ્વેષ પરિણતિને લીધે જીવને વિશ્વરૂપતા અર્થાત્ અનેક રૂપતા પ્રાપ્ત થાય છે.

મોહવ્યૂહ :મોહર,મૂહ. (જે મુનીન્દ્રે સમસ્ત મોહસમૂહનો નાશ કર્યો હોવાથી પોતાનું સ્વરૂપ પરદ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત છે. એવી પ્રતીતિ અને જ્ઞાન જેમને વર્તે છે, તથા તે ઉપરાંત જે કેવળ સ્વદ્રવ્યમાં જ નિર્વિકલ્પપણે અત્યની લીન થઈ નિજ સ્વભાવ ભૂત દર્શન જ્ઞાનભેદોને આત્માથી એભેદપણે આચરે છે, તે મુનીંદ્ર સ્વચારિત્રના આચરનાર છે.)

મોહ-વ્યાલથી કદર્થિત :મોહરૂપી સર્પથી ડંખ પામ; મોહ રૂપી હાથીથી પીડિત. મોહથી મૂર્છિત અથવા મોહથી પીડિત

મોહાચ્છાદિત :મોહથી ઘેરાયેલો

મોહાવિષ્ટ :મોહમૂઢ; અજ્ઞાની; શુષ્કજ્ઞાની; મોહના અવિશમાં વર્તવું

મોહિત :મૂચ્છિત

મોહિની ભાવ :વિષયાસક્તિથી મોહાધીન બની, વિકારભાવને વશ થવું તે.

મોહી :મિથયાદ્રષ્ટિ

મોહોપચય :મોહનો ઉપચય(ઉપચય=સંચય) ઢગલો. (૨) મોહનો સમૂહ

મૌક્તિક માળા :મોતીની માળા, માતીનો હાર

મૌકિતકમાળા :મોતીની માળા, મોતીનો હાર

મૌજુદ :હાજર

મૌતિકમાળા :મોતીની માળા; મોતીનો હાર

મૃદુ :કોમળ

મૃદૂ :આનંદ

મુકત :સિદ્ધ

મુકત અને અમુક્ત :સિધ્ધ અને સંસારી

મુક્ત કંઠે :મુકામને

મુકત જીવ :મિથ્યાદર્શન -કષાય. ઊોગરહિત સિદ્ધ છે.

મુક્તાનંદ :અંદરનો અખંડ આનંદ સ્વભાવ

મુકતાત્માનું સ્વરૂપ :આત્મા(કર્મરજના) પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે(મુકત થાય છે) તે જેક્ષણે (પોતાના) ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ મતિહેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો, કેવળ જ્ઞાન અને કેવળ દર્શન(નિજ) સ્વરૂપભૂત હોવાને લીધે તેમનાથી નહિ મુકાતો થકો અનંત અતીન્દ્રિય સુખને અનુભવે છે. જે મુકત આત્માને ભાવપ્રાણધારણ જેનું લક્ષણ(સ્વરૂપ) છે એવું જીવત્વ હોય છે.ચિદ્રૂપ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું ચેતયિતૃત્વ હોય છે. ચિત્પરિણામ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવો ઉપયોગ હોય છે. પ્રાપ્ત કરેલા એવા સમસ્ત (આત્મિક) અધિકારોની શકિતમાત્રરૂપ પ્રભુત્વ હોય છે. સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્રરૂપ (નિજ સ્વરૂપને રચવારૂપ) કર્તૃત્વ હોય છે. સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (સ્વરૂ') છે એવા સુખની ઉપલબ્ધિ રૂપ ભાકતઋત્વ હોય છે. અતીત અનંતર (છેલ્લા) શરીર પ્રમાણે અવગાહપરિણામરૂપ દેહપ્રમાણપણું હોય છે, અને ઉપાધિના સંબંધથી વિવિકત એવું આત્યંતિક (સર્વથા) અમૂર્તપણું હોય છે. (મુકત આત્માને કર્મસંયુકત પણું તો નથી જ હોતું કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુકત થઈ છે.

મુક્તાનંદ :અંદરનો અખંડ આત્મસ્વભાવ

મુક્તિ સુંદરી :સુંદર શુધ્ધ સ્વરૂપની ચિત્સવરૂપ પરિણતિ

મુક્તિરૂપી સ્ત્રીથી ઉદભવતા અનંગ :અશરીરી, અતીન્દ્રિય, આત્મિક, સુખ

મુક્તિસુખ :સર્વ પ્રકારે નિરાકુળ, અબાધિત અને પરતંત્રતા રહિત છે.

મુક્તિસુંદરી :સુંદર શુધ્ધ સ્વરૂપની ચિત્તસ્વરૂપ પરિણતિ. આવા જ્ઞાન સ્વરૂપ પરિણતિનો આત્મા નાથ છે. અને એવા આત્માને અનુભવવો એમ અહીં કહે છે. આ મારગ ને આ સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર અંદરમાં વસ્તુ આત્મા સહજ અનંતદર્શન, સહજ અનંતજ્ઞાન, સહજઅનંત સુખ અને સહજ અનંતવીર્ય એવો આત્મા સ્વભાવ અનંત ચતુષ્ટમય ત્રિકાળ વિદ્યમાન છે. તેની એકાગ્રતા ને ભાવના કરવી તે મોક્ષમાર્ગ છે, ને એ ધર્મ છે. બાકી બધું થોથાં છે.

અહીં ત્રણ શબ્દો નાખ્યા છે. સનાથ, અનાથ ને નાથ ત્રિકાળ ધ્રુવ....ધ્રુવ... અવિચળ ચિદ્વિલારૂપ એવો ભગવાન આત્મા અંદરમાં ત્રિકાળ સહજજ્ઞાનાદિ અનંત સ્વભાવ ચતુષ્ટયથી સહિત હોવાથી સનાથ છે; ને તેના

માથે કોઈ નાથ નથી માટે અનાથ છે; ને પોતે મુક્તિસુંદરીનો નાથ છે. અહા! આવો અંદરમાં નિજ ભગવાન આત્મા છે એને જાણીને અંતર એકાગ્ર થવું, તેને અનુભવવો, તેમાં લીન કહેવું તે ધર્મ છે, મોક્ષનો માર્ગ છે; ને તેનું ફળ મુક્તિ છે કે જેનો પોતે જ નાથ છે. આવી અલૌકિક વાત છે.

મૂકેલી :સ્થાપેલી, એકાગ્ર કરેલી, મૂકવું,સ્થાપવું; એકાગ્ર કરવું

મૂકવા :મુકત કરવા, છોડવા

મુક્તિ :સંસારના શોકથી મુકત થવું તે, પરિણામમાં જ્ઞાનદર્શનાદિક અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી. જેમાં પરમ સુખ અને પરમાનંદનો અખંડ નિવાસ છે, જન્મ મરણની વિટંબનાનો અભાવ છે, શોકનો ને દુઃખનો ક્ષય છે.

મુખપાઠે કરવો :સ્મરણમાં રાખવો-રહેવો

મુખમુદ્રા :પ્રસ્તાવના; ઉપોદ્‌ઘાત (૨) જેમ કોઈનું મોઢુ જોઈને લાગે કે આ શાંત છે. આ ક્રોધી છે. તેમ આ પુસ્તકમાં શું કહેવું છે તે આ પ્રસ્તાવના વાંચીને કહી શકાય છે. (૩) મોઢું જોઈને તેના ભાવ જણાય, તેમ પ્રસ્તાવના વાંચીને પુસ્તકમાં શું આવવાનું છે તે જાણી શકાય

મુખ્ય :નિશ્ચયકથન (૨) પ્રધાન; ખરેખરા

મુખ્ય અને ઉપચાર :મુખ્ય એટલે નિશ્ચય અને ઉપચાર એટલે વ્યવહાર. નિશ્ચયકથન અને વ્યવહાર કથન.

મુદ્ દશા :આનંદદશા

મુદ્દા :આનંદ

મુદ્દાઓ :પોઈન્ટસ રજૂ કરવાની મૂળ અને મહત્ત્વની વાતો; પૂરાવા ; સાબિતીઓ

મુદિત :આનંદ પામવું, પ્રસન્ન થવું.

મુદિતા :આનંદ, પ્રસન્નતા

મુદ્રા :મહોર છાપ (૨)

મુદ્રિત :આકારે

મુનિ :જેને અવધિ, મનઃપર્યવ જ્ઞાન હોય તથા કેવળ જ્ઞાન હોય તે. (૨) શ્રમણ, મૌન ઉપરથી મુનિ નામ પડયું છે. જે સ્વરૂપને જાણે તે મુનિ. (૩) ત્રણ કષાય(ક્રોધ,માન,માયા) નો અભાવ થયો છે તે મુનિ છે, મુનિ તો પરમેશ્વર છે. (૪) સ્વપર પદાર્થના જ્ઞાતા મુનિ (૫) ત્રણ કષાયનો અભાવ થયો છે તે મુનિ પરમેશ્વર સમાન છે. (૬) શ્રમણ; મૌન ઉપરથી પણ મુનિ નામ પડયું છે. જે સ્વરૂપને જાણે તે મુનિ. (૭) આત્મજ્ઞાન ત્યાં મુનિપણું; આત્મજ્ઞાન સહિત જેણે સ્વભાવનું પરિણમન કર્યું અને તેમાં લીન થયો તે જ મુનિ છે; જયાં આત્માનું સાચું જ્ઞાન હોય ત્યાં જ મુનિપણું હોઈ શકે. (૮) (સાધુ પરમેષ્ઠી) સમસ્ત વ્યાપારથી વિમુકત, ચાર પ્રકારની આરાધનામાં સદા લીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે, બધા ભાવલિંગ મુનિનુ નગ્ન દિગમ્બર દશા તથા સાધુના ૨૮ મૂળગુણ હોય છે. (૯) સમસ્ત વ્યાપારથી વિરકત, ચાર પ્રકારની આરાધનામાં તલ્લીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન સહિત, વિરાગી થઈને સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને શુધ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને, અંતરંગમાં શુધ્ધોપયોગરૂપ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે.

પર દ્રવ્યમાં અહંબુધ્ધિ કરતા નથી. જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે. પરભાવોમાં મમત્વ કરતા નથી.

કોઈને ઈષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેને અસ્તિત્વ જ મટી ગયું હોય છે. અનેક વાર સાતમા ગુણસ્થાનના નિવિસ્કલ્પ આનંદમાં લીન થાય છે. જયારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે તેને ૨૮ મૂળગુણોને અખંડિતપણે પાળવાના શુભસ્વકલ્પ આવે છે.

તેને ત્રણ કષાયના અભાવરૂપ નિશ્ચય સમ્યકચારિત્ર હોય છે તથા ત્રણે કાળ ભાવ લિંગી મુનિને નગ્ન દિગંબર દશા હોય છે, તેમાં કદી અપવાદ હોતો નથી. માટે વસ્ત્રાદિ સહિત મુનિ હોય નહિ

(૧૦) ધર્માત્મા; મહાત્મા; સાધક; સાધુ (૧૧) મુનિદશાથી વિશેષ સ્થિરતા, એકાગ્રતા, નિર્વિકલ્પ ધ્યાન દશા સાતમે (અપ્રમત્ત) ગુણસ્થાનકે મુનિને હોય છે. તે વખતે બુધ્ધિપૂર્વક વિકલ્પ નથી, હું અનુભવ કરું છું આનંદ લઉં છું, એવો વિકલ્પ નથી; અંદર સ્વરૂપનો અખંડ આનંદ અનુભવે છે. (૧૨) સ્વરૂપને જાણે તે મુનિ; શ્રમણ (૧૩) સમસ્ત વ્યાપાથી વિમુકત,

ચાર પ્રકારની આરાધનામાં સદા લીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે, બધા ભાવલિંગ મુનિને નગ્ન દિગમ્બર દશા તથા સાધુના ૨૮ મૂળ ગુણ હોય છે.

મુનિએ નિર્મળ અવસ્થામાં કેમ વર્તવુ? :જયાં સુધી શુધ્ધોપયોગમાં જ લીન ન થઇ જવાય ત્યાં સુધી શ્રમણે આચરણની સુસ્થિતિ અર્થ ઉત્સર્ગને અપવાદની મૈત્રી સાધવી જોઈએ. તેણે પોતાની નિર્બળતાનો ખ્યાલ રાખ્યા વિના એકલા ઉત્સર્ગનો આગ્રહ રાખીને કેવળ અતિ કર્કશ આચરણની હઠ ન કરવી જોઈએ, તેમજ ઉત્સર્ગરૂપ ધ્યેયને ચૂકીને એકલા અપવાદના આશ્રયે કેવળ મૃદ આચરણરૂપ શિથિલતા પણ ન સેવવી જોઈએ. હઠ પણ ન થાય અને શિથિલતા પણ ન સેવાય એમ વર્તવું જોઈએ. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ અનેકાન્ત છે. પોતાની દશા તપાસીને જે રીતે એકંદર લાભ થાય તે રીતે વર્તનાનો ભગવાનનો ઉપદેશ છે. પોતાની ગમે તે (સબળ કે નિંબળ) સ્થિતિ હોય તો પણ એક જ પ્રકારે વર્તવું એવો જિનમાર્ગ નથી.

મુનિકુંજરો :મુનિવરો

મુનિદશા :શુધ્ધ દ્રષ્ટિના જોરે ત્રણ કષાયની ચોકડીનો અભાવ કરી અંદર ચારિત્રની વિશેષ સ્થિરતા પ્રગટ કરે તે મુનિદશા છઠ્ઠે ગુણસ્થાનકે હોય છે. (૨) મુનિદશામાં આહારની વૃત્તિ ઊઠે છે તે સંયમના હેતુથી શરીરના નિભાવ માટે છે અને મુનિને વસ્ત્ર રાખવાની વૃત્તિ ઊઠે તો વસ્ત્ર રાખવાનો ભાવ છે તે શરીરનું મમત્વ બતાવે છે તેથી વસ્ત્ર રાખવાની વૃત્તિથી મુનિદશા રહેતી નથી. (૩) મુનિદશા બાહ્ય તેમજ અભ્યંતર પરિગ્રહથી રહિત હોય છે. (૪) મુનિદશા બાહ્ય તેમજ અભ્યંતર પરિગ્રહથી રહિત હોય છે. આત્મજ્ઞાન સહિત નગ્ન દિગંબરપણું હોય છે.

મુનિને અપવાદના કયા વિશેષો છે ? :(૧) યથાજાતરૂપ જે લિંગ; તે જિનમાર્ગમાં ઉપકરણ કહેવામાં આવ્યું છે. (૨) ગુરુનાં વચન (૩) સૂત્રોનું અધ્યયન અને (૪) વિનય પણ ઉપરકરણ કહેલ છે.

ટીકા :- આમાં જે અનિષિધ્ધ ઉપાધિ અપવાદ છે. તે બધોય ખેરેખર એવો જ છે કે જે શ્રામણ્યપર્યાયના સહકારી કારણ તરીકે ઉપકાર કનારો હોવાથી ઉપકરણભૂત છે, બીજો નહિ. તેના વિશેષો (ભેદો) આ પ્રમાણે છેઃ

(૧) સર્વ આહાર્ય રહિત સહજરૂપથી અપેક્ષિત એવા (સર્વઆહાર્ય રહિત) યથામતરૂપપણાને લીધે જ બહિરંગ લિંગભૂત છે. એવાં કાયપુદ્ગલો

(૨) જેમનું શ્રવણ કરવામાં આવે છે એવાં તત્કાળબોધ ગુરુ વડે કહેવામાં આવતા આત્મત્ત્વદ્યોતક સિધ્ધ ઉપદેશરૂપ વચન પુદ્ગલો તેમજ

(૩) જેમનું અધ્યયન કરવામાં આવે છે એવાં નિત્ય બોધક, અનાદિનિદ્યન શુધ્ધ આત્મ તત્વને પ્રકાશવામાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનભૂત, શબ્દાત્મક સુત્ર પુદ્ગલો; અને

(૪) શુધ્ધ આમતત્ત્વને વ્યકત કરનાર દર્શનાદિક જે પર્યાયો તે રૂપે પરિણમેલા પુરુષ પ્રત્યે વિનીતતાનો અભિપ્રાય પ્રવર્તાવનારાં ચિત્ત પુદ્ગલો (અપવાદ માર્ગમાં જે ઉપકરણભૂત ઉપાધિનો નિષેધ નથી તેના ઉપરોકત ચાર ભેદો છે.

ભાવાર્થઃ

(૧) જે શ્રમણને શ્રામણ્ય પર્યાયના સહકારી કારણભૂત, સર્વે કૃત્રિમતાઓથી રહિત યથાજાત રૂપ સન્મુખવૃત્તિ જાય. તેને કાયાનો પરિગ્રહ છે.

(૨) જે શ્રમણને ગુરુ-ઉપદેશના શ્રવણમાં વૃત્તિ રોકાય તેને વચન પુદ્ગલોનો પરિગ્રહ છે. (૩) જે શ્રમણને સૂત્ર અધ્યયનમાં વૃત્તિ રોકાય તેને સૂત્ર પુદ્ગલોનો પરિગ્રહ છે.

(૪) અને જે શ્રમણને યોગ્ય પુરુષના વિનયરૂપી પરિણામ થાય, તેને મનમાં પુદ્ગલોનો પરિગ્રહ છે.

જો કે આ પરિગ્રહો ઉપકરણભૂત હોવાથી અપવાદ માર્ગમાં તેમનો નિષેધ નથી, તો પણ તેમનો વસ્તુ ધર્મ નથી. વિનયરૂપી પરિણામ થાય, તેને મનમાં પુદ્ગલોનો પરિગ્રહ છે.

મુનિને શુધ્ધોપયોગ :મુનિને (મુનિત્વોચિત) શુધ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે અને તે શુદ્ધોપયોગ દશામાં વર્તતો જે (હઠ વગરનો) દેહચેષ્ટાદિક સંબંધી શુભોપયોગ તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે. (શુધ્ધોપયોગદશા ન હોય ત્યાં શુભોપયોગ હઠ સહિત હોય છે; તે શુભોપયોગ વ્યવહાર પ્રયત્નપણાને પણ પામતો નથી.)

મુનિના બાહ્ય અને અંતરંગ લિંગ :(૧) જન્મ સમયના રૂપ જેવું નગ્ન દિગંબર રૂપ (૨) માથાના અને દાઢી મૂછના વાળનો લોચ કરાયેલું (૩) શુધ્ધ અકિંચન (૪) હિંસાદિરહિત અને (૫) પ્રતિકર્મ-શરીરની સજાવટ વિનાનું એવું મુનિનું બાહ્ય લિંગ હોય છે.

તેમજ (૧) મૂર્છા (મમત્વ) અને આરંભ રહિત (૨) ઉપયોગ અને યોગની શુધ્ધિથી યુકતપણું અને (૩) પરની અપેક્ષાથી રહિત જિન દેવે કહેલું અંતરંગ લિંગ હોય છે.

મુનિની ક્રિયા :મુનિના ગુણ=મૂળ ગુણ ૨૮ છે.

મુનિપણું :ત્રણ કષાયના અભાવ સહિત જેને અંતરમાં પ્રચુર આનંદનો સ્વભાન અનુભવ છે. અને બહારમાં જેને વસ્ત્રનો એક ધાત્રોય નથી. જંગલમાં જેનો વાસ હોય છે. એ દિગંબર સંતો છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા એ મોક્ષમાર્ગી મુનિવરોની દશા મહા અલૌકિક હોય છે.

મુનિવરો :મુનિવરો મહાવ્રતની ક્રિયાને કરતાં કરતાં મોક્ષ પામે છે. એમ નહિ, પણ તેને ઓળંગી જઈને સ્વરૂપમાં તૃપ્ત થયા થકી ઠરી જઈને પરમાનંદ દશા પામે છે. આ વસ્તુસ્થિતિ છે.

મુગ્ધ :અણસમજું; ભોળો; અણઘડ; ભદ્રિક લોક

મૂળ :અસલી

મૂળ અને ઉત્તર પરમ ગુરુ :મૂળ પરમગુરુ જે અર્હંતદેવ તથા ઉત્તર પરમ ગુરુ જે દીક્ષાચાર્ય તેમના પ્રત્યે અત્યંત આરાધ્યભાવને લીધે આરાધ્ય એવા પરમ ગુરુ અને આરાધક એવા પોતાનો ભેદ અસ્ત થાય છે.

મૂળ અને ઉત્તર પરમગુરુ :મૂળ પરમગુરુ જે અર્હંતદેવ તથા ઉત્તરપરમગુરુ જે દીક્ષાચાર્ય તેમના પ્રત્યે અત્યંની આરાધ્યભાવને લીધે આરાધ્ય એવા પરમ ગુરુ અને આરાધક એવા પોતાનો ભેદ અસ્ત થાય છે.

મૂળ પદાર્થ ? :જીવ અને અજીવ એ બે મૂળ પદાર્થ છે. જીવ અને પુદ્ગલનાં સંયોગપરિણામથી નીપજતા સાત બીજા પદાર્થો છે. જેમનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે:-

(૧) જીવના શુભ પરિણામ(તે પુણ્ય છે) તેમજ તે (શુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્ગલોનાં કર્મ પરિણામ(શુભ કર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે.

(૨) જીવના અશુભ પરિણામ(તે પાપ છે) તેમજ તે (અશુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્ગલોના કર્મ પરિણામ(અશુભ કર્મરૂપ પરિણામ) તે પાપ છે.

(૩) જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ(તે આસ્રવ છે) તેમ જ તે (મોહરાગદ્વેષરૂ' પરિણામ) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના કર્મ-પરિણામ તે આસ્રવ છે.

(૪) જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ(તે સંવર છે) તેમ જ તે (મોહ રાગ દ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના કર્મ પરિણામનો નિરોધ તે સંવર છે.

(૫) કર્મના વીયજ્ઞનું (કર્મની શકિતનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ(બાર પ્રકારના) તપો વડે વૃદ્ધિ પામેલો જીવનો શુદ્ધોપયોગ (તે નિર્જરા છે) તેમ જ તેના પ્રભાવથી (વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્ગલોનો એકદેશ સંક્ષય તે નિર્જરા છે.

(૬) જીવના મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ (તે બંધ છે) તેમ જ તેના (સ્નિગ્ધ પરિણામના) નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્ગલોનું જીવની સાથે અળ્યોન્ય અવગાહન (વિશિષ્ટ શકિત સહિત એકક્ષેત્રાવગાહ સંબંધ) તે બંધ છે.

(૭) જીવની અશ્વયંત શુદ્ધ આત્મોપલબ્ધિ (તે મોક્ષ છે) તેમ જ કર્મપુદ્ગલોનો જીવથી અશ્વયંત વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે.

મૂળ પ્રકૃત્તિના આઠ ભેદ :નો આગમ કર્મ દ્રવ્ય પ્રકૃતિ આઠ પ્રકારની છે. જ્ઞાનાવરણીય, દર્શનારણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય પ્રકૃતિ. ઉત્તર પ્રકૃતિના ૧૪૮ ભેદ છે. જ્ઞાનાવરણીયના પાંચ દર્શનાવરણીયના નવ, વેદનીયના બે, મોહનીયના અઠ્ઠાવીસ, આયુષ્યના ચાર, નામના ત્રાણું (૯૩), ગોત્રના બે અને અંતરાયકર્મના પાંચ ભેદ મળીને, ૧૪૮ ભેદ થાય છે.

સામાન્ય કર્મ આઠ પ્રકારના છે, અથવા એકસો અડતાલીસ પ્રકાર છે. અથવા અસંખ્યાત લોકપ્રમાણ પ્રકાર છે. તેમની જુદી જુદી ઘાતિયા અઘાતિયા, એવી સંજ્ઞા છે.

ઉતરોત્તર ભેદોની અપેક્ષા, કર્મ અસંખ્યાત લોકપ્રમાણ પ્રકાર છે.

મૂળ રકમ :વસ્તુનો સ્વભાવ

મૂળજીમામા :ઉમરાળા ગામમાં પૂ.કાનજીસ્વામીના ઘરની પડોશમા મૂળજીભાઈ બ્રાહ્મણ રહેતા. તેઓ ભૂંભલી ગામના રહેવાસી પૂ.કાનજી સ્વામીના બા પણ ભૂંભલીના. તેથી મૂળજીભાઈને મૂળજીમામા કહેતા. તેઓ સવારમાં વહેલા ઉઠીને નાહ્યા બાદ બોલતા કે –

અનુભવીને એટલું કે આનંદમાં રહેવું રે;
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.

મામાને તો કયાં ખબર હતી કે એમાં શું ભાવ છે ? પણ અમને ખ્યાલ રહી ગયો કે મામા બોલે છે કાંઈક રહસ્યભર્યું. લ્યો, એ રહસ્ય આ કે–અનુભવી એટલે સમ્યગદષ્ટિ–ધર્મી–જ્ઞાની–તેને તો બસ એટલું કે આનંદમાં સદા રહેવું. ભલે શરીર હો, સગાં હો, પરિવાર હો–એ બધું ભલે રહ્યું એના ઘરે–અનુભવીને તો બસ એટલું કે સદાય અતીન્દ્રિય આનંદના અનુભવમાં મસ્ત રહેવું. ભગવાન આત્મા પરિબ્રહ્મ નામ સમસ્ત પ્રકારે આનંદનો નાથ છે. અહાહા...! આવો જ પોતાનો આત્મા છે તેને ભજવો–અનુભવવો. બસ એ એક જ ધર્મીનું કાર્ય છે. આવી વાત!

મૂઢતા :લોકમૂઢતા, દેવમૂઢથા, અને ગુરુમૂઢતા.

મૂઢ :મોહી અજ્ઞાની (૨) મોહસ્વરૂપ (૩) મોહિત (૪) ભ્રમરૂપ હદયવાળા; મોહી; અજ્ઞાની (૫) મોહમાં પડેલું; મોહવશ થયેલું સ્તબ્ધ; નિશ્ચેષ્ટ, મૂર્ખ–બુધ્ધિહીન, દુરાગ્રહી, જિદ્દી હઠવાળું

મૂઢચિત :વિવેક શૂન્ય મૂઢ માનસવાળા

મૂઢતા :જગતના બધા ધર્મ, બધા દેવ, બધા ગુરુ સાચા છે એમ માનવું તે સત્ય અને અસત્યને સરખાં માનવારૂપ મૂઢતા છે, અવિવેક છે, મતિજ્ઞાનના ચાર ભેદ છે:–

(૧) અવગ્રહ=વસ્તુના બોધનું પકડવું
(૨) ઈહા=વસ્તુ શું છે તે નક્કી કરવા વિચારવું
(૩) અવાય = આ વસ્તુ આમ જ છે, અન્યથા નથી, એવો નિર્ણય કરવો.
(૪) ધારણા= જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન હોય.

(૨) કુદેવ–સેવા, કુગુરુ–સેવા અને કુધર્મ–સેવા એ ત્રણ સમ્યક્ત્વના મૂઢતા નામનો દોષ છે. સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગ મુનિ, જિનેન્દ્રય દેવ અને જિનવાણી સિવાય કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર વગેરેને ભય, આશા, લોભ અને સ્નેહ વગેરેથી પણ નમસ્કાર કરતાં નથી કારણ કે એ ત્રણ મૂઢતાના સ્થાનો છે. (૩) અજ્ઞાનતા. ત્રણ પ્રકારની મૂઢતા કહી છે. લોકમૂઢતા, દેવ મૂઢતા અને ગુરુ મૂઢતા.

(૧) લોકમૂઢતા=સૂર્યને અર્ધ્ય આપવો, ચંદ્રગ્રહણ–સૂર્યગ્રહણમાં ગંગાસ્નાન કરવું, મકરસંક્રાન્તિ વગેરે પ્રસંગે દાન આપવું, સંધ્યા કરવી, અગ્નિની પૂજા કરવી, શરીરની પૂજા કરવી, ગોમૂત્રનું સેવન કરવું, ગાયના પૃષ્ઠ ભાગમાં દેવતાઓનો નિવાસ માનીને તેના પૃષ્ઠભાગને નમસ્કાર કરવા, રત્ન, સવારી, પૃથ્વી, વૃક્ષ, શસ્ત્ર, પહાડ આદિને પૂજવા, ધર્મ સમજીને નદીઓમાં સ્નાન કરવું, સેતુ બંધ, રામેશ્વર વગેરે

સમુદ્રમાં સ્નાન કરવું, રેતી પથ્થરના ઢગલા કરીને પૂજા કરવી, પહાડ પર ચડીને પડતું મૂકવું, આગમાં બળીને મરવું આ વગેરે પ્રકાર લોકમૂઢતાના છે. લોકમાં પ્રચલિત આ મૂર્ખતાઓનો ત્યાગ કરવો એ સમ્યક્ત્વનો પ્રથમ ગુણ છે.

(૨) દેવ મૂઢતા=રાગી-દ્વેષી દેવોની સેવા કરવી દેવમૂઢતા છે. આ દેવ વિષયક મૂર્ખતાને છોડવી તે બીજો ગુણ છે.

(૩) ગુરુમૂઢતા=બાહ્ય અને અભ્યંતર પરિગ્રહવાળા અગુરુઓને નમસ્કાર કરવા તે ગુરુમૂઢતા છે. આ ગુરુવિષયક મૂર્ખતાને છોડવી તે ત્રીજો ગુણ છે.

મૂઢદૃષ્ટિ :યથાર્થ જ્ઞાનરહિત (૨) યર્થાથ જ્ઞાનરહિતનું નામ છે. તે શ્રદ્ધાનવાળા થવું યોગ્ય નથી. ક્યાં ક્યાં ?

(૧) લોકે=લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય તો પણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું

(૨) શાસ્ત્રાભ્યાસે =શાસ્ત્ર જેવા લાગતા, અન્ય વાદીઓએ નીપજાવેલા ગ્રંથોમાં રુચિરૂપ ન પ્રવર્તવું

(૩) સમયાભાસે=સાચા મત જેવા લાગતા અન્ય મતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને તેમાં ભલું જાણીને ન પ્રવર્તવું. અથવા સમય એટલે પદાર્થ સરખાં લાગે તેવાં અન્ય વાદીઓએ કહેલાં કલ્પિત તત્વો તેમાં યુક્તિ જેવું જોઈને સત્યબુધ્ધિ ન કરવી.

(૪) દેવતાભાસે=દેવ જેવા પ્રતિભાસે એવા, અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારિક દેખીને વનયરૂપ ન પ્રવર્તવું ચકાર વડે બીજા પણ જે ગુરુ જેવા પ્રતિભાસે એવા વિષય -કષાય વડે લપટી, વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું.

(૩) દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે જ મૂઢતારૂપ પરિણામ તે મોહ છે. (૪) મૂઢતારૂપ પરિણામ તે મોહ છે. મોહથી નિજરૂપ આચ્છાદિત હોવાથી આ આત્મા પરદ્રવ્યને સ્વદ્રવ્યપણે. પરગુણને સ્વગુણપણે અને પર પર્યાયોને સ્વપર્યાયોપણે સમજીને. -અંગીકાર કરીને અતિરૂઢ થયેલા દઢતર સંસ્કારને લઈને પર દ્રવ્યને જ હંમેશા ગ્રહણ કરે છે.

મૂઢાત્મા :મિથ્યાદૃષ્ટિ જીવ

મૂર્ત અને અમૂર્ત ગુણો :મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિયગ્રાહયપણું છે; અમૂર્ત ગુણોનું લક્ષણ તેનાથી વિપરીત છે. (અર્થાત્ અમૂર્ત ગુણો ઈન્દ્રિયોથી જણાતા નથી.) વળી મૂર્ત ગુણો પુદ્ગલ દ્રવ્યના છે, કારણ કે તે જ (પુદ્ગલ જ) એક મૂર્ત છે. અમૂર્ત ગુણો બાકીના પાંચ દ્રવ્યોના છે. કારણ કે પુદ્ગલ સિવાય બાકીના બધાંય (પાંચેય) દ્રવ્યો અમૂર્ત છે.

મૃગતૃષ્ણા :જેમ ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઈન્દ્રિય વિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.

મૃગતૃષ્ણામાંથી જળની માફક :જેમ ઝાંઝવામાંથી જળ પ્રાપ્ત થતું નથી તેમ ઈંદ્રિય વિષયોમાંથી સુખ પ્રાપ્ત થતું નથી.

મૃગાક્ષી :હરિણાક્ષી; સ્ત્રી

મૃગાચારી :ગુરુનો આશ્રય છોડી એકાકી સ્વચ્છંદે પ્રવર્તે. જિનઆજ્ઞા લોપે એવા, વેષધારીને મૃગાચારી કહેવાય. એ પાંચની ભાવના ભાવે તે દુઃખને પામે.

મૃતક કલેવર :શરીર; મુડદું

મૃત્તિકાપિંડ :માટીનો પિંડ, માટીનો પિંડો

મૃત્યુ :દેહ ને આત્મા છૂટા પડે તેને મરણ મૃત્યુ કહેવાય છે.

મૃત્યુ પછી કઈ ગતિ પ્રાપ્ત થાય ? :પહેલું મિથ્યાત્વ અને ચોથું અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાન છે. જેમાં જો મરણ થાય તો જીવ ચારે ગતિમાંની કોઈ એકમાં જાય છે. બીજા આસ્વાદન ગુણસ્થાનમાં મરણ થતાં જીવ નરકગતિ સિવાયની બાકીની તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ત્રણમાંની કોઈ એક ગતિમાં જાય છે.

સમ્યગ્દર્શન થતાં પહેલાં જીવે આયુષ્યકર્મનો બંધ કરી લીધો હોય તો જ તે ચાર ગતિમાંની ગમે તે ગતિમાં જાય છે નહિ તો (ચયુર્થ ગુણ સ્થાનવર્તી)

સમ્યગ્દષ્ટિ જીવની દેવગતિ જ હોય છે. તેમાં પણ તે ભુવનવાસી આદિ દેવમાં નહિ જતાં ઉત્તમ વૈમાનિક દેવમાં જ જાય છે.

ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં, બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનકમાં અને તેરમાં સંયોગીકેવલી ગુણસ્થાનકમાં તથા આઠ, નવ અને દશ જે ક્ષપણશ્રેણીનાં બાકીનાં ગુણસ્થાનક છે તેમાં મરણ થતું નથી. તે સિવાયના બાકીનાં ગુણસ્થાન માં મરણ થાય છે.

ચૌદમા અયોગી ગુણસ્થાનકે મરણ કરીને મન, વચન, કાયાના યોગને આત્યંતિકપણે તજી દઈને ભવ્યજીવો શિવાલય, મોક્ષમંદિરરૂપ સિદ્ધિપદ સહજાત્મસ્વરૂપ અનુપમ શાશ્વત શાંતિધામમાં જઈ બિરાજે છે.

બાકીનાં પાંચમાંથી અગિયારમાં સુધીમાં સાત ગુણસ્થાનકમાં મરણ કરનાર જીવો એકમાત્ર ઉચ્ચદેવગતિમાં જાય છે.

મૃતિ સ્મૃતિ :તખતીરૂપ(એપીતેથ)

મૂર્તિકપણું :વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલના ગુણ છે. પુદગલમાં રૂપીપણું (મૂર્તિકપણું) છે. તે સિવાય પાંચ વસ્તુ (પદાર્થો) અરૂપી (અમૂર્તિક) છે.

મૃતિકા :માટી

મૃતિકાપિંડ :માટીનો પિંડ, માટીનો પિંડો

મૂર્ત પુદ્ગલ દ્રવ્યના ગુણો :વર્ણ, રસ, ગંધ ને સ્પર્શ, એ ગુણો સૂક્ષ્મથી માંડીને પૃથ્વી પર્યંતના સર્વ પુદ્ગલને હોય છે; જે વિવિધ પ્રકારનો શબ્દ, તે પુદ્ગલ અર્થાત્ પૌદ્ગલિક પર્યાય છે. સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ ઈન્દ્રિયગ્રાહ્ય છે, કારણ કે, તેઓ ઈન્દ્રિયોના વિષયો છે. તેઓ ઈન્દ્રિયગ્રાહ્યપણાની વ્યકિત અને શકિતને વશે, ઈન્દ્રિયો વડે ભલે ગ્રહાતા હોય કે, ન ગ્રહાતા હોય તો પણ, તેઓ એક દ્રવ્યાત્મક સૂક્ષ્મ પર્યાયરૂપ પરમાણુથી માંડીને, અનેક દ્રવ્યાત્મક સ્થૂલ પર્યાયરૂપ, પૃથ્વી સ્કંધ સુધીના સર્વ પુદ્ગલને અવિશેષપણે વિશેષ ગુણો તરીકે હોય છે, અને તેઓ મૂર્ત હોવાને લીધે (પુદ્ગલ સિવાયના) બાકીનાં દ્રવ્યોને, નહિ વર્તતા હોવાથી, પુદ્ગલને જણાવે છે. (પરમાણુ, કાર્મણવર્ગણ વગેરેમાં ઈન્દ્રિયગ્રાહ્યપણું વ્યકત નથી, તો પણ શક્તિરૂપે અવશ્ય હોય છે; તેથી જ ઘણા પરમાણુઓ સ્કંધ રૂપે થઈ સ્થૂલપણું ધારણ કરતાં, ઈન્દ્રિયો વડે જણાય છે.)

શબ્દ પણ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી ગુણ હશે એવી શકરવી, કારણ કે, તે (શબ્દ) વિચિત્રતા વડે, વિશ્વરૂપપણું (અનેકાનેક પ્રકારપણું) દર્શાવતો હોવા છતાં, તેને અનેક દ્રવ્યાત્મક પુદ્ગલપર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

(વિચિત્રતા = વિવિધતા (શબ્દ ભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વૈસ્રસિક-એમ વિવિધ છે.)

શબ્દને પર્યાય નહિ માન, ગુણ માનવામાં આવે, તો તે કઈ રીતે યોગ્ય નથી, તેનું સમાધાનઃ-

પ્રથમ તો, શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી, કેમ કે ગુણ-ગુણીને અભેદ પ્રદેશપણું હોવાથે લીધે (ગુણ-ગુણી), એક વેદનથી વેધ હોવાથી, અમૂર્ત દ્રવ્યને પણ શ્રવણેન્દ્રિયના વિષય ભૂતપણું આવી પડે.

(એક વેદનથી વેદ્ય=એક જ્ઞાનથી જણાવવા યોગ્ય. (નૈયાયિકો, શબ્દને આકાશનો ગુણ માને છે, પણ તે માન્યતા અપ્રમાણ છે. ગુણ-ગુણીના પ્રદેશો અભિન્ન હોય છે, તેથી ગુણ, જે ઈન્દ્રિયથી જણાય તે જ ઈન્દ્રિયથી ગુણી પણ જણાવો જોઈએ. શબ્દ કર્ણેન્દ્રિયથી જણાય છે, માટે આકાશ પણ કર્ણેન્દ્રિયથી જણાવું જોઈએ. પણ આકાશ તો કર્ણ ઈન્દ્રિયથી જણાતું નથી. માટે શબ્દ, આકાશ વગેરે, અમૂર્તિક દ્રવ્યોનો ગુણ નથી.)

બીજું, શબ્દમાં પર્યાયના લક્ષણ , ગુણનું લક્ષણ ઉત્થાપિત થતું હોવાથી, શબ્દ મૂર્ત દ્રવ્યનો ગુણ પણ નથી. પર્યાયનું લક્ષણ કાદાચિત્કપણું (અનિત્યપણું) છે, અને ગુણનું લક્ષણ નિત્યપણું છે; માટે શબ્દમાં કાદાચિત્કપણ વડે નિત્યપણું, ઉત્થાપિત થતું હોવાથી (અર્થાત્ શબ્દ કોઈક વાર જ થતો હોવાથી, અને નિત્ય નહિ હોવાથી), શબ્દ તે ગુણ નથી. જે ત્યાં નિત્યપણું છે, તે તેને (શબ્દને) ઉત્પન્ન કરનારાં પુદ્ગલોનું, અને સ્પર્શાદિક ગુણોનું જ છે, શબ્દપર્યાયનું નહિ, એમ દ્રઢપણે ગ્રહણ કરવું.

વળી, જો, પુદ્ગલનો પર્યાય હોય, તો પૃથ્વી સ્કંધની જેમ, તે સ્પર્શનાદિક ઈન્દ્રિયોનો વિષય હોવો જોઈએ. અર્થાત્ જેમ પૃથ્વીસ્કંધરૂપ પુદ્ગલપર્યાય

સર્વ ઈનિદ્રયોથી જણાય છે, તેમ શબ્દરૂપ પુદગલપર્યાય પણ, સર્વ ઈન્દ્રિયોથી જણાવો જોઈઅ. (એમ તર્ક કરવામાં આવે તો) એમ પણ નથી; કારણ કે, પાણી (પુદ્ગલપર્યાય હોવા છતાં), પ્રાણેન્દ્રિયનો વિષય નથી, અગ્નિ (પુદ્ગલપર્યાય હોવા છતાં), ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી, અગ્નિ (પુદ્ગલપર્યાય હોવા છતાં), ઘ્રાણેન્દ્રિય તથા રસનેન્દ્રિયનો વિષય નથી, અને પવન (પુદ્ગલપર્યાય હોવા છતાં), ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય તથા ચક્ષુન્દ્રિયનો વિષય નથી, વળી એમ નથી કે, પાણી ગંધ વિનાનું છે (તેથી નાકથી અગ્રાહ્ય છે). અગ્નિ ગંધ તથા રસ વિનાનો છે(તેથી નાક તથા જીભથી અગ્રાહ્ય છે). અને પવન ગંધ, રસ તથા વર્ણ વિનાનો છે, (તેથી નાક, જીભ તથા આંખથી અગ્રાહ્ય છે); કારણ કે સર્વ પુદ્ગલો ચતુષ્ક સહિત, સ્વીકારવામાં આવ્યા છે; કેમ કે જેમને સ્પર્શાદિ (૧)ચંદ્રકાન્તને (૨) અરણિને અને (૩) જવને, જે પુદ્ગલો ઉત્પન્ન કરે છે, તે જ પુદ્ગલો વડે (•) જેને ગંધ અવ્યકત છે, એવા પાણીની, (•) જેને ગંધ તથા રસ અવ્યકત છે, તેવા અગ્નિની અને (•) જેને ગંધ, રસ તથા વર્ણ, અવ્યકત છે એવા ઉદરવાયુની, ઉત્પત્તિ થતી જોવામાં આવે છે.

મૃદુ :કોમળ

મૃદ્ :આનંદ

મૂંગી ભક્તિ :પરાશ્રય વિના આત્મામાં એકાગ્ર થયા તેનું નામ મૂંગી ભક્તિ. તેનું નામ ધર્મ, તે આત્માનો સ્વભાવ. ભક્તિમાં બોલવાનો ભાવ તે વિકલ્પ છે. પણ સ્વરૂપમાં એકાગ્ર થવું તેનું નામ મૂંગી ભક્તિ છે.

મેઘપટલ :વાદળ

મેચક :જુદા જુદા, વિધવિધ, અનેક (૨) અનેક અવસ્થારૂપ, અનેક આકારરૂપ, ભેદરૂપ અનેકાકાર, મલિન, પર્યાયના ભેદરૂપ (૩) અનેકાકાર, અશુદ્ધ (૪) અનેકાકાર, સ્વ અને પર સંબંધીનું વિશેષ જ્ઞાન થાય તેને અહીં આકાર કહેલ છે. સ્વ-પર અર્થનું જ્ઞાન તેને આકાર કહે છે. અર્થવિકલ્પને જ્ઞાનાકાર કહે છે. (૫) અનેકાકાર રૂપ; ભેદરૂપ અને અનેકાકાર

મેચકતા :અનેકાકારપણું, અનેકપણું

મેચકદ્રષ્ટિ :મલિન દષ્ટિ

મુજરો :વંદન; નમન; સલામ

મુમુક્ષ :જ્ઞાની, મુનિ (૨) મોક્ષ-મુકતભાવ સાથે જોડાયેલ મુમુક્ષુ, જ્ઞાની (૩) વીતરાગ સ્વભાવના કામી-ઈચ્છાવાળા; આત્માના અર્થી એવા મુમુક્ષુ

મુમુક્ષુ જીવ જ્ઞાનીનાં ગંભીર વચનોનું ખૂબ ઊંડું મંથન કરીને માર્ગ મેળવી છે છે. :ખૂબ એટલે ઘણું; ઊંડુ એટલે ત્રિકાળી આનંદ સાગરના ધ્રૌવ્યના-તળ સુધી પહોંચીને, મંથન એટલે અંતરની એકાગ્રતા; એ વડે મૂળ માર્ગને શોધી કાઢે છે. વિકલ્પ હોય છે પણ તે ધર્મ નથી. અહા! આવો ધર્મ છે. ધર્મની શરૂઆત અહીંથી થાય છે.

મુમુક્ષુઓ :મુક્તિ પ્રાપ્તિના ઈચ્છુકો; મોક્ષના અભિલાષીઓ.

મુમુક્ષુજીવ :વિચારવાન જીવ, મોક્ષ મેળવવાની ઈચ્છાવાળા જીવ

મુમુક્ષતા :મોક્ષની અભિલાષા

મુમુક્ષદશા :જ્ઞાનદશા

મુમુક્ષુને પરમ માર્ગદર્શક અપૂર્વ તત્ત્વવાર્તા :આત્મા સચ્ચિદાનંદ, જ્ઞાનાપેક્ષાએ સર્વવ્યાપક સચ્ચિદાનંદ એવો હું આત્મા એક છું એમ વિચારવું, ધ્યાવવું. સર્વને બાદ કરતાં કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે. જે સર્વને જાણે છે તે આત્મા છે. જે સર્વભાવને પ્રકાશે છે તે આત્મા છે. ઉપયોગમય આત્મા છે. અવ્યાબાધ સમાધિ સ્વરૂપ આત્મા છે. આત્મા છે. આત્મા અત્યંત પ્રગટ છે, કેમ કે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે. તે આત્મા નિત્ય છે. અનુત્પન્ન અને અમિલનસ્વરૂપ હોવાથી ભ્રાન્તિપણે પર ભાવનો કર્તા છે. તેના ફળનો ભોક્તા છે, ભાન થયે સ્વભાવ પરિણામી છે. સર્વથા સ્વભાવ પરિણામ તે મોક્ષ છે. સદ્ગુરુ, સત્સંગ,સત્શાસ્ત્ર, સદ્વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે. આત્માના અસ્તિત્વથી માંડી નિર્વાણ સુધીનાં પદ સાચાં છે. અત્યંત સાચાં છે, કેમ કે પ્રકટ અનુભવમાં આવે છે. ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી તે શુભાશુભ કર્મની ઉત્પતિ થાય છે. કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે. ઉતકૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીના સર્વ ન્યૂનાધિક પર્યાય ભોગવવા રૂપ ક્ષેત્ર અવશ્ય છે.

નિજ સ્વભાવજ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મયાકાર, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવલ જ્ઞાન છે. તથા રૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ. કવચિત મંદ, કવચિત્ તીવ્ર, કવચિત્ વિસર્જન, કવચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશા સમ્યક્ત્વ કહીએ છીએ. તે પ્રતીતિને સષાગત આવરણ ઉદય આવ્યાં નથી. ત્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ કહીએ છીએ. આત્માને આવરણ ઉદય આવે ત્યારે તે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જયાં રહ્યું છે. તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ તથા રૂપ, પ્રતીતિ થયે અન્યભાવ સબંધી અહંમમત્વાદિ, હર્ષ, શોક ક્રમે કરી ક્ષય થાય, મનરૂપ યોગમાં તારતમ્ય સહિત જે કોઈ ચારિત્ર આશયે તે સિધ્ધ પામે છે. અને જે સ્વરૂપ સ્થિરતા ભજે તે સ્વભાવ સ્થિતિ પામે છે. નિરંતર સ્વરૂપલાભ-સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાયકર્મના ક્ષયે પ્રગટે છે. કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન....કેવળજ્ઞાન છે.

મુમુક્ષાઓ :મુક્તિ પ્રાપ્તિના ઈચ્છુકો; મોક્ષના અભિલાષી

મુમુક્ષાના લક્ષણો :મુમુક્ષુની યોગ્યતા માટે પાંચ લક્ષણો પરમ આવશ્યક છે.

(૧) શમઃ ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે શમ.

(૨) સંવેગ=મુકત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઈચ્છા નહીં, અભિલાષા નહીં તે સંવેગ.

(૩) નિર્વેદ=જયારથી એમ સમજાયું કે ભ્રાન્તિમાં જ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ! હવે થોભ, એ નિર્વેદ.

(૪) આસ્થાઃમાહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રધ્ધા-આસ્થા.

(૫) અનુકંપા=એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુધ્ધિ તે અનુકંપા. આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે, સ્મરવા યોગ્ય છે, ઈચ્છવા યોગ્ય છે, અનુસરવા યોગ્ય છે.

મુમુક્ષ :જ્ઞાની, મુનિ

મુમુક્ષુતા :મુમુક્ષુતા તે છે કે સર્વે પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક મોક્ષને વિષે જ યત્ન કરવો અને તીવ્ર મુમુક્ષુતા એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણેક્ષણે પ્રવર્તવું મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે. અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

મૂર્છના :સંગીતના સાત સ્વરોનો સાદ (સંગીત)

મૂર્છા :અવિચારપણું (૨) મમત્વ (૩) ઉપાધિના સદ્ભાવમાં મમત્વ પરિણામ જેનું લક્ષણ છે એવી મૂર્છા. (૪) મમત્વ (૫) બેશુધ્ધિ, બેભાન, આપવડાઈ, આપવખાણ (૬) બેશુધ્ધિ; મૂર્ચ્છતા (૭) મમતા. મૂર્ચ્છા=પરિણામ; પરિગ્રહનું લક્ષણ જ મર્ચ્છા છે. (૮) મમત્વ ભાવ (૯) ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થયેલ જે મમત્વ પરિણામ (અર્થાત્ આ મારું છે એવા પરિણામ) તેને જ મૂર્ચ્છા કહે છે.

મૂર્ચ્છાઈ :આપવખાણ; વડાઈ; મોટાઈ; બડાઈ (૨) મૂંઝાઈ જવું

મૂર્છાઈ જવું :મૂંઝાઈ જવું

મૂર્છાગત :બેભાન

મૂર્ત :સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો સદ્ભાવ જેનો સ્વભાવ છે તે મૂર્ત છે. પુદ્ગલ જ એક મૂર્ત છે. (૨) ઈન્દ્રિયાદિ (૩) સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો સદ્ભૌવ જેનો સ્વભાવ છે તે મૂર્ત છે.

મૂર્ત અને અમૂર્ત દ્રવ્ય :ચક્ષુ, નાક, જીભ અને ચામડી (સ્પર્શન)ની ઈનિદ્રયોના વિષયો છે ઈન્દ્રિય-ગ્રાહ્યગુણોને જ અહીં મૂર્ત અને જ્ઞાન-દર્શનાદિ અતીન્દ્રિય ગુણોને અમૂર્ત કહેવામાં આવ્યા છે.

અહીં અતીન્દ્રિયને અમૂર્ત બતાવ્યા છે અને પરમાણુને પણ અતીન્દ્રિય કહ્યો છે તો પછી પુદ્ગલ-પરમાણુ પણ અમૂર્ત ઠરે છે. પરંતુ પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક હોય છે. તેથી પરમાણુ પણ મૂર્તિક હોવો જોઈએ. તેથી પરમાણુને

અતીન્દ્રિય અને અમૂર્ત કહેવામાં વિરોધ આવતો લાગે છે. જો એમ કહેવામાં આવે તો એક અપેક્ષાએ બરાબર છે; કેમ કે વાસ્તવમાં પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક જ હોય છે-ભલે તે પોતાની કો સૂક્ષ્મ કે સૂક્ષ્મતર અવસ્થામાં તે ઈન્દ્રિય ગ્રાહ્ય ન હોય, પરંતુ ઈન્દ્રિય ગ્રાહ્ય ન હોવાથી જ જો પુદ્ગલ પરમાણુને અતીન્દ્રિય માનવામાં આવે તો હજારો પરમાણુના સ્કંધરૂપ જે કાર્માણ વર્ગણાઓ છે તે પણ ઈન્દ્રિયગ્રાહ્ય ન હોવાથી અતીન્દ્રિય તથા અમૂર્તિક ઠરશે અને તેથી પુદ્ગલનો એક અવિભાગી પરમાણું જ નહી બલ્કે વર્ગણાઓના રૂપમાં સૂક્ષ્મ પુદ્ગલસ્કંધ પણ અમૂર્તિક ઠરશે. અમૂર્તિક સિધ્ધ થતાં તેમનામાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ માનવો પડશે. અને આ પુદ્ગલગુણોના અભાવ થતાં પુદ્ગલ દ્રવ્યના જ અભાવનો પ્રસંગ ઉપસ્થિત થશે. તેથી પરમાણુને અતીન્દ્રિય અને અતીન્દ્રિયને અમૂર્તિક કહેવું તે વ્યવહારનયની દષ્ટિએ કથન છે. નિશ્ચયનયની દ્રષ્ટિએ નહિ. કેટલાય સૂક્ષ્મ પદાર્થો એવા છે જે સ્વભાવથી તો ઈન્દ્રિયગોચર નથી પરંતુ યંત્રોની સહાયથી ઈન્દ્રિયગોચર થઈ જાય છે. આજકાલ એવા શક્તિશાળી યંત્રો તૈયાર થઈ ગયા છે જે એક સૂક્ષ્મ વસ્તુને હજારો ગણી મોટી કરીને બતાવી શકે છે. આવી સ્થિતિમાં પરમાણુ પણ યંત્રની સહાયથી મોટો દેખાઈ શકે છે. પરંતુ ગમે તેવી શક્તિશાળી આંખ હોય તેનાથી સ્વતંત્રતાપૂર્વક દેખાઈ શકતો નથી. તેથી જ તે અતીન્દ્રિય હોવા છતાં પણ પુદ્ગલ દ્રવ્યની દષ્ટિએ મૂર્તિક છે.

મૂર્ત ગુણોનું લક્ષણ :મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિયગાહ્યપણું છે.

મૂર્ત -અમૂર્તનું લક્ષણ :આ લોકમાં જીવો વડે સ્પર્શનેંદ્રિય, પસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિય દ્વારા તેમના (તે ઈન્સ્રિયોના) વિષયભૂત, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ સ્વભાવવાળા પદાર્થો(સ્પર્શ, રસ,ગંધ અને વર્ણ જેમનો સ્વભાવ છે એવા પદાર્થો) ગ્રહાય છે(જણાય છે) અને શ્રોત્રેંદ્રિય દ્વરા તે જ પદાર્થો તેના (શ્રોત્રેંદ્રિયના) વિષયભૂત શબ્દકારે પરિણમ્યા થકા ગ્રહાય છે. જેઓ (તે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-સ્વાભાવવાળા પદાર્થોને અર્થાત્ પુદ્ગલોને) શ્રોત્રેંદ્રિયના વિષય થવામાં હેતુભૂત શબ્દાકારપરિણામ છે, તેથી તે પદાર્થો (પુદ્ગલો) શબ્દાકારે પરિણમ્યા થકા શ્રોત્રેંદ્રિય દ્વારા ગ્રહાય છે.) (તે પદાર્થો) કદાચિત સ્થૂલ સ્કંધપણાને પામતા થકા, કદાચિત્ સૂક્ષ્મત્વને (સૂક્ષ્મ સ્કંધપણાને) પામતા થકા અને કદાચિત્ પરમાણુપણાને પામતા થકા ઈન્દ્રિયો ગ્રહતા હોય કે ન ગ્રહતા હોય, ઈન્દ્રિયો વડે ગ્રહવાની યોગ્યતાનો (સદા) સદ્ભાવ હોવાથી મૂર્ત કહેવાય છે.

સ્પર્શ, રસ,ગંધ,વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે એવો બાકીનો અન્ય સમસ્ત પદાર્થ સમહ ઈન્સ્રિયો વડે ગ્રહવાની યોગ્યતાના અભાવને લીધે અમૂર્ત કહેવાય છે.

જે બન્ને (પૂર્વોકત બન્ને પ્રકારના પદાર્થો) ચિત્ત વડે ગ્રહવાની યોગ્યતાના સદ્ભાવવાળા છે, ચિત્ત કે જે અનિયત વિષયવાળું, અપ્રાપ્યકારી અને મતિશ્રુત જ્ઞાનના સાધનભૂત (મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં નિમિત્તભૂત) છે તે અર્ત તેમજ અમૂર્ત ને ગ્રહણ કરે છે. (જાણે છે.)

મૂર્તકર્મ :આ લોકમાં સંસારી જીવને વિષે અનાદિ સંતતિથી(પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે, તે સ્પર્શાદિવાળું હોવાને લીધે, આગામી મૂર્ત કર્મને સ્પર્શે છે, તેથી મૂર્ત એવું તે તેની સાથે, સ્નિગ્ધત્વગુણના વશે(-પોતાના સ્નિગ્ધરૂક્ષત્વ પર્યાયને લીધે), બંધને પામે છે. આ મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે બંધ પ્રકાર છે.

વળી (અમૂર્ત જીવનો મૂર્ત કર્મોની સાથે બંધ પ્રકાર આ પ્રમાણે છે કે) નિશ્ચયનયથી જે અમૂર્ત છે એવો જીવ, અનાદિ મૂર્ત કર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિ પરિણામ વડે સ્નિગ્ધ વર્તતો થકો, મૂર્ત કર્મોને વિશિષ્ટપણે અવગાહે છે(અર્થાત્ એકબીજાનો પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવા સંબંધ વિશેષ સહિત મૂર્તકર્મોના ક્ષેત્રમાં વ્યાપે છે) અને તે રાગાદિ પરિણામના નિમિત્તે જેઓ પોતાના (જ્ઞાનવરણાદિ) પરિણામને પામે છે. એવાં મૂર્ત કર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ જીવના પ્રદેશો સાથે વિશિષ્ટતાપૂર્વક એકક્ષેત્રાવગાહને પામે છે.) આ જીવ અને મૂર્ત કર્મનો અન્યોન્ય. અવગાહ સ્વરૂપ બંધ પ્રકાર છે. આ રીતે અમૂર્ત એવા જીવનો પણ મૂર્ત પુણ્ય પાપ કર્મની સાથે કથંચિત્ (કોઈ પ્રકારે) બંધ વિરોધ પામતો નથી. (૨) કર્મનું ફળ જે સુખદુઃખના હેતુભૂત મૂર્ત વિષયને તે વિષયથી મથી મૂર્ત

ઈંદ્રિયો દ્વારા જીવ વડે ભોગવાય છે, તેથી કર્મના મૂર્તપણાનું અનુમાન થઈ શકે છે. જે આપ્રમાણે :- જેમ મૂષકવિષ મૂર્ત છે તેમ કર્મ મૂર્ત છે, કારણ કે (મૂષકવિષના ફળની માફક) મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. (ઉંદરના ઝેરનું ફળ) શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે) મૂર્ત છે અને મૂર્ત શરીરના સંબંધ દ્વારા અનુભવાય-ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે ઉંદરનું ઝેર મૂર્ત છે, તેવી રીતે કર્મનું ફળ (વિષયો) મૂર્ત છે અને મૂર્ત ઈંદ્રિયોના સંબંધ દ્વારા અનુભવાય -ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે કર્મ મૂર્ત છે.

મૂર્તગુણો :મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિયગ્રાહ્યપણું છે. ઊર્તગુણા પુદ્ગલદ્રવ્યના છે.

મૂર્તિ :મૂર્તપણું

મૂર્તિક :અમૂર્તિક એક લક્ષણ એ પણ કરવામાં આવે છે કે જે વિષય પદાર્થનું જીવ વડે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ થવા યોગ્ય છે તે બધા મૂર્તિક અને બાકીના બધા અમૂર્તિક છે. આમાં ગ્રહણ કરી શકવાની યોગ્યતા ના રૂપમાં જે વાત કહેવામાં આવી છે તે ખાસપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે; કેમ કે સંખ્યાત-અસંખ્યાત અણુઓના સૂક્ષ્મ પરિણમન સહિત કેટલીયે વસ્તુઓ તથા પુદ્ગલ વર્ગણાઓ એવી હોય છે કે જે વર્તમાનકાળમાં ઈન્દ્રિય ગોચર થઈ શકતી નથી; પરંતુ કાળાન્તરમાં સ્થૂળ પરિણમનના અવસરમાં ઈન્દ્રિય ગોચર થાય છે. એથી ઈન્દ્રિયગોચર થવાની યોગ્યતાના સદ્ભાવના કારણે તેમને ઈન્દ્રિય ગોચર નહિ થવાના અવસરે પણ મૂર્તિક જ સમજવી જોઈએ. પરમાણુ પણ પોતાના શુધ્ધરૂપમાં અતિ સૂક્ષ્મતાના કારણે ઈન્દ્રિયગોચર નથી હોતા, પરંતુ સ્કંધરૂપે પરિણત થઈને જયારે સ્થૂળરૂપ ધારણ કરે છે ત્યારે ઈન્દ્રિયોના ગ્રહણમાં આવે છે. તેથી તે પણ મૂર્તિક છે.

અહીં એક બીજી વાત પણ જાણી લેવાની છે અને તે એકે મૂર્તિકમાં રૂપ, ગંધ, રસ, સ્પર્શની વ્યવસ્થાનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે ક્રમશઃ આંખ, નાક, જીભ, સ્પર્શન આ ચાર ઈન્દ્રિયોના વિષય છે; પરંતુ પાંચમી શ્રોત્ર ઈન્દ્રિયનો વિષય જે શબ્દ છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેનું કારણ એ છે કે શબ્દ પુદ્ગલનો કોઈ ગુણ-સ્વભાવ નથી, જે સ્થાયી રૂપે તેમાં પ્રાપ્ત થતો હોય. ચાર ઈન્દ્રિયોના વિષય સ્પર્શ, રસ, ગંધ વર્ણના રૂપે છે તે જ શબ્દરૂપે પરિણમીને શ્રોત્ર ઈન્દ્રિય દ્વારા ગ્રહણ કરવામાં આવે છે. તેથી જ શુધ્ધ પુદ્ગલરૂપે જે જે પરમાણુ છે તેને અશબ્દ શબ્દ રહિત કહેવામાં આવ્યા છે એક પ્રદેશી હોવાના કારણે તેમાં શબ્દ-પર્યાયરૂપ પરિણતિ વૃત્તિનો અભાવ છે. પરંતુ શબ્દ સ્કંધરૂપ પરિણતિ શક્તિનો સદ્ભાવ હોવાથી તે શબ્દનું કારણ થાય છે. (૨) રૂપ (વર્ણ), રસ, ગંધ, સ્પર્શની અવસ્થાને મૂર્તિ કહેવાય છે.

પુદ્ગલ સિવાય બાકીના ધર્મ, અધર્મ આકાશ કાળ એ ચારે અજીવ તત્ત્વ અમૂર્તિક તથા નિષ્ક્રિય છે. કેવળ પુદ્ગલ દ્રવ્ય મૂર્તિક છે અને તે સક્રિય પણ છે. સાથોસાથ મૂર્તિનું લક્ષણ પણ આપ્યું છે. જે પાતાના વર્ણ,ગંધ, રસ અને સ્પર્શની વ્યવસ્થા સહિત છે તેને મૂર્તિ બતાવેલ છે.

વર્ણના પાંચ-રાતો, પીળો, કાળો, લીલો, ધોળો. ગંધના બે-સુગંધ, દુર્ગંધ; રસના પાંચ-તીખો, કડવો, ખાટો, મીઠો કષાયેલો અને સ્પર્શના આઠ-કોમળ, કઠોર, ભારે હલકો, ઠંડો ગરમ, લૂખો, ચીકણો આ આઠ મૂળ ભેદ છે.

પુદ્ગલના આ વીસ મૂળ ગુણા મર્તિમાં કોઈ એક વર્ણ, એક ગંધ એક રસ અને શીત-સિનગ્ધ, શીત-રકત, તૃષ્ણ-સ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ આ ચાર જોડકામાંથી કોઈ એક જોડરૂપ બે સ્પર્શ ઓછામાં ઓછા હોવા જ જોઈએ.

મૂર્તિપ્રભવ :મૂર્તપણે ઉપજનારો અર્થાત્ રૂપ-ગંધ-રસ-સ્પર્શના પરિણામરૂપે જેનો ઉત્પાદ થાય છે એવો (મૂર્તિ=મૂર્તપણું)

મૂર્તિમાન :સાક્ષાત્ રહેલું, ખુદ, પોતે.

મૂર્ધન્ય સ્થાન :ઉચ્ચ સ્થાન

મૂલ્યાંકન :કિંમત આંકવી; માપ કરી શકે

મૂષકવિષ :ઉંદરનું ઝેર(ઉંદરના કરડવાથી શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે)

મુહૂર્ત :બેઘડીનું એક મુહૂર્ત બને છે. ૪૮ મિનિટનો સમય, ૧૫ મુહૂર્તનો એક દિવસ થાય છે. (૨) અડતાલીસ મિનિટ; બે ઘડી (૨૪ મિનિટની એક ઘડી)

મૃષા :જૂઠું, અસત્ય

મૃષા અને પરસ્ત્રીત્યાગ :શ્રાવક આશ્રયી પરસ્ત્રીત્યાગ અને બીજા અણુવ્રત વિષે :-

(૧) જયાંસુધી મૃષા અને પરસ્ત્રીનો ત્યાગ કરવામાં આવે નહિ ત્યાં સુધી સર્વ ક્રિયા નિષ્ફળ છે, ત્યાં સુધી આત્મામાં છળકપટ હોવાથી ધર્મ પરિણમતો નથી.

(૨) ધર્મ પામવાની આ પ્રથમ ભૂમિકા છે.

(૩) જયાં સુધી મૃષાત્યાગ અને પરસ્ત્રીત્યાગ એબે ગુણો ન હોય ત્યાં સુધી વકતા તથા શ્રોતા હોઈ શકે નહીં.

(૪) મૃષા જવાથી ઘણા અસત્ય પ્રવૃત્તિ ઓછી થઈ નિવૃત્તિનો પ્રસંગ ઓવે છ. સહજ વાતચીત કરતાં પણ વિચાર કરવો પડે.

(૫) મૃષા બોલવાથી જ લાભ થાય એવો કાંઈ નિયમ નથી. જો તેમ હોય તો સાચા બોલનારા કરતાં જગતમાં અસત્ય બોલનારા ઘણા હોય છે, તો તેઓને ઘણો લાભ થવો જોઈએ, તેમ કાંઈ જોવામાં આવતું નથી, તેમ અસત્ય બોલવાથી લાભ થતો હોય તો કર્મ સાવ રદ થઈ જાય, અને શાસ્ત્ર પણ ખોટાં પડે.

(૬) સત્યનો જય છે. પ્રથમ મુશ્કેલી જણાય, પણ પાછળથી સત્યનો પ્રભાવ થાય ને તેની અસર સામા માણસ તથા સંબંધમાં આવનાર ઉપર થાય.

(૭) સત્યથી મનુષ્યનો અશ્વમા સ્ફટિક જેવો જણાય છે.

વ્યાખ્યાનસાર-૨-૧૬

મેટી :મટવું; છોડવું

મેરુ :જમ્બૂ દ્વીપના વિદેહક્ષેત્રમાં સ્થિત એક લાખ જોજન ઊંચો એક પર્વત વિશેષ

મેષોન્મેષ :આંખનો તે તે પલકારો

મૈત્રી : મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી, સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ (૨) સર્વ જીવ પ્રત્યે હિતચિંતવના (૩) સર્વ જગતના જીવો પ્રત્યે નિર્વે બુધ્ધિ (૪) સર્વ જગતથી નિવૈર બુધ્ધિ

મૈત્રીભાવ :અદ્વેષભાવ

મંટનશીલ :મટાડવાના સ્વભાવવાળું

મંત્ર :ગુપ્તભેદ (૨) દેવ કે કોઈ શક્તિ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો (૩) મંત્રાક્ષરો

મંથનદંડ :રવૈયો

મંથર :મંદ, જડ, સુસ્ત (૨) સુસ્ત; તૃપ્ત-તૃપ્ત, સ્વરૂપમાં જામી જવું (સ્વરૂપ મંથર)

મંદ :શુભ

મંગલ :મં એટલે રાગદ્વેષનો અહંકાર. તેને સ્વભાવના આશ્રયે ગલ એટલે ગાળીને-નાશ કરીને જે સમ્યગ્જ્ઞાનરૂપી સ્વભાવ પર્યાય પ્રગટયો છે તે મંગળિક છે. (૨) શ્રી અરિહંતાદિક જ પરમ મંગલ છે. તેમાં ભકિતભાવ થતાં પરમ મંગલ થાય છે. મંગ એટલે સુખ અને લાનિ એટલે આપે અથવા મં એટલે પાપ તેને ગાળે તે મંગલ (૩) પાપને ગાળે, પવિત્રતાને લાવે એવા સ્વરૂપનું શ્રધ્ધાન, જ્ઞાન-આચરણ તે મંગળ છે. (૪) મળને અર્થાત્ પાપને ગાળે-નષ્ટ કરે તે મંગળ છે, અથવા સુખને પ્રાપ્ત કરે-લાવે તે મંગળ છે.

મંગળનું પણ મંગળ :શ્રી જયસેનાચાર્ય દેવ કૃત ટીકામાં શાસ્ત્રનું મંગળ, શાસ્ત્રનું નિમિત્ત, શાસ્ત્રનો હેતુ(ફળ) , શાસ્ત્રનું પરિમાણ, શાસ્ત્રનું નામ અને શાસ્ત્રના કર્તા-એ છ બાબતોનું વિસ્તુત વિવેચન કર્યું છે.

વળી શ્રી જયસેનાચાર્યદેવે આ ગાથામાં શબ્દાર્થ, નયાર્થ,મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ સમજાવીને એ રીતે વ્યાખ્યાનકાળે સર્વત્ર શબ્દાર્થ, નયાર્થ, મતાર્થ, આગમાર્થ અને ભાવાર્થ યોજવા યોગ્ય છે એમ કહ્યું છે.

ભકિત અર્થે મંગળનું પણ મંગળ કરવામાં આવે છે. સુર્યને દીપકથી, મહાસાગરને જળથી, વાગીશ્વરીને (સરસ્વતીને) વાણીથી અને મંગળને મંગળથી અર્ચવામાં આવે છે.

મંદતા :શિથિલપણું, કમનસીબ

મંદબુધ્ધિ :મૂઢ બુધ્ધિ (૨) અજ્ઞાની; જેને આત્માનું ભાન નથી તે બધા અજ્ઞાની છે.

મંદવૃત્તિ :નિર્બળતા

મંથર :મંદ, જડ, સુસ્ત

યજન :યજ્ઞ કરવો એ . આરાધના

યજન યાજન :યજ્ઞ પોતે કરવો અને બીજાને કરાવવો એ.

યથાર્થ ઉપદેશ :જયાં સુધી યથાર્થ શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ન હોય ત્યાં સુધી તો જેનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવાં જિનવચનો સાંભળવા આવો ભાવ સમ્યગ્દર્શન થવા પહેલાં હોય છે એની વાત છે. અહીં યથાથ ઉપદેશ એના પર વજન છે. આમ જયાં ત્યાંથી કહે છે કે દાન કરો, વ્રત કરો તો સમકિત થશે. અને ધર્મ થશે તો અ જિનવચન નથી, યથાર્થ ઉપદેશનથી. આ ઉપદેશ સાંભળવા લાયક નથી. જેમાં સમ્યગ્દર્શનાદિ વીતરાગનું પ્રયોજન પ્રગટ હોય તે યથાર્થ ઉપદેશ છે. પંચાસ્તિકાયમાં શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એમ કહ્યું છે. તથા આત્માવલોકન શાસ્ત્રમાં આવે છે કે મુનિઓ વારંવાર વીતરાગભાવનો ઉપદેશ આપે છે. એટલે નિમિત્ત, રાગ અને પર્યાયથી લક્ષ ફેરવી ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરો જેથી સમ્યાગદર્શનાદિ વીતરાગરૂપ ધર્મ થાય. આવો ઉપદેશ તે યથાર્થ ઉપદેશ છે, કેમ કે વીતરાગભાવ એકમાત્ર સ્વદ્રવ્યના જ આશ્રયે થાય છે.

યતાજાતરૂપધર :(આત્માનું) જેવું મૂળભૂત છે એવું (સહજ, સ્વાભાવિક) રૂપધારણ કરનાર, સહજ રૂપધારી.

યતાનિષ્પન્ન :જેવું બનેલું છે તેવું , જેવું મૂળભૂત ચે તેવું, સહજ, સ્વાભાવિક.

યત્ના :બીજા જીવોને હરકત ન થાય તેમ સાચવીને કામ કરવું, કાળજી રાખવી, એ પ્રકારનો જે પ્રયત્ન-પુરુષાર્થ તે યત્ના છે. સાવધાની રાખી હિતકારી હોય તેમ પ્રવર્તવું તે યાત્ના છે. વિવેક એ ધર્મનું મૂળ છે તેમ યત્ના એ ધર્મનું ઉપતત્ત્વ છે.

યત્નાચાર :પ્રમાદથી રહિત આચરણવાળો.

યતિ :ધ્યાનમાં સ્થિર થઈ શ્રેણિ માંડનાર. (૨) સંસારનો પાર પામે તે યતિ.(જતિ) (૩) પાર પહોંચેલા પરમાત્મપદને પામે તે યતિ કહીએ. (૪) ઈંદ્રિયજય કરીને શુદ્ધાત્મ સ્વરૂપમાં પ્રયત્ન પરાયણ તે યતિ. (૫) ઈન્દ્રિયજય કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્ન પરામણ તે યતિ.

યદ્યપિ :જો કે, અગર જો, યદપિ

યથેષ :પર્યાપ્ત

યથેષ્ટ :ઈચ્છા પ્રમાણે, મરજી પ્રમાણે, સ્વચ્છંદે, બેદરકાર થઈને.

યથેષ્ટ :પર્યાપ્ત

યથાસ્થિત :જેવી સ્થિતિમાં હતું તે પ્રમાણે, પૂર્વવત્, અસલ મુજબ.

યથાખ્યાત :જેમ કહેલું છે તવું , જેવું પ્રસિદ્ધ પામેલ છે તેવું, યથાકથિત . (૨) જેવું પ્રસિદ્ધ છે તેવું યથાયોગ્ય =જેમ છે જેમ.

યથાખ્યાત ચારિત્ર :આત્મામાં અંદર જે ત્રિકાળી શુદ્ધ ચારિત્ર છે તેનો આશ્રય લેતાં ભગવાન કેવળીને કાર્ય શુદ્ધ ચારિત્ર પ્રગટયું છે. એમ કહે છે. તોને આત્મામાં જે પૂર્ણ રમણના પ્રગટી છે તેને ચારિત્ર કહે છે. બાકી આ ક્રિયાકાંડને-શરીરની ક્રિયાને કે પંચમહાવ્રતના વિકલ્પને ચારિત્ર કહેતા નથી. અંતર નિજાનંદ સ્વધપમાં રમણતા કરવી તેમાં લીનતા કરવી તેમાં ચરવું તેમાં ઠરવું ને તેનું વેદન કરવું એનું નામ ભગવાને ચારિત્ર કહ્યું છે. તે ચારિત્રની પૂર્ણતા તે યથાખ્યાત કાર્યશુદ્ધ ચારિત્ર છે.

યથાજાતરૂપ જ લિંગ :જન્મયા પ્રમાણે રૂપ એવું જે લિંગ

યથાજાતરૂપજાતમ :જન્મ સમયના રૂપ જેવા રૂપવાળું (દિગંબરરૂપ)

યથાજાતરૂપધર :સહજરૂપ ધરી(આત્માનું) જેવું મૂળભૂત છે તેવું (સહજ સ્વાભાવિક) રૂપ ધારણ કરનાર, જન્મસમયના રૂપ જેવું રૂપ ધરનાર. (૨) (આત્માનું) જેવું મૂળભૂત છે તેવું(સહજ સ્વાભાવિક) રૂપ ધારણ કરનાર. (૩) (આત્માનું) સહજરૂપ ધરનાર (૪) (આત્માનું) જેવું મૂળભૂત છે તેવું, સહજ સ્વાભાવિક રૂપ ધારણ કરનાર, જન્મ વખતે જેવું સ્વરૂપ હોય છે તેવું નગ્ન સ્વરૂપ ધારણ કરનાર. (૫) (આત્માનું) જેવું મૂળભૂત છે તેવું (સહજ સ્વાભાવિક) રૂપ ધારણ કરનાર, સહજ રૂપધારી, આત્માનું સહજરૂપ ધરનાર.

યથાતથ :ઓછું અધિક કે વિપરીતતાથી રહિત માને ને તે રીતે નિઃસંદેહપણે જાણે તેને યથાતથા કહે છે.

યથાતથપણે :પદાર્થનું જે સમ્યક્‌પણે સ્વરૂપ છે તે પ્રમાણે.

યથાનું ભૂત :જેવો (અમે) અનુભવ્યો છે તેવો.

યથાનિષ્પન્ન :જેવું બનેલું છે તેવું, જેવું મૂળભૂત છે તેવું, સહજ, સ્વાભાવિક

યથાપદવી :જયાં સુધી શુદ્ધ સ્વરૂપ'ની પ્રાપ્તિ ન થઈ હોય ત્યા સુધી વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું.

યથાયોગ્ય :જેવા જોઈ તેવ - તથારૂપ

યથાર્થ રીતે :અપેક્ષા સમજીને

યથાર્થ :તદ્દન સાચું, ઉચિત, યોગ્ય, વાજબી, વાસ્તવિક, સ્વાભાવિક (૨) નિશ્ચય (૩) વાસ્તવિક, વાસ્તવિક રીતે, સાચું, ખરું. (૪) હોય તેવું, તદ્દન સાચું, ઉચિત, યોગ્ય, વ્યાજબી, વાસ્તવિક, સ્વાભાવિક

યથાર્થતા :પ્રમાહાતા

યથાલબ્ધ :જેવો મળે તેવો

યથાવિધ :તે પ્રકારનું અથાત્ શરીરાદિરૂપ

યથાશકિત :પોતાની શકિત અનુસાર

યથાસુખ :મરજી મુજબ, જેમ સુખ ઉપજે તેમ, યથેચ્છપણે. (જેમને દ્રવ્યાર્થિકનયના (નિશ્ચયનયના) વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન કે અનુભવ નથી તેમ જ તેને માટે ઝંખના કે પ્રયત્ન નથી, આમ હોવા છતાં જેઓ નિજ કલ્પનાથી પોતાને વિષે કાંઈક ભાસ થતો કલ્પી લઈને નિશ્ચિંતપણે સ્વચ્છંદપૂર્વક વર્તે છે.- જ્ઞાની મોક્ષમાર્ગી જીવોને પ્રાથમિક દશામાં આંશિક શુદ્ધિની સાથે સાથે ભૂમિકાઅનુસાર શુભ ભાવો પણ હોય છે.-એ વાતને શ્રદ્ધતા નથી. તેમને અહીં કેવળ નિશ્ચયાલંબી કહ્યા છે. મોક્ષમાર્ગી જ્ઞાની જીવોને સવિકલ્પ પ્રાથમિક દશામાં (છઠ્ઠા ગુણ સ્થાન સુધી) વ્યવહારનયની અપેક્ષાએ ભૂમિકાનુસાર ભિન્નસાધ્ય સાધનભાવ હોય છે અર્થાત્ ભૂમિકા પ્રમાણે નવ પદાર્થો સંબંધી, અંગ-પૂર્વ સંબંધી અને શ્રાવક-મુનિના આચારો સંબંધી શુભ ભાવો હોય છે.-આ વાત કેવળ નિશ્ચયાલંબી જીવો માનતા નથી અર્થાત્(આંશિક શુદ્ધિ સાથેની) શુભભાવવાળી પ્રાથમિક દશાને તેઓ શ્રદ્ધાતા નથી અને પોતે અશુભ ભાવોમાં વર્તતા હોવા છતાં પોતાને વિષે ઉંચી શુદ્ધ દશા કલ્પી લઈ સ્વચ્છંદી રહે છે.

કેવળ નિશ્ચયાલંબી જીવો પુણ્યબંધના ભયથી ડરીને મંદકષાયરૂપ શુભભાવો કરતા નથી અને પાપબંધના કારણભૂત અશુભભાવોને તો સેવ્યા કરે છે. આ રીતે તેઓ પાપને જ બાંધે છે.

શ્રી જયસેનાચાર્યદેવ રચિત ટીકામાં (વ્યવહાર-એકાંતનું સ્પષ્ટીકરણ કર્યા પછી તુરત જ નિશ્ચય એકાંતનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. :-

વળી જેઓ કેવળ નિશ્ચયાલંબી વર્તતા થકા રાગાદિવિકલ્પરહિત પરમસમાધિ પરમસમાધિરૂપ શુદ્ધ આત્માને નહિ ઉપલબ્ધ કરતા હોવા છતાં, મુનિએ (વ્યવહારે) આચરવા યોગ્ય ષડ્આવશ્યકાદિરૂપ અનુષ્ઠાનને તથા શ્રાવકે (વ્યવહારે) આચરવા યોગ્ય દાનપૂજાદિરૂપ' અનુષ્ઠાનને દૂષણ દે છે. જેઓ પણ ઉભયભ્રષ્ટ વર્તતા થકા, નિશ્ચયવ્યવહારઅનુષ્ઠાનયોગ્ય અવસ્થાંતરને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે(અર્થાત્ કેવળ નિશ્ચય અનુષ્ઠાનરૂપ શુદ્ધ અવસ્થાથી જુદી એવી જે નિશ્ચય-અનુષ્ઠાન અને વ્યવહાર અનુષ્ઠાનવાળી મિશ્ર અવસ્થા તેને નહિ જાણતા થકા પાપને જ બાંધે છે, પરંતુ જો શુદ્ધાત્માનુષ્ઠાનરૂપ મોક્ષમાર્ગને અને તેના સાધકભૂત (વ્યવહાર સાધનરૂપ) વ્યવહારમોક્ષમાર્ગને માને, તો ભલે ચારિત્રમોહના ઉદયને લીધે શકિતનો અભાવ હોવાથી શુભ-અનુષ્ઠાન રહિત હોય તથાપિ- જો કે તેઓ શુધ્ધાત્મભાવનાસાપેક્ષ શુભઅનુષ્ઠાનરત પુરુષો જેવા નથી તોપણ-સરાગ સમ્યક્ત્વાદિવડે વ્યવહાર સમ્યગ્દષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે.- આમ નિશ્ચય-એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યાં. (અહીં જે જીવોને 'વ્યવહારસમ્યગ્દષ્ટિ' કહ્યા છે તેઓ ઉપચારથી સમ્યગ્દષ્ટિ છે એમ ન સમજવું. પરંતુ તેઓ ખરેખર સમ્યગ્દષ્ટિ છે એમ સમજવું તે મને ચારિત્ર-અપેક્ષાએ મુખ્યપણે રાગાદિ હયાત હોવાથી સરાગ સમ્યક્ત્વવાળા કહીને 'વ્યવહારસમ્યગ્દષ્ટિ'કહ્યા છે.

જયારે આ જીવ આગમભાષાએ કાળલબ્ધિરૂપ અને અધ્યાત્મભાષાએ શુદ્ધાત્માભિમુખ પરિણામરૂપ સ્વસંવેદનજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે પ્રથમ તો તે મિથ્યાત્યાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ અને ક્ષયોપશમ વડે સરાગ-સમ્યગ્દષ્ટિ થાય છે.)

યથાસ્થિત :જેવો છે તેવો જ (૨) વિષમતાવિનાનો-સુસ્થિત (૩) જેવો છે તેવો જ

યથાસ્થિત આત્મગુણ :વિષમતા વિનાનો- સુસ્થિત આત્માનો ગુણ હોવાથી સામ્ય છે. અને સામ્ય, દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયના દ્રવ્યથી ઉતપન્ન થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અતર્યિત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.

યથાસ્થિત આત્માગુણ :વિષમતા વિનાનો, સુસ્થિત આત્માનો ગુણ.

યથાસંભવ :શકય હોય તે રીતે, બની શેક તેટલી કે તેવી રીતે, યથાશકય

યથોકત :જેવો કહ્યો તેવો (૨) (પૂર્વ ગાથામાં) જેવો કહ્યો હતો તેવો, કહ્યા પ્રમાણેના ઉપર કહ્યું તે (૩) જેવો કહ્યો તેવો, યથાર્થ. (૪) પૂર્વે જેવ કહ્યો તેવો. (૫) જેવો કહ્યો તેવા. યથાનો અર્થ જેવો છે તેવો અને ઉકત એટલે કહ્યો.

યથોકત લક્ષણવાળી :કહ્યાપ્રમાણેના લક્ષણવાળી(ચેતનાનું લક્ષણ=જીવનું સ્વરૂપપણે પ્રકાશવું, અવિનાશિની, ભગવતી, સંવેદના

યથોકતલક્ષણ :યથોકત સ્વરૂપ, ઉપર કહ્યો તેવા સ્વરૂ'.

યથોચિત :યથાયોગ્ય-ચેતન કે અચેતન(પુદ્ગલાદિ દ્રવ્યો પરકીય અચેતન દ્રવ્યત્વથી સંયુકત છે અને અન્ય આત્માઓ સ્વકીય ચેતન દ્રવ્યત્વથી સંયુકત છે.

યદ્વાતદ્વા :જેમ તેમ, મનમાં આવે તેમ. વિચારવિવેક વિના.

યમ :સંયમ (૨) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને પરિગ્રહત્યાગ એ પાંચ યમ કહેવાય છે. આ યમમાં પ્રવર્તવાથી આત્મામાં કરુણા કામલનાદિ સદ્ગુણો પ્રગટે છે અને મોક્ષમાં રુચિ થાય છે. (૩) અહિંસા, સત્ય, અમ્યોર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, આદિ મહાવ્રત જીવનપર્યંત પાળવાની પ્રતિરૂપ તે યમ. (૩) સંયમી, મુનિ, યમીઓ = સંયમીઓ, મુનિઓ

યયાનુ ભૂત :જેવો અમે અનુભવ્યો છે તેવો.

યશ,કીર્તિ :બહારથી યશ, કીર્તિ હોય તે નામકર્ણની શુભપ્રકૃતિનો ઉદય છે. તે ધર્મનું લક્ષણ નથી.

યશઃકીર્તિ નામ કર્મ :જે કર્મના ઉદયથી લોકમાં જીવની પ્રશંસા થાય તેને યશઃકીર્તિ નામ કર્મ કહે છે. બહારમાં યશ મળે તે હું નહિ, અંદર આત્માના ગુણો પ્રગટે તે વાસ્તવિક યશ છે. જેમાં નિરાકુળ આનંદનું વેદન થાય તેનું નામ યશ છે.

યષ્ટિ :લાકડી

યક્ષ :પૌરાણિક માન્યતા પ્રમાણે એક પ્રકારની દેવયોનિના પુરૂષ હોય છે. કુબેરના અનુચરોનો એક વર્ગ. જેમને લોભની માત્રા અધિક હોય છે. અને જે ભાંગગીમાં નિયુકત કરવામાં આવે છા તે પક્ષ કહેવાય છેતેમના બાર ભેદ છેઃ-માણિભર્દ, પૂર્ણભદ, ગૌસભદ, મનોભ,ભદમ, સમદ, સર્વભદ, માનુષ, યનપાલ, સ્વરુપવહી, વધોત્તમ, અને મનોહરજી - આપ્રકાર પક્ષોના ભાર લે છે.

યાચના :માગવાની ક્રિયા, કાલાવાલા, આજીજી.

યાત્રા :ખરેખર તો અંદર જે ત્રણ લોકનો નાથ આનંદકંદ જ્ઞઆયકપ્રભુ ભગવાન આત્મા છે તેનો આશ્રય લઈને સ્વરૂપમાં ઠરવું તેનું નામ યાત્રા છે. તીર્થની યાત્રાના ભાવ અશુભથી બચવા માટે આવે, પણ તે શુભભાવ છે. તેનાથી ધર્મ થતો નથી.

યાન :વાહન, કોઈપણ પ્રકારનું વાહન(ગાડાં, ઘોડા-હાથી-ખચ્ચર વગેરે) મોટર-આગગાડી-આગબોટ-વિમાન-સાઈકલ વગેરે.

યામિની :રાત્રિ, રાત.

યૌકિતક ન્યાય :યુકિતવાળો ન્યાય, ચતુરાઈ પૂર્વકનો ન્યાય.

યોગ :આત્મ સ્વભાવમાં જોડાણ (૨) મોક્ષ સાથે જોડાણ ત યોગ, આત્માની વૃત્તિ આત્મામાં, શુદ્ધ આત્મસ્વભાવમાં જોડાય તે યોગ. તે જોડનાર આત્માર્થીઓ તે યોગિયો. (૩) પ્રાપ્તિ કરાવનાર (૪) મોક્ષની સાથે જીવનો જે સંબંધ જોડે તે યોગ. તેના આઠ અંગ છે.

(૧) યમ=અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ એ પાંચ યમ કહેવાય છે. આ યમમાં પ્રવર્તવાથી આત્મામાં કોમલતાદિ સદ્ગુણો પ્રગટે છે અને મોક્ષમાં રુચિ થાય છે.

(૨) નિયમ=આત્માને વિશેષરૂપે વિશુદ્ધ અને નિયમિત કરનાર પાંચ નિયમ છે.શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન.

(૩) આસન=પરદ્રવ્યો અને પરભાવોથી વ્યાવૃત્ત થવા આસન થવા અને શુદ્ધ આત્મરૂપ ધ્યેયમાં મન એકાગ્ર કરવા ધ્યાનને સહાયકારી એવાં યોગનાં (વીરાસન, વ્રજાસન, પદ્માસન,, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, કાયોત્સર્ગ આસન આદિ) અનેક આસનોમાંથી કોઈ ગમે તે અનૂકૂળ આસનના જપનો અભ્યાસ કરવો, આસનની દઢતા કરવી, એક આરો ને સ્થિર કરવાનો અભ્યાસ વધારવો તે આસન તેથી મનની સ્થિરતા કરવામાં સુગમતા થાય.

(૪) પ્રાણાયમ= ચિત્તવૃત્તિરૂપ શ્વાસોચ્છ્વાસના જય અને, મનના જય અર્થે વાતનાના જય અર્થે, દેહાધ્યાસ આદિ બાહ્યભાવોને છોડવા તે રેચક, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હું આત્મા છું. એમ અંતરાત્મભાવને પોષક ભાવો સદ્બોધમય ભાવો ચિત્તમાં ભરવા તે પૂરક, અને આત્મભાવને અંતરમાં સ્થિર કરવા તે કુંભક, એ મુમુક્ષુ યોગીને ભાવ-પ્રાણાયામ છે.

(૫) પ્રત્યાહાર=વિષય વિકારમાંથી વ્યવસ્થિપણે ઈન્દ્રિયોને પાછીવાળવી, વિરમાવવી તે પ્રત્યાહાર. ''વિષયવિકારે ઈંદ્રિયેને જોડે, ઈહાં પ્રત્યાહારો રે -''શ્રીમદ યેશાવિજયજી

(૬) ધારણા=શુદ્ધચિદ્રપ નિજ આત્મસ્વરૂપ તે ધ્યેય તેમાં ચિત્તનું એકદેશે બંધાવું સ્થિર થઈ જવું તે ધારણા.

(૭) ધ્યાન=ધ્યેયમાં એકાગ્રતા અમુક કાળ ચાલુ રહે તે ધ્યાન. ધ્યાન ચાર પ્રકારનાં છે. પ્રથમ બે આર્ત અને રૌદ્ર ધ્યાન તજવા યોગ્ય છે. અને ધર્મ અને શુકલધ્યાન ઉપાદેય છે.

(૮) સમાધિ =આત્મા પોતાના સ્વભાવ સ્વરૂપમાં નિર્વિકલ્પ પણે રહે તે સમાધિ.

''આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે.''

શ્રીમદ્ રાજચંદ્ર

(૫) શુદ્ધોપયોગ (૬) આત્માના પ્રદેશોનું, સકંપ થવું તે યોગ છે. (૭) યોગના બે પ્રકાર છે. (•) સકષાય યોગ અને (•) અકષાય યોગ. (૮) શુભ પરિણામ સહિતની નિર્દોષ ક્રિયા વિશેષને યોગ કહે છે. (૯) કાય, વચન, અને મનના અવલંબને (નિમિત્તે) આત્માના પ્રદેશોનું સંકપ થવું તે યોગ છે. (૧૦) મોક્ષની સાથે જીવનો જે સંબંધ જોડે તે યોગ . જેના આઠ અંગ છે : (•) યમ, (•) નિયમ, (•) આસન, (•) પ્રાણાયમ, (•) પ્રત્યાહાર,(•) ધારણા, (•) ધ્યાન અને (•) સમાધિ

(૧૧) આત્મ સ્વભાવમાં જોડાણ (૧૨) ધ્યાન, દ્રવ્યકર્મ અને ભાવકર્મથી વિમુકત-ભિન્ન આત્માનું પરિજ્ઞાન-અનુભવ થાય છે. તે યોગીઓ દ્વારા યોગ કહેવામાં આવેલ છે. કે જેમણે જે યોગીઓએ યોગ બળથી પાતકોનો નાશ કર્યો છે. (૧૩) આત્મપ્રદેશોનું કંપન તે યોગ. જયાં પ્રદેશનું કંપન થાય ત્યાં કર્મના રજકણો આત્મામાં પ્રવેશ કરે છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ હોય ત્યારે પાણી અંદર પ્રવેશી જાય છે. તેમ આત્મામાં પ્રદેશોનું કંપન થાય છે. પ્રદેશ જયારે અસ્થિર થાય છે ત્યારે કર્મના રજકણો આત્માના પ્રદેશો ગ્રહય છે. કેવળજ્ઞાનીને પણ પ્રદેશનું કંપન રહ્યું છે તેથી એક સમયનો બંધ ત્યાં પણ છે. યોગના પંદર ભેદ છેઃ મનોયોગના ૪ ભેદ છે.(સત્યમનોયોગ, અસત્યમનોયોગ, ઉભયમનોયોગ, અને અનુભવમનોયોગ) કાયયોગના ૭ ભેદ છે. (ઔદારિક, ઔદારિક મિશ્ર, વૈક્રિયિક, વૈક્રિયિકમિશ્ર, આહારક, આહારકમિશ્ર અને કાર્માણ) વચનયોગના ૪ ભેદ છે.(સત્યવચનયોગ, અસત્યવચનયોગ, ઉભયવચનયોગ અને અનુભયવચનયોગ.) આ પ્રમાણે યોગના પંદર ભેદ થયા. (૧૪) જે યોગથી અર્થાત્ ધ્યાનથી (દ્રવ્ય કર્મ અને ભાવકર્મથી) વિમુકત-ભિન્ન આત્માનું પરિજ્ઞાન(અનુભવ) થાય છે, તે યોગીઓ દ્વારા યોગ કહેવામાં આવેલ છે. કે જેમણે જે યોગીઓએ યોગબળથી પાતકોનો નાશ કર્યો છે. યોગ એટલે આત્મસ્વરૂપમાં જોડાણ. (૧૫) બહારના જડયોગ ન સમજવા પરતું ચૈતન્યના પ્રદેશનું કંપન સમજવું. (૧૬) મન, વચન, કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશનું ચલન-કંપન. (૧૭) પ્રાપ્તિ કરાવનાર. (૧૮) પ્રદેશનું કંપન. (૧૯) અમર યૌવન

અને ચિર ઉલ્લાસનું મહારસાયણ. યોગના અદ્‌ભુતચમત્કારિક અશ્ચર્યો થાક અને કંટાળાનો ધવંસ કરે છે. યોગીઓનું બેન્ક બેલેન્સ શું ? આત્મસંવેદનનાં સાત્ત્વિક કંપનો- તે જ તેમની માયામૂડી. તે સાત્ત્વિક કંપનો (અંગ્રજી : પોઝીટીવ વાઈબ્રેશન્સ) નો ગુણાકાર (અંગ્રજી : ચેઈન રીએકશન) થાય છે. (૧૦) મન,વચન અને કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશો ચંચળ થવાપણાને યોગ કહે છે. (૧૧) આત્માના પ્રદેશનું કંપન તે યોગ છે. (૧૨) મન, વચન, કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશોનું કંપન થવું તેને દ્રવ્યયોગ કહેવાય છે. કર્મ અને નોકર્મને ગ્રહણ કરવામાં નિમિત્તરૂપ જીવની શકિતને ભાવયોગ કહેવાય છે. (૧૩) શુભપરિણામ સહિતની નિદોર્ષ ક્રિયા વિશેષને યોગ કહે છે. (૧૪) બે પ્રકારના છે. દ્રવ્યયોગ અને ભાવયોગ. (૧૫) મન, વચન, કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશોનું કંપન થવું તે દ્રવ્યયોગ કહેવાય છે. કર્મ અને મોકર્મના ગ્રહણ કરવામાં નિમિત્તરૂપ જીવની શકિતને ભાવયોગ કહેવાય છે. (૧૬) મન. વચન અને કયા, અથવા દ્રવ્ય અને ભાવ. (૧૭) ધ્યાનબળ (૧૮) યોગ એટલે મન-વચન-કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશનું ચલન અને ઉપયોગ એટલે જ્ઞાનનું કષાયો સાથે ઉપયુકત થવું જોડાવું. આ યોગ અને ઉપયોગ ઘરાદિક તથા ક્રોધાદિક ને નિમિત્ત છે તેથી તેમને ઘટાદિક અને ક્રોધાદિક નિમિત્તકર્તા કહેવાય પરન્તુ આત્માને તેમનો કર્તા ન કહેવાય. આત્માને સંસાર અવસ્થામાં અજ્ઞાનથી માત્ર યોગ ઉપયોગનો કર્તા કહી શકાય. (૧૯) મન-વચન-કાયા, કંપન, ચૈતન્યના પ્રદેશોનું કંપન. (૨૦) સ્વભાવ-શાંતિની સમાધિ , ધ્યાનમાં સ્થિર થવું તે. (૨૧) કર્મા વિશેષ હેતુઓમાં જે યોગનું ગ્રહણ છે તે કષાય અનુરંજિત યોગ છે, જે યોગની પ્રવૃત્તિ લેશ્યા કહેવાય છે. (૨૨) વળી જીવોને જે શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ (મન-વચન-કાયા આશ્રિત) ચેષ્ટાનો ઉત્સાહ છે તે યોગનો ઉદય જાણ. શુભયોગમાં કે અશુભયોગમાં પ્રવર્તનું કે નિર્વતવું એટલે કે શુભમાં પ્રવર્તતું અને અશુભથી નિવર્તવું, અશુભમાં પ્રવર્તવું અને શુભથી નિવર્તવું તે યોગનો ઉદય છે. આત્માના પ્રદેશોનું કંપન છે તે યોગ છે, તે વિકાર છે તેમાં કર્મનું નિમિત્ત છે. (૨૩) આત્માના પ્રદેશનું કંપન તે યોગ છે. (૨૪) આત્માના પ્રદેશોનું કંપન તે જીવયોગ છે. મન યોગ, વચનયોગ, અને કાયયોગની પ્રકૃતિનો ઉદય તે જડયોગ છે. (૨૫) દ્રવ્યયોગ અને ભાવયોગ (૨૬) પ્રદેશનું કંપન

યુકત :જોડેલું, જોડાયેલું. (૨) યોગ્ય, વ્યાજબી(સમાસમાં 'વાળુ'નો અર્થ) (૩) આત્મ સ્વભાવમાં જોડાણવાળો, યોગી (૪) યોગી (૫) જોડવું (૬) ઉચિત, સહિત, યોગ્ય (૭) આત્મ સ્વભાવમાં જોડાણવાળો, યોગી (૮) જોડેલું, જોડાયેલું, યોગ્ય, વ્યાજબી, સહિતવાળુ. (૯) સહિત (૧૦) ઉચિત (૧૧) યોગી, યોગ્ય (૧૨) જોડેલું, જોડાયલું, યોગ્ય, વ્યાજબી.

યુકત કર્યો :જોડયો

યુકત કર્યો છે :જોડાયો છે.

યુકતનો :યોગીનો

યુકતવિહારી :

(૧) સ્વયં અવિહાર સ્વભાવી હોવાથી અને

(૨) સમિતિ શુદ્ધ (ઈર્યાસમિતિ વડે શુદ્ધ એવા) વિહારવાળો હોવાથી યુકતવિહારી (યુકત વિહારવાળો શ્રમણ) સાક્ષાત્ અવિહારી જ છે.

યુકતાહારવિહાર :(૧)યુકત=યોગ્ય(ઉચિત) આહાર-વિહારવાળો. (૨) યુકતના અર્થાત્યોગીના આહાર-વિહારવાળો, યોગપૂર્વક(આત્મસ્વભાવમાં જોડાણ સહિત) આહાર-વિહારવાળો.

યુકતા હાર :શ્રમણ બે પ્રકારે યુકતહારી સિદ્ધ થાય છે. (

યુકતાત્મા :ચિત્તની સમસ્ત વૃત્તિઓ કબજામાં હોય તેવા આત્માવાળું સંયમી કે નિષ્કામ કર્મયોગી.

યુકતાહાર :ઉચિત આહાર, યોગીનો આહાર

યુકતાહાર વિહારી :(૧) યોગ્ય (ઉચિત) આહાર વિહારવાળો (૨) યુકતના અર્થાત્ યોગીના આહારવિહારવાળો, યોગપૂર્વક(આત્મસ્વભાવમાં જોડાણ સહિત) આહાર-વિહારવાળો.

યુકતાહારનું સ્વરૂપ :યુકતાહારના સાત લક્ષણો છે. (૧)દિવસમાં એક વખત આહાર (૨) ઉણોદર (૩) યથાલબ્ધ (જેવો માટે તેવો (૪) ભિક્ષાસરણથી

મળેલો (૫) દિવસના સમયે (૬) રસની અપેક્ષા વિનાનો અને (૭) મદ્ય-માંસ રહિત. આમ સાત પ્રકાર સહિતનો યોગીનો યુકતાહાર કહ્યો છે.

યુકતાહારી :ઉચિત આહારવાળો, યોગીના આહારવાળો છે.

યુકિત :તર્ક, ન્યાય, પ્રમાણથી સિદ્ધ થાય તેવું લોજીક. (૨) વીતરાગદેવ શું કહે છે અને વિરોધી અન્યવાદીઓ શું કહે છે તેવો સમ્યક્ યુકિત વડે એકાંતપક્ષનું ખંડન કરી સત્ય શું છે તેનો સાચો નિર્ણય કરવો તે યુકિત છે. (૩) સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અદ્રવસમાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અદ્રવસમાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે.

અજ્ઞાની એમ કહે છે કે કાળપથી જુદો કોઈ કોલસો નથી તેમ અદ્રયવસાનથી જુદો આત્મા નથી. તેને યુકિતથી ઉત્તર આપે છે કે કાળપથી ભિન્ન જેમ સુવર્ણ છે તેમ અદ્રયવસાનથી ભિન્ન અન્ય ચિતસ્વભાવમય આત્મા છે. સોનામાં જે કાળપ દેખાય છે એનાથી સોનું ભિન્ન છે. જે કાળપ છે તે સોનું નથી પણ મેલ છે. જેમ પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ છે તે આત્મા નથી, એ તો મેલ છે. આ પ્રમાણે કાળપથી ભિન્ન સુર્વણની જેમ અળ્યવસાનથી ભિન્ન ચિત્સ્વભાવમય જીવ છે એમ યુકિત કહી. (૪) જોડવું એ, જોડાણ, અનુમાન, અંદાજ, સંભાવના, દલીલ, વિતર્ક, તજવીજ, ઉપાય, તદભીર, કરામત, હિમ્મત, ચાલાકી, ચતુરાઈ, તર્ક. (૫) તર્ક મૂલક, તાર્કિક, હેતુવાળુ (૬) ચતુરાઈ, જોડવું એ, જોડાણ, અનુમાન,અંદાજ, સંભાવના, દલીલ, વિતર્ક, તજવીજ, ઉપાય તદબીર, કરામત, હિકમત, ચાલાકી. (૭) પ્રમાણ અને નય દ્વારા તત્ત્વની યથાર્થ પરીક્ષા કરવી તે યુકિત છે. (૮) પ્રમાણ અને નય દ્વારા પર્યાય નિર્ણય કરવો તે યુકિત છે (૯) તર્ક, અનુમાન, રેશનાલિઝમ (૧૦) પ્રમાણ-નયના અનુયોગ વડે વિચાર-નિર્ણય. (૧૧) ન્યાય (૧૨) પ્રમાણ-નયનો અનુયોગ.

યુકિતમદ્ :યુકિતયુકત

યુકિતમાર્ગ :નય-પ્રમાણવડે પહેલાં જાણવું.

યુગપદ :એક જ સાથે. (૨) એકી સાથે

યુગ્મ :જોડકું, જોડું, બેલડું.

યુંજન :વીતરાગ ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી તેમજ પાંત્રીશ અતિશય યુકત સર્વશ્રેષ્ઠ દિવ્ય વચનયોગ ધરાવતા હોવાથી એ જ સર્વશ્રેષ્ઠ યથાર્થ જ્ઞાતા અને વકતા. (૨) પ્રકૃત્તિનો ક્ષય કરી ગુણ પ્રગટ થયો તે, શુદ્ધ સ્વભાવ પ્રગટ થવો તે. (૩) સયોગી કેવળી સર્વજ્ઞ ભગવાને પોતાના અનંત જ્ઞાનમાં જે જોયું તે. (૪) સ્વરૂપ અનુસંધાન, આત્મના યોગમાં જોડાણ, યાજન , જોડાણ : આત્મસ્વરૂપનું અનુસંધાન.

યુંજનકરણ :કર્મોનું જોડાવું તે, કર્મ અને આત્માનો યોગ. (૨) એટલે પ્રકૃતિને યોજવી તે. યથાપ્રવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ, અપૂર્વકરણ, ઉપરાંત યુંજનકરણ અને ગુણકરણ છે. મુંજનકરણને ગુણકરણથી ક્ષય કરી શકાય છે. (૩) કર્મોનું જોડવું તે, કર્મને આત્માનો યોગ.

યુંજનમાં :આત્માના યોગમાં, સ્વરૂપાનુસંધાનમાં પ્રવેશે છે.

યુત્સિદ્ધ :જોડાઈને સિદ્ધ થયેલું, સમવાયથી-સંયોગથી સિદ્ધ થયેલું (જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં કડીના યોગથી માણસ 'લાકડીવાળો' થાય છે. જેમ સત્તા અને દ્રવ્ય જુદાં હોવા છતાં સત્તા સાથે જોડાઈને દ્રવ્ય 'સત્તાવાળું'(સત્) થયું છે એમ નથી. લાકડી અને માણસની જેમ સત્તા અને દ્રવ્ય જુદાં જોવામાં જ આવતાં નથી. આ રીતે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક સત્તા અને સત્ની બાબતમાં યુતસિદ્ધપણું નથી. (૨) જોડાઈને સિદ્ધ થયેલ, સમવાયથી-સંયોગથી સિદ્ધ થયેલ. (જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો'થાય છે. જેમ જ્ઞાન અને આત્મા જુદાં હોવા છતાં જ્ઞાન સાથે જોડાઈને આત્મા 'જ્ઞાનવાળો'(જ્ઞાની) થાય છે એમ પણ નથી. લાકડી અને માણસની જેમ જ્ઞાન અને આત્મા કદી જુદાં હોય જ કયાંથી ? વિશેષરહિતદ્રવ્ય હોઈ શકે જ નહિ. જેથી જ્ઞાન વિનાનો આત્મા કેવો ? અને આશ્રય વિના ગુણ હોઈ શકે જ નહિ. જેથી આત્મા વિના જ્ઞાન કેવું ? માટે લાકડી અને 'લાકડીવાળો' ની માફક 'જ્ઞાન'અને 'જ્ઞાની'નું યુતસિદ્ધપણું ઘટતું નથી. (૩) બે વસ્તુઓનો

સંબંધ (૪) સમવાય થી સંયોગથી સિધ્દ્ધ થયેલું જેમાં લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ લાકડી વાળો થાય છે તેમ છતાં અને દવ્ય જુદાં હોવા છતાં સત્તા સાથે જોડાઇ ને દવ્ય સત્તાવળું (સત) થયુ છે. એમ નથી લાકડી અને માણસ જેમ સત્તા અને દવ્ય જુદાં જોવાયાજ નથી આ રીતે લાકડી અને લાકડીવાળા ની માફક સત્તા અને સત ની બાબતમાં યુતસિધ્દ્ધ પણું નથી. (૫) જોડાઈને સિધ્દ્ધ થયેલું, સમવાયથી-સંયોગથી સિધ્દ્ધ થયેલું. (જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો' થાય છે તેમ સત્તા અને દ્રવ્ય જુદાં હોવા છતાં સાથે જોડાઈને દ્રવ્ય 'સત્તાવાળું'(સત્) થયું છે એમ નથી. લાકડી અને માણસની જેમ સત્તા અને દ્રવ્ય જુદાં જોવામાં આવતાં નથી. આ રીતે 'લાકડી' અને 'લાકડીવાળા' ની માફક 'સત્તા' અને સત્‌ની બાબતમાં યુતસિધ્દ્ધપણું નથી.) (૬) જોડાયેલ, સંયોગસિધ્દ્ધ (૭) જોડાઈને સિધ્દ્ધ થયેલ, સમવાય-સંયોગથી સિધ્દ્ધ થયેલ, (જેમ લાકડી અને માણસ જુદા હોવા ચતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો'થાય છે તેમ જ્ઞાન અને આત્મા જુદાં હોવાં છતાં જ્ઞાન સાથે જોડાઈને આત્મા 'જ્ઞાનવાળો' (જ્ઞાની) થાય છે એમ પણ નથી. લાકડી અને માણસની જેમ જ્ઞાન અને આત્મા કદી જુદાં હોય જ કયાંથી ? વિશેષરહિત દ્રવ્ય હોઈ શકે જ નહિ. જેથી જ્ઞાન વિનાનો આત્મા કેવો ? અને આશ્રય વિના ગુણ હોઈ શકે જ નહિ તેથી આત્મા વિના જ્ઞાન કેવું? માટે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'જ્ઞાન' અને 'જ્ઞાનીનું'યુતસિધ્દ્ધપણુ ઘટતું નથી. જોડાયેલ, સંયોગ સિધ્દ્ધ.

યુતસિધ્દ્ધતા :અખંતતાનો અભાવ

યુતિ :દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સહિત જીવાદિ દ્રવ્યોના સંમેલનનું નામ યુતિ છે.

યોગ ઉપયોગ :જ્ઞાનનું કષાયો સાથે ઉપયુકત થવું-જોડાવું.

યોગ સ્થાનો :કાર્યવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ગણઆનું કંપન જેમનું લક્ષણ છે એવા યોગસ્થાનો તે બધાંય જીવને નથી. કારણ કે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

યોગથી ઉતપન્ન સુખની વ્યાખ્યા :યોગથી- ધ્યાનજન્ય-વિવિકત આત્મ-પરિજ્ઞાનથી ઉતપન્ન થયેલું સુખ છે તે ઉત્તમ સુખ છે. કેમ કે તે કામદેવનાં આતંકથી વિષયવાસનાની પીડાથી રહિત છે. શાંતિ સ્વરૂપ છે, નિરાકુળતામય છે, સ્થિર છે- અવિનાશી છે, સ્વાત્મામાં સ્થિત છે. કયાંય બહારથી નથી આવતું પરાશ્રિત નથી અને જન્મ જરા તથા મૃત્યુનો વિનાશક છે અથવા તજજન્ય દુઃખથી રહિત છે.

યોગદષ્ટિ :હરિભદ્રસૂરિએ યોગદષ્ટિઓ અધ્યાત્મપણે સંસ્કૃતમાં વર્ણવી છે. અને તે ઉપરથી યશોવિજયજી મહારાજે ઢાળરૂપે ગુજરાતીમાં કરેલ છે.

યોગદષ્ટિમાં છ યે ભાવ - ઔદાયિક, ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક, પારિણામિક અને સાન્નિપાતિક-નો સમાવેશ થાય છે. એ છ ભાવ જીવના સ્વતત્ત્વભૂત છે.

યોગદષ્ટિમાં છયે ભાવ :ઔદયિક, ઔપશધિક, ક્ષયોપશમિક, ક્ષાયિક, પરિણામિક અને સાન્નિપાતિક-નો સમાવેઈ થાય છે. એ ઠ ભાવ જીવના સ્વતત્ત્વભૂત છે.

યોગદ્વંસ :યોગનો નાશ ('આહાર ગ્રહવાનો આત્માનો સ્વભાવ છે' એવા પરિણામે પણિમવું તે યોગધ્વંસ છે. શ્રમણને આવો યોગદ્રવંસ નહિ હોવાથી તે યુકત અર્થાત્ યોગી છે. અને તેથી તેનો આહાર યુકતાહાર અર્થાત્ યોગીનો આહાર છે.)

યોગના આઠ નિયમના અંગ :(૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયમ, (૫) પત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન અને (૮) સમાધિ. આપ્રમાણે યોગનો અનુક્રમ અંગ પૂર્વક અભ્યાસ કરનાર બ્રહ્મરન્દ્રમાં અનહદતાન અનુભવે છે અને સમાધિમાં સ્થિર થઈ આત્મિક સુખ ભોગવે છે.

યોગપ્રશત્તિ :મન-વચન અને કાચાની શુભ-અશુભ પરિણામથી દ્રવ્ય-કર્મનો બંધ પડે છે.

યોગભષ્ટ :યોગની સાધના કરતાં આયુની પૂર્ણતાદિ કારણે સાધના અધૂરી છોડી દેવી પડી એમ સાધનાથી ભ્રષ્ટપણું- ચ્યુત થવાપણઉં થવું એમ અર્થ સમજવાનો છે. (૨) યોગની સાધના છે અથવા તજજન્ય દુઃખથી રહિત છે.

(૩) પરમાર્થ મોક્ષમાર્ગ (૪) યોગની સાધના કરતાં આયુની પૂર્ણતાદિકારણે સાધના અધૂરી છોડી દેવી પડી એમ સાધનાથી ભ્રષ્ટપણું-ચ્યુતથવાપણું થવું એમ અર્થ સમજવાનો છે.

યોગ્યતા :ક્ષણિક અવસ્થા, જેને બદલી શકાય.

યોગ્યતા :યોગ્યતા જ વિષયનું પ્રતિ નિયામક કારણ છે. (આ કથન જ્ઞાનની યોગ્યતા(સામર્થય) ને માટે છે. પરંતુ યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે. (૨) સામર્થ્ય, શકિત, પાત્રતા, લાયકાત, તાકાત તે યોગ્યતાના શબ્દના અર્થ છે. (૩) ક્ષણિક અવસ્થા, જેને બદલી શકાય.

યોગવંચક :સ્વરૂપ લક્ષથી ચૂકવનાર, છેતરનાર, ઠગનાર, છળનાર.

યોગ-વૃત્તિઓ :મન-વચન-કાયાની કર્મરૂપ પ્રવૃત્તિઓ, ત્રણે મન-વચન-કાયાની કોઈપણ એકની પ્રવૃત્તિને યોગવૃત્તિ કહે છે.

યોગસંક્રાન્તિ :કાયયોગને છોડીને મનોયોગ કે વચનયોગને ગ્રહ કરવો અને તે છોડીને અન્ય યોગને ગ્રહણ કરવો તે યોગ સંક્રાન્તિ છે.

એ લક્ષમાં રાખવું કે જે જીવને શુકલ ધ્યાન વર્તે છે તે જીવ નિર્વકલ્પ દશામાં જ છે, તેથી તેને આ સંક્રાન્તિની ખબર નથી; પણ તે દશામાં તેવી પલટના છે તે કેવળજ્ઞાની જાણે છે.

ઉપર કહેલ સંક્રાન્તિ-પરિવર્તનને વીચાર કહેવાય છે. જયાં સુધી એ વિચાર રહે છે તે ધ્યાનને અવાચાર (અર્થાત્ પહેલું પૃથકત્વવિતર્ક) કહેવાય છે. પછી ધ્યાનમાં દઢતા થાય છે ત્યારે તે પરિવર્તન બંધ થઈ જાય છે. જે ધ્યાનને અવીચાર (અર્થાત્ બીજું એકત્વવિતર્ક) કહેવાય છે.

યોગસ્થાન :મન, વચન અને કાયાના વ્યાપાર.

યોગસ્થાનો : કાયવર્ગણા, વચનવર્ગણા અને મનોવર્ધણાનું કંપન જેમનું લક્ષણ છે એવાં જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી, કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

આત્મામાં યોગના નિમિત્તે કંપન થાય છે. મનોવર્ધણા, વચનવર્ગણા, કાર્યવર્ગણાનું કંપન કહ્યું છે. તે નિમિત્ત તરફથી કહ્યું છે. પણ ખરી રીતે તો તેમણે યોગના નિમિત્તે આત્માના પ્રદેશનું કંપન થાય છે. પ્રદેશનું કંપન થાય તે પણ આત્માનો સ્વભાવ નથી, પણ વિકારી ભાવ છે.

ઘંટીનાં બે પડ ફરે તેના પર માખી બેઠી છે એટલે પડ ફરે તેની સાથે માખી ફરતી હોય તેમ લાગે છે. ઘંટીના પડ સાથે માખી ક્ષેત્ર ફેરવતી હોય તેમ લાગે છે પણ માખી પોતાનું ક્ષેત્ર ફેરવતી નથી પણ પડ ફરે એટલે માખી ફરતી દેખાય છે. તેમ ભગવાન આત્મા હલતો નથી. મન, વચન, કાયાના યોગના પડ ફરે-કંપે, એટલે ભેગો આત્મા હલતો દેખાય છે. તેનું ક્ષેત્રાંતર થતું દેખાય છે. કંપન તે આત્માનું સ્વરૂપ નથી, મન,વચન,કાયાનું કંપન પર છે. તેમાં નિમિત્તે આત્માના પ્રદેશનું કંપન થાય છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી, પણ પર નિમિત્તે થતો વિકાર છે. પ્રદેશનું કંપન તે આત્માનો સ્વભાવ નથી. જડના નિમિત્તે થતો વિકાર છે માટે તે જડ છે. આત્માના ઘરનો તે નથી. નિરાળો આત્માસ્વભાવ જાણવો હોય તેણે આ ભિન્નતા જામ્યા વિના સત્‌ને રસ્તે જઈ શકાસે નહિ. (૨) કાયવર્ગણા, વચનવર્ગણા, અને મનોવર્ગણાનું કંપન જેમનું લક્ષણ છે એવા જે યોગસ્થાનો તે બધાંય જીવને નથી. આ વાતને આપણે ત્રણ પ્રકારે વિચારીએ.

પ્રથમ વાત :- આત્મામાં જે યોગનું કંપન છે તેને જીવના સ્વભાવની અપેક્ષાએ પુદ્ગલના પરિણામ કહ્યા છે. કંપન છે તો જીવની પર્યાયમાં છતાં જીવના ત્રિકાળી સ્વભાવની દષ્ટિએ તેને પુદ્ગલના પરિણામમાં ગણ્યા છે.

બીજી વાત :- સમયસાર સર્વવિશુદ્ધ અધિકારની ૩૭૨મી ગાથામાં આવે છે કે દરેક દ્રવ્યના પરિણામ પોતાથી થાય છે. જેમ ઘડો માટીથી થાય છે., કુંભારથી એટલે નિમિત્તથી નહિ, તેમ જીવદ્રવ્યની કંપન કે રાગની પર્યાય જે તે સમયે સ્વતંત્ર પોતાના કારણે થાય છે, નિમિત્તના કારણે નહિ. ત્યાં અશુદ્ધ ઉપાદાનથી ઉત્પન્ન યેલી દશા પોતાની છે એમ સિદ્ધ કર્યુ છે. ત્યારે અહીં શુદ્ધ ઉપાદાનની દષ્ટિએ તે કપનના પરિણામ પુદ્ગલના છે એમ કહ્યું છે.

ત્રીજી વાત :- સ્વયં ભૂસ્તોત્રમાં બાહ્ય અને અભ્યંતર એમ બે કારણથી કાર્ય થાય છે એમ આવે છે. કવે કાર્ય તો અભ્યંતર કારણથી જ થાય છે. પરંતુ

કાર્યકાળે કે નિમિત્ત કોણ છે અનું ત્યાં જ્ઞાન કરાવવાનું પ્રયોજન છે. જેથી બીજું બાહ્ય કારણ પણ કહ્યું છે. જેમ નિશ્ચય સ્વભાવનું ભાન થતાં ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય એ નિશ્ચય કહ્યો, તથા પર્યાયમાં જે અશુદ્ધતા-અપૂર્ણતા છે તેને જાણવી તે વ્યવહારનય કહ્યો, તેમ જીવદ્રવ્યમાં કંપન કે રાગની ઉત્પત્તિ સ્વતઃ(પોતાથી) થાય છે. પરથી નહિ, અને તે પરિણામ પોતાના જ છે. છતાં બાહ્ય કારણથી થાય છે એમ કહેવું એ નિમિત્તનું જ્ઞાન કરાવનારું વ્યવહારનું કથન છે. એમાં નિશ્ચયથી પર્યાય પોતાથી થાય છે એમ જણાવીને નિમિત્તનું પણ સાથે જ્ઞાન કરાવ્યું છે, કેમ કે નિમિત્ત જાણેલું પ્રયોજનવાન છે. ક્યવહાર જાણે લો પ્રયોજનવાન છે અને બારમી ગાથામાં કહ્યું છે ને ? જ્ઞાનનો સ્વ પર પ્રકાશક સ્વભાવ છે, તે સ્વને જાણે અને પર જે નિમિત્ત હોય તેને પણ જાણે. નિમિત્તથી કાર્ય થાય છે અમ નહિ પણ કાર્યકાળે નિમિત્તની ઉપસ્થિતિ છે. તેથી નિમિત્ત જાણેલું પ્રયોજનવાન છે, આદરેલું નહિ. બાહ્ય નિમિત્તથી રાગ ઉત્પન્ન થાય છે. કે વ્યવહાર રત્નમયથી નિશ્ચય રત્નમય ઉત્પન્ન થાય છે આમ કહેવું એ વ્યવહારનયનું કથન છે. નિશ્ચયથી તો નિશ્ચય રત્નમય નિજ સ્વદ્રવ્યના આશ્રયે જ થાય છે. આવી વાત છે, ભાઈ!

અહીં તો એકલી સ્વભાવદષ્ટિની અપેક્ષાથી વાત છે. તેથી તે રાગના કંપનના પરિણામને પુદ્ગલના કહ્યા છે કારણ કે જે વિભાવ છે તે નીકળી જાય છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ છે. તો તેનું પરિણમન અશુદ્ધ કેમ હોય ? શુદ્ધ ચૈતન્યમય વસ્તુનું પરિણમન તો શુદ્ધ ચૈતન્યમય હોય, અશુદ્ધ ન હોય. તેથી અહીં અશુદ્ધ પરિણનમને પુદ્ગલના પરિણામમય કહ્યું છે. અહીં ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની-શુદ્ધ ઉપાદાનની દષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.

જયારે ગાથા ૩૭૨(સમયસાર)માં જે વિકારી અશુધ્ધ પરિણામ થાય છે તે જીવના જીવમાં થાય છે એમ કહ્યું છે તે સમયની પર્યાયની જન્મક્ષણ સિધ્ધ કરી છે. રાગાદિ વિકાર નિમિત્તથી નીપજે છે એમ નથી પણ પોતાથી પોતામાં સ્વતંત્રપણે થાય છે, એમ ત્યાં સિદ્ધ કર્યું છે.

તથા સ્વયંભૂસ્તોત્રમાં ભકિતનો અધિકાર હોવાથી શ્રી સમંતભદ્ર સ્વામીએ નિમિત્તની હયાતી (બહિર્વ્યાપ્તિ) સિદ્ધ કરવા એમ કહ્યું કે અભ્યંતર અને બાહ્ય કારણની સમગ્રતા એ કાર્ય ઉત્પત્તિનું કારણ છે. જો કે કાર્યની ઉત્પત્તિનું વાસ્તવિક કારણ તો સ્વ (અભ્યંતર કારણ) જ છે. છતાં જોડે જે નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા તેને સહચર દેખી ઉપચારથી આરોપ કરીને, નિમિત્તથી કાર્ય થયું છે એમ વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. જેથી એમ ન સમજવું કે નિમિત્ત આવ્યુ માટે કાર્ય થયું કે નિમિત્ત વડે કાર્ય થયું છે. પર્યાયમાં જે વિકાર થાય છે તે શું ચીજ છે ? જે છે તો પોતાનો (જીવનો) જ અપરાધ. જે કોઈ નિમિત્તનો-કર્મનો કરાવ્યો થયો છે અમ નથી. તથા નિમિત્ત છે માટે થયો એમ પણ નથી. વિકારી કે નિર્વિકારી પર્યાય, થવા કાળે પોતાની સ્વતંત્રતાથી થાય છે. જે વખતે નિમિત્ત તરીકે બીજી ચીજ હયાત છે.

જીવ પોતે (અશુદ્ધ ઉપાદાન) વિકારનું કારણ છે એ જ નિશ્ચય કારણ છે. પરંતુ અહીં તો શુદ્ધ જીવ વિકારનું કારણ છે જ નહિ એમ સિધ્ધ કરવું છે. અહીં તો શુદ્ધ ચૈતન્યની દષ્ટિ કરાવવી છે ને ? અહાહા? શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, નિર્મળાનંદ પ્રભુ એવા ભગવાન આત્મામાં પુણ્ય-પાપને ઉત્પન્ન કરે એવું છે જ શું ? તેથી દ્રવ્યસ્વભાવની દષ્ટિની અપેક્ષાએ વિકારના પરિણામને પુદ્ગલના કહીને જીવમાંથી કાઢી નાખ્યા છે. પરંતુ કોઈ એમ જ પકડીને બેસી જાય કે વિકારી પર્યાય કર્મની છે, અને કર્મને લઈને છે તો તેને એમ કહ્યું કે વિકાર જીવમાં, જીવથી, જીવને લઈને થાય છે ભાઈ! જો તું પર્યાય છે અને માનતો નથી તોતું મૂઢ છે. તથા તું પર્યાયમાં જ માત્ર લીન છે અને સ્વભાવદષ્ટિ કરતો નથી તો પણ તું મૂઢ છે, મૂર્ખ છે. જેથી પ્રથમ પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય કરાવીને પછી, ત્રિકાળ સ્વભાવની દષ્ટિ-શ્રદ્ધાન કરાવવા વિકારના પરિણામ પુદ્ગલના છે એમ અહીં કહ્યું છે.

પ્રશ્ન :- એક કાર્યમાં બે કારણ હોય છે ને ?

સમાધાન :- બે કારણ હોય છે તે બરાબર છે. તે પૈકી એક યથાર્થ વાસ્તવિક કારણ છે અને બીજું ઉપચાર આરોપિત છે. વાસ્તવિક કારણ તો એક જ છે.

નિશ્ચયથી સ્વશકિતરૂપ નિજ ઉપાદાનથી કાર્ય થાય છે. જે વાતને લક્ષમાં રાખીને નિમિત્તને કારણનો આરોપ કરીને બેકારણથી કાર્ય થાય છે. એમ પ્રમાણજ્ઞાન દર્શાવ્યું છે. નિશ્ચય કારણની વાત રાખીને પ્રમાણજ્ઞાન બીજા નિમિત્ત કારણને ભેળવે છે. નિશ્ચય કારણને ઉડાડીને નહી. જો નિશ્ચય કારણનો લોપ કરે તો પ્રમાણજ્ઞાન જ ન થાય, બે કારણ જ સિદ્ધ ન થાય.

અહીં કહે છે કે કાયર્વણા, વચનવર્ગણા અને મનોવર્ઘણાના કંપનના નિમિત્તથી આત્મામાં જે કંપન થાય છે તે પુદ્ગલના પરિણામ છે. આ જે કંપનની વાત છે તે જડ વર્ગણાના કંપનની વાત નથી. મન-વચન-કાયાના-પરમાણુઓ તો જડ છે જ. પરંતુ અહીં તો તેમના નિમિત્તે આત્મામાં થતા કંપનના પરિણામને જડ કહ્યા છે. યોગનું જે કંપન છે તે જીવની પર્યાય છે અને તે પોતાથી તે કાળે થયેલી સ્વયંની જ જન્મક્ષણ છે. જે જડ વર્ગણાથી થઈ છે એમ નથી. પરંતુ જીવના સ્વભાવમાં કંપન થાય એવો સ્વભાવ નથી. તેથી સ્વભાવની અપેક્ષાએ નિમિત્ત હોતાં જીવમાં થતા કંપનને પુદ્ગલના પરિણામ કહ્યા છે.

આ રીતે ત્રણ પ્રકારે કથન કર્યું.

(૧) વિકારી ભાવ જે જીવમાં થાય છે તે નિશ્ચયથી જીવની પોતાની પર્યાય છે.

(૨) વિકારી ભાવમાં કર્મ નિમિત્ત છે એવું ઉપાદાન-નિમિત્તનું સાથે) જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. વિજ્ઞારીભાવ નિશ્ચયથી જીવની પર્યાય છે અમ નિશ્ચય રાખીને સાથે નિમિત્તનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. જે સદ્ભૂત ઉપચાર-વ્યવહાર છે.

(૩) હવે ભગવાન આત્મા જે અનંત-અનંત ગુણનું પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ, ચૈતન્યરસનું આખું ત્રિકાળી સત્વ છે તે કદીય વિકારપણે પરિણમે નહિ. માટે નિમિત્તથી થયેલા વિકારને નિમિત્તમાં નાખીને પુદ્ગલના પરિણામ કહ્યા છે. ભાઈ! આ કાંઈ ખાલી પંડિતાઈનો વિષય નથી. ભગવાન વીતરાગ દેવનો માર્ગ જેવો છે તેવો અંદર અંતરમાં બેસવો જોઈએ.

શ્રીવાસુપૂજય ભગવાનની સ્તુતિ કરતાં 'સ્વયંભૂસ્તોત્ર'માં શ્રી સમંતભદ્રસ્વામીએ કહ્યું છે કે-કાર્યોમાં બાહ્ય અને અભ્યાંતર, નિમિત્ત અને ઉપાદન એમ બન્ને કારણોની સમગ્રતા હોવી તે આપના મતમાં દ્રવ્યગત સ્વભાવ છે. શ્રીઅકલંકદેવે પણ કહ્યું છે કે બે કારણથી કાર્ય થાય છે. એ તો બે (ઉપદાન-નિમિત્ત) સિદ્ધ કરવા છે. અને પ્રમાણજ્ઞાન કરાવવું છે તેથી એમ કહ્યું છે. ખરેખર તો કાર્ય થાય છે. પોતાથી, પોતાના કારણે, અને ત્યારે નિમિત્ત હોય છે. પરંતુ નિમિત્તની અપેક્ષા છે એમ નથી. શ્રી પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આવે છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે પોતાના ષટ્કારકથી થાય છે. દ્રવ્ય-ગુણથી તો નહિ પણ પરકારકથી -નિમિત્તથી પણ વિકાર ઉત્પન્ન થતો નથી. અહીં અસ્તિકાય સિદ્ધ કરવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરવું છે. જેથી વિકાર છે તે પર્યાયના ષટ્કારકનું પરિણમન છે એમ કહ્યું છે. અહાહા! વિકારનાં કર્તા, કર્મ,કરણ,સપ્રંદાન, અપાદાન અને અધિકરણ સ્વયં વિકાર છે. એક સમયની પર્યાયમાં ષટ્કારનું પરિણમન દ્રવ્ય-ગુણની કે પર નિમિત્તની અપેક્ષા વિના જ થાય છે. આ પ્રમાણે ત્યાં નિશ્ચયથી વિકારના પરિણામમાં પરકારકની અપેક્ષા નથી એમ કહ્યું છે.

જયારે અહીં સ્વભાવની દષ્ટિ કરાવવી છે તેથી એમ કહ્યું કે વિકારના પરિણામ પુદ્ગલના છે.

તથા જયાં બે કારણ કહ્યાં ત્યાં નિશ્ચયથી તો પર્યાય પોતાથી જ પોતાના ષટ્કારકથી જ થાય છે. પરંતુ સાથે નિમિત્ત છે તેને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. ભાઈ! ખરેખર તો કારણ એક જ છે. જેમકે - મોક્ષમાર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો તે એક જ અર્થ છે. મોક્ષનું કારણ જેમ એક જ છે તેમ પર્યાયનું કારણ નિશ્ચયથી એક જ છે. પ્રભુ! સત્ય તો આવું છે, હોં. જો કાંઈ આડું-

અવળું કરવા જઈશ તો સત્ સત્ નહિ રહે. વસ્તુનો ભાવ જ યથાર્થ આમ છે ને એમ જ બેસવો જોઈએ.

યોગસ્થાન એટલે કંપન, જીવનો જે અયોગગુણ છે તેની તે વિકારી પર્યાય છે. જે કર્મ-ગ્રહણમાં નિમિત્ત છે. કર્મ પરમાણુંનું આવવું તો તેના પોતાના ઉપાદાનના કારણે છે. પરમાણુંનો તે કાળે તે રીતે પરિણમવાનો કાળ છે તેથી તે રીતે કર્મરૂપે પરિણમે છે. જેમાં યોગનું નિમિત્ત કહેવું તે વ્યવહાર છે. અહીં .યોગના પરિણામ આત્માના નથી પણ પુદ્ગલના છે એમ જે કહ્યું છે તે સ્વભાવની દૃષ્ટિ કરાવવા કહ્યું છે. યોગના કંપનના વિકારી પરિણામ સ્વભાવથી ઉત્પન્ન થતા નથી. તેથી સ્વભાવની દૃષ્ટિ કરાવવા પર્યાયમાં જે પરલક્ષી વિકાર થાય છે તેને પરમાં નાખી દઈ તે પુદ્ગલના પરિણામમય છે એમ કહ્યું છે. ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં બીજું શું થાય ?

પ્રશ્નઃ- કાર્ય તો બે કારણથી થાય છે અને તમે એક કારણથી માનો છો. માટે તે એકાંત થઈ જાય છે.

ઉત્તરઃ-ભાઈ, સમયસરની ગાથા ૩૭૨માં આવે છે કે-'મારી કુંભભાવે ઉપજતી થકી શું કુંભારના સ્વભાવથી ઉપજે છે કે માટીના સ્વભાવથી ઉપજે છે ? જો કુંભારના સ્વભાવથી ઉપજતી હોય તો, જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે. અને જેનો હાથ વ્યાપાર કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ. પરંતુ એમ તો થતું નથી, કારણ કે અન્ય દ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી. જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઉપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી જ ઉપજે છે. કારણ કે પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે, તેથી ઘડો માટીથી થયો છે, કુંભારથી થયો છે એમ જોતા નથી. નિમિત્તથી કાર્ય થયું છે એમ જોતાં નથી. કુંભાર, 'ઘડો કરું છું'એમ અહંકારથી ભરેલો હોય તો પણ તેનો સ્વભાવ કાંઈ ઘડામાં જતો આવતો (મસરતો) નથી, અન્યથા કુંભારના સ્વભાવે ઘડો થવો જોઈએ. પરંતુ ઘડો તો માટીના સ્વભાવે જ થાય છે. કુંભારના સ્વભાવે થતો નથી. માટે ઘડાનો કર્તા માટી જ છે, કુંભાર નહિ પરંતુ જયાં બે કારણ કહ્યાં છે ત્યાં, જે વાસ્તવિક કારણ નથી પણ ઉપચારમાત્ર કારણ છે તેને સહકારી દેખીને કે કાળે તે હોય છે. એમ કહ્યું છે. આ પ્રમાણે બે કારણથી કાર્ય થાય છે એમ વ્યવહાર કર્યો છે. આવી વસ્તુસ્થિતિ છે. વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ અને ગહન છે, ભાઈ.

યોગસાર :જે યોગથી-સંબંધ- વિશેષરુપ ધ્યાન થી -ભિન્ન આત્માનું પરિજ્ઞાન (અનુભવ) થાય છે. જેને તે યોગીઓએ યોગ કહ્યો છે. કે જેમણે યોગ ધ્વારા પાપોને- કયાયદિ મળને આત્મામાંથી ધોઈ નાખ્યાં છે અને તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અહીં યોગસાર નામ શુધ્દ્રાત્મરુપ સમયસારનું પણ વાચક છે. (૨) જે યોગથી સંબંધ વિશેષરૂપ ધ્યાનથી ભિન્ન આત્માનું પરિજ્ઞાન(અનુભવ) થાય છે તેને તે યોગીઓએ યોગ કહ્યો છે. કે જેમણે યોગ દ્વારા પાપોને-કષાયાદિ મળને-આત્મામાંથી ધોઈ નાખ્યા છે અને તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અહીં યોગસાર નામ શુધ્દ્રાત્મરૂપ સમયસારનું પણ વાચક છે. (૩) જે યોગથી અર્થાત્ ધ્યાનથી (દ્રવ્યકર્મ અને ભાવકર્મથી) વિમુકત-ભિન્ન આત્માનું પરિજ્ઞાન(અનુભવ) થાય છે, તે યોગીઓ દ્વારા યોગ કહેવામાં આવેલ છે, કે જેમણે - જે યોગીઓએ યોધ્યબળથી પાતકોનો નાશ કર્યો છે. યોગસારનો અર્થ યથાર્થપણે (સમ્યક્ રીતે) યોગ એટલે આભસ્વરૂપમાં જોડાણ એવો થાય છે.

યોગી :પરમ યોગ્યતાવાળા (૨) ચમત્કાર બતાવી યોગને સિધ્દ્ર કરવો એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાએ રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે ''સત્'' જ આચરે છે. જગત જેને વિસ્મૃત થયું છે તે યોગી છે. (૩) યોગને (મન,વચન, કાયાને) આત્મામાં જોડનારને યોગી કહે છે. (૪) પર દ્રવ્યના સંગ-પ્રસંગથી અલગ થઈને ઈન્દ્રિયોને અંતર્મુખ કરનાર યોગી છે.

યોગીધર્મ :યોગનો જેને યોગ(સંબંધ) થયો છે તે યોગી અને આત્મસ્વભાવરૂપ મોક્ષ સાથે યોજન- જોડાણ તેનું નામ યોગ. એટલે આત્મસ્વભાવ સાથે જેનું યોજન છે. અર્થાત્ જેને આત્સ્વરૂપનું અનુસંધાન થયું છે તે યોગી છે. અને એવા યોગીનો જે ધર્મ છે તે યોગીધર્મ છે. આમ આત્સ્વભાવનું અનુસંધાન કરવું, આત્મસ્વભાવની સાધના-આરાધના કરવી, આત્મસિદ્ધ કરવી, એ જ યોગીઓનો ધર્મ છે.

યોગીનું સ્વરૂપ :યોગીનું સ્વરૂપ છે પરદ્રવ્યોના સંગ-પ્રસંગથી અલગ થઈને ઈન્દ્રિયોને અંતર્મુખ કરનાર આ યોગ્યતા મેળવવા સાથે તેના ધ્યનનો વિષય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળો શુદ્ધ આત્મા અને આ ધ્યાનનું અંતિમ ફળ છે શાશ્વત જયોતિસ્વરૂપ અનુપમ પરમાત્મપદની પ્રાપ્તિ.

યોગોનું સેવન નથી :મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે.

યોજન :૨૦૦૦ ગાઉ (૨) જોડાણ, યોગ, આત્મસ્વભાવ સાથેનું જોડાણતે યોજન. (૩) ચાર ગાઉ

યોજવું :જોડાવું

યોનિ :ઉત્પત્તિ સ્થાન (૨) જીવોનાં ઉત્પત્તિસ્થાનને યોનિ કહે છે. યોનિ આધાર અને જન્મ આધેય છે.

યૌવેનોદ્રેક :યૌવનનનો ઉદ્રેક, જુવાનીની અતિશયતા

યથોકતલક્ષણ :જેવા કહ્યા તેવા જ લક્ષણ

યૂથભ્રષ્ટ :ટોળામાંથી છૂટું પડેલું.

રકત :આસકત

રકત હોવું :લીન થવું.

રકતતા :રતાશરૂપ

રખે :કદાચ

રખવાળ :ચોકીદાર

રખોપિયો :રખોપુ કરનાર, જાળવણી કરનાર, દેખબાળ રાખનાર.

રંગ :કાળો, પીળો, લીલો, લાલ અને સફેદ એ પાંચ રંગ-રૂપ છે. (૨) વર્ણ. વર્ણના પાંચ ભેદ છે. : ધોળો, લાલ, પીળો, લીલો અને કાળો. (શુકલ, રકત, પીત, હરિત અને કૃષ્ણ એ નામથી પણ બોલાય છે.)

રંગ,રાગ અને ભેદ :રંગમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર,મન,વાણી,ઈન્સ્રિય, કર્મ વગેરે આવી જાય. રાગમાં શુભાશુભભાવ અને અધ્યાવસાન આવી જાય, તથા ભેદમાં જીવસ્થાન, માગર્ણસ્થાન, ગુણસ્થાન, લબ્ધિસ્થાન, ઈત્યાદિ ભેદો આવી જાય.

રગદોળાઈને :મસળાઈને, એકરૂપ બનીને, એકતારબનીને

રંગ-રાગ-ભેદના ભાવો :આત્માને રંગ કહેતાં વર્ણથી, રાગ એટલે શુભાશુભ ભાવોથી અને ભેદ એટલે ગુણસ્થાન, લબ્ધિ સ્થાન આદિ વેધેથી જુદો - ભિન્ન પાડયો છે.

રઘવાટ :ઉતાવળવાળો ગભરાટ, હાંફળાં-ફાંફળાં થઈ કરાતી દોડાદોડ, ગાભરાપણું.

રચાતા :પરિણમતા

રચાયેલાં :બનેલાં

રચાવું :પરિણમવું, રચાતો, પરિણમતો.

રજ :દ્રવ્યકર્મ (૨) ધૂળ

રજઃસ્થાન :ભૂમિતળ

રજજુ :બંધન (૨) દોરડું

રજ્જુયુગ્ય :નેતરા, દહીં વલોવતી વખતે ડાબા જમણા હાથમાં રહેનારી દોરીઓ.

રજનો બંધ :ધૂળનું ચોટેલું

રજનોબંધ :ધૂળનું ચોટવું

રજમળ :કર્મમળ, દ્રવ્યકર્મો, મલિન દ્રવ્યકર્મ

રંજિત :મલિન, વિકૃતા, રંગાયેલી (૨) વિકૃત, મલિન.

રંજિત ઉપયોગવાળો :ઉપરકત ઉપયોગવાળો

રઢ :લગની, ખટક, તડપ, ઝંખના (૨) મનન, ચિંતન, લગની

રત :આસકત (૨) તલ્લીન (૩) પ્રીતિવાળો, સંતૃષ્ટ (૪) લીન

રત્ન ત્રય :નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર

રત્નત્રય :નિશ્ચય અને વ્યવહાર અથવા મુખ્ય અને ઉપચાર એ બે પ્રકાર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના ઉપર મુજબ પ્રકાર છે.

રત્નત્રયનો વિષય :સમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણનો શુદ્ધ પર્યાય છે, તેનો વિષય આત્માનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભાવ છે. સમ્યગ્જ્ઞાન તે જ્ઞાનગુણનો શુદ્ધ પર્યાય છે., તેનો વિષય આત્માનો ત્રિકાળી ચૈતન્યભાવ અને વર્તમાન પર્યાય એ બન્ને છે. સમ્યક્ ચારિત્ર તે ચારિત્રગુણનો શુદ્ધ પર્યાય છે. જેનું કાર્ય સમ્યક્દર્શન જ્ઞાનપૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરવી અને સિદ્ધદશારૂપ કાર્યને ઉત્પન્ન કરવું તે છે.

રત્નદીપક નિષ્કંપ પ્રકાશવાળી શોભા પામે છે :રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે.

રત્નદીપકની નિષ્કંપ :પ્રકાશવાળી શોભાને પામે છે=રત્નદીપકની માફક સ્વાભાવથી જ નિષ્કંપપણે અશ્વયંત પ્રકાશ્યા-જાયા કરે છે.

રત્નદીપકની નિષ્કંપ પ્રકાશવાળી શોભાને પામે છે :રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અશ્વયંત પ્રકાશ્યા-જાણ્યા કરે છે.

રત્નપ્રભાપૃથ્વી :પહેલી નરકના ત્રણ ભાગ છે- ખરભાગ, પંકભાગ, અને અબ્બહુલભાગ. તેમાંથી ઉપરના પહેલા બે ભાગમાં વ્યંતર તથા ભવનવાસી દેવ રહે છે અને નીચેના અબ્બહુલભાગમાં નારકીઓ રહે છે. આ પૃથ્વીનો કુલ વિસ્તાર એક લાખ એંસી હજાર યોજન છે. (૨૦૦૦ કોસનો એક યોજન-જોજન ગણવો.)

રત્નપ્રભાભૂમિજ :રત્નપ્રભાનામની ભૂમિમાં (પ્રથમ નરકમાં) ઉત્પન્ન થયેલ.

રતિ :લીનતા (૨) આનંદ, પ્રીતિ, તૃપ્તિ, સંતોષ (૩) આસકિત, અનુરાગ, કામક્રીડા, સંભોગ, પ્રીતિ, આનંદ કામદેવની સ્ત્રી .

રમે છે :પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે.

રમણ કરે છે :આક્રમે છે, ક્રીડા કરે છે

રમણતા :તન્મયતા, એકાગ્રતા, લીનતા, સ્થિરતા,

રસ :સ્વાદ, પાંચ પ્રકારના છે.:- કડવો, કષાયેલો(તૂરો), તીખો, ખાટો એને મીઠો, (૨) પાંચ પ્રકારના છે. તીખો, આજલ (ખાટો), કડવો, મધુર અને ૫. કષાયેસો (તુરો). (૩) શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણતા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત એ આઠ રસ છે તે લૌકિક રસ છે. નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે. નૃત્યમાં તેનો અધિકાર નથી. (૪) પાંચ પ્રકારના છે. ખાટો, તૂરો, મીઠો, કડવો, તીખો(ખારો). (૫) શૃંગાર રસ, હાસ્યરસ, રૌદ્રરસ, કરુણારસ, વીરરસ, ભયાનકરસ, બીભત્સરસ, અદ્ભુતરસ અને શાંતરસ આમ નવ રસ છે.

(૧) શૃંગારરસ= શરીરને આભૂષણ, વસ્ત્રો આદિથી શણગારી કૃત્રિમ દેખાવ કરવો તે શૃંગારરસ.

(૨) હાસ્યરસ = કુતૂહલતા કરવી, હસવું ને ખીકાડા કરવા તે.

(૩) રૌદ્રરસ= ક્રૂરરસ, બીજાને મારવાના પરિણામ, શત્રુને મારવાના પરિણામતે ક્રૂર-રૌદ્રરસ છે.

(૪) કરુણારસ= કાળજાફાટ રૂદન કરતાં દેખીને જે ભાવ થાય તે કરુણારસ. આવા કરુણા પ્રસંગો દેખીને દયાભાવ થાય તે કરુણારસ છે.

(૫) વીરરસ= શત્રુનો સંહાર કરવામાં જે રસ ચડી જાય તે વીરરસ છે. તે પાપરસ છે. દુર્ગતિનું કારણ છે.

(૬) ભયાનકરસ=અષાઢી અમાવસ્યની મેઘલી રાતે જંગલમાં એકલો હોય, સિંહ-વાઘ ત્રાડ માખતા હોય, વીજળીના ઝબકારા થતા હોય તે વખતે જે ભયમાં એકાગ્ર થાય તે ભયાનક રસ છે.

(૭) બીભત્સરસ=શરીર સુંદર હોય તેવા શરીરમાં શીતળા નીકળે ને દાણે-દાણે ઈયળો પડે તેને દેખીને જે દુગંછા તાય તે બીભત્સરસ છે. દુગંછા એટલે દુર્ગંધ, અશુચિ.

(૮) અદ્ભુતરસ= વિસ્મયરસ, પુદ્ગલની રચનામાં કંઈ નવીનતા દેખાય ત્યાં ઘડી ઘડીમાં આશ્ચર્ય થાય તે અદ્ભુતરસ છે.

(૯) શાંતરસ= તે અલૌકિક રસ છે. એકલા જ્ઞાતાના રસમાં પુણ્ય-પાપનો ઉપાધિના ભાવ વગર આત્મામાં અંશે પણ એકાગ્ર થાય ત્યારે શાંતરસ આવે છે. તે શાંતરસ આત્માનોરસ છે.

(૬) જ્ઞાનમાં જે ક્ષેય આવ્યું તેમાં તદાકાર થવું અને બીજા ક્ષેયની ઈચ્છા ન રહેવી તેને રસ કહેવાય છે. પૈસાથી, સ્ત્રીથી કે બાહ્ય કોઈ વસ્તુથી ત્રણ કાળ ત્રણ લોકમાં રસ કે સુખ આવતું નથી, પણ પોતે આત્માએ બીજું ભૂલીને જે જ્ઞેયમાં રાગભાવે લીનતા કરી તેનું નામ રસ કે મજા કહેવાય છે. બીજી રસની વ્યાખ્યા નથી. બહારથી રસ આવતો નથી પણ પોતે લીનતા જયાં કરે તેને રસ કહેવાય છે. આ રસની સર્વ વ્યાપક વ્યાખ્યા છે. (૭) ખાટો, મીઠો, કડવો, તીખો અને કષાયેલો. એ પાંચ પ્રકાર (૭) પુદ્ગલમાં પાંચ પ્રકારના રસ છે. કડવો, કષાયલો(કડવો-તૂરો) , ખાટો, તીખો, અને મીઠો. આ પાંચે રસ આત્મામાં નથી. (૯) શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્ભુત એ આઠ રસ છે. તે લૌકિક રસ છે. નવમો શાંતરસ છે તે એલૌકિક રસ છે.

રસના ભાવ :રાગરૂપી ઘેલછા

રસના ભાવથી :રાગરૂપી ઘેલછાથી

રસની રુચિ :રસમાં તદાકાર-એકાકાર થવું. (સ્વભાવના રસની રુચિ=એક જ્ઞાયકમાં એકાકાર લીન થવું.)

રસપરિત્યાગ :જીભની લોલુપતા પર અંકૂશ,

રસવૃત્તિ :આસકતવૃત્તિ

રસિકપણે :ઉલ્લાસથી, હોંશથી

રહસ્ :રહસ્ શબ્દનો અર્થ અંતર અને અરહસ્ શબ્દનો અર્થ અનન્તર છે. અરહંસ્ એવું જે કર્મ તે અરહઃકર્મ કહેવાય છે. શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપે સર્વ દ્રવ્યોના અનાદિયગુણને જાણે છે. એ રિકત કથનનું તાત્પર્ય છે.

રહસ્ એટલે અંદરનું અને અરહસ્ એટલે લગોલગ.

રહસ્ય :ભેદ (૨) છૂપો ભેદ, ગૂઢ વસ્તુ, મર્મ, તત્ત્વ, ગૂઢાર્થ

રહોભ્યાખ્યાન અતિચાર :સ્ત્રી-પુરુષના એકાંતમાં થયેલી ક્રિયા બીજાની ગુપ્તક્રિયાને ગુપ્તરૂપથી જાણીને બીજા પાસે પ્રગટ કરી દેવી તેને રહોભ્યાખ્યાન નામનો અતિચાર કહે છે.

રહોભ્યાખ્યાન :કોઈ ખાનગી વાત પ્રગટ કરવી તે.

રાંકાઈ :ભિખારીવેડા

રાંકો :ભિખારી, બિચારો

રાગ :અસ્વભાવભાવ, અંધકાર, અશૂચિ, જડ,દુઃખરૂપ, વિષકુંભ, રાગ પોતાને જાણતો નથી કે પરને જાણતો નથી. તે જ્ઞાન વડે જણાવા યોગ્ય છે, પણ તે જાણતો નથી તેથી જડ છે. (૨) વિકાર (૩) ચાર પ્રકારની માયા, ચાર પ્રકારના લાભ, સ્ત્રીભેદ, નપુંસકભેદ, પુરુષભેદ, રતિ અને હાસ્ય આવા તેર કષાયો રાગ છે. (૪) જે પ્રીતિરૂપ રાગ છે તે બધોય જીવને નથી. આ દયા, દાન, વ્રત, તપ, ભકિત ઈત્યાદિ શુભરાગ છે-તે બધોય જીવને નથી, કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય છે, અને તેથી અનુભૂતિથી ભિન્ન છે. આકરી વાત, ભાઈ! અહીં કહે છે કે જે મહાવ્રતના પરિણામ છે તે પુદ્ગલના પરિણામ છે. સ્વભાવમાં તો એવો કોઈ ગુણ નથી જે રાગરૂપે પરિણમે, છતાં પર્યાયમાં જે રાગ થાય છે તે નિમિત્તને આધીન થતાં થાય છે. માટે જે રાગ થાય છે તેને પુદ્ગલના પરિણામમય કહ્યો છે, જુઓ, વ્યવહાર રત્નત્રયના ભાવને પણ પુદ્ગલના પરિણામ કહ્યા છે. માટે જે વ્યવહાર રત્નત્રયથી નિર્જરા થવી માને છે તે અચેતન પુદ્ગલથી ચૈતન્યભાવ થવો માને છે. પણ એ ભૂલ છે.

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનપુંજ પ્રભુ આનંદનો કંદ છે. પ્રીતિરૂપ રાગ સઘળોય તેને નથી કેમ કે તે પુદ્ગલના પરિણામમય છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યના અંતરમાં ઢળેલી પર્યાય જે અનુભૂતિ તે અનુભૂતિથી રાગ ભિન્ન રહી જાય છે. આહાહ! ત્રિકાળી શુદ્ધ ઉપાદાનમાં નિમગ્ન થયેલી અનુભૂતિથી રાગ સઘળોય ભિન્ન રહી જાય છે. ભાઈ! જેને પ્રીતિરૂપ રાગનો પ્રેમ છે, મંદ રાગનો પ્રેમ છે તેને ખરેખર પુદ્ગલનો પ્રેમ છે, તેને આનંદનો નાથ ભગવાન આત્માનો પ્રેમ નથી. જેને શુભરાગનો પ્રેમ છે તે આત્માના પડખે ચડયો જ

નથી. તેને આત્મા પ્રત્યે અનાદર છે. અહીં કહે છે કે સ્વદ્રવ્યના આશ્રયે જે નિર્મળ અનુભૂતિ પ્રગટ થાય છે તે અનુભૂતિથી શુભાશભ સઘળોય રાગ પર તરીકે ભિન્ન રહી જાય છે તેથી રાગ બધોય જીવને નથી.

પ્રશ્નઃ- રાગને પુદ્ગલ પરિણામમય કેમ કહ્યો ? શાસ્ત્રમાં તો એમ આવે છે કે જીવને દસમા ગુણસ્થાન સુધી રાગ હોય છે.?

ઉત્તરઃ- ભાઈ! રાગ છે તે વસ્તુદૃષ્ટિથી જોતાં સ્વભાવભૂત નથી. રાગમાં ચૈતન્યના નૂરનો અંશ નથી. આત્મા ચિન્માત્ર સ્વરૂપ ભગવાન અનંતશકિતથી મંડિત મહિમાવંત પદાર્થ છે, પણ તેમાં એકેય શકિત એવી નથી જે રાગ ઉત્પન્ન કરે, વિકારરૂપે પરિણમે. છતાં પર્યાયમાં જે રાગ થાય છે તે પર્યાયનો ધર્મ છે. નિમિત્તને આધીન થઈ પરિણમતાં પર્યાયમાં રાગ થાય છે. (સ્વભાવને આધીન થતાં રાગ થતો નથી.) તથા તે સ્વાનુભૂતિથી ભિન્ન પડી જાય છે. માટે અસંખ્યાત પ્રકારે થતો સઘળો ય શુભાશુભ રાગ, જીવસ્વભાવરૂપ નહિ હોવાથી તથા અનુભૂતિથી ભિન્ન પડી જતો હોવાથી નિશ્ચયથી પુદ્ગલ પરિણામમય કહ્યો છે. જો કે અશુદ્ધ નિશ્ચયથી રાગને જીવની પર્યાય કહી છે, પરંતુ અશુદ્ધ નિશ્ચય છે એ જ વ્યવહારનય છે. પર્યાયનું યથાર્થજ્ઞાન કરાવવા સિદ્ધાંતમાં અશુધ્ધ નિશ્ચયનયથી એટલે કે અસદ્‌ભૂત વ્યવહારનયથી દસમા ગુણસ્થાન સુધી જીવને રાગ હોય છે એમ કહ્યું છે. વાસ્તવમાં રાગ પરરૂપ અચેતન જડ પુદ્ગલ-પરિણામમય છે. રાગ જો જીવનો હોય તો કદીય જીવથી ભિન્ન પડે નહિ, તથા જીવની જે (રાગ રહિત) નિર્મળ અનુભૂતિ થાય છે તે થાય જ નહિ. ભાઈ! આ તો વીતરાગ સર્વજ્ઞનો માર્ગ કોઈ અલૌકિક છે. (તેને ખૂબ રુચિથી ,સમજવો જોઈએ.) (૫) આ બધું કરવું, કરવું, કરવું-એવો જે ભાવ છે તે રાગ છે. અને રાગ મારો એ માન્યતા મિથ્યાદર્શન છે. (૬) માયા, લોભ એ બે કષાય તથા હાસ્ય, રતિ અને ત્રણ પ્રકારના વેદ-સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંક વેદ - એ બધાનું નામ રાગ છે. કારણ કે એના ઉદયમાં (આત્મ સાવધાનતાનો અભાવ હોય છે.) ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થઈ અનુરાગ પ્રવર્તે છે. (૭) રંજિત અર્થાત્ મલિન ઉપયોગ (૮) પોતાને કાંઈક ઈષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ થાય તેને રાગ કહેવાય. (૯) બહિર્મુખ પરિણતિ. (૧૦) પ્રેમ (૧૧) પર વસ્તુ પ્રત્યે પ્રેમ (૧૨) માયા અને લોભ (૧૩) ભૂમિકા અનુસાર ભોગ-ઉપભોગનો આવો રાગ આવે છે તેનું જ્ઞાન કરાવવા માટે ઉપલ્શેવચન છે. આત્માનું કલ્યાણ તો અંતરંગમાં નિજ કારણપરમાત્માના આશ્રયે થતી શુદ્ધિ-વીતરાગભાવ છે. ત્યાં અશુદ્ધથી બચવા જે શુભરાગ આવે છે તેને ઉપચારથી વ્યવહારથી ભલો કહેવાની રીત છે. (૧૪) રાગ કહેતાં મિથ્યાત્વ, અજ્ઞાન અને રષાય ત્રણે સમજવા. મિથ્યાત્વપૂર્વકનો રાગ તે જ અનંતાનુંબંધી રાગ છે. તે મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ-દ્વેષ પ્રથમમાં પ્રથમ છોડવા જેવા છે. (૧૫) પર વસ્તુમાં સ્નેહ-બાયડી-છોકરાનો રાગ, મકાનનો રાગ, લક્ષ્મીનો રાગ, શરીરનો રાગ તે બધો રાગ છે. (૧૬) વિભાવ, જડ પ્રકૃતિના લક્ષે થયેલો જડ અચેતન ભાવ. (૧૭) માયા અને લોભ, વિભાવ, સ્વભાવથી વિપરીત ભાવ. (૧૮) વિકલ્પ

રાગ અને દ્વેષ :રાગમાં માયા અને લોભ આ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ (સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંકવેદ) આ ત્રણ નોકષાયોનો સમાવેશ થાય છે અને દ્વેષમાં ક્રોધ , માન આ બે કષાયો તથા અરતિ, શોક, ભય, જુગુપ્સા(ગ્લાનિ) આ ચાર નોકષાયોનો સમાવેશ છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને મોહ કહે છે.

રાગ વિશુદ્ધ તેમજ સંકલેશવાળો હોવાથી દ્વિવિદ હોય છે. :ધર્માનુરાગ વિશુદ્ધિવાળો હોવાથી ધર્માનુરાગમય પરિણામ શુભ છે, વિષયઅનુરાગ સંકલેશવાળો હોવાથી વિષયાનુરાગમય પરિણામ અશુભ છે.

રાગગ્રામ :રાગનાં સ્થાનો

રાગદ્વેષ :અનેક પ્રકારના ચારિત્ર મોહનીયનો વિપાક જેનો આશ્રય (નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે. (૨) વિચિત્ર(અનેક પ્રકારના) ચારિત્ર મોહનીયનો વિપાક જેનો આશ્રમ (નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે, તેના જ (ચારિત્ર મોહનીયના જ) મંદ ઉદયે થતા જે વિશુદ્ધ પરિણામ તે ચિત્તપ્રસાદ પરિણામ (મનની પ્રસન્નતારૂપ પરિણામ) છે. (૩) હરખ-શોક (૪) રાગ-દ્વેષમાં ચારેય કષાય આવી જાય છે. ક્રોધ તથા માન

દ્વેષરૂપ છે અને માયા તથા લોભ રાગરૂપ છે. (૫) ભગવાન આત્મા કર્મના સંયોગમાં પોતાને ભૂલીને પરમાં આદર-અનાદરરૂપે રાગ-દ્વેષની કલ્પના કરે છે. તે વિકાર વર્તમાન અવસ્થા પૂરતો તે ખરો, પણ વિકારી અવિકાર સ્વભાવને મૂલી ક્ષણિક વિકારને જ આત્મા માને છે, તે વિકારી અસત્યનું સેવન કરનારો. સત્‌નું ખૂન કરનારો મિથ્યાદ્રષ્ટિ છે. વિકારી દ્રષ્ટિ છે ત્યાં સુધી આત્માને વિકારી માને છે. છતાં આમા આત્મમાં વિકાર અને સંયોગ પેસી ગયા નથી. (૬) મોહજનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ છે. રાગમાં માયા, લોભ એ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ(વેદ) આ ત્રણ નોકષાયોનો સમાવેશ છે અને દ્વેષમાં ક્રોધ, માન આ બે કષાયો તથા અરતિ, શોક,ભય,જુગુપ્સા આ ચાર નો કષાયોનો સમાવેશ છે. જે રાગમિથ્યાદર્શન સહિત હોય છે તેને મોહ કહે છે. (૭) રાગમાં માયા, લોભ આ બે કષાયો અને હાસ્ય,રતિ તથા કામ(વેદ) આ ત્રણ નો કષાયોનો સમાવેશ થાય છે. અને દ્વેષમાં ક્રોધ, માન એ બે કષાયો તથા અરતિ, શોક,ભય,જુગુપ્સા આ ચાર નોકવાયોનો સમાવેશ છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને મોહ કહે છે. (૮) આત્મા રાગાદિકનું નિમિત્ત કહી પણ થતો નથી. જેમ આત્મા એક વસ્તુ છે તેમ કર્મ પણ એક વસ્તુ છે. આત્મા પોતે પોતાથી રાગ-દ્વેષનું કારણ થતો નથી, ફકત બીજા પદાર્થ તરફની દ્રષ્ટિ તે રાગદ્વેષનું કારણ થાય છે. જેમ સ્ફટિકમાં ફૂલનારંગની ઝાંય તે ફૂલ તરફની ચે, જેમ સૂર્યકાંતમણિમાં અગ્નિનું નિમિત્ત પોતે નથી પણ સૂર્યનું બિંબ તેને અગ્નિરૂપે પરિણમવામાં નિમિત્ત છે. તેમ અસંગ આત્મામાં રાગ-દ્વેષ કે બંધન નથી. ફકત કર્મ તરફની દ્રષ્ટિથી રાગ-દ્વેષ થાય છે. આવો વસ્તુનો સ્વભાવ કોઈએ કરેલો નથી.

જ્ઞાની રાગાદિકને પોતાના માનતો નથી તેથી તેનો કર્તા થતો નથી, અલ્પ રાગ-દ્વેષ અધૂરાશને લઈને થાય છે પણ તેનો તે જ્ઞાના રહે છે. આત્માની પૂર્ણ સ્થિરતા પુરુષાર્થ દ્વારા વધાવીને કેવળ લેવાનો છે. આંમાં બહારનું કરવાનું કાંઈ ન આવ્યું પણ આત્માના જ્ઞાનદર્શન ચારિત્રની અનંતી ક્રિયા કરવાની આવી. જ્ઞાની અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો ઉત્પાદક નથી, જો તેનો ઉત્પાદક હોય તો તે આત્માનો સ્વભવ થઈ જાય માટે જ્ઞાની વિભાવનો ઉત્પાદક નથી. પોતાની સ્વભાવપર્યાયનો જ ઉત્પાદક છે. નબળાઈને કારણે, અસ્થિરતા હોવાથી ચૈતન્યની પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. પણ જ્ઞાની તેનો જ્ઞાતા રહે છે. પુરુષાથ૪ દ્વારા સ્વરૂપ રમણતા વધારીને તે રાગ-દ્વેષનો ક્ષય કરશે. (૯) રાગ-દ્વેષાદિ સમ્યગ્દષ્ટિ આત્મામાં નથી, તેમ જ જડ વિષયોમાં નથી, માત્ર અજ્ઞાનદશામાં રહેલા જીવની પરિણામ છે. રાગ-દ્વેષ-મોહ જીવના જ અજ્ઞાનમય પરિમામ છે.અર્થાત્ જીવનું અજ્ઞાન જ રાગાદિક ઊપજવાની ખાણ છે. માટે તે રાગ-દ્વેષ-મોહ, વિશયોમાં નથી, કારણ કે વિષયો પરદ્રવ્ય છે. અને સમ્યગ્દષ્ટિમાં પણ નથી કારણ કે તેને અજ્ઞાનનો અભાવ છે. આ રીતે રાગ-દ્વેષ-મોહ વિષયોમાં નહિ હોવાથી અને સમ્યગ્દષ્ટિને પણ નહિ હોવાથી તેઓ છે જ નહિ.

આત્માને અજ્ઞાનમય પરિણામરૂપ રાગ-દ્વેષમોહ ઉત્પન્ન થતાં આત્માના દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ ગુણો હણાય છે. પરંતુ તે ગુણો હણાંતા છતાં અચેતન પુદ્‌ગલદ્રવ્ય હણાતું નથી, વળી પુદ્‌ગલદ્રવ્ય હણાંતા દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ હણાંતા નથી, માટે જીવના કોઈ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં નથી. આવું જણાંતા સમ્યગ્દષ્ટિને અચેતન વિષયોમાં રાગાદિ થતા નથી. રાગ-દ્વેષ-મોહ પુદ્‌ગલદ્રવ્યમાં નથી. જીવના જ અસ્તિત્વમાં અજ્ઞાનથી ઊપજે છે. જયારે અજ્ઞાનનો અભાવ થાય અર્થાત્ સમ્યગ્દષ્ટિ થાય ત્યારે તેઓ ઊપજતા નથી. આરીતે રાગ-દ્વેષ-મોહ પુદ્‌ગલમાં નથી તેમ જ સમ્યગ્દષ્ટિમાં પણ નથી, તેથી શુદ્ધ દ્રવ્યદષ્ટિથી જોતાં તેઓ છે ડ નહિ. પર્યાય દષ્ટિથી જોતાં જીવને અજ્ઞાન અવસ્થામાં તેઓ છે. એ પ્રમાણે જાણવું.

(૧૦) દ્રવ્યકર્મનું નિમિત્ત પામી એક એક સમય જેવડી ક્ષણક વિકારી અવસ્થાનું કાર્ય, અથવા ચારિત્રગુણનો વિકાર.

રાગ-દ્વેષ કેવી રીતે જીતાય? :ચારિત્રમોહનો ઉદય કર્મમાં આવ્યો. જેને અનુસરીને પર્યાયમાં રાગદ્વેષ થવાની યોગ્યતાવાળો ધર્મીનો આત્મા પણ છે. જેથી ઉદયને અનુસરતા પર્યાયમાં ભાવ્ય જે રાગ-દ્વેષ થાય છે તે સંકરદોષ છે. કવે જ્ઞાયક-સ્વભાવના ઉગ્ર આશ્રયથી, ઉદય તરફનું વલણ છોડતાં પરથી ભેદ

પડી જાય છે.અને તેથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી, પરંતુ અરાગી-અદ્વેષી પરિણામ પ્રગટ થાય છે. જેને રાગ-દ્વેષને જીતવું કહે છે.

રાગ-દ્વેષ અને વિકારની ઉત્પત્તિનું કારણ શું ? :પર્યાયબુદ્ધિથી ભ્રમણાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. પોતાના ત્રિકાળી શુદ્ધ એક ચૈતન્યસ્વરૂપનું એને જ્ઞાન-શ્રદ્ધાન નથી એ ભ્રમણા છે. વર્તમાન પર્યાયમાત્ર હું છું એ એની ભ્રમણા છે. એ ભ્રમણા જ રાગ-દ્વેષ અને વિકારની ઉત્પત્તિનું કારણ છે.

રાગ-દ્વેષ અને વિકારની ભ્રમણા કેમ મટે ? :ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ત્રણલોકનો નાથ છે. એની એક સમયની પર્યાયમાં ત્રણલોક-ત્રણકાળને જાણવાનું સામર્થ્ય ચે. અહાહ....! એની એક સમયની પર્યાય સ્વ-પર સહિત અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયને-પૂરા લોકાલોકને જાણે એવા સામર્થ્યવાળી છે. હવે આવા સામર્થ્યવાળી પોતાની પર્યાયની જેને ખબર નથી તે પર્યાયવાન નિજ દ્રવ્યના અનંતા સામર્થ્યને શું જાણે ? અહા ! એક સમયની વર્તમાન પર્યાય પાછળ અંદર બેહદ સ્વભાવ ભરેલું ત્રિકાળી સત્ત્વ પડયું છે. તે ત્રિકાળી સત્‌ને જેણે અંતરદ્રષ્ટિ કરી જાણયું તેને દ્રવ્યદષ્ટિ થઈ છે તેને મિથ્યાત્વ ભ્રમણા નથી. તે સમ્યગ્દષ્ટિ છે. તેને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થતા નથી. અર્થાત્ તેને હવે કર્મચેતનાનો ને કર્મફળચેતનાનો દષ્ટિમાં ત્યાગ થયો છે, અને તેના ત્યાગની ભાવના કરીને જ્ઞાનચેતનામાં પ્રવર્તે તેને રાગ-દ્વેષ અને વિકારની ભ્રમણા મટે છે.

રાગ-દ્વેષ ઉપજવાનું કારણ ? :આત્માને રાગાદિ ઉપજે છે તે પોતાના આત્માના જ અશુદ્ધ પરિણામ છે. આત્માને એટલે આત્માની પર્યાયમાં જે રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, વિષયવાસના ઈત્યાદિ શુભાશુભ ભાવ ઉપજે છે તે એના પોતાના જ અશુદ્ધ પરિણામ છે.

રાગ-દ્વેષનું પ્રેરક કારણ :પુદ્ગલ, કર્મ, યોગ, ઈન્દ્રિયોના ભેણ, ધન, ઘરના માણસો, મકાન ઈત્યાદિ આ જીવને રાગ-દ્વેષ પરિણામનાં પ્રેરક છે ? ના.

છ એ દ્રવ્ય સર્વ પોતપોતાના સ્વરૂપથી સદા અસહાય(સ્વતંત્ર) પરિણમન કરે છે. કોઈ દ્રવ્ય કોઈનું પ્રેરક કદી નથી, તેથી કોઈપણ પરદ્રવ્ય રાગ-દ્વેષનું પ્રેરક નથી પરંતુ મિથ્યાત્વ મોહરૂપ મદિરાપાન છે તે જ અનંતાનુબંધી રાગ-દ્વેષનું કારણ છે. પુદ્ગલ કર્મની જોરાવરીથી જીવને રાગ-દ્વેષ કરવા પડે છે, પુદ્ગલ દ્રવ્ય કર્મોનો વેશ ધારણ કરીને જેમ જેમ બળ કરે છે તેમ તેમ જીવને રાગ-દ્વેષ અધિક થાય છે- એ વાત સાછી છે ? ના, કેમ કે જગતમાં પુદ્ગલનો સંગ તો હંમેશા રહે છે. જો એની બળજોરીથી જીવને રાગાદિ વિકાર થાય તો શુદ્ધભાવરૂપ થવાનો કદી અવસર આવી શકે નહિ તેથી એમ સમજવું કે શુદ્ધ અશુદ્ધ પરિણમન કરવામાં ચેતન સ્વયં સમર્થ છે.

રાગ-દ્વેષનું યથાર્થ કારણ :રાગ-દ્વેષ પર પદાર્થના લક્ષે થાય છે. એ ખરું પણ પરપદાથ૪ કાંઈ રાગ-દ્વેષનું સત્યાર્થ કારમ નથી. એ તો જીવની પર્યાય પરદ્રવ્યનું લક્ષ કરે છે તેથી ત્યાં પર્યાયમાં રાગદ્વેષ ઉત્પન્ન થાય છે.

રાગાદિ વિભાવનું અસ્તિત્વ :ક્ષણિક તેમજ આકુળતામય છે.

રાગનું લક્ષણ :જડતા અને આકુળતા

રાગનું સગપણ :બંધન

રાગની એકતા તોડવાનો ઉપાય :સુખ તો અતીન્દ્રિય પૂર્ણનંદનાનાથ એવા ભગવાન નિજ જ્ઞાયક આત્મામછો- એવી સ્વસન્મુખતાની અંતરમાં દ્રષ્ટિ થવી નિજ શુદ્ધ સ્વરૂપ અસ્તિત્વની પકડ થવી એ જ રાગ સાથે એકતાની ગૂંચવણ ટાળવાનો એકમાત્ર ઉપાય છે.

શું કરવું તે કહે છે. આ બધામાં હું એક જ્ઞાયક છું. જાણનાર... જાણનાર...જાણનાર ભગવાન જ્ઞાયક છું, સ્વતઃસિદ્ધ સ્વયંપ્રભુ સત્-કાયમ રહેવાવાળો, અચિંત્ય પરમ પદાર્થ છું-એવું જે પોતાની હયાતીનું સ્વરૂપ તેને બરાબર ખ્યાલમાં લેવું.

હું અહબ્દસ્પૃષ્ટ છું, મુકત છું, જ્ઞાયક છું. ચૈતન્ય છું, પરમબ્રહ્મ સ્વરૂપ છું, શુદ્ધ છું, ઈનંદકદ છું, અભેદ છું - એવા જે વિકલ્પો ઊઠે તેનાથી શું સાધ્ય છે ? એ વિકલ્પો પણ રાગ છે, બંધનું કારણ છે. એ વિકલ્પોને પણ વટાવીને હું શુદ્ધ જ્ઞાયક છું, એવા નિજ અસ્તિત્વભાવે અંદર પરિણમી જવું આહા ! બેનના શબ્દો તો બહુ ટૂંકા છે પણ અંદર મર્મ ઘણો છે.

રાગની ખીલી :રાગરૂપ નડતર-અડચણ-હરકત

રાગનો ત્યાગ :પર પદાર્થો સંબંધી મમત્વ ને આસકિત મટી, થતાં-ઉપજતાં નથી તેને રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્ર વ્યવહારથી કહેવામાં આવે છે.

રાગનો યોગ :રાગમાં જોડાણ

રાગપણે :દુ:ખપણે

રાગભાવ :કલુષિત, વિકારી,ઔપાધિકભાવ

રાગમય :ત્રણ રોગ, જન્મ,જરા અને મરણ

રાગરેણુની કણિકા :રાગરાજ. (જેમ પીંજણની તાતને ચોંટેલું થોડું પણ રૂ પીજવાના કાર્યમાં વિઘ્ન કરે છે. જેમ થોડો પણ રાગ સ્વસમયની ઉપલબ્ધિરૂપ કાર્યમાં વિઘ્ન કરે છે)

રાગરેણુની ક્ષણિકા :જેમ

રાગરહિત :કર્મમળ રહિત

રાગરહિત દશા જણાય ? :સમ્યગ્દર્શન થતાં જણઆય છે. જયાં સુધી મનના સંબંધમાં જોડાતો હતો ત્યાં સુધી બુદ્ધિપૂર્વક રાગ રહેતો હતો. તેનું લક્ષ છોડી સ્વમાં અભેદ લક્ષ થતાં બુદ્ધિપૂર્વક રાગ છૂટી જાય છે, ને નિર્વિકલ્પતા થાય છે, તે સમ્યગ્દર્શન છે. તે આત્મસાક્ષાત્કાર પ્રથમ ચોથે ગુણસ્થાનકે ગુહસ્થાને થાય છે. ગૃહસ્થદશામાં રાગ હોવા છતાં આત્મામાં આનંદનો સ્વાદ આવે છે. પ્રથમ જ અલ્પજ્ઞ દશામાં જ્ઞાનનો વ્યાપાર જે સ્થૂળ છે, તે પોતાનું જ્ઞાન સૂક્ષ્મ કરી, જ્ઞાનનો વ્યાપાર અંદરમાં સ્વ તરફ વાળીને નિર્મળ, અભેદ સ્વરૂપનું લક્ષ કરે તો ત્યાં બુદ્ધિપૂર્વકના વિકલ્પ છૂટી જાય છે. એવો કોઈ અચિંત્ય મહિમા ગૃહસ્થ દશામાં થઈ શકે છે, અને તે જન્મમરણ ટાળવાનો ઉપાય છે.

રાગલવ :જરાક રાગ; અલ્પ રાગ.

રાગલવમૂલક :અલારાગ જેનું મૂળ છે એવી

રાગવર્જક :રાગનો ત્યાગ કરનાર : રાગને છોડનાર.

રાગાદિ બધાય કર્મજન્ય છે :એ તો એ ભાવો બધાય ત્રિકાળી શુદ્ધ દ્રવ્યમાં નથી અને પર્યાયમાંથી કાઢી નાખવા યોગ્ય છે માટે દ્રવ્યદ્રષ્ટિ કરાવવા એમ કહ્યું છે. પરમાત્મા પ્રકાશમાં પણ રાગ-દ્વેષાદિ કર્મજન્ય કહ્યાં છે, કારણ કે તેઓ શુદ્ધ આત્મદ્રવ્યથી નીપજતા નથી. ભાઈ, અશુદ્ધતા દ્રવ્યમાં કયાં છે કે જેથી તે ઉત્પન્ન થાય ? પર્યાયમાં જે અશુદ્ધતા થઈ છે એ તો પર્યાયનું લક્ષ પર ઉપર ગયું છે તેથી થઈ છે. તેથી તો તેને સ્વ-પર હેતુથી થયેલો ભાવ કહે છે.

ભાઈ! એક સમયની પર્યાયમાં રાગ-અશદ્ધિતા જે થી છે તે સત્ છે અને તેથી એહેતુક છે એમ પંચાસ્તિકાયમાં સિદ્ધ કર્યું છે.

એ રાગ-અશુદ્ધતા (સ્વભાવના લીધે નહિ પણ) પરના લક્ષે થઈ છે એમ બતાવવા તેને સ્વપરહેતુક કહી છે.

અને પછી ત્રિકાળ વસ્તુમાં એ રાગ-અશુધ્ધતા નથી તથા પર્યાયમાં એક સમયના સંબંધે છે તે કાઢી નાખવા જેવી છે તે અપેક્ષાએ તેને કર્મ જન્ય ઉપાધિ કહી છે.

અહા! એક વાર કહે કે અશુદ્ધતા સ્વયં પોતાથી છે, પછી કહે કે તે સ્વપર હેતુથી છે અને વળી કહે કે તે એકલી કમ્રજન્ય છે !!!

ભાઈ, જે અપેક્ષાએ જયાં જે કહ્યું હોય તે અપેક્ષાએ ત્યાં તે સમજવું જોઈ, શ્રીમદે પણ કહ્યું છે કે -

જયાં જયાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

ભાઈ! જે અપેક્ષા હોય તે અપેક્ષાથી જ્ઞાન કરવાને બદલે બીજી પેક્ષા ખોળવા-ગોતવા જઈશ તો સત્ય નહીં મળે.

પ્રશ્નઃ રાગ જેટલો થાય છે તે નાશ પામીને અંદર જાય છે ને? પર્યાયનો વ્યય તો થાય છે, તો તે વ્યય થઈને કયાં ઝાય છે? જો અંદર જાય છે, તો વિકાર અંદર ગયો કે નહીં ?

ઉત્તરઃ ભાઈ, વિકાર અંદર દ્રવ્યસ્વભાવમાં નથી, પર્યાયનો જે વ્યય થયો છે તે પારિણામિકભાવમાં યોગ્યતારૂપ થઈ ગયો છે. વર્તમાનમાં વિકાર જે પ્રગટ છે તે ઉદયભાવરૂપ છે. પરંતુ જયારે તેનો વ્યય થાય છે ત્યારે તે પારિણામિકભાવે થઈને અંદર જાય છે. તેવી જ રીતે ક્ષયોપશમભાવની પર્યાય પણ વ્યય પામે છે અને બીજે સમયે બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. પરંતુ પહેલાનો ભાવ વ્યય પામીને ગયો કયાં ? શું તે અંદરમાં ક્ષયોપશમભાવે છે ? ના, તે પરિણામિકભાવે અંદર વસ્તુમાં છે.

રાગાદિક :રાગાદિ ભાવો

રાગાદિકનો ત્યાગ કરવો :રાગરહિત પોતાના જ્ઞાનમાં કરવું-ટકવું તે કર્તાનું ધર્મકાર્ય છે. પણ પુણ્ય-પાપ, શુભાશુભ ભાવ તે ધર્મ નથી.

રાગાદિકરણ :રાગાદિકનું કરવું

રાગાદિરૂપ અંજન :રાગ-દ્વેષ આદિ ભાવની કાળાશ-મેલ-મલિનતા

રાગી :અજ્ઞાની

રાજ :શોભાયમાન

રાજા :જે જ્ઞાન ને આનંદના સ્વભાવથી શોભે તે આત્મા રાજા છે. અને જ્ઞાન એનું સામ્રાજ્ય છે. આત્માની અંદર જે આ બધું જાણવાનો સ્વભાવ છે એવું અપરિમિત જ્ઞાન તે એનું સામ્રાજ્ય છે. જીવરાજા ! તો જીવ રાજા છે, જ્ઞાન એનું રાજ્ય-સામ્રાજ્ય છે. ને એ તેનું સર્વસ્વ છે.

રાદચંદ્ર :શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વવાણીયામાં તા.૯-૧૧-૧૯૬૭ સંવત ૧૯૨૪ના કાર્તિકી પૂર્ણિમા અને દેહોત્સર્ગ તા.૯-૪-૧૯૦૧ સંવત ચૈત્ર વદી પાંચમ ૧૯૫૭ ના રાજકોટ મુકામે થયેલો.

રાગરૂપ :લોભ, માયા, હાસ્ય, રતિ, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ આ સાતેય રાગરૂપ છે. મિથ્યાદર્શન સહિતનો રાગ જ મોહ કહેવાય છે.

રાધ :સાધ્ય, સંસિદ્ધિ-સિદ્ધિ-સાધિત-આરાધિત એ શબ્દો એકાથ૪વાચક છે. એટલે પરદ્રવ્યપરિહારથી શુદ્ધ આત્માની સિદ્ધિ ના સાધન તે રાધ છે.

રાધ-શ્રોણિતવાહિની :લોહી અને પરુ વહેવડાવનારી (વૈતરણી નામની નદી નરકમાં છે.)

અનુસંધાન સામેના પાનથી - ગ્લાનિરૂપ પરિણામને જુગુપ્સા કહીએ, કલ્યાણકારી કાર્યમાં અનાદરને પ્રમાદ કહીએ. ઈત્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે. તે ન થાય એ જ અહિંસા.

રાધાવેધ :રાધાવનેધ સાધે તેને સ્વયંવર વરે છે. ચક્ર ઉપર ચક્ર ગોઠવેલા છે. તે ચક્રો ઉલટ-સુલટ દિશામાં ગતિમાન છે. ફર્યા કરે છે. તેની ઉપરમાં રાધા પૂતળી છે. તેની ડાબી આંખની કીકીને નીચે ઊભેલા બાણાવળીએ નીચે પાણીમાં પડતા પ્રતિબિંબ પ્રત્યે દ્રષ્ટિ રાખી ઉપરમાં તે ગતિમાન ફરતા ચક્રો સોંસરું બાણ નાખીને વિંધવાની છે કેટલું બધું વિકટ- કેટલું બધું દુર્ઘટ કાર્ય ! તે રાધાવેધ સાધનારનું કેવું પરાક્રમ !

રામા :સ્ત્રી, રમા

રાશિ :ઢગલો, સમૂહ, જથ્થો. (૨) તત્ત્વ

રાસભ :ગંધકો

રાસભવૃત્તિ :ગધેડાને સારી કેળવણી આપી તો પણ જાતિ સ્વભાવને લીધે રખ્યા(રાખ) દેખીને લોટી જવાનું તેને મન થાય છે.

રિકત :રહિત, ખાલી,ભિન્ન

રિકતતા :ખાલીપણું

રિદ્ધિ :ગુણસંપદા

રિયાજ :શ્રમ, મહેનત,તપ

રીઝયો :પ્રસન્ન થયેલો, રાજી થયેલો, સંતોષ પામેલો.

રોકીને :નાશ કરીને

રોગ :પુણ્ય-પાપ રૂપ પરિણામ તે રોગ છે.

રોજનિશી :નોંધપોથી

રોંઢો :બપોરનો નાસ્તો.

રોધ :અટકાવ, રોકવું એ, પ્રતિબંધ (૨) ત્યાગ, અટકાવ, રોકવું, અટકાવવું. (૩) નિરોધ, ખટકાવ

રોધવું :રોકવું, અટકાવવું, રોધનાર=રોકનાર, અટકાવનાર

રોધવા :રોકવા, અટકાવવા

રોમ :શરીરમાં સાડા ત્રણ કરોડ રો-વાળ હોય છે. રૂંવાટી. (૨) વાળ, શીરરમાં સાડા ત્રણ કરોડ વાળ છે.

રોષ :ગુસ્સો (૨) ગુસ્સો કરવો.

રોષ અને તોષ :દ્વેષ અને રાગ, રોષ એટવે દ્વેષ અને તોષ =રાગ, રુષ્ટ થવું કે સંતુષ્ટ થવું.

રુંધાયેલો :રોકેલો, દાબેલો.

રુચિ :જિજ્ઞાસા (૨) પ્રીતિ, તલ્લીનતા (૩) પ્રમોદ (૪) શ્રદ્ધા, પ્રતીતિ(શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે. (૫) આદર (૬) જે કોઈ ઉપયોગ નામ જ્ઞાનનો વ્યાપાર-તેનો પલયે કરવા માગે છે પણ અંદર ચુચિને પલટાવતો નથી તેને માર્ગની ખબર નથી. રુચિને પલટાવે નહિતો ઉપયોગ પલટે નહિ. શી રીતે પલટે ? પરની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે તો તેનો ઉપયોગ સ્વભાવ તરફ વળે. રુચિ જ જયાં હજુ પરમાં ને શુભમાં પડી છે ત્યાં ઉપયોગને સ્વભાવનાં જ્ઞાનમાં ને ધ્યાનમાં જોડવો એ કઈ રીતે બની શકે ? વસ્તુની -ધ્યેયની રુચિ વિના ઉપયોગ તે તરફ કેમ જશે ?

રુચિ અનુયાયી વીર્ય, જેના તરફ રુચિ હોય તેના તરફ વીર્ય-પુરુષાર્થ કામ કર્યા વિના રહે નહિ. જો સ્વભાવની રુચિ નથી તો તે બાજુ ઉપયોગ કેમ પલટે ? રુચિ પલટે તો જ તે ઉપયોગ પલટી જાય. ઉપયોગને પલટાવવાનો એ એક જ ઉપાય છે. (૭) આદર, ધગશ

રુચવું :ગોઠવું. ગમવું.

રુચિત-અરુચિત :ગમતા-અણગમતા

રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ :એટલે અને પ્રત્યક્ષ (આત્માના) આનંદનો સ્વાદ આવ્યો તે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.

રુડા :નીતિમાન

રૂડા જીવો :નાલિમાન જીવો, અસત્ય, કપટ, ચોરી આદિનો આદર કરતા નથી.

રૂપ :રૂપી પદાર્થો (૨) સ્વભાવ, રૂપી પદાર્થો

રૂપભાનુ :સૂર્ય, ચૈતન્યવાલ્રૂપ સૂર્ય

રૂપવિશિષ્ટ :અંતરંગ શુદ્ધરૂપનું અનુમાન કરાવનારું બહિરંગ શુદ્ધરૂપ હોવાને લીધે જે રૂપવિશિષ્ટ છે.

રૂપી :મૂર્તિક

રૂપી અને અરૂપી :કોઈ એક પરમાણુની અપેક્ષાએ વિસદશજાતિનો સમાનઅશ વાળો બીજો પરમાણુ 'રૂપી'કહેવાય છે. અને બાકીના બધા પરમાણુઓ તેની અપેક્ષાએ 'અરૂપી' કહેવાય છે. જેમ કે -પાંચ અંશ સ્નિગ્ધતાવાળા પરમાણુને પાંચ અંશ રૂક્ષતાવાળો બીજો પરમાણુ 'રૂપી' છે અને બાકીના બધા પરમાણુઓ તેના માટે 'અરૂપી' છે. આનો અર્થ એમ થયો કે- વિસદશજાતિના સમાન અંશ વાળા પરમાણુઓ પરસ્પર 'રૂપી' છે. સદશજાતિના અથવા અસમાન અંશવાળા પરમાણુઓ પરસ્પર 'અરૂપી' છે. (૨) કોઈ એક પરમાણુની અપેક્ષાએ વિસંદેશજાતિનો સમાન અંશવાળો બીજો પરમાણુ 'રૂપી' કહેવાય છે. અને બાકીના બધા પરમાણુઓ તેની અપેક્ષાએ 'અરૂપી' કહેવાય છે.

રૂઢ :રીઢો, પાકો, પરિચયથી દઢ થયેલો.(સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને લીધે જેમનો સ્વતત્ત્વગત માર્ગ વિશેષ રૂઢ છે તેમને ઈન્દ્રિયમનના વિષયો પ્રત્યે રાગદ્વેષના અભાવને લીધે વર્તતો નિર્વિકાર જ્ઞાન સ્વભાવી સમભાવ તે ચારિત્ર છે.)

રૂલે છે. :આળોટે છે.

રૂલતાં રૂલતાં :રખડતાં રખડતાં , આળોટતાં, આળોટતાં

રૂલવું :રખડવું (૨) લપેટાવું, ફસાવું, આળોટવું.

રુષ્ટ થવું :રોષ કરવો, ગુસ્સો કરવો, દ્વેષ કરોવ.

રૂક્ષ :લૂખું, ખરબચડું, કઠોર

રૂક્ષત્વ :લૂખાશ

લગની :તાલાવેલી

લગ્ન :લીનતા, લગન (૨) લગની, લીનતા, જોડાણઃ ચૈતન્ય સ્વભાવમાં લગની કેર-લીનતા કરે તો મોક્ષ થયા વિના રહે નહિ.

લગાર :લેશમાત્ર, જરીકે, થોડુંક પણ

લઘુનંદન :નાનો પુત્ર (૨) સંસારમાં અરિહંતના લઘુપુત્ર છે. અર્થાત્ થોડા જ સમયમાં અરિહંતપદ પ્રાપ્ત કરનાર. (૩) નાનો કુંવર, નાનો પુત્ર

લઘિમા :ઝીણું કે બારીક થવાની યૌગિક પ્રકારની સિધ્ધિ, લઘુતા, નાનાપણું હોવું એ.

લઢણ :ઘૂંટણ (૨) લત, ટેવ (૩) પદ્ધતિ

લઢવું :ઘૂંટવું

લઢી લઢીને :ઘૂંટી ઘૂંટીને લઢવું= ઘૂંટવું, લઢણ =ટેવ, લત, પદ્ધતિ.

લત :આદત, ટેવ, હેવાડ, લગની, ધ્યાન

લથડપથડ :લથડિયાં ખાવાં, ઢીલું, લબડતું હોય એમ, વેરણ -છેરણ, વેર-વિખેર, અસ્ત-વ્યસ્ત

લદબદ :તરબોળ

લપક :વળગાડ, પીડાથી લબકારા મારવા.

લબાલબ :ભરપૂર

લબાસી :લપલપીઆ

લબ્ધક્ષર શ્રુતજ્ઞાન :લબ્ધિ એટલે ક્ષયોપશમિક(ઉઘાડરૂપ) શકિત અને અક્ષરનો અર્થ વિનાશી છે. જે ક્ષયોપશમિક શકિતનો કદી નાશ ન થાય તેને લબ્ધક્ષર કહેવામાં આવે છે.

લય :વિનાશ (૨) લગની, તાલાવેલી (૩) લગની, તલ્લીન, લીન થઈ જવું, સ્વરૂપમાં પરિણમી જવું, ઓગળી જવું, યોગની એક પ્રકારની સમાધિ.

લબ્ધ :લબ્ધ તો તેને કહેવાય કે પહેલાં પ્રગટ નહોતું અને પછી પ્રગટ થયું. (૨) પ્રાપ્ત

લબ્ધ બુદ્ધિ :જેમણે બુદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા

લબ્ધ સ્વભાવ :સ્વભાવને પામેલો, શુદ્ધ અનંતશકિતવાળો ચૈતન્ય સ્વભાવ. (૨) સ્વભાવને પામેલો.

લબ્ધિ :લબ્ધિ પાંચ પ્રકારની છે. કાળલબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ, ભવિતવ્યતા અને તે જ સમયે નિમિત્ત કર્મના ઉપશમાદિ એમ પાંચ સમમવાય એક સાથે જ હોય છે. (૨) સમ્યક્ત્વ થતાં પહેલાં પાંચ લબ્ધિઓ હોય છો. ક્ષયોપશમ લબ્ધિ, વિશુદ્ધિ લબ્ધિ, દેશનાલબ્ધિ, પ્રાયોગ્ય લબ્ધિ, અને કરણલબ્ધિ.

(૧) ક્ષયોપશમ લબ્ધિ

તેના હોવાથી તત્ત્વ વિચાર થઈ શકે એવો જ્ઞાનવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થાય, અર્થાત્ ઉદયકાળને પ્રાપ્ત સર્વ ઘાવીસ્પદ્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય, તથા ભાવિ કાળમાં ઉદય આવવા યોગ્ય કર્મોનું સત્તારૂપે રહેવું તે ઉપશમ. એવી દેશઘાતી સ્પદ્ધકોના ઉદય સહિત થવી તે ક્ષયોપશમ લબ્ધિ છે.

(૨) વિશુદ્ધિ લબ્ધિ

મોહનો મંદ ઉદય આવવાથી મંદકષાયરૂપ બાવ થાય, કે જેથી તત્ત્વવિચાર થઈ શકે તે વિશુદ્ધિ લબ્ધિ છે.

(૩) દેશના લબ્ધિ

શ્રી જિનેંદ્રદેવ દ્વારા ઉપદેશેલા તત્ત્વનું ધારણ થવું, તેનો વિચાર થવો તે દેશનાલબ્ધિ છે. નરકાદિકમાં જયાં ઉપદેશનું નિમિત્ત ન હોય ત્યાં તે પૂર્વ સંસ્કારથી થાય છે. અહીં ઉપદેશ કહ્યો છે. કોઈ ઉપદેશ વિના એકલા શાસ્ત્ર વાંચી દેશનાલબ્ધિ પ્રાપ્ત કરી શકે. એમ બને નહિ. ઉપદેશેલા તત્ત્વનું બરાબર ગ્રહણ ધારણ થવું જોઈ.

(૪) પ્રાયોગ્ય લબ્ધિ

કર્મોની પૂર્વ સત્તા ઘટી અંતઃકોડાકોડી સાગર પ્રમાણ રહી જાય તથા નવીન બંધ પણ અંતઃકોડાકોડી સાગર પ્રમાણના સંખ્યાતમા ભાગ માત્ર થાય. તે પણ એ લબ્ધિકાળથી માંડીને ક્રમથી ઘટતો જ થાય અને કેટલીક પાપ પ્રકૃતિઓનો બંધ ક્રમથી મટતો જાય. ઈત્યાદિ યોગ્ય અવસ્થા થવી તેનું નામ પ્રાયોગ્યતા લબ્ધિ છે.

આ ચારે લબ્ધિઓ ભવ્ય તથા અભવ્ય બન્નેને હોય છે. આ ચાર લબ્ધિઓ થયા પછી સમ્યક્ત્વ થાય તો થાય અને ન થાય તો ન પણ થાય એમ લબ્ધિસારમાં કહ્યું છે, માટે એ તત્ત્વ વિચારવાળાને પણ સમ્યક્ત્વ હોવાનો નિયમ નથી.

(૫) કરણ લબ્ધિ

કરણ લબ્ધિ થતાં સમ્યક્ત્વ અવશ્ય થાય જ એવો નિયમ છે. પણ તે તો જેને પૂર્વે કહેલી ચાર લબ્ધિઓ થઈ હોય અને અંતર્મુહૂર્ત પછી જેને સમ્યક્ત્વ થવાનું હોય તે જ જીવને કરણલબ્ધિ થાય છે. એ કરણલબ્ધિવાળા બુદ્ધિપૂર્વક તો એટલો જ ઉદ્યમ છે કે - તત્ત્વવિચાર માં ઉપયોગને તદ્રપ થઈ લગાવે અને તેથી સમયે સમયે તેના

પરિણામ નિર્મળ થતા જાય છે. જેમ કોઈને શિક્ષાનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને શિક્ષાની પ્રતીતિ તુરત જ થઈ જશે. તેમ તત્ત્વ ઉપદેશનો વિચાર એનો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેનું શ્રદ્ધાન થઈ જાય. વળી એ પરિણામોનું તારતમ્ય કેવળ જ્ઞાન વડે દેખ્યું તે વડે કરણાનુ યોગમાં તેનું નિરૂપણ કર્યું છે એ કરણલબ્ધિના ત્રણ ભેદ છે.(૧) અધઃ કરણ , (૨) અપૂર્વકરણ (૩) અનિવૃત્તિ કરણ.

(૧) અધઃકરણ

જયાં પહેલા અને પાછલા સમયોના પરિણામ સમાન હોય તે અધઃકરણ છે. જેમ કોઈ જીવના પરિણામ તે કરણના પહેલા સમયે અલ્પુવશુદ્ધતા સહિત થયા, પછી સમયે સમયે અનંતગુણી વિશુદ્ધાતાથી વધતા થયા, વળી તેને જેમ બીજા-ત્રીજા આદિ સમયોમાં પરિણામ થાય તેવા કોઈ અન્ય જીવોને પ્રથમ સમયમાં જ થાય તેને તેનાથી સમયે સમયે અનંત ગુણી વિશુદ્ધતા વડે વધતા હોય એ પ્રમાણે અધઃપ્રવૃત્તકરણ જાણવું.

(૨) અપૂર્વ કરણ

જેમાં પહેલા અને પાછલા સમયોના પરિણામ સમના ન હોય, અપૂર્વ જ હોય તે અપૂર્વ કરણ ચે. જેમ કે તે કરણના પરિણામ જેવા પ્રથમ સમયમાં હોય તેવાં કોઈ પણ જીવને દ્વિતયાદિ સમયોમાં ન હોય પણ વધતા જ હોય, તથા અહીં અધઃકરણવત્ જે જીવોને કરણનો પ્રથમ સમય જ હોય તે અનેક જીવોના પરિણામ પરસ્પર સમાન પણ હોય છે તથા અધિક હીન વિશુદ્ધતા સહિત પણ હોય છે. પરંતુ અહીં એટલું વિશેષ થયું કે-તેની ઉત્કૃષ્ટતાથી પણ દ્વિતયાદિ સમયવાળાના જ ધન્ય પરિણામ પણ અનંતગુણી વિશુદ્ધતા સહિત જ હોય છે. એ જ પ્રમાણે જેને કરણ માંડયે દ્વિતીયાદિ સમય થયા હોય, તેને તે સમયવાળાઓના પરિણામ તો પરસ્પર સમાન યા અસમાન હોય છે, પરંતુ ઉપરના સમયવાળાના પરિણામ તે સમયે સર્વથા સમાન હોય નહિ પણ અપૂર્વ જ હોય છે. એ અપૂર્વ કરણ જાણવું.

(૩) અનિવૃત્તિકરણ

વળી જેમાં સમાન સમયવતી જીવોના પરિણામ સમાન જ હોય, નિવૃત્તિ અર્થાત્ પરસ્પર ભેદ તેનાથી રહિત હોય છે. જેમ તે કરણના પહેલા સમયમાં સર્વ જીવોના પરિણામ પરસ્પર સમાન જ હોય છે એ જ પ્રમાણે દ્વિતીયાદિ સમયોમાં પરસ્પર સમાનતા જાણવી તથા પ્રથમાદિ સમયવાળાઓથી દ્વિતીયાદિ સમયવાળાઓને અનંતગુણઈ વિશુદ્ધતા સહિત હોય છે. એ પ્રમાણે અનિવૃત્તિકરણ જાણવું.

એ પ્રમાણે એ ત્રણ કરણ જાણવાં.

તેમાં પહેલા અંતર્મુહૂર્ત કાળપર્યંત અધઃકરણ થાય છે. ત્યાં ચાર આવશ્યક થાય છે. (•) સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા થાય (•) નવીન બંધની સ્થિતિ એક એક અંતર્મુહૂર્તથી ઘટતી જાય છે તે સ્થિતિબંધાપસરણ છો. (•) સમયે સમયે પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતગુણો વધે. (•) સમયે સમયે અપ્રશસ્ત પકૃતિઓનો અનુભાગબંધ અનંતમાં ભાગે થાય એ પ્રમાણે ચાર આવશ્યક થાય છે.

તે પછી અપૂર્વકરણ થાય છે, તેનો કાળ અધઃકરણના કાળના સંખ્યાતમા ભાગ છે. તેમાં આ આવશ્યક બીજા થાય છે. (•) સત્તાભૂત પૂર્વકર્મની સ્થિતિને એક એક અંતર્મુહૂર્તથી ઘટાડે તેવો સ્થિતિકાંડઘાત થાય, (•) તેનાથી

અલ્પ એક એક અંતર્મુહૂર્તથી પૂર્વ કર્મના અનુભાગને ઘટાડે તેવો અનુભાગકાંડકઘાત થાય (•) ગુણશ્રેણીના કાળમાં ક્રમથી અસંખ્યાતગુણા પ્રમાણ સહિત કર્મ નિર્જરવા યોગ્ય કરે તેવી ગુણશ્રેણી નિર્જરા થાય, તથા ગુણસંક્રમણઅહીં થતુ નથી પણ અન્યત્ર અપૂર્વકરણ થાય છે ત્યાં થાય છે.

એ પ્રમાણે અપૂર્વકરણ થયા પછી અનિવૃત્તિકરણ થાય છે તેને કાળ અપૂર્વ કરણના પણ સંખ્યાતમા ભાગ છે, તેમાં પૂર્વોક્ત આવશ્યક સહિત કેટલોક કાળ ગયા પછી અંતરકરણ કરે છે, જે અનિવૃત્તિકરણના કાળ પછી ઉદય આવવા યોગ્ય એવાં મિથ્યાત્વ કર્મના મુહૂર્તમાત્ર પરિણમાવે છે. (તેને અંતરકરણ કહેવાય છે.) તે અંતરકરણ પછી ઉપરામકરણ કરે છે. અર્થાત્ અંતઃકરણ વડે અભાવરૂપ કરેલા નિષેકોના ઉપરના જે મિથ્યાત્વના નિષેક છે તેને ઉદય આવવાને અયોગ્ય કરે છે, ઈત્યિાદિ ક્રિયા વડે અનિવૃત્તિકરણના અંતસમયના અનંતર જે નિષેકોનો અભાવ કર્યો હતો તેનો ઉદય કાળ આવતાં તે કાળે નિષેકો વિના ઉદય કોનો આવે ? તેથી મિથ્યાત્વનો ઉદય ન હોવાથી પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અનાદિ મિથ્યાદષ્ટિને સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર મોહનીયની સત્તા નથી તેથી તે એક મિથ્યાત્વકર્મનો જ ઉપશમ કરી ઉપશમ સમ્યગ્દષ્ટિ થાય છે, તથા કોઈ જીવ સમ્યક્ત્વ પામી પછી ભ્રષ્ટ થાય છે તેની દશા પણ અનાદિ મિથ્યાદષ્ટિ જેવી થઈ જાય છે.

(૩) (૧) ક્ષયોપરામ લબ્ધિ- આંખો ફાડીને જોઈ જ રહે છે તે ક્ષયોપશમ લબ્ધિ છે તેમાં હિત સ્વરૂપ શું , તે સમજવાની તાકાત બતાવે છે.

(૨) વિશુદ્ધિ લબ્ધિ- કષાય પાતળા ત્યારે તત્ત્વનો વિચાર કરવાની પાત્રતા આવી છે.

(૩) દેશના લબ્ધિ- આત્મા આખો કેવો છે તે સાંભળ્યું તે દેશના લબ્ધિ છે.

(૪) પ્રાયોગ્ય લબ્ધિ- ટગટગ જોઈજ રહે છે, તેમાં તત્ત્વ સાંભળવામાં એકાગ્ર થતાં કમિની સ્થિતિનો રસ ઘટાડે છે.

(૫) કરણલબ્ધિ – એ અંતર પરિણામની શુદ્ધતાથી સ્વ-તરફ ઢળતો ભાવ છે. તે લબ્ધિ સમ્યગ્દર્શન થવા વખતે હોય છે.

– લબ્ધિ પાંચ પ્રકાર ની છે.

(૧) ક્ષયોપરામ લબ્ધિ- આંખો ફાડીને જોઈ જ રહે છે તે ક્ષયોપશમ લબ્ધિ છે તેમાં હિત સ્વરૂપ શું , તે સમજવાની તાકાત બતાવે છે.

(૨) વિશુદ્ધિ લબ્ધિ- કષાય પાતળા ત્યારે તત્ત્વનો વિચાર કરવાની પાત્રતા આવી છે.

(૩) દેશના લબ્ધિ- આત્મા આખો કેવો છે તે સાંભળ્યું તે દેશના લબ્ધિ છે.

(૪) પ્રાયોગ્ય લબ્ધિ- ટગટગ જોઈજ રહે છે, તેમાં તત્ત્વ સાંભળવામાં એકાગ્ર થતાં કમિની સ્થિતિનો રસ ઘટાડે છે.

(૫) કરણલબ્ધિ – એ અંતર પરિણામની શુદ્ધતાથી સ્વ-તરફ ઢળતો ભાવ છે. તે લબ્ધિ સમ્યગ્દર્શન થવા વખતે હોય છે.

<u>લબ્ધિઓ</u> :ક્ષયોપશમ લબ્ધિ, વિશુદ્ધિ લબ્ધિ, દેશનાલલ્દિ પ્રાયોગ્યલબ્ધિ અને કરણલબ્ધિ એ પાંચ લબ્ધિ સમ્યક્ત્વ થતાં પહેલાં હોય છે.

(૧) ક્ષયોપશમ લબ્ધિ=જેના હોવાથી તત્ત્વવિચાર થઈ શકે એવો જ્ઞાનવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થાય, અર્થાત્ ઉદયકાળને પ્રાપ્ત સર્વ ઘાતી સ્પર્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય, તથા ભાવીકાળમાં ઉદય આવવા યોગ્ય કર્મોનું સત્તારૂપે રહેવું તે ઉપરાગ. એવી દેશઘાતી સ્પર્ધકોના ઉદયસહિત

કર્મોની અવસ્થા , તેનું નામ ક્ષયોપશમ છે. તેની જે પ્રાપ્તિ થવી તે ક્ષયોપશમરૂપ ભાવ થાય તે જેથી તત્ત્વવિચાર થઈ શકે તે વિશુદ્ધિલબ્ધિ છે.

(૩) દેશના લબ્ધિઃ- શ્રી જિનેનદ્રદેવ દ્વારા ઉપદેશેલા તત્ત્વનું ધારણ થવવું, તેનો વિચાર થવો તે દેશનાલબ્ધિ છે. નરકાદિકમાં જયાં ઉપદેશનું નિમિત્ત ન હોય ત્યાં તે પૂર્વ સંસ્કારથી થાય છે. અહીં ''ઉપદેશ'' કહ્યો છે. કોઈ ઉપદેશ વિના એકલા શાસ્ત્ર વાંચી દેશનાલબ્ધિ પ્રાપ્ત કરી શકે એમ બને નહિ. ઉપદેશેલા તત્ત્વનું બરાબર ગ્રહણ ધારણ થવું જોઈએ.

(૪) પ્રાયોગ્યલબ્ધિ :- કર્મોની પૂર્વ સત્તા ધરી અંતઃ કોડાકોડી સાગરપ્રમાણ રહી જાય તથા નવીનબંધ પણ અંતઃકોડાકોડી સાગરપ્રમાણના સંખ્યાતમા ભાગમાત્ર થાય, તે પણ એ લબ્ધિકાળથી માંડીને ક્રમથી ઘટતો જ થાય અને કેટલીક પાપપ્રકૃતિઓનો બંધ ક્રમથી મટતો જાય છે. ઈશ્વયાદિ યોગ્ય અવસ્થા થવી તેનું નામ પ્રાયોગ્યલબ્ધિ છે.

એ ચારે લબ્ધિ ભવ્ય તથા અભવ્ય બન્નેને હોય છે. એ ચાર લબ્ધિઓ થયા પછી સમ્યકત્વા થાય તો થાય અને ન થાય તો ન પણ થાય- એમ શ્રી લબ્ધિસારમાં કહ્યું એ માટે એ તત્ત્વવિચારવાળાને પણ સમ્યક્ત્વ લેવાનો નિયમ નથી. જેમ કોઈને હિતશિક્ષા આપી, તેને જાણી તે વિચાર કરે કે આ શિક્ષા આપી તે કેવી રીતે છે ? પછી વિચાર કરતાં તેને 'આમ જ છે' એવી તે શિક્ષાની પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થાય, યા અન્ય વિચારમાં લાગી તે શિક્ષાનો નિર્ધાર ન કરે તેને પ્રતીતિ ન પણ થાય. તેમ શ્રીગુરુએ તત્ત્વોપદેશ આપ્યા, તેને જાણી વિચાર કરે છે. આ ઉપદેશ આપ્યો તે કેવી રીતે છે ? પછી વિચાર કરતાં તેને 'આમ જ છે' એવી પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થાય, અથવા અન્ય વિચારમાં લાગી તે ઉપદેશનો નિર્ધાર ન કરે તો પ્રતીતિ ન પણ થાય. પણ તેનો ઉદ્યમ તો માત્ર તત્ત્વ વિચાર કરવાનો જ છે.

પ્રથમની ચાર લબ્ધિ તો મિથ્યાદષ્ટિ ભવ્ય-અભવ્ય બન્ને જીવને હોય છે. પરંતુ સમ્યક્ત્વ થતાં તો આ ચાર લબ્ધિ અવશ્ય હોય જ. કારણ લબ્ધિ થતાં તુરતમાં સમ્યક્ત્વ અવશ્ય પ્રગટે છે. માટે તત્ત્વ વિચારવાળાને સમ્યક્ત્વ થવાનો નિયમ નથી. જેમ કોઈને કોઈએ હિતની શિખામણ આપી હોય તેને જુદી તે વિચાર કરે કે આ શિક્ષા આપી તે કેવી રીતે છે. પછી વિચાર કરતાં 'આમ જ છે' એવી તે શિક્ષાની પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થઈ જાય કે અન્ય વિચારમાં લાગી જાય, તો શિક્ષાનો નિર્ધાર ન થાય અને પ્રતીતિ ન થાય. તેમ શ્રીગુરુએ ઉપદેશ આપ્યો હોય ત્યાં પ્રથમ વિચાર કરે અને પછી અન્યથા વિચારમાં લાગી જાય, વિશેષ વિચાર કરે અને પછી અન્યથા વિચારમાં લાગી જાય, વિશેષ વિચાર કરીને નિર્ધાર ન કરે તો અંતરંગ પ્રતીતિ ન થાય.

(૫) કરણલબ્ધિ :- પાંચમી કરણલબ્ધિ થતાં સમ્યક્ત્વ અવશ્ય થાય જ એવો નિયમ છે, પણ તે તો જેને પૂર્વે કહેલી ચાર લબ્ધિઓ થઈ હોય અને અંતર્મુહર્ત પછી જેને સમ્યક્ત્વ થવાનું હોય તે જ જીવને કરણલબ્ધિ થાય છે. એ કરણલબ્ધિએવાળા જીવને બુદ્ધિપૂર્વક તો એટલો જ ઉદ્યમ હોય છે કે તત્ત્વવિચારમાં ઉપયોગને તદ્રૂપ થઈ લગાવે અને તેથી સમયે સમયે તેના પરિણામ નિર્મળ થતા જાય છે. જેમ કોઈને શિક્ષાનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને શિક્ષાની પ્રતીતિ તુરત જ થઈ જશે. જેમ તત્ત્વ ઉપદેશનો વિચાર એવો નિર્મળ થવા લાગ્યો કે જેથી તેને તેનું શ્રદ્ધાન થઈ જાય. વળી એ પરિણામોનું તારતમ્ય કેવળ જ્ઞાન વડે દેખ્યું તે વડે કરણાનુયોગમાં તેનું નિરૂપણ કર્યું છે. એ કરણલબ્ધિના ત્રણ ભેદ છે.:- અધ-કરણ, અપૂર્વકરણ, અને અનિવૃત્તિકરણ. જેનું વિશેષ વ્યાખ્યાન તો શ્રી લબ્ધિસારમાં કહ્યુ છે ત્યાંથી જોવું.

<u>લક્ષ</u> :ધ્યેય (૨) પ્રતીતિ (૩) હેતુ (૪) ધ્યાન, એકાગ્રતા (૫) ધ્યેય (૬) દષ્ટિ (૭) વલણ

<u>લક્ષ થાય છે.</u> :સમજાય છે, સમજે છે.

<u>લક્ષગત થાય</u> :સમઝાય

<u>લક્ષણ</u> :ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરવાવાળા હેતુને (સાધનને) લક્ષણ કહે છે. (૨) સત્તા, સ્વરૂપ (૩) ઓંધણ (૪) સત્તા, સ્વરૂપ, દ્રવ્ય ત્રિકાળ રહે છે અને પર્યાય એક સમય, માટે લક્ષણભેદ છે. (૫)

જે લક્ષ્યમાં ત્રિકાળ રહે અને લક્ષ્યને પરિપૂર્ણ ઓળખાવે તે લક્ષણ છે. (૬) ચિહ્ન, નિશાની, બીજી વસ્તુથી જુદા પાડનાર ખાસ ધર્મ, તેવા ધર્મનું કથન, વ્યાખ્યા, સ્વરૂપ. (૭) અત્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષથી રહિત હોવું જોઈએ. (૮) જેના વડે લક્ષ કરવામાં આવે તે વ્યાવર્તક (ભિન્નતા બતાવનાર) હેતુને લક્ષણ કહે છે. લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષથી રહિત હોવું જોઈ. ત્યારે જ તે લક્ષ્યને સારી રીતે ઓલખાવી શકે, અન્યથા નહિ.

લક્ષ્યના એકદેશમાં રહેનાર લક્ષણ અવ્યાપ્તિ દોષથી લક્ષ્યની બહાર અલક્ષ્યમાં પણ પ્રાપ્ત થનાર લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી અને લક્ષ્યમાં જેનું રહેવું બાધિત છે તે અસંભવ દોષથી દૂષિત કહેવાય છે.

અહીં જ્ઞાન આત્માનું લક્ષણ છે જેનો સામાન્ય વેદના અને વિશેષ વેદનારૂપ દર્શન ઉપયોગ અને જ્ઞાનોપયોગના નામે નિર્દેશ થોય છે. આત્માથી (લક્ષ્યથી) જ્ઞાન(લક્ષણ) અધિક હોતાં જ્ઞાન-લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દૂષિત થાય છે અને તેથી તેમાં લક્ષણભાવ ઘટિત થતો નથી. જ્ઞાનસ્વરૂપ આત્માથી જ્ઞેય અધિક હોતાં જ્ઞાન જ્ઞેયપ્રમાણ ન રહેતાં જ્ઞેયથી ઓછું થયું અને તેથી અવ્યાપ્તિ દોષથી દૂષિત થયું. આત્મા પણ જ્ઞેય છે એ સિવાય જ્ઞેય હોય અને જ્ઞાન ન હોય એ વાત અસંગત જણાય છે. કારણ કે જે જ્ઞાનનો વિષય હોય તે જ જ્ઞેય કહે છે. જ્ઞાન વિના જ્ઞેયનું અસ્તિત્વ બનતું નથી તે બાંધિત ઠરે છે. (૯) વિશેષ ગુણોમાં જે ગુણ વ્યાવર્તક કોટિના હોય છે. (૧૦) ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરવાવાળા હેતુને (સાધનને) લક્ષણ કહે છે. (૧૧) સ્વરૂપ (૧૨) વિશેષ ગુણોમાં જે ગુણ વ્યાવર્તક કોટિના હોય છે અર્થાત્ પરસ્પર મળેલી વસ્તુમાં એકબીજાની ભિન્નતાનો સહજ બોધ કરાવવામાં સમર્થ હો છે. તેમને જ લક્ષણ કહે છે. (૧૩) સ્વરૂપઃ તાદાત્મ્યરૂપ સંબંધ, આત્મભૂત (૧૪) સ્વરૂપ (૧૫) ઘણા મળેલ પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદા કરવાવાળા હેતુને (સાધનને) લક્ષણ કહે છે. (૧૬) સ્વરૂપ (૧૭) સ્વરૂપ, સાદશ્ય, અસ્તિતવ

લક્ષણભેદ :અનંત ગુણને ધારણ કરવા તે આત્માનું લક્ષણ છે. જ્ઞાનનું લક્ષણ જાણવું, શ્રદ્ધાનું લક્ષણ પ્રતીતિ કરવી, ચારિત્રનું લક્ષણ ટકવું, વીર્યનું લક્ષણ આત્મબળનું ટકાવી રાખવું વગેરે અનંત ગુણો છે, તેનાં લક્ષણ(કાર્ય) જુદાં જુદાં છે, તેથી લક્ષણભેદ છે. પર્યાયનું લક્ષણ દરેક સમયે અવસ્થાથી બદલવપં તે છે. (૨) અનંત ગુણને ધારણ કરવા તે આત્માનું લક્ષણ છે. જ્ઞાનનું લક્ષણ જાણવું, શ્રદ્ધાનું લક્ષણ પ્રતીતિ-ખાતરી કરવી, ચારિત્રનું લક્ષણ ટકવું, વીર્યનું લક્ષણ આત્માબળનું ટકાવી રાખવું વગેરે અનંત ગુણો છે, તેનીં લક્ષણ (કાર્ય) જુદાજુદા છે તેથી લક્ષણભેદ છે. પર્યાયનું લક્ષણ દરેક સમયે અવસ્થાથી બદલવું તે છે.

લક્ષ્મી :ઋદ્ધિ, શોભા.

લક્ષ્ય :દ્રવ્ય (૨) જેનું લક્ષ કરવામાં આવે-અને મળેલા પદાર્થોમાંથી જુદાપણાના જ્ઞાનનો વિષય બનાવવામાં આવે- તેને લક્ષ્ય કહે છે અને જેના વડે લક્ષ કરવામાં આવે તે વ્યાવર્તક (ભિન્નતા બતાવનાર) હેતુને લક્ષણ કહે છે. (૩) અનેક મળેલા પદાર્થોમાંથી જુદાપણાના જ્ઞાનનો વિષય બનાવવામાં આવે તેને લક્ષ્ય લહે છે. (૪) જાણવા યોગ્ય

લક્ષ્ય અને લક્ષણ :આત્મા લક્ષ્ય છે જ્ઞાન એનું લક્ષણ છે.

લક્ષ્ય લક્ષણ :સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે.

લક્ષ્યોન્મુખ :નિશાનની સનમિુખ

લક્ષિત :લક્ષ્યરૂપ થતું, ઓળખાતું

લક્ષિત થયા યોગ્ય :ઓળખવા યોગ્ય

લક્ષિત થાય છે :લક્ષ્યરૂપ થાય છે, ઓળખાય છે.

(૧) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય તથા

(૨) ગુણ પર્યાય તે લક્ષણો છે અને દ્રવ્ય તે લક્ષ્ય છે.)

લય લાગવી :લીન થવું, એકરૂપ બની જવું. (૨) લીનતા કરવી, એકતાર થઈ જવું, લીન થઈ જવું.

લયલય પારગ્રહે ભવધર :સ્વરૂપની લીનતા ગ્રહનો ગ્રહનો કર્મભાવરૂપ ભવને ધારણ કરવાનું કારણ બંધભાવ એટલે ભવનો ભાવ, તેનો નાશ કરે છે.

લક્ષણી ધર્મ દશ :ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય, એ દશ ભેદ મુનિધર્મના છે. તેને દશ લક્ષણી ધર્મ કહે છે.

લલિતમાં લલિત :અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવાં , અતિશય મનોહર.

લવલીન :તલ્લીન, એકરૂપ, એકાગ્ર, નિમગ્ન

લવો :લવવું, જીભની બોલવા વિશેની બિલચાલ, શબ્દ, ઉચ્ચાર (૨) લવ્વો, જીભથી સ્પષ્ટ ઉચ્ચાર થવો.

લસલસવું :તરબોળ થવું, શોભવું, ઝળકવું, ચમકવું, સુશોભિત હોવું, સજવું, ઝગઝગાટ કરતું.

લહે :પ્રાપ્ત કરે.

લેખે છે :પ્રમાણ છે, યોગ્ય છે.

લંગારતી :લંબાયા જકરે,

લેપ :આસકિત, વળગાડ

લેપાય છે :બંધાય છે.

લેપાવું :બંધાવું (૨) વળગવું, આસકિત, ચોરી જવું, ચોપડાવવું.

લંપટ :વિષયોમાં ખરડાઈ ગયેલ, વ્યભિચારી, છિનાળવું

લુપ્ત :ગુમ, લાશ પામેલ.

લુપ્ત પ્રાયતા :લગભગ નાશ પામવા જેવી સ્થિતિ

લુપ્તપ્રાય :લગભગ નાશ પામેલું, મોટે ભાગે અદશ્ય થયેલું.

લુબ્ધ :આસકત, મોહિત, લોલુપ, ઈચ્છુક, લોભને આધીન બનેલું, લોભાયેલું, મુગ્ધ (૨) લોલુપ, આસકત, મોહિત, ઈચ્છુક, લોભને આધીન બનેલું. (૩) આસકત (૪) મોહિત, લોલુપ, લોભને આધીન બનેલું, ઈચ્છુક, લોભાયેલું

લેય :બંધ

લેશ્યા :કષાયનાઉદયથી રંગાયેલ યોપ્રવૃત્તિ તે લેશ્યા છે. અર્થાત્ લેશ્યા અન્ય ગતિનામ કર્મ અને અન્ય આયુષકર્મનું કારણ થાયછે. જેથી તેને ઉચિત જ અન્ય ગતિ અને અન્ય આયુષ તેઓ પ્રાપ્ત કરે છે. આ પહેલાનાં કર્મ ક્ષીણ થાય છે અને પછીનાં અક્ષીણપણે વર્તે છે. આ રીતે ક્ષીણ-અક્ષીણપણાને પ્રાપ્ત છતાં ફરી ફરીને નવીન ઉત્પન્ન થતાં એવાં ગતિ નામ કર્મ અને આયુષકર્મ (પ્રવાહરૂપે) જો કે તેઓ અનાત્મસ્વભાવભૂત છે તો પણ - ચિરકાળ (જીવોની) સાથે સાથે રહેતાં હોવાથી આત્માને નહિ ચેતનારા જીવો સંસરણ કરે છે (અર્થાત્ આત્માને નહિ અનુભવનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે. (૨) જે વડે આત્મા પુણ્ય-પાપથી લોપાય એવા કષાયને પુષ્ટ કરવાવાળા જીવના પરિણામને લેશ્યા કહે છે. (૩) કર્માસ્રવના વિશેષ હેતુઓમાં જે યોગનું ગ્રહણ થાય છે તે કષાય અનુરંજિત યોગ છે, જે યોગની પ્રવૃત્તિ લેશ્યા કહેવાય છે. (૪) કાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિને ભાવલેશ્યા કહે છે, અને શરીરના પીત, પક્ષ, શુકલ, કૃષ્ણ, નીલ અને કાપોત આદિ વર્ણોને દ્રવ્યલંશ્યા છે. (૫) લેશ્યા એટલે કષાયથી અનુરંજિત યોગોની પ્રવૃતિ. લેશ્યાનો સંબંધ સમ્યગ્દર્શનાદિ ગુણ સાથે નથી પણ શુભ -અશુભ ભાવ સાથે છે. શુભ-અશુભ ભાવની તીવ્રતા -મંદતાનુસાર લેશ્યાના પ્રકાર પડે છે. (૫) જેનાથી જીવ આત્મા કે કર્મ સાથે જોડાય તે ક્રિયા (૬) પ્રકાશ, તેજ, પ્રભા.

લેશ્યાઓ :કષાયના ઉદયથી અનુરંજિત(રંગાયેલ) યોગપ્રવૃત્તિ તે લેશ્યા છે. ત્યાં કૃષ્ણ-નીલ-કાપોત આ ત્રણ લેશ્યાઓ તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગ પ્રવૃત્તિરૂપ છે. (૨) આત્માએ કૃષ્ણ, નીલ અને કાપોત આદિ ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે.

(૧) કૃષ્ણ લેશ્યા વાળો જીવ - જે વેર તજે નહિ, વિષય-કષાયોમાં આસકત રહે. નિર્દય હોય, દુષ્ટ હોય તથા કોઈને વશ ન થતો હોય એવો કૃષ્ણ લેશ્યાવાળો જીવ હોય છે.

(૨) નીલ લેશ્યાવાળો જીવ - ધન ધાન્યાદિમાં તીવ્ર મૂર્છાવાળો તથા સંસારનાં સુખની તીવ્ર ઈચ્છાવાળો, નીલ લેશ્યાવાળો જીવ હોય છે.

(૩) કાપોત લેશ્યાવાળો જીવ - જે યુદ્ધમાં મરવાને ઈચ્છે છે, પોતાની સ્તુતિથી સંતોષ પામે છે તે કાપોત લેશ્યા યુકત છે.

આ ત્રણ અશુભ લેશ્યાઓ છોડી તથા અન્ય સર્વ વિભાવ ભાવોનો તેમજ દેહભાવનો પણ ત્યાગ કરી દેહથી ભિન્ન એક પોતાના આત્માનો વિચાર કર, તેની જ ભાવના, ધ્યાન, અનુભવ કર કે જેથી મોક્ષની પ્રાપ્તિ થાય.

લાગણી :શ્રદ્ધા

લાગેલી :વળગેલી

લાંછન :ચિહ્ન

લાંબી રાશે :દીર્ઘ દૃષ્ટિએ જોતાં

લાવણ્ય :પૂર્ણ સૌંદર્ય, લાલિત્ય, ખૂબ સુંદર, સર્વને પ્રિય લાગે તેવું.

લાવો :રસ

લિંગ :ચિહ્ન, સૂચક, ગમક, ગમ્ય કરાવનાર, જણાવનાર, ઓળખાવનાર (૨) લક્ષણ, સાધન (૩) પર્યાય (૪) ધર્મચિહ્નો, બાહ્ય-બહિરંગ યતિલિંગો (૫) લિંગવાળું (ખાસ ગુણ તે લિંગ-ચિહ્ન-લક્ષણ છે અને લિંગ તે દ્રવ્ય છે.) (૬) ચિહ્ન, લક્ષણ, સાધન, લાંછન (૭) બાહ્ય વેષ, ચિહ્ન, લક્ષણ, સાધન (૮) મેહનાકાર, પુરુષાદિની ઈન્દ્રિયનો આકાર. (૯) ઉપયોગ નામનું લક્ષણ, ચિહ્ન (૧૦) બાહ્યવેષ, મુનિવેષ (૧૧) વેષ, ચિહન. (૧૨) બહિરંગ લિંગ અને અંતરંગ લિંગ, વેષ, ચિહ્ન.

લિંગ ગ્રહણ નથી :લિંગ ગ્રહણ નથી. આત્મા

(૧) રસગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,
(૨) રૂપ ગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,
(૩) ગંધગુણના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,
(૪) સ્પર્શગુણરુપ વ્યકતતાના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી,
(૫) શબ્દ પર્યાયના અભાવરૂપ સ્વભાવવાળો હોવાથી તથા
(૬) તે બધા ને કારણે (અર્થાત રસ-રૂપ-ગંધ-સ્પર્શ- શબ્દ વગેરે ના અભાવરૂપ સ્વભાવને કારણે) લિંગ વડે અગ્રાધ હોવાથી અને
(૭) સર્વ સંસ્થાનોના અભાવરુપ સ્વભાવવાળી હોવાથી, આત્માને યુદ્ગલદવ્ય થી વિભાગ ના સાધન ભૂત (•)અરસપણુ, (•) અરુપપણું (•) અગંધપણું, (•) અવ્યકતપણું, (•) અશબ્દપણું, (•) લિંગગ્રાધપણું અને (•) અસંસ્પેક્ષપણું છે.

પુદ્ગલ તેમજ અપુદ્ગલ એવા સમસ્ત અજીવ દવ્યોથી વિભાગનું સાધન તો ચેતનાગુણમયપણું છે. અને તે જ માત્ર સ્વજીવ દ્રવ્યાશ્રિત હોવાથી સ્વલક્ષણપણું ધરતું થકું, આત્માનો શેષ અન્ય દ્રવ્યોથી વિભાગ સાથે છે.

લિંગદેહ જન્ય :પુરુષ, સ્ત્રી દેહ દ્વારા ઉત્પન્ન થયેલો

લિંગિત :પ્રાપ્ત (૨) પ્રાપ્ત-ઓળખવું (૩) પ્રાપ્ત થાય છે. ઓળખી શકાય છે, એવાં લિંગો ગુણો છે.

લિંગી :લિંગવાળું(ખાસ ગુણ તે લિંગ-ચિહ્ન-લક્ષણ છે અને લિંગી તે દ્રવ્ય છે.

લિંગો :ઈન્દ્રિયો

લિંગો :ચિહ્નો, લક્ષણો. (૨) ગુણો

લિપ્ત :લિંપાયેલો (૨) લીપાયેલું, ખરડાયેલું, અસરકત, ફસેલું

લિપ્યા :લાલસા, કામના, મેળવવાની ઈચ્છા

લીન :તલ્લીન, ઠરવું, રમણતા કરવી.

લીન કરી દે :ડૂબાવી દે

લીનતા :રમણતા (૨) સ્થિરતા

લીલરી :કરચલી, કરચોલી

લીલા :રમતમાત્ર

લીલાથી :રમતમાત્રથી

લીલાથી પહોંચીવળે છે. :રમતમાત્રથી જાણી લે છે.

લીલામાત્ર :રમત માત્ર

લીલામાત્રમાં :સહજ માત્રામાં, વિના પ્રયાસો.

લોક :જીવો, પુદ્ગલો, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ અસ્તિકાયોના સમૂહ જયાં જોવામાં આવે છે તે લોક છે. (૨) પાંચ અસ્તિકાયના સમૂહ જેવડો જ લોક છે. (૩) છ દ્રવ્યોથી જ આખો લોક સમાપ્ત થાય છેઅર્થાત્ તે દ્રવ્યો ઉપરાન્ય બીજું કંઈ લોકમાં નથી. (૪) જો લોકના ઉર્ધ્વ, અધઃ અને મધ્ય

એવા ત્રણ ભાગ છે તો પછી, આ ઉર્ધ્વલોકનો આકાશભાગ છે, આ અધોલોકનો આકાશભાગ છે. અને આ મધ્યલોકનો આકાશભાગ છે. એમ આકાશના પણ વિભાગ કરી શકાય છે. અને તેથી તે સાવયવ અર્થાત્ કાયત્વવાળું છે એમ સિદ્ધ થાય છે. એ જ રીતે ધર્મ અને અધર્મ પણ સાવયવ અર્થાત્ કાયત્વવાળા છે. (૫) પંચાસ્તિકાયના સમૂહ જેવડો છે, તેવડો લોક છે. જેનાથી આગળ અર્થાત્ અનંત અલોક છે. જે અલોક અભાવમાત્ર નથી પરંતુ પંચાસ્તિકાયસમૂહ જેટલું ક્ષેત્ર બાદ કરીને બાકીના અનંત ક્ષેત્રવાળું આકાશ છે. (અર્થાત્ અલોક શૂન્યરૂપ નથી પરંતુ શુદ્ધ આકાશ દ્રવ્યરૂપ છે.) (૬) લોકનું સ્વલક્ષણ છ દ્રવ્યોના સમુદાય સ્વરૂપપણું છે. ઊર્ધ્વ દ્રવ્યોમાં વ્યાપનારા પરમ મહાન આકાશને વિષે જયાં જેટલામાં ગતિસ્થિતિ ધર્મવાળા જીવ તથા પુદ્ગલ ગતિ-સ્થિતિ પામે છે. (જયાં જેટલામાં) તેમને ગતિ-સ્થિતિના નિમિત્તભૂત ધર્મ તથા અધર્મ વ્યાપીતે રહેલાં છે અને (જયાં જેટલામાં) સર્વ દ્રવ્યોને વર્તનાના નિમિત્તભૂત કાળ સદા વર્ત્યા કરે છે. જે તેટલું આકાશ તથા બાકીના અશેષ (સમસ્ત) દ્રવ્યો-આટલાનો સમુદાય જેનું સ્વ-પણે સ્વલક્ષણ છે તે લોક છે. અર્થાત્ આકાશમાં જે ભાગ જીવ ને પુદ્ગલથી સંયુકત તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને કાળથી સમૃદ્ધ છે તે સર્વ કાળે લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.) (૭) ઊર્ધ્વ, મધ્ય અને પાતળું. (૮) છ દ્રવ્યોથી જ આખો લોક સમાપ્ત થાય છે. અર્થાત્ તે છ દ્રવ્યો ઉપરાંત બીજું કંઈ લોકમાં નથી. (૯) જેમાં જીવાદિ છ દ્રવ્યો રહેલાં છે, તેને લોક અથવા લોકાકાશ કહે છે.

લોક સંજ્ઞારૂપ ધર્મ :ઓધ સંજ્ઞા ધર્મ

લોકનું સ્વરૂપ :ષટ્દ્રવ્ય સમુદાય તે જ લોક છો, અર્થાત્ તે જ લોકનું સ્વપણું-પોતાપણું-સ્વરૂપ છે, તેથી લોકના સ્વપણે-પોતાપણે-સ્વરૂપપણે ષટ્દ્રવ્ય સમુદાય લોકનું સ્વલક્ષણ છે. (૨) લોકનું સ્વલક્ષણ છ દ્રવ્યોના સમુદાય સ્વરૂપ છે. આકાશમાં જે ભાગ જીવ ને પુદ્ગલથી સંયુકત તથા ધર્મા સ્તિકાય અધર્માસ્તિકાય ને કાળ દ્રવ્યથી સમૃદ્ધ છે તે સર્વ કાળે લોક છે. બાકીનું એકલું આકાશ તે એલોક છે.

સર્વ દ્રવ્યોમાં વ્યાપનાશ પરમ મહાન આકાશને વિષે જયાં જેટલામાં ગતિ-સ્થિતિ ધર્મવાળા જીવ તથા પુદ્ગલ ગતિ-સ્થિતિ પામે છે, (જયાં જેટલામાં) તેમને ગતિ-સ્થિતિના નિમિત્તભૂત ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વ્યાપીને કહેલા છે અને (જયાં જેટવામાં) સર્વ દ્રવ્યોને વર્તમાન નિમિત્તભૂત કાળદ્રવ્ય સદા વર્ત્યા કરે છે, તે તેટલું આકાશ તથા બાકીના અશેષ (સમસ્ત) દ્રવ્યો. આટલાનો સમુદાય જેનું સ્વ પણે સ્વલક્ષણ છે તે લોક છે. અને જયાં જેયલા આકાશમાં જીવ તથા પુદ્ગલનાં ગતિ-સ્થિતિ નથી, ધર્મ તથા અધર્મ રહેલાં નથી અને કાળ વર્તતો નથી, તેટલું કેવળ આકાશ જેનું સ્વપણે સ્વલક્ષણ છે. તે અલોક આકાશ છે.

લોકના ત્રણ ભાગ :જો લોકના ઉર્ધ્વ, અધઃ અને મધ્ય એવા ત્રણ ભાગ છે તો પછી 'આ ઉર્ધ્વલોકનો આકાશભાવ છે, આ અધોલોકનો આકાશભાગ છે અને આ મધ્યલોકનો આકાશભાગ છે' એમ આકાશના પણ વિભાગ કરી શકાય છે અને તેથી તે સાવવય અર્થાત્ કાયત્વવાળું છે. એમ સિદ્ધ થાય છે. એ જ રીતે ધર્મ અને અધર્મ પણ સાવયવ અર્થાત્ કાયત્વવાળું છે.

લોકનાલ :લોક સ્વરૂપ

લોકનિંદ્ય :લોકો વખોડે તેવું, લોકમાં નિંદા પામે તેવું

લોકની મોટાઈ, ઊંચાઈ અને પહોળાઈ કેટલી છે ? :લોકની મોટાઈ ઉત્તર-દક્ષિણ દિશામાં સર્વ જગ્યાએ સાત રાજૂ છે. પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે જમીનમાં) સાત રાજૂ છે, અને ઉપર અનુક્રમે ઘટીને સાત રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઈ એક રાજૂ છે. પછી અનુક્રમે વધીને સાડાદશ રાજુની ઊંચાઈ ઉપર પહોળાઈ પાં રાજૂ છે. પછી અનુક્રમે ઘટીને ચૌદ રાજૂની ઊંચાઈ ઉપર એક રાજૂ પહોળાઈ છે અને ઊર્ધ્વ તથા એધો દિશામાં ઊંચાઈ ચૌદ રાજૂની છે.

લોકપંક્તિમાં :લોકની પંગતમાં બેસનાર

લોકપૂરણ :લોક વ્યાપી,(કેવળ સમુદઘાત વખતે જીવને ત્રિલોક વ્યાપી અવસ્થા થાય છે તે વખતે આ ઉર્ધ્વલોકનો જીવભાગ છે, આ એધોલોકનો જીવભાગ છે અને આ મધ્યલોકનો જીવભાગ છે. એમ વિભાગ કરી શકાય છે. આવી

ત્રિલોક વ્યાપી અવસ્થાની શકિત તો જીવોમાં સદાય છે તેથી જીવો સદા સાવયવ અર્થાત્ કાયત્વવાળા છે અમ સિદ્ધ થાય છે.

લોકપ્રદીપકરા ઋષિ :શ્રી સર્વજ્ઞ ભગવાન, ઋષીશ્વરો =તીર્થંકર ભગવાન.

લોકમૂઢતા :ધર્મ સમજીને જળાશયોમાં સ્નાન કરવું તથા રેતી, પથ્થર વગેરેનો ઢગલો કરવો અને વગેરે કાર્યો.

લોકમિત :લોક પ્રમાણ, અસંખ્યાત પ્રદેશી, શરીર પ્રમાણ.

લોકાલોકના આકાર :જ્ઞેયાકારસમૂહ

લોકેષણા :માનની ઈચ્છાવાળો : માનાર્થી (૨) લોકકીર્તિ

લોકસંજ્ઞા :જનસમાજની સૂઝસમજ, જનસમાજની રુચિગત સમજણ વિનાનું ભાન, લોકમાં વાહવાહ.

લોકાકાશ :જેમાં જીવાદિક સર્વ દ્રવ્ય હોય છે તેને લોકાકાશ કહે છે. અર્થાત્ જયાં સુધી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ એ પાંચ દ્રવ્ય છે, ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે. (૨) જયાં સુધી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ એ સમસ્ત દ્રવ્યો છે ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે.
લોકની મોટાઈ ઉત્તર અને દક્ષિણ દિશામાં સર્વ જગ્યાએ સાત રાજુ છે. પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે જમીનમાં) સાત રાજુ છે. અને ઉપર અનુક્રમે ઘટીને સાત રાજુની ઊંચાઈ ઉપર પહોળાઈ એક રાજુ છે. પછી અનુક્રમે વધીને સાડાદશ રાજુની ઊંચાઈ ઉપર પહોળાઈ પાંચ રાજુ છે. પછી અનુક્રમે ઘટીને ચૌદ રાજુ ઊંચાઈ ઉપર એક રાજુ પહોળાઈ છે. અને ઊર્ધ્વ તથા અધોદિશામાં ઊંચાઈ ચૌદ રાજુની છે.

લોકાચાર :જયાંસુધી લોકાચારના કર્મવાળું ક્ષાલન (ધાવાઈ જવું તે) ન થઈ શકે ત્યાં સુધી લોકાચારના પાલનમાં પ્રવૃત્તિરૂપ કર્મનો આસ્રવ થયા જ કરશે. તેથી જ સાચા મુનિઓની વૃત્તિને અલૌકિક કહેવામાં આવી છે. આ અલૌકિક વૃત્તિ ભવાભિનન્દી અથવા લૌકિક મુનિઓથી બની શકતી નથી. તેમને તો લોકેષણા સતાવ્યા કરે છે અને તેથી તે લોકાચારથી વિમુખ થઈ શકતા નથી. (૨) જનતાના રીત-રિવાજ, રહેણી-કરણી, આચાર-વિચાર વગેરે રૂઢિગત આચરણ , દુનિયાદારી પ્રમાણેનો વ્યવહાર, રૂઢિ, ચાલ.

લોકાનુગ્રહ :લોકોની કૃપા, લોકો તરફ સહાનુભૂતિ, લોકોપકારક

લોકાલોક પ્રકાશક :લોકાલોક જ્ઞાયક

લોકિક અભિનિવેશ :દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા,દૈહિક માન, કુળ, જાતિ આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માનવું, તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ સ્વેચ્છાએ અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય, આદિ ત્યાં સુધી લૌકિક અભિનિવેશ ગણાય.

લોકોત્તર :લૌકિક હદ બહારનું, લોકમાં અસામાન્ય, લૌકિક જ્ઞાનથી ભિન્ન (૨) લૌકિક હદ બહારનું, પારમાર્થિક, આત્મા સંબંધી અતીન્દ્રિય સંબંધી (૩) લોકમાં અ-સામાન્ય , લૌકિક હદ બહારનું. (૪) સંસારથી બહારનું લૌકિક હદ બહારનું લોકમાં અસામાન્ય. લોકોએ બહારથી માનેલી કલ્પનાથી તદ્દન જુદો. (૫) ઐલૌકિક, વિરાટ

લોકોત્તર જ્ઞાનરૂપે :લૌકિક જ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનરૂપે

લોકોત્તર પુરુષ :મુનિઓ, શ્રાવક- એલ્ડ કે મુભ

લોકોત્તર માર્ગ :અપૂર્વ આત્મ તત્ત્વની યથાર્થ પામવાની પ્રતીતિનો માર્ગ

લોકોત્તરજ્ઞાન :લૌકિક જ્ઞાનથી ભિન્ન કેવળ જ્ઞાનરૂપ

લોકનું સ્વરૂપ :આત્માનું મૂળ શુદ્ધ સ્વરૂપ

લોઢ :સમુદ્રની ભરતી

લોઢાણ :સખત દુઃખકાયક પ્રસંગો; આપત્તિ. (૨) લેલક-લોલક અવસ્થા (૩) પાણીનાં મોજા, તરંગ (૪) સખત દુઃખદાયક પ્રસંગો, આપત્તિ.

લોતાર :વળગાડ(લોતર) સસારની વળગણા.

લોથ :(લોથ્ય) સ્ત્રી, શબ, મડું, મડદું, લાશ.

લોધર :અગાઉ પાકી શાહી બનાવવા જેની છાલ વપરાતી તે એક ઝાડ, લોદર.

લોપ :નાશ, ક્ષય, ન દેખાવું, અદશ્ય થવું એ. (૨) અપ્રગટ, ઉચ્છેદ

લોકમર્યાદા :લોકાચાર, લોકોમાં પ્રચલિત રૂઢિ કે વ્યવહાર

લોભ :લાલસા, લાલચ, તૃષ્ણા, અભિલાષા, પ્રેમ વગેરે લોભના અનેક નામ છે. (૨) સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ આદિ પર પદાર્થોની અભિલાષા-વાંછા કરવી તે અનંતાનુબંધી લોભ છે. (૩) ઈચ્છા, લાલસા, લોલુપતા, તૃષ્ણા,

કૃપણતા. (૪) ઈચ્છા (૫) સ્વભાવની ભાવના ચૂકીને વિકારની ઈચ્ચા કરવી તે અનંતાનુંબંધી લોભ છે. (૬) પરવસ્તુની વાંછ (૭) પરદ્રવ્ય સાથે સંબંધ કરવાની ઈચ્છારૂપ પરિણામને લોભ કહે છે. (૮) સ્વભાવની ભાવના ચૂકીને વિકારની ઈચ્છા કરવી તે અનંતાનુંબંધી લોભ છે. (૯) પરપદાર્થમાં આસકિત, લક્ષામી વગેરેને ભેગી કરવાની લાલસા. (૧૦) પરવસ્તુમાં હું લોભાઈ ગયો, પુણ્યાદિ સાધન હોય તો મને ગુણ થાય, શુભાશુભભાવ મારા છે. તેનો હું કર્તા છું વગેરે પ્રકારે મુર્ચ્છાઈ જવું તે અનંતાનું બંધી લોભ છે.

લોભી :કંજૂસ

લોલુપ :તૃષ્ણાતુર, લલુતાવાળું, લોલુપતા, સ્વચ્છંદતા.

લોલુપતા :લાલચુ હોવાપણું, લોભી વૃત્તિ, લાલુપતા

લોલુપી :તૃષ્ણાવાળા, તૃષ્ણાતુર

લોલહુ :લોલુ, કંઈપણ શકિત વિનાનું

લોષ્ટ :માટીનું ઢેકું, કંઈ ઉપયોગનું નથી, અકિંચિત્કર

લોહવાટ :રાગદ્વેષની આકુળતા કરવી. (૨) આકુળ-વ્યાકુળ

લોહવાટ :ધીખવું, ભડભડાટ બળવું, ખૂબ ગરમી હોવી, ઘાલમેલ

લોહવાટ :આકુળતા, રઘવાટ

લોહવાટ :ઉત્પાત્ત, વલોપાત, ઝંખના, જંપીને ન બેસે તેવું.

લોહવાટ :વલોપાત, અધીરાઈનું અકળામણ, કલ્પાંત, આંકંદ (૨) આકુળતા

લૌકિક :ઐહિક કર્મોથી અતિવૃત્ત, દુન્યવી કામોમાં રચયો પચ્યો કહેનાર

લૌકિક અભિનિવેશ :દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માન્યતા. (૨) દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ, આદિ સંબંધી મોહ કે વિશેષત્વ માનવું હોય, તે વાતને ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ સ્વેચ્છાએ અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય, ત્યાં સુધી જીવને અપૂર્વ ગુણ કેમ ઉત્પન્ન થાય? તેનો વિચાર સુગમ છે.

લૌકિકસંગ :લૌકિક જનનો સંગ (૨) લૌકિક જનનો સંગશ્રી

વકતવ્ય :વ્યાખ્યાન

વકતા :ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણો જોઈ. પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈ. શા માટે ? જીવોને અનાદિનો અજ્ઞાન ભાવ છે તે મુખ્ય (નિશ્ચય) કથન અને ઉપચાર (વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે. ત્યાં મુખ્યકથન તો નશ્ચયનયને આધીન છે. તે જ બતાવીએ છીએ. સ્વશ્રિત તે નિશ્ચય. જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ . જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું, પરમાણુંમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્યકથન કહીએ. એને જાણવાથી અનાદિ શરીરાદિ પર દ્રવ્યમાં અકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે. ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સર્વ પર દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય ચે. ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ કેવળદશાને પામે છે. જે અજ્ઞાની આને જામ્યા વિના ધર્મમાં લાગે છે તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી સંસારનું કારણ જે શુભયયોગ તેને જ મુકિતનું કારણમાની, સ્વધપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે. તેથી મુખ્ય (નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ. કારણ કે તે નિશ્ચયનયને આધીન છે. તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ. કારણ કે તેને પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે ?

વળી પરાશ્રિતો વ્યવહાર : જે પરદ્રવ્યને આશ્રિત ડોય તેને વ્યવહાર કહીએ. કિંચિત્માન કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે ચે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે ચે, એને જાણીને શરીરાદિ સાથે સંબંધ રૂપ સંસારદશા છે તેને જાણીને સંસારનાં કારણ જે આસ્રવ-બંધ તેને ઓળખીને મુકિત થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે . અજ્ઞાની અને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઈચ્છે તે રહેલાં જ વ્યવહારસાધનને છોડીને પાપાચરણમાં જોડાઈ નરકાદિક દુઃકખ સંકટમાં જઈને પડે છે. તેથી ઉપચાર કથનનું પણ જાણપણું જોઈ. તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઈએ. આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થન પ્રવર્તક છે. બીજા નહિ.

વક્રભાવ :કપટભાવ

વક્રગ્રીવાચાર્ય :કુંદકુંદાચાર્ય

વચન :વાણી (૨) વાસ્તવમાં વચન દ્વારા કોઈ નિન્દિત કે

વચન અતિદાય :કેવલી કરતાં

વચન ઉથાપવું :વચન ઓળંગવું

વચન ગુપ્તિ :બોલવાની ઈચ્છા ગોપવવી અર્થાત્ આત્મામાં લીનતા.

વચન-કાય અને પંચેન્દ્રિયોને કેમ જિતાય ? :જેમ ઉપર મન લીધું તેમ, વચન, કાય અને પાંચ ઈંદ્રિયો પણ લેવી. ઈંદ્રિયોને અનુસરીને જે હીણી દશા થાય છે, તે ભાવ્ય છે. તે ભાવ્યને અનિન્દ્રિય સ્વભાવનો આશ્રય લઈને, ટાળવું તે જીતેન્દ્રિયપણું છે.

આમ સમય સમયના પરિણામ પોતાથી, સ્વતંત્રપણે છે એમ સિદ્ધ કરે છે. પરિણામ ઉગ્રરૂપ ન પરિણમે, તે પોતાના કારણે છે, એમાં નિમિત્તની જરાય ડખલ નથી. આત્માવલોકનમાં આવે છે, કે-જે દ્રવ્યની પર્યાય જે સમયે જે પ્રકારે થવાની છે, તે પોતાના કારણે જ થાય છે, અને તે નિશ્ચય છે.

આ રીતે મોહની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા અને પાંચ ઈંદ્રિયો,-એ સોળ પદ મૂકીને વર્ણન કર્યું. આ સિવાયના અસંખ્ય પ્રકારના શુભાશુભ ભાવો છે, તે અને અનંત પ્રકારની અંશોની હીનતા અને ઉગ્રતા થાય છે, તે પણ વિચારવી.

વચનગોચરાતીત :વચનગોચરપણાને અતિક્રમી ગયેલ, વચનવિષયાતીત, વચન-અગોચર.

વચનનું સ્યાદ્વદપણું :નિરાગ્રહપણું.

વચનનો દુરુપયોગ :વચનના દુરુપયોગથી વેર, વિરોધ કે પ્રેમપ્રીતિરૂપ દ્વેષ કે રાગ વધ્યા જ કરે અને ભવવૃદ્ધિ થયા જ કરે તેવાં કર્મ બંધાય છે.

વચનપંથ :વચનના પ્રકાર(જેટલા વચનના પ્રકારો છે તેટલા નયો છે. અપેક્ષા સહિત નય તે સમ્યક્ નય છે અને અપેક્ષા રહિત નય તે મિથ્યાનય છે, તેથી જેટલા સમ્યક્ નયો છે તેટલા જ મિથ્યા નયો છે.

વચનવિવાદ :વાદવિવાદ

વચમસંયમ :મૌનતા, વચમસંક્ષેપ, સઉપયોગ યથાસૂત્ર પ્રવૃત્તિ, વચનગુણાતિશયતા.

વચનાતીત :વાણીતી કહેવું, મુશ્કેલ, વચનથી કહ્યા ન જાય.

વચનામૃત ૧૯૪નો ખુલાસો :અપ્રતિબંધપણે એટલે અસંગપણે કૃપાળુદેવ વ્યવહારના ઉદયમાં છતાં વચનામૃત ૧૯૪માં પ્રકાશે છે તેમ ભાવ અપ્રતિબદ્ધતાથી (એટલે ચારે બંધનોથી મુકતપણે વર્તે છે.) નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષના ચરણારવિંદ, તે પ્રત્યે અશબ્દ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

પ્રતિબંધનો અર્થ મુમુક્ષ માટે જેટલા અંશે લોકસંબંધી બંધન છૂટે તેનાથી બીજું બંધન (સ્વજન કુટુંબ બંધન) છૂટવાનો તે બે બંધન અંશે ઓછા થતા જાય તો ત્રીજા બંધન(દેહાભિમાન રૂપ બંધન) ના અંશો ઘટે, એમ ત્રણે બંધનોના અંશો ઓછા થવાથી સંકલ્પ વિકલ્પરૂપ ચોથું બંધન ઓછું થાય એમ આપણે સમજવાનું છે. કલ્પનાથી બીજો કોઈ પ્રકાર સૂઝે એટલે વિકલ્પથી લાગે તો અમને પૂછજો, કે જેથી યોગ્ય જણાવાય. અર્થાત્ બીજાં બધાં સાધન પછી કરવા યોગ્ય છે. (તો જ જ્ઞાનીની આજ્ઞાએ તે સાધન આત્માર્થે સફળ થાય) વ.૧૯૪માં મુનિશ્રીને જણાવ્યું છે કે અંબાલાલને અમે માર્ગનો મર્મ જણાવ્યો છે. જો મુનિશ્રીને જણાવે છે કે તમારી મનોવૃત્તિ કિંચિત પણ દુભાતી અટકે તે માટે માર્ગનો મર્મ અમે આખા વચનામૃત-૧૯૪માં જણાવ્યો છે. બાકી તમે જે અપ્રતિબદ્ધ અને પ્રતિબંધ એ બે શબ્દનો અર્થ જે વિચાર્યો છે તે યોગ્ય છે. મોટાભાઈના પત્રમાંથી ૮-૧૨-૮૭

વચનામૃત ૪૩૨નો અર્થ :આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે-અવકાશિત એટલે વિભાવથી મુકત-સર્વથા મુકત કરવાને માટે અને સ્વભાવમાં અનવકાશપણે રહેવાને અર્થે , અર્થાત્ આત્મસ્વરૂપ એવા સત્પુરુષની આજ્ઞાએ વર્તવાથી પોતાના શુદ્ધ આત્મ સ્વભાવ સંપૂર્ણ પણે સ્થિર થવાને અર્થે આત્મારામ એવા એટલે આત્મસ્વરૂપમાં સમયે સમયે સ્થિરતા વર્ત્યા કરે છે એવા જ્ઞાની પુરુષમાં નિષ્કામ બુદ્ધિથી ભકિતયોગરૂપ

સંગ છે-માટે અમને વારંવાર સમીપમાં છીએ એમ સંભારી જેમાં- તે હાલ વાંચો વિચારો-અર્થાત્ પરમ કૃપાળુ દેવની સન્મુખ જ બેસીને આ વચનો વિચારું છું એમ સમજીને અભ્યાસ કરવો યોગ્ય છે.

જા. ૮-૧૨-૮૭ના મોટાભાઈના પત્રમાંથી

વચનામૃત ૫૪૭નો ખુલાસો :વ.૫૪૭માં જે અસમાધાન શબ્દનો ભાવ વ્યવહારિક પ્રસંગમાં ન જવાય તો સગાંસંબંધીઓને માઠું લાગે તે કારણથી જવાનું વિચાર્યું છે.

અનન્ય કારણ જોગે એટલે જીવોના કલ્યાણ અર્થે પ્રગટમાર્ગનો ઉપદેશ કરવો તે. અર્થાત્ સવસંગ પરિત્યાગ કરીને ત્યાગમાર્ગનો ઉપદેશ કરવો તે. આપે જે ભાવ વિચાર્યો છે તે યોગ્ય છે.

સાતમા ગુણસ્તાનકનો અનુભવ થયા પછી ૪૮ મિનિટથી વધારે સ્થિરતા રહેતી નથી. એટલે ઉપયોગ બહાર આવે છે. ત્યારે ઉપદેશકાર્ય, શાસ્ત્રવાચન, ગોચરી ઈત્યાદિ કાર્ય કરે છે.

પરમ પૂજ્ય ભાઈશ્રીએ પ્રકાશ્યું છે કે ''જયારે સ્વરૂપમાં સ્થિર નથી રહેવાતું ત્યારે કૃ.દેવની ભકિતમાં જોડાઈ સ્વરૂપ સ્થિરતા કરી લઈએ છીએ. સાતમા ગુણ સ્થાનકમાં અડતાલીસ મિનિટથી વધારે રહેવાય તો આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનક સુધી અલ્પકાળમાં પહોંચી જાય. અને અમુક જ કાળ બારમા ગુણસ્થાનકમાં રહી તેરમા ગુણસ્થાકને પામે. સત્પુરુષના આશયનો લક્ષ ચૂકી જવાય અને પોતાને પ્રાપ્ત થયેલ લબ્ધિ આદિનો લોભ વર્તે તો અગિયારમા ગુણસ્થાનકથી પડી બીજા ત્રીજા ગુણસ્થાનકને પામે. અને જો વિશેષ માન અને લોભકષાય વેદાય તો પ્રથમ ગુણસ્થાનકમાં મોટી પછડાટ લાગે.

વજ્ર :ઈન્દ્રનું હથિયાર (૨) વીજળી (૩) ઈન્દ્રનું હથિયાર (૪) અભેદ્ય, વજ્ર જેમ અભેદ્ય છે તેમ અભેદ્ય.

વજ્ર જેવાં :વજ્ર જેમ અભેદ્ય ચે તેમ અભેદ્ય.

વજ્રધરો :ઈન્દ્રો, શકેન્દ્રો

વજ્રનારાચ સંહનન :જે કર્મના ઉદયથી, વજ્રનું હાડ અને વજ્રની મેખ હોય. પરંતુ બેઠક, વજ્રની ન હોય.

વજ્રપાત :ભારે મોટો આઘાત કે આફત, વીજળીનો કડાકો અને પડવું એ

વજ્રર્ષભનારાય સંહનન :જે કર્મના ઉદયથી, વજ્રના હાડ અને વજ્રની નાની મેખ (ઝીદાર ખીલી) અને વજ્ર જેવી, બેઠક હોય.

વજ્રલેખ :દઠ બળવત્તર. (૨) દઠનિશ્ચય

વજ્રવૃષભનારાગ સંહનન :બળવાન શરીર

વટાચૂર્ણ :શંખ વગેરેનું ચૂર્ણ

વણદામ :દામ વગર, વગર પૈસે

વદતાંબર :વકતાઓમાં શ્રેષ્ઠ

વદતો વ્યાઘાત :પોતે જ બોલીને પોતેજ એનું ખંડન કરે એવી સ્થિતિ, એક તર્ક દોષ

વદનારવિંદમાં :મુખકમલમાં

વધ :પ્રાણોનો વિયોગ કરવો તે વધ છે (૨) પ્રાણીઓને લાકડી વડેથી મારવું તે.

વધતી દશા :ઉત્તરોત્તર વર્ધમાન થતી-વધતી જતી આત્મદશા પ્રાપ્ત કરી.

વધ્ય :હણવા યોગ્ય, ઘાત થવા લાયક, (૨) હણાવા યોગ્ય, નાશ થવા યોગ્ય (૩) હણવા યોગ્ય, ઘાતક સ્વભાવપણે.

વધ્ય ઘાત :હણવા યોગ્ય અને હણનાર.

વધ્ય ઘાતક :આત્મા વધ્ય અર્થાત્ હણવા યોગ્ય છે અને મોહ ઘાતક અર્થાત્ હણનાર છે. (૨) હણાવાયોગ્ય અને હણનાર, (આત્મા વધ્ય છે અને મોહાદિભાવ કર્મો ઘાતક છે. મોહાદિ દ્રવ્યકર્મો પણ આત્મના ઘાતમાં નિમિત્તભૂત બોવાથી ઘાતક કહેવાય છે.

વધ્યઘાતકના વિભાગજ્ઞાન પૂર્વક વિભકત (જુદો કરવાને લીધે :આત્મા વધ્ય અર્થાત્ હણાવા યોગ્ય છે અને મોહ ઘાતક અર્થાત્ હણનાર છે.

વનરાજિરૂપે :વૃક્ષોની લાંબી હાર રૂપે.

વનોય કંટે :વનને છેડે, વનને કાંઠે

વમેલું :ઊલટી કરેલું, ઓકેલું, વમન=ઊલટી, બકારી

વમી દેવું :છોડી દેવું, મૂકી દેવું, છૂટી જવું.

વમી નાખવું :છોડી દેવું, નિર્વતવું ફરીથી ઉત્પન્ન ન થવું, નિવૃત્ત થવું. ઊલટી કરી નાખવી, છોડી દેવું.

વિકલ પરમાર્થિક પ્રત્યક્ષ :તેના બે ભેદ છે. એક અવધિજ્ઞાન અને બીજું મનઃપર્યાય જ્ઞાન.

વીકુર્વી :શરીરને વીકુર્વી કરવું અર્થાત્ શરીરને હલકું, ભારે નાનું કે મોટું બનાવી શકે તેવા પ્રકારની લબ્ધિ છે.

વૈક્રિયક શરીર :વૈક્રિયક શરીર અનેક રૂપ ધારણ કરે છે. તે વૈક્રિયક શરીરના પરમાણુઓની પર્યાય પુદ્ગલમય છે. જીવની ઈચ્છા છે માટે તે અનેક રૂપ ધારણ કરે છે એમ નથી. જે તે ક્ષણે જે રૂપે પરિણમવાનો તેનો સ્વકાળ છે તે રૂપે તે સ્વયં પરિણમે છે.

આ પ્રમાણે ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ શરીર બધાય જીવને નથી, કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે.નિજ શુદ્ધ પરમાત્માની અનુભૂતિમાં તેઓ ભિન્ન ભાસે છે તેથી તે જીવને નથી. પરથી ભિન્ન પડીને જયારે આત્માનુભૂતિ કરે છે ત્યારે તે અનુભૂતિથી શરીરના પરિણામ તદ્દન ભિન્ન રહી જાય છે.

જુઓ ઔદારિક, વૈક્રિયક, આદિ શરીર (શરીરપણે) છે ખરાં, પણ તે બધાંય જીવને નથી. જીવ તો શરીર વિનાનો ચૈતન્યરૂપે ત્રિકાળ છે. વિશ્વમાં વસ્તુઓ અનંત છે. જે અનંત છે તે અનંતપણે કયારે રહે ? કે જયારે એકબીજાના કાર્યને કરે નહિ ત્યારે. એકબીજામાં ભળે નહિ તો અનંત અનંતપણે રહે. જો એકથી બીજાનું કાર્ય થાય તો પૃથક્પણે અનંત વસ્તુ રહે નહિ. જો દરેક વસ્તુની પરિણતિ પોતાથી થાય અને બીજાથી ન થાય એમ રહે તો જ અનંત વસ્તુઓની અનંતપણે હયાતી સિદ્ધ થાય. તેથી જીવ અને ઔદારિક આદિ શરીર જેમ છે તેમ પૃથક્ સમજવાં જોઈએ. (૨) જે નાના મોચા, એક, અનેક વગેરે જુદા જુદા પ્રકારની ક્રિયાઓને કરે એવા દવ અને નારકીએનાં શરીરને વૈક્રિયિક શરીર કહે છે. (૩) જે જીવો એ પૂર્વે દારૂ અને માંસનું સેવન કર્યું હોય તેને નરકગતિમાં વૈકિતિક શરીરને પ્રાપ્તિ થાય છે. (૪) જે નાંના-મોટાં, પૃથક્-અપૃથક્ આદિ અનેક ક્રિયાઓ કરે એવા દેવ અને નારકીઓનાં શરીરને વૈક્રિયિક શરીર કહે છે. (૬) જે નાના, મોટા, એક, અનેક વગેરે જુદા જુદા પ્રકારની ક્રિયાઓ કરે એવ ાદેવ અને નારકીઓના શરીરને વૈક્રિયિક શરીર કહે છે

વૃક્ષદશા :આહાર-વિહારની નિયમિતતા, સર્વ સંદેહની નિવૃત્તિ, સર્વ ભયનું છૂટવ અને સર્વ જ્ઞાનનો નાશ.

વેગપૂર્વક વહેતા :દોડતા, એક પછી એક ગતિ કરતા, ચાલ્યા જતા.

વેગપૂર્વક વહેતા અસ્વભાવભાવો :બહારના અનેક પ્રકારના સંયોગ-વિયોગ, સ્ત્રી, આબરૂ, કુટુમ્બ વગેરે તેનું એકી સાથે આવવું ને જવું, ઈચ્ચા થાય ને શરીરનું એકદમ ચાલવું ને ન ચાલવું, પૈસાનું મળવું ને ટળવું, તે બધું શીઘ્રપણે થાય છે, અને અંદરમાં કર્મના નિમિત્તે અનેક પ્રકારના વિકારી ભાવો થાય છે તે બધું એકદમ વેગપૂર્વક વહે છે. શીઘ્રપણે ભાવો બદલાય છે. એક સાથે એક ક્ષણમાં અનેક પ્રકારના બંધનની ઉપાધિથી અતિ વેગપૂર્વક થતું પરિણમન તે બધો અસ્વભાવભાવ છે. સંયોગ ભાવ છે પણ તે સ્વભાવભાવ નથી. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મનું બાહ્ય ફળ એવું જે નો કર્મ તે સંયોગનું દળ એકસાથે આવે છે. જેમ કે કર્મના નિમિત્તે પોતાના ઊંધા પુરુષાર્થે થતી જે ઈચ્છા, શરીરાદિની પ્રવૃત્તિ અને બહારનો સંયોગ એવા અનેક પ્રકારના બંધનની ઉપાધિ એક સાથે બની રહી છે. તેવા પર-પરિણમનના અસ્વભાવભાવોના સંયોગના વશે અજ્ઞાની થઈ જાય છે અને તેથી નિરાશ પોતાના નિર્મળ સ્વભાવને જાણતો નથી.

વંદ્યવંદકભાવ :વિનય આદરભાવ

વંચક :(મન,વચન,કાયાએ) છેતરનાર, નિષ્ફળ, અભાવ (૨) ફોગટ, નકામો, મલિન, અફળ, સ્વરૂપલક્ષથી ચૂકવનાર, છેતરનાર, ઠગનાર, છળનાર બન્યો છે.

વંચક યોગરૂપ :નિષ્ફળ યોગરૂપ, યોગના અભાવરૂપ

વંચના :છેતરાવું એ, છેતરપીડી, ઠગાઈ, ધૂર્તતા,ભ્રમ,ભ્રાંતિ, ભ્રમણા

વંચના બુદ્ધિ :છેતરવાનું લક્ષ, છેતરપીડીં , ઠગાઈ, ધૂર્તતા, ભ્રમબુદ્ધિ, ભ્રાતિ, ભ્રમણા, સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે મહાત્મ્યબુદ્ધિ ઘટે તે મહાત્મ્ય બુદ્ધિ નહીં. સત્સંગ, સદ્‌ગુરુઆદિ વિષે ખરા આત્મભાવે મહાત્મ્ય બુદ્ધિ ઘટે તે માહાત્મ્ય બુદ્ધિ નહીં, અને પોતાના આત્માને આજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે. માટે તેની અલ્પજ્ઞતા, લઘુતા વિચારી અમાહાત્મ્ય બુદ્ધિ નહીં , તે સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે આરાધવો નહિં તે પણ વંચના બુદ્ધિ છે.

વંચનાર્થે :બચવા માટે, (અશુભ વંચનાર્થે= અશુભથી બચવા માટે)છૂટવા માટે. (૨) છૂટવા માટે

વંચનાબુદ્ધિ :છેતરવાની બુદ્ધિ, ઠગાઈ કરવાની વૃત્તિ, ભ્રમ, ભ્રાન્તિ, ધૂર્તતા, સત્સંગ, સદ્‌ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે મહાત્મયબુદ્ધિ ઘટે તે માહાત્મયબુદ્ધિ નહીં, અને પોતાના આત્માને અજ્ઞાતપણું જ વર્ત્યા કર્યું છે. માટે અલ્પજ્ઞાતા, લઘુતા વિચારી અમાહાત્મયબુદ્ધિ નહી, તે સત્સંગ , સદ્‌ગુરુ આદિને વિષે આરાધવા નહી એ પણ વંચનાબુદ્ધિ છે.

વંચવું :છેતરવું

વંદક :વંદન કરનાર.

વંદિતુ :સ્થાપવું, સ્થાપે.

વંદન :વચનથી સ્તુતિ કરવી તે.

વંદનિક :વંદિત

વંદનોચ્ચાર :સ્તુતિવચન

વંદ્ય :વંધ્વા યોગ્ય પરમાત્માને વંદ્ય કહેવાય છે. વંદન કરવા યોગ્ય.

વંદિત્તુ :સ્થાપે, જ્ઞાનની પર્યાયમાં રાખે. (૨) સ્થાપિ એટલે જ્ઞાનની પર્યાયમાં રાખે. રાખે એટલે ? આત્માનું સાધ્ય સિદ્ધદશા છે ને ? એટલે સાધ્યને પર્યાયમાં સ્થાપે છે. રાખે છે.

વંધ્યાપુત્ર :વાંઝણીનો પુત્ર

વેણલાં :વહાણું, પ્રભાત, સવાર પડી

વેણલાં :વહાણું=પરોઢિયું, મળસકું, વહેલું સવાર, અરુણોદય, લગ્નના વેણલા તેતો જયાં જથ્થા છે, ધૂળ ધાણી છે. (૨) વહેણ, વ્હેણલાં

વેણલાં વાયાં :પરોઢ થવું.

વૂંત સહ :ડીંટા સાથે, પાંદડા કે ફળનું ડીટું, દીટિયું, ડીંટું, ડીટિયું

વૃત્ત્યંશ :વૃત્તિનો અંશ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ અર્થાત્ પર્યાય.

વૃત્તિ :વર્તવું તે, હયાતી (૨) વર્તવું તે, હોવું તે(ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્વ છે.) (૩) વર્તવું તે , હોવું તે (ઉત્પાદ્ વ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્ત્વ છે.) (૪) માનસિક વલણ, દાનત, ઈચ્છા, રુચિ, ભાવ, મરજી, ટૂંકી સમજૂતી, સૂત્રનો સરળ અર્થવિસ્તાર (૫) ઈચ્છા,રુચિ,ભાવ,માનસિક વલણ, દાનત (૬) માનસિક વલણ, ઈચ્છા, રુચિ, ભાવ, દાનત, મરજી, સૂત્રનો સરળ અર્થવિસ્તાર (૭) વર્તવું તે, ઉત્પાદ-વ્યય, ધ્રૌવ્ય, અસ્તિત્વ, પરિણતિ (૮) વર્તન, વર્તવું તે, પરિણતિ. (અકારણિકા એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવ ધર્મથી જુદા લક્ષણવાળું છે) (૯) વર્તવું તે, હોવું તે, હોવાપણું, હયાતી, ઉત્પાદવ્યય,ધ્રૌવ્ય (૧૦) અસ્તિત્વ (૧૧) વર્તવું તે, પરિણતિ, પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિત્વ. (૧૨) પરિણતિ, વર્તન, વર્તવું તે (૧૩) વર્તવું તે, પરિણતિ.(કાળપદાર્થ વર્તમાન સમય પહેલાની પરિણતિરૂપે તેમ જ તેના પછીના પરિણતિરૂપે વર્તતો-પરિણમતો હોવાથી તેનું નિત્યપણું પ્રગટ છે. (૧૪) પરિણતિ (૧૫) વર્તવું તે, હોવું તે, હોવાપણું, હયાતી, ઉત્પાદવ્યય ધ્રૌવ્ય. (૧૬) વર્તન, વર્તવું તે, ચારિત્ર, પરિણતિ (૧૭) વર્તવું, હયાતી (૧૮) વર્તવું તે, હોવું તે (ઉત્પાદ વ્યય ધૌવ્યરૂપ વૃત્તિ તે અસ્તિત્વ છે.) (૧૯) વર્તવું તે, ઉત્પાદ-વ્યય- ધ્રૌવ્ય, અસ્તિત્વ, પરિણતિ (૨૦) વર્તન, વર્તવું તે, પરિણતિ (અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે.) (૨૧) વર્તવું તે, હયાત રહેવું તે, ટકવું તે, અસ્તિત્વ (૨૨) વર્તવું તે, પરિણતિ, (કાળ પદાર્થ વર્તમાન સમય પહેલાની પરિણતિરૂપે તેમ જ તેના પછીની પરિણતિ રૂપેવર્તતો-પરિણમતો હોવાથી તેનું નિત્યપણું પ્રગટ છે. (૨૩) પરિણતિ,

હયાતી, કાર્ય (૨૪) વર્તવું તે, પરિણતિ, પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિત્વ (૨૫) નિર્વાહ, ટકવું તે. (૨૬) વર્તવું તે; પરિણતિ; પર્યાય; ઉત્પાદ-વ્યદ્ય-ધ્રૌવ્ય; અસ્તિત્વ. ઊર્ધ્વપ્રચય તો, સર્વ દ્રવ્યોને અનિવાર્ય જ છે, કારણ કે દ્રવ્યની વૃત્તિ ત્રણ કોટિને (ભૂત, વર્તમાન અને ભવિષ્ય એવા ત્રણે કાળને) સ્પર્શતી હોવાથી, અંશો સહિત છે. પરંતુ આટલો ફેર છે કે, સમય વિશિષ્ટ વૃત્તિઓને પ્રચય તે કાળ સિવાય, બાકીનાં દ્રવ્યોને ઊર્ધ્વ પ્રચય છે. (૨૭) પૂર્વાચાર્યકૃત સંસ્કૃત ટીકા. ઉપરના પાંચ અંગો છે. (૨૮) વર્તવું તે, પરિણતિ, (કાળપદાર્થ વર્તમાન સમય પહેલાની પરિણતિરૂપે તેમ જ તેના પછીની પરિણતિરૂપે વર્તતો-પરિણમતો હોવાથી તેનું નિત્યપણું પ્રગટ છે.) (૨૯) વર્તવું તે, પરિણતિ, પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિત્વ (૩૦) વર્તવું તે, હયાત રહેવું તે, ટકવું તે, અસ્તિત્વ. (૩૧) વર્તવું તે, પરિણતિ, (કાળ પદાર્થ વર્તમાન સમય પહેલાની પરિણતિરૂપે તેમજ તેના પછીની પરિણતિરૂપે વર્તતો-પરિણમતો હોવાથી તેનું નિત્યાપણું પ્રગટે છે.) (૩૨) અસ્તિત્વ, હયાતી, ટકવું તે વર્તવું તે. (૩૩) પરિણતિ, વર્તન, વર્તવું તે. (૩૪) વર્તવું તે, પરિણતિ, પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિત્વ (૩૫) વર્તન, વર્તવું તે, ચારિત્ર (૩૬) વર્તન, વર્તવું તે, પરિણતિ-(અકારણિક એકરૂપ પરિણતિએ સદાકાળ પરિણમતું હોવાથી અસ્તિત્વ વિભાવધર્મથી જુદા લક્ષણવાળું છે. (૩૭) હયાતી, કાર્ય (૩૮) નિર્વાહ, ટકવું તે, અસ્તિત્વ , હયાતી (૩૯) વર્તવું તે, હોવું તે, હોવાપણું, હયાતી, અસ્તિત્વ. (૪૦) વર્તવું તે, ઉત્પાદ-વ્યય-ધૌવ્ય, અસ્તિત્વ, પરિણતિ. (૪૧) વર્તવું તે, હોવું તે, હયાતી, ઉત્પાદવ્યયધ્રૌવ્ય. (૪૨) નિર્વાહ, ટકવું તે (૪૩) માનસિક વલણ, દાનત, ઈચ્છા, રુચિ, ભાવ, ટૂંકી રાગ સંજૂતી, સૂત્રનો સરળ અર્થસિતાર. (૪૪) વર્તવું તે, હોવું તે, હોવાપણું, હયાતી (૪૫) વર્તન (૪૬) વર્તવું તે, હોવું તે હયાતી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. (૪૭) વધવું તે, હયાત રહેવું તે, ટકવું તે, અસ્તિત્વ.

વૃત્તિ અંશો :વૃત્યંશો=પર્યાયો, વૃત્તિ=પર્યાય, અવસ્થા

વૃત્તિઅંશ :વૃત્યંશ, પર્યાય.

વૃત્તિનિમિત્ત :આજીવિકા અર્થે

વૃત્તિપ્રવાહ :વર્તવું તે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, અસ્તિત્વ, પરિણતિ

વૃત્તિપરિસંખ્યાન :ઈચ્છાને નિયમનમાં લાવી રુચિ ઘટાડતા જવી.

વૃત્તિભૂત :અસ્તિત્વ

વૃત્તિમાન :દ્રવ્ય, પર્યાયી, ચૈતન્યચમત્કાર, આત્મા (૨) વૃત્તિવાળું, હયાતીવાળું, હયાત રહેનાર, (સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતી સ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનાર સ્વરૂપ છે. (૩) વૃત્તિવાળું, હયાતીવાળું, હયાત રહેનાર(સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતી સ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનાર સ્વરૂપ છે) (૪) વૃત્તિવાળો, વૃત્તિને ધરનાર પદાર્થ. (૫) વૃત્તિવાળું, હયાતીવાળું, હયાત રહેનાર.(સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતીસ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનાર સ્વરૂપ છે.) (૬) દ્રવ્ય (૭) વૃત્તિવાળો, વૃત્તિને ધરનાર પદાર્થ. (૮) વૃત્તિવાળું, હયાતી વાળું, હયાત રહેનાર, (સત્તા વૃત્તિસ્વરૂપ અર્થાત્ હયાતી સ્વરૂપ છે અને દ્રવ્ય હયાત રહેનાર સ્વરૂપ છે.)

વૃત્તિસ્વરૂપ :સમ્યગ્ચારિત્ર (૨) ચારિત્રરૂપપરિણમન

વૃત્યંશ :વૃત્તિનો અશ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પરિણતિ અર્થાત્ પર્યાય.

વેતરવું :ઘટમાં કાપવું, તજવીજ કરવી, જુગતી કરવી, ગોઠવવું, ભિન્ન ભિન્ન કરવું, બગાડવું

વેતાલો :રાક્ષસો

વૈતાલીય :દ્વારપાળ, છડી પોકારનાર

વૈતાલીય અધ્યયન :એ નામનો વૈરાગ્યનું દર્શન કરાવતો ગ્રંથ છે.

વૃત્તિ :સમ્યગ્ચારિત્ર

વૃથા :જૂઠો, દુઃખનું કારણ (૨) અસફળ, અફળ (૩) નિષ્ફળ, નકામું. (૪) ફોગટ, વ્યર્થ, મિથ્યા, નિરર્થક, નકામું, ખોટું.

વેદ :દિવ્યધ્વનિ (૨) કામપરિણામ (૩) નોકષાયના ઉદયથી ઉત્પન્ન થયેલ જીવને મૈથુન કરવાની અભિલાષાને ભાવવેદ કહે છે. અને નામ કર્મના ઉદયથી આવિભૂર્ત દેહના ચિહ્નવિશેષને દ્રવ્યેવેદ કહે છે. જે વેદ ત્રણ છે. સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુસંકવેદ

વેદક :જ્ઞાતા, જાણનાર, ગ્રાહક (૨) ભોકતા, વેદન કરનાર, અનુભવ કરનાર, કર્મનો ભોકતા (૩) વિષય અભિલાષનો ઉપભોગ કરનાર, જ્ઞાતા. (૪) ભોકતા, કર્મનો ભોકતા.

વેદક સમ્યક્ત્વ :ક્ષયોપશમ સમ્યક્ત્વ ને વેદક સમ્યક્ત્ય પણ કહેવામાં આવે છે. પરંતુ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થવાના સંધિના વખતનું જે સમ્યક્ત્વ તે વાસ્તવિક રીતે વેદક સમ્યક્ત્વ છે.

વેદગ :ભોગવટો

વૃદ્ધિ કે હાનિ :લાભ કે નુકશાન

વૃદ્ધિ-ગલન :ગળવું તે; દુર્બળ થવું તે; કૃષતા; હાનિ; ઘટાડો. (૧) પરમાણુઓના વિશેષ ગુણો જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણ છે તેમનામાં થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિ તે પૂરણ છે અને ષટ્સ્થાન પતિત હાનિ તે ગલન છે; માટે એ રીતે પરમાણુઓ પૂરણ-ગલનધર્મવાળા છે. (૨) પરમાણુઓમાં સ્કંધરૂપ પર્યાયનો આવિર્ભાવ થવો તે પૂરણ છે અને તિરોભાવ થવો તે ગલન છે; એ રીતે પણ પરમાણુઓમાં પૂરણ-ગલન ઘટે છે.

વેદન :તે જાણયણાને કહે છે કે જેની સાથે રાગ-દ્વેષ, અહંકાર, ક્રોધ, માન,માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શકો, ભય, જુગુપ્સાદિ વિકારભાવ મળેલા હોય. અર્થાત્ કોઈ વસ્તુને જોતાં જ એમાંથી કોઈ વિકાર ભાવ ઉત્પન્ન થઈ ઝાય, તે વિકાર સાથે જે તેનું જાણવું છે- અનુભવ છે- તે વેદન કહેવાય છે.

વેદન :(૧) ભોગવટો (૨) ભોદવવું, ભોગવવાપણું

વેદન કરવું :સંવેદન કરવું, અંતરનો અનુભવ કરવો.

વેદનીય :આઠ કર્મ બધાં વેદનીય છે, કારણ કે બધાં વેદાય છે. પરંતુ લોક પ્રસિદ્ધ વેદવું થતું નહીં હોવાથી લોકપ્રસિદ્ધ વેદનીય કર્મ જુદુ ગશ્રયું છે. વદેનીય કર્મ એ નિજરારૂપે છે, પણ દવા ઈત્યાદિ તેમાંથી ભાગ પડાવી જાય.

વેદનીય કર્મ :જે કર્મના ઉદયથી જીવને શાત -અશાતા વેદાય, સુખ,દુખની સામગ્રી પ્રાપ્ત થાય. (૨) સાતા વેદનીય અને અસાતાવેદનીય એ બે ભેદ વેદનીય કર્મના છે. ટીકા : સાતાવેદનીય અને અસાતાવેદનીય; તે બે જ વેદનીય કર્મની પ્રકૃતિઓ છે. સાતા તે નામ સુખનું છે. તે સુખનું જે વેદન અર્થાત્ ભોગવટો કરાવે તે સાતાવેદનીય કર્મ છે. અસાતા નામ દુઃખનું છેઃ તેનું જે વેદન અર્થાત્ ભોગવટો કરવો તે અસાતાવેદનીય કર્મ છે.

શંકાઃ-જો સુખ અને દુઃખ કર્મોથી થાય છે. તો કર્મોનું વિનષ્ટ થઈ જવા પછી જીવ સુખ અને દુઃખથી રહિત થઈ જવો જોઈએ ? કેમ કે તેને સુખ અને દુઃખના કારણભૂત કર્મોનો અભાવ થઈ ગયો છે. જો એમ કહેવામાં આવે કે કર્મો નષ્ટ થઈ જતાં જીવ સુખ અને દુઃખ રહિત જ થઈ જાય છે, તો એમ કહી શકાતું નથી. કારણ કે જીવદ્રવ્યને, નિઃસ્વભાવ થઈ જવાથી અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય છે; અથવા જો દુઃખને જ કર્મજનિત માનવામાં આવે તો સાતાવેદનીય કર્મનો અભાવ પ્રાપ્ત થશે. કેમ કે, પછી તેનું કોઈ ફળ રહેતું નથી.

સમાધાન :- દુઃખ નામની જે કોઈ પણ વસ્તુ છે તે અસાતાવેદનીય કર્મના ઉદયથી થાય છે. કારણ કે તે જીવનું સ્વરૂપ નથી. જો જીવનું સ્વરૂપ માનવામાં આવે તો ક્ષીણકર્મા અર્થાત્ કર્મરહિત જીવોને પણ દુઃખ હોવું જોઈએ. કેમ કે જ્ઞાન અને દર્શનની સમાન કર્મનો વિનાશ થવા છતાં દુઃખનો વિનાશ નહિ થાય. પણ સુખ કર્મથી ઉત્પન્ન નથી થતું, કેમ કે તે જીવનો સ્વભાવ છે અને તેથી તેકર્મનું ફળ નથી. સુખનો જીવનો સ્વભાવ માનતાં સાતાવેદનીય કર્મનો અભાવ પણ થતો નથી, કેમ કે દુઃખઉપશમના કારણભૂત સુદ્રવ્યોના સંપાદનમાં સાતાવેદનીય કર્મનો વ્યાપાર થાય છે.

• ધન, સ્ત્રી, પુત્ર વગેરે બાહ્ય પદાર્થોના સંયોગ-વિયોગમાં પૂર્વ કર્મનો યોગ (નિમિત્ત) કારણ છે તેના આધારો શાસ્ત્રોમાં છે. આવી વ્યવસ્થા માનતાં સાતાવેદનીય પ્રકૃતિને પુદ્ગલવિપાકીપણું પ્રાપ્ત થશે એવી આશંકા ન કરવી; કેમ કે દુઃખના ઉપશમથી ઉત્પન્ન થયેલ દુઃખના અવિનાભાવી, ઉપચારથી જ સુખ સંજ્ઞાને પ્રાપ્ત અને જીવથી અપૃથગ્ભૂત એવા સ્વાસ્થ્યના કણનો હોવાથી સૂત્રમાં સાતાવેદનીય કર્મને જીવ-વિપાકીત્વ અને સુખ-હેતુત્વનો ઉપદેશ દેવામાં આવ્યો છે. જો એમ કહેવામાં આવે કે ઉપર્યુક્ત વ્યવસ્થાનુસાર તો સાતાવેદનીય કર્મને જીવવિપાકીપણું અને પુદ્ગલ-વિપાકીપણું પ્રાપ્ત થાય છે. (તો) તો તે પણ કોઈ દોષ નથી, કેમ કે; જીવનું અસ્તિત્વ અન્યથા બની

શકતું નથી. તેથી તે પ્રકારના ઉપદેશના અસ્તિત્વની સિદ્ધિ થઈ જાય છે. સુખ અને દુઃખના કારણભૂત દ્રવ્યોનું સંપાદન કરવાવાળું બીજું કોઈ કર્મ નથી, કેમ કે; એવું કોઈ કર્મ મળતું નથી.

(❖) પ્રદેશ બધનું સ્વરૂપ

જ્ઞાનાવરણાદિ કર્મ પ્રકૃતિઓનું કારણ સર્વ તરફથી અર્થાત્ સમસ્ત ભવોમાં યોગવિશેષથી સૂક્ષ્મ, એકક્ષેત્રાવગાહરૂપ સ્થિત અને સર્વ આત્મપ્રદેશોએ જે કર્મ પુદ્ગલના અનંતાનંત પ્રદેશો (પરમાણુઓ) છે તે પ્રદેશબંધ છે.

નીચેની છ બાબતો આ સૂત્રમાં જણાવી છે.

(૧) સર્વ કર્મના જ્ઞાનાવરણાદિ મૂળપ્રકૃતિરૂપ, ઉત્તર પ્રકૃતિરૂપ અને ઉત્તરોત્તર પ્રકૃતિરૂપ થવાનું કારણ કાર્મણવર્ગણા છે.

(૨) ત્રિકાળીવર્તી સમસ્ત ભવોમાં (જન્મોમાં) મન-વચન-કાયાના યોગના નિમિત્તે તે કર્મો આવે છે.

(૩) તે કર્મો સૂક્ષ્મ છે.-ઈન્દ્રિય ગોચર નથી.

(૪) આત્માના સર્વ પ્રદેશોની સાથે દૂધ-પાણીની જેમ એકક્ષેત્રમાં તે કર્મો વ્યાપ્ત છે.

(૫) આત્માના સર્વ પ્રદેશોએ અનંતાનંત પુદ્ગલો સ્થિત થાય છે.

(૬) એક આત્માના અસંખ્ય પ્રદેશ છે, તે દરેક પ્રદેશો સંસારી જીવને અનંતાનંત પુદ્ગલસ્કંધો વિદ્યમાન છે. પ્રદેશબંધનું વર્ણન અહીં પૂરું થયું.

(❖) સ્થિતિબંધ

જ્ઞાનાવરણ, દર્શનાવરણ અંતરાય અને વેદનીય એ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડા કોડી સાગરોપમની છે.

નોંધ :-(૧) આ ઉત્કૃષ્ટ સિથતિનો બંધ મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવને જ થાય છે. (૨) એક કરોડને એક કરોડથી ગુણતાં જે ગુણાકાર આવે તે કોડાકોડી છે.(૨) મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોડાકોડી સાગરોપમ છે. નોંધ :- આ સ્થિતિ પણ મિથ્યાદષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક જીવને જ બંધાય છે. (૩) નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ છે. (૪) આયુ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે.

(❖) જઘન્ય સ્થિતિ

(૧) વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત છે.

(૨) નામ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મૂહુર્તની છે.

(૩) બાકીના જ્ઞાનાવરણાદિ પાંચ કર્મો એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય અને આયુ-એ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. સ્થિતિબંધના પેટા બંધનું વર્ણન અહીં પૂરું થયું.

વેદનીય કર્મ :બીજાં ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધામ કરી શકે, પણ વેદનીય કર્મમાં તેમ થઈ શકે નહીં, ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઈએ, ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થયું ન હોય તો આત્મા દેહકારે પરિણમે એટલે દેહ પોતાનો માની લઈ વેદે છે, અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતાં નિર્જરા થાય છે. ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે. એટલે બીજાં દર્શનોવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે.

ક્રયાખ્યાનસાર-૨

વેદનીય કર્મની સ્થિતિ :વેદનીય કર્મની સ્થિતિ ધન્ય જ બાર મુહૂર્તની છે. તેથી ઓછી સ્થિતિનો બંધ પણ કષાય વગર એક સમયનો પડે, બીજે સમયે વેદે, ત્રીજે સમયે નિર્જરે.

વેદનીયકર્મ કેમ જીતાય ? :સાતા-અસાતા વેદનીયકર્મનો ઉદય હોય, એ તો જડમાં છે. વળી ખરેખર તો એ સંયોગની પ્રાપ્તિમાં, નિમિત્ત છે. તેના ઉદયે, જીવની પર્યાયમાં કિંચિત્ નુકસાન થાય છે, તે પોતાના કારણે છે, પરંતુ ઉદયના કારણે નહિ.

વેદય :વેદાવા યોગ્ય, જણાવા યોગ્ય, વેદ્ય =વેદવું, ભાગવવું, અનુભવવું.

વેદ્ય :વિષય અભિલાષને ઉત્પન્ન કરનાર પુદ્ગલ, વેદ. (૨) વેદાવા યોગ્ય, જાણવા યોગ્ય, અનુભવવા યોગ્ય, ભોગવવા યોગ્ય

વદ્ય છે :આદરણીય છે. પૂજનીય છે, વંદવાયોગ્ય છે, આદર-વિનય કરવો.

વેદવું :ભોગવવું, અનુભવવું.

વેદાંત :પર્યાયને માનતા નથી, અનેક ગુણોને માનતા નથી, અનેક આત્માને માનતા નથી તેઓ આત્માને સર્વવ્યાપક, એક અભેદ નિત્ય શુદ્ધ બાહ્યને વસ્તુ કહે છે. આત્મા શરીર પ્રમાણ છે. જેને વંદાંતવાળા (ક્ષેત્રથી) સર્વ વ્યાપક માને છે. જેઓ બધું મળીને વસ્તુ એક કહે છે. એક શુદ્ધ બ્રહ્મને જ વસ્તુ કહે છે. પણ વસ્તુ અનેક છે. વળી વસ્તુમાં ગુણો છે એમ માનતા નથી. વસ્તુ સર્વથા નિત્ય કહે છે. અનિત્ય પર્યાયને માનતા નથી. આમ સર્વથા પર્યાય આદિને માયાસ્વરૂપ અસત્ય કહેતાં વેદાંતમત થઈ જાય. તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પથીરૂપ મિથ્યાત્વનો પ્રસંગ આવે માટે સર્વથા એકાંત ન માનવું. કથંચિત અશુદ્ધતા છે, ભેદો છે, પર્યાય છે એમ અપેક્ષાથી બરાબર સમજવું .

વેદાય :અનુભવાય, જણાય, સમજાય.

વૈધૃતિ :વૈધરત= સત્તાવીસમો યોગ (જયોતિષમાં) વૈધૃત.

વૃદ્ધિ પામેલો :વધેલો, ઉગ્ર થયેલો, (સંવર અને શુદ્ધોપયોગવાળા જીવને જયારે ઉગ્ર શુદ્ધોપયોગ થાય છે ત્યારે ઘણા કર્મોની નિર્જરા થાય છે. શુદ્ધોપયોગની ઉગ્ર કરવાની વિધિ શુદ્ધાત્મ દ્રવ્યના આલંબનની ઉગ્રતા કરવી તે જ છે. એમ કરનારને સહજ દશાએ હઠ વિના જે અનશનાદિ સંબંધી ભાવો વર્તે તેમાં (શુભપણારૂપ અંશની સાથે) ઉગ્ર-શુદ્ધિરૂપ અંશ હોય છે, જેથી ઘણા કર્મોની નિર્જરા થાય છે. (મિથ્યાદષ્ટિને તો શુદ્ધાત્મદ્રવ્ય ભાસ્યું જ નથી, તેથી તેને સહજ દશા વિનાના-હઠપૂર્વક -અનશનાદિ સંબંધી શુભભાવો કદાચિત ભલે હોય તોપણ, મોક્ષના હેતુભૂત નિર્જરા બિલકુલ હોતી નથી.

વૈભવ :વિભવ, ઐશ્વર્ય, શકિત, બળ, સમુદ્ધિ

વિભાવ વ્યંજન પર્યાય કોને કહે છે ? :બીજાના નિમિત્તેથી, જે વ્યંજન પર્યાય હોય. જેમ કે-જીવની મનુષ્ય નારકાદિ પર્યાય

વૈભાવિક ગુણ :આ એક વિશેષબાવવાળો ગુણ છે. જે ગુણના કારણે પરદ્રવ્ય (નિમિત્ત)ના સંબંધપૂર્વક સ્વયં યોગ્યતાથી અશુદ્ધ પર્યાયો થાય છે.

વૈભાવિક ભાવ :જીવા ગુણોનું પોતાના સ્વરૂપથી બદલાઈને બીજા રૂપે થઈ જવું એવું જ નામ વૈભાવિક ભાવ છે. એ જ જીવનો ભાવ કર્મનો બંધ કરવામાં કારણ છે અને વૈભાવિક ભાવના નિમિત્તથી થનારું તે જ કર્મ તે જ વૈભાવિકભાવને ઉત્પન્ન કરવાના સામર્થ્યનું કારણ ચે.

વૈભાવિક શકિત :વિશેષભાવ. જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યમાં જ છે. બાકીના ચાર દ્રવ્યોમાં નથી. (૨) આ એક વિશેષ ભાવવાળો ગુણ છે. જે ગુણના કારણે પર દ્રવ્યના (નિમિત્તના) સંબંધપૂર્વક, સ્વયં પોતાની યોગ્યતાથી અશુદ્ધ પર્યાયો થાય છે.

આ વૈભાવિક શકિત નામનો ગુણ, જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્યોમાં જ છે. બાકીના ચાર દ્રવ્યોમાં નથી.

જીવના ગુણોમાં સ્વયંસિદ્ધ એક વૈભાવિક શકિત છે. જે જીવની સંસાર અવસ્થામાં પોતાના કારણે પોતે જ (અનાદિ કાળથી) વિકૃત થઈ રહી છે. (પંચાધ્યાયી ભાગ ૨ ગાથા ૯૪૬)

મુકત અવસ્થામાં વૈભાવિક શકિતનું શુદ્ધ પરિણમન થાય છે. (પંચાધ્યાયી ભા.૨ ગાથા ૮૧)

મુકત-છૂટા પુદ્ગલ પરમાણુઓ જયાં સુધી છૂટા (અબંધ પર્યાયરૂપ) રહે ત્યાં સુધી તેમને આ ગુણનો શુદ્ધ પર્યાય થાય છે.

જીવની વૈભાવિક શકિત તે ગુણ હોવાથી બંધનું કારણ નથી. તેનું પરિણમન પણ બંધનું કારણ નથી, કારણ કે તેનું પરિણમન તો સિદ્ધ ભગવાનોને પણ હોય છે.

જો જીવ પર પદાર્થને વશ થાય તો તેના પર્યાયમાં વિકાર (અશુદ્ધતા) થાય. તે જીવનો પોતાનો અપરાધ છે. જીવ જે પરપદાર્થને વશ થાય છે તે પરપદાર્થને નિમિત્ત કહેવામાં આવે છે. જીવે વિકાર કર્યો (અશુદ્ધ ભાવે પોતે પરિણમ્યો) ત્યારે કયા પર પદાર્થને વશ થયો તે બતાવવા માટે તે પરપદાર્થને નિમિત્તકારણ અને વિકારને નૈમિત્તિક (કાર્ય) કહેવામાં આવે છે. આ કથન ભેદજ્ઞાન કરાવવા માટે છે, પણ નિમિત્ત-નૈમિત્તિકને કાંઈ અસર કરી અથવા તેના ઉપર પ્રભાવ પાડયો-એવું બતાવવા માટે તે કથન નથી, કારણ કે તેમ

માનવામાં આવે તો બે દ્રવ્યોની એકતા માનવારૂપ મિથ્યાત્વ થાય, માટે અમ સમજવું કે જીવના પોતાના દોષથી જ અશુદ્ધતા થાય છે અને તે જીવ પોતે કરતો હોવાથી તે ટાળી શકાય છે.

જીવ વિકારો(અશુદ્ધ અવસ્થા) પોતાના દોષથી કરે છે, તેથી અશુદ્ધ નિશ્ચયનયથી તે સ્વકૃત છે, પણ તે સ્વભાવ દૃષ્ટિના પુરુષાર્થ વડે પોતામાંથી ટાળી શકાય છે માટે શુદ્ધ નિશ્ચયનયથી તે પર કૃત છે.

આ વિકારોને શુદ્ધ નિશ્ચયનયથી નીચેનાં નામોથી ઓળખાણ થાય છે:- પરકૃત, પરભાવ, પરાકાર, પુદ્ગલભાવ, કર્મ જન્યભાવ, પ્રકૃતિશીલ સ્વભાવ, પરદ્રવ્ય, કર્મકૃત, તદ્ગુણાકાર, સંક્રાન્તિ. પરગુણાકાર, કર્મપદસ્થિત, જીવમાં થતા અજીવભાવ, તદ્ગુણાકૃતિ, પરયોગકૃત, નિમિત્ત કૃત વગેરે. પણ તેથી તેઓ પરકૃતાદિ થઈ જતા નથી. માત્ર પોતામાંથી જ તે ટાળી શકાય છે એટલું જ તે દર્શાવે છે.

જે પર્યાયમાં પોતાનો જ દોષ છે, બીજા કોઈનો તેમાં જરાપણ હાથ કે દોષ નથી. જીવ પોતે જ અપરાધવાન છે. માટે પરદ્રવ્ય કે કર્મનો ઉદય જીવમાં વિકાર કરે કરાવે કે કર્મના ઉદયના કારણે જીવને વિકાર કરવો પડે એમ માનવું તે મિથ્યા છે. (૨) વિભાવરૂપે પરિણમવું. છ દ્રવ્યોમાંથી જીવ અને અજીવ આ બે દ્રવ્યોમાં જ વૈભાવિક શકિત છે. સિધ્ધદશામાં પણ વૈભાવિક શકિત છે પણ તે વિભાવરૂપે પરિણમતી નથી. વિભાવ એટલે વિશેષ ભાવ. વૈભાવિક શકિત વિકાર કરે તેવો એનો અર્થ નથી, પણ વશેષ ભાવ છે. એ આત્માનો સ્વભાવ છે.

વૈભાવિકી શકિત :વિભાવરૂપ પરિણમનની શકિત

વૈમનિક :કલ્પોતપન્ન અને કલ્પાતીત એ બે ભેદ છે.

વિવક્ષિત :કહેવા ધારેલો

વિશદ :નિર્મળ

વ્યકત :ગમ્ય, પ્રગટ (૨) પ્રગટ (વ્યકત એટલે પ્રગટ જ્ઞાનની પર્યાય) (૩) પ્રગટ, સ્ફૂટ (૪) પ્રગટ પર્યાય.

વ્યકત-અવ્યકત :વ્યકત એટલે પ્રગટ પર્યાય અને અવ્યકત એટલે ધ્રુવ દ્રવ્ય વ્યવહાર અને નિશ્ચય-(૧) આત્મા પરદ્રવ્યને જાણે છે એ વ્યવહાર કથન છે. (૨) આત્મા પોતાનો જાણે છે- એમ કહેવામાં પણ સ્વ-સ્વામિત્ય અંશરૂપ વ્યવહાર છે.(૩) જ્ઞાયક જ્ઞાયક જ છે - એ નિશ્ચય છે.

વ્યકતપણું :પ્રગટતા

વ્યકતરૂપ :પ્રગટરૂપ, વ્યકિતરૂપ.

વ્યકતવ્યિકતા :વ્યકતા અથવા અવ્યકતતા, પ્રગટતા અથવા અપ્રગટતા. (પૃથ્વીમાં સ્પર્શ, રસ, ગંધને વર્ણ એ ચાર ગુણો વ્યકત (અર્થાત્ વ્યકતપણે પરિણત) હોય છે. પાણીમાં સ્પર્શ, રસને વર્ણ વ્યકત હોય છે. અને ગંધ અવ્યકત હોય છે. અગ્નિમાં સ્પર્શ ને વર્ણ વ્યકત હોય છે અને બાકીના બે અવ્યકત હોય છે. વાયુમાં સ્પર્શ વ્યકત હોય છે અને બાકીના ત્રણ અવ્યકત હોય છે.)

વ્યકતાવ્યકતતા :વ્યકતતા અથવા અવ્યકતતા, પ્રગટતા અથવા અપ્રગટતા.

વ્યકિત :શકિતમાંથી પ્રગટ થવારૂપ વ્યકતતા

વ્યકિત :પ્રગટપણે

વ્યકિત :પ્રગટતા, વિશેષ, ભેદ.

વ્યકિત :પ્રગટ

વ્યકિત :પ્રગટતા

વ્યકિત અને શકિત :પરમાણુ, કાર્મણવર્ગણા વગેરેમાં ઈન્દ્રિયગ્રાહ્યપણું વ્યકત નથી તો પણ શકિતરૂપે અવશ્ય હોય છે. જેથી જ ઘણા પરમાણુઓ સ્કંધરૂપે થઈ સ્થૂલપણું ધારણ કરતાં ઈન્દ્રિયો વડે જણાય છે.

વ્યકિતઓ :વિશેષો, પ્રગટતાઓ (૨) પર્યાયો (૩) પર્યાયોઃ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય આદિ

વ્યકિતઓ વડે :પર્યાયો વડે

વ્યકિતના :પ્રગટતાના

વ્યકિતમાં :પર્યાયમાં

વ્યકિતવિહીન :ઈંદ્રિયોથી અગોચર, અવ્યકત.

વ્યંગ :બાધક, અયોગ્યતા, રત્નત્રયધર્મનો નાશ પામે છે તેને વ્યંગ-ભંગ કહેવાય છે. (૨) વક્રોકિત

વ્યગ્ર :અસ્થિર મનનું, વ્યાકુળ, કામમાં ગૂચવાયેલું

વ્યગ્રતા :અસ્થિરતા (૨) એકાગ્રતા નહિતે, વિકલ્પથી ખંડિત, ભિન્ન ભિન્ન.

વ્યચ્છેદ :વિચ્છેદ, નાશ, ભાગ કે ખંડ પાડવા તે.

વ્યુચ્છિત્તિ :અભાવ (૨) વિખૂટું, અલગ, વ્યુચ્છિન્ન

વ્યુચ્છિન્ન પ્રકૃતિ :જે પ્રકૃતિ મૂળમાંથી ઉખડી ગઈ હોય, મૂળમાંથી નાશ પામેલ પ્રકૃતિ.

વ્યંજન :વિશિષ્ટ ભાવ, અંગ, અવયવ (૨) અંગ, અવયવ, સ્વરની મદદથી જેનું ઉચ્ચારણ વ્યકત થાય છે. તેવો તે તે વર્ણ. (૩) પ્રગટ-બાહ્ય આકાર

વ્યંજન અને અર્થ પર્યાય :વસ્તુમાં બે પ્રકારની પર્યાયો થાય છે. એક વ્યંજન પર્યાય, બીજી અર્થપર્યાય. પ્રદેશત્વ ગુણના વિકારને વ્યંજન પર્યાય કહે છે. અર્થાત્સમગ્ર વસ્તુના અવસ્થાભેદ (આકાર) વ્યંજન પર્યાય કહે છે. તથા તે દ્રવ્યમાં રહેતાં અનંત ગુણાની પર્યાયને અર્થ પર્યાય કહે છે.ઉકત બન્ને પ્રકારની પર્યાયો વસ્તુમાં સમયે સમયે થયા કરે છે.

વ્યંજન પર્યાયના ભેદ :વ્યંજન પર્યાયના બે ભેદ છે. સ્વભાવ વ્યંજન પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય.

વ્યંજન પયાર્ય :દ્રવ્યના પ્રદેશત્વ ગુણના વિશેષ કાર્યને વ્યજંનપર્યાય કહે છે. (૨) જે નર નરકાદિ આકારરૂપ અથવા સિદ્ધના આકારરૂપ પર્યાય હોય તેને વ્યંજન પર્યાય કહે છે. (૩) મનુષ્ય, તિર્યંગ, નારકી, દેવ આદિ અશુદ્ધ પર્યાયો સંસારમાં હોય છે તેને વ્યંજન પર્યાય કહે છે.

નર-નારકોદિના શરીરના આકારે આત્મના પ્રદેશોનો જે આકાર થાય છે તેને અશુદ્ધ વ્યંજન પર્યાય કહે છે. (૪) પ્રદેશત્વ ગુણના વિકારને વ્યંજન પર્યાય કહે છે. (૫) આ મનુષ્યનો દેહ છે ને ? અને તેના જેવો આત્માનો અંદર આકાર રહ્યો છે ને ? ણહા! તેને (દેહગત આત્માન આકારને) અશુદ્ધ વ્યંજન પર્યાય કહે છે. આ શરીર તો જડ છે, તે કાંઈ અશુદ્ધ વ્યંજનપર્યાય નથી, પણ અંદર આત્મા , શરીરના આકાર પ્રમાણએ રહે છે તેને અહીં અશુદ્ધ વ્યંજન પર્યાય કહે છે. મતલબ કે આકારની પ્રગટ અવસ્થાને વ્યંજનપર્યાય કહે છે. તો જે નરની, નારકીની, દેવની કે પશુની (આકારની) પર્યાય થાય છે તે બધી અશુદ્ધ વ્યંજન પર્યાય છે. અને તે હેય છે, અર્થાત્ જાણવા લાયક છે પણ આશ્રય કરવા યોગ્ય નથી. (૬) પ્રદેશત્વ ગુણના વિકારને વ્યજંન પર્યાય કહે છે. અર્થાત્સમગ્ર વસ્તુના અવસ્થાભેદને (આકારને) વ્યંજન પર્યાય કહે છે. વસ્તુમાં બે પ્રકારની પર્યાયો થાય છે. એક વ્યંજન પર્યાય બીજી અર્થપર્યાય. દ્રવ્યમાં રહેતા અનંત ગુણોની પર્યાયને અર્થપર્યાય કહે છે. ઉકત બન્ને પ્રકારની પર્યાયો વસ્તુમાં સમયે સમયે થયા કરે છે. (૭) દ્રવ્યના વિકારને વ્યંજનપર્યાય કહે છે. (૮) દ્રવ્યના વિકારને વ્યંજન પર્યાય કહે છે. (૯) દેશાંશો દ્વારા જે દ્રવ્ય પર્યાયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે દ્રવ્ય પર્યાયોને વ્યંજન પર્યાયો કહેવાય છે. (૧૦) આત્માના પ્રદેશત્વગુણનું જે આકારનું પરિણમન છે તે વ્યંજન પર્યાય છે. (૧૧) અનંત સમયવર્તી અનંત આકારોમાંથી પ્રત્યેક સમયવર્તી પ્રત્યેક આકારને વ્યંજન પર્યાય કહે છે. (૧૨) પ્રદેશત્વ ગુણનું જે આકારનું પરિણમન છે તે વ્યંજનપર્યાય છે સંસારદશામાં તે વ્યંજન પર્યાય વિભાવરૂપે છે. (૧૩) વ્યંજન પર્યાયના બે ભેદ છેઃ સ્વભાવ વ્યજંન પર્યાય, અને વિભાવ વ્યજંન પર્યાય (૧૪) પ્રદેશત્વગુણના વિકારને, વ્યંજન પર્યાય કહે છે.

વ્યંજન પર્યાય કોને કહે છે? :પ્રદેશત્વ ગુણના વિકારને વ્યજંન પર્યાય કહે છે. વ્યંજન પર્યાયના કેટલા ભેદ છે ? બે છે. સ્વભાવ વ્યંજન પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય

વ્યંજન સંક્રાન્તિ :વ્યંજન એટલે વચન અને સંક્રાન્તિ એટલે બદલવું તે. શ્રુતના કોઈ એક વચનને છોડીને અન્યનું અવલંબન કરવું તથા તેને છોડીને કોઈ અન્યનું અવલંબન કરવું તથા તેને છોડીને અન્યનું અવલંબન કરવું તે વ્યંજન સંક્રાન્તિ છે.

વ્યંજનપર્યાય :ક્ષેત્ર, આકાર

વ્યંજનપર્યાપ્તી અમુકત :સંસારી

વ્યંજનપર્યાયથી મુકત :સિદ્ધ

વ્યંજનપર્યાયોથી મુકત તેમજ અમુકત :સિદ્ધ તેમજ સંસારી

વ્યંજનાવગ્રહ :ચક્ષુ અને મન સિવાયની ચાર ઈન્દ્રિયો કાન, નાક, જીભ અને ત્વચા દ્વારા જીવને અવ્યકત અપ્રગટ જ્ઞાન થાય છે તે જ્ઞાનને વ્યંજનાવગ્રહ જ્ઞાન કહે છે. (૨) જ્ઞાનનું પરિણમન (૩) અવ્યકતજ્ઞાન, શરૂથયેલું જ્ઞાન

વ્યંજિત :પ્રગટ થશે,જણાશે. (૨) ખુલ્લુ ધરેલું, સ્પષ્ટ કરેલું, વ્યંગાર્થવાળું

વ્યંજિત કરવું :ખુલ્લુ કરવું, સ્પષ્ટ કરવું.

વ્યુત્પત્તિ :શબ્દની મૂળ ઉત્પત્તિ, વિદ્રતા, પ્રાવીણ્ય (૨) શબ્દના અર્થનો બોધ કરનાર શકિત, શબ્દોનો ક્રમિક વિકાસ, સારી રીતે જાણવું એ , સમઝવા જેટલું જ્ઞાન. (૩) શબ્દને છૂટા પાડીને અર્થ કરવો, શબદાર્થ, ભાવાર્થ, અન્વયાર્થ, વાચ્યાર્થ, પરમાર્થ વગેરે બધા એકાર્થને લગતા અર્થો છે. (૪) શબ્દને છૂટા પાડીને અર્થ કરવો, શબ્દાર્થ, ભાવાર્થ, અન્વયાર્થ, વાચ્યાર્થ, પરમાર્થ વગેરે બધા એકાર્યને લગતા અર્થો છે.

વ્યુત્પત્તિપરક :વ્યુત્પત્તિ= શબ્દની મૂળ ઉત્પત્તિ, પરક=કારણે, તેને લઈને .

વ્યુત્સૃષ્ટકાય :જાણે કાયા છોડી દીધી હોય ને, કાયામાં ન વર્તતા હોય એ વ્યુત્સૃષ્ટકાય- કયોત્સર્ગદશાસંપન્ન થયા છે. એવા.

વયંતર :હલકા પ્રકારના દેવો.

વ્યંતરવાસી દેવોમાં કોણ જન્મે ? :જે કુમાર્ગમાં સ્થિત છે, દુષિત આચરણ કરવાવાલા છે, સંપત્તિમાં અતિ આસકત છે, ઈચ્છા વિના વિષયોથી વિરકત છે, અકામ નિર્જરા કરવાવાળા છે, સંયમ લઈને તેને મલિન કરે છે, અથવા વિનાશ કરે છે. પંચાગ્નિ તપ વગેરે કરીને મંદ કષાયી થયા છે, પરંતુ મોટે બાગે સમ્યક્ત્વથી શૂન્ય છે એવા કર્મભૂમિયા મનુષ્ય અથવા તિર્યંચ આવા વ્યંતરવાસી દેવોની પર્યાયમાં જન્મે છે. કોઈ ભોગભૂમિયા જીવ પણ આ દેવોમાં જન્મે છે.

વ્યુત્સર્ગ :પ્રાયશ્ચિતનો એક પ્રકાર છે. , ત્યાગ (૨) પ્રાયશ્ચિતનો એક પ્રકાર, કાયોત્સર્ગ કરવો. (૩) તપનો એક પ્રકાર. (૩) ત્યાગ, તપનો એક પ્રકાર, સમ્યક્વ્યુત્સર્ગ= બાહ્ય અને આભ્યંતર પરિગ્રહના ત્યાગની ભાવનાથી વીતરાગ સ્વરૂપના લક્ષ વડે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય છે તે.

વ્યુત્સર્ગતપ :બાહ્યાભ્યંતર પરિગ્રહના ત્યાગને વ્યુત્સર્ગ કહે છે. (૨) વ્યુત્સર્ગ તપના બે ભેદ છે. (•) બાહ્ય પરિગ્રહનો ત્યાગ અને (•) અત્યંતર પરિગ્રહનો ત્યાગ. ખેતર, મકાન, ધન, ધાન્ય, સોનું, ચાંદી, દાસી, દાસ, વસ્ત્ર અને વાસણ, આ દસ પ્રકારના બાહ્ય પરિગ્રહનો ત્યાગ છે. અને મિથ્યાત્વ ત્રણ વેદ, હાસ્ય આદિ નવનો કષાય અને ચાર કષાય આ ચૌદ અભ્યન્તર પરિગ્રહનો ત્યાગ કરવો તેને વ્યત્સર્ગ તપ કહે છે.

વ્યતિકર :તે વ્યતિકર દોષ છે. ચેતન જડમાં અને જડ ચેતનમાં આવે તે વ્યતિકર દોષ છે. (૨) મિશ્રણ, સંબંધ, (૩) મિશ્રણ, સંબંધ, ફેલાવો, વિરોધ, અફત, સત્રુદાય, બનાવ.

વ્યતિકર દોષ :ચેતન જડમાં અને જડ ચેતનમાં આવે, તે વ્યતિકર દોષ છે. બે થઈને (જડ અને ચેતન બંને એક થઈને) એક થઈ જાય તો વ્યતિદર દોષ છે. (૨) પરસ્પર વિષયગમનને વ્યતિકર દોષ કહે છે. એક વસ્તુ બીજીમાં ભળી જોય તો વસ્તુનો અભાવ થઈ જાય. દરેક પદાર્થ જુદા જુદા છે એમ કહેતાં આત્મા પરથી જુદો છે, એમ પણ સમજવું .

વ્યતિક્રમ :ઊલટાસુલટ હોવા કે થવાપણું, વ્યુત્ક્રમ, વિપેયસિ, બાધા, વિઘ્ન (૨) શીલવ્રતનું અર્થાત્ વ્રતમય પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો ભાવ થવો તે વ્યતિક્રમ છે. (૩) ઉલટા સૂલટા હોવા કે થવાપણું, વ્યુત્ક્રમ, વિપયસિ, બાધા, વિશ્વ.

વ્યતિરેક :આ તે નથી. પર્યાયો વ્યતિરેકી ચે. એક સમયવર્તી પર્યાયનો બીજા સમયવર્તી પર્યાયમાં અભાવ લાવવો, એનું જ નામ વ્યતિરેક છે. ભિન્ન ભિન્ન સમયોમાં થનાર ભિન્ન ભિન્ન આકારોમાં પરસ્પર અભાવ ઘટાવવો એનું જ નામ વ્યતિરેક છે. (૨) ભેદ, એકનું બીજારૂપ નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું (૩) ભેદ, (એકનો બીજામાં) અભાવ. (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે.) (૪) ભેદ, એકનું બીજારૂપ નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું (૫) ભેદ, (એકનો બીજામાં) અભાવ. (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે) (૬) સાધ્યના અભાવમાં સાધનનો અભાવ, જેમ અગ્નિના અભાવમાં

ધુમાડાનો અભાવ. (૭) ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે. ઉત્પાદ અને વ્યય (૮) ભેદ, એકનું બીજારૂપ નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું, (એક પર્યાય બીજા પર્યાયરૂપ નહિ હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક છે. જેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેક (વ્યતિરેકવાળાં) વિશેષો છે.) (૯) ભેદ, એકનું બીજારૂપ નહિ હોવું તે, 'આ તે નથી' એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું(એક પર્યાય બીજા પર્યાયરૂપ નહિ હોવાથી પર્યાયોમાં પરસ્પર વ્યતિરેક છે, તેથી પર્યાયો દ્રવ્યના વ્યતિરેકી (વ્યતિરેકવાળા) વિશેષો છે. અનિત્યતા, ઉત્પાદવ્યય. (૧૦) જુદાઈ, ભિન્નતા, સંબંધનો અભાવ, એક ન હોવાથી બીજાનું ન હોવાપણું, ભેદ. (૧૧) કારણ ન હોય ત્યાં કાર્યનો અભાવ. (૧૨) ભેદ, વ્યતિરેકો ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે. (૧૩) ભેદ, (એકનો બીજામાં) અભાવ, (એક પરિણામ તે બીજા પરિણામરૂપ નથી તે દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે.) (૧૪) ભેદ, એકનું બીજાપણું નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું. (૧૫) વ્યતિરેકો ઊપજવા પણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે. (૧૬) જુદાઈ, ભિન્નતા, સંબંધનો અભાવ. (૧૭) આ તે નથી, જુદા જ, ભિન્નતા. (૧૮) ભિન્નતા, ભેદ, જુદા, અન્ય (૧૯) ભેદ, એકનું બીજા રૂપ નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તરૂપ ભિન્નરૂપપણું. (૨૦) ભેદ, (એકબીજાનો) અભાવ, (એક પરિણામ તે બીજા પરિણામમય નથી તેથી દ્રવ્યના પ્રવાહમાં ક્રમ છે.) (૨૧) ભેદ, એકનું બીજારૂપ નહિ હોવું તે, આ તે નથી એવા જ્ઞાનના નિમિત્તભૂત ભિન્નરૂપપણું.

વ્યતિકર દોષ :ચેતન જડમા અને જડ ચેતનમાં આવે તે વ્યતિકર દોષ છે.

વ્યતિરેક વ્યકિતઓ :ભેદરૂપ પ્રગટતાઓ (વ્યતિરેક વ્યકિતઓ ઉત્પત્તિ વિનાશ પામે છે. ક્રમે પ્રવર્તે છે અને પર્યાયોને નિપજાવે છે, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન વગેરે તથા સ્વરૂપાચરણ ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર વગેરે આત્મદ્રવ્યની વ્યતિરેક વ્યકિતઓ છે. વ્યતિરેક તથા અન્વયના અર્થો માટે પાન ૧૯૦ તથા પાન૧૯૧માં પ્રવચનશાસ્ત્રના પાનાનું પાદટિપ્પણ(ફુટનોટ) જુઓ.

વ્યતિરિકત :જુદુ (૨) ભેદથી (૩) ભિન્ન, જુદું, અન્ય, અળગું, બીજું, ઈતર (૪) ભિન્ન, રહિત, શૂન્ય.

વ્યતીત :વીતી ગયેલું, પ્રસાર થઈ ગયેલું, ભૂતકાળનું વહી જવા દેવું (૨) નષ્ટ

વૈયધિકરણ :

વ્યપદેશ :કથન, અભિધાન, નિર્દેશ (૨) કથન, અભિધાન(પંચાસ્તિકાય ગાથા ૪૬માં એમ સમજાવ્યું છે કે જયાં ભેદ હોય ત્યાં જ વ્યપદેશ વગેરે ઘટે એવું કાંઈ નથી, જયાં અભેદ હોય ત્યાં પણ તેઓ ઘટે છે. માટે દ્રવ્ય ગુણોમાં જે વ્યપદેશ વગેરે હોય છે તે કાંઈ એકાંતે દ્રવ્ય ગુણોના ભેદ સિદ્ધ કરતા નથી.) (૩) કહેવું, નામ લઈને કહેવું એ, ઉલ્લેખપૂર્વક કરવામાં આવતું વિધાન (૪) નિર્દેશ, કથન (૫) કથન, અભિધાન.(જયાં ભેદ હોય ત્યાં જ વ્યપદેશ વગેરે ઘટે એવું કંઈ નથી જયાં અભેદ હોય ત્યાં પણ તેઓ ઘટે છે. માટે દ્રવ્ય-ગુણોમાં જે વ્યપદેશ વગેરે હોય છે તે કાંઈ એકાંત દ્રવ્ય-ગુણોના ભેદ સિદ્ધ કરતા નથી. (૬) કહેવામાં આવ્યું, (૭) હેતુનું કથન (૮) ઉપદેશ, કથન, કહેવામાં આવવું.

વ્યપદેશ રહિત :વચન ઓગચર, અવ્યપદેશ

વ્યપ્ય :વ્યપાવા યોગ્ય, વિસ્તાર રૂપ અંશો વડે.

વ્યપરેત્વ :ઉચ્છેદ, વિયોગ.

વ્યપ્રદેશ :કથન

વ્યપરોપ :બીજાના પ્રાણોનો વિચ્છેદ (૨) વિચ્છેદ, નાશ કરવો, હણવું.

વ્યપરોપણ :વિયોગ(પ્રાણવ્યયરોપણ=પ્રાણોનો વિયોગ) પ્રાણનું મરણ

વ્યપરોપણ કરવું :ઘાત કરવો, પીડવું.

વ્યપરોપણ હિંસા :હિંસામાં પ્રમાદપરિણતિ મૂળ છે

વ્યપોહન :વિશેષરૂપે પરિત્યાગ

વ્યભિચાર :દોષ (૨) કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે. અને એવા કારણને વ્યભિચારી-અનૈકાંતિક-કારણાભાસ કહે છે. (૩) અનૈકાન્તિક

વ્યભિચાર દોષ :જે દૃષ્ટાંત સાધ્યનો અપક્ષ હોય તથા વિપક્ષ પણ હોય તે વ્યભિચાર દોષવાળું દૃષ્ટાંત કહેવાય છે.

વ્યય :વિણસવું, અભાવરૂપ (૨) તે પ્રચ્યુતિ (અર્થાત્ ભ્રષ્ટ થવું, નષ્ટ થવું) (૩) જૂની પર્યાયનું જવું (૪) પ્રચ્યુતિ, ભ્રષ્ટ થવું, નષ્ટ થવું (૫) નષ્ટ થવું, વિનાશ (૬) દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે. (૭) દ્રવ્યવના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે. (૮) વ્યય પણ પદાર્થનો થતો નથી પરંતુ તે જ પરિણમન શીલ દ્રવ્યની અવસ્થા (પર્યાય) નો વ્યય થાય છે. એને જ પ્રધ્વંસાભાવ કહે છે. આ પ્રધ્વંસાભાવ પરિણમન શીલ દ્રવ્યની પર્યાયનો અવશ્ય થાય છે.

વ્યય કોને કહે છે ? :દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને, વ્યય કહે છે.

વ્યય થયો :બદલવું થવું.

વ્યયચેપ :બીજાના પ્રાણોનો વિચ્છેદ, (પરપ્રાણોનો વ્યપરોપ)

વ્યયરોપ :ઉચ્છેદ, વિયોગ (૨) બીજાના પ્રાણોનો વિચ્છેદ. (પરપ્રાણોનો વ્યયરોપ) (૩) હિંસા, ઉચ્છેદ, નાશ, વિચ્છેદ

વ્યપરોપણ કરવું :ઘાત કરવો (વ્યપરોપણ)

વ્યર્વીછેદ :વિનાશ, વિચ્છેદ, નાશ, ભાગ કે ખંડ પાવડા એ.

વ્યવચ્છેદ :ભાગ કે ખંડ પાડવા એ, વિચ્છેદ, નાશ, વિશેષ કરવું. (૨) નિકરાકરણ, ખંડન (૩) ખંડન, નાશ,

વ્યવચ્છેદ થવો. :ત્રૂટી જવો, ભંગ પામવો, નાશ પામવો.

વ્યાવૃત્ત કરીને :પાછો વાળીને , અટકાવીને, અલગ કરીને.

વ્યવધાન :અંતર, અવકાશ (૨) આડ, પડદો, અંતર, આંતરું, વિઘ્ન (૩) વચ્ચે આવતી નડતર, આડષ, પડદો, અંતરપટ, અવકાશ. (૪) વચ્ચે આવતી નડતર, આડાશ, આવરણ, અંતરપટ (૫) આડ, પડઘે, વિઘ્ન, એકાગ્રતામાં ભંગ, અવકાશ. (૬) આવરણ (૭) આડ, પડદો, વિઘ્ન, એકાગ્રતામાં ભેગ, અવકાશ. (૮) આવરણ, વચ્ચે આવતી અડચણ, આડટચ, પડદો, અંતરપટ, અવકાશ, ખાંચો. (૯) આડ, પડદો, અંતર, આંતરું, વિઘ્ન

વ્યવર્તક :ભિન્નતા બતાવનાર, પરસ્પર મળેલી વસ્તુઓમાં એકબીજાની ભિન્નતાનો સહજ બોધ કરવામાં સમર્થ.

વ્યવસ્થા :વિશેષ અવસ્થા

વ્યવસ્થિત :નિશ્ચિત, સ્થિર

વ્યવસાન :કામમાં લાગ્યા રહેવું તે, ઉધમી હોવું તે, નિશ્ચય હોવો તે. હવે કેવળનિશ્ચયાલંબી (અજ્ઞાની) જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છે:-

હવે, જેઓ કેવળ નિશ્ચયાવલંબી છે, સકળ ક્રિયાકર્મકાંડના આડંબરમાં વિરકત બુદ્ધિવાળા વર્તતા થકા, આંખો અર્ધી - મીંચેલી રાખી કાંઈક પણ સ્વબુદ્ધિથી અવલોકીને ૧ યથાસુખ રહે છે (અર્થાત્ સ્વમતિકલ્પનાથી કાંઈક ભાસ કલ્પી લઈને મરજી મુજબ જેમ સુખ ઉપજે તેમ રહે છે) તેઓ ખરેખર ૨ ભિન્નસાધ્યસાધનભાવને તિરસ્કારતા થકા, અભિન્ન સાધ્યસાધનભાવને નહિ ઉપલબ્ધ કરતા થકા, અંતરાળમાં જ (શુભ તેમ જ શુદ્ધ સિવાયની બાકી રહેલી ત્રીજી અશુભ દશામાં જ) પ્રમાદમદિરાના મદથી ભરેલા આળસુ ચિત્તવાળાવ્રર્તતા થકા, મત્ત (ઉન્મત્ત) જેવા, મૂર્છિત જેવા, સુષુપ્ત જેવા, પુષ્કળ ઘી-સાકર ખીર ખાઈને તૃપ્તિ પામેલા (ધરાયેલા) હોય એવા, જાડા શરીરને લીધે જડતા(મંદતા,નિષ્ક્રિયતા) ઊપજી હોય એવા, દારુણ બુદ્ધિભ્રંશથી મૂઢતા થઈ ગઈ હોય એવા, જેનું વિશિષ્ટચૈતન્ય બિડાઈ ગયું હોય છે એવી વનસ્પતિ જેવા, મુનીદ્રની કર્મચેતનાને પુણ્યબંધના ભયથી નહિ અવલંબતા થકા અને પરમ નૈષ્કર્મ્યરૂપ જ્ઞાનચેતનામાં વિશ્રાંતિ નહિ પામ્યા થકા, (મામ) વ્યકત અવ્યકત પ્રમાદને આધીન વર્તતા થકા, પ્રાપ્ત થયેલા હલકા(નિકૃષ્ટ) કર્મફળની ચેતનાના પ્રધાનપણાવાળી પ્રવૃત્તિ જેને વર્તે છે એવી વનસ્પતિની માફક કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે નિશ્ચયને અવલંબનારા માફક કેવળ પાપને જ બાંધે છે. કહ્યું પણ છે કે નિશ્ચયને અવલંબનારા પરંતુ નિશ્ચયથી (ખરેખર) નિશ્ચયને નહિ જાણનારા કેટલાક જીવો બાહ્ય ચરણમાં આળસુ વર્તતા થકા ચરણપરિણામનો નાશ કરે છે.૪

વ્યવસાય :પ્રયત્ન (૨) ઉદ્યમ, નિર્ણય (૩) નિમિત્ત (૪)

વ્યવહાર :કહેવામાત્ર (૨) નિમિત્ત, રાગ,દુઃખ, આકુળતા, અસ્થિરતા (૩) નિમિત્ત, ઉપચાર, ભેદ, ઉપલક, સ્થૂળ દૃષ્ટિ (૪) ગુણમાં વિચાર દ્વારા ભેદ પાડી અખંડને સમજવું તે વ્યવહાર છે. (૫) અખંડના લક્ષે ભેદ વિચારમાં રહેવું, તે વ્યવહાર છે. (૬) સમ્યગ્દર્શન થયા પહેલાં અને સમ્યગ્દર્શન થયા પછી ચારિત્રમાં સ્થિર થયા પહેલાં અશુભ ભાવોને ટાળવા માટે શુભ ભાવોનું આલંબન આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. (૭) પરાશ્રિત ભાવ તે વ્યવહાર છે. (૮) ઉપચાર, કથનમાત્ર, કહેવા પૂરતું. (૯) સાધક ભાવ. (૧૦) કર્મો નિમિત્ત છે-પરવસ્તુ છે માટે વ્યવહાર છે.

વ્યવહારનય (•) કોઈ નિમિત્તની અપેક્ષાએ એક પદાર્થને બીજા પદાર્થરૂપે જાણવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે. જેમ કે- માટીના ઘડાને ઘીના રહેવાના નિમિત્તથી ઘીનો ઘડો કહે છે. (•) એક અખંડ દ્રવ્યને ભેદરૂપ વિષય કરવાવાળા જ્ઞાનને વ્યવહારનય કહે છે. (•) વ્યવહારનય પરાશ્રિત છે. અનેક વિષયોને એકપણે ગ્રહણ કરેલા પદાર્થોને વિધિપૂર્વક ભેદ કરે તે વ્યવહાર નય છે. (૧૧) આત્માના ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્ય સ્વરૂપને નિશ્ચય કહેવામાં આવે છે. આ ત્રિકાળી શુદ્ધતા તરફના વલણથી જીવનો જે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે યુદ્ધ પર્યાય ને વ્યવહાર કહેવામાં આવે છે, તે અદ્‌ભૂત વ્યવહાર છે અને અવસ્થામાં જે વિકાર કે રાગનો અંશ છે તે પર્યાય જીવનો અસદ્‌ભૂત વ્યવહાર છે.

શુભ ભાવ તે વ્યવહાર એવા ચારિત્રના મિશ્ર પર્યાય નીચલી અવસ્થામાં હોય છે.

સમ્યગ્દષ્ટિ જીવને નિશ્ચય (શુદ્ધભાવ) અને વ્યવહાર (શુભભાવ) એવા ચારિત્રના મિશ્ર પર્યાય નીચલી અવસ્થામાં એકી વખતે હોય છે. કોઈ વખતે નિશ્ચય (શુદ્ધભાવ) મુખ્યપણે હોય છે, કોઈ વખતે વ્યવહાર (શુભભાવ) મુખ્યપણે હોય છે. આનો અર્થ એવો છે કે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે તેનું નામ નિશ્ચય પર્યાય (શુદ્ધતા) છે અને તેમાં સ્થિર રહી શકે નહિ ત્યારે સ્વલક્ષે અશુભભાવ ટાળી શુભમાં રહે અને તે શુભને ધર્મ માને નહિ તેને વ્યવહાર પર્યાય (શુભપર્યાય) કહેવામાં આવે છે.કે કે જીવને શુભપર્યાય થોડા વખતમાં ટળી શુદ્ધપર્યાય પ્રગટે છે. આ ફેક્ષા લક્ષમાં રાખી વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય એમ પર્યાયાર્થિકનયે કહેવામાં આવે છે. તેનો અર્થ એવો છે કે સમ્યગ્દષ્ટિનો શુભ પર્યાય ટળી ક્રમે ક્રમે શુદ્ધ પર્યાય થતો જાય છે. (૧૨) પરાશ્રિત ભાવ તે વ્યવહાર (૧૩) ઉપચાર, અસત્યાર્થ, કથનમાત્ર (૧૪) ગુણમાં વિચાર દ્વારા ભેદ પાડી અખંડને સમજવું ને વ્યવહાર છે. બીજો વ્યવહાર નથી એમ આચાર્યદેવ કહે છે. (૧૫) જેમાં નિમિત્ત તરફની અપેક્ષાથી કહેવાય તેને વ્યવહાર કહે છે. સર્વજ્ઞાના શાસ્ત્રમાં જે પરાશ્રયવાત કહેવામાં આવી હોય તેને વ્યવહાર કહેવાય. (૧૬) આરોપીત ભાવ, ઔપાધિક ભાવ, સંયોગી ભાવ, પરાશ્રયભાવ. (૧૭) અસત્યાર્થ, ઉપચાર (૧૮) વસ્તુસ્વરૂપને જાણતાં વચ્ચે રાગમિશ્રિત વિચાર નિમિત્તપણે આવે છે, પણ તે સ્વરૂપમાં મદદગાર નથી, આમ જાણવું તે વ્યવહાર. (૧૯) એકનો બીજામાં ઉપચાર, બિલાડીને વાઘ કહેવી તે ઉપચાર છે. જેણે કદી વાઘ જોયો નથી તેને સમજાવવા બિલાડીને વાઘનો ઉપચાર કરી વાઘપણે ઓળખાય છે, પણ બિલાડી તે ખરેખર વાઘ નથી. જેને ઉપચારનું વ્યવહારનું ભાન નથી તે બિલાડીને જ ખરેખરો વાઘમાની લે છે. તેમ સર્વજ્ઞ ભગવાને અખંડ આત્માની ઓળખાણ કરાવવા ઉપચારથી વ્યવહારથી નવતત્ત્વના ભેદ કહ્યા છે. તે નવ તત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધાના ભેદને જ યથાર્થ આત્માનું સ્વરૂપ માની બેસે તેને વ્યવહારની પણ ખબર નથી. (૨૦) પૂર્ણ વીતરાગી તે દેવ, નિર્ગ્રંથ મુનિ તે ગુરુ અને સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રરૂપ ધર્મ, તે ત્રણેની ભકિતરૂપ શુભ વિકલ્પ તેને પણ જ્ઞાનીઓએ વ્યવહાર કહ્યો છે. (૨૧) નિમિત્ત, રાગ, દુઃખ,આકુળતા, અસ્થિરતા. (૨૨) પરાશ્રિત ભાવ તે વ્યવહાર છે. (૨૩) રાગ-દ્વેષ અને અજ્ઞાન છે તે વ્યવહાર છે. અને તેનું ફળ સંસાર છે. અજ્ઞાન પણ વ્યવહાર અને સંસાર પણ વ્યવહાર છે. એમ બન્ને વ્યવહાર છે. જેનું કારણ વ્યવહાર તેનું કાર્ય પણ વ્યવહાર જ હોય, આત્માની સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ જે નિર્મળ પર્યાય પ્રગટે તેના ફળમાં મોક્ષ પ્રગટે. જેનું કારણ નિશ્ચય તેનું કાર્ય

પણ નિશ્ચયરૂપ હોય છે. જેનું કારણ નિર્મળ તેનું કાર્ય પણ નિર્મળ હોય છે. અહીં આત્માની નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે. અને મલિન પર્યાયને વ્યવહાર કહ્યો છે. આત્માની નિર્મળ પર્યાયને વ્યવહાર કહેવાય છે પરંતુ અહીં સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાની પર્યાય છે, માટે નિશ્ચય કહ્યો છે. (૨૪) આત્મા સહજ ચિદાનંદ સ્વરૂપ છે, તેને નહિ જાણતાં પર પદાર્થમાં ઘાલમેલની વૃત્તિ આવે તે પરાશ્રિત, સંયોગાશ્રિત, નિમિત્તાશ્રિતભાવ છે, તે વ્યવહાર છે. (૨૫) શાસ્ત્રથી કે સત્સમાગમથી જિનશાસનને જાણે તે વ્યવહાર છે. (૨૬) અબંગ્રા લક્ષે ભેદ રૂપ વિચારમાં રહેવું તે વ્યવહાર છે. પરની ભકિત , પર અવલંબનના (૨૭) પરાશ્રિત બાવ તે વ્યવહાર. (૨૮) નિમિત્ત, આરોપ, કથન માત્ર (૨૯) પરાશ્રિત ભાવ તે વ્યવહાર, પરાશ્રિતભાવે પરને પોતાનું માનવું તે વ્યવહાર છે. (૩૦) પરાશ્રિત ભાવ તે વ્યવહાર

વ્યવહાર આત્મા :અનાત્મા

વ્યવહાર કાળ :પંદર નિમેષની એક કાષ્ટા, ત્રીશ કાષ્ટાની એકકળા, વીશથી કાંઈક અધિક કળાની એક ઘડી અને બે ઘડીનું એક મુહૂર્ત બને છે. 'અહોરાત્ર' સૂર્યના ગમનથી પ્રગટ થાય છે. અને તે એક અહોરાત્ર ત્રીશ મૂહૂર્તનું હોય છે. ત્રીશ અહોરાત્રનો એક માસ, બે માસની એક ઋતુ, ત્રણ ઋતુનું એક અયન અને બે અયનનું એક વર્ષ બને છે. આ બધો વ્યવહાર કાળ છે. પલ્યોપમ, સાગરોપમ વગેરે પણ વ્યવહારકાળના ભેદો છે.

વ્યવહાર ચારિત્ર :અશુભ કાર્યોથી નિવૃત્ત થવું અને શુભ કાર્યોમાં પ્રવૃત્ત થવું વ્યવહાર ચારિત્ર છે. (૨) જે મૂળ ચારિત્ર તો ન હોય પરંતુ ચારિત્રના પ્રકાશમાં સહાયક હોય તેને જ વ્યવહાર ચારિત્ર કહે છે. જે કોઈ વ્યવહાર ચારિત્ર પાળે, પરંતુ તે વડે નિશ્ચય સમ્યક્ ચારિત્રનો લાભ ન પામી શકે તો તે વ્યવહાર ચારિત્ર યથાર્થ કહેવાય નહિ, સમ્યક્ કહેવાય નહિ. જેમ કોઈ વેપાર ધંધો તો ઘણો કરે પરંતુ ધનનો લાભ ન કરી શકે તો તે વેપારને યથાર્થ વેપાર કહેવાય નહિ.

જયાં નિશ્ચય સમ્યક્ચારિત્રરૂપ સ્વાત્માનુભવ ઉપર લક્ષ છે, તેની જ ખોજતા છે, એમાં રમણતાનો પ્રેમ છે અને તેથી તેનાં નિમિત્ત સાધનોનો સંગ્રહ કરવામાં આવે છે તો તેને વ્યવહાર સમ્યક્ ચારિત્ર કહેવાય છે.

વ્યવહાર સમ્યક્ ચારિત્ર બે પ્રકારનું છે એક અણગાર અથવા સાધુચારિત્ર અને બીજું સાગર અથવા શ્રાવકચારિત્ર.

વ્યવહાર દૃષ્ટિ :વર્તમાન દૃષ્ટિ, સ્થૂળ દૃષ્ટિ, મોહ દૃષ્ટિ

વ્યવહાર નય :જે દૃષ્ટિથી પદાર્થનું ભેદરૂપ સ્વરૂપ અને અશુદ્ધ સ્વભાવ જોવામાં આવે છે તે દૃષ્ટિ, અપેક્ષા, નયને વ્યવહારનય કહે છે. (૨) અખંડ દ્રવ્યસ્વભાવનો સ્વીકાર કર્યા પછી, પ્રતીતમાં લીધા પછી અલ્પ વિકારી અવસ્થા બાકી રહે છે તેને જાણી લેવું તે વ્યવહાર નય.

વ્યવહાર માર્ગ :જયાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે. એવાં જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા જિનવચનોને કહેનારા શ્રી જિનગુરુની ભકિત, જિનબિંબના દર્શન ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજવાન છે. અને જેમને શ્રદ્ધાન-જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઈ તેમને પૂર્વકથિત કાર્ય, પરદ્રવ્યનું અવલંબન છોડવારૂપ અણુવ્રત-મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાનરૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઈત્યાદિ વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું-એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.

(*વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે. પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે. વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે. પરંતુ એમ સમજવુ કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.)

વ્યવહારનયને કથંચિત અસત્યાર્થ કહેવામાં આવ્યો છે, પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને

શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી, તેથી ઊલટો અશુભયોગમાં જ આવી ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જયાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે-એવો સ્યાદ્વાદ મતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

વ્યવહાર શુદ્ધિ :જીવની અવસ્થા જીવની યોગ્યતાના કારણે થાય છે. તે પર વલણમાં અટકે ત્યારે રજકણ સ્વયં રજકણની યોગ્યતાના કારણે બંધાય અને જીવ સ્વ વલણમાં ટકી ગુણનો વિકાસ કરે ત્યારે રજકણો તેના કારણે છૂટા થાય. તે રજકણોની કોઈ અવસ્થા આત્મા કરી શકે નહિ અને આત્માનો કોઈ ભાગ રજકણ ફેરવી શકે નહિ, બન્નેની સ્વતંત્ર અવસ્થા પોત-પોતાના કારણે છે. આમ દરેક વસ્તુની સ્વતંત્રતાનો સ્વીકાર કરવો તે વ્યવહારશુદ્ધિ છે. (૨) જીવની અવસ્થા જીવની યોગ્યતાના કારણે થાય છે. તે પર વલણમાં અટકે ત્યારે રજકણ સ્વયં રજકણની યોગ્યતાના કારણે બંધાય અને સ્વ વલણમાં ટકી ગુણનો વિસાક કરે ત્યારે રજકણો તેના કારણે છૂટાં થાય. તે રજકણોની કોઈ અવસ્થા આત્મા કરી શકે નહિ અને આત્માનો કોઈ ભાવ રજકણો ફેરવી શકે નહિ, બન્ને ની સ્વતંત્ર અવસ્થા પોત-પોતાના કારણે છે. આમ દરેક વસ્તુની સંવતંત્રતાનો સ્વીકાર કરોવ તે વ્યવહાર શુદ્ધિ છે.

વ્યવહાર શ્રુતકેવળી :જે જીવ જ્ઞાનની પર્યાયમાં બધા જ્ઞેયોને જાણે છે- છ દ્રવ્યો તેના ગુણો, પર્યાયો એમ બધા જ્ઞેયોને જાણે છે તેને વ્યવહાર શ્રુતકેવળી કહે છે. (૨) જેઓ ગુણ ગુણની ભેદથી પરમાર્થ માં

વ્યવહાર સમકિત :અંતઃતત્ત્વ એટલે પૂર્ણસ્વરૂપ શુદ્ધ જીવવસ્તુ અને બહિઃતત્ત્વ એટલે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા,બંધ અને મોક્ષ એ બે ભેદોવાળા તત્ત્વો એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. ઠ્યવહાર સમકિત એટલે જ રાગ, વિકલ્પ, વ્યવહાર સમકિત એ રાગની પર્યાય છે. શુદ્ધ સમકિત છે જ નહીં એ તો આરોપથી (સમકિત) છે. નિશ્ચય વીતરાગી પર્યાય તે નિશ્ચય સમકિત, અને શ્રદ્ધાનો વિકલ્પ-રાગ તે વ્યવહાર સમકિત છે.

વ્યવહાર સમ્યક્ત્વ :જીવ, અભ્વ આદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવું તેને વ્યવહાર સમ્યક્ત્વ કહે છે. આત્માના અને પર પદાર્થોના સંશય, વિપર્યય અને અનધ્યનસાયથી રહિત જ્ઞાનને વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાન :આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે દ્રવ્યશ્રુત દ્વારા છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનું જ્ઞાન આવશ્યક છે, તે પ્રાપ્ત કરવા પરમાગમનો અભ્યાસ કરવો અગત્યનો છે. આ શાસ્ત્રાભ્યાસ વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે.

વ્યવહાર સમ્યગ્દર્શન :સાત તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. જે સાત તત્ત્વ આ પ્રકારે છેઃ-

(૧) જીવ તત્ત્વ= ચેતના-લક્ષણવંત જીવ છે, સંસાર અવસ્થામાં તે અશુદ્ધ છે.

(૨) સજીવ તત્ત્વ=(૧) જીવને વિકારનું કારણ પુદ્ગલ, (૨) ધર્માસ્કિાય, (૩) અધર્માસ્તિકાય, (૪) આકાશ અને (૫) કાલ, એ પાંચ ચેતના રહિત અજીવ દ્રવ્ય આ જગતમાં છે.

(૩) આસ્રવ તત્ત્વ=કર્મોના આવવાનાં કારણને અથવા કર્મોના આવવાને આસ્રવ કહે છે.

(૪) બંધતત્ત્વ= કર્મોને આત્માની સાથે બંધાવાનાં કારણને અથવા કર્મોના બંધને બંધ કહે છે.

(૫) સંવરતત્ત્વ= કર્મોના આવવાને રોકનારા કારણો અથવા કર્મોનું આવવું રોકાઈ જવું તેને સંવર કહે છે.

(૬) નિર્જરાતત્ત્વ= કર્મોના કોઈ અંશે ક્ષયનાં કારણને અથવા કર્મોના કોઈ અંશે ક્ષયને નિર્જરા કહે છે.

(૭) મોક્ષતત્ત્વ= સર્વ પ્રકારે કર્મોથી છૂટી જવાનાં કારણને અથવા સર્વાંશે કર્મોથી પૃથક્ થવાને મોક્ષ કહે છે.

આ વિશ્વ જીવ અને અજીવ અર્થાત્ છ દ્રવ્યોનો -જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ એનો સમુદાય છે. પુદ્ગલોમાં સૂક્ષ્મ જાતિની કર્મવર્ગણા છે. અથવા કર્મ સ્કંધ છે. તેના સંયોગથી આત્મા અશુદ્ધ થાય છે. આસ્રવ અને બંધતત્ત્વ અશુદ્ધતાનાં કારણને બતાવે છે. સંવર

અશુદ્ધતાને રોકવાનો અને નિર્જરા અશુદ્ધતાને દૂર કરવાનો ઉપયા બતાવે છે, મોક્ષ બંધરહિત શુદ્ધ અવસ્થાને બતાવે છે. આ સાત તત્ત્વ ઘણાં ઉપયોગી છે, તેને બરોબર જાણ્યા વિના આત્માનો કર્મરોગ મટી શકતો નથી. આ સાત તત્ત્વોની સાચી શ્રદ્ધા વ્યવહાર સમ્યગ્દર્શન છે, તેના મનનથી નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. એટલા માટે એ નિશ્ચય સમ્યક્ત્વ થવામાં બાહ્ય નિમિત્ત કારણ છે. અંતરંગ નિમિત્ત કારણ અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ કર્મનો ઉપશમ થવો કે દબાઈ જવું તે છે.

વ્યવહાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ :

(૧) નિશ્ચય સમ્યદ્જર્શન હોય ત્યારે તેની સાતે વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય તેનું અહીં વર્ણન છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેને વ્યવહાર સમ્યગ્દર્શન પણ હોઈ શકે નહિ, નિશ્ચય શ્રદ્ધા સહિત સાત તત્ત્વની વિકલ્પ-રાગ સહિતની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

(૨) તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહીં જે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે તે ભેદરૂપ છે. રાગ સહિત છે. તેથી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. નિશ્ચય મોક્ષમાર્ગમાં કેવું નિમિત્ત હોય તે બતાવવા અહીં ત્રીજી ગાથા કહી છે. પણ તેનો અર્થ એવો નથી કે નિશ્ચય સમકિત વિના કોઈને પણ વ્યવહાર સમકિત હોઈ શકે.

વ્યવહાર સમકિત :અંતઃતત્ત્વ સ્વરૂપ ભગવાન આત્મા અને બહિઃતત્ત્વ એવી નિર્મળ પર્યાય એ બંની માન્યતા (શ્રદ્ધાન) એ વ્યવહાર સમકિત છે. બેને વિષય કરે એ રાગ છે.(તેથી જીવને રાગ જ ઉત્પન્ન થાય) વ્યવહાર સમકિત એ રાગરૂપ પરિણામ છે.

વ્યવહાર-અકલવ્રત :વ્યવહાર સકલવ્રતમાં તો પાપોનો સર્વ દેશ ત્યાગ કરવામાં આવે છે અને વ્યવહાર અણુવ્રતમાં તેનો એકદેશ ત્યાગ કરવામાં આવે ચે. એટલો એ બન્નેમાં તપાવત છે.

વ્યવહારકાળ :સમય, નિમેષ, કાષ્ટા, કલા, નાલી, મુહૂર્ત, દિવસ,રાત્રિ,માસ,ઋતુ અને સંવત્સરાદિ તે વ્યવહાર કાળ છે. (૨) કાળ દ્રવ્યની, ઘડી, દિવસ, માસ આદિ પર્યાયોને, વ્યવહાર કાળ કહે છે.

વ્યવહાર ચારિત્ર :વ્યવહાર ચારિત્ર શુભકર્મને બાંધે છે તે મોક્ષનો ઉપાય નથી.

વ્યવહારથી :વર્તમાન દષ્ટિથી, સ્થૂળ દષ્ટિથી (૨) પર નિમિત્તની અપેક્ષાથી, એક સાથે રહેલાને જુદા જુદા કહેવા, ભેદ પાડીને સમજાવવું, તે વ્યવહાર છે.

વ્યવહારથી પરંપરાએ નિશ્ચય પ્રાપ્ત થાય :વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય પ્રાપ્ત થાય.

વ્યવહારથી પરંપરાએ નિશ્ચય પ્રાપ્ત થાય :વ્યવહાર કરતાં નિશ્ચય પ્રાપ્ત થાય.

વ્યવહારદષ્ટિ :અવસ્થા દષ્ટિ, સંયોગાધીન દષ્ટિ, નિમિત્તાધીન દષ્ટિ પરાશ્રિતદષ્ટિ, વર્તમાન સ્થૂળ દષ્ટિ એ બધા એકાર્થવાચક છે. (૨) લૌકિક સમઝ, લોક વ્યવહારનો ખ્યાલ

વ્યવહારનું લક્ષણ :એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવીને કથન કરે, એકના ભાવને બીજાના ભાવમાં ભેળવીને કથન કરે અને કારણમાં કાર્યને ભેળવીને કથન કરે એવું વ્યવહારનું લક્ષણ છે.

વ્યવહારનય :વ્યવહારનય ચાર પ્રકારે છે તે નીચે પ્રમાણે છેઃ-

(૧) અનુપચરિત સદ્ભૂતવ્યવહાર

(૨) ઉપચરિત સદ્ભૂતવ્યવહાર,

(૩) અનુપચરિત અસદ્ભૂતવ્યવહાર,

(૪) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર. આ ચાર વ્યવહારનયની વ્યાખ્યા આ પ્રમાણે છે.

(૧) અનુપચરિત સદ્ભૂતવ્યવહાર :- જ્ઞાન તે આત્મા એમ કહેવું તે અનુપચરિત સદ્ભૂત વ્યવહાર છે. 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં ત્રિકાળી જ્ઞાયકમાં ભેદ પડયો તેથી વ્યવહાર જ્ઞાન આત્માનું છે અને તે આત્માને જણાવે છે માટે અનુપચરિત સદ્ભૂત વ્યવહાર છે.

(૨) ઉપચરિત સદ્ભૂત વ્યવહાર :- જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું તે ઉપચરિત સદ્ભૂત વ્યવહાર છે. 'જ્ઞાન રાગને જાણે છે' એમાં જાણનારું જ્ઞાન પોતાની પર્યાય છે માટે સદ્ભૂત, ત્રિકાળીમાં ભેદ પાડયો માટે વ્યવહાર અને રાગ જે પર છે, પોતાના સ્વરૂપમાં નથી તેને જાણે છે તે ઉપચાર છે. આ પ્રમાણે જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું ઉપચરિત સદ્ભત વ્યવહાર છે.

(૩) ઉપચરિત અસદ્‌ભૂત વ્વહાર :- આત્માની પર્યાયમાં જે રાગ છે તે શુદ્ધ સત્‌રૂપ આત્મવસ્તુમાં નથી તેથી અસદ્‌ભૂત છે. ભેદ પાડયો તે વ્યવહાર છે અને જ્ઞાનમાં સ્થૂળપણે જણાય છે તેથી ઉપચરિત છે. આ રીતે સ્થૂળ રાગને આત્માનો કહેવો તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર છે.

(૪) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર :- જે સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વકનો રાગારી જે વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, ખ્યાલમાં આવતો નથી તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર છે. જે વ્યવહાર બધોય અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. શુદ્ધનય ભૂતાર્થ હોવાથી ભૂત અર્થને એટલે છતા ત્રિકાળી પદાર્થને પ્રગટ કરે છે. ઠ્યવહાર અભૂતાર્થ છે તેથી વ્યવહાર છે જ નહિ એમ નહિ પણ વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી તેથી હેય છે.

વ્યવહારનય :અનેક પ્રકારના ભેદ કરી વ્યવહાર કરે- ભેદને વ્યવહારમયે છે સંગ્રહ-નય વ્યવહાર ગ્રહણ કેરેલ પદાર્થો નો વિધિપુર્વક ભેદ કરે તને વ્યવહારનય કહે છે. જેમ સત બે પ્રકારે છે. દ્રવ્ય અને ગુણ.

દ્રવ્યનાં છ ભેદ છે. જીવ પુદગલ,ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ ગુણ નાં બે ભેદ છે. સામાન્ય અને વિશેષ આ રીતે જયાં સુધી ભેદ થઈ શકે છે ત્યાં સુધી આનય પ્રવર્તે છે. (૨) પરમાર્થે જીવ એક જ છે. અધ્યવસાનાદિ ભાવો જીવ નથી. અશુદ્ધતાને કરે એવી જીવમાં કોઈ શકિત કે ગુણ નથી. પર્યાયમાં જે અશુદ્ધતાનો વિકારી ભાવો થાય છે તે જીવમાં છે એમ વ્યવહારથી કહેવાય છે, ખરેખર એ મૂળ વસ્તુમાં નથી. વ્યવહાર રત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતાનો વિકલ્પ, નવતત્ત્વના ભેદરૂપ શ્રદ્ધાનનો રાગ, શાસ્ત્ર ભણવાની રુચિનો વિકલ્પ, પાંચ મહાવ્રત પાળવાનો વિકલ્પ, છ કાયના જીવોની રક્ષાનો વિકલ્પ એ બધામાં આત્મા વ્યાપતો નથી છતાં એ બધામાં આત્મા છે એમ કહેવું એ વ્યવહારનય છે. (૩) પરમાર્થનો પ્રતિપાદક (કહેનાર) હોવાથી વ્યવહારનય સ્થાપન કરવા યોગ્ય છે તેમજ બ્રાહ્મણે કલેચ્છ ન થવું એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય નથી. (૪) જેમ અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે. તેમાં તફાવત નથી. એ રીતે આ વ્યવહારનય નિષેધવા યોગ્ય જ છે. (૫) વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અસુદ્ધ દ્રવ્ય છે, તેથી તે પરમાર્થ નથી. નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધ દ્રવ્ય છે. તેથી તે જ પરમાર્થ છે. (૬) મલિન ઊણી અવસ્થાનું પડખું જોવું તે વ્યવહારનય. (૭) અભૂત અર્થને પ્રગટ કરે છે એવો વ્યવાહરનય ચાર પ્રકારે છે

(•) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય, (•) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય, (•) ઉપચરિત સદ્‌ભૂતવ્યવહારનય, (•) અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય. (૭) પરાશ્રયથી વિકાર થાય છે માટે વ્યવહારનય. (૮) અભેદમાં ભેદ પાડીને કથન કરવું તે વ્યવહારનય છે. (૯) જે એક વસ્તુને પર વસ્તુની અપેક્ષાએ જાણે અને કથન કરે તે જ્ઞાનને વ્યવહારનય કહેવાય છે. (૧૦) પરાશ્રિતો વ્વહાર જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્વહાર કહીએ. કિંચિતમાત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે. એને જાણીને શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને સંસારના કારણ જે આસ્રવબંધ તેને ઓળખી , મુકિત થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે . અજ્ઞાની એને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઈચ્છે છે તે રહેલાં જ વ્યવહારસાધન ને છોડીને પાપાચરણમાં જોડાઈ, નરકાદિક દુઃખસંકટમાં જઈને પડે છે. તેથી ઉપચાર કથનનું પણ જાણપણું જોઈ. તે વ્વહારનયને આધીન છે. એથી વ્યવહારનયનું પણ જ્જાણપણું જોઈએ. (૧૧) સત્યાર્થ એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે એમ જાણવું તે. અથવા પર્યાયભેદ નું કથન પણ વ્યવહારનયે કથન છે. (૧૨) વ્યવહારનય એક દ્રવ્યની અવસ્થાને બીજા દ્રવ્યની અવસઅતારૂપે કથન કરે છે માટે તે વ્યવહાર વ્યાપકરૂપે નથી.

વ્યવહારનય અને નિશ્ચયનય :સ્વભાવ દષ્ટિએ રાગાદિનો કર્તા નથી, છતાં પુરુષાર્થ ની નબળાઈથી રાગ થાય છે-તેને જાણવું તે વ્યવહારનય છે. ઢળવું પોતાન્યપૂર્ણ સ્વભાવ તરફ અને જ્ઞાન કરવું દ્રવ્ય-પર્યાય બન્નેનું જે અવસ્થામાં

રાગ ન હોય તો પછી ત્યાંથી પાછું વળવાનું શું ? અને સ્વભાવ અવિકારી ન હોય તો પછી વળવું શેમાં ? ઢળવું શેમાં ? સ્વભાવ અવિકારી છે, તેના તરફ ઢળે છે ને પર્યાયમાં વિકાર છે તેના તરફથી પાછો વળે છે. નાટે નિશ્ચયનયનો વિષય સ્વભાવ અને વ્યવહારનયનો વિષય પર્યાયનો તે બન્ને નય જ્ઞાન કરવા યોગ્ય છે અને આદરવા યોગ્ય નિશ્ચયનય છે.

વ્યવહારનય આશ્રયે :વ્યવહારનયની અપેક્ષાએ

વ્યવહારનયાભાસ :શુભાશુભ વિકારી ભાવને પોતાના મનવા તે વ્યવહારનયાભાસ છે.

વ્યવહાર-નિશ્ચયના અવિરોધ :છઠ્ઠા ગુણસ્તાને મુનિયોગ્ય શુધ્ધ પરિણતિ નિરંતર હોવી તેમજ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના અવિશેળ (સુમેળ) નું ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમજ દેશવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.

વ્યવહાર-નિશ્ચયના સુમેળપણામાં વીતરાગતાની સિદ્ધ :વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ (સુમેળપણે) અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ (અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતા રહે એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે બીજી રીતે થતી નથી.

છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તેમજ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય-વ્યવહારના અવિરોધ (સુમેળ)નું ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી તે જ દેશવ્રતાદિસંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચયવ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.

ઉપરોકત વાત વિશેષ સમજાવવામાં આવે છે :-

અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો વ્યવહારનયે ૧ ભિન્ન સાધ્ય સાધનભાવને અવલંબીને ૨ સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે. (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે.)

૧. (૧મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને પ્રાથમિક ભૂમિકામાં સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે. અને તેનું સાધન વ્યવહારનયે (આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે. આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારનાં કહેવામાં આવ્યાં છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)

૨ (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થ સેવનની પ્રાથમિક દશામાં (મોક્ષમાર્ગ સેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાન-જ્ઞાનસારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદ-રત્નમય) હોય છે, કારણ કે અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.)

જેમકેઃ (૧) આ શ્રદ્ધેય (શ્રદ્ધવાયોગ્ય) છે,(૨) આ અશ્રદ્ધેય છે, (૩) આ શ્રદ્ધનાર છે. અને (૪) આ શ્રદ્ધાન છે, (૧) આ જ્ઞેય (જાણ વાયોગ્ય) છે, (૨) આ અજ્ઞેય છે, (૩) આ જ્ઞાતા છે અને (૪) આ જ્ઞાન છે, (૧) આ આચરણીય(આચરવાયોગ્ય) છે, (૨) આ અવારણીય છે. (૩) આ આચરનાર છે અને (૪) આ આચરણ છે,-એમ (૧) કર્તવ્ય(કરવાયોગ્ય), (૨) અકર્તવ્ય, (૩) કર્તા અને (૪) કર્મરૂપ વિભાગોના અવલોકન વડે જેમને કોમળ ઉત્સાહ ઉલ્લસિત થાય છે એવા તેઓ (પ્રાથમિક જીવો) ધીમે ધીમે મોહમલ્લને (રાગાદિન) ઉખેડતા જાય છે. કદાચિત અજ્ઞાનને લીધે (સ્વસંવેદનજ્ઞાનના અભાવને લીધે) મદ (કષાય) અને પ્રમાદને વશ થવાથી પોતાનો આત્મ-અધિકાર(આત્માને વિષે અધિકાર)

શિથિલ થઈ જતાં પોતાને ન્યાયમાર્ગમાં પ્રવર્તાવવા માટે તેઓ પ્રચંડ દંડનીતિનો પ્રયોગ કરે છે. ફરી ફરીને (પોતાના આત્માને) દોષાઅનુસાર પ્રાયશ્ચિત દેતા થકા તેઓ સતત ઉદ્યમવંત વર્તે છે. વળી, ભિન્ન વિષયવાળાં (વ્યવહાર-શ્રદ્ધાનજ્ઞાનચારિત્રના વિષયો આત્માથી ભિન્ન છે. કારણકે વ્યવહારશ્રદ્ધાનનો વિષય નવ પદાર્થો છે, વ્યવહારજ્ઞાનનો વિષય અંગ-પૂર્વ છે અને વ્યવહાર ચારિત્રનો વિષય આચારાદિસૂત્રકથિત મુનિ-આચારો છે.) શ્રદ્ધાન -જ્ઞાન-ચારિત્ર વડે (આત્માથી ભિન્ન જેના વિષયો છે એવા ભેદરત્નત્રય વડે) જેનામાં સંસ્કાર આરોપાતા જાય છે એવા ભિન્ન સાધ્યસાધનભાવવાળા પોતાના આત્મા વિષે-ધોબી દ્વારા શિલાની સપાટી ઉપર ઝીંકવામાં આવતા, નિર્મળ જળ વડે પલાળવામાં આવતા અને ક્ષાર (સાબુ) લગાડવામાં આવતા મલિન વસ્ત્રની માફક- થોડી વિશુદ્ધિ પ્રાપ્ત કરીને, (જેવી રીતે ધોબી પાષાણશિલા,પાણી અને સાબુ વડે મલિન શુદ્ધિ કરતો જાય છે, તેવી રીતે માક્પદવીસ્થિત જ્ઞાની જીવ ભેદરત્નત્રય વડે પોતાના આત્મામાં સંસ્કાર આરોપી તેની થોડી થોડી શુદ્ધિ કરતો જાય છે. એમ વ્યવહારનય કહેવામાં આવે છે. પરમાર્થ એમ છે કે તે ભેદરત્નમનવાળા જ્ઞાની જીવને શુભ ભાવોની સાથે જે શુદ્ધાત્મસ્વરૂપનું આંશિક આલંબન વર્તતું હોય છે તે જ ઉગ્ર થતું વિશેષ શુદ્ધિ કરતું જાય છે. માટે ખરેખર તો, શુદ્ધાત્મસ્વરૂપનું આલંબન કરવું તે જ શુદ્ધિ પ્રગટાવવાનું સાધન છે અને તે આલંબનની ઉગ્રતા કરવી તે જ શુદ્ધિની વૃદ્ધિ કરવાનું સાધન છે. શુદ્ધિની વૃદ્ધિના ઉપચરિત સાધનપણાનો આરોપ પણ તે જ જીવના શુભભાવોમાં આવી શકે છે. કે જે જીવે શુદ્ધિની વૃદ્ધિનું ખરું સાધન(શુદ્ધાત્મસ્વરૂપનું યથોચિત આલંબન) પ્રગટ કર્યું હોય) તે જ પોતાના આત્માને નિશ્ચયનયે ભિન્નસાધ્યસાધનભાવના અભાવને લીધે, દર્શન જ્ઞાન ચારિત્રનું સમાહિતપણું (અભેદપણું). જેનું રૂપ છે, સકળ ક્રિયાકાંડના આડંબરની નિવૃત્તિને લીધે(અભાવને લીધે) જે નિસ્તરંગ પરમ ચૈતન્યશાળી છે તથા જે નિર્ભર આનંદથી સમુદ્ધ છે અવા ભગવાન આત્મામાં વિશ્રાંતિરચતા થકા (અર્થાત્ દર્શન જ્ઞાન ચારિત્રના ઐક્યસ્વરૂપ, નિર્વિકલ્પ પરમ ચૈતન્યશાળી તથા ભરપૂર આનંદયુકત એવા ભગવાન આત્મામાં પોતાને સ્થિર કરતા થકા) ક્રમે સમરસીભાવ સમુત્પન્ન થતો જતો હોવાથી પરમ વીતરાગભાવને પ્રાપ્ત કરી સાક્ષાત્ મોક્ષને અનુભવે છે.

<u>વ્યવહારની શુદ્ધિની યોગ્યતા</u> :વ્યવહાર શુદ્ધિની યોગ્યાતાના ત્રણ પ્રકાર છે...

(૧) સંસાર તરફના વિચાર બંધ કરી , પાંચ ઈન્દ્રિયના વિષયનાં તીવ્ર રાગથી પાછો ફરી, મનશુદ્ધિ વડે સાચા નવતત્ત્વની ભૂમિકામાં આવ્યો તે પોતાની યોગ્યતા છે.

(૨) પોતાની વર્તમાન યોગ્યતા અને નિમિત્તની યોગ્યાતરૂપ હાજરીનો સ્વીકાર કર્યો કે પર મને ભૂલ કરાવતું નથી પણ જયારે હું પરલક્ષે વિકાર કરું ત્યારે મારી જ યોગ્યતાથી ભૂલ અને વિકાર ક્ષણિક અવસ્થામાં થાય છે. એ પાપના નિમિત્તથી અને વિકલ્પથી જરા ખસીને પોતાની અવસ્થાના શુભ વ્યવહારમાં આવ્યો તે પુણ્યભાવ પૂર્વનું કોઈ કર્મ કરાવતું નથી. આ નિમિત્તની શુદ્ધતા છે.

(૩) નિમિત્તરૂપ જે દેવ, ગુરૂ, શાસ્ત્ર તે પરચી જ છે; મારી યોગ્યતાની તૈયારી થઈ ત્યાં સાચા દેવ-ગુરૂનું નિમિત્ત તેના સ્વતંત્ર કારણે હાજર હોય છે. તીર્થરૂપ વ્યવહારથી બીજાને મોક્ષમાર્ગ સમજાવતાં પરમાર્થની શ્રદ્ધા માટે પ્રથમ નવતત્ત્વના ભેદ પાડવા પડે છે; તે ભેદથી અભેદ ગુણમાં જવાતું નથી. પણ પોતાની જાતની તૈયારી કરી જયારે અખંડ રૂચિના જોરથી યથાર્થ નિર્મળ અંશનો ઉત્પાદ અને વિકાર તેમજ ભૂલનો નાશ કરે છે, ત્યારે પોતાના અનુસાર તેવાં નિમિત્તને (દેવ, ગુરૂ, શાસ્ત્ર કે નવતત્ત્વના ભેદને) ઉપચારથી ઉપકારી કહેવાય છે. જો પોતાથી ન સમજે તો અનંત કાળનો સંસાર ખાતેનો પરાશ્રયરૂપ વ્યવહારભાસ એવોને એવોજ ઊભો જ છે.

વ્યવહાર-પરમાર્થ સ્વરૂપ :તે ઘણા કાળે કોઈ પ્રકારે પણ મોક્ષનાં સાધનના કારણભૂત થવાનો ઉપાય છે. જે જ્ઞાન કદાપિ પરમાર્થ સ્વરૂપ એવા જ્ઞાનીએ ન આપ્યું હોય, પણ તે જ્ઞાની પુરુષે સતમાર્ગ સન્મુખ આકર્ષે એવો જે જીવને ઉપદેશ કર્યો હોય તે જીવને રુચ્યો હોય તેનું જ્ઞાન તે વ્યવહાર-પરમાર્થ સ્વરૂપ છે.

વ્યવહારભાસી :જીવને શુભભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ન સ્વીકારે અને તેથી તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારાભાસી છે. તેને ક્રિયાજડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તે તો વ્યવહારભાસથી પણ ઘણે દૂર છે.

વ્યવહારભાસી ભાવ :પરાવલંબી આશ્રયભાવ.

વ્યવહારભાસીનું સ્વરૂપ :જીવને શુભભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ન સ્વીકારે અને તેથી તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારભાસી છે. જેને ક્રિયાજડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તે તો વ્યવહારઆભાસથી પણ ઘણે દૂર છે.

વ્યવહારમાર્ગ :વહેવારુ કામકાજમાં લક્ષ્ય રાખી જીવન જીવવાનો માર્ગ

વ્યવહારમોક્ષમાર્ગ :સમ્યગ્દર્શન -જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ત્યાં (છ) દ્રવ્યરૂપ અને (નવ) પદાર્થરૂપ જેમના ભેદો છે એવાં ધર્માદિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ ભાવ (ધર્માસ્તિકાયાદિની તત્ત્વાર્થપ્રતીતિરૂપ ભાવ) જેનો સ્વભાવ છે એવો 'શ્રદ્ધાન' નામનો ભાવવિશેષ તે સમ્યક્ત્વ, તત્ત્વાર્થ શ્રદ્ધાનના સદ્ભાવમાં અંગપૂર્વગત પદાર્થોનું અવબોધન (જાણવુ) તે જ્ઞાન, આચારાદિસૂત્રો વડે કહેવામાં આવેલા અનેકવિધ મુનિ-આચારોના સમસ્ત સમુદાયરૂપ તપમાં ચેષ્ટા(પ્રવર્તન) તે ચારિત્ર, આવો આ સ્વપરહેતુનું પર્યાયને આશ્રિત, ભિન્ન સાધ્ય સાધનભાવવાળા વ્યવહારનયના આશ્રયે (વ્યવહારનયની અપેક્ષાએ) અનુસરવામાં આવતો મોક્ષમાર્ગ, સુવર્ણપાષાણને લગાડવામાં આવતા પ્રદીપ્ત અગ્નિની માફક સમાહિત અંતરંગવાળા જીવને(અર્થાત્ જેનું અંતરંગ એકાગ્ર-સમાધિ-પ્રાપ્ત છે એવા જીવને) પદે પદે પરમ રમ્ય એવી ઉપરની શુદ્ધ ભૂમિકાઓમાં અભિન્ન વિશ્રાંતિ (અભેદરૂપ સ્થિરતા) નિપજાવતો થકો જો કે ઉત્તમ સુવર્ણની માફક શુદ્ધ જીવ કથંચિત ભિન્નસાધ્યસાધન ભાવના અભાવને લીધે સ્વયં (પોતાની મેળે) શુદ્ધ સ્વભાવે પરિણમે છે તો પણ - નિશ્ચયમોક્ષમાર્ગના સાધનપણાને પામે છે. (આચાર્ય શ્રી જયસેનઆચાર્યદેવકૃત ટીકામાં પંચમગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહાર માક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છે.:- 'વીતરાગ સર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી સમ્યક્શ્રદ્ધાન તેમ જ જ્ઞાનબન્ને, ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે. ચારિત્ર તપોધનને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાન યોગ્ય પંચમાહવ્રત-પંચસમિતિ-ત્રિગુપ્તિ-ષડાવશ્યકાદિરૂપ હોય છે. અને ગૃહસ્થને ઉપાસક ધ્યયનગ્રંથમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પંચમગુણ સ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમા રૂપ) હોય છે. એ પ્રમાણે વ્યવહારમોક્ષમાર્ગનું લક્ષણ છે. (૨) અહીં એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે જીવ વ્યવહાર મોક્ષમાર્ગને પણ અનાદિ અવિદ્યાનો નાશ કરીને જ પામી શકે છે, અનાદિ અવિદ્યાના નાશ પહેલાં તો (અર્તાત્ નિશ્ચયનયના-દ્રવ્યાર્થિકનયના -વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ભાન કર્યા પહેલાં તો) વ્યવહારમોક્ષમાર્ગ પણ હોતો નથી. (૩) પંચમ ગુણસ્થાનવર્તી ગૃહસ્થને પણ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવ્યું છેઃ- વીતરાગ સર્વજ્ઞપ્રણીત જીવાદિપદાર્થો સંબંધી સમ્યક્ શ્રદ્ધાન તેમ જ જ્ઞાન બન્ને , ગૃહસ્થને અને તપોધનને સમાન હોય છે. ચારિત્ર, તપોધનોને આચારાદિ ચરણગ્રંથોમાં વિહિત કરેલા માર્ગ પ્રમાણે પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાન-યોગ્ય પંચમહાવ્રત-પંચ સમિતિ-ત્રિગુપ્તિ-ષટાશ્યકાતદિરૂપ હોય છે અને ગૃહસ્થોને ઉપાસકાધ્યયનગ્રંથમાં વિહિને માર્ગ પ્રમાણે પંચમગુણસ્થાનયોગ્ય દાન-શીલ-પૂજા-ઉપવાસાદિરૂપ અથવા દાર્શનિક-વ્રતિકાદિ અગિયાર સ્થાનરૂપ (અગિયાર પ્રતિમારૂપ) હોય છે. એ પ્રમાણે વ્યવહાર મોક્ષમાર્ગનું લક્ષણ છે.

વ્યવહારરત્નત્રય :પ્રશ્નઃ-પ્રભુ! આ પાપનો અધિકાર ચાલે છે. જેમાં આપ વ્યવહારરત્નત્રયની વાત કેમ કરો છો? વ્યવહારરત્નત્રયતો પુણ્ય છે. જેનો ઉત્તર આપે છેઃ એક તો વ્યવહારરત્નત્રયમાં આવતાં જીવ પરાધીન થાય છે અને બીજું સ્વરૂપમાંથી પતિત થાય ત્યારે જ વ્યવહારરત્નત્રયમાં આવે છે. જેથી નિશ્ચયનયની અપેક્ષાએ તે પાપ જ છે.

વ્યવહાર રાશિ :

વ્યવહાર-વ્યવહાર સ્વરૂપ :એનું ફળ આત્મપ્રત્યયી નથી સંભવતું. અને તે સિવાય શાસ્ત્રાદિ જાણનાર સામાન્ય પ્રકારે માર્ગાનુસાર જેવી ઉપદેશવાત કરે, તે શ્રદ્ધાય તે વ્યવહાર-વ્યવહાર સ્વરૂપ છે. સુગમપણે સમજવા એમ ચાર પ્રકાર થાય છે.

વ્યવહારવિમૂઢ :વ્યવહારમાં જ વિમૂઢ (૨) વ્યવહારની મોહી, વ્યવહારમાં જ વિમૂઢ

વ્યવહારશુદ્ધિ :વ્યવહારશુદ્ધિની યોગ્યતામાં નીચેના ત્રણ પ્રકાર આવ્યા છે.

(૧) સંસાર તરફના વિચાર બંધ કરી પાંચઈન્દ્રિયના વિષયનાં તીવ્ર રાગથી પાછો ફરી મનશુદ્ધિ વડે સાચા નવતત્ત્વની ભૂમિકામાં આવ્યો તે પોતાની યોગ્યતા છે.

(૨) પોતાની વર્તમાન યોગ્યતા અને નિમિત્તની યોગ્યતારૂપ હાજરીનો સ્વીકાર કર્યો કે પર મને ભૂલ કરાવતું નથી પણ જયારે હું પરલક્ષે વિકાર કરું ત્યારે મારી જ યોગ્યતાથી ભૂલ અને વિકાર ક્ષણિક અવસ્થામાં થાય છે. એ પાપના નિમિત્તથી અને વિકલ્પથી જરા ખસીને પોતાની અવસ્થાના શુભ વ્યવહારમાં આવ્યો તો પુણ્ય ભાવ પૂર્વનું કોઈ કર્મ કરાવતું નથી. આ નિમિત્તની શુદ્ધતા છે.

(૩) નિમિત્તરૂપ જે દેવ, ગુરુ, શાસ્ત્ર ને પરચીજ છે, મારી યોગ્યતાની તૈયારી થઈ ત્યાં સાચા દેવ, ગુરુનું નિમિત્ત તેના સ્વતંત્ર કારણે હાજર હોય છે. તીર્થરૂપ વ્યવહારથી બીજાને મોક્ષમાર્ગ સમજાવતાં પરમાર્થની શ્રદ્ધા માટે પ્રથમ નવતત્ત્વના ભેદ પાડવા પડે છે. તે ભેદથી અભેદ ગુણમાં જવાતું નથી, પણ પોતાની જાતની તૈયારી કરી જયારે અખંડ રુચિના જોરથી યથાર્થ નિર્મળ અંશનો ઉત્પાદ અને વિકાર તેમ જ ભૂલનો નાશ કરે છે ત્યારે પોતાના તેવા અનુસાર નિમિત્તને (દેવ, ગુરુ, શાસ્ત્ર, કે નવતત્ત્વના ભેદને) ઉપચારથી ઉપકારી કહેવાય છે.

જો પોતાથી ન સમજે તો અનંતકાળનો સંસાર ખાતેનો પરાશ્રયરૂપ વ્યવહાર ભાસ એવોને એવો ઊભો જ છે.

દરેક વસ્તુની અવસ્થા પોતાથી સ્વતંત્રપણે બદલાય । કરે છે. કોઈની અવસ્થામાં કોઈ નિમિત્ત કાંઈ કરતું નથી, બન્ને પદાર્થની સ્વતંત્ર યોગ્યતા માને ત્યારે વ્યવહાર પુણ્ય પરિણામરૂપ નવતત્ત્વની શુદ્ધિના આંગણે આવે છે. અને તે નવતત્ત્વના વિચારમાંથી એકલા અવિકારી સ્વભાવને માનવો તે જ સમ્યગ્દર્શન છે. નિમિત્ત-નૈમિત્તિકપણું અવસ્થાથી વ્યવહારે છે. દ્રવ્ય દ્રવ્યનું નિમિત્ત વયિવહારે પણ નથી.

વ્યવહારશુદ્ધિની યોગ્યતાના ત્રણ પ્રકાર :

(૧) સંસાર તરફના વિચાર બંધ કરી પાંચ ઈન્દ્રિયના વિષયના તીવ્ર રાગથી પાછો ફરી, મનશુદ્ધિ વડે સાચા નવ તત્ત્વની ભૂમિકામાં આવ્યો તે પોતાની યોગ્યતા છે.

(૨) પોતાની વર્તમાન યોગ્યતા અને નિમિત્તની યોગ્યતારૂપ હાજરીનો સ્વીકાર કર્યો કે પર મને ભૂલ કરાવતું નથી પણ જયારે હું પર લક્ષે વિકાર કરું ત્યારે મારી જ યોગ્યતાથી ભૂલ અને વિકાર ક્ષણિક અવસ્થામાં થાય છે. એ પાપના નિમિત્તથી અને વિકલ્પથી જરા ખસીને પોતાની અવસ્થાના શુભ વ્યવહારમાં આવ્યો તે પુણ્યભાવનું કોઈ કર્મ કરાવતું નથી. આ નિમિત્તની શુદ્ધતા છે.

(૩) નિમિત્તરૂપ જે દેવ, ગુરુ, સાસ્ત્ર તે પરચીજ છે. મારી યોગ્યતાની તૈયારી થઈ ત્યાં સાચા દેવ-ગુરુનું નિમિત્ત તેના સ્વતંત્ર કારણે હાજર હોય છે. તીર્તરૂપ વ્યવહારથી બીજાને મોક્ષમાર્ગ સમજાવતાં પરમાર્થની શ્રદ્ધા માટે પ્રથમ નવતત્ત્વના ભેદ પાડવા પડે છે, તે ભેદથી અભેદ ગુણમાં જવાતું નથી, પણ પોતાની તૈયારી કરી જયારે અખંડ રુચિના જોરથી યથાર્થ નિર્મળ અંશને ઉત્પાદ અને વિકાર તેમ જ ભૂલનો નાશ કરે છે ત્યારે પોતાના તેવા અનુસાર નિમિત્તને (દેવ,ગુરુ, શાસ્ત્ર કે નવતત્ત્વના ભેદને) ઉપચારથી ઉપકારી કહેવાય

છે. જો પોતાથી ન સમજે તો અનંતકાળનો સંસાર ખાતેનો પરાશ્રયરૂપ વ્યવહારભાસ એવોને એવો ઉભો જ છે.

દરેક વસ્તુની અવસ્થા પોતાથી સેવતંત્રપણે બદલાયા કરે છે. કોઈની અવસ્થામાં કોઈ નિમિત્ત કાંઈ કરતું નથી, બન્ને પદાર્થની સ્વતંત્ર યોગ્યતા માને ત્યારે વ્યવહારપુણ્ય પરિણામરૂપ નવતત્ત્વના વિચારમાંથી એકલા અવિકારી સ્વભાવને માનવો તે જ સમ્યગ્દર્શન છે. નિમિત્ત-નૈમિત્તિકપણું અવસ્થાથી વ્યવહારે છે. દ્રવ્ય પુણ્યનું નિમિત્ત વ્યવહારે પણ નથી.

વ્યવહાર સમ્યગ્દર્શન :જીવ, અજીવ, આર્સવ, બંધ સંવર, નિર્જરા અને મોક્ષ આ સાતે તત્ત્વોનું જેમ છે તેમ ભેદરૂપ અટલ શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. જો કે સાત તત્ત્વોની ભેદની અટળ શ્રદ્ધા શુભરાગ છે. તેથી તે ખરેખર સમ્યગ્દર્શન નથી પણ નીચલી ભૂમિકામાં દશમાં ચોથા-પાંચમાં -છઠ્ઠા ગુણ સ્થાનમાં નિશ્ચય-સમકિતની સાથે સહચર હોવાથી તે વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે.

વ્યવહારાભાસ :પરમાર્થ સ્વરૂપ સમજયા પછી જ વ્યવહાર સાચો સમજી શકાય છે. પરમાર્થ વગરનો સમજેલો વ્યવહાર તે વ્યવહાર નથી પણ વ્યવહારાભાસ છે.

વ્યસ્તરૂપ :વેરાયેલા રૂપ, ઊલટા રૂપ, વહેંચાયેલા રૂપ

વ્યસન :

વ્યવહાર :આરોપ

વ્યાકુળ :વિહ્વળ, ગભરાયેલું, બેબાકળું (૨) બેચેન, પરેશાન

વ્યાકુળતા :મૂંઝવણ

વ્યાખેય :સમજાવવાયોગ્ય (૨) વ્યાખ્યા થઈ શકે તેવું (૩) સમજાવવા યોગ્ય (૪) સમજાવવો યોગ્ય

વ્યાખ્યા :વ્યાખ્યાન, સ્પષ્ટીકરણ, સ્પષ્ટ કથન, વિવરણ (૨) સમજૂતી (૩) વસ્તુનું પૂરતું અને આવશ્યક વર્ણન, વિસ્તૃત કે સ્પષ્ટ અર્થ, ટીકા.

વ્યાખ્યાતા :વ્યાખ્યા કરનાર, સમજાવનાર (૨) વ્યાખ્યા કરનાર, સમઝાવનાર.

વ્યાખ્યાન :જે અનંતકાળની અજાણી વસ્તુસ્થિતિ છે, તેનો અધિકાર આવ્યે તેનું સ્વરૂપ જેવું હોય તેવું ખુલ્લું કરવું તે વ્યાખ્યાન છે.

વ્યાઘાત :પ્રબળ આઘાત, વિરોધ, વિઘ્ન, અડચણ, ભંગ, અવજોગ

વ્યામ :વ્યપાયેલ, પ્રસરાયેલ, ફેલાયેલ (૨) વ્યાપક થઈ રહેલું, ફેલાઈ ગયેલું, વ્યાપેલું

વ્યાધિ :શરીરમાં રોગાદિ (૨) રોગ (૩) શારીરિક કષ્ટપ્રદ રોગો, જન્મ, જરા, મરણ અને શોકાદિ ઉપદ્રવો. (૪) બીમારી, રોગ.

વ્યાપ વ્યાપકભાવ :જે નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમાડા અને અગ્નિમાં સહચારીપણું છે. જયાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ વિના ધૂમાડો ન હોય. તેમ રાગાદિભાવ અને આત્મામાં સહચારીપણું છે. રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ. આત્મા વિના રાગાદિ ન હોય. આ વ્યાપ્તિ ક્રિયામાં જે કર્મ છે તેને વ્યાપ્ય કહીએ. આત્મા કર્તા છે તેને વ્યાપક કહીએ. આવી રીતે જયાં વ્યાપ્યવ્યાપક સંબંધ હોય ત્યાં કર્તાકર્મ સંબંધ સંભવે, બીજા સ્થાનમાં ન સંભવે.

વ્યાપક :(વ્યાપક નામ) કર્તા-દ્રવ્ય (૨) દ્રવ્ય છે. કર્તા છે. પ્રસરવું. (૩) થનારો (૪) વસ્તુ પોતે, પ્રસરનાર, વિશાળ (૫) પ્રસરવું, થનારો, થનારતે (૬) તે દ્રવ્યની અવસ્થા તે દ્રવ્યમાં જ થાય, બીજા દ્રવ્યમાં ન થાય. (૭) તન્મયઃ ભાવક કર્તા (૮) થનારો

વ્યાપ્ય વ્યાપક :જ્ઞાન સામાન્ય વ્યાપક છે અને જ્ઞાનના વિશેષો-ભેદો વ્યાપ્ય છે. જ્ઞાનવિશંષોનાં નિમિત્ત જ્ઞેયભૂત સર્વ દ્રવ્યો અને પદાર્થો છે.

વ્યાપ્ય વ્યાપક ભાવ :વ્યાપ્ય વ્યાપકપણું તત્વસ્વરૂપમાં જ હોય, એટલે કે જડની અવસ્થા તે વ્યાપ્ય અને જડ વસ્તુ પોતે વ્યાપક. એ રીતે વ્યાપ્ય વ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય. ક્ષણે ક્ષણે જે અવસ્તા થાય છે તે વસ્તુને આધારે જ થાય છે. વસ્તુમાં વ્યાપીને જ થાય છે. વ્યાપક એટલે થનારો અને વ્યાપ્ય એટલે જે થાય થે. અવસ્થા કયાંક જુદી થાય અને થનારો કયાંય જુદા રહી જાય તેમ બને નહિ. શરીર-વાણીની અવસ્થા તે પુદ્ગલ દ્રવ્યમાં જ વ્યાપેલી છે. પુદ્ગલ દ્રવ્યના જ આધારે છે માટે થવાને અને થનારને બન્નેને મેળ છે. એક તત્ત્વથી બીજા તત્ત્વનું કાંઈ પણ થાય તેમ બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં જો વ્યાપે તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી શકે, કર્તા થઈ શકે, પરંતુ એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં વ્યાપે એવો સંભવ જ જયાં નથી, અવકાશ જ જયાં નથી ત્યાં કર્તાકર્મની સ્થિતિ હોય જ કયાંથી ? અર્થાત્ કર્તાકર્મ ની સ્થિતિ ન જ હોય.

એ રીતે કર્તા કર્મની સ્થિતિ રહિત દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી પરથી જુદો, પરથી નિરાળો આત્મા છે. રીરાદિ અને સ્ત્રી, કુટુંબ આદિ પર તરફ ઢળતો જે જે ભાવ તે મારો સ્વભાવ નથી, આવો પ્રબળ વિવેક થતા જ્ઞાનપ્રકાશ ખીલી નીકળે છે. આત્મજયોત ઝળકી ઊઠે છે.

વ્યાપકભાવ :કર્તાભાવ : વ્યાપક એટલે વસ્તુપોતે, વ્યાપ્ય એટલે અવસ્થા.

વ્યાપત :પ્રસરેલ, વિસ્તાર

વ્યાપૃત :રોકાયેલું, ગૂંથાયેલું, મશગૂલ, મગ્ન

વ્યામ્ર :વ્યાપીને રહેવું, થવાને લાયક, થવું, સ્થિર થવું

વ્યામ્ર :પ્રસરેલ, વ્યાપક, ફેલાવું, પ્રસાર

વ્યાપત થવું :લેપાયું.

વ્યાપ્તિ :નિયમ, અવિનાભાવ સંબંધ (૨) વ્યાપક થઈ રહેવું એ, ફેલાઈ જવું એ, ફેલાવો, પ્રસાર (૩) ફેલાઈ જવું એ, ફેલાવો, પ્રસાર, વ્યાપક થઈ રહેવું એ. (૪) સાહચર્યના નિયમને વ્યાપ્તિ કહે છે. અર્થાત્જયાં લક્ષણ હોય ત્યાં લક્ષ્ય પણ હોય તેનું નામ વ્યાપ્તિ છે. તેથી જયાં જયાં મૂર્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે. અને જયાં મૂર્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી. મૂર્છાની પરિગ્રહની સાથે વ્યાપ્તિ છે. કોઈ જીવ નગ્ન છે. બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો અંતરંગમાં મૂર્છા અર્થાત્ મમત્વ પરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે. અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને પીંછી, કમંડળરૂપ બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ અંતરંગમાં મમત્વ નથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત છે. (૫) સાહચાર્યના નિયમને વ્યાપ્તિ કહે છે. અર્થાત્ જયાં લક્ષણ હોય ત્યાં લક્ષણ પણ હોય તેનું નામ વ્યાપ્તિ છે. તેથી જયાં જયાં મૂર્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે અને જયાં મૂર્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી.મૂર્છાની પરિગ્રહની સાથે વ્યાપ્તિ છે. કોઈ જીવ નગ્ન છે, બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો અંતરંગમાં મૂર્છા અર્થાત્ મમત્વ પરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે. અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને પીંછીં, કમંડળરૂપ બાહ્ય પરિગ્રહ હોવા છતાં અંતરંગમાં મમત્વ નથી તેથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે.

વ્યાપનારો :રહેનારો

વ્યાપ્ય :વ્યપાવાયોગ્ય, જ્ઞાન સામાન્ય વ્યાપક છે અને જ્ઞાનના વિશેષોભેદો વ્યાપ્ય છે. જે જ્ઞાનવિશેષોનાં નિમિત્તો જ્ઞેયભૂત સર્વ દ્રવ્યો અને પર્યાયો છે. (૨) વ્યપાવા યોગ્ય, જ્ઞાન સામાન્ય વ્યાપક છે એને જ્ઞાનના વિશેષો-ભેદો વ્યાપ્ય છે. જે જ્ઞાનવિશેષોનાં નિમિત્ત જ્ઞેયભૂત સર્વ દ્રવ્યો અને પર્યાયો છે. (૩) (વ્યાપ્ય નામ) કર્મ-વિકારી પર્યાય (૪) અવસ્થા, પ્રસરવું, ફેલાવું. (૫) ભાવ્ય, અનુભાવ્ય, ભોગ્ય, ભોકતા (૬) તે પર્યાય છે. કર્મ છે. પ્રસરનાર. (૭) પ્રસરવારૂપે, પ્રસાર, જે થાય તે થવા દે. (૮) જે થાય છે તે (૯) થાય છે. (૧૦) વ્યપાય જવું, જડ દ્રવ્યમય બની જવું, જડની અવસ્થામાં પેસી જવું.

વ્યાપ્ય વ્યાપક ભાવ :આત્મા વ્યાપક છે અને અવસ્થા વ્યાપ્ય છે.

વ્યાપ્યવ્યાપક સંબંધ :જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે અને કોઈ એક અવસ્થાવિશેષ તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આમ હોવાથી દ્રવ્યતો વ્યાપક છે. અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ' અથવા સત્ત્વ તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્ત્વ, આમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે. આવું વ્યાપ્ય વ્યાપકપણું તત્વસ્વરૂપમાં જ (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય, અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય, જયાં વ્યાપ્ય વ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય, વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય, આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે. આમ જાણતાં તે જ્ઞાની થાય છે., કર્તાકર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતા-દ્રષ્ટા-જગતનો સાક્ષીભૂત -થાય છે.

વ્યાપ્ત :ધારણા કરવું, ધરીરાખવું

વ્યપરોપણ કરવું :ઘાત કરોવ, પીડા કરવી.

વ્યાપાર :ઉદ્યોગ, ક્રિયા, ઉદ્યમ (૨) પ્રવૃત્તિ (૩) ઉદ્યોગ, ક્રિયા (૪) પ્રવૃત્તિ (સ્વરૂપ વિશ્રાંતિ યોગીને પોતાનાં પૂર્વોપાર્જિત કર્મોમાં પ્રવર્તન નથી. કારણ કે તે મોહનીય કર્મના વિપાકને પોતાથી ભિન્ન -અચેતન-જાણે છે તેમ જ તે કર્મવિપાકને અનુરૂપ પરિણમતી નથી તેણે ઉપયોગને પાછો વાળ્યો છે.) (૫) પ્રવૃત્તિ (૬) ઉદ્યોગ, ક્રિયા. (૭) પ્રવૃત્તિ

વ્યાપિત :નિયમ, અવિનાભાવસંબંધ

વ્યાપ્તિ :વ્યપાવું, પ્રસરાવું, ફેલાવું

વ્યામોહ :સબળ મોહ, ભ્રાન્તિ, અજ્ઞાત (૨) મોહ (૩) સબળ મોહ, ભ્રાન્તિ, અજ્ઞાન (૪) મોહ (૫) ભ્રમ, વિવેકમૂઢતા, બુદ્ધિની મૂઢતા. (૬) ભ્રમ, વિવેકમૂઢતા. (૭) તીવ્ર મોહ (૮) મિથ્યા અભિપ્રાય.

વ્યાવૃત્ત :પાછો વળેલ, અલગ ગયેલ, નિવર્તેલ, નિવૃત્ત, ભિન્ન (૨) જુદું, છૂટું, ભિન્ન (૩) છૂટા (૪) જુદું, છૂટું, ભિન્ન (૫) પાછો વળેલું, અલગ અલગ ગયેલ, નિવર્તેલ, નિવૃત્ત, ભિન્ન (૬) પાછું વાળવું, નિવર્તવું, નિવૃત્ત થવું (૭) પાછો વળેલ અલગ થયેલ, નિવર્તેલ, નિવૃત્ત, ભિન્ન (૮) છૂટા થવું. (૯) જે વસ્તુમાં અવસ્થા ભેદ પ્રગટ કરે તેને વ્યાવૃત્ત પ્રતીતિ અથવા વ્યતિરેક કહે છે.

વ્યાવૃત્તિ :ભિન્ન, અભાવ

વ્યાવૃત્ત કરીને :પાછો વળીને, અટકાવીને, અલગ કરીને.

વ્યાવૃત્ત થવું :નિવર્તવું, નિવૃત્ત થવું, પાછાવળવું (૨) જુદા થવું, અટકવું, રહિત થવું, પાછા ફરવું

વ્યાવૃત્તઅતિથિ સંવિભાગના પાંચ અતિચાર :૧. ઘરનું કામ અધિક હોવાથી પોતાના હેથે દાન ન દેતાં બીજાના હાથે અપાવવું. ૨. આહારની વસ્તુને લીલા પાંદડામાં મૂકી રાખવી. ૩. આહારની વસ્તુઓ લીલા પાંદડાથી ઢાંકવી. ૪. મુનિ મહારાજને આવવા.

વ્યાવૃત્તપણું :ભિન્નપણું

વ્યાવૃત થવું :નિવર્તવું, નિવૃત્ત થવું, પાચા વળવું

વ્યાવર્તક :ભિન્નતા બતાવનાર (૨) પરસ્પર મળેલી વસ્તુઓમાં એક બીજાની ભિન્નતાનો સહજ બોધ કરવામાં સમર્થ હોય છે તેમને જ વ્યાવર્તક લક્ષણ કહેવામાં આવે છે. (૩) ભિન્નતા બતાવનાર, પરસ્પર મળેલી વસ્તુઓમાં એકબીજાની ભિન્નતાનો સહજ બોધ કરાવવામાં સમર્થ હોય છે. (૪) પરસ્પર મળેલી વસ્તુઓમાં એકબીજાની ભિન્નતાનો સહજ બોધ કરાવવામાં સમર્થ હોય છે તેમને જ લક્ષણ કહેવામાં આવે છે. (૫) ભિન્નતા બતાવનાર, જુદું પાડી બતાવનાર, વિભેદક (૬) ભિન્નતા બતાવનાર. (૭) પરસ્પર મળેલી વસ્તુઓમાં એક બીજાની ભિન્નતાનો સહજ બોધ કરાવવામાં સમર્થ હોય છે. (૮) વ્યાવૃત કરનારું, જુદુ પાડનારું. પરસ્પર મળેલી વસ્તુઓમાં એકબીજાની ભિન્નતાનો સહજ બોધ કરવામાં સમર્થ હોય છે.

વ્યાહતિ :ભંગ, વિક્ષેપ

વ્યોમપુષ્પ :આકાશમાં ફૂલ(શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે)

વ્યવહાર અને નિશ્ચય :રાગ-દ્વેષ અને અજ્ઞાન છે તે વ્યવહાર છે. અને તેનું ફળ સંસાર છે, અજ્ઞાન પણ વ્યવહારઅને સંસાર પણ વ્યવહાર છે એમ બન્ને વ્યવહાર છે. જેનું કારણ વ્યવહાર તેનું કાર્ય પણ વ્યવહાર જ હોય. આત્માની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે નિર્મળ પર્યાય પ્રગટે તેના ફળમાં મોક્ષ પ્રગટે. જેનું કારણ નિશ્ચય તેનું કાર્ય પણ નિશ્ચયરૂપ હોય છે. જેનું કારણ નિર્મળ તેનું કાર્ય પણ નિર્મળ હોય છે. આત્માની નિર્મળ પર્યાયને નિશ્ચયનય કહ્યો છે.અને મલિન પર્યાયને વ્યવહાર કહ્યો છે. આત્માની નિર્મળ પર્યાયને વ્યવહાર કહેવાય છે. પરંતુ અહીં સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાની પર્યાય છે માટે નિશ્ચય કહ્યો છે.

વ્યવહાર એકાંતનું સ્પષ્ટીકરણ :જે કોઈ જીવો વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવવાળા શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન -જ્ઞાન-અનુષ્ઠાનરૂપ નિશ્ચય મોક્ષમાર્ગથી નિરપેક્ષ કેવળ શભાનુષ્ઠાનરૂપ વ્યવહારનયને જ મોક્ષમાર્ગ માને છે. તેઓ તેના વડે દેવલોકાદિના કલેશની પરંપરા પામતા થકા સંસારમાં પરિભ્રમણ કરે છે, પરંતુ જો શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ નિશ્ચય મોક્ષમાર્ગની માને અને નિશ્ચય

મોક્ષમાર્ગ તેં અનુષ્ઠાન કરવાની શકિતના અભાવને લીધે નિશ્ચયસાધક શુભાનુષ્ઠાન કરે, તો તેઓ સરાગ સમ્યક્દૃષ્ટિ છે અને પરંપરાએ મોક્ષને પામે છે. -આમ વ્યવહાર એકાંતના નિરાકરણની મુખ્યતાથી બે વાકય કહેવામાં આવ્યાં.

(અહીં જે સરાગ સમ્યગ્દૃષ્ટિ જીવો કહ્યા તે જીવોને સમ્યગ્દર્શન તો યથાર્થ જ પ્રગટયું છે પરંતુ ચારિત્ર અપેક્ષાએ તેમને મુખ્યપણે રાગ હયાત હોવાથી તેમને 'સરાગ સમ્યગ્દૃષ્ટિ' કહ્યા છે. એ સમજવું. વળી તેમને જે શુભ અનુષ્ઠાન છે તે માત્ર ઉપચારથી જ નિશ્ચય સાધક (નિશ્ચયના સાધનભૂત) કહેવામાં આવ્યું છે એમ સમજવું.)

વ્યતિરેકો :ઊપજવાપણું તથા નષ્ટ થવાપણું દર્શાવે છે.

વ્યપરોપણ :નાશ

વિષમતા :વિપરીતતા, ભયાનકતા, કરુણતા

વ્યાવૃત્ત થવું :જુદા થવું, અટકવું, રહિત થવું, પાછા ફરવું

વ્યવહાર તપ :જે જીવને સહજ શુદ્ધ સ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચયતપ હોય તો જીવના, હઠ વિના વર્તતા અનશનાદિ સંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. જેમાં વર્તતો શુદ્ધિરૂપ અશ તે નિશ્ચયતપ છે અને શુભપણારૂપ' અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. (મિથ્યાદૃષ્ટિને નિશ્ચય તપ નથી તેથી અનશનાદિ સંબંધી શુભભાવોને વ્યવહાર-તપો પણ કહેવાતા નથી, કારણ કે જયાં વાસ્તવિક તપનો સદ્ભાવ જ નથી, ત્યા તે શુભ ભાવોમાં આરોપ કોનો કરવો.

વર્ગ :જે કર્મના રસની શકિતઓના અવિભાગ પરિચ્છેદોના સમૂહરૂપ વર્ગ છે તે બધોય જીવને નથી કેમ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. (૨) ફળપ્રદ શકિતનો અંશ (૩) પુદ્ગલ પરમાણુ અત્યંત સૂક્ષ્મ છે. અમુક ચોકકસ પ્રકારના સરખા પરિમામે પરિણમેલા પરમાણુઓના સમૂહથી વર્ગ થાય છે. (૪) સમાન અવિભાગ પ્રતિચ્છેદોને ધારણ કરનાર પ્રત્યેક કર્મ પરમાણુને વર્ગ કહે છે. કર્મના રસની શકિતઓના અવિભાગ પરિચ્છેદોના સમૂહરૂપ વર્ગ.

વર્ગણા :જે વર્ગોના સમૂહરૂપ વર્ગણા છે તે બધીય જીવને નથી કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી પોતાની અનુભૂતિથી ભિન્ન છે. (૨) સમાન અવિભાગ પ્રતિચ્છેદોના ધારક કર્મપરમાણુના સમુહને વર્ગ કહે છે તેવા વર્ગોના સમૂહને વર્ણવા કહે છે (૩) કર્મનો સ્કંધ (૪) ઉપર મજબના વર્ગના સમૂહથી વર્ગણા થાય છે. તેવી કર્મરૂપ પરિણમવાની શકિતવાળી કાર્મણ વર્ગણાઓ લોકમાં સર્વત્ર ભરપૂર છે. (૫) વર્ગના સમૂહને વર્ગણા કહે છે. સજાતીય વસ્તુઓનો સમુદાય

વર્ગણાઓ :લોકમાં અનંત પરમાણુની બનેલી વર્ગણાઓ છે, અસંખ્યાત પરમાણુઓની બનેલી વર્ગણાઓ પણ અનંત છે. અને (દ્વિઅણુક સ્કંધ, ત્રિઅણુક સ્કંધ ઈત્યાદિ) સંખ્યાન પરમાણુની બનેલી વર્ગણાઓ પણ અનંત છે. (અવિભાગી પરમાણુઓ પણ અનંત છે.)

વજ્રર્ષભનારાચ સંહનન આદિ :વજ્રર્ષભનારસ,વજનારાય,નાચય, અર્ધનારાય, કીલિકા અથવા અસંપ્રાપ્તાસૃપાટિકા સંહનન છે તે હાંડકાંની મજબુતાઈની વાત કરે છે. વજ્રર્ષભનારાય સંહનન વિના કેવળ જ્ઞાન જ થાય એમ આવે છે ને ? ભાઈ, નિશ્ચયથી તો કેવળજ્ઞાનની પર્યાય પોતાના કારણે થાય છે. દ્રવ્યના તથા ગુણના કારણે થાય છે એમ પણ નથી. તે પર્યાયનું પરિણમન, પોતાના ષટ્કારકથી તે રૂપે પરિણમવાનો કાળ છે તેથી થાય છે. વજ્રર્ષભનારાય સંહનન નિમિત્ત છે માટે કેવળજ્ઞાન થાય છે એમ નથી. સ્ત્રીને ત્રણ સંહનન હોય છે. અને તેથી તેને કેવળજ્ઞાન થાય નહીં એમ શાસ્ત્રમાં આવે છે. એ તો સ્ત્રી પર્યાયમાં કેવળ જ્ઞાન થવાની યોગ્યતા નથી તેથી થતું નથી ત્યારે નિમિત્ત કેવું હોય છે. જેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. સ્ત્રીનું શરીર છે માટે સાધુપણું આવતું નથી એમ નથી. પરંતુ સ્ત્રીનો દેહ હોય તેને આત્માની પરિણતિનું છઠ્ઠું ગુણસ્થાન આવે એવી યોગ્યતા જ હોતી નથી એમ નિમિત્તનું ત્યાં યથાર્થ જ્ઞાન કરાવ્યું છે.

જેને પૂર્ણજ્ઞાન થવાનું છે તેના શરીરની દશા નગ્ન જ હોય છે. વસ્ત્ર હોય અને મુનિપણું આવે તથા વસ્ત્ર સહિતને કેવળ જ્ઞાન થાય એ વસ્ત્રનું સ્વરૂપ' જ નથી. છતાં પરદ્રવ્ય છે માટે કેવળ જ્ઞાન નથી એમ નથી. ભારે વિચિત્ર! એક

બાજુ એમ કહે કે વસ્ત્ર સહિતને મુનિપણું આવે નહિ અને વળી પાછું એમ કહે કે પર દ્રવ્ય નુકશાન કરે નહિ! ભાઈ, મુનિપણાની દશા છે તે સંવર-નિર્જરાની દશા છે. હવે સંવર-નિર્જરાની દશા છે તે કાળમાં વિકલ્પની એટલી જ મર્યાદા છે કે તેમાં વસ્ત્રાદિગ્રહણનો (હીન) વિકલ્પ હોઈ શકે નહિ. જેથી જેને વસ્ત્ર-ગ્રહણનો વિકલ્પ છે તેને તે ભૂમિકામાં મુનિપણું સંબધિત નથી. તેથી જે કોઈ વસ્ત્રસહિત મુનિપણું માને છે તેને આસ્રવસહિત સાતેય તત્ત્વની ભૂલ છે. જેથી તો શ્રી કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે કે વસ્ત્રનો ધાગો પણ રાખીને જો કોઈ મુનિપણું માને કે મનાવે તો તે નિગોદમાં જાય છે. (અષ્ટપાહુડ)

અહીં કહે છે કે સંહનનમાત્ર જીવને નથી. જે વજ્રર્ષભનારાય, વજનારાય, નારાય, અર્ધનારાય, કીલિકા, અથવા અસંપ્રાપ્ત સૃપાટિકા સંહનન છે તે બધુંય જીવને નથી કારણ કે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે.

વર્જવું :ત્યાગવું (૨) છોડી દેવું, જતું કરવું, તરછોડી દેવું, ત્યાગી દેવું, મના કરવી.

વર્ણ :રંગ, પાચ છે. :-કાળો, લીલો, પીળો, રાતો, અને ધોળો (૨) રંગ (૩) પાંચ પ્રકારના વર્ણ છે : કાળો, લીલો, પીળો, રાતો અને ધોળો. આ બધા પુદ્ગલ દ્રવ્યના પરિણામ છે. જીવ આત્માને કોઈ વર્ણ નથી. (૪) વર્ણના પાંચ ભેદો છે. રાતો,પીળો, કાળો, લીલો ને ધોળો. બાકીના રંગો એકબીજાના મિશ્રણથી થાય છે.

(૫) પાંચ પ્રકારના છે-૧. કૃષ્ણ (કાળો) ૨. નીલ (આસમાની), ૩. પીળો, ૪. રાતો અને ૫. શુક્લ (ધોળો)

વર્ણનામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરનો રંગ હોય. રંગ = વાન

વર્ણાદિમય :રાગમય, રાગના સંબંધમય

વર્ણાદિમાન :વર્ણાદિવાળો

વર્ણાદિમાન જીવ :રામાદિમય જીવ, રાગના સંબંધવાળો જીવ, રંગ-રાગ-ભેદમયજીવ

વર્ણો :અનાદિ સિદ્ધ અક્ષરોનો સમૂહ

વર્તતુ :રહેલું

વર્તના :વર્તમાન પર્યાય (૨) પરિણમન (૩) વર્તમાન પર્યાય (૪) પરિવર્તન (૫) પરિવર્તન કાર્ય

વર્તમાન :એટલે વ્વહાર અને ત્રિકાળ એટલે નિશ્ચય. વ્વહાર તે પર્યાય પૂરતો છે તે પર્યાય વર્તમાન ક્ષણ પૂરતી છે. અને અખંડ સ્વભાવ તે ત્રિકાળ છે. તે ત્રિકાળ સ્વભાવ ઉપર દષ્ટિ મૂકવી તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં દ્રવ્ય ને પર્યાય બન્ને એક થઈ ઝાય છે. સમ્યગ્દર્શન ભલે અવસ્થા છે પણ તે અવસ્થા જેના ઉપર વળે છે તે દ્રવ્ય છે. જેવું દ્રવ્ય છે તેવી પર્યાય પ્રગટે છે માટે દ્રવ્ય પર્યાય બન્ને એક થઈ ઝાય છે.

વર્તમાન કાળ ગોચર કરીને :વર્તમાનકાળમાં જ વર્તતા હોય એમ જાણીને (૨) વર્તમાનકાલમાં જ વર્તતા હોય એમ

વર્તમાન સંયોગાધ્તન દષ્ટિથી આત્માનું અનેક પ્રકારે પરિણમન :વર્તમાન સંયોગાધીન દષ્ટિમાં

વર્તમાનકાળ :પંચમકાળમાં પ્રથમ સંહનનવાલા જીવોને જેવું શુકલધ્યાન થાય છે. તેવું વર્તમાન કાળમાં નથી. આ કાળમાં ભરતક્ષેત્રમાં વીતરાગ ભગવાન શુકલ ધ્યાનનો નિષેધ કરે છે. ઉપરામ શ્રેણી તથા ક્ષપકશ્રેણી પણ અત્યારે નથી. તાત્પર્ય એ છે કે પરમાત્માના ધ્યાનથી અંતર્મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) મોક્ષ થાય છે. સંસારની લાંબી સ્થિતિ ઘટાડવા અર્થે વર્તમાનમાં ધર્મધ્યાનનું સેવન કરવું જોઈએ, કે જેથી પરંપરાએ મોક્ષ પણ મળી શકે. ધર્મ -ધ્યાનના સેવનથી જ શુકલધ્યાન કરવા યોગ્ય સામગ્રી જીવને મળે ચે તેથી ધર્મધ્યાન જીવને મહાન ઉપકારી છે.

વર્તવું :અસ્તિત્વ

વર્દ્ધમાન અવધિજ્ઞાન :જે અવધિજ્ઞાન શુકલપક્ષના ચંદ્રની કળાની માફક વધતું રહે તેને વર્દ્ધમાન કહે છે.

જે અવધિજ્ઞાન કૃષ્ણપક્ષના ચંદ્રની કળાની માફક ઘટતું રહે તેને હીયમાન કહે છે.

વરધ :વધારો, લાભ, ફાયદો, શુભદિવસ, મંગલ દિવસ, માંગલિક એક વિધિ, માંગલિક દિવસ પહેલાનો મુહૂર્ત પછીનો તે તે દિવસ

વર્મણાઓ :લોકમાં અનંત પરમાણુની બનેલી વર્મણાઓ અનંત છે, અસંખ્યાત પરમાણુઓની બનેલી વર્ગણાઓ પણ અનંત છે અને દ્વિઅણુક સ્કંધ , ત્રિઅણુક સ્કંધ ઈત્યાદિ સંખ્યાત પરમાણુની બનેલી વર્ગણાઓ પણ અનંત છે. (અવિભાગી પરમાણુઓ પણ અનંત છે.)

વરવીર્ય :ઉત્તમ વીર્ય

વર્ષા :વષાઋતુ, શ્રાવણ અને ભાદરવામાસની બે માસની ઋતુ. ચોમાસાની ઋતુ

વરાક :બિચારું, બાપડું, કંગાળ, રાંક

વરિષ્ઠ :સર્વોત્તમ

વલખાં :અકળામણ, મૂંઝવણ, નકામો પ્રયત્ન

વલખાં મારવા :ફાંફા મારવા, અકળાવુ, મુંઝાવું, નકામો પ્રયત્ન કરવો.

વલણ :લક્ષ

વલપાદિ વિકારો :કંકણ આદિ પર્યાયો.

વનસ્પતિ :સાધારણ અને પ્રત્યેક

વશે પામો :આશ્રય કરીને પામો

વશિત્વ :બીજાઓને વશ કરવાની શકિત

વૃષ :ધર્મ

વસે છે :અંગીકાર કરે છે.

વસ્તુ :સત્ (૨) વસ્તુ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. ત્યાં ત્રૈકાલિક ઊર્ધ્વ પ્રવાહ સામાન્ય તે દ્રવ્ય છે, સાથે સાથે રહેનારા ભેદો તે ગુણો છે. અને ક્રમે ક્રમે થતા ભેદો તે પર્યાયો છે. આવાં દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી. આ રીતે વસ્તુ દ્રવ્યગુણ પર્યાયમય હોવાથી તે ઉપજે છે, વિણસે છે અને ટકે છે, અને તેથી તેમાં ક્રિયા (પરિણમન) થયા જ કરે છે. માટે પરિણામ વસ્તુનો સ્વભાવ જ છે. (૩) દ્રવ્ય, ગુણ ને પર્યાયની એકતા વિનાની કોઈ વસ્તુ હોતી નથી, બીજી રીતે કહીએ તો, વસ્તુ ઉત્પાદ-વ્યય (૪) જે વસ્તુ સમયમાત્ર છે, તે સર્વ કાળ છે. જે ભાવ છે તે છે. જે નથી તે નથી. બે પ્રકારનો પદાર્થ સ્વભાવ વિભાગપૂર્વક સ્પષ્ટ દેખાય છે. જડ સ્વભાવ અને ચેતન સ્વભાવ (૫) જો વસ્તુને પરિણામ વિનાની માનવામાં આવે તો ગોરસ વગેરે વસ્તુઓના દૂધ, દહીં આદિ પરિણામો પ્રત્યક્ષ દેખાય છે તેની સાથે વિરોધ આવે. (૬) આત્મવસ્તુ, આત્મ અનુભવ.

વસ્તુ અને અવસ્થા :વસ્તુ વગરની અવસ્થા ન હોય ને અવસ્થા વગરની વસ્તુ ન હોય.

વસ્તુ સ્વતઃસિદ્ધ છે :વસ્તુ કહો, દ્રવ્ય કહો, પદાર્થ કહો કે ચીજ કહો- બધાનો અર્થ એક જ છે. ગુણ અને પર્યાય જેમાં વસે તેન વસ્તુ કહે છે. પોતપોતાના ગુણો અને પર્યાયોનું નિવાસધામ હોવાથી છયે દ્રવ્યોના નામ જીવ, અજીવ , ધર્માસિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આ છ દ્રવ્યો સનાતન સ્વતઃ સિદ્ધ છે.

ભગવાન આત્મા પણ સ્વતંત્ર દ્રવ્ય હોવાથી સ્વતઃ સિદ્ધ વસ્તુ છે. સ્વતઃ સિદ્ધ વસ્તુ અકારણ -પરિણામિક દ્રવ્ય હોવાથી તેનો કોઈ કર્તા નથી.જગતની અન્ય વસ્તુઓ પણ સ્વતઃ સિદ્ધ હોવાથી આત્મા પણ તેમનો કર્તા નથી. વસ્તુ સત હોવાથી સ્વયં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુકત પરિણામ-સ્વભાવવાળી પોતાનું અસ્તિત્વ પોતાથી જ ધરનારી અને અન્યના કારણ-કાર્યપણાથી રહિત છે.

વસ્તુ સ્વરૂપ :હેય. ઉપાદેય તત્ત્વ

વસંત ઋતુ :ફાગણ અને ચૈત્ર બે માસની ઋતુ, શિશિર -પાનખર પછીની વૃક્ષોને નવપલ્લવિત કરનારી ઋતુ. ચૈત્ર વૈશાખની અત્યારની ઋતુ.

વસ્તુગતે :વસ્તુની પ્રાપ્તિરૂપ

વસ્તુતઃ :નિશ્ચયથી

વસ્તુત્વ :પ્રયોજનભૂત સ્વાધીન સ્વભાવપણું, કાર્ય કરવામાં પોતાનું સમર્થપણું. (૨) પ્રયોજનભૂત સ્વાવીન સ્વ કાર્ય કરવામાં પોતાનું સમર્થપણું.

વસ્તુત્વ ગુણ :દરેક દ્રવ્ય નિરંતર પોતાની જ પ્રયોજનભૂત ક્રિયા કરે છે, તેથી કોઈ દ્રવ્ય એક સમય પણ પોતાના કામ(કાર્ય) વિના નકામું હોતું નથી- એમ વસ્તુત્વ ગુણ બતાવે છે. (૨) દરેક પદાર્થમાં વસ્તુપણું નામે ગુણ છે. દરેક પદાર્થ પોતાનીમેળે પ્રયોજનભૂત ક્રિયા પોતે જ કરી શકે છે. દરેક વસ્તુ પોતાની પ્રવૃત્તિ પોતા વડે કરે છે. એ ન્યાયે આત્માની દરેક પ્રવૃત્તિ આત્મા

કરે, જડ પરમાણું વગેરે પોતાની ક્રિયા પોતે કરે, તેમાં કોઈની મદદ નથી, માટે દેહની ક્રિયા જીવની મદદ વગર સ્વતંત્રપણે દેહ કરે છે. દેહની ક્રિયા દેહમાં રહેલા પરમાણુ સ્વતંત્રપણે કરે છે, તેમાં આત્માનું કારણ નથી. એ રીતે આત્માની ક્રિયા આત્મા અને જડ દેહાદિની ક્રિયા જડ કરે છે, પણ અજ્ઞાની માને કે હું પરનું કાંઈ કરી શકું તે કર્તાપણાનું અજ્ઞાન છે. પર ચીજની ક્રિયા ત્રિકાળ, ત્રણ લોકમાં કોઈ આત્મા કરી શકે નહિ. (૩) જે શકિતના કારણથી દ્રવ્યથી દ્રવ્યમાં અર્થક્રિયા હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમ કે ઘડાની અર્થક્રિયા જલધારણ છે. (૪) જે શકિતના કારણથી દ્રવ્યમાં અર્થ ક્રિયા કરવાપણું હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમ કે ઘડાની અર્થક્રિયા જળ દારણ આત્માની અર્થક્રિયા -જાણવું વગેરે. (૫) જે શકિતના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા કરવાપણું હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમ કે ઘડાની અર્થ ક્રિયા જળ-ધારણ, આત્માની અર્થક્રિયા જાણવું વગેરે.

કોઈ દ્રવ્ય એક સમય પણ પોતાના કામ (કાર્ય) વિના નકામું હોતું નથી એમ વસ્તુત્વગુણ બતાવે છે.

વસ્તુનું તત્ત્વ :યથાર્થ સ્વરૂપ

વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કયા પ્રકારે કરવો ? :ઉત્તર : વસ્તુના સ્વરૂપનો નિશ્ચય આ પ્રમાણે કરવો કે- આ જગતમાં હું સ્વભાવથી જ્ઞાયક જ છું અને મારાથી ભિન્ન આ જગતના જડ-ચેતન સમસ્ત પદાર્થો તે મારા જ્ઞેયો જ છે. વિશ્વના પદાર્થો સાથે માત્ર જ્ઞેય-જ્ઞાયક સંબંધથી વિશેષ કંઈ પણ સંબંધ મારે નથી, કોઈપણ પદાર્થ મારો નથી ને હું કોઈના કાર્યનો કર્તા નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવ સામર્થ્યથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે પરિણમી રહ્યો છે. તેની સાથે મારે કાંઈ જ સંબંધ નથી.

જે જીવ આવો નિર્મય કરે તે જ પર સાથેનો સંબંધ તોડીને નિજ સ્વરૂપમાં ઉપયોગને જોડે, એટલે તેને જ સ્વરૂપમાં ચરણરૂપ ચારિત્ર થાય. આ રીતે ચારિત્ર માટે પહેલાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવા યોગ્ય પુરુષાર્થ કરતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે.

વસ્તુનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય :શું કહે છે ? ભગવાન આત્મા સ્વતઃસિદ્ધ વસ્તુ છે, તેનો સ્વભાવ-સહજ જ્ઞાન, સહજ આનંદ, સહજ શાંતિ, સહજ વીતરાગતા વગેરે તેના ગુણ સ્વભાવ - તેને અનુકૂળ હોય. ગુણ સ્વભાવ ત્રિકાળ સુદ્ધ હોવાથી વિકાર ને દુઃખમય હોય નહિ. સ્વભાવ કદી પ્રતિકૂળ હોય નહિ એટલે કે પર્યાયમાં સ્વભાવથી વિરુદ્ધ જે વિભાવ ઉત્પન્ન થાય છે તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. જોવું, જાણવું તે તો આત્માનો દર્શન-જ્ઞાનમય સહજ સ્વભાવ છે. તે શું આત્માને પ્રતિકૂળ હોય ? દ્રવ્ય સ્વભાવ હમેંશાદ્રવ્યને અનુકૂળ જ હોય. અહા! આવો ઉપદેશ ! આવો માર્ગ! ભાઈ! તું પણ એક વસ્તુ છો ને ! વસ્તુ હોય તેને તેનો જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવ અનુકૂળ જ હોય, પ્રતિકૂળ ન હોય.

વસ્તુભેદ :ભિન્નવસ્તુઓ. (૨) (પાત્રભેદથી) પાત્રના ભેદથી. (જેમ બીજા તેનાં તે જ હોવા છતાં ભમિની વિપરીતતાથી નિષ્પત્તિની વિપરીતતા હોય છે(અર્થાત્ સારી ભૂમિમાં ધાન્ય સારું પાકે છે અને ખરાબ ભૂમિમાં ધાન્ય ખરાબ થઈ જાય છે અથવા પાકતું જ નથી) તેમ પ્રશસ્તરાગ સ્વરૂપ શુભોપયોગ તેનો તે જ હોવા છતાં પણ પાત્રની વિપરીતતાથી ફળની વિપરીતતા હોય થે, કેમ કે કારણના ભેદથી કાર્યનો ભેદ અવશ્યભાવી (અનિવાર્ય) છે. (૩) પાત્રતાભેદ, પાત્રની વિપરીતતા (૪) ભિન્ન વસ્તુઓ

વસ્તુસ્થિતિ :વસ્તુના સ્વરૂપની મર્યાદા

વિસ્તાર સંક્ષેપાત્મક :વિસ્તારાત્મક કે સંક્ષેપાત્મક

વસતિકા :પ્રાચીન સમયમાં નગર-ગામોની બહાર ધર્માત્માજન મુનિઓને ઉતરવા માટે- આરામ માટે અથવા સામાયિક આદિ કરવા માટે ઝૂંપડી કરાવી દેતા, તેને વસતિકા કહેતા હતા. અનેક નગરોમાં વસતિકાઓ આજ પણજોવામાં આવે છે.

વસમું :આકરું, વિકટ.

વસવાયાં :કામ કરનારા, કારીગર વર્ગ

વસા :ચરબી, મેદ

વહન કરે છે :ટકાવી રાખે છે

વહોરવું :સ્વીકારવું, આળ જેવું, માથે ઉઠાવી લેવું, અન્નની ગોચરી કરવી, વ્યવહાર કરવો, લેવડ દેવડ કરવી, સંઘરવું

વાકયાંતર :બીજી રીતે.

વાગર્થ :વચન અને પદાર્થ

વાગીશ્વર :વાક્+ઈશ્વર=વચનના ઈશ્વર. સર્વાંગ પ્રગટતી ઓમ્‌ધ્વનિ-દિવ્યધ્વનિ પ્રભુ! આપને જ હોય છે. (૨) બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર (અર્થાત્ વાણીના અધિપતિ) કહેવામાં આવે છે. શ્રી જિનભાગવાન દિવ્યવાણીના મકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.

વાચક :કહેનાર (૨) શબ્દો, સાકર શબ્દ તેનો વાચક છે. (૩) તે શબ્દ છે. (૪) પદાર્થ (૫) શબ્દો

વાચ્ય :વાણીથી કહેવાવા યોગ્ય (૨) વચનગોચર, વાણીથી કરી શકાય એવો. (૩) વચન, શબ્દ.

વાંચ્છા :ઈચ્છાના અર્થ તરીકે 'કામ'શબ્દ વપરાય છે, તેમજ પંચેન્દ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.

વંચના :છેતરવું, ઠગવું, અમાહાત્મ્ય

વાચ્ય :કહેવાલાયક (૨) પદાર્થ, 'સાકર' પદાર્થવાચ્ય છે. (૩) વસ્તુ, પદાર્થ (૪) તે પદાર્થ છે. (૫) પદાર્થનું સ્વરૂપ (૬) વચનથી જાણી શકાય તેવો, વચનગોચર. (૭) ભાવ

વાંચયમીન્દ્રો :વાચંયમી =મુનિ, મૌન સેવનાર, વાણીના સંયમી-મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો, મૌન સેવનારાઓમાં શ્રેષ્ઠ અર્થાત્ જિન દેવો, વાક્સંયમીઓમાં ઈન્દ્રસમાન અર્થાત્ જિનદેવો. (૨) વાચંયમીન્દ્ર એટલે વાણીના યમીઓમાં ઈન્દ્ર,વાણીના મૌનમાં ઈન્દ્ર. વાણીમાં મૌન ધરનારા એવા જે મુનિવરો તે અને તેઓમાં ઈન્દ્ર એટલે કે જિનદેો.

વાચ્યાર્થ :શબ્દોના વાચ્યાર્થ ત્રણ પ્રકારે છે. - રૂઢિથી, યોગથી અને યોગરૂઢિથી. જે શબ્દ પોતાનો અર્થ પોતાની વ્યુત્પત્તિ દ્વારા બતાવી ન શકે , તે રૂઢિથી કહેવાય છે. જેમ કે ઐલક શબ્દનો અર્થ અગિયાર પ્રતિમાધારક, જે શબ્દ પોતાનો અર્થ પોતાની જ વ્યુત્પત્તિ દ્વારા બતાવી શકે તે યૌગિક કહેવાય છે. જેમ કે જિન શબ્દનો અર્થ સમ્યગ્દષ્ટિ અથવા અર્હંત. જે શબ્દ પોતાનો અર્થ વ્યુત્પત્તિ દ્વારા પણ બતાવી શકે અને તે અર્થમાં રૂઢ પણ હોય તે યોગરૂઢિ કહેવાય છે. જેમ કે તીર્થંકર શબ્દનો અર્થ (ચોવીસ) તીર્થંકર. (૨) શબ્દના કથનનો પરમાર્થ-સત્યાર્થ, શબ્દના કથનનો મહાન આશય.

વાંછવું :અભિલાષા કરવી, ઈચ્છા કરવી.

વાંછા :ઈચ્છાના અર્થ તરીકે 'કામ' શબ્દ વપરાય છે. તેમજ પંચેન્દ્રિય વિષયના અર્થ તરીકે પણ વપરાય છે. વ.૨૧૨

વાંછા :અભિલાષા, ઈચ્છા (૨) ઈચ્છા, કામના, વાંછના, અભિલાષ (૩) ઈચ્છા

વાંછો :ઈચ્છા, કામના

વાણિયાવેડા :તડજોડ, બાંધછોડ

એક વાણિયાને એક કણબી પાસે પાંચ હજાર રૂપિયા લેણા હતા. વાણિયાને મનમાં ખ્યાલ હતો કે કણબીની બે હજાર રૂપિયાથી વધારે ચૂકવવાની શકિત નથી.છતાં વાણિયાએ કહ્યું કે પૂરા પાંચ હજારની એક પાઈ ઓછી લેવી નથી. કણબીએ કહ્યું કે એક હજારથી વધારે એક પાઈ દેવી નથી. વાણિયાને તો ખબર હતી કે કણબી પેટી-પટારા, ઘરવખરી વેચે તોપણ બે હજારથી વધારે તે આપી શકે તેમ નથી. છેવટે રકઝક કરીને આઘું-પાછું કરતાં બંનેય બે હજારમાં પતાવવા તૈયાર થઈ ગયા. ત્યારથી વાણિયાવેડાની કહેવત થઈ ગઈ.

વાણી :વચન વર્ગણા, ભાષા વર્ગણાના પરમાણુઓ (૨) કોઈ કહેશે કે વાણી જો એની મેળાએ બોલાતી હોય તો ઈચ્છા પ્રમાણે બરાબર વ્યવસ્થિત કેમ બોલાય છે ? આડી અવળી કેમ બોલાતી નથી ?

ઉત્તર : તેનું કારણ એ છે કે બોલવાની ઈચ્છાને , જ્ઞાનેને અને વાણીને નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. જેવી ઈચ્છા હોય, જેવું જ્ઞાન પરિણમે, તે પ્રકારે વાણી પરિણમે એવો લગભગ નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. તો પણ કોઈ કોઈનો કર્તા નથી. બધાં દ્રવ્યોની પર્યાય સ્વતંત્ર પરિણમે છે.

વાત :પવન

વાતચીત :વાદ

વાતને ખીલે બાંધો :વાતને નકકી કરો.

વાતુલ :વાતોડીઆ

વાતવલય :વાતાવરણ.

વાત્સલ્યઅંગ :મોક્ષસુખરૂપ સંપદાના કારણભૂત ધર્મમાં, અહિંસામાં અને બધાય સાધર્મીજનોમાં સતત ઉત્કૃષ્ટ વાત્સલ્ય અથવા પ્રીતિનું આલંબન કરવું જોઈએ.

વાત્સલ્યતા :સમ્યગ્દર્શનનું સાતમું અંગ છે. ગાય જેમ નવા જણેલા વાછડા ઉપર પ્રેમ રાખે તેવો ભાવ જિનમાર્ગ અને સન્માર્ગે ચાલનાર સમકિતી, વ્રતી, મુનિ, આર્જિકા, આદિ પ્રત્યે રાખે. તન,મન,ધન,ધર્મ,અર્થે જાણે તે વાત્સલ્યતા નામે સાતમું અંગ છે.

વાદ :વર્ણ(અક્ષર) (૨) વચન

વાનગી :જમૂનો, વાનકી

વાંફળ :તત્ત્વ વગરનું , નિરર્થક, નિરુપયોગી, નકામું, મૂર્ખ, વિવેકવગર ખર્ચ કર્યા કરનારું, ઉડાઉ. (૨) અસ્થિર સ્વભાવનું , વિકળ, બોલ્યે બંધ વિનાનું. (૩) અસ્થિર સ્વભાવનું , વિકળ, બોલ્યે બંધાય નહિ તેવું વિવેક વગર ખર્ચ કર્યા કરનારું , ઉડાઉ, તત્ત્વ વગરનું, નિરર્તક, નિરુપયોગી, નકામું, મૂર્ક,

વામન સંસ્થાન :શરીર ઘણું જ ઠીગણું હોય તેને વામન સંસ્થાન કહે છે. (૨) જે કર્મના ઉદયથી, વામણું (ઠીંગણું) શરીર હોય.

વાયુકાયિક જીવોમાં ઉત્કૃષ્ટ આયુસ્થિતિ :૩ હજાર વર્ષ

ઉપરના ચારેમાં બાદરકાયની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ = ૭૦ કાડાકોડી સાગરો પડે.

વાયદો કરવો :ટલ્લે ચડાવવું, નિરુત્સાહ બતાવવો.

વાર્ય :આત્મબળ

વાળો :(એક જાતનું જતુ) વાવ-કૂવાના પાણીમાં હોય છે. જે પીવાથી પગમાં લાંબો તાતણો નીકળે છે.

વાસ્તુ :ઘર, રહેઠાણ, નિવાસસ્થાન, આશ્રય, ભૂમિ (૨) મકાન, ઘર. (૩) ગૃહાદિ બાંધવાની જગા. (૪) ઘર, મકાન, હવેલી વગેરેને વાસ્તુ કહે છે.

વાસ્તવમાં :ખરેખર

વાસ્તવ્ય સુખ :રહેવાલાયક કાયમી સુખ, અવિનાશી સુખ

વાસ્તવિક દષ્ટિ :દ્રવ્ય દષ્ટિ, નિશ્ચય દષ્ટિ, અભેદ દષ્ટિ

વાસના :વલણ, કલ્પના, અભિપ્રાય (૨) ઈચ્છા, લગની, કામના (૩) આસકિત (૪) વલણ, કલ્પના, અભિપ્રાય (૫) અભિપ્રાય, વલણ (૬) ભાવના, સંસ્કૃતિને પ્રાપ્ત. (૭) અભિક્રાય, વલણ, કામના, ઈચ્છા, લગની. (૮) અભિપ્રાય, વલણ

વાંસનાં ક્રમવર્તી પર્વો :એક ગાંઠથી બીજી ગાંઠ સુધીનો ભાગ, કાતળી

વાસિત :સંસ્કારિત (૨) સંસ્કારેલી, વાસનાને પ્રાપ્ત. (૩) સંસ્કારિત, ભાવિત (૪) સંસ્કારિત

વાસિત બોધ આધાર :કુબોધ સ્વરૂપ, અબોધ સ્વરૂપ

વિકટ :ભયાનક, ભંયકર, વિકરાળ , વિકરાળ, કઠિન, બિહામણું, અઘરું, દુર્ગમ

(પાછળના વિવિકતના અર્થના અનુસંધાનમાં લેવાનું છે) ભાવરૂપ સ્વાધ્યાય-વિનયાદિ ભાવરૂપ અને નિરતિ ચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનુસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોનો (વ્યવહારે ગ્રાહ્ય ભાવોનો) ત્યાગ થઈ જતાં અને ત્યાજય ભાવોનું ઉપાદાન અર્થાત્ગ્રહણ થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિત્તાદિ વિધાન પણ હોય છે.) (૨) દુર્ગમ, અઘરું, કઠિન, ભયાનક, ભયંકર, વિકરાળ, બિહામણું (૩) મુશ્કેલ, દુર્લભ (૪) વસમું, આકરું. (૫) વસમું, આકરું, કઠિન, દુર્ઘટ.

વિકૃત :વિકાર પામેલું, બગડી ગયેલું, આકાર પલટી ગયો હોય તેવું, બેડોળ, કદરૂપું (૨) બેડોળ અવસ્થા

વિકૃતિભૂત :વિકારભૂત.(દુઃખ વિકારભૂત છે, સ્વભાવભૂત નથી,)

વિકથા :સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, અને રાજયકથા એ ચારની અશુભ ભાવરૂપ કથા તે વિકથા છે. (૨) છદ્યસ્થ મુનિને ધાર્મિક કથાવાર્તા કરતાં પણ નિર્મળ ચૈતન્ય વિકલ્યુકત થવાથી અંશે મલિન થાય છે, તેથી તે ધાર્મિક કથાને પણ

વિકથા એટલે કે શુદ્ધાત્મ દ્રવ્યથી વિરુદ્ધ કથા કહી છે.૧૫૧૩ (૩) છદ્યસ્થ મુનિને ધાર્મિક કથાવાર્તા કરતાં પણ નિર્મળ ચૈતન્ય વિકલ્પયુકત થવાથી અંશે મલિન થાય છે. તેથી તે ધાર્મિક કથાને પણ વિકથા એટલે શુદ્ધાત્મદ્રવ્યથી વિરુદ્ધ કથા કહી છે. (૪) ચાર છે

(•) સ્ત્રીકથા (•) ભોજનકથા, (•) દેશકથા, (•) રાજકથા, (૫) ખોટી કથા, સંસારની કથા, તે ચાર પ્રકારે છેઃ- સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા

વિક્લવ :ખિન્ન, દુઃખી, ગભરાયેલું

વિક્રિયા :વિકાર, વિકૃતિ (૨) વિકાર, વિક્રિયા. (૩) પરિણમન

વિકલ :વ્યાકુળ, વિહ્વળ, ભયભીત, ગભરાયેલું, ગાભરું, શકિતવિનાનું, અસમર્થ (૨) શરીર રહિત (૩) વ્યાકુળ, વિહવળ, શકિત વિનાનું, અસમર્થ, ગાભરું, ભયભીત, ગભરાયેલું, સ્વભાવથી છૂટી જવું. (૪) શરીર રહિત =અશરીર. (૫) અંશ

વિકલ પરમાર્થિક પ્રત્યક્ષ :જે રૂપી પદાર્થને, કોઈની સહાયતા વિના સ્પષ્ટ જાણે.

વિકલત્રયજીવ :

વિકલતા :મંદતા, શકિતહીનતા

વિકલેન્દ્રિય :બે, ત્રણ કે ચાર ઈન્દ્રિયવાળા જીવો. (૨) બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય અને ચાર ઈન્દ્રિયરૂપી જીવો-જેમ કે ઈયળ, કીડી અને ભમરો ઈત્યાદિ (વિકલેન્દ્રિય)

વિકલ્પ :રાગ (૨) પરનિમિત્તક રાગદ્વેષ (૩) વિરોધ (૪) પર નિમિત્તક રાગદ્વેષ (૫) રાગ-દ્વેષ -ઈચ્છા (૬) રાગ (૭) તર્ક, વિતર્ક, સંદેહ, અનિશ્ચય, વિપરિત કે વિરુદ્ધ કલ્પના કે વિચાર. (૮) જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થયો તેને વિકલ્પ કહે છે. જ્ઞેયના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ પડે છે એ અનંતાનુબંધીનો વિકલ્પ છે. અનેકને જાણવારૂપ પર્યાય તો થઈ છે પોતાથી અને ખરેખર તો જ્ઞાન એકરૂપે રહીને પોતાને જાણે છે. એકપણામાં અનંતપણું-ખંડપણું થઈ ઝાય છે એમ નથી, છતાં જ્ઞેયના ભેદથી જ્ઞાનમાં ખંડ-ભેદ માલૂમ પડવો એ વિકલ્પ છે. આવા સંકલ્પવિકલ્પથી ભગવાન આત્મા ભિન્ન છે. સમ્યગ્દર્શન થતાં અર્થાત્ પૂર્ણ સ્વરૂપનો અનુભવ થતાં સંકલ્પ-વિકલ્પ નાશ પામી જાય છે. આવા આત્મસ્વભાવને પ્રગટ કરતો શુદ્ધનય ઉદય પામે છે. (૯) અવળી માન્યતા; ખોટી સમજણ; ઊંધું સમજવું.

વિકલ્પ :રાગનો અંશ (૨) ભેદ, રાગ. (૩) રાગ (૪) પક્ષપાત (૫) વિકલ્પ તે વિશેષમાં ભૂલ, તે ચરિત્રમોહ છે. જ્ઞાનથી દેહાદિક અનેક સોયોગોના ફેરફાર જણાય છે તેમાં પરજ્ઞેયો પલટતાં હું ખંડખંડ રૂપે થઈ ગયો, હું જન્મયો, વૃદ્ધ થયો, મને રોગ થયો, દેહમાં જ કાંઈ ક્રિયા થાય તે મારી અવસ્થા છે એમ માની પરમાં ઠીક-અઠીક ભાવપણે પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે તે અનેક ભેદરૂપ હું છું એવો વિકલ્પ (વિશેષ આચાર) તે ચારિત્રમોહ છે. નિમિત્ત તથા રાગાદિરૂપે હું છું એમ પરમાં અટકવું, રાગમાં એકાગ્ર થવું તે અનંતાનુંબંધી કાષાયરૂપ ચારિત્રમોહ છે. (૬) ચૈતન્ય આત્માના જ્ઞાનની સ્વચ્છતામાં જે કાંઈ દૂર કે નજીકની પર ચીજ જણઆય તેની અવસ્થામાં ફેરફાર થાય તે જાણે મને જ થાય છે, એવી માન્યતારૂપ વર્તન તે વિકલ્પ છે. (૭) જ્ઞાનમાં શુભાશુભ રાગથી ભેદ પડે છે. તે વિકલ્પ છે. તે વિકલ્પ કૃત્રિમ છે, કારણ કે ક્ષણે ક્ષણે પર નિમિત્તે થતો નવો ભાવ છે. ભેદરૂપ ભાવ છે. સહજ એકૃત્રિમ ભાવ નથી. (૮) પરનિમિત્તક રાગ-દ્વેષ (૯) જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયનો ભેદ માલૂમ પડવો એ વિકલ્પ રાગ છે. (૧૦) ચિંતન (૧૧) ભ્રાન્તિ (૧૨) અવળી માન્યતા, ખોટી સમજણ, ઊંધું સમજવું. (૧૩) ભેદ, રાગનો અંશ. (૧૪) ભેદનું લક્ષ (૧૫) અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય. (૧૬) હું સુખી છું, હું દુઃખી છું, ઈત્યાદિ ચિત્તગત હર્ષ-વિષાદ આદિ પરિણામ તે વિકલ્પ છે, રાગાદિ વિભાવ ભાવ. (૧૭) રાગ મિશ્રિત વિચાર, ભેદ (૧૮) તર્ક વિતર્ક, અનિશ્ચય, સંદેહ, વિપરીત કે વિરુદ્ધ કલ્પના, રાગ,પંચમહાવ્રતનો રાગ. (૧૯) ભેદ (૨૦) રાગનો અંશ, પર નિમિત્તક રાગ-દ્વેષ. (૨૧) તર્ક-વિતર્ક, અનિશ્ચય, સંદેહ, વિપરીત કે વિરુદ્ધ કલ્પના. (૨૨) રાગ, મિશ્રિત વિચાર (૨૩) તર્કવિતર્ક, અનિશ્ચય, સંદેહ, વિપરીત કે વિરુદ્ધ કલ્પના કે વિચાર (૨૪)

પ્રશ્ન : આત્મદ્રવ્ય વિકલ્પનયે બાળક, કુમાર અને વૃદ્ધ એવા એક પુરુષની માફક સવિકલ્પ છે. અહીં વિકલ્પનો અર્થ શું સમજવો જોઈએ ?

ઉત્તર : અહીં વિકલ્પનો અર્થ ભેદ છે. જેમ એક પુરુષમાં બાળક, કુમાર અને વૃદ્ધ એવા ભેદ પડે છે તેમ ભેદનયથી આત્મા ગુણ-પર્યાયના ભેદવાળો છે. વસ્તુમાં અનંત ગુણો છે. તેમને પરસ્પર કથંચિત ભેદ છે અને તેની ક્રમેક્રમે થતી પર્યાયોમાં પણ પરસ્પર ભેદ છે. વસ્તુમાં દર્શન, જ્ઞાન,ચારિત્ર ઈત્યાદિ જે ભેદ છે તેને વિકલ્પ કહેવાય છે. વિકલ્પ એટલે રાગ નહિ પણ વિકલ્પ એટલે ભેદ એક આત્મા જ એક સમયમાં ભેદવાળો છે. વિકલ્પનયથી જોતાં આત્મા અનંત ગુણ-પર્યાયોના ભેદપણે ભાસે છે. એવો તેનો ધર્મ છે.

વિકલ્પ બુદ્ધિ :ભ્રમવશ સમજણ (૨) ભ્રમવશા, ભ્રાન્ત બુદ્ધિ.

વિકલ્પથી શૂન્ય :વિકલ્પ રહિત

વિકલ્પનય :ભેદનય.

વિકલ્પષ :રા-દ્વેષ, કામ-ક્રોધ-માન-માયા-લોભાદિ વિકારો -મળોનો અભાવ

વિકલપ્રત્યક્ષ :એકદેશ પ્રત્યક્ષ (૨) અધૂરા પ્રત્યક્ષ

વિકલ્પલક્ષણાનિ :ભેદ સ્વરૂપ જેનું લક્ષણ છે એવા.

વિકલ્પો :ભેદો. વિકલ્પરૂપે=ભેદરૂપે

વિક્લભાવ :ગભરાટ, ઉદ્વેગ

વિક્લવ :ખિન્ન, દુ:ખી, ગભરાયેલું.

વિકલવતા :અસ્થિરતા, વિકળતા

વિકળ :ખંડિત, અપૂર્ણ (૨) વ્યાકુળ, વિહ્વળ, ભયભીત, ગભરાયેલું, ઘાભરું, શકિત વિનાનું, અસમર્થ (૩) શકિત વિનાનું, અસમર્થ, વ્યાકુળ, વિહ્વળ, ભયભીત, ગભરાયેલું, ગાભરું, અપૂર્ણ, અંશ (૪) ખંડિત, અપૂર્ણ (૫) ખામીવાળું (૬) વિહ્વળ, સ્વભાવચ્યુત (૭) વિબવળ, વ્યાકુળ, ખંડિત, અપૂર્ણ, અસમર્થ, બહાવરું. (૮) વિકલ= ખંડિત, અપૂર્ણ, અસમર્થ, વિહ્વળ, વ્યાકુળ (૯) ખામી વાળું

વિકળ જ્ઞાન :અપૂર્ણ જ્ઞાન (મતિ-શ્રુતાદિ જ્ઞાન)

વિકળતા :વિહવળતા, વ્યાકુળતા, ખંડિત, અપૂર્ણ, અસમર્ત, આતુરતા. (૨) મુશ્કેલી

વિકળપણે :અપૂર્ણપણે, અંશે

વિક્ષેપ :અવરોધે (૨) અડચણ, વાર, વિલંબ, અસ્થિરતા, મૂઝવણ. (૩) વિકલ્પ, બાધા, અડચણ, નડતર, અસ્થિરતા, મૂઝવણ, વિલંબ

વિક્ષિપ્ત :વ્યગ્ર

વિક્ષોભ :ખળભળાટ, ક્ષોભ.

વિકાર :વિકારની પર્યાય પોતાના ષટ્કારક -કર્તા,કર્મ કરણ,સંપ્રદાન, અપાદાન, અધિકરણથી થાય છે. કેમ કે કર્તા, કર્મ આદિ શકિત દ્રવ્યરૂપ અને ગુણરૂપ છે તો પર્યાયમાં પણ ષટ્કારક પરિણમન છે. એક સમયની મિથ્યાત્વની પર્યાયનો કર્તા મિથ્યાત્વ, એનું કર્મ મિથ્યાત્વ, એનું કરણ મિથ્યાત્વ, એનું સંપ્રદાન મિથ્યાત્વ અને એના અપાદાન અને અધિકરણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું કર્તા આદિ જડ કર્મ નથી અને જીવના દ્રવ્ય-ગુણ પણ નથી, કેમ કે જડ કર્મ પર છે અને દ્રવ્ય-ગુણ ત્રિકાળ શુદ્ધ છે. આમાં નિમિત્તનો અને નિશ્ચય-વ્યવહારનો ખુલાસો આવી જાય છે. (૨) દ્રવ્ય-ગુણમાં વિકાર નથી પણ પર્યાયમાં તેવો ધર્મ છે, તે પર્યાય પણ જીવનું સ્વતત્ત્વ છે. ઔદયિકાદિ પાંચે ભાવો જીવનું સ્વતત્ત્વ છે. વિકાર= કોઈપણ પદાર્થની અસલ સ્થિતિમાં થતો પરિવર્તનરૂપ ફેરફાર માનસિક કે શારીરિક ઉત્તેજના, મનનો પરિવર્તનાત્મક ગુણ (૩) વિશેષ કાર્ય-જીવની પર્યાય, વિકાર-દોષ (૪) ફેરફાર, પરિણામ વસ્તુ સર્વથા ક્ષણિક હોય તો જે પૂર્વે જોવામાં (જાણવામાં) આવી હતી જે જ આ વસ્તુ છે, એવું જ્ઞાન ન થઈ શકે. (૫) પરાધીનતા (૬) માનસિક કે શારીરિક ઉત્તેજના, ઈચ્છા (૭) બાધક ભાવ (૮) વિકૃતિ, કર્માધીન ઉપાધિ, કોઈપણ પદાર્થ પ્રત્યેની લાગણી થઈ આવે તે બધો વિકાર છે. (૯) દોષ (૧૦) વિકાર પર નિમિત્તનો સંયોગ પામીને થાય છે. નિમિત્ત આધીન પોતે થતાં વિકારભાવ પોતાની અવસ્થામાં દેખાય છે. પોતાના સ્વભાવમાં જોડાવાથી એટલે કે સ્થિર રહેવાથી વિકાર ઉત્પન્ન થાય નહિ. કર્મ તે સંયોગી વિકારી પુદ્ગલની અવસ્થા છે. તે તરફ વલણવાળો ભાવ તે

વિકારી જીવ-ભાવ, પુદ્ગલ કર્મ પ્રદેશોમાં જોડાવાથી ઉત્પન્ન થાય છે. જડ કર્મ પરાણે વિકાર કરાવી શકે નહિ પણ પોતે પોતાને ભૂલી, પોતે પુદ્ગલ પ્રદેશમાં સ્થિત થાય છે. રાગ દ્વારા પોતે પરવલંબી ભાવ કરે છે. કર્મ જીવને બગાડયો નથી પણ પોતે અશુદ્ધતા ધારણ કરે. ત્યારે કર્મની હાજરીને નિમિત્ત કહેવાય. માટે બંધાવું કે મુકત થવું તે પોતાના ભાવને આધીન છે. (૧૧) વિભાવ પરિણમન (૧૨) ફેરફાર, પરિવર્તન, શારીરિક કે માનસિક બગાડ. (૧૩) વિકારનું પુદ્ગલજન્ય કહ્યો છે ને ? હા , કહ્યું છે. ત્યાં વિકાર તો ઔપાધિકભાવ છે, પુદ્ગલના નિમિત્તના સંગે ઉત્પન્ન થાય છે અને નિજ ચિદાનંદ સ્વભાવના સંગમાં રહેતાં તે નીકળી જાય છે. તો સ્વભાવ દષ્ટિની અપેક્ષાએ તેને પુદ્ગલજન્ય કહ્યો છે. જીવને રાગ થાય છે. તે ખરેખર કાંઈ પુદ્ગલકર્મ કરે છે એમ નથી, પણ જીવ જયારે પુદ્ગલકર્મના નિમિત્તને આધીન થઈ પરિણમે છે ત્યારે રાગ ઉત્પન્ન થાય છે, અને સ્વદ્રવ્યને આધીન રહી પરિણમતા રાગ નીકળી જાય છે. (રાગ ઉત્પન્ન થતો નથી) માટે તે રાગાદિ ભાવોને સ્વભાવની મુખ્યતાથી પૌદગલિક કહ્યા છે કેમ કે તેઓ સ્વભાવ ભાવ નથી. ભાઈ! જયાં જે અપેક્ષા હોય તે યથાર્થ સમજવી જોઈએ. (૧૪) વિભાવપરિણમન, કર્મજનિત પરિણમન. (૧૫) પરાવલંબન (૧૬) પુદ્ગલ પરમાણુમાં બે પ્રકારનો વિકાર થા? છે, એક પ્રકાર તો એકે પરમાણું ભેગા થઈને સ્કંધ થાય છે તે વિકાર છે અને જીવના વિકાર ભાવનું નિમિત્ત પામીને પુદ્ગલ પરમાણુ કર્મ સ્કંધપણે પરિણમે છે તે બીજા પ્રકારનો વિકાર છે. તેમ આત્મામાં કર્મની અપેક્ષા તરફના બે પ્રકારના ભાવ થાય છે. કર્મના નિમિત્તાધીન થઈને, જે ઉદયભાવ-વિકારી ભાવ થાય છે તે જડ કર્મનો સ્કંધ થાય છે તેના સામો લેવો ને બીજો ભાવ ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિકભાવ થાય છે તે પરમાણુ પરમાણુ ભેગા થઈને વિભાવ થાય છે તેના સામો લેવો. તે ઉપરાંત , ક્ષયોપશમ અને ક્ષાયિકભાવમાં કર્મના અભાવની અપેક્ષા છે તે અપેક્ષાએ તેને વિભાવભાવ કહ્યો છે.

જેમ પુદ્લમાં બે જાતના વિભાવ છે તેમ આત્મામાં પણ આ પ્રકારે બે જાતના વિભાવ છે. પુદ્ગલ કરતાં આત્માનો સ્વભાવ વિરુદ્ધ જાતનો છે માટે બીજી જાતના બે વિભાવ લીધા, આત્મામાં જે બે વિભાવભાવ લીધા તેમાં એકમાં કર્મના નિમિત્તની હયાતીની પેક્ષા છે અને બીજામાં કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા છે, એકમાં અસ્તિની અપેક્ષા છે અને એકમાં નાસ્તિની અપેક્ષા છે. (૧૭) પરસંયોગ આધીન વિકારભાવનું કર્તા ભોકતાપણું વ્યવહારથી અજ્ઞાની જીવને છે. પણ વિકાર મારું સ્વરૂપ નથી, સ્વભાવના બાન વડે સ્થિરતાથી તે વિકાર ટાળી શકાય છે. સંયોગાધીન વિકારી અવસ્થા વર્તમાનમાં છે તેમ જાણવું તે વ્યવહારનયની અપેક્ષા છે. પોતે જયારે વિકારી ભાવ કરે ત્યારે વિકાર થાય છે. તે વિકાર ક્ષણિક અવસ્થા પૂરતો છે. નિત્ય સ્વભાવની દષ્ટિથી જે તેનો ધણી થતો નથી, તેને પોતાનો સ્વભાવ માનતો નથી તે જ્ઞાની છે. અવસ્થા દષ્ટિને ગૌણ કરી એકરૂપ યથાર્થ વસ્તુ સ્વભાવને લક્ષમાં લે તો નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ અપૂર્વ આત્મભાન થાય છે. અને એકાંત પક્ષની માન્યતા ટળી જાય છે. (૧૮) બાળક ભાવ (૧૯)

પ્રશ્નઃ- રાગ જેટલો થાય છે તે નાશ પામીને અંદર જાય છે ને ? પર્યાયનો વ્યય તો થાય છે. તો વ્યય થઈને કયાં જાય છે? જો અંદર જાય છે તો વિકાર અંદર ગયો કે નહીં ?

ઉત્તર :- ભાઈ! વિકાર અંદર દ્રવ્યસ્વભાવમાં નથી. પર્યાયનો જે વ્યય થયો છે તે પારિણામિક ભાવમાં યોગ્યતારૂપ થઈ ગયો છે. વર્તમાનમાં વિકાર જે પ્રગટ છે તે ઉદયભાવરૂપ છે. પરંતુ જયારે તેનો વ્યય થાય છે ત્યારે તે પારિણામિકભાવે થઈને અંદર જાય છે. જેવી જ રીતે ક્ષયોપશમભાવની પર્યાય પણ વ્યય પામે છે અને બીજે સમયે બીજી પર્યાય ઉત્પન્ન થાય છે. પરંતુ પહેલાનો ભાવ વ્યય પામીને ગયો કયાં ? વળી તે અંદરમાં ક્ષયોપથીમ ભાવે છે? ના, તે પારિણામિકભાવે અંદર વસ્તુમાં છે.

વિકાર અને વિભાવ :ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ તે ચાર દ્રવ્ય તો છૂટાં છે, એક જ પ્રકારે છે, તેમાં વિકાર થતો નથી અને પુદ્ગલ પરમાણુમાં બે પ્રકારનો વિકાર થાય છે. એક પ્રકારતો એ કે પરમાણુ પરમાણુ ભેગા થઈને સ્કંધ થાય છે. તે વિકાર છે અને જીવના વિકારભાવનું નિમિત્ત

પામીને પુદ્ગલ પરમાણુ કર્મસ્કંધપણે પરિણમે છે તે બીજા પ્રકારનો વિકાર છે.

તેમ આત્મામાં કર્મની અપેક્ષા તરફના બે પ્રકારના ભાવ થાય છે, કર્મના નિમિત્તાધીન થઈને જે ઉદયભાવ-વિકારીભાવ થાય છે તે જડ કર્મને સ્કંધ થાય છે તેના સામે લેવો ને બીજો ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ થાય છે તે પરમાણુ પરમાણુભેગા થઈને વિભાવ થાય છે તેના સામો લો. તે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવમાં કર્મના અભાવની અપેક્ષા છે તે અપેક્ષાએ તેને વિભાવ ભાવ કહ્યો છે. જેમ પુદ્ગલમાં બે જાતના વિભાવ છે તેમ આત્મામાં પણ આ પ્રકારે બીજી જાતના બે વિભાવ લીધા. આત્મામાં જે બે વિભાવ ભાવ લીધા તેમાં એકમાં કર્મના નિમિત્તની હયાતીની અપેક્ષા છે અને બીજામાં કર્મના નિમિત્તના અભાવની અપેક્ષા છે. એકમાં અસ્તિની અપેક્ષા છે અને એકમાં નાસ્તિની અપેક્ષા છે.

અભાવ ભાવ અપેક્ષિત છે, માટે તે ભાવ પર્યાયમાં સમાય છે, દ્રવ્ય, ગુણ અને નિરપેક્ષ કારણપર્યાય એ ત્રણે દ્રવ્યદષ્ટિમાં સમાય ચે. દ્રવ્યદષ્ટિ અને પર્યાયદષ્ટિ તે બન્ને થઈને આખું પ્રમાણ થાય છે. ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ, એ ચારને કોઈ ઠેકાણે શાસ્ત્રમાં વિભાવભાવ કહ્યા છે, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવને ગૌણ કરી પરની અપેક્ષા વગરનો એકલો સ્વભાવભાવ છે તેને શાસ્ત્રમાં પારિણામિક ભાવ કહ્યો છે.-જ્ઞાયકભાવ કહ્યો છે. જે પરિણમે છે તે કર્તા છે. અવસ્થામાં ઝે બદલનારો છે તે પોતે આત્મા છે, રાગ -દ્વેષ અને વિકારીભાવે થનારો અજ્ઞાની આત્મા છે, ઉપયોગ અભાનરૂપે થઈને પરિણમ્યો છે, અંદર નિર્મળતા ભરી છે તેમાંથી પર્યાય વે છે પણ દષ્ટિ ઊંધી છે તેથી પર્યાય મલિન થઈ જાય છે, તેનો અજ્ઞાની કર્તા થાય છે. બંધ-મોક્ષ પણ વ્યવહારે છે પરંતુ પરમાર્થે તો બંધ -મોક્ષ પણ નથી, વ્યવહારનયનું જ્ઞાન કરીને શુદ્ધ દ્રવ્યાર્થિકનયને આદરણીય ગણીને શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષય ઉપર આરૂઢ થઈને વ્યવહાર એટલે અશુદ્ધ પરિણતિનો અભાવ થાય છે.

અશુદ્ધ દ્રવ્યાર્થિક એટલે અશુદ્ધ અવસ્થા આત્મામાં થાય છે તે અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય કહી છે, તે અપેક્ષાએ આત્માને વિકારનો કર્તા પણ કહ્યો છે, વર્તમાન ઉપયોગની અવસ્થા વિકારી હોવાથી તે વસ્તુનો અંશ વસ્તુમાં ગણીને આત્માને અશુદ્ધનયે વિકારનો કર્તા કહેવામાં આવે છે, ઉપચારથી કહેવામાં આવે છે કે આત્મા અશુદ્ધ છે. ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તા પણું હોય ત્યારે, તે અવસ્થા હોય તે વખતે કર્મના રજકણો એની મેળાએ જ કર્મરૂપે પરિણમે છે તેનો આત્મા કર્તા નથી.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયમાં રાગ-દ્વેષનું કરવું કે રાગ-દ્વેષનું ટાળવું તે કાંઈ ન આવે, જો કે દ્રવ્યાર્થિકનયનો વિછય કરતાં રાગ-દ્વેષ ટળી જાય ખરા, પણ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય રાગ-દ્વેષને ટાળવાનો નથી પણ અખંડ દ્રવ્યને જ લક્ષમાં લેવાનો છે. શુદ્ધ દ્રવ્યાર્થિક એટલે શુદ્ધ દ્રવ્ય જ જેવું પ્રયોજન છે, પર્યાય જેનું પ્રયોજન નથી. પર્યાય તો પર્યાયાર્થિકનયનું પ્રયોજન છે. આ વાત ઝીણી છે પણ તેને ઓગાળવી જોઈ. આ વાત કઠણ હોય તો ફમ ઓગાળવી જોઈએ, તેનો વિચાર કર, મનન કરે, તેની અંદરથી ધગશ થવી જોઈએ. તેના ખપી થવું જોઈ ત્યારે આ વાત સમજાય તેવી છે. ગાથા ૯૦ સમયસાર.

<u>વિકાર થવાનું કારણ</u> :કર્મ સૂક્ષ્મ પરમાણું છે તેમાં બે પ્રકારે નિમિત્ત-નૈમિત્તિક નીવડવાની અવસ્થા છે, જીવને વિકારી ભાવ કરવામાં નિમિત્ત કારણ અંદરનું દ્રવ્યકર્મ છે અને શરીર આદિ નો કર્મ બાહ્ય કારણ છે. પોતે વિકારી ભાવ કરે તો સંયોગમાં નિમિત્ત કારણનો આરોપ છે, અવિકારીભાવે પોતે સ્થિર રહે તો કર્મને અભાવરૂપે નિમિત્ત કહેવાય છે. નિમિત્તની અપેક્ષા વિના એકલો ટકી રહે તેને સ્વભાવ કહેવાય. કર્મના સંયોગ આધીન વિકારી થવા યોગ્ય અવસ્તા જીવમાં ન હોય તો ત્રણ કાળમાં વિકાર થઈ શકે નહિ પણ વિકારીપણું સ્વભાવ નથી. વિકારી થવાની યોગ્યતા તે ક્ષણિક અવસ્તા હોવાથી બદલાવી શકાય છે અને સ્વભાવ ધ્રુવ એકરૂપ જ ટકી રહે છે.

જયાં સુધી વિકારના નાશક સ્વભાવની પ્રતીતિ જીવ ન કરે ત્યાંસુધી વિકારનું કર્તાપણું છે. જને પુણ્યની મીઠાશ છે તે અજ્ઞાની જીવમાં જુનાં કર્મના

નિમિત્તે વિકારી થવાની અને જે કર્મપણે થવાની તૈયારી વાળા રજકણો છે તેને કર્મરૂપ થવામાં નિમિત્તરૂપ નીવડવાની યોગ્યતા તે જ જીવમાં છે એમ જીવની એક જ વિકારી અવસ્થામાં બે અપેક્ષા આવે છે.

(૧) વિકારીપણે થનાર (૨) વિકાર કરનાર.

જગતમાં અનંત રજકણો પડયા છે તે બધા આત્માને વિકારરૂપ થવામાં નિમિત્ત થતા નથી. પણ પૂર્વે જે રજકણો કર્મપણે બંધાયાં છે તે જુનાં કર્મોનો સંયોગ જીવને શુભાશુભ ભાવ થાય ત્યારે નિમિત્તરૂપ કહેવાય છે. અને જીવના વર્તમાન રાગદ્વેષનું નિમિત્ત પામીને જે પરમાણુમાં બંધ થવાની યોગ્યતા હોય છે તે નવાં કર્મરૂપે બંધાય છે.

જીવને વિકાર કરતી વખતે મોહકર્મના પરમાણુઓની ઉદયરૂપ પ્રગટ અવસ્તા નિમિત્ત છે. એના સંયોગ વિના વિકારી અવસ્થા થાય નહિ પણ તે નિમિત્ત વિકાર કરાવતું નથી. જો નિમિત્ત વિકાર કરાવતું હોય તો પોતે જુદો સ્વતંત્ર કહેવાય નહિ અને રાગ ટાળી શકે નહિ. બન્ને સ્વતંત્ર ચીજ છે. આત્મામાં કર્મની નાસ્તિ છે, જે પોતામાં નથી તે પોતાને નુકશાન કરી શકે નહિ. પોતે સ્વલક્ષે વિકાર કરી શકે નહિ પણ વિકારમાં નિમિત્તરૂપ બીજી વસ્તુની હાજરી હોય છે. કોઈની અવસ્થા કોઈના કારણે થતી નથી. જયાં જીવને વિકારી ભાવ કરવાની વર્તમાન યોગ્યતા હોય ત્યાં નિમિત્તરૂપે થનાર કર્મ હાજર જ હોય.

વિકાર રૂપ :વિરોધ રૂપ

વિકાર સ્વ-પરહેતુક છે. :એકલા સ્વથી જ (શુદ્ધ દ્રવ્યથી) વિકાર થાય નહિ એમ બતાવવા વિકારની ઉત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત એમ બે હેતુ ત્યાં સિદ્ધ કર્યા છે. વિકારને જયારે વિભાવ તરીકે અથવા પર નિમિત્તના આશ્રયે થયેલી દસા છે એમ બતાવવું હોય ત્યારે ઉપાદાન તે સ્વ અને નિમિત્ત તે પર એમ સ્વપરથી ઉત્પન્ન થયેલી છે એમ કહેવાય છે. વિકાર એકલા સ્વથી (સ્વભાવથી) ઉત્પન્ન થાય એમ બને નહિ. પર ઉપર લક્ષ જતાં પર્યાયમાં વિકાર થાય છે. માટે વિકારને સ્વપરહેતુક કહ્યો છે.

વિકારકારી :વિકાર કરનારો

વિકારકારી મોહાંકુરનો પ્રાદર્ભાવ થતો નથી :વિકાર કરનારો મોહાકુંર પ્રગટ થતો નથી.

વિકારના નાશનો ઉપાય :નિર્વિકલ્પ દશા પ્રગટ કરવાનો ઉપદેશ, રાગના નાશનો ઉપદેશ, વીતરાગભાવ પ્રગટાવવાનો ઉપદેશ.

વિકારનો કર્તા :(૧) વિકારી ભાવ જે જીવમાં થાય છે તે નિશ્ચયથી જીવની પોતાની પર્યાય છે. (૨) વિકારી ભાવમાં કર્મ નિમિત્ત છે એવું (ઉપાદાન-નિમિત્તનું સાથે) જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે. વિકારીભાવ નિશ્ચયથી જીવની પર્યાય છે એમ નિશ્ચય રાખીને સાથે નિમિત્તનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે તે અદ્‌ભૂત ઉપચાર -વ્યવહાર છે. (૩) હવે ભગવાન આત્મા જે અનંત-અનંત ગુણનું પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ-ચૈતન્યરસનું આખું ત્રિકાળી સત્વ છે તે કદીય વિકારપણે પરિણમે નહિ. માટે નિમિત્તથી થયેલા વિકારને નિમિત્તમાં નાખીને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. ભાઈ ! આ કાંઈ ખાલી પંડિતાઈનો વિષય નથી. ભગવાન વીતરાગ દેવનો માર્ગ જેવો છે તેવો અંતરમાં બેસવો જોઈએ.

શ્રી વાસુપૂજય ભગવાનની સ્તૃતિ કરતાં સ્વયંભૂસ્તોત્ર માંથી સમંતભદ્રસ્વામીએ કહ્યં છે કે- કાર્યમાં બાહ્ય અને અભ્યંતર નિમિત્ત અને ઉપાદાન એમ બન્ને કારણોની સમગ્રતા હોવી તે આપના મતમાં દ્રવ્યગત સ્વભાવ છે.

શ્રી અકલંક દેવે પણ કહ્યું છે કે બે કારણથી કાર્ય થાય છે. એ તો બે (ઉપાદાન-નિમિત્ત) સિદ્ધ કરવા છે અને પ્રમાણ જ્ઞાન કરાવવું છે તેથી એમ કહ્યું છે. ખરેખર તો કાર્ય થાય છે પોતાથી પોતાના કારણે અને ત્યારે નિમિત્ત હોય છે. પરંતુ નિમિત્તની અપેક્ષા છે એમ નથી.

શ્રી પંચાસ્તિકાયની ગાથા કરમાં (કરમી ગાથામાં) આવે છે કે પર્યાયમાં જે વિકાર થાય છે તે પોતાના ષટ્‌કારકથી થાય છે. દ્રવ્યગુણથી તો નહિ પણ પરકારકથી નિમિત્તથી પણ વિકાર ઉત્પન્ન થતો નથી. અહીં અસ્તિકાય સિદ્ધ કરવું છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ છે એમ સિદ્ધ કરવું છે. તેથી વિકાર છે તે પર્યાયના ષટ્‌કારકનું પરિણમન છે. એમ કહ્યું છે. અહાહા! વિકારના

કર્તા, કર્મ,કરણ,સંપ્રદાન, અપાદાન અને અધિકરણ સ્વયં વિકાર છે. એક સમયની પર્યાયમાં ષટ્કારકનું પરિણમન દ્રવ્ય-ગુણની કે નિમિત્તની પરની અપેક્ષા વિના જ થાય છે. આ પ્રમાણે ત્યાં નિશ્ચયથી વિકારના પરિણામમાં પર કારકની અપેક્ષા નથી એમ કહ્યું છે.

જયારે અહીં સ્વભાવની દષ્ટિ કરાવવી છે તેથી એમ કહ્યું કે વિકારના પરિણામ પુદ્ગલના છે. તથા જયાં બે કારણ કહ્યાં ત્યાં નિશ્ચયથી તો પર્યાય પોતાથી જ પોતાના ષટ્કારકથી જ થાય છે પરતું સાથે નિમિત્ત છે તેને ભેળવીને પ્રમાણજ્ઞાન કરાવ્યું છે. ભાઈ ! ખરેખર તો કારણ એક જ છે. જેમ કે મોક્ષમાર્ગ એક જ છે. માર્ગ કહો કે કારણ કહો તે એક જ અર્થ છે. મોક્ષનું કારણ જેમ એક જ છે તેમ પર્યાયનું કારણ નિશ્ચયથી એક જ છે. પ્રભુ! સત્ય તો આવું છે. હોં. જો કાંઈ આડું અવળું કરવા જઈશ તો સત્ નહિ રહે. વસ્તુનો ભાવ જ યથાર્થ આમ છે અને એમ જ બેસવો જોઈએ.

વિકાર્ય :બદલવું, પલટવું, વિકાર-ફેરફાર કરવો, પરિણમતો, વ્યય. (૨) પુદ્ગલ પોતે પોતાના પર્યાયનો ફેરફાર કરીને પરિણમે છે તે તેનું વિકાર્ય કર્મ છે. (૩) બદલાવવું, બદલવું. (૪) બદલાવવું, ફેરફાર કરવો. (૫) એક અવસ્થાથી બીજી અવસ્થાનું જે બદલવું તે કર્તાનું વિકાર્ય કર્મ છે. (૬) બદલાવવું, પરિણમવું.

વિકારરૂપ :વિરોધરૂપ, વિભાવરૂપ

વિકારી અવસ્થાની :અજ્ઞાન અને રાગદ્વેષ રુપ વિકારી અવસ્થાને જીવન યોગ્યતા કહી કારણકે તે જીવમાં થાય છે. કોઈ પર ચીજ આત્માને ભૂલ કરાવે કે ભાવ બગાડે એમ બનતું નથી કારણકે આત્માને જડ કર્મની , સર્વ પર ચીજ ની નાસ્તિ છે દરેક આત્મા સહાય પોતાપણે છે. પરપણે એટલે કોઈ બીજા આત્મા પણે કે જડ પણે, શારીગ્રહિ પરપણે કે પરના નુકશાન નથી કારણકે તેની તારામાં નાસ્તિ છે. જયાં ગુંણ હોય ત્યાં તેની ઉંધાઈરુપ દોષ હોઈ શકે અને ધ્રુવ એક રુપ ગુમની તાકતના આધારે દોષ પલટી ઘુણ પણ ત્યાં જ થઈ શકે , તેથી તેને નુકશાન કરનારો ભાવ પણ તારો જ છે. અને તે વિરોધી ભાવને ટાળનાર પણ તારોજ સ્વભાવ છે. જેજ વખતે કર્મની અવસ્થા તેના કરણે બદલીને અન્યરુપી થઈ તેમાં તુ નાસ્તિપણે નિમિત્ત થયો તેપકારે તારું નિમિત્ત પામવાની તેનામાં યોગ્યતા હતી તેથી તેની નૈમિત્તિક નિર્જરારુપ અવસ્થા થઈ.

પરમાણું માં કર્મરુપ વિકારી અવસ્થા થયાની યોગ્યતા અને જીવમાં વિકારી ભાવ થાય તેમાં તે કર્મનું મિનિત્ત નીવડવાપણું એ બન્ને છે. જડકર્મમાં અને જીવમાં પણ ન્મિત્ત- નૈમિત્તિક ભાવપણું છે. એમ વ્યવહારથી ઝીુ-અજીવમાં ન્મિત્ત - ઉપાદાનનો (પરસ્પર ન્મિત્ત- નૈમિત્તિકપણે થવાનો) સંબંધ છે.

વિકારી પરિણામો :અનાદિથી આત્મામાં ત્રણ પ્રકારની અવસ્થા છે. ઊંધી માન્યતા, ઊંધું જ્ઞાન, અને ઊંધી એકાગ્રતા. એ ત્રણ પ્રકારનો વિકાર છે. જો કે આત્માના ઉપયોગનો વેપાર-અવસ્થા તો શુદ્ધલયથી સુદ્ધ છે.

ઊંધી માન્યતા એટલે કે પર શરીરાદિને પોતાપણે માને, રાગી, દ્વેષી હું છું તેમ માને તે, અને અજ્ઞાન એટલે પરને પોતાપણે જાણે તે અને અવિરતિ એટલે પરમાં ઉપયોગને સ્થિર કરે - એ રીતે ત્રણ પ્રકારે પરિણામ-વિકારો થાય છે.

જો કે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્ર ભાષણે એક પ્રકારનો છે.

વિકારી ભાવ :પ્રશ્નઃ વિકારી ભાવ મારો ખરો કે નહિ ? પરને મદદ કરવી એવી મારી ફરજ ખરી કે નહિ ?

ઉત્તર : બધા પદાર્થો સ્વતંત્ર છે. પરતું કાંઈ કરી શકતો જ નથી ત્યાં ફરજ કેવી ? વિકારીભાવ પોતાનો હોય તો તે પોતાનો સ્વભાવ થઈ જાય, ટાળ્યો ટળે નહિ. જે પોતાનો સ્વભાવ હોય તે દુઃખ સ્વરૂપ છે માટે તે જીવનો સ્વભાવ નથી.

વિકારી ભાવ :મિથ્યાભાવ

વિકાસ :વિસ્તાર(શરીરના પ્રદેશોનો)

વિકિતપણું :ભિન્નપણું, વિમુકતપણું.

વિકીર્ણ :ભેદાવું, છિન્નભિન્ન કરવું, વિઘટન કરવું.

વિકોત્રીભાવ :વિભાવભાવ, પરાશ્રયભાવ, મિથ્યાભાવ.

વિગતવાર નોંધ :

વિગમ :વિશેષ શોક, વિશેષ દુઃખ

વિગમ થવાથી :કણિકા પણ નહિ કહેવાથી

વિગ્રહ :શરીર

વિગ્રહગતિ :એક શરીરને છોડી બીજા શરીરની પ્રાપ્તિ માટે ગમન કરવું વિગ્રહગતિ છે. (વિગ્રહ=શરીર)

વિઘટન :તડા પડવા, વાડા પાડવા. (૨) જુદા જુદા વાડા, સંપ્રદાયના જુદા જુદા તડ.

વિદ્યમાન :જણાવું

વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો :જ્ઞાનમાં સૌ દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયો એકી સાથે જણાવા છતાં દરેક પર્યાયનું વિશિષ્ટ સ્વરૂપ-પ્રદેશ,કાળ,આકાર વગેરે વિશેષતાઓ- સ્પષ્ટ જણાય છે. સંકર-વ્યતિકર થતા નથી.

વિદ્યમાળ :હયાતી ધરાવતું, પ્રત્યક્ષ રહેલું, હાજર, વર્તમાન, જીવતું

વિઘાત :આઘાત, પ્રહાર, સંહાર, નાશ, બાધા, અડચણ, વિઘ્ન

વિદ્યમાન :હયાતી ધરાવતું, જીવતું, વર્તમાન, પ્રત્યક્ષ રહેલું, હાજર (૨) હયાતી ધરાવનાર છતો છતો છતો. (૩) હયાત (૫) હાજર, હયાતી ધરાવતું, જીવતું, પ્રત્યક્ષ રહેલું, હાજર, વર્તમાન

વિધાયક :વિધાન કરનાર, રચનાર

વિચક્ષણ :વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલા આત્મા, અંતરાત્મા (૨) બુદ્ધિમાન, તીવ્ર સમજશકિતવાળું. (૩) આરોગ્યતા, મહાત્તા, પવિત્રતા અને (૪) આરોગ્યતા, મહત્તા, પવિત્રતા અને ફરજ એમાં ખામી ન આવવા દે તે. (૫) આરોગ્યતા,. મહત્તા, પવિત્રથા અને ફરજ એમાં ખામી ન આવવા દે તે.

વિચ્છેદ :છૂટા થવું, અલગ પડવું (૨) હણાવું

વિચ્છિન્ન :તૂટક, વિચ્છેદ પામેલું (૨) છેદાયેલુપં.

વિચક્ષણ :તીવ્ર સમઝશકિતવાળું, બુદ્ધિમાન, આરોગ્યતા, મહત્તા, પવિત્રતા અને ફરજ એમાં ખામી ન આવવા દે તે.

વિટંબણા :કલશ, પીડા, સંતાપ, મુશ્કેલી, હરકત, નડતર, અડચણ

વિચરે ઉદય પ્રયોગ :સાધક માર્ગ. (૨) સંપૂર્ણપણે ઈચ્છારહિત હોવાથી વિચરવા આદિની તેઓની દૈહિકાદિ યોગક્રિયા પૂર્વપ્રારબ્ધોદય વેદી લેવા પૂરતી જ છે, માટે ''ચિરે ઉદયપ્રયોગ'' કહ્યું. (૩) સંપૂર્ણપણે ઈચ્છારહિત હોવાથી વિચરવા આદિની દૈહાદિક યોગક્રિયા પૂર્વ પ્રારબ્ધોદય વેદી લવા પૂરતી જ છે, માટે 'વિચરે ઉદયપ્રયોગ' કહ્યું. (૪) પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવા આદિ ક્રિયા છે.

વિચરણ :વિચરવું તે, ફરવું એ, આમતેમ હિલચાલ કરવી એ

વિચરવું :ચાલવું

વિચરવું ઉદયાધીન :એટલે પૂર્વ પ્રકૃતિનો ઉદય આવે તેને વિવેક સહિત જાણી તેમાં મમત્વ કર્યા વિના સમભાવે વર્તવું. મુનિને સતત વિહાર ચાલતો હોય છે. પણ તે વિહાર પાછળ માન, પૂજા, સત્કાર આદિનો હેતુ ન હોવો જોઈએ. બધું કર્મના ઉદય પ્રમાણે નિરાગીપણે થવું ઝોઈએ. પ્રકૃતિના ઉદયને જાણે પણ તે વિશે સમભાવે રહેવું તે ઉદયાધીન વર્તના કહેવાય.

વિચારણાર્થે :મહા મંથનાર્થે

વિચારવું :જ્ઞાન કરવું.

વિચિકિત્સા :પોતામાં પોતાના ગુણની મહત્તાથી પોતાને શ્રેષ્ઠ માને અને બીજાને હીન બુદ્ધિથી ઊતરતા માને તેને વિચિકિત્સા કહે છે. (૨) એણગમો, ગ્લાનિ (૩) અણગમો, ગ્લાનિ, જુગુપ્સા, ખેદ.

વિચિત્ર :અનેક પ્રકારના (૨) અનેક (૩) તરેહવાર, વિલક્ષણ, અદ્‌ભુત, નવાઈ પમાડતું (૪) અનેક પ્રકારના

વિચિત્રતા :વિવિધપણું, અનેકપણુ (૨) વિવિધતા (શબ્દભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વૈસ્રસિક-એમ વિવિધ છે. (૩) વિવિધતા.(શબ્દ ભાષાત્મક, અભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વસ્રસિક-એમ વિવિધ છે.) (૪) બહુપ્રકારતા (૫) અનેક પ્રકારતા, વિવિધતા, અનેકરૂપતા (ચીકણાપણું અને

લૂખ્ખાપણું પરિણામને લીધે ક્ષણિક અનેકરૂપતા-તરતમતા ધારણ કરે છે.) (૬) અનેક પ્રકારતા, વિવિધતા, અનેક રૂપતા(ચીકણાપણુ અને લુખાપણું પરિણામને લીધે ક્ષણિક અનેક રૂપતા-તરતમતા ધારણ કરે છે. (૭) વિવિધપણું, અનેકપણુ (૮) વિવિધપણું, અનેકપણું (૯) વિવિધ પ્રકાર (૧૦) વિવિધતા. (શબ્દ ભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વૈસત્રસિક-એમ વિવિધ છે.) (૧૧) વિવિધ પ્રકાર (૧૨) વિવિધ પ્રકાર (૧૩) અનેક પ્રકારના, વિવિધતા, અનેકરૂપતા(ચીકાસપણું અને લૂખાપણું પરિણામને લીધે ક્ષણિક અનેકરૂપતા-તરતમતા ધારણ કરે છે. (૧૪) વિચિત્ર લીલા

વિચલિત :ચલિત, ચળવું

વિજ્ઞ :પ્રજ્ઞ, વિશિષ્ટ જ્ઞાનવાન

વિજ્ઞજન :આત્મ વિછારમાં (૨) આત્મ વિચારમાં નિપુણઃ જેમનો આત્મા ઘણું કરીને રાગ-દષાદિથી રહિત થઈ ગયો છે. જો મન રાગ-દ્વેષાદિથી આકુળ હોય તો ગમે તેટલો શ્રૃતાભ્યાસ કર્યો હોય તો પણ તેના દ્વારા આત્મદર્શન થઈ શકશે નહિ. આત્મદર્શનની માટે રાગ-દ્વેષાદિથી રહિત થવું આવશ્યક છે. (૩) આત્મ વિચારમાં નિપુણ, રાગાદિથી રહિત.

વિજ્ઞાનઘન સ્વભાવ :આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જયાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાનને -ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે અને મિથ્યાત્વ ગયા પછી તેને -ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય તોપણ -વિજ્ઞાન કહેવામાં આવે છે. જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું જાય છે તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે તેમ તેમ જ્ઞાન(વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાન ઘન સ્વભાવ થતો જાય છે.

વિક્ષેપ :બાધા, મૂંઝવણ (૨) બાધા, અડચણ, નડતર, આડસ, અસ્થિરતા, મૂઝવણ, વિલંબ, વાર (૩) મૂંઝવણ, અસ્થિરતા, બાધા, અડચણ, નડતર, આડચ

વિજ્ઞપ્તિ :નર્મ વિનંતિ.

વિજ્ઞેય :વિશેષે-વિવેક કરી જાણવો

વિજ્ઞાન :અનંત જ્ઞાન (૨) અજ્ઞાનીનો જે અધ્યવસાય છે તેને વિજ્ઞપ્તિમાત્ર પણાથી વિજ્ઞાન કહેવાય છે. વિજ્ઞાન એટલે વિશેષેજ્ઞાન. મારા નિર્મળગુણની પર્યાય જાણે કે પરમાંથી આવતી હોય એમ જાણીને પરનું જ્ઞાન કરવા માંડયું તે વિજ્ઞાન, પર તરફનું વિશેષેજ્ઞાન તેને વિજ્ઞાન કહે છે. (૩) વિજ્ઞાનનું અંતિમ પરિણમન અધ્યાત્મ જ છે. જ્ઞાન તે બુદ્ધિ સુધીનો જ વિષય છે. પણ તે જ જ્ઞાન જયારે અનુભવમાં ઉતરે છે ત્યારે વિજ્ઞાન બની જાય છે. વિશેષ જ્ઞાન તે વિજ્ઞાન. કોઈપણ પદાર્થને એક અંશે જાણવો તે જ્ઞાન અને સર્વાંશે જાણવો તે વિજ્ઞાન. જ્ઞાન તે શોધન છે. વિજ્ઞાન તે પરિશોધન છે, તો અધ્યાત્મ તે સર્વ શોધનની સિદ્ધિ છે, એટલે જ એ સત્યશોધન છે. શોધન કે પરિશોધનથી પણ આગળના સોપાન રૂપ શુદ્ધ સનાતન સત્યનો આષ્કિાર છે. અને તેથી જ જ્ઞાન અને વિજ્ઞાન બન્ને અધ્યાત્મમાં અંતર્ભૂત થઈ જાય છે. જ્ઞાન અને વિજ્ઞાન જયાં છાકીને વિશ્રામ લે છે ત્યાંથી અધ્યાત્મનું પ્રથમ ચરણ ઉપડે છે. પ્રભુએ પોતાના આત્માને માત્ર સર્વાંશે જાણ્યો જ નહીં પરંતુ અનુભવ્યો. તેમની અનુભવ દશા સતત ચાલુ રહી અને તે અનંત જ્ઞાન સાથેની અનુભવ દશા હતી, તે તેઓ અનંત વિજ્ઞાની કહેવાયા. (૪) સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન (૫) કોઈપણ પદાર્થને એક અંશે જાણવો તે જ્ઞાન અને સર્વાંશે જાણવો તે વિજ્ઞાનઃજ્ઞાન તે શોધન છે, વિજ્ઞાન તે પરિશોધર છે, તો અધ્યાત્મ તે સર્વ શોધનની સિદ્ધિ છે. સત્યશોધન છે.

વિજ્ઞાન ઘન :એકલા જ્ઞાનનો જ પિંડ (૨) આત્મા જ્ઞાનનો પિંડ છે, તે નિબિડ છે, નકોર છે, જાણનારો નકોર છે. જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી. એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે. જ્ઞાતા છે. (૩) જાણવા -દેખવાના સ્વભાવરૂપ (૪) આત્મા જ્ઞાનનો પિંડ છે. તે નિબિડ છે, નકોર છે, કઠણ ચે. જાણનારો નકોર છે કે જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી, એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે.-જ્ઞાતા છે. તે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને બીજા સમસ્ત પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે. પર પદાર્થોના અનંત ભાવોને જાણે છતાં પણ પરનો કોઈ

અંશ પોતામાં પ્રવેશી શકે નહિ એવો જાણનારો ઘનરૂપ છે. નિબિડરૂપ છે. જાણનાર સ્વભાવ તે આત્માનો અનન્ય સ્વભાવ છે, એકરૂપ છે. જુદા સ્વભાવવાળો નથી. વિકારી ભાવો પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે અને વિજ્ઞાનઘન આત્મા પોતે પોતાને પણ જાણે છે ને પરને પણ જાણે છે. (૫) પોતાના જાણવા દેખવાનો સ્વભાવ. (૬) જ્ઞાનનો ધનપિંડ, નિબીડ,નકોર,ત્રણે કાળ એવો નકોર છે કે એમાં પરનો કે રાગનો પ્રવેશ થઈ શકતો નથી, વિજ્ઞાનઘન સ્વભાવપણે હોવાથી પોતે જ ચેતક-જ્ઞાતા છે. પોતાને અને પરને જાણે છે. પોતાનો વિજ્ઞાનઘન સ્વભાવ હોવાથી પોતાને જાણે છે અને જે રાગ થાય તેને પણ જાણે છે. અહાહા! પર પદાર્થના અનંત ભાવોને જાણવા છતાં પરનો અંશ પણ પ્રવેશી ન શકે એવો તે વિજ્ઞાનઘનરૂપ નિબીડ છે. હવે નિશ્ચય-વ્યવહાર બન્નેનો સુમેળ રહે એવી રીતે ભૂમિકા અનુસાર પ્રવર્તનારા જ્ઞાની જીવોનું પ્રવર્તન અને તેનું ફળ કહેવામાં આવે છેઃ- પરંતુ જે અપુનર્ભવને (મોક્ષને) માટે નિત્ય ઉદ્યોગ કરનારા મહાભાગ ભગંવતો, નિશ્ચય-વ્યવહારમાંથી કોઈ એકને જ નહિ અવલંબતા હોવાથી (કેવળ નિશ્ચયાવલંબી કે કેવળ વ્યવહારવલંબી નહિ હોવાથી) અત્યંત મધ્યસ્થ વર્તતા, શુદ્ધ ચૈતન્યરૂપ આત્મતત્ત્વમાં વિશ્રાંતિના વિરચન પ્રત્યે અભિમુખ વર્તતા, પ્રમાદના ઉદયને અનુસરતી વૃત્તિને નિવર્તાવનારી (ટાળનારી) ક્રિયાકાંડ-પરિણતિને મહાત્મ્યમાંથી વારતા (શુભક્રિયાકાંડ પરિણતિ હઠ વિના સહજપણે ભૂમિકાનુસાર વર્તતી હોવા છતાં અંતરંગમાં તેને માહાત્મ્ય નહિ અર્પતા) અત્યંત ઉદાસીન વર્તતા, યથાશકિત આત્માને આત્માથી આત્મામાં સંચેતતા (અનુભવતા) થકા નિત્ય-ઉપયુકત રહે છે, તેઓ (તે મહાભાગ ભગવંતો) ખરેખર સ્વતત્ત્વમાં વિશ્રાંતિ અનુસાર ક્રમે કર્મનો સંન્યાસ કરતા (સ્વતત્ત્વમાં સ્થિરતા થતી જાય તેના પ્રમાણમાં શુભભાવોને છોડતા) અત્યંત નિષ્પ્રમાદ વર્તતા, અત્યંત નિષ્કંપમૂર્તિ હોવાથી જેમને વનસ્પતિની ઉપમા આપવામાં આવતી હોવા છતાં જેમણે કર્મફળાનુભૂતિ અત્યંત નિરસ્ત(નષ્ટ) કરી છે એવા કર્માનુભૂતિ પ્રત્યે (નિરુત્સુક વર્તતા , કેવળ (માત્ર) જ્ઞાનાનુભૂતિથી ઉત્પન્ન થયેલ તાત્ત્વિક આનંદથી અત્યંત ભરપૂર વર્તતા, શીઘ્ર સંસાર સમુદ્રને પાર ઉતરી શબ્દ બ્રહ્મના શાશ્વત ફળના (નિર્વાણસુખના) ભોકતા થાય છે.

છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમ જ મહાવ્રતાદિ સંબંધી શુભભાવો યથાયોગ્યપણે હોવા તે નિશ્ચય વ્યવહારના સુમેળનું (અવિરોધનું) ઉદાહરણ છે. પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી તેમજ દેશવ્રતાદિ સંબંધી શુભભાવો યતાયોગ્યપણે હોવા તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે. (૭) આત્માને વિજ્ઞાનધન કહેવામાં પરિપૂર્ણ નિર્મળ વિજ્ઞાનધન લીધો છે. વિજ્ઞાનધન એટલે આત્મા જ્ઞાનનો પિંડ છે, તે નિબિડ છે, નકોર છે, કઠણ છે, જાણનારો નકોર છે કે જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી; એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે - જ્ઞાતા છે. તે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને બીજા સમસ્ત પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે. પર પદાર્થના અનંતભાવોને જાણે છતાં પણ પરનો કોઈ અંશ પોતામાં પ્રવેશી શકે નહિ એવો જાણનારો ઘનરૂપ છે- નિબિડ છે. જાણનાર સ્વભાવ તે આત્માનો અનન્ય સ્વભાવ છે, એકરૂપ છે, જુદા સ્વભાવવાળો નથી. વિકારી ભાવો પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે અને વિજ્ઞાનધન આત્મા પોતે પોતાને પણ જાણે છેતે પરને પણ જાણે છે. (૮) આત્મા જ્ઞાનનો પિંડ છે. તે નિબિડ છે, નકોર છે, કઠણ છે, જાણનારો નકોર છે. કે જેમાં કોઈપરનો પ્રવેશ થઈ શકે તેમ નથી. એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે- જ્ઞાતા છે. તે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને બીજા સમસ્ત પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે. પર પદાર્થના અનંત ભાવો ને જાણે છતાં પણ પરનો કોઈ અંશ પોતામાં પ્રવેશી શકે નહિ એવો જાણનારો કરનરૂપ છે- નિબંડરૂપ છે. (૯) આત્મા જ્ઞાનનો પિંડ છે. તે નિબિડ છે. નકોર છે. કઠણ છે. જાણનારો નકોર છે. જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી. એવો જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે, જ્ઞાતા છે.

વિજ્ઞાન ઘન આત્મા :આત્મા પરિપૂર્ણ નિર્મળ વિજ્ઞાનઘન ચે. વિજ્ઞાનઘન એટલે આત્મા જ્ઞાનનો પિંડ છે, તે નિબિડ છે, મકોર છે, કઠણ છે, જાણનારો નકોર છે કે જેમાં કોઈ પરનો પ્રવેશ થઈ શકે તેમ નથી. એવો આત્મા જાણનાર નકોર આત્મા પોતે ચેતક છે-જ્ઞાતા છે. તે પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે અને બીજા સમસ્ત પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ જાણે છે. પર પદાર્થના અનંત ભાવોને જાણે છતાં પણ પરનો કોઈ અંશ પોતામાં પ્રવેશી શકે નહિ એવો જાણનારો ઘનરૂપ છે- નિબિડરૂપ છે. જાણનાર સ્વભાવ તે આત્માનો અનન્ય સ્વભાવછે, એકરૂપ છે, જુદા સ્વભાવવાળો નથી. વિકારી ભાવો પોતાને પણ ન જાણે અને પરને પણ ન જાણે અને વિજ્ઞાનઘન આત્મા પોતે્તાને પણ જાણે છે ને પરને પણ જાણે છે.

વિજ્ઞાનઘન થતો જાય છે. :પોતાના સ્વભાવમાં સ્થિર થતો જાય છે. પોતાની કૃતકૃત્યતા જામતી જાય છે.

વિજ્ઞાનઘન થયો :જ્ઞાનની પર્યાય જે અસ્થિર બહિર્મુખ હતી તે દ્રવ્યમાં અંતર્મુખ વળીને સ્થિર થઈ તેને વિજ્ઞાનઘન થયો કહેવામાં આવે છે.

વિજ્ઞાનરૂપ :ભેદવિજ્ઞાન

વિજ્ઞાની :વિશિષ્ટ જ્ઞાનવાળા, કેવળજ્ઞાન ભાસ્કર

વિક્ષિપ્ત :મોહિત

વિજાત :બીજી જાત, જડની જાત.

વિજાતીય :વિપરીત જાતના, વિરુદ્ધ જાતિના.

વિજિગીષા :જય મેળવવાની ઈચ્છા, જયેચ્છા, ઉત્કર્ષ, ચઢતી, અભ્યુદય, ઉન્નતિ, કર્મને જીતવારૂપ વિજિગિષા.

વિટપુરુષ :કામુક, લંપટ, લબાડમાણસ, યાર, આશક, ગણિકાનો નોકર, ભડવો.

વિટંબણા :કલેષ, પીડા, સંતાપ, મુશ્કેલી, હરકત, નડતર, અડચણ, માથાફોડ, માથાકૂટ

વિટંબના :કલેષ, પીડા, સંતાપ , મુશ્કેલી, હરકત, અડચણ, નડતર (૨) મુશ્કેલી, દુઃખ, સંતાપ

વિડંબના :અનકરણ, ઉપહાસ, શ્કરી, છળ, પીડા, મુશ્કેલી, વિટંબણા, ધૂણવું.

વિણષવું :નાશ પામવું, ક્ષય પામવો, વિનાશ પામવો.

વિણસે છે :નાશ પામે છે

વિણસી જાય :બગડી જાય, ખરાબ થાય, નાશ પામી જાય.

વિતથ :જૂઠું

વિતર્ત :રૂપાંતર, પરિણમન

વિતર્તરૂપ :કલ્પિતપણે, એક કોઈ વસ્તુમાં બીજી સમાન લાગતી વસ્તુના આરોપવાળી પરિસ્થિતિ. જેમકે દોરડાને સાપ માની લેવું.

વિતરાગ સંયમ :જે શુદ્ધોપયોગરૂપ છે તે વીતરાગ સંયમ છે એને તે સર્વ શુદ્ધોપયોગમાં રહેનારા જીવોને થાય છે, અથવા સામાયિક છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપચય અને યથાખ્યાત આદિ સંયમ પણ શુદ્ધોપયોગીઓને હોય છે.

વિજ્ઞાનતા :કેવળજ્ઞાન

વિતિગિચ્છા :આશંકા, જુગુપ્સા, સંદેહ, સૂગ

વિદગ્ધ :ચતુર, હોશિયાર, વિદ્વાન

વિહ્વળ :આતુર, બેબાકળું, બહાવરું, ગાભરું, આકળું.

વિદ્યમાન :હાજર, મોજૂદ

વિદ્યમાનતા :હયાતી, હાજરી

વિદ્યા :સમ્યક્ માન્યતા

વિદ્યાચારણ :

વિદ્રૂપ :કદરૂપો

વિહ્વલતા :બહાવરાપણું, આતુરતા, આકળાપણું, બેબાકળાપણું

વિહ્વળ :બેબાકળું, બહાવરું,ગાભુંરું

વિહ્વળતા :ચંચળતા

વિહાયોગતિ :જે કર્મના ઉદયથી આકાશમાં ગમન્ થાય તેને વિહાયોગતિ નામ કર્મ કહે છે.

વિહાયોગતિ નામ કર્મ :જે કર્મના ઉદયથી, આકાશમાં ગમન હોય. તેના શુભ અને અશુભ, એવા બે ભેદ છે.

વિહાર :સ્ત્રી, ક્રિડા આદિની વાત. (૨) પ્રવર્તના, પ્રવર્તવું, બહારમાં રમણતા કરવી, વિભાવમાં રહેવું.

વિહિત :ફરમાવવું (૨) બરોબર મુકાયેલું, જેને માટે વિધાન કરવામાં આવ્યું હોય તેવું શાસ્ત્રે જે કરવાનું કહેલું હોય તેવું વિધિએ બતાવેલું

વિહિત કરવું :ફરમાવવું, આદેશ આપવો.

વિહિત કરવામાં આવતો :ફરમાવવામાં આવતો.

વિદશ અને સદશ :પર્યાયના નવા નવા રૂપ ઉપર નજર રાખીએ તેને વિદશ પરિણમન કહેવામાં આવે છે. જયારે એકરૂપતા જોવમાં આવે છે ત્યારે તેને સદશ પરિણમન કહેવામાં આઆવે છે. પરિણમનના બે પ્રવાહ નથી પરંતુ પર્યાયના પ્રવાહને જોવાની બે દષ્ટિઓ છે. નવા નવા રૂપને અસત્ ઉત્પાદ અને જે છે તે ઉત્પન્ન થયું-સદશ પરિણમનને સત્-ઉત્પાદ પણ કેહેવામાં આવે છે.

વિદેહક્ષેત્રમાં વર્તમાન તીર્થંકરો :

(૧) સીમંધર, (૨) યુગમંધર, (૩) બાહુ, (૪) સુબાહુ,
(૫) સંજાતક, (૬) સ્વયંપ્રભ, (૭)વૃષભાનન, (૮) અનંતધીર્ય,
(૯) સૂત્રપ્રભ, (૧૦) વિશાલકીર્તિ, (૧૧) વજધર, (૧૨) ચંદ્રાનન,
(૧૩) ચંદ્રબાહુ, (૧૪) ભુજંગમ, (૧૫) ઈશ્વર, (૧૬) નેજાપ્રત્ય,
(૧૭) વીરસેન, (૧૮) મહાભદ્ર, (૧૯) દેવયશ, અને
(૨૦) અજિતવીર્ય એ નામના ધારક પાંચ મેરુ સંબંધી વિદેહક્ષેત્રમાં વીય તીર્થંકર હાલ દેવળ જ્ઞાન સહિત વિરાજમાન છે.

વિદારણ :ફાડવું, ચીરવું, કટકા કરી નાખવા.

વિદારવું :તોડવું, ટૂકડા કરવા.

વિદારિત :ખંડિત

વિદિત :જાણેલું, જાણીતું (વિદિત કરવું= જણાવવું, વાકેફ કરવું) (૨) જાણ થવી. (૩) જાણીતું, પ્રગટ કરવું. (૪) જાણમાં આવેલું

વિદિતાર્થ :વસ્તુ સ્વરૂપ જાણીને (૨) વસ્તુ સ્વરૂપ જાણઈને, વિદિતાર્થ :

વિદીર્ણ :છિન્ન ભિન્ન થવું.

વિધત્ત=નિદ્ધત :ખરાબ વ્યસનથી ભરપૂર, ખરાબ આદતોથી ભરપૂર, કૂકર્મોનો ખજાનો.

વિધ્ન :હરકત, સંકટ, મુશ્કેલી (૨) દુઃખ, અડચણ,હરકત, અંતરાય, મુશ્કેલી, સંકટ, બાધા.

વિધ્નવિનાશક :આત્માની પૂર્ણ આનંદ દશા વિધ્નવિનાશક છે. મારું સ્વરૂપ સિદ્ધસમાન છે. જેમ માનતા વિધ્નનો નાશ થાય છે ને તે સુખનું કારણ છે.

વિધેય :કરવા યોગ્ય

વિદારણ :ચીરવાની સ્થિતિ, ફાડવાની સ્થિતિ, મારી નાખવું એ

વિધ્વંસ :નાશ કરનાર (૨) નાશ, નિકંદન (૩) નાશ પામવું.

વિધ્વંસક :નાશ કરનારું

વિધાન :કથન, બ્યાન, આચરણ (૨) આચરણ, કથન,સૂચન,નિયમ,ધારો (૩) આચરણ (૫) વસ્તુના ભેદોને વિધાન કહે છે. (૬) આચરણ (૭) આચરણ, અમલમાં મૂકવું. (૮) વિધિ (૯) વસ્તુના ભેદોને વિધાન કહે છે. સમ્યગ્દર્શન એક પ્રકારે, અથવા સ્વપર્યાયની લાયકાતની અપેક્ષાએ ત્રણ પ્રકારે- ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક, અથવા આજ્ઞા, માર્ગ, બીજ, ઉપદેશ, સૂત્ર, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમ અવગાઢ એમ દશ પ્રકારો છે.

વિધાનમાં :આચરણમાં, અમલમાં મૂકવામાં

વિધાયક :વિધાન કરનાર, રચનાર

વિદ્યુત :વીજળી

વિધિ :રીત (૨) અંશ કલ્પના રહિત-નિરંશ પરિણમનને વિધિ કહે છે. સત્(પદાર્થ) જયાં સુધી પોતાના વસ્તુત્વમાં સામાન્ય રીતે સ્થિર રહે છે અને જયાં સુધી તેમાં ભેદ કલ્પના કરવામાં આવતી નથી ત્યાં સુધી તો તે સત્ શુદ્ધ અખંડ છે અને જયારે તે દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ ભેદોમાં વિભાજિત કરવામાં આવે છે, ત્યારે તે જ સત્ વિશેષ-ખંડરૂપ કહેવાય છે.

વસ્તુમાં જયાં સુધી ભેદબુદ્ધિ થતી નથી ત્યાં સુધી તે શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ શુદ્ધ છે અને તે જ અવસ્થામાં તે નિરપેક્ષ છે. પરંતુ જયારે તેમાં

અશુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ભેદ કલ્પના કરવામાં આવલે છે. ત્યારે તે વસ્તુ પરસ્પર સાપેક્ષ થઈ જાય છે. અને તે જ અવસ્થામાં તે પ્રતિ,દય પણ છે.

જે સતત અન્વયરૂપે રહે છે તેને વિધિ કહે છે અને જે વ્યતિરેક રૂપે રહે તેને પ્રતિષેધ્ય - ખંડરૂપ કહે છે. વસ્તુ સામાન્ય અવસ્થામાં જ સતત અન્વયરૂપે રહી શકે છે. પરંતુ ભેદ વિવક્ષામાં તે વ્યતિરેક રૂપ ધારણ કરે છે. તેથી સત્ સામાન્યને વિધિરૂપ અને સત્ વિશેષને પ્રતિષેધ રૂપ કહેવામાં આવે છે. વસ્તુની વિશેષ અવસ્થામાં જ પ્રતિષેધની કલ્પના કરવામાં આવે છે.

વિધીયમાન :રચાનારું, જે રચાતું હોય તે. (સત્તા વગેરે ગુણો દ્રવ્યના રચનારા છે અને દ્રવ્ય તેમનાથી રચાતો પદાર્થ છે.)

વિનય મિથ્યાત્વ :સમસ્ત દેવને તથા સમસ્ત ધર્મમતોને સરખા માનવા, તે વિનય મિથ્યાત્વ છે. ગૃહીત મિથ્યાત્વના પાંચ ભેદોનો વિશેષ ખુલાસો. (૨)

(૧) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-સંયમ, ધ્યાનાદિ વગર માત્ર ગુરુ પુજનાદિક વિનયથી જ મુક્તિ થશે એમ માનવું તે.

(૨) સર્વ દેવ, સર્વ શાસ્ત્ર, સમસ્ત મત તથા સમસ્ત વેષધારકો સમાન માનીને બધાનો વિનય કરવો તે અને

(૩) વિનય માત્રથી જ પોતાનું કલ્યાણ થઈ જશે એમ માનવું તે વિનય મિથ્યાત્વ છે.

(૪) સંસારમાં જેટલા દેવો પૂજાય છે અને જેટલાં શાસ્ત્રો કે દર્શનો પ્રચલિત છે તે બધાંય સુખદાયી છે, તેમનામાં ભેદ નથી, તે બધાયથી મુક્ત (અર્થાત આત્મકલ્યાણની પ્રાપ્તિ) થઈ શકે છે, એવી માન્યતા તે વિનય મિથ્યાત્વ છે. અને તે માન્યતાવાળા જીવો વૈનયિક મિથ્યાદષ્ટિ છે.

ગુણ ગ્રહણની અપેક્ષાથી એનેક ધર્મમાં પ્રવૃત્તિ કરવી અર્થાત્ સત્-અસત્નો વિવેક કર્યા વગર, સાચા તથા ખોટા બધા ધર્મોને સમાનપણે જાણીને તેનું સેવન કરવું, તેમાં અજ્ઞાનની મુખ્યતા નથી, પણ વિનયના અતિરેકની મુખ્યતા છે તેથી તેને વિનય મિથ્યાત્વ કહેવામાં આવે છે.

વિનશ્વર :નાશવંત, તદ્દન નાશંવંત, ક્ષણભંગુર (૨) નાશવાન, ક્ષણિક.

વિનષ્ટ :નષ્ટ, વિલય પામેલ, હયાતી અનુભવી લીધેલ

વિના પરિશ્રમે :વિના પ્રયાશે, અનાયાસે

વિના વિવેકે :સમજયા વિના

વિનાશ :મરણ

વિનાશ વિનાનો ઉત્પાદ અને ઉત્પાદ વિનાનો વિનાશ :સ્વયંભૂ સર્વજ્ઞ ભગવાનને જે શુદ્ધાત્મ સ્વભાવ ઉત્પન્ન થયો તે કદી નાશ પામતો નથી તેથી તેમને વિનાશ વિનાનો ઉત્પાદ છે, અને અનાદિ અવિદ્યાજનિત વિભાવપરિણામ એકવાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઉપજતા નથી તેથી તેમને ઉત્પાદ વિનાનો વિનાશ છે. આ રીતે અહીં એમ કહ્યું કે સિદ્ધપણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત છે, કારણ કે શુદ્ધ પર્યાયની અપેક્ષાએ તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.

વિનાશિકતા રહિત :ધ્રુવ

વિનાશી :નાશવંત

વિનિશ્ચય :નિશ્ચય, દઢ નિશ્ચય

વિનીત :વિનયયુકત, સન્માનયુકત, વિવેકી, સભ્ય

વિનીતતા :વિનય, નમ્રતા (સમ્યગ્દર્શનાદિ પર્યાયે પરિણમેલા પુરુષ પ્રત્યે વિનયભાવે પ્રવર્તવામાં મનનાં પુદ્ગલો નિમિત્તભૂત છે.)

વિપક્ષ :વિરોધી (૨) વિરોધની ઉત્પત્તિ કરનાર (૩) અન્યવાદીઓ

વિપુલમતિ :વિશેષ સ્પષ્ટ જાણે-મનઃપર્યાયનો ભેદ છે.

વિપ્રકર્ષ :દૂર સ્થિતિ રૂપ પ્રતિબંધ, દેશાદિનું અંતર.

વિપ્રકર્ષ :દૂર સ્થિતિરૂપ પ્રતિબંધ, દૂરવર્તી પદાર્થનું અંતર જાણવામાં બાધારૂપ નથી. સૂર્ય જેમ પૃથ્વીથી અત્યંત દૂર છે છતાં તમામ પદાર્થોને સ્પષ્ટ જાણે છે ચેમ.

વિપ્રતિપત્તિઓ :જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓ (૨) અન્ય પ્રકારે માનવમારૂપ ઝઘડાઓ, વિરોધ, શત્રુતા, મતભેદ, ગૂંચવણ, ગોટાળો, સંશયાત્મક સ્થિતિ. (૩) જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓ, સર્વ પ્રકારના વિભાવભાવો, રાગ, પુણઅય, દેહ,કષાયની મંદતા એ બધી વિપ્રતિપત્તિઓ વિભાવભાવો છે. (૪) વિપરીત માન્યતા.

વિપ્રમુક્ત :સર્વથા મુકત

વિપ્રમુક્ત :સર્વથા મુકત

વિપ્રમોક્ષ :અત્યંત વિયોગ

વિપ્રમોક્ષ :અત્યંત વિયોગ, દ્રવ્યકર્મોનો અત્યંત વિયોગ તે વિપ્રમોક્ષ છે.

વિપર્યય :ઊલટાપણું, ગરબડ, અવ્યવસ્થા, ફેરફાર, વિક્રિયા, ભૂલ, પ્રમાદ (૨) વિપરીત (૩) વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આમ જ છે' એવું એક રૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે. જેમ કે શરીરને આત્મા જાણવો તે વિપર્યય છે. (૪) વિપરીત (૫) ગરબડ, ગોટાળો (૬) ઊંધું માનવું તે વિપર્યય (૭) અન્યથા (વિપરીત) રૂપ એક તરફનું જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમ કે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી. (૮) ઊંધું માનવું તે વિપર્યય. (૯) ઊંધું જ્ઞાન, જેમ કે છીપને ચાંદી જાણવી, ચાંદીને છાપ જાણવી. (૧૦) અન્યતા (વિપરીત) રૂપ એક તરફનું જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમ કે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી. (૧૧) કોઈપણ પ્રકારની વિપરીતતા રહિત, મિથ્યાજ્ઞાન, હોય તેનાથી ઊલટું સમજવું તે, ગરબડ, અવ્યવસ્થા, નાશ.

વિપર્યય જ્ઞાન :ઊલટ પ્રકારની સમઝ, હોય તેનાથી ઊલટું જ સમજવું, વિપરીત સમઝ

વિપર્યયપૂર્વક :વિપરીત સ્વરૂપે

વિપર્યયસ્વરૂપ :વિપરીત, મિથ્યાત્વ

વિપર્યસ્ત :અવળી દષ્ટિ, મિથ્યાદષિટ.

વિપર્યાય :વિપરીતતા

વિપર્યય :મિથ્યાજ્ઞાન, વિપરીત, ઊલટું.

વિપર્યાસ બુદ્ધિ :ગૃહ કુટુંબ, પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગ-દ્વેષ કષાય છે, તે જ વિપર્યાસ બુદ્ધિ છે.

વિપરિત અભિનિવેશ :બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાન. બીજાને બીજારૂપ માનવારૂપ મિથ્યાત્વ.

વિપરીત :ઊલટું (૨) વિરુદ્ધ, વિકલ્પ, રાગ-દ્વેષ (૩) વિરુદ્ધ(વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને પરાશ્રિત ભાવોને બાતલ કરીને માત્ર નિર્વિકલ્પ જ્ઞાન દર્શનચારિત્રનો જ શુદ્ધ રત્નત્રયનો જ સ્વીકાર કરવા અર્થે નિયમ સાથે સાર શબ્દ જોડયો છે.) (૪) વિકૃત, વિરુદ્ધ, વિશેષ (૫) વિરુદ્ધ, ઉલટી

વિપરીત અભિનિવેશ :ઊંધા અભિપ્રાય

વિપરીત દષ્ટિ :મિથ્યા દષ્ટિ

વિપરીત દશા :વિકારી પર્યાય

વિપરીત માન્યતા :મિથ્યાત્વ, દેહાત્મ બુદ્ધિ, દેહાધ્યાસ, દર્શનમોહ, અવિદ્યા

વિપરીત મિથ્યાત્વ :સગ્રંથને નિર્ગ્રંથ માનવા, મિથ્યા દષ્ટિ સાધુને સાચા ગુરુ માનવા, કેવળીના સ્વરૂપને વિપરીતપણે માનવું ઈત્યાદિ, પ્રકારે ઊંધી રુચિ, તે વિપરીત મિથ્યાત્વ છે.

વિપરીત વિનાના :વિકલ્પ રહિત.

વિપરીતતા :જડ સ્વભાવપણું, બીજા વડે જણાવાયોગ્ય, જે જડ હોય તે પોતાને તથા પરને જાતું નથી, તેને બીજો જ જાણે છે. (૨) કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા અને ભેદાભેદ વિપરીતતા એમ ત્રણ પ્રકાર છે.

(૧) કારણ વિપરીતતા= જેને તે જાણે છે તેના મૂળ કારણને તો ન ઓળખે અને અન્યથા કારણ માને તે કારણ વિપરીતતા છે.

(૨) સ્વરૂપ વિપરીતતા = જેને જાણે છે તેના મૂળ વસ્તુભૂત સ્વરૂપને તો ન ઓળખે અને અન્યથા સ્વરૂપ માને તે સ્વરૂપ વિપરીતતા છે.

(૩) ભેદાભેદ વિપરીતતા= જેને તે જાણે છે તેને એ આનાથી ભિન્ન છે તથા એ આનાથી અભિન્ન છે'' એમ યથાર્થ ન ઓળખતાં અન્યથા ભિન્ન અભિન્નપણું માને તે ભેદાભેદવિપરીતતા છે.

વિપરીતતા રહિત :અવિપરીત

વિપરીતતા પરિહાર અર્થે :વિરુદ્ધ બાવોના ત્યાગ માટે

વિપરીતાભિનિવેશ :વિપરીત અભિપ્રાય

વિપ્લવ :અંધાધૂંધી, ઊથલપાથલ, ગોટાળો, વિપ્લવ, વિરોધ

વિપળ :ચોવીસ કલાકની ૨,૧૬,૦૦૦ વિપળ થાય છે. એક કલાકની ૩૭૫ વિપળ થાય છે.

વિપશ્યના :વિશેષ કરી જોવું

વિપાક :અનુભાગ વડે ફળ પરિપકવતા થાય છે તે સર્વ કર્મનું મૂળ અનુભાગ છે, તેમાં જેવો રસ તીવ્ર, તીવ્રતર, મંદ, મંદતર પડયો તેવો ઉદયમાં આવે છે, તેમાં ફેરફાર કે ભૂલ થતી નથી.

વિપાક :ઉદય (૨) ફલ (૩) ફળ (૪) કર્મનું ફળ દઈને ખરી જવું, વિપાક= વિશેષ પાક. (૫) ફળ, કર્મના ઉદયનું ફળ. (૬) જૂના કર્મનો ઉકેલ (૭) ઉદય, ઉદયમાં આવવું.

વિપાકવિચય :કર્મના ફળનો(ઉદયનો) વિચાર કરવો વિપાકનો વિચાર, કર્મોદયજન્ય કષાયભાવની અસ્થિરતા ટાળવાનો વિચાર કરવો તે વિપાક વિચય છે.

વિફળ :નિષ્ફળ

વિબુધ :વિદ્વાન (૨) ડાહ્યુ, શાણુ, બુદ્ધિમાન

વિબુધો :અજ્ઞાનીઓ (૨) પંડિતો

વિભાગનાર :વિભાગ કરનાર, (સ્કંધોને વિષે દ્રવ્ય સંખ્યાનું માપ(અર્થાત્ તેઓ કેટલા અણુઓના-પરમાણુ ઓના બનેલા છે. એવું માપ) કરવામાં આણુઓની -પરમાણુઓની અપેક્ષા આવે છે. એટલે કે તેવું માપ પરમાણુ દ્વારા થાય છે. ક્ષેત્રના માપનો એકમ 'આકાશપ્રદેશ' છે અને આકાશપ્રદેશની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે, તેથી ક્ષત્રનું માપ પરમાણુ દ્વારા થાય છે. કાળના માપનો એકમ 'સમય' છે અને સમયની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે, તેથી કાળનું માપ પણ પરમાણુ દ્વારા થાય છે. જ્ઞાનભાવના (જ્ઞાનપર્યાયના) માપનો એકમ 'પરમાણુમાં પરિણમતા ધન્ય જ વર્ણાદિભાવને જાણે તેટલું જ્ઞાન' છે અને તેમાં પરમાણુંની અપેક્ષા આવે છે, તેથી ભાવનું (જ્ઞાનભાવનું) માપ પણ પરમાણુ દ્વારા થાય છે. આ પ્રમાણે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ માપવામાં ગજ સમાન છે.)

વિભુ :અનંત ગુણમાં વ્યાપેલો.

વિભકત :ભિન્ન(ધર્મ, અધર્મ અને આકાશને ભિન્નપ્રદેશપણું છે.) (૨) વિભાગવાળો(ષટ્દ્રવ્યોના સમૂહમાં લોક-અલોકરૂપ બે વિભાગ છે.) (૩) પર પદાર્થોથી ભિન્ન

વિભકત પ્રદેશત્વ :પૃથક્ત્વ છે.

વિભકત પ્રદેશત્વ સ્વરૂપ અનન્યપણું :અત્યંત નજીક રહેલા મિશ્રિત દૂધ-જળને ભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે. દ્રવ્ય અને ગુણને એવું અનન્યપણું નથી, પરંતુ અભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે.

વિભકતપ્રદેશત્વ :ભિન્નપ્રદેશત્વ, પૃથકત્વનું લક્ષણ છે.

વિભકતપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું :અત્યંત દૂકર રહેલા સહ્યાદ્રિ અને વિંધ્ય નામના પર્વતોને ભિન્ન પ્રદેશત્વ સ્વરૂપ અન્યપણું છે.

વિભકિત :વિભાગ, વહેંચી, વાંટણી

વિભંગ :ભાગલા પાડવા એ, વહેંચણી, વાંટણી, વાંટો, પાર્ટિશન (૨) મિથ્યા પ્રકાર, વિપરીત માન્યતા. (૩) વિપરીત -મિથ્યા, ભંગ=પ્રકાર=મિથ્યા પ્રકાર.

વિભંગજ્ઞાન :મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિજ્ઞાન જ વિભંગજ્ઞાન છે. (૨) વિભંગ=વિરીત -મિથ્યા ભંગરૂપ=પ્રકારરૂપ જ્ઞાન

વિભંગરૂપ :વિપરીત ભંગ-પ્રકારરૂપ

વિભુત્વ શકિત :આત્મ દ્રવ્યમાં જે વિભુત્વશકિત છે તે દ્રવ્યના સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશકિત છે. દ્રવ્યના સર્વ અનંત ભાવોમાં વ્યાપક છતાં વિભુત્વશકિત અનંત ભાવરૂપ થઈ જતી નથી, સદા એક ભાવરૂપ જ તે રહે છે. એકપણ રહીને અનંત ગુણસ્વબાવોમાં વ્યાપે એવું આત્માનું વિભુત્વ છે.

અન્ય મતમાં આત્મા આખા વિશ્વમાં સર્વવ્યાપક છે એમ માનવમાં આવે છે. તેઓ આકાશમાં (લોકા લોકમાં) સર્વત્ર ભગવાનનો - એક બ્રહ્મનો વાસ છે

એમ માને છે. પણ ભાઈ! એવી આત્મવસ્તુ નથી. અહીં તો પોતાના સર્વ અનંતા ગુણ-પર્યાયોમાં વ્યાપક એવો આત્મા વિભુ અર્થાત્ સર્વવ્યાપક છે એમ વાત છે. ભાઈ! પ્રત્યેક આત્મવસ્તુ પોતાના સ્વરૂપને છોડીને પોતાના અસંખ્ય પ્રદેશો ક્ષેત્રની બહાર ક્યાંય (અન્ય દ્રવ્યમાં વ્યાપતો નથી. આવો બહારના સર્વ પર દ્રવ્યોથી ભિન્ન અને અંદર સર્વ અનંત ગુણ-પર્યાયોમાં વ્યાપક એવો આત્મા વિભુ સ્વભાવ છે. (૨) સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશકિત ભાવ એટલે શું ? કે આત્માવસ્તુમાં જે જ્ઞાન, દર્શન, ચિતિ, જવત્વ, પ્રભુત્વ આદિ શકિતઓ છે તેને અહીં ભાવ કહેલ છે. ભાવશબ્દ ચાર અર્થમાં કહેવાય છે.

(૧) દ્રવ્યને ભાવ કહે છે.
(૨) ગુણને બાવ કહે છે.
(૩) પર્યાયને ભાવ કહે છે.
(૪) રાગને - વિકારી પર્યાયને પણ ભાવ કહે છે. તેમાં અહીં ત્રિકાળી શકિતને ભાવ કહેલ છે.

વિભૂતિ :ઐશ્વર્ય, સામર્થ્ય, દિવ્ય કે એલૌકિક શકિત, મહત્તા, વીર વ્યકિત

વિભૂષિત :શણગારેલું, શોભી ઊઠવું

વિભ્રમ :ભ્રમ, ભ્રાંતિ, વહેમ, આશંકા, સમજની અસ્થિરતા (૨) સંશય, ભ્રાન્તિ, ગભરાટ, ગૂંચવણ.

વિભ્રાન્તિ :ભ્રમે, ભ્રાતિ, વહેમ, આશંકા

વિભવ :આગમ, યુકિત (ન્યાય), પરંપરા અને અનુભવ એ રૂપીવિભવ.

વિભાગ :ભેદજ્ઞાન

વિભાવ :મિથ્યાદર્શનશલ્ય, પુણ્ય-પાપ રાગાદિ, દેહાદિ પ્રત્યે અહંત્વ, મમત્વ અને કર્તાભોકતાપણું છે તેને વિભાવ કહે છે. (૨) વિકાર, રાગ (૩) મિથ્યાત્વ

વિભાગ :ભિન્નપણું

વિભાવ કેમ ટળે? :અજ્ઞાનને કારણે ઉપયોગ પરભાવમાં વહેતો હતો તે ઉપયોગ બદલાવીને, પોતાના સહજ શુદ્ધસ્વરૂપમાં પરિણમાવ્યો , તે ઉપયોગ પરનો સાક્ષાત્ અકર્તા છે. એ રીતે વિભાવ ટળે છે.

વિભાવ વ્યંજન પર્યાય :પર નિમિત્તના સંબંધવાળા દ્રવ્યને જે આકાર હોય તેને વિભાવ વ્યંજન પર્યાય કહે છે. જેમ કે જીવના નર, નારકાદિ પર્યાય.

વિભાગનાર :વિભાગ કરનાર, માપનાર, (સ્કંધોને વિષે દ્રવ્ય સંખ્યાનું માપ (અર્થાત્તેઓ કેટલા અણુઓના-પરમાણુઓના બનેલા છે એવું માપ) કરવામાં આણુઓની-પરમાણુઓની અપેક્ષા આવેછે, એટલે કે તેવું માપ પરમાણુ દ્વારા થાય છે. ક્ષેત્રના માપનો એકમ 'આકાશ પ્રદેશ' છે, અને આકાશ પ્રદેશની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે, તેથી ક્ષેત્રનું માપપણ પરમાણુ દ્વારા થાય છે. કાળના માપનો એકમ 'સમય'છે અને સમયની વ્યાખ્યામાં પરમાણુની અપેક્ષા આવે છે. જેથી કાળનું માપ પણ પરમાણુ દ્વારા થાય છે. જ્ઞાન ભાવના (જ્ઞાન પર્યાયના) માપનો એકમ 'પરમાણુમાં પરિણમતા જ ધન્ય વર્ણાદિભાવને જાણે તેટલું જ્ઞાન' છે, અને તેમાં પરમાણુની અપેક્ષા આવે છે. જેથી ભાવનું (જ્ઞાનભાવનું) માપ પણ પરમાણુ દ્વારા થાય છે. આ પ્રમાણે પરમાણુ દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ માપવામાં ગજ સમાન છે.

વિભાજન :ફંડ, અંશ વિકલ્પ, વિભાગ.

વિભાવ :સ્વભાવથી વિરુદ્ધ ભાવ, વિકાર (૨) બાહ્ય ઉપાધિથી નીપજતો વિપરીત ભાવ, રસને ઉદ્દીપન તેમજ આધાર આપનાર સામગ્રી પરિસ્થિતિ વગેરે. (૩) વિશેષભાવ, અપેક્ષિત ભાવ. ઔદયિક, ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભાવ સ્વભાવ પરભાવો કહ્યા છે. (૪) બાહ્ય ઉપાધિથી નીપજતો વિપરીત ભાવ. (૫) મિથ્યાદર્શન શલ્ય, પુણ્ય-પાપ રાગાદિ, દેહાદિ પ્રત્યે અંહત્વ, મમતા અને કર્તા-ભોકતાપણું છે તેને વિભાવ કહે છે. (૬) મિથ્યાદર્શન (૭) વિપરીત ભાવ (૮) કર્મનો સ્વભાવ, રાગભાવ (૯) વિશેષ ભાવ, અપેક્ષિત ભાવ (ઔદયિક, ઔપશમિક ક્ષયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો હોવાથી તેમને વિભવા સ્વભાવ પરભાવો કહ્યા છે.

એક સહજ પરમ પરિણામિક ભાવને જ સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવ ભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિક ભાવનો

આશ્રય થતો નથી. પરમ પારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે)

વિભાવ અર્થ પર્યાય :પર નિમિત્તના સંબંધવાળો, જે અર્થપર્યાય થાય, તેને વિભાવ અર્થ પર્યાય કહે છે; જેમ કે, જીવને રાગ-દ્વેષ વગેરે. (૨) બીજાના નિમિત્તથી જે અર્થપર્યાય હોય તેને વિભાવઅર્થ પર્યાય કહે છે જેમ કે, જીવના રાગ-દ્વેષાદિ. (૩) બીજાના નિમિત્તથી જે અર્થ પર્યાય હોય, તેને વિભાવ અર્થ પર્યાય કહે છે. જેમ કે રાગ, દ્વેષ આદિ.

વિભાવ અર્થ પર્યાય કોને કહે છે ? :બીજાના નિમિત્તથી, જે અર્થ પર્યાય હોય, તેને વિભાવ અર્થ પર્યાય કહે છે. જેમ કે જીવના રાગ, દ્વેષ આદિ.

વિભાવ ઉપયોગ :અપૂર્ણ દશામાં ચૈતન્યના વેપાર (પરિણામ)ને, વિભાવ ઉપયોગ કહેવાય છે.

વિભાવ જ્ઞાન :અપૂર્ણ જ્ઞાન

વિભાવભાવ :રાગ, દ્વેષ, મોહ, કામ,ક્રોધ, માન ,માયા, લોભ ,હાસ્ય, શોક, જુગુપ્સા,પ્રમાદાદિ સમસ્ત વિભાવભાવ જાણવા.

વિભાવ વ્યંજન પર્યાય :દેવ, મનુષ્ય પશુ, નારક આદિ પણે આત્માની પ્રગટપણે આકારરૂપે જણાતા અવસ્થા તે વિભાવ વ્યંજન પર્યાય છે. (૨) બીજાના નિમિત્તથી જે વ્યંજન પર્યાય હોય તે જેમ કે જીવની મનુષ્ય નારકાદિ પર્યાય

વિભાવગુણપર્યાય :રૂપાદિકને કે જ્ઞાનાદિકને ઉપાદાન-નિમિત્તના કારણે પ્રવર્તતી પહેલાંની અને પછીની અવસ્થામાં થતું જે તારતમ્ય તેને લીધે જોવામાં આવતા સ્વભાવવિશેષોરૂપ અનેકપણાનું આવી પડયું તે વિભાવ ગુણ પર્યાય.

વિભાવજ્ઞાન :અપૂર્મ જ્ઞાન

વિભાવજ્ઞાનોપયોગ :વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે.

(૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ

(૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવ જ્ઞાનોપયોગ).

સમ્યક્ વિભાવજ્ઞાનોફયોગના ચાર ભેદો છે.

(૧) સુમતિજ્ઞાનોપયોગ (૨) સુશ્રુતજ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ.

આ સમ્યક્જ્ઞાનના ચાર ભેદો-સુમતિ, સુશ્રુત, સુઅવધિ, અને મનઃપર્યયજ્ઞાન-પણ વિભાવજ્ઞાન છે કેમ ? કેમ કે તે અપૂર્ણ-અધુરાં જ્ઞાન છે, ને તેમાંકર્મની નિમિત્તની અપેક્ષા આવે છે.

અહીં વિશેષ આ કહેવું છે કે જે જ્ઞાનગુણરૂપ ત્રિકાળ અસ્તિત્વ છે તેને અનુસરીને મતિ જ્ઞાનનો પર્યાયરૂપ અંશ પ્રગટ થાય છે. મતિજ્ઞાનના અવગ્રહાદિ બધા ભેદો અંદર જ્ઞાનગુણ ત્રિકાળ છે તેને અનુસરીને પ્રગટ થાય છે, પરંતુ આ સામે જ્ઞેય છે માટે આ જ્ઞાન થાય છે. એમ નથી પરજ્ઞેય, મન,વચન,ઈન્દ્રિય છે કર્મ-એમ કાંઈ પરને અનુસરીને આ જ્ઞાનનું હોવાપણું નથી. ત્રિકાળ જ્ઞાનના હોવાપણામાંથી જ વર્તમાન જ્ઞાનના મતિજ્ઞાનના પર્યાયોનો પ્રવાહ આવે છે. આ પ્રમાણે એ ચાર ભેદવાળું મતિજ્ઞાન કહ્યું.

વિભાવપણે પરિણમે :કર્મ પુદ્ગલના પ્રદેશોમાં (સ્થિત થઈ) પરિણમે

વિભાવપર્યાય :રૂપાદિક કે જ્ઞાનાદિકને સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થામાં થતું જે તારતમ્ય આપત્તિ તે વિભાવ પર્યાય. (સ્વપર =સ્વ તે ઉપાદાન અને પર તે (નિમિત્ત) (પૂર્વોત્તર = પહેલાની અને પછીની આપત્તિ= આવી પડવું તે.)

વિભાવભાવ :વિકારી અવસ્થા. (૨) રાગ-દ્વેષ

વિભાવરૂપ :કર્મભાવપણે ઢળતી વિકારી અવસ્થા.

વિભાવરૂપ જ્ઞાન :વિપરીત જ્ઞાન, કુજ્ઞાન

વિભાવવ્યંજનપર્યાય :સંસારદશામાં ઝીવને પ્રદેશોનો જ આકાર હોય તેને વિભાવ વ્યંજનપર્યાય કહે છે.

વિભાવથી અવકાશિ :વિભાવથી મુકત, સર્વથા મુકત

વિમુકત :રહિત (૨) વિમુકત, નિર્વૃત, સિદ્ધ, પરંબ્રહ્મ, અભવ તથા શિવ વગરેમાં શબ્દનો ભેદ છે પણ તેમાં અર્થભેદ નથી. (૩) બંધથી રહિત (૪) બંધથી રહિત. (૫) વિમુકિતને-વિભાવ પરિણમનમાં કારણભૂત બંધનોથી વિશેષપણે નિવૃત્તિને- જે પ્રાપ્ત તેને વિમુકત કહે છે.

વિમુખ :અવળી રીતે, વિમુખતા= ઉંધાઈ, તિરસ્કાર (૨) મોં ફેરવી લીધુ હોય તેવું, પરાડમુખ, નિવૃત્ત, ુવરુદ્ધ, પ્રતિકૂળ. (૩) ભ્રષ્ટ (૪) મોં ફેરવી બેઠેલું,

પ્રતિકૂળ થઈ બેઠેલું, નાસ્તિક, પરાંગ્મુખ (૫) મોં ફેરવી બેઠેલા, પ્રતિકૂળ થઈ બેઠેલા, નાસ્તિક

વિમુગ્ધ :મોહી, ભ્રાન્ત

વિમૂઢ :મૂઢબની ગયેલું (૨) વિવેકહીન, મહા અજ્ઞાની

વિમય :પસાર થવું, વીત્યું, સિધાવ્યું, મરણ પામ્યું.

વિમળ :રાગાદિ પુણ્ય-પાપના મેલ રહિત શુદ્ધ આત્મપદ

વિમાનવાસી :સ્વર્ગો અને ગ્રૈવેયકતે વગેરેના દેવો. (૨) કલ્પોપપન્ન અને કલ્પાતીત દેવો.

વિમાસવું :ચિંતાયુકત વિચારમાં પડી જવું, પશ્ચાતાપ કરવો, પસ્તાવો કરવો.

વિમોહ :પ્રબળ મોહ, આસકિત, ભારે બેશુદ્ધિ, લગની

વિમોહ :મોહ, ભ્રાન્તિ

વિમોહિત :મૂર્ચ્છિત (૨) ભ્રમિત, મૂંઝવતું (૩) સારી રીતે મોહને વશ થયેલું, તન મનની સાન ભૂલી ગયેલું. (૪) વિમૂઢ, વિવેક હીન, વિવેક નહિ કરનારા. (૫) મિથ્યાદષ્ટિ (૬) સારી રીતે મોહને વશ થયેલું, તન મનની સાન ભાન ભૂલી ગયેલું.

વિયુકત :છૂટું પડેલું, જુદુ પડેલું, અલગ પાડેલું, વિયોગ પામેલું, રહિતતા (૨) વિમુકત

વિયોગ :જુદાઈ, છુટા થવાની ક્રિયા, અલગ પડવું, વિરહ

વિરકત :રાગ કે આસકિત વિનાનું, ઉદાસીન, વિષય-વાસના વિનાનું, વેરાગી (૨) રાગ કે આસકિત વિનાનું, વેરાગી, ઉદાસીન, વિષયવાસના વિનાનું, અંદર ઊંધી માન્યતા અને રાગ-દ્વેષથી અમુક અંશે નિવર્તેલા.

વિરકત :રાગ કે આસકિત વિનાનું, વૈરાગી, ઉદાસીન, વિષય વાસના વિનાનું. (૨) અનુરાગ કે સ્પૃહા વિનાનું (૩) રાગથી છૂટવું.

વિરકતતા :વિતરાગતા. રાગ કે આસકિત વિનાનું , વૈરાગી, વિષય-વાસના વિનાનું , ઉદાસીનતા.

વિરકિત :રાગ કે આસકિતનો અભાવ, વૈરાગ્ય, એસંમતા, ઉદાસીનતા, અરુચિ

વિરુદ્ધ અને અવિરુદ્ધ કાર્ય :સમસ્ત વિરુદ્ધ કાર્ય એટલે કે દ્રવ્યની પર્યાયમાં જે ઉત્પાદ, વ્યય છે તે પરસ્પર વિરુદ્ધ છે. ધવલમાં આવે છે કે એક સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય, ઉપજવું અને વિણસવું એમ બે છાય છે તે વિરુદ્ધ છે. જે સમયે દ્રવ્યની વર્તમાન પર્યાય ઉત્પન્ન થાય તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થાય છે. ઉત્પાદ તે ભાગ રૂપ છે અને વ્યય તે ભાવરૂપ છે. જેથી ઉત્પાદ-વ્યયને વિરુદ્ધ કહેવામાં આવે છે. આમ હોવા છતાં ગુણ ગુણપણે ત્રિકાળ કાયમ રહે છે. જેથી તે અવિરુદ્ધ છે. આવું વિરુદ્ધ અવિરુદ્ધ વસ્તુનું સ્વરૂપ જ છે.

વિરચન :વિશેષપણે રચવું તે, રચના, રચવું તે

વિરેચન :પેટશુદ્ધિ (૨) જુલાબ, જુલાબ લાવનાર ઔષધ, રેચ.

વિરત :ઉદાસીન (૨) વિરામ પામવું, વિરકત, રાગ કે આસકિત વિનાનું, વેરાગી, ઉદાસીન, વિષય-વાસના વિનાનું (૩) વિરામ પામેલું, વિરકત, રાગ કે આસકિત વિનાનું, વેરાગી, ઉદાસીન, વિષય-વાસના વિનાનું (૪) સંવત, નિવૃત્ત વર્તન (૫) ઉદાસીન

વિર્તક :સંદેહ, આશંકા (૨) કલ્પના, અટકળ, ધારણા, શંકા, સંદેહ, અંદેશો

વિરત્ત :અલગ થવું તે, વિરકત થવું તે.

વિરતિ :વિરકિત , રાગ કે આસકિતનો અભાવ, વિષય વાસનાનો અભાવ, ઉદાસીન, વૈરાગ્ય (૨) આસકિતનો અભાવ, રાગનો અભાવ, ઉદાસીનતા (૩) વૈરાગ્ય, વિરકિત, નિવૃત્તિ. (૪) વૈરાગ્ય, વિરકિત, નિવૃત્તિ, વિરામ. (૫) વૈરાગ્ય, વિરકિત, નિવૃત્તિ, અનાસકિત (૬) નિવૃત્તિ, વિરકત ભાવ (૭) મુકાવું, અથવા રતિથી વિરુદ્ધ, એટલે રતિ નહીં તે.

અવિરતિમાં ત્રણ શબ્દનો સંબંધ છે.

અ+વિ+રતિ=એ=નહી+વિ=વિરુદ્ધ+રતિ=પ્રીતિ, એટલે પ્રીતિ વિરુદ્ધ નહિ તે અવિરતિ છે. તે અવિરતિ બાર પ્રકારનું છે.

પાંચ ઈન્દ્રિય, અને છઠ્ઠું મન તથા પાંચ સ્થાવર જીવ, અને એક ત્રસ જીવ મળી કુલ તેના બાર પ્રકારના છે.

વિરતિને અત્યંત ભાવીને :વિરકત ભાવને નિરંતર ભાવીને

વિરતિરૂપા :કોઈપણ પર પદાર્થમાં આસકત ન રહેનાર.

વિરુદ્ધ :વિપક્ષ

વિરુદ્ધ કાર્ય :વસ્તુ પરથી અસત્‌રૂપે છે. (૨) વસ્તુ પરથી અસત્‌રૂપે છે. વસ્તુ પરથી નાસ્તિરૂપે છે. (૩) દ્રવ્યની પર્યાયમાં જે ઉત્પાદ, વ્યય છે તે પરસ્પર વિરુદ્ધ છે. એક સમયની પર્યાયમાં ઉત્પાદ-વ્યય, ઊપજવું અને વિણસવું એમ બે થાય છે તે વિરુદ્ધ છે. જે સમયે દ્રવ્યની વર્તમાન ઉત્પન્ન થાય છે તે જ સમયે પૂર્વની પર્યાયનો વ્યય થાય છે. ઉત્પાદ તેભાવરૂપ છે અને વ્યય તે અભાવરૂપ છે. જેથી ઉત્પાદ-વ્યયને વિરુદ્ધ કહેવામાં આવે છે.

વિરુદ્ધ ધર્મત્વ શકિત :આ ત્રિકાળ શકિતથી આત્મામાં તદ્‌રૂપમયપણું અને અતદ્‌રૂપ મયપણું હોય છે, એટલે કે આત્મા સ્વપણાને છાડે નહિ અને પરપણાને હે નહી એવી શકિત છે.

વિરૂપ :જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળાં (ઉપદેશ, મન અને ઈન્દ્રિયો પૌદ્‌ગલિક હોવાથી તેમનું રૂપ જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન છે. જેઓ ઈન્દ્રિયજ્ઞાનમાં બહિરંગ કારણો છે. (૨)

વિરૂપતા :કદરૂપતા, બદસૂરતી

વિરંભ :બ્રહ્મ

વિર્યાચાર :અહી ઈતર (વીર્યાચાર સિવાયના બીજા અન્ય) આચારમાં પ્રવર્તાવનારી સ્વશકિવના અંગોપન સ્વરૂપ

વીર્યાચારા શુદ્ધ આત્મનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તેને અંગીકાર કરું છું કે જયાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરૂં.

વિરલ :દુર્લભ, કયાંક (૨) કયારેક જ, ભાગ્યે જ (૩) દુર્લભ, અનેરું, અજોડ, અલૌકિક, અસામાન્ય, અલ્પ, થોડું, ભાગ્યેજ થાય કે મળે યા જોવામાં આવે તેવું

વિર્વતથી :રૂપાંતરથી, પરિણમનથી

વિરસ :રસવિનાનું, નીરસ, સ્વાદ વિનાનું, બેસ્વાદ, ઉદાસ, ખિન્ન (૨) ઉદાસ, ખિન્ન

વિરસપણું :રસ વિનાનું, નીરસપણું, સ્વાદ વિનાનું, બેસ્વાદપણું, ઉદાસપણું, ખિન્નતા

વિર્સીતાર સામાન્ય સમુદાય :વિસ્તાર સામાન્ય સમુદાય

વિરહ :વિયોગ, પ્રિયજનોનો પરસ્પર વિયોગ.

વિરાગ :વૈરાગ્ય

વિરાધક :અપરાધી, અટકાયત કરનારું (૨) અપરાધ કરનાર, અપરાધી (૩) આત્મસ્વભાવના ભાન વિનાનો, તત્ત્વદષ્ટિના અભાવવાળો. (૪) ખંડન કરનાર, અપરાધ કરનાર, રાગ-દ્વેષ કરનાર. (૫) વિકારને નાશ કરનારો, રાગ-દ્વેષનો નાશ કરનારો. (૬) આાધના નહિ કરનાર, અવરોધ કરનાર, અટકાવનાર.

વિરાધક વૃત્તિ :અપરાધ વૃત્તિ, ગુનાહિત ભાવના

વિરાધન :મલિનીકરણ

વિરાધના :અપરાધ કરવાની ક્રિયા (૨) ખંડન (૩) હિંસા, અરક્ષા, પીડા, અડચણ (૪) ઊંધાઈ, અપરાધ કરવાની ક્રિયા. (૫) ખંડન, ભંગ, અપરાધ કરવો થે. (૬) ખંડન , ભંગ, અપરાધ કરવો તે, અપરાધ કરવાની ક્રિયા.

વિરાધવું :વિરુદ્ધ આચરવું, દુરાચરણ કરવું.

વિરાધાયાં :અપરાધ પામ્યા, અવરોધાયાં, રૂકાવટ પામ્યાં, દૂષિત થયાં (વિરાધના=અપરાધ) (૨) આવરાયાં, ઢાંકી દેવાયા, આચ્છાદિત કરવું

વિરામ :વિરકત

વિરામ પામવું :વિરકત થવું, અટકવું.

વિરોધ :બાધ (૨) નકાર

વિરોધરૂપ :આપત્તિરૂપ

વિરાધવું :દુઃખ દેવું, અપરાધ કરવો

વિરોધી શકિત :દાન, પૂજા, પંચમહાવ્રત, દેવગુરુધર્મ પ્રત્યે રાગ ઈત્યાદિરૂપ જે શુભોપયોગ છે તે ચારિત્રનો વિરોધી છે માટે સરાગ (અર્થાત્ શુભપયોગવાળું) ચારિત્ર વિરોધી શકિત સહિત છે. અને વીતરાગ ચારિત્ર વિરોધી શકિતરહિત છે.

વિલક્ષણ :અપૂર્વ (૨) વિપરીત લક્ષણવાળું (૩) ભિન્ન ભિન્ન(સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન ભિન્ન પંથવાળી છે અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે. (૪) વિરુદ્ધ લક્ષણવાળા, ભિન્ન લક્ષણવાળા, વિભિન્ન લક્ષણવાળા, વિપરીત સ્વભાવવાળા (૫) ભિન્ન ભિન્ન (સસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન ભિન્ન પંથવાળી છે. અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે.) (૬) નિયમ વિરુદ્ધનું, વિચિત્ર સ્વભાવનું, જુદા જ પ્રકારના ગુણ ધર્મવાળું (૭) વિરુદ્ધ લક્ષણવાળા, આકુળતા લક્ષણવાળા, વિપરીત સ્વભાવવાળા. (૮) વિપરીત લક્ષણવાળા આકુળતારૂપ શુભાશુભ લાગણીના ભાવો તે કર્મનો વિપાક છે. તે દુઃખરૂપ છે. તેને પોતાના માનવા -માન્યા તે દુઃખ છે. (૯) ભિન્ન ભિન્ન (સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન ભિન્ન પંથવાળી છે, અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે.) (૧૦) હર્ષ શોક ના ભાવ, શુભાશુભ ભાવ આત્માની નિર્મળ જયોતિથી વિલક્ષણ-વિપરીત ભાવ છે. (૧૧) ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણવાળું, ત્રિસ્વરૂપ, ત્રયાત્મક. (૧૨) વિપરીત લક્ષણ (૧૩) ભિન્ન (૧૪) આત્માના સ્વભાવથી વિપરીત લક્ષણવાળું વિલક્ષણ છે તે દુઃખરૂપ છે. (૧૫) ભિન્ન ભિન્ન. (સંસારની સ્થિતિ અને મોક્ષની સ્થિતિ ભિન્ન ભિન્ન પંથવાળી છે અર્થાત્ સંસાર અને મોક્ષના પંથ જુદા જુદા છે.) (૧૬) ભિન્ન પ્રકારના ગુણ ધર્મવાળું

વિલક્ષણતા :લક્ષણથી વિપરીતતા

વિલખવું :વિષાદ કરવો, શોક કરવો, હતાસા લાવવી, હતાશ થવું, ખેદ કરવો, ખિન્ન થવું.

વિલેપન :લેપ કરવો એ, ચોપડવાનો પદાર્થ

વિલય :વિનાશ, વિણસવું.

વિલય પામે :નાશ પામે

વિલસતું :પરિણમતું, વિલસતું=પરિણમવું.

વિલસતા :ખેલતા, પરિમમતા.

વિલસનારા :રમનારા, ખેલનારા, અખંડ અનુભવ કરનારા, આત્માનો દિવ્ય અનુભવરસ આસ્વાદનારા.

વિલસવું :પરિણમવું (૨) ખેલવું, પરિણમવું. (૩) દેખાવ દેવો, દેખવું, ઝળકવું, આવિર્ભૂત થવું, પ્રગટ થવું. (૪) ટકી શકવું. (૫) પ્રકાશવું (૬) દેખાવ દેવો, દેખાવું, ઝળકવું, આવિર્ભૂત થવું, પ્રગટ થવું. (૭) દેખાવદેવો, દેખાવું, ઝબકવું, આવિર્ભુત થવું, પ્રગટ થવું.

વિલાપ :મોટેથી રડવું એ (૨) મોજ

વિલાસ :ક્રીડા, મોજ, આનંદ (૨) ભોગવટો

વિલાસ ઉદયરૂપ છે :એકરૂપ' પ્રતિભાસમાન છે.

વિલસવું :વિલાસ કરવો, રમવું, ખેલવું, શોભવું, ઝળહળવું.

વિલાસસ્વરૂપ :રમણતા સ્વરૂપ

વિલીન થવું :વિખરાઈ જવું

વિલીન મોહ :સર્વ વિકારોથી રહિત (૨) જેનું મિથ્યાત્વ નષ્ટ થયું છે.

વિલોકવું :દેખાવું (૨) દેખવું

વિવેક :વિચાર (૨) ખરું ખોટું જાણવાની શકિત, ચતુરાઈ, ડહાપણ,વિનય,સભ્યતા, કરકસરવાળી બુદ્ધિ (૩) ભેદજ્ઞાન (૪) ખરુ ખોટુ જાણવાની શકિત, ચતુરાઈ, ડહાપણ, વિનય, સભ્યતા, કરકસરવાળી બુદ્ધિ (૫) ઓળખ (૬) ભેદ (૭) ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય, ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય. લોકો આ પદ બોલ્યા કરે છે તેમાં પણ એમ આવ્યું નથી પણ ધર્મ વિવેક નીપજે, ધર્મ બહારની ક્રિયાથી થતો નથી પણ ધર્મ વિવેકથી થાય છે. વિવેક એટલે પરથી જુદાપણાનું સાચું જ્ઞાન, વિવેક એટલે કર્મથી, મનથી, વાણીથી, શરીરથી અને શુબાશુભ પરિણામથી આત્માનું જુદું ભાન, વિવેક એટલે પર પદાર્થ અને મારો આત્મા ત્રણે કાળ જુદા છે, મારે અને પર પદાર્થને ત્રણ કાળમાં મેળ નથી. (૮) સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્ય સ્વરૂપે નિર્ણય કરવારૂપ વિચાર કરવો. (૯) વિવેક એટલે પરથી જુદાપણાનું સાચું જ્ઞાન, કર્મથી ,મનથી , વાણીથી,શરીરથી અને શુભાશુભ પરિણામથી આત્માનું જુદું ભાન, પર

પદાર્થ અને મારો આત્મા ત્રણે કાળ જુદા છે. મારે અને પર પદાર્થને ત્રણ કાળમાં મેળ નથી એવું ભાન-સમજણ નું નામ વિવેક છે. (૧૦) પરથી જુદાપણાનું સાચું જ્ઞાન, કર્મથી, મનથી,વાણીથી, શરીરથી અને શુભશુભ પરિણામથી આત્માનું જુંદુ ભાન, પરપદાર્થ અને મારો આત્મા ત્રણે કાળ જુદા છે. મારે અને પર પદાર્થને ત્રણ કાળમાં મેળ નથી એમ જાણવું ને માનવું તે વિવેક છે.

વિવેક જ્યોતિ :પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ (૨) ભેદવિજ્ઞાનનો પ્રકાશ (૩) ભેદજ્ઞાન

વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે :પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ જેમને ઉત્પન્ન થયો છે.

વિવિક્ત :વિવેકથી જુદા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા) (જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરીને શુદ્ધિનો અંશ પ્રગટ કર્યો છે એવા વ્યવહાર મોક્ષમાર્ગ (સવિકલ્પ) જીવને નિશંકતા-નિઃકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ (૨) શુદ્ધ, એકલું, અલગ, ભિન્ન

વિવકત શય્યાસન :નિર્દોષ એકાન્ત સ્થાનમાં પ્રમાદ રહિત સૂવા બેસવાની વૃત્તિને વિવિકત શય્યાસન કહે છે.

વિવકત શૈયાસન તપ :જે મુનિ રાગદ્વેષના કારણરૂપ આસન, શૈયા વગેરેન છોડે છે, સદાય પોતાના આત્મ સ્વરૂપમાં સ્થિર રહે છે, તથા નિર્વષય અર્થાત્ ઈન્દ્રિય વિષયોથી વિરકત થાય છે તે મુનિને, આ પાંચમું વિવિકત શૈયાસન તપ ઉત્કૃષ્ટ થાય છે.

ભાવાર્થ : બેસવાનું સ્થાન તે આસન છે અને સૂવાનું સ્થાન તે શૈયા છે. તથા 'આદિ' શબ્દથી મળમૂત્રાદિ નાખવાનું સ્થાન સમજવું. એ ત્રણે એવાં હોય કે જ્યાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય નહિ અને, વીતરાગતા વધે, એવા એકાન્ત સ્થાનમાં (મુનિ) બેસે, સૂવે, કારણકે મુનિજનોને તો પોતાનું સ્વરૂપ સાધવું છે, પણ ઈન્સ્રિય વિષય સેવવા નથી, માટે એકાન્તસ્થાન કહ્યું છે.

અર્થ : જે મહામુનિ પૂજાફાદિમાં તો નિરપેક્ષ છે, અર્થાત્ પોતાનાં પૂજા-માહાત્મ્ય આદિને ઈચ્છતા નથી, સંસાર-દેહ-ભોગથી વિરકત છે, સ્વાધ્યાય ધ્યાનાદિ અંતરંગતપમાં પ્રવીણ છે, અર્થાત્ ધ્યાન-અપ્રયયનનો નિરંતર અભ્યાસ રાખે છે, ઉપરામશીલ અર્થાત્ મંદકષાયરૂપ શાંતપરિણામ યુકત છે, એવા મહામુનિ મસાણભૂમિમાં, ગહનવનમાં, જ્યાં લોકની આવ-જાવ ન હોય, એવા નિર્જન સ્થાનમાં, મહા ભયાનક ગહન વનમાં તથા અબ્ય પણ એવા એકાન્ત સ્થાનમાં રહે છે. જેને નિશ્ચયથી આ વિવિકત શૈયાસનતપ હોય છે.

ભાવાર્થ : મહામુનિ વિવિકત શૈયાસન તપ કહે છે, ત્યાં એવા એકાન્ત સ્થાનમાં તેઓ સૂવે-બેસે છે કે જ્યાં ચિત્તમાં ક્ષોભ કરવાવાળા કોઈપણ પદાર્થો ન હોય, એવાં સૂનાં ઘર, ગિરિ ગુફા, વૃક્ષનાં કોતર, ગૃહસ્થોએ પોતે બનાવેલા ઉદ્યાન-વસ્તિકાદિક, દેવમંદિર, તથા મસાણભૂમિ ઈત્યિાદિ એકાન્ત સ્થાન હોય ત્યાં, ધ્યાન અપ્રયયન કરે છે, કારણકે તેમનો દેહથી તો નિર્મમમત્વ છે. છ્વષયોથી વિરકત છે અને પોતાના આત્મસ્વરૂપમાં અનુરકત છે. એવા મુનિ વિવિકત શૈયાસન તપ સંયુકત છે.

વિવેકરૂપ :ભેદજ્ઞાનરૂપ

વિવેકરૂપ ભેદવિજ્ઞાન :સકલ વિભાવ ભાવોનો ત્યાગ

વિવેકવાળો :ભેદજ્ઞાનવાળો.

વિવક્ષા :વિવેચન, છણાવટ

વિવક્ષિત :કહેવા ધારેલા

વિવક્ષિત :કહેવા દારેલો, જે કહેવા ઈચ્છા કરવામાં આવી હોય તેવું. (૨) કહેવા ધોરણે (૩) (કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારેલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે. (૪) કહેવા ધારેલો

વિવક્ષિત-અવિવક્ષિત વિધિનિષેધ વડે પ્રગટ થતી સપ્તભંગી :(કહેવા ધારેલા) ધર્મને મુખ્ય કરીને તેનું પ્રતિપાદન કરવાથી અને અવિવક્ષિત (નહિ કહેવા ધારોલા) ધર્મને ગૌણ કરીને તેનો નિષેધ કરવાથી સપ્તભંગી પ્રગટ થાય છે.

વિવક્ષોભદ :કથનભેદ

વિવર્જિત :પૂર્ણપણે વિરકત

વિવૃતયોનિ :જે સર્વના દેખાવમાં આવે એવા ઉત્પત્તિસ્થાનને વિવૃત (ખુલ્લી) યોનિ કહે છે.

વિવૃદ્ધિ :વિશેષ વૃદ્ધિ.

વિભાવ વ્યજંન પર્યાય :બીજાના નિમિત્તથી, જે વ્યંજન પર્યાય હોય. જેમ કે જીવની મનુષ્ય-નારકાદિ પર્યાય

વિવર :બાંકુ, દર, પોલાણ, કોતર, ગુફા, ભોંયરું

વિવર્જિત :વિરકત્

વિવર્તન :પરિવર્તન, પરિણમન, પલટવું (૨) વિપરિણમન, પલશે(ફેરફાર) થયા કરવો તે.

વિવર્તન પામે છે :પરિણમે છે, પલટે છે.

વિવર્તરૂપ :પલટારૂપ, પરિણમનરૂપ

વિવહરૈ :વ્યવહાર કરે, વહેંચી કરે, વિવેક કરે.

વિવાદ :ઝઘડો

વિવાસ :ગુરુઓથી ભિન્ન વાસમાં વસવું.

વિવાસમાં વસતાં :ગુરુઓથી ભિન્ન વાસમાં વસતાં.

વિવિકત :શુદ્ધ, એકલું, અલગ (૨) ભિન્ન, રહિત (૩) વિવેકથી જુદા તારવેલા (અર્થાત્ હેય અને ઉપાદેયનો વિવેક કરીને વ્યવહારે ઉપાદેય તરીકે જાણેલા) (જેણે અનાદિ અજ્ઞાનનો નાશ કરીને શુદ્રદના અંશઅદનો અહીં પ્રગટ કર્યો છે.એવા વ્યવહારમોક્ષમાર્ગી(સવિકલ્પ) જીવને નિર્શંકતા-નિકાંક્ષા-નિર્વિચિકિત્સાદિ ભાવરૂપ, સ્વાધ્યાય-વિનયાદિ ભાવરૂપ અને નિરતિચાર વ્રતાદિ ભાવરૂપ વ્યાપાર ભૂમિકાનસાર હોય છે તથા કોઈ કારણે ઉપાદેય ભાવોને (વ્યવહારે ગ્રાહ્યભાવોનો) યા થઈ જતાં અને ત્યાજય ભાવોનું ઉપાદાન અર્થાત્ ગ્રહણ થઈ જતાં તેના પ્રતિકારરૂપે પ્રાયશ્ચિતાદિ વિધાન પણ હોય છે.) (૪) ભિન્ન (૫) શુદ્ધ, એકલું, અલગ (૬) શુદ્ધ અને નિર્મળ. (૭) કર્મકલંક, વિમુકત, કર્મ મળથી રહિત. (૮) નવતત્ત્વના વિકલ્પથી રહિત, શુદ્ધવસ્તુમાત્ર

વિવિકતપણું :ભિન્નપણું, જુદાપણું.

વિવિકતરૂપો :કર્મકલંકથી રહિત

વિવિકતાત્મા :દ્રવ્યકર્મ અને ભાવકર્મથી રહિત ભિન્ન આત્મા. (૨) શુદ્ધ અને નિર્મળ આત્મા.

વિવક્ષિત :કહેવા ધારેલા

વિવિધ :ભિન્ન ભિન્ન સ્વરૂપ અસ્તિત્વ વાળાં

વિવિધાકાર પ્રતિભાસ્ય :વિવિધ આકારવાળા પ્રતિભાસના યોગ્ય

વિવિકત શય્યાસન :નિર્વિકાર એકાંત સ્થાનમાં શયન, આસન અર્થાત્ નિવાસ એ વિવિકત શય્યાસન છે.

વિવિસ્રસાપરિમાણી :પુદ્ગલોનું પરિણમવું.

વિશદ :નિર્મળ, સ્પષ્ટ,વ્યકત (૨) વિસ્તારરૂપ

વિશુદ્ધ :કષાયની મંદતા, શુભ ભાવ (૨) મંદકષાયરૂપ વિશુદ્ધ

વિશુદ્ધ દર્શન જ્ઞાન પ્રધાન :વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં મુખ્ય (પ્રધાન) છે. એવા. પ્રધાન=મુખ્ય (૨) વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન છે એવું (સામ્ય નામના શ્રામણ્યમાં વિશુદ્ધ દર્શન અને જ્ઞાન મુખ્ય છે.) (૩) આત્મતત્ત્વનો સ્વભાવ વિશુદ્ધ દર્શનજ્ઞાન માત્ર છે.

વિશુદ્ધ પરિણામો :શુભભાવો

વિશુદ્ધતા :મંદ કષાયરૂપ છે.

વિશુદ્ધિ લબ્ધિ :કષાય પાતાળ પાડયા ત્યારે તત્ત્વનો વિચાર કરવાની પાત્રતા આવી છે.

વિશુદ્ધિ સ્થાન :જે અસંખ્યાત પ્રકારે પ્રશસ્ત શુભભાવ છે તે પુદ્ગલપૂર્વક હોવાથી પુદ્ગલ છે. સર્વ શુભભાવ પુદ્ગલની કર્મપ્રકૃતિના વિપાકપૂર્વક જ હોવાથી પુદ્ગલ છે. જેઓ કાંઈ ચૈતન્યના વિપાકભાવ નથી. ભગવાન ચૈતન્યદેવનું કાર્ય તો આનંદ અને વીતરાગી શાંતિના અંકુર ફૂટે એવું ચૈતન્યમય જ હોય છે એમાં વિશુદ્ધિસ્થાન આવતાં નથી. માટે તેઓ પુદ્ગલ જ છે.

વિશુદ્ધિ સ્થાનો :કષાયના વિષાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવા જે વિશુદ્ધિ સ્થાનો તે બધાંય જીવને નથી. કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

વિશુદ્ધિસ્થાન એટલે કષાયની મંદતા, કષાયની મંદતા એટલે શુભપરિણામ, દયા, દાન, પૂજા, ભકિત વગેરે તે બધા શુભપરિણામ છે. તે બધાંય આત્માને નથી. કારણ કે તે વિકાર છે અને વિકાર છે તે આત્માનો સ્વભાવ નથી માટે શુભપરિણામ તે બધાય આત્માને નથી. અશુભ પરિણામ ટાળવા માટે શુભ પરિણામ આવે ખરાં પણ તે વિકાર છે. તેનાથી આત્માને લાભ નથી. શુભ પરિણામનો આશ્રય તે વિકારનો આશ્રય છે. તેનાથી આત્માને હિત નથી. આત્માના સ્વરૂપનો આશ્રય કરવાથી આત્માને લાભ છે. શુભભાવની પર્યાય થાય છે આત્મામાં પણ તે આત્માનો સ્વભાવ નથી માટે તે પુદ્ગલના પરિણામ છે.

વિશદમ્ :નિર્મળ, કષાયોથી રહિત

વિશદમતિ :તીક્ષણ બુદ્ધિ

વિશુદ્ધ દર્શન જ્ઞાન પ્રધાન :વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન(મુખ્ય) છે. એવા.

વિશુદ્ધદર્શન જ્ઞાન માત્ર :આત્મતત્ત્વનો સ્વભાવ વિશુદ્ધદર્શન જ્ઞાનમાત્ર છે.

વિશુદ્ધદર્શનજ્ઞાન પ્રધાન :વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન છે એવું. (સામ્ય નામના શ્રામણ્યમાં વિશુદ્ધ દર્શન અને જ્ઞાન પ્રધાન છે.)

વિશુદ્ધદર્શન જ્ઞાનપ્રધાન આશ્રમ :પરમ શુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન(મુખ્ય) છે એવી ઉપયોગ ભૂમિકા

વિશુદ્ધ દર્શન જ્ઞાનમાત્ર :આત્મ તત્વોનો સ્વભાવ વિશુદ્ધ દર્શન જ્ઞાન માત્ર છે.

વિશુદ્ધિ :સર્વતઃ વિશુદ્ધિની

વિશેષોથી વિશિષ્ટ :ભેદવાળા

વિશમપણું :દુઃખમપણું

વિશેષ્ય :ખાસિયતોનો ધરનાર પદાર્થ, લક્ષ્ય, ભેદ્ય પદાર્થ- ધર્મી. (જેમ ગળપણ, સફેદપણું, સુવાળપ વગેરે સાકરના વિશેષણો છે અને સાકર તે વિશેષણોથી વિશેષિત થતો. (તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે. ઈંળી જેમ જ્ઞાન, દર્શન,ચારિત્ર,વીર્ય વગેરે આત્માના વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો(ઓળખાતો, લક્ષિત થતો, ભેદાતો) પદાર્થ છે. તેમ સત્તા વિશષણ છે અને દ્રવ્ય વિશેષ્ય છે. (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.

વિશ્ત્રાંત :આધાર રાખતું

વિશ્લેષ :સંબંધનો અભાવ, પૃથક થવું, વિપ્રમોક્ષ (૨) વિયોગ, નિવૃત્તિ.(અત્યંત વિશ્લેષ= અત્યંત વિયોગ, આત્યંતિક નિવૃત્તિ. (૩) વિયોગ (૪) સર્વથા જુદાપણું. (૫) સંબંધનો સભાવ થવો, પૃથક્ થવું, છૂટા પડવું, જુદું પડવું. (૬) સંબંધનો અભાવ : પૃથક થવું, વિપ્રમોક્ષ, પૂર્ણપણે સંબંધનો અભાવ. (૭) સર્વથા જુદાપણું, સર્વથા પૃકત્વ. (૮) સર્વથા જુદાપણું (૯) સંબંધનો અભાવ થવો, પૃથક થવું તે, તેને વિપ્રમોક્ષ પણ કહે છે.

વિશ્વ :સમસ્ત પદાર્થો-દ્રવ્ય ગુણપર્યાયો (પદાર્થોમાં સ્વને પર એવા બે વિભાગ છે. જે જાણનાર આત્માનું પોતાનું હાથ તે સ્વ છે અને બીજું બધું પર છે. (૨) સમસ્ત પદાર્થો (૩) સમસ્ત પદાર્થો-દ્રવ્ય-ગુણ-પર્યાય, છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે. (૪) છ દ્રવ્યોનો સમૂહ જેમાં રહે છે તે વિશ્વ છે. વિશ્વ-સમસ્ત પદાર્થો-દ્રવ્ય, ગુણ, પર્યાયો, (૫) સમસ્ત દ્રવ્યો, સમસ્ત પદાર્થો, રાગ-દ્વેષ, શરીર આદિ સર્વ પદાર્થોને વિશ્વમાં સમાડે છે. (૬) છ દ્રવ્યોનો સમૂહ, જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. (૭) સમસ્ત વસ્તુઓ (૮) લોક, ચૈતન્ય લક્ષણ જીવ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાન પરમાણુઓ છે. તે સંબંધ સ્વરૂપથી નથી. વિભાવરૂપ છે. (૯) વિશ્વ એટલે અનંતા દ્રવ્યો-તેના પ્રત્યેકના અનંત-અનંત ગુણો અને તેની અનંત અનંત પર્યાયો- આ બધું પોતપોતાના કારણે છે. બધું સેવતંત્ર છે, અને ભગવાન આત્મા એ બધાનો પ્રકાશક જાણનારો છે. જાણનાર માત્ર છે, કરનારો-કર્તા નહિ આવો જ્ઞાનાનંદ રૂપ લક્ષ્મીનો ભંડાર પ્રભુ આત્મા વિશ્વનો પ્રકાશક હોવાથી વિશ્વસમય છે.

વિશ્વ વ્યવસ્થા :વિશ્વ અનાદિ છે. જીવ અનાદિ છે. પરમાણુ પુદ્ગલો અનાદિ છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. સંયોગી ભાવમાં તાદાત્મય અધ્યાસ હોવાથી જીવ જન્મમરણાદિ દુઃખે તે અનુભવે છે.

વિશ્વ વ્યાપારરૂપે :સમસ્ત પદાર્થની પ્રવૃત્તિરૂપે

વિશ્વરૂપ :અનેકરૂપ'(એક દ્રવ્ય સહવર્તી અનંતગુણોનો અને ક્રમવર્તી અનંત પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું પણ છે તેથી તેને વિશ્વરૂપ' (અનેક રૂપ) પણ કહેવામાં આવે છે. માટે આત્મા અનેક જ્ઞાનાત્મક હોવામાં વિરોધ નથી.)

વિશ્વરૂપપણું :અનેકરૂપપણું

વિશ્વવંદન :ત્રણ લોકના જીવોને વંદનીય.

વિશ્વવ્યાપારરૂપે :સમસ્ત પદાર્થોની પ્રવૃત્તિરૂપે

વિશ્વવ્યાપી :સર્વગ્રાહી

વિશ્વવ્યાપીપણું :અનેકપણું

વિશ્રાન્તિ :સ્થિરતા (અભિન્ન વિશ્રાંતિ= એભેદરૂપ સ્થિરતા)

વિશ્વોદ્ધારણ :નિષ્કામ કરુણાથી બોધવૃષ્ટિ વડે વિશ્વનો ઉદ્ધાર કરનાર.

વિશ્રાંતિ :સ્થિરતા (૨) સ્થિર

વિશ્રાંતિ :અભાવ

વિશ્રાન્તિ :અટકવું, થોભી જવું, વિસામો, આરામ, શાંતિ

વિશ્રામ :વિસામો, શાંતિ

વિશ્રામધામ :મોક્ષધામ

વિશ્રામી :શાંત રસનો ભોકતા

વિશેષ :ભેદપૂર્વક

વિશેષ :ખાસિયત, વિશિષ્ટતા, વિશેષતા(વ્યવહારે તથા નિશ્ચયે ધર્મ, અધર્મ અને આકાશના વિશેષ પૃથક્-ઉપલબ્ધ છે અર્તાત્ ભિન્નભિન્ન જોવામાં આવે છે.

વિશેષ :તફાવત, ભિન્ન લક્ષણ, ભેદ (૨) જ્ઞેયાકાર (૩) ખાસિયત, વિશિષ્ટતા, વિશેષતા(વ્યવહારે તથા નિશ્ચયે ધર્મ, અધર્મ અને આકાશના વિશેષ પૃથક્-ઉપલબ્ધ છે. અર્થાત્ ભિન્નભિન્ન જોવામાં આવે છે.) (૪) તફાવત (૫) તફાવત, ભિન્ન લક્ષણ (૬) અવાન્તર, ભેદ (૭) ભેદ (૮) વિશેષો=ભેદો (૯) ગુણભેદ (૧૦) પર્યાય, વર્તમાન અવસ્થા. (૧૧) તફાવત, જુદા લક્ષણો, ભેદ, જુદાપણું (૧૨) ભેદપૂર્વક (૧૩) તફાવત(૧૪) અસાધારણ (૧૫) તફાવત, જુદા લક્ષણો. (૧૬) ભેદ, જુદા લક્ષણો. (૧૭)

વિશેષે :સૂક્ષ્મતાથી

વિશેષ અપેક્ષાએ :ત્રિકાળી દ્રવ્ય-ગુણ-ક્ષેત્ર તો અકર્તા છે. તેમાં તો કરવાપણું નથી. વર્તમાન પર્યાયમાં પણ જયાં તે અંત મુંખ થઈ જ્ઞાનસ્વભાવે પરિણમે છે, રાગરૂપે પરિણમતો નથી ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે-એમ કહેવું છે. રાગથી ખસીને જયાં જ્ઞાનસ્વભાવમાં વસ્યો ત્યાં સાક્ષાત્ અકર્તા થાય છે.

પર્યાય એપેક્ષાએ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકી કેલ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

આ દયા, દાન, વ્રત આદિના જે ભાવ થાય તે પર જ્ઞેય છે ને ઝામવસ્વભાવી ભગવાન આત્મા થી ભિન્ન છે.-આવું ભેદ જ્ઞાન અગાદિકાળથી નહિ હોવાથી વ્રતાદિ રાગના ભાવને જાણવાના કાળે તે ભાવ હું આત્મા છું એમ તે જાણે છે. તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અર્થાત્ પર્યાય અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી તે રાગનો કર્તા થાય છે. સામાન્ય અપેક્ષાએ તો તે જ્ઞાનસ્વભાવે સ્થિત એવો અકર્તા સ્વભાવી છે, પણ વર્તમાન પર્યાય અપેક્ષાએ રાગને પોતાનો માનીને જ્ઞાનપરિણામને અજ્ઞાનરૂપ કરતો થકો તે રાગનો કર્તા થાય છે. આ પ્રમાણે તે કથંચિત્ કર્તા થાય છે. સમજાણું કાંઈ ?

વિશેષ આંકાક્ષા :વધારે જાણવાની ઈચ્છા

વિશેષ આસ્રવ :મિથ્યા દર્શન, અવિરતિ, કષાય અને યોગ આ ચાર વિશેષ રૂપે કર્મોના આત્મપ્રવેશ તથા ગ્રહણરૂપ બંધાના કારણ છે.

વિશેષ ગુણ :જે સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે, તેને વિશેષ ગુણ કહે છે.

પ્રાયઃ અનેક હોય છે, તે બધાને જાણીને વસ્તુતત્ત્વનો નિર્ણય કરવો બહુ મુશ્કેલ પડે છે. સહજ બોધ થઈ શકતો નથી. (૨) પ્રત્યેક દ્રવ્યમાં કયા કયા વિશેષ ગુણો છે?

(૧) જીવ દ્રવ્યમાં ચૈતન્ય(દર્શન-જ્ઞાન) , શ્રદ્ધા(સમ્યક્ત્વ) , ચારિત્ર, સુખ, વીર્ય, ક્રિયાવતી શકિત, વૈભાવિક શકિત વગેરે.

(૨) પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શકિત, વૈભાવિક શકિત વગેરે.

(૩) ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિહેતુત્વ વગેરે.

(૪) અધર્માસ્તિકાયમાં સ્થિતિહેતુત્વ વગેરે.
(૫) આકાશ દ્રવ્યમાં અવગાહનહેતુત્વ વગેરે.
(૬) કાળ દ્રવ્યમાં પરિણમનહેતુત્વ વગેરે.

વિશેષ ચૈતન્ય :જ્ઞાન છે અને સમાન્યચૈતન્ય=દર્શન છે.

વિશેષ ધર્મ :જે ધર્મ અમુક ખાસ દ્રવ્યમાં જ રહે તેને વિશેષ ધર્મ કહે છે.

વિશેષ સત્તા :અવાન્તર સત્તા. આ મહાસત્તા કેવળ આપેક્ષિક દષ્ટિએ કહવામાં આવી છે, તે કોઈ સ્વતંત્ર પદાર્થ નથી કે જેમ નૈયાયિક અને વૈશેષિક દર્શનવાળા સર્વ પદાર્થોમાં રહેનારી મહાસત્તાને એક સ્વતંત્ર પદાર્થ જ માને છે.

તે મહાસત્તાનો પ્રતિપક્ષ એક પદાર્થમાં રહેનારી સત્તા છે. તેને જ અવાન્તર સત્તા છે. આ અવાન્તર સત્તાથી જ પ્રત્યેક પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે.

વિશેષચૈતન્ય :તે જ્ઞાન છે.

વિશેષણ :તે ગુણ છે અને વિશેષ્ય તે દ્રવ્ય છે. (૨) ખાસિયત, લક્ષણ, ભેદક ધર્મ

વિશેષણ વિશેષ્ય :વિશેષણ તે ગુણ છે અને વિશેષ્ય તે દ્રવ્ય છે.

વિશેષણભૂત :ભિન્ન લક્ષણ ભૂત

વિશેષતઃ અવબોધવું :જાણવુ. (વિશેષ અવબોધ અથાત્ વિશેષ પ્રતિભાવ તે જ્ઞાન છે.

વિશેષપણે :ભિન્ન ભિન્ન, ભેદરૂપે ભિન્ન ભિન્ન

વિશેષબાવરૂ :ભેદરૂપ, અનેકાકારરૂપ

વિશંષ ભાવ :દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે.

વિશેષ્ય :ખાસિયતોનો ધરનાર પદાર્થ, લક્ષ્ય, ભેદ્ય પદાર્થ-ધર્મી. (જેમ ગળપણ, સફેદપણું, સુંવાળપ, વગેરે સાકરના વિશેષણ છે અને સાકર તે વિશંષણોથી વિશેષિત થતો (તે તે ખાસિયતોથી ઓળખાતો, તે તે ભેદોથી ભેદાતો) પદાર્થ છે. વળી જેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે આત્માનાં વિશેષણો છે અને આત્મા તે વિશેષણોથી વિશેષિત થતો (ઓળખાતો, લક્ષિત થતો, બોલતો) પદાર્થ છે તેમ સત્તા વિશેષણ છે અને દ્રવ્ય વિશેષ્ય છે. (વિશેષ્ય અને વિશેષણોને પ્રદેશભેદ નથી એ ખ્યાલ ન ચૂકવો.)

વિશેષાંતર :તફાવત અને ભેદ

વિશેષો :ભેદો

વિશેષોથી વિશિષ્ટ :ભેદવાળા

વિશાળ દષ્ટિ :સ્વતંત્ર સ્વભાવ જોવાની સાચી દષ્ટિ

વિશાળ બુદ્ધિ :શ્રીમદ્‌ના કથનમાં વિશાળ બુદ્ધિ શબ્દ આવે છે. તે પાત્રતા છે. ત્યાં વિશાળ બુદ્ધિ અનેકાન્તના અર્થમાં છે, વર્તમાન અપૂર્વ પુરુષાર્થના અર્થમાં છે. પૂર્વના ઉઘાડના અર્થમાં નથી. (૨) પક્ષપાતરહિત, અનેકાન્ત, ન્યાયદષ્ટિ (૩) અનેકાન્તબુદ્ધિ

વિશિષ્ટ :મુખ્યપણે (૨) ભિન્ન, વિલક્ષણ, ખાસ પ્રકારનું (૩) વધારે, અસાધારણ, ખાસ (૪) વધારે, અસાધારણ, ખાસ (૫) ભેદવાળા(પહેલાની અને પછીની અવસ્થાના ભેદે ભેદવાળા એવા ચૈતન્ય પરિણામો તે આત્માની ક્રિયા છે.) (૬) વિશેષતાવાળું, ખાસ , ભિન્ન (૭) વિશેષતાવાળું, ખાસ , ભિન્ન, ખાસપ્રકારના (૮) ભેદવાળા(પહેલાની અને પછીની અવસ્થાના ભેદે ભેદવાળા એવા ચૈતન્ય પરિણામો તે આત્માની ક્રિયા છે.) (૯) વધારે, અસાધારણ, ખાસ. (૧૦) ભેદવાળા (પહેલાની અને પછીની અવસ્થાના ભેદે ભેદવાળા એવા ચૈતન્ય પરિણામો તે આત્માની ક્રિયા છે.) (૧૧) વધારે અસાધારણ, ખાસ (૧૨) ખાસ, વિશેષ (૧૩) વિશેષતાવાળું, ખાસ, બિન્ન, ખાસ પ્રકારની. (૧૪) અસાધારણ, ખાસ, વધારે. (૧૫) વધારે, અસાધારણ, ખાસ

વિશિષ્ટ ભાવના સૈષ્ઠવ :ખાસ કરી ભાવના. (અર્તાત્ ખાસ શુદ્ધ ભાવના) વિશિષ્ટ પ્રકારની ઉત્તમ ભાવના.

વિશિષ્ટતા પૂર્વક :પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપો.

વિશિષ્ટપણે :ભેદો સહિત

વિશિષ્ટરૂપે :ભિન્ન ભિન્ન રૂપે

વિશોધિત :શુદ્ધ

વિષ્કંપમ :વિસ્તાર

વિષકુંભ :ઝેરનો ઘડો. ત્રણ કષાયના અભાવસ્વરૂપ વીતરાગતા જેમને અંતરમાં પરિણમી છે. પ્રચુર સ્વસંવેદન નિરંતર વર્તી રહ્યું છે એવા પ્રશાંતમૂર્તિ વીતરાગ મુનિરાજને પણ પ્રમત્ત દશામાં પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના વગેરેનો ભગવાનના દર્શન કરવાનો -ભગવાન સાક્ષાત્ ન હોય તો જિનમંદિરે જઈ જિન પ્રતિમાનાં દર્શન-સ્તવન વગેરેનો વિકલ્પ આવે છે તે વિકલ્પરૂપ શુભરાગ પણ દુઃખરૂપ છે. તેને વિષકુંભ -ઝેરનો ઘડો કહ્યો છે.

વિષ્કંભ :વિસ્તાર, વિષ્કંભક્રમ =વિસ્તારક્રમ

વિષ્કંભક્રમ :વિસ્તારનો ક્રમ

વિષ્ણું :રાગ-દ્વેષ મોહરૂપ વિકાર રહિત પોતાના શુદ્ધ સ્વભાવને ટકાવે અથવા વિભાવથી પોતાને બચાવે. નિજગુણની રક્ષા કરે તે દરેક સમયે પોતાના અનંતગુણ સામર્થ્યની સત્તાથી નિજ ધ્રુવશકિત (સદશ અંશ) ને સળંગ ટકાવી રાખનાર હોવાથી દરેક આત્મા સ્વભાવે વિષ્ણું છે.

વિશુદ્ધ :મંદકષાયરૂપ પરિણામ વિશુદ્ધ છે.

વિષમ :દારુણ, ભયાનક, આપત્તિજનક (૨) અવળું, ઊલટું, વિપરીત, દારુણ, ભયાનક, સમાંતર નહોય તેવું અસમ, વલક્ષણ, જેમતેમ (૩) જેમતેમ (૪) અસમાન જાતિના (૫) મૂર્ત, અમૂર્ત, આદિ અસમાન જાતિના પદાર્થો, હાનિવૃદ્ધિ (૬) મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના (૭) અસમાન જાતિના (મૂર્ત-અમૂર્ત આદિ) (૮) અસમાન જાતિના પદાર્થો (૯) દુઃખદાયક, હાનિ વૃદ્ધિ સહિત, અસ્થિર

વિષમ આત્મા :એક પ્રતિ ઈષ્ટપણું, બીજા પ્રત્યે અનિષ્ટપણું તે વિષમ.

વિષમતા :ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં હર્ષશોકાદિ વિષમ પરિણામો નું અનુભવવું તે વિષમતા છે.

વિષમાત્મા :વિષમ આત્મા એક પ્રત્યે ઈષ્ટ બુદ્ધિ, બીજા પ્રત્યે અનિષ્ટ બુદ્ધિ એમ વિષમ બુદ્ધિ રાખનારો માત્ર એક વિષમાત્મા જ દુઃખનું કારણ છે.

વિષય :આધાર (૨) યથાયોગ્ય નહીં, ફેરફારવાળું, વત્તુઓછ, (૩) ધ્યેય (૪) આત્માનું લક્ષ છોડી, પરનું લક્ષ કરવું, તેમાં ઈષ્ટ-અનિષ્ટરૂપ વૃત્તિ તે વિષય છે. (૫) લક્ષ્ય (૬) લક્ષ, ને લક્ષ એટલે ધ્યેય, ધ્યેય એટલે સાધ્ય. (૭) શબ્દ, રસ, રૂપાદિ (૮) કર્મ (૯) ઈન્દ્રિય. (૧૦) ધ્યેય (૧૧) પર વસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ-મોહવાળો ભાવ તે વિષય. પર વસ્તુ વિષય નથી. વસ્તુ તો વસ્તુ જ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શમાં વિષય નથી, પણ તેના પ્રત્યેનો રાગભાવ તે વિષય છે. આનું રૂપ સુંદર છે, ઠીક છે, એમ માની ત્યાં જ્ઞાન સ્વરૂપી આત્મા રૂપસંબંધી રાગ કરે તે રૂપસંબંધી વિષય છે. તેમ ગંધ, રસ, અને સ્પર્શનું સમજવું પર દ્રવ્ય ઉપર લક્ષ કરી જીવ રાગ-દ્વેષ કરે ત્યારે પર દ્રવ્ય વિકારનું નિમિત્ત હોવાથી ઉપચારથી પર દ્રવ્યને વિષય કહેવાય છે. જ્ઞાન ભાવે પર દ્રવ્યને જાણે તેમાં રાગ-દ્વેષ ન કરે તો તે પર દ્રવ્ય જ્ઞેય કહેવાય છે. સ્વપદાર્થનું લક્ષ કરે તે સ્વ વિષય છે. સ્વનું લક્ષ કરે તો જીવને રાગ-દ્વેષ ન થાય. (૧૨) લક્ષ, ને લક્ષ એટલે ધ્યેય, ધ્યેય એટલે સાધ્ય

વિષય કષાયની સતત વિટંબણામાંથી છૂટવાં સાધન શું ? :વિષય-કષાયનો પ્રેમ છોડવો-રુચિ છોડવી, વિષય-કષાયના રાગથી ચેતન્યનું ભંદજ્ઞાન કરવું તે વિષય કષાયની સતત વિટંબણાથી છૂટવાનું સાધન છે.

વિષય પ્રતિબંધ :વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું
(દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.

વિષયગ્રામ :ઈન્દ્રિયવિષયોનો સમૂહ

વિષયનો નાશ :વેદનો અભાવ-ક્ષાયિકચારિત્રથી થાય છે. ચોથે ગુણસ્થાનકે વિષયની મંદતા હોય છે. ને નવમા ગુણસ્થાનક સુધી વેદનો ઉદય હોય છે.

વિષયપ્રતિબંધ :વિષયમાં રુકાવટ અર્થાત્ મર્યાદિતપણું(દર્શન અને જ્ઞાનના વિષયમાં મર્યાદિતપણું હોવું તે સ્વભાવની પ્રતિકૂળતા છે.

વિષયાતીત :અતીન્દ્રિય, પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (સ્પર્શ, રસ,ગંધ,વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) વિષયાતીત (૨) અતીન્દ્રિય, સ્પર્શ-રસ-ગંધ-વર્ણ અને શબ્દના તથા સંકલ્પ વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું (૩) અતીન્દ્રિય (૪) અતીન્દ્રિય, પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી સ્પર્શ, રસ, ગંધ,વર્ણ અને શબ્દના તથા સંકલ્પ-વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું.

વિષયી :ઈન્દ્રિય જ્ઞાન

વિષયો :વિષયભૂત પદાર્થો

વિષય વ્યાપાર :વિષયોમાં પ્રવૃત્તિ

વિષયોથી પરાવૃત :ઈન્દ્રિયોની સહાય વિનાનું તે અતીન્દ્રિય જ્ઞાન છે તે આત્મીય છે.

વિષયોની અભિલાષાનો નિરોધ :જે જીવોને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તેમને ભલે કદાચિત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાયો હોય, છ જીવનિકાયની દ્રવ્યહિંસા ન દેખાતી હોય અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય, તોપણ કાયા અને કષાયો સાથે એકતા માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી, હિંસાનો જરાય અભાવ નથી અને એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.

વિષયોનો સંગ :ઈષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ એ મોહ છે.

વિપર્યય સ્વરૂપ :વિપરીત, મિથ્યા સ્વરૂપ

વિપર્યાસબુદ્ધિ :ગૃહ કુટુંબ, પરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા મમતાચા છે અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે, તે જ વિપર્યાસબુદ્ધિ છે.

વિપાક :ઉદય

વિષય :આધાર

વિષાદ :શોક, ખેદ

વિષાયહાર સ્તોત્ર :વિષાપહાર નામનું સ્તોત્ર છે. શ્રી ધનંજય મહાકવિએ આ સ્તોત્ર રચ્યું છે. કવિના પુત્રને સર્પ કરડયો હતો, તેને ભગવાન પાસે લઈ જઈને નાખ્યો અને કવિ પોતે અંદર આત્માની વિચારધારામાં ચડી ગયા અને એમાંથી આ સ્તોત્ર રચ્યું . કુદરતે નિમિત્ત એવું મળી ગયું કે કવિએ તો રાગ-દ્વેષ વિનાશક ભગવાનની અર્થાત્ નિજ આત્માની ભકિત કરી અને વ્યવહારે જિનેન્દ્ર ભગવાનની ભકિત કરી ત્યાં આ બાજુ બાળકને સર્પનું ઝેર પણ ઊતરી ગયું.

વિસ્રસા :એકલા પુદ્ગલ પરમાણુ હોય તેને વિસ્રસા કહેવાય અને ઐતન્યનું નિમિત્ત જે પુદ્ગલમાં હોય તેને પ્રયોગતા પુદ્ગલ કહેવાય.

વિસ્રસા ઉપચયો :કાર્મણ વર્ગણાઓ

વિસ્રસોપચય :જે પુદ્ગલ પરમાણુ (કાર્માણ વર્ગણા) કર્મરૂપે પરિણમ્યા તો ન હોય પરંતુ આત્માની આસપાસ જ કર્મરૂપે પરિણમવાને સન્મુખ હોય, તેમને વિસ્રસોપચય કહે છે. આ પુદ્ગલ પરમાણુઓની બંધરૂપ અવસ્થા નથી. જે સમયે આત્મા ત્રણયોગ અને રાગદ્વેષાદિ કષાયભાવો ધારણ કરે છે તે જ સમયે વિશ્વમાં ભરેલો અન્ય કાર્માણવર્ગણાઓ અથવા આ વિસ્રસોપચય નામ ધારણ કરનાર પરમાણુઓ તરત જ આત્માની સાથે બંધાઈ જાય છે. બંધાતા જ તેમને કર્મ સંજ્ઞા મળે છે. તેના પહેલાં કાર્માણ (કર્મ થવાને .ોગ્ય) એવી સંજ્ઞા છે. આ વિસ્સોપચય આત્મા સાથે બંધાયેલા કર્મો કરતાં પણ અનંતગુણા છે. કેમ કે પહેલાં તો આત્માની સાથે બંધાયેલા કર્મ પરમાણુ જ અનંતાનંત છે. તે કર્મરૂપ પરમાણુઓમાંથી પ્રત્યેક પરમાણુ સાથે અનંતાનંત સૂક્ષ્મ પરમાણુ (વિસ્રસોપચય) લાગેલાં છે.

વિસ્મારણ :વિસ્મરણ

વિસ્તરીકરણ :વિસ્તાર કરીને સમજાવવું.

વિસ્તાર :ફેલાવ (૨) દર્શાવવું, વિગતવાર વર્ણન, ફેલાવો, પથરાટ (૩) પહોળાઈ, દ્રવ્યના પહોળાઈ-અપેક્ષાના(એકસાથે રહેનારા સદ્બાવી ભેદોને (વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે. જેમ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર વિશેષો અર્થાત્ ગુણો છે. તે વિસ્તાર વિશેષોમાં રહેતા વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તાર સામાન્ય (અથવા વિસ્તાર સામાન્ય સમુદાય, તે દ્રવ્ય છે.

વિસ્તાર સંક્ષેપાત્મક :વિસ્તારાત્મક કે સંક્ષેપાત્મક

વિસ્તાર સંગ્રહ :લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે.

વિસ્તાર સામાન્ય સમુદાય :વિસ્તાર, સામાન્યરૂપ સમુદાય, વિસ્તાર એટલે પહોળાઈ, દ્રવ્યના પહોળાઈ અપેક્ષાના (એક સાથે રહેનારા, સહભાગી)

ભેદોને (વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે. જેમ કે જ્ઞાન, દર્શન ચારિત્ર વગેરે જીવ દ્રવ્યના વિસ્તાર-વિશેષો અર્થાત્ ગુણો છે. જે વિસ્તાર વિશેષોમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ તો એ બધામાં એક આત્માપણારૂપ સામાન્યપણું ભાસે છે. આ વિસ્તાર સામાન્ય (અથવા વિસ્તાર સામાન્ય-સમુદાય) તે દ્રવ્ય છે.

વિસ્તાર સામાન્ય સમુદાય :એક સાથે રહેનારા, સહભાવી ભેદોને ગુણો કહેવામાં આવે છે. (૨) વિસ્તાર સામાન્યરૂપ સમુદાય, વિસ્તાર એટલે પહોળાઈ, દ્રવ્યના પહોળાઈ અપેક્ષાના (એક સાથે રહેનારા સહભાવી) ભેદોને (વિસ્તારવિશેષોને) ગુણો કહેવામાં આવે છે. જેમ કે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે જીવદ્રવ્યના વિસ્તાર વિશેષો અર્થાત્ ગુણો છે. તે વિસ્તાર વિશેષોમાં રહેલા વિશેષપણાને

વિસ્તારતા :દર્શાવતા

વિસ્તીર્ણ :વિસ્તાર પામેલું, પહોળું

વિસદશ :અણસરખાં, પરસ્પર વિરુદ્ધ, અનેકરૂપ, એક સરખાં નથી. , વિરુદ્ધ (૨) ભાવ-અભાવરૂપ છે. ઉત્પાદ તે ભાવ અને વ્યય તે અભાવ છે. (૩) અસમાન, ભિન્નઃ જુદા પ્રકારનું, અસમ, અભાવરૂપ. (૪) અનેકપણું, ભાવ-અભાવરૂપ, ઉત્પાદ તે ભાવ છે ને વ્યય તે અભાવ છે. (૫) વિરુદ્ધ

વિસદશપણું :તે ઉત્પાદ-વ્યય છે. એ તો પર્યાયમાં છે, ઉપજવું અને વિણશું છે એતો પર્યાયમાં છે.

વિસૂપ :જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળાં (ઉપદેશ, મન અને ઈન્દ્રિયો પૌદ્ગલિ હોવાથી તેમનું રૂપ જ્ઞાનના સ્વરૂપથી ભિન્ન છે. તેઓ ઈન્દ્રિયજ્ઞાનમાં વ્યહિરંગ કારણો છે.

વિસ્પષ્ટ :વિશેષ સ્પષ્ટ (૨) સ્પષ્ટ વિચારથી જણાય તેવાં.

વિસભાગ :કુવાસના મય વિષ

વિસ્મય :આશ્ચર્ય, અચંબો, પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય.

વિસ્મયકારી :આશ્ચર્યકારક, નવાઈ ઉપજાવે તેવું.

વિસ્મરણ :ભૂલી જવુંએ, યાદ ન રહેવું એ, વિસ્મૃતિ, યાદ ન આવવું એ.

વિસંયોજન :છોડી દેવું, ત્યજી દેવું, ખસી જવું (૨) જે ત્રણ કરણ વડે અનંતાનુબંધીના પરમાણુઓને અન્ય ચારિત્રમોહનીયના પ્રકૃત્રિપ પરિણમાયી તેની અનંતાનું બંધાના સત્તાનો નાશ કરવામાં આવે તેનું નામ વિસંયોજન છે. (૩) જે ત્રણ કરણ વડે અનંતાનુબંધીના પરમાણુઓને અન્ય ચારિત્ર મોહનીયની પ્રકૃત્તિરૂપ પરિણમાવી તેના (ણનંતાનુબંધાન) સત્તાનો નાશ કરવામાં આવે તેનું નામ વિસંયોજન છે. (૪) બંધનના અભાવરૂપ, જોડાણના અભાવરૂપ, રચનાના અભાવરૂપ

વિસર્ગ :ત્યાગ

વિસર્જન :ત્યાગ

વિસર્જન કરવું :ભૂલી જવું નહીં

વિસ્રસા :એકલા પુદ્ગલ પરમાણું હોય તેને વિસ્રસા કહેવાય છે.

વિસંવાદ :વિરોધ, વિખવાદ, અસત્યપણું,ઝઘડો, બૂરું કરનારી (૨) અસત્ય (૩) વિખવાદ ઊભી કરનારી, અસત્ય , બૂરું કરનાર (૪) વિરોધ (૨) ભૂરું, ભૂંડુ

વિસંવાદ :વિરોધ કરનારી, વિખવાદિની.

વિસ્રસા :સર્વ પ્રકારનાં અન્ય પરિણામથી રહિત અસંખ્યાત પ્રદેશી આત્મદ્રવ્ય. (વિસ્રસા)=સહજ, વિસ્રસા પરિણામ= સહજ પરિણામ

વિસારણ :વિસ્મરણ, ભૂલી જવું, ભુલાઈ જવું.

વિશાળ બુદ્ધિ :અનેકાન્ત બુદ્ધિ

વીતક :સંકટ, વીતવું તે. (૨) આપત્તિ, આપદા, સંકટ, દુઃખ

વીતરાગ :રાગદ્વેષ રહિત તે વીતરાગ (૨) રાગદ્વેષને જીત્યા તે નિજ અથવા વીતરાગ કહેવાય. (૩) સર્વજ્ઞ પરમેશ્વર ‘ વીતરાગ’ છે, આ આત્મા પણ ‘વીતરાગ’ સ્વરૂપ જ છે. દ્રવ્ય સ્વરૂપથી વીતરાગ સ્વરૂપ છે જેમાંથી વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. (૪) રાગ રહિત (૫) મોહ રાગ-દ્વેષ રહિત (૬) વીતરાગ પૂર્ણ હિતને માટે માનવા લાયક છે. એમ આત્મા પણ હિતને માટે માનવા લાયક છે. (૭) રાગ-દ્વેષ રહિત. (૮) સકળ મોહનીય (સમસ્ત મોહનીય) કર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે નિર્વિકાર આત્મસ્વરૂપને પ્રગટ કર્યું હોવાથી જે વીતરાગ છે.

વીતરાગ ચારિત્ર :શુદ્ધ ઉપયોગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. (૨) વીતરાગ ચારિત્રથી નિર્વાણ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે.

વીતરાગ ચારિત્રથી મોક્ષપ્રાપ્તિ :દર્શન જ્ઞાન પ્રધાન ચારિત્રથી જો તે ચારિત્ર વીતરાગ હોય તો મોક્ષ પ્રાપ્ત થાય છે.અને તેનાથી જ જો તે સરાગ હોય તો, દેવેન્દ્ર-આસુરેન્દ્ર-નરેન્દ્રના વૈભવ-કલેશરૂપ બંધ પ્રાપ્ત થાય છે. આથી મુમુક્ષુએ ઈષ્ટફલવાળું હોવાથી વીતરાગ ચારિત્ર ગ્રહણ કરવા યોગ્ય છે. (ઉપાદેય છે), અને અનિષ્ટ ફળવાળું હોવાથી સરાગ ચારિત્ર છોડવા યોગ્ય છે. (હેય છે)

વીતરાગ ભાવ :સ્વભાવનું અવલંબન અને નિમિત્તની ઉપેક્ષાતે વીતરાગ ભાવ છે.

વીતરાગ માર્ગ :વીતરાગનો મારગ તો નિર્વિકલ્પ છે. વીતરાગ રૂપ છે. એ તો પરથી ને રાગથી ઉત્સાહનો ભંગ કરીને સ્વમાં ઉત્સાહ કરવાનો (વીર્ય જોડવાનો) મારગ છે.

વીતરાગ રસ :ચૈતન્ય રસ

વીતરાગ વચન :વીતરાગવચનની અસરથી ઈંદ્રિયસુખ નીરસ ન લાગ્યાં તે જ્ઞાનીનાં વચનો કાને પડયાં જ નથી, એમ સમજવું.

વીતરાગ વિજ્ઞાન :કેવળ જ્ઞાન , રાગ-દ્વેષ સહિત એવું કેવળ જ્ઞાન જ ઉત્તમ અને સારરૂપ છે.

વીતરાગ સમ્યગ્દર્શન :સમ્યગ્દષ્ટિ જીવ જયારે પોતાના આત્મામાં સ્થિર હોય છે ત્યારે તેને નિર્વિકલ્પ દશા હોય છે. ત્યારે રાગ સાથે બુદ્ધિપૂર્વક જોડાણ હોતું નથી. જીવની આ દશાને વીતરાગ સમ્યગ્દર્શન કહેવામા આવે છે.

વીતરાગ સમ્યગ્દષ્ટિ :આત્મલીન સમ્યગ્દષ્ટિ ને વીતરાગ કહેવાય છે. તે સંપૂર્ણ મન, વચન,કાયાની ક્રિયાઓથી વિરકત રહીને એવી રીતે આત્માના આનંદનો સ્વાદ લઈ રહ્યા છે કે જેવી રીતે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા લે છે.

વીતરાગ સ્વસંવેદનજ્ઞાન :વિષયોના આસ્વાદનથી પણ તે વસ્તુઓની સ્વરૂપનું જાણપણું થાય છે. પણ તે જાણપણું રાગાદિભાવે કરી મલિન હોય છે, માટે ત્યાં નિજરસ શુદ્ધ આત્માનો અનુભવ નથી અને વીતરાગદશામાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય છે, તેમ જ ત્યાં રાગાદિ ભાવે કરી આકુળ-વ્યાકુળતા હોતી નથી. તે સ્વસંવેદન જ્ઞાન પ્રથમ અવસ્થામાં ચોથા પાંતમાં ગુણસ્થાનવાળા ગૃહસ્થને પણ હોય છે. પણ ત્યાં રાગ જોવામાં આવે છે. માટે સરાગ અવસ્થાના નિષેધને અર્થે વીતરાગ સ્વસંવેદન પદ મૂકયું છે. રાગભાવ છે તે કષાયરૂપ છે. તેથી જયાં સુધી મિથ્યાદષ્ટિને અનંતાનુબંધી કષાય છે ત્યાં સુધી તે બહિદ્યત્મા છે, તેને તો સ્વસંવેદન જ્ઞાન-સમ્યગ્જ્ઞાન સર્વથા જ નથી.

વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો :વીતરાગચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો (૨) વીતરાગ ચારિત્ર રૂપ પર્યાયે પરિણમેલો

વીતરાગતા :કષાય-રાગ-દ્વેષનો સંપૂર્ણ અભાવ તે વીતરાગતા. ૮ માંથી ૧૨મા ગુણસ્થાન સુધીમાં અખંડ ઉપયોગ અને આત્મસ્થિરતાને લીધે પુણ્યાનુબંધી પુણ્યનો પણ અભાવ હોય છે. ત્યાં માત્ર કર્મની નિર્જરા જ હોય છે, તેથી તે વીતરાગદશા કહેવાય છે. આમ ઘાતીકર્મનો સર્વથા અભાવ જેને હોય તે સંપૂર્ણ વીતરાગ છે.

વીતરાગદશા :ચારિત્રથી વિષય-કષાય વાસનાનું છેદન તે વીતરાગદશા

વીતરાગનું લક્ષણ :૧. જન્મ, ૨. જરા, ૩. તૃષા,૪. ક્ષુધા, ૫. વિસ્મય, ૬. આરત, ૭. ખેદ, ૮. રોગ, ૯. શોક, ૧૦. મદ, ૧૧. મોહ, ૧૨. ભય, ૧૩. નિદ્રા, ૧૪. ચિન્તા, ૧૫. સ્વેદ, ૧૬. રાગ, ૧૭. દ્વેષ, ૧૮.અરુમરણ જુત યે અષ્ટાદોશ દોશ, નહિ હોતે જિસ જીવકો વીતરાગ સો હોય.

વીતરાગની મૂર્તિ :વીતરાગની મૂર્તિ હથિયાર, વસ્ત્ર, માળા, અલંકાર અને પરિગ્રહ એ પાંચ દોષો રહિત હોય છે. તે નગ્ન, યુંદર , શાંત ગંભીર અને પવિત્ર વીતરાગનો જ ખ્યાલ આપે તેવી ડોય છે. તદાકાર વીતરાગ ભગવાનનું જે પ્રતિનિધિત્વ જણાવે એવી પ્રતિમાને નિર્દોષ વીચરાગની (જિનમુદ્રાવાળી) પ્રતિમા કહેવાય.

વીતરાગની વાણી :જિનવાણી, પરમાગમ, તીર્થંકર પ્રભુના ૐ કાર રૂપ ધ્વનિમાંથી નીકળેલી વાણીને ગણધરોએ સૂત્રો રૂપે રચી તે ચારે કોરથી ઉદાસીનતા પ્રેરે છે. ચારે કોરથી - પરથી સંયોગથી નિમિત્તથી અને રાગથી આત્માને ભિન્ન બતાવી ઉદાસીનતા પ્રેરે છે. (૨) જિનવાણી-ચિત્તમાં અત્યંત પ્રસન્નતા ઉપજાવે એવી અમૃત રલથી ભરેલી છે.

વીતરાગની વાણી ચારે કોરથી :પરથી સંયોગથી, નિમિત્તથી અને રાગથી આત્માને ભિન્ન બતાવી ઉદાસીનતા પ્રેરે છે.

વીતરાગભાવ :સ્વભાવનું અવલંબન અને નિમિત્તની ઉપેક્ષાને વીતરાગભાવ છે.

વીતરાગશ્રુત :વીતરાગની વાણી, વીતરાગ પ્રણીત શાસ્ત્રો.

વીતરાગી પ્રતિમા :વીતરાગની મૂર્તિ હથિયાર, વસ્ત્ર, માળા, અલંકાર અને પરિગ્રહ એ પાંચ દોષ રહિત હોય છે. તે નગ્ન, સુંદર, શાંત, ગંભીર અને પવિત્ર વીતરાગનો જ ખ્યાલ આવે તેવી હોય છે. તટાકાર ભગવાનનું જે પ્રતિનિધિત્વ જણાવે એવી પ્રતિમાને વીતરાગની

વીતલોભ :કોઈપણ કાર્ય ઉદયાધીન પણે થતું હોય ત્યારે તેમાંથી કોઈપણ જાતનો લાભ લેવાનો હેતુ ન હોય. મુનિ વિહાર કરે, જ્ઞાનદાન કરે કે અન્ય કોઈ કાર્ય કરે ત્યારે તેમાંથી માન, પૂજા, સત્કાર આદિ કોઈપણ લાભ લેવાની લેશ પણ ઈચ્છા કર્યા વિના તે કાર્ય કરવું તે. વીતલોભ પણે કાર્ય કયું ગણાય. પ્રત્યેક વસ્તુ સંયમના હેતુથી થવી જોઈએ. એવી ભાવના છે.

વીર :વિક્રાન્ત, પરાક્રમા, વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ-પરાક્રમ ફોરવે, કર્મશત્રુઓ પર વિજય મેળવે તે વીર છે. વિશેષે પ્રેરે તે વીર એટલે પોતાના વીર્યને વિશેષે પ્રેરે -સ્વભાવ સન્મુખ કરે તે વીર છે. (૨) વીર એટલે વિક્રાન્ત (પરાક્રમ) ભગવાન વીર વિક્રાન્ત પરાક્રમા છે. શામાં પરાક્રમા છે ? કે મોહ-રાગ-દ્વેષ જીતવામાં તેઓ અતુલ પરાક્રમા છે. (૩) શ્રી વર્ધમાન, શ્રી સન્મતિનાથ , શ્રી અતિવીર અને શ્રી મહાવીર એ ભગવાન મહાવીરના નામોથી યુકત છે.

વીર=વિક્રાન્ત :પરાક્રમા, વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ-પરાક્રમ ફોરવે. કર્મશત્રુઓ પર વિજયમેળવે તે વીર છે.

વીરજનની :શૂરવીરને જન્મ આપનારી, શૂરવીરની માતા

વીર્ય :આત્મામાં વીર્ય નામનો ગુણ છે. સ્વરૂપની રચના કરવી એ એનું કાર્ય છે. રાગને રચવો કે દેહની ક્રિયા કરવી એ એનું સ્વરૂપ' ત્રણ કાળમાં નથી. આવા પરિપૂર્ણ વીર્યગુણથી પુરુષાર્થ ગુણથી ઠસોઠસ ભગવાન આત્મા ભરેલો છે. વીર્યગુણનું કાર્ય આનંદ આદિ શુદ્ધ નિર્મળ પર્યાયને રચવાનું છે. રાગને રચે એ તો નપુંસકતા છે, એ આત્માનું વીર્ય નહિ. રાગ એ સ્વરૂપની ચીજ નથી. વીર્યગુણને ધરનાર ભગવાન આત્માનું ગ્રહણ કરતાં તે વીર્ય નિર્મળ પર્યાયને જ રચે છે. વ્યવહારને (રાગને) રચે એવું તેના સ્વરૂપમાં જ નથી. (૨) સામર્થ્ય (૩) આત્મબળ (૪) પુરુષાર્થ (૫) આત્માની શકિત-સામર્થ્યને (બળને) વીર્ય કહે છે. (૬) વીર્યનું કામ પ્રવર્તવાનું છે. વીર્ય બે રીતે પ્રકારે પ્રવર્તી શકે છે-

(૧) અભિસંધિ

(૨) અનભિસંધિ. અભિસંધિ આત્માની પ્રેરણાથી વીર્યનું પ્રવર્તવું થાય તે. અનભિસંધિ કષાયથી વીર્યનું પ્રવર્તવું થાય તે. જ્ઞાન દર્શનમાં ભૂલ થતી નથી પરંતુ ઉદયભાવે રહેલા દર્શનમોહને લીધે ભૂલ થવાથી એટલે ઔરનું તૌર જણાવથી વીર્યની પ્રવૃત્તિ વિપરીતપણે થાય છે. જો સમ્યકપણે થાય તો સિદ્ધ પર્યાય પામે. આત્મા કોઈપણ વખતે ક્રિયા વગરનો હોઈ શકતો નથી. જયાં સુધી યોગો (શરીર) છે ત્યાં સુધી ક્રિયા કરે છે. તે પોતાની વીર્ય શકિતથી કરે છે. તે ક્રિયા જોવામાં આવતી નથી પણ પરિણામ ઉપરથી જાણવામાં આવે છે.

આ જ પ્રમાણે જ્ઞાન દર્શનનું સમજવાનું છે. જ્ઞાનનું કામ જાણવાનું ચે. દર્શનનું કામ દેખવાનું છે. અને વીર્યનું કામ પ્રવર્તવાનું છે. આત્માના જ્ઞાન, દર્શન અને વીર્ય થોડા ઘણાં પણ ખુલ્લા રહેતા હોવાથી આત્મા ક્રિયામાં પ્રવર્તી શકે. વીર્ય ચળાછલ હંમેશા રહ્યા કરે છે. કર્મગ્રંથ વાંચવાથી નિર્ણય સ્પષ્ટ થશે.

વીર્ય શકિત :સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ આત્મામાં એક વીર્યશકિત છે. જેનું કાર્ય-સ્વરૂપસ્થિત દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ ઈત્યાદિ ગુણોની નિર્મળ પર્યાયોની રચના કરવી તે તેનું કાર્ય છે.

વીર્યગુણ :આત્માની શકિત-સામર્થ્ય(બલ) ને વીર્ય કહે છે. અર્થાત્ સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ શકિતને વીર્યગુણ કહે છે. અર્થાત્ પુરુષાર્થરૂપ પરિણામોના કારણભૂત જીવની ત્રિકાલી શકિતને વીર્યગુણ કહે છે.

વીર્યાચાર :અહો સમસ્ત ઈતર આચારમાં પ્રવર્તાવનારી સ્વ શકિતના અગોપાન સ્વરૂપ વીર્યાચાર! શુદ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જયાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૨) સમસ્ત અન્ય આચારમાં પ્રવર્તનારી સ્વશકિત ના અંગોપન સ્વરૂપ વીર્યાચાર. (૩) પોતાની શકિતને છુપાવ્યા સિવાય શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવી તે વીર્યાચાર છે. આ પ્રમાણે નિશ્ચય પંચાચાર કહ્યા-દર્શનાચાર, સમ્યગ્જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યચાર કહ્યા-વ્યવહાર પંચાચારનું લક્ષણ આ પ્રમાણે છે.

(૧) નિઃશંકિત આદિ આઠ ગુણોવાળો દર્શનાચાર છે.

(૨) કાલ, વિનય આદિ આઠ ભેદવાળો બાહ્યજ્ઞાનાચાર છે.

(૩) પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા નિર્ગ્રન્થરૂપ બાહ્ય ચારિત્રાચાર છે.

(૪) અનશનાદિ બાર ભેદવાળો બાહ્ય તપાચાર છે તથા

(૫) સંયમમાં પોતાની શકિતને ન ગોપાવવારૂપ બાહ્ય વીર્યાચાર છે.

જેઓ ઉપરોકત પંચાચારમાં પોતે પ્રવર્તે છે તથા મોક્ષભિલાષી શિષ્યોને પ્રવર્તાવે છે તે આચાર્ય કહેવાય છે.

વીયાઁતરાય :અસમર્થતા.

વીલખવું :વલખાં મારવાં, તલસવું, વલવલવું (વિલખવું)

વેળુ :રેતી

વેવલાપણું :ફાંફાં મારવા, ડાંફા મારવાં, વલખાં પણું , તુચ્છવસ્તુની ઈચ્છા કરવી, વ્યર્થ પ્રયત્ન કરવો.

વોસરાવી :છોડીદેવું

વ્રણ :ઘા (૨) જખમ (૩) ઘા

વ્રત :અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહપરિમાણ એ પાંચ વ્રત છે. (૨) સ્વભાવમાં વર્તવું તે વ્રત છે. (૩) પોતે અતીન્દ્રિય આનંદકંદ ભગવાન છે તેમાં વિયંળાઈ રહેવું તેનું નામ વ્રત છે. શુભ કાર્ય કરવાં અશુભ કાર્ય છોડવાં તે અથવા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચ પાપોથી ભાવપૂર્વક વિરકત થવું તેને વ્રત કહે છે. (સમ્યગ્દર્શન થયા પછી વ્રત હોય છે.)

વ્રત-તપ :અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે ? = શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચએ છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. તે શુભરાગ બંધનું કારણ ને હોય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી પ્રતાદિનો શુભરાગ આવ્યા વિના રહે જ નહિ-એવો જ સ્વભાવ છે.

વ્રત-પરચખાણ :પ્રશ્ન : આપ પૂજા-ભકિતનું કહો છો પણ વ્રત-પરચખાણ નું કેમ કહેતા નથી ?

ઉત્તરઃ ભાઈ! પહેલી ભૂમિકાએ પણ ભકિત, પૂજા, શ્રવણ,વાંચન આદિનો શુભારાગ હોય ને ચોથી ભૂમિકાએ પણ ભકિત પૂજા ને શ્રવણ મનનનો શુભરાગ હોય પણ ત્યાં વ્રતાદિ ન હોય-એવો માર્ગનો ક્રમ છે.

જેને આત્મસ્વભાવ સમજવાની રુચિ છે-જેને ચોથી ભૂમિકા પ્રગટ કરવી છે તે જો ચોથી ભૂમિકા જે સ્થિતિ હોય તેનું લક્ષ રાખીને તેના ઉપર વજન રાખીને પ્રયત્ન કરે તો ચોથી ભૂમિકાને પામી શકે, તેજ માર્ગનો ક્રમ છે. જેને આત્મસ્વભાવની રુચિ જાણી તેને વિષયોની વૃદ્ધિ સહેજે છૂટી જાય છે ને કષાયો મંદ થઈ જાય છે. તો પણ તેને સાચા વ્રત કહેવાતા નથી. વ્રતનો આરોપ આવતો નથી. ચોથી ભૂમિકાએ અનંતાનું બંધી કષાય ટળી જાય છે.

વિશેષ આત્મસ્થિરતા વધીને જે વ્રત આવવા જોઈ તે આવ્યા નથી. ત્યાં પૂજા, ભકિત ને શ્રવણ મનનનો શુભરાગ હોય છે અને તેના નિમિત્તો દેવ, ગુરુ, શાસ્ત્ર હોય છે. પણ તે ભૂમિકાએ વ્રત-પરચખાણના શુભરાગ ન હોય, કારણ કે તેને ઉપલા કષાયનો અભાવ થયો નથી. તે ચોથી ભૂમિકાએ પૂજા-પ્રભાવના -ભકિત આદિના ભાવ તથા નિઃશક, નિઃકાંક્ષ, પ્રભાવના, વાત્સલ્ય-ધર્મા પ્રત્યોનો પ્રેમ વગેરે આઠ અંત્રહોય છે.

અને પાંચમી ભૂમિકાએ સહજ સ્થિરતા વધતાં બીજા નંબરનો કષાય ટાળે છે ત્યારે વ્રતના પરિણામ આવે છે, અને છઠ્ઠી ભૂમિકાએ દષ્ટિના જોરમાં સહજ

સ્થિરતા વધતાં ત્રીજા કષાયનો અભાવ થાય છે તેથી ત્યાં મહાવ્રતના પરિણામ આવે છે.

ચોથી ભૂમિકાએ ત્રણ કષાય છે તેથી ત્યાં વ્રતનો આરોપ આવતો નથી. તો પછી પહેલી ભૂમિકાએ તો ચારેય કષાય ઊભા છે તેથી ત્યાં વ્રતનો આરોપ જરા પણ શેનો હોય ? ન જ હોય.

ચોથી ભૂમિકાએ પૂજા-પ્રભાવના હોય, વ્રત-સમિતિ ન હોય. ઊંધી દષ્ટિવાળો રહે કે ત્યાં વ્રત સમિતિ કેમ ન હોય ? એક કહીને ખોટો આગ્રહ પકડે છે. જે જયાં ન હોય તેને ત્યાં માને, ને જે હોય તેને નમાનેતેનું જ્ઞાન પણ ખોટું છે ને તેની દષ્ટિ પણ ખોટી છે. અને જે જે ભૂમિકાએ જે જે હોય તેને તે પ્રમાણે માને તેનું જ્ઞાન પણ સાચું છે ને તેની દષ્ટિ પણ સાચી છે. રાગનું અને રાગના નિનિત્તોનું યથાર્થ જ્ઞાન કરે તે જ જ્ઞાન સાચું છે.

વૃત્યેશો :વૃત્તિઅંશો= પર્યાયોના ભેદો, અવસ્થાના ભેદો

વેગપૂર્વક વહિતા :બહારના અનેક પ્રકારના સંયોગ-વિયોગ-સ્ત્રી, કુટુંબ, આબરૂ વગેરે તેનું એકી સાથે આવવું ને જવું ઈચ્છા થાય ને શરીરનું એકદમ ચાલવું ને નચાલવું, પૈસાનું મળવું ને ટળવું તે બધું એકદમ વેગપૂર્વક વહે છે. શીઘ્રપણે ભાવો બદલાય છે. એકસાથે એક ક્ષમમાં એનક પ્રકારના બંધનની ઉપાધિથી અતિ વેગપૂર્વક થતું પરિણમન તે બધો અસ્વભાવભાર છે.

વ્રતી :સમ્યગ્દર્શનપૂર્વક અણુવ્રત કે મહાવ્રત ધારણ કરેલ હોય તેવા જીવો

ગૃહ કુટુંબ પરિગ્રહાદિ ભાવને વિષે જે અનાસકત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે. ગૃહકુટુમ્બાદિ ભાવને વિષે અનાસકત બુદ્ધિ થવી તે વૈરાગ્ય. (૨) ભોગ પ્રત્યે અનાસકિત (૩) ગૃહ કુટુંબાદિ ભાવને વિષે અનાસકત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે. અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાય કલેષ તેનું મંદ થવું તે ઉપરાગ છે. (૪) ઉદાસીનતા, વીતરાગતા, સમતાભાવ (૫) ભોગ પ્રત્યે અનાસકિત (૬) વૈરાગ્ય શૃંગાર સાથે ન હોય અને શૃંગાર સાથે વૈરાગ્ય ન હોય.

વર્ધમાન, હીયમાન અને સ્થિત એવી જે ત્રણ પરિણામની ધારા છેતેમાં હીયમાન પરિણામની ધારા સમ્યક્ત્વઆશ્રયી (દર્શન આશ્રયી) શ્રી તીર્થંકરદેવને ન હોય, અને ચારિત્રઆશ્રયી ભજના. (૭) વિષય કષાયની નિવૃત્તિરૂપ અને શુદ્ધાત્માની અનુભૂતિ સ્વભાવવાળો વૈરાગ્ય છે. (૮) સ્ત્રી છોડે, કુટુંબ છોડે, નાત છોડે,ધંધો છોડે, અશુભ ભાવછોડે પણ આત્માના બાન વિના, અસ્તિ-મોજુદગી-સ્વરૂપ જ પૂર્ણ ચીજ છે તે પૂર્ણ સ્વભાવના જ્ઞાન વિના વૈરાગ્ય-રાગનો અભાવ-એને સાચો હોતો નથી. ખરેખર એ વૈરાગ્ય નથી પણ રુધાયેલો-રોકેલો-દાબેલો-કષાય છે. કેમ કે તે મિથ્યાત્વ સહિત છે ને ? અજ્ઞાની ને કષાયની મંદતા દેખાય, જાણે રાગ ધરયો છે એમ લાગે પણ ચૈતન્યના પૂર્ણ સ્વરૂપના સમ્યક્જ્ઞાન વિના તેને રાગ ક,ાય ઘટયો નથી, રુંદાયેલો છે, તે અક,ાય પરિણામ થયો નથી. (૯) રાગનો અભાવ. (૧૦) આસકિત ઊઠી જવી એ, રાગ ઊઠી જવો તે, વિરકિત. વિરતિ, વાસનાનો ક્ષય. (૧૧) ભોગપ્રત્યે આનાસકિત (૧૨) સંસાર, શરીર અને ભોગ-એ ત્રણેથી ઉદાસીનતા. (૧૩) સંસાર પરના મોહનો અભાવ થવા માંડે ત્યારે શરૂઆતમા સંસાર પ્રત્યે અરુચિ જન્મે છે, પછી અનાસકિત આવે છે. અને પછી ઉપેક્ષા થાય છે. આ દશાને વૈરાગ્ય કહે છે. વૈરાગ્યમાં અશુભ વૃત્તિઓનો નાશ અને શુભ વૃત્તિઓનો વધારો થાય છે. કારણ કે તે વખતે કષાયનો ઉપશમ થાય છે. જીવમાં પહેલે ગુણસ્થાને વૈરાગ્યની શરૂઆત થાય છે તે તીવ્ર બનતાં ચોથે ગુણસ્થાને ઉદાસીનતામાં પરિણમે છે. (૧૪) અહંતા મમતા તથા કષાય જયાં વૈરાગ્ય ઉપશમ ઉદ્ભવે છે ત્યાં મંદ પડે છે, અનુકમે નાશ પામવા યોગ્ય થાય છે. ગૃહ કુટુંબાદિ ભાવને વિષે અનાસકત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે. (૧૫) સંસાર , શરીર અને ભોગ- એ ત્રણેથી ઉદાસીનતા.

વૈરાગ્ય ત્યાગ :વૈરાગ્ય ત્યાગ, દયાદિ અંતરંગ વૃત્તિવાળી ક્રિયા છે તે જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે અર્થાત્ભવનું મૂળ છેદે છે, અથવા વૈરાગ્ય, ત્યાગ, દયાદિ આત્મજ્ઞાનીની પ્રાપ્તિના કારણો છે. એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્ગુરુનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. ઉજજવળ અંતઃકરણ વિના સદ્ગુરુનો ઉપદેશ પરિણમતો નથી, તેથી વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનો છે.

જેના અંતઃક રણમાં ત્યાગ વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી એવા જીવને આત્મજ્ઞાન ન થાય. કેમ કે મલિન અંતઃકરણ રૂપ દર્પણમાં આતોપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી. તેમ જ માત્ર વૈરાગ્ય -ત્યાગમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે. અર્થાત્ આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે, જેથી તે ત્યાગવૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંયમાદિ પ્રવૃત્તિ થઈ જાય, જેથી સંસારનો ઉચ્છેદ ન થાય, માત્ર ત્યાં જ અટકવું થાય. અર્થાત્તે આત્મજ્ઞાનને પામે નહિ. એમ ક્રિયાજડને સાધન-ક્રિયા અને તે સાધનનું જેથી સફળપણું થાય છે એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો અને શુષ્ક જ્ઞાનીને ત્યાગ વૈરાગ્યાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યુ.

અમે જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે કાયા જ માત્ર શેકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી, વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે તમે તે ક્રિયાને અવગાહો અને તે ક્રિયામાં પણ સરકીને રહેલું ઘટતું નથી, કેમ કે આત્મજ્ઞાન વિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી. માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્તો અને કાય કલેશરૂપ પણ કષાયાદિનું જેમાં તથારૂપ કાંઈ ક્ષીણપણું થતું નથી તેમાં તમે મોક્ષમાર્ગ નો દુરાગ્રહ રાખો નહિં, એમ ક્રિયાજડને કહ્યું.

અને જે શુષ્ક જ્ઞાનીઓ ત્યાગ વૈરાગ્યાદિ રહિત છે, માત્ર વાચાજ્ઞાની છે તેને એમ કહ્યું કે વૈરાગ્યાદિ સાધન છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે, કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી, તો આત્મજ્ઞાન ક્યાંથી પામ્યા હો તે કાંઈક આત્મામાં વિચારો, સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા , દેહની મૂર્ચ્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસકિત , તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી, અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અત્યંત દઢ થાય છે. કેમ કે આત્મજ્ઞાનરૂપ મૂળ તેને પ્રાપ્ત થયું છે. જેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં ભોગાદિ કામનાની અગ્નિ બળ્યા કરે છે, પૂજા સત્કારાદિની કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે, સહજ અશાતાએ બહુ આકુળવ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી કે આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહીં. માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવવું છે.'' એમ જે સમજવામાં આવતું નથી તે સમજો અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય.

વૈરાગ્યભાવ કેમ જાગે ? :(૧) અંતરમાં સંસાર કારાગૃહરૂપ દુઃખમય લાગવો જોઈએ, (૨) એ ધઃખમાંથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા સહિત વૈરાગ્યભાવ જાગવો જોઈએ, (૩) પૂર્વના પુણ્યરૂપ મહાભાગ્ય હોય તો, (૪) પૂર્વે ધર્મ આરાધના કરી હોય તો સહેજે વૈરાગ્ય પમાય, (૫) આ ભવમાં પણ જો કંઈ સત્સંગનો જોગ બને અને તેનો રંગ લાગે તો સાચો વૈરાગ્ય જાગે, (૬) અથવા પોતાનાં અત્યંત પ્રિય માનેલાં એવાં સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન આદિના વિયોગના કે શારીરિક વ્યાધિ આદિના કોઈ દુઃખના પ્રસંગ પ્રાપ્ત થતાં સંસાર આવો જ અસાર, અનિત્ય, અશરણરૂપ, દુઃખથી ભરપૂર છે એમ સમજાય તો તે પ્રત્યે વૈરાગ્ય જાગે અને તો આત્મહિતની ઈચ્છાથી સદ્‌ગુરુનો યોગ શોધે તો માર્ગને પામી કૃતાર્થ થાય.

વૈરાગી :ઉદાસીન

વૈશેષિકમત :જો કોઈ વૈશેષિકમતની માન્યતાવાળો એમ કહે કે નિર્વૃત મુકત થતાં બુદ્ધિ આદિ વૈશેષિક ગુણોનો ઉચ્છેદ થઈ જવાથી ચૈતન્ય સ્વભાવનો નાશ થઈ જાય છે તો એમ કહેવું બરાબર નથી, કેમ કે ચૈતન્ય સ્વભાવનો જ્ઞાન-દર્શન સ્વભાવ હોવાથી કદી નાશ નથી થતો. જો સ્વભાવનો પણ નાશ માનવામાં આવે તો દ્રવ્યના નાશનો જ પ્રસંગ ઉપસ્થિત થશે-તેનું કોઈ પણ પ્રકાર ક્યાંય કોઈ અસ્તિત્વ બની શકશે નહિ. એ મોટો દોષ આવશે. પ્રત્યેક વસ્તુ પોત-પોતાના સ્વભાવના કારણે પોત-પોતાનું અલગ અસ્તિત્વ ધરાવે છે. દર્શન જ્ઞાનરૂપ ચૈતન્ય સ્વભાવના કારણે આત્મા પણ પોતાનું અલગ અસ્તિત્વ રાખે છે. તેનો કદી નાશ થતો નથી.

વૈસ્રસિક :શુદ્ધ (૫) સ્વાભાવિક

વૈસ્રસિકગુણ :સ્વાભાવિક ગુણનું સામર્થ્ય

શકટ :ગાડું

શકેન્દ્રો :ઈંદ્રો

શકિત :સામર્થ્ય, ઈશત્વ(મુકત આત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં અર્થાત્ તેમનો અમલ કરવામાં સ્વયં સમર્થ છે તેથી તે પ્રભુ છે. (૨) તાકાત, બળ, પ્રભાવ, સામર્થ્ય (૩) સામથર્ય, ઈશત્વ(મુકત આત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં આર્થાત્ તેમનો અમલ કરવામાં સ્વયં સમર્થ છે તેથી તે પ્રભુ છે.) (૪) સ્વભાવનું સામર્થ્ય

શકિત અને વ્યકિત :દ્રવ્ય અને પર્યાયની સંધિ

શકિતઓ :સમયસારમાં ૪૭ શકિતનું વર્ણન કર્યું છે. તેમાં દષ્ટિ પ્રધાન હોવાથી નિર્મળ પર્યાય સહિત ના દ્રવ્ય-ગુણ ને આત્મા ગણ્યી છે. રાગને આત્મા ગણ્યો જ નથી જયારે પ્રવચનસારમાં ૪૭ નયોનું વર્ણન છે તે જ્ઞાનપ્રધાન કથન હોવાથી સાધકને વર્તતો રાગ તે પણ પોતાનું પરિણમન છે તેમ જ્ઞાની જાણે છે તેમ કહ્યું છે. ઉપાદાન-નિમિત્તના દોહા પણ ૪૭ છે અને જ્ઞાનવરણ-દર્શનાવરણ મોહનીય. અંતરાય એ ચાર ઘાતી કર્મની પ્રકૃત્તિઓ પણ ૪૭ છે. એ ૪૭ પ્રકૃત્તિનો નાશ ૪૭ શકિતના (શકિતભૂત દ્રવ્યના) આશ્રયે થાય છે.

શકિતની ઉત્કૃષ્ટતા :પરમ શુદ્ધતા

શકિતની ઉત્કૃષ્ટતા રોકાઈ ગઈ છે :ઈન્દ્રિયસુખરૂપે પરિણમનાર આત્માને જ્ઞાનદર્શન વીર્યાત્મક સ્વભાવની ઉત્કૃષ્ટ શકિત રોકાઈ ગઈ છે અર્થાત્ સ્વભાવ અશુદ્ધ થયો છે.

શણાવવું :મટાડવું

શત્રુ :પર, દુશ્મન

શત-સહસ્ર-કોટિ:

(૧) ૧૦૦×૧૦૦૦×૧૦૦૦૦૦૦૦=૧૦૦૦૦૦૦૦૦૦૦૦.
(એક હજાર અબજ)

(૨) ૧૦૦×૧૦૦૦×૧૦૦૦૦૦૦૦
(સો ગુણ્યા હજાર ગુણ્યા એક કરોડ)

શબ્દ :

શબ્દના બે પ્રકાર છે.

(૧) પ્રાયોગિક અને

(૨) વૈશ્રસિક. પુરુષાદિના પ્રયોગથી ઉત્પન્ન થતો શબ્દ તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો શબ્દ તે વૈશ્રસિક છે.

અથવા નીચે પ્રમાણે પણ શબ્દના બે પ્રકાર છે:

(૧) ભાષાત્મક અને

(૨) અભાષાત્મક. જેમાં ભાષાત્મક શબ્દ દ્વિવિધ છે-અક્ષરાત્મક અને અનક્ષરાત્મક. સંસ્કૃત પ્રાકૃતાદિભાષારૂપ તે અક્ષરાત્મક છે અને ઈન્દ્રિયાદિક જીવોનોશબ્દરૂપ તથા (કેવળી ભગવાનના) દિવ્ય ધ્વનિરૂપ તે અનક્ષરાત્મક છે. અભાષાત્મક શબ્દ પણ દ્વિવિધ છે-પ્રાયોગિક અને વૈશ્રસિક. વીણા, ઢોલ, ઝાંઝ, વાંસળી વગેરેથી ઉત્પન્ન થતો તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો તે વૈશ્રસિક છે.

કોઈપણ પ્રકારનો શબ્દ હો પરંતુ સર્વ શબ્દનું ઉત્પાદન કારણ લોકમાં સર્વત્ર ભરેલી શબ્દયોગ્ય વર્ગણાઓ જ છે, તે વર્ગણાઓ જ સ્વયમેવ શબ્દપણે પરિણમે છે, જીભ, ઢોલ, મેઘ વગેરે માત્ર નિમિત્તભૂત છે.

આખા લોકમાં સર્વત્ર વ્યાપેલી અનંત પરમાણુમયી શબ્દ યોગ્ય વર્ગણાઓ સ્વયમેવ શબ્દરૂપે પરિણમતી હોવા છતાં પવન-ગળું-તાળવું-જીભ-હોઠ, ઘંટ-મોગરી વગેરે મહા સ્કંધોનું અથડાવું તે બહિરંગકારણસામગ્રી છે અર્થાત્ શબ્દરૂપ પરિણમનમાં તે મહાસ્કંધો નિમિત્તભૂત છે તેથી તે અપેક્ષાએ (નિમિત્ત-અપેક્ષાએ) શબ્દને વ્યવહારથી સ્કંધજન્ય કહેવામાં આવે છે.

જેવી રીતે પરમાણુમાં ગંધાદિગુણ ભલે અવ્યકતપણે પણ હોય છે તો ખરો જ તેવી રીતે પરમાણુમાં શબ્દ પણ અવ્યકતપણે રહેતો હશે એમ નથી, શબ્દ તો પરમાણુમાં વ્યકતપણે કે અવ્યકતપણે બિલકુલ હોતો જ નથી.

શબ્દ શ્રવણેનિદ્રયનો વિષય છે તેથી તે મૂર્ત છે. કેટલાક લોકો માને છે તેમ શબ્દઆકાશનો ગુણ નથી, કારણ કે અમૂર્ત આકાશનો અમૂર્ત ગુણ ઈન્દ્રિયનો વિષય થઈ શકે નહિ.

(૧) શબ્દ

શબ્દ સ્કંધજન્ય છે. સ્કંધ પરમાણુદળનો સંઘાત છે, અને તે સ્કંધો સ્પર્શાતા-અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે, એ રીતે તે (શબ્દ) નિયતપણે ઉત્પાદ્ય છે.

શુબ્દ પુદ્ગલ સ્કંધપર્યાય છે. આ લોકમાં , બાહ્ય શ્રવણેન્દ્રિય વડે અવલંબિત, ભાવન્દ્રિય વડે જણાવા યોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. જે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરણાણુઓના એક સ્કંધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત(બાહ્ય કારણભૂત) મહાસ્કંધો દ્વારા તથા વિધ પરિણામે (શબ્દ પરિણામે) ઉપજતો હોવાથી તે સ્કંધજન્ય છે, કારણ કે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છે. - એક બીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વાભાવનિષ્પન્ન જ (પોતાના સ્વભાવથી જ બનેલી) અનંત પરમાણુમયી શબ્દયોગ્ય-વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જયાં જયાં બહિરંગ કારણ સામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ શબ્દપણે સ્વયં પરિણમે છે, એ રીતે શબ્દ નિયતપણે(અવશ્ય) ઉત્પાદ્ય છે, તેથી તે સ્કંધજન્ય છે.

(૨) શબ્દપણ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી ગુણ હશે એમ શંકા ન કરવી, કારણ કે તે (શબ્દ) વિચિત્રતાવિવિધતા) વડે વિશ્વરૂપપણું (અનેકાનેકપ્રકારપણું) દર્શાવતો હોવા છતાં તેને અનેક દ્રવ્યાત્મક પુદ્ગલપર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

શબ્દને (પર્યાય નહિ માનતાં) ગુણ માનવામાં આવે તો તે કઈ રીતે યોગ્ય નથી તેનું સમાધાનઃ-

પ્રથમ તો, શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી કેમ કે ગુણ-ગુણીને અભિન્ન પ્રદેશપણું હોવાને લીધે તેઓ(ગુણ-ગુણી) એક વેદનથી વેદ્ય હોવાથી અમૂર્ત દજ્વ્યને પણ શ્રવણેન્દ્રિયના વિષયભૂતપણું આવી પડે.

બીજું શબ્દમાં પર્યાયના લક્ષણ વડે ગુણનું લક્ષણ ઉત્થાપિત થતું હોવાથી શબ્દ મૂર્તદ્રવ્યનો ગુણ પણ નથી. પર્યાયનું લક્ષણ કદાચિત્કપણું (અનિત્યપણું) છે અને ગુણનું લક્ષણ નિત્યપણું છે, માટે (શબ્દમાં) કાદાચિત્કપણા વડે નિત્યપણું ઉત્થાપિત થતું હોવાથી (અર્થાત્ શબ્દ કોઈક વાર જ થતો હોવાથી અને નિત્ય નહિ હોવાથી) શબ્દ તે ગુણ નથી. જે ત્યાં નિત્યપણું છે તે તેને (શબ્દને) ઉત્પન્ન કરનારાં પુદ્ગલોનું અને તેમના સ્પર્શાદિક ગુણોનું જ છે, શબ્દપર્યાયનું નહિ-એમ અતિ દઢપણે ગ્રહણ કરવું. વળી, જો શબ્દ પુદ્ગલનો પર્યાય હોય તો પૃથ્વી સ્કંધની જેમ તે સ્પર્શનાદિક ઈન્દ્રિયોનો વિષય હોવો જોઈએ અર્થાત્ જેમ પૃથ્વીસ્કંધરૂપ પુદ્ગલપર્યાય સર્વ ઈન્દ્રિયોથી જણાય છે તેમ શબ્દરૂપ પુદ્ગલ પર્યાય પણ સર્વ ઈન્દ્રિયોથી જણાવો જોઈએ, (એમ તર્ક કરવામાં આવે તો) એમ પણ નથી, કારણ કે પાણી (પુદ્ગલ પર્યાય હોવા છતાં) ઘ્રાણેનિદ્રયનો વિષય નથી, અગ્નિ (પુદ્ગલ પર્યાય હોવા છતાં)ઘ્રાણેન્દ્રિય અને રસનેન્દ્રિય, તથા ચક્ષુ-ઈન્દ્રિયનો વિષય નથી. વળી એમ પણ નથી કે પાણી ગંધ વિનાનું છે(તેથી નાકથી અગ્રાહ્યછે) અગ્નિ ગંધ તથા રસ વિનાનો છે(તેથી નાક અને જીભથી અગ્રાહ્ય છે) અને પવન ંગંધ, રસ તથા વર્ણ વિનાનો છે(તેથી નાક,જીભ થતા આંખથી અગ્રાહ્ય છે) કારણ કે સર્વ પુદ્ગલો સ્પૉર્શાદિ ચતુષ્ક સહિત સ્વીકારવામાં આવ્યા છે. કેમ કે જેમને સ્પર્શાદિ ચતુષ્ક વ્યકત છે એવાં

(૧) ચંદ્રકાન્તને,
(૨) અરણિને, અને
(૩) જવને જે પુદ્ગલો ઉત્પન્ન કરે છે તે જ પુદ્ગલો વડે
  (૧) જેને ગંધ અવ્યકત છે એવા પાણીની
  (૨) જેને ગંધ અને રસ અવ્યકત છે એવા અગ્નિની અને

(૩) જેને ગંધ, રસ, તથા વર્ણ અવ્યકત છે એવા ઉદરવાયુની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે.

(ચતુષ્ક=ચતુષ્ટય. ચારનો સમૂહ,(સર્વ પુદ્ગલોમાં પૃથ્વી,પાણી, અગ્નિ અને વાયુ એ બધામાં-સ્પર્શાદિ ચારે ગુણો હોય છે. માગ ફેર એટલો જ છે કે પૃથ્વીમાં ચારે ગુણો વ્યકત છે, પાણીમાં ગંધ અવ્યકત છે, અગ્નિમાં ગંધ અને રસ અવ્યકત છે અને વાયુમાં ગંધ, રસ,અને વર્ણ અવ્યકત છે. આ વાતની સિદ્ધિને માટે યુકિત આ પ્રમાણે છેઃ ચંદ્રકાન્તમણિરૂપ પૃથ્વીમાંથી પાણી ઝરે છે, અરણિના લાકડામાંથી અગ્નિ થાય છે એને જવ ખાવાથી પેટમાં વાયુ થાય છે, માટે

(૧) ચંદ્રકાન્તમણિમાં,
(૨) અરણિમાં અને
(૩) જવમાં રહેલા ચારે ગુણો
  (૧) પાણીમાં
  (૨) અગ્નિમાં,
  (૩) વાયુમાં હોવા જોઈએ. માત્ર ફેર એટલો જ છે કે તે ગુણોમાંથી કેટલાક અપ્રગટરૂપે પરિણમ્યા છે. વળી પાછા પાણીમાંથી મોતીરૂપ પૃથ્વીકાય નીપજતાં અથવા અગ્નિમાંથી કાજળરૂપ પૃથ્વીકાય નીપજતાં ચારે ગુણો પ્રગટ થતાં જાવામાં આવે છે.)

વળી કયાંક (કોઈ પર્યાયમાં) કોઈ ગુણનું કાદાચિત્ક પરિણામની વિચિત્રતાને કારણે થતું વ્યકતપણું કે અવ્યકતપણું નિત્ય દ્રવ્ય સ્વભાવનો પ્રતિઘાત કરતું નથી(અર્થાત્ અનિત્ય પરિણામને લીધે થતી ગુણની પ્રગટતા અને અપ્રગટતા નિત્ય દ્રવ્ય સ્વભાવ સાથે કાંઈ વિરોધ પામતી નથી.) માટે શબ્દ પુદ્ગલનો પર્યાય જ હો.

(૩) શબ્દ એ પુદ્ગલદ્રવ્યનો ગુણ નથી પણ પુદ્ગલના સ્કંધની પર્યાય છે. શબ્દ છે એ તો ભાષાવર્ગણાનું પર્યાયરૂપ પરિણમન છે. એમાં જીવ નિમિત્ત છે.

(૪) આ લોકમાં બાહ્ય શ્રવણેંદ્રિય વડે અવલંબિત , ભાવેન્દ્રિય વડે જણાવા યોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. તે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરમાણુઓના એક સંક્ધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત (બાહ્ય કારણભૂત) મહાસ્કંધો દ્વારા તથાવિધ પરિણામે (શબ્દ પરિણામે) ઊપજતો હોવાથી તે સ્કંધજન્ય છે, કારણ કે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છેઃ- એક બીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વભાવનિષ્પન્ન જ (પોતાના સ્વભાવથી જ બનેલી) અનંત પરમાણુમયી શબ્દયોગ્ય-વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જયાં જયાં બહિરંગકારણસામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ શબ્દપણે સ્વયં પરિણમે છે, એ રીતે શબ્દ નિયતપણે (અવશ્ય) ઉત્પાદ્ય છે, તેથી તે સ્કંધજન્ય છે.

૧. જેવી રીતે પરમાણુમાં ગંધાદિગુણ ભલે અવ્યકતપણે પણ હોય છેતો ખરો જ તેવી રીતે પરમાણુમાં શબ્દ પણ અવ્કતપણે રહેતો હશે એમ નથી, શબ્દ તો પરમાણુમાં વ્યકતપણે કે અવ્યકતપણે બિલકુલ હોતો જ નથી.
૨. શબ્દ શ્રવણેન્દ્રિયનો વિષય છે તેથી તે મૂર્ત છે. કેટલાક લોકો માને છે તેમ શબ્દ આકાશનો ગુણ નથી કારણ કે અમૂર્ત આકાશનો અમૂર્ત ગુણ ઈન્દ્રિયનો વિષય શકે નહિ.
૩. શબ્દના બે પ્રકાર છે,
  (૧) પ્રાયોગિક અને
  (૨) વૈશ્રસિક, પુરુષાદિના પ્રયોગથી ઉત્પન્ન થતો શબ્દ તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો શબ્દ તે વૈશ્રસિક છે.

અથવા નીચે પ્રમાણે પણ શબ્દના બે પ્રકાર છે.

(૧) ભાષાત્મક અને

(૨) અભાષાત્મક. જેમાં ભાષાત્મક શબ્દ દ્વિવિધ છે. અક્ષરાત્મક અને અનક્ષરાત્મક. સંસ્કૃત પ્રાકૃતાદિભાષારૂપ તે અક્ષરાત્મક છે અને દ્વીદ્રિયાદિક જીવોના શબ્દરૂપ તથા (કેવળી ભગવાનના) દિવ્ય ધ્વનિરૂપ તે અનક્ષરાત્મક છે. અભાષાત્મક શબ્દ પણ દ્વિવિધ છે- પ્રાયોગિક અને વૈશ્રસિક વીણા, ઢોલ, ઝાંઝ વાસળી વગેરેથી ઉત્પન્ન થતો તે પ્રાયોગિક છે અને મેઘાદિથી ઉત્પન્ન થતો તે વૈશ્રસિક છે. કોઈ પણ પ્રકારનો શબ્દ હો પરંતુ સર્વ શબ્દનું ઉપાદાન કારણ લોકમાં સર્વત્ર ભરેલી શબ્દયોગ્ય વર્ગણાઓ જ છે, તે વર્ગણાઓ જ સ્વયમેવ શબ્દપેણ પરિણમે છે. જીભ-ઢોલ-મેઘ વગેરે માત્ર નિમિત્તભૂત છે.

(૫) પૌદગલિક પર્યાય છે. શબ્દ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી ગુણ હતો એમ શંકા ન કરવી, કારણ કે તે (શબ્દ) વિચિત્રતા વડે વિશ્વરૂપપણું (અનેકાનેકપ્રકારપણું) દર્શાવતો હોવા છતાં તેને અનેક દ્રવ્યાત્મક પુદ્ગલ પર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

શબ્દને (પર્યાય નહિ માનતાં) ગુણ માનવામાં આવે તો તે કઈ રીતે યોગ્ય નથી તેનું સમાધાનઃ-

પ્રથમ તો , શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી કેમ કે ગુણ-ગુણીને અભિન્ન પ્રદેશપણું હોવોને તેઓ (ગુણ-ગુણી)૧ એક વેદનથી વેદ્ય હોવાથી અમૂર્ત દ્રવ્યને પણ શ્રવણેંદ્રિયના વિષયભૂતપણું આવી પડે.

(બીજું શબ્દમાં) પર્યાયના લક્ષણ વડે ગુણનું લક્ષણ ઉત્થાપિત થતું હોવાથી શબ્દ મૂર્ત દ્રવ્યનો ગુણ પણ નથી. પર્યાયનું લક્ષણ કાદાચિતરપણું(અનિત્યપણું) છે અને ગુણનું લક્ષણ નિત્યપણું છે, માટે (શબ્દમાં) કાદાચિત્પણા વડે નિત્યપણું ઉત્થાપિત થતું હોવાથી (અર્થાત્ શબ્દ કોઈક વાર જ થતો હોવાથી અને નિત્ય નહિ હોવાથી) શબ્દ ને ગુણ નથી. જે ત્યાં નિત્યપણું છે તે તેને (શબ્દેને) ઉત્પન્ન કરનાંરા પુદ્ગલોનું અને તેમના સ્પર્શાદિક ગુણોનું જ છે, શબ્દપર્યાયનું નહિ-અમ અતિ દઢપણે ગ્રહણ કરવું

(૬) શબ્દ પણ ઈન્દ્રિયગ્રાહ્ય હોવાથી ગુણ હશે એમ શંકા ન કરવી. કારણ કે (શબ્દ) વિચિત્રતા વડે વિશ્વરૂપપણું (અનેકાનેક પ્રકારપણું) દર્શાવતો હોવા છતાં તેને અનેક દ્રવ્યાત્મક પુદ્ગલપર્યાય તરીકે સ્વીકારવામાં આવે છે.

શબ્દને (પર્યાય નહિ માનતાં) ગુણ માનવામાં આવે તો તે કંઈ વાતે યોગ્ય નથી તેનું સમાધાન -

પ્રથમ તો, શબ્દ અમૂર્ત દ્રવ્યનો ગુણ નથી કેમ કે

(૭) શબ્દ ભાષાવર્ગણાથી બને છે. તેથી પૌદ્ગલિક હોય જ છે. તેને પૌદ્ગલિક વિશેષણ આપવું સ્થૂળદષ્ટિથી નિરર્થક જણાય છે. પરંતુ તે નિરર્થક નથી. શબ્દના બે ભેદ છે.

(૧) દ્રવ્ય શબ્દ

(૨) ભાવ શબ્દ. દ્રવ્ય શબ્દ પૌદ્ગલિક છે. ભાવશબ્દ જ્ઞાનાત્મક છે. આ ભેદ બતાવવા માટે જ શબ્દને અહીં પૌદ્ગલિક વિશેષણ આપ્યું છે. જે બોલાય છે તે બદા પૌદ્ગલિક જ છે.

(૮) આ શબ્દ ગુણ નથી પણ પુદ્ગલના શુદ્ધની પર્યાય છે. શબ્દ પર્યાય જીવમાં વિદ્યમાન નથી. આ શબ્દ જે બોલાય છે તે આત્મામાં નથી, આત્માથી નથી. આત્મા-જીવ બોલવાનો ભાવ-રાગ કરે એ બીજી વાત છે. પણ આત્મા બોલે નહિ. શબ્દ છે એ તો ભાષા વર્ગણાનું પર્યાયરૂપ પરિણમન છે. એમાં જીવ નિમિત્ત છે. ભગવાનની દિવ્યધ્વનિ અમ વ્યવહારથી કહેવાય છે. ખરેખર ભગવાનનો આત્મા દિવ્યધ્વનિનો કરનારો(કર્તા) નથી. દિવ્યધ્વનિ છે તે તેના કારણે ભાષાવર્ગણામાં ભાષારૂપ (શબ્દરૂપ) પર્યાય થવાની જન્મક્ષણ છે તેને લઈને થાય છે. શબ્દ મારાથી (જીવથી) થાય એમ માનવું એ મિથ્યાત્વ છે. અધર્મ છે. શબ્દ જે થાય તેને સ્વના જ્ઞાનપૂર્વક હું જાણું એવી યર્થાથ માન્યતા (નિર્વિકલ્પ પ્રતીતિ) એનું નામ ધર્મ થે.

શબ્દ(સ્વર) :સાત પ્રકારના છે. ૧. ષડજ, ૨. ઋષભ, ૩. ગંધાર, ૪.મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત, ૭. નિબાધ.

એ પ્રમાણે કુલ ૨૭ ભેદો છે. તેમના સંયોગના અસંખ્યાત ભેદો પડે છે.

(૪) સંજ્ઞી પ્રાણીઓને ઈન્દ્રિયદ્વારા થતા ચૈતનયવેપારમાં મન નિમિત્તરૂપ હોય છે.

૫. સ્પર્શ, ૨, ગંધ, વર્ણ ને શબ્દ એ વિષયોનું જ્ઞાન, તે તે વિષયને જાણનાર ઈન્દ્રિય સાથે તે વિષયનો સંયોગ થવાથી જ, થાય છે. આત્મા ચક્ષુ દ્વારા જે રૂપને દેખે છે તે રૂપથી યોગ્ય ક્ષેત્રે દૂર રહીને દેખી શકે છે.

શબ્દ બ્રહ્મ :પરમ બ્રહ્મરૂપ વાચ્યનું વાચક દ્રવ્યશ્રુત (આ ગાથાઓમાં સર્વજ્ઞોપજ્ઞ સમસ્ત દ્રવ્યશ્રુતને સામાન્યપણે આગમ કહેવામાં આવ્યું છે. કોઈવાર દ્રવ્યશ્રુતના 'આગમ'અને 'પરમાગમ'એવા બેભેદ પણ પાડવામાં આવે છે. ત્યાં જીવભેદો તથા કર્મભેદોના પ્રતિપાદક દ્રવ્યશ્રુતને 'આગમ' કહેવામાં આવે છે અને સમસ્ત દ્રવ્યશ્રુતના સારભૂત ચિદાનંદ એક પરમાત્મતત્ત્વના પ્રકાશક અધ્યાત્મ -દ્રવ્યશ્રુતને પરમાગમ કહેવામાં આવે છે.) (૨) પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં છે. અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો વચન -ગોચર સર્વ ધર્મો અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન, આનંદ ઈત્યાદિ નાં નામ આવે છે. અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે, એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે, અને વાણી સર્વ તત્ત્વને કહેનારી છે તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે. (૩) સર્વજ્ઞાની વાણી જેનાથી સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર જ્ઞાન પ્રગટ થાય છે એવું તે સર્વજ્ઞની સામાર્થ્ય છે. તેથી તેને શબ્દબ્રહ્મ કહે છે.

શબ્દ રહિત :કોઈ ચિન્હથી જેનું ગ્રહણ નથી તેવો.

શબ્દ સમય :મૌખિક કે શાશ્ત્રરૂઢ -નિરૂપણ તે શબ્દ સમય છે. એટલે કે શબ્દાગમ તે શબ્દ સમય છે.

શબ્દબ્રહ્મના શાશ્વત ફળના :નિર્વાણસુખના

શબ્દનય :જે નય લિંગ સંખ્યા, કારક, આદિના વ્યભિચારને દૂર કરે છે તે શબ્દનય આ નય લિંગાદિકના ભેદથી પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે છે, જેમ હાર(પુ.) ભાર્યા(સ્ત્રી.),કલત્ર(ન.) એ હાર, ભાર્યા અને કલત્ર ત્રણે શબ્દો ભિન્ન લિંગવાળા લેવાથી જો કે એક જ પદાર્થના વાચક છે તેપણ આ નય સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ત્રણ ભેદરૂપ જાણે છે. (૨) જ્ઞાનને જાણઈને કથન કરે તે શબ્દનય છે.

શબ્દપ્રમાણ :દ્રવ્યશ્રુતપ્રમાણ

શબ્દબ્રહ્મમૂલક :શબ્દબ્રહ્મ જેનું મૂળ છે એવી.

શબ્દબ્રહ્મ :આગમ, શાસ્ત્ર, જિનશાસ્ત્રો, જિનાગમો (૨) વાણીના રૂપમાં વ્યકત થતું પરમાત્મ તત્ત્વ, દિવ્યવાણી. (૩) વાણી સર્વ તત્ત્વને કહેનારી થે તેને શબ્દબ્રહ્મ કહે છે. (૪) અર્હંતના પરમાગમ. અર્હંતના પરમાગમમાં સામાન્ય ધર્મો-વચન-ગોચર સર્વ ધર્મોનાં નામ આવે છે. અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે, એ રીતે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે. (૫) અહૅંતના પરમાગમમાં સામાન્ય ધર્મો વચનગોચર સર્વ ધર્મોના નામ આવે છે. અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે, એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી કહેવામાં આવે છે. અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહે છે. (૬) જે સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગ શબ્દબ્રહ્મ છે અને આ સમયપ્રભૃતશાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. આ શબ્દબ્રહ્મ પરબ્રહ્મને અર્થાત્ શુદ્ધ પરમાત્માને સાક્ષાત્ દેખાડે છે. (૭) ભગવાન સર્વને જાણે માટે સર્વવ્યાપી કહેવાય છે.અને વાણઈ સર્વતત્ત્વને કહેનારી છે તેથી તેને શબ્દ બ્રહ્મ કહેવામાં આવે છે. (૮) ભગવાનની વાણીને શબ્દબ્રહ્મ કહે છે. (૯) સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે. દ્વાદશાંગશાસ્ત્ર શબ્દબ્રહ્મ છે. અને આ સમયપ્રાભૃત શાસ્ત્રને પણ શબ્દબ્રહ્મની ઉપમા છે. (૧૦) અનાદિનિધન પ્રવાબરૂપ પરમાગમ, અહૅંતના પરમાગમ. (૧૧) તીર્થંકરપ્રભુની ઝંકારરૂપી વાણી પૂર્ણ સબ્દબ્રહ્મ છે. આગમશાસ્ત્રોને શબ્દબ્રહ્મ કહે છે. (૧૨) નામરૂપ શબ્દથી

કહેવાય તેમ. (૧૩) સર્વજ્ઞની આગમવાણી, આ લોકમાં સમસ્ત વસ્તુઓનો પ્રકાસ કરનાર અને સ્યાત્પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ, જેનાથી બધી વસ્તુઓ સંબંધીનું જ્ઞાન પ્રગટ થાય છે એવું સામર્થ્ય છે. (૧૪) સર્વજ્ઞ વીતરાગ જે કહે છે તેનો આશય સમજવાથી આત્માનુભવ પ્રગટ થાય છે. સર્વજ્ઞની વાણીને શબ્દબ્રહ્મ કહેવાથી તે સર્વ પદાર્થને જણાવનાર છે. એમ કહ્યું. નિત્યત્વ, અનિત્યત્વ, શુદ્ધત્વ, અશુદ્ધત્વ, અસ્તિત્વ, નાસ્તિત્વ એમ અનેક પ્રકારના કથનથી સંપૂર્ણ પદાર્થનું જ્ઞાન કરાવવામાં સમર્થ હોવાથી સર્વજ્ઞની વાણી શબ્દ બ્રહ્મ કહેવાય છે. તેનાથી રચાયેલાં અર્હંતના પરમાગમોમાં સામાન્ય ધર્મો જેવા કે જીવત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, નિત્યત્વ વગેરે કે જેને ધર્મની સંજ્ઞા આપી શકાય અને જ્ઞાન, દર્શન, વીર્ય, ચારિત્ર કે જેને સ્વભાવ-ગુણ કહેવાય તેનું કથન છે અને વચન-અગોચર વિશેષ ધર્મોનું અનુમાન કરાવવામાં આવે છે, તેથી કાંઈ બાકી રહેતું નથી. એવી રીતે પરમાગમ સર્વ વસ્તુને પ્રકાશક હોવાથી સર્વ વ્યાપક કહેવાય છે. અને તેથી તે શબ્દબ્રહ્મ છે. (૧૫) પરમ બ્રહ્મરૂપ વાચ્યનું વાચક દ્રવ્યશ્રુત (આ ગાથાઓમાં સર્વજ્ઞોપજ્ઞ સમસ્ત દ્રવ્યશ્રુતને સમાન્યપણે આગમ કહેવામાં આવ્યું છે. કોઈવાર દ્રવ્યશ્રુતને આગમ અને પરમાગમ એવા બે ભેદ પણ પાડવામાં આવે છે. ત્યાં જીવભેદો તથા કર્મભેદોના પ્રતિપાદક દ્રવ્યશ્રુત આગમ કહેવામાં આવે છે. અને સમસ્ત દ્રવ્યશ્રુતના સારભૂત ચિદાનંદ એક પરમાત્વતત્ત્વના પ્રકાશક અધ્યાત્મદ્રવ્યશ્રુતને પરમાગમ કહેવામાં આવે છે.) (૧૬) અર્હંતના પરમાગમ, સત્શાસ્ત્રો. (૧૭) સમસ્ત પદાર્થોનું કહેનાર હોય તેને શબ્દબ્રહ્મ કહેવાય છે. સમયપ્રાભૃતશાસ્ત્ર. (૧૮) પરમ બ્રહ્મરૂપ વાચ્યનું વાચક દ્રવ્યશ્રુત (આ ગાથાઓમાં સર્વજ્ઞોપજ્ઞ સમસ્ત દ્રવ્યશ્રુતને સામાન્યપણે આગમ કહેવામાં આવ્યું છે. કોઈવાર દ્રવ્યશ્રુતના 'આગમ' અને 'પરમાગમ' એવા બે ભેદ પણ પાડવામાં આવે છે. ત્યાં જીવભેદો તથા કર્મભેદોના પ્રતિપાદક દ્રવ્યશ્રુતને 'આગમ' કહેવામાં આવે છે. અને સમસ્ત દ્રવ્યશ્રુતના સારભૂત ચિદાનંદ એક પરમાત્મતત્ત્વના પ્રકાશક અધ્યાત્મ દ્રવ્યશ્રુતને 'પરમાગમ'કહેવામાં આવે છે.)

શબ્દબ્રહ્મમુલક :શબ્દબ્રહ્મ જેનું મૂળ છે એવી આગમવાણઈ

શબ્દબ્રહ્મમાં અર્થોની સ્થિતિ :આગમમાં પદાર્થોની સ્થિતિ

શબ્દશ્રુત :ભગવાનની વાણી, આગમવાણી, શાસ્ત્રજ્ઞાન. (૨) જ્ઞાન, આગમ, સત્શાસ્ત્ર

શબ્દસિંધુના ચંદ્ર :શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન,

શબ્દાર્થ :વાચ્યાર્થ, ભાવાર્થ અને પરમાર્થ. જાણવો એ જ પુરુષાર્થ. પૂર્ણાર્થ.

શબ્દબ્રહ્મમૂલક :શબ્દ બ્રહ્મ જેનું મૂળ છે એવી

શમ :ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે 'શમ'.

શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનકંપા આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે, સમરવા યોગ્ય છે, ઈચ્છાવા યોગ્ય છે. અનુભવવા યોગ્ય છે. (૨) કામક્રોધાદિરૂપ અગ્નિથી ઊપજેલાં સંસાર દુઃખદાહનું ઉપશમ સ્વાત્મભાવના ઉત્થાનરૂપ સુખામૃત જેવા શીતજલથી થાય છે તેને શમ કહે છે. (૩) ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિ કાળની વૃત્તિઓ શમાઈ જવી તે 'શમ' (૪) ઈન્દ્રિયોઅને વાસનાની શાંતિ,સંયમ (૫) વૈરાગ્ય વિશેષ, નિષ્પક્ષપાતપણું, મધ્યસ્થપણું આત્મામાં આવે તેમ શમ કહેવાય. (૬) ક્રોધાદિ કષાયોનું સમાઈ જવું, ઉદય આવેલા કષાયોની મંદતા થવી, અનાદિ કાળની વૃત્તિઓ સમાઈ જી તે શમ

શમાવવું :મટાડવું, શમાવતી = મટાડતી

શયતાન :ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો, બદમાસ, સેતાન

શરણ :આશ્રય સ્થાન

શરણભૂત :આશ્રય કરવા લાયક, આશ્રય કરવા યોગ્ય.

શરણરૂપ :આશ્રય કરવા યોગ્ય, આધાર રાખવા યોગ્ય, પકડી રાખવા યોગ્ય.

શરણહીન :વિશ્રાંતિ મળતી નથી, શરણ-આશરો મળતો નથી. (૨) પુણ્ય-પાપના ભાવમાં આત્માને ક્યાંય શરણ મળતું નથી, વિશ્રાંતિ મળતી નથી.

શરદ :સપ્ટેમ્બર ૨૨મીથી નવેમ્બર ૨૨મી ની ઋતુ આસો અને કારતક બે માસની ઋતુ.

શરદઋતુ :સપ્ટેમ્બરની ૨૨ થી નવેમ્બરની ૨૨ મી સુધીની ઋતુ

શરીર :ઔદારિક, વૈક્રિયિક અને આહારક આ ત્રણ પ્રકારના શરીર છે.

શરીરી :દેહી, શરીરવાળો(અર્થાત્ આત્મા) (૨) ઔદારિક, વૈક્રિયિક અને આહારક એ ત્રણ પ્રકારના શરીર છે. (૩) શરીર છે તે જીવ પુદ્ગલનાં સંયોગજનિત પર્યાય છે. (૪) શરીરનાં પાંચ પ્રકાર છે. ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્માણ. (૫) પાંચ પ્રકારના શરીર છે તે આત્માને નથી. ઔદારિક એટલે ઉદાર. ઉદાર એટલે પ્રધાન. જેમાં કેવળજ્ઞાન થઈ શકે છે માટે ઔદારિક શરીર તે પ્રધાન શરીર છે. વૈક્રિયિક શરીરમાં કેવળ જ્ઞાન થતું નથી, વૈક્રિયિક શરીર દેવો અને નારકીને હોય છે. વૈક્રિયિક એટલે વિક્રિયા કરે. જુદા જુદા શરીર બનાવી શકે તે દેવાનાં શરીર સુંદર હોય છે અને નારકીનાં વૈક્રિયિક શરીર કાળાં કૂબડાં હોય છે. આહારકે શરીર છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલતા નગ્ન દિગંબર કોઈ કોઈ મુનિને તે આહારક શરીરની લબ્ધિ પ્રગટે છે. તે સંત મનુનિને કોઈ શંકા પડે તો શંકાના સમાધાન માટે માતામાંથી એક હાથનું મહાસુંદર પૂતળું નીકળે છે. તે પૂતળું જયાં ભગવાન બિરાજતા હોયત્યાં જાય અને ત્યાં ભગવાનના દર્શન માત્રથી તેને સમાધાન થઈ ઝા, પૂછવું ન પડે તે શરીરને આહારક શરીર કહેવાય.

તેજસ શરીરથી પણ આત્મા જુદા છે તેજસ શરીર અનંતા રજકણોની માટી આઠ કર્મના રજકણની મૂર્તિ છે, તે જડ છે, કાર્મણ એટલે કર્મના રજકણનો એક જથ્થો. તે કાર્મણ શરીર નિમિત્તરૂપે આત્માની જોડે છે. આત્માના સ્વભાવમાં નથી.

મનુષ્ય અને ઠોરને ઔદારિક, તેજસ અને કાર્મણ સરીર હોય છે. દેવ અને નારકીને વૈક્રિયિક તેજસ અને કાર્મણ શરીર હોય છે. ઔદારિક , વૈક્રિયિક , આહારક તેજસ અને કાર્મણ તે પાંચ શરીરનો આત્મા કર્તા નથી. તે શરીરની ક્રિયાથી આત્મામાં ધર્મ થાય તેમ નથી. તે શરીર આત્માને ત્રણ કાળમાં મદદ કરે તેમ નથી.

શરીર નામકર્મ :જે કર્મના ઉદયથી, આત્માના ઔદારિકાદિ શરીર બને.

શરીર પાંચ પ્રકારના છે :ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્માણવર્ગણાયુકત આવે પાંચ પ્રકારના શરીર છે.

શરીર સુખ :ઈન્દ્રિય સુખ. શરીર શુખ-દુઃખ કરતું નથી. દેવનું ઉત્તમ વૈક્રિયિક શરીર સુખનું કારણ નથી કે નારકનું શરીર દુઃખનું કારણ નથી. આત્મા પોતે જ ઈષ્ટ-અનિષ્ટ વિષયોને વશ થઈ સુખદુઃખની કલ્પનારૂપે પરિણમે છે.

શરીરના પરમાણુ :કાર્મણ, તૈજસ્ ,આહારક,વૈક્રિય અને ઔદારિક એ પાંચ શરીરનાં પરમાણુ એકનાં એક એટલે સરખાં છે, પરુંતુ તે આત્માના પ્રયોગ પ્રમાણે પરિણમે છે.

અમુક અમુક મગજમાંની નસો દાબવાથી ક્રોધ, હાસ્ય, ઘેલછા ઉત્પન્ન થાય છે. શરીરમાં મુખ્ય સ્થળો જીભ, નાસિકા, ઈત્યાદિ પ્રગટ જણાય છે. જેથી માનીએ છીએ, પણ આવા સૂક્ષ્મ સ્થાનો પ્રગટ જણાતાં નથી એટલે માનતા નથી પણ એ જરૂર છે.

શરીરના પાંચ પ્રકાર :ઔદારિકનું વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્માણ.

શરીરની અવસ્થા :બાળઅવસ્થા એટલે શરીરની કોમળ અવસ્થા યૌવન અવસ્થા એટલે લોહી માંસની મજબૂત અવસ્થા અને વૃધ્ધાવસ્થા એટલે લોહી-માંસની ઢીલી અવસ્થા.

શરીરાદી પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થપણું પ્રગટ કરે છેઃ- :શરીર, વાણી અને મનને હું પર દ્રવ્યપણે સમજું છું, તેથી તેમના પ્રત્યે મને કાંઈ પણ પક્ષપાત નથી, (તે) બધાંય પ્રત્યે હું અત્યંત મધ્યસ્થ છું તે આ પ્રમાણે :

(૧) ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતન દ્રવ્ય નથી, હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે, માટે હું શરીર,વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું.

(૨) વળી હું શરીર, વાણી અને મનનું કારણ એવું અચેતનદ્રવ્ય નથી, હું કારણ વિના પણ (અર્થાત્ હું કારણ હોયા વિના પણ) તેઓ ખરેખર કારણવાળાં છે. માટે તેમના કારણપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

(૩) વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (કરનારું, કર્તા) એવું અચંતનદ્રવ્ય નથી, હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે, માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

(૪) વળી હું, સ્વતંત્રપણે શરીર, વાણી અને મનનું કારક (કરનારું, કર્તા) એવું જે અચેતન દ્રવ્ય તેનો પ્રયોજક નથી, હું કર્તા પ્રયોજક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો પ્રયોજક તેમનો કરાવનાર હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના પ્રયોજકપણાનો (કરાવનારપણાનો) પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

(૫) વળી હું સ્વતંત્રપણે શરીર, વાણી, મનનું કારક (કરનારું) જે અચેતન દ્રવ્ય તેનો અનુમોદક નથી, હું કર્તા અનુમોદક વિના પણ (અર્થાત્ હું તેમના કર્તાનો અનુમોદક હોયા વિના પણ) તેઓ ખરેખર કરાય છે. માટે તેમના કર્તાના અનુમોદકપણફાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.

શરીરી :દેહી, શરીરવાળો(અર્થાત્ આત્મા)

શરીરો :ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તેજસ શરીર, આહારક શરીર અને કાર્મણ શરીર, એમ પાંચ પ્રકારના શરીરો છે અને બધાં પુદ્ગલદ્રવ્યાત્મક છે.

શલ્ય :મુશ્કેલી, નડતર, અજંપાનું કારણ (૨) દોષો (૩) શરીરમાં ભોંકાયેલા બાણ, કાંટા વગેરે શસ્ત્રની માફક જે મનમાં બાધા કરે તે શલ્ય છે. અથવા આત્માને કાંટાની માફક જે દુઃખ આપે તે શલ્ય છે. (૪) શલ્યો ત્રણ છે માયાશલ્ય, નિદાનશલ્ય, અને મિથ્યાદર્શન શલ્ય. શલ્ય એટલે દંભ, ભોગની લાલ અને સત્ય ઉપર શ્રદ્ધાનો અભાવ, અથવા અસત્યનો આગ્રહ. (શલ્ય, કાંશની પેઠે જયાં સુધી શરીર-મનમાં ભોંકાતાં હોય ત્યાં સુધી શરીર-મનને સ્વસ્થ કરી દઈ આત્માને કોઈ કાર્યમાં એકાગ્ર ન થવા દેતાં હોવાથી) આ ત્રણ શબ્દોથી મહાવ્રતોનો ઘાત થાય છે. (૫) શૂળ; અડચણ; નડતર. (૬) કાંચો, શલ્યના ત્રણ પ્રકાર છ-માયા-(કપટ-પ્રપંચ), મિથ્યાત્વ(પર વસ્તુમાં સુખબુદ્ધિ) અને નિદાન (આ કામ કરવાથી મને શું લાભ મળશે તેનું ચિંતવન) (૭) શૂળ, કાંટો, તીર,બાણ, શરીરમાં પીડા કરતું-સાલનું કાંઈ, દરદ, વિઘ્ન, અડચણ, અજંપાનું કારણ. (૮) શૂળ, અડચણ, નડતર, સાલ (૯) વિઘ્ન, અડચણ, કાંટો, શૂળ, તીર, બાણ, અજંપાનું કારણ. (૧૦) નડતર, મુશ્કેલી, અજંપાનું કારણ, સાલ. (૧૧) મિથ્યાશ્રદ્ધાન, તીર, (૧૨) બાણ, કાંટો, શૂળ, દરદ, વિઘ્ન, અડચણ. (૧૩) કાંટો, કલેશ. (૧૪) મુશ્કેલી, નડતર, બાણ, તીર, શૂળ, કાંટો, સાલ, અજંપાનું કારણવ્રત ત્રણ શલ્ય રહિત હોય છે. એ ત્રણ શલ્ય માયા, મિથ્યાત્વ અને નિદાન છે, તેના અર્થ નીચે પ્રમાણે છેઃ-

(૧) માયા = કુટિલતા જેના હૃદયમાં છે તેને સમ્યક્ વ્રત ન હોય, જયાં પાતાના સત્નો છળ હોય ત્યાં સમ્યક્ વિરતિ ન હોય.

(૨) મિથ્યાત્વ= પોતાનું જે સ્વભાવે હોવાપણું છે તે તેનાથી વિપરીતપણે માનવું, શુભ પરિણામ, પુણ્યાદિ જડની ક્રિયાનું કર્તૃત્વ માનવું, રાગભાવને જીવ સ્વભાવ માનવો ઈત્યાદિ પરમાં મારાપણાની ભ્રાતિ હોય-અભિપ્રાયમાં ભૂલ હોય, ત્યાં વ્રત ન હોય.

(૩) નિદાન= નિયાણું, વર્તમાનમાં કોઈ દાન, દયા, વ્રત બ્રહ્મચર્યાદિ તથા તપ આદિની ક્રિયાથી પરલોકમાં પુણ્યાદિ ફળની ઈચ્છા, ઊંડાણમાં પણ પુણ્યની મીઠાશ, દેહની સગવડતાનો ભાવ અલ્પ અંશે પણ પડયો છે, તેવું શલ્ય જેને છે તે વ્રતી ન હોય.

શલાકો :શળી

શાશ્વત સુખ :અનંત ચતુષ્ટયાત્મક નિજ ઐશ્વર્યને પામી અનંત શાશ્વત સુખમય સહજાત્મસ્વરૂપે વિરાજમાન થઈ કૃતકૃત્ય થઈ જાય છે. અથવા જે જીવોને નરક, નિગોદાદિ અધોગતિનાં અનંત દુઃખમાં પડતાં ધરી રાખે, અટકાવે અને નરેન્દ્ર, અમરેન્દ્ર અને જિનેન્દ્ર જેવા ઉત્તમ સ્થાને સ્થાપે તથા પરિણામે મોક્ષનાં અનંત સુખમાં સ્થાપે તે ધર્મ શાશ્વત સુખ આપનાર છે

શાબ્દપ્રમાણ :દ્રવ્યશ્રુતપ્રમાણ, તીર્થંકરદેવની આગમવાણી, જિનશાસ્ત્ર

શાસ્ત્રનું પ્રયોજન :સર્વ શાસ્ત્રનું પ્રયોજન એ જ છે કે ચૈતન્યસ્વરૂપ આનંદમય આત્માએ ઓળખીને તેમાં લીન થાય. શાસ્ત્રનું એક જ વાકય સત્પુરુષ પાસેથી સાંભલીને જો એટલું સમજી જાય તો એનું પ્રયોજન સિદ્ધ છે, અને લાખો-કરોડો શાસ્ત્રો સાંભળીને પણ એ જ સમજવાનું છે. જો એ ન સમજે તો તે જીવે શાસ્ત્રના એક શબ્દને પણ યથાર્થપણે જાણ્યો નથી.

શાતન :પાતળું થવું તે, હીન થવું તે, ક્ષીણ થવું તે.

શાતન કરવું :પાતળું કરવું, હીન કરવું, ક્ષીણ કરવું, નષ્ટ કરવું.

શાતા :સુખ, સુખ-શાંતિ, મનની ટાઢક, નિરાંત, સંતોષ,તૃપ્તિ

શાતાનું વેદન :કલ્પનામાં જે અનુકૂળપણે સુખરૂપે લાગે-એવા ભેદરૂપ કર્મનો અનુભવ

શાતાવેદનીય અને અશાતાવેદનીયનો વિપાક :ઈષ્ટાનિષ્ટ સંયોગનો ઉદય.

શાન્ત :અનાકુળ

શારદ :સમ્યક્ શાસ્ત્ર

શારદા :જ્ઞાન અને સત્બોધ કરનાર સરસ્વતી વાણી.

શાલ્મલિ વૃક્ષ :નરકને વિષે નિત્ય અશાતારૂપે છે. ખીજડાને મળતું તે વૃક્ષ થાય છે. ભાવથી સંસારી આત્મા તે વૃક્ષરૂપ છે. આત્મા પરમાર્થે તે અધ્યવસાય વર્જતા, નંદનવન સમાન છે.

શાદ્વલ :લીલું મેદાન

શાશ્વત :ઉત્પત્તિ-વિનાશ રહિત

શાશ્વત ફળ :નિર્વાણ સુખ

શાશ્વત સુખ :મોક્ષદશા, સિદ્ધદશા.

શાસ્ત્ર :મહામુનિઓનીવાણી

શાસ્ત્રતાત્પર્ય :આખા શાસ્ત્રનું તાત્પર્ય તે શાસ્ત્રતાત્પર્ય છે.

શાસ્ત્રભ્યાસનું પ્રયોજન :જે એકલા શાસ્ત્રાભ્યાસમાં જ રોકાઈ જાય જે આત્માની સન્મુખ થવાનો પ્રયત્ન કરતો નથી તેને કહે છે કે ભાઈ! શાસ્ત્ર ભણવાનો ગુણ તો અંતરમુખ થઈને અનુભવ કરવો તે છે. તે નિર્વિકલ્પ અનુભવનો પ્રયત્ન કરતો નથી તો શાસ્ત્ર ભણાવતો હેતુ જે આત્મજ્ઞાન છે તે પ્રગટ કર્યું નહિ તો તારા શાસ્ત્રભણતર પણ શા કામના ? શાસ્ત્રવાંચન-શ્રવણમાં દ્રવ્યની સન્મુખ થવાની જોરદાર વાત વાંચતાં સાંભળતાં તેની ધૂન ચડી જવી જોઈએ, તે ન થાય તો શું કામનું ?

પ્રશ્ન :શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન થયા તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે ?

ઉત્તરઃ અનંતગુણો ફેર છે. શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ દારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદન-અનુભૂતિથી જાણે છે, તેથી એ બેમાં મોટો ફેર છે.

શાસ્ત્રીયભાષા :આધ્યાત્મિક પરિભાષા

શાસ્ત્રોપદિષ્ટ :શાસ્ત્રે ઉપદેશેલાં

શાસ્તાપુરુષ :શાસક પુરુષ, સદ્ગુરુ શિક્ષક પુરુષ

શાસનસ્થ :નિજદેવના શાસનમાં રહેલા

શાંત :નિકારુળ, સુખ, આનંદ.

શાંત તથા શિવરૂપ :જે આત્મા અનંતજ્ઞાનાદિરૂપ સ્વભાવને તજતો નથી અને કામ-ક્રોધાદિરૂપ પરભાવને ગ્રહણ કરતો નથી તથા સર્વ પદાર્થોને માત્ર જે જાણે છે તે જ શાંત તથા શિવરૂપ થાય છે.

શાંત સ્વરૂપ ચિંતવના :શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવો વિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ રચી પુત્રાદિ કોઈ પણ મારાં નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું. એમ આત્મભાવનાં કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

શાંતભાવ :સમતાભાવ

શાંતરસ :આનાકુળ રસ, અતીન્દ્રિય રસ, આત્માનો રસ.

શુષ્ક :સુકકા, પરિમમમરસ વિહોણા, આત્મ પરિણમનરસ વિહોણા. (૨) ભાવરહિત, નીરસ, અરસિક (૩) સુકકા, પરિણમનરસ વિહોણા, લુખ્ખી વાતો. (૪) નિરસ

શુષ્ક અધ્યાત્મી :અમને આત્મજ્ઞાન છે, આત્માને ભ્રાન્તિ હોય જ નહિં. આત્મા કર્તાય નથી અને ભોકતા ય નથી. માટે કાંઈ નથી. આવું બોલનારાઓ 'શુષ્ક અધ્યાત્મી' પોલા જ્ઞાની થઈ બેસી અનાચાર સેવતા અટકે નહીં.

શુષ્ક જ્ઞાની :અધ્યાત્મરસવિહોણા જ્ઞાની, કથનજ્ઞાની, વાચાજ્ઞાની. (૨) શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થેયે?, અથવા વૈરાગ્ય વિશેષ નિષ્પક્ષપાતતા થયે, કાયાદિ પાતલા પડયે તથા કાંઈપણ પ્રજ્ઞાવિશેષથી સમજયાની યોગ્યાતા થયે જે સદ્‌ગુરુગમે સમજવા, યોગ્ય આત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવાં છે, તે પોતાની કલ્પનાઓ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઈ, તેવો અંતભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહાર રહિત થઈ વર્તે ચે, એવો ત્રીજો પ્રકાર શુષ્ક અધ્યાત્મીનો છે. (૩) ત્યાગ વૈરાગ્યાદિ રહિત છે, માત્ર વાચા જ્ઞાની છે તેને એમ કહ્યું કે વૈરાગ્યાદિ સાધન છે તે આત્મ જ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી. તો આત્મજ્ઞાન કયાંથી પામ્યા હો તે કાંઈક આત્મામાં વિચારો સંસાર પ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્ચ્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસકિત તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણો વિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી. અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અશ્વયંત દઢ થાય છે, કેમ કે આત્મજ્ઞાનરૂપ મૂળ તેને પ્રાપ્ત થયું તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે એમ માનો છો અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યા કરે છે. પૂજા સત્કારાદિની કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે, સહજ અશાતાએ બહુ આકુળવ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી કે આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહીં! માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવવું છે, એમ જે સમજવામાં આવતું નથી તે સમજો, અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય. (૪) જે જીવ આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે તે ન સ્વીકારે તે નિશ્ચયાભાસી છે, તેને શુષ્કજ્ઞાની પણ કહેવામાં આવે છે. (૫) સુકકા-અધ્યાત્મરસ વિહોણા જ્ઞાની, કથનજ્ઞાની, વાચાજ્ઞાની, આત્મના ભાવરસની આર્દ્રતાવિના (૬) નીરસતા, લૂખાશ, ખાલીપણું, વૃથાપણું, ફોગટતા

શિક્ષા :ઉપદેશ (૨) શિક્ષણ, શિખામણ

શિક્ષાવ્રત :મુનિવ્રત પાળવાની શિક્ષા દેનારું વ્રત.

શિક્ષાવ્રતના પ્રકારો : શિક્ષાવ્રતના ચાર પ્રકારો છેઃ

(૧) સામાયિક શિક્ષાવ્રત,

(૨) પ્રાષધ ઉપવાસ શિક્ષાવ્રત,

(૩) ઉપભોગ પરિભોગ પરિણામ શિક્ષાવ્રત અને

(૪) અતિથિ સંવિભાગ શિક્ષાવ્રત

શિખામણિ :ટોચ ઉપરનું રત્ન, ચુડામણિ, કલગીનું રત્ન (પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે. કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે.) સુદ્ધ, બદ્ધિ ચૈતન્યધન, સ્વયંજયોતિ સુખધામ, બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ. આત્મસિદ્ધિ.

ભગવાન ! તું શુદ્ધ છો, બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ છો, ચૈતન્યધન એટલે ચૈતન્યથી ભરેલો અસંખ્ય પ્રદેશી પ્રભુ છો. સ્વયંજયોતિ અર્થાત્‌સ્વ-પરને પ્રકાશવામાં કોઈ બીજાની અપેક્ષા નથી- ગરજ નથી. વળી સુખધામ અર્થાત્ આનંદનું ધામ પ્રભુ ! તું છો. આવું નિજ સ્વરૂપ બતાવીને વીતરાગ પરમેશ્વર વીતરાગ થવાની જ વાત કહે છે. ભાઈ! શાસ્ત્રનું તાત્પર્ય પણ વીતરાગતા જ કહ્યું છે ને ? એનો અર્થ જ આ છે કે પરથી ખસ અને સ્વમાં વસ.

શિખિ :અગ્નિ

શિથિલતા :ઢીલાશ, ઢીલા -પોચાપણું, નિર્બળતા

શિથિલપણું :ઢીલાપણું

શિરોનતિ :માથું નમાવીને વંદન કરવું.

શિલા સ્તંભ :પથ્થરનો થાંભલો

શિલીંધ્ર :ટોપ, બિલાડીનો ટોપ.

શિવ :સર્વજ્ઞ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માઓને શિવ પણ કેહેવામાં આવે છે. જેમને નિરુપદ્રવ દશા પ્રગટી માટે શિવ કહેવાય છે. (૨) અનંત જ્ઞાનાદિ

સ્વભાવવાળો સ્વશુદ્ધ સહજ આત્મા-પરમાત્મા. (૩) કલ્યાણકારી, શુભ કરનારુ, પવિત્ર, કલ્યાણ, શ્રેય, મોક્ષ, મુકિત. (૪) શુદ્ધ સહજાત્મ ભાવનાથી આવિર્ભાવ (પ્રગટતા) પામેલવીતરાગ પરમ આનંદરૂપ સુખ છે. (૫) જે શિવને-પરમ સૌખ્ય રૂપ નિર્વાણને અથવા પરમ-કલ્યાણને પ્રપ્ત થઈ ગયા છે તેઓ શિવ કહે છે. ઉપરના નામોના આ અર્થોમાં બધાનું વાચ્ય એક જ પ્રાપ્ત થાય છે અને તેથી એમનામાં વાસ્તવમાં અર્થ-ભેદનું ન હોવું સુઘટિત છે. (૬) સર્વજ્ઞ વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માને શિવ કહેવામાં આવે છે. તેમને નિરુપદ્રવ દશા પ્રગટી માટે શિવ કહેવાય છે. (૭) મોક્ષ, આત્મા શુદ્ધ સિદ્ધ સમાન છે. તેની દશામાં ૂર્ણ શુદ્ધતા થવી તે શિવ-મોક્ષ છે. તેમાં કાંઈ ઉપદ્રવ નથી. (૮) કલ્યાણ. શિવ શબ્દનો અર્થ શુદ્ધ સહજાત્મ બાવનાથી અવિર્ભાવ પામેલ વીતરાગ પરમ આનંદરૂપ સુખ છે. (૯) મોક્ષ, શિવાદિ = મોક્ષપદ, કલ્યાણપદ, કલ્યામમય (૧૦) મહેશને(શંકરને) શિવ કહેવામાં આવે છે. શ્રી જિન ભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી તેમને અહીં સિ કહેવામાં આવ્યા છે.

શિવકાર :મોક્ષની પ્રાપ્તિ કરાવનાર (૨) મોક્ષનું કરનાર. શુધ્ધ આત્માની શ્રધ્ધા તે એક જ સમ્યગ્દર્શન છે.શુદ્ધ આત્માનું જ્ઞાન તે એક જ સમ્યગ્જ્ઞાન છે. શુદ્ધ આત્મામાં લીનતા તે એક જ સમ્યક્ચારિત્ર છે.આવા શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહારના વિકલ્પોનો તેમાં અભાવ છે.

શિવગામી :મોક્ષે જનાર સમ્યગ્દષ્ટિ

શિવદર્શન :શુદ્ધ આત્મદર્શન (૨) આત્મદર્શન. શિવ નામ કલ્યાણનું છે. અને જ્ઞાન સ્વભાવવાળો નિજ શુદ્ધાત્મા જ કલ્યાણરૂપ છે. તેનાં દર્શન-એટલે અનુભવમાં જે કોઈ અપૂર્વ આનંદ આવે છે તેવો આનંદ એક પરમાત્મા સિવાય અન્યત્ર કયાંય નથી.

શિવપંથ :ભગવાન ત્રિલોકીનાથ દિવ્ય ધ્વનિ દ્વારા ઈન્દ્રો અને ગણધરોની વચમાં એમ કહેતા હતા કે ભગવાન આત્મા પોતે એકાંત બોધરૂપ, સહજ, અનાકુળ આનંદસ્વરૂપ, વીતરાગ-સ્વભાવી છે. એવા આત્માનો આશ્રય લેતાં જે નિર્વિકલ્પ વીતરાગ પર્યાય ઉત્પન્ન થાય, તે શિવપંથ છે, અને પરના લક્ષે જેટલો રાગ થાય તે પ્રમાદ છે. અનુભવમાં શિથિલતા છે, એટલો શિવપંથ દૂર છે.

શિવપદ :કલ્યાણપદ, મુકિતપદ

શિવબુધ્ધિ :કલ્યાણકારી બુધ્ધિ, સમ્યગ્જ્ઞાન

શિવભૂપ :સિદ્ધ ભગવાન, મોક્ષપર્યાયનો રાજા.

શિવમાં વસે છે :કલ્યાણપદને પ્રાપ્ત થાય છે, સિદ્ધ પદને પ્રાપ્ત થાય છે.

શિવમાર્ગ :મોક્ષમાર્ગ, શિવઉપાય =મોક્ષમાર્ગ

શિવવર્ત્મ :શિવમાર્ગ, શિવ એટલે પરમ તત્ત્વરૂપ મોક્ષ અથવા કલ્યાણ-નિઃશ્રેયસ્ તેને પામવાનો માર્ગ. તેના પ્રત્યે જતો માર્ગ તે શિવવર્ત્મ-શિવમાર્ગ-મોક્ષમાર્ગ. અથવા શિવ એટલે શાંતિ, પરમ આત્મશાતિ પામવાનો માર્ગ તે શિવવર્ત્મ

શિવશ્રી :મોક્ષલક્ષ્મી

શિવસુખ :સુખની પૂર્ણતારૂપ મોક્ષ.

શિવસંગ :શિવ એટલે અનંત જ્ઞાનાદિ સ્વભાવવાળો સ્વશુદ્ધ સહજ આત્મા, પરમાત્મા તેનો સંગ એટલે અનુભવ એ શિવસંગ એટલે આત્માનુભૂતિ લક્ષણ રત્નત્રયાત્મક મોક્ષમાર્ગ તજીને હે જીવ, હવે તું પરભાવરૂપ સંસારમાર્ગમાં કદી ન જા. પરભાવમાં લીન આખું જગત અનંત જન્મમરણાદિ પરિભ્રમણ નાં દુઃખ સહન કરી રહ્યું છે તે તું જો અને પરિણામે આત્મભાવમાં જ નિરંતર નિભિગ્ન થા.

શિવસંગમ :શુદ્ધ આત્માનુભવ

શિવસ્વરૂપ :આનંદ સ્વરૂપ

શિશિર :વર્ષની છ ઋતુઓમાંની હેમંત અને વસંત ઋતુ વચ્ચેની બે માસની ઋતુ મહા અને ફાગણ માસની ઋતુ. પાનખર ઋતુ (ફેબ્રુઆરીની ૨૨મીથી એપ્રિલની ૨૨ મી સુધીની) શીત, ઠંડું, ટાઢું.

શિષ્ટાચાર :ઉત્તમ પુરુષોનાં આચરણ.

શિષ્ટાચાર :શ્રેષ્ટ આચાર

શીઘ્ર :વિના પ્રયાસે

શીતજવર :ટાઢિયો તાવ

શીતદાહ જવર :ટાઢિયો તાવ

શીઘ્ર :વિના વિંલબે

શીલ :સદાચાર, બ્રહ્મચર્ય આદિ (૨) આચાર, સદાચાર (૩) પોતાનો શીલ નામ સ્વભાવ જે એક જ્ઞાયકભાવ તેમાં જ અંતર રમણતા કરતાં જે નિર્મળ રત્નત્રય પ્રગટ થાય તે શીલ નામ ચારિત્ર છે અને તે જ ધર્મ છે. (૪) પોતાના સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપનું આચરણ એ ત્રણે મળીને શીલ કેવાય છે. શીલ એટલે ખાલી શરીરથી બ્રહ્મચર્ય પાળવું એની આ વાત નથી. એતો એકલી રાગની ક્રિયા છે. જયારે સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિક્ષરૂપ શીલ તો રાગથી ભિન્ન છે. (૪) શુભભાવરૂપ વ્યવહાર બ્રહ્મચર્ય. (૫) વર્તન, આચરણ, વર્તણૂક, ચાલ-ચલગત, ટેવ, આદત, સ્વભાવ (૬) વિષયોથી વિરકિત. આત્માનો સ્વભાવ, વ્યવહારમાં શીલ એટલે સ્ત્રીનો સંગ ન કરવો. અર્થાત્ વિષય સેવનનો ત્યાગ કરવો, પર દ્રવ્ય માત્રનો સંર્સગ ત્યાગવો, આત્મામાં લીન થવું તે પરમ બ્રહ્મચર્ય એ પણ શીલનાં જ નામાંતર છે. (૭) આચાર (૮) કોમક્રોધાદિના ત્યાગથી વ્રતોની રક્ષા કરવી તે વ્યવહારશીલ છે. અને અંતરંગમાં પોતાના શુદ્ધાત્માનો નિર્મળ અનુભવ કરતો તે નિશ્ચયથી અંતરંગ સીલ છે એ અંતરંગશીલ આત્મા છે. (૯) અચેતન સ્ત્રી ત્રણ (કઠોર,સ્પર્શ, કોમલ સ્પર્શ,ચિત્રપટ) પ્રકારની તે સાથે ત્રણ કરણ (કરણ, કરાવણ અને ણનુમોદન) થી બે (મન,વચન) યોગ દ્વારા પાંચ ઈન્દ્રિય(કર્ણ,ચક્ષુ,નાસિકા,જીભ,સ્પર્શ) થી ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) સહિત દ્રવ્યથી અને ભાવથી સેવન ૩×૩×૨×૫×૪×૨=કુલ ૭૨૦ ભેદ થયા. (૪) મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ, સ્વભાવની દ્રષ્ટિ અને રાગથી વૈરાગ્ય. આત્માના ભાનવિના ગમે તેટલો રાગ મોળો પાડે અને બહારમાં બધું છોડે, છતાં તેને શીલ કહેવાતું નથી. તે તો સ્વરૂપથી ભ્રષ્ટ છે. (૫) કામક્રોધાદિના ત્યાગથી વ્રતોની રક્ષા કરવી તે વ્યવહારશીલ છે અને અંતરંગમાં પોતાના શુધ્ધત્માનો નિર્મળ અનુભવ કરવો તે નિશ્ચયથી અંતરંગ શીલ છે. (૬) સદાચાર, બ્રહ્મચર્ય આદિ (૭) કામક્રોધાદિના ત્યાગથી વ્રતોની રક્ષા કરવી તે વ્યવહારશીલ છે. અને અંતરંગમાં પોતાના શુદ્ધાત્માનો નિર્મળ અનુભવ કરવો તે નિશ્ચયથી અંતરંગ શીલ છે. એ અંતરંગશીલ આત્મા છે. (૮) આત્મા દ્વારા આત્માની આત્મામાં જે પ્રવૃત્તિ છે તે નિશ્ચયશીલ છે. રાગાદિ દોષોનો ત્યાગ કરી શુદ્ધ સહજ આત્મભાવની રક્ષા કરવી તે પણ નિશ્ચયશીલ છે. અને દેવાંગના, મનુષ્યિણી, તિર્યચણી તથા કાષ્ઠ પાષાણના ચિત્રાદિમાં રહેલી અચેતન સ્ત્રી એમ ચાર પ્રકારની સ્ત્રીઓનો ત્યાગ તે વ્યવહારશીલ છે. આ બંન્ને પ્રકારના શીલ સુદ્ધ ચિત્તવાળા આત્માઓને હોય છે. (૯) આત્માદ્વારા આત્માની આત્મામાં જે પ્રવૃત્તિ છે તે નિશ્ચયશીલ છે. રાગાદિ દોષોનો ત્યાગ કરી શુદ્ધ સહજાત્મભાવની રક્ષા કરવી તે પણ નિશ્ચયશીલ છે. અને દેવાંગના, મનુષ્યિણી, તિર્પચણી તથા કાષ્ઠ પાષાણના ચિત્રાદિમાં રહેલી અચેતન સ્ત્રી એમ ચાર પ્રકારની સ્ત્રીઓનો ત્યાગ તે વ્યવહારશીલ છે. આ બન્ને પ્રકતારના શીલ શુદ્ધ ચિત્તવાળા આતમાઓને હોય છે. (૧૦) કામક્રોધાદિના ત્યાગથી વ્રતોની રક્ષા કરવી તે વ્યવહાર શીલ છે. અને અનંતરંગમાં પોતાના શુદ્ધાત્માનો નિર્મળ અનુભવ કરવો તે નિશ્ચયથી અંતરંગ શીલ છે. એ અંતરંગ શીલ આત્મા છે. (૧૧) શુભભાવ રૂપ વ્યવહાર બ્રહ્મચર્ય (૧૨) આચાર, સદાચાર, આચાર. (૧૩) પોતાના સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપનું આચરણ એ ત્રણે મળીને શીલ કહેવાય છે. શીલ એટલે ખાલી શરીરથી બ્રહ્મચર્ય પાળવું એની આ વાત નથી, એ તો એકલી રાગની ક્રિયા છે, જયારે સ્વરૂપના શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રરૂપ શીલ તો રાગથી ભિન્ન છે, માર્ગ તો આવો છે ભાઈ !

શીલવ્રત :સાત શીલવ્રત છે. તેમા ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ મળીને ગુણવ્રતોનાં નામ :

૧. દિગ્વ્રત
૨. દેશવ્રત
૩. અનર્થદંડ ત્યાગવ્રત.

ચાર શિક્ષાવ્રતોનાં નામ :

૧. સામાયિક,

૨. પ્રોષધોપવાસ,

૩. ભોગોપભોગપરિમાણવ્રત અને

૪. વૈયાવ્રત.

૧. દિગ્વ્રત

પ્રસિદ્ધપણે જાણેલા જે મહાન પર્વતાદિ, નગરાદિ અથવા સમુદ્રાદિવકે ચારે દિશમાં જિંદગીપર્યંત મર્યાદા બાંધીને ચાર દિશા, ચાર વિદિશા(ઈશાન, અગ્નિ,નૈઋત્ય, અને વાયવ્ય) અને ઉપર તથા નીચે-એ રીતે દશે દિશાઓમાં જવાની પ્રતિજ્ઞા કરી લેવી અને પછી જિંદગી પર્યંત આ મર્યાદાની બહાર ન જવું તેને દિગ્વ્રત કહે છે અહીં પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ચડવાની અપેક્ષાએ ઉપરની દિશા અને કૂવા કે સમુદ્રાદિમાં જવાની અપેક્ષાએ દિગ્વ્રત પાળવાનું ફળ :

જે આ રીતે મર્યાદા કરેલી દિશાઓની અંદર રહે છે તે પુરુષને તે ક્ષેત્રની બહારના સમસ્ત અસંયમના ત્યાગને કારણે પરિપૂર્ણ અહિંસાવ્રત થાય છે.

જે મનુષ્ય આ રીતે મર્યાદા કરેલા દશે દિશાઓના ક્ષેત્રની અંદર જ પોતાનું બધું કામ કરે છે તેને તે દિશાઓની બહાર અહિંસા મહાવ્રત પળાય છે. માટે દિગ્વ્રત પાળવાથી અહિંસાવ્રત પુષ્ટ થાય છે.

૨. દેશવ્રત

જે દસે દિશાઓની મર્યાદા દિગ્વ્રતમાં કરી હતી તેમાં પણ ગામ, બજાર, ઘર, શેરી વગેરે સુધી એક દિવસ એક અઠવાડિયું, પખવાડિયું, મહિનો, અયન, વર્ષ વગેરે નિશ્ચિત કાળ સુધી જવા-આવવાનું પરિમાણ કરીને બહારના ક્ષેત્રથી વિરક્ત થવું અને જે દેશવ્રત કહે છે. આ દેશવ્રતથી પણ અહિંસા પળાય છે.

આ રીતે દિગ્વ્રતમાં કરેલા ક્ષેત્રનું પરિમાણ કતરીને તે ક્ષેત્ર બહાર હિંસાનો ત્યાગ થવા છતાં પણ ઉત્તમ બુદ્ધિવાળો શ્રાવક જો તે વખતે બીજા પણ થોડા ક્ષેત્રની મર્યાદા કરે છે તો તે વિશેષપણે અહિંસાનું આશ્રય કરે છે. જે મનુષ્ય જીવન પર્યંત દક્ષિણમાં કન્યાકુમારી અને ઉત્તરમાં હિમાલય સુધીનું દિગ્વ્રત કર્યું છે તે કાયમ તો હિમાલય જતો નથી તેથી તે દરરોજ એવી પ્રતિજ્ઞ કરે છે કે આજ હું છપારા ગામમાં જ રહીશ, બહાર નહીં જાઉં તો જે દિવસે તે છપારા સુધીનો ડ નિયમ કરે છે તેને તે દિવસે છપારાની બહારના પ્રદેશમાં અહિંયા મહાવ્રતનું પાલન થાય છે.

૩ ત્રીજા અનર્થદંડ ત્યાગનામના ગુણવ્રતનું સ્વરૂપ

પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો તેને અનર્થદંડત્યાગ વ્રત કહે છે તેના પાંચ ભેદ છે :

૧. અપધ્યાન ત્યાગવ્રત,

૨. પાપોપદેશ ત્યાગવ્રત,

૩. પ્રમાંદચર્યાત્યાગવ્રત,

૪. હિંસાદાન ત્યાગ વ્રત અને

૫. દુઃશ્રુતિ ત્યાગવ્રત.

(૧) અપધ્યાન ત્યાગવ્રત

શિકાર કરવાનું, સંગ્રામમાં કોઈની જીત અને હારનું, પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ઈત્યાદિ ખરાબ કર્મો કે જે કરવાથી કેવળ પાપ જ છાય છે, તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ, એને જ અપધ્યાન અનર્થદંડ ત્યગવ્રત કહે છે. ખોટા(ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન છે, તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. તેનો ત્યાગ કરવો તે અપધ્યાન અનર્થદંડત્યાગ વ્રત છે.

(૨) પાપોપદેશ નામના અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ

વિદ્યા, વ્યાપાર, લેખનકળા, ખેતી, નોકરી અને કારીગરીથી નિર્વાહ ચલાવનાર પુરુષોને પાપનો ઉપદેશ મળે એવું વચન કોઈ પણ વખતે ન બોલવું જોઈએ.

વિદ્યા અર્થાત્ વૈદક-જ્યોતિષ કરનાર, વ્યાપાર કરનાર, લેખન કાર્ય કરનાર, ખેતી કરનાર, નોકરી ચાકરી કરનાર અને લુહાર, સોની, દરજી વગેરેનું કામ કરનારાં કાર્ય છે તેનો કોઈને પણ ઉપદેશ આપવો ન જોઈએ. એ જ પાપોપદેશ અનર્થદંડ ત્યાગ વ્રત કહે છે. શ્રાવક ગૃહસ્થ પોતાના કુંટુંબીઓને, ભાઈબંધોને, પોતાના સગાંવહાલાઓને કે જેમની સાથે પોતાને પ્રયોજન છે તેમને તથા પોતાના આધર્મી ભાઈઓ છે તેમને તેમનો નિર્વાહ ચલાવવા માટે અવશ્ય વ્યાપાર વગેરેનો ઉપદેશ આપીને નિમિત્ત સંબંધી ચેષ્ટા કરે, પણ જેમની સાથે પાતોને કાંઈ પ્રયોજન પણ નથી તેમને ઉપદેશ ન દેવો જોઈએ.

(૩) પ્રમાદચર્યા અનર્થદંડ ત્યાગ વ્રતનું સ્વરૂપ

પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવાં, અતિશય ઘાસવાળી જમીન કચરવી, પાણી સીંચવું વગેરે અને પત્ર, ફળ, ફૂલ તોડવા વગેરે પણ પ્રયોજન વિના ન કરવું.

અર્થ-વિના પ્રયોજને પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવા, ઘાસ કચરવું, પાણી સીંચવું-ઢોળવું તથા પાંદડાં, ફળ, ફૂલો તોડવાં ઈત્યાદિ કોઈપણ કાર્ય ન કરવું.

ભાવાર્થ : ગૃહથ શ્રાવક પોતાના પ્રયોજનો માટે કાંઈ પણ કરી શકે છે. પણ તેમાં પોતાને કાંઈ પણ સ્વાર્થ નથી, જેમ કે રસ્તે ચાલતાં વલસ્પતિ વગેરે તોડવી ઈત્યાદિ નકામાં કામ ન કરવાં જોઈએ. એને જ પ્રમાદચયા દંડ ત્યાગવ્રતનું સ્વરૂપ= છરી, વિષ, અગ્નિ,હળ,તલવાર,ધનુષ્ય આદિ હિંસાના ઉપકરણોનું વિવરણ એટલે કે બીજાને દેવું તે સાવધાનીથી છોડી દેવું જોઈએ.

હિંસા કરવાના સાધનો છરી, વિષ, અગ્નિ, હળ, તલવાર , બાણ વગેરેનું દેવું પ્રયત્નપૂર્વક દૂર કરે અર્થાત્ બીજાને આપે નહિ એને જ હિંસાદાન અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે વસ્તુઓ આપવાથી હિંસા થતી હોય તે વસ્તુઓનો ઉપયોગ પોતાના માટે કરી શકે છે પરંતુ બીજાઓને કદી પણ ન આપવી.

(૪) દુઃશ્રુતિ અનર્થદંડ ત્યાગવ્રતનું સ્વરૂપ

રાગ,દ્વેષ, મોહાદિને વધારનાર તથા ઘણા અંશે અજ્ઞાનથી ભરેલી દુષ્ટ કથાઓનું સાંભળવું, ધારવું, શીખવું આદિ કોઈ સમયે કદીપણ કરવું ન જોઈએ.

મિથ્યાત્વસહિત રાગ-દ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું એને જ દુઃશ્રુતિ અનર્થદંડ ત્યાગવ્રત કહે છે. જે કથાઓ સાંભળવાથી, વાંચવાથી શિખવવાથી વિષય આદિની વૃધ્ધિ થાય, મોહ વધે અને પોતાના તથા પરના પરિણામથી ચિત્તને સંક્લેશ થાય એવી રાજકથા, ચોરકથા, ભોજનકથા, સ્ત્રીકથા ઈત્યાદિ કથાઓ કહેવી નહિ.

મહાહિંસાનું કારણ અને અનેક અનર્થ ઉત્પન્ન કરનાર જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ.

સાત વ્યસનોમાં પહેલું અથવા બધાં અનર્થોમાં મુખ્ય સંતોષનો નાશ કરનાર માયાચારનું ઘર અને ચોરી તથા અસત્યનું સ્થાન એવા જુગારનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ.

બધાં નર્થોને ઉત્પન્ન કરનાર, શૌચ જે લોભનો ત્યાગ તેનો નાશ કરનાર અને કપટનું ઘર એવા જુગારને દૂરથી જ છોડવો જોઈએ.

ખરી રીતે જુગાર રમવો ઘણું જ ખરાબ કામ છે સાત વ્યસનોમાંથી જુગાર જ સૌથી ખરાબ છે. જે પુરુષ જુગાર રમે છે તેઓ પ્રાયઃ બધાં પાપોનું આચરણ કરે છે. માટે જુગારનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. તેથી અનર્થદંડ ત્યાગનારને જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ. સંસારમાં એવાં નાનાં નાનાં ઘણાં કાર્યો છે કે જેને કરવાથી વ્યર્થ જ પાપનો બંધ કર્યા કરે છે, તેથી બધા મનુષ્યોએ જેનાથી પોતાનું કાંઈ પ્રયોજન નથી એવા વ્યર્થ અનર્થદંડનો ત્યાગ અવશ્ય કરવો-એ તેમનું કર્તવ્ય છે. આ રીતે ત્રણ ગુણવ્રતોનું સમાપ્ત કર્યું.

પહેલું સામાયિક શિક્ષાવ્રત

સમસ્ત ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ-દ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી સમતા ભાવનું અવલંબન કરીને આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળ કારણ સામયિક છે તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ. તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

સમ એટલે એકરૂપ અને અય એટલે આત્માના સ્વરૂપમાં ગમન તે સમય થયું એવો સમય જેનું પ્રયોજન છે તેને સમાયિક કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ. તેથી સુખદાયક અને દુઃખદાયક પદાર્થોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કરે. અને સામાયિક શિક્ષાવ્રત કહે છે.

સામાયિક ક્યારે અને કેવી રીતે કરવુ તે બતાવે છે :-

તે સામાયિક પ્રત્યેક શ્રાવકે રાતના અંતે અને દિવસના અંતે અર્થાત્ પ્રભાતે અને સંધ્યાકાળે અવશ્ય નિયમપૂર્વક કરવું જોઈએ. અને બાકીના વખતે જો સામાયિક કરે તો ગુણ નિનિત્તે જ હોય છે. દોષ નિનિત્તે નહિ.

ગૃહસ્થ શ્રાવક ગૃહસ્થપણાનાં અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે તેથી તેને માટે આલંબંનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે.આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે, નુકશાન કદી પણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી સુધી પાંચે પાપોનો આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા, પછી નવકાર નમસ્તારમંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોનતિ કરવી. આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન કરીને સામાયિક કરવું. અને જયારે સામાયિક પૂર્ણ થાઈ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવવાર નમસ્કારમંત્રનો જાપ, ત્રણ ત્રણ આવર્તન, એક એક શિરોનતિ એ જ પ્રમાણએ કરવી. આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે. સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિસમાન જ છે

(સામાયિકને માટે ૨ યોગ્ય ક્ષેત્ર, ૨ યોગ્ય કાળ, ૩ યોગ્ય આસન, ૪ યોગ્ય વિનય, ૫ મનશુદ્ધિ, ૬ વચનશુદ્ધિ,૭ ભાવશુદ્ધિ અને ૮ કાયશુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે. તેમાં

ભેદજ્ઞાનપૂર્વક સ્વ સન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે

છે. નિશ્ચય સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક જેણે ક,ાયની બે ચોકડીનો આભાવ કોર્ય છે તે જીવને સાચાં અણુવ્રત અને સામાયિક વ્રત હોય છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે.

શ્રાવક જે વખતે સામાયિક કરી રહ્યો છે ત્યારે ખરી રીતે તેની તે વખતની અવસ્થા મુનિ સમાન જ છે. સામાયિક કરનાર શ્રાવકને તે સમયે સમસ્ત પાંચે પાપોનો ત્યાગ હોવાથી પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોવા છતાં પણ મહાવ્રત જ છે. તેના પરિણામોમાં અને મુનિનાપરિણામોમાં વિશેષ તફાવત નથી. ભેદ ફકત એટલો જ છે કે મુનિ દિગંબર છે અને શ્રાવક વસ્ત્ર સહિત છે. મુનિ મહારાજે પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કરી દીધો છે અને શ્રાવકે હજુ સુધી પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કર્યો નથી.

બીજુ શિક્ષાવ્રત-પ્રોષધોપવાસનું સ્વરૂપ

પ્રતિદિન અંગીકાર કરેલ સામાયિક વ્રતની દઢતા કરવા માટે બન્ને પખવાડિયાના અર્ધાભાગમાં જે ચૌદશ અને આઠમ છે તેમાં અવશ્ય ઉપવાસ કરવો જોઈએ.

આ પ્રોવધ ઉપવાસ દરેક મહિનામાં ચાર વાર કરવામાં આવે છે, અર્થાત્ દરેક ચૌદશ અને આઠમના દિવસે તે કરવામાં આવે છે, તેનાથી સામાયિક કરવાની ભાવના દઠ રહે અર્થાત્ વિષયકષાયોમાંથી ચિત્ત સદા વિરકત જ રહે છે. તેથી પ્રત્યેક ગૃહસ્થે સામાયિક અવશ્ય કરવું જોઈએ.

પ્રોષધોપવાસની વિધિ :-

ઉપવાસ કરવાના એક દિવસ અગાઉ અર્થાત્ ધારણાના દિવસે સમસ્ત આરંભ છોડીને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.

જેમકે આઠમનો ઉપવાસ કરવાનો છે તો સાતમના બાર વાગ્યાથી ચારે પ્રકારના આહાર (અન્ન, સુખડી, મુખવાસ,પાણી) નો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.

ઉપવાસના દિવસે કર્તવ્ય :-

સાતમના દિવસે ઉપવાસ ધારણ કર્યો છે તે શ્રાવક તે જ વખતે એકાંત સ્થાનમાં જઈને હિંદિ પાંચે પાપોનો સંકલ્પપૂર્વક ત્યાગ કરીને, પાંચે ઈન્દ્રિયોના વિષયોથી વિરકત થઈને મને, વચન, અને કાચાને વશ રાખે અર્થાત્ ત્રણે ગુપ્તિનું પાલન કરે.

ઉપવાસનો બધો સમય ધર્મધ્યાન વગેરેમાં વિતાવવો જોઈએ. એકાંત સ્થાન વિના ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે એકાન્ત સ્થાન ધર્મશાળા, ઐત્યાલય વગેરેમાં વાસ કરે. અને જો મનમાં વિચાર કરે તો ધાર્મિક વાતોનો જ વિચાર કરે, જો વચન બોલે તો ધાર્મિક વાતોનું જ વિવેચન કરે અને જો કાયાની ચેષ્ટા કરે તે પોતાની મર્યાદા પ્રમાણે જ હરે ફરે.નિરર્થક હરે ફરે નહિ. આ રીતે ત્રમે ગુપ્તિઓનું પાલન કરે.

પછી શું કરે છે તે બતાવે છે.:-

જેમાં પ્રાતઃકાળ અને સંધ્યાકાળની સામાક્યિકાદિ ક્રિયા કરીને દિવસ ધર્મધ્યાનમાં લીન થઈને વિતાવીને પઠન-પાઠનથી નિદ્રાને જીતીને પવિત્ર પતારી પર રાત્રિ પૂર્ણ કરે. ઉપવાસ સ્વીકારીને શ્રાવક, ધર્મધ્યાનમાં લીન થઈ દિવસ પૂર્ણ કરી સંધ્યા સમયે સામાયિક વગેરે કરીને ત્રણ પહોર

સુધી પવિત્ર પછારીમાં યથાશકિત સ્વાધ્યાય કરીને રાત્રિ પૂર્ણ કરે.

આ ઉપવાસ ધારણાનો દિવસ છે. તેથી બપોરના બાર વાગ્યાથી સંધ્યાકાળ સુધી ધર્મધ્યાન કરવું, પછી સામાયિક કરવું, પછી સ્વાધ્યાય કરવું, પછી શયન કરવું. યથાશકિત બ્રહ્મચર્યવ્રત નું પાલન કરવું. પછી પ્રાતઃકાળે ચાર વાગ્યે પછારી છોડીને જાગ્રત થઈ જવું.

પછી શું કરવું ?

પછી સવારમાં ઊઠીને તે સમયની ક્રિયાઓ કરીને પ્રાસુક અર્થાત્ જીવરહિત દ્રવ્યોથી આર્ષ ગ્રંથોમાં કહ્યા પ્રમાણે જિનેશ્વર દેવની પૂજા કરવી.

સૂતા પછી ચાર વાગ્યે બ્રહ્મમુહૂર્તમાં જાગ્રત થઈને સામાયિક અને ભજન-સ્તુતિ વગેરે કરીને શૌચાદિ સ્નાન વગેરે કરી પ્રાસુક આઠ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવી તથા સ્વાધ્યાય વગેરે કરવા.

આચાર્યોનો અભિપ્રાય અહીં પ્રાસુક દ્રવ્યોથી પૂજન કરવાનો છે તેથી જળને લવિંગ દ્વારા પ્રાસુક બનાવી લેવું જોઈએ અથવા જળ ઉકાળી લેવું જોઈએ અને તે જળથી દ્રવ્યો ધોવાં જોઈએ. ભગવાનની પૂજા માટે મોસંબી, નારંગી,સીતાફળ, શેરડી આદિ સચિત્ત વસ્તુઓ ઉપવાસના વ્રતધારીએ કદીપણ ચઢાવવી નહિ.

ત્યાર પછી પૂર્વોકત વિધિથી ઉપવાસનો દિવસ અને બીજી રાત્રિ વિતાવીને પછી ત્રીજા દિવસનો અર્ધભાગ અતિશય યત્નાચારપૂર્વક વ્યતીત કરવો.

પછી જેવી રીતે ધર્મધ્યાનથી પહેલો અર્ધો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે બીજો દિવસ વિતાવીને તથા જેવી રીતે સ્વાધ્યાય પૂર્વક પહેલી રાત્રિ વિતાવી હતી તેવી જ રીતે બીજી રાત્રિ વિતાવીને ખૂબ પ્રયત્નપૂર્વક ત્રીજો અર્ધો દિવસ પણ વિતાવવો.

જેવી રીતે ધારણાનો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે પારણાનો દિવસ વિતાવવો. ધારણાથી લઈને પારણા સુધીનો સોળ પહોર સુધી શ્રાવકે સારી રીતે ધર્મધ્યાનપૂર્વક જ સમય વિતાવવો, ત્યારે જ તેનો ઉપવાસ કરવો સાર્થક છે. કારણ કે વિષય-કષાયોના ત્યાગ માટે જ ઉપવાસ વગેરે કરવામાં આવે છે.

ઉપવાસ કરવાનું ફળ બતાવે છે :-

જેવી રીતે ઉપવાસની વિધિ બતાવી છે તેવી રીતે જ શ્રાવક સંપૂર્ણ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી સોળ પહોર વિતાવે છે તે શ્રાવકને સોળ પહોરમાં નિયમથી પૂર્ણ અહિંસાવ્રતનું પાલન થાય છે.

ભાવાર્થ :- ઉપવાસ ત્રણ પ્રકારે છે. ઉત્કૃષ્ટ ઉપવાસ સોળ પહોરનો છે, મધ્યમ ઉપવાસ બાર પહોરનો છે, જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે.જેમ

(૧) સાતમને દિવસે બાર વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે બાર વાગે પારણું કર્યુ તો સોળ પહોર થયા તે ઉત્કૃષ્ટ ઉપવાસ છે.

(૨) સાતમને દિવસે સંધ્યા સમયે પાંચ વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે સવારના સાત વાગે પારણું કરે તો એ બાર પહોરનો મધ્યમ ઉપવાસ છે.

(૩) જઘન્ય આઠ પહોરનો છે. એ આઠમને દિવસે સવારમાં આઠ વાગ્યે ધારણ કરવામાં આવે અને નોમને દિવસે સવારે આઠ વાગ્યે પારણું કરવામાં

આવે તે આઠ પહોરનો જઘન્ય ઉપવાસ થયો. આ રીતે ઉપવાસનું વર્ણન પૂર્ણ થયું.

ઉપવાસમાં વિશેષપણે અહિંસાની પુષ્ટિ :-

ખરેખર આ દેશવ્રતી શ્રાવકને ભોગ-ઉપભોગના હેતુથી સ્થાવર અર્થાત્એકેન્દ્રિય જીવોની હિંસા થાય છે પણ ભોગ-ઉપભોગના શ્રાવકોને ભોગ-ઉપભોગના પદાર્થો સંબંધી સ્થાવર હિંસા થાય છે, કેમ કે ગૃહસ્થ શ્રાવક ત્રસ હિંસાનો તો પૂર્ણ ત્યાગી જ છે. જયારે ગૃહસ્થ ઉપવાસમાં સમસ્ત આરંભ પરિગ્રહ અને પાંચે પાપનો સંપૂર્ણ ત્યાગ કરી દે છે ત્યારે તેને ઉપવાસમાં સ્થાવર હિંસા પણ થતી નથી આ કારણે પણ તેને અહિંસા મહાવ્રતનું પાલન થાય છે.

એ જ રીતે ઉપવાસમાં અહિંસા મહાવ્રતની જેમ બીજાં ચાર મહાવ્રત પણ પળાય છે એ વાત બતાવે છે.

ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ હોવાથી જૂઠું વચન નથી, સંપૂર્ણ અદત્તાદાનના ત્યાગથી ચોરી નથી, મૈથુન છોડનારને અબ્રહ્મચર્ય નથી અને શરીરમાં નિર્મમત્વ હોવાથી પરિગ્રહ પણ નથી. ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ પાળવાથી સત્ય મહાવ્રત પળાય છે. દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રત પળાય છે. દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રત પળાય છે, સંપૂર્ણ મૈથુન કર્મનો ત્યાગ હોવાથી બ્રહ્મચર્ય મહાવ્રત પળાય છે અને શરીરમાં જ મમત્વ પરિણામ ન હોવાથી પરિગ્રહ ત્યાગ મહાવ્રત પળાય છે. એ રીતે ચારે મહાવ્રત પાળી શકે છે.

હવે અહીં કોઈ શંકા કરે કે જો શ્રાવકને પણ મહાવ્રત છે અને મુનિઓને પણ મહાવ્રત છે તો બન્નેમાં તફાવત શું છે ?

તો કહે છે :-

સંપૂર્ણ હિંસાઓથી રહિત તે પ્રોષધ ઉપવાસ કરનાર પુરુષ ઉપચારથી અથવા વ્યવહારથી મહાવ્રતપણું પામે છે, પણ ચારિત્રમોહના ઉદયરૂપ હોવાના કારણે સંયમ સ્થાન અર્થાત્ પ્રમત્તાદિ ગુણસ્થાન પ્રાપ્ત કરતો નથી.

આ રીતે જેને હિંસા બાકી છે એવો શ્રાવક ઉપચારથી મહાવ્રતપણું પામે છે. ખરી રીતે તે મહાવ્રતની નથી, કેમ કે પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી તે શ્રાવક મહાવ્રત સંયમને પ્રાપ્ત થઈ શકતો નથી.

વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવમ ક્રોધ-માન-માયા-લોભનો અભાવ થઈ ગયો છે તે જ મહાવ્રતી સંયમી કહેવાય છે. પણ જેમને તે કષાયોનો અબાવ થયો નથી પણ તેને દ્રવ્યરૂપ પાંચે પાપોનો અભાવ થઈ ગયો હોય તો તેને ઉપચારથી મહાવ્રત છે, ખરી રીતે મહાવ્રત નથી, કેમ કે પૂર્ણ સંયમ પ્રમત ગુણસ્થાનમાં જ શરૂ થાય છે અને પ્રમત્ત ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવ વિના થતું નથી. આ રીતે પ્રોષધોપવાસનું વર્ણન કર્યું. આ પ્રોષધોપવાસ બધા શ્રાવકોએ કરવો જોઈએ, કેમ કે એમાં પાંચે મહાપાપોનો ત્યાગ થઈ જાય છે અને પાંચે ઈન્દ્રિયોના વિષય તથા કષાયોનું દમન પણ થાય છે. જે ગૃહસ્થ કેવળ મોટાઈ માટે જ ઉપવાસ કરે છે અને પોતાના કષાયોનો ત્યાગ કરતા નથી તેમને ઉપવાસ કરવો એ ન કરવા સમાન જ છે.

(૩) ત્રીજુ શિક્ષાવ્રત-ભોગોપભોગપરિમાણ

દેસવ્રત પાળનાર શ્રાવકને ભોગના પદાર્થો સંબંધી અને ઉપભાગના પદાર્થો સંબંધી હિંસા થાય છે, પણ બીજા કોઈ પ્રકારે હિંસા થતી નથી. આ કારણે વસ્તુસ્વરૂપ જાણીને તથા પોતાની શકિત ને પણ જાણીને તે ભોગ અને ઉપભોગને છોડવા.

જે એકવાર ભોગવવામાં આવે તેને ભોગ કહે છે, જેમ કે દાળ,ભાત,રોટલી,પૂરી,પાણી,દૂધ,દહીં,પેંડા,જલેબી,પુષ્પ માળા વગેરે બધા ભાગ પદાર્થો છે. જે વારંવાર ભાગવવામાં આવે તેને ઉપભાગ કહે છે. જેમ કે કપડાં, વાસણ,ઘર,મકાન,ખેતર,જમીન,ગાય,બળદ વગેરે બધા ઉપભાગ પદાર્થો છે. શ્રાવકને આ પદાર્થોના સંબંધથી હિંસા થાય છે તેથી શ્રાવકોએ આ હિંસાના કારણોનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.

એક કંદમૂળ સંબંધી જીવને ખાવાની ઈચ્છા કરનાર ગૃહસ્થ તે જીવની સાથે સાથે તેને આશ્રયે રહેતા સાધારણ અનંત જીવો છે તે બધાયને મારે છે તેથી સાધારણ અનંતકાયવાળી જેટલી વનસ્પતિ છે તે બધાનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.

ભાવાર્થ : વનસ્પતિ સાધારણ અને પ્રત્યેક એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો ત્યાગ તો સર્વથા જ કરવો જોઈએ અને યથાશકિત પ્રત્યેક વનસ્પતિનો પણ ત્યાગ કરવો જોઈએ. હવે અહીં પ્રત્યેક અને સાધારણ વનસ્પતિના સર્વ ભેદ-પ્રભેદપૂર્વક સ્પષ્ટ કથન કરે છે.

પાંચ સ્થાવરોમાંથી પૃથ્વીકાય, વાયુકાય અને અગ્નિકાય એ ચારમાં તો નિગોદના જીવ રહેતા નથી, કેવળ એક વનસ્પતિમાં જ રહે છે. તેના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદ ચે. જે શરીરનો એક જ સ્વામી હોય તેને પ્રત્યેક કહે છે અને જે શરીરના અનંત સ્વામી હોય તેને સાધારણ કહે છે. પ્રત્યેક પણ બે ભેદ છે. સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંત જીવ રહેતા હોય તેને સપ્રતિષ્ઠિત કહે છે. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તેના આશ્રયે અનંત જીવ ન રહેતા હોય તેને અપ્રતિઈષ્ઠત પ્રત્યેક કહે છે.

સાધારણ વનસ્પતિનું લક્ષણ :- જેને તોડતાં સમાન ભંગ થાય, જેનાં પાંદડાંઓમાં જયાં સુધી તંતુરેખા અને નસની જાળી નીકળી ન હોય, જેનાં મૂળ,કંદ,કંદમૂળ, છાલ,પાંદડાં, નાની ડાળી, ફૂલ,ફળ અને બીજમાં તેને તોડતી વખતે સમાનભંગ ન થાય ત્યાં સુધી તે બધી સાધારણ વનસ્પતિ છે અને જયારે તેમનામાં સમાન ભંગ ન થાય ત્યારે તે જ વનસ્પતિ પ્રત્યેક થઈ જાય છે. જો કે સાધારણ વનસ્પતિ અને સર્પતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ એ બંન્નેમાં અનંતા જીવ છે તો પણ સાધારણ વનસ્પતિના શરીરમાં જેટલા જીવ છે તે બધા જ તે શરીરના સ્વામી છે અને તે વનસ્પતિને તોડતાં-કાપતાં તે બધા જીવોનો ઘાત થાય છે અને સપ્રતિષ્ઠિત પ્રતયેક વનસ્પતિમાં એક સરીરમાં સ્વામી તો શરીરનો એક જ છે પણ તે શરીરના આશ્રયે અનંત જીવ છે તે બધા સ્વામી નથી અને તે શરીરના સ્વામીના મરવા-જીવવા સાથે તે બધા જીવોના મરવા-જીવવાનો કોઈ સંબંધ નથી.બસ એ જ બન્નેમાં ભેદ છે. તેથી ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો સર્વથા જ ત્યાગ કરવો જોઈએ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેકનો પણ ત્યાગ

કરવો જોઈએ. કેમ કે એક સાધારણ વનસ્પતિના એક શરીરમાં અનંતાનંત જીવ રહે છે. તેથી જયારે આપણે એક બટેટું ખાઈએ છીએ ત્યારે અનંતાનંત જીવોનો ઘાત કરીએ છીએ.

હવે અહીં એક સાધારણ વનસ્પતિનો વિચાર કરવામાં આવે છે. જેમ કે એક બટેકું લ્યો. આ બટેટાના જેટલા પ્રદેશો છે તેના કરતાં અસંખ્યાતગુણા શરીર છે. તે બધાં શરીરના પિંડને સ્કંધ કહીએ છીએ.(જેમ આપણું એક શરીર છે) અને તે એક સ્કંધમાં અસંખ્યાત લોકપ્રમાણ અંકુર છે. (જેમ આપણા શરીરમાં હાથ,પગ વગેરે ઉપાંગ છે) અને એક અંડરમાં અસખ્યાત લોકપ્રમાણ પુલવી છે. (જેમ આપણા હાથને આંગળીઓ છે) અને એક પુલવીમાં અસંખ્યાત લોકપ્રવાણ આવાસ છે. (જેમ એક આંગળીમાં ત્રણ વેઢા હોય છે.) અને એક આવાસમાં અસંખ્યાત લોકપ્રમાણ નિગોદના શરીર છે. (જેમ એક વેઠામાં અનેક રેખાઓ છે) અને એક નિગોદ શરીરમાં અનંત સિદ્ધ(મુકતાત્મા) ની રાશિથી અનંતગુણા જીવ છે. (જેમ એક આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે) એ રીતે એક બટેટામાં અથવા એક બટેટાના ટુકડામાં અનંતાનંત જીવ રહે છે. તેથી આવી વનસ્પતિઓનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.

વિશેષપણે બતાવે છે :-

અને ઘણા જીવોના ઉત્પત્તિસ્થાનરૂપ નવનીત અર્થાત્ માખણ ત્યાગ કરવા યોગ્ય છે. અથવા આહારની શુદ્ધિમાં જે થોટું પણ વિરુદ્ધ કહેવામાં આવે છે તે પણ ત્યાગ કરવા યોગ્ય છે.

ઘણા જીવોને ઉપજવાનું સ્થાન એવું માખણ અને તાજું માખણ તે પણ ત્યાગ કરવા યોગ્ય છે અને આહારનું શુદ્ધિમાં જે કાંઈ નિષિદ્ધ છે તે બધું જ છોડવું જોઈએ.

ભાવાર્થ :- આચારશાસ્ત્રમાં જે પદાર્થો અભક્ષ્ય અને નિષેક્ષ્ય બતાવ્યાં છે તે બધાનો ત્યાગ કરવો જોઈએ. જેમ કે ચામડામાં રાખેલ અથવા ચામડાનો સ્પર્શ થયો હોય તેવું પાણી, નળનું પાણી, ચામડામાં રાખેલ યા ચામડાનો સ્પર્શ થયો હોય તેવાં ઘી, તેલ, ચામડામાં રાખેલ હીંગ વગેરે પણ અશુદ્ધ છે. તેથી તે ખાવો નહિ. ૪૮ મિનિટથી વધારે વખત રહેલું કાચું દૂધ, એક દિવસ ઉપરાંતનું દહીં, બજારનો લોટ, અજાણ્યા ફળ, રીંગણા, સડેલું અનાજ, બહું બીજવાળી વસ્તુઓ ખાવી નહિ. મર્યાદા ઉપરાંતનો લોટ ખાવો નહિ.

બત્રીસ આંગળ લાંબા અને ચોવીસ આંગળ પહોળા બેવડા કરેલા સ્વચ્છ જાડા કપડાથી પાણી ગાળીને પૂવું, તે ગાળેલાં કાચા પાણઈની મર્યાદા ૪૮ મિનિટની છે. ગાળેલાં પાણીમાં બે લવિંગ, એલચી, મરી વગેરેનો ભૂકો કરીને નાખવામાં આવે અને તેનું પ્રમણ એટલું હોય કે તે પાણીનો રંગ અને સ્વાદ બદલાઈ જાય તો તે પાણીની મર્યાદા છ કલાકની છે અને પાણઈનો ઉછાળો આવે તેવું ઉકાળવામાં આવે તો તેની મર્યાદા ૨૪ કલાકની છે. આ રીતે પાણી ના ઉપયોગમાં આચરણ કરવું જોઈએ. પાણીનું ગાળણ જયાંથી પાણઈ આવ્યું હોય ત્યાં મોકલવું જોઈએ. આ રીતે શ્રાવકે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીમાં વિવેક રાખીને ત્યાગ અને ગ્રહણ કરવાં જોઈએ.

વિશેષ કહે છે :-

બુદ્ધિમાન મનુષ્યે પોતાની શકિત જોઈને અવિરુદ્ધ ભોગ પણ છોડી દેવાં યોગ્ય છે અને જે ઉચિત ભોગ-ઉપભોગનો ત્યાગ ન થઈ શકે તો તેમાં પણ એક દિવસ-રાતની ઉપભોગ્યતાથી મર્યાદા કરવી જોઈએ.

બુદ્ધિમાન શ્રાવક પોતાની શકિતનો વિચાર કરીને ખાવા યોગ્ય પદાર્થો પણ છોડે અને જે સર્વથા ઝૂટી ન શકે તેમાં એક દિવસ એક રાત, એક અઠવાડિયું, પખવાડિયું વગેરેની મર્યાદા કરીને ક્રમે ક્રમે છોડે.

હજી વિશેષ કહે છેઃ-

પ્રથમ કરેલી મર્યાદામાં ફરીથી પણ તે સમયની અર્થાત્ વર્તમાન સમયની પોતાની શકિતનો વિચાર કરીને દરરોજ મર્યાદામાં પણ થોડી મર્યાદા કરવા યોગ્ય છે.

પહેલાં જે એક દિવસ , એક સપ્તાહ ઈત્યાદિ ક્રમે ત્યાગ કર્યો છે તેમાં પણ તે સમયની પોતાની શકિત જોઈને ઘડી, કલાક,પહોર વગેરેની થોડી થોડી મર્યાદા કરીને જેટલો ત્યાગ બની શકે તેટલો ત્યાગ કરવો. આ રીતે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીના પદાર્થોની સંખ્યા તથા જેટલા કાળની મર્યાદા ઓછી કરી શકે તેટલી અવશ્ય કરવી. એમાં જ આત્માનું કલ્યાણ છે.

વિશેષ બતાવે છે :-

જે ગૃહસ્થે એ રીતે મર્યાદારૂપ ભોગોથી સંતૃષ્ટ થઈને ઘણા ભોગોને છોડી દે છે તેને ઘણી હિંસાના ત્યાગથી વિશેષ અહિંસાવ્રત થાય છે.

આ રીતે જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોથી સંતુષ્ટ થયો થોડા ઘણા ભોગ-ઉપભોગના પદાર્થોને છોડી દે છે તેને ઘણી હિંસા ન થાવાના કારણે વિશેષ અહિંસા થાય છે.

ભાવાર્થ : જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોનો મર્યાદાપૂર્વક ત્યાગ કરતો રહે છે તેને તેટલા જ અંશે સંતોષ પ્રગટ થઈને અહિંસા પ્રગટ થાય છે. તે વસ્તુઓના જીવોની હિંસા નહિ થવાથી દ્રવ્યહિંસા થતી નથી તથા એટલા જ અંશે લોભકષાયનો ત્યાગ થવાને લીધે ભાવહિંસા પણ થતી નથી. તેથી (અકષાય જ્ઞાતા સ્વરુપમાં સાવધાન એવા) ત્યાગી મનુષ્યને અવશ્ય જ વિશેષ અહિંસા હોય છે. આ રીતે ભોગ-ઉપભોગ પરિમાણ નામના ત્રીજા શિક્ષાવ્રતનું વર્ણન કર્યું.

(૪) ચોથું શિક્ષાવ્રત વૈયાવૃત(અતિથિ સંવિભાગ) નામના શિક્ષાવ્રતનું વર્ણન

દાતાના ગુણવાળા ગૃહસ્થે દિંગબર મુનિને પોતાના અને પરના અનુગ્રહના હેતુથી વિશેષ દ્રવ્યનો અર્થાત્ દેવા યોગ્ય વસ્તુનો ભાગ વિધિપૂર્વક અવશ્ય જ કર્તવ્ય છે. નવધા ભકિતપૂર્વક તથા દાતારના સાત ગુણ સહિત જે શ્રાવક છે તેણે દાન દેવા યોગ્ય વસ્તુનું જે ગુણવાન પાત્ર છે તેમને પોતાના અને પરના ઉપકારના નિમિત્તે અવશ્ય દાન કરવું જોઈએ.

ભાવાર્થ :- શ્રાવક જે ન્યાયપૂર્વક ધન પેદા કરે છે તેણે પોતાના ધનમાંથી થોડું ધન ચારે સંઘના દાન નિમિત્તે કાઢવું જોઈએ અને તેનું વિધિપૂર્વક દાન આપવું જોઈએ, તેથી ધનનો સદુપયોગ થઈને કર્મોની નિર્જરા થાય અને ચારે સંઘ પોતાનાં તપની વૃદ્ધિ કરે.

(આવેલા અભ્યાગતને પ્રતિદિન ભોજનાદિકનું દાન કરીને પછી પોતે ભોજન કરે એવું શ્રાવકોનું નિત્યકર્મ છે. તેને અતિથિસંવિભાગ કહે છે.)

શીલવ્રત :ત્રણ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એમ મળીને સાત શીલ વ્રત છે. ત્રણ ગુણવ્રતોનાં નામ
(૧) દિગ્વ્રત
(૨) દેશવ્રત અને
(૩) અનર્થદંડત્યાગવ્રત.
ચાર શિક્ષાવ્રતનાં નામ
(૧) સામાયિક
(૨) પ્રોશધોપવાસ,
(૩) ભોગોપભોગપરિમાણવ્રત
(૪) વૈયાવ્રત.

શેરડો :લીસોટો

શોક :દિલગીર, ખેદ (૨) પોતાને લાભદાયક લાગતા પદાથ૪નો વિયોગ થતાં વિકળતા થવી તે શોક છે. (૩) પોતાને ઈષ્ટનો અભાવ થતાં આર્ત્તરૂપ પરિણામ થાય તેને શોક કહે છે.

શોચ :અફસોસ, ખેદ (૨)

શોધક :ઈચ્છક, ઈચ્છુક

શોભે :પણિમે (નોધ શોભે =બોધ સમજાય.)

શોભાસ્પદ :સુંદર

શોષ :હૃદયનો અંતરદાહ

શૌચ :પવિત્રતા, શુચિતા, વીતરાગી, પવિત્રતા. (૨) નિર્લોભતા (૩) શુભપરિણામપૂર્વક લોભનો ત્યાગ તે શૌચ (૪) શુભપરિણામ પૂર્વક લોભનો ત્યાગ તે શોચ. વીતરાગી-નિર્વિકલ્પ ક્ષમા અને શૌચને ઉત્તમક્ષમા અને ઉત્તમશૌચ કહે છે. તે આ સ્રવનું કારણ નથી. (૫) શોક, ફિકર, પસ્તાવો, ખેદ

શુદ્ધાત્મપ્રકાશન :ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્મપ્રકાશન તેને જ અહીં શુદ્ધાત્મપ્રકાશન ગણ્યું છે. જેનો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અભાવ છે. બાકી દર્શન-અપેક્ષાએ તો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને પણ શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.

શુદ્ધ :શુદ્ધઉપયોગી

શુચિ :નિર્લોભ, પરમ પ્રમાણિક (૨) પવિત્ર, ઉજ્જવળ (૩) બાહ્ય મલાદિક રહિત તન અને શુદ્ધ સ્પષ્ટ વાણી એ શુચિ છે. (૪) પરમ વિશુદ્ધિરૂપ (૫) પવિત્ર, ઉજ્જવળ, નિર્મળ (૬) ભકિત, અતિશય પ્રેમ, પવિત્રતા, સ્વચ્છતા, ઉજ્જવળ.

શુચિમય :પવિત્ર

શુદઅદ દ્રવ્યાર્થિકનય :પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે, આર્થિક એટલે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન, શુદ્ધ દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. આચાર્યદેવ કહે છે કે શુદ્ધ સ્વભાવનો અર્થી થઈને જો! તો પર દ્રવ્યનું અકર્તાપણું જણાશે અને પોતાના સ્વભાવનો જ કર્તા જણાશે, શુદ્ધ સ્વભાવનું ગ્રહણ કરવાથી પર દ્રવ્યનું કર્તાપણું છૂટી જાય છે.

શુદઅદાત્મ તત્ત્વપ્રવૃત્તિરૂપ શ્રામણ્ય જ :શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ મુનિપણું જ

શુદ્ધ :વિકાર રહિત, નિર્મળ. (૨) રાગ-દ્વેષ-મોહણાંથી રહિત ભાવને શુદઅદ કહેવાય છે. (૩) કષાયરહિત શુદ્ધ (૪) વિકાર રહિત, નિર્વિકાર. (૫) રાગ-દ્વેષ-કામ-ક્રોધ-માન-માયા-લોભાદિ વિકારો-મળોથી રહિત સિદ્ધ આત્માની શુદ્ધતાને પ્રગટ કરે છે. (૬) પવિત્ર (૭) રાગાદિ રહિત (૮) અરાગભાવ

શુદ્ધ અંતઃતત્ત્વ :શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પરમ ભાવસ્વરૂપ છે તે વર્તમાન નિર્મળ નિર્વિકાર વીતરાગી જ્ઞાન પર્યાયથી જાણવા યોગ્ય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામથી રહિત છે. બંધના કારણથી તો રહિત પણ મોક્ષના કારણથી ભગવાન આત્મા રહિત છે.

શુદ્ધ આત્મસ્વભાવ :કેવળજ્ઞાન

શુદ્ધ આત્મસ્વરૂપ સુપ્રભાત :કેવળજ્ઞાન

શુદ્ધ આત્માનુભવ :નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે.

શુદ્ધ આત્માની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી વિરુદ્ધભાવ :મિથ્યાત્વ

શુદ્ધ ઉપયોગ :જેમણે નિજ આત્માદિ પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે. જે સંયમ અને તપ સહિત છે. જે વીતરાગ આર્થાત્ રાગરહિત છે અને જેમને સુખ-દુઃખ સમાન છે એવા શ્રમણને (મુનિવરને) શુદ્ધોપયોગી કહેવામાં આવ્યા છે. (૨) શુભાશુભ રાગદ્વેષાદિથી રહિત આત્માની ચારિત્રપરિણતિ.

શુદ્ધ ઉપયોગ અને શુભ ઉપયોગ :ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને(બંધને) પામે છે.

શુદ્ધોપયોગીઓએ સમસ્ત કષાયો નિરસ્ત કર્યા હોવાથી તેઓ નિરાસ્રવ જ છે અને આ બશુભયોગીઓને તો કષાયકણ અવિનષ્ટ હોવાથી તેઓ સાસ્રવ જ છે. આમ હોવાથી જ શુદ્ધોપયોગીઓની સાથે શુભપયોગીઓને ભેગા વર્ણવવામાં (લેવામાં) આવાતા નથી, માત્ર પાછળથી (ગૌણ તરીકે) જ લેવામાં આવે છે.

ભાવાર્થ :- પરમાગમમાં એમ કહ્યું છે કે શુદ્ધોપયોગીઓ શ્રમણ છે અને શુભોપયોગીઓ પણ ગૌણ પણે શ્રમણ છે. જેમ નિશ્ચયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી સિદ્ધ જીવો જ જીવ કહેવાય છે. અને વ્યવહારથી ચતુગ્રતિ પરિણત અશુદ્ધ જીવો પણ જીવ કહેવાય છે. તેમ શ્રમણપણે શુદ્ધોપયોગી જીવોનું મુખ્યપણું છે અને શુભોપયોગી જીવોનું ગૌણપણું છે. કારણ કે શુદ્ધોપયોગીઓ નિજ શુદ્ધાત્મભાવનાના બળથી સમસ્ત શુભાશુબ સકંલ્પ વિકલ્પ રહિત હોવાથી નિરાસ્વ જ છે અને શુભોપયોગીઓને મિથ્યાત્વ વિષયકષાયરૂપ અશુભ આસ્રવનો નિરોધ હોવા છતાં તેઓ પણિયાસત્રાવ સહિત છે.

શુદ્ધ ઉપાદાનભૂત :જે એક આનંદરૂપ, જ્ઞાયકરૂપ, ધ્રુવ સ્વભાવભાવરૂપ, પર્યાયમાં જે સમ્યગ્દર્શન જ્ઞાન -ચારિત્રરૂપ વીતરાગી દશા પ્રગટે છે તેને પણ (ક્ષણિક) શુદ્ધ ઉપાદાન કહેવાય છે. અહીં ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ ઉપાદાન તરીકે લેવું છે.

શુદ્ધ દ્રવ્ય :આત્મા આદિ દ્રવ્ય.

શુદ્ધ દ્રવ્યાનિક નય :શુદ્ધ અવસ્થા

શુદ્ધ દ્રવ્યાર્થિક :શુદ્ધ નિશ્ચયનય.

શુદ્ધ દ્રવ્યાર્થિકનય :શુદ્ધ દ્રવ્યાર્થિકનય એટલે પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે, આર્થિકનય એટલે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન, શુદ્ધ દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવાયાર્થિકલય કહેવાય છે.

શુદ્ધ દ્રવાયાર્થિકનય :પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે. આર્થિક એટલે તે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન, શુદ્ધ દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે.

શુદ્ધ દ્રવ્યાર્થિક અભેદદષ્ટિ :અભેદ દષ્ટિ ગુણ પર્યાયના ભેદને સ્વીકારતી નથી. પોતાના શુદ્ધ સ્વભાવને સ્વીકારે છે. તે શુદ્ધ દ્રવ્યાર્થિક અભેદદષ્ટિ છે. એકવાર પણ તે ભૂવાર્થનયને ગ્રહણ કર! પરમાર્થનય વડે ક્ષાયિક સમ્યગ્દર્શન ઊપજે છે, ત્યારે દર્શનમોહનો નશ થાય છે. પરમાર્થ દષ્ટિ પોતાના પુરુષાર્થ વડે થાય છે. રાળ પાડે ત્યારે થાય છે એમ નથી પણ પોતે પુરુષાર્થ કરે ત્યારે થાય છે. ભ્રાંતિનો નશ થવો તે ફરીને ઉત્પન્ન ન થાય. આ થો ક્ષાયિક સમ્યગ્દર્શનની વાત ચે. તેરમા ગુણસ્થાનની વાત નથી. ઊંધી માન્યતા ટળી ગઈ એટલે બંધન પણ ટળી ગયું, મિથ્યાત્વનો નાશ થયો તેને ફરીને સંસાર ઉગવાનો નથી. ઝાડનું મૂળિયું નાશ થયું તેને ફરીને ડાળાં પાદઢાં ઊગવાના નથી.

શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃવ્ય ભોકતૃત્વથી શૂન્ય છે :જે ત્રિકાળને પકડે એવી જે આનંદની દશા તે રૂપે જે પરિણામ છે તે જીવ પણ શુભાશુભ રાગના અને પરપદાર્થના કર્તા-ભોકતાપણાથી શૂન્ય છે.

શુદ્ધ પારિણામિક ભાવ :વસ્તુ ભગવાન આત્મા નિત્યાનંદ ચચ્ચિદાનંદ પ્રભુ સદા એક જ્ઞાયકભાવપણે છે તેને શુદ્ધપાહિણામિકભાવ કહે છે.

શુદ્ધ પારિણામિક ભાવ વિષયક :શુદ્ધ પારિણામિક ભાવને અવલંબનારી

શુદ્ધ શુદ્ધ :

શુદ્ધ સ્વભાવ :અવિકારી આત્મધર્મ શુભ-અશુભ બન્ને ભાવથી જુદો છે. આત્મામાં પરનું ગ્રહણ કરવું કે છોડવું એવો કોઈ સ્વભાવ નથી. તેમ જ શુભ-અશુભ વૃત્તિ પણ પરમાર્થે તેનું સ્વરૂપ નથી. વળી પ્રમત્ત અને અપ્રમત્ત એવા ભેદ

પણ તેનામાં નથી. તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.

શુદ્ધઉપયોગ :નિરુપરાગ, નિર્વિકાર છે.

શુદ્ધઉપયોગનો પ્રસાદ :કેવળજ્ઞાન

શુદ્ધચારિત્ર :ભગવાન આત્મામાં અકૃત્રિમ પરમસ્વરૂપસ્થિત અવિચળ શુદ્ધ ચારિત્રનો ભાવ ભર્યો પડયો છે. ભગવાન! તું ત્રિકાળ શુદ્ધ પરમવીતરાગી સ્વભાવી આત્મા-પરમાત્મા છો. ભગવાન આત્મા સદાય જિનબિંબ સ્વરૂપ-વીતરાગ-સ્વરૂપ જ છે.

શુદ્ધતા :પ્રમાણિકતા, સત્યતા, નિર્દોષતા, નિર્મળતા, અદ્વિતીયતા

શુદ્ધદ્રવ્યાર્થિક નય :પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે. (૨) પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય, તે શુદ્ધ છે, આર્થિક એટલે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન, શુદ્ધ વસ્તુને જોવાનું જેનું પ્રયોજન છે, તે જ્ઞાનના અંશો શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે. (૩) શુદ્ધ અવસ્થા.

શુદ્ધદૃષ્ટિવંત પુરુષ :પોતાનું પરમ ત્રિકાળી એક ચૈતન્યતત્વ પરમ શુદ્ધ છે. અને એ શુદ્ધની દૃષ્ટિમાં તથા એ શુદ્ધના અભ્યાસમાં જે પુરુષ પ્રવીણ છે તેને શુદ્ધદૃષ્ટિવંત પુરુષ કહે છે.

શુદ્ધને :શુદ્ધોપયોગીને.

શુદ્ધનય :આત્માના સ્વભાવને જોનારી દૃષ્ટિ (૨) નિશ્ચયથી અહદ્ધ,અસ્પૃષ્ટ, અનન્ય,નિયત, અવિશેષ અને અસંયુકત એવા આત્માની જે અનુભૂતિ ને શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે. એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે. અહીં આત્માને અહદ્ધસ્પૃષ્ટપણે જુદા અનુભવવા માટે વ્યવહારદૃષ્ટિ ગૌણ કરીને, વર્તમાનમાં ત્રિકાળી ટકનાર પૂર્ણ શકિતથી અખંડ જ્ઞાયક સ્વભાવની શુદ્ધ છું એમ સાચી દૃષ્ટિ કહી છે. (૩) આત્મા અનંતગુણે કરીને શુદ્ધ છે. વિકાર એનો સ્વાભાવ નથી, સ્વભાવમાં મન નહિ, વાણી નહિ, શરીર નહિ, એકલો શુદ્ધ અનંત ગુણના પિંડસ્વરૂપ આત્મા, એનો વિષય કરનાર જ્ઞાન તે શુદ્ધનય છે. (૪) સ્વભાવની દૃષ્ટિ (૫) સમ્યક્ શ્રુતજ્ઞાનનો અંસ (૬) પર સંયોગ આત્મામાં ત્રણ કાળમાં નથી. પરમાર્થે વિકાર પણ આત્મામાં નથી. ક્ષણિક અવસ્થા પૂરતો રાગ થાય છે તે પર લક્ષે જીવ પોતે કરે છે. પણ તે ક્ષણિક ઉત્પન્નધંવંસી છે. વિકારનો નાશક સ્વભાવ તે જ ટાણે-સમયે પૂર્ણ અવિકારી અસ્તિપણે છે. પર નિમિત્તના ભેદ રહિત, પર્યાયના ભેદ રહિત દરેક અવસ્થામાં ત્રિકાળી પૂર્ણ શકિત અખંડ શુદ્ધ સ્વભાવપણે છે. તેવાં નિરપેક્ષ પારિણામિક સ્વભાવને શ્રદ્ધાના લક્ષમાં લેવો તે જ્ઞાનને શુદ્ધનય કહે છે.

ત્રિકાળી ધ્રુવ એકરૂપ નિર્મળ સ્વરૂપને અભેદપણે લક્ષમાં લેવું તે શુદ્ધનય છે. (૭) વર્તમાન અવસ્થાના ભેદને લક્ષમાં ન લેતાં (ગૌણ રાખીને) ત્રિકાળી એકરૂપ વીતરાગ સ્વભાવને અભેદપણે લક્ષમાં લેવો તે શુદ્ધ નય છે. (૮) આત્માના સ્વભાવને જોનારી દૃષ્ટિ (૯) (સમ્યક્ શ્રુત જ્ઞાનના અંશ) વડે આત્માને પરથી નિરાળો, અખંડ જ્ઞાયકપણે લક્ષમાં લેવો અને એ જ સ્વરૂપે ત્રિકાળી રહે છે તેમ માનવું તે સમ્યક્શ્રદ્ધા છે- સમ્યગ્દર્શન છે. (૧૦) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ, જીવવસ્તુનો આદિ પણ નથી, અંતપણનથી, આવું સ્વરૂપ જે સૂચવે તેનું નામ શુદ્ધનય છે. (૧૧) શુદ્ધ આત્મા, ધ્રુવ ચૈતન્ય. (૧૨) અખંડ શુદ્ધ પડખે જોવું તે શુદ્ધ નય નિશ્ચયનય. (૧૩) હું કેવળજ્ઞાનરૂપ શુદ્ધ છું. એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. અનો અર્થ એમ છે કે ત્રિકાળી વસ્તુ જે છે તે જે જ્ઞાનમાં ખ્યાલમાં આવી તેને શુદ્ધનય કહે છે. સપ્ક્ષાત્ શુદ્ધનય તો કેવળ જ્ઞાન થયે થાય છે. કેવળજ્ઞાન થતાં ચૈતન્યનો આશ્રય સંપૂર્ણ પૂરો થઈ ગયો એ અપેક્ષાએ કેવળજ્ઞાન તે સાચાં ? શુદ્ધનય કહેલો છે. વળી શુદ્ધનય સ્વરૂપ દ્રવ્ય સ્વભાવમાં કેવળ જ્ઞાનની પર્યાયનો અભાવ છે તથા પર્યાય હોવાથી કેવળ જ્ઞાનને સદ્ભૂત વ્યવહારનયનો વિષય કહ્યો છે. (૧૪) વર્તમાન અવસ્થાના ભેદને લક્ષમાં ન લેતાં (ગૌણ રાખીને ત્રિકાળી એકરૂપ વીતરાગ સ્વભાવને અભેદપણે લક્ષમાં લેવો તે શુદ્ધનય છે. (૧૫) નિશ્ચયનયની દશા, અમોહરૂપ શુદ્ધ જ્ઞાન દશા, અંતર મોહ તો છૂટયો નથી. (૧૬) ત્રિકાળી જ્ઞાયકને દાણનાર સમ્યગ્જ્ઞાનનો અંશ.

શુદ્ધનયનો ઉપદેશ :પુણ્ય-પાપ, વિકાર મારું સ્વરૂપ નથી, હું પૂર્ણ શુદ્ધ સ્વરૂપી છું એમ માને ત્યારે દુઃખ માટે છે. એ દુઃખ મટાડવા માટે શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય છે. જયારે શુદ્ધનય દ્વારા શુદ્ધસ્વરૂપ જાણીને નિર્વિકારી દશા પ્રગટ કરે ત્યારે જીવ સુખી થાય છે. માટે શુદ્ધનયનો ઉપદેશ પ્રથમથી જ ઉપયોગી છે. શુદ્ધ સ્વભાવને જણાવનારો ઉપદેશ ખૂબ સાંભળવો.

શુદ્ધનયનો પક્ષ :શુદ્ધાત્માની રુચિ થઈ છે. ઈનુભવ હજુ થયો નથી. પણ રુચિ એવી થઈ છે કે તે અનુભવ કરે જ.

શુદ્ધનયાવલંબી :શુદ્ધ નયને અવલંબનાર

શુદ્ધપણું :દ્રવ્યદષ્ટિએ સ્વભાવની અપેક્ષાએ જીવને શુદ્ધપણું છે. વર્તમાન વર્તતી એકેક અવસ્થામાં અશુદ્ધતાનો અંશ છે. તેને જોવાની દષ્ટિ ગૌણ કરી ત્રિકાળી નિર્મળ સ્વભાવ દષ્ટિથી જુઓ તો આત્માનો સ્વભાવ શુદ્ધ જ છે. શુદ્ધ-અશુદ્ધ બે ધર્મ એક આત્મામાં એક સાથે જ છે. જેમ પાણી સ્વભાવે શીતલ છે પણ વર્તમાન અશ્તિન નિમિત્તે ઊભી અવસ્થા હોવા છતાં વર્તમાન નિમિત્ત આધીન ઉની અવસ્તાને ન જોતાં ત્રિકાળી ઠંડા સ્વભાવને દેખો તો જળ સ્વભાવે શીતળ જ છે. તેમ દ્રવ્યદષ્ટિથી આત્મામાં સદાય શુદ્ધપણું છે. (૨) પર નિમિત્તની અપેક્ષા સહિત, નિત્ય સ્વભાવને જોનારી નિશ્ચયદષ્ટિથી દેખો તો આત્મા શુદ્ધ જ છે.

શુદ્ધપ્રકાશ :અનંતજ્ઞાન

શુદ્ધદ્રવ્યાર્થિકનય :શુદ્ધ દ્રવ્ય એટલે પરના આશ્રય વગરનું પવિત્ર દ્રવ્ય તે શુદ્ધ છે. આર્થિક એટલે તે નિર્મળ વસ્તુને જોવાનું પ્રયોજન અને નય એટલે તેનું જ્ઞાન શુદ્ધ દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધ દ્રવ્યાથિર્ઇકનય કહેવાય છે.

શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનયાત્મક :તીર્થંકરપરમદેવ શુદ્ધસદ્‌ભૂત વ્યવહારનય સ્વરૂપ છે કે જે શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય આદિ અનંત, અમૂર્તિક અને અતીંદ્રિય સ્વભાવવાળો છે.

શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ :આ શુદ્ધજ્ઞાન ચેતના પરિણામમાં પરિણામ શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી અને પર્યાયાર્થિક નયનો વિષય નથી. આ શુદ્ધ જ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે અને તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

શુદ્ધાત્મપ્રકાશન :ચારિત્રદશામાં વર્તતું જે ઉગ્ર શુદ્ધાત્માપ્રકાશન તેને જ અહીં શુદ્ધાત્મ પ્રકાશન ગણ્યું છે, તેનો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અભાવ છે. બાકી દર્શન અપેક્ષાએ તો સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને પણ શુદ્ધાત્માનું પ્રકાશન છે જ.

શુદ્ધાત્માભિમુખ :શુદ્ધ આત્મવસ્તુ સહજ સુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય છે. તેની સનમિુખના પરિણામને આગમ ભાષાથી ઉપશમાદિ ભાવત્રય કહીએ છીએ. આધ્યાત્મભાષાથી તેને સુધ્ધાત્માભિમુખ કહીએ છીએઅને તેને જ મોક્ષનો માર્ગ કહીએ છીએ. ભાઈ! દયા,દાન,વ્રત,ભકિત આદિના પરિણામ છે તે તો ઔદયિક ભાવ છે. અને તે પરસન્મુખના ભાવ ચે તેથી તે ધર્મ નથી, તેમ ધર્મનું કારણેય નથી. સ્વાભિમુખ સ્વદાશા જ એક મોક્ષનું કારણ છે. મારગ ાનો સૂક્ષ્મ છે ભાઈ ! (૨) શુદ્ધત્માની સન્મુખ, રાગ અને પરથી વિમુખ અને સ્વભાવથી સન્મુખના પરિણામ જેને આગમભાષાએ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ કહીએ તે શુદ્ધાત્માભિમુખ અર્થાત્ સ્વભાવ-સન્મુખના પરિણામ છે.

શુદ્ધાત્માભિમુખ પરિણામ :આગમ ભાષાથી ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક એવા ભાવમય પરિણામ, જીવસહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મ દ્રવ્યનાં સમ્યર શ્રદ્ધાન, જ્ઞાન, અનુચરણરૂપ પર્યાયના પરિણામ સ્વભાવ સન્મુખતાના પરિણામ.

શુદ્ધો :શુદ્ધોપયોગીઓ (શુદ્ધોપયોગીઓ જ મોક્ષમાર્ગરૂપ છે.)

શુદ્ધોપયોગ :શુદ્ધોપયોગનો અર્ત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. (૨) શુદ્ધાત્મસન્મુખ પરિણામ જ છે. સ્વચ્છતાનાં પરિણામ કહો, વીતરાગ વિજ્ઞાન કહો, અનાકુળ આનંદના પરિણામ કહો કે શાંતિના પરિણામ કહો-તે આવા અનેક નામથી કહેવાય છે. (૩) શુદ્ધાત્માભિમુખ પરિણામ (૪) શુભ અને અશુભ રાગદ્વેષની પરિણતિથી રહિત સમ્યગ્દર્શન જ્ઞાનસહિત ચારિત્રની સ્થિરતા.

શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલ આત્માઓ :કેવળી ઊગવંતો અને સિદ્ધ ભગવંતી.

શુદ્ધોપયોગી :શુદ્ધોપયોગી શ્રમણ નિરાસ્રવ છે. (૨) જેમે નિજ શદ્ધિ આત્માદિ પદાર્થોને અને સૂત્રોને સારી રીતે દાણયાં છે, જે સંયમ અને તપ સહિત છે, જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે અને જેમને સુધ-દુઃખ સમાન છે, એવા શ્રમણને (મુનિવરને) શુદ્ધોપયોગી કહેવામાં આવ્યા છે.

શુદ્ધોપયોગી આત્માનું સ્વરૂપ :શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળી ભગવંતોનું અને સિધ્ધ ભગવંતોનું) સુખ અતિશય, આત્મોત્પન્ન, અતીનિદ્રય(વિષયાતીત), અનુપમ,(ઉપમા વિનાનું), અનંત(અવિનાશી) અને અવિચ્છિન્ન(અતૂટક) છે.

શુદ્ધ આત્મા :સ્વભાવથી અભિન્ન અને પરભાવોથી ભિન્ન એવો શુદ્ધ શબ્દનો અર્થ છે. પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન અને શરીર, કર્મ આદિ પર દ્રવ્ય અને એના ભાવોથી ભિન્ન આત્મા છે એનું નામ શુદ્ધ છે, પણ સંસારી આત્માને શુદ્ધ સિદ્ધ સમાન માનવો એવો શુદ્ધ શબ્દનો અર્થ નથી.

શુદ્ધ ઉપયોગ :સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર છે.

શુદ્ધ :નિર્મળ, રાગાદિથી રહિત (૨) વિકાર રહિત, નિર્મળ (૩) કષાય રહિત પરિણામ શુદ્ધ છે. (૪) પવિત્ર

શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિની સિદ્ધિનને માટે :શુદ્ધ આત્માને પ્રાપ્ત કરવા માટે જ

શુદ્ધ આત્મતત્ત્વનો માર્ગ :મોક્ષનો માર્ગ (૨) મોક્ષમાર્ગ

શુદ્ધ આત્મસ્વભાવ :કેવળ જ્ઞાન

શુદ્ધ ઉપયોગી જીવ :શુદ્ધોપયોગી જીવ ક્ષણે ક્ષણે અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરતો જાય છે, અને એ રીતે મોહનો ક્ષય કરી નિર્વિકાર ચેતનવાળો થઈને, બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયનો યુગપદ્ ક્ષય કરી સર્વ જ્ઞેયોને જાણનારા કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આ રીતે શુદ્ધોપયોગથી જ શુદ્ધાત્મ સ્વભાવનો લાભ થાય છે.

પ્રવચનસાર-ગાથા-૧૫

શુદ્ધ ચેતના :જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ

શુદ્ધ તત્ત્વ :શુદ્ધાત્મતત્ત્વ (૨) શુદ્ધ આત્મતત્ત્વ

શુદ્ધ દ્રવ્ય :અહીં નિશ્ચયનયનો વિષય શુદ્ધ દ્રવ્ય અર્થાત્ શુદ્ધ પર્યાય પરિણત દ્રવ્ય છે, એટલે કે એકલા દ્રવ્યનો (પર નિમિત્ત વિનાનો) શુદ્ધ પર્યાય છે, જેમ કે નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય પરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.

શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય છે :નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવતો હોવાથી તેને શુદ્ધ દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે અને વ્યવહારનય પર દ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધ-દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. અહીં શુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જોણવું અને અશુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જોણવું.

શુદ્ધ દ્રવ્યાર્થિકનય :શુદ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવ, નિશ્ચયનય.

શુદ્ધ દ્રવ્યના નિરુપણસ્વરૂપ નિશ્ચયનય :નિશ્ચયનય કેવળ સ્વદ્રવ્યના પરિણામને દર્શાવેલો હોવાથી તેને શુદ્ધદ્રવ્યનું કથન કરનાર કહ્યો છે, અને વ્યવહારનય પર દ્રવ્યના પરિણામને આત્મપરિણામ દર્શાવતો હોવાથી તેને અશુદ્ધ દ્રવ્યનું કથન કરનાર કહ્યો છે. અહીં શુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

શુદ્ધનય -નિશ્ચયનય ઉપાદેય છે અને વ્યવહારનય છે.

પ્રશ્નઃ-દ્રવ્યસામાન્યનું આલંબન જ ઉપાદેય હોવા છતાં, અહીં રાગપરિણામના ગ્રહણ ત્યાગરૂપ પર્યાયોનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો છે?

ઉત્તરઃ- રાગપરિણામનો કરનાર પણ આત્મા જ છે અને વીતરાગ પરિણામનો કરનાર પણ આત્મા જ છે. અજ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે અને જ્ઞાનદશા પણ આત્મા સ્વતંત્રપણે કરે છે.-આવા યથાર્થ જ્ઞાનની અંદર દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. દ્રવ્યસામાન્યના જ્ઞાન વિના પર્યાયોનું યથાર્થ જ્ઞાન હોઈ શકે જ નહિ માટે ઉપરોક્ત નિશ્ચયનયમાં દ્રવ્ય સામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય

છે. જે જીવ બંધમાર્ગરૂપ પર્યાયમાં તેમ જ મોક્ષમાર્ગરૂપ પર્યાયમાં આત્મા એકલો જ છે એમ યથાર્થપણે (દ્રવ્ય સામાન્યની અપેક્ષા સહિત) જાણે છે, તે જીવ પર દ્રવ્ય વડે સંપૃક્ત થતો નથી અને દ્રવ્યસામાન્યની અંદર પર્યાયોને ડૂબાડી દઈને સુવિશુદ્ધ હોય છે. આ રીત પર્યાયોનો યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોકત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

શુદ્ધ પ્રકાશ :અનંત જ્ઞાનનું પ્રગટ થવું

શુદ્ધ પર્યાયને ઉઘાડે :પૂર્ણતાને લક્ષે સાધક-સ્વભાવ પ્રગટ કરે.

શુદ્ધ સંપ્રયોગ :શુભ ભકિતભાવ(સિદ્ધિના નિમિત્તભૂત એવા જે અર્હંતાદિ તેમના પ્રત્યેના ભકિતભાવને પૂર્વે શુદ્ધસંપ્રયોગ કહેવામાં આવ્યો છે. જેમાં 'શુદ્ધ' શબ્દ હોવા છતાં તે 'શુભ' ઉપયોગરૂપ રાગભાવ છે. ('શુભ' એવા અર્થમાં જેમ 'વિશુદ્ધ' શબ્દ કદાચિત વપરાય છે તેમ અહીં 'શુદ્ધ' શબ્દ વપરાયો છે.)

શુદ્ધ સંપ્રયોગવાળો :

શુદ્ધ સમ્યગ્દષ્ટિ :શુદ્ધ સમ્યગ્દષ્ટિ વ્રત રહિત હોવા છતાં નારકી, પશુ, નપુંસક,સ્ત્રી, નીચ કુળ, અપંગ, અલ્પ આયુધારી તથા દરિદ્ર પેદા થતા નથી. (૨) શુદ્ધ સમ્યગ્દષ્ટિ વ્રત રહિત હોવા છતાં નારકી, પશુ, નપુંસક, સ્ત્રી,નિચકુલી, અપંગ, અલ્પ આયુધારી તથા દરિદ્રી પેદા થતા નથી.

શુદ્ધ સ્વચારિત્ર પ્રવૃત્તિનો માર્ગ :જે યોગીન્દ્ર સમસ્ત મોહવ્યૂહથી બહિર્ભૂત હોવાને લીધે પર દ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકો, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકાં નિજ સ્વભાવભૂત દર્શનજ્ઞાન ભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે, તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.

શુદ્ધ ઉપયોગ :જે સાધુ ભલે પ્રકારે જીવાદિ પદાર્થોને અને સિદ્ધાંતને જાણે છે, સંયમ તપ સંયુકત છે. રાગ રહિત છે, અને સુખ કે દુઃખમાં સમાન ભાવવાળા છે તે જ શ્રમણ શુદ્ધ ઉપયોગવાળા કહેવાય છે.

શુદ્ધ ઉપયોગ અને શુભઉપયોગનું ફળ :ધર્મે પરિણમેલા સ્વરૂ'વાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે. અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સખને (બંધને) પામે છે.

શુદ્ધદ્રવ્યને આશ્રિત :અહીં નિશ્ચયનયનો વિષય શુદ્ધ અર્થાત્ શુદ્ધ પર્યાય પરિણતિ દ્રવ્ય છે, એટલે કે એકલા દ્રવ્યનો (પર નિમિત્ત વિનાનો) શુદ્ધ પર્યાય છે, જેમ કે નિર્વિકલ્પ શુદ્ધપર્યાય પરિણત મુનિને નિશ્ચયનયથી મોક્ષમાર્ગ છે.

શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા એક છે :શુદ્ધ એટલે ત્રિકાળ પવિત્ર અને 'દ્રવ્ય'એટલે ત્રિકાળી અખંડવસ્તુ અને 'આર્થિક' એટલે પ્રયોજન જેનું છે તે-તે શુદ્ધદ્રવ્યાર્થિકનયથી આત્મા એક છે જે સમ્યગ્દર્શનનો વિષય છે, તેને શુદ્ધદ્રવ્યાર્થિકનય બતાવે છે.

શુદ્ધનય :નય છે તે શ્રુતપ્રમાણનો અશ છે. તેથી શુદ્ધનય પણ શ્રુતપ્રમાણનો જ અંશ થયો. શ્રુતપ્રમાણ છે તે પરોક્ષપ્રમાણ છે કારણ કે વસ્તુને સર્વજ્ઞનાં આગમનાં વચનથી જાણી છે, તેથી આ શુદ્ધનય સર્વ દ્રવ્યોથી જુદા આત્માના સર્વ પર્યાયોમાં વ્યાપત, પૂર્ણ ! ચૈતન્ય કેવળજ્ઞાનરૂપ-સર્વ લોકાલોકને જાણનાર, અસાધારણ ચૈતન્યધર્મન પરોક્ષ દેખાડે છે. આ વ્યવહારી છદ્મસ્થ જીવ આગમને પ્રમાણ કરી, શુદ્ધનયે દર્શાવેલા પૂર્ણ આત્માનું શ્રદ્ધાન કરે તે શ્રદ્ધાન નિશ્ચય સમ્યગ્દર્શન છે. જયાં સુધી કેવળ વ્યવહારનયના વિષયભૂત જીવાદિક ભેદરૂપ તત્ત્વોનું જ શ્રદ્ધાન રહે ત્યાંસુધી નિશ્ચય સમ્યગ્દર્શન નથી, તેથી આચાર્ય કહે છે કે એ નવ તત્ત્વોની સંતતિને (પરિપાટીને) છોડી શુદ્ધનયનો વિષયભૂત એક આત્મા જ અમને પ્રાપ્ત હો, બીજું કાંઈ ચાહતા નથી. આ વીતરાગ અવસ્થાની પ્રાર્થના છે. કોઈ નયપક્ષ નથી. જો સર્વથા નયોનો પક્ષપાત જ થયા કરે તો મિથ્યાત્વ જ છે. (૨) આત્માનો આશ્રય લઈને જે શુદ્ધ પરિણમન થયું એને શુદ્ધનય થયો એમ કહેવામાં આવે છે. એટલે કે શુદ્ધનયનો આશ્રય લઈને જે પર્યાય થઈ તે પર્યાયમાં 'શુદ્ધ ' નું ભાન થયું માટે તેને શુદ્ધનય કહ્યો છે, પરિણમન તે શુદ્ધનય પરિણમનમાં જે શુદ્ધ લક્ષમાં આવ્યો તેને પણ શુદ્ધનય કહે છે. શુદ્ધનયનો આશ્રય કરીને જીવનો સદાય એકાગ્રતાનો અભ્યાસ કરે છે તેઓ

બંધરહિત સમયના સારને દેખે છે. અનુભવે છે. (૩) હું કેવળ જ્ઞાન સ્વરૂપ શુદ્ધ છું અવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. અનો અર્થ એમ છે કે ત્રિકાળી વસ્તુ જે છે તે જ જ્ઞાનમાં ખ્યાલમાં આવી તેને શુદ્ધનય કહ્યો. સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે. (૪) આત્માનો આશ્રય લઈને જે પર્યાય થઈ, તે પર્યાયમાં શુદ્ધ પરિણમન થયું-પર્યાયમાં શુદ્ધનું ભાન થયું પરિણમનમાં જે ધ્રુવ લક્ષમાં આવ્યો તેને શુદ્ધનય કહે છે. (૫) હું કેવળ જ્ઞાન સ્વરૂપ શુદ્ધ છું એવું જે આત્મદ્રવ્યનું પરિણમન તે શુદ્ધનય. (૬) શુદ્ધનયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે, ત્રિકાળી જ્ઞાયકને જાણનાર સમ્યગ્દર્શનનો અંશ, અભેદ એકરૂપ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યવસ્તુ, છતો પદાર્થ, શાશ્વત પદાર્થ જે આત્મા તે શુદ્ધનયનો વિષય છે. અર્થાત્ આત્મા જે અનંત અનંત બેહદ શકિતઓનો પિંડ અભેદ એકરૂપ વસ્તુ છે તેનું જે લક્ષ કરે-જ્ઞાન કરે તેને શુદ્ધનય કહે છે. (૭) નિશ્ચયનય (૮) જ્ઞાનની જે પર્યાય ત્રિકાળી ધ્રુવને વિષય કરે તેને શુદ્ધનય કહે છે. એક સમયની પર્યાય સિવાયની આખી ચીજ જે સત્યાર્થ અનાદિ-અનંત શુદ્ધ અખંડ દ્રવ્ય છે તે શુદ્ધનય છે. (૯) ધ્રુવ ધ્રુવ ચૈતન્ય

શુદ્ધ-શુદ્ધ :જે રાગાદિક મળ તેમજ આવરણ બન્નેથી રહિત છે એવો

શુદ્ધસંપ્રયોગ :શુભ ભકિતભાવ, અનુરંજિત ચિત્તવૃત્તિવાળી વ્યકિત

શુદ્ધાત્મત્વ :શુદ્ધાત્મત્વની પ્રાપ્તિને લીધે

શુદ્ધાત્મા :ચૈતન્યદેવ જ્ઞાયક તેને પરભાવથી ભિન્નપણે સેવતાં -ઉપાસતાં તે 'શુદ્ધ' છે, એટલે પરદ્રવ્ય અને તેના નિમિત્તનું લક્ષ છોડી જ્ઞાયક ઉપર લક્ષ કર્યું ત્યારે એણે જ્ઞાયકની ઉપાસના કરી, ત્યારે અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જણાયો. એને તે શુદ્ધાત્મા છે એમ કહેવામાં આવે છે.

શુદ્ધો :શુદ્ધોપયોગીઓ

શુદ્ધોપયુકત :શુદ્ધ ઉપયોગમાં જોડાયેલાં

શુદ્ધોપયોગ :એ વીતરાગી પર્યાય છે, એ જ જૈનધર્મ છે, રાગવિનાની દશા તે જૈનશાસન છે, અને એ જ જૈનધર્મનું રહસ્ય છે. શુદ્ધોપયોગ વડે જિનસ્વરૂપ ભગવાન આત્મામાં રમણતા કરવી, એને જાણવો-અનુભવવો અને ભગવાને જૈનશાસન કહ્યું છે. આ જૈનસાસન પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. આ પૂર્ણ જિનસ્વરૂપ આત્માને ગ્રહણ કરનાર શુદ્ધોપયોગ એ જ જૈનશાસન છે, પરમેશ્વરનો માર્ગ છે.

શુદ્ધોપયોગી :જેમણે નિજ શુદ્ધ આત્માદિ પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, જે સંયમ અને તપ સહિત છે, જે વીતરાગ અર્થાત રાગરહિત છે અને જેમને સુખ-દુઃખ સમાન છે, એવા શ્રમણને (મુનિવરને) શુદ્ધોપયોગી કહેવામાં આવ્યા છે.

શુદ્ધોપયોગ અને શુભોપયોગ :ધર્મે પરિણણેલા સ્વરૂપવાળો આત્મા જો શુદ્ધ ઉપયોગમાં જાડાયેલો હોય તો મોક્ષના સુખને પામે છે અને જો શુભ ઉપયોગવાળો હોય તો સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

શુદ્ધોપયોગરૂપ ધર્મ :

(૧) ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ જે ધ્રુવ તેના અવલંબનથી શુદ્ધોપયોગરૂપ ધર્મ પર્યાયમાં પ્રગટ થાય છે.

(૨) અશુદ્ધનય ભાવે બારમા ગુણસ્થાન સુધી હો, પૂર્ણ શુધ્ધતા ભલે હજી ન હો, પણ જયાં પૂર્ણાનંદ શુદ્ધને ધ્યેય બનાવી પર્યાય પ્રગટી ત્યાં શુદ્ધોપયોગરૂપ ધર્મ હોય છે.

(૩) શુદ્ધ ઉપયોગ જે ત્રિકાળ છે તેને સાધન કરતાં પર્યાયમાં શુદ્ધોપયોગરૂપ ધર્મ પ્રગટ થાય છે. બારમા ગુણસ્થાનથી નીચે અશુદ્ધનયનું સ્થાન છે તોપણ શુદ્ધનું અવલંબન, શુદ્ધનું ધ્યેય, અને શુદ્ધનું સાધકપણું હોવાથી શુદ્ધોપયોગરૂપ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે-અર્થાત્ ત્યાં હોય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે અને એ જ ધર્મ છે. વીતરાગી પર્યાયનું નામ જૈન ધર્મ છે.

શુદ્ધોપયોગીથી વિલક્ષણ :અશુદ્ધ ઉપયોગ-શુભ અને અશુભ

શુદ્ધાત્મતત્ત્વ પ્રવૃત્તિ લક્ષણ :શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિ જેનું લક્ષણ છે એવી.

શુદ્ધનય :શુદ્ધ આત્મા.

શુદ્ધપણું :પર નિમિત્તની અપેક્ષા રહિત, નિત્ય સ્વભાવને જોનારી નિશ્ચયદષ્ટિથી દેખો તો ાત્મા શુદ્ધ જ છે.

શુભ :પવિત્ર

શુભ અને અશુભ :ધર્માનું રાગ વિશુદ્ધિવાળો હોવાથી, ધર્માનુરાગમય પરિણામ શુભ છે. વિષયાનુરાગ સંકલેશવાળો હોવાથી વિષયાનુરાગમયી પરિણામ અશુભ છે.

શુભ અધ્યવસાય :એ મુખ્ય પણેતો દેવલોક છે.

શુભ અશુભ કર્મો :જેમ તોલ કરવાના કાંટામાં એક તરફના ત્રાજવામાં એક છેરનું તોલું મૂકવામાં આવે અને સામેના ત્રાજવામાં એક શેર વસ્તુ આવે ત્યારે કાંટો બરાબર વચ્ચે આવી સ્થિર થાય છે, તેમાં તેને જ્ઞાનની જરૂર નથી, તેમ શુભાશુભ કર્મોમાં પણ એવી જ વિચિત્ર યોગ્યતા છે.

જડ કર્મમાં જ્ઞાન નથી છતાં જેવા રાગાદિભાવ જીવ કરે તેવા નિમિત્તરૂપ સામે જડ રજકણો પોતાના કારણે કર્મરૂપે અવસ્થા ધારણ કરે તેવી તેનામાં યોગ્યતા છે. જડ વસ્તુમાં અનંત તાકાત તેની છે, અનંત શકિત પોતા પ્રત્યે છે, એક સમયમાં શીઘ્ર ગતિ કરી નીચેના છેલ્લા સાતમા પાતાળથી ઊંચેના લોકનો અગ્રભાગે એની મેળે રજકણ ચાલ્યો જાય છે. એની તાકાત જીવને આધીન નથી, છતાં નિમિત્ત-નૈમિત્તિક એવો મેળ સ્વતંત્રપણે છે કે જયાં જીવના રાગદ્વેષનું નિમિત્ત હોય ત્યાં કર્મરૂપ બંધાવા યોગ્ય એવાં રજકણો હાજર હોય છે. દૂધનાં મીઠાં રજકણો દહીંરૂપ ખાંડાં થયાં તે તેના સ્વભાવે થયાં છે. કોઈએ કર્યા નથી. લાકડું તરે ને લોઢુ બૂડે તે તે વખતની અવસ્થાનો પુદ્ગલનો જ સ્વભાવ છે.

આત્માનો ભાવ આતને આધીન અને જડની અવસ્થા જડને આધીન છે. છતાં એકલા સ્વભાવમાં વિકાર થઈ શકે નહિ.આવી રીતે બે સ્વતંત્ર પદાર્થને વ્યવહારે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને પરસ્પર એક ક્ષેત્રાવગાહ સંયોગ થાય છે. છતાં એકબીજાની અવસ્થા કરી શકવાપણે સંબંધ નથી, આ માનવું તે અભૂતાર્થ (વ્યવહાર) નયને કબૂલ્યો કહેવાય. નિમિત્ત અને વિકારી યોગ્યતારૂપ અવસ્થાને કબૂલ્યા પછી પૂર્ણ અવિકારી ધ્રુવ સ્વભાવને જોવાનું મુખ્ય રહે છે. સ્વભાવના જોરે અંદરથી નિર્મળ અવસ્થા ઊઘડે છે, વારંવાર અખંડ નિર્મળ એકાકાર જ્ઞાયક સ્વભાવની દઢતાનું જોર ઘૂટાય છે. આ સમ્યગ્દર્શન અને સંવર થવાની પહેલી વાત છે.

શુભ ઉપયોગ :જે ઉપયોગ પરમ ભટ્ટારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની સિદ્ધની અને આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવસમૂહની અનુકંપા આચરવામાં પ્રવર્તે છે, તે શુભ ઉપયોગ છે. (૨) દેવપૂજા, સ્વાધ્યાય, દયા, દાન વગેરે શુભ ભાવ રૂપ આચરણ. (૩) ઈન્દ્રિયસુખનાં સાધન, દેવ,ગુરુ,યતિની પૂજામાં, દાનમાં, સુશીલોમાં તથા ઉપવાસાદિકમાં રુચિ ધરાવનાર આત્મા શુભોપયોગાત્મક છે.

જયારે આ આત્મા દુઃખના સાધનભૂત એવી દ્વેષરૂપ તથા ઈન્દ્રિય વિષયના અનુરાગરૂપ અશુભ ઉપયોગની ભૂમિકાને ઓળંગી જઈને, દેવ,ગુરુ,યતિની પૂજા, દાન,શીલ, અને ઉપવાસઆદિની પ્રીતિ સ્વરૂપ ધર્માનુરાગને અંગીકૃત કરે છે ત્યારે તે ઈન્દ્રિય સુખના સાધનભૂત શુભોપયોગ ભૂમિકામાં આરૂઢ કહેવાય છે.

શુભ ઉપયોગનું સ્વરૂપ :જે જિનેનદ્રોને જાણે છે. સિધ્ધોને તથા અણગાદ્યેને (આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને) શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનુકંપાયુકત છે, તેને શુભ ઉપયોગ છે.

વિશિષ્ટ(ખાસ પ્રકારની) ક્ષયોપશમ દશામાં રહેલા દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી જે ઉપયોગ પરમ

શુભ-અશુભ અને મિશ્ર(મધ્યમ) પ્રકારના ભાવ :એ ત્રણે કષાયભાવ છે, તેનાથી આત્માને કાંઈ ગુણ નથી.

શુભ-અશુભ ઉપયોગ :જ્ઞાન-દર્શનનું સારું નરસું પરિણમન.

શુભ અશુભ ક્રિયા :ઝેર ને અમૃત સરખાં છે એમ જ્ઞાનીઓએ કહ્યું હોય તો તે અપેક્ષિત છે. ઝેર અને અમૃત સરખાં હોવાથી ઝેર ગ્રહણ કરવાનું કહ્યું છે એમ નથી. ક્રિયા, શુભ અને અશુભનો નિશેધ કહ્યો હોય તો મોક્ષની અપેક્ષાએ છે. જેથી કરી શુભ અને અશુભ ક્રિયા સરખી છે એમ ગણી લઈ અશુભ ક્રિયા

કરવી, એવું જ્ઞાનીપુરુષનું કથન હોય જ નહીં. સત્પુરુષનું વચન અધર્મમાં ધર્મનું સ્થાપન કરવાનું હોય જ નહિ.

જે ક્રિયા કરવી તે નિર્દંભપણે, નિહંકારપણે કરવી, ક્રિયાના ફળની આકાંક્ષા રાખવી નહીં. શુભક્રિયાનો કાંઈ નિષેધ છે જ નહીં, પણ જયાં જયા શુભ ક્રિયાથી મોક્ષ માન્યો છે. ત્યાં ત્યાં નિષેધ છે. ઉપદેશ છાયા-૧૧

શુભ-અશુભ બંધ :પ્રથમ તો દ્રવ્યબંધ વિશિષ્ટ પરિણામથી હોય છે. પરિણામનું વિશિષ્ટપણું રાગ-દ્વેષ-મોહમયપણાને લીધે છે. જે શુભ અને અશુભપણાને લીધે દ્વૈતને અનુસરે છે. ત્યાં મોહ-દ્વેષ-મયપણા વડે અશુભપણું હોય છે, અને રાગમયપણાવડે શુભપણું તેમજ અશુભપણું હોય છે કારણ કે રાગ વિશુદ્ધ તેમ જ સંકલેશવાળો હોવાથી દ્વિવિધ હોય છે.

મોહમય પરિણામ તેમજ દ્વેષમય પરિણામ અશુભ છે.

ધર્માનુરાગ વિશુદ્ધિવાળો હોવાથી ધર્માનુરાગમય પરિણામ શુભ છે. વિષયાનુરાગ સંકલેશવાળો હોવાથી વિષયાનુરાગ પરિણામ અશુભ છે.

પ્રથમ તો પરિણામ દ્વિવિધ છે- પરદ્રવ્યપ્રવૃત્ત (પરદ્રવ્ય પ્રત્યે પ્રવર્તતો) અને સ્વદ્રવ્ય પ્રવૃત્ત તેમાં પરદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરકત (પરના નિમિત્તે વિકારી) હોવાથી વિશિષ્ટ પરિણામ છે અને સ્વદ્રવ્યપ્રવૃત્ત પરિણામ પર વડે ઉપરકત નહિ હોવાથી અવિશિષ્ટ પરિણામ છે. ત્યાં વિશિષ્ટ પરિણામના પૂર્વોકત બે ભેદ છેઃ શુભ પરિણામ અને અશુભ પરિણામ , તેમાં પુણ્યરૂપ પુદ્ગલના બંધનું કારણ હોવાથી શુભપરિણામ પુણ્ય છે. અને પાપરૂપ પુદ્ગલના બંધનું કારણ હોવાથી શુભ પરિણામ પુણ્ય છે. અને પાપરૂપ પુદ્ગલના બંધનું કારણ હોવાથી અશુભ પરિણામ પાપ છે. અવિશિષ્ટ પરિણામ તો શુદ્ધ હોવાથી એક છે, તેથી તેના ભેદ નથી. સ્વાત્મદ્રવ્યમાં પ્રવર્તતો એવો શુદ્ધ પરિણામ, કાળે સંસારદુઃખના હેતૂભૂત કર્મપુદ્ગલના ક્ષયનું કારણ હોવાથી સંસાર દુઃખના હેતુભૂત કર્મપુદ્ગલના ક્ષયસ્વરૂપ મોક્ષ છે.

શુભ-અશુભ ભાવ કેવાં છે? :પુણ્ય-પાપને ઉત્પન્ન કરનારા છે પણ આત્માની શુદ્ધાતને તે ઉત્પન્ન કરનાર નથી. શુભ લાગણી પુણ્યબંધનનો ભાવ છે. અશુભલાગણી પાપબંધનનો ભાવ છે. બન્ને વિકાર છે ને તેથી આત્માના ગુણમાં મદદગાર નથી. હિંસા, અસત્ય, ચોરી,અબ્રહ્મ,પરિગ્રહની મૂર્છા વગેરે અશુભ ભાવ છે, ને તેનાથી પાપબંધ થાય છે.

અહિંસા,સત્ય,અચૌર્ય,બ્રહ્મચર્ય,સેવા,પૂજા,વ્રત,ભકિત આદિ શુભભાવ છે. તેનાથી પુણ્યબંધ થાય છે.

અવિકારી આત્મધર્મ તે બંન્નેથી જુદો છે. આત્મામાં પરનું ગ્રહણ કરવું કે છોડવું એવો કોઈ સ્વભાવ નથી. તેમજ શુભ-અશુભ વૃત્તિ પણ પરમાર્થે તેનું સ્વરૂપ નથી. વળી પ્રમત્ત અને અપ્રમત્ત જોવા ભેદ પણ તેનામાં નથી. તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહેવાય છે.

શુભ-અશુભભાવ :શુભ-અશુભભાવ તે ભાવકર્મ છે.

શુભઉપયોગ :જે જિનેન્દ્રોને જાણે છે, સિદ્ધોને તથા અણગારોને (આચાર્યો, ઉપાધ્યાયો, અને સાધુઓને શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનકંપાયુકત છે તેને તે શુભ ઉપયોગ છે.

વિશિષ્ટ (ખાસ પ્રકારની) ક્ષયોપશમ દશામાં રહેલાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ પુદ્ગલો અનુસાર પરિણતિમાં લાગેલો હોવાને લીધે શુભ ઉપરાગ ગ્રહ્યો હોવાથી , જે (ઉપયોગ) પરમ ભદારક, મહા દેવાધિદેવ, પરમેશ્વર એવા અર્હંતની સિદ્ધની અને સાધુઓની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવસમૂહોની અનુકંપા આચરવામાં પ્રવેર્તે છે તે શુભ ઉપયોગ છે. (૨) શુભઉપયોગ તો બંધનું અથવા સંસારનું કારણ છે ફમ શુદ્ધ ઉપયોગ તે નિર્જરા-મોક્ષનું કારણ છે. (૩) દેવપૂજા, સ્વાધ્યાય,દયા,દાન વગેરે શુબભાવરૂપ આચરણ.

શુભનામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરના અવયવ સુંદર હોય, તેને શુભનામ કર્મ કહે છે.

શુભભાર :શુભપ્રકાર

શુભભાવ :કષાયના વિપાકનું મંદપણું જેમનું લક્ષણ છે એવાં જે વિશુદ્ધિસ્થાનો તે બધાંય જીવને નથી. રાગની મંદતાના જે અસંખ્ય પ્રકાર (શુભભાવ) છે તે

જીવને નથી એમ કહે છે. પર્યાયમાં જે અસંખ્ય પ્રકારના શુભભાવ થાય છે તે, જ્ઞાનાનંદ સ્વરૂપ છે જેનું એવા શુદ્ધ આત્મામાં નથી. તે બધાય ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે. કેમ ભિન્ન છે? કેમ કે શુદ્ધ આત્મદ્રવ્યની અનુભૂતિથી તેઓ ભિન્ન રહે છે. આત્માથી ભિન્ન છે એમ કહીને દ્રવ્ય લીધું અને અનુભૂતિથી ભિન્ન કહીને વર્તમાન પર્યાયની વાત લીધી.

ભાઈ! વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. શુભભાવ કરીને પણ અજ્ઞાન વડે અનાદિથી જન્મ-મરણના ૮૪ના ફેરામાં ફરી રહ્યો છે. અહીં કહે છે કે જે શુકલલેશ્યાના શુભભાવો કરીને નવમી ગ્રૈવેયક ગયો તે શુભભાવ પણ વસ્તુમાં આત્મામાં નથી. છતાં શુભભાવથી કલ્યાણ થશે એમ માને છે એ મોટું અજ્ઞાન છે. ભાઈ! અન્ય જીવોની રક્ષાનો શુભભાવ હો કે જે વડે તીર્થંકરગોત્ર બંધાય તે શુભભાવ હો-એ સઘળાય શુભભાવ શુદ્ધ જીવવસ્તુમાં નથી કેમ? કેમ કે શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં, અનુભૂતિથી તે સઘળાય શુભભાવો ભિન્ન રહી જાય છે. અનુભવમાં આવતા નથી.

પ્રશ્નઃ- શુભભાવ જીવને નથી તો શું જડને છે? ક્ષાયિક ભાવનાં સ્થાનો જીવને નથી તો શું જડને છે? ક્ષાયિકભાવ તો સિદ્ધને ય છે. સાતમી ગાથામાં કહ્યું કે-જ્ઞાનીને દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી તો શું અજ્ઞાનીને હોય છે.? જડને હોય છે?

સમાધાનઃ-ભગવાન! જરા ધીરજથી સાંભળ, ભાઈ. જે ભેદો દ્રવ્ય સ્વભાવમાં નથી એમ કહેવું છે. જે અપેક્ષાએ વાત ચાલતી હોય તે અપેક્ષાએ વાતને સમજવી જોઈએ. બાપુ! જ્ઞાનીને એટલે કે જ્ઞાયકભાવમાં આ જ્ઞાન,દર્શન,ચારિત્ર એવા ભેદ નથી. જ્ઞાયક તો અભેદ ચિન્માત્ર વસ્તુ છે. વળી જ્ઞાન,દર્શન આદિ ભેદનું લક્ષ કરવા જતાં રાગ થાય છે. જેથી અભેદની દષ્ટિ કરાવવા ભેદ નથી એમ કહ્યું છે. જ્ઞાયકની દષ્ટિ થતાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદો જ્ઞાયકમાં ભાસતા નથી. આવી વાત અભ્યાસ વિના સમજવી કઠણ પડે પણ શું થાય? આ વાતને અંતરમાં બેસાડવા તેને ઉગ્ર પુરુષાર્થ કરવો જોઈએ.

પર્યાયમાં જે કાંઈ શુભભાવ-કષાયની મંદતાનાં વિશુદ્ધસ્થાન થાય છે તે બધા પુદ્ગલનાં પરિણામ છે અને તેથી અનુભૂતિથી ભિન્ન છે. આત્મા અખંડ, અભેદ, શુદ્ધ ચૈતન્ય ઘનવસ્તુ છે. વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ ઢાળતાં અભેદ વસ્તુ જણાય છે. પણ આ વિશુદ્ધિસ્થાનના ભેદો તેમાં દેખાતા નથી. અહાહા! શુદ્ધ દ્રવ્યને બનાવતાં જે નિર્મળ ધ્યાનની વર્તમાન પર્યાય ઉદિત થઈ એમાં આ વ્યવહારનયના શુભભાવ દેખાતા નથી. શુભભાવ ધ્યાનની અનુભૂતિથી ભિન્ન રહી જાય છે. માટે તે શુભભાવ જીવના નથી. તેથી તે લક્ષ કરવા યોગ્ય નથી. વર્તમાન અવસ્થા અંદર ધ્રુવ, અભેદ ચૈતન્ય સામાન્ય તરફ વળતાં ભલે તે અવસ્થામાં આ ધ્રુવ અભેદ ચૈતન્ય સામાન્ય છે. એવો વિકલ્પ નથી પણ એવું જ્ઞાન-શ્રદ્ધાનનું નિર્મળ પરિણમન છે અને તે અનુભૂતિ છે. એ અનુભૂતિમાં શુભભાવના ભેદો આવતા નથી પણ ભિન્ન રહી જાય છે. જેતી શુભભાવ જીવને નથી એમ અહીં કહ્યું છે. (૨) સમ્યદગ્દર્શન જેને હોય. જેને અભેદની દષ્ટિ થઈ હોય તેને જ શુભભાવમાં અશુભ રાગ મટે છે. પણ જેને વસ્તુની દષ્ટિ થઈ નથી જે ચૈતન્યનિધાન છે તે નજરમાં આવ્યું નથી તે જીવને શુભભાવ વખતે અશુભભાવ ધર્યો જ નથી. શુભાશુભભાવ રહિત શુદ્ધ ચૈતન્યવસ્તુને જામ્યા વિના શુભભાવ વખતે અશુભ ઘટે એમ ત્રણ કાળમાં બનતુ નથી કેમકે તેને મિથ્યાત્વ તો આખું પડયું છે. ભાઈ! ત્રિકાળી પૂર્ણ આનંદના નાથને જેણે અનુભવમાં લીધો છે તેને શુબાભાવ વખતે અશુભ ઘટે છે અને તે ક્રમે રાગ ઘટીને નાશ થઈ ઝાય છે. જેમાં રાગ નથી, ભવ નથી ભવના ભાવ નથી, અપૂર્ણતા નથી એવા પૂર્ણ સ્વભાવમય શુદ્ધ ચૈતન્ય ભગવાનના નિધાનને જેમે જોયું છે તેને શુભભાવ વખતે અશુભ ઘટે છે અને તે શુદ્ધ ચૈતન્યવસ્તુના આશ્રયે શુભભાવને પણ ઘટાડીને કેમ કરી સ્વશ્રયન પૂર્ણતા કરી મુકિત પામશે. (૩) વિભાવ સ્વભાવ, જડ સ્વભાવ, એ ચૈતન્ય સ્વભાવનથી. (૪) અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સેવા, પૂજા,વ્રત, ભકિત આદિ શુભભાવ છે ને તેનાથી પુણ્યબંધ થાય છે. (૫) વિકારી(આસ્રવ) ભાવ (૬) ચિત્તશુદ્ધ (૭) દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભકિત, અહિંસા, સત્ય, અચૌર્ય, બઆહ્મચર્ય, અપરિગ્રહ આદિ શુભભાવ. (૮) ચૈતન્યસ્વભાવના ગુણના વિકારરૂપ વિષ્ટા (૯) મંદિર કરાવાં, પૂજા, ભકિત,દયા,દાન,વ્રત,તપ,સામાયિક,પ્રતિક્રમણ,

ઉપવાસ,અઠમ,અઠાઈ,વર્ષીતપ,આયંબીલ લગેરે શુભ ભાવ છે. (૧૦) પ્રશસ્ત રાગ અને મંદ ઉદયે થતા જે વિશુદ્ધ પરિણામ તે મનની પ્રસન્નતારૂપ ઉજવળ પરિણામ તે શુભભાવ છે.

શુભભાવને ઘાતક કેમ કહ્યો છે? :મોક્ષમાર્ગમાં શુભભાવ આવે છે તે શુભભાવ વિકાર છે માટે ઘાતક જ છે. ચોખ્ખી બે ને બે ચાર જેવી વાત છે.

શુભભાવોને એચેતન એવા પુદ[1]ગલદ્રવ્યના પરિણામમય કેમ કહ્યા? :વસ્તુ આત્મા છે એ તો ચૈતન્યઘનસ્વરૂપ છે. અને આ શુભભાવો છે તે ચૈતન્યના સ્વભાવમય નથી. કારણના જેવાં જ કાર્યો હોય છે. જવપૂર્વક જે જવ થાય છે તે જવ જ હોય છે. જેમ જવમાંથી જવ થાય છે તેમ ચૈતન્યમાંથી ચૈતન્ય પરિણામ જ થાય છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. જેમાંથી જ્ઞાન અને આનંદની જ દશા થાય. તેમાંથી જડ, અચેતન, શુભશુભભાવો કેમ થાય? તેથી પાંચ મહાવ્રત અને બાર અણુવ્રતના જે શુભ વિકલ્પો છે તે પુદ્ગલ દ્રવ્યના પરિણામમય છે, ચૈતન્યના પરિણામમય નથી.

અશુદ્ધનિશ્ચયનયથી તેમને જીવના કહેવાય છે. પરંતુ અશુદ્ધ નિશ્ચયનય એટલે જ વ્યવહાર. ખરેખર તો તેઓ પરના આશ્રયે (કર્મોદય નિમિત્તે) થતા હોવાથી એ ભાવો પરના જ છે. અહીં તેમને પુદ્ગલદ્રવ્યના પરિણામ એમ ન કહેતાં અભેદપણે પુદ્ગલદ્રવ્યના પરિણામમય એટલે કે પુદ્ગલદ્રવ્યના પરિણામોથી એકમેક કહ્યા છે.

મંદ કષાયનો ગમે તે ભાવ હોય, ભગવાન કેવળીએ અને પુદ્ગલદ્રવ્યના પરિણામમય કહ્યો છે કેમકે તેમાં ચૈતન્યના નૂરનો અશ નથી. કોઈ એને મોક્ષનો માર્ગ કહે તો એ મહા વિપરીતતા છે. ભલે એ રાગના પરિણામમાં સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણ નથી પણ એ પરિણામમાં ચૈતન્યપણાનો અભાવ છે અને તેથી એ પુદ્ગલના પરિણામમય છે. આ મિથ્યાદષ્ટિ આદિ ગુણસ્થાનો પૌદ્ગલિક મોહકર્મની પ્રકૃતિના ઉદયપૂર્વક થતાં હોયને સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે. જીવ નથી, કેમ કે કારણના જેવાં જ કાર્યો હોય છે.

શુભયુક્ત :શુભોપયોગી

શુભયુક્ત ચર્યા :શુભપયોગી ચારિત્ર

શુભરાગ :શુભભાવ, અહિંસા, સત્ય, દયા-દાન, વ્રત, તપ, ભકિત પૂજા ઈત્યાદિ શુભરાગ તે શુભભાવ છે. (૨) જે શુભરાગ છે તેમાં જેટલી અશુભરાગ ટાળ્યો તે શુદ્ધતા છે. એમ કહેવું તે બરાબર નથી, સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય, પછી તેને શુભરાગ આવે છે અને એમાં અશુભભાવ ટળે છે. પણ શુભરાગ જે રહે છે તેનો ક્રમે અભાવ થઈને પૂર્ણ અભાવ થતાં મોક્ષ પ્રગટ થાય છે. પણ શુભરાગ રહે ને મોક્ષ પ્રગટ થાય એમ ન બને બાપુ ! શુભ રાગ છે એ તો બંધનું જ કારણ છે. (૩) શાસ્ત્રમાં શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે તેનો અર્થ શું ? ચિદાનંદઘન સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્યનું જેને અંતરમાં ભાન વર્તી રહ્યું છે એવા ધર્મી જીવને શુભના કાળે અશુભ (મિથ્યાત્વાદિ) ટળી ગયેલ છે અને ક્રમે કરીને (વધતા જતા અંતર પુરુષાર્થ અને વીતરાગતાના કારણે) શુભને પણ તે ટાળી દે છે, એ અપેક્ષાએ એના શુભરાગને મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે. ત્યાં ખરેખર તો ક્રમે વધતી જતી વીતરાગતા જ મોક્ષનું પરંપરા કારણ છે, પણ તે તે ખાળમાં અભાવરૂપ થતો જતો શુભરાગ આવો હોય છે તેનું જ્ઞાન કરાવવા ઉપચારથી તેને મોક્ષનું પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. ખરેખર તે કાંઈ મોક્ષનું કારણ યા પરંપરા કારણ છે એમ નથી, ખરેખર તો રાગ અનર્થનું જ કારણ છે તે અર્થનું-હિતનું કારણ કેમ થાય ? કદીય ન થાય આવી વાત છે જગત માને કે ન માને, આ સત્ય છે.

શુભવાર :શુભ પ્રકાર

શુભવિકલ્પ :શુભરાગ

શુભાભાવ :શુભભાવ પણ આત્મસ્વભાવને મદદગાર નથી, એવી સમજણ વિના માત્ર પુણ્યની ક્રિયા કરી ને તેથી અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી જે જીવ ગયો તેની શ્રદ્ધા વ્યવહારે તો બહુ ચોકખી હોય છે. કેમ કે સંપીર્ણ વ્યવહારશુદ્ધિ વિના નવમી ગ્રૈધેયક સુધી જઈ શકાય નહિ. પણ અંતરમાં પરમાર્થ શ્રદ્ધાન ન હતું તેથી તેનું ભવભ્રમણ ટળ્યું નહિ.

શુભાશુભભાવ :શુબાશુભભાવ મોક્ષનો માર્ગ નથી પણ ભંધનમાર્ગ થે. સંસારમાં રખડવાનો માર્ગ છે. રાગરહિત દર્શન, જ્ઞાન, ચારિત્રને ભગવાને સદ્‌ભૂતવ્યવહાર-મોક્ષમાર્ગ કહ્યો છે.

શુભોપયોગની મુખ્ય-ગૌમતા :દર્શન અપેક્ષાએ તો શ્રમણને તેમ જ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને શુદ્ધાત્માનો જ આશ્રય હો. પરંતુ ચારિત્ર અપેક્ષાએ શ્રમણને મુનિયોગ્ય શુદ્ધાત્મપરિણતિ મુખ્ય હોવાથી શુભોપયોગ ગૌણ છે અને સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને મુનિયોગ્ય શુદઅદાત્મપરિણતિને નહિ પહોંચાતુ હોવાથી અશુભવંચનાર્થે શુભોપયોગ મુખ્ય છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને અશુભથી (વિશેષ અશુભ પરિણતિથી) છૂટવા માટે વર્તતો જે આ શુભોપયોગનો પુરુષાર્થ તે પણ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે, કારણ કે શુદ્ધાત્મ દ્રવ્યના મંદ આલંબનથી અશુભ પરિણતિ પલટાઈને શુભ પરિણતિ થાય ચે અને શુદ્ધાત્મ દ્રવ્યના ઉગ્ર આલંબનથી શુભ પરિણતિ પણ પલટાઈને શુદ્ધ પરિણતિ થાય છે.

શુભોપયોગમૂલક :પુણ્યના ફળરૂપ

શુભોપયોગી :સર્વ દોષ રહિત પરમાત્મા તે દેવ, ભેદાભેદ રત્નત્રયના પોતે આરાધક, તથા તે આરાધનાના અર્થી અન્ય ભવ્યજીવોને જિનદિક્ષા દેનાર, તે ગુરુ, ઈન્દ્રિયજય કરીને શુદ્ધાત્મસ્વરૂપમાં પ્રયત્નપરાયણ તે યતિ. આવા દેવ-ગુરુ યતિનીકે તેમની પ્રતિમાની પૂજામાં આહારાદિ ચતુર્વિધ દાનમાં, આચારાંગાદિ શાસ્ત્રોમાં કહેલાં શીલવ્રતોમાં તથા ઉપવાસાદિક તપમાં પ્રીતિ તે ધર્માનુરાગ છે. જે આત્માદ્વેષરૂપ અને વિષયાનુરાગરૂપ અશુભોપયોગને ઓળંગી જઈને ધર્માનુરાગને અંગીકાર કરે છે, તે શુભપયોગી છે.

આ આત્મા ઈન્દ્રિયસુખના સાધનભૂત શુભોપયોગના સામર્થ્યથી તેના અધિસ્થાનભૂત (ઈન્દ્રિયસુખના સ્થાનભૂત-આધારભૂત એવી), તિંથચપણાની, મનુષ્યપણાની અને દેવપણાની ભૂમિકાઓમાંથી કોઈએક ભૂમિકાએ પામીને જેટલો કાળ (તેમાં) રહે છે. જેટલો કાળ અનેક પ્રકારનું ઈન્દ્રિયસુખ પામે છે. (૨) શુભપયોગી શ્રમણ આસ્રવ સહિત છે. (૩) જે આત્મા દ્વેષરૂપ અને વિષયાનુરાગરૂપ અશુભોપયોગને ઓળંગી જઈને ધર્માનુરાગને અંગીકાર કરે છે તે શુભોપયોગી છે.

શુભોપરકતભાવ :શુભરૂપ વિકારી ભાવ

શૂન્ય :અભાવ, ખાલી મીંડું(અંકોમાનું) (૨) નહિ હયાત એવું, અસત્, નાસ્તિ (૩) નહિ હયાત એવું, અસત્ (૪) ખાલી

શૂન્યવાદ :કંઈ નથી એમ માનનાર, એ બૌદ્ધધર્મનો એક ફાંટો છે.

શૈક્ષ :શિક્ષણ લેવા માગતું કે શીખવા માંડેલું. શિખાઉ, વિદ્યાર્થી

શૈક્ષ્ય :શિક્ષણ ભણીને મેળવેલી નિષઅણતતા.

શૈલ :પર્વત, ગિરિ, ડુંગર, ખડક, પથ્થર

શૈલી :દષ્ટિ. (નિશ્ચયદષ્ટિ, અને વ્યવહારદષ્ટિ, સ્વભાવદષ્ટિ અને પર્યાયદષ્ટિ) (૨) બોલવાની કે શીખવાની ચોકકસ પ્રકારની પધ્ધતિ કે છટા

શૈલેશી અવસ્થા :મેરુ પર્વત જેવી અડોલ-અકંપ-અચલ દશા સર્વ કર્મથી મુકત સિદ્ધ દશા. (૨) સર્વોચ્ચ ભૂમિકામાં પ્રવેશી

શૈલેશીકરણ :શૈલ=પર્વત+ઈશ=મોટો, એટલે પર્વતોમાં મોટા મેરુ જેવા અકંપ ગુણવાળા, મન,વચન,કાયાના યોગની સ્થિરતા વાળા.

શંકનીય :શંકા કરવા યોગ્ય

શંકા :'આતો આમ નંહી, આમ હશે' એવો જે ભાવ તે 'શંકા' (૨) મિથ્યાત્વ, રાગદ્વેષ આદિ બધા દોષોને શંકા કહેવામાં આવે છે. સકળમોહ રાગ-દ્વેષાદિક દોષો એટલે શંકા.

શંકા અને આશંકા :શંકા એટલે સંદેડ, આ વસ્તુ આમ હશે કે નહિ, અને આશંકા એટલે આમાં કેવી રીતે હશે તેમ ઝાણવાની જિજ્ઞાસા. આ રીતે શંકા અને આશંકામાં ફેર છે. (૨) શંકા અને આશંકામાં ફેર છે. શંકા એટલે સંદેહ કે આ વસ્તુ આમ હશે કે નહિ અને આશંકા એટલે આમાં આ કેવી રીતે હશે તેમ જાણવાની જિજ્ઞાસા. આ રીતે શંકા અને આસંકામાં ફેર છે.

શંકા ખોઈ :શંકા હતી તે ટાળી ગઈ, નિઃશંકતા પ્રાપ્ત થઈ.

શ્રવણ :શ્રવણ એ પવનની લહેર માફક છે. જે આવે છે, અને ચાલ્યું જાય છે. વધારે શ્રવણ કરવાથી મનનશકિત મંદ થતી જોવામાં આવે છે.

શ્રદ્ધા :શ્રદ્ધાનો વિષય ત્રિકાળ નિરપેક્ષ દ્રવ્ય છે. સામાન્ય ધ્રુવ સ્વભાવ અભેદપણે, નિર્મળપણે લક્ષમાં લેવો તે છે, અને નિશ્ચયનો વિષય પણ અભેદ નિર્મળ છે. પણ નિશ્ચયનો વિષય શ્રદ્ધા-સમ્યગ્દર્શન નથી, કારણ કે સમ્યગ્દર્શન તે પર્યાય છે, સમ્યગ્જ્ઞાન તથા ચારિત્ર પણ પર્યાય ચે. અને પર્યાયના ભેદ તે વ્યવહારનો વિષય છે. જ્ઞાનીને દર્શન, જ્ઞાન,ચારિત્ર વિદ્યમાન નથી કારણ કે તે પર્યાય છે. ખંડ છે. વ્યવહારનયનો વિષય છે અને અભેદદષ્ટિમાં નિશ્ચયમાં બંધ-મોક્ષ, સાધ્ય-સાધક વગેરે બધી પર્યાય ગૌણ થઈ ઝાય છે. સામાન્ય વિશેષપણું એક જ સમયે છે, તેમાં નિશ્ચયના વિષય ઉપર દષ્ટિ કરનાર સમ્યક્ દષ્ટિ છે. એક સમયે એક પર્યાય પ્રગટ હોય-પર્યાયના ભેદ વ્યવહારનો વિષય હોવાથી અભૂતાર્થ છે, અર્થાત્ ત્રિકાળ વિદ્યમાન નથી, તેથી શુદ્ધનય વડે ભેદને ગૌણ કરાય છે. (૨) માન્યતા, વિશ્વાસ, પ્રતીતિ (૩) જ્ઞાન દ્વારા શ્રદ્ધાનું લક્ષ થાય છે. છતાં શ્રદ્ધા શ્રદ્ધાથી -(સ્વભાવ ઉપર લક્ષ કરવાથી) પ્રગટે છે. અને શ્રદ્ધાના સમ્યક્પણાને લીધે જ્ઞાનમાં પણ સમ્યક્પણું આવે છે. શુદ્ધનય(સમ્યક્ શ્રુતજ્ઞાનના અંશ) વડે આત્માને પરથી નિરાળો, અંખડ જ્ઞાયચકપણે લક્ષમાં લેવો અને એ જ સ્વરૂપે ત્રિકાળી રહે છે તેમ માનવું તે સમ્યક્શ્રદ્ધા છે. (૪) સ્વભાવ ઉપર લક્ષ કરવાથી શ્રદ્ધા પ્રગટે છે. (૫) વિશ્વાસ, જે વિશ્વાસ કરે છે તે ભગવાન આત્મા છે. પરમાં વિશ્વાસ કરે છે કે કાલે કદાય પાપનો ઉદય આવશે તો શું થશે? માટે પૈસા વગેરે સંઘરી રાખો. એમ પરનો વિશ્વાસ કરનાર ભલે આત્માનો વિશ્વરસ નથી કરતો, પણ અપ્રગટપણએ પૂર્વ કર્મનું અસ્તિપણું સ્વીકારે છે. તેથી આત્માનું અસ્તિપણું પણ પૂર્વે હતું એમ તેમાં અપ્રગટપણે સ્વીકારાઈ જાય છે.

પૂર્વે કોઈ પાપના ભાવ કર્યા હોય તો પ્રતિકૂળતા આવે એમ જો કે હજી કોઈ પ્રતિકૂળતા ભાળી નથી કે આવી નથી તો પણ તેનો વિશ્વાસ કરે છે, જડ કર્મને કંઈ ખબર નથી કે અમે (૬) શ્રદ્ધાનું કાર્ય પ્રતીત કરવાનું છે. (૭) માન્યતા, વિશ્વાસ, પ્રતીતિ, અભિપ્રાય, સમજણ. (૮) જ્ઞાન દ્વારા શ્રદ્ધાનું લક્ષ થાય છે. છતાં શ્રદ્ધા શ્રદ્ધાથી (સ્વભાવ ઉપર લક્ષ કરવાથી) ર્પગટે છે અને શ્રદ્ધાના સમ્યક્પણાને લીધે જ્ઞાનમાં પણ સમ્યક્પણું આવે છે.

શ્રદ્ધાન :દઢ વિશ્વાસ, પ્રતીતભાવ, પ્રતીતિ.

શ્રદ્ધાનાં લેવો :લક્ષમાં લેવો

શ્રદ્ધાશકિત :શ્રદ્ધાશકિત ત્રિકાળ છે. આ જ્ઞાનાનંદમય ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તે હું છું એવી પ્રતીતિ-શ્રદ્ધાન થાય તેનું કાર્ય છે. સમ્યગ્દર્શન રૂપ થવું તે શ્રદ્ધાશકિતનું કાર્ય ચે.

શ્રદ્ધા :રુચિ, ભાવ, પ્રેમ, તલ્લીનતા (૨) નિશ્ચય, અનુભવ (૩) વિશ્વાસ, યકીન, આસ્થા, ભરોસો, દઢ સંકલ્પ

શ્રદ્ધાગુણ :જે ગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાવ (યથાર્થ પ્રતીતિ) થાય તેને શ્રદ્ધા (સમ્યક્ત્વ) કહે છે.

શ્રમણ :આત્માને તપથી પરિશ્રમ કરાવનારા તે શ્રમણ (૨) મુનિવર (૩) મહાશ્રમણો, સર્વજ્ઞવીતરાગદેવો (૪) શ્રમણના બે ભેદ છે, સંયમીઓને દીક્ષા આપનાર, સૂરિ, ગુરુ, આચાર્ય કહેવાય છે. બાકીના શ્રમણ, જે સંયમમાં દોષ લગાડતાં પોતાના ઉપદેશ દ્વારા તે છેદ પ્રાપ્ત મુનિને સંયમમાં સ્થાપિત કરે છે તે નિર્યાયક કહેવાય છે. (૫) શ્રમણોના બે મુખ્ય ભેદો છે. એક સૂરિ અને બીજો નિ?ાપક સૂરિ જેને આચાર્ય તથા પ્રવસનસારના કર્તાના શબ્દોમાં ગુરુ પણ કહે છે, તે જિનલિંગ ગ્રહણના ઈચ્છુક સંયમીઓ-મુમુક્ષુઓને પ્રવ્રજયા-દીક્ષા આપે છે. બાકીના તે બધા શ્રમણોને નિર્યાપક બતાવ્યા છે. નિર્યાપક ગુરુઓને શિક્ષાગુરુ અથવા શ્રુતગુરુ કહે છે. (૬) મુનિવર (૭) શ્રમણના ચાર ભેદ છેઃ-

(૧) ઋષિ =ઋદ્ધિ સહિત શ્રમણ તે ઋષિ છે.

(૨) મુનિ = અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન વા કે વળજ્ઞાન સહિત શ્રમણ તે મુનિ છે. (૩) યતિ = ઉપશમક કે ક્ષયક શ્રેણિમાં આરૂઢ શ્રમણા તે યતિ છે.

(૪) અણગાર =ઉપરોકત ત્રણ સિવાયના અર્થાત્ ઋદ્ધિ વિનાના, અવધિ, મનઃપર્યાય કે કેવળજ્ઞાન વિનાના અને શ્રેણિ વિનાના શ્રણણ તે સામાન્ય સાધુ અણગાર છે. તે

પાંચમાં ગુણ સ્થાનથી ઉપર અને આઠમા ગુણસ્થાનથી નીચે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં વિરાજમાન હોય છે.

શ્રમણ ભગવાન :સાધુ ભગવાન અથવા મુનિ ભગવાન

શ્રમણઆભાસ :મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનારા.

શ્રમણના ચાર પ્રકાર :(૧) ઋષિ, (૨)મુનિ,(૩)મતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે. અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અથવા કેવળ જ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે, ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે, અને સામાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણે ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

શ્રમણના મૂળગુણ :પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય નિરોધ, છ આવશ્યક, કેશલોચ, અસ્નાન, અચેલપણું(નગ્નપણુ), અદંતધાવન, ભૂમિશયન, ઊભા રહીને ભોજન કરવું અને એકવખત ભોજન આ યોગીના અઠ્ઠાવીસ મૂળગુણ છે જે સદા પાળવા યોગ્ય છે.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રત છે, ઈર્ષા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિઓના નામ છે. સ્પર્શન, રસના, ઘ્રાણ,છક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયો જેમનો નિરોધ-વશ કરવું અહીં વિવિક્ષિત છે. સામાયિક, સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન આ છ પરમ આવશ્યક છે, જેમનું સ્વરૂપ આ બદા મૂળગુણ શ્રમણ દિગંબર જૈન મુનિએ અવશ્ય પાળવા યોગ્ય છે.

શ્રમણસંઘ :શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે :- (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. (૧) ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે, (૨) અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળ જ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે, (૩) ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે., (૪) અને સમાન્ય સાધુ તે અણગાર છે. આ પ્રમાણએ ચાર પ્રકારનો શ્રમણસંઘ છે.

શ્રમણાભાસ :દ્રવ્યલીંગ મુનિપણું (૨) મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવડાવનાર. (૩) મુનિના ગુણો નહિ હોવા છતાં પોતાને મુનિ કહેવરાવનાર.

શ્રમણો :આચાર્યો, ઉપાધ્યાયો ને સાધુઓ(જેઓ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારવાળા છે) (૨) મહાશ્રમણો, સર્વજ્ઞ વીતરાગદેવો (૩) આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ (૪) આચાર્યો, ઉપાધ્યાયો ને સાધુઓ (૫) આચાર્યો, ઉપાધ્યાયો ને સાધુઓ (૬) આચાર્યો, ઉપાધ્યાયો ને સાધુઓ

શ્રમણોપાસક :શ્રાવક

શ્રાદ્ધોત્પત્તિ :શ્રાદ્ધ એટલે શ્રાવકધર્મ અને ઉત્પત્તિ એટલે પ્રગટતા, શ્રાવકધર્મની પ્રગટતા

શ્રેમિખ મહારાજા :શ્રેણિક મહારાજાનો જીવ આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકરપદ પામશે. જેવા ભગવાન મહાવીર આ ચોવીશીમાં છેલ્લા તીર્થંકર હતા લગભગ તેવી સ્થિતિ તે કાળે પ્રથમ તીર્થંકરની થવાની છે. તેઓ અત્યારે પ્રથમ નારક ક્ષેત્રમાં ચોરાશી હજાર વર્ષની આ?ુષ્ય સ્થિતિથી છે. તેમણે એક મહામુનિની આશાતના કરેલી, તેમના ગાળામાં મરેલો સાપ નાખ્યો તેથી કીડીઓએ મુનિના દેહને કોરી નાખ્યો હતો. ત્યાં રાજાએ વીતરાગી સાધક ધર્મનો અનાદર કર્યો, એ તીવ્ર કષાયનું ફળ નારક ક્ષેત્રમાં આવે તેથી ત્યાંનું આયુષ્ય બંધાયું, તે ક્ષેત્રે તીવ્ર પ્રતિકુળતાના સંયોગો છે. છતાં તેઓ ક્ષાયિક સમકિતી છે તેથી ત્યાં પણ આત્માની શાંતિ ભોગવે છે. ત્રણ કષાય જેટલો રાગ છે તેથી પોતાની નબળાઈ પૂરતું દુઃખ છે, સંયોગથી દુઃખ નથી, ત્યાં આયુષ્ય પૂરું થવા પહેલાં છ મહિને નવું આયુષ્ય બંધાશે. ત્યારે ભવિષ્યમાં છનાર તીર્થંકરની માતા પાસે ઈન્દ્રો આવી, નમન કરી રત્નો વરસાવશે, અને જયારે નરકાયું પૂરું થઈ તેઓ માતાના ગર્ભમાં આવછે ત્યારે ઈન્દ્રો માતાની સ્તુતિ કરી મોટો ઉત્સવ કરશે, પછી જન્મ સમયે ઈન્દ્રો ચરણ સેવશે અને વર્તમાન સાક્ષાત તીર્થંકર પરમાત્મા છે એમ ભકિત વડે વીતરાગનું બહુમાન કરશે,

ઈન્દ્ર પોતે સમ્યગ્દષિટ છે, તેને પૂર્ણ વીતરાગના ગોઠી છે તે નજીક લાવવા માટે વીતરાગનો વર્તમાનમાં આરોપ કરી ભકિત કરે છે.

શ્રેય :આત્માનું કલ્યાણ કરનારું-વધારનારું. (૨) કલ્યાણ

શ્રેયસ્કર :શ્રેયકારી, કલ્યાણકારી

શ્રાંત :શ્રમિત, થાકેલો

શ્રાદ્ધોત્પત્તિ :શ્રાદ્ધ એટલે શ્રાવકધર્મ અને ઉત્પત્તિ એટલે પ્રગટતા

શ્રામણ્ય વડે :દ્રવ્યમુનિપણા વડે.

શ્રામણ્યનું અંતરંગ લિંગ :મૂર્છા(મમત્વ) અને આરંભ રહિત ઉપયોગની અને યોગની શુદ્ધિથી યુકત તથા પરની અપેક્ષા વિનાનું એવું જિનદેવે કહેલું શ્રમણ્યનું અંતરંગ લિંગ છે, કે જે મોક્ષનું કારણ છે.

શ્રામણ્ય :મુનિપણું (૨) શ્રમણપણું, સાધુપણું (૩) શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવૃત્તિરૂપ મુનિપણું (૪) એકાગ્રતા લક્ષણવાળો મોક્ષમાર્ગ (૫) મુનિપણું શ્રામણ્યનું બીજું નામ મોક્ષમાર્ગ છે. જયાં મોક્ષમાર્ગ છે ત્યાં જ શ્રામણ્ય છે. જેને મોક્ષમાર્ગ નથી તેને શ્રામણ્ય પણ નથી. (૬) વિરતિની પ્રવૃતિને તુલ્ય આત્માનું રૂપ અર્થાત્ વિરતિની પ્રવૃત્તિને મળતી-સરખી આત્મદશા તે શ્રામણ્ય છે. સમાન=તુલ્ય, બરોબર, સરખું, મળતું. (૭) મુનિપણું જેનું બીજું નામ મોક્ષમાર્ગ છે.

શ્રામણ્યે :મુનિપણામાં

શ્રામણ્યે હીન :મુનિપણામાં પોતાનાથી હલકો.

શ્રામણ્યનું બહિરંગ :જન્મ સમયના રૂપ જેવા રૂપવાળું, માથાના અને દાઢીમૂછના વાળનો લોચા કરાયેલું. શુદ્ધ(અકિંચન), હિંસાદિથી રહિત અને પ્રતિકર્મ(શરીરની સજાવટ) વિનાનું એવું શ્રામણ્યનું બહિરંગ લિંગ છે.

શ્રામણ્યવડે :દ્રવ્ય મુનિપણાવડે

શ્રામણ્યાર્થી :શ્રમણ(મુનિ) થવા ઈચ્છનાર

શ્રાવક :જ્ઞાનીના વચનના શ્રોતા, જ્ઞાનીનું વચન શ્રવણ કરનાર. દર્શનજ્ઞાન વગર, ક્રિયા કરતાં છતાં, શ્રુત જ્ઞાન વાંચતાં છતાં શ્રાવક કે સાધુ હોઈ શકે નહિ. ઔદયિક ભાવે તે શ્રાવક, સાધુ કહેવાય, પારિણામિક ભાવે રહેવાય નહીં. (૨) જૈનગૃહસ્થ, સંભળાવનાર (૩) શ્ર એટલે કે વાસ્તવિક તત્ત્વસ્વરૂપ જેમ છે તેમ શ્રવણ કરીને તેની શ્રદ્ધા કરી હોય વ એટલે રાગથી આત્મા પોતે ભિન્ન છે એમ વિવેક કર્યો હોય અને ક એટલે સ્વાનુભવની ક્રિયાનો કરનારો હોય - આનું નામ શ્રવક છે. (૪) જેને સ્વ-પરનો અંતર વિવેક જાગ્યો હોય અને જે રાગથી છૂટો પડી સ્વરૂપમાં રમે તેને શ્રાવક કહેવાય. (૫) ત્રણ પ્રકારના શ્રાવક કહ્યા છે :- પાક્ષિક શ્રાવક, નૈષ્ઠિક શ્રાવક અને સાધક શ્રાવક.

(૧) પાક્ષિક શ્રાવક = પાક્ષિક શ્રાવક સમ્યગ્દર્શનનો ધારક હોય છે, તે સાત વ્યસનોનો ત્યાગી અને આઠ મૂળ ગુણોનો પાળનાર હોય છે.

(૨) નૈષ્ઠિક શ્રાવક =નૈષ્ઠિક શ્રાવક ઉપરની વાતો સહિત બાર વ્રતોનુ પાલન કરે છે. એ નૈષ્ઠિક અવસ્થા જીવન પર્યંત રહે છે.

(૩) સાધક શ્રાવક જ્યારે મરણનો સમય નિકટ આવી જાય છે ત્યારે તે નૈષ્ઠિક શ્રાવક સાધક અવસ્થાને પ્રાપ્ત થઈ શકે છે.

આ રીતે જે મનુષ્ય આ ત્રણ અવસ્થાઓને પ્રાપ્ત કરે છે તે અવશ્ય સ્વર્ગને પામી શકે છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. એ જ મોક્ષ પ્રાપ્તિનો ક્રમ છે.

શ્રાવક આશ્રયી, પરસ્ત્રી ત્યાગ તથા બીજા અણવ્રત વિષે :- :

(૧) જયાં સુધી મૃષા પર સ્ત્રીનો ત્યાગ કરવામાં આવે નહીં ત્યાં સુધી સર્વ ક્રિયા નિષ્ફળ છે, ત્યાં સુધી આત્મામાં છળકપટ હોવાથી ધર્મ પરિમણતો નથી.

(૨) ધર્મ પામવાની આ પ્રથમ ભૂમિકા છે.

(૩) જયાં સુધી મૃષાત્યાગ અને પરસ્ત્રીત્યાગ એ ગુણો ન હોય ત્યાં સુધી વકતા તથા શ્રોતા હોઈ શકે નહીં.

(૪) મૃષા જવાથી ઘણી અસત્ય પ્રવૃત્તિ ઓછી થઈ નિવૃત્તિનો પ્રસંગ આવે છે. સહજ વાતચીત કરતાં પણ વિચાર કરવો પડે.

(૫) મૃષા બોલવાથી જ લાભ થાય એવો કાંઈ નિયમ નથી, જો તેમ હોય તો સાચા બોલનારા કરતાં જગતમાં અસત્ય બોલનારા ઘણા હોય છે, તો તેઓને ઘણો લાભ થવો જોઈએ. જેમ કાંઈ જોવામાં આવતું નથી, તેમ

અસત્ય બોલવાથી લાભ થતો હોય તો કર્મ સાવ રદ થઈ જોય, અને શાસ્ત્ર પણ ખોટાં પડે.

(૬) સત્યનો જય છે. પ્રથમ મુશ્કેલી જણાય, પણ પાછળથી સત્યનો પ્રભાવ થાય ને તેની અસર સામા માણસ તથા સંબંધમાં આવનાર ઉપર થાય.

(૭) સત્યથી મનુષ્યનો આત્મા સ્ફટિક જેવો જણાય છે.

શ્રાવક કોને કહેવાય ? :જેને સંતોષ આવ્યો હોય , કષાય પાતળા પડયા હોય, માંહીથી ગુણ આવ્યા હોય, રાગ મળ્યો હોય તેને શ્રાવક કહેવા.

શ્રાવકની પાંચમી ભૂમિકા :તત્ત્વાર્થનું (તત્ત્વનુ) યથાર્થ ભાન થઈ અંતરમાં અંશે સ્થિરતા ઊધકી તેને શ્રાવકની પાંચમી ભૂમિકા છે.

શ્રાવકવ્રત :૫ અણુંવ્રત, ૩ ગુણવ્રત, અને ૪ શિક્ષાવ્રત એ બાર વ્રત છે.

શ્લિષ્ટ :વળગી રહેલું, ભેટી રહેલું, ચોંટી ગયેલું, ચીપકી પટેલું

શ્રી :કેવળજ્ઞાનરૂપી આત્માલક્ષી (૨) જ્ઞાનરૂપી લક્ષ્મી, સંપદા, જ્ઞાનરૂપી લક્ષામીથી ભરપૂર

શ્રી હ્રી ધી-ધતિ- કીર્તય :શોભા, લજ્જા, બુદ્ધિ, ધૈર્ય અને કીર્તિ આ પાંચ દેવતા છે.

શ્રી અર્હંતનું વિશેષ સ્વરૂપ :

- અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય - એ ચાર તથા બાહ્ય ૩૪ અતિશય, ૮ પ્રતિહાર્ય એમ બાહ્ય અબ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ તે શ્રી અહંત ભગવાનને છે.
- ટશ અતિશય જન્મથી હોય છે; (૧) મલ-મૂત્રનો આ ભાવ, (૨) પરસેવાનો અભાવ, (૩) ધોળું લોહી, (૪) સમચતુરસ, સંસ્થાન, (૫) વ્રજ વૃષભ નારાચ સંહનન, (૬) સુંદર રૂપ (૭) સુગંધશરીર, (૮) ઉત્તમ ભલા લક્ષણ, (૯) અનંતબલ, (૧૦) મધુર વચન.
- ટશ અતિશય કેવળજ્ઞાન ઊપજતાં થયા છે; (૧) ઉપસર્ગનો અભાવ, (૨) અબ્યાનો અભાવ, (૩) શરીરની છાયા પડે નહિ, (૪) ચાર મુખ દેખાય, (૫) સર્વ વિદ્યાનું સ્વામીપણું, (૬) આંખનું મટકું ફરે નહિ, (૭) સો યોજન સુધી દુષ્કાળ પડે નહિ (૮) આકાશગમન (પૃથ્વીથી વીસ હજાર હાથ ઊંચે) (૯) કવલાહાર (સુભિક્ષતા) (આહાર) નહીં (૧૦) નખ કેશ વધે નહીં.
- ચૌદ અતિશય દેવકૃત હોય છે : (૧) સકલ અર્ધમાગધીભાષા, (૨) સર્વ જીવોમાં મૈત્રીભાવ, (૩) સર્વ ઋતુમાં ફળ-ફૂલ ફળે, (૪) દર્પણ સમાન ભૂમિ, (૫) કંટક રહિત ભૂમિ, (૬) મંદ સુગંધીપવન, (૭) સર્વને આનંદ, (૮) ગંધોદક દષ્ટિ, (૯) પગ વડે કમળ રચે, (૧૦) સર્વ ધાન્ય નિપજે, (૧૧) દસે દિશા નિર્મળ, (૧૨) આકાશમાં દેવોના આહ્વાન શબ્દ તથા જય જય ધ્વનિ, (૧૩) ધર્મચક્ર આગળ ચાલે, (૧૪) આઠ મંગળ દ્રવ્ય આગળ ચાલે.
- (આછ મંગળ દ્રવ્યનાં નામ : (૧) છત્ર, (૨) ધ્વજા, (૩) દર્પણ, (૪) કળશ, (૫) ચામર, (૬)ઝારી, (૭) પંખો, (૮) કવણાં.)
- આઠ પ્રતિહાર્યનાં નામો : (૧) અશોક વૃક્ષ, (૩) પુષ્પ વૃષ્ટિ, (૩) દિવ્ય ધ્વનિ, (૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડળ, (૭) દુંદુભિ, (૮) ઈત્ર.

શ્રી ગુરુ :નિર્ગ્રંથ, દિગંબર સંતગુરુ

શ્રી નમસ્કાર મંત્ર :

૧. ણમો અરહંતાણં, ૨. ણમોસિદ્ધાણં, ૩. ણમો આઈરિચાણં, ૪. ણમો ઉવજઝાયાણં, ૫. ણમો લોએ સવ્વસાહૂણં..

અર્થ:- ૧. શ્રી અર્હંતને નમસ્કાર હો, ૨. શ્રી સિદ્ધને, નમસ્કાર હો, ૩. આચાર્યને, નમસ્કાર હો, ૪. ઉપાધ્યાયને, નમસ્કાર હો, ૫. લોકમાં રહેલા સર્વ સાધુઓને, નમસ્કાર હો.

આ નમસ્કાર મંત્ર મહા મંગલ સ્વરૂપ છે.

૧. શ્રી અર્હંતનું સ્વરૂપ:- ધનઘાતિ કર્મ રહિત કેવળજ્ઞાનાદિ પરમગુણો સહિત, અને ચોવીસ અતિશય સંયુકત આવા, અર્હંનો હોય છે.

૨. શ્રી સિદ્ધ નું સ્વરૂપ:- આઠ કર્મનાં બંધનો જેમણે નષ્ટ કરેલ છે, એવા આઠ મહાગુણો સહિત પરમ લોકના અગ્રે સ્થિત અને નિત્ય આવા તે સિદ્ધો હોય છે.

૩. શ્રી આચાર્યનું સ્વરૂપઃ- પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિયરૂપી હાથીનું દમન કરનાર, ધીર અને ગુણગંભીર, આવા આચાર્યો હોય છે.

૪. શ્રી ઉપાધ્યાયનું સ્વરૂપઃ- રત્નત્રયથી સંયુકત, જિન કથિત પદાર્થના શૂરવીર ઉપદેશક, અને નિઃકાંક્ષભાવ સહિત,- આવા ઉપાધ્યાઓ હોય છે.

૫. શ્રી સાધુનું સ્વરૂપઃ- વ્યાપારથી વિમુકત સમસ્ત વ્યાપાર રહિત, ચાર પ્રકારની આરાધનામાં સદા રકત (લીન), નિગ્રંથ અને નિર્મોહ- આવા સાધુઓ હોય છે.

શ્રીમદ્ રાજચંદ્ર :શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ વિ.સં. ૧૯૨૪ના કાર્તકી પૂનમ અને રવિવાર તા.૯-૧૧-૧૮૬૭ ના રોજ મોરબી રાજયના વવાણીયા બંદરે થયો હતો. શ્રીમદ્ ના પિતાનું નામ રવજીભાઈ પંચાણભાઈ મહેતા હતું. માતાનું નામ દેવબાઈ હતું તેમને એક ભાઈ હતા. તેમનું નામ મનસુખભાઈ હતું તેમને ચાર બહેનો હતા. શ્રી શિવકુવરબાઈ શ્રીમદ્થી મોટા હતા અને ઝબકબાઈ , મેનાબાઈ અને જીજીબાઈ શ્રીમદ્થી નાના હતા.

શ્રીમદ્ સંવત ૧૯૪૪ના મહા સુદ૧૨ના દિને ઝવેરી રેવાશંકર જગજીવનના વડીલબંધુ પોપટલાલ જ. ના સુપુત્રી શ્રી ઝબકબહેન સાથે લગ્નગ્રંથિતી જોડાયા હતા. શ્રીમદ્ે પરમશ્રુત-પ્રભાવક મંડળ સ્થાપીને સમયસારાદિ શાસ્ત્રોનું પ્રકાશન થાય તેમ કર્યું હતું. સમયસાર સૌ વાંચે તે અર્થે શ્રીમદે તેનું પ્રકાશન કરાવ્યું હતું. સમયસારની છઠ્ઠી, સાતમી, આઠમી ગાથાઓ તો આત્મધર્મના ઝાડને પાંગરવાનાં મૂળ છે.

શ્રીમાન પંડિતપ્રવર ટોડરમલ્લજી :વિક્રમ સંવતની ૧૮ મી શતાબ્દિના અંતમાં અને ૧૯ મી શતાબ્દિના પ્રારંભમાં ઢુંઢાર દેશના સવાઈ-જયપુર નગરમાં ખંડેરવાલ કુળભૂષણ નિર્ગ્રંથવીતરાગમાર્ગના પરમ શ્રદ્ધાવાન, સાતિશય બુદ્ધિના ધારક અને વિદ્વદ્ જનવલ્લભ પંડિતપ્રવર શ્રી ટોડરમલ્લજીનો ઉદય થયો હતો. તેમના પિતાશ્રીનું નામ જોગીદાસ હતું અને તેમની ખંડેરવાલ દિગંબર જૈન જાતિ તથા ભૌંસા (બડજાત્યા) ગોત્ર હતું. આઠ વર્ષની ઉંમરમાં જ પોતાની પ્રખર બુદ્ધિ દ્વારા લોકોને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધા હતા. મોક્ષશાસ્ત્ર (તત્ત્વાર્થસૂત્ર) આદિ ગ્રંથો તો તેમને શ્રવણમાત્રથી જ કંઠસ્થ થઈ ગયા હતા.

નાની ઉંમરથી જૈનશાસ્ત્રમાં અભ્યાસ કરવાનો ઉદ્યમ થયો. જેથી વ્યાકરણ, ન્યાય, ગણિત આદિ ઉપયોગી ગ્રંથોનો કિંચિત્ અભ્યાસ કરી ટીકાસહિત શ્રી સમયસાર, પંચાસ્તિકાય, પ્રવચનસાર, નિયમસાર, ગોમટ્ટસાર, લબ્ધિસાર, ત્રિલોકસાર, તત્ત્વાર્થસૂત્ર, ક્ષપણાસાર, પુરુષાર્થ સિદ્ધયુપાય, અષ્ટપાહુડ અને આત્માનુશાસનાદિ શાસ્ત્ર તથા શ્રાવક-મુનિના આચારનાં પ્રરૂપક અનેક શાસ્ત્ર, સુકથાસહિત પુરાણાદિ શાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.

શ્રીમાળી :શ્રીનોમાળી, શ્રી=પૂર્ણ પવિત્ર કેવળજ્ઞાન લક્ષ્મી તેનો માળી =ધણી, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માની યથાર્થ દશાને પ્રગટ કરનાર, એવો શ્રીમાળીનો આધ્યાત્મિક અર્થ થાય છે.

શ્રેણિક મહારાજા :ચોરાશી હજાર વર્ષ પછી આ ક્ષેત્રે શ્રેણિક મહારાજાનો આત્મા જગતના અજ્ઞાન અંધકારનો નાશ કરવા હવેની ચોવીશીમાં મહાઐશ્વર્યવંત પહેલા તીર્થંકર સર્વજ્ઞ ભગવાન થશે,

શ્રેણી :પંકિત, હાર, ઓળ, ધોરણ, કક્ષા દરજજો, નગરવાસી લોક

શ્રેણીએ શ્રેણીએ :ક્રમે ક્રમે, અનુભવ પરંપરાક્રમે

શ્રુત :વાણી, દિવ્ય ધ્વનિ (૨) સૂત્ર. શ્રુત(સૂત્ર) તો જ્ઞાનનું કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે. (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ) આમ હોવાથી એમ ફલિત થાય છેકે, સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે., સૂત્રની જ્ઞપ્તિ કહએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્ગલિક સૂત્રની નથી, આત્માની છે, સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ અર્થાત્ ઉપાધિ છે, કારણ કે સૂત્રન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે. માટે જો સૂત્રને ન ગણીએ તો 'જ્ઞપ્તિ' જ બાકી રહે છે) અને તે (જ્ઞપ્તિ) કેવળી અને શ્રુતકેવળીને આત્મઅનુભવનમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. (૩) શાસ્ત્ર (૪) અક્ષરોથી નીપજેલાં સત્ય અર્થના પ્રકાશક પદોના સમૂહનું નામ શ્રુત છે. જે પણ અનાદિનિધન છે. (૫) સૂત્રરૂપ આગમ, શાસ્ત્ર (૬)

વચનાત્મક દ્રવ્યશ્રુત (૭) શ્રુત એટલે સૂત્ર અને સૂત્ર એટલે ભગવાન અર્હત-સર્વજ્ઞ સ્વયં જાણીને ઉપદેશેલું સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું પૌદગલિક શબ્દબ્રહ્મ, જ્ઞપ્તિ(એટલે શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે. શ્રુત (સૂત્ર) તો પાનનું કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી કહેવાય છે. (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ) આમ હોવાથી એમ ફલિત થાય છે કે સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે. (૮) શાસ્ત્ર પૌદ્ગલિક છે તેથી તે જ્ઞાન નથી. ઉપાધિ છે અને શ્રુતથી થતું જ્ઞાન એ પણ ઉપાધિ છે કેમ કે તે શ્રુતના લક્ષવાળું જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરલક્ષી જ્ઞાન લ્વને જાણી શકતું નથી. માટે તેને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. જેમ સૂત્ર-શાસ્ત્ર તે જ્ઞાન નથી, વધારાની ચીજ છે. ઉપાધિ છે તેમ એ શ્રુતથી થયેલ જ્ઞાન પણ વધારાની ચીજ છે.-ઉપાધિ છે. અહાહા ! શું વીતરાગની શૈલી છે! પરલક્ષી જ્ઞાનને પણ શ્રુતની જેમ ઉપાધિ કહે છે. સ્વજ્ઞાનરૂપ જ્ઞપ્તિક્રિયાથી આત્મા જણાય છે. ભગવાનની વાણીથી આત્મા જણાતો નથી. (૯) શાસ્ત્ર જિજ્ઞાસુ જીવોને આત્માનું સ્વરૂપ સમજવામાં તે નિમિત્ત છે, તેથી મુમુક્ષુઓએ ખરા શાસ્ત્રોના સ્વરૂપનો પણ નિર્ણય કરવો જોઈએ. (૧૦) આગમશાસ્ત્ર, તેમાં સર્વજ્ઞથી આવેલી વાણી તે શ્રુતથી ગૂંથેલ સૂત્ર. એક વ્યકિતએ નિમિત્તરૂપે જે વાણી કહી તે અપેક્ષાએ આદિ કહેવાય. અને એક વ્યકિતએ કહ્યાં પહેલાં પણ આગમરૂપ શાસ્ત્રની વાણી હતી, એ અપેક્ષાએ પણ અનાદિની પ્રવાહરૂપ આગમવાણી થઈ, કેવળી =સર્વજ્ઞ, તેમનાથી ઉપદેશરૂપ નીકળેલું શાસ્ત્ર તે કેવળ જ્ઞાનીનું કહેલું આગમ અનાદિ કાળથી છે.

સર્વજ્ઞ એટલે નિરાવરણ જ્ઞાની. જેનો સ્વભાવ જ્ઞાન, તેમાં ન જાણવું તેમ ન બને. આવરણ ઉપાધિ રહિત નિર્મળ , અખંડ જ્ઞાન પ્રગટ થયું તેમાં કિંચિત અજાણયું કહે નહિ જેનો સ્વભાવ જાણવું તેમાં ક્રમરહિત બેહદ જાણવું આવે. માટે જે ને નિરાવરણ જ્ઞાયક સ્વભાવ પૂરો પ્રગટ છે તેને સર્વજ્ઞપણું છે. વળી શ્રુતકેવળીએ જે સાંભળી આત્માથી અનુભવ કરી જાણ્યું, તે પરંપરા આચાર્ય દ્વારા આવેલું શ્રુતજ્ઞાન છે અને તે સર્વ શ્રુતજ્ઞાનમાં પૂરા તે શ્રતકેવળી છે.

સર્વજ્ઞા વીતરાગ દશા પ્રગટ થયા પછી જેને વાણીનો યોગ હોય તેને સર્વ અર્થ સહિત વાણી આવે છે. તેને સાક્ષાત્ ગણધરદેવ દ્વદશાંગ સૂત્રમાં ગૂંથે છે. તે પણ અંતરમાં ભાવજ્ઞાન-ભાવશાસ્ત્રજ્ઞાનના તર્કની બહોળાઈ, તેમાં પૂરા તે છદ્મસ્થ જ્ઞાની ધ્વદશાંગના જાણનારા શ્રુતકેવળી કહેવાય છે. એ રીતે શાસ્ત્રની પ્રમાણના બતાવી. અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો. (૧૧) વચનાત્મક દ્રવ્યશ્રુત (૧૨) જૈનોના આગમશા(બારે અંગ) વિદ્વાન, જ્ઞાની (૧૩) સૂત્ર, સર્વજ્ઞ તીર્થંકરદેવની વાણી (૧૪) અનાદિ અનંત પ્રવાહરૂપ આયમ, આગમશાસ્ત્ર

<u>શ્રુત કેવળી</u> :

(૧) શ્રુત અર્થાત્ અનાદિનિધન પ્રવાહરૂપ આગમ અને કેવળી અર્થાત્ સર્વજ્ઞદેવ કહ્યા, તેમજ

(૨) શ્રુત-અપેક્ષાને કેવળી સમાન એવા ગણધરદેવાદિધ વિશિષ્ટ શ્રુતજ્ઞાન ધરો કહ્યાઃ તેમનાથી સમય પ્રાભૃતની ઉત્પત્તિ કહ છે.

(૨) જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાનવડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષીશ્વરો શ્રુતકેવળી કહે છે. અંતરના ભાવશ્રુતજ્ઞાન દ્વારા પોતાના આત્માને પ્રત્યક્ષ વેદે તેને લોકને જાણનાર ઋષીશ્વેરો શ્રતેકળવી કહે છે. (૩) કેવળ (શુદ્ધ) આત્માને જાણનાર-અનુભવનાર શ્રુતજ્ઞાની પણ શ્રુતકેવળી કહેવાય છે. કેવળી અને શ્રુતકેવળીમાં તફાવત એટલો છે કે-કેવળી જેમાં ચૈતન્યના સમસ્ત વિશેષો એકી સાથે પરિણમે છે એવા કેવળ જ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે અને શ્રુતકેવળી જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે, અર્થાત્ કેવળી સૂર્યસમાન કેવળ જ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે અને શ્રુતકેવળી દીવા સમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે.

આ રીતે કેવળીમાં તે શ્રુતકેવળીમાં સ્વરૂપસ્થિરતાની તરતમતારૂપ ભેદ જ મુખ્ય છે, વત્તું ઓછું (વધારે ઓછા પદાર્થો) જાણવારૂપ ભેદ અત્યંત ગૌણ છે. માટે ઘણું જાણવાની ઈચ્છારૂપ ક્ષોભ છોડી સ્વરૂપમાં નિશ્ચળ રહેવું

યોગ્ય છે. એ જ કેવલજ્ઞાન પ્રાપ્તિનો ઉપાય છે. (૪) શ્રુતને અનાદિનિધન પ્રવાહરૂપ આગમ-શબ્દબ્રહ્મ કહ્યું અને કેવળી શબ્દના બે અર્થ કર્યા (•) સર્વજ્ઞ, (•) પરમાગમને જાણનાર શ્રુતકેવળી. (૫) જેમાં ચૈતન્યના કેટલાક વિશેષો ક્રમે પરિણમે છે એવા શ્રુતજ્ઞાન વડે કેવળ આત્માને અનુભવે છે. શ્રુતકેવળી દીવાસમાન શ્રુતજ્ઞાન વડે આત્માને દેખે-અનુભવે છે. (૬) આગમ શાસ્ત્રોનું પ્રબળ જ્ઞાન ધરાવનાર, તીર્થંકર કોટિનો તે પુરુષ. (૭) જે બાવ શ્રુતજ્ઞાનદ્વરા આત્માના કેવળ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે તેમને શ્રુતકેવળી કહેવામાં આવે છે. (૮) જે ભાવ શ્રુતજ્ઞાન દ્વારા આત્માના કેવળ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે છે તેમને શ્રુતકેવળી કહેવામાં આવે છે. જિનેન્દ્ર ભગવાનના જે શ્રુતનો-સૂત્રરૂપ આગમનો-અહીં નિર્વેશ કર્યો છે તે પૌદ્ગલિક વચનો દ્વારા નિર્દિષ્ટ હોવાથી દ્રવ્યશ્રુત છે.-સ્વતઃ જ્ઞાનરૂપ ન હોતાં પુદ્ગલનાં રૂપમાં છે. તેની જ જ્ઞપ્તિ-જાણકારી તે ભાવ-શ્રુતજ્ઞાન કહેવાય છે. ભાવ-શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં કારણ થવાથી તે દ્રવ્ય-શ્રુતને પણ ઉપચારથી-વ્યવહારનયથી શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. સૂત્ર તો ઉપાધિરૂપ હોવાથી છૂટી જાય છે. જ્ઞપ્તિ-જાણકારી જ બાકી રહી જાય છે. તે જ્ઞપ્તિ કેવળજ્ઞાનીની અને શ્રુતજ્ઞાની ની આત્માના સમ્યક્ અનુભવમાં સમાન જ હોય છે. વાસ્તવમાં જ્ઞાનનો શ્રુત-ઉપાધિરૂપ ભેદ નથી. સ્યાદ્વાદરૂપ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બન્નેમાં સર્વ તત્ત્વપ્રકાશનમાં સાક્ષાત્ -અસાક્ષાત્નો પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. જીવાજીવાદિ તત્ત્વોને યથાર્થરૂપે જાણવામાં કોઈ અંતર નથી. (૯) ભાવશ્રુત દ્વારા અંતર આત્માને જાણે એ તો પરમાર્થ શ્રુતકેવળી છે. પરંતુ જ્ઞાનની પર્યાય બીજું બધું જાણે, સર્વ શ્રુત જાણે, બાર અંગ જાણે, છ દ્રવ્ય અને તેમના (૧૦) સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી(સમસ્ત ધ્દશાંગ) ના જાણનારા ગણધરદેવ આદિ શ્રુતકેવળી છે. (૧૧) અંદરના ભાવજ્ઞાનમાં પૂરા, સર્વ અર્થ સહિત આગમને જાણનારા (૧૨) જે શ્રુતથી કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે તે તો પરમાર્થ છે. પ્રથમ શ્રુતથી એટલે ભાવ શ્રુતથી કે જે ભાવશ્રુત રાગ વિનાનું નિમિત્ત વિનાનું, મનના સંબંધ વિનાનું છે તેનાથી કેવળ અખંડ એક શુદ્ધ આત્માને જાણે તે શ્રુતકેવળી છે એ તો પરમાર્થ છે, નિશ્ચય છે. યથાર્થ છે. અને જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવળી છે. - તે વ્યવહાર છે. સર્વ શ્રુતજ્ઞાનને જાણે એટલે પર પદાર્થનું બધું જ્ઞાન પોતાની પર્યાયમાં જાણે તે શ્રુતકેવળી છે. એ વ્યવહાર છે. ભાવશ્રુતથી જે પ્રત્યક્ષ એક શુધ્ધાત્માને જાણે તે શ્રુતકેવળી એ નિશ્ચય અને જે સર્વશ્રુતજ્ઞાનને જાણે તે શ્રુતકેવળી એ વ્યવહાર છે.

આ તો જન્મ મરણ મટાડવાની, ભવનાં અંતની વાત છે. જે જ્ઞાનની પર્યાયમાં બીજું બધું જણાયું એ જ્ઞાન પર્યાય જ્ઞેયની છે કે આત્માની ? એ જ્ઞાન જ્ઞેયનું નથી પણ એ જ્ઞાન આત્મા સાથે સંબંધ ધરાવે છે. એટલે સર્વને જાણનારું એ પાન આત્મા જ છે. આમ જ્ઞાન તે આત્મા એમ ભેદ પડતો હોવાથી વ્યવહાર છે. (૧૩) ચૌદ પૂર્વ અને બાર અંગ આગમોના ધરનાર તે શ્રુતકેવળી. (૧૪) અંદરના ભાવજ્ઞાનમાં પૂરા, સર્વ અર્થ સહિત આગમને જાણનાર. (૧૫) શ્રુત એટલે અનાદિ અનંત પ્રવાહરૂપ આગામ-શ્રુતકેવળી એટલે સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી (સમસ્ત દ્વદશાંગ)ના જાણનારા. ગણધરદેવ આદિ શ્રુતકેવળી છે. (૧૬) સકળ દ્રવ્યશ્રુતના ધરનારા, ચૌદ પૂર્વ અને બાર અંગના ધરનારા એવા શ્રુતકેવળીઓ. (૧૭) સકળ દ્રવ્યશ્રુતના ધરનારા, ચૌદ પૂર્વ અને બાર અંગના ધરનારા એવા શ્રુતકેવળીઓ.

શ્રુતગતકરો :મોહનો અભાવ કરી સ્વરૂપમાં સાવધાન રહો, નિત્ય સ્વાધ્યાય કરો.

શ્રુતજ્ઞાન :શ્રુત એટલે સૂત્ર અને સૂત્ર એટલે ભગવાન અર્હંત. સર્વજ્ઞે સ્વયં જોણીને ઉપદેશેલું, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું. પૌદ્ગલિક શબ્દબ્રહ્મ. જેની જ્ઞપ્તિ (શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા) તે જ્ઞાન છે. શ્રુત (સૂત્ર) તો તેનું (જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે. (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ) આમ હોવાથી અમ ફલિત થાય છે કે 'સૂત્રની જ્ઞપ્તિ' તે શ્રુતજ્ઞાન છે. હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો 'જ્ઞપ્તિ'જ બાકી કહે છે. (સૂત્રની જ્ઞપ્તિ કહીએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદ્ગલિક સૂત્રની નથી, આત્માની છે, સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત

નથી, વધારાની વસ્તુ, અર્થાત્ઉપાધિ છે, કારણ કે સૂત્ર ન હોય ત્યાં પણ જ્ઞપ્તિ તો હોય છે. માટે જો સૂત્રને ન ગણીએ તો જ્ઞપ્તિ જ બાકી રહે છે) અને તે (જ્ઞપ્તિ) કેવળીને અને શ્રુતકેવળીને આત્મ અનુભવમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુતની ઉપાધિકૃત ભેદ નથી. (૨) મતિજ્ઞાન દ્વારા જાણવામાં આવેલ પદાર્થને વિશેષ રૂપથી જાણવો તે શ્રુતજ્ઞાન છે. (૩) સૂત્રની જ્ઞપ્તિ (જ્ઞાન) એ શ્રુતજ્ઞાન . શ્રુત= સૂત્ર (૪) મતિજ્ઞાનવડે જે અર્થને જાણ્યો હોય તેના સંબંધથી અન્ય અર્થને જે વડે જાણીએ તે શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે- અક્ષરાત્મક તથા અનક્ષરાત્મક

ત્યાં જેમ ''ઘટ'' એ બે અક્ષર સાંભળ્યા યા દીઠા તે તો મતિજ્ઞાન થયું. ક્વે તેના સંબંધથી ઘટ પદાર્થનું જોણવું થયું તે શ્રુતજ્ઞાન છે. એ પ્રમાણે અન્યપણ જોણવું. એ તો અક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે. વળી જેમ સ્પર્શ વડે ઠંડકનું જાવું થયું તે તો મતિજ્ઞાન અને તેના સંબંધથી 'આ હિતકારી નથી, અહીંથી ચાલ્યા જવું' ઈત્યાદિરૂપ જ્ઞાન થયું તે અનક્ષરાત્મક શ્રુતજ્ઞાન છે. એ પ્રમાણે અન્ય પણ સમજવું, હવે એકેનિદ્રયાદિક અસંજ્ઞી જીવોને તો અનક્ષરાત્મક જ શ્રુતજ્ઞાન પણ અનેક પ્રકારથી પરાધીન જે મતિજ્ઞાન તેને આધીન હોય છે. વા અન્ય અનેક કારણોને આધીન હોય છે તેથી મહા પરાધીન જાણવું. (૫) મતિજ્ઞાનમાંથી જાણેલા પદાર્થના સંબંધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. (૬) આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે. (૭) આત્માને પરોક્ષપણે પૂર્ણ જોયો એવું શ્રુતજ્ઞાન છે. (૮) જ્ઞાનીપુરુષના વચનો (૯) મુખ્ય એવા જ્ઞાનીનાં વચનો (૧૦) શ્રુતજ્ઞાનના આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને અપૂર્ણપણે અંશે જાણે છે તે શ્રુતજ્ઞાન છે. (૧૧) આત્મા ખરેખર અનંત-સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ જ્ઞાન સામાન્ય સ્વરૂપ છે, તે આત્મા ખરેખર અનાદિ જ્ઞાનવરણ કર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો શ્રુતજ્ઞાનના આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે શ્રુતજ્ઞાન છે.

જે જ પૂર્વોકત આત્મા શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં મૂર્ત -અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. જે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમજ ઉપયોગરૂપ અને નયરૂપ છે. ઉપયોગ શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાત્આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને 'નય' શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવો શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક જે ભાવશ્રુત તે જ ઉપાદેયભૂત પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.) (૧૨) નિશ્ચયનયે અખંડ-એક વિશુદ્ધ જ્ઞાનમય એવો આ આત્મા છે, શ્રુત જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હાતાં , મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમજ ઉપયોગરૂપ અને નયરૂપ છે. 'ઉપયોગ' શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાત્ આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને નય શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ)એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુદ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક જે ભાવશ્રુત તે જ ઉપાદેશભૂત પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદય છે પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે. (૧૩) શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં; મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમ જ ઉપયોગરૂપ અને નયરૂપ છે. ઉપયોગ શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાત આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને નય શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (૧૪) મતિજ્ઞાન દ્વારા જાણવામાં આવેલા પદાર્થને

વિશેષરૂપે જાણવો તે શ્રુતજ્ઞાન છે. (૧૫) શ્રુતજ્ઞાનના ત્રણ પ્રકાર છે. (•) સંપૂર્ણ પરોક્ષ, (•) અંશે પરોક્ષ અને (•) પરોક્ષ બિલકુલ નહિ પણ પ્રત્યક્ષ.

(૧) શબ્દરૂપ શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે. તેમ જ દૂર એવાં સ્વર્ગ-નરકાદિ બાહ્ય વિષયોનું જ્ઞાન કરાવવાવાળું વિકલ્પરૂપ જે જ્ઞાન છે તે પણ પરોક્ષ જ છે.

(૨) આભ્યંતરમાં સુખ-દુઃખના વિકલ્પરૂપ જે જ્ઞાન થાય છે છે, અથવા હું અનંત જ્ઞાનાદિપ છું એવું જે જ્ઞાન તે ઈષત-પરોક્ષ છે.

(૩) જે નિશ્ચય ભાવશ્રુતજ્ઞાન છે તે શુદ્ધાત્માની સન્મુખ ઈષત. કિંચિત હોવાથી સુખસંપિત્તિ(જ્ઞાન) સ્વરૂપ છે. તે જ્ઞાન જો કે પોતાને જાણે છે તો પણ ઈન્દ્રિયો તથા મનથી થતા વિકલ્પોના સમૂહથી રહિત હોવાના કારણે નિર્વિકલ્પ છે. અભેદનયે તેને આત્મજ્ઞાન શબ્દથી ઓળખવામાં આવે છે. જો કે તે કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે તોપણ છઠ્ઠા સ્થોને ક્ષાયિક જ્ઞાનની પ્રાપ્તિ ન હોવાથી ક્ષયોપશમિક હોવા છતાં તેને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

(૧૬) શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પવન્ન થયેલ અને અતિન્ધિઉય મનના આવલંબન સહયોગથી યુકત જે જ્ઞાન કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિનશેષરૂપે જાણવામાં આવે છે તેને શ્રુતજ્ઞાન કહે છે. (૧૭) અરૂપી આત્માની શ્રુતજ્ઞાન પર્યાય છે. એટલે કે મતિજ્ઞાન પછી વિશેષ તર્ક ઉઢે તે શ્રુતજ્ઞાન છે. (૧૮) શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપસમથી ઉત્ન્ન થયેલ અને અતિન્દ્રિય મનના અવલંબનન-સહયોગથી યુકત જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિશેષરૂપે જામવામાં આવે છે તેને શ્રુતજ્ઞાન કહે છે. (૧૯) વિકલ્પ નહિ, શબ્દ નહિ પણ ભાવશ્રુત જ્ઞાનનો અંતર ઉપયોગ એટલે જ્ઞાનનો નિર્મળ અંતર એકાગ્રતાનો વ્યાપાર. (૨૦) પ્રથમ તો શ્રુત એટલે સૂત્ર, અને સૂત્ર એટલે ભગવાન અર્હંત-સર્વત્રે સ્વયં જાણીને ઉપદેશેલું સ્યાત્કાર જેનું ચિન્હ છે એવું, પૌદ્ગલિક શબ્દબ્રહ્મ, તેની જ્ઞપ્તિ(શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા, તે જ્ઞાન છે, શ્રુત(સૂત્ર) તો તેનું (જ્ઞાનનું) કારણ હોવાથી જ્ઞાન તરીકે ઉપચારથી જ કહેવાય છે. (જેમ અન્નને પ્રાણ કહેવાય છે તેમ , આમ હોવાથી એમ ફલિત થાય છે કે સૂત્રની જ્ઞપ્તિ તે શ્રુતજ્ઞાન છે હવે જો સૂત્ર તો ઉપાધિ હોવાથી તેનો આદર ન કરવામાં આવે તો જ્ઞપ્તિ જ બાકી રહે છે. (સૂત્રની જ્ઞપ્તિ કહીએ છીએ ત્યાં નિશ્ચયથી જ્ઞપ્તિ કાંઈ પૌદગલિક સૂત્રની નથી, આત્માની છે, સૂત્ર જ્ઞપ્તિના સ્વરૂપભૂત નથી, વધારાની વસ્તુ અર્થાત્ઉપાધિ છે, કારણ કે સૂત્ર ન હોય ત્યાં જ્ઞપ્તિ તો હોય છે. માટે જો સૂત્રને ન ગણીએ તો જ્ઞપ્તિ જ બાકી રહે છે.) અને તે જ્ઞપ્તિ કેવળીને અને શ્રુતકેવળીને આત્મ-અનુભવમાં તુલ્ય જ છે. માટે જ્ઞાનમાં શ્રુત-ઉપાધિકૃત ભેદ નથી. (૨૧) ભાવજ્ઞાન (૨૨) સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ-નાસ્તિ દ્વારા વસ્તુસ્વભાવને સિદ્ધ કરે છે. અને કાન્ત સ્વરૂપ વસ્તુને સ્વપણે છે અને પરપણ નથી. એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે.

પર વસ્તુને છોડવાનું કહે અથવા પર ઉપરના રાગને ઘટાડવાનું કહે- એ કાંઈ ભગવાનને કહેલા શ્રુતજ્ઞાનનું લક્ષણ નથી. એક વસ્તુ પોતાપણે છે અને તે વસ્તુ અનંત પર દ્રવ્યથી છૂટી છે. આમ અસ્તિ-નાસ્તિરૂપ પરસ્પર વિરુદ્ધ બે શકિતઓ પ્રકાશીને વસ્તુસ્વરૂપને જે બનાવે તે અને કાન્ત છે અને તે જ શ્રુતજ્ઞાન નું લક્ષણ છે. વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી- આમાં વસ્તુ કાયમ સિદ્ધ કરી.

એક વસ્તુમાં છે અને નથી એવી બે પરસ્પર વિરુદ્ધ બે શકિતઓ જુદી જુદી અપેક્ષાથી પ્રકાશીને વસ્તુનું પરથી ભિન્ન સ્વરૂપ જે બતાવે તે શ્રુતજ્ઞાન છે. આત્મા સર્વ પરદ્રવ્યોથી જુદી વસ્તુ છે એમ પ્રથમ શ્રુતજ્ઞાનથી નકકી કરવું જોઈએ. (૨૩) અનાદિ અનંત પ્રવાહરૂપ આગમોરૂપી જ્ઞાન.

શ્રુતજ્ઞાનની બુધ્ધિ :અનેક પ્રકારના નયપક્ષના અવલંબનથી અનેક પ્રકારના કિલ્પોથી આકુળતા ઉત્પન્ન થાય એવી શ્રુત જ્ઞાનની બુધ્ધિ.

શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની :શ્રુતજ્ઞાનીને અધૂરૂં જ્ઞાન છે અને કેવળજ્ઞાનીને સમસ્ત જ્ઞાન ઊઘડી ગયું છે એટલો ફેર છે.

શ્રુતજ્ઞાનોપયોગ :શ્રુતજ્ઞાનોપયોગ અનેકાન્તાત્મક છે. સર્વ દ્રવ્યોના જે અનેક ધર્મો તેમાં વ્યાપનારા (અર્થાત્ તેમને જાણનાર) અનેક ધર્મો ભાવશ્રુતજ્ઞાનમાં છે. આથી (એમ કહ્યું કે) આગમરૂપ ચક્ષુવાળાઓને કાંઈપણ અદશ્ય નથી.

શ્રુતપ્રમાણ :સાચા જ્ઞાન (૨) જે જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે તે શ્રુતજ્ઞાનપ્રમાણ કહેવાય. એ પ્રમાણનો એક ભાગ શુદ્ધનય છે. જે ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્માને જુએ છે. જેનો બીજો ભાગ વ્યવહારનય છે. જે વર્તમાન પર્યાય, રગાદીને જાણે છે. જે ધ્રુવ, નિત્યાનંદ જ્ઞાયકભાવ તેને જોનાર શ્રુતજ્ઞાનના અંશને શુદ્ધનય કહે છે. એ નય એકલા શુદ્ધ ત્રિકાળીને જુએ છે તેથી શુદ્ધનય કહેવાય છે.

હવે શ્રુતપ્રમાણ છે તે પરોક્ષ પ્રમાણ છે. એમાં આત્મા પ્રત્યક્ષ ન દેખાય. જેમ કેવળજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ જણાય એમ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ ન જણાય. શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે કારણ કે ત્યાં વસ્તુને સર્વજ્ઞના આગમના વચનથી જાણી છે. વસ્તુ જે છે તે ભગવાન આત્મા એ તો અરૂપી છે, તેમાં રૂપ, રસ, ગંધ,વર્ણ નથી. તે તો અનંત ગુણોના પિંડ ચૈતન્યઘન અરૂપી છે. એ વસ્તુને સર્વજ્ઞના આગમના વચનથી જાણી છે, એટલે આગમના વચનોથી આત્મા પૂર્ણ શુદ્ધ વસ્તુ જાણઈ ચે. ત્યાં આગમ કોને કેહેવું? કે જે ત્રિકાળી આત્મા આનંદનો નાથ પ્રભુ પ્રગટ સર્વજ્ઞદશાને પ્રાપ્ત છે એની જે ઉંકાર દિવ્યધ્વનિ નીકળી તેને આગમ કહે છે. અજ્ઞાનીએ કહેલાં હોય તે આગમ નહીં. સર્વજ્ઞાની વાણીને શાસ્ત્ર અથવા પરમાગમ કહેવાય છે. વસ્તુ પ્રત્યક્ષ જોઈને જાણેલી નથી પરંતુ સર્વજ્ઞના આગમથી જાણી છે કે આ જ્ઞાયક પૂર્ણ છે તે આ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ કેમ છે તે સિદ્ધ કરે છે. સર્વજ્ઞના આગમથી લક્ષમાં આવ્યું કે વસ્તુ અખંડ આનંદરૂપ પૂર્ણ ચૈતન્યરૂપ છે. ગુરુ પણ સર્વજ્ઞની વાણી અનુસાર શાસ્ત્ર કહે છે. (૩) સાચા જ્ઞાન

શ્રુતજ્ઞાન :શ્રુતજ્ઞાનમાં ત્રણ પ્રકાર છે-

(૧) સંપૂર્ણ પરોક્ષ, (૨) અંશે પરોક્ષ અને (૩) પરોક્ષ બિલકુલ નહિ પણ પ્રત્યક્ષ.

(૧) શબ્દરૂપ શ્રુતજ્ઞાન છે તે પરોક્ષ જ છે, તેમજ દૂર એવાં સ્વર્ગ-નરકાદિ બાહ્ય વિષયોનું જ્ઞાન કરાવવાવાળું વિકલ્પરૂપ જે જ્ઞાન છે તે પણ પરોક્ષ છે.

(૨) આભ્યંતરમાં સુખ-દુઃખના વિકલ્પરૂપ જે જ્ઞાન થાય છે તે, અથવા ''હું અનંત જ્ઞાનાદિરૂપ છું'' એવું જે જ્ઞાન છે તે ઈષત્-પરોક્ષ છે. (ઈષત્ =કિંચિત)

(૩) જે નિશ્ચય ભાવશ્રુત જ્ઞાન છે તે શુદ્ધાત્માની સન્મુખ હોવાથી સુખસંવિત્તિ (જ્ઞાન) સ્વરૂપ છે. જે જ્ઞાન જો કે પોતાને જાણે છે તોપણ ઈન્દ્રિયો તથા મનથી ઉત્પન્ન થતા વિકલ્પોના સમૂહથી રહિત હોવાના કારણે નિર્વિકલ્પ છે, (અભેદનયે) તેને ''આત્મજ્ઞાન'' શબ્દથી ઓળખવામાં આવે છે. તે જો કે કેવળ જ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે તો પણ છઠ્ઠાસ્થાને ક્ષાયિક જ્ઞાનની પ્રાપ્તિ ન હોવાથી, ક્ષાયોપશમિક હોવા છતાં તેને 'પ્રત્યક્ષ' કહેવામાં આવે છે.

શ્રુતસ્કંધ :આગમવાણીનો જથ્તો-ખંડ

શ્રુતસમુદ્ર :શ્રુતજ્ઞાનનો દરિયો, તીર્થંકરની વાણીનો સમુદ્ર, આગમ શાસ્ત્ર.

શ્રુતિ :વીતરાગના શ્રીમુખે શ્રવણ થઈને પરિણામ પામવું તે. (૨) જિનવાણી ભગવાનની વાણી; શાસ્ત્ર (૩) ભગવાનની વાણી, શાસ્ત્ર (૪) જિનવાણી, તીર્થંકરની વાણી, શાસ્ત્ર.

શ્રોતાનું લક્ષણ :જો તું જિનમતમાં પ્રવર્તે છે તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડ. જો નિશ્ચયનો પક્ષપાતી થઈ વ્યવહારને છોડીશ તો રત્નત્રયસ્વરૂપ ધર્મ તીર્થનો અભાવ થશે. અને જો વ્યવહારનો પક્ષપાતી થઈ ઇનશ્ચયને છોડીશ તો શુદ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય. તેથી પહેલાં વ્યવહાર-નિશ્ચયને બરાબર જાણી પછી યથાયોગ્યપણે એને અંગીકાર કરવા પક્ષપાતી ન થવું એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે.

પ્રશ્ન :- જે નિશ્ચય-વ્યવહારના જાણપણારૂપ ગુણ વકતાનો કહ્યો હતો તે જ શ્રોતાનો કહ્યો તેમાં વિશેષ શું આવ્યું ?

ઉત્તર :- જે ગુણ વકતામાં અધિકપણે હોય તે જ શ્રોતામાં હીનતાપણે -થાડો અંશે હોય છે. એ રીતે વકતા અને શ્રોતાનું વર્ણન કર્યું.

શ્લેષ :ભેટવું એ, આલિંગવું એ, વળગી પડવું એ, ચોટીં પડવું એ. (૨) બે અર્થ હોવા એ (૩) ભેટવું એ, આલિંગવું એ, વળગી પડવું એ. (૪) સારા રંગ અથવા અક્ષરવાળી

શ્લેષ્મ :કફ, લીંટ, સેડો.

શ્લાઘ્ય :પ્રશંસાપાત્ર

શ્લિષ્ટ :વળગવું, ચોટવું, (કર્મરજથી વળગેલો, રંગવડે રંગાયેલો)

શ્વેત-નીલ :ગંગાનું પાણી શ્વેત હોય છે અને જમનાનું પાણી નીલ (વાદળી) હોય છે.

શ્વૈત્ય :શ્વેત કરાવા યોગ્ય, સફેદ કરવા યોગ્ય (૨) શ્વેત કરનારી

શ્વેતામ્બર મત :કુંદકુંદાચાર્યના સમયથી એકસોવર્ષ પહેલાં શ્વેતાબરમત નીકળી ચૂકેલો. દિગંબર સનાતન મતમાંથી જુદા પડી નવો શ્વેતાંબરમત શરૂ કરેલો.

શ્વાસોચ્છ્વાસપ્રાણ :નીચે તથા ઊંચે જવું તે જેનું સ્વરૂપ છે એવો વાયુ (શ્વાસ) તે શ્વાસોચ્છ્વાસ છે.

શ્વૈત્ય :શ્વેત કરાવવા યોગ્ય, સફેદ કરાવવા યોગ્ય.

શ્વાસ :લોહીની ગતિપ્રમાણ સમય, કે જે એક મિનિટમાં ૮૦ વખતથી થોડા અંશ ઓછી ચાલે છે.

ષટ્કર્મ :દેવપૂજા, સદગુરુની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન આ છ ગૃહસ્થોનાં નિત્યકર્મ છે.

ષટ્કારક :જડની પર્યાય હોય કે ચેતનની પર્યાય હોય, દરેકની પર્યાયમાં ષટ્કારક છે. ષટ્કારક એટલે શું ?

(૧) કર્તા, જે સ્વતંત્રતાથી પોતાના પરિણામ કરે તે કર્તા છે.

(૨) કર્મ(કાર્ય) કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે તે પરિણામ તેનું કર્મ છે.

(૩) કરણ , તે પરિણામના સાધકતમ અર્થાત્ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.

(૪) સંપ્રદાનઃ કર્મ (પરિણામનું કાર્ય) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે તેને સંપ્રદાન કહે છે.

(૫) અપાદાન : જેમાંથી કર્મ કરવામાં આવે છે તે ધ્રુવ વસ્તુને અપાદાન કહેવામાં આવે છે.

(૬) અધિકરણ : જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે તેને અધિકરણ કહે છે.

સર્વ દ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છએ કારક એકસાથે વર્તે છે તેથી આત્મા અને પુદ્ગલ શુદ્ધ દશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઈ કારકો (કારણો) ની અપેક્ષા રાખતા નથી. (પંટાસ્તિકાય ગાથા-૬૨ સં.ટીકા)

(૨)

(૧) કર્તાપણું,

(૨) કરણપણું,

(૩) કર્મપણું,

(૪) અપાદાનપણું,

(૫) સંપ્રદાનપણું,

(૬) અધિકરણપણું

જેમ કે

(૧) પુદ્ગલ સ્વતંત્રપણે દ્રવ્યકર્મને કરતું હોવાથી પુદ્ગલ પોતે જ કર્તા છે,

(૨) પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમવાની શકિતવાળું હોવાથી પુદ્ગલપોતે જ કરણ છે,

(૩) દ્રવ્યકર્મને પ્રાપ્ત કરતું- પહોંચતુ હોવાથી દ્રવ્યકર્મ કર્મ છે અથવા દ્રવ્યકર્મથી પોતે અભિન્ન હોવાથી પુદ્ગલ પોતે જ કર્મ (કાર્ય) છે,

(૪) પોતાનમાંથી પૂર્વ પરિણામનો વ્યય કરીને દ્રવ્યકર્મરૂપ પરિણામ કરતું હોવાથી અને પુદ્ગલદ્રવ્યરૂપે ધ્રુવ રહેતું હોવાથી પુદ્ગલ પોતે જ અપાદાન છે,

(૫) પોતાને દ્રવ્યકર્મરૂપ પરિણામ દેતું હોવાથી પુદ્ગલ પોતે જ સંપ્રદાન છે,

(૬) પોતાનામાં અર્થાત્ પોતાના આદારે દ્રવ્યકર્મ કરતું હોવાથી પુદ્ગલ પોતે જ અધિકરણ છે.

એ જ પ્રમાણે

(૧) જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી જીવ પોતે જ કર્તા છે,

(૨) પોતે જીવભાવરૂપે પરિણમવાની શકિતવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે.

(૩) જીવભાવને પ્રાપ્ત કરતો પહોંચતું હોવાથી જીવભાવ કર્મ છે, અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે,

(૪) પોતાનામાંથી પૂર્વભાવનો વ્યય કરીને(નવીન) જીવભાવ કરતો હોવાથી અને જીવદ્રવ્યરૂપે ધ્રુવ રહેતો હોવાથી જીવ પોતે જ અપાદાન છે,

(૫) પોતાને જીવભાવ દેતો હોવાથી જીવ પોતે જ સંપ્રદાન છે,

(૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે જીવભાવ કરતો હોવાથી જીવ પોતે જ અધિકરણ છે.

ષટ્કારકો :કર્તા, કર્મ, કરણ , સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ છ કારકો છે. રાગ-દ્વેષનો હું કર્તા રહ્યો નથી, રાગ-દ્વેષ મારાં કામ રહ્યા નથી, રાગ-દ્વેષનું હું સાધન નથી, રાગ-દ્વેષ મેં રાખ્યા નથી , રાગ-દ્વેષ મારામાંથી થયા નથી અને રાગ-દ્વેષ તે મારા આદારે રહ્યા નથી. ધર્મી જ્ઞાની જીવ વિચારે છે કે મારા સ્વભાવમાં આ ચ પ્રકારો છે ડ નહિ. મારા આધારે આ રાગ-દ્વેષ થયા હોય તેમ પણ કાળમાં છે જ નહિ. (૨) કર્તા, કર્મ,કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ એ છ કારકોનાં નામ છે. જે સંવતંત્રપણે(સ્વાધીનપણે) કરે તે કર્તા, કર્તા જેને પહોંચે-પ્રાપ્ત કરે તે કર્મ,સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધન તે કરણ, કર્મ જેને દેવામાં આવે અથવા જેના માટે કતરવામાં આવે તે સંપ્રદાન, જેમાંથી કર્મ કરવામાં આવે એવી ધ્રુવ વસ્તુ તે અપાદાન, જેમાં અર્થાત્ જેને આધારે કર્મ કરવામાં આવે તે અધિકરણ.

આ છ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારનાં છે. જયાં પરના નિમિત્તથી કાર્યની સિધ્ધિ કહેવામાં આવે ત્યાં વ્યવહાર કરાકો છે અને જયાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિધ્ધિ કહેવામાં આવે ત્યાં નિશ્ચય કારકો છે.

ષટ્ખંડઆગમ :સર્વજ્ઞની વાણી અનુસાર પુષ્પદંત, ભૂતબલિ આદિ આચાર્યોએ ષટ્ખંડ આગમ લખેલ છે. જેમાં ફેરફાર કરવો યોગ્ય નથી. લહિયાથી લખવામાં ફેર થયો હોય તો સુધારવું પણ પ્રયોજનભૂત વાતમાં કોઈ આચાર્યની ભૂલ નથી.

ષટ્દ્રવ્ય સમવાયાત્મકપણું :

ષટ્પદ :છ પદ

(૧) આત્મા છે.

(૨) આત્મા નિત્ય છે.

(૩) આત્મા પોતાના કર્મનો કર્તા છે.

(૪) તે કર્મનો ભોકતા છે,

(૫) તેથી મોક્ષ છે,

(૬) અને તે મોક્ષનો ઉપાય સત્ધર્મ છે. આ છ પદ છે તે જ છ દર્શન છે.

ષટ્ગુણ :

(૧) અસ્તિત્વ,

(૨) વસ્તુત્વ,

(૩) દ્રવ્યત્વ,

(૪) પ્રમેયત્વ,

(૫) અગુરુલઘુત્વ અને

(૬) પ્રદેશત્વ.

ષટ્પદ :છ પદ (આત્મા છે. જે આત્મા નિત્ય છે, તે આત્મા પોતાના કર્મનો કર્તા છે, તે કર્મનો ભોકતા છે, તેથી મોક્ષ થાય છે અને તે મોક્ષનો ઉપાય એવો સત્ધર્મ છે.) (૨) છ સ્થાનક, છપદ અને વિચાર કરવાથી ષટ્દર્શન પણ તે જ છે.

ષટ્સ્થાન પતિત :ષટ્સ્થાનોમાં પડતી-ષટ્સ્થાનોમાં સમાવેશ પામતી. (૨) છ સ્થાનોમાં સમાવેશ પામતી

ષટ્સ્થાન વૃદ્ધિ :

(૧) અનંતગુણ વૃદ્ધિ,
(૨) અસંખ્યગુણ વૃધ્ધિ,
(૩) સંખ્યાતગુણ વૃદ્ધિ,
(૪) અનંતભાગ વૃદ્ધિ,
(૫) અસંખ્યભાગ વૃદ્ધિ અને
(૬) સંખ્યાત ભાગ વૃદ્ધિ

ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિ :છ સ્થાનોમાં સમાવશ પામતી વૃધ્ધિહાનિ, ષટ્ગુણ વૃધ્ધિહાની, (અગુરુલઘુત્વ સ્વભાવના અનંત અંશોમાં સ્વભાવથી જ સમયે સમયે ષટ્ગુણ વૃદ્ધિહાનિ થયા કરે છે.)

ષટ્સ્થાન હાનિ :

(૧) અનંતગુણ હાનિ
(૨) અસંખ્યગુણ હાનિ
(૩) સંખ્યાતગુણ હાનિ,
(૪) અનંતભાગ હાનિ,
(૫) અસંખ્યભાગ હાનિ અને
(૬) સંખ્યાત ભાગ હાનિ

ષડ્દર્શન :વેદાંત, સાંખ્ય, યોગ, બૌધ્ધ, જૈન, યાર્વાક આદિ છ ષડ્દર્શન છે. આર્વાક= નાસ્તિક દર્શન

સકલ :શરીર સહિત (૨) કલ એટલે શરીર સહિત છે તે અરિહંત ભગવાન.

સકલ પરમાત્મા :સમ્યગ્દર્શન વિના કદી ધર્મની શરૂઆત નથી નથી, જેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી તે જીવ બહિરાત્મા છે.

પરમાત્મા બે પ્રકારે છે : સકલ અને નિકલ.

(૧) શ્રી અરિહંત પરમાત્મા સકલ (શરીર સહિત) પરમાત્મા છે.

(૨) સિદ્ધ પરમાત્મા તે નિકલ (શરીર રહિત-અશરીરી) પરમાત્મા છે. તેઓ બન્ને સર્વજ્ઞ હોવાથી લોક અને અલોક સહિત, સર્વ પદાર્થોનું ત્રિકાળવર્તી સંપૂર્ણ સ્વરૂપ એક સમયમાં યુગપત્(એક સાથે) જાણનારા-દેખનારા, સર્વના જ્ઞાતા-દષ્ટા છે. તે ઉપરથી નક્કી થાય છે કે - જેમ સર્વજ્ઞનું જ્ઞાન અપરિમિત અને વ્યવસ્થિત છે તેમ તેના જ્ઞાનના જ્ઞેયો-સર્વ દ્રવ્યો -છએ દ્રવ્યોની ત્રણ કાળની ક્રમબદ્ધ પર્યાયો નિશ્ચિત-વ્યવસ્થિત છે. અને કોઈ પર્યાય આડી અવળી થતી નથી, એમ સમ્યગ્દષ્ટિ જીવ માને છે, તથા એવી માન્યતા (નિર્ણય) જેને ન હોય તેને સ્વ-પર પદાર્થનો નિશ્ચય ન હોવાથી શુભ શુભ વિકાર અને પરદ્રવ્ય સાથે કર્તાબુદ્ધિ, એકતાબુદ્ધિ હોય જ છે. તેથી તે જીવ બહિરાત્મા જ હોય છે.

સકલ પરમાર્થિક પ્રત્યક્ષ :કેવળજ્ઞાનને, સકળ પરમાર્થિક પ્રત્યક્ષ કહે છે.

સકલપ્રત્યક્ષ :સંપૂર્ણ પ્રત્યક્ષ.

સકલવ્રત :૫-મહાવ્રત, ૫-સમિતિ, ૬. આવશ્યક, ૫ ઈન્દ્રિય, ૭ કેશ લોચ, અસ્નાન, ભૂમિશયન, અંદતધોવન, ઊભા ઊભા ભોજન, દિનમાં એક વખત આહારપાણી તથા નગ્નતા વગેરેનું પાલન તે વ્યવહારથી સકલવ્રત છે; અને રત્નત્રયની એકતારૂપ આત્મસ્વભાવમાં સ્થિર થવું તે નિશ્ચયથી સકલવ્રત છે.

સકલવ્રતી :(સકલવ્રતના ધારક) રત્નત્રયની એકતારૂપ સ્વભાવમાં સ્થિર રહેનાર મહાવ્રતના ધારક દિગમ્બરમુનિ તે નિશ્ચયથી સકલવ્રતી છે.

સકળ :અખંડ, પરિપૂર્ણ (૨) આખું; સમસ્ત; નિરવશેષ(આત્મા કોઈ કાળને બાકી રાખ્યા વિના આખાય ત્રણે કાળ ધ્રુવ રહેતું હોય એવું દ્રવ્ય છે.) (૩) સમસ્ત (૪) આખું; સમસ્ત; નિરવશેષ; (આત્મા કોઈ કાળને બાકી રાખ્યા વિના આખાય ત્રણે કાળે ધ્રુવ રહેતું એવું દ્રવ્ય છે.) (૫) અખંડ; પરિપૂર્ણ (૬) આખું; બધું; સઘળું; તમામ.

સકળ જ્ઞાની :સર્વજ્ઞ આત્મા.

સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત છે. :પ્રવચન સકળ પદાર્થોના સમૂહનું પ્રતિપાદન કરે છે તેથી તેને સકળ પદાર્થોનો સમૂહાત્મક કહ્યું છે. નિજ શુધ્ધાત્મા પ્રવચનના સારભૂત છે, કારણ કે પ્રવચન જે સર્વ પદાર્થ સમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે, બીજો કોઇ પદાર્થ પોતાને ધ્રુવ નથી.)

સકળ પદાર્થોના સમૂહાત્મક પ્રવચનના સારભૂત :પ્રવચન સકળ પદાર્થોના સમૂહનું પ્રતિપાદન કરે છે. તેથી તે સકળ પદાર્થોના સમૂહાત્મક કહ્યું છે. (નિજ શુદ્ધાત્મા પ્રવચનના સારભૂત છે, કારણકે પ્રવચન જે સર્વ પદાર્થ સમૂહનું પ્રતિપાદન કરે છે તેમાં એક નિજાત્મપદાર્થ જ પોતાને ધ્રુવ છે, બીજો કોઈ પદાર્થ પોતાને ધ્રુવ નથી.)

સકળ મોહનીયતા વિપાકથી ભેદની ભાવનાના ઉત્કૃષ્ટપણા વડે :સમસ્ત મોહનીય કર્મના ઉદયથી ભિન્નપણાની ઉત્કૃષ્ટ ભાવના વડે

સકળ વિમળ :સર્વથા નિર્મળ.

સકળજ્ઞાની :સર્વજ્ઞ

સર્કર્ણ :સતપુરુષો

સકામ :આત્માની ભાવના રહિત

સકામ નિર્જરા :સમકિતીને પુરષાર્થ પૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય છે તે સકામ નિર્જરા છે. તેના પણ જ્ઞાની જ્ઞાતા છે. કર્તા નથી રાગ થાય તેને ય જ્ઞાની જાણે, કરે નહિ; અને રાગ ટળે તેને ય જ્ઞાની જાણ પણ કરે નહિ. અહા! જ્ઞાતા સ્વભાવે પરિણમેલા જ્ઞાની-ધર્મી જીવની અંતરદશા અદ્‌ભુત અલૌકિક હોય છે. (૨) ઉદયકાળ પ્રાપ્ત થયા પહેલા જે કર્મો આત્માના પુરુષાર્થના કારણે આત્માથી જુદાં થઇ ગયાં તે સવિપાક નિર્જરા છે. તેને સકામ નિર્જરા પણ કહેવાય છે. (૩) જેમાં ફળની ઈચ્છા હોય તેવી નિર્જરા.

સકામ અકામ નિર્જરા :સકામ અકામ નિર્જરા આ બે પ્રકારની નિર્જરાને પણ જ્ઞાની જાણે છે. ધર્મીજીવ જ્ઞાતા દષ્ટા સ્વભાવે પરિણમે છે તેને રોજ દસવાગે ભોજન લેવાનો સમય હોય પણ પ્રસંગવશ કોઈવાર મોડું થાય ને બપોરે બે વાગે ભોજન લેવાનું બને તો ત્યાં તે આકુળ વ્યાકુળ થતો નથી પણ સમભાવથી સહન કરે છે ત્યારે જે નિર્જરા થાય છે તે અકામ નિર્જરા છે. અજ્ઞાનીને પણ અકામ નિર્જરા થતી હોય છે પણ સમભાવપૂર્વક હોતી નથી. અહીં કહે છે જ્ઞાની તેને જે અકામ નિર્જરા થાય છે તેને જાણે છે, કરે છે એમ નહિ.

વળી સમકિતીને પુરૂષાર્થપૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય છે તે સકામ નિર્જરા છે તેના પણ જ્ઞાની જ્ઞાતા છે, કર્તા નથી. રાગ થાય તે નેય જ્ઞાની જાણે, કરે નહિ અને રાગ ટાળે તેનેય જ્ઞાની જાણે, પણ કરે નહિ. જ્ઞાતાસ્વભાવે પરિણમેલા જ્ઞાની ધર્મી જીવની અંતરદશા અદ્‌ભૂત અલૌકિક હોય છે.

સકિંચન :જેની પાસે કાંઇ પણ (પરિગ્રહ) હોય એવું

સક્રિયતા-અક્રિયતા :મુક્તદશામાં-સિધ્ધ દશામાં પોતાના ગુણનું આનંદનું આનંદાવસ્થામાં જ પલટવું તે સક્રિયતા છે. તે સ્વભાવનો અનુભવ તે જ સક્રિયતા છે; એ જ સમયે નિત્ય વસ્તુ સ્વભાવે ટકવાની અપેક્ષાએ અક્રિય છે અને અવસ્થા પલટવાની દ્રષ્ટિએ સક્રિય છે.

સક્રિય-નિષ્ક્રિયપણું :જીવોને સક્રિયપણાનું બહિરંગ સાધન કર્મ-નોકર્મના સંચયરૂપ પુદગલો છે. તેથી જીવો પુદ્‌ગલકરણવાળા છે. તેના અભાવને લીધે (પુદગલકરણના અભાવને લીધે) સિધ્ધોને નિષ્ક્રિયપણું છે. (અર્થાત સિધ્ધોને કર્મ-નોકર્મના સંચયરૂપ પુદ્‌ગલોનો અભાવ હોવાથી તે નિષ્ક્રિય છે.) પુદ્‌ગલોને સક્રિયપણાનું બહિરંગ સાધન પરિણામ નિષ્પાદક (અર્થાત પરિણામ નીપજવામાં નિમિત્તભૂત (બહિરંગ સાધનરૂપ) કાળ છે; તેથી પુદગલો કાળકરણવાળા છે.

કર્માદિકની માફક (અર્થાત્ જેમ કર્મ-નોકર્મ પુદ્‌ગલોનો અભાવ થાય છે તેમ) કાળનો અભાવ હોતો નથી; તેથી સિધ્ધોની માફક (અર્થાત્ જેમ સિધ્ધોને નિષ્ક્રિયપણું હોય છે તેમ) પુદ્‌ગલોને નિષ્ક્રિયપણું હોતું નથી.

સગડ :પગેરૂં; પગલાં; કેડો; માર્ગ; સર-સમાચાર; ખબર (બાતમી); પતો.

સઘળોય :કાંઇપણ

સદ્ય :સત્વર

સચર :હરનારું; ફરનારું; જંગમ

સચરાચર :ચેતન અને જડ, જૈગમ અને સ્થાવર (૨) ચાલતા અને સ્થિર. દ્રવ્ય-ગુણ અને પર્યાય. મતલબ વસ્તુ, એનો ભાવ અને એની દશા-અવસ્થાએ ત્રણેથી કહેવામાં આવતા સમયને (સમસ્ત દ્રવ્યોને) જાણવા દેખવામાં સમર્થ એવા સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવળદર્શનથી ભગવાન સંયુક્ત છે.

સચ્ચિદાનંદ :સત્ + ચિત્ + આનંદ = શાશ્વત જ્ઞાનને આનંદ. શાશ્વત જ્ઞાનને આનંદમય આત્માનું રૂપ છે. (૨) સત્ = ત્રિકાળ હોવાપણું, ચિદ્ = જ્ઞાન, આનંદ = સ્વરૂપ રમણતા-સ્થિરતા.

સચ્ચિદાનંદ સ્વરૂપ :સત નામ ત્રિકાળ, ચિત્ત નામ ચૈતન્ય અને આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે. આવા આત્માને જે અંતરંગમાં સ્પર્શીને જાણે છે તેને આનંદ થાય છે, સુખ થાય છે.

સ્ત એટલે શાશ્વત જ્ઞાન અને આનંદ સ્વરૂપ પરિપૂર્ણ વસ્તુ. આવા સતની જેને દ્રષ્ટિ થઈ તે સમ્યગ્દ્રષ્ટિ જીવ છે.

સચ્ચિદાનંદ-સત :ત્રિકાળ હોવાપણું, ચિદ-જ્ઞાન, આનંદ-સ્વરૂપ, રમણતા-સ્થિરતા. એ એકસાથે રહેલા ગુણને જુદા જુદા ભેદ પાડીને કહેવા, તે વ્યવહાર છે. ત્રણ ખાનામાં ત્રણ ગુણના જુદા જુદા ભાગલા નથી. જેમ એક ખાનામાં ધાણા, બીજામાં જીરૂ અને ત્રીજામાં હળદર જુદા છે, તેમ આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતા એ ત્રણ જુદા જુદા નથી. છતાં ભેદ પાડીને કહેવું, તે વ્યવહાર છે, ત્રણેનું એકરૂપ તે આત્માનું સ્વરૂપ છે, તે નિશ્ચય છે.

સજલ :પાણી સહિત.

સજળ મેઘ :પાણી ભરેલું વાદળું.

સજ્જન :સત્ + જન.

સજઝાય :સ્તુતિ વગેરેથી ભરેલો સ્તોત્રના રૂપનો જૂની ગુજરાતીનો એક જૈન સાહિત્ય પ્રકાર.

સજાતીય અને વિજાતીય :સજાતીય કહેતાં પોતાથી ભિન્ન બીજા આત્માઓ અને વિજાતીય કહેતાં પોતાથી ભિન્ન પુદ્ગલાદિ દ્રવ્યો

સજીવન :ચૈતન્યવાળું; જાગ્રતઃ જીવતું;સચેતન

સજીવન થાય :ફરથી જીવંત થાય.

સજીવનૂ મૂર્તિ :ચાર ઘનઘાતી કર્મથી રહિત પૂર્ણ જ્ઞાની (જિનેશ્વર ભગવંત) (૨) આત્માજ્ઞાની; સદ્ગુરૂ; પ્રત્યક્ષ જ્ઞાની; સાક્ષાત્ ચેતન મૂર્તિ; યોગી સત્પુરૂષ; સત્સ્વરૂપનો યોગ પામેલ પ્રગટ યોગી.

સજોદ :અંકલેશ્વરની બાજુમાં સજોદ ગામ છે ત્યાં પૂ. કાનજી સ્વામી ગયા હતા. બહુ જૂનું ગામ છે. ભગવાનની પ્રતિમા બહુ જૂની છે. આસપાસ નદીના કાંઠે હજારો તાડપત્રોનાં ઝાડ છે. ત્યાં જોવા ગયા હતા. અગાઉ મુનિઓ ત્યાં રહેતા અને ઝાડ પરથી ખરી પડેલા તાડપત્રમાં લખતા અને ત્યાં મૂકી દેતા. કોઈ ગૃહસ્થને ખબર હોય કે મુનિરાજ તાડપત્ર પર લખે છે તો તે લખેલાં તાડપત્રો પડ્યાં હોય તે ઉપાડી લેતાં- આ રીતે સંગ્રહ થઈને શાસ્ત્ર બન્યાં છે.

સડકા :સબડકા (૨) ઉભરા આવવા. (૩) સબડકો; આંગળાથી પ્રવાહી પદાર્થ મોંમાં લેતાં થતો અવાજ; જોરથી વાયું ખેચાતાં નાકમાં થતો અવાજ. (૪) સબડકો જોરથી વાયુ ખેંચતાં નાકમાં થતો અવાજ, હથેળીના તર્જની સિવાયના આંગળા ભેગાથી, પ્રવાહી ખોરાક મોમાં અવાજ સાથે ચુસવો એ. (૫) સબડકો =આંગળાથી પ્રવાહી પદાર્થ મોંમાં લેતો થતો અવાજ.

સત :હયાત; હયાતીવાળો; અસ્તિત્વવાળો (૨) આ આત્મા તે વસ્તુ છે તે દ્રવ્ય, ગુણ, પર્યાય એમ ત્રણે મળીને સ્વયં સત છે. અનંતગુણનો પિંડ તે દ્રવ્ય, ગુણ એટલે શક્તિ અને પર્યાય કહેતાં અવસ્થા. આ ત્રણે થઈને સતનું પૂર્ણ પ છે. બીજી રીતે કહીએ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુકતમૃત. તેમાં ઉત્પાદ-વ્યય તે પર્યાય છે. દ્રવ્ય (અને ગુણ) ત્રિકાળ-ધ્રુવ છે. આ ત્રણ થઈને એક સત છે. તેની અપેક્ષાએ બીજા પર પદાર્થો અસત છે. આત્મા બીજામાં નહિ અને બીજા પદાર્થ આત્મામાં નહિ એ અપેક્ષાએ બીજા પદાર્થીને અસૃત કરી વ્યવહાર કહ્યો છે. (૩) હયાતીવાળું; સત્તાવાળું; અસ્તિત્વવાળું; સતરૂપ (૪) હોતું; હયાત; હયાતીવાળું અર્થાત દ્રવ્ય (૫) દ્રવ્ય; ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય;ગુણપર્યાયપિંડ (૬) હયાતીવાળું; સત્તાવાળું; અસ્તિત્વવાળું; સતરૂપ (૭) હોતું-હયાત-હયાતીવાળું; દ્રવ્ય (૮) અવિનાશી; વિદ્યમાન; હયાત (૯) અસ્તિરૂપ પદાર્થ (૧૦) વિદ્યમાન, હયાત (૧૧) હયાતીવાળું,

સત્તાવાળું; અસ્તિત્વવાળું અનુરૂપ. (૧૨) હયાત; અસ્તિત્વ. (૧૩) વિદ્યમાન, હયાત હોવું, અસ્તિત્વ. (૧૪) વસ્તુનું હોવું; અસ્તિત્વ. સત્ સત્ છે, સરળ છે, સુગમ છે. (૧૫) હોવાપણું; દરેક આત્મા પોતાપણે ત્રિકાળ છે. (૧૬) ત્રિકાળ હોવાપણું. (૧૭) અસ્તિરૂપ કાર્ય. (૧૮) હયાત; અસ્તિત્વ. (૧૯) હોવાપણું, દરેક આત્મા પોતાપણે ત્રિકાળ છે. (૨૦) હયાત; હયાતીવાળો; અસ્તિત્વવાળો. (૨૧) વસ્તુના અસ્તિત્વને સત્ કહે છે. (૨૨) વસ્તુના અસ્તિત્વને સત્ કહે છે. (૨૩) હોવાપણું, દરેક આત્મા પોતાપણે ત્રિકાળ છે (૨૪) યથાસ્થિત વસ્તુ તત્ત્વની દષ્ટિ. (૨૫) વિદ્યમાન (૨૬) સત્ શબ્દના ત્રણ અર્થ છે :

(૧) સત્ એટલે વસ્તુનું હોવું; અસ્તિત્વ;

(૨) તે જ જેમ છે તેમ હોવાથી સત્ સાચું;

(૩) અને આખું જેમ છે તેમ હોતું સાચું તે જ ગ્રહણ કરવા યોગ્ય હોવથી સત્ એટલે સારૂં, અર્થાત્ વસ્તુગતે વસ્તુરૂપે જે સ્વરૂપનું હોવાપણું તે સત્ છે, તે સાચું છે અને તે સારૂં છે, સત્‌ના આ ત્રણ અર્થ એકબીજાના પૂરક અને સમર્થક છે.

સત-ઉત્પાદ :જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પતિને સત-ઉત્પાદ કહે છે. અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત-ઉપાદ કહે છે. જયારે પર્યાયોને ગૌણ કરીને દ્રવ્યનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે. (કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળ હયાત છે.) તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવયને સત-ઉપાદ છે અને જયારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત નહોતું તે ઉત્પન્ન થાય છે. (કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો). તેથી પયાયાર્થિક નયથી દ્રવ્યને અસત-ઉત્પાદ છે.

અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી; તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ, અસત-ઉત્પાદમાં, જે પર્યાયો છે તે દ્રય જ છે, અને દ્રવ્યનથી વિવક્ષા વખતે પણ સત-ઉત્પાદમાં જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે. માટે દ્રવ્યાર્થિક કથનથી સત-ઉત્પાદ છે, પર્યાયાર્થિક કથનથી અસત-ઉત્પાદ છે-તે વાત અનવદ્ય(નિર્દોષ-અબાધ્ય) છે.

સતક્રિયા :રાગદ્વેષ અને મોડ વગરની દશા

સતદેવ :રાગ-દ્વેષ અને અજ્ઞાન જેનાં ક્ષય થયાં છે તે. (૨) અઢાર દૂષણથી રહિત, સચ્ચિદાનંદ સ્વરૂપથી વિરાજમાન, અને મહા ઉદ્યોતકર બાર ગુણ જેઓમાં પ્રગટે છે, જન્મ, મરણ અને અનંત સંસાર જેનો ગયો છે તે સતદેવ, નિગ્રંથ આગમમાં કહ્યા છે એ દોષરહિત શુધ્ધ આત્મ સ્વરૂપને પામેલા હોવાથી પૂજનીય પરમેશ્વર કહેવાય છે. સર્વ દૂષણ રહિત કર્મમલહીન, મુકત, નિરાગી, સકળ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી, જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશકિત પ્રકાશ પામે છે.

સતધર્મ :જ્ઞાની પુરુષોએ બાંધેલો ધર્મ

સતત :નિરંતર; સમયનો આંતરો પડયા વિના નિરંતર (૨) સતત; નિરંતર; લગાતાર; હમેંશ ચાલું

સતપણા વડે :સત એવા ભાવ વડે; હોવાપણા વડે; છે પણા વડે.

સતરૂપ :સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)

સતસ્વભાવ :અસ્તિત્વ સ્વભાવ

સત્‌ને વિષે પ્રીતિ અને સત્‌રૂપ સંતને વિષે પરમ ભક્તિ :પોતાના આત્મભાવની તથારૂપ પ્રતીતિ અને શુધ્ધ સત્સ્વરૂપ એવા ભગવાનમાં અર્પણભાવે પરમ ભક્તિ.

સત્ અને પરિણામ :જો દ્રવ્યદષ્ટિથી વિચાર કરવામાં આવે તો તે પ્રતિક્ષણ થનાર પરિણામો-અવસ્થાઓનો સમૂહ જ દ્રવ્ય છે. અનાદિ-અનંતકાળના પરિણામ સમૂહને છોડીને સત્ બીજો કોઈ પદાર્થ નથી, તેથી સત્‌થી પરિણામ ભિન્ન નથી.

સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ :જે પહેલાં હયાત હોય તેની જ ઉત્પિત્તિને સત્ ઉત્પાદ કહે છે અને જે પહેલાં હયાત ન હોય તેની ઉત્પત્તિને અસત્ ઉત્પાદ કહે છે. જ્યારે પર્યાયોને ગૌણ કરીનેદ્રવ્યનું મુખ્યત્વે કથન કરવામાં આવે છે,

ત્યારે તો જે હયાત હતું તે જ ઉત્પન્ન થાય છે (કારણ કે દ્રવ્ય તો ત્રણે કાળે હયાત છે); તેથી દ્રવ્યાર્થિક નયથી તો દ્રવ્યને સત્ ઉત્પાદ છે. અને જ્યારે દ્રવ્યને ગૌણ કરીને પર્યાયોનું મુખ્યપણે કથન કરવામાં આવે છે, ત્યારે જે હયાત ન હતું તે ઉત્પન્ન થયા છે (કારણ કે વર્તમાન પર્યાય ભૂતકાળે હયાત નહોતો), તેથી પર્યાયાર્થિક નયથી દ્રવ્યને અસત્ ઉત્પાદ છે.

અહીં એ લક્ષમાં રાખવું કે દ્રવ્ય અને પર્યાયો જુદી જુદી વસ્તુઓ નથી; તેથી પર્યાયોની વિવક્ષા વખતે પણ, અસત્ ઉત્પાદમાં જે પર્યાયો છે તે દ્રવ્ય જ છે, અને દ્રવ્યની વિવક્ષા વખતે પણ, સત્ ઉત્પાદમાં જે દ્રવ્ય છે તે પર્યાયો જ છે.

સત્-ચિત્-આનંદ :સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર. (૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (૩) સત્ = ત્રિકાળ હોવાપણું, ચિત્ = જ્ઞાન, આનંદ= સ્વરૂપ રમણતા, સ્થિરતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

સત્ ચિત્ એ આનંદ :અનંત દર્શન,અનંત જ્ઞાન, અને અનંત સુખથી વિરાજમાન એટલે શોભે છે.

સત્શ્રુત :ઓમકારરૂપી વાણી, અર્હંતદેવની વાણી, દિવ્યવાણી, પરમ આગમ (૨) જે શાસ્ત્રો ન્યાયની કસોટીએ ચડાવતાં અર્થાત્ સમ્યગ્જ્ઞાન વડે પરીક્ષા કરતાં પ્રયોજન ભત બાબતોમાં સાચાં માલૂમ પડે તેને જ ખરાં માનવાં જોઈએ. જ્યારે લોકોની યાદશક્તિ નબળી પડે ત્યારે જ શાસ્ત્રો લખવાની પદ્ધતિ થાય; તેથી લખેલાં શાસ્ત્રો ગણધર ભગવાને ગૂંથેલા શબ્દોમાં ન જ હોય, પણ સમ્યગ્જ્ઞાની આચાર્યએ તેમના યથાર્થ ભાવો જાળવીને પોતાની ભાષામાં શાસ્ત્રરૂપે ગૂંથ્યા હોય અને તે સત્શ્રુત છે. (૩) ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે, અમૃત છે.

સત્ સમત્વરૂપપણું :મધ્યસ્થ નિષ્પક્ષપાતપણું; સત્ પરીક્ષા-પ્રધાનીપણે; સત્ગ્રહણરૂપ.

સત્થી અવિશિષ્ટ :અસ્તિત્વથી અભિન્ન એવો, અસ્તિત્વથી કોઈ બીજો નહિ એવો; સત્તાથી કોઈ જુદો નહિ એવો.

સત્કાર :ગુણપ્રશંસા

સત્ય અણુવ્રતમાં પાંચ અતિસાર :મિથ્યા ઉપદેશ, રહાવ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસ અપહાર અને સાકાર મંત્રભેદ એ પાંચ સત્ય અણુવ્રતના અતિચારો છે.

(૧) મિથ્યા ઉપદેશ = કોઈ જીવને અભ્યુદય અગર મોક્ષ સાથે સંબંધ રાખવાવાળી ક્રિયામાં સંદેહ ઉત્પન્ન થયો અને તેણે આવીને પૂછ્યું કે આ વિષયમાં મારે શું કરવું ? તેનો ઉત્તર આપતાં સમ્યગ્દષ્ટિ વ્રતધારીઓએ પોતાની ભૂલથી વિપરીત માર્ગનો ઉપદેશ આપ્યો, તો તે મિથ્યા ઉપદેશ કહેવાય છે; અને તે સત્ય અણુવ્રતનો અતિસાર છે. જાણવા છતાં જો મિથ્યા ઉપદેશ કરે તો તે અનાચાર છે. મિથ્યા વિવાદ ઉપસ્થિત થતાં સંબંધને ઉલંઘીને અસંબંધરૂપ ઉપદેશ આપવો તે પણ અતિચારરૂપ મિથ્યા ઉપદેશ છે.

(૨) રહોભ્યાખ્યાન = કોઈ ખાનગી વાત પ્રગટ કરવી તે.

(૩) કૂટલેખક્રિયા = પર પ્રયોગના વશે (અજાણતાં) કોઈ ખોટો લેખ લખવો તે.

(૪) ન્ય અપહાર =કોઈ માણસ કાંઈ વસ્તુ મૂકી ગયો અને તે પાછી માગતી વખતે તેણે ઓછી માંગી ત્યારે એ પ્રમાણે ઓછું પાછું કહીને તમારૂં જેટલું હોય તેટલું લઈ જાવ એમ કહેવું તે ન્યાસ અપહાર છે.

(૫) સાકાર મંત્રભેદ = હાથ વગેરેની ચેષ્ટા ઉપરથી બીજાના અભિપ્રાયને જાણીને પ્રગટ કરી દેવો તે સાકાર મંત્રભેદ છે.

વ્રતધારીને આ દોષો પ્રત્યે ખેદ હોય છે તેથી તે અવિચાર છે એટલે કે ત્યાં વ્રતનો અભાવ જ છે એમ સમજવું.

(૨)

૧. જૂઠો ઉપદેશ આપવો કે જેથી જીવોનું અહિત થાય,
૨. કોઈ સ્ત્રી-પુરૂષની ગુપ્તવાત પ્રગટ કરવી.
૩. જૂઠા લેખ લખવા તથા જૂઠી રસીદ વગેરે પોતે લખવી,
૪. કોઈની થાપણ પચાવી પાડવી,

૫. કોઈની આકૃતિ જોઈને તેનો અભિપ્રાય પ્રગટ કરી દેવો – એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

(૩) મિથ્યા ઉપદેશ, રહોભ્યાખ્યાન, કૂટલેખક્રિયા, ન્યાસ અપહાર અને સાકાર મંત્રભેદ એ પાંચ સત્ય અણુવ્રતના અતિચારો છે.

(૧) મિથ્યા ઉપદેશ=કોઈ જીવને અભ્યુદય અગર મોક્ષ સાથે સબંધ રાખવાવાળી ક્રિયામાં સંદેહ ઉત્પન્ન થયો અને તેણે આવીને પૂછયું કે આ વિષયમાં મારે શું કરવું ? તેનો ઉત્તર આપતાં સમ્યક્દ્રષ્ટિ વ્રતધારીએ પોતાની ભૂલથી વિપરીત માર્ગનો ઉપદેશ આપ્યો, તો તે મિથ્યા ઉપદેશ કહેવાયછે; અને તે સત્ય અણુવ્રતનો અતિચાર છે. જાણવાં છતાં જો મિથ્યા ઉપદેશ કરે તો તે અનાચાર છે. વિવાદ ઉપસ્થિત થતાં સંબંધને ઉલ્લંઘીને અસંબંધરૂપ ઉપદેશ આપવો તે પણ અતિચારરૂપ મિથ્યાઉપદેશ છે.

(૨) રહોભ્યાખ્યાન=કોઈ ખાનગી વાત પ્રગટ કરવી તે.

(૩) કૂટ લેખક્રિયા=પર પ્રયોગના વશે (અજાણતાં) કોઈ ખોટો લેખ લખવો તે.

(૪) ન્યાસ અપહાર=કોઈ માણસ કાંઈ વસ્તુ મૂકી ગયો અને તે પાછી માંગતી વખતે તેણે ઓછી માગી ત્યારે એ પ્રમાણે ઓછું પાછું કહીને તમારું જેટલું હોય તેટલું લઈ જાવ એ કહેવું તથા આપવું તે ન્યાસ વ્યવહાર છે.

(૫) સાકાર મંત્રભેદ=હાથ વગેરેની ચેષ્ટા ઉપરથી બીજાના અભિપ્રાયને જાણીને તે પ્રગટ કરી દેવો તે સાકાર મંત્રભેદ છે.

વ્રતધારીને આ દોષો પ્રત્યે ખેદ હોય છે તેથી તે અતિચાર છે, પણ જીવને જો તે પ્રત્યે ખેદ ન હોય તો તે અનાચાર છે એટલે કે ત્યાં વ્રતનો અભાવ જ છે એમ સમજવું

સત્ય આત્મા :પોતાના પૂર્ણ સ્વરૂપને ઓળખનાર તથા શુદ્ધ સ્વરૂપમાં સુનિશ્ચિતપણે રહેનાર, ટકનાર, પરમાત્મદશાને પામેલા તે.

સત્ય પુરૂષાર્થ :સ્વભાવ સન્મુખતાનો પુરૂષાર્થ (૨) મોક્ષમાર્ગ.

સત્યંકાર :સાક્ષાત્કાર.

સત્યધર્મ :હિતરૂપ ધર્મ.

સત્યપરાયણ :સત્યનિષ્ઠ; સત્યમાં જેને પાકી લગની અને શ્રધ્ધા હોય તેવું

સત્યવત્તગ્રહણ :સત્ય સ્વીકાર.

સત્યવ્રતની પાંચ ભાવનાઓ :

(૧) ક્રોધનો ત્યાગ

(૨) લોભનો ત્યાગ

(૩) ભયનો ત્યાગ

(૪) હાસ્યનો ત્યાગ કેમ કે આ ચારને વશ થઈને અસત્ય બોલી જવાય છે.

(૫) અનુવીચી ભાષણ–શાસ્ત્રોક્ત વચન કહેવું.

સત્યાત્મા :સર્વજ્ઞ પરમેશ્વર એ સાચા સત્યાત્મા છે કેમ કે પર્યાયમાં સત્યાર્થપણું પ્રગટ થઈ ગયું છે. એમ દ્રવ્ય પોતે સત્યાત્મા સત્યાર્થ ભૂતાર્થ ત્રિકાળ છે.

સત્યાર્થ :છે. (૨) નિર્મળ સ્વતંત્રપણે પોતાનો અસ્તિસ્વભાવ. (૩) નિર્મળ સ્વતંત્રપણે પોતાનો અસ્તિ સ્વભાવ, તે સત્યાર્થ છે.

સત્ત્વસ્વરૂપ :શાશ્વત વસ્તુરૂપ.

સત્પુરુષ :સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે; શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી; છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવવચન પ્રમાણિક ગણ.

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે મોક્ષે જઈશ.

રા.વચનામૃત ૭૬

(૨) બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરૂષને શોધીને તેના ચરણકમળમાં સર્વમાત્ર અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. સત્પુરૂષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી

અને સાંભળવામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે, અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવ પ્રવચન પ્રમાણિક ગણ. એક સત્પુરૂષને રાજી કરવામાં તેની સર્વ ઈચ્છાને પ્રશંસવામાં તે જ સત્ય માનવામાં આખી જિંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષ થઈશ. (૩) જેમાં સદ્‌ગુરૂત્વ, સત્સંગ એ સત્કથા એ રહ્યાં છે.

સત્ફળ :મુક્તિ. (૨) સુંદરફળ; સારૂં ફળ; ઉત્તમ ફળ; સાચું ફળ. અર્થાત્ પરમ આનંદને શાંતિ.

સત્તાનું કાર્ય :સત્તાનું કાર્ય એટલું જ છે કે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે-ટકે, તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી અર્થાત સત્તાના અભાવનો પ્રસંગ આવે છે.

સત્તાનો આશ્રય :સત્તા દ્રવ્યના આશ્રયે રહે છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી. (જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી (કારણ કે વાસણને અને ઘી ને પ્રદેશભેદ છે) પરંતુ જેમ કેરીમાં વર્ણ,ગંધ વગેરે છે તેમ દ્રવયમાં સત્તા છે.)

સત્ત્વ :સતપણું; (અભેદનયે) દ્રવ્ય (૨) બળ, શક્તિ

સતા :અસ્તિત્વ

હોવાપણું; હયાતી (૨) સત્તા ભાવ છે અને વસ્તુ ભાવવાન છે. સત્તા લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. (૩) અસ્તિત્વ (૪) હોવાપણું; હયાતી (૫) અસ્તિત્વ; સતનો ભાવ અર્થાત સત્ત્વ (૬) અસ્તિત્વ. (૭) સદાય હોવાપણું; અસ્તિત્વ. (૮) સત્તા દ્રવ્યના આશ્રયે રહે છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી.

(જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા ટકી રહેતી નથી (કારણ કે વાસણ અને ઘી ને તો પ્રદેશભેદ છે.); પરંતુ જેમ કેરીમાં વર્ણ, ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે.) (૯) સદાય હોવાપણું; અસ્તિત્વ. (૧૦) અસ્તિત્વ. (૧૧) સદાય હોવાપણું

સત્તા અને દ્રવ્ય :સત્તા દ્રવ્યને આશ્રયે રહે છે. દ્રવ્યને કોઈ આશ્રય નથી. (જેમ વાસણમાં ઘી રહે છે તેમ દ્રવ્યમાં સત્તા રહેતી નથી. કારણ કે વાસણને અને ઘી ને તો પ્રદેશભેદ છે.)પરંતુ જેમ કેરે માં વર્ણ, ગંધ વગેરે છે તેમ દ્રવ્યમાં સત્તા છે.

સત્તા અને શક્તિ :

(૧) દિગમ્બર સમ્પ્રદાય એમ કહે છે કે આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે રહ્યું છે.

(૨) શ્વેતામ્બર સંપ્રદાય કેવળજ્ઞાન સત્તારૂપે રહ્યાંનું કહે છે.

(૩) 'શક્તિ' શબ્દનો અર્થ સત્તાથી વધારે ગૌણ થાય છે.

(૪) શકિતરૂપે છે એટલે આવરણથી રોકાયું નથી, જેમ જેમ શક્તિ વધતી જાય એટલે તેના ઉપર જેમ જેમ પ્રયોગ થતા જાય, તેમ તેમ જ્ઞાન વિશુધ્ધ થતું જઈ કેવળજ્ઞાન પ્રગટ થાય.

(૫) સત્તામાં એટલે આવરણમાં રહ્યું છે એમ કહેવાય.

(૬) સત્તામાં કર્મપ્રકૃતિ હોય તે ઉદયમાં આવે એ શક્તિરૂપે ન કહેવાય.

(૭) સત્તામાં કેવળજ્ઞાન હોય અને આવરણમાં ન હોય એમ એમ ન બને. ભગવતી આરાધના જોશો.

સત્તા ગ્રાહક :દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા.

સત્તા સમુહભૂત :સમ્યક્ પ્રકારે સત્તાનું ઉદયભૂત થવું, પ્રકાશવું, સ્ફુરવું, જણાવું તે.

સત્તા સંયુકત :અસ્તિત્વવાળા

સત્તાગત :ઉપશમ

સત્તાગ્રાહક :દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા.

સત્તાનું કાર્ય :સત્તાનું કાર્ય એટલું જ છે કે તે દ્રવ્યને હયાત રાખે. જો દ્રવ્ય સત્તાથી ભિન્ન રહીને પણ હયાત રહે-ટકે તો પછી સત્તાનું પ્રયોજન જ રહેતું નથી અર્થાત સત્તાના અભાવનો પ્રસંગ આવે છે.

સત્તાપ્રિય :અભિમાની.

સત્તાસંયુકત :અસ્તિત્વવાળા

સત્તાસ્વરૂપ :પંડિત ભણચંદ્રજી રચિત હિન્દી ગ્રંથ. આ પુસ્તક ગુજરાતીમાં પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકમાં, અર્હંતનું સ્વરૂપ જાણી ગૃહિત મિથ્યાત્વ ટાળવાનું સ્વરૂપ બહુ સારી રીતે સમજાવેલ છે.

સપ્તભંગી :

(૧) સ્યાત્ અસ્તિ,
(૨) સ્યાત્ નાસ્તિ,
(૩) સ્યાત્ અસ્તિ અને નાસ્તિ,
(૪) સ્યાત્ અવકતવ્ય,
(૫) સ્યાત્ અસ્તિ અને અવકતવ્ય,
(૬) સ્યાત્ નાસ્તિ અને અવ્યકતવ્ય,
(૭) સ્યાત્ અસ્તિ્ નાસ્તિ અને અવ્યકતવ્ય

(૨)

(૧) સર્વ વસ્તુ સ્વરૂપાદિથી અશૂન્ય છે.
(૨) પરરૂપાદિથી શૂન્ય છે.
(૩) બન્નેથી (સ્વરૂપાદિથી અને પરરૂપાદિથી) અશૂન્ય અને શૂન્ય છે.
(૪) બન્નેથી (સ્વરૂપાદિ અને પરરૂપાદિથી) એકી સાથે અવાચ્ય છે, ભંગોના સંયોગથી કથન કરતાં
(૫) અશૂન્ય અને અવાચ્ય છે.
(૬) શૂન્ય અને અવાચ્ય છે.
(૭) અશૂન્ય, શૂન્ય અને અવાચ્ય છે.

(૩)

(૧) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે-કહેવામાં આવતાં 'અસ્તિ'છે.
(૨) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ -ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ'છે,
(૩) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ક્રમથી કહેવામાં આવતાં 'અસ્તિ અને નાસ્તિ' છે.
(૪) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે-અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે યુગપદ્ કહેવામાં આવતાં અવકતવ્ય છે.
(૫) દ્રવ્ય સ્વદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવે- અને યુગપદ્ સ્વપરદ્રવ્ય -ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામા આવતા 'અસ્તિ અને અવકતવ્ય' છે,
(૬) દ્રવ્ય પરદ્રવ્ય -ક્ષેત્ર-કાળ-ભાવે-અને યુગપદ્ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'નાસ્તિ અને અવકતવ્ય' છે.
(૭) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે-અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ્ સ્વપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં 'જ્ઞાસ્તિ,નાસ્તિ અને અવકતવ્ય' છે.

(૪)

(૧) દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાથી છે.
(૨) દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષાથી નથી.
(૩) દ્રવ્ય ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી છે અને નથી.
(૪) દ્રવ્ય યુગપદ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે.
(૫) દ્રવ્ય સ્વચતુષ્ટયની અને યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી છે અને અવકતવ્ય છે.
(૬) દ્રવ્ય પરચતુષ્ટયની અને યુગપદ સ્વપરચતુષ્ટયની, પરચતુષ્ટયની અને યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી છે નથી અને અવકતવ્ય છે. એ પ્રમાણે અહીં સપ્તભંગી કહેવામાં આવી.

સત્વ :સત્પણું, હયાતપણું, વિદ્યમાનપણું, હયાતનો ભાવ છે એવો ભાવ (૨) સતૂપણું; (અભેદનયે) દ્રવ્ય; સત્તા (૩) સત્પણું; (અભેદ નયે) દ્રવ્ય. (૪) કસ.

સત્શ્રુતનો પરિચય :શાંત રસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે.સર્વે રસ શાંતરસગર્ભિત જેમાં વર્ણવ્યા છે. એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

સત્શાસ્ત્રનું સ્વરૂપ :સત્શાસ્ત્ર તે છે કે જે સર્વજ્ઞ વીતરાગનું બોધેલું હોય, કોઈ વાદી પ્રતિવાદી જેનું ઉલ્લંઘન કરી શકે નહીં એવું હોય, પ્રત્યક્ષ અને અનુમાન

પ્રમાણથી તેમાં વિરોધ ન આવે તેવું હોય, વસ્તુનું સ્વરૂપ જેવું હોય તેવો ઉપદેશ જેમાં હોય, સર્વ જીવોને હિતકારી હોય, તથા કુમાર્ગનો નિષેધ કરનાર હોય. આ છ વિશેષણે યુક્ત હોય તે સાચાં શાસ્ત્ર છે.

સત્સુખ :પરમ તૃપ્તિ; પરમ શાંતિ; પરમ આનંદ

સત્સંગ :ઉત્તમનો સહેવાસ. (૨) સમયથી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ (૩) સમયથી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ. (૪) પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા (પરમ સતમાં શ્રધ્ધાન) જેવી છે, તેવી યોગ્યતા ધરાવનાર પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. (અર્થાત્ મનમેળાપી સંગ કૃપાળુદેવમાં એકલક્ષપૂર્વકની શ્રધ્ધા છે તેવાનો સંગ; અર્થાત્ સ્ટીમરમાં પૂ.પરમ પુરુષના પરમત્સંગમાં પહોંચવાની નાવ) મોટા પુરુષના સંગમાં એટલે ચરણમાં-વીતરાગ પુરુ ના યોગમાં તે પરમ સત્સંગ છે.) (૫) સદબોધ (૬) (સમયથી પુરુષોનો, સમગુણી પુરુષોનો યોગ) માં સતૂનો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષોના વચનોનું પરિચર્યન કરવું છે. જેમાંથી કાળે કરીને સતૂની પ્રાપ્તિ થાય છે. (૭) સમવયી પુરૂષોનો, સમગુણી પુરૂષોનો યોગમાં સતનો જેને સાક્ષાત્કારી પુરૂષોનાં વચનોનું પરિચર્યન કરવું, કે જેમાંથી કાળે કરીને સત્‌ની પ્રાપ્તિ થાય છે.

સત્સંગમાં સ્થિરતા ન રહેવાનાં કારણો :મિથ્યા આગ્રહ, સ્વચ્છંદતા, ઈન્દ્રિયવિષય અને પ્રમાદ કે વિકથાદિ

સત્સ્વરૂપ :સ્વત- સિધ્ધ, અનાદિ નિધન, સ્વસહાય અને નિર્વિકલ્પ સ્વરૂપ જ વસ્તુને સમજવી.

સથર્યો :સરળ; અપલક્ષણ વિનાનો.

સદ આચરણ :શરીરાદિ પરચીજ તું નહિ, તું એમાં નહિ ને એ તારામાં નહિ. અરે ! આ તારી અવસ્થા જે ક્ષણે ક્ષણે બદલાય છે, તે પણ તું નહિ, એવી આનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ તું ભગવાન છો. તેને દષ્ટિમાં લઈ, તેમાં જ લીન થઈ રહેતાં જે આનંદ અને શાંતિ પ્રગટે, તે સદઆચરણ છે. અંદર સત્ ત્રિકાળી પ્રભુ છે તેનું આચરણ તે સદઆચરણ છે. બાકી તો બધું સંસાર ખાતે છે.

સદ્‌અનુષ્ઠાન :સદાચરણ

સદ્‌ગુરુ :મિથ્યાત્વ ગ્રંથિ જેની છેદાઈ છે તે સદગુરુ એટલે નિગ્રંથ (૨) આત્મજ્ઞાની, સ્વરૂપ સ્થિત; ઈચ્છારહિત, સમદર્શી ઉદયાધીન વિચરનારા, અપૂર્વ વાણી પ્રકાશનારા, પરમ શ્રુત એવા સદ્‌ગુરૂ છે.

સદ્‌ગુરૂગમે :સદ્‌ગુરૂ દ્વારા પ્રાપ્ત ગમથી-સમજણથી.

સદ્‌ગુરુના બોધને લાયક જીવ કોણ? :

(૧) જેને મોક્ષની વાત,
(૨) પંચમહાવિદેહની વાતો,
(૩) સાધક દશાના પુરુષાર્થના ન્યાય,
(૪) સર્વજ્ઞના ન્યાય તથા
(૫) નિગોદ અને સિધ્ધની સ્થિતિ તે વિષે જાણવા રુચિ હોય.

સદ્‌હણા :શુધ્ધ શ્રધ્ધા; સંત શ્રધ્ધા.

સદશ :સરખાપણું; એકરૂપપણું.

સદુપાય :સમાધાન

સદ્‌ભૂત :વિદ્યમાન (૨) આત્મા અખંડ જ્ઞાન સ્વરૂપે તેમાં આત્માનું જ્ઞાન રાગને જાણે, પરને જાણે એમ કહેતાં તે જ્ઞાન પોતાનું હોવાથી સદ્‌ભૂત છે. (૩) આત્મભૂત.

સદ્‌ભૂત વ્યવહાર :મોક્ષમાર્ગ. (૨) ઉપચાર, જાણવું. પોતાનામાં છે માટે સદ્‌ભૂત, અને ખરેખર તો પોતાને જાણે છતાં રાગને જાણે છે, એમ કહેવું, તે ઉપચાર છે. (૩) બે ભેદ છે-

(૧) ઉપચરિત સદભૂત (૨) અનુપચરિત સદભૂત

સદભૂત વ્યવહાર પ્રાણ :ત્રિકાળ શુધ્ધ જીવની દ્રષ્ટિ-રુચિ, એનું જ જ્ઞાન અને એમાં જ એકપણે રમણતા કરવી એ સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એ આત્માનો સદભૂતવ્યવહાર પ્રાણ છે. એ સ્વ સમય છે. એને ધર્મરૂપ પરિણમન કહે છે.

સદ્‌ભાવ :હયાતી; સ્વભાવ (૨) સારો ભાવ; સારી લાગણી; સાચી સ્નેહની લાગણી; હયાતી; ભાવની હયાતી; ભાવની હાજરી; આશ્રયભાવ; આધાર. (૩) સંભવ. (૪) અસ્તિત્વ. (૫) સારો ભાવ, સારી લાગણી,

સાચી સ્નેહની લાગણી. જ્ઞાનીને શુદ્ધ આત્માના જ્ઞાનનો સદ્‌ભાવ છે એટલે શું ? કે આ શુદ્ધ ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ ચૈતન્ય.... ચૈતન્ય.... ચૈતન્ય એવા ચૈતન્યના ધ્રુવ પ્રવાહરૂપ જે આત્મા છે, તે હું છું એમ જ્ઞાની અનુભવે છે. અને તેથી આ જ્ઞાતા દ્રષ્ટાસ્વભાવ તે હું સ્વ, અને જે રાગાદિ વિકાર છે, તે પર છે. એમ સ્વપરનું એને વિભાગ જ્ઞાન, નામ ભેદ જ્ઞાન થયેલું છે. જ્ઞાની આવા ભેદજ્ઞાન વડે, પ્રકૃતિના સ્વભાવથી નિવર્ત્યો છે. હું રાગથી ભિન્ન અને નિજ ચૈતન્ય સ્વભાવથી, અભિન્ન છું. એવું ભેદજ્ઞાન થયું હોવાથી, જ્ઞાની પ્રકૃતિના સ્વભાવથી નિવર્તી ગયો છે.

સદ્‌ભાવ સંબદ્ધ :સત્-ઉત્પાદ; હયાતનો ઉત્પાદ. (૨) હયાતી સાથે સંબંધવાળો - સંકળાયેલો. (દ્રવ્યની વિવક્ષા વખતે અન્વય શક્તિઓને મુખ્ય અને વ્યતિરેક શક્તિઓને ગૌણ કરતી હોવાથી દ્રવ્યને સદ્‌ભાવ સંબદ્ધ ઉત્પાદ (સત્ ઉત્પાદ, હયાતનો ઉત્પાદ) છે.)

સદ્‌ભાવપર્યાયો :સ્વભાવ વિશેષો

સદ્‌ભાવી વિશેષસ્વરૂપ :સાથે સાથે રહેનારા વિશેષો-ભેદો જેમનું સ્વરૂપ છે એવા-ગુણો. અને ક્રમભાવી વિશેષ સ્વરૂપ પર્યાયોમાં રહેલી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય અસ્તિત્વથી બનેલી છે; માટે વસ્તુ પરિણામ સ્વભાવવાળી જ છે.

સદ્‌ધ્યાન :ધર્મધ્યાન; શુક્લ ધ્યાન

સદ્‌ભાવપર્યાયો :સ્વભાવ વિશેષો

સદ્દશ :અવિરૂધ્ધ (૨) એકરૂપ; અવિરુધ્ધ;ધ્રુવ; એક; સમાન્ય (૩) એકસરખું; સમાન;

સદ્‌વૃત્તિઓ :મુકત થવા માટે આત્મભાવમાં સ્થિતિ કરાવનાર સત્પુરુષથી પ્રાપ્ત થયેલી દ્રષ્ટિઓ.

સદ્‌વ્યવહાર :શ્રી પ્રવચનસારમાં આવે છે કે -મોક્ષમાર્ગનો ભાવ એ જીવનો વ્યવહારભાવ છે, આત્મ વ્યવહાર છે, નિશ્ચય સમકિત, નિશ્ચય જ્ઞાન અને નિશ્ચય ચારિત્ર એવી જે નિશ્ચયરત્નત્રય રૂપ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તે આત્માનો સદવ્યવહાર છે. જે વિકલ્પ છે એ તો અસદભૂત છે. એ આત્માનો વ્યવહાર કયાં છે ? રાગાદિ વિકલ્પ તો મનુષ્યનો, ચાર ગતિમાં રખડવાનો, વ્યવહાર છે. આત્મા પરિપૂર્ણ આનંદ-સ્વરૂપ ચૈતન્ય છે.ધન સ્વભાવી ભગવાન છે. તેના આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય પ્રગટે તે આત્માનો વ્યવહાર છે. આવો માર્ગ જેને અંતરમાં બેસે તેની દશા કોઈ અલૌકિક હોય છે.

અહીં કહે છે કે શુભભાવથી આત્માને લાભ થાય, ધર્મ થાય એમ શુભભાવને જીવ કહેનારા પરમાર્થવાદી નથી, કારણ કે આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.

સદશ :એકરૂપ; કાયમ સરખાપણો.

સદા :નિત્ય; નિરંતર; સર્વદા; હમેંશા; સદૈવ

સદા પૂજનીક કોણ? :વીતરાગ દેવ, સપ્રમાણ, સુસાધુ અને સુધર્મ

સદાકાળ :નિરંતર

સદાચાર :દયા (અહિંસા), સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય, પરિગ્રહ-પરિમાણ વગેરે સદાચાર કહેલા છે. વિષય કષાયાદિ દોષ ગયા વિના સામાન્ય આશયવાળાં દયા વગેરે આવે નહીં તો પછી ઊંડા આશયવાળાં દયા વગેરે કયાંથી આવે ?

સદેહમુક્ત :જીવનમુક્ત.

સદૈવ :નિરંતર

સદોદિત :નિત્ય; હરહંમેશ; સદા ઉદિત. (૨) હમેંશા પ્રકાશી રહેલુ; નાશ રહિત; હમેંશા; કાયમ.

સધૈ વસ્તુ :બધી વસ્તુઓ.

સધાવું :થવું. (અધાતી હોવાને લીધે = થતી હોવાને લીધે)

સનાતન આત્મધર્મ :સનાતમ આત્મધર્મ તે શાંત થવું; વિરામ પામવું તે છે; આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે. તે ષડદર્શનમાં સમાય છે, અને તે ષડદર્શન જૈનમાં સમાય છે.

સનાથ-અનાથ-નાથ :ત્રિકાળ ધ્રુવ-ધ્રુવ અવિચળ. ચિદ્વિલાસરૂપ એવો ભગવાન આત્મા અંદરમાં ત્રિકાળ સહજ-જ્ઞાનાદિ અનંતસ્વભાવ ચતુષ્ટયાદિથી સહિત હોવાથી સનાથ છે; ને તેના માથે કોઈ નાથ-ધણી-માલિક નથી માટે અનાથ છે; ને પોતે મુક્તિ સુંદરીનો નાથ છે. અહા ! આવો (આત્મા)

અંદરમાં નિજ ભગવાન આત્મા છે એને જણીને અંતર-એકાગ્ર થવું, તને અનુભવવો, તેમાં લીન રહેવું તે ધર્મ છે, મોક્ષનો માર્ગ છે; ને તેનું ફળ મુક્તિ છે જેનો પોતે જ નાથ છે. આવી અલૌકિક વાત છે.

સનાથતા :જ્યાં સમાધિ છે ત્યાં સનાથતા છે.

સનિધન :જેનો અંત છે તે; નાશવાન (૨) મૃત્યુવાળા; મૃત્યુસહિત. નિધન = મૃત્યુ જેનો અંત છે. (૩) જેનો અંત છે એવા મૂર્ત ઈન્દ્રિયોવાળા અને આત્માથી વિરૂદ્ધ જાતિવાળા નરનારકાદિ વિભાવ વ્યંજન પર્યાય-શરીર પર્યાય તેનો વિનાશ થાય તેને મૃત્યુ કહેવામાં આવે છે.

સપક્ષા :સપદક્ષ; સ્વપક્ષા; અનુકૂળ.

સપત :સાત.

સપર્યય :પર્યાય સહિત.

સપ્રતિપક્ષ :પ્રતિપક્ષ અર્થાત વિરોધી સહિત. (મૂર્ત ઈન્દ્રિયજ જ્ઞાન તેના પ્રતિપક્ષ અજ્ઞાન સહિત જ હોય છે અને મૂર્ત ઈન્દ્રિય જ સુખ તેના પ્રતિપક્ષભૂત દુઃખ સહિત જ હોય છે.) (૨) પ્રતિપક્ષ સહિત. વિરોધ સહિત. મહાસત્તા અને અવાન્તર સત્તા પરસ્પર વિરોધી છે. (૩) પ્રતિપક્ષ સહિત; વિપક્ષ સહિત; વિરુધ્ધ પક્ષ સહિત

સપ્રદેશ :સ્થૂલ; મૂર્ત

સબળાઈ :દઢતા; બળવત્તા; મજબૂતી.

સમં :એક સાથે (૨) અક્રમે; યુગપદ. (૩) અક્રમે; યુગપદ્.

સઉપયોગી :જ્ઞાતાદષ્ટાપણું.

સમસ્ત દાહ્ય હેતુક :સમસ્ત દાહ્ય જેનું નિમિત્ત છે એવા.

સરલ :નિખાલસ સ્વભાવનું; નિષ્કપટી; કપટ વિનાનું

સરલતા :નિર્માનપણું; પોતાના દોષ દેખી તે ટાળવા.

સરળ :સુગમ; સહેલું; સુસ્પષ્ટા સરસ; સુંદર.

સરંભ :વિષય વગેરેની તીવ્ર અભિલાષા.

સંરમ્ભ :કોઈ પણ વિકારી કાર્ય કરવાનો નિર્ણય-સંકલ્પ કરવો તેને સંરમ્ભ કહેવાય છે.(સંકલ્પ બે પ્રકારનાં છે. ૧ મિથ્યાત્વરૂપ સંકલ્પ, ૨ અસ્થિરતારૂપ સંકલ્પ)

સર્વ :સ્વ અને પર; પોતે અને આખું જગત-જગતના સર્વ પદાર્થો.

સર્વ અવલોકન :સંપૂર્ણ અવલોકન

સર્વ આરંભથી :ઉદ્યમથી.

સર્વ ગુણાંશ ને સમકિત :આત્મામાં જેટલા ગુણો છે તે બધાનો એક અંશ વ્યક્ત થાય તેનું નામ સમ્યગ્દર્શન છે.

સર્વ જીવ છે સિદ્ધ સમ જે સમજે તે થાય :અનાદિ કાળનું અજ્ઞાન ટાળી, એક સમયમાં સમજી શકે તેવી તાકાત દરેક જીવમાં, દરેક સમયે છે. પણ તે પ્રગટ કરવા માટે પૂર્વનો માનેલો, ઊંધો આગ્રહ છોડી દેવો જોઈએ.

સર્વ તરફથી :સર્વ આત્મપ્રદેશેથી

સર્વ તરફથી સમરસપણે સમુધ્ધ છે :સર્વ આત્મપ્રદેશોથી સમાનપણે જાણે છે.

સર્વ દ્રવ્યોમાં વ્યાપક :સર્વ દ્રવ્યોને જાણનાર.

સર્વ પ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે :સર્વ પ્રકારના પદાર્થાને જાણનાર જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે.

સર્વ પુરૂષાર્થમાં સારભૂત :ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરૂષ અર્થોમાં (પુરૂષ પ્રયોજનોમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ તાત્ત્વિક) પુરૂષ-અર્થ છે.

સર્વ ભાવ :અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનંત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ.

સર્વ ભાવાન્તરચ્છિદે :પોતાના ભાવથી, અનેરા સર્વ જીવ-અજીવ (ચરાચર) ગતિ કરનાર, અને ગતિસ્થ (સ્થિત રહેનાર) સર્વ પદાર્થોને સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વ વિશેષો સહિત, એકજ સમયમાં જાણનારો છે. આ પર્યાયના પૂર્ણ સામર્થ્યની વાત છે. પોતાના ભાવને તો સ્વાનુભૂતિથી જાણે, પણ ભાવાન્તર કહેતાં બીજાના ભાવોને પણ સંપૂર્ણ જાણનાર છે. પોતાથી અનેરા બધા ભાવો, એટલે કે સર્વક્ષેત્ર સંબંધી અને સર્વકાળ સંબંધી બધા જીવ અજીવ પદાર્થોને, સર્વ વિશેષો સહિત એઠલે કે એકેક દ્રવ્યના બધા ગુણો

અને પર્યાયો સહિત, એકજ સમયે જાણનાર છે. આમ, આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે, એમ સિદ્ધ કર્યુ.

સર્વ લોકના અધિપતિઓ :ત્રણે લોકના સ્વામીઓ; સુરેન્દ્રો, અસુરેન્દ્રો ને ચક્રવર્તીઓ

સર્વ વિભાગે :સર્વ પ્રકારે.

સર્વ વિશુદ્ધ ચૈતન્ય પરિણમન સ્વભાવ :સર્વ વિશુદ્ધ ચૈતન્ય પરિણમન સ્વભાવ આત્માનું કર્મ છે અને તે કર્મ આકુળતાસ્વરૂપ સુખને નિપજાવે છે માટે સુખ તે કર્મફળ છે, સુખ આત્માની જ અવસ્થા હોવાથી આત્મા જ કર્મફળ છે.

સર્વ શાસ્ત્રરૂપ બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર :

(૧) તીર્થંકર દેવની ઉપદેશવાણીમાં શિખામણમાં

(૨) તે સંબંધી જાણવાના વિચારમાં અને

(૩) પોતાના અખંડ સ્વભાવમાં, એમ ત્રણ પ્રકારે યથાર્થપણું જાણ્યું, તેણે સર્વ સત શાસ્ત્રરૂપ બાર અંગ અને ચૌદ પૂર્વ જાણ્યા.

યથાર્થ સ્વરૂપને માન્યું ક્યારે કહેવાય ?

(૧) કર્મનો સંયોગ છે, છતાં નિશ્ચયથી સંબંધ અસ્પર્શી છું.

(૨) શરીરના આકારનો સંયોગ છે, છતાં નિશ્ચયથી અસંયોગી શરીરના, આકાર રહિત છું.

(૩) હીનાધિક અવસ્થારૂપ પરિણમન થાય છે, છતાં નિશ્ચિયથી દરેક સમયે, એકરૂપ છું.

(૪) અનંત ગુણો જુદી જુદી શક્તિ સહિત છે, પણ સ્વભાવ ભેદરૂપ નથી, હું નિત્ય એકરૂપ અભેદ છું.

(૫) રાગ-દ્વેષ-હર્ષ-શોકના ભાવ નિમિત્તાધીન થાય છે, પણ હું તે રૂપે થઈ જતો નથી.

આ પ્રમાણે પોતાના યથાર્થ સ્વરૂપને માને, ત્યારે તો વ્યવહારને આંગણે શુભરાગમાં ઊભો કહેવાય. (એવી ચિત્તશુદ્ધિ તો જીવે અનંતવાર કરી છે, પણ તે વ્યવહાર છે) વ્યવહારથી શુભરાગથી નિશ્ચય, એટલે કે સ્વભાવના ગુણ ઉઘડે નહિ, પણ શુભ કે અશુભ કોઈ ભાવ તે, હું નહિ, વ્યવહારના બધા ભેદોનો અભેદ, સ્વભાવના જોરે પ્રથમ શ્રદ્ધામાં નિષેધ કરે, તો પરાશ્રય વિના સ્વલક્ષે અંદર ગુણમાં, એકાગ્રતાનું જોરે આપતાદ સ્વભાવના ગુણ ખીલે છે.

ઉપર્યુક્ત પાંચ ભાવોથી સ્વતંત્ર પૂર્ણ નિર્મળ સ્વભાવપણે આત્માને, યથાર્થ માને ત્યારે નિર્મળ શ્રદ્ધારૂપ શરૂઆતનો ધર્મ એટલે સમ્યગ્દર્શન થાય છે. આવું જાણ્યું તેણે જ ખરૂં જિનશાસન જાણ્યું છે.

સર્વ સત્તાત્મકજ્ઞાન :બધા જ સ્વાયત્ત અધિકારવાળું જ્ઞાન; સર્વ અસ્તિત્વમાં રહેલું જ્ઞાન; સર્વ અધિકારના રૂપમાં રહેલું જ્ઞાન.

સર્વ સંદેહની નિવૃત્તિ :સર્વ શંકા-આશંકા-ભયનું છૂટવું.

સર્વ સંન્યાસ :સર્વ સંગ પરિત્યાગ.

સર્વ સમાધિ પત્યાકાર :સર્વ પ્રકારની સમાધિ ન રહેવી તે.

સર્વ સામાન્ય ધર્મ :સર્વ જીવોને માન્ય આત્માનો ધર્મ સર્વને સરખો લાગુ પડે. સાંપ્રદાયિક ધર્મ નહિ.

સર્વંકષ :સમતોલન સર્વગ્રાહી; સર્વ શક્તિમાન; આત્મજ્યોતિ.

સર્વગુણાંશ તે સમ્યક્ત્વ :આત્માના અનંત ગુણોની પર્યાય અંશે વિકસિત થવી તેનું નામ સર્વગુણાંશ તે સમ્યક્ત્વ અને એ જ ધર્મનું પ્રથમ સોપાન છે. (૨) જ્ઞાન અને આનંદ આદિ અનંતગુણો, જે શક્તિરૂપે વિદ્યમાન હતા, તે પર્યાયમાં પ્રગટ થાય છે. (૩) નિજ ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થતાં આત્મામાં સંખ્યાએ જેટલા ગુણો છે તે બધાનું પર્યાયમાં અંશે વ્યક્ત વેદન આવે છે.

સર્વગત :સર્વમાં વ્યાપનારું (૨) સર્વવ્યાપક

સર્વજ્ઞ :સર્વજ્ઞ એક જ સમયે બધું જાણનાર-દેખનાર છે. સર્વજ્ઞપહેલા સમયે જાણે અને બીજા સમે દેખે એમ માનનારા સાદિ-અનંત કેવળજ્ઞાન-કેવળદર્શનમાં અને આદિ-અનંત કાળમાં બે ભાગલા પાડી નાખે છે, આ આખી દૃષ્ટિ તત્વવિરુધ્ધ છે, કલ્પનામય છે. (પરમાત્મા એક જ સમયે બધું દેખે અને જાણે છે માટે સર્વજ્ઞ અને સર્વદર્શી એક જ સમયે છે.) (૨) ઈષ્ટ દેવ સર્વજ્ઞ છે. આ આત્મા પણ સ્વભાવે સર્વજ્ઞ છે. (૩) પૂર્ણ જ્ઞાન; ભૂત વર્તમાન અને ભવિષ્યનું એકી સમયે વર્તતું સંપૂર્ણ જ્ઞાન તેને સર્વજ્ઞ કહેવાય છે. (૪) ત્રણ

કાળ, ત્રણ લોકની પર્યાય તથા અનંતા દ્રવ્ય. એક એક દ્રવ્યના અનંતા ગુણ, એક એક ગુણની અનંતી પર્યાય, તે જ્ઞાનગુણની એક સમયની પર્યાયમાં જણાય છે એવું આત્મામાં સામર્થ્ય છે. એવું સામર્થ્ય જેને પ્રગટ થાય તે સર્વજ્ઞ છે. તેવા સર્વજ્ઞ અહીં આ ક્ષેત્રમાં જ્યારે ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યારે તે પોતે જ સર્વજ્ઞ હતા. અને બીજા પણ ઘણા સર્વજ્ઞ હતા. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન સર્વજ્ઞપદે બીરાજી રહ્યા છે અને બીજા પણ ઘણા સર્વજ્ઞ બિરાજી રહ્યા છે. (૫) ઈષ્ટદેવ સર્વજ્ઞ છે. આ આત્મા પણ સ્વભાવે સર્વજ્ઞ છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ છે. આ આત્મા પણ વીતરાગ સ્વરૂપ જ છે. દ્રવ્ય સ્વરૂપની જ વીતરાગ સ્વરૂપ છે. જેમાંથી વીતરાગ પર્યાય પ્રગટ થાય છે. (૬) મોક્ષની પર્યાય; જે એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને યુગપત્ જાણવાની શક્તિનો વિકાસ થયો છે તે સર્વજ્ઞ મોક્ષની પર્યાય છે. એ મોક્ષ પણ બહિઃ તત્ત્વ છે. અને અંતઃ તત્ત્વ તો એવી અનંત અનંત પર્યાયોનો પિંડ આખી સામાન્ય એક સદશ ચૈતન્યવસ્તુ છે. આવા અંતઃતત્ત્વ અને આવા બહિઃતત્ત્વની (બેની) ભેદરૂપ શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહે છે. તથા તેય અંતઃ તત્ત્વના અનુભવમાં જેને નિશ્ચય સમકિત છે તેને આવું સહચરપણે વ્યવહાર સમકિત હોય છે. (૭) સર્વજ્ઞ એકજ સમયે બધું જાણનાર, દેખનાર છે. સર્વજ્ઞ પહેલા સમયે જાણે અને બીજા સમયે દેખે, એમ માનારા આદિ અનંત કેવળ જ્ઞાન કેવળ દર્શનમાં અને આદિ અનંતકાળમાં બે ભાગલા પાડી નાખે છે. આ આખી દૃષ્ટિ તત્ત્વવિરૂદ્ધ છે. કલ્પનામય છે. પરમાત્મા એક જ સમયે બધું દેખે અને જાણે છે, માટે સર્વજ્ઞ અને સર્વ દર્શી એક જ સમયે છે. (૮) નિરાવરણ જ્ઞાની.

સર્વજ્ઞ અને સર્વદર્શી :સર્વ પદાર્થ સામાન્ય-વિશેષાત્મક હોય છે. એવો કોઈ પદાર્થ સંસારમાં નથી જે કેવળ સામાન્ય રૂપ હોય અથવા કેવળ વિશેષરૂપ જ હોય. સામાન્યની સાથે વિશેષનો અને વિશેષની સાથે સામાન્યનો અવિનાભાવ સંબંધ છે. આવી સ્થિતિમાં સામાન્યને , જે દ્રવ્યરૂપે હોય છે. જેવી રીતે જ્ઞેય ભાવથી જાણવામાં આવે છે તેવી જ રીતે તેના વિશેષો પર્યાયોના સ્વભાવને પણ જ્ઞેયભાવથી જાણવામાં આવે છે. સ્વાભાવનું આ પરિજ્ઞાન તે પદાર્થને સાક્ષાત્ કર્યા વિના-પ્રત્યક્ષ અનુભવમાં લાવ્યા વિના બની શક્તું નથી. તેથી જ્ઞાન સ્વભાવને કારણે આ આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છ, નહિતર-સર્વજ્ઞી અને સર્વદર્શી ન હોય તો આ આત્માનો જ્ઞાન સ્વભાવ પણ રહેતો નથી. અહીં જ્ઞાન સ્વભાવ હેતુથી આત્માનું સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું સિદ્ધ કરવામાં આવ્યું છે. જો આત્મા જ્ઞાનરૂપ છે અને સર્વ પદાર્થ જ્ઞેયરૂપ છે તો કોઈપણ પદાર્થ ભલે તે ગમે તેટલો દૂર સ્થિત હોય અને કાળના ગમે તેટલા અંતર સહિત હોય, તો પણ તે કેવળ જ્ઞાનનો વિષય થવાથી બચી શકતો નથી કે જે સર્વથા જ્ઞાનાવરણાદિરૂપ પ્રતિબંધક સહિત નિર્બાધ, અસીમ અને અનંત છે. માથા ૧૩-૧૪ મોક્ષ અધિકાર યોગ....

સર્વજ્ઞ ભગવાન કયા પદાર્થને ધ્યાય છે? :સર્વ આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞ ભગવાન પરમાનંદથી અભિન્ન એવા નિજાત્મારૂપી એક વિષયનું સંવેદન કરતા હોવાથી તેમને પરમાનંદનું ધ્યાન છે. અર્થાત તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે.

સર્વજ્ઞ ભગવાનને કોઈ પદાર્થ અભિલાષા, જિજ્ઞાસા કે સંદેહ નથી તો પછી તેઓ કયા પદાર્થને ધ્યાવે છે ? :એક અગ્રનું-વિષયનું સંવેદન તે ધ્યાન છે. સર્વ આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞ ભગવાન પરમાનંદથી અભિન્ન એવા નિજાત્મારૂપી એક વિષયનું સંવેદન કરતા હોવાથી તેમને પરમાનંદનું ધ્યાન છે. અર્થાતૂ તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે.

સર્વજ્ઞ વીતરાગ :દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત.

સર્વજ્ઞ સ્વભાવ :સર્વજ્ઞ જિનેન્દ્ર સિવાય જેટલા મતો છે તેમનામાં સર્વજ્ઞસ્વભાવી જીવતત્ત્વની પણ પ્રતીતિ નથી. સર્વજ્ઞસ્વભાવ આત્મવસ્તુનું તળ છે. (૨) જાણનાર, દેખનાર સ્વભાવ

સર્વજ્ઞ સ્વભાવી :સર્વપ્રકાશક; સર્વને જાણનારો.

સર્વજ્ઞથી ઉપજ્ઞ :સર્વજ્ઞથી સ્વયં જાણીને કહેવાયેલાં

સર્વજ્ઞપણું :આત્માપણું ; કેવળ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ જ એકલો અને એવડો છે કે તે સ્વ અને પરને સંપૂર્ણ પ્રકાશે. લોકાલોક છે તો પર્યાયમાં તેનું જ્ઞાન થાય છે એમ નથી. પર્યાયનો એ સહજ જ સ્વભાવ છે કે એ સમસ્ત વિશ્વછને

જાણે. સ્વ પર પ્રકાશકપણાનું સામર્થ્ય પોતાથી જ પ્રગટયું છે. અરિહંતદેવ વિશ્વને સાક્ષાત દેખે છે એટલે કે પોતાની પર્યાયમાં પૂર્ણતાને દેખે છે. જેમ રાત્રિના સમયે કોઈ સરોવરના પાણીમાં તારા, ચંદ્ર વગેરે દેખાય છે તે ખરેખર તો પાણીની જ અવસ્થા દેખાય છે તેમ જ્ઞાન ખરેખર તો જ્ઞાનને જ સંપૂર્ણ જાણી રહ્યું છે. (૨) સર્વને જાણનારું

સર્વજ્ઞસ્વભાવ :ત્રિકાળ સર્વજ્ઞ સ્વભાવ વિષે બે મત છે. શ્વેતાંબર મતવાળા કહે છે. કેવળજ્ઞાન સત્તાસ્વરૂપ છે; એમ કે કેવળજ્ઞાન પર્યાય રૂપે સત્તામાં પ્રગટરૂપ છે. અને ઉપર કર્મનું આવરણ છે. દિગંબર સંતો-ઋષિસ્વરો કહે છે - કેવળજ્ઞાન દ્રવ્યમાં શક્તિરૂપે છે અને પર્યાયમાં તેનું અલ્પજ્ઞરૂપે પરણિમન છે. પૂર્ણજ્ઞાન (પર્યાયમાં) પ્રગટ નથી તેમાં નિમિત્તરૂપે કર્મનું આવરણ છે. આમ બન્ને વાતમાં મહાન-આસમાનજમીનનું-અંતર છે. વાસ્તવમાં કેવળજ્ઞાન વર્તમાન પર્યાયમાં સત્તારૂપે પ્રગટ નથી, પણ શક્તિરૂપે દ્રવ્યમાં ત્રિકાળ પડેલું છે. પ્રગટ છે તે આવરણ છે એ નહિ, પણ શક્તિરૂપે અને તેનું પર્યાયમાં અલ્પક્ષપણે પરિણમન છે.

સર્વજ્ઞાન :જ્ઞાનનો વિચાર જે પરમાર્થ સ્વરૂપ આત્મા તરફ વળે છે તે બધા વિચારરૂપ જ્ઞાન.

સર્વજ્ઞોપજ્ઞ :સર્વજ્ઞે સ્વયં જાણેલું (અને કહેલું)

સર્વતઃ :બધાય પ્રદેશો (૨) સર્વ આત્મપ્રદેશોથી. (૩) બધીયે તરફથી

સર્વતઃ નિવૃત્તિનો અભાવ છે :એકેક તરફથી જરાય નિવૃત્તિ નથી.

સર્વતઃ ચક્ષુ :સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા.

સર્વત્ર :બધેય (૨) ક્રમવર્તી સર્વ શરીરોમાં (૩) સદાય; હંમેશા.

સર્વથા :અપેક્ષા વિના. (૨) એકાંત, અત્યંત (૩) કાયમ; સદા; સર્વ રીતે (૪) દરેક રીતે; સર્વ રીતે; તદ્દન; સાવ; બિલકુલ (૫) પ્રાર્થનીય સર્વ પ્રકારે ઈચ્છવા યોગ્ય (૬) સર્વદેશ; સંપૂર્ણ. (૭) સર્વ પ્રકારે (૮) દરેક રીતે; સર્વ રીતે; તદ્દન; સાવ; બિલકુલ. (૯) સર્વ પ્રકારે. (૧૦) એકાંત. (૧૧) દરેક રીતે; સર્વ રીતે; તદ્દન; સાવ; બિલકુલ

સર્વથા અનિત્ય :ક્ષણિક એકાન્ત

સર્વથા અવિરોધપણે :સાંગોપાંગ સકલ એવિકલપણે.

સર્વથા એકાંતવાદીઓ :અજ્ઞાનીઓ

સર્વથા નિત્ય :કાયમી એકરૂપ

સર્વથા પ્રાર્થનીય :સર્વ પ્રકારે ઈચ્છવા યોગ્ય.

સર્વદર્શિતા :ઈચ્છારહિતપણું; ઈષ્ટઅનિષ્ટ બુધ્ધિ રહિતપણું; મમત્વરહિતપણું; સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષ રહિત થવું તે ચારિત્રદશા છે. શાતા-અશાતા, જીવન-મૃત્યુ, સુગંધ -દુર્ગંધ, સુસ્વર દુસ્વર, રૂપ-કરૂપ, શીત-ઉષ્ણ આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઈષ્ટ-અનિષ્ટપણું આર્તધ્યાન ન વર્તે તે સમદર્શિતા

સર્વધર્મવ્યાપકપણું :પોતાના ધર્મોમાં વ્યાપકપણું-ફેલાવાપણું

સર્વને જાણતો નથી તે એકને પણ જાણતો નથી :આ વિશ્વમાં એક આકાશદ્રવ્ય છે, એક ધર્મ દ્રવ્ય છે, એક અધર્મદ્રવ્ય છે, અસંખ્ય કાળદ્રવ્યો છે; અનંત જીવ દ્રવ્યો છે અને તેનાથી પણ અનંતગણા પુદગલ દ્રવ્યો છે વળી તેમને જ પ્રત્યેકને ભૂત, ભવિષ્ય અને વર્તમાન એવા ત્રણ કાળના ભેદોથી ભેદવાળા નિરવધિ-અંત વગરના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના અનંત પર્યાયો છે. એ રીતે આ બધોય-દ્રવ્યોને પર્યાયોનો સમુદાય જ્ઞેય છે. જાણવા લાયક છે.

તેમાં જ એક કોઈપણ દમે તે જીવદ્રવ્ય જ્ઞાતા છે. તે સમસ્ત દ્રવ્યો અને પર્યાયોને જાણતો જ્ઞાયક આત્મા સમસ્ત જણાવા રૂપ સમસ્ત જણાતા આકારે પરિણતા પર્યાયોરૂપે પરિણમેલું એક પરિપૂર્ણ જ્ઞાન જેનો આકાર છે એવો નિજ આત્મારૂપે- જે ચેતનાપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ છે. તે રૂપે પરિણમે છે આ પ્રમાણે ખરેખર દ્રવ્યનો સ્વભાવ છે. પરંતુ જે સમસ્ત જ્ઞેયને નથી જાણતો તે આત્મા સમસ્ત જ્ઞેય હેતુક સમસ્ત જ્ઞેયાકાર પર્યાયે પરિણમેલું સકળ એક જ્ઞાન જેનો આકાર છે એવા પોતારૂપે-પોતે ચેતનાપણાને લીધે સ્વાનુભવ પ્રત્યક્ષ હોવા છતાં પણ પરિણમતો ની (અર્થાત્ પોતાને પરિપૂર્ણપણે અનુભવતો નથી. જાણતો નથી.) આ રીતે એમ ફલિત થાય છે કે સર્વને જાણતો નથી તે પોતાને (આત્માને) જાણતો નથી.

ભાવાર્થ :- જે આત્મા સમસ્ત દ્રવ્ય પર્યાયરૂપ સમસ્ત જ્ઞેયને જાણતો નથી, તેનું જ્ઞાન (સમસ્ત જ્ઞેય જેનું નિમિત્ત છે એવા) સમસ્ત જ્ઞેયાકાર પર્યાયે નહિ પરિણમતું હોવાથી અધૂરારૂપે પરિણમે છે - પરિપૂર્ણરૂપે પરિણમતું નથી, તેથી પરિપૂર્ણ એક જ્ઞાન જેનું સ્વરૂપ છે એવો તે આત્મા પોતાપણે જ પૂર્ણ રીતે પરિણમતો નથી અર્થાત્ પોતાને જ પૂર્ણ રીતે અનુભવતો-જાણતો નથી. આ રીતે સિદ્ધ થયું કે જે સર્વને જાણતો નથી તે એકને-પોતાને પૂર્ણ રીતે જાણતો નથી.

સર્વ પ્રકાર જ્ઞાનાવરણના ક્ષયને લીધે :સર્વ પ્રકારના પદાર્થાને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે.

સર્વપુરુષાર્થમાં સારભૂત :ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષ અર્થોમાં (પુરુષ-પ્રયોજનમાં) મોક્ષ જ સારભૂત (શ્રેષ્ઠ તાત્ત્વિક) પુરૂષ-અર્થ છે.

સર્વભૂત :સામર્થ્યસ્વરૂપ; પરિપૂર્ણ સ્વરૂપ.

સર્વભૂતો :સર્વ પ્રાણીઓ; સર્વ જીવો. (૨) પ્રાણીઓ ઈન્દ્રિય ચક્ષુ છે. મૂર્ત દ્રવ્યોને દેખવાવાળા ઈન્દ્રિયચક્ષુ છે.

સર્વભાવાન્તરચ્છિદે :પોતાના ભાવથી અનેરા સર્વ જીવ-અજીવ (ચરાચર) ગતિ કરનાર અને ગતિસ્થ (સ્થિત રહેનાર) સર્વ પદાર્થોને સર્વક્ષેત્ર, સર્વકાળ અને સર્વ વિશેષો સહિત એક જ સમયમાં જાણનારો છે. આ પયાસ્યના પૂર્ણ સમાર્થ્યની વાત છે. પોતાના ભાવને તો સ્વાનુભૂતિથી જાણે, પણ ભાવાન્તાર કહેતાં બીજાના ભાવોને પણ સંપુર્ણ જાણનાર છે. પોતાથી અનેરા બધા ભાવો એટલે કે સર્વક્ષેત્ર સંબંધી અને સર્વકાળ સંબંધી બધા જીવ-રજીવ પદાર્થોને સર્વ વિશેષો સહિત-એટલે કે એકેક દ્રવ્યના બધા ગુણો અને પર્યાયો સહિત એક જ સમયે જાણનાર છે. આમ, આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે એમ સિધ્ધ કર્યું.

સર્વમાન્ય ધર્મ :સર્વ જીવોને માન્ય આત્માનો ધર્મ. સહુને સરખો લાગુ પડે.

સર્વલોક :ત્રણે લોક

સર્વલોકના અધિપતિઓ :ત્રણે લોકના સ્વામીઓ-સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓ.

સર્વવ્યાપી :ભગવાન સર્વને જાણે છે માટે તે સવસ્વ્યાપી કહેવાય છે. (૨) સર્વને દેખનાર-જાણનાર

સર્વવિરતિ :સ્વરૂપમાં વિરાગ પામવું

સર્વવિશુદ્ધ પારિણામિક :આત્માનો સહજ અકૃત્રિમ, એક શુદ્ધ સ્વભાવ, જે સમ્યગ્દર્શનનો વિષય છે.

સર્વશ્રુત :આત્માને પરમાર્થ સ્વરૂપે જેવો છે તેવો કહેનાર, સર્વશ્રુતરૂપ વ્યવહાર દૃઢપણે આવે છે, જે કાર્ય અધુરૂં શ્રુત જ્ઞાન કરે છે, માટે તે સર્વશ્રુત છે. આત્માને પકડવા માટે નવ તત્ત્વના યથાર્થ સ્વરૂપ થોડો કે ઘણો ગમે તે વિચાર હોય, તો પણ તેને વ્યવહારે સર્વશ્રુત કહેવામાં આવે છે.

સર્વસંગ :અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રખાવી શકે એવો સંગ

સર્વસ્વભૂત :સામર્થ્ય સ્વરૂપ; પરિપૂર્ણ સ્વરૂપ.

સર્વાંગ :બધી રીતે. (૨) સંપૂર્ણ; સુસ્પષ્ટ.

સર્વાક્ષગુણ સમૃદ્ધ :સર્વ આત્મા પ્રદેશો-સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ

સર્વાક્ષપ્રગટ :સકળ ઈંદ્રિયસમૂહ વડે ગ્રાહ્ય (જણાવા યોગ્ય)

સર્વાતિશયિ :સર્વોત્કૃષ્ટ.

સર્વાભાસ :અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સેંયોગના આભાસ

સર્વાભાસ રહિત :અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો.

સર્વોત્કૃષ્ટ :સર્વથી ઉત્તમ.

સર્વોત્તમ :સર્વથી ઉત્તમ.

સાતતત્વોનું યથાર્થ શ્રધ્ધાન :

(૧) જીવનો સ્વભાવ ક્ષાયક શુધ્ધ ચિદાનંદ છે. રાગ અને શરીરથી ભિન્ન છે.

(૨) સજીવ=શરીર, કર્મ,આદિ સજીવ છે, અને સજીવનો સ્વભાવ જડ છે.

(૩) આસ્રવ=પુણ્ય-પાપના પરિણામ આસ્રવ છે, અને તેનો સ્વભાવ સાકુળતા છે. મારો સ્વભાવ અનાકુળ આનંદ છે.

(૪) બંધ=વિકારમાં અટકવું તે બંધ છે.

(૫) સંવર=આત્માની શુધ્ધિ અર્થાત યથાર્થ રુચિ, જ્ઞાન અને રમણતા તે સંવર તત્ત્વ છે.

(૬) નિર્જરા=શુધ્ધિની વૃધ્ધિ થવી તે નિર્જરાતત્ત્વ છે.

(૭) મોક્ષ=સંપૂર્ણ શુધ્ધિ થવી તે મોક્ષ છે.

સાત તત્ત્વમાં જીવ અને સજીવ દ્રવ્ય છે; આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ પર્યાય છે. આમ સાત તત્ત્વના યથાર્થ અને પૃથક પૃથક ભાવનું શ્રધ્ધાન અને ભાસન થવું તે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આત્મદર્શન કહો કે તત્ત્વાર્થશ્રધ્ધાન કહો તે એક જ વાત છે. માટે જે સાત તત્ત્વોને ભિન્નભિન્ન યથાર્થપણે શ્રધ્ધે તેને સમ્યગ્દર્શન કહે છે.

સંધુક્ષણ :સંધુકણ, ચકમક, અગ્નિ સળગાવનાર પદાર્થ, અગ્નિ ચેતાવનારી વસ્તુ (૨) સંધુકણ; ચકમક પથ્થર; અગ્નિ સળગાવનાર પદાર્થ, અગ્નિ ચેતાવનારી વસ્તુ; ચકમકને ઘસતાં અગ્નિના તખણા જરે.

સંદિગ્ધ :જેના વિષે સંદેહ હોય તે-આશંકા હોય તે. (૨) જેના વિષેસંદેહ હોય તે; અસ્પષ્ટ. (૩) જેમાં શંકા, સંદેહ હોય, સંદેહવાળુ અસ્પષ્ટ (૪) અસ્પષ્ટ; સંદેહયુક્ત; અનિશ્ચિત. (૫) જેના વિષે સંદેહ હોય તે. (૬) અસ્પષ્ટ; સંદેહયુક્ત; શંકાસહિત; શંકાશીલ. (૭) અસ્પષ્ટ; શંકાશીલ; સંદેહ; વહેમ.

સંઘપણ :શરીરની દ્રઢતા; શરીરના હાડ વગેરેનું બંધારણ-બાંધો

સંઘાત :ભેગા મળવું તે; એકઠા થવું તે; મિલન

સંઘાત નામકર્મ :જે કર્મના ઉદયથી, ઔદારિકાદિ શરીરોના પરમાણું, છિદ્રરહિત એકતાને પ્રાપ્ત કરે.

સંધાન :ધ્યાન; લક્ષ; મિલન; મેળાપ; જોડાણ; સાંધણ

સંધિ :સાંધ,તડ (૨) તડ; તિરાડ.

સન્નિકટ :નજીક (૨) સમીપ; પાસે. (૩) અત્યંત નિકટ

સન્નિકર્ષ :સંબંધ; સમીપતા

સન્નિપાત :મેળાપ; સંબંધ થવો તે

સમ :મધ્યસ્થ અર્થાત્ રાગદ્વેષથી વિકૃત નહિ બનેલો (૨) સમાન (૩) ઈષ્ટાનિષ્ટપણાથી રહિત.

સમ અવસ્થાન :સ્થિરપણે-દ્રઢપણે રહેવું તે, દ્રઢ પણે ટકવું તે.

સમ પરિણામ :વિકલ્પ રહિત પરિણામ

સમ સુખ દુઃખ :સુખ અને દુઃખ (અર્થાત્ ઈષ્ટ તેમજ અનિષ્ટ સંયોગ) બન્ને જેમને સમાન છે એવા. (૨) સુખ દુઃખ જેને સમાન છે એવા; ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં જેને હર્ષ શોકાદિ વિષમ પરિણામ થતા નથી એવા (જેને રાગ-દ્વેષ મોહ નથી, તે મુનિ નિર્વિકાર ચૈતન્યમય છે અર્થાત તેનું ચૈતન્ય પર્યાય પણ વિકાર રહિત છે તેથી તે સમ સુખદુઃખ છે. (૩) જેને સુખ અને દુઃખ સમાન છે એવો. (૪) સુખ અને દુઃખ (ઈષ્ટ તેમજ અનિષ્ટ સંયોગ) બન્ને

સમસ્તપક્ષનો પરિગ્રહ :શત્રુમિત્રાદિનો સમસ્ત પક્ષપાત

સમઅવસ્થિત :સ્થિરપણે-દ્રઢપણે રહેવું; દ્રઢપણે ટકવું તે.

સમકક્ષી :સરખી હદના (૨) સમાન.

સમક્તિ :અંદર ધ્રુવ ત્રિકાળી શ્રદ્ધાથી ભરેલો ચૌતન્ય સામાન્ય સ્વરૂપ ભગવાન આત્મા છે તેમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરતાં અંદરમાં તેની નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે તે સમક્તિ અર્થાત્ સમ્યગ્દર્શન છે. અને તે ધર્મની પ્રથમ પહેલી શ્રેણી છે. (૨) અંદર ધ્રુવ ત્રિકાળી શ્રદ્ધાથી ભરેલો ચૈતન્ય સામાન્ય સ્વરૂપ ભગવાન આત્મા છે તેમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરતાં અંદરમાં તેની નિર્વિકલ્પ પ્રવીતિ થાય છે તે સમક્તિ અર્થાત્ સમ્યગ્દર્શન છે. અને તે ધર્મની પહેલી શ્રેણી છે. (૩) સમક્તિ ભલે ક્ષાયિક હોય તો પણ આ જ્ઞાન ભાવક્ષુતજ્ઞાન હોવાથી ક્ષાયોપશમભાવ સ્વરૂપ છે. સમક્તિ ભલે ક્ષાયિક હોય પણ જ્ઞાન નો ક્ષાયોપશમિકભાવે જ છે.

સમક્તિના પચ્ચીસ દોષ :૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન અને શંકા વગેરે ૮ દોષ; એ મળીને સમ્યગ્દર્શનના ૨૫ દોષ છે સમ્યગ્દર્શનના ૮ અંગ (ગુણ) જાણીને સારી રીતે સમજીને દોષોનો ત્યાગ અને ગુણોનું ગ્રહણ કરવું જોઈએ.

સમ્યગ્દષ્ટિની ચાર ભાવના - સંવેગ, અનુકંપા, આસ્તિક્ય અને પ્રશમ સમ્યગ્દષ્ટિને આ ચાર ભાવના હોય છે.

સમક્ષ :પ્રત્યક્ષ

સમક્ષ સંવેદન :પ્રત્યક્ષ જ્ઞાન

સમકાળ :એક સમય; એક કાળ.

સમકિત :સતપુરુષના વચન પ્રમાણે તેની આજ્ઞા પ્રમાણે વર્તે તેને સમકિત અંશે થયું. બીજા બધા પ્રકારની કલ્પનાઓ મૂકી, પ્રત્યક્ષ સત્પુરુષની આજ્ઞાએ વચન સાંભળવાં, તેની સાચી શ્રધ્ધા કરવી, તે આત્મામાં પરિણમાવવાં, તો સમકિત થાય. પવિત્ર પુરુષોની કૃપાદ્રષ્ટિ એ જ સમ્યગ્દર્શન છે. સમકિત આવ્યા વિના સમાધિ થાય નહીં, સમકિત થવાથી સહેજે સમાધિ થાય, સમકિત થવાથી સહેજે આસક્તભાવ મટી જાય, બાકી આસક્તભાવને અમસ્થી ના કરવાથી બંધ રહે નહી.

આત્મા જે પદાર્થને તીર્થંકરે કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યકત્વ છે. એવો શ્રી તીર્થંકરનો અભિપ્રાય છે.

મત દર્શન આગ્રહ તજી, વર્ષે સદગુરુ લક્ષ;
લહે શુધ્ધ સમકિત તે વીના ભેદ ન પક્ષ

સમકિતના દશ ભેદ છે. :આજ્ઞા, માર્ગ, ઉપદેશ, સૂત્ર, બીજ, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમાવગાઢ એમ સમ્યકત્વના દશ ભેદ પણ છે.

(૧) આજ્ઞા=દર્શન મોહ ઉપશાંત થવાથી શાસ્ત્ર શ્રવણ વિના પણ વીતરાગ દેવની આજ્ઞાના અવધારણથી જે તત્ત્વ શ્રધ્ધાનરૂપ અથવા તે આપ્ત પુરુષની આજ્ઞાના અવધારણરૂપ જીવની દશા વિશેષતારૂપ પરિણતિ તે આજ્ઞા સમ્યકત્વ છે.

(૨) માર્ગ=દર્શન મોહ ઉપશાંત થવાથી ગ્રન્થોના વિસ્તારપૂર્વક શ્રવણ વિના માત્ર બાહ્યાંતર પરિગ્રહ-રહિત કલ્યાણકારી મોક્ષમાર્ગ તેનું અનાદિ દુઃખરૂપ એવા પ્રબળ મોહકર્મની ઉપશાંતિ માટે શ્રધ્ધાન થવું તે માર્ગ સમ્યક્ત્વ અથવા પ્રત્યક્ષ બોધસ્વરૂપ પુરુષ પ્રત્યે ભક્તિયુકત આસ્તિકય પરિણતિ થવી એ પણ માર્ગ સમ્યક્ત્વ છે.

(૩) ઉપદશા = શ્રી તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરષાર્થના ઉપદેશથી દ્રષ્ટિની વિશુધ્ધતા થવી તે ઉપદેશ સમ્યક્ત્વ છે. અથવા તે આપ્ત ભગવાન પ્રણીત શ્રુત પ્રત્યે અંત્યંત ભક્તિયુકત આસ્થારૂપ જીવની દશા તે પણ ઉપદેશ સમ્યક્ત્વ છે.

(૪) સૂત્ર=મુનિઓના આચારાદિ વિધાનોને સૂચવનાર આચારસૂત્રોને સાંભળીને વીતરાગ ભગવાન પ્રણીત નિર્ગ્રંથ માર્ગ પ્રત્યે મહત્વપૂર્ણ દ્રષ્ટિપૂર્વક જે આસ્તિકય પરિણતિ થવી તે સૂત્ર સમ્યકત્વ છે.

(૫) બીજ = ગણિતજ્ઞાન માટે જે નિયમો (બીજ) કરવામાં આવ્યા છે. તેમાંથી કોઈક નિયમો જાણવાથી તથા મોહનીય કર્મનો અતિશય ઉપશમ થવાથી કરુણાનુયોગના ગહન પદાર્થો પણ સમજીને જેને તત્ત્વશ્રધ્ધા થઈ છે તે સમ્યગ્દર્શનને બીજ સમ્યક્ત્વ કહ્યું છે.

(૬) સંક્ષેપ=પદાર્થોનું સંક્ષિપ્ત જ્ઞાન થવાથી જે તત્વોમાં યથાર્થ રુચિ ઉત્પન્ન કરનાર છે તે સંક્ષેપ સમ્યક્ત્વ છે.

(૭) વિસ્તાર=દ્વાદશાંગી વાણી સાંભળીને ઉત્પન્ન થયેલી નિર્મળ તત્વશ્રધ્ધારૂપ દશા તે વિસ્તાર સમ્યક્ત્વ છે.

(૮) અર્થ=નિર્ગ્રંથ વીતરાગ પ્રવચન સાંભળવાથી તોમાંના કોઈક ગહન અર્થના નિમિત્તથી ઉત્પન્ન થયેલી જે તત્વ શ્રધ્ધાનરૂપ દશા તે અર્થ સમ્યકત્વ છે.

(૯) અવગાઢ= અંગ અને અંગબાહ્ય જે વીતરાગ પ્રણીત શાસ્ત્રો છે તેને અવગાહન કરવાથી શ્રુતકેવળીને ઉત્પન્ન થયેલી જે તત્વશ્રધ્ધા છે તે પરમાવગાઢ સમ્યક્ત્વ છે.

એમ એક સમ્યગ્દર્શન પરિણતિને ઉત્પન્ન થવાના ઉપરોકત દશ નિમિત્તોના યોગે સમ્યક્ત્વના દશ ભેદ કહ્યાં છે.

સમકિતી :મિથ્યાત્વ મુક્તિ (૨) મિથ્યાત્વમુક્ત (૩)સમ્યગ્દર્શન પામેલા વ્યક્તિને આઠ પ્રકારના મદમાંનો એક મદ ન હોય. અવિનયી અહંકારી અર્ધદગ્ધ (પોતાને જ્ઞાન નહીં છતાં પોતાને જ્ઞાની માની બેઠેલો) અને રસલુબ્ધ એ ચારમાંથી એકપણ દોષ હોય તો જીવને સમકિત ન થાય.

સમગ્ર :અખંડ

સમગ્રપણે :અખંડપણે સમગ્રપણા વડે = અખંડપણા વડે.

સમગ્રપણાવડે :અખંડપણાવડે.

સમુચ્ચપણે :એકી સાથે; એકરૂપપણે.

સમુચ્ચયરૂપ :સંદોહ રૂપ; સામાન્યસારરૂપ.

સમુચ્ચર :ભેગો કરેલો જથ્થો; સંઘરો.

સમચતુરસ્ર સંસ્થાન :જે કર્મના ઉદયથી, શરીરની આકૃતિ ઉપર, નીચે અને મધ્યમાં, સમભાગથી બને.

સમચતુરસ્રસંસ્થાન :પદ્માસનવાળીને બેઠેલા માણસના શરીરને ચારેકોરથી દોરીથી માપે તો ચારે કોરથી સરખું માપ આવે તે શરીર આકારને સમચતુરસ્ર સંસ્થાન કહે છે.

સમચિત્ત :ચિત્તની સમાનતા-સ્થિરતા વાળું

સમુચ્ચય :ભેગો કરેલો જથ્થો; સંઘરો.

સમુચિત :યોગ્ય; વ્યાજબી; બરોબર યોગ્ય.

સમક્ષ સંવેદન :પ્રત્યક્ષ જ્ઞાન.

સમજવું :સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અભેદ એકતા આત્મામાં થાય છે તે જ વાસ્તવિક સમજવું છે.

સમંજસ :સારૂં; સાચું; ખરૂં; સુંદર; ચોકખું; સદ્‌ગુણી.

સમજાણું કાંઈ ? :કાંઈ એટલે કઈ પદ્ધતિએ કહેવાય છે તેની ગંધ આવે છે ? પૂરૂં સમજાઈ જાય તો ન્યાલ થઈ જાય એવું છે.

સમજાયું :સંવેદાયું; અનુભવાયું.

સમજીને :અંગીકાર કરીને (૨) નિશ્ચય કરીને.

સમત્વબુધ્ધિ :રાગ દ્વેષ વગેરે દ્વંદ્વોના અભાવવાળી સમઝ.

સમતા :મોહનો અભાવને લીધે સર્વત્ર રાગદ્વેષનું દ્વૈત જેમ પ્રગટ થતું નથી તે સમતા છે. (૨) ધીરજ; અકષાય કરુણા (૩) શાંતિ. (૪) સમભાવ; નિષ્પક્ષતા; શાંતભાવ; પરમ શાંત ભાવ. (૫) સૌમ્યતા સ્વરૂપતા.

સમંતભદ્રાચાર્ય :આ મહાત્મા દિગમ્બર આચાર્ય હતા તેમણે રચેલ દેવાગમસ્તોત્ર પર દિગંબર તેમજ શ્વેતાંબર આચાર્યોએ ટીકા કરી છે. સમંતભદ્રચાર્ય નામનો શબ્દાર્થ 'કલ્યાણ જેને માન્ય છે' એવો થાય છે.

સમંત :સર્વ પ્રકારના; પરિપૂર્ણ (૨) ચારે તરફ-સર્વ ભાગમાં વર્તતું; સર્વ આત્મપ્રદેશથી જાણતું; સમસ્ત; આખું; અખંડ (૩) સર્વ પ્રકારના; પરિપૂર્ણ (૪) સર્વ પ્રદેશોથી જાણતું; ચારે તરફ સર્વ ભાગમાં વર્તતું; સર્વ આત્મ પ્રદેશથી જાણતું; સમસ્ત; આખું; અખંડ (૫) માન્ય રાખવો જોઈએ. (૬) સઘળા. (૭) સર્વ પ્રકારના; પરિપૂર્ણ. (૮) સર્વ પ્રદેશેથી જાણતું. (૯) માન્ય

સમુત્તીર્ણ :સારી તે પાર પાડેલું.

સમુત્પન્ન :સારી રીતે ઉદ્‌ભવવું; સરખી રીતે ઉપજવું; સમ્યક્‌રૂપણે ઉત્પન્ન થવું

સમદશા :કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિતમાત્ર દ્વેષ ન રહે.

સમદર્શિતા :ઈચ્છારહિતપણું; પદાર્થને વિષે ઈષ્ટઅનિષ્ટ બુધ્ધિ રહિતપણું મમત્વરહિતપણું; સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઈષ્ટઅનિષ્ટ બુધ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે, આ ગમે છે, આ મને અપ્રિય છે, ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવ વર્તે તેવા ભાવે દેખે, જાણે જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઈષ્ટઅનિષ્ટપણું ન કરે.

શાતા-અશાતા, જીવન-મૃત્ય, સુગંધ- દુર્ગંધ, સુસ્વર-દુર્સ્વર, રૂપ-કરૂપ, શીત-ઉષ્ણ, આદિમાં હર્ષ-શોક, રતિ-અરતિ, ઈષ્ટ-અનિષ્ટપણું, આર્ત-ધ્યાન ન વર્તે તે સમદર્શિતા

હિંસા, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહનો પરિહાર લમદર્શીને વિષે અવશ્ય હોય.

સમદર્શીપણું એટલે લૌકિક ભાવનો સમાનભાવ, અભેદભાવ, એકસરખી બુધ્ધિ, નિર્વિશેષપણું નહિ; અર્થાત્ કાચ અને હીરો એ બે સમાન ગણવા; અથવા સત્શ્રુત અને અસત્શ્રુતમાં સમપણું ગણવું અથવા સદધર્મ અને અસદધર્મમાં અભેદ માનવો, અથવા સદગુરુ અને અસદ્‌ગુરુને વિષે એકસરખી બુધ્ધિ રાખવી, અથવા સદદેવ અને અસદ્‌દેવને વિષે નિર્વિશેષપણું દાખવવુ, અર્થાત બન્નેને એકસરખા ગણવા, ઈત્યાદિ સમાનવૃત્તિ એ સમદર્શિતા નહીં,

એ તો આત્માની મૂઢતા, વિવેકશૂન્યતા, વિવેકવિકળતા (૨) ઈચ્છારહિતપણું. (૩) ઈચ્છા રહિતપણું; પદાર્થને વિષે ઈષ્ટ અનિષ્ટ બુધ્ધિ રહિતપણું; મમત્વરહિતપણું; સમદર્શિતા ચારિત્રદશા સૂચવે છે. રાગદ્વેષરહિત થવું તે ચારિત્રદશા છે. ઈષ્ટઅનિષ્ટ બુધ્ધિ, મમત્વ, ભાવાભાવનું ઊપજવું એ રાગદ્વેષ છે. આ મને પ્રિય છે. આ ગમે છે. આ મને અપ્રિય છે. ગમતું નથી એવો ભાવ સમદર્શીને વિષે ન હોય. સમદર્શી બાહ્ય પદાર્થને, તેના પર્યાયને, તે પદાર્થ તથા પર્યાય જેવા ભાવે વર્તે તેવા ભાવે દેખે, જાણે, જણાવે, પણ તે પદાર્થ કે તેના પર્યાયને વિષે મમત્વ કે ઈષ્ટ અનિષ્ટપણું ન કરે.

સમપરિણામ :સરખાં પરિણામ

સમપરિણામે :જ્ઞાતાભાવે.

સમપરિણામ :જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વદન કરવું એ જ્ઞાની પુરુષોનું સનાતન આચરણ છે.

સમપરિણામે :વિકલ્પ રહિતપણે. સમપણું અને વિકલ્પરહિતપણું સત્સંગથી આવે અને વધે.

સમન્વય :મેળ જ્ઞાન અને ક્રિયાનો મેળ થયો તે જ સ્યાદ્વાદપણું થયું. (૨) એકસરખો વ્યવસ્થિત ક્રમ; પરસ્પર સંબંધ કે મેળ; તાત્પર્ય.

સમનસ્કપણું :મન સહિત અવસ્થા.

સમુદ્ભવ :ઉત્પન્ન થવું તે; ઉત્પત્તિ.

સમુદય :સારો ઉત્કર્ષ, ઉત્કર્ષ, અભ્યુદય, ચડતી, સમુદાય, સમૂહ, જથ્થો

સમુદ્ઘાત કોને કહે છે ? :મૂળ શરીર છોડ્યા વગર જીવના પ્રદેશોનું બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે. (૨) મૂળ શરીરને છોડ્યા વિના આત્માના પ્રદેશોનું બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે. અને તે પ્રદેશત્વગુણની પર્યાય છે.

સમુદાય :સમૂહ-જનસમૂહ

સમુદાય પાતનિકા :ઉપોદ્ઘાત

સમુદાયી :સમુદાયવાળું; સમુદાયનું (જથ્થાનું) બનેલુ; (દ્રવ્ય સમુદાયી છે કારણ કે પર્યાયોના સમુદાય સ્વરૂપ છે.)

સમુદ્રઘાતવિદ્યાન :કેવળી ભગવાનને વેદનીય, નામ અને ગોત્રકર્મની સ્થિતિ કયારેક સ્વભાવથી જ (અર્થાત્ કેવળી સમુદ્રઘાતરૂપ નિમિત્ત હોયા વિના જ) આયુકર્મના જેટલી હોય છે અને કયારેક તે ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મથી વધારે હોવા છતાં તે સ્થિતિ ધરીને આયુકર્મ જેટલી થવામાં કેવળી સમુદ્રઘાત નિમિત્ત બને છે.

સમુદ્રઘાત :કર્મો જથ્થાબંધ ખરી જઈ આત્મા લોકાકાશમાં ફરી વળે.

સમુદ્રમાં બિંદુની શી ગણતરી ? :એમ કે સંસારનું બીજ એવું મિથ્યાદર્શન ગયું પછી કિંચિત્ રાગ-બંધ થાય તેની શી વિસાત ? એ તો નાશ થવા માટે જ છે; કેમકે સમકિતી ધર્મી પુરૂષ ક્રમે પુરૂષાર્થ વધારીને તેનો નાશ કરી જ દે છે. કેવું સરસ, સ્પષ્ટીકરણ કર્યું છે ?

સમુદ્રાત :એક જીવની આખાય લોકમાં અવસ્થિતિ લોકપૂરણ સમુદ્રાતના સમયે બને છે. મૂળ શરીર છોડીને જીવ બહાર નીકળે છે ત્યારે તે જીવ સાથે કાર્મણગર્વણા અને તેજસાદિ પરમાણુ હોય છે અને તેની બીજું શરીર ધારણ કરવાથી સ્થિતિ વચ્ચે અંતર પડે છે તેને સમુદ્ઘાત કહે છે. તે વખતે જીવનું શરીર લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી બને છે. તેનાથી ઓછા પ્રદેશોની સ્થિતિ બીજા સમુદ્રાતોના સમયે તથા મૂળ શરીરના આકાર પ્રમાણે રહ્યા કરે છે. તેથી જ સંસારી જીવને સ્વદેહ પરિમાણ બતાવ્યો છે અને મુક્ત જીવને અંતિમ દેહાકારથી કિંચિત ન્યૂન બતાવ્યો છે. મૂળ શરીર તે ઔદારિક આદિ રૂપે હોય છે તેને છોડ્યા વિના ઉત્તરદેહ તેજસાદિના પ્રદેશો સહિત આત્મપ્રદેશોનું જે બહાર નીકળવું-ફેલાવું તેને સમુદ્રાત કહે છે.

સમુલ્લાસ :ઘણો આનંદ; પ્રબળ હર્ષ; સુપ્રસન્નતા.

સમૂળ :પૂરેપુરું

સમીચીન :સારું; રૂડું; યોગ્ય; બરાબર; યથાર્થ

સન્મૂર્છન :મૂર્છાવસ્થા; બેશુધ્ધાવસ્થા

સન્માર્ગ :નીતિ અને પ્રામાણિકતાનો રાહ કે રસમ; સારો માર્ગ

સમબંધ અને વિષમ બંધ :સમબંધ એટલે બેકી ગુણવાળા પરમાણુઓનો બંધ અને વિષમબંધ એટલે એકી ગુણવાળા પરમાણુઓનો બંધ. અહીં સમબંધનું અને

વિષમબંધનું એકેક ઉદાહરણ આપ્યું છે તે પ્રમાણે બધાય સમબંધો અને વિષમ બંધો સમજી લેવા.

સમભાવ :નિર્વિકાર જ્ઞાન સ્વભાવવાળો મધ્યસ્થભાવ (૨) રાગ, દ્વેષ અને મોહના ક્ષોભથી રહિત આત્માના પરિણામ તે સમભાવ છે. સ્વાત્માનભવ છે, મોક્ષમાર્ગ છે. (૩) મોહ ક્ષોભ અથવા રાગ-દ્વેષ, મોહ રહિત જે આત્માના પરિણામ છે તે જ સમભાવ છે, તે જ ચારિત્ર છે. (૪) કેટલાક સમભાવની વ્યાખ્યા ઊંધી કરે છે, અને કહે છે કે, સાચું ખોટું નક્કી કરતાં રાગદ્વેષ થાય, માટે બધાને સરખા માનો પણ તે તો મૂઢતા છે, અવિવેક છે. વસ્તુને યથાર્થપણે માનવી, અન્યથા ન માનવી, તેમાં સમભાવ છે. જ્ઞાની બાવળને વર્તમાનમાં ચંદન ન જાણે, વિષ્ટા ન જાણે, વિષ્ટાની અવસ્થા હોય તે વખતે, તેમ જાણે ક્રોધ, અવસ્થાવાળાને ક્રોધપણે દેખે, શાંત ન દેખે, ખોટાને ખોટું જાણવું, તે સમભાવ છે, દ્વેષ નથી, પક્ષપાત નથી પણ સતનું બહુમાન છે. નિષ્પક્ષપાતી. (૫) મધ્યસ્થભાવ. (રાગીને રાગી જાણવો અને નિરોગીને વિરક્ત-વીતરાગી જાણવો તે મધ્યસ્થભાવ છે. પણ બન્ને પ્રત્યે સમાન ભાવ જાણવો તે સમભાવ કે મધ્યસ્થ ભાવ નથી.) (૬) બધાને સરખા માનવા તે મૂઢતા છે, અવિવેક છે; વસ્તુને યથાર્થ પણે માનવી, અન્યથા ન માનવી તેમાં સમભાવ છે. ખોટાને ખોટું જાણવું તે સમભાવ છે, દ્વેષ નથી. પક્ષપાત નથી પણ સત્‌નું બહુમાન છે. (૭) વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. ઊંમભાવનું કારણ વીતરાગ સ્વભાવી ભગવાન આત્મા છે. જેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો, આ ટૂંકામાં ટૂંકું છે. (૮) વીતરાગ ભાવે-મધ્યસ્થભાવે જ્ઞાન સ્વભાવવાળા ને અનંતગુણના સ્વભાવવાળા એ અનંત જીવો છે એમ જણવું તે સમભાવ છે. અને ત્યારે તેણ અનંત જીવોને યથાર્થ જાણ્યા એમ કહેવાય છે. લ્યો આ સમભાવ. (૯) સમતા; રાગાદિનો પરિત્યાગ. (૧૦) રાગ-દ્વેષનો ત્યાગ કરી પરમ શાંત સ્વભાવ રાખવો તે સમભાવ. (૧૧) રાગ-દ્વેષ-મોહથી રહિત. (૧૨) વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી નિજ શુદ્ધ સહજાત્મદ્રવ્યની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, અનુભવરૂપ આત્મરમણતા, શુદ્ધ આત્મતા આત્મભાવ જ્યાં છે ત્યાં જીવિત, મરણ, લાભ, અલાભ આદિ સર્વ પ્રત્યે સમભાવ વર્તે છે. આવી આત્માનંદ યુક્ત સમદશ, વીતરાગ દશાને વિઘ્નરૂપે જે જે અન્ય અંતરંગ બહિરંગ સંગ છે, તેને હે જીવ તું તજી દે કારણ કે તે સંગ-પ્રસંગથી તું ચિંતા રૂપી સાગરમાં પડીશ. એ ચિંતા સમુદ્રમં રાગ-દ્વેષરૂપ મોટાં મોજાઓ નિરંતર ઉછળી રહ્યાં છે, ત્યાં અંતરદાહરૂપ વડવાનલથી તારૂં અંગ બળવા માંડશે અને તું દુઃખી દુઃખી થઈ જઈશ. માટે આત્મરમણતારૂપ સમતા સરોવરમાં નિમગ્ન નિજાનંદને નિરંતર માણવા ઈચ્છતો તું તેમાં વિઘ્નરૂપ સર્વ અન્યભાવો અને અન્ય સંગ પ્રસંગોને ત્વારાથી ત્યાગી દે. (૧૩) સમતાભાવ; સ્થિરતા; આત્મ રમણતા.

સમભિરૂઢનય :જે જુદા જુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે તે. જેમ કે ગાય પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે તે. જેમ ઈન્દ્ર, પુરંદર, શક એ ત્રણે શબ્દા ઈન્દ્રનાં નામ છે, પણ આ નય ત્રણેનો જુદો જુદો અર્થ કરે છે.

સમ્મતિ :સમ્મતિ તર્કશાસ્ત્ર

સમમાનસ :સમચિત્ત; સમાશયય

સમય :એક સમથે જ (યુગપદ) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે તે સમય છે. આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે. (૨) દરેક પદાર્થ પોતાના ગુણ પર્યાયોને પ્રાપ્ત થઈ પરિણમન કરે છે. તેથી તેને સમય કહેવામાં આવે છે. (૩) પરમાણુ એક આકાશ પ્રદેશને મંદગતિથી ઓળંગે ત્યારે તેના બરાબર જે વખત તે સમય છે. (૪) આગમ (૫) જિનમત (૬) પરમાણુને એક આકાશપ્રદેશથી બીજા અનંતર આકાશપ્રદેશો(મંદગતિથી) જતાં જે વખત લાગે તેને 'સમય'કહેવામાં આવે છે. (૭) કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ સમય છે. (૮) જીવ નામનો પદાર્થ (૯) સમય નિમિત્તભૂત એવા મંદગતિએ પરિણત પુદગલ પરમાણુ વડે પ્રગટ થાય છે-મપાય છે. (અર્થાત પરમાણુને એક આકાશપ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે.) (૯)

પરમાણુને એક આકાશ પ્રદેશેથી બીજા અનંતર આકારપ્રદેશે (મંદ ગતિથી) જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે. (૧૦) પદાર્થ; આત્મા. (૧૧) પરમાણુને એક આકાશ પ્રદેશેથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદ ગતિથી જતાં જ વખત લાગે તેને સમય કહેવામાં આવે છે. તે સમય કાળ દ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળ દ્રવ્ય નિત્ય છે. સમય ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશ પ્રદેશ આકાશ દ્રવ્યનો નાનામાં નાનો અંશ છે, તેના ભાગ પડતા નથી, તેમ સમય કાળદ્રવ્યનો નાનામાં નાનો નિરંશ પર્યાય છે. જો સમયના ભાગ પડે તો તો પરમાણુ વડે એક સમયમાં ઓળંગાતો જે આકાશ પ્રદેશ છે તેના પણ તેટલા ભાગ જ પડવા જોઈએ. પરંતુ આકાશપ્રદેશ તો નિરંશ છે, તેથી સમય પણ નિરંશ જ છે. (૧૨) વ્યુત્પત્તિ પ્રમાણે સમયતે એટલે એકી ભાવે પોતાના પર્યાયને પ્રાપ્ત થઈ જે પરણિમન કરે તે 'સમય' છે. દરેક પદાર્થ પોતાના ગુણ અને અવસ્થાને પ્રાપ્ત થઈ નિત્ય ટકી રહે છે તે સમય છે. (૧૩) (સમ + અય) એક સાથે જાણે અને બદલવાની ક્રિયા કરે તને આત્મા કહીએ અથવા જીવ કહીએ. (૧૪) દરેક પદાર્થ, પોતાના ગુણ પર્યાયોને પ્રાપ્ત થઈ પરિણમન કરે છે. તેથી તને સમય કહેવામાં આવે છે. બીજો અર્થ એકીસાથે જાણવું અને પરિણમન કરવું, એવી બે ક્રિયાઓ જેમાં હોય, તેને સમય કહે છે. આ રીતે બધા આત્માઓ સમય છે. (૧૫) સમસ્ત દ્રવ્યો. (૧૬) સિદ્ધાંત; શાસ્ત્ર; શાસન; દર્શન; મત. (૧૭) સમ-અય. સમઃ એક સાથે, એક કાળે, અય ગતૌ, ધાતુ છે. તેનો અર્થ ગમન થાય છે. અને જ્ઞાન અર્થ પણ થાય છે. ગમન એટલે ગમન કરવું અર્થાત્ ગમન થવું તેથી સમ-અયનો અર્થ, એક સાથે એકરૂપ રહીને જાણે અને એક અવસ્થાથી એકેક સમયે બીજી અવસ્થારૂપ થવું, તે સમય છે. કઈ આત્મામાં વર્તમાન વર્તતી અવસ્થાપણે બદલવાનો જે સ્વભાવ ન હોય, તો કાંઈ વિશેષતા થઈ શકે નહિ. દોષ ટાળી ગુણ પ્રગટ કરે એમ કહેવું વૃથા કરે. તીવ્ર રાગમાંથી મંદરાગ થાય છે. તથા વિકારી ભાવનો ફેરફાર એટલે બદલવું થાય છે. તે વિકાર કાઢી નાખો, તે જ્ઞાન ગુણ વગેરે ગુણનું નિર્મળપણે બદલવું થાય છે. બીજા પદાર્થથી આત્માનું લક્ષણ જુદું પડે તે માટે, જીવનું સ્વરૂપ એક સમયમાં જાણે અને પરિણમે. તે જીવ ચેતના સ્વરૂપ છે, એમ જણાવ્યું. (૧૮) કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ સમય છે. (૧૮) પદાર્થ. (૧૯) પરમાણુને એક આકાશપ્રદેશથી બીજા અનંતર આકાશપ્રદેશે મંદગતિથી જતાં જે વખત લાગે તેને સમય કહેવામાં આવે છે. તે સમય કાળ દ્રવ્યનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ પર્યાય છે. કાળદ્રવ્ય નિત્ય છે; સમય ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે. જેમ આકાશપ્રદેશ આકાશદ્રયનો નાનામાં નાનો અંશ છે. તેના ભાગ પડતા નથી. જો સમયના ભાગ પડે તો તો પરમાણુ વડે એક સમયમાં ઓળંગાતો જે આકાશ પ્રદેશ તેના પણ તેટલા જ ભાગ પડવા જોઈએ. પરંતુ આકાશ પ્રદેશ તો નિરંશ છે; તેથી સમય પણ નિરંશ જ છે.

પ્રશ્ન : જયારે પુદગલ-પરમાણુ શીઘ્ર ગતિ વડે એક સમયમાં લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે. ત્યારે તે ચૌદ રાજુ સુધી આકાશ પ્રદેશોમાં શ્રેણીબધ્ધ જેટલા કાળાણુઓ છે તે સર્વને સ્પર્શે છે, માટે અસંખ્ય કાળાણુંઓને સ્પર્શતો હોવાથી સમયના અસંખય અંશો પડવા જોઈએ.

સમાધાન : જેવી રીતે અનંત પરમાણુઓનો કોઈ સ્કંધ આકાશના એક પ્રદેશમાં સમાઈ જઈને કદમાં એક પરમાણુ જેવડો જ હો છે, તે પરમાણુઓના ખાસ પ્રકારના અવગાહપરિણામને લીધે જ છે; (પરમાણુઓમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના અવગાહ પરિણામની શક્તિ છે. તેને લીધે આમ બને છે;) તેથી કાંઈ પરમાણુના અનંત અંશ પડતા નથી; તેવી રીતે કોઈ પરમાણુ એક સમયમાં અસંખ્ય કાળાણુઓને ઓળંગીને લોકના એક છેડેથી બીજે છેડે પહોંચી જાય છે, તે પરમાણુના ખાસ પ્રકારના ગતિ પરિણામને લીધે જ છે; (પરમાણુમાં એવી જ કોઈ વિશિષ્ટ પ્રકારના ગતિ પરિણામની શક્તિ છે તેને લીધે આમ બને છે;) તેથી કાંઈ સમયના અસંખ્ય અંશ પડતા નથી.

(આકાશમાં પણ અવગાહ હેતુત્વગુણને લીધે એવી શક્તિ છે કે તેનો એક પ્રદેશ પણ અનંત પરમાણુઓને અવકાશ દેવાને સમર્થ છે.)

સમય પ્રભુત :સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર પરણિતિરૂપ જોટણું-સમય પ્રાભુત.

સમય વ્યાખ્યા :સમયની વ્યાખ્યા, પંચાસ્તિકાયની વ્યાખ્યા, દ્રવ્યની વ્યાખ્યા, પદાર્થની વ્યાખ્યા, (વ્યાખ્યા= વ્યાખ્યાન, સ્પષ્ટ કથન, વિવરણ, સ્પષ્ટીકરણ)

સમયની વ્યાખ્યા :અર્થ સમયનું વ્યાખ્યાન; પંચાસ્તિકાય સંગ્રહ શાસ્ત્રની ટીકા.

સમયવિશિષ્ટ :સમયથી વિશિષ્ટ; સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે એવી.

સમય વિશિષ્ટ વૃત્તિ :સમયથી વિશિષ્ટ એવી પરિણતિ (૨) કાળ સિવાયના દ્રવ્યોની પરિણતિ એક સમયમાં આ પરિણતિ થઈ છે એમ સમયથી વિશિષ્ટ છે અર્થાત તેમાં વ્યવહારે તેમાં સમયની અપેક્ષા આવે છે માટે તેમાં કોઈ દ્રવ્ય-કાળદ્રવ્ય-નિમિત્ત હોવું જોઈએ.

સમય સારનો સાર :ત્રિકાળ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, એને જ્ઞાનીજનો પર્યાયમાં ગ્રહે છે, તેને ગ્રહવો એજ, આખા સમયસારનો સાર છે.

સમયપ્રબધ્ધ :એક સમયમાં જેટલા કર્મપરમાણું અને નોકર્મ પરમાણું બંધાય તે સર્વને સમયપ્રબધ્ધ કહે છે.

સમયપ્રબધ્ધ માત્ર :

સમયપ્રાભૃત :સમય એટલે પદાર્થ, અથવા સમય એટલે આત્મા. પ્રાભૃત અટલે તેનું કહેનારૂં આ શાસ્ત્ર છે. વળી, અત્મા તો સમસ્ત પદાર્થોનો પ્રકાશક છે. આવા વિશ્વપ્રકાશક આત્માને કહેતું હોવાથી આ સમયપ્રાભૃત શબ્દબ્રહ્મ સમાન છે.

સમયાભાસ :યથાર્થમાં જે પદાર્થ તત્ત્વાર્થ નથી પણ ભ્રમ બુદ્ધિથી તેવાં દેખાવા લાગે, જેમકે, મિથ્યાદષ્ટિઓનાં બનાવેલાં શાસ્ત્ર યથાર્થમાં તો શાસ્ત્ર નથી જ પરંતુ ભ્રમથી શાસ્ત્ર જેવાં ભાસે છે તે શાસ્ત્રાભાસ-સમયાભાસ.

સમયમાં :દ્રવ્યલિંગીપણે જિનમતમાં (૨) દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં. (૩) (આત્મદ્રવ્યમાં, નિજદ્રવ્ય સ્વભાવમાં) પરિણમવું તે સામાયિક છે.

સમયમાં પરિણમવું :આત્મ દ્રવ્યમાં, નિજ દ્રવ્ય સ્વભાવમાં પરિણમવું તે સામાયિક છે.

સમયમાં હોય :દ્રવ્યલિંગી પણે જિનમતમાં હોય (દ્રવ્યલિંગીપણે જિનમાર્ગમાં)

સમયમાં હોય તો પણ :ભલે તેઓ દ્રવ્યલિંગી પણે જિનમતમાં હોય તો પણ.

સમયવૃત્તિનું હેતપણું :સમય સમયની પરિણતિનું નિમિત્તપણું.

સમયવૃત્તિ :સમય સમયની પરિણતિ

સમયવ્યાખ્યા :સમયની વ્યાખ્યા; પંચાસ્તિકાયની વ્યાખ્યા; દ્રવ્યની વ્યાખ્યા; પદાર્થની વ્યાખ્યા; (વ્યાખ્યા=વ્યાખ્યાન; સ્પષ્ટકથન; વિવરણ; સ્પષ્ટીકરણ)

સમ્યગ્દર્શન :ધ્રુવ સામાન્યને સિધ્ધ કરવી તે સમ્યગદર્શનનો વિષય છે.

સમયવિશિષ્ટ વૃત્તિ :સમયથી વિશિષ્ટ એવી પરિણતિ

સમયવિશિષ્ય :સમયથી વિશિષ્ટ; સમય નિમિત્તભૂત હોવાથી વ્યવહારે જેમાં સમયની અપેક્ષા આવે છે એવી.

સમસુખદુઃખ :જેને સુખ અને દુઃખ સમાન છે એવો.

સમયસ્થ હો :સમયમાં ભલે હો, ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હો તો પણ.

સમયસાર :સર્વજ્ઞ ભગવાન કાર્ય સમયસાર છે, તો આત્મા પોતે કારણ સમયસાર છે. ઈત્યાદિ હજારો નામો કહી શકાય છે. (૨) આ સમયસાર તો ભરતક્ષેત્રનો ભગવાન છે. અહાહા ! શું અદભુત એની રચના છે ! અલૌકિક ટીકા છે. દેવાધિદેવ અરિહંતદેવની સાક્ષાત દિવ્ય ધ્વનિનો સાર લઈને શ્રી કુંદકુંદાચાર્ય દેવે આ સમયસારની રચના કરી છે. અહો! સમયસાર! ભાવો બ્રહ્માંડના ભર્યા! (તારામાં) (૩) શુધ્ધ આત્મા; ગ્રંથ (૪) નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ. (૫) શરીરથી, કર્મથી, રાગથી રહિત એકલું ચૈતન્યનું ધ્રુવ દળ એનું નામ સમયસાર ચૈતન્ય આત્મા છે. (૬) શુદ્ધ જીવ; શુદ્ધ આત્મા. (૭) સમય એટલે આત્મા, અને સાર એટલે વિકારને એક સમયની પર્યાયથી રહિત આવો તે ત્રિકાળી ભગવાન આત્મા તે સમયસાર છે. (૮) સમય = આત્મા, તેનું પૂર્ણ પવિત્ર સ્વરૂપ તે સમયસાર. (૯) શુદ્ધ આત્મા સર્વ પદાથોમાં સારરૂપ છે. (૧૦) શુદ્ધ આત્માનો મહિમા કહેનાર શાસ્ત્ર આત્માનું શુદ્ધ સ્વરૂપ. (૧૧) શુદ્ધાત્મા (૧૨) અસંયોગી અવિકારી શુદ્ધ આત્માનો સ્વભાવ. (૧૩) અસંયોગી અવિકારી શુદ્ધ આત્માનો સ્વભાવ. (૧૪) સર્વ પદાર્થોમાં સારરૂપ એવો શુદ્ધાત્મા. (૧૫) અસંયોગી અવિકારી શુદ્ધ આત્માનો, સ્વભાવ (૧૬) એ અર્હત-પ્રવચનો, અવયવ એટલે અંશ છે, અનાદિ નિધન પરમાગમ શબ્દ બ્રહ્મથી પ્રકાશિત છે. સર્વ પદાર્થોના સમૂહને

સાક્ષાત કરનાર, કેવળી ભગવાન સર્વજ્ઞથી પ્રણીત છે. (૧૭) સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જ્ઞાનથી દરેક જડ-ચેતન વસ્તુનું સ્વતંત્રપણું જોયું છે. કર્મના નિમિત્તે વિકારી અવસ્થા આત્મામાં થાય છે, તે ક્ષણિક વિકારનો નાશક ત્રિકાળી સ્વભાવ દરેક આત્મામાં છે. તેની પ્રાપ્તિ કેમ કરવી તે બતાવનારી વાણી સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળી, તે સંતપુરૂષોએ ઝીલી. આત્મઅનુભવથી તે પરમ સત્યને પચાવી. જગતના પરમ ઉપકાર માટે પરમ આગમ શાસ્ત્રોની રચના સંતપુરૂષોએ કરી, તેમાં આ સમયસાર સર્વોત્કૃષ્ટ છે. એકેક ગાથામાં ત્રણે કાળના સર્વજ્ઞના હૃદયનાં રહસ્ય રેડ્યાં છે જે સમજે તે ન્યાલ થઈ જાય છે. (૧૮) શુદ્ધ આત્મા (૧૯) સર્વજ્ઞ ભગવાન કાર્ય સમયસાર છે, તો આત્મા પોતે કારણ સમયસાર છે. ઈત્યાદિ હજારો નામો કહી શકાય છે. (૨૦) ભગવાન આત્મા જિનરાજ છે. જિનરાજ પર્યાય જે થાય છે, તે જિનરાજ સ્વરૂપમાંથી થાય છે. અહીં તો કહે છે કે, આત્માનું સ્વરૂપ જ જિનરાજ છે. (૨૧) સર્વજ્ઞ ભગવાન કાર્ય સમયસાર છે તો આત્મા પોતે કારણ સમયસાર છે. ઈત્યાદિ હજારો નામો કહી શકાય છે. (૨૨) શુદ્ધ આત્માની કથની, શુદ્ધ આત્મા.

સમયસાર વાંચો છે અને બીજું શાસ્ત્ર કેમ નહિ ? :પણ ભાઈ ! તત્ત્વજ્ઞાન વિષયની મુખ્યતા દ્રવ્યાનુયોગના શાસ્ત્રમાં હોય છે. સમ્યગ્દર્શનના વિષયનું દ્રવ્યાનુયોગના શાસ્ત્રમાં નિરૂપણ હોય છે.

સમ્યક :યોગ્ય રીતે ;બરાબર (૨) સાચું (૩) બરાબર (૪) બરાબર જોઈ શકાય તેવો. (૫) યથાર્થ; વિપરીત આદિ દોષોનો અભાવ (૬) યોગ્ય રીતે; બરાબર. (૭) યથાતથપણે; જેમ છે તે પણે. (૮) નિશ્ચય. (૯) યથાર્થ. (૧૦) યથાર્થ; સાચું.

સમ્યક્ અધ્યવસાય :સત્ય સમજણ; યથાર્થ અવભાસ, સાચો અવબોધ

સમ્યક્ અનશન :સમયગ્દ્રષ્ટિ જીવને આહાર ત્યાગનો ભાવ થતાં વિષય-કષાયનો ભાવ ટળી, અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થાય છે તે.

સમ્યક અભિપ્રાય :રાગની રુચિ રહિત જ્ઞાન અને તે જ્ઞાનની સ્થિરતા.

સમ્યક્ અવમૌદર્ય :સમ્યગ્દ્રષ્ટિ જીવને રાગભાવ દૂર કરવા માટે ભૂખ હોય તે કરતાં ઓછું ભોજન કરવાનો ભાવ થતાં, અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થા છે તે.

સમ્યક્ એકાન્ત :વસ્તુ અખંડ એક ધ્રુવ ચૈતન્યબિંબ છે. એમાં ઢળ્યા વિના સમ્યકએકાન્ત થતું નથી. જ્યાં સમ્યક એકાન્ત થયું કે જ્ઞાનમાં ધ્રુવ જણાયો અને પર્યાયમાં જે અલ્પજ્ઞતા અને રાગની મંદતા છે તે પણ જણાયાં. આનું નામ સમ્યક અનેકાન્ત છે. રાગની મંદતા અને અલ્પજ્ઞતાની પર્યાયનું જ્ઞાન રહે છે, પણ તે હું છું એવી માન્યતા છૂટી જાય છે.

સમ્યક્ કાય કલેશ :સમ્યગ્દ્રષ્ટિ જીવને શરીર ઉપરની આસકિત ઘટાડવા આતપન વગેરે યોગ ધારણ કરતી વખતે અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થાય છે તે. સમ્યક્ શબ્દ એમ સૂચવે છે કે સમ્યગ્દ્રષ્ટિ જ આ તપ હોય છે. મિથ્યાદ્રષ્ટિને તપ હોતું નથી.

સમ્યક તત્ત્વ :(આત્માનું) સાચું સ્વરૂપ

સમ્યક તત્ત્વને :સાચા સ્વરૂપને

સમ્યક્ ધ્યાન :ચિત્તની ચંચળતાને રોકીને તત્ત્વના ચિંતવનમાં લાગવું, તેમાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

આ છએ પ્રકારનાં તપ સમ્યગ્દષ્ટિને જ હોય છે. આ છએ પ્રકારમાં સમ્યગ્દષ્ટિને, પોતાના સ્વરૂપને લક્ષ જેટલી અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય, તેટલું જ તપ છે. શુભ વિકલ્પ છે, તેને ઉપચારથી તપ કહેવાય છે, પણ ખરેખર તો તે રાગ છે, તપ નથી.

સમ્યક્ નિયતવાદ :જે પદાર્થમાં જે સમયે જે ક્ષેત્રે જે નિમિત્તે જેમ થવાનું હોય તેમ થવાનું જ છે, તેમાં કિંચિત્ ફેરફાર કરવા કોઈ સમર્થ નથી - એવો જ્ઞાનમાં નિર્ણય કરવો તે સમ્યક્ નિયતવાદ છે, અને તે નિર્ણયમાં સ્વભાવ તરફનો અનંત પુરૂષાર્થ આવી જાય છે.

સમ્યક્ પ્રતીતિ :સાચી શ્રદ્ધા.

સમ્યક્ પુરૂષાર્થ :વસ્તુનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી તો એમ લાગે છે કે પુરૂષાર્થનું તો કંઈ કામ જ નથી, પુરૂષાર્થ નિરર્થક છે; કારણ કે જ્યારે બધુ જ નિશ્ચિત

છે. તો આત્માનુભૂતિ, સમ્યક્ દર્શન વગેરે પણ નિશ્ચિત માનવાં પડશે પછી પુરૂષાર્થ કરવાનો કયાં અવકાશ છે ?

ઉત્તર :- ક્રમબદ્ધ પર્યાયનો સ્વીકાર કરવાથી પુરૂષાર્થ ઊડી જાય છે - એવો ભય તો અજ્ઞાનીને લાગે છે, કારણ કે તેને હજુ પુરૂષાર્થનં જ આવું સ્વરૂપ જાણતો નથી. વાસ્તવમાં ક્રમબદ્ધ પર્યાયને માનવાથી સમ્યક્ પુરૂષાર્થનો આરંભ થાય છે, કારણકે સંપૂર્ણ જગતનું પરિણમન ક્રમબદ્ધ માનવાથી પર્યાય ઉપર દષ્ટિ નથી રહેતી. કોઈ પણ પર્યાયને હઠાવવા કે લાવવાનો વિકલ્પ નથી રહેતો અને દષ્ટિ સ્વભાવ સન્મુખ થઈ જાય છે. આજ સમ્યક્ પુરૂષાર્થ છે. જ્યાં સુધી ફેરફાર કરવાની દષ્ટિ થશે ત્યાં સુધી ઊંધો અને વ્યર્થ પુરૂષાર્થ થતો રહેશે, અને જ્યારે ફેરફાર કરવાની દષ્ટિ નષ્ટ થઈને સહજ સદ્ભાવની દષ્ટિ થશે ત્યારે સમ્યક્ પુરૂષાર્થ શરૂ થશે.

ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરવાથી હું પરનું કરી દઉં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે, વગેરે બધી જૂઠી માન્યતાઓ સમાપ્ત થઈ જાય છે. અને અંતર સ્વભાવમાં સ્થિર થવાનો માર્ગ ખૂલી જાય છે.

સમ્યક્ રસ પરિત્યાગ :સમ્યગ્દ્રષ્ટિ જીવને ઈન્દ્રિયો ઉપરના રાગનું દમન કરવા માટે ઘી, દૂધ, દહીં, તેલ, મીઠાઈ, લવણ વગેરે રસોનો યથાશક્તિ ત્યાગ કરવાનો ભાવ થતાં, અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થાય છે તે.

સમ્યક્ વ્યુત્સર્ગ :બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગની ભાવનાથી, વીતરાગ સ્વરૂપના લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

સમ્યક્ વૈયાવૃત્ય :શરીર અથવા અન્ય વસ્તુઓથી મુનિઓની સેવા કરતાં, વીતરાગ સ્વરૂપ લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

સમ્યક વિનય :પૂજ્ય પુરૂષોનો આદર કરતાં, વીતરાગ સ્વરૂપના લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

સમ્યક્ વિવિક્ત શય્યાસન :સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વાધ્યાય, ધ્યાન વગેરેની પ્રાપ્તિ માટે કોઈ એકાંત નિર્દોષ સ્થાનમાં પ્રમાદ રહિત સૂવા બેસવાની વૃત્તિ થતાં અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થાય છે તે.

સમ્યક્ શ્રુતજ્ઞાન :ભાવ શ્રુતજ્ઞાન.

સમ્યક્ શ્રદ્ધા :શુદ્ધનય (સમ્યક્ શ્રુતજ્ઞાનના અંશ) વડે આત્મા તો પરથી નિરાળો, અખંડ જ્ઞાયકપણે લક્ષમાં લેવો અને એ જ સ્વરૂપે ત્રિકાળી રહે છે તેમ માનવું તે સમ્યક્ શ્રદ્ધા છે.

સમ્યક્ શ્રદ્ધા અને અનુભવમાં શું ફેર છે ? :ઉત્તર :- સમ્યક્ શ્રદ્ધાન પ્રતીતિ તે શ્રદ્ધાગુણની પર્યાય છે ને અનુભવ તે ચારિત્ર ગુણની પર્યાય છે.

સમ્યક્ સ્વભાવ :ત્રિકાળ એકરૂપ નિર્મળ રહે તેને સમ્યક સ્વભાવ કહેવામાં આવે છે. જે આત્માનો સ્વભાવ હોય તે તેનાથી દૂર ન થઈ શકે, અને જે દૂર થાય તે (પુણ્ય-પાપ-વિકાર) તેનું સ્વરૂપ નથી.

સમ્યક્ સ્વાધ્યાય :જ્ઞાનની ભાવનામાં આળસ ન કરવી, તેમાં વીતરાગ સ્વરૂપના લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે.

સમ્યક્ ચારિત્ર :સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને લીધે જેમનો સ્વતત્ત્વગત માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને ઈન્દ્રિય-મનના વિષયો પ્રત્યે રાગદ્વેષના અભાવને લીધે વર્તતો નિર્વિકાર જ્ઞાનસ્વભાવી સમભાવ તે ચારિત્ર છે કે જે ચારિત્ર તે કાળે અને આગામી કાળે રમણીય છે અને અપુનર્ભવ (મોક્ષ)ના મહા સૌખ્યનું એક બીજ છે.

સમ્યક્ ચારિત્ર :સમ્યગ્દર્શન જ્ઞાન પૂર્વક આત્મામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. (અહીં સમ્યક પદ અજ્ઞાનપૂર્વકના આચરણની નિવૃત્તિ માટે વાપર્યો છે.) (૨) આત્માનો સ્વભાવ-જ્ઞાતા-દષ્ટા છે. જ્ઞાતા-દષ્ટાપણામાં રાગ-દ્વેષ ન હોય, એટલે જ્ઞાતા દષ્ટાસ્વભાવને રાગ-દ્વેષ જુદા છે. એમ ભેદજ્ઞાન કરીને, કોઈ પર દ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ન કરવી પણ રાગ-દ્વેષ રહિત જ્ઞાન-દષ્ટા રહેવું તેનું નામ સમ્યક્ચારિત્ર છે. અથવા તો જ્ઞાતા-દષ્ટા સ્વભાવને રાગથી જુદો જાણીને તેમાં સમ્યક્ પ્રકારે પ્રવૃત્તિ અને રાગથી નિવૃત્તિ તે સમ્યક્ચારિત્ર છે. આ આત્માનો જ વીતરાગ ભાવ એ તે સુખરૂપ છે. મારો સ્વભાવ સુખરૂપ છે. કોઈ પણ સંયોગી પદાર્થ કે સંયોગી ભાવમાં મારૂં સુખ નથી. અસંયોગી સ્વતઃસિદ્ધ જ્ઞાતા-દષ્ટા વસ્તુ હું આત્મા છું અને મારામાં જ સુખ છે એ જે સ્વરૂપને નથી જાણતો તે જીવને સ્વભાવમાં પ્રવૃત્તિ હોય નહિ પણ પરભાવમાં જ તેની પ્રવૃત્તિ હોય. સ્વભાવમાં પ્રવૃત્તિ તે સમ્યક્ચારિત્ર

છે એ પરભાવમાં પ્રવૃત્તિ તે મિથ્યાચારિત્ર છે. જીવને રાગ દ્વારા સમાધાન અને શાંતિ થતી નથી પણ સ્વરૂપ એકાગ્ર કરતાં જ વીતરાગ ભાવ અને બધા સમાધાન-શાંતિ સહજ થાય છે. સર્વ સમાધાન સ્વરૂપ મોક્ષ છે. (૩) સાચું વર્તન. (૪) સ્થિરતા; વિશ્રામ લેવો. (૫) નિજ પરમાત્મદ્રવ્યનું અનુચરણ, એનું નામ ચારિત્ર છે. મહાવ્રતાદિ પાળવાં એ ચારિત્ર, એમ નહિ, કેમ કે એ તો રાગ છે. આતો ચિદાનંદઘાન અંદર આનંદનો નાથ, પુરણ જ્ઞાનનંદ સ્વરૂપે વિરાજે છે, તેને અનુસરીને ચરવું, તેમાં રમવું અને તેમાં જ ઠરવું, એને આત્મચરણ નામ સમ્યક્ ચારિત્ર કહે છે. (૬) આત્માને સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે ? જે વખતે જ્ઞાન રાગ-દ્વેષને આધીન પ્રવર્તતું નથી, જે જ્ઞેયને જાણે છે તેમાં રાગ-દ્વેષરૂપે પ્રવૃત્ત ન થતાં મધ્યસ્થ ભાવ ટકાવી રાખે છે તે વખતે સમ્યક્ ચારિત્રની પ્રાદુર્ભૂતિ આત્મામાં સ્વતઃ થઈ જાય છે તેને માટે કોઈ વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી. અને આ સત્ ચારિત્ર જ આત્મામાં લાગેલા કર્મમળને ધોઈ નાખવામાં સમર્થ થાય છે. કર્મમળ આ ચારિત્રના પ્રભાવથી સ્વતઃ ધોવાઈ જાય છે, તેને આત્માથી પૃથક થવું જ પડે છે. એથી સાર એ નીકળ્યો કે જો પોતાના આત્માને નિર્મળ કરવો અથવા રાખવો હોય તો પોતાના જ્ઞાનને રાગ-દ્વેષરૂપ કષાયને આધીન ન થવા દેવું જોઈએ. મોહજનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ છે. રાગમાં માયા, લોભ આ બે કષાયો અને હાસ્ય, રતિ તથા કામ (વેદ) આ ત્રણ નોકષાયોનો સમાવેશ છે અને દ્વેષમાં ક્રોધ, માન આ બે કષાયો તથા અરતિ, શોક, ભય, જુગુપ્સાઆ ચાર નો કષાયોનો સમાવેશ છે. જે રાગ મિથ્યાદર્શન સહિત હોય છે તેને મોક્ષ કહે છે. (૭) સાધુના અઠાવીસ મૂલ ગુણોનું તથા ચોરાસી લાખ ઉત્તરગુણોનું જે પાલન છે તે વ્યવહારથી ચારિત્ર કહેવાય છે, પણ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ ચારિત્રમાં પરિણમેલો નિજ શુદ્ધાત્મા જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે. માટે નિજ શુદ્ધાત્મસ્વરૂપને તજીને નિશ્ચયથી અન્ય કોઈ જ્ઞાન, દર્શન અને ચારિત્ર નથી, આ આત્મા જ એ ત્રણમય છે. માટે અભેદ રત્નત્રયમાં પરિણમેલો પરમાત્મા જ ઉપાદેય છે તેમ તાત્પર્ય છે. (૮) વૃત્તિ અર્થાત્ પરિણતિ, ચારિત્ર. અંદર ચિનાનંદ-સ્વરૂપ ભગવાન આત્માના અનુભવમાં, આનંદના સ્વાદ સહિત સ્વસ્વરૂપની પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન તે જ્ઞાન છે, અને તેમાં-નિજાનંદ સ્વરૂપમાં લીનતા-રમણતા થવી તેને ચારિત્ર કહે છે. ભારે વ્યાખ્યા ! લોકો-અજ્ઞાનીઓ તો વસ્ત્ર છાંડ્યાં ને નગ્ન દિગંબર થઈ કાંઈક પંચમહાવ્રત પાળ્યાં એટલે ચારિત્ર થઈ ગયું એમ માને છે; પણ તે ધૂળેય ચારિત્ર નથી, સાંભળને! અંતર એકાગ્રતા અને અંતર લીનતા વિના ચારિત્ર કેવું ? માત્ર શરીરની અને રાગની ક્રિયામાં ચારિત્ર માને એ તો મિથ્યાભાવ છે.

અહાહા... ! અતીન્દ્રિય આનંદનું ધામ ચિદાનંદઘન પ્રભુ આત્મા છે. તેનાં શ્રદ્ધાન-જ્ઞાન-અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન થાય પછી તે સ્વરૂપમાં જ ચરવું - રમવું-ઠરવું-જમવું ને ત્યાં જ લીન-સ્થિર થઈ જવું તેને ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા ચારિત્ર કહે છે. અહા ! સમ્યગ્દર્શન જ્ઞાનપૂર્વક આવું ચારિત્ર તે મોક્ષનું કારણ છે. (૯) નિજ પરમાત્મ દ્રવ્યનું અનુચરણ એનું નામ ચારિત્ર છે. મહાવ્રતાદિ પાળવાં એ ચારિત્ર એમ નહિ, કેમકે એ તો રાગ છે. આ તો ચિદાનંદઘન એવું જે સ્વસ્વરૂપ તેમાં ચરવું-રમવું એનું નામ સમ્યક્ચારિત્ર છે. અહો ! અંદર આનંદનો નાથ પૂરણ જ્ઞાનાનંદ સ્વરૂપે વિરાજે છે તેને અનુસરીને ચરવું, તેમાં રમણતા કરવી અને તેમાં જ ઠરવું એને આત્મચરણ નામ સમ્યક્ચારિત્ર કહે છે. (૧૦) સાધુના અઠ્ઠાવીસ મૂલગુણોનું તથા ચોરાસી લાખ ઉત્તરગુણોનું જે પાલન છે તે વ્યવહારથી ચારિત્ર કહેવાય છે, પણ શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગ ચારિત્રમાં પરિણમેલો નિજ શુદ્ધાત્મા જ નિશ્ચયથી ચારિત્ર છે. માટે નિજ શુદ્ધાત્મ સ્વરૂપને તજીને નિશ્ચયથી અન્ય કોઈ જ્ઞાન, દર્શન અને ચારિત્ર નથી. આ આત્મા જ એ ત્રણમય છે. માટે અભેદ રત્નત્રયમાં પરિણમેલો પરમાત્મા જ ઉપાદય છે એમ તાત્પર્યાર્થ છે.

સમ્યક્ ચારિત્ર ક્યારે થાય છે ? :જે વખતે જ્ઞાન રાગ-દ્વેષને આધીન પ્રવર્તતું નથી, જે જ્ઞેયને જાણે છે તેમાં રાગ-દ્વેષરૂપે પ્રવૃત્ત ન થતાં મધ્યસ્થ ભાવ ટકાવી રાખે છે - તે વખતે સમ્યક્ ચારિત્રની પ્રાદુર્ભૂતિ આત્મામાં સ્વતઃ થઈ જાય છે, તેને માટે કોઈ વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી. અને આ સત્ ચારિત્ર જ આત્મામાં લાગેલા કર્મમળને ધોઈ નાખવામાં સમર્થ થાય છે. - કર્મમળ

આ ચારિત્રના પ્રભાવથી સ્વતઃ ધોવાઈ જાય છે, તેને આત્માથી પૃથક્ થવું જ પડે છે. એથી સાર એ નીકળ્યો કે જો પોતાના આત્માને નિર્મળ કરવો અથવા રાખવો હોય તો પોતાના જ્ઞાનને રાગ-દ્વેષરૂપ કષાયને આધીન ન થવા દેવું જોઈએ. મોહજનિત રાગ-દ્વેષમાં બધા કષાયોનો સમાવેશ થાય છે.

સમ્યક્ જ્ઞાન :યથાર્થ દષ્ટિ. (૨) જ્ઞાનીને આત્માની ઓળખાણ થાય કે હું ચિદાનંદ અખંડ જ્ઞાનપિંડ આત્માછું. તે સિવાય કોઈપણ પરદ્રવ્ય મારૂં નથી, તે પરદ્રવ્યનું કોઈપણ કર્તવ્ય મારૂં નથી.હું પરદ્રવ્યનો કર્તા નથી. હું તો મારા સ્વભાવનો જ કર્તા છું એને સમ્યગ્જ્ઞાન થાય.

સમ્યક્ત મોહનીય :આત્મા આ હશે ?તુવ જ્ઞાન થાય તે સમ્યકત મોહનીય

સમ્યક્ત્વ :જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે જ રૂપે આત્માને જે કારણે જ્ઞાન થાય છે તેને સમ્યક્ત્વ કહે છે. અહીં સમ્યક્ત્વને સ્વઆત્મોપલબ્ધિના સાધનમં સમર્થ બતાવેલ છે. અને એનાથી સમ્યક્ત્વનું મહત્ત્વ પ્રગટ થાય છે કે જે બધા જ આત્મવિકાસનો મૂળ આધાર છે.

દર્શન મોહની ત્રણ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્પ્રકૃતિ તથા ચારિત્રમોહની ચાર-અનંતાનુંબંધી ક્રોધ-માન-માયા-લોભ. આ રીતે મોહકર્મની સાત પ્રકૃતિઓના ક્ષયથી ક્ષાયિક, ઉપશમથી ઔપશમિક અને ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ઉદય થાય છે. આ ત્રણેયમાં ક્ષાયિક સમ્યક્ત્વ મુખ્ય છે, સ્થાયી છે અને તેથી સાધ્ય તેમ જ આરાધ્ય છે. બાકીના બન્ને સમ્યક્ત્વ સાધનની કોટિમાં રહેલ છે-તેમના સહારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકાય છે.

સમ્યક્ તપ :સમ્યક્ તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અથવા નિજ-પરમાત્માના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિ વડે શુભાશુભ ઈચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ, નિરાકુળ જ્ઞાન-આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિત થવું તે તપ છે. આવું નિશ્ચય તપ ભૂમિકા અનુસાર સાધકને હોય છે. ત્યાં બાહ્યમાં ૧૨ પ્રકારના તપમાંથી યથાયોગ્ય નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારતપ કહેવાય છે. (વિશેષપણે સમજવા માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય. ૭, નિર્જરાતત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા.) (૨) સમ્યક્ તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અથવા નિજ-પરમાત્માના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિ વડે શુભાશુભ ઈચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ, નિરાકુળ જ્ઞાન-આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિન થવું તે તપ છે. આવું નિશ્ચય તપ ભૂમિકાઅનુસાર સાધકને હોય છે. ત્યાં બાહ્યમાં ૧૨ પ્રકારના તપમાંથી યથાયોગ્ય નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરાવવા માટે વ્યવહારતપ કહેવાય છે. (વિશેષપણે સમજવા માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય, ૭. નિર્જરાતત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા.)

(૩) (૧) સ્વરૂપની સ્થિરતારૂપ તરંગ વગરનું (નિર્વિકલ્પ) ચૈતન્યનું પ્રતપન (દેદીપ્યમાન થવું) તે તપ છે.

(૨) સહજ નિશ્ચયનયરૂપ પરમ સ્વભાવમય પરમાત્માનું પ્રતપન (દ્દઢતાથી તન્મય થવું) તે તપ છે.

(૩) પ્રસિધ્ધ શુધ્ધ કારણ પરમાત્મતત્વમાં સદા અંતરમુખપણે જે પ્રતપન (લીનતા) તે તપ છે.

(૪) આત્માને આત્મદ્વારા ધરવો તે આધ્યાત્મતપ છે.

(૫) શુભાશુભ ઈચ્છાનો નિરોધ તે તપ છે.

સમ્યક્ત્વ :'આત્મા આ છે' એવો નિશ્ચયભાવ તે સમ્યકૂત્વ (૨) હું રાગ અને શરીરથી રહિત શુધ્ધ ચૈતન્ય છું એવી શ્રધ્ધા તે સમ્યક્ત્વ છે. (૩) જીવ અજીવ આદિ તત્ત્વોનું શ્રધ્ધાન કરવું તે વ્યવહાર સમ્યકત છે. (૪) સમ્યક્ત્વના બે પ્રકાર છેઃ

(૧) વ્યવહાર સમ્યકૂત્વ અને પરમાર્થ સમ્યકૂત્વ

(૧) સદ્ગુરુનાં વચનોનું સાંભળવું, તે વચનોનો વિચાર કરવો; તેની પ્રતીતિ કરવી; તે વ્યવહાર સમ્યકૂત્વ.

(૨) આત્માની ઓળખાણ થાય તે પરમાર્થ સમ્યકત્વ. સાત પ્રકૃતિ ક્ષય થાય ત્યારે સમ્યૂકૂત્વ પ્રગટે. અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત

મોહનીય એ સાત ક્ષય થાય ત્યારે સમકિત-સમ્યકૂત્વ પ્રગટે.

(૫)

૧. આત્મસ્વભાવની નિર્મળ દશા પ્રગટ થવાથી, પોતાના શુદ્ધાત્માનો પ્રતિભાસ થાય. અખંડ જ્ઞાયકસ્વભાવની પ્રતીતિ થાય.

૨. સાચા દેવ-ગુરૂ-ધર્મમાં દઢ પ્રતીતિ થાય.

૩. જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ થાય

૪. સ્વ-પરનું શ્રદ્ધાન થાય

૫. આત્મ શ્રદ્ધાન થાય, તેને સમ્યક્ત્વ કહે છે. આ લક્ષણોથી અવિનાભાવ સહિત જે શ્રદ્ધા થાય છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (તે પર્યાયનો ધારક સમ્યકત્વ (શ્રદ્ધા) ગુણ છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેના પર્યાયી છે.

સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધા કેવી થાય છે ? હું આત્મા છું, મારે રાગાદિક ન કરવા.

(૬) સમ્યકૂત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે એમ કહ્યું છે - તે કેવી રીતે છે?

ભાઈ ! તારો આનંદ બહારમાં ક્યાંય નથી, તારા આનંદની ધ્રુવખાણ તો અંદર ચિદાનંદ પ્રભ તું પોતે જ છો. અહા ! આવી પોતાની ચીજને પામવા માટે કાળલબ્ધિવશે જ્યાં સ્વભાવના રૂચિ કરે છે ત્યાં તત્કાલ જ અંતઃ પુરૂષાર્થ જાગે છે, કાળલબ્ધિ પાડે છે, ભાવિતવ્ય જે સમકિત પ્રગટ થવા યોગ્ય છે તે થાય છે અને ત્યારે કર્મના ઉપશમાદિ પણ થાય છે, આ પ્રમાણે પાંચ સમવાય એકી સાથે જ હોય છે. (૭) નિજ શુદ્ધાત્મ સ્વરૂપ એ જ ઉપાદેય છે એવી જે રૂચિ તે સમ્યકૂત્વ છે. તે પણ આત્મા છે. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન પણ આત્મા છે, કારણકે આત્મા વિના સમ્યગ્જ્ઞાન અન્ય પદાર્થોમાં હોતું નથી. આમ નિજ શુદ્ધ પરમાત્મ સ્વભાવમાં પરમ સમરસી ભાવે પરિણમવાથી આત્મા જ મોક્ષમાર્ગ છે; અને ઉપાદેયરૂપ અતીન્દ્રિય સુખનો સાધક હોવાથી આત્મા જ ઉપાદેય છે.

(૮) સમ્યકૂત્વ કેમ જણાય ? માંહીથી દશા ફરે ત્યારે સમ્યકૂત્વની ખબર એની મેળે પોતાને પડે. સત્‌દેવ એટલે રાગ-દ્વેષ અને અજ્ઞાન જેનાં ક્ષય થયાં છે તે. સદ્‌ગુરૂ કોણ કહેવાય ? મિથ્યાત્વગ્રંથી જેની છેદાઈ છે તે, સદ્‌ગુરૂ એટલે નિર્ગ્રંથ. સત્ ધર્મ એટલે જ્ઞાની પુરૂષોએ બોધેલો ધર્મ. આ ત્રણે તત્ત્વ અથાર્થ રીતે જાણે ત્યારે સમ્યકૂત્વ થયું ગણાય. ચોથે ગુણસ્થાનકે ગ્રંથિભેદ થાય. અગિયારમેથી પડે છે તેને ઉપશમ સમ્યકૂત્વ કહેવાય. લોભ ચારિત્રને પાડનારો છે. ચોથે ગુણસ્થાનકે ઉપશમ અને ક્ષાયિક બન્ને હોય. ઉપશમ એટલે સત્તામાં આવરણનું રહેવું. કલ્યાણનાં ખરેખરાં કારણો જીવને ધાર્યામાં નથી. જે શાસ્ત્રો વૃત્તિને સંક્ષેપે નહીં, વૃત્તિને સંકોચે નહીં, પરંતુ વધારે તેવા શાસ્ત્રોમાં ન્યાય ક્યાંથી હોય ? સમકિતી એટલે મિથ્યાત્વ મુક્ત; કેવળજ્ઞાની એટલે ચારિત્રાવરણથી સંપૂર્ણપણે મુક્ત અને સિદ્ધ એટલે દેહાદિથી સંપૂર્ણપણે મુક્ત. જ્ઞાન એટલે આત્મા યથાતથ્ય જાણવો તે. દર્શન એટલે આત્માની યથાર્થ પ્રતીતિ થવી તે . ચારિત્ર એટલે આત્મા સ્થિર થાય છે તે. પવિત્ર પુરૂષોની કૃપાદષ્ટિ એજ સમ્યગ્દર્શન છે. (૯) સરાગ તથા વીતરાગના ભેદથી સમ્યકૂત્વ બે પ્રકારે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્ય લક્ષણવાળું સરાગ સમ્યકૂત્વ છે, તેને વ્યવહાર સમ્યકૂત્વ પણ કહે છે. છ દ્રવ્યોની યથાર્થ શ્રદ્ધાથી વ્યવહાર સમ્યકૂત્વ થાય છે. વીતરાગ ચારિત્રની સાથે રહેવાવાળું, નિજ શુદ્ધાત્માની અનુભૂતિ લક્ષણવાળું વીતરાગ સમ્યકૂત્વ છે, તે જ નિશ્ચય સમ્યકૂત્વ કહેવાય છે. નિજ શુદ્ધ સહજાત્મા જ ઉપાદેય છે એવી રૂચિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન તો ગૃહસ્થાશ્રમમાં શ્રી તીર્થંકર પરમદેવ, ભરતચકવર્તી, અને રામ પાંડવાદિ મહાપુરૂષોને હોય છે. પણ ત્યાં વીતરાગ ચારિત્ર હોતું નથી. જો તેઓને વીતરાગ ચારિત્ર માનીએ તે ગૃહસ્થપણું બની શકે નહિ. આમ પ્રકારના વિરોધને કેમ ટાળવો ? સદ્‌ગુરૂદેવ સમાધાન કરે છે તે મહાપુરુષોને નિજ શુદ્ધ સહજાત્મા જ ગ્રહણ યોગ્ય છે, એવી ભાવનારૂપ નિશ્ચય સમયગદર્શન તો ગૃહસ્થાશ્રમમાં હોય છે, પણ ચારિત્રમોહના ઉદયને લીધે સ્થિરતા નથી. જયાં સુધી તે સંયમ

ધારણ કરતા નથી ત્યાં સુધી અસંયમી કહેવાય છે. જ્યારે શુદ્ધાત્માની અખંડ ભાવના રહેતી નથી ત્યારે તેઓ અરિહંતાદિની ભક્તિ કરે છે, સ્તવન કરે છે. ચરિત્ર તથા પુરાણાદિ શાસ્ત્રો સાંભળે છે. વિષય-કષાયરૂપ દુર્ધ્યાનને રોકવા અર્થે તથા સંસારની સ્થિતિ અલ્પ કરવા તે પુરૂષો આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ આદિ મહાપુરૂષોને દાન આપે છે. પૂજે છે તથા અનેક પ્રકારની શુભ ક્રિયાઓ કરે છે, અને શુભ રાગના સંબંધથી સરાગ સમયગદષ્ટિ કહેવાય છે, અને તેમને નિશ્ચય સમ્યક્ત્વ પણ કહેવાય છે, કારણકે વીતરાગ ચારિત્રની સાથે રહેવાવાળા નિશ્ચય સમ્યક્ત્વનું પરંપરા એ તે કારણે છે. વસ્તુતા એ ગૃહસ્થાવસ્થામાં જે સમ્યક્ત્વ છે તે સરાગ સમ્યક્ત્વ અથવા વ્યવહાર સમ્યક્ત્વ છે, એમ ભાવાર્થ છે. (૧૦) સાચા દેવમાં દેવબુદ્ધિ, સાચા ગુરૂમાં ગુરૂબુદ્ધિ અને સાચા ધર્મમાં અજ્ઞાન, સંશય અને વિપર્યય વિનાની શુદ્ધ બુદ્ધિ એનું નામ સમ્યક્ત્વ. (૧૧) સાચા દેવમાં દેવ બુદ્ધિ, સાચા ગુરૂમાં ગુરૂબુદ્ધિ, અને સાચા ધર્મમાં અજ્ઞાન, સંયમ એ વિપર્યય વિનાની શુદ્ધ બુદ્ધિ, એનું નામ સમ્યક્ત્વ. (૧૨) નિજ શુદ્ધાત્મસ્વરૂપ એ જ ઉપાદેય છે એવી જે રૂચિ તે સમ્યક્ત્વ છે, તે પણ આત્મા છે. (૧૩) નિજ શુદ્ધાત્મસ્વરૂપ એ જ ઉપાદેય છે એવી જે રૂચિ તે સમ્યક્ત્વ છે, તે પણ આત્મા છે. વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન પણ આત્મા છે, કારણ કે આત્મા વિના સમ્યગ્જ્ઞાન અન્ય પદાર્થોમાં હોતું નથી. (૧૪) જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે જ રૂપે આત્માને જે કારણે જ્ઞાન થયા છે તેને સમ્યક્ત્વ કહે છે. અહીં સમ્યક્ત્વને સ્વાત્મોપલબ્ધિના સાધનમાં સમર્થ બતાવેલ છે. અને એનાથી સમ્યક્ત્વનું મહત્ત્વ પ્રગટ થયા છે કે જે બધા જ આત્મ વિકાસનો મૂળ આધાર છે. સમ્યક્ત્વના ત્રણ ભેદ ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક છે. દર્શનમોહની ત્રણ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક પ્રકૃતિ તથા ચારિત્ર મોહની ચાર અનંતાનુંબંધી ક્રોધ-માન-માય,લોભ, આ રીતે મોહ કર્મની સાત પ્રકૃતિઓના ક્ષયથી ક્ષાયિક, ઉપશમથી ઔપશમિક અને ક્ષયોપશમથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ઉદય થાય છે. આ ત્રણેમાં ક્ષાયિક સમ્યક્ત્વ મુખ્ય છે, સ્થાયી છે અને તેથી સાધ્ય તેમજ આરાધ્ય છે. બાકીના બન્ને સમ્યક્ત્વ સાધનની કોટિમાં રહેલ છે - તેમના સહારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકાય છે.

સમ્યક્ત્વ કેમ જણાય ? :મોક્ષથી દશા ફળે ત્યારે સમ્યક્ત્વની ખબર એની મેળે પોતાને પડે, સત્દેવ, સદગુરુ અને સત્ધર્મ આ ત્રણ તત્ત્વ. યર્થાથ રીતે જાણ ત્યારે સમ્યક્ત્વ થયું ગણાય.

સમ્યક્ત્વ ક્યારે પ્રગટ થાય ? :સાત પ્રકૃતિ ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે. અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય, સમકિતમોહનીય એ સાત ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે છે.

સમ્યક્ત્વ પ્રકૃતિ :દર્શનમોહના ઉદયની સાથે સમ્યક્ત્વ પણ હોય છે. એટલે સમ્યક્ત્વની સહચારિણી હોવાથી તેનું નામ સમ્યક્ત્વપ્રકૃતિ પડ્યું. જ્ઞોયોપશમિક સમ્યક્ત્વની સાથે તેનો ઉદય હોય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ :જડ અને ચેતનનું ભિન્ન ભિન્ન પ્રકારથી જ્ઞાન થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સ્થૂલ જડ પદાર્થોનું અનિત્યપણું અને આત્માથી ભિન્નત્વનો નિશ્ચય કર્યા પછી પંડિત પુરૂષો આત્મામાં જ આનન્દ માને છે. ભેદજ્ઞાનની પ્રાપ્તિ થતાં બાહ્ય શરીરાદિ વસ્તુ પર મમત્વભાવનો અધ્યાસ ટળે છે.

સમ્યક્ત્વ મોહનીય :આત્મા આ હશે ? તેવું જ્ઞાન થાય તે સમ્યક્ત્વ મોહનીય.

સમ્યક્ત્વ મોહનીય કર્મ :સમ્યક્ત્વ પ્રકૃતિ; જે કર્મના ઉદયથી સમ્યગ્દર્શન રહે, કોઈ દોષ, મલ કે અવિચાર લાગે તેને સમ્યક્ત્વ મોહનીય કહે છે.

સમ્યક્ત્વ શ્રદ્ધા :જે ગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી, પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીતિ) થાય, તેને સમ્યક્ત્વ ગુણ કહે છે.

(૧) જે ગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી, પોતાના શુદ્ધાત્માનો પ્રતિભાસ થાય, અખંડ જ્ઞાયક સ્વભાવની પ્રતીતિ થાય.

(૨) સાચા દેવ-ગુરુ-ધર્મમાં દઢ પ્રતીતિ થાય.

(૩) જીવાદિ સાત તત્ત્વોની યથાર્થ પ્રતીતિ થાય.

(૪) સ્વ-પરનું શ્રદ્ધાન થાય.

(૫) આત્મ શ્રદ્ધાન થાય.

આ લક્ષણોથી અવિનાભાવ સહિત, જે શ્રદ્ધાન થાય છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (તે પર્યાયનો ધારક સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણ છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન, તેના પર્યાયો છે.

સમ્યક્ત્વ(શ્રદ્ધા) ગુણ :જે ગુણની નિર્મળ દશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીતિ) થાય.

(૧) સાચા દેવ-ગુરૂ-ધર્મમાં દઢ પ્રતીતિ.

(૨) જીવાદિ સાત તત્ત્વોની સાચી પ્રતીતિ.

(૩) સ્વ-પરનું શ્રદ્ધાન. (૪) આત્મ શ્રદ્ધાન.

આ લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધાન થાય છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (તે પર્યાયનો ધારક સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણ છે, સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તેની પર્યાયો છે.

સમ્યક્ત્વનું લક્ષણ :તત્ત્વની નિર્વિકલ્પ પ્રતીતિ.

સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની શક્તિ :જે વસ્તુ જે રૂપે સ્થિત છે તેનું તે જ રૂપે આત્માને જે કારણે જ્ઞાન થયા છે તેને સમ્યક્ત્વ કહે છે. અહીં સમ્યક્ત્વને સ્વાત્મોપલબ્ધિના સાધનમાં સમર્થ બતાવેલ છે. અને એનાથી સમ્યક્ત્વનું મહત્ત્વ પ્રગટ થયા છે કે જે બધા જ આત્મ વિકાસનો મૂળ આધાર છે.

સમ્યક્ત્વના આઠ અંગો (ગુણો) :

(૧) નિઃશક્તિ અંગ = સર્વજ્ઞ દેવે કહેલાં તત્ત્વોમાં (શંકા) સંશય-સંદેહ ધારણ ન કરવો તે નિઃશક્તિ અંગ છે.

(૨) નિઃકાંક્ષિત ગુણ = ધર્મને ધારણ કરીને સંસારના સુખની ઈચ્છા કરે નહિ તે નિઃકાંક્ષિત ગુણ છે.

(૩) નિર્વિચિકિત્સા અંગ =મુનિઓનાં શરીર વગેરે મલિન દેખીને ઘૃણા ન કરવી તે નિર્વિચિકિત્સા અંગ છે.

(૪) અમૂઢ દષ્ટિ અંગ = સાચાં અને જૂઠાં તત્ત્વોની ઓળખાણ રાખે તે અમૂઢદષ્ટિ અંગ છે.

(૫) ઉપગૂહન અંગ = પોતાના ગુણોને અને બીજાના અવગુણોને છુપાવે અને પોતાના આત્મધર્મને વધારે અથવા નિર્મળ બનાવે તે ઉપગૂહન અંગ છે.

(૬) સ્થિતિકરણ અંગ =કામ-વિકાર આદિ કારણોથી ધર્મથી ડગી જતાં પોતાને અને પરને ફરીને એમાં દઢ કરે તે સ્થિતિકરણ અંગ છે.

(૭) વાત્સલ્ય અંગ = પોતાના સહધર્મી જનોથી વાછરડાં ઉપરની ગાયની પ્રીતિની માફક પ્રેમ રાખવો તે વાત્સલ્ય અંગ છે.

(૮) પ્રભાવના અંગ = જૈન ધર્મની શોભા વધારવી તે પ્રભાવના અંગ છે.

આ આઠ ગુણથી ઊલટાં આઠ દોષ છે તે દોષોને હંમેશા દૂર કરવા જોઈએ.

ભાવાર્થ :-

(૧) નિઃશક્તિ અંગ =તત્ત્વ આ જ છે, આમ જ છે, બીજું નથી અને બીજા પ્રકારે પણ નથી, આ પમાણે યથાર્થ તત્ત્વોમાં અટલ શ્રદ્ધા તે નિઃશક્તિ અંગ કહેવાય છે.

નોંધ :- અવ્રતિ સમ્યગ્દષ્ટિ જીવ ભોગોને ક્યારેય પણ આદરવા યોગ્ય માનતા નથી, પણ જેવી રીતે કોઈ કેદી, કેદખાનામાં ઈચ્છા વિના પણ દુઃખ સહન કરે છે, તેવી રીતે પોતાના પુરૂષાર્થની નબળાઈથી ગૃહસ્થપદમાં રહે છે, પણ તેઓ રૂચિપૂર્વક ભોગોની ઈચ્છા કરતા નથી, એટલે તેને નિઃશક્તિ અને નિઃકાંક્ષિત અંગ હોવામાં કોઈ વાંધો આવતો નથી.

(૨) નિઃકાંક્ષિત અંગ = ધર્મ સેવન કરી તેના બદલામાં સંસારના સુખોની ઈચ્છા ન કરવી તેને નિઃકાંક્ષિત અંગ કહે છે.

(૩) નિર્વિચિકિત્સા અંગ = મુનિરાજ અથવા બીજા કોઈ ધર્માત્માના શરીરને મેલાં દેખીને ઘૃણા ન કરવી તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે.

(૪) અમૂઢ દષ્ટિ અંગ =સાચ અને ખોટા તત્ત્વોની પરીક્ષા કરીને મૂઢતાઓ અને અનાયતનોમાં ફસાવું નહિ તે અમૂઢદષ્ટિ અંગ છે.

(૫) ઉપગૂહન અંગ = પોતાની પ્રશંસા કરવાવાળા ગુણો અને બીજાની નિંદા કરવાવાળા દોષોને ઢાંકવા તથા આત્મધર્મને વધારવો (નિર્મળ રાખવો-દૂષિત ન થવા દેવો) તે ઉપગૂહન અંગ છે.

નોંધ :- ઉપગૂહનનું બીજું નામ ઉપબૃંહણ પણ જિનાગમમાં આવે છે. જેથી આત્મ ધર્મમાં વૃદ્ધિ કરવી તેને પણ ઉપગૂહન કહેવામાં આવે છે.

(૬) સ્થિતિકરણ અંગ = કામ, ક્રોધ, લોભ વગેરે કોઈપણ કારણે (સમ્યક્ત્વ અને ચારિત્રથી) ભ્રષ્ટ થતી વખતે પોતાને અને બીજાને ફરીથી તેમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ અંગ છે.

(૭) વાત્સલ્ય અંગ = પોતાના સહધર્મી પ્રાણી ઉપર, વાછરડાં ઉપર હેત રાખતી ગાયની માફક, નિરપેક્ષ પ્રેમ કરવો તે વાત્સલ્ય અંગ છે.

(૮) પ્રભાવના અંગ =અજ્ઞાન-અંધકારને હઠાવીને વિદ્યા, બળ વગેરેથી શાસ્ત્રોમાં કહેલ યથાયોગ્ય રીતિ પ્રમાણે , પોતાના સામર્થ્ય પ્રમાણે જૈન ધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના અંગ કહેવાય છે.

આ ગુણોથી (અંગોથી) ઊલટા (૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) મૂઢ દષ્ટિ, (૫) અનુપગૂહન, (૬) અસ્થિતિકરણ, (૭) અવાત્સલ્ય અને (૮) અપ્રભાવના આ સમ્યક્ત્વના આઠ દોષ છે; તેને હંમેશા દૂર કરવા જોઈએ.

સમ્યક્ત્વના આઠ ગુણો :

(૧) નિઃશક્તિ અંગ = આ તત્ત્વ આમ જ છે, બીજું નથી, અને બીજે પ્રકારે નથી આ પ્રમાણે યથાથ તત્ત્વોમાં અટલ શ્રદ્ધા તે નિઃશક્તિ અંગ કહેવાય છે. નોંધ :- અવ્રતી સમ્યગ્દષ્ટિ જીવ ભોગોને ક્યારેય પણ આદરવા યોગ્ય માનતા નથી, પણ જેવી રીતે કોઈ કેદી, કેદખાનામાં ઈચ્છા વિના પણ દુઃખ સહન કરે છે, તેવી રીતે પોતાના પુરૂષાર્થની નબળાઈથી ગૃહસ્થપદમાં રહે છે, પણ તેઓ રૂચિપૂર્વક ભોગોની ઈચ્છા કરતા નથી, એટલે તેને નિઃશક્તિ અને નિઃકાંક્ષિત અંગ હોવામાં કોઈ વાંધો આવતો નથી.

(૨) નિઃકાંક્ષિત અંગ = ધર્મ સેવન કરી તેના બદલામાં સંસારના સુખોની ઈચ્છા ન કરવી તેને નિઃકાંક્ષિત અંગ કહે વાય છે.

(૩) નિર્વિચિકિત્સા અંગ = મુનિરાજ અથવા બીજા કોઈ ધર્માત્માના શરીરને મેલા દેખીને ઘૃણા ન કરવી તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે.

(૪) અમૂઢ દષ્ટિ અંગ =સાચ અને ખોટા તત્ત્વોની પરીક્ષા કરીને મૂઢતાઓ અને અનાયતનોમાં ફસાવું નહિ તે અમૂઢદષ્ટિ અંગ છે.

(૫) ઉપગૂહન અંગ = પોતાની પ્રશંસા કરવાવાળા ગુણો અને બીજાની નિંદા કરવાવાળા દોષોને ઢાંકવા તથા આત્મધર્મને વધારવો (નિર્મળ રાખવો-દૂષિત ન થવા દેવો) તે ઉપગૂહન અંગ છે.

નોંધ :- ઉપગૂહનનું બીજું નામ ઉપબૃંહણ પણ જિનાગમમાં આવે છે. જેથી આત્મ ધર્મમાં વૃદ્ધિ કરવી તેને પણ ઉપગૂહન કહેવામાં આવે છે.

(૬) સ્થિતિકરણ અંગ = કામ, ક્રોધ, લોભ વગેરે કોઈપણ કારણે (સમ્યકત્વ અને ચારિત્રથી) ભ્રષ્ટ થતી વખતે પોતાને અને બીજાને ફરીથી તેમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ અંગ છે.

(૭) વાત્સલ્ય અંગ = પોતાના સહધર્મી પ્રાણી ઉપર, વાછરડાં ઉપર હેત રાખતી ગાયની માફક, નિરપેક્ષ પ્રેમ કરવો તે વાત્સલ્ય અંગ છે.

(૮) પ્રભાવના અંગ =અજ્ઞાન-અંધકારને હઠાવીને વિદ્યા, બળ વગેરેથી શાસ્ત્રોમાં કહેલ યથાયોગ્ય રીતિ પ્રમાણે , પોતાના સામર્થ્ય પ્રમાણે જૈન ધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના અંગ કહેવાય છે. આ ગુણોથી (અંગોથી) ઊલટા (૧) શંકા, (૨) કાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) મૂઢ દષ્ટિ, (૫) અનુપગૂહન, (૬) અસ્થિતિકરણ, (૭) અવાત્સલ્ય અને (૮) અપ્રભાવના આ સમ્યક્ત્વના આઠ દોષ છે; તેને હંમેશા દૂર કરવા જોઈએ.

સમ્યક્ત્વના પચીસ દોષ અને આઠ ગુણ :સમક્તિના ૨૫ દોષ આ પ્રમાણે છે. ૮ પ્રકારના મદ, ૩ પ્રકારની મૂઢતા, ૬ પ્રકારના અનાયતન (અધર્મસ્થાનો) અને ૮ પ્રકારના શંકાદિ દોષ. આમ કુલ પચીસ દોષ સમક્તિના છે.

સંવેગ, અનુકંપા, આસ્તિ અને પ્રશમ સમ્યગ્દષ્ટિને હોય છે. સમ્યક્ત્વના અભિલાષી જીવે આ સમક્તિના પચીસ દોષોનો ત્યાગ કરીને એ ભાવનાઓમાં મન લગાવવું જોઈએ.

હવે સમ્યક્ત્વના આઠ ગુણો (અંગો અને ૨૫ દોષોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે; કારણ કે જાણ્યા વગર તથા સમજ્યા વગર દોષોને કેવી રીતે છોડી શકાય અને ગુણોને કેવી રીતે ગ્રહણ કરી શકાય ?

સમ્યક્ત્વના ક્ષાયકિદિ ભેદ અને તેમાં સાધ્ય-સાધનપણું :તે સમ્યક્ત્વ મિથ્યાત્વ, સમ્યક્ મિથ્યાત્વ, સમ્યક્ પ્રકૃતિ મિથ્યાત્વ અને સંયોજન ચતુષ્ટય અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ આ સાત ભેદરૂપ મોહકર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમને પ્રાપ્ત થતાં અનુક્રમે ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એ રીતે ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ જાણવું. એ ત્રણે સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યક્ત્વ સાધ્ય છે અને બાકી બે તેનાં સાધન છે.

જે સમ્યક્ત્વના સ્વરૂપનો ઉપર ઉલ્લેખ છે તેના ત્રણ ભેદોનો તેના કારણો સહિત અહીં નિર્દેશ છે. સમ્યક્ત્વના તે ત્રણ ભેદ ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક છે. દર્શનમોહની ત્રણ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્પ્રકૃતિ તથા ચારિત્ર મોહની ચાર અનંતાનુંબંધી ક્રોધ-માન-માય,લોભ, આ રીતે મોહ કર્મની સાત પ્રકૃતિઓના ક્ષયથી ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો ઉદય થાય છે. આ ત્રણેમાં ક્ષાયિક સમ્યક્ત્વ મુખ્ય છે, સ્થાયી છે અને તેથી સાધ્ય તેમને આરાધ્ય છે. બાકીના બન્ને સમ્યક્ત્વ સાધનની કોટિમાં રહેલું છે - તેમના આધારે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકાય છે.

સમ્યક્ત્વનાં લક્ષણો :

(૧) કષાયનું મંદપણું અથવા રસનું મોળાપણું
(૨) મોક્ષમાર્ગ તરફ વલણ
(૩) સંસાર બંધનરૂપ લાગે અથવા સંસાર ખારો ઝેર લાગે
(૪) સર્વપ્રાણી ઉપર દયાભાવ; તેમાં વિશેષ કરી પોતાના આત્મા તરફ દયાભાવ
(૫) સતદેવ, સતધર્મ, સદગુરુ ઉપર આસ્થા

સમ્યક્ત્વની નિર્મળતાના પાંચ ભેદ :

(૧) સમલ અગાઢ,
(૨) નિર્મળ,
(૩) ગાઢ,
(૪) અવગાઢ,
(૫) પરમ અવગાઢ.

(૧) વેદક સમ્યક્ત્વ સમલ અવગાઢ છે.
(૨) ઔપશમિક અને જ્ઞાયિક સમ્યક્ત્વ નિર્મળ છે.
(૩) ક્ષાયિક સમ્યક્ત્વ ગાઢ છે.
(૪) અંગ અને અવગાહન સહિત જૈન શાસ્ત્રોના આગવાહન વડે નીપજેલી દષ્ટિ તે અવગાઢ સમ્યક્ત્વ શ્રુત કેવળીને જે તત્ત્વ શ્રદ્ધા છે તેને અવગાઢ સમ્યક્ત્વ કહે છે.
(૫) પરમાવધિ જ્ઞાનીને અને કેવળજ્ઞાનીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને પરમાવગાઢ સમ્યક્ત્વ કહે છે. આ બે ભેદ જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ છે.

સમ્યક્ત્વમાર્ગણા :તેના છ ભેદ છે; ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ, સમ્યક્ મિથ્યાત્વ, સાસાદન એ મિથ્યાત્વ.

સમ્યક્ત્વનો મહિમા, સમ્યગ્દષ્ટિના અનુત્પત્તિ સ્થાન :સમ્યગ્દષ્ટિ જીવ આયુષ્ય પૂર્ણ થતાં જ્યારે મૃત્યુ પામે છે ત્યારે બીજાથી સાતમી નરકના નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપૂંસક, સર્વ પ્રકારની સ્ત્રી, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને કર્મ ભૂમિના પશુ થતા નથી. (નીત ફળ વાળા, ઓછો અંગવાળા, અલ્પાયુવાળા અને દરિદ્ર થતા નથી;) વિમાનવાસી દેવ, ભોગ, ભૂમિના મનુષ્ય અથવા તિર્યંચ જ થાય છે. કર્મભૂમિના તિર્યંચ પણ થતા નથી. કદાચ નરકમાં જાય તો પહેલી નરકની નીચે જતાં નથી. ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખદાયક બીજી કોઈ વસ્તુ નથી, આ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મોનું મૂળ છે. આ વિના જેટલા ક્રિયાકાંડ છે તે બધાં દુઃખદાયક છે. નોંધ :- જે જીવ સમ્યક્ત્વ પામ્યા પહેલાં, આગામી પર્યાયની ગતિ (આયુ) બાંધે છે, તે જીવ આયુ પૂર્ણ થવાથી જ્યારે મરણ પામે છે ત્યારે નરકગતિમાં પણ ઉત્પન્ન થાય છે; પણ ત્યાં તેની સ્થિતિ (આયુષ્ય) અલ્પ થઈ જાય છે. જેવી રીતે શ્રેણિક રાજા સાતમી નરકનું આયુષ્ય બાંધ્યા પછી સમકિત પામ્યા હતા તેથી, જો કે તેને

નરકમાં તો જવું પડ્યું પણ આયુષ્ય સાતમી નરકથી ઓછું થઈ ને પહેલી નરકનું જ રહ્યું. એ રીતે જે જીવ સમ્યગ્દર્શન પામ્યા પહેલં તિર્યંચ વા મનુષ્ય આયુનો બંધ કરે છે તે ભોગભૂમિમાં જાય છે પરંતુ ભૂમિમાં તિર્યંચ અથવા મનુષ્યપણે ઉપજે નહિ.

સમ્યગ્દર્શન પામ્યા પહેલાં નરકગતિનું આયુષ્ય બાંધ્યા પછી સમ્યગ્દર્શન પામે તો આવી અવસ્થામાં સમ્યગ્દષ્ટિની પહેલી નરકના નપુંસકોમાં પણ ઉત્પત્તિ થાય છે. એનાથી જુદા બીજા નપુંસકોમાં તેની ઉત્પત્તિ થવાનો નિષેધ છે.

સમ્યકદર્શન :નિજ ધ્રુવસ્વભાવ (એકપણું) તે સમ્યકદર્શનનો વિષય છે.

સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર :નિજ સ્વરૂપમાં જ એકતારૂપ પરિણમન તે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

સમ્યક્દ્રષ્ટિ ગૃહસ્થ :સમ્યક્દ્રષ્ટિ ગૃહસ્થ એવા હોવા જોઈએ કે જેની પ્રતીતિ દુશ્મનો પણ કરે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે. તાત્પર્ય કે એવા નિષ્કલંક ધર્મ પાળનારા હોવા જોઈએ.

સમ્યક્દશાનાં પાંચ લક્ષણો :

(૧) શમ,
(૨) સંવેગ,
(૩) નિર્વેદ,
(૪) આસ્થા,
(૫) અનુકંપા

(૧) શમ = ક્રોધાદિક કષાયોનું શમાઈ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિકાળની વૃત્તિઓ શમાઈ જવી તે શમ.

(૨) સંવેગ = મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઈચ્છા નહિ તે સંવેગ.

(૩) નિર્વેદ = જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાંજ પરિભ્રમણ કર્યું; ત્યારથી હવે ઘણી થઈ, અરે જીવ ! હવે થોભ, એ નિર્વેદ.

(૪) આસ્થા = માહાત્મ્ય જેનું પરમ છે એવા નિઃસ્પૃહી પુરૂષોનાં વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા - આસ્થા.

(૫) અનુકંપા =એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ અને અનુકંપા.

આ લક્ષણો અવશ્ય મનન કરવા યોગ્ય છે, સ્મરવા યોગ્ય છે, ઈચ્છવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે.

સમ્યક્પ્રકારે :સ્વસ્વરૂપના આશ્રયે

સમ્યક્પ્રાયશ્ચિત :પ્રમાદ અથવા અજ્ઞાનથી લાગેલા દોષોની શુદ્ધિ કરતાં, વીતરાગ સ્વરૂપના લક્ષ વડે, અંતરંગ પરિણામોની જે શુદ્ધતા થાય છે તે

સમ્યક્ :સત્ય, યથાર્થ, સાચો

સમ્યક્ સ્વભાવ :ત્રિકાળ એકરૂપ નિર્મળ રહે તેને સમ્યક્ સ્વભાવ કહેવામાં આવે છે.

સમ્યક્ વૃત્તિ પરિસંખ્યાન :સમ્યગ્દ્રષ્ટિ જીવને સંયમના હેતુએ નિર્દોષ આહારની ભિક્ષા માટે જતી વખતે, ભોજનની વૃત્તિ તોડનારો નિયમ કરતાં, અંતરંગ પરિણામોની જે શુધ્ધતા થાય છે તે.

સમ્યક્દર્શન :છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય તથા નવ પદાર્થની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. તે વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે, તે બેયમાં કાર્ય-કારણ અથવા સાધ્ય-સાધક સંબંધ છે, નિશ્ચય સમ્યગ્દર્શન સાધ્ય તથા વ્યવહાર સમ્યગ્દર્શન સાધક છે. વીતરાગ પરમાનંદ સ્વભાવવાળો શુદ્ધ સહજાત્મા જ ઉપાદેય છે, એવી રૂચિમાં પરિણમેલો શુદ્ધ આત્મા નિશ્ચય સમ્યગ્દર્શન છે.

સમ્યગ્ચારિત્ર :પરમાં રમણતા છે તે ટળીને આત્મામાં રમણતા, સ્થિરતા ઉપયોગની એકાગ્રતા તે આત્મ અનુભવ કે સમ્યગ્ચારિત્ર (૨) શુદ્ધ વસ્તુમાત્ર, તેની સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે સ્વરૂપાચરણ ચારિત્ર તે જ સમ્યગ્ચારિત્ર છે, તે જ મોક્ષમાર્ગ છે. હિંસા, અમૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, મહા પરિષદોનું સહવું, તેના ઘણ બોજા વડે ઘણા કાળ પર્યંત મરીને ચૂરો તો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો તથાપિ એમ કરતાં કર્મક્ષય થતો નહિ.

જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવ દ્રવ્યને અનાદિથી અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરણિમન હતું તે જાય છે, શુદ્ધ સ્વરૂપમાત્ર શુદ્ધ ચેતનારૂપે જીવ દ્રવ્ય પરિણમે છે. તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર તે આત્મ દ્રવ્યનું નિજ સ્વરૂપ છે, શુભાશુભ ક્રિયાની માફક ઉપાધિરૂપ નથી, તેથી એક જીવદ્રવ્ય સ્વરૂપ છે... આવું શુદ્ધપણું મોક્ષ કારણ છે, એના વિના જે કાંઈ ક્રિયારૂપ છે તે બધું બંધનું કારણ છે. શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે. શુદ્ધ સ્વરૂપનું આચરણ તેને ચારિત્ર કહ્યું છે. (૨) રાગ-દ્વેષના અભાવરૂપ સમ્યગ્ચારિત્ર હોવું પણ જરૂરી છે. (૩) આત્મ શુદ્ધતામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. (૪) ચિદાનંદાન એવું જે સ્વસ્વરૂપ તેમાં ચરવું, રમવું એનું નામ, સમ્યકચારિત્ર છે. અંદર આનંદનો નાથ, પૂરણ જ્ઞાનાનંદ સ્વરૂપે વિરાજે છે, તેને અનુસરીને ચરવું તેમાં રમવું એને તેમાંજ ઠરવું અને આત્મચરણ, અનુચરણ નામ, સમ્યકચારિત્ર કહે છે. મહાવ્રતાદિ પાળવાં, એ ચારિત્ર એમ નહિ, કેમકે એ તો રાગ છે (૫) આત્મામાં રમણતા-લીનતા-આચરણરૂપ અનુષ્ઠાન એ સમ્યક્ચારિત્ર.

સમ્યગ્ચારિત્રનું લક્ષણ :સમ્યગ્ચારિત્રનું લક્ષણ વીતરાગતા

સમ્યગ્ચારિત્રપર્યાય :જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાંતરથી નિવૃતિ તેના વડે રચાતી દષ્ટજ્ઞાતૃતત્વમાં પરિણતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્ચારિત્રપર્યાય છે.

સમ્યગ્જ્ઞાન પર્યાય :જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વનીસ તથા પ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે જ્ઞાનપર્યાય છે.

સમ્યગ્જ્ઞાન :જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દ્રષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ, નિશ્ચયી, પતાના ગુણોમાં એક રૂપ, પર નિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસ્ત્રનું અનુભવન છે. શુધ્ધ નયથી આમાં કોઈ ભેદ નથી. (૨) સંશય, વિપર્યય, અને અનધ્યવસાયરહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. (૩) જેવી રીતે નાવમાં બેઠેલા કોઈ મનુષ્યને નાવની ગતિના સંસ્કારવશ, પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે (અર્થાત પોતે ગતિમાં હોવા છતાં સ્થિર હોય એમ સમજાય છે અને વૃક્ષ, પર્વત વગેરે સ્થિર હોવા છતાં ગતિમાં હોય એમ સમજાય છે) તેવી રીતે જીવને મિથ્યાદર્શનનો ઉદયવશ નવ પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે.

એવા તે નવ પદાર્થોનો જ મિથ્યાદર્શનના ઉદયની નિવૃત્તિ હોતાં જે સત્ય સમજણ, યથાર્થ અવભાસ, સાચો અવબોધ થયો તે સમ્યગ્જ્ઞાન છે કે જે સમ્યગ્જ્ઞાન કાંઈક અંશે જ્ઞાનચેતનાપ્રધાન આત્મતત્ત્વની ઉપલબ્ધિનું (અનુભૂતિનું) બીજ છે. (૫) સમ્યગ્જ્ઞાનં પુનઃ સ્વાર્થ વ્યવસાયાત્મકં વદુઃ.

તત્વાર્થસાર ગાથા ૧૮ પૂર્વાર્ધ પાનું ૧૪

અર્થઃસ્વ=પોતાનું સ્વરૂપ અર્થ=વિષય, વ્યવસાય=યર્થાથ નિશ્ચય. જે જ્ઞાનમાં એ ત્રણે શરતો પૂરી પડતી હોય તે સમ્યગ્જ્ઞાન છેઃ અર્થાત જો જ્ઞાનમાં વિષયનાં જ્ઞાન સાથે સાથે પોતાનું સ્વરૂપ જણાય અને તે પણ યથાર્થ નિશ્ચયની સાથે હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

મોક્ષશાસ્ત્ર પાનું ૩૮

(૬) પર દ્રવ્ય અને પરભાવથી હું ભિન્ન છું એમ પરથી પોતાને ભિન્ન ગ્રહણ કરી પરમાં એકાકાર ન થવા દે તે સમ્યગ્જ્ઞાન (૭) રાગ દ્વેષ પોતાના કર્યા થાય છે અને પોતાના મટાડયા મટે છે. એમ સ્વયંચિત માનવું તે સમ્યગ્જ્ઞાન છે. (૮) જેને નિરાકુળતાલક્ષણ સ્વાત્માનંદરૂપે પરિણત સ્વાત્માનુભૂતિ થઈ હોય તેને જ સત્યાર્થ સમ્યગ્જ્ઞાન હોઈ શકે; તે સિવાયનું બીજું કેવળ પરલક્ષી વિકલ્પવાળું શાસ્ત્રજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન નથી. (૯) ભગવાન કેવળીને પૂર્ણ સુખ છે, મિથ્યાદષ્ટિને પૂર્ણ દુઃખ છે ને સાધકને કાંઈક સુખ ને કાંઈક દુઃખ છે જેટલી સ્વરૂપના આશ્રયે શુદ્ધતા-નિર્મળતાના પ્રગટી તેટલું તેને આનંદનું વેદન છે અને જેટલો પર્યાયમાં રાગ છે તેટલું દુઃખનું વેદન છે, આમ યથાર્થ માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

જુઓ, જ્યારે દષ્ટિ સાથેના જ્ઞાનની વાત ચલાતી હોય ત્યારે રાગ અને દુઃખ સ્વામી આત્મા નથી. એતો એનો જાણનાર દેખનાર છે એમ કહેવાય.

શ્રદ્ધાની અપેક્ષાએ રાગને હેય કહેવાય, ને ચારિત્રની અપેક્ષાએ રાગનું વેદન છે તે દુઃખનું વેદન છે અને તે પર્યાયનું સત્ત્વ છે. આમ સમ્યગ્જ્ઞાની બરાબર જાણે છે. માટે આચાર્યદેવ કહે છે કે- અમે રાગાદ્વેષની ઉત્પત્તિમાં અન્ય દ્રવ્ય પર શા માટે કોપ કરીએ ? રાગદ્વેષ ઊપજે છે તે પોતાનો જ અપરાધ છે. અન્ય દ્રવ્ય તો રાગ-દ્વેષ ઉપજાવતું નથી તો પછી અન્ય દ્રવ્ય પર કોપ કરવાનું શું પ્રયોજન છે ? (૧૦) સાચું જ્ઞાન. (૧૧) આત્માનું સ્વસંવેદન જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન. (૧૨) સ્વસંવેદન જ્ઞાનનું સાધક એવું શાસ્ત્રજ્ઞાન પણ વ્યવહારથી જ્ઞાન કહેવાય છે, તો પણ નિશ્ચયની વીતરાગ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણમેલો શુદ્ધાત્મા જ નિશ્ચયજ્ઞાન છે. (૧૩) વળી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવતા નિજ પરમાત્મ દ્રવ્યનું જે પરિજ્ઞાન થયું, તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. ઘણાં શાસ્ત્રોનું જ્ઞાન ભણતર તે સમ્યગ્જ્ઞાન એમ નહિ, કેમકે એ તો પરલક્ષી જ્ઞાન છે. આ તો પોતે અંતરમાં ભગવાન આત્મા પુરણ, એક જ્ઞાનસ્વભાવી પરમાત્મદ્રવ્ય છે, તેની સન્મુખ થતાં, આ હું છું એમ જ્ઞાન થવું, એનું નામ આત્મજ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. (૧૪) અસંવેદન જ્ઞાનનું સાધક એવું શાસ્ત્રજ્ઞાન પણ વ્યવહારથી જ્ઞાન કહેવાય છે, તો પણ નિશ્ચયથી વીતરાગ સ્વ સંવેદન જ્ઞાનમાં પરિણમેલો પોતાનો શુદ્ધાત્મા જ નિશ્ચયજ્ઞાન છે. (૧૫) અંતરના નિજ ત્રિકાળી ભગવાન સ્વરૂપ આત્મામાં એકાગ્ર થતાં આત્માશ્રિત જે સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન પ્રગટે તેને અહીં જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞપ્તિ એટલે જાણવું તે, જ્ઞાન. એકલું શાસ્ત્રનું ભણતર એ કાંઈ જ્ઞાન નથી ભગવાન કેવળીના મારગમાં જ્ઞાન તો એને કહીએ કે જે સ્વાશ્રિત હોય અને સ્વરૂપ સન્મુખ થતાં અંતરમાંથી પ્રગટ થતું હોય. અંદર શુદ્ધ ચૈતન્યમય. ધ્રુવ આત્મ સ્વરૂપમાં સહજ જ્ઞાનની જ્યોત નિરંતર ઝળહળે છે. તો તેમાં એકાગ્ર થતાં અંતરમાંથી જે જ્ઞાનનો કણ જાગે તેને જ્ઞાન-સમ્યગ્જ્ઞાન કહે છે; અને તે મોક્ષમાર્ગનો એક અવયવ છે. (૧૬) વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન પણ આત્મા છે, કારણકે આત્મા વિના સમ્યગ્જ્ઞાન અન્ય પદાર્થોમાં હોતું નથી. (૧૭) સ્વ-પરની જુદાઈનો વિવેક તે સમ્યગ્જ્ઞાન છે. (૧૮) ''સ્વાર્થ વ્યવસાયાત્મકં વદુઃ'' સ્વ- પોતાનું સ્વરૂપ અર્થ- વિષય. વ્યવસાયઃ યથાર્થ નિશ્ચય, જે જ્ઞાનમાં એ ત્રણે શરતો પુરી પડતી હોય, તેને સમ્યગ્જ્ઞાન કહે છે, અર્થાત્ જે જ્ઞાનમાં વિષય પ્રતિબોધ સાથે સાથે પોતાનું સ્વરૂપ પ્રતિભાસિત થાય, અને તે પણ યથાર્થ હોય તો, તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. (૧૯) વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવતા નિજપરમાત્મદ્રવ્યનું પરિજ્ઞાન (નિશ્ચયજ્ઞાન) થયું, તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. ઘણાં શાસ્ત્રોનું જ્ઞાન ભણતર, તે સમ્યગ્યજ્ઞાન એમ નહિ, કેમકે એ તો પરલક્ષી જ્ઞાન છે. આતો પોતે અંતરમાં ભગવાન આત્મા પુરણ, એક જ્ઞાનસ્વભાવી પરમાત્મદ્રવ્ય છે તની સન્મુખ થતાં હું આ છું એમ જ્ઞાન થવું, એનું નામ આત્મજ્ઞાન. સમ્યગ્જ્ઞાન છે. દશામાં ભલે રાગ હો, અલ્પજ્ઞતા હો, વસ્તુ પોતે અંદર પૂરણ પરમાત્મસ્વરૂપ છે. આવા પોતાના પરમાત્મસ્વરૂપનું જ્ઞાન થવું, તેને સમ્યગ્જ્ઞાન કહે છે. (૨૦) સ્વને આશ્રયે થાય, તે સમ્યગ્જ્ઞાન છે. પર્યાય પરની હો કે સ્વની હો, પર્યાયનું લક્ષ થતાં વિકલ્પ ઉઠે છે, ત્યારે તેને જ્ઞાન અને સુખ થાય છે. ભાઈ ! સર્વજ્ઞ જિનેન્દ્ર દેવનો માર્ગ એટલે, શુદ્ધ જીવનો માર્ગ કોઈ અલૌકિક છે (૨૧) વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવતાં નિજપરમાત્માદ્રવ્યનું જે પરિજ્ઞાન થયું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. ઘણાં શાસ્ત્રોનું જ્ઞાન-ભણતર તે સમ્યગ્જ્ઞાન એમ નહિ, કેમ કે એ તો પરલક્ષી જ્ઞાન છે. આ તો પોતે અંતરમાં ભગવાન આત્મા પૂરણ એક જ્ઞાનસ્વભાવી પરમાત્મદ્રવ્ય છે, તેની સન્મુખતા થતાં આ હું છું એમ જ્ઞાન થવું એનું નામ આત્મજ્ઞાન-સમ્યગ્જ્ઞાન છે. દશામાં ભલે રાગ હો, અલ્પજ્ઞતા હો, વસ્તુ પોતે અંદર પૂરણ પરમાત્મસ્વરૂપ છે. આવા પોતાના પરમાત્મસ્વરૂપ જ્ઞાન થવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે. લ્યો આવો વીતરાગનો મારગ લૌકિકથી ક્યાંય મેળ ન ખાય એવી છે. (૨૨) સ્વસંવેદન જ્ઞાનનું સાધક એવું શાસ્ત્રજ્ઞાન પણ વ્યવહારથી જ્ઞાન કહેવાય છે, તો પણ નિશ્ચયથી વીતરાગ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણમેલો પોતાનો શુદ્ધાત્મા જ નિશ્ચય જ્ઞાન છે.

સમ્યગ્જ્ઞાન થયાનો નિર્ણય? :પાંચ સમ્યગ્જ્ઞાન છે એ જ પ્રમાણ છે. જે જીવને સમ્યગ્જ્ઞાન થયું હોય તે પોતાના સમ્યક્ગતિ અને સમ્યક્શ્રુતજ્ઞાન વડે પોતાને સમ્યક્ત્વ થયાનો નિર્ણય કરી શકે છે, અને તે જ્ઞાન પ્રમાણ અર્થાત સાચું છે.

સમ્યગ્જ્ઞાન પર્યાય :જ્ઞેયતત્વ અને જ્ઞાતૃતત્વની તથા પ્રકારે (જેમ છે તેમ, યર્થાથ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે.

સમ્યગ્જ્ઞાનનું ફળ :આનંદ (સંતોષ), ઉપેક્ષા (રાગદ્વેષ રહિતપણું) અને અજ્ઞાનનો નાશ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

સમ્યગ્જ્ઞાનનું લક્ષણ :સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વપર પ્રકાશકપણું

સમ્યગ્જ્ઞાનનો મહિમા :સમ્યગ્જ્ઞાન ક્રિયાકર્મના અનુષ્ઠાન (પાલન)નો આધાર છે, જ્ઞાન મોહાન્ધકારનો નાશ કરનાર છે, જ્ઞાન, પુરૂષના પ્રયોજનને પૂર્ણ કરનાર છે અને જ્ઞાન મોક્ષનું સાધન છે.

સમ્યગ્જ્ઞાનપર્યાય :જ્ઞેયતત્વ અને જ્ઞાતૃતત્વની તથા પ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે સમ્યગજ્ઞાનપર્યાય છે. (જેમ છે તેમ, યર્થાથ પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે.

સમ્યગ્જ્ઞાનાચાર :શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં સંશય (શંકા), વિપર્યય-(વિપરીત-ઊલટું) અને અનધ્યવસાય (અનિશ્ચયતા) રહિત જે સ્વસંવેદનરૂપ ગ્રાહકબુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે. તેમાં આત્મપરિણતિ થવી તે સમ્યગ્જ્ઞાનાચાર છે.

સમ્યગદર્શન :નિર્વિકલ્પદશા (૨) દેવ-ગુરુ-શાસ્ત્રને માને, નવ તત્વના ભેદ જાણે એ કાંઈ સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન તો આત્માની પ્રતીતિરૂપ છે, સૂક્ષ્મ પર્યાય છે, આનંદના સ્વાદ ઉપરથી જ્ઞાનીને તેનો ખ્યાલ આવે છે. પહેલું સમ્યગ્દર્શન થાય, પછી સ્વરૂપમાં વિશેષ એકાગ્ર થઈ સ્થિર થાય તે સમ્ક્ચારિત્ર છે. સમ્યકદશસ્ન વિનાનાં વ્રત, તપ, ચારિત્ર એ બધાં એકડા વિનાનાં મીંડા છે. (૩) હવે આત્માને સમ્યગ્દર્શન થાય એ પ્રયોજન છે. આ પ્રયોજન સાધવા માટે શુધ્ધ દ્રવ્યાર્થિકનયને એટલે શુધ્ધ ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરીને નિશ્ચય કહે છે. તથા અશુધ્ધ દ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરીને વ્યવહાર કહે છે. દ્રવ્ય પર્યાયમાં અશુધ્ધપણે પરિણમેલું છે તેથી અશુધ્ધ દ્રવ્ય કહ્યું છે. એટલે પ્રમાણનું જે દ્રવ્ય છે તે અશુધ્ધ છે. તે અશુધ્ધ દ્રવ્યાર્થિકનયનો એટલે પર્યાયાર્થિક નયનો વિષય છે. તેને ગૌણ કરી વ્યવહાર કહે છે. નિશ્ચયની દ્રષ્ટિમાં વ્યવહારનું સ્વરૂપ જ અભાવરૂપ છે અને નિશ્ચયનું સ્વરૂપ ભાવરૂપ છે. એટલે અશુધ્ધ દ્રવ્યાર્થિકનયને ગૌણ કરી, પેટામાં રાખી વ્યવહાર કહ્યો છે. હવે વ્યવહાર ઉપરથી દ્રષ્ટિ હઠાવી લઈ જે પુરૂષ પોતાની દ્રષ્ટિ, જિનવાણીમાં ઉપાદેય કહી છે. જે શુધ્ધ વસ્તુ-જીવ વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ તેમાં સ્થાપીને અભ્યાસ કરી રમે છે. (એટલે તેમાં એકાગ્ર થઈ ક્રીડા કરે છે.) તે શુધ્ધ આત્માને યર્થાથ પામે છે. તેને શુધ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. અસ્તુ તો શુધ્ધ છે. પણ તેની દ્રષ્ટિ કરતાં શુધ્ધ છે એવો અનુભવ યર્થાથ થાય છે તે સમ્યગ્દર્શન છે. અહો! ભારતાના લોકોનાં મહાભાગ્ય છે કે કેવળીના વિરહ ભુલાવે એવું આ સમયસ્વર શાસ્ત્ર રચાઈ ગયું છે. (૪) સાચી પ્રતીતિ (૫) આત્મામાં બે પ્રકાર : એક ત્રિકાળી સ્વભાવભાવ અને એક વર્તમાન પર્યાયભાવે ત્યાં ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાયકભાવ તે કદીય પ્રમત્ત-અપ્રમત્ત એવા ચૌદ ગુણસ્થાનના ભેદરૂપ થયો જ નથી, નિરંતર જ્ઞાયકપણે શુધ્ધ રહ્યો છે. માટે વર્તમાન પર્યાયનુ ગૌણ કરી એવા શુધ્ધ જ્ઞાયકને દ્રષ્ટિમાં લેવો તે સમ્યગ્દર્શન અને જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. (૬) સર્વજ્ઞ પરમાત્માને જેવું સંપૂર્ણ શુધ્ધ આત્મ સ્વરૂપ પ્રગટ છે તેવું જ મૂળ સ્વભાવે પોતાનું આત્મસ્વરૂપ પણ છે એમ જેમ છે તેમ, નિજ નિર્મળ આત્મસ્વરૂપની અનુભવપૂર્વક યર્થાથ શ્રધ્ધા, નિર્ધાર, પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. (૭) નવ પદાર્થાના શ્રધ્ધાનરૂપ ભાવ તે સમ્યગ્દર્શન છે, કે જે સમ્યગ્દર્શન શુધ્ધ ચૈતન્યરૂપ આત્મતત્વના દૃઢ નિશ્ચયનું બીજ છે. (૮) સમ્યગ્દર્શન એ ધર્મનું પ્રથમ સોપાન છે અને એનો વિષય ત્રિકાળી શુધ્ધ અભેદ ચૈતન્ય સ્વભાવી વસ્તુ છે. શુધ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો, બન્નેનો વિષય ત્રિકાળી શુધ્ધ ચૈતન્યમય ભગવાન આત્મા છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ છે તે એના પરિણામ હોવાથી જીવ છે. જયારે રાગાદિ અને ગુણસ્થાન આદિ ભેદના ભાવો સ્વભાવપૂર્વક નહિ હોવાથી તથા નિમિત્ત પુદગલકમસ્ના વિપાકપૂર્વક હોવાથી સદય અચેતપણે પુદગલ

જ છે. આવી વાત છે. જે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવથી ધર્મ થવો માને છે તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. તેને જૈનધર્મની ખબર નથી. તેને ખબર નથી એટલે કાંઈ બંધભાવી અબંધ થઈ જાય ? અસત્ય સત્ય થઈ જાય ? ન થાય, ભાઈ! એ સંસારમાં રખડવાની માન્યતા છે. (૯) સંવતત્વાર્થ શ્રધ્ધાન કરે તો સમ્યગ્દર્શન થાય છે. સાચા (૧૦) જીવ, અજીવ, આસ્રવ, બંધ, નિર્જરા અને મોક્ષ આદિ સાત તત્વોના શ્રધ્ધાનને સમ્યગ્દર્શન કહે છે. મિથ્યાત્વ સમ્યકમિથ્યાત્વ અને સમ્યક્ત્વ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, આ સાત કર્મ પ્રકૃતિઓના ઉપશમથી જે સમ્યગ્દશસ્ન થાય છે તેને ઔપશમિક સમ્યગ્દર્શન કહે છે. આ સાતેયના ક્ષયથી જે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યગ્દર્શન કહે છે. તથા દેશઘાતિ સમ્યક્ત્વ પ્રકૃત્તિના ઉદય રહેતાં થકા મિથ્યાત્વ, સમ્યકમિથ્યાત્વ અને અનતાંનુંબંધી ક્રોધ, માન, માયા, અને લોભ પ્રકૃત્તિઓના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયાભાવી ક્ષય અને સદવસ્થારૂપ ઉપશમથી જે સમ્યગદર્શન થાય છે તે ક્ષાયાપશમિક સમ્યગ્દર્શન કહે છે.

જેને ત્રણેમાંથી કોઈ પણ એક સમ્યક્ત્વ હોય છે તેને સમ્યગ્દ્રમ્ટિ કહે છે. ગોમ્મટસાર જીવકાંડમાં સમ્યગ્દ્રષ્ટિનું સ્વરૂપબતાવતાં લખે છે કે જે ન તો ઈન્દ્રિયોના વિષયથી વિરત છે, ન ત્રસ અથવા સ્થાવર જીવની હિંસાથી પણ વિરત છે, પરંતુ જે જિન ભગવાનના વચનો પર શ્રધ્ધા કરે છે તે અવિરત સમ્યગદ્રષ્ટિ છે.

જે સમ્યગ્દ્રષ્ટિ વ્રત સહિત હોય છે તેને વ્રતી કહે છે. વ્રતી બે પ્રકારના હોય છે. એક અણુવ્રતી શ્રાવક અને બીજા મહાવ્રી મુનિ શ્રાવકને ૧૨ વ્રત હોય છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત તથા મહાવ્રતી મુનિને પાંચ મહાવ્રત હોય છે-અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય,અને અપરિગ્રહ. આ પાંચ મહાવ્રતને એક દેશ પાલન કરવાને અણુવ્રત કહે છે.

પોતે કેટલા પાપોને સ્વયં પ્રકટ કરે છે. અને તેનો પશ્ચાતાપ કરે છે તેને નિંદા કહે છે અને ગુરુની સાક્ષી પૂર્વક પોતાના દોષો પ્રકટ કરીને પશ્ચાતાપ લે તેને ગર્હા કહે છે. કષાયોની મંદતા થવાથી ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અકિંચન અને બ્રહ્મચર્યરૂપ જે પરિણામ થાય છે તેને ઉપશમભાવ કહે છે. આ સમ્યકત્વ, વ્રત, નિંદા, ગર્હા આદિ ભાવોથી પુણ્યકર્મનો બંધ થાય છે. પરંતુ આ તરફ વિરલા મનુષ્યોની જ પ્રવૃત્તિ થાય છે, એથી મનુષ્યો જ પુણ્યકર્મનો બંધ પામે છે. (૧૧) કોઈ જૈન ધર્મની કુળપરંપરાગત શ્રદ્ધાને, કોઈ દેવ-ગુરૂ-ધર્મનાં બાહ્ય લક્ષણોની શ્રદ્ધાને અને કોઈ જીવાદિ નવતત્ત્વની અભૂતાર્થનયાનુસારી શ્રદ્ધાને સમ્યગ્દર્શન માને છે. ખરેખર તો સમયસાર-કલશમં આચાર્ય દેવે વર્ણવ્યા પ્રમાણે નવ તત્ત્વની ભૂતાર્થ નયાનુસારી શ્રદ્ધા, કે જે શ્રદ્ધા, શુદ્ધાત્માનુભૂતિ પૂર્વક હોય છે તે જ સમ્ગદર્શન છે, સમ્યગ્દર્શનને શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ, શુદ્ધ સ્વરૂપનો અનુભવ, સમસ્ત સંકલ્પ વિકલ્પથી રહિત વસ્તુ સ્વરૂપનો અનુભવ અને શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ એમ ગાયું છે. (૧૨) પૂર્ણ જ્ઞાયક, નિરપેક્ષ, સ્વતંત્રપણે જે સદાય એકરૂપ છે તેને શ્રદ્ધામાં લેવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની અવસ્થા, તેમ સંયમી-અસંયમી, સવેદી-અવેદી, અકષાયી-આકષાયી, સજોગી-અજોગી, તેવા બબ્બે પ્રકાર પડે છે તે પર નિમત્તની અપેક્ષાએ પડે છે; તે આત્માના અખંડ સ્વભાવનાં નથી, તેથી સમ્યગ્દષ્ટિ જીવ અખંડ સ્વભાવને દષ્ટિમાં લઈને ભંગ ભેદનો નકાર છે. (૧૩) આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંત શક્તિનો પિંડ ત્રિકાળ એકરૂપ અને દ્રવ્ય છે. શક્તિ અને શક્તિમાનનો ભેદ જેમાં નથી એવા આ અભેદ એકરૂપ સામાન્યને વિષય બનાવી તેનાં પ્રતીતિ એ અનુભવ કરે તેનું નામ સમ્યગ્દર્શન છે. ત્રિકાળી ચીજ છે તે કાંઈ પાર્યયમાં આવતી નથી. પણ ત્રિકાળ દ્રવ્યનું જ્ઞાન અને શ્રદ્ધાન પર્યાયમાં પ્રગટે છે, અને ત્યારે આ હું કારણ પરમાત્મા છું, એમ એવો વાસ્તવિક સ્વીકાર થાય છે. (૧૪) ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંદર ત્રિકાળ ધ્રુવ પૂર્ણાનંદ સ્વરૂપને તેની અંતર-અનુભવમાં પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે, એ તે ધર્મનો પહેલો અવયવ છે અર્થાત્ ધર્મમાં સૌથી પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. (૧૫) ભગવાન, આત્મા અંદર સદા પરમાત્મસ્વરૂપે વિરાજે છે. તેની સન્મુખ થઈને, જેવી એને જેવડી પોતાની ચીજ છે, તેવી અને તે વડી, એની પ્રતીતિ કરવી,

એનું નામ સમ્યગ્દર્શન છે. (૧૬) આત્મજ્ઞાન. (૧૭) આત્મા અને જડ બન્ને પદાર્થો તદ્દન ભિન્ન છે, બન્નેમાં દરેક ક્ષણે પોતપોતાની અવસ્થા સ્વતંત્રપણે થાય છે. આત્મા જડથી તદ્દન ભિન્ન છે એમ જાણ્યા વિના સ્વરૂપની રચિ થાય નહિ. રૂચિ વિના શ્રદ્ધા નહિ, શ્રદ્ધા વિના સ્થિરતા નહિ, સ્થિરતા વિના મુક્તિ નહિ. આત્મામાં એક સમયની થતી કર્મબંધનરૂપી વિકારી ક્ષણિક અવસ્થાને ધ્યાનમાં ન લેતાં એકલા જ્ઞાયક ધ્રુવ સ્વભાવ ને લક્ષમાં લઈ તેમાં ઠર્યો તે તો જ્ઞાતા જ છે. સ્વભાવે આત્મા નિર્વિકારી, આનંદઘન, સચ્ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાતાદષ્ટા, સ્વાવલંબી અને સ્વતંત્ર છે. એવી આત્મા તરફની દષ્ટિ તે સમ્યગ્દર્શન છે. અને તે ભાવમાં સ્થિરતા થવી તે સમ્યગ્ચારિત્ર છે. (૧૮) આત્માના અનંત આનંદમય, શુદ્ધ પવિત્ર સ્વરૂપનો નિર્ણય કરવો, તે સમ્યગ્દર્શન છે. અંધશ્રદ્ધાએ માની લેવાની અહીં વાત નથી, પણ સારી રીતે પરીક્ષા કરી, નિસંદેહપણે સ્વરૂપને માનવું, તે સમ્યક્ શ્રદ્ધા છે. (૧૯) પરદ્રવ્યથી ભિન્ન-જુદું આત્માની રૂચિ તે સમ્યગ્દર્શન છે. (૨૦) એ ત્રણેમાં પહેલાં સમસ્ત ઉપાયો વડે જો બને તો સમ્યગ્દર્શન અંગીકાર (ધારણ) કરવું એ પ્રાપ્ત થતાં અવશ્ય મોક્ષપદ પ્રાપ્ત થાય છે. એના વિના સર્વથા મોક્ષ થતો નથી-વળી તે સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે, માટે એને અંગીકાર કરવામાં પ્રમાદી ન રહવું મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું. વધારે શું કહીએ ? આ જીવનું ભલું થવાનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી. માટે તેને અવશ્ય અંગીકાર કરવું. પહેલાં એને અંગીકાર કરવાનું કારણ શું છે તે કહે છે. તે સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.

સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે, વળી મહાવ્રતાદિકનું સાધન કરી અંતિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ કરે તો પણ અસંયમ નામ પામે. પણ સમ્યક્ત્વ સહિત જે કંઈ જાણપણું હોય તે બધું સમ્યગ્જ્ઞાન નામ પામે અને જો થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે તો સમ્યક્ચારિત્ર નામ પામે. જેમ અંક સહિત શૂન્ય હોય તો પ્રમાણમાં આવે, અંક વિના શૂન્ય શૂન્ય જ છે, તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે. માટે પહેલાં સમ્યક્ત્વ અંગીકાર કરી પછી બીજું સાધન કરવું. (૨૧) પર દ્રવ્યથી ભિન્ન આત્માની રૂચિ તે સમ્યગ્દર્શન છે. મોક્ષાર્થીએ પહેલાં આવું સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા હું છું; શરીરાદિ અજીવ હું નથી, રાગાદિ આસ્રવ પણ હું નથી; આ રીતે દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન પોતાના આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, તે સમ્યગ્દર્શન થયું ત્યારે શાસ્ત્રભણતર કે સંયમ ન હોય તો પણ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે - અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને ક્ષણમાત્રમાં જાત્યંતર કરીને જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર. બધા તત્ત્વોના સાચો નિર્ણય સમ્યગ્દર્શનમાં સમાય છે. ચૈતન્ય પ્રકાશી જ્ઞાયકસૂર્ય આત્મા છે, તેના કિરણોમાં રાગાદિ અંધારા નથી; શુભાશુભ રાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા રાગ રહિત જ્ઞાન સ્વભાવને જાણીને તેની પ્રતીતિ અને અનુભૂતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે, તે સર્વનો સાર છે. (૨૨) છદ્મસ્થ અવસ્થામાં સ્વશુદ્ધ સહજાત્માની રૂચિરૂપ સમ્યગ્દર્શન છે. એ કેવલ જ્ઞાનની ઉત્પત્તિ થવાથી તેના ફળભૂત ઈચ્છારહિત વિપરીત અભિનિવેશ રહતિ પરિણામ લક્ષણવાળું ક્ષાયિકદર્શન અથવા કેવલદર્શન પણ શુદ્ધોપયોગવાળા જીવોને હોય છે. વીતરાગ સ્વ સંવેદન જ્ઞાન અને તેનું ફળ એવું કેવલજ્ઞાન પણ શુદ્ધ જીવોને થાયછે.

પરમાત્માતત્ત્વની પ્રાપ્તિ થવાથી શુદ્ધોપયોગી જીવોના દ્રવ્યકર્મ, ભાવકર્મ તા નોકર્મ નાશ પામે છે. મોટ શુદ્ધોપયોગ પરિણામ અને પરિણામોને ધારણ કરવાવાળા પુરૂષો સંસારમાં પ્રધાન મનાય છે. શુદ્ધોપયોગમાં જ સંયમાદિ સર્વ સમાય છે. (૨૩) જ્ઞાન-આનંદ સ્વરૂપમાં દષ્ટિ-શ્રદ્ધા કરીને એકાગ્ર થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, તે પૂર્ણ લીન થતાં મોક્ષદશા થાય છે. પરથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માની રૂચિરૂપ નિશ્ચય સમગ્યગ્દર્શન છે; આત્માની રૂચિરૂપ આવું સમ્યગ્દર્શન ભલું છે, શ્રેષ્ઠ છે. આત્માના યથાર્થ સ્વરૂપનું જાણપણું એ સમ્યગ્જ્ઞાનરૂપ વીતરાગી કળા છે; આત્મસ્વરૂપને જાણનારૂં જ્ઞાન મોક્ષનું કારણ થાય છે, અને તે પોતે નીરાકુળ આનંદરૂપ છે.

આ રીતે પોતાના આત્માની રૂચિ અને જ્ઞાન કરીને પછી તેમાં લીન થઈને સ્થિર રહેવું તે સમ્યક્ ચારિત્ર છે. (૨૪) અંદર ધ્રુવ ત્રિકાળી શ્રદ્ધાથી ભરેલો ચૈતન્ય સામાન્ય સ્વરૂપ ભાગવાન આત્મા છે તેમાં એકાગ્ર થઈને તેનો અનુભવ કરતાં અંદરમાં તેની નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે તે સમકિત અર્થાત્ સમ્યગ્દર્શન છે અને તે ધર્મની પહેલી શ્રેણી છે. (૨૫) વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવી, હું આ શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ધન પરમ જયોતિ સુખધામ છું, એવી પ્રતીતિ કરવી, એનું નામ અંતઃશ્રદ્ધાન છે. એને આત્માનું અંતઃશ્રદ્ધાન કહો, રૂચિ કહો કે સમ્યગ્દર્શન કહો, એક જ વાત છે. (૨૬) ભગવાનના જ્ઞાનમાં ત્રણ લોક ત્રણ કાળ જણાયા છે. પ્રત્યેક દ્રવ્યની અનાદિ અનંત ત્રણકાળની ધારાવાહી પ્રગટ થનારી પર્યાયો ભગવાનના કેવળજ્ઞાનમાં જણાઈ છે. એનો અર્થ શું ? કે આ શરીર, મન, વાણી, ઈન્દ્રિયો ઈત્યાદિ સમસ્ત પરદ્રવ્યની પર્યાયોનો કર્તા આત્મા નથી. પ્રથમ આવી સાચી શ્રદ્ધા સહિત દ્રવ્યદષ્ટિ પ્રગટ કરે એનું નામ સમ્યગ્દર્શન છે; ભાઈ ! ત્રિકાળી દ્રવ્યની દષ્ટિ થયા વિના પર્યાયનું સાચું જ્ઞાન થતું નથી. દ્રવ્ય દષ્ટિ અને સમ્યગ્જ્ઞાન સમ્યગ્ન એ તો ધર્મની પહેલી સીડી છે. ચારિત્ર તો એ પછીની વાત છે. (૨૭) પરથી ભિન્ન, સ્વભાવે નિત્ય શુદ્ધ એવા આત્માને નિરંતર સેવવો તે જ સમ્યગ્દર્શન છે. (૨૮) જીવ દ્રવ્ય સકળ કર્મોપાધિથી રહિત જેવું છે. તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ. તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન. (૨૯) અખંડ, અભેદ એકરૂપ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એની દષ્ટિ એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. (૩૦) અભેદ સ્વભાવનું લક્ષ કહો, જ્ઞાતા સ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો – તે આજ છે. સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સામાન્ય શ્રદ્ધાગુણનો શુદ્ધ પર્યાય છે, તેને એકલા નિશ્ચય-અખંડ સ્વભાવ સાથે સંબંધ છે, અખંડ દ્રવ્ય જે ભંગ-ભેદ રહિત છે તે જ સમ્યગ્દર્શનને માન્ય છે; સમ્યગ્દર્શન પર્યાયને સ્વીકારતું નથી. સમ્યગ્દર્શનનો વિષય તો અખંડ દ્રવ્ય જ છે. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય ગુણ પર્યાયના ભેદ નથી. દ્રવ્ય-ગુણ પર્યાયથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શન ને માન્ય છે. (અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટયો તે સમાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે.) સમ્યગ્દર્શનરૂપ જે પર્યાય છે તેને પણ સમ્યગ્દર્શન સ્વીકારતું નથી. એક સમયમાં અભેદ પરિપૂર્ણ દ્રવ્ય તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. એકલા આત્માને સમ્યગ્દર્શન પ્રતીતમાં લ્યે છે. સમ્યગ્જ્ઞાન છે તે પર્યાયને અને નિમિત્તને પણ જાણે છે. સમ્યગ્દર્શનને પણ જાણનારૂં તો સમ્યગ્જ્ઞાન જ છે. અનાદિથી આત્માના અખંડ રસને સમ્યગ્દર્શન વડે જાણ્યો નથી એટલે પરમાં અને વિકલ્પમાં જીવ રસ માની રહ્યો છે, પણ હું અખંડ એક રૂપ સ્વભાવ છું. તેમાં જ મારો રસ છે. પરમાં ક્યાંય મારો રસ નથી – એમ સ્વભાવ દષ્ટિના જોરે એકવાર બધાને નિરસ બનાવી દે છે ! શુભ વિકલ્પ ઊઠે તે પણ મારી શાંતિનું સાધન નથી. મારી શાંતિ મારા સ્વરૂપના રસના અનુભવમાં સમસ્ત સંસારને નિરસ બનાવી દે ! તને સહજાનંદ સ્વરૂપના અમૃતરસની અપૂર્વ શાંતિનો અનુભવ પ્રગટ થશે. તેનો ઉપાય સમ્યગ્દર્શન જ છે. અનંત કાળથી અનંત જીવો સંસારમાં રખડે છે અને અનંત કાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. જીવોએ સંસારપક્ષ તો અનાદિથી ગ્રહણ કર્યો છે પરંતુ સિદ્ધનો પક્ષ કદી ગ્રહણ કર્યો નથી. હવે સિદ્ધનો પક્ષ ગ્રહણ કરીને પોતાના સિદ્ધ સ્વરૂપને જાણીને સંસારનો અભાવ કરવાનો અવસર આવ્યો છે... અને તેનો ઉપાય એક માત્ર સમ્યગ્દર્શન છે. (૩૧) સમ્યગ્દર્શન સાથેનું જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ જેવો છે તેવો સ્વસંવેદનપૂર્વક અતીન્દ્રિયજ્ઞાનથી જાણે છે. સમ્યગ્દર્શન સાથેના સમ્યગ્જ્ઞાનમાં અંશે અતીન્દ્રિયપણું થયું છે. આવું સમ્યગ્જ્ઞાન તે મોક્ષમાર્ગનું બીજું રત્ન છે. શુદ્ધ આત્મા સન્મુખ ઉપયોગ વળતાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન બન્ને રત્નો એક સાથે પ્રગટે છે; અને તે જ વખતે અનંતાનુબંધી કષાયોના અભાવથી સ્વરૂપાચરણ પણ થાય છે. આવો મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન થતાં ચોથે ગુણસ્થાને શરૂ થાય છે. સિદ્ધ પ્રભુના આનંદનો નમૂનો ચાખતું સમ્યગ્દર્શન પ્રગટ્યું સાથે એક સાથે અનંત ગુણમાં નિર્મળ કાર્ય થવા માંડયું. શ્રદ્ધા ગુણની શુદ્ધપર્યાય તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન તે કાંઈ ત્રિકાળી ગુણ નથી, શ્રદ્ધાગુણ ત્રિકાળ છે તેની સમ્યક્ પર્યાય થઈ તે સમ્યગ્દર્શન છે. ને તેમાં મિથ્યાત્વ સંબંધી દોષનો અભાવ

હોવાથી તે સમ્યગ્દર્શનને ગુણ કહેવાય છે. મિથ્યાત્વ તે મલિનતાને દોષ છે, તેની સામે સમ્યગ્દર્શન તે પવિત્ર ગુણ છે, તેમાં શુદ્ધતા છે – નિર્મળતા છે તેથી તેને ગુણ કહ્યો. તેમાં અભેદ આત્માની નિર્વિકલ્પ પ્રતીત છે, તે મોક્ષપુરીમાં પ્રવેશવાનો દરવાજો છે. (૩૨) ભગવાન આત્મા અંદર સદા પરમાત્મસ્વરૂપે વિરાજે છે, તેની સન્મુખ થઈને જેવી અને જેવડી પોતાની ચીજ છે, તેવી અને તેવડી પર્યાયમાં, ત્રિકાળી દ્રવ્યને જ્ઞેય બનાવી હું આ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, પરમજ્યોતિ સુખધામ છું, એવી પ્રતીતિ કરવી, એનું નામ અંતઃશ્રદ્ધાન છે. એને આત્માનું અંતઃશ્રધ્ધાન કહો, રૂચિ કહો કે સમ્યગ્દર્શન કહો, એકજ વાત છે. (૩૩) નિજ પરામાત્મા દ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન એમ કહીને એક સમયની પર્યાય કે રાગ કે દેવ શાસ્ત્ર ગુરૂ કોઈ એના શ્રદ્ધાનનો વિષય જ નથી એમ સિદ્ધ કર્યું છે, ગજબ વાત છે ભાઈ ! જેવું પોતાનું ત્રિકાળી સત્ છે તેવું તેનું શ્રદ્ધાન-જ્ઞાન થવું તેને અહીં સમ્યગ્દર્શન – સમ્યગ્જ્ઞાન કહ્યું છે. આવી ચુસ્ત-આકરી શરતો છે. (૩૪) છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય તથા નવ પદાર્થની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. તે વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે, તે બેયમાં કાર્ય-કારણ અથવા સાધ્ય-સાધક સંબંધ છે. નિશ્ચય સમ્યગ્દર્શન સાધ્ય તથા વ્યવહાર સમ્યગ્દર્શન સાધક છે. વીતરાગ પરમાનંદ સ્વભાવવાળો શુદ્ધ સહજાત્મા ઉદાદેય છે, એવી રૂચિમાં પરિણમેલો શુદ્ધાત્મા નિશ્ચય સમ્યગ્દર્શન છે. (૩૫) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ગ્રંથિભેદથી થાય છે, અર્થાત્ ગ્રથિભેદનું ફળ આ સમ્યગ્દર્શન છે. અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુંબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર તા મિથ્યાત્વમોહિની, મિશ્રમોહિની, સમ્યક્ત્વ મોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃતિ જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યક્દષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે, તે પ્રકૃતિઓની ગ્રંથી છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ જ ગ્રંથિને ભદવાનો ફરી ફરીને બોધ કર્યો છે જે આત્મા એપ્રમાદેપણે તે ભુદવા ભણી દષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે. (૩૬) અભેદદષ્ટિ થયા વિના, સમ્યગ્દર્શન થતું નથી (૩૭) નવતત્ત્વનો મન દ્વારા વિચાર કરવો તે શુભ રાગ છે. તે શુભ વિકલ્પ પરિપૂર્ણ યથાર્થ તત્ત્વ સમજવામાં વચ્ચે નિમિત્તપણે આવ્યા વિના રહેતો નથી, પણ તે વિકલ્પનો અભાવ કરી ક્ષણિક વિકારી અંશને ગૌણ કરી, શુદ્ધનય વડે એકરૂપ અખંડ જ્ઞાયક-સ્વભાવી આત્માને જાણી તેની શ્રદ્ધા કરે તે સમ્યગ્દર્શન છે. સ્વભાવના જોરે નિશ્ચય એકત્વની શ્રદ્ધા થાય છે, ત્યાં નવતત્ત્વના વિચારની પ્રથમ હાજરી હતી તેથી તે નિમિત્ત કહેવાય છે. પોતે જ પૂર્ણ કલ્યાણ સ્વરૂપ સ્વતંત્ર છે, તે સ્વભાવના લક્ષે નવ તત્ત્વના ભેદ છોડી નિર્મળ એકપણાની શ્રદ્ધામાં ઠરવું તેને સર્વજ્ઞ ભગવાને સમ્યક્ત્વ કહ્યું છે.

જીવાદિ નવતત્ત્વોને શુદ્ધનયથી જાણે અને જાણ્યા પછી વિકલ્પને ગૌણ કરી, સ્વભાવ તરફ ઢળીને એકરૂપ સ્વભાવને જાણે તે નિયમથી સમ્યગ્દર્શન છે. આ ધર્મનું પ્રથમ સોપાન છે. (૩૮) સમ્યગ્દર્શનમાં, સમ્યક શબ્દનો અર્થ વિપરીત માન્યતા રહિત છે, અને દર્શન તે પ્રતીતિ છે. સમ્યક શબ્દ, તે પ્રશંસાવાચક છે. વિપરીતતા રહિત યથાર્થ શ્રદ્ધાન કરવી, તે જ પ્રશંસાવાચક છે. ઉંધી માન્યતાનો જેની શ્રદ્ધામાં અભાવ છે, તે જ પ્રશંસાવાચક છે. જુઓ, આ મોક્ષમાર્ગનું મૂળિયું ! (૩૯) આત્મા જેવો છે તેવો જેને અનુભવાય તેને સમ્યગ્દર્શન થયું કહેવાય. સમ્યગ્દર્શનના ત્રણ પ્રકાર કહેલ છેઃ

(૧) આપ્ત પુરૂષના વચનથી પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રૂચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપરૂષની વ્યક્તિરૂપ એ, એ પ્રથમ સમકિત છે.

(૨) પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે.

(૩) નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમક્તિનો ત્રીજો પ્રકાર છે.

(૪૦) છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય તથા નવ પદાર્થની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. તે વ્યવહાર સમ્યગ્દર્શન નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ છે,

તે બેયમાં કાર્ય-કારણ અથવા સાધ્ય-સાધક સંબંધ છે. વીતરાગ પરમાનંદ સ્વભાવવાળો શુદ્ધ સહજાત્મા જ ઉપાદેય છે, એવી રૂચિમાં પરિણમેલો શુદ્ધાત્મા નિશ્ચય સમ્યગ્દર્શન છે. (૪૧) આત્મા જગતનો જાણનાર-દેખનાર માત્ર છે, કરનારો નહિ. આ એનાં દષ્ટિ, અનુભવ ને રમણતા કરવાં એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. (૪૨) મનના સંબંધે, વિકલ્પથી નવતત્વનો યથાર્થ વિચાર કર્યા પછી અવસ્થાના ભેદનું લક્ષ ગૌણ કરી, પૂર્ણરૂપ શુદ્ધાત્મા તરફ ઢળીને, મનથી પણ જરા જુદો પડી, અખંડની શ્રદ્ધાના વિષયમાં ઠરે, અને નિરાવલંબી, અસંગ, અવિકારી જ્ઞાયક સ્વરૂપમાં તદ્રુપ એકપણાની શ્રદ્ધા લાવે, તે યથાર્થ સમ્યગ દર્શન છે. (૪૩) પર દ્રવ્યોથી ભિન્ન, પર દ્રવ્યો તરફના વલણવાળા રાગાદિ ભાવોથી પણ ભિન્ન અને પોતાના સ્વભાવોથી અભિન્ન એવા આત્માની શ્રદ્ધા-રૂચિ તે સમ્ગ્દર્શન છે. (૪૪) સમ્યગ્દર્શન સ્વભાવસન્મુખના કોઈ અલૌકિક પરૂષાર્થથી પ્રાપ્ત થનારી ચીજ છે. પછી ચારિત્ર તો ઓર મહાપુરૂષોથી પ્રગટ થાય છે. પ્રચૂર સ્વસંવેદનનો આનંદ જેમાં અનુભવાય છે તે મુનિવરોનું ભાવલિંગ પૂજ્ય છે, પૂજનીક છે. સ્વદ્રવ્યનો આશ્રકર્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં જ નથી. (૪૫) સાચી માન્યતા; સાચી શ્રદ્ધા (૪૬) ક્ષણિક વિકાર મારો સ્વભાવ નથી, દેહાદિ કોઈ પર ચીજ મારી નથી. હું તો ત્રિકાળી એકરૂપ જ્ઞાયક છું, વિકારનો નાશક છું, એવી શ્રદ્ધા, તે સમ્યગ્દર્શન છે. (૪૭) છદ્મસ્થ અવસ્થામાં સ્વશુદ્ધ સહજાત્માની રૂચિરૂપ સમ્યગ્દર્શન છે. (૪૮) સમ્યક શબ્દનો અર્થ વિપરીત માન્યતા રહિત છે, અને દર્શન તે પ્રતીતિ છે. વિપરીત માન્યતા રહિત, યથાર્થ નીતી કરવી, તે સમ્યગ્દર્શન છે. (૪૯) આત્માના અનંત આનંદમય, શુદ્ધ, પવિત્ર સ્વરૂપનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે. અંધશ્રદ્ધાએ માની લેવાની અહીં વાત નથી, પણ સારી રીતે પરીક્ષા કરી, નિઃસંદેહપણે સ્વરૂપને માનવું તે સમ્યક્ શ્રદ્ધા છે. (૫૦) આત્મામાં એક સમયની થતી કર્મબંધનરૂપી વિકારી ક્ષણિક અવસ્થાને ધ્યાનમાં ન લેતાં એકલા જ્ઞાયક ધ્રુવ સ્વભાવને લક્ષમાં લઈ તેમાં કર્યો તે તો જ્ઞાતા જ છે. સ્વભાવે આત્મા નિર્વિકારી, આનંદઘન, સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાતાદષ્ટા, સ્વાવલંબી અને સ્વતંત્ર છે. એવી આત્મા તરફની દષ્ટિ તે સમ્યગ્દર્શન છે એ ભાવમાં સ્થિરતા થવી તે સમ્યક્ ચારિત્ર છે. (૫૧) શુદ્ધ આત્માની યથાર્થપણે શ્રદ્ધા.

<u>સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગનું કથન</u> :

(૧) સમ્યક્ચારિત્ર, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે. જીવને નિશ્ચય. સમ્યગ્દર્શન સાથે જ સમ્યગ્ ભાવશ્રુતજ્ઞાન થાય છે તેને નિશ્ચયનય તથા વ્યવહારનય એ બન્ને સમ્યક્ શ્રુતજ્ઞાનના અવયવો (અંશો) છે, તેથી મિથ્યા દષ્ટિને નિશ્ચય કે વ્યવહારનય હોઈ શકે જ નહીં માટે વ્યવહારનય પ્રથમ હોય અને નિશ્ચયનય પછી પ્રગટે એમ માનનારને નયોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી.

(૨) વળી નય નિરપેક્ષ હોતા નથી. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયા પહેલાં જો વ્યવહારનય હોય તો નિશ્ચયનયની અપેક્ષા વિનાનો નિરપેક્ષનય થયો; વળી પ્રથમ એકલો વ્યવહારનય હોય તો અજ્ઞાનદશામાં સમ્યગ્નય માનવો પડે, માટે અજ્ઞાન દશામાં કોઈ જીવને વ્યવહારનય હોઈ શકે નહિ, પણ વ્યવહારભાસ કે નિશ્ચયા ભાસરૂપ મિથ્યાનય હોઈ શકે.

(૩) જીવ નિજ જ્ઞાયક સ્વભાવના આશ્રય વડે નિશ્ચય રત્નત્રય (મોક્ષમાર્ગ) પ્રગટ કરે ત્યારે સર્વજ્ઞ કથિત નવ રત્નો, સાચાદેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા સંબંધી રાગમિશ્રિત વિચારો અને મંદ કષાયરૂપ શુભ ભાવ તે જીવને જે પૂર્વે હતો તેને ભૂત નૈગમનયથી વ્યવહાર કારણ કહેવામાં આવે છે.વળી, તે જ જીવને નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં શુભરાગ અને નિમિત્તો કેવા પ્રકારના હોય, તેનું સહચરપણું બતાવવા વર્તમાન શુભ રાગને વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો; તેમ કહેવાનું કારણ એ છે કે તેથી જુદા પ્રકારના (વિરૂદ્ધ) નિમિત્તો તે દશામાં કોઈને હોઈ શકે નહિ; એ પ્રકારે નિમિત્ત-વ્યવહાર હોય છે તો પણ તે ખરૂં કારણ નથી.

(૪) આત્મા પોતેજ સુખસ્વરૂપ છે તેથી આત્માના આશ્રયે જ સુખ પ્રગટ થઈ શકે છે, પણ કોઈ નિમિત્ત કે વ્યવહારના આશ્રયે સુખ પ્રગટ થઈ શકે નહિ.

(૫) મોક્ષમાર્ગ તો એક જ છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપે છે. (પ્રવચનસાર ગાથા ૮૨-૧૯૯- તથા મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૩૧૫)

(૬) હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે ત્યાં તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે; કારણ કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે, અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર-માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે - એમ બે મોક્ષમાર્ગ માનવા તે મિથ્યા છે. (મોક્ષમાર્ગ પ્રકાશક ગુ.પા. ૨૫૩-૨૫૪)

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન :ભગવાન! તું કોણ છો ? અંતરંગમાં આનંદનો ભંડાર સચ્ચિદાનંદમય આત્મા છો ને પ્રભુ! અને એ સદા જ્ઞાનસ્વરૂપ જ છે; રાગરૂપે કે સંસારરૂપે એ કદીય થયો નથી. તારું ઘર જ એ છે, રાગ કે નિમિત્ત એ કોઈ તારું ઘર નથી. એ બધાં છે ખરા, પણ એ તારી સ્વરૂપમાં-ઘરમાં નથી. અહા! એ બધાને જાણવા કાળે તારું જ્ઞાન વાસ્તવમાં જ્ઞાનને જ જાણે છે, અને તે જ્ઞાન તારું નિજ સ્વરૂપ છે, સ્વલક્ષણ છે. અહા! એ જ્ઞાન લક્ષણને વર્તમાન જ્ઞાનની દશાને ત્યાં અંદરમાં વાળતાં આનંદનો સાગર જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા નિર્વિકલ્પપણે (પર્યાયમાં) સિધ્ધ થાય છે-પ્રગટ થાય છે. આને ભગવાન સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કહે છે. ભાઈ! ભવરોગ મટાડવાનો આ ઉપાય છે; બાકી બધાં થોથાં છે.

સમ્યગ્દર્શન થવાનાં ચાર લક્ષણો :અર્હંતાદિનું શ્રદ્ધાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ પર શ્રદ્ધાન અને આત્મ શ્રદ્ધાન

સમ્યગ્દર્શન પ્રગટ થવાની રીત :પ્રથમ તો અર્હંત ભગવાનના દ્રવ્ય ગુણ-પર્યાયને જાણીને, પોતાના આત્મામાં અંદર લક્ષ કરે ત્યારે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપની એકત્વપણે અભેદ દષ્ટિ થતાં તેને સમ્યગ્દર્શન થાય છે, એ મિથ્યાત્વનો નાશ થાય છે. ભગવાનના ગુણો તરફનું લક્ષ રહે ત્યાં સુધી તો રાગ જ છે; જ્યારે અંતર્દષ્ટિ કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શન પર્યાય :ક્ષેય તત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ યર્થાર્થ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે.

સમ્યગ્દર્શન પામવાની ક્રિયા :બહારની કોઈ ક્રિયાથી સમ્યગ્દર્શન થવાનું નથી. જાતે અભ્યાસ કરી, સ્વભાવને સમજવાનો ખરી રૂચિથી પ્રયત્ન કરવો તે અપૂર્વ સમ્યગ્દર્શન પામવાની ક્રિયા છે. રાગ-દ્વેષ, મોહ તે માયા નથી, પરથી કોઈને લાભ-હાની થઈ શકે નહિ, હું પરનું કાંઈ કરી શકું નહિ, માત્ર મારા પૂર્ણ જ્ઞાયક સ્વભાવમાં અનંતી ક્રિયા કરી શકું, એવા સ્વતંત્ર સ્વભાવની હા પાડી, અંતરમંથન કરી, યથાર્થ નિર્ણયરૂપ નિઃસંદેહ શ્રદ્ધા એ જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની ક્રિયા છે.

અનંત જ્ઞાનાનંદપણે છું અને વિકારપણે નથી એમ શ્રદ્ધા કરવામાં જ્ઞાનની અનંતી ક્રિયા થઈ, મિથ્યાત્વનું પ્રતિક્રમણ થયું, અનંત ભવના પ્રત્યાખ્યાન થયા. પોતાના સ્વતંત્રપૂર્ણ સ્વભાવને ઓળખીને માનવો તે ભ્રન્તિનું (મિથ્યાત્વનું) પ્રતિક્રમણ છે.

સમ્યગ્દર્શન પામવાની રીત :આકાશાદિ પદાર્થની જેમ હું અસલ સ્વભાવથી પારમાર્થિક વસ્તુવિશેષ છું, આકાશાદિ દ્રવ્યમાં પરનું કર્તાકર્મપણું તેના સ્વભાવમાં નથી તેમ રાગ-દ્વેષનો હું કર્તા ને તે મારૂં કર્મ તે મારા આત્મવસ્તુ સ્વભાવમાં જ નથી. જુઓ ! આ સમ્યગ્દર્શન સ્વભાવમાં કર્તાકર્મ આ રીતે કાઢી નાખ્યા અને સમ્યગ્દર્શનનો અને છૂટવાનો ઉપાય બતાવ્યો.જ્ઞાયક સિવાયનું બીજું બધું-શરીર, વાણી, મન, સ્ત્રી-પુત્ર-પરિવાર તથા લક્ષ્મી, બંગલા વગેરે ભિન્ન પદાર્થો, તેમજ જીવની પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થતાં પુણ્ય-પાપરૂપ વિભાવભાવ, અરે ! વ્યવહારરત્નત્રયના વિકલ્પ શુદ્ધાં-પર છે એમ, જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં લેતાં તેમાં આવી ગયું. દયા, દાન, પૂજા-ભક્તિ ને વ્રત-તપની વાતો તો શુભરાગ ને ક્રિયાની છે, એ કાંઈ આત્માની ચીજ નથી. આત્મા તો કેવળ જ્ઞાયક જ છે, બાકીનું બીજું બધું પર છે. હું કેવળ જ્ઞાયક છું, બીજું બધું પર છે એમ અંતરમાં જ્યારે બરાબર ખ્યાલ

આવે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય અને ભવના અંત આવે. જ્ઞાયકને ઓળખવાનું કામ કર, નહિંતર ભવનો અંત નહિ આવે.

પ્રભુ ! ધર્મી તેને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ રૂચે; તેને પુણ્ય-પાપના ભાવ અંતરમાં રૂચે નહિ; વિભાવ ભાવ આવે, હોય, પણ રૂચે નહિ.

સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર :હું પૂર્ણ પરમાત્મા છું, રાગ અને યુદ્ગલ પરમાણુ માત્ર મારાં નથી, મને પરનો આશ્રય નથી એવી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એ એવું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન અને એવા દર્શન-જ્ઞાનથી જાણેલા સ્વરૂપમાં સ્થિરતારૂપ ક્રિયા તે સમ્યગ્ચારિત્ર`. (૨) સંસારના બીજભૂત કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતાપણે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ. તેનો મૂળમાંથી નાશ કરવો તે સમ્યગ્દર્શન છે. કર્મજનિત પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને યથાર્થ પણે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. અને કર્મ જનિત પર્યાયોથી ઉદાસીન થઈ સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું, તે સમ્યકચારિત્ર છે. એ ત્રણે ભાવોનો સમૂહ, તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય સર્વથા નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર પ્રાપ્ત કરવાનો ઉપાય :સંસારના બીજભૂત કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતાપણે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ. તેનો મૂળમાંથી નાશ કરવો તે સમ્યગ્દર્શન છે. કર્મજનિત પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને યથાર્થ પણે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. અને કર્મ જનિત પર્યાયોથી ઉદાસીન થઈ સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું તે સમ્યકચારિત્ર છે. એ ત્રણે ભાવોનો સમૂહ તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય સર્વથા નથી.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર :કાળ સહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવપદાર્થા તે ખરેખર ભાવો છે. તે ભાવોનું અર્થાત નવ પદાર્થોનું શ્રધ્ધાન તે સમ્યગ્દર્શન છે. -કે જે (સમ્યગ્દર્શન) શુધ્ધ ચૈતન્યરપ આત્મતત્ત્વના દ્દઢ નિશ્ચયનું બીજ છે. તે નવ પદાર્થાનો જ મિથ્યાદર્શનના ઉદયની નિવૃત્તિ હોતાં જે સમ્યક અધ્યવસાય (સત્ય સમજણ, યર્થાથ અવભાસ, સાચો અવબોધ) થયો, તે સમ્યગ્જ્ઞાન છે કે જે (સમ્યગ્જ્ઞાન) કાંઈક અંશે જ્ઞાન ચેતના પ્રધાન આત્મતત્વની ઉપલબ્ધિ (અનુભૂતિ)નું બીજ છે. સમ્ગગ્દર્શન અને સમ્ગ્ગજ્ઞાનના સદભાવને લીધે સમસ્ત અમાર્ગોથી છૂટીને જેઓ સ્વતત્વમાં વિશેષપણે રૂઢ માર્ગવાળા થયા છે તેમને ઈન્દ્રિય અને મનના વિષયભૂત પદાર્થા પ્રત્યે રાગદ્વેષપૂર્વક વિકારના અભાવને લીધે જે નિર્વિકાર જ્ઞાનસ્વભાવવાળો સમભાવ હોય છે તે ચારિત્ર છે કે જે (ચારિત્ર) તે કાળે અને અને આગામી કાળે રમણીય છે અને અપુનર્ભવના (મોક્ષના) મહા સૌખ્યનું એક બીજ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય :જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે (જેમ છે તેમ યર્થાથ) પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય છે. જ્ઞેયતત્ત્વ અને જ્ઞાતૃતત્ત્વની તથા પ્રકારે અનુભૂતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્જ્ઞાન પર્યાય છે; જ્ઞેય અને જ્ઞાતાની જે ક્રિયાન્તરથી નિવૃત્તિ તેના વડે રચાતી દષ્ટિજ્ઞાતૃતત્ત્વમાં પરિણમિ જેવું લક્ષણ છે તે સમ્યગ્ચારિત્રપર્યાય છે. આ જ્ઞાનપ્રધાન શૈલીથી સમ્યગ્દર્શનની વ્યાખ્યા છે.

દર્શન-પ્રધાન-દ્રષ્ટિપ્રધાન કથનમાં એકલા અભેદની શ્રધ્ધાને સમ્ગ્ગદર્શન કહ્યું છે. ણીમદ રાજચંદ્રરચિત આત્મસિધ્ધિમાં અનુભવ, લક્ષ, પ્રતીત એમ શબ્દો આવે છે. ત્યાં અનુભવ તે ચારિત્રપર્યાય, લક્ષ તે જ્ઞાન પર્યાય ને પ્રતીત તે શ્રધ્ધાની પર્યાય છે, પ્રવચનસારમાં અનુભવને જ્ઞાનપર્યાય કહી છે તથા શુભરાગની ક્રિયાથી નિવૃત્તિ અને જાણનાર-દેખનાર સ્વભાવમાં રમણતાને ચારિત્ર પર્યાય કહી છે. નગ્નદશા અને પંચમહાવ્રતની ક્રિયા એ કાંઇ વાસ્તવિક ચારિત્ર નથી.

પ્રશ્ન : તો સમ્યગ્દર્શન બે પ્રકારનું છે ?

ઉત્તર : ના, સમ્યગ્દર્શન બે પ્રકારે નથી સમ્યગ્દર્શન તો એકલી નિર્વિકલ્પ પ્રતીતિરૂપ એક જ પ્રકારનું છે, તેનું કથન બે પ્રકારે છે-એક દર્શન પ્રધાન અને બીજું જ્ઞાન-પ્રધાન, પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન નિરૂપણ છે, સમયસારમાં દર્શનપ્રધાન નિરૂપણ છે. (પ્રવચન રત્નાકર ગ્રંથ ૧૧ વિભુત્વ શકિત)

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર :શુધ્ધ, અભેદ ચૈતન્ય પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન (આત્મા)ની રુચિ તે સમ્ગ્ગદર્શન, તેનું જ્ઞાન તે જ્ઞાન અને તેમાં રમણતા-

સ્થિરતા તે ચારિત્ર. (૨) પરથી ભિન્ન, સ્વભાવે નિત્ય શુદ્ધ એવા આત્માને નિરંતર સેવવો, તે જ સમ્યગ્દર્શન છે, સ્વ-પરની જુદાઈનો વિવેક તે સમ્યગ્જ્ઞાન છે. એ આત્મશુદ્ધતામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. આનું વારંવાર મનન-ઘોલન કરવું, રૂચિ કરવી, ને સ્વભાવમાં ઠરવું. (૩) પરથી ભિન્ન, સ્વભાવે નિત્ય શુદ્ધ એવા આત્માને નિરંતર સેવવો, તે જ સમ્યગ્દર્શન છે. સ્વ-પરની જુદાઈનો વિવેક તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મ શુદ્ધતામાં સ્થિરતા તે સામ્યક્ચારિત્ર છે. આનું વારંવાર મનન, ઘોલન કરવું, રૂચિ કરવી ને સ્વભાવમાં ઠરવું. (૪) આત્માની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન, સાચો વિવેક તે સ્વભાવનું ભાન અને પુણ્ય-પાપની લાગણી રહિત અંતરમાં ઠરવું તે સાચું ચારિત્ર છે. આત્માનો ધર્મ એટલે સ્વતંત્ર સ્વભાવ તે ધર્મ આત્માથી જુદો હોઈ શકે નહિ. બાહ્યક્રિયા તે આત્માનું ચારિત્ર નથી. મન,વાણી, દેહ, પુણ્ય, પાપ તે આત્માનું સ્વરૂપ નથી, તેમ જ્યાં સુધી જીવ ન જાણે ત્યાં સુધી સ્વાધીન, સુખરૂપ શુદ્ધ આત્માનો ધર્મ પ્રગટ થાય નહિ. માટે પ્રથમ જ પોતે જે સ્વરૂપે છે તેવો તેને જાણવો-માનવો તે જ જરૂરી છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા :નિજ શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન થયેલ વીતરાગ સહજ આનંદ એકરૂપ સુખરસના આસ્વાદની રૂચિરૂપ સમ્યગ્દર્શન; તે જ સ્વ શુદ્ધાત્મામાં વીતરાગ નિત્યાનંદ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન તથા વીતરાગ સહજ આનંદ એક પરમ સમરસીભાવથી (એટલે આત્માના અનુભવથી) આત્મામાં સ્થિરતા થાય છે તે સમ્યક્ચારિત્ર છે.

સમ્યગ્દર્શન-જ્ઞાનમય સૂર્યના આઠ કિરણો :જેમ સૂર્યનાં કિરણો હોય છે તેમ સમ્યગ્દર્શન-જ્ઞાનમય સૂર્યનાં આઠ કિરણો (સદ્ગુણ રૂપે) હોય છે.

(૧) નિઃશક્તિ ગુણ = મુખ્ય કિરણ આ ગાથામાં કહેલ નિઃશક્તિ ગુણ છે. આત્મા અને સિદ્ધ પરમાત્મામાં શક્તિપણે કિંચિત ભેદ નથી. બેહદ જ્ઞાન શક્તિનો પિંડ. અજર, અમર, પૂર્ણ કૃતૃત્ય છે. સમસ્ત વિરોધદોષ રહતિ અસંગ પૂર્ણ પવિત્ર હું છું ઓ નિઃસંદેહ પ્રતીતિ પૂર્ણતાને પહોંચી વળાના પુરૂષાર્થ સહિત વર્તે છે, તે જ જ્ઞાનની ક્રિયા છે. પોતાના નિઃસંદેહ અભિપ્રાયમાં ભૂલ, ભય, શંકા ન પડે તે નિઃશક્તિ ગુણ છે.

(૨) નિઃકાંક્ષિત ગુણ = નિઃકાંક્ષિતગુણનું કિરણ એ છે કે મોટાં પુણ્યપદ ઈંદ્ર, ચક્રવર્તી, તીર્થંકરનાં પુણ્ય પણ સમ્યગ્દષ્ટિ ઈચ્છે નહિ. એક પૂર્ણ શુદ્ધ મારૂં આત્મપદ તે પ્રગટ થાઓ તે જ તેની ભાવના છે.

(૩) નિર્વિચિકિત્સા ગુણ = નિર્વિચિકિત્સા ગુણનું કિરણ એવું છે કે, પોતાના પવિત્ર જ્ઞાતાસ્વભાવની અરિચિ ન થવા દે, અને રાગ-દ્વેષ-અજ્ઞાનથી બચાવે તે વૈદપણું (જ્ઞાન ચિકિત્સા) છે.

(૪) અમૂઢત્વ ગુણ = અમૂઢત્વ ગુણનું કિરણ એવું છે કે શુભ-અશુભ પરિણામની વૃત્તિ ઊઠે તેની વહેંચણીમાં-ભેદજ્ઞાનમાં ન મૂંઝાય, કે આ તે મારો ગુણ છે કે પર ભાવ છે, કષાય છે કે અકષાય છે, એમ સ્વભાવ-પરભાવનો બરાબર જાણે; જાણવામાં મૂંઝાય નહિ, ભૂલે નહિ.

(૫) ઉપગૂહન ગુણ = ઉપગૂહન ગુણનું કિરણ એવું છે કે, દોષને ટાળે અને ગુણમાં વૃદ્ધિ કરે.

(૬) સ્થિતિકરણ ગુણ = સ્વરૂપની સ્થિરતારૂપ સ્થિતિકરણ ગુણ કિરણ એવું છે કે રાગ-દ્વેષરૂપ અસ્તિરતાને ટાળે અને પોતાને અખંડ શાન્તિ સ્વરૂપમાં જ સ્થિર રાખે.

(૭) વાત્સલ્યગુણ = વાત્સલ્યગુણનું કિરણ એવું છે કે પૂર્ણ સ્વભાવની રૂચિ હોવાથી પૂર્ણ વીતરાગતા-શુદ્ધ પરમાત્મા પદનો પ્રેમ છે તેમાં સંસારમાં પ્રેમ મુદ્દલ નથી, ગોવત્સ સમાન સ્વરૂપની સાચી પ્રીતિ છે.

(૮) પ્રભાવના ગુણ = પ્રભાવના ગુણનું કિરણ એવું છે કે સમસ્ત પ્રકારે (બધાં પડખાંથી) પોતાના શુદ્ધ સ્વરૂપમાં સાવધાની રાખવાની ભાવના, ચારિત્રગુણની ખાલવટ કરીને સ્વગુણનો ઉદ્યોત કર છે, જ્ઞાયક સ્વભાવ જયવંત વર્તો, વિજયવંત હો ! એવો પુરૂષાર્થ ઉપાડીને આત્મધર્મની પ્રભાવના એવી કરવી કે કેવળજ્ઞાનના સંદેશા આવે, જાતની જાગૃતિના અપૂર્વ ભણકાર આવે કે હવે ભવ નથી.

સમ્યગ્દર્શનું કારણ :રાગ હું નથી, વિકાર કરવા જેવો નથી; એમ વિરોધ ભાવનો નકાર કરનાર ભાવ, યથાર્થ શ્રદ્ધાની રૂચિ હોય તો શુદ્ધ ભાવ છે. સ્વલક્ષની રાગનો નકાર અને સ્વભાવનો આદર કરનાર જે ભાવ છે તે નિમિત્ત અને

રાગની અપેક્ષા વિનાનો ભાવ છે, તેમાં અંશે અવલંબનનો ભેદ તોડીને યથાર્થનું જે જોર આવે છે તે નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ થાય છે.

સમ્યગ્દર્શનનું ધ્યેય :ત્રિકાળી શુદ્ધ આત્માની પ્રતીતિ, તે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પરિણામથી રહિત છે. મોક્ષના કારણથીય, ભગવાન આત્મારહિત છે.

સમ્યગ્દર્શનનું લક્ષણ :સમ્યગ્દર્શનનું લક્ષણ નિર્વિકલ્પ પ્રતીતિ

સમ્યગ્દર્શનના આઠ અંગ :જેમ શરીરનાં આઠ અંગ હોય છે-મસ્તક, પુટ, પીઠ, બેહાથ, બે પગ અને કમર. જો તેને જુદાં જુદાં કરી દેવામાં આવે તો શરીર રહે નહિ, તેવી રીતે સમ્યક્ત્વનીને આઠ અંગ હોય છે. જો તે ન હોય તો તે સમ્યગ્દર્શની હોઈ શકતો નથી.

(૧) નિઃશક્તિ અંગ=જે તત્ત્વોની શ્રધ્ધા કરીને સમ્યગ્દર્શની થયા છે તે ઉપર કદી શંકા લાવતા નથી. જે જાણવા યોગ્ય વાતો સમજમાં નથી આવી અને જિનાગમથી જાણવામાં આવે છે તેના ઉપર અશ્રધ્ધાન કરતા નથી તથાપિ તેને જ્ઞાની દ્વારા સમજવાનો ઉદ્યમ કરે છે તથા તેમને નીચે જણાવેલા સાત પ્રકારના ભય એવી રીતે નથી હોતા કે જેથી શ્રધ્ધા વિચલિત થઈ જાય. ચારિત્ર મોહના ઉદયથી જો કદી કોઈ ભય હોય છે તો તેને વસ્તુસ્વરૂપ વિચારી આત્મબળની સ્ફૂતિથી દૂર કરે છે.

(૧) આ લોકનો ભય=હું આ ધમકાર્ય કરીશ તો લોક નિંદા કરશે માટે નહિ કરું એવો ભય સમ્યક્ત્વી કરતા નથી. તે શાસ્ત્રની આજ્ઞા માનીને જેથી લાભ થાય તે કામોને લોકના ભયના કારણે છોડી દેતા નથી.

(૨) પરલોકનો ભય=જો કે સમ્યક્ત્વી દુર્ગતિએ જવા યોગ્ય કામો કરતા નથી તથાપિ તે પોતાના આત્માની અંદર એવી દ્રઢ શ્રધ્ધા રાખે છે કે તેને એવો ભય નથી થતો કે જો નર્કાદિમાં ગયા તો ભારે દુઃખ ખમવાં પડશે. તે શારીરીક કષ્ટથી ગભરાતા નથી તેમ વિષય સુખના લોલુપી હોતા નથી-પોતાના કર્મોદય ઉપર સંતોષ રાખતાં પરલોકની ચિંતાથી ભયભીત થતા નથી.

(૩) વેદના ભય =તે રોગ ન થાય તેનો યત્ન કરે છે. મર્યાદાપૂર્વક ખાનપાન, નિયમિત આહાર, વિહાર, નિંદ્રાના સાધન કરે છે તથાપિ ભયાતુર થતા નથી કે રોગ આવી જશે તો હું શું કરીશ ? તે સમજે છે કે જો અસાતા વેદનીયના તીવ્ર ઉદયથી રોગ આવી જશે તો કર્મની નિર્જરા જ થશે એમ સમજીને ભયરહિત રહે છે. રોગ થાય છે ત્યારે યથાર્થ ઈલાજ કરે છે.

(૪) અરક્ષાભય=જો સમ્યક્ત્વી એકલા હોય અથવા ક્યાંક પરદેશમાં એકલા જાય તો તે એવો ભય નથી કરતા કે મારી રક્ષા અહીં કેમ કરીને થશે ? હું મારા પ્રાણોની કેમ કરીને રક્ષા કરીશ ? તે પોતાના આત્માના અમરત્વ ઉપર અને તેના ચિર સુરક્ષિત ગુણરૂપી સંપત્તિ ઉપર પોતાનો દ્રઢ વિશ્વાસ રાખે છે. તેથી મારો રક્ષક કોઈ નથી એવો ભય ન રાખતા અરિહંતાદિ પાંચ પરમેષ્ટિના શરણને જ મોટી, રક્ષા સમજે છે.

(૫) અગુપ્ત ભય=સમ્યક્ત્વની એવા ભાવ કરતા નથી કે જો મારો માલ કે સરસામાન ચોરાઈ જશે તો શું થશે ? તે પોતાના માલની રક્ષાનો પૂર્ણપ્રયત્ન કરીને નિશ્ચિત રહે છે અને ભવિષ્યનો વિચાર પોતાના કર્મ ઉપર છોડી દે છે. તે જાણે છે. કે જો તીવ્ર અસાતાવેદનીયનો ઉદય આવી જશે તો લક્ષ્મી રહેવામાં વાર નહિ લાગે. પુણ્યોદયથી કાયમ રહેશે.

(૬) મરણભય=સમ્યક્ત્વીને મરણનો ભય હોતો નથી. તે મરણને કપડું બદલવાની માફક સમજે છે. આત્માનું મરણ કદી થતું નથી, હું અજર અમર છું એવો દ્રઢ વિશ્વાસ તેને મરણના ભયથી દૂર રાખે છે તે જગતમાં વીર યોધ્ધાની માફક વર્તન કરે છે.

(૭) અકસ્માત ભય=તે પોતાની શક્તિ અનુસાર રહેવાનાં, બેસવાનાં, આવવાનાં કે જવાનાં સાધનોને સંભાળીને કામમાં લે છ. એમ ભય નથી રાખતા કે અકસ્માત છાપરું (છત) પડી જશે તો શું થશે ? ધરતીકંપ થશે તો શું થશે ? એવો ભય રાખતા નથી. પ્રયત્ન કરતાં છતાં કંઈ બની જાય તેને ભાવી કે કર્મોદય ઉપર છોડી દે છે, અકસ્માતનો વિચાર કરીને ભયભીત થતા નથી.

(૨) નિઃકાંક્ષિત અંગ=સમ્યક્ત્વી સંસારના ઇન્દ્રિયજનિત સુખોનાં સુખપણાની શ્રધ્ધા રાખતા નથી. તે એવાં સુખને. પરાધીન, દુઃખના મૂળ, આકુળતામય, તૃષ્ણાવર્ધક અને પાપકર્મબંધક જાણે છે.

(૩) નિર્વિચિકિત્સા અંગ=સમ્યક્ત્વી દરેક પદાર્થના સ્વરૂપને વિચારીને કોઇ પ્રત્યે ગ્લાનિભાવ રાખતા નથી. દુઃખી, દરિદ્રો, રોગી પ્રાણીઓ ઉપર દયાભાવ રાખીને તેમની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરીને તેમનો કલેશ મટાડે છે, મલિનને દેખીને કે મલને દેખીને ગ્લાનિભાવ કરતા નથી. મલિનને સ્વચ્છ રહેવાનાં યથાશક્તિ સાધન કરી આપે છે. મલિન પુદગલોથી સ્વાસ્થ્યલાભની અપેક્ષાએ દૂર રહે છે, તો પણ કોઇ રોગીના મલમૂત્ર ફૂદ ઉઠાવવામાં ગ્લાનિ માનતા નથી.

(૪) અમૂઢદ્રષ્ટિ અંગ=ધર્મની દરેક ક્રિયાને વિચારપૂવક કરે છે .જે રત્નત્રયનાં સાધક ધર્મનાં કાર્ય છે તેને કરે છે, દેખાદેખી મિથ્યાત્વવર્ધક કે નિરર્થક ક્રિયાઓને ધર્મ માનીને કરતા નથી. બીજાઓને જોઇને દેખાદેખી અધર્મક્રિયાઓને ધર્મ માનતા નથી, મૂઢદ્રષ્ટિને બિલકુલ છોડી દે છે.

(૫) ઉપગૂહન અંગ=સમ્યક્ત્વી બીજાના ગુણોને દેખીને પોતાના ગુણો વધારે છે. પારકાના અવગુણો ગ્રહણ કરી નિન્દા કરતા નથી. ધર્માત્માઓથી કોઇ દોષ થઇ જાય તો તેને જેમ બને તેમ તે દોષ છોડાવે છે. પરંતુ ધર્માત્માઓની નિન્દા કરતા નથી.

(૬) સ્થિતિકરણ અંગ= પોતાનાં આત્માને સદાધર્મમાં સ્થિર કરતા રહે છે, તથા બીજાઓને પણ ધર્મમાર્ગમાં સ્થિર થવાની સદા પ્રેરણા કરતા રહે છે.

(૭) વાત્સલ્ય અંગ=ધર્મ અને ધર્માત્માઓ પ્રત્યે, ગાયને વાછરડા પ્રત્યે પ્રેમ હોય છે તવો પ્રેમભાવ રાખે છે તથા તેના દુઃખો મટાડવા યથાશક્તિ ઉદ્યમ કરે છે.

(૮) પ્રભાવના અંગ=ધર્મની ઉન્નતિ કરવાનો સદા પ્રયત્ન કરવો એ સમ્યક્ત્વીનું મુખ્ય કર્તવ્ય હોય છે, જે રીતે બીજા જીવો ઉપર સત્યધર્મનો પ્રભાવ પડે અને તે સત્યને ધારણ કરે એવો ઉદ્યમ કરતા કે કરાવતા રહે છે.

સમ્યક્ત્વમાં આ આઠ અંગનું પાલન સહેજે જ થાય છે. તેમનો સ્વભાવ જ એવો થઇ જાય છે.

નિશ્ચયનયથી સમ્યક્ત્વીનાં આઠ અંગ આ પ્રકારે છે :

(૧) નિઃશક્તિ અંગ=તે પોતાના આત્મામાં નિઃશંક અને નિર્ભય થઇને રહે છે, તે નિઃશકિત અંગ છે.

(૨) નિઃકાંક્ષિત અંગ=અતીન્દ્રિય આનંદમાં મગ્ન રહે છે એ નિઃકાંક્ષિત અંગ છે.

(૩) નિર્વિચિકિત્સા અંગ=આત્મસ્વરૂપથી મગ્નતામાં સામ્યભાવનું અવલંબન કરે છે તે નિર્વિચિકિત્સા અંગ છે.

(૪) અમૂઢદ્રષ્ટિ અંગ=આત્માના સ્વરૂપમાં મૂઢતા રહિત છે, યથાર્થ આત્મબોધ સહિત છે તે અમૂઢદ્રષ્ટિ અંગ છે.

(૫) ઉપગૂહન અંગ=આત્મિક સ્વભાવની સ્થિરતામાં લીન છે, પરભાવને ગ્રહણ કરતા નથી તે ઉપગૂહન અંગ છે.

(૬) સ્થિતિકરણ અંગ=આત્મામાં આત્મા દ્વારા સ્થિર છે તે સ્થિતિકરણ અંગ છે.

(૭) વાત્સલ્યઅંગ=આત્મામાં ભ્રમરની માફક આસક્ત છે તે વાત્સલ્ય અંગ છે.

(૮) પ્રભાવના અંગ= આત્મિક પ્રભાવના વિકાસમાં કાળજી રાખે છે તે પ્રભાવના અંગ છે.

સમ્યક્ત્વની અંદર બીજાં પણ આઠ લક્ષણ પ્રગટ થાય છે.

એ આઠ લક્ષણોથી પણ સમ્યક્ત્વી ઓળખાય છે.

સમ્યગ્દર્શનના આઠ અંગ :

(૧) નિઃશક્તિ અંગ,

(૨) નિઃકાંક્ષિત અંગ,
(૩) નિર્વિચિકિત્સા અંગ,
(૪) અમૂઢદષ્ટિ અંગ,
(૫) ઉપગૂહન અંગ,
(૬) સ્થિતિકરણ અંગ,
(૭) વાત્સલ્ય અંગ,
(૮) પ્રભાવના અંગ

આ પ્રમાણે સમ્યગ્દર્શનના આઠ અંગ છે.

(૧) નિઃશક્તિ અંગ = શંકા નામ સંશયનું છે, જિનપ્રણીત તત્ત્વોમાં પદાર્થોમાં સંદેહ ન કરવો તેને નિઃશંક્તિ નામનું અંગ કહીએ.

(૨) નિઃકાંક્ષિત અંગ = નિઃકાક્ષિત નામ વાંચ્છા રહિતનું છે. કારણ કે આ લોક સંબંધી પૂણ્યના ફળને ચાહતા નથી તેથી સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઈન્દ્રિયોના વિષયોને આકુળતાના નિમિત્ત હોવાથી દુઃખરૂપજ માને છે. વળી અન્યમતી નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે તેને ભલા જાણી ચાહતા નથી.

(૩) નિર્વિચિકિત્સા અંગ = વિચિક્ત્સિા નામ અણગમાનું છે, અથવા ગ્લાનિનું છે, તેનાથી રહિત તે નિર્વિચિકિત્સા, પાપા ઉદયથી દુઃખદાયક ભાવનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું, કારણ કે ઉપાધીન કાર્ય પોતાને વશ નથી. એ દુઃખથી અમૂર્તિક આત્માનો ઘાત પણ નથી. વળી વિષ્ટાદિ નિંદ્ય વસ્તુમાં ગ્લાનિ રૂપ ન થવું કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આત્માને શું ? અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તુ નિંદ્ય છે.

(૪) અમૂઢદષ્ટિ અંગ = તત્ત્વશ્રદ્ધાનવાળા પુરૂષે હંમેશા અમૂઢદષ્ટિ થવું યોગ્ય છે. મૂઢદષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે, તે શ્રદ્ધાનવાળુ થવું યોગ્ય નથી. ક્યાં ક્યાં ?

લોકે- લોકે = લોકમાં ઘણા માણસો વિપરીત ભાનમાં પ્રવર્તતા હોય તો પણ પોતે તેમની જેમ (દેખા દેખીથી) ન પ્રવર્તવું.

શાસ્ત્રાભાસે = શાસ્ત્ર જેવા લાગતા અન્યવાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રૂચિરૂપ ન પ્રવર્તવું.

સમયાભાસે =સાચા મત જેવા લાગતા અન્ય મતમાં કોઈ ક્રિયા ભલી જેવી દેખીને તેમાં ભલુ જાણીને ન પ્રવર્તવું. અથવા સમય એટલે પદાર્થ સરખાં લાગે તેવાં અન્યેવાદીઓએ કહેલાં કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈને સત્યબુદ્ધિ ન કરવી.

દેવતામાસે = દેવ જેવા પ્રતિભાસે એવા , અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારાદિ દેખીને વિનયરૂપ ન પ્રવર્તવું. એ પ્રમાણે યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણોમાં સાવધાન કહેવું.

વળી બીજા પણ જે ગુરૂ જેવા પ્રતિભાસે એવા વિષય-કષાય વેડ લંપટી, વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું.

(૫) ઉપગૂહન અંગ = ઉપબૃંહણ નામ વધારવાનું છે. પોતાના આત્માનો ધર્મ વધારવો, વળી આ ધર્મનું નામ ઉપગૂહન પણ કહ્યું છે. તે અપેક્ષાએ દોષ ઢાંકવાનું કહ્યું. બીજાના દોષ પ્રગટ કરવાથી તેને દુઃખ ઉપજે છે.

(૬) સ્થિતિકરણ અંગ = ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવો તેનું નામ સ્થિતિકરણ કહીએ. ધર્મથી જે ભ્રષ્ટ થયા છે તે કામ ક્રોધાદિને વશ થવાથી થયા છે. તેથી જો એના નિમિત્તે પોતાના પરિણામ ભ્રષ્ટ થાય તો પોતે યુક્તિ વડે ધર્મમાં સ્થિર થવું, અન્ય જીવ ભ્રષ્ટ થાય તો તેને જેમ બને તેમ ધર્મમાં દઢ કરવો.

(૭) વાત્સલ્ય અંગ = વાત્સલ્ય ગાયને વાછરડા પ્રત્યે હોય એવી પ્રીતિને કહે છે. જેમ વાછરડા પ્રત્યેના પ્રેમને લીધે ગાય સિંહની સામે જાય છે - એવા વિચારથી કે મારું ભક્ષણ કરીને આ વાછરડાનું ભલું થઈ જાય તો ઘણું સારૂં. એવી પ્રીતિ ધર્મમાં અને ધર્માત્મા સાધર્મીમાં જોઈએ. જે તન,મન,ધન, સર્વસ્વ ખર્ચીને પોતાની પ્રીતિ પાળે.

(૮) પ્રભાવના અંગ = પ્રભાવના એટલે અત્યંતપણે પ્રગટ કરવું. પોતાના આત્માનો અતિશય તો રત્નત્રયનો પ્રતાપ વધવાથી પ્રગટ થાય છે. અને જૈન ધર્મનો અતિશય ઘણાં દાન-દયા વડે કે ઉગ્ર તપ કરીને , ખૂબ ધન ખર્ચી ભગવાનની પૂજા કરાવીને . શાસ્ત્રાભ્યાસ કરીને તથા નિર્દોષ

દેવાદિના ચમત્કાર વડે (જૈન ધર્મનો મહિમા) પ્રગટ થાય છે, તેથી આવો અતિશય પ્રગટ કરવો.

આ રીતે સમ્યક્ત્વનાં આઠ અંગ કહ્યાં, તે કોઈ સમ્યગ્દષ્ટિને પૂરેપૂરાં હોય છે, કોઈને થોડા હોય છે, કોઈને ગૌણપણે હોય છે, કોઈને મુખ્યરૂપે હોય છે, પરંતુ સમ્યક્ત્વની શોભા તો ત્યારે જ થાય જ્યારે એ આઠે અંગ સંપૂર્ણ મુખ્યપણે, પ્રગટ પ્રત્યક્ષ ભાસે. આ રીતે સમ્યક્ત્વ અંગીકાર કર્યા પછી ધર્મી ગૃહસ્થે શું કરવું તે આગળ કહીએ છીએ.

સમ્યગ્દર્શનના દશ ભેદ :અન્ય નિમિત્તાદિની અપેક્ષાએ આજ્ઞાસમ્યક્વાદિ, દશ આત્માનું શાસન ગાથા ૧૧માં કહ્યા છે

આજ્ઞામાર્ગસમુદ્ ભવમુપદેશાત્સુત્ર બીજસંક્ષેપાત ।
વિસ્તારાથાંભ્યાં ભવમયગાઢ પરમાવગાઢે ચ ।। ૧૧ ।।

આત્માનુ શાસન

(૧) અહીં એટલું જાણવું કે, મારે છ્ઞન આજ્ઞા પ્રમાણ છે, એટલું જ શ્રદ્ધાન કંઈ સમ્યકત્વ નથી, આજ્ઞા માનવી, એ તો કારણભૂત છે. તેથી અહીં આજ્ઞાથી ઉત્પન્ને થયું કહ્યું છે. માટે પ્રથમ છ્ઞન આજ્ઞા માનવા પછી, જે તત્ત્વ શ્રદ્ધાન થયું. તે આજ્ઞાસમ્યકત્વ છે.

(૨) એજ પ્રમાણે નિગ્રંથમાર્ગના અવલોકનથી, જે તત્વ શ્રદ્ધાન થયું હોય, તે માર્ગ સમ્યકત્વ છે.

(૩) તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરૂષોમાં પુરાણોના ઉપદેશથી ઉત્પન્ન થયેલા, સમ્યગ્જ્ઞાન વડે અર્થાત આગમ સમુદ્રમાં પ્રવિણ પુરૂષોના ઉપદેશ આદિથી, પ્રાપ્તિ થયેલી જે ઉપદેશ દષ્ટિ, તે ઉપદેશસમ્યકત્વ છે.

(૪) મુનિજનોના આચરણ વિધાનને પ્રતિપાદન કરતા, એવા આચારસૂત્રોને સાંભળીને જે શ્રદ્ધાન કરવું થાય, તેને ભલા ધ્હારથી સૂત્રદષ્ટિ કહી છે, અને તે સૂત્રસમ્યકત્વ છે.

(૫) બીજ જે ગણિત જ્ઞાનનું કારણ, તેના વડે દર્શન મોહના અનુપમ ઉપશમના બળથી દુષ્કર છે, જાણવાની ગતિ જેની, એવા પદાર્થોના સમૂહ, તેની થઈ છે. ઉપલબ્ધિ અર્થાત શ્રદ્ધારૂપ પરિણતિ જેને, એવા જે કરણાનુયોગના જ્ઞાની ભવ્ય તેને બીજ દષ્ટિ થાય છે, તે બીજ સમ્યકત્વ જોવું.

(૬) પદાર્થોના સંક્ષેપપણાથી જાણવા વડે જે શ્રદ્ધાન થયું હોય, તે ભલી સંક્ષેપદષ્ટિ છે અને તેને સંક્ષેપ સમ્યકત્વ જાવું.

(૭) દ્વાદશાંગ વાણીને સાંભળી કરેલી જે રૂચિ, અર્થાત, શ્રદ્ધાન તેને હેભવ્યતું વિસ્તાર દષ્ટિ જાણ અને તે વિસ્તાર સમ્યકત્વ છે.

(૮) જૈન શાસ્ત્રોના વચન વિના, કોઈ અર્થના નિમિત્તથી થયેલી જે અર્થદષ્ટિ, તેને અર્થસમ્યકત્વ જાણવું.

એ આઠ ભેદ તો કારણોની અપેક્ષાએ કહ્યા છે તથા

(૯) શ્રુત કેવળીને જે તત્ત્વ શ્રદ્ધાન છે, તેને પરમ અવગાડ સમ્યકત્વ કહીએ છીએ. આ છેલ્લા બે ભેદ, જ્ઞાનના સહકારીપણાની અપેક્ષાએ કહ્યા છે. એ પ્રમાણે સમ્યકત્ત્વના દશ ભેદ કહ્યા. ત્યાં સર્વઠેકાણે સમ્યકત્ત્વનુ સ્વરૂપ તત્ત્વાર્થ શ્રદ્ધાન જ જાણવું.

સમ્યગ્દર્શનના પાત્રતા મેળવવા પ્રથમ શું કરવું ? :અનંતાનુંબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુંબંધી માયા, અને અનંતાનુંબંધી લોભ એ ચારે તથા મિથ્યાત્વમોહની , મિશ્ર મોહની અને સમ્યક્મોહની એ ત્રણ, એમ સાત પ્રકૃતિનો જ્યાં સુધી ક્ષુપોપશમ, ઉપશમ કે ક્ષય થતો નથી ત્યાં સુધી સમગ્દષ્ટિપણું સંભવતું ની. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિઓની ગ્રંથિ છેદવી પરમ દુર્લભ છે. સદ્ગુરૂના ઉપદેશ વિના અને સત્પાત્રતા વિના તે ગ્રંથિ છેદાતી નથી પણ એક વખત જો તે ગ્રંથિ છેદાઈ ગઈ તો સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શનના બીજા પ્રકારે ભેદો :સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને આત્માની-તત્ત્વની પ્રતીતિ એક સરખી હોય છે, તો પણ ચારિત્ર દશાની અપેક્ષાએ તેઓમાં બે ભેદો પડે છે :

(૧) વીતરાગ સમ્યગ્દર્શન, (૨) સરાગ સમ્યગ્દર્શન.

સમ્યગ્દષ્ટિ જીવ જ્યારે પોતાના આત્મામાં સ્થિર હોય છે ત્યારે તેને નિર્વિકલ્પ દશા હોય છે; ત્યારે રાગ સાથે બુદ્ધિપૂર્વક જોડાણ હોતું નથી.

જીવની આ દશાને વીતરાગસમ્યગ્દર્શન કહેવામાં આવે છે; અને જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ પોતામાં સ્થિર ન રહી શકે ત્યારે રાગમાં તેનું અનિત્ય જોડાણ થતું હોવાને કારણે તે દશાને સરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. શુભરાગથી ધર્મ થાય કે ધર્મમાં સહાય થાય એમ સમ્યગ્દષ્ટિ જીવ કદી માનતા નથી – ખાસ લક્ષ રાખવું.

સમ્યગ્દર્શનની કર્તા :સમ્યગ્દર્શનની કર્તા સમ્યકદર્શનની પર્યાય એનું કાર્ય તે પર્યાય, એનું સાધન તે પર્યાય એનું સંપ્રદાન, અપાદાન ને અધિકરણ પણ તે પર્યાય પોતે જ છે. મોક્ષનો માર્ગ કે સમ્યગ્દર્શન આદિ નિર્મળ રત્નમયની જે પર્યાય પ્રગટ થઈ તે સ્વતંત્ર પ્રગટ થઈ છે એને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા નથી ને બાહ્ય વ્યવહારના કારકોની પણ અપેક્ષા નથી. સમ્યગ્દર્શનની પર્યાય પોતાના ષટકારથી સ્વતંત્ર ઉત્પન થઈ છે.

સમ્યગ્દષ્ટિની ચાર ભાવના :૧. સંવેગ, ૨. અનુકંપા, ૩. આસ્તિક્ય અને ૪. પ્રશમ આ ચાર ભાવના સમ્યગ્દષ્ટિને હોય છે.

સમ્યગ્દર્શનની પાંચ અતિચાર :

(૧) જિન વચનમાં શંકા કરવી,
(૨) વ્રતો પાળીને સંસારનાં સુખોની ઈચ્છા કરવી,
(૩) મુનિ વગેરેનું શરીર જોઈને ઘૃણા કરવી,
(૪) મિથ્યાદષ્ટિથી સ્તુતિ કરવી, અને
(૫) તેમનાં કાર્યોની મનથી પ્રસંસા કરવી. આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે.

સમ્યગ્દર્શનની રીત :આત્મા વીતરાગ સ્વરૂપ છે. ચારિત્રની અપેક્ષાએ વીતરાગ સ્વરૂપ, આનંદની અપેક્ષાએ પૂર્ણ આનંદ સ્વરૂપ, જ્ઞાનની અપેક્ષાએ પૂર્ણ જ્ઞાન સ્વરૂપ, શ્રધ્ધાની અપેક્ષાએ પૂર્ણ શ્રધ્ધા સ્વરૂપ, પ્રભુતાની અપેક્ષાએ પૂર્ણ ઈશ્વર સ્વરૂપ આત્મા છે. આવા ભેદો ભેદ અપેક્ષાએ સત્ય છે, છતાં એ ભેદોનું લક્ષ કરવાથી રાગ ઉત્પન્ન થાય છે. એ બધી પર્યાયદ્રષ્ટિ છે. પર્યાયદ્રષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી પૂર્ણ આત્માનો અનુભવ થતો નથી. માટે પર્યાય પરથી દ્રષ્ટિ ઉઠાવી લઈ પૂર્ણાનંદની સત્તાનું-એક અખંડ અભેદ વસ્તુનું અવલંબન લઈ અતીન્દ્રિય આનંદ પ્રગટ કર. આ સમ્યગ્દશસ્નની રીત છે.

સમ્યગ્દર્શનનો ઉપાય :મારૂં હિત અહિત મારાથી જ થાય છે અને તેનો કરનારો હું જ છું એ પ્રથમ સ્વતંત્રપણું નકકી થયા પછી પોતાના ઊંધા પુરૂષાર્થથી વર્તમાન અવસ્થામાં નિમિત્તાધીન પુણ્ય-પાપની વૃત્તિ થાય છે તે મારૂં સ્વરૂપ નથી. હું ત્રિકાળ છું તે ક્ષણિક છે, હું તે વિકારી વૃત્તિનો નાશક છું. અવિનાશી અસંગ છું, જ્ઞાન, દર્શન, સુખ વીર્ય વગેરે અનંત ગુણોથી વર્તમાનમાં પૂર્ણ છું . એમ સ્વાશ્રિત દષ્ટિથી સ્વભાવનું જોર લાવી વર્તમાન અવસ્થા તરફનું લક્ષ ગૌણ કરીને અખંડ સ્વભાવમાં ઉપર લક્ષ કરવું તે સમ્યગ્દર્શનનો ઉપાય છે.

ત્રિકાળી અસ્તિ સ્વભાવનું ઘોલન કરવું અને તેમાં એકાગ્રરૂપે ઠરવું તે આત્માની વ્યવહારક્રિયા છે. આત્માનો વ્યવહાર આત્મામાં જ છે, જડમાં નથી. પ્રથમ રાગ મિશ્રિત વિચારથી આટલો નિર્ણય કર્યા પછી સ્વભાવમાં એકાગ્ર થતાં વિકલ્પ તૂટી આત્મામાં નિર્વિકલ્પતાનો અનુભવ થાય છે અને અપૂર્વ સ્વાનુભવનો આનંદ આવે છે, તે વખતે મોક્ષનું મૂળ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટે છે.

સમ્યગ્દર્શનનો મહિમા :સમ્યગ્દષ્ટિ જીવ આયુષ્ય પૂર્ણ થતાં જ્યારે મૃત્યુ પામે છે ત્યારે બીજાથી સાતમી નરકના નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવરસી, નપૂંસક, સર્વ પ્રકારની સ્ત્રી, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચતુરિન્દ્રિય અને કર્મ ભૂમિના પશુ થતા નથી. (નીચ કુળ વાળા, ઓછો અંગવાળા, અલ્પાયુવાળા અને દરિદ્રિ થતા નથી;) વિમાનવાસી દેવ, ભોગ, ભૂમિના મનુષ્ય અથવા તિર્યંચ જ થાય છે. કર્મભૂમિના તિર્યંચ પણ થતા નથી. કદાચ નરકમાં જાય તો પહેલી નરકની નીચે જતાં ની. ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખદાયક બીજી કોઈ વસ્તુ નથી, આ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મોનું મૂળ છે. આ વિના જેટલા ક્રિયાકાંડ છે તે બધાં દુઃખદાયક છે.

નોંધ :- જે જીવ સમ્યક્ત્વ પામ્યા પહેલાં, આગામી પર્યાયની ગતિ (આયુ) બાંધે છે, તે જીવ આયુ પૂર્ણ થવાથી જ્યારે મરણ પામે છે ત્યારે નરકગતિમાં

પણ ઉત્પન્ન થાય છે; પણ ત્યાં તેની સ્થિતિ (આયુષ્ય) અલ્પ થઈ જાય છે. જેવી રીતે શ્રેણિક રાજા સાતમી નરકનું આયુષ્ય બાંધ્યા પછી સમકિત પામ્યા હતા તેથી, જો કે તેને નરકમાં તો જવું પડ્યું પણ આયુષ્ય સાતમી નરકથી ઓછું થઈ ને પહેલી નરકનું જ રહ્યું. એ રીતે જે જીવ સમ્યગ્દર્શન પામ્યા પહેલં તિર્યંચ તા મનુષ્ય આયુનો બંધ કરે છે તે ભોગભૂમિમાં જાય છે પરંતુ ભૂમિમાં તિર્યંચ અથવા મનુષ્યપણે ઉપજે નહિ.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન :સંસારી જીવ શુદ્ધ જીવનું (પર અર્હંતાદિનું) લક્ષ કરે છે, માટે સમ્યગ્જ્ઞાન છે, એમ નથી. શુદ્ધ પોતે ત્રિકાળ શુદ્ધ છે. તેને પર્યાયમાં સ્વીકારે, ત્યારે સાચું જ્ઞાન અને સાચું સુખ થાય, ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ થાય.

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર :અખંડ, અભેદ, એકરૂપ જે ત્રિકાળી જ્ઞાયકભાવ એની દ્રષ્ટિ એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, એનું સ્વસંવેદનજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન અને એમાં રમણતા-લીનતા-આચરણરૂપ અનુષ્ઠાન અુ સમ્યક્ચારિત્ર. આ નિશ્ચયરત્નત્રયનું સેવન કરે તે સાધુ છે. અંતઃ તત્વસ્વરૂપ જે શુધ્ધ ચૈતન્યધન એનાં શ્રધ્ધા-જ્ઞાન અને શાંતિરૂપ જે નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એનું સેવન કરવા યોગ્ય છે એમ વ્યવહારથી કથન છે. ભગવાન જ્ઞાયક સ્વભાવ એકલો છે, એ જ્ઞાયકસ્વભાવનું એકનું સેવન કરવું એ નિશ્ચય છે, પરમાર્થ છે, વાસ્તવિક છે.તથા ઉપદેશમાં ભેદ પાડીને દર્શન, જ્ઞાન અને ચારિત્ર સદા સેવવા યોગ છે એમ કહેવું એ વ્યવહાર છે. એકરૂપ આત્મામાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર એમ ત્રણ પ્રકાર કહેવા એ વ્યવહાર છે.

સમ્યગ્દર્શનાદિ તથા તત્વ જાણવાના અમુખ્ય ઉપાય :નિર્દેશ, સ્વામિત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ અને વિધાન-તેનાથી પણ સમ્યગ્દર્શનાદિ તથા જીવાદિક તત્ત્વોનો વ્યવહાર થાય છે.

(૧) નિર્દેશ=વસ્તુ સ્વરૂપના કથનને નિર્દેશ કહે છે.
(૨) સ્વામિત્વ=વસ્તુના અધિકારીપણાને સ્વામિત્વકહે છે.
(૩) સાધન=વસ્તુની ઉત્પતિના કારણને સાધન કહે છે.
(૪) અધિકરણ=વસ્તુના આધારને અધિકરણ કહે છે.
(૫) સ્થિતિ=વસ્તુના કાળની અવધિને સ્થિતિ કહે છે.
(૬) વિધાન=વસ્તુના ભેદોને વિધાન કહે છે.

ઉપર કહ્યા તે છ પ્રકારે સમ્યગ્દર્શનનું વર્ણન નીચે પ્રમાણે છેઃ-

(૧) નિર્દેશ=જીવાદિ સાત તત્ત્વોની યર્થાથ શ્રધ્ધાપૂર્વક નિજ શુધ્ધાત્માનો પ્રતિભાસ-વિશ્વાસ-પ્રતીતિ

(૨) સ્વામિત્વ=ચારેય ગતિનાં સંજ્ઞી-પંચેન્દ્રિય ભવ્ય જીવો.

(૩) સાધન=સાધનના બે ભેદ છે. અંતરંગ અને બાહ્ય. અંતરંગ સાધન (અંતરંગકારણ) તો પોતાના શુધ્ધાત્માના ત્રિકાળી જ્ઞાયકભાવ (પારિણામિક ભાવ)નો આશ્રય છે અને બાહ્ય કારણ જુદા જુદા પ્રકારના હોય છે. તિર્યચ અને મનુષ્યગતિમાં ૧.જાતિસ્મરણ, ૨.ધર્મસ્મરણ અગર (૩) જિનબિંબદર્શન એ નિમિત્તો હોય છે; દેવગતિમાં બારમાં સ્વર્ગ પહેલાં ૧.જાતિસ્મરણ, ૨.ધર્મશ્રરણ અગર (૩) જિન-કલ્યાણક દર્શન અગર ૪. દેવઋધ્ધિદર્શન હોય છે અને તેનાથી આગળ સોળમાં સ્વર્ગ સુધી ૧.જાતિ સ્મરણ, ૨.ધર્મશ્રવણ, અગર ૩ જિન-કલ્યાણકદર્શન હોય છે. નવગ્રૈવેયકોમાં ૧.જાતિ સ્મરણ અગર ૨.ધર્મશ્રવણ હોય છે. નરક ગતિમાં ત્રીજી નરક સુધી જાતિસ્મરણ, ધર્મશ્રવણ અગર દુઃખાનુભવ નિમિત્ત હોય છે. અને ચોથાથી સાતમી નરક સુધી જાતિસ્મરણ અગર દુઃખાનુભવ નિમિત્ત હોય છે.

નોંધઃ-ઉપર જે ધર્મશ્રવણ જણાવયું છે તે ધર્મશ્રવણ સમ્યક્જ્ઞાનીઓ પાસેથી કર્યું હોવું જોઈએ.

(૪) અધિકરણ=સમ્યગ્દર્શનનું આભ્યતંર અધિકરણ આત્મા છે અને બાહ્ય અધિકરણ ત્રસનાહી છે. (લોકાકાશની મધ્યમાં ચૌદ રાજુ લાંબી અને એક રાજુ પહોળી જે સળંગ જગ્યા છે તેને ત્રસનાડી કહેવાય છે.)

(૫) સ્થિતિ=ત્રણે પ્રકારના સમ્યગ્દર્શનની નાનામાં નાની સ્થિતિ અંતમુર્હુત છે. ઔપશમિકની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ તેટલી જ છે,

ક્ષયોપશમિકના ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગર છે અને ક્ષાયિકની સ્થિતિ આદિ-અનંત છે. તથા સંસારમાં રહેવાની અપેક્ષાએ તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર તથા અંતમૂર્હૂત સહિત આઠવર્ષકમ બે ક્રોડીપૂર્વ છે.

વિધાન=સમ્યગ્દર્શન એક પ્રકારે અથવા સ્વપર્યાયના લાયકાતની અપેક્ષાએ ત્રણ પ્રકારે-ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક અથવા આજ્ઞા, માર્ગ, બીજ, ઉપદશે, સૂત્ર, સંક્ષેપ, વિસ્તાર, અર્થ, અવગાઢ અને પરમ-અવગાઢ એમ દશ પ્રકારે છે.

સમ્યગ્દ્રષ્ટિ :જીવ ભેદોને નહિ ભાવતાં અભેદ આત્માને જ ભાવે છે, અનુભવે છે. (૨) જેવી વસ્તુ પૂર્ણ સત્ય છે તેવી દ્રષ્ટિ તેનું નામ સતદ્રષ્ટિ એટલે સમ્યગ્દ્રષ્ટિ છે. (૩) અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ એ ચાર તથા મિથ્યાત્વમોહિની, મિશ્ર મોહિની, સમ્યક્મોહિની એ ત્રણ એમ એ સાત પ્રકૃત્તિ જયાં સુધી ક્ષયોપશમ,ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાં સુધી સમ્યગ્દ્રષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃત્તિ જેમ જેમ મંદતાને પામે તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃત્તિઓની ગ્રંથિ ભેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથિ છેદાઈ તેને આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથિને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દ્રષ્ટિ આપશે તે આત્મા આત્મત્વને પામશે એ નિઃસંદેહ છે. (૪) સમ્યગ્દષ્ટિને-દ્રવ્યદષ્ટિ, શુદ્ધ દષ્ટિ, ધર્મદષ્ટિ, પરમાર્થ દષ્ટિ, અંતરાત્મા, નિશ્ચયદષ્ટિ વગેરે, નામો આપવામાં આવે છે.

સમ્યગ્દ્રષ્ટિનાં બીજાં નામો :સમ્યગ્દ્રષ્ટિને શુધ્ધ દ્રષ્ટિ, દ્રવ્ય દ્રષ્ટિ, ધર્મદ્રષ્ટિ, નિશ્ચયદ્રષ્ટિ, પરમાર્થદ્રષ્ટિ, અંતરાત્મા વગેરે નામો આપવામાં આવે છે.

સમ્યગદશસ્ન કેવી રીતે પ્રગટ થાય છે ? :દ્રવ્ય અનંતગુણોથી અભેદ એક વસ્તુ છે, એવું પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ, અખંડ, એક, અભેદ પૂર્ણ દ્રવ્ય જે વસ્તુ તે સત છે. અને તેની અપેક્ષાએ એક સમયની પર્યાય તે અસત છે. ત્યારે પ્રશ્ન એમ થાય છે કે પર્યાય જે છે તેને અસત કેમ કહી ? તેનો ખુલાસો એમ છે કે પ્રયોજનવશ મુખ્ય ગૌણ કરીને ખાસ એમ કહેવામાં આવ્યું છે. પર્યાય પર્યાયપણે તો છે; એક દ્રવ્યમાં જેમ બીજી ચીજ સર્વથા નથી તેમ આ પર્યાય સર્વથા નથી એમ નથી. જેમ બીજી ચીજ આત્મામાં છે જ નહિ તેમ પર્યાયના સ્વરૂપના સ્વરૂપનું ન સમજવું. પર્યાય પર્યાયપણે તો સત છે. પરંતુ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જેને દ્રવ્ય કહીએ, જે અખંડ એક જ્ઞાયકભાવમાત્ર પરમ પરિણામિક સ્વભાવ ભાવરૂપ છે તેનો આશ્રય કરતાં સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થાય છે. ધર્મ પ્રગટ કરવાનું આ પ્રયોજન સિધ્ધ કરવા ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને મુખ્ય કરીને તેને નિશ્ચય કરી સત્યાર્થ કહેલ છે. જયારે વર્તમાન પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મ પ્રગટ થતો નથી, પણ રાગાદિ વિકલ્પ થાય છે તેથી પર્યાયનો આશ્રય છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહી અસત્યાર્થ કહેલ છે. પર્યાયને ગૌણ કરીને એટલે કે તેને પેટામાં રાખીને, દ્રવ્યમાં ભેળવીને નહીં પર્યાય પર્યાયમાં છે એમ રાખીને એની મુખ્યતા ન કરતાં, તળેટીમાં રાખીને તેને અસત્યાર્થ કહેવામાં આવેલ છે.

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ જેને દ્રવ્ય કહીએ, જેને જ્ઞાયક કહીએ, જેને પરમ પારિણામિક સ્વભાવભાવ કહીએ તેને મુખ્ય કરી નિશ્ચય કહી સત્ય કહેવામાં આવેલ છે, આમ શા માટે કહ્યું? કે ત્રિકાળી સત્યાર્થ વસ્તુના આશ્રયે સમ્ગક્દર્શન પ્રગટ થાય છે અને બીજી કોઈ રીતે સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. આવા ભૂતાર્થ, અભેદ એકરૂપ દ્રવ્યમાં દ્રષ્ટિ જાય-દ્રષ્ટિ પ્રસરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. આ તો હજુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું પ્રયોજન સિધ્ધ કરવાની વાત ચાલે છે, ચારિત્ર તો ક્યાંય રહ્યું. આ કોઈ અલૌકિક અને અપૂર્વ ચીજ છે.

સમ્યક્દશાનાં પાંચ લક્ષણો :

(૧) શમ,
(૨) સંવેગ,
(૩) નિર્વેદ,
(૪) આસ્થા,

(૫) અનુકંપા.

સમ્યગ્દષ્ટિ :સમ્યગ્દષ્ટિ જીવ ભેદોને નહિ ભાવતાં અભેદ આત્માને જ ભાવે છે. અનુભવે છે. (૨) સુમતિજ્ઞાન અને સુશ્રુત જ્ઞાન સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે સુઅવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. મનઃપર્યાયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને-વિશિષ્ટ સંયમધરોને હોય છે. (૩) હું જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છું, ને પરચીજો ને પુણ્યભાવ ને પાપના ભાવ જે થાય તે હું નથી એમ અંદર તેમને ભિન્નતાનો વિવેક થઈ ગયો હોય એનું નામ સમ્યગ્દષ્ટિ છે.

સમ્યગ્દષ્ટિજીવ :આ આત્મા અખંડ, એકરૂપ, શુદ્ધ, સામાન્ય, ધ્રુવ અનુભવગોચર વસ્તુ છે. તેની સન્મુખ થઈ તેને સ્વ સંવેદનજ્ઞાન દ્વારા જે પ્રત્યક્ષ જાણે-અનુભવે તે સમ્યગ્દષ્ટિ જીવ છે. (૨) વર્તમાનમાં જ દ્રવ્ય સ્વભાવ ધ્રુવપણે અખંડપૂર્ણ છે. તેમાં ભૂત, ભવિષ્ય પર્યાયની શક્તિ રહેલી છે. વર્તમાનમાં જે પ્રગટ અવસ્થા છે તે ભંગ એ ભેદરૂપ છે, તે ભંગરૂપ અવસ્થા સિવાયની જે વર્તમાન વર્તતી સામર્થ્ય શક્તિ તે ગુણરૂપ છે અથવા તે દ્રવ્યરૂપ છે. અવસ્થા લક્ષમાં નહિ લેતાં હું આત્મા પૂર્ણ, નિર્મળ પવિત્ર, વર્તમાનમાં જ છું, તે દષ્ટિ થતાં પર્યાય પણ નિમળ થઈ જાય છેઃ તે દષ્ટિ પગટ થવામાં અનંતા

સમ્યગ્દષ્ટિનાં બીજાં નામો :દ્રવ્યદષ્ટિ; શુદ્ધદષ્ટિ; ધર્મદષ્ટિ, નિશ્ચયદષ્ટિ પરમાર્થ દષ્ટિ, અંતરાત્મા વગેરે નામો આપવામાં આવે છે.

સમ્યગ્દષ્ટિની અંતર પ્રતીતિ :ચૈતન્ય દ્રવ્યમાં તે વિકારી ભાવો હતા નહિ, છે નહિ અને હશે પણ નહિ. જુઓ, આ સમ્યગ્દષ્ટિથી અંતરની પ્રતીતિ આવા નિરાળા ચૈતન્ય સ્વરૂપને જાણ્યા વિના, પ્રતીતમાં લીધા વિના ભવનો અંત આવે ક્યાંથી ? સમ્યગ્દષ્ટિનું અંતરવલણ ફરી ફરીને પોતાના શુદ્ધ સ્વભાવ તરફ જાય છે, એ જ અંતરની ભાવના, એ જ અંતરનો જાપ છે.

ક્રોધ, માન, રાગ વગેરે વિકારી ભાવો છે તેના પણે હું નહિ પરિણમેલો હોવાથી મમતા રહિત છે; મમતારહિત કહીને નાસ્તિપણું બતાવ્યું. આચાર્યદેવે પહેલાં એક છું ને શુદ્ધ છું કહીને અસ્તિપણું બતાવ્યું અને પછી વિકારી ભાવનું સ્વામીપણું મારામાં નથી તેથી હું મમતારહિત છું એમ કહીને નાસ્તિપણું બતાવ્યું.

ચિન્માત્ર જ્યોતિ (આત્મા)નું વસ્તુસ્વભાવથી જ, સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (અખંડપણું) હોવાથી હું જ્ઞાન-દર્શન વડે પરિપૂર્ણ છું. (વસ્તુનો સ્વભાવ સામાન્ય-વિશેષ સ્વરૂપ છે, આત્મા પણ વસ્તુ હોવાથી તે સામાન્ય વિશેષ સ્વરૂપ છે અર્થાત્ દર્શન -જ્ઞાન સ્વરૂપ છે.)

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે ત્યારે હું તો ભગવાન આત્મા સામાન્ય અને વિશેષથી એટલે દેખવા અને જાણવાના સ્વભાવથી ભર્યો છું, મારા સ્વરૂપમાં પુણ્ય-પાપ છે નહિ આવી દઢ પ્રતીત થયા છે; ધર્મી આ રીતે પ્રતીત અને જ્ઞાન કરીને સ્વરૂપમાં સ્થિર થાય છે અને સ્થિરતા વધારતાં વધારતાં વીતરાગ થાય છે તેનું નામ ચારિત્ર છે.

આ ધર્મીની અનંતી ક્રિયા; ચૈતન્યના ધર્મની ક્રિયા ચૈતન્યમાં હોય, પરમાં ન હોય.

પુણ્ય પાપની વિકારી ભાવ પણે આત્મા કોઈ દિવસ થતો નથી અને દર્શન જ્ઞાનથી કોઈ દિવસ છૂટ્યો નથી. આત્મા અનંત ગુણનો પિંડ અને અનાદિ અનંત, પરથી નિરાળો અખંડ છે એવી પ્રતીતિ કરી અને એમાં સ્થિર થવું એનું નામ પ્રતિક્રમણ છે, એનું નામ પ્રાયશ્ચિત છે. આ પ્રતિક્રમણ અને આ પ્રાયશ્ચિતથી મોક્ષ થાય.

સમ્યગ્દર્શન :ધ્રુવના ધ્યાન વિના ત્રણેય કાળમાં સમ્યગ્દર્શન થતું નથી. એકમાત્ર નિત્યાનંદ ધ્રુવધામ પ્રભુ આત્માની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

સમ્યગ્દર્શન થતાં અનુભવ થાય તેની મહોર-છાપ શું? :તો કહે છે કે આનંદનો સ્વાદ આવે તે સમ્યગ્દર્શનની મહોર-છાપ છે. પરથી લક્ષ હઠાવી, દયા, દાનના જે વિકલ્પ રાગ છે ત્યાંથી લક્ષ હઠાવી,દર્શન-ગુણ-ચારિત્રના ગુણભેદનું લક્ષ છોડી જયાં અભેદસ્વભાવમાં લક્ષ જાય ત્યાં અનુભવ પ્રગટ થાય છે, તેનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન થતાં સુંદર આનંદ સહિત જ્ઞાનતરંગો ઊછળે છે. ત્યારે આત્મા એનો યર્થાથ અર્થ સુંદર રીતે સમજાય છે.

સામ્વ્યવહારિક પ્રત્યક્ષ :જે ઈન્દ્રિય અને મનની સહાયતાથી પદાર્થને એકદેશ સ્પષ્ટ જાણે.

સમચતુરસ્રસંસ્થાન આદિ :સમચતુરસ્રસંસ્થાન, ન્યગ્રોધપરિમંડળ, સ્વાતિ, કુબ્જક, વામન અથવા હુંડક સંસ્થાન એ બધા જે શરીરના આકારો છે તે પણ પદ્‌ગલમય પરિણામ છે. તે બધો જડનો આકાર છે. નામકર્મનો ઉદય નિમિત્ત છે માટે થાય છે એમ નથી. અહા! ગજબ વાત છે./ અંદર પુણ્યનો ઉદય છે માટે પૈસા આવે છે એમ નથી, કારણ કે ઉદયના પરિણામ ભિન્ન છે અને જે પૈસા આવે છે એની પરિણતિ ભિન્ન છે. માટે કર્મને લઈને પૈસા આવે છે એ વાત યર્થાથ નથી. સાતાના ઉદયને લઈને અનુકૂળ સંજોગો મળે છે એમ કહેવું એ પણ કથનમાત્ર છે, વસ્તુસ્વરૂપ એમ નથી. તેવી રીતે અસાતાના ઉદયને લઈને શરીરમાં રોગ થાય છે તે પણ નિમિત્તનું કથન છે. બાકી તો શરીરના પરમાણુઓને રોગરૂપે પરિણામવાનો કાળ હોવાથી રોગરૂપે પરિણમે છે. આત્માને લઈને તેમાં કાંઈ થાય છે એમ તો નથી, પણ પૂર્વે જે શુભાશુભભાવ કરેલા ત્યારે જે કર્મ બંધાયાં હતાં તે કર્મને લઈને એમાં કાંઈ થાય છે એમ પણ નથી.

સમ્ય-જ્ઞ :વખતનો ખ્યાલ ધરાવનારું (કયારે શું કરવું જોઈએ એ વિશેનું) સિધ્ધાંતના જાણકાર.

સમ્યજ્ઞાનનું ફળ :આનંદ (સંતોષ) ઉપેક્ષા (રાગ-દ્વેષ રહિતપણું) અને અજ્ઞાનનો નાશ, એ સમ્યગ્યજ્ઞાનનું ફળ છે.

સમર્થ :બળવાન; શક્તિમાન; પ્રબળ.

સમર્થિત કરવું :પ્રમાણિત કરવું.

સમર્યક :સમર્પણ કરનાર; યોગ્ય; ઉચિત; બરોબર બંધ બંસતું

સમરસપણે :સમાનપણે.

સમરસી ભાવ :એક સરખા રસના ભાવવાળું. (૨) એક સરખા રસવાળો ભાવ. (૩) સમતા ભાવ. શુભ-અશુભ, મન, વચન, તથા કાયાના વ્યાપાર તજી ભેદ વિજ્ઞાનરૂપ આત્માજ્ઞાનકળાથી સ્વસ્વરૂપમં એકાગ્ર થઈ બ્રહ્મપદનું ધ્યાન કરે છે તે સમતાભાવ છે. સમતાનું લક્ષણ એ છે કે જેને ઈન્દ્રી કેનાના જેતું બન્નેમાં સમાન ભાવ છે. ચિન્તામણિ રત્ન કે કંકરમાં એક સરખો ભાવ છે એટલે કે ઈષ્ટ-અનિષ્ટ કે રાગદ્વેષ ભાવ નથી. (૪) વીતરાગી પર્યાય (૫) સમતાભાવ.

સમવેત :સમવાયવાળું; તાદાત્મયપૂર્વક જોડાયેલું; એકમેક

સમવૃતિ :પોતાના સ્વભાવે, રાગદ્વેષરહિતપણે રહેવું એ સમદર્શિતા

સમવર્તીપણું :સહવૃત્તિપણું; સાથે રહેવાપણું; સમવાયપણું

સમવર્તિત્વ :સમવર્તીપણું; અનાદિ અનંત સહવૃત્તિ; દ્રવ્ય અને ગુણોનો આવો સમવાય (અનાદિ-અનંત તાદાત્મ્યમય સહવૃત્તિ) હોવાથી તેમને અયુતસિધ્ધિ છે, કદીયે પૃથકપણું નથી.

સમવર્તિતા :અનાદિ અનંત સહવૃત્તિ

સમવસ્થાન :સ્થિરપણે-દ્દઢપણે રહેવું તેઃ દ્દઢપણે ટકવું તે.

સમવસ્થિત :જેમ છે તેમ; એકાકાર.

સમવાચાત્મક :સમુદાયસ્વરૂપ

સમવાદ :સમભાવપૂર્વક નિરૂપણ (૨) સમ એટલે મધ્યસ્થ અર્થાત્ રાગ દ્વેષથી વિકૃત નહિ બનેલો, વાદ એટલે વર્ણ (અક્ષર) પદ (શબ્દ) અને વાક્યના સમૂહવાળો પાઠ

સમવાય :સ્વભાવ, નિયત, કાળ, પુરુષાર્થ અને નિમિત્ત એમ પાંચ સમવાય હોય જ છે. કાર્યસિધ્ધિમાં પાંચેય સમવાય હોય છે. (૨) સંયોગ, અનાદિ-અનંત તાદાતમ્યમય સહવૃત્તિ, સંબંધ (૩) સમ્યક્‌બોધ, સમ્+અવાય, સમ્યક્‌અવાય, સમ્યક્‌જ્ઞાન, જથ્થો, સમૂહ (૪) સંયોગ (૫) સંબંધ (૬) કારણનું કાર્યમાં નિત્ય સંબંધે રહેવું એ; નિત્યસંબંધ (૭) મેળાપ; એકઠાપણું; સંબંધ (૮) પંચાસ્તિકાયનો સમ્યકૂબોધ અથવા સમૂહ (૯) કારણનું કાર્યમાં નિત્ય સંબંધે રહેવું એ. નિત્યસંબંધ સમૂહ; સમુદાય; મંડળ (૧૦) સમ+આવાય; સમ્યક્‌અવાય=સમ્યગ્જ્ઞાન : (૧૧) જથ્થો; સમૂહ (૧૨) ભિન્ન ભિન્ન પદાર્થોના ઘનિષ્ટ નિત્ય સંબંધને સમવાય સંબંધ કહે છે. (૧૩) મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે પાંચે સમવાય એક સાથે જ છે. (૧૪) કારણનું કાર્યમાં નિત્ય સંબંધે રહેવું એ. છ્નત્ય સંબંધ, સહચાર (૧૫) ક્રમબદ્ધપણું, અકર્તાપણું અને જ્ઞાતાપણું, આમાં નિયતિવાદ છે.

પણ પાંચેય સમવાય એકી સાથે છે. સ્વભાવ, પુરૂષાર્થ, ભવિતવ્ય, કાળલબ્ધિ, કર્મના ઉપશામાદિ બધા, એકી સાથે છે. (૧૬) મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે :

(૧) ચિદાનંદઘન સ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય તે સ્વભાવ થયો.

(૨) ચિદાનંદઘન સ્વભાવની દ્રષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો પુરુષાર્થ થયો.

(૩) તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું તે કાળલબ્ધિ થઈ.

(૪) આ જે (નિર્મળ) ભાવ તે કાળે થયો તે થવાનો હતો તે જ થયો તે ભવિતવ્ય અને

(૫) ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો તે નિમિત્ત થયું.

આ પ્રકારે પાંચે સમવાય એક સાથે હોય છે. એમ જાણવું

(૧૭) પાંચ છે.

(૧) કાળલબ્ધિ

(૨) પુરુષાર્થ

(૩) સ્વભાવ

(૪) ભવિતવ્યતા અને તે જ સમયે

(૫) નિમિત-કર્મના ઉપશમાદિ -એમ પાંચે સમવાય એક સાથે જ હોય છે.

સમવાય સંબંધ :ગુણ હોય ત્યાં ગુણી હોય ત્યાં ગુણ હોય. ગુણ ન હોય ત્યાં ગુણી ન હોય અને ગુણી ન હોય ત્યાં ગુણ ન હોય-આવો ગુણ-ગુણીનો અભિન્ન પ્રદેશરૂપ સંબંધ; તાદાત્મય સંબંધ (૨) સંયોગ-મેળાપ સંબંધ; એકઠાંપણું તે પાંચ પ્રકારે હોય છે.

(૧) જ્ઞાયક સ્વભાવની સન્મુખતા;

(૨) પુરુષાર્થ;

(૩) કાળલબ્ધિ;

(૪) ભવિતવ્ય-નિયતિ; અને

(૫) કર્મની ઉપશમાદિ અવસ્થા. એ પાંચ બાબતો ધર્મ કરનારે એકી સાથે હોય છે.

(૩) ભિન્ન ભિન્ન પદાર્થોના ઘનિષ્ટ નિત્ય સંબંધને સમવાય સંબંધ કહે છે.

(૪) ગુણ હોય ત્યાં ગુણી હોય અને ગુણી હોય ત્યાં ગુણ હોય, ગુણ ન હોય ત્યાં ગુણી ન હોય અને ગુણી ન હોય ત્યાં ગુણ ન હોય - આવો ગુણ-ગુણીનો અભિન્ન પ્રદેશરૂપ સંબંધ; તાદાત્મ્ય સંબંધ. (૫) નિત્ય સંબંધનું નામ સમવાય છે. (૬) ભિન્ન ભિન્ન પદાર્થોના ઘનિષ્ટ નિત્ય સંબંધને સમવાય સંબંધ કહે છે. ગુણ, ગુણીને ભિન્ન માનીને તેમનો નિત્ય સંબંધ નૈયાયિક દર્શન માને છે. (૭) નિત્ય સંબંધ (૮) ગુણ હોય તો ગુણી હોય અને ગુણી હોય ત્યાં ગુણ હોય, ગુણ નહોય ત્યાં ગુણી ન હોય અને ગુણી ન હોય ત્યાં ગુણ ન હોય આવો ગુણ-ગુણીનો અભિન્ન પ્રદેશરૂપ સંબંધ; ,સમવાયસંબંધ.

સમવાયનું સ્વરૂપ સમવર્તીપણું :એટલે અનાદિ અનંત સહવૃતિ છે. દ્રવ્ય અને ગુણોને આવો સમવાય (અનાદિ-અનંત તાત્મ્યમય સહવૃત્તિ હોવાથી તેમને અયુતસિધ્ધિ છે. કદીયે પૃથકપણું નથી.

સમવિષય :સમ=સમાન, સરખું, સપાટ, સમથળ, વિષમ=અવળું, ઊલટું, વિપરીત, ખરબચડું, ખાડા-ખડબાવાળું, ગૂંચવણ ભરેલું, દારુણ, ભયાનક (સરખું-અસરખું: સમાન-અમાન)

સમશ્રેણી :સમભાવની ચાલુ રહેતી પરિણતિ

સમસુખદુઃખ :સુખ અને દુઃખ (અર્થાત્ ઈષ્ટ તેમ જ અનિષ્ટ સંયોગ) બંન્ને જેમને સમાન છે એવા. (૨) જેને સુખ અને દુઃખ સમાન છે એવો. (૩) સુખદુઃખ જેને સમાન છે, એવા ઈષ્ટનિષ્ટ સંયોગોમાં જેને હર્ષશોકાદિ વિષમ પરિણામ થતા નથી એવા. (જેને રાગદ્વેષમોહ નથી તે મુનિ નિર્વિકારચૈતન્યમય છે અર્થાત્ તેનું ચૈતન્ય પર્યાયો પણ વિકાર રહિત છે તેથી તે સમ સુખ દુઃખ છે.)

સમસ્તવસ્તુ તત્ત્વનું :સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું

સમસ્ત :સઘળું; તમામ; બધુંભેગું; સમગ્ર; સમુદાય.

સમસ્ત પક્ષનો પરિગ્રહ :શત્રુ-મિત્રાદિનો સમસ્ત પક્ષપાત.

સમસ્ત સાવદ્ય યોગનો ત્યાગ :જે સમયે સાવદ્યક્રિયા-હિંસાદિ ક્રિયાનો ત્યાગ કરે, તે સમયે હું સર્વ સાવદ્ય યોગનો ત્યાગી થાઉ છું, એવી પ્રતિજ્ઞા કરે.

સમસ્તજ્ઞેયોને :લોકલોકને

સમસ્તપણું :કોઈ પ્રત્યે રાગ અથવા કિંચિતમાત્ર દ્વેષ ન રહે, સર્વત્ર સમદશા વર્તે ને સમસ્તપણું કહેવાય.

સમસ્તપણે :સંપૂર્ણપણે (૨) બધાંય ભેગાં

સમસ્તપણે સમૃધ્ધ :સમાનપણે જાણે છે.

સમસ્ત લોકાલોકને ગ્રાસભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ :અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ.

સમરસ :એક સરખા રસવાળું; એકાત્મક થઈ ગયેલું; સારી રીતે ભળી ગયેલું

સમાઈ જાય છે :જણાઈ જાય છે.

સમાધિપૂર્વક :આત્મભાવમાં તલ્લીન થઈને; એકાગ્રતાપૂર્વક; રાગદ્વેષ રહિતપણું

સમચિત્તનો ધારક :રાગ-દ્વેષ રહિત; સમમાનસ; સમચિત્ત; સમાશય.

સમાન જાતીય દ્રવ્ય પ્રર્યાય :બે તાકા સાંધીને બનાવેલું વસ્ત્ર (દ્વિપરિક) બન્ને તાકા એકજ જાતના હોય તો સમાન જાતીય દ્રવ્ય પર્યાય કહેવાય અને જો બે તાકા ભિન્ન જાતિના (જેમ કે એક રેશમી અને બીજો સુતરાઉ) હોય તો અસમાન દ્રવ્યપર્યાય કહેવાય.

સમાધાન સ્વરૂપ :સિદ્ધાંતને અનુકૂળ તર્ક વગેરેથી અર્થનો સારી રીતે નિશ્ચય સાધવો એ રૂપે, સમજણની પ્રાપ્તિ સ્વરૂપ.

સમાધિ :સ્વરૂપમાં નિરંતર સ્થિતિ તે સમાધિ, આત્મા પોતાના સ્વભાવ સ્વરૂપમાં નિર્વિકલ્પપણે રહે તે સમાધિ. આત્મપરિણામની સ્વસ્થતાને શ્રી તીર્થંકર સમાધિ કહે છે. શ્રીમદ્ રાજચંદ્રઃ

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણુંજી
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણું જી.
-યોગ દ્રષ્ટિ શ્રીમદ યશોવિજયજી.

આ યોગનાં આઠ અંગનો વિસ્તાર જ્ઞાનાવર્ણવ, યોગદ્રષ્ટિ સમુચ્ચય, યોગશાસ્ત્ર, આદિ અનેક જ્ઞાની આચાર્યો વિરચિત શાસ્ત્રથી અથવા સદગુરુના સમાગમથી જાણીને ભવ્ય જીવોએ મોક્ષ પ્રાપ્તિ માટે તેનો સદા અભ્યાસ કરવો. (૨) પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શરનાદિકનું નિર્વિઘ્નતાપૂર્વક વહન. (૩) આત્મ પરિણામની સ્વસ્થતા (૪) ચિત્તની શાંતિ; ધ્યાનાધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ગયે ધ્યેયનું સ્વરૂપમાં રહે એવું ઊંડું ધ્યાન; અખંડ આત્માકાર વૃત્તિ (૫) સર્વ તરફથી આત્મ શાંતિ. (૬) જેમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેવું ઊંડું ધ્યાન. (૭) સર્વથી ઉત્કૃષ્ટ શુદ્ધાત્માભાવનારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ તો અત્યંત દુર્લભ છે, કારણ કે આત્મસમાધિના શત્રુઓ એવા મિથ્યાત્વ, કષાય, વિભાવ આદિ પરિણામોની જ્યાં ત્યાં પ્રબળતા દેખાય છે. મિથ્યાત્વ આદિ કારણોને લીધે સમ્ગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. સંસાર અટવીમાં ભ્રમણ કરતાં જીવને બોધિ-સમાધિની યોગ્યતા આવવી દુર્લભ છે. આજ સુધી પ્રાપ્ત થયાં નથી. એવાં સમ્યગ્દર્શન -જ્ઞાન ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિ બોધિ છે અને તેને પરભવમાં નિર્વિઘ્નપણે સાથે લઈ જવાં તે સમાધિ કહેવાય છે. (૮) જેમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેવું ઊંડું ધ્યાન; પરમાત્મ ચિંતનમાં તદ્રપ થવું. (૯) જેમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે છે તેનું ઊંડું ધ્યાન. (૧૦) પર ભવમાં નિર્વિઘ્નપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાથે લઈ જવાં તે સમાધિ કહેવાય છે. (૧૧) જ્યાં સુધી સમસ્ત શુભાશુભ ભાવો-વિકલ્પો છૂટતા નથી ત્યાં સુધી મનમાં પરમ સમાધિ નથી, એમ કેવળી ભગવાન કહે છે.

જ્યારે સમસ્ત પ્રકારના શુભ-અશુભ વિકલ્પોનો અભાવ થાય છે ત્યારે પરમ સમાધિ પ્રગટે છે. શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, તથા આવરણરૂપ શુદ્ધોપયોગ લક્ષણવાળી એ પરમ સમાધિ કહેવાય છે. આ પરમ સમાધિ તથા શુદ્ધોપયોગ એકાર્થવાચી શબ્દો છે. (૧૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયને પરભવમાં સાથે લઈ જવાં તે સમાધિ છે. (૧૩) પાંચ

પ્રકારના વિષયો અને ચાર પ્રકારના કષાયોને મૂળમાંથી દૂર કરીને મન, વચન, ડાયરૂપ ત્રણ પ્રકારની ગુપ્તિરૂપ પરમ સમાધિ છે. (૧૪) સુખદુઃખ, જીવન-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્રમં સમતાભાવની સાથે રહેનારી નિર્વિકલ્પ એવી સમાધિ છે. (૧૫) શાંતિ.

સમાધિમરણ :દેહત્યાગ કરતી વખતે આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્મ સ્થિરતારૂપ જે આત્માનો સ્વભાવ છે તે વિષયકષાયાદિ વિભાવો વડે હણાય નહિ તે સમ્યકમરણ કે સમાધિમરણ છે.

સમાધિવિરાધના :ચિત્તની શાંતિનો ભંગ

સમાન :તુલ્ય; બરોબર; સરખું મળતું (વિરતિની પ્રવૃત્તિને તુલ્ય આત્માનું સ્વરૂપ અર્થાત વિરતિની પ્રવૃત્તિને મળતી સરખી આત્મદશા તે શ્રાવણ્ય છે.) (૨) તુલ્ય; બરોબર; સરખું; મળતું. (વિરતિની પ્રવૃત્તિને તુલ્ય આત્માનું રૂપ અર્થાત્ વિરતિનો મળતી સરખી આત્મદશા તે શ્રામણ્ય છે.)

સમાન આકારવાળાં દ્રવ્યો :(૧) કાલાણુ અને પરમાણુ પુદગલ દ્રવય; (૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય

સમાન આત્મરૂપ એવું શ્રામણ્ય :તુલ્ય; બરાબર; સરખું; મળતું. (વિરતિની પ્રવૃત્તિને તુલ્ય આત્માનું રૂપ અર્થાત વિરતિની પ્રવૃત્તિને મળતી=સરખી=આત્મદશા તે શ્રામણ્ય છે.

સમાન કોટિ :સરખી હદ

સમાન કોટિના :સરખી હદના

સમાન જેવું :પોતાના બરોબરિયા જેવું.

સમાન કોટિ :સરખી હદના.

સમાનજાતીય :જેવાકે અનેક પુદ્ગલાત્મક દ્વિઅણુક, ત્રિઅણુક વગેરે.
(દ્રવ્ય પર્યાય દ્વિવિધ છે. સમાન જાતીય અને અસમાન જાતીય)

સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ :સમાન જાતિના જ પદાર્થાને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્માનો ક્ષયોપશમ

સમાપ્તિ :સંપૂર્ણ. (છ દ્રવ્યોથી જ આખો લોક સમાપ્ત થાય છે અર્થાત્ તે છ દ્રવ્યો સિવાય-ઉપરાંત બીજું કાંઈ લોકમાં નથી.)

સામાયિક :સમયમાં (આત્મદ્રવ્યમાં, નિજદ્રવ્ય સ્વભાવમાં) પરિણમવું તે સામયિક છે.

સુમાર્ગનો ભાગી :સુમાર્ગ શાળી; સુમાર્ગ વંત; સુમાર્ગનું ભાજન.

સમારમ્ભ :તે નિણયને અનુસરીને સાધનો મેળવવાનો ભાવ તેને સમારંભ કહેવાય છે.

સમારી :સુધારીને; પલટાવીને

સમાવસ્થા :સહજ પ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્તવું તે; સમવસ્થા

સમાહાર :સંચય; સંગ્રહ;જથ્થો; સંક્ષેપ

સમાહાર સમુદાય :ચાંચ પરમેષ્ઠીના સંચય સંક્ષેપના સમુદાય ને પંચ પરમેષ્ઠી કહે છે.

સમાહિત :એકાગ્ર; અભેદ; એકતાને પામેલ; અભેદન પ્રાપ્ત; છિન્ન ભિન્નતા રહિત; સમાધિ પ્રાપ્ત; શુધ્ધ; પ્રશાંત

સમાહિતપણું :અભેદપણું

સુમતિ જ્ઞાન ને સુશ્રુતજ્ઞાન :આ બન્ને જ્ઞાન સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે.

સમિતિ :સમ્યક્પ્રકારે જેની મર્યાદા રહી છે તે મર્યાદા સહિત; યથાસ્થિતપણે પ્રવર્તવાનો જ્ઞાનીઓએ જે માર્ગ કહ્યો છે તે માર્ગ પ્રમાણે માપસહિત પ્રવર્તવું તે. (૨) પ્રમાદ રહિત યત્નાચાર સહિત સમ્યક્ પ્રવૃત્તિ. (૩) ચાલવું, બેસવું વગેરેમાં સમ્યક્ પ્રકારે પ્રવર્તવું તેનું નામ સમિતિ છે.

(૧) ઈર્યાસમિતિ = ચાલે ત્યારે હિંસા ન થાય તેમ જોઈને પગલું ભરે. સ્વાધ્યાય કરતો ચાલે ત્યારે જોયા વગર ચાલે તો ઈર્યા સમિતિ ન પળે. પ્રવૃત્તિ કરે તો તે સમિતિપૂર્વક હોવી જોઈએ.

(૨) ભાષાસમિતિ = બીજાને દુઃખ થાય વેર બંધાય, પોતાને કર્મ બંધાય તેવું ન બોલે. કુથલી, નિંદા કરે. બને ત્યાં સુધી બોલવું જ નહીં એ મુખ્ય છે. બોલવું જ પડે તો દોષ ન લાગે તેમ હિત, મિત, પ્રિય, વિચારીને બોલે.

(૩) એષણાસમિતિ =આહાર-પાણી સંબંધી પાપ ન લાગે તેમ વર્તે. ખાંડવું, દળવું, પાણી ભરવું, ચૂલો સળગાવવો, ઝાડુ કાઢવું વગેર

પાપપ્રવૃત્તિ આહાર નિમિત્તે થાય છે, તેમાં દયા કાળજી રાખે તો ત્રસ જીવ બચે. તે માટે ઈંધન ખંખેરીને વાપરે વગેરે.

(૪) આદાનનિક્ષેપણ સમિતિ =વસ્તુ જોઈને મૂકવી, લેવી. કાચના વાસણ સાચવીને મૂકે તેમ લેવા મૂકવામાં ઉપયોગ રાખે.

(૫) ઉત્સર્ગ સમિતિ = મળમૂત્રાદિના ત્યાગમાં જીવોની હિંસા ન થાય તેમ સાચવે. કચરો, પાણી વગેરે જીવ ન મરે તેમ નાખે, ચાલવાના રસ્તાથી દૂર નાખે.

સમિતિવંત :શુધ્ધાત્મ સ્વરૂપમાં (મુનિત્વોચિત) સમ્યક ઈતિ અર્થાત પરિણતિ તે નિશ્ચય-સમિતિ છે અને તે દશામાં વર્તતી જે (હઠ વગરની) ઈર્યાભાષાદિ સંબંધી શુભ પરિણતિ તે વ્યવહાર સમિતિ છે. (શુધ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક પરિણતિરૂપ દશા ન હોય ત્યાં શુભ પરિણતિ હઠ સહિત હોય છે; તે શુભ પરિણતિ વ્યવહાર સમિતિ પણ નથી.)

સમિતિશુધ્ધ :ઈર્યાસમિતિ વડે શુધ્ધ; યુકત વિહારવાળો શ્રમણ (સાક્ષાત અવિહારી જ છે.)

સમીચીન :સારૂં; રૂડું; યોગ્ય; બરોબર; યથાર્થ.

સમીચીન ઉપાય :સદુપાય; યથાર્થ હોવું; સાચો ઉપાય; સત્ ઉપાય.

સમીચીનપણું :યથાર્થપણે.

સમીપ :નજીક; પાસે, નિકટ. (૨) અહીં સમીપનો અર્થ, ક્ષેત્રથી નહિ પણ પરમાં એકમેકપણાની માન્યતારૂપ ભાવની એકાગ્રતા, એવો થાય છે. (૩) નજીક; પાસે.

સમીપ મુક્તિગામી :નિકટમાં મોક્ષપામનારા; નજીકમાં મોક્ષે જનારા-મુક્તિ પામનારા.

સમીપતા :હાજરી; નજીકની વસ્તુ; નિકટતા.

સમીપ :નિકટ; નજીક; પાસે

સમોસરણ :ત્રણ લોકના નાથ દેવાધિદેવ અરિહંત પરમાત્માની ધર્મસભા

સયોગી :દેહધારી, સાકાર.

સરખું સળંઢે ઊતરી ગયું :સરખી રીતે સમેસૂતરે પાર પડી ગયું.

સરેડે ચાલવું :સરાડે ચાલવું; સીધે માર્ગે જવું; રસ્તે પડવું;

સર્ગ :ઉત્પાદ; ઉત્પત્તિ.

સપ્ત ભંગી :દ્રવ્યનું કથન કરવામાં આવતાં,

(૧) જે સ્વરૂપે સત છે,

(૨) જે પરરૂપે અસત્ છે,

(૩) જે સ્વરૂપે અને પરરૂપે યુગપદ્ કથાવું અશક્ય છે,

(૪) જે સ્વરૂપે અને પરરૂપે ક્રમથી સત્ અને અસત્ ,

(૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે સત્ અને કથાવું અશક્ય છે,

(૬) જે પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદ્પણે અસત્ અને કથાવું અશક્ય છે તથા

(૭) જે સ્વરૂપે, પરરૂપે અને સ્વરૂપ પરરૂપના યુગપદ્પણે સત્, અસત્ અન અથાવું અશક્ય છે - એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય તેના એક એક ધર્મનો આશ્રય કરીને વિવક્ષિત-અવિવક્ષિતના વિધિ-નિષિધ વડે પ્રગટ થતી સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતા સ્યાત્કારરૂપી અમોઘ મંત્રપદ વડે જ કારમાં રહેલા સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે.

(૨) (૧) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં અસ્તિ છે:

(૨) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં નાસ્તિ છે.

(૩) દ્રવ્ય અદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે ક્રમથી કહેવામાં આવતાં અસ્તિ અને નાસ્તિ છે;

(૪) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે યુગપદ કહેવામાં આવતા અવકતવ્ય છે.

(૫) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવે કહેવામાં આવતાં અસ્તિ અને અવ્યકતવ્ય છે.

(૬) દ્રવ્ય પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં નાસ્તિ અને અવ્યકતવ્ય છે;

(૭) દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે, પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અને યુગપદ સ્વપરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે કહેવામાં આવતાં અસ્તિ, નાસ્તિ અને અવકતવ્ય છે.

(૩) દ્રવ્યનું કથન કરવામાં આવતાં

(૧) જે સ્વરૂપે સત છે.

(૨) જે પર રૂપે અસત છે.

(૩) જે સ્વરૂપે અને પરરૂપે યુગપદ કથાવું અશક્ય છે.

(૪) જે સ્વરૂપે અને પર પે ક્રમથી સત અને અસત છુ.

(૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદપણે સત અને કથાવું અશક્ય છે,

(૬) જે પર પે અને સ્વરૂપે પરરૂપના યુગપદપણે અસત અને કથાનું અશક્ય છે. તથા

(૭) જે સ્વરૂપે, પર પે અને સ્વરૂપ-પરરૂપના યુગપદપણે સત, અસત અને કથાવું અશક્ય છે-એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય તેના એક એક ધર્મનો આશ્ય કરીને વિવક્ષિત-અવિવક્ષિતના વિધિ નિષેધ વડે પ્રગટ થતી સપ્તભંગી સતત સમયક રીતે ઉચ્ચારવામાં આવતા સ્યાતકારરૂપી અમોધ મંત્રપદ વડે જ કારમાં રહેલા સઘળાય વિરોધવિષના મોહને દૂર કરે છે.

(૪) (૧) દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાથી છે.

(૨) દ્રવ્ય પરચતુષ્ટયની અપેક્ષાથી નથી.

(૩) દ્રવ્ય ક્રમશઃ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી છે અને નથી.

(૪) દ્રવ્ય યુગપદ સ્વચતુષ્ટયની અને પરચતુષ્ટયની અપેક્ષાથી અવકતવ્ય છે.

(૫) દ્રવ્ય સ્વચતુષ્ટયની અને યુગપદ સ્વપરચતુષ્ટયની અપેક્ષાથી છે અને અવકતવ્ય છે.

(૬) દ્રવ્ય પરચતુષ્ટયની અને યુગપદ સ્વપર ચતુષ્ટયની અપેક્ષાથી નથી અને અવકતવ્ય છે.

(૭) દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાથી છે નથી અને અવકતવ્ય છે.

(૫) દ્રવ્ય

(૧) સ્યાતૂ અસ્તિ જ છે, સ્વરૂપની અપેક્ષાએ;

(૨) સ્યાતૂ નાસ્તિ જ છે. પરરૂપની અપેક્ષાએ;

(૩) સ્યાતૂ અવકતવ્ય જ છે, સ્વરૂપ-પરરૂપના યુગપદપણાની અપેક્ષાએ;

(૪) સ્યાતૂ અસ્તિ-નાસ્તિ જ છે, સ્વરૂપ-પરરૂપના ક્રમની અપેક્ષાએ;

(૫) સ્યાતૂ અસ્તિ-અવકતવ્ય જ છે, સ્વરૂપ-પરરૂપના યુગપદપણાની અપેક્ષાએ.

(૬) સ્યાતૂ નાસ્તિ-અવકતવ્ય જ છે. પરરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદપણાની અપેક્ષાએ,

(૭) સ્યાતૂ અસ્તિ-નાસ્તિ અવકતવ્ય જ છે.

સ્વરૂપની, પરરૂપની અને સ્વરૂપ-પરરૂપના યુગપદપણાની અપેક્ષાએ.

(૫) દ્રવ્યનું કથન કરવામાં આવતાં,

(૧) જે સ્વરૂપે 'સતૂ 'છે.

(૨) જે પરરૂપે 'અસતૂ 'છે.

(૩) જે સ્વરૂપે અને પરરૂપે યુગપદ 'કથાવું' અશક્ય છે.

(૪) જે સ્વરૂપે અને પરરૂપે ક્રમથી 'સતૂ અને અસતૂ'છે.

(૫) જે સ્વરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદપણે ''સતૂ અને કથાવું અશક્ય છે.''

(૬) જે પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના 'યુગપદૂપણે અસતૂ અને કથાવું અશક્ય છે.' તથા

(૭) જે સ્વરૂપે, પરરૂપે અને સ્વરૂપ-પરરૂપના યુગપદૂપણે સતૂ, અસતૂ અને કથાવું અશક્ય છે-એવું જે અનંત ધર્મોવાળું દ્રવ્ય તેના એક

એક ધર્મનો આશ્રય કરીને વિવક્ષિત અવિવક્ષિતના વિધિ નિષેધ વડે પ્રગટ થતી સપ્તભંગી સતત સમ્યક્ રીતે ઉચ્ચારવામાં આવતાં સ્યાતૂકારરૂપી અમાઘ મંત્રપદ વડે,' જ 'કારમાં રહેલા સઘળાય વિરોધ વિષયનો મોહને દૂર કરે છે.

(૬) (૧) સ્યાત્ અસ્તિ,
(૨) સ્યાત્ નાસિત,
(૩) સ્યાત્ અસ્તિનાસ્તિ,
(૪) સ્યાત્ અવકતવ્ય,
(૫) સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય,
(૬) સ્યાત નાસ્તિ અવક્તત્વ,
(૭) સ્યાત્ અસ્તિ-નાસ્તિ યુગપત્-અવકતવ્ય.

સપ્તનય :

(૧) નૈગમનય, (૨) સંગ્રહનય, (૩) વ્યવહારનય,
(૪) ઋજુસૂત્રનય, (૫) શબ્દનય, (૬)સમભિરૂઢનય,
(૭) એવંભૂત નય.

સપ્તમ દ્રવ્ય :લોક છ દ્રવ્ય સ્વરૂપ છે; જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આ છ દ્રવ્ય સ્વરૂપ જ લોક છે. પણ તે જ્ઞેય હોવાથી વ્યક્ત છે એ તેને જાણનાર જીવ તેનાથી ભિન્ન છે તેથી તે અપેક્ષાએ તેને સપ્તમ્ દ્રવ્ય કહ્યું છે.

સંકર :ભેળસેળિયું; મિશ્રિત; બગડેલું; ભ્રષ્ટ; જુદી જુદી જ્ઞાતિના પુરુષ-સ્ત્રીથી ઉત્પન્ન થયેલું, વર્ણસંકર (૨)

સર્વેષામ યુગપત પ્રાપ્તિ સ સંકર. બધા જડ, ચેતન દ્રવ્યો મળીને એક થઈ જાય એ સંકર દોષ છે. (૨) મિલન, મેળાપ, (અન્યોન્ય -અવગાદરૂપ) મિશ્રિતપણું

સંકર દોષ :સર્વેપાષ યુગપત પ્રાપ્તિ સ સંકર. બધા જડ, ચેતન દ્રવ્યો મળીને એક થઈ જાય એ સંકર દોષ છે. (૨) બધા જડ, ચેતન દ્રવ્યો મળીને એક થઈજાય છે એ સંકર દોષ.

સંક્રમે છે :બદલાય છે. (૨) બદલે છે.

સંક્રમણ :કોઈ પણ કર્મના સજાતીય એક ભેદને બીજા ભેદરૂપ થઈ જવાને સંક્રમણ કહે છે. (૨) ઓળંગી જવું; વટાવી જંવું; ઓળંગી કે વટાવી એક સ્થળેથી બીજે સ્થળે જવું (૩) પાપકર્મને પુણ્યમાં અને પુણ્યને પાપમાં બદલી દેવું તે. (૪) ઓળંગી કે વટાવી એક સ્થળેથી બીજે સ્થળે જવું એ; એક બીજાને વટાવતા પદાર્થોનું એક જ લીટીમાં આવી જવું તે, સંકાતિ (૫) કર્મો સમૂહમાં ખરી જવું (૬) પરિવર્તન (૭) ઓળંગી જવુ, વટાવી જવુ, સંકાન્તિ (૮) એક જગ્યા કે સ્થિતિમાંથી બીજી જગ્યા કે સ્થિતિમાં જવું તે; સંસાર; ઓળંગવું તે.

સંક્રમણ પામવું :બદલાઈને અન્યમાં ભળી જવું.

સંક્રમ્યું :પલટો ખાધો; અસ્થિર થયું.

સંક્રમવું :બદલવું. (૨) સંક્રમણ કરવું; ઓળંગવું; વટાવવું; ઓળંગી કે વટાવી એક સ્થળેથી બીજે સ્થળે જવું. (૩) એક કાર્ય ઉપરથી બીજા કાર્ય ઉપર જ્ઞાન જાય છે ત્યારે જ્ઞાન બદલે છે, હલે છે અને સંક્રમવું કહે છે. તે જ વિકાર છે. (૪) એક સ્થાનથી ખસીને બીજે સ્થાને જવું, એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું. ઓળંગવું. (૫) પલટો ખાધો, અસ્થિર થયું; બદલ્યું. સંક્રમવું=બદલવું

સંક્રાન્તિ :ચ્યૂતતા; ભ્રષ્ટતા.

સંકલના :ગૂંથણી; એકઠું કરવું; ગોઠવણી રચના.

સંકલ્પ :દ્રવ્યકર્મ, ભાવ કર્મ, નોકર્મ આદિ પુદગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે, દ્રવ્યકર્મ-જડ, ભાવકર્મ-વિકાર, નોકર્મ-શરીરાદિ પુદગલ દ્રવ્યોમાં મારાપણાની કલ્પના કરવી તેને સંકલ્પ કહે છે. એ મિથ્યાત્વ છે. (૨) સ્ત્રી, પુરૂષ આદિ ચેતન, અચેતન બાહ્ય પદાર્થોમાં આ મારાં છે. એમ વિચારવું તે સંકલ્પ છે. (૩) બાહ્ય દ્રવ્ય એવા પુત્ર, સ્ત્રી આદિ ચેતન અચેતન પદાર્થોમાં આ મારાં છે એવો જે ભાવ છે તે સંકલ્પ કહેવાય છે. (૪) અહીં સંકલ્પ એટલે સામાન્યમાં ભૂલ અર્થાત્ ત્રિકાળી, આખા સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ, તે દર્શન મોહ, તે અનંત સંસ્કારમાં રખડવાનું મૂળિયું છે. (૫) ચેતન,

અચેતન, મિશ્ર સર્વ બાહ્ય પદાર્થોમાં આ મારા છે એવી કલ્પના કરવી તે સંકલ્પ છે. (૬) રાગાદિ પરિણામ.

સંકલ્પ-વિકલ્પ :મમત્વ-કતુત્વ વડે સંકલ્પ-વિકલ્પ જન્મ પામે છે. (૨) બાહ્ય દ્રવ્ય એવા પુત્ર, સ્ત્રી આદિ ચેતન અને અચેતન પદાર્થોમાં 'આ મારા છે' એવો જે ભાવ છે તે સંકલ્પ કહેવાય છે. હું સુખી છું, હું દુઃખી છું ઈત્યાદિ ચિત્તગત હર્ષ વિષાદ આદિ પરિણામ તે વિકલ્પ છે. (૩) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગ-દ્વેષાદિ ભાવકર્મ, દેહાદિ નોકર્મતે જ હું છું, એમ પરમાં એકપણાનો નિશ્ચય તે સંકલ્પ અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થયો તેને વિકલ્પ કહે છે.

અહીં સંકલ્પ એટલે સામાન્યમાં ભૂલ અર્થાત્ ત્રિકાળી આખા સ્વભાવની શ્રદ્ધામાં ભૂલ તે દર્શનમોહ, તે અનંત સંસારમાં રખડવાનું મૂળિયું છે.

વિકલ્પ તે વિશેષમાં ભૂલ, એ ચારિત્રમોહ છે. જ્ઞાની દેહાદિક અનેક સંયોગોનો ફેરફાર જણાય છે તેમાં પરજ્ઞેયો પલટાતાં હું ખંડખંડ રૂપે થઈ ગયો, હું જન્મ્યો, વૃદ્ધ થયો, એ રોગ થયો, દેહમાં જે કાંઈ ક્રિયા થાય તે મારી અવસ્થા છે એમ માની પરમાં ઠીક-અઠીક ભાવપણે પુણ્ય-પાપની વૃત્તિ ઉઠે તે અનેક ભેદરૂપે હું છું એવો વિકલ્પ (વિશેષ આચાર) તે ચારિત્ર - મોહ છે. નિમિત્ત તથા રાગાદિરૂપે હું છું એમ પરમાં અટકવું, રાગમાં એકાગ્ર થવું તે અનંતાનુંબંધી કષાયરૂપ ચારિત્રમોહ છે.

ચૈતન્ય આત્માના જ્ઞાનની સ્વચ્છતામાં જે કાંઈ દૂર કે નજીકની ચીજ જણાય, તેની અવસ્થામાં ફેરફાર થાય તે જાણે મને જ થાય છે, એવી માન્યાતારૂપ વર્તન તે વિકલ્પ છે. (૪) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગદ્વેષાદિ ભાવકર્મ, દેહાદિ નોકર્મ, તે જ હું છું. એમ પરમાં એકપણાનો નિશ્ચય, તે સંકલ્પ અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલુમ થવો, તેને વિકલ્પ કહે છે. (૫) બાહ્ય દ્રવ્ય એવા પુત્ર, સ્ત્રી આદિ ચેતન અને અચેતન પદાર્થોમાં 'આ મારા છે' એવો જે ભાવ છે તે સંકલ્પ કહેવાય છે.

હું સુખી છું હું દુઃખી છું ઈત્યાદિ ચિત્તગત હર્ષ વિષાદ આદિ પરિણામ તે વિકલ્પ છે.

શુદ્ધ પરમાત્માના આઠ ગુણ :

(૧) ક્ષાયિક સમ્યક્ત્વ : શુદ્ધ આત્માદિ પદાર્થોમાં વિપરીત શ્રદ્ધાન રહિત જે આત્મપરિણતિ થાય છે તે ક્ષાયિક સમ્યક્ત્વ છે.

(૨) કેવળ જ્ઞાન : ત્રણ લોક અને ત્રણ કાલના સમસ્ત પદાર્થોને એક જ સમયમાં વિશેષરૂપે જે જાણે છે તે કેવલ જ્ઞાન છે.

(૩) કેવળ દર્શન : સમસ્ત પદાર્થોને કેવલ દષ્ટિથી એક જ સમયમાં જે દેખે તે કેવલદર્શન છે.

(૪) અનંત વીર્યઅનંત જ્ઞેયોને જાણવાની શક્તિ તે અનંત વીર્ય છે.

(૫) સૂક્ષ્મત્વ : અતીન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ સૂક્ષ્મત્વ છે.

(૬) અવગાહન ગુણઃ એક જીવની અવગાહના જ્યાં છે તે ક્ષેત્રમાં બીજા અનંત જીવ રહી શકે છે એવી અવકાશ આપવાની સામર્થ્યતાનું નામ અવગાહન ગુણ છે.

(૭) અગુરૂ લઘુ ગુણઃ સર્વથા ગુરૂતા અને લઘુતાનો અભાવ એટલે લઘુ પણ નહિ તથા ગુરૂ પણ નહિ તે અગુરૂલ ગુણ છે.

(૮) અવ્યાબાધ : વેદનીય કર્મના ઉદયના અભાવમાં ઉત્પન્ન થયેલા સમસ્ત બાધા રહિત જે નિરૂબાધ ગુણ છે તે અવ્યાબાધ છે.

સંસારમાં આત્માના આઠેય ગુણ કર્મોથી ઢંકાયેલા છે :-

(૧) સમ્યગ્દર્શનગુણ આત્માનો સમ્યગ્દર્શન ગુણ દર્શન મોહનીયકર્મથી આચ્છાદિત છે.

(૨) જ્ઞાનાવરણીથી કેવલજ્ઞાન

(૩) દર્શનના વરણીયથી કેવલદર્શન

(૪) અંતરાયથી અનંતવીર્ય

(૫) આયુ કર્મથી સૂક્ષ્મત્વ

(૬) નામ કર્મથી અવગાહનત્વ

(૭) ગોત્ર કર્મથી અગુરૂલઘુત્વ

(૮) વેદનીય કર્મથી આવ્યાબાધ ગુણ આચ્છાદિત છે. આવરણ જવાથી સિદ્ધ અવસ્થામાં આ આઠે ગુણો પ્રગટ થાય છે.

સંકલ્પ-વિકલ્પો :બાહ્ય દ્રવ્ય એવા પુત્ર, સ્ત્રી આદિ ચેતન-અચેતન પદાર્થોમાં આ મારા છે ઓ જે ભાવ છે તે સંકલ્પ કહેવાય છે. હું સુખી છું, હું દુઃખી છું ઈત્યાદિ ચિત્તગત હર્ષ-વિષાદ આદિ પરિણામ તે વિકલ્પ છે.

સંકલેશ :માનસિક સંતાપ. (૨) અશુભ (૩) તીવ્ર કષાયરૂપ પરિણામ સંકલેશ છે. (૪) પ્રબળ માનસિક સંતાપ, ઉગ્ર કંકાશ, ઝઘડો, કઝિયો (૫) માઠાં; દુઃખદાયક. (૬) તીવ્ર કષાયરૂપ અશુભ ભાવ. (૭) અશુભ (૮) પીડા; દુઃખ; કજિયો; કંકાસ.

સંકલેશ પરિણામ :કષાય ભાવ (૨) અશુભ પરિણામ (૩) અશુભ ભાવોઃ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્યને પરિગ્રહના ભાવો (૪) સંકલેશભાવ એટલે અશુભભાવ તે આત્માનો સ્વભાવ નથી- હિંસાના, ક્રોધના, માનના, વિષયના વગેરે જે અશુભ પરિણામ, તે બધાય આત્મામાં નથી તેવા નિરાળા આત્માની શ્રદ્ધા કરવાથી અશુભ પર્યાય છૂટીને નિર્મળ પર્યાય થાય છે. અશુભ પરિણામ આત્માની પર્યાયમાં થાય છે કાંઈ જડમાં નથી થતાં, પણ તે આત્માનો સ્વભાવ નથી માટે તે અપેક્ષાએ તેને જડતા કહ્યા છે. તે અશુભ પરિણામ પર લક્ષ રાખવાથી તે અશુભ પરિણામ છૂટતાં નથી પણ અખંડ આત્માના સ્વભાવની શ્રદ્ધા કરવાથી તે છૂટે છે. તે અશુભ પરિણામનું શરણ લેવાથી હિત નથી પણ અખંડ આત્માનું શુદ્ધ સ્વભાવનું શરણ લેવાથી હિત છે. કષાયના વિપાકનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશ સ્થાનો તે બધાંય જીવને નથી. કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામમય હોવાથી આત્માની અનુભૂતિથી ભિન્ન છે.

સંકલેશરૂપ :તીવ્ર કષાયરૂપ

સંકલેશસ્થાનો :કષાયના વિપામનું અતિશયપણું જેમનું લક્ષણ છે એવાં જે સંકલેશસ્થાનો તે બધાંય જીવને નથી. શું કહે છે ? કે પર્યાયમાં જે અસંખ્ય પ્રકારના અશુભભાવ થાય છે તે જીવસ્વરૂપ નથી. પહેલાં પ્રીતિરૂપ રાગ અને અપ્રીતિરૂપદ્વેષ એટલું જ આવ્યું હતું હવે કહે છે કે જીવની પર્યાયમાં જે કષાયના વિપાકનું અતિશયપણું છે, જે સંકલેશસ્થાનો છે-તે બધાય જીવને નથી. અહીં જડ વિપાકની વાત નથી પણ જીવની પર્યાયમાં જે કષાયના વિપાકનું અતિશયપણું છે, જે સંકલેશસ્થાનો છે-તે બધાય જીવને નથી. અહીં જડ વિપાકની વાત નથી પણ જીવની પર્યાયમાં થતા કષાયના વિપાકની વાત છે. જે કર્મનો વિપાક છે તે પ્રમાણે આત્મામાં પણ કષાયનો વિપાક છે એ કષાયના સંકલેશ પરિણામ છે તે સ્વતંત્ર છે. કર્મ તીવ્ર છે માટે સંકલેશના પરિણામ થયા છે એમ નથી. તે સમયના સંકલેશ પરિણામ જે કષાના વિપાકરૂપે છે તે પોતાની પર્યાય છે. પરંતુ તે શુધ્ધ આત્મવસ્તુમાં નથી. અહાહા! જેને જીવ કહીએ, ભગવાન આત્મા કહીએ તે શુધ્ધ ચૈતન્યમાં સંકલેશના સ્થાનો છે જ નહી.

ભાઈ! વસ્તુ તો ત્રિકાળ શુધ્ધ જ છે. અશુધ્ધતા છે તે પર્યાયમાં છે અને તે પોતાને કારણે છે, કર્મના કારણે નહિ. ગોમટસારમાં આવે છે કે ભાવકલંક સુપઉશ નિગોદના જીવોને ભાવકલંક (ભાવકર્મ) સુપ્રચુર છે. ત્યાં દ્રવ્યકર્મની પ્રચુરતા નથી લીધી. તેના ઉપાદાનમાં અશુધ્ધતાની-ભાવકલંકની ઉગ્રતા છે અને તે પોતાના કારણે છે. હવે અહીં કહે છે કે એ સંકલેશસ્થાનોના જે અસંખ્ય પ્રકાર છે તે બધાય જીવને નથી કારણ કે તે પુદગલના પરિણામમય હોવાથી અનૂભૂતિથી ભિન્ન છે. શુધ્ધ દ્રવ્ય સ્વભાવને આશ્રયે જે નિર્મળ અનુભૂતિ થાય છે તેમાં આ સંકલેશ સ્થાનો આવતા નથી. ભિન્ન રહી જાય છે. માટે તે જીવને નથી. આવી વાત છે.

સંકલેશસ્થાન :સંકલેશ સ્થાન એટલે અશુભ ભાવના પ્રકાર હિંસા, જૂઠ, ચોરી, કુશીલ, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ આદિ જે અશુભભાવ છે તે પુદ્ગલપુર્વક હોવાથી પુદ્ગલ છે.

સંકટદોષ :'સર્વેષાં યુગપત્પ્રાપ્તિ સંકટ' : એક કાળમાં જ એક વસ્તુમાં બધા ધર્મોની પ્રાપ્તિ થવી, તે સંકટદોષ છે.

સંકેત :સૂચન; ઈશારો.

સંકીર્ણ :ખંડિત

સંકીર્તન :ગાન સાથેનું ભજન; ભજન; ગીતવાળી આરાધના

સંકોચ :હાનિ; ભિડાવું એ; બિડાવું એ,; ખચાકવું એ,; તંગી; અછત; લજ્જા; શરમ.

સકોચ સંમુખ :બિડાઈ જવાની તૈયારીવાળા

સંકોચવું :સમેટવું

સંકોચ-વિસ્તાર :અહીં એ પ્રશ્ન થાય છે કે અમૂર્ત એવા જીવના સંકોચ વિસ્તાર કેમ સંભવે ? તેનું સમાધાન કરવામાં આવે છે; અમૂર્તના સંકોચ વિસ્તારની સિદ્ધિ તો પોતાના અનુભવથી જ સાધ્ય છે, કારણ કે (સર્વને સ્વાનુભવી પ્રગટ છે કે) જીવ સ્થૂલ તેમ જ કૃશ શરીરમા, તથા બાળક તેમજ કુમારના શરીરમાં વ્યાપે છે.

સંખ્યા :દ્રવ્ય એક અને પર્યાય અનેક એમ સંખ્યાભેદ છે. (૨) ગણના; ગણતરી; રકમ (૩) વસ્તુના પરિણામોની ગણતરીને સંખ્યા કહે છે.

સંખ્યાત, અસંખ્યાત અને અનંત :પુદ્ગલના પ્રદેશ.

સંખ્યાતી :મર્યાદિત

સંખ્યાભેદ :આત્મા એક છે તેમાં જ્ઞાનાદિ અનેક ગુણો છે એમ સંખ્યાભેદ છે પણ પ્રદેશભેદ નથી

સંગ :આસક્તિ; લગની; સહચાર; સોબત; સંયોગ; સંભોગ; મૈથુન (૨) પરિચય (૩) સોબત; સમાગમ (૪) સંબંધ; અનુરાગ. (૫) સંબંધ (૬) અનુભવ.

સંગે :નિમિત્તે

સંગત :મેળવાળી. (અનેકાન્ત અંગત = અનેકાંત સાથે સુસંગત; અનેકાંત સાથે મેળવાળી.) (૨) જોડાણ; જોડાવું તે. (૩) સુસંગત; મેળવાળી.

સંગતપણું :જોડાવું

સંગતપણાને લીધે :જોડાતા હોવાને લીધે.

સંગતિ :જોડાણ (૨) એકઠું થવું એ; સંયોગ; મેળાપ; સહવાસ; એકરૂપતા; એકાત્મકતા. (૩) જોડાણ; એકતા બુદ્ધિ. (૪) સેવા, સોબત

સંગ્રહ :જથ્થો; મોટપ (૨) આસ્રવ અને બંધ બન્નેનું ગ્રહણ થાય છે. (૩) આસ્રવ અને બંધ બન્ને અર્થનું ગ્રહણ થઈ જાય છે.

સંગ્રહનય :પોતાની જાતિનો વિરોધ નહિ કરીને અનેક વિષયોને એકપણાથી ગ્રહણ કરે, તેને સંગ્રયનય કહે છે. જેમકે જીવ કહેવાથી પાચે ગતિના સર્વ જીવોનું ગ્રહણ હોયછે.

સંગ્રહાત્મક જગત :છ દ્રવ્યોના સમૂહનો જથ્થો લોકાકાશમાં રહે છે તે જગત.

સંગ્રહાનય :જે સમસ્ત વસ્તુઓને તથા સમસ્ત પર્યાયને સંગ્રહરૂપ કરી જાણે કહે તે સંગ્રહનય છે. જેમ સત્, દ્રવ્ય, ઈત્યાદિ

સંગતિ :સેવા

સંગી :સાથી.

સંઘ :ચાર પ્રકારના છે. મુનિ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા આ ચાર પ્રકારના લોક સમુદાયને સંઘ કહે છે.

સંઘયણ :શરીરબળ. (૨) હાડકાંની મજબૂતાઈ. (૩) સંહનન =હાડકાંનો બાંધો-હાડકાંની મજબૂતાઈ. (૪) હાડકાંની સ્થિતિ; હાડકાંની રચના; સંહનન; હાડકાંની મજબૂતાઈ.

સંઘાત :ભેગું થવું, જોડવું (૨) મળવું; રચવું (૩) એકઠા થવું તે; મિલન (૪) ભેગા મળવું તે; એકઠા થવું તે; મિલન.

સંચારિત :લઈ જવામાં આવતા (જેમ જુદા જુદા ઓરડામાં લઈ જવામાં આવતો રત્નદીપક એક જ છે, તે બિલકુલ ઓરડારૂપ થતો નથી અને ઓરડાની ક્રિયા કરતો નથી. તેમ જુદાં જુદાં શરીરોમાં પ્રવેશતો આત્મા એકરૂપ જ છે, તે બિલકુલ શરીરરૂપ નથી અને શરીરની ક્રિયા કરતો નથી. આમ જ્ઞાની જાણે છે.

સંચેતે :જાણે; અનુભવે

સંચેતુ છું :અનુભવું છું. (૨) એકાગ્રપણે અનુભવું છું; એકાગ્રપણે ભોગવું છું; એકાગ્રપણે વેદું છું.

સંચેતે છે. :સંવેદે છે; જાણે છે; અનુભવે છે.

સંચેતતા :અનુભવતા

સંચેતન :અનુભવન (૨) જ્ઞાન, સંવેદન, અનુભવન (૩) સંવેદન-અનુભવન(સંચેતવું=સંવેદવું, અનુભવવું) (૪) વેદન (૫) સંવેદન; અનુભવન (૬) આત્માનો અનુભવ. (૭) કોઈ વસ્તુ પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવરૂપ સ્વાદ લીધા કરવો તે તેનું સંચેતન કહેવાય.

સંચેતવું :ચેતવું એટલે અનુભવવું, વેદવું, ભોગવવું, સં. ઉપસર્ગ લાગવાથી સંચેતવું એટલે એકાગ્રપણે અનુભવવું. (૨) અનુભવવું સંચેતું છું = અનુભવું છું.

સંચય :સંયોગ (૨) સંગ્રહ; જમાવ.

સંચવું :જાણી લેવું.

સંજવલન :કિંચિત અલ્પરાગ (૨) જે યથા ખ્યાત ચારિત્રને ન થવા દે તેને સંજવલન કહે છે. (૩) સમ્યક્ પ્રકારે જવલન એટલે કાંઈક શાંતિ બળે છે.

સંજવલન કષાય :જે કષાયના ઉદયથી સકળ ચારિત્રમાં દોષ ઊપજયાં કરે, જેથી યથાખ્યાત ચારિત્ર ન થઈ શકે તે સંજવલન કષાય છે. (૨) જે કષાયથી સંયમી જીવનો સંયમ તો ટકી રહે, પરંતુ શુધ્ધ સ્વભાવમાં-શુધ્ધોપયોગમાં પૂર્ણ-પણે લીન થઈ શકે નહિ તેને સંજવલન કષાય કહેવાય છે. (૩) જે આત્માના યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે તેને સંજવલન અને નોકષાય કહે છે. (૪) સમ્યગ્દષ્ટિ અથાખ્યાત ચારિત્રવાળા મુનિને જ, સંજવલન કષાયનો અભાવ થાય છે. (૫) ક્રોધ, માન, માયા લોભને મંદતર કરે, પણ જે યથાખ્યાત ચારિત્રને સંપૂર્ણપણે ન થવા દે તેને સંજવલન કષાય કહે છે.

સંત :સંતો તો તિર્થંકર પરમેશ્વરના, કેફયતો છે

સંતતિ :પરંપરા, સમૂહ (૨) પરિપાટી (અધ્યવસાનોની જે સંતતિ=રાગરૂપ રસથી ભરેલા વિભાવ પરિણામોની પરિપાટી) (૩) પ્રવાહ; પરંપરા.

સંતતિરૂપ :પ્રવાહરૂપ

સંતપ્ત :દુઃખી; વ્યથિત (૨) તૃપ્ત કરવું; પ્રસન્ન કરવું. (૩) સખત તપી ઊઠેલું; ખૂબ દુઃખ પામેલુ; સંતાપ પામેલુ; સખત ગુસ્સે થયેલું

સંતપ્તા :દુઃખી; પીડિત.

સંતવાણી દેશનારૂપ ક્યારે ફળે ? :મૂળ વાત એ સત્વાણીના અંતઃતળને સ્પર્શી શકે, એના રહસ્યરૂપ મર્મને પકડી શકે એવી સહજ આત્મસ્વરૂપની સાચી સમજ અને એની જ સ્પૃહા, એની જ લગન, એની જ ધગશ અને ગરજરૂપ ત્રેવડ અને તૈયારી વિના એટલે કે નૈમિત્તિકરૂપ નિજ ઉપાદાનની જીવંત જાગૃતિ વિના એ સત્વાણી-જિનવાણી અમૃતવાણી એને દેશનાનો લાભ આપી શકતી નથી. એટલે કે દેશનાનું મૂળ સ્રોત નિજ આત્મહિતની - કલ્યાણમયી, કેળવાયેલી નિજ ભાવના જે છે. અને ત્યારે જ એને નિમિત્તરૂપ સતવાણી-સંતવાણી દેશના રૂપ ફળે છે અને બોધી બીજ રોપાય છે. જેમાંથી કેવળજ્ઞાન આપતું કલ્યાણ વૃક્ષ લહલહી રહે છે.

સંતાન :પ્રવાહ

સંતાન વાહિની :સંતત; સતત; નિરંતર; ધારાવાહિની; અતૂટક (જયાં સુધી અપ્રયત ચર્યા છે ત્યાં સુધી હિંસા સતતપણે ચાલુ છે.)

સંતાપ :માનસિક દુઃખ; મનનો કલેશ; પરિતાપ; કોચવણી; પજવણી. (૨) ચિત્તની અશાંતિ (૩) માનસિક દુઃખ; મનનો કલેશ; પરિતાપ; કોચવણી; પજવણી. (૪) ક્લેષ; દુઃખ; ઉદ્વેગ; પશ્ચાત્તાપ. (૫) માનસિક દુઃખ; મનનો કલેશ; પરિતાપ; કોચવણી.

સંતો :તીર્થંકર પરમેશ્વરનો કેડાયતો છે. (૨) કેવષાના કેડાયતી મુનિ-ભગવંતો

સંતોષ :વિષયોમાં લાલસાનો અભાવ.

સંથારો :મરણ પર્યંત ઉપવાસ કરતા પથારીમાં પડયા રહેવું એ. (ખાસ કરીને જૈન સાધુ સાધ્વીઓનું માયા મમતા છોડી દઈને.)

સંદેશ :સદા એકરૂપ, સદા એક જેવું, સમાન, સરખું

સંદેહ :આશંકા; સંદેહ રહિત=નિઃસંદેહ (૨) શંકા (૩) સંશય; શંકા; શક; વહેમ; અંદેશો

સંઠાણ :સંસ્થાન; દેહાદિ આકાર.

સંબંધ :વાચક વાચ્યનો અર્થ નિમિત-નૈમિત્તિક સંબંધ છે. અહીં કહે છે કે વાચક-વાચ્યનો સંબંધ છે એ વ્યવહારથી છે; એટલે કે ગ્રંથના શબ્દો અને શુધ્ધાત્માને વાચક-વાચ્ય સંબંધ કહ્યો તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને તે વ્યવહાર છે, નિશ્ચયથી કોઈ સંબંધ નથી.

(૨) ત્રણ પ્રકારના સંબંધ કહ્યા છે.

(૧) જ્ઞાન અને આત્માનો તાદાત્મય સિધ્ધ સંબંધ છે.

(૨) રાગ અને આત્માનો સંયોગસિધ્ધ સંબંધ

(૩) કર્મ અને આત્માનો પરસ્પર અવગાહસિધ્ધ સંબંધ

વસ્તુનો સ્વભાવ જ્ઞાન અને વસ્તુ ધ્રુવ આત્મા એ બન્નેનો તાદાત્મયસિધ્ધ સંબંધ છે અને તેમાં અભેદભાવે પરિણમવું તે ધર્મ છે.

રાગ અને આત્માનો સંયોગસિધ્ધ સંબંધ છે છતાં બે ને એક માનીને પરિણમવું તે અજ્ઞાન છે.

કર્મ અને આત્માનો એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. એટલે કે કર્મ અને આત્મા પરસ્પર એક ક્ષેત્રમાં વ્યાપીને સંનિકટ રહે એવા સંબંધરૂપ બંધ છે. જીવના પરિણામનું નિમિત્ત પામીને કર્મના પુદગલો એક ક્ષેત્રે અગવાહીને રહે છે તો પણ ભાવથી તદ્દન જુદા છે. એક ક્ષેત્રે રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ છે. જીવના પરિણામનું નિમિત્ત પામીને કર્મના પુદગલો એક ક્ષેત્રે અગવાહીને રહે છે. તો પણ ભાવથી તદ્દન જુદા છે. એક ક્ષેત્રે રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ કહેવાય છે.

(૩) ત્રણ પ્રકારના સંબંધ કહ્યા છે.

(૧) જ્ઞાન અને આત્માનો તાદાત્મ્ય સિધ્ધ સંબંધ

(૨) રાગ અને આત્માનો સંયોગસિધ્ધ સંબંધ

(૩) કર્મ અને આત્માનો પરસ્પર અવગાહ સિધ્ધ સંબંધ.

(૧) વસ્તુનો સ્વભાવજ્ઞાન અને વસ્તુ ધ્રુવ આત્મા એ બે નો તાદાત્મય સિધ્ધ સંબંધ છે અને તેમાં અભેદભાવે પરિણમવું તે ધર્મ છે.

(૨) રાગ અને આત્માનો એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. એટલે કે કર્મ અને આત્મા પરસ્પર એક ક્ષેત્રમાં વ્યાપીને સંનિકટ રહે એવા સંબંધરૂપ બંધ છે. જીવના પરિણામનું નિમિત્ત પામીને કર્મના પુદગલો એક ક્ષેત્રે અવગાહીને રહે છે તો પણ ભાવથી તદ્દન જુદુા છે. એક ક્ષેત્રે રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ બંધ કહેવાય છે.

(૪) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે. એકતા તાદામ્ય સિદ્ધ સંબંધ, બીજો , સંયોગ સિદ્ધ સંબંધ અને ત્રીજો, પરસ્પર અવગાહ લક્ષણસિદ્ધ સંબંધ,

(૧) જ્ઞાન અને આત્માનો તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. જેમ અગ્નિ અને ઉષ્ણતાને સંબંધ છે તેમ જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ હોવાથી જ્ઞાન ક્રિયા નિષેધવામાં આવી નથી. જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધક સ્વભાવમાં આવ્યા વગર રહેતી નથી, માટે તેને નિષેધી નથી.

(૨) સંયોગ સિદ્ધ સંબંધ ક્રોધ,માન, માયા, લોભ વગેરે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધે છે; જેનો વિયોગ થાય તેને સંયોગ સિદ્ધ સંબંધ કહેવાય છે. તેનો સંયોગ હોય તેનો વિયોગ થાય, ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છેઅને બીજા સમયે નવા ઉત્પન્ન થાય છે, જે આત્માના ભાવ વડે સમૂળગા નાશ થઈ જાય છે માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ વ્યય સંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગ સંબંધ છે પણ સ્વભાવ સંબંધ નથી.

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ :- આત્મા અજ્ઞાન અવસ્થા એ ક્રોધાદિનો કર્તા થાય છે તે પરિણામનું નિમિત્ત પામીને નવા રજકણોનું પ્રારબ્ધ બંધાય છે, તે પ્રારબ્ધ જડ રજકણોના સામર્થ્યથી બંધાય છે; રજકણમાં બદલવાનું-પરિણમવાનું સામર્થ્ય છે.

રજકણો પોતાના સ્વતંત્ર પરિણમનથી એકઠાં થયા છે. આત્મા અજ્ઞાન અવસ્થામાં શુભાશુભ ભાવરૂપ પરિણમે ત્યારે તે પરિણામ કર્મબંધ થવામાં બાહ્ય નિમિત્ત થાય છે, કર્મરૂપ રજકણો પોતાની લાયકાતથી બંધાય છે પરંતુ શુભાશુભ પરિણામ તેને નિમિત્તરૂપ થાય છે તેવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્મ રજકણો એની મેળાએ સ્વતંત્ર પરિણમી જાય છે. જેમ ચોખા, દાળ વગેરેનો

ખોરાક પેટમાં પડે છે. પછી તે એની મેળાએ સ્વતંત્ર પણે લોહીરૂપે, વાતરૂપે, પીત્તરૂપે વગેરે અવસ્થાએ પરિણમી જાય છે, કોઈ તેને પરિણમાવતુ નથી તેમ કર્મ પુદ્ગલો સ્વયં પરિણમી જાય છે.

આ રીતે જીવ અને પુદ્ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે અનેકાત્મક હોવા છતાં અનાદિ એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે, એક બીજાની અવસ્થાની યોગ્યતા એવી થાય છે કે એકબીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તો પણ ભાવથી જુદા છે, એક જગ્યાએ રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ કહેવાય છે.

(૫) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે : એક તાદાત્મ્યસિદ્ધ સંબંધ, બીજો સંયોગ સિદ્ધ સંબંધ, ત્રીજો પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ.

(૧) તાદાત્મ્યસિદ્ધ સંબંધ = જ્ઞાન અને આત્માને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે જેમ અગ્નિ અને ઉષ્ણતા જે સંબંધ છે તેમ જ્ઞાન એ આત્માને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ હોવાથી જ્ઞાન ક્રિયા નિષેધવામાં આવી નથી. જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધક સ્વભાવમાં આવ્યા વગર રહેતી નથી માટે તેને નિષેધી નથી.

(૨) સંયોગસિદ્ધ સંબંધ = ક્રોધ,માન, માયા, લોભ વગેરે જે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગ સિદ્ધ સંબંધ છે. જેનો વિયોગ થાય તેને સંયોગસિદ્ધ સંબંધ કહેવાય છે. જેનો સંયોગ થાય તેનો વિયોગ થાય. ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છે અને બીજા સમયે નવા ઉત્પન્ન થયા છે, આત્માના ભાવ વડે સમૂળગા નાશ થઈ જાય છે. માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ-વ્યય સંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગ સંબંધ છે પણ સ્વાભાવ સંબંધ નથી.

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ =આત્મા અજ્ઞાન અવસ્થા એ ક્રોધાદિનો કર્તા થાય છે તે પરિણામનું નિમિત્ત પામીને નવા રજકણનું પ્રારબ્ધ બંધાય છે, તે પ્રારબ્ધ જડ રજકણના સામર્થ્યથી બંધાય છે; રજકણમાં બદલવાનું-પરિણમવાનું સામર્થ્ય છે.

આ રીતે જીવ અને પુદ્ગલો, પરસ્પર અવગાહ જેનું લક્ષણ તે ઓ સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે. એક બીજાની અવસ્થાની યોગ્યતા એવી થાય છે કે એક બીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તો પણ ભાવથી જુદા છે. એક જગ્યાએ રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધે કહેવાય છે.

(૬) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે :

(૧) તાદાત્મ્યસિદ્ધ સંબંધ,

(૨) સંયોગ સિદ્ધ સંબંધ,

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ.

(૧) જ્ઞાન અને આત્માને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે જેમ અગ્નિ અને ઉષ્ણતા જે સંબંધ છે તેમ જ્ઞાન એ આત્માને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ હોવાથી જ્ઞાન ક્રિયા નિષેધવામાં આવી નથી. જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધક સ્વભાવમાં આવ્યા વગર રહેતી નથી માટે તેને નિષેધી નથી.

(૨) ક્રોધ,માન, માયા, લોભ વગેરે જે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગ સિદ્ધ સંબંધ છે. જેનો વિયોગ

થાય તેને સંયોગસિદ્ધ સંબંધ કહેવાય છે. જેનો સંયોગ થાય તેનો વિયોગ થાય. ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છે અને બીજા સમયે નવા ઉત્પન્ન થયા છે, આત્માના ભાવ વડે સમૂળગા નાશ થઈ જાય છે. માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ-વ્યય સંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગ સંબંધ છે પણ સ્વાભાવ સંબંધ નથી.

પંચ મહાવ્રતના શુભ પરણિામ પણ આત્મા સાથે સંયોગ સંબંધે છે. સંયોગ છે તો કેવળજ્ઞાન પામતાં તે પરિણામનો વિયોગ થાય છે. તેને ઉત્પાદ થાય છે તેનો વ્યય થાય.

કોઈને એમ પ્રશ્ન થાય કે જ્ઞાનની પર્યાય બદલાય છે ને ! તેને ઉત્પાદ- વ્યય થાય છે ને ! તેનો ઉત્તર એમ છે કે જ્ઞાનની પર્યાય બદલાય છે ખરી. ઉત્પાદ-વ્યય થાય છે : પર્યાયની જાત તેની તે જે રહીને બદલાય છે માટે જ્ઞાનની પર્યાયને આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે.

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ = જીવના, પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે. એક બીજાની અવસ્થાની યોગ્યતા એવી થાય છે કે એક બીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તો પણ ભાવથી જુદા છે. એક જગ્યાએ રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ કહેવાય છે.

આ રીતે જીવ અને પુદ્ગલોનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે. અનેકાત્મક હોવા છતાં (અનાદિ) એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરે-તરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ. કર્તા કર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.

જીવ અને પુદ્ગલોનો જે બંધ થાય છે તેમાં ઈતરેતરાશ્રય દોષ નથી. જીવના એના એ રાગના પરિણામયી બંધ થાય અને એના એ બંધથી પાછો એનો એ રાગ થાય તો ઈતરેતરાશ્રય દોષ થાય પણ વસ્તુસ્વરૂપ તેમ નથી. જેમ રૂની એક પૂણી પછી બીજી પૂણી જુદી હોય તો પણ દોરો સંધાયા કરે તેમ અમુક સ્થિતિ સુધી કર્મો આત્મામાં રહે, જૂનાં ટળતાં જાય અને નવાં બંધાતાં જાય પણ પ્રવાહ તૂટે નહીં, જીવમાં નવા નવા રાગાદિ વિકારના પરિણામ થાય છે અને જડ કર્મો પણ જૂનાં ટળતાં જાય છે અને નવાં બંધાતાં જાય છે પણ પ્રવાહ તૂટતો નથી. જેમ પરિણામથી કર્મનો બંધ થયો તે બંધ તેના તે પરિણામનું નિમિત્ત થતું નથી પણ નવા પરિણામનું નિમિત્ત થાય છે, અને જે નવા વિકારી પરિણામ થયા તે જૂના બંધનું નિમિત્ત થતું નથી પણ નવા બંધનું નિમિત્ત થાય છે માટે ઈતરેતરાશ્રય દોષ લાગતો નથી.

પહેલાં આત્મા શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો, પહેલાં કર્મ નહોતાં ને પછી કર્મ બંધાયાં તેમ નથી એટલે કે આત્માના પરિણામથી કર્મ થયાં અને કર્મથી આત્માનાં પરિણામ થયા એમ નથી. એકબીજાના આધારે બન્ને સિદ્ધ થયા તેમ નથી. પરંતુ અનાદિ કાળથી સ્વતઃ સિદ્ધ છે, અનાદિ કાળથી કર્મ કર્મપણે અને આત્માના પરિણામ વિકારપણે સ્વતંત્ર પરિણમતા આવે છે. અને દ્રવ્યોના અનાદિકાળથી પરિણમન ચક્ર સ્વતંત્રપણે પરિણમતાં આવે છે; કોઈના આધારે કોઈ સિદ્ધ થતું નથી માટે ઈતરેતરાશ્રય દોષ લાગતો નથી.

અનાદિ કાળથી આવો બંધ છે તે કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન છે તે અજ્ઞાનનું નિમિત્તઆ બંધ છે.

અજ્ઞાન આત્માનો મૂળ સ્વભાવ નથી, તેથી પૂર્વનો બંધ છે તે અજ્ઞાનનું નિમિત્ત છે. અજ્ઞાન-પર્યાય ઉપાદન છે અને તેનું નિમિત્ત કારણ બંધ છે. બંધ જે થતો જાય છે તે નવા અજ્ઞાનનું નિમિત્ત થાય છે. અજ્ઞાન પર્યાય પોતાના ઊંધા પુરૂષાર્થને કારણે લંબાય છે; આ તો કર્મરૂપી બીજી ચીજ છે તેમ જણાવે છે, કર્મ કંઈ રાગ-દ્વેષ અને અજ્ઞાન કરાવી દેતું નથી પરંતુ નવાં કર્મ જે બંધાય છે તે ભવિષ્યમાં પોતે જ્યાં સુધી રાગ-દ્વેષને અજ્ઞાન કર્યા કરે છે ત્યાં સુધી નિમિત્ત થાય છે.

આત્મા પોતાના નિર્દોષ જ્ઞાન સ્વભાવમાં અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી ત્યાં સુધી તેને કર્તા-કર્મની પ્રવૃત્તિ છે.

કર્તા કર્મની પ્રવૃત્તિનું નિમિત્ત અજ્ઞાન પર્યાય છે અને અજ્ઞાન પર્યાયનું નિમિત્ત પૂર્વનો બંધ છે, તેથી જેને અજ્ઞાનપર્યાય ટળી ગઈ તેને બંધ પણ ટળી ગયો, અને તેની કર્તા કર્મની પ્રવૃત્તિ પણ ટળી ગઈ; આ રીતે જ્ઞાન થવાથી જ સંબંધ થઈ ગયો.

જેને અજ્ઞાન પર્યાય છે તેને બંધ પણ છે અને તેને કર્તાકર્મની પ્રવૃત્તિ પણ છે.

(૭) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે.

(૧) તાદાત્મ્ય સિદ્ધ સંબંધ,

(૨) સંયોગ સિદ્ધ સંબંધ.

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ.

(૮) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે. એકતા તાદાત્મ્ય સિદ્ધ સંબંધ, બીજો, સંયોગ સિદ્ધ સંબંધ અને ત્રીજો, પરસ્પર અવગાહ લક્ષણસિદ્ધ સંબંધ,

(૧) તાદાત્મ્ય સિદ્ધ સંબંધ જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. જેમ અગ્નિ અને ઉષ્ણતાને સંબંધ છે તેમ જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ હોવાથી જ્ઞાન ક્રિયા નિષેધવામાં આવી નથી. જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધક સ્વભાવમાં આવ્યા વગર રહેતી નથી, માટે તેને નિષેધી નથી.

(૨) સંયોગ સિદ્ધ સંબંધ જ ક્રોધ,માન, માયા, લોભ વગેરે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધે છે; જેનો વિયોગ થાય તેને સંયોગ સિદ્ધ સંબંધ કહેવાય છે. જેનો સંયોગ હોય તેનો વિયોગ થાય, ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છેઅને બીજા સમયે નવા ઉત્પન્ન થાય છે, આત્માના ભાવના વડે સમૂળગા નાશ થઈ જાય છે માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ વ્યય સંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગ સંબંધ છે પણ સ્વભાવ સંબંધ નથી.

(૩) પરસ્પર અવગાહ લક્ષણ સિદ્ધ સંબંધ આત્મા અજ્ઞાન અવસ્થાએ શુભાશુભ ભાવરૂપ પરિણમે ત્યારે તે પરિણામ કર્મબંધ થવામાં બાહ્ય નિમિત્ત થાય છે, કર્મરૂપ રજકણો પોતાની લાયકાતથી બંધાય છે પરંતુ શુભાશુભ પરિણામ તેને નિમિત્તરૂપ થાય છે તેવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્મ રજકણો એની મેળાએ સ્વતંત્ર પરિણમી જાય છે. જેમ ચોખા, દાળ વગેરેનો ખોરાક પેટમાં પડે છે પછી તે એની મેળાએ સ્વતંત્ર પણે લોહીરૂપે, વાતરૂપે, પીત્તરૂપે વગેરે અવસ્થાએ પરિણમી જાય છે, કોઈ તેને પરિણમાવતું નથી તેમ કર્મ

પુદ્ગલો સ્વયં પરિણમી જાય છે. આ રીતે જીવ અને પુદ્ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે અનેકાત્મક હોવા છતાં અનાદિ એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઈતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ, કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે. જીવના પરિણામનું

નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે, એકબીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે. જીવના પરિણામનું બાહ્ય નિમિત્ત પામીને કર્મના પુદ્ગલો એક જગ્યાએ અવગાહીને રહે છે તો પણ ભાવથી જુદા છે, એક જગ્યાએ રહે છે તેને પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવો સંબંધરૂપ બંધ કહેવાય છે. રજકણો પોતાના સ્વતંત્ર પરિણમનથી એકઠાં થાય છે.

(૯) સંસારમાં સંબંધ ત્રણ પ્રકારના છે

૧. બાહ્ય સંબંધ – શરીર, ધન. કુટુમ્બ, ઘર આદિ સાથેનો સંબંધ.

૨. અભ્યંતર સંબંધ – મન-વચન,ક્રોધ,માન,માયા,લોભ, રતિ, અરતિ આદિ કષાય, નોકષયા, વેદ વગેરેનો સંબંધ છે,

૩. સૂક્ષ્મ સંબંધ-રાગ,દ્વેષ, અજ્ઞાન એ ભાવકર્મ કે સૂક્ષ્મ સંબંધ છે.

(૧૦) શાસ્ત્રમાં ત્રણ પ્રકારના સંબંધ આવે છે એક તાદાત્મ્ય સિદ્ધ સંબંધ, બીજો સંયોગ સિદ્ધ સંબંધ, ત્રીજો પરસ્પર અવગાહ લક્ષણસિદ્ધ સંબંધ.

(૧) જ્ઞાન અને આત્માને તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે, જેમ અગ્નિ અને ઉષ્ણતાને સંબંધ છે તેમ જ્ઞાન એ આત્માને તાદાત્મ્ય સિદ્ધ સંબંધ હોવાથી જ્ઞાનક્રિયા નિષેધવામાં આવી નથી. જ્ઞાનક્રિયા જ્ઞાનીઓને સાધક સ્વભાવમાં આવ્યા વિના રહેતી નથી માટે તેની નિષેધી નથી.

(૨) ક્રોધ, માન, માયા, લોભ વગેરે જે શુભાશુભ પરિણામ થાય છે તે આત્મા સાથે સંયોગસિદ્ધ સંબંધ છે જેનો વિયોગ થાય તેને સંયોગસિદ્ધ સંબંધ કહેવાય છે. જેનો સંયોગ હોય તેનો વિયોગ થાય, ક્રોધાદિ એક સમયમાં નાશ થઈ જાય છે. માટે ક્રોધાદિ આત્મા સાથે ઉત્પાદ-વ્યય સંબંધે છે પણ ધ્રુવ સંબંધે નથી. ધ્રુવ સંબંધ નથી માટે સંયોગ સંબંધ છે પણ સ્વભાવ સંબંધ નથી.

(૩) જીવના પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલો કર્મપણે સ્વયં પરિણમી જાય છે. એકબીજાની અવસ્થાની યોગ્યતા એવી થાય છે કે એક બીજા માંહોમાંહે એક જગ્યાએ વ્યાપીને રહે છે તેને પરસ્પર અવગાહ લક્ષણ સંબંધ કહેવાય છે.

સંબધ્ધ :સંયુક્ત

સંબંધનું અનુષ્ઠાન :સક્રિય જીવને સંબંધનું અનુષ્ઠાન હોય એમ બને જ નહીં. ક્રિયા છતાં અબંધ ગુણસ્થાનક હોતું નથી.

રાગાદિ દોષોનો ક્ષય થવાથી તેમાં સહાયકારી કારણોનો ક્ષય થાય છે. જ્યાં સુધી ક્ષય સંપૂર્ણપણે થતો નથી, ત્યાં સુધી મુમુક્ષુ જીવ સંતોષ માની બેસતા નથી.

રાગાદિ દોષ અને તેનાં સહાયકારી કારણોના અભાવે બંધ થતો નથી. રાગાદિના પ્રયોગે કરી કર્મ હોય છે. તેના અભાવે કર્મનો અભાવ સર્વ સ્થળે જાણવો.

સંબંધિત :તદાકાર.

સંબાધન :સંબાહણં

સંમતિ :સેવા

સંધુક્ષણ :સંધૂકણ; સળગાવનાર; અગ્નિ સળગાવનાર પદાર્થ, અગ્નિ ચેતાવનારી વસ્તુ

સંયગી :વિકારી

સંયત :ઈન્દ્રિયો અને કષાયોને રોકનારા તે સંયત (૨) સંયમી; શ્રમણ. (૩) આત્મસ્વભાવમાં સ્થિત. (૪) ત્યાગનારો.

સંયતત્ત્વરૂપ :શ્રામણ્યરૂપ

સંયતિ :મુનિ.

સંયમ :દેહ, મન, વાણીનું લક્ષ છોડી આત્મામાં એકાગ્ર થવું તે સંયમ છે. (૨) જિનાગમમાં સંયમના બે ભેદ કરવામાં આવ્યા છે – એક ઈન્દ્રિય સંયમ અને બીજો પ્રાણિસંયમ સ્પર્શનાદિ ઈન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિઓને રોકવી તે ઈન્દ્રિય સંયમ છે અને પ્રાણધારી જીવો પ્રત્યે ઘાતક રૂપે પ્રવૃત્ત ન થવું તેનું નામ પ્રાણિસંયમ છે. આ બન્ને પ્રકારના સંયમ નિર્જરાના હેતુ છે. સંયમના અધિકારીનું અહીં એકજ વિશેષણ આપ્યું અને તે છે આત્મતત્ત્વમાં સ્થિત

નથી તે સંયમ ને પાત્ર નથી અને તેથી તેના દ્વારા સંયમ જનિત નિર્જરા થતી નથી. (૩) પાંચ ઈન્દ્રય ને મનને રોકવું તથા છ કાયના જીવોની દયા પાળવી તે બાહ્ય સંયમ છે, અને સ્વશુદ્ધાત્મામાં સ્થિર થવાથી આત્મસ્થિરતારૂપ અંતરંગ સંયમ થાય છે. તે અંતરંગ સંયમરૂપ આત્મા છે. (૪) સમ્યગ્દર્શન અને સ્વાનુભૂતિ પ્રગટ્યા પછી નિજ જ્ઞાનાનંદ-સ્વરૂપમાં અધિક-અધિક લીનતા રમણતા થવી, અતીન્દ્રિય આનંદની ભરપુર જમાવટ થવી તેને સંયમ કહે છે. (૫) સંયમના બે ભેદ છે : બાહ્ય સંયમ અને અંતરંગ સંયમ.

(૧) બાહ્ય સંયમ =પાંચ ઈન્દ્રિય અને મનને રોકવું તથા છ કાયના જીવોની દયા પાળવી તે બાહ્ય સંયમ છે.

(૨) અંતરંગ સંયમ = સ્વ શુદ્ધાત્મામાં સ્થિર થવાથી આત્મસ્થિરતારૂપ અંતરંગ સંયમ થાય છે. તે અંતરંગ સંયમરૂપ આત્મા છે.

(૫) પાંચ ઈન્દ્રિય ને મનને રોકવું તથા છ કાયના જીવોની દયા પાળવી તે બાહ્ય સંગમ છે, અને સ્વશુદ્ધાત્મામાં સ્થિર થવાથી આત્મસ્થિરતારૂપ અંતરંગ સંયમ થાય છે. તે અંતરંગ સંયમરૂપ આત્મા છે. (૬) પાંચ ઈન્દ્રિય ને મનને રોકવું તથા છકાયના જીવોની દયા પાળવી તે બાહ્ય સંયમ છે. અને સ્વશુદ્ધાત્મામાં સ્થિર થવાથી આત્મસ્થિરતારૂપ અંતરંગ સંયમ થાય છે. તે અંતરંગ સંયમરૂપ આત્મા છે. (૭) ઈન્દ્રિયસુખની અભિલાષાના ત્યાગના બળથી તથા છ કાયના જીવોની હિંસાની નિવૃત્તિબળથી આત્મા વડે આત્મામાં જે શુદ્ધોપયોગીઓનું સંયમન નિયમન રહેવું થાયછે તે સંયમ છે. (૮) સંયમ શબ્દમાં તો સમ+યમ્ શબ્દો છે. સમ્ નામ સમ્યક્ પ્રકારે. યમ અર્થાત્ સમ્યગ્દર્શન પૂર્વક યમ તેને સંયમ કહે છે. આત્મા પૂરણ પરમસ્વભાવભાવ વસ્તુ છે તેની અંતરમાં પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે અને તે સિદ્ધ થતાં નિજ સ્વભાવ-ભાવમાં જ વિશેષ-વિશેષ લીન-સ્થિર થવું તે સંયમ છે. ચારિત્ર છે, અને તે મોક્ષમાર્ગ છે. (૯) ઈન્દ્રિયસુખની અભિલાષાના ત્યાગના બળથી તથા છ કાય જીવોની હિંસાની નિવૃત્તિના બળથી આત્મા વડે આત્મામાં જે શુદ્ધોપયોગીઓનું સંયમન નિયમન રહેવું થાય છે તે સંયમ છે. (૧૦) સંયમમાં ઈન્દ્રિયદમન નિમિત્તરૂપે હોય છે, અને મૂળ કારણ આત્મસ્વભાવની સ્થિરતા છે. સહજ સ્વાભાવિક આત્મજ્ઞાનમાં ટકવું તે સ્થિરતા છે. (૧૧) પાંચ ઈન્દ્રિય અને મનનો નિગ્રહ, તેમજ કાય જીવ રક્ષા એ બાર પ્રકારનો સંયમ

સંયમ અને તપ સહિત :સમસ્ત છ જીવનિકાયને હણવાના વિકલ્પથી અને પાંચ ઈન્દ્રિયો સંબંધી અભિલાષાના વિકલ્પથી આત્માને પાછો વાળીને આત્માના શુદ્ધ સ્વરૂપમાં સંયમન કર્યું હોવાથી અને સ્વરૂપમાં ઠરી જઈ ચંચળતા સહિત ચૈતન્યને દદીપ્યમાન કહ્યું હોવાથી સંયમ અને તપ સહિત કહેવાય છે.

સંયમ તપ જ્ઞાનાઢ્ય :સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃધ્ધ

સંયમલબ્ધિનાં સ્થાનો :સંયમલબ્ધિનાં સથાનો એટલે કે ક્રમે ક્રમે નિર્મળતાની પ્રાપ્તિનાં સ્થાનો, ક્રમે ક્રમે રાગની નિવૃત્તિ અને વીતરાગ સંયમના પરિણામોની પ્રાપ્તિનાં જે સ્થાનો, ભેદો છે તે બધાય જીવદ્રવ્યને નથી. કેમ? તો કહે છે કે શુધ્ધ દ્રવ્ય ઉપર પર્યાય વાળતાં અનુભૂતિમાં તે આવતાં નથી. (૨) અભેદ ચૈતન્યધન-વિજ્ઞાનધન સ્વભાવી આત્મામાં નિર્મળ ચારિત્રના જે ભેદ પડે છે તે સંયમલબ્ધિ સ્થાન છે.

સંયમમાર્ગણા :સંયમના સાત પ્રકાર છે. સામાયિક, છે દોષ સ્થાનીય, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત તે પાંચ સંયમ, સંયમા સંયમ ને અસંયમ એ રીતે સંયમના બોલના સાત પ્રકાર આવે છે.

(૧) અસંયમ = અવિરતિ ભાવને અસંયમ કહેવાય છે. આત્માનું ભાન ન હોય, અને આસક્તિ છે તે હું છું, તે મારો ભાવ છે એવી માન્યતા મિથ્યા દષ્ટિને હોય છે. આસક્તિતો બધી પડી જ છે, અને માન્યતા ઊંધી છે માટે તે મિથ્યાત્વનું અસંયમ-અને જેને આત્માનું ભાન છે તે આસક્તિના પરિણામ મારૂં સ્વરૂપ નથી એમ માને છે, આસક્તિની રૂચિ નથી, છતાં પણ આસક્તિના પરિણામ છૂટ્યા નથી તે ચોથી ભૂમિકાનું અસંયમ છે.

(૨) સંયમા સંયમ = પાંચમે ગુણસ્થાને કંઈક અંશે આસક્તિનો ત્યાગ હોય છે, અને કંઈક અંશે આસક્તિ રહી જાય છે તેને સંયમા સંયમ કહેવાય છે.

(૩) સામાયિક ચરિત્ર = સામાયિક ચારિત્ર તે છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલતા નગ્ન દિગંબર મુનિ હોય છે. તે સંત મુનિ જ્ઞાન-દર્શન-ચારિત્રની રમણતામાં રમતા હોય છે તે સામાયિક ચારિત્ર છે.

(૪) છેદોપ સ્થાનીય ચારિત્ર = નગ્ન દિગંબર મુનિ સ્વરૂપ રમણતામાં ઘણા જ લીન હોય છે પણ કોઈવાર કંઈક અલ્પવૃત્તિમાં મચક ખાઈ જાય તે ગુરૂ પાસેથી છેદ એટલે પ્રાયશ્ચિત લે અને પોતે સ્થિર થયા તે છેદોપસ્થાનીય ચારિત્ર છે.

(૫) પરિહાર વિશુદ્ધ ચારિત્ર = જે સંત મુનિઓને સંયમની લબ્ધિ પ્રગટી હોય છે કે તે લબ્ધિને લઈને તે વનસ્પતિ ઉપર ચાલે. પાણ ઉપર ચાલે, તો પણ તેના શરીરથી હિંસા ન થાય તે પરિહાર વિશુદ્ધ ચારિત્ર છે. પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં આવી લબ્ધિ હોય છે.

(૬) સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર = દશમા ગુણસ્થાને વર્તતા સંત મુનિને સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર હોય છે. ચારિત્રની વિશેષ વિશેષ નિર્મળ પર્યાય થઈ ગઈ હોય, લોભનો છેલ્લામાં છેલ્લો તદ્દન અલ્પ અંશ રહ્યો હો, એવી વિશેષ ચારિત્રની દશાને સૂક્ષ્મ સાંપરાય ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર દશમા ગુણસ્થાને હોય છે.

(૭) યથાખ્યાત ચારિત્ર = જેવું ચારિત્રનું સ્વરૂપ છે તેવું પૂરૂં પ્રગટી જાય તે યથાખ્યાત ચારિત્ર છે. આ ચારિત્રમાં કષાયનો સર્વથા અભાવ હોય છે. અગિયારમે ગુણસ્થાને ઉપશમ યથાખ્યાત હોય છે, એ બારમે, તેરમે અને ચૌદમે જ્ઞાયિક યથાખ્યાત ચારિત્ર છે.

સંયમાસંયમ :સમ્યગ્દષ્ટિ શ્રાવકનાં વ્રત.

સંયમિત :અંકુશિત

સંયોગ :નિમિત્ત; કર્મોદય (૨) જોડાવું એ; યુતિ; સમાગમ; મેળાપ; મિલન; પરિસ્થિતિ; સંજોગ; મોકો; તક; સંભોગ; મૈથુન (૩) સંબંધ

સંયોગજનિત :નિમિત્તના સદભાવવાળી પ્રમતદશા અને નિમિત્તના અભાવવાળી અપ્રમતદશા એ બન્ને સંયોગજનિત છે.

સંયોગસિદ્ધ સંબંધ :આત્માની પર્યાયમાં થતા વિકારી આસ્રવભાવને આ આત્મા સાથે સંયોગ સિદ્ધ સંબંધ છે.
ગોળ અને ગળપણને તાદાત્મ્ય સંબંધ છે પણ ડાબલાને ગોળ ને સંયોગ સિદ્ધ સંબંધ છે. વિકારી ભાવ થાય છે તે પરના સંયોગે થાય છે. માટે તેની સાથે આત્માને સંયોગ સિદ્ધ સંબંધ છે. (૨) જેનો સંબંધ થઈને વિયોગ થાય તેને સંયોગ સિધ્ધ સંબંધ કહેવાય.

સંયોગી :અનિત્ય

સંયોગી અને વિયોગી પર્યાયો :વિશેષ અવસ્થાઓ. આસ્રવ અને બંધ, તે સંયોગી છે. તથા સંવર, નિર્જરા અને મોક્ષ, તે જીવ અજીવના વિયોગી પર્યાયો છે.

સયોગીજિન :વીતરાગવિજ્ઞાન સ્વરૂપ અરિહંત દેવ; શુદ્ધ આત્મપદ.

સંયોગી દષ્ટિ :સંયોગી દષ્ટિથી અસંયોગી આત્મસ્વભાવમાં જે શક્તિ ભરી છે તેની પ્રતીતિ થતી નથી. શરીરને સંયોગ છૂટવાનો હશે ત્યારે શ્વાસ પણ સરખો નહિ લેવાય, ઈન્દ્રિયો શિથિલ થઈ જશે ત્યારે અનંતો ખેદ થશે, પણ શરીરની ક્રિયા આત્માને આધીન નથી, હું નિરાવલંબી ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું એમ પોતાના સ્વતંત્ર સ્વભાવને માને તો અનંતા પર પ્રત્યેનો રાગ એ દ્વેષ ટળી જાય છે.

સ્વયમેવ :પોતે જ.

સ્યંદી :ઝરવું; ટપકવું.

સંન્યાસ :ત્યાગ. (૨) (સંલ્લેખના) આત્માનો ધર્મ સમજીને પોતાની શુદ્ધતા માટે કષાયોને અને શરીરને કૃશ કરવાં (શરીર તરફનું લક્ષ છોડી દેવું) તે સમાધિ અથવા સંલ્લેખના કહેવાય છે.

સંન્યાસી :સર્વ વાસનાનો ક્ષય કરે તેનું નામ સંન્યાસી.

સંનિકર્ષ :નિકટપણું; સમીપતા; સંબંધ

સંનિધાન :અત્યંત નિકટતા, નજીકપણું, સાંનિધ્ય, સમીપ

સંનિધિ :હાજરી; નિકટતા.

સંનિવેશ :પ્રવેશ; સત્પ્રવેશ.

સંપતિ :ઈન્દ્રિયો ઉપરનો સંપૂર્ણ કાબૂ; ઈન્દ્રિયનિગ્રહ; જૈનમતિ; જૈનસાધુ

સપન્ન :શત્રુ; ઘાતી કર્મો.
સંપન્ન :પ્રાપ્ત.
સંપર્ક :સંબંધ; સંગ
સંપાદક :પ્રાપ્ત કરાવનાર; ઉત્પત્તિ કરનાર.
સંપાદિત :પ્રાપ્ત
સંપ્રદાન :આપવું એ. (૨) કર્મ જેને દેવામાં આવે અથવા જેના માટે કરવામાં આવે તે સંપ્રદાન.
સંપ્રયોગ :ઉપયોગ
સંપ્રાપ્તિ :પ્રાપ્તિ; લબ્ધિ.
સંપૃક્ત :સંપર્કવાળો; સંબંધવાળો; સંગવાળો (૨) સંસર્ગવાળું.
સંમત કર્યો છે. :સ્વીકાર્યો છે.
સંભૃત :ભરેલો. (અમૃત સંભૃત = અમૃતથી ભરેલો કુંભ) બનેલો; સંભવેલો
સભ્ય :વિવેકી; વિનયી; શિષ્ટ; સભાસદ
સંભવ :થવું તે; ઉત્પત્તિ (૨) અવકાશ.
સંભવે છે. :થાયછે.
સંભાવવું :સંભાવના કરવી; સન્માન કરવું; આરાધવું
સંભવિત :શક્ય
સંભારવું :યાદ કરવું.
સંભાળ :સમ્યક્ ભાવ.
સંભાળવું :સંભાવના કરવી; સન્માન કરવું; આરાધવું.
સંભાવીને :સન્માનીને.
સંભાવના :સંચેતન; અનુભવ; માન્યતા; આદર
સંભાવ્ય :માન આપવા જેવું; સંભાવનાને પાત્ર; યોગ્ય; લાયક ; આબરૂદાર; પ્રતિષ્ઠિત; શક્ય
સંભાવવું :સન્માનવું (૨) સંભાવના કરવી; સન્માન કરવું; આરાધવું
સંભાવ્ય :શક્ય; યોગ્ય;લાયક; માન અપાવા જેવું; સંભાવનાને પાત્ર; પ્રતિષ્ઠિત; આબરૂદાર
સંભાવી :સન્માની
સંભાવીને :સન્માનીને. સંભાવવું ; આરાધવું; સન્માન કરવું.
સંભાષણ :વાતચીત; પ્રશ્નોત્તરી; વાર્તાલાપ.
સંમુખ :પ્રત્યક્ષ
સંયુક્ત :જોડાયેલો. (૨) સંપર્કવાળો, સંબંધવાળો; સંગવાળો.
સંયુક્ત ભાવ :રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્ત ભાવ છે.
સંક્ષય :સમ્યક પ્રકારે ક્ષય.
સંક્ષેપ :મોળું પડવું; ઓછું થવું; સંકોચાવું; મોળાપણું; ઓછાપણું (૨) સાર. (૩) ટૂંકું. સંક્ષેપમાં = ટૂંકામાં.
સંક્ષેપ પ્રવૃત્તિ :પ્રવૃત્તિને ટુંકવવી; પ્રવૃત્તિને ઓછી કરવી.
સંક્ષેપતા :સંક્ષેપપણું; ટૂંકાપણું.
સંક્ષેપવું :સંકોચવું; ટૂંકાવવું; ટુંકું કરવું; ઓછું કરવું
સંક્ષેપીને :અંતર્ગત કરીને.
સંક્ષય :સમ્યક્ પ્રકારે ક્ષય.
સંજ્ઞા :નિશાની.
સંજ્ઞ :ચેતનના વિકાર.
સંજ્ઞા :તેનું બીજું નામ પ્રત્યભિજ્ઞાન છે. વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં આ પદાર્થ તે જ છે કે જેને પહેલાં જોયો હતો, એ રીતે સ્મરણ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને સંજ્ઞા કહે છે. (૨) નામ; દ્રવ્યનું નામ અને પર્યાયનું નામ જુદું છે માટે સંજ્ઞાભેદે ભેદ છે. (૩) સંજ્ઞાઓ ચાર પ્રકારની છે, આહાર, કાય, મૈથુન અને પરિગ્રહ તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થાય છે. (૪) નામ અને અર્થ (૫) વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં "આ પદાર્થ તે જ છે કે પહેલાં જોયો હતો". એ રીતે સ્મરણ અને પ્રત્યક્ષતા જોડરૂપ જ્ઞાનને સંજ્ઞા કહે છે. તેવું બીજું નામ પ્રત્યભિજ્ઞાન છે. (૬) ઓળખ માટેનું નામ; ઓળખ-પિછાણ; જ્ઞાન સમઝ; ચેતના; ભાન; સાન; સંકેત; ઈશારો; નિશાની; મન (૭) લક્ષણ; પ્રયોજન (૮) નામ. (૯) નામ; જ્ઞાન; સમઝ; ચેતના; ભાન; સાન; સંકેત; ઓળખ; પિછાણ. (૧૦) ભાન; ચેતના; જ્ઞાન; સમજ;

સાન; નિશાની; નામ. (૧૧) આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાથી સંસાર અસ્થામાં આત્મા કર્મને લીધે સંકોચ વિસ્તાર પામ્યા કરે છે (૧૨) તેનું બીજું નામ પ્રત્યભિજ્ઞાન છે. વર્તમાનમાં કોઈ પદાર્થને જોતાં આ પદાર્થ તે જ છે કે જેને પહેલાં જોયો હતો. એ રીતે સ્મરણ અને પ્રત્યક્ષના જોડરૂપ જ્ઞાનને સંજ્ઞા કહે છે. (૧૩) આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ છે. એ તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થાય છે. (૧૪) આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ નામની ચાર સંજ્ઞાઓ અભિલાષાઓ છે. (૧૫) આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ નામની ચાર સંજ્ઞાઓને અભિલાષાઓ ને વશીભૂત થાય છે તે મુનિઓ ભાવાભિનંદી-સંસારનું અભિનંદન કરનારા અનંત સંસારી હોય છે.

સંજ્ઞી :શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિવાળો મનસહિત પ્રાણી.

સંજ્ઞી અને અસંજ્ઞી :હિતમાં પ્રવર્તવાની અથવા અહિતથી દૂર રહેવાની શિક્ષા જે ગ્રહણ કરે છે તે સંજ્ઞી છે, અને હિત-અહિતની શિક્ષા, ક્રિયા, ઉપદેશ વગેરેનું જે ગ્રહણ નથી કરતા તે અસંજ્ઞી છે (૨) સંજ્ઞી એટલે મનવાળા જીવ અને અસંજ્ઞી એટલે મન વગરના જીવ. તે બે પ્રકારમાં ગોતવા નહિ. આત્મા સંજ્ઞી-અસંજ્ઞીના ભેદ વગરનો છે. એકેન્દ્રિય એટલે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિ તે જીવોને એક સ્પર્શેન્દ્રિય હોય છે. અને જે જીવને શરીર અને જીભ એ બે ઈન્દ્રિય હોય તે બે ઈન્દ્રિય જીવ છે, ઈયળ વગેરે બે ઈન્દ્રિય જીવો છે. કીડી, મકોડા, ચાંચડ, માંકડ વગેરે ત્રણ ઈન્દ્રિય જીવો છે તેને બે ઈન્દ્રિય કરતાં એક નાસિકા વધારે હોય છે. અને માખી, મસલા, ડાંસ, મચ્છર વગેરે ચૌરેન્દ્રિય જીવો હોય છે તેને તેઈન્દ્રિય કરતાં એક આંખ વધારે હોય છે અને પંચેન્દ્રિય એટલે પાંચ ઈન્દ્રિયવાળા જીવો તેને ચૌરિન્દ્રિય કરતાં કાન વધારે હોય છે. તે પંચેન્દ્રિય જીવો મન વગરના હોય છે તેને અસંજ્ઞી કહેવાય છે. અને મનવાળા હોય છે તેને સંજ્ઞી કહેવાય છે.

આચાર્ય દેવ કહે છે કે આત્મા મનવાળો છે કે મન વગરનો છે તેવા ભેદમાં પોતાને ગોતવાથી રાગ થાય છે, તે રાગ વડે નિર્મળ પર્યાય ઉઘડતી નથી પણ અખંડ આત્મા ઉપર દૃષ્ટિ મૂકવાથી નિર્મળ પર્યાય ઉઘડે છે.

સંજ્ઞીપણું :વિચાર કરવાની શક્તિવાળું; મન સહિત.

સ્કંધ :સકળ-સમસ્ત(પુદ્ગલપિંડાત્મક આખી વસ્તુ) તે સ્કંધ તે. (૨) અનેક પરમાણુમય એક પર્યાય છે તેથી તે પરમાણુથી અનન્ય છે. અને પરમાણુઓ તો પુદ્ગલો છે, તેથી સ્કંધ પણ વ્યવહારથી 'પુદ્ગલ' છે. (૩) થડ (૪) અનંતાનંત પરમાણુનો બનેલો હોવા છતાં જે એક હોય તે સ્કંધ નામનો પર્યાય છે; તેનું અર્ધ તે સ્કંધ થી દેશ નામનો પર્યાય છે; તે અર્ધનું જે અર્ધ તે સ્કંધપ્રદેશ નામનો પર્યાય છે એ પ્રમાણે ભેદને લીધે (છૂટા પડવાને લીધે) દ્વિઆણુક સ્કંધપર્યંત અનંત સ્કંધપ્રદેશરૂપ પર્યાયો હોય છે. નિર્વિભાગ-એક પ્રદેશવાળો, સ્કંધનો છેલ્લો ભાગ તે એક પરમાણુ છે. (૫) બે અથવા બે થી વધારે પરમાણુઓના બંધને સ્કંધ કહે છે. (૬) ગ્રંથનો પેટાખંડ (૭) સ્કંધ અનેક પરમાણુમય એક પર્યાય છે તેથી તે પરમાણુઓથી અનન્ય છે; અન. પરમાણુઓ તો પુદ્ગલો છે; તેથી સ્કંધ પણ વ્યવહારથી પુદ્ગલ છે. (૮) જે બધી તરફથી પૂર્ણ હોય છે તે પુદગલના જથ્થાને સ્કંધ કહે છે. સ્કંધના અરધા ભાગને દેશ કહે છે. અને તે અરધાના પણ અરધા ભાગને પ્રદેશ કહે છે, તથા જેનો બીજો ભાગ ન થઈ શકે તેને પરમાણુ કહે છે. અર્થાત જે આદિ અને અંત વિભાગથી રહિત હોય, એટલે કે નિરંશ હોય, સ્કંધનો ઉપાદાન કારણ હોય એટલે કે જેના મળવાથી સ્કંધ બનતો હોય અને જે ઈન્દ્રિયથી અગોચર હોય તે અખંડ અવિભાવી દ્રવ્યને પરમાણુ કહે છે. (૯) અનેક પુદ્ગલનાઅણુ મળીને સ્કંધ થાય છે તેને સ્કંધ કહીએ છીએ અથવા પુદ્ગલ દ્રવ્યના છ ભેદ છે :-

૧. સ્થૂલ સ્થૂલ-કષ્ટ-લાકડું પાષાણ પત્થર આદિ જે છેદાયા ભેદાયા પછી મળે નહિ તેને સ્થૂલસ્થૂલ પુદ્ગલ કહીએ.

૨. સ્થૂલ - જે જળ,દૂધ, તેલ આદિ દ્રવ્ય પદાર્થોની જેમ છિન્નભિન્ન થવા છતાં ફરી તુરત જ મળી શકે તેને સ્થૂલ કહીએ.

૩. સ્થૂલ સૂક્ષ્મ-અપ્તાપ તડકો ચાંદની, અંધકારાદિ આંખથી દેખાય પણ પકડાય નહિ તેને સ્થૂલ સૂક્ષ્મ કહીએ.

૪. સૂક્ષ્મ-સ્થૂલ-જે શબ્દ ગંધાદિ આંખથી ન દેખાય પણ અન્ય ઈન્દ્રિયથી જણાય તેને સૂક્ષ્મ-સ્થૂલ કહીએ.

૫. સૂક્ષ્મ-જે ઘણા પરમાણુઓનો સ્કંધ છે પણ ઈન્દ્રિયગમ્ય નથી તેને સૂક્ષ્મ કહીએ.

૬. સૂક્ષ્મ અતિ સૂક્ષ્મ સ્કંધ અથવા પરમાણુને સૂક્ષ્મ-સૂક્ષ્મ કહીએ. આ રીતે આ લોકમાં ઘણો ફેલાવો પુદ્ગલ દ્રવ્યનો છે.

(૧૦) બે કે બેથી અધિક પરમાણુઓના બંધને સ્કંધ કહે છે. (૧૧) અનેક પરમાણુઓના બંધને સ્કંધ કહે છે. (૧૨) દ્વિઅણુનો બનેલો સ્કંધ.

(૧૩) સ્કંધનું જે કારણ થાય તેને કારણ પરમાણુ કહ્યો.

- સ્કંધમાંથી છૂટા પડતાં પડતાં જે અંતિમ ભાગ રહે તને કાર્ય પરમાણુ કહ્યો.
- સ્કંધમાં જોડાવાનું કામ કરે તેને ઉત્કૃષ્ટ પરમાણુ કહ્યો . અર્થાત્ સ્કંધ થવાને લાયક ચીકાશાદિ જેને છે તે ઉત્કૃષ્ટ પરમાણુ છે.
- જે સ્કંધ થવાને લાયક નથી તેને જઘન્ય પરમાણુ કહ્યો.

અહા ! આ વાત શ્વેતાંબરમાંય ક્યાંય છે નહિ. પુદ્ગલની આ પ્રકારની વાત બીજે ક્યાંય છે જ નહિ. આમાં તો સનાતન આખી વાત જ જુદી છે.

(૧) એક પરમાણુનો એવો સ્વભાવ છે કે તે સ્કંધનું કારણ થાય છે. તેથી તે કારણ પરમાણું છે.

(૨) જો તે જ પરણુમાં એક ગુણ ચીકાશાદિ હોય તો તે બંધ થવાને અયોગ્ય છે તેથી તેને જઘન્ય પરમાણુ કહે છે.

(૩) એ જ પરમાણુમાં જો બે,ત્રણ, ચાર, પાંચ વગેરે ગુણ ચીકાશાદિ હોય તો તેને, તે બંધને યોગ્ય હોવાથી ઉત્કૃષ્ટ પરમાણુ કહે છે. એજ પરમાણુંને હોં. જુઓ આ વસ્તુનો જડનો સ્વતઃ સ્વભાવ ! જો કે એને (પરમાણુને) તો કંઈ જ ખબર નથી, પણ બધી ખબર જ્ઞાન સ્વરૂપી આત્માને છે કે પરમાણુને આમ થાય છે.

(૪) અને સ્કંધના છેલ્લા (અવિભાગી) ટૂકડાને, અહા! સ્કંધના ટૂકડા કરતાં કરતાં જે છેલ્લો અવિભાગી અંશ-ભાગ રહી જાય તેને કાર્ય પરમાણુ કહે છે.

આમ ચાર પ્રકાર થયા.

સ્કંધજન્ય :સ્કંધો વડે ઉત્પન્ન થાય એવો, જેની ઉત્પત્તિમાં સ્કંધો નિમિત્ત હોય છે. એવો. (આખા લોકમાં સર્વત્ર વ્યાપેલી અનંત પરમાણુમયી શબ્દયોગ્ય વર્ગણાઓ સ્વયમેવ શબ્દરૂપે પરિણમતી હોવા છતાં પવન-ગળું-તાળવું-જીભ-હોઠ-ઘંટ-મોગરી વગેરે મહાસ્કંધોનું અથડાવું તે બહિરંગકારણ સામગ્રી છે અર્થાત્ શબ્દરૂપ પરિણમનમાં તે મહાસ્કંધો નિમિત્તભૂત છે તેથી તે અપેક્ષાએ (નિમિત્ત અપેક્ષાએ) શબ્દને વ્યવહારથી સ્કંધજન્ય કહેવામાં આવે છે)

સ્કંધદેશ :સ્કંધના અર્ધાના સ્કંધદેશ કહે છે.

સ્કંધના ભેદ :આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્માણવર્ગણા વગેરે બાવીસ ભેદ છે.

સ્કંધપ્રદેશ :સ્કંધના ચોથા ભાગને સ્કંધપ્રદેશ કહે છે.

સ્કંધાન્ત્ય :પુદ્ગલના કોઈપણ સ્કંધપર્યાયનો ભેદ (ખંડ) થતાં થતાં જે અંતિમ ભેદ બાકી રહે છે તેને સ્કંધાન્ત્ય કહે છે. તેનો પછી કોઈ ભેદ ન થઈ શકવાથી તેને અવિભાગી કહે છે. જે નિર્વિભાગી હોય છે તે એક પ્રદેશી છે અને એક પ્રદેશી હોવાથી એક કહેવામાં આવે છે.

સ્કંધોના છ પ્રકારો છે :

(૧) બાદર બાદર,

(૨) બાદર,

(૩) બાદર-સૂક્ષ્મ,
(૪) સૂક્ષ્મ-બાદર,
(૫) સૂક્ષ્મ,
(૬) સૂક્ષ્મ-સૂક્ષ્મ.

ત્યાં

(૧) કાષ્ઠપાષાણાદિક (સ્કંધો) જે દાતા થકા સ્વયં સંધાઈ શકાતા નથી તે (ઘન પદાર્થો) 'બાદરબાદર' છે,

(૨) દૂધ, ઘી, તેલ, જળ, રસ વગેરે (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં જોડાઈ જાય છે તે (પ્રવાહી પદાર્થો) 'બાદર' છે,

(૩) છાંયો , તડકો, અંધકાર, ચાંદની, વગેરે (સ્કંધો) કે જે સ્થૂલ જણાતા હોવા છતાં છેદી . ભેદી કે (હસ્તાદિવડે) ગ્રહી શકાતા નથી તે 'બાદર સૂક્ષ્મ' છે,

(૪) સ્પર્શ, રસ, ગંધ, શબ્દ કે જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાયા છે. (અર્થાત્ ચક્ષુ સિવાયની ચાર ઈંદ્રિયોના વિષયભૂત સ્કંધો કે જે આંકથી નહિ દેખાતા હોવા છતાં સ્પર્શનેન્દ્રિયથી સ્પર્શઈ શકાય છે. જીભથી આસ્વાદી શકાય છે. નાકથી સૂંઘી શકાય છે.અથવા કાનથી સાંભળી શકાય છે.) તે 'સૂક્ષ્મ બાદર' છે.

(૫) કર્મવર્ગણા વગેરે (સ્કંધો) કે જેમને સૂક્ષ્મપણું છે તેમજ જેઓ ઈન્દ્રિયોથી ન જણાય એવા છે તે 'સૂક્ષ્મ' છે,

(૬) કર્મ વર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) દ્વિઅણુક-સ્કંધ સુધીના (સ્કંધો) કે જે અત્યંત સૂક્ષ્મ છે તે 'સૂક્ષ્મ સૂક્ષ્મ' છે.

સાંપરાયિક આસ્રવ :કર્મના ઉદયમાં મન,વચન, કાયાની જે રાગસહિત પ્રવૃત્તિ થાય છે તે નવીન કર્મોને ખેંચે છે. તે સાપરાયિક આસ્રવ કહે છે.

સ્યાત્ :કથંચિત્; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ (દરેક દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાએ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ-અસ્તિ છે. શુધ્ધ જીવનું સ્વચતુષ્ટય આ પ્રમાણે છેઃ શુધ્ધ ગુણપર્યાયોના આધારભૂત શુધ્ધાત્મ દ્રવ્ય તે દ્રવ્ય છે, લોકાકાશ પ્રમાણ શુધ્ધ અસંખ્ય પ્રદેશો તે ક્ષેત્ર છે. શુધ્ધ પર્યાયે પરિણત વર્તમાન સમય તે કાળ છેઃ અને શુધ્ધ ચૈતન્ય તે ભાવ છે. (૨) કથંચિત; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ. (સ્યાત શબ્દ સર્વથાપણાને નિષેધ છે અને અનેકાન્તને પ્રકાશે છે-દર્શાવે છે. (૩) કથંચિત; કોઈ અપેક્ષાથી; કોઈ પ્રકારે. સ્યાતપદ જિનદેવની સિધ્ધાંત પધ્ધતિનું જીવન છે.

દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનંત અંતમય (ધર્મમય) છે. વસ્તુની સર્વથા નિત્યતા તેમજ સર્વથા અનિત્યતા માનવામાં પૂરેપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિત (અર્થાત દ્રવ્ય-અપેક્ષાએ) નિત્યતા અને કથંચિત્ (પર્યાય-અપેક્ષાએ) અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે. આ રીતે જિનભગવાનની વાણી સ્યાદવાદ વડે (અપેક્ષાકથનથી) વસ્તુનું પરમ યર્થાથ નિરૂપણ કરીને, નિત્યત્વ-અનિત્યવાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બતાવનારા નયોમાં) અવિરોધ (સુમેળ) અબાધિતપણે સિધ્ધ કરે છે અને એ ધર્મો વિના વસ્તુની નિષ્પતિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે. (૪) કથંચિત્, કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ(સ્યાત્ શબ્દ સર્વથાપણાને નિષેધે છે અને અનેકાન્તને પ્રકાશે છે.-દર્શાવે છે.) (૫) કથંચિત; કોઈ અપેક્ષાથી કહેવું તે.

સ્યાતકાર :સ્યાત્ શબ્દ (સ્યાત્=કથંચિત; કોઈ અપેક્ષાથી) (૨) સ્યાત્વાદમાં અનેકાંતને સૂચવતો સ્યાતૂ શબ્દ સમ્યકૂપણે વપરાય છે. તે સ્યાત્ પદ એકાંતવાદમાં રહેલા સમસ્ત વિરોધરૂપી વિષના ભ્રમને નષ્ટ કરવામાં રામબાણ મંત્ર છે.

સ્યાત્કાર કેતન :સ્યાદવાદ ચિહ્ન; સ્યાદવાદૂ લક્ષણ; ત્રિગુપ્તણું (આગમ જ્ઞાન, તત્વાર્થ શ્રધ્ધાન ને સંયતત્ત્વનું યુગપદપણું) (૨) સ્યાત શબ્દ જેનું ચિહ્ન છે એવુ; અનેકાન્તમય

સ્યાતકારરૂપી અમોધ મંત્રપદ :સ્યાદવાદમાં અનેકાંતને સૂચવતો સ્ગાત શબ્દ સમ્યકપણે વપરાય છે. તે સ્યાત પદ એકાંતવાદમાં રહેલા સમસ્ત વિરોધ પી વિષના ભ્રમને નષ્ટ કરવામાં રામબાણ મંત્ર છે.

સ્યાતકારલક્ષણ :સ્યાતકાર જેનું લક્ષણ છે.

સ્યાતકારશ્રી :સ્યાતકાર રૂપી લક્ષ્મી

સ્યાદ્વાદ :આત્મા વિકારી ભાવનો કથંચિત કર્તા છે. કથંચિત કર્તા છે એટલે શું ? કે જયાં સુધી અજ્ઞાનદષ્ટિ છે, ત્યાં સુધી પુણ્ય-પાપ આદિ વિકારી ભાવનો, જીવ કર્તા છે, સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે, આત્મજ્ઞાન થાતાં તે રાગનો અકર્તા છે. આ સ્યાદ્વાદ છે. સમ્યગ્દષ્ટિ રાગનો અકર્તા થઈ, જ્ઞાતા જ છે.

સ્યાતપદ :સ્યાદવાદ એટલે સ્યાત કથંચિત પ્રકારથી અને વાદ કથન અર્થાત્ દ્રવ્યના એક ધર્મને મુખ્ય અને બીજા ધર્મને ગૌણ કરીને કહેવું, તે સ્યાદવાદ. જેમકે વસ્તુ નિત્ય છે એમ કહેતાં, વસ્તુ સ્વભાવે નિત્ય (અવિનાશી) છે. એમ સમજવું. વસ્તુ અનિત્ય છે એમ કહેતાં ક્ષણે ક્ષણે બદલતી અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે, એમ સમજવું, વસ્તુનો એક ધર્મ મુખ્યપણે કહેતાં, તેમાં બીજા અનંત ધર્મો છે, એ ખ્યાલ બહાર નથી હોતું.

સ્યાત-પદની મુદ્રા :સ્યાત એટલે કથંચિત એટલે કે કોઈ અપેક્ષાથી કહેવું તે. ભગવાનની વાણી અનેકાન્ત વસ્તુનું કોઈ અપેક્ષાથી કથન કરે છે, તેને સ્યાત-પદની મુદ્રા કહેવાય છે.

સ્યાત્ :કથંચિત, કોઈ અપેક્ષાથી, કોઈ પ્રકારે. દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક અંતમય (ધર્મમય) છે. વસ્તુની સર્વથા નિત્યતા તેમ જ સર્વથા અનિત્યતા માનવામાં પૂરેપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિત્ (અર્થાત્ પર્યાય-અપેક્ષાએ અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે. આ રીતે જિનભગવાનની વાણી સ્યાદ્વાદ વડે (અપેક્ષા કથનથી) વસ્તુનું પરમ યથાર્થ નિરૂપણ કરીને, નિત્યત્વ-અનિત્યત્વાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બતાવનારા નયોમાં) અવિરોધ(સુમેળ) અબાધિતપણે સિદ્ધ કરે છે અને એ ધર્મો વિના વસ્તુની નિષ્પત્તિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે.

સ્યાદ્વાદ :અનેકાન્તને સમજાવવાની રીતને સ્યાદ્વાદ કહેવામાં આવે છે. (૨) નય વિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવો છે. વળી, તેમાં પરસ્પર વિરોધ છે. જેમ કે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે, પરંતુ જ્યારે સ્યાદ્વાદી સ્થાપન કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની અપેક્ષાએ આસ્તિરૂપ છે, કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે. કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણ-પર્યાયાદિ અનેક -ભેદરૂપ છે. કથંચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે. કથંચિત્ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. આ રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે. સ્યાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુસ્વભાવનું કથન તેને સ્યાદ્વાદ કહે છે.

સ્યાદ્વોદપણું :નિરાગ્રહપણું.

સ્યાદવાદ :જિનવચન એટલે વીતરાગદેવની વાણી સ્યાદવાદરૂપ છે. સ્યાત કહેતાં કોઈ એક અપેક્ષાએ, વાદ કહેતાં કથન. જિનવચન અપેક્ષાએ હોય તે અપેક્ષા બરાબર સમજવી જોઈએ. હવે બે નયોમાં પરસ્પર વિષયનો વિરોધ છે. નિશ્ચયથી વ્યવહારને વિરોધ છે અને યવહારથી નિશ્ચયને. તેથી બન્ને નય આદરણીય કેમ થઈ શક ? જેમ કે દ્રવ્ય સત એ અસતરૂપ ન હોય એમ લોકોને લાગે છે, પણ એમ નથી. સ્યાદવાદ તેનું સમાધાન કરી નાખે છે કે જે સ્વથી સત છે તે પરથી અસત છે. દ્રવ્યથી સત છે, પર્યાયથી અસત છે. વળી એક હોય ત. અનેક કેમ હોય? તો કહે છે હોય. વસ્તુ તરીકે એક છે, પર્યાય તરીકે, ગુણભેદ તરીકે અનંત છે. નિત્ય હોય તે અનિત્ય કેમ હોય? તો કહે છે વસ્તુ કાયમ ટકનારી છે તે અપેક્ષાએ નિત્ય છે, અને બદલતી પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. તેમ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ અભેદ છે અને પર્યાય અને રાગની અપેક્ષાએ ભેદ છે. તથા શુધ્ધ હોય તે અશુધ્ધ કેમ હોય ? તો ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ શુધ્ધ છે, પર્યાયની અપેક્ષાએ અશુધ્ધ છે. આ સત્યાવાદ છે. અહીં પ્રશ્ન થા કે દ્રવ્ય શુધ્ધ છે તો પર્યાયમાં અશુધ્ધતા આવી (૨) જિનવાણી સ્યાદવાદ રૂપ છે. જયાં બે નયોને વિષયનો વિરોધ છે.-જેમ કે જે સતરૂપ હોય તે અસતરૂપ ન હોય, એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુધ્ધ હોય તે અશુધ્ધ ન હોય, ઈત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે-ત્યાં જિનવચન કથંચિત વિવક્ષાથી સત-અસતરૂપ, એક-અનેકરૂપ, નિત્ય-અનિત્યરૂપ,

ભેદ-અભેદરૂપ, શુધ્ધ-અશુધ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે તે રીતે કહીને વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી. તે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-બે નયોમાં પ્રયોજનવશ, શુધ્ધ દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે અને અશુધ્ધ દ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક નયને ગૌણ કરી તેને વ્યવહાર કહે છે- આવા જિનવચનમાં જે પુરુષ રમણ કરે છે તે આ શુધ્ધ આત્માને યર્થાથ પામે છે; અન્ય સર્વથી એકાન્ત સાંખ્યાદિક અને આત્માને પામતા નથી. કારણ કે વસ્તુ સર્વથા એકાન્ત પક્ષનો વિષય નથી તો પણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે-જે અસત્યાર્થ છે, બાધા સહિત મિથ્યાદ્રષ્ટિ છે. (૩) અનંત ગુણધર્મોથી યુકત વસ્તુના સ્વરૂપને સમજાવનારી અપેક્ષા સહિત કથન પધ્ધતિ તે સ્યાદ્વાદ છે. (૪) વસ્તુના અનેકાન્ત સ્વરૂપને બતાવનારા (દ્યોતક) વીતરાગની વાણી, તે સ્યાદવાદ છે (૫) દરેક વસ્તુ પોતાપણે ત્રિકાળ છે, પરપણે એક સમયમાત્ર નથી. એમ અસ્તિ-નાસ્તિ વસ્તુનું નિશ્ચય સ્વરૂપ જાણવું તે સ્યાદ્વાદની સાચી શ્રધ્ધા છે. આત્મા કોઈવાર પરની ક્રિયા કરે અને કોઈવાર પરની ક્રિયા ન કરે એવો ઊંધોવાદ-ફૂદડીવાદ સર્વજ્ઞ વીતરાગનો નથી. (૬) અનેકાન્ત; અપેક્ષા સહિત કથન પધ્ધતિ. (૭) જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે, તેથી અશુધ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો; કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુધ્ધતા અને અશુધ્ધતા-બન્ને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ એ વસ્તુનું સત્ત્વ છે; અશુધ્ધતા પર દ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુધ્ધતાનયને હેય કહ્યો છે કારણકે અશુધ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા કલેશ ભોગવે છે; જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે અને ત્યારે કલેશ મટે. એ રીતે દુઃખ મટાડવાનો શુધ્ધનયનો ઉપદેશ પ્રધાન છે. અશુધ્ધનયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે; માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુધ્ધનયનું આલંબન કરવું જોઈએ. સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુધ્ધનયનું પણ આલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે - એ પ્રમાણ દષ્ટિ છે, એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે. (૮) અનંત ગુણધર્મોથી યુક્ત વસ્તુના સ્વરૂપને સમજાવનારી અપેક્ષા સહિત કથન પધ્ધતિ તે સ્યાદ્વાદ છે. (૯) સ્યાદ-અપેક્ષા, વાદ-કહેવું તે, અપેક્ષાથી કહેવું તે (૧૦) દરેક વસ્તુ પોતાપણે ત્રિકાળ છે. પર પણે એક સમય માત્ર નથી, એમ અસ્તિ નાસ્તિથી વસ્તુનું નિશ્ચય સ્વરૂપ જાણવું, તે સ્યાદ્વાદની સાચી શ્રધ્ધા છે. આત્મા કોઈવાર પરની ક્રિયા કરે અને કોઈવાર પરની ક્રિયા ન કરે, એવો ઉંધોવાદ ફુદડીવાદ સર્વજ્ઞ વીતરાગનો નથી.

દરેક વસ્તુ ત્રિકાળ ટકવાની અપેક્ષાએ, નિત્ય છે અને અવસ્થા બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. નિશ્ચય દષ્ટિએ વસ્તુ દષ્ટિએ નિત્ય અભેદપણું અને અવસ્થા દષ્ટિએ ભેદપણું, આ રીતે અપેક્ષા દષ્ટિ એ જેમ છે તેમ કહેવામાં આવે છે. એક ધર્મ (સ્વભાવગુણ) કહેતાં બીજાને ગૌણ કરવામાં આવે છે, જે દષ્ટિએ શુધ્ધપણું કહ્યું, તે જ દષ્ટિ એ અશુધ્ધપણું કહી શકાય નહિ, પણ અશુધ્ધને બતાવતાં, શુધ્ધ ગૌણ કરાય છે, એ રીતે સ્યાદવાદ છે. વસ્તુનો પર ધર્મ સાથે ખીચડો (એકમેકપણુ) નહિ કરતાં જે રીતે સ્વતંત્ર વસ્તુ છે, તેમજ બતાવે છે, તે સ્યાદવાદ છે. અનેકાન્તસ્વરૂપ સ્વતંત્ર વસ્તુને ભગવાને કહેલા સ્યાદવાદથી બરાબર જાણી શકાય છે. (૧૧) સ્યાત=કથંચિત નય અપેક્ષાએ, વાદ= વસ્તુ સ્વભાવનું કથન, તેને સ્યાદવાદ કહે છે. (૧૨) સ્યાદ્ =અપેક્ષા, વાદ = કહેવું તે; અપેક્ષાથી કહેવું તે. (૧૩) જિનવાણી તો સ્યાદ્વાદ રૂપ છે. એટલે શું ? તે વિકારભાવનો અજ્ઞાન દશામાં જીવ કર્તા છે, અને સ્વભાવના લક્ષે જ્ઞાનભાવ પ્રગટ થતાં તે વિકારનો કર્તા નથી, અકર્તા છે. આ જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. તેથી સર્વથા આત્મા અકર્તા છે (કર્મ જ કર્તા છે) એમ એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. તેઓ અવશ્ય જિન વાણીના વિરોધક થાય છે. (૧૪) સ્યાત્ એટલે કથંચિત નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુ સ્વભાવનું કથન તે ને સ્યાદ્વાદ કહે છે. નય વિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવો છે. વળી તેમાં પરસ્પર વિરોધ છે. જેમકે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે, પરંતુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપન કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે ? એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની અપેક્ષાએ (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ સ્વચતુષ્ટય

છે) અસ્તિરૂપ છે. કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. (પર ચતુષ્ટય એટલે પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ.) કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણ-પર્યાયાદિની અપેક્ષાએ અનેક રૂપ છે. કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણપર્યાયાદિ અનેક ભેદરૂપ છે. કથંચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે. કથંચિત્ દ્રવ્ય અપેક્ષા રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે. (૧૫) દરેક વસ્તુ નિત્યત્વ, અનિત્યત્વ વગેરે અનેક અંતમય (ધર્મમય) છે. વસ્તુની સર્વથા નિયતા તેમજ સર્વથા અનિત્યતા માનવામાં પુરપૂરો વિરોધ આવતો હોવા છતાં, કથંચિતૂ (અર્થાત દ્રવ્ય-અપેક્ષાએ) નિત્યતા અને કથંચિતૂ (અર્થાત-પર્યાય-અપેક્ષાએ) અનિત્યતા માનવામાં જરા પણ વિરોધ આવતો નથી એમ જિનવાણી સ્પષ્ટ સમજાવે છે. આ રીતે જિનભગવાનની વાણી સ્યાદૂવાદ વડે (અપેક્ષા કથનથી) વસ્તુનું પરમ યર્થાથ નિરૂપણ કરીને, નિત્યત્વ, અનિત્યત્વાદિ ધર્મોમાં (અને તે તે ધર્મ બનાવનારા નયોમાં) અવિરોધ (સુમેળ) અબાધિતપણે સિધ્ધ કરે છે અને ધર્મો વિના વસ્તુની નિષ્પતિ જ ન હોઈ શકે એમ નિર્બાધપણે સ્થાપે છે.

સ્યાદ્વાદ :વસ્તુના અનેકાન્ત સ્વરૂપને સમજાવનારી કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે. (સ્યાત્ = કથંચિત્ કોઈ પ્રકારે, કોઈ અપેક્ષાએ, વાદ = વસ્તુ સ્વભાવનું કથન. સ્યાદ્વાદ અનેકાન્તનું દ્યોતક-બતાવનાર છે)

સ્યાદ્વાદ પ્રરૂપણ :આત્મા, સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાન સ્વભાવે જ સ્થિત છે. પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ વિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને, આત્મા તરીકે જાણે છે. તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ, અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે, અને જયારે ભેદવિજ્ઞાન થવાથી, આત્માને જ આત્મા તરીકે જાણે છે, ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાન પરિણામે જ પરિણમવો થકો, કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત અકર્તા છે.

સ્યાદ્વાદ મુદ્રિત જૈનંદ્ર શબ્દબ્રહ્મ :સ્યાદવાદની છાપવાળું જૈનેંદ્રનું દ્રવ્યશ્રુત

સ્યાદ્વાદ મુદ્રિત જૈનેન્દ્ર શબ્દ બ્રહ્મ :સ્યાદવાદની છાપવાળું જિનેન્દ્રનું દ્રવ્યશ્રુત

સ્યાદ્વાદ મુદ્રિત જૈનેન્દ્ર સબ્દબ્રહ્મ :સ્યાદ્વાદની છાપવાળું જિનેન્દ્રનું દ્રવ્યશ્રુત-આગમવાણી.

સ્યાદ્વાદનું સ્વરૂપ :બે નયોને પરસ્પર વિષયનો વિરોધ છે. તે વિરોધ સ્યાદ્વાદ એટલે કથંચિત વિવક્ષાથી મટે છે જે સત્ છે તે અસત્ કેમ હોય ? તો કહે છે કે સ્વથી સત્ છે તે પરથી અસત્ છે. જે નિત્ય હોય તે અનિત્ય કેમ હોય ? તો કહે છે કે દ્રવ્યથી નિત્ય છે તે પર્યાયથી અનિત્ય છે. જે એક હોય તે અનેક કેમ હોય ? તો કહે છે કે જે વસ્તુથી એક છે તે ગુણ-પર્યાયોથી અનેકરૂપ છે. જે શુદ્ધ હોય તે અશુદ્ધ કેમ હોય? તો કહે છે કે દ્રવ્યથી શુદ્ધ છે અને પર્યાયથી અશુદ્ધ છે. આમ બે નયોના વિષયમાં પરસ્પર વિરૂદ્ધપણું છે, અને કથંચિત વિવક્ષાથી મટાડે એવું જિનશાસનામાં સ્યાદ્વાદનું સ્વરૂપ છે.

સ્યાદ્વાદપણું :નિરાગ્રહપણું.

સ્યાદ્વાદમુદ્રિતવાણી :બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણી, - જિનભગવંતોની સ્યાદ્વાદ મુદ્રિત વાણી કહી છે.

સ્યાદવાદ-સર્વજ્ઞનો માર્ગ :નય છે તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. શુધ્ધ નય હો કે વ્યવહારનય, એ શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે. ત્રિકાળ જ્ઞાનગુણ જેનું લક્ષણ છે. એવા દ્રવ્યનો અનુભવ કરીને જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું તે પ્રમાણ જ્ઞાન છે. એ અવયવી છે. અને નય તેના અવયવ છે. ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન એ જ્ઞાનની વર્તમાન અવસ્થા છે અને એનો ભાવ તે નય છે. શ્રુતજ્ઞાન વસ્તુને એટલે કે ત્રિકાળી દ્રવ્યને પરોક્ષ જણાવે છે. જેવી રીતે સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ આત્માને પ્રત્યક્ષ દેખે છે એમ શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ દેખાતો નથી. શાસ્ત્રોમાં બે અપેક્ષાએ શ્રુતજ્ઞાનને પણ પ્રત્યક્ષ કહ્યું છે. (૧) અનુભૂતિમાં અતીન્દ્રિય આનંદનો સ્વભદ આવ્યો એ રીતે સ્વાદના વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ કહ્યું છે. (૨) શ્રુતજ્ઞાન વડે જ્ઞાયકને જણાતાં એમાં રાગ કે નિમિત્તની અપેક્ષા આવતી નથી એ અપેક્ષાએ પણ શ્રુતજ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું છે. (ભાવશ્રુતજ્ઞાન સીધું રાગ કે નિમિતની અપેક્ષા વિના સ્વને જાણે છે.) શુધ્ધ નયનો વિષય જે પૂર્ણ આત્મા અને શ્ર,તજ્ઞાન સર્વજ્ઞના આગમ અનુસાર પુર્ણ જાણે છે. શ્રુતજ્ઞાનમાં પૂર્ણને પ્રત્યક્ષ કરીને દેખ્યુ એમ હોતું નથી. આમ

શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે. તેમ નય પણ વસ્તુને પરોક્ષ જ જણાવે છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે, તો નય પણ પરોક્ષ જ છે.

શુધ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત આત્મા બાહ્ય-સ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત ચૈતન્યશક્તિમાત્ર છે. એ શક્તિ તો આત્મામાં પરોક્ષ છે જ. આત્મામાં જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન એવા સામર્થ્યરૂપ ચૈતન્યભાવ પરોક્ષ છે. વળી તેની વ્યકિત (શક્તિમાંથી પ્રગટ થવા રૂપ વ્યકતા) કર્મ સંયોગથી મતિ-શ્રુતાદિ જ્ઞાનરૂપ છે. (મતિ-શ્રુતાદિ જ્ઞાનમાં કર્મનું નિમિત્ત છે.) તે કથંચિત અનુભવ ગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે. આત્મા વસ્તુ, જ્ઞાન શક્તિમાનગુણ, એની મતિ-શ્રુત આદિ પ્રગટ વ્યકતા ત્રણે આવી ગયાં. એમાં સતનું સત્ત્વ ભગવાન આત્મા, ચૈતન્ય શક્તિ માત્ર સ્વભાવ (ગુણ) પરોક્ષ છે. અને એવા દ્રવ્યનું આલંબન લેવાથી શક્તિમાંથી મતિ-શ્રુતાદિ પર્યાય પ્રગટ થઈ એ વ્યકત છે. પહેલાં કહ્યું કે શુધ્ધનયનો વિષય પરોક્ષ છે, એ તો ત્રિકાળીની વાત કરી. હવે એ ત્રિકાળી ધ્યેયમાં એકાગ્ર થઈને જે મતિ, શ્રુત પર્યાય પ્રગટી એ કથંચિત જ્ઞાનગમ્ય-જ્ઞાન જ્ઞાનને સીધું પરની મદદ વિના જાણ છે એ અપેક્ષાએ પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે.

અને સંપુર્ણ જે કેવળજ્ઞાન તે જો કે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તો પણ આ શુધ્ધનય આત્માના કેવળજ્ઞાનરૂપને પરોક્ષ જણાવે છે. શું કહ્યું ? કેવળજ્ઞાન પર્યાય પ્રગટ નથી, પણ આ શુધ્ધનય બતાવે છે કે આ સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું છે. તે વધીને કેવળજ્ઞાન થશે. ધવલમાં એ પાઠ છે કે-મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. પરોક્ષજ્ઞાનમાં એ પ્રતીતિમાં આવી ગયું છે કે આ મતિ-શ્રેતાદિ પયાસ્ય વધીને કેવળજ્ઞાન થશે જ. જયધવલમાં પણ લીધું છે કે-કેવળજ્ઞાન અવયવી છે અને મતિ,શ્રુત એના અવયવો છે. અવયવથી અવયવી જાણવામાં આવે છે. થાંભલાની એક હાંસ જોતાં જેમ આદા થાંભલાનો નિર્ણય થઈ જાય છે તેમ આત્મામાં મતિ-શ્રુત અવયવ પ્રગટ થતાં એમાં કેવળજ્ઞાનરૂપ અવયવીની પ્રતીતિ થઈ જાય છે. છઠ્ઠાસ્થાને કેવળજ્ઞાન નથી, પણ શુધ્ધનય પરોક્ષપણે એમ બતાવે છે કે આ વર્તમાન વર્તતું જ્ઞાન પૂર્ણ થશે એ કેવળજ્ઞાન છે. શ્રીમદે પણ લીધું છે ને કે-શ્રધ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન વર્તે છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છા-ભાવના એની જ છે એ અપેક્ષાએ કેવળજ્ઞાન થયું છે એમ કહ્યું. ઉપરોકત ન્યાયે તે પરોક્ષ છે. આવો સર્વજ્ઞનો (સ્યાદવાદ) માર્ગ છે.

મતિ-શ્રુતજ્ઞાન એ સર્વજ્ઞપદની પ્રાપ્તિનો ઉપાય છે. મતિ-શ્રેત એ સાધક છે અને કેવળજ્ઞાન સાધ્ય છે. અષ્ટપાહુડમાં ચારિત્ર માભૃતની ચોથી ગાથામાં તો મોક્ષમાર્ગની-જ્ઞાન-દર્શન-ચારિત્રની પર્યાયને અક્ષય-અમેય કહી છે. સમય-સારમાં મતિ-શ્રુતજ્ઞાન એ ઉપાય છે અને કેવળજ્ઞાન-મોક્ષ એ ઉપેય છે. એમ કહ્યું છે. ઉપાયના જ્ઞાનમાં ઉપેયની પ્રતીતિ આવી જાય છે. નવતત્વની પ્રતીતિમાં મોક્ષની પ્રતીતિ આવે છે કે નહીં ? નવતત્વની અભેદ શ્રધ્ધામાં મોક્ષની શ્રધ્ધા આવી જાય છે. તત્વાર્થસૂત્રમાં જીવ, અજીવ, આસ્રવ, બંધ,,સંવર,નિર્જરા, મોક્ષ-એકવચનામાં લીધું છે. જેવું શકિતમાં જ્ઞાન પૂર્ણ છે. એવી આ મતિ-શ્રુત પર્યાય પૂર્ણ થઈ જશે એવી પરોક્ષ પ્રતીતિ શ્રુતજ્ઞાનમાં આવે છે. હવે કહે છે કે જ્યાં સુધી આ નયને (શુધ્ધનયને) જીવ જાણે નહીં ત્યાં સુધી આત્માના પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન શ્રધ્ધાન થતું નથી. શુધ્ધનયનો વિષય અખંડ, એક પૂર્ણ શ્રધ્ધા-જ્ઞાનસ્વરૂપ આત્મા છે. આવા આત્મામાં ઝૂકીને પર્યાય જયાં સુધી તેને જાણે નહીં ત્યાં સુધી તેનાં શ્રધ્ધા-જ્ઞાન થતાં નથી. તેથી શ્રી ગુરુએ આ શુધ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો છે કે બધ્ધ-સ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણ જ્ઞાનધન આત્માને જાણી (અંતરમુખ થઈને જાણી) શ્રધ્ધાન કરવું, પર્યાયબુધ્ધિ ન રહેવું. સંતો પ્રસિધ્ધ કરીને કહે છે કે પૂર્ણજ્ઞાન ઘનસ્વરૂપ આત્માની દ્રષ્ટિ-શ્રધ્ધા કરો. આ શુધ્ધનય અખંડ એક, ત્રિકાળી, ધ્રુવ, પરમ સ્વભાવ જ્ઞાયકભાવને દેખાડે છે. તેની અંતર્મુખ થઈ શ્રધ્ધા કરો.

સેકંડ :દિવસ રાત્રિના મળી ૨૪ કલાકની ૮૬૪૦૦ સેકંડ થાય છે.

સેટિકા :ખડી

સેતુબંધ :પુલ

સુકૃત :શુભ. (૨) દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજા ઈત્યાદિ પુણ્યભાવ-શુભભાવ તે સુકૃત છે. સુકૃત અને દુષ્કૃત એ બેય ભાવ ઘોર સંસારનું મૂળ છે, સુખ અને દુઃખભાવ; સુખરૂપ અને દુઃખરૂપ ભાવ.

સુકૃત અને દુષ્કૃત :શુભ અને અશુભ.

સુકથાઓ : ચાર છે. :

(૧) આક્ષેપણીઃ- જે જ્ઞાન કે ચારિત્રનું સ્વરૂપ' બતાવીને દઢતા કરાવનાર છે.

(૨) વિક્ષેપણી :- તે અનકાંત મતનું પોષણ અને અકાંત મતનું ખંડન કરનાર છે.

(૩) સંવેગિનીકથાઃ- તે જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્યમાં પ્રેમ વધારનારી અને ધર્માનુરાગ કરાવનારી કથા છે.

(૪) નિર્વેદિની :- તે સંસાર શરીર અને ભોગથી વૈરાગ્ય વધારનારી છે.

સુકુમાર :કોમળ શરીર વાળો

સુખ :અનાકુળતા લક્ષણવાળું વેદન (૨) ઈંદ્રિય સુખ (૩) આહલાદ (૩) સંયોગ (૪) અનાકુળપણું જેનું લક્ષણ છે એવું સુખ છે આત્માનો સ્વભાવ છે. (૫) શુધ્ધોપયોગથી નિષ્પક્ષ થયલા આત્માઓનું (કેવળી ભગવંતોનું અને સિધ્ધ ભગવંતોનું) સુખ. અતિશય, આત્મોપન્ન, વિષયાતીત (અતીન્દ્રિય), અનુપમ(ઉપમા વિનાનું) અનંત અને અવિચ્છિન્ન (અતૂટક) (૬) સુખ તો આત્મામાં જ છે તેને બદલે લોકો બાહ્યથી સુખ માને છે, તે માત્ર કલ્પના છે. આ મકાન ઠીક છે, છોકરાં ઠીક છે, સ્ત્રી ઠીક છે, આબરૂ ઠીક છે. એમ કલ્પના વડે સુખ માન્યું છે. અંતરમાં સુખ છે તેની ગુલાંટથી પર નિમિત્તમાં સુખ કલ્પના વડે સુખ માન્યું છે. અજ્ઞાની એ ભ્રમણાથી સુખની કલ્પના કરી છે, લોકો કહે છે તેવું તે માની લે છે. બહારની સગવડતામાં સરખાઈ. (૭) નિરાકુળ આનંદસ્વરૂપ આત્માના પરિણામ વિશેષને સુખ કહે છે. (૮) આત્માનો નિરાકુળ સ્વભાવ; આત્માનું પૂર્ણ અતીન્દ્રિય સુખ તેનું નામ મોક્ષ, અને તે જ આત્માનું હિત. પાપ કે પુણ્ય બન્ને પ્રકારની આકુળતા વગરનો જે સહજ જ્ઞાન-આનંદમય આત્મ સ્વભાવ, તેમાં એકાગ્ર થતાં જે શાંતિ-નિરાકુળ-ચેતનરસનો અનુભવ થાય છે તે સુખ છે. (૯)

(૧) સ્વયં-પોતાથી જ ઊપજતુ હોવાથી,

(૨) સમંત (આત્માના સર્વ પ્રદેશેથી જાણતું) હોવાથી,

(૩) અનંત પદાર્થોમાં વિસ્તૃત હોવાથી,

(૪) વિમળ હોવાથી અને

(૫) અવગ્રહાદિ રહિત હોવાથી પ્રત્યક્ષ જ્ઞાન એકાંતિક સુખ છે એમ નક્કી થાય છે, કારણ કે સુખનું અનાકુળના જ એક લક્ષણ છે. (આ વાત વિસ્તારથી સમજાવવામાં આવે છે)

(૧) પર દ્વારા ઊપજતું થકું પરાધીનતાને લીધે,

(૨) અસમંત હોવાથી ઈતર દ્વારોના આવરણને લીધે,

(૩) માત્ર કેટલાક પદાર્થોમાં પ્રવર્તતું થકું ઈતર પદાર્થોને જાણવાની ઈચ્છાને લીધે,

(૪) સમળ હોવાથી અસમ્યક્ અવબોધને લીધે કર્મમળ વાળું હોવાથી સંશય, વિમોહ, વિભ્રમ સહિત જાણવાને લીધે) અને (૫) અગ્રહાદિ સહિત હોવાથી (પદાર્થનો બોધ એકી સાથે ન થતાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા વગેરે ક્રમપૂર્વક થતાં) પદાર્થ ગ્રહણના ખેદને લીધે (આ કારણોને લીધે) પરોક્ષ જ્ઞાન અત્યંત આકુળ છે; તેથી તે પરમાર્થ સુખ નથી.

અને આ પ્રત્યક્ષ જ્ઞાન તો અનાકુળ છે, કારણ કે,

(૧) અનાદિ જ્ઞાન સામાન્યરૂપ સ્વભાવ ઉપર મહા વિકાસથી વ્યાપીને સ્વતક (પોતાથી) જ રહ્યું હોવાથી સ્વયં ઊપજે છે. તેથી આત્માધીને, (અને આત્માધીન હોવાથી આકુળતા થતી નથી.);

(૨) સમસ્ત આત્મપ્રદેશોમાં પરમ સમક્ષ-પત્યક્ષ જ્ઞાનોપયોગરૂપ થઈ, વ્યાપી રહેલું હોવાથી સમંત (સમસ્ત, અખંડ, આખુ) છે તેથી અશેષ દ્વારો ખુલ્લાં થયાં છે. (અને એ રીતે કોઈ દ્વાર બંધ નહિ હોવાથી આકુળતા થતી નથી)

(૩) સમસ્ત વસ્તુઓના જ્ઞેયાકારોને અત્યંત પી ગયું હોવાને લીધે પરમ વિવિધતામાં વ્યાપીને રહેલું હોવાથી અનંત પદાર્થોમાં વિસ્તુત છે

તેથી સર્વ પદાર્થોને જાણવાની ઈચ્છાનો અભાવ છે (અને એ રીતે કોઈ પદાર્થને જાણવાની ઈચ્છાનો અભાવ છે. (અને એ રીતે કોઈ પદાર્થને જાણવાની ઈચ્છા નહિ હોવાથી આકુળતા થતી નથી);

(૪) (જ્ઞાનમાંથી) સકળ શક્તિને રોકનારૂં કર્મ સામાન્ય નીકળી ગયું હોવાને લીધે (જ્ઞાન) પરિસ્પષ્ટ-સર્વ પ્રકારે સ્પષ્ટ-અત્યંત સ્પષ્ટ પ્રકાશ વડે પ્રકાશમાન (તેજસ્વી) સ્વભાવમાં વ્યાપીને રહ્યું હોવાથી વિમળ છે તેથી સમ્યક્‌પણે બરાબર જાણે છે. (અને એ રીતે સંશયાદિ રહિતપણે જાણવાને લીધે આકુળતા થતી નથી); તથા

(૫) જેમણે ત્રણે કાળનું પોતાનું સ્વરૂપ યુગપક સમર્તિક કર્યું છે (એકી સાથે જણાવ્યું છે) એવા લોકાલોકમાં વ્યાપીને રહ્યું હોવાથી અવગ્રહાદિ રહિત છે તેથી ક્રમે થતા પદાર્થ ગ્રહણના ખેદનો અભાવ જણાય છે.

આ પ્રમાણે (ઉપર્યુક્ત પાંચ કારણે) પ્રત્યક્ષ જ્ઞાન અનાકુળ છે, તેથી ખરેખર તે પારમાર્થિક સુખ છે.

સુખ અને જ્ઞાન :જ્ઞાન અને સુખ બે પ્રકારનું છે. એક જ્ઞાન તેમજ સુખ મૂર્ત અને ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થાય છે એ બીજુ જ્ઞાન તેમ જ સુખ અમૂર્ત એ અતીન્દ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીન્દ્રિય છે તે પરમ ઉત્કૃષ્ટ હોવાથી ઉપાદેય છે.

ત્યાં પહેલું જ્ઞાન તેમજ સુખ મૂર્ત એવી ક્ષાયોપક્ષમિત ઉપયોગ શક્તિઓ વડે તે તે પ્રકારની ઈન્દ્રિયો દ્વારા ઊપજતું થકું પરાધીન હોવાથી અનિત્ય કર્મ પ્રવર્તતું (મૂર્તિક ઈંદ્રિય જ જ્ઞાન ક્રમે પ્રવર્તે છે. યુગપદ્ થતું નથી; તેમ મૂર્તિક ઈન્દ્રિયજ સુખ પણ ક્રમે થાય છે, એકી સાથે સર્વ ઈન્દ્રિયો દ્વારા કે સર્વ પ્રકારે થતું નથી) સપ્રતિપક્ષ (અર્થાત્ વિરોધી સહિત મૂર્તિ ઈંદ્રિયજ સુખ તેના પ્રતિપક્ષભૂત દુઃખ સહિત જ હોય છે.) અને હાનિ-વૃદ્ધિ સહિત છે તેથી ગૌણ છે એમ સમજીને તે હેય અર્થાત્ છોડવા યોગ્ય છે; અને બીજું જ્ઞાન તેમજ સુખ અમૂર્ત એવી ચૈતન્યને અનુસરીને વર્તનારી એકલી જ આત્મપરિણામ શક્તિઓ વડે તથાવિધ અતીન્દ્રિય સ્વાભાવિક-ચિદાકાર પરિણામો દ્વારા ઊપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી નિત્ય, યુગપદ્ પ્રવર્તતું, નિઃપતિપક્ષ અને હાનિ-વૃદ્ધિ રહિત છે તેથી મુખ્ય છે એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે.

સુખ અને દુઃખ :ઈન્દ્રનો ભવ, અહમિન્દ્રનો ભવ કે ચક્રવર્તી, બળદેવ, વાસુદેવનો ભવ તે પણ આકુળતા ઉત્પન્ન થવાનું નિમિત્ત છે; ભગવાન આત્મા જ્ઞાતાદષ્ટા, નિર્વિકલ્પ, નિરૂપાધિ-સ્વરૂપ છે. તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા તે કોઈપણ પુદ્ગલ પરિણામનો હેતુ નથી માટે તે દુઃખરૂપ નથી, પરંતુ વર્તમાનમાં પણ અકાંત સુખરૂપ છે એ ભવિષ્યમાં પણ સુખફળરૂપ છે. તે સિવાય જેટલા પુણ્ય-પાપના પરિણામ થાય તે વર્તમાનમાં દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુઃખ થવાના નિમિત્તનું નિમિત્ત છે.

સુખે કરીને :સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના શ્રધ્ધાનાદિ કરેલ છે એવા સમ્યગજ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (મોક્ષ માર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુધ્ધિની સાથે સાથે શ્રધ્ધાન-જ્ઞાન-ચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે, કારણ કે અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.)

સુખ દુઃખ :લોકો બહારના સંયોગ ઉપરથી સુખ દુઃખનું માપ કરે છે, તે જુઠું છે. પાસે લાખો રૂપિયાનો સંયોગ હોય, શરીર નિરોગી હોય પણ અંદરમાં ધાર્યાથી કાંઈ વિરૂદ્ધતાની ખટક લાગી હોય, અપમાન થયું હોય, ભાઈઓમાં વાંધો પડયો હોય, સ્ત્રી કહ્યું માને નહિ, તે બહારમાં કહી શકાય નહિ, તેનો ઉકળાટ કરી, અંદરમાં અનેક કલ્પના કરી આકુળતામાં બળે છે. બહારમાં અનુકૂળ સંયોગ દેખાતા હોય છતાં, માન્યતામાં આકુળતાનું દુઃખ ખટકે છે. માટે બહારના સંયોગોથી સુખ દુઃખ નથી. જો ભ્રમ છોડી જ્ઞાન કરે, તો સુખી થાય. કોઈને બહારમાં પ્રતિકૂળતાને હોય છતાં 'હું' પરથી જુદો, પર સાથે મારે કાંઈ સંબંધ નથી, હું પવિત્ર જ્ઞાનાનંદ પણે છું, પર ચીજ મને લાભ નુકશાનનું કારણ નથી, એમ શાંત જ્ઞાન સ્વભાવને દેખે, તો ગમે તે દેશ કે

ગમે તે કાળમાં દુઃખ નથી. નરકમાં પણ સંયોગ તે દુઃખ નથી. ભ્રમથી, પરમાં ઠીક અઠીક માનવાની બુદ્ધિ જ દુઃખ છે. નરકમાં પણ આત્માનું ભાન કરી, શાંતિને વેદી શકે છે કારણ કે આત્મા પોતાના અનંત આનંદ ગુણથી કોઈ કાળે, કોઈ ક્ષેત્રે ખાલી નથી, તે સદાય પોતામાં જ રહે છે. પર ક્ષેત્રે આત્મા ગયો એમ કહેવું, તે વ્યવહાર છે.

સુખ દુઃખની વ્યાખ્યા :અહીં સંક્ષેપમાં સુખ અને દુઃખ બન્નેના વ્યાપક લક્ષણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી વાસ્તવિક સુખ દુઃખને સહજમાં જ ઓળખી શકાય છે. જે સુખની પ્રાપ્તિમાં થોડી પણ પરાધીનતા-પરના અપેક્ષા હોય તે વાસ્તવમાં સુખ ન હોતાં દુઃખ જ છે અને જેની પ્રાપ્તિમાં કોઈ પરાધીનતા-પરની અપેક્ષા ન હોય તે બધું જ સ્વાધીન હોય તે જ સાચું સુખ છે. તેથી તે ઈન્દ્રિયાશ્રિત ભોગોને સુખદાયક સમજે છે તેઓ અંતે સંતાપ જ પામે છે - સાચું તથા વાસ્તવિક સુખ તેમને મળી શક્તું નથી.

સુખ-દુઃખના ઉપરોક્ત લક્ષણોની દૃષ્ટિએ પુણ્યથી ઉત્પન્ન થનાર ભોગોનો પણ દુઃખરૂપ બતાવ્યા છે; કારણ કે તે પુણ્યોદયને આશ્રિત છે - પરાધીન હોવાને કારણે દુઃખરૂપ છે. અને યોગથી સ્વકીય ધ્યાન બળથી ઉત્પન્ન થનાર શુદ્ધાત્મ જ્ઞાનને સુખરૂપ બતાવેલ છે; કારણ કે તે સ્વાધીન છે અને પોતાનો સ્વભાવ છે.

સુખ પ્રાપ્તિ કેવી રીતે થાય ? :મોહ ગ્રંથિનો ક્ષય કરવાથી, મોહગ્રંથિ જેનું મૂળ છે એવા રાગદ્વેષનો ક્ષય થાય છે; તેથી (અર્થાત્ રાગ-દ્વેષનું ક્ષપન થવાથી) સમ સુખ દુઃખ એવા જીવને પરમ મધ્યસ્થતા જેનું લક્ષણ એવા શ્રામણ્યમાં ભવન પરિણમન થાય છે; અને તેથી (અર્થાત્ શ્રામણ્યમાં પરિણમવાથી) અનુકુળતા જેનું લક્ષણ છે એવા અક્ષય સૌખ્યની પ્રાપ્તિ થાય છે.

સુખકન્દ :આનંદ સ્વરૂપ, આનંદના પિંડસ્વરૂપ

સુખગુણ :નિરાકુલ આનંદ સ્વરૂપ આત્માના પરિણામ વિશેષને સુખ કહે છે, અને તે પર્યાય ધારણ કરનાર ગુણને સુખગુણ કહે છે.

સુખ અથવા આનંદ નામનો આત્મામાં અનાદિ અનંત એક ગુણ છે. તેનું સમ્યક્પરિણમન ચાલું થતાં મન, ઈન્દ્રિયો અને તેના વિષયોથી નિરપેક્ષ પોતાના આત્માશ્રિત નિરાકુળતા લક્ષણવાળું સુખ ઉત્પન્ન થાય છે. તેના કારણરૂપ શક્તિ તે સુખગુણ છે.

અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ આત્મામાં નિત્ય છે.

સુખદુઃખ :સુખદુઃખના બે અર્થોથાય છે :

(૧) સુખદુઃખ પરિણામો, અને

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયો. જયાં નિશ્ચયથી કહ્યું ત્યાં સુખદુઃખ પરિણામો એવો અર્થ સમજવો અને જયાં વ્યવહારથી કહ્યું છે ત્યાં ઈષ્ટાનિષ્ટ વિષયો એવો અર્થ સમજવો.

(૧) સુખદુઃખ પરીણામોમાં તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયોના સંયોગમાં શુભાશુભ કર્મો નિમિત્તભૂત હોય છે, તેથી તે કર્મોનો તેમના નિમિત્તમાત્રપણાની અપેક્ષાએ જ

(૧) સુખદુઃખ પરિણામરૂપ (ફળ) તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફઈ દેનારા (ઉપચરથી) કહી શકાય છે, હવે

(૧) સુખદુઃખ પરિણામ તો જીવના પોતાના જ પર્યાયરૂપ હોવાથી જીવ સુખદુઃખ પરિણામને તો નિશ્ચયથી ભોગવે છે, અને તેથી સુખદુઃખ પરિણામમાં નિમિતભૂત વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (જેમને સુખદુઃખ પરિણામરૂપ ફળ દેનારાં કહ્યાં હતા તેમના વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે કે, તેઓ જીવને નિશ્ચયથી સુખદુઃખપરિણામરૂપ ફળ દે છે. તથા

(૨) ઈષ્ટાનિષ્ટ વિષયો તો જીવથી તદ્દન ભિન્ન હોવાથી જીવ ઈષ્ટાનિષ્ટ વિષયોને તો વ્યવહારથી ભોગવે છે, અને તેથી ઈષ્ટાનિષ્ટવિષયોને તો વ્યવહારથી ભોગવે છે. એ તેથી ઈષ્ટાનિષ્ટ વિ યોમાં નિમિત્તભૂત વર્તતાં શુભાશુભ કર્મો વિષે પણ (જેમને ઈષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ દેનારા કહ્યાં હતાં

તેમના વિષે પણ) તે અપેક્ષાએ એમ કહી શકાય છે. કે તેઓ જીવને વ્યવહારથી ઈષ્યાનિષ્ટ વિષયક ફળ દે છે.

પંચાસ્તિકાય ગાથા ૬૭માં અહીં (ટીકાના બીજા ફકરામાં) જે નિશ્ચય અને વ્યવહાર એવા બે ભંગ પાડ્યા છે તે માત્ર એટલો ભેદ સૂચવવા માટે જે પાડ્યા છે કે કર્મનિમિત્તક સુખદુઃખ પરિણામો જીવમાં થાય છે અને કર્મ નિમિત્તિક ઈષ્ટાનિષ્ટ વિષયો જીવથી તદ્દન ભિન્ન છે. પરંતુ અહીં કેટલા નિશ્ચયરૂપ ભંગથી એમ ન સમજવું કે પૌદ્ગલિક કર્મ જીવને ખરેખર ફળ આપે છે અને જીવ ખરેખર કર્મે દીધેલાં ફળને ભોગવે છે.

પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યને ફળ આપી શકતું નથી અને કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્ય પાસેથી ફઈ મેળવીને ભોગવી શકતું નથી. જો પરમાર્થે કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને ફળ આપે અને તે અન્ય દ્રવ્ય તેને ભોગવે તો બન્ને દ્રવ્યો એક થઈ જાય. અહીં એ ધ્યાનમાં રાખવું ખાસ આવશ્યક છે કે ટીકાના પહેલા ફકરામાં આખી ગાથાના કથનનો સાર કહેતાં ટીકાકાર આચાર્યદેવે પોતે જ, જીવને કર્મ દીધેલા ફળનો ભોગવટે વ્યવહારથી જ કહ્યો છે, નિશ્ચયથી નહિ.

સામગ્રીના શ્રદ્ધાનમાં સુખ નથી ને અભાનમાં દુઃખ નથી. કર્મોના નાશમાં સુખ છે ને તે આઠે કર્મોનો નાશ આત્માની શ્રદ્ધા-જ્ઞાનવેલીનતાપૂર્વક થાય છે.

સુખદુઃખ જનિત પરિણામની વિષમતા :હર્ષશોકાદિના વિષમ પરિણામો

સુખદાની :આત્મિક અનંત સુખના દેનારા.

સુખદાયક :સન્માર્ગ દર્શક.

સુખધામ :આનંદનું-અતીન્દ્રિય આનંદનું ધામ

સુખનું કારણ :સ્વભાવમાં વિઘ્નનો અભાવ છે. (૨) સુખ તે ઉપાદેય તત્ત્વ છે, તેનું કારણ મોક્ષ છે. મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે. અને તેમનું કારણ સમ્યગ્દર્શન જ્ઞાન ,ચરિત્ર છે. (૩) સ્વભાવ પ્રતિઘાતનો અભાવ છે. (૪) સુખનું કારણ સ્વભાવ પ્રતિઘાતનો અભાવ છે. (૫) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. (૬) અનાદિ કાળથી વિકારનાં દુઃખ ભોગવી રહ્યો છે તો પણ આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેની દષ્ટિ કરતો નથી. આત્માનો સ્વભાવ સુખ છે જેમ ગુણ આત્મદ્રવ્યમાં વ્યાપક છે તે અસંખ્ય પ્રદેશમાં ને સર્વ હાલતમાં રહે છે. દુઃખ વખતે સુખની ઉલટી અવસ્થા છે. સુખ અંતરમાં વ્યાપી રહેલું છે એવી અંતર પ્રતીતિ વિના સુખ થાય નહિ. આત્મા અરૂપી ચિદ્ દાન છે તેની કબૂલાત વિના ઉપાયો નિરર્થક છે. વળી જીવ બધું સહન કરે છે પણ દુઃખને સહન કરી શકતો નથી માટે સુખની હયાતી કબૂલ કરે છે. પૂર્ણ સુખ મોક્ષમાં છે તે મોક્ષ આત્મદ્રવ્યના આધારે છે આમ યથાર્થ જાણવું જોઈએ. આત્માનું હિત મોક્ષ જ છે, તે વાત અહીં સિદ્ધ કરે છે. આત્મામાં આકુળતા વર્તે છે તેમાં મોહાદિ નિમિત્ત છે, તેનો અભાવ કરવો તે સુખ છે ને તે સુખ મોક્ષમાં છે. અહીં આત્મદ્રવ્યનો એવો જ સ્વભાવ જાણવો. સુખની પ્રાપ્તિ હોય તો શરીરને કર્મ સંયોગરૂપે ન હોય. સુખની પ્રાપ્તિ નથી માટે દુઃખ છે. લોકો અનુકૂળ સંયોગમાં સુખ માને છે ને પ્રતિકૂળ સંયોગમાં દુઃખ માને છે પણ તે સુખ-દુઃખ નથી. આત્મા એક છે તે પર ચીજો અનંતી છે. અનંતી પર ચીજના અવલંબને સુખ લેવા માગે તો મળે નહી, પરમાં સુખ નથી. આઠેય કર્મોનો અભાવ થઈ આત્માના અવલંબને પૂર્ણ સુખનો ઉત્પાદ થવો તે સર્વ દુઃખનો નાશ થવો તે મોક્ષ છે, ને તે પરમ હિતરૂપ છે. પરના અવલંબને સુખ નથી માટે પર ઉપરનું લક્ષ છોડ ને સ્વભાવ ઉપર લક્ષ કર તો આકુળતા મટે. જગત સુખ માટે વલખા મારે છે પણ અનંત પર પદાર્થોનો આશ્રય રહેશે ત્યાં સુધી આકુળતા મટશે નહિ, માટે દુઃખનો નાશ કરવો હોય તો આઠ કર્મોનો નાશ કરવો પડશે. આઠ કર્મોનો નાશ કરવા માટે શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ કરવી પડશે.

સુખનું લક્ષણ :અનાકુળપણું છે. (૨) સુખનું લક્ષણ અનાકુળપણું છે. (૩) અનાકુળપણું-આકુળતા રહિતપણું સુખનું લક્ષણ છે.

સુખનું સાધન :પરિપૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન એ સુખનું સાચું કારણ છે.

સુખનો ઉપાય :

(૧) કોઈ જીવને એક કાર્ય કરવાનો શુદ્ધભાવ થયો,
(૨) અને તેના ભાવ અનુસાર બહારનું કાર્ય થયું,
(૩) તથા જીવને સંતોષ ભાવથયો આમાં સુક્ષ્મભાવ બહારનું કાર્ય અને સંતોષભાવ-એ ત્રણે સ્વતંત્ર છે. ઈંભભાવ થયો તેના કારણે બહારનું કાર્ય થયું નથી, બહારનું કાર્ય થયું તેના કારણે સંતોષ થયો નથી, તેમજ જે શુભારાગ થયો તેને લીધે પણ સંતોષ થયો નથી. પહેલાં કાર્ય કરવાની આકુળતારૂપ જે ભવ હોત`ત ભાવ ટળી જવાથી ખેતાને સંતોષ થયો માને છે. બહારનું કાર્ય થયું તે તો પરદ્રવ્યના કારણે સ્વમાં થયું છે. એટલે ખરેખર બહારનાં કોઈ કાર્ય જીવને સંતોષનું કારણ નથી. જીવને પોતાના સ્વભાવની દૃષ્ટિ નહિ હોવાથી, એક આકુળતા ભાવથી ખસીને તરત જ બીજો શુભ કે અશુભ ભાવ કરીને આકુળતાનું જ તે વદન કર્યા કરે છે. તેથી સાચો અનાકુળ સંતોષ તેના અનુભવમાં આવતો નથી. શુભ અને અશુભ બંને ભાવો આકુળતારૂપે હોવાથી દુઃખનું કારણ છે. અને તે શુભશુભ ભાવો ખસી જતાં તેનાથી રહિત જે સ્વભાવ છેતે જ આનુકુળતા સ્વરૂપ હોવાથી તેના લક્ષે અનાકુળ સંતોષનું વેદન થાય છે. જેને પોતાના અનાકુળ સ્વભાવનું લક્ષ નથી ને જીવ એક આકુળતાભાવને બદલીને તત્ક્ષણ પઉ લક્ષે નવો આકુળતા ભાવ કરે છે અને દુઃખને જ અનુભવે છે, ક્યારેક સદ્આકુળતા થાય ત્યારે તેમાં તો સખિ કલ્પે છે, પણ ખરેખર તે દુઃખ જ છે. પોતાના સ્વભાવના લક્ષે જો શુભાશુભ ભાવ લક્ષથી (શ્રદ્ધાથી) ખસી જશે તો તેને સ્વભાવની પ્રતીત અને સમ્યગ્જ્ઞાન થાય તથા સ્વભાવના અનુકુળ સુખનું અંગોવેદન થાય; ત્યારે તે અનાકુળતા અને આકુળતા વચ્ચેના ભેદને જાણે અને મંદ આકુળતામાં (શુભભાવમાં) પણ તે સુખ ન માને.

શરૂઆતમાં જે ત્રણ પ્રકાર જણાવે છે તેમાં

(૧) જે શુભ ભાવ છે તે વિકાર છે અને તેનું વેદન દુઃખરૂપ છે.
(૨) જે બહારનું કાર્ય છે તેની સાથે જીવનો સંબંધ નથી, અને તેનું વેદન પણ જીવને નથી.
(૩) જે સંતોષભાવ છે તે જો પરલક્ષે હોય તો મંદ આકુળતા છે અને ખરેખર તે દુઃખ છે અને જો આત્મસ્વભાવના લક્ષે સંતોષભાવ હોય તો તે આકુળતાભાવ છે અને તે જ સાચું સુખ છે. માટે આત્મ સ્વભાવની ઓળખાણ તે જ સુખનો ઉપાય છે.

સુખરૂપ :પુણ્ય-પાપના ભાવોથી નિરાળો આત્મસ્વભાવ તે જ સુખરૂપ છે - શાંતિરૂપ છે. શરણરૂપ છે.

સુખશક્તિ :અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ.

સુખ સંવિત્તિ :જ્ઞાન

સુખસાધનાભાસ :જુઓ સુખના સાધન નથી પણ સુખનાં સાધન હોવાનો આભાસમાત્ર જેમાં થાય છે એવા.)

સુખામૃત :આત્મસુખ.

સુખોચિત :સુખ ભોગવવાને યોગ્ય

સુગત :બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે

(૧) શોભનીકતાને પ્રાપ્ત. અથવા
(૨) સંપૂર્ણતાને પ્રાપ્ત, શ્રી જિનભગવાન.
  (૧) મોહ રાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત થાય છે અને
  (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત થાય છે. તેથી તેમને અહીં સુગત કહ્યા છે.

સુગતિ :મોક્ષ (૨) મોક્ષગતિ. (૩) સિધ્ધ દશા

સુગમ :સરળ; સરળતાથી સમજાય તવો; સુલભ; સરળતાથી પ્રાપ્ત થાય તેવો. (૨) સરલ. (૩) સહેલું; સહજ; આસાન; સરળ.

સુગુરુ :નિગ્રંથ ગુરુ

સુગુરૂ અને કુગુરૂ :સુગુરૂમાં મિથ્યાત્વાદિ દોષો હોતા નથી પરંતુ ગુરૂમાં હોય છે, વિદ્યાગુરૂ તે સુગુરૂ અને કુગુરૂથી જુદી વ્યક્તિ છે. મોક્ષમાર્ગના પ્રસંગમાં મુક્તિમાર્ગના પ્રદર્શક સુગુરૂથી તાત્પર્ય છે.

સુગ્રાહ્ય :સરળતાથી પકડી શકાય તેવું; સરળતાથી સમજી લેવાય તેવું; સુગમ.

સુચિરકાળ પર્યંત :ઘણા લાંબાકાળ સુધી

સૂચિત :પ્રગટ; જણાતો
સુચિરકાળ :ઘણા લાંબા કાળ
સુજાગ્ય :જાગ્રત
સુજાણ :સુજ્ઞાની.
સુથો :જાડો.
સુથિર :આળસું
સુપ્રતિષ્ઠિત :સુસ્થિત
સુબોધ :યથાર્થ જ્ઞાન (૨) ઈષ્ટફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે, એટલે મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. સુબોધ સુશાસ્ત્રથી થાય છે, અને સુશાસ્ત્રની ઉત્પત્તિ, ભગવાનની દિવ્યધ્વનિથી થાય છે.
સુભગ નામકર્મ :જે કર્મના ઉદયથી બીજા જીવો પોતાના ઉપર પ્રીતિ કરે એવું શરીર હોય તેને સુભગ નામકર્મ કહે છે.
સુભાગ્ય :સુલભબોધિ; આરાધક જીવ.
સુર :દેવ; સુરેન્દ્ર = દેવના ઈન્દ્ર.
સુરક્ષિત :સ્વરક્ષિત.
સુરતિ :ઘણો આનંદ; ગાઢ પ્રેમ; અંતરવૃત્તિ (૨) મુખ.
સુબુદ્ધિ :સમ્યગ્દષ્ટિ, ધર્માત્મા
સુદ્દઢ :અવગાઢ
સુદ્દષ્ટિ :સમદષ્ટિ.
સુંદર :નિર્દોષ અને નિર્મળ.
સુંદરતા :શુદ્ધતા
સુધ :બાહ્ય જગતની જાણ, શરીરની સંભાળ રાખવાની તકેદારી
સૂધ :સંજ્ઞા; સાન; ભાન; ભાળ; ખબર; માહિતી.
સ્તુતિ :એકાગ્રતા (૨) ઉપાસના; વંદના -આરાધના.
સ્તુતિ કરૂં છું :ઉપાસનાનો વિષય બનાવું છું.
સુધ-બુધ :સમજ અને વિવેક. (૨) (સૂધ-બુધ સાચી જોડણી છે) પોતે સમજી શકે તેવા પ્રકારનું ભાન, ભાન-સાન, ખ્યાલ અને પરખવાની સમજ.

સુધર્મ :સત્ ધર્મ.
સુધાસ્યંદી :અમૃત ઝરતી (સુધા=અમૃત; અમી. સ્યંદન=ટપકવું; ઝરવું)
સુધી :ઉત્તમ બુધ્ધિના સ્વામી એવા વિવેકીજનો.
સુન્ધી :સમ્યક્ છે જેની બુદ્ધિ એવા; સાચી બુદ્ધિવંત; ચૈતન્યને સાધના માટે સાચી બુદ્ધિવાળા સમ્યગ્દષ્ટિ તે સુધી છે. ઉત્તમ બુદ્ધિવાન.
સુરેન્દ્રો :ઊર્ધ્વલોકવાસી દેવોના ઈન્દ્રો.
સુભગનામ કર્મ :જે કર્મના ઉદયથી, બીજા જીવો પોતાથી પ્રીતિ કરે, તેને સુભગનામ કર્મ કહે છે.
સૂચિતાથતા :ફલિત થતા.
સુનિવિષ્ટ :સમ્યક્ પ્રકારે સ્થિત.
સુનિશ્ચિત :દઢ (દઢપણે એકાગ્રતામાં પરિણમવું તે મુનિપણું છે કે જેનું બીજુ નામ મોક્ષમાર્ગ છે.)
સ્ફૂટ :પ્રગટ; ખીલવું; વિકસવું; વિશુધ્ધ થવું (૨) પ્રગટ છે; છુપું નથી; પ્રત્યક્ષ (૩) સ્પષ્ટ; ખુલ્લું; સમજાઈ જાય તેવું.
સૂક્ત :સૂત્ર.
સૂધો :જાડો.
સૂત :પુત્ર; દીકરો; બેટો.
સૂત્ર :ભગવાન અર્હંતૂ-સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદગલિક શબ્દબ્રહ્મ (૨) પુદ્ગલદ્રવ્યાત્મક વચનો વડે જિન ભગવંતે ઉપદેશેલું તે. (૩) ભગવાન અર્હંત-સર્વજ્ઞે સ્વયં જાણીને ઉપદેશેલું, સ્યાત્કાર જેનું ચિહ્ન છે એવું, પૌદ્ગલિક શબ્દબ્રહ્મ. (૪) ગણધરરચિત મૂળસૂત્ર. (૫) આપ્ત વચન; આપ્ત પુરૂષનું સુભાષિત સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ એવું વચન તે સૂત્ર. (૬) ભગવાન સર્વજ્ઞ અર્હંત દેવે સ્વયં જાણીને ઉપદેશેલી સ્યાત્કરા વાણી.
સૂત્રતાત્પર્ય :એકેક ગાથાસૂત્રનું તાત્પર્ય તે સૂત્રતાત્પર્ય છે.
સૂત્રની શક્તિ :શ્રુતજ્ઞાન.
સૂત્રાર્થ :ગાથાનો અર્થ.

સૂત્રાર્થ વિશારદ :સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ. સમાન ગુણવાળાના સંગથી ગુણરક્ષા થાય છે.

સૂત્રાર્થ વિશારદ :સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ.

સ્થૂલ :પ્રાકૃતિક; ભૌતિક; ઈન્દ્રિય-ગ્રાહ્ય; મોટા કદનું; જાડું; પુષ્ટ; લઠ્ઠ; અચંચલ; જડ; (૨) અલ્પ સ્થૂળ, તેથી પણ સ્થૂળ, દૂર, દૂરમાં દૂર, તેથી પણ દૂર; એમ જણાય છે. અને તે ઉપરથી સૂક્ષ્મ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ આદિનું જ્ઞાન કોઈકને પણ હોવાનું સિધ્ધ થઈ શકે છે.

સ્થૂળ લક્ષ્ય :અજ્ઞાનીનું લક્ષ્ય (ધ્યેય) સ્થૂળ હોય છે તેથી તેને કેવળ ભકિતનું જ પ્રધાનપણું હોય છે.

સ્થૂળ વિશુધ્ધ પરિણામો :શુભભાવ

સૂક્ષ્મ :અત્યંક બારીક, અત્યંત નાનું, અણુરૂપ (૨) બે પ્રદેશાદિક સ્કંધો (૩) બહુબારીક. (૪) ચૈતન્ય દ્રવ્ય અરૂપી-અમૂર્ત ને સૂક્ષ્મ છે, તેને સમજવા માટે ઉપયોગ સૂક્ષ્મ કર. જે પરિણામથી સ્થૂળ એવાં દેહ, ઈન્દ્રિયોને વિભાવથી ભિન્ન નિજ ચૈતન્યપ્રભુ પકડાય તેને અહીં સૂક્ષ્મ ઉપયોગ કહે છે, અને જે પરિણામથી જ્ઞાયપ્રભુ પછડાતો નથી તેને સ્થૂળ ઉપયોગ કહે છે. (૫) અત્યંત નાનું; બારીક; અણુ-રૂપ; નાજૂક;

સૂક્ષ્મ અને બાદર નામ કર્મ :જે કર્મના ઉદયથી શરીર, એવું સૂક્ષ્મ હોય કે તે બીજાને (પૃથ્વી આદિને) રોકે નહિ, ને બીજાથી રોકાય નહિ તેને સૂક્ષ્મનામ કર્મ કહે છે; અને જે કર્મના ઉદયથી શરીર એવું સ્થૂળ હોય કે તે બીજાને રોકે ને બીજાથી રોકાઈ જાય તેને બાદરનામકર્મ કહે છે.

સૂક્ષ્મ પર દ્રવ્ય પ્રતિબંધ :પર દ્રવ્યમાં સૂક્ષ્મ પ્રતિબંધ (૨) પર દ્રવ્યમાં સૂક્ષ્મ પ્રતિબંધ. (આગમ વિરૂદ્ધ આહારવિહારો તો મુનિએ છોડ્યા હોવાથી તેમાં પ્રતિબંધ થવો તે તો મુનિને દૂર છે, પરંતુ આગમકથિત આહાર-વિહારાદિમાં મુનિ પ્રવતે છે. તેથી તેમાં પ્રતિબંધ થઈ જવો સંભવિત હોવાથી તે પ્રતિબંધ સૂક્ષ્મ છે.)

સૂક્ષ્મ બાદર :સૂક્ષ્મસ્થૂળ. રસ, ગંધ આદિ

સૂક્ષ્મ વિચારણા :મહા મંથન.

સૂક્ષ્મત્વ પ્રતિજીવ ગુણ :નામ કર્મના અભાવપૂર્વક જે ગુણની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને પ્રતીજીવી ગુણ કહે છે. (૨) નામ કર્મના અભાવપૂર્વક જે ગુણનો શુધ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

સૂક્ષ્મતા :નિર્મળતા.

સ્ખલના :ભૂલચૂક, દોષ, ખડી પડવું, ચુકી જવું

સ્તર :કક્ષા; થર; પડ

સ્તવન :ગુણ પ્રશંસાનો પદ્ય-સમૂહ; સ્તુતિ; સ્રોત. (૨) સ્તુતિ; એકાગ્રતા

સ્તવના :પ્રશંસા.

સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ :સ્પશ, રસ, ગંધ ને વર્ણ ઈન્દ્રિયગ્રાહ્ય છે, કારણ કે તેઓ ઈન્દ્રિયોના વિષયો છે. તેઓ ઈન્દ્રિયો વડે ભલે ગ્રાહાતા હોય કે ન ગ્રહાતા હોય તો પણ તેઓ એકદ્રવ્યાત્મક સૂક્ષ્મપર્યાયરૂપ પરમાણુથી માંડીને અનેક દ્રવ્યાત્મક સ્થૂલ-પર્યાયરૂપ પૃથ્વીસ્કંધ સુધીના સર્વ પુદગલને અવિશેષપણે વિશેષગુણો તરીકે હોય છે; અને તેઓ મૂર્ત હોવાને લીધે (પુદગલ સિવાયનાં) બાકીના દ્રવ્યોને નહિ વર્તતા હોવાથી પુદગલને જણાવે છે.

૧. પરમાણુ, કાર્મણવર્ગણા વગેરેમાં ઈન્દ્રિયગ્રાહ્યપણું વ્યકત નથી તો પણ શક્તિરૂપે અવશ્ય હોય છે, તેથી જ ઘણા પરમાણુઓ સ્કંધરૂપે થઈ સ્થળપણું ધારણ કરતાં ઈન્દ્રિયો વડે જ જણાય છે.

સ્પર્શ :હલકો, ભારે, લૂખો, ચીકણો, કર્કશ, સુંવાળો, ઠંડો અને ગરમ એ આઠ પ્રકારના સ્પર્શ છે. (૨) ટાઢો, ઊનો, હલકો, ભારે , ચીકણો, લૂખો, કરકરો ને સુંવાળો. (૩) પુદ્ગલ દ્રવ્યમાં આઠ પ્રકારના સ્પર્શ છે. ટાઢો, ઊનો, ચીકણો, લુખો, ભારે, હળવો, કોમળ અને કઠોર. તે બધી પુદગલ દ્રવ્યના સ્પર્શ ગુણની અવસ્થા છે. (૪) સ્પર્શના આઠ ભેદો છે. કોમળ, કઠોર, ભારે, હલકો, ઠંડો, ગરમ, લૂખો અને ચીકણો. આ આઠ મૂળ ભેદ છે.

સ્પર્શન :વસ્તુના ત્રણે કાળ સંબંધી નિવાસને સ્પર્શન કહે છે. (૨) વેદન. (૩) વસ્તુના ત્રણે કાળ સંબંધી નિવાસને સ્પર્શન કહે છે.

સ્પર્શન ઈન્દ્રિય :સ્પર્શન ઈન્દ્રિયના આઠ વિષય છે.

(૧) ઠંડું
(૨) ગરમ
(૩) કઠણ
(૪) નરમ
(૫) લુખું
(૬) ચીકણું
(૭) હલકું અને
(૮) ભારે.

આ આઠેય વિષયોમાં આનંદનો અનુભવ કરવો તે સ્પર્શન ઈન્દ્રિયના વિષયોનું જ સેવન છે.

સ્પર્શનામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરમાં સ્પશે ઈન્સ્રિય હોય. (૨) સ્પર્શના આઠ ભેદ છે :- સ્નિગ્ધ, રૂક્ષ, શીત, ઉષ્ણ,ગુરૂ, લઘુ, મૃદુ, કર્કશ.

સ્પર્શનારા :સંચેતાના એકાગ્ર પૂર્વકની રણતાનું કોઈ (વસ્તુ) પ્રત્યે એકાગ્ર થઈને તેનો જ અનુભવપ સ્વાદ લીધા કરવો તેનું નામ સંચેતન કહેવાય. જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત જ્ઞાન ચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પકાશે છે, અર્થાત્ કેવળ જ્ઞાન ઉપજે છે. કેવળજ્ઞાન ઉપજતાં સંપૂર્ણ જ્ઞાન ચેતના કહેવાય છે.

સ્પર્શવું :અનુભવવું.

સ્પર્શવિશેષ :ખાસ પ્રકારના (બંધયોગ્ય) સ્પર્શો. (૨) ખાસ સ્પર્શો.

સ્પર્શાઈ :સંબંધિત થઈ

સ્પર્શાઈ (ઈંદિયોથી સ્પર્શાઈ) :ઈન્દ્રિયોથી સંબંધિત થઈ પ્રવર્તે છે.

સ્પર્શાદિ ચતુષ્ક :સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ. (સ્પર્શાદિની પ્રગટતા અને અપ્રગટતા તે પુદ્ગલની શક્તિ છે.)

સ્પર્શાદિપ્રધાન :સ્પર્શ, રસ, ગંધ, વગેરે ગુણો જેમાં મુખ્ય છે એવી.

સ્પર્શોપલબ્ધિ :સ્પર્શની ઉપલબ્ધિ સ્પર્શનું જ્ઞાન, સ્પર્શનો અનુભવ. (પૃથ્વીકાયિક વગેરે જીવોને સ્પર્શનેન્દ્રિયાવરણનો (ભાવ સ્પર્શનેન્દ્રિયના આવરણનો) ક્ષયોપશમ હોય છે અને તે તે કાયો બાહ્ય સ્પર્શનેન્દ્રિયની રચનારૂપ હોય છે, તેથી તે તે કાયો તે તે જીવોને સ્પર્શની ઉપલબ્ધિમાં નિમિત્તભૂત થાય છે. જે જીવોને થતી તે સ્પશાપલબ્ધિ પ્રબળ મોહ સહિત જ હોય છે, કારણ કે તે જીવો કર્મફળ ચેતના પ્રધાન હોય છે.)

સ્પષ્ટ :પ્રત્યક્ષ; અત્યંત પ્રત્યક્ષ; અપરોક્ષ. (૨) પ્રગટ.

સ્પૃષ્ટ :સ્પર્શિત. (૨) પરસ્પર પિંડરૂપ એક ક્ષેત્રાવગાહ (૩) સ્પર્શિત થવું.

સ્પષ્ટીકરણ :ખુલાસો.

સ્પૃહા :આશા. (૨) ઈચ્છા; કામના. (૩) આકાંક્ષા.

સ્પર્શાદિ ચતુષ્કના આર્વિભાવ અનેતિરોભાવની સ્વશક્તિ :સ્પર્શાદિ ચતુષ્ક સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, (સ્પર્શાદિકની પ્રગટતા અને અપ્રગટતા તે પુદગલની શકિત છે.)

સ્ફુટ :સ્પષ્ટ;ખુલ્લું; સમઝાઈ જાય તેવું; વિકસેલું; વિકસિત; ખીલેલું. (૨) પ્રગટપણે; નિશ્ચયથી. (૩) ઊઘડેલું; વિકસિત; સ્પષ્ટ; પ્રગટ; ઉઘાડું.

સ્ફુટ થયું :સ્પષ્ટતા થઈ, પ્રગટતા થઈ.

સ્ફુટ થયું છે :જેમ ફૂલની કળી ખીલે, તેમ જે વિકાસરૂપ છે

સ્ફુરણ :સૂઝી આવવું એ; પ્રેરણા; ઉમળકો; લાગણી; સંવેદન

સ્ફુરણા :સુઝી આવવું એ; સ્ફુરી આવવું એ; પ્રેરણા; ઉમળકો; લાગણી; સંવેદન; કંપન; ફરકવું એ.

સ્ફુરવું :યાદ આવવું

સ્ફુરાયમાન :પ્રેરણા થવી; ઉમળકો આવવો; સંવેદન પ્રગટવું; સ્ફુરવું તે.

સ્ફુરાયમાન થવું :પ્રગટ થવું; સાક્ષાત કરવું; પ્રત્યક્ષ જાણવું.

સ્ફુરિત :પ્રકાશિત

સ્મૃતિ :પહેલાં જાણેલા, સાંભળેલા કે અનુભવ એવા પદાર્થનું વર્તમાનમાં સ્મરણ આવે તે સ્મૃતિ છે. (૨) પોતાનો શુધ્ધ સ્વભાવ અને ત્રિલોકીનાથ ભગવાનનું સ્વરૂપ અંદરમાં સ્મૃતિમાં લાવવું, યાદ કરવું

સ્તેય :ચોરી.

સ્તેનપ્રોગ :ચોરી માટે ચોરને પ્રેરણા કરવી કે તેને ઉપાય બતાવવો.

સ્નેહ :રાગાદિરૂપ ચીકાશ (૨) તેલ, ચીકણો પદાર્થ, સ્નિગ્ધતા, ચીકાશ (૩) તેલ આદિ ચીકણા પદાર્થો (૪) તેલ; ચીકણો પદાર્થ; સ્નિગ્ધતા; ચીકાશ (૫) વિષયોની આકાંક્ષા; પંચેન્દ્રિયના વિષયોની આસક્તિ.

સ્નેહગુણ :સ્પર્શગુણના પર્યાયરૂપ ચીકાશ. (જેમ જ જુદા ચીકાશની સંમુખ વર્તતો પરમાણુભાવી બંધથી પરાઙમુખ છે, તેમ જેને રાગાદિ જીર્ણ થતા જાય છે એવો પુરુષભાવી બંધથી પરાઙ્મુખ છે.)

સ્નેહમર્દનકરણ :તેલ આદિના મર્દનનું કરવું

સ્ત્રી તીર્થંકર :ચોથું ગુણસ્થાન (સમ્યગ્દર્શન) સાથે લઈ જનાર આત્મા પુરૂષપણે જન્મે છે, સ્ત્રીપણે જન્મતા નથી; તેથી સ્ત્રીપણે કોઈ તીર્થંકર હોઈ શકે નહિ; કેમકે તીર્થંકર થનાર આત્મા સમ્યગ્દર્શન સહિત જ જન્મે છે, તેથી તે પુરૂષ જ હોય છે. જો કોઈ કાળે પણ એક સ્ત્રી તીર્થંકર થાય એમ માનીએ તો ભૂત-ભવિષ્યની અપેક્ષાએ અનંત સ્ત્રીઓ તીર્થંકર થાય અને તેથી સમ્યગ્દર્શન સહિત આત્મા સ્ત્રીપણે ન જન્મે એ સિદ્ધાંત તૂટી જાય.

સ્ત્રી પર્યાયની યુક્તિ ન થવાનું કારણ :પ્રમાદમય મૂર્તિ - સ્ત્રીઓને સદા પ્રમાદ રહ્યા કરે છે તેથી તેને પ્રમદા કહેવામાં આવે છે. પ્રમાદ શબ્દ માત્ર આળસ તથા અસાવધાનીનો વાચક નથી પણ તેમાં ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય; સ્ત્રી કથા, રાજ કથા, ભોજન કથા તથા ચોર કથા એ ચાર પ્રકારની વિકથાઓ; રાગ; નિદ્રા અને પાંચે ઈન્દ્રિયોના પાંચ વિષય અને ૧૫ વાતો સામેલ છે. સામાન્ય રીતે સ્ત્રીઓમાં એમની સ્વાભાવિક પ્રવૃત્તિ અથવા બહુલતા હોય છે. આ પ્રમાદ ઉપરાંત વિષાદ, મમતા, ગ્લાનિ, ઈર્ષ્યા, ભય એ તે માયાચાર દોષને ગણાવેલ છે, જે પ્રયન્તપૂર્વક ન હોતાં સ્વાભાવિક હોય છે.આ બધા દોષ મુક્તિની પ્રાપ્તિમાં બાધક છે તેથી સ્ત્રીઓને પોતાની તે પર્યાયથી મુક્તિની પ્રાપ્તિ થતી નથી.

સ્ત્યાનગૃદ્ધિ :આ એક નિદ્રાનો પ્રકાર છે, જેમાં ઊંઘમાં ઊભો થઈ જાય. ઘરનું કામ કરે, પાછો સૂઈ જાય નિદ્રામાં ઢોર-ગાય-ભેંસ વગેરેને પાણી પાઈને પાછો આવી જાય એવી નિદ્રા હોય છે.

સ્થવિર :બૌધભિક્ષુ; મુનિ;પ્રોઢ સાધુ. (૨) સ્થિર; મુકુટ

સ્થવિરકલ્પ :જે સાધુ વૃધ્ધ થયેલ છે તેઓને શાસ્ત્રમર્યાદાએ વર્તવાનો, ચાલવાનો જ્ઞાનીઓએ મુકરર કરેલો, બાંધેલો, નક્કી કરેલો માર્ગ, નિયમ

સ્થાત્કાર :આત શબ્દ (સ્થાત-કથંચિત; કોઈ અપેક્ષાથી)

સ્થાન :ઊભા રહેવું (૨) સ્થિતિ; સ્થિરતા

સ્થાનપરિણામ :સ્થિરતારૂપે પરિણમેલાં.

સ્થાનનું હેતુપણું :સ્થિરતાનું નિમિત્તપણું.

સ્થાપના નય :મૂર્તિપણાની માફક પુદ્ગલિક સ્થાપના કરી શકાય તેમ.

સ્થાપના નિક્ષેપ :હાજર ન હોય, એવી કોઈ વસ્તુનો બીજી ઉપસ્થિત (હાજર) વસ્તુમાં સંબંધ યા મનોભાવના જોડીને, આરોપ કરી દેવો કે આ તે જ છે, એવી ભાવનાને, સ્થાપના કહેવામાં આવે છે. (૨) અનુપસ્થિત (હાજર ન હોય એવી) કોઈ વસ્તુનો બીજી ઉપસ્થિત વસ્તુમાં સંબંધ યા મનોભાવના જોડીને આક્ષેપ કરી દેવો કે આ તે જ છે. એવી ભાવનાને સ્થાપના કહેવામાં આવે છે. આ આરોપ જયાં થાય છે ત્યાં જીવોને એવી મનોભાવના થવા લાગે છે કે આ તે જ છે.

સ્થાપવું :લગાડવું

સ્થાપી છે :લગાડી છે.

સ્થાવર :એકેન્દ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય. (૨) થાવર નામકર્મના ઉદય સહિત પૃથ્વી, જળ, અગ્નિ-વાયુ અને વનસ્પતિકાયિક જીવ. (૩) એકેન્દ્રિય જીવ.

સ્થાવર જીવ :જે એક સ્પર્શેન્દ્રિય સહિત એકેન્દ્રિય જીવ છે તે સ્થાવર છે, તેના પાંચ ભેદ છે. પૃથ્વી કાયિક, જળકાયિક, અગ્નિકાયિક, પવનકાયિક અને વનસ્પતિકાયિક. (૨) પૃથ્વીકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક, જળકાયિક અને વનસ્પતિકાયિક જીવને સ્થાવર જીવ કહે છે. પાંચ સ્થાવરોમાંથી પૃથ્વીકાય, જળકાય, વાયુકાય, અને અગ્નિકાય એ ચારમાં તો નિગોદના જીવ રહેતા નથી, કેવળ એક વનસ્પતિમાં જ નિગોદના જીવન રહે છે. તેના પ્રત્યેક અને સાધારણ એવા એ બે ભેદ છે. જે શરીરનો એક જ સ્વામી હોય તેને પ્રત્યેક કહે છે અને જે શરીરના અનંત સ્વામી હોય તેને સાધારણ કહે છે. પ્રત્યેકના પણ બે ભેદ છે. સપ્રતિષ્ઠિત પ્રત્યેક એ અપ્રતિષ્ઠિત પ્રત્યેક. જે

શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંત જીવ રહેતા હોય તેને સપ્રતિષ્ઠિત કહે છે. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તેના આશ્રયે અનંતજીવ ન રહેતા હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

સ્થાવર નામ કર્મ :જે કર્મના ઉદયથી, પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને વનસ્પતિ આદિ, એકેન્દ્રિયમાં જન્મ થાય.

સ્થાવરજીવો :પાંચ પ્રકારના સ્થાવર જીવો અવ્યકત્ સુખ્ દુખ અનૂભવરૂપ શુભાશુભ કર્મ ફળને અનુભવે છે. સ્થાવર જીવો અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે, અને તેમનો પ્રભાવ (શક્તિ) અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે, એવા અનેક સ્વભાવ વડે સુખદુઃખરૂપ કર્મફળને જ પ્રધાનપણે વેદે છે, કારણ કે તેમને અતિ પ્રકૃષ્ટ વીર્યાંતરરાયથી કાર્ય કરવાનું (કર્મ ચેતનારૂપે પરિણમવાનું) સામર્થ્ય થયું છે.

સ્મરતિર :સ્મર = કામ-ભોગ તિર = તેના પર વિજય મેળવવો. એટલે કામ-ભોગ પર વિજય.

સ્વરૂપાચરણચારિત્ર :આત્મસ્વરૂપમાં એકાગ્રતાપૂર્વક રમણતા-લીનતા.

સ્વરૂપ ગુપ્ત :સહજાત્મ સ્વરૂપના દુર્ભેદ્ય દુર્ગમાં ગુપ્ત (સુરક્ષિત)

સ્થિત થવું :લીન થવું; ઠરવું.

સ્થિતિ :ટકવું તે , ધ્રુવ રહેવું તે ; ધ્રૌવ્ય (૨) સ્થિરતા (૩) ટકવું તે; ધ્રુવ રહેવું તે; ધ્રૌવ્ય (૪) વસ્તુના કાળની અવધિને સ્થિતિ કહે છે. (૫) ટકવું તે; ધ્રુવ રહેવું તે; ધ્રૌવ્ય. (૬) વસ્તુના કાળની અવધિને સ્થિતિ કહે છે. ત્રણે પ્રકારના સમ્યગ્દર્શનની નાનામાં નાની સ્થિતિ અંતમુહૂર્ત છે. ઔપશમિકની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ તેટલી જ છે, ક્ષાયોપશમિકની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગર છે અને ક્ષાયિકની સ્થિતિ સાદિ-અનંત છે તથા સંસારમાં રહેવાની અપેક્ષાએ તેની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર તથા અંતમુહૂર્ત સહિત આઠ વર્ષ કમ બે ક્રોડી પૂર્વ છે. (૭) છ દ્રવ્યોનું વિવક્ષિત ભાવે અવસ્થાન અને અવસ્થાનના કારણનું નામ સ્થિતિ છે. દ્રવ્ય સ્થિતિ, કર્મસ્થિતિ, કર્યસ્થિતિ, ભવસ્થિતિ અને ભાવસ્થિતિ આદિસ્થિતિને સર્વજ્ઞદેવ સકારણ જાણે છે. એ ઉક્ત કથન તાત્પર્ય છે.

સ્થિતિ કરે છે. :લીન થાય છે.

સ્થિતિકરણ :સમ્યગ્દર્શનનું છઠ્ઠું અંગ છે. ધર્મમાંથી મળી જતાં, અવાશ્યે સ્થિર ધર્મમાં સ્થિર કરતા ઉપદેશ, આહાર, ધન, સેવા, દવા વગેરેથી સંકટમાં સહાય કરે ધર્મત્યાર કરાવનારાં નિમિત કારણો દૂર કરે. પોતે ધર્મથી ડગે નહી. સ્થિરતા ગુણ, ધૈર્ય, સહનશીલતા, ખમી ખૂંદવું, વિકલ્પોમાં ન તણાવું એ સ્થિતિકરણ નામે છઠ્ઠું અંગ છે.

સ્થિતિકરણ અંગ :મૈથુનના ભાવ, ક્રોધના ભાવ, માનના ભાવ અને આદિ શબ્દથી લોભાદિકના ભાવ ન્યાયરૂપ ધર્મ માર્ગથી ભ્રષ્ટ કરનારા છે, માટે તે પ્રગટ થતાં પોતાને અને અન્ય જીવોને શાસ્ત્ર પ્રમાણે યુક્તિ વડે ધર્મમાં સ્થિર કરવા તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય છે.

સ્થિતિકરણત્વ =સમ્યગ્દર્શનથી અને સમ્યક્ચારિત્રથી ચલાયમાન થતા જીવોને ધર્મવત્સલ વિદ્વાનો દ્વારા સ્થિરીભૂત કરવામાં આવે તેને સ્થિતિકરણ અંગ કહે છે. (ગા.૧૬.)

સ્થિતિપરિણામ :અધર્માસ્તિકાય

સ્થિતિબંધ :કર્મમાં જે જે ગુણો હોય તે તે ગુણો અમુક મુદત સુધી રહે છે. કોઈ કર્મમાં તે ગુણ ૧૫ દિવસ તો કોઈમાં માસ તો કોઈમાં એક વરસ સુધી તે ગુણ રહે છે, તેવી રીતે બે સમયથી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિનાં કર્મ જીવ બાંધે છે. અને તેને સ્થિતિબંધ કહેવાય છે.

કર્મનો સ્થિતિબંધ કેટલા કાળનો પડે? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મની સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. જે ત્રણે કર્મનો આબાધકાળ ત્રણ હજાર વર્ષનો છે.

સાતાવેદનીય કર્મની સ્થિતિ જઘન્ય ૨ સમયની અને ઉત્કૃષ્ટ ૧૫ ક્રોડાક્રોડી સાગરની છે. આબાધા કાળ કરે તો જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્યો દોઠ હજાર વર્ષનો છે. અસાતાવેદનીય કર્મની સ્થિતિ જઘળ્ય ૧૨ મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રીશ ક્રોડાક્રોડ સાગરોપરની છે. એનો આબાધાકાળ જઘેલ્ય અંતર્મુહૂર્તની, ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. જેનો આબાધાકાળ જ

ઘન્યે અંતમુહૂર્ત, ઉત્કૃષ્યો સાત હજાર વર્ષનો છે. નામ અને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની, ઉત્કૃષ્ટી ૨૦ કોડાકોડ સાગરોપમની છે. તેનો આ બાધાકાળ બે હજાર વર્ષનો છે. (૨) કાળની મર્યાદા. કેટલા વખત સુધી કર્મ જીવની સાથે રહે છે તે મર્યાદાને સ્થિતિબંધ કહે છે. કષાયોથી સ્થિતિ અને અનુભાગ બંધ થાય છે. ઊક્ષ લઈને સ્થિતિ તથા અનુભાગ અર્થાત્ રસનો બંધ પડે છે. તે જીવ ફેરવવા ધારેતો ફરી જ શકે એમ બનવું અશકય છે. આવું મોહને લઈને તેનું પ્રબળાપણું છે. જો કષાય મંદ હોય છે તો સાત કર્મોની સ્થિતિ ઓછી પડે છે.

જ્ઞાનાવરણીય, દર્શાનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મની સ્થિતિ જઘળ્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટી ત્રીશ કોડાકોડી સાગરોપમની છે. જે ત્રણે કર્મનો આબાધકાળ ત્રણ હજાર વર્ષનો છે. આબાધાકાળ એટલે કર્મ બાંધ્યા પછી થી તે ઉદયમાં આવે (એટલે કે તેનાં ફળ ભોગવવાં પડે) ત્યાં લગીનો કાળ તે 'આબાધાકાળ' કહેવાય, એટલે કર્મ બાંધવું અને તે ભોગવવું તે બેની વચ્ચેનો કાળ.

સાતાવેદનીય કર્મની સ્થિતિ જઘન્ય ૨ સમયની અને ઈત્કૃષ્ટી ૧૫ કોડાકોડ સાગરની છે. આબાધકાળ કરે તો જઘળ્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટો દોઢહજાર વર્ષનો છે.

અસાતાવેદનીય કર્મની સ્થિતિ જઘળ્ય ૧૨ મુહૂર્તની અને ઉત્કૃષ્ટી ત્રીસ કોડાકોડ સાગરની છે. એનો આબાધકાળ જઘળ્ય અળ્તર્મુહૂર્તનો, ઉત્કૃષ્ટો ત્રણ હજાર વર્ષનો છે.

મોહનીય કર્મની સ્થિતિ જઘન્ય અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડ સાગરોપમની છે. જેનો આબાધકાળ જઘન્ય અંતર્મુહૂર્ત,ઉત્કૃષ્ટો સાત હજાર વર્ષનો છે. નામ અને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની ઉત્કૃષ્ટી ૨૦ કોડાકોડ સાગરોપમની છે. જેનો આબાધકાળ બે હજાર વર્ષનો છે.

સ્થિતિબંધ અને અનુભાગબંધ :કષાય વડે સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય. (૨) બંધ એટલે કર્મપુદ્ગલોનું વિશિષ્ટ શકિતરૂપ પરિણામ સહિત સ્થિત રહેવું તે (અર્થાત્ કર્મપુદ્ગલોનું અમુક અનુભાગરૂપ શકિત સહિત અમુક કાળ સુધી ટકવું તે) તેનું નિમિત્ત જીવભાવ છે. જીવભાવ રતિરાગદ્વેષમોહયુકત (પરિણામ) છે. અર્થાત્ મોહનીયના વિપાકથી ઉત્પન્ન થતો વિકાર છે. અંતરંગ કારણ (નિમિત્ત) જીવભાવ જ છે કારણ કે તે (કર્મપુદ્ગલોની) વિશિષ્ટ શકિત અને સ્થિતિનો હેતુ છે.

સ્થિતિબંધ સ્થાનો :જુદી જુદી પ્રકૃતિઓનું અમુક મુદત સુધી સાથે રહેવું તે જેમનું લક્ષણ છે એવાં જે સ્થિતિબંધસ્થાનો તે બધાંય જીવને નથી. જીવમાં કર્મની સ્થિતિબંધના પ્રકારો તો નથી પણ જે (જીવની પર્યાયની) યોગ્યતા તે પણ નથી. કર્મમાં જે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ છે તે તેના ઉપાદાનમાં જડમાં છે. પરંતુ જીવની પર્યાયમાં કર્મને અનુસાર જે યોગ્યતા છે તે જીવમાં છે. એમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. જયાં નિમિતા છે ત્યાં ઉપાદાનમાં પણ એવી જ યોગ્યતા હોય છે. કર્મપ્રકૃતિથી ભિન્ન, તે પ્રકારનું અશુધ્ધ-ઉપાદાન જીવમાં પોતાનામાં છે. કર્મપ્રકૃતિ તો તેમાં માત્ર નિમિત છે. કર્મપ્રકૃતિમાં જેટલી યોગ્યતા છે તેટલી જ યોગ્યતા ઉપાદાન (જીવ)માં છે. જેટલો સ્થિતિબંધ છે અને જેટલો પ્રદેશબંધ છે તેટલા પ્રમાણમાં ઉપાદાન (જીવ)ની પર્યાયમાં અશુધ્ધતાની યોગ્યતા છે. હવે અહીં કહે છે કે એ બધાય સ્થિતિબંધ સ્થાનો જીવને નથી. વિકાર એક જાતનો છે છતાં કર્મની પ્રકૃત્તિમાં ભિન્ન ભિન્ન સ્થિતિ કેમ પડે છે? પ્રકૃતિવિશેષને કારણે એમ થાય છે. કર્મની પ્રકૃત્તિમાં સ્થિતિ પડે છે તે પોતાના કારણે છે. નિમિત્તપણે રાગ તો એક છે, છતાં સ્થિતિમાં ફેર પડે છે તે તે કાળમાં પરમાણુની ઉપાદાનની સ્વતંત્રતાને લઈને છે. અહા! ગજબ વાત છે.

સિધ્ધ ભગવાનના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય :મુકત આત્માનું જ્ઞાન જ્ઞેય પદાર્થો ના આકારે થયા કરે છે તેથી સર્વ જ્ઞેય પદાર્થોમાં જે જે પ્રકારે ઉત્પાદદિ થાય છે તે તે પ્રકારે જ્ઞાનમાં ઉત્પાદિ થયા કરે છે, માટે મુકત આત્માને સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય છે. અથવા વધારે સૂક્ષ્મતાથી જોઈએતો, અગુરુલઘુ ગુણમાં થતી ષટ્ગુણ હાનિવૃધ્ધિને લીધે મુકત આત્મામાં સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વર્તે છે. અહીં જેમ સિધ્ધ ભગવાનનાં ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળી ભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.

સ્પર્ધક :વર્ગણાનો સમૂહ; કર્મના સ્કંધનો સમૂહ

સ્પર્ધકો :જે મંદતીવ્ર રસવાળાં કર્મદળોના વિશિષ્ટ ન્યાસરૂપ-વર્ગણાઓના સમૂહરૂપ સ્પર્ધકો છે તે બધાય જીવને નથી. જીવનું સ્વરૂપ તો સચ્ચિદાનંદ શક્તિમય છે. નિજસ્વરૂપમાં ઝુકાવ કરતાં પરિણામમાં આનંદનો અનુભવ આવે છે. પરંતુ તેમાં કર્મના વર્ગો કે વર્ગણાના સમૂહનો અનુભવ આવતો નથી. જડ તો જીવથી ભિન્ન જ છે. આ કર્મના વર્ગ અને વર્ગણાઓ જે છે તે પુદગલ છે તેથી તેઓ શુધ્ધ ચૈતન્યથી ભિન્ન જ છે. પરંતુ તે તરફના વલણનો જે ભાવ છે તે પણ સ્વાનુભૂતિથી ભિન્ન છે. એ જડ તરફના વલણવાળી દશા સ્વદ્રવ્યના વલણવાળા ભાવથી જુદી પડી જાય છે. માટે વર્ગવર્ગણા સ્પર્ધકો બધાય જીવને નથી.

સ્થિર :નિશ્ચળ.

સ્થિર થવું :એકરૂપ થવું.

સ્થિરનામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરની ધાતુ અને ઉપધાતુ પોત પોતાને ઠેકાણે રહે, તેને સ્થિરનામકર્મ કહે છે.

સ્થિરનામકર્મ :જે કર્મના ઉદયથી શરીરની ધાતુ અને ઉપધાતુ પોત પોતાને સ્થાને રહે તેને સ્થિર નામ કર્મ કહે છે.

સ્થિરાદ્રષ્ટિ :વીતરાગસુખ પ્રિયકારી લાગે.

સ્થિતિકરણ અંગ :સમજણથી, ચિંતનથી, આત્માને ધર્મમાં સ્થિર કરવો તે.

સ્નિગ્ધ :ચીકાશ

સ્નિગધ રૂક્ષત્વસ્થાનીય :સ્નિગધતા અને રૂક્ષતા સમાન. (જેમ પુદગલમાં વિશિષ્ટ સ્નિગધતા-રૂક્ષતા તે બંધ છે, તેમ જીવમાં રાગદ્વેષરૂપ વિકાર તે ભાવબંધ છે.)

સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ એક અવિભાગ પ્રતિચ્છેદથી માંડીને અનંત અવિભાવ પ્રતિચ્છેદો સુધી તરતમતા પામે છે. :કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પ્રતિચ્છેદ કહેવામાં આવે છે. (બકરી કરતાં ગાયના દુધમાં અને ગાયના કરતો ભેસના દૂધમાં ચીકાશના અવિભાગ પ્રતિચ્છેદો વધારે હોય છે. ધૂળ કરતાં રાખમાં અને રાખ કરતાં રેતીમાં લૂખાપણાના અવિભાગ પ્રતિચ્છેદો અધિક હોય છે.)

સ્નિગ્ધ-રૂક્ષત્વ :ચીકાશ અને લૂખાશ

સ્નિગ્ધ-રૂક્ષત્વસ્થાનીય :સ્નિગ્ધતા અને રૂક્ષતા સમાન.

(જેમ પુદ્ગલમાં વિશિષ્ટ સ્નિગ્ધતા-રૂક્ષતા તે બંધ છે, તેમ જીવમાં રાગદ્વેષરૂપ વિકાર તે ભાવ બંધ છે.)

સ્નિગ્ધ-રૂક્ષ :સ્નિગ્ધ એટલે ચીકણું, અને રૂક્ષ એટલે લૂખું

સરસ :રસયુક્ત (૨) જે શાશ્વત આનંદના ફેલાવી રસયુક્ત છે એવું જ્ઞાનતત્ત્વ તે સરસ છે. (૩) રસયુક્ત; રસવાળું.

સુરસરિતા :ગંગાનદી

સરસ્વતી :જિનવાણીની ધારા (૨) જિનવાણી - ૐ કાર રૂપી ધ્વનિ તે સરસ્વતી છે. (૩) સમ્યગ્જ્ઞાન. (સરસ્વતી) =જિનવાણી; ઔમ ધ્વનિ. (૪) સર્વજ્ઞ સ્વભાવને અનુસરીને થવાનો જેનો સ્વભાવ છે, એ વાણીને સરસ્વતી કહેવામાં આવે છે. એને શાસ્ત્ર પણ કહીએ.

સરસ્વતીની મૂર્તિ :જે સમ્યગ્જ્ઞાન છે એ જ સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે, દ્રવયને અડીને જે જ્ઞાન પર્યાય થા તે સમ્યગ્જ્ઞાન, તે સરસ્વતીની સાચી મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળ જ્ઞાન છે. જેમાં સર્વ પદાથો પ્રત્યક્ષ ભાસે છે. તે અનંતધર્મો સહિત આત્મતત્વને-ચૈતન્ય તત્વને પ્રત્યક્ષ દેખે છે. શ્રુતજ્ઞાન તે આત્મતત્વને પરોક્ષ દેખે છે. (વેદનની અપેક્ષાએ જો કે શ્રુતજ્ઞાન આત્મ તત્વને પ્રત્યક્ષ દેખુ છે.) કેવળજ્ઞાન અને શ્રૂતજ્ઞાન વચ્ચે આટલો ફેર છે. પોતમાં જે શ્રૃતજ્ઞાન થાય છે. તે ભગવાનના જ્ઞાન અનુસાર અને યર્થાથ તત્વને અનુસરીને છે. તેથી તે પણ સરસ્વતીની સત્યાથસ્ મૂર્તિ છે.

દ્રવ્યશ્રુત વચનરૂપ છે, તે પણ સરસ્વતીની સાચી મૂર્તિ છે. નિમિત્ત છે ને ? વચનો દ્વારા અનંત ધર્મોવાળા આત્માને બતાવે છે. આ રીતે સર્વ પદાર્થોના તત્વને જણાવનારી જ્ઞાન તથા વચનરૂપ અનેકાતમયી સરસ્વતીની મૂર્ત છે. તેથી સરસ્વતીનાં નામ વાણી, ભારતી, શારદા, વાગ્દેવી ઈત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ નિત્ય,અનિત્ય વગેરે અનંત ધર્મોને

સ્યાત પદથી એટલેકે કથંચિત કોઈ અપેક્ષાએ એક ધર્મીમાં અવિરોધપે સાધે છે. તેથી તે સત્યાર્થ છે. કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્ય કહેનારી નથી; લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિને મોર ઉપર બેસાડી તેની પૂજા કરે છે તે યર્થાથ સ્વરૂપ નથી માટે ઉપરોકત સત્યાર્થ બતાવનારી જ્ઞાન વચનરૂપ સરસ્વતી જ યર્થાથ છે એમ જાણવું

સરા :સોનાની સાંકળના સરા-ધારા-પ્રવાહ.

સરાગ ચારિત્ર ક્રમે આવી પડવું :ગુણસ્થાન આરોહણના ક્રમમાં જબરજસ્તીથી અર્થાત્ ચારિત્રમોહના મંદ ઉદથી આવી પડવું

સરાગ ચારિત્ર :શુભોપયોગથી બંધ થાય છે.

સરાગ સમ્યક્ત્વ :નિશ્ચય સમ્યગ્દર્શનના સાથે વર્તતા રાગને બતાવવા માટે નિશ્ચય સમ્યગ્દર્શનને સરાગ સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

સરાગ સમ્યગ્દર્શન :જયારે સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતામાં સ્થિર ન રહી શકે ત્યારે રાગમાં તેનું અનિત્ય જોડાણ થતું હોવાના કારણે તે દશાને સરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

સમ્યગ્દ્રષ્ટિને રાગ સાથે જોડાણ હોય ત્યારે ચાર પ્રકારના શુભભાવ હોય છે; તેનાં નામ (૧) પ્રશમ (૨)સંવેગ (૩) અનુકંપા અને (૪) આસ્તિકય

(૧) પ્રશમ=ક્રોધ-માન-માયા-લોભ સંબંધી રાગદ્વેષાદિનું મંદપણું

(૨) સંવેગ=સંસાર એટલે કે વિકારભાવનો ભય

(૩)અનુકંપા=પોતે અને પર એમ સર્વ પ્રાણીઓ પર દયાનો પ્રાર્દુભાવ

(૪) આસ્તિકય=જીવાદિ તત્ત્વોનું જેવું અસ્તિત્ત્વ છે તેવું આગમ અને યુકિત વડે માનવું તે આસ્તિકય છે.

સરાગ સમ્યગ્દ્રષ્ટિ :સરાગ સમ્યક્ત્વની મન, વચન, કાયાની ક્રિયાઓ રાગ પૂર્વક કરે છે તથાપિ તે પોતાને એ સર્વ ક્રિયાઓના કર્તા માનતા નથી. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે. એવી બુધ્ધિ રાખે છે, કષાયના ઉદયથી તેને વ્યવહાર કાર્યો પોત પોતાની પદવી પ્રમાણે કરવા પડે છે. તેને તે પોતાનું કર્તવ્ય જાણતા નથી., કર્મોદય જનિત રોગ જાણે છે, તે સરાગ સમ્યક્ત્વીનું જ્ઞાન તથા શ્રધ્ધા તો વીતરાગ સમ્યગ્દ્રષ્ટિના જેવાં છે, માત્ર ચારિત્ર મોહના ઉદયનો અપરાધ છે. તેને તે સમ્યગ્દ્રષ્ટિ કર્મનો ઉદય જાણે છે તેને પરરૂપે અનુભવ કરે છે. સર્વ મન, વચન, કાયાની ક્રિયાઓ પણ પર જાણે છે એટલા માટે તે પણ પૂર્ણ ઉદાસીન છે.

સરાગ સંયમ :જે શુભોપયોગરૂપ છે તે સરાગ સંયમ છે. (૨) સમ્યગ્દર્શનપૂર્વક ચારિત્રના ધારક મુનિને જે મહાવ્રતરૂપ શુભભાવ છે કે સંયમ સાથેનો રાગ હોવાથી સરાગસંયમ કહેવાય છે. રાગ કાંઈ સંયમ નથી; જેટલો વીતરાગભાવ છે તે સંયમ છે.

સરાગચારિત્ર :સરાગ ચારિત્રથી દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્રના વૈભવો પ્રાપ્ત થાય છે

સલ્લેખના :સત્ = સમ્યક્ પ્રકારે, લેખના = કષાયને ક્ષણ-કૃશ કરવાને સલ્લેખના કહે છે. તે અભ્યંતર અને બાહ્ય બે ભેદરૂપ છે. કાર્યને કૃશ કરવાને બાહ્ય અન આંતરિક ક્રોધાદિ કષાયોને કૃશ કરવાને અભ્યંતર સલ્લેખના કહે છે. (૨) કષાયો અને કાયાની ક્ષીણતા કરવી તેને સંલેખના કહે છે.

સલ્લેખનાના પાંચ અતિચાર :૧. સલ્લેખના ધારણ કર્યા પછી જીવવાની ઈચ્છા કરવી, ૨. સલ્લેખના ધારણ કર્યા પછી જો કાંઈ વેદના થતી હોય તો એવી ઈચ્છા કરવી કે હું જલદી મરણ પામું, ૩. પૂર્વના મિત્રોનું સ્મરણ કરવું કે જે સારો મિત્ર હતો, હું તેની સાથે રમતો હતા વગેરે, ૪ પૂર્વે જે શાતાની સામગ્રી ભોગવી હતી તેને યાદ કરવી તે ભોગ હવે ક્યારે મળશે તેનું સ્મરણ કરવું, ૫. આગામી કાળમાં સારા સારા ભોગોની પ્રાપ્તિની ઈચ્છા કરવી. આ પાંચ સલ્લેખનીયા અતિચાર છે.

આ રીતે ૧ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪. શિક્ષાવ્રત અને ૧ સલ્લેખના - એ ચૌદના સિત્તેર અતિચારોનું વર્ણન કરી ચૂક્યા. તેથી નૈષ્ઠિક શ્રાવકે આ બધાનું જ્યાં સુધી બની શકે ત્યાં સુધી યથાશક્તિ અતિચાર રહિત પાલન કરવું, તો જ મનુષ્યભવ મળવો સાર્થક છે.

સલ્લેખના ધર્મ :સમાધિમરણ-સંથારો. તેનું સ્વરૂપ કહે છે. આ એક મરણના અંતે થવા વાળી સંલેખના જ મારા ધર્મરૂપી ધનને મારી સાથે હાઈ જવાને સમર્થ છે. તે રીતે ભક્તિ સહિત નિરંતર ભાવના કરવી જોઈએ.

ટીકા :-આ માત્ર એકલી સંલેખના જ મારા ધર્મને મારી સાથે લઈ જવાને સમર્થ છે તે કારણે દરેક મનુષ્યે આ અંતિમ સંલેખના અથવા સમાધિ મરણની ભક્તિથી સદા ભાવના કરવી જોઈએ.

ભાવાર્થ :- સંસારના કારણ ક્રોધાદિ કષાય છે અને તેમનાં કારણ આહાર વગેરે પરિગ્રહમાં ઈચ્છા છે. (સ્વસન્મુખતાના બળ વડે) એ બધાંને મટાડવાં તેને જ સંલેખના કહે છે. આ સંલેખના બે પ્રકારની છે. એક ક્રમે ક્રમે ત્યાગ કરવો અને બીજા સર્વથા ત્યાગ કરવો. તેથી વિચાર કરીને શ્રાવકે પોતાના મરણના અંત સમયે જરૂર સંલેખના કરવી જોઈએ. મેં જે જીવન પર્યંત પુણ્યરૂપ કાર્યં કર્યું છે તથા ધર્મનું પાલન કર્યું છે તે ધર્મને મારી સાથે પહોંચાડવાને માટે આ અંક સંલેખના જ સમર્થ છે - એવો વિચાર કરી શ્રાવકે અવશ્ય સમાધિ મરણ કરવું.

હું મરણના સમયે અવશ્ય શાસ્ત્રોક્ત વિધિથી સમાધિમરણ કરીશ. એ રીતે ભાવનારૂપ પરિણતિ કરીને મરણકાળ આવવા પહેલાં જ આ સંલેખના વ્રત પાળવું અર્થાત્ અંગીકાર કરવું જોઈએ.

ટીકા :- હું મરણ સમયે અવશ્ય જ વિધિપૂર્વક સમાધિમરણ કરીશ. એવી ભાવના સહિત શ્રાવક જે પ્રાપ્ત થયેલ નથી એવા શીલ (સ્વભાવ)ને પ્રાપ્ત કરી લે છે.

ભાવાર્થ :- શ્રાવકે આ વાતનો વિચાર સદૈવ કરવો જોઈએ કે હું મારા મરણ વખતે અવશ્ય જ સંલેખના કરીશ. કારણકે મરણ વખતે પ્રાયઃ મનુષ્યોના પરિણામ બહુ દુઃખી થઈ જાય છે તથા કુટુમ્બીજનો અને ધનાદિથી મમત્વભાવ છૂટતો નથી. જેણે મમત્વભાવ છોડી દીધો, તેણે સંલેખના કરી. મમત્વભાવ છૂટી જવાથી પાપનો બંધ થતો નથી તથા નરકાદિ ગતિનો બંધ થતો નથી, તેથી મરણ વખતે જરૂર જ સંલેખના કરવાના પરિણામ રાખવા જોઈએ.

અવશ્ય જ થનાર જે મરણ છે તેમાં કષાયનો ત્યાગ કરતાં રાગદ્વાષ વિના પ્રાણ ત્યાગ કરનાર જે પુરૂષ છે તેને આત્મઘાત થઈ શકતો નથી.

ભાવાર્થ :- સંલેખના કરનાર પુરૂષની ઈચ્છા એવી નથી કે હું જબરદસ્તીથી મરણ કરૂં પણ એનો અભિપ્રાય એવો હોય છે કે જબરદસ્તીથી મરણ થવા લાગે ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે અને હું સંસારના વિષયભોગોથી મમત્વનો ત્યાગ કરી દઉં, તેના મરણમાં જો રાગ દ્વેષ થાય તો જ આત્માઘાત થાય. પણ જે મનુષ્ય રાગદ્વેષનો ત્યાગ કરી રહ્યો છે તેને આત્મઘાત થઈ શકતો નથી.

આત્માઘાતી કોણ છે તે બતાવે છે :-

જે જીવ ક્રોધાદિ કષાય સંયુક્ત થયો થડો શ્વાસ રોકીને કે જળથી, અગ્નિથી, વિષથી કે હથિયાર વગેરેથી પોતાના પ્રાણનો વિયોગ કરે છે તેને સદા આપઘાતનો દોષ થાય છે.

સલવાઈ જવું :અટવાય જવું; ગુંચવાઈ જવું.

સવતઃ :સવ આત્મપદેશથી

સવિકલ્પ :ઉપયોગ, જ્ઞાન (૨) ભેદવાળો. (૩) ચંચળ, ઈન્દ્રિયોના વ્યાપાર રહિત.

સવિકલ્પ અને નિર્વિકલ્પ ભેદજ્ઞાન :ભેદના ચાર પ્રકારે અર્થ નીચે મુજબ છે.

(૧) આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડવા તે પણ ભેદ છે.-વ્યવહાર છે. તે બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી.

(૨) આત્મા શરીરથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે તેવા વિકલ્પ સહિત ભેદ પાડવો તે ભેદજ્ઞાન છે, પણ તે રાગસહિત છે. સમ્યગ્દર્શન થતાં પહેલાં આવું વિકલ્પવાળું ભેદજ્ઞાન હોય છે.

(૩) રાગનો અભાવ થઈ સ્વભાવમાં એકાગ્ર થવું તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. તેમાં પરથી જુદા પડવાની અપેક્ષાએ ભેદજ્ઞાન કહેલ છે, છતાં તે નિર્વિકલ્પ છે.

(૪) તત્વ શ્રધ્ધાન સમ્યગ્દર્શન- આ ચોથી વાત છે.જ્ઞાન બધાને જાણી લે છે, છતાં ત્યાં રાગ નથી. તે નિર્વિકલ્પ ભેદજ્ઞાનમાં આવી જાય છે. છતાં અપેક્ષામાં ફેર છે. પોતાનું ભાવ ભાસન થતાં તેમાં સાત તત્ત્વોનું ભાવભાસન આવી જાય છે અહીં પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાન સામર્થ્યથી સ્વને જાણીને જાણતાં સાતે તત્વોને જાણી લે છે, છતાં ત્યાં રાગ નથી. અઃ અપેક્ષાએ નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. પોતાના જ્ઞાનનો સ્વભાવ

એવો જ છે કે સ્વ-પરને ભેદ પાડીને જાણે છે, છતાં તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. સાતે તત્વો ભેદરૂપ છે, એવા ભાવનું ભાસન એક આત્મામાં થવું તે નિર્વિકલ્પ ભેદજ્ઞાન છે. તે અહીઃ તથા સૂત્રમાં કહેવું છે.

એક રૂપ સ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. પર્યાયમાં સાત તત્ત્વ ના ભાવનું ભાસન થવું તે સમ્યગ્જ્ઞાન છે.

સવિકલ્પ જ્ઞાન :

પ્રશ્ન : જ્ઞાનનું સ્વરૂપ તો સવિકલ્પ કહયું છે ને ?

ઉત્તર : ત્યાં સવિકલ્પ એટલે જ્ઞાન સ્વ અને પરને જાણે છે. ભેદપૂર્વક સ્વ અને પરને જાણવું એમ અર્થ છે. વિકલ્પ એટલે રાગ એમ ત્યાં અર્થ નથી. જ્ઞાન તો રાગથી ભિન્ન જ છે. નિર્વિકલ્પ જ્ઞાન એટલે રાગના અવલંબરહિત જ્ઞાનથી જ વસ્તુતત્વ પકડાય એમ છે. (૨) વિશેષપણે જાણવું તે સવિકલ્પ જ્ઞાન છે.

સવિકાર :વિકાર સહિત. (૨) વિકાર સહિત; રાગ-દ્વેષ ચૈતન્ય સાથે નજીક ક્ષેત્રે છે તેને પોતાના માનવા તે સવિકાર પરિણામ છે.

સવિકાર ચૈતન્ય પરિણામ :સવિકાર ચૈતન્ય પરણિામ ત્રણ પ્રકારનું મિથ્યાદર્શન - અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્ય પરિણામ છે. અવિશેષ દર્શની, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સ્વપરના સમસ્ત ભેદને છુપાવીને પોતાના સવિકાર ચૈતન્યના પરણિામનો કર્તા થાય છે.

સવિકાર પરિણામ :ક્રોધ, માન, માયા અને લોભને પોતાનાં માનવાં તે સવિકાર પરિણામ છે.

સવિકલ્પ અને નિર્વિકલ્પ :જ્ઞાન અને દર્શન સ્વરૂપ.

સવિપાક :જે પૂર્વકર્મ બંધાયું છે એની મુદત થઈને-સ્થિતિ થઈને ખરી જાય છે એનું નામ સવિપાક નિર્જરા છે. સવિપાક-પાક સહિત ખરી જવું-એનું નામ સવિપાક નિર્જરા. એમાં આત્માના કોઈ પુરૂષાર્થ છે નહીં.

સવિપાક નિર્જરા :વિપાક એટલે કર્મનું ફળ દઈને ખરી જવું. સવિપાક એટલેઃ (સ્થિતિ પૂરી થયે ઉદયમાં આવીને ખરી જવું તેનું નામ સવિપાક નિર્જરા છે. વિપાક એટલે વિશેષપાક, સત્તામાં કર્મ પડ્યાં છે તેપાક આવીને ખરી જાય તે સવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે. (૨) આત્મા સાથે એક ક્ષેત્રે રહેલાં કર્મો પોતાની સ્થિતિ પૂરી થતાં જુદાં થઈ ગયાં તે સવિપાક નિર્જરા છે. (૩) સ્થિતિ પુરી થયે ઉદયમાં આવીને કર્મનું ખરી જવું, તેનું નામ સવિપાક નિર્જરા છે, સત્તામાં કર્મ પડયાં છે તે પાક આવીને ખરી જાય, તે સવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે. (૪) વર્તમાનમાં આ મનુષ્યગતિ છે, ત્યાં અંદર નરકગતિ, દેવગતિ આદિ ચાર ગતિનો ઉદય હોય છે. પૂર્વના બાંધેલા કર્મ પડયાં છે, તેથી દેવગતિનો ઉદય તો આવે છે, પણ તે ખરી જાય છે. તેને સવિપાક નિર્જરા કહે છે. એની મેળે પાક આવીને કર્મ ખરી ગયાં, તેને જ્ઞાની જાણે છે. આત્માનું ભાન થતાં, શાંતિ અને આનંદનું પરિણામન થયું છે. તે જીવને પૂર્વે બાંધેલાં ગતિઆદિ કર્મો હોય છે. ઉદયમાં આવીને ખરી જાય, તેને સવિપાક નિર્જરા કહે છે. અને તેને જ્ઞાની જાણે છે. વિપાક એટલે, કર્મનું ફળ દઈને ખરી જવું, સ્થિતિ પુરી થયે ઉદયમાં આવીને, કર્મનું ખરી જવું, તેનું નામ સવિપાક નિર્જરા છે. વિપાક એટલે વિશેષે પાક, સત્તામાં કર્મ પડયાં છે, તે પાક આવીને ખરી જાય, તે સવિપાક નિર્જરાને જ્ઞાની જાણે છે.

સવિભાગ :ખંડખંડરૂપ.

સવિભાજ :ખંડ ખંડરૂપ

સવિશેષ :વિશેષ સહિત; તફાવતવાળા; ભેદવાળા; ભિન્ન ભિન્ન

સવિશ્વરૂપ :અનેકરૂપ;સર્વરૂપવાળી

સવિશેષ :વિશેષ સહિત; તફાવતવાળા; ભેદવાળા; ભિન્ન ભિન્ન

સવિશેષપણે :તફાવત વિના; અભિન્નપણે.

સર્વકષધામ :આત્મજ્યોતિ.

સર્વથા પ્રાર્થનીય :સર્વ પ્રકારે ઈચ્છવા યોગ્ય.

સર્વમાન્ય ધર્મ :સર્વ જીવોને માન્ય આત્માનો ધર્મ; દયાધર્મ.

સર્વવર્તી :બધામાં વ્યાપનારૂં

સવળા :સમ્યક

સર્વગત :વ્યાપક; સર્વવ્યાપક.

સવ્યાબાધ :બાધા સહિત (૨) કર્મકલેશ સહિત; પરાશ્રિત;મૂર્ત(ઈન્દ્રયાદિ) સાથે સંબંધવાળું

સળેંઢે :સમે સુતરે. (સરખું સળેંઢે ઊતરી ગયું = બધુ સમેસુતરે સારી રીતે પાર પડી ગયું.) (૨) મુશ્કેલી વિના; સમે સૂતરે; વાંધા વચકા વિના.

સમ્યક :યોગ્ય રીત; બરાબર.

સસંસાર :સંસાર રહિત; સંસાર યુકત

સહકાર :સાથે રહેનાર. (૨) સહયોગ. (૩) સાથે રહેનાર (સાથ આપે કે મદદ આપે તેમ નથી.)

સહકારી :સાથે કાર્ય કરનાર અર્થાત્ સાથે ગતિ કરનાર. (ધજાની સાથે પવન પણ ગતિ કરતો હોવાથી અહીં પવનને (ધજાના) સહકારી તરીકે હેતુકર્તા કહ્યો છે. અને જીવ-પુદ્ગલોની સાથે ધર્માસ્તિય ગમન નહિ કરતાં (અર્થાત્ સહકારી નહિ બનતાં) માત્ર તેમને (ગતિમાં) આશ્રયરૂપ કારણ બનતો હોવાથી ધર્માસ્તિકાયને ઉદાસીન નિમિત્ત કહ્યો છે. પવનને હેતુકર્તા કહ્યો તેનો એવો અર્થ કદી ન સમજવો કે પવન ધજાફોના ગતિપરિણામને કરાવતો હશે. ઉદાસીન નિમિત્ત હો કે હેતુકર્તા હો- બન્ને પરમાં અકિંચિત્કર છે. જેમનામાં માત્ર ઉપર કહ્યો તેટલો જ તફાવત છે. ખરેખર સમસ્ત ગતિસ્થિતિ માન પદાર્થો પોતાના પરિણામોથી જ નિશ્ચયે ગતિસ્થિતિ કરે છે. માટે ધજા, સવાર (ઘોડેસવાર) ઈત્યાદિ બધાય પોતાના પરિણામોથી જ ગતિ સ્થિતિ કરે છે, તેમાં ધર્મ તેમજ પવન તથા અધર્મ તેમ જ અશ્વ અવિશેષપણે અકિંચિત્કર છે એમ નિર્ણય કરવો.) (૨) નિમિત્ત સહકારી છે, એટલે સમકાળે (સાથે) છે. તે સાથે છે એટલે સહકારી કહ્યું, કાંઈ સહાય મદદ કરે છે માટે સહકારી છે, એમ નથી.

સહકારી સમસ્ત સામગ્રી :અંતર ચારિત્રનો પુરૂષાર્થ અને બાહ્ય નગ્નદશા બંનેને, સહકારી સમસ્ત સામગ્રી કહે છે. તે વખતે કર્મના પ્રતિબંધનો અભાવ હોય છે

સહચર :સાથે રહેવાવાળો (૨) નિમિત્ત તરીકે, બીજી ચીજ હયાત

સહચારી :સાથે આવનાર; ગોઠીયો; મિત્ર; સાથીદાર

સહજ :સ્વાભાવિક (૨) કુદરતી (૩) પોતાના સ્વભાવરૂપ (૪) સ્વાભાવિક (૫) અકૃત્રિમ. (૬) જે આત્મજનિત છે; કોઈ દ્વારા ઉત્પન્ન થતું નથી.

સહજ ઉદાસીન :જ્ઞાતા-દષ્ટામાત્ર; સહજ વૈરાગ્ય રૂપ.

સહજ ગુણમણિની ખાણવાળો આત્મા :આત્મામાં એકાગ્ર થતાં પૂર્ણ આનંદ, શાન્તિ ને કેવળ જ્ઞાન પ્રગટ થાય છે.

સહજ ચૈતન્ય લક્ષણ :જીવના પારિણામિક ભાવનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ' સહજ-ચૈતન્ય છે. આ પારિણામિક ભાવ અનાદિ-અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ -અનંત છે.

સહજ જ્ઞાન :સ્વરૂપ પ્રત્યક્ષ અર્થાત્ ત્રિકાળી આત્મવસ્તુમાં સ્થિત સ્વાભાવિક જ્ઞન શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમ તત્ત્વમાં વ્યાપક-વ્યાપેલું છે, અને તે સહજજ્ઞાન પરમતત્ત્વમાં વ્યાપેલું હોવાથી સ્વરૂપ પ્રત્યક્ષ છે. ત્રિકાળી ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ એવું જે શુદ્ધ અંતઃ તત્ત્વરૂપ નિજ પરમતત્ત્વ છે તેમાં આ ત્રિકાળી સહજજ્ઞાન વ્યાપક છે અને તેથી તે સ્વરૂપ પ્રત્યક્ષ છે. આ ત્રિકાળી જ્ઞાનની વાત છે. આ સ્વરૂપ પ્રત્યક્ષની આવી વ્યાખ્યા નિયમસાર શાસ્ત્રમાં જ આવી છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ છે તે પર્યાય છે. તો તે પર્યાય આવી ક્યાંથી ? કે અંદરના ત્રિકાળી સહજગુણમાંથી તે આવે છે. સહજ શ્રદ્ધા ગુણમાંથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ગુણમાંથી સમ્યગ્જ્ઞાનને સહજ ચારિત્ર ગુણમાંથી ચારિત્ર-વીતરાગતૌ આવે છે. અંદરમાં કારણ ત્રિકાળ વિદ્યમાન છે તેમાંથી કાર્ય આવે છે એમ કહે છે.

સહજ જ્ઞાનોપયોગ :સહજ જ્ઞાનોપયોગ પરમ પરિણામિક ભાવે સ્થિત છે, તેમ જ ત્રણે કાળે ઉપાધિ રહિત છે; તેમાંથી (સર્વને જાણનારો) કેવળ જ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે સહજ જ્ઞાનોપયોગ કારણ છે અને કેવળ જ્ઞાનોપયોગ કાર્ય છે. આમ હોવાથી સહજ જ્ઞાનોપયોગને કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ કહેવાય છે. અને કેવળ જ્ઞાનોપયોગને કાર્ય સ્વભાવ જ્ઞાનોપયોગ કહેવાય છે.

સહજ પરમપારિણામિક ભાવ :એક સહજ પરમપારિણામિક ભાવને જ સદા પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે. ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમ પારિણામિક ભાવનો આશ્રય થતો નથી. પરમ પારિણામિક ભાવનો

આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને મોક્ષદશા સુધીની દશાઓ પ્રાપ્ત થાય છે.

ત્રિકાળી ધ્રુવ સ્વભાવ સહજ એક પરમપારિણામિક ભાવ જ સદા પવિત્ર એવો નિજ પરમ સ્વભાવ છે. એ બાકીના ઔદયિકાદિ ચાર ભાવો તે તો અપેક્ષિત ભાવો છે, અને તેથી વિભાવ સ્વભાવ પરભવો છે. વળી તે પર્યાયભાવો છે, ને તેથી તે પર્યાયભાવોનો આશ્રય કરવાથી ધ્રુવ દ્રવ્યનો આશ્રય થતો નથી. અર્થાત્ ધ્રુવ દ્રવ્ય સ્વભાવ પર્યાયના આશ્રયે જણાવા યોગ્ય નથી. અગમ્ય છે. ત્રિકાળી ધ્રુવ અનંદકંદરૂપ એક પરમ સ્વભાવરૂપ આત્મા છે, તેનો એકનો જ આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, કેવળજ્ઞાન અને મોક્ષ ઈત્યાદિ મોક્ષ પર્યંતની નિર્મળ અવસ્થાઓ થાય છે. પરંતુ ઔદયિકાદિ વર્તમાન વર્તતી પર્યાયના આશ્રયે કાંઈ નિર્મળ પર્યાય થતી નથી. (૨) સહજ પારિમાણિક ભાવરૂપ જેનો સ્વભાવ છે, જે કારણ સમય સારસ્વરૂપ છે, નિરાવરણ જનો સ્વભાવછે, જે નિજ સ્વભાવ સત્તા માત્ર છે, જે પરમ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે, જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળ-સ્થિતિમય શુદ્ધચારિત્ર સ્વરૂપ છે, જે નિત્ય-શુદ્ધ-નિરંજન જ્ઞાન-સ્વરૂપ છે અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્નોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર સ્વરૂપ શ્રદ્ધાન માત્ર જ છે. (અર્થાત્ કારણ દષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધામાત્ર જ છે.)

સહજ પ્રવૃત્તિ :પ્રારબ્ધોદયે ઉદ્ભવ થાયે તે, પણ જેમાં કર્તવ્ય પરિણામ નહીં

સહજ શુધ્ધ દર્શન જ્ઞાન સ્વભાવવાળા :સહજ શુધ્ધ દર્શન અને જ્ઞાન જેનો સ્વભાવ છે એવા.

સહજચૈતન્યલક્ષણ :જીવના પારિણામિક ભાવનું લક્ષણ અર્થાત સ્વરૂપ સહજ ચૈતન્ય છે. આ પારિણામિક ભાવ અનાદિ-અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ-અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ-અનંત છે.

સહજજ્ઞાન :ત્રિકાળી સ્વાભાવિક જ્ઞાન કહે છે, સ્વભાવે પ્રત્યક્ષ છે, સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આ સહજ જ્ઞાન-ત્રિકાળી સ્વભાવિક જ્ઞાન, કેવળ જ્ઞાનાદિથી ભિન્ન-જુદી ચીજ છે, કેમકે કેવળજ્ઞાનાદિ તો ઉત્પાદ-વ્યયરૂપ એવી પર્યાયો છે, જ્યારે આ ત્રિકાળી ધ્રુવ શક્તિ. તો કહે છે, સહજ જ્ઞાન સ્વરૂપે પ્રત્યક્ષ છે, અંદરમાં વસ્તુમાં વ્યાપક હોવાથી સ્વરૂપ પ્રત્યક્ષ છે. આતો અલૌકિક વાત !

સહજપણે પ્રગટ :સ્વભાવથી જ પ્રગટ

સહજપણે વિલસતા :સ્વભાવથી જ પ્રકાશતા.

સહજપદ :નિજપદ; સ્વાભાવિક; શુદ્ધ; આનંદ સ્વરૂપ એવી પોતાની સ્થિતિ તે સહજપદ.

સહજ સ્વભાવ :આત્માનો ત્રિકાળી અતિન્દ્રિય આનંદ, સહજ સ્વભાવ છે તેમાં નવું કંઈ કરવું પડતું નથી. તેમાં કંઈ પણ ઓછપ થતી નથી કે જે પૂરી કરવી પડે - તે તો વધઘટ રહિત જે છે તે એમ ને એમ છે. એવો ત્રિકાળી આનંદનો કંદ પોતે સહજ સ્વભાવે પ્રભુ છે, તેનો તેને ખ્યાલ આવતો નથી. જે ચીજ વાસ્તવિક છે, અસ્તિરૂપ છે, તેની ઉત્પત્તિ કે વ્યય નથી - ઉત્પત્તિને વ્યય તો પર્યાયમાં છે. એવો પોતે અતીન્દ્રિય આનંદથી ભરપૂર પૂર્ણ અમૃતે ભરેલો, ત્રિકાળી સહજ સ્વભાવી ભગવાન છે. ખરેખર પોતાનો સ્વભાવ સહજ જ્ઞાયકપણું છે.

સહજાનંદ :પર નિમિત્ત રહિત નિરપાધિક (સ્વાભાવિક) આનંદ.

સહપ્રવૃત્ત :ગુણો

સહભૂત :સહ-સાથે, ભૂ-સત્તા, અસ્તિત્વ, અસ્તિત્વ-સત્તા સાથે હોવું, તે સહભૂત.

સહભાવી :બધા ગુણ ત્રિકાળી એકરૂપ આત્મામાં સાથે રહે છે, તેવી સહભાવી છે. (૨) નિત્ય. (૩) સહભાવી શબ્દનો એવો અર્થ નથી કે ગુણ દ્રવ્યની સાથે સાથે રહે છે તેથી તે સહભાવી કહેવાય છે, કેમ કે એવો અર્થ કરવાથી દ્રવ્ય જુદો પદાર્થ ઠરે છે એ તે દ્રવ્યની સાથે સાથે રહેનારા ગુણો જુદા સિદ્ધ થાય છે. પરંતુ આ વાતનો પહેલાં જ નિષેધ કરી દેવામાં આવ્યો છે કે ગુણોથી

ભિન્ન દ્રવ્ય કોઈ જુદો પદાર્થ છે. તેથી સહભાગી શબ્દનો એવો અર્થ કરવો જોઈએ કે બધા ગુણો સાથે સાથે રહે છે. દ્રવ્ય અનંત ગુણોનો અખંડ પિંડ છે. તે ગુણોમાં ક્ષણે ક્ષણે પરિણમન (પર્યાય) થયા કરે છે. અનાદિ કાળથી લઈને અનંતકાળ સુધી બે ગુણોના જેટલા કોઈ પરિણામ થયા છે, તે બધામાં ગુણ સદા સાથે સાથે રહે છે. ગુણોનો પરસ્પર વિયોગ થતો નથી. પરંતુ પર્યાયોમાં એમ વાત નથી. તેઓ ક્રમભાવી છે. તેમનો સદા સાથ રહેતો નથી. જે પર્યાયો પૂર્વ સમયમાં હોય તે ઉત્તર સમયમાં રહેતી નથી તેથી પર્યાયો ક્રમભાવી છે. જે ગુણ પહેલા સમયમાં છે તે જ બીજા સમયમાં છે તેથી ગુણ સહભાવી છે.

સહભાવી વિશેષ સ્વરૂપ :સાથે સાથે રહેનાર વિશેષો-ભેદો જેમનું સ્વરૂપ છે એવા ગુણો.

સહવૃત્તિ :સાથે રહેવાપણું

સહસ્થાયી :સાથે સ્થિતિ (સ્થિરતા) કરનાર, (અશ્વ સવારની સાથે સ્થિતિ કરે છે, તેથી અહીં અશ્વને સવારના સસ્થાયી તરીકે સવારના સ્થિતિપરિણામનો હેતુકર્તા કહ્યો છે. અધર્માસ્તિકાય તો ગતિપૂર્વક સ્થિતિને પામનાર જીવ-પુદ્ગલોની સાથે સ્થિતિ કરતો નથી, પહેલેથી જ સ્થિતિ છે, આ રીતે તે સહસ્થાયી નહિ હોવાથી જીવ-પુદ્ગલોના ગતિપૂર્વક સ્થિતિ પરિણામનો હેતુકર્તા નથી.)

સહસા :એકાએક.

સહસાકાર :અકસ્માત

સહસાનિક્ષેપાધિકરણ :ભયાદિકથી કે અન્ય કાર્ય કરવાની ઉતાવળમાં પુસ્તક, કમંડળ, શરીર કે શરીરાદિના મેલને મૂકવા તે.

સહાનિવૃદ્ધિ :હાનિ... (૨) હાનિ વૃધ્ધિ સહિત; વધઘટવાળું (૩) હાનિવૃધ્ધિ સહિત;વધ ઘટવાળું

સહાયક :નિમિત્તમાત્ર; સાથે રહેલી બીજી ચીજ. સ્વ-પરનું જ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની છે.

સ્વ-પરનું એકત્વ શ્રદ્ધા નથી જીવ મિથ્યાદષ્ટિ છે.

સ્વ પરણિતિને છોડી રાગ અને પુણ્યની પરિણતિરૂપે પરિણમે તે અસંયમત છે.

જ્યારે આજ આત્મા (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વ-પરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે.

સ્વ પરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે. અને સ્વ પરની વિભાગ પરિણતિથી (ભેદ પરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.

સહારો :આશ્રય.

સહૃદય :ભાવુક; સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર; શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર; બુધ; પંડિત

સાકાર :સકારોવાળું, ભેદોવાળું; સવિકલ્પ; વિશેષ. (૨) પ્રગટ; અનુભવગોચર.

સાકાર અને નિરાકાર પ્રતિભાસ સ્વરૂપ :જ્ઞાન અને દર્શન સ્વરૂપ

સાકાર અને નિરાકાર :આત્મા, પર દ્રવ્યની અપેક્ષાએ, નિરાકાર છે પણ સ્વદ્રવ્યની અપેક્ષાએ, સાકાર છે. (૨) જ્ઞાનને સાકાર અને દર્શનને નિરાકાર કહેવામાં આવે છે; ત્યાં આકારનો અર્થ લંબાઈ-પહોળાઈ અને જાડાઈ એમ થતો નથી પણ જે પ્રકારનો અર્થ હોય તે પ્રકાર જ્ઞાનમાં જણાય તેને આકાર કહેવામાં આવે છે. અમૂર્તિક આત્માનો ગુણ હોવાથી જ્ઞાન પોતે ખરી રીતે અમૂર્ત. જે પોતે તો અમૂર્ત હોય અને વળી દ્રવ્ય ન હોય, માત્ર ગુણ હોય તેને પોતાનો જુદો આકાર હોઈ શકે નહિ; પોતપોતાના આશ્રયભૂત દ્રવ્યનો જે આકાર હોય તે જ આકાર ગુણોનો હોય છે. જ્ઞાનગુણનો આધાર આત્મદ્રવ્ય છે તેથી આત્માનો જે આકાર તે જ જ્ઞાનનો આકાર છે. આત્મા ગમે તેવા આકારના પદાર્થને જાણે તો પણ આત્માનો આકાર તો (સમુદ્ઘાત સિવાયના પ્રસંગે) બહારના શરીરાકારે રહે છે. તેથી વાસ્તવિક રીતે જ્ઞેય પદાર્થ જેવો છે તેવો જ્ઞાન જાણી લે છે તેથી જ્ઞાનને સાકાર કહેવાય છે. દર્શન અને પદાર્થની બીજાને જુદો પાડતું નથી તેથી તેને નિરાકાર કહેવાય છે.

સાકાર અને નિરાકાર પ્રતિભાસ સ્વરૂપ :જ્ઞાન અને દર્શન સ્વરૂપ.

સાકાર અનાકાર :જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે.

સાકાર મંત્રભેદ :હાથ વગેરેની ચેષ્ટા ઉપરથી બીજાના અભિપ્રાયને જાણીને તે પ્રગટ કરી દેવો તે સાકાર મંત્ર ભેદ છે.

સાકાર-અનાકાર :જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે. (૨) સવિકલ્પ-નિર્વિકલ્પ.

સાકાર-નિરાકાર :પ્રદેશત્વ ગુણના કારણે દરેક આત્માને પોતાનો અરૂપી આકાર છે જ; પણ રૂપી આકાર નથી તે અપેક્ષા એ તે નિરાકાર કહેવાય છે. આત્માનો અરૂપી આકાર ઈન્દ્રિયગમ્ય નથી, એ અપેક્ષાએ નિરાકાર છે અને આત્માનો આકાર જ્ઞાનગમ્ય છે, તેથી તે આકારવાન-સાકાર છે.

સાંખ્યમત :મુક્તાત્માના ચૈતન્યને સાંખ્યમતાનુનાયી નિરર્થક બતાવે છે. એ કહે છે કે ચૈતન્ય જ્ઞેયના જ્ઞાન વિનાનું હોય છે. આ વાતોનો નિષેધ કરતાં અહીં બે વિકલ્પ ઉપસ્થિત કરવામાં આવ્યાં છે - આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વાભાવરૂપ છે કે નિરર્થક સ્વભાવરૂપ નથી ? આ બન્નેમાંથી કોઈની પણ માન્યતા પર નિરર્થકનો વિચાર બની શકતો નથી, એમ સૂચિત કરવામાં આવ્યું છે. આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વભાવરૂપ નથી, આ દ્વિતીય વિકલ્પની માન્યતાથી તો ચૈતન્યની સ્વભાવથી સાર્થકતા સ્વતઃસિદ્ધ થઈ જાય છે અને તેથી આપત્તિ માટે કોઈ સ્થાન જ નથી રહેતું. બાકી આત્માનું ચૈતન્ય નિરર્થક સ્વભાવરૂપ છે એવો પ્રથમ વિકલ્પ માનતાં આત્માના ચૈતન્યને નિરર્થક બતાવવારૂપ વિચાર કેવી રીતે બંધ બેસતો નથી તે નીચે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ચૈતન્યને આત્માનો નિરર્થક સ્વભાવ માનવાનો અર્થએ થાય છે કે ચૈતન્ય આત્માનો સાર્થક (સ્વકીય) સ્વભાવ ન હોતાં તેનો વિભાવ પરિણામ છે. કોઈ પણ વિભાવ પરિણામ પરના નિમિત્ત વિના થતો નથી. આત્માના વિભાવ પરિણામનું કારણ યૌદ્‌ગલિક કર્મ હોય છે, જેને પ્રકૃતિ પણ કહે છે. વિભાવ પરિણામ જે ચૈતન્યરૂપ હોય તો તેને ઉત્પન્ન કરનાર પ્રકૃતિ પણ જ્ઞાનરૂપ ઠરે છે. પરંતુ જ્ઞાન પ્રકૃતિનો ધર્મ નથી. તેને પ્રકૃતિનો ધર્મ માનતાં પ્રકૃતિને ચેતનમણાનો પ્રસંગ ઉપસ્થિત થયા છે. જેને સાંખ્યમતના અનુયાયીઓએ પણ માન્યા નથી. પ્રકૃતિને ચૈતન્ય ધર્મનો સદ્‌ભાવ માનવામાં આવે તો તેને આત્મા (પુરૂષ) માનવો અનિવાર્ય બની જશે; કારણ કે સાંખ્યોએ પુરૂષ આત્માનો ચેતનરૂપે સ્વીકાર કર્યો છે અને પ્રકૃતિનો જડરૂપે. આ માન્યતાથી તેમના મતમાં વિરોધ ઉત્પન્ન થશે. તેથી ચૈતન્ય સ્વભાવથી જ્ઞાનરૂપ હોતાં નિરર્થકપણું કાંઈ જ બનતું નથી. જ્ઞાન આત્માનો સ્વભાવ હોવાથી તેમાં નિરર્થકપણાની સંગતિ બેસતી નથી. આવી સ્થિતિમાં સાંખ્યોની ઉક્ત માન્યતા સદોષ ઠરે છે.

સાંખ્યમતી :પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી, પરંતુ ત્રિકાળ ધ્રુવ જ્ઞાયકને વિષય કરનાર પર્યાય છે, તેને ન માને તે સાંખ્યમતી છે.

સાગમટે નોતરૂં :ભોજન સમારંભમાં ઘરની અબાલ વૃદ્ધ તમામને જમવાનું આમંત્રણ આપવું તે.

સાગર :દશ ક્રોડી ક્રોડી પલ્યોપમનો એક સાગર થાય છે. એક પલ્યોપમકાળના અસંખ્યાતમાં ભાગમાં અસંખ્યાત અબજવર્ષ સમાય છે. સાગર એટલે સાગરોપમ (૨) બે હજાર ગાઉ ઊંડો અને બે હજાર ગાઉ પહોળો એવા ગોળ ખાડામાં કાતરથી જેના બે ટુકડા ન થઈ શકે એવા અને એક દિવસથી સાત દિવસ સુધીના જન્મેલા ઉત્તમ ભોગ ભૂમિના ઘેટાંના વાળથી તે ખાડો પૂરો ભરી દેવો. તેમાંથી એક વાળને સો સો વરસે કાઢવો. જેટલા કાળમાં તે બધા વાળને પૂરા કાઢી નાખવામાં આવે તેટલા કાળને વ્યવહાર પલ્ય કહે છે. વ્યવહાર પલ્યથી અસંખ્યાત ગુણા ઉદ્ધારપલ્ય અને ઉદ્ધારપલ્યથી અસંખ્યાત ગુણા કાળને અદ્ધાપલ્ય કહે છે. દસ ક્રોડા ક્રોડી (૧૦ કરોડ * ૧૦ કરોડ) અદ્ધાપલ્યોને એક સાગર કહે છે. (૨) ગર એટલે વિષયુક્ત તે સાગર કહેવાય છે. એટલે સાગરને 'ગર' વિષરોગ લાગુ પડ્યો છે. એટલે વિષયુક્તને જેમ વમન થાય. મોળ ચઢે, મોઢે ફીણ વળે ને ચેન ન પડે તેમ સાગરને ફીણ વળે છે તે બહાર કાઢે છે.

સાગરોપમ :એક સાગરમાં દશ કોડા કોડી પલ્યોપમ જાય અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજવર્ષ થાય. (૨) ઉત્કૃષ્ટ અસંખ્યાત અબજો વર્ષ

સાગાર :ગૃહસ્થ.

સાંગી :સોબતી;સાથી; સાથીદાર

સાધકતમ :અર્થાતૂ ઉત્કૃષ્ટ સાધન તે કરણ

સાધન :સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ સાધન એટલે કે પૂર્ણતાને લક્ષે સ્થિરતાનો પુરુષાર્થ તે જ પરમાર્થ હેતુ વ્યવહાર છે.

સાદ્યનાંતર :અન્ય સાધનની

સાધારણજ્ઞાન :બધાં શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.

સાચું સુખ :સાચું સુખ આત્મામાં છે, તેમાં અંશ માત્ર દુઃખ નથી. આત્મામાં જ્ઞાનનો ઉપયોગ સ્થિર એકાગ્ર થતાં સુખનું વેદન થાય છે, તેથી જીવ પોતાના ઉપયોગને ત્યાંથી અન્યત્ર ફેરવવા માગતો નથી. જ્યારે ઉપયોગને આત્મામાં સ્થિર કર્યો ત્યારે બધા પર વિષયોનું લક્ષ છૂટી ગયું હોવા છતાં સુખનો અનુભવ થાય છે, કેમ કે આત્માનો સ્વભાવ જ સ્વંય સુખરૂપે છે અને તે સુખ સર્વે પર પદાર્થોથી નિરપેક્ષ છે.

સાચ્વાય સંબંધ :તાદાત્મય સંબંધ. પાંચ સમવાય એકી સાથે છે; સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્ય, કાળલબ્ધિ અને કર્મના ઉપશમાદિ બધા એકી સાથે છે.

સાચી દૃષ્ટિ :સંસારના અજ્ઞાની જીવો પરમાં સુખ નથી છતાં પરમાં સુખ માનીને ઊંચી માન્યતામાં કેટલું જોર આપે છે ? સોનામાં, ભોજનમાં, દેહમાં, મકાનમાં,ધનમાં વગેરે અનંત પર ચીજમાં રાગ કરી, તેમાં સુખ છે એવી ઊંધી માન્યતાની પ્રકડથી જુદા જ્ઞાયક સ્વભાવના વિરોધરૂપ દૃષ્ટિના જોર પડે અશુદ્ધ પર્યાયમાં જોર આપે છે. પર્યાયના આશ્રયથી એકાન્ત રાગ-દ્વેષ મોહની ઉત્પત્તિ થાય છે. પર્યાયના આશ્રયી એકાન્ત રાગ-દ્વેષ મોહની ઉત્પત્તિ થાય છે. તે ઊંધી માન્યતાની ગુલાંટ મારી સાચી માન્યતા કરીને તે વડે પૂર્ણ જ્ઞાનધન અવિનાશી આખા સ્વભાવને લક્ષમાં લેવો તે જ સાચી દૃષ્ટિ છે. તેનાથી અશુદ્ધ પર્યાયમાં અહંબુદ્ધિ મટી જાય છે - પરમાં કર્તૃત્વ ભાવ થતો નથી.

સાચો પડઘો :નિઃશંકતા.

સાક્ષાત :સીધા

સાક્ષાત દેખનારા ભગવાન :વીતરાગ સર્વજ્ઞ

સાક્ષાત્કાર :પ્રત્યક્ષ જાણવું

સાંજન :મેલસ્વરૂપ; મલિન; અશુદ્ધ (૨) સ + અંજન =અશુદ્ધ; મલિન; રાગ-દ્વેષ; હર્ષ-શોક, શુભાશુભ ભાવ વગેરે અનેક પ્રકારને પામતો. (૩) મલિનતા સહિત, દોષ સહિત.

સાંત :અંત સહિત.

સાંત અજ્ઞાન :જે જીવને કોઈ કાળે પણ જ્ઞાન થવાનું છે એવા અજ્ઞાની ભવ્ય જીવને સાંત અજ્ઞાન છે.

સાત ઉપધાતુ :વાત, પિત્ત, શ્લેષ્મ, શિરા, સ્નાયુ, ચર્મ અને ઉદરાગ્નિ. આના આધારે શરીર ટકી રહે છે. કદી આમાંથી કોઈ ઉપધાતુ બગડે છે તો રોગ ઉત્પન્ન થાય છે.

સાત કર્મ પ્રકૃત્તિ :મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, એ ત્રણ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર એમ મળીને સાત પ્રકૃત્તિરૂપ કર્મમલ કહેવાય છે.

સાત ધાતુ :રસ, રૂધિર, માંસ, મેદ (ચરબી), હાડ (હાડકાંની અંદરની ચરબી), મજ્જા અને શુક(વીર્ય). જે ભોજનપાન કરવામાં આવે છે તે આ દશાઓમાં પલટાતાં પલટાતાં આશરે એક માસમાં વીર્યને તૈયાર કરે છે.

સાત જ્ઞાન :જે સમ્યક્ત્વથી ચ્યુત થવાનો હોય એવા સમ્યક્ત્વી જીવને સાંત જ્ઞાન છે.

સાત તત્ત્વો :પ્રશ્ન : પદાર્થો અનંત છે, ને તે બધા સામાન્ય અપેક્ષાએ, જીવ અજીવમાં સમાઈ જાય છે. માટે બે, કહેવા હતા. અથવા વિશેષ અપેક્ષાએ અનંતા કહેવા હતા પણ તેને સાત કેમ કહ્યા ? જીવ અજીવની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું નહિ, તેમજ અનંતની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું નહિ, પણ

સાત તત્ત્વોને સમ્યગ્દર્શન કહ્યું. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ જીવ અજીવના વિશેષો છે. પૂણ્ય-પાપ આસ્રવ છે, વીતરાગી દર્શન-જ્ઞાન-ચારિત્ર તે સંવર નિર્જરા છે, બંધમાં અટકે તે ભાવબંધ છે, પૂર્ણ શુદ્ધદશા તે મોક્ષ છે. તે બધા જીવના વિશેષો છે, જડની પર્યાયો જે જે થાય, તે અજીવના વિશેષો છે. તો તે પર્યાયોને જુદી શા માટે કહી ?

ઉત્તરઃ જો અહીં પદાર્થનું શ્રદ્ધાન જ કરવાનું પ્રયાજોન હોત, તો સામાન્યપણે અથવા વિશેષપણે જેમ સર્વ પદાર્થનું જાણપણું થાય. તેમ કથન કરત. એકલા જ્ઞેયને જાણવાનું પ્રયોજન નથી. પણ અહીં તો મોક્ષનું પ્રયોજન છે. સામાન્યને વિશેષ ભાવોની શ્રદ્ધા કરતાં મોક્ષ થાય. તથા જેની શ્રદ્ધા કર્યા વિના, કદી પણ મોક્ષ ન થાય, તેનું અહીં નિરૂપણ કર્યુ છે. આત્મામાં પૂર્ણ શુદ્ધતા પ્રગટે, કેવળ જ્ઞાન દિશા થાય ને વિકાર ન રહે, તે પ્રયોજન છે.

જીવ-અભ્વ બે સામાન્ય છે, ને આસ્રવી, બંધ, સંવર, નિર્જનરા, મોક્ષ એ પાંચ વિશેષો છે. જીવ-અભ્વરૂપ સામાન્યની શ્રદ્ધા કર્યા વિના ને આસ્રવાદિ પાંચ વિશેષોની શ્રદ્ધા કર્યા વિના, મોક્ષ ન થાય, તેથી તેનું અહીં નિરૂપણ કર્યુ છે.

જીવ-અભ્વ એ બે, તો દ્રવ્યોની એક જાતિ અપેક્ષાએ સામાન્યરૂપ તત્ત્વ કહ્યાં. અનંતા જીવોની એક જાતિ અને અજીવોની એક જાતિ ગણીને, જીવ અજીવ સામાન્ય તત્ત્વ કહ્યાં. અભ્વમાં અનંતા યુદગલો, ધર્મ, અધર્મ, આકાશને કાળ, સમાઈ જાય છે. એક જીવ તત્ત્વનું ભાન કરતાં, અનંતા જીવોનું ભાન થાય છે ને એક અભ્વનું ભાન કરતાં, અનંતા અભ્વનું ભાન થાય છે. એ બંનેની જાતિ જાણતાં શું ફળ આવ્યું ? આત્માને સ્વ પરનું શ્રદ્ધાન થયું. આત્માને જડપદાર્થો જુદા છે, તેમાં જાતિભેદ છે. ઈનેની જાતિને અભ્વ જાતું નથી, જાણનાર ને આત્મા છે. જીવ સ્વ છે, ને ભાવસહિત છે. એમ સ્વ પરનું શ્રદ્ધાન થાય. ઉારો આત્મા મારા ભાવસહિત છે ને શરીર, કર્મ વગેરે અભ્વ છે. તે તેના ભાવ સહિત છે, એમ ભેદજ્ઞાન થતાં પોતાના હિતને અર્થે મોક્ષનો ઉપાય કરે.

બીજા જીવો જાતિ અપેક્ષાએ એક હોવા છતાં, દ્રવ્ય અપેક્ષાએ મારાથી જુદા છે. પરથી ને બીજા જીવથી જુદો જાણી, હિત અર્થે મોક્ષનો ઉપાય કરે. ઉારે પર પદાર્થ સાથે કોઈ સંબંધ નથી. હું હોઉં તો પાંજરાપોળ ચાલે, તે વાત મિથ્યા છે, મારાથી તેની અવસ્થા થતી નથી, ને તે મારૂં કાર્ય કરતા નથી. હું પરથી ભિન્ન છું, તે વસ્તુ મારે લીધે નથી, તે વસ્તુ તેને લીધે છે. આમ સાચા શ્રદ્ધા-જ્ઞાન થતાં, વીતરાગતા થાય, પરથી ઉદાસીન થાય છે. ઉારે પરદ્રવ્ય સાથે સંબંધ નથી. એમ માને, તો પરથી ઉદાસીન થાય. રાગ છોડી વીતરાગ થાય, માટે પ્રથમ શ્રદ્ધા કરવી જોઈએ. પરથી ભિન્ન જાણ્યા પછી, આ છે તો હું છું અથવા હું છું તો તે પદાર્થો છે, એ વાત રહેતી નથી. સ્વભાવને આશ્રય લેતા, રાગ છુટી જાય ને મોક્ષમાર્ગમાં પ્રવર્તે. તેથી એ બંને જાતિનું શ્રદ્ધાન થતાં જે મોક્ષ થાય. એકલા જીવને માને અથવા એકલા અજીવને માને અથવા જીવને લીધે અજીવ માને, અજીવને લીધે જીવ માને, તો તેનો મોક્ષ નથી. કર્મને લીધે આત્મા માને, તે મિથ્યાદષ્ટિ છે. જે જીવ-અભ્વને જુદા માનતો નથી.

જીવ-અજીવની ભિન્નતાની શ્રદ્ધાથી, મોક્ષમાર્ગમાં પ્રવર્તવું થાય છે. તેથી બે જાતિનું શ્રદ્ધાન થતાં, મોક્ષ થાય. પણ એ બે જાતિ જુદી જાશ્રયા વિના, સ્વ પરનું શ્રદ્ધાન થતું નથી. કર્મ તે હું, શરીર તે હું, એવી પર્યાયબુદ્ધિ થાય છે. અભ્વથી મારું તત્ત્વ જુદું છે, એવી બુદ્ધિ થઈ નહિ, નવમી ગ્રૈવેયકે જનાર મિથ્યાદષ્ટિ મુનિ, પર્યાય બુદ્ધિથી સાંસારિક પ્રયોજનનો ઉપાય કરે છે. ઈરીરની ક્રિયાથી ધર્મ માને, મન-વચન-કાયાને સ્થિર રાખી શકું છું, એમ માને, શરીરની પર્યાયને મેં સ્થિર કરી, તેથી સામાયિક થઈ, એમ માને તે અજ્ઞાની છે. તેને તત્ત્વ સમજવાનો મહિમા આવતો નથી, પણ શરીરની ક્રિયાનો મહિમા આવે છે. એવી પર્યાય બુદ્ધિવાળો જીવ, શરીરને પોતાનું તત્ત્વ માને છે, તે મોક્ષમાર્ગમાં પ્રવર્તી શકે નહિ. જે શરીર તથા પૂણ્ય-પાપને રાખવા માગે છે. શરીરની ક્રિયા જુદી છે, ને આત્માની ક્રિયા જુદી છે, એવી ભિન્ન શ્રદ્ધા વિના બંધને સાધે, પણ મોક્ષને સાધે નહિ.

પ્રથમ શરીર સારૂં રાખીએ, તો ભવિષ્યમાં ધર્મકાર્યમાં વાંધો નહિ આવે, એમ માને છે. જે મોક્ષનો ઉપાય કરી શકે નહિ, એની જાતિ જુદી ન જાણે, તો તે સંસાર માર્ગનો ઉપાય કરે છે. ને પર દ્રવ્યોમાં રાગ દ્વેષરૂપ પરિણામ કરે છે. શરીર બગડતાં દ્વેષ કરે છે. અનુકૂળ પદાર્થો ઉપર રાગ કરે છે, ને પ્રતિકૂળ પદાર્થો ઉપર દ્વેષ કરે છે. તે મોક્ષ માર્ગમાં કેવી રીતે પ્રવર્તે છે ? એટલે કે પ્રવર્તી શકે નહિ. માટે બે માન્યતા હોવાના કારણે, રાગ-દ્વેષ થયા વિના રહે નહિ. તેને પરમા ઠીક અઠીક બુદ્ધિ થાય. જેનું શરીર સારૂં રહે તો ઠીક એમ માને અથવા શરીરને એવું જીર્ણ કરવું કે વિકાર ઉત્પન્ન જ ન થાય, એમ રાગદ્વેષ કરે છે તે ભૂલ છે. શરીરને જીર્ણ કર્યે વિષયો ઘટતા નથી. પયાયબુદ્ધિ રહે છે. આ પમાણે બે સામાન્ય તત્ત્વો તો અવશ્ય શ્રદ્ધાન કરવા યોગ્ય છે.

(૨) સાત તત્વોની શ્રધ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે. તે સાત તત્વો આ પ્રકારે છે :-

(૧) જીવ 'તત્ત્વ':-ચેતના-લક્ષણવંત જીવ છે, સંસાર અવસ્થામાં તે અશુધ્ધ છે.

(૨) અભ્વ'તત્ત્વ':-

(૧) જીવને વિકારનું કારણ) પુદગલ (૨) ધર્માસ્તિકાય (૩) અધર્માસ્તિકાય (૪) આકાશ અને (૫) કાલ. એ પાંચ ચેતનારહિત અજીવ દ્રવ્ય આ જગતમાં છે.

(૩) આસ્રવ'તત્વ' :-કર્મોને આવવાનાં કારણને અથવા કર્મોના આવવાને આસ્રવ કહે છે.

(૪) બંધ'તત્વ':-કર્મોને આત્માની સાથે બંધાવાનાં કારણને અથવા કર્મોના બંધને બંધ કહે છે.

(૫) સંવર'તત્વ':- કર્મોના આવવાને રોકનારાં કારણો અથવા કર્મોનું આવવું રોકાઇ જવું તેને સંવર કહે છે.

(૬) નિર્જરા 'તત્વ' :-કર્મોના કોઇ અંશે ક્ષયનાં કારણને અથવા કર્મોના કોઇ અંશે ક્ષયને નિર્જરા કહે છે.

(૭ મોક્ષ'તત્વ' :-સર્વ પ્રકારે કર્મોથી છૂટી જવાનાં કારણને અથવા સર્વાંશે કર્મોથી પૃથક થવાને મોક્ષ કહે છે.

આ વિશ્વ જીવ અને અજીવ અર્થાત્ છે દ્રવ્યોનો-જીવ, પુદગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલ એનો સમુદાય છે. પુદ્ગલોમાં સૂક્ષ્મજાતિની કર્મવર્ગણા છે અથવા કર્મસ્કંધ છે. તેના સંયોગથી આત્મા અશુધ્ધ થાય છે.

આસ્રવ અને બંધતત્વ અશુધ્ધતાનાં કારણને બતાવે છે.

સંવર અશુધ્ધતાને રોકવાનો અને નિર્જરા અશુધ્ધતાને દૂર કરવાનો ઉપાય બતાવે છે.

મોક્ષ બંધ રહિત શુધ્ધ અવસ્થાને બતાવે છે.

આ સાત તત્ત્વો ઘણાં ઉપયોગી છે, તેને બરોબર જાણ્યા વિના આત્માનો કર્મ રોગ મટી શકતો નથી. આ સાત તત્વોની સાચી શ્રધ્ધા વ્યવહાર સમ્યગ્દર્શન છે. તેના મનનથી નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે. એટલા માટે એ નિશ્ચય સમ્યક્ત્વ થવામાં બાહ્ય નિમિત્ત કારણ છે. અંતરંગ નિમિત્ત કારણ અનંતાનુંબંધી ચાર કષાય અને મિથ્યાત્વ કર્મનો ઉપશમ થવો કે દબાઇ જવું તે છે.

(૩) (૧) જીવ તત્ત્વ - પ્રથમ જ જીવ તત્ત્વ, ચેતના લક્ષણથી વિરાજમાન તે શુદ્ધ અશુદ્ધ અને મિશ્રતા ભેદથી, ત્રણ પ્રકારે છે. ત્યાં

(૧) શુદ્ધ જીવ તત્ત્વ - જે જીવોને સર્વ ગુણ-પર્યાય પોતાના નિજભાવરૂપે, પરિણમે છે. અર્થાત જેમના કેવળજ્ઞાનાદિ ગુણ શુદ્ધ પરિણતિ-પર્યાયથી બિરાજમાન થાય, તેને શુદ્ધ જીવ કહીએ.

(૨) અશુદ્ધ જીવતત્ત્વ-જે જીવોના સર્વ ગુણ પર્યાય, વિકાર ભાવને પ્રાપ્ત થઇ રહ્યા છે, જ્ઞાનાદિ ગુણ આવરણથી આચ્છાદિન થઇ રહ્યા છે, જે થોડાઘણા પ્રગટરૂપ છે, તે વિપરીતપણે પરિણમી

રહ્યા છે. અને જેની પરિણતિ રાગાદિરૂપ પરિણમી રહી છે, તે મિથ્યાદષ્ટિ જીવોને, અશુદ્ધ જીવ કહીએ.

(૩) મિશ્રજીવ – જે જીવના સમ્યક્ત્વાદિ ગુણોની કેટલીક શકિત, શુદ્ધ થઇ છે અથવા તેમાં પણ કાંઇક મલિનતા રહી ગઇ છે, અર્થાત્ કોઇ જ્ઞાનાદિ ગુણોની કેટલીક શકિત શુદ્ધ થઇ છે, બીજી બધી અશુદ્ધ રહી છે, કેટલાક ગુણ અશુદ્ધ થઇ રહ્યા છે, એવી તો ગુણોની દશા થઇ છે, અને જેની પરિણતિ શુદ્ધા શુદ્ધરૂપ પરિણમે છે, તે જીવ શુદ્ધા શુદ્ધ સ્વરૂપ મિશ્ર કહીએ. આ રીતે જીવ નામનું તત્ત્વ ત્રણ પ્રકારે છે.

(૨) અજીવતત્ત્વ – જે ચેતનાગુણ રહિત, તે પુદ્ગલ, ધર્મ અધર્મ, આકાશ અને કાળરૂપ (કાલાણુરૂપ) પાંચ પ્રકારે છે. તેમાં

(૧) પુદ્ગલદ્રવ્ય – સ્પર્શ રસ, ગંધ, વર્ણસંયુકત અણુ અને સ્કંધના ભેદથી બે પ્રકારે છે. તેમાં જે એકાકી – અવિભાગી પરમાણુ, તેને અણુ કહીએ. અનેક અણુ મળીને સ્કંધ થાય છે, તેને સ્કંધ કહીએ. અથવા પુદ્ગલદ્રવ્યના છ ભેદ છે.

૧. સ્થૂલ સ્થૂલ – કાષ્ઠ-પાષાણ આદિ જે છેદાયા – ભેદાયા પછી, મળે નહિ, તેને સ્થૂલ સ્થૂલ પુદ્ગલ કહીએ.

૨. સ્થૂલ – જે મળ-દૂધ-તેલ આદિ દ્રવ્ય પદાર્થોની જેમ ભિન્ન ભિન્ન થવા છતાં, ફરી તુરતજ મળી શકે, તેને સ્થૂલ કહીએ.

૩. સ્થૂલ સૂક્ષ્મ-આતાપ (તડકો), ચાંદની, અંધકારાદિ, આંખથી દેખાય પણ પકડી શકાય નહિ. તેને સ્થૂલ સૂક્ષ્મ કહીએ.

૪. સૂક્ષ્મ સ્થૂલ- જે શબ્દ, ગંધાદિ આંખથી ન દેખાય, પણ અન્ય ઇન્દ્રિયથી, જણાય તેને સૂક્ષ્મ-સ્થૂલ કહીએ.

૫. સૂક્ષ્મ -જે ઘણા પરમાણુનો સ્કંધ છે, પણ ઇન્દ્રિગમ્ય નથી, તેને સૂક્ષ્મ કહીએ.

૬. સૂક્ષ્મ સૂક્ષ્મ – અતિ સૂક્ષ્મ સ્કંધ અથવા પરમાણુને સૂક્ષ્મ-સૂક્ષ્મ કહીએ. આ રીતે આ લોકમાં ઘણો ફેલાવો, આ પુદ્ગલ દ્રવ્યનો છે.

(૨) ધર્મ દ્રવ્ય = જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં, સહકારી ગુણ સંયુકત (નિમિત્તરૂપ) લોકપ્રમાણ, એક દ્રવ્ય છે.

(૩) અધર્મદ્રવ્ય = જીવ અને પુદ્ગલને સ્થિતિ કરવામાં સહકારી, ગુણ સંયુકત (નિમિત્તરૂપ) લોકપ્રમાણ, એક દ્રવ્ય છે.

(૪) આકાશ દ્રવ્ય = સર્વ દ્રવ્યોને અવગાહન હેતુ, લક્ષણ સંયુકત (અવકાશ આપવો) લોકાલોક પ્રમાણ, એક દ્રવ્ય છે. જ્યાં સર્વ દ્દ્રવ્યોને પ્રાપ્ત થાય, તેને લોક અને જ્યાં કેવળ એક આકાશ જ છે, તેને અલોક કહીએ, બન્નેની સત્તા જુદી નથી. તેથી એક દ્રવ્ય છે.

(૫) કાળ દ્રવ્ય = સર્વ દ્રવ્યોને વર્તના હેતુ લક્ષણ, સંયુકત લોકના એકેક પ્રદેશ ઉપર સ્થિત, એકેક

પ્રદેશમાત્ર અસંખ્યાત દ્રવ્ય છે. તેના પરિણામના નિમિત્તે સમય, આવલી આદિ વ્યવહાર કાળ છે. આ રીતે જીવ દ્રવ્ય સહિત છ દ્રવ્ય જાણવા. કાળને બહુ પ્રદેશ નથી, તેથી કાળ સિવાય પંચાસ્તિકાય કહીએ. એમાં જીવતત્ત્વ અને પુદ્ગલ-અજીવત્ત્વના પરસ્પર સંબંધથી, અન્ય પાંચ તત્ત્વ થાય છે.

(૩) આસ્રવતત્ત્વ = જીવના રાગાદિ પરિણામથી, યોગ દ્વારા આવતા પુદ્ગલોના આગમનને, આસ્રતત્ત્વ (કહીએ).

(૪) બંધતત્ત્વ = જીવને અશુદ્ધતાના નિમિત્તે આવેલાં, પુદ્ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ, પોતાની સ્થિતિ અને રસ, સંયુકત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું, તે બંધ તત્ત્વ કહીએ.

(૫) સંવરતત્ત્વ = જીવના રાગાદિ પરિણામના અભાવથી, પુદ્ગલોનું ન આવવું, તેને સંવર કહીએ.

(૬) નિર્જરાતત્ત્વ = જીવના શુદ્ધોપયોગના બળથી પૂર્વે બંધાયેલાં, કર્મોના એકદેશ નાશ થવો, તેને સંવરપૂર્વક નિર્જરા કહીએ. કર્મફળને ભોગવીને નિર્જરા કરવામાં આવે, તે નિર્જરા, મોક્ષને આપે નહિ.

(૭) મોક્ષતત્ત્વ = સર્વથા કર્મનો નાશ થતાં, જીવનો નિજભાવ પ્રગટ થવો, તેને મોક્ષ કહીએ. આ સાત તત્ત્વાર્થ જાણવાં પુણ્ય-પાપ આસ્રવાદિના ભેદ છે. માટે જુદાં કહ્યાં નથી. આ રીતે આ તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ કહીએ.

સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધા કેવી રીતે આવે છે? :

(૧) મોક્ષતત્ત્વ =સર્વજ્ઞ-વીતરાગ સ્વભાવ છે, તેના ધારક શ્રી અર્હંત સિદ્ધ છે, એ તે જ નિર્દોષ દેવ છે. તેથી જેને મોક્ષતત્ત્વની શ્રદ્ધા છે તેને સાચા દેવની શ્રદ્ધા છે.

(૨) સંવર-નિર્જરા =સંવર-નિર્જરા નિશ્ચયરત્નત્રય સ્વભાવ છે, તેના ધારક ભાવલિંગ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે તે જ નિર્ગ્રંથ દિગમ્બર ગુરૂ છે, તેથી જેને સંવર-નિર્જરાની સાચી શ્રદ્ધા છે તેના સાચા ગુરૂની શ્રદ્ધા છે.

(૩) જીવ તત્ત્વ =જીવતત્ત્વનો સ્વભાવ રાગાદિ ઘાતરહિત શુદ્ધ ચૈતન્ય પ્રાણમય છે, તેના સ્વભાવ સહિત અહિંસાધર્મ છે. તેથી જેને શુદ્ધ જીવની શ્રદ્ધા છે તેને નિજ આત્માની અહિંસારૂપ ધર્મની શ્રદ્ધા છે.

સાત ધાતુઓ :

રકત, વીર્ય,માંસ, મજજા, રસ, મેદ, અસ્થિ, આ સાત ધાતુનું શરીર બનેલું છે.

સંત બીજ પલટે નહિ, જો જુગ જાય અનંત;
ઊંચ-નીચ ઘર અવતરે, તો ય સંત કો સંત

(એક વખત આત્મ જ્ઞાન થયા પછી તે ગમે ત્યાં જાય, પણ તે બીજ કાયમ રહે છે.)

સાત નયો :

(૧) એવંભૂત દષ્ટિથી ઋજુસુત્ર સ્થિતિ કર :- જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપ સ્થિતિ છે, તે દષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે- વર્તમાન પર્યાયમાં તથા પ્રકારે સ્થિતિ કર! એટલે કે વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં વર્ત.

(૨) ઋજુસૂત્ર દક્ષિટથી એવંભૂત સ્થિતિ કરઃ- અને વર્તમાન પર્યાયથી ઋજુસૂત્રની દષ્ટિએ પણ, જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચિય સ્વરૂપ છે, તેવા પ્રકારે સ્તિથિ કર! અથવા વર્તમાન વ્યવહારરૂપ આચરણની દષ્ટિએ, પણ જેવું શુદ્ધ આત્મા સ્વરૂપ છે તેવી સ્થિતિ કર! શુદ્ધ સ્વરૂપસ્થ થા!

(૩) નૈગમ દષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર :- નૈગમ દષ્ટિથી એટલે કે, જેવા પ્રકારે ચૈતન્ય લક્ષણથી આત્મા લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, અથવા અંશગ્રાહી નૈગમ દષ્ટિથી જણાય છે, તે દષ્ટિથી- તે લક્ષમાં રાખી, એવંભૂત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સ્થિતિ કર! અથવા નૈગમ એટલે જેવા પ્રકારે, વીતરણભકિત, વૈરાગ્યાદિ, મોક્ષસાધક વ્યવહાર લોકપ્રસિદ્ધ છે તે દષ્ટિ થી,

તથા રૂપ વ્યવહાર આચરણની દૃષ્ટિથી કે, આવો શુદ્ધ આતમા મારે પ્રગટ કરવો છે, એવી સંકલ્પરૂપ નૈગમ દૃષ્ટિથી, એવંભૂત એટલે કે જેવા પ્રકારે આત્મા સ્વરૂપ છે, તેવા પ્રકારે થા! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ, નિરંતર એવંભૂત યથોકત આત્મ સ્વરૂપ પામવાનો જ, લક્ષ રાખ! એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.- અને એવંભૂત દૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્માસ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી, નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર! અથવા લોકપ્રસિધ્ધ વ્યવહારને વિશુદ્ધ કર!

(૪) સંગ્રહદૃષ્ટિથી એવંભૂતથા = સામાન્યગ્રાહી એવા સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ, સર્વજીવ સત્તાથી સમાન છે! સર્વજીવ છે. સિદ્ધસીમ-આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવં ભૂતથા! અર્થાત્ જેમ આત્મસ્વરૂપ છે, તેવી સ્થિતિએ પામેલો યા! એવા સ્વરૂપસ્થ થા! એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધકર- એવંભૂત એટલે, જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી તે અપેક્ષાથ દૃષ્ટિસન્મુખ રાખી સંગ્રહ અર્થાત્, જે પોતાની સ્વરૂપસત્તા છે, તે વિશુદ્ધ કર! એટલે કે,-શુદ્ધ નિશ્ચયસ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્યવહારનું, એવું અનુષ્ઠાન કર, કે જેથી કરીને જે સાધન વડે કરીને, તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

(૫) વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા = વ્યહારદૃષ્ટિથી એટલે પરમાર્થ સાધક વ્યવહારદૃષ્ટિથી, એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ સ્વરૂપ પ્રત્યેજા! કારણકે સર્વ વ્યવહાર સાધનનું એક જ સાધ્ય સ્વરૂપ, સિદ્ધિ છે. એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર. એવંભૂત નિશ્ચયરૂપ શુદ્ધસ્વરૂપદૃષ્ટિ લક્ષમાં રાખી, વ્યવહાર વિનિવૃત્ત કર! એવી ઉત્તરોત્તર ચઢતી, આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર સાધનની વિનિવૃત્તિ થાય, અપેક્ષા ન રહે. કારણ કે સમસ્ત વ્યવહાર, નિશ્ચયની સિદ્ધિ માટે છે. જેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની, નિવૃત્તિ થાય છે.

(૬) શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા! = શબ્દદૃષ્ટિથી એટલે, આત્મા શબ્દના ખરેખરા અર્થમાં, એવંભૂત-શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રત્યે ગમન-પરિણમન કરે, તે આત્મા, એમ આત્મા શબ્દનો અર્થ છે, આ શબ્દના યથાર્થ અર્થરૂપ દૃષ્ટિ લક્ષમા રાખી એવંભૂત પ્રત્યે જા! શુદ્ધ આત્મસ્વરૂપ નેપામ/ એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.-એવંભૂત શુદ્ધ સ્વરૂપલક્ષી દૃષ્ટિથી, શબ્દને-યથાર્થ અર્થરૂપ આત્મા નામધારી, શબ્દને નિર્વિકલ્પ કર! અર્થાત્ આત્મા સિવાય, જ્યાં બીજો કાંઇપણ વિકલ્પ વર્તતો નથી, એવો કર! નિર્વિકલ્પ આત્મધ્યાનને- શુકલધ્યાનને પામ.

(૭) સમભિરૂઢ દૃષ્ટિથી, એવંભૂથ અવલોક = સમભિરૂઢ-નિશ્ચય સ્વરૂપની સાધનામાં, સમ્યક્પણે અભિરૂઢ.

<u>સાત પદાર્થો</u> :પુણ્યાદિ સાત પદાર્થોનું પ્રયોજન જીવ અને અજીવ એ બે થી જ પુરું થઇ જાય છે, કારણ કે તેઓ જીવ અને અજીવના જ પર્યાયો છે. તો પછી તે સાત પદાર્થો શા માટે કરવામાં આવે છે ?

ઉત્તર : ભવ્યોને હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વ (અર્થાત હેય તત્વ અને ઉપાદેય તત્વનું સ્વરૂપ તથા તેમનાં કારણો) દર્શાવવા અર્થો તેમનું કથન છે. દુઃખ તે હે તત્ત્વ છે, તેનું કારણ સંસાર છે, સંસારનું કારણ આસ્રવ અને બંધ છે. (અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે.) અને તેમનું કારણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રછે. સુખ તે ઉપાદેય તત્વ છે, તેનું કારણ મોક્ષ છે, મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે અને તેમનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારત્ર છે.

અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે પાપપદાર્થનો તથા આસ્રવ-બંધ-પદાર્થોનો કર્તા થાય છે, કદાચિત મંદ મિથ્યાત્વના ઉદયથી, દેખેલા, સાંભળેલા અનુભવેલા ભાગોની આકાંક્ષારૂપ નિદાનબંધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનાર પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે.

જે જ્ઞાની જીવ છે તે નિર્વિકાર-આત્મતત્ત્વવિષયક રુચિ, તદવિષયકજ્ઞપ્તિ અને તદવિષયક નિશ્ચલ અનુભૂતિરૂપ અભેદરત્નત્રયપરિણામ વડે, સંવર-નિર્જરા મોક્ષ પદાર્થોનો કર્તા થાય છે. અને જયારે પૂર્વોકત નિશ્ચ્યરત્નત્રયમાં સિથર રહી શકતો નથી ત્યારે નિર્દોષ પરમાત્મસ્વરૂપ અર્હંત-સિધ્ધોની તથા તેનું (નિર્દોષ પરમાત્માનું) આરાધન કરનાર આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓની

નિર્ભર અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસાર વિચ્છેદના કારણભૂત. પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકરપકૃતિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું વિશિષ્ટ પુણ્ય તેને અનીહિતવૃત્તિએ નિદાનરહિત પરિણામથી કરે છે. આ રીતે અજ્ઞાની જીવ પાપાદિ ચાર પદાર્થોનો કર્તા છે. અને જ્ઞાની સંવરાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે.

સાત પ્રકૃતિ :મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમક્તિ મોહનીય અનંતાનુંબંધી કષાય, (ક્રોધ, માન, માયા અને લોભ) એ ચાર કષાય મળી સાતેય પ્રકૃતિનો ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે.

ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે મિથ્યાત્વ મોહનીય, ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં, માટે માર્ગ બીજો હોવો જોઈએ એવો જે ભાવ તે મિશ્ર મોહનીય, આત્મા આ હશે ? તેવું જ્ઞાન થાય તે સમયક્ત્વ મોહનીય. આત્મા આ છે એવો નિશ્ચયભાવ તે સમ્યક્ત્વ.

સાત વ્યસનો :(૧) જુગાર, (૨) માંસ ભક્ષણ, (૩) મદિરાપાન, (૪) વેશ્યાગમન, (૫) શિકાર, (૬) પરનારીનો સંગ અને (૭) ચોરી. આ સાત જગતમાં મોટાં વ્યસનો ગણાય છે, પણ એ સાતે વ્યસનો કરતાં મિથ્યાત્વ એ મહાપાપ છે તેથી તેને પ્રથમ છોડવાનો જૈન ધર્મનો ઉપદેશ છે.

સાતમી ગાથા :સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડી અભેદ અખંડ જ્ઞાયક સ્વરૂપનું લક્ષ કરાવે છે; એ અભેદ દૃષ્ટિના જોરે ક્રમે ક્રમે રાગનો નાશ અને નિર્મળતાની વૃદ્ધિ થઈ કેવળજ્ઞાનની પૂર્ણતા પ્રગટ થાય છે.

સાતા :શાંતિ, નિરાંત, સ્વસ્થતા, સુખ, ચેન (સાતું નથી=કયાંય ચેન પડતું નથી.)

સાતિશય :ઉત્તમ; પરમ (૨) ઘણા ચડિયાતા; અત્યંત વધારે; ઘણું (૩) ખૂબ તેજસ્વી. (૪) અદ્‌ભુત અલૌકિક; અતિશય; અત્યંત; ખૂબ. (૫) વિશિષ્ટ ગુણરૂપ

સાથે-સાથે :સમુદાય રૂપે

સાદૃશ્ય :એકરૂપ (૨) સમાનપણું; સરખાપણું.

સાદશ્ય અસ્તિત્વ :સર્વમાં વ્યાપનારૂં અસ્તિત્વ; સર્વ વ્યાપક અસ્તિત્વ. જેમા ઘણાં બહુવિધ વૃક્ષોને પોતપોતાની વિશેષલક્ષણભૂત સ્વરૂપ-અસ્તિત્વના અવલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને સામાન્ય લક્ષણભૂત સાદશ્યદર્શક વૃક્ષપણા વડે ઊભું થતું એકત્વ તિરોહિત-(અદશ્ય) કરે છે. તેમ ઘણાં બહુવિધ (અર્થાત્ છ પ્રકારના) દ્રવ્યોને પોત પોતાના વિશેષ લક્ષણભૂત સ્વરૂપ અસ્તિત્વના આલંબનથી ઊભું થતું જે અનેકત્વ તેને, સામાન્ય લક્ષણભૂત સાદશ્ય-દર્શક સતા પણા વડે ઊભું થતું એ કત્વ તિરોહિત કરે છે. (૨) સમાનપણું; સરખાપણું (૩) સરખાપણું; મળતાપણું ; સમાનતા; તુલ્યતા

સાદૃશ્ય-સ્તિત્વ :ઘણાં (અર્થાત સંખ્યાથી અનેક) અને બહુવિધ (અર્થાત આમ્રવૃક્ષ, અશોકવૃક્ષ ઈત્યાદિ અનેક પ્રકારનાં) વૃક્ષોનું પોતપોતાનું સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવથી સ્વરૂપ અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે, પરંતુ વૃક્ષપણું કે જે સર્વ વૃક્ષોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ વૃક્ષોમાં સાદશ્ય (સમાનપણું) બતાવે છે. તેની અપેક્ષાએ એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે; તેવી રીતે ઘણાં (અર્થાત્ અનંત) અને બહુવિધ (અર્થાત્ છ પ્રકારના) દ્રવ્યોનું પોતપોતાનું સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન ભિન્ન હોવાથી સ્વરૂપ અસ્તિત્વની અપેક્ષાએ તેમનામાં અનેકપણું છે. પરંતુ સતપણું (હોવાપણું છે એવોભાવ) કે જે સર્વદ્રવ્યોનું સામાન્ય લક્ષણ છે અને જે સર્વ દ્રવ્યોમાં સાદશ્ય બતાવે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં એકપણું છે; આ એકપણાને મુખ્ય કરીએ ત્યારે અનેકપણું ગૌણ થાય છે. આ પ્રમાણે સાદશ્ય અસ્તિત્વનું નિરૂપણ થયું

સ્માદ્‌વાદ :સ્પાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુસ્વભાવનું કથન તેને સ્યાદ્‌વાદ કહે છે.

સાદૃશ્ય :સમાનપણું; સરખાપણું

સાદશ્ય અસ્તિત્વ :આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળા (ભિન્ન ભિન્ન અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું સતૂ એવું સર્વગત લક્ષણ (સાદશ્ય અસ્તિત્વ) એક છે. (૨) અસ્તિત્વ બે પ્રકારે છે. સાદશ્ય-અસ્તિત્વ અને સ્વરૂપ-અસ્તિત્વ. સાદશ્ય-

અસ્તિત્વની અપેક્ષાએ સર્વદ્રવ્યોમાં સમાનપણું છે અને સ્વરૂપ-અસ્તિત્વની અપેક્ષાએ સર્વ દ્રવ્યોમાં વિશેષપણું છે.

સાદશ્યપ્રત્યભિજ્ઞાન :સ્મૃતિ અને પ્રત્યક્ષના વિષયભૂત પદાર્થોમાં સાદશ્ય (સમાનતા) દેખાડતા જોડરૂપ જ્ઞાનને સાદશ્ય પ્રત્યભિજ્ઞાન કહે છે. જેમકે આ ગાય રોઝના જેવી છે.

સાદિ :આદિ સહિત (૨) ક્ષાયિક ભાવ જો કે સ્વભાવની વ્યકિતરૂપ (પ્રગટતારૂપ) આત્માનિશ્રિત નિરાકુળતા લક્ષણવાળું સુખ ઉત્પન્ન થાય છે. તેના કારણરૂપ શક્તિ તે સુખગુણ છે. અનાકુળતા જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી સુખશક્તિ આત્મામાં નિત્ય છે. (૨) ક્ષાયિકભાવ જો કે સ્વભાવની વ્યકિતરૂપ (પ્રગટતારૂપ) હોવાથી અનંત (અંત વિનાનો) છે તો પણ કર્મના ક્ષય વડે ઉત્પન્ન થતો હોવા લીધે સાદિ છે. તેથી કર્મકૃત જ કહેવામાં આવ્યો છે. (૩) અનંત-અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયાત્મક છે = ભગવાનને પર્યાયમાં જે કેવળજ્ઞાન થયું તે સાદિ (નવું) છે, પણ હવે તે અનંત છે, અર્થાત્ હવે તો અંત આવશે નહિ, પણ અનંતકાળ રહેશે. અહા ! ત્રિકાળી દ્રવ્ય-ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા અનાદિ-અનંત છે, જ્યારે તેના આશ્રયે જે કેવળજ્ઞાનની દશા નવી પ્રગટ થઈ છે તે સાદિ અનંત છે. અહા ! કેવળ જ્ઞાન થયું છે માટે તે સાદિ છે, અને હવે તે અનંતકાળ રહેવાનું છે માટે અનંત છે.

વળી કહે છે - આ કેવળજ્ઞાન શુદ્ધ અદભૂત વ્યવહારનય સ્વ છે, અહા ! ક્ષાયિક જ્ઞાન પણ એક સમયની પર્યાય છે ને ? તો તે વ્યવહારનય સ્વરૂપ છે. ત્રિકાળી ધ્રુવ આત્મવસ્તુ નિશ્ચયનય સ્વરૂપ છે, જ્યારે આ કેવળજ્ઞાનની પ્રગટ દશા વ્યવહારનય સ્વરૂપ છે. વળી તે એનામાં છે માટે સદ્‌ભૂત છે. અને તે (કેવળજ્ઞાન) પૂર્ણ શુદ્ધ છે માટે શુદ્ધ છે. આ રીતે તે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનય સ્વરૂપ છે. વળી કેવળ જ્ઞાન અમૂર્ત ને અતીન્દ્રિય છે તેથી કેવળજ્ઞાન અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનય સ્વરૂપ છે. આવું ઝીણું સમજવું પડશે.

હવે કહે છે - અને જે ત્રિલોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદના યોગ્ય છે અહાહા...! જેમણે અંતરના ઉકેલ કરીને પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરી છે તે ભગવાન તીર્થંકર દેવ લોકના ભવ્યજનોનો પ્રત્યક્ષ વંદના યોગ્ય છે.

એવા તીર્થંકર પરમ દેવને -કેવળજ્ઞાનની માફક આ (કાર્ય દષ્ટિ) યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે. = અહીં જેમ કેવળજ્ઞાન લોકાલોકમાં યુદપદ્ વ્યાપે છે તે કેવળજ્ઞાનની સાથે કાર્યદષ્ટિ અર્થાત્ કેવળ દર્શન પણ લોકાલોકમાં યુગપદ્ વ્યાપે છે. અહા ! આવું કેવળ દર્શન છે એમ કહે છે. આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવ દર્શનનોપયોગ કહ્યો. (૪) જે નવો ઉત્પન્ન થયો છે.

સાદિ અનંત સ્વભાવ વ્યંજન પર્યાય અને સાદિ અનંત સ્વભાવઅર્થ પર્યાય કોને હોય છ ? :સિધ્ધ ભગવાનને કારણ કે તેમને વિકાર અને પરનિમિત્તનો સંબંધ સર્વથા છૂટી ગયો છે.

સાદિ-અનંત :જીવો ક્ષાયિક ભાવથી સાદિ-અનંત છે.

સાદિ-સાંત :જીવો ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોથી સાદિ સાંત છે.

સાદિ-સાંત અને અનાદિ-અનંત :જીવને સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું પરસ્પર વિરુધ્ધ છે; પરસ્પર વિરુધ્ધ ભાવો એકી સાથે જીવને કેમ ઘટે ? તેનું સમાધાન આ પ્રમાણે છે : જીવદ્રવ્ય, પર્યાયાત્મક વસ્તુ છે. તેને સાદિ-સાંતપણું અને અનાદિ-અનંતપણું બન્ને એક જ અપેક્ષાએ કહેવામાં આવ્યાં નથી., ભિન્ન ભિન્ન અપેક્ષાએ કહેવામાં આવ્યા છે, સાદિ-સાંતપણું કહેવામાં આવ્યું છે તે પર્યાય-અપેક્ષાએ છે અને અનાદિ-અનંતપણું દ્રવ્ય અપેક્ષાએ છે. માટે એ રીતે જીવને સાદિ-સાંતપણું તેમ જ અનાદિ-અનંતપણું એકી સાથે બરાબર ઘટે છે.

સાદી શૈલી :સરળ લખાણ.

સાધુ :સામાન્યપણે ગૃહવાસત્યાગી, મૂળ ગુણના ધારકને (૨) શુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવવાળી, શુદ્ધ સહજાત્મતત્ત્વ આરાધનારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિને જે સાધે છે, તે સાધુ છે. (૩) જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું સેવન કરે, તે સાધુ છે. અખંડ, અભેદ, એકરૂપ, જે ત્રિકાળી જ્ઞાયકભાવ,

એની દૃષ્ટિ એ નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનું એનું સ્વસંવેદન જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન અને એમાં રમણતા, લીનતા આચરણરૂપ અનુષ્ઠાન, એ સમ્યક્ ચારિત્ર. આ નિશ્ચયરત્નત્રયનું સેવન કરે, તે સાધુ છે. (૪) સાધુ આગમ ચક્ષુ-આગમરૂપ ચક્ષુવાળા છે. (૫) શુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવવાળી શુદ્ધ સહજાત્મતત્ત્વની આરાધનારૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિને જે સાધે છે તે સાધુ છે. (૬) ભગવાન આત્મા અનંત જ્ઞાન અને આનંદના સામર્થ્યવાળો પરમેશ્વર છે. તેને જાણીને, તેનું શ્રધ્ધાન કરીને તેમાં રમણતા કરવી તેનું આચરણ-ચારિત્ર છે. બહારમાં વસ્ત્રનો ત્યાગ કરે, નગ્નપણું ધારણ કરે અને પંચમહાવ્રત લે તેથી કાંઈ ચારિત્ર પ્રાપ્ત થઈ જતું નથી. અંદર ભગવાન આનંદનો નાથ જ્ઞાતા-દ્રષ્ટા સ્વરૂપે બિરાજે છે તેમાં ઉગ્રપણે લીનતા કરી ઠરવું એનું નામ ચારિત્ર છે. અને ત્યાં વસ્ત્રનો ત્યાગ અને નગ્નપણું સહજપણે હોય જ છે. વસ્ત્ર રાખીને સાધુપણું માને એ તો મિથ્યાત્વ છે. જૈનદર્શનમાં વસ્ત્ર સહિત સાધુપણું ત્રણ કાળમાં કદીય હોતું નથી. તથા વસ્ત્ર છોડીને નગ્ન થાય પરંતુ આત્માના શ્રધ્ધા-જ્ઞાન ચારિત્ર રહિત હોય તો એ પણ મિથ્યાદ્રષ્ટિ છે. ભલે પંચ મહાવ્રતને પાળે, પણ એ મહાવ્રતના વિકલ્પને ધર્મ માને તો એ મિથ્યાદ્રષ્ટિ છે. પંચમહાવ્રતનો વિકલ્પ એ તો રાગ છે. આગમાં રમે એ ચારિત્ર કેમ કહેવાય ? આત્માના આનંદમાં રમણતા કરે એ ચારિત્ર છે, ધર્મ છે. (૭) રત્નત્રયને સાધનારા તે સાધુ

સાધે :સાધવું; સિદ્ધ કરે; પાર પાડે; જાણે.

સાંધ :તડ

સાધુ (મુનિ-શ્રમણ)ના ૨૮મળ ગુણ :

૫ મહાવ્રત=હિંસા, અસત્ય, ચોરી, આદાન, નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન
૫ સમિતિ=ઈર્યા, ભાષા, એષણા, આદાન, નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન
૫ ઈન્દ્રિય નિરોધ=પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ઈષ્ટ-અસ્નિષ્ટપણું ન માનવું
૬ આવશ્યક=સામાયિક, વંદના, ૨૪ તીર્થંકરની અથવા પંચપરમેષ્ટીની સ્તુતિ; પ્રતિક્રમણ; સ્વાધ્યાય અને કાર્યોત્સર્ગ
૨૨ કેશ લોચ, ૨૩ અચેલપણું (વસ્ત્રરહિત-દિગંબરપણું) ૨૪ અસ્નાનતા, ૨૫ ભૂમિશયન, ૨૬ દાતણ ન કરવું, ૨૭ ઊભા ઊભા ભોજન કરવું અને ૨૮ એક વખત આહાર.

(આચાર્ય, ઉપાધયાય અને સાધુ એ ત્રણે નિશ્ચય રત્નત્રય અર્થાત શુધ્ધોપયોગરૂપ મુનિધર્મરૂપ જે આત્મસ્વરૂપનું સાધન છે તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (સાવધાન-જાગૃત) રહે છે. બાહ્યમાં ૨૮ મૂળગુણોના ધારક હોય છે. તેમની પાસે દયાનું ઉપકરણ પીંછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ શાસ્ત્રકથિત ૪૬ દોષ (૩૨ અંતરાય અને ૧૪ આહાર સંબંધી દોષ) થી બચાવીને શુધ્ધ આહાર લે છે. તે જ મોક્ષમાર્ગના સાધક સાચા સાધુ છે એને તે ગુરુ કહેવાય છે.)

સાધુએ પાળવાના અઠ્ઠાવીસ મૂળ ગુણ :પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિય નિરોધ, છ પરમ આવશ્યક, કેશલોચ, અસ્નાન, અચેલપણું (નગ્નપણું), અદંતધાવન, ભૂમિશયન, ઉભા રહીને ભોજન કરવું, અને એક વખત ભોજન : આ યોગીના અઠ્ઠાવીસ મૂળ ગુણ છે જે સદા પાળવા યોગ્ય છે.

સાધુઓ :નિશ્ચય ચતુર્વિધ -આરાધના વડે જેઓ શુદ્ધ આત્મસ્વરૂને સાધે છે, તઓ સાધુઓ છે.

સાધક :નિમિત્ત. (૨) અધુરી નિર્મળ પર્યાયરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર

સાધકતમ :ઉત્કૃષ્ટ સાધન તે કરણ (૨) ઉત્કૃષ્ટ હેતુ (૩) ઉત્કૃષ્ટ સાધક (૪) ઉત્કૃષ્ટ સાધન તે કરણ (૫) પૂર્ણ સાધક, સર્વ સાધક

સાધક ભાવ :જે સંતોને અંતર્મુહૂર્તમાં કેવળ લેવા છે તે સંતોને પણ ઝાલીને મેરૂપર્વત ઉપર પૂર્વના વેરી દેવોએ પછાડયા તોપણ સંતોએ જરાય ખેદ નહિ કરતાં વિચાર્યું કે એના ભાવ એને જે કરવું હોય તે કરવા દે, તારા ભાવે તું કર. એમ વિચારી સ્વરૂપમાં ઠર્યા અને અનંતર્મુહૂર્તે કેવળ લઈ મોક્ષ પધાર્યા. બહારની પ્રતિકૂળતા સાધકને ક્યાં બોધક થાય તેમ છે? મેરૂ પર્વતથી અનંતામુનિઓ મોક્ષ પધાર્યા. શાસ્ત્રોમાં લેખ છે કે અઢી દ્વીપમાં કોઈ એવી જગ્યા નથી કે જ્યાંથી અનંતા સિદ્ધ ન થયા હોય, બધા સ્થાનેથી મુનિઓ સિદ્ધ થયા છે. સાધકનો મુખ્યપણે એવો સહજ સ્વભાવ છે કે જેમ ભીંસ

વધારે પડે તેમ સાધકનો સાધકભાવ વધારે ઉઘડે છે, તેને બાધક કરવા જગતમાં કોઈની તાકાત નથી, અનંતી પ્રતિકૂળતાની સામે ઉભા રહેવાની સાધકની તાકાત છે. (૨) અપૂર્ણ સ્વરૂપ; વર્તમાનમાં સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ સાધક છે; મોક્ષમાર્ગ.

સાધન :મોક્ષ માર્ગની પર્યાય; મોક્ષોપાય. (૨) વસ્તુની ઉત્પત્તિના કારણને સાધન કહે છે.

સાધનજીવ :સમક્તિની જ્ઞાની.

સાધનભૂત :કારણરૂપ

સાધુના કેટલાક મૂળ ગુણ :શ્રમણ-મુનિના ૨૮ અઠ્ઠાવીસ મૂળ ગુણ છે. પાંચ મહાવ્રત (અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ મહાવ્રત છે.) પાંચ સમિતિ (ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન આ પાંચ સમિતિ છે.) પાંચ ઈન્દ્રિયોનો નિરોધ (સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ એ શ્રોત્ર એ પાંચ ઈન્દ્રિયો, જેમનો નિરોધ-વશ કરવું-અહીં વિવક્ષિત છે.) છ આવશ્યક (સામાયિક, સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન આ છ પરમ આવશ્ય છે.) કેશલોચ. અસ્નાન, અચેલપણું (નગ્નપણું), અદંતધાવન, ભૂમિ-શયન, ઊભા રહીને ભોજન કરવું અને એક વખત ભોજન આ યોત્રીના અઠ્ઠાવીસ મૂળગુણ છે જે સદા પાળવા યોગ્ય છે.

જેમનું વિસ્તૃત સ્વરૂપ લક્ષ્ય અને ઉપયોગિતાના વર્ણનથી મૂળાચાર, ભગવતી આરાધના, અનચાર ધર્મામૃત આદિ ગ્રંથો વિશે, જાણવા માટે વાંચવા ભલામણ છે.

સાધ્ય :સધાતું (૨) પ્રાપ્ત (૩) આત્માના શુદ્ધ સ્વભાવની સાક્ષાત્ પ્રાપ્તિ; સર્વથા મોક્ષ. (૪) મોક્ષ. (૫) પૂર્ણ નિર્મળ અવસ્થા, ત્રિકાળી ટકનાર, પૂર્ણ આત્મસ્વરૂપ (૬) લક્ષ્ય, ધ્યેય (૭) સાધવા યોગ્ય (૮) સાધવા યોગ્ય; પ્રાપ્ત કરવા યોગ્ય; મેળવવા યોગ્ય; ધ્યેય; નિશાન; લક્ષ્ય.

સાધ્ય અને સાધન :સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુધ્ધિ સાતમા ગુણસ્થાન-યોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છેઃ હવે છઠ્ઠા ગુણસ્થાને કેવી અને કેટલી શુધ્ધ હોય છે-એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવતો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે જે શુધ્ધિના સદૂભાવમાં તેની સાથે મહાવ્રતાદિના પણ કહે છે કે, ચોથે ગુણસ્થાન કે થી તરેમા ગુણસ્થાનક સુધી આત્મપ્રતીતિ સમાન છે; જ્ઞાનનો તારતમ્ય ભેદ છે.

જો ચોથે ગુણસ્થાન કે સ્વરૂપસ્થિતિ અંશે પણ ન હોય તો, મિથ્યાત્વ જવાનું ફળ શું થંયું? કંઈ જ થયું નહીં. જે મિથ્યાત્વ ગયું તે જ આત્મસ્વભાવનું આવિર્ભાવપણું છે. અને તે જ સ્વરૂપસ્થિતિ છે. જો સમ્યક્ત્વથી તથા રૂપ સ્વરૂપસ્થિતિ ન હોય, તો શ્રેણિકાદિને એકાવતારીપણું કેમ પ્રાપ્ત થાય ? એક પણ ત્યાં વ્રત, પચ્ચખાણ નથી અને માત્ર એક જ ભવ બાકી રહ્યો એવું અલ્પ સંસારીપણું થયું તે જ સ્વરૂપસ્થિતિ સમકિતનું બળ છે. પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાન કે ચારિત્રનું બળ વિશેષ છે, અને મુખ્યપણે ઉપદેશક ગુણસ્થાનકમ તો છઠ્ઠું અને તેરમું છે. બાકીનાં ગુણસ્થાનકો ઉપદશેની પ્રવૃત્તિ કરી શકવા યોગ્ય નથી; એટલે તેરમે અને છઠ્ઠે ગુણસ્થાન કે તે પદ પ્રર્વેર્તે છે.

સાધ્યભાવ :પૂર્ણ સ્વરૂપ; જ્ઞાન સ્વરૂપ આત્માની પૂર્ણ સિદ્ધ પર્યાય.

સાધ્ય-સાધન :સાધ્ય-સાધન વિષેનું સત્યાર્થ નિરૂપણ એમ છે કે છઠ્ઠા ગુણસ્થાને વર્તતી આંશિક શુધ્ધિ સાતમા ગુણસ્થાન યોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે. હવે છઠ્ઠા ગુણસ્થાને કેવી અથવા કેટલી શુદ્ધિ હોય છે. એ વાતનો પણ સાથે સાથે ખ્યાલ કરાવવો હોય તો, વિસ્તારથી એમ નિરૂપણ કરાય કે જે બુધ્ધિના સદભાવમાં, તેની સાથે સાથે મહાવ્રતાદિના શુભ વિકલ્પો હઠ વિના સહજપણે વર્તતા હોય છે તે છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય શુધ્ધિ સાતમા ગુણસ્થાનયોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે. આવા લાંબા કથનને બદલે, એમ કહેવામાં આવે છે છઠ્ઠા ગુણસ્થાને વર્તતા મહાવ્રતાદિના શુભ વિકલ્પો સાતમા ગુણસ્થાન યોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે; તો એ ઉપચરિત નિરૂપણ છે. આવા ઉપચરિત નિરૂપણમાંથી એમ અર્થ તારવવો જોઈએ કે મહાવ્રતાદિ શુભવિકલ્પો નહિ પણ તેમના દ્વારા સૂચવવા ધારેલી છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિનું સાધન છે.

સાધિક :બુધ્ધિવાળો

સાધવું :સિદ્ધ કરવું; પુરવાર કરવું; સાબિત કરવું; પ્રાપ્ત કરવું; મેળવવું.

સાધારણ અને અસાધારણનો અર્થ :જે ગુણ સામાન્ય રીતે દરેક દ્રવ્યમાં પ્રાપ્ત થાય છે તેમને તો સામાન્ય અથવા સાધારણ ગુણ કહે છે અને જે ગુણ ખાસ ખાસ દ્રવ્યમાં જ પ્રાપ્ત થાય તેમને વિશેષ અથવા અસાધારણ ગુણ કહે છે, અર્થાત્ જ સર્વ દ્રવ્યોમાં રહે તે સામાન્ય અને જે કોઈ વિશેષ દ્રવ્યમાં રહે તે વિશેષ કહેવાય છે.

ઉદાહરણ :- સત્ ગુણ બધા દ્રવ્યોમાં સમાનપણે પ્રાપ્ત થાય છે તેથી બધા દ્રવ્યો સત્ કહેવાય છે પરંતુ જ્ઞાનગુણ બધા દ્રવ્યોમાં પ્રાપ્ત થતો નથી પણ જીવમાં જ પ્રાપ્ત થાય છે તેથી જ્ઞાન વિશેષ ગુણ છે સત્ સામાન્ય ગુણ છે. એ જ રીતે દ્રવ્યોમાં સામાન્ય ગુણ સમાન છે અને વિશેષ ગુણ જુદા જુદા છે.

સાધારણ ધર્મો :વસ્તુમાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અગુરુલઘુત્વ ઈત્યાદિ ધર્મો છે.

સાધારણ નામકર્મ :જે કર્મના ઉદયથી, એક શરીરના અનેકજીવ સ્વામી (માલિક) હોય, તેને સાધારણ નામ કર્મ કહે છે.

સાધારણ શરીરનામ કર્મ :જે કર્મના ઉદયથી એક શરીરના અનેક જીવ સ્વામી હોય તેને સાધારણ શરીર નામકર્મ કહે છે.

સાધિક :અધિક બુદ્ધિમાન.

સાનુકૂળતા :યોગ્યતા

સાન્ત :અંતવાળું; વિનાશી; ભંગુર; નશ્વર

સાનંદ :આનંદથી પરિપૂર્ણ

સાન્નિપાતિક :સપ્રમાણ મળતું આવતું; ક્રમે ક્રમે ઊતરી આવવું તે.

સાન્વય :સમુચિત

સંતાનવાહિની :સંતત; સતત; નિરંતર; ધારાવાહિની; અતૂટક.

(જયાં સુધી અપ્રયત ચર્યા છે ત્યાં સુધી સદાય હિંસા સતતપણે ચાલુ છે.)

સાપેક્ષ :બીજા કારણ, હેતુની જરૂરિયાત ઈચ્છે છે. (૨) કોઈ-કર્મ આદિથી સહિત, કોઈની અપેક્ષા સહિત. કર્મના નિમિત્તના સદ્ભાવ-અભાવની અપેક્ષા કાઢી નાખો તો વસ્તુ, વસ્તુનો ગુણ અને વસ્તુના અંશરૂપ પર્યાય તે પરથી અપેક્ષા વગર કાયમ ટકી રહ્યા છે.

કર્મના નિમિત્તના અભાવથી અપેક્ષાએ મારામાં મોક્ષનો ઉત્પાદ અને સંસારનો વ્યય દેખાય છે. એવો ઉત્પાદ-વ્યય પર નિમિત્તે દેખાય છે. પણ જો વસ્તુનો અસલ સ્વભાવ લક્ષમાં લો વસ્તુ અનાદિ અનંત નિરપેક્ષપણે સાકાર પરિણામી છે, મારી ચીજને બીજા કોઈની અપેક્ષા નથી એકલી નિરપેક્ષ વસ્તુ છે, તે વસ્તુ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી ત્રિકાળ નિર્મળ,નિર્મળ અને નિર્મળ છે.

સાપેક્ષત્વ અથવા અપેક્ષાએ :એકબીજાને લઈને.

સાપેક્ષદ્રષ્ટિ :વસ્તુતઃ મુખ્ય રાખે અને તે વસ્તુના બીજા ગુણને પેટામાં (ગૌણ) રાખે તે દ્રષ્ટિને નય અથવા સાપેક્ષદ્રષ્ટિ કહેવાય છે.

સાંપ્રત :હમણાંનું; હાલનું; યોગ્ય; ઉચિત; વર્તમાનકાળે.

સાંપ્રતે ક્ષણ :વર્તમાનના સુખને જોનાર.

સાંપ્રતકાલ :હાલનો સમય; ચાલતો સમય; વર્તમાન કાળ.

સાંપ્રતિક :વર્તમાન પદાર્થને લગતું.

સાંપ્રતિકપણું :વર્તમાનપણું; તાત્કાલિકપણું.

સંપ્રાપ્ત કરે છે. :અંગીકાર કરે છે.

સાબીત :સિદ્ધ થયેલું; પુરવાર થયેલું; સિદ્ધ.

સામગ્રી :બાહ્ય સાધનો

સામંતો :રાજાના સગાંઓને જાગીર આપી હોય તે.

સામાન્ય અને વિશેષ :સત્ સામાન્ય છે, પરિણામ વિશેષ છે. ન તો સામાન્ય વિના વિશેષ હોઈ શકે અને ન વિશેષ વિના સામાન્ય હોઈ શકે છે. તેથી સામાન્ય વિશેષાત્મક-સત્-પરિણામ બન્ને સમકાળ ભાવી છે અને કથંચિત્ અભિન્ન છે.

સામ્પરાયિક આસ્રવ :આ આસ્રવ સંસારનું જ કારણ છે. મિથ્યાત્વ ભાવરૂપ આસ્રવ અનંત સંસારનું કારણ છે; મિથ્યાત્વનો અભાવ થયા પછી થતો ભાવાસ્રવ અલ્પ સંસારનું કારણ છે. (૨) જે કર્મ પરમાણુ જીવના કષાયભાવોના

નિમિત્તથી આત્મામાં કંઈક વખત માટે સ્થિતિને પ્રાપ્ત થાય, તેના આસ્રવને સામ્પરાયિક આસ્રવ કહે છે.

સામ્ય :સમતા; સમભાવ; (૨) મોહ અને ક્ષોભ રહિત પરિણામ. સામ્ય, ધર્મ, ચારિત્ર એ બધા એકાર્થવાચક છે. (૩) સમતા; સમભાવ (વિષમતા વિનાનો સુસ્થિત આત્માનો ગુણ) (૪) સમતા; સમભાવ. (૫) સમતા; સમભાવ. (૬) યથાસ્થિત આત્મગુણ; વિષમતા વિનાનો-સુસ્થિત-આત્માનો ગુણ હોવાથી સામ્ય છે. સમતા, સમભાવ. (૭) સમતા, સમભાવ. સામ્ય મોહક્ષોભરહિત, એવો આત્માનો ભાવ છે. (૮) સમતા; સમભાવ.

સામ્ય છે :દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયના ઉદયથી ઉત્પન્ન થતા સમસ્ત મોહ અને મોક્ષના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.

સામ્ય ધર્મપણું નક્કી કરીને :સામ્ય એ ધર્મ છે એમ નકકી કરીને

સામ્યભાવ :વીતરાગતા.

સામયિક :આત્મદ્રવ્ય-નિજદ્રવ્ય સ્વભાવમાં પરિણમવું તે સામયિક છે. (૨) સમતાપૂર્વક-સમતાના ભાવપૂર્વક એકાગ્રચિત્તે બેસી કરવાનું નિત્યકર્મ.

સામગ્રી :બાહ્ય સાધનો.

સામર્થ્ય :યોગ્યતા. (૨) શક્તિ; સમર્થતા; તાકાત; બળ; જોર. (૩) યોગ્યતા; સમર્થતા; બળ; શક્તિ; તાકાત.

સામાન્ય :અનેક દ્રવ્યોમાં સમાનતાથી રહેલા ધર્મને સામાન્ય કહે છે. અથવા દરેક વસ્તુમાં ત્રિકાળી દ્રવ્યગુણરૂપ, અભેદ એકરૂપ ભાવને સામાન્ય કહે છે. (૨) સાધારણ. (૩) વિશેષસ્વરૂપ = દર્શન-જ્ઞાન સ્વરૂપ.

સામાન્ય અને વિશેષ :જીવ અને અજીવ તત્ત્વો સામાન્ય છે, અને બીજા પાંચ તત્ત્વો, પર્યાયો હોવાથી, વિશેષ કહેવાય છે. (૨) વસ્તુનો સ્વભાવ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. આત્મા પણ વસ્તુ હોવાથી તે સામાન્ય-વિશેષ સ્વરૂપ છે અર્થાત્ દર્શન જ્ઞાન સ્વરૂપ છે.

દર્શન ઉપયોગ સામાન્ય છે અને જ્ઞાન-ઉપયોગ વિશેષ, સામાન્ય એટલે ભેદ પાડ્યા વગર જ્ઞાન થયા પહેલાં. પર વિષયથી ખાલી, એકલો આત્મ વ્યાપાર તે દર્શન ઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન ભિન્નપણે રાગના વિકલ્પ વગર જાણવું તે જ્ઞાન ઉપયોગ આત્મા દ્રવ્ય અરૂપી, તેના ગુણ અરૂપી તેની પર્યાય પણ અરૂપી છે. તે ત્રણે થઈને અખંડ વસ્તુ છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, પરમાણુ અને આકાશ વગેરે વસ્તુ વસ્તુના ગુણ અને વસ્તુની પર્યાય તે અનાદિ અનંત નિર્મળ છે. તે બધી વસ્તુ છે. તેમ હું પણ એક વસ્તુ છું. માટે હું પણ દ્રવ્યથી ગુણથી અને પર્યાયથી અનાદિ અનંત નિર્મળ છું.

આવો હું આકાશાદિ વસ્તુની જેમ પારમાર્થિક વસ્તુવિશેષ છું. બધા દ્રવ્યોથી, ગુણથી અને પર્યાયથી ત્રણે કાળ નિર્મળ છે. એક છૂટો પરમાણું પણ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી નિર્મળ છે તો પછી મારામાં આ મલિનતા ક્યાંથી પેસી ગઈ ? પર વસ્તુના નિમિત્તે થતી સાપેક્ષ પર્યાયમાં મલિનતા થઈ છે. પરંતુ મારી નિરપેક્ષ પર્યાય આકાશાદિ દ્રવ્યની જેમ અનાદિ અનંત નિર્મળ છે. (૩) સામાન્ય એટલે ભેદ પાડ્યા વિના જાણવું તે દર્શન, અને વિશેષ એટલે જુદું જુદું જાણવું તે જ્ઞાન. એવા સામાન્ય વિશેષણાને હું ઉલ્લેખતો નથી માટે હું દર્શન જ્ઞાનમય છું.

સામાન્ય અને વિશેષગુણો :અસ્તિત્વ; વસ્તુત્વ; દ્રવ્યત્વ; પ્રમેયત્વ; અગુરુલઘુત્વ; ચેતનત્વ; અચેતનત્વ; પ્રદેશત્વ;મૂર્તત્વ અને અમૂર્તત્વ આ દ્રવ્યોના દસ સામાન્યગુણ છે. આ દસમાંથી દરેક દ્રવ્યને આઠ સામાન્ય ગુણ હોય છે. કેમ કે જીવ દ્રવ્યમાં અચેતનત્વ અને મૂર્તત્વ એ બે ગુણ હોતા નથી, અને પુદગલ દ્રવ્યમાં ચેતનત્વ અને અમૂર્તત્વ એ બે ગુણ હોતા નથી. તથા ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય અને કાલદ્રવયમાં ચેતનત્વ અને મૂર્તત્વ એ બે ગુણો હોતા નથી. આ પ્રમાણે દસ સામાન્ય ગુણોમાંથી બબ્બે ગુણો ન હોવાથી દરેક દ્રવ્યમાં આઠ આઠ ગુણો હોય છે. તથા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્પર્શ, રસ, ગંધ વર્ણ, ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહન હેતુત્વ, વર્તના હેતુત્વ, ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ આ દ્રવ્યોના સોળ વિશેષ ગુણો છે.

આ સોળ ગુણોમાંથી છેલ્લા ચાર ગુણોની ગણના સામાન્ય ગુણોમાં પણ કરવામાં આવે છે અને વિશેષ ગુણોમાં પણ કરવામાં આવે છે. આનું કારણ એ છે કે એ ચારે ગુણો સ્વજાતિની અપેક્ષાથી સામાન્ય ગુણો છે અને વિજાતિની અપેક્ષાથી વિશેષ ગુણો છે.

આ સોળ વિશેષ ગુણોમાંથી જીવ દ્રવ્યમાં જ્ઞાન, વચન, દર્શન, સુખ, વીર્ય ચેતનત્વ અને અમૂર્તત્વ એ છ ગુણ હોય છે. પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, મૂર્તત્વ અને અચેતનત્વ એ છ ગુણ હોય છે. ધર્મદ્રવ્યમાં ગતિહેતુત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ એ ત્રણ વિશેષગુણો હોય છે. આકાશ દ્રવ્યમાં અવગાહનહેતુત્વ, અમૂર્તત્વ અને અચેતનત્વ એ ત્રણ વિશેષ ગુણો હોય છે. અને કાલદ્રવ્યમાં વર્તનાહેતુત્વ, અમૂર્તત્વ અને અચેતનત્વ એ ત્રણ વિશેષગુણો હોય છે.

જે ગુણ બધા દ્રવ્યોમાં મળી આવે છે તેને સામાન્ય ગુણ કહે છે અને જે ગુણ બધા દ્રવ્યોમાં જોવામાં ન આવે તેને વિશેષગુણ કહે છે.

સામાન્ય ગુણોમાં ૬ ગુણોનું સ્વરૂપ આ પ્રકારે છે :

(૧) અસ્તિત્વગુણ
જે શક્તિથી નિમિત્તથી દ્રવ્યનો નાશ ન થાય તેને અસ્તિત્વ ગુણ કહે છે.

(૨) વસ્તુત્વગુણ=જે શક્તિના નિમિત્તથી દ્રવ્યમાં અર્થક્રિયા હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે.

(૩) દ્રવ્યત્વગુણ=જે શકિતના નિમિત્તથી દ્રવ્ય હમેંશા એકસરખું ન રહે અને તેની પર્યાયો બદલતી રહે તેને દ્રવ્યત્વગુણ કહે છે.

(૪) પ્રમેયત્વગુણ=જે શક્તિના નિમિત્તથી દ્રવ્ય કોઈ ને કોઈના જ્ઞાનનો વિષય છે તેને પ્રમેયત્વગુણ કહે છે.

(૫) અગુરુલઘુત્વ ગુણ= જે શક્તિના નિમિત્તથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ પરિણમન ન કરે અને એક ગુણ બીજા ગુણરૂપ પરિણમન ન કરે તથા એક દ્રવ્યના અનેક ગુણ વીખરાઈને જુદા જુદા ન થઈ જાય તેને અગુરુલઘુત્વગુણ કહે છે.

(૬) પ્રદેશત્વગુણ=જે શક્તિના નિમિત્તથી દ્રવ્યનો કોઈ ને કોઈ આકાર અવશ્ય હોય તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

આ છ ગુણો દરેક દ્રવ્યમાં જોવામાં આવે છે.

સામાન્ય ગુણ કેટલા છે ? :સામાન્ય ગુણ અનેક છે. પરંતુ તેમાં મુખ્ય છ છે. ૧. અસ્તિત્વ, ૨.વસ્તુ, ૩. દ્રવ્યત્વ, ૪. પ્રમેયત્વ, ૫.અગુરુલઘુત્વ ૬. પ્રદેશત્વ. આ ગુણો જીવ અને અજીવ બંનેમાં છે.

સામાન્ય ગુણ કોને કહે છે ? :જે સર્વ દ્રવ્યોમાં વ્યાપે, તેને સામાન્ય ગુણ કહે છે.

સામાન્ય ગુણો :ગુણ = જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં (અવસ્થામાં) રહે, તેને ગુણ કહે છે.

(૧) અસ્તિત્વગુણ =જે શક્તિના કારણે દ્રવ્યનો કદી અભાવ ન હોય, તેને અસ્તિત્વ ગુણ કહે છે. દ્રવ્ય અનાદિ અનંત છે. સ્વતંત્ર અનાદિ અનંત, પોતાથી ટકી રહેનારો છે. કોઈ પરથી અને કોઈ સંયોગથી, તેની ઉત્પત્તિ થઈ નથી. તથા અસ્તિત્વગુણનો કદી નાશ થતો નથી.

(૨) વસ્તુત્વ ગુણ =જે શક્તિના કારણે દ્રવ્યમાં અર્થક્રિયા (પ્રયોજનભૂત ક્રિયા) હોય.

(૩) દ્રવ્યતત્ત્વ ગુણ =જે શક્તિના કારણે દ્રવ્યની અવસ્થા નિરંતર બદલાતી રહે, તેને દ્રવ્યત્વ ગુણ કહે છે. બધા દ્રવ્યોની અવસ્થાઓનું પરિવર્તન, (બદલવું)નિરંતર તેના પોતાથી પોતામાં જ થયા કરે છે, પણ બીજો કોઈ તેની અવસ્થા બદલતો નથી. જીવનો કોઈ પર્યાય, અજીવથી-કર્મથી-શરીરાદિથી બદલાતો નથી અને શરીરાદિ કોઈપણ દ્રવ્યથી અવસ્થા બદલાતી નથી.

(૪) પ્રમેયત્વ ગુણ =જે શક્તિના કારણે, દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય, તેને પ્રમેયત્વ ગુણ કહે છે.

(૫) પ્રદેશત્વ ગુણ =જે શક્તિના કારણે, દ્રવ્યનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય, તેને પ્રદેશત્વ ગુણ કહે છે.

(૬) અગુરુલઘુત્વ ગુણ = જે શક્તિના કારણે, દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થાય.
૨. એક ગુણ બીજા ગુણરૂપ ન થાય.
૩. દ્રવ્યમાં રહેલા અનંત ગુણો (વિખરાઈને અલગ અલગ થઈ ન જાય. તે શક્તિને અગુરુ લઘુત્વ ગુણ કહે છે.
    ૧. અનંતગુણોના પિંડરૂપ જીવનું સ્વદ્રવ્યપણું કાયમ રહે છે. અને તે શરીરાદિરૂપ કદી થતું નથી.
    ૨. જીવનું અસંખ્યાત પ્રદેશી સ્વક્ષેત્ર, કદી પરરૂપ ન થાય, પરમાં ભળી ન જાય. અને બે જીવનું સ્વક્ષેત્ર પણ કદી એક ન થાય.
    ૩. જીવના એક ગુણનો પર્યાય, તે અન્ય ગુણના પર્યાય રૂપ ન થાય. (બીજાનું કંઈ કરે, બીજાથી ઉપજે-બદલે એમ થતું નથી.)
    ૪. ભાવ એટલે ગુણ - જેટલા જે રૂપે છે, તેટલા તે રૂપે સદા રહે, વિખરાય નહિ.
        ૧. છયે દ્રવ્યો તથા તેના ગુણો અને પર્યાયોની સ્વતંત્રતા જાણતાં પોતાનું ભલું, બૂરું પોતાથી પોતામાં થાય છે.
        ૨. કોઈપણ દ્રવ્ય કર્મ અથવા કોઈ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, આ જીવને લાભ કે નુકશાન કરી શકે નહિ.
        ૩. હું સ્વતંત્ર જ્ઞાન-આનંદ સ્વભાવી પદાર્થ છું, અને જગતના સમસ્ત પદાર્થ મારાથી ત્રિકાળ ભિન્ન છે.

સામાન્ય ચૈતન્ય :તે દર્શન છે.

સામાન્ય વિશેષ સ્વરૂપ :દર્શન - જ્ઞાનસ્વરૂપ

સામાન્ય વિશેષાત્મક દ્રવ્ય :દરેક દ્રવ્ય સામાન્ય વિશેષાત્મક છે. તેથી દરેક દ્રવ્ય તેનું તે જ પણ રહે છે અને બદલાય પણ છે. દ્રવ્યનું સ્વરૂપ જ આવું ઉભયાત્મક હોવાથી દ્રવ્યના અનન્યપણમાં અને અન્યપણામાં વિરોધ નથી. જેમ કે મરીચિ અને શ્રીમહાવીર સ્વામીનું જીવ સામાન્ય ની અપેક્ષાએ અનન્યપણું અને જીવના વિશેષોની અપેક્ષાએ અન્યપણું હોવામાં કોઈ પ્રકારનો વિરોધ નથી.

દ્રવ્યાર્થિકનયરૂપી એક ચક્ષુથી જોતાં દ્રવ્ય સામાન્ય જ જણાય છે. તેથી દ્રવ્ય અનન્ય અર્થાત તેનું તે જ ભાસે છે અને પર્યાયાર્થિકનયથી બીજા એક ચક્ષુથી જોતાં દ્રવયના પર્યાયરૂપી વિશેષો જણાય છે તેથી દ્રવ્ય અન્ય અન્ય ભાસે છે, બન્ને નયોરૂપી બન્ને ચક્ષુઓથી જોતાં દ્રવ્ય સામાન્ય તથા દ્રવ્યના વિશેષો બન્ને જણાય છે, તેથી દ્રવ્ય અનન્ય તેમ જ અન્ય અન્ય બન્ને ભાસે છે.

સામાન્ય સત્તા :મહા સત્તા

સામાન્યતઃઅવબોધવું :દેખલું, (સામાન્ય અવબોધ અર્થાત્ સામાન્ય પ્રતિભાસ તે દર્શન છે.)

સામાન્ય-વિશેષ સ્વરૂપ :દર્શન જ્ઞાનસ્વરૂપ. વસ્તુનો સ્વભાવ સામાન્ય વિશેષ સ્વરૂપ છે. આત્મા પણ વસ્તુ હોવાથી સામાન્ય તે દર્શન છે અને વિશેષ તે જ્ઞાન સ્વરૂપ છે. જાણવા દેખાવાના સ્વરૂપથી ભરેલો છું.

દર્શન ઉપયોગ સામાન્ય છે અને જ્ઞાન ઉપયોગ વિશેષ છે. સામાન્ય એટલે ભેદ પાડ્યા વગર જ્ઞાન થયા પહેલાં પર વિષયથી ખાલી. એકલો આત્મવ્યાપાર તે દર્શન ઉપયોગ અને દરેક વસ્તુને ભિન્ન-ભિન્નપણે, રાગના વિકલ્પ વગર જાણવું તે જ્ઞાન ઉપયોગ.

સામાન્ય-વિશેષાત્મક સત્તા :અહીં સામાન્યાત્મક નો અર્થ મહા સમજવો. અને વિશેષાત્મકનો અર્થ અવાન્તર સમજવો. સામાન્ય વિશેષના બીજા અર્થે અહીં ન સમજવા.

સામાયિક :સામાયિક એટલે સમતા અને સમતા એટલે વીતરાગ પરિણામનો લાભ. વીતરાગ પરિણામનો લાભ કયારે થાય ? કે જયારે વીતરાગ સ્વરૂપ ભગવાન પોતે છે તેવો આશ્રય લે ત્યારે વીતરાગ પરિણતિ થાય છે, અને એને સામાયિક કહે છે.

સામાયિક :આત્મસ્વરૂપની પ્રાપ્તિ (૨) સમ એટલે એકરૂપ અને અય એટલે આત્માના સ્વરૂપમાં ગમન સમય થયો. એવું જેનું પ્રયોજન છે તને સામાયકિ

કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ. તેથી સુખદાયક તે દુઃખદાયક પદાથોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કર. એને સામાયિક શિક્ષાવ્રત કહે છે. (૩) જેમાં સમતા અને વીતરાગ હોય તેને સામાયિક કહેવાય. જેમાં સમતા અને વીતરાગનો લાભ થાય તે સામાયિક. (૪) આત્મશક્તિનો પ્રકાશ કરનાર, સમ્યગ્જ્ઞાન, દર્શનનો ઉદય કરનાર, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો, અમુલ્ય લાભ આપનાર, રાગ દ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરનાર એવું સામાયિક નામનું શિક્ષાવ્રત છે.

આમ શ્રીમદે સામાયિક વ્રતને સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્રનું ઉદય કરનાર વ્રત તરીકે ગણાવ્યું છે. તે જ અગત્ય બતાવે છે. આથી સામાયિકમાં દોષ ન આવવા દેવો તે અગત્યનું છે. (૫) આત્મા શુદ્ધ, અવિકારી, વિતરાગી છે; પુણ્ય, પાપ, વિકલ્પ રહિત, અરાગી છે એવી શ્રદ્ધા જ્ઞાન અને અભેદ સ્વરૂપમાં સ્થિરતા વર્તે છે તે જ ખરી સામાયિક છે. (૬) હું માત્ર જ્ઞાયક છું. એવા સ્વભાવની દઢતા તે દશન સામયિક અને તેમાં એકાગ થવું તે ચારિત્ર સામયિક..... (૭) સમતા ભાવે એકાગ્ર આસને બેસવાનું નિત્યકર્મ. (૮) હિંસા સહિત.

સામાયિકને માટે ૧ યોગ્ય ક્ષેત્ર, ૨. યોગ્ય કાળ, ૩. યોગ્ય આસન, ૪. યોગ્ય વિનય, ૫. મનશુદ્ધિ, ૬. વચન શુદ્ધિ, ૭. ભાવ શુદ્ધિ અને ૮. કાય શુદ્ધિ એ વાતની અનુકૂળતા હોવા જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે તે જીવને સાચાં અણુવ્રત અને સામાયિક વ્રત હોય છે, જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે.

સામાયિક ક્યારે અને કેવી રીતે કરવું ? :ગૃહસ્થ શ્રાવક ગૃહસ્થ પણાનાં અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે તેથી તેને મટે આલંબનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે. આમ તો સમાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે. નુકશાન કહી પણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય બે ઘડી, ચાર ઘડી, કે છ ઘડી સુધી પાંચે પાપનો તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા, પછી નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોનતિ કરવી. આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન કરીને સામાયિક કરવું. અને જ્યારે સામાયિક પૂર્ણ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવ વાર નમસ્કાર મંત્રનો જાપ, ત્રણ, ત્રણ આવર્તન, એક એક શિરોનતિ એ જ પ્રમાણે કરવી. આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે. સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિ સમાન જ છે.

(સામાયિકને માટે ૧. યોગ્યાત્ર, ૨. યોગ્ય કાળ, ૩. યોગ્ય આસન, ૪. યોગ્ય વિનય, ૫. મનુ શુદ્ધિ, ૬. વચન શુદ્ધિ, ૭. ભાવ શુદ્ધિ, ૮. કાય શુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડી (અનંતાનુંબંધી અને અપ્રત્યાજ્ઞાનાવરણીય કષાય) નો અભાવ કર્યો છે તે જીવને સાચાં અણુવ્રત અને સમાયિકવ્રત હોય છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવ બાળવ્રત-અજ્ઞાન મયવ્રત કહે છે.) (૨) ગૃહસ્થ શ્રાવક ગૃહસ્થપણાનાં અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે તેથી તેને મટે આલંબનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે. આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે. નુકશાન કદી પણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય બે ઘડી, ચાર ઘડી, કે છ ઘડી સુધી પાંચે પાપનો તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા, પછી નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોન્નતિ કરવી. આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન

કરીને સામાયિક કરવું. અને જ્યારે સામાયિક પૂર્ણ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવ વાર નમસ્કાર મંત્રનો જાપ, ત્રણ, ત્રણ આવર્તન, એક એક શિરોન્નતિ એ જ પ્રમાણે કરવી. આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે. સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિ સમાન જ છે.

સામાયિક શિક્ષાવ્રત :સમસ્ત દષ્ટિ-અનિષ્ટ પદાર્થોમાં રાગ-દ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી, સમતાભાવનું આલંબન કરીને, આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળ કારણ સામાયિક છે તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ, તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

સમ એટલે એકરૂપ અને 'અય' આત્માના સ્વરૂપમાં ગમન તે સમય થયું. એવો સમય જેનું પ્રયોજન છે તેને સામાયકિ કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ. જેથી સુખદાયક એ દુઃખદાયક પદાથોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચ પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કરે. એને સામાયિક શિક્ષાવ્રત કહે છે.

સામાયિકને માટે માટે ૧ યોગ્ય ક્ષેત્ર, ૨. યોગ્ય કાળ, ૩. યોગ્ય આસન, ૪. યોગ્ય વિનય, ૫. મનશુદ્ધિ, ૬. વચન શુદ્ધિ, ૭. ભાવ શુદ્ધિ અને ૮. કાય શુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચાય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે.

છ્નશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે તે જીવને સાચાં અુવ્રત અને સામાયિક વ્રત હોય છે, જેને નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે. (૨) રાગદ્વેષના ત્યાગથી બધા અનિષ્ટ પદાર્થોમાં સમભાવને અંગીકાર કરીન આત્મતત્ત્વની પ્રાપ્તિનું મૂળકારણ એવું સામાયિક કરવું જોઈએ.

ટીકા :- સમસ્ત ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગ-દ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી, સમતાભાવનું આલંબન કરીને, આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળ કારણ સામાયિક છે તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ. તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

ભાવાર્થ :- સમ એટલે એકરૂપ એ અય એટલે આત્માના સ્વરૂપમાં ગમન તે 'સમય' થયું. એવો સમય જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ. તેથી સુખદાયક એ દુઃખ દાયક પદાર્થોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કરે. એને સમાયિક શિક્ષાવ્રત કહે છે.

સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર :

૧. વચનનો દુરૂપયોગ કરવો, અર્થાત્ સામાયિક કરતી વખતે મન્ત્રનું ઉચ્ચારણ અથવા સામાયિક પાઠનું ઉચ્ચારણ બરાબર ન કરવું,

૨. મનનો દુરૂપયોગ અર્થાત મનમાં ખરાબ ભાવના ઉત્પન્ન થવી , મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ઉઠવા,

૩. કાયાનો દુરૂપયોગ અર્થાત્ સામાયિક કરતી વખતે હાથ-પગ હલાવવા,

૪. અનાદર અર્થાત્ સામાયિક આદરપૂર્વક ન કરતાં વેઠની જેમ પૂર્ણ કરવું.

૫. સ્મૃત્યનું સ્થાન એટલે સામાયિકનો પાઠ ભૂલી જવો-

એ સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે.

સામાયિકમાં મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતાની ઘણી જ આવશ્યકતા છે. એ ત્રણેને વશ કર્યા વિના સામાયિક થઈ શકતી જ નથી. માટે તેને અવશ્ય જ વશ કરવા જોઈએ.

સામાયિકનું સ્વરૂપ :સામાયિકના આ લક્ષણમાં બે વાતો ખાસરૂપે ધ્યાનમાં લેવા યોગ્ય છે; - એક તો એ કે પ્રસ્તુત સામાયિકના અધિકારી અહીં આત્મતત્ત્વમાં સ્થિત (યોગી) ને બતાવ્યા છે. તેથી જ આત્માને બરાબર જાણે -ઓળખે નહિ અને ન તો તેમાં જેની પ્રવૃત્તિ તથા સ્થિતિ હોય છે તે સામાયિકના અધિકારી નથી. ભલે તે મુનિ હોય, દિગંબર હોય તથા બાહ્યમાં મુનિચર્યાનું કેટલુંય પાલન કેમ ન કરતા હોય !

તે અધિકૃત સામાયિકનું સ્વરૂપ છે સર્વ દ્રવ્યોના સંદર્ભમાં રાગ-દ્વેષનો વિશેષરૂપે (સામાન્યરૂપે નહિ) પરિત્યાગ, સર્વદ્રવ્ય સંદર્ભ પદમાં સમસ્ત ચેતન-અચેતન પદાર્થોની બધી અવસ્થાઓનો સમાવેશ થાય છે - ચાહે તે શાબ્દિક હોય, આર્થિક હોય અથવા જ્ઞાનવિષયક હોય, અને રાગ-દ્વેષ

વ્યપોહનમાં વધું વૈષમ્ય દૂર થઈને પૂર્ણપણે સમતાભાવનો પ્રાદુર્ભાવ થાય છે- ચાહે તે ગમે તેટલા થોડા સમય માટે કેમ ન હોય. આ રીતે આ સંક્ષેપમાં સામાયિક અથવા સંતુલિત સમતાભાવરૂપ આવશ્યકનું સ્વરૂપ છે. એનું જ સામાયિક પાઠ આદિમાં વ્રતરૂપે નીચે પ્રકારે પ્રરૂપણ કર્યું છે :-

સમતા સર્વભૂતેષુ સંયમઃ શુભ-ભાવના ।
આર્ત રૌદ્ર-પરિત્યાગસ્તદ્ધિ સામાયિકં વ્રતમ્ ।।

અર્થ :- સર્વભૂતો-પ્રાણીઓમાં સમતાભાવ-રાગ-દ્વેષનો અભાવ (કારણકે રાગ-દ્વેષ જ આત્માના ભાવોની સમતા-તુલાને સમ ન રાખતાં વિષમ બનાવે છે), ઈન્દ્રિયો તથા પ્રાણના બે ભેદરૂપ બન્ને પ્રકારના સંયમ. શુભ ભાવના અને આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનના પરિત્યાગને સામાયિક વ્રત કહે છે.

આવશ્યક તથા વ્રતરૂપે આ બન્ને સામાયિકોના સ્વરૂપમાં જે અંતર છે તેનાથી એકનો વિષય અલ્પ (સર્વ પ્રાણીઓ સુધી સીમિત) તો બીજાનો વિષય મહાન (સર્વ દ્રવ્યોની સર્વ અવસ્થામાં સુધી વ્યાપ્ત) જણાય છે. તેથી જ સામાયિક વ્રતરૂપે ગૃહસ્થોને માટે અને આવશ્યક રૂપે મુનિઓ માટે વિહિત (કહેલ) છે. વ્રત રૂપે સામાયિકમાં શુભ ભાવના, આદિ થવાથી પુણ્યનો આસ્રવ પણ બને છે. જ્યારે આવશ્યક રૂપે સામાયિકમાં પુણ્ય-પાપ કોઈપણ પ્રકારનો આસ્રવ ન થતાં અંતર જ થાય છે. સંવરના કારણભૂત સામયિકમાં મંત્રાદિ જપવાનું અથવા કોઈના નામની માળા ફેરવવાનું બનતું નથી.

સામાયિકના પ્રકાર :જ્ઞાન સામાયિક, દર્શન સામાયિક, દેશ નિરવ સામાયિક અને સર્વવિરત સામાયિક-એમ ચાર પ્રકારની સામાયિક છે

(૧) પોતાના પૂર્ણ જ્ઞાન સ્વભાવનો આદરને વિકારનો અનાદર તે જ્ઞાન-દર્શનરૂપ સામાયિક છે. પહેલાં મિથ્યાત્વને લીધે એમ માનતો કે પુણ્ય સારાં અને પાપ ખરાબ,અમુક મને લાભ કરે ને અમુક નુકશાન કરે, તેથી શ્રદ્ધા અને જ્ઞાનમાં વિષમભાવ હતો. હવે કોઈ પર મને લાભ. નુકશાન કરનાર નથી, ને પુણ્ય તથા પાપ બન્ને મારૂં સ્વરૂપ નથી. એવી સ્વભાવના આશ્રયે સમ્યક્ શ્રદ્ધા થતાં જ્ઞાનદર્શનમાં સમભાવ પ્રગટ્યો. દયાભાવ હો કે હિંસાભાવ હો, તે મારું સ્વરૂપ નથી, ત્રિકાળ ચૈતન્ય ભાવ તે હું છું - એમ સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન કરવામાં તે શ્રદ્ધા-જ્ઞાનરૂપ સામાયિક છે.

(૨) આરંભ-પરિગ્રહમાં રહેલા સમ્યગ્દષ્ટિને પણ તે સામાયિક હોય છે. એ સામાયિક બે ઘડીની જ નથી હોતી, પણ સદાય વર્તે છે. ત્યાર પછી

(૩) સ્વભાવની લીનતારૂપ ભાવ પ્રગટે તે રાગાદિ ટળે ત્યારે દેશ વિરતિરૂપ સામાયિક હોય છે.

(૪) અને ધી સ્વભાવ લીનતા પ્રગટ થતાં સર્વ સંગ પરિત્યાગી મુનિદશા પ્રગટે છે તે સર્વવિરતિરૂપ સામાયિ છે.

સાર :સત્ય; ઘનતા; કઠિનતા (૨) દ્રવ્યકર્મ; ભાવકર્મ; નોકર્મ રહિત શુધ્ધ આત્મા. (૩) હિતકારી; હિતકારી સુખ જાણવું (૪) સત્ત્વ; ઘનતા; કઠિનતા (૫) વિપરીતતાનો પરિહાર; યથાર્થપણાનો દ્યોતક. યોગસારનો યથાર્થપણે (સમ્યક્રીતે) યોગ એટલે 'આત્મસ્વરૂપમાં જોડાણ' એવો થાય છે. (૬) ઉપાદેય; ગ્રહણ કરવા યોગ્ય હિતકારી; સુખ. (૭) નિચોડ. (૮) ઉત્કૃષ્ટ. (૯) ઉત્તમ વસ્તુ. (૧૦) દ્રવ્યકર્મ, ભાવકર્મ, અને નોકર્મ રહિત છે. (૧૧) હિતકારી, હિતકારી સુખ જાણવું, અંતર આત્મા શુદ્ધ વસ્તુ છે, તેને જાણતાં, સાચું જ્ઞાન અને સાચુ સુખ થાય. આનંદનો અનુભવ થાય, નિમિત્તને જાણતાં, કાઈ નહિ.

સાર્થ :સંઘ (૨) સંઘ, કાફલો, વેપારીઓની વણઝાર, ટોળું (૩) યથાર્થ જ્ઞાન.

સાર્થક :સફળ, કૃતાર્થ, કૃતકૃત્ય

સારભૂત :શ્રેષ્ઠ; તાત્ત્વિક.

સારવર્જિત :સત્ત્વનો ત્યાગ કરેલ;

સાલ :નડતર; હરફત; ફાંસ;આડખીલી; દુઃખ; સંકટ; વિઘ્ન.

સાલંબન :પરાવલંબી

સાવદ્ય :હિંસા (૨) નિંદનીય, નિદ્ય, દોષવાળું, દોષિત, ગુનેગાર (૩) પાપ યુક્ત.

સાવદ્ય કર્મ :હિંસાદિ કર્મ; દોષિતકર્મ; નિંદનીય કર્મ; નિદ્યકર્મ

સાવદ્યયોગ :નિંદનીય યોગ; નિંદ્યયોગ; દોષવાંળું; દોષિત (૨) હિંસાદિસહિત

સાવદ્યવૃત્તિ :નિંદનીય વૃત્તિ; દોષિતવૃત્તિ

સાવચેત :સાવધાન.

સાવદ્ય અને નિરવદ્ય :સાવદ્ય અને નિરવદ્ય તે આત્માનાં પરિણામ છે. સ્વભાવના લક્ષે રાગરહિત દશા કરે, તે નિરવદ્ય છે. ને આત્માના ભાન વિના, એકલા શુભાશુભ પરિણામ કરે, તે સાવદ્ય છે. વળી અજ્ઞાની કહે છે કે, મેઘકુમારના જીવે હાથીના ભવમાં પગ ઉંચો કર્યો, ને સસલું બચી ગયું, તે બચાવવાના શુભ પરિણામને, અજ્ઞાની નિરવદ્ય કહે છે, તે ધર્મ કહે છે. પણ તે વાત ખોટી છે. તે શુભ પરિણામ સાવદ્ય છે, તે પુણ્યબંધનું કારણ છે. જો શુભભાવને નિરવદ્યપણાનું લક્ષણ માનવામાં આવે, તો અભવીમાં પણ તે લાગુ પડશે, ને તો અભવીનો પણ મોક્ષ થઈ જશે, પણ તે સાચું લક્ષણ નથી. તે અતિવ્યામિદોષ વાળું છે.

સાવદ્ય યોગ :પાપનો આરંભ. (૨) પાપ ક્રિયા. (૩) પાપ યોગ

સાવદ્યકર્મો :હિંસાદિ સહિત આરંભ સહિતના કર્મો.

સાવદ્ય-નિરવદ્ય :સાવદ્ય ને નિરવદ્ય તે આત્માના પરિણામ છે. સ્વભાવના લક્ષે રાગરહિત દશા કરે, તે નિરવદ્ય છે. ને આત્માના ભાન વિના એકલા શુભાશુભ પરિણામ કરે, તે સાવદ્ય છે. વળી અજ્ઞાની કહે છે કે, મેઘકુમારના જીવે હાથીના ભવમાં પણ ઊંચો કર્યો, ને સસલું બચી ગયું, તે બચાવવાના શુભ પરિણામને, અજ્ઞાની નિરવદ્ય કહે છે, ને ધર્મ કહે છે. પણ તે વાત ખોટી છે. તે શુભ પરિણામ સાવદ્ય છે. તે પુણ્યબંધનું કારણ છે. જો શુભ ભાવને નિરવદ્યપણાનું લક્ષણ માનવામાં આવે તો, અભવીમાં પણ તે લાગુ પડશે, ને તો અભવીને પણ મોક્ષ થઈ જશે. પણ તે સાચું લક્ષણ નથી. તે અતિવ્યાપ્તિ દોષવાળું છે.

સાવદ્યયોગ :હિંસાદિ યોગ સહિત. (૨) પાપ ક્રિયા. (૩) પાપ સહિતના યોગો; હિંસા સહિતના યોગો.

સાવદ્યયોગથી યુકતપણું :નિંદનીય યોગથી દોષિત; હિંસાદિ દોષથી સહિત

સાવધાન :યાદ રહે તેમ (૨) સાવચેત. (૩) ચોતરફ નજર રાખી રહેલું; સાવચેત; જાગ્રત; સજાગ; ખબરદાર; સાવધ; સચેત. (૪) દત્તચિત્ત; એકચિત્ત થઈને. (૫) સાવચેત; જાગૃત.

સાવધાન થઈને :સ્થિર ચિત્તપૂર્વક; શાંત ધ્યાનપૂર્વક; સ્થિર મન કરીને; મનને સ્થિર કરીને; એક ચિત્તે. (૨) દત્તચિત્ત; એક ચિત્ત થઈને.

સાવધાનીથી :ઉપયોગને, સૂક્ષ્મ કરીને

સ્વાનુરકત :પોતાના પ્રત્યે અનુરાગવાળા

સાવયવ :છાપત્વવાળું

સાંવ્યવહારિક પ્રત્યક્ષ :અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ મતિજ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે. ઘડાના રૂપને મેં પ્રત્યક્ષ દીઠું હેમ લોકો કહે છે તેથી તે જ્ઞાન સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. (૨) જે ઇન્દ્રય અને મનની સહાયતાથી, પદાર્થને એક દેશ સ્પષ્ટ જાણે. (૩) જે ઈન્દ્રિય અને મનની સહાયતાથી પદાર્થને એક દેશ (ભાગ) સ્પષ્ટ જાણે. (૪) જે ઈન્દ્રિય અને મનના નિમિત્તેના સંબંધે પદાર્થને એક દેશ(ભાગ) સ્પષ્ટ જાણે તેને સાંવ્યાવહારિક પ્રત્યક્ષ કહે છે. (૫) જે ઈન્દ્રિય અને મનની સહાયતાથી, પદાર્થને એકદેશ સ્પષ્ટ જાણે. (૬) આત્મ સન્મુખ, જે ભાવશ્રુત જ્ઞાન કે મતજ્ઞિાન છે, તેને વિશેષકથનમાં સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહે છે.

સાસ્રવ :આસ્રવ સહિત; શુભોપયોગી

સાસ્વાદન સમક્તિ :વમી ગયેલું સમક્તિ. અર્થાત્ જે પરીક્ષા થયેલી તેને આવરણ આવી જાય તો પણ મિથ્યાત્વ અને સમક્તિથી કિંમત તેને જુદી ને જુદી લાગે. જેમ છાશમાંથી માખણ વલોવી કાઢી લીધું ને પછી પાછું છાશમાં નાખ્યું. માખણ અને છાશ પ્રથમ જેવાં એકમેક હેતાં તેવા એકમેક પછી થાય નહીં તેમ મિથ્યાત્વની સાથે એકમેક થાય નહીઃ.

સાસાદન :સમ્યગ્દર્શન પામ્યા પછી કોઈ જીવ પડી જાય, પડતા પડતા હજુ મિથ્યાત્વ અવસ્થા સુધી પહોંચ્યો નથી પણ વચમાં છે તેને સાસાદન કહેવાય છે. સાસાદન એટલે સમક્તિથી પડી ગયો ને હજી મિથ્યાત્વ પામ્યો નથી એવા વચલા બહુ અલ્પ સમયે જે અવસ્થા રહે છે તેને સાસાદન કહેવાય છે.

સાંસારિક ઈન્દ્રિયસુખો :પરાધીન; આકુળતાયુકત; અતૃપ્તિકારક, અસ્થિર, અને નાશવંત હોવાથી દોષયુકત છે.

સાંસો :ગરીબી; ખેંચ; સાંસા પડવા=પૂરી ગરીબાઈ થવી=હોવી

સાક્ષાત કરે છે. :પ્રત્યક્ષ જાણે છે.

સાક્ષેપ :અપેક્ષાવાળું; સ્વતંત્ર હસ્તી ન ધરાવનારૂં પણ બીજા કશા પર આધાર રાખનારૂં.

સાક્ષાત્ :પ્રત્યક્ષ (૨) અસાક્ષાત્ = પ્રત્યક્ષ – પરોક્ષ. (૨) સ્વભાવ શક્તિમાં હતો તે પર્યાયમાં પ્રગટ થયો; અનુભવમાં આવ્યો.

સાક્ષાત કરે છે :પ્રત્યક્ષ જાણે છે

સાક્ષાત કરવું :પ્રત્યક્ષ જાણવું.

સાક્ષાત્કાર કરવો :પ્રત્યક્ષ જાણવું

સાક્ષી :જ્ઞાતા, દ્રષ્ટા.

સાક્ષીભાવે :દ્રષ્ટાભાવે.

સિધ્ધ ભગવાનના આઠ ગુણો :સમ્યક્ત્વ, દર્શન, જ્ઞાન, અગુરુલઘુ, અવગાહના, સૂક્ષ્મત્વ, વીર્ય અને અવ્યાબાધ આ આઠ ગુણોનો સિધ્ધને આધાર છે.

સિધ્ધ :સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહંતદેવ સિધ્ધ છે. એમ ભગવાન, આત્મા સિધ્ધ સ્વરૂપ છે. ''તું છો સિધ્ધ સ્વરૂપ'' (૨) પ્રગટ (૩) જેણે સિદિઅદને-દોષો-વિકો તથા આવરણોના અભાવરૂપ સ્વાત્મોપલબ્ધિને પ્રપ્ત કરી લીધી છે તેને સિધ્ધ કહે છે. (૪) સર્વજ્ઞ પરમાત્મા. (૫) આઠ ગુણો સહિત તથા આઠ કર્મો અને શરીર રહિત પરમેષ્ઠી. (૬) સફળ; રામબાગ; અમોઘ; અચૂક; (ગુરૂનો ઉપદેશ સિધ્ધ-સફળ-રામબાણ છે.) (૭) પ્રત્યેક સિધ્ધ ભગવાન છ વિશેષણોથી વિશિષ્ટ છે.

(૧) વિવિક્ત = વિશેષણ પ્રમુખ અને ગૂઢ-ગંભીર છે. સર્વ પ્રકારના મિશ્રણ-ભેળસેળ એ સંબંધથી રહિત શુધ્ધ અને સ્વચ્છ આત્માનું દ્યોતક છે.

(૨) વિકલ્મષ = વિશેષણ રાગ-દ્વેષ-કામ-ક્રોધ-માન-માયા-લોભાદિ વિકારો મળોના અભાવનું સૂચક છે. અને આ રીતે સિધ્ધાત્માની તે શુધ્ધતાને સ્પષ્ટ કરે છે.

(૩) બુધ્ધ :- વિશેષણ તે મળ રહિત શુધ્ધ આત્માને જ્ઞાનરૂપ પ્રગટ કરે છે કે જે મળના અભાવનું ફળ છે. જ્ઞાનથી ભિન્ન શુધ્ધ આત્માનું કોઈ બીજું રૂપ નથી. તેથી જ આત્માને જ્ઞાન અને જ્ઞાન પ્રમાણ કહેવામાં આવ્યો છે.

(૪) અવ્યય =વિશેષણ અચ્યુતનું વાચક છે અને એવાત બતાવે છે કે તે સિધ્ધાત્મા પોતાના આ શુધ્ધ-બુધ્ધ સ્વરૂપથી કદી ચ્યુત થતા નથી. સિધ્ધ પર્યાયને છોડી ભવ અને અવતાર ધારણાદિ રૂપે કદી સંસારી બનતા નથી. અને તેમાં કદી કોઈ વિક્રિયા પણ ઉત્પન્ન થતી નથી.

(૫) ધ્રુવ = વિશેષણ એ વાત પ્રગટ કરે છે કે સિધ્ધનો આત્મા સદા સ્થિર રહે છે. કદી તેનો અભાવ થતો નથી.

(૬) સ્વભાવમય = વિશેષણ સિધ્ધાત્માના ઉપર કહેલ સર્વ રૂપ તે તેનો (સિધ્ધનો) સ્વભાવ છે એમ પ્રગટ કરે છે. કે જે રૂપ કર્મમળના સંબંધથી ઢંકાઈ રહ્યું હતું અને જેને સિધ્ધ કરીને જ આ આત્મા સિધ્ધિને પ્રાપ્ત સિધ્ધાત્મા બને છે. તેથી જ સિધ્ધિનું સક્ષણ સ્વામોપલબ્ધિ કહેવામાં આવ્યું છે.

સિધ્ધ કરીને :સાધીને. (આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું તે કાર્યને, મહા પુરૂષાર્થ કરીને શુધ્ધોપયોગ વડે આચાર્ય ભગવાને સાધ્યું.)

સિધ્ધ ગતિ :સંસારની ચારે ગતિથી વિલક્ષણ (વિપરીત લક્ષણ) એવી પંચમગતિ, અર્થાત્ મોક્ષગતિ

સિધ્ધ છે :નિર્બાધ છે.

સિધ્ધ પરમાત્માના આઠ ગુણ :

(૧) શુધ્ધ આત્માદિ પદાર્થોમાં વિપરીત શ્રધ્ધાન રહિત જે આત્મ પરિણતિ થાય છે તે ક્ષાયિક સમ્યક્ત્વ છે.

(૨) ત્રણ લોક અને ત્રણકાલના સમસ્ત પદાર્થોને એકજ સમયમાં પુગપદ-વિશેષરૂપે જાણે છે તે કેવલજ્ઞાન છે.

(૩) સમસ્ત પદાર્થોને કેવલદષ્ટિથી એક જ સમયમાં જે દેખે છે તે કેવલદર્શન છે.

(૪) અનંત જ્ઞેયોને જાણવાની શક્તિ તે અનંતવીર્ય છે.

(૫) અતીન્દ્રિય જ્ઞાનના વિષયરૂપ સૂક્ષ્મત્વ છે.

(૬) એક જીવની અવગાહના જ્યાં છે તે ક્ષેત્રમાં બીજા અનંત જીવ રહી શકે છે એવી અવકાશ આપવાની શક્તિ-સામર્થતાનું નામ અવગાહન ગુણ છે.

(૭) સર્વથા ગુરૂતા અને લઘુતાનો અભાવ. એટલે લઘુ પણ નહિ તથા ગુરૂ પણ નહિ એ અગુરૂલઘુ ગુણ છે.

(૮) અને વેદનીય કર્મના ઉદયના અભાવમાં ઉત્પન્ન સમસ્ત બાધા રહિત જે નિરાબાધ ગુણ છે તે અવ્યાબાધ છે.

સંસારમાં આત્માના આઠે ગુણ કર્મોથી ઢંકાયેલ છે.

આત્માનો સમ્યગ્દર્શન ગુણ દર્શનમોહનીય કર્મથી અચ્છાદિત છે તેમજ જ્ઞાનાવરણીથી કેવલજ્ઞાન, દર્શનાવરણીથી કેવલદર્શન, અંતરાયથી અનંતાવીર્ય, આયુકર્મથી સૂમત્વ, નામકર્મથી અવગાહનત્વ, ગોત્રકર્મથી અગુરૂલઘુત્વ અને વેદનીયકર્મથી અવ્યાબાધગુણ આચ્છાદિત છે. આવરણ જવાથી સિદ્ધ અવસ્થામાં આ આઠે ગુણો પ્રગટ થાય છે. નિર્નામ, નિર્ગોત્ર ઈત્યાદિ અનેક ગુણ શાસ્ત્રાનુસારે જાણવા યોગ્ય છે. સમ્યક્ત્વાદિ નિજ ગુણસ્વરૂપ જે શુદ્ધ સહજ પરમાત્મા છે તે જ ઉપાદેય છે. બાકીના સર્વ સાંસારિક ભાવો સર્વથા છોડવા યોગ્ય છે.

સિદ્ધ પરમાત્માના ગુણ :સર્વે ગુણોમાં સંપૂર્ણ, શુદ્ધતા પ્રગટ થતાં સર્વ પ્રકારે અશુદ્ધ પર્યાયોનો નાશ થતાં, જ્ઞાનાવરણાદિ આઠે કર્મોનો સ્વયં સર્વથા નાશ થાય છે, અને ગુણ પ્રગટતા નથી, પણ ગુણના નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે; જેમકે - અનંતદર્શન-જ્ઞાન-સમ્યક્ત્વ-સુખ અને અનંત વીર્ય, અટલ અવગા હના, અમૂર્તિક (સૂક્ષ્મત્વ) અને અગુરૂલઘુત્વ એ આઠ ગુણ વ્યવહારથી કહ્યા છે. નિશ્ચયથી તો દરેક સિદ્ધ ભગવંતોને અનંત ગુણ સમજવા.

સિદ્ધ પર્યાય :પરમ નિર્દોષ છે; પૂર્ણ નિર્દોષ છે.

સિદ્ધ ભગવાન :સિદ્ધ ભગવાન કોઈ બાહ્ય કારણની અપેક્ષા વિના પોતાની મેળે જ સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપછે; અનંત આત્મિક આનંદરૂપ છે અને અચિંત્ય દિવ્યતારૂપે છે. સિદ્ધ ભગવાન જેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે. તેથી સુખાર્થી જીવો વિષયાલંબી ભાવ છોડી નિરાલંબી પરમાનન્દસ્વભાવે પરણિમો.

સિદ્ધ ભગવાનને ઉત્પાદ-વ્યય-ધ્રુવ પર્યાય :સ્વયંભૂ સર્વજ્ઞ ભગવાનને જે શુદ્ધાત્મ સ્વભાવ ઉત્પન્ન થયો તે કદી નાશ પામતો નથી તેથી તેમને વિશાશ વિનાનો ઉત્પાદ છે અને અનાદિ સવિદ્યાજનિક વિભાવ પરિણામ એકવાર સર્વથા નાશ પામ્યા પછી ફરીને ઉપજતા નથી તેથી તેમને ઉત્પાદ વિનાનો અવિનાશ છે. આ રીતે અહીં એમ કહ્યું છે કે સિદ્ધ પણે તેઓ અવિનાશી છે. આમ અવિનાશી હોવા છતાં તેઓ ઉત્પાદ-વ્યય-ધૌવ્ય સહિત છે; કારણકે શુદ્ધ પર્યાયની અપેક્ષા તેમને ઉત્પાદ છે, અશુદ્ધ પર્યાયની અપેક્ષાએ વ્યય છે અને તે બન્નેના આધારભૂત આત્માપણાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે. વધારે સૂક્ષ્મતાથી જોઈએ તો, અગુરૂલઘુ ગુણમાં થતી ષટ્ગુણ હાનિ વૃદ્ધિને લીધે મુક્ત આત્મામાં સમયે સમયે ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય વર્તે છે. અહીં જેમ સિદ્ધ ભગવાનના ઉત્પાદાદિ કહ્યાં તેમ કેવળી ભગવાનનાં પણ યથાયોગ્ય સમજી લેવાં.

સિદ્ધ ભગવાનની ઓળખાણથી ભેદવિજ્ઞાન :સિદ્ધ ભગવાનના સ્વરૂપને જે જીવ ઓળખે છે, તે વિજ્ઞાનરૂપ થાય છે. અર્થાત, તેને ભેદવિજ્ઞાન થાય છે, તે કેવી રીતે થાય છે ? કે જયારે જીવ સિદ્ધ ભગવાનને ઓળખે છે, ત્યારે તેને એવી ભાવના થાય છે કે, અહો ! આ સિદ્ધ ભગવાન સંપૂર્ણ સુખી છે, તેમનું જ્ઞાન પણ પરિપૂર્ણ છે. તેમને રાગ-દ્વેષ નથી, કર્મ નથી, શરીર નથી. સિદ્ધ ભગવાન આત્મા છે અને હું પણ આત્મા છું, સ્વભાવ અપેક્ષાએ, સિદ્ધમાં અને મારામાં ફેર નથી. સિદ્ધ ભગવાનની જેમ હું, મારા સ્વભાવથી પરિપૂર્ણ છું. સિદ્ધના સ્વરૂપમાં રાગ-દ્વેષ, કર્મ કે શરીર નથી, તેમ મારા સ્વરૂપમાં પણ રાગ-દ્વેષ, કર્મ કે શરીર નથી, સિદ્ધને પુણ્ય-પાપના ભાવ નથી, તે મારે પણ ઉપાધિભાવ છે, જે સિદ્ધને નહિ તે મારે પણ નહિ. આત્માનો સ્વભાવ ભાવ શુદ્ધ પવિત્ર છે, તે ભાવ વડે, રાગાદિ ઉપાધિ ભાવોને સિદ્ધ ભગવાને ટાળ્યા છે. અને સ્વદ્રવ્યની સ્થિરતા વડે, પર દ્રવ્યનું અહંપણું ટાળ્યું છે, સિદ્ધના આત્મામાંથી જે ટળી ગયું તે બધું, મારા આત્મામાંથી પણ ટળવા

યોગ્ય જ છે. અને સિદ્ધસમાન એકલો શુદ્ધ સ્વભાવ ભાવ રહેવા યોગ્ય છે. આ રીતે સિદ્ધ સ્વરૂપના જ્ઞાન અને ધ્યાન વડે, ભવ્ય જીવોને સ્વભાવ અને પરભાવનું ભેદજ્ઞાન થાય છે. માટે શ્રી સિદ્ધ ભગવો મંગળરૂપ છે. તેમને અમારા નમસ્કાર હો. સિદ્ધ તેવો હું અને હું તેવા સિદ્ધ એમ સિદ્ધ ભગવાન, શુદ્ધ આત્મસ્વરૂપને દર્શાવવા માટે પ્રતિબંધ સમાન છે.

સિદ્ધગતિ :એક સમયમાં જેને અનંત અતીન્દ્રિય આનંદ, અનંત કેવળ જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, એને કોની ઉપમા આપવી ? અનુપમ છે. (૨) સંસારની ચારે ગતિ (દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ) થી વિલક્ષણ (વિપરીત લક્ષણ) એવી પંચમગતિ અર્થાત્ મોક્ષ.

સિદ્ધપણું :આચાર્યે કહ્યું હતું કે હું અને તમે બધા સિદ્ધ પરમાત્મા સમાન છીએ. આ પ્રમાણે સ્વપરના આત્મામાં પૂર્ણતા (સિદ્ધપણું) સ્થાપ્યા વિના સત્ય સમજાવી શકાય નહિ. તું પણ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા આનંદમૂર્તિ ભગવાન પરમાર્થે છો. જે જે પૂર્ણ ગુણો સિદ્ધ પરમાત્મામાં છે તેટલા બધા જ તારીમાં પણ છે. જે સિદ્ધમાં નથી તે તારામાં નથી. આવો પરમાર્થ સ્વભાવ વર્તમાન અવસ્થામાં પણ અખંડપણે ભરેલો છે. તે પૂર્ણનો વિશ્વાસ ન બેસે અને ભવની શંકા ન ટળે તો કેવળજ્ઞાનીને તથા જ્ઞાનીના ઉપદેશને માન્ય નથી.

બધા આત્મા જાણનાર સ્વરૂપે છે. તું પણ જ્ઞાનસ્વરૂપ આત્મા છો. એ જાણીને કહેવાય છે. તું પંચેન્દ્રિય છો કે મનુષ્ય છો એમ કહીને ઉપદેશ દેતા નથી.

સિદ્ધપદ :આત્માની પૂર્ણ પવિત્ર, પૂર્ણ વીતરાગ, પૂર્ણ આનંદમય દશાનું નામ મોક્ષ-સિદ્ધપદ છે. દુઃખથી મૂકાવું તે પૂર્ણ પવિત્ર વીતરાગ પરિણામનું પ્રગટ થવું એનું નામ મોક્ષ છે, ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મના અભાવરૂપ પરિણામનું નામ મોક્ષ છે, તે આત્મ પરિણામ છે.

સિદ્ધ ભગવાન :સિદ્ધાત્માઓ નિશ્ચથી તો પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારનયથી સર્વલોકને નિઃસંદેહપણે પ્રત્યક્ષ જુએ છે, પણ પર પદાર્થોમાં તન્મય થતા નથી, સ્વસ્વરૂપમાં જ તન્મય હોય છે. જો પર દ્રવ્યને તન્મય થઈને જાણે તો પરના સુખદુઃખથી પોતે પણ સુખી-દુઃખી થાય, પણ તેમ કદાપિ થતું નથી.

વ્યવહારનયથી સૂક્ષ્મ, સ્થૂલ અને સર્વ દ્રવ્યોને સિદ્ધાત્માઓ કેવલજ્ઞાને કરીને પ્રત્યક્ષ નિઃસંદેહપણે જાણે છે, પણ કોઈ પદાર્થમાં રાગદ્વેષ કરતા નથી. જો તેઓ કોઈ પદાર્થને રાગદ્વેષપૂર્વક જાણે તો આત્મા રાગદ્વેષવાળો થાય અને તેની મહાદોષોની પ્રાપ્તિ થાય, માટે એમ નિશ્ચિત થયું કે સિદ્ધ પરમાત્મા નિશ્ચયનયથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં જ નિવાસ કરે છે, પરમાં નહિ, અને પોતાની જ્ઞાયક શક્તિએ કહીને સર્વને પ્રત્યક્ષ જુએ છે તથા જાણે છે. નિશ્ચયથી જે સ્વરૂપની સ્થિરતા કહી છે તે જ સર્વ પ્રકારે આરાધવા યોગ્ય છે.

સિદ્ધાત્મા :જે દેહરાગાદિ સમસ્ત નોકર્મરૂપ પર દ્રવ્યોનો ત્યાગ કરી તથા જ્ઞાનાવરણાદિ આઠે દ્રવ્યકર્મોથી મુક્ત થઈ રાગાદિ સમસ્ત ભાવકર્મથી રહિત થઈ કેવલજ્ઞાનાદિમય શુદ્ધ સ્વરૂપને પામ્યા છે તે અશરીરી આત્માને હે પ્રભાકર ભટ્ટ તું માયા, મિથ્યાત્વ, નિદાનરૂપ ત્રણે શલ્યોનો તથા સમસ્ત વિભાવ ભાવનો ત્યાગ કરી શુદ્ધ મન વડે પરમાત્મા જાણ. એ પરમાત્મા જ ઉપાદેય છે, જ્ઞાનાવરણાદિ સમસ્ત વિભાવરૂપ પર દ્રવ્ય હેય છે. (૨) સિદ્ધાત્માઓ નિશ્ચયથી તો પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારનયથી સર્વ લોક-અલોકને નિઃસંદેહપણે પ્રત્યક્ષ જુએ છે, પણ પર પદાર્થોમાં તન્મય થતા નથી, સ્વસ્વરૂપમાં જ તન્મય હોય છે.

સિદ્ધિને અર્થે :કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે.

સિદ્ધિ સિદ્ધ :મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા -નિજ પરમ ગુણો.

સિદ્ધિને માટે :પૂર્ણ પ્રાપ્તિને માટે.

સિદ્ધો :સિદ્ધો સવંત; ચક્ષુ-સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા છે.

સિદ્ધરૂપ :સ્વાભાવિક શુદ્ધ

સિદ્ધાંતજ્ઞાન :આત્માનું હોવાપણું; નિત્યપણું; એકપણું અથવા અનેકપણું, બંધાદિભાવ, મોક્ષ, આત્માની સર્વ પ્રકારની અવસ્થા, પદાર્થ અને તેની

અવસ્થા એ આદિને દ્રષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિધ્ધ કર્યા હોય છે, તે સિધ્ધાંતજ્ઞાન છે.

સિધ્ધાંતજ્ઞાન તો જીવને કોઈ અત્યંત ઉજજ્વળ ક્ષયોપશમે અને સદગુરુના વચનની આરાધનાએ ઉદભવે છે. સિધ્ધાંતજ્ઞાનનું કારણ ઉપદેશજ્ઞાન છે. સદગુરુથી કે સત્યશાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાન દ્દઢ થવું ઘટે છે, કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ વૈરાગ્ય અને ઉપશમ છે. વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છેઃ અને સહેજ સહેજમાં સિધ્ધાંતજ્ઞાન થવાનું કારણ થાય છે.

જો જીવમાં અસંગદશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ વૈરાગ્ય અને ઉપશમ છે. જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણા શાસ્ત્રોમાં કહેલ છે. વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે યોગ વાશિષ્ઠાદિ વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા સદગ્રંથો વિચારવા યોગ્ય છે.

સિદ્ધો :લૌકિક અંજનસિદ્ધ વગેરેથી વિલક્ષણ એવા જેઓ જ્ઞાનાવરણાદિઅષ્ટકર્મના અભાવથી સમ્યક્ત્વાદિ અષ્ટગુણાત્મક છે અને લોકાગ્રે વસે છે, તેઓ સિદ્ધો છે.

સિધ્ધ :સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ અરિહતદેવ સિધ્ધ છે. એમ ભગવાન આત્મા સિધ્ધ સ્વરૂપ છે, તું છો સિધ્ધ સ્વરૂપ (૨) સફળ; રામબાણ; અમોધ;અચૂક (ગુરુનો ઉપદેશ સિધ્ધ સફળ રામબાણ છે. (૩) દેહાદિથી સંપૂર્ણપણે મુક્ત (૪) સફળ; રામબાણ; અમોઘ; અચૂક (ગુરુનો ઉપદેશ સિધ્ધ-સફળ-રામબાણ છે.)

સિધ્ધ કરીને :સાધીને. (આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું તે કાર્યને, મહા પુરુષાર્થ કરીને શુધ્ધોપયોગ વડે આચાર્ય ભગવાને સાધ્યું)

સિધ્ધ જીવો :પરિપૂર્ણ જ્ઞાનવંત ભગંવંતો અનંત સૌખ્ય સહિત જ્ઞાનને જ ચેતે છે. જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે અને સમસ્ત જ્ઞાનાવરણનો વિનાશને લીધે જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે. એવા ચેતક સ્વભાવ વડે જ્ઞાન ને જ-કે જે જ્ઞાન પોતાથી અવ્યતિરકિત સ્વાભાવિક સુખવાળું છે તેને જ ચેતે છે. કારણ કે તેમણે સમસ્ત વીર્યાંતરાયના ક્ષયથી અનંતવીર્યને પ્રાપ્ત કર્યું હોવા છતાં તેમને (વિકારી સુખદુઃખરૂપ) કર્મફળ નિર્જરી ગંયું છે અને અત્યંત કૃતકૃત્યપણું થયું છે. (અર્થાતૂ કાઈ કરવાનું લેશમાત્ર પણ રહ્યું નથી.)

સિધ્ધ દશામાં જીવનો આકાર :સિધ્ધનો આકાર છેલ્લા શરીરથી કિંચિત ન્યૂન (ઊણો) અને પુરુષાકાર હોય છે.

સિધ્ધ પરમાત્મા :જે સમસ્ત નોકર્મ અને દ્રવ્યકર્મની વર્ગણાઓથી રહિત છે અને વિરોધી કર્મ (કેવળ) દર્શનાવરણ, (કેવળ) જ્ઞાનાવરણનો નાશ કરીને પોતાના અખંડ દર્શન અને અખંડ જ્ઞાનથી સમસ્ત લોકને એક સાથે દેખી જાણી રહ્યા છે તે પૂર્ણ શુધ્ધ પરમ મુક્ત સિધ્ધ પરમાત્મા શુધ્ધ ચિદ્રુપ છે.

સિધ્ધાંતબોધ :પદાર્થનું જે સિધ્ધ થયેલું સ્વરૂપ છે તે.

સિધ્ધિ :પૂર્ણ પ્રાપ્તિ (૨) મુક્તિ (૩) સિધ્ધિઓના આઠ પ્રકાર છે :-

(૧) અણિમા=સૂક્ષ્મ શરીર બનાવી લેવાની શક્તિને અણિમા કહે છે.
(૨) મહિમા=શરીરને મોટું સ્થૂલ કરવાની શક્તિને મહિમા કહે છે.
(૩) ગરિમા=ભારે શરીર કરવાની શક્તિ તેને ગરિમા કહે છે.
(૪) લઘિમા=શરીર હલકું કરી લેવાની શક્તિને લઘિમા કહે છે.
(૫) પ્રાપ્તિ=પૃથ્વી ઉપર રહીને આંગળી વડે સૂર્ય, ચંદ્ર આદિને સ્પર્શ કરવાની શક્તિને પ્રાપ્તિ કહે છે.
(૬) પ્રાકામ્ય=જલમાં જમીન સમાન અને જમીનમાં જલ સમાન સ્વસેવાની શક્તિને પ્રાકામ્ય કહે છે.
(૭) ઈશત્વ=ત્રણેય લોકની પ્રભુતા ધારણ કરવાની શક્તિ ને ઈશત્વ કહે છે.
(૮) વશિત્વ =સર્વ જીવોને વશ કરવાની શક્તિને વશિત્વ કહે છે.

સિધ્ધ કરીને :સાધીને (આત્માને ધર્મરૂપ બનાવવાનું જે કાર્ય સાધવાનું હતું કે કાર્યને,મહા પુરુષાથ કરીને શુધ્ધોપયોગ વડે આચાર્ય ભગવાને સાધ્યું)

સિધ્ધિદાતા :મોક્ષમાર્ગ દર્શાવનાર; સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિ કરાવનાર.

સિધ્ધિને અર્થે :કેવળજ્ઞાન પ્રગટાવવા અર્થે

સિફારસ; સિફારિશ :ઓળખીતાને કોઈ બીજાના ભલા માટે કરવામાં આવતો વખાણવાળો પરિચય; ભલામણ.

સિરમૌર :માથાના મુકુટ

સવિકલ્પ અને નિર્વિકલ્પ પ્રતિભાસ સ્વરૂપ :જ્ઞાન અને દર્શન સ્વરૂપ

સવિપાક નિર્જરા :જે સમયમાં ફળ નીપજ્યું તેના અનંત સમયમાં એ કર્મરૂપ પુદ્ગલોની અનુભાગ શક્તિનો અભાવ થવાથી કર્મપણાનો પણ અભાવ થાય છે. તે પુદ્ગલો અન્ય પર્યાયરૂપ પરિણમી જાય છે. એનું જ નામ સવિપાક નિર્જરા છે.

સીઝતા નથી. :મોક્ષ પામતા નથી.

સીઝવું :ઠરવું; શાંત પડવું; પાર પડવું; સિધ્ધ થવું; (૨) સિધ્ધ થવું; પાર પડવું (૩) આત્મામાં લીન થવું, મોક્ષ પામવો (૪) આત્મામાં ઠરવું; લીન થવું; આત્માનો અનુભવ કરવો.

સીમંધર :સ્વરૂપની પૂર્ણતાની સીમા ધરનારા સીમંધરનાથ (૨) સીમંધર એટલે વસ્તુ મર્યાદાવાળી છે. પ્રભુ તું મર્યાદિત છો. તારી સીમા મર્યાદા એ છે કે તું રાગમાં ન જાય. રાગને ન કરે તેથી મર્યાદાનો-સીમાનો ધારક આત્મા પોતે જ સીમંધર છે.

સીમંધરનારથ :સીમધંર એટલે સ્વરૂપની પૂર્ણતાની સીમા ધરનારા સીમંધરનાથ

સીમાડા :ક્ષેત્ર.

સીમિત :પરિમિત; મર્યાદિત; હદવાળું; અલ્પ; થોડું (૨) મર્યાદિત.

સીરી :ભાગીદાર.

સીસપેન :સીસાપેન = પેન્સિલ. (૨) પેન્સિલ.

સેવક :સંરક્ષક.

સેવન :અનુભવ;વેદન. (૨) આચરણ.

સેવન કરવું :આશ્રય કરવો; લક્ષમાં લેવો; અવલંબનમાં લેવો; એકાગ્રતાનો અભ્યાસ કરવો; પરિણમનમાં ધ્રુવનું લક્ષ કરવું.

સેવનવડે :ઉપાય વડે.

સેવના :ઉપાસના. (૨) સેવા કરવી એ.

સેવમ :સેવાકાર્ય

સ્વકર્મ વિપાક :પોતે કરેલાં કર્મનું પરિણામ, કરેલાં કર્મનો ઉદય

સ્કંધો :સ્કંધોના છ પ્રકાર આ પ્રમાણે છે :

(૧) બાદરબાદર; (૨) બાદર;(૩)બાદર સૂક્ષ્મ; (૪) સૂક્ષ્મ બાદર; (૫) સૂક્ષ્મ; (૬) સૂક્ષ્મ સૂક્ષ્મ.

ત્યાં (૧) કાષ્ઠપાષાણિદક (સ્કંધો) કે જે છેદાતા થકી સ્વયં સંધાઈ શકતા નથી તે (ઘન પદાર્થો) બાદર બાદર છે. (૨) દૂધ, ઘી, તેલ, જળ, રસ વગેરે (સ્કંધો) કે જે છેદાતા થકી સ્વયં જોડાઈ જાય છે તે (પ્રવાહી પદાર્થો) બાદર છે; (૩) છાંયો, તડકો, અંધકાર, ચાંદની વગેરે (સ્કંધો) કે જે સ્થૂલ જણાતા હોવા છતાં છેદી, ભેદી કે (હસ્તાદિવડે) ગ્રહી શકાતા નથી. તે બાદરસૂક્ષ્મ છે; (૪) સ્પર્શ, રસ, ગંધ, શબ્દ કે જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે. (અર્થાત ચક્ષુ સિવાયની ચાર ઈન્દ્રિયોના વિષયભૂત સ્કંધો છે કે જે આંખથી નહિ દેખાતા હોવા છતાં સ્પર્શનેદ્રિંયથી સ્પર્શી શકાય છે. જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે. અથવા કાનથી સાંભળી શકાય છે. તે સૂક્ષ્મબાદર છે; (૫) કર્મવર્ગણા વગેરે (સ્કંધો) કે જેમને સૂક્ષ્મપણું છે તેમ જ જેઓ ઈન્દ્રિયોથી ન જણાય એવા છે તે સૂક્ષ્મ છે; (૬)કર્મ વર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) દ્વિઅણુક સુધીના (સ્કંધો) કે જે અત્યંત સૂક્ષ્મ છે તે સૂક્ષ્મ- સૂક્ષ્મ છે.

સ્વચ્છંદ :પોતાની મરજી પ્રમાણે વર્તવું તે; સ્વેચ્છાચાર; પોતાના ડહાપણે અને ઈચ્છાએ ચાલવું તે. (૨) દુરાગ્રહ; કદાગ્રહ (૩) દર્શનમોહ (૪) પ્રમાદ, (કષાય, ઈન્દ્રિય, વિકથા, સ્નેહ અને નિંદ્રા એમ પ્રમાદ પાંચ પ્રકારે છે. અથવા ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળાં પ્રમાદના લક્ષણ છે.) (૫) પોતાની મરજી પ્રમાણે વર્તવું એ; સ્વેચ્છા ચાર (૬) સ્વરૂપની અસાવધાની (૭) પોતાની મરજી પ્રમાણે વર્તવું તે; સ્વેચ્છાચાર (૮) જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની ઈચ્છાએ ચાલ્યો છે, એનું નામ સ્વચ્છંદ છે. (૯) દર્શન મોહ; મિથ્યાત્વ; ખોટી માન્યતા; મિથ્યા અભિપ્રાય (૧૦) હું પરનો કર્તા નથી પણ મારા જ્ઞાનનો જ કર્તા છું એમ જાણવું માનવું ને તેમાં ઠરવું એવી જે પરના આશ્રયવગરની સ્વાધીનતા

તેનું નામ સ્વચ્છંદ; સ્વ-આશ્રયપણે સ્વચ્છંદપણે પ્રગટ થતી અમંદ જ્યોતિ. (૧૧) પોતાના મતે ચાલવાનો કદાગ્રહ અને અહંકાર તે સ્વચ્છંદ. (૧૨) પોતાનો છંદ; અભિપ્રાય; ઈચ્છા; પોતાનું ડહાપણ; પોતાની મતિકલ્પના. (૧૩) સ્વરૂપની અસાવધાની, પોતાની મરજી પ્રમાણે વર્તવું એ; સ્વેચ્છાચાર

સ્વતંત્ર :જે સ્વતંત્રપણે કરે છે તે કર્તા.

સ્વતંત્ર જીવન :સત્ વસ્તુની અંદર જે બંધનભાવ થાય તે આત્મભાવ નથી, પર પદાર્થની જરૂર પડે તેવું તત્ત્વ ન હોય. જેમાં પર પદાર્થની જરૂર ન પડે તેનું નામ જીવન કહેવાય. ઓશિયાળું જીવન તે કાંઈ જીવન કહેવાય ? સ્વતંત્ર જીવન તે જ ખરૂં જીવન છે. તો સ્વતંત્ર જીવન તે કહેવું કોને ? જેમાં રાગ-દ્વેષના પરાશ્રયપણાનો અંશ પણ ન હોય. અને જે પોતાના નિજાનંદમાં ટકી રહે તે ખરૂં સ્વતંત્ર જીવન કહેવાય. માટે પર પદાર્થથી પોતે તદ્દન જુદો છે તેવા જુદા તત્ત્વની શ્રદ્ધા ને જ્ઞાન કરે તો તેમાં ઠરવાપણું આવે અને તો જ તે સ્વતંત્ર સુખી થાય.

સ્વતંત્ર સ્વરૂપનુભૂતિલક્ષણ સુખ :સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવું સુખ

સ્વતંત્ર ઉપાદાન :સ્વભાવ દષ્ટિ.

સ્વતંત્રતા :સ્વાયત્તતા (૨) સ્વતંત્રતા એટલે પુણ્ય કેપાપનો અંશ પણ મારો નથી, મને પરની જરૂર અંશમાત્ર પણ નથી, હું પરનો ઓશિયાળો જરા પણ નથી, હું તો મારા અનંત ગુણથી ભરેલો સ્વતંત્ર છું. મારામાં પર તરફની એક શુભવૃત્તિ આવે તે પણ મારી પરતંત્રતા છે, મારા જ્ઞાતા-દષ્ટા સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર થવું તે જ મારી સ્વતંત્રતા છે; આવા અપૂર્વ સ્વભાવને ઓળખીને સ્થિર થવું તે જ ખરી સ્વતંત્રતા છે. આવો જે વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે, તે કોઈએ કરેલો નથી, અનાદિથી એમ જ છે.

સ્વતંત્રપણે :સ્વાધીનપણે

સ્વચતુષ્ટ્ય :સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય એટલે નિજ ગુણ પર્યાયોના આધારભૂત વસ્તુ પોતે, સ્વક્ષેત્ર એટલે વસ્તુનો નિજ વિસ્તાર અર્થાત્ સ્વપ્રદેશસમૂહ, સ્વકાળ એટલે વસ્તુનો પોતાનો વર્તમાન પર્યાય, સ્વભાવ એટલે નિજગુણ -સ્વશકિત.

સ્વદ્રવ્ય :નિર્વિકલ્પમાત્ર વસ્તુ (૨) ત્રિકાળી અનંત ગુણ પર્યાયના આધારરૂપ અખંડ પોતે

સ્વદ્રવ્યમાં જ પ્રતિબંધ :સંબંધ; લીનતા

સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું નિમિત્ત તેનો અભાવ છે. :સ્વ-પરના જ્ઞાનના અભાવનો અભાવ; સ્વ-પરના જ્ઞાનનો સદૂભાવ

સ્વાદિમ :મુખવાસ

સ્વધર્મવ્યાપકપણું :પોતાના ધર્મોમાં વ્યાપકપણું -ફેલાવાપણું

સ્વપણે :પોતાપણે; સ્વરૂપપણે. (ષટ્ દ્રવ્ય સમુદાય તે જ લોક છે અર્થાત તે જ લોકનું સ્વ-પણું પોતાપણું -સ્વરૂપ છે. તેથી લોકના સ્વ-પણે-પોતાપણે-સ્વરૂપપણે ષટદ્રવ્ય સમુદાય લોકનું સ્વલક્ષણ છે.) (૨) પોતાપણે; સ્વરૂપપણે (૩) પોતાપણે; સ્વરૂપપણે; (ષટ્ દ્રવ્ય સમુદાય તે જ લોક છે અર્થાત્ તે જ લોકનું સ્વ-પણું-પોતાપણું, સ્વરૂપ છે; તેથી લોકના સ્વ-પણે-પોતાપણે. સ્વરૂપપણે ષટ્દ્રવ્ય સમુદાય લોકનું સ્વ લક્ષણ છે.)

સ્વતઃ ક્ષાલિત :સ્વયમેવ ધોયેલું; શુદ્ધ.

સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે :શબ્દો થોડા છે પણ તેમાં આખો વસ્તુનો મર્મ ભર્યો છે. પોતાથી જ પોતાની હયાતી ધરનારી આત્મવસ્તુનો જે દેખાવા-જાણવા રૂપ સ્વભાવ તે તો તેનો સહજ વૈભવ છે. તે તેને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ કદાપિ હોય નહિ. પરંતુ પર્યાયમાં જે રાગ-દ્વેષ, શુભાશુભ વિકલ્પો-વ્યહાર રત્નત્રયના વિકલ્પો સુદ્ધાં થાય છે તે સ્વભાવથી વિરુદ્ધ હોવાથી વસ્તુને પ્રતિકૂળ છે. સ્વભાવવાનનો સ્વભાવ સ્વને અનુકૂળ જ હોય, પરંતુ સ્વની-આત્માની-પર્યાયમાં જે પુણ્ય-પાપના વિભાવ થાય તે આત્માની જાત નથી, કજાત છે, તેથી તે સ્વભાવને પ્રતિકૂળ છે. દયા, દાન, પૂજા, ભકિત, શાસ્ત્ર સવાધ્યાય, વ્રત, તપ વગેરેના શુભ ભાવ પણ સ્વભાવની જાત નથી, માટે તેનાથી રુચિ તેમ જ પરિણતિને હઠાવી અંદર જે સ્વભાવને અનુસરવું

તેનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર છે. સ્વભાવમય પરિણમન કરવું તે જ જીવનું કર્તવ્ય છે.

સ્વતઃસિદ્ધ :સ્વતંત્ર દ્રવ્ય (૨) જેનું કાંઈ કર્તા નથી.

સ્વૈરિણી :વ્યભિચારિણી; સ્વચ્છંદી

સ્વપ્નદશા :સ્વપ્નની જેમ મિથ્યા કે ક્ષણિક સ્થિતિ.

સ્વ-પર :સ્વ એટલે ઉપાદન; પર એટલે નિમિત્ત.

સ્વ-પર નિશ્ચાયક :સ્વ-પરનો નિશ્ચય કરાવનાર. (આગમોપદેશ સ્વપરનો નિશ્ચય કરાવનાર છે અર્થાત્ સ્વ પરનો નિશ્ચય કરવામાં નિમિત્તભૂત છે.)

સ્વ-પર પ્રકાશક સ્વભાવ :સ્વનું જ્ઞાન થવું અને પર-રાગનું જ્ઞાન થવું એ તો પોતની જ્ઞાનની પરિણતિનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ નથી, પરંતુ તે સમયે પોતાની જ્ઞાનની પર્યાય સ્વયં રાગના જ્ઞેયાકારરૂપે પરિણમતી થકી જ્ઞાનાકારરૂપ થઈ છે. તે પોતાથી થઈ છે. પોતામાં થઈ છે, પરથી (જ્ઞેયથી) નહીં અરૂપી આત્માને તો પોતાને અને પરની જાણવાવાળી જ્ઞાતૃતા છે. એ જ્ઞાતૃતા પોતાની છે, પોતાથી સહજ છે, રાગથી નહિ અને રાની પણ નહીં. એ રાગ છે તો જ્ઞાતૃતા (જાણપણું) છે એમ નથી. વસ્તુનું સહજ સ્વરૂપ જ આવું છે.

સ્વ-પરના અવચ્છેદપૂર્વક :સ્વ-પરના વિભાગપૂર્વક-વિવેકપૂર્વક; સ્વ પરને જુદાં પાડીને

સ્વપરનિશ્ચાયક :સ્વપરનો નિશ્ચય કરાવનાર. (આગમોપદેશ સ્વ-પરનો નિશ્ચય કરાવનાર છે અર્થાત સ્વ-પરનો નિશ્ચય કરવામાં નિમિત્તભૂત છે.)

સ્વપરહેતુક પર્યાયને આશ્રિત :જે પર્યાયોમાં સ્વ તેમજ પર કારણ હોય છે અર્થાતૂ ઉપાદાનકારણ તેમજ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે; જેમ કે, છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મસ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતા તત્ત્વાર્થશ્રધ્ધાન (નવ પદાર્થગત શ્રધ્ધાન) તત્ત્વાથાજ્ઞાન (નવ પદાર્થગત જ્ઞાન) અને પંચમહાવ્રતાદિરૂપ ચારિત્ર-એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.

સ્વપરહેતુક પર્યાય :જે પર્યાયોમાં સ્વ તેમજ પર કારણ હોય છે. અર્થાતૂ ઉપાદાન કારણ તેમજ નિમિતકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છે, જેમ કે છઠ્ઠા ગુણસ્થાને (દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મ સ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્વાર્થશ્રધ્ધાન (નવ પદાર્થગત શ્રધ્ધાન), તત્વાર્થ જ્ઞાન (નવપદાર્થગત જ્ઞાન) અને પંચ મહાવ્રતાદિરૂપ ચારિત્ર-એ બધા સ્વપર હેતુક પર્યાયો છે, તેઓ અહીં વ્યવહારનયનાર વિષયભૂત છે.

સ્વપરહેતુકમ પર્યાયો :જે પર્યાયોમાં સ્વ તેમજ પર લક્ષણ હોય છે અર્થાત ઉપાદાન કારણ તેમજ નિમિત્તકારણ હોય છે તે પર્યાયો સ્વપરહેતુક પર્યાયો છેઃ જેમ કે છઠ્ઠા ગુણસ્થાને, દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુધ્ધાત્મ સ્વરૂપના આંશિક આલંબન સહિત) વર્તતાં તત્વાર્થશ્રધ્ધાન (નવ પદાર્થગત શ્રધ્ધાન) તત્વાર્થજ્ઞાન (નવ પદાર્થગત જ્ઞાન) અને પંચ મહાવ્રતાદિરૂપ ચારિત્ર-એ બધા સ્વપરહેતુક પર્યાયો છે. તેઓ અહીં વ્યવહારનયના વિષયભૂત છે.

સ્વભદ :અનુભવ

સ્વભાવ :જો કે શુદ્ધ નિશ્ચયથી કેવળજ્ઞાનાદિ શુધ્ધ ભાવો 'સ્વભાવો' કહેવાય છે. તો પણ અશુદ્ધ નિશ્ચયથી રાગાદિક પણ 'સ્વભાવો' કહેવાય છે. (૨) વસ્તુની મૂળની સહજ શક્તિ (૩) સ્વનું ભવન તે સ્વભાવ છે. અર્થાત પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે, અને ક્રોધાદિકનું થવું પરિણમવું તે ક્રોધાદિ છે. (૪) સ્વનું ભવન તે સ્વભાવ છે. માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે. પોતાના જ્ઞાન સ્વભાવમાં સ્વતઃ પરિણમવું તે વસ્તુ છે. તે આત્મા છે. તે સ્વભાવ છે. સ્વનું અસ્તિત્વ તે સ્વભાવ છે. (૫) શુદ્ધ જીવવસ્તુ. (૬) છે, છે, છે એવો એકરૂપ ભાવ દ્રવ્યનો સ્વભાવ છે. (અન્વય =એકરૂપતા; સદશ્ય ભાવ.) (૭) પોતાની ત્રિકાળી શક્તિરૂપ અવસ્થા અથવા ગુણ. (૮) સ્વરૂપ. (૯) પ્રથમ આચાર્યે કહ્યું હતું કે હું અને તમે બધા સિદ્ધ પરમાત્મા સમાન છીએ. આ પ્રમાણે સ્વ-પરના આત્મામાં પૂર્ણતા (સિદ્ધપણું) સ્થાપ્યા વિના સત્ય સમજાવી શકાય નહિ. તું પણ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા અનંદમૂર્તિ ભગવાન પરમાર્થ છો. જે જે પૂર્ણ ગુણો સિદ્ધ પરમાત્મામાં

તેટલા બધા જ તારામાં પણ છે. જે સિદ્ધમાં નથી તે તારામાં નથી. આવો પરમાર્થ સ્વભાવ વર્તમાન અવસ્થામાં પણ અખંડપણે ભરેલો છે. તે પૂર્ણનો વિશ્વાસ ન બેસે અને ભવની શંકા ન ટળે તો કેવળ જ્ઞાનીને તથા જ્ઞાનીના ઉપદેશને તે માન્યા નથી.

બધા આત્મા જાણનાર સ્વરૂપે છે, તું પણ જ્ઞાનસ્વરૂપ આત્મા છો એમ જાણીને કહેવાય છે તું પંચેન્દ્રિય છો કે મનુષ્ય છો એમ કહીને ઉપદેશ દેતા નથી. (૧૦) અખંડ પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિનું જોર આવતાં સ્વભાવ પ્રગટે છે. શ્રદ્ધામાં અખંડ ધ્રુવ એક સ્વભાવ છે અને જ્ઞાન તે ત્રિકાળી પૂર્ણ સ્વભાવને એને વતમાન અવસ્થાને જાણવાનું છે. (૧૧) જ્ઞાન અને શ્રદ્ધા. (૧૨) બાહ્ય પદાર્થના નિમિત્ત વિનાનો નિરૂપાધિક ગુણ, તે સ્વભાવ. વર્તમાન ક્ષણિક અવસ્થા પુરતો પૂણ્ય પાપનો શુભ-અશુભ ભાવ છે, તે કર્મના નિમિત્તાધીન થતો હોવાથી, વિકારી ભાવ છે, પણ સ્વભાવ ભાવ નથી. (૧૩) સ્વનું ભવન તે સ્વભાવ. સ્વ એટલે આત્મા અને ભવન એટલે જ્ઞાનનું પરિણમન. આત્માનું શુદ્ધજ્ઞાન આત્મામાં પરિણમે તેને સ્વભાવ કહે છે. (૧૪) પર નિમિત્તના આશ્રય વિના એકરૂપ ટકી રહે તે. (૧૫) સ્વભાવના ભાવ વડે-નિત્ય અસ્તિ સ્વભાવના ભાન વડે તે પુણ્ય-પાપના વિકારીભાવ ટળી શકે છે, માટે પ્રથમ શ્રદ્ધામાં શુદ્ધ સ્વભાવની નિઃસંદેહતા કરવી જોઈએ, પૂર્ણ સ્વભાવી નિત્ય અવિકારી છું એવો નિશ્ચય કરવો જોઈએ. મારો સ્વભાવ ત્રિકાળી પૂર્ણ શુદ્ધ છે, ક્ષણિક વિકારની ઉપાધિ કે કોઈ પર ચીજનો સંયોગ મારૂ સ્વરૂપ નથી. સેવા પરથી નિરાળા સ્વભાવની શ્રદ્ધાના જોરે નિરુપાધિક પૂર્ણ સ્વભાવનો વિવેક કરવો. પરથી યથાર્થપણે જુદો માનવો તે જ પ્રથમ ધર્મ છે, તે જ સમ્યત્ર્ જાતિ છે. (૧૬) અકષાયતા, ષડંપતા, વીતરાગતા, સ્થિરતા, આનંદ, જ્ઞાન, દર્શન વગેરે અનંત સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. (૧૭) ગુણસ્વરૂપ. (૧૮) સ્વરૂપ. (૧૯) સ્વનું ભવન તે સ્વભાવ; નિશ્ચયથી જ્ઞાનનું થવું - પરિણમવું તે આત્મા છે. પોતાના જ્ઞાન સ્વભાવમાં સ્વતઃ પરિણમવું તે આત્મા છે.

સુખ માટે તારે દ્રવ્યની શી જરૂર છે ?

નરકમાં અનંત અનંત દુઃખ ભોગવ્યાં, પાણીનો બિંદવો અને દાણાનો કણ ન મળ્યો તે વખતે જીવે આકુળતા કરી દુઃખ ભોગવ્યું પણ ભાઈ ! વિચાર તો ખરો ! સુખને માટે તારે પર દ્રવ્યની શી જરૂર છે ? તારૂં સુખ તારામાં ભર્યું છે; અત્યારે મોંઘવારીનો સમય છે એટલે લોકો દાણા સંઘરી રાખે છે અને આકુળતા કરે છે પરંતુ ત્રણ લોકના નાથ ચૈતન્ય ભગવાનને કાંઈ અનાજના દાણા શરણરૂપ થાય એમ નથી. ચિદાનંદ ભગવાન આત્માને એક વિકલ્પ કે એક રજકણની જરૂર નથી એવી શ્રદ્ધા કર તો સમાધાન થાય એમ શ્રી ગુરૂનો ઉપદેશ છે. (૧૯) નિત્ય જાણનાર, દેખનાર જ્ઞાન સ્વરૂપ. (૨૦) પોતાનો ભાવ. (૨૧) પર નિમિત્તના આશ્રય વિના એકરૂપ ટકી રહે, તે. (૨૨) પોતાની ત્રિકાળી શક્તિરૂપ અવસ્થા અથવા ગુણ

<u>સ્વભાવ અર્થ પર્યાય</u> :પર નિમિત્તના સંબંધ રહિત, જે અર્થ પર્યાય થાય છે, તેને સ્વભાવ અર્થ પર્યાય કહે છે; જેમ કે, જીવનો કેવલ જ્ઞાન પર્યાય. (૨) બીજાના નિમિત્ત વિના, જે અર્થ પર્યાય, તેને સ્વભાવ અર્થ પર્યાય કહે છે, જેમ કે જીવનું કેવળ જ્ઞાન

<u>સ્વભાવ અર્થ પર્યાય કોને કહે છે ?</u> :બીજાના નિમિત્ત વિના, જે અર્થ પર્યાય હોય, તેને સ્વભાવ અર્થ પર્યાય કહે છે. જેમ કે જીવનું કેવળજ્ઞાન.

<u>સ્વભાવ અર્થપર્યાય</u> :બીજાના નિમિત્ત વિના જે અર્થપર્યાય હોય. તેને સ્વભાવ અર્થપર્યાય કહે છે. જેમ કે જીવનું કેવળજ્ઞાન.

<u>સ્વભાવગતિ ક્રિયા અને વિભાવગતિ ક્રિયા</u> :ચૌદમા ગુણસ્થાનના અંતે જીવ ઉર્ધ્વગમન સ્વભાવથી લોકાંતે જાયતે જીવની સ્વભાવગતિ ક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિ ક્રિયા છે. એક છૂટો પરમાણ ગતિ કરે તે પુદ્ગલની સ્વભાવગતિ ક્રિયા છે અને પુદ્ગલસ્કંધ ગમન કરે તે
પુદ્ગલની(સ્કંધમાના દરેક પરમાણુઓની) વિભાવગતિ ક્રિયા છે. આ સ્વાભાવિક તેમજ વૈભાવિક ગતિક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.

<u>સ્વભાવસ્થિત ક્રિયા અને વિભાવસ્થિત ક્રિયા</u> :સિદ્ધદશામાં જીવ સ્થિર રહે તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે અને સંસારદશામાં સ્થિર રહે તે જીવની

વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્ગલની સ્વાભાવિક સ્થિતિ ક્રિયા છે અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (સ્કંધમાના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ જીવ-પુદ્ગલની સ્વાભાવિક તેમજ વૈભાવિક સ્થિતિક્રિયામાં અધર્મદ્રવ્ય નિમિત્ત માત્ર છે.

સ્વભાવ જ્ઞાન :ભગવાન આત્મા અતીન્દ્રિય અરૂપી વસ્તુ છે ને તેનો જે ત્રિકાળી જ્ઞાનરૂપ છે તે સ્વભાવજ્ઞાન છે, તથા તેની કેવળજ્ઞાનરૂપ જે નિર્મળ પૂર્ણ અવસ્થા થાય છે તેમ સ્વભાવજ્ઞાન છે. સ્વભાવજ્ઞાન એક ત્રિકાળ અને બીજું કેવળજ્ઞાન-વર્તમાન એમ બન્ને સ્વાભાવિક જ્ઞાન છે અને તે અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે. (૨) સ્વભાવ જ્ઞાનના પણ બે પ્રકાર છે

(૧) કાર્યસ્વભાવ જ્ઞાન એ (૨) કારણ સ્વભાવ જ્ઞાન.

સ્વાભાવિક જ્ઞાન પણ બે પ્રકારનું છે એક કાર્ય સ્વભાવ જ્ઞાન, અર્થાત્ કાર્યરૂપ-પર્યાય રૂપ જે કેવળજ્ઞાન પ્રગટ થાય તે, અને બીજું કારણ સ્વભાવ જ્ઞાન જે ત્રિકાળી ગુણરૂપ સ્વભાવ જ્ઞાન છે તે.

સ્વભાવ દર્શનોપયોગ :સ્વાભાવિક દેખાવનો વ્યાપાર; સહજ દેખાવનો વ્યાપાર.

સ્વભાવ વિઘાત :સ્વભાવનો નાશ કરનાર

સ્વભાવ નિયત અસ્તિત્વ વડે અનુવર્તે છે. :સ્વભાવ નિયત અસ્તિત્વરૂપે પરિણમીને અનુસરે છે, (અનમય આત્માને જ) આત્માથી જાણે છે અર્થાતૂ સ્વપર પ્રકાશપણે ચેતે છે, (અનન્યમય આત્માને જ) આત્માથી દેખે છે. અર્થાત યથાતથપણે અવલોકે છે, તે આત્મા જ ખરેખર ચારિત્ર છે, જ્ઞાન છે, દર્શન છે.

સ્વભાવ નિયત :સ્વભાવમાં અવસ્થિતઃ (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દૃઢપણે રહેલ. (સ્વભાવનિયત અસ્તિત્વની વિશેષ સ્પષ્ટતા માટે પંચાસ્તિકમય ગાથા ૧૫૪ની ટીકા જુઓ)

સ્વભાવ પ્રતિઘાત :વિઘ્ન; રુકાવટ; હણાવું તે; ઘાત

સ્વભાવ પર્યાય :સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરૂ લઘુગુણ દ્વારા પ્રતિ સમય પ્રગટતી ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવ પર્યાય.

સ્વભાવ વ્યંજન કોને કહે છે? :બીજાના નિમિત્ત વિના, જે વ્યંજન પર્યાય હોય. જેમ કે- જીવની સિદ્ધ પર્યાય

સ્વભાવ વ્યંજન પર્યાય :પર નિમિત્તના સંબંધ રહિત દ્રવ્યને જે આકાર હોય તેને સ્વભાવ વ્યંજન પર્યાય કહે છે, જેમ કે સિદ્ધ ભગવાનનો આકાર. (૨) બીજાના નિમિત્ત વિના, જે વ્યંજન પર્યાય હોય, તેને સ્વભાવ વ્યંજન પર્યાય કહે છે, જેમ કે જીવની સિદ્ધ પર્યાય. (૩) બીજાના નિમિત્ત વિના જે વ્યંજન પર્યાય હોય તે સ્વભાવ પર્યાય. જેમ કે જીવની સિદ્ધ પર્યાય (૪) સિદ્ધને પ્રદેશોનો જે આકાર હોય તેને સ્વભાવવ્યંજનપર્યાય કહે છે.

સ્વભાવ વિઘાત :સ્વભાવનો ક્ષય; સ્વભાવનો નાશ. સ્વભાવબંધ (૨) સ્વભાવનો નાશ થવો; સ્વભાવનો ક્ષય થવો.

સ્વભાવમાં સુભટ છે :ધર્મી જીવ ભાવની સાધનામાં શૂરવીર છે. ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવની અંતરમાં જે દષ્ટિ થઈ છે તેના બળે સ્વરૂપલીનતા સાધવામાં પરાક્રમી છે.

સ્વભાવ સમવસ્થાન :સ્વરૂપમાં પ્રવર્તવું તે.

સ્વભાવકૃત :કર્મોના પોતાના સ્વભાવથી કરાયેલું

સ્વભાવગુણ પર્યાય :સમસ્ત દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રતિસમય પ્રગટતી ષટસ્થાનપતિત હાનિવૃધ્ધિરૂપ અનેકપણાની અનુભૂતિ તે સ્વભાવગુણ પર્યાય છે.

સ્વભાવગતિ ક્રિયા :ચૌદમા ગુણવસ્થાના અંતે જીવ ઉર્ધ્વગમન સ્વભાવી લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિ ક્રિયા છે. આત્માનું ભાન થઈને કેવળજ્ઞાન થયા પછી અયોગી દશા અવસ્થા પ્રગટે તે ચૌદમું ગુણસ્થાન છે.અને તેને અંતે જીવ દેહથી છૂટો પડી સિદ્ધ દશા પ્રાપ્ત કરે છે ત્યારે અહીંથી પોતાના કારણે તે આમ ઊર્ધ્વ એકાંતે જાય છે. તો ઊર્ધ્વગમન સ્વભાવથી જીવ આમ લોકાંતે જાય તે જીવની સ્વાભાવિક ગતિક્રિયા છે. આત્મા જ્યારે પૂર્ણ અયોગી દશા

પ્રાપ્ત કરે છે ત્યારે શુદ્ધતાની છેલ્લી પૂર્ણ દશા થતાં દેહ છૂટી જાય છે અને આત્મા જેમ ધુમાડો હવામાં ઊંચે જાય તેમ , ઊર્ધ્વગમન કરે છે તે જીવની સ્વભાવગતિક્રિયા છે.

અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે તે જીવની વિભાવગતિ ક્રિયા છે. કર્મ તો નિમિત્તમાત્ર જ છે હોં, બાકી જીવ પોતે પોતાની યોગ્યતાથી જ ગમન કરે છે. આ શરીર આમ ચાલે તો આત્મા પણ-આત્માના પ્રદેશો પણ એમ ચાલે છે, ગતિ કરે છે ને તે વિભાવગતિ ક્રિયા છે. ને તેમાં ધર્માસ્તિકાયનું નિમિત્તપણું છે. સિદ્ધદશા થાય ત્યારે સ્વભાવગતિક્રિયા છે, ને જીવન સંસારમાંથી ગતિ-ગમન કરે તે વિભાવગતિ ક્રિયા છે. ભાઈ, આ તો સર્વજ્ઞ પરમાત્માએ જાણ્યું ન કહ્યું છે, અને અનુભવમાં આવવા લાયક છે. બહુ ઝીણી વાત છે.

વળી એક છૂટો પરમાણુ ગતિ કરે તે

પુદ્ગલની સ્વભાવગતિ ક્રિયા છે એ પુદ્ગલ સ્કંધ ગમન કરે તે પુદ્ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિ ક્રિયા છે.

(૧) સિદ્ધદશા પ્રાપ્ત થતાં જે ઊર્ધ્વગતિ થાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે.

(૨) એકલો છૂટો પરમાણુ ગતિ કરે પુદ્ગલની સ્વભાવગતિ ક્રિયા છે.

(૩) કર્મના સબંધવાળો જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય અથવા તેના આત્માના પ્રદેશો ગતિ કરે તે જીવની વિભાવગતિ ક્રિયા છે; કેમકે કર્મનું તેમાં નિમિત્તપણું છે.

(૪) પુદ્ગલ સ્કંધ ગતિ કરે તે પુદ્ગલની વિભાવગતિ ક્રિયા છે.

સ્વભાવજ્ઞાન અને કેવળજ્ઞાન :શું બન્નેય અમૂર્ત, અતીન્દ્રિય , અવ્યાબાધ, અને અવિનાશી છે ? હા, બન્નેય; ત્રિકાળી સ્વભાવજ્ઞાન પણ અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય ને અવિનાશી છે, તે વર્તમાન કેવળજ્ઞાન પણ અપેક્ષાએ અવિનાશી, અમૂર્ત, અવ્યાબાધ ને અતીન્દ્રિય છે. કેવળજ્ઞાન પ્રગટ્યા પછી કેવળજ્ઞાન...કેવળજ્ઞાન...કેવળજ્ઞાન એમ અનંતકાળ કેવળજ્ઞાન જ રહે છે.

સ્વભાવથી :પોતાના ભાવથી.

સ્વભાવથી થયું છે :કોઈએ રચ્યું નથી.

સ્વભાવદષ્ટિ :સ્વમાં લીનતા તે મોક્ષનો માર્ગ છે. સ્વાશ્રિત તે મોક્ષ માર્ગ ને પરાશ્રિત તે બંધ માર્ગ.

સ્વભાવનું :સ્વરૂપનું

સ્વભાવનું સ્વરૂપ :વિકારનો નાશક, અક્રિય, અસંગ, જ્ઞાનસ્વરૂપ છું, એમ સ્વભાવને લક્ષમાં લઈ રાગમિશ્રિત વિચારને દૂર કરીને, ત્રિકાળ એકરૂપ પૂર્ણ સ્વભાવની, આત્મામાં પ્રતીતિ કરવી, તે સમ્યક દર્શન છે, તેમાં પરાશ્રય નથી. નિર્વિકલ્પ અખંડાનંદ જ્ઞાયક છું, એવી યથાર્થ ભાનસહિત શ્રદ્ધા કરે, ત્યારે મુક્તિના પગરણ મંડાય છે

સ્વભાવની દઢતા :હું એકરૂપ, શુદ્ધ સ્વભાવી, સિદ્ધ પરમાત્મા જેવો છું, જે સિદ્ધમાં નહિ તે મારામાં નહિ. એમ સિદ્ધપણાની શ્રદ્ધાના જોરમાં પરવસ્તુનું અભિયાન ઊડી જાય છેઃ દેહાદિ પરમાં કતાપણાનું અભિમાન તી પથમ કાઢી નાખ્યું, પણ પુણ્યાદિ મારાં નહિ ,પર તરફનું વલણ નહિ અને ગુણ-ગુણીનાં ભેદ વિચારવા તે શુભરાગનાં વિકલ્પ પણ મારું સ્વરૂપ નથી, મને મદદગાર નથી, એવી શ્રદ્ધા વિના, એકરૂપ સ્વભાવને માન્યા વિના, વિકાર અને પરમાં અભિમાન છોડયા વિના સ્વભાવની દઢતા આવે નહિ.

સ્વભાવનો અર્થી :સ્વભાવનો ઈચ્છુક; સ્વભાવનું ગ્રહણ.

સ્વભાવપરિણમન :આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, આદિ અનંત શક્તિ છે તે બધા ગુણનું સ્વતંત્રપણે સ્વસત્તામાં આત્મદ્રવ્યમાં અભેદપણે ટકીને બદલવું તે સ્વભાવપરિણમન છે. ટકીને બદલવું હોવાને લીધે દરેક સમયે અંતરા વિના અનંત સુખનો ભોગવટો સિધ્ધ જીવને છે, પણ એક જ સમયમાં બધો ભોગવટો હોય અને તેનું પલટવાપણું ન હોય તો બીજે સમયે સુખનો અનુભવ કોણ કરે ? માટે દરેક સમયે પોતાના જ્ઞાનાદિ ગુણનું ટકીને પલટવું, પરિણમવું છે.

સ્વભાવમાં અવકાશપણે રહેવાને અર્થે :પોતાનો શુધ્ધ આત્મસ્વભાવ સંપૂર્ણપણે સ્થિર થવાને અર્થે

સ્વભાવમાત્ર સ્વ-સ્વામિત્વમયી સંબંધ શક્તિ :પોતાનો ભાવ, પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને, પોતાનું સ્વ અને પોતે તેનો સ્વામી એવા સંબંધમયી સ્વભાવ માત્ર, સંબંધશક્તિ જીવમાં છે.

સ્વભાવવાન :વસ્તુ.

સ્વભાવવિઘાત :સ્વભાવનો વિનાશ; સ્વભાવનો બંધ; સ્વભાવનો ક્ષય (૨) સ્વભાવનો નાશ. (૩) સ્વભાવમાં અવસ્થિત; (જ્ઞાનદર્શનરૂપ) સ્વભાવમાં દૃઢપણે રહેલ.

સ્વમેવ નિત્ય ઉપયુક્ત :મારી મેળાએ, નિત્ય = ત્રિકાલ, ઉપયુક્ત જ્ઞાન-દર્શનનો વેપારવાળો છું.

સ્વમી કાર્તિકેયોનું પ્રેક્ષા :સ્વામી કાર્તિકેયે ૨૨૦૦ વર્ષ પુરાણા ગ્રંથની રચના કરેલી સમયસારથી પણ પહેલાંનો ગ્રંથ છે.

સ્વયં :પોતાથી જ (૨) પોતાની મેળે; અન્ય કારણ વિના (૩) પોતાની મેળે; પોતાથી; સહજપણે. (પોતાના આત્માને સ્વયં અનશન સ્વભાવી જાણવો તે જ અનશન નામનું તપ છે.) (૪) પોતાની મેળે; પોતાથી; સહજપણે (પોતાના આત્માને સ્વયં અનશન સ્વભાવી જાણવો તે જ અનશન નામનું તપ છે.) (૫) પોતાથી જ (૬) પોતે (૭) પોતાની મેળે; પોતાથી; સહજપણે. (૮) પોતે

સ્વયં અનશન જ સ્વભાવ :પોતાની મેળે; પોતાથી; સહજપણે; પોતાના આત્માને સ્વયં અનશન જ સ્વભાવ જાણવો તે જ અનશન નામનું તપ છે.

સ્વયં ઉપલભ્યમાન :સમકિતીઓને પોતાની જ્ઞાનની દશાથી આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. મતિ-શ્રુતજ્ઞાનથી આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. (૨) પ્રત્યક્ષ, અનુભવરૂપ

સ્વયં જ્યોતિ :આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. કોઈએ ઉત્પન્ન કરી હોય કે કોઈથી નાશ પામે એવી ચીજ નથી.

સ્વયં બુદ્ધત્વ :પોતે પોતાની મેળે જાણવું તે.

સ્વયં સંવેદ્યમાન :પોતાની મેળે પોતે વેદનામાં આવે તેવું જ્ઞાન છે.

સ્વયં સિદ્ધ :દરેક દ્રવ્ય પોતે પોતામાં પરિણમી રહ્યું છે

સ્વયંજ્યોતિ :કોઈ પણ તેને પ્રકાશતું નથી, સ્વભાવે જતું પ્રકાશસ્વરૂપ છો. (૨) સ્વ-પરને પ્રકાશવામાં કોઈ બીજાની અપેક્ષા-ગરજ નથી. (૩) સ્વયં સિધ્ધ વસ્તુ; કોઈએ ઉત્પન્ન કરી હોય કે કોઈથી નાશ પામે એવી ચીજ નથી.

સ્વયંબુધ્ધત્વ :પોતે પોતાની મેળે જાણવું તે.

સ્વયંભૂ :સ્વયં પોતે જ છ કારકરૂપ થતો હોવાથી તે સ્વયંભૂ કહેવાય છે. અથવા અનાદિ કાળથી અતિ દૃઢ બંધાયેલા (જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ) દ્રવ્ય તેમજ ભાવ ઘાતિ કર્મોંને નષ્ટ કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો અર્થાત કોઈની સહાય વિના પોતાની મેળે જ પોતે પ્રગટ થયો તેથી તે સ્વયંભૂ કહેવાય છે.

(૧) શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંત શક્તિવાળો ચૈતન્યસ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ આત્મા, (શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાયક સ્વભાવને લીધી સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો,

(૨) શુદ્ધ આનંદશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (પોતે જ પ્રાપ્ત થતો હોવાથી કર્મપણાને અનુભવતો,

(૩) શુધ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાને પોતે સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાનો ધરતો,

(૪) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો,

(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા વિકળજ્ઞાન સ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાન-સ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબનતો હોવાથી અપાદાનપણાને ધારણ કરતો. અને

(૬) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને પોતે જ આધાર હોવાથી અધિકરણ પણાને આત્મસાત કરતો એ રીતે સ્વયંમેવ છ કારકરૂપ થતો હોવાથી , અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ દ્રવ્ય-ભાવ ભેદે ભિન્ન ઘાતિકર્મને દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી, સ્વયંભૂ કહેવાયછે.

સ્વયંભૂ આત્મા :જ્ઞાન અને સુખરૂપે પરિણમેલ આત્મા (૨) શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયા હોવાથી જાણે શુદ્ધ અનંત શક્તિવાળો ચૈતન્ય સ્વભાવ પ્રાપ્ત કર્યો છે એવો આ (પૂર્વોક્ત) આત્મા,

(૧) શુદ્ધ અનંત શકિતવાળા જ્ઞાયક સ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે એવો,

(૨) શુદ્ધ આનંદશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોત જ પ્રાપ્ય હોવાથી (પોતે જ પ્રાપ્ત થતો હોવાથી કર્મપણાને અનુભવતો,

(૩) શુધ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાનો ધરતો,

(૪) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ કરતો,

(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે પૂર્વે પ્રવર્તેલા વિકળજ્ઞાન સ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાન-સ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો હોવાથી અપાદાનપણાને ધારણ કરતો. અને

(૬) શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને પોતે જ આધાર હોવાથી અધિકરણ પણાને આત્મસાત કરતો (એ રીતે) સ્વયંમેવ છ કારકરૂપ થતો હોવાથી , અથવા ઉત્પત્તિ-અપેક્ષાએ દ્રવ્ય-ભાવ ભેદે ભિન્ન ઘાતિકર્મને દૂર કરીને સ્વયમેવ આવિર્ભૂત થયો હોવાથી, સ્વયંભૂ કહેવાયછે.

આથી એ કહ્યું છે કે નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી કે જેથી શુદ્ધાત્મક સ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી (બાહ્ય સાધનો) શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે.

સ્વયમેવ :પોતે જ (૨) એની મેળે જ. (આચાર્ય ભગવાન શુધ્ધાત્મા લીન થાય છે તેથી એની મેળે જ ભાવનમસ્કાર થઈ જાય છે.) (૩) એની મેળે જ (આચાર્ય ભગવાન શુધ્ધાત્મામાં લીન થાય છે તેથી એની મેળે જ ભાવનમસ્કાર થઈ જાય છે. (૪) એની મેળે જ. (આચાર્ય ભગવાન શુદ્ધાત્મામાં જ્ઞાન થાય છે. તેથી એની મેળે જ ભાવનમસ્કાર થઈ જાય છે. (૫) પોતે જ

સ્વયમેવ જ્ઞાનક્રિયાની પ્રાપ્તિ :કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ પણ તે દ્રવ્યના આધારે-દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિનાં પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો થાય. એ તો પ્રત્યક્ષ વિરુધ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ, આત્મ દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ. એ વાત યથાર્થ નથી. આત્મ દ્રવ્યમાંથી ઉતપન્ન થતો જ્ઞાન પર્યાય પોતે પોતાનાથી જ જણાય છે. જેમ દીવા રૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશ પર્યાય સ્વ પરને પ્રકાશે છે તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વપરને જાણે છે. વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિધ્ધ છે.

સ્વ :અભ્યંતર કારણ (૨) સ્વજન

સ્વ અને પર :સ્વ નામ, જ્ઞાનદર્શન સ્વભાવી ભગવાન આત્મા, અને પર નામ, પ્રકૃતિને આધીન થવાથી ઉપજતા, વિણસતા, વિકારના પરિણામ. આ બંને ભિન્ન છે. છતાં બંનેમાં જયાં સુધી એકપણું જાણતો થકો પરિણમે છે. ત્યાં

સુધી જીવ અજ્ઞાની છે. વળી સ્વ પરનું ભેદ જ્ઞાન નહિ હોવાને લીધે. જ્યાં સુધી પ્રકૃતિના સ્વભાવને છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વદર્શનથી એટલે કે એકપણાના શ્રદ્ધાનથી, જીવ મિથ્યાદૃષ્ટિ છે.

સ્વ દ્રવ્ય અને પર દ્રવ્ય :પ્રત્યક્ષપણે બાહ્ય અને ભિન્ન દેખાય તેવા સ્ત્રી, પુત્ર, દાન, મકાનાદિ તથા એકક્ષેત્રાગવાહી સંબંધવાળા શરીર, અને આઠ કર્મ તો પરદ્રવ્ય છે જ; તેમના સિવાય જીવ-અજીવાદિ સાત તત્ત્વોના સંબંધમાં ઉઠતા વિકલ્પો પણ પર છે; તથા એ સાત તત્ત્વોના વિકલ્પને અગોચર એવું જે શુદ્ધ અભેદ આત્મસ્વરૂપ છે. તે એક સ્વદ્રવ્ય છે. તે જીવ છે અને તે જ એક અંગીકાર કરવા જેવો છે. શુદ્ધ જીવને અંગીકાર કરવાથી શુદ્ધભાવ પ્રગટ થાય છે. અંગીકાર કરવાનો અર્થ એ છે કે તે શુદ્ધજીવનની શ્રદ્ધા કરવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં જ લીન થવું.

સ્વ પર નિશ્ચાયક :સ્વ પરનો નિશ્ચય કરાવનાર.

સ્વ પરના અવચ્છેદપૂર્વક :સ્વ-પરના વિભાવપૂર્વક-વિવેકપૂર્વક; સ્વ-પરને જુદાં પાડીને.

સ્વ પરનો વિભાગ :

(૧) ચેતનપણાનો અન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય.

(૨) ચેતના વિશેષત્વ (ચેતનાનું વિશેષપણું) જેનું લક્ષણ એવો જે ગુણ. અને

(૩) ચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય-એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ, તથા

(૧) પૂર્વ અને ઉત્તર વ્યતિરેકને સ્પર્શનારા ચેતનપણે જે ધ્રૌવ્ય અને (૨-૩) ચેતનના ઉત્તરને પૂર્વ વ્યતિરેક પણે જે ઉત્પાદ ને વ્યય-એ ત્રયાત્મક (એવું) સ્વરૂપ-અસ્તિત્વ જેનો સ્વભાવ છે એવો હું તે ખરેખર આ અન્ય છું (અર્થાત્ હું પુદ્ગલથી આ જુદો રહ્યો, અને

(૧) અચેતનપણાનો અનન્વય જેનું લક્ષણ છે એવું જે દ્રવ્ય .

(૨) અચેતના વિશેષત્વ જેનું લક્ષણ છે એવો જે ગુણ અને

(૩) અચેતનપણાનો વ્યતિરેક જેનું લક્ષણ છે એવો જે પર્યાય-એ ત્રયાત્મક (એવું સ્વરૂપ-અસ્તિત્વ) તથા

ભાવાર્થ :- મનુષ્ય, દેવ, વગેરે અનેક દ્રવ્યાત્મક પર્યાયોમાં પણ જીવનું સ્વરૂપ-અસ્તિત્વ અને દરેક પરમાણુનું સ્વરૂપ-અસ્તિત્વ તદ્દન ભિન્ન ભિન્ન છે. સૂક્ષ્મતાથી જોતાં ત્યાં જીવ અને પુદ્ગલનું સ્વરૂપ-અસ્તિત્વ (અર્થાત્ પોત પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય) સ્પષ્ટપણે ભિન્ન જાણી શકાય છે. સ્વ-પરનો ભેદ પાડવા માટે જીવે સ્વરૂપ-અસ્તિત્વને પગલે પગલે ખ્યાલમાં લેવું યોગ્ય છે. તે આ પ્રમાણે :- આ (જાણવામાં આવતાં) ચેતન દ્રવ્ય-ગુણ-પર્યાય અને ચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવો હું આ (પુદ્ગલથી) જુદો રહ્યો; અને આ અચેતન ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યય જેનો સ્વભાવ છે એવું પુદ્ગલ આ (મારાથી) જુદુ રહ્યું. માટે મને પદ પ્રત્યે મોહ નથી; સ્વ-પરનો ભેદ છે.

સ્વ વ્યતિરેકવ્યક્તિના કાળે :પોતાના ભેદની પ્રગટતાના સમયે; જે પર્યાયોના સ્વરૂપના કર્તાના સમયે.

સ્વ સમય :માત્ર અચલિત ચેતના તે જ હું છું એમ માનવું-પરિણમવું તે આત્મવ્યવહાર આત્મરૂપ વર્તન છે.

જેઓ ભગવાન આત્મ સ્વભાવમાં જ સ્થિત છે, તે એનેકાંત-દૃષ્ટિવાળા લોકો મનુષ્ય વ્યવહારનો આશ્રય નહિ કરતાં આત્મ વ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગી-દ્વેષી થતા નથી અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને એ પોતે પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે જ સંબંધ કરતા હોવાથી તેઓ સ્વ સમય છે. (૨) જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વસાથે) જોડાય તેને સ્વ સમય કહેવામાં આવે છે. (૩) જેઓ ભગવાન આત્મ સ્વભાવમાં જ સ્થિત છે, તે અનેકાંત દૃષ્ટિવાળા લોકો મનુષ્ય વ્યવહારનો આશ્રય નહિ કરતાં આત્મવ્યવહારનો આશ્રય કરતા હોવાથી રાગી-દ્વેષી થતા નથી અર્થાત્ પરમ ઉદાસીન રહે છે અને તે રીતે પર દ્રવ્યરૂપ કર્મ સાથે સંબંધ નહિ કરતાં કેવળ સ્વદ્રવ્ય સાથે સંબંધ કરતા હોવાથી તેઓ સ્વસમય છે.

સ્વ સમયમાં પ્રવૃત્તિ :પોતાના સ્વભાવમાં પ્રવર્તવું એવો તેનો અર્થ છે. તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે. શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું એવો તેનો અર્થ છે. (૨) પોતાના સ્વભાવમાં પ્રવર્તવું; શુદ્ધ ચૈતન્યનું પ્રકાશવું.

સ્વ સંવેદન :પોતાના જ્ઞાન વડે પોતાના શુદ્ધ આત્માનો અનુભવ. (૨) સ્વ એટલે પોતાનું, સે નામ પ્રત્યક્ષ; વેદન એટલે અનુભવવો. પોતાના આત્માને પ્રત્યક્ષ અનુભવવે. આ હું આત્મા છું એમ અનુભવવું તે સ્વસંવેદન છે.

સ્વ સેવા :સર્વજ્ઞે જેવું સ્વરૂપ કહ્યું છે તેવું બરાબર સમજી, તે જ્ઞાનની નિર્મળતાનો અભ્યાસ-પરિચય તે સ્વ-સેવા છે. એ સિવાય બીજી કોઈ રીતે કોઈ કાળે આત્માને ગુણ થતો નથી, આ પ્રકારે ગુણની નિર્મળતા થાય છે એમ વિધિ કહેતાં, તેનાથી જ વિરૂદ્ધ તે ખોટું, એમ નિષેધ પક્ષ સમજી લેવો.

સ્વ સ્વામિસંબંધ :માલિકીનો પદાર્થ અને માલિક વચ્ચેના સંબંધને સ્વ-સ્વામિ સંબંધ કહેવામાં આવે છે.

સ્વ સંવિદિત :જે જ્ઞાન સ્વયં પોતાના જ દ્વારા સમ્યક્ જણાય છે- ભાનુ-મંડળની જેમ પર દ્વારા અપ્રકાશિત હોય છે. તેને સ્વસંવિદિત કહેવાય છે. સ્વયં પોતાના દ્વારા પોતાને જાણે છે. તે કેવળ જ્ઞાન સિવાય આત્માનું બીજુ કોઈ પરમરૂપ નથી.

સ્વક્ષેત્ર :આધાર માત્ર વસ્તુનો પ્રદેશ. (૨) પોતાનો આકાર-પહોળાઈ.

સ્વકાર્ય :ચારિત્રનું કાર્ય.

સ્વકાળ :વસ્તુમાત્રની મૂળ અવસ્થા (૨) વર્તમાન વર્તતી સ્વઅર્થની ક્રિયારૂપ અવસ્થા. (૩) પોતાની પર્યાયમાં

સ્વકીય :પોતાનું

સ્વગત :આત્મગત; પોતે પોતાને જ મનોગત કહેતું હોય એમ કહેલું

સ્વચ્છેદ :સ્વેચ્છાચાર; પોતાની મરજી પ્રમાણે વર્તનાર.

સ્વચ્છંદપણે :સ્વંતત્રતાથી; અંકુશ વગર; કોઈથી દબાયા વિના.

સ્વચ્છંદપણે ઉદયમાન :સ્વાધાનપણે પ્રકાશમાન.

સ્વચતુષ્ટય :સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (૨) સ્વદ્રવ્ય; સ્વક્ષેત્ર; સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય એટલે નિજગુણ પર્યાયોના આધારભૂત વસ્તુ પોતે; સ્વક્ષેત્ર એટલે વસ્તુનો નિજ વિસ્તાર અર્થાત સ્વપ્રદેશ સમૂહ; સ્વકાળ એટલે વસ્તુનો પોતાનો વર્તમાન પર્યાય; સ્વભાવ એટલે નિજ ગુણ-સ્વશકિત (૩) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ (૪) સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

સ્વચારિત્ર :જે (જીવ) ખરેખર નિરૂપરાગ ઉપયોગવાળો હોવાને લીધે સર્વસંગમુક્ત વર્તતો થકો, પર દ્રવ્યથી વ્યાવૃત્ત ઉપયોગવાળો હોવાને લીધે અનન્યમનવાળો વર્તતો થકો, આત્માને જ્ઞાનદર્શનરૂપ સ્વભાવ વડે નિયતપણે અર્થાત અવસ્થિતપણે જાણે-દેખે છે, તે જીવ ખરેખર સ્વચારિત્ર આચરે છે, કારણ કે ખરેખર દૃશિજ્ઞપ્તિસ્વરૂપ પુરુષમાં (આત્મામાં) તન્માત્રપણે વર્તવું તે સ્વચારિત્ર છે.

ભાવાર્થઃ- જે જીવ શુદ્ધોપયોગી વર્તતો થકો અને જેની પરિણતિ પર પ્રત્ય જતી નથી એવો વર્તતો થકો, આત્માને સ્વભાવભૂત જ્ઞાનદર્શન પરિણામવડે સ્થિરતાપૂર્વક જાણે-દેખે છે, તે જીવ સ્વચારિત્ર આચરનાર છે; કારણ કે દૃશિજ્ઞપ્તિસ્વરૂપ આત્મામાં માત્ર દૃશિજ્ઞપ્તિરૂપે પરિણમીને રહેવું તે સ્વચારિત્ર છે.

સ્વચારિત્ર પ્રવૃત્તિનો માર્ગ :જે યોગીન્દ્ર સમસ્ત મોહસમૂહથી બહિર્ભૂત હોવાને લીધે પર દ્રવ્યના સ્વભાવરૂપ ભાવોથી રહિત સ્વરૂપવાળો વર્તતો થકી, સ્વદ્રવ્યને એકને જ અભિમુખપણે અનુસરતાં થકી નિજસ્વભાવભૂત દર્શનજ્ઞાનભેદને પણ આત્માથી અભેદપણે આચરે છે. તે ખરેખર સ્વચારિત્રને આચરે છે.

સ્વરૂપ :આત્મસ્વરૂપ (૨) લક્ષણાત્મક ગુણો. (૩) સ્વરૂપનું અજ્ઞાન તે મહાપાપ છે. ભાવ.... (૪) શુદ્ધ ચૈતન્ય; આનંદઘન; જ્ઞાનપિંડ એવું જે આત્માનું રૂપ. (૫) લક્ષણ.

સ્વરૂપ અસ્તિત્વ :અસ્તિત્વ અને દ્રવ્યને પ્રદેશભેદ નથી; વળી તે અસ્તિત્વ અનાદિ અનંત છે તથા સહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવ ધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આમ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વાભાવ જ છે.

ગુણ-પર્યાયોનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણકે ગુણ પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે. વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસ્તિત્વ પણ એક જ છે; કારણકે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યો દ્રવ્યથી જ નીપજે છે. અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે. આ પ્રમાણે સ્વરૂપ અસ્તિત્વનું નિરૂપણ થયું.

ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યો જ દ્રવ્યમાં કર્તા, કરણ અને અધિકરણ છે; તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જ દ્રવ્યના સ્વરૂપને ધારણ કરે છે. (૨) કેવળ જ્ઞાન ને આનંદ આદિ અનંત ગુણમય છે.

સ્વરૂપ ગુપ્તિ :આત્મ સંયમ.

સ્વરૂપ પકાશનની અવસ્થા :સ્વરૂપને જાણવાની અવસ્થા.

સ્વરૂપ પ્રત્યક્ષ :સ્વરૂપે પ્રત્યક્ષ. સ્વરૂપ અપેક્ષા એ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ. (૨) આત્મા શાસ્ત્રમાં આત્માને સ્વરૂપ પ્રત્યક્ષ કહ્યો છે. સ્વરૂપ પ્રત્યક્ષ જ વસ્તુ છે તેથી જ તે પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. વસ્તુ સ્વરૂપ પ્રત્યક્ષ જ જ્ઞાનમાં છે, તેથી પ્રત્યક્ષ પર્યાયથી જણાય છે. (૩) સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ, સ્વભાવે પ્રત્યક્ષ.

સ્વરૂપ પરિચ્છિતિ :સ્વસંવેદનનો અભાવ.

સ્વરૂપ મંથર :સ્વરૂપમાં જામી ગયેલો. (મંથર = સુસ્ત; ધીમો. આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ-સુસ્ત હોય એમ, સ્વરૂપ-પ્રશાંતિમાં મગ્ન થઈને રહ્યો છે.)

સ્વરૂપ રમણતા :સ્થિરતા.

સ્વરૂપવિકળ :સ્વરૂપ પ્રાપ્તિ રહિત.

સ્વરૂપ વિકાર :સ્વરૂપનો વિકાર. (સ્વરૂપ બે પ્રકારે છે : (૧) દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ, અને (૨) પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ. જીવમાં જે વિકાર થાય છે તે પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપને વિષે થાય છે, દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપને વિષે નહિ; તે (દ્રવ્યાર્થિક નયના વિષયભૂત) સ્વરૂપ તો સદાય અત્યંત વિશુદ્ધ ચૈતન્યાત્મક છે.)

સ્વરૂપ વિશ્રાંત :સ્વરૂપમાં ઠરી ગયેલું

સ્વરૂપ શ્રદ્ધા :અંતરંગમાં જે ત્રિકાળપૂર્ણ જ્ઞાનાનંદ ઘન સ્વરૂપ ભગવાન આત્મા છે તેની અંદર એક ત્રિકાળી શ્રદ્ધાનો સ્વભાવ ભર્યો પડ્યો છે ને તે સ્વરૂપ શ્રદ્ધા છે. તેનું પ્રગટ કાર્ય આવે તે સમ્યગ્દર્શન છે. અનંત આનંદ અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા ઈત્યાદિ સ્વરૂપ જે ભગવાન આત્માનો નિત્ય ધ્રુવ સ્વભાવ છે તે નિત્ય સ્વભાવમાં એક ત્રિકાળી શ્રદ્ધાનો ભાવ પણ પડ્યો છે, અને તે સ્વરૂપ શ્રદ્ધા છે. ભાઈ, આ વાત તો લોજિકલી છે. પણ હવે વાતને પકડવી (સમજવી) તો એને છે ને ? (૨) અંતરંગમાં જે ત્રિકાળપૂર્ણ જ્ઞાનાનંદ ઘન સ્વરૂપભગવાન આત્મા છે તેની અંદર એક ત્રિકાળી શ્રદ્ધાનો સ્વભાવ ભર્યો પડ્યો છે, ને તે સ્વરૂપ શ્રદ્ધા છે. અહા ! તેનું પ્રગટ કાર્ય આવે તે સમ્યગ્દર્શન છે, આવી વાતુ છે.

અહા ! અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા ઈત્યાદિસ્વરૂપ જે ભગવાન આત્માનો નિત્ય ધ્રુવ સ્વભાવ છે તે નિત્ય સ્વભાવમાં એક ત્રિકાળી શ્રદ્ધાનો ભાવ પણ પડ્યો છે. અને તે સ્વરૂપ શ્રદ્ધા છે. ભાઈ, આ વાત, તો લોજિકથી છે, પણ હવે વાતને પકડવી (સમજવી) તો એને છે ને !

સ્વરૂપ શ્રદ્ધાન :સ્વરૂપ અપેક્ષાએ શ્રદ્ધાન. (જેમ કારણ સ્વભાવજ્ઞાન અર્થાત્ સહજજ્ઞાન સ્વરૂપ પ્રત્યક્ષ છે, તેમ કારણ સ્વભાવ દૃષ્ટિ અર્થાત્ સહજ દર્શન સ્વરૂપ શ્રદ્ધાન માત્ર જ છે.)

સ્વરૂપ સન્મુખ :આત્મ સન્મુખ; જ્ઞાનમાત્ર સ્વરૂપ તરફ; જ્ઞાનસ્વભાવ તરફ લક્ષ રાખવું, તેને અનુભવવું, તેમાં ઠરવું.

સ્વરૂપ સંપદા :આત્મસ્વરૂપ ભાવરૂપ લક્ષ્મી

સ્વરૂપ-અસ્તિત્વ :અસ્તિત્વને અને દ્રવ્યને પ્રદેશભેદ નથી; વળી તે અસ્તિત્વ અનાદિ-અનંત છે તથા અહેતુક એકરૂપ પરિણતિએ સદાય પરિણમતું હોવાને લીધે વિભાવધર્મથી પણ ભિન્ન પ્રકારનું છે; આ હોવાથી અસ્તિત્વ દ્રવ્યનો સ્વભાવ જ છે.

ગુણ-પર્યાયનું અને દ્રવ્યનું અસ્તિત્વ ભિન્ન નથી, એક જ છે; કારણ કે ગુણ-પર્યાયો દ્રવ્યથી જ નિષ્પન્ન થાય છે, અને દ્રવ્ય ગુણ-પર્યાયોથી જ નિષ્પન્ન થાય છે, વળી એવી જ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોનું અને દ્રવ્યનું અસિતત્વ પણ એક જ છે. કારણ કે ઉત્પાદ-વ્યય-ધ્રાવ્યો દ્રવ્યથી જ નીપજે છે. અને દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યોથી જ નીપજે છે.

સ્વરૂપગુપ્ત :અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત

સ્વરૂપનિષ્ઠ :પોતપોતાનાં સ્વરૂપમાં નિશ્ચયી રહેલાં

સ્વરૂપનો અનુભવ કરવો. :સ્વરૂપમાં લીન થવું

સ્વરૂપપ્રતિઠત્વ :સ્વરૂપમાં રહેવાના

સ્વરૂપવિકાર :સ્વરૂપનો વિકાર, (સ્વરૂપ બે પ્રકારે છે.)

(૧) દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ અને

(૨) પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ' જીવમાં જે વિકાર થાય છે તે પર્યાયાર્થિક નયના વિષયભૂત સ્વરૂપને વિષે થાય છે. દ્રવ્યાર્થિક નયના વિષયભૂત સ્વરૂપ'ને વિષે નહિ , તે (દ્રવ્યાર્થિક) નયના વિષયભૂત) સ્વરૂપ તો સદાય અત્યંત વિશુદ્ધ ચૈતન્યાત્મક છે.)

સ્વરૂપમંથર :સ્વરૂપમાં જામી ગયેલો (મંથર= સુસ્ત; ધીમો; આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ-સુસ્ત હોય એમ સ્વરૂપ શાંતિમાં મગ્ન થઈને રહ્યો છે.) (૨) સ્વરૂપમાં જામી ગયેલો. (મંથર=સુસ્ત; ધીમો; આ શ્રમણ સ્વરૂપમાં તૃપ્ત તૃપ્ત હોવાથી, જાણે કે તે સ્વરૂપની બહાર નીકળવાનો આળસુ-સુસ્ત હોય એમ, સ્વરૂપ પ્રશાંતિમાં મગ્ન થઈને રહ્યો છે.)

સ્વરૂપમાં ચરવું :સ્વરૂપમાં રમવું (તે ચારિત્ર છે)

સ્વરૂપલક્ષિત :આત્મલક્ષી

સ્વરૂપવિપર્યય પૂર્વક :વિપરીત સ્વરૂપે

સ્વરૂપવિશ્રાંત :સ્વરૂપમાં ઠરી ગયેલું (૨) સ્વરૂપમાં વિશ્રાંતિ યોગીને પોતાનાં પૂર્વોપાર્જિત કર્મોમાં પ્રવર્તન નથી, કારણ કે તે મોહનીયકર્મના વિપાકને પોતાથી ભિન્ન -અચેતન-જાણે છે તેમ જ તે કર્મવિપાકને અનુરૂપ' પરિણમનથી તેણે ઉપયોગને પાછો વાળ્યો છે.

સ્વરૂપવિશ્રાંત :સ્વરૂપમાં ઠરી જવું.

સ્વરૂપસ્થિત :જ્ઞાનદશા.

ચોથે ગુણસ્થાન કે મિથ્યાત્વમુક્તદશા થવાથી આત્મસ્વભાવ આવિર્ભાવપણું છે, અને સ્વરૂપસ્થિતિ છે; પાંચમે ગુણસ્થાન કે દેશે કરીને ચારિત્રઘાતક કષાયો રોકાવાથી આત્મસ્વભાવનું ચોથા કરતાં વિશેષ અવિર્ભાવપણું છે, અને છઠ્ઠામાં કષાયો વિશેષ રોકાવાથી સર્વચારિત્રનું ઉદયપણું છે. તેથી આત્મસ્વભાવનું વિશેષ આર્વિભાવપણું છે. માત્ર છઠ્ઠે ગુણસ્થાન કે પૂર્વનિબંધિત કર્મના ઉદયથી પ્રમત્તદશા કવચિત વર્ત છે તેને લીધે પ્રમત્ત સર્વ ચારિત્ર કહેવાય, પણ તેથી સ્વરૂપસ્થિતિમાં વિરોધ નહીં, કેમ કે આત્મસ્વભાવનું બાહુલ્યતાથી આર્વિભાવપણું છે. વળી આગમ

સ્વરૂપસ્થ :આત્મા પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સ્વભાવમય સ્વરૂપમાં

સ્વરસ :સ્વભાવ

સ્વલક્ષ :સ્વલક્ષ તે આત્માનો સ્વભાવ છે; શ્રદ્ધામાં બાહ્ય વલણોનો ત્યાગ કરી...

સ્વલ્પ :અત્યંત અલ્પ; ઘણું જ થોડું; સાવ થોડું; જરાક; ટુંકું

સ્વજ્ઞેય :ત્રિકાળી સ્વરૂપ

સ્વજ્ઞેયાકારો :પદાર્થો સાક્ષાત સ્વજ્ઞેયાકારોનાં કારણ છે. (અર્થાત્ પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોનાં સાક્ષાત કારણ છે.) અને પરંપરાએ જ્ઞાનની અવસ્થા રૂપ જ્ઞેયાકારોનાં (જ્ઞાનાકારોનાં) કારણ છે.

સ્વાનુભૂતિ :નિરાકુલત્વ લક્ષણ શદ્ધાત્મ પરિણમન રૂપ અતીન્દ્રય સખુ જાણવું.

સ્વનુ ભવન :પરિણમન.

સ્વવિષય :આત્માના સ્વભાવ તરફ લક્ષ કરી, વિકલ્પ ભેદરહિત ત્રિકાળી અખંડ જ્ઞાનાનંદ આત્માને માની, તેમાં જ ઠરવું, તે સ્વવિષય છે. સ્વવિષય જ ભૂતાર્થ દષ્ટિ એટલે સાચી દષ્ટિ છે.

સ્વ-વિષય :આત્મા.

સ્વસ્તિ :તારું અવિનાશી કલ્યાણ થાઓ, એ વાચ્ય છે અને સ્વસ્તિ શબ્દ એનું વાચક છે. (૨) સ્વસ્તિ શબ્દ, તે વાચક અને શાશ્વત કલ્યાણરૂપ ભાવ, તે વાચ્ય.

સ્વસ્તિક :સાથિયો; ચાર ગતિમાં ભ્રમણનો નાશ કરનાર.

સ્વસ્તિ :અવિનાશી કલ્યાણ થાઓ એવા આશીર્વાદ.

સ્વસ્થ :આધિ કે ઉપાધિ વિનાનું; ગભરાટ કે ઉચાટ વિનાનું; નિરોગી; તંદુરસ્ત

સ્વસન્મુખ :શુદ્ધ આત્માની સામે નજર કરવી.

સ્વસત્તા :સ્વરૂપ અસ્તિત્વ

સ્વસમય :જીવ નામનો પદાર્થ સમય છે. ત્રણ કાળ અને ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્થિતિને-સ્વરૂપને કેવળજ્ઞાન એક સમયમાં પ્રકાશવાને સમર્થ છે. સર્વ પદાર્થોના ગુણો, પર્યાયો-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું એક સમયમાં કેવળજ્ઞાન પ્રકાશે છે. આવું કેવળજ્ઞાન પ્રગટ કરવાની અપેક્ષાહે સાધ્ય છે. તેને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જયોતિ છે. આ ભેદ-જ્ઞાન જયોતિનો ઉદય રાગથી ભિન્ન પડી સ્વભાવની દ્રષ્ટિ કરતાં થાય છે. આવા ભેદજ્ઞાનના બળ વડે જયારે આ જીવ દર્શન જ્ઞાન સ્વભાવમાં નિયતવૃતિરૂપ-નિશ્ચય-રમણતારૂપ-ટકવારૂપ વર્તે છે, અથવા ત્રિકાળધ્રુવ જે આત્મતત્વ તેની સાથે એકત્વગતપણે વર્તે છે-નિશ્ચય રત્નત્રયરૂપ પરિણતિથી વર્તે છે ત્યારે તે દર્શન-જ્ઞાન ચારિત્રમાં સ્થિત હોવાથી સ્વસમય એમ જાણવામાં આવે છે. (૨) જયારે આ જીવ. સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાન જયોતિનો ઉદય થવાથી, સર્વ પર દ્રવ્યોથી છૂટી દર્શન-જ્ઞાન સ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્વ સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપે એક જ વખતે જાણતો તથા પરિણમતો એવો તે જીવ સ્વ સમય એમ પ્રતીત કરવામાં આવે છે.

જે આત્મા પરથી ભિન્ન પડી પોતાના દર્શન જ્ઞાન સ્વભાવમાં એકત્વ પામે છે તેને તું સ્વસમય જાણ. (૩) સ્વધર્મીઓ (૪) જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે. (૫) જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વ સમય કહેવામાં આવે છે. (૬) જે જીવ સ્વ સાથે એકપણાની માન્યતાપૂર્વક (સ્વ સાથે) જોડાય તેને સ્વસમય કહેવામાં આવે છે. (૭) ચૈતન્ય સ્વભાવ શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે છે, તે સ્વસમયરૂપ છે. (૮) જે શુદ્ધ ચૈતન્ય પ્રાણથી ત્રિકાળ જીવે તે શુદ્ધ જીવને ક્ષેયોપરામભાવરૂપ અશુદ્ધ ભાવ પ્રાણ અને પરદ્રવ્યરૂપ ઈન્દ્રિયાદિ પ્રાણોને દષ્ટિમાંથી છોડી, ત્રિકાળ શુદ્ધ જીવની દષ્ટિ-રુચિ, એનું જ જ્ઞાન અને એમાં જ એકપણે રમણતા કરવી એ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર છે. એ આત્માનો સદ્‌ભૂત વ્યવહાર પ્રાણ છે. અને સ્વસમય છે. એને ધર્મરૂપ પરિણમન કહે છે. (૯) આત્મા આત્માપણે પરિણમ્યો, સ્વભાવપણે પરિણમ્યો તે સ્વસમય છે. આ સ્વ સમય એ પરિણમનરૂપછે. સદ્‌ભૂત વ્યવહાર છે; દર્શનજ્ઞાન સ્વભાવ એ ત્રિકાળ ઉપયોગ છે. ઉપયોગ એ આત્મા છે ને ? આવો ત્રિકાળ ઉપયોગરૂપ જે સ્વભાવ એની હયાતીરૂપ જે શુદ્ધ આત્માતત્ત્વ તેની રૂચિ,જ્ઞાન અને રમણતા એ સમ્યક્ રત્નત્રયરૂપ ધર્મ છે. તે વડે જીવ ધર્માત્મા છે. ધર્મી છે. આ સ્વ સમય છે. (૧૦) હે ભવ્ય ! જે જીવ દર્શન જ્ઞાન ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે, એટલે કે જીવ જ્ઞાનમાં જણાય છે, શ્રદ્ધામાં નિર્ણીત થાય છે, સ્થિરતામાં આવે છે. તેને નિશ્ચયથી સ્વસમય જાણ. હે ભાઈ ! જે આત્મા પોતાની શ્રદ્ધામાં શ્રદ્ધાઓ, જ્ઞાનમાં જણાયો અને ચારિત્રમાં ઠર્યો એને તું સ્વસમય જાણ. (૧૧) આત્મ સ્વભાવમાં સ્થિત છે તે સ્વ સમય જાણવા.

સ્વસમય અને પર સમય :સ્વસમય અને પરસમય એમ પરિણતિના બે ભેદ પડે છે. સમય તો સમય જ છે. પોતાના ધ્રુવ આત્માની સાથે એકત્વપણે પરિણમન થાય તે સ્વ સમય છે અને ધ્રુવને સાથે એકત્વપણું છોડી રાગ સાથે એકત્વપણે પરિણમે તે પર સમય છે. આ બે પણું જ અસત્ય છે.

ધ્રુવને ધ્યેય બનાવી, નિર્મળપણે પરિણમે તે સ્વ-આત્મા અને કર્મ સંબંધે વિકારપણે પરિણમે તે પર-આત્મા સ્વભાવપણે પરિણમવું તે જીવનું કર્મ છે, વિભાવપણે પરિણમવું તે જીવનું કર્મ નહીં, તે બાધા છે, આપત્તિ છે.

સ્વસમયો અને પરસમયો :સ્વધર્મીઓ અને પરધર્મીઓ

સ્વસમય પ્રવૃતિની પ્રસિધ્ધિવાળો :જેને સ્વસમયમાં પ્રવૃત્તિ પ્રસિધ્ધ થઈ છે એવો (જે જીવ રાગાદિ પરિણતિનો સંપૂર્ણ નાશ કરી નિસંગ અને નિર્મમ થયો છે તે પરમાર્થ-સિધ્ધભક્તિવંત જીવે સ્વસમયમાં પ્રવૃત્તિ સિધ્ધ કરી છે તેથી સ્વસમય પ્રવૃત્તિને લીધે તે જ જીવ કર્મબંધનો ક્ષય કરી મોક્ષને પામે છે, અન્ય નહિ

સ્વસમયમાં પ્રવૃત્તિ :પોતાના સ્વભાવમાં પ્રવર્તવું.

સ્વરૂપમાં ચરવું (રમવું) તે ચારિત્ર છે; સ્વસમયમાં પ્રવૃત્તિ (અર્થાત પોતાના સ્વભાવમાં પ્રવર્તવું) તેવો તેનો અર્થ છે, તે જ વસ્તુનો સ્વભાવ હોવાથી ધર્મ છે; શુધ્ધ ચૈતન્યવું પ્રકાશનું એવો તેનો અર્થ છે. તે જ યથાસ્થિત આત્મગુણ હોવાથી (અર્થાતૂ વિષમતા વિનાનો-સુસ્થિત-આત્માનો ગુણ હોવાથી) સામ્ય છે. અને સામ્ય, દર્શન મોહનીય તથા ચારિત્ર મોહનીયના ઉદયથી થતા સમસ્ત મોહ અને ક્ષોભના અભાવને લીધે અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.

ભાવાર્થઃ-શુધ્ધ આત્માની શ્રધ્ધારૂપ સમ્યકૂત્વથી વિરુધ્ધ ભાવ (અર્થાતૂ મિથ્યાત્વ) તે મોહ અને નિર્વિકાર નિશ્ચલ ચૈતન્ય પરિણતિરૂપ ચારિત્રથી વિરુધ્ધભાવ (અર્થાત અસ્થિરતા) તે ક્ષોભ. મોહ અને ક્ષોભરહિત પરિણામ તે સામ્યે, ધર્મ અને ચારિત્ર એ બધાં એકાર્થ વાચક છે.`

સ્વસમયો અને પરસમયો :સ્વધર્મીઓ અને પરધર્મીઓ.

સ્વસંવેદ્ય :જે પોતે પોતાથી જ જણાય છે.

સ્વસંવેદ્યમાન :પોતાથી જ વેદાતું અનુભવાતું

સ્વસંવેદન :આનંદ; આત્માનો આનંદ (૨) સુખાદિ અંતરંગ વિષયોનું જ્ઞાન તે સ્વસંવેદન છે. (૩) પ્રતીતિ; ઈન્દ્રિયબોધ; ઈન્દ્રિયગમ્યઃપોતાની જાતે ઈન્દ્રિયો દ્વારા જાણી શકાય તે. (૪) સ્વાનુભવ (૫) પોતાથી પોતાને વદેવું, સ્વ કહેતાં પોતાથી, સમનામ પ્રત્યક્ષ, વેદન એટલે અનુભવવું, વેદવું અનું નામ સમ્યગ્જ્ઞાન છે. ભગવાન આત્મા શુધ્ધ એક સ્વભાવી છે તેનું પર્યાયમાં સ્વસંવેદન એનું નામ સમ્યગ્જ્ઞાન છે. (૬) સુખાદિ અંતરંગ વિષયોનું જ્ઞાન તે સ્વસંવેદન છે. (૭) પોતાના જ્ઞાન વડે પોતાના શુધ્ધ આત્માનો અનુભવ. (૮) આત્માનો શુધ્ધ અનુભવ, શુધ્ધ આત્મામાં રમણતા. (૯) પોતાના જ્ઞાન વડે પોતાના શુધ્ધ આત્માનો અનુભવ. (૯) પોતાના જ્ઞાન વડે પોતાના શુધ્ધ આત્માનો અનુભવ. (૧૦) આત્મ પ્રતીતિ, આત્મભાન, વસ્તુ-આત્મા તો પ્રત્યક્ષ સ્વસંવેદનમાં જણાય, એવી ચીજ છે. સ્વસંવેદન છે તે પર્યાય છે, પણ તે ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ સ્વરૂપને નજરમાં લે છે, અને ત્યારે તે પર્યાયમાં, આ હું નિત્યાનંદ પ્રભુ છુ એમ ભાન થઈને, નિરાકુળ આનંદનું વેદન થાય છે

સ્વસંવેદન પ્રત્યક્ષ :સ્વાનુભવથી પ્રત્યક્ષ. (દર્શન-જ્ઞાન સામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે.)

સ્વસંવેદન પ્રમાણ :આગમપ્રમાણ અને અનુમાન-પ્રમાણથી જાણીને - નક્કી કરીને, હવે કહે છે , સ્વ સંવેદન પ્રમાણથી જાણે છે. ધ્યાન અને આનંદના વેદનથી આત્માને જાણે તે સ્વસંવેદનપ્રમાણ છે.

ચેતના ત્રણ પ્રકારે કહી - કર્મ ચેતના, કર્મ રૂપ ચેતના અને જ્ઞાન ચેતના. તેમાં કર્મ ચેતનાને કર્મ ફળચેતના વિભાવદશા છે, વિકારી દશા છે, અને જ્ઞાન ચેતના નિર્વિકાર નિર્મળ દશા છે, એ ત્રણેયને આગમ, અનુમાન એ સ્વસંવેદન પ્રત્યક્ષથી જાણીને શ્રદ્ધાન કરવું. (૨) જ્ઞાન અને આનંદના વેદનથી આત્માને જાણે તે સ્વસંવેદન પ્રમાણ છે.

સ્વસંવેદનજ્ઞાન :અંતર સ્વરૂપના જ્ઞાન-શ્રદ્ધાન અને રમણતા.

સ્વસંવેદનપ્રતયથી :સ્વાનુભવથી પ્રત્યક્ષ (દર્શન જ્ઞાન સામાન્ય સ્વાનુભવથી પ્રત્યક્ષ છે.)

સ્વસંવેદનમયી :સ્વાનુભવમયી

સ્વસંવેદ્ય :સ્વ સંવેદનમાં જણાય એવો; પોતાથી પોતે જણાય છે. (૨) સ્વાનુભવથી ગમ્ય, સ્વાનુભૂતિથી પ્રાપ્ય, જ્ઞાન સ્વાભિમુખ થયું તેમાં જણાય (૩) પોતાનાથી જ પોતે જાણાય છે. પોતામાં જ પોત રહીને પોતાને જાણે છે. (૪) પોતાથી જ વેદાતું-અનુભવાતું. (૫) ગમ્ય; પ્રાપ્ય.

સ્વસંવેદ્યમાન :પોતાથી જ વેદાતુ-અનુભવાતુ

સ્વસ્વભાવમય :પોતાના સ્વરૂપમાં સ્થિત.

સ્વસ્વભાવોપલબ્ધિ :સ્વ. પોતાના સ્વભાવની ઉપલબ્ધિ-પ્રાપ્તિ. સ્વભાવનો કદી અભાવ થતો નથી એ બરાબર છે. પરંતુ તેનો તિરોભાવ (આચ્છાદન) થાય છે તથા થઈ શકે છે અને તે તે જ જીવ-પુદ્ગલ નામના બે દ્રવ્યોમાં થાય છે કે જે વૈભાવિક પરિણમનવાળા હોય છે. આત્માનું વૈભાવિક પરણિનન સદા માટે દૂર કરી તેને તેના શુદ્ધ સ્વભાવ-સ્વરૂપમાં સ્થિર કરવો તે જ સ્વ સ્વભાવોપલબ્ધિ કહેવાય છે. જેને માટે પ્રયત્ન હોવો જરૂરી છે.

સ્વ-સ્વામિ સંબંધ :માલિકીનો પદાર્થ અને માલિક વચ્ચેના સંબંધને સ્વ-સ્વામિ સંબંધ કહેવામાં આવે છે.

સ્વસ્વરૂપ :નિજ શક્તિ.

સ્વહિંસા :પોતાને પરનો કર્તા માનવો, પુણ્ય-પાપના વિકારરૂપે માનવો તે જ મોટી સ્વહિંસા છે. પરથી જુદો ત્રિકાળી સ્વાધીન સ્વભાવ પોતાનો જાણી, પોતાને રાગદ્વેષ અજ્ઞાનથી બચાવવો, એટલે કે એકરૂપ જ્ઞાનપણે પોતાની સંભાળ કરવી તે જ સાચી અહિંસા છે.

સેવા :જેવો સમ્યક્ સ્વભાવ છે તેજ સ્વરૂપે નક્કી કરી માનવો, જાણવો, એ સેવવો તે સેવા સેવન છે.

સ્વાનુરક્ત :પોતાના પ્રત્યે અનુરાગવાળા.

સ્વાકાર પરિણામીપણું :વસ્તુના સ્વભાવની જાતનું પરિણામીપણું હોય તેમાં આ વિકારીપણું ? એટલે તેનો એવો અર્થ થાયછે કે દરેક દ્રવ્ય, દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી શુદ્ધ જ હોય અને તેનું પોતાના સ્વભાવ-આકારે જ પરિણમન હોય.

સ્વાંગ :વેષ (૨) શરીર ઉપર પહેરવામાં આવતો પોશાક; વેશ; સ્વરૂપ; પોતાનું શરીર

સ્વાત :કથંચિત; કોઈ પ્રકારે; કોઈ અપેક્ષાએ (દરેક દ્રવ્ય સ્વચતુષ્ટયની અપેક્ષાએ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ-અસ્તિ છે. શુધ્ધ જીવનું સ્વચતુષ્ટય આ પ્રમાણે છે. શુધ્ધ ગુણપર્યાયોના આધારભૂત શુધ્ધાત્મ દ્રવ્ય તે દ્રવય છે; લોકાકાશ પ્રમાણે શુધ્ધ અસંખ્ય પ્રદેશો તે ક્ષેત્ર છે, શુધ્ધ પર્યાયરૂપે પરિણત વર્તમાન સમય તે કાળ છે; અને શુધ્ધ ચૈતન્ય તે ભાવ છે.)

સ્વાત્મકલ્યાણની પ્રાપ્તિ :પરદ્રવ્ય, પર દ્રવ્યના ભાવો અને પરના સંબંધે થતા પોતાના વિકારીભાવોથી ભિન્ન, પોતાના ત્રિકાળી શુદ્ધજ્ઞાનાનંદ સ્વભાવથી અભેદ આત્માના સહજ આસ્વાદથી થાય છે.

સ્વાત્મબુધ્ધિ :પોતાપણાનો ભાવ

સ્વાત્માનુભવ મનન :આ નામનું પુસ્તક છે તે ધર્મદાસ ક્ષુલ્લકે લખેલું છે.

સ્વાત્મોપલબ્ધિ :નિજ શુદ્ધ આત્માની પ્રાપ્તિ.

સ્વાતિ સંસ્થાન :ઉપરવાળા જવાબથી બિલકુલ વિપરીત (ઉલટું હોય), એટલે કે ઉપરનું અંગ નાનું અને નાભિથી નીચેનું અંગ, મોટું. ઊંપની જેમ.

સ્વાતિક સંસ્થાન :શરીરનો નીચેનો ભાગ સ્થૂલ અથવા મોટો હોય અને ઉપરનો ભાગ પાતળો અથવા નાનો હોય તેને સ્વસ્તિક સંસ્થાન કહે છે.

સ્વાદુત્વ :સ્વાદિષ્ટપણું

સ્વાદન :અનુભવ.

સ્વાદનું સ્વાદન :અનુભવન.

સ્વાદ્વાદ :સ્યાત્ એટલે કથંચિત્નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુ-સ્વભાવનું કથન તેને સ્વાદ્વાદ કહે છે.

સ્વાદ્વાદ :સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે, બૌધમતી ક્ષણિક જ માને છે. સ્યાદ્વાદી કહે છે કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય તો અનેક અવસ્થાનું પલટવું થયા છે તે કેવી રીતે બને છે ? જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો જે વસ્તુ પહેલાં દેખી હતી તે આજે એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે ? માટે કથંચિત દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ ક્ષણિક છે. આ રીતે સ્વાદ્વાદ વડે સર્વાંગ વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ ? સમસ્ત નયોથી પ્રકાશિક જે વસ્તુનો સ્વભાવ તેના વિરોધને દૂર કરે છે.

નયવિવક્ષાથી વસ્તુમાં એક સ્વભાવો છે. વળી તેમાં પરસ્પર વિરોધ છે. જેમ કે અસ્તિ અને નાસ્તિનું પ્રતિપક્ષપણું છે, પરંતુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપન કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે ? એક જ પદાર્થ કથંચિત્ પરચુતષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ

છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેકરૂપ છે. કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણ-પર્યાયાદિ અનેક -ભેદરૂપ છે, કથંચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે. કથંચિત્ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. આ રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે. સ્યાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ, વાદ એટલે વસ્તુ સ્વભાવનું કથન તેને સ્યાદ્વાદ કહે છે.

સ્વાધ્યાય :સ્વ+અધિ-અય=સ્વાધ્યાય. સ્વ=નિજનું અધિ=જ્ઞાન અને અય=પ્રાપ્ત કરવું મેળવવું આ પ્રકારે નીજનું પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ સ્વાધ્યાય છે.

સ્વાધ્યાયતપ :સ્વાધ્યાયતપના પાંચ પ્રકાર છેઃ (૧) વાંચના (૨) પૃચ્છના (પુછવું) (૩)અનુપ્રેક્ષા (ચિંતન) (૪) આમ્નાય (૫) ધર્મોપદેશ

(૧) વાંચના સ્વાધ્યાય=પ્રથમ તત્ત્વનિરૂપક-આધ્યાત્મિક ગ્રંથોનું વાંચવું અને પોતાની બુધ્ધિથી જેટલો પણ મર્મ નીકળી શકે, પૂરી શક્તિથી કાઢવો તે વાંચના સ્વાધયાય છે.

(૨) પૃચ્છના સ્વાધ્યાય=ત્યાર બાદ પણ જે કાંઇ સમઝમાં ન આવે તો તે સમઝવાના ઉદ્દેશથી કોઇ વિશેષ જ્ઞાનીને વિનયપૂર્વક પૂછવું તે-પૃચ્છના સ્વાધ્યાય છે.

(૩) અનુપ્રેક્ષા સ્વાધ્યાય=જે વાંચન કર્યું, તેના પર તથા પૂછવા પર જ્ઞાની મહાપુરુષથી જે ઉત્તર પ્રાપ્ત થયો હોય તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરવો, ચિંતન કરવું તે અનુપ્રેક્ષા સ્વાધ્યાય છે.

(૪) આમ્નાય સ્વાધ્યાય=વાંચના, પૃચ્છના અને અનુપ્રેક્ષા બાદ નિર્ણીત વિષય પર સ્થિર ધારણા માટે વારંવાર ગોખવું, પાઠ કરવો તે આમ્નાય સ્વાધ્યાય છે.

(૫) ધર્મોપદશે સ્વાધ્યાય=વાંચના, પૃચ્છના, અનુપ્રેક્ષા અને આમ્નાય (પાઠ)ની બાદ જયારે વિષય પર પૂરેપૂરો અધિકાર આવી જાય ત્યારે તેના બીજા જીવોના હિતાર્થે ઉપદેશ કરવો તે ધર્મોપદેશ સ્વાધ્યાય છે.

સ્વાધ્યાય :સ્વ સન્મુખ જવું; સ્વભાવના અભ્યાસે જ પરિણમવું. અધિ =સન્મુખ; આય; જોડાવું; સ્વરૂપમાં જ જોડાવું તે સ્વાધ્યાય છે.

સ્વાનુભૂતિ :આત્માનો અનુભવ. આત્માનુભવ.

સ્વાનુભૂતિ કેમ કરવી ? :રાગની વૃત્તિ પર તરફ દાય છે તેનું લક્ષ છોડીને સ્વ સન્મુખ વળે તો અનુભૂતિ થાય.

સ્વાનુભૂતિ સ્વાનુભવ મનજનિત છે કે અતીન્દ્રિ છે ? :ઉત્તર :- સ્વાનુભવમાં ખરેખર મન કે ઈન્દ્રિયનું અવલંબન નથી, તેથી તે અતીન્દ્રિય છે; પણ સ્વાનુભવમાં મતિશ્રુતજ્ઞાન છે ને મતિશ્રુતજ્ઞાન મનના કે ઈન્દ્રિયના અવલંબન વગર હોતા નથી, તે અપેક્ષાએ સ્વાનુભવમાં મનનું અવલંબન પણ ગણ્યું છે. ખરેખર મનનું અવલંબન તૂટ્યું તેટલો સ્વાનુભવ છે; સ્વાનુભવમાં જ્ઞાન અતીન્દ્રિય છે.

સ્વાનુભવ :સ્વસંવેદનજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવ

સ્વાનુભવ પ્રસિદ્ધ :શુદ્ધ આત્માના અનુભવથી ઉત્કૃષ્ટપણે સિદ્ધ છે.

સ્વાભાવિક સુખ :સ્વાભાવિક સુખ જ્ઞાનથી અભિન્ન છે તેથી જ્ઞાનચેતના સ્વભાવિક સુખના સંચેતન-અનુભવન-સહિત જ હોય છે.

સ્વાભિમાન :સ્વ+અભિમાન; આત્માની પૂર્ણ શક્તિઓને ઓળખી તેના આશ્રયે જગતની સામે દીન ન થવું એ સ્વાભિમાન છે; આત્માભિમાન.

સ્વામિત્વ :વસ્તુના અધિકારીપણાને સ્વામિત્વ કહે છે.

સ્વામીત્વ બુદ્ધિ :કર્તા બુદ્ધિ; બુદ્ધિપૂર્વકની ઈચ્છા.

સ્વાયત્ત :સ્વતંત્ર; સ્વાધીન; સ્વાશ્રયી.

સ્વાશ્રિત :તે નિશ્ચય. જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. તેનું જ કથન તેને મુખ્ય કથન કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું, પરમાણુ માત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. (૨) આત્મોત્પન્ન; આત્માને જ આશ્રય કરીને.

સ્વાશ્રિત તે નિશ્ચય :જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું, પરમાણુ માત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ.

સ્વાસ્થ્ય :સ્વમાં સ્થિતિરૂપ સ્વસ્થપણું; સ્થિરતા.

સ્વોચિત્ત :વસ્તુને યોગ્ય; પોતાને યોગ્ય (૨) પોતાને ઉચિત; પોત પોતાને યોગ્ય. (આત્માનો સ્વભાવ ત્રણે કાળના સ્વોચિત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો છે.) (૩) પોતાને ઉચિત; પોતપોતાને યોગ્ય (આત્માનો સ્વભાવ ત્રણેકાળના સ્વોચિત્ત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો છે.) (૪) પોતાને ઉચિત; પોતપોતાને યોગ્ય (આત્માનો સ્વભાવ ત્રણે કાળના સ્વોચિત પર્યાયો સહિત સમસ્ત દ્રવ્યોને જાણવાનો છે.)

સ્વોપજ્ઞ :પોતાના ગ્રંથ ઉપર પોતાના હાથે થયેલ ટીકા ટિપણ; વિવરણ વૃત્તિ; વિવૃત્તિ; ભાષ્ય વગેરે.

સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ :પોતાને સ્વાનુભવ વડે અનુભવીને.

સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને :પોતાને સ્વાનુભવ વડે અનુભવીને

સ્વીકૃત્ત :ગ્રહણ કરવું; અંગીકાર કરવું

સ્વીકાર :આદર; શ્રધ્ધા

સ્વીકારવું :સંમત કરવું

સુવિચક્ષણ :સુજ્ઞ; સુજનો.

સુવિચારણા :ભ્રાન્તિની છેદનદશા, તેનું ફળ જ્ઞાન દશા.

સુવિચારદશા :ભ્રાન્તિની છેદનદશા; તેનું ફળ જ્ઞાનદશા.

સુવિદિત :સારી રીતે જાણવું

સુવિદિત પદાર્થ સૂત્ર :સૂત્રોના અર્થના જ્ઞાનબળ વડે સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના વિભાગના પૂરા જ્ઞાનમાં, શ્રદ્ધાનમાં અને વિધાનમાં (આચરણમાં) સમર્થ હોવાથી (અર્થાત્ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનું ભિન્નપણું જાણ્યું હોવાથી, શ્રદ્ધયુ હોવાથી અને અમલમાં મૂક્યું હોવાથી જે શ્રમણ પદાર્થોને અને પદાર્થોના પ્રતિપાદક સૂત્રોને જેમણે સારી રીતે જાણ્યાં છે એવા છે.

સુવિનીત :સારા સંસ્કાર પામેલું; ખૂબ વિનયી.

સુલટા :સવળા; સીધા.

સુલભ :સુખે પ્રાપ્ત; સરળતાથી મળવું તે; (૨) સરળતાથી મળે તેવું; સુપ્રાપ્ય;

સુવર્ણપાષાણ :જે પાષાણમાં સુવર્ણ હોય તેને સુવર્ણપાષાણ કહેવામાં આવે છે. જેમ વ્યવહારનયથી સુવર્ણપાષાણ સુવર્ણનું સાધન છે, તેમ વ્યવહારનયથી વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું સાધન છે; એટલે કે વ્યવહારનયથી ભાવલિંગી મુનિને સવિકલ્પ દશામાં વર્તતાં તત્ત્વાર્થશ્રધ્ધાન, તત્ત્વાર્થજ્ઞાન અને મહાવ્રતાદિરૂપ ચારિત્ર નિર્વિકલ્પ દશામાં વર્તતાં શુધ્ધાત્મશ્રધ્ધાન-જ્ઞાનાનુષ્ઠાનનાં સાધન છે.

સુવિશુદ્ધ જ્ઞાનદર્શન :આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુદ્ધ જ્ઞાન-દર્શન છે. (તેમાં જ્ઞાન સાકાર છે અને દર્શન અનાકાર છે.)

સુવિશુદ્ધ :અચિત્રિત, સિદ્ધપર્યાયવાળો (૨) સિધ્ધ પર્યાયવાળો

સુવિશુધ્ધ ચૈતન્ય પરિણમન સ્વભાવ :આત્માનું કર્મ છે અને તે કર્મ અનાકુળતા સ્વરૂપ સુખને નિપજાવે છે માટે સુખ તે કર્મફળ છે. સુખ આત્માની જ અવસ્થા હોવાથી આત્મા જ કર્મફળ છે. (૨) સુવિશુધ્ધ ચૈતન્ય પરિણમન સ્વભાવ આત્માનું કર્મ છે અને તે કર્મ અનાકુળતા સ્વરૂપ સુખને નિપજાવે છે માટે સુખ તે કર્મફળ છે. સુખ આત્માની જ અવસ્થા હોવાથી આત્મા જ કર્મફળ છે.

સુવિશુધ્ધ જ્ઞાન દર્શન માત્ર :આત્માનું સ્વરૂપ માત્ર સુવિશુધ્ધ જ્ઞાન અને દર્શન છે. (તેમાં જ્ઞાન સાકાર છે. અને દશસ્ન અનાકાર છે.)

સુવિશુધ્ધ દર્શન જ્ઞાન :આત્મતત્ત્વનો સ્વભાવ સુવિશુધ્ધ દર્શન અને જ્ઞાન છે.

સુવિશુધ્ધદર્શન જ્ઞાન સ્વભાવ :આત્મતવનો સ્વભાવ સુવિશુધ્ધ દર્શન અને જ્ઞાને છે.

સુવિહિત :સારી રીતે કરવામાં આવેંલું; વિધિપૂર્વક કરેલું; શાસ્ત્રે જે કરવા માટેની સ્પષ્ટ આજ્ઞા આપી હોય તેવું. (૨) સારી રીતે કરવામાં આવેલું; વિધિપૂર્વક કરેલું; શાસ્ત્ર જે કરવા માટેની સ્પષ્ટ આજ્ઞા આપી હોય તેવું (૩) સમ્યગ્દર્શનાદિ તથા તત્ત્વ જાણવાને બીજા પણ અમુખ્ય ઉપાય બતાવે છે:- સતૂ ,સંખ્યા,ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પ બહુત્વ એ આઠ અનુયોગ દ્વારા પણ પદાર્થનું જ્ઞાન થાય છે.

સતૂ અને સંખ્યા=તે દ્રવ્ય, ગુણ, પર્યાયના સત્વની અપેક્ષાએ પેટાભેદ છે, સતૂ સામાન્ય છે, સંખ્યા વિશેષ છે.

ક્ષેત્ર અને સ્પર્શન=તે ક્ષેત્રના પેટા ભેદ છે. ક્ષેત્ર સામાન્ય છે, સ્પર્શન વિશેષ છે.

કાળ અને અંતર =તે કાળના પેટાભેદ છે. કાળ સામાન્ય છે, અંતર વિશેષ છે. ભાવ અને અલ્પબહુત્વ=તે ભાવના પેટાભેદ છે. ભાવ સામાન્ય છે, અલ્પબહુત્વ વિશેષ છે.

(૧) સત=વસ્તુના અસ્તિત્વને સત કહે છે.
(૨) સંખ્યા=વસ્તુના પરિમાણોની ગણતરીને સંખ્યા કહે છે.
(૩) ક્ષેત્ર =વસ્તુના વર્તમાનકાળના નિવાસને ક્ષેત્ર છે.
(૪) સ્પર્શન=વર્તુના ત્રણે કાળ સંબંધી નિવાસને સ્પર્શન કહે છે.
(૫) કાળ=વસ્તુની સ્થિર રહેવાની મર્યાદાને કાળ કહે છે.
(૬) અંતર =વસ્તુના વિરહકાળને અંતર કહે છે.
(૭) ભાવ=ગુણને અથવા ઔપશમિક,ક્ષાયોપશમિક, ક્ષાયિક, પારિણામિક અને ઔદયિક આ પાંચ ભાવોને ભાવ કહે છે.
(૮) અલ્પબહુત્વ=અન્ય પદાર્થની અપેક્ષાથી વસ્તુની હીનતા-અધિકતાના વર્ણનને અલ્પ બહુત્વ કહે છે.
(૯) અનુયોગ=ભગવાને કહેલો ઉપદેશ વિષય અનુસાર જુદા જુદા અધિકારમાં આવેલો છે, તે દરેક અધિકારને અનુયોગ કહે છે. સમ્યગ્જ્ઞાનનો ઉપદશે આપવા અર્થે જ પ્રવૃત્ત થયેલો અધિકાર તે અનુયોગ છે.

સુવિહિત પુરૂષ :શાસ્ત્રનો જાણનાર પુરૂષ.

સૂરિ :ગુરૂ; આચાર્ય; તે જિનસિંગ ગ્રહણના ઈચ્છુક સંયમીઓ મુમુક્ષુઓને પ્રવ્રજ્યા-દીક્ષા આપે છે. (૨) સંયમીઓને દીક્ષા આપનાર ગુરૂ; આચાર્ય સૂરિ કહેવાય છે. (૩) સંયમીઓને દીક્ષા આપનાર ગુરૂને સૂરિ આચાર્ય કહેવાય છે.

સુષ્ટા :ઉત્પાદક.

સૃષ્ટિ :ઉત્પત્તિ

સુષ્ઠુ :અતિશય યુક્તિ.

સૌષ્ઠવ :શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટતા; સારાપણું; સુંદરતા.

સુષ્ઠુ :સારીરીતે

સુષુપ્ત :તદ્દન ઊંઘી ગયેલું; અંદર દબાઈ કે છુપાઈને રહેલું; અપ્રગટ

સુષુપ્ત સમાન :જાણે કે સૂઈ ગઈ હોય એવી; પ્રશાંત

સુષુમ્ણા :બન્ને નાસિકાનો સ્વર સાથે વહેતે. યોગીઓ સુષુમ્ણા નાડી ચાલતાં પ્રભુનું ધ્યાન ધરે છે. રાગને ઈડા અને દ્વેષને પિંટાલા આધ્યાત્મની અપેક્ષાએ કહેવામાં આવે છે. રાગ અને દ્વેષનો માર્ગ તજીને સમતારૂપ સુષુમ્ણાના માર્ગમાં જ્યારે આત્મા આવે છે. ત્યારે બ્રહ્મરન્દ્રમાં (અનુભવજ્ઞાન દશામાં) આત્માની સમાધિનો અનુભવ થાય છે, અને તેથી આત્મસ્વરૂપમાં અનહદતાન અત્યંત હદ વિનાનો, આનંદ રસ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે અધ્યાત્મ માર્ગની અપેક્ષાએ અર્થ કરી શકાય છે.

સુસ્થિત :સારી સ્થિતિવાળુ; આબાદ; દ્દઢ (૨) સારી રીતે-સુખરૂપ સ્થિત, સારી રીતે સ્થિર રહેલું. સંત વિના અંતની વાતનો અંત પામતો નથી. શ્રીમદ્ રાજચંદ્ર

સુસ્થિતપણું :સારી સ્થિતિ; આબાદી; દ્દઢપણું

સુસ્થિતિ :દ્દઢતા; આબાદી

સુસમ્બદ્ધ :એક બીજા સાથે સારી રીતે સંકળાયેલા, સારી રીતે બંધાયેલા

સુસ્વર નામ કર્મ :જે કર્મના ઉદયથી, સુંદર (મીઠો) સ્વર હોય, તેને સુસ્વર નામ કર્મ કહે છે.

સુસંહત :સુમિલિત; સુગ્રથિત; સારી રીતે ગૂંથાયેલી

સુહૃદ :મિત્ર; દોસ્ત; હૃદયનો સાથી.

સુહાતાં નથી :અનુકૂળ લાગતાં નથી.

સુહાય :શોભે; પરિણામ પામે. (૨) સોહવું; શોભા ધારણ કરવી; રૂડું દેખાવું ; શોભવું

સુહાવું :અનુકૂળ લાગવું

સુહાવતું :શોભવું; સોહામંણું:; અરગવું

સો :સિધ્ધ પરમાત્મા

સો ઈંદ્રો :ભવનવાસી દેવાના ૪૦ ઈન્દ્રો, વ્યંતર દેવાના ૩૨, કલ્પવાસી દેવાના ૨૪, જ્યોતિષ્ક દેવાના ૨, મનુષ્યોનો ૧ અને તિર્યંચોનો ૧ એમ કુલ ૧૦૦ ઈન્દ્રો અનાદિ પ્રવાહરૂપે ચાલ્યા આવે છે.

સૌખ્ય :સૌખ્યનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે; પોરમાર્થિક સુખનું કારણ સ્વભાવની પ્રતિકૂળતાનો અભાવ છે. પારમાર્થિકે સુખનું લક્ષણ અથવા સ્વરૂપ અનાકુળતા છે. તે અનંત સુખને ભવ્ય જીવ જાણે છે. ઉપાદેયેપણે શ્રધ્ધા છે અને પોતપોતાના ગુણસ્થાન અનુસાર અનુભવે છે.

સોડહમ :હું સિધ્ધ પરમાત્મા સમાન છું.

સોથ :દાટ, ઘાણ, ભારે નાશ

સોથા નીકળી ગયા :દુઃખી દુઃખી થયો છે.

સોથો :ચૂંથાયેલો કપડાનો ડૂચો; ચૂંથો.

સોનગઢથી પાંચ વસ્તુ પ્રગટમાં આવી :(૧) નિમિત્ત (૨) ઉપાદાન (૩) નિશ્ચય (૪) વ્યવહાર અને (૫) ક્રમબધ્ધ પર્યાય

(૧) નિમિત્ત પર વસ્તુ છે, તે ઉપાદાનમાં કાંઈ કરે નહિ. નિમિત્ત છે ખરૂં, એના અસ્તિપણાનો નિષેધ નથી. પણ તે ઉપાદાનની પર્યાયનું કાંઈપણ કરે નહિ.

(૨) ઉપાદાન, આત્માની નિર્મળ શુધ્ધ દશાનું પરિણમન, તે શુધ્ધ ઉપાદાન છે, આત્માની શુધ્ધ જ્ઞાનદશાનું પરિણમન તેને ઉપાદાન કહે છે.

(૩) નિશ્ચય

સોનગઢમાં સમવસરણ મંદિર :ઈ.સ. ૩-૬-૧૯૪૨માં સોનગઢમાં સમવસરણ મંદિરની સ્થાપના થઈ. સમવસરણમાં દિવ્યધ્વનિમાં મોક્ષમાર્ગનો ઉપદેશ આપી રહ્યો છે. ઈન્દ્રો સમવસરણ બનાવે તે અલૌકિક છે. સમવસરણમાં ચાર બાજુ સોનાના માનસ્તંભ હોયછે તે ધર્મનો વૈભવ બતાવે છે. ભગવાન કુંદકુંદાચાર્ય ભાવલિંગી સંત હતા, તેઓ સદેહે મહાવિદેહમાં ગયા હતા ને આઠ દિવસ રહ્યા હતા ને ત્યાંથી આવ્યા પછી તેમણે સમયસારાદિશાસ્ત્રો રચ્યા છે.

સોપક્રમ :શિથિલ, એકદમ ભોગવી લેવાય તે.

સોપક્રમઆયુ :જે આયુષ્યની પૂર્ણતામાં બહારના પ્રતિકૂળ સંયોગ નિમિત્તરૂપ હોય તેને સોપક્રમ આયુ કહેવાય છે.

સોપરાગ :ઉપરાગયુકત; ઉપરકત; મલિન; વિકારી; અશુધ્ધ (ઉપયોગમાં થતો, કર્માદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર; (અર્થાત કર્મોદયરૂપ ઉપાધિ, જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે. (૨) સવિકાર; અશુધ્ધ. (અશુધ્ધ ઉપયોગ શુભ અને અશુભ એમ બે પ્રકારનો છે. કારણ કે ઉપરાગ વિશુધ્ધિરૂપ અને સંકલેશરૂપ એમ બે પ્રકારનો છે. (અર્થાતૂ વિકાર મંદકષાયરૂપ અને તીવ્રકષાયરૂપ એમ બે પ્રકારનો છે.) (૩) ઉપરાગયુકત; ઉપરકત; મલિન; વિકારી; અશુધ્ધ (ઉપયોગમાં થતો, કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપધિક વિકૃતિ) તે ઉપરાગ છે. (૪) સવિકાર.

સોપાધિ :ઉપાધિ સહિત; જેમાં પરની અપેક્ષા આવતી હોય એવું

સોપાધિક :ઉપાધિવાળું; વધારાના ગણ-લક્ષણવાળું; મિથ્યાગુણલક્ષણવાળું (૨) ઉપાધિ સહિત. (૩) ઉપાધિવાળો; ઉપાધિ સહિત.

સોપાધિક ચૈતન્ય પરિણામ :છ દ્રવ્યોને પોતાનાં માનવાં તે સોપાધિક ચૈતન્ય પરિણામ છે.

સોપાધિક પરિણામ :ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ, સ્ત્રી, પુરૂષ, કુટુમ્બ, મકાન, પૈસો ટકો વગેરે જ્ઞેયો છે તે દૂર છે તેને પોતાનાં માનવાં તે સોપાધિક પરિણામ છે. તે સોપાધિક પરિણામનો ચૈતન્ય પોતે કર્તા થાય છે. (૨) જીવ, અજીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ છ દ્રવ્યને પોતાનાં માનતાં તે સોપાધિક ચૈતન્ય પરિણામ છે.

સોપરાગ :સવિકાર (૨) ઉપરાગમુક્ત; ઉપરકત;મલિન; વિકારી; અશુધ્ધ. (ઉપયોગમાં થતો કર્મોદયરૂપ ઉપાધિને અનુરૂપ વિકાર (અર્થાત કર્મોદયરૂપ ઉપાધિ જેમાં નિમિત્તભૂત હોય છે એવી ઔપાધિક વિકૃતિ) તે ઉપરાગ છે.

સોળ શણગાર :(૧) ભાલ-તિલક ચાંદલો-સમકિત (૨) નેણમાં કાજલનો સંયમ (૩) કાનમાં કુંડલ-શ્રુતજ્ઞાન (૪) કેશમાં સુવાસિત તેલ-શીલ (૪) ભાલે દામણી-શીલ કેરી વાડ (૬) સેંથે ભરો સિંદૂર-ભકિત ભવ્ય આડ, (૭) નાકે

નથણી-વિનય (૮) કંડમાં હાર-સુજ્ઞાન ધારો, (૯) શરીરે સાળું-સત્સંગ (૧૦) હાથમાં કંકણ-વિદ્યા-વિવેક (૧૧) કુમકુમના થાળ કરમાં લો-નીતિ ધારણ કરો. (૧૨) કેડે કંદોરો-પુરુષાર્થ (૧૩) પગે ઘુઘરી-સુસંપનો રણકાર (૧૪) પાંવમાં નૂપુર-શાંતિ-સમતા (૧૫) કુમકુમ પગલે-દયા દર્શાવવી. (૧૬) ઉરમાં આનંદ-સત્ય-આત્મહિત અર્પણ. તનના શણગાર તજી-સદ્‌ગુણના શણગાર સજો.

સૌખ્ય :પરમ આનંદ; સુખશાતા. (૨) સુખ (૩) અનંત અતીન્દ્રિય સુખ; અનંત અતીન્દ્રિય આનંદ. (૪) પરમ આનંદ; સુખ; આરોગ્ય. (૫) પરમાનંદ. (૬) આનંદ. પરમ સૌખ્ય = પરમ આનંદ; પૂર્ણ અતીન્દ્રિય આનંદ, અનાકુળ ઉત્તમ આનંદ.

સૌખ્યનિષ્ઠ :સુખમાં લીન

સૌજન્યયુક્ત :ન્યાયનીતિ યુક્ત

સૌથી માટો આકાર, સૌથી નાનો આકાર અને બન્નેની વચ્ચેનાં આકારવાળાં દ્રવ્યો કયા છે ? :સૌથી મોટો આકાર અનંત પ્રદેશાત્મક આકાશનો, સૌથી નાનો આકાર એક પ્રદેશી પરમાણુ અને કાલાણુનો હોય છે, અને તે બન્નેની વચ્ચેના આકારવાળાં અસંખ્યપ્રદેશી જીવદ્રવ્ય, ધર્મસ્તિકાય તથા અધર્માસ્તિકાય હોય છે.

સૌથી મોટું દ્રવ્ય :દ્રવ્યની સંખ્યાની અપેક્ષાએ પુદ્‌ગલ પરમાણુ

ક્ષેત્ર = આકાશ દ્રવ્ય.

કાળ = દ્રવ્યના સ્વકાળરૂપ અનાદિ અનંત પર્યાયો (ભૂતકાળના અનંત સમય કરતાં ભવિષ્યકાળના સમયોની સંખ્યા અનંતગણી વધારે છે.)

ભાવ =જીવ દ્રવ્યના જ્ઞાન ગુણના એક સમયના, કેવળજ્ઞાન પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યા, સૌથી અનંતગુણી છે.

સૌમ્ય :શીતળ; મૃદુ; શાંત

સૌમ્યતા :શાંત સ્વભાવ

સૌષ્ઠવ :શ્રેષ્ઠતા; ઉત્કૃષ્ટતા; સારાપણું; સુંદરતા.

સોંસરી :આરપાર.

સંવેગ :મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઈચ્છા નહીં, અભિલાષા નહીં તે સંવેગ (૨) મુક્ત થવા સિવાય બીજી કોઈ પણ પ્રકારની ઈચ્છા નહીં, અભિલાષા નહીં તે સંવેગ (૩) ખરો અંતરવેગ; આત્મવેગ. (૪) કષાયાદિ પાતળા પડે; કંઈપણ પ્રજ્ઞા વિશેષની સમજ્યાની યોગ્યતા થવી ; મંદ પરણિામી પણું થવું, બુદ્ધિવિશેષથી સમજવાની યોગ્યતા થવી. (૫) ઘગશ; અતિશય ઘગશ. (૬) સંસાર, દેહ અને ભોગો પ્રત્યે વિરક્તપણું (ઉદાસીનતા) અણરાગ (અણગમો) અને ધર્મ પ્રત્યે અને ધર્મના ફળ પ્રત્યે અનુરાગ રાખવો તે સંવેગ છે. સંસાર, પુત્ર, મિત્ર, સ્ત્રી, ભોગ, અને શરીરનું સ્વરૂપ દુઃખકારક જાણી વિરાગ ભાવ પ્રાપ્ત થવો તે સંવેગ છે.

ધર્માત્મા સાધર્મીઓને દેખી આનંદ ઉપજવો, ધર્મની કથામાં આનંદિત થવું અને ભોગો પ્રત્યે અરૂચિ થવી તે સંવેગ નામે પાંચમી ભાવના છે. (૭) મોક્ષાભિલાષરૂપ સંવેગ; મોક્ષની અભિલાષા રૂપ વેગ તે સંવેગ. (૮) મુક્ત થવા સિવાય બીજો કોઈ પ્રકારની અભિલાષા ન હોય તે સંવેગ. (૯) સંસારથી ભય થવો અને ધર્મ તથા ધર્મના ફાળામાં પરમ ઉત્સાહ થવો તથા સાધર્મી અને પંચ પરમેષ્ઠીમાં પ્રીતિ, તેને પણ સંવેગ કહે છે.

સંવર :જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો વિરોધ (તે સંવર છે.) તેમ જ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મ પરિણામનો નિરોધ તે સંવર છે. (૨) ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ (આહાર-ભય-મૈથુન-પરિગ્રહ) નો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે, તેટલા અંશે અથવા તેટલો કાળ પાપા સ્રવદ્વારા બંધ થાય છે.

ઈન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ-ભાવપાપાસ્રવ-દ્રવ્યપાપાસ્રવનો હેતુ છે, તેમનો એટલે કે ઈન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ ભાવાપાપસંવર-દ્રવ્યપાપસંવરનો હેતુ સમજવો.

જેમ સમગ્ર પર દ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી તે સુખદુઃખ પ્રત્યે સમભાવવાળા મુનિને શુભ અને અશુભ કર્મ આસ્રવનું નથી, પરંતુ સંવર જ થાય છે. જેથી અહીં એમ સમજવું કે મોહરાગદ્વેષ પરિણામનો

જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે તેટલા અંશે અથવા તેટલો કાળ પાપા સ્ત્રવદ્રીર બંધ થાય છે.

ઈંદ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ (આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ). ભાવ પાપાસ્રવ-દ્રવ્યપાપાસ્રવનો હેતુ. (નિમિત્ત) છે. તેમનો અહીં નિરોધ (ઈંદ્રિયો,કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ) ભાવપાપસંવર-દ્રવ્યપાપસંવરનો હેતુ અવધારવો (-સમજવો)

જેમને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી, તે ભિક્ષુને-કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે સમસુખદુઃખ છે તેને શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી, પરંતુ સંવર જ થાય છે. તેથી અહીં (એમ સમજવું કે) મોહ-રાગદ્વેષ પરિણામનો નિરોધ તે ભાવસંવર છે અને તે (મોહ રાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદગલોનું શુભાશુભકર્મ-પરિણામનો (શુભાશુભ કર્મરૂપ પરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે.

જે યોગીને વિરત અર્થાત સર્વતઃનિવૃત્ત વર્તતા થકાં, યોગમાં-વચન, મન અને કાયસંબંધી ક્રિયામાં-શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભ પરિણામરૂપ પાપ જયારે હોતાં નથી; ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો (શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે એવા દ્રવ્યકર્મનો), સ્વકારણ અભાવને લીધે સંવર થાય છે, તેથી શુભાશુભ પરિણામનો નિરોધભાવ પુણ્ય પાપ સંવર-દ્રવ્ય પુણ્ય પાપ સંવરનો પ્રધાન હેતુ અવધારવો-સમજવો. (૯) રોકવું. આસ્રવને રોકવો તે સંવર છે. (૧૦) પુણ્ય-પાપના વિકારી ભાવને (આસ્રવને) આત્માના શુધ્ધ ભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે અને તે અનુસાર નવાં કર્મ બંધાતા અટકે તે દ્રવ્ય સંવર છે. (૧૧) નવીન કર્મ આવતાં અટકે તે. (૧૨) સંવરના બે પ્રકાર છે. દ્રવ્ય સંવર અને ભાવસંવર, કષાયના અભાવથી શુદ્ધિ થાય છે, દ્રવ્ય નિવૃત્તિથી સંવર થતો નથી, પણ ભાવ નિવૃત્તિથી સંવર થાય છે. એ રીતે ભાવથી નિવૃત્તિ થવાની પ્રેરણા આપી છે, તેમજ દ્રવ્યલિંગ મુક્તિનું કારણ નથી. (૧૩) સમાધિ. (૧૪) નિરાવલંબી એકરૂપ સ્વભાવના જોરે અશુદ્ધતા રોકાય તે ભાવ સંવર છે; એ

નિરોધ તે ભાવસંવર છે, અને તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભા શુભ કર્મ પરિણામનો (શુભાશુભકર્મરૂપ પરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે.

જે યોગીને વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતાં થકાં, યોગમાં વચન, મન અને કાય સંબંધી ક્રિયામાં -શુભ પરિણામરૂપ' પુણ્ય અને અશુભપરિણામરૂપ પાપ જયારે હોતાં નથી ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો (શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે એવા દ્રવ્યકર્મનો) સ્વકારણના અભાવને લીધે સંવર થાય છે, તેથી અહીં શુભાશુભ પરિણામનો નિરોધ -ભાવપુણ્યપાપ સંવર-દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રદાન હેતુ અવધારવો. (સમજવો)

(દ્રવ્ય સંવરમાં 'મુખ્ય નિમિત્ત' જીવના શુભાશુભ પરિણામનો નિરોધ છે, યોગનો નિરોધ નહિ. (અહીં એ ખ્યાલમાં રાખવું યોગ્ય છે કે દ્રવ્યસંવરનું ઉપાદાનકારણ-નિશ્ચયકારણ તો પુદ્ગલ પોતે જ છે.) (૨) આત્મા શુધ્ધ સ્વરૂપે પુર્ણ છે; પુર્ણ શુધ્ધના આશ્રયે શુધ્ધિનો અંશ પ્રગટે તે સંવર છે. (૩) ઉપયોગ સ્વરૂપ શુધ્ધાત્મામાં જયારે જીવનો ઉપયોગ રહે છે ત્યારે નવો વિકારી પર્યાય (આસ્રવ) અટકે છે અર્થાત પુણ્ય-પાપના ભાવ અટકે છે, તે અપેક્ષાએ સંવરનો અર્થ જીવના નવા પુણ્ય-પાપના ભાવ રોકવા એવો થાય છે.

ઉપર જણાવેલ ભાવ પ્રગટતાં નવા કર્મોઈ આત્મા સાથે એકક્ષેત્રાવગાહરૂપે આવતાં અટકે છે, તેથી કર્મ અપેક્ષાએ સંવરનો અર્થ નવા કર્મનો આસ્રવ અટકવો એવો થાય છે. (૪) નવીન કર્મ આવતા અટકે તે, કર્મ અટકાવવાની ક્રિયા (૫) ઉપયોગ સ્વરૂપ શુધ્ધાત્મામાં ઉપયોગનું ટકવું-રહેવું તે સંવર છે. (૬) શુભાશુભ પરિણામનો નિરોધ (૭) જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ તે સંવર છે. તેમજ તે મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ જેનું નિમિત્ત એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના કર્મ પરિણામનો નિરોધ તે સંવર છે. (૮) સંવરના નિમિત્તે (તેના અથે) ઈંન્દ્રિયો, કાર્યો અને સંજ્ઞાઓના

યોગ્યતા આત્માની છે; અને પુદ્ગલ પરમાણુંઓનું નવાં કર્મપણે થતાં અટકવું તે દ્રવ્ય સંવર છે.

પાપનો ભાવ કરે તો ઉદયરૂપ કર્મને પાપભાવમાં નિમિત્ત કહેવાય અને સ્વભાવનો આશ્રય કરે તો તે જ કર્મને સંવારક (સંવર કરનાર નિમિત્તરૂપને) આરોપ આવે. આ રીતે પોતાના ભાવ અનુસાર નિમિત્તમાં આરોપ કરવાનો વ્યવહાર છે. બન્નેમાં પરસ્પર નિમિત્તાધીન અપેક્ષાથી અને સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતાથી સંવાર્ય (સંવરરૂપ થવા યોગ્ય) અને સંવારક (સંવર કરનાર) એવા બે ભેદ પડે છે. (૧૫) કષાયાદિ કર્મમળોના આગમનનો નિરોધ તેને સંવર કહે છે. (૧૬) સંવર એટલે પુણ્ય-પાપના ભાવોને રોકવા; તે વિકારી ભાવોને રોકવા તે મારા પુરૂષાર્થને આધીન છે. તેમાં કોઈ બીજું મદદ કરે અને ગુણ પ્રગટે એમ નથી. ધ્રુવ સ્વભાવના આશ્રયથી સંવર ભાવનો ઉત્પાદ અને આસ્રવરૂપ વિકારી ભાવનું અટકવું થાય છે, અને કર્મ તેનાં કારણે આવતાં અટકે છે. રજકણ બાંધવા, રોકવા કે છોડવા મારે આધીન નથી. (૧૭) શુદ્ધાત્માને આશ્રિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધ ભાવ તે જ સંવર છે. પ્રથમ નિશ્ચય સમ્યગ્દર્શન થતાં સ્વદ્રવ્યના આલંબન અનુસાર સંવર-નિર્જરા શરૂ થાય છે. ક્રમે ક્રમે જેટલા અંશે રાગનો સ્વભાવ, તેટલા અંશે સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે. સ્વસન્મુખતાના બળથી શુભાશુભ ઈચ્છાનો નિરોધ તે તપ છે. તે તપથી નિર્જરા થાય છે. (૧૮) જીવના વિકારી ભાવોને અટકાવવા તે; રોકવું તે. આસ્રવને રોકવો તે. આસ્રવ રોકાતાં આત્મામાં જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે શુદ્ધોપયોગ છે. તેથી ઉત્પાદ અપેક્ષાએ સંવરનો અર્થ શુદ્ધેરપ થાય છે. ઉપયોગ સ્વરૂપ શુદ્ધાત્મામાં ઉપયોગનું રહેવું, ટકવું તે સંવર છે. (૧૯) સંવર એટલે પુણ્ય-પાપના ભાવોને રોકવા, તે વિકારી ભાવોને રોકવા તે મારા પુરૂષાર્થને આધીન છે તેમાં કોઈ બીજું મદદ કરે અને ગુણ પ્રગટે એમ નથી. ધ્રુવ સ્વભાવના આશ્રયથી સંવર ભવનો ઉત્પાદ અને આસ્રવરૂપ વિકારી ભાવનું અટકવું થાય છે, અને કર્મ તેના કારણે આવતાં અટકે છે. રજકણ બાંધવા, રોકવા કે છોડવા મારે આધીન નથી. (૨૦) આત્માની શુદ્ધતા; નિર્મળતા. (૨૧) રાગથી ખસવું તે ચિંદાનંદ સ્વરૂપમાં વસવું એનું નામ સંવર એનું નામ નિર્જરા છે, તપ પણ એ જ છે, ને ઉપવાસ પણ એ જ છે. (૨૨) આત્માના જે ભાવથી શુભાશુભ વિકારની લાગણી ખટકે, તે સંવર છે. (૨૩) સંવરની ઉપર કહેલી ભેદ કલ્પનામાં કષાયોનો નિરોધ ભાવ સંવર કહેવાય છે અને કષાયોનો નિરોધ થતાં જે જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મોના આસ્રવ (આગમન)નો વિચ્છેદ થયા છે તે દ્રવ્ય સંવર કહેવાય છે.

ક્રોધાદિરૂપ કષાયોના, નિરોધને ભાવસંવર કહ્યો છે અને કષાયોના નિરોધ (ભાવસંવર) થતાં જે પૌદ્ગલ કર્મોના આત્મપ્રવેશરૂપ આસ્રવ અટકે છે તેને દ્રવ્યસંવર કહ્યો છે. (૨૪) પુણ્ય-પાપરૂપ અશુદ્ધ ભાવ (આસ્રવો) આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવ-સંવર છે અને તે અનુસાર નવા કર્મોનું આવવું સ્વયં-સ્વતઃ રોકાઈ જાય છે તે દ્રવ્ય સંવર છે. (૨૫) કલ્મષો-કષાયાદિ કર્મમળોના આગમન દ્વારોનો નિરોધ તે સંવર છે. તેના બે ભેદ છે. ભાવ સંવર અને દ્રવ્ય સંવર. કલ્મષ શબ્દ બધા કષાયાદિ કર્મમળોનો વાચક છે. એ આગમન દ્વાર શબ્દ આત્મામાં કર્મમળોના પ્રવેશ માટે હેતુભૂત જે મન-વચન-કાયાના વ્યાપારૂપ આસ્વ છે તેનો દ્યોતક છે. તેથી જ મોક્ષશાસ્ત્રમાં સૂત્ર રૂપે આસ્રવનિરોધ; સંવર; એટલું જ સંવરનું લક્ષણ આપ્યું છે.

ભાવસંવર =ક્રોધાદિ કમલ્યોના નિરોધને ભાવ સંવર કહે છે.

દ્રવ્યસંવર = કષાયોનો નિરોધ (ભાવ સંવર) થતાં જે પૌદ્ગલિક કર્મોના આત્મા પ્રવેશ આસ્રવ અટકે છે તેને દ્રવ્ય સંવર કહે છે. (૨૬) જેવી રીતે છિદ્ર બંધ કરવાથી નૌકામાં પાણી આવવું રોકાઈ જાય છે તેવી રીતે શુદ્ધભાવરૂપ ગુપ્તિ વગેરે મારફત આત્મામાં કર્મોનું આવવું રોકાઈ જાય છે તે.

સંવરણ :સંકોચ; રોકવાની ક્રિયા; અટકાવ; પ્રતિરોધ; લોભ અને કાયઈચ્છાનું શમન; ગમનાગમનની મર્યાદા.

સંવર્તક :જુદા જુદા યુગે થતો પ્રલય; એ નામનો પંચાગનો એક યોગ.

સંવરતત્વ :પુણ્ય-પાપરૂપ અશુધ્ધ ભાવને (આસ્રવને) આત્માના શુધ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે. અને તદાનુસાર કર્મોનું આવવું સ્વયં (સ્વતઃ) અટકવું તે દ્રવ્ય સંવર છે.

સંવર તત્વ :સંવરતત્ત્વમાં આત્માની શુધ્ધ પર્યાયનું પ્રગટવું હોય છે અને નિર્જરાતત્ત્વમાં આત્માની શુધ્ધ પર્યાયની વૃધ્ધિ થાય છે. આ શુધ્ધ પર્યાયને એક શબ્દથી શુધ્ધેય યોગ કહેવાય છે, બે શબ્દોથી કહેવું હોય તો સંવર નિર્જરા કહેવાય છે. અને ત્રણ શબ્દોથી કહેવું હોય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે. સંવર નિર્જરામાં અંશે શુધ્ધ પર્યાય હોય છે એમ સમજવું (૨) રાગ-દ્વેષ-મોહરૂપ જીવના વિભાવનું ન હોવું અને દર્શન જ્ઞાનરૂપ ચેતનાભાવનું સ્થિર થવું તે સંવર છે; તે જીવનો પોતાનો ભાવ છે અને તેનાથી પુદ્ગલકર્મ જનિત ભમણ મટે છે. એ રીતે એ તત્ત્વોની ભાવનામાં આત્મતત્ત્વની ભાવના પ્રધાન છે; તનાથી કર્મની નિર્જરા થઈને મોક્ષ થાય છે. આત્માના ભાવ અનુક્રમે શુધ્ધ થયા તે નિર્જરા તત્ત્વ છે. અને સર્વ કર્મનો અભાવ થવો તે મોક્ષ તત્ત્વ છે.

સંવર તત્ત્વની ભૂલ :નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ જીવને હિતકારી છે, સ્વરૂપમાં સ્થિરતા વડે રાગનો જેટલો અભાવ તે વૈરાગ્ય છે, અને તે સુખના કારણરૂપ છે, છતાં અજ્ઞાની જીવ તેને કષ્ટદાતા માને છે અથવા સંવર તત્ત્વની વિપરીત શ્રધ્ધા છે.

સંવર નિર્જરા :સંવર-નિર્જરા, તે જીવની શુધ્ધ પર્યાય છે

સંલેખના :જૈનોનું વ્રત (૪) વ્રત

સંશય :સંદેહ; શંકા; વહેમ; દહેશત; ભય (૨) આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે. એવું જે પરસ્પર વિરુધ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે; જેમ કે આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી હશે! એવું જાણવું તે સંશય છે. (૩) વિરૂધ્ધ બે તરફનું જ્ઞાન હોય તેને સંશય કહે છે. સંદેહ શંકા. જેમકે રાત્રે કોઈને જોઈને સંદેહ થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે. (૪) વિરૂધ્ધ બે તરફનું જ્ઞાન હોય તેને સંશય કહે છે. જેમ રાત્રે કોઈને જોઈને સંદેહ થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે. ચોક્કસ નક્કી ન કહી શકાય તે સંશય છે. (૫) વસ્તુતત્ત્વના યથાર્થ શ્રધ્ધાનમાં વિરૂધ્ધ અનેક કોટિનો સ્પર્શનાર એ કોઈનો પણ નિશ્ચય ન કરનાર શ્રધ્ધાનને સંશય મિથ્યાત્વ કહે છે જેમ કે મોક્ષમાર્ગ દર્શનજ્ઞાન ચારિત્રરૂપ છે કે નહિ. આ પ્રકારે કોઈ એક પક્ષનો સ્વીકાર ન કરવાનો સંદેહ ચાલુ રાખવો તે. (૬) વિરોધતા સહિત અનેક પ્રકારોને અવલંબન કરનારૂં જ્ઞાન. જેમકે, આ છીપ હશે કે ચાંદી હશે ? આત્મા પોતાનું જ કાર્ય કરી શકતો હશે કે પરનું પણ કરી શકતો હશે ? દેવ-ગુરૂ-શાસ્ત્ર, જીવાદિ સાત તત્ત્વ વગેરેનું સ્વરૂપ આવું જ હશે કે અન્ય મતમાં કહે છે તેવું હશે ? (૭) શંકા; અનિશ્ચિતતા.

સંશય મિથ્યાત્વ :આત્મા પોતાના કાર્યનો કર્તા થતો હશે, કે પર વસ્તુના કાર્યનો કર્તા થતો હશે ? એ વગેરે પ્રકારે સંશય રહેવો, તે સંશય મિથ્યાત્વ છે.

સંશ્લેષ :સંયોય; સંબંધ (૨) બંધ; સંબંધ. (૩) સંયોગ; ગાઢ આલિંગન.

સંશ્લેષ સંબંધ :નિમિત્ત, નૈમિત્તિક સંબંધ, ભેટવું એ, આલિંગન ગાઢ આશ્લેશ, આલિંગન, બે ભિન્ન વસ્તુઓનું ભેટવું

સંવૃત :વીંટી લીધેલું; છુપાવેલું; સંતાડેલું (૨) સંકોચી લેવું; અટકાવી દેવું; બંધ વાળી દેવું

સંવૃત્ત કરવું :સર્વ પ્રકારની ઈચ્છા જેના પ્રત્યે આવની નિરોધ થઈ છે.

સંવૃત કરવો :સ્વભાવમાં સ્થિરવૃત્તિરૂપ વર્તના એજ મોક્ષ. અંદરનો આ વૃત્તિ પલટણરૂપ ભાવસંસાર બંધ કરવો જોઈએ. સંવૃત કરવો જોઈએ.

સ્વભાવવૃત્તિની સ્થિરતા માટેનં પાંચ સાધનો :-

(૧) સ્વભાવવૃત્તિની સ્થિરતા થવા માટે શૂન્ય-વિકલ્પશૂન્ય થવું જોઈએ, નિર્વિકલ્પ દશા પામવી જોઈએ.

(૨) શૂન્ય-વિકલ્પશૂન્ય થવા-નિર્વિકલ્પ દશા પામવા સંત સમાગમરૂપ અત્યંત બળવાન સ્વધન જોઈએ.

(૩) સંતવિરહે સત્સંગ રૂપ બળવાન સાધન જોઈએ.

(૪) સંતવિરહે-સત્સંગ વિરહે ઉત્તમ આર્ય પુરૂષોએ આચરેલું આચરણ ચારવું જોઈએ-આત્માને જાણી શ્રધ્ધી આત્મામાં વર્તવારૂપ ચારિત્ર સેવવું જોઈએ.

(૫) અથવા તેમ નિર્વિકલ્પ થવા સંત-સત્સંગ-આર્ય-આચરણવિરહે નિજ સ્વરૂપનું ભક્તિથી ઉપાસન રૂપ પ્રબળ સાધન જોઈએ. એટલે જ માગ્યું ન હોય તો જિનભક્તિમાં અતિશુદ્ધભાવે લીનતા સિવાય કાંઈ નથી જોઈતું.

આ ઉક્ત સાધન સિવાય ઈષ્ટ કાર્યસાધક બીજું કોઈ સાધન નથી, એટલે માગવા જેવું કાંઈ રહેતું નથી. કારણકે ઉક્ત સાધનો જ મુખ્ય છે. આ સિવાયનાં બીજાં સાધન ગૌણ છે.

(૧) ગમ પડ્યા વિના આગળ અનર્થકારક થ ડે છે.

(૨) સત્સંગ વિના ધ્યાન તરંગપરૂપ થઈ પડે છે.

(૩) સંત વિના અંતની વાતમાં અંત આવતો નથી.

(૪) લોક સંજ્ઞાથી લોકાગ્ર જવાતું નથી.

(૫) લોકસાહિત્ય વિના વૈરાગ્ય યથા યોગ્ય સ્થિતિ પામવો દુર્લભ છે.

સંવૃત કરવો :ભાવ સંસાર બંધ કરવો જોઈએ.

સંવૃત્તિ :કર્માસ્રવની નિવૃત્તિ.

સંવેદે છે :સંચેતે છે; જાણે છે; અનુભવે છે.

સંવેદન :જ્ઞાન; પ્રમાણ દ્રષ્ટિથી સંવેદન અર્થાત જ્ઞાન કહેતાં અનંત ગુણપર્યાયોનો પિંડ સમજાય છે. તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે અને કરણઅંશ તે જ્ઞાનગુણ છે. (૨) જ્ઞાન (૩) પ્રત્યક્ષ જ્ઞાન (૪) જ્ઞાન; પ્રમાણે દષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતાં અનંત ગુણ-પર્યાયોનો પિંડ સમજાય છે. તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશ તે અખંડ આત્મદ્રવ્ય છે અને કરણ-અંશ તે જ્ઞાન ગુણ છે. (૫) જ્ઞાન

સંવેદનજ્ઞાન :આનંદ સહિતનું જ્ઞાન એ જ નિજ આત્મજ્ઞાન છે ને તે જ જ્ઞાન વર્તમાન સુખનું કારણ છે ને મોક્ષની સિદ્ધિનું કારણ છે.

શાસ્ત્રજ્ઞાન-વ્રત-તપ આદિના જે શુભ વિકલ્પો છે તે વિકલ્પો તે જ ક્ષણે દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે . સ્વસંવેદનજ્ઞાન છે તે વર્તમાન સુખરૂપ છે અને ભાવી સુખનું કારણ છે, તેથી સ્વસંવેદનજ્ઞાનનો જ મહિમા છે. (૨) પ્રમાણ દ્રષ્ટિથી સંવેદન અર્થાત્ જ્ઞાન કહેતાં અનંત ગુણ પર્યાયોનો પિંડ સમજાય છે. તેમાં જો કર્તા, કરણ આદિ અંશો પાડવામાં આવે તો કર્તા-અંશતે અખંડ આત્મદ્રવ્ય છે અને કરણ-અંશ તે જ્ઞાનગુણ છે.

સંવેદના :અનુભૂતિ.

સંવેદનાત્મક :જ્ઞાનાત્મક. (૨) આત્માના શુદ્ધ અનુભવરૂપ.

સંવરભાવ :સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને રાગ વગરનું ચારિત્ર એ સંવરભાવ છે.

સંવારક :સંવર કરનાર. (૨) સંવર કરનાર, સંવર કરનાર નિમિત્તરૂપે

સંવાર્થ :અંતરરૂપ થવા યોગ્ય.

સંવાર્ય :સંવરરૂપ થવા યોગ્ય

સંવાસ :સહવાસ.

સંવિત્તિ :જ્ઞાન આત્મ સંવિત્તિ = આત્મ જ્ઞાન-દર્શન.

સંવિદિત :સ્વયં પોતાના દ્વારા પોતાને જાણે છે.

સંસક્ત :સંબંધિત-આસ્રવેલા; સંબંધ પામેલા. (૨) જે વૈદ્યક, જ્યોતિષ, વિદ્યા, મંત્રથી આજીવિકા કરે, રાજાદિકના સેવક થાય, તેવા વેષધારીને સંસક્ત કહેવાય છે. (૩) સારી રીતે આસક્તિવાળુ (૪) સંબંધિત; સંબંધમં આવેલા.

સંસક્ત પુદ્ગલો :સંબંધિત આસ્રવેલા પુદ્ગલો.

સંસાર :મિથ્યા શ્રધ્ધા, રાગ અને દ્વેષ છે તે સંસાર છે. લોકો સ્ત્રી, કુટુંબ-પરિવારને સંસાર માને છે. એ બધી તો પર ચીજ છે. આત્માનો સંસાર બહારમાં નહિ, પણ અંદર એની દશામાં જે મિથ્યા શ્રધ્ધા, રાગ, દ્વેષ છે તે છે. (૨) સં=સારી રીતે, સૃ+ઘઞ=સરી જવું પોતાના શુધ્ધ સ્વરૂપમાંથી સારી રીતે સરી જવું-ખસી જવું તે સંસાર છે. જીવનો સંસાર રમી, પુત્ર, લક્ષ્મી, મકાન વગેરે નથી, તેઓ તો જગતના સ્વતંત્ર પદાર્થો છે. જીવ તે પદાર્થો ઉપર પોતાપણાની કલ્પના કરીને તે પદાર્થોને ઈષ્ટ-અનિષ્ટ માને છે તે વિકારી ભાવને સંસારી કહેવામાં આવે છે. (૩) મન,વાણી, દેહમાં સંસાર નથી, જડમાં સંસાર નથી. પણ દહાદિ તથા રાગ-દ્વેષ મારાં છે એવી ઊંધી માન્યતારૂપ અજ્ઞાનભાવ તે જ સંસાર છે. (૪) સંસારનું ઉપાદાન તો આત્માનો અશુદ્ધ ભાવ છે પણ તે અશુદ્ધ ભાવ થવામાં જડકર્મની હાજરી ન

હોય તો વિકાર ન હોય અને વિકાર ન હોય તો વિકારનો અભાવ કરી મોક્ષ કોનો કરવો ? એ રીતે તો સંસાર અને મોક્ષ બન્નેનો અભાવ ઠરે છે. કર્મની હાજરીનું નિમિત્ત વિકારમાં છે પણ સ્વભાવમાં તેની હયાતીનું નિમિત્ત નથી. જો વિકારમાં પણ નિમિત્ત ન હોય તો વિકાર જ ન હોય, માટે ભાઈ ! પરમાણું જો કર્મરૂપે ન થતાં હોય તો સંસારનો અભાવ થાય. (૫) સંસરરણં સંસાર = પરિભ્રમણનું નામ સંસાર છે. ચારે ગતિઓમાં જીવ ઉત્પન્ન થયા કરે છે એને જ સંસાર કહે છે. આ પરિભ્રમણનું કારણ કર્મ છે. જેવો કર્મનો ઉદય હયો છે તે અનુસાર ગતિ,આયુષ્ય, શરીર આદિ અવસ્થાઓ મળી જાય છે. તે કર્મનું પણ કારણ આત્માના રાગદ્વેષભાવ છે, તેથી સંસારના કારણોને જ આચાર્યે સંસાર કહ્યો છે. જ્યારે સંસારના કારણો દૂર કરવામાં આવે ત્યારે જ આ સંસાર છૂટી શકે છે. સંસારના કારણ મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ,કષાય અને યોગ. આ પાંચ છે. આ પાંચેયના પ્રતિપક્ષી ભાવ પણ પાંચ છે. મિથ્યાદર્શનનો પ્રતિપક્ષી સમ્યગ્દર્શન છે. એવી જ રીતે અવિરતિનો વિરતિભાવ, કષાયને અકષાયભાવ અને યોગનો અયોગભાવ, પ્રમાદનો અપ્રમત્તભાવ, પ્રતિપક્ષી છે. જ્યારે સમ્યગ્દર્શનાદિ ભાવ આત્મામાં પ્રગટ થઈ જાય છે પછી આ જીવનો સંસાર પણ છૂટી જાય છે. (૬) જીવની રાગદ્વેષ રૂપ અશુદ્ધ અવસ્થાનું નામ સંસાર છે. (૭) આત્માની અવસ્થામાં ખોટા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવ તે જ સંસાર છે. (૮) ભવ. (૯) આગમમાં સંસાર પાંચ પ્રકારનો કહ્યો છે : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવરૂપ પાંચ પ્રકારનો સંસાર છે. (૧૦) આત્માની અવસ્થામાં ખોટા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવ તે જ સંસાર છે. (૧૧) સંસાર કોઈ જુદો પદાર્થ નથી. આ આત્માના પરિણામ નિશ્ચય-નયના શ્રદ્ધાનથી વિમુખ થઈ, શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ, શ્રદ્ધાનરૂપ પ્રવર્તે, તેનું જ નામ સંસાર. તેથી જે સંસારથી મુક્ત થવા ઈચ્છે છે, તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.

સંસારઃ સંસરતિ ઈતિ સંસારઃ એકરૂપ ન રહેતાં જુદા પ્રકારે ભ્રમણ કરવું તે, સમ્યક્ સ્વભાવથી ખસી જવું તે. સ્ત્રી, ધન, પુત્ર, શરીર વગેરે, પરમાં આત્માનો સંસાર ન હોય પણ તેમાં મારાપણાની બુદ્ધિ, તે સંસાર છે. સંસાર, તે આત્માની વિકારી અવસ્થા છે અને મોક્ષ, તે આત્માની પૂર્ણ નિર્મળ અવસ્થા છે. (૧૨) નિમિત્ત દષ્ટિ તે સંસાર છે. (૧૩) આત્માના પરિણામ નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ, શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે તેનું નામ જ સંસાર. (૧૪) આત્માની વિકારી અવસ્થા તે સંસાર છે. બાયડી, છોકરાં, ઘર, કુટુંબ તે સંસાર નથી. રાગ-દ્વેષ અને પર વસ્તુ મારી માની તે ઊંધી માન્યતારૂપ સંસાર આત્માની અવસ્થામાં થાય છે. સંસાર ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. પહેલે ગુણસ્થાને મિથ્યાત્વ ભાવનો સંસાર છે, ચોથાથી દસમા ગુણસ્થાન સુધી કષાય ભાવનો સંસાર છે. અગિયારમાંથી તેરમા ગુણસ્થાન સુધી યોગના કંપનનો સંસાર છે ને ચૌદમા ગુણસ્થાને યોગના સંસ્કાર રહે છે તે સંસાર છે. એ રીતે ચૌદે ગુણસ્થાન સુધી આત્માની અવસ્થામાં સંસાર છે. (૧૫) સંસાર તે બાયડી, છોકરાં અને કુટુંબને કહેવાતો નથી પણ શુભાશુભ પરિણામને પોતાનાં માને, તેનાથી મને હિત થશે તેમ માને તે ખોટો ભાવ જ સંસાર છે. કર્મના કારણે સંસારદશા છે તેમ નથી, એ રીતે કર્મનો અભાવ થવાથી મોક્ષ દશા થાય તેમ પણ નથી; પરંતુ આત્માની અવસ્થામાં ખોટા અભિપ્રાયરૂપ મિથ્યાત્વભાવ તે જ સંસાર છે અને આત્માની અવસ્થામાં વિકાર રહિત સર્વથા નિર્મળપણું તેનું નામ મોક્ષદશા છે. (૧૬) રાગ સાથે એકત્વ બુદ્ધિરૂપ મિથ્યાત્વનો ભાવ તે જ સંસાર છે. બીજી ચીજ-બૈરાં-છોકરાં-કુટુંબ-કબીલા વગેરે કાંઈ સંસાર નથી.

ચારે ગતિમાં જે મિથ્યાત્વના ભાવ રહ્યા તે સંસાર છે. બૈરાં-છોકરાં છોડે ને દુકાન વગેરે છોડે એટલે સંસાર છોડ્યો એમ માને છે પણ એ મિથ્યા-જૂઠું છે. મિથ્યાત્વને છોડ્યા વિના સંસાર કદીય છૂટે નહિ.

સંસાર અને મોક્ષ :સંસાર અને મોક્ષ એ બન્ને પર્યાય છે. સંસાર એ કર્મના સદ્ભાવની અપેક્ષારૂપ પર્યાય છે અને મોક્ષ તે કર્મના અભાવની અપેક્ષારૂપ પર્યાય છે. મોક્ષપર્યાય જેટલો આત્મા નથી. મોક્ષ પર્યાય તો કર્મના અભાવનું ફળ છે, તેથી એ વ્યવહારે સાધ્ય કહેવાય પણ નિશ્ચયે સાધ્ય તો ધ્રુવ દ્રવ્ય સ્વભાવ છે. પરમાર્થ સાધ્યરૂપ અખંડ એક સ્વભાવના જોરે મોક્ષ

પર્યાય સહેજે ઉઘડે છે, અને પર્યાય તો વ્યવહાર છે તેનું અખંડ સ્વભાવમાં ગૌણપણું છે; ક્ષણિક પર્યાય ઉપર જોર કરવાનું નથી. જોર વસ્તુમાં છે.

સંસાર દુઃખનું મૂળ કારણ :મિથ્યાત્વ; આત્મસ્વરૂપનું અજ્ઞાન; પર વસ્તુમાં મમત્વ; પરસંયોગમાં આત્મબુદ્ધિ; દેહાદિ-પર વસ્તુમાં આત્મબુદ્ધિ-મારા પણું આત્મસ્વરૂપની સમજણનો અભાવ.

સંસાર દશા :મિથ્યાત્વ; રાગ-દ્વેષ; કષાય, યોગ આદિ સહિત જીવની દશા.

સંસાર પ્રત્યે ખેદ :અંતરંગ વૈરાગ્ય.

સંસાર પરિભ્રમણનું કારણ અને મોક્ષનો ઉપાય :સંસારી જીવ કર્મ સહિત હોય છે. કોઈપણ કર્મના ઉદયકાળે અથવા પર પદાર્થોના સંસર્ગમાં આવવાથી જ્યારે તે શુભ કે અશુભ કષાયરૂપ પરિણમન કરે છે ત્યોર શુભ કે અશુભ કર્મ ગ્રહે છે – પોતાની સાથે બાંધે છે – આ કર્મના બંધની સ્થિતિ અનુસાર જ્યારે ફળનો કાળ આવે છે ત્યારે તેનાથી જીવ સુગતિ કે દુર્ગતિમાં જાય છે. શુભકર્મનું ફળ તે સુખભોગ છે તે પ્રાયઃ સુગતિમાં અને અશુભ કર્મનું ફળ જે દુઃખ ભોગ છે તે પ્રાયઃ દુર્ગતિમાં પ્રાપ્ત થાય છે.

કર્મફળથી જે સુગતિ કે દુર્ગતિ માં જવાની વાત કહેવામાં આવી છે તેને પ્રાપ્ત થઈને આ જીવ નિયમથી દેહ ધારણ કરે છે – ચાહે તે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી આદિ કોઈ પણ પ્રકારનો કેમ ન હોય; દેહમાં ઈન્દ્રિયોની ઉત્પત્તિ થાય છે – ચાહે એક સ્પર્શન ઈન્દ્રિય જ કેમ ન હોય; ઈન્દ્રિયોથી તેમના વિષયો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તથા શબ્દનું ગ્રહણ થાય છે; વિષયોના ગ્રહણથી રાગ-દ્વેષાદિક ઉત્પન્ન થાય છે. અને રાગ દ્વેષાદિની ઉત્પત્તિથી ફરી કર્મ બંધ થાય છે અને કર્મબંધના ફળ સ્વરૂપે ફરીથી ગતિ, સુગતિ, દેહ, ઈન્દ્રિય, વિષયગ્રહણ, રાગ-દ્વેષ અને ફરીથી કર્મ બંધાદિરૂપે સંસાર-પરિભ્રમણ થાય છે અને આ સંસાર પરિભ્રમણથી અનેકાનેક પ્રકારના દુઃખો સહન કરવાં પડે છે તે બધાનું વર્ણન કરવું અશક્ય છે.

તેથી જે દુઃખોથી ડરે છે તે જ્ઞાની જનોએ કર્મબંધના કારણભૂત ક્રોધાદિ કષાયો તથા હાસ્યાદિ નોકષાયોનો ત્યાગ કરવો જોઈએ. તેમનો ત્યાગ કરવાથી પાછલું કર્મબંધન તૂટશે તથા નવા કર્મનું બંધન નહિ થાય અને એમ થવાથી મુક્તિનો સંગમ સહેજે પ્રાપ્ત થશે, જે સ્વાત્મોત્થિત, સ્વાધીન, પરનિરપેક્ષ, અતીન્દ્રિય, અનંત, અવિનાશી અને નિર્વિકાર તે પરમ સુખનું કારણ છે, જેના જેવું કોઈપણ સુખ સંસારમાં પ્રાપ્ત થતું નથી. તેથી જ સમંતભદ્ર સ્વામીએ આવા સુખી મહાત્માને અભવ સૌખ્યવાન બતાવ્યા છે.

સંસાર વેલડીનું મૂળ મિથ્યાત્વ છે :કેમ કે ચોરાસીના અવતારની પરંપરા મિથ્યાત્વથી થાય છે. અરે ! ચોરાસીના અવતારની કેવી રઝળપટ્ટી ! રંકનો રાજા થાય, રાજામાંથી નારકી થાય,નારકીમાંથી પશુ થાય, પશુમાંથી દેવ થાય અને દેવમાંથી પાછો એકેન્દ્રિયાદિ તિર્યંચ થાય. આમ આવા અવતાર ધરી ધરીને એ, અરેરે ! અનંતવાર જન્મ્યો ને મર્યો છે. આવી જે સંસારરૂપી વેલ ફળી-ફૂલી છે તેને છેદવાનો આ ઉપાય છે કે અંદર ચિદ્વિલાસરૂપ સહજ અનંત ચતુષ્ટયમય એવો બ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે તેની ભાવના કરવી. જેમ મિથ્યાત્વભાવ સંસારવેલનું મૂળ છે, તેમ ભગવાન આત્મા મુક્તિનું મૂળ છે. માટે કહે છે, અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન પોતે બિરાજે છે તેની ભાવના કર, ને તેમાં એકાગ્ર થઈ લીન થા.બસ આ જ કરવા યોગ્ય કાર્ય છે.

સંસાર શાથી છૂટે ? :જ્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી ત્યાં સુધી મિથ્યાત્વ કર્મ આત્માના સ્વાભાવિક ભાવોને ઢાંકી રાખે છે. અથવા એમ કહેવું જોઈએ કે મિથ્યાત્વ તે ભાવોને વિપરિત રૂપે પરિણમાવી દે છે. તે ભાવો વિપરીત હોવાથી ફરી નવા કર્મો આવે છે અને તે કર્મોનાં ઉદયથી ફરી રાગદ્વેષરૂપ વિપરીત ભવ થાય છે પરંતુ જ્યારે તે મિથ્યાત્વ નષ્ટ થઈને સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય છે ત્યારે તે ભાવ વિપરીત થતાં નથી પરંતુ પોતાના સ્વભાવમાં જ ટકી રહે છે તેથી ફરી તેનાથી નવા કર્મોનું આવવું પણ બંધ થઈ જાય છે એ સંચિત કરેલા કર્મો પણ ધીરે ધીરે નષ્ટ થઈ જાય છે. આ રીતે સમ્યગ્દર્શન આદિ ભાવોથી જ સંસાર છૂટે છે.

સંસાર સાગર તરી જવા માટે શાની જરૂર છે ? :દર્શન અને ચારિત્ર.

શ્રદ્ધા અને આત્મસ્થિરતા. જેમ પાણીમાં તરવા માટે બે ભૂજાની જરૂર છે તેમ ભવસાગર તરવા જ્ઞાનોત છે જ પણ શ્રદ્ધા અને ચારિત્રરૂપી બે ભૂજાની જરૂર છે.

સંસાર (ચુતર્ગતિ) માં પરિભ્રમણનું કારણ :મિથ્યાદર્શન-જ્ઞાન ચારિત્રથી જ જીવને દુઃખ થાય છે અર્થાત્ શુભાશુભ રાગાદિ વિકાર તથા પર સાથે એક પણાની શ્રદ્ધા-જ્ઞાન અને એવા મિથ્યા આચરણથી જ જીવ દુઃખી થાય છે, કેમકે સંયોગ સુખ-દુઃખનું કારણ થઈ શકતું નથી, એમ જાણીને સુખાર્થીએ એ મિથ્યાભાવોનો ત્યાગ કરવો જોઈએ.

સંસાર દશા :મિથ્યાત્વ સહિત રાગદ્વેષ મોહરૂપ દુર્દશા.

સંસારનું કારણ :દુઃખ તે હેય તત્ત્વ છે, તેનું કારણ સંસાર છે. સંસારનું કારણ આસ્રવ અને બંધ બે છે. (અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે.) અને તેમનું કારણ મિથ્યાદર્શનજ્ઞાન ચારિત્ર છે.

સંસારને વિષે સાર પરિણતિ મનાય :

સંસારપર્યંત :જયાં સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધી અર્થાતૂ સદાને માટે. (૨) જયાં સુધી આ સંસારનું અસ્તિત્વ છે ત્યાં સુધીઃ સદાને માટે.

સંસારાતીત :સંસારથી અલિપ્ત.

સંસારી :ત્રસ અન સ્થાવર અથવા એકેન્દ્રિય, બે ઈન્દ્રિય; ત્રિઈન્દ્રિય; ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

સંસારી આત્મા :સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત ભાવકર્મો સાથે) સંયુકત હોવાથી કર્મસંયુકત છે અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને અનુરૂપ એવા નૈમિતિક પુદ્ગલકર્મો સાથે (અર્થાત દ્રવ્ય કર્મો સાથે) સંયુકત હોવાથી કર્મસંયુકત છે.

સંસારી જીવ :મિથ્યાદર્શન-કષાય-યોગસહિત સંસારી છે (૨) સામાન્ય રીતે સંસારી જીવોના બે ભેદ છે.

(૧) સ્થાવર અને

(૨) ત્રસ એકેન્દ્રિય પૃથ્વી, જળ, અગિન, વાયુ અને વનસ્પતિકાયના ધારક પ્રાણીઓને સ્થાવર કહે છે. તથા બે ઈન્દ્રિયથી પાંચ ઈન્દ્રિય પર્યંત પ્રાણીઓને ત્રસ કહે છે. વિશેષમાં ચૌદ ભેદ પ્રસિધ્ધ છે. જેને જીવ સમાસ કહે છે. જીવોના સમાન જાતીય સમૂહને સમાસ કહે છે.

સંસારી જીવો :બે પ્રકારના છે. (૧) સ્થાવર, (૨) ત્રસ

સંસારી જીવોના ભેદ :

૧. ત્રસ = ત્રસ જીવો તે બે ઈન્દ્રિયથી લઈને પાંચ ઈન્દ્રિયો હોય છે. ચાર ગતિરૂપ (દેવ, મનુષ્ય,નિર્યંચ, નારકી)

૨. સ્થાવર =એક સ્પર્શન ઈન્દ્રિય જ હોય છે. (પૃથ્વી-જળ-અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયકિ).

જીવની મુખ્ય બે સ્થિતિ છે : નિગોદપણું અને સિદ્ધપણું. વચલો ત્રસ પર્યાયનો કાળ તો ઘણો જ થોડો, અને તેમાં મનુષ્યપણાનો તો અતિ અતિ ઘણોજ થોડો છે.

સંસ્કૃત્તિ :ઊંચા સંસ્કાર; સંસ્કારિતા; વિભિન્ન કલાઓ અને વિભિન્ન શાસ્ત્રોનો થયેલો વિકાસ સૂચવનારી લાક્ષણિકતા. (રહેણી-કરણી અને સભ્યતાના સંસકારોની જેમાં છાપ પડી હોય છે.)

સંસ્કાર :પૂર્વ જાણેલા પદાર્થની ધારણા (૨) જીવન-ઘડતરની કેળવણી; જીવનને ઉચ્ચગામી કરવાની તે તે વિધિ; નીતિમત્તા-પવિત્રતા વગેરે ગુણ; શાસ્ત્રના અભ્યાસથી મન ઉપર પડતી અસર;સુધારવાની ક્રિયા; સાફસૂફી

સંસ્કારેલા :શોભાવેલાં (સંસ્કારવું-શોભાવવું)

સંસરણ :પરિભ્રમણ(સંસારમાં પરિભ્રમણ) (૨) સંસારમાં પરિભ્રમણ (૩) ભ્રમણ (૪) ભ્રમણરૂપ ક્રિયા; રાગ દ્વેષ રૂપ ક્રિયા.

સંસરણ કરવું :ગોળ ફર્યા કરવું; પલટાયા કરવું;

સંસરણરૂપ :ભ્રમણરૂપ

સંસરણરૂપ ક્રિયા :રાગની ક્રિયામાં કર્મ ક્રીડા કરે છે, રાગમાં આત્મા ક્રીડા કરતો નથી.

સંસારરૂપી ચક્ર :પુણ્ય અને પાપ એમ બે ભાવરૂપ ચક્ર

સુસંગત :મેળવાળી; બંધબેસતી

સંસ્તુત :નમસ્કારપૂર્વક સ્તુતિ.

સંસ્તર :પથારી; બિછાનું; સંથારો; મરણ પર્યંત ઉપવાસ કરતાં પથારીમાં પડ્યા રહેવું એ.

સંસ્તવ :સ્તુતિ; વખાણ કરવા; પ્રશંસા અને સંસ્તવમાં એટલો ભેદ છે કે, પ્રશંસા મન દ્વારા થાય છે અને સંસ્તવ વચન દ્વારા થાય છે. વાણીથી વખાણ કરવા. (૨) મિથ્યાદષ્ટિમાં ગુણ દોષ હોય કે ન હોય તેના વચનથી વખાણ કરવા તે સંસ્તવ છે.

સંસતિ :પરિપાટી (૨) એક પછી એક પ્રવાહ રૂપ.

સુસ્થિતપણું :સારી સ્થિતિ; આબાદી; દૃઢપણું

સંસ્થાન :આકાર (૨) સમુદાય (૩) આકૃતિ; આકાર (૪) પુદ્ગલના આકારો. (૫) પુદ્ગલના આકારો. તે આકારોનો જીવ કર્તા નથી; પુદ્ગલ દ્રવ્ય પોતે જ આકારરૂપે પરિણમે છે. (૬) શરીરની આકૃતિ. (૭) પુદ્ગલના આકારો, શરીરનો આકાર. (૮) શરીરના આકાર. (૯) પુદ્ગલના આકારો. (૧૦) આકાર. (૧૧) પુદ્ગલના આકારો.

સંસ્થાન નામ કર્મ :જે કર્મના ઉદયથી, શરીરની આકૃતિ (શકલ) બને, તેને સંસ્થાન નામકર્મ કહે છે.

સંસ્થાન વિચય :લોકના આકારનો વિચાર કરવો તે. સંસ્થાના વિચાર, કર્મોદયની સત્તાનો ક્યારે નાશ થશે અને મારા શુદ્ધ આત્મદ્રવ્યનું પ્રગટ નિરાવરણ સંસ્થાન કેવા પરૂષાર્થથી પ્રગટ થાય. શુદ્ધોપયોગની આકૃતિ સહિત સ્વભાવ વ્યંજન પર્યાયનો સ્વયં સ્થિર શુદ્ધ આકાર ક્યારે પ્રગટ થશે; તે સંબંધી વિચાર કરવો તે સંસ્થાન વિચય છે.

સંસ્થાનનામકર્મ :શરીરની આકૃતિના પ્રકાર.

સંસ્થાના :આકારો

સંસ્પર્શ કરતા :સંબંધમાં આવતા

સંહનન :હાડકાંનો બાંધો (૨) હાડકાં (૩) હાડકાંની મજબુતાઈ.

સંહનન નામ કર્મ :જે કર્મના ઉદયથી હાડકાનો બાંધો વિશેષ પ્રકારનો હોય, તેને સંહનન નામ કર્મ કહે છે.

સંહનનનામકર્મ :શરીરના હાડકાંની મજબુતાઈ.

સંહાર :વ્યય; નાશ. (૨) વ્યય; નાશ. (સંહારનું કારણ = નાશનું કારણ.)

સંહારકારણ :સંહારનું કારણ (૨) વ્યયનું કારણ; નાશનું કારણ; વિનાશનું કારણ

હદ :તળાવ

હદમાં લાવવું :મર્યાદામાં લાવવું.

હૃદયભૂમિમાં ઉતરે છે :હૃદયમાં બેસે છે.

હૃદયમાં ધારણ કરજો. :સ્મૃતિમાં રાખજો. કાયમ યાદ રાખજો.

હનન :હણવું તે; હણવારૂપ ક્રિયા; (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.) (૨) હણવાની ક્રિયા.

હણનાર :ઘાત કરનાર.

હણી નાખવા યોગ્ય :નાશ કરવા યોગ્ય

હત :નિદ્ય; નિકૃષ્ટ

હત મોહ :દર્શન મોહનો ક્ષય; દ્રષ્ટિ મોહનોક્ષય (૨) દર્શન મોહનો ક્ષય

હમણાં જ :તુરત જ; સમ્પ્રતિ

હયાતી :અસ્તિત્વ

હર :રૂદ્ર

હર દહન :રૂદ્રની અગ્નિ.

હરખના સડકા. :હર્ષથી ઊછળવું. (૨) હરખના ભારે આગ્રહી થવું

હરખ-શોકના ભાવ :સાનુકૂળ ચીજના લીધે તેને હરખ થાય અને પ્રતિકૂળ ચીજના લક્ષે તેને શોક થાય.

હરણ થઈ શકવું :બીજાથી લઈ જઈ શકવું.

હરવું :બળાત્કારથી ઉપાડી જવું (સ્ત્રીને); ઝૂંટવી લેવું; લઈ લેવું

હરામ :આત્માના સ્વભાવમાં રાગ-દ્વેષ હરામ છે. એટલે કે આત્મસ્વભાવમાં રાગ-દ્વેષ ખપતા નથી.

હરિ :પાપના ઓઘનો હરે તે હરિ - ભગવાન આત્મા હરિ છે. (૨) હરતિ તે હરિક પોતાના પૂર્ણ સ્વરૂપતા ભાન વડે પુણ્ય-પાપના રોગને હરી લ્યે તે હરિ; પરાધીનતાનો રણાદિ મળ-મેલ કર્મકલંકનો નાશ કરી પૂર્ણ પવિત્ર સ્વાધીનતા પ્રગટ કરે, પુણ્ય-પાપના ઉપાધિના શોધને હરે અને પવિત્રતાને પમાડે તે હરિ. પુણ્ય, પાપ વગેરે પર તે મારા છે, પરનું કાંઈ કરી શકું છું એવી

માન્યતા તે પાપ; તેને હરે તે હરિ. હરિ =આત્મા. (૩) કર્મને હરનારા શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ હરિ-પરમાત્મા. (૪) નારાયણ; આત્મા.

હરિતભાવ :લીલો ભાવ; લીલી અવસ્થાઃ લીલાપણું

હર્ષ :મત્સર; ઈર્ષા; અદેખાઈ; ગુમાન.

હર્ષ-શોકની લાગણી થવી :આત્મામાં જે હર્ષ-શોકની લાગણી થાય છે તે કર્મના નિમિત્તે થતી હોવાથી જડ છે, તેમાં
પુદ્ગલ દ્રવ્યનું પ્રસરવું થાય છે; હર્ષ-શોકની લાગણી વ્યાપ્ય છે અને પુદ્ગલ-દ્રવ્ય વ્યાપક છે.

હર્તા :હરણ કરનાર; હરીને ઉઠાવી લઈ જ

હલતું હતું :અસ્થિર હતું.

હળવા :ક્ષય કરવા (દળવા દોષ=સૌ દોષને ક્ષય કરવા)

હસ્તામલકવત્ :હથેળીમાં રહેલા આમળમ સમાન સ્પષ્ટ જાણપણું

હસ્તામલકવત સ્પષ્ટ જાણતો હોવાથી :હથેલીમાં રહેલા આગળા સમાન કર્યો હોવાથી.

હસ્તાવલંબ :સહાયક (૨) હાથનો ટેકો. (૩) સહાયક. (૪) સહાયક; ટેકો;

હરિતભાવ :લીલો ભાવ; લીલી અવસ્થા; લીલા પણું.

હંસાચાર :પરમાત્મમ સ્વરૂપમાં રમણતા પણ બાહ્ય અથવા માનસિક ચિંતાઓના ત્યાગથી જ થાય છે.

હંસ :ચેતન આત્મા.

હાલક લોલક :ડગમગવું; હાલવું-ડોલવું.

હાજર રૂપ :ઉપસ્થિત; વિદ્યમાન (૨) ઉપસ્થિત; વિદ્યમાન.

હાથ :વચલી આંગળીના ટેરવાથી કોણી સુધીનું આશરે ૧૮ ઈંચનું માપ.

હાન :મરી જવું; કર્મરોગનું મટી જવું.

હાનહેતુ :મટાડવાના ઉપાય.

હાનાદાન રહિત પરિણામી :લેવાદેવાના પરિણામથી રહિત એવા દષ્ટાભાવે-સાક્ષી ભાવે.

હામ, દામ ને કામ :દુનિયામાં-લૌકિકમાં કહેવાય છે ને કે ત્રણે વાતે હામ, દામ ને ઠામ-બધુંય છે. તેનો લૌકિક અર્થ હામ એટલે ભારે હિંમતવાળા, દામ એટલે ઘણા પૈસા-લક્ષ્મીવાળા. ને ઠામ એટલે સરસ મઝાના બંગાલ-જમીનવાળા પણ નિશ્ચયથી તો એ બધી ધૂળની ધૂળ છે. એ કયાં આત્મામાં આત્માની છે ? અહીં ભગવાન-પરમાત્મામાં તો હામ-દામ-ઠામ બધું ય છે - હામ એટેલે અનંત વીર્ય-પુરૂષાર્થ, દામ એટલે અનંત જ્ઞાનદર્શન -આનંદની લક્ષ્મી અને ઠામ એટલે અસંખ્ય પ્રદેશી નિજક્ષેત્ર. લ્યો, આવા અલૌકિક વૈભવથી ભગવાન પરમાત્મા સમૃદ્ધ છે. બહારમાં સમવસરણ આદિ લક્ષ્મી ને અંતરંગમાં જ્ઞાન-દર્શન ને પરમાનંદ આદિ લક્ષ્મી એવા અલૌકિક વૈભવથી ભગવાન સમૃદ્ધ છે.

હારને જાણવો :હાર ખરીદનાર માણસ ખરીદ કરતી વખતે તો હાર, તેની ધોળાશ અને તેનાં મોતી-એ બધાંયની પરીક્ષા કરે છે. પરંતુ પછી ધોળાશ અને મોતીઓને હારમાંજ સમાવી દઈને તેના પરનું લક્ષ છોડી દઈને કેવળ હારને જ જાણે છે. જો એમ ન કરે તો હાર પહેર્યાની સ્થિતિમાં પણ ધોળાશ વગેરેના વિકલ્પો રહેવાથી હાર પહેર્યાનું સુખ વેદી શકે નહિ.

હાલક-લોલક :ડગમગવું; ખળભળી ઊઠવું; હાલવું-ડોલવું.

હાલત :અવસ્થા.

હાલ્યું જાય છે :(જીવન હાલ્યું જાય છે) જીવન વેડફાઈ જાય છે.

હાસ્ય :ભલી અથવા બૂરી ચેષ્ટા જોઈને વિકસિતરૂપ પરિણામ તે હાસ્ય.

હાસ્યનો કષાય :હાસ્ય, કુતુહલ, વિસ્મય ઈત્યાદિ ભાવ.

હાંસી :મશ્કરી; મજાક; ઠઠ્ઠા; ફજેતો; ભવાડો

હાહાકાર :તેનાજ આકારનું, તન્મયનું, લીન

હે અંગ :વત્સ !

હે ભવ્ય ! :હે ધર્મ પામવાને લાયક જીવ

હું અરૂપી છું :સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થ હું સદાય અરૂપી છું ; જુઓ, સ્પર્શ, રસ, આદિનું જ્ઞાન જે થાય છે તે મારા પોતાથી

થાય છે, નિમિત્તથી નહિ, અને સ્પર્શાદિ નિમિત્તની હયાતી છે તો મારોમાં જ્ઞાન થાય છે એમ પણ નથી, તત્સંબંધી જ્ઞાન રૂપે પરિણમવાની યોગ્યતા મારામાં સહજ સ્વભાવથી જ છે. એ સ્પર્શ, રસ, ગંધ આદિને જાણવા છતાં તે સ્પર્શાદિ મારામાં આવતી નથી, હું સ્પર્શાદિરૂપે પરિણમતો નથી. મારું જ્ઞાન અને સ્પર્શાદિ ભિન્ન ભિન્ન રહે છે. આમ હોવાથી હું પરમાર્થે સદાય અરૂપી છું આવો આત્મા જયાં સુધી જાણે અને અનુભવે નહિ ત્યાં સુધી જીવ સમ્યગદ્રષ્ટિ થતો નથી. સમ્યગ્દર્શન વિનાનાં જે વ્રત અને તપ છે. વ્રત, તપ, જાત્રા વગેરેના વિકલ્પ તો શુભ ભાવ છે. આ શેત્રુંજો અને સમ્મેદશિખરના ડુંગરે ચઢે અને જાત્રા કરે એ તો પુણ્યભાવ છે, રાગ છે, ધર્મ નહિ ભાઈ ! અંદર ત્રણલોકનો નાથ, અખંડાનંદ સ્વરૂપ ચૈતન્યનો ડુંગર છે. એમાં જાય તો સાચી જાત્રા છે. એ ધર્મની રીત છે.

પ્રશ્ન : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં-એમ પોઠમાં નિમિત્ત કહ્યું છે ને ?

ઉત્તર : નિમિત્ત કહ્યું છે એની કોણ ના પાડે છે ? પણ એનો અર્થ શું ?

સ્પર્શાદિ નિમિત્ત છે એટલું જ માત્ર. સ્પર્શાદિ નિમિત્તથી સંવેદન (જ્ઞાન) થાય છે એમ નથી. જ્ઞાનરૂપે પણિમવાની મૂળ શક્તિ તો મારી પોતાની છે. હું સંવેદનરૂપે પરિણમયો છું એ મારા શુધ્ધ ઉપાદાનથી છે, નિમિત્તથી નહિ. સ્પર્શાદિ નિમિત્તથી હું જ્ઞાનરૂપે પરિણમું છું એમ તો નથી પણ સ્પર્શાદિ નિમિત્તની હયાતી છે. તેના કારણે મને જ્ઞાનરૂપ પરિણમન છે એમ પણ નથી. તથા સ્પર્શાદિનું જ્ઞાન થતાં જ્ઞાન સ્પર્શાદિરૂપ થઈ જાય છે એમ પણ નથી. સંવેદન (જ્ઞાન) તો મને મારાથી થયું છે અને એ મારું છે, સ્પર્શાદિનું નથી તેથી હું પરમાર્થે સદાય અરૂપી છું કોઈ એમ કહે કે સંસાર અવસ્થામાં જીવ રૂપી છે. કેમ કે કર્મ જે રૂપી છે એનો જીવની સંબંધ છે. માટે તે રૂપી છે. પણ એ વાત બરાબર નથી. નિમિત્તની અપેક્ષાએ રૂપી કહ્યો છે. (ઉપચારથી) ખરેખર તો જીવ સદાય અરૂપી જ છે.

હું આ આત્માપ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જયોતિ-અનાદિ અનંત નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાન ઘન સ્વભાવપણાને લીધે એક છું. :હું શબ્દથી પોતાની અસ્તિ સિધ્ધ કરી છે અને આ થી પ્રત્યક્ષ અસ્તિ દર્શાવી છે. છે ને કે હું આ આત્મા પ્રત્યક્ષ ચિન્માત્ર જયોતિ છું ? પ્રત્યક્ષ થઈ શકે એ વાત નથી. પ્રત્યક્ષ છે જ. ભગવાન આત્મા પ્રત્યક્ષ છે. શક્તિના અધિકારમાં બારમી સ્વયં પ્રકાશમાન વિશદ એવા સ્વસંવેદનમયી (સ્વાનુભવમયી) પ્રકાશશક્તિ કહી છે. વસ્તુ પોતે પોતાથી પ્રત્યક્ષ થાય એવા પ્રકાશગુણ સહિત છે. આત્માનો એવો પ્રકાશ સ્વભાવ છે કે પોતે જ પોતાના સ્વસંવેદનમાં પ્રત્યક્ષ પ્રકાશમાન થાય છે.

વળી અખંડ છું એમ કહ્યું છે. અહાહા ! એક સમયની પર્યાયનો ભેદ પણ આત્મામાં કયાં છે ? (નથી) પર્યાય તો વ્યવહાર નયનો વિષય છે. સોળમી ગાથામાં એમ કહ્યું કે જ્ઞાન-દર્શન-ચારિત્રપણે આત્મા પરિણમે છે એ મેચકપણું-મલિનતા છે. એકને ત્રણ પણે પરિણમતો કહેવો એ મેચક છે. ભેદ પડે તે મેચક છે., વ્યવહાર છે, અસત્યાર્થ છે. વસ્તુ શુધ્ધ એકાકાર છે તે નિશ્ચય છે.

વળી, હું અનંત ચિન્માત્ર જયોતિ છું, સ્વભાવની શક્તિનું સ્વરૂપ જ અનંત છે. અખંડ અને અનંત એ ત્રિકાળી ચિન્માય જયોતિનાં વિશેષણ છે. આ ભાવની વાત કરી હવે કાળની વાત કરે છે.

હું અનાદિ અનંત કહેતાં ત્રિકાળ આદિ-અંત રહિત છું જે છે એની આદિ શું? જે છે એનો અંત શું ? વસ્તુ તો અનાદિ-અનંત નિત્ય ઉદયરૂપ છે. વસ્તુ નિત્ય પ્રગટરૂપ છે. સૂર્ય તો સવોરે ઊગે અને સાંજે નમી જાય. પરંતુ આ ચૈતન્ય સૂર્ય તો નિત્ય ઉદયરૂપ જ છે. અહાહા ! વર્તમાનમાં અનાદિ-અનંત નિત્ય-ઉદયરૂપ ચિન્માત્ર જયોતિ હું છું એમ કહે છે.

જેમ અગ્નિ જયોતિ છે તેમ આ આત્મા ચિન્માત્ર જયોતિ છે. એનો આશ્રય લેતાં સંસાર બળીને ખાક થઈ જાય છે. આટલાં વિશેષણો કહીને હવે કહે છે કે વિજ્ઞાન ઘન સ્વભાવ ભાવપણાને લીધે હું એક છું. વિજ્ઞાન ઘન સ્વભાવ એટલે વિકલ્પ તો શું, જેમાં એક સમયની પર્યાયના પણ પ્રવેશનો અવકાશ નથી. પર્યાય તેની ઉપર ઉપર તરે છે. પણ અંદર પ્રતિષ્ઠા પામતી નથી. આ વાત અગાઉ કળશમાં આવી ગઈ છે. બધા આત્મા ભેગા થઈને હું એક છું

એમ નથી. આ તો એકલું વિજ્ઞાનનું દળ જેમાં પરનો કે પર્યાયનો પ્રવેશ નથી એવા ચિન્માત્ર જ્યોતિ હું વિજ્ઞાન ઘન સ્વભાવપણાને લીધે એક છું

આત્માનું ક્ષેત્ર ભલે અસંખ્યાતપ્રદેશી શરીર પ્રમાણ હોય. પરંતુ તેના સ્વભાવનું સામર્થ્ય અનંત, અપાર-બેહદ છે. ક્ષેત્રની કિંમત નથી, સ્વભાવના સામર્થ્યની કિંમત છે. સાકરના ગાંગડા કરતાં સેકેરીનની કણીનું ક્ષેત્ર ખૂબ નાનું છે. પણ સેકેરીનની મીઠાશ અનેકગણી છે. એમ ભગવાન આત્મા શરીર પ્રમાણે થોડા ક્ષેત્રમાં રહેવા છતાં એનું વિજ્ઞાનઘનસ્વભાવરૂપ સામર્થ્ય અનંત છે. ભાઈ! જ્યાં જેટલામાં તે છે ત્યાં ધ્યાન લગાવવાથી તે પ્રગટ થાય છે.

હું એક છું એની આ વ્યાખ્યા કરી.

હું એક છું :એક જ્ઞાયક ભાવપણાને લીધે હું ક્રમ-અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોની ભેદરૂપ થતો નથી માટે એક છું, તેથી આ ક્રમ-અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોની અસ્તિ નથી એમ ન સમજવું. ગતિ, રાગાદિ, અવસ્થા, લેશ્યાના પરિણામ કે જ્ઞાનની પર્યાય ઈત્યાદિ પર્યાય છે જ નહિ એમ નથી. તેમની (પોતપોતાથી) અસ્તિ તો છે પણ તેમની અસ્તિથી હું અખંડ આનંદનો નાથ પ્રભુ ભેદરૂપ થતો નથી.

ચિન્માત્રપણાને લીધે એટલે અખંડ એક જ્ઞાન સ્વભાવને લઈને એ ક્રમે થતી મતિ અને અક્રમે થતી જ્ઞાન પર્યાય, રાગ, લેશ્યા, કષાય એ સઘળા વ્યાવહારિક ભાવો-ભેદોથી હું ભેદરૂપ થતો નથી માટે હું એક છું

અહાહા ! પર્યાય અને રાગથી ખસીને દ્રષ્ટિ ભગવાનને ભાળવી ગઈ, એ જ્ઞાનનેત્ર નિજ ચૈતન્યને જોવા ગયાં ત્યાં ચૈતન્યને આવો જોયો કે-ક્રમ અને અક્રમે પ્રવર્તતા ભેદોથી હું ભેદાતો નથી. હું તો ત્રિકાળ એકરૂપ છું, અભેદ છું

હું જ્ઞાનદર્શન વડે પરપૂર્ણ છું :ચિન્માત્ર જ્યોતિનું (આત્માનું), વસ્તુ સ્વભાવથી જ સામાન્ય અને વિશેષ વડે પરપુર્ણપણું (આખામણું) હોવાથી હું જ્ઞાનદર્શન વડે પીરપૂર્ણ છું સામાન્ય તે દર્શન અને વિશેષ તે જ્ઞાન, એમ દર્શન-જ્ઞાન વડે પરિપુર્ણ વસ્તુ છું; આત્મા વિકારપણે તો નથી, અલ્પજ્ઞપણે પણ નથી. અહીં કહે છે કે જ્ઞાન-દર્શન સ્વભાવથી પરિપુર્ણ છું. વર્તમાન અલ્પજ્ઞ પર્યાય એમ ીનર્ણય કરે છે કે પર્યાય જેટલો હું નહિ. પણ હું તો જ્ઞાન-દર્શન સ્વભાવથી પરિપુર્ણ વસ્તુ છું

હું જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ વસ્તુવિશેષ છું એમ પ્રથમ નકકી કર. સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું હોવાથી હું આકાશાદિ દ્રવ્યની જેમ પામાર્થિક વસ્તુવિશેષ છું. અહીં સુધી તો વિકલ્પથી નિર્ણય કરવાની વાત છે કે-

-હું અખંડ જ્ઞાનજ્યોતિ સ્વરૂપ વિજ્ઞાનઘનસ્વભાવપણાને લીધે એક છું

-ષટ્કારકના પરિણમનથી રહિત શુધ્ધ છું

-રાગપણે સદાય નહિ પરિણમનારો નિર્મમ છું

-જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ વસ્તુવિશેષ છું

વર્તમાન દશા અલ્પજ્ઞ હોવા છતાં સ્વભાવથી હું પરિપૂર્ણ છું આકાશ જેમ પદાર્થ છે; પરમાણુ જેમ પદાર્થ છે; તેમ હું પણ પારમાર્થિક વસ્તુવિશ છું એટલે કે સર્વથી ભિન્ન વસ્તુ છું. આ પ્રમાણે પ્રથમ વિકલ્પથી નિર્ણય કરે છે એની આ વાત છે. વિકલ્પ તોડીને અનુભવ કરવાની વાત પછી કહેશે. આ તો બીજાઓએ (અજ્ઞાનીઓએ) કહેલો જે આત્મા તેનાથી જુદો પરમાર્થસ્વરૂપ આત્માનો નિર્ણય કરવા વિકલ્પ દ્વારા હું આવો છું એમ પ્રથમ શિષ્ય નિર્ણય કરે છે.

હવે કહે છે-તેથી હવે હું સમસ્ત પરદ્રવ્ય પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મ સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પર દ્રવ્યના નિમિત્થી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આને જ (આ ચૈતન્ય સ્વરૂપને જ) અનુભવતો થકો, પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિકભાવો તે સર્વને ક્ષય કરું છું;

રાગાદિ વિકારો પર દ્રવ્યની પ્રવૃત્તિ છે અને તે નિમિત્ના આશ્રયે ઉત્પન્ન થાય છે. પ્રથમ કહ્યું કે વિકરી ભાવોના સ્વામી પુદગલ છે. હવે કહ્યું કે તે પર દ્રવ્ય પ્રવૃત્તિ છુ. તે પોતાના અપરાધથી પર દ્રવ્યના નિમિવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે આ ચૈતન્ય સ્વરૂપને જ અનુભવું છું એમ કહે છે.

ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો તે પર્યાયમાં પોતાના અપરાધથી થાય છે, પર દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. તેના નિરોધ વડે ચૈતન્ય સ્વરૂપને અનુભવતો હું પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા જે આ ક્રોધાદિક ભાવો તે સર્વને ક્ષય કરું છું ક્રોધાદિક વિકાર ઉત્પન્ન કેમ થાય છે ? તો કહે છે કે સ્વરૂપનું જ્ઞાન નથી માટે પોતાના અજ્ઞાન વડે આસ્રવો ઉત્પન્ન થાય છે. પરંતુ કહે છે કે હવે પર દ્રવ્યનું લક્ષ છોડી સ્વરૂપ ભણી ઢળતાં નિજ ચૈતન્યસ્વરૂપને અનુભવતો હું જે આ ક્રોધાદિક ભાવો તે સર્વનેક્ષેય કરું છું. જ્ઞાનદર્શન સ્વરૂપ પરિપુર્ણ એક શુધ્ધ વૅતુ જે આત્મા તેનો અનુભવ કરતાં આસ્રવોથી હું નિવર્તુ છું.

પહેલાં પરમાર્થરૂપ વસ્તુ સ્વરૂપ કહ્યું કે હું એક છું, શુધ્ધ છું, રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમતો નિર્મમ છું જ્ઞાનદર્શન-પૂર્ણ છું, પરમાર્થ વસ્તુવિશેષ છું, હવુ પર્યાયની વાત કરી કે પર્યાયમાં રાગ થયો કેમ ? તો કહે છે કે પર દ્રવ્યના નિમિત્તથી ચેતનમાં વિશેષરૂપ ચંચળ કલ્લોલો-વિકલ્પો થતા હતા. તે સર્વના નિરોધ વડે ચૈતન્ય સ્વરૂપને અનુભવતો તે આસ્રવોનો ક્ષય કરું છું. આસ્રવોનો નિરોધ સંવર છે. પુણ્ય-પાપના વિકલ્પો તે આસ્રવો છે. પર્યાયમાં ઉત્પન્ન થતા પુણ્ય-પાપના જે ચંચળ કલ્લોલો તેનો નિર્મળ શુધ્ધ ચૈતન્ય સ્વરૂપના આશ્રયે નિરોધ કરતાં આસ્રવોની નિવૃત્તિ-ક્ષય થાય છે. જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ શુધ્ધ ચૈતન્ય ભગવાન છે. તેનો અનુભવ કરતાં ચેતનમાં થતા ચંચળ કલ્લોલોનો નિરોધ થાય છે, અને આસ્રવોથી નિવૃત્તિ થા છે.. મિથ્યાત્વને છોડવાની આ રીત છે.

હું તો ચૈતન્યસ્વરૂપ છું :એવો સૂક્ષ્મમાં વિકલ્પ જે ઊઠે એ હું નહિ કેમ કે એ વિકલ્પ તો અજીવ છે, અચેતન છે, અણ-ઉપયોગરૂપ છે, પુદ્ગલ છે, આ ભેદજ્ઞાન છે.

હું દર્શન-જ્ઞાનમય છું :ચિન્માત્ર હોવાથી સામાન્ય વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું અહાહા ! ચિન્માત્ર કહેતાં હું ચૈતન્ય સ્વભાવમાત્ર છું, દયા, દાન વ્રતાદિ વિકલ્પ તે હું નહિ, અલ્પજ્ઞતા તે પણ હું નહિ અને હું જ્ઞાન દર્શનવાળો એમ (ભેદ) પણ હું નહિ, હું તો માત્ર ચિન્માત્ર હોવાથી દર્શન-જ્ઞાનમય છું અહીં ચૈતન્ય સામાન્ય તે દર્શન છે અને ચૈતન્ય વિશેષ તે જ્ઞાન છે. ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણો ઓળંગતો નહિ હોવાથી હું જ્ઞાનદર્શનમય છું ત્રિકાળી વસ્તુપણે આવો છું.

હું નિર્મમ છું :પુદગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું ક્રોધાદિભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી મમતા રહિત છું.

અહાહા ! કેવી સરસ વાત કરી છે ! પુણ્ય અને પાપના અનેક પ્રકારે જે વિકારી ભાવ થાય છે તેનો પુદ્ગલ સ્વામી છે, હું તેનો સ્વામી નથી. એ વિકારી ભાવનો સ્વામી હું નહિ એ વાત તો ઠીક, પણ તેના સ્વામીપણે હું સદાય પરણમતો નથી એમ કહે છે. પુણ્ય-પાપના જે અનેક પ્રકારના વિકારી ભાવ છે. તેમના સ્વામીપણે હું સદાય પરિણમતો નથી માટે નિર્મમ છું ક્ષાયિક સમક્તિ થયા પછી પણ રાગ તો યથા સંભવ આવે, મુનિપણાની ભૂમિકામાં પણ વ્યવહાર રત્નત્રયનો રાગ તો આવે; પણ તે રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમતો હોવાથી હું-આત્મા નિર્મમ છું એમ ધર્મી માને છે. તેને આ વિધિથી આસ્રવોની નિવૃત્તિ થાય છે.

૪૭ શક્તિઓમાં એક સ્વભાવમાત્ર સ્વસ્વામિત્વમયી સંબંધશક્તિ છેલ્લી કહેલી છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય જે શુધ્ધ છે તે મારું સ્વ અને હું તેનો સ્વામી એવી આત્મામાં સ્વસ્વામિત્વ સંબંધશક્તિ છે. તે શક્તિનું નિર્મળ પણિમન થવું તે ધર્મ છે.

જડનો સ્વામી તો હું નહિ પણ જે રાગય થાય છે તેનો સ્વામી પણ હું નહિ, એ રાગનો સ્વામી પણ પુદ્ગલ છે. અહીં હું એક છું; શુધ્ધ છું એમ પહેલાં અસ્તિથી કહ્યું અને રાગનું સ્વામીપણું મને નથી એમ નિર્મમ છું કહીને નાસ્તિપણું બતાવ્યું

અહીં કહ્યું કે ક્રોધાદિ વિકારનો સ્વામી પુદ્ગલ છે માટે પુદગલને લઈને વિકાર થાય છે એમ કોઈ માને તો તે યર્થાથ નથી. પુદ્ગલને લઈને વિકાર થયો છે એમ નથી. એ તો પર દ્રવ્ય છે. પણ વિકાર થયો છે નિમિત્ત્ના લક્ષે એ

નિશ્ચિત. સ્વભાવમાં-સ્વરૂપમાં તો વિકાર છે જ નહિ અને નિમિત્તના લક્ષે તે થયો છે તેથી પુદ્ગલ એનો સ્વામી છે એમ કહ્યું છે. આમ જયાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ.

જે સ્વરૂપમાં નથી અને સ્વરૂપના આશ્રયે થયેલી નિર્મળ સ્વપરિણતિમાંય નથી તે રાગનું મને સ્વામીપણું નથી. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ નિર્મળ છે. તેના આશ્રયે જે નિર્મળ દશા પ્રગટી તે મારું સ્વ અને હું તેનો સ્વામી છું એમ ધર્મી માને છે. અહીં તો કહે છે કે રાગના સ્વામીપણે સદાય નહિ પરિણમતો એવો હું નિર્મમ છું આ તો પ્રથમ આવો વિકલ્પથી નિર્ણય કરે, પછી સ્વભાવના ઉગ્ર પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી જાય છે. ભાઈ ! આ માર્ગ હાથ આવે એના જન્મ-મરણના ફેરા મટી જાય એવી વાત છે.

હું પ્રતાપવંત રહ્યો :આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. અહીં જ્ઞાની એમ જાણે છે કે સર્વથી ભિન્ન એટલે રાગાદિ અને પરજ્ઞેયોથી ભિન્ન એવા નિજ ચૈતન્યસ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. મારી સત્તા પ્રતાપવંત છે, સ્વતંત્રપણે શોભાયમાન છે. મારા પ્રતાપને કોઈ અખંડિત કરે અને સ્વતંત્રતાની શોભાને કોઈ લૂંટે એવી જગતમાં કોઈ ચીજ નથી. આ હું પ્રતાપવંત રહ્યો-એમાં આ કહીને આત્મવસ્તુનું પ્રત્યક્ષપણું બતાવ્યું છે. મારા પ્રતાપથી હું સ્વસંવેદનમાં આવ્યો છું, નિમિત્તના પ્રતાપથી કે અન્યથી નહિ.

એમ પ્રતાપવંત વર્તતા મને જો કે (મારી) બહાર અનેક અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પર દ્રવ્યો સ્ફુરાયમાન છે તો પણ કોઈ પણ પર દ્રવ્ય પરમાણુ માત્ર પણ મારાપણે ભાસતું નથી. અહાહા ! ધર્મી જીવ એમ જાણે છે કે-હું નિજ સ્વરૂપને અનુભવતો થકો સ્વતંત્રપણે શોભાયમાન છું અને જગતના સમસ્ત પર દ્રવ્યો-પુદ્ગલાદિ પદાર્થો અને રાગાદિ આસ્રવો પોતાના સ્વરૂપની સંપદાથી પ્રગટ છે. હયાત છે. પરંતુ એ સમસ્ત પર દ્રવ્યો-અનંત પુદગલો-રજકણો અનંત આત્માઓ અને રાગાદિ ભાવો મને મારાપણે ભાસતા નથી. પર દ્રવ્ય પરમાણુ માત્ર પણ એટલે પુદગલનો એક રજકણ કે રાગનો એક અંશ પણ મારો છે. એમ મને ભાસતું નથી. જ્ઞાની એમ કહે છે કે દયા, દાન, વ્રતાદિનો જે વિકલ્પ ઊઠે છે કે વ્યવહાર રત્નત્રય નો જે વિકલ્પ છે તે મને મારાપણે ભાસતો નથી. અહાહા / આને આત્માને જાણ્યો કહેવાય અને આ ધર્મ છે.

કોઈ પણ પર દ્રવ્ય પરમાણુમાત્ર મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; જુઓ કેવી સ્વરૂપની નિઃશંકતા અને દૃઢતા ! ધર્માત્મા અપ્રહિતપણે ક્ષાયિકભાવ લેવાના છે. ભાસતું નથી તો પછી ભાવકપણે કે જ્ઞેયપણે મારી સાથે એક થઈને તે ફરી મોહ કેમ ઉત્પન્ન કરે ? અહાહા! શું દ્રષ્ટિનું જોર ! શું વૈરાગ્ય અને ઉદાસીનતા કહે છે. મને હવે પર દ્રવ્ય મારું છે એવો મોહ ઉત્પન્ન થાય એમ છે જ નહિ. હવે ફરીથી મને મોહ અર્થાતૂ મિથ્યાત્વ ઉત્પન્ન થશે જ નહિ. શ્રી પ્રવચનસારની ૯૨મી ગાથામાં પણ આ રીતે જ વાત લીધી છે કે -તે મોહ દ્રષ્ટિ આગમ કૌશલ્ય અને આત્મજ્ઞાન વડે નાશ પામી છે, તે હવે ફરીને ઉત્પન્ન થવાની જ નથી. અહીં પણ એ જ વાત લીધી છે કે મોહ ફરીથી શા માટે ઉત્પન્ન થાય ? કારણ કે નિજરસ થી જ મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઉપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાન પ્રકાશ મને પ્રગટ થયો છે. મારા જ્ઞાન અને આનંદના રસથી મોહને મૂળથી જ ઉખાડ્યો છે. ફરીથી મોહ ન ઉપજે એવો મોહનો નાશ કર્યો છે.

હું શુધ્ધ છું :(કર્તા,કર્મ કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ સ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુધ્ધ છું

આત્મા પરનો કર્તા અને પર એનું કાર્ય-એવું એનામાં છે જ નહિ. આત્મા સિવાય શરીર, મન, વચન, ઈન્દ્રિય, કુટુમ્બ કે દેશ ઈત્યાદિ પર દ્રવ્યનો હું કર્તા અને એમાં જે ક્રિયા થઈ તે મારું કર્મ એવું છે જ નહિ. આ વાત અહીં લીધી નથી કેમ કે જે પર દ્રવ્ય છે. તે કાર્ય વિના કદીય કોઈ કાળે ખાલી નથી. આ એક વાત.

હવે બીજી વાત : દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાના અશુધ્ધ ભાવ થાય તેનો હું કર્તા અને તે મારું કર્મ. હું સાધન, હું સંપ્રદાન, મારાથી થયું અને

મારા આધારે થયું આવા રાગની ક્રિયાના ષટ્કારકોની પ્રક્રિયા તે આત્માના સ્વરૂપમાં નથી.

હવે ત્રીજી વાત : એક સમયની નિર્મળ પર્યાયના ષટ્કારકો-જેમ કે નિર્મળ પર્યાયનો હું હર્તા, નિર્મળ પર્યાય તે મારું કર્મ, તેનું સાધન-કારણ હું, મારા માટે તે થઈ તે સંપ્રદાન, મારાથી થઈ તે અપાદાન, મારા આધારે થઈ તે અધિકરણ-આમ નિર્મળ અનુભૂતિ તે (ત્રિકાળી) અનુભૂતિમાત્રપણાને લીધે હું શુધ્ધ છું અહીં અનુભૂતિ એ પર્યાયની વાત નથી પણ ત્રિકાળી દ્રવ્યની વાત છે. પર્યાયમાં ષટ્કારકનું પરિણમન સ્વતંત્ર છે. એનાથી મારી ચીજ (ત્રિકાળી) ભિન્ન છે. અહાહા ! વર્તમાન નિર્મળ પરિણતિથી મારો ત્રિકાળી અનુભૂતિ સ્વરૂપ ભગવાન ભિન્ન છે અને અહીં શુધ્ધ કહ્યો છે.

નિર્મળ અનુભૂતિની પર્યાયના ભેદને લક્ષમાં લેવો એ વયવહારનય છે, અશુધ્ધતા છે, મેચકપણું છે-મલિનતા છે. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ પણે પરણમે એમ લક્ષમાં લેવું એ વ્યહારનય છે. એ પ્રમાણે (ત્રણપણે) આત્માને-પોતાને અનુભવતાં આસ્રવોથી નિવૃત્તિ નહિ થાય. પ્રવચનસાર નય-અધિકારમાં કહે છે કે માટીને એના વાસણ આદિ ભેદથી જોવો તે અશુધ્ધનય છે. જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, વીર્યની પર્યાય-એમ પર્યાયના ભેદથી આત્મા જોવો તે અશુધ્ધપણું છે. એનાથી મિથ્યાત્વનો આસ્રવ નહિ મટે. અહીં તો કહે છે કે ષટ્કારકની પ્રક્રિયાથી ભિન્ન વસ્તુ ત્રિકાળી અનુભૂતિ સ્વરૂપ જે ભગવાન આત્મા છે તેના ઉપર દ્રષ્ટિ આપતાં મિથ્યાત્વનો આસ્રવ ટળી જાય છે.

દયા, દાનના વિકલ્પથી ધર્મ માને એ તો મિથ્યાત્વ છે જ, પરંતુ પોતાને નિર્મળ પર્યાયના ભેદથી લક્ષમાં લેતાં જે વિકલ્પ થાય એનાથી ધર્મ થાય એમ માને તે પણ મિથ્યાત્વ છે.

ભગવાન આત્મા એક સમયની પર્યાયના ષટ્કારકના પરિણમનથી પાર ઊતેરેલી-ભિન્ન અનુભૂતિમાત્ર ત્રિકાળી શુધ્ધ વસ્તુ છે. આ ત્રિકાળી શુધ્ધ જ્ઞાયક ઉપર દ્રષ્ટિ જતાં સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન પ્રગટે છે. અને ત્યારે આત્મા આસ્રવથી નિવૃત્ત થાય છે. અહાહા!

વિકારના ષટ્કારકના પરિણમનરૂપ ક્રિયા તો દૂર રહી, અહીં તો જ્ઞાનનો જે પ્રગટ અંશ એના ષટ્કારકની યા પરિણમનથી ત્રિકાળી અનુભૂતિ સ્વરૂપ ભગવાન ભિન્ન છે અને એને અહીં શુધ્ધ કહેલ છે. એવા ત્રિકાળી શુધ્ધ આત્મદ્રવ્યની દ્રષ્ટિ થતાં મિથ્યાત્વનો આસ્રવ ટળી જાય છે. આ વિધિથી જીવ આસ્રવોથી નિવર્તે છે. (૨) નર-નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ એ નવ તત્ત્વોથી એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ વડે અત્યંત જૂદો હોવાથી હું શુદ્ધ છું. અહાહા ! સાધક બાધકની પર્યાયથી આત્માને અત્યંત જુદો કહ્યો. શરીર આદિથી તો અત્યંત જુદો છે જ, પુણ્ય,પાપ આદિથી પણ અત્યંત જુદો છે જ. પણ સંવરનિર્જરા-મોક્ષની શુદ્ધ નિર્મળ પર્યાયના વ્યવહારિક ભાવોથી પણ હું એક શાશ્વત જ્ઞાયક ભાવ વડે અત્યંત જુદો હોવાથી શુદ્ધ છું. (૩) નર, નાર આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુધ્ધ છું

અનાદિથી જીવ પુણ્યભાવ, પાપભાવ, આસ્રવભાવ અને બંધભાવમાં રોકયેલો છે. અનાદિથી એને મોક્ષ કયાં છે? પણ સંવર , નિર્જરા, મોક્ષનો ના વિકલ્પ છે અને હવે જયારે ભાન થયું ત્યારે અંતર એકાગ્રતા સહિત જે સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પ્રગટે તે પર્યાય જેવડો હું નથી. આ વ્યાવહારિક નવ તત્ત્વોથી હું જુદો છું આ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધાં વ્યાવહારિક નવ તત્ત્વો છે. એ સર્વથી હું ભિન્ન છું સાત તત્ત્વો નાશવાન છે, સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ નાશવાન છે. અને હું એક અવિનાશી છું મારા હોવાપણાંમાં અસ્તિપણામાં એ પર્યાયોના ભેદો છે નહિ. એ ભેદોમાં હું આવતો નથી અને મારામાં એ ભેદો સમાતા નથી. તેથી સંવર, નિર્જરા અને કેવળ જ્ઞાનની પર્યાયથી પણ હું અત્યંત જુદો છું હું તો એક અખંડ ચૈતન્યનો પિંડ છું, જ્ઞાનનો પિંડ છું આનંદનો કંદ અને પુરુષાર્થનો પિંડ છું અને વ્યવહારિક જે નવ તત્ત્વો તેમનાથી જુદો અત્યંત જુદો છું માટે શુધ્ધ છું

જ્ઞાની એમ અનુભવે છે કે હું શુધ્ધ છું. હું શુધ્ધ છું એવો વિકલ્પ નહિ, એવો અનુભવ છે. તે એમ જાણે છે કે મારા સતનું સત્વ છે તે ત્રિકાળ છે, ધ્રુવ છે, નિત્ય છે, અભેદ છે, અને એકરૂપ છે. તેથી નવ તત્ત્વના વ્યાવહારિક ભાવોથી હું અત્યંત જુદો છું ભિન્ન છું ભિન્નતાના ત્રણ પ્રકાર છે.

(૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યથી અત્યંત ભિન્ન છે. એ એક વાત

(૨) પુણ્ય-પાપના જે વિકારી ભાવો છે. એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એ બીજી વાત

(૩) અને જે નિર્મળ પર્યાય છે એનાથી પણ ભગવાન આત્મા ભિન્ન છે એ ત્રીજી વાત

પહેલી સ્વદ્રવ્ય-પરદ્રવ્યની ભિન્નતા કહી. બીજી વિકારીભાવ અને સ્વભાવની ભિન્નતા કહી અને ત્રીજી દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા બતાવી.

એક સમયની પર્યાયમાં એ આખી વસ્તુ ક્યાં છે ? પર્યાય દ્રવ્યને અડે છે ક્યાં? પર્યાય છે એ દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય સ્વભાવ પર્યાયને સ્પર્શતો નથી.પુદ્ગલાદિ (શરીર વગેરે) પર દ્રવ્યો ભગવાન આત્માને સ્પર્શતા નથી, અંદર પર્યાયમાં થતા રાગાદિ વિકારી ભાવો ભગવાન ચૈતન્ય સ્વભાવને સ્પર્શતા નથી. એ તો ઠીક, પણ ભગવાન જ્ઞાયક સ્વભાવી ધ્રુવ આત્માના આશ્રયે પ્રગટ થયેલી નિર્મળ પર્યાય પણ દ્રવ્યને સ્પર્શતી નથી.

આ નવ તત્ત્વના વ્યવહારિક ભાવોથી, અખંડ એક ચૈતન્યસ્વભાવપણાને લીધે હું જુદો છું અને તેથી હું શુધ્ધ છું

હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું :નરકગતિ, મોક્ષગતિ ઈત્યાદિ, ગતિઓ ક્રમે થાય છે. એક પછી એક થાય છે, તેથી તેને ક્રમરૂપ ભાવ કહ્યો છે. અને પર્યાયમાં કષાય, લેશ્યા, જ્ઞાનનો ઉઘાડ વગેરે, એકસાથે હોય છે, તેથી તેમને અહીં અક્રમરૂપ ભાવ કહ્યા છે. આ બધા વ્યાવહારિક ભાવો છે. અહીં ક્રમ એટલે પર્યાય અને અક્રમ એટલે ગુણ, એમ નથી લેવું. પરંતુ એક પછી, એક થતી ગતિના ભાવને ક્રમરૂપ અને ઉદયનો રાગાદિ ભાવ, લેશ્યાનો ભાવ અને જ્ઞાનની એક સમયની પર્યાયનો ભાવ ઈત્યાદિ, એક સાથે હોય છે, તેમને અક્રમરૂપ લીધા છે. આ સઘળા ક્રમ-અક્રમરૂપ પ્રવર્તતા વ્યવહારિક ભાવોથી, ભેદરૂપ થતો નથી, માટે હું એક છું. આ વ્યવહારિક ભાવોથી ભિન્ન, મારી ચીજ છે, કેમકે હું તો અભેદ, અખંડ, આનંદકંદ પ્રભુ, એક ચિન્માત્ર વસ્તુ છું. જ્યારે આત્માનું સમ્યગ્દર્શન થયું અને તેનું આચરણ કર્યું, ત્યારે આત્મા કેવો જાણ્યો, એની વાત કરે છે.

હુંડક સંસ્થાન :શરીરના અંગોપાંગનો કોઈ ખાસ આકાર ન હોય તેને હુંડક સંસ્થાન કહે છે.

હઠ :દુરાગ્રહ; જિદ્દ; મમત; જક; અડ.

હુંડ :ધીટ; વિષમ; દુષમ; કઠિન; અસંજ્યતિ પૂજા નામે આશ્ચર્યવાળો હુંડ-ધીટ એવો પંચમકાળ, પાંચમો આરો.

હુંડક સંસ્થાન :જે કર્મના ઉદયથી, શરીરના અંગોપાંગ કોઈ ખાસ, આકૃતિના ન હોય.

હડસેલવું :ધક્કા મારીને બહાર ધકેલવું-કાઢવું. (૨) હાંકી કાઢવું.

હુંડા અવસર્પિણી કાળ :કળિકાળ; વિષમ કાળ; પંચમકાળ; દુઃખદકાળ.

હુંડાવસર્પિણી :હુંડ એટલે જેના આકારનું કોઈ ઠેકાણું નથી અવો રોડબોડ કદ્રુપો બેડોળ અવસર્પિણી કાળ. (૨) હુંડ એટલે જેના આકારનું કોઈ ઠેકાણું નથી એવો રોડબોડ કદરૂપો-બેડોળ આ અવસર્પિણી-ઉતરતો કાળ છે.

હેતુ :કારણ; સબબ; આશય; ઉદ્દેશ; અર્થ; મતલબ; નિમિત્ત; પ્રયોજન (૨) નિમિત્ત (૩) કારણ. (૪) પ્રયોજન. (૫) નિમિત્ત. (૬) પરમાર્થનો વિચાર

હેતુઓ :કારણ

હેતુક :નિમિત્ત.

હેતપણું :નિમિત્તપણું

હેત્વાભાસ :હેતુ-આભાસ.

હેતુવાળું :સહેતુક; જેની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય એવું (દેહ-ધનાદિકની ઉત્પત્તિમાં કંઈ પણ નિમિત્ત હોય છે તેથી તેઓ પરતઃ સિધ્ધ (પરથી સિધ્ધ) છે, સ્વતઃ સિધ્ધ નથી.)

હેમચંદ્રાચાર્ય :શ્રી હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રની રચના કરતાં મંગલાચરણમાં, વીતરાગ સર્વજ્ઞ અરિહંત યોગીનાથ મહાવીરને સ્તુતિરૂપે નમસ્કાર કરે છે.

નમો દુર્વાર રાગાદિ વૈરવાર નિવારિણે
અર્હતે યોગિનાથાય મહાવીરાય તાપિને

વાર્યા વારી ન શકાય, વારવા બહુ બહુ મુશ્કેલ એવા રાગ, દ્વેષ, અજ્ઞાનરૂપી શત્રુના સમૂહને જેણે વાર્યા; જીત્યા; જે વીતરાગ સર્વજ્ઞ થતાં જે અર્હત પૂજવા યોગ્ય થયાઃ અને વીતરાગ અર્હંત થતાં મોક્ષ અર્થ પ્રવર્તન છે જેનું એવા જુદા જુદા યોગીઓના જે નાથ થયા; નેતા થયા; અને એમ નાથ થાતાં જગતના નાથ, તાત, ત્રાતા થયા; એવા જે મહાવીર તેને નમસ્કાર હો.

અહીં સદેવના અપાય અપત્રમ અતિશય, જ્ઞાન અતિશય વચન અતિશય અને પૂજા અતિશય સૂચવયા. આ મંગલ સ્તુતિમાં સમગ્ર યોગશાસ્ત્રને સાર સમાવી દીધો છે. સદેવનું નિરૂપણ કર્યું છે. સમગ્ર વસ્તુ સ્વરૂપ, તત્ત્વ જ્ઞાન સમાવી દીધું છે. ઉકેલનાર ખોજક જોઈએ.

શ્રી વચનામૃત ઉપદેશ નોંધ-૨૭

હેમંત :શરદ અને શિશિરઋતુ વચ્ચેની માગસર અને પોષ મહિનાની ઋતુ.

હેય :છોડવા યોગ્ય (૨) તજવા યોગ્ય (૩) તજવા યોગ્ય, ક્ષય કરવા યોગ્ય, છોડવા યોગ્ય

હેય તત્ત્વો કયા છે ? :આકુળતાને ઉત્પન્ન કરનારાં એવાં નિગોહ-નરકાદિ ગતિનાં દુઃખ તેમજ ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થયેલ કલ્પિત સુખ તે હેય (છોડવા યોગ્ય) છે; તેનું કારણ સંસાર છે; તે સંસારનું કારણ આસ્રવ તથા બંધ એ બે તત્ત્વો છે, પુણ્ય-પાપ બન્ને બંધ તત્ત્વ છે; તે આસ્રવ તથા બંધના કારણ, પૂર્વે કહેલાં નિશ્ચય તેમ જ વ્યવહારત્નત્રયથી વિપરીત લક્ષણના ધારક એવાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ છે, તેથી આસ્રવ અને બંધ એ બે તત્ત્વો હેય છે.

હેય-જ્ઞેય-ઉપાદેય :હેય = તજવા યોગ્ય; જ્ઞેય = જાણવા યોગ્ય;

હિત-અહિત :શુભ અશુભ ભાવો (અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમનાં કારણભૂત દાનપૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને અહિત સમજે છે. સમ્ગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત નિશ્ચય રત્નત્રય પરિણત પરમાત્મદ્રવ્યને હિત સમજે છે. અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વ રાગાદિ પરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે. (૨) શુભ-અશુભ (૩) ભલો-ભૂંડો; સારો નરસો.

હિતકર :કલ્યાણકારી

હિતતમ :ઉત્કૃષ્ટ હિતસ્વરૂપ

હિતનો ઉદ્યમ અને અહિતનો ભય :અજ્ઞાની જીવો ફૂલની માળા, સ્ત્રી, ચંદન વગેરેને તથા તેમના કારણભૂત દાનપૂજાદિને હિત સમજે છે અને સર્પ, વિષ, કંટક વગેરેને સહિત સમજે છે.-સમ્યગ્જ્ઞાની જીવો અક્ષય અનંત સુખને તથા તેના કારણભૂત રત્ન નિશ્ચયરત્નત્રયપરિણત પરમાત્મ દ્રવ્યને હિત સમજે છે અને આકુળતાના ઉત્પાદક એવા દુઃખને તથા તેના કારણભૂત મિથ્યાત્વ રાગાદિપરિણત આત્મદ્રવ્યને અહિત સમજે છે.

હિમ :બરફ.

હિંમતલાલ જેઠાલાલ શાહ :સને ૧૯૦૮ સપ્ટેમ્બર મહિનાની સાતમી તારીખે વઢવાણમાં જન્મ. સમયસાર, પંચાસ્તિકાય-પ્રવચનસાર અને નિયમસારનો સંસ્કૃત ગાથા અને ટીકાનો ગુજરાતી ભાષામાં સંપૂર્ણ અનુવાદ કર્યો છે. તેમજ ઉપરના ચારે શાસ્ત્રો ઉપરાંત અષ્ટપ્રાભૃતની પ્રાકૃત ગાથાઓના (એમ પાંચે શાસ્ત્રોનો) હરિગીત છંદમાં કાવ્યાનુવાદ કર્યો છે. તે ગુજરાતી સાહિત્યને એમની અણમૂલ ભેટ છે.

ઉપર દર્શાવેલ ચારે શાસ્ત્રો ઉપોદ્ઘાતમાં તે તે શાસ્ત્રોમાં આવેલા વિષયોનું મુદ્દાસર વર્ણન કર્યું છે. દરેક શાસ્ત્રના સારાંશને સૌ કોઈ સજ્જન જિજ્ઞાસુ જીવ સમજી શકે એવી સરળ ગુજરાતી (શાસ્ત્રીય નહિ) ભાષામાં સુસ્પષ્ટ રીતે પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો, નવ તત્ત્વો મોક્ષમાર્ગ અને મોક્ષનું જે ભાવ ભાસન-સંવેદન પૂર્વકનું વર્ણન કર્યું છે તે તેઓની ઊંડી સૂઝ-સમજ અને

ભાવાર્થને પકડી રૂડી રીતે અભિવ્યક્ત-રજૂ કરવાની અસાધારણ ક્ષમતાનું દ્યોતક-સૂચક છે.

હિરણ્ય :ચાંદી-તાંબુ વગેરેથી બનાવવામાં આવતા સિક્કા-જેનાથી લેણદેણ થાય છે તેને હિરણ્ય કહે છે.

હિલોળા લેતી હોય :આનંદથી ડોલતી હોય. ઝૂલતી હોય; ડોલતી હોય.

હિંસક :હિંસા કરનાર જીવને હિંસક કહીએ. ત્યાં પ્રમાદભાવરૂપે પરિણમેલા અથવા અયત્નાપારમાં પ્રવર્તતા જીવને હિંસક જાણવા.

હિંસન :હણાવું.

હિંસ્ય :જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે. પોતાના ભાવ પ્રાણ અથવા દ્રવ્યપ્રાણ અને પરજીવના ભાવપ્રાણ કે દ્રવ્યપ્રાણ એ હિંસ્યના ભેદ છે. અથવા એકેન્દ્રિયાદિ જીવસમાસના ભેદ જાણવા અથવા જ્યાં જ્યાં જીવ ઉપજવાનાં સ્થાન છે તે જાણવા જોઈએ.

હિંસા :ભગવાન વીતરાગના શાસનમાં હિંસા બે પ્રકારની કહી છે. એક આત્મઘાતરૂપ બીજી પરઘાતરૂપ. મિથ્યાત્વ રાગાદિના નિમિત્તથી જોયેલ, સાંભળેલ, અનુભવેલ ભોગોની અભિલાષારૂપ જે તીક્ષ્ણ શસ્ત્ર તેથી પોતાના જ્ઞાનાદિ પ્રાણોની હિંસા કરવી તે નિશ્ચય હિંસા છે. એ રાગાદિ વિભાવ પરિણામોથી જ્ઞાનાદિ આત્મભાવ હણાય છે. આ નિશ્ચય હિંસા જ આત્મઘાત છે.

પ્રમાદયુક્ત યોગથી અવિવેકી થઈને એકેન્દ્રિયાદિ જીવોની હિંસા કરવી તે પરઘાત હિંસા છે. જ્યારે આત્મા અન્ય પ્રાણીઓને મારી નાખવાનો વિચાર કરે છે ત્યારે આત્માપરિણામમાં કષાય પ્રગટે છે. તે કષાયથી આત્મા મલિન થાય છે. અને એ ભાવોની કલુષતા જ નિશ્ચય હિંસા છે. તેથી પરઘાતરૂપ હિંસા આત્મઘાતનું કારણ બને છે એમ હિંસક આત્મા પરનો ઘાત કરીને પોતાનો જ ઘાત કરે છે. તેથી સ્વદયા તથા પરદયાનું સ્વરૂપ સમજીને સર્વથા હિંસા તજવી.

હિંસા જેવું કોઈ પાપ નથી. રાગાદિનો અભાવ તે સ્વદયા અને પ્રમાદ રહિત વિવેકરૂપ કરૂણાભાવ તે પરદયા છે. આ સ્વદયા તથા પરદયા ધર્મનું મૂળ કારણ છે. પાપી પ્રાણીઓના પરણિામોમાં પવિત્રતા નથી. પર પ્રાણીનો ઘાત તો તેના આયુષ્યને અનુસાર છે પણ આત્મા કોઈને મારી નાખવાનો જ્યાં વિચાર કરે છે ત્યાં જ તે વિચાર વિકૃતિને લીધે તત્કાલ આત્મઘાતી થાય છે. (૨) ખરેખર રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે, અને તે રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે, એવું જૈનશાસ્ત્રનું ટૂંકું રહસ્ય છે. (૩) સંકલ્પી આરંભી, ઉદ્યોગિની અને વિરોધિની એ ચાર અથવા દ્રવ્યહિંસા અને ભાવહિંસા એ બે.

પર જીવના જ્ઞાતરૂપ જે હિંસા છે તે બે પ્રકારની છે. એક અવિરમણરૂપ અને એક પરિણમનરૂપ.

(૧) અવિરમણરૂપ હિંસા = જે વખતે જીવ પરજીવના ઘાતમાં તો પ્રવર્તતો નથી, બીજા જ કોઈ કામમાં પ્રવર્તે છે પણ હિંસાનો ત્યાગ કર્યો નથી. તેનું ઉદાહરણ :- જેમ કોઈ લીલોતરી (હરિતકાય)નો ત્યાગ તો નથી અને તે કોઈ વખતે હિંસામાં પ્રવર્તતો પણ નથી પરંતુ અંતરંગમાં હિંસા કરવાના અસ્તિત્વભાવનો નાશ કર્યો નથી તેને અવિરમણરૂપ હિંસા કહીએ છીએ.

(૨) પરિણમનરૂપ હિંસા = વળી જે વખતે જીવ પરજીવના ઘાતમાં મનથી, વચનથી કે કાયાથી પ્રવર્તે તેને પરિણમનરૂપ હિંસા કહીએ. આ બે ભેદ હિંસાના કહ્યા.

તે બન્ને ભેદમાં પ્રમાદ સહિત યોગનું અસ્તિત્વ છે. તેથી પ્રમાદ સહિતના યોગમાં હંમેશા પરજીવની અપેક્ષાએ પણ પ્રાણઘાતનો સદ્‌ભાવ આવ્યો. તેનો અભાવ તો ત્યારે જ થાય જ્યારે આ જીવ પરહિંસાનો ત્યાગ કરી પ્રમાદરૂપ ન પરિણમે. ત્યાં સુધી હિંસાનો તો અભાવ કોઈપણ પ્રકારે થઈ શકે નહિ.

(૪) હિંસ્યને પીડા ઉપજાવી અથવા તેમનો ઘાત કરવો તે હિંસા છે. (૫) ભાવ મરણ તે જ હિંસા; પ્રમાદભાવ તે જ ભાવ પ્રાણોની હિંસા છે. (૨) હિંસા બે પ્રકારની છે.-સંકલ્પી અને આરંભી

(૧) સંકલ્પી હિંસા=જે પ્રાણઘાત હિંસાના સંકલ્પપૂર્વક કરવામાં આવે છે તે સંકલ્પી હિંસા છે, જેમ ધર્મના નામથી પશુને યજ્ઞમાં હોમવાં, શિકાર કરવો, માંસાહાર માટે પશુઓ કપાવવાં આદિ.

(૨) આરંભી હિંસા=ગૃહસ્થીને આવશ્યક સંસારી કાર્યોમાં કરવી પડે છે તે આરંભી હિંસા છે. ત્યાં હિંસા કરવાનો સંકલ્પ હોતો નથી પરંતુ સંકલ્પ અને આવશ્યક આરંભનો હોય છે. પરંતુ સંકલ્પ અન્ય આવશ્યક આરંભનો હોય છે. પરંતુ સંકલ્પ અન્ય આવશ્યક આરંભનો હોય છે. તેમાં હિંસા થઈ જાય છે આ હિંસાને આરંભી હિંસા કહે છે. તેના ત્રણ ભેદ છે.

(૧) ઉદ્યમી (૨) ગૃહારંભી અને (૩) વિરોધી

(૧) ઉદ્યમી=જે આજીવિકા-સાધનના હેતુ-અસિકર્મ (શસ્ત્રકર્મ) મસિકર્મ (લખવું તે) કૃષિકમ (ખેતી) વાણિજ્ય કર્મ, શિલ્પ કર્મ અને વિદ્યા કર્મ એ છ પ્રકારનાં કામો કરતાં હિંસા છે, તે ઉદ્યમી હિંસા છે.

(૨) ગૃહારંભી=જે ઘરમાં આહાર પાન તૈયાર કરવામાં, મકાન બનાવવામાં, કૂવા ખોદાવવામાં, બાગ બનાવવા આદિમાં જે હિંસા થાય છે તે ગૃહારંભી હિંસા છે.

(૩) વિરોધી= દુષ્ટોદ્વારા અથવા શત્રુ દ્વારા આક્રમણ કરવામાં આવે ત્યારે તેથી પોતાની, પોતાના કુટુમ્બની, પોતાના માલની, પોતાના દેશની રક્ષા માટે અન્ય કોઈ ઉપાય ન હોય ત્યારે તેમને મારી હાંકી કાઢવામાં જે હિંસા થાય છે તે વિરોધી હિંસા છે.

અહિંસા મહાવ્રતી સંકલ્પી અને આરંભી એ બે પ્રકારની હિંસાનો ત્યાગ કરી દે છે. ત્રસ અને સ્થાવર સર્વની રક્ષા કરે છે. ભાવોમાં અહિંસાત્મક ભાવ પાળે છે, કષાય ભાવોથી પોતાની રક્ષા કરે છે.

હિંસા પ્રદાન અનર્થદંડત્યાગ વ્રત :હિંસા કરવાનાં સાધન છરી, વિષ, અગ્નિ, હળ, તલવાર, બાણ વગેરેનું દેવું પ્રયત્નથી દૂર કરે અર્થાત્ બીજાને આપે નહિ એને જ હિંસાદાન અનર્થદંડ ત્યાગવ્રગ કહે છે.

હિંસન :હણાવું

હિંસાનું સ્વરૂપ :પોતાના મનમાં, વચનમાં કે શરીરમાં ક્રોધ-કષાય પ્રગટ થયો. તેનાથી પ્રથમ તો પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણનો ઘાત થયો. આ હિંસા તો પોતાના ભાવપ્રાણના વ્યપરોપણ-ઘાત કરવાથી થઈ, તે તો પહેલાં જ થઈ. બીજી હિંસા તો થાય કે ન પણ થાય. પાછળથી કદાચિત્ તીવ્ર કષાયરૂપ થાય અને પોતાના દીર્ઘ શ્વાસાદિથી અથવા હાથપગ વડે પોતાના અંગને પીડા ઉપજાવી અથવા આપઘાત કરી મરી ગયો. તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ. વળી, જે કષાયથી અન્ય જીવને કુવચન કહ્યાં, મર્મભેદી હાસ્ય કર્યું. ત્યાં પરના ભાવપ્રાણના વ્યરોપણ- ઘાતથી હિંસા થાય છે. જ્યાં કષાયના વશે પ્રમાદી થયો, બીજા જીવના શરીરને પીડા કરી અથવા પ્રાણનાશ કર્યો ત્યાં પરના દ્રવ્યપ્રાણના ધીનથી હિંસા થઈ. આ રીતે હિંસાનું સ્વરૂપ કહ્યું.

હિંસાફળ :હિંસાથી જે કાંઈ ફળ થાય તેને હિંસાફળ કહે છે. આ લોકમાં તે હિંસક જીવ નિંદા પામે છે, રાજા વડે દંડ પામે છે, જેની એ હિંસા કરવા ઈચ્છે છે તેને જો લાગ આવે તો આનો ઘાત કરે છે. વળી પરલોકમાં નરકાદિ ગતિ પામે છે, ત્યાં શરીરના નાના પ્રકારના છેદન-ભેદનાદિ અને નાના પ્રકારની માનસિક વેદના પામે છે. નરકનું વર્ણન કોણ ક્યાં સુધી લખે ! સર્વ દુઃખનો જ સમુદાય છે. તિર્યંચાદિનું દુઃખ પ્રત્યક્ષ જ ભાસે છે. એ બધું હિંસાનું ફળ છે.

આ રીતે હિંસ્યને જાણી પોતે તેને ઘાતે નહિ, હિંસકને જાણી પોતે તેવો ન થાય, હિંસાને જાણી તેનો ત્યાગ કરે અને હિંસાનું ફળ જાણી તેનાથી ભયભીત રહે. માટે આ ચાર ભેદ જાણવા.

હિંસાયતન :હિંસાનું સ્થાન. (એકથી વધારે વખત આહાર કરવામાં શરીરનો અનુરાગ હોય છે તેથી તે આહાર અત્યંતપણે હિંસાનું સ્થાન બને છે, કારણ

કે શરીરનો અનુરાગ તે જ સ્વ હિંસા છે.) (૨) હિંસાના સ્થાનો; જેમાંથી હરસમયે હિંસા ઉત્પન્ન થતી હોય તેવા સ્થાનો

હીણ :હલકી કોટિનું; નીચ; ઓછું; વિનાનું; હીન

હીણપ :હલકાઈ; લાંછન.

હીન :હલકો (૨) ઓછું (૩) અલ્પજ્ઞ; ઓછું. (૪) ઉતરતી; હલકી.

હીન સત્વ :વીર્યહીન; નિર્બળ; નમાલું; હીનવીર્ય

હીનતા :અધમતા; નીચતા; હલકાઈ (૨) હલકાઈ

હોડ :શરત.

હોતાં :હોવાથી.

હોનહાર :પોતાના આત્માની તે વખતની યોગ્યતા મુજબની દશા. કર્મનો તીવ્ર ઉદય નિમિત્તમાત્ર છે. તે નિમિત્ત તો તે જીવના ઊંધા પુરૂષાર્થને બતાવે છે. (૨) થનારું; ભવિષ્યનું; ભાવિ; હોનારું; ભવિતવ્ય

હોર :મીટ, નજર

હાલકલોલક :હાલકડોલક =હાલવું-ડોલવું; ડગમગવું એક બાજુથી બીજી બાજુ જવું; ઘડિયાળના લોલકની જેમ; ખળભળી ઊઠ્યું હોય એમ થવું.

હોળી :ફાગણમાસની પૂર્ણિમાનો તહેવાર, તે દિવસે લાકડાં વગેરેનો ઢગલો સળગાવવામાં આવે છે તે; ચિંતાની બળતરા; અજંપો.

હોંશ :ઉમંગ. (૨) પ્રીતિ;

હ્રૂમ :હ્રૂમ (Hrum) સીડ ઓફ પાવર ઓફ પાવર ઓફ ડિસ્ટ્રોય .

હ્રાઉસ :હ્રાઉસ (Hrous) સીડ ઓફ પ્યોરીટી શુશુમ્ના એન્ડ કોન્ટ્રાક્ટ ડીવાઈન. નાર (૨) ક્ષય, નાશ.

હ્રમ :હ્રમ (Hram.) સીડ ઓફ નોલેજ, વેલ્થ, વર્ય્ય, બ્યુટી, ફેમ, વિક્ટરી

હ્રુમ :હ્રુમ (Hrum) સીડ ઓફ ડિવાઈન પાવર.

હ્રેમ :હ્રેમ (Hrem) સીડ ઓફ સરસ્વતી , સ્પીચ એન્ડ નોલેજ.

હ્રાહ :હ્રાઉસ (Hrah) સીડ ઓફ પાવર ઓફ ડીસ્ટ્રોય ઓબસ્ટેકલ્સ.

હ્રીં : (Hrim) ચોવીસ તીર્થંકર.

હ્રીમ :હ્રેમ (Hrem) સીડ ઓફ નેક્ટર એન્ડ લાઈફ ફોર્સ .

હ્રીમ :હ્રીમ (Hrim) સીડ ઓફ ઓલ એક્ષટ્રા ઓડિનરી પાવર.

હેલના :હીણપ (૨) અવહેલના; નિંદા; તિરસ્કાર.

ક્ષાયિક જ્ઞાન :ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ સર્વ આત્મ પ્રદેશોથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને તે પદાર્થો અનેક પ્રકારના વિરુધ્ધ જાતિના હોવા છતાં પણ-જાણે છે. અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે.

જ્ઞ :આત્માનો સ્વભાવ છે. ત્રિકાળી જ્ઞ સ્વભાવ આત્મા છે, જ્ઞ સ્વભાવ કહો કે સર્વજ્ઞ સ્વભાવ કહો તે આત્માનું સ્વરૂપ છે.

જ્ઞાતા :આત્મા

જ્ઞાનાનુમાર્ગ :જ્ઞાનને અનુસરનાર માર્ગ

જ્ઞેયજ્ઞાયક લક્ષણ સંબંધ :જ્ઞેય જ્ઞાયક સ્વરૂપ સંબંધ ટાળી શકાય એવો નહિ હોવાને લીધે જ્ઞેયો જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય છે તેથી આત્મા જાણે કે સમસ્ત દ્રવ્યરૂપતાને પામે છે.

જ્ઞપ્તિ પરિવર્તન :જ્ઞપ્તિનું પલટાવું તે; જાણનક્રિયાનો પલટો; (જ્ઞાનનું એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિ પરિવર્તનરૂપ કર્મ છે.)

જ્ઞપ્તિ :જાણવું તે ; જાણનક્રિયા; (જ્ઞપ્તિક્રિયા સત્રૂપ છે, અને સત્રૂપ હોવાથી અહેતુક છે.) (૨) જાણવું તે; જાણવાની ક્રિયા; જાણન; જ્ઞાન જ્યોતિ. (૩) જ્ઞાન. (૪) જ્ઞાન જ્યોતિ. (૫) જાણવું એ; જ્ઞાન; બુદ્ધિ; સમગ સભાનતા. (૫) જ્ઞાન; જાણપણું; જાણવાની ક્રિયા (૬) જાણવું તે; જાણવાની ક્રિયા; (૭) જ્ઞાનક્રિયા; વિશેષ જાણવાની ક્રિયા; વિશેષ અવલોકન (૮) સમ્યગ્જ્ઞાન (૯) જ્ઞાન; જાણવું તે; જાણવાની ક્રિયા; જાણન; શબ્દબ્રહ્મને જાણનારી જાણનક્રિયા

જ્ઞપ્તિ ક્રિયા :સ્વ સન્મુખ દૃષ્ટિ કરવાથી આત્માંથી જ્ઞપ્તિ ક્રિયા પ્રગટ થાય છે.

જ્ઞપ્તિ જ્ઞાન. :સમ્યગ્જ્ઞાન.

જ્ઞપ્તિ પરિવર્તન :જ્ઞપ્તિનું પલટાવું; જાણનક્રિયાનો પલટો. (જ્ઞાનનું એક જ્ઞેયથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિ-પરિવર્તનરૂપ કર્મ છે.)

જ્ઞપ્તિ પરિવર્તન રૂપ :જાણન ક્રિયાનો પલટો.

જ્ઞપ્તિ પરિવર્તનનો અભાવ :જાણન ક્રિયાના પલટાવાનો અભાવ. જ્ઞપ્તિક્રિયાનું પલટાયા કરવું અર્થાત્ જ્ઞાનમાં એક જ્ઞેય ગ્રહવું ને બીજું છોડવું તે ગ્રહણ ત્યાગ છે; આવાં ગ્રહણ ત્યાગ તે ક્રિયા છે; એવી ક્રિયાનો કેવળી ભગવાનને અભાવ થયો છે. (૨) કેવળી ભગવાનને સર્વ પદાર્થોનું યુગપદ્ જ્ઞાન હોવાથી તેમનું જ્ઞાન એક જ્ઞેયમાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં પલટાતું નથી.

જ્ઞપ્તિક્રિયા :જાણનક્રિયા

જ્ઞપ્તિપરિવર્તન :જ્ઞપ્તિનું પલટાવું તે; જાણનક્રિયાનો પલટો; (જ્ઞાનનું એકજ્ઞયોથી બીજા જ્ઞેયમાં પલટાવું તે જ્ઞપ્તિપરિવર્તન કર્મ છે.)

જ્ઞપ્તિમાત્ર :જાણન ક્રિયા માત્ર; જ્ઞાન માત્ર

જ્ઞપ્તિવયક્તિઓ :(વ્યકિતઓ=પ્રગટતાઓ; પર્યાયો; વિશેષો.) બાહ્યપદાર્થ વિશેષો જ્ઞપ્તિ વિશેષોના નિમિત્ત હોવાથી જ્ઞેયભૂત છે.

જ્ઞાતૃતત્વ :શબ્દબ્રહ્મ અને તેના વાચ્યરૂપ સમસ્ત પદાર્થોને જાણનાર તે જ્ઞાતૃતત્ત્વ (૨) જ્ઞાતૃતત્ત્વનો સ્વભાવ શબ્દ બ્રહ્મને અને તેના વાચ્યની રૂપ વિશ્વને યુગપદ જાણવાનો છે તેથી તે અપેક્ષાએ જ્ઞાતૃતત્ત્વને શબ્દ બ્રહ્મનું અને વિશ્વનું અધિષ્ઠાન (આધાર) કહેલ છે. સંયતજીવને એવા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય હોય છે. વિશ્વનો વાચક સત લક્ષણવાળો એવો જે આખોય શબ્દબ્રહ્મ અને તે શબ્દબ્રહ્મનું વાચ્ય સત લક્ષણવાળું એવું જે આખું ય વિશ્વ તે બન્નેના જ્ઞેયાકારો પોતાનામાં યુગપદ ગુંથાઈ જવાથી (જ્ઞાતૃતત્ત્વમાં એકી સાથે જણાતા હોવાથી) તે બન્નેના અધિસ્કઠાનભૂત એવા સત લક્ષણવાળા જ્ઞાતૃતત્ત્વનો નિશ્ચય કર્યો હોવાથી સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત કરેલ છે એવો જીવ.

જ્ઞાતૃતા :જ્ઞાતાપણું

જ્ઞાતૃદ્રવ્ય :આત્માનું પ્રત્યક્ષ ભાન; આત્માનું જ્ઞાનમાં પ્રત્યક્ષ વેદન; આત્માનો પ્રત્યક્ષ અનુભવ

જ્ઞાતા :જાણનાર; આત્મા; પ્રથમાનું યોગના સૂત્રનું નામ. (૨) દષ્ટાનું વાસ્તવિક સ્વરૂપ = ચેતના તે જ આત્માનું લક્ષણ છે. ચેતના દર્શન-જ્ઞાનમય છે. પુણ્ય-પાપ આત્માના ચેતન સ્વભાવથી જુદા છે. આત્મા જ્ઞાતા-દષ્ટા છે. પરની સામે જોયા કરવું એનું નામ જ્ઞાતા-દષ્ટાપણું નથી પણ પોતાના જ્ઞાયક દર્શક સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર રહેવું તે જ જ્ઞાતા-દષ્ટાપણું છે. આપણે જ્ઞાતા- દષ્ટા રહીને પરના કામ કરવા એ માન્યતા મિથ્યાદષ્ટિની છે; કેમ કે આત્મા પરનું કરી શકતો જ નથી. જ્ઞાન-દર્શન લક્ષણ વડે પોતાના સ્વભાવને જાણીને તેમાં ઠરવું તે મોક્ષનો નિકટ ઉપાય છે.

જ્ઞાતા અને જ્ઞેય :જ્ઞાતા-જ્ઞેય પદાર્થો રૂપે પરિણમ્યા કરે અર્થાત્ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે કર્મનો ભોગવટો છે, જ્ઞાનનો ભોગવટો નથી, નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજપણે જાણ્યા કરવુ તે જ જ્ઞાન નું સ્વરૂપ છે. જ્ઞેય પદાર્થમાં અટકવું તેમના સન્મુખ વૃત્તિ થવી તે જ્ઞાન તે જ્ઞાન સ્વરૂપ નથી.

જ્ઞાતા દષ્ટા :જગતનો સાક્ષી; જેટલા જગતના ભાવ થાય તેને સાક્ષીપણે જોનારો પણ કર્તાપણે થનારો નહિ, ગમે તે પુણ્ય-પાપ ન વૃત્તિ થાય તેનો જાણનાર દેખનારો એટલે કે સાક્ષીપણે રહેનારો પણ કર્તાપણે થનારો નહિ.

જ્ઞાતા દષ્ટાનું વાસ્તવિક સ્વરૂપ :ચેતના તે જ આત્માનું લક્ષણ છે. ચેતના દર્શન-જ્ઞાનમય છે. પુણ્ય-પાપ આત્માના ચેતન સ્વભાવથી જુદા છે. આત્મા જ્ઞાતા દષ્ટા છે. પરની સામે જોયા કરવું એનું નામ જ્ઞાતા-દષ્ટાપણું નથી પણ પોતાના જ્ઞાયક-દર્શક સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર રહેલું તે જ જ્ઞાતા-દષ્ટાપણું છે. આપણે જ્ઞાતા-દષ્ટા રહીને પરના કામ કરવાં - તે માન્યતા મિથ્યા દષ્ટિની છે : કેમકે આત્મા પરનું કરી શકતો જ નથી. જ્ઞાન-દર્શન લક્ષણ વડે પોતાના સ્વભાવને જાણીને તેમાં કરવું તે મોક્ષનો નિકટ ઉપાય છે.

જ્ઞાતાઓ :આત્મજ્ઞો.

જ્ઞાતા-દ્રષ્ટા :સર્વને જાણવું ને સર્વને દેખાવું

જ્ઞાતાપણાનો અનુભવ થવો :એ સમ્યગ્દર્શન છે.

જ્ઞાન :વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે. જાણવારૂપ સ્વભાવ તે જ્ઞાન. (૨) આત્માનું અસાધારણ લક્ષણ છે. જ્ઞાન દ્વારા જ એ જણાય એવો છે. જ્ઞાન દ્વારા જ આત્માની અનુભૂતિ અને પ્રાપ્તિ (ઉપલબ્ધિ) થઈ શકે છે. જ્ઞાન

એટલે સ્વસંવેદનજ્ઞાન, સમ્યગ્જ્ઞાન. એ સમ્યગ્જ્ઞાન વડે આત્મલાભ થઈ શકે છે. (૩) જેમાં સ્વ તે સ્વરૂપે અને પર તે પર-રૂપે (પરસ્પર ભેળસેળ વિના, સ્પષ્ટ ભિન્નતાપૂર્વક) એકી સાથે પ્રતિભાસે તે જ્ઞાન છે. (૪) અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ પ્રગટયા વિના અત્યંત જ્ઞાન ન હોય અને શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે. (૫) પ્રકાશપુંજ (૬) જ્ઞાન બે પ્રકારના છે એક બીજભૂત જ્ઞાન અને બીજું વૃક્ષભૂતજ્ઞાન, પ્રતીતિએ બન્ને સરખાં છે, તેમાં ભેદ નથી. વૃક્ષભૂત જ્ઞાન કેવળ નિરાવરણ થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદર ભવે મોક્ષ થાય. (૭) જ્ઞાન સાકાર છે. જ્ઞાન સાકાર છે એટલે તેમાં જડનો આકાર આવે છે. તે જડ પરના આકારરૂપે થઈ જાય છે. એમ તેનો અર્થ નથી. સ્વ અને પરને ભિન્ન ભિન્ન પ્રકાશનારી જ્ઞાનની પરિણતિને અહીં આકાર કહેલ છે. જ્ઞેયાકારોને જાણવાપણે જ્ઞાનનું વિશેષરૂપે પરિણમન થવું તેને અહીઃ આકાર કહેવામાં આવેલ છે. વિશ્વના સમસ્ય જ્ઞેયકારોને જાણવાપણે વિશેષ પરિણમે તે ખરેખર ઉપયોગની સ્વચ્છતા છે અને તે ખરેખર જીવની સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે.

જ્ઞાનને સાકાર કહ્યું ત્યાં આકર એટલે વિશેષતા સહિતનું જ્ઞાન એમ અર્થ છે. જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તે પ્રમાણે વિશેષતા સહિત જ્ઞાનનું પરિણમન થાય તેને આકાર કહે છે. જ્ઞાન તો જ્ઞાનાકાર જ છે, તે જ્ઞાનાકાર-સ્વ આકાર રહીને અનેક પર જ્ઞેયાકારોને જાણે છે. લોકાલોકને જાણતાં અનેકાકારરૂપ ઉપયોગ છે તે જ્ઞાનાકાર સ્વ-આકાર રૂપ છે અને તે સ્વચ્છત્વશક્તિનું લક્ષણ છે. (૮) શુધ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું; એમાં સ્વસંવેદન જ્ઞાનની વાત છે. સ્વ કહેતાં પોતાથી, સમ નામ પ્રત્યક્ષ વેદન, સ્વસંવેદન એટલે પોતાથી પોતાને પ્રત્યક્ષ વેદવું. એનું જ નામ સમગ્યજ્ઞાન છે. ભગવાન આત્મા શુધ્ધ એક સ્વભાવી છે તેનું પર્યાયમાં સ્વસંવેદન એનું નામ સમયગ્જ્ઞાન છે. (૯) જ્ઞાન એટલે એકલું (બહારનું) જાણપણું એમ નહિ, પણ રાગથી ભિન્ન પડી સ્વભાવની પ્રતીતિ, સ્વભાવનું જ્ઞાન અને એમાં જ રમણતા એવી જે જ્ઞાનની ક્રિયા તેનાથી જ બંધનો નિરોધ સિધ્ધ થાય છે એટલે કે નવું કર્મ બંધાતું નથી. (૧૦) જેમાં યુગપદ સ્વ-પર આકારો અવભાસે છે એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન. (૧૧) આત્માને યથાતથ્ય જાણવો તે. (૧૨) આત્મા યથાતથ્ય જાણવો તે. જ્ઞાનનું ફળ વિરતિ (૧૩) જ્ઞાન બે પ્રકારના છે. એક બીજભૂત જ્ઞાન; અને બીજું વૃક્ષભૂતજ્ઞાન. પ્રતીતિ એ બન્ને સરખાં છે; તેમાં ભેદ નથી. વૃક્ષભૂતજ્ઞાન, કેવળ નિરાવરણ થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય, અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદરભવે મોક્ષ થાય. (૧૪) જ્ઞાન વૈરાગ્ય સાથે અને વૈરાગ્ય જ્ઞાન સાથે હોય છે, એકલાં ન હોય. (૧૫) જ્ઞાન શબ્દથી અનંત ગુણ-પર્યાયોના પિંડરૂપ જ્ઞાતૃદ્રવ્ય ખ્યાલમાં લેવું (૧૬) સ્વ-પરનું પ્રકાશકપણું જેનું લક્ષણ અર્થાત સ્વરૂપ છે એવું જ્ઞાન છે. (ખ્યાલમાં લેવું) (૧૭) સમજણ (૧૮) પ્રથમ તો અર્થવિકલ્પ તે જ્ઞાન છે, ત્યાં અર્થ એટલે શું ? સ્વ-પરના વિભાગપૂર્વક રહેલું વિશ્વ તે અર્થ. તેના આકારોનું અવભાસન તે વિકલ્પ. અને દર્પણના નિજ વિસ્તારની માફક (અર્થાત દર્પણના નિજ વિસ્તારમાં સ્વ ને પર આકારો એકી સાથે પ્રકાશે છે તેમ) જેમાં યુગપદ સ્વ-પર આકારો અવભાસે છે એવો જે અર્થવિકલ્પ તે જ્ઞાન.જેમાં સ્વ તે સ્વરૂપે અને પર તે પર-રૂપે (પરસ્પર ભેળસેળ વિના, સ્પષ્ટ ભિન્નતા પૂર્વક) એકી સાથે પ્રતિભાસે તે જ્ઞાન છે. (૧૯) જ્ઞાતૃદ્રવ્ય(જ્ઞાન શબ્દથી અનંતગુણ-પર્યાયોના પિંડરૂપ જ્ઞાતૃદ્રવ્ય) (૨૦) સ્વઆશ્રયે પ્રગટેલું, (૨૧) સ્વરૂપનું જ્ઞાન, સ્વ-સંવેદન જ્ઞાન તે જ્ઞાન છે. (૨૨) જાણેલ. (૨૩) જે વડે પદાર્થો જણાય છે તે જ્ઞાન આત્માનો ધર્મ છે. (૨૪) આગમ દ્વારા જે નિશ્ચિત હોય તેને જ્ઞાન કહે છે. સત્ય આચરણવાળું જ્ઞાન. (૨૫) જ્ઞાનસ્વરૂપ આત્મા. (૨૬) જ્ઞાનનું લક્ષણ યથાવસ્તુ પરિજ્ઞાન આપ્યું છે. જેનો આશય એવો છે કે કોઈ મિશ્રણ વિના અથવા મેળ-મિલાપ વિના વસ્તુને યથાવસ્થિત રૂપે શુદ્ધ જાણવું તે જ્ઞાન છે. (૨૭) સૂર્યનો સ્વભાવ તેનું ઉષ્ણત્વ, ચન્દ્રનો સ્વભાવ તેનું શપ્તલપણું અને વાયુનો સ્વભાવ તેનું ચંચળપણું છે તેમ જ્ઞાનને આત્માનો સ્વભાવ છે. (૨૮) પરથી ભેદપણાની બુદ્ધિ છે તે જ્ઞાન છે. (૨૯) શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું, તેમાં સ્વસંવેદનજ્ઞાનની વાત આવી. (૩૦) બન્ને નથીનું જ્ઞાન તો કરવા યોગ્ય છે

પણ તેમાં આદરવું કયું ? ભેદ કે અભેદ ? વ્યવહાર તરફ લક્ષ મૂકતાં વિકલ્પ થાય છે, રાગ થાય છે, ભેદ પડે છે, ભંગ પડે છે; પણ નિર્મળ અભેદ શુદ્ધ સ્વભાવ છે તેના ઉપર લક્ષ આપતાં-તેના તરફ ઢળતાં પર્યાય નિર્મળ થાય છે. શુદ્ધતા બધે છે, રાગ તૂટે છે. વિકલ્પ છૂટે છે માટે આદરવા યોગ્ય એક નિશ્ચય છે, ઢળવા યોગ્ય એક નિશ્ચય છે. જ્ઞાન કરવા યોગ્ય વ્યવહાર નિશ્ચય બન્ને છે. (૩૧) પરથી નિરાળુ પોતાનું જ્ઞાન. (૩૨) જ્ઞાનસ્વભાવી આત્મા, ભગવાન આત્મા. (૩૩) જ્ઞાનમાં ત્રણ શક્તિ છે. (•) જ્ઞાનમાં કાળભેદ નથી, (•) જ્ઞાનને વજન નથી, (•) જ્ઞાન શુદ્ધ અવકારી છે. જ્ઞાનનું આ સ્વરૂપ સમજવા જેવું છે. (૩૨) દર્શન-ચારિત્ર-જાણવું, દેખવું-શ્રદ્ધવું નિવૃત્ત થવું-ત્યાગવું. (૩૩) વિશેષપણે અર્થગ્રાહકશક્તિનું નામ જ્ઞાન છે. (૩૪) શુદ્ધ સ્વભાવનું પ્રત્યક્ષ જાણપણું. (૩૫) વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન પણ આત્મા છે. કારણ કે આત્મા વિના સમ્યગ્જ્ઞાન અન્ય પદાર્થોમાં હોતું નથી. (૩૬) પોતાના જ્ઞાન સ્વરૂપી આનંદના નાથ આત્માને અંતરમાં ઢળેલી જ્ઞાનની પર્યાયમાં જાણે કે ! આ હું છું એનું નામ જ્ઞાન છે. ત્યાં જ્ઞાનની દશામાં પૂરા દશાવાન ચીજ પોતાની આવી જાય એમ નહિ, પણ પૂર્ણ જ્ઞાયક સ્વભાવી વસ્તુ હું આ છું એમ એના પૂરણ સામર્થ્યના જ્ઞાન અને પ્રતીતિ આવી જાય છે. જેમાં સ્વજ્ઞેયનું ભાવ થાય તે જ્ઞાન છે. (૩૭) જ્ઞાન આઠ પકારે છે. તેમાં (•) કેવલજ્ઞાન સમ્પૂર્ણ, અખંડ તા શુદ્ધ છે. બાકી સાત પ્રકારના જ્ઞાન ખંડિત તથા જ્ઞયોપશમની અપેક્ષાએ અશુદ્ધ પણ છે. સાત જ્ઞાનમાંથી મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય આદિ ચાર સમ્યગ્જ્ઞાન છે તથા મિથ્યાત્વને લીધે કુમતિ, કુશ્રુત અને કુઅવધિ આદિ પણ જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે. (૩૮) આત્મદ્રવ્યનું શુદ્ધત્વરૂપ પરિણમન. (૩૯) ઉપયોગને સંપૂર્ણપણે સ્વમાં જોડી દેતાં આ હું સચ્ચિદાનંદ પ્રભુ આત્મામાં એમ જે જાણવું થયું તે જ્ઞાન છે. પરદ્રવ્ય-પરનું મનનું અને વિકલ્પનું અવલંબન અનાદિનું છે તેને છોડાવવું છે. કેમકે તે વડે જે જ્ઞાન થયા છે તે અજ્ઞાન છે, દુઃખરૂપ છે. પરદ્રવ્યને અવલંબ્યા વિના આમાં તો શાસ્ત્રનું અને પર્યાયમાં જે શાસ્ત્રનું (પરલક્ષી) જાણપણું- છે તેનું પણ અવલંબન છોડવાની વાત છે. આ આત્મા પોતે ભગવાન સ્વરૂપ જ છે, તેનો સંપૂર્ણ અંતર્મુખ ઉપયોગ વડે સ્વીકાર કરાતં ક્રમશઃ પૂર્ણ દશા થઈને ભગવાનની પ્રાપ્તિનું કાર્ય ઉત્પન્ન થાય છે. આત્મામાં જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ પણ છે તેથી આત્મજ્ઞાન જ્યારે પ્રગટે છે ત્યારે ભેગો આનંદ પણ આવે છે. આ જ્ઞાનને મોક્ષમાર્ગનો-જ્ઞાન-દર્શન-ચારિત્રનો અવયવ કહે છે. (૪૦) રાગ દ્વારા જ્ઞાનનું વેદન એ ધર્મ નથી. જ્ઞાનનું જ્ઞાન દ્વારા એકલું વેદન એ ધર્મ છે. આ ધર્મ અને અધર્મની વ્યાખ્યા છે. જ્ઞેયાકાર જ્ઞાનનો અનુભવ કરે છે મિથ્યાત્વ સહિત દુઃખનું વેદન છે. આ શાસ્ત્ર સ્વાધ્યાય થાય છે ને, એ પણ વિકલ્પ છે. એ વિકલ્પ દ્વારા જ્ઞાનનો અનુભવમાં થવો એ અધર્મ છે. અજ્ઞાની જીવને રાગ મિશ્રિત જ્ઞાનનું ઢંકાઈ જવું અને જ્ઞાનભાવથી જ્ઞાન અનુભવમં આવવું એવા એકાકાર જ્ઞાનના સ્વાદનો અનુભવ આવતો નથી. અહાહા ! આત્મા તો વીતરાગ સ્વભાવનો પટારો છે, વીતરાગ સ્વરૂપ જ છે એના તરફના ઝુકાવથી રૂચિથી એકલા જ્ઞાનનો જે અનુભવ આવે તે આત્માનો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સ્વાદ છે. તે ધર્મ છે. (૪૧) પર દ્રવ્યન અવલંબ્યા વિના નિઃશેષપણે અંતમુર્ખ યોગશક્તિથી ઉપાદેય (ઉપયોગને સંપૂર્ણપણે અંતમુર્ખ કરીને ગ્રહણ કરવા યોગ્ય) એવું જે નિજ પરમ તત્ત્વનુ પરિજ્ઞાન (જાણવું) તે જ્ઞાન છે.મન અને મનજનિત વિકલ્પને અવલંબ્યા વિના, મન ને વિકલ્પનું જ્યાં અવલંબન નથી ત્યાં દેવ-ગુરૂ-શાસ્ત્રના અવલંબનની તો વાત જ કયાં રહી ? જુઓને, આ ચોકખું તો છે કે પર દ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે અંતર્મુખ યોગ શક્તિથી ઉપાદેય અહાહા... ! પરદ્રવ્યનું અવલંબન બિલકુલ નહિ અને સંપૂર્ણપણે અંતર્મુખ થઈને અંતર્મુખ ઉપયોગના વેપાર વડે ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય-પ્રગટ કરવા યોગ્ય એવું જે નિજ પરમતત્ત્વનું જાણવું તે જ્ઞાન છે એમ કહે છે. સંપૂર્ણ અંતમુર્ખ એવા ઉપયોગમાં આ આત્મા (હું) એમ જે ગ્રહણ અર્થાત્ જ્ઞાન થાય તેને અહીં જ્ઞાન એટલે આત્મજ્ઞાન કહે છે. એ આ જ્ઞાન સુખરૂપ છે. પરનું-મનનું વિકલ્પનું અવલંબન અનાદિનું તે છોડાવવું છે. કેમકે તે વડે જે જ્ઞાન થાય છે તે અજ્ઞાન છે તે દુઃખરૂપ છે. તેથી કહ્યું છે કે પર દ્રવ્યનું

અવલંબન વિના આમાં શાસ્ત્રનું ને પર્યાયમાં જે શાસ્ત્રનું (પરલક્ષી) જાણપણું-જ્ઞાન છે તેનું પણ અવલંબન છોડવાની વાત છે. બહુ ભારે વાત ભાઈ...! પણ આ તો ભગવાન થવાની કોલેજ (વિદ્યાલય) છે. અહાહા ...! આત્મા પોતે ભગાવન સ્વરૂપ જ છે, તેનો સંપૂર્ણ અંતર્મુખ ઉપયોગ વડે સ્વીકાર કરતાં (ક્રમશઃ) પૂર્ણ દશા થઈને ભગવાનની પ્રાપ્તિનું કાર્ય ઉત્પન્ન થાય છે. આવી વાત છે પ્રભુ ! ખરેખર શાસ્ત્રનું જે પરલક્ષી જ્ઞાન છે તે પર દ્રવ્યનું શું દીધું ? શાસ્ત્રમાં આમ કહ્યું છે એવું મનના લક્ષે, વિકલ્પના લક્ષે જે જણાવતાં હોય, ભલે તે શાસ્ત્રના શબ્દોથી જાણ્યું નથી, કેમકે એ પોતાની પર્યાય છે, છતાં પણ તે પરદ્રવ્ય છે. (અજ્ઞાન છે ને) તેના અવલંબન વિના સંપૂર્ણપણે અંતર્મુખ ઉપયોગ વડે ગ્રહણ કરવા યોગ્ય પ્રગટ કરવા યોગ્ય એવું જે નિજાત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (જાણવું) તે જ્ઞાન છે. ઉપયોગને સંપૂર્ણપણે સ્વમાં જોડી દેતાં આ હું સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એમ જે પરિજ્ઞાન (જાણવું) થયું તે જ્ઞાન છે. આ જ્ઞાન એટલે આત્મજ્ઞાનની વ્યાખ્યા ચાલે છે. આત્મજ્ઞાન અર્થાત્ આત્માનું જ્ઞાન-એમ કહ્યું ને ? અહા ! તે કેમ થાય ? તો કહે છે - ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને કારણનિયમ એવી શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ આત્મામાં જોડતાં પ્રગટ થવા યોગ્ય જે શુદ્ધાત્માનું જ્ઞાન થાય તે આત્મજ્ઞાન છે. આ મોક્ષમાર્ગનો અવયવ એવું સાચું સમ્યક્જ્ઞાન છે. (૪૨) જ્ઞાનનું કાર્ય જાણવાનું છે. (૪૩) જેને સંવેદનાથી આત્મ પરિણામી થયું છે એવા જ્ઞાનીમાં જ સાક્ષાત્ મૂર્તિમાન છે, બાકી સત્-છતું એવું જ્ઞાનસ્વરૂપ પ્રગટ કર્યા વિના પોતાની કલ્પનાથી કોટિ શાસ્ત્રોનું સર્જન પણ માત્ર મનનો આમળો જ છે, પણ જ્ઞાન નથી. (૪૪) જ્ઞાન બે પ્રકારનાં છે; એક બીજભૂતજ્ઞાન અને બીજું વૃક્ષભૂતજ્ઞાન. પ્રતીતિએ બન્ને સરખાં છે, તેમાં ભેદ નથી. વૃક્ષભૂત જ્ઞાન કેવળ નિરાવરણ થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદર ભવે મોક્ષ થાય. (૪૫) જ્ઞાન આત્મા છે એ જિનદેવનો મત છે. આત્મા વિના બીજા કોઈ દ્રવ્યમાં જ્ઞાન હોતું નથી. તેથી જ્ઞાન આત્મા છે; અને આત્મા તો જ્ઞાનગુણદ્વારા જ્ઞાન છે અથવા સુખાદિ અન્ય ગુણ દ્વારા અન્ય છે.

જ્ઞાન અને અનુભૂતિમાં ફેર શું છે ? :જ્ઞાનમાં તો આખો આત્મા જણાય છે અને અનુભૂતિમાં તો પર્યાયનું જ વેદન આવે છે. દ્રવ્યનું વેદન થતું નથી.

જ્ઞાન અને આત્મા અભેદ છે :

પ્રશ્નઃ- જે જ્ઞાન અને આત્મા અભેદ છે, જુદા નથી, તો પછી તેમાં ભેદ પાડીને કેમ કહ્યું ? જો બન્ને જુદા ન હોય તો જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય એવા ભેદ કેમ કર્યા ?

ઉત્તર :- પ્રસિદ્ધત્વ એ પ્રસાધ્ય માનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે અને તે જ્ઞાન વડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. લોકો જ્ઞાનમાત્રને તો સ્વ-સંવેદનથી જાણે છે. પટેમાં દુઃખે છે, માથું દુઃખે છે એમ કોણે જાણ્યું ? જ્ઞાને જાણ્યું. એ રીતે જ્ઞાન તો પ્રસિદ્ધ છે. પણ અજ્ઞાની તે જ્ઞાન વડે એકલા પરની પ્રસિદ્ધિ કરે છે તેથી તે જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે.

જ્ઞાન અને આત્મા વચ્ચેનો સંબંધ :શેષ સમસ્ત ચેતન અને અચેતન વસ્તુઓ સાથે સમવાય સંબંધ વિનાનું હોવાને લીધે, જેની સાથે અનાદિ અનંત સ્વભાવસિદ્ધ સમવાયસંબંધ એવા એક આત્માને અતિ નિકટપણે (અભિન્ન પ્રદેશપણે) અવલંબીને પ્રવર્તતું હોવાથી આત્મા વિના જ્ઞાન પોતાની હયાતી રાખી શકતું નથી; માટે જ્ઞાન આત્મા જ છે, અને આત્મા તો અનંત ધર્મોનું અધિષ્ઠાન (આધાર) હોવાથી જ્ઞાનધર્મ દ્વારા જ્ઞાન છે અને અન્ય ધર્મ દ્વારા અન્ય પણ છે.

વળી તે ઉપરાંત (વિશેષ સમજવું કે), અહીં અનેકાંત બળવાન છે. એકાંતે જ્ઞાન આત્મા છે એમ માનવામાં આવે તો,....

જ્ઞાન અને ક્રિયા :શુદ્ધ આત્મજ્ઞાન ને રાગ દ્વેષરહિત નિષ્કષાય શુદ્ધ આત્મ પરિણતિરૂપ ક્રિયા. આ બન્નેનો સુમેળ સાધવો તેનું નામ જ્ઞાનેક્રિયાભ્યામ મોક્ષ છે. સમયસાર કળશ ૨૬૭ કર્મનયાવલંબન પરામગ્નાઃ સંસારમાં ડૂબેલા

છે, તેઓ જ્ઞાનને જાણતા નથી, અને જ્ઞાનનયને ઈચ્છનારાઓ પણ જેઓ અતિસ્વચ્છંદઅને મંદ ઉદ્યમી છે તેઓ આમ એકાંત જ્ઞાન પક્ષ ને એકાંત ક્રિયાપક્ષને ગૌણ કરી સંસારમાં મગ્ન રહ્યા છતાં જે શુષ્કજ્ઞાની અને ક્રિયાજડ બન્ને પ્રકારના અજ્ઞજનો પોતે મોક્ષમાર્ગ આરાધે છે એમ માની બેઠા છે તે કરૂણાજનક છે. સમયસાર કળશ ૧૧૧.

જ્ઞાન અને જ્ઞેય :છ દ્રવ્યોથી આખો લોક સમાપ્ત થાય છે. તેમાં જીવ દ્રવ્ય તો જ્ઞેય અને જ્ઞાન છે અને બાકીના પાંચ દ્રવ્યો માત્ર જ્ઞય જ છે. (૨) (•) જ્ઞેય પદાર્થ ખોટો હોય તો જ્ઞાન તેને ખોટો જાણે પણ તેથી જ્ઞાન ખોટું થઈ જતું નથી.(•) પચીશ હાથનો લીમડો જ્ઞાનમાં જણાતાં જણાતાં જ્ઞાન તેવડું લાંબું થતું નથી. (•) જ્ઞાન પુણ્ય-પાપ, રાગને જાણે છે ખરૂં, પણ તે રૂપે થઈ જતું નથી. જ્ઞાન જ્ઞેયાકાર થયું કહેવાય છે, છતાં જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જ્ઞાન જ્ઞેયના આકારરૂપે થાય છે એવો અર્થ જ્ઞેયાકારનો નથી; પણ જેવું જ્ઞેય હોય તેવું જ જ્ઞાન તેને જાણી લે છે તેને જ્ઞેયાકાર કહ્યું છે, જ્ઞાન સદાય જ્ઞાન ગુણ વડે જ થાય છે ને તે જાણવા સ્વરૂપે જ પ્રવર્તે છે.

જ્ઞાન અને દર્શન :વિશેષ ચૈતન્ય તે જ્ઞાન છે અને સામાન્ય ચૈતન્ય તે દર્શન છે.

જ્ઞાન અને વેદનમાં સ્વરૂપ ભેદ :જ્ઞાનનું લક્ષણ યથા વસ્તુ-પરિજ્ઞાન આપ્યું છે. જેનો આશય એવો છે કે કોઈ મિશ્રણ વિના અથવા મેળ-મિલાપ વિના વસ્તુને યથાવસ્થિત રૂપે શુદ્ધ જાણવું તે જ્ઞાન છે અને વેદન તે જાણપણાને કહે છે જેની સાથે રાગ-દ્વેષ, અંહકાર, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ શોક, ભય, જુગુપ્સાદિ વિકાર ભાવ મળેલા હોય. અર્થાત્ કોઈ વસ્તુને જોતાં જ એમાંથી કોઈ વિકારભાવ ઉત્પન્ન થઈ જાય. તે વિકાર સાથે જે તેનું જાણવું છે-અનુભવ છે- તે વેદન કહેવાય છે.

જ્ઞાન અને સુખ :અહીં જ્ઞાન તેમજ સુખ બે પ્રકારનું છે. એક જ્ઞાન તેમજ સુખ મૂર્ત અને ઈન્દ્રિયજ (ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતું) છે; અને બીજું (જ્ઞાન તેમજ સુખ) અમૂર્ત એ અતીન્દ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીન્દ્રિય છે તે સાચું. મુખ્ય-પ્રધાન-હોવાથી તે જ ગ્રહણ કરવું-ઉપાદેયપણે જાણવું. (૨) જ્ઞાન તેમજ સુખ બે પ્રકારનું છે : એક જ્ઞાન તેમજ સુખ મૂર્ત અને ઈન્દ્રિયો દ્વારા ઉત્પન્ન થતું - ઈન્દ્રિયજ છે; અને બીજું જ્ઞાન તેમજ સુષ અમૂર્ત અને અતીન્દ્રિય છે. તેમાં જે અમૂર્ત અને અતીન્દ્રિય છે તે જ્ઞાન તેમજ સુખ પ્રધાન હોવાથી ઉપાદેયપણે જાણવું.

ત્યાં પહેલું જ્ઞાન તેમજ સુખ મૂર્ત એવી ક્ષાયોપશમિક ઉપયોગ શક્તિઓ વડે તે તે પ્રકારની ઈન્દ્રિયો દ્વારા ઉપજતું થકું પરાધીન હોવાથી અનિત્ય, ક્રમે પ્રવર્તતું, વિરોધી સહિત અને વધઘટવાળું છે તેથી ગૌણ છે એમ સમજીને તે હેય અર્થાત્ છોડવા યોગ્ય છે; અને બીજું જ્ઞાન તેમજ સુખ અમૂર્ત એવી ચૈતન્યને અનુસરીને વર્તનારી એકલી જ આત્મપરિણામશક્તિઓ વડે તથાવિધ અતીન્દ્રિય સ્વભાવિકચિદાકાર પરિણામો દ્વારા ઉપજતું થકું અત્યંત આત્માધીન હોવાથી નિત્ય, યુગપદ્ પ્રવર્તતું; નિઃપ્રતિપક્ષ (વિરોધી રહિત) અને હાનિવૃદ્ધિ રહિત (વધઘટ રહિત) છે તેથી મુખ્ય છે એમ સમજીને ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય છે.

જ્ઞાન ઉપયોગના ભેદો :(•) મતિજ્ઞાન, (•) શ્રુતજ્ઞાન, (•)અવધિજ્ઞાન, (•)મનઃપર્યાયજ્ઞાન (•) કેવળજ્ઞાન (•) કુમતિજ્ઞાન (•)કુશ્રુતજ્ઞાન અને (•) વિભંગ જ્ઞાન

જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ :આત્મજ્ઞાનરૂપ સમ્યક્જ્ઞાન અને તે જ્ઞાનને અનુસરતી આત્મ પરિણમતિમય આત્મચારિત્રરૂપ સમ્યક્ ક્રિયા એ બેના સમન્વયરૂપ મોક્ષમાર્ગ છે. સ્વરૂપ સમજી સ્વરૂપમાં સમાવું એ જ અનંત જ્ઞાની પુરૂષોએ અનુભવેલો સુગમ સુગોચર શાશ્વત મોક્ષમાર્ગ છે.

જ્ઞાન શબ્દની ભાવશ્રુતજ્ઞાન અથવા શુદ્ધ આત્મજ્ઞાન, ક્રિયા શબ્દથી ભાવચારિત્ર અથવા શુદ્ધ આત્મચારિત્ર વિવક્ષિત છે.

જ્ઞાનગુણ :જ્ઞાનગુણ આત્માનો સ્વાધીન ગુણ છે. જેમ મકાન બાંધવું હોય તો પ્રથમ તેનો પ્લાન (આકાર) દોરી મકાન બંધાયા પહેલાં તેનું જ્ઞાન કરી લે છે; તે જ્ઞાન પોતામાં કર્યું કે મકાનમાં ? પોતામાં કર્યું તો જ્ઞાન સ્વાધીન કે પરાધીન ? તારૂં જ્ઞાન પરાધીન નથી, તું નિત્ય જાણનાર સ્વરૂપે છો; તારૂં જ્ઞાન તારામાં જ નિત્ય પ્રાપ્ત છે.

જ્ઞાન ચેતના :અવાન્તર સત્તા, વિશિષ્ટ વિશેષપદાર્થને વિષય કરવાવાળી ચેતનાને, જ્ઞાનચેતના કહે છે. (૨) જ્ઞાનની સ્થિરતા એટલે શુદ્ધોપયોગ (અનુભૂતિ) તે ઉપયોગરૂપ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. (૩) સદા આનંદરૂપ પોતાના સ્વભાવના અનુભવરૂપ છે. જ્ઞાન ચેતનાની ભાવનાથી જીવ અત્યંત તૃપ્ત રહે છે -અન્ય તૃષ્ણા રહેતી નથી, અને ભવિષ્યમાં કેવળજ્ઞાન ઉપજાવી સર્વ કર્મથી રહિત મોક્ષઅવસ્થાને પામે છે. (૪) જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાન ચેતના કહે છે. (૫) કેવળજ્ઞાની જીવને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે. કેવળજ્ઞાન થયા પહેલાં પણ, નિર્વિકલ્પ અનુભવ વખતે જીવને ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે. જ્ઞાનચેતનાના ઉપયોગાત્મકપણાનો મુખ્ય ન કરી તો સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના નિરંતર હોય છે, કર્મચેતના અને કર્મફળચેતના નથી હોતી; કારણકે તેને નિરંતર જ્ઞાનના સ્વામિત્વભાવે પરિણમન હોય છે, કર્મના અને કર્મફળના સ્વામિત્વભાવે પરિણમન હોતું નથી. (૬) અવિરત, દેશ વિરત એ પ્રમત્ત અવસ્થાવાળા જીવને જ્ઞાન-શ્રદ્ધાનમાં નિરંતર એ ભાવના તો છે જ કે રાગ-દ્વેષના ભાવ હોવા છતાં જ્ઞાની તેને ભોગવતો નથી, તે તો માત્ર તેનો જાણનાર-દેખનાર જ રહે છે. કર્તા-ભોક્તા થતો નથી; અને જ્યારે જીવ અપ્રમત્ત દશા પ્રાપ્ત કરીને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરે, કેવળ ચૈતન્યમાત્ર આત્મામાં ઉપયોગ લગાવે અને શુદ્ધોપયોગ થાય ત્યારે નિશ્ચયચારિત્રરૂપ શુદ્ધોપયોગભાવથી શ્રેણી ચઢીને કેવળજ્ઞાન ઉપજાવે છે. તે વખતે એ ભાવનાનું ફળ જે કર્મચેતનાથી અને કર્મફળચેતનાથી રહિત સાક્ષાત્ જ્ઞાનચેતનારૂપ પરિણમન તે થાય છે, પછી આત્મા અનંતકાળ સુધી જ્ઞાન ચેતનારૂપ જ રહેતો થકો પરમાનંદમાં મગ્ન રહે છે. (૭) નિજ ચૈતન્ય સ્વરૂપ (આત્મા)માં એકાગ્ર થઈને પ્રવર્તે તે જ્ઞાન ચેતના છે અને તે મોક્ષબીજ છે. એનાથી મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટશે. (૮) શુદ્ધ ઉપયોગની અનુભૂતિ; જ્ઞાનની સ્થિરતા રૂપ ઉપયોગ.

(૧) જ્ઞાની કર્મચેતના રહિત હોવાથી અકર્તા છે, કર્મનો-રાગનો કર્તા નથી.

(૨) જ્ઞાની કર્મફળચેતના રહિત હોવાથી અવેદક છે; કર્મફળનો-સુખદુઃખાદિનો ભોક્તા નથી.

(૩) જ્ઞાની જ્ઞાનચેતનામય હોવાથી કેવળજ્ઞાતા જ છે; શુભાશુભ કર્મને અને કર્મફળને કેવળ જાણે જ છે.

જ્ઞાનચેતનાના ભેદ :જ્ઞાન ચેતનાના પાંચ ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કેવળજ્ઞાન (૨) જેમાં પદાર્થનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાન ચેતના કહે છે.

જ્ઞાન જ્યોતિ :જે પરમ ઉદાત્ત અર્થાત્ કોઈને આધીન નથી. જે અત્યંત ધીરે અર્થાત્ કોઈ પ્રકારે આકુળતારૂપ નથી, અને પરની સહાય વિના જુદાં જુદાં દ્રવ્યોને પ્રકાશવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે - પ્રત્યક્ષ જાણે છે. (૨) જ્ઞાન જ્યોતિ કેવી છે ? અત્યંત ધીર છે. કોઈ જાતની આકુળતારૂપ નથી. છોકરાનું આમ કરી દઉં, કુટુંબનું સારૂ કરી દઉં. એવો લોહવાટ જ્ઞાન જ્યોતિમાં નથી. જીવોને ઘણી ઘણી જાતની આકુળતા થાય છે. પરના કાર્યો કરવા માટે એટલી બધી આકુળતા કરે છે કે પરના કાર્યો કેમ જાણ પોતે જ બધા કરી શકોત હોય ? પણ અરે ભાઈ ! એક રજકણ પણ ફેરવવાની તારામાં તાકાત નથી. તારી જ્ઞાનજ્યોતિ તો અનાકુળ સ્વરૂપ છે. જ્ઞાનજ્યોતિ અત્યંત ધીર છે. બહારની ગમે તેટલી પ્રતિકુળતા હોય તોપણ તે ધીર જ્ઞાનજ્યોતિને અસર કરી શકતી નથી. કેટલાક કહે છે કે મારે માથે આટલો બધો બોજો કોઈ મને મદદ કરતું નથી, આટલી બધી પ્રતિકૂળતામાં હું કેમ નભી શકું ? પરંતુ ધીર જ્ઞાન જ્યોતિને એ બધું અસર કરી શકતું નથી. જ્ઞાનજ્યોતિ ધીરી થઈને જાણે છે કે હું પરનું કંઈ કરી શકું નહિ. પર મારૂં કંઈ કરી શકે નહિ; પર પદાર્થની ઈચ્છારૂપ આકુળતા કરવી તે મારો સ્વભાવ નથી, ગમે તેવા સંયોગોને ધીર રહીને જાણવું તે મારો સ્વભાવ છે. પરની સહાય વિના જુદાં જુદાં પદાર્થોને જાણવાનો જેનો સ્વભાવ હોવાથી જે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે - પ્રત્યક્ષ જાણે છે, બધાને જાણવાનો ચૈતન્યનો સ્વભાવ છે પણ કોઈને કરવાનો સ્વભાવ નથી, જુદાં જુદાં દ્રવ્યો કહીને બધાં દ્રવ્યો સ્વતંત્ર જુદા છે એમ બતાવે છે. કોઈ દ્રવ્ય કોઈને તાબે

નથી. બધા પદાર્થો કેમ ટકી રહ્યાં છે અને તેની અવસ્થા કેમ થઈ રહી છે એ જાણવાનો જેનો સ્વભાવ છે એવી મારી જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે. પ્રત્યક્ષ-સાક્ષાત્ જાણવાનો જેનો સ્વભાવ છે એવી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.

જ્ઞાન તે આત્મા :જ્ઞાન તે આત્મા એમ કહીને ફક્ત જ્ઞાન દ્વારા જ આત્માની ઓળખાણ કેમ કરાવી ? જીવનું મૂળ પ્રયોજન તો આનંદ પ્રાપ્ત કરવાનું છે ને ?

ઉત્તર આત્માને ઓળખાવા રૂપ જ્ઞાન તે આત્મા , જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે. કારણ કે જ્ઞાન તે પ્રગટ અંશ છે; અને આનંદનો અંશ કાંઈ પ્રગટ નથી, પ્રગટ તો આકુળતા છે; તેથી જ્ઞાનના પ્રગટ અંશ દ્વારા આત્માને ઓળખાવ્યો છે. જ્ઞાનના પ્રગટ અંશને અંદરમાં વાળે એટલે આખું સળંગ થઈ જાય છે. (દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તેમ પર્યાય પણ શુદ્ધ થઈ જાય છે.) આત્માને જ્ઞાનના અંશથી ઓળખાવવાનો મૂળ હેતુ તો આ છે.

જ્ઞાન પ્રકાશ :જ્ઞાનીને જ્ઞાનપ્રકાશ અંતરમાં પ્રગટ્યો છે. તે જ્ઞાન પ્રકાશના ભારથી અજ્ઞાન-અંધકાર ભેદાઈ જાય. અજ્ઞાન અંધકારનો નાશ થાય છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના ભાવ મારા નથી. હું તેનો કર્તા નથી, તે મારૂં સ્વરૂપ નથી. મારૂં સ્વરૂપ તો ચિદાનંદ આનંદ ધન છે. તે સ્વભાવને હું કર્તા છું પરંતુ પરભાવોનો હું કર્તા નથી એમ જ્ઞાનસ્વરૂપ થઈને કર્તુત્વ રહિત થયો થકો નિર્મળ અને નિર્દોષપણે તે કાળે શોભી રહ્યો છે. તે કાળે એટલે પહેલાં અજ્ઞાન હતો તે અજ્ઞાન ટાળીને હવે જ્ઞાની થયો એટલે જ્ઞાનની અંતરક્રિયા અપૂર્વ થઈ, તે જ્ઞાન પ્રકાશના ભારથી જ્ઞાનમાં સમાઈ જાય છે. એટલે તે કાળે શોભી રહ્યો છે, આ કેવળજ્ઞાનીની વાત નથી. આતો સમ્યગ્દષ્ટિ જીવની વાત છે. વાહ ! ભારે અદ્‌ભુત વાત કરી છે, જે જાગીને જુએ તેને જણાય તેવું છે.

જ્ઞાન પ્રગટ થવાની મુખ્ય નિશાની :જ્ઞાન પ્રગટ થતાં સાથે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. (અતીન્દ્રિય આનંદનો અનુભવ ન હોય તો જ્ઞાનનું પ્રગટવું પણ હોતું નથી.)

જ્ઞાન પ્રતિ નિયત :જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર-ચોંટેલા; જ્ઞાન પ્રત્યક્ષ. (૨) જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર ચોંટેલા

જ્ઞાન ભાવ :ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનો પુંજ પ્રભુ ત્રિકાળ એકે જ્ઞાતા-દષ્ટા સ્વભાવી વસ્તુ છે. તેનો દષ્ટિમાં પોતાપણે સ્વીકાર કરવો તે જ્ઞાન ભાવ સંબંધ છે.

જ્ઞાન માત્રથી જ બંધનો નિરોધ થાયછે. :અરે ભાઈ ! જ્ઞાન માત્ર એટલે વચ્ચે વિકાર નહિ, પરનું બંધન નહિ, પુણ્ય-પાપની લાગણી વગરનો એકલો જ્ઞાનમાત્ર ભાવ એવો તેનો અર્થ થાય છે અને તે જ્ઞાનમાં દર્શન-જ્ઞાનચારિત્ર બધું આવી જાય છે; જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞાનની એકાગ્રતા ત્રણે આવી જાય છે.

જ્ઞાન લક્ષણ અને આત્મા લક્ષ્ય ઓ ભેદ કેમ કર્યા ? :ઉત્તર :- પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પોતે પ્રસિદ્ધ છે અને તે જ્ઞાન વડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. લોકો જ્ઞાન માત્રને તો સ્વ-સંવેદનથી જાણે છે.પેટમાં દુઃખે છે, માથું દુઃખે છે એમ કોણે જાણ્યું ? જ્ઞાને જાણ્યું. એ રીતે જ્ઞાન તો પ્રસિદ્ધ છે. પણ અજ્ઞાની તે જ્ઞાન વડે એકલા પરની પ્રસિદ્ધિ કરે છે તેથી તે જ્ઞાનને સ્વ-સન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય-લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે પરંતુ જ્ઞાન અને આત્મા અભેદ છે, જુદા નથી.

જ્ઞાન વૃદ્ધ :જ્ઞાનમાં હક્ક જે વિશેષ તે.

જ્ઞાન વિભવ :આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરૂનો ઉપદેશઅને સ્વ સંવેદન એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનનો વૈભવ.

જ્ઞાન સંચેતના :જ્ઞાન પ્રત્યે જ એકાગ્ર ઉપયુક્ત થઈને (જોડાઈને) તેના તરફ જ ચેત રાખવી તે જ્ઞાનનું સંચેતન અર્થાત્ જ્ઞાન ચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે. અર્થાત્ કેવળજ્ઞાન ઉપજે છે. કેવળજ્ઞાન ઉપજતાં સંપૂર્ણ જ્ઞાન ચેતના કહેવાય છે.

જ્ઞાન સર્વગત (અર્થાત સર્વવ્યાપકછે) :આત્મા જ્ઞાન પ્રમાણ છે; જ્ઞાન જ્ઞેય પ્રમાણ કહ્યું છે, જ્ઞેય લોકાલોક છે. તેથી જ્ઞાન સર્વગત (અર્થાત્ સર્વવ્યાપક) છે.

ભાવાર્થ=ગુણ-પર્યાયોથી દ્રવ્ય અનન્ય છે માટે આત્મા જ્ઞાનથી હીન-અધિક નહિ હોવાથી જ્ઞાન જેવડો જ છે; અને જેમ દાહ્યને (બળવા યોગ્ય પદાર્થને) અવલંબનાર દહન દાહ્યની બરાબર જ છે તેમ જ્ઞેયને અવલંબનાર જ્ઞાન જ્ઞયની બરાબર જ છે. જ્ઞેય તો સમસ્ત લોકાલોક અર્થાત્ બધુંય છે. માટે, સર્વ આવરણનો ક્ષય થતાં જ (જ્ઞાન) સર્વને જાણતું હોવાથી અને પછી કદી સર્વને જાણવામાંથી ચ્યુત નહિ થતું હોવાથી જ્ઞાન સર્વવ્યાપક છે.

પ્રવચન સાર. ગાથા ૨૩.

જ્ઞાન સ્વભાવવાળા :કેવળજ્ઞાનાદિ અનંત ગુણવાળા.

જ્ઞાન સ્વરૂપ થવું. :જગતના સાક્ષીરૂપે થવું, જ્ઞાતારૂપે થવું; જેટલા જગતના ભાવ થાય તેને સાક્ષીપણે જોનારો પણ કર્તા થનારો નહિ; ગમે તે પુણ્ય-પાપની વૃત્તિ થાય તેનો જાણનાર-દેખનારો એટલે કે સાક્ષીપણે રહેનારો પરંતુ કર્તા થનારો નહિ એવો અનાદિનો પુરાણ-પુરૂષ-ભગવાન આત્મા અહીંથી હવે પ્રકાશમાન થાય છે.

જ્ઞાન, કર્મ અને કર્મફળનું સ્વરૂપ :જેમાં સ્વ તે સ્વ-રૂપે અને પર તે પર-રૂપે (પરસ્પર ભેળસેળ વિના, સ્પષ્ટ ભિન્નતાપૂર્વક) એકી સાથે પ્રતિભાસે છે તે જ્ઞાન છે.

જીવથી કરાતો ભાવ તે જીવનું કર્મ છે. તેના મુખ્ય બે પ્રકાર ;

(૧) નિરૂપાધિક (સ્વાભાવિક) શુદ્ધભાવરૂપ કર્મ, અને

(૨) ઔપાધિક શુભાશુભ. ભાવરૂપ કર્મ. આ કર્મ વડે નિપજું સુખ અથવા દુઃખ તે કર્મરૂપ છે. ત્યાં દ્રવ્યકર્મ રૂપ ઉપાધિમાં જોડાણ નહિ હોવાને લીધે જે નિરુપાશ્ચિક શુદ્ધભાવ રૂપ કર્મ થાય છે. તેનું રૂપ તે અનાકુળતા જેવું લક્ષણ છે એવું સ્વભાવભૂત સુખ છે; અને દ્રવ્ય કર્મરૂપ ક્રિયાધિમાં જોડાવાને લીધે જે ઔપાધિક શુભાશુભભાવ રૂપ કર્મ થાય છે, તેનું રૂપ વિકારભત દુઃખ છે કારણ કે તેમાં અનાકુળતા નથી પણ આકુળતા છે. આ રીતે જ્ઞાન, કર્મ અને કર્મફળનું સ્વરૂપ કહ્યું.

જ્ઞાનઉપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન :ત્યાં

(૧) આભિનિબોધિક જ્ઞાન,

(૨) શ્રુતજ્ઞાન

(૩) અવધિજ્ઞાન

(૪) મનઃપર્યય જ્ઞાન

(૫) કેવળ જ્ઞાન

(૬) કુમતિજ્ઞાન

(૭) કુશ્રુત જ્ઞાન અને

(૮) વિભંગ જ્ઞાન-એ પ્રમાણે જ્ઞાનોપયોગના ભેદોનાં નામનું કથન છે.

હવે તેમનાં સ્વરૂપનું કથન કરવામાં આવે છે. આત્મા ખરેખર સર્વ આત્મ પ્રદશોમાં વ્યાપક, વિશુધ્ધ જ્ઞાન સામાન્ય સ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ જ્ઞાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકી,

(૧) તે પ્રકારના (અર્થાત મતિજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને ઈન્દ્રિય-મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે (અપૂર્ણપણે-અંશે) વિશેષતઃ અવબોધે છે તે આભિનિબોધિક જ્ઞાન છે.

નિશ્ચયનયે અખંડ એક વિરુધ્ધ જ્ઞાનમય એવો આ આત્મા વ્યવહારનયે સંસાર અવસ્થામાં કર્માવૃત વર્તતો થકો, મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં પાંચ ઈંદ્રિયો અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે તે મતિજ્ઞાન છે. તે ત્રણ પ્રકારનું છે;

(૧) ઉપલબ્ધિરૂપ, (૨) ભાવનારૂપ અને (૩) ઉપયોગરૂપ.

(૧) મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જનિત અર્થગ્રહણશક્તિ (પદાર્થને જાણવાથી શક્તિ) તે ઉપલબ્ધિ છે.

(૨) જાણેલા પદાર્થનું પુનઃપુનઃ ચિંતન તે ભાવના છે. અને

(૩) આ કાળું છે, આ પીળું છે, ઈત્યાદિરૂપે અર્થગ્રહણ વ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. એવી જ રીતે તે (મતિજ્ઞાન) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ભેદો વડે અથવા કોષ્ઠબુધ્ધિ, બીજબુધ્ધિ, પદાનુસારી બુધ્ધિ અને સંભિન્નશ્રોતૃતા બુધ્ધિ એવા ભેદો વડે ચાર પ્રકારનું છે. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે

મતિજ્ઞાન તે જ ઉપાદેયભૂત અનંત સુખનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદય છે. તેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.)

(૨) શ્રુતજ્ઞાન=તે પ્રકારના (શ્રુતજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે શ્રુતજ્ઞાન છે.

તે જ પૂર્વોક્તિ આત્મા, શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમ હોતાં, મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે. તેમજ ઉપયોગરૂપ અને નયરૂપ છે. ઉપયોગ શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાતૂ આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને નય શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુધ્ધ જ્ઞાન દર્શન જેનો સ્વભાવ છે એવા શુધ્ધ આત્મતત્ત્વનાં સમ્યકશ્રધ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક જે ભાવશ્રુત તે જ ઉપાદેય છે. પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.

(૩) અવધિજ્ઞાન=તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે અવધિજ્ઞાન છે.

આ આત્મા, અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપેણે જાણે છે તે અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બે પ્રકારે જાણવું. અથવા અવધિજ્ઞાન દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો વડે ત્રણ પ્રકારે છે. તેમાં પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો વડે ત્રણ પ્રકારે છે. તેમાં પરમાવધિ અને સર્વાવધિ ચૈતન્યના ઊછાળવાથી ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદરૂપ સમરસીભાવે પસ્ણિવ ચરમદેહી તપોધનને હોય છે. ત્રણે પ્રકારનાં અવધિજ્ઞાનો વિશિષ્ટ સમ્યક્ત્વાદિ ગુણથી નિશ્ચયે થાય છે. દેવો અને નારકોને થતું ભવ પ્રત્યયી જે અવધિજ્ઞાન તે નિયમથી દેશાવધિ જ હોય છે.

(૪) મનઃ પર્યય જ્ઞાન : તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ પરમનોગત (પારકાના મન સાથે સંબંધવાળા) મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે. તે મનઃપર્યય જ્ઞાન છે. ઋજુમતિ અને વિપુલમતિ એવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. ત્યાં વિપુલમતિ મનઃપર્યય જ્ઞાન પરના મન વચન કાય સબંધી પદાર્થને વક્ર તેમજ અવક્ર બન્નેને જાણે છે અને ઋજુમતિ મનઃપર્યાય જ્ઞાન તો ઋજુને (અવક્રને) જ જાણે છે. નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહીત ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યય જ્ઞાન હોય છે. આ બન્ને મનઃપર્યયજ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યકૂશ્રધ્ધાન જ્ઞાન-અનુષ્ઠાનની ભાવના સહિત પંદર પ્રમાદ રહિત અપ્રમતિ મુનિને ઉપયોગમાં વિશુધ્ધ પરિણામમાં ઉત્પન્ન થાય છે. અહીં મનઃપર્યય જ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણાનો નિયમ છે. પછી પ્રમત્તપણામાં પણ તે સંભવે છે.

(૫) કેવળજ્ઞાન=સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ) મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સમળપણે વિશેષતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે.

જે જ્ઞાન ઘટપટાદિ જ્ઞેય પદાર્થોને અવલંબીને ઊપજતું નથી. તે કેવળજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાન સ્વરૂપ પણ નથી. જો કે દિવ્યધ્વનિકાળે જેના આધારે ગણધરદેવ વગેરેને શ્રુતજ્ઞાન પરિણમે છે તો પણ તુ શ્રુતજ્ઞાન ગણધરદેવ વગેરેને જ હોય છે. કેવળી ભગવંતોને તો કેવળજ્ઞાન જ હોય છે, વળી કેવળી ભગવંતોને શ્રુતજ્ઞાન નથી એટલું જ નહિ, પણ તેમને જ્ઞાન-અજ્ઞાન પણ નથી. અર્થાત તેમને કોઈ વિષયનું જ્ઞાન અને કોઈ વિષયનું અજ્ઞાન પણ નથી. અર્થાતૂ તેમને કોઈ વિષયનું જ્ઞાન અને કોઈ વિષયનું અજ્ઞાન હોય એમ પણ નથી- સર્વ વિષયોનું જ્ઞાન જ હોય છે; અથવા તેમને મતિજ્ઞાનાદિ અનેક ભેદવાળું જ્ઞાન નથી-કેવળજ્ઞાન એક જ છે.

અહીં જે પાંચ જ્ઞાનો વર્ણવવામાં આવ્યાં તે વ્યવહારથી વર્ણવવામાં આવ્યાં છે. નિશ્ચયથી તો વાદળાં વિનાના સૂર્યની માફક આત્મા અખંડ એક જ્ઞાનપ્રતિભા સમય જ છે.

હવે અજ્ઞાનત્રય વિષે કહેવામાં આવે છે :-

(૬) કુમતિજ્ઞાન=મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિકજ્ઞાન જ કુમતિજ્ઞાન છે.

મિથ્યાત્વ દ્વારા અર્થાતૂ ભાવ-આવરણ દ્વારા અજ્ઞાન કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન તથા વિભંગજ્ઞાન) અને અવિરતિભાવ હોય છે, તથા જ્ઞેયને અવલંબતા (જ્ઞેય સંબંધી વિચાર અથવા જ્ઞાન કરતાં) તે તે કાળે દુઃનય અને દુઃપ્રમાણ હોય છે.

(૭) કુશ્રુતજ્ઞાન=મિથ્યા દર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે.

(૮) વિભંગજ્ઞાન=મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિ

જ્ઞાનક્રિયા :આ જે આત્મા છે તે જ્ઞાન સ્વરૂપ છે તેમ તાદાત્મ્યપણે એમાં એકાગ્ર થવું તે જ્ઞાનની ક્રિયા છે. આત્મા અને જ્ઞાન એકરૂપ હોવા છતાં તે એકરૂપ એવી તેણે પર્યાયમાં અનુભતિ નથી કરી. સાકર અને એની મીઠાશ છે તો તદ્રુપે. પણ એનો સ્વાદ આવે ત્યોર તદ્રુપે છે એમ સાચું થયું ને ? એમ ગુણ (જ્ઞાન) અને ગુણી (આત્મા) છે એકરૂપ, પણ પર્યાયમાં એનો સ્વાદ આવે એની સેવના થઈ કહેવાય ને ?

જ્ઞાનક્રિયાથી પ્રાપ્તિ :કોઈ પર્યાય પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ પણ તે દ્રવ્યના આધારે-દ્રવ્યમાંથી-ઉત્પન્ન થાય; કારણ કે જો એમ ન હોય તો તો દ્રવ્યરૂપ આધાર વિના પર્યાયો ઉત્પન્ન થાય, જળ વિના તરંગો થાય, એ પણ પ્રત્યક્ષ વિરુધ્ધ છે; તેથી પર્યાયને ઉત્પન્ન થવા માટે દ્રવ્યરૂપ આધાર જોઈએ. આ રીતે જ્ઞાનપર્યાય પણ પોતે પોતામાંથી ઉત્પન્ન થઈ શકે નહિ, આત્મ દ્રવયમાંથી ઉત્પન્ન થાય-એ વાત તો બરાબર છે. પરંતુ જ્ઞાનપર્યાય પોતે પોતાથી જણાઈ શકે નહિ એવાત યથાર્થ નથી. આત્મ દ્રવ્યમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય પોતે પોતાથી જ જણાય છે. જેમ દીવા રૂપ આધારમાંથી ઉત્પન્ન થતો પ્રકાશ પર્યાય સ્વ-પરને પ્રકાશે છે. તેમ આત્મારૂપ આધારમાંથી ઉત્પન્ન થતો જ્ઞાનપર્યાય સ્વ-પરને જાણે છે. વળી જ્ઞાન પોતે પોતાને જાણે છે એ અનુભવસિધ્ધ પણ છે.

જ્ઞાન-ક્રિયાથી મોક્ષ છે :તેમાં જ્ઞાન શું છે અને ક્રિયા શું છે ? દ્રવ્ય શ્રુતજ્ઞાનના આલંબનથી પણ ભાવ શ્રુતજ્ઞાન એટલે કે શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તે જ વાસ્તવિક જ્ઞાન છે; ને દ્રવ્ય ક્રિયાનું આલંબન લઈને પણ અંતરમાં ભાવદીપક પ્રગટાવવો, અંતરાત્મામાં ભાવક્રિયા સાધવી, શુદ્ધ આત્માનું અનુચરણ કરવું તે જ વાસ્તવિક ક્રિયા યા ચારિત્ર છે. આ શુદ્ધ આત્મજ્ઞાન ને શુદ્ધ આત્મચારિત્રનો જ્યારે સુમેળ પ્રાપ્ત થાય છે ત્યારે જ મોક્ષની પ્રાપ્તિ થાય એમાં કોઈ વાદ નથી.

સારાંશ કે જ્ઞાન શબ્દથી ભાવશ્રુતજ્ઞાન અથવા શુદ્ધઆત્મજ્ઞાન, ક્રિયા શબ્દથી ભાવ ચારિત્ર અથવા શુદ્ધ આત્મ ચારિત્ર વિવક્ષિત છે. એવા જ્ઞાન-ક્રિયાનો મેળ મળે ત્યારે જ મોક્ષ મળે એ નિશ્ચિત છે.

જ્ઞાનચક્ષુ :દિવ્ય નયન. (૨) શુદ્ધ જ્ઞાનપરિણતિ; શુદ્ધ જ્ઞાન પરિણતિ રાગ-દ્વેષને, પુણ્ય-પાપને કરતી કે ભોગવતી નથી તેમજ તેને ગ્રહતી પણ નથી. તે જ્ઞાન ચક્ષુ માત્ર જાણે છે. જ્ઞાતા-દ્રષ્ટાપણે રહે છે. જો તે જ્ઞાતા-દ્રષ્ટાપણે મટીને કરવા-ભોગવવા કે ગ્રહવા જાય તો તેની શાંતિ બળી જાય છે.

જ્ઞાનચેતના :(જ્ઞાનોપયોગ) જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાનોપયોગ કહે છે; અર્થાત્ જ્ઞાનગુણને અનુસરીને વર્તનારો ચૈતન્ય પરિણામ તે જ્ઞાનોપયોગ છે. (૨) રાગથી ખસીને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થવું તે જ્ઞાનચેતના છે, અને તે ચોથેથી શરૂ થાય છે.સમ્યદ્દષ્ટિને જ્ઞાન ચેતના હોય છે, પણ પુર્ણ નથી. સાથે કર્મચેતના અને કર્મફળ ચેતના પણ હોય છે. (૩) જે પદાર્થોને સાકારરૂપે વિશેષપણે કરીને જાણે તેને જ્ઞાન ચેતના કહે છે. જ્યારે આ ચેતના શુદ્ધ જ્ઞાન સ્વભાવે પરિણમે ત્યારે જ્ઞાન ચેતના કહીએ. (૪) જ્ઞાનનું અનુભવવું; જ્ઞાનનું અનુભવન (૫) નિજ જ્ઞાનાનંદ સ્વરૂપના પરિણમનરૂપ જ્ઞાન ચેતનાનું અનુભવન મુનિને હોય છે. રાગનું કરવું અને રાગનું વેદવું મુનિને છૂટી ગયું હોય છે, એને તો એકલું આનંદનું વેદન છે. આવા ચારિત્રવંત મુનિ મોક્ષની તદ્દન નજીક હોય છે. (૬) જ્ઞાનનું અનુભવન. (૭) ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, તેમાં એકાગ્ર થઈને તેમાં જ લીન થવું તે જ્ઞાનચેતના છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈને પ્રકાશે છે. અહાહા... ! જેમ મોર ગેલમાં આવી કળા કહે છે ત્યારે એનાં પીંછાં ખીલે

છે, તેમ ભગવાન આત્મા નિજ સ્વભાવમં એકાગ્ર થઈને રમેપ્રવર્તે ત્યારે પર્યાયમં જ્ઞાન અને આનંદની કળા ખીલી નીકળે છે. જ્ઞાનચેતના ખીલી નીકળે છે, અને તે વૃદ્ધિગત થઈ જેમ પૂનમનો ચંદ્ર સર્વ કળાએ ખીલી નીકળે તેમ જ્ઞાનચેતના કેવળજ્ઞાનપણે ખીલી ઊઠે છે. આવી વાર્તા સ્વસ્વરૂપમં લીન થઈને ત્યાં જ રમે તેને કેવળજ્ઞાન ખીલી ઊઠે છે; અને ત્યારે સંપૂર્ણ જ્ઞાન ચેતના કહેવાય છે. (૮) આત્મા વસ્તુ ત્રિકાળ છે, તેનો જ્ઞાનાનંદસ્વભાવ પણ ત્રિકાળ છે. આવા નિજ સ્વભાવનું ભાન કરી અંતર-એકાગ્રતાથી આનંદની રમતમાં જોડાવું તેનું નામ જ્ઞાનચેતના છે.

જ્ઞાનચેતના કેવી છે ? :સદા આનંદરૂપ પોતાના સ્વભાવના અનુભવરૂપ છે. જ્ઞાન ચેતના નિજ સ્વભાવના અનુભવરૂપ સદા આનંદરૂપ છે એ અસ્તિની વાત કરી, નાસ્તિથી કહીએ તો તે શુભાશુભને કરવા ભોગવવાના ભાવના અભાવરૂપ છે. અહાહા ! આત્મા ચૈતન્ય રત્નાકર પ્રભુ છે. તે પુણ્ય-પાપરૂપ વિભાવને કેમ કરે ? જ્ઞાનાનંદના અનુભવરૂપ જ્ઞાનચેતનાને છોડી તે વિભાવને -શુભાશુભને કેમ કરે ? આચાર્ય કહે છે -

જ્ઞાનીજનો ! જ્ઞાનચેતનાને સદા ભોગવો, આનંદરસને સદા પીઓ.

જ્ઞાનચેતનાના ભેદ :જ્ઞાન ચેતનાના પાંચ ભેદ છે.

(•) મતિજ્ઞાન,

(•) શ્રુતજ્ઞાન,

(•) અવધિજ્ઞાન,

(•) મનઃપર્યયજ્ઞાન અને

(•) કેવળજ્ઞાન.

જ્ઞાનાચાર :કાળ, વિનય, ઉપધાન, બુહમાન, અનિહ્નવ, અર્થ, વ્યંજન અને તદુભય સંપન્ન જ્ઞાનાચાર, ! શું આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું તો પણ ત્યાં સુધી તેને અંગીકાર કરૂં છું કે જ્યાં સુધીમાં તારા પ્રસાદથી શુદ્ધ આત્માને ઉપલબ્ધ કરૂં.

જ્ઞાનત્વ જાતિ :જ્ઞાન ગુણ.

જ્ઞાનથી અર્થાંતરભૂત :જ્ઞાનથી અન્યવસ્તુભૂતઃ જ્ઞાનથી અન્ય અર્થાત્ જડ (અજીવનો સ્વભાવ અચૈતન્ય હોવાને લીધે જ્ઞાનથી અન્ય એવાં જડ ચિહ્નો વડે તે જણાય છે.

જ્ઞાનથી અર્થાન્તરભૂત :જ્ઞાનથી અન્ય વસ્તુભૂત; જ્ઞાનથી અન્ય અર્થાતૂ જડ (અજીવનો સ્વભાવ અચૈતન્ય હોવાને લીધે જ્ઞાનથી અન્ય એવાં જડ ચિહ્નો વડે તે જણાય છે.)

જ્ઞાનદર્પણ :દર્પણમાં મયૂર, મંદિર, સૂર્ય, વૃક્ષ વગેરેના પ્રતિબંબ પડે છે. ત્યાં નિશ્ચયથી તો પ્રતિબિંધો દર્પણની જ અવસ્થા છે; છતાં દર્પણમાં પ્રતિબિંબો દેખીને કાર્યમાં કારણનો ઉપચાર કરીને મયૂરાદિ દર્પણમાં છે એમ વ્યવહારથી કહેવાય છે. (પ્રતિબિંબો નૈમિત્તિક કાર્ય છે અને મયૂરાદિ નિમિત્ત કારણ છે.) એવી રીતે જ્ઞાનદર્પણમાં પણ સર્વ પદાર્થોના સમસ્ત જ્ઞેયાકારોનાં પ્રતિબિંબ પડે છે. અર્થાત પદાર્થોના જ્ઞેયાકારોના નિમિત્તે જ્ઞાનમાં જ્ઞાનની અવસ્થારૂપ જ્ઞેયાકારો થાય છે. (કારણ કે જો એમ ન થાય તો જ્ઞાન સર્વપદાર્થોને જાણી શકે જ નહિ)

જ્ઞાનદર્શન :જ્ઞાનદર્શનનું ફળ યથાખ્યાત ચારિત્ર, અને તેનું ફળ નિર્વાણ; તેનું ફળ અવ્યાબાધ સુખ. (૨) જાણવું-દેખવું.

જ્ઞાન-દર્શન-ચારિત્રનિયમ :આ જ્ઞાનદર્શન ચારિત્ર સ્વરૂપ નિયમ નિર્વાણ કારણ છે.

જ્ઞાન-દર્શનથી પૂર્ણ :જાણવું અને દેખવું તેનાથી ભરેલો છું.

જ્ઞાનધન આત્મા :અજ્ઞાન અને રાગદ્વેષના વિકલ્પો અંતર પેસે નહિ અવો નિબિક જ્ઞાનનો ધન આત્મા છે.

જ્ઞાનધામ :જ્ઞાનમંદિર; જ્ઞાન પ્રકાશ

જ્ઞાનધારા :જ્ઞાનનો પ્રવાહ.

જ્ઞાનનું માર્ગ ચરે છે :જ્ઞાનને અનુસરનારા માર્ગ પ્રર્વર્ત છે.

જ્ઞાનનુ સત્કાર્ય :હું મારારૂપે થનાર છું પણ પર રૂપે થનાર નથી એવી શ્રદ્ધાને જ્ઞાન કરીને જ્ઞાનમાં સ્થિર રહેવું તે જ્ઞાનનું સત્કાર્ય છે. પરના કાર્યરૂપે ન થવું પણ પોતાના કાર્યરૂપ થવું તે જ્ઞાનનું સત્કાર્ય છે.

પદ્‌ગલકર્મના ક્રિયા આત્મા કરતો નથી, આત્મા-આત્માની જ્ઞાનક્રિયા કરે છે. જ્ઞાનનું સાક્ષીપણું, જ્ઞાનનું ઉદાસીપણું તે જ્ઞાનનું સત્‌કાર્ય છે.

જ્ઞાનનું સર્વ વ્યાપકપણું :ગુણ-પર્યાયો અર્થાત્ યુગપદ્ સર્વ ગુણો અને પર્યાયો તે જ દ્રવ્ય છે. એ વચન પ્રમાણે આત્મા જ્ઞાનથી હીનાધિકતા રહિત પણે પરિણમતો હોવાથી જ્ઞાન પ્રમાણ છે, અને જ્ઞાન જ્ઞેયનિષ્ઠ હોવાથી, દાહ્યનિષ્ઠ દહનની જેમ, જ્ઞેયપ્રમાણ છે. જ્ઞેય તો લોક અને અલોકના વિભાગથી વિભક્ત, અનંત પર્યાયમાળાથી આલંગિત સ્વરૂપે સૂચિત (પ્રગટ, જણાતો), નાશવંત દેખાતો છતાં ધ્રુવ એવો ષટ્‌દ્રવ્યસમૂહ છે એટલે કે બધુંય છે. (જ્ઞેય તો છયે દ્રવ્યનો સમૂહ એટલે કે બધુંય છે.) માટે નિઃશેષ આવરણના ક્ષયની ક્ષણે જ લોક અને અલોકના વિભાગથી વિભક્ત સમસ્ત વસ્તુઓના આકારોના પારને પામીને એ રીતે જ અચ્યુતપણે રહેતું હોવાથી જ્ઞાન સર્વગત છે.

જ્ઞાનનું સેવન :જ્ઞાનનો અનુભવ; જ્ઞાનનું વેદન.

જ્ઞાનનય :જ્ઞાનને જે જાણે તે જ્ઞાનનય.

જ્ઞાનના આઠ અંગ :જ્ઞાનના આઠ અંગ નીચે પ્રમાણે છે :

(૧) યોગ્ય કાળ જ્ઞાન સ્વાધ્યાય માટે જે યોગ્ય કાળ હોય તેનો વિચાર-વિવેક કરીને, સ્વાધ્યાય કરવી તે કાળ-આચાર છે.

(૨) વિનય = ઉદ્ધતાપણું છોડીને, શ્રીગુરૂ પ્રત્યે તથા શાસ્ત્રપ્રત્યે વિનયપૂર્વક જ્ઞાનની ઉપાસના કરવી તે વિનય આચાર છે.

(૩) ઉપધાન =ઉપવાસ-એકાસન વગેરે યોગ્ય અનુષ્ઠાન સહિત જ્ઞાનની ઉપાસના કરવી; અમુક તપની ધારણા સહિત જ્ઞાનને આરાધવું.

(૪) બહુમાન = જ્ઞાનનો ખૂભા ાર, જ્ઞાનદાતા ગુરુનો પણ ખૂબ સાદર-બહુમાન એ જ્ઞાનના હેતુભૂત શાસ્ત્રાદિનું પણ બહુમાન કરવું. એ રીતે બુહમાનપૂર્વક જ્ઞાનનું આરાધન થાય છે.

(૫) અનિહ્નવ = જે દેવ ગુરૂ-શાસ્ત્રના નિમિત્તે પોતે જ્ઞાન પામ્યો તેમના ઉપકારને પ્રસિદ્ધ કરે, તેમના નામાદિકને છૂપાવે નહિ, એવો જ્ઞાનનો અનિહ્નવ આચાર છે.

(૭-૮) શબ્દશુદ્ધ, અર્થ શુદ્ધિ, અને શબ્દઅર્થ બન્નેની સંધિ જેમ છે તેમ એ ત્રણે પ્રકારને બરાબર જાણીને જ્ઞાનની આરાધના કરવી તે જ્ઞાનના ત્રણ આચાર છે.

આ રીતે આઠ પ્રકારની આચારશુદ્ધિ વડે સમ્યગ્જ્ઞાનને આરવું.

જ્ઞાનના પ્રકાર :જ્ઞાનોપયોગના પાંચ પ્રકાર છે; મતિ જ્ઞાન શ્રુતિજ્ઞાન. અવધિજ્ઞાન, મનઃ પર્યયજ્ઞાન અને કેવળ જ્ઞાન એ પાંચ પ્રકારના જ્ઞાનને જિનેન્દ્રદેવે સમ્યગ્જ્ઞાન કહ્યું છે, અને તે વસ્તુના વિશેષ આકારવેદનરૂપ છે. તે જ તેનું લક્ષણ છે જે તેના પાંચે ભેદોમાં વ્યાપ્ત છે.

જ્ઞાનના ભેદ :જ્ઞાનગુણ તો નિત્ય એક રૂપ જ હોય છે, પણ તેના સમ્યક-પર્યાયના પાંચ ભેદ છેઃ-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કેવળ જ્ઞાન. આ પાંચે સમ્યગ્જ્ઞાનના ભેદ છે.

મિથ્યાજ્ઞાનના ત્રણ પર્યાયો છે તે કુમતિ, કુશ્રુત અને કુઅવધિ એમ આઠ પર્યાયો છે.

જ્ઞાનનિધિ :જ્ઞાનનો સમુદ્ર; જ્ઞાનનો ખજાનો.

જ્ઞાનનિષ્ઠ :જ્ઞાનમાં નિષ્ઠાવાળાં; જ્ઞાન પરાયણ; જ્ઞાનમાં નિશ્ચિત; જ્ઞાનમાં સ્થિર ચોંટેલા. (જ્ઞાનનિષ્ઠાપણાનું મૂળ શુધ્ધાત્મતત્ત્વનું સંવેદન છે.)

જ્ઞાનની ક્રિયા :અહીં જ્ઞાન એટલે એકલું (બહારનું) જાણપણું એમ નહિ, પણ રાગથી ભિન્ન પડી સ્વભાવની પ્રતીતિ, સ્વભાવનું જ્ઞાન અને તેમાં જ રમણતા એવી જે જ્ઞાનની ક્રિયા તેનાથી જ બંધનો નિરોધ સિધ્ધ થાય છે એટલે કે નવું કર્મ બંધાતું નથી. (૨) જેમ અગ્નિમાં ઉષ્ણતા એકરૂપ છે તેમ આત્મા અને એનો જ્ઞાનસ્વભાવ એકરૂપ છે, તદ્રુપ છે, તાદાત્મયરૂપ છે. આવા જ્ઞાન સ્વભાવી આત્માની સન્મુખ થઈ એકાગ્રતા થતાં જે પરિણમન થયું તે જ્ઞાનની ક્રિયા છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ ધર્મ છે. આ ક્રિયા નિજ સ્વભાવરૂપ હોવાથી નિષેધી શકાતી નથી. (૩) જ્ઞાન તે ગુણ છે એ આત્મા તે દ્રવ્ય છે. તે બન્નેને ત્રિકાળ તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. તેને મારૂં-પોતીકાનું સ્વરૂપ જાણતો થકો નિશંકપણે જ્ઞાનમાં પોતાપણે વર્તે છે, અને જ્ઞાનમાં વર્તતો છે. તે જ્ઞાન ક્રિયા સ્વભાવભૂત હોવાને લીધે નિષેધવામાં

આવી નથી. શરીરાદિની અને રાગાદિની જે ક્રિયા થાય તેને જાણી લેવી તે જ્ઞાનની પરિણતિ જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાનની અવસ્થાને જ્ઞાતાભાવે રહીને જાણી લેવી તે જ્ઞાનની ક્રિયા છે. જ્ઞાન જ્ઞાનમાં એકાગ્રમાં એકાગ્ર થયું તે જ્ઞાનની ક્રિયા છે.

આત્મા જાણનાર અને જોરનાર છે. જ્ઞાની જાણે છે કે આ રાગનો કર્તા હું નથી પણ તેનો જ્ઞાતા રહેલું તે મારૂં કામ. તે મારી જ્ઞાનની ક્રિયા. આ ક્રિયા સર્વજ્ઞ ભગવાનોએ નિષેધી નથી, કેમ કે જ્ઞાનક્રિયામાં પુરૂષાર્થ છે. જ્ઞાન ક્રિયા પોતાનો સ્વભાવ છે. જ્ઞાનક્રિયા તે સદ્‌ભૂત વ્યવહાર છે.

રાગ-દ્વેષની શુભાશુભ લાગણીઓ થાય તે ચૈતન્યની અરૂપી વિકારી ક્રિયા છે. તે આત્માની પોતાની અવસ્થા છે. અજ્ઞાન અવસ્થામાં વિકારી ક્રિયાનો કર્તા થતો હતો એ ભાન થતાં જ્ઞાનનો કર્તા થયો, અને જ્ઞાન એની ક્રિયા થઈ જુઓ, આમાં ક્રિયા આવી પરંતુ ચૈતન્યની ક્રિયા આવી; જડની ક્રિયા મારી નથી. વિકારી ક્રિયા મારી નથી પણ જ્ઞાનની ક્રિયા તે મારી ક્રિયા છે. આ ક્રિયાથી બંધનભાવ ટળીને અબંધનભાવ થાય છે માટે આ ક્રિયા નિષેધવામાં આવી નથી.

જ્ઞાની પોતાના જ્ઞાનમાં સ્વ-પરને જાણે છે પરંતુ પરનો કર્તા થતો નથી. પ્રથમ વિકારરૂપ પરિણમતો હતો તેને ફેરવીને જાણવારૂપ પરિણમે છે. આ મોક્ષમાર્ગની ક્રિયા છે. આ સાધકની ક્રિયા છે.

જ્ઞાનની ચેતનામાં ચેતવું :જ્ઞાનમાં એકાગ્ર થવું.

જ્ઞાનની નિશાની :અતીન્દ્રિય આનંદનો અનુભવ ન હોય તો જ્ઞાનનું પ્રગટવું હોતું નથી.

જ્ઞાનીના વચનો :જ્ઞાનીનાં વચનો વિષયનું વમન, વિરેચન કરાવનારું છે.

જ્ઞાનની સંચેતના :શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુને નિજસ્વરૂપમાં એકાગ્ર થઈ તને પર્યાયમાં વેદવું અનુભવવું તે જ્ઞાનની સંચેતના છે. શુદ્ધ ચૈતન્ય દાન સ્વભાવી આનંદ કંદ પ્રભુ આત્મા છે., તેમાં સમ્યક્ પ્રકારે એકાગ્ર થઈ રમણતા કરવાની જ આત્માની અત્યંત શુદ્ધ દશા પ્રકાશે છે. (૨) સમ્યગ્દર્શન પૂર્વક ઉપયોગની અંતર એકાગ્રતા થાય તેને અહીં જ્ઞાનની સંચેતના કહી છે. તેનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે.

જ્ઞાનીનો આત્મા :જ્ઞાનીનો આત્મા ત્રિકાળ જ્ઞાતા-દ્રષ્ટા ધ્રુવ છે. અખંડ છે. કારણકે જેવો ચૈતન્યનો સ્વભાવે તેવો જ્ઞાનીએ પ્રતીતમાં લીધો છે માટે જ્ઞાનીનો આત્મા અખંડ ત્રિકાળ શુદ્ધ છે.

અજ્ઞાનીનો આત્મા કેવડો ? કે અજ્ઞાનીના અજ્ઞાનભાવ જેવડો. એટલે કે વર્તમાન અવસ્થા જેવડો. એટલે કે એક સમયના પુણ્યપાપભાવ પૂરતો. કારણ કે ત્રિકાળી શુદ્ધસ્વભાવને તે માનતો નથી માટે તે અજ્ઞાનીનો ત્રિકાળી આત્મા નથી, એનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે એ તો ક્યાં જાય, પણ અહીં એની માન્યતાની અપેક્ષાએ વાત છે.

આવો જ્ઞાનપ્રકાશ જ્ઞાનીને અંતરમાં પ્રગટ્યો છે. તે જ્ઞાનપ્રકાશના ભારથી અજ્ઞાન-અંધકાર ભેદાઈ જાય છે, અજ્ઞાન અંધકારનો નાશ થાય છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપભાવ મારા નથી, હું તેનો કર્તા નથી, તે મારૂં સ્વરૂપ નથી. મારૂં સ્વરૂપ તો ચિદાનંદ આનંદઘન છે. તે સ્વભાવનો હું કર્તા છું પરંતુ પરભાવોનો હું કર્તા નથી એમ જ્ઞાન સ્વરૂપ થઈને કર્કુત્વ રહિત થયો થકો નિર્મળ અને નિદોર્ષપણે તે કાળે શોભી રહ્યો છે. તે કાળે એટલે પહેલાં અજ્ઞાની હતો તે અજ્ઞાન ટળીને હવે જ્ઞાની થયો એટલે જ્ઞાનની અંતરક્રિયા અપૂર્વ થઈ, તે જ્ઞાનપ્રકાશના ભારથી જ્ઞાનમાં સમાઈ જાય છે, એટલે તે કાળે શોભી રહ્યો છે, આ કેવળજ્ઞાનની વાત નથી, આ તો સમ્યગ્દષ્ટિ જીવની વાત છે. વાહ ! ભારે અદ્‌ભુત વાત કરી છે, જે જોગીને જુએ તેને જણાય તેવું છે.

જ્ઞાનનો દોષ :સંશય, વિપર્યય અને અનધ્યવસાય (અચોકકસતા).

જ્ઞાનનો નિન્હન :(પ્રદોષ, નિહ્નવ ,માત્સર્ય, અંતરાય, આસાદન, ઉપઘાત- (તત્ત્વાર્થ સૂત્ર અ.૬ સૂત્ર.૧૦) એ છ કારક (કારણ) છે વિકારી પર્યાયના, એ ષટ્કારક વિકલ્પ પોતાથી છે. અને જ્ઞાનાવરણીયની જે પર્યાય થી છે એ પોતાના ષટ્કારકથી કર્મના ષટ્કારકથી ઉત્પન્ન થઈ છે રાગથી (વિલ્પથી) ઉત્પન્ન થઈ નથી. આહા...!!

જ્ઞાનનો મહિમા :જ્ઞાન ધીર, ઉદાત્ત (ઉચ્ચ) અનાકુળ (સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ એવો જ્ઞાનનો મહિમા છે.

જ્ઞાનનો વિભવ :આચાર્ય, આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરાપર ગુરૂનો ઉપદેશ અને સ્વ સંવેદન-એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલા પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.

જ્ઞાનપુત્ર :ભગવાન મહાવીર; જ્ઞાન નામના ક્ષત્રિય વંશના.

જ્ઞાનપ્રતિ નિયત :જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર-ચોંટેલા; જ્ઞાનમાં સીધા જણાતા; જ્ઞાન પ્રત્યક્ષ

જ્ઞાનપ્રમાણ :આત્મા જ્ઞાનથી હીના વિકતા હિતિપણે પરિણમતો હોવાથી જ્ઞાનપ્રમાણ છે.

જ્ઞાનભવન માત્ર :સહજ ઉદાસીન; જ્ઞાતા-દષ્ટામાત્ર. (૨) જ્ઞાતાદ્રષ્ટા અવસ્થારૂપ પરિણમન; સહજ ઉદાસીન અવસ્થા

જ્ઞાનભૂષણ ભદ્રારક :શ્રી મૂલસઘના અગ્રેસર શ્રી સકલકીર્તિ આચાર્ય થયા. તેમની પાછળ તેમની પટ્ટરૂપ ઉદયાચલ ઉપર ભય જીવોરૂપી કમલસમૂહને વિકસાવી આત્મોન્નતિ આનંદ કરાવનાર સૂર્યસમાન શ્રી ભૂવનકીર્તિ થયા. તેમના ચરણમાં રક્ત તેમના શિષ્ય શ્રી જ્ઞાનાભૂષણે આ તત્ત્વજ્ઞાન તરંગિણી (સંસ્કૃત ગ્રંથ) વિક્રમ સંવત ૧૫૬૦ (પંદરસો સાઠ)માં રચ્યો છે. આ સિવાય તેમણે બીજા કયા ગ્રંથો રચ્યા છે એ વિગેરે વિશેષ કાંઈ માહિતી મળી શકી નથી. આ તત્ત્વજ્ઞાન તરંગિણી ગ્રંથની શ્લોકસંખ્યા પાંચસો છત્રીસ (૫૩૬) જાણવી.

જ્ઞાનભાવ :જ્ઞાન-આનંદ મારામાં જ છે, પરના સંબંધથી મારા જ્ઞાન આનંદ નથી એવી શ્રદ્ધા હોવી તે જ્ઞાનભાવ છે.

જ્ઞાનમૂર્તિ :જેને કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત,વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણ કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે જે સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશ તો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.

જ્ઞાનમાર્ગની મુશ્કેલીઓ :જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે, પરમાવગાઢ દશા પામ્યા પહેલાં તે માર્ગ પડવાના ઘણાં સ્થાનક છે. સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગ પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી.

જ્ઞાનરૂપ થાઓ :આત્મા અંદર અંદર ત્રિકાળ ધ્રુવજ્ઞાન સ્વભાવી પોતે છે તે જ હું છું એવું જ્ઞાન પ્રગટ થાઓ. અજ્ઞાનદશામાં શરીરાદિ પર જ્ઞેય હું છું, મારા છે એમ માનતો હતો તે હવે ત્યાંથી ખસીને આ જ્ઞાન... જ્ઞાન...જ્ઞાન... એક જેનો સવભાવ છે તે શાશ્વત ધ્રુવ પ્રભુ આત્મા જ હું છું એમ જ્ઞાન શ્રદ્ધાન થાઓ - એમ કહે છે.

જ્ઞાનરૂપી કરવતના અભ્યાસ :જ્ઞાનની એકાગ્રતાનો-અનુભવનો વારંવાર અભ્યાસ કરતાં અર્થાત્ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્માની એકાગ્રતાનો અભ્યાસ વારંવાર કરતાં રાગ જુદો પડી જાય છે. અભ્યાસ કહો કે અનુભવ કહો બન્ને એક જ ચીજ છે. આનંદનો નાશ શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા છે. એની દ્રષ્ટિ કરી એમાં અંતર એકાગ્ર થતાં રાગ ભિન્ન પડી જાય છે, દુઃખની દશા ભિન્ન પડી જાય છે અને આનંદની દશા પ્રગટ થાય છે. જ્ઞાન તે આત્મા છે. એવો એનો અભ્યાર-અંતર અનુભવ કરવો તે જ્ઞાનરૂપી કરવત છે.

પ્રજ્ઞા-બ્રહ્મસ્વરૂપ પ્રભુ આત્મા છે. પ્રજ્ઞા કહેતાં જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પોતે જ છે. તેને અજ્ઞાની બહાર ગોતે છે. પરંતુ આવા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબ્રહ્મ-આત્માનો વારંવાર અભ્યાસ કરતાં ચૈતન્યસ્વરૂપ છે તે જીવ છે અને રાગાદિ આજીવ છે-એમ જીવ અને અજીવ બન્નેનો ભેદ જણાય છે. અને તે કાળે તરત જ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. આ સમક્તિ છે.

બીજો આશય આ પ્રમાણે છેઃ જીવ-અજીવનો અનાદિથી જે સંયોગ છે તે કેવળ જુદા પડ્યા પહેલાં અર્થાત જીવ અને અજીવ તદ્દન જુદા થાય તે પહેલાં મોક્ષ થયા પહેલા ભેદજ્ઞાન ભાવતાં વીતરાગતા રહિત જે દશા હતી તે હવે

વીતરાગતા સહિત દશા થઈ. એટલે કે અંતરમાં સ્વભાવની એકાગ્રતા થતાં નિર્વિકલ્પ ધારા જામી-વીતરાગતાની ધારા અંદર પરિણમી કે જેમાં કેવળ આત્માનો અનુભવ રહે છે. અને તે અંતર એકાગ્રતાની ધારા વેગથી આગળ વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પછી અઘાતી કર્મોનો નાશ થતા જીવ દ્રવ્ય અજીવથી તદ્દન ભિન્ન પડી જાય છે.

પહેલા આશયમાં સમ્યગ્દર્શન સુધીની વાત કરી હતી. અહીં બીજા આશયમાં સમ્યગ્દર્શન પછી ધારા વેગથી આગળ વધતાં પરિપૂર્ણ આનંદ અને જ્ઞાન થાય છે. અને ત્યારે જીવ અને અજીવ તદ્દન જુદા પડી જાય છે એની વાત છે. જીવ અને અજીવને ભિન્ન કરવાની આ રીત પધ્ધતિ છે. નિર્મળ શુધ્ધ ચૈતન્યભાવમાં એકાગ્રતાનો અભ્યાસ કરવો તે અજીવથી જુદા પડવાની રીત અને માર્ગ છે. રાગને સાથે લઈને કે રાગની મદદથી જીવ-અજીવ જુદા ન થાય. ભાઈ ! જેને જુદો પાડવો હોય તેની મદદ જુદા પાડવામાં કેમ હોય ? રાગ તો અજીવ છે અને તેને તો ચૈતન્ય થી જુદો પાડવો છે. તો રાગની સહાયથી રાગ જુદો કેમ પડે ? ન પડે. બહુ ઝીણી વાત.

જ્ઞાનરસ :આનંદરસ; શાંતરસ; વીતરાગ અકષાયરસ

જ્ઞાનશક્તિના પ્રતિબંધક :જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનશક્તિનું પ્રતિબંધક અર્થાત્ જ્ઞાન રોકવામાં નિમિત્તભૂત છે.

જ્ઞાનશકિત સવિકલ્પ છે :સ્વ અને પરને જાણવાના સામર્થ્યવાળી તે એક જ જ્ઞાનશક્તિ છે.

જ્ઞાનસમય :મિથ્યાદર્શનના ઉદયનો નાશ હોતાં, તે પંચાસ્તિકાયનો જ સમ્યક્ અવાય અર્થાતૂ સમ્યક્જ્ઞાન તે જ્ઞાન સમય છે. એટલે કે જ્ઞાનાગમ તે જ્ઞાનસમય છે.

જ્ઞાનસ્વભાવ :પ્રકાશનો પૂંજ.

જ્ઞાનસ્વરૂપ :ચૈતન્ય સ્વરૂપ

જ્ઞાનસ્વરૂપપદ :મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન; અને કેવળ જ્ઞાન. તે એક જ પદ છે. જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે.

જ્ઞાનસૌખ્ય :જ્ઞાન અને સુખરૂપ; સ્વયંભૂ

જ્ઞાનક્ષેપક વંત :સમ્યગ્દષ્ટિ આત્મા; જ્ઞાનપ્રિય.

જ્ઞાનાચાર :અહો કાળ, વિનય, ઉપધાન, બહુમાન, અનિહ્નવ, અર્થ, વ્યંજન અને તદુભય સંપન્ન જ્ઞાનાચાર શુધ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જયાં સુધીમાં તારા પ્રસાદથી શુધ્ધ આત્માને ઉપલબ્ધ કરે. (૨) કાળ, વિનય, ઉપ્ધાન, બહુમાન, અનિહ્નવ, અર્થ,વ્યજંન અને તદુભય સંપન્ન જ્ઞાનાચાર છે. શુધ્ધ આત્માનો તું નથી એમ નિશ્ચયથી હું જાણું છું, તો પણ ત્યાં સુધી તને અંગીકાર કરું છું કે જયાં સુધીમાં તારા પ્રસાદથી શુધ્ધ આત્માને ઉપલબ્ધ કરું. (૩) કાળ, વિનય, ઉપધાન, બહુમાન, અનિહ્નવ, અર્થ, વ્યંજન અને તદુભયસંપન્ન જ્ઞાનાચાર. (૪) સમ્યગ્જ્ઞાનના આઠ અંગ છે.

(૧) વ્યંજનાચાર ; જયાં માત્ર શબ્દના પાઠનું જ જાણપણું હોય તેને વ્યંજનાચાર અંગ કહીએ.

(૨) અર્થાચાર = જ્યાં કેવળ અર્થ માત્રના પ્રયોજન સહિત જાણપણું હોય તેને અર્થાચાર કહીએ અને

(૩) ઉભયાચાર = જ્યાં શબ્દ અને અર્થ બન્નેમાં સંપૂર્ણ જાણપણું હોય તેને શબ્દાર્થ ઊભયપૂર્ણ અંગ કહીએ, વળી જ્ઞાન ક્યારે આરાધવું?

(૪) કાલાચાર = જે કાળે જે જ્ઞાનનનો વિચાર જોઈએ તે જ કરવો (સૂર્યાસ્ત, સૂર્યોદય, બપોર અને મધ્યરાત્રિ તેના પહેલાં એ પછીના મુહૂર્ત તે સંધ્યાકાળ છે. તે કાળ છોડીને બાકીના ચાર ઉત્તમ કાળોમાં પઠન-પાઠનરૂપ સ્વાધ્યાય કરવો તેને કાલાચાર કહે છે.) ચારે સંધ્યાકાળની છેલ્લી બે ઘડીઓમાં, દિગ્દાહ, ઉલ્કાપાન, વજ્રપાત, ઈન્દ્રધનુષ્ય, સૂર્ય -ચંદ્રગ્રહણ, તોફાન, ભૂકમ્પ આદિ ઉત્પાતોના કાળે સિદ્ધાન્ત ગ્રંથોનું પઠન-પાઠન વર્જિત છે. હાં, સ્તોત્ર-આરાધના, ધર્મ કથાદિકના ગ્રંથ વાંચી શકાય છે.

(૫) વિનયાચાર = કેવી રીતે જ્ઞાન આરાધવું ? નમ્રતા યુક્ત થવું, ઉદ્ધત ન થવું.

(૬) ઉપધાનાચાર = વળી કેવું જ્ઞાન આરાધવું ? સોપધાન = ધારણા સહિત જ્ઞાનને ભૂલવું નહીં; ઉપધાન સહિત જ્ઞાનનું આરાધન કરવું તે છઠ્ઠુ અંગ છે.

(૭) બહુમાનાચાર = જે શાસ્ત્ર તથા ગુરૂથી પોતે જ્ઞાન થવું તેને છુપાવવા નહીં, આ આઠ અંગ (સમ્યક્જ્ઞાનના વિનયનાં છે. આરીતે સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું.

જ્ઞાનાઢ્ય :આત્મજ્ઞાનમાં સમૃધ્ધ

જ્ઞાનાત્મા :પોતે આત્મા તો છે પણ જ્ઞાન ઉપયોગને પર વલણી ખસેડીને પોતાના આત્મામાં લીન કર્યો માટે તેને જ્ઞાનાત્મા કહ્યો. સ્વરૂપમાં લીન થયો ત્યાં પ્રત્યગ્જ્યોતિ થયો. નિર્મળ જ્યોતિ થયો. આત્માની ખ્યાતિ થઈ, ઈશ્વરના દર્શન થયા, પોતાની પ્રસિદ્ધિ થઈ, આત્મસાક્ષાત્કાર થયો, એવો અનુભૂતિમાત્ર આત્મા સાક્ષાત્ સમયસાર થયો.

જ્ઞાનાનંદ :જ્ઞાન અને આનંદ

જ્ઞાનાનંદાત્મક :જ્ઞાન અને આનંદ સ્વરૂપ.

જ્ઞાનાવરણ :અજ્ઞાન.

જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મ :જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ,નામ, ગોત્ર અને અંતરાયરૂપ કર્મ છે તે બધું ય જીવને નથી કારણ કે તે પુદ્ગલદ્રવ્યના પરિણામય હોવાથી અનુભૂતિથી ભિન્ન છે. શું કહ્યું ? કે જીવને આઠ કર્મ નથી કારણ કે તે પર દ્રવ્ય છે. તે પરદ્રવ્ય કેમ છે ? કારણ કે કર્મના સંગે તેના તરફના વલણનો જે ભાવ હતો તે સ્વદ્રવ્યની અનુભૂતિથી ભિન્ન પડી જાય છે. માટે.

પ્રશ્ન : કર્મ તો આત્માને રોકે છે એમ આવે છે ને ?

ઉત્તર : આત્માને કોણ રોકે ? પોતે (વિકારમાં) રોકાય છે. ત્યારે કર્મ રોકે છે. એમ કહેવામાં આવે છે. કર્મ તો જડ છે. શું જડ આત્માને રોકી શકે છે ? કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ; ભૂલ મારી પોતાની જ છે. અધિકાઈ એટલે અધિક એમ નહીં, પણ પોતાની ભૂલને કારણે વિકાર થાય છે. અહીં ગાથામાં કહે છે કે અંદર અનુભૂતિ થતાં એ વિકારના પરિણામ ભિન્ન રહી જાય છે. અનુભવમાં આવતા નથી. આવો જૈન પરમેશ્વરનો માર્ગ લોકોએ લૌકિક જેવો કરી નાખ્યો છે.

પ્રશ્ન : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય તો જ્ઞાન ઉઘડે ને ?

ઉત્તર : (ના) પોતાની યોગ્યતાથી જ્ઞાન ઉઘડે છે તેવી રીતે પોતાની યોગ્યતાથી આત્મામાં (પર્યાયમાં) વિકાર થાય છે.

પ્રશ્ન : જીવનો સ્વભાવ તો કેવળજ્ઞાન છે. છતાં વર્તમાનમાં જે સંસાર અવસ્થા છે તથા જ્ઞાનમાં ઓછપ છે તે કર્મના ઉદયને કારણે છે કે કર્મના ઉદય વિના છે?

ઉત્તર : વર્તમાન સંસાર અવસ્થામાં જ્ઞાનની જે ઓછપ છે તે પોતાના કારણે છે. કર્મના ઉદયને કારણે થઈ છે એમ નથી. એનું ઉપાદાનકારણ પોતે આત્મા છે. પોતાની યોગ્યતાથી જ જ્ઞાનમાં ઓછપ થઈ છે, કર્મના કારણે નહિ, કર્મ તો જડ પરવસ્તુ છે. તેથી જ્ઞાનાવરણાદિ કર્મો ખરેખર કાંઈ કરતાં નથી. પોતાનું અશુધ્ધ ઉપાદાન છે તેથી જ્ઞાનમાં ઓછપ થઈ છે. કર્મ તો ત્યાં નિમિત્ત માત્ર છે. કર્મ માર્ગ આપે તો ક્ષયોપશમ થાય એમ નથી. પોતાની યોગ્યતાથી પોતામાં અને કર્મના કારણે કર્મમાં ક્ષયોપશમ થાય છે. કર્મના ઉદયને કારણે જ્ઞાન હીણું છે એમ નથી. પણ પોતે જયારે જ્ઞાનની હીણી દશારૂપે પરિણમે ત્યારે જ્ઞાનાવરણીય કર્મ નિમિત્તમાત્ર છે.

પરંતુ અહીં બીજી વાત છે. અહીં તો એમ કહે છે કે, વસ્તુ જે શુધ્ધ ચૈતન્ય સ્વભાવી આત્મા છે. એમાં ઢળતાં તે કર્મના પરિણામ અનુભવમાં આવતા નથી, અનુભૂતિથી ભિન્ન પરપણે રહી જાય છે, કર્મના જે પરિણામ છે તે જડ પુદ્ગલથી નીપજેલા છે. તેથી શુધ્ધ ચૈતન્યસ્વભાવી આત્માથી તેઓ ભિન્ન છે એ વાત તો છે જ પરંતુ અહી તો એમ કહે છે કે શુધ્ધ ચૈતન્ય વસ્તુનો અનુભવ કરતાં, તે કર્મો તરફના વલણવાળી જે વિકારી દશા તે અનુભૂતિથી ભિન્ન રહી જાય છે, માટે તે આઠેય કર્મ જીવને નથી. આયુ, વેદનીય આદિ કર્મ જીવને નથી.

આગળ સમયસાર ૬૮મી ગાથામાં આવે છે કે જવપૂવક જે જવ થાય છે તે જવ છે. તેમ પુદ્ગલથી પુદ્ગલ થાય. ત્યાં અપેક્ષા એમ છે કે જીવના સ્વભાવમાં વિકાર નથી તથા વિકાર ઉત્પન્ન કરે એવી જીવની કોઈ શક્તિ કે

સ્વભાવ નથી. છતાં પર્યાયમાં વિકાર છે તો એનો કર્તા કોણ છે તો કહે છે કે પુદ્ગલ ત્યાં પર્યાયબુધ્ધિ છોડાવવા એમ કહ્યું કે ચૌદેય ગુણસ્થાન જીવને નથી. ત્યારે મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ આવે છે કે-તત્ત્વનિર્ણય કરવામાં કાંઈ કર્મનો તો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઈચ્છે છે અને પોતાનો દોષ કર્મોદિકમાં લગાવે છે ? પણ જિન આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. જુઓ વિકાર કર્મથી થાય છે. એમ માનનાર અનીતિ કરે છે. એ અનીતિ જૈનદર્શનમાં સંભવિત નથી. ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ કહેવું છે કે વિકાર થાય છે તે પોતાના અપરાધથી જ થાય છે, કર્મ કે નિમિત્તથી નહિ. જયારે આ ગાથામાં અહીં એમ કહે છે કે જીવને વિકાર નથી કેમ કે સ્વાનુભૂતિ કરતાં વિકારના પરિણામ અને તેનું નિમિત્ત જે કર્મ તે ભિન્ન રહી જાય છે. તેથી આઠેય કર્મ જીવને નથી. અહીં સ્વભાવની દ્રષ્ટિ કરાવવાનું પ્રયોજન છે.

જ્ઞાનાવરણીયકર્મ કેમ જીતાય ? :પ્રશ્નઃ- સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આવે છે કે

પ્રશ્ન :- જુઓ પુદ્ગલની શક્તિ ! તે કેવળજ્ઞાનને પણ રોકે છે. કેવળજ્ઞાનને રોકે,એવું કેવળજ્ઞાનાવરણીય કર્મ છે ને ?

ઉત્તરઃ- એ તો પુદ્ગલમાં નિમિત્ત થવાની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કેટલી શક્તિ છે, તે બતાવ્યું છે. કેવળ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય આવ્યો, માટે કેવળજ્ઞાન રોકાયું છ, એમ નથી. ઉદય તો જડમાં છે, અને ઉદયને અનુસરવાની લાયકાત, પોતાની છે. માટે જ્ઞાન પોતાથી,હીનપણાને પ્રાપ્ત થયું છે. પરિણતિમાં વિષયનો પ્રતિબંધ થતા,થોડો વિષય કરે છે અને ઘણો છોડી દે છે. તે પોતાથી થાય છે, જ્ઞાનાવરણીય કર્મ તો, એમાં નિમિત્ત છે. જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ભાવકપણે આવે છે તે તેની સત્તામાં છે અને જીવની સત્તામાં પોતાના કારણે, તેને અનુસરીને જ્ઞાનની હીણી દશા થવાની ભાવ્યદશા થાય છે. તે ભાવ્ય-ભાવક સંકરદોષ છે. હવે પર્યાયને પૂર્ણ નિર્મળ કરવા, પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન કેવળજ્ઞાનનો પિંડ છે, તેનો પૂર્ણ આશ્રય કરતાં નિમિત્તનું અનુસરણ છૂટી જાય છે. ત્યારે તે ભાવ્ય પણ રહેતું નથી, અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તેવી રીતે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય જ્ઞાનમાં પણ, લઈ લેવું. આ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ જીતાય છે.

જ્ઞાનાવરણીય :તેવી રીતે ત્રિકાળી નિત્ય જ્ઞાન સ્વભાવી ધ્રુવધામનો આશ્રય લઈને જ્યારે આત્મા કે કેવળજ્ઞાન પ્રગટ કરે છે ત્યારે જ્ઞાનાવરણીયનો નાશ થાય છે.

જ્ઞાનાવિમૂઢ :શ્રધ્ધાનશૂન્ય, આગમશૂન્ય

જ્ઞાની :આત્મા (૨) ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી જ્ઞાની કહેવાતા નથી. પણ જેનામાં નીચેના ૧૦ લક્ષણ શોભતા હોય તે જ્ઞાની કહેવાય છે. (•) ક્રોધરહિત (•)વૈરાગ્યવંત (•)જિતેન્દ્રિય (•) ક્ષમાવંત (•) દયાવંત (•) સર્વને પ્રિયકારી (•) નિર્લોભી (•) નિર્ભય (•) શોકરહિત (•) દાતા (૩) જેના દર્શન અને જ્ઞાનમાં આત્મા સમીપ છે અને રાગ દૂર છે તે જ્ઞાની છે. અજ્ઞાનીને રાગ સમીપ છે. અને આત્મા દૂર છે. (૪) આત્મા (પ્રથમ તો જ્ઞાની જ્ઞાનથી પૃથક્ નથી; કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી બન્નેને એક દ્રવ્યપણું છે, બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી બન્નેને એકક્ષેત્રપણું છે, બન્ને એક સમયે રચાતાં હોવાથી બન્નેને અકેકાળપણું છે, બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે. પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં, એક આત્મામાં આભિનિબોધિક (મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી, કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે. દ્રવ્ય ખરેખર સહવર્તી અને ક્રમવર્તી એવા અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું હોવાથી, એક હોવા છતાં પણ વિશ્વરૂપ કહેવાય છે. (૫) નિજ ચૈતન્ય સ્વભાવના (આત્મતત્ત્વના) આશ્રયે જેણે અંદર જ્ઞાન ચેતના પ્રગટ કરી છે તે જ્ઞાની છે. (૬) ધર્મી. (૭) વીતરાગી (૮) ક્ષયોપશમ જ્ઞાન હોય તે; રાગથી ભિન્ન જ્ઞાનાનંદ કંદ પ્રભુ આત્માને સ્વપણે જાણે-અનુભવે તે જ્ઞાની કહે છે. ચોથા ગુણસ્થાનથી ધર્મી જીવને જ્ઞાની કહેવામાં આવે છે, કારણ કે તેને અંતરમાં સ્વ-પરનું ભેદજ્ઞાન થયું છે. બાકી કોઈ ૧૧ અંગ અને નવપૂર્વ ભણ્યો હોય પણ જો એને પરમાં અને રાગમાં સુખબુદ્ધિ હોય તો તે અજ્ઞાની છે. જ્ઞાની તો અને કહીએ કે જેને અંદર અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા છે એનું વેદન- આસ્વાદન હોય છે. કેવો છે તે આસ્વાદ ? તો

કહે છે – તે અતીન્દ્રિય આનંદના આસ્વાદ આગળ ઈન્દ્ર-ઈન્દ્રાણીના ભોગ-વૈભવ પણ સડેલા મીંદડાના શરીર જેવા તુચ્છ ભાસે છે. લ્યો, અતીન્દ્રિય આનંદના રસનો રસિયો આવી જ્ઞાની હોય છે. (૯) ભગવાનનો ભક્ત; ભગવાનનો દાસ.

જ્ઞાની અજ્ઞાની :અનાદિથી જે પર્યાયમાં પહોંચેલ છે એ તો અંશમાં પહોંચેલ છે એ તો અજ્ઞાની છે. ધર્મી જીવ ધ્રુવ પાતાળમાં પહોંચી ગયા છે અસંખ્ય પ્રદેશ ઉપરની જે પર્યાય છે તે અંતરના પાતાળમાં-ધ્રુવમાં ગઈ છે. અહા ! જેનાથી જન્મમરણનો અંત આવી જાય, એ કેવળજ્ઞાન થઈ જાય એવી આ વાતો છે ! ચૈતન્યના તળિયાને પકડતાં અંદર શ્રદ્ધા-અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટ્યું, એટલે કે સ્વભાવે સર્વજ્ઞપણું માન્યું નહોતું તે માન્યું. એ અંદરમાં જઈને એકાગ્રતાની ધૂન લગાવીને કેવળજ્ઞાન પ્રગટ કરશે-જરૂર પ્રગટ કરશે. ચૈતન્યનાં તળિયાં જણે જોયાં એની પર્યાયમાં ચૈતન્યની પૂર્ણ દશા પ્રગટે જ. અહા ! પાતાળના જેણે પાણી જોયાં તેને પાણીની શેડ ફૂટશે જ – નીકળશે જ.

આવો મારગ છે. ધ્રુવ ગુફા છે અસંખ્ય પ્રદેશી, તેની પર્યાય છે. તે અસંખ્યપ્રદેશી; તે અસંખ્યપ્રદેશી પર્યાયની પાછળ ત્યાં જ ધ્રુવ છે. ત્યાં ચૈતન્ય ભગવાન આત્માના ધ્રુવ પાતાળમાં-જ્ઞાની પહોંચી ગયા છે. જ્ઞાની આનંદમૂર્તિ ધ્રુવ જ્ઞાયકની ઊંડી ઊંડી ગુફામાં ઊંડે ઊંડે પહોંચી ગયા છે. સાધનાની સહજ દશા સાધેલી છે.

સ્વરૂપ સાધનાની એ સહજ દશા જ્ઞાનીએ સાધી છે.

જ્ઞાની અને અજ્ઞાનીનો તફાવત :જ્ઞાની જાણે છે અને અજ્ઞાની વેદે છે.

જ્ઞાની અને ધર્મી :જ્ઞાની કહો કે ધર્મી કહો, બન્ને એક જ છે. જેને શાસ્ત્ર વગેરે બહારનું બહુ જાણપણું હોય તે જ્ઞાની એ જે પૂજા-ભક્તિ કે સામાયિક-ઉપવાસ વગેરેની બહુ ક્રિયા કરે તે ધર્મી-એવો એનો અર્થ નથી. આત્મા શરીર, વાણી વગેરે જડ પદાર્થોથી જે અત્યન્ત ભિન્ન છે – એ તો સ્થૂળ વાત છે, પણ શુભાશુભ વિભાવોથી પણ જુદો છે એવી સાચી શ્રદ્ધા અને સ્વાનુભવયુક્ત જેને આત્મજ્ઞાન થયું છે તે જીવ ખરેખર જ્ઞાની છે, ધર્મી છે.

જ્ઞાની જીવ :જે જ્ઞાની છે તે, નિર્વિકાર-આત્મતત્ત્વાવિષયક રૂચિ, તદ્વિષયક જ્ઞપ્તિ અને તદ્વિષયક નિશ્ચળ અનુભૂતિરૂપઅભેદરત્નત્રય પરિણામ વડે સંવર-નિર્જરા-મોક્ષપદાર્થોનો કર્તા થાય છે, અને જ્યારે પૂર્વોકત નિશ્ચય-રત્નત્રયમાં સ્થિર રહી શકતો નથી ત્યારે નિર્દોષપરમાત્મ સ્વરૂપ અર્હંત સિધ્ધોની તથા તેનું (નિર્દોષ પરમાત્માનું) આરાધન કરનારા આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓની નિર્ભર અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસાર વિચ્છેદના કારણભૂત, પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકર પ્રવૃત્તિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું વિશિષ્ટ પુણ્ય તેને અનીહિત વૃત્તિએ નિદાન રહિત પરિણામમાંથી કરે છે. આ રીતે જ્ઞાની સંવર નિર્જરા-મોક્ષાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે.

જ્ઞાની પણાનું લક્ષણ :આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રદ્ધાન-સંયતત્વના યુગપદ્પણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત થયેલી શુદ્ધ જ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાની પણાનું લક્ષણ છે.

જ્ઞાનીઓનાં પેટ :અંતર રહસ્ય.

જ્ઞાનીને (કેવળજ્ઞાની આત્માને) જ્ઞપ્તિક્રિયાનો સદભાવ હોવા છતાં પણ ક્રિયાના ફળરૂપ બંધનો અભાવ છે :કર્મના ત્રણ ભેદ પાડવામાં આવે છે. પ્રાપ્ય, વિકાર્ય એ નિર્વત્ય. કેવળી ભગવાનું પ્રાપ્યકર્મ, વિકાર્ય કર્મ, અને નિવર્ત્ય કર્મ જ્ઞાન જ છે, કારણ કે તે જ્ઞાનને જ ગ્રહે છે, જ્ઞાનરૂપે જ પરિણમે છે અને જ્ઞાનરૂપે જ ઉપજે છે . આ રીતે જ્ઞાન જ તેમનું કર્મ છે અને જ્ઞપ્તિ(જ્ઞાન) જ તેમની ક્રિયા છે. આમ હોવાથી કેવળી ભગવાનને બંધ થતો નથી, કારણકે જ્ઞપ્તિક્રિયા બંધનું કારણ નથી પરંતુ જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા અર્થાત્ જ્ઞેય પદાર્થો સન્મુખ વૃત્તિ થવી (જ્ઞેય પદાર્થો પ્રતિ પરિણમવું) તે બંધનું કારણ છે.

જેણે કર્મોને છેદી નાખ્યાં છે એવો આ આત્મા ભૂત, વર્તમાન અને ભાવિ સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ્ જાણતો હોવા છતાં મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી, તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર

વડે પોતે પી ગયો છે એવા ત્રણે લોકના પદાર્થોને પૃથક્ અને અપૃથક્ પ્રકાશતો તે જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે.

જ્ઞાનીને અલ્પ રાગદ્વેષ કેમ કહો છો ? :જ્ઞાનીને અનંતાનુંબંધી કષાય ટળતાં અનંતો રાગદ્વેષ ટળી ગયો છે તથી અલ્પ રાગ-દ્વેષ થાય છે તેમાં પણ તે એમ માને છે કે મારા પુરૂષાર્થની નબળાઈને લઈને અલ્પ રાગ દ્વેષ થાય છે.

જ્ઞાનીનું ચિહ્ન :જ્ઞાની કેવી જણાય ? જે આત્મા કર્મના પરિણામને તેમજ નોકર્મના પરિણામને કરતો નથી પરંતુ જાણે છે તે જ્ઞાની છે.

જ્ઞાનીનાં વચનો :જ્ઞેય જાણવા માટે જ્ઞાનને વધારવું જોઈએ. વજન તેવાં કાટલાં

જ્ઞાનીનો આત્મા :જ્ઞાનીનો આત્મા ત્રિકાળ, જ્ઞાતા-દષ્ટા ધ્રુવ છે, અખંડ છે. કારણકે જેવો ચૈતન્ય સ્વભાવ છે તેવો જ્ઞાનીએ પ્રતીતમાં લીધો છે માટે જ્ઞાનીનો આત્મા અખંડ ત્રિકાળ શુદ્ધ છે.

જ્ઞાનીનો આત્મા કેવડો ? :જ્ઞાનીનો આત્મા ત્રિકાળ જ્ઞાતા દષ્ટા ધ્રુવ છે, અખંડ છે, કારણ કે જેવો ચૈતન્યનો સ્વભાવ છે તેવો જ્ઞાનીએ પ્રતીતમાં લીધો છે માટે જ્ઞાનીનો આત્મા અખંડ ત્રિકાળ શુદ્ધ છે.

જ્ઞાનીપણું :આગમજ્ઞાન; તત્ત્વાર્થ શ્રધ્ધાન-સંયતત્ત્વના યુગપદપણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત થયેલી શુધ્ધ જ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાંનું લક્ષણ છે. (૨) આગમજ્ઞાન-તત્ત્વાર્થશ્રધ્ધાન-સંયતત્ત્વના યુગપદપણાના અતિશય પ્રસાદથી પ્રાપ્ત થયેલી શુધ્ધજ્ઞાનમય આત્મતત્ત્વની અનુભૂતિ તે જ્ઞાનીપણાંનું લક્ષણ છે.

જ્ઞાનોપયોગ :જ્ઞાનોપયોગમાં મતિજ્ઞાન, શ્રુતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારના જ્ઞાનને જિનન્દ્રદેવે સમ્યગ્જ્ઞાન કહ્યું છે.

મિથ્યાજ્ઞાન = મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન એ વિભંગજ્ઞાનના ભેદથી મિથ્યાજ્ઞાન ત્રણ પ્રકારનું છે. આવી રીતે જ્ઞાનોપયોગ-પાંચ સમ્યગ્જ્ઞાન અને ત્રણ મિથ્યાજ્ઞાનરૂપ-આઠ પ્રકારનો કહેવાય છે.

જ્ઞાનોપયોગને આઠ ભેદરૂપ બતાવતાં તેમાં મુખ્ય બે ભેદ કર્યા છે -

એક સમ્યગ્જ્ઞાન, બીજું મિથ્યાજ્ઞાન. સમ્યક્જ્ઞાનના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયાન અન કેવળજ્ઞાન એવાં પાંચ ભેદ બનાવ્યા છે અને મિથ્યાજ્ઞાનના મતિઅજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગ-જ્ઞાનના ભેદથી ત્રણ ભેદરૂપ પ્રગટ કર્યું. સાથો સાથ જ્ઞાનોપયોગનું લક્ષણ વસ્તુનું વિશેષાકારવેદન છે એમ સૂચિત કર્યું છે, કે જે વસ્તુમાત્ર સામાન્ય ગ્રહણનું પ્રતિપક્ષી છે.

આત્મા જે સ્વભાવથી સર્વાત્મ પ્રદેશ વ્યાપી શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે તે અનાદિ કાળથી જ્ઞાનાવરણથી આચ્છાદિત થયો છે અને તે આવરણના મતિજ્ઞાનાવરણાદિ પાંચ મુખ્ય ભેદ છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈ ઈન્દ્રિય તથા મનના અવલંબન-સહયોગથી યુક્ત જે જ્ઞાનદ્વારા કોઈક મૂર્ત અમૂર્ત દ્રવ્યને વિશેષ રૂપે જાણવામાં આવે છે તેને મતિજ્ઞાન તથા અભિનિબોધિક જ્ઞાન કહે છે.

શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ અને અતિન્દ્રિય મનના અવલંબન-સહયોગથી યુક્ત જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્ય વિશેષરૂપે જાણવામાં આવે છે તેને 'શ્રુતજ્ઞાન' કહે છે.

અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપે સાક્ષાત્ જાણવામાં આવે છે તેનું નામ અવધિજ્ઞાન છે.

મનઃ પર્યય જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાન દ્વારા બીજાના મનમાં રહેલ કોઈક મૂર્ત દ્રવ્યોને વિશેષરૂપ સાક્ષાત્ જાણવામાં આવે છે તેને મનઃ પર્યય જ્ઞાન કહે છે.

જ્ઞાનાવરણ કર્મના સંપૂર્ણ આવરણના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલ જે જ્ઞાનથી સંપૂર્ણ મૂર્ત-અમૂર્તરૂપ દ્રવ્ય સમૂહને વિશેષરૂપે જાણવામાં આવે છે તેને કેવળજ્ઞાન કહેવામાં આવે છે. અને તે સ્વાભાવિક હોય છે.

મિથ્યાદર્શન ઉદયમસહિત જે અભિનિબોધક જ્ઞાન છે તેને જ કુમતિજ્ઞાન, જે શ્રુતજ્ઞાન છે તેને જ કુશ્રુત જ્ઞાન અને જે અવધિજ્ઞાન છે તેને જ વિભંગજ્ઞાન કહે છે. (૨) જ્ઞાનપયોગને આઠ ભેદરૂપ બતાવતાં તેના મુખ્ય બે ભેદ કર્યા છે એક સમ્યગ્જ્ઞાન અને બીજું મિથ્યાજ્ઞાન. સમ્યગ્જ્ઞાનના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યાય જ્ઞાન અને કેવળજ્ઞાન એમ પાંચ ભેદ બતાવ્યા છે અને મિથ્યાજ્ઞાનના મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી ત્રણ ભેદરૂપ પ્રગટ કર્યું છે. (૩) જ્ઞાનોપયોગને આઠ ભેદરૂપ બતાવતાં તેના

મુખ્ય બે ભેદ કર્યા છે. – એક સમ્યગ્જ્ઞાન. બીજું મિથ્યા જ્ઞાન. સમ્યક્ જ્ઞાનના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન એવા પાંચ ભેદ બતાવ્યા છે અને મિથ્યા જ્ઞાન મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગ જ્ઞાનના ભદથી ત્રણ ભેદરૂપ પ્રગટ કર્યું છે. સાથોસાથ જ્ઞાનપયોગનું લક્ષણ વસ્તુનું વિશેષાકાર વેદન છે. એમ સૂચતિ કર્યું છે. કે જે વસ્તુ માત્ર સામાન્ય ગ્રહણનું પ્રતિપક્ષી છે. મતિજ્ઞાનને અભિનિબોધિક, મતિ-અજ્ઞાનને કુમતિ અને શ્રુત-અજ્ઞાનને કુશ્રુત પણ કહે છે. વિભંગ જ્ઞાનને સામાન્ય રીતે કુઅવવિજ્ઞાન પણ કહેવામાં ઓ છે. આત્મા જે સ્વભાવથી સર્વાત્મ પ્રદેશ વ્યાપી શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છે તે અનાદિ કાળથી જ્ઞાનાવરણથી પ્રદેશે આચ્છાદિત થયો છે અને તે આવરણના મતિજ્ઞાનાવરણાદિ પાંચ મુખ્ય ભેદ છે. અતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશનમથી ઉત્પન્ન થયેલ સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોમાંથી કોઈ ઈન્દ્રય તથા મનના અવલંબન સહયોગથી યુક્ત જે જ્ઞાન દ્વરા કોઈક મૂર્ત-અમૂર્ત દ્રવ્ય ને વિશેષરૂપે જાણવામાં આવે છે અને 'મતિજ્ઞાન' તા 'અભિનિબોધિ જ્ઞાન' કહે છે.

જ્ઞાપક :સૂચવનારૂં; બતાવનારૂં; લક્ષણ.

જ્ઞાયક :જાણનાર; આત્મા (૨) જાણક સ્વભાવ; ચૈતન્યાકાર સ્વરૂપ આત્મા; જાણનારો (૩) જ્ઞાયક આત્માનું અસ્તિવપણું ખ્યાલમાં આવે હું જુદો, હું જુદો, આ હું જ્ઞાયક જુદો એવું નિરંતર ઘૂંટણ રહે. તે પણ સારૂં છે.

સ્થાયી વસ્તુ ભગવાન જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં આવતાં અનુભવ થઈ જાય છે. હું નિત્યાનંદ સ્વરૂપ જ્ઞાયક પરથી ને વિભાવથી તદ્દન ભિન્ન છું, જ્ઞાયક, જ્ઞાયક,... જ્ઞાયક, આ હું જ્ઞાયક જ છું એવું સતત ધોલન રહે તે પણ ઉત્તમ છે. ધોલનનો અર્થ કેવળ વિકલ્પ નહિ, પણ અંદર જ્ઞાયક તરફનું યથાર્થ વલણ છે. ધોલન એ ઘૂંટણમાં વિકલ્પ સાથે હોવા છતાં તે અંદર ઝૂકનારી જ્ઞાનની પર્યાય છે. હું આ જ્ઞાયક છું, હું આ જુદો જ્ઞાયક જ છું. એમ તે અંદર પ્રવેશ કરે છે- અંદર જવામાં એકાગ્ર થાય છે. નિજ ચૈતન્યપદાર્થનું સ્વરૂપ યથાર્થપણે ખ્યાલમાં આવતાં તેનું જે નિરંતર ચિંતન, મનન, નિદિધ્યાસન રહે તે પણ સારૂં છે. અનાદિથી રાગનું જે ઘૂંટણ કરી રહ્યો છે તેના કરતાં આ ચૈતન્ય બાજુ ઢાળવું, વિભાવથી હઠી સ્વભાવ તરફ ઢળવું-તેનું નિરંતર ઘૂંટણ કરવું એ પણ ઉત્તમ છે. (૪) જ્ઞાયક એવું નામ તને જ્ઞેયને જાણવાથી આપમાં આવે છે. આમે જેવો પદાર્થ હોય તેવું જ જ્ઞાન જ્ઞાનનમાં થાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. જાણનાર. (૫) જ્ઞાયક અવું નામ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. સામે જેવો પદાર્થ હોય તેવું જ જ્ઞાન જ્ઞાનમાં થાય છે તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.

જ્ઞાયક દ્રવ્ય :જ્ઞાન ને આનંદ આદિ અનંત અનંત ગુણવૈભવથી ભરેલું કોઈ અદ્ભુત તત્ત્વ છે. સ્વભાવરૂપ વિભૂતિને સૂક્ષ્મ ઉપયોગ વડે એકાગ્રતાથી પકડતાં તે આર્શ્યકારી દ્રવ્ય હાથમાં આવશે, જેનાથી તારી અનાદિની ભવભ્રમણરૂપ દીનતા ટળી જશેઃ આવું તત્ત્વ છે.

જ્ઞાયક સ્વભાવ :નિરપેક્ષ અખંડ પારિણામિક ભાવ.

જ્ઞાયક સિવાયનું બીજુ બધુ પર છે. :જ્ઞાયક સિવાયનું બીજુ બધું – શરીર-વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર તથા લક્ષ્મી, બંગલા વગેરે ભિન્ન પદાર્થો, તેમજ જીવની પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થતા પુણ્ય-પાપરૂપ વિભાવભાવ, અરે વ્યવહાર રત્નગયના વિકલ્પ, સુદ્ધાં પર છે, એમ જ્ઞાયકનું સહજ અસ્તિત્વ ખ્યાલમાં લેતાં તેમાં આવી ગયું.

દયા, દાન, પૂજા-ભક્તિ ને વ્રત-તપની વાતો તો શુભ રાગ- જે ક્રિયાની છે, એ કંઈ આત્માની ચીજ નથી. આત્મા તો તો કેવળ જ્ઞાયક જ છે, બાકીનું બીજુ બધું પર છે. હું કેવળ જ્ઞાયક છું બીજુ બધું પર છે. એમ અંતરમાં જ્યારે બરાબર ખ્યાલ આવે ત્યારે જીવને સમ્યગ્દર્શન થાય અને ભવના અંત આવે. જ્ઞાયકને ઓળખવાનું કામ કર, નહિંતર ભવનો અંત નહિ આવે. પ્રભુ ! ધર્મી તેને કહીએ કે જેને એક જ્ઞાયકભાવ રૂચે : તેને પુણ્ય-પાપના ભાવ અંતરમાં રૂચે નહિ; વિભાવભાવ આવે, હોય પણ રૂચે નહિ.

જ્ઞાયકભાવ :ધ્રુવભાવ; એક સામાન્યભવ, નિત્યભાવ, પંચમ પારિણામિકભાવ (૨) જાણવું; જાણવું; જાણવું એવો જે સામાન્ય જ્ઞાયકભાવ તે એકજીવદ્રવ્યમાં જ છે. તે જ્ઞાયકભાવ અપ્રમત્ત નથી કે પ્રમત્ત પણ નથી; અર્થાત્ ચૌદર્ય ગુણસ્થાનની પર્યાયો એમાં નથી. જ્ઞાયકભાવ જે ત્રિકાળ

એકરૂપ સ્વભાવરૂપ છે. તેને અહીં પરમ પારિણામિકભાવ ન કહેતાં જ્ઞાયકભાવ કહ્યો તેનું કારણ એ છે કે પારિણામિકભાવ તો સર્વ દ્રવ્યોમાં છે. (૩) સ્પષ્ટ પ્રકાશમાન જયોતિ સ્વરૂપ (૪) ચૈતન્ય રસસ્વભાવ (૫) ચૈતન્ય સ્વભાવ (૬) આત્મદ્રવ્ય (૭) અપ્રમત્તપણ નથી અને પ્રમત્ત પણ નથી. (૮) અભેદ સ્વભાવ; એક ભાવ; સામાન્ય સ્વભાવ; નિત્ય સ્વભાવ; ધ્રુવ સ્વભાવ; સદ્રશ એકરૂપ સ્વભાવ આ જ એક સમયગ્દર્શનનો વિષય છે. (૯) પારિણામિક ભાવ.

જ્ઞાયકભાવને આશ્રયે જ સમ્યગ્દર્શન :જિનવચનો સાંભળવા, ગુરુના વચનો સાંભળવાં એ છે તો શુભ વિકલ્પ. પણ જે તે કાળે આવો વિકલ્પ હોય છે. અહીં સમ્યગ્દર્શન પામવા માટે જિનવચન સાંભળવું એમ કહ્યું પણ તે સાંભળવા માત્રથી જ સમ્યગ્દર્શન થાય છે. એમ નથી. સમયસાર ૧૧મી ગાથામાં એમ કહ્યું કે ભૂતાર્થના આશ્રયે એટલે ત્રિકાળી ધ્રુવ નિજ જ્ઞાયકભાવના આશ્રયે સમ્યગદર્શનાદિ ધર્મ થાય છે, સાંભળવાથી નહિ, નિમિત્તથી નહિ, અરેરે ! ક્ષણેક્ષણે નિમિત્તના અને રાગના પ્રેમમાં આ અનાકૂળ સ્વભાવી આત્માનો આનંદ લૂંટાઈ જાય છે !

જ્ઞાયકભાવનો સત્કાર કરવો :જ્ઞાયકભાવની સન્મુખ થઈ તેમાં એકાગ્ર થવું

જ્ઞાયકમાં રમણતાની તીખાશ :સમ્યગ્ તપ.

જ્ઞાયક લક્ષી :આત્મલક્ષી; સ્વલક્ષી; અપૂર્વ આત્મલક્ષી.

જ્ઞાયિક જ્ઞાન :ક્રમપૂર્વક જાણવું; નિયત આત્મપ્રદેશેથી જ જાણવું; અમુકને જ જાણવું-ઈત્યાદિ મર્યાદાઓ જાતિ-શ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે. ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને-તે પદાર્થો અનેક પ્રકારના અને વિરુધ્ધ જાતિના હોવા છતાં પણ-જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સર્વદા સર્વત્ર સર્વથા અવશ્યમેવ જાણે છે. (૨) સર્વ પદાર્થોને પ્રત્યક્ષ કરનાર જે ક્ષાયિક જ્ઞાન (કેવળ જ્ઞાન) છે, તે શુદ્ધ જ્ઞાન છે. કેમ કે તેમાં પર નિમિત્તપણું નથી. તે કેવળ સ્વ સ્વરૂપ માત્ર જ છે. તે જ જ્ઞાન અબદ્ધ પણ છે. કેમકે તેમાં કોઈ પર પદાર્થરૂપ ઉપાધિનો સંબંધ નથી. (૩) આત્માના ગુણની સંપુર્ણ શુધ્ધ દશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય એવી દશા તો ાયિક ભાવ છે. દર્શન મોહનીયનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન, જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિક જ્ઞાન, દર્શનજ્ઞાનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિક દર્શન એમ જે ભાવ પ્રગટ થાય તે ક્ષાયિક ભાવ કહેવાય છે. (૪) આત્માના ગુણની સંપૂર્ણ શુદ્ધ દશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય- એવી દશા તે ક્ષાયિક ભાવ છે. બધે જ દર્શનમોહનીયનો ક્ષય થતાં ક્ષાયિક સમ્યગ્દર્શન જ્ઞાનાવરણીયનો ક્ષય થતાં, ક્ષાયિક જ્ઞાન, દર્શનાવરણીયનો ક્ષય થતાં ક્ષાયિકદર્શન- એમ જે ભાવ પ્રગટ થાય તે ક્ષાયિક કહેવાય છે.

આ ત્રણે ભાવ નિર્મળ પર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માના આશ્રયપૂર્વક નવા પ્રગટે છે, સાદિ છે અને ભાવો, મોક્ષનું કારણ થાય છે. એમ આગળ કહેશે.

જ્ઞેય :જાણવા યોગ્ય (૨) રાગ; પરવસ્તુ (૩) જણાવા યોગ્ય; જ્ઞાનનો વિષય (૪) જાણવા જેવું; સમઝવા જેવું; સમઝવાનો પદાર્થ; પરમાત્મા (૫) જાણવા યોગ્ય પદાર્થો. (૬) જાણવા જેવું; સમઝવા જેવું; સમઝવાનો પદાર્થ. ચાહે તે વર્તમાન હોય કે અવર્તમાન. કારણ કે જ્ઞેય તે જ કહેવાય છે તે જ્ઞાનનો વિષય હોય છે - જ્ઞાન જેને જાણે છે. (૭) જ્ઞાનમાં જાણવા યોગ્ય. (૮) જાણવા યોગ્ય ચીજ. (૯) આત્માનો જ્ઞાનસ્વભાવ હોવાથી તેની સ્વચ્છતામાં જ્ઞેય સ્વયમેવ ઝળકે છે, પરંતુ જ્ઞાનમાં તે જ્ઞેયોનો પ્રવેશ નથી.

જ્ઞાન સ્વભાવી પ્રભુ આત્મા છે. તેના જ્ઞાનના સ્વચ્છતામાં જાણવા યોગ્ય જ્ઞેય પદાર્થો સ્વયમેવ ઝળકે છે એટલે જણાય છે. છતાં જ્ઞાનમાં જ્ઞેયોનો પ્રવેશ નથી. શુભાશુભ રાગ થાય તેને જ્ઞાન જાણે પણ જ્ઞાન તે રાગરૂપે થતું નથી, ને રોગ જ્ઞાનરૂપે થતો નથી. જ્ઞાનમાં જ્ઞેય પ્રવેશતું નથી, ને જ્ઞાન જ્ઞેયમાં કદી પ્રવેશતું નથી.

રાગદ્વેષની ઉત્પત્તિ મિથ્યાદષ્ટિને જ થાય છે એમ અહીં કહેવું છે. સમ્યગ્દષ્ટિને કિંચિત્ રાગ (અસ્થિરતાનો) હોય છે, પણ તેને અહીં ગૌણ ગણીને જ્ઞાનસ્વભાવ જાણવા-દેખવામાત્ર કામ કરે છે એમ કહે છે.

સમ્યગ્દષ્ટિને જરી રાગ થાય છે અને તેની જરી આકુળતા પણ થાય છે, પણ તેને તે જ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણે છે. લ્યો, આ પ્રમાણે જ્ઞાન રાગને, સંયોગને જણે છે, પણ જ્ઞાન તે રૂપે થતું નથી, વળી જ્ઞાનમાં જ્ઞેયોનો પ્રવેશ નથી, અર્થાત્ જ્ઞેયો જ્ઞાનરૂપે થતા નથી. અહીં દષ્ટિ પ્રધાન વાત છે. બાકી જ્ઞાનીને જે કિંચિત્ રાગદ્વેષના વિકલ્પ થાય છે એટલું વેદન પણ છે, પણ એ વાત અહીં નથી. (૧૦) જાણવા યોગ્ય. (૧૧) તે સર્વાતિશય જ્ઞાનદર્પણમાં અલોક સહિત ત્રણે લોકના તે બધા પદાર્થો પ્રતિભાસે છે જે જ્ઞેય કહેવાય છે – ચાહે તે વર્તમાન હોય કે અવર્તમાન. કારણ કે જ્ઞેય તે જ કહેવાય છે કે જે જ્ઞાનનો વિષય હોય છે.– જ્ઞાન જેને જાણે છે.

જ્ઞાનમાં લોક અલોકના બધા જ જ્ઞેય પદાર્થોને જાણવાની શક્તિ છે, તે જ્યાં સુધી તેના ઉપર પડેલ આવરણાદિ પ્રતિબંધ સર્વથા દૂર થઈને તે શક્તિ પૂર્ણરૂપે વિકસિત થઈ જતી નથી ત્યાં સુધી તેમને પોતાનામાં પૂર્ણરૂપે જાણી શકતું નથી.

જ્ઞાન શક્તિને પૂર્ણવિકસિત અને સરિતાર્થ થવામાં બાધક કારણ છે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય નામના ચાર ઘાતીકર્મ – આ ચારે ઘાતી કર્મની સત્તા જ્યારે આત્મામાં નથી રહેતી ત્યારે તેમાં તે અપ્રતિહત શક્તિ–જ્ઞાનજ્યોતિનો ઉદય થાય છે, જેને લોક–અલોકના સર્વ જ્ઞેય પદાર્થોને પોતાનો વિષય કરવામાં પછી કોઈ રોકી શકતું નથી. ઉક્ત અપ્રતિહત જ્ઞાન જ્યોતિના ધારક કેવળજ્ઞાની હોય અને તે કોઈપણ જ્ઞેયના વિષયમાં અજ્ઞાની રહી શકે એમ પણ બની શકતું નથી. (૧૦) જણાવા યોગ્ય; જણાવવા યોગ્ય.

જ્ઞેય જ્ઞાયક શંકરદોષ :જ્ઞેય અને જ્ઞાયકને એક માનવા તે સંકરદોષ, અથવા સ્વ અને પરનો ખીચડો માનવો–સ્વ એ પરને જુદા ન માનવા તેને જ્ઞેય જ્ઞાયક સંકરદોષ કહેવાય છે

જ્ઞેય જ્ઞાયક સ્વરૂપ લક્ષણ :જ્ઞેય–જ્ઞાયક સ્વરૂપ સંબંધ ટાળી શકાય એવું નહિ હોવાને લીધે જ્ઞેયો જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય છે તેથી આત્મા જાણે કે સમસ્ત દ્રવ્યરૂપતાને પામે છે.

જ્ઞેય પદાર્થરૂપે પરણિમવું એ જ્ઞાન નથી :જ્ઞેય પદાર્થોરૂપે પરિણમવું અર્થાત્ આ લીલું છે. આ પીળું છે ઈત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું જે કર્મનો ભોગવટો છે, જ્ઞાનનો ભોગવટો નથી. નિર્વિકાર સહજ આનંદમાં લીન રહી સહજ પણે જાણ્યા કરવું તે જ જ્ઞાનનું સ્વરૂપ છે; જ્ઞેય પદાર્થોમાં અટકવું–તેમના સન્મુખ વૃત્તિ થવી તે જ્ઞાનનું સ્વરૂપ નથી.

જ્ઞેય પદાર્થરૂપ પરિણમન જેનું લક્ષણ છે એવી ક્રિયા અને એનું ફળ શેમાંથી ઉત્પન્ન થાય છે ? :સર્વ સંસારી જીવોને કર્મનો ઉદય હોય છે. પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મનિમિત્તક ઈષ્ટ–અનિષ્ટ ભાવોમાં જીવરાગી–દ્વેષી–મોહી થઈ પરિણમે તો બંધ કર્મો કે કર્મોના ઉદયથી ઉત્પન્ન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધનાં કારણ કેવળ રાગ–દ્વેષ–મોહભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવા યોગ્ય છે.

જ્ઞેય પર્યાયો :જાણવા યોગ્ય પર્યાયો. (૨) જ્ઞેય પર્યાયો જેમનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે–સ્વરૂપ સ્વધર્મથી (જ્ઞાનસ્વરૂપ નિજ ધર્મથી) આત્માને અભિન્નપણું છે.

જ્ઞેયે પ્રવિષ્ટન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને :જેવી રીતે ચક્ષુ રૂપી દ્રવ્યોને સ્વપ્રદેશો વડે અણસ્પર્શતું હોવાથી અપ્રવિષ્ટ વહીને જાણે–દેખે છે તેમ જ જ્ઞેય આકારોને આત્મસાત (પોતારૂપ) કરતું હોવાથી અપ્રાવિષ્ટ નહિ રહીને જાણે–દેખે છે; જો કે આંખ પોતાના પ્રદેશો વડે રૂપી પદાર્થોને સ્પર્શતી નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે તો પણ તે રૂપી પદાર્થોને જાણતી–દેખતી હોવાથી વ્યવહારથી મારી આંખ ઘણા પદાર્થોમાં ફરી વળે છે. એમ કહેવાય છે. એવી રીતે જો કે કેવળજ્ઞાનપ્રાપ્ત આત્મા પોતાના પ્રદેશો વડે જ્ઞેય પદાર્થોને સ્પર્શતો નહિ હોવાથી નિશ્ચયથી તો તે જ્ઞેયોમાં અપ્રવિષ્ટ છે તો પણ જ્ઞાયક દર્શક શક્તિની કોઈ પરમ અદભૂત વિચિત્રતાને લીધે (નિશ્ચયથી દૂર રહ્યા રહ્યા પણ) તે સમસ્ત જ્ઞેયાકારોને જાણતો–દેખતો હોવાથી વ્યવહારથી આત્મા સર્વ દ્રવ્ય–પદાર્થોમાં પેસી જાય છે; એમ કહેવાય છે. આ રીતે વ્યવહારથી જ્ઞેય પદાર્થોમાં આત્માનો પ્રવેશ સિધ્ધ થાય છે.

જ્ઞેય ભાવનો ભેદ :સર્વ પરદ્રવ્યથી જુદાપણાનું ભાન થવું.

જ્ઞેયદ્યોતક :જ્ઞેયોનું પ્રકાશક

જ્ઞેયજ્ઞાયકલક્ષણ સબંધ :જ્ઞેયજ્ઞાયક સ્વરૂપ સંબંધ ટાળી શકાય એવો નહિ હોવાને લીધે જ્ઞેયો જ્ઞાયકમાં ન જણાય એમ કરવું અશક્ય છે તેથી આત્મા જાણે કે સમસ્તદ્રવ્યરૂપતાને પામે છે.

જ્ઞેયદ્રવ્ય :જ્ઞેય, વર્તી ચૂકેલા, વર્તતા અને વર્તશે એવા વિચિત્ર પર્યાયોની પરંપરાના પ્રકાર વડે ત્રિવિધ કાળકોટિને સ્પર્શતું હોવાથી અનાદિ અનંત એવું દ્રવ્ય છે.

જ્ઞેયનિમગ્ન :જ્ઞેયમાં લીન; જ્ઞેયમાં મશગૂલ

જ્ઞેયનિષ્ઠ :જ્ઞેયોને અવલંબતું; જ્ઞેયોમાં તત્પર. (૨) જ્ઞેયોમાં નિષ્ઠાવાળું; જ્ઞેય પરાયણ. જ્ઞેય સન્મુખ. (અનાદિ સંસારથી જ્ઞપ્તિ જ્ઞેયનિષ્ઠ હોવાથી તે દરેક પદાર્થના ઉત્પત્તિ વિનાશરૂપે પરિણમવાને લીધે પરિવર્તન પામ્યા કરે છે. પરમાત્મા નિષ્ઠતા વિના જ્ઞપ્તિનું તે પરિર્વતન અનિવાર્ય છે.) (૩) જ્ઞેયોને અવલંબતું; જ્ઞેયોમાં તત્પર. (૪) જ્ઞેયોમાં નિષ્ઠાવાળું; જ્ઞેયપરાયણ; જ્ઞેય સન્મુખ. (અનાદિ સંસારથી જ્ઞેયનિષ્ઠ હોવાથી તે દરેક પદાર્થના ઉત્પતિ વિનાશરૂપે પરિણમવાને લીધે પરિવર્તન પામ્યા કરે છે. પરમાત્મ નિષ્ઠતા વિના જ્ઞપ્તિનું તે પરિવર્તન અનિવાર્ય છે.) (૫) જ્ઞેયોને અવલંબતું; જ્ઞેયોમાં તત્પર (૬) જ્ઞેયોમાં નિષ્ઠાવાળું; જ્ઞેય પરાયણ; જ્ઞેય સન્મુખ; (અનાદિ સંસારથી જ્ઞપ્તિ જ્ઞેયનિષ્ઠ હોવાથી તે દરેક પદાર્થના ઉત્પત્તિ-વિનાશરૂપે પીરણમવાને લીધે પરિવર્તન પામ્યા કરે છે. પરમાત્મનિષ્ઠતા વિના જ્ઞપ્તિનું તે પરિવર્તન અનિવાર્ય છે. (૭) જ્ઞેયોને અલંબતું; જ્ઞેયોમાં તત્પર

જ્ઞેયપણે :પ્રમેયપણે

જ્ઞેયપણાને પામેલો :જ્ઞેય બનેલો; જ્ઞેયભૂત (આત્મા જ્ઞાનરૂપ પણ છે; જ્ઞેયરૂપ પણ છે. આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારને વિષે અહીં દ્રવ્ય સામાન્યનું નિરૂપણ ચાલે છે. તેમાં આત્મા જ્ઞેયભૂતપણે સમાવેશ પામ્યો છે.)

જ્ઞેયપર્યાયો :જણાવા યોગ્ય પર્યાયો

જ્ઞેયભૂત વિશ્વ :સમસ્ત પદાર્થો

જ્ઞેયબનાવી :સમજાવી

જ્ઞેયલુબ્ધ :ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત.

જ્ઞેયા જ્ઞાનને નહિ અતિક્રમતા હોવાથી :જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી- જ્ઞાનની હદ બહાર જઈ શકતા નથી, જ્ઞાનમાં જણાઈ જ જાય છે.

જ્ઞેયાકારરૂપ :અનેકાકારરૂપ.

જ્ઞેયાકારો :પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થ આત્માથી તદ્દન ભિન્ન છે.) (૨) પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થ આત્માથી તદ્દન ભિન્ન છે.) નૈમિત્તિક ભૂત જ્ઞેયાકારો=જ્ઞાનમાં થતા (જ્ઞાનની અવસ્થારૂપ) જ્ઞેયાકારો. (આ જ્ઞેયાકારોને જ્ઞાનાકારો પણ કહેવામાં આવે છે, કારણ કે જ્ઞાન આ જ્ઞેયાકારરૂપે પરિણમે છે. આ જ્ઞેયાકારો નૈમિત્તિક છે અને પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમનાં નિમિત્ત છે. આ જ્ઞેયાકારોને આત્મામાં દેખીને સમસ્ત પર પદાર્થો આત્મામાં છે. એમ ઉપચાર કરવામાં આવે છે.) (૩) પરદ્રવ્યોના પદાર્થોનાં દ્રવ્ય-ગુણ પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે. (૪) પર પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાયો કે જે જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે.) (૫) પર પદાર્થોના દ્રવ્ય-ગુણ પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આજ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે.) (૬) પર પદાર્થોનાં દ્રવ્ય-ગુણ-પર્યાયો કે જેઓ જ્ઞેય છે. (આ જ્ઞેયાકારો પરમાર્થે આત્માથી તદ્દન ભિન્ન છે.)

જ્ઞેયાકારો જ્ઞાનને અતિક્રમતા નથી :જ્ઞેયાકારો જ્ઞાનને ઓળંગી શકતા નથી- જ્ઞાનની હદ બહાર જઈ શકતા નથી; જ્ઞાનમાં જણાઈ જ જાય છે.

જ્ઞેયાર્થ પરિણમન સ્વરૂપ :જ્ઞેય પદાર્થરૂપે પરિણમન જેનું લક્ષણ છે. એવી ક્રિયા જ્ઞાનમાંથી ઉદભવતી નથી; તે કર્મને જ અનુભવનાર છે.

પ્રથમ તો, સંસારીને નિયમથી ઉદયગત પુદ્ગલકર્માંશો હોય જ છે. હવે તે સંસારી, તે ઉદયગત કર્માંશોની હયાતીમાં, ચેતતાં-જાણતાં-અનુભવતાં, મોહ-રાગ-દ્વેષમાં પરિણત થવાથી જ્ઞેય પદાર્થોમાં પરિણમન જેનું લક્ષણ છે એવી (જ્ઞેયાર્થ-પરિણમનસ્વરૂપ) ક્રિયા સાથે જોડાય છે; અને તેથી જ ક્રિયાફળભૂત બંધને અનુભવે છે. આથી (એમ કહ્યું કે) મોહના ઉદયથી

(અર્થાત મોહના ઉદયમાં જોડાવાના કારણે) ક્રિયાને ક્રિયાફળ થાય છે, જ્ઞાનથી નહિ.

ભાવાર્થઃ-સંસારી સર્વ જીવોને કર્મનો ઉદય છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી. જો કર્મ નિમિત્તિક ઈષ્ટ-અનિષ્ટ ભાવોમાં જીવ રાગી-દ્વેષી-મોહી થઈ પીરણમે તો બંધ થાય છે. આથી એ વાત સિધ્ધ થઈ કે જ્ઞાન, ઉદયપ્રાપ્ત પૌદ્ગલિક કર્મ કે કર્મના ઉદયથી ઉત્પન દેહાદિની ક્રિયાઓ બંધનું કારણ નથી, બંધના કારણ કેવળ રાગ-દ્વેષ-મોહ ભાવો છે. માટે તે ભાવો સર્વ પ્રકારે ત્યાગવા યોગ્ય છે. પ્ર.સાર ગાથા ૪૩

જ્ઞેયો :ઈંદ્રિયજ્ઞાનના વિષયો, જણાનારા, જણાવા યોગ્ય (૨) જ્ઞાનના આલંબનભૂત દ્રવ્યો. જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત નિમિત્ત છે. જ્ઞાન જ્ઞેયને ન જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું ? જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?

પ્રશ્નઃ આત્માને દ્રવ્યોના જ્ઞાનરૂપપણું અને દ્રવ્યોને આત્માના જ્ઞેયરૂપપણું શાથી (કઈ રીતે ઘટે) છે ?

ઉત્તર : તેઓ પરિણામવાળાં હોવાથી. આત્મા અને દ્રવ્યો પરિણામયુકત છે, તેથી આત્માને દ્રવ્યો જેનું આલંબન છે એવા જ્ઞાનરૂપે (પરિણતિ), અને દ્રવ્યોને, જ્ઞાનને અવલંબીને જ્ઞેયાકારરૂપે પરિણતિ અબાધિતપણે તપે છે-પ્રતાપવંત વર્ત છે. (આત્મા અને દ્રવ્યો સમય સમયે પરિણામ કર્યા કરે છે, કૂટસ્થ નથી; તેથી આત્મા જ્ઞાન સ્વભાવે પરિણમે છે અને દ્રવ્યો જ્ઞેયસ્વભાવે પરિણમે છે. એ રીતે જ્ઞાન સ્વભાવે પરિણમતો આત્મજ્ઞાનના આલંબનભૂત દ્રવ્યોને જાણે છે અને જ્ઞેયસ્વભાવે પરિણમતાં દ્રવ્યો જ્ઞેયના આલંબન ભૂત જ્ઞાનમાં-આત્મામાં જણાય છે.)(૩)ઈન્દ્રિયજ્ઞાનના વિષયો. (૪) લોકાલોકને જ્ઞાનને જ્ઞેયભૂત દ્રવ્યો આલંબન અર્થાત નિમિત છે જ્ઞાન જ્ઞયને ને જાણે તો જ્ઞાનનું જ્ઞાનત્વ શું?,

જ્ઞેયને જ્ઞાન આલંબન અર્થાત નિમિત્ત છે. જ્ઞેય જ્ઞાનમાં ન જણાય તો જ્ઞેયનું જ્ઞેયત્વ શું?

જ્ઞેયોને :લોકાલોકને

જ્ઞેયોની અંદર પેસનારું :જ્ઞેયોને જાણનારું

જ્ઞસ્વભાવ :લોકાલોકને જાણવાનું કાર્ય તો જ્ઞાનની પર્યાયમાં થાય છે. આત્માનો જ્ઞસ્વભાવ છે. જ્ઞ સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, સર્વજ્ઞ સ્વભાવ કહો કે જેના સામર્થ્યનો પાર નથી એવો ધ્રુવ જ્ઞાનસ્વભાવ કહો - એ બધું એકાર્થ છે. એ સાધક સ્વભાવની જ્યારે પહેલી દષ્ટિ થાય ત્યારે તો ધર્મનું પ્રથમ સોપાન સમ્યગ્દર્શન થાય છે.

રેફરન્સમાં લીધેલાં પુસ્તકોના યાદી:

૧. શ્રી સમયશાસ્ત્ર પર પ્રવચનો, ભાગ ૧ થી ૫ – પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રીકાનજીસ્વામી
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૨. પ્રવચન રત્નાકર, ભાગ ૧ થી ૧૧ – પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર પરમાગમ ઉપરના પ્રવચનો
પ્રકાશક – શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ

૩. શ્રી સમયસાર – અનુવાદક : હિંમતલાલ જેઠાલાલ શાહ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૪. શ્રી પ્રચનસાર (ગુજરાતી અનુવાદ) – અનુવાદક : પંડિચ રત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૫. શ્રી સમયસાર – અનુવાદક : હિંમતલાલ જેઠાલાલ શાહ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૬. શ્રી પંચાધ્યાયી – અનુવાદક :વ્રજલાલ ગીરધરલાલ શાહ
પ્રકાશક – શ્રી રામજીભાઈ વકીલ શતાબ્દી સત–સાહિત્ય ટ્રસ્ટ, મુંબઈ

૭. નાટક સમયસાર – અનુવાદક :વ્રજલાલ ગીરધરલાલ શાહ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૮. શ્રી સમયસાર કલશ – અનુવાદક : ચંદુલાલ ખીમચંદ જોબલિયા
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૯. શ્રી મોક્ષમાર્ગ – પ્રકાશક : શાહ સોમચંદ અમથાલાલ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૧૦. મોક્ષશાસ્ત્ર અર્થાત્ તત્ત્વાર્થસૂત્ર (ગુજરાતી ટીકા) – ટીકા સંપાદકઃ રામજી માણેકચંદ દોશી
પ્રકાશક – પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી

૧૧. ઈષ્ટોપદેશ – શ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૧૨. પરમાત્મપ્રકાશ તથા યોગસાર – અનુવાદક : પં. અમૃતલાલ એમ. ઝાટકીયા
પ્રકાશક – શ્રી વિતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

૧૩. આત્માનુશાસન – અનુવાદક : રાવજીભાઈ છગનભાઈ દેસાઈ
પ્રકાશક – પરમશ્રુત પ્રભાવક મંડળ, અગાસ

૧૪. જ્ઞાન–ગોષ્ઠી – પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીની રાત્રિ ચર્ચામાંથી
પ્રકાશક – શ્રી કહાનગુરૂ સત્ સાહિત્ય ગ્રંથમાળા પ્રકાશન સમિતિ, રાજકોટ

૧૫. પુરૂષાર્થસિદ્ધિ–ઉપાય – અનુવાદક : બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ
પ્રકાશક – શ્રી વિતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર

૧૬. શ્રી પ્રવચન રત્નચિંતામણી – પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામીના શ્રી નીયમસાર ઉપરનાં પ્રવચનો
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૧૭. શ્રી પંચાસ્તિકાયસંગ્રહ – અનુવાદર હિંમતલાલ જેઠાલાલ શાહ
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

૧૮. અષ્ટપાહુડ – અનુવાદક : તારાચંદ માણેકચંદ રવાણી
પ્રકાશક – પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારપ ટ્રસ્ટ, મુંબઈ

૧૯. અધ્યાત્મ વૈભવ, ભાગ ૧ અને ૨ – સંકલનકર્તા : વિદ્વાન પં. શ્રી રાજકુમારજી જૈન શાસ્ત્રી
પ્રકાશક – પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલી

૨૦. स्वामी कार्तिकेयानुप्रेक्षा – हिन्दीभाषानुवादेनः पं. कैलाशचन्द्र शास्त्रि
प्रकाशक – परमश्रुत प्रभावक मंडळ, अगास

૨૧. जिनामगमसार – प्रेरणा : पं. कैलाशचंन्द्र जैन
प्रकाशक – श्री दिगंबर जैन मुमुक्ष मंडल, देहरादून

૨૨. जैनेन्द्र सिद्धांत कोश, भाग १ से ४ – क्षु. जिनेन्द्र वर्णी
प्रकाशक – भारतीय ज्ञानपीठ, नवी दिल्ही

૨૩. બૃહદ ગુજરાતી કોશ, ભાગ – ૧ અને ૨ – સંપાદક : પદ્મશ્રી, અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રી
પ્રકાશક – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ

૨૪. ધ્યેયપૂર્વર જ્ઞેય – સંકલનકાર : શ્રી વજુભાઈ અજમેરા
પ્રકાશક – શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ

૨૫. સમયસાક અનુશીલમ, ભાગ ૧ – ડો. હુકમચંદ ભારિલ્લ
પ્રકાશક – પૂ. શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, મુંબઈ

❖❖❖❖❖